પોસ્ટ ઑફિસ આવેલ છે ત્યાં રોડ ઉપર સાઇડમાં એક નાની સાઇકલ પડેલ હતી તે સાઇકલ પાસે કોઇ પણ માણસ ઉભેલ ન હતુ અને તે સાઇકલની નજીકમાં બટાકાની લારી હોય ફરિયાદીએ પડેલ સાઇકલની બાજુમાં સાઇકલ ઉભી રાખેલી અને બટાકાની લારી ઉપર બટાકાનો ભાવતાલ નક્કી કરી અઢી કીલો બટાકા તોળાવતા હતા અને બટાકાની લારી વાળો બટાકા તોલતો હતો આ વખતે આશરે પોણા સાતેક વાગ્યાના સુમારે એકદમ જોરથી ધડાકો થયેલો અને ધડાકો થતાં ધુળની ડમરીઓ ઉડેલી આ વખતે બાજુમાં પડેલ સાઇકલ પાસેથી કપડાના ટુકડા ઉડેલા જોયેલા અને પબ્લીકે ડરના માર્યા નાસભાગ કરી મુકેલી અને ફરિયાદીની સાઇકલ આ ધડાકાથી નીચે પડી ગયેલ તે દરમ્યાન પોલીસ પણ આવી ગયેલી, ફરિયાદીની બાજુમાં જે નાની સાઇકલ ઉભી હતી તેની સીટ પણ ધડાકા સાથે તુટી ઉડી ગયેલ હતી અને પાછળનુ કેરીયર તથા પંખો દબાઇ ગયેલ હતા આજુબાજુ લોખંડના નાના છરા પડેલ હતા, બોમ્બ બ્લાસ્ટ થયેલ સાઇકલની સીટના નીચેના ભાગે કોઇ પણ ઇસમે જીવલેણ બોમ્બ રાખી ઉપરોકત જગ્યાએ આ સાઇકલ મુકેલ અને માણસોની ભીડનો લાભ લઇ માણસોને મારી નાંખવાના ઇરાદે કાવતરૂ રચી ત્રાસવાદી સંગઠન દ્વારા દેશની અર્થ વ્યવસ્થાને ભયભીત કરવાનુ કાવતરૂ રચી દેશ સાથે આંતરિક લક્ષનુ દુષ્પ્રેરણ કૃત્ય કરેલુ હોય, આ કૃત્યનો હેતુ પાર પાડવા માટે અમદાવાદ શહેરમાં જુદી–જુદી જગ્યાએ બોમ્બ બ્લાસ્ટ કરી લોકોમાં ભય ફેલાવી માણસોને ભયભીત કરી નાંખેલ હોય કાયદેસર તપાસ થવા ફરિયાદ છે.

<u>બનાવ નં.૧૭</u>

શહેર	બનાવનો વિસ્તાર અને સ્થળ	બનાવની તારીખ અને સમય	ગુનો નોંધાયેલ પોલીસ સ્ટેશન અને ગુના રજી.નં.	ફરિયાદ નોંધાવનાર	ફરિયાદમાં જણાવેલ આરોપી
૧	૨	૩	૪	૫	૬
અમદાવાદ	ઓઢવ	૨૬–૭–૦૮	ઓઢવ ફર્સ્ટ	રાજુ	જાણવા

	ખોડીયાર નગર ચાર રસ્તા નેશનલ હાઈવે નં.૮ ઉપર, મયુર ડેરી સામે	ના કલાક ૧૮–૪૫ વાગ્યે	ગુન્હા રજી.નં. ૩૩૯/૦૮	આશારામ કુશવાહ	મળેલ નથી

ફરિયાદની વિગત

ફરિયાદી રાજુ આશારામ કુશવાહ, રહે. ક્રિષ્ણાપાર્ક સોસાયટી, ગોકુલનગર કૈલાશસિંગ ભદોરીયાના મકાનમાં, લીલાનગર, ઓઢવ, અમદાવાદ નાઓએ ઓઢવ પોલીસ સ્ટેશનના પોલીસ સબઈન્સ્પેકટર રૂબરૂ આપેલ ફરિયાદની ટૂંકમાં હકીકત એવી છે કે, ફરિયાદી ખોડીયારનગર ચાર રસ્તા પાસે મયુર ડેરીની સામે ખોદેલા રોડ ઉપર પકોડીની લારી ઉભી રાખી વેપાર ધંધો કરે છે, તા.૨૬–૭–૨૦૦૮ ના રોજ સાંજના પાંચેક વાગ્યે ફરિયાદી લારી લઈ ધંધા ઉપર આવેલા અને નેશનલ હાઈવે નં.૮ સામે મોઢુ રાખી ગ્રાહકોને પકોડી આપતા હતા ત્યારે સાંજના પોણા સાતેક વાગ્યાના સુમારે પકોડીની લારી ઉપર સાત થી આંઠ ગ્રાહકો ઉભા હતા અને શાકભાજીની લારીઓ ઉપર પણ ગ્રાહકોની ભારે ભીડ જામેલ હતી તે વખતે પકોડીની લારીના આગળના ભાગે ડાબી સાઈડે એકદમ મોટો ધડાકો થયેલો અને ધુળની ડમરીઓ ઉડેલી આ વખતે લારીની આગળ જઈ જોતાં કાપડની થેલીમાંથી ધડાકો થયેલ હતો અને નાના છરા પણ ઉડી ફેલાયેલા હતા અને તેમાંથી સફરજન કેળા તથા બટાકા ઉડી બહાર પડેલ હતા, થેલી પણ ફાટી ગયેલ અને કુચા થઈ ગયેલ હતી, કોઈ પણ ઈસમોએ જીવલેણ બોમ્બ સાથે કાપડની થેલીમાં બટાકા, સફરજન, કેળા જેવી વસ્તુઓ થેલીમાં રાખી તે વસ્તુઓ નીચે ન દેખાય તે રીતે જીવલેણ ટાઈમ બોમ્બ મુકી ઉપરોકત જગ્યાએ શાકભાજીની અસંખ્ય લારીઓ અને પકોડીની લારીઓ ઉભી રહેતી હોય ભીડનો લાભ લઈ માણસોને મારી નાંખવાના ઈરાદે કાવતરૂ રચી ત્રાસવાદી સંગઠન દ્વારા દેશની અર્થ વ્યવસ્થાને ભયભીત કરવાનુ કાવતરૂ રચી

દેશ સાથે આંતરિક લક્ષનુ દુષ્પ્રેરણ કૃત્ય કરેલુ હોય અને અને આ કૃત્યનો હેતુ પાર પાડવા માટે અમદાવાદ શહેરમાં જુદી–જુદી જગ્યાએ બોમ્બ બ્લાસ્ટ કરી લોકોમાં ભય ફેલાવી માણસોને ભયભીત કરી નાંખેલ હોય કાયદેસર તપાસ થવા ફરિયાદ છે.

બનાવ નં.૧૮

શહેર	બનાવનો વિસ્તાર અને સ્થળ	બનાવની તારીખ અને સમય	ગુનો નોંધાયેલ પોલીસ સ્ટેશન અને ગુના રજી.નં.	ફરિયાદ નોંધાવનાર	ફરિયાદમાં જણાવેલ આરોપી
૧	૨	૩	૪	૫	૬
અમદાવાદ	ઠક્કરનગર એપ્રોચ રોડ ઉપર આવેલ કુળદેવી ટી. સ્ટોલ આગળ જાહેરમાં	૨૬–૭–૦૮ ના કલાક ૧૮–૩૦ થી ૧૮–૪૫ વાગ્યા દરમ્યાન	નરોડા ફર્સ્ટ ગુન્હા રજી.નં. ૪૦૦/૦૮	શૈલેષભાઇ નનુભાઇ પટેલ	જાણવા મળેલ નથી

ફરિયાદની વિગત

ફરિયાદી શૈલેષભાઇ નનુભાઇ પટેલ, રહે.એ/૪૩, ઉત્તમપાર્ક સોસાયટી વિભાગ–૨ સંત આશારામ સોસાયટી પાસે, ઠક્કરનગર, નરોડા, અમદાવાદનાઓએ નરોડા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર રૂબરૂ આપેલ ફરિયાદની ટૂંકમાં હકીકત એવી છે કે તા.૨૬–૭–૨૦૦૮ ના રોજ બપોરના બે વાગ્યાના સુમારે ઘરેથી સંબંધીને ત્યાં બાપુનગર ગયેલ હતા અને ત્યાંથી સાંજના આશરે સાડા પાંચેક વાગ્યે કૃષ્ણનગર ચાર રસ્તા ઉપર શની દેવનુ મંદિર આવેલ છે ત્યાં શનીવાર હોવાથી દર્શન કરવા માટે ગયેલા અને દર્શન કરી સાડા છ વાગ્યાના સુમારે ઠક્કરનગર એપ્રોચ રોડ ઉપર કુળદેવી ટી સ્ટોલ આવેલ છે ત્યાં ચા પીધેલી આ વખતે ટી–સ્ટોલ આગળ બીજા ઘણા માણસો ચા પીવા ભેગા થયેલા હતા કેટલાક બાકડા ઉપર બેઠેલ હતા ત્યાં બાજુમાં ટુ વ્હીલર વાહનો

સાઇકલો વિગેરે ચા પીવા આવનાર લોકોએ પાર્ક કરેલ હતા અને ફરિયાદી ચા પીધા બાદ સીગારેટ લેવા જતા હતા આ વખતે કુળદેવી ટી–સ્ટોલ સામે જયાં બીજા માણસો ચા પીવા બેઠેલ હતા તેમની નજીકમાં એક છોકરો ઉ.વ.૨૬ થી ૨૭ આશરાનો હતો શરીરે ગોરા જેવો હતો તે એક સાઇકલ લઇ તેના ગવન્ડર ઉપર બે–ત્રણ પ્લાસ્ટિકની થેલીઓ લટકાવી આવેલ અને ત્યાં સાઇકલ સ્ટેન્ડ ઉપર કરી તે માણસ ઠક્કરનગર એપ્રોચ ઉપર ઇન્ડિયા કોલોની તરફથી આવતા રોડ ઉપર ચાલતો થયેલ તેણે શરીરે બ્લેક શર્ટ તથા જીન્સનુ પેન્ટ પહેરેલ હતુ તે જ સમયે એકદમ ધડાકો થતા ફરિયાદી ગલ્લા આગળથી ઇન્ડિયા કોલોની તરફ જીવ બચાવી ભાગેલ ફરિયાદીના કાનમાં એકદમ ઝાટકો લાગેલ પ્રથમ લાગેલ કે ઇલેકટ્રીક ડીપીનો ધડાકો થયેલ હશે પાછળ વળી જોતા કુળદેવી ટી–સ્ટોલ આગળ જયાં બીજા માણસો ચા પીવા બેઠેલ હતા ઉભેલ હતા ત્યાં કાળા રંગનો ધુમાડો ગોટા રૂપે થયેલ, પેલી અજાણી વ્યકિત જે સાઇકલ સ્ટેન્ડ કરી તેના ઉપર પ્લાસ્ટિકની થેલીઓ લટકાવી ત્યાંથી જતી રહેલ તેમાંથી આ બોમ્બ બ્લાસ્ટ થયેલાનુ જણાયેલ, આ બોમ્બ બ્લાસ્ટથી એક વ્યકિત આશરે પચ્ચીસેક ફુટ દુર ચાર રસ્તા તરફ નેશનલ હાઇવે નં.૮ તરફ ફંગોળાઇ ગયેલ અને બીજી વ્યકિત જે જગ્યાએ આ બોમ્બ બ્લાસ્ટ થયેલ ત્યાં ઇજા પામેલ હાલતમાં પડેલ તથા ત્રીજી વ્યકિત ઉપરોકત ટી સ્ટોલ નજીક એસ.ટી.ડી પાસે જઇ ફંગોળાઇ પડેલ, ચોથી વ્યકિત જે કાકા જેવા જણાતા હતા તે ઇન્ડિયા કોલોની તરફથી આવતા રોડ તરફ ફંગોળાઇ પડેલ, આ ધડાકો એટલો મોટો હતો કે તેનાથી બીજા કેટલાકને ઇજાઓ થયેલ છે, કેટલાક માણસોએ ઇજા પામનાર વ્યકિતઓને ઓટો રીક્ષા વાહનોમાં હોસ્પિટલમાં મોકલેલ છે, આમ, ઉપરોકત જગ્યાએ કોઇ દેશદ્રોહી અસામાજીક તત્વોએ કાવતરૂ રચી સરકારશ્રીના અર્થતંત્રને ખોરવી નાંખવાના આશયથી શહેરમાં ભય અને આંતક ફેલાવવાના બદ ઇરાદાથી ઉપરોકત અજાણી વ્યકિતએ એક સાઇકલ ઉપર પ્લાસ્ટિકની થેલીઓમાં બોમ્બ લઇ આવી વિસ્ફોટ કરી વ્યકિતઓને જાનથી મારી નાંખવાના ઇરાદે ઉપરોકત જણાવેલ વ્યકિતઓને તથા

અન્ય વ્યકિતઓને જીવલેણ ઈજાઓ પહોંચાડી નાસી ગયેલ હોય તેઓ વિરૂધ્ધ કાયદેસર તપાસ થવા ફરિયાદ છે.

બનાવ નં.૧૯

શહેર	બનાવનો વિસ્તાર અને સ્થળ	બનાવની તારીખ અને સમય	ગુનો નોંધાયેલ પોલીસ સ્ટેશન અને ગુના રજી.નં.	ફરિયાદ નોંધાવનાર	ફરિયાદમાં જણાવેલ આરોપી
૧	૨	૩	૪	૫	૬
અમદાવાદ	નરોડા ભાગોળ મયુર રેસ્ટોરન્ટ નીચે આવેલ પરમ શકિત ટી સ્ટોલ નામની ચાની કીટલી સામે રોડ ઉપર	૨૬–૭–૦૮ ના કલાક ૧૮–૩૦ થી ૧૮–૪૫ વાગ્યા દરમ્યાન	નરોડા ફર્સ્ટ ગુન્હા રજી.નં. ૪૦૧/૦૮	મહોબત સિંહ ઉદેસિંહ ડાભી	જાણવા મળેલ નથી

ફરિયાદની વિગત

ફરિયાદી મહોબતસિંહ ઉદેસિંહ ડાભી, રહે. મોટો ઠાકોરવાસ, નરોડા ગામ, અમદાવાદ શહેરનાઓએ નરોડા પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઇન્સ્પેકટર રૂબરૂ આપેલ ફરિયાદની ટૂંકમાં હકીકત એવી છે કે, ફરિયાદી નરોડા ભાગોળ મયૂર રેસ્ટોરન્ટની નીચે પરમશકિત ટી સ્ટોલ નામની ચાની કીટલી ઉપર છેલ્લા ચાર વર્ષથી નોકરી કરે છે, તા.૨૬–૭–૨૦૦૮ ના રોજ સવારના આંઠ વાગ્યે ચાની કીટલી ઉપર આવેલા અને બીજા નોકરો પણ હાજર હતા અને દિવસ દરમ્યાન હાજર રહી ગ્રાહકોને ચા આપતા હતા અને સાંજના સમયે ચાની કીટલી ઉપર મજૂરી કામ કરતા મજૂરો ચા પીવા આવતા ગ્રાહકો આશરે ૧૫ થી ૨૦ માણસો કીટલીની સામે રોડ ઉપર હાજર હતા અને રોડ ઉપર બે,ત્રણ સાઇકલો પાર્ક કરેલ હતી અને સાંજના આશરે સાડા છ વાગ્યાથી પોણા સાત વાગ્યા

દરમ્યાન એકદમ જોરથી મોટો ધડાકો થયેલ જેથી ચાની કીટલી ઉપર ચા પીવા આવેલ ગ્રાહકો તથા રાહદારી નાસભાગ કરવા લાગેલ, આ ધડાકો થતાં તેની કરચો ઉછળતા ફરિયાદીના બરડા ઉપર જમણી બાજુ વાગતા લોહી નિકળવા લાગેલ તથા બીજી કરચો જમણા પગના ઢીંચણથી નીચે તથા ઉપર વાગતા ઈજાઓ થયેલ અને ચા પીવા આવેલ ગ્રાહક નામે પ્રભાતભાઇ બોડાભાઇ બારીયાને પણ આ ધડાકાથી જમણા હાથથી કોણી ઉપર ઈજા થતાં લોહી નિકળવા લાગેલ, આ વખતે રોડ ઉપર જોયેલ તો એક સાઇકલ પડેલ હતી અને તેના ગવન્ડર ઉપર વાદળી રંગની પ્લાસ્ટિકની થેલી ભરાવેલ હતી તેમાંથી આ બોમ્બ બ્લાસ્ટ થયેલ છે, ફરિયાદીને ઈજા થવાથી લોહી નીકળતુ હોય સારવાર કરાવવા ગયેલા તથા પ્રભાતભાઇ બોડાભાઇ બારીયાને નરોડા ગામમાં ડૉ.બાબુભાઇ વ્યાસના દવાખાને સારવાર કરાવેલ છે, આમ ઉપરોકત જગ્યાએ કોઇ દેશદ્રોહી તત્વોએ કાવતરૂ રચી આંતક અને દહેશત ફેલાવવાના આશયથી સાઇકલના ગવન્ડર ઉપર વાદળી કલરની પ્લાસ્ટિકની થેલીમાં બોમ્બ મુકી બોમ્બ બ્લાસ્ટ કરી પૂર્વયોજીત કાવતરૂ રચી ફરિયાદી તથા અન્ય લોકોને જાનથી મારી નાંખવાના ઈરાદે આ કૃત્ય કરેલ હોય કાયદેસર તપાસ થવા ફરિયાદ છે.

બનાવ નં.૨૦

શહેર	બનાવનો વિસ્તાર અને સ્થળ	બનાવની તારીખ અને સમય	ગુનો નોંધાયેલ પોલીસ સ્ટે. અને ગુના રજી.નં.	ફરિયાદ નોંધાવનાર	ફરિયાદમાં જણાવેલ આરોપી
૧	૨	૩	૪	૫	૬
કલોલ	અરવિદ મીલના ઝાંપા આગળ, ખાત્રજ	૨૬-૭-૦૮ ના કલાક ૧૯-૩૦ વાગ્યે	કલોલ ફર્સ્ટ ગુન્હા રજી. નંબર ૨૦૦/૦૮	આર.વી. નંદાસણા પી.આઇ. કલોલ પો.સ્ટે.	જાણવા મળેલ નથી

ફરિયાદની વિગત

ફરિયાદી આર.વી. નંદાસણા, પોલીસ ઇન્સ્પેકટર, કલોલ પોલીસ સ્ટેશન, જિ.ગાંધીનગરઓએ આપેલ ફરિયાદની ટૂંકમાં હકીકત એવી છે કે તા. ૨૭–૭–૨૦૦૮ ના રોજ પોલીસ સ્ટેશનમાં હાજર હતા દરમ્યાન કલાક ૧૯–૪૫ વાગ્યે કલોલ તાલુકાના ખાત્રજ ગામની સીમમાં આવેલ નવી અરવિંદમીલમાંથી સિકયુરીટી ઓફીસર ઉધ્ધમસિંગ ડોગરાએ ટેલીફોનથી જાણ કરેલ કે અરવિંદ મીલના મેઇન ગેટની સામે કપડામાં વિંટાળેલ એક શંકાસ્પદ બોક્ષ પડેલ છે જેમાં બોમ્બ હોય તેવુ જણાય છે જેથી સ્ટાફના અન્ય માણસો સાથે સરકારી વાહનમાં પોલીસ સ્ટેશનથી નિકળી કલાક ૨૦–૩૦ વાગ્યે ખાત્રજ અરવિંદ મીલ આગળ આવેલા ત્યારે સિકયુરીટી ઓફિસર ઉધ્ધમસિંગ ડોગરાએ જણાવેલ કે અમદાવાદ થી એક એ.એમ.ટી.એસ.બસ સાંજના કલાક ૭–૩૦ વાગ્યે આવેલી તેમાંથી પેસેન્જરો ઉતર્યા બાદ કોઇ વ્યકિતએ બસમાંથી બોક્ષ બહાર ફેંકી બુમ પાડેલ કે આ બોક્ષમાં બોમ્બ જેવુ છે જેથી નજીક જઇ આ બોક્ષ જોયેલ તો અમદાવાદમાં એ.એમ.ટી.એસ.બસમાં બોમ્બ બ્લાસ્ટના બનાવો બનેલ હોઇ બોક્ષમાં બોમ્બ હોવાની શંકા ગયેલી જેથી જિલ્લા કન્ટ્રોલ રૂમને જાણ કરી તાત્કાલિક બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડ સ્થળ ઉપર મોકલી આપવા જણાવેલ, ત્યારબાદ આશરે કલાક ૨૨–૦૦ ના સુમારે ગાંધીનગર ચોકડી સબોટેજ ટીમના પોલીસ સબ ઇન્સ્પેક્ટર એમ.ડી. પરમાર સ્ટાફના માણસો સાથે સ્નીફર ડોગ સાથે આવી ગયેલા અને તેઓએ પડેલ બોક્ષની તપાસણી કરી બોમ્બ હોવાનુ જણાવેલ અને તેઓએ આ બોમ્બને નાકામિયાબ બનાવી તેને ખોલી નાંખેલ અને આ બોમ્બના અલગ કરેલ ભાગો જોતા (૧) એક ગ્રે કલરનો આખી બાંયનો રેડીમેઇડ શર્ટ જેના કોલરના અંદરના ભાગે જાયન્ટસ એક્ષ.એલ.લખેલ છે (૨) એક આસમાની કલરનુ ટી–શર્ટ જુનુ જે પાછળના ભાગે અડધુ ફાટેલ છે જેના કોલરના અંદરના ભાગે બ્રેક બટર મેઇડ ઇન વિયેતનામની ટેગ મારેલ છે તે (૩) એક વાદળી કલરની પોલીથીનની ફાટેલી થેલી (૪) એક પુઠ્ઠાનુ સફેદ બોક્ષ જેના ઉપર અંગ્રેજીમાં ગોર્વધન એગમાર્ક પ્યોર ધી લખેલ છે જે બોક્ષ તુટેલુ છે તેના ઉપર સેલોટેપ લગાડેલ છે (૫) એક અર્ધ ચંદ્રાકાર લાકડાનુ બોક્ષ જેની નીચેનુ તળીયુ

ફાયબરનુ છે જેના ઉપર લાલ કલરની સેલો ટેપ વીંટાળેલ છે જેમાં લોખંડના છરા પુષ્કળ પ્રમાણમાં ચોંટાડેલ છે (૬) એક પોલીથીનની થેલીમાં આછો પીળો ચીકણો પદાર્થ ભરેલ છે તે (૭) પાંચ ગુજરાત સમાચાર દૈનિક પેપરના વાળેલા પાના (૮) એક સફેદ લીટીવાળો નોટબુકનો કાગળ (૯) એક લાલ સફેદ બોડી વાળુ પ્રિન્સ કંપનીનુ એલાર્મ ઘડિયાળ તેના કાચ ઉપર માર્કર પેનથી અંગ્રેજીમાં ૨૩ લખેલ છે તે (૧૦) એક બી.પી.એલ. કંપનીનો પેન્સિલ પાવર જેના ઉપર શકિત લખેલ છે તે (૧૧) એક ડયુરા સેલ કંપનીની કાળા કલરની ૯ વોલ્ટની બેટરી (૧૨) પ્લાસ્ટિકનુ લાલ કલરનુ એક બેટરી કનેકટર જેના ઉપર આર્મસ્ટ્રોગ લખેલ છે તે તથા (૧૩) બે સફેદ વાયરોવાળા ડીટોનેટર નંગ–૨ એમ કુલ–૧૩ ભાગો મળી આવેલા આ દરમ્યાન કલાક ૦૦–૩૦ વાગ્યાના સુમારે ડૉ.એમ.એસ.દહીયા ડેપ્યુટી ડાયરેકટર, ડાયરેકટર ઓફ ફોરેન્સીક સાયન્સ, ગાંધીનગરનાઓ તેમના મદદનીશશ્રી હીંગરાજીયા સાહેબશ્રી આવી ગયેલા અને તેઓએ પણ આ બોમ્બ ચકાસણી કરી એક્ષપ્લોઝીવ ડીવાઈસ હોવાનુ જણાવેલુ તેઓએ આ એક્ષપ્લોઝીવ ડીવાઈસની મારક ક્ષમતા બાબતે પુછતાં જણાવેલ કે આ એક્ષપ્લોઝીવ ડીવાઈસની મારક શકિત એટલી બધી ભયંકર છે કે તેના દર્શાવેલ ટાઈમરના સમય અનુસાર આ રાત્રે બાર વાગ્યે થયો હોય તો બસની અંદર ભયંકર વણકલ્પેલી દુર્ઘટના થાત અને જો બસમાં વિસ્ફોટ થયો હોત તો બસના કુરચે કુરચા ઉડી જાત અને બસમાં બેઠેલ નાના નિર્દોષ બાળકો, પુરૂષો અને સ્ત્રીઓના જાન માલની વણકલ્પેલી ખુવારી થાત અને તેના પરિણામે લોકોમાં ભારે અરાજકતા ફેલાઈ જાત તેઓએ એમ પણ જણાવેલ કે આ ડીવાઈસથી મીલની શીફટ બદલાય ત્યારે વિસ્ફોટ થયો હોત તો રોજીરોટી કમાતા નિર્દોષ હજારો માણસોના જાનમાલની ખુવારી થઈ જાત તેવો અભિપ્રાય જણાવેલ, ઉપરોકત તમામ ભાગો પંચ (૧) મોહનજી ભલાજી (૨) ગણેશજી ગાંડાજી, રહે.ખાત્રજ વાળાઓની હાજરીમાં ૨૨–૩૦ થી ૨–૦૦ સુધીનુ પંચનામુ કરી કબજે લેવામાં આવેલ છે.

વધુમાં ફરિયાદ હકીકત મુજબ આ પ્રકારના એક્ષપ્લોઝીવ ડીવાઇસથી અમદાવાદ શહેરમાં સિવિલ હોસ્પિટલ, મણીનગર, નારોલ, ઇસનપુર, બાપુનગર, સરખેજ વિગેરે વિસ્તારમાં શ્રેણીબધ્ધ વિસ્ફોટો થયેલા છે, આ વિસ્ફોટો ખૂબ જ ટૂંકા સમયગાળામાં એક પછી એક થયેલ છે અને હાલમાં ભયંકત આંતક ફેલાઇ ગયેલ છે અને મોટા પ્રમાણમાં જાનહાની થયેલ છે અને લોકોની માલ મિલકતને પારાવાર નુકસાન થયેલ છે જેથી બે કે તેથી વધુ વ્યકિતઓએ એકબીજા સાથે સહમતી સાધી સમજપૂર્વક બોમ્બ ધડાકાને અંજામ આપવા ષડયંત્ર રચી જેનાથી ભારત દેશની પ્રજાને મોટા પાયે જાનહાની થાય તેવા કૃત્યનો પ્રયાસ કરી આ પ્રકારના બોમ્બ ધડાકાનુ આયોજન કરવામાં આવેલ અને જો વિસ્ફોટ થયો હોત તો ઘણા નિર્દોષ પ્રજાજનોના જાનમાલને મોટા પાયે નુકસાન થાત જેના પરિણામ સ્વરૂપ દેશભરમાં કોમી રમખાણો ફાટી નિકળે અને આર્થિક રીતે દેશને મોટા પાયે નુકસાન થાય. આમ આરોપીઓનો ઇરાદો આ પ્રકારના બોમ્બ ધડાકાને સફળતાપૂર્વક અંજામ આપી દેશની પ્રજામાં કોમી વૈમનસ્ય ફેલાય, દેશમાં મોટા પાયે કોમી રમખાણો કરાવવાનો, દેશને આર્થિક, સામાજીક રીતે પાયમાલ કરી દેશની આંતરિક સલામતી જોખમી આંતરિક યુધ્ધનુ નિર્માણ કરવાનો તેમજ દેશની પ્રજામાં આતંક અને ભયનુ વાતાવરણ ફેલાવવાનો હતો, આરોપીઓએ તેના સાથીઓની મદદથી દેશની સામે યુધ્ધ ચડવાનુ કૃત્ય કરેલ જેનો મુખ્ય આશય ભારત દેશની સલામતીને જોખમવાનો હતો, આરોપીઓએ ગેરકાયદેસર રીતે વિસ્ફોટક પદાર્થ મેળવી ગેરકાયદેસર રીતે કબ્જામાં રાખી તેનો ઉપયોગ કરી બોમ્બ વિસ્ફોટ દ્વારા લોકોના જાનમાલને ગંભિર નુકસાન કરવાના ઇરાદ્ધાથી ગુનાહિત કાવતરૂ રચી દેશમાં કોમી વિગ્રહ અને અરાજકતા ફેલાવી દેશની આંતરિક સલામતી જોખમાવી દેશના અર્થતંત્રને ખોરવી નાખી આર્થિક રીતે પાયમાલ કરવાના ઇરાદ્ધાથી દેશની સામે યુધ્ધે ચડીને પ્રજાની જાહેર શાંતિ, સલામતી, રોજીંદો વ્યવહાર અને પ્રજામાં પ્રવર્તતી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને સંપૂર્ણ ખોરવી નાંખી પ્રજામાં ભય અને આંતકનુ

વાતાવરણ ફેલાવી દીધેલ હોય આવા કાવતરાખોર ઈસમો સામે ધોરણસર થવા ફરિયાદ છે.

(૩) તા.૨૭–૭–૨૦૦૮ ના રોજ સુરત શહેરના જુદા–જુદા વિસ્તારોમાં જુદી–જુદી જગ્યાઓએ જુદા–જુદા સમયે કુલ–૧૫ જેટલા બોમ્બ મુકવાના બનાવો બનેલા અને તે દરેક બનાવોની તે દિવસે જે તે વિસ્તારોમાં હકુમત ધરાવતા પોલીસ સ્ટેશનોમાં ફરિયાદ નોંધવામાં આવેલી તે તમામ ફરિયાદોની તારીખ, સમય, સ્થળ વિગેરેની તમામ હકીકતો નીચે મુજબ છે.

સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોની વિગતો

બનાવ નં.૧

શહેર	બનાવનો વિસ્તાર અને સ્થળ	બનાવની તારીખ અને સમય	ગુનો નોંધાયેલ પોલીસ સ્ટેશન અને ગુના રજી.નં.	ફરિયાદ નોંધાવનાર	ફરિયાદમાં જણાવેલ આરોપી
૧	૨	૩	૪	૫	૬
સુરત	નુપુર હોસ્પિટલ સામે પૂર્વ તરફના રોડની ડાબી બાજુએ આવેલ ડીવાઇડરમાં સીટી લાઇટ રોડ, સુરત	૨૭–૭–૦૮, કલાક૧૧–૨૦ થી ૧૫–૪૫ દરમ્યાન	ડીસીબી સેકન્ડ ગુન્હા રજી. નં.૩૦૧૯ /૨૦૦૮	આર.એસ. પટેલ, પી.આઇ. ઉમરા પોલીસ સ્ટેશન, સુરત શહેર	જાણવા મળેલ નથી

ફરિયાદની વિગત

ફરિયાદી આર.એસ.પટેલ, પીલીસ ઇન્સ્પેક્ટર ઉમરા પોલીસ સ્ટેશન, સુરત શહેરની ફરિયાદની ટૂંકમાં હકીકત એવી છે કે તા.૨૭–૭–૨૦૦૮ ના રોજ ફરિયાદી તથા પોલીસ સબ ઇન્સ્પેક્ટર ભગોરા તથા સ્ટાફના માણસો સાથે ઉમરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં અમદાવાદમાં થયેલ બોમ્બ બ્લાસ્ટ અંગે

તકેદારી રાખવા પેટ્રોલીંગમાં હતા તે વખતે ૧૧–૧૫ વાગ્યાના સમયે બાતમી મળેલ કે સીટી લાઈટ રોડ, નુપુર હોસ્પિટલ સામે આવેલ રોડ નજીક એક બિનવારસી હાલતમાં રેડીયો જેવુ સાધન પડેલ છે જેથી ત્યાં જઈ રોડના ડિવાઈડરમાં ઘાસમાં તપાસ કરતા એક અર્ધ આકારના ડબ્બા જેવી ચારે તરફ સેલોટેપથી ફીટ કરેલ અને વાયરના છેડા બહારના ભાગે હોય સદર વસ્તુને જોતા બોમ્બ હોય તુરત જ ફરિયાદીએ યુકિતથી બોમ્બ ડીસ્પોઝ કરી નાંખી લોકહિત ન જોખમાય તે માટે સલામત રીતે બોમ્બને સેફ જગ્યાએ લઈ જવા ઉમરા પોલીસ સ્ટેશનની ડાબી તરફ આવેલ કમ્પાઉન્ડની ખુલ્લી જગ્યામાં લઈ આવી આ અંગે ઉપરી અધિકારીને માહિતગાર કરેલ તથા સાયન્ટીફીક ઓફિસર એફ.એસ.એલ. સુરત તથા બોમ્બ ડીસ્પોઝલ સ્કર્વોડને સ્થળ ઉપર બોલાવેલ તથા બે પંચોને ઉમરા પોલીસ સ્ટેશને સ્થળ ઉપર બોલાવી તેઓ સમક્ષ સાયન્ટિફીક ઓફિસર શ્રી એન.ડી.પટેલ તથા બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડથી નિરીક્ષણ કરવામાં આવ્યુ જેમાં એક અર્ધ ચંદ્રાકારના ડબ્બા જેવી બનાવટના ડબ્બાને ભુરા રંગની સેલોટેપથી ચોંટાડવામાં આવેલ તેના ઉપર લાલ રંગની સેલોટેપથી ડયુરોગસ કંપનીની બનાવટની બેટરી લાલ રંગની પ્લાસ્ટિક વાયર સાથેની ટેપની ઉપરના તરફ ચોંટાડવામાં આવેલ છે જેના છેડા લાકડાના એક તરફના ભાગમાં આવેલા બે કાણામાંથી બહાર કાઢવામાં આવેલા વાયર સાથે જોડવામાં આવેલ છે જે બોમ્બ ડીસ્પોઝલ ટીમના વડાએ સેલોટેપ કાપી બેટરી છુટી પાડી પેકીંગ મટીરીયલને વચ્ચેથી કાપી અંદરનો ભાગ પ્રથમ તેમાં ન્યૂઝ પેપર મુકેલ છે જે જોતા ગુજરાત સમાચાર પેપરના પાના છે જે વડોદરાના આવૃતિ છે જે તા.૧૪ મી જુન–૨૦૦૮ તથા તા.૨૦ જુન–૨૦૦૮ ના છે તેના નીચે પ્લાસ્ટિકની કોથળીમાં ભરેલો પદાર્થ જોતા તેમાં લોખંડના છરા છે તથા ફયુલ વાઈલ મિશ્રીત છે તેના નીચે જોતા એક પ્લાસ્ટિકની કોથળીમાં સફેદ રંગનો ચીકણો પદાર્થ (એન્ફો) સદર કોથળીમાં ડીટોનેટીંગ કેપ સફેદ ધાતુની બનાવટની નંગ–૨ વાયર સહિતની જોડવામાં આવેલ છે તેના વાયર લાકડાના સ્ટ્રકચરના એક તરફના બે કાણામાંથી બહાર કાઢવામાં આવેલ છે તેમાં બેટરીમાં વાયર જોડવામાં આવેલ

હતા સદર ડીટોનેટીંગ કેપ લાઈવ છે લાકડાના સ્ટ્રકચરના ઉપર વેલ્કેનાઈઝ પતરાને ખીલાથી ફીટ કરવામાં આવેલ છે સદર બોમ્બ એન્ફો બોમ્બ હોવાનુ સાયન્ટીફીક ઓફિસરે જણાવેલ છે.

વધુમાં ફરિયાદ હકીકત મુજબ સદર બોમ્બમાંથી મળી આવેલ પાર્ટસ જેમાં લાકડાનુ અર્ધ ચંદ્રાકાર બનાવટનુ ગેલ્વેનાઈઝનુ પતરૂ ફીટ કરેલ છે તેને સફેદ રંગના કપડામાં સીવી લઈ તથા સફેદ ચીકણો પદાર્થ(એન્ફો) જે પ્લાસ્ટિકની કોથળીમાં છે તેમાંથી પરીક્ષણ માટે નમૂનાનો થોડો ભાગ એક નાની પ્લાસ્ટિકની પારદર્શક ડબ્બીમાં લઈ તેનુ ઢાંકણ બંધ કરી તથા લોખંડના છરા, ફયુલ ઓઈલ સહિતની કોથળીમાંથી પરિક્ષણ માટે નમૂનાનો થોડો ભાગ એક નાના પ્લાસ્ટિકના પારદર્શક ડબ્બામાં લઈ તેનુ ઢાંકણ બંધ કરી સદર છરા ભરેલી કોથળી એક પારદર્શક ડબ્બામાં મુકી ઢાંકણ બંધ કરી તથા સફેદ ચીકણો પદાર્થ (એન્ફો) એક પારદર્શક ડબ્બામાં મુકી ઢાંકણ બંધ કરી તથા ડીટોનેટીંગ ટેપ નંગ–૨ અલગ–અલગ બે નાની પારદર્શક ડબ્બીમાં મુકી ઢાંકણ બંધ કરી તથા કાળા રંગના પેકીંગ મટીરીયલ એક નાની પારદર્શક ડબ્બીમાં મુકા ઢાંકણ બંધ કરી પ્રિપેડ ઇલેકટ્રોનીક સરકીટ જેના સાથે લાલ, કાળો તથા સફેદ રંગના ત્રણ વાયરો છે જે ઓટો છે (સ્વયં સંચાલિત) જે એક નાની પારદર્શક ડબ્બીમાં મુકી તેનુ ઢાંકણ બંધ કરવામાં આવેલ છે તથા નવ વોટની બેટરી નંગ–૧ ડયુરો સેલ કંપનીની જેની ઉપર અંગ્રેજીમાં PTC 16F628F 1/P 080– 125 વોલ્ટ વિગેરે છાપેલ છે જે મેડ ઇન ઇસીની છે તેને એક નાની પારદર્શક ડબ્બીમાં મુકી ઢાંકણ બંધ કરી તથા આ દરમ્યાન વજન કાંટો આવતા ગેલ્વેનાઈઝ પતરા સાથે વુડન સ્ટ્રકચરનુ વજન કરતાં ૦–૩૩૪ ગ્રામ તથા સફેદ ચીકણા પદાર્થનુ વજન કરતાં ૧૦૦૪ ગ્રામ તથા લોખંડના છરાવાળા કોથળાનુ વજન કરતાં ૧.૧૮૦ ગ્રામ થયેલ છે ત્યારબાદ ફરિયાદી તથા પંચોની સહીવાળી કાપલી દરેક મુદ્દામાલ પાર્સલ ઉપર દોરા વડે બાંધી તેના ઉપર લાખ વડે પો.ઇન્સ.ઉમરા પો.સ્ટે. સુરત શહેરના માર્કાનુ સિલ કરી કિંમત રૂા.૦૦/૦૦ ગણી તપાસ માટે કબજે કરવા

વિગતવાર પંચનામુ કલાક ૧૧–૪૫ થી ૧૧–૧૫ સુધી કરી કબજે કરવામાં આવેલ છે.

આમ કોઇ અજાણ્યા આરોપીઓએ સુરત શહેરની શાંતિને ડહોળવા સારૂ એન્ફો હાથ બનાવટનો જીવંત બોમ્બ બનાવી જાહેર જનજીવનને હાની પહોંચાડવા તથા ભય ફેલાવવા સારૂ ગુનાહિત કાવતરૂ યોજી તે પાર પાડવા સારૂ બોમ્બને ઉપરોકત જગ્યા ઉપર મુકી લોકોની જાન માલનુ નુકસાન થાય તે હેતુથી મુકી ગુન્હો કરેલ હોય તેઓના વિરૂધ્ધમાં ધોરણસર થવા ફરિયાદ છે.

બનાવ નં.૨

શહેર	બનાવનો વિસ્તાર અને સ્થળ	બનાવની તારીખ અને સમય	ગુનો નોંધાયેલ પોલીસ સ્ટેશન અને ગુના રજી.નં.	ફરિયાદ નોંધાવનાર	ફરિયાદમાં જણાવેલ આરોપી
૧	૨	૩	૪	૫	૬
સુરત	સીતાનગર ચોકડી પુણા જનરલ હોસ્પિટલ સામે, અંબિકા પાર્ક, સૌરાષ્ટ્ર હાર્ડવેરની દુકાન સામે,સુરત	૨૭–૭–૦૮, કલાક ૨૦–૨૫ થી ૨૨–૦૫ દરમ્યાન	કાપોદ્રા સેકન્ડ ગુન્હા રજીસ્ટર નંબર ૧૭૫/૦૮	એમ.આર. ચાવડા, પી.આઇ. કાપોદ્રા પોલીસ સ્ટેશન, સુરત શહેર	જાણવા મળેલ નથી

ફરિયાદની વિગત

ફરિયાદી એમ.આર. ચાવડા, પી.આઇ. કાપોદ્રા પોલીસ સ્ટેશન, સુરત શહેરની ફરિયાદની ટૂંકમાં હકીકત એવી છે કે તા.૨૭–૭–૨૦૦૮ ના રોજ ફરિયાદી તથા પોલીસ સબ ઇન્સ્પેકટર એસ.કે.રાય તથા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં અમદાવાદમાં થયેલ બોમ્બ બ્લાસ્ટ અનુસંધાને તકેદારી રૂપે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન બાતમી મળેલ કે સીતાનગર ચોકડી પુણા

જનરલ હોસ્પિટલ સામે, અંબિકા પાર્ક શોપીંગની સામે, સૌરાષ્ટ્ર હાર્ડવેરની દુકાન સામે એક કાળા રંગની વેગનઆર કાર નં.જી.જે.૬.સીડી–૩૫૬૯ માં બોમ્બ હોવાની હકીકત મળતા તાત્કાલિક કલાક ૧૪–૦૦ વાગ્યે તે જગ્યાએ આવતા ત્યાં એક કાળા રંગની વેગનઆર કાર નં. જી.જે.૬.સીડી–૩૫૬૯ ની સૌરાષ્ટ્ર હાર્ડવેરની દુકાન તરફના મોઢે રોડની બાજુમાં પાર્ક કરેલ હતી જે શંકાસ્પદ જણાતા તાત્કાલિક બોમ્બ ડીસ્પોઝલ અધિકારીઓને સ્થળ ઉપર બોલાવી બોમ્બ ડીસ્પોઝલ અધિકારીશ્રી સુમનભાઇ વી.ચૌધરી તથા તેમની ટીમના માણસો આવી જતાં તેઓએ વેગન આર કારની ચકાસણી કરતા વેગન આર કારના દરવાજા બંધ હોય તેઓએ કારના કાચ તોડી દરવાજો ખોલી કારની પાછળની ડીકીના ભાગેથી મળી આવેલ ચીજવસ્તુઓ બહાર કાઢેલ તે વખતે એફ.એસ.એલ. અધિકારી એન.ડી.પટેલ આવી ગયેલ, બોમ્બ ડીસ્પોઝલના અધિકારી તેમજ એફ.એસ.એલ. અધિકારીના પ્રાથમિક અભિપ્રાય મુજબ કારમાંથી મળી આવેલ ચીજવસ્તુઓ બોમ્બ બનાવવા માટેની વિસ્ફોટક સાધન સામગ્રી હોવાનુ જણાવતાં બે પંચોના માણસો (૧) રામવિનોદસિંહ રામવીરસિંહ રાજપુત (૨)ભરતભાઇ ચતુરભાઇનાઓને બોલાવી હકીકતથી વાકેફ કરી કારમાંથી બહાર કાઢેલ ખાખી પુઠ્ઠાનુ બોક્ષ જેમાં સ્ટીલની ડબ્બા બેટરી, ઇલેકટ્રોનીક ચીજવસ્તુઓ વિગેરે હોય તેમજ બોક્ષની બાજુમાં બ્લ્યુ કલરનો ગોળાકાર પતરાનો ડબ્બો તેમજ નટ બોલ્ટ તથા છરા ભરેલ પોલીથીન થેલો જે તમામ બોમ્બ બનાવટની સાધન સામગ્રી હોવાનુ એફ.એસ.એલ. અધિકારીશ્રી તથા બોમ્બ ડીસ્પોઝલ સ્કર્વોડનાં અધિકારીશ્રી તથા તેમની ટીમનાં માણસોએ જણાવતા આ સાધન સામગ્રી વિસ્ફોટક હોય ઉપરી અધિકારીશ્રીઓને બનાવ હકીકતની જાણ કરવામાં આવેલ અને વિસ્ફોટક સાધન સામગ્રી લોકહિત ન જોખમાય તે માટે બોમ્બ ડીસ્પોઝલ સ્કવોડ તથા એફ.એસ.એલ. અધિકારીશ્રીઓની સુચના મુજબ સલામત સ્થળે લઇ જવુ જરૂરી હોવાનું જણાવતાં ઉપરોકત મળી આવેલ વિસ્ફોટક સાધન સામગ્રી તથા વેગનઆર કાર ઉમરા પોલીસ સ્ટેશનની બાજુમાં આવેલ ખુલ્લી જગ્યામાં તમામ સાધન સામગ્રી

ઉતારી એફ.એસ.એલ. અધિકારીશ્રીએ ચકાસણી તેમજ પરીક્ષણ કરતાં નીચે મુજબની વિગતે છે.

(૧) એક ખાખી કલરનાં પુંઠાના બોક્ષમાં મળી આવેલ સાધન સામગ્રી.

(૧) એક કાળા કલરની પ્લાસ્ટીકની કોથળીમાંથી ડીટોનેટર મળી આવેલ છે. ડેટોનેરનાં મોઢાનાં ભાગે બે ઇલેકટ્રીક વાયર સેલોટેપથી વીંટાડેલ જે સફેદ ધાતુના છે જે ગણી જોતાં કુલ–૧૧ નંગ છે જેની કિંમત રૂા.૦૦/૦૦ ગણી છે.

(૨) બે પ્લાસ્ટીકની કોથળીમાં સ્ટીલના નાના ડબ્બા નંગ–૧૦ જે પૈકી બે ડબ્બાની અંદર મોનીલ એકસપોર્ટ કવોલીટીના સ્ટીકરો લગાડેલ છે જેની કિંમત રૂા.૨૦૦/– ગણી છે.

(૩) એક પ્લાસ્ટીકની કોથળીમાં સફેદ કલરનાં ગુંચળા નંગ–૮૩ કિંમત રૂા. ૦૦/૦૦ ગણી છે.

(૪) ત્રણ નંગ પ્રિન્સ કંપનીની એલાર્મ ઘડિયાળ જેના ડાયલ ઉપર ૭૦૧૭ લખેલ છે જેની કિંમત રૂા. ૧૫૦/– ગણી છે.

(૫) એક પીળા કલરનુ વાયરો ચેક કરવા માટેનુ મલ્ટી મિટર જે પાછળથી તુટેલ છે તેની કિંમત રૂા.૦૦/૦૦ ગણી છે.

(૬) પ્લાસ્ટિકની નાની ગોળાકાર ડબ્બીઓ નંગ–૧૨૩ ઢાંકણા વગરની કિંમત રૂા.૦૦/૦૦ ગણી છે.

(૭) નંગ–૧૬ H.W. Hi Walt કંપનીની નવ વોલ્ટની બેટરીઓ જેની કિંમત રૂા.૧૬૦/– ગણી છે.

(૮) નંગ ૪ ડ્યુરોસીલ કંપનીની નવ વોલ્ટની બેટરી જેની કિંમત રૂા. ૪૦/– ગણી છે.

(૯) મોટી સાઇઝની સેલોટેપ નંગ ૧ વન્ડર કંપનીની કિંમત રૂા. ૨૦/– ગણી છે.

(૧૦) મીડીયમ સાઇઝની સેલોટેપ નંગ ૧ વન્ડર કંપનીની પપપ લખેલ છે જેની કિંમત રૂા. ૧૫/–ગણી છે.

(૧૧) નાની સાઇઝની સેલોટેપ નંગ ૧ જેના ઉપર પૃથ્વી લખેલ છે અને વપરાયેલી છે જેની કિંમત રૂા.૧૦/– ગણી છે.

(૧૨) કાળા કલરની ઇન્સ્યુલેટીંગ ટેપ નંગ–૩ I S I માર્કાની કિંમત રૂા.૧૫/– ગણી છે.

(૧૩) લાલ કલરની ઇન્સ્યુલેટીગ ટેપ નંગ–૨ વંડર કંપનીની જેમાં એક વપરાયેલી છે જે બંનેની કિંમત રૂા. ૧૦/– ગણી છે.

(૧૪) બ્લ્યુ કલરની ઇન્સ્યુલેટીંગ ટેપ નંગ–૧ જે વપરાયેલ છે જેની કિંમત રૂા. ૫/– ગણી છે.

(૧૫) પીળા ધાતુની વાટકી નંગ–૩ કિંમત રૂા.૪૫/– ગણી છે.

(૧૬) એક સ્ટીલની જુની વપરાયેલી વાટકી કિંમત રૂા.૫/– છે.

(૧૭) એક પ્લાસ્ટીકની કોથળીમાં પીળા કલરનો પેસ્ટ (મલમ જેવો) એન્ફો નાઇટ્રોજન (એમોનીયા નાઇટ્રેડ) જેનુ વજન એક કિલોગ્રામ છે જેની કિંમત રૂા.૦૦/૦૦ છે.

(૧૮) રાજસ્થાન પત્રિકા નામનું પેપર તા.૧૯ જુલાઇ ૨૦૦૮ નું પાના નં.૧૧ તથા ૧૨ છે જેની કિંમત રૂા. ૦૦/૦૦ છે.

(૧૯) રાજસ્થાન પત્રિકા નામનું પેપર જે ૨૫ જુલાઇ ૨૦૦૮ નું છે જેના પાના નં.૫, ૬, ૯ અને ૧૦ છે જેની કિંમત રૂા.૦૦/૦૦ છે.

(૨૦) વાર્તાહર નામનું મરાઠી સમાચારપત્ર તા. ૨૯ જુન ૨૦૦૮ નું છે પાના નં. ૧ થી ૮ છે કિંમત રૂા.૦૦/૦૦ છે.

(૨૧) ટાઇમ્સ ઓફ ઇન્ડિયા તા.૨૨ જુલાઇ ૨૦૦૮ નું અડધુ પાનુ પાના નં.૧૫ જણાય છે.

(૨૨) એક પ્લાસ્ટિકની કોથળીમાં કાળા રેડીયમના અંગ્રેજી અક્ષરો જેમાં એ–૧ નંગ, બી–૧ નંગ, સી–૧ નંગ, ડી–૧ નંગ, ઇ–૧ નંગ, એફ–૧ નંગ, જી–૧ નંગ, એચ–૧ નંગ, જે–૧ નંગ, કે–૧ નંગ, એલ–૧ નંગ, એમ–૧ નંગ, એન–૧ નંગ, પી–૧ નંગ, ક્યુ.–૧ નંગ, આર–૧ નંગ, એસ–૧ નંગ, ટી–૧ નંગ, ઓ–૧ નંગ, વી–૧ નંગ, એક્સ–૧ નંગ, વાય–૧

નંગ, ઝેડ–૧ નંગ તથા બીજી એક પ્લા.ની કોથળીમાં કાળા રેડીયમ લખેલ અંગ્રેજી અક્ષરો ૧– ૩ નંગ, ૨ – ૩ નંગ, ૩ – ૩ નંગ, ૪–૩ નંગ, ૫–૨ નંગ, ૭–૩ નંગ, ૮–૩ નંગ, ૯–૩ નંગ, ૦–૨ નંગ છે. જે તમામની કિંમત રૂા. ૦૦/૦૦ ગણી.

(૨૩) બેટરી જંકશન નંગ ૧૫ જેમાં ૧૩ નંગ લાલ કલરનાં તથા બે નંગ કાળા રંગના છે જેની કિંમત રૂા.૦૦/૦૦ ગણી છે.

(૨૪) એક ટાઇમર સાથેની આઇ.સી. કિંમત રૂા.૦૦/૦૦ ગણી છે.

(૨૫) મલ્ટીમીટર સાધનો ચેક કરવાના એડપ્ટર કાળા રંગનાં–૨, ગુલાબી કલરના–૨, જાબુંડી કલરના–૨, ગ્રે કલરનાં–૧ મળી કુલ્લે ૬ કિંમત રૂા. ૦૦/૦૦ ગણી છે.

(૨૬) ઇલેકટ્રીક સર્કીટ ઉપર લગાડવાના ડાવડ જેનાં ઉપર નાના બલ્બ છે જે નંગ ૨૪ કિંમત રૂા.૦૦/૦૦ છે.

(૨૭) બી.પી.એલ. કંપનીનાં પેન્સીલ સેલ નંગ ૨ કિંમત રૂા. ૧૦/–

(૨૮) પોપટી કલરની નાયલોનની ૨૫ ફુટ લાંબી દોરી કિંમત રૂા.૧૦/– છે.

(૨૯) એક પાતળા તારનું ગુંચળુ જેની લંબાઇ આશરે ૨૭ ફુટની છે તેની કિંમત રૂા.૦૦/૦૦ છે.

(૩૦) એક કથ્થઇ કલરનું જૂનુ કપડુ કિંમત રૂા.૦૦/૦૦ છે.

(૩૧) લાલ તથા પીળા કલરનાં વાયરવાળુ એડપ્ટર નંગ ૨ કિંમત રૂા.૦૦/૦૦

(૩૨) એક પ્લાસ્ટીકની બોટલમાં આશરે ૧૦૦ ML જેટલુ પેટ્રોલ કિંમત રૂા. ૧૦/– છે.

ઉપરોકત મળેલ મુદ્દામાલમાંથી FSL અધિકારીની સુચના મુજબ નીચે મુજબની વસ્તુઓમાંથી પૃથક્કરણ માટે અલગ–અલગ નમૂનાઓ લેવામાં આવેલા છે.

(૧) વસ્તુનું નામ	**આપેલ માર્ક**
(૧) ડીટોનેટર નંગ–૧	માર્ક A–1
(૨) સ્ટીલનો ડબ્બો નંગ–૧	માર્ક A–2

(૩) સફેદ કલરનાં વાયરનું ગુચડુ– ૧ માર્ક A–3
(૪) પ્રિન્સ કંપનીની ઘડિયાળ નંગ–૧ માર્ક A–4
(૫) વાયરીંગ ચેક કરવા માટેનુ મલ્ટીમીટર માર્ક A–5
(૬) પ્લાસ્ટિકની ગોળ ડબ્બી નંગ–૧ માર્ક A–6
(૭) નવ વોલ્ટની બેટરી (સેલ) નંગ–૧ માર્ક A–7
(૮) પીળી ધાતુની વાટકી નંગ–૧ માર્ક A–8
(૯) એમોનીયા નાઈટ્રેડ પેસ્ટ આશરે ૫૦ ગ્રામ માર્ક A–9
(૧૦) બેટરી જંકશન એડપ્ટર નંગ–૧ માર્ક A–10
(૧૧) ટાઈમર સાથે આઈ.સી. નંગ–૧ માર્ક A–11
(૧૨) ડાવોડ ઈલેકટ્રીક સર્કીટ ઉપર લગાડવા માટે–૧ માર્ક A–12
(૧૩) BPL કંપનીના પેન્સીલ સેલ નંગ–૨ માર્ક A–13
(૧૪) તારનું ગુંચડુ નંગ–૧ માર્ક A–14

ઉપરોકત નમૂના માટે લીધેલ મુદ્દામાલને અલગ–અલગ પ્લાસ્ટિકની ડબ્બીઓમાં મુકી ડબ્બીનાં ઢાંકણા બંધ કરી ફરિયાદી તથા સાથેના પંચોની સહીઓ વાળી કાપલીઓ દોરા વડે બાંધી પોલીસ ઈન્સ્પેકટર, કાપોદ્રા પોલીસ સ્ટેશન સુરત શહેરનાં અંગ્રેજી માર્કાવાળુ શીલ કરી તપાસ અર્થે કબજે લીધેલ છે અને નમૂના માટે લીધેલ સિવાયનો મુદ્દામાલ પરત પુઠાનાં બોક્ષમાં મુકી તેને સુતળીથી બાંધી ફરિયાદી તથા પંચોની સહીઓ વાળી કાપલીઓ બાંધી ઉપરોકત વિગતે સીલ કરેલ અને તપાસ અર્થે કબજે કરેલ છે તેમજ એક સફેદ પ્લાસ્ટિકની પોલીથીન ગુણમાં પ્લાસ્ટિકની કોથળીમાં નાના લખોટી આકારનાં છરા કુલ–૯ કિલો ૫૦૦ ગ્રામ જેની કિંમત રૂા.૦૦/૦૦ ગણી તથા લોખંડનાં નટ બોલ્ટ અલગ– અલગ સાઈઝના ૧૬ કિલો ૬૮૦ ગ્રામ વજન કિંમત રૂા.૦૦/૦૦ ગણી છે જે બંનેમાંથી નમૂના માટે ૫૦૦ + ૫૦૦ ગ્રામ લેખે બે પ્લાસ્ટિકની ડબ્બીઓમાં કાઢી લઇ ફરિયાદી તથા સાથેના પંચોની સહીઓ વાળી કાપલીઓ દોરાથી બાંધી ઉપરોકત વિગતે સીલ કરી કબજે કરેલ છે તેમજ એક ભુરા કલરનાં પતરાનાં

ડબ્બામાં બ્રાઉન કલરનું પેસ્ટ છે જે એમોનીયમ નાઈટ્રેડ તથા ફ્યુઅલ ઓઈલનું મિશ્રણ હોવાનું જણાયેલ છે જેનું વજન કુલ–૧૬ કિલો ૫૦૦ ગ્રામ છે જેની કિંમત રૂા.૦૦/૦૦ છે જેમાંથી ૫૦૦ ગ્રામ જેટલુ પેસ્ટ એક પ્લાસ્ટીકની ડબ્બીમાં નમૂના માટે કાઢી લઈ સીલ કરી પંચનામાની વિગતે કબજે કરવામાં આવેલ છે તેમજ વેગન આર કાર નં. જી.જે.૬–સીડી–૩૫૬૯ જેનો એન્જીન નં. F 10–AN 4336018 તથા ચેસીસ નંબર MA 3 EED 81 S 005 12064–07 નો લખેલ છે જેની કિંમત રૂા.૨,૫૦,૦૦૦/– ગણી સદર વેગન આર કાર તથા વિસ્ફોટક સામગ્રી તથા લીધેલ નમૂનાઓ વિગતે પંચનામુ કરી તપાસ અર્થે કબજે કરેલ છે. આમ કોઈ અજાણ્યા ઈસમોએ સુરત શહેરની શાંતિને ડહોળાવવા સારૂ તથા લોકોનાં જાન માલને હાની પહોંચાડવા તથા ભય ફેલાવવા સારૂ ગુનાહીત કાવતરૂ રચી એક વેગન આર કાર નંબર જી.જે.૬–સીડી.–૩૫૬૯ ની અંદર ઈન્ફોપેસ્ટ, ડીટોનેટર વિગેરે વિસ્ફોટક હાથ બોમ્બ બનાવવાની સાધન સામગ્રી સાથે જાહેર રોડ ઉપર મુકી નાસી જઈ ગુનો કરેલ હોય તેઓ વિરૂધ્ધમાં એક્ષપ્લોઝીવ એકટ કલમ ૫(એ) તથા એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટ ૧૯૦૮ ની કલમ ૪,૫ તથા ઈ.પી.કો.કલમ ૧૨૦(બી), ૧૮૮ મુજબ કાયદેસર થવા ફરીયાદ છે.

બનાવ નં.૩

શહેર	બનાવનો વિસ્તાર અને સ્થળ	બનાવની તારીખ અને સમય	ગુનો નોંધાયેલ પોલીસ સ્ટેશન અને ગુના રજી.નં.	ફરિયાદ નોંધાવનાર	ફરિયાદમાં જણાવેલ આરોપી
૧	૨	૩	૪	૫	૬
સુરત	વરાછા કોડ બરોડા પ્રિસ્ટેજ ડોકટર હાઉસનાં નીચે સોનલ ભેલ હાઉસની	૨૭–૭–૦૮, કલાક ૨૨–૩૦ થી ૨૩–૩૦ દરમ્યાન	કાપોદ્રા સેકન્ડ ગુન્હા રજી. નંબર ૧૭૬/૦૮	બી.આર. હળપતી, પો.સ.ઈ. કાપોદ્રા પોલીસ	જાણવા મળેલ નથી

	સામે પાર્કીંગમાં			સ્ટેશન, સુરત શહેર	

ફરિયાદની વિગત

ફરિયાદી બી.આર.હળપતિ, પોલીસ સબ ઇન્સ્પેકટર, કાપોદ્રા પોલીસ સ્ટેશન, સુરત શહેરની ફરિયાદની ટૂંકમાં હકીકત એવી છે કે તા. ૨૬/૭/૨૦૦૮ નાં રોજ અમદાવાદ શહેર ખાતે બોમ્બ ધડાકા થયેલ જેનાં અનુસંધાને રાજયભરમાં એલર્ટ જાહેર કરવામાં આવેલ હોઇ ફરિયાદી તથા હેડ કોન્સ્ટેબલ ઈશ્વર વસંત,પોલીસ કોન્સ્ટેબલ ઉમેશ પ્રભુનાથ, પોલીસ કોન્સ્ટેબલ ઉત્તમ શંકર તથા પોલીસ કોન્સ્ટેબલ કુલસીંગ નાઓ સાથે બરોડા પ્રિસ્ટેજ ચોકી વિસ્તારમાં શક પડતા વાહનો તથા ઇસમોની તપાસ ચેકીંગ પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ફરિયાદીને કલાક ૧૭/૦૦ વાગે હકીકત મળેલ કે બરોડા પ્રિસ્ટેજ ડૉકટર હાઉસ નીચે આવેલ સોનલ ભેલ હાઉસની સામે પાર્કીંગમાં એક મારૂતિ વેગન આર કાર નંબર જી.જે.૬–સીડી–૨૯૦૮ શંકાસ્પદ હાલતમાં ઉભી છે જેથી ફરિયાદી તથા ઉપરોકત સ્ટાફનાં પોલીસ માણસો ઉપરોકત જગ્યાએ પહોંચેલા અને ત્યા જઇ જોતા સદરહું કારની પાછળથી કાચનાં ભાગેથી જોતા એક બોકસ તથા એક પોટલુ શંકાસ્પદ જણાતાં તુરત જ તે વિસ્તારને કોર્ડન કરી ઉપરી અધિકારીશ્રીઓને જાણ કરી બોમ્બ ડીસ્પોઝલનાં માણસોને સ્થળ ઉપર પધારવા તજવીજ હાથ ધરેલી અને થોડી જ વારમાં બોમ્બ ડીસ્પોઝલનાં માણસો આવી જતાં તેમણે ડ્રાઇવર સાઇડનો કાચ તોડી કારનો દરવાજો ખોલી અંદર જોતાં અંદર ચાર જીવતાં બોમ્બ મળી આવેલા જે તેઓએ તાત્કાલિક સ્થળ ઉપર નિષ્ક્રિય કરી નાંખેલા અને આ સમય દરમ્યાન ફરિયાદીએ એફ.એસ.એલ.નાં અધિકારીને જાણ કરતાં તેઓ પણ સ્થળ ઉપર આવી ગયેલા અને બોમ્બ ડીસ્પોઝલ સ્કવોડનાં માણસોએ નિષ્ક્રિય કરેલા બોમ્બ જોતાં લાકડાનો અર્ધ ચંન્દ્રકાર બનાવટના ચાર બોકસ છે જે પૈકી એક બોકસ ઉપર લાલ સેલો ટેપ તથા એક ઉપર ભુરા કલરની સેલો ટેપ ચોંટાડેલ છે જે પૈકી લાલ કલરની સેલો ટેપ વાળી

બોકસમાં પાછળ પતરૂ ખીલી મારીને ફીટ કરવામાં આવેલ છે તથા એક લાલ સેલો ટેપ વાળા ભુરા કલરની સેલો ટેપ પછળ કાળા કલરનું પ્લાસ્ટિક મારી ફીટ કરેલ છે સદરહું બોકસમાં પીળા અને ક્રિમ કલરનું પેસ્ટ ભરવામાં આવેલ હતું જે હાજર એફ.એસ.એલ.નાં અધિકારીશ્રી ચાંપાનેરીયા સાહેબે પૃથક્કરણ કરીને એમોનીયા નાઈટ્રેટ હોવાનું જણાવેલ છે તથા તેમાં સેલો ટેપમાં ફીટ કરેલ ઈલેકટ્રીક હાયપર જે આઈ.સી. પી.બી.બી. બોર્ડર વીથ હાયપર પ્રોગ્રામનું લોક હોવાનું એફ.એસ.એલ. અધિકારી જણાવે છે જેમાં ચાર વાયરો બહાર નીકળેલા છે તથા તેમાં નાના મોટા છરાઓ તથા નટ બોલ્ટ પણ અંદર હતા જે તમામ બોમ્બ નિષ્ક્રિય કરેલા હતા સદરહું ગાડીમાં જોતાં પતલા તારનાં બંડલ નંગ–૨, આશરે એક કિલોગ્રામ વજનના જેની કિંમત રૂા. ૧૦૦/– ગણી શકાય તથા ઉપરોકત બોમ્બમાંથી કાઢેલ બીજી એક બેટરી નવ વોલ્ટની બેટરી નંગ પાંચ મળી આવેલ જે પૈકી ચાર બેટરી ઉપર H.W.Hi Walt લખેલ છે. તથા એક કુરોચીલ કંપનીની બેટરી (સેલ) છે જે તમામ ઉપર બેટરી જંકશન (એડપ્ટર) ફીટ કરેલા છે જેનાં વાયરો બહાર નીકળેલા છે જે એક સેલની કિંમત રૂા. ૧૦/– લેખે પાંચની કિંમત રૂા.૫૦/– ગણી શકાય તથા ઉપરોકત બોમ્બમાંથી મળેલ તથા બીજી એક મળી ઈલેકટ્રીક સરકીટ જે ટાઈમર સાથે આ સી.પી.સી.બી. ટાઈમર બોર્ડ વીથ પોગ્રામ નું લોક છે જેની કિંમત રૂા. ૦૦/૦૦ ગણી શકાય તથા એક ભુરા કલરનો પતરાનો ડબ્બો જેમાં પીળી અને ક્રિમ કલરનો પેસ્ટ ભરેલ છે તે ડબ્બામાં નિષ્ક્રિય કરેલ બોમ્બમાંથી મળેલ પેસ્ટ આ ડબ્બામાં ખાલી કરી જેનુ વજન કરી જોતાં કુલ–૨૨ કિલો ૫૦૦ ગ્રામ થાય છે જેની કિંમત રૂા.૦૦/૦૦ ગણી શકાય જે એમોનિયમ નાઈટ્રેટ છે, ચાર પ્લાસ્ટિકની કોથળી જેમાં લોખંડના છરા (લખોટી જેવા) જેમાં બોમ્બમાંથી મળેલ છરાઓ પણ ભેગા કરી તેનુ વજન કરતાં ૧૫ કિલોગ્રામ છે જેની કિંમત રૂા.૦૦/૦૦ છે, અલગ–અલગ સાઈઝનાં નટ બોલ્ટ જે એક પ્લાસ્ટિકની ગુણમાં મુકેલા છે જેનુ વજન જોતાં કુલ–૧૮ કિલો ૨૨૦ ગ્રામ છે જેની કિંમત રૂા.૦૦/૦૦ ગણી શકાય તથા ડીટોનેટર નંગ–૩૦ જે અલગ–અલગ પ્લાસ્ટિકની કોથળી તથા ડબ્બીમાં મુકેલા છે જેની કિંમત રૂા.૦૦/૦૦

ગણી શકાય, કેસ્ટ્રોલ કંપનીનુ બ્રેક ઓઇલ પ્લાસ્ટીકની ડબ્બીમાં છે જેની કિંમત રૂા.૦૦/૦૦ ગણી શકાય, પ્લાસ્ટિકનાં કેરબા નંગ –૩ જે એક કેરબામાં પાંચ લીટર પ્રમાણે પંદર લીટર જેટલું પેટ્રોલ છે જેની કિંમત રૂા. ૭૫૦/– ગણી શકાય જે પૈકી બે કેરબા ઉપર તાપ્તી ઓસ ગાયત્રી ફુડ પ્રોડકટસ પ્લોટ નં.૩, સરસ્વતિ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, દાંડી રોડ, મોરા ભાગળનું સ્ટીકર ચોટાડેલ છે તથા વડોદરા શહેરથી પ્રસિધ્ધ થતા ગુજરાત સમાચાર પેપરની તા.૧૩/૫/૦૮, તા.૧૨/૫/૦૮ તથા તા.૩૦/૬/૦૮ની આવૃત્તિ તથા તા.૧૧/૬/૦૮ નુ ટાઇમ્સ ઓફ ઇન્ડિયાનું ફાટેલું પેપર જે તમામની કિંમત રૂા. ૦૦/૦૦ ગણી શકાય, એક પ્લાસ્ટિકનો ડબ્બો જેના ઉપર હોટલ ન્યાય મંદિર નેશનલ હાઇવે નંબર ૮ ભરૂચ લખેલ છે જેની કિંમત રૂા.૦૦/૦૦ ગણી શકાય તથા લાલ, કાળા, સિલ્વર કલરની રેડીયમની પટ્ટી નંગ–૩ જેની કિંમત રૂા. ૦૦/૦૦ તથા સેલો ટેપ મીડીયમ સાઇઝની પાવર ટેક કંપનીની નંગ ૧ તથા પીળી કલરની સેલો ટેપ એમ્બ્રો કંપનીની જે બંને વપરાયેલી છે જેની કિંમત રૂા. ૦૦/૦૦ તથા એક નાનો થેલો રેકઝીનનો કાળા કલરનો લાલ પટ્ટાવાળો છે જેના ઉપર એગ્રેજીમાં ટાઇરન લખેલ છે તથા એક નાની કાળા કલરની હેન્ડ બેગ જેની ઉપર એગ્રેજીમાં ઇગલ બ્રાન્ડ લખેલ છે તથા કાર બોડી કવર મેન્યુફેકચર બાય કરનીકટ એએસટી મુંબઇ લખેલ છે જે બંનેની કિંમત રૂા.૦૦/૦૦ ગણી શકાય જે વસ્તુઓ મળી આવેલ છે.

ઉપરોકત મળી આવેલ વસ્તુઓ પૈકી વુડનના (૧) એક બોકસને સફેદ કપડામાં પેક કરેલ છે જેને માર્ક–૧ આપેલ છે. તથા (૨) બેટરી (સેલ) જેને માર્ક એ–૨ આપેલ છે (૩) ટાઇમર સાથે આ.સી. પી.સી. ઇલેકટ્રીક સરકીટ નંગ–પાંચ જેને માર્ક એ–૩ આપવામાં આવેલ છે (૪) એમોનિયા નાઇટ્રેટ પેસ્ટ આશરે ૧૦૦૦ ગ્રામ જેને માર્ક એ–૪ આપવામાં આવેલ છે (૫) નાના મોટા છરા (લખોટી જેવા) આશરે ૧૦૦૦ ગ્રામ વજનનાં જેને માર્ક એ–૫ આપવામાં આવેલ છે નટ બોલ્ટ આશરે ૧૦૦૦ ગ્રામ જેને માર્ક એ–૬ આપવામાં આવેલ છે તથા (૭) ડીટોનેટર જેને માર્ક એ–૭ આપવામાં આવેલ છે. સદરહુ મુદ્દામાલ નમૂના

માટે લીધેલ છે જે પૈકી અનુક્રમ નં. ૨ થી ૭ નો મુદ્દામાલ અલગ–અલગ પ્લાસ્ટિકની ડબ્બીઓમાં મુકી જેનું ઢાંકણ બંધ કરી પંચોની સહીવાળી કાપલી બાંધી પોલીસ ઇન્સ્પેકટર કાપોદ્રા પોલીસ સ્ટેશન સુરત સીટીનાં માર્કાનું સીલ કરી તથા અનુક્રમ નં.૧ નો મુદ્દામાલ સફેદ કપડાની થેલીમાં પેક કરી તેના ઉપર પંચોની સહીવાળી કાપલી બાંધી ઉપરોકત મુજબનું લાખથી સીલ કરી તપાસ અર્થે કબજે કરેલ છે તથા બાકી રહેલ વુડનનાં ત્રણ બોકસ અલગ–અલગ સફેદ કપડાઓમાં પેક કરી નવ વોલ્ટની બેટરી નંગ–૪ (સેલ) એક પ્લાસ્ટિકનાં ડબ્બામાં મુકી તથા નાના મોટા છરા વાળી કોથળી નંગ ૪ એક ગુણમાં મુકી તથા નટ બોલ્ટને પણ ગુણમા મુકી તથા ડીટોનેટરને અલગ અલગ કોથળી ઓમાં છે તે તમામ કોથળીઓ એક જ પ્લાસ્ટિકના બોકસમાં મુકી તથા પ્લાસ્ટીકની ડબ્બીમાં મુકેલ ડીટોનેટર પણ એક મોટા પ્લાસ્ટિકના ડબ્બામાં મુકી જે તમામ સાધનો ઉપર પંચોના સહીઓવાળી કાપલી બાંધી લાખથી ઉપર મુજબનુ સીલ કરેલ છે તથા વર્તમાન પેપર હોટલ ન્યાય મંદિરનો પ્લાસ્ટિકનો ડબ્બો તથા સેલો ટેપ, રેડીયમ પટ્ટીઓ તથા નાની હેન્ડ બેગ રેગઝીનના થેલામા મુકી તપાસ અર્થે કબજે લેવામાં આવેલ છે તથા સદરહું કારની પાછળની સીટ ઉપરથી એક કટર જેમાં અલગ–અલગ પ્લેટ કંપનીના પેકીગ સાથે છે જે VDS કંપનીનુ છે તથા એક રેકઝીનનું પાઉચ જેની ઉપર અંગ્રેજીમાં ફર્સ્ટ એડ કીટ લખેલ છે જેમાં ટ્યુબ તથા ડ્રેસીંગની પટ્ટીઓ છે, એક કાપડનો થેલો જેના ઉપર બાગબાન ઝાફરાની જરદા લખેલ છે જે તમામની કિંમત રૂા.૦૦/૦૦ ગણી શકાય તથા ચાર નંગ નાઇલોનનાં કાપડને દરેક કુલ–૪૮ મીટર લંબાઇમાં છે જે પીળા, કથ્થઇ, મરૂન અને ભુરા કલરના છે જેની કિંમત રૂા. ૪૦૦/– ગણી શકાય તથા એક પલંગની ચાદર પીળા ટપકાવાળી જેની કિંમત રૂા. ૨૫/– ગણી શકાય તથા એક સફેદ કલરની થેલી તથા એક ટુવાલ જેની કિંમત રૂા.૦૦/૦૦ ગણી શકાય તથા એક પ્લાસ્ટીકનાં કાગળનું બોર્ડ જેના ઉપર હિન્દીમાં જગતગુરૂશ્રી કૃપાળુ મહારાજ કી પ્રમુખ પ્રચારીકા સુશ્રી પરીકરી દેવીજી દ્વારા વિવક્ષણ દાર્શનિક પ્રવચન ૨૬ જુલાઇથી ઓગસ્ટ તક રાત્રી ૮/૩૦ સે ૧૦ બજે તક સ્થળ સૌરાષ્ટ્ર પટેલ ભવન,

સરદાર ચોક, વરાછા રોડ સુરત લખેલ છે જેની કિંમત રૂા. ૦૦/૦૦ ગણી શકાય,સદરહુ વેગન આર કાર જોતા મારૂતિ વેગન આર મરૂન કલરની છે જેની આગળ પાછળ રજીસ્ટ્રેશન નંબર જી.જે.૫.સીડી. ૨૯૦૮ લખેલ છે જેનો એન્જિન નંબર. F10DN4311895 તથા ચેસીસ નંબર NA 3 EED 81500488085* M 6 છે જેની કિંમત રૂા. બે લાખ ગણી શકાય, જે કાર વધુ તપાસ અર્થે એફ.એસ.એલ. સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરી બાકીનો તમામ મુદ્દામાલ વિગતવારનું પંચનામુ કરી તપાસ અર્થે કબજે કરેલ છે, સદરહુ કારમાંથી મળેલ મુદ્દામાલ ડીટોનેટર, બેટરી તથા એમોનીયા નાઈટ્રેટ પેસ્ટ, બેટરી તથા છરા નટ બોલ્ટ વિગેરે વસ્તુઓ બોમ્બ બનાવવાની સાધન સામગ્રી હોવાનું હાજર એફ.એસ.એલ. અધિકારી તથા બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડનાં અધિકારીએ જણાવેલ છે.

આમ, કોઇ અજાણ્યા ઇસમોએ ગુનાહીત કાવતરૂ રચી સુરત શહેરની શાંતિને ડહોળાવવા સારૂ તથા લોકોનાં જાનમાલને હાની પહોંચાડવા તથા ભય અને આતંક ફેલાવવા સારૂ એક મારૂતી વેગન આર નંબર જી.જે.૬-સીડી-૨૯૦૮ મા ઉપરોકત વિસ્ફોટક પદાર્થ બોમ્બ બનાવવા સારૂ સાધન સામગ્રી સાથે કારને જાહેરમાં મુકી નાશી જઇ ગુનો કરેલ હોય તેઓ વિરૂધ્ધમાં એક્ષપ્લોઝીવ એકટ કલમ ૫(એ) તથા એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટ ૧૯૦૮ ની કલમ ૪,૫ તથા ઈ.પી.કો. કલમ ૧૨૦(બી), ૧૮૮ મુજબ કાયદેસર થવા ફરિયાદ છે.

બનાવ નં.૪

શહેર	બનાવનો વિસ્તાર અને સ્થળ	બનાવની તારીખ અને સમય	ગુનો નોંધાયેલ પોલીસ સ્ટેશન અને ગુના રજી.નં.	ફરિયાદ નોંધાવનાર	ફરિયાદમાં જણાવેલ આરોપી
૧	૨	૩	૪	૫	૬
સુરત	વરાછા એલ.	૨૭-૭-૦૮,	વરાછા	બી.એમ.	જાણવા

	એચ રોડ જુની શકિત વિજય સોસાયટીનાં નાકે, ટોરેન્ટ પાવર કંપનીનાં નાના સબ સ્ટેશનના ટ્રાન્સફોર્મર નીચે	કલાક ૨૦–૩૦ થી ૨૧–૩૦ દરમ્યાન	સેકન્ડ ગુન્હા ૨જી. નં.૩૬૩/૨૦૦૮	પટેલ, પો.સ.ઇ. વરાછા પોલીસ સ્ટેશન, સુરત શહેર	મળેલ નથી

ફરિયાદની વિગત

ફરિયાદી બી.એમ.પટેલ, પોલીસ સબ ઇન્સ્પેકટર, વરાછા પોલીસ સ્ટેશન, સુરત શહેરની ફરિયાદની ટૂંકમાં હકીકત એવી છે કે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ અમદાવાદ શહેરમાં જુદી–જુદી જગ્યાઓએ થયેલ શ્રેણીબધ્ધ ધડાકાનાં અનુસંધાને વરાછા પોલીસ સ્ટેશન વિસ્તારમાં તકેદારીનાં પગલાંરૂપે ફરિયાદી તથા પોલીસ કોન્સ્ટેબલ હરીભાઇ દતુભાઇ, પોલીસ કોન્સ્ટેબલ તુષાર રાજારામનાંઓ લાભેશ્વર પોલીસ ચોકી વિસ્તારમાં પેટ્રોલિંગ બંદોબસ્તમાં હતા દરમ્યાન કલાક ૧૬/૩૦ વાગ્યાનાં સુમારે વરાછા, એલ.એચ.રોડ, જુની શકિત વિજય સોસાયટીનાં નાકે, ટોરેન્ટ પાવર કંપનીનાં ટ્રાન્સફોર્મર પાસે કેટલાક માણસો ભેગા થયેલ હોઇ ત્યાં જઇ તપાસ કરતાં સદર ટ્રાન્સફોર્મર નીચે એક લીલા કલરની પ્લાસ્ટિકની કોથળીમાં વીંટાળેલ કંઇક વસ્તુ પડેલ હોય જેદરમ્યાન પોલીસ સ્ટાફનાં હેડ કોન્સ્ટેબલ મહંમદ હનિફ ઝહીર હુસેન, હેડ કોન્સ્ટેબલ કિશોર ઝીપા, પોલીસ કોન્સ્ટેબલ દિનેશચંદ્ર ચોહાન, પોલીસ કોન્સ્ટેબલ અશોક મોતીરામ, પોલીસ કોન્સ્ટેબલ રવિન્દ્ર પંડિત, પોલીસ કોન્સ્ટેબલ રવિન્દ્ર પ્રભાકર, પોલીસ કોન્સ્ટેબલ ઇફતેખાર મુશીરઅલી, પોલીસ કોન્સ્ટેબલ સંજય રતન, પોલીસ કોન્સ્ટેબલ અશોક ઇશ્વરનાંઓ સાથે આવી જતાં અને સદર શંકાસ્પદ વસ્તુ બાબતે ફરિયાદીએ બોમ્બ ડીસ્પોઝલ સ્કર્વોડ તથા એફ.એસ. એલ. અધિકારીનાંઓને જાણ કરેલ હોઇ તેઓ પણ સ્થળ ઉપર આવી જતાં બોમ્બ ડીસ્પોઝલ સ્કર્વોડિ શંકાસ્પદ વસ્તુ બાબતે તપાસ કરતાં જે વિસ્ફોટક હાથ

બનાવટનો બોમ્બ હોય સદર બોમ્બ ડીસ્પોઝલ સ્કવોડનાં માણસોએ સદર વિસ્ફોટક હાથ બનાવટનાં જીવતા બોમ્બને ડીફયુઝ કરતાં સદર ડીફયુઝ કરેલ બોમ્બમાંથી મળેલ વસ્તુઓ તથા પાર્ટસ બોમ્બ ડીસ્પોઝલ સ્કવોડનાં માણસો, એફ.એસ.એલ.ના સાયન્ટીફીક ઓફિસરો શ્રી ડી.એન.પટેલ તથા શ્રી સી.સી. પટેલનાંઓની હાજરીમાં બે પંચોનાં માણસોને સાથે રાખી જોતાં નીચે મુજબની વસ્તુઓ તથા પાર્ટસ,

(૧) એક લાકડાની ફ્રેમ તથા પતરાની પ્લેટવાળી બ્લ્યુ કલરની સેલોટેપ લગાડેલ અર્ધચંદ્રાકાર બોક્ષ જેનું વજન કુલ–૩૯૦ ગ્રામ છે.

(૨) ઉપરોકત બોક્ષમાંથી નીકળેલ એક પ્લાસ્ટિકની પારદર્શક કોથળીમાં એમોનીયમ નાઇટ્રેટ જેમાં ફ્યુઅલ ઓઇલની હાજરી છે તે જેની પ્લાસ્ટિકની કોથળી સાથેનું વજન કુલ–૧ કિલો ૦૫૦ ગ્રામ છે.

(૩) ઉપરોકત બોક્ષમાંથી નીકળેલ એક પ્લાસ્ટિકની પારદર્શક કોથળીમાં છરાઓ જેનું વજન કુલ–૧ કિલો ૧૮૪ ગ્રામ છે.

(૪) ઉપરોકત બોક્ષમાંથી નીકળેલ એક નાની લાલ કલરની સેલોટેપ વીંટાળેલ બેટરી જે બેટરી સેલોટેપ ખોલી જોતાં કાળા તથા ગોલ્ડન કલરની ''ડયુરોસેલ'' કંપનીની છે જે બેટરી પર Alkaline MN 1604 9v 6 LR61 MAR 2012 લખેલ છે તથા અંગ્રજીમાં Made in EC લખેલ છે.

(૫) ઉપરોકત બોક્ષમાંથી નીકળેલ સફેદ ધાતુનાં પેન્સિલ સેલ આકારનાં ડીટોનેટર નંગ –૨ જે બંને ડીટોનેટરનાં નોક ઉપર PEL લખેલ વંચાય છે.

(૬) ઉપરોકત બોક્ષમાંથી મળેલ એક ઇલેકટ્રોનિક સર્કીટ વાયરો સાથેની છે.

(૭) ઉપરોકત બોક્ષમાં એમોનીયમ નાઇટ્રેટ તથા છરા વીંટાળી રાખવામાં આવેલ વડોદરા શહેરથી પ્રગટ તા.૬/૬/૨૦૦૮ નાં રોજનું દૈનિક સમાચાર પત્ર દિવ્ય ભાસ્કર પેપર.

(૮) ઉપરોકત વસ્તુઓ તથા પાર્ટસવાળો વિસ્ફોટક બોમ્બ જે લીલા કલરની પ્લાસ્ટિકની કોથળીમાં પેક કરેલ કોથળી તથા ઉપર બાંધેલ તાર હોય જે

પૈકી સ્થળ ઉપર હાજર સાયન્ટીફીક ઓફિસર સી.સી. પટેલ નાંઓએ બેટરી તથા ઇલેકટ્રોનિક સર્કીટ વધુ પરીક્ષણ અર્થે માંગતા તેઓશ્રીને પંચોની હાજરીમાં સુપરત કરવામાં આવેલ તેમજ મળેલ એમોનીયમ નાઇટ્રેટ તથા છરાઓમાંથી એફ.એસ.એલ અધિકારી એન.ડી.પટેલનાંઓની સુચના મુજબ કુલ–૫૦ ગ્રામ જેટલો એમોનિયમ નાઇટ્રેટ તથા કુલ–૧૦ નંગ છરા નમૂના માટે કાઢી લઇ ઉપરોકત મુદ્દામાલ પૈકી ઇલેકટ્રોનિક સર્કીટ તથા બેટરી સિવાયનો મુદ્દામાલ તથા નમૂના માટે કાઢેલ મુદ્દામાલ પંચનામા વિગતે શીલ કરી લાકડાના બોક્ષના ડબ્બાને માર્ક –એ, ડીફયુઝ કરેલ ડીટોનેટરનાં ડબ્બાઓને માર્ક – બી તથા બી/૧, એમોનીયમ નાઇટ્રેટનાં ડબ્બાને માર્ક –સી, છરાઓનાં ડબ્બાને માર્ક – ડી તથા દિવ્ય ભાસ્કર દૈનિક પેપર, પ્લાસ્ટિકની કોથળી તથા તારવાળા ડબ્બાને માર્ક– ઇ તેમજ એમોનીયમ નાઇટ્રેટનાં નમૂનાવાળા ડબ્બાને માર્ક – સી/૧ તથા છરાના નમૂનાવાળા ડબ્બાને માર્ક – ડી/૧ આપી તપાસ અર્થે કબજે લેવામાં આવેલ છે.

આમ, ઉપરોકત જણાવેલ વરાછા, એલ.એચ.રોડ, જુની શકિત વિજય સોસાયટીનાં નાકે આવેલ નાના સબ સ્ટેશનનાં ટ્રાન્સફોર્મર નીચે કોઇ ઇસમોએ સુરત શહેરની શાંતી ડહોળવાનાં હેતુથી તેમજ ભય અને આતંક ફેલાવવા તથા જાહેર જનતાના જાનમાલને નુકસાન પહોચાડવાના હેતુથી કાવતરૂ રચી ઉપરોકત મળી આવેલ વિસ્ફોટક હાથ બનાવટનો જીવતો બોમ્બ મુકી ગુનો કરેલ હોઇ તેઓ વિરૂધ્ધ એક્ષપ્લોઝીવ એકટ કલમ (૫)એ તથા એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટ–૧૯૦૮ ની કલમ ૪,૫ તથા ઇ.પી.કો. કલમ ૧૨૦(બી), ૧૮૮ મુજબ કાયદેસર થવા ફરિયાદ છે.

<u>બનાવ નં.૫</u>

શહેર	બનાવનો વિસ્તાર અને સ્થળ	બનાવની તારીખ અને સમય	ગુનો નોંધાયેલ પોલીસ સ્ટેશન અને	ફરિયાદ નોંધાવનાર	ફરિયાદમાં જણાવેલ આરોપી

			ગુના રજી.નં.		
૧	૨	૩	૪	૫	૬
સુરત	બરોડા પ્રિસ્ટેજ બજાર પાસે, સમર્પણ કાપડ કેન્દ્ર પાસે તથા પ્રિસ્ટેજ બજાર પ્લોટ નં.૧૩૨ રમઝાન અલી બિલ્ડિંગ પાસે તથા માતાવાડી જે.બી.શોપીંગ ૧ માં આવેલ બંસરી પાન સેન્ટર નામની દુકાન સામે રોડની કિનારીએ આવેલ પીપળાના ઝાડ ઉપર	૨૯-૭-૦૮, કલાક ૧૩-૩૦ થી ૧૫-૧૫ દરમ્યાન	વરાછા સેકન્ડ ગુન્હા રજી. નંબર ૩૬૪/૦૮	બી.એમ. પટેલ, પો.સ.ઇ. વરાછા પોલીસ સ્ટેશન, સુરત શહેર	જાણવા મળેલ નથી

ફરિયાદની વિગત

ફરિયાદી બી.એમ.પટેલ, પોલીસ સબ ઇન્સ્પેકટર, વરાછા પોલીસ સ્ટેશન, સુરત શહેરની ફરિયાદની ટૂંકમાં હકીકત એવી છે કે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ અમદાવાદ શહેરમાં જુદી-જુદી જગ્યાઓએ થયેલ શ્રેણીબધ્ધ ધડાકાનાં અનુસંધાને ત્રણ દિવસ અગાઉથી વરાછા પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેવાસીઓ તથા દુકાનદારોને શંકાસ્પદ બિનવારસી ચીજવસ્તુઓ બાબતે તકેદારી રાખવા અને આવી ચીજ વસ્તુઓ મળી આવે તો પોલીસને જાણ કરવા અવાર નવાર મૌખિક સુચનાઓ આપેલ અને વરાછા પોલીસ સ્ટેશન વિસ્તારમાં તકેદારીનાં પગલાંરૂપે તા.૨૯-૭-૨૦૦૮ ના રોજ ફરિયાદી તથા પોલીસ કોન્સ્ટેબલ હરીભાઇ દતુભાઇ, પોલીસ કોન્સ્ટેબલ તુષાર રાજારામનાંઓ લાભેશ્વર પોલીસ

ચોકી વિસ્તારમાં પેટ્રોલિંગ બંદોબસ્તમાં હતા દરમ્યાન કલાક ૯–૫૦ વાગ્યાનાં સુમારે બરોડા પ્રિસ્ટેજ બજારમાં આવતા રમઝાનઅલી બિલ્ડિંગ પાસે એક આછા લીલા કલરની કોથળીમાં કંઈક શંકાસ્પદ તથા સમર્પણ કાપડ કેન્દ્ર દુકાન પાસે લીલા કલરની પ્લાસ્ટિકની કોથળીમાં કંઈક શંકાસ્પદ વસ્તુ જણાતાં જે બાબતે ઉપરી અધિકારીને જાણ કરતા તેઓ તથા હેડ કોન્સ્ટેબલ મહંમદ હનિફ ઝહીર હુસેન, હેડ કોન્સ્ટેબલ કિશોર ઝીપાભાઇ, પોલીસ કોન્સ્ટેબલ દિનેશચંદ્ર યોહાનભાઇ, પોલીસ કોન્સ્ટેબલ અશોક મોતીરામ, પોલીસ કોન્સ્ટેબલ રવિન્દ્ર પંડિત, પોલીસ કોન્સ્ટેબલ રવિન્દ્ર પ્રભાકર, પોલીસ કોન્સ્ટેબલ ઇફ્તેખાર મુશીરઅલી, પોલીસ કોન્સ્ટેબલ સંજય રતનભાઇ, પોલીસ કોન્સ્ટેબલ અશોક ઇ શ્વરનાંઓ સાથે આવી જતાં અને સદર શંકાસ્પદ વસ્તુ બાબતે બોમ્બ ડીસ્પોઝલ સ્કવોડ તથા એફ.એસ.એલ. અધિકારીશ્રીને જાણ કરતા તેઓએ સ્થળ ઉપર આવી તપાસ કરતાં સદર બંને વસ્તુ વિસ્ફોટક હાથ બનાવટનો બોમ્બ હોય સદર બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડનાં માણસોએ સદર વિસ્ફોટક હાથ બનાવટનાં જીવતા બોમ્બને ડીફ્યુઝ કરતાં સદર જગ્યા પોલીસના માણસો દ્વારા કોર્ડન કરી સદર ડીફ્યુઝ કરેલ બોમ્બમાંથી મળેલ વસ્તુ...

(૧) બ્લ્યુ કલરની સેલોટેપ વિંટાળેલ લાકડાની ફ્રેમ તથા પતરાની પ્લેટવાળુ અર્ધચંદ્રાકાર બોક્ષ જેનુ વજન કુલ–૩૪૪ ગ્રામ છે જેની કિંમત રૂા.૦૦/૦૦

(૨) ઉપરોકત બોક્ષમાંથી નીકળેલ એક પ્લાસ્ટિકની પારદર્શક કોથળીમાં એમોનીયમ નાઇટ્રેટ જેમાં ફ્યુઅલ ઓઇલની હાજરી છે તે જેની પ્લાસ્ટિકની કોથળી સાથેનું વજન કુલ–૯૭૨ ગ્રામ છે.

(૩) ઉપરોકત બોક્ષમાંથી નીકળેલ પ્લાસ્ટિકની કોથળીમાં લોખંડના છરાઓ જેનું વજન કુલ–૧ કિલો ૧૫૬ ગ્રામ છે.

(૪) ઉપરોકત બોક્ષમાંથી નીકળેલ પેન્સીલ આકારના વાયર સાથેના ડીટોનેટર નંગ–૨ કિંમત રૂા.૦૦/૦૦

(૫) એક લાલ કલરની સેલોટેપ વીંટાળેલ બેટરી જે ખોલી જોતાં કાળા તથા ગોલ્ડન કલરની "DURACELL" કંપનીની બેટરી છે જેની કિંમત રૂા. ૦૦/૦૦

(૬) એક લાલ કલરની સેલોટેપ વિંટાળેલ ઇલેકટ્રોનીક સર્કીટ કિંમત રૂા. ૦૦/૦૦

(૭) ઉપરોકત વસ્તુઓ તથા પાર્ટસ વાળા વિસ્ફોટક બોમ્બ જે આછા લીલા કલરની પ્લાસ્ટિકની કોથળીમાં પેક કરેલ તે કાળા કલરની પ્લાસ્ટિકની કોથળી છે તથા તા.૧૩-૬-૨૦૦૮ નુ ગુજરાત સમાચાર દૈનિક વર્તમાન પત્રક વડોદરા આવૃતિનુ છે. ત્રણેની કિંમત રૂા.૦૦/૦૦

(૮) ઉપરોકત વસ્તુઓ તથા પાર્ટસ પૈકી એમોનિયમ નાઇટ્રેટ તથા લોખંડના છરા પૈકી સ્થળ ઉપર હાજર સાયન્ટીફીક ઓફિસર સી.સી. પટેલ નાંઓએ એમોનિયમ નાઇટ્રેટ તથા લોખંડના છરા લેવા સુચના કરતાં એમોનિયમ નાઇટ્રેટમાંથી કુલ-૫૦ ગ્રામ તથા લોખંડના છરામાંથી નંગ-૧૦ નમૂના અર્થે કાઢી લઇ નમૂના તથા ઉપરોકત તમામ મુદ્દામાલ વિગતે પંચનામુ કરી પંચનામાની વિગતે માર્ક આપી તપાસ અર્થે કબજે કરેલ છે.

તથા બીજો વિસ્ફોટક જીવતો બોમ્બ ડીફયુઝ કરવામાં આવેલ છે બોમ્બની વસ્તુઓ તથા પાર્ટસ નીચે મુજબ છે.

(૧) લાલ કલરની સેલોટેપ વિંટાળેલ લાકડાની ફ્રેમ તથા બંને તરફ પતરાની પ્લેટવાળુ અર્ધચંદ્રાકાર બોક્ષ જેનુ વજન ૩૯૮ ગ્રામ છે જેની કિંમત રૂા.૦૦/૦૦

(૨) ઉપરોકત બોક્ષમાંથી નીકળેલ એક પ્લાસ્ટિકની પારદર્શક કોથળીમાં એમોનીયમ નાઇટ્રેટ જેમાં ફયુઅલ ઓઇલની હાજરી છે તે જેની પ્લાસ્ટિકની કોથળી સાથેનું વજન કુલ-૯૯૮ ગ્રામ છે.

(૩) ઉપરોકત બોક્ષમાંથી નીકળેલ પ્લાસ્ટિકની કોથળીમાં લોખંડના છરાઓ જેનું વજન કુલ-૧ કિલો ૧૭૨ ગ્રામ છે.

(૪) ઉપરોકત બોક્ષમાંથી નીકળેલ પેન્સિલ આકારના વાયર સાથેના ડીટોનેટર નંગ–૨ કિંમત રૂા.૦૦/૦૦

(૫) એક લાલ કલરની સેલોટેપ વીંટાળેલી બેટરી જે ખોલી જોતાં કાળા તથા ગોલ્ડન કલરની લાલ કેપ વાળી "DURACELL" કંપનીની બેટરી છે જેની કિંમત રૂા. ૦૦/૦૦

(૬)એક લાલ કલરની સેલોટેપ વિંટાળેલ ઇલેકટ્રોનીક સર્કીટ કિંમત રૂા. ૦૦/૦૦

(૭) ઉપરોકત વસ્તુઓ તથા પાર્ટસ વાળા વિસ્ફોટક બોમ્બ જે આછા લીલા કલરની પ્લાસ્ટિકની કોથળીમાં પેક કરેલ તથા તા.૧૬–૭–૨૦૦૮ નુ ગુજરાત સમાચાર દૈનિક વર્તમાન પત્રક વડોદરા આવૃતિનુ છે. બંનેની કિંમત રૂા.૦૦/૦૦

ઉપરોકત વસ્તુઓ પાર્ટસ વાળો વિસ્ફોટક બોમ્બ જે આછા લીલા કલરની પ્લાસ્ટિકની કોથળીમાં પેક કરેલ હોય જે પૈકી સ્થળ ઉપર હાજર સાયન્ટિફીક ઓફિસરનાઓએ તપાસી એમોનીયમ નાઇટ્રેટ તથા લોખંડના છરાના નમૂના લેવા સુચના કરતાં તે પૈકી એમોનીયમ નાઇટ્રેટ કુલ–૫૦ ગ્રામ તથા લોખંડના છરામાંથી નંગ–૧૦ નમૂના તપાસ અર્થે કાઢી લઇ સદર નમૂના તથા ઉપરોકત મુદ્દામાલ પંચનામાની વિગતે માર્ક આપી તપાસ અર્થે કબજે કરેલ છે.

આ દરમ્યાન માતાવાડી એલએચ રોડ જે.બી.શોપીંગ પાસે જીવતા બોમ્બ હોવાના સમાચાર આવેલ હોય બોમ્બ ડીસ્પોઝલ સ્કવોડ તથા એફ.એસ. એલ. અધિકારીઓ તથા પંચો સાથે સદર સ્થળે જતાં જે.બી.શોપીંગ નં.૧,૨ પાસે શોપીંગ નં.૧ માં આવેલ બંસરી પાન સેન્ટર નામની દુકાન પાસે રોડની કિનારીએ આવેલ પીપળાના ઝાડ ઉપર આછા લીલા કલરની પ્લાસ્ટિકની કોથળીમાં તાર વડે બાંધી જીવતો બોમ્બ મળી આવેલ તે બોમ્બ ડીસ્પોઝલ સ્કવોડે ડીફ્યુઝ કરતાં નીચે મુજબના પાર્ટસ છે.

(૧) ભુરા તથા લાલ કલરની સેલોટેપ વિંટાળેલ લાકડાની ફ્રેમ તથા બંને તરફ પતરાની પ્લેટવાળુ અર્ધચંદ્રાકાર બોક્ષ જેનુ વજન કુલ–૩૯૨ ગ્રામ છે જેની કિંમત રૂા.૦૦/૦૦

(૨) ઉપરોકત બોક્ષમાંથી નીકળેલ એક પ્લાસ્ટિકની પારદર્શક કોથળીમાં એમોનીયમ નાઇટ્રેટ જેમાં ફ્યુઅલ ઓઇલની હાજરી છે તે જેની પ્લાસ્ટિકની કોથળી સાથેનું વજન કુલ–૯૯૪ ગ્રામ છે.

(૩) ઉપરોકત બોક્ષમાંથી નીકળેલ પ્લાસ્ટિકની કોથળીમાં લોખંડના છરાઓ જેનુ વજન કુલ–૧ કિલો ૨૩૦ ગ્રામ છે.

(૪) ઉપરોકત બોક્ષમાંથી નીકળેલ પેન્સિલ આકારના વાયર સાથેના ડીટોનેટર નંગ–૨ કિંમત રૂા.૦૦/૦૦

(૫) એક લાલ કલરની સેલોટેપ વીંટાળેલી બેટરી જે ખોલી જોતાં કાળા તથા ગોલ્ડન કલરની લાલ કેપ વાળી "DURACELL" કંપનીની બેટરી છે જેની કિંમત રૂા. ૦૦/૦૦

(૬) એક લાલ કલરની સેલોટેપ વિંટાળેલ ઇલેકટ્રોનીક સર્કીટ કિંમત રૂા. ૦૦/૦૦

(૭) ડીફ્યુઝ કરેલ બોમ્બની અન્ય વસ્તુઓ જેમાં બે સફેદ, એક લાલ તથા ત્રણ સફેદ વાયરના ટુકડા જોઇન્ટ છે તથા આછા લીલા કલરની પ્લાસ્ટિકવાળી કોથળી તથા કાળા કલરની કોથળી તથા લોખંડનો તાર અને ગુજરાત સમાચાર દૈનિક પેપર તા.૨૪–૫–૦૮, ૧૮–૬–૦૮ તથા તા.૨૯–૬–૦૮ નુ વડોદરા આવૃતિ વાળુ છે જે તમામની કિંમત રૂા.૦૦/૦૦

ઉપરોકત વસ્તુઓ એફ.એસ.એલ. અધિકારીશ્રીએ તપાસી તે પૈકી એમોનીયમ નાઇટ્રેટ તથા લોખંડના છરાના નમૂના લેવા સુચના કરતાં એમોનીયમ નાઇટ્રેટ ૫૦ ગ્રામ તથા લોખંડના છરા નંગ–૧૦ નમૂના માટે કાઢી લઇ સદર નમૂના તથા ઉપરોકત મુદ્દામાલ પંચનામાની વિગતે માર્ક આપી તપાસ અર્થે કબજે કરેલ છે.

આમ, ઉપરોકત જણાવેલ વરાછા, એલ.એચ.રોડ, બરોડા પ્રિસ્ટેજ મેઇન બજારમાં આવેલ સમર્પણ કાપડ કેન્દ્ર પાસે તથા બરોડા પ્રિસ્ટેજ બજાર પ્લોટ નં.૧૩૨, રમઝાનઅલી બિલ્ડિંગ પાસે તથા માતાવાડી જે.બી.શોપીંગ ૧ માં આવેલ બંસરી પાન સેન્ટર નામની દુકાન પાસે રોડની કિનારીએ આવેલ પીપળાના ઝાડ ઉપર કોઇ અજાણ્યા ઇસમોએ સુરત શહેરની શાંતિ ડહોળવાનાં હેતુથી ભય અને આતંક ફેલાવવાના ઇરાદે જાહેર જનતાના જાનમાલને નુકશાન પહોંચાડવાના હેતુથી કાવતરૂ રચી સદર સ્થળોએ વિસ્ફોટકો હાથ બનાવટના જીવતા બોમ્બ મુકી ગુનો કરેલ હોઇ તેઓ વિરૂધ્ધ એક્ષપ્લોઝીવ સબસ્ટેન્સીસ એકટ–૧૯૦૮ ની કલમ ૪,૫ તથા ઇ.પી.કો. કલમ ૧૨૦(બી), ૧૮૮ મુજબ કાયદેસર થવા ફરિયાદ છે.

બનાવ નં.૬

શહેર	બનાવનો વિસ્તાર અને સ્થળ	બનાવની તારીખ અને સમય	ગુનો નોંધાયેલ પોલીસ સ્ટેશન અને ગુના રજી.નં.	ફરિયાદ નોંધાવનાર	ફરિયાદમાં જણાવેલ આરોપી
૧	૨	૩	૪	૫	૬
સુરત	મહિધરપુરા હીરા બજાર "મયંક મેટલર" શટરનાં ઉપરના ભાગે બાકોરામાં, સુરત	૨૯–૭–૦૮, કલાક ૧૬–૩૦ થી ૧૭–૧૫ દરમ્યાન	મહિધરપુરા સેકન્ડ ગુન્હા રજી. નંબર ૨૦૮/૦૮	એ.આર. દેસાઇ, પોલીસ ઇન્સ્પેકટર મહિધરપુરા પોલીસ સ્ટેશન, સુરત શહેર	જાણવા મળેલ નથી

ફરિયાદની વિગત

ફરિયાદી એ.આર.દેસાઇ, પોલીસ ઇન્સ્પેકટર, મહીધરપુરા પોલીસ સ્ટેશન, સુરત શહેરની ફરિયાદની ટૂંકમાં હકીકત એવી છે કે તા.૨૬/૦૭/

૨૦૦૮ નાં રોજ અમદાવાદ શહેરમાં જુદી–જુદી જગ્યાઓએ થયેલ શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકાના અનુસંધાને મહીધરપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં તકેદારીનાં પગલા રૂપે તા.૨૯–૭–૨૦૦૮ ના રોજ ફરિયાદી તથા હેડ કોન્સ્ટેબલ દામુ પોસલીયા, પોલીસ કોન્સ્ટેબલ વિજય નટવરભાઇ તથા પોલીસ કોન્સ્ટેબલ વજુકભાઇ છનાભાઇનાઓ સાથે મહીધરપુરા વન જીપમાં બંદોબસ્ત પેટ્રોલીંગમાં હતા દરમ્યાનમાં આયુર્વેદિક ગરનાળામાંથી દિલ્હીગેટ તરફ જતાં હતાં તે દરમ્યાન કલાક ૧૩/૪૬ વાગ્યાના સમયે હીરાબજાર પોલીસ ચોકીનાં એ.એસ.આઇ. અશોક દેવરામનાએ ફરિયાદીના મોબાઇલ પર જાણ કરેલ કે હીરાબજાર પોલીસ ચોકીથી થોડે દુર બોમ્બે પાન સેન્ટરની સામે રોડ પર એક કપડાની થેલીમાં કંઇક શંકાસ્પદ વસ્તુ પડેલ છે જેથી ફરિયાદીએ તાત્કાલિક ત્યાં જઇ તપાસ કરતાં એક પીળા તથા ઓરેન્જ કલરની કપડાની થેલીમાં કંઇક શંકાસ્પદ વસ્તુ પડેલ હોય અને આજુ બાજુમાં ઘણા માણસો ભેગા થયેલ હતાં ત્યાં આગળ હાજર એક માણસ અજય સુમતીલાલ શાહ રહે. ૫૦૧, નંદેશ્વરદીપ એપાર્ટમેન્ટ, દેવદિપ સોસાયટી, સરગમ શોપીંગ સેન્ટર સામે, ઉમરા સુરતનાએ આગળ આવી ફરિયાદીને વાત કરેલ કે આ થેલી પ્રથમ "મયંક મેટલર" નામની દુકાનનાં શટરનાં ઉપરનાં ભાગે બાંકોરામાં મુકેલ હતી તે તેમની નજરે ચડતાં શંકા જતાં બહાર કાઢી જોતાં તેમાં વાયર જેવુ જણાંતા તરત જ ઉપરોકત જગ્યાએ ફેંકી દિધેલ અને પોલીસને જાણ કરેલ હતી જેથી ફરિયાદીને તાજેતરનાં માહોલ અનુંસંધાને આ થેલીમાં બોમ્બ હોવાની શંકા જતાં ફરિયાદીએ કલાક ૧૩/૫૫ વાગ્યે જીપનાં વાયરલેસ પરથી કંટ્રોલરૂમમાં બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડને હિરાબજાર પોલીસ ચોકી પાસે મોકલી આપવા જાણ કરેલ ત્યારબાદ થોડીવારમાં સ્થળ પર બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડનાં માણસો આવી જતાં અને તેઓએ શંકાસ્પદ વસ્તુ બાબતે તપાસ કરતાં જે વિસ્ફોટક હાથ બનાવટનો બોમ્બ હોય સદર બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડનાં માણસોએ સદર વિસ્ફોટક હાથ બનાવટનાં જીવતાં બોમ્બને ડિફ્યુઝ કરતાં સદર ડિફ્યુઝ કરેલ બોમ્બમાંથી મળેલ વસ્તુઓ તથા પાર્ટસ, બોમ્બ

ડિસ્પોઝલ સ્કવોડનાં માણસોની હાજરીમાં બે પંચોનાં માણસોને સાથે રાખી નીચે મુજબની વસ્તુઓ તથા પાર્ટસ મળેલ છે.

(૧) એક લાકડાની ફ્રેમ તથા પતરાની પ્લેટ વાળી લાલ કલરની સલોટેપ લગાડેલ અર્ધચંદ્રાકાર બોક્ષ જેનું વજન કુલ–૦.૩૧૦ ગ્રામ છે.

(૨) ઉપરોક્ત બોક્ષમાંથી નીકળેલ પ્લાસ્ટિકની પારદર્શક કોથળીમાં સફેદ રંગનો ચીકણો પદાર્થ તેની પર પણ પારદર્શક કોથળીનું કવર જેના પર બે કાણા છે જેનું વજન કુલ–૧.૦૩૦ કિલોગ્રામ છે.

(૩) ઉપરોક્ત બોક્ષમાંથી નીકળેલ એક પ્લાસ્ટિકની પારદર્શક કોથળીમાં સપાટ સમતોલ ગોઠવેલ એક બીજાને ટચ થયેલા ઓઇલ જેવું ચિકણું (ગ્રીસ) વાળા છરા જેનું વજન કુલ–૧.૨૨૦ કિલોગ્રામ છે.

(૪) ઉપરોક્ત બોક્ષમાંથી નીકળેલ એક નાની લાલ કલરની સેલોટેપ વિંટાળેલ બેટરી જે બેટરી પરની સેલોટેપ ખોલી જોતાં કાળા તથા ગોલ્ડન કલરની "ડ્યુરોસેલ" કંપનીની છે જે બેટરી પર અંગ્રજીમાં Alkaline MN 1604 9V6LR61 MAR 2012 લખેલ છે તથા અંગ્રેજીમાં Made in EC લખેલ છે.

(૫) ઉપરોક્ત બોક્ષમાંથી નીકળેલ સફેદ ધાતુનાં પેન્સિલ સેલ આકારનાં ડીટોનેટર નંગ–૨ છે જેની નોક પર RECL તથા તેની નીચેનાં ભાગે G અંગ્રેજીમાં લખેલ છે જેની ઉપરનાં ભાગે બે –બે સફેદ પાતળા વાયરો છે.

(૬) ઉપરોક્ત બોક્ષમાંથી નીકળેલ એક નાની લાલ કલરની સેલોટેપ વિંટાળેલ સરકીટ ઇલેક્ટ્રોનીક વાયરો સાથેની છે.

(૭) ઉપરોક્ત બોક્ષમાં પારદર્શક કોથળીમાં સફેદ રંગનો ચીકણો પદાર્થ તથા છરા વિંટાળી રાખવામાં આવેલ "ગુજરાત સમાચાર" પેપર તા.૨૫ મે ૦૮, રવિવાર વડોદરા જિલ્લાની વિશેષ આવૃત્તિ પાના નંબર ૧,૨, તથા ૩,૪ અને ટાઇમ્સ ઓફ ઇન્ડિયા સુરત બુધવાર તા.૨૧ મે ૦૮ પાનું ૩૪ રૂા.૨–૦૦અંગ્રેજીમાં લખેલ છે તે પેપરનાં પાના નં. ૧, ૨, ૩, ૪ તથા ૧૭, ૧૮, ૧૯, ૨૦ છે.

(૮) ઉપરોક્ત વસ્તુઓ તથા પાર્ટસ વાળો વિસ્ફોટક બોમ્બ જે લીલા કલરની પ્લાસ્ટિકની કોથળીમાં પેક કરેલ કોથળી નંગ–૨ જેમાં એક લાલ કલરની તથા બીજી કથ્થઇ કલરની છે તથા ઉપર બાંધેલ તાર છે.

આ રીતે બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડનાં માણસોએ બોમ્બ ડિસ્ફ્યુઝ કર્યા બાદ લોકહિત ન જોખમાય તે માટે સલામત રીતે બોમ્બ ડિસ્ફ્યુઝ થયેલ વસ્તુ તથા પાર્ટસને મહીધરપુરા પોલીસ સ્ટેશનનાં ખુલ્લા કમ્પાઉન્ડવાળી જગ્યાએ લઇ આવતાં એફ.એસ.એલ. સુરતનાં સાયન્ટીફીક ઓફિસર શ્રી વાય.એસ.પટેલ તથા શ્રી પી.એમ.પટેલ નાઓએ ચકાસણી કરતાં સફેદ પારદર્શક કોથળીમાં સફેદ રંગનો ચીકણો પદાર્થ એમોનીયમ નાઇટ્રેટ હોવાનું જણાવેલ છે તેમાંથી નમૂનાં માટે એફ. એસ.એલ.નાં ઓફિસરોની સુચનાં મુજબ કુલ–૫૦ ગ્રામ જેટલો એમોનીયમ નાઇટ્રેટ પ્લાસ્ટિકની ડબ્બીમાં કાઢી લઇ તથા પારદર્શક કોથળીમાંનાં છરાઓમાંથી નમૂનાં માટે દશ નંગ છરા એક પ્લાસ્ટિકની ડબ્બીમાં કાઢી લઇ આ બંને નમૂનાની ડબ્બીઓ તથા મળી આવેલ વસ્તુઓ તથા પાર્ટસને અલગ–અલગ પંચનામાની વિગતે સીલ કરી કબજે કરેલ છે.

આમ, ઉપરોક્ત જણાવેલ મહીધરપુરા હિરાબજાર પોલીસ ચોકીથી થોડે દુર "મયંક મેટલર" નામની દુકાનનાં શટરનાં ઉપરનાં ભાગે બાકોરાંમાં કોઇ ઇસમોએ સુરત શહેરની શાંતી ડહોળવાનાં હેતુથી તેમજ ભય અને આતંક ફેલાવવાનાં તથા જાહેર જનતાનાં જાનમાલને નુકસાન પહોંચાડવાનાં હેતુથી કાવતરા રચી ઉપરોક્ત મળી આવેલ વિસ્ફોટક હાથ બનાવટનો જીવતો બોમ્બ મુકી ગુનો કરેલ હોય તેઓ વિરૂધ્ધ એક્ષપ્લોઝીવ એક્ટ કલમ ૫(એ) તથા એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટ સને–૧૯૦૮ ની કલમ ૪, ૫ તથા ઈ.પી.કો. કલમ–૧૨૦(બી),૧૮૮ મુજબ કાયદેસર થવા ફરિયાદ છે.

<u>બનાવ નં.૭</u>

શહેર	બનાવનો વિસ્તાર અને સ્થળ	બનાવની તારીખ અને સમય	ગુનો નોંધાયેલ પોલીસ સ્ટેશન અને	ફરિયાદ નોંધાવનાર	ફરિયાદમાં જણાવેલ આરોપી

			ગુના રજી.નં.		
૧	૨	૩	૪	૫	૬
સુરત	કતારગામ ગજેરા સર્કલની અંદર પોલીસ સ્ટેશનતી ઉત્તરે ૧ કી.મી. જી.આઇ.ડી.સી પોલીસ ચોકી, સુરત	૨૯-૭-૦૮, કલાક ૧૪-૫૫ થી ૧૮-૩૦ દરમ્યાન	કતારગામ સેકન્ડ ગુન્હા રજી. નંબર ૨૦૩/૦૮	કે.એસ. પટેલ, પોલીસ ઇન્સ્પેકટર કતારગામ પોલીસ સ્ટેશન, સુરત શહેર	જાણવા મળેલ નથી

ફરિયાદની વિગત

ફરિયાદી કે.એસ.પટેલ, પોલીસ ઇન્સ્પેકટર, કતારગામ પોલીસ સ્ટેશન, સુરત શહેરની ફરિયાદની ટૂંકમાં હકીકત એવી છે કે તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ ફરિયાદી તથા પોલીસ સબઇન્સ્પેકટર વી.જે.રાઠોડ, હેડ કોન્સ્ટેબલ સુરેન્દ્રસિંહ ઉમંગસિંહ, અનાર્મ પોલીસ કોન્સ્ટેબલ વાલજીભાઇ મનુભાઇ, પોલીસ કોન્સ્ટેબલ કનુભાઇ છગનભાઇનાઓ સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં અમદાવાદમાં થયેલ બોમ્બ બ્લાસ્ટ તથા બોમ્બ બનાવવાની સાધન સામગ્રી અનુસંધાને તકેદારીનાં પગલાંરૂપે પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન પોલીસ સ્ટેશન અમલદારને કન્ટ્રોલ રૂમથી વર્ધી મળેલ કે કતારગામ ગજેરા સર્કલમાં બોમ્બ મુકાયેલા છે જેની જાણ પી.એસ.ઓ.એ ફરિયાદીને કલાક ૧૪-૫૫ વાગે કરેલ જેથી ફરિયાદીએ પેટ્રોલીંગના માણસો ગજેરા સર્કલ પાસે મોકલી આપવા પી. એસ.ઓ.ને સમજ કરેલ અને ફરિયાદી ગજેરા સર્કલ પહોંચી જતાં તથા બીજા પેટ્રોલિંગનાં માણસો અનઆર્મ હેડ કોન્સ્ટેબલ જગદીશ શાંતીલાલ, પોલીસ કોન્સ્ટેબલ નવીન રવલાભાઇ, પોલીસ કોન્સ્ટેબલ નૃપેન્દ્રસિંહ ગંભિરસિંહ, પોલીસ કોન્સ્ટેબલ રમેશભાઇ ગવાભાઇ, પોલીસ કોન્સ્ટેબલ પ્રતાપ ભીમબહાદુર, પોલીસ કોન્સ્ટેબલ મોહમદ સિદ્દીક ગુલામ મોહંમદ, પોલીસ કોન્સ્ટેબલ અલ્પેશ જગદીશચંદ્ર, પોલીસ કોન્સ્ટેબલ નલીન ગોમાનભાઇનાંઓ

આવી જતાં તેઓ દ્વારા ગજેરા સર્કલ ફરતે કોર્ડન કરાવી ભેગા થયેલા લોકોનાં ટોળાને દુર હટાવી ત્યાં આગળ બે પંચોનાં માણસો બોલાવી ગજેરા સર્કલની અંદર આવેલ બાગ બગીચાની મધ્યમાં આવેલ લાઇટનાં થાંભલાથી પૂર્વ ભાગે આવેલ સર્કલની રેલીંગથી ફુલછોડની વચ્ચે એક પોપટી કલરની પ્લાસ્ટીકની કોથળીમાં અર્ધ ચંદ્રાકાર ડબ્બા જેવું પેકીંગ કરેલ અને હાલમાં વરાછા,કાપોદ્રા વિસ્તારમાંથી મળી આવેલ અર્ધચંદ્રાકાર જેવા આકારની શંકાસ્પદ વસ્તુ જણાયેલ જેથી બાકીના સર્કલના રેલીંગમાં ખાતરી કરતાં કરાવતાં ગોળ રેલીંગમાં પશ્ચિમે ફુલઝાડમાં નીચે આવા જ પ્રકારનુ બીજું પેકીંગવાળું પાર્સલ જોવામાં આવેલ તથા સર્કલમાં રેલીંગની ઉતરે ફુલઝાડમાં તેજ પ્રકારનાં આકારનું બીજુ એક કાળા કલરનુ પેકીંગવાળું શંકાસ્પદ પાર્સલ જણાયેલ જેથી ફરિયાદીએ આ બાબતે બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડ તથા એફ.એસ.એલ. અધિકારીનાઓને જાણ કરેલી અને તેઓ સ્થળ ઉપર તેમના સ્કવોર્ડ સાથે તથા એફ.એસ.એલ. અધિકારી શ્રી એન.ડી.પટેલનાંઓ આવી જતાં બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડનાં ઇન્ચાર્જ સુમનભાઇ ચૌધરીએ શંકાસ્પદ વસ્તુ બાબતે ખાતરી કરી સદર શંકાસ્પદ વસ્તુઓ બોમ્બ હોઇ તેઓએ તેમના સ્કવોર્ડનાં માણસોથી સદર ત્રણેય મળી આવેલ બોમ્બ ડીફ્યુઝ કરી સદર હાથ બનાવટનાં બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડની ટીમે એફ.એસ.એલ. અધિકારી એન.ડી.પટેલ તથા પંચોની હાજરીમાં ખોલી જોતાં નીચે મુજબની સાધન સામગ્રી જણાઇ આવેલ.

૧ અર્ધચંદ્રાકાર લાકડાની ફ્રેમનું સ્ટ્રકચર જેનાં ઉપર નીચે ગેલ્વેનાઇઝ પીળા રંગનું પતરૂ ફીટ કરેલ છે તેમજ ડીટોનેટર નંગ–૨ વાયર સહિતનાં ડયુરોસેલ બેટરી, એમોનિયમ નાઇટ્રેટ કુલ–૯૯૦ ગ્રામ, લોખંડનાં છરા ઓઇલ સાથેનાં ૧.૨૦૪ કિલોગ્રામ તથા ઇલેકટ્રીક સર્કીટ તેમજ–

૨ અર્ધચંદ્રાકાર લાકડાની ફ્રેમ જેમાં નીચે લાલ રંગનું પતરૂ ઉપર રેકજીન ડીટોનેટર નંગ–૨, ડયુરોસેલ બેટરી, એમોનિયમ નાઇટ્રેટ ૧.૦૪૦ કિલોગ્રામ, લોખંડનાં છરા ઓઇલ સહિત ૧.૧૭૦ કિલોગ્રામ, ઇલેકટ્રીક સર્કીટ છે તેમજ ત્રીજા બોમ્બમાં–

૩ અર્ધચંદ્રાકાર વુડન ફ્રેમ, ભુરા રંગના કોટીનનું નીચે પતરૂ ઉપરનાં ભાગે રેકઝીન, ડીટોનેટર નંગ – ૧, ડયુરોસેલ બેટરી, એમોનિયમ નાઈટ્રેટ – ૯૬૦ લોખંડનાં છરા કુલ–૧.૧૮૬ કિલોગ્રામ ઈલેકટ્રિક સર્કીટ છે.

ઉપરોકત વિસ્ફોટક વસ્તુઓ તથા સામગ્રી કે જે બોમ્બ સહિત પોપટી કલરની પ્લાસ્ટિકની કોથળીમાં તથા એક કાળા કલરની પ્લાસ્ટિકની કોથળી મળી આવેલ જે પૈકી સ્થળ ઉપર હાજર એફ.એસ.એલ. અધિકારી એન.ડી.પટેલની સુચનાં મુજબ દરેકમાંથી એક–એક ડીફયુઝ ડીટોનેટર તેમજ ત્રણેય બોમ્બમાંથી દસ–દસ નંગ છરાઓ તથા વુડન ફ્રેમ, ઈલેકટ્રોનિક સર્કીટ, બેટરી તેમજ ત્રણેય બોમ્બમાંથી એમોનિયમ નાઈટ્રેટ પચાસ–પચાસ ગ્રામ અલગ–અલગ નમૂના માટે કાઢી લઈ નમૂના માટેનો મુદ્દામાલ તથા નમૂના સિવાયનો મુદ્દામાલ પંચનામા વિગતે સીલ કરી દરેકને પંચનામાની વિગતે માર્કાઓ આપી તપાસ અર્થે કબજે લીધેલ.

આમ, ઉપરોકત જણાવેલ કતારગામ ગજેરા સર્કલમાં આવેલ રેલીંગનાં કુલઝાડની વચ્ચે કોઈ અજાણ્યા ઈસમોએ સુરત શહેરની શાંતી ડહોળવાના તેમજ ભય અને આતંક ફેલાવવા તથા જાહેર જનતાનાં જાનમાલને નુકસાન પહોંચાડવાના હેતુથી કાવતરૂ રચી ઉપરોકત મળી આવેલ વિસ્ફોટક હાથ બનાવટના જીવતા બોમ્બ નંગ–૩ મુકી ગુનો કરેલ હોઈ તેઓ વિરૂધ્ધ એક્ષપ્લોઝીવ એક્ટ કલમ–૫(એ) તથા એક્ષપ્લોઝીવ સબસ્ટન્ટ એકટ સને ૧૯૦૮ની કલમ–૪, ૫ તથા ઈ.પી.કો. કલમ–૧૨૦(બી), ૧૮૮ મુજબ કાયદેસર થવા ફરિયાદ છે.

બનાવ નં.૮

શહેર	બનાવનો વિસ્તાર અને સ્થળ	બનાવની તારીખ અને સમય	ગુનો નોંધાયેલ પોલીસ સ્ટેશન અને ગુના રજી.નં.	ફરિયાદ નોંધાવનાર	ફરિયાદમાં જણાવેલ આરોપી
૧	૨	૩	૪	૫	૬

સુરત	વરાછા ઓવર બ્રિજના પોલ નં.૯૮ ઉપર લગાડેલ હોર્ડીંગના લોખંડના એંગલ ઉપર, વરાછા મીનીબજાર મોહનની ચાલમાં અનીલ ચોકસીના કાંટા પાસે આવેલ વડના ઝાડ ઉપર તથા આ ઝાડની સામે આવેલ પતરા ઉપર તથા મોહનની ચાલની ઉત્તરે ઓવરબ્રિજ ઉપર આવેલ હોર્ડીંગમાં તથા ભાવના ફોર્ડની ઉત્તરે આવેલ વરાછા ઓવર બ્રિજ ઉપર આવેલ હોર્ડીંગમાં	૨૯-૭-૦૮, કલાક ૧૭-૩૦ થી ૧૫-૪૫ દરમ્યાન	વરાછા સેકન્ડ ગુન્હા રજી. નંબર ૩૬૫/૦૮	આર.આર. આહીર, પોલીસ સબ ઈન્સ્પેકટર વરાછા પોલીસ સ્ટેશન, સુરત શહેર	જાણવા મળેલ નથી

ફરિયાદની વિગત

ફરિયાદી આર.આર.આહીર, પોલીસ સબ ઈન્સ્પેકટર, વરાછા પોલીસ સ્ટેશન, સુરત શહેરની ફરિયાદની ટૂંકમાં હકીકત એવી છે કે તા. ૨૬/૭/૨૦૦૮ નાં રોજ અમદાવાદ શહેરમાં જુદી-જુદી જગ્યાઓએ થયેલ શ્રેણીબધ્ધ ધડાકાનાં અનુસંધાને ત્રણ દિવસ અગાઉથી વરાછા પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેવાસીઓ તથા દુકાનદારોને શંકાસ્પદ બિનવારસી ચીજવસ્તુઓ

બાબતે રાખવા અને આવી કોઇ ચીજવસ્તુઓ મળી આવે તો પોલીસને જાણ કરવા અવાર નવાર મૌખિક સુચનાઓ આપવામાં આવેલ અને વરાછા વિસ્તારમાં તકેદારીનાં પગલાંરૂપે તા.૨૯–૭–૨૦૦૮ ના રોજ ફરિયાદી તથા પોલીસ કોન્સ્ટેબલ મુકેશ ઇશ્વરભાઇનાઓ સાથે માતાવાડી પોલીસ ચોકી વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન કલાક ૧–૪૫ વાગ્યાના સુમારે વરાછા મેઇન રોડ ઉપર જે.ડી. રેસ્ટોરન્ટ પાસે ઓવરબ્રિજના પોલ નં.૯૮ ઉપર લગાડેલ હોર્ડીગના લોખંડના એન્ગલ પર એક જીવતો બોમ્બ મળી આવેલ છે તેવા સમાચાર મળતાં સદર જગ્યાએ પહોંચી જોતા સદર હોર્ડીગના એન્ગલ ઉપર એક આછા લીલા કલરની કોથળીમાં કંઇક શંકાસ્પદ વસ્તુઓ જણાતા ઉપરી સાહેબને જાણ કરતાં તેઓ તથા હેડ કોન્સ્ટેબલ મહંમદ હનિફ ઝહીર હુસેન, હેડ કોન્સ્ટેબલ કિશોર ઝીપાભાઇ, પોલીસ કોન્સ્ટેબલ દિનેશચંદ્ર યોહાનભાઇ, પોલીસ કોન્સ્ટેબલ અશોક મોતીરામ, પોલીસ કોન્સ્ટેબલ રવિન્દ્ર પંડિત, પોલીસ કોન્સ્ટેબલ રવિન્દ્ર પ્રભાકર, પોલીસ કોન્સ્ટેબલ ઇફતેખાર મુશીરઅલી, પોલીસ કોન્સ્ટેબલ સંજય રતનભાઇ, પોલીસ કોન્સ્ટેબલ અશોક ઇશ્વરનાંઓ આવી જતાં અને ઉપરી અધિકારીએ બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડ તથા એફ.એસ.એલ.અધિકારીશ્રીને જાણ કરતા તેઓએ સ્થળ ઉપર આવી તપાસ કરતાં સદર વસ્તુ વિસ્ફોટક હાથ બનાવટનો બોમ્બ હોય સદર બોમ્બ ડીસ્પોઝલ સ્કવૉર્ડનાં માણસોએ સદર વિસ્ફોટક હાથ બનાવટનાં જીવતા બોમ્બને ડીફ્યુઝ કરતાં સદર જગ્યા પોલીસના માણસો દ્વારા કોર્ડન કરી સદર ડીફ્યુઝ કરેલ બોમ્બમાંથી મળેલ વસ્તુ...

(૧) પીળા કલરની સેલોટેપ વીંટાળેલ લાકડાની ફ્રેમ બંને તરફ પતરાની પ્લેટ વાળુ અર્ધ ચંદ્રાકાર બોક્ષ જેનુ વજન કુલ–૩૭૬ ગ્રામ છે કિંમત રૂા.૦૦/૦૦

(૨) ઉપરોકત બોક્ષમાંથી નીકળેલ એક પ્લાસ્ટિકની પારદર્શક કોથળીમાં એમોનીયમ નાઇટ્રેટ જેમાં ફ્યુઅલ ઓઇલની હાજરી છે તે જેની પ્લાસ્ટિકની કોથળી સાથેનું વજન કુલ–૧.૦૧૨ કિલોગ્રામ છે.

(૩) ઉપરોકત બોક્ષમાંથી નીકળેલ પ્લાસ્ટિકની કોથળીમાં લોખંડના છરાઓ જેનું વજન કુલ–૧ કિલો ૧૯૨ ગ્રામ છે.

(૪) ઉપરોકત બોક્ષમાંથી નિકળેલ પેન્સિલ આકારના વાયર સાથેના ડીટોનેટર નંગ–૨ કિંમત રૂા.૦૦/૦૦

(૫) એક ભુરા કલરની સેલોટેપ વીટાળેલી બેટરી જે ખોલી જોતાં કાળા તથા ગોલ્ડન કલરની લાલ કેપ વાળી "DURACELL" કંપનીની બેટરી છે જેની કિંમત રૂા.૦૦/૦૦

(૬) એક ભુરા કલરની સેલોટેપ વીટાળેલ ઇલેકટ્રોનીક સર્કીટ કિંમત રૂા. ૦૦/૦૦

(૭) ઉપરોકત વસ્તુઓ તથા પાર્ટસ વાળા વિસ્ફોટક બોમ્બ જે આછા લીલા કલરની પ્લાસ્ટિકની કોથળીમાં પેક કરેલ તે કાળા કલરની પ્લાસ્ટિકની કોથળી છે તથા તા.૧૧–૬–૦૮ ના રોજનુ ગુજરાત સમાચાર દૈનિક વર્તમાનપત્ર પેપર વડોદરા આવૃતિનુ છે તમામની કિંમત રૂા.૦૦/૦૦

ઉપરોકત વસ્તુઓ તથા પાર્ટસ પૈકી એમોનીયમ નાઇટ્રેટ તથા લોખંડના છરા પૈકી સ્થળ પર હાજર સાયન્ટીફીક ઓફિસર સી.સી.પટેલનાઓએ એમોનીયમ નાઇટ્રેટ તથા લોખંડના છરા લેવા સુચના કરતાં એમોનીયમ નાઇટ્રેટ માંથી ૫૦ ગ્રામ તથા લોખંડના છરામાંથી નંગ–૧૦ નમૂના અર્થે કાઢી લઇ નમૂના તથા ઉપરોકત તમામ મુદ્દામાલ વિગતે પંચનામુ કરી પંચનામાની વિગતે માર્ક આપી તપાસ અર્થે કબજે કરેલ છે.

તેમજ ઉપરોકત જગ્યાએથી દક્ષિણ તરફ આવેલ વરાછા મીની બજાર મોહનની ચાલમાં અનીલભાઇ ચોકસીના કાંટા પાસે આવેલ વડના ઝાડ ઉપર તથા તેની સામે પતરાના બોર્ડ ઉપર વિસ્ફોટક જીવતા બોમ્બ મળેલ તે બંને બોમ્બ ડીફ્યુઝ કરવામાં આવેલ છે બોમ્બની વસ્તુઓ તથા પાર્ટસ અનુક્રમે નીચે મુજબ છે.

(૧) પીળા કલરની સેલોટેપ વીંટાળેલ લાકડાની ફ્રેમ તથા બંને તરફ પતરાની પ્લેટ વાળુ અર્ધ ચંદ્રાકાર બોક્ષ જેનુ વજન કુલ –૩૫૬ ગ્રામ છે કિંમત રૂા.૦૦/૦૦

(૨) ઉપરોકત બોક્ષમાંથી નીકળેલ એક પ્લાસ્ટીકની પારદર્શક કોથળીમાં એમોનીયમ નાઇટ્રેટ જેમાં ફ્યુઅલ ઓઇલની હાજરી છે તે જેની પ્લાસ્ટિકની કોથળી સાથેનું વજન કુલ–૧ કીલો ૦૧૬ ગ્રામ છે.

(૩) ઉપરોકત બોક્ષમાંથી નીકળેલ પ્લાસ્ટિકની કોથળીમાં લોખંડના છરાઓ જેનું વજન કુલ–૧ કિલો ૨૧૦ ગ્રામ છે.

(૪) ઉપરોકત બોક્ષમાંથી નિકળેલ પેન્સિલ આકારના વાયર સાથેના ડીટોનેટર નંગ–૨ કિંમત રૂા.૦૦/૦૦

(૫) એક ભુરા કલરની સેલોટેપ વીંટાળેલી બેટરી જે ખોલી જોતાં કાળા તથા ગોલ્ડન કલરની લાલ કેપ વાળી "DURACELL" કંપનીની બેટરી છે જેની કિંમત રૂા.૦૦/૦૦

(૬) એક ભુરા કલરની સેલોટેપ વીંટાળેલ ઇલેકટ્રોનીક સર્કીટ કિંમત રૂા. ૦૦/૦૦

(૭) ઉપરોકત વસ્તુઓ તથા પાર્ટસવાળા વિસ્ફોટક બોમ્બ જે આછા લીલા કલરની તથા કાળા કલરની પ્લાસ્ટિકની કોથળીમાં તથા ત્રણ વાયરના ટુકડા તથા તા.૧૫–૬–૦૮ ના રોજનુ ગુજરાત સમાચાર દૈનિક વર્તમાનપત્ર પેપર વડોદરા આવૃતિનુ છે તે તમામની કિંમત રૂા.૦૦/૦૦

ઉપરોકત વસ્તુઓ તથા પાર્ટસ વાળા વિસ્ફોટક બોમ્બની સામગ્રીમાંથી સ્થળ ઉપર હાજર સાયન્ટીફીક ઓફિસરનાઓએ તપાસી એમોનીયમ નાઇટ્રેટ તથા લોખંડના છરાના નમૂના લેવા સુચના કરતા તે પૈકી એમોનીયમ નાઇટ્રેટ ૫૦ ગ્રામ તથા લોખંડના છરામાંથી નંગ–૧૦ નમૂના તપાસ અર્થે કાઢી લઇ સદર નમૂના તથા ઉપરોકત મુદ્દામાલ પંચનામાની વિગતે માર્ક આપી તપાસ અર્થે કબજે કરેલ છે.

પતરા ઉપરથી મળેલ બોમ્બ ડીફ્યુઝ કરવામાં આવેલ જે બોમ્બની વસ્તુઓ તથા પાર્ટસ નીચે મુજબ છે.

(૧) લાલ કલરની સેલોટેપ વીંટાળેલ લાકડાની ફ્રેમ તથા બંને તરફ પતરાની પ્લેટવાળુ અર્ધ ચંદ્રાકાર બોક્ષ જેનુ વજન કુલ –૩૫૦ ગ્રામ છે કિંમત રૂા.૦૦/૦૦

(૨) ઉપરોકત બોક્ષમાંથી નીકળેલ એક પ્લાસ્ટિકની પારદર્શક કોથળીમાં એમોનીયમ નાઈટ્રેટ જેમાં ફ્યુઅલ ઓઈલની હાજરી છે તે જેની પ્લાસ્ટિકની કોથળી સાથેનું વજન કુલ–૧ કીલો ૦૭૮ ગ્રામ છે.

(૩) ઉપરોકત બોક્ષમાંથી નીકળેલ પ્લાસ્ટિકની કોથળીમાં લોખંડના છરાઓ જેનું વજન કુલ–૧ કિલો ૧૯૬ ગ્રામ છે.

(૪) ઉપરોકત બોક્ષમાંથી નિકળેલ પેન્સિલ આકારના વાયર સાથેના ડીટોનેટર નંગ–૨ કિંમત રૂા.૦૦/૦૦

(૫) એક ભુરા કલરની સેલોટેપ વીટાળેલી બેટરી જે ખોલી જોતાં કાળા તથા ગોલ્ડન કલરની લાલ કેપ વાળી "DURACELL" કંપનીની બેટરી છે જેની કિંમત રૂા.૦૦/૦૦

(૬) એક ભુરા કલરની સેલોટેપ વીંટાળેલ ઈલેકટ્રોનીક સર્કીટ કિંમત રૂા. ૦૦/૦૦

(૭) તા.૧૮–૬–૦૮ ના રોજનુ ગુજરાત સમાચાર દૈનિક વર્તમાનપત્ર પેપર વડોદરા આવૃતિ વાળુ છે જેની તમામની કિંમત રૂા.૦૦/૦૦

ઉપરોકત વસ્તુઓ તથા પાર્ટસ વાળા વિસ્ફોટક બોમ્બની સામગ્રીમાંથી સ્થળ ઉપર હાજર સાયન્ટીફીક ઓફિસરનાઓએ તપાસી એમોનીયમ નાઈટ્રેટ તથા લોખંડના છરાના નમૂના લેવા સુચના કરતા તે પૈકી એમોનીયમ નાઈટ્રેટ કુલ–૫૦ ગ્રામ તથા લોખંડના છરામાંથી નંગ–૧૦ નમૂના તપાસ અર્થે કાઢી લઈ સદર નમૂના તથા ઉપરોકત મુદ્દામાલ પંચનામાની વિગતે માર્ક આપી તપાસ અર્થે કબજે કરેલ છે.

આ દરમ્યાન મોહનની ચાલથી ઉત્તર તરફ ઓવરબ્રિજ ઉપર લગાડેલ હોર્ડીંગમાં બે જીવતા બોમ્બ મળી આવેલ હોવાની વિગત મળતાં બોમ્બ

ડીસ્પોઝલ સ્કવોર્ડના માણસોને રવાના કરેલ બાદમાં ફરિયાદી તથા પોલીસના માણસો તથા એફ.એસ.એલ.અધિકારીશ્રી તથા પંચો સાથે સદર સ્થળે જઇ જોતાં સ્ટ્રીટ લાઇટના થાંભલા નં.૩૧ પાસે લગાડેલ બે જીવતા બોમ્બ મળી આવેલ તે બોમ્બ ડીસ્પોઝલ સ્કવોડે ડીફ્યુઝ કરતાં નીચે મુજબના પાર્ટસ છે.

(૧) લાલ કલરની સેલોટેપ વીંટાળેલ લાકડાની ફ્રેમ તથા બંને તરફ પતરાની પ્લેટ વાળુ અર્ધ ચંદ્રાકાર બોક્ષ જેનુ વજન કુલ –૩૮૪ ગ્રામ છે કિંમત રૂા.૦૦/૦૦

(૨) ઉપરોકત બોક્ષમાંથી નીકળેલ એક પ્લાસ્ટિકની પારદર્શક કોથળીમાં એમોનીયમ નાઇટ્રેટ જેમાં ફ્યુઅલ ઓઇલની હાજરી છે તે જેની પ્લાસ્ટિકની કોથળી સાથેનું વજન કુલ–૧ કીલો ૦૧૨ ગ્રામ છે.

(૩) ઉપરોકત બોક્ષમાંથી નીકળેલ પ્લાસ્ટિકની કોથળીમાં લોખંડના છરાઓ જેનું વજન કુલ–૧ કિલો ૧૯૨ ગ્રામ છે.

(૪) ઉપરોકત બોક્ષમાંથી નિકળેલ પેન્સિલ આકારના વાયર સાથેના ડીટોનેટર નંગ–૨ કિંમત રૂા.૦૦/૦૦

(૫) એક લાલ કલરની સેલોટેપ વીટાળેલી બેટરી જે ખોલી જોતાં કાળા તથા ગોલ્ડન કલરની લાલ કેપ વાળી "DURACELL" કંપનીની બેટરી છે જેની કિંમત રૂા.૦૦/૦૦

(૬) એક લાલ કલરની સેલોટેપ વીંટાળેલ ઇલેકટ્રોનીક સર્કીટ કિંમત રૂા. ૦૦/૦૦

(૭) આછા લીલા કલરની પ્લાસ્ટિકની કોથળી તથા કાળા કલરની કોથળી તથા લોખંડના તાર બોમ્બવાળા બોક્ષમાં મળેલ, તા.૨૦–૬–૦૮ ના રોજનુ ગુજરાત સમાચાર દૈનિક પેપર વડોદરા આવૃતિનુ છે જે તમામની કિંમત રૂા.૦૦/૦૦

ઉપરોકત વસ્તુઓ તથા પાર્ટસ વાળો વિસ્ફોટક બોમ્બની સામગ્રીમાંથી સ્થળ ઉપર હાજર સાયન્ટીફીક ઓફિસરનાઓએ તપાસી એમોનીયમ નાઇટ્રેટ તથા લોખંડના છરાના નમૂના લેવા સુચના કરતા તે પૈકી

એમોનીયમ નાઈટ્રેટ કુલ–૫૦ ગ્રામ તથા લોખંડના છરામાંથી નંગ–૧૦ નમૂના તપાસ અર્થે કાઢી લઈ સદર નમૂના તથા ઉપરોકત મુદ્દામાલ પંચનામાની વિગતે માર્ક આપી તપાસ અર્થે કબજે કરેલ છે તથા બીજા ડીફ્યુઝ બોમ્બમાંથી મળી આવેલ ચીજવસ્તુઓ નીચે મુજબ છે.

(૧) ભુરા કલરની સેલોટેપ વીંટાળેલ લાકડાની ફ્રેમ તથા બંને તરફ પતરાની પ્લેટવાળુ અર્ધ ચંદ્રાકાર બોક્ષ જેનુ વજન કુલ –૩૧૨ ગ્રામ છે કિંમત રૂપિયા–૦૦/૦૦

(૨) ઉપરોકત બોક્ષમાંથી નીકળેલ એક પ્લાસ્ટિકની પારદર્શક કોથળીમાં એમોનીયમ નાઈટ્રેટ જેમાં ફ્યુઅલ ઓઈલની હાજરી છે તે જેની પ્લાસ્ટિકની કોથળી સાથેનું વજન કુલ–૧ કીલો ૦૫૨ ગ્રામ છે.

(૩) ઉપરોકત બોક્ષમાંથી નીકળેલ પ્લાસ્ટિકની કોથળીમાં લોખંડના છરાઓ જેનું વજન કુલ–૧ કિલો ૨૦૬ ગ્રામ છે.

(૪) ઉપરોકત બોક્ષમાંથી નિકળેલ પેન્સિલ આકારના વાયર સાથેના ડીટોનેટર નંગ–૨ કિંમત રૂા.૦૦/૦૦

(૫) એક લાલ કલરની સેલોટેપ વીટાળેલી બેટરી જે ખોલી જોતાં કાળા તથા ગોલ્ડન કલરની લાલ કેપ વાળી "DURACELL" કંપનીની બેટરી છે જેની કિંમત રૂા.૦૦/૦૦

(૬) એક લાલ કલરની સેલોટેપ વીટાળેલ ઈલેકટ્રોનીક સર્કીટ કિંમત રૂા. ૦૦/૦૦

(૭) આછા લીલા કલરની પ્લાસ્ટિકની કોથળીમાં તથા કાળા કલરની કોથળી તથા લોખંડના તાર બોમ્બવાળા બોક્ષમાં મળેલ, તા.૧૩–૫–૦૮ ના રોજનુ ગુજરાત સમાચાર દૈનિક પેપર વડોદરા આવૃતિનુ છે જે તમામની કિંમત રૂા.૦૦/૦૦

ઉપરોકત વસ્તુઓ એફ.એસ.એલ.અધિકારીએ તપાસી તે પૈકી એમોનીયમ નાઈટ્રેટ તથા લોખંડના છરાના નમૂના લેવા સુચના કરતા એમોનીયમ નાઈટ્રેટ કુલ–૫૦ ગ્રામ તથા લોખંડના છરા નંગ–૧૦ નમૂના માટે કાઢી લઈ સદર

નમૂના તથા ઉપરોકત મુદ્દામાલ પંચનામાની વિગતે માર્ક આપી તપાસ અર્થે કબજે કરેલ છે. તે દરમ્યાન સમાચાર મળેલ કે પકવાન હોટલ પાસે ભાવના ફોર્ડ સામે આવેલ ઓવરબ્રિજ ઉપર લગાડેલ હોર્ડીંગમાં વિસ્ફોટક બોમ્બ છે જેથી સદર જગ્યાએ બોમ્બ સ્કર્વોડના પોલીસ માણસોને રવાના કરેલ બાદ ફરિયાદી તથા સ્ટાફના માણસો તથા પંચો તથા એફ.એસ.એલ.અધિકારીશ્રી સાથે સદર સ્થળે જઇ તપાસ કરતા જીવતો વિસ્ફોટક બોમ્બ હોય બોમ્બ વિસ્ફોટકના માણસોએ બોમ્બને ડીફયુઝ કરેલ હોય જેના પાર્ટસ નીચે મુજબ છે.

(૧) પીળા કલરની સેલોટેપ વીંટાળેલ લાકડાની ફ્રેમ તથા બંને તરફ પતરાની પ્લેટ વાળુ અર્ધ ચંદ્રાકાર બોક્ષ જેનુ વજન કુલ –૩૫૬ ગ્રામ છે કિંમત રૂા.૦૦/૦૦

(૨) ઉપરોકત બોક્ષમાંથી નીકળેલ એક પ્લાસ્ટિકની પારદર્શક કોથળીમાં એમોનીયમ નાઇટ્રેટ જેમાં ફયુઅલ ઓઇલની હાજરી છે તે જેની પ્લાસ્ટીકની કોથળી સાથેનું વજન કુલ–૧ કીલો ૦૧૬ ગ્રામ છે.

(૩) ઉપરોકત બોક્ષમાંથી નીકળેલ પ્લાસ્ટિકની કોથળીમાં લોખંડના છરાઓ જેનું વજન કુલ–૧ કિલો ૨૧૮ ગ્રામ છે.

(૪) ઉપરોકત બોક્ષમાંથી નિકળેલ પેન્સિલ આકારના વાયર સાથેના ડીટોનેટર નંગ–૨ કિંમત રૂા.૦૦/૦૦

(૫) એક લાલ કલરની સેલોટેપ વીંટાળેલી બેટરી જે ખોલી જોતાં કાળા તથા ગોલ્ડન કલરની લાલ કેપ વાળી "DURACELL" કંપનીની બેટરી છે જેની કિંમત રૂા.૦૦/૦૦

(૬) એક લાલ કલરની સેલોટેપ વીંટાળેલ ઇલેકટ્રોનીક સર્કીટ કિંમત રૂા. ૦૦/૦૦

(૭) આછા લીલા કલરની પ્લાસ્ટિકની કોથળીમાં તથા કાળા કલરની કોથળી તથા લોખંડના તાર બોમ્બવાળા બોક્ષમાં મળેલ, તા.૨૪–૫–૦૮ ના રોજનુ ગુજરાત સમાચાર દૈનિક પેપર વડોદરા આવૃતિ વાળુ છે જે તમામની કિંમત રૂા.૦૦/૦૦

ઉપરોકત વસ્તુઓ તથા પાર્ટસવાળા વિસ્ફોટક બોમ્બની સામગ્રીમાંથી સ્થળ ઉપર હાજર સાયન્ટીફીક ઓફિસરે તપાસી એમોનીયમ નાઇટ્રેટ કુલ–૫૦ ગ્રામ તથા લોખંડના છરામાંથી નંગ–૧૦ નમૂના માટે તપાસ અર્થે કાઢી લઇ સદર નમૂના તથા ઉપરોકત મુદ્દામાલ પંચનામાની વિગતે માર્ક આપી તપાસ અર્થે કબજે કરેલ છે.

આમ, ઉપરોકત વરાછા ઓવરબ્રિજના પોલ નં.૯૮ ઉપર લગાડેલ હોર્ડીંગના લોખંડના એન્ગલ ઉપર તથા વરાછા મીનીબજાર મોહનની ચાલમાં અનિલભાઇ ચોકસીના કાંટા પાસે આવેલ વડના ઝાડ ઉપર તથા વરાછા મીની બજાર મોહનની ચાલમાં અનિલ ચોકસની કાંટાની પાસે આવેલ ઝાડની સામે પતરા ઉપર તથા મોહનની ચાલની ઉત્તરે ઓવરબ્રિજ ઉપર આવેલ હોર્ડીંગમાં તથા ભાવના ફોર્ડની ઉત્તરે આવેલ વરાછા ઓવરબ્રિજ ઉપર આવેલ હોર્ડીંગમાં કોઇ અજાણ્યા ઇસમોએ સુરત શહેરની શાંતિ ડહોળવાના હેતુથી ભય અને આંતક ફેલાવવાના ઇરાદે જાહેર જનતાના જાનમાલને નુકસાન પહોંચાડવાના હેતુથી કાવતરૂ રચી સદર સ્થળોએ વિસ્ફોટકો હાથ બનાવટના જીવતા બોમ્બ મુકી ગુનો કરેલ હોય ફરિયાદીની તેઓ વિરૂધ્ધ એક્ષપ્લોઝીવ એકટ કલમ–૫(એ) તથા એક્ષપ્લોઝીવ સબસ્ટેન્સીસ એકટ–૧૯૦૮ ની કલમ–૪,૫ તથા ઇ.પી.કો. કલમ–૧૨૦(બી), ૧૮૮ મુજબ કાયદેસર થવા ફરિયાદ છે.

<u>બનાવ નં.૯</u>

શહેર	બનાવનો વિસ્તાર અને સ્થળ	બનાવની તારીખ અને સમય	ગુનો નોંધાયેલ પોલીસ સ્ટેશન અને ગુના રજી.નં.	ફરિયાદ નોંધાવનાર	ફરિયાદમાં જણાવેલ આરોપી
૧	૨	૩	૪	૫	૬
સુરત	હીરાબાગ સર્કલ ઉપર આવેલ ઓવરબ્રિજની	૨૯–૭–૦૮, કલાક ૧૩–૩૫ પહેલાથી	કાપોદ્રા સેકન્ડ ગુન્હા રજી.	બી.આર. હળપતી, પોલીસ	જાણવા મળેલ નથી

	ઉત્તર તરફની દિવાલને અડીને લગાવેલ પ્રમોદ ૨૩૨૦૦૨૮ ના જાહેરાતના બોર્ડની પાછળના ભાગે લોખંડની એન્ગલમાં	૨૧–૩૦ દરમ્યાન	નં.૧૭૯/ ૨૦૦૮	સબ ઇન્સ્પેકટર કાપોદ્રા પોલીસ સ્ટેશન, સુરત શહેર	

ફરિયાદની વિગત

ફરિયાદી બી.આર.હળપતી, પોલીસ સબ ઇન્સ્પેકટર, કાપોદ્રા પોલીસ સ્ટેશન, સુરત શહેરની ફરિયાદની ટૂંકમાં હકીકત એવી છે કે ગઇ તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ અમદાવાદ શહેરમાં જુદી–જુદી જગ્યાઓએ થયેલ શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકાના અનુસંધાનમાં કાપોદ્રા પોલીસ સ્ટેશન વિસ્તારમાં તકેદારીના પગલા રૂપે તા.૨૯–૭–૨૦૦૮ ના રોજ ફરિયાદી તથા પોલીસ કોન્સ્ટેબલ ઉમેશ ભાઇ પ્રભુનાથ સાથે બરોડા પ્રિસ્ટેજ પોલીસ ચોકી વિસ્તારમાં પેટ્રોલીંગ બંદોબસ્ત તથા ચોકી વિસ્તારમાં પોઇન્ટોનુ સુપરવિઝનમાં હતા દરમ્યાન કલાક ૧૩–૪૦ વાગ્યાના સુમારે હિરાબાગ સર્કલ પાસે આવતા ત્યાં આગળ કેટલાક પબ્લીકના માણસો ત્યાં ઉભા રહી હીરાબાગ સર્કલની ઉપર આવેલ ઓવરબ્રિજની ઉત્તર તરફની દિવાલ ઉપર જાહેરાતનુ બોર્ડ લગાવેલ હતુ તે તરફ જોતા હોય તપાસ કરતા ત્યાં પ્રમોદ–૨૩૨૦૦૮ લખેલ જાહેરાતના બોર્ડની પાછળ આવેલ લોખંડના એન્ગલની અંદરના ભાગે બે પોપટી કલરના બોક્ષ ટાઇપ પેકેટો જણાઇ આવેલ અને બોમ્બ જેવુ શંકાસ્પદ જણાયેલ આ વખતે પોલીસ ઇન્સ્પેકટર કાપોદ્રા પોલીસ સ્ટેશન તથા હેડ કોન્સ્ટેબલ રાજેન્દ્ર સુખદેવ, પોલીસ કોન્સ્ટેબલ દિપક કૃષ્ણાજી, પોલીસ કોન્સ્ટેબલ જ્ઞાનેશ્વર તુલસીરામ, પોલીસ કોન્સ્ટેબલ રમેશ ચંદુભાઇ, પોલીસ કોન્સ્ટેબલ રિતેશ નારાયણ તથા સર્વેલન્સ સ્ટાફના પોલીસ સબઇન્સ્પેકટર એસ.કે.રાય, હેડ કોન્સ્ટેબલ બિપીન જગન્નાથ, હેડ કોન્સ્ટેબલ ખાનસીંગ જાગલાનાઓ પણ આવી ગયેલ અને પોલીસ

ઇન્સ્પેકટર સાહેબે બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડ તથા સાયન્ટીફીક ઓફિસરને બોલાવવા તજવીજ કરતા સ્થળ ઉપર બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડના અધિકારી શ્રી સુમનભાઇ ચૌધરી આવી જતા તેઓની મદદથી બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડના માણસોએ ચકાસણી કરી નીચે ઉતારી પરીક્ષણ કરતાં હાથ બનાવટના જીવતા બોમ્બ હોય તેઓએ સ્થળ ઉપર નિષ્ક્રિય કરેલ. આ બંને નિષ્ક્રિય કરેલ હાથ બનાવટના બોમ્બની સાધન સામગ્રી વિસ્ફોટક હોય લોકહિત જોખમાય નહીં તે હેતુસર કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં લાવી સાયન્ટીફીક ઓફિસર (૧) પી.એમ. પટેલ (૨)વાય.એસ.પટેલની હાજરીમાં નિષ્ક્રિય કરેલ, બંને બોમ્બમાંથી વસ્તુઓ તથા પાર્ટસ જોતા નીચે મુજબની વસ્તુઓ પરિક્ષણ માટે કબજે કરવામાં આવેલ છે.

(એ) પ્રથમ નિષ્ક્રિય કરેલ બોમ્બમાંથી (૧) લાકડાની ફ્રેમ જે અર્ધ ચંદ્રાકાર જેની આગળ પાછળ પતરામાં લોખંડની ખીલીથી ફીટ કરેલ જેના ઉપર પીળા રંગની વન્ડર કંપનીની ઇન્સ્યુલેટીંગ ટેપથી પેકીંગ કરેલ છે (૨) એક પારદર્શક પ્લાસ્ટિકની કોથળીમાં સફેદ ચીકણો પદાર્થ જે એમોનીયા નાઇટ્રેટ છે જેનુ વજન ૧.૦૩૫ કિલોગ્રામ છે (૩) એક પારદર્શક પ્લાસ્ટિકની કોથળીમાં લોખંડના છરા જે ૧.૧૬૮ કિલોગ્રામ છે (૪) નંગ–૨ ડીટોનેટર કેપ સહીતની છે જેની ઉપર RECL–6 અંગ્રેજીમાં લખેલ છે (૫) એક ઇલેક્ટ્રોનીક સરકીટ જેને બે લાલ, એક કાળો, એક સફેદ એમ ચાર વાયરો સાથે જોઇન્ટ છે જે ઇલેકટ્રોનીક ડીવાઇસ (ચીપ્સ) તરીકે ઓળખાય છે (૬) એક નવ વોલ્ટની ડયુરોસેલ કંપનીની બેટરી જંકશન લાલ કલરની ટેપ સાથે (૭) એક TIMES ASCENT 21 May 2008 નું અંગ્રેજી વર્તમાન પેપર પાન નં.૧ થી ૧૦ સુધીનુ (૮) એક પોપટી કલરનુ પેકીંગ માટેનુ કાગળ જે પ્લાસ્ટિકનુ ફાટેલ છે તથા એક કાળા કલરની પ્લાસ્ટિકની ફાટેલી થેલી સાથે બ્લ્યુ, રેડ કલરની ઇન્સ્યુલેટીંગ પટ્ટીઓ ચોંટેલી છે તથા સફેદ કલરના વાયરના ટુકડા, બે લોખંડના તારના નાના ટુકડા મળી આવેલ છે. ઉપરોકત મુદ્દામાલમાંથી નમૂના માટે કાઢવામાં આવેલ મુદ્દામાલ નં.૧ ને એક સફેદ કાપડમાં સીવી લઇ માર્ક A1 આપેલ છે તથા અનુક્રમ નં.૨

માંથી નમૂના માટે કુલ–૫૦ ગ્રામ એમોનીયા નાઈટ્રેટ એક પારદર્શક નાની બરણીમાં ભરી લઈ બરણીનુ ઢાંકણ બંધ કરી માર્ક–A2 આપવામાં આવેલ છે તથા અનુક્રમ નં.3 માંથી લોખંડના છરા ઓઈલ મિશ્રીત કુલ–૫૦ ગ્રામ જેટલા એક પ્લાસ્ટિકની નાની બરણીમાં ભરી લઈ બરણીનુ ઢાંકણ બંધ કરી માર્ક–A3 આપવામાં આવેલ છે તથા અનુક્રમ નં.૫ ઈલેક્ટ્રોનીક સરકીટ એક પારદર્શક નાની બરણીમાં મુકી માર્ક– A5 આપવામાં આવેલ છે. આ તમામ કબજે લીધેલ આર્ટીકલ્સના મુદ્દામાલના પાર્સલ ઉપર પોલીસ ઈન્સ્પેક્ટર તથા પંચોની સહીઓ વાળી કાપલીઓ દોરાથી બાંધી લાખ વડે પોલીસ ઈન્સ્પેક્ટર કાપોદ્રા પોલીસ સ્ટેશન, સુરત સીટીના અંગ્રેજી માર્કાનુ સીલ કરેલ છે તથા અનુક્રમ નં.૪ માં જણાવેલ ડીટોનેટર નંગ–૨ સાયન્ટીફીક અધિકારીની સુચના મુજબ ડિફ્યુજ કરાવી પૃથક્કરણ સારૂ મોકલવા જણાવતા તપાસ અર્થે કબજે કરવામાં આવેલ છે તથા અનુક્રમ નં. ૨, ૩, ૭, ૮ નો મુદ્દામાલ એક ખાખી પુઠ્ઠાના બોક્ષમાં મુકી પંચનામાની વિગતે કબજે કરવામાં આવેલ છે.

(બી) બીજા નિષ્ક્રિય કરેલ બોમ્બમાંથી (૧) એક લાકડાના અર્ધચંદ્રાકાર ફ્રેમમાં આગળ પાછળ ગેલ્વેનાઈઝના પતરામાં લોખંડની ખીલીથી ફીટ કરેલ પીળા કલરની વન્ડર કંપનીની ઈન્સ્યુલેટીંગ ટેપથી ચારે બાજુ ફીટ કરી છે જેની લંબાઇ ૧ ફુટ તથા પહોળાઇ ૬.૫ ઇંચની છે (૨) એક પારદર્શક પ્લાસ્ટિકની કોથળીમાં એમોનીયમ નાઈટ્રેટ છે આશરે ૧.૦૬૫ કિલોગ્રામ છે (૩) એક પારદર્શક પ્લાસ્ટિકની કોથળીમાં આશરે ૧.૧૭૯ કિલોગ્રામ જેટલા છરા આશરે ૫ એમ.એમ.ના છે (૪) નંગ–૨ ડીટોનેટર કેપ સાથે વાયર જોઈન્ટ છે કેપ ઉપર RECL–6 અંગ્રેજીમાં લખેલ છે (૫) એક ઈલેક્ટ્રોનીક સરકીટ જેને બે લાલ, એક કાળો, એક સફેદ એમ કુલ ચાર વાયરો સાથે જોઈન્ટ છે જે ઈલેકટ્રોનીક ડીવાઈસ (ચીપ્સ) તરીકે ઓળખાય છે (૬) એક નવ વોલ્ટની ડ્યુરોસેલ કંપનીની બેટરી જેના ઉપર કાળા રંગની જંકશન કેપ સાથે લાલ અને કાળા રંગનો વાયર જોઈન્ટ છે (૭) એક ગુજરાત સમાચાર દૈનિક પેપર તા.૧૨ જુન ૨૦૦૮ ની વડોદરા આવૃતિ પાના નં. ૭, ૮, ૯, ૧૦ તથા બીજી તા.૧૩ જુન ૨૦૦૮ ની પાના

નં.૩,૪ અને ૧૧,૧૨ તથા તા.૩૦-૬-૨૦૦૮ ની સાયન્સ નોલેજની પૂર્તિ પાના નં.૧ થી ૮ સુધીની છે (૮) એક પોપટી કલરનુ પ્લાસ્ટિકનુ ફાટેલુ કાગળ તેની સાથે એક કાળા કલરની પ્લાસ્ટિકની થેલી સાથે લાલ, સફેદ પારદર્શક ઇન્સ્યુલેટીંગ ટેપના કટકા ચોંટેલા છે તથા લોખંડનો નાનો પાતળો તાર, બે સફેદ વાયરના ટુકડા તેની સાથે એક લાલ કલરનો વાયરનો ટુકડો જોઇન્ટ છે. ઉપરોકત સાધનસામગ્રી માંથી નમૂના અર્થે અનુક્રમ નં.૧ ને એક સફેદ કાપડમાં સીવી લઇ માર્ક B1 આપવામાં આવેલ છે, અનુક્રમ નં.૨ માંથી સફેદ ચીકણો પદાર્થ (એમોનીયા નાઇટ્રેટ) ૫૦ ગ્રામ જેટલુ એક પારદર્શક નાની બરણીમાં ભરી લઇ બરણીનુ ઢાંકણ બંધ કરી માર્ક-B2 આપવામાં આવેલ છે તથા અનુક્રમ નં.૩ માંથી લોખંડના છરા ઓઇલ મિશ્રીત કુલ-૫૦ ગ્રામ જેટલા એક પ્લાસ્ટિકની પારદર્શક નાની બરણીમાં ભરી લઇ બરણીનુ ઢાંકણ બંધ કરી માર્ક-B3 આપેલ છે તથા અનુક્રમ નં.૫ ઇલેક્ટ્રોનીક સરકીટ એક પારદર્શક નાની બરણીમાં મુકી ઢાંકણ બંધ કરી માર્ક-B5 આપવામાં આવેલ છે તથા અનુક્રમ નં.૬ નવ વોલ્ટની ડ્યુરોસેલ કંપનીની બેટરી કેપ તથા વાયર સહિત પારદર્શક નાની બરણીમાં મુકી ઢાંકણ બંધ કરી માર્ક-B6 આપેલ છે. આ તમામ કબજે લીધેલ આર્ટીકલ્સના મુદ્દામાલના પાર્સલ ઉપર પોલીસ ઇન્સ્પેકટર સાહેબ તથા પંચોની સહીઓવાળી કાપલીઓ દોરાથી બાંધી લાખ વડે પોલીસ ઇન્સ્પેકટર કાપોદ્રા પોલીસ સ્ટેશન, સુરત સીટીના અંગ્રેજી માર્કાનુ સીલ કરેલ છે તથા અનુક્રમ નં.૪ માં જણાવેલ ડીટોનેટર નંગ-૨ સાયન્ટીફીક અધિકારીની સુચના મુજબ ડિફ્યુઝ કરાવી પૃથક્કરણ સારૂ મોકલવા જણાવતા તપાસ અર્થે કબજે કરવામાં આવેલ છે તથા અનુક્રમ નં. ૨,૩,૭,૮ નો મુદ્દામાલ એક ખાખી પુઠ્ઠાના બોક્ષમાં મુકી પંચનામાની વિગતે કબજે કરવામાં આવેલ છે.

આમ કોઇ અજાણ્યા આરોપીઓએ સુરત શહેરની શાંતિને ડહોળવા સારૂ તથા જાહેર જનજીવનને હાની પહોંચાડવા તથા ભય ફેલાવવા સારૂ ગુનાહિત કાવતરૂ યોજી તે પાર પાડવા સારૂ હીરાબાગ સર્કલની ઉપર આવેલ ઓવરબ્રિજની ઉત્તર તરફની દિવલાને અડીને લગાવેલ પ્રમોદ-૨૩૨૦૦૨૮ના જાહેરાતના

બોર્ડની પાછળના ભાગે લોખંડની એન્ગલમાં બે હાથ બનાવટના વિસ્ફોટક જીવતા બોમ્બ મુકી લોકોની જાનમાલનુ નુકસાન થાય તે હેતુથી ગુનો કરેલ હોય તેઓ વિરૂધ્ધ એક્ષપ્લોઝીવ એકટ કલમ–૫(એ) તથા એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટ–૧૯૦૮ ની કલમ ૪,૫ તથા ઇ.પી.કો. કલમ–૧૨૦(બી), ૧૮૮ મુજબ કાયદેસર થવા ફરિયાદ છે.

બનાવ નં.૧૦

શહેર	બનાવનો વિસ્તાર અને સ્થળ	બનાવની તારીખ અને સમય	ગુનો નોંધાયેલ પોલીસ સ્ટેશન અને ગુના રજી.નં.	ફરિયાદ નોંધાવનાર	ફરિયાદમાં જણાવેલ આરોપી
૧	૨	૩	૪	૫	૬
સુરત	વરાછા એ.કે. રોડ ભવાની જેમ્સ સર્કલના ઉત્તર તરફ આવેલા ડીવાઇડરોમાં છોડવા તથા ઘાસ વચ્ચે તથા ભવાની જેમ્સ સર્કલના પૂર્વ તરફ આવેલ ડીવાઇડરમાં છોડવા તથા ઘાસ વચ્ચે, સરદાર પોલીસ ચોકીની પાછળ ક્રાંતિ મેદાનમાં પૂર્વ દક્ષિણ ખુણે ઘાસમાં	૨૯–૭–૦૮, કલાક ૨૧–૦૦ થી ૨૧–૪૦ દરમ્યાન	વરાછા સેકન્ડ ગુન્હા રજી. નંબર ૩૬૬/૦૮	સી.જે. ડામોર, પોલીસ સબ ઇન્સ્પેકટર વરાછા પોલીસ સ્ટેશન, સુરત શહેર	જાણવા મળેલ નથી

ફરિયાદની વિગત

ફરિયાદી સી.જે.ડામોર, પોલીસ સબ ઇન્સ્પેકટર, વરાછા પોલીસ સ્ટેશન, સુરત શહેરની ફરિયાદની ટૂંકમાં હકીકત એવી છે કે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ અમદાવાદ શહેરમાં જુદી–જુદી જગ્યાઓએ થયેલ શ્રેણીબધ્ધ ધડાકાનાં અનુસંધાને ત્રણ દિવસ અગાઉથી વરાછા પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેવાસીઓ તથા દુકાનદારોને શંકાસ્પદ બિનવારસી ચીજવસ્તુઓ બાબતે તકેદારી રાખવા અને આવી કોઇ ચીજવસ્તુઓ મળી આવે તો પોલીસને જાણ કરવા અવાર નવાર મૌખિક સુચનાઓ આપવામાં આવેલ અને વરાછા પોલીસ સ્ટેશન વિસ્તારમાં તકેદારીના પગલારૂપે તા.૨૯–૭–૨૦૦૮ ના રોજ ફરિયાદી તથા પોલીસ કોન્સ્ટેબલ અરૂણ આનંદરાવ, પોલીસ કોન્સ્ટેબલ વિનોદ છનાભાઇનાઓ સાથે લંબે હનુમાન ચોકી તથા અશ્વનીકુમાર ચોકી વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન કલાક ૧૫–૧૦ વાગ્યાના સુમારે અશ્વનીકુમાર રોડ ભવાની જેમ્સ સર્કલ પાસે આવતા ઉત્તર તથા પૂર્વ તરફના રોડ વચ્ચેના ડીવાઇડરમાં ઉગેલ છોડવા તથા ઘાસ વચ્ચે એક આછા લીલા કલરની કોથળીમાં કંઇક શંકાસ્પદ વસ્તુઓ જણાતા જે બાબતે પોલીસ ઇન્સ્પેકટર સાહેબને જાણ કરતાં પોલીસ ઇન્સ્પેકટર સાહેબ તથા હેડ કોન્સ્ટેબલ મહંમદ હનિફ ઝહીર હુસેન, હેડ કોન્સ્ટેબલ કિશોર ઝીપાભાઇ, પોલીસ કોન્સ્ટેબલ દિનેશ યોહાનભાઇ, પોલીસ કોન્સ્ટેબલ અશોક મોતીરામ, પોલીસ કોન્સ્ટેબલ રવિન્દ્ર પંડિત , પોલીસ કોન્સ્ટેબલ રવિન્દ્ર પ્રભાકર, પોલીસ કોન્સ્ટેબલ ઇફતેખાર મુશીરઅલી, પોલીસ કોન્સ્ટેબલ સંજય રતનભાઇ, પોલીસ કોન્સ્ટેબલ અશોક ઇશ્વરભાઇનાંઓ આવી જતાં અને પોલીસ ઇન્સ્પેકટર સાહેબે બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડ તથા એફ.એસ.એલ. અધિકારીને જાણ કરતાં તેઓએ સ્થળ ઉપર આવી તપાસ કરતાં સદર બંને વસ્તુ વિસ્ફોટક હાથ બનાવટનો બોમ્બ હોય સદર બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડનાં માણસોએ સદર વિસ્ફોટક હાથ બનાવટનાં જીવતા બોમ્બને ડીફ્યુઝ કરતાં સદર જગ્યાએ પોલીસના માણસો દ્વારા કોર્ડન કરી સદર ડીફ્યુઝ કરેલ બોમ્બમાંથી મળેલ વસ્તુ...

(૧) પીળા કલરની સેલોટેપ વીંટાળેલ લાકડાની ફ્રેમ બંને તરફ પતરાની પ્લેટવાળુ અર્ધચંદ્રાકાર બોક્ષ જેનું વજન કુલ –૩૮૬ ગ્રામ છે કિંમત રૂા.૦૦/૦૦

(૨) ઉપરોકત બોક્ષમાંથી નીકળેલ એક પ્લાસ્ટિકની પારદર્શક કોથળીમાં એમોનીયમ નાઇટ્રેટ જેમાં ફ્યુઅલ ઓઇલની હાજરી છે તે જેની પ્લાસ્ટિકની કોથળી સાથેનું વજન કુલ–૧.૦૪૨ કિલોગ્રામ છે.

(૩) ઉપરોકત બોક્ષમાંથી નીકળેલ પ્લાસ્ટિકની કોથળીમાં લોખંડના છરાઓ જેનું વજન કુલ–૧ કિલો ૧૮૬ ગ્રામ છે.

(૪) ઉપરોકત બોક્ષમાંથી નીકળેલ પેન્સિલ આકારના વાયર સાથેના ડીટોનેટર નંગ–૨ કિંમત રૂા.૦૦/૦૦

(૫) એક લાલ કલરની સેલોટેપ વીટાળેલી બેટરી જે ખોલી જોતા કાળા તથા ગોલ્ડન કલરની લાલ કેપ વાળી "DURACELL" કંપનીની બેટરી છે જેની કિંમત રૂા.૦૦/૦૦

(૬) એક લાલ કલરની સેલોટેપ વીટાળેલ ઇલેકટ્રોનિક સર્કીટ કિંમત રૂા. ૦૦/૦૦

(૭) ઉપરોકત વસ્તુઓ તથા પાર્ટસવાળો વિસ્ફોટક બોમ્બ જે આછા લીલા કલરની પ્લાસ્ટિકની કોથળીમાં પેક કરેલ તે કાળા કલરની પ્લાસ્ટિકની કોથળી છે તથા તા.૧૨/૫/૦૮, તા.૧૫/૬/૦૮ ના રોજનુ ગુજરાત સમાચાર દૈનિક વર્તમાન પેપર વડોદરા આવૃતિનુ છે. તમામની કિંમત રૂા.૦૦/૦૦

(૮) ઉપરોકત વસ્તુઓ તથા પાર્ટસ પૈકી એમોનીયમ નાઇટ્રેટ તથા લોખંડના છરા પૈકી સ્થળ ઉપર હાજર સાયન્ટીફીક ઓફિસર સી.સી.પટેલનાંઓએ એમોનીયમ નાઇટ્રેટ તથા છરા લેવા સુચના કરતાં એમોનીયમ નાઇટ્રેટ માંથી કુલ–૫૦ ગ્રામ તથા લોખંડના છરામાંથી નંગ–૧૦ નમૂના અર્થે કાઢી લઇ નમૂના તથા ઉપરોત તમામ મુદ્દામાલ વિગતે પંચનામુ કરી પંચનામાની વિગતે માર્ક આપી તપાસ અર્થે કબજે કરેલ છે તથા બીજો પૂર્વ

તરફનો વિસ્ફોટક જીવતો બોમ્બ ડીફ્યુઝ કરવામાં આવેલ બોમ્બની વસ્તુઓ તથા પાર્ટસ નીચે મુજબ છે.

(૧) લાલ કલરની સેલોટેપ વીંટાળેલ લાકડાની ફ્રેમ તથા બંને તરફ પતરાની પ્લેટવાળુ અર્ધચંદ્રાકાર બોક્ષ જેનું વજન કુલ –૩૬૮ ગ્રામ છે કિંમત રૂા.૦૦/૦૦

(૨) ઉપરોકત બોક્ષમાંથી નીકળેલ એક પ્લાસ્ટિકની પારદર્શક કોથળીમાં એમોનીયમ નાઇટ્રેટ જેમાં ફ્યુઅલ ઓઇલની હાજરી છે તે જેની પ્લાસ્ટિકની કોથળી સાથેનું વજન કુલ–૧ કિલો ૧૪૬ ગ્રામ છે.

(૩) ઉપરોકત બોક્ષમાંથી નીકળેલ પ્લાસ્ટિકની કોથળીમાં લોખંડના છરાઓ જેનું વજન કુલ–૧ કિલો ૧૯૮ ગ્રામ છે.

(૪) ઉપરોકત બોક્ષમાંથી નીકળેલ પેન્સીલ આકારના વાયર સાથેના ડીટોનેટર નંગ–૨ કિંમત રૂા.૦૦/૦૦

(૫) એક લાલ કલરની સેલોટેપ વીટાળેલી બેટરી જે ખોલી જોતા કાળા તથા ગોલ્ડન કલરની લાલ કેપ વાળી "DURACELL" કંપનીની બેટરી છે જેની કિંમત રૂા.૦૦/૦૦

(૬) એક લાલ કલરની સેલોટેપ વીંટાળેલ ઇલેકટ્રોનિક સર્કીટ કિંમત રૂા. ૦૦/૦૦

(૭) ઉપરોકત વસ્તુઓ તથા પાર્ટસવાળો વિસ્ફોટક બોમ્બ જે આછા લીલા કલરની તથા કાળા કલરની પ્લાસ્ટિકની કોથળીમાં પેક કરેલ લાકડાના બોક્ષ માંથી મળી આવેલ તા.૧૪/૬/૦૮ ના રોજનુ ગુજરાત સમાચાર દૈનિક વર્તમાન પેપર વડોદરા આવૃતિનુ છે. તમામની કિંમત રૂા.૦૦/૦૦

ઉપરોકત વસ્તુઓ તથા પાર્ટસ વાળો વિસ્ફોટક બોમ્બ જે આછા લીલા કલરની પ્લાસ્ટિકની કોથળીમાં પેક કરેલ હોય જે પૈકી સ્થળ ઉપર હાજર સાયન્ટીફીક ઓફિસરનાંઓએ તપાસી એમોનીયમ નાઇટ્રેટ તથા લોખંડના છરાના નમૂના લેવા સુચના કરતાં તે પૈકી એમોનીયમ નાઇટ્રેટ કુલ–૫૦ ગ્રામ તથા લોખંડના છરામાંથી નંગ–૧૦ નમૂના તપાસ અર્થે કાઢી લઇ સદર નમૂના

તથા ઉપરોકત મુદ્દામાલ પંચનામાની વિગતે માર્ક આપી તપાસ અર્થે કબજે કરેલ છે.

આ દરમ્યાન વરાછા સરદાર પોલીસ ચોકીની પાછળ આવેલ ક્રાંતિ મેદાનમાં જીવતો બોમ્બ હોવાના સમાચાર મળેલ હોય બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડ તથા એફ.એસ.એલ. અધિકારીઓ તથા પંચો સાથે સદર સ્થળે જતાં ક્રાંતિ મેદાનની અંદર પૂર્વ દક્ષિણ ખુણે ઘાસમાં આછા લીલા કલરની પ્લાસ્ટિકની કોથળીમાં જીવતો બોમ્બ મળી આવેલ તે બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડ ડીફ્યુઝ કરતાં નીચે મુજબના પાર્ટસ છે.

(૧) પીળા કલરની સેલોટેપ વીંટાળેલ લાકડાની ફ્રેમ તથા બંને તરફ પતરાની પ્લેટવાળુ અર્ધચંદ્રાકાર બોક્ષ જેનું વજન કુલ –૩૬૨ ગ્રામ છે કિંમત રૂા.૦૦/૦૦

(૨) ઉપરોકત બોક્ષમાંથી નીકળેલ એક પ્લાસ્ટિકની પારદર્શક કોથળીમાં એમોનીયમ નાઇટ્રેટ જેમાં ફ્યુઅલ ઓઇલની હાજરી છે તે જેની પ્લાસ્ટિકની કોથળી સાથેનું વજન કુલ–૧ કિલો ૦૦૨ ગ્રામ છે.

(૩) ઉપરોકત બોક્ષમાંથી નીકળેલ પ્લાસ્ટિકની કોથળીમાં લોખંડના છરાઓ જેનું વજન કુલ–૧ કિલો ૧૮૨ ગ્રામ છે.

(૪) ઉપરોકત બોક્ષમાંથી નીકળેલ પેન્સિલ આકારના વાયર સાથેના ડીટોનેટર નંગ–૨ કિંમત રૂા.૦૦/૦૦

(૫) એક લાલ કલરની સેલોટેપ વીંટાળેલી બેટરી જે ખોલી જોતા કાળા તથા ગોલ્ડન કલરની લાલ કેપ વાળી "DURACELL" કંપનીની બેટરી છે જેની કિંમત રૂા.૦૦/૦૦

(૬) એક લાલ કલરની સેલોટેપ વીંટાળેલ ઇલેકટ્રોનિક સર્કીટ કિંમત રૂા. ૦૦/૦૦

(૭) આછા લીલા કલરની પ્લાસ્ટિકવાળી કોથળી તથા કાળા કલરની કોથળી તથા બોમ્બ વાળા બોક્ષમાં તા.૧૫/૬/૦૮ ના રોજનુ ગુજરાત સમાચાર દૈનિક પેપર વડોદરા આવૃતિ વાળુ છે જેની તમામની કિંમત રૂા.૦૦/૦૦

ઉપરોકત વસ્તુઓ એફ.એસ.એલ.અધિકારીએ તપાસી તે પૈકી એમોનીયમ નાઇટ્રેટ તથા લોખંડના છરાના નમૂના લેવા સુચના કરતાં એમોનીયમ નાઇટ્રેટ કુલ–૫૦ ગ્રામ તથા લોખંડના છરા નંગ–૧૦ નમૂના માટે કાઢી લઇ સદર નમૂના તથા ઉપરોકત મુદ્દામાલ પંચનામાની વિગતે માર્ક આપી તપાસ અર્થે કબજે કરેલ છે.

આમ, ઉપરોકત જણાવેલ વરાછા અશ્વનીકુમાર રોડ ભવાની જેમ્સ સર્કલના ઉત્તરે આવેલ ડીવાઇડરમાં છોડવા અને ઘાસ વચ્ચે તથા ભવાની જેમ્સ સર્કલની પૂર્વ તરફ આવેલ ડીવાઇડરમાં છોડવા અને ઘાસ વચ્ચે તથા સરદાર પોલીસ ચોકીની પાછળ આવેલ ક્રાંતિ મેદાનમાં પૂર્વ દક્ષિણ ખુણે ઘાસમાં કોઇ અજાણ્યા ઇસમોએ સુરત શહેરની શાંતિ ડહોળવાના હેતુથી ભય અને આંતક ફેલાવવાના ઇરાદે જાહેર જનતાના જાનમાલને નુકસાન પહોંચાડવાના હેતુથી કાવતરૂ રચી સદર સ્થળોએ વિસ્ફોટકો હાથ બનાવટના જીવતા બોમ્બ મુકી ગુનો કરેલ હોઇ તેઓ વિરૂધ્ધ એક્ષપ્લોઝીવ એકટ કલમ ૫(એ) તથા એક્ષપ્લોઝીવ સબસ્ટેન્સીસ એકટ–૧૯૦૮ની કલમ–૪,૫ તથા ઇ.પી.કો. કલમ–૧૨૦ (બી), ૧૮૮ મુજબ કાયદેસર થવા ફરિયાદ છે.

બનાવ નં.૧૧

શહેર	બનાવનો વિસ્તાર અને સ્થળ	બનાવની તારીખ અને સમય	ગુનો નોંધાયેલ પોલીસ સ્ટેશન અને ગુના રજી.નં.	ફરિયાદ નોંધાવનાર	ફરિયાદમાં જણાવેલ આરોપી
૧	૨	૩	૪	૫	૬
સુરત	વરાછા બરોડા પ્રિસ્ટેજ પ્રેમ ગલીમાં શ્રીકિશન કોમ્પલેક્ષના પહેલા માળે	૩૦–૭–૦૮, કલાક ૧૩–૧૫ થી ૧૪–૧૫ દરમ્યાન	વરાછા સેકન્ડ ગુન્હા રજી. નંબર ૩૬૭/૦૮	બી.એમ. પટેલ, પોલીસ સબ ઇન્સ્પેકટર વરાછા	જાણવા મળેલ નથી

	રાધે ફેશન પાસે			પોલીસ સ્ટેશન, સુરત શહેર	

ફરિયાદની વિગત

ફરિયાદી બી.એમ.પટેલ, પોલીસ સબ ઇન્સ્પેકટર, વરાછા પોલીસ સ્ટેશન, સુરત શહેરની ફરિયાદની ટૂંકમાં હકીકત એવી છે કે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ અમદાવાદ શહેરમાં જુદી–જુદી જગ્યાઓએ થયેલ શ્રેણીબધ્ધ ધડાકાનાં અનુસંધાને ત્રણ દિવસ અગાઉથી વરાછા પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેવાસીઓ તથા દુકાનદારોને શંકાસ્પદ બિનવારસી ચીજવસ્તુઓ બાબતે તકેદારી રાખવા અને આવી કોઇ ચીજવસ્તુઓ મળી આવે તો પોલીસને જાણ કરવા અવાર નવાર મૌખિક સુચનાઓ આપવામાં આવેલ અને વરાછા પોલીસ સ્ટેશન વિસ્તારમાં તકેદારીના પગલારૂપે તા.૩૦–૭–૨૦૦૮ ના રોજ ફરિયાદી તથા પોલીસ કોન્સ્ટેબલ હરીભાઇ દતુભાઇ તથા પોલીસ કોન્સ્ટેબલ તુષાર રાજરામનાઓ સાથે લાભેશ્વર ચોકી વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ફરતા ફરતા કલાક ૧૦–૪૫ વાગ્યાના સુમારે વરાછા બરોડા પ્રિસ્ટેજ પ્રેમ ગલીમાં લોકોની ખુભ ભીડ જમાં થયેલી હોય ત્યાં તપાસ કરતાં પ્રેમગલીમાં શ્રી કિશન કોમ્પલેક્ષના પહેલા માળે રાધે ફેશન પાસે ડ્રેનેજના પ્લાસ્ટિકના પાઇપ અને દિવાલ વચ્ચે આછા લીલા કલરની કોથળીમાં કંઇક શંકાસ્પદ વસ્તુ જણાતા જે બાબતે પોલીસ ઇન્સ્પેકટર સાહેબને જાણ કરતાં તેઓ તથા એ.એસ.આઇ. રમણભાઇ ચીમનભાઇ, હેડ કોન્સ્ટેબલ મહંમદ હનિફ ઝહીર હુસેન, પોલીસ કોન્સ્ટેબલ અશોક મોતીરામ, પોલીસ કોન્સ્ટેબલ મનહર કરણસિંહ, પોલીસ કોન્સ્ટેબલ સુનીલ ઉત્તમભાઇનાઓ આવી જતાં પોલીસ ઇન્સ્પેકટર સાહેબે બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડ તથા એફ.એસ.એલ. અધિકારીને જાણ કરતાં તેઓએ સ્થળ ઉપર આવી તપાસ કરતાં સદર શંકાસ્પદ વસ્તુ વિસ્ફોટક હાથ બનાવટનો બોમ્બ હોય સદર બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડનાં માણસોએ સદર વિસ્ફોટક હાથ બનાવટનાં જીવતા

બોમ્બને ડીફ્યુઝ કરતાં સદર જગ્યાએ પોલીસના માણસો દ્વારા કોર્ડન કરી સદર ડીફ્યુઝ કરેલ બોમ્બમાંથી મળેલ વસ્તુ...

(૧) પીળા કલરની સેલોટેપ વીંટાળેલ લાકડાની ફ્રેમ તથા બંને તરફથી પતરાની પ્લેટવાળુ અર્ધચંદ્રાકાર બોક્ષ જેનું વજન ૩૪૦ ગ્રામ છે કિંમત રૂા.૦૦/૦૦

(૨) ઉપરોકત બોક્ષમાંથી નીકળેલ એક પ્લાસ્ટિકની પારદર્શક કોથળીમાં એમોનીયમ નાઇટ્રેટ જેમાં ફ્યુઅલ ઓઇલની હાજરી છે તે જેની પ્લાસ્ટિકની કોથળી સાથેનું વજન કુલ–૧ કિલો ૧૨૪ ગ્રામ છે.

(૩) ઉપરોકત બોક્ષમાંથી નીકળેલ પ્લાસ્ટિકની કોથળીમાં લોખંડના છરાઓ જેનું વજન કુલ–૧ કિલો ૧૭૨ ગ્રામ છે.

(૪) ઉપરોકત બોક્ષમાંથી નીકળેલ પેન્સિલ આકારના વાયર સાથેના ડીટોનેટર નંગ–૨ કિંમત રૂા.૦૦/૦૦

(૫) એક ભુરા કલરની સેલોટેપ વીટાળેલી બેટરી જે ખોલી જોતા કાળા તથા ગોલ્ડન કલરની લાલ કેપ વાળી "DURACELL" કંપનીની બેટરી છે જેની કિંમત રૂા.૦૦/૦૦

(૬) એક ભુરા કલરની સેલોટેપ વીંટાળેલ ઇલેકટ્રોનીક સર્કીટ કિંમત રૂા. ૦૦/૦૦

(૭) આછા લીલા કલરની પ્લાસ્ટિકની કોથળી તથા કાળા કલરની પ્લાસ્ટિકની કોથળી તથા લોખંડના તાર તથા ત્રણ સફેદ વાયરો તથા બે સફેદ વાયર અને એક લાલ વાયર તથા બેટરી અને સર્કીટની ઉપર વીટાળેલી હતી તે ભુરા રંગની સેલોટેપ તથા તા.૧૬/૭/૦૮નુ ગુજરાત સમાચાર દૈનિક પેપરની શતદલની પૂર્તિ છે તમામની કિંમત રૂા.૦૦/૦૦

ઉપરોકત વસ્તુઓ તથા પાર્ટસ પૈકી એમોનીયમ નાઇટ્રેટ તથા લોખંડના છરા પૈકી સ્થળ પર હાજર સાયન્ટીફીક ઓફિસર એન.ડી.પટેલનાઓએ એમોનીયમ નાઇટ્રેટ તથા લોખંડના છરાના નમૂના લેવા સુચના કરતા એમોનીયમ નાઇટ્રેટ માંથી કુલ–૫૦ ગ્રામ તથા લોખંડના છરામાંથી નંગ–૧૦ નમૂના અર્થે

કાઢી લઇ નમૂના તથા ઉપરોકત તમામ મુદ્દામાલ વિગતે પંચનામુ કરી પંચનામાની વિગતે માર્ક આપી તપાસ અર્થે કબજે કરેલ છે.

આમ ઉપરોકત જણાવેલ વરાછા પ્રિસ્ટેજ પ્રેમગલીમાં શ્રી કિશન કોમ્પલેક્ષના પહેલા માળે રાધે ફેશન પાસે ડ્રેનેજના પ્લાસ્ટિકના પાઇપ અને દિવાલ વચ્ચે કોઇ અજાણ્યા ઇસમોએ સુરત શહેરની શાંતિ ડહોળવાના હેતુથી ભય અને આંતક ફેલાવવાના ઇરાદ્દે જાહેર જનતાના જાનમાલને નુકસાન પહોંચાડવાના હેતુથી કાવતરૂ રચી સદર સ્થળોએ વિસ્ફોટકો હાથ બનાવટના જીવતા બોમ્બ મુકી ગુનો કરેલ હોય તેઓ વિરૂધ્ધ એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ–૫(એ) તથા એક્ષપ્લોઝીવ સબસ્ટેન્સીસ એકટ–૧૯૦૮ની કલમ–૪,૫ તથા ઇ.પી.કો. કલમ–૧૨૦(બી), ૧૮૮ મુજબ કાયદેસર થવા ફરિયાદ છે.

બનાવ નં.૧૨

શહેર	બનાવનો વિસ્તાર અને સ્થળ	બનાવની તારીખ અને સમય	ગુનો નોંધાયેલ પોલીસ સ્ટેશન અને ગુના રજી.નં.	ફરિયાદ નોંધાવનાર	ફરિયાદમાં જણાવેલ આરોપી
૧	૨	૩	૪	૫	૬
સુરત	નાના વરાછા મહારાણા પ્રતાપ ઉધાનમાં આવેલ તરણ કુંડના ગેટ પાસેના ફુટપાથ પરના આંબાના ઝાડ ઉપર	૩૦–૭–૦૮, કલાક ૧૭–૪૦ પહેલાથી ૨૨–૩૫ દરમ્યાન	કાપોદ્રા સેકન્ડ ગુન્હા રજી. નંબર ૧૮૦/૦૮	એન.એમ. ડામોર, પોલીસ સબ ઇન્સ્પેકટર કાપોદ્રા પોલીસ સ્ટેશન, સુરત શહેર	જાણવા મળેલ નથી

ફરિયાદની વિગત

ફરિયાદી એન.એમ.ડામોર, પોલીસ સબ ઇન્સ્પેકટર, કાપોદ્રા પોલીસ સ્ટેશન, સુરત શહેરની ફરિયાદની ટૂંકમાં હકીકત એવી છે કે તાજેતરમાં સુરત શહેરમાં શ્રેણીબધ્ધ રોજબરોજ જીવંત વિસ્ફોટક હાથ બનાવટના બોમ્બ મળી આવતા હોય જે સબંધે કાયદો અને વ્યવસ્થા જળવાય તે હેતુસર તા.૩૦–૭–૨૦૦૮ ના રોજ નાના વરાછા પોલીસ ચોકી વિસ્તારમાં પોલીસ કોન્સ્ટેબલ શૈલેષ લક્ષ્મણભાઇ બકલ નં.૨૯૪૧ નાઓ સાથે પેટ્રોલીંગની ફરજમાં હતા દરમ્યાન કલાક ૧૭–૪૫ વાગ્યે પોલીસ સ્ટેશન અમલદાર શ્રી કરસનભાઇ નાડીયાભાઇએ ટેલીફોનથી જાણ કરેલ કે સુરત શહેર પોલીસ કન્ટ્રોલ રૂમમાંથી હેડ કોન્સ્ટેબલ દિનેશભાઇ એ ટેલીફોનથી વર્ધી લખાવેલ છે કે ખબર આપનાર તુલસીભાઇ સવાણી મોબાઇલ ફોન નં.૯૮૨૪૪ ૪૧૧૧૬ ઉપરથી જાણ કરેલ કે વરાછા ચોપાટીની બાજુમાં આવેલ તરણકુંડના ઝાડ ઉપર એક બોમ્બ લટકાવેલ છે વિગેરે મતલબની જાણ કરતાં ફરિયાદીએ તપાસ કરતા નાના વરાછા મહારાણા પ્રતાપ ઉધાનમાં આવેલ તરણકુંડના ગેટ પાસેના ફુટપાથ ઉપર આવેલ આંબાના ઝાડ ઉપર એક પોપટી કલરનુ બોક્ષ ઝાડના ડાળ સાથે બાંધેલ હોય જે બોમ્બ હોવાનુ શંકાસ્પદ લાગતા પોલીસ ઇન્સ્પેકટર સાહેબ તથા પોલીસ સબઇન્સ્પેકટરશ્રી એસ.કે.રોય તથા હેડ કોન્સ્ટેબલ રાજેન્દ્ર સુખદેવ બકલ નં.૨૧૮૨ તથા પોલીસ કોન્સ્ટેબલ દિપક કૃષ્ણાજી, પોલીસ કોન્સ્ટેબલ રિતેશ નારાયણ તથા સર્વેલન્સ સ્ટાફના હેડ કોન્સ્ટેબલ બિપીન જગન્નાથ, પોલીસ કોન્સ્ટેબલ સતિષ મનોહર, પોલીસ કોન્સ્ટેબલ વિક્રમસિંહ ચંદ્રસિંહ, પોલીસ કોન્સ્ટેબલ નરપતસિંહ છત્રસિંહ વિગેરે આવી ગયેલ અને બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડને જાણ કરતા બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડના અધિકારીશ્રી સુમનભાઇ વિ. ચૌધરીનાઓ તેમની ટીમના માણસો સાથે આવી ગયેલા અને તેઓએ આંબાના ઝાડની ઉપરથી જીવતા બોમ્બને નીચે ઉતારી સ્થળ ઉપર જ નિષ્ક્રીય કરેલ, સદર બોમ્બની સાધન સામગ્રી વિસ્ફોટક હોય લોકહિત જોખમાય નહીં તે હેતુસર પોલીસ સ્ટેશને લાવી સાયન્ટીફીક ઓફિસર શ્રી સી.સી.પટેલ તથા શ્રી વાય.

એસ.પટેલ તથા બે પંચોની હાજરીમાં નિષ્ક્રીય કરેલ, બોમ્બમાંથી મળી આવેલ વસ્તુ તથા પાર્ટસ જોતા નીચે મુજબની વસ્તુઓનુ પરીક્ષણ કરવામાં આવેલ છે.

(૧) એક લાકડાની અર્ધચંદ્રાકાર બોક્ષની એક સાઇડ ગેલ્વેનાઇઝના પતરા તથા બીજી સાઇડ પ્લાસ્ટિકના પુઠાનુ કવર લોખંડની ખીલીથી ફીટ કરેલ જેના ઉપર બ્લુ કલરની વન્ડર કંપનીના ઇન્સ્યુલેટીંગ ટેપ વિટાળેલ છે.

(૨) એક પારદર્શક પ્લાસ્ટિકની પારદર્શક કોથળીમાં ઓઇલ મિશ્રીત લોખંડના છરા આશરે ૧.૧૭૮ કિલોગ્રામ જેટલા છે.

(૩) એક પારદર્શક પ્લાસ્ટિકની પારદર્શક કોથળીમાં સફેદ ચીકણો પેસ્ટ (એમોનીયમ નાઇટ્રેટ) જેનુ વજન કુલ–૧.૦૫૦ કિલોગ્રામ છે.

(૪) એક ઇલેકટ્રીક સરકીટ (ડીવાઇસ અથવા ચીપ્સ) જેને બે લાલ, એક કાળો, એક સફેદ એમ ચાર વાયરો જોઇન્ટ છે જેની ઉપર અંગ્રેજીમાં PIC–16F–628A 1/p 082125 W લખેલ છે.

(૫) નંગ–૨ ડીટોનેટર સિલ્વર ધાતુની જેની કેપ ઉપર બે, બે સફેદ વાયરો જોઇન્ટ છે કેપ ઉપર RECL–6 અંગ્રેજીમાં લખેલ છે.

(૬) એક ડયુરોસીલ કંપનીની બેટરી સેલ ૯ વોલ્ટની જેની ઉપર અંગ્રેજીમાં RMSTSON નુ લખાણ કેપ લાલ કલરનુ છે તેના ઉપર લખેલ છે તથા બેટરીસેલ ઉપર ALKALINE MN 1604 MADE IN EC તેની બાજુમાં 9V–6LR 61 MAR 2012 અંગ્રેજીમાં લખેલ છે.

(૭) એક ગુજરાત સમાચાર તા.૧૧–૬–૨૦૦૮ ના દૈનિક વર્તમાન પેપરની શતદલની પૂર્તિ પાન નં.૧ થી ૧૨ સુધીની છે.

(૮) ત્રણ લોખંડના પાતળા તાર જેની લંબાઇ આશરે કુલ–૧૫ ઇંચ જેટલી છે તથા ત્રણ સફેદ નાના વાયરના ટુકડા તથા પોપટી કલરનુ પ્લાસ્ટિકનુ ફાટેલુ કાગળ તેના ઉપર સફેદ સેલોટેપ લગાડેલ છે તેમજ એક કાળા કલરની ફાટેલી કોથળી ઉપર લાલ, આછા પીળા કલરની ઇન્સ્યુલેટીંગ ટેપના ટુકડા ચોંડાડેલા છે.

ઉપરોકત સાધન સામગ્રીમાંથી નમૂના માટે અનુક્રમ નં.૧ ને એક સફેદ કાપડમાં સીવી લઇ માર્ક–એ૧, અનુક્રમ નં.૨માંથી ઓઇલ મિશ્રીત લોખંડના છરા નમૂના માટે કુલ–૫૦ ગ્રામ જેટલા એક પારદર્શક ડબ્બીમાં ભરી લઇ તેને માર્ક એ૨ તથા અનુક્રમ નં.૩ માંથી નમૂના માટે સફેદ ચીકણો પેસ્ટ (એમોનીયા નાઇટ્રેટ) ૫૦ ગ્રામ જેટલો એક પારદર્શક નાની ડબ્બીમાં ભરી લઇ માર્ક–એ૩ તથા અનુક્રમ નં.૪ ઇલેકટ્રોનીક સરકીટ (જંકશન કેપ સાથે) એક પારદર્શક નાની ડબ્બીમાં ભરી લઇ માર્ક–એ૪, અનુક્રમ નં.૬ ડયુરોસીલ કંપનીની બેટરી કેપ તથા વાયર સહિત પારદર્શક નાની ડબ્બીમાં ભરી લઇ માર્ક–એ૬ પૃથક્કરણ માટે મોકલવા સારૂ પંચનામાની વિગતે સીલ કરી કબજે લીધેલ છે તથા અનુક્રમ નં.૫ મા જણાવેલ ડીટોનેટર નંગ–૨ એક પારદર્શક નાની ડબ્બીમાં મુકી ઢાંકણ બંધ કરી સાયન્ટીફીક ઓફિસરશ્રીનાઓની સુચના મુજબ ડીટોનેટર ડિફ્યુઝ કરાવવા તેમજ અનુક્રમ નં.૨,૩,૭ અને ૮ નો મુદ્દામાલ એક ખાખી પુઠ્ઠાના બોક્ષમાં મુકી પંચનામાની વિગતે તપાસ અર્થે કબજે કરેલ છે.

આમ કોઇ અજાણ્યા આરોપી/આરોપીઓએ સુરત શહેરની શાંતિને ડહોળવા સારૂ તથા જાહેર જનજીવનને હાની પહોંચાડવા તેમજ ભય ફેલાવવા સારૂ ગુનાહિત કાવતરૂ યોજી તે પાર પાડવા સારૂ નાના વરાછા મહારાણા પ્રતાપ ઉદ્યાનમાં આવેલ તરણકુંડના ગેટ પાસેના ફુટપાથ ઉપર આવેલ આંબાના ઝાડ ઉપર એક વિસ્ફોટક જીવત બોમ્બ મુકી લોકોની જાનમાલને નુકસાન થાય તે હેતુથી ગુનો કરેલ હોય તેઓ વિરૂધ્ધ એક્ષપ્લોઝીવ એકટ કલમ ૫(એ) તથા એક્ષપ્લોઝીવ સબસ્ટેન્સીસ એકટ–૧૯૦૮ ની કલમ–૪, ૫ તથા ઇ.પી.કો. કલમ–૧૨૦(બી), ૧૮૮ મુજબ કાયદેસર થવા ફરિયાદ છે.

<u>બનાવ નં.૧૩</u>

શહેર	બનાવનો વિસ્તાર અને સ્થળ	બનાવની તારીખ અને સમય	ગુનો નોંધાયેલ પોલીસ સ્ટેશન અને ગુના.	ફરિયાદ નોંધાવનાર	ફરિયાદમાં જણાવેલ આરોપી

			૨જી.નં.		
૧	૨	૩	૪	૫	૬
સુરત	હીરા બજાર, જદાખાડી, કામનાથ રોડ, શ્રીરામ નિવાસ મકાનની નીચે, જીનીયસ ઇન્સ્ટ્રુમેન્ટ નામની દુકાનના બોર્ડ પાછળ	૩૦-૭-૦૮, કલાક ૨૩-૦૦ પહેલાથી ૨૩-૪૫ દરમ્યાન	મહીધરપુરા સેકન્ડ ગુન્હા ૨જી. નંબર ૨૦૯/૦૮	એ.આર. દેસાઇ, પોલીસ ઇન્સ્પેકટર મહીધરપુરા પોલીસ સ્ટેશન, સુરત શહેર	જાણવા મળેલ નથી

ફરિયાદની વિગત

ફરિયાદી એ.આર.દેસાઇ, પોલીસ ઇન્સ્પેકટર, મહિધરપુરા પોલીસ સ્ટેશન, સુરત શહેરની ફરિયાદની ટૂંકમાં હકીકત એવી છે કે તા.૩૦-૭-૨૦૦૮ ના રોજ ફરિયાદી પોલીસ સ્ટેશનમાં હાજર હતા તે વખતે કલાક ૨૦-૩૫ વાગ્યે પી.એસ.ઓ. મધુકર યાદવ એ.એસ.આઇ. એ ફરિયાદીને જાણ કરેલ કે પોલીસ કન્ટ્રોલ રૂમમાંથી એ.એસ.આઇ. મંગાભાઇએ ટેલિફોનથી વર્ધી લખાવેલ કે મહિધરપુરા, જદાખાડીમાંથી દીપકભાઇ કે જેનો મોબાઇલ નંબર ૯૯૨૪૧-૪૪૯૫૪ નાંએ જણાવેલ છે કે જદાખાડી, અંબિકા ફરસાણની બાજુમાં એક શંકાસ્પદ પોટલા જેવું પડેલ છે અને ત્યાં લોકો ભેગા થયેલ છે તો પોલીસના માણસો મોકલી આપશો જેથી ફરિયાદી તથા હેડ કોન્સ્ટેબલ છનાભાઇ નારસીંહ, પોલીસ કોન્સ્ટેબલ વજુભાઇ છનાભાઇ, કુત્બુદ્દીન ગુલામ રસુલ તથા પોલીસ કોન્સ્ટેબલ સતીષ સોમાભાઇ નાઓ સાથે મહિધરપુરા વન જીપમાં રવાના થઇ જદાખાડીમાં આવતાં ત્યાં આગળ જીનીયસ ઇન્સ્ટ્રુમેન્ટ નામની વજન કાંટાની દુકાન પાસે લોકો ભેગા થયેલ હોઇ તેમનાથી જાણવા મળેલ કે "જીનીયસ ઇન્સ્ટ્રુમેન્ટ" દુકાનનાં બોર્ડની પાછળ કંઇક શંકાસ્પદ વસ્તુ છે જેથી ફરિયાદીએ સાથેનાં પોલીસ માણસોથી કોર્ડન કરી નિરીક્ષણ કરતાં લીલા કલરનું પાર્સલ

જોવા મળેલ જેથી બોમ્બ હોવાની શંકા જતાં બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડને જાણ કરતાં થોડીવારમાં તેઓ આવી જતાં "જીનીયસ ઇન્સ્ટ્રુમેન્ટ" નામની દુકાનનાં બોર્ડની પાછળ પડેલ શંકાસ્પદ વસ્તુ બતાવતાં તેઓએ સદર લીલા કલરનું પાર્સલ નીચે ઉતારી જોતાં તે વિસ્ફોટક હાથ બનાવટનો જીવતો બોમ્બ હોઇ તેઓએ જરૂરી સાધન સામગ્રીથી એ.એસ.આઇ. શ્રી સુમનભાઇ વનમાળીભાઇ નાંઓની ટીમે પંચોનાં બે માણસોની હાજરીમાં ડીફ્યુઝ કરવામાં આવેલ અને એફ.એસ.એલ સુરતનાં સાયન્ટીફીક ઓફિસર એન.ડી. પટેલનાંઓએ તથા બોમ્બ ડીસ્પોઝલ ટીમે તપાસી ખાતરી કરતાં ડીફ્યુઝ કરેલ બોમ્બમાંથી નીચે જણાવેલ વસ્તુઓ તથા પદાર્થ મળી આવેલ છે.

(૧) એક લાકડાની ફ્રેમવાળું અર્ધચંદ્રાકાર બોક્ષ જેની ઉપર નીચે બંને તરફ ગેલ્વેનાઇઝનું પતરૂ છે જે બોક્ષનાં સંપૂર્ણ ભાગે પીળા કલરની સેલોટેપ ચોંટાડેલ છે જેનાં ઉપર કાળા રંગની પ્લાસ્ટિકની કોથળી તથા તેના ઉપર લાલ તથા સફેદ રંગની સેલોટેપ ચોંટાડેલ છે.

(૨) ઉપરોક્ત બોક્ષમાંથી નીકળેલ એક સફેદ પ્લાસ્ટિકની પારદર્શક કોથળીમાં આછા પીળા રંગનો ચીકણો પદાર્થ એમોનીયમ નાઇટ્રેટ છે જે કોથળીમાં બે છીદ્ર છે જેનું વજન કુલ–૧.૦૧૨ કિ.ગ્રામ છે.

(૩) એક પ્લાસ્ટિકની પારદર્શક કોથળીમાં સપાટ, સમતોલ ગોઠવેલા ગ્રીસવાળા છરા જેનું વજન કુલ–૧.૧૯૪ કિ.ગ્રામ છે.

(૪) એક નાની કાળા તથા ગોલ્ડન કલરની "ડ્યુરોસેલ" કંપનીની બેટરી જેના પર અંગ્રેજીમાં Alkaline MN 1604 9V6LR61 MAR 2012 લખેલ છે. તથા અંગ્રેજીમાં Made in EC લખેલ છે.

(૫) બે સફેદ ધાતુના પેન્સિલ આકારનાં ડીટોનેટર નંગ–૨ જેની નોક પર RECL તથા તેના નીચેનાં ભાગે અંગ્રેજીમાં 6 લખેલ છે જેની ઉપરનાં ભાગે બે,બે સફેદ પાતળા વાયર છે.

(૬) એક ઇલેકટ્રોનિક સર્કીટ વાયરો સાથેની.

(૭) ગુજરાત સમાચાર પેપર તા. ૮ મે, ૦૮ ગુરૂવાર, વડોદરા જીલ્લાની વિશેષ આવૃતી પાના નંબર– ૧,૨,૩,૪,૭,૮,૯,૧૦ તથા તા.૧૩ મે–૦૮ નું ગુજરાત સમાચારની સહિયર પૂર્તિવાળું પેપર પાના નં.–૩,૪,૧૩,૧૪ છે.

(૮) એક પોપટી (લીલા) કલરની ફાટેલ પ્લાસ્ટીકની કોથળી જેની પર સફેદ સેલોટેપ વીંટાળેલ છે.

ઉપરોકત વસ્તુ, પદાર્થ તથા પાર્ટસમાંથી એફ .એસ.એલનાં સાયન્ટીફીક ઓફિસરની સુચનાં મુજબ કોથળીમાંના એમોનિયમ નાઈટ્રેટમાંથી કુલ–૫૦ ગ્રામ જેટલો એમોનિયમ નાઈટ્રેટ પ્લાસ્ટિકની ડબ્બીમાં કાઢી લઇ તથા પારદર્શક કોથળીમાંના છરામાંથી નમૂના માટે કુલ–૧૦ નંગ છરા એક પ્લાસ્ટીકની ડબ્બીમાં કાઢી લઇ આ બંને નમૂનાની ડબ્બીઓ તથા મળી આવેલ વસ્તુઓ તથા પાર્ટસ, પદાર્થ અલગ–અલગ પંચનામાની વિગતે સીલ કરી તપાસ અર્થે કબજે કરેલ છે.

આમ ઉપરોકત જણાવેલ હીરાબજાર, જદાખાડી, કામનાથ રોડ, શ્રીરામ નિવાસ મકાનની "જીનીયસ ઇન્સ્ટ્રુમેન્ટ" નામની દુકાનના બોર્ડની પાછળ કોઇ ઇસમોએ સુરત શહેરની શાંતી ડહોળવાનાં હેતુથી તેમજ ભય અને આતંક ફેલાવવા તથા જનતાનાં જાનમાલને નુકસાન પહોંચાડવાના હેતુથી કાવતરૂ રચી ઉપરોકત મળી આવેલ વિસ્ફોટક હાથ બનાવટનો જીવતો બોમ્બ મુકી ગુનો કરેલ હોઇ તેઓ વિરૂધ્ધ એક્ષપ્લોઝીવ એકટ કલમ–૫(એ) તથા એક્ષપ્લોઝીવ સબસ્ટન્સીસ એકટ–૧૯૦૮ની કલમ–૪, ૫ તથા ઇ.પી.કો. કલમ–૧૨૦(બી), ૧૮૮ મુજબ કાયદેસર થવા ફરિયાદ છે.

બનાવ નં.૧૪

શહેર	બનાવનો વિસ્તાર અને સ્થળ	બનાવની તારીખ અને સમય	ગુનો નોંધાયેલ પોલીસ સ્ટેશન અને ગુના રજી.નં.	ફરિયાદ નોંધાવનાર	ફરિયાદમાં જણાવેલ આરોપી
૧	૨	૩	૪	૫	૬

સુરત	ચોપાટી ગાર્ડન આગળ, સીટી બસ સ્ટોપમાં આવેલ એડર્વટાઇઝીંગ ના હોર્ડીંગમાંથી અઠવા લાઇન્સ,સુરત	૩–૮–૦૮, કલાક ૧૨–૫૦ થી ૧૮–૦૦ દરમ્યાન	ઉમરા સેકન્ડ ગુન્હા રજી. નંબર ૬૫૧/૦૮	આર.એસ. પટેલ, પોલીસ ઇન્સ્પેકટર ઉમરા પોલીસ સ્ટેશન, સુરત શહેર	જાણવા મળેલ નથી

ફરિયાદની વિગત

ફરિયાદી આર.એસ.પટેલ, પોલીસ ઇન્સ્પેકટર, ઉમરા પોલીસ સ્ટેશન, સુરત શહેરની ફરિયાદની ટૂંકમાં હકીકત એવી છે કે તા.૩–૮–૨૦૦૮ ના રોજ ફરિયાદી ઉમરા પોલીસ સ્ટેશનમાં હાજર હતા તે વખતે મહેરબાન મદદનીશ પોલીસ કમિશનર સાહેબશ્રી ટ્રાફિક, સુરત શહેરનાંઓનો ટેલિફોન આવેલ કે ચોપાટી આગળ રોડ ઉપર આવેલા બસ સ્ટેન્ડમાં હોર્ડીંગ કાઢતાં તેમાંથી એક બોમ્બ જોવામાં આવેલો છે આ માહિતી આર્મ પોલીસ કોન્સ્ટેબલ બહાદુરભાઇ રામાભાઇ વસાવા બકલ નં.એ/૪૬૦ નાંઓ લાવેલા છે આથી સત્વરે આવી તપાસ કરવા જણાવેલ આ વખતે કલાક–૧૨/૫૦ વાગ્યા હોઇ ફરિયાદી પોલીસ સ્ટેશનમાં હાજર પોલીસ સબઇન્સ્પેકટર આર.આર.ભગોરા તથા સર્વેલન્સ સ્ટાફનાં માણસો સાથે ચોપાટી આગળ જતાં ત્યાં એમ.ટી.બી. કૉલેજના મેઇન ગેટના સામે આવેલ સીટી બસ સ્ટોપ આગળ જઇ તપાસ કરતાં બસ સ્ટોપમાં આવેલા એડર્વટાઇઝીંગ બોર્ડના વચ્ચેનાં એંગલ પાસે પ્લાસ્ટિકની લીલા આછા જેવા રંગની કોથળીમાં બોમ્બ જણાતાં તુરંત જ ફરિયાદીએ બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડ તથા સાયન્ટિફીક ઓફિસરશ્રી એફ.એસ.એલ. સુરતનાંઓને સ્થળ ઉપર તાત્કાલિક મોકલી આપવા કંટ્રોલ રૂમને જાણ કરી તથા આ અંગે જાહેર જનતાને કોઇ નુકસાન ન થાય તે અંગેનાં પગલાં લઇ તકેદારી રાખવામાં આવેલ અને બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડનાં એ.એસ.આઇ. એસ.વી.ચૌધરી તથા એ.એસ.આઇ. એમ.બી. ભોયા, હેડ કોન્સ્ટેબલ અજય મકવાણા, પોલીસ

કોન્સ્ટેબલ જેસીંગ પટેલ તથા પોલીસ કોન્સ્ટેબલ યોગેશ સામુદ્રેનાંઓની ટીમ તથા સાયન્ટીફીક ઓફિસર શ્રી એન.ડી.પટેલ નાંઓ આવી જતાં સદર બોમ્બને જાહેર જનતાની સલામતી અને જાનમાલનું નુકસાન ન થાય તે માટે બસ સ્ટોપના એડર્વટાઇઝીંગના હોર્ડીંગમાંથી બોમ્બને બી.ડી.એસ. ટીમે ખૂબ જ કાળજીપૂર્વક કાઢી લઇ તેને ડીસ્પોઝ કરવા સારૂ ત્યાં બસ સ્ટોપના પાછળનાં ભાગમાં આવેલ ચોપાટી બાગની ખુલ્લી જગ્યામાં લઇ જવામાં આવ્યો અને બે પંચોની રૂબરૂમાં બોમ્બ ડીફ્યુઝ કરવામાં આવ્યો.

જેમાં અર્ધ ચંદ્રાકારના ડબ્બા જેવા સાધનને ગેલ્વેનાઇઝનાં પાતળા તારથી બોર્ડમાં બાંધેલો હતો બોમ્બના ઉપર આછા લીલા રંગની પ્લાસ્ટીકની કોથળી છે તે ફાડીને કાઢી નાંખી તેના (બોમ્બના) એક તરફ જોતાં લાકડામાં બે કાણા છે તેમાંથી બે અલગ–અલગ ડીટોનેટરનાં વાયરો બહાર છે બોમ્બનાં અર્ધચંદ્રાકારમાં સેલોટેપથી ડ્યુરોસેલ ૯ વોલ્ટની બેટરી વાયર કેપ સહિતની ચોંટાડવામાં આવેલ છે તેના નજીકમાં સેલોટેપથી માઇક્રોચીપ આઇ.સી.વાયર સહિતની ફીટ કરવામાં આવેલ છે તેનાં વાયર બેટરી તથા ડીટોનેટર સાથે જોડાયેલા હતા જે વાયરને બી.ડી.એસ. ટીમના માણસોએ ડીફ્યુઝ કરી બેટરી તથા માઇક્રોચીપને અલગ કરી નાંખી સેલોટેપને કાપીને ખેંચી કાઢી ખોલતા તેમાં અંદરના ભાગે ગેલ્વેનાઇઝ પતરાથી ખીલીઓ વડે ફીટ કરેલ જણાતાં તે અંદરના વળાંકવાળા પતરાને ખોલતાં તેમાં અંદરના ભાગે પ્લાસ્ટિકની કોથળીમાં ફ્યુઅલ ઓઇલ મિશ્રિત લોખંડના છરાઓ ભરેલા છે તેના નીચેના ભાગે ન્યૂઝપેપરના અંદર પ્લાસ્ટિકની પારદર્શક કોથળીમાં આછા પીળા રંગની જેલી જેવો ચીકણો પદાર્થ હતો જેમાં જીવતા બે અલગ–અલગ ડીટોનેટર વાયર સહિતના રાખવામાં આવેલા છે તેના છેડા લાકડાની ફ્રેમમાં કરવામાં આવેલા કાણામાંથી ઉપર બેટરી તથા માઇક્રોચીપના વાયર સાથે જોડવામાં આવેલ હતા ન્યૂઝપેપરમાં જોતાં ગુજરાત સમાચાર તા.૨૫/૦૫/૨૦૦૮ નું છે જે વડોદરાની આવૃતિ છે સદર બોમ્બ એન્ફો હાથ બનાવટનો જીવતો બોમ્બ હોવાનું સાયન્ટીફીક ઓફિસરશ્રીએ જણાવેલ છે. બોમ્બમાંથી મળેલ સાધન સામગ્રી નીચે મુજબની છે.

(૧) આછા લીલા રંગની પ્લાસ્ટિકની કોથળીમાં પેકીંગ જેને પંચનામાની વિગતે એક પારદર્શક નાની ડબ્બીમાં સીલ કરવામાં આવેલ છે.

(૨) અર્ધચંદ્રાકાર વુડન ફ્રેમ જેની લંબાઇ ૩૦×૧૬ સે.મી. પહોળાઇ છે તેના અર્ધગોળાકાર ભાગનું પતરૂ જે ખીલીઓથી ઉખાડી નાંખવામાં આવેલ છે તથા એક તરફનો ભાગ જે ખીલીઓથી ફીટ કરેલો છે તેના ઉપર લાલ રંગની સેલોટેપ પણ ચોંટેલી છે તથા કાળા રંગની સેલોટેપ ચોંટેલી છે જેને પંચનામાની વિગતે સફેદ રંગના કપડામાં સીવી સીલબંધ કરવામાં આવેલ છે.

(૩) પ્લાસ્ટિકની પારદર્શક કોથળીમાં ફ્યુઅલ ઓઇલ મિશ્રિત છરાઓ જેનું વજન કોથળી સાથે કરી જોતાં કુલ–૧ કિલો ૨૦૦ ગ્રામ છે તેમાંથી નમૂના માટે થોડા છરા કાઢી પ્લાસ્ટિકની પારદર્શક નાની ડબ્બીમાં મુકી તથા બાકીના છરા કોથળી સહિતના એક પારદર્શક પ્લાસ્ટિકનાં ડબ્બામાં મુકી તેને પંચનામાની વિગતે સીલબંધ કરવામાં આવેલ છે.

(૪) આછા પીળા રંગનો જેલી જેવો ચીકણો પદાર્થ એક પ્લાસ્ટિકની કોથળીમાં હોઇ જેને હાજર સાયન્ટીફીક ઓફિસરે એમોનીયમ નાઇટ્રેટ હોવાનું જણાવી તેમાં ઓઇલની હાજરી છે તેમ જણાવેલ છે જેનું કોથળી સાથે વજન કરતાં કુલ–૧ કિલો ૦૨૬ ગ્રામ છે તેમાંથી આશરે કુલ–૫૦ ગ્રામ જેટલું નમૂના માટે એક નાની પારદર્શક ડબ્બીમાં મુકી તથા બાકીનો પદાર્થ કોથળીમાં રાખી તેને એક પારદર્શક પ્લાસ્ટિકના ડબ્બામાં મુકી પંચનામાની વિગતે સીલબંધ કરવામાં આવેલ છે.

(૫) વાયર સહિતના ધાતુની બનાવટના ડીટોનેટર નંગ– ૦૨ RECL જે જીવતા છે જે અલગ–અલગ નાની પારદર્શક ડબ્બીમાં મુકી પંચનામાની વિગતે સીલબંધ કરવામાં આવેલ છે.

(૬) ઇલેકટ્રોનિક સર્કીટ (માઇક્રોચીપ) જેમાં સફેદ, લાલ તથા કાળા રંગના ત્રણ વાયરો છે તે, જે સર્કીટને એક નાની પારદર્શક પ્લાસ્ટિકની ડબ્બીમાં મુકી તેને પંચનામાની વિગતે સીલબંધ કરવામાં આવેલ છે.

(૭) ડયુરોસેલ કંપનીની કુલ–૯ વોલ્ટની બેટરી જેના ઉપર અંગ્રેજીમાં મેઇડ ઇન ઇસી વિગેરે છાપેલું છે જે પ્લાસ્ટીકની કેપ તથા વાયર સહિતની જે એક નાની પારદર્શક ડબ્બીમાં મુકી પંચનામાની વિગતે સીલ કરવામાં આવેલ છે.

(૮) "ગુજરાત સમાચાર" ન્યૂઝ પેપર જે તા.૨૫/૦૫/૨૦૦૮ વડોદરાની આવૃતી છે જે પેપરમાં ડીટોનેટરનાં વાયરો કાઢવા માટેનાં બે કાણા છે જે પેપરને સફેદ રંગની કાપડની થેલીમાં મુકી પંચનામાની વિગતે સીલ કરવામાં આવેલ છે.

(૯) બોમ્બ ઉપર વીંટાળેલી કાળા તથા લાલ તથા સફેદ રંગની સેલોટેપ તથા કાળા રંગની પોલીથીન કોથળી છે જે નાની પારદર્શક ડબ્બીમાં પંચનામાની વિગતે સીલ કરેલ છે તે.

(૧૦)બોમ્બ હોર્ડીંગમાં બાંધવાના ઉપયોગમાં લીધેલ ગેલ્વેનાઇઝના વાયરના ટુકડા નંગ– ૦૪ જેનું માપ જોતાં (૧) ૪૮ ઇંચ (૨) ૩૧ ઇંચ (૩) ૧૭ ઇંચ તથા (૪) ૧૬ ઇંચ છે જેને એક પારદર્શક નાની ડબ્બીમાં મુકી પંચનામાની વિગતે સીલ કરવામાં આવેલ છે.

ઉપરોકત તમામ મુદ્દામાલ પાર્સલની ઉપર અંગ્રેજીમાં અલગ–અલગ માર્કા આપી કિંમત રૂા.૦૦–૦૦ ગણી તપાસનાં કામે કબજે લઇ કલાક ૧૩–૧૫ થી ૧૬–૩૦ સુધી વિગતવાર પંચનામું કરવામાં આવેલ છે.

આમ, કોઇ અજાણ્યા આરોપીએ સુરત શહેરની શાંતીને ડહોળવા સારૂ એનફો હાથ બનાવટનો જીવતો બોમ્બ બનાવી જાહેર જનજીવનને હાનિ પહોંચાડવા તથા ભય ફેલાવવા સારૂ ગુનાહિત કાવતરૂ યોજી તે પાર પાડવા સારૂ જીવતા બોમ્બને તા.૦૩–૦૮–૨૦૦૮ નાં રોજ કલાક ૧૨–૫૦ પહેલાં હર કોઇ વખતે ચોપાટી ગાર્ડનના આગળ આવેલ સીટી બસ સ્ટોપનાં એડર્વટાઇઝીંગના

હોર્ડીંગમાં લોકોના જાનમાલનું નુકસાન થાય તે હેતુથી મુકી ગુનો કરેલ હોઇ તેના વિરૂધ્ધ ધોરણસર થવા ફરિયાદ છે.

બનાવ નં.૧૫

શહેર	બનાવનો વિસ્તાર અને સ્થળ	બનાવની તારીખ અને સમય	ગુનો નોંધાયેલ પોલીસ સ્ટેશન અને ગુના રજી.નં.	ફરિયાદ નોંધાવનાર	ફરિયાદમાં જણાવેલ આરોપી
૧	૨	૩	૪	૫	૬
સુરત	કતારગામ અમરોલી પુલના દક્ષિણ તરફના છેડે રોડની પશ્ચિમ સાઇડમાં	તા.૯-૮-૨૦૦૮, કલાક ૧૬-૪૫ પહેલાથી ૨૦-૦૫ દરમ્યાન	કતારગામ સેકન્ડ ગુન્હા રજી. નંબર ૨૦૮/૦૮	વી.જી. પટેલ, પોલીસ ઇન્સ્પેકટર કતારગામ પોલીસ સ્ટેશન, સુરત શહેર	જાણવા મળેલ નથી

ફરિયાદની વિગત

ફરિયાદી વી.જી.પટેલ, પોલીસ ઇન્સ્પેકટર, કતારગામ પોલીસ સ્ટેશન, સુરત શહેરની ફરિયાદની ટૂંકમાં હકીકત એવી છે કે તા.૯-૮-૨૦૦૮ ના રોજ ફરિયાદી પોલીસ સ્ટેશનમાં હાજર હતા દરમ્યાન કલાક ૧૬-૪૬ વાગ્યાનાં સુમારે પોલીસ કંટ્રોલ રૂમથી વર્ધી મળેલ કે અમરોલી લંકાવિજય હનુમાન મંદીર પાસે બોમ્બ જેવી કોઇ વસ્તુ પડેલ છે તે વર્ધીનાં આધારે ફરિયાદી તથા પોલીસ સબઇન્સ્પેકટર એમ.બી.પરમાર તથા હેડ કોન્સ્ટેબલ સુરેન્દ્રસિંહ ઉમંગસિંહ તથા પોલીસ કોન્સ્ટેબલ મેજર બાલુ, પોલીસ કોન્સ્ટેબલ ઘનશ્યામ રમણ, પોલીસ કોન્સ્ટેબલ મો.સિદ્દીક ગુલામ મોહંમદ, પોલીસ કોન્સ્ટેબલ સલીમ હબીબ, પોલીસ કોન્સ્ટેબલ નૃપેન્દ્રસિંહ ગંભીરસિંહ, પોલીસ કોન્સ્ટેબલ ધીરજ જેરામનાંઓ સાથે સરકારી તથા ખાનગી વાહનોમાં પોલીસ સ્ટેશનથી રવાના થઇ વર્ધીવાળી જગ્યાએ અમરોલી પુલના દક્ષિણ છેડે રોડનાં પશ્ચિમ

સાઇડમાં પહોંચતા ભેગા થયેલા લોકોનાં ટોળાને દુર કરાવી સદર જગ્યાએ તપાસ કરતાં રોડની સાઇડમાં લાલ કલરની સેલોટેપ મારેલ અર્ધચંદ્રાકારનાં આકારનું ડબ્બા જેવું પેકીંગ કરેલ અને અગાઉ મળી આવેલ આવેલ બોમ્બ જેવા આકારનું બોક્ષ પડેલ હતું તેની બાજુમાં પોપટી કલરની પ્લાસ્ટિકની કોથળીઓ પડેલ હતી જેથી ફરિયાદીએ આ બાબતે બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડનાં ઇન્ચાર્જ સુમનભાઇ ચૌધરી તેમનાં સ્કવોર્ડ સાથે સ્થળ ઉપર આવતાં તેઓએ અર્ધચંદ્રાકાર જેવા આકારની શંકાસ્પદ વસ્તુ બાબતે ખાતરી કરી સદર શંકાસ્પદ વસ્તુ બોમ્બ હોઇ તેઓએ તેમની સ્કવોર્ડનાં માણસોથી સદર બોમ્બ ડીફ્યુઝ કરી જેમાંથી નીકળેલ સાધન સામગ્રી અલગ કરતાં આ વખતે એફ.એસ.એલ.ના અધિકારી એન.ડી. પટેલનાંઓ સ્થળ ઉપર આવી ગયેલ અને નજીકમાંથી બે પંચોનાં માણસો બોલાવી પંચોની હાજરીમાં સદર બોમ્બની સાધન સામગ્રીની એફ.એસ.એલ. અધિકારીએ તપાસણી કરતાં નીચે મુજબ છે.

(૧) એક અર્ધચંદ્રાકાર લાકડાની ફ્રેમનું સ્ટ્રકચર જેનાં ઉપર લાલ કલરની સેલોટેપ વીંટાળેલ છે જે બોક્ષનાં નીચેનાં ભાગે ગેલ્વેનાઇઝનું પતરૂ તથા ઉપરનાં ભાગે રેકઝીન ફીટ કરેલ છે.

(૨) એક ડયુરોસેલ માર્કાની ૯ વોલ્ટની કેપ સાથેની બેટરી

(૩) એક ઇલેકટ્રોનિક સર્કીટ વાયરનાં છેડા સહિત

(૪) બે નંગ ડીટોનેટર વાયર સાથેનાં (RECL માર્કાનાં)

(૫) એક પ્લાસ્ટિકની પારદર્શક કોથળીમાં આછા પીળા રંગનો જેલી જેવો ચીકણો પદાર્થ (એમોનિયમ નાઇટ્રેટ) ૦.૯૮૦ ગ્રામ.

" I am an academic person since my school days. I have done graduation in literature from the fully private school by the name "The Islamic School". After that I was a successful teacher in "Iqra Islamic School" at Bharuch. On 27 Dec. 2001. I went to Surat to attend the education program under the name of "All India Minority Education Board" which is registered legally. Unfortunately, the Surat police falsely arrested all the 123 participants of the programme along with me alleging it the SIMI meeting from the public place Rajshree Hall in the broad day light. The Hon'ble High Court of Gujarat granted me the bail on 9th Oct. 2002 on the condition to attend the local police station (Dariyapur) every fortnightly. I dutifully abided with that condition. Apart from that, whenever and wherever I was called by any agency such as DCB Ahmedabad, SOG, ATS etc. or local police station to record my statement I had always answered positively and co–operated with the agency.

In the year 2008, I was living peacefully with my family (wife and three children aged between 2 to 5 years), doing cotton yarn business and full time service at

"Aegis Call Center" opposite Gujarat College, Ahmedabad as an executive. On 26th July, 2006, the serial blast occurred in Ahmedabad which turned all of the sudden my peaceful world upside down. As per routine on 29th July 2009, I was called at Dariyapur police station but this time I was booked falsely under Cr. P. C. 151. There I spent one night in its lockup. Next day I was released on the bail. On 30/07/2008 I was called at DCB Ahmedabad. I went there. The police let me go after recording my statement. Thereafter on 02/08/2008, I was informed on my brother's number 9377337989 to come to DCB Ahmedabad. Again I went there willingly. This time too, they let me go recording my statement.

Thereafter on 8th Aug. 2008, I was again informed on my younger brothers mobile no. 9377337989 to record my statement at DCB Ahmedabad. I had nothing to fear because I was innocent, so again I went there, this time I was detained illegally there till 15th Aug. 2008. During this period I was brutally and mercilessly tortured physically and mentally. On 16th Aug. 2008 I was falsely arrested in the Ahmedabad serial blast case. I was sent on 14 day police custody where I was forced to confess my involvement in the blast which I denied vehemently, resulting in more and worst kind of mental & physical torture. I was beaten black and blue from nape to toe, subjected to 3 to 4 sleepless nights continually, etc. I was

also forced to sign on some blank and written pages which i totally disown them. Alas I broke down and pleaded my tormentors to conduct on me narco test, polygraphic test, brain mapping test, lie–detector test etc. or whatever test to extract the truth from me. But they turned down my request because deep down they knew very well that I am innocent and I have nothing to do with the blast. There were 20 cases of Ahmedabad Serial Blast and 15 cases of Surat plantation infront of me. Every time at the end of any case's police custody, I was threatened not to complain about the torture to the hon'ble court. I was scared then and am scared so much so that even today after almost 12 long years, while writing these facts I am not able to gather the courage to mention the name of the officers who had severely tortured me. My wife had filed an affidavit in this regard on 15–09–2008 at the court no. 11 of Metro Politen Magistrate. I too had send my retraction copy to the same court on 07–02–2009 from Sabarmati Central Prison mentioning briefly about the facts of my illegal detention, false arrest and the torture done on me.

Anne Frank, the young victim of the Holocaust had written in her diary "In spite of everything, I still believe that the people are really good at heart." I too had experienced the same thing. It was around mid September 2009 in our holy month of Ramzan when suddenly the behavior of the DCB officers was changed towards me. One

night a junior officer called me in his cabin and sincerely apologized me for falsely implicating me in the Ahmedabad Serial Blast Case. He said me: “We were under immense pressure to solve the case and to arrest the culprits. To err is human to forgive is divine." I was very much touched by true confession. My eyes welled up.. tear rolled down my cheeks and I replied him hoarsely," Sir, your senior officers had not heeded to my constant pleas & cries of my innocence. They have ruined mine, my poor wife’s and my innocent children’s lives.” Similarly, in Nov. 2008 during my police custody on the occasion of The Hindu new year, one senior DCB officer called me to his cabin, warmly greeted me, offered me the sweets and sympathetically proposed me to turn approver so that I could be released, because he knew very well I am innocent. I kindly declined his proposal saying: “How could I become the witness of such heinous crime like the blasts which I have not imagined to commit even in the wildest of my dream.” To this he told me: “It is your choice, so you have to wait at least for 5 years till the trial of this case get concluded or else you apply for the bail after some time if you are lucky, you will secure it.”

Neither I was taken anywhere during my police custody for a panchnama nor I knew anything about the detail written in the panchnama against me. I never possessed any mobile phone. The only documents my wife

was told to submit by the DCB officers were the photocopies of my ration card, light bill and passport which she did.

As far as P.W. 1141 Ayaz Razakmiya Saiyed is concerned, he has taken my name in his deposition only out of sheer personal enmity and jealousy which he nurtured towards me since our police custody. For example, on the night of 26-11-2008 the DCB officers had instructed us to submit whatever amount we possessed for tea etc. to the DCB personnel. I and Ayaz were kept together in the same room at DCB office. I submitted my all money to them. After a while they frisked us and found money in Ayaz's possession. The officer was so enraged by this that he slapped him hard twice-thrice scolding and abusing him and at the same time praising me for following the instruction. During our eleven years stay in Sabarmati Prison, most of the period we were lodged in the same barrack either at chota chakkar, 200 kholi or high security Anda cell. We got acquainted with each other and shared our family and educational background. Then he came to know about my command on English knowledge and having some what knowledge of Quranic Arabic. We used to play carom board, volley ball etc. together and also participated in the Gandhi Vichar Exam organized by Navjivan Trust. I used to beat him in every field either sports or academic competition, which increased his

jealousy towards me. We both were from different sects of Islam. He was Sunni–Barielvy, who believe in Fateha and Dargah while I am Sunni– non barielvy, who does not believe in it. These differences further increased his hatred and enmity towards me. Time and again he used to get enraged on the pity issues. Our last stay together was at high security Anda Cell from 6th Aug. 2017 to 30th Dec. 2018 from where he was shifted alone to Ashok Vatika/Bai–yard. On Nov. 2018 on the occasion of Eid–Miladun–Nabi he offered me some sweets of Fateha which I kindly declined. This led to a big verbal quarrel between us during which he threatened me in these words: " (એસી મુઢ માર મારૂગાં કે દર્દ તો હોગા લેકિન જખમ દિખાઇ નહિ દેગા.) " Just before this on 15 Sept. 2018, we both were called for the prize distribution function of Gandhi Vichar Exam where I was declared 1st winner for the 3rd consecutive year while he did not get anything. He was so upset to this, that neither he greeted nor congratulated me and straight went to his cell fuming. I have read somewhere "The hidden venom is the most dangerous one." This proverb perfectly depicts his personality & nature. Whatever he has said in his deposition about me is totally false, untrue and fabricated & added in such a way so it could corroborate P. W. 957 Zakir's deposition which too was tutored by DCB officers. He vented out his prolong hatred, enmity and jealousy

towards me through his false and exaggerated deposition to make true the threats which he made to me earlier.

Moreover, I am innocent.And I had not done any offence as alleged in this case. I had not participated in any so–called meeting or delivered any speech. Also I had not participated in any so–called conspirecy. I don't know Arabic language.

I am from the respected family and deeply associated with the society. My family consist of 4 children aged between 11 to 17 years and a wife who are fully dependent on me. I hope that the hon'ble judge will consider all the facts while pronouncing the verdict. "

વધુમાં આરોપીએ પોલીસ ઇન્સ્પેકટર દરિયાપુર પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેર દ્વારા આર.ટી.આઇ. અન્વયે આપેલ માહિતીની નકલ, શાહીબાગ પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુન્હા રજી.નં.૨૩૬/૨૦૦૮ ના કામે આરોપીને એરેસ્ટ કર્યા અંગેના મેમાની નકલ, આરોપીની પત્નિએ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧, અમદાવાદ સમક્ષ તા.૧૫–૯–૨૦૦૮ ના રોજ કરેલ એફિડેવિટની નકલ રજૂ કરેલ છે.

આરોપીએ રજૂ કરેલ દસ્તાવજોને બચાવપક્ષના પુરાવા દરમ્યાન આંક આપવામાં આવેલ છે જેની ચર્ચા આરોપી દીઠ ફરિયાદપક્ષે રજૂ કરેલા પુરાવાના મૂલ્યાંકનના પેરામાં કરવામાં આવેલી છે. સદર આરોપીના વિશેષ નિવેદન સાથે રાખવામાં આવેલા છે.

(૫) આરોપી નં.૫ ગ્યાસુદ્દીન અબ્દુલસલીમ અંસારીએ પોતાના ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને વિશેષમાં જણાવેલ છે કે રીમાન્ડ દરમ્યાન ક્રાઇમ બ્રાન્ચમાં હતા ત્યારે તેમની ઉપર ખૂબ જ ત્રાસ આપીને પુરાવો આપવા દબાણ

કરી મજબુર કરેલ છે, ઉભા કરેલા પુરાવાના આધારે માઈન્ડ એપ્લાય કર્યા વગર ખોટી મંજૂરી આપેલી છે, કેસ અંગે કાંઇ જાણતા નથી, રજૂ થયેલા દસ્તાવેજો બાબતે કાંઇ કહી શકે નહી, આરોપીની પોલીસે કોઇ પુછપરછ કરેલી નથી, કોઇ પણ પુરાવા વગર ખોટી રીતે અટક કરેલ છે, તેઓ તદ્દન નિર્દોષ છે તથા અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસ તથા સુરત બોમ્બ પ્લાન્ટેશન કેસ સાથે તેમને કોઇ સંબંધ નથી, તેમની વિરૂધ્ધ પુરાવો ઉભો કરી, ખોટી રીતે અટક કરી, ખોટી તપાસ કરેલ છે અને તેમની વિરૂધ્ધ પુરાવા ન હોવા છતાં ખોટી ચાર્જશીટ કરેલ છે, આરોપી સીમી સંસ્થા બાબતે કંઇ જાણતા નથી કે તેમણે કહેવાતા કોઇ પ્રોગ્રામોમાં, પ્રવચનોમાં કે તકરીરમાં ક્યારેય હાજરી આપેલ નથી.

વધુમાં આરોપીએ વિશેષ લેખિત નિવેદન રજૂ કરી જણાવેલ છે કે તા.૧૬–૮–૨૦૦૮ ના રોજ બોમ્બ બ્લાસ્ટ કેસમાં આરોપીની ધરપકડ કરેલ સાથે સહ આરોપી ઇમરાન ઇબ્રાહીમ શેખને ક્રાઇમ બ્રાંચના અધિકારીઓ દ્વારા શારીરિક તથા માનસિક ત્રાસ આપી ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૪ હેઠળ બળજબરીથી નિવેદન લીધેલ છે જેમાં જણાવેલ હકીકતો તદ્દન જુઠ્ઠી છે, આરોપી કયારેય પણ કેરાલા રાજયમાં ગયેલ નથી અને કહેવાતા કેમ્પમાં હાજરી પણ આપેલ નથી.

વધુમાં આરોપીએ શાહીબાગ પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુના રજી. નં. ૨૩૬/૨૦૦૮ ના કામે આરોપીને એરેસ્ટ કર્યા અંગેના મેમાની નકલ તેમજ તા.૨૦–૧૧–૨૦૦૮ ના રોજ સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતેથી મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ માં કરેલ અરજીની નકલ રજૂ કરેલ છે.

આરોપીએ રજૂ કરેલ દસ્તાવજોને બચાવપક્ષના પુરાવા દરમ્યાન આંક આપવામાં આવેલ છે જેની ચર્ચા આરોપીદીઠ ફરિયાદપક્ષે રજૂ કરેલા પુરાવાના મૂલ્યાંકનના પેરામાં કરવામાં આવેલી છે. સદર આરોપીના વિશેષ નિવેદન સાથે રાખવામાં આવેલા છે.

(૬) આરોપી નં.૬ મહમ્મદ આરીફ મહમ્મદ ઇકબાલ કાગજીએ પોતાના ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને નીચે મુજબની વિગતો જણાવેલ છે.

(આરોપીએ અંગ્રેજી ભાષામાં વિશેષ નિવેદન લખાવવાનો આગ્રહ રાખતાં વિશેષ નિવેદન અંગ્રેજી ભાષામાં લખેલ છે)

" On 26th July–2008, serial bomb blasts occured in Ahmedabad city. Ahmedabad crime branch, Gujarat ATS, SOG and my local police station officicals called me for six, seven days continuously and recorded my statement. At last, Ahmedabad Crime branch called me on 6th August–2008 at 11 o'clock night. When I went there, they detained me illegaly and tortured me very severly. Then they showed my arresting on 16th. August–2008 after 10 days of my illigal confinement. From those onwards, I am in judicial custody at Ahmedabad Central prison and my case is going on in Ahmedabad Sessions court of your's.

When I was produced first time before then Hon'ble Metropolitant Megistrate from my judicial custody on 21st, November–2008, I submitted an application regarding my illegal confinment and torture. I hereby attaching that copy with this application.

I am totally innocent and don't know about this serial bomb blasts, nor I know who the real culpripts are.In the same way I am not a SIMI member nor a IM member, I had no connection to these organisations in the past.

On 28th, August, 2010, NIA falsly arrested me at Ahmedabad Central Jail for so–called Waghamon training case. This case completed in the Ernakulam special

court,Kerala through video conferencing and I was declared totally innocent on 14th–May–2018. My acquittal in this case proved that I had not attended this so–called training camp, nor I had any knowledge about that.

On 3rd–May–2019, Aaiyaz Razakmiya Saiyad deposed before this court as a witness and narrated total false and fake stories after so many long period of 10 years. Main thing is that he has a grudge against me during these 10 years of our judicial custody. He assumed that he will not free ever from the jail, so he became approver and narrated totally false and fake things to release at the earliest.

There are two examples which show his grudge and enmity with me.

Example 1:– Nowadays we all accused of this case are in barrack named 200 kholi. But before this, we all were in barrack named Chota –Chakkar. At that time many of us were busy in studies from IGNOU it means Indira Gandhi National Open University. At this crucial time, Aaiyaz Saiyad was miscieviously trying to bring a television in our barrack. He was intensnally saying that I will watch television with a loud voice. He was teasing every one on saying like this. I went to him and try to politely convince him that if you will bring television, then it will disturb everyone in this crucial period of studies. But he became angry on me and abused me and said that this

is my choice and no one can stop me from my choice. Incidently jail authorities didn't provide television to us in our barrack for security reason. Since that time Aaiyaz had grudge with me and assumed that because of me, television didn't came in our barrack. I definately believe that he deposed against me falsly because of his enmity and grudge.

Example 2:– During the trial of this lenghty case we sent our applications to this Hon'ble court to expedite this case's trial. Except on one occasion Aaiyaz have not signed in anyone. I told this thing to my family and they told to Aaiyaz's father. So his father scolded him very much. Then Aaiyaz told me to show the proof that he had not signed in any expedite application. I showed him every application and it proved openly that except one, he had not signed in anyone. This time also he became very angry and told me that he will do of his choice in irespective of results. I firmly believe that he deposed totally false because of his enmity with me.

This is a fact that prosecution deliberately stood Aaiyaz Saiyad as a approver and make him depose against me, because it totally failed to prove these charges against me.

I am from a very respected family and have three children, wife and parents. In the absence of me for a so long incarcaration of 12 years, they are suffering very

severly at home. I had a well set ready made garments business and it totally collapsed after my illegal arresting. I am so sure that after completion of this case also, I will be declared totally innocent from this hon'ble court."

વધુમાં આરોપીએ શાહીબાગ પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુના રજી.નં. ૨૩૬/૨૦૦૮ ના કામે આરોપીને એરેસ્ટ કર્યા અંગેના મેમાની નકલ અને આરોપીએ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧, અમદાવાદ સમક્ષ તા.૨૦-૧૧-૨૦૦૮ ના રોજ કરેલ અરજીની નકલ રજૂ કરેલ છે.

આરોપીએ રજૂ કરેલ દસ્તાવજોને બચાવપક્ષના પુરાવા દરમ્યાન આંક આપવામાં આવેલ છે જેની ચર્ચા આરોપીદીઠ ફરિયાદપક્ષે રજૂ કરેલા પુરાવાના મૂલ્યાંકનના પેરામાં કરવામાં આવેલી છે.સદર આરોપીના વિશેષ નિવેદન સાથે રાખવામાં આવેલા છે.

(૭) આરોપી નં.૭ મોહમદ ઉસ્માન મોહમદ અનીસ અગરબત્તી વાલાએ પોતાના ક્રિ.પ્રો.કોડ કલમ-૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને વિશેષમાં જણાવેલ છે કે તેઓ તદ્ધન નિર્દોષ છે, કોઈ ગુનો કરેલ નથી, આ ગુનોમાં સીધી કે આડકતરી રીતે કોઈ પ્રકારની સંડોવણી નથી, અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસ, સુરત બોમ્બ પ્લાન્ટેશન કેસ સાથે કોઇ સંબંધ નથી, આરોપીને તપાસના નામે તા.૦૭/૦૮/૨૦૦૮ના રોજ બરોડા એસ.ઓ.જી. પોલીસ દ્વારા અગરબત્તીની દુકાનેથી કોઇપણ જાતની પૂર્વ નોટિસ કે જાણકારી આપ્યા વગર ગેરકાયદેસર અટક કરવામાં આવેલ અને બરોડા ખાતે સીંધરોડ ફાર્મ હાઉસ ખાતે લગભગ પાંચ દિવસ રાખવામાં આવેલ ત્યાં પોલીસ ઇન્સ્પેકટર કે.એન. પોલરા, પોલીસ સબ ઇન્સ્પેકટર અલ્સીકા વિગેરેનાઓ વારંવાર પુછપરછ કરવા માટે આવતાં હતાં તથા આ દરમ્યાન જે ગુનાઓ કરેલ નથી તે કબૂલ કરવા માટે દબાણ કરતા હતાં, આરોપીએ કોઇ ગુનો કરેલ ન હોવાથી કોઇ માહિતી આપવા અસમર્થ હતા તેથી તેઓના કહેવા મુજબ નિવેદન લખાવવા અને ગુન્હો કબૂલ કરવા અસહ્ય ત્રાસ

આપતા હતાં, ખૂબ જ બેરહેમીથી માર મારતા હતા આ પાંચ દિવસ દરમ્યાન ઘરવાળા સાથે કોઇ સંપર્ક કરવા દેવામાં આવેલ નહી કે કોઇપણ જાતની કાનૂની મદદ આપવામાં આવેલી નહી પાછળથી જાણવા મળેલું કે ઘરવાળાઓને પણ કોઇ પણ કાનૂની મદદ ન લેવા જણાવવામાં આવેલું અને જો કયાંય પણ રજુઆત કરવામાં આવશે તો ભાઇઓને અને પિતાશ્રીને ખોટા કેસોમાં સંડોવી દેવા ધાક ધમકી આપવામાં આવતી હતી, આરોપીને અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચ ખાતે લાવવામાં આવેલ અને ત્યાં સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસની તપાસ ટીમના વડા શ્રી ચુડાસમા તથા તેમની ટીમના તમામ એ.સી.પી. અને પોલીસ ઇન્સ્પેકટર તથા પોલીસ સબ ઇન્સ્પેકટર વિગેરે લગભગ પચાસ થી સાંઇઠ લોકોનો સ્ટાફ હતો તેઓએ પણ આરોપીએ જે ગુનો કરેલો નથી તે ગુનો કબૂલ કરવા માટે ખૂબ જ અમાનુષી ત્રાસ આપેલ, પાંચ દિવસ સુધી સુવા દેવામાં આવેલ નહી, પગ પહોળા કરીને ટી આકાર બનાવવામાં આવતો તથા બંને હાથ પહોળા કરીને વાંસ સાથે બાંધી દેવામાં આવતાં, આ સમગ્ર સમય દરમ્યાન આંખ ઉપર પટ્ટી બાંધી દેવામાં આવતી તથા મોઢા ઉપર બુરખો પહેરી રાખવો પડતો અને લગભગ વધારે સમય દિવાલ તરફ મોઢુ રાખી ઉભા રાખતા હતાં, આ સમય દરમ્યાન પુરતુ જમવાનું આપવામાં આવતું ન હતું તથા કુદરતી હાજત માટે ચોવીસ કલાકમાં માત્ર બે વખત જવા દેવામાં આવતાં, આ સમગ્ર સમય દરમ્યાન પુછપરછના નામે ગંદી ગાળો આપવામાં આવતી, ધાર્મિક અપશબ્દો બોલવામાં આવતા હતાં અને તા.૧૬/૦૮/૦૮ના રોજ જે ગુનો કરેલ નથી તે ગુના હેઠળ અટક કરીને તા.૧૬/૦૮/૦૮ના રોજ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટમાં રજૂ કરવામાં આવેલ ત્યારથી ડિસેમ્બર–૨૦૦૮ સુધી સળંગ જુદા–જુદા ગુન્હાઓ હેઠળ ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ તથા ક્રાઇમ બ્રાન્ચ સુરતની કસ્ટડીમાં રહેલ અને ત્યારબાદ ફેબ્રુઆરી મહિનામાં છેલ્લે કલોલ ખાતેના કેસમાં અટક કરી જયુડિશીયલ કસ્ટડીમાં મોકલી આપવામાં આવેલ.

આરોપીએ વિશેષમાં જણાવેલ છે કે તા.૧૬/૦૮/૦૮ થી તા. ૨૪/૧૨/૦૮ અને તા. ૦૫/૦૧/૦૯ થી તા.૦૯/૦૨/૦૯ સુધી રીમાન્ડ

ઉપર લીધા, આ સમય દરમ્યાન શારીરિક, માનસિક ત્રાસ આપવામાં આવેલ, ૨૪ કલાક બુરખો પહેરાવીને રાખવામાં આવતા હતા જરૂર પુરતો જ બુરખો હટાવવામાં આવતો, હાથકડી પાછળ બાંધીને રાખવામાં આવેલ, સતત પાંચ થી છ દિવસ ઉંઘવા ના દીધેલ આવુ વારંવાર થયેલ, આ કેસમાં ગુનો કબૂલ કરવાનું દબાણ કરવામાં આવતુ અને કોરા કાગળો ઉપર ધાક–ધમકીથી સહીઓ લેવામાં આવેલ અને એવી ધમકી આપવામાં આવેલ કે કોઈ પણ જગ્યાએ અથવા કોઈ પણ કોર્ટમાં ફરિયાદ અથવા અરજી કરી તો આખા ભારતનાં આવા અન્ય ગંભીર કેસોમાં ફસાવી દેવામાં આવશે અને તારી ફેમેલીને પણ ફસાવી દેવામાં આવશે, ક્રાઈમબ્રાન્ચના અધિકારીઓ આરોપીના કહેવાથી કે અન્યથા કહેવાતા પંચનામા કરવા કોઈપણ જગ્યાએ લઈ ગયેલ નથી, આરોપીએ કોઈપણ વસ્તુઓ કે દસ્તાવેજ કે જગ્યા શોધી બતાવેલ નથી, કહેવાતા પંચનામા ખોટા પુરાવાના આધારે ઉભા કરવામાં આવ્યા છે, આરોપી વિરૂધ્ધ આ કેસમાં જે સાહેદો ઉભા કરેલા છે તે બધા ક્રાઈમબ્રાન્ચની ખોટી ફરિયાદને સમર્થન કરવા ઉભા કરવામાં આવેલા છે, આ કેસમાં સાહેદો દ્વારા આરોપીને ઓળખ પરેડમાં ઓળખી બતાવેલ છે તેવુ જે કહેવામાં આવેલ છે તે બધાને પહેલાથી આરોપીને ક્રાઈમબ્રાન્ચમાં બતાવી આપવામાં આવેલ છે અને ઓળખ નિશાની માટે ઓળખ પરેડમાં પગરખાં વગર ઉભા રાખેલા તથા મોઢા ઉપર બુરખો પહેરાવ્યા વગર મેજિસ્ટ્રેટ સાહેબ પાસે રજૂ રાખેલ, આ કેસમાં આરોપી ઉપર જે પણ આરોપ લગાવવામાં આવ્યા છે તે તદ્દન ખોટા છે, આરોપોથી કોઈ સંબંધ નથી, આરોપીને કહેવાતા વાઘમોન કેમ્પ બાબતે કેરલા કેસમાંથી તદ્દન નિર્દોષ છોડવામાં આવેલ છે, કહેવાતા હાલોલ કેમ્પ એ ક્રાઈમ બ્રાન્ચની ઉપજાવેલ સ્ટોરી છે, કોર્ટમાં જુબાની વખતે કોઈપણ સાહેદે આરોપીને ઓળખેલ નથી અથવા કોઈપણ પંચ સાહેદે ઓળખેલ નથી, આરોપીનુ નામ મોહમદ ઉસ્માન મોહમદ અનીસ અગરબત્તી વાલા છે, આરોપીનુ કોઈ ઉર્ફે નામ નથી, આ કેસમાં ઉર્ફે નામ બાબતે કોઈ પુરાવો રજૂ કરેલ નથી, આરોપી વિરૂધ્ધ પુરાવા ન હોવા છતાં ખોટી રીતે અટક કરી ખોટી તપાસ કરી ખોટી ચાર્જશીટ કરેલ છે.

વધુમાં આરોપીએ શાહીબાગ પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુના રજી. નં. ૨૩૬/૨૦૦૮ ના કામે આરોપીને એરેસ્ટ કર્યા અંગેના મેમાની નકલ રજૂ કરેલ છે. આરોપીએ રજૂ કરેલ દસ્તાવજોને બચાવપક્ષના પુરાવા દરમ્યાન આંક આપવામાં આવેલ છે જેની ચર્ચા આરોપી દીઠ ફરિયાદપક્ષે રજૂ કરેલા પુરાવાના મૂલ્યાંકનના પેરામાં કરવામાં આવેલી છે.સદર આરોપીના વિશેષ નિવેદન સાથે રાખવામાં આવેલા છે.

(૮) આરોપી નં.૮ યુનુસ મહમદભાઇ મન્સુરીએ પોતાના ક્રિ. પ્રો. કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને વિશેષમાં જણાવેલ છે કે આરોપી સીધી અથવા આડકતરી રીતે અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસ તથા સુરત બોમ્બ પ્લાન્ટેશન કેસ સાથે સંકળાયેલ નથી, આરોપીનો અગાઉ કોઇપણ ક્રિમીનલ રેકર્ડ નથી, તેઓ તદ્ધન નિર્દોષ છે તેમને આ કેસમાં ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે, આરોપી "સીમી" નામની સંસ્થાના સભ્ય નથી કે અગાઉ ક્યારેય આ સંસ્થાના સભ્ય રહેલ નથી, આ કેસમાં કહેવાતા હાલોલ–પાવાગઢ કેમ્પમાં કોઇ ભાગ લીધેલ નથી અને કેમ્પના આયોજન બાબતે સીધી કે આડકતરી રીતે કોઇ સહયોગ આપેલ નથી, તા.૦૯–૦૮–૨૦૦૮ ના રોજ પોલીસ ઇન્સ્પેકટર તરૂણ બારોટ, પોલીસ સબ ઇન્સ્પેકટર બી.એ. પટેલ તથા અન્ય કોન્સ્ટેબલો રાત્રે આરોપીને તેમના કાલુપુર ખાતેના ઘરેથી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ, રાયખડ ખાતે મોંઢા ઉપર કાળો બુરખો નાંખી લઇ ગયા હતા, આરોપીનું ડ્રાયવીંગ લાયસન્સ તથા આયકર વિભાગનુ કાર્ડ જે ખિસ્સામાં હતું તે પણ લઇ લીધેલુ જે પાછળથી તેમણે ખોટુ પંચનામુ ઉભુ કરી કબજે કરેલ છે તે રાત્રે આ પોલીસ અધિકારીઓએ આરોપીની પત્નીને કહેલ કે ," અમે તમારા પતિને ત્રણ–ચાર દિવસ માટે લઇ જઇએ છીએ, કોઇપણ જગ્યાએ આ બાબતની કોઇ અરજી કરતા નહીં તથા જો કોઇ ચાલાકી કરવાનો પ્રયત્ન કરશો તો પરિણામ ભોગવવા તૈયાર રહેજો". પોલીસ અધિકારીઓની ધમકીઓ એ હદે હતી કે આરોપીની પત્નીએ આજદિન સુધી કોઇપણ જગ્યાએ ગેરકાયદેસર અટક બાબતે કોઇ રજૂઆત કે

અરજી કરેલ નથી, આરોપીને ક્રાઇમ બ્રાંન્ચ ઑફિસે લઇ જઇ રોજ માનસિક અને શારીરિક ત્રાસ આપવામાં આવેલ તથા ઘણા દિવસો સુધી રાત્રે સુવા પણ દેવામાં આવેલ નહીં, સાત–આઠ દિવસ સુધી જે ગુનો કરેલ નથી તેની કબૂલાત કરાવવા માટે સતત દબાણ કરવામાં આવેલ, કબૂલાત કરાવવા માટે પોલીસ સબ ઇન્સ્પેકટર પુરોહિત સાહેબ ગુપ્ત ભાગે ઇલેક્ટ્રીક કરંટ પણ આપતા હતાં અને કહેલ કે, આ કરંટ આપવાનુ સાધન એડવાન્સ ટેકનોલોજીવાળુ છે, આ સાધનના ઉપયોગથી શરીરના અંદરના ભાગે ગંભીર ઇજા તથા અસર થાય છે પરંતુ બહાર શરીર ઉપર તેના કોઇ નિશાનો કે ચિહ્ન દેખાતા નથી.

વિશેષમાં આરોપીએ જણાવેલ છે કે તા.૧૬–૦૮–૨૦૦૮ ના રોજ આરોપીને અન્ય આરોપીઓની સાથે ઘી કાંટા ખાતે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવેલા, આવી રીતે રજૂ કરતા પહેલા એ.સી.પી. વી.આર. ટોલીયા સાહેબે આરોપીને તેમની ઑફિસમાં બોલાવી ધમકીઓ આપેલ કે ક્રાઇમ બ્રાન્ચમાં તારી ઉપર થયેલ ત્રાસ બાબતની કોઇ ફરિયાદ નામદાર કોર્ટમાં કરીશ નહી કારણ કે તારે પાછુ તો તેમની પાસે જ આવવાનું છે અને તેઓ પાસે વીસ ગુનાઓની તપાસ છે એટલે તારે લાંબો સમય તેઓ પાસે રહેવાનું છે, તેમની તથા અન્ય પોલીસ અધિકારીઓની ધમકીઓ અને માનસિક, શારીરીક ત્રાસને કારણે આરોપી પડી ભાંગેલ અને ખૂબ જ ડરી ગયેલ તેથી નામદાર કોર્ટમાં તે વખતે કોઇ ફરિયાદ કરેલ નહી, ત્યારબાદ આરોપીને ૧૪ દિવસ માટે ફરીથી પોલીસ રીમાન્ડ ઉપર મોકલી દેવામાં આવેલ અને ત્યારબાદ એક પછી એક એમ જુદા–જુદા ગુનાઓમાં અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાંન્ચ તથા સુરત શહેર ક્રાઇમ બ્રાંન્ચના અધિકારીઓ તેમના ખોટા ઉભા કરેલા પુરાવાઓના આધારે ખોટી અટક બતાવી ખોટા પુરાવાઓના આધારે આરોપીના રીમાન્ડ માંગતા રહ્યા અને આરોપી સતત ભય હેઠળ હોઇ નામદાર કોર્ટમાં કોઇ રજૂઆત કરી શકેલ નહીં, આરોપીના વકીલશ્રીઓ દ્વારા નામદાર કોર્ટમાં વારંવાર એકલામાં એટલે કે ક્રાઇમ બ્રાંન્ચના અધિકારીઓની હાજરી વગર આરોપીની મુલાકાત મળે તે માટેની વિનંતીઓ કરવા છતાં આરોપીને આવી કોઇ તક મળેલ નહી જેથી આરોપી તેમની માનસિક

સ્થિતિ અંગેની કોઇ રજૂઆત વકીલશ્રીઓને કરી શકેલ નહીં, આ રીતે આરોપી સતત લગભગ પાંચ મહિના સુધી પોલીસ કસ્ટડીમાં રહેલ, આ પોલીસ કસ્ટડી દરમ્યાન પુરતી ઊંધ મળતી ન હતી, બંને હાથ પાછળ રાખી હથકડીથી બાંધી રાખવામાં આવતા હતા, માત્ર કુદરતી હાજત તથા જમવા માટે જ હથકડી ખોલવામાં આવતી હતી, બાકીના સમયમાં સતત હાથકડી બાંધી રાખવામાં આવતી હતી, શારીરિક ત્રાસમાં ઘણી વખત ૧૮૦ ડીગ્રી પગ પહોળા કરાવી તેની ઉપર પોલીસવાળા ઉભા રહી જતા હતા જેનાથી ખૂબ જ પીડા થતી હતી આજે પણ શિયાળામાં તેના કારણે પીડા થાય છે, પોલીસ કસ્ટડી દરમ્યાન આરોપીને ધર્મ બાબતે પણ ખૂબ જ અપશબ્દો બોલતા હતા તથા નમાઝ પઢવા માટે પણ ખૂબ જ આજીજી કરવી પડતી હતી, શરૂઆતમાં ઘણા દિવસો સુધી નમાઝ પઢવા દેવામાં આવતી ન હતી અને પૂરતુ જમવાનુ પણ આપવામાં આવતુ ન હતું, ચા પીવાની આદત હોઇ માત્ર ત્રાસ આપવાના હેતુથી ઘણા દિવસો સુધી ચા થી પણ વંચિત રાખવામાં આવેલ, રીમાન્ડ દરમ્યાન પથરીનો દુખાવો થતો હોવા છતાં પણ ડોક્ટર પાસે કોઇ ઈલાજ માટે લઇ ગયેલ નહીં, પોલીસ રીમાન્ડના દિવસો દરમ્યાન આરોપીની સામે ઘણા અજાણ્યા લોકોને લાવવામાં આવતા હતાં જેમને આરોપી બતાવવામાં આવતા અને ખાસ કરીને ચહેરો યાદ રાખવા માટે તેમને ખાસ કહેતા હતાં, આરોપીને રીમાન્ડના દિવસો દરમ્યાન પગમાં પગરખા પહેરવા દીધેલ નહી, મેજિસ્ટ્રેટ કોર્ટમાં ઓળખાણ માટે રજૂ આવતા હતા ત્યારે પણ પગરખા વગર જ હાજર કરતા હતાં, આરોપીનુ શારીરિક બંધારણ આ કેસના અન્ય આરોપીઓથી તદ્ધન જુદુ પડે છે એટલે કે આરોપીની ઉંચાઇ અન્ય આરોપીઓ કરતા વધારે છે તથા શરીરનો બાંધો પણ પહોળો છે તથા ચહેરાનો દેખાવ પણ અન્ય આરોપીઓ કરતાં તદ્ધન જુદો પડે છે, આરોપી પાસે ઘણા બધા લખેલા તથા કોરા કાગળો ઉપર સહી લેવામાં આવતી લખાણ વાંચવા દેવામાં આવતુ નહી તેથી સહીવાળા લખેલા કે કોરા કાગળો ના લખાણ વિશે આરોપી તદ્ધન અજાણ છે, રીમાન્ડ દરમ્યાન નામદાર કોર્ટ સિવાય અન્ય કોઇ જગ્યાએ બહાર લઇ ગયેલ નહી કે આરોપીએ કોઇ જગ્યાએ લઇ જવા જણાવેલ નહીં.

પંચનામાની કોઇ કાર્યવાહીઓ આરોપીની રૂબરૂમાં થયેલ નથી આરોપીએ કોઇ પણ વસ્તુ શોધી બતાવેલ નથી કે કોઇ પણ વસ્તુ આરોપી પાસેથી કે આરોપીના ઘરેથી કબજે લેવામાં આવેલ નથી, આરોપી વિરૂદ્ધ નામદાર કોર્ટમાં રજૂ થયેલા કહેવાતા પંચનામાઓ પાછળથી ખોટા ઉભા કરેલા છે, તા.૧૯–૦૧–૨૦૦૯ ના રોજ આરોપીના રીમાન્ડ પુરા થતા જેલ ખાતે મોકલી દેવામાં આવેલ, તા.૦૭–૦૨–૨૦૦૯ ના રોજ આરોપી સાથે વિતેલ ભયાનક હકીકતો જણાવતી વિગતો પત્ર દ્વારા નામદાર મેજિસ્ટ્રેટ કોર્ટને સંબોધીને જણાવેલ જે નામદાર કોર્ટના રેકર્ડમાં છે ત્યારબાદ તા.૦૯–૦૨–૨૦૦૯ ના રોજ આરોપીને ફરીથી ખોટા પુરાવાઓના આધારે અન્ય એક કેસમાં અટક કરવામાં આવેલ અને રીમાન્ડ પુરા થતાં જેલમાં મોકલી દેવામાં આવેલ, આરોપીની નમ્ર અરજ છે કે, આ કેસમાં તેઓ તદ્ધન નિર્દોષ છે તેમને ખોટી રીતે આ કેસમાં સંડોવી દેવામાં આવેલ છે, આરોપીએક વ્યવસાયિક કુંટુંબથી સંબંધ ધરાવે છે, ત્રણ બાળકો છે, આરોપીની ફેમીલી છેલ્લા ૧૨ વર્ષથી આરોપીની ગેરહાજરીમાં માનસિક અને આર્થિક રીતે ભાંગી પડેલ છે, આરોપી તેમના પરિવારમાં એકલા કમાનાર વ્યક્તિ છે, આરોપીના બાળકો પણ હવે લગ્ન કરવાની ઉંમરે પહોંચી ગયેલ છે, માતા ખૂબ જ વૃધ્ધ છે અને સતત બીમાર રહે છે તે સતત ચિંતા કરતા રહે છે, તમામ કેસોમાં આરોપી વિરૂધ્ધ સાક્ષીઓ અને પુરાવાઓ પાછળથી ખોટા ઉભા કરેલા છે, આરોપી વિરૂધ્ધ પુરાવા ન હોવા છતાં ખોટી રીતે અટક કરી પુરાવા ન હોવા છતાં ખોટી તપાસ કરી ખોટુ ચાર્જશીટ કરેલ છે.

વધુમાં આરોપીએ વિશેષ લેખિત નિવેદન રજૂ કરી જણાવેલ છે કે સેશન્સ કેસ નં.૩૮/૨૦૦૯ તથા અન્ય કેસોમાં તેઓને ખોટી રીતે સંડોવી દેવામાં આવેલા છે, આરોપીએ લેખિત નિવેદન સાથે શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં.૨૩૬/૨૦૦૮ ના કામે આરોપીને એરેસ્ટ કર્યા અંગેના મેમાની નકલ, આરોપીના ચુંટણીપંચના ઓળખપત્રની નકલ, આરોપીના જન્મના પ્રમાણપત્રની નકલ તેમજ આરોપીના પુત્ર તેમજ પુત્રીના જન્મના પ્રમાણપત્રોની

નકલો રજૂ કરેલ છે જે વંચાણે લઈ આ કેસોમાંથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા માટે વિનંતી કરેલી છે.

આરોપીએ રજૂ કરેલ દસ્તાવજોને બચાવપક્ષના પુરાવા દરમ્યાન આંક આપવામાં આવેલ છે જેની ચર્ચા આરોપી દીઠ ફરિયાદપક્ષે રજૂ કરેલા પુરાવાના મૂલ્યાંકનના પેરામાં કરવામાં આવેલી છે.સદર આરોપીના વિશેષ નિવેદન સાથે રાખવામાં આવેલા છે.

(૯) આરોપી નં.૯ કમરૂદ્દીન ચાંદમહમદ નાગોરીએ પોતાનુ વિશેષ નિવેદન વીડિયો કોન્ફરન્સથી નોંધાવવાની સ્પષ્ટ ના પાડી છે જેથી નીચે મુજબની નોંધ કરી છે.

સને–૨૦૨૦ના સાલની શરૂઆતથી ભારત દેશ સહિત સમગ્ર વિશ્વમાં કોરોના નામની મહામારી ફેલાતા કેન્દ્ર સરકાર દ્વારા સમગ્ર ભારત દેશમાં તા.૨૪/૦૩/૨૦૨૦ ના રોજથી દિન–૨૧ (એકવીસ) માટે પ્રથમ તબકકાનું લોકડાઉન જાહેર કરવામાં આવેલ અને તેના પરિણામરૂપે અદાલતની દૈનિક કાર્યવાહી પણ નામદાર ગુજરાત હાઇકોર્ટે બંધ કરવા પરિપત્ર બહાર પાડેલો . ત્યારબાદ કેન્દ્ર સરકાર દ્વારા લોક ડાઉનમાં વખતોવખત વધારો કરી કુલ–૫ તબક્કામાં તા.૩૦/૦૬/૨૦૨૦ સુધી લોકડાઉન લંબાવવામાં આવેલ હતું. આ સમગ્ર સમય દરમ્યાન નામદાર ગુજરાત હાઇકોર્ટના આદેશ મુજબ ફકત અરજન્ટ કેસમાં અદાલતની કાર્યવાહી વીડિયો કોન્ફરન્સથી કરવામાં આવેલી.

તા.૦૧/૦૬/૨૦૨૦ના રોજથી કેન્દ્ર સરકાર તથા રાજય સરકાર દ્વારા થોડેઅંશે લોકડાઉનમાં છુટછાટ આપવામાં આવેલી પરંતુ નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા વકીલશ્રી તથા પક્ષકારો અદાલતમાં શારીરિક રીતે હાજર થઇ અદાલતની કાર્યવાહી થાય તે માટે પરવાનગી આપવામાં આવેલી નહિ.

તા.૨૩/૦૬/૨૦૨૦ના રોજ માનનીય પ્રિન્સીપાલ જજશ્રી, સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ દ્વારા સિટી સિવિલ કોર્ટમાં ફરજ બજાવતાં તમામ જજ સાહેબોની મિટિંગ બોલાવવામાં આવેલી અને દલીલના તબકકે હોય તેવા કેસોની કાર્યવાહી વીડિયો કોન્ફરન્સથી શરૂ કરવાની સુચના આપવામાં આવેલી. આ

અદાલતના પ્રિસાઇન્ડીંગ ઓફિસર તરીકે અમોને પણ સેશન્સ કેસ નં.૩૮/૦૯ તથા તેને લગત અન્ય કેસના બાકી રહેલા આરોપીના ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ મુજબના વધારાના નિવેદનો વીડિયો કોન્ફરન્સ દ્વારા નોંધવાની સુચના આપવામાં આવી છે. આ અગાઉ તા.૦૭/૦૩/૨૦૨૦ના રોજ આ અદાલત દ્વારા ભોપાલ ખાતે રાખવામાં આવેલાં કુલ–૧૦ આરોપીઓને સુપરિન્ટેન્ડેન્ટશ્રી, ભોપાલ સેન્ટ્રલ જેલ દ્વારા લેખિત નોટિસ બજવવામાં આવેલી અને જાણ કરવામાં આવેલી કે, ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદન વીડિયો કોન્ફરન્સ દ્વારા નોંધવાની કાર્યવાહી આવતા અઠવાડીયાથી શરૂ કરવામાં આવશે પરંતુ તે દરમિયાન લોકડાઉન થવાથી નિવેદન નોંધવાની કાર્યવાહી શરૂ થઇ શકેલ નહી.

જેથી આ કેસના કુલ આરોપીઓ પૈકી સેન્ટ્રલ જેલ, ભોપાલ ખાતે રાખવામાં આવેલ કુલ–૧૦ આરોપીઓ પૈકી કુલ–૦૭ આરોપીઓએ વીડિયો કોન્ફરન્સ દ્વારા તેના વકિલશ્રીની હાજરીમાં તેના વિશેષ નિવેદનો નોંધવામાં આવેલ છે. હાલના આ **આરોપી નં.૯ કમરૂદ્દીન ચાંદમહમદ નાગોરીને** પણ વીડિયો કોન્ફરન્સ દ્વારા ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતેથી અત્રેની અદાલતમાં હાજર રાખવામાં આવેલ છે અને તેમના વકિલશ્રી કે.જી.શેખ તેમજ ડી.ડી.પઠાણ પણ હાજર છે. આ આરોપીનુ વિશેષ નિવેદન કુલ–૪૭૦૦ પાનાનું છે. એમાં કુલ–૪૭૦૦ પાનાની પ્રશ્નોત્તરી પૈકીના પ્રથમ પ્રશ્ન આ આરોપીને તેના વકિલશ્રી કે.જી.શેખ તેમજ ડી.ડી.પઠાણની હાજરીમાં વીડિયો કોન્ફરન્સમાં કહેવામાં આવ્યો અને તેનો જવાબ શું છે તે પુંછતા આરોપીએ ખુલ્લી અદાલતમાં સ્પષ્ટપણે જવાબ આપવાનો ઇન્કાર કરેલ છે. ત્યારપછી પણ આરોપીને બીજો પ્રશ્ન પુછવામાં આવ્યો પરંતુ સદર આરોપી વીડિયો કોન્ફરન્સ દ્વારા પોતાનું નિવેદન આપવા માંગતા નથી તેમ જણાવે છે ત્યારબાદ પણ આરોપીને થોડો સમય વિચારણા માટે આપવામાં આવે છે અને ત્યારપછી પણ સદર આરોપીને તેના વકિલશ્રીઓની હાજરીમાં પ્રશ્નોત્તરી કરતા આરોપી એક પણ પ્રશ્નનો જવાબ આપવા માંગતા નથી અને ખુલ્લી અદાલતમાં વિશેષ નિવેદન વીડિયો કોન્ફરન્સ

દ્વારા સ્પષ્ટ ના પાડે છે. આ ઉપરાંત આરોપીને વિશેષમાં કાંઇક લેખિતમાં રજૂ કરવું હોય તો કરી શકે છે તેવી પણ સુચના આપવામાં આવી છે.

સદર કામે ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલા આરોપીઓ પૈકી જે આરોપીઓએ વીડિયો કોન્ફરન્સમાં વિશેષ નિવેદનો નોંધાવેલા છે તેઓની સહીઓ લેવા માટે અત્રેની કોર્ટના બેન્ચ કલાર્કશ્રી જે.જે.પરમારનાઓ ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે જતાં સદર આરોપી નં.(૯)નાએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ નુ વિશેષ નિવેદન કેમ નોંધાવેલ નથી તેના લેખિત કારણો રજૂ કરેલા છે.

(૧૦)આરોપી નં.૧૦ આમીલ પરવાઝ કાઝી સૈકુદ્દીન શેખનાએ પોતાનુ વિશેષ નિવેદન વીડિયો કોન્ફરન્સથી નોંધાવવાની સ્પષ્ટ ના પાડી છે જેથી નીચે મુજબની નોંધ કરી છે.

સને–૨૦૨૦ના સાલની શરૂઆતથી ભારત દેશ સહિત સમગ્ર વિશ્વમાં કોરોના નામની મહામારી ફેલાતા કેન્દ્ર સરકાર દ્વારા સમગ્ર ભારત દેશમાં તા.૨૪/૦૩/૨૦૨૦ ના રોજથી દિન–૨૧ (એકવીસ) માટે પ્રથમ તબકકાનું લોકડાઉન જાહેર કરવામાં આવેલ અને તેના પરિણામરૂપે અદાલતની દૈનિક કાર્યવાહી પણ નામદાર ગુજરાત હાઇકોર્ટે બંધ કરવા પરિપત્ર બહાર પાડેલો . ત્યારબાદ કેન્દ્ર સરકાર દ્વારા લોકડાઉનમાં વખતોવખત વધારો કરી કુલ–૫ તબક્કામાં તા.૩૦/૦૬/૨૦૨૦ સુધી લોકડાઉન લંબાવવામાં આવેલ હતું. આ સમગ્ર સમય દરમ્યાન નામદાર ગુજરાત હાઇકોર્ટના આદેશ મુજબ ફકત અરજન્ટ કેસમાં અદાલતની કાર્યવાહી વીડિયો કોન્ફરન્સથી કરવામાં આવેલી.

તા.૦૧/૦૬/૨૦૨૦ના રોજથી કેન્દ્ર સરકાર તથા રાજય સરકાર દ્વારા થોડેઅંશે લોકડાઉનમાં છુટછાટ આપવામાં આવેલી પરંતુ નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા વકીલશ્રી તથા પક્ષકારો અદાલતમાં શારીરિક રીતે હાજર થઇ અદાલતની કાર્યવાહી થાય તે માટે પરવાનગી આપવામાં આવેલી નહી.

તા.૨૩/૦૬/૨૦૨૦ના રોજ માનનીય પ્રિન્સીપાલ જજશ્રી, સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ દ્વારા સિટી સિવિલ કોર્ટમાં ફરજ બજાવતાં તમામ જજ સાહેબોની મિટિંગ બોલાવવામાં આવેલી અને દલીલના તબકકે હોય તેવા કેસોની

કાર્યવાહી વીડિયો કોન્ફરન્સથી શરૂ કરવાની સુચના આપવામાં આવેલી. આ અદાલતના પ્રિસાઇન્ડીંગ ઓફિસર તરીકે અમોને પણ સેશન્સ કેસ નં.૩૮/૦૯ તથા તેને લગત અન્ય કેસના બાકી રહેલા આરોપીના ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ મુજબના વધારાના નિવેદનો વીડિયો કોન્ફરન્સ દ્વારા નોંધવાની સુચના આપવામાં આવી છે. આ અગાઉ તા.૦૭/૦૩/૨૦૨૦ના રોજ આ અદાલત દ્વારા ભોપાલ ખાતે રાખવામાં આવેલાં કુલ–૧૦ આરોપીઓને સુપરિન્ટેન્ડેન્ટશ્રી, ભોપાલ સેન્ટ્રલ જેલ દ્વારા લેખિત નોટિસ બજવવામાં આવેલી અને જાણ કરવામાં આવેલી કે, ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદન વીડિયો કોન્ફરન્સ દ્વારા નોંધવાની કાર્યવાહી આવતા અઠવાડીયાથી શરૂ કરવામાં આવશે પરંતુ તે દરમિયાન લોકડાઉન થવાથી નિવેદન નોંધવાની કાર્યવાહી શરૂ થઇ શકેલ નહી.

જેથી આ કેસના કુલ આરોપીઓ પૈકી સેન્ટ્રલ જેલ, ભોપાલ ખાતે રાખવામાં આવેલ કુલ–૧૦ આરોપીઓ પૈકી કુલ–૦૭ આરોપીઓએ વીડિયો કોન્ફરન્સ દ્વારા તેના વકિલશ્રીની હાજરીમાં તેના વિશેષ નિવેદનો નોંધવામાં આવેલ છે. હાલના આ **આરોપી નં.૧૦ આમીલ પરવાઝ કાઝી સૈકુદ્દીન શેખને** પણ વીડિયો કોન્ફરન્સ દ્વારા ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતેથી અત્રેની અદાલતમાં હાજર રાખવામાં આવેલ છે અને તેમના વકીલશ્રી કે.જી.શેખ તેમજ ડી.ડી.પઠાણ પણ હાજર છે. આ આરોપીનુ વિશેષ નિવેદન કુલ–૪૭૦૦ પાનાનું છે. એમાં કુલ–૪૭૦૦ પાનાની પ્રશ્નોત્તરી પૈકીના પ્રથમ પ્રશ્ન આ આરોપીને તેના વકીલશ્રી કે.જી.શેખ તેમજ ડી.ડી.પઠાણની હાજરીમાં વીડિયો કોન્ફરન્સમાં કહેવામાં આવ્યો અને તેનો જવાબ શું છે તે પુંછતા આરોપીએ ખુલ્લી અદાલતમાં સ્પષ્ટપણે જવાબ આપવાનો ઇન્કાર કરેલ છે. ત્યારપછી પણ આરોપીને બીજો પ્રશ્ન પુછવામાં આવ્યો પરંતુ સદર આરોપી વીડિયો કોન્ફરન્સ દ્વારા પોતાનું નિવેદન આપવા માંગતા નથી તેમ જણાવે છે ત્યારબાદ પણ આરોપીને થોડો સમય વિચારણા માટે આપવામાં આવે છે અને ત્યારપછી પણ સદર આરોપીને તેના વકિલશ્રીઓની હાજરીમાં પ્રશ્નોત્તરી કરતા આરોપી એક પણ પ્રશ્નનો જવાબ

આપવા માંગતા નથી અને ખુલ્લી અદાલતમાં વિશેષ નિવેદન વીડિયો કોન્ફરન્સ દ્વારા સ્પષ્ટ ના પાડે છે. આ ઉપરાંત આરોપીને વિશેષમાં કાંઇક લેખિતમાં રજૂ કરવું હોય તો કરી શકે છે તેવી પણ સુચના આપવામાં આવી છે.

સદર કામે ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલા આરોપીઓ પૈકી જે આરોપીઓએ વીડિયો કોન્ફરન્સમાં વિશેષ નિવેદનો નોંધાવેલા છે તેઓની સહીઓ લેવા માટે અત્રેની કોર્ટના બેન્ચ કલાર્કશ્રી જે.જે.પરમારનાઓ ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે જતાં સદર આરોપી નં.(૧૦)નાએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ નુ વિશેષ નિવેદન કેમ નોંધાવેલ નથી તેના લેખિત કારણો રજૂ કરેલા છે.

(૧૧)આરોપી નં.૧૧ સીબલી ઉર્ફે સાબીત અબ્દુલકરીમ મુસ્લિમે

પોતાના ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને વિશેષમાં જણાવેલ છે કે અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસ, સુરત બોમ્બ પ્લાન્ટેશન કેસ સાથે કોઇ સંબંધ નથી, આ કેસમાં આરોપી વિરૂધ્ધ કોઇપણ સાક્ષી, પુરાવો નથી, આરોપી કયારેય ગુજરાત આવેલ નથી, આ કેસમાં આરોપીની ધરપકડ થઈ તે અગાઉ તા. ૨૭–૦૩–૨૦૦૮ થી ઈન્દોર જેલ ખાતે અન્ય ગુનાની જેલ કસ્ટડીમાં હતા આ સમયગાળા દરમ્યાન આ કેસનાં અન્ય કોઈપણ સહ આરોપીઓ સાથે કોઈ મુલાકાતનો પ્રસંગ બનેલ નથી કે કોઈની સાથે કોઈ પત્ર વ્યવહાર થયેલ નથી, તા.૨૭–૦૩–૨૦૦૮ અગાઉ પણ આરોપીની આ કેસના અન્ય સહ આરોપીઓ સાથે કોઈ વાતચીત થયેલ નથી, આ કેસમાં ચાર્જશીટમાં તથા ચાર્જમાં જણાવેલ પોલીસ દ્વારા બનાવેલી ખોટી વાર્તા સાથે કોઈ લેવા દેવા નથી, કહેવાતી સમગ્ર ષડયંત્રની વાર્તા આ કેસના તપાસનીસ અધિકારીઓ દ્વારા ઉપજાવેલી કાઢેલ છે, વાઘમોનના કહેવાતા ડિસેમ્બર–૨૦૦૭ ના કેમ્પ સાથે આરોપીને કોઈ લેવા દેવા નથી, આવા કોઈ કેમ્પમાં ક્યારેય હાજરી આપેલી નથી, આરોપીની પ્રિ–ટેસ્ટ પુછપરછ કરવામાં આવેલ નથી કે પ્રિ–ટેસ્ટ ઇન્ટરવ્યુ વિશે જાણતા નથી, રજૂ થયેલા દસ્તાવેજો પાછળથી ખોટા ઉભા કરેલા છે, રજૂ થયેલ દસ્તાવેજો તેમજ

મુદ્દામાલ બાબતે કાંઇ કહી શકે નહીં, આરોપી વિરૂધ્ધ પુરાવા ન હોવા છતાં ખોટી રીતે અટક કરી ખોટી તપાસ કરી ખોટી ચાર્જશીટ કરેલ છે.

વધુમાં આરોપીએ લેખિત નિવેદન રજૂ કરી ખૂબ જ લાંબી ચાલેલ આ કેસની ટ્રાયલ અંગે આરોપી ઉપર પડેલ અસરો અંગે, પોતાના વકીલશ્રી સાથે ખાનગીમાં વાર્તાલાપ નહીં કરવા અંગે, જેલમાં જરૂરી લેખન સામગ્રી નહીં પુરી પાડવા અંગે, કોર્ટમાં રૂબરૂ હાજર નહીં રાખવા અંગે તથા ભોપાલ જેલની કઠીન પરિસ્થિતિઓ અંગે વિસ્તૃતપણે રજૂઆતો કરેલી છે. વધુમાં આરોપી તરીકે તેમના ફેર ટ્રાયલના હક્કને અસર કરતી બાબતો જેવી કે જરૂરી દસ્તાવેજો પુરા ન પાડવા અંગે, કેસમાં શું ચાલી રહ્યુ છે તે અંગેની સમજણ ન હોવા અંગે, નામદાર કોર્ટ દ્વારા આરોપીની તકલીફો દુર થતી ન હોવા અંગે લેખિતમાં રજૂઆતો કરેલી છે.

આરોપીએ રજૂ કરેલ દસ્તાવજોને બચાવપક્ષના પુરાવા દરમ્યાન આંક આપવામાં આવેલ છે જેની ચર્ચા આરોપી દીઠ ફરિયાદપક્ષે રજૂ કરેલા પુરાવાના મૂલ્યાંકનના પેરામાં કરવામાં આવેલી છે.સદર આરોપીના વિશેષ નિવેદન સાથે રાખવામાં આવેલા છે.

(૧૨)આરોપી નં.૧૨ સફદરહુસેન ઝહીરઉલહસન નાગોરીએ પોતાના ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને વિશેષમાં જણાવેલ છે કે તેઓ તદ્દન નિર્દોષ છે, અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસ, સુરત બોમ્બ પ્લાન્ટેશન કેસ સાથે કોઇ સંબંધ નથી, એક ઇસ્લામ પસંદ પત્રકાર હોવાને કારણે આરોપી મુસ્લિમોને લગતાં મુદ્દાઓ ઉઠાવતા રહેલ છે જેના કારણે આરોપીને સાંપ્રદાયિક માનસિકતા ધરાવતા પોલિસ અધિકારીઓએ અમદાવાદમાં થયેલ બોમ્બ બ્લાસ્ટ વખતે અન્ય જેલોની કસ્ટડીમાં હોવા છતાં પોતાના રાજકીય ગુરૂઓને ખુશ કરવા ખોટી રીતે આ કેસમાં સંડોવી દીધેલ છે, આરોપીને ઇસ્લામ ધર્મ ખૂબ જ પસંદ છે અને તે માટે સંપૂર્ણ સંતુષ્ટ છે પરંતુ અમદાવાદમાં થયેલ બ્લાસ્ટ તથા સુરતમાં થયેલ બોમ્બ પ્લાન્ટેશન અંગે આરોપી ઉપર લગાડેલા તમામ આક્ષેપો ખોટા છે, આ કેસમાં આરોપી વિરૂધ્ધ કોઇપણ સાક્ષી કે પુરાવો નથી, સને–૨૦૦૮–

૨૦૦૯ ના વર્ષમાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાં આરોપીની લગભગ છ મહિના ચાલેલી પોલીસ કસ્ટડી દરમ્યાન આરોપી ઉપર ખૂબ જ અમાનવીય અત્યાચાર કરવામાં આવેલ, આરોપી વિરૂધ્ધ પુરાવા ન હોવા છતાં ખોટી રીતે અટક કરી ખોટી તપાસ કરી ખોટી ચાર્જશીટ કરેલ છે, આજ કારણે મે–૨૦૧૭ સુધી જ્યારે આરોપીનો ઈન્દોર ખાતેનો કેસ ઈન્દોરની કોર્ટમાં ચાલી રહ્યો હતો ત્યારે આરોપીને બળજબરીપૂર્વક અમદાવાદ સેન્ટ્રલ જેલમાં રાખવામાં આવેલ પરંતુ આ સમયગાળા દરમ્યાન આરોપી સાથે સીધા સાંકળતા કોઈ પણ સાહેદોને અમદાવાદની નામદાર કોર્ટમાં તપાસવામાં આવેલ નહિં પછી અમદાવાદ ખાતેના પ્રોસીક્યુશન દ્વારા અરજી કરી આરોપીને ભોપાલ ખાતે ટ્રાન્સફર કરી દેવામાં આવેલ ત્યારબાદ જ આરોપીને સીધી રીતે સાંકળતા કહેવાતા સાક્ષીઓ નામદાર કોર્ટમાં રજૂ કરવામાં આવેલ કારણ કે આરોપી વકીલો તથા કેસના કાગળોથી દુર રહીને ભોપાલ સેન્ટ્રલ જેલના શારીરિક અને માનસિક ત્રાસના વાતાવરણમાં આરોપી કાનૂની બચાવ સારી રીતે ન કરી શકે, રજૂ થયેલ દસ્તાવેજો બાબતે કાંઇ કહી શકે નહીં, રજૂ થયેલ દસ્તાવેજો અને મુદ્દામાલ પાછળથી ઉભા કરવામાં આવેલા છે, આરોપીની કોઇ પુછપરછ કરવામાં આવેલ નથી, આરોપીએ પ્રિટેસ્ટ અંગે કોઇ પરવાનગી આપેલ નથી કે પ્રિ–ટેસ્ટ અંગે કાંઇ જાણતા નથી.

વધુમાં આરોપીએ રજૂ કરેલ લેખિત નિવેદનમાં યોગ્ય ન્યાયિક બચાવ અને મુકત, ન્યાયી ટ્રાયલ અંગે, ભોપાલ જેલમાં થયેલ ખોટા કેસો અંગે, ભોપાલ જેલમાં થયેલ સમસ્યા અંગે, બંધારણીય હક્કોના ઉલ્લંઘન કરી અયોગ્ય કારાવાસની વિગતો અંગે, ઈસ્લામી ગવાહી અને ત્રાસ અંગેની વિગતો વિસ્તૃતપણે જણાવેલી છે.

આરોપીએ રજૂ કરેલ ઉપરોકત લેખિત નિવેદન સદર આરોપીના વિશેષ નિવેદન સાથે રાખવામાં આવેલ છે.

(૧૩)આરોપી નં.૧૩ હાફીઝ હુસેન તાજુદ્દીન મુલ્લાએ પોતાના ક્રિ.પ્રો. કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઈન્કાર કરેલો છે અને વિશેષમાં જણાવેલ છે કે અમદાવાદ સીરીયલ

બોમ્બ બ્લાસ્ટ કેસ, સુરત બોમ્બ પ્લાન્ટેશન કેસ સાથે કોઇ સંબંધ નથી, આ કેસમાં આરોપી વિરૂધ્ધ કોઇપણ સાક્ષી કે પુરાવો નથી, આરોપી કયારેય ગુજરાત આવેલ નથી, આરોપીની આ કેસમાં ધરપકડ થઈ તે અગાઉ તા.૨૭–૩–૨૦૦૮ થી ઈન્દોર જેલ ખાતે અન્ય ગુનાની જેલ કસ્ટડીમાં હતા આ સમયગાળા દરમ્યાન આ કેસનાં અન્ય કોઈપણ સહ આરોપીઓ સાથે આરોપીને કોઈ મુલાકાતનો પ્રસંગ બનેલ નથી કે કોઈની સાથે કોઈ પત્ર વ્યવહાર થયેલ નથી, તા. ૨૭–૩–૨૦૦૮ અગાઉ પણ આ કેસના અન્ય સહ આરોપીઓ સાથે કોઈ વાતચીત થયેલ નથી, તા.૨૭–૦૩–૨૦૦૮ થી તા.૨૨–૮–૨૦૦૮ સુધી ઈન્દોર જેલ ખાતે અન્ય ગુનામાં જેલ કસ્ટડીમાં હતાં આ દરમ્યાન તા.૨૮–૦૩–૨૦૦૮ થી તા. ૧૨–૪–૨૦૦૮ દરમ્યાન જુદા–જુદા રાજ્યની જુદી–જુદી એજન્સીઓ જેમ કે એસ.ટી.એફ. ઈન્દોર, ગુજરાત ક્રાઈમ બ્રાન્ચ,ગુજરાત એ.ટી.એસ.ના ભરત પટેલ દ્વારા આરોપીની સઘન પુછપરછ કરવામાં આવેલ,તા.૧૩–૦૪–૨૦૦૮ ના રોજ ભોપાલ પોલીસ અધિકારીનાઓએ સેશન્સ કેસ નંબર ૧૪૨/૨૦૦૮ ના કેસ બાબતે કસ્ટડી મેળવી ભોપાલ ડી.આઈ.જી. ઑફિસ ખાતે તા.૧૯–૪–૨૦૦૮ સુધી ઈન્ટરોગેશન કરી પરત ઈન્દોર જેલ ખાતે મોકલી આપેલ ત્યારબાદ તા.૨૫–૪–૨૦૦૮ ના રોજ હુબલી પોલીસનાઓએ સેશન્સ કેસ નંબર ૪૯/ ૨૦૦૮ તથા ૧૧૨/૦૯ ના કેસ બાબતે આરોપીને ઈન્ટરોગેશન કરવા હુબલી, કર્ણાટક ખાતે લઈ ગયેલ, હુબલી ખાતે પણ જુદા–જુદા રાજ્યની જુદી–જુદી એજન્સીઓ દ્વારા ઈન્ટરોગેશન કરવામાં આવેલ, જેમાં ગુજરાત એ.ટી.એસ. દ્વારા પણ ઈન્ટરોગેશન કરવામાં આવેલ ત્યારબાદ આરોપીની કસ્ટડી ઈન્દોર ખાતે ટ્રાન્સફર થયેલ, તા.૨૨–૬–૨૦૦૮ના રોજ બોમ્બે એ.ટી.એસ. એ ઈન્દોર ખાતેથી આરોપીની કસ્ટડી મેળવેલ અને મુંબઈ ખાતે લઈ ગયેલ ત્યાં એલ.એ.સી.૪/૨૦૦૬ ના કેસના ઈન્ટરોગેશન દરમ્યાન જુદા–જુદા રાજ્યોની વિવિધ તપાસ એજન્સીઓ દ્વારા ઈન્ટરોગેશન કરવામાં આવેલ, જેમાં ગુજરાત ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓ, એ.ટી.એસ. ગુજરાતના અધિકારીઓ પણ સામેલ હતાં ત્યારબાદ તા.૧–૮–૨૦૦૮ ના રોજ આરોપીની કસ્ટડી ઈન્દોર જેલ ખાતે

ટ્રાન્સફર કરવામાં આવેલ,તા.૨૨–૮–૨૦૦૮ ના રોજ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના અધિકારીશ્રી હિમાંશુ શુક્લાનાઓ આરોપીની કસ્ટડી લઈ અમદાવાદ ખાતે તા.૨૩–૮–૨૦૦૮ ના રોજ નામદાર મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નંબર ૧૧ માં હાજર થયેલ આ કેસમાં નોંધાયેલ ગુન્હાઓ સાથે આરોપીને કોઈ પણ નિસ્બત ન હોવા છતાં અને ગુજરાત ક્રાઈમ બ્રાન્ચ તથા ગુજરાત એ.ટી.એસ. દ્વારા આરોપીની પુછપરછ તથા ઈન્ટરોગેશન થયા પછી પણ કોઈ પણ પુરાવા વગર ખોટી અટક કરેલી છે, આ કેસમાં ચાર્જશીટમાં તથા ચાર્જમાં જણાવેલ પોલીસ દ્વારા બનાવેલી ખોટી વાર્તા સાથે કોઈ લેવા દેવા નથી, કહેવાતી સમગ્ર ષડયંત્રની વાર્તા આ કેસના તપાસનીસ અધિકારીઓ દ્વારા ઉપજાવેલી કાઢેલ છે. વાઘમોનના કહેવાતા ડિસેમ્બર–૨૦૦૭ ના કેમ્પ સાથે કોઈ લેવા દેવા નથી, આવા કોઈ કેમ્પમાં આરોપીએ ક્યારેય હાજરી આપેલી નથી, આરોપીના જમણા હાથમાં એક્સીડન્ટના કારણે લોખંડની પ્લેટ સને –૨૦૦૫થી નાખવામાં આવેલ છે તથા આરોપી ડાયાબીટીસ અને હાર્ટ પેશન્ટ છે જે અંગે મેડીકલ પેપર્સ અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે ઉપલબ્ધ છે જે આરોપીની કસ્ટડી ભોપાલ ખાતે ટ્રાન્સફર થઈ તે વખતે અમદાવાદ જેલથી આપેલ નથી જેથી નામદાર કોર્ટને નમ્ર અરજ છે કે સદર મેડીકલ પેપર્સ અમદાવાદ જેલ ખાતેથી મંગાવી કેસમાં સામેલ કરવા મહેરબાની કરશો, આરોપીને કોઈ જગ્યાએ લઈ ગયેલ નથી કે આરોપીએ કોઈ જગ્યાએ લઈ જવા માટે સ્વખુશી બતાવેલ નથી, આરોપીએ કોઈ ટ્રેનીંગમાં ભાગ લીધેલ નથી, રજૂ થયેલ દસ્તાવેજો બાબતે કાંઈ કહી શકે નહીં, પુરાવા વગર ખોટી દરખાસ્ત કરેલ છે, માઈન્ડ એપ્લાય કર્યા વગર ખોટી મંજૂરી આપેલી છે, આરોપી વિરૂધ્ધ પુરાવા ન હોવા છતાં ખોટી રીતે અટક કરી ખોટી તપાસ કરી ખોટી ચાર્જશીટ કરેલ છે.

વધુમાં આરોપીએ લેખિત નિવેદન રજૂ કરી જણાવેલ છે કે તે નિર્દોષ છે તેની સામે કરવામાં આવેલા કહેવાતા આક્ષેપો પાયાવિહોણા છે અને ગુજરાત પોલીસે પોતાનો હેતુ બર લાવવા માટે આ ગુનામાં આરોપીને સંડોવેલા છે, આરોપીએ કયારેય ગુજરાત કે કેરાલા રાજયની મુલાકાત લીધેલી નથી, આરોપીને

ગુજરાતી કે મલયાલમી ભાષા આવડતી નથી, આરોપીએ કોઇ દિવસ હાલોલ કે વાઘમોન જેવી જગ્યાની મુલાકાત લીધી નથી કે આવી જગ્યાઓએ કોઇપણ પ્રકારની મિટિંગોમાં હાજર રહેલા નથી, અમદાવાદ તેમજ ભોપાલ મધ્યસ્થ જેલમાં આરોપીની તબીબી સારવારને લગતા કાગળોને ધ્યાને લેતાં એવુ ફલિત થાય છે કે આરોપી નિર્દોષ છે અને તેની સામે ખોટા આક્ષેપો કરવામાં આવેલા છે.

આરોપીનું લેખિત નિવેદન સદર આરોપીના વિશેષ નિવેદન સાથે રાખવામાં આવેલ છે.

(૧૪)આરોપી નં.૧૪ મહમદ સાજીદ ગુલામ ખ્વાજા મન્સુરીએ પોતાના ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને વિશેષમાં જણાવેલ છે કે આરોપી ૪/૩૦૧૩ બેગમપુરા, અહેમદનસીર સ્ટ્રીટ, મુર્ગવાન ટેકરા, સુરતના રહેવાસી છે તેઓ એક ભારતીય નાગરીક તરીકે સંવિધાન અને કાનુની વ્યવસ્થામાં ભરોસો રાખનાર, પ્રતિષ્ઠિત સામાજીક ધાર્મિક જીવન શાંતી અને સુખરૂપ રીતે જીવનાર વ્યક્તિ છે, તેમનો કોઈ ગુનાહિત ઈતિહાસ રહ્યો નથી આ કેસમાં તદ્ધન નિર્દોષ છે, અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસ તથા સુરત બોમ્બ પ્લાન્ટેશન કેસ સાથે આરોપીનો સીધો કે આડકતરો કોઈ સંબંધ નથી, આક્ષેપિત કાવતરૂ, ષડયંત્ર, દેશ વિરોધી પ્રવૃતિ કે પ્રતિબંધિત સંગઠન સાથે આરોપીનો કોઈ સંબંધ નથી, આરોપીએ કહેવાતા કોઈ ટ્રેનિંગ કેમ્પમાં હાજરી આપેલ નથી કે આ કેસ સબંધે નાસતા–ફરતા રહેલ નથી, આરોપી આ કેસમાં આક્ષેપિત કોઈપણ હોટલોમાં ક્યારેય રોકાયેલ નથી, આરોપીનુ સાજીદ સિવાય અન્ય ઉર્ફે નામ ક્યારેય રહેલ નથી કે આ નામ ક્યાંય વાપરેલ નથી કે કોઈએ તેમનુ કોઈ ઉપનામ ક્યારેય રાખેલ નથી, આરોપી સાદ, સલીમ, સજ્જાદ નામથી ક્યારેય ઓળખાયેલ નથી, તા.૦૯/૦૮/૨૦૦૮ ના રોજ પોલીસે આરોપીની ધરપકડ ઘરેથી કરી ભરૂચમાં ક્રાઈમ બ્રાન્ચ અધિકારી સુભાષ ત્રિવેદી સામે હાજર કરી પૂછપરછ કરવામાં આવેલી અને તેજ રાત્રે આરોપીને વડોદરા પોલીસને સુપરત કરી દેવામાં આવેલ, વડોદરા ક્રાઈમ બ્રાન્ચના અબ્દુલ કરીમ પોલરા, પોલીસ ઈન્સ્પેકટર

આલ્સીકા, કમિશનર આસ્થાના, બે દીલ્હીના આઈ.બી ઓફિસર દ્વારા એક બંગલામાં અને ફાર્મ હાઉસ ઉપર તા.૦૯/૦૮/૨૦૦૮ની રાત્રીથી તા.૧૨/૦૮/ ૨૦૦૮ની રાત સુધી રાખવામાં આવેલ અને રાત દિવસ આરોપીને અને આરોપીની જેમ પકડી રાખેલા કેટલાક મુસ્લિમ યુવાનોને થર્ડ ડીગ્રી ટોર્ચર કરી ગુનો કબૂલ કરી લેવા દબાણ કરવામાં આવેલુ, ગંદી ગાળો, પ્રાઈવેટ પાર્ટ અને શરીરના બીજા અવયવો ઉપર વીજ કરંટ આપવા, લાકડીથી અને રબરના બેલ્ટ થી મારેલ, "T"બનાવવી, સતત જગાડી રાખવા, સુવા ના દેવુ, ઘરના બીજા સભ્યો (નાના ભાઈ, પત્નિ વિગેરેને)કેસમાં ફસાવી દેવાની ધમકીઓ આપવી જેવા શારીરિક માનસિક રીતે લાચાર કરી ગુનો કબૂલાવી લઈ તેની વીડિયોગ્રાફી કર્યા પછી અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને તા.૧૨/૦૮/૨૦૦૮ ની રાતે સોંપવામાં આવેલ, તા.૦૨/૦૮/૨૦૦૮ થી તા.૧૬/૦૮/૨૦૦૮ સુધી ઉપર મુજબનો સમગ્ર અત્યાચાર અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાં જે.સી.પી ભાટીયા, ડી.સી.પી. ચુડાસમા અને સીંઘલ, પોલીસ ઈન્સ્પેકટર ભરવાડ અને આઈ.બી ના સિન્હા દ્વારા રાત દિવસ કરવામાં આવેલ, તા.૦૯/૦૮/૨૦૦૮ થી તા.૧૬/૦૮/ ૨૦૦૮ સુધી આરોપીને ગેરકાયદેસર ગોંધી રાખી નિર્દય અત્યાચાર કરવામાં આવ્યો.

વધુમાં આરોપીએ જણાવેલ છે કે તા.૧૬/૦૮/૨૦૦૮ ના રોજ કોર્ટમાં રજૂ કરી ધરપકડ જાહેર કરી તા.૧૬/૦૮/૨૦૦૮ થી તા.૦૧/૦૧/ ૨૦૦૯ સુધી સતત અમદાવાદ, સુરતના કેસોમાં રીમાન્ડ લેવામાં આવેલ, આ રીમાન્ડ દરમ્યાન પણ ચાર અમદાવાદના આઈ.ઓ.. તેમની ટીમ, બે સુરતના આઈ.ઓ. અને તેમની ટીમ દ્વારા માનસિક શારીરિક ત્રાસ ગુજારવામાં આવેલ, શારીરિક ટોર્ચરને કારણે બે વાર આરોપીના પગમાં ફ્રેકચર થયેલ, શારીરિક માનસિક ટોર્ચર, ધમકીઓ(ઘરના સભ્યોને કેસમાં નાખી દેવા) ની સાથે સાથે ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓ સતત એવું કહેતા હતા કે, "સમગ્ર તંત્ર અમારા કહ્યા મુજબ કાર્ય કરી રહ્યુ છે, તમારી છબી ત્રાસવાદીની હોવાની છાપ અમે મીડીયામાં ઉભી કરેલ છે જેથી તમારૂ કોઈ નહી સાંભળે અને અમે જેટલુ ઈચ્છીશું

રીમાન્ડમાં રાખીશુ ,જો કહ્યા મુજબ નહી કરે તો..." વિગેરે જેવી ધમકીઓ આપી આરોપી પાસે ઘણા કોરા કાગળો ઉપર પોલીસે મરજી મુજબનું લખાણ લખાવેલ, લખેલા કાગળો ઉપર તેમની ઈચ્છા અનુસાર સહીઓ કરાવેલ, ક્રાઈમ બ્રાન્ચમાં ઘણાં અજાણ્યા વ્યક્તિઓ સામે ઘણીવાર લઈ જવામાં આવ્યાં તથા ત્યારબાદ તે વ્યક્તિને ઓળખ પરેડમાં મેજિસ્ટ્રેટ કોર્ટમાં આરોપીએ જોયેલ, સમગ્ર રીમાન્ડ દરમ્યાન ક્રાઈમ બ્રાન્ચ કચેરી અમદાવાદ કે સુરતની બહાર કોઈ પંચનામાની કાર્યવાહી માટે લઈ જવામાં આવેલ નથી, આરોપી સુરતના ઘર સિવાય કોઈ મકાનમાં રહ્યા નથી કે કોઈ મકાન ભાડે રાખેલ નથી, આરોપી તદ્ધન નિર્દોષ છે, બાર વર્ષથી સતત જેલમાં હોવાના કારણે આરોપી અને તેમનુ કુંટુંબ આર્થિક, સામાજિક, માનસિક ઘણી તકલીફો ભોગવી રહ્યા છે, આરોપીએ મુસ્લિમ સમાજમાં કચ્છ ભૂકંપ વખતે રાહત કેમ્પ, કોમી તોફાનો વખતે રાહત કાર્યો સુરતની રેલ જેવી દુર્ઘટના સમયે રાહત કાર્ય ઉપરાંત ધાર્મિક સામાજિક પ્રવૃતિઓ અને અન્યાય સામે ન્યાયિક લડતમાં આગળ પડતો ભાગ ભજવતો હોવાને કારણે કેટલાક તત્વો દ્વારા વેરવૃતિ રાખી આ કેસમાં આરોપીને સંડોવવામાં આવ્યા છે, આરોપીને ન્યાય વ્યવસ્થામાં સંપૂર્ણ વિશ્વાસ છે, નામદાર કોર્ટથી ન્યાય મળવાની આશા છે તે માટે સત્ય હકીકત રજૂ કરે છે, આ કેસમાં આરોપી વિરૂધ્ધ સાક્ષીઓ તથા પુરાવા ખોટા ઉભા કરવામાં આવેલા છે, આરોપી વિરૂધ્ધ પુરાવા ન હોવા છતાં ખોટી રીતે અટક કરી પુરાવા ન હોવા છતાં ખોટી તપાસ કરેલ છે અને આરોપી વિરૂધ્ધ પુરાવા ન હોવા છતાં ખોટી ચાર્જશીટ કરેલ છે.

વધુમાં આરોપીએ શાહીબાગ પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુના રજી. નં. ૨૩૬/૨૦૦૮ના કામે આરોપીને એરેસ્ટ કર્યા અંગેના મેમાની નકલ રજૂ કરેલ છે.

આરોપીએ રજૂ કરેલ દસ્તાવજોને બચાવપક્ષના પુરાવા દરમ્યાન આંક આપવામાં આવેલ છે જેની ચર્ચા આરોપી દીઠ ફરિયાદપક્ષે રજૂ કરેલા પુરાવાના મૂલ્યાંકનના પેરામાં કરવામાં આવેલી છે.સદર આરોપીના વિશેષ નિવેદન સાથે રાખવામાં આવેલા છે.

(૧૫)આરોપી નં.૧૫ અબુબશર અબુબકર શેખે પોતાના ક્રિ.પ્રો. કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને વિશેષમાં જણાવેલ છે કે તેઓ તદ્ધન નિર્દોષ છે, અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસ, સુરત બોમ્બ પ્લાન્ટેશન કેસ સાથે કોઇ સબંધ નથી, આરોપીએ કોઈ પણ ગુનો કરેલ ન હોવા છતાં તા.૧૪–૮–૨૦૦૮ ના રોજ કોઈપણ જાતના વોરન્ટ કે અન્ય કાયદેસરના કારણો સિવાય યુ.પી. પોલીસની મદદથી અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચે આરોપીને તેમના ગામ બીનાબારા, જિલ્લા–આઝમગઢ, ઉત્તરપ્રદેશથી ગેરકાયદેસર રીતે અટક કરેલ તે વખતે ગામના આગેવાનોએ વિરોધ કરતાં નજીકના પોલિસ સ્ટેશને લઈ જઈ ખોટા પુરાવા ઉભા કરી અમદાવાદ લાવવામાં આવેલ અને અહીં વણઉકેલાયેલ મજકૂર કેસમાં ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ, અમદાવાદ આવ્યા પછી અને અટક પછી આ કેસમાં પુરાવાઓ ઉભા કરવામાં આવેલ છે અને ક્રાઇમ બ્રાન્ચના અધિકારીઓએ તેમની બનાવેલી ખોટી વાર્તાને સમર્થન આપતાં નિવેદનો લખી લીધેલા અને ખોટા પંચનામા બનાવવામાં આવેલ અને એવા ઉભા કરેલા સાહેદોને શીખવાડીને સમજાવીને નામદાર કોર્ટમાં આરોપી વિરૂધ્ધ ખોટી જુબાની અપાવેલ છે, આરોપી કયારેય ગુજરાત આવેલ નથી, આરોપીએ કોઇ મિટિંગમાં ભાગ લીધેલ નથી કે આવી કોઇ મિટિંગ કયારેય થયેલ નથી, આરોપી અમદાવાદ મુકામે ભાડાના મકાનમાં રહેલ નથી, રજૂ થયેલ દસ્તાવેજો બાબતે કાંઇ કહી શકે નહીં, આરોપી વિરૂધ્ધ પુરાવા ન હોવા છતાં ખોટી રીતે અટક કરી ખોટી તપાસ કરી ખોટી ચાર્જશીટ કરેલ છે.

(૧૬)આરોપી નં.૧૬ અબ્બાસ ઉમર સમેજાએ પોતાના ક્રિ.પ્રો. કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને વિશેષમાં જણાવેલ છે કે તેઓ તદ્ધન નિર્દોષ છે, અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસ, સુરત બોમ્બ પ્લાન્ટેશન કેસ સાથે કોઇ સંબંધ નથી, આ કેસમાં આરોપી વિરૂધ્ધ સાક્ષીઓ તથા પુરાવાઓ અટક પછી ખોટા ઉભા કરેલા છે, તા.૭/૮/૨૦૦૮ ના રોજ મોટા ભાઈ મોહંમદ હુસેન ઉમર

સમેજાને એસ.ઓ.જી. ભૂજ ના પોલીસ ઇન્સ્પેકટર દ્વારા દુકાનેથી કંઈક કામ છે તેવું કહી ભૂજ એસ.ઓ.જી. ખાતે લઈ ગયેલ અને રાત્રે આરોપી તપાસ કરવા ગયેલ ત્યારે જાણવા મળેલ કે આવતી કાલે છોડી દેશે બીજા દિવસે આરોપી એસ.ઓ.જી. ઑફિસે ગયેલ ત્યાં કૌટુંબીક ભાણેજ મોહંમદ હુસેન ઉમર જુનેજાને પણ ત્યાં જોયેલ, પોલીસ ઇન્સ્પેકટર સાહેબને આ લોકોને ક્યારે છોડશો તેવું પુછતા જણાવેલ કે હજુ આ લોકો અહીંયા જ રહેશે પછી જાણ કરીશું, આરોપીએ આ લોકોને છોડી મુકવા વિનંતી કરતાં તેમને ત્યાંથી જતા રહેવા કહેલ અને જો તુ વધારે જીદ્ધ કરીશ તો તને પણ આમની સાથે બેસાડી દઈશ તેમ કહી આરોપીને પણ તેઓની સાથે ત્યાં જ બેસાડી દીધેલ, આરોપીને તા.૮/૮/૨૦૦૮ ના રોજ સીટી રાઈડ ગાડી રજી. નં.જીજે-૧૨-જી-૮૦૮૬ દ્વારા અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ ખાતે લઈ જવામાં આવેલ, ક્રાઈમ બ્રાન્ચ ઑફિસમાં ત્રણેયને મોંઢા ઉપર બુરખો નાખી જુદી-જુદી ઑફિસોમાં રાખવામાં આવેલા.

વધુમાં આરોપીએ જણાવેલ છે કે ક્રાઈમ બ્રાન્ચ ઑફિસમાં આરોપીને ખુબ જ ખરાબ રીતે માર મારવામાં આવેલ અને જે ગુનો કરેલ નથી તેને કબુલ કરવા માટે વારંવાર દબાણ કરતાં હતાં, દસ-બાર દિવસ પછી ભાભી તથા માતા ભાઈ ફારૂક સાથે મળવા આવેલ ત્યારે માત્ર મારી ભાભી અને માતાને મુલાકાત આપવામાં આવેલ અને ઘરવાળાઓને કહેવામાં આવેલ કે તમે કોઈ વકીલ કરતા નહી કે કોઈ પણ જગ્યાએ અરજી કરતાં નહી, આ મુલાકાત બાદ શ્રી અભય ચુડાસમાએ બોલાવીને કહેલ કે જો તુ આ ગુનો કબુલ નહીં કરે તો તમો ત્રણેયની સાથે તમારા બીજા ઘર વાળાને પણ સીરીયલ બ્લાસ્ટ કેસમાં ફીટ કરી દેવામાં આવશે, લાંબા સમય સુધી ન છોડતા ભાભી હાજરાબેને તા.૧/૯/૨૦૦૮ના રોજ આરોપીને ગેરકાયદેસર રીતે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાં ગોંધી રાખેલ છે તે બાબતે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ અને પોલિસ અધીક્ષક સાહેબ, ભૂજને અરજી કરેલ, તા.૪/૯/૨૦૦૮ ના રોજ સાંજે ૫-૦૦ વાગે આરોપીની અટક બતાવતા કાગળો બનાવેલ જેમાં મોટા ભાઈ મોહંમદ હુસેન સમેજા કે જેઓને ભૂજથી લાવવામાં આવેલ તેમની અટક મેમો ઉપર સહી કરાવેલ ત્યારબાદ

આરોપીને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ ખાતે જ રાખવામાં આવેલ અને નામદાર કોર્ટમાં રજૂ કરી ખોટી રજૂઆતોના આધારે રીમાન્ડ માંગવામાં આવતા અને ક્રાઈમ બ્રાન્ચ ઑફિસથી ક્યાંય પણ બહાર લઈ જવામાં આવતા નહીં, ક્રાઈમ બ્રાન્ચ ઑફિસમાં કેટલાક લખેલા તથા કોરા કાગળો ઉપર સહીઓ કરાવવા આવતી અને અધિકારીઓના ખૂબ જ ત્રાસ અને મારને કારણે મજબુર થઈ આવી સહીઓ કરી આપેલ.

વધુમાં આરોપીએ જણાવેલ છે કે તા.૨૦/૧૧/૨૦૦૮ ના રોજ અમદાવાદ સેન્ટ્રલ જેલ ખાતેથી આરોપીની ગેરકાયદેસર અટકાયત તથા રિમાન્ડ બાબતે નામદાર કોર્ટને અરજી કરેલ, આ અરજી કરતા આરોપીને સુરત બોમ્બ પ્લાન્ટેશન કેસમાં પણ કોઈ પુરાવા વગર અટક કરવામાં આવેલ અને સુરત લઈ જવાને બદલે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ ખાતે રાખેલ અને આ અરજી કરવા બાબતે ખુબ જ માર મારવામાં આવેલ પાછળથી આરોપીના ભાઈ જેલ ઉપર મળવા આવેલ ત્યારે ખબર પડેલ કે તેમને પણ ક્રાઈમ બ્રાન્ચ ઑફિસમાં ઘણો સમય રાખવામાં આવેલ અને ખૂબ જ ત્રાસ આપીને ધમકાવીને તેમને ક્રાઈમ બ્રાન્ચ ઑફિસ દ્વારા બનાવેલ ખોટી વાર્તા મુજબ નામદાર મેજિસ્ટ્રેટ કોર્ટમાં જણાવવા દબાણ કરેલ અને જો આવી વાર્તા મુજબ નામદાર કોર્ટમાં નિવેદન લખાવશે તો જ તેમને છોડવામાં આવશે નહીં તો તેમને પણ આ કેસમાં સંડોવી દેવાની ધમકી આપવામાં આવેલ તેથી આ દબાણને વશ થઈ તેમણે ક્રાઈમ બ્રાન્ચના ઓફિસરો દ્વારા બનાવેલી ખોટી વાર્તા મેજિસ્ટ્રેટ સાહેબને જણાવેલ બદનસીબે હાલ તેમનું અવસાન થઈ ગયેલ હોઈ તે નામદાર કોર્ટને સત્ય જણાવવા હાજર નથી, આરોપીએ આ કેસમાં આક્ષેપિત કોઈ ગુનો કરેલ નથી,આરોપીએ હાલોલ–પાવાગઢ ખાતે કહેવાતા કોઈ ટ્રેનિંગ કેમ્પમાં હાજરી આપી નથી કે ભૂજ ખાતે સાયબર કાફેમાં કોઈને ઓળખાણ કરાવેલ નથી,આ કેસમાં આરોપી વિરૂધ્ધ પુરાવા ન હોવા છતાં ખોટી રીતે અટક કરી ખોટી તપાસ કરી ખોટી ચાર્જશીટ કરેલ છે.

વધુમાં આરોપીએ રજૂ કરેલ વિશેષ લેખિત નિવેદનમાં પણ ઉપર મુજબની જ વિગતો જણાવી છે. આરોપીએ લેખિત નિવેદન સાથે જાહેર માહિતી અધિકારી અને નાયબ પોલીસ અધીક્ષક, મુખ્ય મથક પશ્ચિમ કચ્છ–ભૂજ દ્વારા ડ્રાઇવર અંગે, વાહનની લોગ બુક અંગે, ટી.એ.ડી.એ. બીલની વિગત અંગે આપવામાં આવેલ માહિતી, અમદાવાદ ક્રાઇમ બ્રાંચ અને ભૂજ એસ.પી. ઑફિસમાં કરેલ અરજીની નકલ, એફ.આઇ.આર.ની નકલ, શાહીબાગ પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુના રજી.નં.૨૩૬/૨૦૦૮ના કામે આરોપીને એરેસ્ટ કર્યા અંગેના મેમાની નકલ, આરોપીના ભાભીના નિવેદનની નકલ, આરોપીએ તા. ૨૦–૧૧–૨૦૦૮ નારોજ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં. ૧૧, અમદાવાદને કરેલ અરજીની નકલ રજૂ કરેલ છે.

આરોપીએ રજૂ કરેલ દસ્તાવજોને બચાવપક્ષના પુરાવા દરમ્યાન આંક આપવામાં આવેલ છે જેની ચર્ચા આરોપી દીઠ ફરિયાદપક્ષે રજૂ કરેલા પુરાવાના મૂલ્યાંકનના પેરામાં કરવામાં આવેલી છે.સદર આરોપીના વિશેષ નિવેદન સાથે રાખવામાં આવેલા છે.

(૧૭)આરોપી નં.૧૭ નવેદ નઇમુદ્દીન કાદરીએ પોતાના ક્રિ.પ્રો. કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને વિશેષમાં જણાવેલ છે કે તેઓ આ કેસ અંગે કાંઇ જાણતા નથી, માઇન્ડ એપ્લાય કર્યા સિવાય ઉભા કરેલા પુરાવા આધારે ખોટી દરખાસ્તોની મંજૂરી આપેલી છે, આરોપી તદ્દન નિર્દોષ છે તથા અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસ સાથે આરોપીને કોઇ સંબંધ નથી, આ કેસમાં આરોપી વિરૂધ્ધ કોઇપણ સાક્ષી કે પુરાવો નથી, આરોપી વિરૂધ્ધ પુરાવા ન હોવા છતાં ખોટી રીતે અટક કરી ખોટી તપાસ કરી ખોટી ચાર્જશીટ કરેલ છે.

(૧૮)આરોપી નં.૧૮ જાવેદ અહેમદ સગીર અહેમદ શેખે પોતાના ક્રિ.પ્રો. કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને વિશેષમાં જણાવેલ છે કે તેઓ તદ્દન નિર્દોષ છે તથા અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસ તથા સુરત બોમ્બ પ્લાન્ટેશન કેસ

સાથે તેમને કોઇ સંબંધ નથી, આ કેસમાં આરોપી વિરૂધ્ધ સાક્ષી તથા પુરાવો ઉભો કરવામાં આવેલ છે, આરોપીએ ત્રીજા વર્ષ બી.એ સુધી અભ્યાસ કરેલ છે, અગાઉ કોઇ ગુનાહિત ઇતિહાસ નથી તથા તેઓ કોઇ ગુનામાં કયારેય પકડાયેલ નથી, તારીખ ૧૩–ઓગસ્ટ–૨૦૦૮ના રોજ રાત્રે તેમણે કોઇ ગુનો કરેલ ન હોવા છતાં ક્રાઇમ બ્રાન્ચ પોલીસ દ્વારા આરોપીને ગેરકાયદેસર રીતે અટક કરેલ ત્યારબાદ ખોટી રીતે આ કેસમાં તા.૦૪/૦૯/૨૦૦૮ના રોજ અટક કરવામાં આવેલ અને ખોટા પુરાવાના આધારે ખોટા રીમાન્ડ માંગેલા, આરોપી જાકીર કુરેશી નામની વ્યકિતને જાણતા નથી કે ક્યારેય તેની સાથે મુલાકાત થયેલ નથી, આરોપીએ કહેવાતી સીમીની કોઇપણ મિટિંગમાં હાજરી આપેલ નથી, આરોપી વિરૂધ્ધ પુરાવા ન હોવા છતાં ખોટી રીતે અટક કરી ખોટી તપાસ કરી ખોટી ચાર્જશીટ કરેલ છે.

(૧૯)આરોપી નં.૧૯ રઝીયુદ્દીન મૌલાના નસીરૂદ્દીન મુસ્લિમે પોતાના ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને વિશેષમાં જણાવેલ છે કે તેઓ તદ્દન નિર્દોષ છે તથા અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસ તથા સુરત બોમ્બ પ્લાન્ટેશન કેસ સાથે તેમને કોઇ સંબંધ નથી, કેસ અંગે કાંઇ જાણતા નથી, સદર કેસમાં માઇન્ડ એપ્લાય કર્યા સિવાય મંજૂરી આપેલી છે, રજૂ થયેલા દસ્તાવેજો અંગે કાંઇ જાણતા નથી, તા.૧૦–૧–૨૦૦૮થી તેઓ સતત કર્ણાટક ખાતે જ્યુડીશીયલ ક્સ્ટડીમાં હતા અને ત્યાંથી ટ્રાન્સફર ઓર્ડરથી આ કેસમાં અટક કરેલ છે, આ કેસમાં આરોપી વિરૂધ્ધ સાક્ષી અને પુરાવા ખોટા ઉભો કરી ખોટી તપાસ કરેલ છે અને આરોપી વિરૂધ્ધ પુરાવા ન હોવા છતાં ખોટી ચાર્જશીટ કરેલ છે.

વધુમાં આરોપીએ લેખિત નિવેદન રજૂ કરી જણાવેલ છે કે તેની સામે કરવામાં આવેલા આક્ષેપો ખોટા છે અને તે નિર્દોષ છે અને ખોટી રીતે આ કેસમાં ફસાવવામાં આવેલ છે, સને–૨૦૦૪ ના કોઇ બનાવનો ઉલ્લેખ કરી વધુમાં જણાવેલ છે કે પોલીસે તેને ખોટી રીતે હાલના ગુનામાં સંડોવેલો છે, ગુજરાત

પોલીસના અધિકારીઓ સામે આક્ષેપો કરેલા છે, સને–૨૦૦૪ના કેસમાં કરેલી ફરિયાદ પાછી ખેંચવા પોલીસ તેને ધમકાવતી હતી કે તને બીજા ગુનામાં સંડોવી દઈશુ અને તેથી કરીને હાલના ગુનામાં સંડોવેલા છે, હાલના ગુનાના કોઈપણ આરોપીને તેઓ આ કેસમાં અટક કર્યા અગાઉ ઓળખતા ન હતા, હાલના ગુન્હાનો બનાવ બન્યાના સાત મહિના પહેલા તેમને કર્ણાટકમાં અટક કરેલા અને ત્યાંથી ટ્રાન્સફર વોરન્ટના આધારે ગુજરાત લાવેલા છે, કર્ણાટક રાજયમાં નોંધાયેલ કેસમાં આરોપીને નિર્દોષ છોડવામાં આવેલા છે તેના કોઇ ઉર્ફે નામો નથી, આરોપી વિરૂધ્ધના જે પંચનામા તૈયાર કરેલા છે તે વખતે આરોપીની હાજરી ન હતી, ચાર્જશીટમાં દર્શાવેલા પુરાવો આરોપી વિરૂધ્ધ ઉપજાવી કાઢેલ છે, ઓળખ પરેડ કરાવેલી નથી, આરોપીની પોલીસ કસ્ટડી દરમ્યાન તેની સાથે મારઝુડ થતી હતી, શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવતો હતો અને ધમકી આપવામાં આવતી હતી કે કોર્ટ સમક્ષ આરોપી રજૂઆત કરશે તો એક વર્ષ સુધી પોલીસ રીમાન્ડ કસ્ટડીમાં રાખવામાં આવશે, આરોપીને ગુજરાતી આવડતુ નથી તેમજ આરોપીએ હૈદરાબાદ ખાતે સને–૨૦૦૪ માં દાખલ કરવામાં આવેલ એફ.આઈ.આર. નં.૮૮૩/૨૦૦૪ ની નકલ તેમજ સેશન્સ કેસ નં.૪૯/૨૦૦૮ અને ૧૧૨/૨૦૦૯ ના કામે હુબલી કેસમાં આવેલ ચુકાદાની નકલ તથા તેને સંલગ્ન ફકરાની ભાષાંતરીત નકલ રજૂ કરેલ છે.

આરોપીએ રજૂ કરેલ દસ્તાવજોને બચાવપક્ષના પુરાવા દરમ્યાન આંક આપવામાં આવેલ છે જેની ચર્ચા આરોપી દીઠ ફરિયાદપક્ષે રજૂ કરેલા પુરાવાના મૂલ્યાંકનના પેરામાં કરવામાં આવેલી છે. સદર આરોપીના વિશેષ નિવેદન સાથે રાખવામાં આવેલા છે.

(૨૦)આરોપી નં.૨૦ અતીકુર રહેમાન અબ્દુલહકીમ ખીલજીએ પોતાના ક્રિ.પ્રો. કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે, માઇન્ડ એપ્લાય કર્યા સિવાય તેમજ દસ્તાવેજોનો અભ્યાસ કર્યા વગર, યાંત્રિક રીતે મંજૂરીના કાગળોમાં સહીઓ કરેલ છે. વિશેષમાં જણાવેલ છે કે તેઓ તદ્દન નિર્દોષ છે, અમદાવાદ સીરીયલ બોમ્બ

બ્લાસ્ટ કેસ તથા સુરત બોમ્બ પ્લાન્ટેશન કેસ સાથે તેમને કોઇ સંબંધ નથી, આ કેસમાં આરોપી વિરૂધ્ધ કોઇપણ સાક્ષી કે પુરાવો નથી, આરોપી કયારેય ગુજરાત આવેલ નથી, આરોપી વિરૂધ્ધ પુરાવા ન હોવા છતાં ખોટી રીતે અટક કરી પુરાવા ન હોવા છતાં ખોટી તપાસ કરી ખોટી ચાર્જશીટ કરેલ છે.

(૨૧)આરોપી નં.૨૧ મહેંદીહસન અબ્દુલહમીદ અન્સારીએ પોતાના ક્રિ.પ્રો. કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે. **(આરોપીએ પોતાનુ નિવેદન હિન્દી ભાષામાં નોંધવાનો આગ્રહ કરેલ જેથી આ મુજબ હિન્દી પણ ગુજરાતીમાં લખેલ છે)** આરોપીએ વિશેષમાં જણાવેલ છે કે દિનાંક ૦૮/૧૦/૨૦૦૮ કો અહમદાબાદ ક્રાઇમબ્રાન્ચ કે દ્વારા ટ્રાન્સફર વોરન્ટ કે જરીયે જયપુર સેન્ટ્રલ જેલ સે હિરાસત મે લીયા ગયા, મુજકો બતાયા કે હમ અહમદાબાદ ક્રાઇમ બ્રાન્ચ કે પુલીસ કર્મી હે ઓર તુમકો પુછતાછ કે લીયે લેકર જાયા જા રહા હે આધી રાત કે બાદ હમારી ગાડી અહમદાબાદ પોહંચી થી, દિનાંક ૦૯/૧૦/૨૦૦૮ કો સુબહ કે સમય પુલીસ કર્મીયોં દ્વારા કુછ ગુજરાતી ભાષામેં ટાઇપ કીયે હુવે કાગઝો પર હસ્તાક્ષર કરવાએ ગએ, દોપહર કે બાદ ચહેરે પર બુરખા ડાલ કર કોર્ટ મે પેશ કીયા ગયા, મેજિસ્ટ્રેટ સહાબ કે સામને પેશ કરકે વાપસ કાળા બુરખા ડાલ કર ગાડી મેં બેઠા કર અહમદાબાદ ક્રાઇમબ્રાન્ચ કે કાર્યાલય મે લાયા ગયા વંહા આને કે બાદ બહોત સારે ટાઇપ કીયે હુવે ગુજરાતી ભાષાવાલે કાગઝો પર હસ્તાક્ષર કરવાઈ ગઈ ઉસકો ગુજરાતી ભાષા કા જ્ઞાન નહીં હે, દિનાંક ૧૦/૧૧/૨૦૦૮ કો દોપહર કે સમય મુજકો કોર્ટ લેકર જાયા ગયા મેજિસ્ટ્રેટ સહાબ કે સામને પેશ કીયા ગયા, મેજિસ્ટ્રેટ સહાબને કહા કી તુમકો દિનાંક ૨૩/૧૦/૨૦૦૮ તક પુલીસ રીમાન્ડ મે ભેજને કા આદેશ દીયા જાતા હે ઓર ઉસકે બાદ કોર્ટ પરીસર મે હી ગુજરાતી ભાષા મે ટાઇપ કીયે હુવે કાગઝો પર હસ્તાક્ષર કરવાએ ગએ, ઉસકો બેંચ પર ઉલટા લીટા કર કુલ્હો પર ડંડો સે મારા જાતા થા પૈર કે તલવો મે ભી ડંડો સે મારા જાતા થા, મારને પીટને કી બહોત સારી તરકીબે ઈસ્તેમાલ કી જાતી થી મારને પીટને ઓર ટોર્ચર કરને કા કામ પોલીસ સબ ઇન્સ્પેકટર જે. એમ. ભરવાડ ઓર ઉનકી ટીમ

કીયા કરતી થી, મૈં ઈસ દૌરાન બહોત હી ડર ઓર સહમ ગયા થા મૈં નહી સમજ પા રહા થા કી મુજકો કીસ કુસુર કી સજા દી જા રહી હે અત્યાધીક ટોર્ચર કી વજહ સે મેરી હિમ્મત ટુટ ચુકી થી ઓર મૈં અપના શારીરિક ઓર માનસિક સંતુલન ભી ખોતા જા રહા થા જયદા માર–પીટ ઓર ટોર્ચરો કી વજહ સે મેરી હાલત બહોત ખરાબ હોતી જા રહી થી પીટાઈ કી વજહ સે મેરે પૈરો ઓર કુલ્હો મે સુજન આ ગઈ થી જીસકી વજહ સે બેઠને ઓર ચલને મે ભી પરેશાની હોને લગી થી, દિનાંક ૨૩/૧૦/૨૦૦૮ કો દોપહર કે સમય જાંચ અધિકારી ટોળીયા સહાબ પાસ આએ ઓર આ કર કહા કી આજ તુમ્હારા રીમાન્ડ ખત્મ હો ગયા હે થોડી દેર કે બાદ હમ તુમકો કોર્ટ મે પેશ કરને લે કર જાએંગે, વંહા મેજિસ્ટ્રેટ સહાબ પુછે તો હમારે બારે મે કુછ મત કહેના, વરના મારતે,મારતે હાલત ખરાબ કર દુંગા, બાદમે કોર્ટ મે મેજિસ્ટ્રેટ સહાબ કે સામને પેશ કીયા ગયા, મેજિસ્ટ્રેટ સહાબ ને પુછા કુછ ફરીયાદ હે? પુલીસ કે ડર કી વજહ સે મના કર દીયા ઉસકે બાદ મુજકો જેલ ભીજવાને કા આદેશ દીયા ગયા, દિનાંક ૨૪/૧૦/૨૦૦૮ કો દોપહર કે સમય કોર્ટ મે પેશ કીયા ગયા ઓર વહાં ગુજરાતી ભાષા મે ટાઈપ કીયે હુવે પેપરો પર હસ્તાક્ષર કરવા કર મેજિસ્ટ્રેટ સહાબ ને આદેશ દીયા કી તુમકો દિનાંક ૩૧/૧૦/૨૦૦૮ તક કે લીયે પુલીસ રીમાન્ડ મે ભેજા જાતા હે ઓર મુજકો વાપસ અહમદાબાદ ક્રાઈમબ્રાન્ચ કે કાર્યાલય મે લાયા ગયા, દિનાંક ૩૧/૧૦/૨૦૦૮ કો રીમાન્ડ ખત્મ હોને પર કોર્ટ મે પેશ કીયા ગયા મેજિસ્ટ્રેટ સહાબ ને પુછા કુછ ફરિયાદ હે? લેકીન મૈં પુલીસ કી માર–પીટ ઓર ટોર્ચર કી વજહ સે બહોત ડરા હુઆ થા, મેજિસ્ટ્રેટ સહાબ સે કહે દીયા કી પુલીસ વિરૂધ્ધ કોઈ ફરીયાદ નહી હે, ઉસકે બાદ મુજે સાબરમતી જેલ લે જા કર જમા કરવાયા ઓર દુસરે અન્ય કેસ મે હીરાસત મે લે કર ક્રાઈમબ્રાન્ચ વાપસ લાયા ગયા, દિનાંક ૦૧/૧૧/૨૦૦૮ કો દોપહર કે સમય કોર્ટ મે પેશ કીયા ગયા વંહા પર ગુજરાતી ભાષા મે ટાઈપ કીયે હુએ કાગઝો પર હસ્તાક્ષર કરવાએ ગએ ઓર દિનાંક ૦૬/૧૧/૨૦૦૮ તક પુલીસ રીમાન્ડ મે ભેજને કા આદેશ મેજિસ્ટ્રેટ સહાબ ને દીયા, ઉસકે બાદ મુજકો વાપસ અહમદાબાદ ક્રાઈમબ્રાન્ચ મે લાયા

ગયા, ડી.સી.પી. અભય ચુડાસ્મા સહાબ ને કહા હમ જેસા તુજ કો સમજાએંગે વૈસા હી બયાન કોર્ટ મે જા કર મેજિસ્ટ્રેટ સહાબ કો દેના હોગા, યહી તેરે લીયે અચ્છા હોગા, પુલીસ રીમાન્ડ મે થા ઓર બહોત ટોર્ચર બરદાસ્ત કર ચુકા થા, ઈસ લીયે ઉનકી બાત માન લી , હિન્દી ભાષા મે ટાઈપ કીયે હુવે લગભગ ૧૦ સે ૧૫ પેપર જો સ્ટેપલ કીયે હુવે થે મુજકો દીયે ઓર ડી.સી.પી. અભય ચુડાસ્મા સહાબ ને કહા યે પેપર અપને પાસ રખ ઓર ઈસમે જો ભી લીખા હુઆ હે ઉસકો અચ્છે સે યાદ કર ડાલ, બસ યહી કહાની તુજકો મેજિસ્ટ્રેટ સહાબ કે પાસ લીખવાની હોગી, દિનાંક ૦૭/૧૧/૨૦૦૮ દોપહર કે બાદ લગભગ ૩ બજે કોર્ટ મે પેશ કીયા ગયા, વંહા પર બહોત સારે ગુજરાતી ભાષા મે ટાઈપ કીયે હુએ પેપરો પર હસ્તાક્ષર કરવાએ ગએ, દિનાંક ૧૦/૧૧/૨૦૦૮ કો દોપહર કે સમય ખોલી કા તાલા ખોલા ગયા ઓર કહા ગયા કોર્ટ કે લીયે તૈય્યાર હો જાઓ,લગભગ ૪ બજે કે આસપાસ મેજિસ્ટ્રેટ સહાબ કે ચેમ્બર મે લેકર જાયા ગયા મેજિસ્ટ્રેટ સહાબ નામ, પતા, ઉમ્ર, પઢાઈ કે બારેમે પુછા ઓર પુછા કયા કહેના ચાહતે હો તો કહે દીયા સહાબ બયાન દર્જ કરવાના ચાહતા હું, ઉનહોને પુછા અહમદાબાદ ક્રાઈમબ્રાન્ચ કે દબાવ મે બયાન દે રહે હો, મૈં ને મના કર દીયા, ઉસકે બાદ મેજિસ્ટ્રેટ સહાબ ને કહા મૈં તુમ કો વિચાર કરને કે લીયે ૨ દિન કા સમય દેતા હું ઓર તુમકો યંહા પર દિનાંક ૧૨/૧૧/૨૦૦૮ કો બુલવાયા જાએગા.

વિશેષમાં આરોપીએ જણાવેલ છે કે દિનાંક ૧૨/૧૧/૨૦૦૮ દોપહર કે સમય ખોલી સે બહાર નીકાલા ગયા ઓર થોડે સમય કે બાદ મુજકો મેજિસ્ટ્રેટ સહાબ કે ચેમ્બર મે બુલવાયા ગયા, મેજિસ્ટ્રેટ સહાબ ને કહા તુમકો જો ભી લીખવાના હે ધીરે ધીરે બોલતે જાઓ, મૈં બોલતા ગયા મેજિસ્ટ્રેટ સહાબ લીખતે ગએ, ઉસકે બાદ મેજિસ્ટ્રેટ સહાબ ને સભી કાગઝો પર મુજસે હસ્તાક્ષર કરવાએ મૈં ને હસ્તાક્ષર કર દીયે, આખરી પેજ પર મેજિસ્ટ્રેટ સહાબ ને કહા ઈસમે લીખ દો કી ''હિન્દી મે પઢ કર સુના દીયા ગયા'' મૈં ને ઉનકે કહે અનુસાર એસાહી લીખ દીયા, લેકીન મૈં નહી જાનતા થા કી ઉન કાગઝો મે કયા લીખા હુઆ હે, મુજકો ચેમ્બર સે બહાર ભેજ દીયા ગયા, દિનાંક ૨૦/૧૧/ ૨૦૦૮ કો યાર્ડ મે

જેલ અધિકારીયોં કા રાઉન્ડ આયા જીસમે જેલ અધીક્ષક સહાબ ખુદ આએ ઓર અરજી લીખને કે લીય કાગઝ ઓર કલમ માંગે અધીક્ષક સહાબને જેલર કો આદેશ દીયા કે ઈસકો કાગઝ પેન ઓર કાર્બન કોપી દીયા જાએ, દિનાંક ૨૫/૧૧/૨૦૦૮ કો સુબહ કે સમય અપની અરજી સાબરમતી સેન્ટ્રલ જેલ કે જેલર કે ઑફિસ મે જાકર દે દી વો અરજી મે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નંબર–૧૧, કો સમ્બોધીત કરકે લીખી ઓર ઉસમે સંક્ષેપ મે અપની પુરી બાતે લીખ દી કી કીસ તરહ ક્રાઈમબ્રાન્ચ વાલોને દબાવ બના કર ડરા ધમકા કર કોર્ટ મે લે જા કર અપના કામ કરવાયા હે, દિનાંક ૨૬/૧૧/૨૦૦૮ કો દોપહર કે વક્ત કોર્ટ મે પેશ કીયા ગયા મેજિસ્ટ્રેટ સહાબ ને પુછા કુછ ફરીયાદ હે મૈં ને કહા નહી સહાબ કોઈ ફરિયાદ નહી હે મુજકો જયપુર જેલ ભીજવા દીજીયે, દિનાંક ૨૭/૧૧/૨૦૦૮ કો મૈં અરજી જેલર સહાબ કે ઑફિસ મે જમા કરવા દી ઓર જેલર સહાબ સે પુછા કી સહાબ મૈં ને દો દિન પહેલે એક અરજી આપકો દી થી ઉસકા કયા હુઆ કયા આપને વો કોર્ટ મે ભેજ દી? તો જેલર સહાબ ને મના કર દીયા ઓર કહા કી બહોત જલદી તુમ્હારી અરજી ભીજવા દી જાએગી, દિનાંક ૦૧/૧૨/૨૦૦૮ કો શામ કે સમય મુજકો સુરત પોલીસ દ્વારા હીરાસત મે લીયા ગયા, દિનાંક ૦૨/૧૨/૨૦૦૮ કો કોર્ટ મે પેશ કીયા ગયા મેજિસ્ટ્રેટ સહાબ ને પુછા કુછ ફરીયાદ હે ડર કી વજહ સે મના કર દીયા, મેજિસ્ટ્રેટ સહાબ ને આદેશ દીયા કી તુમકો દિનાંક ૦૫/૧૨/૨૦૦૮ તક રીમાન્ડ મે ભેજા જાતા હે, ઈસ પુરે રીમાન્ડ કે દોરાન બહોત મારા–પીટા ગયા કસુર યહી થા કી દો અરજીયાં ક્રાઈમબ્રાન્ચ કે વિરૂદ્ધ લીખી થી ઈસી લીયે શારીરીક યાતના ઓર ધમકીયાં દી જા રહી થી, દિનાંક ૦૬/૧૨/૨૦૦૮ કો જેલર ઑફિસ મે ગયા ઓર અપની અરજીયોં કે બારે મે જેલર સહાબ સે પુછા તો જેલર સહાબ ને કહા હમને તેરી દોનો અરજી જાવક કર દી હે દિનાંક ૨૫/૧૧/૨૦૦૮ વાલી અરજી કા જાવક નંબર–યુટીપી/૪૬૧૩/૨૦૦૮ ઓર ૨૭/૧૧/૨૦૦૮ વાલી અરજી કા જાવક નંબર–યુટીપી/૪૬૦૭/૨૦૦૮ થા, ક્રાઈમબ્રાન્ચ કે પ્રેશર કી વજહ સે યે દોનો અરજીયાં રોક કર રખી ગઈ થી ઓર લગભગ સાત દિનો કે બાદ

૦૨/૧૨/૨૦૦૮ કો કોર્ટ મે ભીજવાઈ ગઈ થી, આરોપી કભી ગુજરાત નહી આયા હે ઈસ કેસ સે કોઈ સીધા યા ઓર તરીકે સે કોઈ સંબંધ નહી હેં, આરોપી કે ખીલાફ કોઈ સુબુત નહી હેં ઉસ્કે બાવાજુદ ગલત તરીકે સે ચાર્જશીટ બનાઈ ગઈ હે ઓર બીલકુલ ગલત જાંચ કી ગઈ હે ઓર કોઈ સુબુત ન હોને કે બાવજુદ કોર્ટ મે ગલત ચાર્જશીટ પેશ કી ગઈ હે, ન્યાયાલય સે નમ્ર નિવેદન કરતા હૈ કી ઈસ પ્રકરણ સે રીહાઈ દી જાએ.

વધુમાં આરોપીએ તા.૨૫–૧૧–૨૦૦૮ અને તા.૨૭–૧૧–૨૦૦૮ ના રોજ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧, અમદાવાદને કરેલ અરજીની નકલ રજૂ કરેલ છે.

આરોપીએ રજૂ કરેલ દસ્તાવજોને બચાવપક્ષના પુરાવા દરમ્યાન આંક આપવામાં આવેલ છે જેની ચર્ચા આરોપી દીઠ ફરિયાદપક્ષે રજૂ કરેલા પુરાવાના મૂલ્યાંકનના પેરામાં કરવામાં આવેલી છે.સદર દસ્તાવેજો આરોપીના વિશેષ નિવેદન સાથે રાખવામાં આવેલા છે.

(૨૨)આરોપી નં.૨૨ ઈમરાન સીરાજ અહેમદ પઠાણે પોતાના ક્રિ.પ્રો. કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઈન્કાર કરેલો છે અને વિશેષમાં જણાવેલ છે કે ઉભા કરેલા પુરાવા આધારે ખોટી દરખાસ્તો કરી માઈન્ડ એપ્લાય કર્યા સિવાય ખોટી મંજૂરી આપેલી છે, રજૂ થયેલા દસ્તાવેજો તેમજ મુદ્દામાલ બાબતે કાંઇ જાણતા નથી, પુરાવા વગર આરોપીને ખોટી રીતે અટક કરેલ છે, તેઓ તદ્દન નિર્દોષ છે, અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસ તથા સુરત બોમ્બ પ્લાન્ટેશન કેસ સાથે કોઇ સંબંધ નથી, આ કેસમાં આરોપી વિરૂધ્ધ કોઇપણ સાક્ષી કે પુરાવો નથી, આરોપી કયારેય ગુજરાત આવેલ નથી, આરોપી વિરૂધ્ધ પુરાવા ન હોવા છતાં ખોટી રીતે અટક કરી ખોટી તપાસ કરી ખોટી ચાર્જશીટ કરેલ છે.

(૨૩)આરોપી નં.૨૩ એયાઝ રજાકમીંયા સૈયદે આંક–૮૦૫૬થી સ્વૈચ્છિક ગુના કબૂલાતની અરજી આપતા તેઓને ફરિયાદપક્ષ દ્વારા સાહેદ નં. ૧૧૪૧ તરીકે આંક–૮૧૯૧ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. આમ,

સદર આરોપી નં.૨૩ ને સદર ગુનામાંથી માફી આપવામાં આવેલ હોવાથી તેઓનુ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. આ સંબંધમાં નીચે મુજબના ચુકાદો ધ્યાને લીધો.

અ.નં.	ચુકાદો	ચુકાદામાં નિર્ણીત થયેલ મુદ્દાઓ પૈકી એપ્રુવર અંગે નિર્ણીત થયેલ મુદ્દો
૧	મ્રીનલદાસ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ત્રિપુરા એ.આઇ.આર.–૨૦૧૧ સુપ્રિમ કોર્ટ, પાના નં.૩૭૫૩	એક વખત જ્યારે અદાલત દ્વારા આરોપીને સજા માફી આપવામાં આવેલી હોય ત્યારે તે આરોપી,આરોપી તરીકે રહેતો નથી પરંતુ તે ફરિયાદપક્ષનો સાહેદ બને છે. આ કેસમાં આરોપી નં.૨૩ ઐયાઝ સૈયદનાઓ એપ્રુવર થતાં ફરિયાદપક્ષે સાહેદ તરીકે તપાસેલો હોય, હવે તે આરોપી રહેતો નથી.

(૨૪)આરોપી નં.૨૪ ઉમર ઉર્ફે અશોક કાળાભાઇ કબીરા એ પોતાના ક્રિ.પ્રો. કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને વિશેષમાં જણાવેલ છે કે તેઓ તદ્દન નિર્દોષ છે, તેઓએ કોઈ ગુનો કરેલ નથી, આરોપીનો કોઈ જ ગુનાહિત ઈતિહાસ નથી, આરોપીનો સીમી અથવા આઈ.એમ. અથવા કોઈપણ કહેવાતી આંતકવાદી સંસ્થા સાથે કોઈ સંબંધ નથી તેમજ આ ગુનામાં સીધી કે આડકતરી રીતે કોઈપણ પ્રકારની સંડોવણી નથી, આરોપીએ સને–૨૦૦૩માં ઈસ્લામ ધર્મ થી આકર્ષીત થઈ ને સહ કુટુંબ ઈસ્લામ ધર્મ અંગીકાર કરેલ, આરોપી સરકારી નોકરીયાત છે, અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનમાં ઈજનેર વિભાગમાં કાયમી લેબર તરીકે નોકરીયાત છે, સર્વિસ દરમીયાન આરોપી ઉપર કોઈ પણ જાતનો આક્ષેપ નથી, આરોપીને તા. ૦૯/૦૮/૦૮ ના રોજ રાત્રે ૨ થી ૩ ના ગાળા

દરમ્યાન પોલીસ ઇન્સ્પેકટર તરૂણ બારોટ તથા પોલીસ સબઇન્સ્પેકટર ભરત પટેલ અને તેના સ્ટાફ દ્વારા ઘરે થી ગેરકાયદેસર ઉપાડી ગયેલ, તા.૦૯/૦૮/૦૮ થી તા. ૧૬/૧૦/૦૮ સુધી આરોપીને ગેરકાયદેસર અમદાવાદ ક્રાઈમબ્રાન્ચમાં ગોંધી રાખવામાં આવેલ અને આરોપી ઉપર અમાનુષી અત્યાચાર ગુજારવામાં આવેલ અને સીમી તથા કહેવાતા આંતકવાદી સંગઠન સાથે સંબંધ કબૂલ કરવા દબાણ કરવામાં આવેલ, ક્રાઈમ બ્રાન્ચના દબાણમાં વશ થઈ તેઓના કહેવા પ્રમાણે ન ચાલતા ખોટી રીતે તા.૧૬/૧૦/૦૮ ના રોજ આ ગુનામાં પુરાવા ન હોવા છતા અટક કરવામાં આવેલ, તા.૧૬/૧૦/૦૮ થી તા. ૦૭/૧૧/૦૮ સુધી રીમાન્ડ ઉપર લીધા, આ સમય દરમ્યાન શારીરિક, માનસિક ત્રાસ આપવામાં આવેલ, ૨૪ કલાક બુરખો પહેરાવીને રાખવામાં આવેલ જરૂર પ્રમાણે બુરખો ઉતારવામાં આવતો અને હાથકડી પાછળ બાંધી ને રાખવામાં આવતી સતત કેટલાય દિવસો સુધી ઉંઘવા ના દીધેલ, આ કેસમાં ગુનો કબૂલ કરવાનું દબાણ કરવામાં આવતું તથા કોરા કાગળો ઉપર સહીઓ લેવામાં આવી અને ધમકી આપવામાં આવી કે કોઈપણ જગ્યાએ ફરિયાદ અથવા અરજી કરી તો આખા ભારતનાં આવા ગંભીર કેસોમાં ફસાવી દેવામાં આવશે અને ફેમીલીને પણ ફસાવી દેવામાં આવશે, ગેરકાયદેસર અટક દરમિયાન ખોટુ આશ્વાસન ન આપવામાં આવેલ કે તારી વિરૂધ્ધ કોઈ પુરાવો નથી તને છોડી દેવામાં આવશે પરંતુ ૨ મહિના ઉપર થતા ન છોડતા ઘરવાળાએ ગુજરાત હાઈકોર્ટમાં હેબીયર્સની એપ્લીકેશન ફાઈલ કરતા આ ફરિયાદનું વેર રાખી કોઈપણ પુરાવા ન હોવા છતા આ કેસમાં અટક કરી ફસાવવામાં આવેલ.

વિશેષમાં આરોપીએ જણાવેલ છે કે તા.૦૭/૧૧/૦૮ ના રોજ જયુડીશીયલ કસ્ટડી કરતા પહેલા જબરદસ્તીથી કોરા કાગળ ઉપર સહી લેવામાં આવી અને ધમકાવવામાં આવેલ કે આ બાબતે કોર્ટમાં કોઈ પણ ફરિયાદ કરી તો ખૈર નહીં, તા. ૧૦/૧૧/૨૦૦૮ ના રોજ ટોળીયા સાહેબ અને ડી.એચ. વાઘેલા આવીને જેલ ખાતેથી લઈ ગયેલ અને રસ્તામાં બતાવતા હતા કે તને છોડી દેવાના છે જેમ કહે તેમ કરવાનું અને જજ સાહેબ જે પુછે તે જેમ બતાવેલ છે તે

રીતે જજ સાહેબ સામે બોલવાનું અને જયાં પણ સહીઓ કરાવે ત્યાં સહીઓ કરવાની અને જો એમ નહી કરો તો ૧૦ વર્ષ અથવા ૧૨ વર્ષ સજા કરાવી શકે છે, આરોપીને કોર્ટ રૂમમાં લઈ ગયેલ કોર્ટ રૂમની બહાર ફરી ધમકી આપી કે જેમ કહેલુ છે તેમજ કરવાનુ. પછી જજ સાહેબ પાસે લઈ ગયેલ, અને જજ સાહેબ પાસે લઈ જઈ ને મને તરતજ બહાર નીકાળી એક ખુરસી પર બેસાડી અને પછી કોરા કાગળ લઈને આવેલા તેમાં સહીઓ કરાવેલી અને પછી બે દિવસ પછી કોર્ટમાં પાછા આવવાનું છે, તા.૧૨/૧૧/૦૮ના રોજ ટોળીયા સાહેબ અને પોલીસ સબ ઇન્સ્પેકટર ડી.એચ. વાઘેલા બંને આવેલા અને જેલ ખાતે થી સીધા કોર્ટમાં લઈ ગયેલ અને કોર્ટ રૂમની બહાર ઉભા રાખીને ફરીથી ધમકી આપી કે કોર્ટમાં જજ સાહેબ સામે જે બતાવેલ છે તે જ બોલવાનું છે પછી થોડી વાર બહાર બેસાડી પછી ટોળીયા સાહેબ અને પોલીસ સબ ઇન્સ્પેકટર ડી.એચ.વાઘેલા મને જેલ ખાતે પરત કરેલ, તા. ૨૫/૧૧/૦૮ ના રોજ જેલ જાવક નંબર ૪૬૧૨/૦૮ થી સાચી હકીકત જણાવતી અરજી નામદાર મેટ્રોપોલીટીન કોર્ટ નંબર –૧૧ માં મોકલેલ, અરજી કર્યા પછી મયુર ચાવડા સાહેબે બોલાવીને કહ્યું કે અરજી કેમ કરી અને અરજી પાછી ખેંચવાનું દબાણ કરેલ અને ધમકી આપેલ કે અરજી પાછી નહીં ખેંચે તો આખુ જીવન જેલમાં સડતો રહેશે અને જેલમાં પણ તને શાંતી થી રહેવા દઈશું નહીં અને રીમાન્ડ બાકી છે ત્યાં પણ તારી ધુલાઈ કરીશું, ચુડાસમા સાહેબ પણ પોતાના સ્ટાફ સાથે જેલમાં આવેલા અને અરજી પાછી ખેંચવાનું દબાણ કરેલું, આવી રીતે ટોળીયા સાહેબ પણ જેલમાં આવીને અરજી પાછી ખેંચવા ધાક–ધમકી આપતા અને કહેતા જેલ, કોર્ટ, કચેરી બધી જગ્યાએ તેમનુ ચાલે છે કોઈપણ જગ્યા તારી સુનાવણી નહી થાય, પોલીસ ઇન્સ્પેકટર સીંધી સાહેબ જેલ ઉપર ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ ઉદયસીંહ તથા ગોપાલ શર્મા વારે ઘડી ધમકીઓ આપતા અને અરજી પાછી ખેંચવા દબાણ કરતા હતા અને આરોપીએ વિનંતી કરેલી છે કે આરોપીના કહેવાતા કોઈપણ નિવેદન સ્વીકારશો નહી, આરોપીનો આવા કોઈપણ નિવેદન સાથે કોઈ સંબંધ નથી અને જે પણ સહીઓ થી લેવામાં આવી છે તે બધા કોરા કાગળો ઉપર ધાક–ધમકી થી લેવામાં

આવેલ છે, આ કેસમાં આરોપી વિરૂધ્ધ કોઈપણ સાક્ષીઓ તથા પુરાવા નથી, આરોપી વિરૂધ્ધ પુરાવા ન હોવા છતાં ખોટી રીતે અટક કરી પુરાવા ન હોવા છતાં ખોટી તપાસ કરી ખોટી ચાર્જશીટ કરેલ છે.

વધુમાં આરોપીએ શાહીબાગ પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુના રજી.નં. ૨૩૬/૨૦૦૮ ના કામે આરોપીને એરેસ્ટ કર્યા અંગેના મેમાની નકલ, તા.૨૫-૧૧-૨૦૦૮ ના રોજ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧, અમદાવાદને કરેલ અરજીની નકલ તેમજ આરોપીની પત્નિએ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં કરેલ સ્પેશ્યલ ક્રિમીનલ એપ્લીકેશન નં.૧૬૫૮/૨૦૦૮ની નકલ રજૂ કરેલ છે.

આરોપીએ રજૂ કરેલ દસ્તાવજોને બચાવપક્ષના પુરાવા દરમ્યાન આંક આપવામાં આવેલ છે જેની ચર્ચા આરોપી દીઠ ફરિયાદપક્ષે રજૂ કરેલા પુરાવાના મૂલ્યાંકનના પેરામાં કરવામાં આવેલી છે.સદર આરોપીના વિશેષ નિવેદન સાથે રાખવામાં આવેલા છે.

(૨૫)આરોપી નં.૨૫ સલીમ જમાલભાઇ સિપાહીએ પોતાના ક્રિ.પ્રો. કોડ કલમ-૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને વિશેષમાં જણાવેલ છે કે આરોપીના પુરાવા વગર રીમાન્ડ માંગવામાં આવેલા, આરોપીએ પોતાનુ ઘર બતાવેલ નથી કે પોલીસ વાળા સાથે આરોપી પોતાના ઘરે ગયેલા નથી, રજૂ થયેલા દસ્તાવેજો પાછળથી ઉભા કરેલા છે, આરોપી તદ્દન નિર્દોષ છે, ધોરણ-૯ સુધી ગુજરાતી માધ્યમમાં અભ્યાસ કરેલ છે, આરોપીને ઉર્દૂ ભાષા લખતા, બોલતા કે વાંચતા આવડતી નથી, અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસ સાથે કોઇ સંબંધ નથી, આ કેસમાં આરોપી વિરૂધ્ધ સાક્ષી અને પુરાવો ખોટો ઉભો કરી ખોટી તપાસ કરી આરોપી વિરૂધ્ધ પુરાવા ન હોવા છતાં ખોટી ચાર્જશીટ કરેલ છે.

(૨૬)આરોપી નં.૨૬ મોહમ્મદઅલી મોહરમઅલી અન્સારીએ પોતાના ક્રિ.પ્રો. કોડ કલમ-૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે, આ કેસમાં આરોપીનુ કોઇ ડેમોસ્ટ્રેશન કે ટ્રેકીંગ પંચનામુ કરેલુ નથી, માઇન્ડ એપ્લાય કર્યા સિવાય ખોટી દરખાસ્તો કરેલી

છે, રજૂ થયેલા દસ્તાવેજો બાબતે કાંઇ કહી શકે નહીં. આરોપીએ વિશેષમાં જણાવેલ છે કે તેઓ તદ્દન નિર્દોષ છે તથા અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસ તથા સુરત બોમ્બ પ્લાન્ટેશન કેસ સાથે તેમને કોઇ સંબંધ નથી, આ કેસમાં આરોપી વિરૂધ્ધ કોઇપણ સાક્ષી કે પુરાવો નથી, આરોપી કયારેય ગુજરાત આવેલ નથી કે કયારેય કેરળ રાજયમાં ગયેલ નથી, આરોપી વિરૂધ્ધ પુરાવા ન હોવા છતાં ખોટી રીતે અટક કરી ખોટી ચાર્જશીટ કરેલ છે.

વધુમાં આરોપીએ લેખિત નિવેદન રજૂ કરી જણાવેલ છે કે તેઓ પોતાના રાજય મધ્યપ્રદેશની બહાર ગયા નથી, કયારેય પણ ગુજરાત કે કેરાલા પણ ગયા નથી, ધાર્મિક કે રાજનૈતિક સંગઠન સાથે આરોપીને કોઇ સંબંધ નથી, આરોપી કેસમાં જણાવ્યા પ્રમાણેના કોઇ ઉર્ફે નામો ધરાવતા નથી કે તે સંબંધે કોઇ પુરાવો રજૂ થયો નથી, આરોપીની કોઇ ઓળખ પરેડ થયેલ નથી કે આરોપી રૂબરૂ કોઇ પંચનામા પણ થયા નથી, તમામ પંચનામા અને સાક્ષીઓ આરોપી વિરૂધ્ધ ખોટા ઉભા કરેલા છે, પોલીસે કોરા કાગળોમાં સહીઓ કરાવેલી જેમાં ગુજરાતીમાં લખાણ હતુ, આરોપીને ખ્યાલ નથી કે તેમાં શું લખેલુ છે કારણકે આરોપીને ગુજરાતી ભાષા આવડતી નથી, આરોપી બેગ વેચવાનો ધંધો કરી આજીવિકા ચલાવતા હતા, આરોપી તદ્દન નિર્દોષ છે.

વધુમાં આરોપીએ લેખિત નિવેદન સાથે ચીફ જસ્ટીસ સાહેબશ્રી, બોમ્બે હાઇકોર્ટ, ફોર્ટ, મુંબઇમાં તા.૩૦–૮–૨૦૦૮ ના રોજ કરેલ અરજીની નકલ, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, થાણે દ્વારા આર.ટી.આઇ. અરજી અંગે આપેલ જવાબની નકલ, ક્રિમીનલ કેસ નં.૮૦૨/૨૦૦૯ અને ક્રિમીનલ કેસ નં.૩૪૫/૨૦૧૫ ના કામે થયેલ હુકમની નકલ, શાસકીય માહિતી અધિકારી, વાશી વિભાગ, નવી મુંબઇ દ્વારા આરોપીને આર.ટી.આઇ.અરજી અંગે આપેલ જવાબની નકલ, આરોપીએ મકોકા કોર્ટ, મુંબઇ મુકામે તા.૧૧–૨–૨૦૦૯ ના રોજ કરેલ અરજીની નકલ રજૂ કરેલ છે.

આરોપીએ રજૂ કરેલ દસ્તાવજોને બચાવપક્ષના પુરાવા દરમ્યાન આંક આપવામાં આવેલ છે જેની ચર્ચા આરોપી દીઠ ફરિયાદપક્ષે રજૂ કરેલા

પુરાવાના મૂલ્યાંકનના પેરામાં કરવામાં આવેલી છે.સદર આરોપીના વિશેષ નિવેદન સાથે રાખવામાં આવેલા છે.

(૨૭)આરોપી નં.૨૭ મહંમદ ઈસ્માઈલ મહંમદ ઈશાક મન્સુરીએ પોતાના ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઈન્કાર કરેલો છે અને વિશેષમાં જણાવેલ છે કે ઉભા કરેલા પુરાવા આધારે ખોટી દરખાસ્ત કરી માઈન્ડ એપ્લાય કર્યા સિવાય ખોટી મંજૂરી આપેલી છે, આરોપીએ કોઇ જાહેરાત કરેલ નથી, આરોપી પોલીસને લઇ કયાંય ગયેલ નથી કે સાક્ષી રૂબરૂ કાંઇ જાહેર કરેલ નથી, આરોપી તદ્ધન નિર્દોષ છે, અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસ તથા સુરત બોમ્બ પ્લાન્ટેશન કેસ સાથે તેમને કોઇ સંબંધ નથી. આ કેસમાં આરોપી વિરૂધ્ધ સાક્ષી કે પુરાવા પાછળથી ઉભા કરવામાં આવેલાં છે, આરોપી વિરૂધ્ધ પુરાવા ન હોવા છતાં ખોટી રીતે અટક કરી ખોટી તપાસ કરેલ છે અને આરોપીએ કોઇ જગ્યા બતાવેલ નથી કે કોઇ સાહેદ કે પોલીસ અધિકારી રૂબરૂ કોઇ જાહેરાત કે કબૂલાત કરેલ નથી, આરોપી વિરૂધ્ધ પુરાવા ન હોવા છતાં ખોટી ચાર્જશીટ કરેલ છે, કેરળ ખાતે મુન્ડાકકયામ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં. ૨૫૭/૨૦૦૮ની ફરિયાદ તા. ૧૯/૦૬/૦૮ ના રોજ નોંધવામાં આવેલી અને સને–૨૦૦૯ના સેશન્સ કેસ નં.૨/૨૦૧૧/એન. આઇ.એ. નામદાર કોર્ટમાં ચાલી જતાં કોર્ટે આરોપીને તા.૧૪/૫/૨૦૧૮ ના રોજ નિર્દોષ જાહેર કરી છોડી મુકવાનો હુકમ કરેલો છે.

વધુમાં આરોપીએ વિશેષ લેખિત નિવેદન રજૂ કરી જણાવેલ છે કે પોતે એમ્બ્રોઇડરીનુ કામકાજ કરી પોતાના પરિવારનુ ગુજરાન ચલાવતા હતા, પરિવારમાં વૃધ્ધ માતા પિતા, પત્નિ, ત્રણ બાળકો, ભાઇ–ભાભી સંયુકત રીતે રહેતા હતા, પોલીસે ખોટી રીતે આટલા મોટા કેસમાં સંડોવી દીધેલ છે, તા. ૮–૮–૨૦૦૮ ના રોજથી ગેરકાનૂની રીતે ક્રાઇમ બ્રાંચમાં ગોંધી રાખવામાં આવેલ છે, આ ગેરકાનુની કસ્ટડી દરમ્યાન આરોપીને ખૂબ જ માનસિક અને શારીરિક ત્રાસ આપવામાં આવેલો, પોલીસ રીમાન્ડ દરમ્યાન પોલીસ આરોપીને કોઇ જગ્યાએ લઇ ગયેલ નથી કે પોલીસને કોઇ જગ્યા બતાવેલ નથી કે કોઇ ચીજવસ્તુઓ

આરોપીએ શોધી બતાવેલ નથી, અમદાવાદ કે સુરતના કેસ સાથે કોઇ સીધો કે આડકતરી રીતે સંબંધ નથી, કહેવાતા પંચનામા ખોટા ઉભા કરેલા છે, આક્ષેપિત સાઇકલો, ગેસના બોટલો કે કોઇપણ ચીજવસ્તુઓ આરોપીએ કયારેય ખરીદેલ નથી કે કોઇને ખરીદીને આપેલ નથી, કહેવાતા સાહેદો અને પંચ સાહેદોએ આરોપી વિરૂધ્ધમાં જે જુબાની આપી છે તે ક્રાઇમ બ્રાંચના કહેવાથી ઉપજાવી કાઢેલ છે જેથી આરોપીને ન્યાય આપવા માટે વિનંતી કરી છે.

આરોપીએ રજૂ કરેલ ઉપરોકત લેખિત નિવેદન સદર આરોપીના વિશેષ નિવેદન સાથે રાખવામાં આવેલ છે.

(૨૮)આરોપી નં.૨૮ અફઝલ મુતલીબ ઉસ્માનીએ પોતાના ક્રિ.પ્રો. કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને વિશેષમાં જણાવેલ છે કે તેઓ તદ્દન નિર્દોષ છે તથા અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસ તથા સુરત બોમ્બ પ્લાન્ટેશન કેસ સાથે તેમને કોઇ સંબંધ નથી, આ કેસમાં આરોપી વિરૂધ્ધ સાક્ષી કે પુરાવો પાછળથી ઉભા કરવામાં આવેલાં છે, આરોપી કયારેય ગુજરાત આવેલ નથી, આરોપી વિરૂધ્ધ પુરાવા ન હોવા છતાં ખોટી રીતે અટક કરી ખોટી તપાસ કરેલ છે, આરોપીએ કોઇ જગ્યા બતાવેલ નથી કે કોઇ સાહેદ કે પોલીસ અધિકારી રૂબરૂ કોઇ જાહેરાત કે કબૂલાત કરેલ નથી, આરોપી વિરૂધ્ધ પુરાવા ન હોવા છતાં ખોટી ચાર્જશીટ કરેલ છે.

વિશેષમાં આરોપીએ જણાવેલ છે કે તા.૨૬/૦૮/૦૮ના રોજ આરોપીને મુંબઇ ક્રાઇમ બ્રાન્ચે કુર્લા ટર્મીનલ્સ મુંબઇ ખાતેથી ક્રાઇમ બ્રાન્ચ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં. ૧૪૨/૦૮ના કામે ચોરીના ગુનામાં અટક કરી તા.૨૭/૦૮/૦૮ના રોજ કિલ્લા કોર્ટમાં રજૂ કરેલ જે કેસમાં તપાસ કરનાર અધિકારીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૯ અન્વયે રીપોર્ટ કરતા નામદાર કોર્ટે ગ્રાહ્ય રાખી આરોપીને તા.૨૨/૧૨/૦૮ના રોજ ડિસ્ચાર્જ કરવામાં આવેલાં. ત્યારબાદ તા.૦૮/૦૯/૨૦૦૮ના રોજ ક્રાઇમ બ્રાન્ચે ફ.ગુ.ર.નં. ૧૪૬/૦૮ ના કામે ચોરીના ગુનામાં અટક કરી કિલ્લા કોર્ટમાં રજુ કરેલા જે કેસમાં

તપાસ કરનાર અધિકારીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૯ અન્વયે રીપોર્ટ કરતા કોર્ટે ગ્રાહ્ય રાખી આરોપીને તા.૨૨/૧૨/૦૮ના રોજ ડિસ્ચાર્જ કરવામાં આવેલાં. ત્યારબાદ તા.૧૬/૦૯/૨૦૦૮ના રોજ ક્રાઈમ બ્રાન્ચે ફ.ગુ.ર.નં. ૧૪૯/૦૮ના કામે ચોરીના ગુનામાં અટક કરી કિલ્લા કોર્ટમાં રજૂ કરેલા જે કેસમાં તપાસ કરનાર અધિકારીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૯ અન્વયે રીપોર્ટ કરતા કોર્ટે ગ્રાહ્ય રાખી આરોપીને તા.૧૯/૧૨/૦૮ના રોજ ડિસ્ચાર્જ કરવામાં આવેલાં જે અંગેના દસ્તાવેજો જરૂર પડ્યેથી રજૂ કરશે , અમદાવાદ શહેરમાં કહેવાતા બોમ્બ વિસ્ફોટના ગુના નોંધાયા બાદ આરોપીને ખોટી રીતે મુંબઇ ક્રાઇમ બ્રાન્ચ પોલીસે ગેરકાયદેસર અટક કરી ગોંધી રાખેલ જે સંદર્ભમાં મોટાભાઇ મોહમદ ફઝલ અબ્દુલ મુતલીબ ઉસ્માનીએ નામદાર ચીફ જસ્ટીસ બોમ્બ હાઇકોર્ટને ફેકસ દ્વારા જાણ કરેલી જેની નકલ આ સાથે રજૂ કરે છે –એનેક્ષર–"એ" એક પાનું .અમદાવાદ શહેરમાં કહેવાતા ગુનામાં વપરાયેલ ફોર વ્હિલર વાહનો જે મુંબઇ મુકામેથી ચોરી થયા હતા તે અંગે નવી મુંબઇ મુકામે જુદા–જુદા પોલીસ સ્ટેશનમાં ચોરીની ફરિયાદો નોંધવામાં આવેલ જે ફરિયાદો સંદર્ભમાં આરોપીને ખોટી રીતે અટક કરી ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ તે તમામ ચોરીના ગુનાઓ નવી મુંબઇ મુકામે નામદાર કોર્ટમાં ચાલી ગયેલ છે જેની વિગત નીચે મુજબ છે.

(૧)નેરૂલ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૨૧૫/૨૦૦૮ની ફરિયાદ તા.૨૭/૦૭/૦૮ના રોજ નોંધવામાં આવેલ એટલે કે અમદાવાદ બોમ્બ બ્લાસ્ટ થયાના એક દિવસ પછી ફરિયાદ નોંધવામાં આવેલી અને આ કામે આરોપીને તા.૨૬/૦૫/૦૯ના રોજ અટક કરવામાં આવેલ જેનો રેગ્યુલર કેસ નં.૮૦૨/૨૦૦૯ થી નામદાર કોર્ટમાં ચાલી જતાં આરોપીને તા.૨૫/૦૬/૨૦૧૨ના રોજ નિર્દોષ જાહેર કરી છોડી મુકવાનો હુકમ કરેલો છે. જે હુકમની સહી સિક્કાવાળી પ્રમાણીત નકલ (મરાઠી ભાષામાં છે) જે રજૂ કરે છે એનેક્ષર–"બી" કુલ પાના પાંચ

(૨)પનવેલ પોલીસ સ્ટેશન ફ.ગુ. ૨.નં.૨૫૬/૨૦૦૮ ની ફરિયાદ તા.૦૮/૦૭/૦૮ના રોજ નોંધવામાં આવેલી અને આ કામે આરોપીને

તા.૧૬/૦૪/૨૦૧૫ ના રોજ અટક કરવામાં આવેલ જેનો રેગ્યુલર કેસ નં. ૩૪૫/૨૦૧૫ થી નામદાર કોર્ટમાં ચાલી જતાં નામદાર કોર્ટે આરોપીને તા.૨૫/૧૧/૨૦૧૬ના રોજ નિર્દોષ જાહેર કરી છોડી મુકવાનો હુકમ કરેલો છે. જે હુકમની સહી સિક્કાવાળી પ્રમાણીત નકલ રજૂ કરે છે.**એનેક્ષર–"સી" કુલ પાના સાત**

(૩)પનવેલ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં. ૨૬૯/૨૦૦૮ની ફરિયાદ તા.૨૩/૦૭/૦૮ના રોજ નોંધવામાં આવેલી અને આ કામે આરોપીને તા.૧૭/૦૪/૨૦૧૫ ના રોજ અટક કરવામાં આવેલ જેનો રેગ્યુલર કેસ નં. ૩૪૩/૨૦૧૫ થી નામદાર કોર્ટમાં ચાલી જતાં આરોપીને તા. ૨૫/૧૧/૨૦૧૬ ના રોજ નિર્દોષ જાહેર કરી છોડી મુકવાનો હુકમ કરેલો છે જે હુકમની સહી સિક્કાવાળી પ્રમાણીત નકલ આંક–**૭૦૭૨** થી આ કામે રજૂ કરેલ છે.

(૪)વાશી પોલીસ સ્ટેશન ફ.ગુ. ૨.નં.૨૦૨/૨૦૦૮ની ફરિયાદ તા.૦૯/૦૭/૦૮ના રોજ નોંધવામાં આવેલી અને આ કામે આરોપીને અટક કરવામાં આવેલી નથી જે અંગે આર.ટી.આઇ. હેઠળ માંગેલ માહિતી છે તેની સહી સિક્કાવાળી પ્રમાણીત નકલ (મરાઠી અને અંગ્રેજી ભાષામાં) છે તે રજૂ કરે છે.એનેક્ષર–"ડી"એક પાનું

વિશેષમાં આરોપીએ જણાવેલ છે કે અનુક્રમ નં.૧ થી ૩ જેમાં આરોપીને નામદાર કોર્ટ દ્વારા નિર્દોષ જાહેર કરી છોડી મુકવાનો હુકમ કરેલ છે તે સામે રાજય સરકારે એકવીટલ અપીલ ઉપલી અદાલતમાં ફાઇલ કરેલ નથી કે સદર હુકમને કોઇપણ રીતે કોઇપણ અદાલતમાં ચેલેન્જ કરેલ નથી. વધુમાં આરોપી તેમની નિર્દોષતા સાબીત કરવા માટે વિશેષ લેખિત નિવેદન જે નામદાર સ્પે.જજ ફોર મહારાષ્ટ્ર કન્ટ્રોલ ઓફ ઓર્ગેનાઇઝ ક્રાઇમ એકટની કોર્ટમાં લેખિત અરજી જેલ મારફતે તા.૧૧/૦૨/૨૦૦૯ના રોજ કરેલ તેની સહી સિક્કાવાળી પ્રમાણીત નકલ રજૂ કરે છે– એનેક્ષર–"ઇ" કુલ સાત પાના જે ધ્યાને લેવા માટે વિનંતી કરી છે.

આરોપીએ રજૂ કરેલ દસ્તાવજોને બચાવપક્ષના પુરાવા દરમ્યાન આંક આપવામાં આવેલ છે જેની ચર્ચા આરોપી દીઠ ફરિયાદપક્ષે રજૂ કરેલા પુરાવાના મૂલ્યાંકનના પેરામાં કરવામાં આવેલી છે.સદર આરોપીના વિશેષ નિવેદન સાથે રાખવામાં આવેલા છે.

(૨૯)આરોપી નં.૨૯ મહમદ જાકીર અબ્દુલહક્ક શેખે પોતાના ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને વિશેષમાં જણાવેલ છે કે ઉભા કરેલા પુરાવા આધારે ખોટી દરખાસ્ત કરી માઇન્ડ એપ્લાય કર્યા સિવાય ખોટી મંજૂરી આપેલી છે, તેઓ તદ્દન નિર્દોષ છે, આરોપીને મુંબઇ ક્રાઇમ બ્રાંન્ચે ખોટી રીતે અટક કરેલ જે અટકને ખોટો આધાર બનાવી આ કેસમાં ખોટી રીતે સંડોવી દીધેલ છે, આ અગાઉ આરોપી ઉપર કોઇપણ પ્રકારનો કોઇ ગુનો ભારત દેશમાં કે અન્ય નોંધાયેલ નથી કે આરોપીએ ક્યારેય વિદેશયાત્રા કરેલ નથી તથા અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસ તથા સુરત બોમ્બ પ્લાન્ટેશન કેસ સાથે આરોપીને કોઇ સંબંધ નથી, આ કેસમાં આરોપી વિરૂધ્ધ કોઇપણ સાક્ષી કે પુરાવો નથી, આરોપી કયારેય અમદાવાદ, ગુજરાત આવેલ નથી કે કહેવાતી તારીખે આરોપી સુરત મુકામે આવેલ નથી, આરોપી વિરૂધ્ધ પુરાવા ન હોવા છતાં ખોટી રીતે અટક કરી ખોટી તપાસ કરી ખોટી ચાર્જશીટ કરેલ છે.

(૩૦)આરોપી નં.૩૦ મોહમદ સાદીક ઇશરાર અહેમદ શેખે પોતાના ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને વિશેષમાં જણાવેલ છે કે આરોપીની કોઇ પણ અધિકારી દ્વારા પુછપરછ કરેલ નથી, રજૂ થયેલા દસ્તાવેજો બાબતે કાંઇ કહી શકે નહીં, પોલીસ તેમને કયાંય લઇ ગયેલ નહીં, આરોપી સામે કોઇ પંચનામુ કરવામાં આવેલ નથી, તદ્દન નિર્દોષ છે તથા અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસ તથા સુરત બોમ્બ પ્લાન્ટેશન કેસ સાથે કોઇ સંબંધ નથી, આ કેસમાં આરોપી વિરૂધ્ધ કોઇપણ સાક્ષી કે પુરાવો નથી, આરોપી કયારેય ગુજરાત આવેલ નથી,

આરોપી વિરૂધ્ધ પુરાવા ન હોવા છતાં ખોટી રીતે અટક કરી ખોટી તપાસ કરી ખોટી ચાર્જશીટ કરેલ છે.

વધુમાં આરોપીએ લેખિત નિવેદન રજૂ કરી જણાવેલ છે કે તેઓ પ્રમાણિક અને કાયદાને માન આપતા નાગરિક છે, હાલના કેસમાં ખોટી રીતે સંડોવવામાં આવેલા છે, છેલ્લા ૧૨ વર્ષથી ખોટા આક્ષેપોના કારણે ઘણુ બધુ સહન કરી રહ્યા છે તેમને મુંબઇ પોલીસ દ્વારા અટક કરવામાં આવેલ અને ત્યાર બાદ ટ્રાન્સફર વોરન્ટના આધારે ગુજરાત લાવવામાં આવેલા છે જયાં તેઓને માનસિક અને શારીરિક ત્રાસ આપવામાં આવેલો છે, કોરા કાગળમાં સહીઓ લેવામાં આવેલી છે, ખોટી સાક્ષી ઉભા કરવામાં આવેલા છે, તેમને પંચનામુ તૈયાર કરવા માટે કયારેય પણ મુંબઇ લઇ જવામાં આવેલા નથી અને તેઓએ કોઇ પણ વાંધાજનક નિવેદન પોલીસ રૂબરૂ આપેલ નથી, હૈદરાબાદના આવા જ બીજા કેસમાં આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવેલ છે.

આરોપીનુ લેખિત નિવેદન સદર આરોપીના વિશેષ નિવેદન સાથે રાખવામાં આવેલ છે.

(૩૧)આરોપી નં.૩૧ મહંમદ આરીફ બદરૂદ્દીન શેખે પોતાના ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને વિશેષમાં જણાવેલ છે કે તેઓ તદ્દન નિર્દોષ છે, અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસ, સુરત બોમ્બ પ્લાન્ટેશન કેસ સાથે કોઇ સંબંધ નથી, આરોપી કયારેય ગુજરાત આવેલ નથી, આરોપીએ કોઇપણ જાતનો ડેમો કરવા કે કરાવવા અંગે જણાવેલ નથી, આરોપીએ કોઇપણ સામગ્રી મંગાવવા જણાવેલ નથી, આરોપીની હાજરીમાં કોઇ પણ વસ્તુ કે સામગ્રી લાવવામાં આવેલ નથી, આરોપીએ રીમાન્ડ દરમ્યાન કોઇ ડેમોસ્ટ્રેશન કરી બતાવેલ નથી, રજૂ થયેલ દસ્તાવેજો બાબતે કાંઇ કહી શકે નહીં, આ કેસમાં આરોપી વિરૂધ્ધ કોઇપણ સાક્ષી કે પુરાવો ન હોવા છતાં ખોટી રીતે અટક કરી ખોટી તપાસ કરી ખોટી ચાર્જશીટ કરેલ છે.

વધુમાં આરોપીએ મદદનીશ પોલીસ કમિશનર, ક્રાઇમ બ્રાંચ, અમદાવાદે આરોપીની ઓળખ પરેડ માટે તા.૧–૧–૨૦૦૯ ના રોજ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧, અમદાવાદ શહેરને લખેલ પત્રની નકલ તેમજ સદર અરજી હેઠળ કોર્ટ દ્વારા થયેલ હુકમની નકલ રજૂ કરેલ છે.

આરોપીએ રજૂ કરેલ દસ્તાવજોને બચાવપક્ષના પુરાવા દરમ્યાન આંક આપવામાં આવેલ છે જેની ચર્ચા આરોપી દીઠ ફરિયાદપક્ષે રજૂ કરેલા પુરાવાના મૂલ્યાંકનના પેરામાં કરવામાં આવેલી છે.સદર આરોપીના વિશેષ નિવેદન સાથે રાખવામાં આવેલા છે.

(૩૨)આરોપી નં.૩૨ આસીફ બસીરૂદ્દીન શેખે પોતાના ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને વિશેષમાં જણાવેલ છે કે તેઓ તદ્દન નિર્દોષ છે, અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસ, સુરત બોમ્બ પ્લાન્ટેશન કેસ સાથે કોઇ સંબંધ નથી, આ કેસમાં આરોપી વિરૂધ્ધ કોઇપણ સાક્ષી કે પુરાવો ન હોવા છતાં ખોટી રીતે અટક કરેલ છે, આરોપીએ ક્યારેય કોઈપણ સરકીટ બનાવેલ નથી કે પોલિસને આવી કોઈ કહેવાતી સરકીટ બનાવવા ડેમોસ્ટ્રેશન કરી આપેલ નથી, પંચનામાની કોઇ કાર્યવાહી આરોપી રૂબરૂ થયેલ નથી , કહેવાતુ પંચનામુ પાછળથી ઉભુ કરેલુ છે, રજૂ થયેલ દસ્તાવેજો તેમજ મુદ્દામાલ બાબતે કાંઇ કહી શકે નહીં, આરોપીની પોલીસ દ્વારા કોઇ પુછપરછ કરવામાં આવેલ નથી, માઇન્ડ એપ્લાય કર્યા વગર ખોટી મંજૂરી આપેલી છે , ડૉ.અનવર બાગબાન નામે કોઈ ભાઈ નથી, આરોપીએ ક્યારેય કોઈ ફ્લેટ ભાડે રાખેલ નથી કે કોઈની સાથે કોઈ ફ્લેટમાં ક્યારેય ભાડેથી રહેલ નથી, આ કેસમાં આક્ષેપિત કોઈ પણ કાર્ય કરેલ નથી, આ કહેવાતા ગુનાહિત કાવતરામાં સીધી કે આડકતરી કોઈ સંડોવણી નથી, આરોપી કયારેય ગુજરાત આવેલ નથી, આરોપી વિરૂધ્ધ પુરાવા ન હોવા છતાં ખોટી રીતે અટક કરી પુરાવા ન હોવા છતાં ખોટી તપાસ કરી ખોટી ચાર્જશીટ કરેલ છે.

વધુમાં આરોપીએ મદદનીશ પોલીસ કમિશનર, ક્રાઇમ બ્રાંચ, અમદાવાદે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧, અમદાવાદ સમક્ષ આરોપીની ઓળખ પરેડ અંગે કરેલ અરજીની તેમજ તે હેઠળ થયેલ હુકમની નકલ રજૂ કરેલી છે.

આરોપીએ રજૂ કરેલ દસ્તાવજોને બચાવપક્ષના પુરાવા દરમ્યાન આંક આપવામાં આવેલ છે જેની ચર્ચા આરોપી દીઠ ફરિયાદપક્ષે રજૂ કરેલા પુરાવાના મૂલ્યાંકનના પેરામાં કરવામાં આવેલી છે.સદર આરોપીના વિશેષ નિવેદન સાથે રાખવામાં આવેલા છે.

(૩૩)આરોપી નં.૩૩ મુબીન કાદર શેખે પોતાના ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને વિશેષમાં જણાવેલ છે કે રજૂ થયેલા દસ્તાવેજો બાબતે કાંઇ જાણતા નથી, પુરાવા વગર ખોટી રીતે અટક કરેલ છે, માઇન્ડ એપ્લાય કર્યા સિવાય ખોટી રીતે મંજૂરી આપેલી છે, તદ્દન નિર્દોષ છે તથા અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસ તથા સુરત બોમ્બ પ્લાન્ટેશન કેસ સાથે કોઇ સંબંધ નથી, આ કેસમાં આરોપી વિરૂધ્ધ કોઇપણ સાક્ષી કે પુરાવો નથી, રીમાન્ડ દરમ્યાન પોલીસ અધિકારી કે કોઇપણ સાહેદ સમક્ષ આરોપીએ કોઈ હકીકત જાહેર કરેલ નથી, આરોપી કયારેય ગુજરાત આવેલ નથી, આરોપી વિરૂધ્ધ પુરાવા ન હોવા છતાં ખોટી રીતે અટક કરી પુરાવા ન હોવા છતાં ખોટી તપાસ કરી ખોટી ચાર્જશીટ કરેલ છે.

(૩૪)આરોપી નં.૩૪ મોહંમદ મન્સુર અસગર પીરભોઇએ પોતાના ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને વિશેષમાં જણાવેલ છે કે તેઓ તદ્દન નિર્દોષ છે, અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસ, સુરત બોમ્બ પ્લાન્ટેશન કેસ સાથે કોઇ સંબંધ નથી, આ કેસમાં આરોપી વિરૂધ્ધ કોઇપણ સાક્ષી કે પુરાવો નથી, રીમાન્ડ દરમ્યાન પોલીસ અધિકારી કે કોઇપણ સાહેદ સમક્ષ આરોપીએ કોઈ હકીકત જાહેર કરેલ નથી, આરોપી કયારેય ગુજરાત આવેલ નથી, પુરાવા વગર ખોટી

દરખાસ્ત કરેલ છે, રજૂ થયેલ દસ્તાવેજો બાબતે કાંઇ કહી શકે નહીં, આરોપી વિરૂધ્ધ પુરાવા ન હોવા છતાં ખોટી રીતે અટક કરી ખોટી તપાસ કરી ખોટી ચાર્જશીટ કરેલ છે.

વધુમાં આરોપીએ લેખિત નિવેદન રજૂ કરી જણાવેલ છે કે તેઓ તદ્દન નિર્દોષ છે, આરોપી વિરૂધ્ધ ખોટા આક્ષેપો કરવામાં આવેલા છે, આરોપી સોફ્ટવેર એન્જીનિયર છે અને અટક કર્યાના ૧૦ વર્ષ અગાઉથી નામાંકિત કંપની માટે સોફ્ટવેર એન્જીનીયર તરીકે કામ કરતા હતા તે અંગેની વિગતો જણાવેલી છે, આરોપી વિરૂધ્ધ રેકર્ડ ઉપર કોઇ પુરાવો નથી, આરોપી વિરૂધ્ધ કોઇ પંચનામા નથી તે દ્વારા સાબિત થાય છે કે આરોપી નિર્દોષ છે, કહેવાતા તા. ૨૬-૭-૨૦૦૮ના કોઇ ઇ-ઇમેલની આરોપીને જાણ નથી, આરોપી કોઇ કાવતરા વિશે જાણતા નથી અને કોઇપણ સહઆરોપીને અંગત રીતે ઓળખતા નથી, આરોપી સમાજના ખૂબ જ પ્રતિષ્ઠિત પરિવારના સભ્ય છે, ખૂબ જ સારો હોદ્દો ધરાવતા હતા તેથી તેમની સામે કરવામાં આવેલ આક્ષેપોવાળા ગુના આરોપી કરી શકે તેવી કોઇ જ શકયતા નથી.

આરોપીએ રજૂ કરેલ નિવેદન સદર આરોપીના વિશેષ નિવેદન સાથે રાખવામાં આવેલ છે.

(૩૫)આરોપી નં.૩૫ રફીયુદ્દીન સરફુદ્દીન કાપડીયાએ પોતાના ક્રિ.પ્રો.કોડ કલમ-૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને વિશેષમાં જણાવેલ છે કે તેઓ તદ્દન નિર્દોષ છે, અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસ તથા સુરત બોમ્બ પ્લાન્ટેશન કેસ સાથે કોઇ સંબંધ નથી, આ કેસમાં આરોપી વિરૂધ્ધ કોઇપણ સાક્ષી કે પુરાવો નથી, આરોપીએ કોઇ સક્ષમ અધિકારી સમક્ષ સ્વેચ્છાએ કોઇપણ પ્રકારનુ નિવેદન આપેલ નથી, આરોપી વિરૂધ્ધ પુરાવા ન હોવા છતાં ખોટી રીતે અટક કરી ખોટી તપાસ કરી ખોટી ચાર્જશીટ કરેલ છે, આરોપીએ કોઇપણ પોલીસ અધિકારી કે સાહેદો સમક્ષ કોઇપણ હકીકત જાહેર કરેલ નથી, આરોપીએ કોઇપણ જગ્યા બતાવેલ નથી કે રીમાન્ડ દરમિયાન આરોપીને પાવાગઢ કે હાલોલ લઇ જવામાં

આવેલ નથી, આરોપી રૂબરૂ કોઈપણ પંચનામાની કાર્યવાહી થયેલ નથી, આરોપી તેમની નિર્દોષતા સાબિત કરવા માટે વિશેષ લેખિત નિવેદન તથા દસ્તાવેજો રજૂ કરે છે જે ધ્યાને લેવા માટે વિનંતી કરી છે.

વધુમાં આરોપીએ જણાવેલ છે કે ૩૧ માર્ચ ૨૦૦૮ના રોજ રાત્રે આરોપી અને તેમના નાના ભાઈ કયામુદ્દીન ડી.ટી.પી. ની દુકાનેથી પાછા આવી ઘર પાસે ઉભા હતા ત્યારે બે પોલીસવાળા સાદા ડ્રેસમાં આવેલા અને નાના ભાઈ કયામુદ્દીનને એવું કહીને બરોડા ક્રાઈમબ્રાન્ચની ઑફિસે લઈ ગયા કે ઑફિસમાં સાહેબ કંઈ કામથી બોલાવી રહ્યા છે અને એ જ વખતે બંને પોલીસવાળાએ બંને ભાઈના મોબાઈલો હાથમાંથી છીનવી લીધેલા જેમાં આરોપીનો મો. નં. ૯૯૯૮૭૮૫૩૯૨ અને ભાઈ કયામુદ્દીનનો મો. નં. ૯૮૯૮૭૩૧૪૭૯ હતો, બરોડા ક્રાઈમ બ્રાન્ચની ઑફિસ પર બે પોલીસવાળા કયામુદ્દીનને લઈ ગયા બાદ બહુ વાર થઈ અને કયામુદ્દીન ઘરે પરત ન આવતા આરોપી ક્રાઈમબ્રાન્ચની ઑફિસે તપાસ કરવા ગયેલા અને કયામુદ્દીન વિશે પુછેલ તો ત્યાં ઑફિસમાં એક પોલીસ ઈન્સ્પેકટર પંડ્યા કરીને સાહેબ હતા તેમણે કહેલ કે તારા ભાઈ કયામુદ્દીનને એમ.પી. પોલીસવાળા લઈ ગયેલા છે થોડા દિવસોમાં પાછો છોડી જશે, સાહેબે કહેલ કે તુ હમણાં આ વાત તારા ઘરવાળાઓને કે બીજા કોઈને પણ જણાવતો નહીં તેમજ કોઈપણ જગ્યાએ ફરિયાદ પણ કરતો નહીં તારો ભાઈ ઘરે આવી જશે, જે મોબાઈલો લઈ લીધેલા તે પાછા આપો તો તે સાહેબે ફક્ત કયામુદ્દીનનો મોબાઈલ નં.૯૮૯૮૭૩૧૪૭૯ જ પાછો આપેલ, આરોપીએ તેમનો મોબાઈલ પાછો માગેલ તો આપવાની ના પાડેલ અને ગુસ્સે થઈ ગયેલા, પોલીસ ઈન્સ્પેકટર સાહેબે કહેલ કે તું તારા ભાઈનો મોબાઈલ નંબર ચાલુ જ રાખજે અને કોઈપણ હાલતમાં બંધ ના કરતો, તારા ભાઈના મોબાઈલ ઉપર કોઈનો પણ ફોન આવે તો રીસીવ કરતો રહેજે અને કયામુદ્દીન મોબાઈલ ઘરે મુકીને બહાર કામથી ગયો છે તેવુ જ કહેજે, ત્યારબાદ તા. ૨૬-૭-૦૮ બ્લાસ્ટનાં બનાવનાં સાત,આઠ દિવસ પછી એસ.ઓ.જી.ની ઑફિસ કારેલીબાગ પોલીસ સ્ટેશન, વડોદરા ખાતે આવેલ છે ત્યાં આરોપીને બોલાવવામાં આવેલ, રાત્રે પોલીસ

ઇન્સ્પેકટર અબ્દુલકરીમ પોલરા સાહેબ આરોપીને વાસદ સીંધ રોડ, ગોત્રી ખાતે આવેલ એક ફાર્મહાઉસ ઉપર લઈ ગયેલા અને ત્યાં પોલીસનાં માણસોએ મારઝુડ કરેલ અને ત્યાં ચાર,પાંચ દિવસ સુધી ગેરકાયદેસર રીતે રાખી માનસિક–શારીરિક ત્રાસ ગુજારવામાં આવેલ, આ ચાર, પાંચ દિવસની ગેરકાયદેસરની કસ્ટડીમાં ફાર્મહાઉસ ઉપર મોહલ્લાનાં ઈમરાન ઈબ્રાહીમ શેખ, ડો. સાદાબ પાનવાલા, ઉસ્માન અગરબત્તીવાલા, મિત્ર રઈસ મન્સુરીના બનેવી ફારૂખભાઈ મન્સુરી તેમજ મુસ્લિમ સમાજના ઘણા બધા યુવાનોને ત્યાં જોયેલા અને તેમની સાથે પણ મારઝુડ થતી હતી પછી ૧૧ કે ૧૨ ઓગસ્ટના રોજ પોલીસ ઇન્સ્પેકટર અબ્દુલકરીમ પોલરાએ અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચને ગેરકાયદેસર રીતે આરોપીની કસ્ટડી સોંપેલી, અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચમાં પણ ખૂબ જ માનસિક અને શારીરિક ત્રાસ આપી ૧૮–૨૦ દિવસ ગેરકાયદેસર રીતે કસ્ટડીમાં રાખેલ, રમઝાન માસના એક, બે દિવસ પહેલા એટલે કે ૧ કે ૨ સપ્ટેમ્બર ૨૦૦૮ નાં રોજ ક્રાઇમ બ્રાન્ચમાંથી જવા દીધેલ ત્યારબાદ તા. ૯–૧૧–૦૮ના રોજ વી.આર. ટોળીયાએ મો. નં. ૯૮૯૮૭૩૧૪૭૯ ઉપર ફોન કરી ક્રાઇમ બ્રાન્ચ ખાતે બોલાવેલ અને પછી ઘરે પાછો જવા દેવામાં આવેલ નહીં અને તા.૧૩–૧૧–૦૮ના રોજ ધરપકડ બતાવેલ, ધરપકડ બતાવ્યા બાદ ડી.સી.પી. અભય ચુડાસમાએ કહેલુ કે જો તુ કહીએ તે મુજબ કોર્ટમાં બોલશે તો ૬ મહિનામાં જામીન કરાવી દઈશું અને પછી ધમકી આપેલી કે બતાવ્યા મુજબ નહી કરે તો તારા બાપને પણ તારી જેમ આ કેસમાં નાંખી દઈશું, જાન્યુઆરી–૨૦૦૯માં સુરત પોલીસ રીમાન્ડ ઉપર લઈ ગયેલ અને તા.૧૯–૧–૦૯ના રોજ સુરત થી અમદાવાદ ખાતે લાવેલા ત્યારે અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચની ઑફિસમાં મયુર ચાવડાએ મેજિસ્ટ્રેટ સામે નિવદેન આપવા માટે ડરાવી ધમકાવીને એક અરજી લખાવેલી તે અરજી મયુર ચાવડાના કહેવા મુજબ લખી આપેલ પછી સાબરમતી જેલમાં ગયા પછી તા.૨૮–૧–૦૯ના રોજ અભય ચુડાસમા જેલ ઉપર આવેલા અને ઑફિસમાં બોલાવીને સહીઓ કાગળો ઉપર લીધેલ હતી, તા. ૨૯–૧–૦૯ના રોજ આર.વી. અસારી, વી.આર. ટોળીયા, પોલીસ ઇન્સ્પેકટર એચ. જે. જનકાન્ત મેજિસ્ટ્રેટ પાસે લઈ જવા માટે

જેલ ઉપર આવેલા ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓની હાજરીમાં મેજિસ્ટ્રેટ સાહેબે જયાં જયાં સહીઓ કરવાનું કહેલું ત્યાં સહીઓ કરી દીધેલ હતી ત્યારબાદ તા. ૯–૨–૦૯ના રોજ જેલથી ક્રાઈમબ્રાન્ચમાં રીમાન્ડ માટે લઈ ગયેલા હતા ત્યાં અભય ચુડાસમાએ મને ઑફિસમાં બોલાવી જણાવેલ કે તુ કહ્યા મુજબ કરતો રહીશ તો પાંચ, છ મહિનામાં જામીન કરાવી દઈશું અને ધમકી આપેલ કે જો તુ જેલમાંથી કોઈપણ જાતની ફરિયાદ કરશે તો તારી જીંદગી બરબાદ કરી નાખીશું ત્યાં જેલ ઉપર માણસો હાજર રહે છે એટલે જેલની અંદરની પણ દરેક વાત ખબર હોય છે, ત્યારબાદ જેલમાં પણ વારંવાર ક્રાઈમના અધિકારીઓ આવીને મળતા હતા, બેરેકમાં આવી ઑફિસમાં બોલાવી ધમકીઓ પણ આપતા હતા, સતત ચાલેલ રીમાન્ડો અને ક્રાઈમના અધિકારીઓની ધમકીઓથી માનસિક અને શારીરિક રીતે ખુબ જ ભાંગી, તુટી ગયેલા હતા પછી થોડા મહીનાઓ બાદ ક્રાઈમના અધિકારીઓનો ડર, ભય ઓછો થતા અને માનસિક સ્થિતિ સારી થતા કહેવાતા ૧૬૪ના નિવેદન બાબતે ડરાવી,ધમકાવી લીધેલ છે તે વિશે કોર્ટને તા. ૨૧–૬–૦૯ના રોજ અરજી કરેલ હતી તેનો જાવક નંબર ૩૨૧૦/૦૯ છે. આ અરજી કર્યા બાદ ક્રાઈમના અધિકારીઓ જેલમાં આવીને આ અરજી પાછી ખેંચવા ખૂબ જ દબાણ કરતા હતા.

(૩૬)આરોપી નં.૩૬ મહમદ આરીફ નસીમ અહેમદ મીરઝાએ પોતાના ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને વિશેષમાં જણાવેલ છે કે ઉભા કરેલા પુરાવા આધારે ખોટી દરખાસ્તો કરેલી છે, માઇન્ડ એપ્લાય કર્યા વગર ઉભા કરેલા પુરાવા આધારે ખોટી મંજૂરી આપેલી છે, કહેવાતા પંચો સાથે પોલીસ અધિકારીની હાજરીમાં કોઇ વાતચીત થયેલ નથી, આખી તપાસ દરમ્યાન કે રીમાન્ડ દરમ્યાન આ બનાવ બાબતે કોઇ પણ પ્રકારની વસ્તુ કે જગ્યા બતાવવા માટે સ્વખુશી દર્શાવેલી નથી, આરોપી તદ્દન નિર્દોષ છે, આ કેસમાં આરોપી વિરૂધ્ધ સાક્ષીઓ અને પુરાવા ઉભા કરી અને ખોટી રીતે ચાર્જશીટ દાખલ કરવામાં આવેલું છું, આરોપી કયારેય ગુજરાત રાજય કે અમદાવાદ શહેરમાં આ બનાવ પહેલા કે

ધરપકડ થઇ તે પહેલા આવેલ નથી, આરોપી વિરૂધ્ધ પુરાવા ન હોવા છતાં ટ્રાન્સફર વોરંટથી લખનૌ કોર્ટમાંથી તા.૨૧/૧૧/૨૦૦૮ના રોજ અટક કરેલ તે પહેલા આરોપીની ધરપકડ લખનૌના એક બીજા કેસમાં તા.૨૯/૦૯/૨૦૦૮ના રોજ થયેલ હતી, આરોપીને ગુજરાતી ભાષા લખતા કે વાંચતા આવડતી નથી અને સાંભળવા ઉપર પણ શું વાત થાય છે તેની ખબર પડતી નથી અને કહેવાતા બનાવના સમયે આવી જ સ્થિતિ હતી.

(૩૭)આરોપી નં.૩૭ કયામુદ્દીન સરફુદ્દીન કાપડીયાએ પોતાના ક્રિ. પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને વિશેષમાં જણાવેલ છે કે તેઓ તદ્દન નિર્દોષ છે, અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટ, સુરત બોમ્બ પ્લાન્ટેશન કેસ સાથે કોઇ સંબંધ નથી, આ બંનેના કહેવાતા કાવતરામાં કોઇ ભૂમિકા ભજવેલ નથી, તા. ૩૧/૩/૦૮ના રોજ રાત્રે ૮, ૯ વાગ્યાની આસપાસ આરોપી અને મોટા ભાઇ રફીયુદ્દિન બંને જણા ડીટીપીની દુકાનેથી પાછા તેમના ઘર પાસે ઉભા હતા ત્યારે બે પોલીસવાળા સાદા ડ્રેસમાં આવેલાં અને બરોડા ક્રાઇમ બ્રાન્ચની ઑફિસે લઇ ગયેલાં એ જ વખતે તે બંને પોલીસવાળાએ બંને ભાઇના મોબાઇલો હાથમાંથી છીનવી લીધેલ, આરોપીને ક્રાઇમ બ્રાન્ચની ઑફિસમાં લઇ ગયા બાદ ત્યાં બતાવવામાં આવેલું કે મધ્યપ્રદેશના કેટલાક સાહેબો પુછપરછ માટે લેવા આવ્યા છે ત્યારબાદ વડોદરા ખાતે ક્રાઇમ બ્રાન્ચના પોલીસ ઇન્સ્પેકટર પંડયા સાહેબે મધ્યપ્રદેશના પોલીસ અધિકારીઓને સોંપેલ હતો પછી મધ્યપ્રદેશ પોલીસના માણસોએ ચહેરા પર કાળો બુરખો નાંખી દીધેલ અને કોઇ ફોર વ્હિલર ગાડીમાં બેસાડીને કોઇ મકાન કે ફાર્મ હાઉસ પર લઇ ગયેલાં.

વધુમાં આરોપીએ જણાવેલ છે કે મધ્યપ્રદેશ સ્ટેટ આઇબી એ સતત પાંચ–છ મહિના અને મધ્યપ્રદેશ એસ.ટી.એફ. (સ્પેશીયલ ટાસ્ક ફોર્સ) એ ૨૫ દિવસ સુધી ગેરકાયદેસર રીતે કસ્ટડીમાં રાખી ખોટો કેસ બનાવી તા.૧૦/૧૧/૦૮ ના રોજ કેસ નં.૬૯૯/૦૮ મહાકાલ પોલીસ સ્ટેશન ઉજજૈન ખાતેથી કાયદેસરની ધરપકડ બતાવેલી અને આ કેસ અપરાધ પ્રકરણ ક્રમાંક

૨૩૬૨/૦૯ થી ચાલી જતાં તા.૨૨/૦૮/૨૦૧૯ ના રોજ આરોપી નિર્દોષ છુટેલ છે, તા.૪/૧૨/૨૦૦૮ના રોજ એ.સી.પી. આર.વી.અસારી અને પોલીસ સબઇન્સ્પેકટર જે.ડી.પુરોહિત ઉજજૈન કોર્ટથી આરોપીની કસ્ટડી લઇ અમદાવાદ ખાતે આવેલ હતાં, ક્રાઇમ બ્રાન્ચના અધિકારીઓ ઉભા કરેલાં કહેવાતા પંચનામા માટે કોઇપણ જગ્યાએ આરોપીને લઇ ગયેલાં નથી કે કોઇપણ ચીજવસ્તુઓ કે દસ્તાવેજો શોધી બતાવેલ નથી, કોર્ટમાં રજૂ થયેલા કહેવાતા પંચનામા કરી કબ્જે લીધેલા કહેવાતા દસ્તાવેજો આરોપીના હસ્તાક્ષરમાં નથી, પોલીસે ઓળખ પરેડ કરાવતા પહેલા સાહેદોને અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચમાં બોલાવી પહેલા આરોપીને બતાવી દેવામાં આવતા હતા અને કોર્ટમાં ખુલ્લા મોઢે તેમજ પગરખા વગર રજૂ કરવામાં આવતા હતા, આરોપી કયામુદ્દિન સરકુદ્દિન કાપડીયા સિવાય અન્ય કોઇ નામે કયારેય ઓળખાયેલ નથી, આરોપીના કોઇ અન્ય ઉપનામ કે ઉર્ફે નામ નથી," શેખ અસફાક ઇકબાલભાઇ", "સમીર આઇ.કિરાની", "રિઝવાન", "મુસા", કે "અબ્દુલ કાદીર" નામથી આરોપી કયારેય ઓળખાયેલ નથી કે કોઇપણ જગ્યાએ આ નામોનો આરોપીએ ઉપયોગ કરેલ નથી, આ નામના દસ્તાવેજો કે પુરાવા ક્રાઇમ બ્રાન્ચે ખોટા ઉભા કરેલાં છે.

વધુમાં આરોપીએ જણાવેલ છે કે કેરળ ખાતે મુન્ડાકકયામ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં. ૨૫૭/૨૦૦૮ની ફરીયાદ તા.૧૯/૦૬/૦૮ના રોજ નોંધવામાં આવેલી અને આ કામે આરોપીને તા.૩૦/૦૯/૦૯ના રોજ અટક કરવામાં આવેલ જેનો સેશન્સ કેસ નં.૨/૨૦૧૧ એન.આઇ.એ. કોર્ટમાં ચાલી જતાં આરોપીને તા.૧૪/૦૫/૨૦૧૮ ના રોજ નિર્દોષ જાહેર કરી છોડી મુકવાનો હુકમ કરેલો છે, આ કેસમાં જણાવેલ વાઘમોન તથા હાલોલ–પાવાગઢના કહેવાતા કેમ્પોમાં આરોપી કયારેય હાજર રહેલ નથી તથા કોઇપણ હોટલોમાં વર્ષ–૨૦૦૮ માં રોકાયેલા નથી, આ કેસમાં રજૂ થયેલ મુદ્દામાલમાંથી કોઇપણ મુદ્દામાલની કયારેય કયાંથી પણ ખરીદી કરેલ નથી કે ઉપયોગમાં લીધેલ નથી, આરોપીએ કયારેય પણ કોઇપણ જાતનો બોમ્બ બનાવેલ નથી કે બનાવતા શીખવાડવાની કોઇ ટ્રેનીંગ કયારેય કોઇને પણ આપેલી નથી, આ કેસમાં આક્ષેપ

મુકવામાં આવેલ કોઇપણ મોબાઇલ કયારેય વાપરેલ નથી તથા તે આરોપીની માલીકીના નથી, આ કેસમાં આક્ષેપિત કોઇ સીમ કાર્ડ કયારેય ખરીદેલ નથી કે કોઇને ખરીદીને આપેલ નથી, કહેવાતા ષડયંત્રમાં સીધી કે આડકતરી રીતે કોઇ ભાગ ભજવેલ નથી, આ કેસમાં આક્ષેપિત ભાડાના મકાનો ભાડે રાખવા બાબત કે તેમાં રોકાણ બાબત કે તેમાં બીજાને રોકાવા સાથે લઇ જવા બાબત કે અન્ય રીતે રોકાણ કરાવવા બાબતની તમામ વાતો ખોટી ઉભી કરેલી છે, આરોપીએ કોઇ મકાન ભાડે રાખેલ નથી કે રહેલ નથી કે કોઇને રહેવા માટે ભાડે અપાવેલ નથી, આરોપી કયારેય વાપી, પુના, દિલ્હી, હૈદરાબાદ, મેંગ્લોર કે કેરળ ખાતે ગયેલા નથી, આ કેસના કહેવાતા સાહેદો અને પંચ સાહેદો જે જુબાની આપી ગયા છે તે તદ્ધન ખોટી અને ક્રાઇમ બ્રાન્ચના કહેવાથી ઉપજાવી કાઢેલ છે, સાહેદોને કોર્ટમાં જુબાની આપતા પહેલા સી.સી.ટી.વી. ફુટેજ તથા ફોટા દ્વારા આરોપીનો દેખાવ, શારીરિક વર્ણન બતાવી દેતા તેથી સાહેદો આરોપીને કોર્ટ સમક્ષ ઓળખી જતા હતા અને તે અંગે કોર્ટમાં પહેલા પણ કેસ ચાલતી વખતે મૌખિક અને લેખિતમાં અરજ કરેલી છે, ૨૦૦ ખોલીના ગેટ પાસે ક્રાઇમ બ્રાન્ચના અધિકારીએ લગાવેલા સી.સી.ટી.વી. કેમેરા અંગે તે જ વખતે એક અરજી કોર્ટને મોકલેલ જે આંક–૬૭૯૫ થી કોર્ટના રેકર્ડ ઉપર જ છે.

વધુમાં આરોપીએ જણાવેલ છે કે આ કેસમાં ક્રાઇમ બ્રાન્ચના અધિકારીઓ અને હેડ કોન્સ્ટેબલ ગોપાલ શર્માની ધાક–ધમકી, લાલચથી આરોપી નં.૨૩ એપ્રુવર બનેલ છે, એૅયાઝ એપ્રુવર બનતા પહેલા આરોપી સાથે જે ચર્ચા થયેલી તે બાબતે કોર્ટને એક વિગતવાર અરજી લખેલી જે આંક–૮૨૪૬ થી રેકર્ડ ઉપર છે, શરૂઆતની ગેરકાયદેસર અને ત્યારબાદની ઘણા મહિનાઓની પોલીસ કસ્ટડીમાં આરોપી ઉપર સતત શારીરિક, માનસિક ત્રાસ ગુજારવામાં આવેલ અને વિવિધ પ્રકારની ધાક–ધમકીઓ આપવામાં આવેલી જેથી આરોપી ખુબ જ ગભરાઇ ગયેલા હતા, પારીવારીક મુલાકાત તથા વકીલ મુલાકાત વખતે પણ ક્રાઇમ બ્રાન્ચના અધિકારીઓ, એટીએસના અધિકારીઓ, એસ.ઓ.જી.ના અધિકારીઓ હાજર હોય છે જેથી આરોપી સતત ભયના ઓથાર હેઠળ હતા અને

કોઇને પણ તકલીફ જણાવી શકેલ નહી, રીમાન્ડ દરમ્યાન કોર્ટ સમક્ષ રજૂ કરતા પહેલા પણ આરોપીને તથા બીજા સહ આરોપીઓને ધમકીઓ આપી મોં બંધ રાખવા સખત સુચના આપવામાં આવતી અને એન્કાઉન્ટર કરવાની તેમજ પિતા અને ભાઇને પણ આ કેસમાં નાંખી દેવાની ધમકીઓ આપવામાં આવતી જેથી તે વખતે કોર્ટ સમક્ષ સાચી હકીકત જણાવી શકતા ન હતા, આરોપી નં.૨૩ એયાઝ એપ્રુવર બનેલ ત્યારે બચાવપક્ષની આંક–૮૧૦૬ વાળી અરજી ઉપર કોર્ટે ક્રાઇમ બ્રાન્ચના અધિકારીઓ અને એ.ટી.એસ.ના હેડ કોન્સ્ટેબલ ગોપાલ શર્માની અવર જવર પર પ્રતિબંધ લગાવતાં તેઓ જેલમાં આવવાના બંધ થતાં આરોપીનો ડર, ભય ઓછો થયેલ અને ત્યારબાદ સૌપ્રથમ વાર સાચી હકીકત બાબતે ઉજજૈન કોર્ટમાં તા.૧૦/૦૬/૨૦૧૯ ના રોજ વિગતવાર ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ ના નિવેદન બાબતે અરજીમાં વિગતો લખી કોર્ટને જણાવેલ, તા. ૩૧/૦૩/૦૮ ના રોજ બરોડા ક્રાઇમ બ્રાન્ચના પોલીસના માણસો આરોપીના ભાઇ સામે જ આરોપીને પકડીને લઇ ગયેલ હોવાથી ફકત આરોપીના ભાઇ જ નજરે જોનાર વ્યકિત હતા એટલે એને પણ આ કેસમાં આરોપી બનાવવામાં આવેલ છે જેથી સત્ય હકીકત સામે ન આવી શકે, આ કેસમાં આરોપી ઉપર લગાવેલાં ખોટા આરોપો બાબતેની સત્ય હકીકત જણાવવા આરોપી સોગંદ ઉપર જુબાની આપવા માંગે છે તથા લીસ્ટથી દસ્તાવેજો રજૂ કરે છે જેને પુરાવામાં ગ્રાહ્ય રાખી વંચાણે લેવા વિનંતી કરી છે.

વધુમાં આરોપીએ ઉજ્જૈન ખાતે મહાકાલ પોલીસ સ્ટેશનમાં આરોપી નોંધાયેલ કેસ નં.૬૯૯/૨૦૦૮, પ્રકરણ ક્રમાંક ૨૩૬૨/૨૦૦૯ ના કામે નોંધાયેલ એફ.આઇ.આર.ની નકલ, સીઝર મેમાની નકલ, એરેસ્ટ મેમાની નકલ, આરોપ પત્ર તથા જુબાનીઓની નકલો, ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનની નકલ, ચુકાદાની નકલ, પ્રોડકશન વોરન્ટની નકલ તથા આરોપીએ સ્પેશ્યલ જેલ, દિલ્હી તેમજ તિહાર જેલના સુપરિન્ટેન્ડેન્ટશ્રીની ઉજ્જૈન કોર્ટને લખેલ અરજીની નકલો રજૂ કરેલી છે.

આરોપીએ રજૂ કરેલ દસ્તાવજોને બચાવપક્ષના પુરાવા દરમ્યાન આંક આપવામાં આવેલ છે જેની ચર્ચા આરોપી દીઠ ફરિયાદપક્ષે રજૂ કરેલા પુરાવાના મૂલ્યાંકનના પેરામાં કરવામાં આવેલી છે.સદર આરોપીના વિશેષ નિવેદન સાથે રાખવામાં આવેલા છે.

(૩૮)આરોપી નં.૩૮ મહંમદસૈફ સાદાબઅબેમગ શેખે પોતાના ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને વિશેષમાં જણાવેલ છે કે ઉભા કરેલા પુરાવા આધારે ખોટી દરખાસ્ત કરી ખોટી મંજૂરી આપેલી છે, રજૂ થયેલા દસ્તાવેજો અને મુદ્દામાલ બાબતે કાંઇ કહી શકે નહીં, કોઇપણ જગ્યા બતાવવા માટે કોઇ સ્વખુશી સંપૂર્ણ તપાસ દરમ્યાન કે રીમાન્ડ દરમ્યાન બતાવેલ નથી, તેઓ તદ્દન નિર્દોષ છે, આ કેસમાં આરોપી વિરૂધ્ધ કોઇપણ સાક્ષી કે પુરાવો નથી, આરોપી કયારેય ગુજરાત આવેલ નથી, આરોપી વિરૂધ્ધ પુરાવા ન હોવા છતાં ટ્રાન્સફર વોરંટથી દિલ્હી કોર્ટમાંથી ધરપકડ કરવામાં આવેલી અને ખોટી તપાસ કરી પુરાવા ઉભા કરી ખોટી દરખાસ્તો મુકી યાંત્રિક રીતે મંજૂરીઓ મેળવી ખોટી ચાર્જશીટ કરેલ છે, આરોપીને ગુજરાતી ભાષા લખતા કે વાંચતા આવડતી નથી અને સાંભળવા ઉપર પણ શું વાત થાય છે તેની ખબર પડતી નથી અને કહેવાતા બનાવના સમયે પણ આવી જ સ્થિતિ હતી.

(૩૯)આરોપી નં.૩૯ જીસાન અહેમદ ઇશાન અહેમદ મુસ્લિમે પોતાના ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને વિશેષમાં જણાવેલ છે કે તેઓ તદ્દન નિર્દોષ છે, આ કેસમાં ટ્રાન્સફર વોરંટથી ધરપકડ કરેલી ત્યાર પહેલા કયારેય ગુજરાત કે અમદાવાદ શહેરમાં આવેલ નથી, રીમાન્ડ અવધિમાં કયારેય પણ આ બનાવને લગત કોઇપણ મુદ્દામાલ કે જગ્યા બતાવવા માટે કે જણાવવા માટે કે દેખાડવા માટે કોઇ સ્વખુશી કયારેય પણ બતાવેલ નથી કારણ કે આ બનાવ દરમ્યાન કે રીમાન્ડ અવધિ શરૂ થતા પહેલા કયારેય પણ અમદાવાદ કે ગુજરાત આવેલ નથી, આરોપી વિરૂધ્ધ પુરાવા ન હોવા છતાં ટ્રાન્સફર વોરંટરથી દિલ્હી

કોર્ટમાંથી અટક કરી પુરાવા ન હોવા છતાં ખોટી તપાસ કરી અટક કરી રીમાન્ડ મેળવી ખોટી દરખાસ્તો મુકી યાંત્રિક રીતે મંજૂરીઓ મેળવી ખોટી ચાર્જશીટ કરેલ છે, આરોપીને ગુજરાતી ભાષા લખતા કે વાંચતા કે બોલતા આવડતી નથી અને સાંભળવા ઉપર પણ શું વાત થાય છે તેની ખબર પડતી નથી અને કહેવાતા બનાવના સમયે પણ આવી જ સ્થિતિ હતી.

(૪૦)આરોપી નં.૪૦ જીયા ઉર રહેમાન અબ્દુલ રહેમાન મુસ્લિમે પોતાના ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને વિશેષમાં જણાવેલ છે કે તેઓ તદ્દન નિર્દોષ છે, આ કેસમાં ટ્રાન્સફર વોરંટ ઉપરથી ધરપકડ કરેલી ત્યાર પહેલા કયારેય ગુજરાત કે અમદાવાદ શહેરમાં આવેલ નથી, ટ્રાન્સફર વોરંટથી દિલ્હી કોર્ટમાંથી અટક કરી પુરાવા ન હોવા છતાં ખોટી તપાસ કરેલી છે, રીમાન્ડ અવધીમાં આ બનાવને લગત કોઇપણ જગ્યા બતાવવા માટે કોઇ સ્વખુશી બતાવેલ નથી કારણકે રીમાન્ડ અવધી પહેલા કયારેય પણ આરોપી અમદાવાદ કે ગુજરાત આવેલ નથી, તપાસ દરમ્યાન કહેવાતા પંચનામા માટે કોઇ પણ જગ્યાએ લઇ જવામાં આવેલ ન હતા, ખોટી દરખાસ્તો મુકી યાંત્રિક રીતે મંજૂરીઓ મેળવી ખોટી ચાર્જશીટ કરેલ છે, આરોપીને ગુજરાતી ભાષા લખતા કે વાંચતા કે બોલતા આવડતી નથી અને સાંભળવા ઉપર પણ શું વાત થાય છે તેની ખબર પડતી નથી અને કહેવાતા બનાવના સમયે પણ આવી જ સ્થિતિ હતી.

વધુમાં આરોપી તર્ફે વિ.વ.શ્રી સોમાનાથ વત્સે મણીનગર રેલવે સ્ટેશન અથવા મણીનગર, અમદાવાદ થી એફ.એસ.એલ.ગાંધીનગર વચ્ચેના કુલ સમય અને કી.મી.ના અંતર અંગે ઇન્ટરનેટ દ્વારા ગુગલ મેપ ઉપર સર્ચ કરી તા.૧૦–૧–૨૦૨૦, તા.૧૨–૧–૨૦૨૦, તા.૧૪–૧–૨૦૨૦ અને તા.૨૬–૮–૨૦૨૦ ના રોજ મેળવેલ નકશાના પ્રિન્ટ આઉટની નકલ પુરાવાના કાયદાની કલમ–૬૫ (બી) મુજબના પ્રમાણપત્ર સાથે રજૂ કરેલ છે.

આરોપીએ રજૂ કરેલ દસ્તાવજોને બચાવપક્ષના પુરાવા દરમ્યાન આંક આપવામાં આવેલ છે જેની ચર્ચા આરોપી દીઠ ફરિયાદપક્ષે રજૂ કરેલા પુરાવાના મૂલ્યાંકનના પેરામાં કરવામાં આવેલી છે.સદર આરોપીના વિશેષ નિવેદન સાથે રાખવામાં આવેલા છે.

(૪૧)આરોપી નં.૪૧ સાકીબ નિશાર નિશાર અહેમદ શેખે પોતાના ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને વિશેષમાં જણાવેલ છે કે તેઓ તદ્ધન નિર્દોષ છે, આ કેસમાં આરોપી વિરૂધ્ધ કોઇપણ સાક્ષી કે પુરાવો નથી, આરોપી કયારેય ગુજરાત આવેલ નથી, આરોપી વિરૂધ્ધ પુરાવા ન હોવા છતાં ટ્રાન્સફર વોરંટથી દિલ્હી કોર્ટમાંથી અટક કરી ખોટી તપાસ કરેલ છે, પુરાવા ન હોવા છતાં ખોટી દરખાસ્તો મુકી યાંત્રિક રીતે મંજૂરીઓ મેળવી ખોટી ચાર્જશીટ કરેલ છે, આરોપીને ગુજરાતી ભાષા લખતા કે વાંચતા આવડતી નથી અને સાંભળવા ઉપર પણ શું વાત થાય છે તેની ખબર પડતી નથી અને કહેવાતા બનાવ સમયે પણે આવી જ સ્થિતિ હતી.

(૪૨)આરોપી નં.૪૨ મહમદશકીલ યામીનખાન લુહારે પોતાના ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને વિશેષમાં જણાવેલ છે કે તેઓ તદ્ધન નિર્દોષ છે, આ કેસમાં ટ્રાન્સફર વોરંટથી ધરપકડ કરેલી ત્યાર પહેલા કયારેય ગુજરાત કે અમદાવાદ શહેરમાં આવેલ નથી, આરોપીને કહેવાતી જગ્યા ઉપર લઇ જવામાં આવેલ નથી, કોઇપણ જગ્યાએ અને કોઇ પણ સમયે આ બનાવને લગત કોઇ પણ મુદ્દામાલ ઓળખી બતાવેલ નથી, બનાવ પહેલા કે ધરપકડ પહેલા કયારેય અમદાવાદ આવેલ નથી, રીમાન્ડ અવધિ દરમ્યાન બનાવને લગત કોઇ પણ મુદ્દામાલ બતાવવા માટે કે જણાવવા માટે કે દેખાડવા માટે કોઇ સ્વખુશી કયારેય બતાવેલ નથી, આરોપી વિરૂધ્ધ પુરાવા ન હોવા છતાં ટ્રાન્સફર વોરંટથી દિલ્હી કોર્ટમાંથી અટક કરી પુરાવા ન હોવા છતાં ખોટી તપાસ કરી અટક કરી રીમાન્ડ મેળવી ખોટી દરખાસ્તો મુકી યાંત્રિક રીતે મંજૂરીઓ મેળવી ખોટી ચાર્જશીટ કરેલ

છે, આરોપીને ગુજરાતી ભાષા લખતા કે વાંચતા કે બોલતા આવડતી નથી અને સાંભળવા ઉપર પણ શું વાત થાય છે તેની ખબર પડતી નથી અને કહેવાતા બનાવ સમયે પણ આવી જ સ્થિતિ હતી.

(૪૩) આરોપી નં.૪૩ અનીક રફીક સૈયદનાઓ પોતાનુ વિશેષ નિવેદન વીડિયો કોન્ફરન્સથી નોંધાવવાની સ્પષ્ટ ના પાડી છે જેથી નીચે મુજબની નોંધ કરી છે.

સને–૨૦૨૦ના સાલની શરૂઆતથી ભારત દેશ સહિત સમગ્ર વિશ્વમાં કોરોના નામની મહામારી ફેલાતા કેન્દ્ર સરકાર દ્વારા સમગ્ર ભારત દેશમાં તા.૨૪/૦૩/૨૦૨૦ ના રોજથી દિન–૨૧ (એકવીસ) માટે પ્રથમ તબકકાનું લોક ડાઉન જાહેર કરવામાં આવેલ અને તેના પરિણામરૂપે અદાલતની દૈનિક કાર્યવાહી પણ નામદાર ગુજરાત હાઇકોર્ટે બંધ કરવા પરિપત્ર બહાર પાડેલો ત્યારબાદ કેન્દ્ર સરકાર દ્વારા લોક ડાઉનમાં વખતોવખત વધારો કરી કુલ–૫ તબક્કામાં તા.૩૦/૦૬/૨૦૨૦ સુધી લોકડાઉન લંબાવવામાં આવેલ હતું આ સમગ્ર સમય દરમ્યાન નામદાર ગુજરાત હાઇકોર્ટના આદેશ મુજબ ફકત અરજન્ટ કેસમાં અદાલતની કાર્યવાહી વીડિયો કોન્ફરન્સથી કરવામાં આવેલી.

તા.૦૧/૦૬/૨૦૨૦ ના રોજથી કેન્દ્ર સરકાર તથા રાજય સરકાર દ્વારા થોડે અંશે લોકડાઉનમાં છુટછાટ આપવામાં આવેલી પરંતુ નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા વકીલશ્રી તથા પક્ષકારો અદાલતમાં શારીરિક રીતે હાજર થઇ અદાલતની કાર્યવાહી થાય તે માટે પરવાનગી આપવામાં આવેલી નહી.

તા.૨૩/૦૬/૨૦૨૦ના રોજ માનનીય પ્રિન્સીપાલ જજશ્રી, સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ દ્વારા સિટી સિવિલ કોર્ટમાં ફરજ બજાવતાં તમામ જજ સાહેબોની મીટીંગ બોલાવવામાં આવેલી અને દલીલના તબકકે હોય તેવા કેસોની કાર્યવાહી વીડિયો કોન્ફરન્સથી શરૂ કરવાની સુચના આપવામાં આવેલી. આ અદાલતના પ્રિસાઇન્ડીંગ ઓફિસર તરીકે અમોને પણ સેશન્સ કેસ નં.૩૮/૦૯ તથા તેને લગત અન્ય કેસના બાકી રહેલા આરોપીના ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩

મુજબના વધારાના નિવેદનો વીડિયો કોન્ફરન્સ દ્વારા નોંધવાની સુચના આપવામાં આવી છે.

જેથી તા.૨૦/૦૭/૨૦૨૦ના રોજ આ કેસના **આરોપી નં.૪૩ અનીક સફિક સૈયદ** જે હાલ સેન્ટ્રલ જેલ, તલોજા, મુંબઈ ખાતે રાખવામાં આવેલ છે તેઓને વીડિયો કોન્ફરન્સ દ્વારા તેના વકીલશ્રી કે.જી.શેખની હાજરીમાં વિશેષ નિવેદન નોંધવા માટે અત્રેની અદાલતમાં હાજર રાખવામાં આવેલ છે, આ આરોપીનું વિશેષ નિવેદન કુલ–૪૭૦૦ પાનાનું છે એમાં કુલ–૪૭૦૦ પાનાની પ્રશ્નોત્તરી પૈકીનો પ્રથમ પ્રશ્ન આ આરોપીને તેના વકીલશ્રી કે.જી.શેખની હાજરીમાં વીડિયો કોન્ફરન્સમાં કહેવામાં આવ્યો અને તેનો જવાબ શું છે તે પુંછતા આરોપીએ ખુલ્લી અદાલતમાં સ્પષ્ટપણે જવાબ આપવાનો ઇન્કાર કરેલો છે ત્યારપછી આરોપીને બીજો પ્રશ્ન પુંછવામાં આવ્યો પરંતુ સદર આરોપી વીડિયો કોન્ફરન્સ દ્વારા પોતાનું નિવેદન આપવા માંગતા નથી તેમ જણાવે છે ત્યારબાદ પણ આરોપીને થોડો સમય વિચારણા માટે આપવામાં આવે છે અને ત્યારપછી પણ સદર આરોપીને તેના વકીલશ્રીની હાજરીમાં પ્રશ્નોત્તરી કરતા આરોપી એક પણ પ્રશ્નનો જવાબ આપવા માંગતા નથી અને ખુલ્લી અદાલતમાં વિશેષ નિવેદન વીડિયો કોન્ફરન્સ દ્વારા આપવા માટે સ્પષ્ટ ના પાડે છે આ ઉપરાંત આરોપીને વિશેષમાં કાંઇક લેખિતમાં રજૂ કરવું હોય તો કરી શકે છે તેવી પણ સુચના આપવામાં આવી છે, આરોપી લેખિત નિવેદન રજૂ કરવા માંગતા હોવાથી કાગળ અને પેનની માંગણી કરતા હોવાથી સુપરિન્ટેન્ડેન્ટશ્રી, તલોજા સેન્ટ્રલ જેલનાઓને આરોપીને કાગળ તથા પાન પુરા પાડવાની સુચના આપેલ છે ત્યારબાદ પણ આરોપીને જણાવવામાં આવેલું છે કે પોતે જે કાંઇ લેખિત નિવેદન રજૂ કરવા માંગતા હોય તો અત્રેની અદાલતના ઓફિશીયલ ઇ–મેઇલ ઉપર મોકલી આપવું તેમજ આરોપીને સદર ઇ–મેઇલ એડ્રેસની નોંધ કરાવવામાં પણ આવી છે.

(૪૪)આરોપી નં.૪૪ મહમદ અકબર ઇસ્માઇલ ચૌધરીએ પોતાના ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા

પુરાવાનો ઇન્કાર કરેલો છે અને વિશેષમાં જણાવેલ છે કે તેઓ તદ્ધન નિર્દોષ છે, અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસ તથા સુરત બોમ્બ પ્લાન્ટેશન કેસ સાથે કોઇ સંબંધ નથી, આરોપીને તપાસ માટે મુંબઇ તથા પુના લઇ ગયેલ નથી, આ કેસમાં આરોપી વિરૂધ્ધ કોઇપણ સાક્ષી કે પુરાવો નથી, આરોપીએ રીમાન્ડ દરમ્યાન પોલીસ સમક્ષ કે અન્ય એક પણ સાહેદ સમક્ષ કોઈ હકીકત જાહેર કરેલ નથી, પોલીસને કે સાહેદને કોઈ જગ્યાએ લઈ ગયેલ નથી, પંચનામાની કોઇ કાર્યવાહી આરોપી રૂબરૂ થયેલ નથી, ઓળખ પરેડ કરાવતાં અગાઉ ઓળખ કરનાર સાહેદોને આરોપી સાથે વાહનમાં કોર્ટમાં લઈ જવામાં આવેલા, રજૂ થયેલા દસ્તાવેજો બાબતે કાંઇ કહી શકે નહીં, માઇન્ડ એપ્લાય કર્યા સિવાય ખોટી મંજૂરી આપેલી છે, આરોપી કયારેય ગુજરાત આવેલ નથી, આરોપી વિરૂધ્ધ પુરાવા ન હોવા છતાં ખોટી રીતે અટક કરી ખોટી તપાસ કરી ખોટી ચાર્જશીટ કરેલ છે.

(૪૫)આરોપી નં.૪૫ ફઝલે રહેમાન મુસદ્દીકખાન દુરાનીએ પોતાના ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને વિશેષમાં જણાવેલ છે કે તેઓ તદ્ધન નિર્દોષ છે, અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસ, સુરત બોમ્બ પ્લાન્ટેશન કેસ સાથે કોઇ સંબંધ નથી, આ કેસમાં આરોપી વિરૂધ્ધ સાક્ષીઓ તથા પુરાવાઓ પાછળથી ખોટા ઉભા કરેલા છે, આરોપી કયારેય ગુજરાત આવેલ નથી, આક્ષેપિત કાવતરૂ, ષડયંત્ર, દેશ વિરોધી પ્રવૃતિ કે પ્રતિબંધિત સંગઠન સાથે કોઈ સંબધ નથી, આરોપી કહેવાતી તથા આ કેસમાં આક્ષેપિત કોઇ પણ કાર કોઇ પણ જગ્યાએ લઇ ગયેલ નથી, પોલીસને કોઇ જગ્યા બતાવેલ નથી, આરોપીની હાજરીમાં કોઇ પંચનામાની પ્રક્રીયા થયેલ નથી કે આરોપીની હાજરીમાં કોઇ પંચ સાહેદોને ક્યારેય બોલાવવામાં આવેલ નથી, પોલીસને લઇને સુરત, અમદાવાદ, ભરૂચ, પુના અને મુંબઈ ક્યારેય ગયેલ નથી, આક્ષેપિત કોઈપણ હોટલોમાં ક્યારેય રોકાયેલ નથી, આરોપીનુ રફીક શેખ, એસ.કે.રફીક, રફીક હબીબ શેખ સિવાય અન્ય ઉર્ફે નામ ક્યારેય રહેલ નથી કે ક્યાંય વાપરેલ નથી કે કોઈએ કોઈ ઉપનામ ક્યારેય રાખેલ નથી, આરોપીને તેમના ઘરેથી અઝીઝ મહોલ્લા, તાલુકા–

પાથરી, જિલ્લો–પરભણી, મહારાષ્ટ્ર ખાતેથી લાવી મુંબઈ ક્રાઈમબ્રાંચે ખોટા ઈ–મેઈલ કેસમાં અટક કરી કેસમાં ફસાવી મુંબઈ જેલ ખાતેથી સુરત ક્રાઈમબ્રાંચે લોકઅપમાં ગોંધી રાખેલ, બોમ્બ બલાસ્ટ કેસમાં ખોટી રીતે સંડોવણી કરેલ છે, આરોપી તાલુકા–પાથરી, જિલ્લો–પરભણી, મહારાષ્ટ્રના રહેવાસી છે, આરોપી કે તેમનો પરિવાર પુના ખાતે ક્યારેય રહેલ નથી,આ કેસમાં આરોપી વિરૂધ્ધ સાક્ષીઓ તથા પુરાવા ખોટા ઉભા કરવામાં આવેલ છે, આરોપી વિરૂધ્ધ પુરાવા ન હોવા છતાં ખોટી રીતે અટક કરી ખોટી તપાસ કરી ખોટી ચાર્જશીટ કરેલ છે.

વધુમાં આરોપીએ રામોલ પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુન્હા રજી.નં. ૩૨૧/૨૦૦૮ ના કામે આરોપીઓના રીમાન્ડ માટે રજૂ થયેલ અરજીની તેમજ તે હેઠળ થયેલ હુકમની નકલ, સરખેજ પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુન્હા રજી.નં. ૧૮૧/૨૦૦૮ ના કામે આરોપીઓની કસ્ટડી સોંપવા અંગે થયેલ હુકમની નકલ, રામોલ પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુન્હા રજી.નં. ૩૨૧/૨૦૦૮ ના કામે આરોપીઓની કસ્ટડી સોંપવા થયેલ અરજીની તેમજ તે હેઠળ થયેલ હુકમની નકલ, મણીનગર પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુન્હા રજી.નં.૨૦૫/૨૦૦૮, ઈસનપુર પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુન્હા રજી.નં.૧૯૦/૨૦૦૮, મણીનગર પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુન્હા રજી.નં.૨૦૬/૨૦૦૮ અને રામોલ પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુન્હા રજી.નં. ૩૨૨/૨૦૦૮ ના કામે આરોપીઓની કસ્ટડી સોંપવા થયેલ અરજીઓની તેમજ તે હેઠળ થયેલ હુકમોની નકલો તેમજ ઉપરોકત ગુન્હાઓના કામે આરોપીઓને જયુડીશીયલ કસ્ટડીમાં અટક ગણવા અંગે લખેલ રીપોર્ટોની નકલો રજૂ કરેલી છે.

આરોપીએ રજૂ કરેલ દસ્તાવજોને બચાવપક્ષના પુરાવા દરમ્યાન આંક આપવામાં આવેલ છે જેની ચર્ચા આરોપી દીઠ ફરિયાદપક્ષે રજૂ કરેલા પુરાવાના મૂલ્યાંકનના પેરામાં કરવામાં આવેલી છે.સદર આરોપીના વિશેષ નિવેદન સાથે રાખવામાં આવેલા છે.

(૪૬)આરોપી નં.૪૬ મહમદનૌશાદ મહમદઈર્શાદ સૈયદે પોતાના ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા

પુરાવાનો ઇન્કાર કરેલો છે અને વિશેષમાં જણાવેલ છે કે તેઓ તદ્ધન નિર્દોષ છે, અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસ તથા સુરત બોમ્બ પ્લાન્ટેશન કેસ સાથે કોઇ સંબંધ નથી, આ કેસમાં આરોપી વિરૂધ્ધ કોઇપણ સાક્ષી કે પુરાવો નથી, આરોપી કયારેય ગુજરાત આવેલ નથી, આરોપીએ ક્યારેય હસ્તાક્ષરના નમૂના પોલીસને આપેલ નથી, ઉભા કરેલા પુરાવા આધારે માઇન્ડ એપ્લાય કર્યા સિવાય ખોટી દરખાસ્તો કરી ખોટી મંજૂરી આપેલી છે, પંચનામાની કોઇ કાર્યવાહી આરોપી રૂબરૂ થયેલ નથી, આરોપી પોલીસને કે કોઇ સાહેદને કોઇ જગ્યાએ લઇ ગયેલ નથી, ખોટા પુરાવા ઉભા કરવા માટે ખોટા પંચનામા બનાવેલા છે, આરોપીની હાજરીમાં કોઇ મુદ્દામાલ તથા દસ્તાવેજો કબજે લીધેલા નથી,રજૂ થયેલા દસ્તાવેજો બાબતે કાંઇ કહી શકે નહીં, આરોપી વિરૂધ્ધ પુરાવા ન હોવા છતાં ખોટી રીતે અટક કરી ખોટી તપાસ કરી ખોટી ચાર્જશીટ કરેલ છે.

વધુમાં આરોપીએ લેખિત નિવેદન રજૂ કરી જણાવેલ છે કે તેઓ છેલ્લા ૧૧ વર્ષથી જેલમાં છે, આરોપીને ગુજરાતી આવડતુ નથી, આરોપીએ કોઇ ગુનો કરેલો નથી, ભારતીય કાયદાઓનુ તેઓ પાલન કરે છે, તા.૨–૧૦–૨૦૦૮ ના રોજ મેંગ્લુર પોલીસ દ્વારા તેમની પુછપરછ કરવામાં આવી હતી અને ત્યારબાદ ત્રણ મહીના બાદ ગુજરાત પોલીસે તેમની અટક કરેલી અને બે મહીના સુધી તેમને પોલીસ સ્ટેશનમાં રાખેલા અને તે સમયે જણાવેલ કે જરૂરી કામ પુરી થયા બાદ છોડી મુકશે, હાલના ગુના સાથે આરોપી કોઇ રીતે સંકળાયેલા નથી અને જાણી જોઇને તેમને આ ગુન્હામાં સંડોવેલા છે, આરોપી વિરૂધ્ધના જે કાંઇ પણ દસ્તાવેજો અને પુરાવાઓ છે તે ખોટા અને ઉપજાવી કાઢેલા છે.

આરોપીએ રજૂ કરેલ ઉપરોકત નિવેદન સદર આરોપીના વિશેષ નિવેદન સાથે રાખવામાં આવેલા છે.

(૪૭)આરોપી નં.૪૭ અહેમદબાવા અબુબકર બરેલવીએ પોતાના ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને વિશેષમાં જણાવેલ છે કે તેઓ તદ્ધન નિર્દોષ છે, અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસ તથા સુરત બોમ્બ પ્લાન્ટેશન કેસ સાથે

કોઇ સંબંધ નથી, આરોપી કયારેય ગુજરાત આવેલ નથી, આરોપીએ રીમાન્ડ દરમ્યાન કોઇ પણ જગ્યા બતાવેલ નથી કે પોલીસ રૂબરૂ કોઇ નિવેદન આપેલ નથી, રીમાન્ડ દરમ્યાન અતિશય ત્રાસ આપવામાં આવતો હતો, ઉભા કરેલા પુરાવા આધારે માઇન્ડ એપ્લાય કર્યા સિવાય ખોટી મંજૂરી આપેલી છે, રજૂ થયેલા દસ્તાવેજો બાબતે કાંઇ કહી શકે નહીં, આ કેસમાં આરોપી વિરૂધ્ધ સાક્ષી, પુરાવો ખોટો ઉભો કરી ખોટી તપાસ કરી ખોટી ચાર્જશીટ કરેલ છે.

વધુમાં આરોપીએ લેખિત નિવેદન રજૂ કરી જણાવેલ છે કે આરોપી સને–૨૦૦૭ થી જેલમાં છે, આરોપીની પત્નિની તબિયત સારી રહેતી ન હતી તેથી દુબઇ છોડીને તેમના બાળકોનુ ધ્યાન રાખવા પરત આવેલા અને મેંગ્લોરમાં કામ શરૂ કરેલ, મેંગ્લોરમાં પોલીસ તેમના ઘરે આવેલી અને તેઓ તે સમયે ઘરે ન હતા અને તેથી તેમની પાસપોર્ટ ઇન્કવાયરી માટે પોલીસે તેમને પોલીસ સ્ટેશને આવવા જણાવેલ અને ત્યારબાદ તેઓને ખોટી રીતે મેંગ્લોરના કોઇ ગુન્હામાં ખોટી રીતે સંડોવી દીધેલ, મેંગ્લોર કોર્ટની જયુડીશીયલ કસ્ટડીમાં હતા ત્યાંથી ટ્રાન્સફર વોરન્ટ દ્વારા આરોપીને ગુજરાત લાવવામાં આવેલ, આરોપી નિર્દોષ હોવા છતાં ગુજરાત પોલીસે પાયા વિહોણા આક્ષેપોના આધારે હાલના કેસમાં સંડોવેલા છે, આરોપી સામે કેસ પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે.

આરોપીએ રજૂ કરેલ ઉપરોકત નિવેદન સદર આરોપીના વિશેષ નિવેદન સાથે રાખવામાં આવેલ છે.

(૪૮)આરોપી નં.૪૮ ઇટી સૈનુદ્દીન ઇટી મોહમંદે પોતાના ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને વિશેષમાં જણાવેલ છે કે તેઓ તદ્દન નિર્દોષ છે, અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસ તથા સુરત બોમ્બ પ્લાન્ટેશન કેસ સાથે કોઇ સંબંધ નથી, આરોપીએ કોઇ નિવેદન આપેલ નથી કે આરોપીની કોઇ પુછપરછ કરેલ નથી, પુરાવા વગર ખોટી દરખાસ્ત કરી માઇન્ડ એપ્લાય કર્યા વગર ખોટી દરખાસ્તો કરી ખોટી મંજૂરી આપેલી છે, રજૂ થયેલા દસ્તાવેજો ખોટા ઉભા કરેલા છે, મુદ્દામાલ બાબતે કાંઇ કહી શકે નહીં, આ કેસમાં આરોપી વિરૂધ્ધ

કોઇપણ સાક્ષી કે પુરાવો નથી, આરોપી કયારેય ગુજરાત આવેલ નથી, આરોપીનુ નામ સૈનુદ્દિન ઇ.ટી. મોહમદ છે આ સિવાય અન્ય કોઈ નામે ક્યારેય ઓળખાયેલ નથી, આરોપી વિરૂધ્ધ પુરાવા ન હોવા છતાં ખોટી રીતે અટક કરી ખોટી તપાસ કરી ખોટી ચાર્જશીટ કરેલ છે.

વધુમાં આરોપીએ લેખિત નિવેદન રજૂ કરી જણાવેલ છે કે આરોપી તદ્દન નિર્દોષ છે, ભારતના કાયદાઓ અનુસાર નાગરિક છે, ૬૯ વર્ષની ઉંમર છે, ક્રોનીક અસ્થમાની બીમારીથી પીડાઇ છે, હાલના કેસમાં ખોટી રીતે સંડોવેલા છે, હાલના કેસમાં આરોપી નં.૪૯ જે પુત્ર છે તેના સિવાય બીજા કોઇ આરોપીને ઓળખતા નથી, છેલ્લા ૧૧ વર્ષથી જેલમાં છે.

આરોપીએ રજૂ કરેલ ઉપરોકત નિવેદન સદર આરોપીના વિશેષ નિવેદન સાથે રાખવામાં આવેલ છે.

(૪૯)આરોપી નં.૪૯ સરફુદ્દીન ઇટી સૈનુદ્દીને પોતાના ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને વિશેષમાં જણાવેલ છે કે તેઓ તદ્દન નિર્દોષ છે, અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસ તથા સુરત બોમ્બ પ્લાન્ટેશન કેસ સાથે કોઇ સંબંધ નથી, આ કેસમાં આરોપી વિરૂધ્ધ કોઇપણ સાક્ષી કે પુરાવો નથી, આરોપી વિરૂદ્ધ પુરાવા પાછળથી ઉભા કરવામાં આવેલ છે, આરોપીનુ નામ સરફુદ્દીન ઈ.ટી. સૈનુદ્દીન છે આ સિવાય અન્ય કોઈ નામે ક્યારેય ઓળખાયેલ નથી, આરોપી માત્ર મલીયાલમ ભાષા જાણે છે, આરોપી કયારેય ગુજરાત આવેલ નથી, ઉભા કરેલા પુરાવા આધારે ખોટી દરખાસ્તો કરેલી છે, આરોપીએ કોઇ પણ અધિકારી કે વ્યકિત સમક્ષ કોઇ પણ હકીકત જાહેર કરેલ નથી, આરોપીએ કોઇ ડાયાગ્રામ કે સરકીટ બનાવી આપેલ નથી, આરોપીની રૂબરૂમાં આવુ કોઇ પંચનામુ થયેલુ નથી, મુદ્દામાલ સરકીટ પાછળથી ઉભી કરેલી છે, રજૂ થયેલા દસ્તાવેજો બાબતે કાંઇ કહી શકે નહીં, આરોપી વિરૂધ્ધ પુરાવા ન હોવા છતાં ખોટી રીતે અટક કરી ખોટી તપાસ કરી ખોટી ચાર્જશીટ કરેલ છે.

વધુમાં આરોપીએ લેખિત નિવેદન રજૂ કરી જણાવેલ છે કે આરોપી તદ્દન નિર્દોષ છે, ભારતના કાયદાઓ અનુસાર નાગરિક છે, હાલના કેસમાં ખોટી રીતે સંડોવેલા છે, આરોપીના પિતાને અટક કરેલ હોવાથી તેમની મુલાકાતે બેંગ્લોર ગયા હતા જયાં હાલના આરોપીને અટક કરેલા છે અને ત્યાંથી ગુજરાત લાવેલા છે, પોલીસ દ્વારા આરોપીની અલગ, અલગ કાગળો ઉપર સહીઓ લેવામાં આવેલી, આરોપી કાગળોમાં કરેલ લખાણ બાબતે કશુ જાણતા ન હતા, આરોપી ગુજરાત કયારેય આવેલા નથી, મલીયાલમ સિવાય કોઇ ભાષા જાણતા નથી, આરોપી સામે જે આક્ષેપ છે તે મુખ્યત્વે કોઇ ઇલેક્ટ્રીક યંત્ર બનાવવાનો છે પરંતુ તેઓ તે ક્ષેત્રમાં સંપૂર્ણ અજ્ઞાન છે, હાલના ગુન્હામાં સંડોવાયેલ આરોપી નં.૪૮ સિવાય અન્ય કોઇ આરોપીઓને ઓળખતા નથી, હાલના કેસ અગાઉ કયારેય તેઓ પોલીસ સ્ટેશન ગયેલા નથી.

આરોપીએ રજૂ કરેલ ઉપરોકત નિવેદન સદર આરોપીના વિશેષ નિવેદન સાથે રાખવામાં આવેલ છે.

(૫૦)આરોપી નં.૫૦ સૈકુરહેમાન અબ્દુલરહેમાન અન્સારીએ પોતાના ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને વિશેષમાં જણાવેલ છે કે તેઓ તદ્દન નિર્દોષ છે, આ કેસમાં આરોપી વિરૂધ્ધ કોઇપણ સાક્ષી કે પુરાવો નથી, આરોપી કયારેય ગુજરાત આવેલ નથી, આરોપી વિરૂધ્ધ પુરાવા ન હોવા છતાં ટ્રાન્સફર વોરંટથી જયપુર કોર્ટમાંથી હુકમ મેળવી જયપુરની સેન્ટ્રલ જેલમાંથી અટક કરી પુરાવા ન હોવા છતાં ખોટી તપાસ કરી પુરાવા ઉભા કરેલા છે, તપાસ દરમ્યાન કે રીમાન્ડ દરમ્યાન કોઇ પણ સાહેદની હાજરીમાં કોઇ માહીતી આપેલી નથી, આરોપી વિરૂધ્ધ પુરાવા ન હોવા છતાં ખોટી દરખાસ્તો મુકી યાંત્રિક રીતે મંજુરીઓ મેળવી ખોટી ચાર્જશીટ કરેલ છે, આરોપીને ગુજરાતી ભાષા બોલતા, લખતા કે વાંચતા આવડતી નથી અને સાંભળવા ઉપર પણ શું વાત થાય છે તેની ખબર પડતી નથી અને કહેવાતા બનાવના સમયે પણે આવી જ સ્થિતિ હતી.

(૫૧)આરોપી નં.૫૧ ડો.અનવર અબ્દુલગની બાગવાને પોતાના ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને વિશેષમાં જણાવેલ છે કે તેઓ તદ્દન નિર્દોષ છે, અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસ, સુરત બોમ્બ પ્લાન્ટેશન કેસ સાથે કોઇ સંબંધ નથી, આ કેસમાં આરોપી વિરૂધ્ધ કોઇપણ સાક્ષી કે પુરાવો નથી, આરોપી કયારેય ગુજરાત આવેલ નથી કે કયારેય કેરળ રાજયમાં ગયેલ નથી, ઉભા કરેલા પુરાવા આધારે ખોટી દરખાસ્તો કરી માઇન્ડ એપ્લાય કર્યા સિવાય ખોટી મંજૂરી આપેલી છે, આરોપી વિરૂધ્ધ પુરાવા ન હોવા છતાં ખોટી રીતે અટક કરી ખોટી તપાસ કરી ખોટી ચાર્જશીટ કરેલ છે.

વધુમાં આરોપીએ તેમના લેખિત નિવેદનમાં જણાવ્યા મુજબના બે દસ્તાવેજો રજૂ કરેલા છે જે પૈકી પ્રથમ દસ્તાવેજમાં આરોપી ૧ લી ફેબ્રુઆરી–૨૦૦૮ થી ૫ મી જાન્યુઆરી–૨૦૦૯ સુધી કિમ્સ હોસ્પિટલ, સીકંદરાબાદ ખાતે અભ્યાસ કરતા હતા તે બાબતનુ અધિકૃત ડૉકટર દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર છે અને બીજા દસ્તાવેજમાં પંચનામાની નકલ તેમજ આરોપીની મુંબઇ મકોકા કેસ નં.૪/૨૦૦૯ માં કરેલ ધરપકડ અંગેના એરેસ્ટ મેમોનુ અંગ્રેજી અનુવાદન છે.

આરોપીએ રજૂ કરેલ દસ્તાવજોને બચાવપક્ષના પુરાવા દરમ્યાન આંક આપવામાં આવેલ છે જેની ચર્ચા આરોપી દીઠ ફરિયાદપક્ષે રજૂ કરેલા પુરાવાના મૂલ્યાંકનના પેરામાં કરવામાં આવેલી છે.સદર આરોપીના વિશેષ નિવેદન સાથે રાખવામાં આવેલા છે.

(૫૨)આરોપી નં.૫૨ મોહંમદ યાસીન ફરીદખાન સન ઓફ અબ્દુલ હમીદખાને પોતાના ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને વિશેષમાં જણાવેલ છે કે આ કેસમાં આરોપી વિરૂધ્ધ કોઇપણ સાક્ષી કે પુરાવો નથી, આરોપી કયારેય ગુજરાત આવેલ નથી, ઉભા કરેલા પુરાવા આધારે ખોટી દરખાસ્તો કરેલી છે, કાયદા તથા નિયમોનુ પાલન કરેલુ નથી, માઇન્ડ એપ્લાય કર્યા વગર ખોટી

મંજૂરી આપેલી છે, આરોપી વિરૂધ્ધ પુરાવા ન હોવા છતાં ખોટી રીતે અટક કરી ખોટી તપાસ કરી ખોટી ચાર્જશીટ કરેલ છે.

(૫૩)આરોપી નં.૫૩ મહમદ ઈરફાન મહમદ નકીબ મન્સુરીએ પોતાના ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઈન્કાર કરેલો છે અને વિશેષમાં જણાવેલ છે કે તેઓ તદ્દન નિર્દોષ છે તથા અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસ તથા સુરત બોમ્બ પ્લાન્ટેશન કેસ સાથે કોઇ સંબંધ નથી, આ કેસમાં આરોપી વિરૂધ્ધ કોઈપણ સાક્ષી કે પુરાવો નથી, આરોપી કયારેય ગુજરાત આવેલ નથી તેમજ કયારેય કેરળ રાજયમાં ગયેલ નથી, કાયદા તથા નિયમોનુ પાલન કરેલ નથી, ઉભા કરેલા પુરાવા આધારે માઇન્ડ એપ્લાય કર્યા સિવાય મંજૂરી આપેલી છે, રજૂ થયેલા મુદ્દામાલ તથા દસ્તાવેજો બાબતે કાંઇ કહી શકે નહીં, આરોપી વિરૂધ્ધ પુરાવા ન હોવા છતાં ખોટી રીતે અટક કરી ખોટી તપાસ કરી ખોટી ચાર્જશીટ કરેલ છે.

વધુમાં આરોપીએ લેખિત નિવેદન રજૂ કરી જણાવેલ છે કે ભોપાલ પોલીસ દ્વારા થયેલ કેસ નં.૨૮૬૭/૨૦૦૮ ના કામે અદાલત દ્વારા આરોપીને છોડી મુકવામાં આવેલા છે, હાલના કેસ સાથે આરોપીને કોઇ સબંધ નથી, આરોપી કયારેય અમદાવાદ આવેલા નથી કે કેરલ ગયા નથી, ધાર્મિક અને રાજનૈતિક સંગઠન સાથે કોઇ સબંધ નથી, હાલના કેસમાં જણાવ્યા મુજબના આરોપીના કોઇ ઉર્ફે નામો નથી કે તે બાબતે કોઇ પુરાવો રજૂ થયો નથી, આરોપી સામે કોઇ ઓળખ પરેડ કે પંચનામા થયેલા નથી, તમામ પંચનામા અને સાક્ષીઓ આરોપી વિરૂધ્ધ ખોટા ઉભા કરેલા છે, જે ગુનો કરેલ નથી તે કબૂલ કરવા પોલીસે ધમકી આપેલી અને માનસિક અને શારીરિક રીતે હેરાન કરેલા છે, પોલીસે કેટલાય કોરા કાગળોમાં સહીઓ લીધેલી જેમાં ગુજરાતી લખાણ હતુ, આરોપી ગુજરાતી જાણતા નથી, ખેતી કરી પરિવારનુ ગુજરાન ચલાવતા હતા. આરોપીએ રજૂ કરેલ ઉપરોકત લેખિત નિવેદન સદર આરોપીના વિશેષ નિવેદન સાથે રાખવામાં આવેલ છે.

(૫૪)આરોપી નં.૫૪ નાસીર અહેમદ લિયાકતઅલી પટેલે પોતાના ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને વિશેષમાં જણાવેલ છે કે તેઓ તદ્દન નિર્દોષ છે, અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસ તથા સુરત બોમ્બ પ્લાન્ટેશન કેસ સાથે કોઇ સંબંધ નથી, કાયદા તથા નિયમોનુ પાલન કરેલ નથી, ઉભા કરેલા પુરાવા આધારે ખોટી દરખાસ્તો કરી કાયદા તથા નિયમોનુ પાલન કર્યા સિવાય, માઇન્ડ એપ્લાય કર્યા સિવાય ખોટી મંજૂરી આપેલી છે, રજૂ થયેલા દસ્તાવેજો બાબતે કાંઇ કહી શકે નહીં, આ કેસમાં આરોપી વિરૂધ્ધ કોઇપણ સાક્ષી કે પુરાવો નથી, આરોપી ગુજરાત કયારેય આવેલ નથી કે કયારેય કેરળ રાજયમાં ગયેલ નથી, આરોપી વિરૂધ્ધ પુરાવા ન હોવા છતાં ખોટી રીતે અટક કરી ખોટી તપાસ કરી ખોટી ચાર્જશીટ કરેલ છે.

વધુમાં આરોપીએ તેમની નિર્દોષતા સાબીત કરવા માટે વિશેષ લેખિત નિવેદન રજૂ કરી જણાવેલ છે કે આ કેસમાં આરોપી સામે જે આક્ષેપો કરવામાં આવેલા છે તે ખોટા અને પાયાવિહોણા છે, આરોપીને હાલના કેસ સાથે કોઇ પણ પ્રકારે લેવા દેવા નથી, આરોપીને અમદાવાદના સિરિયલ બોમ્બ બ્લાસ્ટ કેસ રજીસ્ટર્ડ થયા તેના ત્રણ મહિના અગાઉ અટક કરેલ છે, આરોપી સામે આક્ષેપ છે કે તેણે તા.૧૦ થી ૧૩ ડિસેમ્બર–૨૦૦૭ દરમ્યાન વાઘમોન કેમ્પમાં આતંકવાદી તાલીમ લીધેલી પરંતુ તે બાબતે હાલની કોર્ટ સમક્ષ આરોપી વિરૂધ્ધ કોઇ પુરાવો રજૂ કરવામાં આવેલો નથી, આરોપી વિરૂધ્ધ કોઇ પણ દસ્તાવેજી મૌખિક પુરાવો નથી તેમજ સાક્ષીઓ કે પંચો દ્વારા કોઇ પણ પુરાવો આપવામાં આવેલો નથી, આરોપીનુ નામ નાસીર અહેમદ પટેલ છે તેના કોઇ ઉર્ફે નામ નથી, આરોપી તા.૧૧–૧૨–૨૦૦૭ ના રોજ વાઘમોન કેમ્પમાં ન હતા પરંતુ કર્ણાટક યુનિવર્સિટી, ધારવાડમાં પોતાની પરીક્ષાઓ આપી રહ્યા હતા અને તે બાબતે તા.૧૧–૧૨–૨૦૦૭ ના રોજ આરોપીએ જે પરીક્ષા આપી હતી તેને સંલગ્ન દસ્તાવેજો આરોપીએ માહિતી અધિકારના કાયદા હેઠળ મંગાવી તેમના વધારાના વિશેષ નિવેદન સાથે સામેલ રાખેલા છે.

આરોપીએ રજૂ કરેલ દસ્તાવજોને બચાવપક્ષના પુરાવા દરમ્યાન આંક આપવામાં આવેલ છે જેની ચર્ચા આરોપી દીઠ ફરિયાદપક્ષે રજૂ કરેલા પુરાવાના મૂલ્યાંકનના પેરામાં કરવામાં આવેલી છે.સદર આરોપીના વિશેષ નિવેદન સાથે રાખવામાં આવેલા છે.

(૫૫)આરોપી નં.૫૫ શકીલ અહેમદ અબ્દુલ સલીમ માલીએ પોતાના ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને વિશેષમાં જણાવેલ છે કે તેઓ તદ્દન નિર્દોષ છે, અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસ તથા સુરત બોમ્બ પ્લાન્ટેશન કેસ સાથે કોઇ સંબંધ નથી, રજૂ થયેલ દસ્તાવેજો બાબતે કાંઇ કહી શકે નહીં, ઉભા કરેલા પુરાવા આધારે ખોટી દરખાસ્તો કરેલી છે, કાયદા તથા નિયમોનુ પાલન કરેલ નથી, માઇન્ડ એપ્લાય કર્યા વગર મંજૂરી આપેલી છે, આ કેસમાં આરોપી વિરૂધ્ધ કોઇપણ સાક્ષી કે પુરાવો નથી, આરોપી કયારેય ગુજરાત આવેલ નથી, આરોપી વિરૂધ્ધ પુરાવા ન હોવા છતાં ખોટી રીતે અટક કરી ખોટી તપાસ કરી ખોટી ચાર્જશીટ કરેલ છે.

વધુમાં આરોપીએ તેમની નિર્દોષતા સાબીત કરવા માટે વિશેષ લેખિત નિવેદન રજૂ કરી જણાવેલ છે કે તેની સામે કેસમાં કરવામાં આવેલા આક્ષેપો ખોટા અને પાયાવિહોણા છે, આરોપીને હાલના કેસ સાથે કોઇ પણ પ્રકારે લેવા દેવા નથી, આરોપીને અમદાવાદમાં સિરિયલ બોમ્બ બ્લાસ્ટ કેસ રજીસ્ટર્ડ થયા તેના પાંચ મહિના અગાઉ કર્ણાટક પોલીસે અટક કરેલ છે, આરોપી સામે કર્ણાટકમાં કરવામાં આવેલ કેસ પણ ખોટો અને પાયાવિહોણો હતો તેથી આરોપીને તે કેસમાં છોડી મુકવામાં આવેલા છે, આરોપીને ટ્રાન્સફર વોરન્ટના આધારે તા.૧૧/૧૨–૭–૨૦૦૯ ના રોજ કર્ણાટકથી સુરત પોલીસ દ્વારા ગુજરાત લાવવામાં આવેલા છે, ચાર્જશીટમાં જણાવ્યા પ્રમાણે આરોપીના ઉર્ફે નામો નથી, આરોપી વિરૂધ્ધ કોઇ પણ સાક્ષી કે પંચનામા રજૂ થયા નથી, આરોપીને આ કેસમાં એક મહિના સુધી પોલીસ કસ્ટડીમાં રાખવામાં આવેલા તે દરમ્યાન તેને શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવેલો તેમજ પોલીસ

દ્વારા ધમકી આપવામાં આવેલી કે જો આરોપી મારઝુડ બાબતે કોર્ટ રૂબરૂ કંઇ પણ રજૂઆત કરશે તો તેને એક વર્ષ સુધી વધુ કસ્ટડીમાં રાખવામાં આવશે, આરોપીને ગુજરાતી ભાષા લખતા, વાંચતા કે સમજતા આવડતી નથી અને તેની ધરપકડ પહેલા આ કેસના કોઇ પણ સહ આરોપીઓ સાથે તેની મુલાકાત થઇ નથી.

આરોપીનુ લેખિત નિવેદન સદર આરોપીના વિશેષ નિવેદન સાથે રાખવામાં આવેલ છે.

(૫૬)આરોપી નં.૫૬ નદીમ સૈયદ સન ઓફ અબ્દુલ નઇમ સૈયદે

પોતાના ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને વિશેષમાં જણાવેલ છે કે તેઓ તદ્દન નિર્દોષ છે, અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસ તથા સુરત બોમ્બ પ્લાન્ટેશન કેસ સાથે કોઇ સંબંધ નથી, આરોપી કયારેય કેરળ રાજયમાં ગયેલ નથી, ઉભા કરેલા પુરાવા આધારે ખોટી દરખાસ્તો કરેલી છે, કાયદા તથા નિયમોનુ પાલન કરેલ નથી, માઇન્ડ એપ્લાય કર્યા વગર ખોટી મંજૂરી આપેલ છે, રજૂ થયેલ દસ્તાવેજો બાબતે કાંઇ કહી શકે નહીં, આરોપીની કોઇ પુછપરછ કરેલ નથી, ખોટા પુરાવા ઉભા કરેલા છે, આરોપી વિરૂધ્ધ પુરાવા ન હોવા છતાં ખોટી રીતે અટક કરી ખોટી તપાસ કરી ખોટી ચાર્જશીટ કરેલ છે.

વધુમાં આરોપીએ વિશેષ લેખિત નિવેદન રજૂ કરી જણાવેલ છે કે તેની સામે કેસમાં કરવામાં આવેલા આક્ષેપો ખોટા અને પાયાવિહોણા છે, આરોપીને હાલના કેસ સાથે કોઇ પણ પ્રકારે લેવા દેવા નથી, આરોપીને અમદાવાદમાં સિરિયલ બોમ્બ બ્લાસ્ટ કેસ રજીસ્ટર્ડ થયા તે અગાઉ કર્ણાટક પોલીસે તા.૨૬–૫–૨૦૦૮ ના રોજ અટક કરેલ છે, આરોપી સામે કર્ણાટકમાં કરવામાં આવેલ કેસ પણ ખોટો અને પાયાવિહોણો હતો તેથી આરોપીને તે કેસમાં છોડી મુકવામાં આવેલા છે, આરોપીને ટ્રાન્સફર વોરન્ટના આધારે તા.૧૧/૧૨–૭–૨૦૦૯ ના રોજ કર્ણાટક થી સુરત પોલીસ દ્વારા ગુજરાત લાવવામાં આવેલા છે, ચાર્જશીટમાં જણાવ્યા પ્રમાણે આરોપીના ઉર્ફે નામો નથી, આરોપી વિરૂધ્ધ

કોઇ પણ સાક્ષી કે પંચનામા રજૂ થયા નથી, આરોપીને આ કેસમાં એક મહિના સુધી પોલીસ કસ્ટડીમાં રાખવામાં આવેલા તે દરમ્યાન તેને શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવેલો તેમજ પોલીસ દ્વારા ધમકી આપવામાં આવેલી કે જો આરોપી મારઝુડ બાબતે કોર્ટ રૂબરૂ કંઇ પણ રજૂઆત કરશે તો તેને એક વર્ષ સુધી વધુ કસ્ટડીમાં રાખવામાં આવશે, આરોપીને ગુજરાતી ભાષા લખતા, વાંચતા કે સમજતા આવડતી નથી અને તેની ધરપકડ પહેલા આ કેસના કોઇ પણ સહ આરોપીઓ સાથે તેની મુલાકાત થઇ નથી.

આરોપીનુ લેખિત નિવેદન સદર આરોપીના વિશેષ નિવેદન સાથે રાખવામાં આવેલ છે.

(૫૭)આરોપી નં.૫૭ ડૉ.અશદુલ્લાહ અબુબકર એચ. મુસ્લિમે પોતાના ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને વિશેષમાં જણાવેલ છે કે તેઓ તદ્દન નિર્દોષ છે, અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસ, સુરત બોમ્બ પ્લાન્ટેશન કેસ સાથે કોઇ સંબંધ નથી, આરોપી કયારેય કેરળ રાજયમાં ગયેલ નથી કે કોઇપણ બીજા નામથી ઓળખાતા નથી, કોઇ ઉર્ફે નામ નથી, ઉભા કરેલા પુરાવા આધારે ખોટી દરખાસ્ત કરેલી છે, કાયદા તથા નિયમોનુ પાલન કરેલ નથી, માઇન્ડ એપ્લાય કર્યા વગર ખોટી મંજૂરી આપેલી છે, રજૂ થયેલ દસ્તાવેજો બાબતે કાંઇ કહી શકે નહીં, આરોપી વિરૂધ્ધ પુરાવા ન હોવા છતાં ખોટી રીતે અટક કરી ખોટી તપાસ કરી ખોટી ચાર્જશીટ કરેલ છે.

વધુમાં આરોપીએ વિશેષ લેખિત નિવેદન રજૂ કરી જણાવેલ છે કે તેની સામે કેસમાં કરવામાં આવેલા આક્ષેપો ખોટા અને પાયાવિહોણા છે, આરોપીને હાલના કેસ સાથે કોઇ પણ પ્રકારે લેવા દેવા નથી, આરોપીને અમદાવાદમાં સિરિયલ બોમ્બ બ્લાસ્ટ કેસ રજીસ્ટર્ડ થયા તેના સાત મહિના અગાઉ કર્ણાટક પોલીસે તા.૯–૧–૨૦૦૮ ના રોજ અટક કરેલ છે, આરોપી સામે કર્ણાટકમાં કરવામાં આવેલ કેસ પણ ખોટો અને પાયાવિહોણો હતો તેથી આરોપીને તે કેસમાં છોડી મુકવામાં આવેલા છે, આરોપીને ટ્રાન્સફર વોરન્ટના

આધારે તા.૧૧/૧૨–૭–૨૦૦૯ ના રોજ કર્ણાટક થી સુરત પોલીસ દ્વારા ગુજરાત લાવવામાં આવેલા છે, ચાર્જશીટમાં જણાવ્યા પ્રમાણે આરોપીના ઉર્ફે નામો નથી, આરોપી વિરૂધ્ધ કોઈપણ સાક્ષી કે પંચનામા રજૂ થયા નથી, આરોપીને આ કેસમાં એક મહિના સુધી પોલીસ કસ્ટડીમાં રાખવામાં આવેલા તે દરમ્યાન તેને શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવેલો તેમજ પોલીસ દ્વારા ધમકી આપવામાં આવેલી કે જો આરોપી મારઝુડ બાબતે કોર્ટ રૂબરૂ કંઈ પણ રજૂઆત કરશે તો તેને એક વર્ષ સુધી વધુ કસ્ટડીમાં રાખવામાં આવશે, આરોપીને ગુજરાતી ભાષા લખતા, વાંચતા કે સમજતા આવડતી નથી અને તેની ધરપકડ પહેલા આ કેસના કોઈપણ સહ આરોપીઓ સાથે તેની મુલાકાત થઇ નથી.

આરોપીનુ લેખિત નિવેદન સદર આરોપીના વિશેષ નિવેદન સાથે રાખવામાં આવેલ છે.

(૫૮)આરોપી નં.૫૮ મોહમદ સામી રાજ અહેમદ બાગેવાડીએ પોતાના ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને વિશેષમાં નીચે મુજબની વિગતો જણાવેલી છે.(આરોપીએ અંગ્રેજીમાં વિશેષ નિવેદન લખાવવાનો આગ્રહ રાખતાં આરોપીનુ વિશેષ નિવેદન અંગ્રેજી ભાષામાં લખેલ છે)

"I am falsely implicated in Ahmedabad serial bomb blast cases and Surat bomb plantation cases, in the entire chargesheet/trial neither a single peice of evidence nor a single witness has been sighted in the chargesheet or deposed any evidence in the court against me.

In the month of July–2008, I was in Banglore city, Karnataka for my architectural case study, during which some blasts took place. After a month on 12th–September–2008, I was illegally arrested by Banglore City

Crime Branch from my college(Malik sandal institute of art and architecture, Bijapur, Karnataka). After almost one month's sever torcher, I was produced before megistrate and sent to Banglore Central jail in Judicial custody. After 90 days chargesheet was filed against me showing me as main accused. After some days a new set of persons were arrested in same case(CR No.483/08, Madiwala Police station, Banglore).Now in this case's additional chargesheet of the new persons, i was given cleanchit and the error by Banglore police was clear.

When I told to the Banglore police that I will go to High court against you and seek compensation, they threatened me to implicate me in other case. After some time Surat police came to Banglore Central prison and arrested me in Surat bomb plantation case. Again after sever mental and physical torture of one month, I was sent to Sabarmati central jail, Ahmedabad.

On 12th September,2013 I was officially discharged from Banglore blast cases by Hon'ble sessions court, Banglore. Now after 12years in Sabarmati central jail under trial before this case not a single witness nor a single document was produced against me which is a proof of my innocense. "

વધુમાં આરોપીએ વિશેષ લેખિત નિવેદન રજૂ કરી જણાવેલ છે કે–

"I do not have any connection with the serial blast at Ahmedabad and the plantation of bombs at Surat,

Gujarat. I have never visited Gujarat before any arrests here. I am totally innocent, I was doing my case–study of Architectural Buildings for the 5th (Final) year of B–Arch for which I was in Bangalore city. During which the unfortunate serial blasts @ bangalore took place. In the subsequent investigation, on the basis of C.D.R., I was illegally arrested by Bangalore Police from my college at Bijapur on 12–Sep–2008 and severely tortured during the illegal & legal custodies (in SC 483/08 Madiwala P.S.). In the 1st charge sheet, I was shown as main accused, but later when a new set of accused was arrested, it was clear that mine was wrong arrest and in the supplementary charge sheet, I was given CLEAN CHIT. When I expressed to the Bangalore police regarding my desire to file an application seeking compensation against them they threatened me to IMPLICATE ME IN OTHER CASES IN INDIA. As a result, I was arrested by Surat police from Parappanna Agrahara Central Prison, Bangalore on 16–July–2009 and brought to Gujarat & finally to Central Prison Ahmedabad on 10–Aug–2009 after around a months mental & Physical torture. Later on 12–SEP–2011 (i.e. exactly after 3 years of arrest) I was DISCHARGED FROM BANGALORE BLAST CASE (Order copy attached). Now it is clear after the long trial, that not a single evidence has been produced against me by the prosecution in this case which is further proof of my innocence."

આરોપીએ રજૂ કરેલ દસ્તાવજોને બચાવપક્ષના પુરાવા દરમ્યાન આંક આપવામાં આવેલ છે જેની ચર્ચા આરોપી દીઠ ફરિયાદપક્ષે રજૂ કરેલા પુરાવાના મૂલ્યાંકનના પેરામાં કરવામાં આવેલી છે.સદર આરોપીના વિશેષ નિવેદન સાથે રાખવામાં આવેલા છે.

(૫૯)આરોપી નં.૫૯ મોહંમદ અન્સાર ઉર્ફે સીદ્દીક ઉર્ફે નદવી અબ્દુલ રઝાક મુસ્લિમે પોતાના ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઈન્કાર કરેલો છે અને વિશેષમાં જણાવેલ છે કે અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસ, સુરત બોમ્બ પ્લાન્ટેશન કેસ સાથે કોઇ સંબંધ નથી, આ કેસમાં આરોપી વિરૂધ્ધ કોઇપણ સાક્ષી કે પુરાવો નથી, આરોપી કયારેય ગુજરાત આવેલ નથી, આરોપીની આ કેસમાં ધરપકડ થઈ તે અગાઉ તા.૨૭–૩–૨૦૦૮ થી ઈન્દોર જેલ ખાતે અન્ય ગુન્હાની જેલ કસ્ટડીમાં હતા આ સમયગાળા દરમ્યાન આ કેસનાં અન્ય કોઈ પણ સહ આરોપીઓ સાથે કોઈ મુલાકાતનો પ્રસંગ બનેલ નથી કે કોઈની સાથે કોઈ પત્ર વ્યવહાર થયેલ નથી તથા તા.૨૭–૩–૨૦૦૮ અગાઉ પણ આ કેસના અન્ય સહ આરોપીઓ સાથે કોઈ વાતચીત થયેલ નથી, આ કેસમાં ચાર્જશીટમાં તથા ચાર્જમાં જણાવેલ પોલીસ દ્વારા બનાવેલી ખોટી વાર્તા સાથે કોઈ લેવા દેવા નથી, કહેવાતી સમગ્ર ષડયંત્રની વાર્તા આ કેસના તપાશનીસ અધિકારીઓ દ્વારા ઉપજાવેલી કાઢેલ છે, વાઘમોનના કહેવાતા ડીસેમ્બર–૨૦૦૭ ના કેમ્પ સાથે આરોપીને કોઈ લેવા દેવા નથી, આવા કોઈ કેમ્પમાં ક્યારેય હાજરી આપેલી નથી, ઉભા કરેલા પુરાવા આધારે ખોટી દરખાસ્ત કરેલી છે, કાયદા તથા નિયમોનુ પાલન કરેલુ નથી, માઇન્ડ એપ્લાય કર્યા સિવાય ખોટી મંજૂરી આપેલી છે, આરોપી વિરૂધ્ધ પુરાવા ન હોવા છતાં ખોટી રીતે અટક કરી ખોટી તપાસ કરી ખોટી ચાર્જશીટ કરેલ છે.

વધુમાં સદર આરોપીએ લેખિત નિવેદન રજૂ કરી જણાવેલ છે કે સને–૨૦૦૮ ની સાલમાં અમદાવાદમાં બનેલ બોમ્બ બ્લાસ્ટના બનાવો સાથે કોઇ પણ રીતે સંકળાયેલા નથી અને પોલીસ દ્વારા તેઓને ખોટી રીતે આ

ગુન્હામાં સંડોવવામાં આવેલા છે, ફેર ટ્રાયલનો હક્ક તેઓને મળતો નથી તેમજ જેલમાં તેમના બંધારણીય અધિકારોનુ કોઇ ધ્યાન રાખવામાં આવતુ નથી, આરોપીએ જેલમાં થતી ગતિવિધી અંગે, આરોપીને પડતી તકલીફો અંગે તેમજ જરૂરી પેપર્સ આરોપીને મળતા ન હોવા અંગે, કેસની પ્રક્રિયા સમજી ન શકતા હોવા અંગે, વકીલ સાથે આરોપીની યોગ્ય રીતે મુલાકાત થતી ન હોવા અંગે, લેખન સામગ્રી ન મળતી હોવા અંગે, આરોપીની લેખિત રજૂઆતો કોર્ટ સુધી પહોંચતી ન હોવા અંગે રજૂઆતો કરી છે, તદ્ધ ઉપરાંત કર્ણાટકામાં આરોપી સામે થયેલ ફોજદારી ફરિયાદની વિસ્તૃત વિગતો લેખિત નિવેદનમાં જણાવેલી છે.

આરોપીનુ લેખિત નિવેદન સદર આરોપીના વિશેષ નિવેદન સાથે રાખવામાં આવેલ છે.

(૬૦)આરોપી નં.૬૦ સાદુલી ઉર્ફે હારીસ અબ્દુલ કરીમ મુસ્લીમે

પોતાના ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને વિશેષમાં જણાવેલ છે કે અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસ, સુરત બોમ્બ પ્લાન્ટેશન કેસ સાથે કોઇ સંબંધ નથી, આ કેસમાં આરોપી વિરૂધ્ધ કોઇપણ સાક્ષી કે પુરાવો નથી, આરોપી કયારેય ગુજરાત આવેલ નથી, આરોપીની આ કેસમાં ધરપકડ થઈ તે અગાઉ તા. ૨૭–૩–૨૦૦૮ થી ઈન્દોર જેલ ખાતે અન્ય ગુન્હાની જેલ કસ્ટડીમાં હતા આ સમયગાળા દરમ્યાન આ કેસનાં અન્ય કોઈ પણ સહ આરોપીઓ સાથે કોઈ મુલાકાતનો પ્રસંગ બનેલ નથી કે કોઈની સાથે કોઈ પત્ર વ્યવહાર થયેલ નથી, તા.૨૭–૩–૨૦૦૮ અગાઉ પણ આરોપીની આ કેસના અન્ય સહ આરોપીઓ સાથે કોઈ વાતચીત થયેલ નથી, આ કેસમાં ચાર્જશીટમાં, ચાર્જમાં જણાવેલ પોલીસ દ્વારા બનાવેલી ખોટી વાર્તા સાથે કોઈ લેવા દેવા નથી, કહેવાતી સમગ્ર ષડયંત્રની વાર્તા આ કેસના તપાસનીસ અધિકારીઓ દ્વારા ઉપજાવેલી કાઢેલ છે, વાઘમોનના કહેવાતા ડીસેમ્બર–૨૦૦૭ ના કેમ્પ સાથે આરોપીને કોઈ લેવા દેવા નથી, આવા કોઈ કેમ્પમાં ક્યારેય હાજરી આપેલી નથી, ઉભા કરેલા પુરાવા આધારે ખોટી દરખાસ્ત કરેલ છે, કાયદા તથા નિયમોનુ પાલન કરેલ નથી,

માઇન્ડ એપ્લાય કર્યા સિવાય ખોટી મંજૂરી આપેલ છે, રજૂ થયેલ દસ્તાવેજો બાબતે કાંઇ કહી શકે નહીં, આરોપીની કોઇ પુછપરછ કરેલ નથી, આરોપીની કોરા કાગળોમાં સહીઓ કરાવેલી, આરોપીએ કોઇ પણ જાતનુ નિવેદન આપેલ નથી, આરોપી વિરૂધ્ધ પુરાવા ન હોવા છતાં ખોટી રીતે અટક કરી ખોટી તપાસ કરી ખોટી ચાર્જશીટ કરેલ છે.

વધુમાં સદર આરોપીએ લેખિત નિવેદન રજૂ કરી જણાવેલ છે કે સને–૨૦૦૮ ની સાલમાં અમદાવાદમાં બનેલ બોમ્બ બ્લાસ્ટના બનાવો સાથે કોઇ પણ રીતે સંકળાયેલા નથી, પોલીસ દ્વારા ખોટી રીતે હાલના આ ગુન્હામાં સંડોવવામાં આવેલા છે, ફેર ટ્રાયલનો હક્ક આરોપીને મળતો નથી તેમજ જેલમાં તેમના બંધારણીય અધિકારોનુ કોઇ ધ્યાન રાખવામાં આવતુ નથી, આરોપીએ જેલમાં થતી ગતિવિધી અંગે, આરોપીને પડતી તકલીફો અંગે તેમજ જરૂરી પેપર્સ તેમને મળતા ન હોવા અંગે, કેસની પ્રક્રિયા સમજી ન શકતા હોવા અંગે, વકીલ સાથે યોગ્ય રીતે આરોપીની મુલાકાત થતી ન હોવા અંગે, લેખન સામગ્રી ન મળતી હોવા અંગે, આરોપીની લેખિત રજૂઆતો કોર્ટ સુધી પહોંચતી ન હોવા અંગે રજૂઆતો કરી છે, તદ્ધ ઉપરાંત કર્ણાટકમાં આરોપી સામે થયેલ ફોજદારી ફરિયાદની વિસ્તૃત વિગતો લેખિત નિવેદનમાં જણાવેલી છે.

આરોપીનુ લેખિત નિવેદન સદર આરોપીના વિશેષ નિવેદન સાથે રાખવામાં આવેલ છે.

(૬૧)આરોપી નં.૬૧ ડૉ.અહેમદબેગ ખ્વાજાબેગ મીર્ઝાએ પોતાના ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને વિશેષમાં જણાવેલ છે કે અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસ, સુરત બોમ્બ પ્લાન્ટેશન કેસ સાથે કોઇ સંબંધ નથી, આ કેસમાં આરોપી વિરૂધ્ધ કોઇપણ સાક્ષી કે પુરાવો નથી, આરોપી કયારેય ગુજરાત આવેલ નથી, આરોપીની આ કેસમાં ધરપકડ થઈ તે અગાઉ તા.૨૭–૩–૨૦૦૮ થી ઈન્દોર જેલ ખાતે અન્ય ગુન્હાની જેલ કસ્ટડીમાં હતા આ સમયગાળા દરમ્યાન આ કેસનાં અન્ય કોઈ પણ સહ આરોપીઓ સાથે કોઈ મુલાકાતનો પ્રસંગ બનેલ

નથી કે કોઈની સાથે કોઈ પત્ર વ્યવહાર થયેલ નથી,તા.૨૭–૩–૨૦૦૮ અગાઉ પણ આ કેસના અન્ય સહ આરોપીઓ સાથે કોઈ વાતચીત થયેલ નથી, આ કેસમાં ચાર્જશીટમાં, ચાર્જમાં જણાવેલ પોલીસ દ્વારા બનાવેલી ખોટી વાર્તા સાથે કોઈ લેવા દેવા નથી, કહેવાતી સમગ્ર ષડયંત્રની વાર્તા આ કેસના તપાસનીસ અધિકારીઓ દ્વારા ઉપજાવેલી કાઢેલ છે, ઉભા કરેલા પુરાવા આધારે ખોટી દરખાસ્ત કરેલ છે, કાયદા તથા નિયમોનુ પાલન કરેલ નથી, માઇન્ડ એપ્લાય કર્યા વગર ખોટી મંજૂરી આપેલ છે, આરોપીની કોઇ પુછપરછ કરેલ નથી, આરોપી વિરૂધ્ધ પુરાવા ન હોવા છતાં ખોટી રીતે અટક કરી ખોટી તપાસ કરી ખોટી ચાર્જશીટ કરેલ છે.

વધુમાં આરોપીએ લેખિત નિવેદન રજૂ કરી જણાવેલ છે કે તેઓએ વિશેષ નિવેદન નોંધાવવા માટે તેમના વકીલશ્રીને સત્તા આપેલી છે, આરોપી જયાં સુધી અમદાવાદ હતા ત્યાં સુધી ગુનાની ટ્રાયલ તેમની હાજરીમાં ચાલેલ પરંતુ હવે આરોપી ભોપાલ મધ્યજેલમાં હોવાથી વીડિયો કોન્ફરન્સ દ્વારા ટ્રાયલ ચાલે છે જે પ્રક્રિયામાં આરોપીને સમજણ પડતી નથી, આરોપીની સૌપ્રથમ ૨૦૦૮ ની સાલમાં અટક થયા બાદ આરોપીને અલગ, અલગ કેસોમાં અલગ, અલગ રાજયોમાં લઇ જવામાં આવેલા છે અને ખોટી રીતે હાલના ગુન્હામાં સંડોવવામાં આવેલા છે.

આરોપીએ રજૂ કરેલ લેખિત નિવેદન સદર આરોપીના વિશેષ નિવેદન સાથે રાખવામાં આવેલ છે.

(૬૨)આરોપી નં.૬૨ કામરાન ઉર્ફે ફઝલીતહુસેન હાજી સાહીદ સીદ્દીકીએ પોતાનુ વિશેષ નિવેદન વીડિયો કોન્ફરન્સથી નોંધાવવાની સ્પષ્ટ ના પાડી છે જેથી નીચે મુજબની નોંધ કરી છે.

સને–૨૦૨૦ના સાલની શરૂઆતથી ભારત દેશ સહિત સમગ્ર વિશ્વમાં કોરોના નામની મહામારી ફેલાતા કેન્દ્ર સરકાર દ્વારા સમગ્ર ભારત દેશમાં તા.૨૪/૦૩/૨૦૨૦ ના રોજથી દિન–૨૧ (એકવીસ) માટે પ્રથમ તબકકાનું લોક ડાઉન જાહેર કરવામાં આવેલ અને તેના પરિણામરૂપે અદાલતની દૈનિક

કાર્યવાહી પણ નામદાર ગુજરાત હાઇકોર્ટે બંધ કરવા પરિપત્ર બહાર પાડેલો. ત્યારબાદ કેન્દ્ર સરકાર દ્વારા લોક ડાઉનમાં વખતોવખત વધારો કરી કુલ–૫ તબક્કામાં તા.૩૦/૦૬/૨૦૨૦ સુધી લોકડાઉન લંબાવવામાં આવેલ હતું. આ સમગ્ર સમય દરમ્યાન નામદાર ગુજરાત હાઇકોર્ટના આદેશ મુજબ ફકત અરજન્ટ કેસમાં અદાલતની કાર્યવાહી વીડિયો કોન્ફરન્સથી કરવામાં આવેલી.

તા.૦૧/૦૬/૨૦૨૦ના રોજથી કેન્દ્ર સરકાર તથા રાજય સરકાર દ્વારા થોડેઅંશે લોકડાઉનમાં છુટછાટ આપવામાં આવેલી પરંતુ નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા વકિલશ્રી તથા પક્ષકારો અદાલતમાં શારીરિક રીતે હાજર થઇ અદાલતની કાર્યવાહી થાય તે માટે પરવાનગી આપવામાં આવેલી નહી.

તા.૨૩/૦૬/૨૦૨૦ના રોજ માનનીય પ્રિન્સીપાલ જજશ્રી, સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ દ્વારા સિટી સિવિલ કોર્ટમાં ફરજ બજાવતાં તમામ જજ સાહેબોની મીટીંગ બોલાવવામાં આવેલી અને દલીલના તબકકે હોય તેવા કેસોની કાર્યવાહી વીડિયો કોન્ફરન્સથી શરૂ કરવાની સુચના આપવામાં આવેલી. આ અદાલતના પ્રિસાઇન્ડીંગ ઓફિસર તરીકે અમોને પણ સેશન્સ કેસ નં.૩૮/૦૯ તથા તેને લગત અન્ય કેસના બાકી રહેલા આરોપીના ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ મુજબના વધારાના નિવેદનો વીડિયો કોન્ફરન્સ દ્વારા નોંધવાની સુચના આપવામાં આવી છે. આ અગાઉ તા.૦૭/૦૩/૨૦૨૦ના રોજ આ અદાલત દ્વારા ભોપાલ ખાતે રાખવામાં આવેલાં કુલ–૧૦ આરોપીઓને સુપરિન્ટેન્ડેન્ટશ્રી, ભોપાલ સેન્ટ્રલ જેલ દ્વારા લેખિત નોટીસ બજવવામાં આવેલી અને જાણ કરવામાં આવેલી કે, ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદન વીડિયો કોન્ફરન્સ દ્વારા નોંધવાની કાર્યવાહી આવતા અઠવાડીયાથી શરૂ કરવામાં આવશે પરંતુ તે દરમિયાન લોક ડાઉન થવાથી નિવેદન નોંધવાની કાર્યવાહી શરૂ થઇ શકેલ નહી.

જેથી આ કેસના કુલ આરોપીઓ પૈકી સેન્ટ્રલ જેલ, ભોપાલ ખાતે રાખવામાં આવેલ કુલ–૧૦ આરોપીઓ પૈકી કુલ–૦૭ આરોપીઓએ વીડિયો કોન્ફરન્સ દ્વારા તેના વકીલશ્રીની હાજરીમાં તેના વિશેષ નિવેદનો નોંધવામાં

આવેલ છે. હાલના આ **આરોપી નં.૬૨ કામરાન ઉર્ફે ફઝલીતહુસેન હાજી સાહીદ સીદ્દીકીને** પણ વીડિયો કોન્ફરન્સ દ્વારા ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતેથી અત્રેની અદાલતમાં હાજર રાખવામાં આવેલ છે અને તેમના વકીલશ્રી કે.જી.શેખ તેમજ ડી.ડી.પઠાણ પણ હાજર છે. આ આરોપીનુ વિશેષ નિવેદન કુલ–૪૭૦૦ પાનાનું છે. એમાં કુલ–૪૭૦૦ પાનાની પ્રશ્નોત્તરી પૈકીના પ્રથમ પ્રશ્ન આ આરોપીને તેના વકીલશ્રી કે.જી.શેખ તેમજ ડી.ડી.પઠાણની હાજરીમાં વીડિયો કોન્ફરન્સમાં કહેવામાં આવ્યો અને તેનો જવાબ શું છે તે પુંછતા આરોપીએ ખુલ્લી અદાલતમાં સ્પષ્ટપણે જવાબ આપવાનો ઇન્કાર કરેલ છે. ત્યારપછી પણ આરોપીને બીજો પ્રશ્ન પુછવામાં આવ્યો પરંતુ સદર આરોપી વીડિયો કોન્ફરન્સ દ્વારા પોતાનું નિવેદન આપવા માંગતા નથી તેમ જણાવે છે ત્યારબાદ પણ આરોપીને થોડો સમય વિચારણા માટે આપવામાં આવે છે અને ત્યારપછી પણ સદર આરોપીને તેના વકીલશ્રીઓની હાજરીમાં પ્રશ્નોત્તરી કરતા આરોપી એક પણ પ્રશ્નનો જવાબ આપવા માંગતા નથી અને ખુલ્લી અદાલતમાં વિશેષ નિવેદન વીડિયો કોન્ફરન્સ દ્વારા સ્પષ્ટ ના પાડે છે. આ ઉપરાંત આરોપીને વિશેષમાં કાંઇક લેખિતમાં રજૂ કરવું હોય તો કરી શકે છે તેવી પણ સુચના આપવામાં આવી છે.

સદર કામે ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલા આરોપીઓ પૈકી જે આરોપીઓએ વીડિયો કોન્ફરન્સમાં વિશેષ નિવેદનો નોંધાવેલા છે તેઓની સહીઓ લેવા માટે અત્રેની કોર્ટના બેન્ચ કલાર્કશ્રી જે.જે.પરમારનાઓ ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે જતાં સદર આરોપી નં.(૬૨)નાએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ નુ વિશેષ નિવેદન કેમ નોંધાવેલ નથી તેના લેખિત કારણો રજૂ કરેલા છે.

(૬૩)આરોપી નં.૬૩ મહોમંદ તન્વીર મહોમંદ અખ્તર પઠાણે પોતાના ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને વિશેષમાં જણાવેલ છે કે તેઓ તદ્દન નિર્દોષ છે, અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસ તથા સુરત બોમ્બ પ્લાન્ટેશન કેસ સાથે કોઇ સંબંધ નથી, આરોપી સુરતમાં એ.સી. મીકેનીકમાં કામ કરતા હતા અને રજાના દિવસોમાં સેવાભાવી કામોમાં ભાગ લેતા હતા,

આરોપીને સીમી કે આઇ.એમ. સંસ્થા સાથે કોઇ લેવા દેવા નથી અને આવા કોઇ ગ્રુપને કયારેય મળેલા પણ નથી, કયારેય કોઇ ગેરકાનૂની પ્રવૃત્તિમાં સંકળાયેલા નથી, આરોપીને તા.૧૧/૦૮/૦૮ના રોજ ક્રાઇમ બ્રાન્ચ, સુરત ખાતે બોલાવેલા ત્યારે અમુક મિત્રો પણ સાથે ત્યાં હતા ત્યારે પુછપરછ કરી જવા દિધેલાં, તા.૧૪/૦૮/૦૮ના રોજ પાછા પુછપરછ માટે બોલાવેલાં અને બીજા મિત્રો પણ ત્યાં ક્રાઇમ બ્રાન્ચ, સુરત ખાતે હતાં અને તે દિવસે આરોપીને ઘરે જવા દિધેલા નહી અને મિત્રોથી અલગ કરી દીધેલા અને હેડ કવાર્ટસ, અઠવા લાઇન્સ મોકલી દેવામાં આવેલા ત્યાં શારીરિક, માનસિક ત્રાસ આપવામાં આવેલો અને તા. ૨૬/૦૮/૦૮ના આરોપીની ધરપકડ બતાવવામાં આવેલી તે પછી આરોપી સામે ખોટા પુરાવા ઉભા કરી ખોટા પંચનામા બનાવી ક્રાઇમ બ્રાન્ચમાં બીજા માણસોને બતાવી ખોટી ઓળખ પરેડ કરાવી ખોટા સાક્ષી ઉભા કરી ખોટી રીતે સુરત બોમ્બ પ્લાન્ટેશનના કેસમાં ફસાવવામાં આવેલ છે, આરોપી કયારેય કતાર ગામ રહેવા ગયેલ નથી, આરોપી રૂબરૂ કોઇ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ નથી, રજૂ થયેલ મુદ્દામાલ પાછળથી ઉભો કરેલો છે, આરોપીને પોલીસ કોઇ જગ્યાએ લઇ ગયેલ નથી કે આરોપીએ કોઇ જગ્યા બતાવેલ નથી, આરોપી વિરૂધ્ધ પુરાવા ન હોવા છતાં ખોટી રીતે અટક કરી ખોટી તપાસ કરી ખોટી ચાર્જશીટ કરેલ છે.

(૬૪)આરોપી નં.૬૪ મહમદ ઝહીર ઐયુબભાઇ પટેલે પોતાના ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને વિશેષમાં જણાવેલ છે કે તેઓ તદ્દન નિર્દોષ છે, અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસ, સુરત બોમ્બ પ્લાન્ટેશન કેસ સાથે કોઇ સંબંધ નથી, આરોપી એક સામાન્ય પરિવારમાંથી આવે છે ફેરી ફરી કપડા વેચવાનો વેપાર કરતા હતા, પરિવારમાં સંતાનમાં એક દિકરો છે જેનો અભ્યાસ ચાલુ છે ઘરડા માતા–પિતા છે, સામાન્ય જીવન જીવતા હતા ત્યારે અચાનક તા.૧૦.૦૮.૨૦૦૮ ના રોજ સુરત ખાતે એસ.ઓ.જીના પી.એસ.આઈ. સૈયદ કરીને હતાં તેમણે બોલાવેલ અને દિનચર્યા, મિત્રો તથા ધંધા વિશે પુછી તે દિવસે

જવા દઈ પછી સતત આ સૈયદ સાહેબ સંપર્કમાં રહેલ અને એક દિવસ જણાવેલ કે ઉપરી અધિકારીઓ તરફથી સુરતના બોમ્બ પ્લાન્ટેશન કેસમાં આરોપીઓ શોધવાનું દબાણ છે તેમ જણાવી ડી.સી.બી. પોલીસ સ્ટેશન લઈ ગયેલ જ્યાં આરોપીની મુલાકાત એ.સી.પી.શ્રી પરમાર સાહેબ સાથે કરાવવામાં આવેલ, ઉભા કરેલા પુરાવા આધારે ખોટી દરખાસ્ત કરી માઇન્ડ એપ્લાય કર્યા સિવાય ખોટી મંજૂરી આપેલી છે, આરોપી આજ દિન સુધી સમજી શકેલ નથી કે તેમને કેમ અને કયા કારણસર આટલા ગંભીર ગુનામાં કોઇપણ સાક્ષી કે પુરાવો ન હોવા છતાં ખોટી તપાસ કરી ખોટી ચાર્જશીટ કરી સંડોવી દીધેલ છે.

(૬૫)આરોપી નં.૬૫ મહમદ યુનુસ મણીયાર ઉર્ફે જૈન મોહમદ શાબીરિ પોતાના ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને વિશેષમાં જણાવેલ છે કે તેઓ તદ્દન નિર્દોષ છે, અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસ, સુરત બોમ્બ પ્લાન્ટેશન કેસ સાથે કોઇ સંબંધ નથી, આરોપી કયારેય ગુજરાત આવેલ નથી અને કયારે કેરળ રાજ્યમાં ગયેલ નથી, આરોપીએ રીમાન્ડ દરમ્યાન કોઇ પણ જગ્યા બતાવેલ નથી કે પોલીસ રૂબરૂ કોઇ નિવેદન આપેલ નથી, રીમાન્ડ દરમ્યાન અતિશય ત્રાસ આપવામાં આવતો હતો, રીમાન્ડ દરમ્યાન કેરળ ખાતે આરોપીને લઇ ગયેલ નથી, આરોપીએ કોઇ જગ્યા બતાવેલ નથી, ઉભા કરેલા પુરાવા આધારે ખોટી દરખાસ્ત કરેલી છે, માઇન્ડ એપ્લાય કર્યા વગર ખોટી મંજૂરી આપેલી છે, રજૂ થયેલા દસ્તાવેજો બાબતે કાંઇ કહી શકે નહીં, આ કેસમાં આરોપી વિરૂધ્ધ સાક્ષી અને પુરાવો ખોટો ઉભો કરી ખોટી તપાસ કરી ખોટી ચાર્જશીટ કરેલ છે.

(૬૬)આરોપી નં.૬૬ મોહમદ શફીક અબ્દુલબારી અન્સારીએ પોતાના ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને વિશેષમાં જણાવેલ છે કે તેઓ તદ્દન નિર્દોષ છે, અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસ, સુરત બોમ્બ પ્લાન્ટેશન કેસ સાથે કોઇ સંબંધ નથી, આરોપી કયારેય ગુજરાત આવેલ નથી, આરોપીએ

રીમાન્ડ દરમ્યાન કોઇ પણ જગ્યા બતાવેલ નથી કે પોલીસ રૂબરૂ કોઇ નિવેદન આપેલ નથી, રીમાન્ડ દરમ્યાન અતિશય ત્રાસ આપવામાં આવતો હતો, આરોપી પોલીસને કે સાહેદને કોઇ જગ્યાએ લઇ ગયેલ નથી, રજૂ થયેલ દસ્તાવેજો બાબતે કાંઇ કહી શકે નહીં, ઉભા કરેલા પુરાવા આધારે ખોટી દરખાસ્તો કરી માઇન્ડ એપ્લાય કર્યા સિવાય ખોટી મંજૂરી આપેલી છે, કેસમાં આરોપી વિરૂધ્ધ સાક્ષી અને પુરાવો ખોટો ઉભો કરી ખોટી તપાસ કરી ખોટી ચાર્જશીટ કરેલ છે.

(૬૭)આરોપી નં.૬૭ હસીબરજા ઉર્ફે સમીમભાઇ ફીરદોશરજા સૈયદે પોતાના ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને વિશેષમાં જણાવેલ છે કે તેઓ તદ્ધન નિર્દોષ છે, અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસ, સુરત બોમ્બ પ્લાન્ટેશન કેસ સાથે કોઇ સંબંધ નથી, આ કેસમાં આરોપી વિરૂધ્ધ કોઇપણ સાક્ષી કે પુરાવો નથી, આરોપી સને–૨૦૧૦ પહેલા કયારેય ગુજરાત આવેલ નથી, ઉભા કરેલા પુરાવા આધારે ખોટી દરખાસ્તો કરેલી છે, કાયદા તથા નિયમોનુ પાલન કરેલ નથી, માઇન્ડ એપ્લાય કર્યા વગર ખોટી મંજૂરી આપેલ છે, રજૂ થયેલ દસ્તાવેજો બાબતે કાંઇ કહી શકે નહીં, આરોપીની કોઇ પુછપરછ કરેલ નથી, આરોપી વિરૂધ્ધ પુરાવા ન હોવા છતાં ખોટી રીતે અટક કરી ખોટી તપાસ કરી ખોટી ચાર્જશીટ કરેલ છે.

(૬૮)આરોપી નં.૬૮ મહંમદ હબીબ ઉર્ફે હબીબ ફલાહી ઉર્ફે મહમદ તૈયબ અબ્દુલ જૈશ શેખે પોતાના ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને વિશેષમાં જણાવેલ છે કે તેઓ તદ્ધન નિર્દોષ છે, આ કેસમાં આરોપી વિરૂધ્ધ કોઇપણ સાક્ષી કે પુરાવો નથી, આરોપી કયારેય ગુજરાત આવેલ નથી, આરોપી વિરૂધ્ધ પુરાવા ન હોવા છતાં ખોટી તપાસ કરી ખોટી દરખાસ્તો મુકી માઇન્ડ એપ્લાય કર્યા સિવાય ખોટી મંજુરીઓ મેળવી ખોટી ચાર્જશીટ કરેલ છે, આરોપીને ગુજરાતી ભાષા લખતા કે વાંચતા આવડતી નથી અને સાંભળવા ઉપર પણ શું વાત થાય છે તેની ખબર પડતી નથી અને કહેવાતા બનાવના સમયે પણે આવી

જ સ્થિતિ હતી, અટકના દસ્તાવેજો, દરખાસ્તો, મંજૂરીઓ તેમજ ચાર્જશીટમાં દર્શાવેલ નામમાં જેટલા ઉર્ફે નામો લખવામાં આવેલ છે તે બધા નામોથી આરોપી ઓળખાતા નથી.

વધુમાં આરોપી તર્ફે વિ.વ.શ્રી સોમનાથ એમ.વત્સે સદર આરોપીના પાસપોર્ટની નકલ, ઉત્તરપ્રદેશ વિધાનસભાના આઝમગઢ મતવિસ્તારની મતદાર યાદીની નકલ, મતદાર યાદીના ફોટાવાળા પેજની સને–૨૦૧૦ અને સને–૨૦૧૧ ના વર્ષની નકલ,મૌલવી પરીક્ષા આરોપીએ તા.૧૬–૮–૨૦૦૫ ના રોજ પાસ કર્યાની માર્કશીટની નકલ, તા.૧૮–૪–૨૦૦૭ ના રોજના આરોપીના ઇલેકશન કાર્ડની નકલ, તા.૧૦–૯–૨૦૦૩ ના રોજના આરોપીના સ્ટુડન્ટ આઇડેન્ટી કાર્ડની નકલ, તા.૧૬–૫–૨૦૦૨ ના રોજ ગોપીનાથ લધુ માધ્યમિક વિધાલય, આઝમગઢ દ્વારા આરોપીને આપવામાં આવેલ માર્કશીટની નકલ તેમજ આરોપીને ચાર્જશીટ સાથે આપવામાં આવેલ કનુકસાન ઓફ સીમીના કુલ્લે–૫૮ પેજની નકલ રજૂ કરેલ છે.

આરોપીએ રજૂ કરેલ દસ્તાવજોને બચાવપક્ષના પુરાવા દરમ્યાન આંક આપવામાં આવેલ છે જેની ચર્ચા આરોપી દીઠ ફરિયાદપક્ષે રજૂ કરેલા પુરાવાના મૂલ્યાંકનના પેરામાં કરવામાં આવેલી છે.સદર આરોપીના વિશેષ નિવેદન સાથે રાખવામાં આવેલા છે.

(૬૯)આરોપી નં.૬૯ આમીન ઉર્ફે રાજા ઐયુબ નજીર શેખે પોતાના ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને વિશેષમાં જણાવેલ છે કે તેઓ તદ્દન નિર્દોષ છે, અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસ, સુરત બોમ્બ પ્લાન્ટેશન કેસ સાથે કોઇ સંબંધ નથી, આ કેસમાં આરોપી વિરૂધ્ધ સાક્ષીઓ તથા પુરાવાઓ પાછળથી ખોટા ઉભા કરેલા છે, આરોપી કયારેય ગુજરાત આવેલ નથી, આક્ષેપિત કાવતરૂ, ષડયંત્ર, દેશ વિરોધી પ્રવૃતિ કે પ્રતિબંધિત સંગઠન કોઈ સંબધ નથી, આરોપીએ કહેવાતી તથા આ કેસમાં આક્ષેપિત કોઇપણ કારની ચોરી કરેલ નથી તથા આવી કોઇ કાર કોઇપણ જગ્યાએ લઇ ગયેલ નથી, આરોપીએ પોલીસને કોઇ જગ્યા

બતાવેલ નથી કે તેમની હાજરીમાં કોઇ પંચનામાની પ્રક્રિયા થયેલ નથી, આરોપીની હાજરીમાં કોઇ પંચ સાહેદોને ક્યારેય બોલાવવામાં આવેલ નથી, આરોપી પોલીસને લઇને સુરત, અમદાવાદ કે મુંબઇ ક્યારેય ગયેલ નથી કે આ કેસ સબંધે નાસતા ફરતા રહેલ નથી, આરોપી આ કેસમાં આક્ષેપિત કોઈપણ હોટલોમાં ક્યારેય રોકાયેલ નથી, આરોપીનુ આમીન સિવાય અન્ય ઉર્ફે નામ ક્યારેય રહેલ નથી કે ક્યાંય વાપરેલ નથી કે કોઈએ કોઈ ઉપનામ ક્યારેય રાખેલ નથી, આરોપીને તેમના ઘરે થી ઈન્દોર શહેર, એમ. પી. ખાતેથી લાવી મુંબઈ ક્રાઈમ બ્રાંચે ખોટા ચોરીના કેસમાં અટક કરી એ જ ગાડીઓની ખોટી ચોરીના કેસમાં ફસાવી મુંબઈ જેલ ખાતેથી અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે લોકઅપમાં ગોંધી રાખી બોમ્બ બલાસ્ટ કેસમાં ખોટી રીતે સંડોવણી કરેલ છે, અમદાવાદ શહેરમાં કહેવાતા ગુનામાં વપરાયેલ ફોર વ્હીલર વાહનો જે મુંબઇ મુકામેથી ચોરી થયા હતા તે અંગે નવી મુંબઇ મુકામે જુદા–જુદા પોલીસ સ્ટેશનમાં ચોરીની ફરિયાદો નોંધવામાં આવેલ જે ફરિયાદો સંદર્ભમાં આરોપીને ખોટી રીતે અટક કરી નામદાર કોર્ટમાં રજૂ કરી ખોટી ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ તે તમામ ચોરીના ગુનાઓ નવી મુંબઇ મુકામે નામ.કોર્ટમાં ચાલી ગયેલ છે જેની વિગત નીચે મુજબ છે.

(૧)નેરૂલ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૨૧૫/૨૦૦૮ની ફરિયાદ તા.૨૭/૦૭/૦૮ના રોજ નોંધવામાં આવેલી એટલે કે અમદાવાદ બોમ્બ બ્લાસ્ટ થયાના એક દિવસ પછી ફરીયાદ નોંધવામાં આવેલી અને આ કામે આરોપીની ખોટી રીતે અટક કરવામાં આવેલી જેનો રેગ્યુલર કેસ નં.૮૦૨/૨૦૦૯ કોર્ટમાં ચાલી જતાં આરોપીને તા.૨૬/૦૨/૨૦૧૬ ના રોજ ડીસ્ચાર્જ કરી નિદોર્ષ છોડી મુકવાનો હુકમ કરેલો છે. જે સંદર્ભમાં માહીતી અધિકાર અધિનિયમ મુજબ નેરૂલ પોલીસ સ્ટેશનમાં માંગેલ માહીતી અન્વયે તા.૦૯/૦૧/૨૦૧૭ સહાયક પોલીસ આયુકત કાર્યાલય, તુર્ભે વિભાગ, નવી મુંબઈના માહિતી પત્રની અસલ નકલ (મરાઠી ભાષામાં છે) જે આજરોજ રજૂ કરે છે.–એનેક્ષર–"એ" કુલ પાના (૧)

(૨)પનવેલ પોલીસ સ્ટેશન ફ.ગુ. ૨.નં.૨૫૬/૨૦૦૮ ની ફરિયાદ તા.૦૮/૦૭/૦૮ના રોજ નોંધવામાં આવેલી અને આ કામે આરોપીની તા.૧૫/૦૪/૨૦૧૫ ના રોજ અટક કરવામાં આવેલી જેનો રેગ્યુલર કેસ નં. ૩૪૫/૨૦૧૫ કોર્ટમાં ચાલી જતાં કોર્ટે આરોપીને તા.૨૫/૧૧/૨૦૧૬ ના રોજ નિર્દોષ જાહેર કરી છોડી મુકવાનો હુકમ કરેલો છે જે હુકમની સહી સિક્કાવાળી પ્રમાણીત નકલ રજૂ કરે છે.–એનેક્ષર–"બી" કુલ પાના (૧૨)

(૩)પનવેલ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં. ૨૬૯/૨૦૦૮ની ફરિયાદ તા.૨૩/૦૭/૦૮ના રોજ નોંધવામાં આવેલી અને આ કામે આરોપીની તા.૧૭/૦૪/૨૦૧૫ ના રોજ અટક કરવામાં આવેલી જેનો રેગ્યુલર કેસ નં. ૩૪૩/૨૦૧૫ કોર્ટમાં ચાલી કોર્ટે આરોપીને તા.૨૫/૧૧/૨૦૧૬ ના રોજ નિર્દોષ જાહેર કરી છોડી મુકવાનો હુકમ કરેલો છે જે હુકમના ઓપરેટીવ ઓર્ડરની ઝેરોક્ષ કોપી નકલ રજૂ કરે છે. એનેક્ષર–"સી" કુલ પાના (૧)

(૪)વાશી પોલીસ સ્ટેશન ફ.ગુ. ૨.નં.૨૦૨/૨૦૦૮ ની ફરિયાદ તા.૦૯/૦૭/૦૮ના રોજ નોંધવામાં આવેલી અને આ કામે આરોપી વિરૂદ્ધ કોઈ પુરાવો ન હોવાથી આરોપીને અટક કરવામાં આવેલ નથી.

વિશેષમાં આરોપીએ જણાવેલ છે કે અનુક્રમ નં.૧ થી ૩ માં આરોપીને કોર્ટ દ્વારા નિર્દોષ જાહેર કરી છોડી મુકવાનો હુકમ કરેલ છે તે સામે રાજય સરકારે કવીટલ અપીલ ઉપલી અદાલતમાં ફાઇલ કરેલ નથી કે સદર હુકમને કોઇપણ રીતે કોઇપણ અદાલતમાં ચેલેન્જ કરેલ નથી, આરોપી વિરૂધ્ધ પુરાવા ન હોવા છતાં ખોટી રીતે અટક કરી પુરાવા ન હોવા છતાં ખોટી તપાસ કરેલ છે અને મારી વિરૂધ્ધ પુરાવા ન હોવા છતાં ખોટી ચાર્જશીટ કરેલ છે, આરોપી તેમની નિર્દોષતા સાબીત કરવા માટે લીસ્ટથી દસ્તાવેજો રજૂ કરે છે જેને આંકે પાડી પુરાવામાં વંચાણે લેવા તેમજ આરોપી નં.૨૮ અફઝલ ઉસ્માનીએ પણ ચુકાદાઓ તથા દસ્તાવેજોની પ્રમાણીત નકલો રજૂ કરેલ છે તેને પણ આરોપીના બચાવમાં ધ્યાને લેવા માટે વિનંતી કરી છે. આરોપીએ રજૂ કરેલ દસ્તાવજોને બચાવપક્ષના પુરાવા દરમ્યાન આંક આપવામાં આવેલ છે જેની ચર્ચા

આરોપી દીઠ ફરિયાદપક્ષે રજૂ કરેલા પુરાવાના મૂલ્યાંકનના પેરામાં કરવામાં આવેલી છે. સદર આરોપીના વિશેષ નિવેદન સાથે રાખવામાં આવેલા છે.

(૭૦)આરોપી નં.૭૦ મહંમદ મોબીન ઉર્ફે ઈરફાન અબ્દુલ સકુરખાને પોતાના ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઈન્કાર કરેલો છે અને વિશેષમાં જણાવેલ છે કે તેઓ તદ્ધન નિર્દોષ છે, અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસ, સુરત બોમ્બ પ્લાન્ટેશન કેસ સાથે કોઇ સંબંધ નથી, આ કેસમાં આરોપી વિરૂધ્ધ સાક્ષીઓ તથા પુરાવાઓ પાછળથી ખોટા ઉભા કરેલા છે, આરોપી કયારેય ગુજરાત આવેલ નથી, આક્ષેપિત કાવતરૂ, ષડયંત્ર, દેશ વિરોધી પ્રવૃતિ કે પ્રતિબંધિત સંગઠન કોઈ સંબધ નથી, આરોપીએ કહેવાતી તથા આ કેસમાં આક્ષેપિત કોઇપણ કારની ચોરી કરેલ નથી તથા આવી કોઇ કાર કોઇપણ જગ્યાએ લઇ ગયેલ નથી, આરોપીએ પોલીસને કોઇ જગ્યા બતાવેલ નથી કે તેમની હાજરીમાં કોઇ પંચનામાની પ્રક્રિયા થયેલ નથી, આરોપીની હાજરીમાં કોઇ પંચ સાહેદોને ક્યારેય બોલાવવામાં આવેલ નથી, આરોપી પોલીસને લઇને સુરત, અમદાવાદ કે મુંબઇ ક્યારેય ગયેલ નથી કે આ કેસ સબંધે નાસતા ફરતા રહેલ નથી, આરોપી આ કેસમાં આક્ષેપિત કોઇપણ હોટલોમાં ક્યારેય રોકાયેલ નથી, આરોપીનુ મુબીન સિવાય અન્ય ઉર્ફે નામ ક્યારેય રહેલ નથી કે ક્યાંય વાપરેલ નથી કે કોઇએ કોઈ ઉપનામ ક્યારેય રાખેલ નથી, આરોપીને તેમના ઘરે થી ઈન્દોર શહેર, એમ. પી. ખાતેથી લાવી મુંબઈ ક્રાઇમ બ્રાન્ચે ખોટા ચોરીના કેસમાં અટક કરી એ જ ગાડીઓની ખોટી ચોરીના કેસમાં ફસાવી મુંબઈ જેલ ખાતેથી અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચે લોકઅપમાં ગોંધી રાખી બોમ્બ બલાસ્ટ કેસમાં ખોટી રીતે સંડોવણી કરેલ છે, અમદાવાદ શહેરમાં કહેવાતા ગુનામાં વપરાયેલ ફોર વ્હીલર વાહનો જે મુંબઇ મુકામેથી ચોરી થયા હતા તે અંગે નવી મુંબઇ મુકામે જુદા–જુદા પોલીસ સ્ટેશનમાં ચોરીની ફરિયાદો નોંધવામાં આવેલ જે ફરિયાદો સંદર્ભમાં આરોપીને ખોટી રીતે અટક કરી નામદાર કોર્ટમાં રજૂ કરી ખોટી ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ તે

તમામ ચોરીના ગુનાઓ નવી મુંબઇ મુકામે નામ.કોર્ટમાં ચાલી ગયેલ છે જેની વિગત નીચે મુજબ છે.

(૧)નેરૂલ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૨૧૫/૨૦૦૮ની ફરીયાદ તા.૨૭/૦૭/૦૮ના રોજ નોંધવામાં આવેલી એટલે કે અમદાવાદ બોમ્બ બ્લાસ્ટ થયાના એક દિવસ પછી ફરિયાદ નોંધવામાં આવેલી અને આ કામે આરોપીની ખોટી રીતે અટક કરવામાં આવેલી જેનો રેગ્યુલર કેસ નં.૮૦૨/૨૦૦૯ કોર્ટમાં ચાલી જતાં આરોપીને તા.૨૬/૦૨/૨૦૧૬ ના રોજ ડીસ્ચાર્જ કરી નિદોર્ષ છોડી મુકવાનો હુકમ કરેલો છે. જે સંદર્ભમાં માહીતી અધિકાર અધિનિયમ મુજબ નેરૂલ પોલીસ સ્ટેશનમાં માંગેલ માહીતી અન્વયે તા.૦૯/૦૧/૨૦૧૭ સહાયક પોલીસ આયુકત કાર્યાલય, તુર્ભે વિભાગ, નવી મુંબઈના માહિતી પત્રની અસલ નકલ (મરાઠી ભાષામાં છે)જે આજરોજ રજૂ કરે છે.–એનેક્ષર–"એ" કુલ પાના–(૧).

(૨)પનવેલ પોલીસ સ્ટેશન ફ.ગુ. ર.નં.૨૫૬/૨૦૦૮ ની ફરિયાદ તા.૦૮/૦૭/૦૮ના રોજ નોંધવામાં આવેલી અને આ કામે આરોપીની તા.૧૫/૦૪/૨૦૧૫ ના રોજ અટક કરવામાં આવેલી જેનો રેગ્યુલર કેસ નં. ૩૪૫/૨૦૧૫ કોર્ટમાં ચાલી જતાં કોર્ટે આરોપીને તા.૨૫/૧૧/૨૦૧૬ ના રોજ નિર્દોષ જાહેર કરી છોડી મુકવાનો હુકમ કરેલો છે જે હુકમની સહી સિક્કાવાળી પ્રમાણીત નકલ રજૂ કરે છે.–એનેક્ષર–"બી" કુલ પાના–(૧૨).

(૩) વાશી પોલીસ સ્ટેશન ફ.ગુ. ર.નં.૨૦૨/૨૦૦૮ ની ફરિયાદ તા.૦૯/૦૭/૦૮ના રોજ નોંધવામાં આવેલી અને આ કામે આરોપી વિરૂદ્ધ કોઈ પુરાવો ન હોવાથી આરોપીને અટક કરવામાં આવેલ નથી.

વિશેષમાં આરોપીએ જણાવેલ છે કે અનુક્રમ નં.૧ થી ૩ માં આરોપીને કોર્ટ દ્વારા નિર્દોષ જાહેર કરી છોડી મુકવાનો હુકમ કરેલ છે તે સામે રાજય સરકારે કવીટલ અપીલ ઉપલી અદાલતમાં ફાઇલ કરેલ નથી કે સદર હુકમને કોઇપણ રીતે કોઇપણ અદાલતમાં ચેલેન્જ કરેલ નથી, આરોપી વિરૂધ્ધ પુરાવા ન હોવા છતાં ખોટી રીતે અટક કરી પુરાવા ન હોવા છતાં ખોટી તપાસ

કરેલ છે અને મારી વિરૂધ્ધ પુરાવા ન હોવા છતાં ખોટી ચાર્જશીટ કરેલ છે, આરોપી તેમની નિર્દોષતા સાબિત કરવા માટે લીસ્ટથી દસ્તાવેજો રજૂ કરે છે જેને આંકે પાડી પુરાવામાં વંચાણે લેવા તેમજ આરોપી નં.૨૮ અફઝલ ઉસ્માનીએ પણ ચુકાદાઓ તથા દસ્તાવેજોની પ્રમાણીત નકલો રજૂ કરેલ છે તેને પણ આરોપીના બચાવમાં ધ્યાને લેવા માટે વિનંતી કરી છે.

આરોપીએ રજૂ કરેલ દસ્તાવજોને બચાવપક્ષના પુરાવા દરમ્યાન આંક આપવામાં આવેલ છે જેની ચર્ચા આરોપી દીઠ ફરિયાદપક્ષે રજૂ કરેલા પુરાવાના મૂલ્યાંકનના પેરામાં કરવામાં આવેલી છે.સદર આરોપીના વિશેષ નિવેદન સાથે રાખવામાં આવેલા છે.

(૭૧)આરોપી નં.૭૧ મોહમદ શાહીદ ઉર્ફે અબ્દુલ શાહીદ ઉર્ફે ઉસ્માન અબ્દુલ હમીદ નાગોરીએ પોતાના ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઈન્કાર કરેલો છે અને વિશેષમાં જણાવેલ છે કે તેઓ તદ્દન નિર્દોષ છે, અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસ, સુરત બોમ્બ પ્લાન્ટેશન કેસ સાથે કોઇ સંબંધ નથી, આ કેસમાં આરોપી વિરૂધ્ધ કોઇપણ સાક્ષી કે પુરાવો નથી, આરોપી કયારેય કેરળ રાજયમાં ગયેલ નથી, ઉભા કરેલા પુરાવા આધારે ખોટી દરખાસ્તો કરી માઇન્ડ એપ્લાય કર્યા વગર ખોટી મંજૂરી આપેલી છે, રજૂ થયેલ દસ્તાવેજો તેમજ મુદ્દામાલ બાબતે કાંઇ કહી શકે નહીં, આરોપી વિરૂધ્ધ પુરાવા ન હોવા છતાં ખોટી રીતે અટક કરી ખોટી તપાસ કરી ખોટી ચાર્જશીટ કરેલ છે.

વધુમાં આરોપીએ લેખિત નિવેદન રજૂ કરી જણાવેલ છે કે તેઓને આ કેસમાં ખોટા ફસાવેલા છે આ કેસ સાથે આરોપીને કોઇ સબંધ નથી, પોતાના રાજય મધ્યપ્રદેશ સિવાય ગુજરાત, કેરલ કે અન્ય રાજયમાં કદી આરોપી ગયા નથી, ધાર્મિક અને રાજનૈતિક સંગઠન સાથે કોઇ સબંધ નથી, આરોપીના કોઇ ઉર્ફે નામો નથી કે તે અંગે કોઇ પુરાવા આ કેસમાં રજૂ થયા નથી, આરોપી ઉપર વાઘમોન કેમ્પ કેરાલા રાજયમાં સામેલ હોવાનો ખોટો આરોપ છે, પોલીસે કોરા અને લખેલા કાગળોમાં સહીઓ લીધેલી જેમાં ગુજરાતીમાં લખાણ હતુ પરંતુ

આરોપીને ખબર નથી કે તેમાં શું લખેલુ છે, આરોપીને ગુજરાતી ભાષા આવડતી નથી, આરોપી ફેબ્રીકેશનનો ધંધો કરતા હતા, આરોપીને પોલીસ દ્વારા માનસિક અને શારીરિક રીતે હેરાન કરી કોર્ટમાં કંઇ ન કહેવા ધમકી આપેલી હતી, આરોપી તદ્દન નિર્દોષ છે, આરોપી વિરૂધ્ધ કોઇ પુરાવા નથી.

આરોપીએ રજૂ કરેલ લેખિત નિવેદન સદર આરોપીના વિશેષ નિવેદન સાથે રાખવામાં આવેલ છે.

(૭૨)આરોપી નં.૭૨ અબ્દુલ સત્તાર ઉર્ફે પી. ઉર્ફે મન્સુર અબ્દુલ રજાક મુસ્લિમે પોતાના ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને વિશેષમાં જણાવેલ છે કે તેઓ તદ્દન નિર્દોષ છે, અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસ, સુરત બોમ્બ પ્લાન્ટેશન કેસ સાથે કોઇ સંબંધ નથી, આ કેસમાં આરોપી વિરૂધ્ધ કોઇપણ સાક્ષી કે પુરાવો નથી, આરોપીએ કહેવાતા કોઇપણ કેમ્પમાં હાજરી આપેલી નથી કે કયારેય ગુજરાત આવેલ નથી, પુરાવા વગર ખોટી રીતે દરખાસ્ત કરી માઇન્ડ એપ્લાય કર્યા સિવાય ખોટી મંજૂરી આપેલી છે, રજૂ થયેલ દસ્તાવેજો બાબતે કાંઇ કહી શકે નહીં, આરોપી વિરૂધ્ધ પુરાવા ન હોવા છતાં ખોટી રીતે અટક કરી ખોટી તપાસ કરી ખોટી ચાર્જશીટ કરેલ છે.

(૭૩)આરોપી નં.૭૩ અફાક ઇકબાલ ઉર્ફે ઇકવાલ ઉર્ફે દાનીશ રીયાઝ નુરૂલહોદ્દા સૈયદે પોતાના ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને વિશેષમાં જણાવેલ છે કે તેઓ તદ્દન નિર્દોષ છે, અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસ, સુરત બોમ્બ પ્લાન્ટેશન કેસ સાથે કોઇ સંબંધ નથી, આરોપી ક્યારેય નાસતા ફરતા રહેલા નથી, આરોપી વિરૂદ્ધ કોઈપણ પુરાવા વગર ખોટી રીતે પકડ વોરન્ટ ઇસ્યુ કરાવેલ છે, આરોપી એપ્રિલ–૨૦૦૮ થી જુલાઈ–૨૦૦૮ સુધી હૈદરાબાદ ખાતે એ.સી.એસ કંપનીમાં નોકરી કરેલ ત્યારબાદ ઓક્ટોબર–૨૦૦૮ થી માર્ચ–૨૦૧૧ સુધી એપેક્સ કંપની, હૈદરાબાદ ખાતે નોકરી કરતા હતા તથા માર્ચ–૨૦૧૧ થી આરોપીને ગેરકાયદેસર રીતે જુન–૨૦૧૧માં અટક કરેલ ત્યાં સુધી

ઈ.એસ.એન ટેક્નોલોજીસમાં નોકરી કરતા હતા, આરોપીનો ગુન્હાહીત ભુતકાળ ન હોવા છતા તા.૧૭/૦૬/૨૦૧૧ ના રોજ કોઈપણ પુરાવા વગર હૈદરાબાદ ખાતે થી ગેરકાયદેસર રીતે અટક કરેલ, આરોપીને ગેરકાયદેસર રીતે અટક કરવા માટે પોલીસ અધીકારીઓ પોલીસ ઈન્સ્પેકટરશ્રી કે.કે. પટેલ, શ્રી કે.પી. પટેલ તથા પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી વી.આર.મલ્હોત્રા આવેલ હતા, તા.૨૧/૦૬/૨૦૧૧ ના રોજ વડોદરાથી અટક કર્યા બાબતે ખોટુ પંચનામુ બનાવેલ છે, ઊભા કરેલા પુરાવા આધારે ખોટી રીતે રીમાન્ડ માંગવામાં આવેલ, રીમાન્ડ દરમ્યાન માનસિક અને શારીરિક ત્રાસ આપેલ, ઉભા કરેલા પુરાવા આધારે ખોટી દરખાસ્તો કરી માઈન્ડ એપ્લાય કર્યા વગર ખોટી મંજૂરી આપેલ છે, રજૂ થયેલ દસ્તાવેજો તેમજ મુદ્દામાલ બાબતે કાંઇ કહી શકે નહીં, આરોપીની કોઇ પુછપરછ કરેલ નથી, પંચનામાની કોઇ કાર્યવાહી આરોપીની રૂબરૂ થયેલ નથી, પંચનામા તથા મુદ્દામાલ પાછળથી ઉભા કરેલા છે, આરોપી વિરૂધ્ધ ખોટા પંચનામાં ઉભા કરી મુદ્દામાલ પણ ઉપજાવી કાઢવામાં આવેલ, સાહેદ નં.૯૯૩ જયપ્રકાશ રામચંદ્ર ગઢા આરોપી સાથે એક જ કંપનીમાં નોકરી કરતા હતા અને પ્રમોશન બાબતે હરીફાઇમાં પાછળ રહેતાં ઈર્ષાને કારણે આરોપી વિરૂધ્ધ ખોટો પુરાવો આપેલ છે, આરોપી કયારેય ગુજરાત આવેલ નથી કે કેરલા રાજ્યમાં પણ ક્યારેય ગયેલ નથી, આરોપી વિરૂધ્ધ પુરાવા ન હોવા છતાં ખોટી રીતે અટક કરી ખોટી તપાસ કરી ખોટી ચાર્જશીટ કરેલ છે.

(૭૪)આરોપી નં.૭૪ મહમદ અબરાર ઉર્ફે મુન્ના ઉર્ફે ઇસ્માઇલ ઉર્ફે અબ્દુલ્લા ઉર્ફે ઇબ્રાહીમ બાબુખાન મણીયારે પોતાના ક્રિ.પ્રો.કોડ કલમ-૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને વિશેષમાં જણાવેલ છે કે તેઓ તદ્દન નિર્દોષ છે, અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસ, સુરત બોમ્બ પ્લાન્ટેશન કેસ સાથે કોઇ સંબંધ નથી, આ કેસમાં આરોપી વિરૂધ્ધ સાક્ષી તથા પુરાવા ખોટા ઉભા કરવામાં આવેલા છે, આરોપીએ કોઈ જગ્યા બતાવવા કોઈ પોલીસ અધિકારી કે સાહેદો રૂબરૂ કાંઈ જણાવેલ નથી, રજૂ થયેલ દસ્તાવેજો તથા મુદ્દામાલ બાબતે કાંઇ કહી શકે નહીં, પુરાવા વગર

ખોટી દરખાસ્તો કરી માઇન્ડ એપ્લાય કર્યા વગર ખોટી મંજૂરી આપેલી છે, પંચનામાની કોઇ કાર્યવાહી આરોપી રૂબરૂ થયેલ નથી, આરોપી કયારેય ગુજરાત આવેલ નથી, આરોપી વિરૂધ્ધ પુરાવા ન હોવા છતાં ખોટી રીતે અટક કરી ખોટી તપાસ કરી ખોટી ચાર્જશીટ કરેલ છે.

(૭૫)આરોપી નં.૭૫ આલમઝેબખાન મશ્કુર અહેમદખાન આફ્રીદીએ પોતાના ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને વિશેષમાં જણાવેલ છે કે તેઓ તદ્ધન નિર્દોષ છે, અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસ, સુરત બોમ્બ પ્લાન્ટેશન કેસ સાથે કોઇ સંબંધ નથી, આ કેસમાં આરોપી વિરૂધ્ધ સાક્ષી તથા પુરાવા ખોટા ઉભા કરેલા છે, આરોપીએ રીમાન્ડ દરમ્યાન પોલીસ અધિકારી કે કોઈપણ સાહેદ સમક્ષ કોઈ હકીકત જાહેર કરેલ નથી કે કોઈ જગ્યા દેખાડેલ નથી, આરોપી રૂબરૂ કોઈ પંચનામાની કાર્યવાહી થયેલ નથી, આરોપી કયારેય વાઘમોન, કેરળ તેમજ હાલોલ, પાવાગઢ ખાતે ગયેલ નથી, રજૂ થયેલા દસ્તાવેજો ઉભા કરેલા છે, આરોપીની કોઇ પુછપરછ કરેલ નથી કે કોઇ નિવેદન આપેલ નથી, ઉભા કરેલા પુરાવા આધારે ખોટી દરખાસ્તો કરી માઇન્ડ એપ્લાય કર્યા વગર તેમજ કાયદા તથા નિયમોનુ પાલન કર્યા સિવાય ખોટી મંજૂરી આપેલી છે, આરોપી વિરૂધ્ધ પુરાવા ન હોવા છતાં ખોટી રીતે અટક કરી ખોટી તપાસ કરી ખોટી ચાર્જશીટ કરેલ છે.

વધુમાં આરોપીએ લેખિત નિવેદન રજૂ કરી જણાવેલ છે કે તેઓ નિર્દોષ છે અને આ કેસમાં ખોટી રીતે સંડોવેલા છે, આરોપીનો કોઇ પણ કાવત્રા સાથે સબંધ નથી, આરોપીએ કોઇ પણ પ્રકારની મિટિંગમાં હાજરી આપી નથી કે જેથી કરીને ભારત દેશની પ્રતિષ્ઠાને નુકસાન થાય, આરોપીએ કોઇ તાલીમ કેન્દ્રોમાં તાલીમ લીધી નથી, આરોપી કોઇપણ સંગઠનના સભ્ય નથી, આરોપી પાસેથી કયારેય કોઇપણ પ્રકારના દસ્તાવેજો કબજે લેવામાં આવેલ નથી, આરોપી વિરૂધ્ધના પંચનામા ઉપજાવી કાઢેલા છે, આરોપીએ કોઇ દુકાનેથી સાઇકલ કે ગેસ સીલીન્ડર ખરીદેલ ન હતા અને તેનો કોઇ કાવતરામાં ઉપયોગ

કરેલ નથી, પંચનામામાં દર્શાવેલ કોઇપણ દુકાને કયારેય ગયા નથી, ઘણા અઠવાડીયા સુધી આરોપીને કસ્ટડીમાં રાખવામાં આવેલ અને માનસિક, શારીરિક ત્રાસ આપવામાં આવેલ અને ખોટી રીતે આરોપીની ઓળખ પરેડ કરાવવામાં આવેલ, આરોપીએ બોમ્બ વિસ્ફોટ થવા માટે મુકેલો નથી અને તે બાબતેનુ પંચનામુ આરોપી વિરૂધ્ધ ઉપજાવી કાઢેલ છે.

આરોપીનુ લેખિત નિવેદન સદર આરોપીના વિશેષ નિવેદન સાથે રાખવામાં આવેલ છે.

(૭૬)આરોપી નં.૭૬ મોહમદ મંજર ઇમામ અલીઇમામે પોતાના ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને વિશેષમાં જણાવેલ છે કે તેઓ તદ્દન નિર્દોષ છે, અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસ, સુરત બોમ્બ પ્લાન્ટેશન કેસ સાથે કોઇ સંબંધ નથી, આરોપીએ કોઇ પંચનામું લખાવેલ નથી કે કોઇ જાહેરાત કરેલ નથી, આ કેસમાં આરોપી વિરૂધ્ધ કોઇપણ સાક્ષી કે પુરાવો નથી, આરોપી કયારેય ગુજરાત આવેલ નથી, રજૂ થયેલા દસ્તાવેજો બાબતે કાંઇ કહી શકે નહીં, પુરાવા વગર ખોટી દરખાસ્તો કરી કાયદા તથા નિયમોનુ પાલન કર્યા વગર તેમજ માઇન્ડ એપ્લાય કર્યા વગર ખોટી મંજૂરી આપેલી છે, આરોપીએ કોઇ નિવેદન આપેલ નથી, આરોપી વિરૂધ્ધ પુરાવા ન હોવા છતાં ખોટી રીતે અટક કરી ખોટી તપાસ કરી ખોટી ચાર્જશીટ કરેલ છે, આરોપીની અટક તા. ૦૩/૦૩/૨૦૧૩ ના રોજ રાંચી મુકામે નેશનલ ઇન્વેસ્ટીગેશન એજન્સી (એન.આઇ.એ.) દ્વારા કરવામાં આવેલી ત્યારબાદ સદર એજન્સીના દબાણ તથા ટોર્ચર હેઠળ આરોપીને રાખવામાં આવેલા અને કબૂલાત કરવા અંગે સતત દબાણ કરેલ, આરોપીએ સ્વેચ્છાએ કોઈ નિવેદન નોંધાવેલું નથી, નેશનલ ઇન્વેસ્ટીગેશન એજન્સી (એન.આઇ.એ.)ના અધિકારીઓના દબાણ અને ઘરવાળાને ખોટા કેસમાં સંડોવી દેવાની ધમકીથી આરોપીએ એન.આઇ.એ.ના અધિકારીઓની બીકના કારણે મેજિસ્ટ્રેટ સાહેબ રૂબરૂ તૈયાર લખાણ ઉપર ફકત સહીઓ કરેલી છે આ બાબતે આરોપીએ તારીખ ૦૭.૧૧.૨૦૧૪ના રોજ સુપરિન્ટેન્ડેન્ટશ્રી, તિહાર

સેન્ટ્રલ જેલ દ્વારા રીટ્રેકશન સ્પે.જજ એન.આઇ.એ. કેસીસ અર્નાકુલમ (કેરળ)ને લેખિત રજૂઆત મોકલી આપેલ છે.

વધુમાં આરોપીએ તેના વિશેષ નિવેદનની સાથે ઉપરોકત કરેલ લેખિત રજુઆતની નકલ સામેલ છે.આરોપીએ રજૂ કરેલ દસ્તાવજોને બચાવપક્ષના પુરાવા દરમ્યાન આંક આપવામાં આવેલ છે જેની ચર્ચા આરોપી દીઠ ફરિયાદપક્ષે રજૂ કરેલા પુરાવાના મૂલ્યાંકનના પેરામાં કરવામાં આવેલી છે.સદર આરોપીના વિશેષ નિવેદન સાથે રાખવામાં આવેલા છે.

(૭૭)આરોપી નં.૭૭ સુહેબ અબ્દુલકાદર પોટ્ટનીકલે પોતાના ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને વિશેષમાં જણાવેલ છે કે તેઓ તદ્દન નિર્દોષ છે, અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસ, સુરત બોમ્બ પ્લાન્ટેશન કેસ કોઇ સંબંધ નથી, આરોપીએ કહેવાતા કોઇપણ કેમ્પમાં હાજરી આપેલી નથી કે કયારેય ગુજરાત આવેલ નથી, પુરાવા વગર ખોટી દરખાસ્તો કરી માઇન્ડ એપ્લાય કર્યા સિવાય તેમજ કાયદા તથા નિયમોનુ પાલન કર્યા વગર ખોટી મંજૂરી આપેલી છે, આ કેસમાં આરોપી વિરૂધ્ધ કોઇપણ સાક્ષી કે પુરાવો ન હોવા છતાં ખોટી રીતે અટક કરી ખોટી તપાસ કરી ખોટી ચાર્જશીટ કરેલ છે.

(૭૮) આરોપી નં.૭૮ તૌસીફખાન સગીર અહેમદખાન પઠાણે પોતાના ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને વિશેષમાં જણાવેલ છે કે તેઓ તદ્દન નિર્દોષ છે, અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસ, સુરત બોમ્બ પ્લાન્ટેશન કેસ સાથે કોઇ સંબંધ નથી, આરોપીએ કોઇ પોલીસ અધિકારી કે સાહેદ સમક્ષ કોઇ હકીકત જાહેર કરેલ નથી, આરોપી પોલીસને કે સાહેદને કોઇ જગ્યાએ લઇ ગયેલ નથી, પંચનામાની કોઇ કાર્યવાહી આરોપી રૂબરૂ થયેલ નથી, કાયદા તથા નિયમોનુ પાલન કર્યા સિવાય ખોટી દરખાસ્તો કરી માઇન્ડ એપ્લાય કર્યા સિવાય ખોટી મંજૂરી આપેલ છે, આ કેસમાં આરોપી વિરૂધ્ધ સાક્ષી, પુરાવા ખોટા પાછળથી ઉભા કરવામાં આવેલા છે, આરોપીનુ મૂળ વતન અમલનેર, ડીસ્ટ્રીકટ

જલગાંવ, મહારાષ્ટ્રનું છે, આરોપી સને ૨૦૦૫ થી પરિવાર સાથે અમદાવાદ ખાતે રહે છે અને વ્યવસાયે એન્જીનીયર છે, સને ૨૦૦૬–૨૦૦૭ માં મુંબઈ ખાતે વિપ્રો કંપનીમાં ટેકનીકલ સપોર્ટ એસોસીએટ તરીકે નોકરી કરતા હતા ત્યારબાદ અમદાવાદ ખાતે લેકચરર તરીકે સેવા આપતા હતા. સપ્ટેમ્બર–૨૦૧૭માં આરોપી વિરૂધ્ધ કોઈ પુરાવા ન હોવા છતાં આ કેસમાં ખોટી રીતે ધરપકડ કરવામાં આવેલ હતી, આરોપી કયારેય હાલોલ–પાવાગઢ મુકામે ગયેલ નથી કે સીમી સંસ્થા વિશે કંઈ જાણતા નથી, આરોપી વિરૂધ્ધ પુરાવા ન હોવા છતાં ખોટી રીતે અટક કરી ખોટી તપાસ કરી ખોટી ચાર્જશીટ કરેલ છે.

આમ, ઉપરોકત ૭૮ આરોપીઓ પૈકી ઘણા આરોપીઓના ક્રિ.પ્રો. કોડની કલમ–૩૧૩ હેઠળના નિવેદનો લોક ડાઉન જાહેર થતા પહેલા સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે આરોપીઓની રૂબરૂમાં નોંધવામાં આવેલાં હતાં. ત્યારબાદ અમુક આરોપીઓના નિવેદનો અનલોક જાહેર થયા પછી આ કોર્ટમાંથી વીડિયો કોન્ફરન્સ દ્વારા નોંધવામાં આવેલાં છે. ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલાં ૧૦ આરોપીઓ પૈકી ૭ આરોપીઓએ વીડિયો કોન્ફરન્સ દ્વારા પોતાના નિવેદનો નોંધાવેલાં છે. દિલ્હી તિહાર જેલ ખાતે રાખવામાં આવેલ એક આરોપી તથા બેંગ્લોર પરપન્ના જેલ ખાતે રાખવામાં આવેલ પાંચ આરોપીઓના, વૈયુર(કેરળ) સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલાં બે આરોપીઓના નિવેદનો વીડિયો કોન્ફરન્સ દ્વારા નોંધવામાં આવેલા છે. મુંબઈ તલોજા સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલા ચાર આરોપીઓ પૈકી ત્રણ આરોપીઓના નિવેદનો વીડિયો કોન્ફરન્સ દ્વારા નોંધવામાં આવેલ છે. ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલાં ૧૦ આરોપીઓ પૈકી ૩ આરોપીઓએ અને મુંબઈ, તલોજા સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ ચાર આરોપીઓ પૈકી એક આરોપીએ વીડિયો કોન્ફરન્સમાં પોતાનું નિવેદન નોંધાવા તૈયાર નથી તેમ સ્પષ્ટ ના પાડેલી છે. જે અંગેની હકીકત ઉપરોકત પેરામાં જણાવેલી છે. વીડિયો કોન્ફરન્સ દ્વારા આરોપીઓના નિવેદનો નોંધવા તે કાયદેસર છે. આ મુદ્દા સંબંધે નીચે મુજબના ચુકાદા ધ્યાને લીધાં.

અ.નં.	ચુકાદો	ચુકાદાઓમાં નિર્ણિત થયેલ મુદ્દા પૈકી ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ માટે નિર્ણીત થયેલ મુદ્દો
૧	સી.આર.પી.સી. એમેન્ડેડ એકટ–૨૦૧૭ ગુજરાત એકટ નં.૩૧/૨૦૧૭ જી.એલ.આર.૨૦૧૮(૩) માં પ્રસિધ્ધ	"એકઝામીનેશન ઓફ ધ એકયુઝ પર્સન" શબ્દમાં ઇલોકટ્રોનીક વીડિયો લીંકના માધ્યમથી પણ તે રીતે ઉમેરો કરવામાં આવેલો છે. આ કેસમાં અમદાવાદ સાબરમતી સેન્ટ્રલ ખાતે રાખવામાં આવેલા આરોપીઓ સિવાય ભોપાલ, બેંગ્લોર, વૈચ્યુર, મુંબઇ, દિલ્હી ખાતે રાખવામાં આવેલા આરોપીઓના વિશેષ નિવેદનો વીડિયો કોન્ફરન્સ દ્વારા તેમના વકીલશ્રીઓની હાજરીમાં નોંધવામાં આવેલા છે.
૨	સ્ટેટ ઓફ હરીયાણા વિરૂધ્ધ સી.બી.આઇ. ક્રિ.પ.અ.નં.૩૨૬૯૪/૨૦૧૩, તા.૨૮/૦૧/૨૦૧૪ પંજાબ અને હરીયાણા	ઇન્સાફી કાર્યવાહી વીડિયો કોન્ફરન્સ દ્વારા ચાલી તે વખતે આરોપી તરફથી કોઇ વાંધા લેવામાં આવેલાં નહિ. આરોપીને વીડિયો કોન્ફરન્સથી હાજર રાખવામાં આવે તો તે કોર્ટમાં હાજર છે એમ કહેવાય અને વીડિયો કોન્ફરન્સથી નિવેદન રેકર્ડ થાય. આ કેસમાં ઇન્સાફી કાર્યવાહી વીડિયો કોન્ફરન્સ દ્વારા ચલાવવામાં આવેલી છે તે દરમિયાન આરોપીઓએ કે તેમના વકીલશ્રીઓએ કોઇ વાંધો

		લીધેલો નથી તથા ગુજરાત રાજય બહારની જેલોમાં રાખવામાં આવેલા આરોપીઓના નિવેદનો વીડિયો કોન્ફરન્સ દ્વારા તેમની સ્વેચ્છાથી તેમના વકીલશ્રીઓની હાજરીમાં નોંધવામાં આવેલા છે.
૩	શાહરૂખખાન અબ્દુલરઉફ પઠાણ વિરૂધ્ધ અજરૂદ્દિન વલીઉદ્દિન સૈયદ સ્પે.ક્રિ.અ.(કવોશીંગ) નં.૩૭૭૦/૨૦૧૩, તા.૧૧/૦૭/૨૦૧૪ ગુજરાત	જો અદાલત કેસની ઇન્સાફી કાર્યવાહી વીડિયો કોન્ફરન્સમાં ચલાવવાનો નિર્ણય કરે તો તે નિર્ણય નિયત કરેલ કાર્યવાહીથી વિરૂધ્ધ છે તેમ ના કહેવાય. તેથી કરીને આર્ટીકલ–૨૧નો ભંગ થતો નથી. આ કેસના ઇન્સાફી કાર્યવાહી વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ચલાવવામાં આવી છે.
૪	રાજકુમારસીંગ ઉર્ફે રાજુ વિરૂધ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન, આર.એલ.ડબલ્યુ. ૨૦૦૮(૨) પાના નં.૧૬૦૦ રાજસ્થાન	ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ના વિશેષ નિવેદનમાં આરોપી ખોટા ખુલાસા કરે તો તેની વિરૂધ્ધ અનુમાન કરવા માટે વધારાના સંજોગો છે. આ કેસમાં આરોપી નં.૯,૧૦, ૬૨ ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ છે તથા આરોપી નં.૪૩ મુંબઇ તલોજા જેલ ખાતે રાખવામાં આવેલ છે. આ કેસની ઇન્સાફી કાર્યવાહી વીડિયો કોન્ફરન્સ દ્વારા ચાલેલી છે તેમ છતાં આરોપી

		નં.૯,૧૦,૬૨ અને ૪૩નાઓએ વીડિયો કોન્ફરન્સ દ્વારા ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળનું વિશેષ નિવેદન નોંધાવવાની સ્પષ્ટ ના પાડેલી છે જેથી તેઓ વિરૂધ્ધ અનુમાન કરવા માટે વધારાના સંજોગો ઉભા થાય છે.
૫	બસવરાજ આર.પાટીલ વિરૂધ્ધ સ્ટેટ ઓફ કર્ણાટક સુપ્રીમ કોર્ટ તા.૧૧/૧૦/૨૦૦૦	ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ના નિવેદન વખતે આરોપીની અદાલતમાં હાજરી જોઈએ તે જનરલ નિયમ છે પરંતુ આરોપીને અદાલતમાં હાજર રાખવામાં ઘણી તકલીફ પડે તેમ હોઈ, ખર્ચ થાય તેમ હોઈ, મુસાફરી લાંબી હોય તો આરોપીની હાજરી વિના ચલાવી શકાય. આવા સંજોગોમાં અદાલતે વૈકલ્પિક વ્યવસ્થાનો ઉપયોગ કરવો જોઈએ. આ કેસના કુલ–૭૮ આરોપીઓ પૈકી એક આરોપી દિલ્હી, પાંચ આરોપીઓ બેંગ્લોર, બે આરોપીઓ વૈય્યુર (કેરળ), ચાર આરોપીઓ મુંબઈ અને દસ આરોપીઓ ભોપાલ જેલ ખાતે રાખવામાં આવેલ છે. આ તમામને ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળનું વિશેષ નિવેદન નોંધવા અદાલત રૂબરૂ લાવવા–લઈ જવા માટે સરકારને ઘણો ખર્ચ થાય તેમજ ઘણી

		તકલીફો ઉભી થાય તેમ છે તથા વિશેષ નિવેદન નોંધવાની કામગીરી ચાલતી હતી તે દરમિયાન કોરોના વાઇરસની મહામારી પણ હતી જેથી કરીને આરોપીઓને અદાલત સમક્ષ રૂબરૂ લાવવાના બદલે વીડિયો કોન્ફરન્સ દ્વારા નિવેદન નોંધવા હાજર રાખવામાં આવેલાં હતા.
૬	દશન વિરૂધ્ધ કેરાલા રાજય ૧૯૮૭, ક્રિ.લો.જનરલ, પાના નં.૧૮૦, કેરાલા (ડિવીઝન બેન્ચ)	ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનના પ્રશ્નો અંગ્રેજી ભાષામાં તૈયાર કરેલા. આરોપીની ભાષામાં તૈયાર કરવામાં આવેલાં નહિ. નામદાર અદાલતે ઠરાવેલું કે તે ગેરકાયદેસર નથી. આ કેસમાં અદાલતની ભાષા ગુજરાતી છે અને ગુજરાતી ભાષામાં પ્રશ્નો તૈયાર કરવામાં આવેલાં છે. નામદાર કેરાલા હાઇકોર્ટના આ ચુકાદા મુજબ તે ગેરકાયદેસર નથી.
૭	સ્યુ મોટો (કર્ણાટક હાઇકોર્ટ) વિરૂધ્ધ સ્ટેટ ઓફ કર્ણાટક રીટ પીટીશન નં.૭૩૩૮/૨૦ તા.૧૯/૦૬/૨૦૨૦ કર્ણાટક	–પેરા–૭ મુજબ આરોપી સામે તહોમતનામુ ફરમાવીને પ્લી લેતી વખતે આરોપીની અદાલતમાં વીડિયો કોન્ફરન્સ દ્વારા હાજરી હોવી જોઇએ. સેશન્સ ટ્રાયલ કેસોમાં તહોમતનામુ ફરમાવતી વખતે આરોપી જયુડિશીયલ કસ્ટડીમાં હોય તો તેની હાજરી

		જેલમાંથી વીડિયો કોન્ફરન્સ દ્વારા કરાવવી જોઇએ અને તેનું સંકલન જેલ સુપરિન્ટેન્ડેન્ટ દ્વારા થવુ જોઇએ. જો આરોપી જામીન ઉપર હોય તો અન્ય સક્ષમ વ્યકિતને સંકલનકર્તા તરીકે નિમણુક કરી સ્વતંત્ર રીતે કામ આગળ ચલાવવુ જોઇએ. –પેરા–૮ મુજબ વીડિયો કોન્ફરન્સ દ્વારા તહોમતનામુ અને પ્લી લીધા બાદ પ્લી ઉપર આરોપીની સહીની જરૂર હોય ત્યારે તે પ્લી ઇ–મેઇલ દ્વારા સંકલન કરનારને મોકલવી અને જણાવવાનું કે, આરોપીની સહી લઇ આ પ્લી પરત કરવી. –પેરા–૯ મુજબ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩નું નિવેદન વીડિયોકોન્ફરન્સ દ્વારા નોંધી આરોપીએ આપેલા કારણોની નોંધ કરવી. વધુમાં અદાલતે ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩(૫)નો પણ ઉપયોગ કરવો જોઇએ. વીડિયો કોન્ફરન્સ દ્વારા વિશેષ નિવેદન નોંધ્યા પછી તેની પ્રિન્ટ જેલ સુપરિન્ટેન્ડેન્ટ કે જે સંકલન કર્તા હોય તેને મોકલી આપવી જોઇએ અને જણાવવુ જોઇએ

		કે સહી કરીને પરત મોકલવી. આ કેસમાં પણ અત્રેની અદાલતના બેન્ચ કલાર્કશ્રી જીતુભાઇ પરમારનાઓ નામ.પ્રિન્સીપાલ જજ સાહેબશ્રીના હુકમથી ભોપાલ, વૈચ્યુર, બેંગ્લોર, મુંબઇ મુકામે જેલ ઉપર જઇ જેલરની હાજરીમાં આરોપીઓના વિશેષ નિવેદન વંચાવી, સમજાવી અને તેના ખરાપણ અંગેની સહીઓ મેળવેલી છે.

(૨૧) બચાવપક્ષના પુરાવાનું લીસ્ટઃ– આરોપીઓ તરફથી પોતાના બચાવમાં મૌખિક અને દસ્તાવેજી જે પુરાવા રજૂ થયેલા છે તે નીચે મુજબની વિગતે છે.

(૨૧.૧) આરોપીઓ તરફથી રજૂ થયેલ મૌખિક પુરાવાની વિગત.

અ. નં.	સાહેદ નંબર તથા આંક	સાહેદનું નામ	સાહેદની જુબાનીમાં રજૂ થયેલ દસ્તાવેજ	
૧	૧ –––––– ૯૨૬૩	હુસેનભાઈ હાસમભાઈ શેખ	–––	
૨	૨ –––––– ૯૨૭૦	મહંમદ ફારૂક ઉંમર સમેજા	– –	આરોપી નં.૧૬ નાએ કરેલ સ્પીડ પોસ્ટની અસલ પાવતી આંક–૯૨૭૧ આરોપી નં.૧૬ નાએ કરેલ પોસ્ટની અસલ પાવતી

				આંક–૯૨૭૨
૩	૩ –––––– ૯૨૮૩	મહેન્દ્રકુમાર રણછોડભાઈ પરમાર	–

				૮/૨૦૦૮ નાં માસનું ટી.એ.બી.એલ.નું વાઉચર આંક–૯૨૯૦
			–	હેડ કોન્સ્ટેબલ બ્રહમપ્રકાશ પ્રભાતલાલનું માહે ૮/૨૦૦૮ નાં માસનું ટી.એ.બી.એલ.નું વાઉચર આંક–૯૨૯૧
			–	આરોપી નં.૧ નાએ જાહેર માહિતી અધિકારી પોલીસ અધીક્ષકની કચેરી કચ્છ ભૂજને લખેલ અરજી આંક–૯૨૯૩
			–	તા.૮/૮/૨૦૦૮ થી ૧૩/૮/૨૦૦૮ સુધીની વાહન નં.જીજે–૧૨–જી–૮૦૮૬ ની લોગબુકની નકલ આંક–૯૨૯૪
			–	એમ.ટી. વિભાગ ભૂજનાએ જાહેર માહિતી અધિકારી અને પોલીસ અધીક્ષક ભૂજને લખેલ પત્ર આંક–૯૨૯૫
			–	આરોપી નં.૧ નાએ જાહેર માહિતી અધિકારી અને પોલીસ અધીક્ષક ભૂજને લખેલ અરજી આંક–૯૨૯૬

			–	પોલીસ અધીક્ષક ભૂજની કચેરીનો માહિતી આપવાનો પત્ર આંક–૯૨૯૭
૪	૪ –––––– ૯૨૯૮	નરેન્દ્રભાઈ ડાહ્યાભાઈ ભટ્ટી	–	મદદનીશ માહિતી અધિકારી અને પોલીસ અધીક્ષક કચેરી ભૂજનો માહિતી આપવાનો પત્ર આંક–૯૨૯૯
૫	૫ –––––– ૯૩૦૨	દશરથસિંહ ભગવતસિંહ ઝાલા	–	પોલીસ ઈન્સ્પેકટર ભૂજ સી.ટી.એ. ડીવીઝનનો માહિતી મોકલ્યા બાબતો પત્ર આંક–૯૩૦૩
૬	૬ –––––– ૯૩૦૬	રવિન્દ્રનાથ નામદેવ કદમ	– – – –	આરોપી નં.૫૪ નાએ કર્ણાટક યુનિવર્સિટીમાં પૈસા જમા કરાવવા લખેલ અરજી સંયુકત આંક–૯૩૦૭ જાહેર માહિતી અધિકારી કર્ણાટક યુનિવર્સિટીને રૂા.૫૦૮/– પોસ્ટલ ઓર્ડરથી ચુકવેલ તેની સ્લીપ આંક–૯૩૦૮ સાબરમતી સેન્ટ્રલ જેલ અમદાવાદને માહિતી પુરી પાડેલી તેના દસ્તાવેજો સંયુકત આંક–૯૩૦૯ આરોપી નં.૫૪ નાઓની બી.એસ.સી. સેમીસ્ટર–૩

				ની પરીક્ષાની હોલ ટિકિટ આંક–૯૩૧૦
૭	૭ –––––– ૯૩૨૭	દિનુભાઈ ધુળાભાઈ પ્રજાપતિ	– – – –	જેલ અધીક્ષક અમદાવાદનાઓએ રજૂ કરેલ પત્ર આંક–૯૩૨૮ આરોપી નં.૧૬ નાએ માંગેલ માહિતી બાબતે તા.૭/૧૧/૨૦૦૮ નાં રોજની જેલ રજીસ્ટરની નકલ આંક–૯૩૨૯ તા.૩/૧૧/૨૦૨૦ નાં રોજ અંડર ટ્રાયલ જેલરશ્રીને લખેલ પત્ર આંક–૯૩૩૧ તા.૪/૧૧/૨૦૨૦ નાં રોજ નાયબ અધીક્ષકશ્રીને લખવામાં આવેલ પત્ર આંક–૯૩૩૦
૮	૮ –––––– ૯૩૩૮	આરોપી નં.૩૭ કયામુદ્દીન સરકુદ્દીન કાપડીયા	– – – –	કારેલીબાગ પોલીસ સ્ટેશન વડોદરા તરફથી મળેલ માહિતી આંક–૯૩૪૦ યુનિવર્સિટીનું રીઝલ્ટ તથા શાળા છોડયાના પ્રમાણપત્રની નકલ આંક–૯૩૪૧ કેરાલા કોર્ટના કેસોમાં રજૂ થયેલ એરેસ્ટ મેમોની નકલ

			–	આંક–૯૩૪૨ વડોદરા શહેર પોલીસ કમિશનરની કચેરી દ્વારા મળેલ માહિતી આંક–૯૩૪૩ ડી.જી.પી. ઑફિસથી અમદાવાદ પોલીસ કમિશનર કચેરીને તબદીલ કરેલ અરજી આંક–૯૩૪૪ અમદાવાદ પોલીસ કમિશનર કચેરી (એ/૧ શાખા) માં તબદીલ થયેલ અરજી આંક–૯૩૪૫ અમદાવાદ શહેર પોલીસ કમિશનર કચેરી દ્વારા મળેલ માહિતી આંક–૯૩૪૬

(૨૧.૨) આરોપી નં.૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૧૪, ૧૬, ૧૯, ૨૧, ૨૪, ૩૧, ૩૨, ૪૫, ૫૧ અને ૭૬ નાઓ તરફથી રજૂ થયેલ દસ્તાવેજોને આંક આપવાની અરજી આંક–૯૧૭૪ અને અરજી સબંધે ફરીયાદપક્ષ તરફથી રજૂ થયેલ જવાબ આંક–૯૧૭૯, બંને પક્ષોની દલીલો સાંભળીને જે દસ્તાવેજોને આંક આપવામાં આવેલા તેની વિગત...

અ. નં.	દસ્તાવેજ નો આંક	કયા આરોપીનો દસ્તાવેજ છે તે	દસ્તાવેજની વિગત	
૧	૯૧૮૬	આરોપી	–	શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર

		નં.૧		નં.૨૩૬/૨૦૦૮ ના કામે એરેસ્ટ મેમોની નકલ
૨	૯૧૮૭	આરોપી નં.૨	–	શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ ના કામે એરેસ્ટ મેમોની નકલ
૩	૯૧૮૮	આરોપી નં.૨	–	બાપુનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૨૦/૨૦૦૮ ના કામે એરેસ્ટ મેમોની નકલ
૪	૯૧૮૯	આરોપી નં.૨	–	કાલુપુર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૧૨૩/૨૦૦૮ ના કામે એરેસ્ટ મેમોની નકલ
૫	૯૧૯૦	આરોપી નં.૨	–	સરખેજ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૧૮૧/૨૦૦૮ ના કામે એરેસ્ટ મેમોની નકલ
૬	૯૧૯૧	આરોપી નં.૨	–	વટવા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૧૮/૨૦૦૮ ના કામે એરેસ્ટ મેમોની નકલ
૭	૯૧૯૨	આરોપી નં.૨	–	મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૫/૨૦૦૮ ના કામે એરેસ્ટ મેમોની નકલ
૮	૯૧૯૩	આરોપી નં.૨	–	મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૪/૨૦૦૮ ના કામે એરેસ્ટ મેમોની નકલ
૯	૯૧૯૪	આરોપી નં.૨, ૩, ૫, ૬, ૧૬	–	ઓઢવ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૩૩૯/૨૦૦૮ ના કામે અટક કરવા માટે પરવાનગી માંગતો રીપોર્ટ

૧૦	૯૧૯૫	આરોપી નં.૨, ૫	–	ઓઢવ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૩૩૯/૨૦૦૮ ના કામે અટક, રીમાન્ડની નકલો
૧૧	૯૧૯૬	આરોપી નં.૩, ૬, ૧૬	–	ઓઢવ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૩૩૯/૨૦૦૮ ના કામે અટક અંગેના રીપોર્ટ
૧૨	૯૧૯૭	આરોપી નં.૨, ૧૭, ૨૦, ૨૧, ૨૨, ૨૪	–	શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮, મણીનગર ૨૦૩/૨૦૦૮, ખાડીયા ૭૧/૨૦૦૮, રામોલ ૩૨૧/૨૦૦૮, નરોડા ૪૦૧/૨૦૦૮, દાણીલીમડા ૧૪૦/૨૦૦૮, ઈસનપુર ૧૯૦/૨૦૦૮, મણીનગર ૨૦૬/૨૦૦૮, મણીનગર ૨૦૫/૨૦૦૮, મણીનગર ૨૦૪/૨૦૦૮, કાળુપુર ૧૨૩/૨૦૦૮, નરોડા ૪૦૦/૨૦૦૮, અમરાઈવાડી ૨૭૩/૨૦૦૮, બાપુનગર ૨૨૦/૨૦૦૮, વટવા ૨૧૮/૨૦૦૮, સરખેજ ૧૮૧/૨૦૦૮ નાં ગુનાઓના કામે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧નાઓએ તા.૮/૧૨/૨૦૦૮ નાં રોજ કરેલ હુકમ
૧૩	૯૧૯૮	આરોપી નં.૩	–	શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ ના કામે એરેસ્ટ મેમોની નકલ
૧૪	૯૧૯૯	આરોપી નં.૪	–	શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ ના કામે એરેસ્ટ મેમોની નકલ
૧૫	૯૨૦૦	આરોપી	–	મેટ્રોમેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ નાઓએ તા.૧૫/

		નં.૪		૯/૨૦૦૮ નાં રોજ આરોપી નં.૪ ની પત્નિએ આપેલ અરજી હેઠળ તા.૧૫/૯/૨૦૦૮ નાં રોજ કરેલ હુકમ
૧૬	૯૨૦૧	આરોપી નં.૫	–	શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ ના કામે એરેસ્ટ મેમોની નકલ
૧૭	૯૨૦૨	આરોપી નં.૬	–	શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ ના કામે એરેસ્ટ મેમોની નકલ
૧૮	૯૨૦૩	આરોપી નં.૭	–	શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ ના કામે એરેસ્ટ મેમોની નકલ
૧૯	૯૨૦૪	આરોપી નં.૮	–	શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ ના કામે એરેસ્ટ મેમોની નકલ
૨૦	૯૨૦૫	આરોપી નં.૧૪	–	શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ ના કામે એરેસ્ટ મેમોની નકલ
૨૧	૯૨૦૬	આરોપી નં.૧૬	–	શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ ના કામે એરેસ્ટ મેમોની નકલ
૨૨	૯૨૦૭	આરોપી નં.	–	મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧નાઓએ તા..... નાં રોજ કરેલ હુકમ
૨૩	૯૨૦૮	આરોપી નં.૨૪	–	શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ ના કામે એરેસ્ટ મેમોની નકલ
૨૪	૯૨૦૯	આરોપી	–	મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ નાઓએ

		નં.		તા.... નાં રોજ કરેલ હુકમ
૨૫	૯૨૧૦	આરોપી નં.૩૧	–	ખાડીયા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૭૧/૨૦૦૮ ના કામે તપાસ કરનાર અધિકારીની તા.૧/૧/૨૦૦૯ ની અરજી તથા કોર્ટનો હુકમ
૨૬	૯૨૧૧	આરોપી નં.૩૨	–	ખાડીયા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૭૧/૨૦૦૮ ના કામે તપાસ કરનાર અધિકારીની તા.૧/૧/૨૦૦૯ ની અરજી તથા કોર્ટનો હુકમ
૨૭	૯૨૧૨	આરોપી નં.૨૮, ૨૯, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૪, ૪૫	–	રામોલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૩૨૧/૨૦૦૮ નાં કામે રજૂ થયેલ રીમાન્ડ રીપોર્ટ તથા તે લગત મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ નાઓએ તા.૧૯/૧૨/૨૦૦૮ નાં રોજ કરેલ હુકમ

(૨૧.૩) આરોપી નં.૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૧૪, ૧૬, ૧૯, ૨૧, ૨૪, ૩૧, ૩૨, ૪૫, ૫૧ અને ૭૬ નાઓ તરફથી રજૂ થયેલ દસ્તાવેજોને આંક આપવાની અરજી આંક–૯૧૭૪ અને અરજી સંબંધે ફરિયાદપક્ષ તરફથી રજૂ થયેલ જવાબ આંક–૯૧૭૯, બંને પક્ષોની દલીલો સાંભળીને જે દસ્તાવેજોને કામચલાઉ આંક આપવામાં આવેલા તેની વિગત...

અ. નં.	દસ્તાવેજનો કામચલાઉ આંક	કયા આરોપીનો દસ્તાવેજ છે તે	દસ્તાવેજની વિગત

૧	૯૨૧૩	આરોપી નં.૧	–	તા.૩૧/૧૨/૨૦૦૮ નાં રોજ જેલમાંથી મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ ને ઉદ્દેશીને કરેલ અરજી
૨	૯૨૧૪	આરોપી નં.૨	–	તા.૩૧/૧૨/૨૦૦૮ નાં રોજ જેલમાંથી મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ ને ઉદ્દેશીને કરેલ અરજી
૩	૯૨૧૫	આરોપી નં.૨, ૬, ૧૬	–	ઓઢવ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૩૩૯/૨૦૦૮ નાં કામે અટક રીપોર્ટ, રીમાન્ડ અરજી અને નામદાર કોર્ટના હુકમની નકલ
૪	૯૨૧૬	આરોપી નં.૨	–	તા.૨૫/૧૧/૨૦૦૮ નાં રોજ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ ને ઉદ્દેશીને સરકાર વિરૂધ્ધ કરેલ અરજી
૫	૯૨૧૭	આરોપી નં.૩	–	તા.૨૦/૧૧/૨૦૦૮ નાં રોજ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ ને ઉદ્દેશીને કરેલ ક્રાઈમ બ્રાન્ચ વિરૂધ્ધની ફરિયાદ
૬	૯૨૧૮	આરોપી નં.૪	–	આરોપી નં.૪ ની પત્નીએ તા.૧૫/૯/૨૦૦૮ નાં રોજ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ માં કરેલ સોગંદનામુ
૭	૯૨૧૯	આરોપી નં.૫	–	તા.૨૦/૧૧/૨૦૦૮ નાં રોજ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ ને ઉદ્દેશીને કરેલ ક્રાઈમ બ્રાન્ચ વિરૂધ્ધની ફરિયાદ
૮	૯૨૨૦	આરોપી નં.૬	–	તા.૨૦/૧૧/૨૦૦૮ નાં રોજ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ ને ઉદ્દેશીને કરેલ પોલીસ વિરૂધ્ધ વિરૂધ્ધની ફરિયાદ
૯	૯૨૨૧	આરોપી નં.૮	–	ચુંટણી કાર્ડ

૧૦	૯૨૨૨	આરોપી નં.૧૬	–	તા.૨૦/૧૧/૨૦૦૮ નાં રોજ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ ને ઉદ્દેશીને કરેલ ..... વિરૂધ્ધની ફરિયાદ
૧૧	૯૨૨૩	આરોપી નં.૧૬	–	આર.ટી.આઈ. હેઠળ માંગેલ દસ્તાવેજ .....
૧૨	૯૨૨૪	આરોપી નં.૧૯	–	સઈફાબાદ પોલીસ સ્ટેશન હૈદરાબાદ ખાતે નોંધાયેલ ફરિયાદ નં.૮૮૩/૨૦૦૪ તા.૧/૧૧/૨૦૦૪
૧૩	૯૨૨૫	આરોપી નં.૧૯	–	ધારવાડ (કર્ણાટક) સેશન્સ કોર્ટના સેશન્સ કેસ નં.૪૯/૨૦૦૮ તથા ૧૧૨/૨૦૦૯ નાં કામે તા.૩૦/૪/૨૦૧૫ નાં રોજ આવેલ ચુકાદાની નકલ
૧૪	૯૨૨૬	આરોપી નં.૨૧	–	તા.૨૫/૧૧/૨૦૦૮ નાં રોજ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ ને ઉદ્દેશીને કરેલ સરકાર વિરૂધ્ધની ફરિયાદ
૧૫	૯૨૨૭	આરોપી નં.૨૪	–	તા.૨૫/૧૧/૨૦૦૮ નાં રોજ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ ને ઉદ્દેશીને કરેલ સરકાર વિરૂધ્ધની ફરિયાદ
૧૬	૯૨૨૮	આરોપી નં.૫૧	–	સેશન્સ કોર્ટ મુંબઈના પંચનામાની નકલ
૧૭	૯૨૨૯	આરોપી નં.૫૧	–	એ.આઈ.એન.એસ. હોસ્પિટલ હૈદરાબાદનો એચ.ઓ.ડી.નો પત્ર
૧૮	૯૨૩૦	આરોપી નં.૭૬	–	અર્નાકુલમ (કેરાલા) કોર્ટને કરેલ રીટ્રેકશનની નકલ

(૨૧.૪) આરોપી નં.૨૮નાઓ તરફથી રજૂ થયેલ દસ્તાવેજોને આંક આપવાની અરજી આંક–૯૧૭૫ અને અરજી સબંધે ફરિયાદપક્ષ તરફથી રજૂ

થયેલ જવાબ આંક–૯૧૮૦, બંને પક્ષોની દલીલો સાંભળીને જે દસ્તાવેજોને કામચલાઉ આંક આપવામાં આવેલા તેની વિગત...

અ. નં.	દસ્તાવેજનો કામચલાઉ આંક	કયા આરોપીનો દસ્તાવેજ છે તે	દસ્તાવેજની વિગત	
૧	૯૨૩૧	આરોપી નં.૨૮	–	નામદાર મુંબઈ હાઇકોર્ટને તા.૩૦/૮/૨૦૦૮ ના રોજ મોકલેલ અરજી
૨	૯૨૩૨	આરોપી નં.૨૮	–	જાહેર માહિતી અધિકારી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ થાણેના હુકમની નકલ
૩	૯૨૩૩	આરોપી નં.૨૮	–	ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ થાણે દ્વારા તા.૨૧/૧૦/૨૦૧૬ નાં રોજ થયેલ હુકમની નકલ
૪	૯૨૩૪	આરોપી નં.૨૮	–	જાહેર માહિતી અધિકારી, સહાયક પોલીસ આયુકત વાશી વિભાગ મુંબઈ તરફથી મળેલી માહિતી
૫	૯૨૩૫	આરોપી નં.૨૮	–	સેશન્સ કોર્ટ (મકોકા) ને કેસ નં.૪/૨૦૦૯ ના કામે તા.૧૧/૨/૨૦૦૯ નાં રોજ કરેલ અરજી

(૨૧.૫) આરોપી નં.૩૮, ૪૦ અને ૬૮ નાઓ તરફથી રજૂ થયેલ દસ્તાવેજોને આંક આપવાની અરજી આંક –૯૧૭૬ અને અરજી સબંધે ફરિયાદપક્ષ તરફથી રજૂ થયેલ જવાબ આંક –૯૧૮૧, બંને પક્ષોની દલીલો સાંભળીને જે દસ્તાવેજોને કામચલાઉ આંક આપવામાં આવેલા તેની વિગત...

અ. નં.	દસ્તાવેજનો કામચલાઉ આંક	કયા આરોપીનો દસ્તાવેજ	દસ્તાવેજની વિગત

		છે તે		
૧	૯૨૩૬	આરોપી નં.૩૮	–	નામદાર સુપ્રિમ કોર્ટનું ૨૦૦૮ની સાલનું કેલેન્ડર
૨	૯૨૩૭	આરોપી નં.૩૮	–	આરોપી નં.૩૮, ૩૯, ૪૦, ૪૧ અને ૪૨ નાઓનો અટક રીપોર્ટ, રીમાન્ડ અરજી તથા મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧નાઓએ તા.૨૮/૧૦/૨૦૦૮ નાં રોજ કરેલ હુકમ
૩	૯૨૩૮	આરોપી નં.૪૦	–	પુરાવાના કાયદાની કલમ–૬૫(બી) નું તા.૨૬/૮/૨૦૨૦ નાં રોજનું પ્રમાણપત્ર
૪	૯૨૩૯	આરોપી નં.૪૦	–	મણીનગર રેલવે સ્ટેશન રોડથી એફ.એસ.એલ. સુધીના અંતર માટે ગુગલ મેપ
૫	૯૨૪૦	આરોપી નં.૬૮	–	આરોપીના પાસપોર્ટની નકલ
૬	૯૨૪૧	આરોપી નં.૬૮	–	નીઝામાબાદ વિધાનસભાની મતદાર યાદી
૭	૯૨૪૨	આરોપી નં.૬૮	–	નીઝામાબાદ વિધાનસભાની મતદાર યાદી
૮	૯૨૪૩	આરોપી નં.૬૮	–	નીઝામાબાદ વિધાનસભાની મતદાર યાદી
૯	૯૨૪૪	આરોપી નં.૬૮	–	બોર્ડ ઓફ અરેબીક એન્ડ પર્શીયન એકઝામીનેશન ઉત્તર પ્રદેશ સને ૨૦૦૫ ની માર્કશીટ
૧૦	૯૨૪૫	આરોપી નં.૬૮	–	આરોપીનું ચુંટણી કાર્ડ
૧૧	૯૨૪૬	આરોપી નં.૬૮	–	આરોપીનું વિધાર્થી કાર્ડ

૧૨	૯૨૪૭	આરોપી નં.૬૮	–	ગોપીનાથ લઘુમાધ્યમિક વિદ્યાલય શ્રીકૃષ્ણનગર કુજિયારી આઝમગઢની માર્કશીટ
૧૩	૯૨૪૮	આરોપી નં.૬૮	–	સીમીનું બંધારણ

(૨૧.૬) આરોપી નં.૨, ૪, ૨૪, ૩૭, ૫૪ અને ૬૯ નાઓ તરફથી રજૂ થયેલ દસ્તાવેજોને આંક આપવાની અરજી આંક–૯૨૫૨ અને અરજી સબંધે ફરીયાદપક્ષ તરફથી રજૂ થયેલ જવાબ આંક–૯૨૫૭, બંને પક્ષોની દલીલો સાંભળીને જે દસ્તાવેજોને કામચલાઉ આંક આપવામાં આવેલા તેની વિગત.

અ. નં.	દસ્તાવેજનો કામચલાઉ આંક	કયા આરોપીનો દસ્તાવેજ છે તે		દસ્તાવેજની વિગત
૧	૯૨૫૮	આરોપી નં.૩૭	–	જયુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ ઉલ્હેનની કોર્ટના ક્રિમીનલ કેસ નં.૨૩૬૨/૨૦૦૯ નાં કામે તા.૧૦/૧૧/૨૦૦૮ નાં રોજ આવેલ ચુકાદો
૨	૯૨૫૯	આરોપી નં.૬૯	–	ક્રિમીનલ કોર્ટ પનવેલ દ્વારા તા.૨૫/૧૧/૨૦૧૬ નાં રોજ લખવામાં આવેલ યાદી
૩	૯૨૬૦	આરોપી નં.૭૦	–	ક્રિમીનલ કોર્ટ પનવેલ દ્વારા તા.૨૫/૧૧/૨૦૧૬ નાં રોજ લખવામાં આવેલ યાદી

(૨૧.૭) આરોપી નં.૨, ૩, ૪, ૫, ૬, ૧૬, ૧૯, ૨૧, ૨૪, ૨૮, ૩૭, ૫૧, ૫૪, ૬૯, ૭૦ અને ૭૬ નાઓ તરફથી રજૂ થયેલ દસ્તાવેજોને આંક

આપવાની અરજી આંક –૯૨૮૦ સંબંધે સાંભળીને જે દસ્તાવેજોને આંક આપવામાં આવેલા તેની વિગત.

અ. નં.	દસ્તાવેજનો આંક	કયા આરોપીનો દસ્તાવેજ છે તે	દસ્તાવેજની વિગત	
૧	૯૩૧૪	આરોપી નં.૨૪	–	નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સ્પેશીયલ ક્રિમીનલ એપ્લીકેશન નં.૧૬૫૮/૨૦૦૮ ની નકલ
૨	૯૩૧૫	આરોપી નં.૨૮	–	જયુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ બેલાપુર ક્રિમીનલ કેસ નં.૮૦૨/૨૦૦૯ નાં કામે તા.૨૫/૬/૨૦૧૨ નાં રોજ આવેલ ચુકાદો
૩	૯૩૧૬	આરોપી નં.૨૮	–	જયુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ પનવેલ ક્રિમીનલ કેસ નં.૩૪૫/૨૦૧૫ નાં કામે તા.૨૫/૧૧/૨૦૧૬ નાં રોજ આવેલ ચુકાદો
૪	૯૩૧૭	આરોપી નં.૩૭	–	મહાકાલ પોલીસ સ્ટેશન ઉજ્જૈન ફરિયાદ નં.૬૯૯/૨૦૦૮ ની એફ.આઈ.આર.
૫	૯૩૧૮	આરોપી નં.૩૭	–	મહાકાલ પોલીસ સ્ટેશન ઉજ્જૈન ફરિયાદ નં.૬૯૯/૨૦૦૮ ના કામે જપ્તી પત્ર
૬	૯૩૧૯	આરોપી નં.૩૭	–	મહાકાલ પોલીસ સ્ટેશન ઉજ્જૈન ફરિયાદ નં.૬૯૯/૨૦૦૮ ના કામે એરેસ્ટ મેમો
૭	૯૩૨૦	આરોપી નં.૩૭	–	ક્રિમીનલ કેસ નં.૨૩૬૨/૨૦૦૮ નાં કામે જયુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ ઉજ્જૈનની કોર્ટમાં ફરમાવવામાં આવેલ ચાર્જ
૮	૯૩૨૧	આરોપી નં.૩૭	–	ક્રિમીનલ કેસ નં.૨૩૬૨/૨૦૦૮ નાં કામે જયુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ ઉજ્જૈનની

				કોર્ટમાં આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ નું નોંધાવેલુ નિવેદન
૯	૯૩૨૨	આરોપી નં.૩૭	–	ક્રિમીનલ કેસ નં.૨૩૬૨/૨૦૦૮ નાં કામે જયુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ ઉજ્જૈનની કોર્ટમાં લેવામાં આવેલ સાહેદોની જુબાનીઓ
૧૦	૯૩૨૩	આરોપી નં.૩૭	–	ક્રિમીનલ કેસ નં.૨૩૬૨/૨૦૦૮ નાં કામે પ્રોડકશન પોરન્ટ
૧૧	૯૩૨૪	આરોપી નં.૩૭	–	શાસકીય માહિતી અધિકારી તથા સહાયક પોલીસ આયુકત તુર્ભ વિભાગ નવી મુંબઈનો તા.૭/૧/૨૦૧૭ નો પત્ર

(૨૧.૮) નીચે મુજબના આરોપીઓએ આ કેસમાં પોતાના તરફથી કોઈ દસ્તાવેજો રજૂ કરવા માંગતા નથી તેવી જાહેરાત કરતી જે પુરસીસો આપેલી છે તેની વિગત નીચે મુજબ છે.

અ.નં.	આરોપી નંબર	આંક	પુરસીસની વિગત
૧	૧૮	૯૧૫૮	દસ્તાવેજ રજૂ કરવા માંગતા નથી
૨	૨૦	૯૧૫૯	દસ્તાવેજ રજૂ કરવા માંગતા નથી
૩	૨૨	૯૧૬૦	દસ્તાવેજ રજૂ કરવા માંગતા નથી
૪	૨૫	૯૧૬૧	દસ્તાવેજ રજૂ કરવા માંગતા નથી
૫	૩૩	૯૧૬૨	દસ્તાવેજ રજૂ કરવા માંગતા નથી
૬	૩૮	૯૧૭૧	દસ્તાવેજ રજૂ કરવા માંગતા નથી
૭	૪૦	૯૧૭૨	દસ્તાવેજ રજૂ કરવા માંગતા નથી
૮	૬૫	૯૧૬૩	દસ્તાવેજ રજૂ કરવા માંગતા નથી
૯	૬૭	૯૧૬૪	દસ્તાવેજ રજૂ કરવા માંગતા નથી
૧૦	૬૮	૯૧૭૩	દસ્તાવેજ રજૂ કરવા માંગતા નથી
૧૧	૭૨	૯૧૬૫	દસ્તાવેજ રજૂ કરવા માંગતા નથી
૧૨	૭૪	૯૧૬૬	દસ્તાવેજ રજૂ કરવા માંગતા નથી
૧૩	૭૭	૯૧૬૭	દસ્તાવેજ રજૂ કરવા માંગતા નથી

૧૪	૭૮	૯૧૬૮	દસ્તાવેજ રજૂ કરવા માંગતા નથી

(૨૧.૯) નીચે મુજબના દસ્તાવેજો આરોપી નં.૩૭ ની જુબાનીમાં ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવ્યા તેની વિગત નીચે મુજબ છે.

અ. નં.	દસ્તાવેજનો આંક	કયા આરોપીનો દસ્તાવેજ છે તે	દસ્તાવેજની વિગત
૧	૯૩૫૦	આરોપી નં.૩૭	– નાયબ અધીક્ષક અમદાવાદ મધ્યસ્થ જેલનો ફોરવર્ડીંગ પત્ર તા.૮/૭/૨૦૦૯ – આરોપી નં.૩૭ નાઓએ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં .૧૧ ને ઉદ્દેશીને તા.૮/૭/૨૦૦૯ નાં રોજ લખેલ અરજી – મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં .૧૧ નો તા.૧૪/૭/૨૦૦૯ નાં રોજનો અરજી લગત હુકમ
૨	૯૩૫૧	આરોપી નં.૩૫	– નાયબ અધીક્ષક અમદાવાદ મધ્યસ્થ જેલનો ફોરવર્ડીંગ પત્ર તા.૨૦/૬/૨૦૦૯ – આરોપી નં.૩૫ નાઓએ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં .૧૧ ને ઉદ્દેશીને તા.૧૭/૬/૨૦૦૯ નાં રોજ લખેલ અરજી – મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં .૧૧ નો તા.૩૦/૬/૨૦૦૯ નાં રોજનો અરજી લગત હુકમ

(૨૨) બચાવપક્ષના પુરાવા બંધની પુરશીશઃ– બચાવપક્ષનો પુરાવો પુરો થયાનુ જાહેર થતાં બચાવપક્ષ તરફથી તા.૧૦–૧૨–૨૦૨૦ના

રોજ **<u>આંક–૯૩૫૪</u>** થી પુરાવા બંધની પુરશીશ રજૂ કરેલી છે અને બચાવપક્ષનો પુરાવો પુરો થયાનુ જાહેર કરેલ છે.

(૨૩) ફરિયાદપક્ષની મૌખિક દલીલોઃ–

<u>ફરિયાદપક્ષ તર્ફે વિ.સ્પે. પી.પી.શ્રી એચ.એમ.ધ્રુવ તથા એમ.આર.અમીન તથા એસ.બી. બ્રહ્મભટ્ટ તથા સહાયક પી.પી. શ્રી અમિતભાઇ પટેલની દલીલોઃ–</u>

ફરિયાદપક્ષ તર્ફે વિ.સહાયક પી.પી.શ્રી અમિત પટેલ દલીલો કરતા જણાવે છે કે આ કોર્ટ કેસની તમામ હકીકતોથી વાકેફ છે, આ કેસમાં ફરિયાદપક્ષ તર્ફે કુલ–૧૧૬૩ જેટલા સાહેદો તપાસેલા છે અને આશરે ૮૦૦ જેટલા સાહેદો તપાસેલા નથી તે અંગે લેખિત પુરશીશ રજૂ કરી કારણો પણ આપેલા છે, અમદાવાદ ખાતે થયેલ બોમ્બ બ્લાસ્ટ અને સુરત ખાતે થયેલ બોમ્બ પ્લાન્ટેશન અંગેના ગુન્હામાં આ કામના આરોપીઓને અટક કરેલા છે, આ કામમાં આરોપીઓ તર્ફે હકુમત બાબતે વાંધો લેવામાં આવેલો છે, નામદાર ગુજરાત હાઇકોર્ટના નોટીફીકેશન નં.એ/૧૨૪૪/૨૦૦૮ તા.૧–૯–૨૦૦૮ અન્વયે અમદાવાદ, સુરત, ગાંધીનગર સહિતના તમામ કેસો અંગે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ,અમદાવાદ અને સિટી સેશન્સ કોર્ટ,અમદાવાદની હકુમત ડેઝીગ્નેટેડ કોર્ટ તરીકે ઠરાવી છે જેથી આરોપીઓ હકુમતની તકરાર લઇ શકે તેમ નથી. ત્યારબાદ સમયે, સમયે નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા આ કેસો ચલાવવા માટે જજોને ડેઝીગ્નેટેડ કર્યા છે અને તે અંગેના નોટીફીકેશનો પણ બહાર પાડેલા છે, આ તમામ નોટીફિકેશનો કોર્ટના રેકોર્ડ ઉપર છે, નામદાર ગુજરાત હાઇકોર્ટના નોટીફિકેશનો આધારે સુરત કેસના આરોપીઓને મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ અમદાવાદ સમક્ષ રજૂ કરવામાં આવેલા છે, હાલના કેસના સમગ્ર ચાર્જશીટો તેમજ પુરવણી ચાર્જશીટો મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ અમદાવાદ સમક્ષ રજૂ થયેલા છે અને ત્યારબાદ તમામ ચાર્જશીટો કમીટ થઇ અત્રેની અદાલતમાં રજૂ થયેલા છે,

અમદાવાદ મુકામે બોમ્બ બ્લાસ્ટના કુલ–૨૦ બનાવો બનેલા છે જે બનાવોની ફરિયાદો અમદાવાદના જુદા–જુદા પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલી છે અને તે તમામ ફરિયાદોની તપાસ કરનાર અમલદારો દ્વારા તપાસ થયેલી છે અને તે અનુસંધાને ચાર્જશીટો પણ રજૂ થયેલા છે, આ તમામ ચાર્જશીટોમાં મુખ્ય ચાર્જશીટો પ્રથમ ભેગા કરવાનો હુકમ આંક–૬ હેઠળ થયેલો છે, તમામ કેસો સેશન્સ કેસ નં.૩૮/ ૨૦૦૯ ના કામે ભેગા કરેલા છે જે અંગે તા.૪–૧૨–૨૦૦૯ ના રોજ આંક–૧ હેઠળ હુકમ કરવામાં આવેલો છે ત્યારબાદ આરોપી નં.૧ થી ૬૨ તથા બીજા નાસતા ફરતા આરોપીઓ સામે તા.૧૧–૧–૨૦૧૦ ના રોજ આંક–૩૨થી તહોમતનામું ફરમાવેલુ છે, આરોપીઓએ ગુના કબૂલાતનો ઇન્કાર કરતાં આંક–૩૩ થી આંક–૯૪ સુધી આરોપીઓની પ્લી લેવામાં આવેલી છે, સુરત મુકામે બોમ્બ પ્લાન્ટેશન અંગેના કુલ–૧૫ બનાવો બનેલા છે તેની તપાસ પૂર્ણ થયા બાદ ચાર્જશીટો થયેલા છે, સેશન્સ કેસ નં. ૪૧૮/૨૦૦૯ ના કેસમાં સુરતના તમામ પુરવણી ચાર્જશીટો ભેગા થયેલા છે તે અંગે તા.૮–૧–૨૦૧૦ ના રોજ આંક–૧ હેઠળ હુકમ થયેલો છે ત્યારબાદ અમદાવાદ અને સુરતના કેસો ભેગા કરવાની અરજી સેશન્સ કેસ નં. ૩૮/૨૦૦૯ ના કામે આપેલી તે અંગેનો હુકમ તા.૧૦–૧–૨૦૧૦ ના રોજ કરેલો છે, અમદાવાદના આરોપી નં.૧ થી ૬૨ અને સુરતના બે આરોપી એટલે કે આરોપી નં.૬૩,૬૪ સહિત કુલ–૬૪ આરોપીઓ સામે તા.૧૫–૨–૨૦૧૦ ના રોજ આંક–૧૨૨ થી તહોમતનામું ફરમાવવામાં આવેલુ છે અને આરોપીઓએ ગુના કબૂલાતનો ઇન્કાર કરતાં આંક–૧૨૩ થી આંક–૧૮૬ સુધી આરોપીઓની પ્લી રેકર્ડ કરેલી છે.

વધુમાં વિ.સહાયક પી.પી.શ્રી અમિત પટેલ દલીલો કરતા જણાવે છે કે ફરિયાદપક્ષે આંક–૩૪૧ થી આરોપી નં.૬૫ અને ૬૬ ના કેસો ભેગા કરવાની અરજી તા.૬–૨–૨૦૧૨ ના રોજ આપેલી છે જે કોર્ટ દ્વારા મંજૂરી થયેલી છે. ત્યારબાદ જે આરોપીઓ અદાલત સમક્ષ રજૂ કરવામાં આવેલા નહીં તેવા આરોપીઓના કેસો જુદા કરવાની અરજી તા.૨–૭–૨૦૧૨ ના રોજ આંક–૪૩૬ થી આપેલી હતી જે અન્વયે આંક–૩૪૧ ના હુકમથી ભેગા કરેલા કેસો આંક–

૪૩૬ ના હુકમથી અમુક કેસો જુદા પણ કરેલા છે, આરોપી નં.૬૫ થી ૬૮ ના તમામ ૩૫ કેસો સેશન્સ કેસ નં.૩૮/૨૦૦૯ ના કામે ભેગા કરવા માટે આંક–૬૭૧ થી અરજી આપેલી તે તમામ કેસો તા.૨૦–૧૨–૨૦૧૨ ના હુકમથી ભેગા કરવામાં આવેલા છે. ત્યાર બાદ આરોપી નં.૬૫ થી ૬૮ સામે તા.૬–૩–૨૦૧૩ ના રોજ આંક–૭૯૯ થી તહોમતનામું ફરમાવેલુ છે અને સદર ચાર આરોપીએ ગુના કબૂલાતનો ઇન્કાર કરતાં આંક–૮૦૦ થી ૮૦૩ સુધી આ ચાર આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલી છે, આરોપી નં.૬૫ થી ૬૭ નાઓએ અગાઉનો પુરાવો કબૂલ કરેલો છે તે અંગેની પુરશીશ આંક–૮૨૩ થી રજૂ છે અને આરોપી નં.૬૮ નાએ અગાઉનો પુરાવો કબૂલ કરેલો છે તે અંગેની પુરશીશ આંક–૯૯૯થી રજૂ છે.

ફરિયાદપક્ષ તર્ફે વિ.સહાયક પી.પી.શ્રી અમિત પટેલ વધુમાં દલીલો કરતા જણાવે છે કે આ કામના આરોપી નં.૬૯,૭૦ સામે તપાસ પુરી થતાં આ બંને આરોપી સામે ચાર્જશીટ થયેલા છે તે કેસો કમીટ થઇ અત્રેની અદાલતમાં આવેલા છે અને આ કેસો આંક–૯૦૪ હેઠળ કરેલ હુકમ મુજબ સેશન્સ કેસ નં. ૩૮/૨૦૦૯ ના કામે ભેગા કરેલા છે, આ બંને આરોપી સામે આંક–૯૫૬ થી તહોમતનામુ ફરમાવેલુ છે અને બંને આરોપીએ ગુના કબૂલાતનો ઇન્કાર કરતાં આંક–૯૫૭, ૯૫૮ થી આ બંને આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલી છે તેમજ આંક–૯૯૦ થી આ બંને આરોપીએ અગાઉ લીધેલ પુરાવો કબૂલ કરતી પુરશીસ રજૂ કરેલી છે. ત્યારબાદ આ કામના આરોપી નં.૭૧ સામે તપાસ પુરી થતાં અમદાવાદ, સુરત મળી બંને ગુન્હામાં કુલ–૩૫ કેસોમાં ચાર્જશીટ થયેલા છે તે કેસો કમીટ થઇ અત્રેની અદાલતમાં આવેલા છે અને આ કેસો આંક–૧૧૨૯ હેઠળ કરેલ હુકમ મુજબ સેશન્સ કેસ નં. ૩૮/૨૦૦૯ ના કામે ભેગા કરેલા છે, આરોપી નં.૭૧ સામે આંક–૧૩૦૦ થી તહોમતનામું ફરમાવેલુ છે અને આરોપીએ ગુના કબૂલાતનો ઇન્કાર કરતાં આંક–૧૩૦૧ થી આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલી છે તેમજ આંક–૧૩૦૨ થી આ આરોપીએ અગાઉ લીધેલ પુરાવો કબૂલ કરતી પુરશીસ રજૂ કરેલી છે.

વિ.સહાયક પી.પી.શ્રી અમિત પટેલ વધુમાં દલીલો કરતા જણાવે છે કે ત્યારબાદ આ કામના આરોપી નં.૭૨ સામે તપાસ પુરી થતાં આ આરોપી સામે અમદાવાદ અને સુરતના ગુન્હાના કુલ–૩૫ ચાર્જશીટો થયેલા છે તે કેસો કમીટ થઇ અત્રેની અદાલતમાં આવેલા છે અને આ કેસો આંક–૧૬૫૭ હેઠળ કરેલ હુકમ મુજબ સેશન્સ કેસ નં. ૩૮/૨૦૦૯ ના કામે ભેગા કરેલા છે અને સદર આરોપી સામે આંક–૧૮૪૭ થી તહોમતનામું ફરમાવેલુ છે, આરોપીએ ગુના કબૂલાતનો ઇન્કાર કરતાં આંક–૧૮૪૮ થી આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલી છે તેમજ આંક–૧૮૫૯ થી આ આરોપીએ અગાઉ લીધેલ પુરાવો કબૂલ કરતી પુરશીશ રજૂ કરેલી છે. ત્યારબાદ આ કામના આરોપી નં. ૭૩, ૭૪ સામે તપાસ પુરી થતાં આ બંને આરોપી સામે અમદાવાદ અને સુરતના કુલ–૩૫ કેસોના ચાર્જશીટો થયેલા છે તે કેસો કમીટ થઇ અત્રેની અદાલતમાં આવેલા છે અને આ કેસો આંક–૧૯૩૦ હેઠળ કરેલ હુકમ મુજબ સેશન્સ કેસ નં. ૩૮/૨૦૦૯ ના કામે ભેગા કરેલા છે, આ બંને આરોપી સામે આંક–૧૯૩૫ થી તહોમતનામુ ફરમાવેલુ છે અને બંને આરોપીએ ગુના કબૂલાતનો ઇન્કાર કરતાં આંક–૧૯૩૬, ૧૯૩૭ થી આ બંને આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલી છે તેમજ આંક–૧૯૪૪ થી આ બંને આરોપીએ અગાઉ લીધેલ પુરાવો કબૂલ કરતી પુરશીસ રજૂ કરેલી છે. ત્યારબાદ આ કામના આરોપી નં.૭૫,૭૬,૭૭ સામે તપાસ પુરી થતાં ત્રણેય આરોપી સામે અમદાવાદ અને સુરતના ગુન્હાના કુલ–૩૫ ચાર્જશીટો થયેલા છે તે કેસો કમીટ થઇ અત્રેની અદાલતમાં આવેલા છે અને આ કેસો આંક–૬૮૭૩ હેઠળ કરેલ હુકમ મુજબ સેશન્સ કેસ નં. ૩૮/૨૦૦૯ ના કામે ભેગા કરેલા છે. ત્યારબાદ આરોપી નં.૭૫ સામે આંક–૬૯૪૪ થી તહોમતનામુ ફરમાવેલુ છે, આરોપીએ ગુના કબૂલાતનો ઇન્કાર કરતાં આંક–૬૯૪૫ થી આ આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલી છે તેમજ આંક–૭૨૪૧ થી આરોપીએ અગાઉ લીધેલ પુરાવો કબૂલ કરતી પુરશીશ રજૂ કરેલી છે. ત્યારબાદ આ કામના આરોપી નં.૭૮ સામે અમદાવાદ અને સુરતના ગુન્હાના કુલ–૩૫ ચાર્જશીટો થયેલા છે તે કેસો કમીટ થઇ અત્રેની અદાલતમાં આવેલા છે અને

આરોપી નં.૭૮ સામેના કેસો આંક–૭૨૪૩ હેઠળ કરેલ હુકમ મુજબ સેશન્સ કેસ નં.૩૮/૨૦૦૯ ના કામે ભેગા કરેલા છે. ત્યારબાદ આ કામના આરોપી નં. ૭૬, ૭૭ અને ૭૮ સામે આંક–૭૨૪૫ થી તહોમતનામુ ફરમાવેલુ છે, આ ત્રણેય આરોપીએ ગુના કબૂલાતનો ઇન્કાર કરતાં આંક–૭૨૪૬, ૭૨૪૭ અને ૭૨૪૮ થી આ ત્રણેય આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલી છે તેમજ આંક–૭૨૪૯ થી આ ત્રણેય આરોપીએ અગાઉ લીધેલ પુરાવો કબૂલ કરતી પુરશીસ રજૂ કરેલી છે.

વિ.સહાયક પી.પી.શ્રી અમિત પટેલ વધુમાં દલીલો કરતા જણાવે છે કે આરોપી નં.૬૫ થી આરોપી નં.૭૮ નાએ અગાઉનો પુરાવો ચેલેન્જ કરેલો નથી અને કબૂલ કરેલો છે, બચાવપક્ષને આ બાબતે મુદ્દો ઉભો કરવાની કોઇ તક નથી, આ કામના આરોપી નં.૨૩ એપ્રૂવર બનેલા છે, આરોપી નં.૨૩ એ આંક–૮૦૫૬ થી તા.૧૧–૩–૨૦૧૮ ના રોજ કબૂલાત અરજી અદાલતને આપેલી છે તેઓને અદાલતે માફી આપેલી છે, આ કામના આરોપીઓ વિરૂધ્ધ થયેલા તમામ કેસોની માહીતી અને ફરિયાદોના કામે થયેલા ચાર્જશીટો અદાલતમાં રજૂ છે અને તે રેકર્ડ ઉપર છે, આરોપીઓ તર્ફે બચાવ છે કે આરોપીઓને જુદા–જુદા કેસોમાં અટક કરી એક કેસમાં રીમાન્ડ પુરા થયા પછી બીજા કેસમાં વારાફરતી રીમાન્ડ લીધેલા છે, આ મુજબના બચાવ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનોમાં આરોપીઓ તર્ફે લેવામાં આવેલો છે.આ મુદ્દા અંગે ફરિયાદપક્ષનો જવાબ છે કે દરેક કેસના દરેક બનાવ અલગ, અલગ હતા, ફરિયાદો અલગ–અલગ નોંધાયેલી છે, દરેક બનાવના સ્થળો જુદા–જુદા છે, જુદા–જુદા અધિકારીઓએ આ કેસની તપાસ કરેલી છે માટે દરેક આરોપીની દરેક ગુન્હામાં અટક થયેલી છે, આરોપીઓને રીમાન્ડ ઉપર સોંપવાના હુકમો કાયદેસરના છે જે હુકમો મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટના છે તે હુકમોને ઉપલી અદાલતે ખોટા ઠરાવ્યા નથી માટે દરેક આરોપીની દરેક ગુનામાં અટક થયેલી છે તે કાયદેસર છે, આરોપીઓના રીમાન્ડ પણ કાયદેસરના છે જેથી આરોપીઓનો આ બચાવ ટકી શકે તેમ નથી, આંક– ૧૨૨ થી આરોપીઓ સામે ફરમાવેલ તહોમતનામું વંચાણે લઇ ગુનાહિત કાવતરા અંગે વાઘમોન (કેરાલા) તેમજ પાવાગઢના જંગલોમાં

૨૦૦૭–૨૦૦૮ માં આરોપીઓએ કેમ્પો કરેલા છે, આરોપીઓએ બ્લાસ્ટ કરવા માટે વાહનો, ગેસના બાટલા ખરીદેલા છે, મકાનો ભાડે રાખેલા છે, ગાડીઓની ચોરી કરેલી છે, પોતાની ઓળખ છુપાવેલી છે, અન્યના નામે સીમકાર્ડ તેમજ મોબાઇલની ખરીદી કરેલી છે, ઇ–મેલ કરેલા છે, જુદી–જુદી હોટલોમાં આરોપીઓએ ખોટા નામો ધારણ કરી રૂમો બુક કરાવી ત્યાં રહેલા છે, લોકોના મૃત્યુ નિપજાવવાના ઇરાદ્દે તેમજ લોકોને ઇજા કરવાના ઇરાદ્દે તેમજ મિલકતોને નુકસાન કરવાના ઇરાદાથી આરોપીઓએ બોમ્બ બ્લાસ્ટો કરેલા છે, આ બ્લાસ્ટો અમદાવાદ શહેરના જુદા–જુદા વિસ્તારોમાં, જુદી–જુદી જગ્યાઓ ઉપર સાઇકલ દ્વારા, બસમાં, મારૂતિ ગાડીઓમાં કરેલા છે, આરોપીઓએ બોમ્બ બ્લાસ્ટ કરી કુલ–૫૬ માણસોના મૃત્યુ નિપજાવેલા છે અને ૨૪૦ લોકોને ઇજાઓ પહોંચાડેલી છે.

વધુમાં વિ.સહાયક પી.પી.શ્રી અમિત પટેલ દલીલો કરતા જણાવે છે કે આરોપીઓએ સુરત ખાતે પણ જુદા–જુદા વિસ્તારોમાં જુદા–જુદા સ્થળો ઉપર મોટા પાયે જાનહાની થાય તે માટે જાહેર જગ્યાઓ ઉપર તેમજ ગાડીઓમાં બોમ્બ પ્લાન્ટેશન કરેલા છે, સુરત ખાતે તમામ બોમ્બ જીવંત મળી આવેલા છે તે તમામ બોમ્બનો જે તે સમયે નાશ કરવામાં આવેલો છે, સુરત મુકામે તા.૨૭–૮–૨૦૦૮ થી તા.૯–૯–૨૦૦૮ ના સમય દરમ્યાન આ તમામ બોમ્બ મળી આવેલા છે, આ અંગે આરોપીઓએ ગુન્હાહિત કાવતરૂ કરેલુ છે, ચોક્કસ આરોપીઓ સામે ઇ.પી.કો. કલમ–૧૨૧(૧), ૧૨૪(એ) હેઠળ ગુનો નોંધાયેલો છે તેમજ આરોપીઓ સામે ઇ.પી.કો.કલમ–૩૨૬, ૪૩૫, ૪૩૬, ૪૨૭, ૧૫૩(એ), ૧૨૦(બી), ૩૪, ૧૦૯ તથા બીજા ગુના અંગે ચાર્જ ફ્રેમ થયેલો છે, તમામ આરોપીઓ કાવતરામાં સામેલ છે, આરોપીઓએ સુરત ખાતે પાઇપ બોમ્બ બનાવેલા તથા કાવતરા માટે મોબાઇલનો ઉપયોગ કરેલો તે ફોન આરોપી નં.૬૩ નાએ નાશ કરેલો છે માટે ઇ.પી.કો.કલમ–૨૦૧, ૧૦૯, ૩૪, ૧૨૦(બી)નો ચાર્જ છે, આ કામના તમામ આરોપીઓ સામે ઇ.પી.કો.કલમ–૩૦૨, ૩૦૭, ૩૨૬, ૪૨૭, ૪૩૫, ૪૩૬, ૪૬૫, ૪૬૮, ૪૭૧, ૧૦૯, ૧૨૦(બી), ૩૪,

૧૨૧(એ), ૧૨૪(એ), ૧૫૩(એ) (૧), ૨૦૧, ૨૧૨, અનલોકુલ એકટીવીટીઝ (પ્રિવેન્શન) એકટની કલમ–૧૦, ૧૩, ૧૬(૧)(એ)(બી), ૧૮, ૧૯, ૨૦, ૨૩, ૩૮, ૩૯, ૪૦, એક્ષ્પ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ–૩, ૪, ૫, ૬, ડેમેજ ટુ પબ્લીક પ્રોપર્ટી એકટની કલમ–૩(૧)(૨), ૪ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી એકટની કલમ–૬૫,૬૬ તેમજ આર્મ્સ એકટની કલમ–૨૫(૧)(બી)(એ) મુજબનો ચાર્જ ફ્રેમ કરવામાં આવેલો છે.

વિ.સહાયક પી.પી.શ્રી અમિત પટેલ વધુમાં દલીલો કરતા જણાવે છે કે આ કામે ફરિયાદપક્ષ તર્ફે તેમના કેસના સમર્થનમાં કુલ્લે–૧૧૬૩ સાહેદો જે તપાસેલા છે તેઓના અલગ–અલગ હેડ નક્કી કરેલા છે તે પૈકી પ્રથમ ફરિયાદીઓના હેડ હેઠળ દલીલો કરતા તેઓ જણાવે છે કે આ કામે અમદાવાદ અને સુરતના ગુનાની મળી કુલ–૩૫ ફરિયાદો છે, અમદાવાદના બનાવોમાં ઈજા પામ્યા નથી તેવા કુલ–૯ ફરિયાદી છે, ફરિયાદપક્ષ તર્ફે તપાસેલા ફરિયાદીઓમાં સાહેદ નં.૧ ને આંક–૪૩૯ થી, સાહેદ નં.૨ ને આંક–૪૮૬ થી, સાહેદ નં.૩ ને આંક–૪૯૪ થી, સાહેદ નં.૪ ને આંક–૪૯૬ થી, સાહેદ નં.૫ ને આંક–૪૯૯ થી, સાહેદ નં.૬ ને આંક–૫૦૨ થી, સાહેદ નં.૭ ને આંક–૫૦૭ થી, સાહેદ નં.૮ ને આંક–૫૦૯ થી, સાહેદ નં.૯ ને આંક–૫૧૫ થી, સાહેદ નં.૧૦ ને આંક–૫૧૮ થી, સાહેદ નં.૧૧ ને આંક–૫૨૧ થી, સાહેદ નં.૧૨ ને આંક–૫૨૭ થી, સાહેદ નં.૧૩ ને આંક–૫૨૯ થી, સાહેદ નં.૧૪ ને આંક–૫૩૧ થી, સાહેદ નં.૧૫ ને આંક–૫૩૩ થી, સાહેદ નં.૧૬ ને આંક–૫૩૫ થી, સાહેદ નં.૧૭ ને આંક–૫૩૭ થી, સાહેદ નં.૧૯ ને આંક–૫૪૨ થી, સાહેદ નં. ૬૯૫ ને આંક–૩૪૦૮ થી તપાસેલા છે તેમજ સુરત મુકામે બનેલા બનાવોના ફરિયાદીઓ પૈકી સાહેદ નં.૪૪૫ ને આંક–૨૭૫૧ થી, સાહેદ નં.૪૪૭ ને આંક–૨૭૭૦ થી, સાહેદ નં. ૪૫૨ ને આંક–૨૭૯૭ થી, સાહેદ નં.૪૬૨ ને આંક–૨૮૪૦ થી, સાહેદ નં. ૪૬૫ ને આંક–૨૮૫૨ થી, સાહેદ નં.૫૧૦ ને આંક–૨૯૪૫ થી, સાહેદ નં. ૧૦૪૯ ને આંક–૭૦૭૯ થી, સાહેદ નં.૧૦૬૧ ને આંક–૭૨૧૦ થી તપાસેલા છે.

વિ.સહાયક પી.પી.શ્રી અમિત પટેલ વધુમાં દલીલો કરતા જણાવે છે કે ફરિયાદપક્ષ તર્ફે આ બનાવમાં ઈજા પામનારા સાહેદો તેમજ મૃત્યુ પામનારાના સગા વ્હાલાઓને તેમજ આ ઈજાઓ જેને થયેલી છે તેવુ કહેનારને પણ સાહેદો તરીકે તપાસવામાં આવેલા છે તેઓનો બીજા હેડ તરીકે ઉલ્લેખ કરી તેઓ જણાવે છે કે ફરિયાદપક્ષે સાહેદ નં.૫૨ ને આંક–૭૯૧ થી, સાહેદ નં.૫૩ ને આંક–૭૯૨ થી, સાહેદ નં.૫૪ ને આંક–૭૯૫ થી, સાહેદ નં.૫૫ ને આંક–૭૯૬ થી, સાહેદ નં.૫૬ ને આંક–૭૯૭ થી, સાહેદ નં.૫૭ ને આંક–૮૦૬ થી, સાહેદ નં.૫૮ ને આંક–૮૦૭ થી, સાહેદ નં.૫૯ ને આંક–૮૦૮ થી, સાહેદ નં.૬૦ ને આંક–૮૦૯ થી, સાહેદ નં.૬૧ ને આંક–૮૧૦ થી, સાહેદ નં.૬૨ ને આંક–૮૧૧ થી, સાહેદ નં.૬૩ ને આંક–૮૨૫ થી, સાહેદ નં.૬૪ ને આંક–૮૨૬ થી, સાહેદ નં.૬૫ ને આંક–૮૨૭ થી, સાહેદ નં.૬૬ ને આંક–૮૫૨ થી, સાહેદ નં. ૬૭ ને આંક–૮૫૩ થી, સાહેદ નં.૬૮ ને આંક–૮૫૪ થી, સાહેદ નં.૬૯ ને આંક–૮૫૫ થી, સાહેદ નં.૭૦ ને આંક–૮૫૬ થી, સાહેદ નં.૭૧ ને આંક–૮૬૨ થી, સાહેદ નં.૭૨ ને આંક–૮૬૩ થી, સાહેદ નં.૭૩ ને આંક–૮૬૪ થી, સાહેદ નં. ૭૪ ને આંક–૮૬૫ થી, સાહેદ નં.૭૫ ને આંક–૮૬૬ થી, સાહેદ નં.૭૬ ને આંક–૮૬૭ થી, સાહેદ નં.૭૭ ને આંક–૮૬૮ થી, સાહેદ નં.૭૮ ને આંક–૮૭૫ થી, સાહેદ નં.૭૯ ને આંક–૮૭૬ થી, સાહેદ નં.૮૦ ને આંક–૮૭૭ થી, સાહેદ નં. ૮૧ ને આંક–૮૭૮ થી, સાહેદ નં.૮૨ ને આંક–૮૭૯ થી, સાહેદ નં.૮૩ ને આંક–૮૮૧ થી, સાહેદ નં.૮૪ ને આંક–૮૮૨ થી, સાહેદ નં.૮૫ ને આંક–૮૮૩ થી, સાહેદ નં.૮૬ ને આંક–૮૮૫ થી, સાહેદ નં.૮૭ ને આંક–૮૮૬ થી, સાહેદ નં.૮૮ ને આંક–૮૯૬ થી, સાહેદ નં.૮૯ ને આંક–૯૦૧ થી, સાહેદ નં.૯૦ ને આંક–૯૦૨ થી, સાહેદ નં.૯૧ ને આંક–૯૦૩ થી, સાહેદ નં.૯૨ ને આંક–૯૦૬ થી, સાહેદ નં.૯૩ ને આંક–૯૦૭ થી, સાહેદ નં.૯૪ ને આંક–૯૦૮ થી, સાહેદ નં.૯૫ ને આંક–૯૦૯ થી, સાહેદ નં.૯૬ ને આંક–૯૧૦ થી, સાહેદ નં.૯૭ ને આંક–૯૧૧ થી, સાહેદ નં.૯૮ ને આંક–૯૨૧ થી, સાહેદ નં.૯૯ ને આંક–૯૨૩ થી, સાહેદ નં.૧૦૦ ને આંક–૯૨૪ થી, સાહેદ નં.૧૦૧ ને આંક–૯૨૫ થી,

સાહેદ નં.૧૦૨ ને આંક–૯૨૬ થી, સાહેદ નં.૧૦૩ ને આંક–૯૨૮ થી, સાહેદ નં.૧૦૪ ને આંક–૯૨૯ થી, સાહેદ નં.૧૦૫ ને આંક–૯૩૦ થી, સાહેદ નં.૧૦૬ ને આંક–૯૩૧ થી, સાહેદ નં.૧૦૭ ને આંક–૯૩૨ થી, સાહેદ નં.૧૦૮ ને આંક–૯૩૩ થી, સાહેદ નં.૧૦૯ ને આંક–૯૩૪ થી, સાહેદ નં.૧૧૦ ને આંક–૯૩૫ થી, સાહેદ નં.૧૧૧ ને આંક–૯૪૬ થી, સાહેદ નં.૧૧૨ ને આંક–૯૪૭ થી, સાહેદ નં.૧૧૩ ને આંક–૯૪૮ થી, સાહેદ નં.૧૧૪ ને આંક–૯૫૦ થી, સાહેદ નં.૧૧૫ ને આંક–૯૫૧ થી, સાહેદ નં.૧૧૬ ને આંક–૯૫૨ થી, સાહેદ નં.૧૧૭ ને આંક–૯૫૩ થી, સાહેદ નં.૧૧૮ ને આંક–૯૬૦ થી, સાહેદ નં.૧૧૯ ને આંક–૯૬૧ થી, સાહેદ નં.૧૨૦ ને આંક–૯૬૨ થી, સાહેદ નં.૧૨૧ ને આંક–૯૬૯ થી, સાહેદ નં.૧૨૨ ને આંક–૯૭૦ થી, સાહેદ નં.૧૨૩ ને આંક–૯૭૧ થી, સાહેદ નં.૧૨૪ ને આંક–૯૭૨ થી, સાહેદ નં.૧૨૫ ને આંક–૯૭૩ થી, સાહેદ નં.૧૨૬ ને આંક–૯૭૪ થી, સાહેદ નં.૧૨૭ ને આંક–૯૭૮ થી, સાહેદ નં.૧૨૮ ને આંક–૯૭૯ થી, સાહેદ નં.૧૨૯ ને આંક–૯૮૦ થી, સાહેદ નં.૧૩૦ ને આંક–૯૮૧ થી, સાહેદ નં.૧૩૧ ને આંક–૯૮૨ થી, સાહેદ નં.૧૩૨ ને આંક–૯૮૫ થી, સાહેદ નં.૧૩૩ ને આંક–૯૮૬ થી, સાહેદ નં.૧૩૪ ને આંક–૯૮૭ થી, સાહેદ નં.૧૩૫ ને આંક–૯૮૮ થી, સાહેદ નં.૧૩૬ ને આંક–૯૮૯ થી, સાહેદ નં.૧૩૭ ને આંક–૧૦૦૫ થી, સાહેદ નં.૧૩૮ ને આંક–૧૦૦૬ થી, સાહેદ નં.૧૩૯ ને આંક–૧૦૦૭ થી, સાહેદ નં.૧૪૦ ને આંક–૧૦૦૮ થી, સાહેદ નં.૧૪૧ ને આંક–૧૦૦૯ થી, સાહેદ નં.૧૪૨ ને આંક–૧૦૧૦ થી, સાહેદ નં.૧૪૩ ને આંક–૧૦૧૧ થી, સાહેદ નં.૧૪૪ ને આંક–૧૦૧૬ થી, સાહેદ નં.૧૪૫ ને આંક–૧૦૧૭ થી, સાહેદ નં.૧૪૬ ને આંક–૧૦૧૮ થી, સાહેદ નં.૧૪૮ ને આંક–૧૦૨૦ થી, સાહેદ નં.૧૫૦ ને આંક–૧૦૨૪ થી, સાહેદ નં.૧૫૧ ને આંક–૧૦૨૫ થી, સાહેદ નં.૧૫૨ ને આંક–૧૦૨૬ થી, સાહેદ નં.૧૫૩ ને આંક–૧૦૨૭ થી, સાહેદ નં.૧૫૪ ને આંક–૧૦૨૮ થી, સાહેદ નં.૧૫૫ ને આંક–૧૦૨૯ થી, સાહેદ નં.૧૫૬ ને આંક–૧૦૩૨ થી, સાહેદ નં.૧૫૭ ને આંક–૧૦૩૩ થી, સાહેદ નં.૧૫૮ ને આંક–

૧૦૩૪ થી, સાહેદ નં.૧૫૯ ને આંક–૧૦૩૫ થી, સાહેદ નં.૧૬૦ ને આંક–૧૦૪૦ થી, સાહેદ નં.૧૬૧ ને આંક–૧૦૪૧ થી, સાહેદ નં.૧૬૨ ને આંક–૧૦૪૨ થી, સાહેદ નં.૧૬૩ ને આંક–૧૦૪૩ થી, સાહેદ નં.૧૬૪ ને આંક–૧૦૪૪ થી, સાહેદ નં.૧૬૫ ને આંક–૧૦૪૯ થી, સાહેદ નં.૧૬૬ ને આંક–૧૦૫૦ થી, સાહેદ નં.૧૬૭ ને આંક–૧૦૫૧ થી, સાહેદ નં.૧૬૮ ને આંક–૧૦૫૨ થી, સાહેદ નં.૧૬૯ ને આંક–૧૦૫૩ થી, સાહેદ નં.૧૭૦ ને આંક–૧૦૫૪ થી, સાહેદ નં.૧૭૧ ને આંક–૧૦૫૮ થી, સાહેદ નં.૧૭૨ ને આંક–૧૦૫૯ થી, સાહેદ નં.૧૭૩ ને આંક–૧૦૬૦ થી, સાહેદ નં.૧૭૪ ને આંક–૧૦૬૧ થી, સાહેદ નં.૧૭૫ ને આંક–૧૦૬૫ થી, સાહેદ નં.૧૭૬ ને આંક–૧૦૬૬ થી, સાહેદ નં.૧૭૭ ને આંક–૧૦૬૭ થી, સાહેદ નં.૧૭૮ ને આંક–૧૦૭૦ થી, સાહેદ નં.૧૭૯ ને આંક–૧૦૭૧ થી, સાહેદ નં.૧૮૦ ને આંક–૧૦૭૨ થી, સાહેદ નં.૧૮૧ ને આંક–૧૦૭૩ થી, સાહેદ નં.૧૮૨ ને આંક–૧૦૭૪ થી, સાહેદ નં.૧૮૩ ને આંક–૧૦૭૫ થી, સાહેદ નં.૧૮૪ ને આંક–૧૦૭૬ થી, સાહેદ નં.૧૮૫ ને આંક–૧૦૭૮ થી, સાહેદ નં.૧૮૬ ને આંક–૧૦૮૧ થી, સાહેદ નં.૧૮૭ ને આંક–૧૦૮૨ થી, સાહેદ નં.૧૮૮ ને આંક–૧૦૮૩ થી, સાહેદ નં.૧૮૯ ને આંક–૧૦૯૦ થી, સાહેદ નં.૧૯૦ ને આંક–૧૦૯૧ થી, સાહેદ નં.૧૯૧ ને આંક–૧૦૯૨ થી, સાહેદ નં.૧૯૨ ને આંક–૧૦૯૩ થી, સાહેદ નં.૧૯૩ ને આંક–૧૦૯૪(એ) થી, સાહેદ નં.૧૯૪ ને આંક–૧૦૯૪ થી, સાહેદ નં.૧૯૫ ને આંક–૧૦૯૭ થી, સાહેદ નં.૧૯૬ ને આંક–૧૦૯૮ થી, સાહેદ નં.૧૯૭ ને આંક–૧૦૯૯ થી, સાહેદ નં.૧૯૮ ને આંક–૧૧૦૦ થી, સાહેદ નં.૧૯૯ ને આંક–૧૧૦૧ થી, સાહેદ નં.૨૦૦ ને આંક–૧૧૧૭ થી, સાહેદ નં.૨૦૧ ને આંક–૧૧૧૮ થી, સાહેદ નં.૨૦૨ ને આંક–૧૧૧૯ થી, સાહેદ નં.૨૦૩ ને આંક–૧૧૨૦ થી, સાહેદ નં.૨૦૪ ને આંક–૧૧૨૧ થી, સાહેદ નં.૨૦૫ ને આંક–૧૧૨૩ થી, સાહેદ નં.૨૦૬ ને આંક–૧૧૨૪ થી, સાહેદ નં.૨૦૭ ને આંક–૧૧૨૬ થી, સાહેદ નં.૨૦૮ ને આંક–૧૧૨૭ થી, સાહેદ નં.૨૦૯ ને આંક–૧૧૩૮ થી, સાહેદ નં.૨૧૦ ને

આંક–૧૧૩૯ થી, સાહેદ નં.૨૧૧ ને આંક–૧૧૪૨ થી, સાહેદ નં.૨૧૨ ને આંક–૧૧૪૩ થી, સાહેદ નં.૨૧૩ ને આંક–૧૧૪૪ થી, સાહેદ નં.૨૧૪ ને આંક–૧૧૪૫ થી, સાહેદ નં.૨૧૫ ને આંક–૧૧૫૨ થી, સાહેદ નં.૨૧૬ ને આંક–૧૧૫૩ થી, સાહેદ નં.૨૧૭ ને આંક–૧૧૫૪ થી, સાહેદ નં.૨૬૫ ને આંક–૧૩૨૮ થી, સાહેદ નં.૨૬૮ ને આંક–૧૩૩૯ થી, સાહેદ નં.૨૬૯ ને આંક–૧૩૪૯ થી, સાહેદ નં.૨૭૦ ને આંક–૧૩૫૦ થી, સાહેદ નં.૯૯૧ ને આંક–૬૯૧૮ થી, સાહેદ નં.૯૯૨ ને આંક–૬૯૨૯ થી, સાહેદ નં.૧૦૦૭ ને આંક–૬૯૮૭ થી તપાસેલા છે.

વિ.સહાયક પી.પી.શ્રી અમિત પટેલ વધુમાં દલીલો કરતા જણાવે છે કે ફરિયાદપક્ષ તર્ફે આ બનાવમાં ઈજા પામનારના સગા સંબંધીઓને સાહેદો તરીકે તપાસેલા છે જે મુજબ સાહેદ નં.૧૪૯ ને આંક–૧૦૨૧ થી, સાહેદ નં. ૪૧૪ ને આંક–૨૩૬૧ થી, સાહેદ નં.૭૨૨ ને આંક–૩૪૯૯ થી અને સાહેદ નં. ૧૦૩૦ ને આંક–૭૦૩૭ થી તપાસેલા છે. વધુમાં આ બનાવમાં મરણ જનારના સગાઓને ફરિયાદપક્ષે સાહેદો તરીકે તપાસેલા છે જે મુજબ સાહેદ નં.૩૧૮ ને આંક–૧૬૫૯ થી, સાહેદ નં.૩૧૯ ને આંક–૧૬૬૦ થી, સાહેદ નં.૩૨૦ ને આંક–૧૬૬૧ થી, સાહેદ નં.૩૨૧ ને આંક–૧૬૬૨ થી, સાહેદ નં.૩૨૩ ને આંક–૧૬૬૯ થી, સાહેદ નં.૪૦૧ ને આંક–૨૩૦૭ થી, સાહેદ નં.૭૧૧ ને આંક–૩૪૭૫ થી, સાહેદ નં.૭૪૦ ને આંક–૩૫૨૭ થી, સાહેદ નં.૭૪૧ ને આંક–૩૫૨૮ થી, સાહેદ નં.૭૪૨ ને આંક–૩૫૨૯ થી, સાહેદ નં.૭૪૩ ને આંક–૩૫૩૦ થી, સાહેદ નં.૭૪૪ ને આંક–૩૫૩૧ થી, સાહેદ નં.૭૪૫ ને આંક–૩૫૩૨ થી, સાહેદ નં.૯૯૫ ને આંક–૬૯૩૮ થી, સાહેદ નં.૧૦૦૯ ને આંક–૬૯૮૯ થી, સાહેદ નં.૧૦૧૧ ને આંક–૬૯૯૮ થી, સાહેદ નં.૧૦૧૨ ને આંક–૬૯૯૯ થી, સાહેદ નં.૧૦૧૪ ને આંક–૭૦૦૪ થી, સાહેદ નં.૧૦૨૭ ને આંક–૭૦૩૪ થી, સાહેદ નં.૧૦૨૮ ને આંક–૭૦૩૫ થી તપાસેલા છે તેમજ આ કામે ઈજા પામનાર તથા મરણ જનારના સગાને સાહેદ નં.૧૦૧૩ તરીકે આંક–૭૦૦૧ થી તપાસેલા છે. વધુમાં આ કામે ફરિયાદપક્ષ તર્ફે ઈજા પામનારાની

સારવાર કરનાર ડૉકટરોને પણ ઈજાના સમર્થનમાં સાહેદો તરીકે તપાસવામાં આવેલા છે જે મુજબ સાહેદ નં.૨૭૧ ને આંક–૧૩૬૨ થી, સાહેદ નં.૨૭૨ ને આંક–૧૩૮૫ થી, સાહેદ નં.૨૭૩ ને આંક–૧૩૯૦ થી, સાહેદ નં.૨૭૪ ને આંક–૧૩૯૫ થી, સાહેદ નં.૨૭૫ ને આંક–૧૪૧૧ થી, સાહેદ નં.૨૭૬ ને આંક–૧૯૩૮ થી, સાહેદ નં.૨૭૭ ને આંક–૧૪૬૭ થી, સાહેદ નં.૨૭૮ ને આંક–૧૪૭૧ થી, સાહેદ નં.૨૭૯ ને આંક–૧૪૭૭ થી, સાહેદ નં.૨૮૦ ને આંક–૧૪૯૧ થી, સાહેદ નં.૨૮૧ ને આંક–૧૫૦૩ થી, સાહેદ નં.૨૮૨ ને આંક–૧૫૨૬ થી, સાહેદ નં.૨૮૩ ને આંક–૧૫૪૦ થી, સાહેદ નં.૨૮૪ ને આંક–૧૫૪૨ થી, સાહેદ નં.૨૮૫ ને આંક–૧૫૪૪ થી, સાહેદ નં.૨૮૬ ને આંક–૧૫૫૬ થી, સાહેદ નં.૨૮૭ ને આંક–૧૫૪૮ થી, સાહેદ નં.૨૮૮ ને આંક–૧૫૫૧ થી, સાહેદ નં.૨૮૯ ને આંક–૧૫૫૫ થી, સાહેદ નં.૨૯૦ ને આંક–૧૫૬૪ થી, સાહેદ નં.૨૯૧ ને આંક–૧૫૭૩ થી, સાહેદ નં.૨૯૨ ને આંક–૧૫૭૪ થી, સાહેદ નં.૨૯૩ ને આંક–૧૫૭૬ થી, સાહેદ નં.૨૯૪ ને આંક–૧૫૭૮ થી, સાહેદ નં.૨૯૫ ને આંક–૧૫૮૧ થી, સાહેદ નં.૨૯૬ ને આંક–૧૫૮૮ થી, સાહેદ નં.૨૯૭ ને આંક–૧૫૯૦ થી, સાહેદ નં.૨૯૮ ને આંક–૧૫૯૨ થી, સાહેદ નં.૨૯૯ ને આંક–૧૫૯૫ થી, સાહેદ નં.૩૦૦ ને આંક–૧૫૯૭ થી, સાહેદ નં.૩૦૧ ને આંક–૧૬૦૦ થી, સાહેદ નં.૩૦૨ ને આંક–૧૬૦૩ થી, સાહેદ નં.૩૦૩ ને આંક–૧૬૦૮ થી, સાહેદ નં.૩૦૪ ને આંક–૧૬૧૦ થી, સાહેદ નં.૩૦૫ ને આંક–૧૬૧૨ થી, સાહેદ નં.૩૦૬ ને આંક–૧૬૧૪ થી, સાહેદ નં.૩૦૭ ને આંક–૧૬૧૭ થી, સાહેદ નં.૩૦૯ ને આંક–૧૬૨૧ થી, સાહેદ નં.૩૧૦ ને આંક–૧૬૨૩ થી, સાહેદ નં.૩૧૧ ને આંક–૧૬૨૮ થી, સાહેદ નં.૩૧૨ ને આંક–૧૬૩૦ થી, સાહેદ નં.૩૧૩ ને આંક–૧૬૪૦ થી, સાહેદ નં.૩૧૪ ને આંક–૧૬૪૨ થી, સાહેદ નં.૩૧૫ ને આંક–૧૬૪૪ થી, સાહેદ નં.૩૧૬ ને આંક–૧૬૪૭ થી, સાહેદ નં.૩૧૭ ને આંક–૧૬૪૯ થી, સાહેદ નં.૩૨૨ ને આંક–૧૬૬૬ થી તપાસેલા છે તેમજ આ બનાવમાં ઈજા પામનાર પશુની સારવાર કરનાર ડૉકટરને સાહેદ નં.૩૦૮ તરીકે

અગત્યના સાહેદ નં. (૭) મહમદ ઉમર ઉસ્માનને ફરિયાદપક્ષ તર્ફે સાહેદ નં.૧૧૧૫ તરીકે આંક–૮૦૦૨ થી તપાસેલા છે, આ સાહેદ વડોદરામાં વાડી તાઇવાડા ખાતે રહે છે, આરોપી કયામુદ્દીન પણ ત્યાં રહે છે તેને સાહેદ ઓળખે છે, આરોપી ઉસ્માન અગરબત્તીવાલા, ઇમરાન શેખને પણ સાહેદ ઓળખે છે તેઓ સાહેદના ફળીયાના છે સાથે ક્રિકેટ પણ રમતા હતા, આરોપી રફીયુદ્દીન અને ઇકબાલ શેખને પણ ઓળખે છે, તમામ મિત્રો છે, પોલીસે તા. ૭–૧૨–૨૦૦૮ ના રોજ જવાબ લીધેલો, માર્ચ–૨૦૦૮માં કયામુદ્દીનને પકડવા એમ.પી. પોલીસ આવેલી ત્યારે તે ફરાર હતો, કયામુદ્દીનને વાપીથી પણ ફોન આવેલાનુ જણાવે છે, જુલાઇ મહિનાના પ્રથમ વિકમાં આરોપી કયામુદ્દીનનો ફોન આવેલાનુ પણ જણાવે છે, બોમ્બ બ્લાસ્ટ કરવાની જગ્યા અંગે રેકી કરવાનુ

કયામુદ્દીને કહેલુ, મેજિસ્ટ્રેટ સાહેબ સમક્ષ નિવેદન લખાવેલુ જે લખાવ્યા મુજબનુ હતુ અને તેમાં સહી કરેલાનુ જણાવે છે, આ નિવેદન આંક–૮૦૦૩ થી રજૂ છે.

વિ.સહાયક પી.પી.શ્રી અમિત પટેલ વધુમાં ઉપરોકત અગત્યના સાહેદ નં.૭ ની ઊલટતપાસ વંચાણે લઈ દલીલો કરતા જણાવે છે કે આ સાહેદ આરોપી કયામુદ્દીન, અગરબત્તીવાલા, ઈકબાલ, ઈમરાનને બચપણથી ઓળખે છે માટે ઓળખનો પ્રશ્ન નથી, આ સાહેદની ઊલટતપાસ જોતા કોન્ટ્રાડીકશન કે ઓમીશન નથી, આ સાહેદને જે માહિતી હતી તે જણાવી છે, આવા બનાવો સંબંધે કોઈ વ્યકિતને માહિતી હોય તો પોતે બનાવમાં સંડોવાય જશે તેવા ડરના કારણે પણ પોલીસ સમક્ષ માહિતી આપવા જતા હોતા નથી, મૌખિક પુરાવાનો કોઈ દસ્તાવેજી પુરાવો ન હોય, પોલીસ સમક્ષ જવાબ આપવા માટે પોલીસે નોટિસ આપી નથી માટે જવાબ લખાવ્યો નથી તો તે માની શકાય નહીં, કલમ–૧૬૦ હેઠળ નોટિસ આપવી ફરજિયાત નથી.

અગત્યના સાહેદ નં.(૮) આસીફ ઉસ્માન શેખને ફરિયાદપક્ષ તર્ફે સાહેદ નં.૧૧૧૭ તરીકે આંક–૮૦૧૯ થી તપાસેલા છે, આ સાહેદ વડોદરામાં તાંદલજા ખાતે જન્મથી રહે છે, કાકાની દુકાને બેસતા હતા, કાકાની દુકાનની બાજુમાં ઈકબાલ કાસમ શેખ એટલેકે આરોપી નં.૩ ના મામાની દુકાન છે, બોમ્બ બ્લાસ્ટના એક વર્ષ અગાઉ ઈકબાલે કયામુદ્દીન સાથે મુલાકાત કરાવેલી, જમના બાઈ હોસ્પિટલની પાછળના ભાગે કોમ્પલેક્ષમાં ભોંયરાના ભાગે કુરાન વાંચવા જતા હતા, સાહેદ નં.૧૧૩૧ રફીક પણ જતો હતો, ઈકબાલના બોલાવવાથી આ સાહેદ તથા રફીક કુરાન વાંચવા જતા હતા, ઈકબાલ જેહાદની, મુસ્લિમ ઉપર અત્યાચાર વિગેરેની વાતો કરતો હતો, ઈકબાલે સ્કુટી, સાઈકલની વાતો કરેલી અને કહેલુ કે અમદાવાદમાં બ્લાસ્ટ કરવા છે, રૂા.૧૨૦૦/– મોબાઈલ લેવા આપેલા પરંતુ પાછળથી પરત આપેલા, એક સીમકાર્ડ પણ આપેલુ, બનાવના પંદરેક દિવસ પહેલા કયામુદ્દીનને મળેલાનુ જણાવે છે, બાઈકો ઉપર બેસીને સાસરીમાં તાંદલજા સાસરીના મકાને ગયેલા. આ સાહેદની ઊલટતપાસના પેરા–૬ મુજબ વેગનઆર કાર, અલ્ટ્રો કારના કાગળો લાવી આપવાનુ જણાવેલુ, બે

જુદા–જુદા માણસો પાસેથી ગાડીઓના કાગળોની ઝેરોક્ષ આપેલી, અમદાવાદ, સુરત, વડોદરામાં બોમ્બ બ્લાસ્ટ કરવાનુ નક્કી કરેલાનુ જણાવે છે, કયામુદ્દીને ૫૦ શર્ટ ખરીદેલાનુ જણાવે છે, આ શર્ટો પૈકી ૧૧ શર્ટ અલમહમદી સોસાયટીમાં કે જયાં બોમ્બ બનાવેલા ત્યાંથી મળી આવેલા છે તમામ શર્ટ પેક કરેલા છે, જયાં બોમ્બ ફુટયા નથી ત્યાં અને જયાં ફુટયા છે ત્યાંથી ફાટેલા શર્ટ મળી આવેલા છે, મેજિસ્ટ્રેટ સાહેબ પાસે ૧૬૪ નુ નિવેદન લખાવેલુ અને લખ્યા પછી સહી કરેલાનુ જણાવે છે, આ નિવેદન આંક–૮૦૨૦ થી રજૂ છે, આરોપી કયામુદ્દીન તથા ઇકબાલને ઓળખી બતાવેલા છે, આ સાહેદની જુબાનીને નિવેદનથી પુરેપુરૂ સમર્થન મળે છે, ઇકબાલના કાકા અને અગરબત્તીવાળાના મામાની દુકાનો બાજુ, બાજુમાં હતી અને એક જ પ્રકારનો ધંધો કરતા હતા માટે દુશ્મનાવટ હતી તેના કારણે આ સાહેદ જુઠ્ઠુ જણાવતા હોવાનુ માની શકાય નહીં, કયામુદ્દીને જુબાની વખતે રમજાન માસનુ કેલેન્ડર રજૂ કર્યુ છે માટે આ સાહેદે રમજાન માસ બાબતે ખોટી હકીકત જણાવી છે તેવુ નથી, રમજાન માસ દર વર્ષે અલગ–અલગ તારીખે આવે છે માટે ચોક્કસ તારીખ સાહેદને યાદ ના પણ હોય, આ સાહેદની ઊલટતપાસના પેરા નં.૪૩ માં ઇકબાલે ફસાવી દેવાની ધમકી આપેલાનુ જણાવે છે, ૧૬૪ના નિવેદનમાં પણ આ કારણ આપેલુ છે, ઊલટતપાસમાં પુછેલા પ્રશ્નનો જે જવાબ આપે છે તે જવાબ નિવેદનમાં ન લખાવ્યો હોય તે સ્વાભાવિક છે, ઊલટતપાસના જવાબનુ કોન્ટ્રાડીકશન ના પુછાય.

અગત્યના સાહેદ નં.(૯) સાદાબ પાનવાલાને ફરિયાદપક્ષ તર્ફે સાહેદ નં.૧૧૨૧ તરીકે આંક–૮૦૫૯થી તપાસેલા છે, આ સાહેદ હોસ્ટાઇલ સાહેદ છે, કયામુદ્દીન, ઇમરાન તથા આ સાહેદ વડોદરામાં તાઇવાડામાં રહે છે તે આ સાહેદ કબૂલ કરે છે, સાથે ક્રિકેટ રમતા હોવાનુ પણ કબૂલ કરે છે, પેરા નં.૧૧ માં આરોપી કયામુદ્દીન, ઇમરાન, રફીયુદ્દીન બ્લાસ્ટ કેસોમાં પકડાયાની આ સાહેદને માહિતી હોવાનુ જણાવે છે.

અગત્યના સાહેદ નં.(૧૦) રીયાઝહુસેન મહંમદહુસેન સીદ્દીકીને ફરિયાદપક્ષ તર્ફે સાહેદ નં.૧૧૫૧ તરીકે આંક–૮૨૬૫ થી તપાસેલા છે, આ

સાહેદ પણ હોસ્ટાઇલ છે, આલમઝેબ આફ્રિદી મિત્ર હતો, મેજિસ્ટ્રેટ સાહેબ પાસે જવાબ લખાવવા ગયેલાનુ જણાવે છે, આ સાહેદની ઊલટતપાસ મુજબ ક્રિ.પ્રો. કોડ કલમ–૧૬૪નુ નિવેદન તા.૧–૯–૨૦૦૮ ના રોજ લેવામાં આવેલુ, સૌપ્રથમ તા.૩૦–૮–૨૦૦૮ ના રોજ હાજર થયેલા, કોર્ટે નોંધ્યુ છે કે સાહેદને સમન્સ બજાવેલો છે, મેજિસ્ટ્રેટે નિયમ મુજબ નિવેદન નોંધ્યુ છે, મેજિસ્ટ્રેટની કામગીરી સાચી છે તેવુ અનુમાન થાય છે, મેજિસ્ટ્રેટનુ સર્ટી.પણ પુરાવાના કાયદાની કલમ–૧૧૪(સી),૮૦ મુજબ વંચાય છે, આ સાહેદ ખોટુ બોલે છે માટે સાહેદ સામે કાર્યવાહી કરવા વિનંતી કરી છે, આ સાહેદની ગેરકાયદેસર અટકાયત કરી હોય તો કયાંય રજૂઆત કે ફરિયાદ કરી નથી, મેજિસ્ટ્રેટ સાહેબ સમક્ષ કાંઇ લખાવ્યુ નથી તો આ અંગેની રજૂઆત કે ફરિયાદ કયાંય કરી નથી, આ સાહેદે ઊલટતપાસમાં કરેલા તમામ આક્ષેપો ખોટા છે, રીમાન્ડ દરમ્યાન કોઇપણ આરોપીએ કોર્ટ સમક્ષ કોઇપણ જાતની ફરિયાદ કે રજૂઆત કરી નથી , બચાવપક્ષને સમર્થન મળે તે માટે જ આ સાહેદ ફરી ગયેલા છે, આ સાહેદ સામાન્ય માણસ નથી મલ્ટી નેશનલ કંપનીમાં નોકરી કરી છે, ડૉકટરોને મળેલા છે, ભણેલા છે, આ સાહેદ બચાવપક્ષે તૈયાર કરેલા સાહેદ છે, કોર્ટમાં જુબાની આપતા પહેલા તેને ત્રાસ આપ્યાની કોઇ રજૂઆત કરી નથી, આ સાહેદનુ ક્રિ. પ્રો. કોડ કલમ–૧૬૪ મુજબનુ નિવેદન પણ વંચાણે લેવા માટે વિનંતી કરી છે.

વિ.સહાયક પી.પી.શ્રી અમિત પટેલ વધુમાં અગત્યના સાહેદ મહમદ રફીક બાબાને સાહેદ નં.૧૧૩૧ તરીકે આંક–૮૧૧૮ થી તપાસેલા છે તેઓની જુબાની વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે આ સાહેદ તા.૩–૪–૨૦૧૯ ના રોજ હાજર હતા અને આંક–૮૧૧૪થી બચાવપક્ષે પ્રવર્તમાન સંજોગોમાં અન્ય વકીલશ્રીઓ સાથે મિટિંગ કરવાની છે માટે મુદ્દત આપવા માટે વિનંતી કરેલી આ વખતે સાહેદે તાત્કાલિક જુબાની નોંધવા માટે અરજી આપેલી, આંક–૮૧૧૪ની અરજી ઉપર ફરિયાદપક્ષે તાત્કાલિક પુરાવો નોંધાય તે માટે શેરો કરેલો છે, આ કેસ બીજા દિવસે રાખવામાં આવેલો છે, બચાવપક્ષે આંક–૮૧૨૦ થી અરજી આપેલી, બચાવપક્ષ જાણે છે કે આ સાહેદ પરદેશ રહે છે તેમ છતાં

ઊલટતપાસ માટે બચાવપક્ષે પંદર દિવસનો સમય માંગેલો છે, ફરીવાર સાહેદે અરજી આપેલી કે તેમને તપાસી લેવામાં આવે, આ સાહેદનો પુરાવો વંચાણે લેવાય નહીં માટે બચાવપક્ષે સમય માંગીને સમય પસાર કરેલો છે, આ સાહેદનુ ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૪ નુ નિવેદન છે, આ સાહેદે ઇકબાલ અને કયામુદ્દીનને ઓળખેલા છે, આ સાહેદની ઊલટતપાસ કરવાની બચાવપક્ષને તક હતી તેમ છતાં ઊલટતપાસ કરી નથી અને ઊલટતપાસની તક જવા દીધી છે જેથી આ સાહેદનો પુરાવો વંચાણે ન લેવાય તેવો બચાવપક્ષનો વાંધો ગ્રાહ્ય રખાય નહીં.

અગત્યના સાહેદ તરીકે એૈયાજ રજાકમીંયા સૈયદને સાહેદ નં. ૧૧૪૧ તરીકે ફરિયાદપક્ષે તપાસેલા છે તેઓએ જેલ ઓથોરીટી દ્વારા અરજી મોકલી ગુન્હાની સ્વૈચ્છિક કબૂલાત કરેલી જેથી તા.૧૪–૩–૨૦૧૯ ના રોજ નામદાર કોર્ટ મધ્યસ્થ જેલ અમદાવાદ ખાતે ગયેલ અને આરોપીને હાજર કરવા જણાવતા આરોપી હાજર રહેલ અને આરોપીને પ્રશ્નો પુછેલા, તપાસ કરનાર અમલદારને પણ કબૂલાત બાબતે જવાબ રજૂ કરવા જણાવેલ જે જવાબ આંક–૮૦૭૫ થી રજૂ છે ત્યારબાદ તા.૨૭–૩–૨૦૧૯ ના રોજ આરોપીને માફી આપવાનો હુકમ કરેલો, એૈયાજ રજાકમીંયા સૈયદે હુકમની શરતોનો સ્વીકાર કરે છે તેમ લખી આપેલુ, કોર્ટે કરેલ માફીના હુકમને બચાવપક્ષે નામદાર ગુજરાત હાઇકોર્ટમાં પડકારેલ હતો પરંતુ તે નામંજૂર થતા માફીનો હુકમ કાયમ થયેલો છે, ફરિયાદપક્ષે એૈયાજ રજાકમીંયા સૈયદને સાહેદ તરીકે તપાસેલા છે તેમની જુબાની મુજબ સને–૨૦૦૧થી શાહપુર વિસ્તારમાં જવાનુ થતુ હતુ તે વિસ્તારમાં "સીમી" બોર્ડ લગાવેલુ હતુ, બાબરી મસ્જિદનુ પણ પોસ્ટર હતુ, મકાનમાં ગયેલા ત્યાં એક વ્યકિત રૂમમાં બેઠેલા તેણે પોતાનુ નામ આરીફ કાગઝી જણાવેલુ, આરીફે જણાવેલ કે ભારતમાં મુસ્લિમો ઉપર અત્યાચાર થાય છે જેથી મુસ્લીમોમાં "જેહાદ" ની ભાવના જગાવવાનુ જણાવેલુ, વારંવાર "સીમી" ની ઓફીસમાં આ સાહેદ જતા હતા, બાબરી મસ્જિદના પુનઃનિર્માણ માટે સીમી પ્રયત્નો કરે છે, આરોપી નં.૪,૬,૨૭ સાથે મુલાકાત થયેલી, બીજા પણ છોકરા હતા, આ બધા ભેગા થઇ તકરીર કરતા, આવા પ્રોગ્રામો સને–૨૦૦૫ થી સને–૨૦૦૮ સુધી

થયેલા, જુહાપુરામાં અલીમા અને યાકુબના ઘરે પણ પ્રોગ્રામો થયેલા, દરીયાપુરમાં સમસુદ્દીનના નાનાના ઘરે પણ પ્રોગ્રામ થયેલા, આરોપી નં.૪, ૬, ૧૧,૧૨, ૧૫, ૩૭ પણ મિટિંગોમાં હતા, મિટિંગોમાં વી.સી.ડી.પ્લેયર ચલાવી સીડી બતાવી કેવી રીતે જેહાદ કરવી, બોમ્બ કેવી રીતે બનાવવા વિગેરે બતાવતા હતા, વટવાનુ મકાન ભાડે રાખવા માટે અબ્દુલ રાજીકે બે લોકોની ઓળખાણ આ સાહેદે કરાવેલી, બે માણસોને મકાન રાખી ભાડે આપેલુ તે કયામુદ્દીન, અબ્દુલ સુભાન હતા, મકાનમાં તૌકીર, કયામુદ્દીન રહેતા હતા કયારેક મુફ્તિ અબુબસર પણ રહેતો હતો, કયામુદ્દીને લાલ દરવાજા પાસેના સ્વીમીંગ પુલના ફોર્મ લાવી આપવાનુ કહેતા લાવી આપેલા ત્યારબાદ કયામુદ્દીન, અબ્દુલ રાજીક તથા આ સાહેદ નરોડા પાટીયા બાજુ ગયેલા, બોમ્બ બ્લાસ્ટ કરવાનો દિવસ ૨૬ જુલાઇ ૨૦૦૮ નક્કી થયેલો, મહંમદ રાજીક રીક્ષામાંથી ઉતરેલા તેની પાસે ચાર પ્લાસ્ટિકની અને કપડાની થેલીઓ હતી, રાજીકે ઉતર્યા પછી સામે જઇ સાઇકલ લઇને આવેલા અને બોમ્બ સાઇકલ ઉપર મુકવાની સુચના આપેલી ત્યારબાદ કયામુદ્દીને બતાવેલી જગ્યા ઉપર સાઇકલ બોમ્બની થેલી સાથે મુકી દીધેલી, બસ નં.૬૬/૩ માં બોમ્બવાળી બીજી થેલી લઇને બેસી ગયેલા, થેલી સીટ નીચે મુકી દીધેલી, ઘરે ગયા પછી ટી.વી.જોતા બોમ્બ બ્લાસ્ટ અમદાવાદમાં થયાના સમાચાર આવતા હતા, ૬૬/૩ નંબરની બસમાં જે બોમ્બ મુકેલો તે ફુટેલો નહીં તે કલોલ પાસે ખાત્રજ ગામની સીમમાંથી મળેલો, આ કામમાં જે પુરાવા મળ્યા છે તેને આ સાહેદના પુરાવાથી સમર્થન મળે છે, આ સાહેદ આંક–૮૦૫૬વાળી અરજી કરેલાનુ જણાવી અરજીમાં સહી ઓળખી બતાવે છે, આરોપી સફદર નાગોરી, સીબલી, સાદુલી, મુફ્તિ અબુબસર, મહમદ ઉસ્માન ઉર્ફે રાજીક, કયામુદ્દીન કાપડીયા, મહંમદ આરીફ, સમસુદ્દીન શેખને ઓળખી બતાવેલા છે, સાદુલી અને સીબલી બંને ભાઇઓ છે ચહેરા સરખા છે તેવો ખુલાસો કરેલો છે, કયામુદ્દીનનો ફોટો તથા સહી ઓળખી બતાવે છે, આ સાહેદની ઊલટતપાસ જોતાં આ સાહેદની જુબાનીને નહીં માનવાનુ કોઇ કારણ નથી, સાહેદ નં.૯૫૭ જાકીરહુસેને અને સાહેદ ફીરોજ દીલાવરે વટવાના મકાન બાબતે પુરાવો આપેલો

છે, સાહેદ નં.૯૩૨ અબ્બાસ રાજી વોરાએ પી.સી.ઓ. ઉપરથી ફોન કરેલા બાબતે પુરાવો આપેલો છે અને ઐયાજને ઓળખેલા છે જે પંચનામુ આંક–૩૧૩૯ થી ૨જૂ છે, સાહેદ નં.૯૩૫ કીશનલાલ જાંટે ઐયાજ તથા બીજો વ્યકિત ફ્રૂટ સલાડ પીવા આવેલા હોવાથી ઓળખેલા છે જે પંચનામુ આંક–૩૧૩૯ થી ૨જૂ છે, સાહેદ નં.૫૮૮ ઓળખપરેડ કરાવનાર સાહેદ છે, સાહેદ નં.૮૧૦, ૮૧૨ પંચ છે અને આંક–૫૪૭૦ થી પંચનામુ ૨જૂ છે તે ઐયાજે બસમાં બોમ્બની થેલી મુકી છે તે જગ્યાનુ પંચનામુ છે, આ પંચનામાને તેમજ ઉપરોકત સાહેદોની જુબાની દ્વારા તપાસેલા ઐયાજની જુબાનીને સમર્થન મળે છે.

સાબરમતી સેન્ટ્રલ જેલ, અમદાવાદ ખાતે આરોપીઓને બેરેકમાંથી બહાર લાવવા માટે હેડકવાર્ટર મુકામેથી જાપ્તો મળેલ નહીં જેથી આરોપીઓની ગેરહાજરી હોવાથી આરોપીઓના વકીલશ્રીઓએ ફરિયાદપક્ષની દલીલો તેમની ગેરહાજરીમાં નહીં કરવા માટે વિનંતી કરી છે જેથી ફરિયાદપક્ષની વધુ દલીલો મુલત્વી રાખેલ છે.

વિ.સહાયક પી.પી.શ્રી અમિત પટેલ વધુમાં દલીલો કરતા જણાવે છે કે સાહેદ નં.૧૧૪૧ ઐયાજ સૈયદના પુરાવાને સમર્થન આપતા પુરાવામાં ફરિયાદપક્ષે સાહેદ નં.૮૩૩ તરીકે આંક–૫૬૨૧ થી તપાસેલા સાહેદની જુબાની મુજબ પંચ તરીકે બોલાવ્યા ત્યારે આરોપીનુ નામ પુછતા મહંમદ સાજીદ અબ્દુલ રાજીક જણાવેલુ, ઐયાજને બોમ્બ આપેલા તે સ્થળ તેમજ જયાં બોમ્બ મુકેલા તે સ્થળ તેમજ થેલી ખરીદેલી તે સ્થળ, અલમહમદી સોસાયટીવાળુ મકાન વિગેરે જગ્યાઓ બતાવેલી છે, આ પંચનામુ આંક–૫૬૨૨ થી ૨જૂ છે, આ પંચનામુ કરનાર વી.આર.ટોળીયા હતા અને આ અંગે પુરાવો આપનાર મયુર ચાવડાને સાહેદ નં.૧૧૬૩ તરીકે તપાસેલા છે. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૯૭૪ તરીકે આંક–૬૮૦૭ થી તપાસેલા પંચ સાહેદ કે જેઓ કલમ–૨૭ મુજબના પંચનામાના પંચ સાહેદ છે, આ પંચ સાહેદે જણાવ્યા મુજબ પોલીસે પંચમાં રહેવા બોલાવેલા, આરોપીએ પોતાનુ નામ મુજીબ શેખ જણાવેલુ, કયામુદ્દીનના કહેવાથી સાઇકલો આપેલી, આ પંચ રૂબરૂ આરોપી મુજીબે જગ્યા બતાવેલી,

સાઇકલો કયામુદ્દીને આપેલી તે નારોલ સર્કલ પાસે હનુમાનજીના મંદિર પાસેની જગ્યા બતાવેલી, આ પંચનામુ આંક–૬૮૦૮ થી રજૂ છે, આ પંચનામુ કરનાર અધિકારી ઉષા રાડા છે જેઓને સાહેદ નં.૧૧૫૪ તરીકે તપાસેલા છે, પંચ સાહેદ હોસ્ટાઇલ હોય તો પણ તપાસ કરનાર અમલદારને માની શકાય, આ પંચ સાહેદ હોસ્ટાઇલ નથી, તપાસ કરનાર અમલદારે પણ આ બાબતે જુબાની આપી છે, આ પંચની હાજરીમાં ગુજરનાર આરોપી મુજીબ શેખે જગ્યા બતાવેલી છે, આ પંચનામાથી આરોપી નં.૨૩,૩૭,૭૫ ગુના સાથે જોડાય છે. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૧૦૮૨ તરીકે આંક–૭૩૮૬ થી તપાસેલા પંચ સાહેદ કે જેઓ કલમ–૨૭ મુજબના પંચનામાના પંચ સાહેદ છે, આ પંચ સાહેદે જણાવ્યા મુજબ પોલીસે પંચમાં બોલાવેલા અને આરોપીનુ નામ પુછતાં આરોપી નં.૭૫ નાએ પોતાનુ નામ જણાવેલુ, આરોપીએ જુદી–જુદી જગ્યાઓ બતાવેલી, જુહાપુરા યુનિક એપાર્ટમેન્ટની પાર્કીંગવાળી જગ્યા, અંબર ટાવરના પાર્કીંગવાળી જગ્યા, નારોલ સર્કલ હનુમાનજી મંદિરની પાછળ વાળી જગ્યા બતાવેલી, આ પંચનામુ આંક–૭૩૮૭ થી રજૂ છે, આ પંચનામુ કરનાર તપાસ કરનાર અધિકારી કે.એન. પટેલને સાહેદ નં.૧૧૧૬ તરીકે તપાસેલા છે તેમણે જુબાનીના પાન નં.૬ ઉપર પેરા–૪(૨) માં આ પંચનામાની હકીકતો જણાવી છે. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૩૪૬ તરીકે આંક–૧૮૬૬ થી તપાસેલા પંચ સાહેદ કે જેઓ ગુન્હાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ છે, આ પંચ સાહેદે જણાવ્યા મુજબ આરોપી એૈયાજ સૈયદે સાઇકલ ઓળખેલી, સાઇકલ ઓળખનુ પંચનામુ આંક–૫૫૧૨ થી રજૂ છે, આ સાઇકલ જે જગ્યાએ મુકેલી તે જગ્યાનુ પંચનામુ આંક–૫૪૭૦ થી રજૂ છે, એૈયાજ સૈયદે આંક–૧૧૪૧ ની જુબાનીમાં પણ આ અંગે જણાવેલુ છે, કલોલ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ગુના કામે બસમાંથી જે બોમ્બ મળેલો તે પંચનામાના પંચને સાહેદ નં.૩૪૯ તરીકે તપાસેલા છે તે જગ્યા બતાવ્યાનુ પંચનામુ આંક–૫૪૭૦ થી રજૂ છે, બસ નં.૬૬/૩ છે, બોમ્બ ડીફ્યુઝ કરેલ તેમાંથી જે સામગ્રી નિકળેલી તે સામગ્રી કબજે કર્યાનુ પંચનામુ આંક–૨૦૮૦ થી રજૂ છે, એૈયાજ સૈયદના પિતાએ નોકીયા કંપનીનો મોબાઇલ ફોન રજૂ કર્યો છે તે

પંચનામાની વિગતે કબજે કરેલો છે, ઐયાજે આ મોબાઇલ દ્વારા વાતો કર્યાનુ જણાવેલુ છે. વધુમાં ફરિયાદપક્ષ તર્ફે સાહેદ નં.૮૧૧ તરીકે આંક–૫૪૬૨ થી તપાસેલા પંચ સાહેદ રૂબરૂ આરોપી ઐયાજે અજય ટેલીકોમ ઉપરથી આરોપી કયામુદ્દીને ફોન કરેલો તે જગ્યા બતાવેલી, આ પંચનામુ આંક–૫૫૬૩ થી રજૂ છે, આ પંચનામુ સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડા રૂબરૂ થયેલુ છે, આ સાહેદ નં.૧૧૬૩ નાઓએ પોતાની જુબાનીના પેરા–૩૧(૧૨) માં આ પંચનામાની વિગતો જણાવી છે, આમ એપ્રુવરના પુરાવાને ઉપરોકત પંચો તથા પંચનામા દ્વારા સમર્થન મળે છે.

વિ.સહાયક પી.પી.શ્રી અમિત પટેલ વધુમાં ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૪ ના નિવેદનો બાબતે દલીલો કરતા જણાવે છે કે આરોપીઓના ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૪ ના નિવેદનોને આંક આપવા માટે ફરિયાદપક્ષે આંક–૮૨૭૮ થી અરજી આપેલી, આ નિવેદનો પુરાવાના કાયદાની કલમ–૧૧૪(ઇ) તથા ૮૦ ની જોગવાઇ ધ્યાને રાખી ફરિયાદપક્ષની અરજી મંજૂરી રાખેલી જેથી આ નિવેદનો વંચાણે લઇ શકાય. આરોપી નં.(૨) ઇમરાન ઇબ્રાહીમ શેખનુ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે આ આરોપીને જજ સાહેબ રૂબરૂ હાજર કર્યા છે અને સ્વેચ્છાએ નિવેદન આપવા કહ્યુ છે, આરોપીને વિચારવા માટે સમય આપ્યો છે ત્યારબાદ મેજિસ્ટ્રેટે નિવેદન નોંધ્યુ છે, આ નિવેદન વાંચીને તેમાં આરોપીએ સહી કરી છે તે અંગે મેજિસ્ટ્રેટે પ્રમાણપત્ર આપેલુ છે, આરોપીની અરજી, કોર્ટનો હુકમ, ચીફ કોર્ટનો પત્ર તથા આરોપીનુ નિવદેન આંકે પાડી રજૂ કરેલા છે. વધુમાં આરોપી નં. (૨૧) મહેંદી હસન ઉર્ફે વિક્કી સન ઓફ અબ્દુલ હમીદ અંસારી, આરોપી નં.(૨૪) અશોક કાળાભાઇ કબીરા તેમજ આરોપી નં.(૩૫) રફીયુદ્દીન સરફુદ્દીન કાપડીયાએ સ્વેચ્છાએ નિવેદન નોંધવાની અરજી આપતા મેજી.સાહેબે ચીફ કોર્ટને પત્ર લખેલો, ચીફ કોર્ટ દ્વારા કબૂલાત નોંધવા હુકમ કરેલો, આરોપીને મેજિસ્ટ્રેટ સાહેબ રૂબરૂ હાજર કર્યા છે અને સ્વેચ્છાએ નિવેદનો આપવા કહ્યુ છે, આરોપીને વિચારવા માટે સમય આપ્યો છે ત્યારબાદ મેજિસ્ટ્રેટે નિવેદનો નોંધ્યા છે, આ નિવેદનો વાંચીને તેમાં આરોપીઓએ સહી કરી છે તે અંગે મેજિસ્ટ્રેટે

પ્રમાણપત્ર આપેલુ છે, આરોપીઓની અરજી, કોર્ટનો હુકમ, ચીફ કોર્ટનો પત્ર તથા આરોપીઓના નિવદેનો આંકે પાડી રજૂ કરેલા છે, કોઇ દબાણ કે ધાક, ધમકી વિના નિવેદન આપેલા છે, આરોપી નં.(૭૬) મંજર ઇમામે જે.એમ.એફ.સી. કેરાલા (કોચી) સમક્ષ નિવેદન નોંધાવેલુ છે તેની પ્રમાણિત નકલ ફરિયાદપક્ષે રજૂ છે, મેજિસ્ટ્રેટે તમામ પ્રોસીજરનુ પાલન કર્યુ છે, આ નિવેદનની નકલને પુરાવાના કાયદાની કલમ–૧૧૪(ઇ), ૮૦ ની જોગવાઇઓ ધ્યાને રાખી ફરિયાદપક્ષની અરજી આધારે આંક આપેલ છે, આ આરોપી પોતાના નિવેદનથી બીજા આરોપીઓને પણ ગુના સાથે સંડોવે છે.

વિ.સહાયક પી.પી.શ્રી અમિત પટેલ વધુમાં દલીલો કરતા જણાવે છે કે આરોપી અશોક કબીરભાઇ કાળાએ નામદાર ગુજરાત હાઇકોર્ટમાં પીટીશન કરેલી છે તેનો અર્થ એવો નથી કે તેણે કોઇ ગુનો કર્યો નથી, આરોપી રફીયુદ્દીનનુ નિવેદન ધ્યાને લેતાં તે ઘર છોડીને જતો રહેલો હતો જયારે કયામુદ્દીન જુબાનીમાં જણાવે છે કે તેને માર્ચ મહીનાથી એમ.પી.પોલીસ પકડી લઇ ગયેલી પરંતુ તે ખોટુ છે, આરોપીઓએ ઘણા લાંબા સમય પછી નિવેદનો પરત ખેંચવા અરજી આપી છે જે જાણી જોઇને બચાવ ઉભો કરવા માટે આપેલી છે, આરોપીઓ ઘણા બનાવોમાં સંડોવાયેલા છે જેથી એક ગુનામાં રીમાન્ડ પુરા થયા પછી બીજા ગુનામાં રીમાન્ડ આપેલા છે તે ગેરકાયદેસર નથી, બીજા ગુનાના કામે આરોપીઓને રજૂ કરી તપાસ કરનાર અધિકારીએ રીમાન્ડ અરજી આપી ત્યારે પણ આરોપીઓએ બળજબરીથી નિવેદનો લખાવી લીધેલાનુ જણાવ્યુ નથી.

વિ.સહાયક પી.પી.શ્રી અમિત પટેલ વધુમાં દલીલો કરતા જણાવે છે કે ફરિયાદપક્ષ દ્વારા આરોપીઓ વિરૂધ્ધ મુકવામાં આવેલ ચાર્જ સાબિત કરવામાં આવેલો છે, ફરિયાદપક્ષ તર્ફે કાવતરાનો ચાર્જ પુરવાર કરનાર સાહેદ નં. ૯૫૭, ૧૧૧૫, ૧૧૪૧, ૧૧૧૭, ૧૧૩૧ છે, આરોપીઓ સીમીના સભ્યો છે તે અંગે તેમજ તેની પ્રવૃતિ પુરવાર કરનાર સાહેદ નં.૯૫૭, ૧૧૧૫, ૧૧૪૧, ૧૧૧૭, ૧૧૩૧ છે તથા આરોપી નં.૨, ૨૧, ૨૪, ૩૫, ૭૬ ના ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૪ ના નિવેદનો રેકર્ડ ઉપર છે, આરોપીઓએ બોમ્બ બનાવવાની

તાલિમ લીધેલી તથા તે અંગે ડેમોસ્ટ્રેશનના પુરાવા આપનાર સાહેદ નં.૧૧૪૧ છે તથા આરોપી નં.૨, ૨૧ ના ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૪ ના નિવેદનો રેકર્ડ ઉપર છે, અમદાવાદ અને સુરતમાં બોમ્બ બ્લાસ્ટ કરવાનુ કાવતરૂ આરોપીઓએ ઘડેલુ તે અંગે પુરાવો આપનાર સાહેદ નં.૯૫૭, ૧૧૧૫, ૧૧૧૭, ૧૧૩૧, ૧૧૪૧ છે, વાઘમોન કેમ્પમાં આરોપીઓની હાજરી અંગે પુરાવો આપનાર સાહેદ નં.૧૧૪૭, ૧૧૪૧, ૧૧૪૮, ૯૦૫, ૯૮૯, ૯૯૦, ૧૧૬૩ છે તથા આરોપી નં.૨, ૭૬ ના ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૪ ના નિવેદનો રેકર્ડ ઉપર છે, આરોપીઓએ હાલોલ પાવાગઢના જંગલોમાં જાન્યુઆરી–૨૦૦૮ ના અરસામાં ટ્રેનીંગ લીધેલી, જેહાદી ભાષણો કરેલા અને બોમ્બ બનાવવાની ટ્રેનીંગ આપી, અપાવેલી તે અંગે પુરાવો આપનાર સાહેદ નં.૧૧૦૫, ૧૧૧૭, ૧૧૩૧ છે અને આરોપી નં.૨, ૨૧, ૩૫ ના ક્રિ.પ્રો. કોડ કલમ–૧૬૪ ના નિવેદનો રેકર્ડ ઉપર છે, આરોપીઓએ મોટર સાઇકલ તથા ટાટા સુમો ગાડીનો બ્લાસ્ટમાં ઉપયોગ કરેલો તે અંગે પુરાવો આપનાર સાહેદ નં. ૫૯૧, ૬૧૭, ૫૯૨, ૮૭૭, ૯૪૦, ૯૪૧, ૯૭૨, ૯૮૧ છે, આરોપીઓએ મોટર સાઇકલ તથા ટાટા સુમો વાહનોનો ઉપયોગ હાલોલ પાવાગઢ ખાતે યોજેલ કેમ્પમાં કરેલો તે અંગે સાહેદો તપાસેલા છે, જે આરોપીઓ પકડાયા છે તેઓએ તપાસ કરનાર અમલદારને સ્થળ ઉપર લઇ જઇ પંચોની હાજરીમાં ગુના વાળી જગ્યા બતાવી છે તે અંગેના પંચનામા તથા પંચોની જુબાનીઓ રેકર્ડ ઉપર છે, વાહનો કબજે કર્યાના પંચનામા પણ રેકર્ડ ઉપર છે અને તે અંગે પંચોની જુબાનીઓ પણ થયેલી છે, આરોપીઓ પકડાયા પછી જે, જે જગ્યાઓ બતાવી તે તપાસ કરનાર અમલદારો જુદા–જુદા હતા, અગાઉ એક આરોપીએ જગ્યા બતાવી અને પંચનામુ બનાવ્યુ પરંતુ બીજા આરોપી પકડાયા પછી ફરીથી તે જગ્યાનુ પંચનામુ બને નહીં, બન્યુ હોય તો પણ પુરાવામાં વંચાણે ના લેવાય તેવુ નથી, હાલના કામે બનાવો જુદા–જુદા છે, તપાસ કરનાર અમલદારો પણ જુદા–જુદા છે, તપાસના તબક્કે તમામ કેસો ભેગા થયેલા ન હતા, કેમ્પ બાબતેનુ તહોમતનામુ ફરિયાદપક્ષે પુરવાર કરેલુ છે, લોકોમાં ધીક્કાર પેદા થાય, સરકાર સામે ધીક્કાર ઉભો થાય તે માટેના પુરાવા રજૂ થયા છે, નાણાકીય ભંડોળ ભેગુ

કરવા બાબતેનો પુરાવો આરોપી નં.૭૬ ના ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૪ ના નિવેદનમાં છે, આ નિવેદનમાં આરોપીએ ભંડોળ ભેગુ કરેલાનુ જણાવેલુ છે, અમદાવાદ, સુરત મુકામે હોસ્પિટલોવાળી જગ્યાઓ ઉપર તથા ગીચ વસ્તીવાળી જગ્યાઓ ઉપર બોમ્બ મુકવાની આરોપીઓએ રેકી કરેલી છે તે અંગે ફરિયાદપક્ષ તર્ફે સાહેદો તપાસેલા છે, આરોપીઓઓ બોમ્બ બનાવવાની ચીજવસ્તુઓ તથા સામગ્રી ખરીદેલી તે અંગે સાહેદો તપાસેલા છે, આરોપી નં.૩૭ નાએ બ્લાસ્ટમાં ઉપયોગમાં લેવા શર્ટ ખરીદેલા છે તે શર્ટ ફજુર રહેમાન પાસેથી ખરીદેલા પરંતુ તે બિમાર હોવાથી તેને તપાસેલા નથી પરંતુ જે તે વખતે તેમણે આરોપી નં.૩૭ ને મેજિસ્ટ્રેટ રૂબરૂ ઓળખી બતાવેલા છે, અલ મહમદી સોસાયટીમાંથી જે વાસણો કબજે કર્યા તે અંગે પંચો તપાસેલા છે, પંચનામુ રજૂ છે તથા આરોપીને પંચ સાહેદોએ ઓળખી બતાવેલા છે, આરોપીઓ દ્વારા થેલીઓ, બેરલ, સીલીન્ડર, મોબાઇલ ફોન વિગેરે જે જગ્યાએથી ખરીદેલા તે બાબતે પંચો તપાસેલા છે, પંચનામા રજૂ છે, આરોપીઓએ ઘડિયાળો જે જગ્યાએથી ખરીદેલી તે દુકાનદારને તપાસેલા છે અને તપાસ કરનાર અમલદાર રૂબરૂ આરોપી નં.૩૧ ને ઓળખી બતાવેલા છે, ૧૩ વોલ્ટની બેટરી વેચનાર સાહેદે આરોપી નં.૩૭ ને બેટરી વેચેલી છે, પ્લાસ્ટીકની થેલીઓ તથા કેનવાસનુ કાપડ જયાંથી ખરીદેલુ તે અંગે સાહેદો તપાસેલા છે તેઓએ પણ આ વસ્તુ આરોપી નં.૩૭ ને વેચેલી છે, સુરત ખાતે બોમ્બ પ્લાન્ટ કરવા માટે જે, જે જગ્યા ઉપરથી નટ બોલ્ટ, પતરૂ, ખીલી વિગેરે ખરીદેલા તે અંગે સાહેદો તપાસેલા છે અને આરોપી નં.૪૩, ૪૫, ૬૩ નાઓને ઓળખી બતાવેલા છે, બોમ્બમાં ફીટ કરવા માટે ઘડિયાળો ખરીદ કરી ટાઇમર ચીપ તૈયાર કરેલી છે તે અંગેના પુરાવા પણ રેકર્ડ ઉપર રજૂ કર્યા છે , બોમ્બ બ્લાસ્ટ માટે ગેસના બોટલો જે દુકાનદારો પાસેથી ખરીદ કરેલા તેઓને સાહેદ તરીકે તપાસેલા છે, આરોપીઓએ જે જગ્યાઓ ઉપરથી સાઇકલો ખરીદ કરેલી તે સાઇકલોની ઓળખ વિધી પંચો રૂબરૂ થયેલી છે, સાઇકલો વેચાણની બિલ બુક કબજે કરેલી છે, રજીસ્ટરો કબજે કરેલા છે, આરોપી નં.૨૭, ૩૬ એ પોતાને અટક કર્યા પછી જે જગ્યાએથી સાઇકલો ખરીદ કરેલી તે દુકાનો બતાવેલી છે, સાહેદ નં.

૪૮૮ એ પોતાને ત્યાંથી ખરીદેલી સાઇકલો ઓળખી બતાવેલી છે, સાહેદ નં.૮૨૯ નાએ એક સાઇકલ આરોપી નં.૨૭ ને વેચેલી હોવાનુ જુબાનીમાં જણાવેલ છે, આરોપી નં.૨૭ એ જે દુકાનેથી સાઇકલો લીધેલી તે દુકાનો તપાસ કરનાર અમલદાર સાહેદ નં.૧૧૬૩ સમક્ષ બતાવેલી છે અને તેનુ પંચનામુ રજૂ છે, અમદાવાદ મુકામે સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટર પાસે જે બ્લાસ્ટ થયેલો તેમાં વેગન આર કારનો ઉપયોગ થયેલો છે, વેગન આર કાર ચોરી થયેલી તે અંગે સાહેદ નં.૯૮૦ ને તપાસેલા છે, જે જગ્યાએ ગાડીઓ પાર્ક કરેલી તે જગ્યાએથી ગાડીઓ ચોરી થયેલી તે જગ્યા મુંબઇ ખાતે આરોપી નં.૬૯, ૭૦ નાએ બતાવેલી છે તે અંગે પંચો રૂબરૂ પંચનામુ થયેલુ છે, આરોપી નં.૨૮ એ આ ગાડી બોમ્બ સાથે જે જગ્યાએ મુકેલી તે જગ્યા પણ આરોપી નં.૨૮ એ તપાસ કરનાર અમલદાર તથા પંચો રૂબરૂ બતાવેલી છે, જે ગાડીઓ ચોરાયેલી તેના કેસમાં આરોપી છુટી ગયા છે તેનો અર્થ એવો ન થાય કે તે ગાડીનો ઉપયોગ ગુજરાતમાં બ્લાસ્ટ કરવા થયો નથી, તે ચોરાયેલી ગાડીનો ઉપયોગ સિવિલ હોસ્પિટલમાં બ્લાસ્ટ કરવા કરેલો છે, એલ.જી.હોસ્પિટલમાં મારૂતિ–૮૦૦ નો ઉપયોગ બ્લાસ્ટ કરવા માટે થયેલો છે, ગાડી ચોરાઇ ગયેલી તેની ફરિયાદ રજૂ છે, જે લોકોની ગાડી ચોરાયેલી તેઓને સાહેદો તરીકે તપાસેલા છે, ચોરાયેલી ગાડીઓ એકસપ્રેસ હાઇવે ઉપરથી અમદાવાદ લાવવામાં આવેલી તથા રીલાયન્સ પેટ્રોલ પંપ ઉપર પેટ્રોલ ભરાવેલુ છે, હાઇવે ઉપર ગાડી રીપેર કરાવેલી તે અંગેના તમામ પુરાવા રેકર્ડ ઉપર છે, મુંબઇ થી આરોપી નં.૬૯, ૭૦ એ ગાડી ચોરી કરીને સુરત રેલવે સ્ટેશન સામે પાર્કીંગમાં મુકેલી તે અંગેનુ પંચનામુ સાહેદ નં. ૧૦૮૯ એ બનાવેલુ છે તે અંગેના પંચને સાહેદ નં.૯૧૬ તરીકે તપાસેલા છે, આરોપી નં.૪૩ એ આરોપી નં.૪૯ પાસેથી કાયનેટીક ખરીદેલ તે કાયનેટીક બસ્તર ગુલામે રજૂ કરેલ તે અંગે પંચનામુ બનાવેલુ છે, અલમહમદી સોસાયટી દાણીલીમડાવાળુ મકાન તે મકાનના માલિક કુખરાજ બાનુએ આરોપી નં.૩૭ ને ભાડે આપેલુ અને ઓળખ પરેડ દરમ્યાન આરોપી નં. ૩૭ ને સાહેદ નં.૫૯૮ એ ઓળખી બતાવેલ છે, મકાન ભાડે રાખેલુ તે અંગે મજબુત પુરાવા રજૂ કરેલા છે, મકાન ઉપર ઇલેકટ્રીકનુ

કામ કરવા માટે સાહેદ નં.૧૦૦૪ ગયેલા હતા, આ મકાન સૌપ્રથમ આરોપી નં.૧ એ પંચો રૂબરૂ બતાવેલુ છે, મકાનમાંથી સી.ડી. મળેલ તેની ઉપર ચાન્સ પ્રિન્ટ મળેલી જે આરોપી નં.૩૮ની હતી, જુદા– જુદા આરોપીઓને અટક કર્યા પછી પંચો રૂબરૂ જગ્યા બતાવેલી તેના પંચનામા થયેલા છે, મકાનના વાસણો સાહેદોએ ઓળખી બતાવેલા છે, અલમહમદી સોસાયટીનુ મકાન ભાડે રાખ્યાનો પુરાવો રેકર્ડ ઉપર રજૂ છે, મકાનમાંથી બોમ્બ બનાવવાનો સામાન મળેલો છે, કાવતરા દરમ્યાન બીજુ મકાન ઉમરાવનગર વટવા ખાતે ભાડે રાખેલુ છે, આ મકાનમાં આરોપી નં.૧૫ રહેતા હતા ત્યારે નજીકમાં આવેલી હોટલ ગરીબ નવાઝમાં જમવા જતા હતા તે હોટલવાળા સાહેદ નં.૯૨૯ એ આરોપી નં.૧૫ ને સાહેદ નં.૫૭૧ રૂબરૂ ઓળખી બતાવેલા છે, અકમલ ફલેટ, વડોદરાવાળુ મકાન આરોપી નં.૧૪ એ તપાસ કરનાર અમલદારને પંચો રૂબરૂ બતાવેલુ છે, ભરૂચ ખાતે લુકમાનપાર્ક વાળુ મકાન આરોપી નં.૪૫ એ પંચો રૂબરૂ તપાસ કરનાર અમલદારને બતાવેલુ છે, શેરપુરા ભરૂચ ખાતેનુ મકાન પણ આરોપી નં.૧૪, ૪૫ એ પંચો રૂબરૂ તપાસ કરનાર અમલદારને બતાવેલુ, આ મકાનમાં આરોપી નં.૧૪, ૪૩, ૪૪, ૪૫ રોકાયેલા હતા, અશોકા મ્યુઝ, પુના ખાતે પણ આરોપી નં.૩૨, ૫૧ એ મકાન ભાડે રાખેલુ, મરણ ગયેલ આરોપી મુજીબ શેખના મકાનની તપાસ દરમ્યાન જડતી થયેલી છે, વડોદરા ખાતે આરોપી નં.૭ ના મકાનનો ઉપયોગ કાવતરા દરમ્યાન કરેલો છે, આ મકાન બાવામનપુરા, વડોદરા ખાતે આવેલુ છે, આરોપી નં.૭ ના કાકાના મકાનનો ઉપયોગ કાવતરા દરમ્યાન થયેલો છે, આરોપી નં.૨ ના મકાનનો ઉપયોગ પણ થયેલો છે, આરોપી નં.૮ ના મકાનમાંથી પણ મુદ્દામાલ સામગ્રી મળી આવેલી છે, આરોપી નં.૨૫ નાએ પણ પોતાનુ મકાન બતાવેલુ આ મકાનમાંથી બોમ્બ બનાવવાનુ લખાણ મળી આવેલુ છે જે પંચો રૂબરૂ પંચનામુ કરી કબજે કરેલ છે, તહોમતનામા મુજબ ગાડીની ચોરી કર્યાનો આક્ષેપ નથી પરંતુ "ગાડી ચોરી કરાવીને" તે મુજબનો આક્ષેપ છે, ચોરેલી ગાડીની ઓળખ છુપાવવા માટે આ ગાડીઓની નંબર પ્લેટો ખોટી બનાવેલી છે, ગાડીમાં આરોપી નં.૪૫ એ જે જગ્યાએથી ગેસ ભરાવેલો તે જગ્યા પણ બતાવી

છે, જે જગ્યાએ ગાડી પાર્ક કરેલી તે સુરતની તમામ જગ્યાઓ બતાવી છે, ગાડીઓમાં બોમ્બ સાથેનો સામાન મળી આવેલો છે, આરોપી નં.૬૯, ૭૦ નાઓએ આ ગાડીઓની ડીલીવરી કયાં થયેલી તે જગ્યા બતાવેલી છે, આરોપીઓએ ઓળખ છુપાવવા માટે ખોટા દસ્તાવેજો બનાવી સીમકાર્ડ મેળવી આ સીમકાર્ડનો ફોન કરવામાં ઉપયોગ કરેલો છે, આરોપી નં.૩૭ એ જે જગ્યાએથી સીમકાર્ડ, મોબાઇલ ખરીદેલા તે જગ્યા પંચો રૂબરૂ બતાવેલી છે, દસ્તાવેજો ખોટા છે તે માટે એફ.એસ.એલ. નો પુરાવો રજૂ છે તે પુરાવા આરોપી નં.૩૭ ને ગુના સાથે સાંકળે છે, તમામ ખોટા દસ્તાવેજો કબજે કરેલા છે, જે એસ.ટી.ડી. પી.સી.ઓ.નો ઉપયોગ થયેલો હતો તે જગ્યા આરોપી નં. ૨૩, ૩૭ એ બતાવેલી છે તે અંગેના પંચનામા થયેલા છે અને તે પંચનામા રેકર્ડ ઉપર રજૂ છે, આરોપી નં.૩, ૪, ૭, ૨૩ ના સગાઓએ ગુનામાં ઉપયોગ થયેલા મોબાઇલ ફોનો રજૂ કર્યા છે, સુરત ખાતે કાવતરા દરમ્યાન જુદા-જુદા એસ.ટી.ડી. પી.સી.ઓ.નો ઉપયોગ થયેલો જે જગ્યાઓ આરોપી નં.૧૪, ૨૯, ૩૭, ૬૩ નાઓએ બતાવેલી છે, આરોપીઓએ કાવતરા દરમ્યાન ઓળખ છુપાવવા માટે બીજા નામો ધારણ કરેલા છે, એકબીજા સાથે સંપર્કમાં રહેવા માટે કમ્પ્યુટરોનો ઉપયોગ થયેલો છે તે અંગેના પુરાવા રેકર્ડ ઉપર છે, ગુના અંગે એકબીજાને ઇમેલ કરેલા છે તે ઇમેલ કબજે કરેલા છે, અનસિકયોર્ડ વાઇ-ફાઇનો ઉપયોગ કરીને કઇ રીતે ઇમેલ કરાય તે આરોપી નં.૩૩, ૩૪ નાઓએ પંચો રૂબરૂ પંચનામાની વિગતે બતાવેલુ છે, આરોપી નં.૩૪ એ હૈદરાબાદ ખાતે એથીકલ હેકીંગનો કોર્ષ કરેલો છે અને સામે ચાલીને પંચનામા દરમ્યાન તે પ્રમાણે ડેમોસ્ટ્રેશન પણ કરી આપેલ છે, આરોપી નં.૩૩, ૩૪ કમ્પ્યુટરનુ સારૂ જ્ઞાન ધરાવે છે તેમના દ્વારા ટેરર ઇમેલ કરવામાં આવેલા છે, કાવતરા દરમ્યાન રેલવે બુકીંગ કરાવેલા, હોટલોમાં રોકાણ કરેલુ, મકાનો ભાડે રાખેલા, જગ્યાની રેકી કરેલી તે અંગેના તમામ પુરાવા રેકર્ડ ઉપર છે, પુના ખાતે આવેલી કમલેશ્વર હોટલમાં રોકાયેલા તેનુ રજીસ્ટર રજૂ છે ત્યાં આરોપી રોકાયેલા, આરોપી નં.૩૭ ના હસ્તાક્ષરના નમૂના મેળવેલા છે, બીજા આરોપીઓ પણ પુના ખાતે રોકાયેલાનો પુરાવો રજૂ છે, પ્રિન્સ હોટલનુ

રજીસ્ટર કબજે કરેલુ છે, શ્રી હરી ટુરીસ્ટ, હોમ કેરાલા, હોટલ નર્મદા, હોટલ રેવન, હોટલ હરી મંગલામાં આરોપીઓ રોકાયેલા તે અંગેના પુરાવા રજૂ છે, આ હોટલોના રજીસ્ટર તથા પાના પંચો રૂબરૂ પંચનામા કરી કબજે કરેલા છે જે જોતાં આરોપી નં.૧૪, ૨૮, ૩૭, ૪૫, ૬૯, ૭૦ નાઓને આ ગુના સાથે સાંકળે છે, જે હોટલોમાં આરોપીઓ રોકાયેલા તે હોટલો વાળાને ફરિયાદપક્ષે સાહેદો તરીકે તપાસેલા છે, આરોપીઓ ખોટા નામે રોકાયેલા છે, ખોટી સહીઓ કરેલી છે, સુરતમાં માસ્તર હાઉસ ખાતે રોકાયેલા તે અંગેના પુરાવા રેકર્ડમાં સામેલ છે જે આરોપી નં.૩૭, ૪૫, ૬૩ ને ગુના સાથે સાંકળે છે.

વિ.સહાયક પી.પી.શ્રી અમિત પટેલ વધુમાં દલીલો કરતા જણાવે છે કે હોટલ કમલેશ્વરમાં આરોપી નં.૩૭ રોકાયેલા તે હોટલનુ રજીસ્ટર પંચનામુ કરી કબજે કરેલુ છે તે રજીસ્ટરમાં આરોપી નં.૩૭ નાએ એન્ટ્રી કરેલી, હસ્તાક્ષર નિષ્ણાંત કે.પી.વ્યાસે આ હસ્તાક્ષર અંગે અભિપ્રાય આપેલો છે, પ્રિન્સ હોટલમાં આરોપી રોકાયેલા તે અંગે સાહેદ તપાસેલા છે તેમણે રજીસ્ટર રજૂ કર્યુ છે તેમાં આરોપીએ એન્ટ્રી કરી છે આરોપી નં.૬૯ ના હસ્તાક્ષરના નમૂના લીધેલા છે, હસ્તાક્ષર નિષ્ણાંત મનોહર તહેલીયાણીએ અભિપ્રાય આપેલો છે, શ્રી હરી ટુરીસ્ટ હોમના રજીસ્ટરનુ પાનુ રજૂ કરેલુ છે તે અંગે આરોપી નં.૧૪ ના હસ્તાક્ષરના નમૂના લીધા છે, હસ્તાક્ષર નિષ્ણાંતે અભિપ્રાય આપેલો છે, હોટલ હરી મંગલાના રજીસ્ટરનુ પાનુ રજૂ થયુ છે, હોટલ નર્મદાના રજીસ્ટરનુ પાનુ રજૂ થયુ છે, આરોપી નં.૪૫ ને ઓળખ પરેડ દરમ્યાન હોટલનુ પાનુ રજૂ કરનારે ઓળખેલા છે, હોટલ રેવનના રજીસ્ટરનુ પાનુ ગુલામભાઈએ રજૂ કર્યુ છે, આરોપી નં.૪૫ ને ગુલામ ભાઈએ ઓળખ પરેડ દરમ્યાન ઓળખેલા છે, હોટલના રજીસ્ટરો તથા પાનાઓ કબજે કર્યાના પંચનામા પંચો રૂબરૂ થયેલા છે, પંચો રૂબરૂ આરોપીની સહીના નમૂના લીધા છે, હસ્તાક્ષર નિષ્ણાંતનો અભિપ્રાય આરોપી નં.૪૫ ને ગુના સાથે સાંકળે છે, વલસાડ મુકામે હોટલ આશીર્વાદ ધરાવનાર મગનલાલ ખત્રીએ હોટલ રજીસ્ટરનુ પાનુ રજૂ કર્યુ છે, શ્રીનાથ હોટલ પારડી ખાતે આવેલ છે તેના રજીસ્ટરનુ પાનુ હસનઅલીએ રજૂ કર્યુ છે, આરોપી નં.૨૮, ૬૯, ૭૦ હોટલમાં રોકાયેલા છે

તેમને ઓળખી બતાવેલા છે, હસ્તાક્ષર નિષ્ણાંતનો અભિપ્રાય આરોપી નં.૭૦ ને આ ગુના સાથે સાંકળે છે, બધા આરોપીઓ ગુજરાત આવેલા છે અને ગુજરાતી આરોપીઓને મળેલા છે, કાવતરા દરમ્યાન મુંબઇ થી અમદાવાદ સુધીની હોટલોમાં આરોપીઓ રોકાયેલા છે, જુદી–જુદી જગ્યાએ મકાનો ભાડે રાખી આરોપીઓ રોકાયેલા છે, મિટીંગો કરી છે, બોમ્બ બનાવેલા છે, જગ્યાની રેકીઓ કરેલી છે, ગુનાની તમામ હકીકતો ફરિયાદપક્ષે પુરવાર કરી છે, દરેક આરોપીએ જુદી–જુદી ભૂમિકા ભજવેલી છે અને આ ભૂમિકાની ચેન ફરિયાદપક્ષે પુરવાર કરી છે, આરોપીઓ વિરૂધ્ધ સીધા અને સાંયોગીક પુરાવા રેકર્ડ ઉપર છે, રેકી કરેલ જગ્યાઓ આરોપીઓએ બતાવી છે, આ જગ્યાઓ ઉપર તપાસ કરનાર અમલદાર આરોપીઓને લઇને ગયેલા છે અને પંચો રૂબરૂ આ જગ્યાનુ પંચનામુ થયેલુ છે, આ અંગે પંચ સાહેદોને સોગંદ ઉપર તપાસેલા છે, સાહેદ નં.૮૨૨ પંચ રૂબરૂ આરોપી નં.૨૭ એ જગ્યા બતાવેલી છે, સાહેદ નં.૮૭૩ પંચ રૂબરૂ આરોપી નં. ૩૮ એ જગ્યા બતાવી છે, સાહેદ નં.૮૬૬ પંચ રૂબરૂ આરોપી નં.૩૬ એ જગ્યા બતાવી છે, સાહેદ નં.૮૬૫ પંચ રૂબરૂ આરોપી નં.૨૭ એ જગ્યા બતાવી છે, જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ આ જગ્યા બતાવ્યાના પંચનામા બનાવેલા છે, પંચ જે ભાષા જાણતો હોય તે ભાષામાં પંચનામુ નથી લખાવ્યુ તેથી કરીને પંચનામુ પુરાવામાં અગ્રાહ્ય થતુ નથી, પંચ ગુજરાતી ભાષા જાણતો ના હોય તેથી કરીને તે પંચ સાચો નથી તેવુ મનાય નહીં, પંચની જુબાની માનવી જોઇએ, પંચે પંચનામામાં લખાવ્યુ હોય કે તેમની રૂબરૂમાં આરોપીનુ નામ પુછેલુ, આરોપીનુ નામ પંચે પુછયુ નથી માટે પંચ કે પંચનામુ મનાય નહીં તેવુ નથી, ચોક્કસ સમયે બોમ્બ ધડાકા થયા છે, નિયત સમયે ફુટે તેવા વિસ્ફોટકો બોમ્બમાં મુકવામાં આવેલા છે, સિવિલ હોસ્પિટલમાં જે નુકસાન થયુ, માણસો મરી ગયા, ઇજાઓ થયેલી તે જોતા આવશ્યક સેવા ખોરવવાનો તેમજ વધુ નુકસાન કે મરણ થાય તેવો આરોપીઓનો ઇરાદ્દો હતો, આરોપી નં. ૨૮ એ સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટર પાસેની જગ્યા બતાવતા તેનુ પંચનામુ તપાસ કરનાર અધિકારીશ્રી ટોળીયા સાહેબે પંચો રૂબરૂ બનાવેલુ છે, પંચનામામાં શ્રી

ટોળીયાની સહી અન્ય તપાસ કરનાર અધિકારી મયુર ચાવડા સાહેદ નં.૧૧૬૩ નાએ ઓળખી બતાવી છે, પંચ સાહેદ નં.૮૧૨ ની હાજરીમાં આરોપી નં.૨૩ એ જે જગ્યાએ બોમ્બ મુકેલા તે જગ્યા બતાવી છે, આરોપી નં.૩ નાએ પંચ સાહેદો રૂબરૂ જગ્યા બતાવી છે અને પંચ સાહેદે આરોપીને ઓળખી પણ બતાવેલા છે, પંચ સાહેદ નં.૮૩૩ ની હાજરીમાં આરોપી નં.૨૭ નાએ પોતાનુ નામ જણાવેલુ અને આરોપી નં.૨૭ નાએ જે જગ્યાએ આરોપી નં.૨૩ ને બોમ્બ વાળી થેલી આપેલી તે તથા સાઇકલો મુકી હતી તે જગ્યાઓ બતાવી છે તેનુ પંચનામુ રેકર્ડ ઉપર છે, સાહેદ નં.૧૧૬૩ નાએ આ બાબતે જુબાની આપી છે, સાહેદ નં.૯૩૬ નાએ રાયપુર ચકલા ગોખલે પાન હાઉસ તથા એમ. નારણદાસ એન્ડ કંપની પાસેની દુકાન પાસે સાઇકલ મુકતા બે માણસોને જોયેલા અને આ સાહેદે ઓળખ પરેડની કાર્યવાહી દરમ્યાન સાહેદ નં.૫૮૮ એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ સમક્ષ આરોપી નં.૩૬ ને ઓળખી બતાવેલા છે, કોર્ટમાં કયા કારણોસર આરોપીને ઓળખેલા નથી તેના કારણો સાહેદે જુબાનીમાં જણાવેલા છે, આરોપીને જુબાની દરમ્યાન અદાલતમાં ઓળખી બતાવેલ નથી તેથી કરીને સાહેદની જુબાની ન માનવી તેવુ નથી.

વિ.સહાયક પી.પી.શ્રી અમિત પટેલ વધુમાં દલીલો કરતા જણાવે છે કે પંચો રૂબરૂ આરોપી નં.૩૯ નાએ મણીનગર સાઇકલ સ્ટેન્ડવાળી તથા રૂપ કોમ્પલેક્ષ વાળી, મણીનગર ચાર રસ્તા મહાલક્ષ્મી માર્કેટવાળી જગ્યા બતાવેલી છે, આરોપી નં.૪૦ નાએ પણ સાહેદ નં.૮૮૫ ની હાજરીમાં સ્વામીનારાયણ મંદિર વાળી તેમજ શીવાની એવન્યુ વાળી જગ્યા બતાવેલી છે, આરોપી નં.૨૭ બેરલ માર્કેટ પાસેથી મારૂતિ ૮૦૦ માં બેઠેલા તે જગ્યા તેમજ એલ.જી. હોસ્પિટલના કમ્પાઉન્ડમાં મારૂતિ ૮૦૦ મુકેલી તે જગ્યા પંચ સાહેદ નં.૮૨૭ ની રૂબરૂમાં બતાવેલી છે, આરોપીઓએ કઇ-કઇ જગ્યાઓએ બોમ્બ મુકીને બોમ્બ બ્લાસ્ટ કરેલા તે તમામ જગ્યાઓ આરોપીઓએ બતાવેલી છે તે પુરવાર થાય છે, આરોપીઓએ કરેલા બોમ્બ બ્લાસ્ટથી કુલ-૫૬ લોકો મરણ ગયેલા છે તથા કુલ -૨૪૦ લોકોને ઇજા થયેલી છે, આરોપીઓએ ઇરાદાપૂર્વક બોમ્બ બ્લાસ્ટ કરેલા

છે, આ બોમ્બ બ્લાસ્ટના કારણે સરકારી, ખાનગી મિલકતને નુકસાન થયેલુ છે, સુરત ખાતે ચાર પૈડા વાળા વાહનોમાં મોટા પ્રમાણમાં વિસ્ફોટકો ભરેલી ગાડીઓ બે જગ્યાએ મુકેલી છે અને બાકીની જગ્યાઓએ જીવતા બોમ્બ મુકેલા છે આ તમામ જગ્યાઓ આરોપીઓ બતાવેલી છે, સુરતની જગ્યાઓ આરોપી નં.૬૩ તન્વીર મહંમદ પઠાણે પંચ સાહેદ નં.૪૫૧ રૂબરૂ બતાવી છે અને તપાસ કરનાર અમલદાર સાહેદ નં.૧૧૩૬ નાએ તે જગ્યાનુ પંચો રૂબરૂ પંચનામુ કરેલુ છે, તમામ જગ્યાઓ ઉપરથી બોમ્બ રીકવર થયેલા હતા, બોમ્બ ભરેલી કારો તા. ૨૭-૭-૨૦૦૮ થી તા.૯-૮-૨૦૦૮ દરમ્યાન મળી આવેલી હતી, બનાવો બાદ ટેરર ઈ-મેઈલ કરવામાં આવેલા છે આ અંગે સાહેદ નં.૮૩૬, ૯૦૩, ૯૧૫, ૧૧૨૪, ૧૧૨૫, ૧૧૫૦, ૧૧૫૩ તપાસેલા છે, આ ઈ-મેઈલ કરનાર આરોપી નં. ૧૯, ૩૩, ૩૪, ૭૩ છે, આ ઈમેલ બોમ્બ બ્લાસ્ટ પહેલા અને પછી કરેલા છે, અનસિકયોર્ડ વાયફાયનો ઉપયોગ કરીને આ ઈ-મેઈલ કરવામાં આવેલા છે, ઈમેલ કરી આરોપી નં.૧૯, ૩૩, ૩૪, ૭૩ નાઓએ બોમ્બ બ્લાસ્ટ કરવા સવલતો કરી આપી છે, આરોપીઓએ ગુનાહિત કાવતરૂ કરેલાનુ પુરવાર થાય છે, આરોપીઓ સામે જુદી-જુદી જગ્યાઓ ઉપર મિટિંગ કરેલાનુ પણ તહોમત છે, આ મિટિંગો અંગે સાહેદ નં.૯૫૭, ૧૦૮૧, ૧૦૯૮, ૧૧૧૫, ૧૧૧૭, ૧૧૩૧, ૧૧૪૧ પુરાવો આપે છે તથા આરોપી નં.૨, ૨૧, ૨૪, ૩૫, ૭૬ ના ક્રિ.પ્રો.કોડ કલમ-૧૬૪ ના નિવેદનો રેકર્ડ ઉપર છે, દરિયાપુરમાં સીમી સાથે મિટીંગ કરેલી તે જગ્યા આરોપી નં.૭૮ એ બતાવેલી છે, વાઘમોન કેરાલા તેમજ હાલોલ-પાવાગઢ ખાતે કેમ્પ કરેલા તેના પુરાવા રજૂ કરેલા છે, ઈ.પી.કો.કલમ-૧૨૧(એ) તથા ૧૨૪ (બી) માટે ક્રિ.પ્રો.કોડ કલમ-૧૯૬ ની મંજૂરી આપનાર સાહેદ નં.૭૮૦, ૭૮૧, ૭૮૬, ૭૮૭, ૭૮૮, ૭૮૯, ૭૯૧, ૭૯૨, ૭૯૫, ૧૦૮૫, ૧૦૮૬ છે, આ તમામ સાહેદોએ કાયદાની પ્રક્રિયા અનુસરીને રાજય સરકાર વતી આરોપીઓ સામે કાર્યવાહી કરવા મંજૂરીઓ આપેલી છે, જે સાહેદોએ મંજૂરી આપનાર તરીકે જુબાનીઓ આપેલી છે તે સાહેદોને મંજૂરી હુકમોમાં સહી કરવા સત્તાઓ મળેલી છે, આ કેસમાં રેકર્ડ ઉપર આવેલ સમગ્ર પુરાવો જોતા ઈ.

પી.કો.કલમ–૩૦૨, ૩૦૭, ૩૨૬ પુરવાર થાય છે, તમામ આરોપીઓએ કાવતરામાં સામેલ થઇ મિટીંગો કરી ગુના કરેલા છે, સુરતમાં જે જગ્યાઓએ બોમ્બ મુકેલા તે ફુટયા નથી માટે ગુનો બનતો નથી તેમ ના ગણાય, આરોપીઓનો બોમ્બ મુકી બોમ્બ બ્લાસ્ટ કરવાનો ઈરાદ્દો હતો જ, તપાસેલા સાહેદોની જુબાની દ્વારા ઇ.પી.કો. કલમ–૪૩૫, ૪૩૬, ૪૨૭, ૪૬૫, ૪૬૮, ૪૭૧ ના ગુનાઓ ફરિયાદપક્ષે આરોપીઓ વિરૂધ્ધ પુરવાર કર્યા છે, બોમ્બ બ્લાસ્ટ કરવાથી માનવના રહેણાંક માટે બનાવેલી મિલકતોને નુકસાન થશે તેવુ જાણવા છતાં આરોપીઓએ બોમ્બ બ્લાસ્ટ કરેલા છે, આરોપી નં.૧૪ નાઓ શ્રી હરી ટુરીસ્ટ હોમમાં રોકાયેલા તે અંગે તેમણે રજીસ્ટરમાં એન્ટ્રી કરી છે, હોટલના માલિકે આ રજીસ્ટર રજૂ કર્યુ છે જે રજીસ્ટર પંચો રૂબરૂ પંચનામાની વિગતે કબજે કરેલુ છે, આરોપીના હસ્તાક્ષર લઇ એફ.એસ.એલ.માં મોકલેલા છે, સાહેદ નં. ૯૯૦ દ્વારા જુબાની આપેલ છે કે આરોપીના અક્ષરો નમૂનાના અક્ષરો સાથે મળતા આવે છે, આરોપીને જુબાની દરમ્યાન ઓળખ્યો ન હોય કે તેણે એન્ટ્રી કરી નથી કે અક્ષરો તેના નથી માટે આરોપી સંડોવાયેલા નથી તેમ ના મનાય, આરોપી નં.૩૭ પોતાની ઓળખ છુપાવી કમલેશ્વર હોટલ ખાતે રોકાયેલા, હોટલ રજીસ્ટરનુ પાનુ રજૂ થયુ છે, હસ્તાક્ષરના નમૂના લઇ એફ.એસ.એલ.માં મોકલ્યા છે, આ અક્ષરો મળતા આવે છે તે અંગે સાહેદ નં.૯૯૦ પુરાવો આપે છે, આરોપી નં.૩૭ નાએ બીજી વ્યકિતના નામે સ્વીમીંગ પુલ,અમદાવાદમાં ફોર્મ રજૂ કરેલુ, આ ફોર્મમાં આરોપી નં.૩૭ નો ફોટો છે, આ અક્ષરો સાહેદ નં.૧૧૪૧ એ પોતાના હોવાનુ અને સહી આરોપી નં.૩૭ ની છે તેવુ કહેલુ છે, સીમકાર્ડ જયાંથી મેળવેલા તે જગ્યાઓ પણ આરોપી નં.૩૭ એ પંચો રૂબરૂ બતાવી છે, આરોપી નં.૩૭ વાપી મુકામે હોટલ ઇન્ટરકોન્ટીનેટલમાં રોકાયેલા, ખોટી એન્ટ્રીઓ કરેલી, આ હોટલના મેનેજરને ફરિયાદપક્ષે તપાસેલા છે, આ રજીસ્ટરનુ પાનુ કબજે લીધુ છે, આરોપી નં.૩૭ ના હસ્તાક્ષરના નમૂના લીધા છે, સાહેદ નં.૧૧૧૩ એ આપેલ અભિપ્રાય મુજબ આ અક્ષરો આરોપી નં.૩૭ ના જ છે, આરોપી નં.૪૩ એ ખોટા નામે કાયનેટીક હોન્ડા ખરીદેલુ અને વેચેલુ છે, આ વેચાણ કરાર રેકર્ડ ઉપર રજૂ

છે, આરોપી નં. ૪૩ ના હસ્તાક્ષરના નમૂના લીધા છે, સાહેદ નં.૧૧૧૩ એ કહેલુ છે કે આ અક્ષરો આરોપી નં.૪૩ ના જ છે, પંચો રૂબરૂ લખાણ લખાવેલુ હોય તો તે કુદરતી લખાણ જ ગણાય, આરોપીએ અગાઉ લખેલુ લખાણ જ કુદરતી લખાણ કહેવાય તેવુ નથી, પંચોની હાજરીમાં લખાણ લખે તો તે પણ કુદરતી લખાણ છે, હસ્તાક્ષર નિષ્ણાંતને નહીં માનવાને કોઇ કારણ નથી, એક વ્યકિત એક માણસ માટે અથવા દસ માણસ માટે રૂમ બુક કરાવે તો તે કાવતરાના ભાગ રૂપે રૂમ બુક કરાવેલો કહેવાય માટે બધા જ આરોપીઓ સરખી રીતે જવાબદાર ગણાય, આરોપી નં.૬૩ નાએ સુરત ખાતે પોતાનો મોબાઇલ તેમજ પાઇપ બોમ્બ કોઝવે માં નાંખી દીધેલો તે જગ્યા પંચો રૂબરૂ બતાવી છે, મોબાઇલ ફોન ખાડીમાં નાંખી દીધેલો તે જગ્યા પણ આરોપી નં.૬૩ નાએ બતાવી છે, મોબાઇલ શોધવા ફાયર બ્રિગેડના માણસો ગયેલા તેમને પણ તપાસવામાં આવેલા છે, અનલોકુલ એકટીવીટી એકટ હેઠળના ગુના માટે પણ ફરિયાદપક્ષે આજ પુરાવા રજૂ કર્યા છે તે ઉપરથી આરોપીઓ વિરૂધ્ધના ગુના પુરવાર થાય છે, અનલોકુલ એકટીવીટી એકટની કલમ–૪૫ હેઠળ મંજૂરી બાબતે પુરાવો આપનાર સાહેદ નં.૭૮૦, ૭૮૬, ૭૮૭, ૭૮૯, ૭૯૧, ૭૯૨, ૭૯૫, ૧૦૮૫, ૧૦૮૬ છે, આરોપીઓ વિરૂધ્ધ કાર્યવાહી કરવા માટે મંજૂરી આપવા માટે જે પેપર્સ તપાસ કરનાર અમલદારે મોકલેલા છે તે પેપર્સ કેવી રીતે મુકાયા, કોણે મંજૂરીની સંમતિ આપી અને ત્યારબાદ કેવી રીતે મંજૂરી તૈયાર થયેલી અને તેમાં કોણે સહીઓ કરી છે તે તમામ બાબતો પુરવાર થાય છે, મંજૂરી આપનારે માઇન્ડ એપ્લાય કરીને મંજૂરીઓ આપી છે.

વિ.સહાયક પી.પી.શ્રી અમિત પટેલ વધુમાં દલીલો કરતા જણાવે છે કે અનલોકુલ એકટીવીટી એકટની કલમ–૧૬(૧)(બી) સાથે વાંચતા કલમ–૧૮ મુજબનો ગુનો સાબિત કરવા માટે ફરિયાદપક્ષે ઉપર ચર્ચા કર્યા મુજબનો પુરાવો રજૂ કર્યો છે, અમદાવાદ તથા સુરત મુકામે બનેલ બનાવો અંગે કાવતરા અંગેનો પુરાવો ભેગો છે, તમામ બનાવો બાબતે તમામ આરોપીઓનુ કાવતરૂ ભેગુ છે, અનલોકુલ એકટીવીટી એકટની કલમ–૨૦, ૨૩, ૩૮, ૪૦ વિગેરે મુજબનો

ગુનો સાબિત કરવા માટે પણ ઉપર ચર્ચા કર્યા મુજબના પુરાવા રેકર્ડ ઉપર છે, અમદાવાદ તથા સુરતના કેસોમાં કલમ–૪૦ મુજબનો સીધો પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી પરંતુ આરોપી નં.૭૬ ના ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૪ ના નિવેદનમાં આ જાહેર થયેલુ છે, આરોપીઓ વિરૂધ્ધ એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ–૩, ૪, ૫, ૬ મુજબના ગુન્હાનુ તહોમતનામું પણ ફરમાવેલુ છે, આ ગુનો પુરવાર કરવા માટે પણ ઉપર ચર્ચા કર્યા મુજબનો પુરાવો છે, આ તમામ બનાવો કાવતરાથી થયેલા છે, આ ગુના અંગે પ્રોસીકયુશનની મંજૂરી આપનાર સાહેદો અનુક્રમે સાહેદ નં.૭૯૦, ૭૯૩, ૭૯૪, ૭૯૬, ૮૦૪, ૮૦૫, ૮૦૮, ૮૭૫, ૧૦૯૩, ૧૦૯૫, ૧૧૦૧, ૧૧૦૪ છે, ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટે આ મંજૂરીઓ આપેલી છે, તમામ મંજૂરીઓ પુરવાર થયેલી છે, ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટને જ મંજૂરીઓ માટે તપાસવા જોઇએ તેવુ નથી, આરોપીઓ વિરૂધ્ધ ડેમેજ ટુ પબ્લીક પ્રોપર્ટી એકટની કલમ–૩, ૩(૨), ૪ મુજબના ગુનાનુ પણ તહોમતનામુ ફરમાવેલુ છે, આ બનાવોમાં ધણી જાહેર તેમજ ખાનગી મિલકતોને નુકસાન થયેલુ છે, આ અંગેના પુરાવા પણ રેકર્ડ ઉપર રજૂ થયેલા છે, આરોપીઓ વિરૂધ્ધ આઇ.ટી.એકટની કલમ–૬૫, ૬૬ મુજબના ગુનાનુ તહોમતનામું છે તે અંગેના પુરાવા પણ રેકર્ડ ઉપર રજૂ છે, આરોપીઓએ અનસિકયોર્ડ વાય–ફાયનો ઉપયોગ કરીને ઇમેલ કરેલા છે, આરોપીઓ વિરૂધ્ધ આર્મ્સ એકટની કલમ–૨૫(૧)(બી) મુજબના ગુનાનુ પણ તહોમતનામું છે, આરોપી નં. ૭ નાએ જે મકાન બતાવેલુ છે તેમાંથી હથિયાર મળી આવેલુ છે, મકાનોમાંથી મળી આવેલ વસ્તુઓ આરોપીઓને ગુના સાથે સાંકળે છે, આર્મ્સ એકટની મંજૂરી આપનાર અધિકારીઓને તપાસ્યા નથી પરંતુ આ મંજૂરીઓ ફરિયાદપક્ષે પુરવાર કરી છે, પ્રત્યક્ષ, પરોક્ષ તેમજ સાંયોગીક પુરાવાઓથી ફરિયાદપક્ષે આરોપીઓ વિરૂધ્ધ તહોમતનામાં મુજબનો કેસ પુરવાર કરેલો છે.

વિ.સહાયક પી.પી.શ્રી અમિત પટેલ વધુમાં દલીલો કરતા જણાવે છે કે આરોપીઓએ હાલોલ–પાવાગઢના જંગલોમાં કેમ્પ કર્યો છે તે જગ્યાઓ આરોપી નં.૧ નાએ બતાવી છે, પંચ સાહેદ નં.૯૦૪ દિપકકુમાર દલવાડી અને

અન્ય પંચ રૂબરૂ આ આરોપીએ ટ્રેનીંગવાળી જગ્યા બતાવવાનુ જણાવી આ જગ્યા બતાવેલી છે, હેલીકૈલ વાવ પાસે તારની વાડમાંથી આરોપી આગળ લઇ ગયેલા છે, તંબુ બાંધેલી જગ્યા બતાવેલી છે, કુટેલા કુગ્ગા, છરા મળી આવતા તે કબજે કરી સીલ કરેલા છે, એક મિનાર મસ્જિદ અને ખુંદપીરના દરગાહ આરોપીએ બતાવેલી છે આ અંગેનુ પંચનામુ આંક–૬૪૮૦ થી રજૂ છે, એફ.એસ.એલ. અધિકારી હીંગરાજીયાએ મુદ્દામાલ કબજે કરાવેલો છે અને આ મુદ્દામાલ પૃથક્કરણ માટે મોકલેલો છે, સ્થળ ઉપર એરગનનો ઉપયોગ થયેલો છે તે પુરવાર થાય છે, બચાવપક્ષે બચાવ છે કે આ સ્થળે મેળા ભરાતા હોય છે અને મેળામાં એરગનથી લોકો કુગ્ગા ફોડતા હોય છે પરંતુ જંગલમાં મુખ્ય રોડથી ૧૫૦–૨૦૦ મીટર દુર મેળા ભરાતા નથી કે ત્યાં લોકો જતા હોતા નથી માટે આ બચાવ માની શકાય તેમ નથી, આ વિસ્તાર અને જગ્યા જોતા બચાવપક્ષનો બચાવ અયોગ્ય છે, આરોપી નં.૧ નાએ દાણીલીમડા ખાતે આવેલ અલમહમદી સોસાયટી વાળુ મકાન પંચો રૂબરૂ બતાવેલુ છે તે અંગેના પંચ સાહેદ નં.૯૫૩ બળદેવ કસ્તુરચંદ પ્રજાપતિ છે,આરોપીએ મકાન નં.૧૦ બતાવેલુ છે, એફ.એસ. એલ.વાળા પાંચ સાહેબો રૂબરૂ આરોપીને પુછતાં આરોપીએ આ જગ્યા બતાવેલી છે, મકાનમાંથી લાલ વાયરનુ ગુંચળુ, ડાયરી, સીડી, છ આની બોલ્ટ, કાતર, પક્કડ, ટેપ પટ્ટીના રોલ, ડોલચુ, તુટેલી સીડી વિગેરે પંચો રૂબરૂ કબજે કરેલુ છે તે અંગેનુ પંચનામુ આંક–૬૬૫૬ થી રજૂ છે, મકાન માંથી ત્રિકોણ આકારના બોલ્ટ મળી આવેલા છે, આવા બોલ્ટ બીજી જગ્યાએથી પણ મળી આવેલા છે, તમામ મુદ્દામાલ પંચોને બતાવેલો છે, બધો મુદ્દામાલ પંચ સાહેદે ઓળખી બતાવેલો છે, આ બાબતે સાહેદ નં.૧૧૫૪ તપાસ કરનાર અમલદાર સુ.શ્રી ઉષા રાડાએ પણ પોતાની જુબાનીમાં પુરાવો આપેલો છે, સ્થળ તપાસણીનો રીપોર્ટ એફ.એસ.એલ. અધિકારીએ આપેલો છે તે રેકર્ડ ઉપર રજૂ કરેલો છે, મકાન માલિક કુખરાજબાનુનુ નિવેદન પણ નોંધવામાં આવ્યુ છે, મકાનમાંથી મળેલા વાસણોની ઓળખ કરાવેલી છે, એફ.એસ.એલ.અહેવાલ આંક–૫૭૬૬ થી રજૂ છે, બીજો અભિપ્રાય આંક–૭૯૫૮ થી રજૂ છે, મલ્ટીમીટર સુરતના કાપોદ્રા

પોલીસ સ્ટેશન ખાતે નોંધાયેલ ગુના કામે પણ મળી આવેલુ છે, સાઇકલો ઉપર બ્લાસ્ટ થયેલા, સાઇકલનુ કેરીયર પણ મકાનમાંથી મળી આવેલ છે, બીજા કેસોમાં જે મુદ્દામાલ મળેલો તેવો મુદ્દામાલ મકાનમાંથી મળી આવે છે જેથી બનાવને સમર્થન મળે છે, પ્રિન્સ કંપનીની તુટેલી ઘડિયાળો મળી આવેલી છે તે ઘડિયાળો કયાંથી ખરીદી છે તે જગ્યાઓ આરોપીએ પંચો રૂબરૂ બતાવેલી છે, સાહેદ નં.૯૫૮ તરીકે એફ.એસ.એલ.અધિકારી અનીલ ચતુરભાઇ પ્રજાપતિને તપાસેલા છે તેઓ ફિંગરપ્રિન્ટ એક્ષ્પર્ટ છે, આરોપીઓના આંગળાની છાપો મંગાવેલી છે, આરોપી નં.૩૮ મહંમદ સૈફની આંગળાની છાપ મળી આવેલ સીડી ઉપરથી મળી આવેલી છે, એફ.એસ.એલ.અધિકારીને મુદ્દામાલ બતાવતા ઓળખી બતાવેલો છે, સાહેદ નં.૧૧૬૦ તરીકે તપાસેલા ઉસ્માનગની મંસુરી કે જેઓ ફિંગર પ્રિન્ટ ઓપરેટર હતા તેમણે આરોપીઓની ફિંગર પ્રિન્ટો મેળવેલી હતી, ફિંગર પ્રિન્ટ લેવા માટે તેમણે તાલીમ લીધેલી છે, સાહેદ નં.૧૧૬૧ તરીકે તપાસેલા ભુપેન્દ્રસિંહ વાધેલા કે જેઓ પણ ફિંગર પ્રિન્ટ ઓપરેટર હતા તેમણે પણ અમુક આરોપીઓની ફિંગર પ્રિન્ટ મેળવેલી હતી તેમણે પણ ફિંગર પ્રિન્ટ લેવા માટે તેમણે તાલીમ લીધેલી છે, આ સાહેદોએ કેવી રીતે આરોપીઓની ફિંગર પ્રિન્ટ લીધેલી તેની પ્રક્રિયા પોતાની જુબાનીઓમાં જણાવેલી છે, આંક–૬૭૨૫ ઉપર આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે, આરોપી નં.૩૮ ની ફિંગર પ્રિન્ટ મળી આવેલ મુદ્દામાલ ઉપર હોવાનુ સદર સાહેદ જણાવે છે, આરોપીઓ તરફથી બચાવ છે કે ફિંગર પ્રિન્ટનો પુરાવો ઉભો કર્યો છે પરંતુ તેવુ નથી, જો પુરાવો ઉભો કરવો જ હોય તો બીજા કેટલાય આરોપીઓ વિરૂધ્ધ પણ પુરાવો ઉભો કરેલો હોય, આમ આરોપી નં.૧ નાએ બતાવેલ મકાનમાંથી મુદ્દામાલ મળેલો છે, નવા, જુના શર્ટ મકાનમાંથી મળેલા છે, જે વસ્તુઓ મકાનમાંથી મળેલી તે વસ્તુઓ બોમ્બ સાથે સંકળાય છે, બોમ્બ આ મકાનમાં બનાવેલાની હકીકતને સમર્થન મળે છે, આરોપી નં.૩૮ ની ફિંગર પ્રિન્ટ સીડી ઉપર મળી છે, આમ સંજોગોની ચેઇન સ્થાપિત થાય છે, પંચ સાહેદની જુબાની દરમ્યાન કોઇ

બાબત બોલવાની રહી ગયેલ હોય તેથી કરીને ફરિયાદપક્ષનો કેસ ફેંકી દેવાય નહીં.

વિ.સહાયક પી.પી.શ્રી અમિત પટેલ વધુમાં અમદાવાદના વટવા ઉમરાવનગરના મકાન બાબતે દલીલો કરતા જણાવે છે કે આ મકાન આરોપી નં. ૧૫ નાએ પંચ સાહેદ નં.૮૯૮ બીપીન છોટાલાલ પટેલ રૂબરૂ બતાવેલુ છે, પંચોની હાજરીમાં આ મકાનનુ પંચનામુ બનાવેલુ છે, આરોપી નં.૨૩ નાએ આ મકાન અન્ય આરોપીઓને ભાડે અપાવેલુ છે, આરોપી નં.૩૭ અલમહમદી સોસાયટી વાળા મકાનમાં તથા વટવા ઉમરાવનગરવાળા મકાનમાં ભાડે રહ્યા છે, પંચ નં.૮૯૮ એ આપેલ જુબાની મુજબ આ મકાનમાંથી અંગ્રેજી પેપર, પ્લાસ્ટિકની કોથળી, કોથળીમાં લાલ, કાળા વાયરના ટુકડા, બોલ્ટ, ૪૦ નંગ છરા મળી આવતા પંચો રૂબરૂ કબજે કરી સીલ કરેલા છે, દિવાલ ઉપરથી ચુનો ખોતરીને પડીકી વાળેલી છે, આ પંચ સાહેદે મુદ્દામાલ ઓળખી બતાવેલો છે, સાહેદ નં.૧૧૬૩ તપાસ કરનાર અમલદાર મયુર ચાવડા પોતાની જુબાનીના પાન નં.૧૫ ઉપર પેરા નં.૩(૫) માં આ હકીકત જણાવે છે, આરોપી નં.૧ ની ઓફીસમાંથી પણ છરા મળેલા છે તે બાબતનો પુરાવો પંચ સાહેદ તથા તપાસ કરનાર અમલદાર સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાએ આપેલો છે, આરોપી નં.૧૪ સાજીદ મંસુરી છે, આ આરોપીએ પંચો રૂબરૂ જગ્યા બતાવેલી છે, પંચ સાહેદ નં. ૮૭૮ રૂબરૂ આરોપી કાંઇ કહેવા, બતાવવા માંગે છે તેવુ જણાવેલુ છે, આરોપીએ પોતાનુ નામ સાજીદ મંસુરી જણાવેલ છે, આરોપીના બતાવ્યા મુજબના રસ્તે અકમલ ફલેટ ઉપર ગયેલા છે ધરનુ તાળુ તોડેલુ, ઘરમાંથી મળી આવેલ વસ્તુઓ પંચો રૂબરૂ પંચનામુ કરી કબજે કરેલી છે, આ પંચ સાહેદની જુબાની તથા તપાસ કરનાર અમલદારની જુબાનીને નહીં માનવાને કોઇ કારણ નથી.

વિ.સહાયક પી.પી.શ્રી અમિત પટેલ વધુમાં દલીલો કરતા જણાવે છે કે આરોપી નં.૧૪ મહંમદ સાજીદે ભરૂચ ખાતે લુકમાનપાર્કવાળુ મકાન બતાવેલુ છે તે બાબતે તા.૧૯-૮-૨૦૦૮ ના રોજ પંચો રૂબરૂ પંચનામુ બનાવેલુ છે તે પંચનામાના પંચને સાહેદ નં.૮૯૪ તરીકે તપાસેલા છે, આ પંચની

હાજરીમાં સદર મકાનમાંથી મુદ્દામાલ કબજે કરી સીલ કરેલો છે, પંચનામુ આંક–૬૩૫૯ થી રજૂ છે, આ પંચ સાહેદે મુદ્દામાલ કોર્ટમાં જુબાની દરમ્યાન ઓળખી બતાવેલો છે, આ મુદ્દામાલ તપાસણી અર્થે એફ.એસ.એલ.માં મોકલેલ હતો તેનો અભિપ્રાય આંક–૫૯૫૭ થી રજૂ છે, તા.૨–૮–૨૦૦૮ ના રોજ આરોપી નં.૧૪ નાએ ભરૂચ, શેરપુરા ખાતે આવેલુ મકાન પંચ સાહેદ નં.૯૧૭ ની હાજરીમાં બતાવેલુ છે, પંચની હાજરીમાં આરોપીએ પોતાનુ નામ સાજીદ મંસુરી જણાવેલુ તે કાંઇ કહેવા બતાવવા માંગતા હતા અને આરોપીના કહેવા બતાવ્યા પ્રમાણે શેરપુરા ગામે ગયેલા અને મકાન બતાવેલુ તે મકાનનુ તાળુ તોડેલુ, એફ.એસ.એલ. અધિકારીને આ મકાનમાંથી ટેપનો ટુકડો મળેલો તે સીલ કરેલો, મકાનના ઉપરના માળના કબાટમાંથી વાયરો, બુક, પ્લાસ્ટિકના ટુકડા, છાપા મળી આવેલા તે તમામ મુદ્દામાલ પંચનામાની વિગતે પંચો રૂબરૂ કબજે કરેલો તે અંગેનુ પંચનામુ આંક–૬૫૪૦ થી રજૂ છે, આ મુદ્દામાલનો એફ.એસ.એલ. અહેવાલ આવેલો છે તે જોતાં તેમાં એમોનીયમ નાઇટ્રેટ તથા પેટ્રોલીયમ હાઇડ્રો કાર્બનનુ મિશ્રણ હતુ, આરોપી ઉસ્માન અગરબત્તીવાલાએ પણ સામે ચાલીને પંચ સાહેદ નં.૮૮૯ ની હાજરીમાં મકાન બતાવેલુ, આ મકાનમાંથી મળી આવેલ સી.ડી. ડી.વી.ડી.ઉપરથી ચાન્સ પ્રિન્ટ મળી આવેલી, મકાનના પેટી પલંગ માંથી થેલા કાઢેલા, આ થેલામાંથી એક રામપુરી ચપ્પુ, એરગન, ભરેલી પિસ્તોલ અને જેહાદી સી.ડી.ઓ મળેલી જે પંચો રૂબરૂ કબજે કરી સીલ કરેલી છે, આ અંગેનુ પંચનામુ આંક–૬૩૭૦ થી રજૂ છે, જુબાની દરમ્યાન પંચ સાહેદે આ મુદ્દામાલ ઓળખી બતાવેલો છે, મુદ્દામાલ પંચ સ્લીપો, પંચનામા ઉપર પંચોએ પોતાની સહીઓ ઓળખી બતાવી છે, આરોપીને જુબાની દરમ્યાન કેમ ઓળખેલ નથી તેના કારણો પણ આપેલા છે, મુદ્દામાલના પૃથક્કરણમાં કાર્બનની હાજરી જણાયેલી છે, મુદ્દામાલ છરામાં પણ અલ્પ પ્રમાણમાં ધાતુ જણાઇ આવેલી છે, એક એર પીસ્તોલ પણ મકાનમાંથી મળી આવેલી હતી તે અંગે એફ.એસ.એલ. માંથી અભિપ્રાય આપેલો છે, આ પિસ્તોલ ફોડી શકાય તેવી હતી, આ પિસ્તોલથી ફાયરીંગ કરવામાં આવે તો પિસ્તોલથી ઈજા થઇ શકે તેવો અભિપ્રાય

છે, બીજી પિસ્તોલ પણ ચાલુ હાલતમાં જણાઇ આવેલી છે, આ પિસ્તોલના કારતુસ પણ સક્રિય હોવાનો અભિપ્રાય છે, રબ્બરના કુગ્ગા મળી આવેલા છે તેવા જ કુગ્ગા હાલોલ–પાવાગઢની કેમ્પોવાળી જગ્યા ઉપરથી મળેલા છે જે સરખા છે, મકાનમાંથી પાઇપ પણ મળી આવેલ છે આ પાઇપનો ઉપયોગ બોમ્બ બનાવવા માટે થાય તેવો પણ અભિપ્રાય છે, પિસ્તોલનો ઉપયોગ ન થયો હોય તેનો અર્થ એવો નથી કે ગુનો બનતો નથી, આરોપીઓએ ગેરકાયદેસર હથિયાર તો રાખેલુ છે, મુદ્દામાલ આરોપીએ એવી જગ્યાએથી કાઢેલો કે તે જગ્યાની આરોપીને જાણ હતી, પંચ સાહેદ નં.૮૮૬ ની હાજરીમાં કુગ્ગાની થેલી મળી આવેલી તે પંચો રૂબરૂ કબજે કરી સીલ કરેલી છે, આરોપી નં.૭ નાએ પંચ સાહેદ નં.૮૭૯ ની હાજરીમાં વડોદરા તાઇવાડાનુ મકાન બતાવેલુ છે, આ મકાનમાંથી પેનડ્રાઇવ મળી આવેલી છે જે ડબ્બીમાં મુકી દોરી બાંધી પંચો રૂબરૂ સીલ કરેલ છે તે અંગેનુ પંચનામુ આંક–૬૨૯૦ થી રજૂ છે, પંચ સાહેદે મુદ્દામાલ સી.ડી. તથા પેનડ્રાઇવ ઓળખી બતાવેલ છે, એફ.એસ.એલ.અભિપ્રાય આંક–૫૯૯૫ થી રજૂ છે.

વિ.સહાયક પી.પી.શ્રી અમિત પટેલ વધુમાં દલીલો કરતા જણાવે છે કે આરોપી નં.૮ યુનુસ મહંમદ મન્સુરીએ બાપુનગર અજીતમીલ વાળુ મકાન આગળ ચાલીને પંચ સાહેદ નં.૮૧૭ રૂબરૂ બતાવેલુ છે, આરોપી રસ્તો બતાવી પોતાના ઘરે લઇ ગયેલા, આ અંગેનુ પંચનામુ આંક–૫૪૮૮ થી રજૂ છે, આ ઘરમાંથી પંચો રૂબરૂ પંચનામાની વિગતે મુદ્દામાલ કબજે કરેલો, મુદ્દામાલમાં બે પુસ્તકો મળી આવેલા તેમાં એક ઉર્દૂ ભાષાનુ તથા બીજુ ગુજરાતી ભાષાનુ હતુ, એફ.એસ.એલ. અહેવાલ આંક–૫૯૫૭ થી રજૂ છે, આરોપીના ઘરેથી બોમ્બ બનાવવાની ચીજવસ્તુઓ મળી આવેલી છે.

વધુમાં આરોપી નં.૨ ઇમરાન ઇબ્રાહીમ શેખે વડોદરા વાડી તાઇવાડા વિસ્તારમાં આવેલ મકાન પંચ સાહેદ નં.૮૭૭ રૂબરૂ બતાવેલુ છે, આરોપીએ પંચ સાહેદ રૂબરૂ જેહાદી તાલીમ વખતે જે વસ્તુઓનો ઉપયોગ કરેલો તે બતાવવાની માહિતી આપેલી છે, આરોપીના જણાવ્યા મુજબના રસ્તે ગયેલા અને આરોપીએ બતાવેલ મકાનમાંથી બોક્ષ કાઢેલુ અને આ બોક્ષમાંથી ટ્રેનીંગનો

સામાન નિકળેલો તે પંચો રૂબરૂ પંચનામાની વિગતે કબજે કરેલો આ અંગેનુ પંચનામુ આંક–૬૨૭૮ થી રજૂ છે, આ પંચનામામાં પંચે પોતાની સહી તેમજ મુદ્દામાલ ઓળખી બતાવેલ છે, મકાનનુ લાઇટબીલ આંક–૬૨૮૦ થી રજૂ છે, આરોપીને દાઢી વાળ વિગેરે વધારે હોવાથી આરોપીને પંચ સાહેદે ઓળખેલ નથી, મુદ્દામાલ અંગે એફ.એસ.એલ.અભિપ્રાય રજૂ છે.

મરણ ગયેલ આરોપી મુજીબ શેખે પણ પોતાનુ મકાન પંચ સાહેદ નં.૮૮૭ ની હાજરીમાં બતાવેલુ છે અને મકાનની જડતી કરતા મકાનમાંથી પંચનામાની વિગતે મુદ્દામાલ કબજે કરેલો, આ મકાનમાંથી બેટરી મળી આવેલી તે કબજે કરેલી છે, આ અંગેનુ પંચનામુ આંક–૬૩૨૯ થી રજૂ છે, તપાસ કરનાર અમલદાર સાહેદ નં.૧૧૪૯ એ પણ આ પંચનામા બાબતે પોતાની જુબાનીના પેરા નં.૨ માં આ અંગે પુરાવો આપેલો છે, મુદ્દામાલ એફ.એસ.એલ. માં તપાસણી અર્થે મોકલતા તેનો અહેવાલ આંક–૫૬૩૮ થી રજૂ છે, મળી આવેલ બેટરી અમદાવાદના બીજા બ્લાસ્ટના કેસોમાં વપરાયેલી છે તેવો એફ.એસ.એલ. નો અભિપ્રાય છે.

વધુમાં આરોપી નં.૭૩ અફાક ઇકબાલે હૈદરાબાદ ખાતે પોતાનુ મકાન પંચો રૂબરૂ બતાવેલુ છે, આ અંગે બનાવેલ પંચનામાના પંચો મળી આવતા ન હોવાથી તપાસેલા નથી, તપાસ કરનાર અમલદાર જાડેજા ગુજરી ગયા છે, આ પંચનામાને માર્ક આપવામાં આવેલ છે, સાહેદ નં.૧૧૬૩ દ્વારા આ પંચનામા ઉપર તપાસ કરનાર અમલદાર જાડેજાની સહી ઓળખી બતાવેલ છે, એફ.એસ.એલ. અહેવાલ આંક–૬૦૦૨ થી રજૂ છે.

કોપોદ્દા પોલીસ સ્ટેશનના સેકન્ડ ગુન્હા રજી.નં.૧૭૬/૦૮ ના કામે આરોપી નં.૬૩ મહંમદ તન્વીર પઠાણે રીવર વ્યુ સોસાયટીમાં આવેલ મકાન નં.એફ/૧ પંચ સાહેદ નં.૭૭૬ રૂબરૂ બતાવેલુ છે, આ અંગેનુ પંચનામુ આંક–૨૭૫૭ થી રજૂ છે, આરોપીએ બતાવ્યા પ્રમાણેના રસ્તે મકાન જોવા આરોપીને સાથે રાખી પંચ સાહેદ ગયેલા છે, આ મકાન બંધ હોવાથી તાળુ તોડેલુ, આ મકાનમાંથી મુદ્દામાલ થેલી, પ્લાસ્ટિકના ટુકડા, કાતર, ઓશીકુ, નાનો બાટલો,

ચમચો વિગેરે મળી આવતા પંચનામાની વિગતે પંચો રૂબરૂ મુદ્દામાલ કબજે કરેલો છે, આંક–૫૭૭૬, ૫૮૨૬,૫૮૩૪ થી એફ.એસ.એલ. અહેવાલો રજૂ થયેલા છે, તપાસ કરનાર અમલદાર સાહેદ નં.૧૧૫૫ પોતાની જુબાનીના પેરા નં.૪ માં આ પંચનામા બાબતે પુરાવો આપે છે, એફ.એસ.એલ.અહેવાલ મુજબ મળી આવેલ સેલોટેપનો ટુકડો બીજા કેસોમાં પ્લાસ્ટિકના ટુકડા સાથે સામ્યતા ધરાવે છે, પંચ સાહેદે મુદ્દામાલ તથા આરોપીને ઓળખી બતાવેલ છે.

પુના ખાતે આવેલ હોટલ કમલેશ્વરનુ રજીસ્ટર પંચ સાહેદ નં.૫૯૯ રૂબરૂ કબજે કરેલુ છે, આ પંચનામુ કરનાર તપાસ કરનાર અમલદારને સાહેદ નં. ૧૧૬૩ તરીકે તપાસેલા છે તેમણે પોતાની જુબાનીના પાન નં.૧૪૮ ઉપર આ બાબતે પુરાવો આપેલો છે, આ હોટલ વાળી જગ્યા આરોપી નં.૩૭ કયામુદ્દીને બતાવેલી છે, હોટલ રજીસ્ટરના પાન નં.૯૯૧ ઉપર એન્ટ્રી છે, આ રજીસ્ટર આંક–૩૨૨૩ થી રજૂ છે, આ બાબતે આરોપીના હસ્તાક્ષરના નમૂના કબજે કરેલા છે, એફ.એસ.એલ.નો અભિપ્રાય રજૂ છે તે અંગે સાહેદ નં.૯૯૦ ને તપાસેલા છે, આરોપી કયામુદ્દીન કાપડીયા કમલેશ્વર હોટલમાં રોકાયેલા છે તે અંગે અક્ષરો મળતા આવે છે.

આરોપી નં.૬૯ નાએ આરોપી નં.૨૮ સાથે કાલુપુર પ્રિન્સ હોટલમાં રોકાયેલા તે જગ્યા પંચ સાહેદ નં.૮૮૪ રૂબરૂ બતાવેલી છે, આ અંગેનુ પંચનામુ આંક–૬૩૧૬ થી રજૂ છે, પંચ સાહેદ નં.૮૮૪ ના કહેવા મુજબ આરોપી નં.૬૯ એ આ હોટલવાળી જગ્યા બતાવેલી છે, હોટલનુ રજીસ્ટર જોયેલુ એન્ટ્રી ચેક કરેલી, આ રજીસ્ટર કબજે કરેલુ તે આંક–૬૩૧૫ થી રજૂ છે, આરોપીએ રજીસ્ટરમાં એન્ટ્રી કરેલી અને હોટલમાં રોકાયેલા હતા તેમ પંચ સાહેદ જણાવે છે, આરોપીના હસ્તાક્ષરના નમૂના પંચ સાહેદ નં.૯૧૧ રૂબરૂ લીધેલા છે તે અંગેનુ પંચનામુ રજૂ છે, આરોપીના હસ્તાક્ષરના નમૂના કબજે કરી એફ.એસ.એલ.માં મોકલેલા છે, સાહેદ નં.૯૮૭ એ હસ્તાક્ષર અંગે અભિપ્રાય આપેલો છે, આંક–૬૫૧૧ થી લખાણ રજૂ છે, એફ.એસ.એલ.દ્વારા હસ્તાક્ષર પુરવાર થાય છે. આમ આરોપી નં.૬૯, ૨૮ પ્રિન્સ હોટલમાં રોકાયેલાનુ સાબિત થાય છે, રજીસ્ટરની

એન્ટ્રી નં.૧૩૨૬ જોતાં આરોપી આમીન શેખ અને અફજલ શેખ લખીને સહી કરેલી છે, આ બંને આરોપી બહારના રાજયના છે, બોમ્બ બ્લાસ્ટ પહેલા આ બંને આરોપી આ હોટલમાં રોકાયેલા છે.

આરોપી નં.૧૪ વાઘમોન કેમ્પમાં ગયા ત્યારે હોટલ હરી ટુરીસ્ટમાં રોકાયેલા, આ હોટલના રજીસ્ટરનો ઉતારો રજૂ ગોપીનાથન નાયરે પોલીસને સોંપેલો, તા.૧૩–૧૨–૨૦૦૭ ના રોજ સલીમ શેખના નામની એન્ટ્રી હતી જે એફ.એસ.એલ.માં મોકલેલ છે, આરોપી નં.૧૪ ના હસ્તાક્ષરના નમૂના મેળવી એફ.એસ.એલ.માં મોકલેલા છે, હસ્તાક્ષર નિષ્ણાત કે.પી.વ્યાસે અભિપ્રાય આપેલ છે તે મુજબ એન્ટ્રીના અક્ષરો આરોપી નં.૧૪ ના છે તે સાબિત થાય છે, આરોપી નં.૧૪ નાએ હોટલ શ્રીહરી ટુરીસ્ટ હોમમાં ખોટા નામે એન્ટ્રી કરેલી તે પુરવાર થાય છે, હોટલ હરીમંગલાના રજીસ્ટરનુ પાનુ સાહેદ નં.૯૪૪ એ રજૂ કરેલ છે તેમાં એચ.કે.રફીકના નામની એન્ટ્રીહતી, આ એન્ટ્રી આંક–૬૫૧૬ થી રજૂ છે, પંચ સાહેદ યોગેશ કનૈયાલાલ પંડયાની હાજરીમાં આ રજીસ્ટરનુ પાનુ કબજે કરેલુ છે, આ પંચ સાહેદની હાજરીમાં આરોપીએ હોટલ રજીસ્ટરમાં એન્ટ્રી કરેલાનુ કહેલુ છે, હોટલ નર્મદાના રજીસ્ટરનુ પાનુ પણ ઓળખેલુ છે, આ હોટલના માણસે પણ તે જ વખતે આરોપી હોટલમાં રોકાયેલાનુ જણાવેલ છે, હોટલ રેવનનુ પાનુ પણ કબજે કરેલુ છે, આરોપી ફજલે રહેમાને પોતે રજીસ્ટરમાં એન્ટ્રી કરેલાનુ જણાવેલુ છે, આ પંચનામુ આંક–૬૫૧૯ થી રજૂ છે, પંચ સાહેદ નં.૯૧૩ છે, આરોપીના હસ્તાક્ષરના નમૂના મેળવી એફ.એસ.એલ.માં મોકલેલા છે, એફ.એસ.એલ. અભિપ્રાય મુજબ એન્ટ્રીના અક્ષરો આરોપીના અક્ષરો સાથે મળતા આવે છે, અભિપ્રાય આંક–૬૮૯૩ થી રજૂ છે, આ અભિપ્રાય આપનાર અધિકારી શ્રી કૌશીક વ્યાસ છે.

વધુમાં આરોપી નં.૪૩ અનિક સૈયદે સુરત ખાતેથી જલારામ ઓટો માંથી કાઇનેટીક ખરીદેલુ તેના વેચાણ કરારમાં ખોટી હકીકત જણાવેલી છે, વેચાણ કરાર બુકની એન્ટ્રી નં.૪૬ આંક–૨૮૦૪ થી રજૂ છે, વેચાણ કરાર વાળા રજીસ્ટરની એન્ટ્રી નં.૪૬ તથા આરોપી નં.૪૩ ના હસ્તાક્ષરો એફ.એસ.એલ.માં

મોકલતાં આ અંગેનો અભિપ્રાય શ્રી મહેશકુમાર વડગામાએ આપેલો છે તે અભિપ્રાય મુજબ આ બંને હસ્તાક્ષરો મળતા આવે છે, એફ.એસ.એલ. અધિકારીનો અભિપ્રાય આંક–૭૯૭૭ થી રજૂ છે, આરોપી નં.૪૩ એ સુરત મુકામે ખોટા નામથી નોંધ કરાવી કાયનેટીક ખરીદ કરેલુ છે, વેચાણ બુક તેમજ આરોપીના હસ્તાક્ષરો પંચો રૂબરૂ પંચનામુ કરી કબજે કરેલ છે.

આરોપી મહંમદ નૌશાદ કુન્નુર ખાતે હોટલ અભિલાષા ટુરીસ્ટમાં રોકાયેલા તે હોટલ રજીસ્ટરનુ પાન નં.૨૨૩૨ કબજે કરેલુ છે તેમાં આરોપીએ ખોટી એન્ટ્રી એસ.ઈસ્માઇલ તરીકે કરેલી છે, રજીસ્ટરનુ પાનુ તેમજ આરોપીના નમૂનાના હસ્તાક્ષર પંચો રૂબરૂ પંચનામુ કરી કબજે કરેલા અને એફ.એસ.એલ.માં મોકલતા એફ.એસ.એલ. અધિકારી મહેશકુમાર વડગામાના અભિપ્રાય મુજબ આ અક્ષરો આરોપી મહંમદ નૌશાદના અક્ષરો સાથે મળતા આવે છે.

આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયા વાપી નેશનલ હાઇવે ઉપર આવેલ હોટલ ઇન્ટરકોન્ટીનેટલમાં ખોટા નામે એન્ટ્રી કરી રોકાયેલા તે એન્ટ્રી તથા આરોપીના હસ્તાક્ષરના નમૂના પંચો રૂબરૂ પંચનામા આધારે કબજે કરી એફ. એસ.એલ.માં મોકલતા એફ.એસ.એલ.અધિકારી મહેશકુમાર વડગામાના અભિપ્રાય મુજબ આ અક્ષરો આરોપીના અક્ષરો સાથે મળતા આવે છે.

આરોપી નં.૭૦ મહંમદ મોબીન નેશનલ હાઇવે પારડી ખાતે હોટલ શ્રીનાથમાં ખોટી એન્ટ્રી કરી રોકાયેલા, હોટલની એન્ટ્રી, આરોપીના હસ્તાક્ષરના નમૂના, કુદરતી લખાણ પંચો રૂબરૂ પંચનામાની વિગતે કબજે કરી તપાસણી અર્થે એફ .એસ.એલ. માં મોકલતાં એફ.એસ.એલ. અધિકારી મહેશકુમાર વડગામાના અભિપ્રાય મુજબ એન્ટ્રીના હસ્તાક્ષરો આરોપીના હસ્તાક્ષરો સાથે મળતા આવે છે, આરોપી તરફથી દલીલ અને ઊલટતપાસ છે કે આ હોટલનુ રજીસ્ટર કબજે લીધેલ નથી ફકત પાના કબજે લીધા છે પરંતુ ફરિયાદપક્ષે તપાસેલા કેટલાક સાહેદોએ જણાવેલુ છે કે આ રજીસ્ટરો ચાલુ હતા માટે રજીસ્ટરો કબજે લીધા નથી તેવા ખુલાસા કરેલા છે માટે અભિપ્રાય નહીં માનવાને કોઇ કારણ નથી.

વિ.સહાયક પી.પી.શ્રી અમિત પટેલ વધુમાં દલીલો કરતા જણાવે છે કે આરોપી નં.૧ જાહીદ કુતબુદ્ધીન શેખે પાલડીમાં આવેલ આઇનેટ સાઇબર કાફેમાંથી ઇમેલ કરેલ તે જગ્યા પંચ સાહેદ નં.૮૨૦ ની રૂબરૂમાં બતાવેલી, આરોપીએ કહેલુ કે જે સાયબર કાફેમાંથી ઇમેલ કરેલ તે જગ્યા બતાવવા માંગે છે, આરોપીએ જગ્યા બતાવતા ત્યાં કમ્પ્યુટર ગોઠવેલુ હતુ, આરોપીએ કહેલુ કે આ કાફેમાંથી તેમણે ઇ–મેલ કરેલા છે, એફ.એસ.એલ. અધિકારીએ કમ્પ્યુટરમાંથી હાર્ડ ડીસ્ક કાઢતા તે કબજે લીધેલી, આ અંગેનુ પંચનામુ આંક–૫૫૧૭ થી રજૂ છે, આરોપી બતાવ્યા તે જાડા તેમજ દાઢી વધેલી હોવાથી પંચ સાહેદે જુબાની દરમ્યાન આરોપીને ઓળખેલ નથી, તપાસ કરનાર અમલદાર સાહેદ નં.૧૦૭૦ નાએ પોતાની જુબાનીના પેરા નં.૫ માં આ બાબતે જણાવેલુ છે, આરોપીએ આ જગ્યા સ્વખુશી બતાવેલી છે. વધુમાં આરોપી અબ્દુલ સુભાને વડોદરામાં રોકાણ કરેલુ ત્યારે શ્રધ્ધા સાયબર કાફેમાંથી ઇ–મેઇલ કરેલ તે જગ્યા પંચ સાહેદ નં.૮૭૬ ની હાજરીમાં આરોપીએ બતાવેલી અને કાફે ઉપરથી હાર્ડ ડીસ્ક કબજે કરેલી તે અંગેનુ પંચનામુ આંક–૬૨૬૮ થી રજૂ છે, તપાસ કરનાર અમલદાર સાહેદ નં. ૧૦૭૭ નાએ પોતાની જુબાનીમાં આ બાબતે જણાવેલુ છે, આરોપીએ લોખંડ વાલા સાયબર કાફેવાળી જગ્યા પણ બતાવેલી છે તે અંગેનુ પંચનામુ આંક– ૬૨૬૯ થી રજૂ છે ત્યાંથી પણ હાર્ડ ડીસ્ક અને રજીસ્ટરો કબજે લીધેલા છે, આરોપીએ ત્રીજી જગ્યા માસ્તર સાયબર કાફે વાળી જગ્યા પણ બતાવેલી છે, આ અંગેનુ પંચનામુ આંક–૬૨૭૦ થી રજૂ છે, આ સાયબર કાફેમાંથી હાર્ડ ડીસ્ક તથા રજીસ્ટર કબજે લીધેલ છે, આરોપીએ ભુજ મુકામે ઇન્ફીનીટી સાયબર કાફેનો પણ ઉપયોગ કરેલો, આરોપીએ પંચ સાહેદ નં.૧૦૭૪ રૂબરૂ આ જગ્યા બતાવતા ત્યાંથી પણ હાર્ડ ડીસ્ક કબજે કરેલ, આ અંગેનુ પંચનામુ આંક–૭૩૦૧ થી રજૂ છે, આ અંગે તપાસ કરનાર અમલદાર સાહેદ નં.૧૦૮૯ નાએ પોતાની જુબાનીમાં જણાવેલુ છે, આ તમામ પંચનામાઓ ઉપર પંચ સાહેદોએ પોતાની સહીઓ ઓળખી બતાવી છે.

વધુમાં આરોપી નં.૧૯ રજીયુદ્દીન નાસીરિ પોતાના ઇમેલ એડ્રેસનુ બોક્ષ ખોલીને તેમાં રહેલ વિગતો પંચ સાહેદ નં.૮૩૬ રૂબરૂ પોલીસને કાઢી આપેલી, આ ડ્રાફટ બોક્ષ ખોલતા તેમાંથી ઇ–મેઇલ મળેલા જે પાકિસ્તાનથી આવવા અંગેના હતા, આરોપીએ પાકીસ્તાન પણ ઇમેલ કરેલા છે, આ અંગે એફ. એસ.એલ. અધિકારીને સાહેદ નં.૮૩૫ તરીકે તપાસેલા છે તેમજ તપાસ કરનાર અમલદાર સાહેદ નં.૧૧૫૪ નાએ પોતાની જુબાનીના પાન નં.૨૨ ઉપર પેરા–૨(૪૦)માં આ અંગે જણાવેલુ છે, આરોપીએ લશ્કર–એ–તોઇબાના માણસો સાથે જે વાતચીતો કરેલી તેની વિગતો આરોપીના ડ્રાફટ બોક્ષમાં હતી, આરોપી કયામુદ્દીનનો મોબાઇલ બંધ આવે છે તેવી વાતચીત પણ ડ્રાફટ બોક્ષમાં હતી, મેસેજ આંક–૫૬૩૪થી ૨જૂ છે, પંચનામાની વિગતે મેસેજો કબજે કરેલા છે, આ અંગે એફ.એસ.એલ. નો પ્રાથમિક અહેવાલ આંક–૫૬૩૨ થી ૨જૂ છે, કાલુપુર રેલવે સ્ટેશનના પાર્કીંગમાં પાર્ક કરેલ મારૂતિ–૮૦૦ ની તપાસ માટે પાર્કીંગમાં ગયેલા ત્યાંથી કમ્પ્યુટરની હાર્ડ ડીસ્ક કબજે કરેલી, આ અંગેનુ પંચનામુ આંક–૬૩૪૯ થી ૨જૂ છે, આ પંચનામાના પંચને સાહેદ નં.૮૯૨ તરીકે તપાસેલા છે, આ કાર્યવાહી વખતે એફ.એસ.એલ. અધિકારી હાજર હતા, અભિપ્રાય મુજબ આ નંબર વાળી કાર ત્યાં પાર્કીંગમાં પાર્ક થયેલી હતી અને ત્યારબાદ બ્લાસ્ટ કરવા તે કારનો ઉપયોગ થયેલો હતો.

વધુમાં આરોપી ઇ.ટી.સૈનુદ્દીને પંચો રૂબરૂ ટાઇમર ચીપની ઇલેકટ્રીક સરકીટ બનાવીને આપેલી તે અંગે પંચો રૂબરૂ આરોપીને પેન્સીલ , પાવર, કુટપટ્ટી આપેલી અને સર્કીટ બનાવવાનુ ડેમોસ્ટ્રેશન કરેલુ, ડાયોગ્રામ ઉપર પંચોએ પોતાની સહીઓ ઓળખી બતાવી છે, એફ.એસ.એલ. અધિકારીએ આંક–૫૫૮૮ ની પાછળ અભિપ્રાય આપેલ છે તેમજ આરોપી નં.૩૧ મહંમદ આરીફે પણ ટાઇમર ડીવાઇસ બનાવીને આપેલી તે અંગેના પંચનામાના પંચને સાહેદ નં.૯૧૯ તરીકે તપાસેલા છે, પંચની હાજરીમાં આરોપીએ ઘડિયાળમાં ટાઇમર સેટીંગ કરી આપેલુ છે તેનુ પંચનામુ આંક–૬૫૪૬ થી ૨જૂ છે, આઇડીયા સેલ્યુલર મોબાઇલ કંપનીમાંથી આરોપીઓએ ખોટા નામે સીમકાર્ડ લીધેલા છે તે

અંગે આરોપીઓએ રજૂ કરેલા ફોર્મ પંચનામુ કરી કબજે લીધેલા છે તે પંચનામાને પંચને સાહેદ નં.૮૯૧ તરીકે તપાસેલા છે, પંચનામુ આંક–૬૩૪૭ થી રજૂ છે, આ દસ્તાવેજો રજૂ કરનારને સાહેદ નં.૭૨૦૫ તરીકે તપાસેલા છે, આ દસ્તાવેજોમાં આઇ.ડી. પ્રુફ તથા ડ્રાઇવીંગ લાયસન્સ છે, આ દસ્તાવેજો પંચો રૂબરૂ કબજે કરી ચકાસણી અર્થે એફ.એસ.એલ.માં મોકલેલા છે, આરોપીઓએ ભારતી એરટેલ માંથી ખોટા નામે સીમકાર્ડ મેળવેલા છે, આ અંગેના દસ્તાવેજો રજૂ કરનારને સાહેદ નં.૧૦૬૦ તરીકે તપાસેલા છે, આ અંગેનુ પંચનામુ આંક–૩૨૧૫થી રજૂ છે, આરોપીઓએ વોડાફોન કંપનીમાંથી ખોટા નામે સીમકાર્ડ મેળવેલા છે, આ અંગે ભરેલ ફોર્મ તથા ડ્રાઇવીંગ લાયસન્સ પંચનામા આધારે પંચો રૂબરૂ કબજે કરેલા છે, આ પંચનામાના પંચને સાહેદ નં.૫૯૩ તરીકે તપાસેલા છે, પંચનામુ આંક–૩૨૦૦ થી રજૂ છે. વધુમાં આરોપીએ એરટેલ કંપનીની રીલીફ રોડ ઉપર આવેલ દુકાન માંથી સીમકાર્ડ ખરીદેલા તે જગ્યા આરોપી કયામુદ્દીને બતાવેલી તે દુકાનદારને સાહેદ નં.૮૦૩ તરીકે તપાસેલા છે, આરોપીએ રજૂ કરેલ ફોર્મ તથા ડ્રાઇવીંગ લાયસન્સ કંપનીના માણસોએ રજૂ કરેલા છે, આ દસ્તાવેજોની સહી બાબતે અભિપ્રાય એફ.એસ.એલ. અધિકારીએ આપેલો છે, આ અંગે આરોપીના સ્પેસીમેન સિગ્નેચરના નમૂના પંચ સાહેદની હાજરીમાં લેવામાં આવેલા, આ પંચ સાહેદ મળી આવતા ન હોવાથી તપાસેલા નથી, તપાસ કરનાર અમલદાર સાહેદ નં.૧૧૬૩ આ બાબતે જુબાનીના પેરા નં. ૩૩ ઉપર પુરાવો આપે છે, આ પંચનામાના પંચો મળી આવતા ન હોવાથી પંચનામુ વાંચી ન શકાય તેવો બચાવ પક્ષનો વાંધો ટકી શકે નહીં તપાસ કરનાર અમલદારનો પુરાવો પણ વાંચી શકાય, પંચો મળી આવતા ન હોવાથી એવુ ન કહેવાય કે પંચનામુ થયુ જ નથી, આરોપીઓએ મોબાઇલ સીમકાર્ડ મેળવવા માટે જે ડ્રાઇવીંગ લાયસન્સોની ઝેરોક્ષ રજૂ કરેલ છે તેમાં ફેરફાર કરેલાનુ ફરિયાદપક્ષે પુરવાર કરેલુ છે, જે જગ્યાએથી મોબાઇલના સીમકાર્ડ ખરીદ કરેલા તે જગ્યાઓ આરોપી નં.૩૭ એ બતાવેલી છે, દસ્તાવેજોના અક્ષરો અને આરોપી નં.૩૭ ના અક્ષરો સાથે મળતા આવે છે તેવો એફ.એસ.એલ.નો અભિપ્રાય છે.

વિ.સહાયક પી.પી.શ્રી અમિત પટેલ વધુમાં દલીલો કરતા જણાવે છે કે આરોપી નં.૩૨ આસીફ હસને બોમ્બ બનાવવા માટે વાપરેલી ઇલેકટ્રીક સરકીટમાં ટાઇમ સેટ કરેલ તે બતાવતુ પંચનામુ પંચો રૂબરૂ થયેલુ જે આંક–૬૫૦૮ થી રજૂ છે તેના પંચને સાહેદ નં.૯૧૦ તરીકે તપાસેલા છે, પંચ સાહેદે પંચનામા મુજબની હકીકત જુબાનીમાં જણાવી છે, તપાસ કરનાર અમલદાર સાહેદ નં.૧૧૫૫ પોતાની જુબાનીના પાન નં.૩૮ ઉપર આ બાબતે પુરાવો આપે છે, મુદ્દામાલ કબજે કરી એફ.એસ.એલ.માં મોકલેલો છે, આ મુદ્દામાલનુ પરિક્ષણ એફ.એસ.એલ.અધિકારી હિતેશ જયંતીલાલ ત્રિવેદીએ કરેલુ છે તેઓને સાહેદ નં. ૮૩૫ તરીકે તપાસેલા છે અને એફ.એસ.એલ.અહેવાલ આંક–૫૬૫૦ થી રજૂ છે. વધુમાં આરોપી નં.૩૧ મહંમદ આરીફ બદરે બોમ્બ બનાવવામાં વાપરેલ ટાઇમર ઘડિયાળમાં ટાઇમ સેટીંગ કરીને બતાવેલુ તે અંગેનુ પંચનામુ આંક–૬૫૪૬ થી રજૂ છે તે પંચનામાના પંચ સાહેદ કલ્પેશ રાજારામ ઠાકુર છે, આ પંચનામુ તપાસ કરનાર અમલદાર સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર રૂબરૂ થયેલુ છે, મુદ્દામાલ ઘડિયાળ કબજે કરેલ છે, બોમ્બમાં ટાઇમ કેવી રીતે સેટ કરવાનો તે આરોપીએ બતાવેલુ છે, મુદ્દામાલનુ પૃથક્કરણ કરનારને સાહેદ નં. ૮૩૫ તરીકે તપાસેલા છે અને આંક–૫૬૪૭ થી એફ.એસ.એલ.અભિપ્રાય રજૂ છે, ઘડિયાળનો ઉપયોગ બોમ્બ બનાવવાની રચનામાં ટાઇમર ડીવાઇસ તરીકે કરી શકાય તેવો અભિપ્રાય છે, પંચનામા આધારે જે, જે મુદ્દામાલ જપ્ત કરવામાં આવેલો તે તમામ મુદ્દામાલ એફ.એસ.એલ.માં પૃથક્કરણ માટે મોકલેલો છે તે તમામ મુદ્દામાલ બાબતે એફ.એસ.એલ.અહેવાલ આવેલ છે.

વિ.સ્પેશ્યલ પી.પી.શ્રી એચ.એમ.ધ્રુવ કાનૂની મુદ્દા ઉપર દલીલો કરતા જણાવે છે કે આરોપીઓ વિરૂધ્ધ જુદા–જુદા કાયદા હેઠળ તહોમતનામું ફરમાવેલુ છે, મુખ્ય ગુનો કાવતરા અંગેનો છે, બનાવની ફરિયાદો કેવી રીતે અપાઇ, કોણે આપી, કોણ ગુજરી ગયુ, કેટલા માણસો ગુજરી ગયા, ઇજાઓ કેટલા માણસોને થઇ, મુદ્દામાલ જપ્ત કર્યો, પૃથક્કરણ થયુ વિગેરે બાબતે અગાઉ દલીલો થયેલી છે, યુ.એ.પી.એકટમાં શા માટે સુધારો કર્યો? તે મુદ્દે દલીલો કરતા

જણાવે છે કે યુ.એ.પી.એકટ આંતકવાદ માટે તથા આંતકવાદી પ્રવૃતિ અટકાવવા માટે અમલમાં આવેલ છે, આંતકવાદી પ્રવૃતિઓને અંકુશમાં લેવા માટે આ કાયદો છે, પોટા અને ટાડા એકટમાં જે જોગવાઇઓ હતી તેમાં સુધારો કરવાની જરૂરિયાત ઉભી થયેલી છે, ટાડાનો ઉપયોગ કરતા દુરૂપયોગ થવાની સંભાવના ઉભી થતાં પોટા એકટ અમલમાં આવેલ અને તેમાં પણ આજ પરિસ્થિતિ ઉભી થતાં ઉપરોકત બંને કાયદામાં ધણા ફેરફાર કરવાની જરૂરિયાત ઉભી થયેલી, ફોજદારી ધારામાં આંતકવાદી પ્રવૃતિને ડામવા અથવા કન્ટ્રોલ કરવા માટે સ્પષ્ટ જોગવાઇ નથી માટે વિધાન મંડળે યુ.પી.એ. એકટ લાવવાની જરૂર પડી છે.

૧૯૯૪ ક્રિમીનલ લો જનરલ, પાન નં.૩૧૩૯ નામદાર સુપ્રિમ કોર્ટ (યુ.એ.પી.એકટની જરૂરીયાત માટે) કરતારસિંઘ વિરૂધ્ધ સ્ટેટ ઓફ પંજાબ ના ચુકાદાના પેરા નં.૧૫૪, ૨૩૧, ૨૩૩, ૩૮૨, ૩૮૪, ૩૮૭, ૪૪૪, ૪૪૫, ૪૪૬ માં કેટલીક ઉદારતા તપાસ કરનાર અમલદારને આપી છે, આરોપીના ઇન્ટ્રોગેશન, રીમાન્ડ, તપાસ, ચાર્જશીટ, ગુપ્ત સાહેદોના નામો ગુપ્ત રાખવા વિગેરે બાબતે કાયદામાં ઉદારતા આપી છે, આ કાયદો સાહેદને પણ રક્ષણ આપે છે, કાયદાએ બેલેન્સ રાખ્યુ છે, ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૪ ના નિવેદન તથા પુરાવાના કાયદાની કલમ–૨૭ ને કેવી રીતે ધ્યાને લેવી તે કાયદામાં સ્પષ્ટ છે, યુ.એ.પી. એકટ હેઠળ એ.સી.પી. થી નીચેની કક્ષાના અધિકારી તપાસ કરી શકે નહીં, આ કેસમાં એ.સી.પી. કક્ષાના અધિકારીઓએ તપાસ કરી છે, તપાસ ટીમો બનાવી છે, તપાસ કરનાર અમલદારને આ કાયદામાં ઉદારતા આપેલી છે, નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા બીજા આવા પ્રકારના ગુનામાં તપાસ કરનાર અમલદારની તપાસને બિરદાવેલી છે, યુ.એ.પી.એકટ–૧૯૯૭ માં અમલમાં આવેલ છે, આ કાયદા હેઠળના નિયમો–૧૯૯૮ માં બહાર પડયા છે, આ કાયદામાં ૨૦૦૪ ની સાલમાં સુધારો થયેલો છે, આ કાયદામાં ફરી સને–૨૦૦૮ માં સુધારો થયેલો છે, પોટા કાયદાની મોટા ભાગની જોગવાઇઓ આ કાયદામાં છે, હાલના કેસોમાં બનાવ બન્યા પછી તુરત જ તપાસો શરૂ થયેલી છે, તા.૨૬–૭–૨૦૦૮ ના રોજ બનાવો બનેલા છે, તમામ બનાવો સાંજે ૬–૧૫ થી ૭–૧૫ સુધી બનેલા છે,

બનાવો બાદ તપાસ ક્રાઈમ બ્રાન્ચને સોંપવામાં આવેલી છે, કાગળો હેન્ડ ઓવર થયેલા છે, ક્રાઈમ બ્રાંચે તપાસ માટે ટીમો બનાવેલી છે, પ્રશ્ન એ છે કે બીજા વ્યક્તિને તપાસ સોંપી શકાય?

૧૯૯૫ ક્રિમીનલ લો જનરલ, પાન નં.૫૨૬, એ.આઈ.આર. ૧૯૯૫ નામદાર સુપ્રિમ કોર્ટ, પાન નં.૧૯૬ એચ.એન.રીસ્બત વિરૂધ્ધ સ્ટેટ ઓફ દિલ્હીના ચુકાદા મુજબ એ.સી.પી. કક્ષાથી નીચેના અધિકારી તપાસ કરે તો તે ગેરકાયદેસર છે? તે નક્કી થયેલુ છે, દરેક કામ તપાસ કરનાર અમલદાર એ.સી.પી. એ જાતે જ કરવુ જોઈએ તેવુ નથી, એક (એ.સી.પી.) તપાસ કરનાર અમલદાર બીજાને તપાસ માટે મદદ કરી શકે, તપાસમાં ડીફેકટ (ખામી) કે ગેર–કાયદેસરતા હોય તો પણ ટ્રાયલ રદ્ધ થતી નથી, તપાસ કરનાર અમલદારે તપાસ યોગ્ય કરી છે, એ.સી.પી. કક્ષાથી નીચેના અધિકારીએ તપાસ કરી નથી અને જો કરી હોય તો પણ ટ્રાયલ નિષ્ફળ જતી નથી, તપાસ ગેરકાયદેસર હોય તો પણ ટ્રાયલ નિષ્ફળ જતી નથી.

વધુમાં વિ.સ્પેશ્યલ પી.પી.શ્રી એચ.એમ.ધ્રુવ તપાસ અને મંજૂરીઓ તેમજ ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૪, પુરાવાના કાયદાની કલમ–૨૭, દરખાસ્તો વિગેરે બાબતે દલીલો કરતા જણાવે છે કે રેકર્ડ ઉપર રજૂ થયેલ પુરાવો ધ્યાને લેતાં આ કામમાં આપવામાં આવેલી મંજૂરીઓ કાયદેસર છે, ડિસ્કવરી નિવેદનો પુરાવાના કાયદાની કલમ–૨૭ બાબતે જે પુરાવો રજૂ થયો છે તેમાં ઘણા પંચનામા રજૂ થયા છે, બચાવપક્ષ તરફથી વાંધો લેવામાં આવ્યો છે કે આરોપીએ આપેલી માહિતી પુરાવામાં ગ્રાહ્ય નથી, આરોપી નિવેદન કરી તપાસ કરનાર અમલદારને બનાવવાળી જગ્યાએ દોરીને લઈ ગયા છે, ટ્રેનીંગ લીધી તે જગ્યા બતાવી છે, સાઈકલો તથા મટીરીયલ ખરીદેલ છે તે જગ્યા બતાવી છે, બોમ્બ મુકયા તે જગ્યાઓ બતાવી છે, પોલીસ સમક્ષના કે પોલીસ રૂબરૂના નિવેદનો કેટલે અંશે પુરાવામાં ગ્રાહ્ય છે? તેમજ આ બાબતે તપાસ કરનાર અમલદારનો પુરાવો ધ્યાને લેવાય કે કેમ? તે અંગે દલીલો કરતા જણાવે છે કે પુરાવાના

કાયદાની કલમ–૨૭ મુજબ કોઇ હકીકત આરોપી જાહેર કરે તો તે ગ્રાહ્ય છે, આરોપી માહીતી આપે અને માહિતી મુજબ વસ્તુ મળે તો તે પુરાવામાં ગ્રાહ્ય છે.

એ.આઇ.આર. ૧૯૫૭ પાન નં.૮૬૭, પુલ્લાકુરી કેરી વિરૂધ્ધ એમ્પરર, ૧૯૫૭ થી ૨૦૨૦ સુધીના તમામ ચુકાદા ધ્યાને લેવામાં આવે તો પણ એક સરખો મત છે, ફોર્મલ એરેસ્ટ આરોપીની જરૂરી નથી, મેજિસ્ટ્રેટ સમક્ષની કબૂલાત ના હોય તો પણ તે માહિતી પુરાવામાં ગ્રાહ્ય છે, કલમ–૨૭ તે કલમ–૨૫,૨૬ નો અપવાદ છે તેમ નામદાર સુપ્રિમ કોર્ટે જણાવેલ છે.

૧૯૯૯ એસસીસી(ક્રિમીનલ) પાન નં.૫૩૯, હિમાચલપ્રદેશ વિરૂધ્ધ જીતસીંગના ચુકાદાના પેરા નં–૨૬,૨૭,૨૮ તેમજ ૨૦૧૪(કમ્પલીટ) (૨) એસસીસી (ક્રિમીનલ) પાન નં.૬૨૬ ધરમદેવ યાદવ વિરૂધ્ધ સ્ટેટ ઓફ યુ.પી. ના ચુકાદાની હેટ નોટ–એચ અને પેરા નં.૨૦,૨૨ ધ્યાને લેતાં આરોપી કોઇ જગ્યાએ લઇ જાય તે તેની માત્ર વર્તણૂક નથી પરંતુ લઇ ગયા વિના માહિતી આપે તો તે વર્તણૂક પણ પુરાવામાં ગ્રાહ્ય છે, આરોપી કસ્ટડીમાં હોય અને માહિતી આપે ત્યારબાદ તે જગ્યાએથી કોઇ વસ્તુ મળી આવે તો તે પુરાવામાં ગ્રાહ્ય છે તે માહિતી કે નિવેદન કબૂલાત સ્વરૂપનુ હોય કે ના હોય તો પણ તે પુરાવામાં ગ્રાહ્ય છે, આરોપીની વર્તણૂક પુરાવાના કાયદાની કલમ–૮ નીચે પણ ગ્રાહ્ય છે, જયારે આરોપી કસ્ટડીમાં હોય ત્યારે તેની ફોર્મલ એરેસ્ટ જરૂરી નથી, કસ્ટડીમાં હોય અને નિવેદન કરે તો તે પુરાવામાં ગ્રાહ્ય છે, ધારો કે કલમ–૨૭ એપ્લાય થતી નથી તો આરોપીની વર્તણૂક પુરાવાના કાયદાની કલમ–૮ હેઠળ પણ ગ્રાહ્ય છે, ઉપરોકત ચુકાદામાં વેંકટેશ્વર વિરૂધ્ધ કર્ણાટક અને સંદિપ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ઉત્તરપ્રદેશના ચુકાદા ધ્યાને લીધા છે.

૨૦૧૮(૩) ક્રાઇમ્સ પાન નં.૪૭૭ નામદાર સુપ્રિમ કોર્ટ, રાજુ માનજી વિરૂધ્ધ સ્ટેટ ઓફ બિહારના ચુકાદાના પેરા નં.૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪ (ઓળખ અંગે), ૧૫ (ઓળખ પરેડ અંગે), ૧૭, ૧૮ મહત્વના છે, આરોપીને સાહેદો ઓળખી બતાવતા નથી તેથી કરીને ફરિયાદપક્ષનો કેસ રદ્દ

થતો નથી, હાલના કેસમાં સાહેદોએ ઓળખ પરેડ દરમ્યાન આરોપીને ઓળખ્યા છે, જુબાની વખતે આરોપીને નહીં ઓળખવાના કારણો આપ્યા છે.

૨૦૦૫ એસસીસી (ક્રિમીનલ) પાન નં.૧૭૧૫ સ્ટેટ (એનસીટી) વિરૂધ્ધ નવજોત સિધ્ધુ ઉર્ફે અફજલ ગુરૂ ના ચુકાદાના પેરા નં.૧૧૪ પુરાવાના કાયદાની કલમ–૨૭ અંગેનો પેરા છે તેમજ પેરા નં.૧૩૨ આરોપીની વર્તણૂક ઉપરનો પેરા છે.

વધુમાં વિ.સ્પેશ્યલ પી.પી.શ્રી એચ.એમ.ધ્રુવ કાવતરા અંગે દલીલો કરતા જણાવે છે કે દરેક આરોપી સામે વિગતવાર ચાર્જ ફરમાવવામાં આવેલો છે, આરોપીઓએ વાઘમોન તથા હાલોલ–પાવાગઢ ખાતે કેમ્પો કરીને તાલીમ મેળવેલી છે ત્યાં ભેગા થયેલા છે, આ જગ્યા આરોપીઓએ બતાવેલી છે, આ જગ્યા ઉપરથી મુદ્દામાલ વસ્તુઓ મળેલી છે તે જગ્યા ઉપર જેહાદી ભાષણો થયેલા છે, આ તમામ હકીકતો દસ્તાવેજી તથા મૌખિક પુરાવાથી પુરવાર થયેલી છે, ઉપરોકત તમામ એકટીવીટી આંતકવાદી તાલીમનો ભાગ ગણાય, અમદાવાદમાં મિટીંગો થયેલી છે, ધાર્મિક મિટિંગો થયેલી છે ત્યાં બધાને આમંત્રણ આપેલુ છે, પ્લાનીંગ કરેલુ છે, કોણ–કોણ આરોપીઓ ભેગા થયેલા? તેમનો હેતુ શું હતો? બોમ્બ બનાવવાની રીતો, વસ્તુઓ ખરીદવી તે તમામ હકીકત કાવતરાનો ભાગ છે, આરોપીઓએ જગ્યાઓની રેકી કરેલી છે, જગ્યા જોયેલી છે, ટાઇમ અને જગ્યાની પસંદગી કરી છે અને છેલ્લે બે હોસ્પિટલોની પસંદગી કરી છે, આરોપીઓને ખબર હતી કે બીજી જગ્યાઓએ જે ધડાકા થશે, ઇજાઓ થશે તેઓને સિવિલ હોસ્પિટલ કે એલ.જી. હોસ્પિટલમાં લઇ જશે ત્યાં ગાડીઓમાં ગેસ સિલિન્ડર મુકી ધડાકા કરવા તે કાવતરૂ છે.

૨૦૦૫ એસસીસી(ક્રિમીનલ) પાન નં.૧૭૧૫ સ્ટેટ (એનસીટી) વિરૂધ્ધ નવજોત સિધ્ધુ ઉર્ફે અફજલ ગુરૂ ના ચુકાદાનો પેરા નં.૮૫ કાવત્રા માટે છે. એ.આઇ.આર.૧૯૬૧(૧) નામદાર સુપ્રિમ કોર્ટ, પાન નં.૧૭૬૨ ચુકાદાનો ઉલ્લેખ પેરા નં.૮૫ માં છે તેમજ ચુકાદાના પેરા નં.૮૯, ૯૩ મુજબ દરેક આરોપીએ કાવતરામાં સક્રિય ભાગ ભજવવો જોઇએ તે જરૂરી નથી, આરોપી

વચ્ચે સમજૂતી થાય તે પુરતુ છે. **૧૯૮૧ એસસીસી (ક્રિમીનલ) પાન નં.૪૭૭ ચુકાદાના પેરા નં.૯૭** મુજબ સામાન્ય રીતે કાવતરૂ સાંયોગિક પુરાવાથી પુરવાર થાય છે, ચુકાદાના પેરા નં.૧૦૦,૧૦૧,૧૦૪ મુજબ બધા જ આરોપીઓ સરખા હિસ્સે કાવતરા માટે જવાબદાર છે, ચુકાદાના પેરા નં.૧૦૮ મુજબ દરેક આરોપી કાવતરાના મુખ્ય કાવતરા અંગે જવાબદાર છે. **વધુમાં ૧૯૭૮ એસસીસી (ક્રિમીનલ) પાન નં.૫ યશપાલ મિત્તલ વિરૂધ્ધ સ્ટેટ ઓફ પંજાબ** ના ચુકાદાના પેરા નં.૯ મુજબ દરેક આરોપી કાવતરાની દરેક વિગત જાણે તે જરૂરી નથી. **૧૯૯૩ ક્રિમીનલ લો જનરલ, પાન નં.૨૫૧૬, અજય અગ્રવાલ વિરૂધ્ધ યુનીયન ઓફ ઈન્ડિયા** ના ચુકાદાના પેરા નં.૨૪ મુજબ બે અથવા વધારે વ્યકિત કોઇ ગેરકાયદેસર કૃત્ય ગેરકાયદેસર સાધનો દ્વારા કરવા ભેગા થાય તો તે કાવત્રુ છે. **૧૯૯૬ ક્રિમીનલ લો જનરલ, પાન નં.૨૪૪૮, નામદાર સુપ્રિમ કોર્ટ, સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિરૂધ્ધ સોમનાથ થાપા** ના ચુકાદાના પેરા નં.૨૨ માં યશપાલ મિત્તલના કેસની ચર્ચા કરેલ છે, પેરા નં.૨૩ માં અજય અગ્રવાલના કેસની ચર્ચા કરેલ છે, આ ચુકાદાના પેરા નં.૨૪,૩૨ મહત્વના હોવાનુ જણાવે છે.

પંચ સાહેદ તપાસેલા ના હોય અથવા ફરી ગયા હોય તેવા સંજોગોમાં તપાસ કરનાર અમલદારને માનવા જોઇએ. **૨૦૧૯ (કમ્પલીટ)૩ એસસીસી (ક્રિમીનલ) પાન નં.૫૬૩ મલ્લીકાર્જુન વિરૂધ્ધ સ્ટેટ ઓફ કર્ણાટક** ના ચુકાદાના પેરા નં.૨૩ મુજબ પંચો ફરી જાય તેથી તેમની હાજરીમાં કરેલી રીકવરીનો પુરાવો રદ્દ થતો નથી. **૨૦૦૫ એસસીસી (ક્રિમીનલ) પાન નં.૫૯૭ મદનસીંઘ વિરૂધ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન** ના ચુકાદાના પેરા નં.૧૦ મુજબ સાહેદે રીકવરી પંચનામાને સમર્થન ન કર્યુ તેથી રીકવરી રદ્દ થતી નથી તપાસ કરનાર અમલદારને માનવા જોઇએ.

વિ.સ્પેશ્યલ પી.પી.શ્રી એચ.એમ.ધ્રુવ વધુમાં દલીલો કરતા જણાવે છે કે ફરિયાદપક્ષે ડીસ્કવરી તેમજ ડીસકલોજર સ્ટેટમેન્ટ પુરવાર કર્યા છે, પુરાવાના કાયદાની કલમ–૨૫, ૨૭ ધ્યાને લેવા માટે વિનંતી કરી છે, કલમ–૨૭ મુજબ પોલીસ રૂબરૂ કરેલુ નિવેદન અમુક સંજોગોમાં ગ્રાહ્ય છે, કલમ–૨૭

મુજબ આરોપીએ જણાવેલી અને બતાવેલી કેટલી માહિતી ગ્રાહ્ય છે તે કલમ–૨૭ માં છે, કલમ–૨૬ પણ ધ્યાને લેવા માટે વિનંતી કરી છે, કલમ–૨૭ માં પ્રોવીજો છે, આરોપી પાસેથી મળેલી માહિતીથી કોઇ વસ્તુ મળે તો તે પુરાવામાં ગ્રાહ્ય છે, કોઇ કિસ્સામાં જો વસ્તુ ના મળી આવે તો પણ આપેલી માહિતી પુરાવામાં ગ્રાહ્ય છે. વધુમાં **૨૦૧૪ (કમ્પલીટ)૩ એસસીસી (ક્રિમીનલ) પાન નં. ૪૫૭ ચંદ્રપ્રકાશ વિરૂધ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન**ના ચુકાદાના પેરા નં.૫૨ મુજબ સ્ટેટમેન્ટ રેકર્ડ કર્યુ ના હોય છતાં કોર્ટને લાગે કે આરોપીએ આપેલી માહિતી ભરોસાપાત્ર છે તો આપેલી માહિતી પુરાવામાં ગ્રાહ્ય છે, પેરા નં.૫૩ મુજબ આરોપી તપાસ કરનાર અમલદારની કસ્ટડીમાં હોવો જોઇએ અને તેણે માહિતી આપી હોવી જોઇએ, પેરા નં.૫૪ મુજબ આરોપીએ નિવેદન કર્યુ હોય અથવા કબૂલાતવાળુ નિવેદન કર્યુ હોય તો પણ તે પુરાવામાં ગ્રાહ્ય છે, પેરા નં.૬૪, ૬૬, ૭૧ થી ૭૪ પણ ધ્યાને લેવા માટે વિનંતી કરી છે, દર દસ વર્ષે નામદાર સુપ્રિમ કોર્ટ કાયદાની જોગવાઇઓનુ અર્થઘટન કરે છે, સામાન્ય ખુનના ગુનામાં કલમ– ૨૭ નુ અર્થઘટન અલગ રીતે થાય પરંતુ આંતકવાદ જેવા ગંભિર ગુનામાં કલમ–૨૭ નુ અર્થઘટન જુદી રીતે થાય છે. વધુમાં **૨૦૦૫ એસસીસી (ક્રિમીનલ) પાન નં.૫૯૭, પેરા નં.૧૬, ૨૦૦૦ એસસીસી (ક્રિમીનલ) પાન નં. ૧૦૮૮ ના પેરા નં.૩૫, ૫૯, ૬૧ વેંકટેશ વિરૂધ્ધ સ્ટેટ કર્ણાટક રાજય ૨૦૦૫ એસસીસી (ક્રિમીનલ) પાન નં. ૧૯૩૮** ના ચુકાદા ધ્યાને લેવા માટે વિનંતી કરી છે.

વધુમાં વિ.સ્પેશ્યલ પી.પી.શ્રી એચ.એમ.ધ્રુવ ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૪ ના મુદ્દા ઉપર દલીલ કરતા જણાવે છે કે કેટલાક આરોપીઓના કબૂલાત નિવેદનો તથા કેટલાક સાહેદોના નિવેદનો મેજિસ્ટ્રેટે નોંધ્યા છે તે તમામને આંક આપેલા છે, આરોપી નં.૨, ૨૧, ૨૪, ૩૫, ૭૬ ના કબૂલાત નિવેદનો રેકર્ડ ઉપર છે, બચાવપક્ષનો બચાવ છે કે આ નિવેદનો ગ્રાહ્ય નથી તેથી તેને વંચાણે ન લેવાય, મેજિસ્ટ્રેટોને શા માટે તપાસ્યા નથી તેવો પણ બચાવ છે, તેઓને તપાસવા માટે આરોપીઓ તરફથી કોઇ અરજી આપવામાં આવી નથી, કલમ–૧૬૪ વંચાણે લઇ દલીલ કરતા જણાવે છે કે કોઇ પણ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ

અથવા મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ ટ્રાયલ શરૂ થતા પહેલા તપાસના તબક્કે નિવેદન નોંધી શકે, ઓડીયો, વીડિયોથી નિવેદન નોંધવાનુ હોય ત્યારે આરોપીના વકીલશ્રીની હાજરી હોવી જોઇએ, આરોપી સ્વેચ્છાપૂર્વક નિવેદન નોંધાવવા માંગે છે તેવી મેજિસ્ટ્રેટને ખાતરી ના થાય તો નિવેદન નોંધશે નહીં, પુરાવાના કાયદાની કલમ–૨૮ પણ વંચાણે લેવા માટે વિનંતી કરી છે. વધુમાં **૧૯૮૧ એસસીસી (ક્રિમીનલ) પાન નં.૪૧૧, માડી ગંગા વિરૂધ્ધ સ્ટેટ ઓફ ઓરીસ્સા** ના ચુકાદાના પેરા નં.૫ મુજબ મેજિસ્ટ્રેટ કે જેને નિવેદન નોંધ્યુ હોય તેને બિનજરૂરી તપાસવાની જરૂર નથી, કાયદા મુજબ નિવેદન નોંધ્યુ છે તેવુ અનુમાન કરવાનુ છે, પુરાવાના કાયદાની કલમ–૮૦ની જોગવાઇ એટલા માટે કરેલી છે, આ ચુકાદાનો પેરા નં.૬ ધ્યાને લેવા માટે વિનંતી કરી છે. વધુમાં **ક્રિમીનલ રીવીઝન અરજી નં.૫૪૧/૨૦૧૦ તા.૭–૪–૨૦૧૦ એસ.કે.પોલાફત વિરૂધ્ધ સ્ટેટ ઓફ વેસ્ટ બેંગાલ** ના ચુકાદા મુજબ મેજિસ્ટ્રેટ કે જેને નિવેદન નોંધ્યુ હોય તેને તપાસ્યા વિના આવુ નિવેદન પુરાવામાં ગ્રાહ્ય છે પરંતુ તે મુખ્ય પુરાવો નથી, આ ચુકાદાના પેરા નં.૩, ૪, ૫, ૬ ધ્યાને લેવા માટે વિનંતી કરી છે. વધુમાં **૨૦૦૦ એસસીસી (ક્રિમીનલ) પાન નં.૧૦૮૮, ૧૯૫૮ ક્રીમીનલ લો જનરલ પાન નં.૨૩૮ એ.આઇ.આર.૧૯૫૮ નામદાર સુપ્રિમ કોર્ટ, પાન નં.૬૬** ના ચુકાદાનો પેરા નં.૧૪ મહત્વનો છે. **૨૦૧૪ (કમ્પલીટ) ૩ એસસીસી (ક્રિમીનલ) પાન નં.૨૩૦ મૌસાદ જમીલઉદ્દીન નાસીર વિરૂધ્ધ સ્ટેટ ઓફ વેસ્ટ બેંગાલ** નો ચુકાદો પણ ધ્યાને લેવા માટે વિનંતી કરી છે.

વિ.સ્પેશ્યલ પી.પી.શ્રી એચ.એમ.ધ્રુવ વધુમાં દલીલો કરતા જણાવે છે કે જે મેજિસ્ટ્રેટશ્રીઓએ ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૪ ના નિવેદનો લીધા તેઓને તપાસવા જરૂરી છે કે નથી? તે મુદ્દા બાબતે નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદાની ચર્ચા કરતા જણાવે છે કે મેજિસ્ટ્રેટને તપાસવા જરૂરી નથી, ફરિયાદપક્ષે આંક–૮૨૭૮ થી આરોપીઓના કબૂલાત નિવેદનોને આંક આપવા માટે વિનંતી કરેલી છે, આરોપીઓએ આ અરજીનો જવાબ આંક–૮૩૨૩ થી આપી આ નિવેદનોને આંક નહીં આપવા માટે વિનંતી કરેલી, ફરિયાદપક્ષની અરજી મંજૂર રાખવામાં

આવેલી અને આરોપીઓના નિવેદનોને આંક આપેલા છે, મેજિસ્ટ્રેટે ઓફીસીયલ કાર્યવાહી કરીને નિવેદનો નોંધેલા છે માટે મેજિસ્ટ્રેટને તપાસવા જરૂરી નથી. વધુમાં ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૧ વંચાણે લઈ દલીલો કરતા જણાવે છે કે બચાવ પક્ષને લાગે કે નિવેદનોમાં વિસંગતતા છે તો કલમ–૩૧૧ હેઠળ તેઓ સાહેદ તરીકે બોલાવી શકયા હોત, બચાવપક્ષે નામદાર કોર્ટના હુકમ સામે કોઈ રીવીઝન અરજી પણ નામદાર હાઈકોર્ટમાં કરેલી નથી કે આ હુકમને ચેલેન્જ કરેલો નથી, કબૂલાત નિવેદનો બીજા સહ આરોપીઓને પણ લાગુ પડે, સહ આરોપીઓ સામે પણ આ કબૂલાત નિવેદનો ઉપયોગમાં લેવાય, પુરાવાના કાયદાની કલમ–૩૦ મુજબ નિવેદનો ઉપયોગમાં લેવાય, આરોપીઓને કોઈ પૂર્વગ્રહ ન હતો ટ્રાયલ ફેર છે, પુરાવાના કાયદાની કલમ–૨૭, ૨૮ અને ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૩, ૧૬૪ વંચાણે લઈ દલીલો કરતા જણાવે છે કે ધાક–ધમકી, લાલચ માંથી નિકળ્યા પછી કબૂલાત નોંધવામાં આવેલ હોય ત્યારે તેવી કબૂલાત પુરાવામાં ગ્રાહ્ય છે, આરોપીને માર માર્યો હોય તો મેજિસ્ટ્રેટ સમક્ષ લખાવ્યુ નથી કે ફરિયાદ આપી નથી કે કોઈ સારવાર કરાવી નથી, સારવારના પેપર્સ નથી કે સર્ટિફિકેટ પણ નથી માટે માર મારીને આરોપીઓની સહીઓ કરાવેલી, ધમકી આપીને સહીઓ કરાવ્યાની હકીકત ઉપજાવી કાઢેલી છે, પોલીસે માર માર્યો હોય તો મારનાર અધિકારી સામે ફરિયાદ કે અરજી આપી નથી,ક્રિ.પ્રો. કોડ કલમ–૩૧૩ ના નિવેદનોમાં કેટલાક આરોપીઓએ લેખિત નિવેદન રજૂ કર્યા છે જે બધા જુદા–જુદા અને વિરોધાભાસી છે, ક્રિ.પ્રો.કોડ કલમ–૨૮૧ વંચાણે લઈ દલીલો કરતા જણાવે છે કે ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૪(૪) મુજબ કબૂલાતનુ નિવેદન ક્રિ.પ્રો.કોડ કલમ–૨૮૧ની જોગવાઈ મુજબ નોંધવાનુ રહેશે, મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કબૂલાત નિવેદન નોંધે ત્યારે સવાલ, જવાબમાં નિવેદન નોંધવુ જરૂરી નથી, **૨૦૧૪ (ક્રમ્પલીટ) ૩ એસસીસી (ક્રિમીનલ) પાન નં. ૨૩૦ મોહંમદ જમીલઉદ્દીન નાસીર વિરૂધ્ધ સ્ટેટ ઓફ વેસ્ટ બેંગાલ** ના ચુકાદાના પેરા નં.૧૮૩ માં તપાસ ટીમની પ્રશંસા કરી છે, પેરા નં.૧૫૯, ૧૬૦, ૧૬૫, ૧૭૬ રાજય સામે યુધ્ધ છેડવા અંગે છે, પેરા નં.૧૯ થી ૨૮ કબૂલાત અંગે છે.

વિ.સ્પેશ્યલ પી.પી.શ્રી એચ.એમ.ધ્રુવે વધુમાં ઉપરોકત ચુકાદાના પેરા નં.૨૪ થી ૩૧ વંચાણે લેવા માટે વિનંતી કરી છે, ચુકાદાના પેરા નં.૯૨ માં બંને પક્ષની દલીલો સાંભળ્યા બાદ નામદાર સુપ્રિમ કોર્ટે પ્રશ્નો ઉભા કર્યા છે, પેરા નં.૯૨ થી પેરા નં.૧૬૫ માં તમામ મુદ્દાઓની ચર્ચા કરી છે, કેસમાં આરોપીઓના કબૂલાતવાળા નિવેદનો સુસંગત છે, બીજા આરોપીઓ માટે પણ સુસંગત છે તે કેવી રીતે સુસંગત છે તેની પણ નામદાર સુપ્રિમ કોર્ટે ચુકાદામાં ચર્ચા કરી છે, **૨૦૨૦ (કમ્પલીટ) ૩ એસસીસી (ક્રિમીનલ) પાન નં.૨૦૩, મનોહરન વિરૂધ્ધ સ્ટેટ ઓફ ઇન્સ્પેકટર ઓફ પોલીસ કોઇમ્બતુર** ના ચુકાદાની હેડ નોટ–ઇ વંચાણે લેતાં કબૂલાત બાબતે તથા પાછી ખેંચેલી કબૂલાત બાબતે ચર્ચા કરી છે, પરત ખેંચેલી કબૂલાત હોય તો પણ બીજો સમર્થનકારી પુરાવો હોય તો તે વિચારણામાં લેવાય, ચુકાદાની હેડ નોટ–જે અને પેરા નં.૨૨ થી ૨૪ વંચાણે લેતાં પરત ખેંચેલા નિવેદન પુખ્ત વિચારણા કર્યા પછી સલાહ સુચના મેળવીને પરત ખેંચ્યા છે તેમ માનવુ જોઇએ અને તેવા નિવેદન ઉપર આધાર રાખવો જોઇએ, પુરાવાના કાયદાની કલમ–૨૫ થી ૩૨ અને ૪૦ વંચાણે લેવા માટે વિનંતી કરી છે, આરોપીએ તાત્કાલિક કબૂલાત પરત ખેંચવી જોઇએ નહીં તો તે કબૂલાત સાચી હોવાનુ અનુમાન થાય, આરોપી નં.૨, ૨૧, ૨૪, ૩૫, ૭૬ નાઓએ કબૂલાત કેમ કરી, ડરથી કબૂલાત કરી નથી, તેઓએ સ્વેચ્છાપૂર્વક કબૂલાત કરી છે, આંક–૮૬૧૩ થી આરોપી નં.૨ ઇમરાન ઇબ્રાહીમ શેખનુ કબૂલાત નિવેદન રજૂ છે, આરોપીઓના નિવેદનોને બીજા પુરાવાઓથી સમર્થન મળે છે, નિવેદનો વિરોધાભાસી નથી, આ તમામ નિવેદનો કાયદાની જોગવાઇઓનુ પાલન કરીને નોંધાયેલા છે જેથી તમામ નિવેદનો વિચારણા હેઠળ લેવા જોઇએ.

વધુમાં સ્પેશ્યલ પી.પી.શ્રી એચ.એમ.ધ્રુવ ઓળખ પરેડ અંગે પુરાવાના કાયદાની કલમ–૯ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે ઓળખ પરેડ કરાવનાર તમામ મેજિસ્ટ્રેટશ્રીઓને ફરિયાદપક્ષે તપાસ્યા છે, મેજિસ્ટ્રેટનો મુખ્ય પુરાવો રેકર્ડ ઉપર છે તેઓની બચાવપક્ષ તરફથી ઊલટતપાસ થયેલી છે, સાહેદોએ આરોપીઓને મેજિસ્ટ્રેટ રૂબરૂ ઓળખી બતાવ્યા છે માટે તે પુરાવો જ છે.

વધુમાં **૧૯૯૬ એસસીસી (ક્રિમીનલ) પાન નં.૭૨૬ રામનાથ મહાતો વિરૂધ્ધ સ્ટેટ ઓફ બિહાર** ના ચુકાદા મુજબ સાહેદે આરોપીને ઓળખ પરેડ વખતે ઓળખેલા અને જુબાનીમાં ના ઓળખ્યા ત્યારે મેજિસ્ટ્રેટની જુબાની માનવી જોઇએ, પેરા–૨ મુજબ આરોપીએ જુબાની વખતે ના ઓળખાય તે માટે ધણા જુદા–જુદા પ્રયત્નો કર્યા છે તે પણ ધ્યાને લેવા જોઇએ, આવા કેસોમાં સાહેદો આરોપીઓથી ડરતા હોય તેવુ પણ બને માટે આરોપીઓને ના ઓળખે, આવા કેસોમાં અગત્યના સાહેદોને રક્ષણ આપવાની પણ કાયદામાં જોગવાઇ કરી છે. વધુમાં સ્પે.પી.પી.શ્રી એચ.એમ.ધ્રુવ એપ્રૂવર તથા ગુન્હાના સાથી ઉપર દલીલ કરતા જણાવે છે કે **૨૦૦૫ એસસીસી (ક્રિમીનલ) ચુકાદાના પેરા નં.૨૭૧, ૨૯૩** સરકાર સામે યુધ્ધ છેડવા અંગેના પેરા છે, પેરા નં.૮૫ થી ૧૧૩ માં કાવત્રાની ચર્ચા કરી છે, પેરા નં.૧૧૪ થી ૧૨૫ માં પુરાવાના કાયદાની કલમ–૨૭ ની ચર્ચા કરી છે, એપ્રૂવર અને ગુનાના સાથી વચ્ચે તફાવત છે, પુરાવાના કાયદાની કલમ–૧૩૩ જોવી પડે, પુરાવાના કાયદાની કલમ–૧૧૪ વંચાણે લેવી જોઇએ, સમર્થનકારી પુરાવા વિના એપ્રૂવરની જુબાનીના આધારે સજા કરવામાં આવે તો ગેરકાયદેસર નથી. વધુમાં **૧૯૬૮ ક્રિમીનલ લો જનરલ, પાન નં. ૧૫૮૫ બોમ્બે, લક્ષ્મણદાસ છગનલાલ ભાટીયા વિરૂધ્ધ સ્ટેટ ઓફ મુંબઈ તેમજ ૧૯૬૮ ક્રિમીનલ લો જનરલ, પાન નં.૧૧૨૪ ના.સુપ્રિમ કોર્ટ, એ.આઇ.આર. ૧૯૬૮ પાન નં.૯૧૮** ના ચુકાદાની હેડ નોટ–એ અને પેરા નં. ૭,૧૧ વંચાણે લેવા માટે વિનંતી કરી છે.

વિ.સ્પેશ્યલ પી.પી.શ્રી એચ.એમ.ધ્રૂવ વધુમાં દલીલો કરતા જણાવે છે કે લક્ષ્મણદાસ છગનલાલ ભાટીયાનો કેસ નામદાર મુંબઈ કોર્ટે ડીસાઇડ કરેલો, **૧૯૬૮ ક્રિમીનલ લો જનરલ, પાન નં.૧૧૨૪, એ.આઇ.આર.૧૯૬૮ નામદાર સુપ્રિમ કોર્ટ, પાન નં.૩૩૮ લક્ષ્મીપથ ચોરહીયા વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર** ચુકાદાની હેટ નોટ–એ તેમજ ચુકાદાના પેરા નં.૭, ૧૧, ૧૪ તેમજ **૧૯૯૫ એસસીસી (ક્રિમીનલ) પાન નં. ૫૦૯ એમ.ઓ.સમસુદ્દીન વિરૂધ્ધ સ્ટેટ ઓફ કેરાલા, ૨૦૧૪ (કમ્પલીટ)૩, એસસીસી (ક્રિમીનલ) પાન નં.૪૫૭**

ચંદ્રપ્રકાશ વિરૂધ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન ના ચુકાદાના પેરા નં.૩૮, ૩૯ માં એપ્રૂવરની જુબાનીના મુલ્યાંકન બાબતે ચર્ચા કરી છે, પેરા નં.૪૧, ૪૨ માં પુરાવાના કાયદાની કલમ–૧૩૩ ની ચર્ચા કરી છે, પેરા નં.૪૪, ૪૫ માં પુરાવાના કાયદાની કલમ–૧૧૪ ની ચર્ચા કરી છે, પેરા નં.૪૬ થી ૪૯ માં એપ્રૂવરના પુરાવા ઉપરથી સજા કરવી તે ગેરકાયદેસર નથી, હાલના કેસમાં ગુનાનો સાથી સાહેદ નં.૯૫૭ જાકીર છે, એપ્રૂવર સાહેદ નં.૧૧૪૧ ઐયાજ છે બંને એકબીજાને સમર્થન કરે છે એટલુ જ નહીં બીજા પણ ઘણા સાહેદ છે જેઓ એકબીજાને સમર્થન કરે છે, એપ્રૂવરનો પુરાવો પણ બીજા સાહેદોના પુરાવાને સમર્થન કરે છે, એપ્રૂવરે જે હકીકત જાહેર કરી છે તેને પણ બીજા સાહેદોના પુરાવાથી સમર્થન મળે છે, જો એપ્રૂવરનો પુરાવો માનવા લાયક ના હોય તો તે રદ્ધ થાય વિચારણામાં ના લેવાય, સમર્થનનો પ્રશ્ન નથી પરંતુ હાલના આ કેસમાં એપ્રૂવરનો પુરાવો માનવા લાયક છે અને સમર્થન આપે છે અને તેના પુરાવાને સમર્થન પણ મળે છે, એપ્રૂવર ઐયાજે તથા સાહેદ જાકીરે તથા બીજા સાહેદોએ પણ પુરાવો આપ્યો છે કે મિટીંગો થયેલી, આયોજનો થયેલા, તાલીમો લીધેલી, વાહનોની વ્યવસ્થા કરેલી, જેહાદી ભાષણો થયેલા, સામગ્રી ખરીદેલી, મકાનો ભાડે રાખ્યા, ગાડીઓ ચોરી કરેલી, સાઇકલો લાવેલા, રેકી કરી, મિટીંગોમાં કયાં, કોણે બોમ્બ મુકવા તે બધી જ વિગતો માટે પુરાવો આપેલો છે. વધુમાં **૨૦૧૧ (કમ્પલીટ) ૨ એસસીસી (ક્રિમીનલ) પાન નં.૫૫૧, ચંદન ઉર્ફે માનીચંદ વિરૂધ્ધ સ્ટેટ ઓફ કેરાલા** નો ચુકાદો એકમ્પલીશ (ગુનાના સાથી) ઉપર છે, આ ચુકાદાના પેરા નં.૫૨, ૫૩, ૫૬, ૫૭, ૫૯, ૬૦, ૬૪, ૬૮, ૭૫, ૭૮ ધ્યાને લેવા માટે વિનંતી કરી છે.

વધુમાં વિ.સ્પેશ્યલ પી.પી.શ્રી એચ.એમ.ધૃવ મંજુરીઓ બાબતે દલીલો કરતા જણાવે છે કે આ કેસમાં મંજૂરીઓ ઘણી અગત્યની છે, આ કેસમાં ઇ.પી.કો.કલમ હેઠળની મંજૂરી, એક્ષ્પ્લોઝીવ એકટ હેઠળની મંજૂરી, યુ.એ.પી. એકટ હેઠળની મંજૂરી છે, આ કાયદાઓ હેઠળ મંજૂરીઓ ના હોય તો અદાલત કોગ્નીજન્સ લઇ ના શકે, સૌપ્રથમ ફોજદારી ધારાની કલમ–૧૨૦ થી ૧૩૦ ના

ગુન્હાની ઇન્સાફી કાર્યવાહી માટે ક્રિ.પ્રો.કોડ કલમ–૧૯૬ હેઠળ કેન્દ્ર સરકાર અથવા રાજય સરકારની મંજૂરી જોઇએ, તપાસ કરનાર અમલદારે તમામ પેપર્સ સક્ષમ અધિકારીને મોકલતા તેનો અભ્યાસ કર્યા બાદ સક્ષમ અધિકારી દ્વારા ક્રિ.પ્રો.કોડ કલમ–૧૯૬ ની મંજૂરીઓ મળી છે જે રજૂ કરવામાં આવેલી છે, આપવામાં આવેલ તમામ મંજૂરીઓ કાયદેસર છે, મંજૂરી આપ્યાના હુકમોમાં સક્ષમ અધિકારીની સહીઓ છે, તમામ મંજૂરીઓ સાબિત થયેલી છે, હાલના કેસમાં આર્મ્સ એકટ હેઠળ મંજૂરી મળી છે, એક આરોપી સામે આર્મ્સ એકટનો ચાર્જ છે, કલમ–૩૯ હેઠળની મંજૂરી જરૂરી છે, ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટની પરવાનગી વિના આર્મ્સ એકટ હેઠળના ગુન્હાની ઇન્સાફી કાર્યવાહી શરૂ થઇ શકે નહીં, ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટની મંજૂરી જરૂરી છે, આ કેસમાં ડી.સી.પી.એ મંજૂરીઓ આપી છે તે માટે સક્ષમ અધિકારીને તપાસેલ છે, આપવામાં આવેલ મંજૂરીઓ પુરવાર થયેલી છે, પ્રશ્ન એ છે કે ડી.સી.પી. મંજૂરી આપી શકે કે કેમ? તે નક્કી કરવાનુ છે, આ અંગે આર્મ્સ એકટની કલમ–૨(ડી) જોવી જોઇએ, ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટ કોણ તે બતાવ્યુ છે જેથી ડી.સી.પી.એ તમામ પેપર્સ વંચાણે લઇ પછી મંજૂરીઓ આપી છે, મંજૂરી આપવામાં કોઇ ગેરકાયદેસરતા નથી, તમામ મંજૂરીઓ કાયદેસર છે, મંજૂરી હુકમોમાં સક્ષમ અધિકારીઓની સહીઓ છે, એક્સ્પ્લોઝીવ સબસ્ટન્સ એકટ હેઠળની મંજૂરી અંગે દલીલો કરતા જણાવે છે કે કાયદાની કલમ–૭ મુજબ આ કાયદા હેઠળની ઇન્સાફી કાર્યવાહી ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટની પરવાનગી વિના થઇ શકે નહીં, પ્રશ્ન એવો ઉપસ્થિત થાય કે ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટને તપાસ્યા નથી અને બીજા વ્યકિતને તપાસ્યા છે માટે મંજૂરી ખોટી છે? આ અંગે **૨૦૧૪ (કમ્પલીટ)૩ એસસીસી (ક્રિમીનલ) પાન નં.૪૫૭ ચંદ્રપ્રકાશ વિરૂધ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન** ના ચુકાદાના પેરા નં.૨૪ થી ૩૨ વંચાણે લેવા માટે વિનંતી કરી છે, કલમ–૭ મંજૂરી માટે નથી પરંતુ સંમતિ માટે છે, આ સંમતિ ઇન્સાફી કાર્યવાહી માટે છે, ચુકાદામાં ઠરાવ્યુ છે કે સંમતિ યોગ્ય છે, પેરા–૩૧ મુજબ ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટને તપાસ્યા નથી પરંતુ બીજી સક્ષમ વ્યકિતને તપાસ્યા છે ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટને તપાસવા જરૂરી નથી, કલેકટરને ન તપાસવાથી ટ્રાયલ રદ્દ થતી

નથી. વધુમાં અનલોકુલ એકટીવીટી એકટની કલમ–૪૫ ની મંજૂરી અંગે દલીલો કરતા જણાવે છે કે બનાવ તા.૨૬–૭–૨૦૦૮ ના રોજ બન્યા છે, યુ.એ.પી. એકટમાં સુધારો સને–૨૦૦૮ માં થયો છે તે સુધારો તા.૩૧–૧૨–૨૦૦૮ થી અમલમાં આવ્યો છે, બનાવ બન્યા પછી સુધારો અમલમાં આવ્યો છે, કલમ–૪૫ વંચાણે લઈ પ્રકરણ–૩ હેઠળના ગુના અંગે સેન્ટ્રલ ગર્વમેન્ટની મંજૂરી વિના ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી થઈ શકે નહીં, પ્રકરણ–૩ માં કલમ–૩ થી ૧૦ છે, પ્રકરણ–૪ માં કલમ–૧૫ થી ૨૩ છે, પ્રકરણ–૬ માં કલમ–૩૫ થી ૪૦ છે, સબ સેકશન–(૨) આ કેસને લાગુ પડશે નહીં, આ બાબતે ઊલટતપાસ થયેલ છે, આ કેસના ગુન્હાઓ આ સુધારો થતા પહેલાના છે માટે લાગુ પડશે નહીં, રીવ્યુ ઓથોરીટીનો સુધારો ગુના બન્યા ત્યારે અમલમાં ન હતો, આ બાબતે અગાઉનો જુનો (સુધારો પહેલાનો) કાયદો જોવો પડે સને–૨૦૦૪ ની સાલમાં પણ સુધારો થયો છે, મૂળ કાયદો સને–૧૯૬૭ નો છે તા.૩૦–૧૨–૧૯૬૭ ના રોજ આ કાયદો અમલમાં આવ્યો છે, કલમ–૧ વંચાણે લેતા આ કાયદા હેઠળ રૂલ્સ બનાવવામાં આવ્યા છે, નિયમો–૧૯૬૮ માં બનાવેલા છે, કુલ–૧૫ નિયમો તા.૫–૨–૧૯૬૮ ના રોજ બન્યા છે, ફરીથી કાયદામાં સને–૨૦૦૪ માં સુધારો થયો છે, તા.૨૯–૧૨–૨૦૦૪ ના રોજ સુધારો અમલમાં આવ્યો, કુલ–૩ નિયમો બન્યા છે સને–૨૦૦૪ ના કાયદાની કલમ–૪૫ વંચાણે લેવા માટે વિનંતી કરી છે.

વિ.સ્પેશ્યલ પી.પી.શ્રી એચ.એમ.ધ્રુવ વધુમાં દલીલો કરતા જણાવે છે કે ઊલટતપાસ દરમ્યાન મંજૂરીઓ બાબતે ઘણા બચાવ આરોપીઓ તરફથી મુકવામાં આવ્યા છે, બચાવ એવો છે કે મંજૂરીઓ કાયદા મુજબની નથી પરંતુ કાયદામાં ફરીથી સુધારો સને–૨૦૦૮ માં થયો ત્યારબાદ નિયમો ફરી બન્યા, મૂળ કાયદો ૧૯૬૭ માં બન્યો સને–૨૦૦૪ માં સુધારો થયો, ફરી સને–૨૦૦૮ માં સુધારો થયો દરેક સુધારા બાબતે નિયમો પણ બન્યા, બનાવો તા.૨૬–૭–૨૦૦૮ ના રોજ બન્યા છે, બનાવો પછી તપાસ શરૂ થયેલી છે, મંજૂરી આપનાર અધિકારીઓને તપાસ્યા છે, સાહેદ નં.૭૮૦ તરીકે નલીનભાઈ ધીરૂભાઈ

નિસરતાને તપાસેલા છે, આંક–૩૯૯૯, ૪૦૦૦, ૪૦૦૧, ૪૦૩૭, ૪૦૩૮, ૪૦૩૯ થી ૨જૂ છે, યુ.એ.પી.એકટ–૧૯૬૭ માં અસ્તિત્વમાં આવ્યો છે, કલમ–૪૫ ના પ્રકરણ–૩ માં કલમ–૧૦ થી ૧૪ નો સમાવેશ થાય છે, પ્રકરણ–૪ માં કલમ–૧૪ થી ૨૩ નો અને પ્રકરણ–૬ માં કલમ–૩૦ થી ૩૫ નો સમાવેશ થાય છે, આ કાયદો સને–૨૦૦૪ સુધી અસ્તિત્વમાં હતો, સને–૧૯૬૮ માં કુલ–૧૫ નિયમો બન્યા છે, આ નિયમો તા.૫–૨–૧૯૬૮ ના રોજથી અમલમાં આવ્યા છે, સને–૨૦૦૪ ના નિયમો તા.૧૪–૧૦–૨૦૦૪ ના રોજ બન્યા છે સને–૨૦૦૪ માં તા.૨૯–૧૨–૨૦૦૪ ના રોજ સુધારો થયો છે, કલમ–૩૭(૧) હેઠળ રીવ્યુ કમિટીની લાયકાત માટે રૂલ બન્યા, કલમ–૩૬, ૩૭ માં સુધારો થયો છે, રીવ્યુ કમિટી બીજા હેતુ માટે બની છે સને–૨૦૦૪ માં સુધારા પછી કલમ–૪૫ વંચાણે લેવા વિનંતી છે, સને–૧૯૬૮ ના કાયદામાં રીવ્યુ કમિટીને રીફર કરવાની જોગવાઇ નથી,સને–૨૦૦૪ ના કાયદામાં પણ કલમ–૪૫ માં સુધારો થયો નથી તેમાં પણ રીવ્યુ કમિટીને રીફર કરવાની જોગવાઇ નથી, સને–૨૦૦૪ માં સુધારો થયા પછી પણ કલમ–૪૫ તેની તે જ છે, સને–૨૦૦૮ માં થયેલ સુધારો જોઇએ તો રોમન–(i) અને (ii) તેની તે જ છે, સને–૨૦૦૮ નો કાયદો તા.૩૧–૧૨–૨૦૦૮ ના રોજ અમલમાં આવ્યો છે, બનાવ તા. ૨૬–૭–૨૦૦૮ ના રોજ બન્યા છે, બનાવો બન્યા પછી સુધારો થયો છે, મંજૂરીઓ માંગે તેની સાથે રીવ્યુ કમિટીનો રીપોર્ટ પણ મોકલવો જોઇએ તેવુ નથી, ૨૦૦૮ નો સુધારેલો કાયદો આ કેસને લાગુ પડશે નહીં, નિયમો તા.૩૧–૩– ૨૦૦૯ ના રોજ અમલમાં આવ્યા છે, ઓથોરીટીની નિમણૂંકનો સુધારો તા. ૩૧–૩–૨૦૦૯ ના રોજથી અમલમાં આવ્યો છે, તા.૩૧–૩–૨૦૦૯ સુધીમાં ઓથોરીટીની નિમણૂંક જ થયેલી ન હતી, રૂલ–૩ માં ભલામણ મોકલવાની ટાઇમ લિમિટ આપી છે રૂલ–૪ માં મંજૂરી આપવાની ટાઇમ લીમીટ આપી છે, આંક–૪૦૦૧ વંચાણે લેતાં સેન્ટ્રલ ગવર્મેન્ટ તથા યુનીયન ટેરીટેરીને આ પત્ર મોકલ્યો છે, આ પત્રથી સેન્ટ્રલ ગવર્મેન્ટે રીવ્યુ કમિટી નીમી તથા રાજય સરકારોને રીવ્યુ કમિટીની નિમણૂક કરવાની સુચના આપી છે, આ પત્ર તા. ૨૭–૪–૨૦૧૨ ના રોજ

લખાયો છે, આંક–૩૯૯૯ વંચાણે લેતાં ગુજરાત સરકારના ગેજેટમાં નોટિફિકેશન તા.૨૧–૩–૨૦૧૩ ના રોજ બહાર પડયુ અને તા.૨૭–૩–૨૦૧૩ ના રોજ જાહેર થયુ છે, રીવ્યુ ઓથોરીટી તરીકે રીટાયર્ડ હાઇકોર્ટ જજ અને લીગલ સેક્રેટરીની નિમણૂંક કરી છે, આંક–૪૦૦૦ ગૃહ વિભાગનુ તા.૨૧–૩–૨૦૧૩ ના રોજનુ જાહેરનામું છે, રીવ્યુ ઓથોરીટી તરીકે અંતાણી સાહેબની તા.૧૯–૯–૨૦૧૩ ના રોજ નિમણૂંક કરી છે, ઓથોરીટીની કામગીરી તા.૧૯– ૯–૨૦૧૩ પછી શરૂ થાય છે, તા.૧૯–૯–૨૦૧૩ પહેલા કોઇ રીવ્યુ કમિટી હતી જ નહીં, કલમ–૨(ઇ) વંચાણે લેતાં **"ડેઝીગ્નેટેડ ઓથોરીટી"** એ મંજૂરી કાયદેસર છે કે નહીં તે નક્કી કરવાનુ છે, **૨૦૦૩ એસસીસી (ક્રિમીનલ) પાન નં.૧૩૧૪ યુનીયન ઓફ ઇન્ડિયા વિરૂધ્ધ પ્રકાશ હિન્દુજા** નો ચુકાદો વંચાણે લેવા માટે વિનંતી કરી છે, તા.૧૯–૯–૨૦૧૩ પછી રીવ્યુ કમિટી સમક્ષ જવુ પડે માટે સને–૨૦૦૮ ના બનાવો માટે રીવ્યુ કમિટી પાસે જવુ જરૂરી ન હતુ, સૌથી પહેલુ તહોમતનામું આંક–૩૨ થી તા.૧૧–૧–૨૦૧૦ ના રોજ આરોપી નં.૧ થી ૬૨ સામે ફરમાવેલુ છે, મેજિસ્ટ્રેટ કે જજ કોગ્નીઝન્સ કેસનુ લે છે આરોપીનુ નહીં, જુના કાયદામાં આરોપી હાજર થાય તો કોર્ટ કોગ્નીઝન્સ લેતી હતી, સુધારા પ્રમાણે કેસનુ (ગુન્હાનુ) કોગ્નીઝન્સ લેવાનુ ઉમેર્યું છે, કોર્ટ ફકત એક જ વખત ગુનાનુ કોગ્નીઝન્સ લઇ શકે ફરી વખત કોગ્નીઝન્સ લેવાશે નહીં, **૧૯૯૩ એસસીસી (ક્રિમીનલ) પાન નં.૪૭૦ કેશરસીંગ વિરૂધ્ધ સ્ટેટ ઓફ બિહાર** ના ચુકાદા મુજબ એક વખત કોર્ટ કોગ્નીઝન્સ લે તો ફરીથી બીજી વખત કોગ્નીઝન્સ લેવાય નહીં, કોગ્નીઝન્સ એક જ વખત લેવાય, આરોપીનુ કોગ્નીઝન્સ લેવાનુ નથી પણ કેસનુ લેવાનુ છે, **૨૦૧૪ (કમ્પલીટ) ૨ એસસીસી (ક્રિમીનલ) પાન નં.૧૫૯ ધરમપાલ વિરૂધ્ધ સ્ટેટ ઓફ હરીયાણા** ના ચુકાદાની હેડ નોટ–ઇ વંચાણે લેતાં આરોપી હાજર ના હોય તો પણ કોર્ટ આરોપી સામે ગુનાનુ કોગ્નીઝન્સ લઇ શકે, કોગ્નીઝન્સ આરોપીનુ નહીં પરંતુ કેસનુ લેવાનુ છે, બચાવપક્ષનો બચાવ એવો છે કે મંજૂરીઓમાં સહી કરેલી વ્યકિતને સહી કરવાની સત્તા નથી, **૨૦૦૩ એસસીસી (ક્રિમીનલ) પાન નં.૧૩૧૪ યુનીયન ઓફ ઇન્ડિયા વિરૂધ્ધ પ્રકાશ હિન્દુજા** ના

ચુકાદા મુજબ સીબીઆઇની તપાસના કાગળો (ચાર્જશીટ) સીવીસી મારફત મોકલવા જોઇએ તેવી જોગવાઇ કરી પરંતુ તપાસ કરનાર અમલદારે સીવીસીને કાગળો મોકલ્યા વિના કોર્ટને ચાર્જશીટ મુકેલુ છે તો શું કોર્ટ ચાર્જશીટ નકારી શકે? તો ઠરાવ્યુ છે કે ગેરકાયદેસરતા નથી, આ ચુકાદાના પેરા–૩,૧૦ વંચાણે લેવા માટે વિનંતી કરી છે, પ્રશ્ન એવો ઉભો થાય કે રીવ્યુ ઓથોરીટી મંજૂરી ના આપે તો શું આરોપીઓએ ગુનો નથી કર્યો માટે છોડી દેવાય? આરોપીએ ગુનો કર્યો છે કે કેમ? તે કોર્ટે નક્કી કરવાનુ છે ઓથોરીટીએ નક્કી કરવાનુ નથી માટે ચાર્જશીટ સીધુ મોકલવુ એ અનિયમીતતા છે ગેરકાયદેસરતા નથી, સીવીસી જો નક્કી કરે તો કોર્ટની સત્તાનુ શું? માટે કોગ્નીઝન્સ લે તો તે ગેરકાયદેસર નથી, ૨૦૧૦ માં રીવ્યુ કમિટી હતી જ નહીં માટે તપાસ કરનાર અમલદાર રીવ્યુ કમિટી પાસે કેવી રીતે જાય? માટે હાલના આ કેસમાં આપવામાં આવેલી તમામ મંજૂરીઓ કાયદેસરની છે.

વિ.સ્પેશ્યલ પી.પી.શ્રી એચ.એમ.ધ્રુવે ટેરરીઝમ કાયદા ઉપર, તપાસ ઉપર, મંજૂરીઓ ઉપર, ડીસ્કવરી કલમ–૨૭ ઉપર, કબૂલાત ઉપર, સાહેદોના નિવેદનો ઉપર, કબૂલાત ઉપર, કબૂલાત પરત ખેંચી તેના ઉપર, એપ્રૂવર ઉપર, ગુનાના સાથી ઉપર, કલમ–૧૦૭, ૧૩૩ ઉપર, પંચ સાહેદ નથી તપાસ્યા તો તપાસ કરનાર અમલદાર ઉપર આધાર રખાય તેની ઉપર, કાવતરા ઉપર, ભાષણો, મકાનો, વાહનો, રેકી વિગેરે ઉપર, ઓળખ પરેડ ઉપર, હસ્તાક્ષરો જેવા દરેક મુદ્દાઓ ઉપર દલીલો કરી છે, વધુમાં તેઓ દલીલ કરતા જણાવે છે કે ફોજદારી કેસોમાં પુરાવાનો બોજો ફરિયાદપક્ષ ઉપર છે પરંતુ જો આરોપી કોઇ મુદ્દા ઉપર પુરાવો આપે તો તે મુદ્દા પુરવાર કરવાની જવાબદારી અને બોજો આરોપી ઉપર છે, આરોપી નં.૩૭ નો પુરાવો ધ્યાને લેતાં બનાવ વખતે તે બીજી જગ્યાએ હતા તેવુ પુરવાર થતુ નથી, **"એલીબી"** પુરવાર થતી નથી.

વધુમાં વિ.સહાયક પી.પી.શ્રી અમિત પટેલ પુરાવાના કાયદાની કલમ–૨૭ ના પંચનામા ઉપર દલીલો કરતા જણાવે છે કે સાહેદ નં.૪૫૨ તરીકે આંક–૨૭૯૫ થી પંચ સુનીલ રામસાહેબ ગુપ્તાને તપાસેલા છે અને આંક–૨૭૯૬

થી પંચનામુ રજૂ છે, તપાસ કરનાર અમલદાર સાહેદ નં. ૧૦૪૪ એન.એસ.મલેકે પોતાની જુબાનીમાં આ પંચનામા બાબતે પુરાવો આપેલો છે, આ પંચનામુ આરોપી નં.૬૩ બાબતે છે, આરોપીએ જે જગ્યાએ પાણીમાં બોમ્બ નાંખેલો છે તે જગ્યા બતાવી છે.

વિ.સહાયક પી.પી.શ્રી અમિત પટેલ વધુમાં દલીલો કરતા જણાવે છે કે ફરિયાદપક્ષ તર્ફે સાહેદ નં.૪૫૬ તરીકે પંચ મેહુલકુમારને તપાસેલા છે અને આંક–૨૮૦૬ થી પંચનામુ રજૂ છે, આ પંચ સાહેદની હાજરીમાં આરોપીએ સૈયદપુરામાં માસ્તર હાઉસ નામનુ મકાન બતાવેલુ હતુ તે મકાન ત્રીજા માળે હતુ, આ પંચનામુ કરનાર સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર હતા તેઓએ પોતાની જુબાનીના પેરા નં.૧૨ માં આ પંચનામાની હકીકત જણાવી છે, પોલીસે ફરી બોલાવ્યા ત્યારે ત્યાં આરોપી નં.૪૬,૪૭ હાજર હતા, બંને આરોપીએ રસ્તો બતાવેલો, રીવરવ્યુ સોસાયટીમાં આવેલ ડી–૩૪ વાળુ મકાન બતાવેલુ છે. વધુમાં સાહેદ નં.૪૬૧ તરીકે પંચ અંકિત હર્ષદભાઇ ભટ્ટને તપાસેલા છે અને આંક–૨૮૨૨ થી પંચનામુ રજૂ છે, તા.૧૦–૧૧–૨૦૦૮ ના રોજ પોલીસે પંચમાં બોલાવેલા અને કાગળ ઉપર સહી કરેલી આરોપી સાજીદ મન્સુરી હાજર હતા તેણે જે જગ્યાએથી કોઇન બોક્ષ માંથી ફોન કરેલા તે જગ્યા બતાવેલી ત્યારબાદ જુદી–જુદી જગ્યાઓ બતાવેલી, આ પંચનામુ કરનાર એન.બી.પરમાર હતા તેઓને સાહેદ નં.૧૧૫૫ તરીકે તપાસેલા છે તેમણે પોતાની જુબાનીના પેરા નં.૪૨ માં આ પંચનામા બાબતે પુરાવો આપેલો છે. વધુમાં સાહેદ નં.૪૬૪ તરીકે પંચ રોબીન પ્રકાશચંદ્ર પીત્તળવાલાને તપાસેલા છે, આંક–૨૮૫૧ થી પંચનામુ રજુ છે, આ પંચને પોલીસે બોલાવેલા ત્યારે પોલીસ સ્ટેશનમાં આરોપી નં.૬૩ હાજર હતા તેણે જે કોઇન બોક્ષ ઉપરથી ફોન કરેલા તે સહિતની કુલ્લે–૮ જગ્યા બતાવેલી, સાહેદ નં.૧૧૫૫ એન.બી. પરમારે પોતાની જુબાનીના પેરા નં.૧૮, ૨૦ માં આ પંચનામા બાબતે જણાવ્યુ છે. વધુમાં સાહેદ નં.૪૬૭ તરીકે પંચ સંજય ભગવાનદાસ ભંડારીને તપાસેલા છે, આંક–૨૮૬૦ થી પંચનામુ રજૂ છે, પંચને પોલીસે બોલાવેલા ત્યારે આરોપી તન્વીર હાજર હતા તે પુલ પાસે લઇ

ગયેલા જયાં તેણે મોબાઇલ ફેંકી દીધેલો ત્યાં ફાયર બ્રિગેડ બોલાવેલી તેમણે પાણીમાં તપાસ કરેલી, જે જગ્યા જોયેલી તેનુ પંચનામુ બનાવેલુ છે. વધુમાં સાહેદ નં.૮૦૯ તરીકે પંચ નસરૂદ્દીન ઇસ્માઇલ શેખને તપાસેલા છે, આંક–૫૪૫૨ થી પંચનામુ રજૂ છે, પંચને પોલીસે બોલાવેલા ત્યારે આરોપી નં.૪ સમસુદ્દીન હાજર હતા તેણે યાકુતપુરા વાળુ મકાન બતાવેલુ કે જયાં આરોપીએ મિટીંગો કરેલી હતી, આ પંચનામુ કરનાર વિનય શુકલને સાહેદ નં.૧૦૭૦ તરીકે તપાસેલા છે તેમણે પોતાની જુબાનીના પેરા નં.૧૫ માં આ પંચનામા બાબતે જણાવેલુ છે. વધુમાં સાહેદ નં. ૮૧૦ તરીકે પંચ આશીષ કૌશીકભાઇ પટેલને તપાસેલા છે, આંક–૫૪૫૮ થી પંચનામુ રજૂ છે, પંચને પોલીસે બોલાવેલા ત્યારે આરોપી નં.૨૩ ઐયાજ રજાકમીંયા સૈયદ હાજર હતા તેણે નરોડા ભાગોળ પરમશકિત ટી સ્ટોલ પાસે બોમ્બ વાળી સાઇકલ મુકેલી તે જગ્યા બતાવેલી અને તે સાઇકલની ચાવી જયાં ફેંકી દીધેલી તે જગ્યા પણ બતાવેલી છે, આ આરોપી એપ્રૂવર છે, આ પંચનામુ કરનાર વી.આર.ટોળીયા છે તેઓ ગુજરી ગયા હોવાથી તેઓને તપાસેલા નથી, અન્ય તપાસ કરનાર અમલદાર સાહેદ નં.૧૧૬૩ નાઓએ આ પંચનામામાં વી.આર. ટોળીયાની સહી ઓળખી બતાવી છે. વધુમાં સાહેદ નં.૮૧૬ તરીકે પંચ અતુલ કિશોરભાઇ શેઠને તપાસેલા છે, આંક–૫૪૮૫ થી પંચનામુ રજૂ છે, પંચને પોલીસે બોલાવેલા ત્યારે આરોપી મહંમદ ઇસ્માઇલ હાજર હતા, આરોપી અલઅમન એપાર્ટમેન્ટમાં પહેલા માળે લઇ ગયેલા ત્યાંથી પંખો કબજે કરેલો, આ જગ્યા આરોપી નં.૩૭ કયામુદ્દીને પણ બતાવેલી છે તેનુ પંચનામુ આંક–૬૦૮૩થી રજૂ છે, આરોપી નં.૩૬ની ઓળખ પરેડ થયેલી છે, આંક–૩૧૪૨થી ઓળખ પરેડનુ પંચનામુ રજૂ છે, તપાસ કરનાર અમલદાર સાહેદ નં.૧૧૬૩ નાએ આ પંચનામા બાબતે પોતાની જુબાનીમાં પુરાવો આપેલો છે. વધુમાં સાહેદ નં.૮૨૧ તરીકે પંચ ભીખાભાઇ શીવાભાઇ ગઢવીને તપાસેલા છે, આંક–૫૫૨૪થી પંચનામુ રજૂ છે, પંચને પોલીસે બોલાવેલા ત્યારે ચાવડા સાહેબ તેમજ આરોપી સલીમ સિપાઇ હાજર હતા, આરોપી પોતાના ઘરે લઇ ગયેલા ત્યાં સરકારી વાહનમાં ગયેલા, આરોપીએ ઘર પાસે ગાડી રોકાવેલી ઘર

ઉપર લઇ ગયેલા, રૂમમાંથી પથ્થરના ઘડા ટાઇપ વસ્તુ હતી તેમાંથી ઉર્દૂમાં લખેલો કાગળ કાઢેલો, આરોપીએ જણાવેલુ કે આ કાગળમાં બોમ્બ બનાવવાની રીત છે, તપાસ કરનાર અમલદાર સાહેદ નં. ૧૧૬૩ મયુર ચાવડા પોતાની જુબાનીના પાન નં.૨૧ પેરા નં.૩.૧૬ માં આ પંચનામા બાબતે પુરાવો આપે છે.

વધુમાં સાહેદ નં.૮૨૨ તરીકે પંચ જીગ્નેશ મહેશભાઇ પંચાલને તપાસેલા છે, આંક–૫૫૩૪ થી પંચનામુ રજૂ છે, પંચને પોલીસે પોલીસ સ્ટેશનમાં બોલાવેલા ત્યારે આરોપી અબ્દુલ રાજીક મન્સુરી હાજર હતા તેણે કયામુદ્દીન કાપડીયા તથા મુજીબ શેખને બનાવના ચાર દિવસ પહેલા ફોન કરેલો તે જગ્યા બતાવેલી, આરોપીએ એ.એમ.ટી.એસ.ના બસ સ્ટેન્ડ પાસે જવાનુ કહેલુ ત્યાંથી બીજી સાઇકલ ભાડે લઇ સિવિલ હોસ્પિટલ ગયેલા તે દુકાન અને અન્ય જગ્યા બતાવેલી તેમજ રજીસ્ટર પણ કબજે કરેલુ, તપાસ કરનાર અમલદાર સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડા પોતાની જુબાનીના પાન નં.૨૧૨ ઉપર આ પંચનામાની હકીકત જણાવે છે. વધુમાં સાહેદ નં. ૮૨૪ તરીકે પંચ સંજય શ્યામજી ધામેચાને તપાસેલા છે, આંક–૫૫૪૫થી પંચનામુ રજૂ છે, પંચને પોલીસે બોલાવેલા ત્યારે આરોપી અબ્દુલ રાજીક હાજર હતા તેઓ સામગ્રી તથા સાઇકલ બતાવવા માંગતા હતા જેથી ગાડીમાં બેસી આરોપીના કહ્યા મુજબના સ્થળ ઉપર ગયેલા, આરોપીએ ગાડી ઉભી રખાવ્યા પછી ગલીમાં ગયેલા, દિવાલ પાસે સાઇકલો હતી, એક સાઇકલ કઢાવેલી જે બોમ્બ બ્લાસ્ટમાં વપરાયેલી હતી, આ પંચનામુ કરનાર તપાસ કરનાર અધિકારી ટોળીયા હતા તેઓ ગુજરી ગયા હોવાથી તેઓને તપાસેલા નથી, અન્ય તપાસ કરનાર અમલદાર સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાએ આ પંચનામામાં ટોળીયા સાહેબની સહી ઓળખી બતાવી છે. વધુમાં સાહેદ નં.૮૪૨ તરીકે પંચ હરીશ પુરસાનીને તપાસેલા છે, આંક–૫૭૯૪ થી પંચનામુ રજૂ છે, પંચને પોલીસે બોલાવેલા ત્યારે આરોપી મહંમદ સૈફ હાજર હતા તેણે ચંડોળા તળાવ બેરલ માર્કેટ પાસે અલમહમદી સોસાયટીમાં બોમ્બ બનાવેલ તે જગ્યા બતાવેલી, આ મકાનમાં આરોપી રોકાયેલાનુ તથા બોમ્બ બનાવેલાનુ તેમજ અમદાવાદમાં બ્લાસ્ટ કરેલાનુ પણ

જણાવેલુ, તપાસ કરનાર અમલદાર સાહેદ નં. ૧૧૬૩ મયુર ચાવડા પોતાની જુબાનીમાં આ પંચનામા બાબતે જણાવે છે. વધુમાં સાહેદ નં. ૮૬૭ તરીકે પંચ રાજુ વિઠ્ઠલભાઇ ભરવાડને તપાસેલા છે, આંક–૬૦૬૪ થી પંચનામુ રજૂ છે, પંચને પોલીસે બોલાવેલા ત્યારે આરોપી મહંમદ ઇસ્માઇલ હાજર હતા તેણે બોમ્બ બ્લાસ્ટ માટે સાઇકલોનો ઉપયોગ કરેલો તે સાઇકલો જયાંથી લીધેલી તે જગ્યાઓ બતાવવાનુ કહેલુ આરોપીના કહ્યા મુજબના રસ્તે સ્થળ ઉપર ગયેલા, આરોપી સાઇકલની દુકાને લઇ ગયેલા, બીજી દુકાન જુહાપુરામાં પણ લઇ ગયેલા, અન્ય જુદી–જુદી જગ્યાઓ પણ બતાવેલી, તપાસ કરનાર અમલદાર સાહેદ નં. ૧૧૬૩ મયુર ચાવડા પોતાની જુબાનીના પાન નં.૯૦ ઉપર પેરા–૧૦(૧) ઉપર આ પંચનામા બાબતે પુરાવો આપે છે.

વિ.સહાયક પી.પી.શ્રી અમિત પટેલ વધુમાં દલીલો કરતા જણાવે છે કે સાહેદ નં.૪૫૮ તરીકે પંચ દિપક રામચંદ્ર માલીને તપાસેલા છે અને આંક–૨૮૧૪ અને ૮૫૨૯ થી પંચનામા રજૂ છે, બે પૈકી એક પંચનામુ નટ બોલ્ટ અને આરોપી સૈયદ નૌશાદ અંગે છે, આ પંચને રીકોલ કરવાની અરજી આંક–૮૫૧૮ થી આપેલી જે મંજૂર થયેલી જેથી આ પંચને રીકોલ કરવામાં આવેલા અને બીજુ પંચનામુ આંક–૮૫૨૯ થી રજૂ છે, બીજુ પંચનામુ રીવર વ્યુ સોસાયટીમાં ડી–૩૪ વાળુ મકાન બતાવ્યા અંગેનુ છે, તપાસ કરનાર અમલદાર સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમારે જુબાનીના પેરા નં.૫૭ માં આ પંચનામા બાબતે પુરાવો આપેલો છે, આરોપી અહેમદ બાવાએ પણ રીવર વ્યુ વાળા મકાનની જગ્યા બતાવેલી છે, આંક–૩૦૯૦ના ઓળખ પરેડના પંચનામાથી આ બંને આરોપીને સાહેદ નં. ૧૧૨૩ એ ઓળખી બતાવેલા છે. વધુમાં સાહેદ નં.૮૬૮ તરીકે પંચ રાકેશ કાંતીલાલ પંચાલને તપાસેલા છે, આંક–૬૦૬૮ થી પંચનામુ રજૂ છે, પંચને પોલીસે બોલાવેલા ત્યારે આરોપીનુ નામ પુછતા આરોપી નં.૨૭ મહંમદ ઇસ્માઇલ મન્સુરીએ પોતાનુ નામ જણાવેલુ, આરોપી બોમ્બવાળી સાઇકલો જે જગ્યાએથી લીધેલી તે જગ્યા બતાવવા માંગતા હોવાથી આરોપીને લઇ તેના બતાવ્યા મુજબની જગ્યા ઉપર ગયેલા અને આરોપીએ જગ્યાઓ બતાવેલી છે,

તપાસ કરનાર અમલદાર સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાએ પોતાની જુબાનીના પાન નં.૮૯ ઉપર આ પંચનામા બાબતે પુરાવો આપેલો છે. વધુમાં સાહેદ નં.૮૬૯ તરીકે પંચ નિતેષ મોહનભાઇ વૈશ્યને તપાસેલા છે, આંક–૬૦૭૦ થી પંચનામુ રજૂ છે, પંચને પોલીસે બોલાવેલા ત્યારે આરોપી સૈકુર રહેમાને પોતાનુ નામ જણાવેલુ અને આરોપી જયાં રહેલા તે અલમહમદી સોસાયટી વાળુ મકાન બતાવેલુ છે, આ પંચનામુ વી.આર. ટોળીયાએ કરેલુ છે, આ ગુન્હાના અન્ય તપાસ કરનાર અમલદાર સાહેદ નં. ૧૧૬૩ મયુર ચાવડાએ પોતાની જુબાનીના પાન નં.૨૧૫ ઉપર આ પંચનામામાં શ્રી વી.આર.ટોળીયાની સહી હોવાનુ જણાવેલુ છે. વધુમાં સાહેદ નં. ૮૭૦ તરીકે પંચ વિશાંગ બળવંતભાઇ પટેલને તપાસેલા છે, આંક–૬૦૭૫ થી પંચનામુ રજૂ છે, પંચને પોલીસે બોલાવેલા ત્યારે આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયા હાજર હતા તેઓએ બોમ્બ બનાવવા માટે મોબાઇલ, સીમકાર્ડ વિગેરે ચીજવસ્તુઓ જે જગ્યાએથી ખરીદ કરેલ તે જગ્યા બતાવવા માંગતા હોવાથી આરોપીના બતાવ્યા મુજબના રસ્તે ગયેલા આરોપીએ જુદી–જુદી જગ્યાઓ ઇશારો કરીને બતાવેલી, ઇલેકટ્રીક બલ્બ ખરીદેલા તે દુકાન તેમજ ૭ થી ૯ મીટરના વાયરો ખરીદેલા તે દુકાન તથા પ્લાસ્ટિકના ટુકડા, બેગો ખરીદેલી તે દુકાનો પણ બતાવેલી, તપાસ કરનાર અમલદાર સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાએ પોતાની જુબાનીના પાન નં. ૨૧૪ ઉપર આ પંચનામા બાબતે પુરાવો આપેલો છે. વધુમાં સાહેદ નં.૮૭૨ તરીકે પંચ કર્ણવ હેમંતભાઇ પટેલને તપાસેલા છે, આંક–૬૦૮૩ થી પંચનામુ રજૂ છે, પંચને પોલીસે બોલાવેલા ત્યારે આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયા હાજર હતા, આરોપીએ મોબાઇલ ફોન લીધેલા તે જગ્યા, અલમહમદી સોસાયટીમાં આવેલ મકાન નં.૧૦, નીલમ ઇલેકટ્રીક નામની દુકાન, જયાં ફોટા પડાવેલા તે ગાર્ડન સ્ટુડિયો, ઉમરાવનગરમાં આવેલ મકાન નં.૩, ટેબલ ફેન ખરીદેલો તે દુકાન, મારૂતી ગાડીમાં મુકવા ગેસના સીલીન્ડર ખરીદેલા તે દુકાન, નોકીયા ફોન તથા સીમકાર્ડ ખરીદેલા તે દુકાન સહીતની જગ્યાઓ બતાવેલી, આ પંચનામુ બનાવનાર શ્રી વી.આર.ટોળીયા છે, આ ગુન્હાના અન્ય તપાસ કરનાર અમલદાર સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાએ

આ પંચનામામાં શ્રી ટોળીયાની સહી ઓળખી બતાવી છે. વધુમાં સાહેદ નં.૮૯૩ તરીકે પંચ જીતેન્દ્ર બાબુલાલ જયસ્વાલને તપાસેલા છે, આંક–૬૬૫૩ થી પંચનામુ રજૂ છે, પંચને પોલીસે બોલાવેલા ત્યારે આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયા હાજર હતા, આરોપી ગાંધીનગર સેકટર–૫ માં લઇ ગયેલા, મસ્જિદની પાછળ ઘર હતુ જે ઘરની તિજોરીમાંથી ડાયરી, લાયસન્સ કાઢેલા જે પંચનામા આધારે કબજે કરેલા છે, તપાસ કરનાર અમલદાર સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાએ પોતાની જુબાનીના પાન નં.૧૪૭ ઉપર આ પંચનામા બાબતે પુરાવો આપેલો છે. વધુમાં સાહેદ નં. ૯૦૦ તરીકે પંચ હિમેશ કુમાર પ્રવિણચંદ્ર મહેતાને તપાસેલા છે અને આંક– ૬૪૪૩ થી પંચનામુ રજૂ છે, પંચને પોલીસે બોલાવેલા ત્યારે આરોપી નં.૩૫ રફીયુદ્દીન કાપડીયા હાજર હતા, આરોપીએ પાવાગઢના જંગલોમાં તાલીમ લીધેલી તે જગ્યા તેમજ જેહાદી ભાષણો આપેલા તે જગ્યાઓ બતાવેલી, આરોપીના જણાવ્યા મુજબના રસ્તે ગયેલા અને આરોપીએ ઉપરોકત જગ્યાઓ બતાવેલી છે, તપાસ કરનાર અમલદાર સાહેદ નં.૧૦૮૯ નાઓએ પોતાની જુબાનીના પેરા નં.૪ માં આ પંચનામા બાબતે પુરાવો આપેલો છે.

વધુમાં સાહેદ નં.૯૦૧ તરીકે પંચ મહેશભાઇ સુભાષભાઇ જેઠવાને તપાસેલા છે, આંક–૬૪૫૧ થી પંચનામુ રજૂ છે, પંચને પોલીસે બોલાવેલા ત્યારે આરોપી નં.૨૮ અફજલ ઉસ્માની હાજર હતા, આરોપી વિસ્ફોટકો ભરેલી વેગન આર મુકી દિલ્હી જવા માટે કાલુપુર રેલવે સ્ટેશને ગયેલા તે વખતે જે રૂમમાં રોકાયેલા તે જગ્યા બતાવેલી, આ પંચનામુ કરનાર શ્રી વી.આર.ટોળીયા હતા, આ ગુન્હાના અન્ય તપાસ કરનાર અમલદાર સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાએ પોતાની જુબાનીમાં આ પંચનામામાં શ્રી ટોળીયાની સહી ઓળખી બતાવી છે. વધુમાં સાહેદ નં.૯૦૩ તરીકે ધવલ નિરંજનભાઇ શાહને તપાસેલા છે, આંક–૬૪૭૬ અને ૬૪૭૭ થી પંચનામુ રજૂ છે, પંચને પોલીસે બોલાવ્યા ત્યારે આરોપી મોહંમદ મન્સુર પીરભોઇ હાજર હતા, આરોપીએ સિકયોર્ડ વાયફાય હેક કરીને ધમકી ભર્યા ઇ–મેઇલ કરેલા તે લેપટોપ ઉપર કરી બતાવેલા છે, આરોપીએ ઇન્ડીયન મુજાહુદ્દીન નામના ઇ–મેઇલ કરેલા, આરોપીની સુચના અને બતાવ્યા

મુજબ જુદા–જુદા રસ્તે ગયેલા, આ અંગે આંક–૬૪૭૬ વાળુ પંચનામુ બનાવેલુ છે, બીજા દિવસે ફરીથી આ પંચને પોલીસે બોલાવેલા ત્યારે આરોપી નં.૩૩ મુબીન કાદર શેખ હાજર હતા તેણે પણ અનસિકયોર્ડ વાયફાય સર્ચ કરી હેક કરી ઇન્ડિયન મુજાહુદ્દીનના નામે ઇમેઇલ કરેલાનુ બતાવેલુ છે, ગાડીમાં બેસી આરોપીના બતાવ્યા મુજબની જગ્યાએ ગયેલા, આ અંગેનુ પંચનામુ આંક–૬૪૭૭ થી રજૂ છે, આ પંચનામા કરનાર શ્રી વી.આર.ટોળીયા હતા, આ ગુન્હાના અન્ય તપાસ કરનાર અમલદાર સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાએ પોતાની જુબાનીમાં આ પંચનામામાં શ્રી ટોળીયાની સહીઓ ઓળખી બતાવી છે. વધુમાં સાહેદ નં.૯૦૯ તરીકે પંચ બ્રિજેશ ભુપેન્દ્રભાઇ દુધવાલાને તપાસેલા છે, આંક–૬૫૦૨ થી પંચનામુ રજૂ છે, પંચને પોલીસે બોલાવેલા ત્યારે આરોપી નં.૪૫ ફજલે રહેમાન હાજર હતા, આરોપી એલ.પી.જી.પંપ "વનાજ" ઉપર લઇ ગયેલા અને ત્યાંની જગ્યા બતાવેલી ત્યાંથી બીલબુક કબજે કરેલી, તપાસ કરનાર અમલદાર સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમારે પોતાની જુબાનીના પાન નં.૩૨ ના પેરા નં.૩૯ માં આ પંચનામા બાબતે પુરાવો આપેલો છે. વધુમાં સાહેદ નં.૯૧૪ તરીકે પંચ મુકુન્દ જીવનલાલ જાદવને તપાસેલા છે, આંક–૬૫૨૮ થી પંચનામુ રજૂ છે, પંચને પોલીસે બોલાવેલા ત્યારે આરોપી મહમદ અબરાર બાબુખાન મણીયાર હાજર હતા, આરોપીએ પાવાગઢના જંગલોમાં જે ટ્રેનીંગ લીધેલી તે જગ્યાઓ બતાવવા લઇ ગયેલા અને જુદી–જુદી જગ્યાઓ બતાવેલી, તપાસ કરનાર અમલદાર સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાએ પોતાની જુબાનીના પાન નં.૪૧ ના પેરા નં.૩૪૨ માં આ પંચનામા બાબતે પુરાવો આપેલો છે. વધુમાં સાહેદ નં.૯૧૮ તરીકે પંચ અમર સુરેશસિંહ રાજપુતને તપાસેલા છે, આંક–૬૫૪૪ થી પંચનામુ રજૂ છે, પંચને પોલીસે બોલાવેલા ત્યારે આરોપી નં.૪૫ ફજલે રહેમાન હાજર હતા, આરોપી કંઇક કહેવા તેમજ બતાવવા માંગતા હતા, આરોપીએ જે રૂમ ભાડે રાખેલો તે બતાવેલો, આ મકાન સૈયદપુરા પંપીગ સ્ટેશન પાસે ત્રીજા માળે આવેલુ મકાન, માસ્તર હાઉસ વાળુ મકાન બતાવેલુ, તપાસ કરનાર અમલદાર સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમારે આ પંચનામુ કરેલુ છે

તેઓએ પોતાના જુબાનીના પેરા નં.૫૪ માં આ પંચનામા બાબતે પુરાવો આપેલો છે. વધુમાં સાહેદ નં.૯૬૦ તરીકે પંચ અબ્બાસ ઈસ્માઈલ મુલતાણીને તપાસેલા છે, આંક–૬૭૪૨થી પંચનામુ રજૂ છે, પંચને પોલીસે બોલાવેલા ત્યારે આરોપી મહંમદ જાકીર હાજર હતા તેઓ જગ્યા બતાવવા માંગતા હતા, આરોપીએ ભાગા તળાવ આજવા સ્વીટની એસ.ટી.ડી. પી.સી.ઓ. વાળી જગ્યા બતાવેલી જયાંથી તેણે ફોન કરેલો હતો, આ પંચનામુ તપાસ કરનાર અમલદાર સાહેદ નં.૧૧૧૯ કે.એન.પટેલે કરેલુ છે તેમણે પોતાની જુબાનીના પેરા નં.૧ ના પાન નં.૨ માં આ પંચનામા બાબતે પુરાવો આપેલો છે. વધુમાં સાહેદ નં.૯૭૫ તરીકે પંચ રીજવાન યાસીનભાઈ શેખને તપાસેલા છે, આંક–૬૮૧૬ થી પંચનામુ રજૂ છે, પંચને પોલીસે બોલાવેલા ત્યારે આરોપી નં.૪૫ ફજલે રહેમાન હાજર હતા તેઓ કોઈ જગ્યા બતાવવા માંગતા હતા, આરોપીએ ભરૂચ શેરપુરા ખાતે મકાન ભાડે રાખેલુ તે જગ્યા બતાવેલી તેમજ લુકમાન પાર્કવાળુ મકાન પણ બતાવેલુ, તપાસ કરનાર અમલદાર સાહેદ નં. ૧૧૬૩ મયુર ચાવડાએ પોતાની જુબાનીના પાન નં.૧૪૩ ના પેરા નં.૧૮.૨(૫) માં આ પંચનામા બાબતે પુરાવો આપેલો છે. વધુમાં સાહેદ નં.૯૮૬ તરીકે પંચ અકબર સદરૂદ્દીન સોરઠીયાને તપાસેલા છે, આંક–૬૮૫૭ થી પંચનામુ રજૂ છે, પંચને પોલીસે બોલાવેલા ત્યારે આરોપી નં.૪૫ ફજલે રહેમાન હાજર હતા, આરોપી કાંઇક બતાવવા માંગતા હોવાથી ગાડીમાં બેસીને આરોપીના બતાવ્યા મુજબના રસ્તે એક ટ્રાવેલ્સની ઑફિસમાં ગયેલા જયાં આરોપીએ અમદાવાદ જવા માટે ટિકિટ લીધેલાનુ જણાવેલુ, આ જગ્યા ઉપરથી ટિકિટની કાર્બન કોપી કબજે લીધેલી, તપાસ કરનાર અમલદાર સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડાએ પોતાની જુબાનીના પાન નં.૩૭ ના પેરા નં.૨.૬૩ માં આ પંચનામા બાબતે પુરાવો આપેલો છે. વધુમાં સાહેદ નં. ૧૦૩૯ તરીકે પંચ લક્ષ્મણ પોપટભાઈ ભરવાડને તપાસેલા છે, આંક–૭૦૫૩થી પંચનામુ રજૂ છે, પંચને પોલીસે બોલાવેલા ત્યારે આરોપી નં.૧૬ અબ્બાસ ઉમર સમેજા હાજર હતા આરોપી જયાં, જયાં ગયેલા તે જગ્યા બતાવવા માંગતા હતા, આરોપીએ પાવાગઢના જંગલોમાં ટ્રેનીંગ લીધેલી તે જગ્યા તેમજ ભાષણો આપેલા તે

જગ્યાઓ બતાવેલી છે, તપાસ કરનાર અમલદાર સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાએ પોતાની જુબાનીના પાન નં.૨૩ ના પેરા નં.૩(૧૭) માં આ પંચનામા બાબતે પુરાવો આપેલો છે. વધુમાં સાહેદ નં.૧૦૬૮ તરીકે પંચ પ્રજ્ઞેશ ગોવિંદ ભાઈ રાજપુતને તપાસેલા છે, આંક–૭૨૫૨થી પંચનામુ રજૂ છે, પંચને પોલીસે બોલાવ્યા ત્યારે આરોપી મહંમદ સફીક હાજર હતા, આરોપીએ જે જગ્યાએ આંતકવાદી ટ્રેનીંગ લીધેલી તે જગ્યાઓ બતાવેલી છે, તપાસ કરનાર અમલદાર સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાએ પોતાની જુબાનીના પાન નં.૩૮ ઉપર પેરા નં. ૩(૩૬) માં આ પંચનામા બાબતે પુરાવો આપેલો છે.

વિ.સહાયક પી.પી.શ્રી અમિત પટેલ વધુમાં દલીલો કરતા જણાવે છે કે સાહેદ નં.૧૦૮૧ તરીકે પંચ આનંદ દાઉલાલ શ્રીવાસ્તવને તપાસેલા છે, આંક–૭૩૮૫ થી પંચનામુ રજૂ છે, પંચને પોલીસે બોલાવ્યા ત્યારે આરોપી તૌફીક પઠાણ હાજર હતા, આરોપીએ સીમી સાથે દરિયાપુરમાં મીટીંગ કરેલી તે મીટીંગ વાળુ મકાન બતાવેલુ તે અંગેનુ પંચનામુ કરેલુ છે, તપાસ કરનાર અમલદાર સાહેદ નં.૧૧૫૯ એ પોતાની જુબાનીના પાન નં.૧૪ ઉપર પેરા નં. ૮(૩) માં આ પંચનામા બાબતે પુરાવો આપેલો છે. વધુમાં સાહેદ નં.૧૦૮૨ તરીકે પંચ નલીનભાઈ જયંતીલાલ જાડાવાલાને તપાસેલા છે, આંક–૭૩૮૭ થી પંચનામુ રજૂ છે, પંચને પોલીસે બોલાવ્યા ત્યારે આરોપી નં.૭૫ મહંમદરફીક આલમઝેબ આફ્રીદી હાજર હતા, આરોપીએ જુહાપુરામાં અંબર ટાવરના પાર્કીંગ વાળી તથા નારોલ સર્કલ પાસેની જગ્યાઓ બતાવેલી છે, તપાસ કરનાર અમલદાર સાહેદ નં. ૧૧૧૬ એ પોતાની જુબાનીના પાન નં.૬ ઉપર પેરા નં. ૪(૨) માં આ પંચનામા બાબતે પુરાવો આપેલો છે. વધુમાં સાહેદ નં.૧૦૮૩ તરીકે પંચ મહેન્દ્રભાઇ વિષ્ણુભાઇ પાટીલને તપાસેલા છે, આંક–૭૩૯૨ થી પંચનામુ રજૂ છે, પંચને પોલીસે બોલાવ્યા ત્યારે આરોપી તૌસીફખાન પઠાણ હાજર હતા, આરોપીએ તેમનુ નામ જણાવી આંતકવાદી ટ્રેનીંગ લીધેલી તે પાવાગઢ ખાતે આવેલી ખુંદપીરની દરગાહ, ધર્મશાળા, હેલીકૈલ વાવ વિગેરે જગ્યાઓ બતાવેલી તેનુ પંચનામુ બનાવેલુ, તપાસ કરનાર અમલદાર સાહેદ નં.

૧૧૫૯ એ પોતાની જુબાનીના પાન નં.૧૪ ઉપર પેરા નં.૮(૨) માં આ પંચનામા બાબતે પુરાવો આપેલો છે. વધુમાં સાહેદ નં.૧૦૮૮ તરીકે પંચ ત્રીકમલાલ મુળજીભાઇ નાથાણીને તપાસેલા છે, આંક–૭૫૯૭ થી પંચનામુ રજૂ છે, પંચને પોલીસે બોલાવ્યા ત્યારે આરોપી મુજીબ શેખ હાજર હતા તેણે પોતાનુ નામ જણાવી કયામુદ્દીન કાપડીયા પાસેથી બોમ્બ લઇ જે જગ્યાએ મુકેલા તે જગ્યાઓ બતાવતા તે અંગેનુ પંચનામુ વી.આર.ટોળીયાએ બનાવેલુ છે, તપાસ કરનાર અમલદાર સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાએ પોતાની જુબાની દરમ્યાન આ પંચનામામાં વી.આર.ટોળીયાની સહી ઓળખી બતાવી છે. વધુમાં સાહેદ નં.૧૧૦૨ તરીકે પંચ સંતોષસીંગ વિશ્રામસીંગ રાજપુતને તપાસેલા છે, આંક–૭૭૯૮ થી પંચનામુ રજૂ છે, પંચને પોલીસે બોલાવ્યા ત્યારે આરોપી રફીક ઉર્ફે જાવીદ તેમજ આરોપી નં.૭૫ આફ્રીદી હાજર હતા તેઓએ બોમ્બ બ્લાસ્ટની ટ્રેનીંગ જે જગ્યાએ લીધેલી તે જગ્યાઓ બતાવેલી છે, તપાસ કરનાર અમલદાર સાહેદ નં.૧૧૧૬ એ પોતાની જુબાનીના પાન નં.૮ ઉપર પેરા નં.૪(૫) માં આ પંચનામા બાબતે પુરાવો આપેલો છે. વધુમાં સાહેદ નં.૧૧૦૭ તરીકે પંચ રીતેષ ભીખાભાઇ રાજપુતને તપાસેલા છે, આંક–૭૯૩૭ થી પંચનામુ રજૂ છે, પંચને પોલીસે બોલાવ્યા ત્યારે આરોપી નં.૭૫ આલમઝેબ આફ્રીદી હાજર હતા, આરોપીએ બોમ્બ બ્લાસ્ટમાં વપરાયેલા ગેસ સીલીન્ડર જયાંથી ખરીદેલા તે જગ્યાઓ બતાવતા તે અંગેનુ પંચનામુ બનાવેલુ, તપાસ કરનાર અમલદાર સાહેદ નં.૧૧૨૦ એ પોતાની જુબાનીના પેરા નં.૪(૪) માં આ પંચનામા બાબતે પુરાવો આપેલો છે. વધુમાં સાહેદ નં.૧૧૦૮ તરીકે પંચ અભિષેક ઋષીકેશ શુકલને તપાસેલા છે, આંક–૭૯૩૯ થી પંચનામુ રજૂ છે, પંચને પોલીસે બોલાવ્યા ત્યારે આરોપી નં. ૪૩ અનીક સફીક સૈયદ હાજર હતા, આરોપીએ બોમ્બ અંગેનો સામાન જયાંથી લીધેલો તે જગ્યા તથા જે પંપ ઉપરથી પેટ્રોલ લીધેલુ તે પેટ્રોલ પંપ વાળી જગ્યા તથા પ્લાસ્ટિકનો સામાન જયાંથી ખરીદેલો તે દુકાન વિગેરે જગ્યાઓ બતાવેલી છે, તપાસ કરનાર અમલદાર સાહેદ નં.૧૧૨૦ એ પોતાની જુબાનીના પાન નં.૨ ઉપર આ પંચનામા બાબતે પુરાવો આપેલો છે.

વધુમાં સાહેદ નં.૧૧૧૦ તરીકે પંચ જીગ્નેશ હીંમતલાલ શાહને તપાસેલા છે, આંક–૭૯૪૬ થી પંચનામુ રજૂ છે, પંચને પોલીસે બોલાવ્યા ત્યારે આરોપી મોહમદ અકબર ચૌધરી અને આરોપી અનીક સફીક સૈયદ હાજર હતા તેઓએ પોતાના નામો જણાવી રીવરવ્યુ સોસાયટીમાં આવેલ ડી/૩૪ વાળુ મકાન બતાવેલુ છે, તપાસ કરનાર અમલદાર સાહેદ નં.૧૧૫૫ એ પોતાની જુબાનીના પાન નં.૩૫ ઉપર પેરા નં.૪૪ માં આ પંચનામા બાબતે પુરાવો આપેલો છે. વધુમાં સાહેદ નં. ૧૧૧૧ તરીકે પંચ સતીષ વામનરાવ પૌવનીકરને તપાસેલા છે, આંક–૭૯૫૦ થી પંચનામુ રજૂ છે, પંચને પોલીસે બોલાવ્યા ત્યારે આરોપી એહમદબાવા હાજર હતા તેમણે પોતાનુ નામ જણાવેલુ તથા આરોપી પુના થી અમદાવાદ લકઝરી બસમાં આવેલા ત્યારે ત્યાં એક ભાઇ આવેલા તે આરોપીને એક મકાન ઉપર લઇ ગયેલા તે અંગે આરોપીએ જુદી–જુદી જગ્યાઓ બતાવેલી, આ પંચનામુ વી.આર. ટોળીયાએ બનાવેલુ છે, આ ગુન્હાના અન્ય તપાસ કરનાર અમલદાર સાહેદ નં. ૧૧૬૩ મયુર ચાવડાએ પોતાની જુબાનીમાં આ પંચનામામાં વી.આર.ટોળીયાની સહી ઓળખી બતાવી છે. વધુમાં સાહેદ નં.૧૧૨૮ તરીકે પંચ સુનીલ રસીકલાલ શાહને તપાસેલા છે, આંક–૮૦૯૩ થી પંચનામુ રજૂ છે, પંચને પોલીસે બોલાવ્યા ત્યારે આરોપી નં.૩ સાજીદ ઇર્શાદ શેખ આફ્રીદી હાજર હતા તેણે ટાઇમર ઘડિયાળો જે દુકાનેથી ખરીદેલી તે દુકાન બતાવતા તે અંગેનુ પંચનામુ બનાવેલુ, તપાસ કરનાર અમલદાર સાહેદ નં.૧૧૧૫ એન.બી.પરમારે પોતાની જુબાનીના પાનન નં.૫૫ ઉપર પેરા નં.૬૮ માં આ પંચનામા બાબતે પુરાવો આપેલો છે, આ કામે બીજા ઘણા પંચનામાઓ થયેલા છે તે પંચનામાઓ કયા આરોપી બાબતે છે તે માટે પંચોને તપાસવામાં આવેલા છે, આ તમામ પંચનામા ફરિયાદપક્ષે પુરવાર કર્યા છે, કયા સાહેદો કે પંચોએ કઇ બાબતે પુરાવો આપેલો છે તે અંગે ઉપર જણાવ્યા મુજબ દલીલો કરી છે, ફરિયાદપક્ષે તહોમતનામા મુજબ પુરાવો રજૂ કરી આરોપીઓ વિરૂધ્ધ ફરમાવેલ તહોમત પુરવાર કરેલુ છે.

વિ.સહાયક પી.પી.શ્રી અમિત પટેલ વધુમાં દલીલો કરતા જણાવે છે કે હાલના કેસમાં આરોપીઓ વિરૂધ્ધ ઈ.પી.કો.કલમ–૧૨૦(બી), ૩૪ મુજબનો પણ ચાર્જ છે, ચાર્જ જોવામાં આવે અને નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદાઓ ધ્યાને લઈએ તો કાવતરા દરમ્યાન દરેક આરોપીઓએ અલગ–અલગ કૃત્યો કરેલા છે, દરેક આરોપી સામેનો પુરાવો અલગ–અલગ જોઈ શકાય નહીં તેમજ દરેક આરોપીનુ કૃત્ય અલગથી ન જોવાય, આ કેસમાં દરેક આરોપીનો પુરાવો એકબીજા સામે વંચાણે લેવાય, આ કેસના તમામ આરોપીઓ સુરતના બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં અને અમદાવાદના સિરિયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં સંડોવાયેલા છે, વધુમાં તેઓ દરેક આરોપી દીઠ ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરેલ પુરાવાની ચર્ચા કરતા જણાવે છે કેઃ–

આરોપી નં.૧ જાહીદ કુતબુદ્દીન શેખ વિરૂધ્ધ સાહેદ નં.૯૫૭ ઝાકીર હુસેન કુરેશી દ્વારા રજૂ થયેલો પુરાવો ધ્યાને લેતાં આ આરોપી કાવતરામાં સામેલ છે, ૧૬૪ નુ નિવેદન સમર્થન આપે છે, આરોપી જેહાદી મિટીંગોમાં હાજર રહેલા છે અને આંતકવાદી ટ્રેનીંગ લીધેલી છે, સાહેદે આરોપીને ઓળખી બતાવેલા છે, સાહેદ નં.૧૧૦૫ ઈદ્રીશ ગુલાબશા દ્વારા રજૂ થયેલો પુરાવો ધ્યાને લેતાં આ આરોપી તથા બીજા આરોપીઓ ખુદપીર દરગાહ ઉપર ગયેલા છે, ધર્મશાળામાં રોકાયેલા છે, સાહેદ નં.૯૭૨ રામકાભાઇ દ્વારા રજૂ થયેલો પુરાવો ધ્યાને લેતાં તેઓ ભેંસો શોધવા ગયેલા, આરોપીઓને જંગલમાં ટ્રેનીંગ લેતા જોયેલા છે, સાહેદે આરોપીને ઓળખ પરેડ વખતે ઓળખેલા છે, સાહેદ નં.૧૦૬૭ અંબાલાલ વેચાત દ્વારા રજૂ થયેલો પુરાવો ધ્યાને લેતાં હેલીકેલ વાવ પાસે ગાડીને પંચર પડેલુ તે વખતે આરોપીઓને જંગલમાં ટ્રેનીંગ લેતા જોયેલા છે, સાહેદે આરોપીને ઓળખ પરેડ વખતે ઓળખેલા છે, આરોપીઓની હાલોલ કેમ્પમાં હાજરી હતી, સાહેદ નં.૫૭૧ રમણભાઇ સોલંકીએ સાહેદ રૂબરૂ આરોપીઓની ઓળખ પરેડ કરાવેલી છે, આરોપી નં.૨, ૨૧, ૩૫ ના નિવેદન દ્વારા ફરિયાદપક્ષના કેસને સમર્થન મળે છે, આ ઉપરાંત ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં.૮૨૦, ૯૦૪, ૯૫૩, ૧૦૩૯, ૫૯૦, ૫૯૨, ૫૯૫, ૮૨૩, ૮૩૦, ૮૪૮, ૮૪૯, ૮૫૧,

૧૦૬૩, ૧૦૭૩, ૧૦૭૪, ૭૮૬, ૭૯૦, ૭૯૨, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૧૦૬૯, ૧૦૭૦, ૧૦૭૭, ૧૦૮૯, ૧૧૫૯, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ નાઓએ આરોપી નં.૧ વિરૂધ્ધ પુરાવો આપેલો છે.

વધુમાં આરોપી નં.૨ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં. ૧૧૦૫, ૧૧૧૫, ૧૧૨૧, ૯૭૪, ૯૮૧, ૧૦૬૭, ૫૭૧, ૮૭૭, ૯૦૦, ૬૧૭, ૯૪૦, ૧૦૬૨, ૬૧૭, ૭૮૬, ૭૯૦, ૭૯૨, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૧૦૭૦ નાઓએ પુરાવો આપેલો છે તેમજ આરોપી નં.૨ તથા આરોપી નં.૩૫ ના નિવેદનો દ્વારા પણ આરોપી નં.૨ વિરૂધ્ધના કેસને સમર્થન મળે છે.

વધુમાં આરોપી નં.૩ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં. ૧૧૧૫, ૧૧૧૭, ૧૧૩૧, ૫૭૧, ૮૮૩, ૩૪૮, ૩૫૬, ૬૦૦, ૭૮૬, ૭૯૦, ૭૯૨, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૧૧૫૫, ૧૧૬૩ નાઓએ પુરાવો આપેલો છે તેમજ આરોપી નં.૨ તથા આરોપી નં.૩૫ ના નિવેદનો દ્વારા પણ આરોપી નં.૩ વિરૂધ્ધના કેસને સમર્થન મળે છે.

વધુમાં આરોપી નં.૪ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં. ૯૫૭, ૧૧૪૧, ૧૦૯૭, ૮૦૯, ૫૯૬, ૧૦૪૧, ૭૮૬, ૭૯૦, ૭૯૨, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૧૦૭૦, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ નાઓએ પુરાવો આપેલો છે તેમજ આરોપી નં.૨, ૨૪ તથા આરોપી નં.૩૫ ના નિવેદનો દ્વારા પણ આરોપી નં.૪ વિરૂધ્ધના કેસને સમર્થન મળે છે.

વધુમાં આરોપી નં.૫ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં. ૯૫૭, ૭૮૬, ૭૯૦, ૭૯૨, ૭૯૫, ૮૦૫, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ નાઓએ પુરાવો આપેલો છે તેમજ આરોપી નં.૨ ના નિવેદન દ્વારા પણ આરોપી નં.૫ વિરૂધ્ધના કેસને સમર્થન મળે છે.

વધુમાં આરોપી નં.૬ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં. ૯૫૭, ૯૭૨, ૯૮૧, ૧૧૪૧, ૧૦૬૧, ૧૦૯૭, ૫૭૧, ૭૮૬, ૭૯૦, ૭૯૨, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ નાઓએ પુરાવો

આપેલો છે તેમજ આરોપી નં.૨, ૨૧ તથા ૩૫ ના નિવેદનો દ્વારા પણ આરોપી નં.૬ વિરૂધ્ધના કેસને સમર્થન મળે છે.

વધુમાં આરોપી નં.૭ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં. ૧૧૧૫, ૯૮૧, ૧૦૬૭, ૫૭૧, ૮૯૫, ૮૯૪, ૫૯૪, ૬૧૭, ૮૩૫, ૮૪૯, ૮૫૧, ૮૭૯, ૮૮૬, ૮૮૯, ૭૮૬, ૭૯૦, ૭૯૨, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૧૦૭૦, ૧૦૭૭, ૧૧૩૩, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ નાઓએ પુરાવો આપેલો છે તેમજ આરોપી નં.૨, ૨૧ તથા ૩૫ ના નિવેદનો દ્વારા પણ આરોપી નં.૭ વિરૂધ્ધના કેસને સમર્થન મળે છે.

વધુમાં આરોપી નં.૮ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં. ૯૫૭, ૯૩૮, ૯૭૨, ૯૮૧, ૧૦૬૭, ૧૦૯૭, ૫૭૧, ૮૧૭, ૫૯૧, ૮૨૩, ૮૩૦, ૧૦૪૧, ૭૮૬, ૭૯૦, ૭૯૨, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૧૦૭૨, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ નાઓએ પુરાવો આપેલો છે તેમજ આરોપી નં.૨, ૨૪ તથા ૩૫ ના નિવેદનો દ્વારા પણ આરોપી નં.૮ વિરૂધ્ધના કેસને સમર્થન મળે છે.

વધુમાં આરોપી નં.૯ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં. ૯૭૨, ૯૮૧, ૧૦૬૭, ૫૭૧, ૯૦૦, ૮૪૮, ૭૮૬, ૭૮૭, ૭૯૦, ૭૯૨, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ નાઓએ પુરાવો આપેલો છે તેમજ આરોપી નં.૨ તથા ૩૫ ના નિવેદનો દ્વારા પણ આરોપી નં.૯ વિરૂધ્ધના કેસને સમર્થન મળે છે.

વધુમાં આરોપી નં.૧૦ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં.૯૭૨, ૯૮૧, ૧૦૬૭, ૫૭૧, ૯૦૦, ૯૪૮, ૭૮૬, ૭૮૭, ૭૯૦, ૭૯૨, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ નાઓએ પુરાવો આપેલો છે તેમજ આરોપી નં.૨, ૨૧, ૩૫ તથા ૭૬ ના નિવેદનો દ્વારા પણ આરોપી નં.૧૦ વિરૂધ્ધના કેસને સમર્થન મળે છે.

વધુમાં આરોપી નં.૧૧ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં.૮૪૮, ૭૮૬, ૭૮૭, ૭૯૦, ૭૯૨, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૧૧૪૧, ૧૧૫૩,

૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ નાઓએ પુરાવો આપેલો છે તેમજ આરોપી નં.૨ તથા ૭૬ ના નિવેદનો દ્વારા પણ આરોપી નં.૧૧ વિરૂધ્ધના કેસને સમર્થન મળે છે.

વધુમાં આરોપી નં.૧૨ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં.૧૧૪૧, ૧૧૧૭, ૯૭૨, ૯૮૧, ૧૦૬૭, ૧૦૭૩, ૧૦૯૭, ૫૭૧, ૯૦૦, ૮૪૮, ૧૦૬૩, ૧૦૭૪, ૭૮૬, ૭૮૭, ૭૯૦, ૭૯૨, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૧૦૬૯, ૧૦૮૯, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ નાઓએ પુરાવો આપેલો છે તેમજ આરોપી નં.૨, ૨૧, ૩૫ તથા ૭૬ ના નિવેદનો દ્વારા પણ આરોપી નં.૧૨ વિરૂધ્ધના કેસને સમર્થન મળે છે.

વધુમાં આરોપી નં.૧૩ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં.૯૦૦, ૮૪૮, ૧૧૪૮, ૭૮૬, ૭૮૭, ૭૯૦, ૭૯૨, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ નાઓએ પુરાવો આપેલો છે તેમજ આરોપી નં.૨ ના નિવેદન દ્વારા પણ આરોપી નં.૧૩ વિરૂધ્ધના કેસને સમર્થન મળે છે.

વધુમાં આરોપી નં.૧૪ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં.૯૮૧, ૧૦૬૭, ૧૦૮૪, ૫૭૧, ૪૬૧, ૮૭૮, ૯૦૦, ૯૧૭, ૯૭૫, ૮૩૦, ૮૮૧, ૮૯૪, ૯૦૫, ૯૮૯, ૯૯૦, ૧૦૨૧, ૧૦૨૩, ૧૦૨૪, ૧૦૨૫, ૧૦૪૧, ૧૦૯૯, ૧૧૦૩, ૭૮૬, ૭૯૦, ૭૯૨, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ નાઓએ પુરાવો આપેલો છે તેમજ આરોપી નં.૨, ૨૧ તથા ૩૫ ના નિવેદનો દ્વારા પણ આરોપી નં.૧૪ વિરૂધ્ધના કેસને સમર્થન મળે છે.

વધુમાં આરોપી નં.૧૫ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં.૯૫૭, ૧૧૦૬, ૧૧૪૧, ૯૨૯, ૫૭૧, ૮૭૨, ૮૯૮, ૧૧૦૩, ૮૩૦, ૮૪૮, ૭૮૬, ૭૯૦, ૭૯૨, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ નાઓએ પુરાવો આપેલો છે તેમજ આરોપી નં.૨ તથા ૭૬ ના નિવેદનો દ્વારા પણ આરોપી નં.૧૫ વિરૂધ્ધના કેસને સમર્થન મળે છે.

વધુમાં આરોપી નં.૧૬ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં.૧૧૦૫, ૯૮૧, ૧૦૬૭, ૧૦૭૩, ૯૫૮, ૧૦૩૯, ૯૩૪, ૧૦૬૩, ૧૦૭૪,

૭૮૬, ૭૯૦, ૭૯૨, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૯૭૩, ૧૦૬૯, ૧૦૮૯, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ નાઓએ પુરાવો આપેલો છે તેમજ આરોપી નં.૨ તથા ૩૫ ના નિવેદનો દ્વારા પણ આરોપી નં.૧૬ વિરૂધ્ધના કેસને સમર્થન મળે છે.

વિ.સહાયક પી.પી.શ્રી અમિત પટેલ વધુમાં દલીલો કરતા જણાવે છે કે આરોપી નં.૧૬ તર્ફે બચાવમાં આંક–૯૨૬૩ થી સાહેદ નં.૧ તરીકે હુસેન હાસમભાઇ શેખને તપાસવામાં આવેલા છે, બચાવપક્ષ તર્ફે આ જગ્યાએ કોઇ મિટીંગ કે ધાર્મિક કાર્યક્રમ થયો નથી તેવુ પુરવાર કરવાનો પ્રયત્ન કરવામાં આવેલો છે, આ સાહેદની જુબાની ધ્યાને લેતાં સમસુદ્દીન શેખ આ સાહેદના ભત્રીજાનો દિકરો છે, સમસુદ્દીનના નાનાના ઘરે મિટીંગ થયા બાબતે જાકીરહુસેન તથા એૈયાજ સૈયદે પુરાવો આપેલો છે, સાહેદના ઘરે સને–૨૦૦૮ માં પોલીસ તપાસ માટે આવતી હતી તેમ જણાવે છે પરંતુ ૧૨ વર્ષ સુધી આ વાત કોઇને કરી નથી, કોઇ અરજી કરી નથી કે કોઇ જગ્યાએ રજૂઆત કરી નથી, સમસુદ્દીન ઉપર કેસ છે તે વાત જાણે છે, સમસુદ્દીનના માતાને મળે છે છતાં કોઇ રજૂઆત કરી નથી તેમનુ મકાન પાંચ હાથ પહોળુ તથા દસ હાથ લાંબુ છે તેમ જણાવે છે પરંતુ ચોક્કસ માપ દર્શાવતો કોઇ પુરાવો રજૂ કરેલો નથી, નાનુ ઘર હોય તેથી મિટીંગ ના થાય તેવુ નથી, તેઓને પાંચ ભાઇઓ અને બે બહેનો છે, માતા પિતા સાથે કુલ્લે–૯ વ્યકિતઓ આ ઘરમાં રહેતા હતા, આટલા નાના ઘરમાં નવ વ્યકિતઓ રહી શકે નહીં જેથી બચાવપક્ષ તર્ફે તપાસેલા સાહેદ નં.૧ નો પુરાવો માની શકાય નહીં. વધુમાં બચાવપક્ષ તર્ફે આંક–૯૨૭૦ થી સાહેદ નં.૨ તરીકે મહમદફારૂક ઉમરભાઇ સમેજાને તપાસવામાં આવેલા છે, આ સાહેદની જુબાની ધ્યાને લેતાં આ સાહેદનો પુરાવો મનાય તેમ નથી, સાહેદના પુરાવા મુજબ તેના ભાઇ મહમદ હુસેન સમેજા તથા સાળીના દિકરા મહમદ હુસેન જુનેજાને પોલીસ લઇ ગયેલી તેવો બચાવ છે, બીજા દિવસે અબ્બાસ ચા આપવા ગયેલા ત્યાં બેસાડી મુકેલા પછી અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચમાં લઇ ગયેલા તેવો બચાવ છે, આ સાહેદની જુબાનીમાં જુદા–જુદા દસ્તાવેજો રજૂ થયા છે તેમના કહેવા મુજબ આરોપીના ભાભીએ એક અરજી વકીલ પાસે અંગ્રેજીમાં લખાવેલી અને તેમના ભાભી

હાજરાબીબીએ સહી કરેલી, આ અરજી સ્પીડ પોષ્ટથી મોકલેલી પરંતુ તે અરજી પુરવાર થઇ નથી, હાજરાબેન અરજી કરનાર છે તેમને તપાસેલા નથી માટે ભાભીએ કહેલુ તે પુરાવો હીયરસે પુરાવો છે, સાહેદના ભાભીનુ નિવેદન લીધેલુ તે રજૂ થયુ છે, આ નિવેદન મુખ્ય પુરાવો નથી જેથી આ નિવેદન વંચાણે લેવાય નહીં, નિવેદન આપનારને કોન્ટ્રાડીકટ કર્યા સિવાય બીજો ઉપયોગ થઇ શકે નહીં, આ નિવેદનને આંક અપાયેલ નથી, આ સાહેદે આર.ટી.આઇ.માં અરજી કરેલી તે અરજી પણ કોન્ટ્રાડીકટ માટે જ ઉપયોગમાં લેવાય, આ સાહેદે જે કાંઇ હકીકત જણાવી છે તે બનાવના ૧૨ વર્ષ બાદ જણાવી છે અગાઉ આ બાબતે કોઇ લેખિત અરજી કયાંય કરી નથી, સોગંદનામુ કરીને કયાંય મોકલ્યુ નથી, ૧૨ વર્ષ પછી આપેલો પુરાવો કે જાહેર કરેલી હકીકત ના મનાય, આ સાહેદે જી.ઇ.બી.માં ૧૨ વર્ષ સુધી નોકરી કરે છે છતાં સરતપાસમાં જણાવેલી હકીકત કયાંય જણાવેલી નથી, ભૂજના તથા અમદાવાદના એડવોકેટોને આ સાહેદ મળ્યા છે, અબ્બાસના કેસની ચર્ચા કરી છે છતાં સરતપાસમાં જણાવેલી હકીકત કયાંય જણાવી નથી, જેલમાં અબ્બાસને નિયમિત મળતા હતા છતાં પણ કોઇને વાત કરી નથી, સાહેદ નં.૨ તથા આરોપી નં.૧૬ ના ભાઇ મહંમદ હુસેન સમેજા ગુજરી ગયા છે તેમણે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ સમક્ષ ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૪ મુજબનુ નિવેદન આપ્યુ છે, મહંમદ હુસેન સમેજાએ પણ કોઇ જગ્યાએ અરજી કરીને જાણ કરી નથી, આરોપીને ગોંધી રાખ્યાની કોઇ જગ્યાએ જાણ કરી નથી, મહંમદ હુસેન સમેજાનુ નિવેદન આંકે પાડવા માટે આંક–૯૨૭૫ થી અરજી આપેલી છે જો કે અદાલતે આંક આપેલો નથી, આંક–૯૨૭૫ ઉપર થયેલ હુકમના પેરા નં.૫ વંચાણે લેતાં ન્યાયિક કાર્યવાહીના ભાગ રૂપે નિવેદન નોંધેલુ છે તેવુ અનુમાન થઇ શકે તેમ નામદાર કોર્ટે હુકમમાં જણાવેલ છે, મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટનાએ જે કાર્યવાહી કરી છે તે ન્યાયિક છે તથા મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ એ જે સર્ટી. આપ્યુ છે તે ન્યાયિક છે અને મેજિસ્ટ્રેટની કાર્યવાહી પુરાવામાં ગ્રાહ્ય છે, નિવેદન સ્વેચ્છાપૂર્વક આપેલુ છે, આરોપીને ગોંધી રાખ્યાની કોઇ ફરિયાદ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ સાહેબ સમક્ષ કરી નથી, આરોપીએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ ના વિશેષ

નિવેદનમાં જે કાંઇ કહ્યુ છે તે અંગે કોઇ પુરાવો રેકર્ડ ઉપર નથી,અબ્બાસ ઉમર સમેજાએ એક અરજી મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ સમક્ષ કરેલી જે આંક –૯૨૨૪થી રજૂ છે તે અરજી ઉપરનો હુકમ જોવામાં આવે તો તે હુકમની જાણ આરોપી તથા બીજા આરોપીઓને કરેલી છે , હુકમ વંચાણે લેતાં વકીલોની હાજરીમાં આરોપીઓને પોલીસે ગેરવર્તન કરેલુ કે કેમ? તે બાબતે પુછેલુ છે, તમામ અરજીઓ ઉભી કરેલી છે તેવો અદાલતે હુકમ કરેલો છે, અબ્બાસ ઉમર સમેજાની અરજી તા.૨૦–૧૧–૨૦૦૮ની છે, આરોપીને અટક કર્યાના બે માસ સોળ દિવસ પછી આ અરજી કરેલી છે, અબ્બાસ ઉમર સમેજાની અરજી ધ્યાને લેતાં કોઇને ગોંધી રાખ્યા હોય તેવુ નથી, આરોપીએ એફ.એસ. તથા અરજીમાં જણાવેલી વિગતો વિરોધાભાસી છે, એફ.એસ.માં અબ્બાસ ઉમર સમેજાએ જે જણાવ્યુ છે તે તદ્ધન જુદુ છે, કઇ ગાડીમાં ભૂજ થી અમદાવાદ લઇ ગયા, કયા ડ્રાઇવર હતા તેવી હકીકત અરજીમાં નથી અને ૧૨ વર્ષ પછી આ વિગતો એફ.એસ.માં કહે છે, આરોપીએ એફ.એસ.એલમાં જણાવેલી હકીકતો અગાઉ કયારેય અને કયાંય જણાવી નથી, એફ.એસ.માં આપેલા ખુલાસા ખોટા છે, દસ્તાવેજો જોતાં સ્પષ્ટ થાય છે કે પોલીસ અધિકારીઓને ખોટા સંડોવવા માટે પ્રયત્ન કર્યો છે, આરોપીના ભાઇને માર માર્યાનો આક્ષેપ છે, એક મહિના સુધી ઘરેથી સારવાર લીધાનુ મનાય નહીં, સારવાર અંગે ડૉકટરનુ પ્રિસ્ક્રીપ્શન કે દવાના બીલો પણ રજૂ નથી આમ સારવાર આપ્યાના કોઇ દસ્તાવેજો નથી માટે સાહેદ નં.૨ નો પુરાવો માની શકાય તેમ નથી તેમજ એફ.એસ.માં આરોપીએ કરેલી રજૂઆત ખોટી છે.

વધુમાં બચાવપક્ષ તર્ફે આંક –૯૨૮૩ થી તપાસેલા સાહેદ નં.૩ મહેન્દ્રકુમાર રણછોડભાઇ પટેલ અને આંક–૯૨૯૮ થી તપાસેલા સાહેદ નં.૪ નરેન્દ્રભાઇ ડાહ્યાલાલ ભટ્ટીનો પુરાવો ધ્યાને લેતાં અબ્બાસ ઉમર સમેજા કે તેના ભાઇઓની ગેરકાયદેસર અટકાયત થઇ હોય તેવુ પુરવાર થતુ નથી. વધુમા બચાવપક્ષ તર્ફે આંક–૯૩૦૨ થી તપાસેલા સાહેદ નં.૫ દશરથસિંહ ભગવતસિંહ ઝાલાનો પુરાવો ધ્યાને લેતાં આ સાહેદની જુબાની દ્વારા બચાવપક્ષે હાજરાબાનુનુ

નિવેદન પુરવાર કરવાનો પ્રયત્ન કરવામાં આવેલો છે, હાજરાબાનુનુ નિવેદન ગ્રાહ્ય નથી માટે આ સાહેદના પુરાવાથી બચાવપક્ષના બચાવને સમર્થન મળતુ નથી. આમ બચાવપક્ષ તર્ફે તપાસેલા સાહેદ નં.૨ થી સાહેદ નં.૫ ના પુરાવા દ્વારા આરોપી નં.૧૬ બાબતે જે બચાવ લેવામાં આવેલો છે તે પુરવાર થતો નથી.

વધુમાં બચાવપક્ષ તર્ફે આંક –૯૩૦૬થી તપાસેલા સાહેદ નં.૬ રવિન્દ્રનાથ નામદેવ કદમનો પુરાવો ધ્યાને લેતાં આ સાહેદ કર્ણાટક યુનિવર્સીટી થી આવેલા છે, આ સાહેદે રજૂ કરેલા દસ્તાવેજો એકલા વંચાણે ના લેવાય, આ દસ્તાવેજોથી આજ વ્યકિતએ પરીક્ષા આપી હતી તેવુ મનાય નહીં, ધારો કે આજ વ્યકિતએ પરીક્ષા આપી હતી તેવુ માનવામાં આવે તો પણ આ આરોપી કેમ્પમાં હાજર ન હતો તેવુ મનાય નહીં, પરીક્ષા સિવાયના દિવસોમાં આરોપી વાઘમોન કેમ્પમાં હાજર હતા, દસ્તાવેજો રજૂ કરવાથી આ આરોપી કેમ્પમાં હાજર ન હતો તેવુ સાબિત થતુ નથી, બચાવપક્ષે આ દસ્તાવેજો રજૂ કરીને "**એલીબી**" પુરવાર કરવાનો પ્રયત્ન કરેલો છે પરંતુ "**એલીબી**" પુરવાર થતી નથી જેથી આ સાહેદના પુરાવાથી બચાવપક્ષના બચાવને સમર્થન મળતુ નથી, સાહેદ જાકીર તથા સાહેદ એૈયાજની ઊલટતપાસમાં જે સજેશન અને આક્ષેપો કરેલા છે તે પુરવાર થતા નથી.

વધુમાં બચાવપક્ષ તર્ફે આંક –૯૩૨૭ થી તપાસેલા સાહેદ નં.૭ દિનુભાઇ ધુળાભાઇ પ્રજાપતિનો પુરાવો ધ્યાને લેતાં આ સાહેદે પત્રો તથા દસ્તાવેજો રજૂ કરેલા છે, બચાવપક્ષના બચાવને સમર્થન મળે તેવો કોઇ પુરાવો આ સાહેદની જુબાનીમાં રજૂ થયેલો નથી, આ સાહેદની ઊલટતપાસના પેરા નં.૧૧ વંચાણે લેતાં જેલમાં આરોપીઓ એકબીજાને મળી શકે છે અને વાતચીત પણ કરી શકે છે, તમામ આરોપીઓને માંગ્યા મુજબના કાગળો આપવામાં આવે છે, જેલ મેન્યુઅલ પ્રમાણે આરોપીઓ સામે ખટલા ચાલે છે તથા આરોપીઓને સજા પણ કરી છે, ચાર્જશીટના કાગળોના ડમ્બલ બનાવેલા છે તે કબજે પણ કરેલા છે.

વિ.સહાયક પી.પી.શ્રી અમિત પટેલ વધુમાં દલીલો કરતા જણાવે છે કે આરોપી નં.૧૭ નવેદ કાદરી વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં. ૧૦૦૫, ૭૮૬, ૭૯૦, ૭૯૨, ૭૯૫, ૮૦૫, ૧૧૫૩, ૧૧૫૪ અને ૧૧૬૩ નાઓએ પુરાવો આપેલો છે.

વધુમાં આરોપી નં.૧૮ જાવેદ અહેમદ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં.૭૮૬, ૭૯૦, ૭૯૨, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૫૩, ૧૧૬૩ નાઓએ પુરાવો આપેલો છે તેમજ આરોપી નં.૨, ૨૪ ના કબૂલાત નિવેદનો દ્વારા પણ આરોપી નં.૧૮ વિરૂધ્ધના કેસને સમર્થન મળે છે તેમ જણાવે છે.

વધુમાં આરોપી નં.૧૯ રજીયુદ્દીન નાસીર વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં.૮૩૫, ૮૩૬, ૭૮૬, ૭૮૭, ૭૯૦, ૭૯૨, ૭૯૫, ૮૦૫, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૬૩ નાઓએ પુરાવો આપેલો છે તેમજ આરોપી નં.૨ ના કબૂલાત નિવેદન દ્વારા પણ આરોપી નં.૧૯ વિરૂધ્ધના કેસને સમર્થન મળે છે તેમ જણાવે છે.

વધુમાં આરોપી નં.૨૦ અતીકુર રહેમાન વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં.૭૮૬, ૭૯૦, ૭૯૨, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ નાઓ પુરાવો આપેલો છે તેમજ આરોપી નં.૨૧, ૩૫ ના કબૂલાત નિવેદનો દ્વારા પણ આરોપી નં.૨૦ વિરૂધ્ધના કેસને સમર્થન મળે છે તેમ જણાવે છે.

વધુમાં આરોપી નં.૨૧ મહેંદી હસન વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં.૭૮૬, ૭૯૦, ૭૯૨, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ નાઓએ પુરાવો આપેલો છે તેમજ આરોપીના પોતાના કબૂલાત નિવેદન દ્વારા તેમજ આરોપી નં.૩૫ ના કબૂલાત નિવેદન દ્વારા પણ આરોપી નં.૨૧ વિરૂધ્ધના કેસને સમર્થન મળે છે તેમ જણાવે છે.

વધુમાં આરોપી નં.૨૨ ઇમરાન અહેમદ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં.૭૮૬, ૭૯૦, ૭૯૨, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૧૧૫૩,

૧૧૫૪, ૧૧૬૩ નાઓએ પુરાવો આપેલો છે તેમજ આરોપી નં.૨૧, ૩૫ ના કબૂલાત નિવેદનો દ્વારા પણ આરોપી નં.૨૨ વિરૂધ્ધના કેસને સમર્થન મળે છે તેમ જણાવે છે.

વધુમાં આરોપી નં.૨૩ અયાજ રજાકમીંયા સૈયદ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં.૯૫૭, ૧૧૦૬, ૧૧૪૧, ૯૩૨, ૯૩૫, ૯૩૭, ૫૮૮, ૮૧૦, ૮૧૨, ૮૩૩, ૯૭૪, ૧૦૮૨, ૩૪૬, ૩૪૯, ૩૫૯, ૩૯૨, ૫૯૮, ૮૧૧, ૮૧૯, ૭૮૬, ૭૯૦, ૭૯૨, ૭૯૫, ૮૦૫, ૧૧૧૬, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૬૩ નાઓએ પુરાવો આપેલો છે તેમ જણાવે છે.

વધુમાં આરોપી નં.૨૪ ઉમર અશોક કાળાભાઇ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં.૭૮૬, ૭૯૦, ૭૯૨, ૭૯૫, ૮૦૫, ૧૧૩૩, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૬૩ નાઓએ પુરાવો આપેલો છે તેમજ આરોપીના પોતાના કબૂલાત નિવેદન દ્વારા આરોપી નં.૨૪ વિરૂધ્ધના કેસને સમર્થન મળે છે તેમ જણાવે છે.

વધુમાં આરોપી નં.૨૫ સલીમ જમાલભાઇ સિપાઇ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં.૮૨૧, ૭૮૬, ૭૯૦, ૭૯૨, ૭૯૫, ૮૦૫, ૧૧૩૩, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૬૩ નાઓએ પુરાવો આપેલો છે તેમ જણાવે છે.

વધુમાં આરોપી નં.૨૬ મહંમદઅલી ઉર્ફે અબુબકર મોહરમઅલી અન્સારી વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં.૭૮૬, ૭૮૭, ૭૮૯, ૭૯૦, ૭૯૨, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ નાઓએ પુરાવો આપેલો છે તેમજ આરોપી નં.૨ ના કબૂલાત નિવેદન દ્વારા પણ આરોપી નં.૨૬ વિરૂધ્ધના કેસને સમર્થન મળે છે તેમ જણાવે છે.

વધુમાં આરોપી નં.૨૭ મહમદ ઇસ્માઇલ મહમદ ઇસાક મન્સુરી વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં.૯૫૭, ૧૧૪૧, ૪૮૭, ૪૮૮, ૪૮૯, ૯૨૬, ૯૫૨, ૫૮૮, ૫૮૯, ૮૧૨, ૮૧૬, ૮૨૨, ૮૨૪, ૮૨૭, ૮૩૩, ૮૩૪, ૮૬૫, ૮૬૬, ૮૬૭, ૮૬૮, ૯૦૧, ૧૧૦૭, ૩૩૩, ૩૪૭, ૩૫૪, ૩૫૫, ૩૫૮, ૪૦૩, ૪૦૮, ૪૮૩, ૪૮૪, ૪૮૫, ૫૩૨, ૮૨૬, ૮૨૮, ૮૨૯, ૯૩૯, ૯૫૪, ૯૫૫, ૯૬૩, ૧૦૩૫, ૧૦૩૬, ૭૮૬, ૭૯૦, ૭૯૨, ૭૯૪,

૭૯૫, ૮૦૫, ૧૧૧૬, ૧૧૫૩,૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ નાઓએ પુરાવો આપેલો છે તેમજ આરોપી નં.૨, ૨૪, ૭૬ ના કબૂલાત નિવેદનો દ્વારા પણ આરોપી નં.૨૭ વિરૂધ્ધના કેસને સમર્થન મળે છે તેમ જણાવે છે.

વધુમાં આરોપી નં.૨૮ અફઝલ મુતલીબ ઉસ્માની વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં.૪૦૯, ૬૦૨, ૯૮૫, ૫૭૫, ૮૯૯, ૯૦૧, ૩૫૦, ૮૦૨, ૮૯૨, ૯૨૦, ૯૨૫, ૯૫૧, ૯૬૩, ૯૬૮, ૧૦૫૭, ૭૮૬, ૭૮૭, ૭૯૦, ૭૯૨, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૧૦૭૫, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ નાઓએ પુરાવો આપેલો છે તેમ જણાવે છે.

વધુમાં આરોપી નં.૨૯ મહંમદ જાકીર અબ્દુલ હક્ક શેખ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં.૯૬૦, ૧૦૬૪, ૧૦૬૫, ૭૮૬, ૭૮૭, ૭૯૦, ૭૯૨, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૧૧૧૯, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ નાઓએ પુરાવો આપેલો છે તેમ જણાવે છે.

વધુમાં આરોપી નં.૩૦ મહંમદ સાદીક ઇસરાર અહેમદ શેખ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં.૯૬૦, ૧૧૨૮, ૭૮૬, ૭૮૭, ૭૯૦, ૭૯૨, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ નાઓએ પુરાવો આપેલો છે તેમ જણાવે છે.

વધુમાં આરોપી નં.૩૧ મહંમદ આરીફ બદરૂદ્દીન જુમ્મન શેખ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં.૧૦૦૫, ૯૭૮, ૯૭૯, ૯૬૦, ૫૮૯, ૮૩૦, ૯૮૮, ૭૮૬, ૭૮૭, ૭૯૦, ૭૯૨, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ નાઓએ પુરાવો આપેલો છે તેમ જણાવે છે.

વધુમાં આરોપી નં.૩૨ આસીફ બશીરૂદ્દીન શેખ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં.૯૬૫, ૯૬૬, ૯૬૭, ૫૮૯, ૯૧૦, ૯૧૯, ૭૮૬, ૭૮૭, ૭૯૦, ૭૯૨, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ નાઓએ પુરાવો આપેલો છે તેમ જણાવે છે.

વધુમાં આરોપી નં.૩૩ મુબીન કાદર શેખ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં.૯૦૩, ૩૩૩, ૧૧૨૪, ૭૮૬, ૭૮૭, ૭૯૦, ૭૯૨,

૭૯૪, ૭૯૫, ૮૦૫, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ નાઓએ પુરાવો આપેલો છે તેમ જણાવે છે.

વધુમાં આરોપી નં.૩૪ મોહંમદ મન્સુર અસગર પીરભોય વિરૂધ્ધ ફરિયાદપક્ષ તર્ફે તપાસેલા સાહેદ નં .૯૦૩, ૧૧૨૫, ૭૮૬, ૭૮૭, ૭૯૦, ૭૯૨, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ નાઓએ પુરાવો આપેલો છે તેમ જણાવે છે.

વધુમાં આરોપી નં.૩૫ રફીઉદ્દીન સરકુદ્દીન કાપડીયા વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં.૯૦૦, ૭૮૬, ૭૯૦, ૭૯૨, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૧૦૮૯, ૧૧૦૫, ૧૧૧૫, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ નાઓએ પુરાવો આપેલો છે તેમજ આરોપી નં.૨,૩૫ ના કબૂલાત નિવેદનો દ્વારા પણ આરોપી નં.૩૫ વિરૂધ્ધના કેસને સમર્થન મળે છે તેમ જણાવે છે.

વધુમાં આરોપી નં.૩૬ મહંમદ આરીફ નસીમ એહમદ મીરઝા વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં.૪૮૭, ૪૮૮, ૪૮૯, ૯૩૬, ૮૬૦, ૮૬૫, ૮૬૬, ૫૮૮, ૩૩૩, ૪૦૮, ૪૮૩, ૪૮૪, ૪૮૫, ૫૩૨, ૭૮૬, ૭૮૭, ૭૯૦, ૭૯૨, ૭૯૫, ૮૦૫, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૬૩ નાઓએ પુરાવો આપેલો છે તેમ જણાવે છે.

વધુમાં આરોપી નં.૩૭ કયામુદ્દીન સરકુદ્દીન કાપડીયા વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં.૯૫૭, ૧૦૦૪, ૧૦૯૮, ૧૧૦૫, ૧૧૦૬, ૧૧૧૫, ૧૧૧૭, ૧૧૩૧, ૧૧૪૧, ૮૬૪, ૯૨૪, ૯૨૭, ૯૨૯, ૯૩૦, ૯૪૩, ૯૫૦, ૯૫૨, ૯૫૬, ૯૮૧, ૧૦૧૬, ૧૦૬૭, ૧૦૯૭, ૧૧૨૨, ૮૧૬, ૮૨૨, ૮૨૪, ૮૩૪, ૮૪૨, ૮૭૦, ૮૭૨, ૮૭૩, ૮૮૩, ૮૯૩, ૮૯૮, ૯૦૦, ૯૭૪, ૧૦૮૨, ૧૦૮૮, ૫૭૯, ૫૮૮, ૫૮૯, ૩૪૨, ૩૯૨, ૫૯૩, ૫૯૫, ૫૯૭, ૫૯૯, ૬૦૩, ૭૯૭, ૭૯૮, ૭૯૯, ૮૦૧, ૮૦૩, ૮૦૭, ૮૧૧, ૮૭૪, ૮૮૧, ૮૯૧, ૮૯૭, ૯૦૭, ૯૦૮, ૯૨૩, ૯૨૮, ૯૩૯, ૯૪૨, ૯૬૯, ૯૭૦, ૯૯૦, ૧૦૧૦, ૧૦૧૭, ૧૦૧૮, ૧૦૨૨, ૧૦૩૨, ૧૦૩૩, ૧૦૩૪, ૧૦૩૭, ૧૦૪૦, ૧૦૪૩, ૧૦૫૬, ૧૦૬૦, ૧૦૬૨, ૧૦૯૬, ૧૦૯૯, ૧૧૧૩, ૭૮૬,

૭૮૭, ૭૯૦, ૭૯૨, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૧૧૫૫, ૧૧૬૩ નાઓએ પુરાવો આપેલો છે તેમજ આરોપી નં.૨, ૩૫ ના કબૂલાત નિવેદનો દ્વારા પણ આરોપી નં.૩૭ વિરૂધ્ધના કેસને સમર્થન મળે છે તેમ જણાવે છે.

વિ.સહાયક પી.પી.શ્રી અમિત પટેલ વધુમાં દલીલો કરતા જણાવે છે કે સદર આરોપી નં.૩૬ નાઓએ બચાવમાં સાહેદ નં.૮ તરીકે જુબાની આપી છે તેમજ દસ્તાવેજો પણ રજૂ કર્યા છે. સદર આરોપીએ આપેલો પુરાવો ધ્યાને લેવામાં આવે તો તેમનો બચાવ મનાય તેમ નથી, જુબાનીના પેરા નં.૪ પ્રમાણે તેમની ગેરકાયદેસર કસ્ટડી કરેલી ત્યારબાદ મધ્યપ્રદેશ પોલીસે છ–સાત મહિના સુધી કસ્ટડીમાં ગેરકાયદેસર રાખેલા તેમ પુરાવો આપે છે, આરોપીના કહેવા પ્રમાણે તા.૩૧–૩–૨૦૦૮ ના રોજ લઇ ગયા ત્યારથી ગેરકાયદેસર કસ્ટડીમાં રાખેલાનુ જણાવે છે, આરોપીના પુરાવાનુ મૂલ્યાંકન કરવામાં આવે તો છ માસ સુધી ગેરકાયદેસર કસ્ટડીમાં રાખેલા જેથી **"એલીબી"** નો બચાવ લેવાનો પ્રયત્ન કર્યો છે, સર તપાસમાં જે પુરાવો આપ્યો છે તે ખોટો આપેલો છે, તા.૮–૭–૨૦૦૯ ના રોજ આરોપીએ જેલ મારફતે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ ને અરજી આપેલી જે આંક–૯૩૫૦ થી રજૂ છે જે અરજીથી વિરૂધ્ધમાં આરોપીએ મૌખિક પુરાવો આપેલો છે, સરતપાસમાં આરોપીએ જે હકીકત જણાવી છે તે અરજીમાં જણાવી નથી, સૌપ્રથમ આરોપીએ જે રજૂઆત કરી છે તે મુજબ તા.૪–૧૨–૨૦૦૮ ના રોજ અમદાવાદ પોલીસ લઇ આવી તેના બાર દિવસ પહેલા મધ્યપ્રદેશ પોલીસે ગોંધી રાખેલો તેમ જણાવે છે, જુબાનીમાં પોલીસ અધિકારી સામે જે આક્ષેપો કરેલા છે તેવા આક્ષેપો વાળી કોઇ હકીકત આંક–૯૩૫૦ ની અરજીમાં જણાવેલી નથી, આરોપીએ બાર વર્ષ પછી સરતપાસમાં ખોટી હકીકતો જણાવેલી છે, આરોપીના ભાઇ આરોપી નં.૩૫ રફીયુદ્ધીનનાઓએ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટમાં જે અરજી આપેલી તે આંક–૯૩૫૧ થી રજૂ છે, આ અરજીમાં પણ આવી કોઇ હકીકત જણાવી નથી, રફીયુદ્ધીને તેના ભાઇ કયામુદ્ધીનને જે કોઇ હકીકત જણાવી છે તે હકીકત કયામુદ્ધીનના પુરાવાથી વિરોધાભાસી છે, કયામુદ્ધીનની આંક–૯૩૫૦ ની અરજી તથા રફીયુદ્ધીનની આંક–૯૩૫૧ ની

અરજી ઉપર મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ નાઓએ હુકમ કરેલો છે તે પણ રેકર્ડ ઉપર છે, આ હુકમને પણ આરોપીના મૂલ્યાંકન માટે ધ્યાને લેવો જરૂરી છે, આરોપીએ પ્રથમ જે રજૂઆત કરી છે તે ઉજ્જૈન કોર્ટ સમક્ષ કરી છે , આરોપીને ગેરકાયદેસર રીતે ગોંધી રાખ્યા છે તેવી રજૂઆત ઉજ્જૈન કોર્ટમાં પણ કરી નથી, આરોપીએ પોતે તથા બીજા આરોપીઓ માટે લેખિતમાં અને મૌખિકમાં કોર્ટમાં રજૂઆતો કરેલી છે, આરોપીને ક્રાઇમ બ્રાંચનો ડર હતો તો તેઓ અરજી કરી શકયા હોત તેમજ જેલ ઓથોરીટીને પણ રજૂઆત કરી શકયા હોત, આરોપીએ મૌખિક પુરાવા દ્વારા કરેલી રજૂઆત/બચાવ ખોટો, ઉપજાવી કાઢેલો છે. સાહેદ જાકીર હુસેને આરોપીને ઓળખી બતાવ્યો ત્યાર પછી આરોપીએ અરજી આપી છે કે ફોટા અને સી.સી.ટી.વી. કેમેરા હોવાથી સાહેદો ઓળખી જાય છે તેવો બચાવ લીધો છે જે બચાવ ખોટો છે, સાહેદ જાકીરે તથા બીજા સાહેદોએ આરોપીને તથા બીજા આરોપીઓને ઓળખ્યા છે માટે આરોપીએ ખોટો બચાવ ઉભો કરવા અરજી આપેલી હતી, અરજી તા.૮-૨-૨૦૧૮ ના રોજ કરેલી હતી જે આંક-૬૭૯૫ થી રજૂ છે, સાહેદ જાકીરની જુબાની થયા પછી ઘણા સમય બાદ આ અરજી આપી છે, સાહેદ જાકીરે જુબાની તા.૭,૮ ડિસેમ્બર-૨૦૧૭ ના રોજ આપેલી છે જે જુબાનીના પેરા નં.૮૪ વંચાણે લેવા માટે વિનંતી કરી છે, સાહેદ જાકીરની જુબાની પુરી થયા બાદ તરત જ આંક-૬૭૯૫ વાળી અરજી આપી શકયા હોત પરંતુ આપેલી ન હતી, ગોંધી રાખ્યાનુ કોર્ટને મૌખિકમાં જણાવેલાની હકીકત ખોટી છે, કોર્ટને મૌખિકમાં જણાવેલાની હકીકત આંક-૬૭૯૫ વાળી અરજીમાં પણ જણાવી નથી, પુરતી તક મળેલી હોવા છતાં આરોપીએ મૌખિકમાં રજૂઆત કરેલાની હકીકત કયાંય જણાવી નથી, જુબાનીના પેરા નં.૮૭ વંચાણે લેવા માટે વિનંતી કરી છે, આંક-૬૭૯૫ વાળી અરજી નામંજૂર થયા પછી તે હુકમને નામદાર હાઇકોર્ટમાં પડકારેલો નથી. આરોપીએ પોતાની જુબાનીમાં સાહેદ નં. ૧૧૪૧ એૈયાજ સૈયદ માટે જે પુરાવો આપેલો છે તે એૈયાજના નામે પોતે ખોટી હકીકત આપવાનો પ્રયત્ન કર્યો છે, એૈયાજના નામે નામદાર અદાલતો ઉપર પોતાની નાખુશી/નારાજગી જણાવી છે માટે તે પુરાવો સાચો નથી, જુબાનીના

પેરા નં.૯૦ વંચાણે લેવા માટે વિનંતી કરી છે, આંક–૮૦૫૬ ની એૅયાજની અરજી સબંધે આરોપીએ આંક–૮૨૪૬ થી તા.૨૩–૫–૨૦૧૯ ના રોજ અરજી કરેલી હતી, એૅયાજની જુબાની દરમ્યાન આરોપી કયામુદ્દીન વીડિયો કોન્ફરન્સ દ્વારા કોર્ટમાં હાજર રહેલા છે તેમ છતાં એૅયાજ વિરૂધ્ધની હકીકત જાહેર કરતી અરજી આરોપીએ આપી નથી, આરોપીને બીજી અદાલતોમાં બીજા રાજયોમાં મુદ્દતોએ મોકલેલા છે, આરોપીને ડર હતો તો તે પોતાની રજૂઆત બીજી અદાલતો સમક્ષ કરી શકયા હોત, પુરતી વિચારણા કરીને બનાવ બાદ ૧૨ વર્ષ પછી આરોપીએ પુરાવો આપેલો છે જે મનાય નહીં, આરોપીના સૌપ્રથમ રીમાન્ડ લીધા ત્યારે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ સમક્ષ વાંધો વિ.વ.શ્રી એમ.એમ.શેખે લીધેલો છે માટે આરોપીના વકીલ તે વખતે પણ હાજર હતા જ. મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ માં બધા આરોપીઓને રજૂ કરવામાં આવતા હતા, જે તે સમયે જુદા–જુદા મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટો હતા માટે બીજા મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવે ત્યારે તેમની સામે પણ આરોપી રજૂઆત કરી શકયા હોત પરંતુ ગોંધી રાખ્યાની કોઇ હકીકત આરોપીએ જણાવી નથી.

વિ.સહાયક પી.પી.શ્રી અમિત પટેલ વધુમાં દલીલો કરતા જણાવે છે કે આરોપી નં.૩૮ મહંમદસૈફ શેખ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં.૯૩૩, ૮૪૨, ૮૭૩, ૯૫૩, ૫૮૮, ૩૪૩, ૩૪૪, ૩૪૫, ૪૮૨, ૯૫૮, ૭૮૬, ૭૮૭, ૭૮૮, ૭૯૦, ૭૯૨, ૭૯૫, ૮૦૫, ૧૧૫૪, ૧૧૬૧, ૧૧૬૩ નાઓએ પુરાવો આપેલો છે તેમ જણાવે છે.

વધુમાં આરોપી નં.૩૯ જીશાન એહમદ ઇસાન એહમદ શેખ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં.૩૬૩, ૩૫૧, ૩૫૩, ૮૭૧, ૭૮૬, ૭૮૭, ૭૯૦, ૭૯૨, ૭૯૫, ૮૦૫, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૬૩ નાઓએ પુરાવો આપેલો છે તેમ જણાવે છે.

વધુમાં આરોપી નં.૪૦ ઝીયાઉર રહેમાન અબ્દુલ રહેમાન તેલી વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં.૮૮૫, ૩૩૪, ૩૩૫, ૩૫૨,

૮૭૧, ૭૮૬, ૭૮૭, ૭૯૦, ૭૯૨, ૭૯૫, ૮૦૫, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૬૩ નાઓએ પુરાવો આપેલો છે તેમ જણાવે છે.

વધુમાં આરોપી નં.૪૧ સાકીબ નિસાર એહમદ આઝમી વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં.૭૮૬, ૭૮૭, ૭૯૦, ૭૯૨, ૭૯૫, ૮૦૫, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૬૩ નાઓએ પુરાવો આપેલો છે તેમ જણાવે છે.

વધુમાં આરોપી નં.૪૨ મહંમદ શકીલ યામીનખાન લુહાર વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં. ૮૯૬, ૩૫૩, ૮૭૧, ૭૮૬, ૭૮૭, ૭૯૦, ૭૯૨, ૭૯૫, ૮૦૫, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૬૩ નાઓએ પુરાવો આપેલો છે તેમ જણાવે છે.

વધુમાં આરોપી નં.૪૩ અનીક શફીક સૈયદ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં.૧૧૨૯, ૧૧૩૮, ૧૧૦૮, ૧૧૧૦, ૫૭૫, ૫૮૯, ૩૩૩, ૪૫૫, ૧૧૦૯, ૧૧૧૩, ૭૮૬, ૭૮૭, ૭૯૦, ૭૯૨, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૧૧૨૦, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩નાઓએ પુરાવો આપેલો છે તેમ જણાવે છે.

વધુમાં આરોપી નં.૪૪ મોહંમદ અકબર ઇસ્માઇલ ચૌધરી વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં.૧૧૨૩, ૧૧૩૮, ૪૫૮, ૧૧૧૦, ૫૭૫, ૫૮૯, ૭૮૬, ૭૮૭, ૭૯૦, ૭૯૨, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ નાઓએ પુરાવો આપેલો છે તેમ જણાવે છે.

વધુમાં આરોપી નં.૪૫ ફઝલે રહેમાન મુસદ્દીકખાન દુરાની વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં.૮૫૫, ૮૬૧, ૯૪૫, ૯૪૬, ૯૬૬, ૯૮૩, ૯૮૪, ૧૧૩૮, ૯૦૯, ૯૧૮, ૯૭૫, ૯૮૬, ૫૭૫, ૫૮૯, ૪૫૯, ૯૧૨, ૯૧૩, ૯૪૪, ૯૪૫, ૯૪૬, ૯૪૭, ૯૪૮, ૯૪૯, ૯૬૨, ૯૭૧, ૯૯૦, ૭૮૬, ૭૮૭, ૭૯૦, ૭૯૨, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ નાઓએ પુરાવો આપેલો છે તેમ જણાવે છે.

વધુમાં આરોપી નં.૪૬ મોહંમદ નૌશાદ મોહંમદ ઇર્શાદ સૈયદ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં.૪૫૮, ૯૫૯, ૧૧૧૩, ૭૮૬,

૭૮૭, ૭૮૮, ૭૯૦, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩નાઓએ પુરાવો આપેલો છે તેમ જણાવે છે.

વધુમાં આરોપી નં.૪૭ એહમદબાવા અબુબકર બરેલવી વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં.૪૫૮, ૧૧૧૧, ૭૮૬, ૭૮૭, ૭૮૮, ૭૯૦, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ નાઓએ પુરાવો આપેલો છે તેમ જણાવે છે.

વધુમાં આરોપી નં.૪૮ સૈનુદ્દીન ઇ.ટી.મોહંમદ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં.૧૧૬૨, ૭૮૬, ૭૮૭, ૭૮૯, ૭૯૦, ૭૯૪, ૮૦૫, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ નાઓએ પુરાવો આપેલો છે તેમ જણાવે છે.

વધુમાં આરોપી નં.૪૯ સરકુદ્દીન ઇ.ટી.સૈનુદ્દીન વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં.૧૧૬૨, ૮૩૦, ૭૮૬, ૭૮૭, ૭૮૯, ૭૯૦, ૭૯૪, ૮૦૫, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ નાઓએ પુરાવો આપેલો છે તેમ જણાવે છે.

વધુમાં આરોપી નં.૫૦ સૈકુર રહેમાન અબ્દુલ રહેમાન વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં.૮૨૫, ૮૬૯, ૩૪૦, ૩૯૨, ૭૮૭, ૭૮૯, ૭૯૦, ૮૦૫, ૧૧૫૪, ૧૧૬૩ નાઓએ પુરાવો આપેલો છે તેમ જણાવે છે.

વધુમાં આરોપી નં.૫૧ ડૉ.અનવર અબ્દુલગની બાગવાન વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં.૯૬૫, ૯૬૬, ૯૬૭, ૭૮૭, ૭૮૯, ૭૯૦, ૭૯૪, ૮૦૫, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ નાઓએ પુરાવો આપેલો છે તેમ જણાવે છે.

વધુમાં આરોપી નં.૫૨ મોહંમદયાસીન ફરીદખાન અબ્દુલ હમીદખાન વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં.૮૧૬, ૭૮૭, ૭૮૯, ૭૯૦, ૭૯૪, ૮૦૫, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ નાઓએ પુરાવો આપેલો છે તેમ જણાવે છે.

વધુમાં આરોપી નં.૫૩ મોહંમદ ઇરફાન મોહંમદ નકીબ મન્સુરી વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં.૭૮૭, ૭૮૯, ૭૯૦, ૭૯૪,

૮૦૫, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ નાઓએ પુરાવો આપેલો છે તેમ જણાવે છે.

વધુમાં આરોપી નં.૫૪ નાસીર એહમદ લિયાકતઅલી પટેલ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં.૭૮૭, ૭૮૯, ૭૯૦, ૭૯૪,૮૦૫, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ નાઓએ પુરાવો આપેલો છે તેમ જણાવે છે.

વધુમાં આરોપી નં.૫૫ શકીલ એહમદ અબ્દુલ સલીમ માલી વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં.૭૮૭, ૭૮૯, ૭૯૦, ૭૯૪, ૮૦૫, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ નાઓએ પુરાવો આપેલો છે તેમ જણાવે છે.

વધુમાં આરોપી નં.૫૬ નદીમ અબ્દુલ નઇમ સૈયદ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં.૭૮૭, ૭૮૯, ૭૯૦, ૭૯૪, ૮૦૫, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ નાઓએ પુરાવો આપેલો છે તેમ જણાવે છે.

વધુમાં આરોપી નં.૫૭ ડૉ.અસદુલ્લાહ એચ.એ. અબુબકર એચ. વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં.૭૮૭, ૭૮૯, ૭૯૦, ૭૯૪, ૮૦૫, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ નાઓએ પુરાવો આપેલો છે તેમજ આરોપી નં.૨ ના કબૂલાત નિવેદન દ્વારા પણ આરોપી નં.૫૭ વિરૂધ્ધના કેસને સમર્થન મળે છે તેમ જણાવે છે.

વધુમાં આરોપી નં.૫૮ મોહંમદસમી રાજ એહમદ બાગેવાડી વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં. ૭૮૭, ૭૮૯, ૭૯૦, ૭૯૪, ૮૦૫, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ નાઓએ પુરાવો આપેલો છે તેમ જણાવે છે.

વધુમાં આરોપી નં.૫૯ મોહંમદ અંસાર અબ્દુલ રઝાક મુસ્લિમ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં.૭૮૭, ૭૮૯, ૭૯૦, ૭૯૪, ૮૦૫, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ નાઓએ પુરાવો આપેલો છે તેમજ આરોપી નં.૨, ૨૧, ૩૫ ના કબૂલાત નિવેદનો દ્વારા પણ આરોપી નં.૫૯ વિરૂધ્ધના કેસને સમર્થન મળે છે તેમ જણાવે છે.

વધુમાં આરોપી નં.૬૦ સાદુલી અબ્દુલ કરીમ મુસ્લીમ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં.૭૮૭, ૭૮૯, ૭૯૦, ૭૯૪, ૮૦૫, ૧૧૪૧, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ નાઓએ પુરાવો આપેલો છે તેમજ આરોપી નં.

૭૬ ના કબૂલાત નિવેદન દ્વારા પણ આરોપી નં.૬૦ વિરૂધ્ધના કેસને સમર્થન મળે છે તેમ જણાવે છે.

વધુમાં આરોપી નં.૬૧ ડો.એહમદબેગ ખ્વાજાબેગ મીરઝા વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં.૭૮૭, ૭૮૯, ૭૯૦, ૭૯૪, ૮૦૫, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ નાઓએ પુરાવો આપેલો છે તેમ જણાવે છે તેમ જણાવે છે.

વધુમાં આરોપી નં.૬૨ કામરાન હાજી સાહીદ સીદ્દીકી વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં.૭૮૭, ૭૮૯, ૭૯૦, ૭૯૪, ૮૦૫, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ નાઓએ પુરાવો આપેલો છે તેમ જણાવે છે.

વધુમાં આરોપી નં.૬૩ મોહંમદ તનવીર મોહંમદ અખ્તર પઠાણ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં.૮૧૩, ૮૧૪, ૮૧૫, ૮૫૫, ૮૫૭, ૮૫૯, ૮૬૧, ૯૮૪, ૪૪૬, ૪૫૧, ૪૫૨, ૪૫૬, ૪૬૪, ૪૬૭, ૯૬૦, ૫૭૫, ૪૨૨, ૪૨૩, ૪૨૪, ૪૨૫, ૪૨૬, ૪૨૭, ૪૨૮, ૪૨૯, ૪૩૦, ૪૩૧, ૪૩૨, ૪૩૩, ૪૩૫, ૪૩૬, ૪૩૭, ૪૩૮, ૪૩૯, ૪૪૦, ૪૪૧, ૪૪૨, ૪૫૪, ૪૫૮, ૪૫૯, ૪૬૩, ૮૫૩, ૮૫૪, ૮૫૬, ૮૬૨, ૮૮૧, ૯૬૨, ૧૦૯૪, ૧૦૪૧, ૧૦૯૯, ૧૧૦૩, ૭૮૭, ૭૯૨, ૭૯૪, ૧૧૧૯, ૧૧૩૬, ૧૦૪૪, ૧૧૫૫ નાઓએ પુરાવો આપેલો છે તેમ જણાવે છે.

વધુમાં આરોપી નં.૬૪ મોહંમદ ઝહીર ઐયુબભાઇ પટેલ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં.૮૫૭, ૮૫૮, ૮૮૨, ૯૬૧, ૪૪૯, ૪૫૫, ૪૫૭, ૪૬૦, ૪૬૩, ૮૮૧, ૧૦૭૯, ૧૦૯૯, ૭૯૨, ૭૯૪, ૧૧૩૬, ૧૧૫૫ નાઓએ પુરાવો આપેલો છે તેમ જણાવે છે.

વધુમાં આરોપી નં.૬૫ મોહંમદ યુનુસ મોહંમદ સાબીર વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં.૧૧૪૭, ૭૮૧, ૭૮૯, ૭૯૦, ૮૦૪, ૮૦૫, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ નાઓએ પુરાવો આપેલો છે તેમ જણાવે છે.

વધુમાં આરોપી નં.૬૬ મોહંમદ સફીક અબ્દુલ બારી અંસારી વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં.૧૧૦૫, ૧૦૬૮, ૭૮૧, ૭૮૯,

૭૯૦, ૮૦૪, ૮૦૫, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ નાઓએ પુરાવો આપેલો છે તેમજ આરોપી નં.૩૫ ના કબૂલાત નિવેદન દ્વારા પણ આરોપી નં.૬૬ વિરૂધ્ધના કેસને સમર્થન મળે છે તેમ જણાવે છે.

વધુમાં આરોપી નં.૬૭ હસીબરજા ફિરદોસરજા સૈયદ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં.૭૮૯, ૭૯૦, ૮૦૪, ૮૦૫, ૧૧૩૫, ૧૧૫૨, ૧૧૫૪, ૧૧૬૩ નાઓએ પુરાવો આપેલો છે તેમ જણાવે છે.

વધુમાં આરોપી નં.૬૮ મોહંમદ હબીબ અબ્દુલજૈશ શેખ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં.૭૮૦, ૭૮૯, ૮૦૪, ૮૦૮, ૮૭૫, ૧૧૪૬, ૧૧૫૪, ૧૧૬૩ નાઓએ પુરાવો આપેલો છે તેમ જણાવે છે.

વધુમાં આરોપી નં.૬૯ આમીન ઉર્ફે રાજા ઐયુબ નઝીર શેખ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં.૯૮૫, ૯૮૨, ૮૦૨, ૮૮૪, ૯૧૧, ૯૧૬, ૯૨૦, ૯૭૬, ૯૭૭, ૯૮૭, ૧૦૭૮, ૧૦૮૦, ૭૮૦, ૭૮૯, ૮૦૪, ૮૦૮, ૮૭૫, ૧૦૭૫, ૧૦૮૯, ૧૧૪૬, ૧૧૫૪, ૧૧૬૩ નાઓએ પુરાવો આપેલો છે તેમ જણાવે છે.

વધુમાં આરોપી નં.૭૦ મોહંમદ મોબીન અબ્દુલ સકુરખાન વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં.૯૮૫, ૯૮૨, ૪૬૬, ૮૦૨, ૯૧૬, ૯૭૬, ૯૭૭, ૧૦૭૮, ૧૦૮૦, ૧૧૧૩, ૭૮૦, ૭૮૯, ૮૦૪, ૮૦૮, ૮૭૫, ૧૦૭૫, ૧૦૮૯, ૧૧૪૬, ૧૧૫૪, ૧૧૫૭, ૧૧૬૩ નાઓએ પુરાવો આપેલો છે તેમ જણાવે છે.

વધુમાં આરોપી નં.૭૧ મોહંમદશાહીદ અબ્દુલ હમીદ નાગોરી વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં.૭૮૦, ૭૯૩, ૭૯૬, ૮૦૮, ૧૧૩૯, ૧૧૫૪, ૧૧૬૩ નાઓએ પુરાવો આપેલો છે તેમ જણાવે છે.

વધુમાં આરોપી નં.૭૨ અબ્દુલસત્તાર પી.ઉર્ફે મન્સુર અબ્દુલ રઝાક મુસ્લિમ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં.૭૮૦, ૭૯૬, ૮૦૮, ૧૧૪૪, ૧૧૫૪, ૧૧૬૩ નાઓએ પુરાવો આપેલો છે તેમજ આરોપી નં.૨ ના

કબૂલાત નિવેદન દ્વારા પણ આરોપી નં.૭૨ વિરૂધ્ધના કેસને સમર્થન મળે છે તેમ જણાવે છે.

વધુમાં આરોપી નં.૭૩ અફાક ઈકબાલ નુરૂલહોદ્દા સૈયદ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં.૯૧૫, ૯૨૧, ૯૯૩, ૭૮૦, ૭૮૯, ૭૯૩, ૮૦૪, ૮૦૮, ૮૭૫, ૧૦૫૧, ૧૧૪૬, ૧૧૫૪, ૧૧૬૩ નાઓએ પુરાવો આપેલો છે તેમજ આરોપી નં.૭૬ ના કબૂલાત નિવેદન દ્વારા પણ આરોપી નં.૭૩ વિરૂધ્ધના કેસને સમર્થન મળે છે તેમ જણાવે છે.

વધુમાં આરોપી નં.૭૪ મહમદ અબરાર બાબુખાન મણીયાર વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં.૯૭૨, ૯૮૧, ૯૧૪, ૭૮૪, ૭૮૦, ૭૯૧, ૮૦૪, ૮૦૮, ૮૭૫, ૧૧૪૬, ૧૧૫૪,૧૧૬૩ નાઓએ પુરાવો આપેલો છે તેમજ આરોપી નં.૩૫ ના કબૂલાત નિવેદન દ્વારા પણ આરોપી નં.૭૪ વિરૂધ્ધના કેસને સમર્થન મળે છે તેમ જણાવે છે.

વધુમાં આરોપી નં.૭૫ મોહંમદ રફીક આફ્રીદી મસકુર અહેમદ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં.૮૭૩, ૯૫૭, ૯૭૪, ૧૦૮૨, ૧૧૦૨, ૧૧૦૭, ૧૧૧૪, ૩૩૭, ૩૩૯, ૩૪૧, ૩૯૨, ૧૧૪૩, ૧૦૮૫, ૧૦૯૫, ૧૧૦૧, ૧૧૦૪, ૧૧૧૬, ૧૧૧૮, ૧૧૪૦, ૧૧૫૬, ૧૧૫૯ નાઓએ પુરાવો આપેલો છે તેમજ આરોપી નં.૨, ૩૫ ના કબૂલાત નિવેદનો દ્વારા પણ આરોપી નં.૭૫ વિરૂધ્ધના કેસને સમર્થન મળે છે તેમ જણાવે છે.

વધુમાં આરોપી નં.૭૬ મંજરઇમામ ઉર્ફે આલમ અલીઇમામ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં.૧૦૮૫, ૧૦૮૬, ૧૦૯૩, ૧૦૯૫, ૧૧૦૧, ૧૧૧૮, ૧૧૪૦, ૧૧૫૬, ૧૧૫૯ નાઓએ પુરાવો આપેલો છે તેમજ આરોપીના પોતાના કબૂલાત નિવેદન દ્વારા પણ કેસને સમર્થન મળે છે તેમ જણાવે છે.

વધુમાં આરોપી નં.૭૭ સુહેબ પોટ્ટનીકલ અબ્દુલકાદર પોટ્ટનીકલ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં.૧૦૮૬, ૧૦૯૫, ૧૧૦૧, ૧૧૦૪, ૧૧૪૦, ૧૧૫૬, ૧૧૫૯ નાઓએ પુરાવો આપેલો છે તેમ જણાવે છે.

વધુમાં આરોપી નં.૭૮ તૌસીફખાન સગીર અહેમદખાન પઠાણ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં.૧૧૦૫, ૧૦૮૧, ૧૦૮૩, ૧૦૮૬, ૧૦૯૫, ૧૧૦૧, ૧૧૦૪, ૧૧૫૬, ૧૧૫૭, ૧૧૫૯ નાઓએ પુરાવો આપેલો છે તેમ જણાવે છે.

વધુમાં વિ.સહાયક પી.પી.શ્રી અમિત પટેલ દલીલો કરતા જણાવે છે કે દરેક આરોપી સામેનો પુરાવો સ્વતંત્ર રીતે વંચાણે ના લેવાય, કાવત્રાનો ગુનો હોય ત્યારે દરેક આરોપી સામેનો પુરાવો દરેક આરોપી સામે વંચાય, આરોપીની જુદી-જુદી ભૂમિકા હોય તો તે કાવતરામાં સામેલ ગણાય છે, ફરિયાદ પક્ષ દ્વારા તપાસેલા સાહેદ નં.૧૧૬૩ ની જુબાની વંચાણે લેતાં સીમીની તપાસ બીજા તપાસ અધિકારીઓએ પણ કરેલી છે, સીમીનુ કેટલુક સાહિત્ય પણ કબજે કરવામાં આવેલુ છે જે ચાર્જશીટ સાથે સામેલ છે, સીમીનુ બંધારણ આરોપી તર્ફે રજૂ થયુ છે તે રેકર્ડ ઉપર છે તેને કામચલાઉ આંક આપેલો છે, તપાસમાં સીમીનુ મટીરીયલ્સ મળ્યુ છે તેથી તે તરફ તપાસ થયેલી છે, તા.૧૬-૮-૨૦૦૮ ના રોજ બે સાહેદોના નિવેદનો લીધેલા તે પછી આરોપીઓને પકડવાનુ શરૂ કરેલુ છે તે બે સાહેદ પૈકી એક સાહેદ ફરી ગયેલા જાહેર થયા છે. આરોપીના નિવેદન ઉપરથી બીજા આરોપીઓને પકડી શકાય, પુરાવો ન હતો અને આરોપીઓને પકડયા છે તેવુ નથી, નિવેદનો લેનાર તપાસ કરનાર અધિકારી શ્રી ટોળીયા ગુજરી ગયા છે પરંતુ તેમણે નિવેદનો લીધેલા છે તે રેકર્ડ ઉપર છે, સાહેદ રીયાઝ હુસેનને ફરી ગયેલા જાહેર કર્યા છે, ફરિયાદપક્ષે કોન્ટ્રાડીકશન પુરવાર કરવા પ્રયત્ન કરેલો છે, આ કેસમાં સાંયોગીક પુરાવા કે સંજોગોના આધારે તપાસ થયેલી છે ત્યારબાદ સીધા પુરાવા અને સીધી રીતના સંજોગોથી કેસ પુરવાર થયેલો છે, પુરતા પુરાવા મળ્યા બાદ આરોપીઓની અટક થયેલી છે ત્યારબાદ બીજા નિવેદનો લીધેલા છે, અમુક આરોપીઓએ કબૂલાત નિવેદનો પણ આપેલા છે. સ્પેશ્યલ સરકારી વકીલ શ્રી એચ.એમ.ધ્રુવ, મિતેષ અમીન, સુધીર બ્રહ્મભટ્ટ તથા અમીત પટેલનાઓ મૌખિક દલીલોના સમર્થનમાં આંક-૯૫૦૯ થી લેખિત મેમોરેન્ડમ રજૂ કરેલું છે. તે પણ ધ્યાને લીધું છે.

(૨૪) બચાવપક્ષની મૌખિક દલીલોઃ–

(૨૪)(૦૧) <u>બચાવપક્ષ તર્ફે વિ.વ.શ્રી આર.કે.શાહની દલીલોઃ–</u>

આરોપી નં.૧ થી ૩, ૫, ૬, ૭, ૮, ૧૪, ૧૫, ૪૬ થી ૪૯ તર્ફે વિ.વ.શ્રી આર.કે.શાહ દલીલો કરતા જણાવે છે કે બનાવો બન્યા છે તે સાથે આરોપીઓને તકરાર નથી, બનાવોમાં ૫૬ માણસો ગુજરી ગયા છે અને ૨૪૦ લોકોને ઈજા થઇ છે તેની સાથે પણ તકરાર નથી, બચાવપક્ષ તર્ફે "સીમી" અને પ્રોસીકયુશનની મંજૂરીઓ, ફેરટ્રાયલ, પોલીસ તપાસ, પંચનામાઓ, ઓળખ પરેડ, કબૂલાત, એપ્રૂવર, ખાનગી ગુપ્ત સાહેદો, એક્ષપર્ટ એવીડન્સ, સાંયોગીક પુરાવાઓ, ગુનાહિત કાવતરૂ, કેટલાક પરચુરણ દસ્તાવેજો, બચાવના સાહેદો અને મુખ્ય પુરાવો શું છે? તે દલીલોના મુદ્દાઓ છે, હાલના કામે આરોપીઓ વિરૂધ્ધ નોંધાયેલ ગુના ગંભીર ગુનાઓ છે તેની સાથે સંમત છે માટે આરોપીઓ વિરૂધ્ધનો પુરાવો સાવચેતીથી ધ્યાને લેવો જોઇએ. **૧૯૯૧ ક્રિમીનલ લો જનરલ, પાન નં.૧૫** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદો પુરાવાનુ મુલ્યાંકન આવા કેસોમાં કેવી રીતે કરવુ તે અંગેના મુદ્દા ઉપર છે. આ કામના આરોપીઓએ કહેવાતો ગુનો કર્યો છે કે કેમ? અથવા આરોપીઓ આ ગુનામાં સંડોવાયેલા છે કે કેમ? તે નક્કી કરવાનુ છે. વધુમાં **(૨૦૧૪) ૭ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૭૧૬ (અક્ષરધામ કેસ)** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદાના પેરા નં.૨૧૭ મુજબ આવા કેસોમાં પુરાવો ખુબ જ કાળજીપૂર્વક તપાસવો જોઇએ, ગંભિર ગુન્હાઓ છે. ન્યાય થવો જોઇએ અને તે માટે સામાન્ય કાળજી રાખવી જોઇએ, ક્રિમીનલ ટ્રાયલમાં અગત્યનુ શું છે જેમાં "કવેશ્ચન ઓફ લો" અને "કવેશ્ચન ઓફ એડમીશીબીલીટી છે", ફેકટ એ પ્રીસીડન્ટ નથી. વધુમાં **૧૯૯૫ ક્રિમીનલ લો જનરલ, પાન નં.૯૨૮** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદાના પેરા નં.૪ વંચાણે લેતાં કાયદો જે સ્થાપિત થયો છે તેની સામે કોઇ વાંધો નથી, દરેક કેસની હકીકત જુદી–જુદી હોય છે. વધુમાં **૨૦૦૭, ક્રિમીનલ લો જનરલ, પાન નં.૧૪૫૮ ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદાની**

હેડનોટ "બી" વંચાણે લેવા માટે વિનંતી કરી છે, ક્રિમીનલ કેસ હકીકત અને પુરાવા ઉપર ડીસાઇડ થાય છે તેમ જણાવે છે.

વિ.વ.શ્રી આર.કે.શાહ "સીમી" ઉપર પ્રતિબંધ બાબતેના મુદ્દા ઉપર દલીલો કરતા જણાવે છે કે યુ.એ.પી.એ.એકટની કલમ–૩ હેઠળ "સીમી" ઉપર પ્રતિબંધ નુ નોટીફીકેશન તા. ૭–૨–૨૦૦૮ ના રોજ બહાર પાડેલ છે જે આંક–૮૩૦૧ થી રજૂ છે, નોટીફીકેશન કલમ–૩ હેઠળ ઇસ્યુ થાય છે, કલમ–૪ હેઠળ ટ્રીબ્યુનલ ઓર્ડર મંજૂર ના કરે ત્યાં સુધી નોટીફીકેશન ઇસ્યુ ના થાય, હાલના કેસમાં ટ્રીબ્યુનલે નોટીફીકેશન મંજૂર કર્યુ કે ના કર્યુ તે અંગે રેકર્ડ ઉપર કોઇ પુરાવો નથી, નોટીફીકેશન ન્યૂઝ પેપરમાં પબ્લીશ થવુ જોઇએ પરંતુ નોટીફીકેશન તે રીતે પબ્લીશ થયુ નથી, કાયદામાં નોટીફીકેશન પબ્લીશ કરવાની ચાર રીતો આપી છે તે રીતો મુજબ નોટીફીકેશન પ્રસિધ્ધ થવુ જોઇએ, કાયદામાં બતાવેલી રીતે નોટીફીકેશન પ્રસિધ્ધ થયુ નથી, ફકત નોટીફીકેશન ઇસ્યુ કરી દેવાથી તે કાયદેસર બની જતુ નથી, ટ્રીબ્યુનલનો હુકમ તા.૫–૮–૨૦૦૮ ના રોજ થયેલો છે જે ફરિયાદપક્ષે રજૂ કરેલો નથી, ટ્રીબ્યુનલે "સીમી" ને ગેરકાયદેસર જાહેર કરી પ્રતિબંધ મુકતુ નોટીફીકેશન રદ્ધ કરેલ છે.

વધુમાં વિ.વ.શ્રી આર.કે.શાહ મંજૂરીઓ અંગે દલીલો કરતા જણાવે છે કે કોગ્નીજન્સ મંજૂરીઓ મળ્યા પછી જ લેવાય, પ્રકરણ–૩, ૪, ૬ હેઠળ જુદી–જુદી કલમો હેઠળનો આરોપીઓ વિરૂધ્ધ ચાર્જ છે, પેરા નં.૧૧.૨ થી ૧૧.૯ સુધી ચાર્જ છે, પ્રકરણ–૩ અને ૪, ૬ માટે જુદી–જુદી વાત છે, યુ.એ.પી.એ. ની કલમ–૪૫ વંચાણે લેવા માટે વિનંતી કરી છે, પ્રોસીકયુશન માટેની અને કોગ્નીજન્સ માટેની મંજૂરીઓ જુદી–જુદી છે, આવી મંજૂરીઓ સેન્ટ્રલ ગર્વમેન્ટ અથવા ઓથોરાઇઝડ ઓફિસર આપી શકે, હાલના આ કેસમાં ઓથોરાઇઝડ ઓફિસર જ આવી મંજૂરીઓ આપી શકે, ઓથોરાઇઝડ ઓફિસર પોતાની સત્તા બીજાને આપી મંજૂરી આપવા અધિકૃત ના કરી શકે, પ્રકરણ–૪ અને ૬ નીચેના ગુન્હામાં સ્ટેટ ગર્વમેન્ટ મંજૂરી આપી શકે, પોલીસે તપાસના કાગળા સીધા રીવ્યુ ઓથોરીટીને મોકલવા જોઇએ, રીવ્યુ ઓથોરીટીએ સાત

દિવસમાં મંજૂરીનો નિર્ણય કરવાનો છે અને નિર્ણય કરીને સાત દિવસમાં ગર્વમેન્ટને ભલામણ મોકલી આપવાની જોગવાઇ છે, નિયમો તા.૩૧–૮–૨૦૦૮ ના રોજ ઘડાયા છે, તા.૩૧–૩–૨૦૦૯ ના રોજ નિયમો અમલમાં આવ્યા છે, નિયમોમાં સમય મર્યાદા આપેલી છે, મંજૂરીઓ તે પ્રોસીજર છે, મંજૂરીઓ માટેની જોગવાઇ **"રીટ્રોસ્પેકટીવ"** છે, મંજૂરીઓ માટે ફરિયાદપક્ષના પ્રથમ સાહેદ નં.૭૮૦ છે, આ સાહેદે મંજૂરીઓ આપ્યા અંગેની તમામ કાર્યવાહી સરતપાસમાં જણાવી છે, સાહેદની ઊલટતપાસના પાન નં.૫૫૦ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે ઓથોરીટીની નિમણૂંક કરવાની સત્તા ફકત કેન્દ્ર સરકારને હતી તેવી હકીકત છે, રાજય સરકારના કેસો હેઠળ રાજય સરકારને છે પણ તા.૨૧–૫–૨૦૧૩ ના જાહેરનામાંથી રીવ્યુ ઓથોરીટીની નિમણૂંક કરવાની સત્તા મળી છે, સુધારો સને–૨૦૦૮ માં થયો છે, ઓથોરીટીની નિમણૂંક મે–૨૦૧૩ માં થયેલી છે, ઓથોરીટી નહીં નિમવાનો દોષ સરકારનો છે, આંક–૪૦૦૧ થી રજૂ તા.૨૭–૪–૨૦૧૨ નો પત્ર કેન્દ્ર સરકારે રાજય સરકારોને લખ્યો છે, આ પત્રથી રાજય સરકારને સત્તા નથી આપી પરંતુ રીવ્યુ ઓથોરીટીની નિમણુંક કરવા સુચના આપી છે, સને–૨૦૦૮ની સાલથી રીવ્યુ ઓથોરીટીની રચના કરવાની હતી પરંતુ આવી ઓથોરીટીની રચના કરેલી નથી, વાંક સરકારનો છે, આરોપીઓનો નથી માટે સમયસર રીવ્યુ ઓથોરીટી નહીં રચવાનો લાભ આરોપીઓને મળે. સાહેદની ઊલટતપાસના પેરા–૧૪ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે આરોપી અબ્દુલ સત્તાર પકડાયા પછી રીવ્યુ ઓથોરીટીને દરખાસ્ત મોકલી છે તો બીજા આરોપીઓ માટે શા માટે નહીં? સેકશન ઓફીસરને માત્ર સહી કરવાની સત્તા છે મંજૂરીઓ આપવાની સત્તા નથી, અસલ મંજુરીઓ કે ફાઇલો રજૂ થયેલી નથી, ઊલટતપાસના પેરા–૧૩ વંચાણે લેતાં "પ્રોસીકયુટ કરવાની મંજૂરી છે" તેમ કહ્યુ છે માટે કોગ્નીજન્સ લેવાની મંજૂરી નથી, ગૃહ સચિવને મંજૂરીઓ આપવાની સત્તા તા.૧૭–૩–૨૦૦૮ ના રોજ આપી છે જે અંગેનો દસ્તાવેજ આંક–૪૦૩૮ થી રજૂ છે, આવી સત્તા એડીશ્નલ ચીફ સેક્રેટરીને આપેલી છે ગૃહ સચિવને આપી નથી, ગુજરાત સરકારે તા.૩૧–૨–૨૦૦૮ થી

તા.૧૯–૯–૨૦૧૩ સુધી રીવ્યુ ઓથોરીટીની નિમણૂંક કરેલી નથી, બધા જ પોલીસ અધિકારીઓએ જણાવેલુ છે કે રીવ્યુ ઓથોરીટી નિમવામાં આવેલી નથી માટે કાગળો રીવ્યુ ઓથોરીટીને મોકલેલા નથી, વાંક સરકારનો છે આરોપીઓનો નથી, આરોપી અબ્દુલ સત્તાર સિવાય કોઇ આરોપીના પેપર્સ રીવ્યુ ઓથોરીટી સમક્ષ ગયા નથી, બચાવપક્ષે ફાઇલો રજૂ કરવા અરજીઓ આપેલી પરંતુ ફરિયાદપક્ષે વાંધો લીધેલો છે, પુરાવાના કાયદાની કલમ–૧૨૩, ૧૨૪ વંચાણે લેવા માટે વિનંતી કરી છે, નિયમ એવો છે કે તપાસ પુરી થયા પછી તપાસ કરનાર અધિકારીએ પેપર્સ રીવ્યુ ઓથોરીટીને મોકલવાના હોય છે, જે હકીકત ફરિયાદપક્ષે સાબિત કરવાની છે તે સાબિત કરેલ નથી, કયા–કયા પેપર્સ ઓથોરીટીને મળ્યા તે અંગે રેકર્ડ ઉપર કોઇ પુરાવો નથી, પોલીસ રીપોર્ટ ઉપરથી આપવામાં આવેલી મંજૂરીઓ કાયદેસર મંજૂરી ના કહેવાય.

વધુમાં વિ.વ.શ્રી આર.કે.શાહ ક્રિ.પ્રો.કોડ કલમ–૧૭૩ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે સેશન્સ કોર્ટ કોઇ ગુન્હાની કાર્યવાહીનુ કોગ્નીજન્સ લઇ શકે નહીં સિવાય કે કેસ કમીટ થઇને આવ્યો હોય, આંક–૧૨૨ થી આરોપીઓ સામે તહોમતનામું ફરમાવેલુ છે ત્યારથી કોગ્નીજન્સ લીધો કહેવાય તે વખતે રીવ્યુ ઓથોરીટી હતી નહીં માટે મંજૂરીઓ કાયદેસર નથી, મંજૂરી આપનાર બીજા સાહેદ નં.૭૮૯ ની ઊલટતપાસના પાન નં.૩૮૪ ધ્યાને લેતાં ફાઇલો રજૂ કરવા તેઓ તૈયાર નથી તેમ જણાવે છે, ફાઇલો રજૂ કરવી જોઇએ. મંજૂરી આપનાર અન્ય અધિકારી સાહેદ નં.૭૯૨ ની જુબાની વંચાણે લેતાં જેટલી મંજૂરીઓમાં સહીઓ કરેલી તેટલી જ ફાઇલો તેમની પાસે ગયેલી છે, હાથ નીચે કામ કરતા અધિકારીઓને મંજૂરીઓમાં સહી કરવાનુ જણાવ્યુ ન હોવાનુ જણાવે છે, અધિક સચિવ બળવંતસિંહ હતા તેમને ફરિયાદપક્ષે તપાસ્યા નથી, મંજૂરી આપનાર અન્ય અધિકારી સાહેદ નં.૭૮૭ ની જુબાનીના પાન નં.૧૫૮ વંચાણે લેતાં સરકારના આદેશથી સહીઓ કરી છે તેમ જણાવે છે પરંતુ કઇ સરકાર તે અંગે જણાવ્યુ નથી, પાન નં.૧૫૯ વંચાણે લેતાં મંજૂરીઓ અને મંજૂરી હુકમો બંને અલગ–અલગ દસ્તાવેજો છે તેમ જણાવે છે, અસલ મંજૂરી ફાઇલોમાં છે જે

ફાઇલો રજૂ થઇ નથી, જુબાનીના પાન નં.૧૬૦ ના પેરા નં.૨૨ વંચાણે લેવા માટે વિનંતી કરી છે. વધુમાં મંજૂરી આપનાર અન્ય અધિકારી સાહેદ નં.૭૮૬ ની જુબાનીના પાન નં.૮૨ વંચાણે લેતાં ૨૪ કેસ માટે મંજૂરીઓ આપી છે તેમ જણાવે છે, મંજૂરી આપવાની હોતી નથી પરંતુ મંજૂરીઓમાં સહીઓ કરી છે તેમ જણાવે છે, પાન નં. ૮૪ વંચાણે લેતાં મંજૂરી હુકમમાં પોલીસ તપાસના કાગળો મળ્યાનો ઉલ્લેખ નથી. વધુમાં મંજૂરી આપનાર અન્ય અધિકારી સાહેદ નં.૭૯૫ ની જુબાની વંચાણે લેતાં તમામ મંજૂરીઓ આરોપીઓ સામે પ્રોસીકયુશન કરવા માટેની છે તેમ જણાવે છે, જે કાગળો ઉપર મંજૂરીઓ આપેલી તે તમામ કાગળો સાથે લાવેલા હતા છતાં રજૂ કર્યા નથી, કાગળોમાં કોઇ આરોપીના નામ નથી તેમ જણાવે છે. વધુમાં મંજૂરી આપનાર અન્ય અધિકારી સાહેદ નં.૭૮૮ ની જુબાનીના પેરા નં.૬ પાન નં.૨૧ વંચાણે લેતાં મંજૂરી આપવાની સત્તા નથી પરંતુ મંજૂરી હુકમોમાં સહી કર્યાનુ જણાવે છે, ગૃહ વિભાગ જેના ચાર્જમાં હોય તે જ મંજૂરી આપી શકે બીજાથી મંજૂરી ના અપાય તેમ જણાવે છે, જુબાનીના પેરા–૯ પાન નં.૨૨ વંચાણે લેતાં પત્રકોમાં આરોપીઓના વર્તન અને મુદ્દામાલની વિગતો છે બીજુ કાંઇ નથી, આવા ગંભીર ગુનામાં મંજૂરીઓ અંગેની હકીકતો વિરોધાભાસી છે, ફરિયાદપક્ષ કાંઇક છુપાવી રહ્યુ છે તેવુ રેકર્ડ ઉપર છે, કાયદામાં જણાવ્યા મુજબ ૨૦૧૩ સુધી રીવ્યુ ઓથોરીટી નીમી નથી એટલે બધી સરકારની બેદરકારી છે. વધુમાં **૧૯૮૬ ક્રિમીનલ લો જનરલ, પાન નં.૨૦૩૭** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદા મુજબ જેને પાવર મળ્યો હોય તે જ વ્યકિત તે પાવરનો ઉપયોગ કરી શકે બીજા કોઇ વ્યકિત તે પાવરનો ઉપયોગ કરી શકે નહીં, હાલના આ કેસમાં પાવર હોમ ડિપાર્ટમેન્ટના સેક્રેટરીને આપેલા છે માટે તે પાવરનો ઉપયોગ તેઓ જ કરી શકે જે આ કેસમાં કરેલો નથી. વધુમાં **(૨૦૧૪)૭ એસસીસી પાન નં.૭૧૬** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદો પણ મંજૂરી માટે છે, આ ચુકાદાના પેરા નં.૧૦૮, ૧૧૦, ૧૧૧ વંચાણે લેવા માટે વિનંતી કરી છે. વધુમાં **૧૯૭૦ ક્રિમીનલ લો જનરલ, પાન નં.૧૩૯૬** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદાના

પેરા નં.૬ વંચાણે લેતાં પ્રોસીજર લો ની અસર "રીટ્રોસ્પેકટીવ" છે, આ ચુકાદો યુ.એ.પી.એ.ની કલમ–૪૫(૨) ઉપર છે.

વિ.વ.શ્રી આર.કે.શાહ વધુમાં દલીલો કરતા જણાવે છે કે "સીમી" ઉપર પ્રતિબંધ અંગેનુ નોટીફીકેશન ટ્રીબ્યુનલે રદ્ધ કરેલુ છે માટે નોટીફીકેશન અમલી ના ગણાય, "સીમી" અંગે કેટલાક સાહેદોએ પુરાવો મૌખિકમાં આપ્યો છે જેનાથી આરોપીઓ "સીમી"ના સભ્ય હોવાનો પુરાવો નથી. વધુમાં **૨૦૧૧ ક્રિમીનલ લો જનરલ, પાન નં.૧૪૫૫** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદાના પેરા નં.૧૨, ૧૬ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે માત્ર કોઇ સંગઠનના સભ્ય હોય તો પણ માત્ર સભ્ય હોવુ તે ગુનો નથી. વધુમાં **(૧૯૯૩) ૪ એસસીસી પાન નં.૨૩** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદાના પેરા નં.૩ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે ટ્રીબ્યુનલ મંજૂર ના કરે ત્યાં સુધી નોટીફીકેશન અમલમાં ના આવે. આરોપી નં. ૬૮ નાએ "સીમી" ને લગતા કેટલાક દસ્તાવેજ રજૂ કર્યા છે જે ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ ના વિશેષ નિવેદન વખતે રજૂ થયા છે, આ દસ્તાવેજ પુરાવામાં વિચારી શકાય નહીં, આ હકીકત પુરવાર કરવાનો બોજો ફરિયાદપક્ષ ઉપર છે, ફરિયાદ પક્ષે "સીમી" બાબતે કાંઇ રજૂ કર્યુ નથી, ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ અન્વયે રજૂ થયેલ દસ્તાવેજ અંગે ફરિયાદપક્ષે ખુલાસો કરવાનો છે. વધુમાં **શીવકુમાર આત્મારામ વિરૂધ્ધ ગુજરાત રાજય ૧૯૭૦, જીએલઆર, પાન નં.૨૮૧** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદાના પેરા નં.૭ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે કોઇ આરોપી દસ્તાવેજ રજૂ કરે તો તે બીજા આરોપી માટે ધ્યાને ના લેવાય, ફરિયાદપક્ષે પુરવાર કરવુ પડે, આરોપી નં.૬૮ પુરતો તે દસ્તાવેજ વાંચી શકાય બીજા આરોપી માટે આ દસ્તાવેજ વંચાણે ના લેવાય. વધુમાં **(૨૦૦૩)૬ એસસીસી પાન નં.૧૬૫** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદાના પેરા નં.૩૧ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે સી.બી.આઇ.એ ચાર્જશીટ રજૂ કર્યુ અને સેન્ટ્રલ વિજીલન્સ કમિશનને જાણ કર્યા વિના ચાર્જશીટ મોકલ્યુ હોવાથી ડાયરેકશનનો ભંગ કર્યો, નામદાર સુપ્રિમ કોર્ટે એવુ કહ્યુ કે તેનાથી કોઇ ગેરકાયદેસરતા થતી નથી, આ કેસમાં વહીવટી ડાયરેકશન નથી, રીવ્યુ ઓથોરીટી એ કાનૂની

ઓથોરીટી છે માટે ફરિયાદપક્ષનો ચુકાદો આ કામે લાગુ પડશે નહીં, હાલના કેસમાં કલમ–૪૫(૨) હેઠળ રીવ્યુ ઓથોરીટીની જોગવાઇ કરી છે, તે કેસમાં ડાયરેકશનનો ભંગ થયો છે, આ કેસમાં કાયદાનો ભંગ થયો છે. ફરિયાદપક્ષે પુરાવાના કાયદાની કલમ–૧૧૪ નો પણ આધાર લીધો છે, મંજૂરી રજૂ થયેલ હોય અને મંજૂરી આપનારે સહી કરી હોય તો કલમ–૧૧૪ મુજબનુ અનુમાન થાય, હાલના આ કેસમાં એવુ નથી માટે કલમ–૧૧૪ મુજબનુ અનુમાન ના થાય.

વિ.વ.શ્રી આર.કે.શાહ વધુમાં દલીલો કરતા જણાવે છે કે ફેર ટ્રાયલ અંગે પ્રથમ મુદ્દો ગુપ્ત સાહેદોનો છે, ફરિયાદપક્ષે કુલ્લે–૨૦ સાહેદોના નામો ચાર્જશીટમાં જાહેર કર્યા નથી, ક્રિ.પ્રો.કોડ કલમ–૧૭૩(૬) વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે ક્રિ.પ્રો.કોડમાં સાક્ષીની ઓળખ છુપાવવાની કોઇ જોગવાઇ નથી. વધુમાં યુ.એ.પી.એ.ની કલમ–૪૪ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે જો સાહેદ પોતે અરજી આપે અથવા સરકારી વકીલ અરજી આપે કે સાહેદના જીવનુ જોખમ છે, અદાલતને સંતોષ થાય તો અદાલતને તે સાહેદનુ નામ ગુપ્ત રાખવાની સત્તા છે, ચાર્જશીટમાં સાહેદના નામ ન આપવા અંગે પોલીસને આવી સત્તા નથી, સરકારી વકીલ કે સાહેદે નામ ગુપ્ત રાખવાની અરજી આપી નથી. બચાવપક્ષે આંક–૪૩૩થી તા.૨૯–૬–૨૦૧૨ ના રોજ અરજી આપેલી કે સાહેદોના નામો જાહેર કરો, આ અરજી અંગે ફરિયાદપક્ષે આંક–૪૬૬ થી તા.૪–૯–૨૦૧૨ ના રોજ જવાબ રજૂ કરેલો છે, પોલીસે પોતાની મરજીથી નામો ચાર્જશીટમાં છુપા રાખ્યા છે, સાહેદોએ કોઇ અરજી કરી નથી, આંક–૪૬૬ ઉપર તા.૩–૭–૨૦૧૫ ના રોજ હુકમ કરેલો છે, સને–૨૦૧૨ થી ૨૦૧૫ ના સમય દરમ્યાન કોઇ સાહેદને જીવનુ જોખમ ઉભુ થયુ નથી, આંક–૪૬૬ ની અરજી અંશતઃ મંજૂર કરેલી છે, આંક–૪૩૩ ઉપર તા.૩–૭–૨૦૧૫ ના રોજ ભેગો હુકમ કરેલો છે, બચાવપક્ષ તર્ફે વકીલશ્રીઓએ આંક–૨૮૮૧ થી તા.૧૭–૬–૨૦૧૫ ના રોજ અરજી આપી છે, આંક–૪૩૩ તથા આંક–૨૮૮૧ નો ભેગો હુકમ તા.૩–૭–૨૦૧૫ ના રોજ કરેલો છે, બંને અરજી અંશતઃ મંજૂર કરેલી છે,

સાહેદની જુબાનીના ત્રણ દિવસ પહેલા નામો જાહેર કરવાનો હુકમ થયેલો છે, કોર્ટના કોઇ પણ જાતના હુકમ વિના ગુપ્ત સાહેદોના નામો તા.૩–૭–૨૦૧૫ સુધી છુપા રાખ્યા છે, આરોપીઓને બચાવમાં ઊલટતપાસ કરવાની પુરતી તક મળી નથી, આ કેસમાં આરોપીઓને ઘણો અન્યાય થયો છે, કોઇ ફેરનેશ રહ્યો નથી, આ સાહેદોની ઓળખ ગેર કાયદેસર રીતે છુપી રાખી છે, ૨૬ સાહેદો પૈકી ૧૦ સાહેદો તપાસ્યા છે અને બીજા સાહેદો પડતા મુક્યા છે પરંતુ પડતા મુકવાના કારણો ફરિયાદપક્ષે જણાવ્યા નથી, પુરાવો પુરો થયા પછી આંક–૯૦૦૩ થી ફરિયાદપક્ષે પુરસીસ આપી ગુપ્ત સાહેદોના નામો જાહેર કર્યા છે, સાહેદો ફરી જશે તેવા ડરના કારણે ફરિયાદપક્ષે નામો જાહેર કરેલા નહીં.

વિ.વ.શ્રી આર.કે.શાહ **૧૯૯૪ ક્રિમીનલ લો જનરલ, પાન નં. ૩૧૩૯** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદાના પેરા નં.૩૭૦ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે આ પેરા "રોલ ઓફ પોલીસ" માટે છે, આ કેસમાં ગુપ્ત સાહેદોના નામો પોલીસે પોતાની મરજીથી ગુપ્ત રાખેલા છે, પોલીસે વ્યાજબી રીતે યોગ્ય વર્તન કરવુ જોઇએ. વધુમાં **૨૦૦૪ ક્રિમીનલ લો જનરલ, પાન નં.૨૦૫૦** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદાના પેરા નં.૩૯ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે સત્ય શોધવા માટે પોલીસે વ્યાજબી રીતે પ્રમાણિકતાથી કૃત્ય કરવાનુ રહે છે, પોલીસ તપાસમાં પ્રમાણિકતાનો અંશ હોવો જોઇએ.

વિ.વ.શ્રી આર.કે.શાહ "ફેર ટ્રાયલ"ના બીજા મુદ્દા ઉપર તેમજ સુરત બોમ્બ પ્લાન્ટેશન અંગે દલીલો કરતા જણાવે છે કે સુરત પ્લાન્ટેશનના કેસો આંક–૮૫૪૭ ના નોટીફીકેશનથી અમદાવાદ ખાતે ટ્રાન્સફર થયા છે, અમદાવાદના ૨૦ તથા સુરતના ૧૫ કેસો મળી કુલ–૩૫ કેસો ભેગા થયા છે, આ કેસો ભેગા થવાથી આરોપીઓને પૂર્વગ્રહ થયો છે, સુરત અને અમદાવાદના કેસોને કોઇ સબંધ નથી, ક્રિ.પ્રો.કોડ કલમ–૧૮૫ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે સ્ટેટ ગર્વમેન્ટને કેસો ટ્રાન્સફર કરવાની સત્તા આપી છે, સુરત કોર્ટમાં ચાર્જશીટ થાય, ત્યારપછી તે ચાર્જશીટ કલમ–૧૮૫ નીચે રાજય સરકાર અમદાવાદ ખાતે ટ્રાન્સફર કરી શકે, રાજય સરકારે કલમ–૧૮૫ ની સત્તા વાપરી

નહીં અને નામદાર ગુજરાત હાઇકોર્ટમાં ગયેલ છે, નામદાર ગુજરાત હાઇકોર્ટે આર્ટીકલ– ૨૨૭ હેઠળ કેસો અમદાવાદ ખાતે ટ્રાન્સફર કરવા હુકમ કરેલો છે. આંક–૮૫૪૭ નુ નોટીફીકેશન વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે સરકાર આ કેસમાં પાર્ટી છે અને રાજય સરકાર નામદાર ગુજરાત હાઇકોર્ટમાં ગયેલ છે, આરોપીઓને સાંભળ્યા વિના આર્ટીકલ– ૨૨૭ હેઠળ હુકમ થયો છે આ કારણે પણ આ કામના આરોપીઓને પૂર્વગ્રહ થયો છે.

વધુમાં વિ.વ.શ્રી આર.કે.શાહ પુરાવાના કાયદાની કલમ–૨૭ અંગે રેકર્ડ ઉપર રજૂ થયેલા પંચનામા બાબતે દલીલો કરતા જણાવે છે કે આ કેસમાં ઘણા બધા આરોપીઓને પોલીસ જુદી–જુદી જગ્યાઓ ઉપર લઇ ગયેલ છે અને ત્યાં પંચનામા કરેલા છે, આ અંગે ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૨, પુરાવાના કાયદાની કલમ નં.૮, ૨૫ થી ૩૦ સુસંગત છે, સૌપ્રથમ ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૨ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે પોલીસ રૂબરૂ કોઇ નિવેદન લીધુ હોય અથવા આપ્યુ હોય તો તે પુરાવામાં વંચાણે ના લેવાય, પુરાવાના કાયદાની કલમ–૨૫ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે પોલીસ અધિકારી સમક્ષ કરેલુ નિવેદન પુરાવામાં આરોપી વિરૂધ્ધ ગ્રાહ્ય નથી, પુરાવાના કાયદાની કલમ–૮ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે વર્તણૂક સુસંગત છે, સ્પષ્ટીકરણ–૧ વંચાણે લેતાં નિવેદન તે વર્તણૂક નથી તેવુ સ્પષ્ટ છે, નિવેદનનો વર્તણૂકમાં સમાવેશ થતો નથી, પુરાવાના કાયદાની કલમ–૨૭ ની પ્રથમ શરત એ છે કે પોલીસને ખબર નથી અને આરોપીના નિવેદન ઉપરથી કોઇ વસ્તુ મળે તો તે અંગે છે, ફરિયાદપક્ષ તર્ફે તપાસેલા સાહેદ નં.૮૮૩ ની જુબાની વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે હકીકતો જાણ્યા વિના પોલીસ પંચ બોલાવે નહીં, આરોપીનુ નિવેદન લીધુ હોય ત્યારે પંચ બોલાવવો પડે, સ્ટેટમેન્ટ લીધુ હોય અને તે નોંધ્યુ હોય તેવુ નથી, “મે બોમ્બ મુકેલો તે જગ્યા બતાવી દઉ" આ કબૂલાત છે, “બોમ્બવાળી સાઇકલ મેં અહીંયાથી લીધેલી" આ પણ કબૂલાત છે, “અહીંયા મેં બોમ્બવાળી સાઇકલ મુકેલી" આ પણ કબૂલાત છે, આ બધી જગ્યાઓ પોલીસની જાણીતી જગ્યાઓ છે, આ બધા પુરાવા ઉભા કરેલા છે, અગાઉ જગ્યાના પંચનામા થઇ ગયેલા છે

માટે પોલીસને આ જગ્યાની ખબર હતી, આડકતરી રીતે કલમ–૨૫ નો ભંગ કરીને આ પંચનામા બનાવેલા છે, આ બાબતેનુ એક પંચનામુ આંક–૬૩૧૧ થી રજૂ છે, પોલીસે કોઇ જગ્યાઓ ઉપરથી સાહેદોના નિવેદનો લીધેલા નથી, આ પંચનામુ ડિસ્કવરી પંચનામુ ના કહેવાય, આ પંચનામા પુરાવામાં ગ્રાહ્ય ગણાય કે કેમ? ફરિયાદપક્ષ તર્ફે રજૂ કરેલ **૨૦૦૫ એસસીસસી ક્રિમીનલ** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદાના પેરા નં. ૨૨૫, ૨૨૯, ૨૩૦, ૨૩૭ વંચાણે લેતાં પંચનામાની આવી પધ્ધતિને નામદાર સુપ્રિમ કોર્ટે સુઓ મોટો રીટ તરીકે ધ્યાને લીધુ છે તેની ઉપર આખરી હુકમ થયો નથી, આ ચુકાદાના પેરા નં.૧૧૪ પાન નં.૧૮૦૩ ઉપર કલમ–૨૭ ઉપર જણાવેલુ છે, આ ચુકાદાના પેરા નં.૧૧૯, ૧૨૧, ૧૩૩, ૧૩૪, ૨૧૩ , ૨૦૬, ૨૦૮, ૨૧૪, ૨૧૫, ૨૧૬, ૨૧૮, ૨૧૯, ૨૨૧, ૨૨૨, ૨૨૩ વંચાણે લેવા માટે વિનંતી કરી છે. પોલીસે જણાવવુ પડે કે આરોપીના નિવેદન ઉપરથી જગ્યાની વસ્તુની ખબર પડી, આ કેસમાં તપાસ કરનાર અમલદાર આવી કોઇ હકીકત જણાવતા નથી, આરોપી પોલીસ કસ્ટડીમાં આવ્યા પછી કેટલા સમય પછી જગ્યા બતાવે છે તે પણ મહત્વની બાબત છે, હાલના આ કેસમાં આવી જગ્યાઓના પંચનામા પુરાવાના કાયદાની કલમ–૨૭ મુજબના પંચનામા કહેવાય નહીં, કલમ–૨૭નુ પંચનામુ તે કલમ–૨૭ નુ જ પંચનામુ છે તેમ ના કહેવાય.

વધુમાં વિ.વ.શ્રી આર.કે.શાહ દલીલો કરતા જણાવે છે કે આરોપીએ જગ્યા બતાવી તે વર્તણૂક કહેવાય કે કેમ? તે નક્કી કરવાનુ છે. આવી જગ્યા બતાવવી તે આરોપીની વર્તણૂક નથી, જયારે ડિસ્કવરી કરવાની હોય અને આરોપીને લઇ જવામાં આવે ત્યારે આરોપીની વર્તણૂક ગણાય. હાલના આ કેસમાં પંચનામા વાળી જગ્યાઓ ઉપર આરોપી લઇ ગયા છે તે જાણીતી જગ્યાઓ હતી. અફજલગુરૂ(પાર્લામેન્ટ)વાળા કેસમાં અફજલગુરૂ જે–જે જગ્યાઓ ઉપર લઇ ગયા તે જગ્યાઓ ઉપરથી જે, જે વસ્તુઓ ખરીદેલી તે જગ્યાઓ બતાવી છે માટે તે વર્તણૂક સુસંગત છે. હાલના કેસમાં તમામ જગ્યાઓ જાણીતી હતી. વધુમાં **૧૯૭૨, ક્રિમીનલ લો જનરલ, પાન નં.૬૦૬** ઉપર પ્રસિધ્ધ થયેલ

ચુકાદાના પેરા નં.૧૨, ૧૩ વંચાણે લઈ દલીલો કરતા જણાવે છે કે જે જગ્યાએ વસ્તુઓ છુપાવેલી તે પોલીસ માટે જાણીતી જગ્યા ન હતી. વધુમાં **૧૯૭૯, ક્રિમીનલ લો જનરલ, પાન નં.૩૨૯** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદાના પેરા નં.૮ વંચાણે લઈ દલીલો કરતા જણાવે છે કે પંચનામાઓ ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૨ થી ફીટ થાય છે, "કન્ડકટ" એડમીશીબલ થાય "પંચનામા" એડમીશીબલ ના થાય. વધુમાં **હીરા ગોબર વિરૂધ્ધ એમ્પરર** ના ચુકાદાના પેરા નં.૪ વંચાણે લઈ દલીલો કરતા જણાવે છે કે આરોપીની વર્તણૂક કલમ–૮ હેઠળ રીલેવન્ટ છે તેનુ નિવેદન રીલેવન્ટ નથી, હાલના કેસમાં આરોપીઓએ જગ્યા બતાવ્યાના પંચનામા આ ચુકાદા મુજબ સુસંગત નથી. કલમ–૨૭ ના પંચનામાથી કાંઇ શોધવાનુ હોય તેમાં કોઇ પોઇન્ટીંગ આઉટ હોય કે જે પોલીસને ખબર નથી તો તે સુસંગત છે. ફરિયાદપક્ષ તર્ફે રજૂ કરેલ **(૨૦૧૮)૩ ક્રાઇમ્સ પાન નં.૪૭૭** ના ચુકાદાના પાન નં.૪૮૦, પેરા નં.૧૨ વંચાણે લઈ દલીલો કરતા જણાવે છે કે કોઇ વસ્તુની ડિસ્કવરી થવી જોઇએ જેની પોલીસને માહિતી નથી, કલમ–૨૭ નીચે ડિસ્કવરી સાથે જેટલુ કનેકટેડ હોય તેટલુ જ પુરાવામાં ગ્રાહ્ય ગણાય. હાલના કેસમાં તમામ પંચનામા પુરાવામાં ગ્રાહ્ય નથી જેથી આ પંચનામાઓ આરોપીઓ વિરૂધ્ધ વંચાણે લેવાય નહીં.

વધુમાં વિ.વ.શ્રી આર.કે.શાહ "પોલીસ તપાસ" અંગેના મુદ્દા ઉપર દલીલો કરતા જણાવે છે કે હાલના કેસમાં બનાવો તા.૨૬–૭–૨૦૦૮ ના રોજ બન્યા છે તે અંગેની ફરિયાદો જુદા–જુદા પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલી છે, શરૂઆતમાં જે તે પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટરશ્રીઓએ આ ગુન્હાની તપાસો શરૂ કરી ગુનાવાળા સ્થળના પંચનામા બનાવ્યા છે ત્યારબાદ આ કેસોની તપાસ ક્રાઇમ બ્રાંચમાં ટ્રાન્સફર થયેલી છે તે અંગે લેખિત હુકમ રેકર્ડ ઉપર નથી, તા.૨૭–૭–૨૦૦૮ ના રોજ આ કેસોની તપાસ ક્રાઇમ બ્રાંચને સોંપવામાં આવેલી છે, આંક– ૮૬૩૬ પ્રમાણે આ અંગે જુદા–જુદા હુકમો કરેલા છે, જે તે વખતે ક્રાઇમ બ્રાન્ચના હેડ તરીકે આશીષ ભાટીયા અને ડી.સી.પી.અભય ચુડાસમા હતા તેઓ બંને આ કામે સાહેદો નથી, આંક–૮૬૩૯ વંચાણે લેતાં

તપાસમાં અન્ય અધિકારી તરીકે એમ.જે.ચાવડા અને વી.આર.ટોળીયાને એટેચ કર્યા છે જે તા.૩૧–૭–૨૦૦૮ ના રોજનો હુકમ છે. આ કામે તપાસ કરનાર અધિકારી મયુર ચાવડાને તપાસેલા છે જયારે અન્ય તપાસ કરનાર અધિકારી વી. આર. ટોળીયા ગુજરી ગયા હોવાથી તેમને તપાસી શકાયેલા નથી, તા.૨૭–૭–૨૦૦૮ ના રોજ ડી.સી.પી. અભય ચુડાસમાએ તપાસ ટીમો બનાવવા હુકમ કર્યો છે, આંક–૮૬૪૧વાળો હુકમ અભય ચુડાસમાએ તા.૨–૮–૨૦૦૮ ના રોજ કરેલો છે, સદર કેસોમાં અનલોફુલ એકટીવીટીના કાયદાની કલમોનો ઉમેરો થતાં આ ગુનાની તપાસ એ.સી.પી. કક્ષાના અધિકારીઓને સોંપવામાં આવેલી છે, આંક–૮૬૪૨થી રજૂ થયેલ હુકમ અભય ચુડાસમાએ તા.૨–૮–૨૦૦૮ ના રોજ કર્યો છે, તપાસમાં મદદમાં રહેવા માટે બીજા અધિકારીઓને હુકમ કરેલો છે, આંક–૮૬૪૩ થી રજૂ થયેલ હુકમ વંચાણે લેતાં અમદાવાદ (સરખેજ) રૂરલ તથા ગાંધીનગર (કલોલ) માં નોંધાયેલ ગુન્હાની તપાસ આર.વી.અસારીને સોંપવામાં આવેલી છે, આ બધા ગુનાઓની તપાસ જુદા–જુદા અધિકારીઓને તા.૨–૮–૨૦૦૮ ના રોજ સોંપવામાં આવેલી છે, તપાસ મળ્યા બાદ જુદા–જુદા આરોપીઓને પકડવાની શરૂઆત કરેલી છે, વી.આર.ટોળીયાએ કુલ–૧૦ આરોપીઓને તા.૧૬–૮–૨૦૦૮ ના રોજ કલાક ૧૨–૧૫ વાગ્યે ક્રાઇમ બ્રાંચની ઓફીસે અટક કરેલા છે, આ આરોપીઓને તા. ૧૬–૮–૨૦૦૮ ના રોજ કયાંથી લાવ્યા? કેવી રીતે લાવ્યા? તે અંગે રેકર્ડ ઉપર કોઇ પુરાવો નથી, આરોપી નં. ૧ થી ૮ તથા આરોપી નં.૧૦, ૧૧ ને અટક કર્યા છે, દરેક ગુન્હામાં રીમાન્ડ લઇ શકાય તેની ના નથી પાડતા પરંતુ આવુ શા માટે? તમામ આરોપીઓને જુદા–જુદા ગુનામાં જુદા–જુદા તપાસ અધિકારીઓએ આશરે ૧૫૦ દિવસો સુધી પોલીસ કસ્ટડીમાં રાખ્યા છે, આરોપીઓ પકડાયા તેમાં સાતત્યતા નથી, જુદા–જુદા અધિકારીઓ અલગ–અલગ રીતે આરોપીઓને શા માટે કસ્ટડીમાં લે? ગુન્હાની કામગીરી સોંપનાર અધિકારીશ્રી આશીષ ભાટીયા અને અભય ચુડાસમાને આવા ગંભીર ગુનામાં સાહેદ તરીકે તપાસવા જોઇએ. આ ગુન્હાની તપાસની સ્કીમ શું હતી? તે રેકર્ડ ઉપર નથી, મરજીમાં આવે તેમ દરેક આરોપીના

તપાસ કરનાર અધિકારીએ રીમાન્ડ લીધા છે, તમામ તપાસ કરનાર અધિકારીઓએ ઊલટતપાસમાં સાચા જવાબો આપવાનુ ટાળ્યુ છે, કેસ ડાયરી જુબાની વખતે તપાસ કરનાર અધિકારી લાવેલા નથી, આવા ગંભીર કેસમાં તપાસ કરનાર અધિકારીઓ ગંભીર નથી. વધુમાં **(૧૯૯૯)૮ એસસીસી પાન નં.૭૧૫** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદાના પેરા નં.૨૦ થી ૨૨ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે તપાસ કરનાર અધિકારીએ તપાસ દરમ્યાન શું કર્યું તે તેમણે અદાલતમાં જણાવવુ જોઇએ પરંતુ હાલના આ કેસમાં તપાસ કરનાર અધિકારીએ આવુ કાંઇ જણાવ્યુ નથી, કેસ ડાયરી જુબાની વખતે સાથે લાવેલા નથી જવાબો આપેલા નથી. વધુમાં **૧૯૮૯, ક્રિમીનલ લો જનરલ, પાન નં.૮૭૨** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદાના પેરા નં.૩ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે તપાસ કરનાર અધિકારી યાદદાસ્ત તાજી કરવા કેસ ડાયરી ઉપયોગમાં લઇ શકે, આરોપીના હક્ક માટે કેસ ડાયરી રીફ્રેશ કરવાનુ કહી શકાય, સેફગાર્ડ આરોપી માટે છે. આંક–૬૭૦૨ થી કેસ ડાયરી લાવવા માટે અરજી આપી છે પરંતુ તે અરજી ઉપર હુકમ થયો નથી, આંક–૯૦૦૦ થી વિ.વ.શ્રી એલ.આર.પઠાણે પણ તા.૧–૧–૨૦૨૦ ના રોજ અરજી આપેલી છે, આ કેસોમાં ઘણા બધા તપાસ કરનાર અધિકારી હતા, કયા અધિકારીએ શું અને કેવી તપાસ કરી તે સ્પષ્ટ નથી, તપાસનું નિરીક્ષણ કે સુપરવાઇઝર કરનાર અધિકારીઓને ફરિયાદપક્ષે તપાસ્યા નથી, તપાસેલા અધિકારીઓએ ઉડાઉ જવાબો આપેલા છે, એક જ દિવસે એક સાથે દસ આરોપીઓને કેવી રીતે પકડયા? આરોપીઓના એરેસ્ટ પંચનામા નથી, આરોપીઓને ઘણો બધો પૂર્વગ્રહ થયો છે.

વધુમાં વિ.વ.શ્રી આર.કે.શાહ ઓળખ પરેડના મુદ્દા ઉપર દલીલો કરતા જણાવે છે કે ઓળખ પરેડની કિંમત બે છે (૧) તપાસ કરનાર અમલદારને તપાસમાં મદદરૂપ થાય (૨) ઓળખ સાચી હોય તો અદાલતમાં જુબાની વખતે સમર્થન કરે. સાહેદે અદાલતમાં તો આરોપીને ઓળખવા જ પડે, હાલના આ કેસમાં તમામ ઓળખ પરેડ આરોપીઓને અટક કર્યા પછી લાંબા સમયે કરી છે, ડમી માણસોની સંખ્યા અપુરતી છે, ડમી માણસોના વર્ણન, સરનામા લખેલા

નથી, કોમને ધ્યાનમાં રાખીને ડમી માણસો રાખવા જોઇએ જે રાખ્યા નથી, જે આરોપીને ઓળખી બતાવ્યો તેમજ કેમ ઓળખી બતાવ્યો તે ઘણી ઓળખ પરેડમાં થયુ નથી, આરોપીને અટક કર્યા પછી સૌપ્રથમ ઓળખ પરેડ તૈયારીમાં કરવી પડે. વધુમાં **૧૯૭૦ ક્રિમીનલ લો જનરલ, પાન નં.૧૧૪૯** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદાના પેરા નં.૭ પાન નં.૧૧૫૮ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે અદાલતમાં આરોપીને ઓળખવો જ પડે, અદાલતમાં જો સાહેદ આરોપીને ના ઓળખે તો તે નબળો પુરાવો કહેવાય, આરોપીને અટક કર્યા પછી વહેલી તકે ઓળખ પરેડ કરાવવી જોઇએ અને ઓળખ પરેડમાં પુરતી કાળજી રાખવી જોઇએ. વધુમાં **૧૯૭૨, ક્રિમીનલ લો જનરલ, પાન નં.૨૩૩** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદાના પેરા નં.૬,૭ પાન નં.૨૩૬ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે જુબાની દરમ્યાન આરોપીની ઓળખ કરે તો તે મુખ્ય પુરાવો છે, આરોપી અજાણ્યો હોય તો ઓળખ પરેડ કરાવવી જોઇએ, દસ વર્ષ પછી ઓળખ પરેડનો અર્થ નથી, ઓળખ પરેડ આરોપીની અટક કર્યા પછી વહેલી તકે કરવી જોઇએ.

વધુમાં વિ.વ.શ્રી આર.કે.શાહ સાહેદ નં.પ૭૧ રમણભાઇ સેંધાભાઇ સોલંકીની જુબાની વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે આ સાહેદે કરાવેલ ઓળખ પરેડમાં દશ આરોપીઓ હતા તથા પચાસ ડમી માણસોની પરેડ હતી, આ સાહેદની જુબાનીના પેરા નં.૧૦ વંચાણે લેતા ડમી માણસો આરોપીઓ જેવો બાંધો, વર્ણન ધરાવતા હતા કે કેમ? તે સ્પષ્ટ નથી, જુબાની જોતા આ માણસો જુથમાં વાતો કરતા હતા તેવુ જણાવે છે, આ સાહેદની ઊલટતપાસ જોતાં એક આરોપીની ઓળખ માટે નવ ડમી માણસો જોઇએ તેવુ કબૂલ કરે છે, પંચનામાઓમાં આરોપીઓના દેખાવ, વર્ણન જણાવેલા નથી, ડમી માણસોના પોષાક તથા વર્ણન પંચનામામાં જણાવેલા નથી, સાક્ષીઓના નામ, ઠામ પુછયા નથી, ઓળખના પુરાવા મેળવ્યા નથી, મહમદ ઇકબાલ કે અઝહરખાન નામના કોઇ માણસો આરોપી નથી કે સાહેદ નથી? તો તે બે વ્યકિત આવ્યા કયાંથી? આરોપીઓને કપડા બદલવા સુચના આપી હોય તેવુ માલુમ પડતુ નથી, ડમી

માણસો કોણ લાવ્યુ? કેવી રીતે લાવ્યુ? તે અંગે કોઇ પુરાવો નથી, આવી ઓળખ પરેડ સમર્થનકારી પુરાવા તરીકે ઉપયોગમાં લઇ શકાય નહીં.

વધુમાં **૧૯૯૩(૧) જી.એલ.એચ.પાન નં.૩૩** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદો ઓળખ પરેડ કેવી રીતે કરવી અને ઓળખ પરેડ વખતે શું ધ્યાનમાં રાખવુ તે અંગેનો છે, આ ચુકાદાના પેરા નં.૯.૧, ૯.૨ પેરા–૧૦ અને પોલીસ મેન્યુઅલના રૂલ નં.૧૮૧ વંચાણે લઇ વિ.વ.શ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે દસ માણસોની ભેગી ઓળખ પરેડ ના થાય, એક અથવા બે આરોપીથી વધુ આરોપીઓની ઓળખ પરેડ પણ ના થાય, એક આરોપી માટે નવ ડમી માણસો જોઇએ પરંતુ હાલના આ કેસમાં બધી જ ઓળખ પરેડમાં ફકત પાંચ ડમી માણસો રાખ્યા છે જે ખોટુ છે જેથી આવી ઓળખ પરેડ ના મનાય જેથી સાહેદ નં.પ૭૧ ની જુબાની ના મનાય.

વધુમાં **૧૯૯૬(૧) જી.એલ.એચ.પાન નં.૯૧૯** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદાના પેરા નં.૮ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે ઓળખ પરેડ માટે ખુબ કાળજી રાખવી જોઇએ, ડમી માણસો ઉમરથી, શરીરથી મળતા આવતા હોવા જોઇએ, હાલના આ કેસમાં ડમી માણસોના વર્ણન લખ્યા નથી, આંક–૩૦૬૧થી ૨જૂ થયેલ પંચનામુ વંચાણે લેતાં બધા ડમી માણસો મજૂર છે, કેટલાક ડમી માણસોની ઉંમર ૧૮ થી પપ વર્ષ સુધીની છે આવા ડમી માણસો પણ ના ચાલે, આરોપીઓની ઉંમર ૨૩ થી ૩૮ વર્ષની છે, આવી ઓળખ પરેડનો કોઇ અર્થ નથી.

વધુમાં **(૧૯૯૯) ૩ એસ.સી.સી.પાન નં.પ૪** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદાના પેરા નં.૯ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે ઓળખ પરેડમાં આરોપી ઓળખ્યો પરંતુ અદાલતમાં ના ઓળખે તો શું? આવી ઓળખ પરેડ તેનુ મહત્વ ગુમાવી દે છે. વધુમાં **(૨૦૦૭)૨ એસ.સી.સી.પાન નં.૩૧૦** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદાના પેરા નં.૧૩ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે ઓળખ પરેડ એ મુખ્ય પુરાવો નથી તે તપાસ કરનાર અમલદારને ફકત મદદ કરે છે, આરોપીને અટક કર્યા પછી વહેલી તકે ઓળખ પરેડ કરાવવી જોઇએ.

વધુમાં સાહેદ નં.૫૮૯ ઈન્દ્રવિરસિંહ વજુભા ઝાલાની જુબાની વંચાણે લેતાં આ મેજિસ્ટ્રેટ મુખ્ય પુરાવો આપતા નથી. ક્રિ.પ્રો.કોડ કલમ–૨૭૩ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે દરેક સાહેદે કોર્ટમાં બોલીને પુરાવો આપવો જોઇએ, આ કેસમાં મુખ્ય પુરાવો મેજિસ્ટ્રેટે આપ્યો નથી માટે આ સાહેદની જુબાની ના મનાય, આરોપીઓને હાથ પકડીને બહાર કાઢયા પરંતુ કોણે બહાર કાઢયા તે બાબતે પુરાવો આપતા નથી, આરોપીઓના નામ, સરનામા જુબાનીમાં જણાવતા નથી, આરોપીને સાહેદ કઇ રીતે ઓળખે છે તે પંચનામામાં જણાવેલાનુ જણાવે છે પરંતુ જુબાનીમાં જણાવતા નથી.

વધુમાં સાહેદ નં.૭૮૪ દાનાજી ભુરાજી રાજપુત અને સાહેદ નં. ૯૮૨ કનૈયાલાલ ધીરજલાલ રાજાની જુબાની વંચાણે લેતાં સાહેદે આરોપીને બહાર કાઢયા પછી સાહેદને મોકલી દીધો અને ત્યારપછી આરોપીનુ નામ પુછયુ છે તે ના ચાલે. સાહેદ નં.૫૭૯ ધર્મેશ કનૈયાલાલની જુબાની વંચાણે લેતાં સાહેદે આરોપીને બહાર કાઢયા ત્યારપછી આરોપીનુ નામ પુછયુ તે ના ચાલે, આરોપીઓના નામો સાહેદોની હાજરીમાં પુછયા નથી. વધુમાં સાહેદ નં.૫૭૫ કિર્તન પટેલની જુબાની વંચાણે લેતાં આ સાહેદે પણ સાહેદોએ આરોપીને ઓળખી બહાર કાઢયા પછી ઓળખનાર સાહેદને બહાર કાઢયા પછી આરોપીનુ નામ પુછયુ છે. આમ દરેક ઓળખ પરેડના પંચનામામાં આ જ પરિસ્થિતિ છે, ગંભીર ગુન્હામાં આવી બેદરકારીભરી ઓળખ પરેડ કરાવેલી છે. સાહેદ નં.૫૮૮ લક્ષ્મણભાઇ કેશવભાઇ પારધીની જુબાની વંચાણે લેતાં આ સાહેદે પણ પાંચ ડમી માણસો રાખ્યા છે તે ના ચાલે, નવ માણસો જોઇએ.

ઉપરોકત તમામ સાહેદોએ અદાલતમાં આરોપીઓને ઓળખ્યા નથી, અદાલતમાં આરોપીને ઓળખવા જ પડે, આરોપી ઇમરાન શેખની ઓળખ પરેડ કરાવેલી નથી, કયો ઇમરાન શેખ તે ઓળખેલો નથી, સાહેદ નં.૯૪૧ આસીફ બોડાવાલા તથા સાહેદ નં.૧૧૧૫ મહમદ ઉમર મન્સુરીની જુબાની વંચાણે લેતાં આરોપીની ઓળખાણ કરાવી નથી, સાહેદ નં. ૧૧૧૫ એ મેજિસ્ટ્રેટ સમક્ષ કયુ નિવેદન લખાવ્યુ તે બાબતે મુખ્ય પુરાવો રજૂ થયો નથી, તપાસ

કરનાર અમલદાર પણ આ બાબતે કોઇ પુરાવો આપતા નથી, તપાસ કરનાર અમલદાર પણ આરોપીને ઓળખી બતાવતા નથી, ફકત ચાર્જશીટમાં ફોટા ઓળખેલા છે ફોટાથી આરોપીની ઓળખ ના થાય, ફોટા કોણે પાડયા? કયારે પાડયા? તે બાબતે કોઇ પુરાવો નથી. વધુમાં **૧૯૯૪ ક્રિમીનલ લો જનરલ, પાન નં.૩૧૩૯** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદાની હેટ નોટ–ટી વંચાણે લેતાં સ્પષ્ટ છે કે ફોટાથી ઓળખ ના થાય, નામદાર સુપ્રિમ કોર્ટે તે ગેરબંધારણીય કહ્યુ છે. વધુમાં ફરિયાદપક્ષે ૨૦૧૮ નુ રાજીવ માનજીનુ જે જજમેન્ટ રજૂ કર્યુ છે તેના પેરા નં.૧૪ વંચાણે લેતાં કોર્ટમાં ઓળખની જરૂર નથી તેવુ આ ચુકાદામાં નથી.

વધુમાં વિ.વ.શ્રી આર.કે.શાહ દલીલો કરતા જણાવે છે કે ક્રિ.પ્રો. કોડમાં કલમ–૨૯૧ ઉમેરવામાં આવી છે જે મેજિસ્ટ્રેટે ઓળખ પરેડ કરાવી હોય તેને તપાસવા જોઇએ તે જરૂરી નથી. જે સાહેદોએ આરોપીઓને ઓળખ્યા નથી તે બધા જ સાહેદોએ દાઢી, મુછના કારણે આરોપીઓને ઓળખ્યા નથી તેવા કારણો આરોપીઓને નહીં ઓળખવા બાબતે આપ્યા છે, પોલીસના કહેવાથી ખોટા કારણો આપેલા છે.

વિ.વ.શ્રી આર.કે.શાહ વધુમાં "કબૂલાત"ના મુદ્દા ઉપર દલીલો કરતા જણાવે છે કે હાલના આ કેસમાં કુલ–ચાર આરોપીઓ, આરોપી નં.૨, ૨૧, ૨૪, ૩૫ ના કબૂલાત નિવેદનો રેકર્ડ ઉપર છે, આરોપી નં.૭૬ નું પણ એક કબૂલાત નિવેદન છે, આ ચારેય કબૂલાતો એ કબૂલાતો જ નથી જેથી તેઓએ ગુન્હાની કબૂલાતો કરી છે તેવુ કહેવાય જ નહીં. વધુમાં **એ.આઇ.આર. ૧૯૬૦, સુપ્રિમ કોર્ટ, પાન નં.૪૦૯** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદાના પાન નં.૪૧૧ પેરા નં. ૭, ૮ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે નિવેદન ગુન્હાની કબૂલાત કરતુ હોવુ જોઇએ, ગુન્હાની બધી જ હકીકત જણાવતો હોવો જોઇએ ફકત દોષારોપણ કરતી હકીકતો હોય તો તે કબૂલાત ના ગણાય. વધુમાં આંક–૮૬૧૯થી રજૂ થયેલ આરોપી નં.૨ નુ કબૂલાત નિવેદન વંચાણે લેતાં તે નરોડા પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુના રજી.નં.૪૨૨/૨૦૦૮ ના કામે લેવામાં આવેલું છે, આંક–૮૬૧૭થી રજૂ થયેલ અરજી આરોપીએ તા.૭–૧૧–૨૦૦૮ ના રોજ

મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ સમક્ષ કબૂલાત માટે આપેલી છે, આ અરજીનુ ડ્રાફ્ટીંગ આરોપીનુ નથી તેમજ આ અરજીમાં તારીખ લખેલી નથી, આ અરજી ઉપર તા.૭–૧૧–૨૦૦૮ ના રોજ હુકમ થયેલો છે, આરોપીને તા.૧૬–૮–૨૦૦૮ ના રોજ અટક કરેલ છે તેના ત્રણ મહીના બાદની આ કબૂલાત અરજી છે, આરોપી કેવી રીતે હાજર થયો? તે અંગેનુ કોઇ લખાણ અરજી ઉપર નથી, મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.પનાએ નિવેદન નોંધવુ તેવો હુકમ ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ એ તે જ દિવસે કર્યો છે.

વધુમાં આંક–૮૬૧૯ થી રજૂ થયેલ કબૂલાત નિવેદન વંચાણે લઇ વિ.વ.શ્રી આર.કે.શાહ દલીલો કરતા જણાવે છે કે જેલનો જાવક નં.૩૦/૨૦૦૮ તા.૭–૧૧–૨૦૦૮ ના રોજના પત્રથી આરોપીને રજૂ કર્યો પરંતુ આવો પત્ર રેકર્ડ ઉપર રજૂ થયો નથી, આરોપીને વિચારવા માટે સમય આપ્યો અને તા.૧૨–૧૧–૨૦૦૮ ના રોજ આરોપીને હાજર રાખવા જેલ ઓથોરીટીને યાદી કરી પરંતુ આવી યાદી રેકર્ડ ઉપર રજૂ થયેલ નથી, નિવેદન નોંધનાર મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટએ રોજકામ બનાવવુ પડે અને તે રજૂ કરવુ પડે, નિવેદનમાં મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ સાહેબનો સિક્કો નથી કે કોર્ટનુ કોઇ સિલ નથી કે મેજિસ્ટ્રેટ સાહેબનુ નામ પણ નથી, તા.૧૨–૧૧–૨૦૦૮ ના રોજ કોર્ટને સમય ન હતો જેથી ફરી તા.૧૪–૧૧–૨૦૦૮ ના રોજ કલાક ૧૫–૦૦ કલાકે આરોપીને હાજર રાખવા સમય આપેલો છે છતાં આરોપીને ૧૬–૫૦ વાગ્યે રજૂ કરેલ છે, આરોપીને મોડા રજૂ કર્યા અંગે કોઇ ખુલાસો રજૂ કરેલો નથી, આરોપીનુ નિવેદન ખુલ્લી અદાલતમાં લીધુ કે ચેમ્બરમાં લીધુ તે પણ નિવેદન જોતા સ્પષ્ટ થતુ નથી, આ નિવેદન વંચાણે લેતાં ગુન્હાની કબૂલાત થતી નથી, ગુન્હામાં આરોપીની ભૂમિકા કે સંડોવણી હોય તેવી કબૂલાત નથી, આજુબાજુની હકીકતો જણાવી હોય તો તે કબૂલાત ના કહેવાય, નિવેદનમાં કોર્ટનો સિક્કો કે નામ કાંઇ નથી, આપેલ પ્રમાણપત્ર પણ કાયદા મુજબનુ નથી, ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૪ (૪) વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે આ પ્રમાણપત્ર નીચે કોર્ટનો સિક્કો કે સિલ નથી, આરોપી તા.૭–૧૧–૨૦૦૮ થી તા.૧૪–૧૧–૨૦૦૮ દરમ્યાન

જેલમાં હતા જ નહીં, આરોપીને તા.૧૬–૮–૨૦૦૮ ના રોજ કલાક ૧૨–૧૫ વાગ્યે પકડેલ છે, તા.૬–૧૧–૨૦૦૮ ના રોજ નરોડા પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુના રજી.નં.૪૦૦/૨૦૦૮ ના કામે કસ્ટડીમાં હતા, તા.૭–૧૧–૨૦૦૮ ના રોજ મણીનગર પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુના રજી.નં. ૨૦૪/૨૦૦૮ ના કામે કસ્ટડીમાં હતા, તા.૭–૧૧–૨૦૦૮ ના રોજ કાલુપુર, વટવા, સરખેજ, બાપુનગર, મણીનગર ૨૦૫/૨૦૦૮ ના કામે કસ્ટડીમાં હતા તો આરોપી કઇ રીતે જેલમાં હતા જેથી આરોપીના આ કબૂલાત માની શકાય તેવી કબૂલાત નથી, કબૂલાત ઉપરથી સજા થઇ શકે નહીં, અદાલતે બીજો પુરાવો પણ ધ્યાને લેવો જોઇએ, કબૂલાત તે પુરાવો નથી માટે સીધો માની શકાય નહીં, બીજો પુરાવો ધ્યાને લીધા પછી કબૂલાતનો ઉપયોગ થાય. વધુમાં **૧૯૬૬, ક્રિમીનલ લો જનરલ, સુપ્રિમ કોર્ટ, પાન નં.૧૦૦** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદાના પેરા નં.૧૧ પાન નં.૧૦૪ વંચાણે લેવા માટે વિનંતી કરી છે. વધુમાં **(૨૦૧૪)૭ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૭૧૬** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદાના પાન નં.૭૬૨ પેરા નં. ૧૧૧, પાન નં.૭૬૩ પેરા નં.૧૧૩ વંચાણે લેવા માટે વિનંતી કરી છે. વધુમાં **(૨૦૧૧) ૧ સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ) પાન નં.૭૦૬** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદાના પાન નં.૭૧૨ વંચાણે લેવા માટે વિનંતી કરી છે. વધુમાં **૧૯૭૮ ક્રિમીનલ લો જનરલ, પાન નં.૧૬૧૪** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદાની હેડ નોટ–બી વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે આ ચુકાદા મુજબ કબૂલાત નોંધવામાં સાવધાની રહેલી નથી.

વધુમાં વિ.વ.શ્રી આર.કે.શાહ આંક–૮૬૨૩ થી રજૂ થયેલ આરોપી નં.૨૧ નુ કબૂલાત નિવેદન વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે આરોપીની અરજી આંક–૮૬૨૧ થી રજૂ છે જે તા.૭–૧૧–૨૦૦૮ ના રોજની છે, "સાહેદનુ નિવેદન" તેવુ હુકમમાં લખ્યુ છે, આ નિવેદન દાણીલીમડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં.૧૪૦/૨૦૦૮ ના કામે નોંધ્યુ છે, આરોપી નં.૨ નાએ જે અરજી આપી તેવી જ આ અરજી છે, લખાણની ભાષા એક સરખી જ છે, આરોપીને કોણે રજૂ કર્યા? કયાંથી રજૂ કર્યા? તે નથી, કોર્ટનુ રોજકામ પણ રજૂ નથી, જેલનો

જાવક નં.૩૦/૨૦૦૮ તા.૭–૧૧–૨૦૦૮ નો પત્ર રજૂ નથી, તા.૧૦–૧૧–૨૦૦૮ ના રોજના મેજિસ્ટ્રેટનુ નામ કે સિક્કો નથી, ઇમરાનના નિવેદનમાં જે લખ્યુ છે તે જ આ નિવેદનમાં લખ્યુ છે, નિવેદન નોંધ્યા પછી પણ મેજિસ્ટ્રેટનુ નામ કે સિક્કો નથી, આંક–૮૬૨૪ માં "**સાહેદોના નિવેદન**" લખ્યુ છે, આરોપીઓને મીસલીડ કર્યા હોય તેવુ પણ બને, સાહેદ તરીકે નિવેદન નોંધવાનુ છે તેમ કહી લઇ જઇ આરોપી તરીકે નિવેદન નોંધ્યા હોય તેવુ પણ બને.

વધુમાં વિ.વ.શ્રી આર.કે.શાહ આરોપી નં.૨૪ નુ આંક–૮૬૨૭ થી રજૂ થયેલ નિવેદન વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે આરોપી નં.૨૪ ની અરજી આંક–૮૬૨૫ થી રજૂ છે, આ અરજી પણ આરોપી નં.૨, ૨૧ ની અરજી જેવી જ છે, આ અરજી પણ તા.૭–૧૧–૨૦૦૮ ના રોજની છે, આરોપી કેવી રીતે હાજર હતા અને કયાંથી આવ્યા? કેવી રીતે આવ્યા? તે સ્પષ્ટ થતુ નથી, **"સાહેદનુ નિવેદન"** તેવા શબ્દો વાપર્યા છે, આ નિવેદન દાણીલીમડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં.૧૪૦/૨૦૦૮ ના કામે નોંધેલુ છે, જાવક નં.૩૦/૨૦૦૮ નો પત્ર રજૂ નથી, મેજિસ્ટ્રેટનુ નામ કે સિક્કો પણ નથી, આ તમામ નિવેદનો એક જ પ્રકારના લેવાયા છે, મેજિસ્ટ્રેટને તપાસવા જોઇતા હતા પરંતુ ફરિયાદપક્ષે તપાસ્યા નથી, આ ત્રણેય નિવેદનો એકસરખા છે.

વધુમાં વિ.વ.શ્રી આર.કે.શાહ આરોપી નં.૩૫ ના આંક–૮૬૩૧ થી રજૂ થયેલ નિવેદન વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે આરોપીની અરજી આંક–૮૬૨૯ થી રજૂ છે જેની તા.૧૯–૧–૨૦૦૯ છે, આ આરોપી કબૂલાત કરવા માંગે છે તેવુ જણાવતા જ નથી, આરોપીને કેવી રીતે અને કયાંથી રજૂ કર્યા? તે સ્પષ્ટ થતુ નથી, જેલની યાદી પણ રજૂ નથી, ખાનગી જાવક નં.૩૦/૨૦૦૯ શું છે તે ખબર નથી, તા.૨૦–૧–૨૦૦૯ છે અને હુકમ તા.૧૯–૧–૨૦૦૯ ના રોજનો છે, નિવેદન તા.૪–૨–૨૦૦૯ ના રોજ નોંધવામાં આવેલુ છે, તા.૩૧–૧– ૨૦૦૯ ના રોજ નિવેદન નોંધવાની તારીખ આપેલી છે, તા.૩૧–૧–૨૦૦૯ ના રોજ નિવેદન માટે આરોપીને લાવેલા નથી તે અંગે કોઇ ખુલાસો રજૂ થયેલો નથી, તા.૩૧–૧–૨૦૦૯ ના રોજ આરોપીને રજૂ કરેલા હોય તો તે અંગેનુ

રોજકામ નથી, આ નિવેદન શાહીબાગ પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુના રજી.નં. ૨૩૬/૨૦૦૮ ના કામે નોંધેલુ છે, આંક–૮૬૩૦ માં પણ **"સાહેદનુ નિવેદન"** શબ્દ લખ્યો છે, આંક–૮૬૩૦ માં પોલીસ સ્ટેશન કે ગુના રજી.નંબર લખ્યો નથી, આ આરોપીને સોગંદ આપ્યા છે સોગંદ આપે તો તે ગેરકાયદેસર છે. વધુમાં **૨૦૦૪ ક્રિમીનલ લો જનરલ, પાન નં.૪૭૪૭** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદાના પેરા નં.૧૦ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે આરોપીને સોગંદ આપી કબૂલાત નિવેદન નોંધે તો તે ગેરકાયેદસર છે. વધુમાં **૧૯૮૦ ક્રિમીનલ લો જનરલ, પાન નં.૧૭૧** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદાની હેટ નોટ–સી વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે આરોપીને સોગંદ આપી કબૂલાત નિવેદન નોંધે તો તે ગેરકાયદેસર છે, સોગંદ આપવાની જોગવાઇ નથી, આરોપી રફીયુદ્ધીનને નિવેદન નોંધતી વખતે સોગંદ આપ્યા છે માટે તે કબૂલાત નથી, આરોપી ઇમરાનને તા. ૧૬–૮–૨૦૦૮ ના રોજ, આરોપી મહેંદીહસનને તા.૯–૧૦–૨૦૦૮ ના રોજ, આરોપી અશોકભાઇ કાળાભાઇને તા.૧૫–૯–૨૦૦૮ ના રોજ અને આરોપી રફીયુદ્ધીનને તા.૨૩–૧૧–૨૦૦૮ ના રોજ અટક કરેલા છે અને આરોપીઓને અટક કર્યાના ત્રણ મહિના પછી કબૂલાત નોંધાયેલી છે માટે આ કબૂલાતની કોઇ કિંમત નથી. વધુમાં **એ.આઇ.આર.૧૯૫૬ સુપ્રિમ કોર્ટ પાન નં.૫૬** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદાની હેડ નોટ–બી વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે કબૂલાત મોડી નોંધવા માટે કારણો આપવા પડે, હાલના કેસમાં આરોપીઓની કબૂલાત મોડી નોંધવાના કોઇ કારણો આપેલા નથી માટે મોડી કબૂલાત તેની કિંમત ઘટાડી દે છે. વધુમાં **૧૯૮૮, ક્રિમીનલ લો જનરલ, પાન નં.૫૭૩** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદાની હેટ નોટ–એ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે કબૂલાત નોંધવા સોગંદ અપાય તો તે ગેરકાયદેસર છે, કબૂલાત નોંધવા સોગંદ અપાય તો પાછળથી નિવેદન પાછુ ખેંચી શકે નહીં, આરોપી શા માટે કબૂલાત કરવા માંગે છે તે પુછવુ જોઇએ, પોલીસની ધમકી કે દબાણમાં નથી તે પણ જોવુ જોઇએ, આરોપી પોલીસ દબાણથી બહાર હોવો જોઇએ, હાલના કેસમાં ઉપર જણાવેલ ચારેય કબૂલાતો એ કબૂલાતો નથી ફકત બનાવની વાતો જણાવી છે,

આ કબૂલાતો નોંધવામાં પણ ખામીઓ છે તેથી તેને કબૂલાતો ગણાય જ નહીં. વધુમાં **(૨૦૧૪) સુપ્રિમ કોર્ટ કેસીસ, પાન નં.૭૧૬** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદાના પેરા નં.૧૮૬, ૧૯૧, ૧૯૭ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે આરોપીનુ કબૂલાત નિવેદન બીજા આરોપીઓ માટે વિચારણામાં ના લેવાય, અદાલતે બીજો સ્વતંત્ર પુરાવો ધ્યાને લેવો જોઇએ, તે પુરતો પુરાવો હોય તો અદાલત એક આરોપીની કબૂલાત વિચારણા હેઠળ લઇ શકે, બીજો સ્વતંત્ર પુરાવો હોય અને તેનાથી અદાલતને સંતોષ થવો જોઇએ, કબૂલાત તે પુરાવાના કાયદાની કલમ–૩ હેઠળ પુરાવો નથી, પરત ખેંચેલા કબૂલાત નિવેદન ઉપર સમર્થનકારક પુરાવા વિના આધાર ના રખાય.

વધુમાં વિ.વ.શ્રી આર.કે.શાહ "વાઘમોન કેમ્પ" તથા "હાલોલ–પાવાગઢ કેમ્પ" ના મુદ્દા ઉપર દલીલો કરતા જણાવે છે કે વાઘમોન કેમ્પનો ચાર્જ કેરાલા કોર્ટમાં ઘડાયેલો છે તે કેસ ચાલી ગયો છે, વાઘમોન કેમ્પની હકીકત ઉપર તે કેસમાં ચાર્જ થયેલો છે, કેરાલા કોર્ટે કેટલાક આરોપીને છોડી મુકયા છે અને કેટલાકને સજા કરી છે, ક્રિ.પ્રો.કોડ કલમ–૩૦૦ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે કેરાલા કોર્ટે અમુક આરોપીને સજા કરી છે ફરીથી તે જ આરોપીઓ સામે ટ્રાયલ ના ચાલે, વાઘમોન કેમ્પનો ટ્રાયલ ચાલી ગયા પછી ફરી ટ્રાયલના ચાલે તે હકીકત ઉપર જ બીજી કોર્ટમાં ફરી ટ્રાયલ ના ચાલે, આરોપી નં.૭૬ નુ કબૂલાત નિવેદન આ કેસ માટે લીધેલુ તેનો ઉપયોગ કેરાલાના કેસમાં થઇ ગયો છે, આરોપી નં.૭૬ ને સજા પણ થયેલી છે માટે આરોપી નં.૭૬ ની કબૂલાતનો ફરીથી બીજા કેસમાં ઉપયોગ ના થાય, કેરાલા કોર્ટમાં ચાલેલ કેસમાં કુલ–૩૮ આરોપીઓ હતા જેમાંથી આ કેસમાં કોમન આરોપીઓ છે તે આરોપી નં.૧, ૨, ૫, ૬, ૭, ૯, ૧૦, ૧૪, ૧૫, ૧૮, ૨૭, ૨૯, ૩૬, ૩૭, ૪૩, ૫૨, ૬૦, ૬૫, ૭૨, ૭૫, ૭૬, ૭૮ હતા.

વધુમાં વિ.વ.શ્રી આર.કે.શાહ હાલોલ કેમ્પ અંગે દલીલો કરતા જણાવે છે કે આરોપી નં.૧ નાએ હાલોલ કેમ્પવાળી જગ્યા બતાવી તેવો આક્ષેપ છે, તા. ૨૭–૮–૨૦૦૮ ના રોજ સૌપ્રથમ હાલોલ કેમ્પનો પુરાવો મેળવેલો છે તે

પુરાવો મેળવનાર તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયા હતા તેમને ફરિયાદપક્ષે તપાસ્યા નથી, આ પુરાવો મેળવવા કોણ ગયુ? કેવી રીતે પુરાવો મેળવ્યો? તે રેકર્ડ ઉપર આવતુ નથી, સાહેદ નં.૯૦૪ દિપકકુમાર જીવનલાલ દલવાડીની જુબાની વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે તા.૧૬–૮–૨૦૦૮ થી તા.૨૭–૮–૨૦૦૮ સુધી આરોપી કસ્ટડીમાં હતા ત્યાં સુધી આરોપી પાસેથી કાંઇ મળ્યુ નથી, પાવાગઢની જગ્યા બતાવવા માંગુ છુ એટલી જ હકીકત વિચારણા હેઠળ લેવાય, આ કાર્યવાહીની વીડિયોગ્રાફી થયેલી છે પરંતુ આવી વીડિયોગ્રાફી રેકર્ડ ઉપર રજૂ થયેલ નથી, સ્થળ ઉપરથી છરા, બુચ, કુગ્ગા મળેલા તે અંગે એફ.એસ.એલ.રીપોર્ટ આંક–૫૯૪૧ થી રજૂ છે પરંતુ તે રીપોર્ટ "નીલ" છે, કોઇ સ્ફોટક પદાર્થની હાજરી મળેલ નથી, આ જગ્યા ઉપર ઉર્સ ભરાય છે, મેળા ભરાય છે માટે કુગ્ગા અને છરા સ્થળ ઉપર હોય જેથી કરીને આરોપી વિરૂધ્ધ પુરાવો છે તેમ ના કહેવાય, એક મિનાર મસ્જિદે ગયેલા તે જગ્યા બતાવી છે પરંતુ ત્યાં શું કરેલુ તે અંગે જે જણાવ્યુ છે તે પુરાવામાં ગ્રાહ્ય નથી, ત્યારપછી દરગાહ ઉપર ગયેલા ત્યાં ફકીર હતા તેમણે આરોપીને ઓળખ્યા છે, ફકીરનુ નિવેદન પુરાવામાં ગ્રાહ્ય રાખી શકાય નહીં, પંચનામુ આંક–૬૪૮૦ થી રજૂ છે, પંચનામાની જે હકીકત રેકર્ડ ઉપર નથી તે માટે પંચને હોસ્ટાઇલ કરાય પછી રેકર્ડ ઉપર તે હકીકત લવાય. આ અંગે **૧૯૮૪ જી.એલ.એચ.પાન નં. ૧૦૫૫** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદાના પેરા નં.૨૭ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે અદાલત બે કોર્ષ અપનાવી શકે. લીડીંગ પ્રશ્નો પુછીને જુબાનીના પેરા નં.૬,૭ માં હકીકતો રેકર્ડ ઉપર લીધી છે, આરોપીને પંચ સાહેદે ઓળખ્યા નથી, દરેક સાહેદોએ આરોપીઓ નહીં ઓળખવાના એક સરખા કારણો આપેલા છે જે મનાય નહીં, સ્થળની વીડિયોગ્રાફી કરેલી પરંતુ તે રજૂ થયેલ નથી, દરગાહ ઉપરના ફકીરનુ નિવેદન લીધુ નથી, શા માટે નિવેદન લીધુ નથી? તે અંગે કોઇ ખુલાસો નથી, સાહેદ આરોપીને ઓળખતા નથી, સાહેદને હોસ્ટાઇલ કર્યા વિના પ્રશ્નો પુછયા છે, આ કાર્યવાહી કરનાર તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયા કે તેમના બીજા અધિકારીને આ અંગે તપાસ્યા નથી, હાલોલમાં આવો કોઇ કેમ્પ

હતો જ નહીં, બ્લાસ્ટ સાથે કેમ્પને કોઇ લેવા, દેવા જ નથી, દરગાહ ઉપર મુજાવર હતા તેમનુ નામ ઇદ્રીશ ગુલાબશા ફકીર હતુ તેમને ફરિયાદપક્ષે સાહેદ નં. ૧૧૦૫ તરીકે તપાસેલા છે, આ સાહેદ ઉભા કરેલા સાહેદ છે, સાહેદ ઇદ્રીશનો જવાબ તે જ દિવસે લીધો છે પરંતુ પંચ કહે છે કોઇનો જવાબ લીધો નથી, આ સાહેદનુ ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૪ નુ નિવેદન તા.૧૫–૯–૨૦૦૮ ના રોજ લીધુ છે, તા.૨૮–૯–૨૦૦૮ ના રોજ તપાસ કરનાર અધિકારી મયુર ચાવડા આ જગ્યા ઉપર ગયેલા હતા ત્યારે સાથે આરોપી "અબ્બાસ" હતા, એક વખત જગ્યા પોલીસને ખબર પડી ગયેલી હતી તેમ છતાં દરેક આરોપી જેમ, જેમ પકડાતા ગયા તેમ, તેમ આ જગ્યા ઉપર આરોપીને બીનજરૂરી લઇ ગયા છે, આરોપીની વર્તણૂકનો પુરાવો ઉભો કરેલો છે, આ સાહેદ દરગાહ ઉપર મુજાવર તરીકે હોય તે અંગેનો કોઇ દસ્તાવેજી પુરાવો રેકર્ડ ઉપર નથી, પહેલા ઓળખ પરેડ આ સાહેદ રૂબરૂ કરાવેલી નથી, આંક–૭૯૨૪ વંચાણે લેતાં સવાલ, જવાબમાં નિવેદન લીધેલાનુ જણાવે છે પરંતુ નિવેદન સવાલ, જવાબમાં લીધુ નથી, આ સાહેદનો પુરાવો અકુદરતી છે.

વધુમાં વિ.વ.શ્રી આર.કે.શાહ દલીલો કરતા જણાવે છે કે સાહેદ ઇદ્રીશ જણાવે છે કે તેમની પહેલા દરગાહ ઉપર ફકીર તરીકે મોહંમદ ફકીર હતા, સાહેદ ઇદ્રીશ જુબાનીના પાન નં.૨૫ ઉપર જણાવે છે કે દરગાહ ઉપર તેમના સિવાય બીજા સફાઇવાળા પણ હતા, તો તેમના જવાબો લીધા નથી. વધુમાં સાહેદ નં.૯૦૪ જુબાનીના પેરા નં.૪ ઉપર જણાવે છે કે દરગાહ ઉપર ફકીર હતા, માટે ઇદ્રીશ ત્યાં હાજર હતો કે કેમ? તે શંકા ઉપજાવે છે, ઇદ્રીશ જુબાનીના પાન નં.૨૧ ઉપર જણાવે છે કે "સાદાબ" નુ નામ લીધેલુ માટે તેઓને રહેવા દીધેલા.

સાહેદ નં.૧૧૨૧ ડો.સાદાબ પાનવાલાની જુબાની વંચાણે લઇ વિ.વ.શ્રી આર.કે. શાહ દલીલો કરતા જણાવે છે તેઓ ફરી ગયેલા સાહેદ છે, પાન નં.૧૩ થી સદર સાહેદની ઊલટતપાસ શરૂ થાય છે, બોમ્બ બ્લાસ્ટની જાણ ટી.વી. તથા મીડીયા દ્વારા થયેલી હતી, બ્લાસ્ટ પછી પાંચ, સાત દિવસ બાદ વડોદરા પોલીસ ફાર્મ હાઉસ ઉપર લઇ ગયેલી, પોલીસે જુલ્મ કરેલો અને મારેલા

ત્યાં બીજા લોકો પણ હતા, ગાંધીનગર ખાતે કોર્ટમાં ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૪ મુજબનુ નિવેદન લીધેલાનુ જણાવે છે પરંતુ આવુ નિવેદન રજૂ થયુ નથી, કાગળ ઉપર સહી લઇ લીધેલાનુ સદર સાહેદ જણાવે છે, ઇદ્રીશ ગુલાબશા ફકીર નામના કોઇ મુજાવર નથી તેમ જણાવે છે, દરગાહ ઉપર ૩,૪ મહિને જાય છે ત્યાં ઇદ્રીશ નામના માણસને જોયો નથી, ખુદપીર દરગાહ મોટુ ટ્રસ્ટ છે છતાં ટ્રસ્ટીના જવાબો લીધા નથી, હાલોલ કેમ્પ એ ઉભો કરેલો પુરાવો છે ત્યાં મેળો ભરાતો હોય, પીકનીક થતી હોય તો નટ બોલ્ટ, બુચ, કુગ્ગા મળે તે સ્વાભાવિક છે, હાલોલ કેમ્પનો પુરાવો બ્લાસ્ટ સાથે જોડાતો નથી. આ કામે સાહેદ નં.૯૭૨ રામકાભાઇ દેવકરણભાઇ, સાહેદ નં.૯૮૧ પ્રવિણભાઇ હમીરભાઇ તેમજ સાહેદ નં.૧૦૬૭ અંબાલાલ વેચાતભાઇ એ ત્રણેય મહત્વના સાહેદો છે, આ ત્રણેય "ચાન્સ વિટનેસો" છે કુદરતી સાહેદો નથી એટલે કે કુદરતી રીતે મળેલા સાહેદો નથી.

વિ.વ.શ્રી આર.કે.શાહ સૌપ્રથમ સાહેદ નં.૯૮૧ પ્રવિણભાઇ હમીર ભાઇની જુબાની વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે તા.૨૭–૮–૨૦૦૮ ના રોજ પોલીસે હેલીકૈલ વાવ પાસે ઉભા રાખેલા તેમ જણાવે છે, પોલીસે કોઇકને ટ્રેનીંગ લેતા જોયેલાનુ પુછેલુ ત્યારે ઉત્તરાયણના દિવસની વાત કરેલી, પોલીસે સીધુ જ ટ્રેનીંગનુ પુછેલુ છે. માટે આવુ પુછયુ જ ના હોય, તા.૧૩–૧–૨૦૦૮ ના રોજ જે આરોપીઓ જોયેલા તે તા.૨૭–૮–૨૦૦૮ ના રોજ એટલે કે સાત માસ પછી યાદ હોય તેવુ ના બને, જીપને પંકચર પડેલુ હતુ તો તેઓ શા માટે વાવની બાજુમાં ગયા? મેજિસ્ટ્રેટ પાસે ગયા ત્યારે મેજિસ્ટ્રેટે કહેલુ કે તમે આરોપીને ઓળખી શકો? તો સાહેદે "હા" પાડીને કહ્યુ કે ઓળખી શકુ, આવી જુબાની અકુદરતી છે, આરોપીને કયાં જોયેલા? કેવી રીતે જોયેલા? તે રેકર્ડ ઉપર નથી, ત્રણ આરોપીના નામ કહ્યા બાકીના આરોપીઓના નામો યાદ નથી, હેલીકૈલ વાવ પાસે આરોપીઓને જોયા તે સિવાય બીજી કોઇ હકીકત આ સાહેદે જણાવી નથી, તા. ૧૨–૯–૨૦૦૮ ના રોજ ફરીથી આ સાહેદ અમદાવાદ ખાતે મેજિસ્ટ્રેટ કોર્ટમાં ગયેલા છે, પહેલી ઓળખ પરેડ તા.૩૦–૮–૨૦૦૮ ના રોજ, બીજી ઓળખ પરેડ તા.૧૨–૯–૨૦૦૮ ના રોજ, ત્રીજી ઓળખ પરેડ તા.૧૬–૧૨–

૨૦૦૮ ના રોજ અને ચોથી ઓળખ પરેડ તા.૬-૬-૨૦૧૨ ના રોજ કરેલી છે, જાન્યુઆરી-૨૦૦૮ માં વીસ માણસોના ટોળામાં દુરથી જોયેલા માણસોને એક વર્ષ બાદ અથવા ત્રણ થી ચાર વર્ષ બાદ ઓળખી બતાવે છે, તાજુદ્દીન મુલ્લા, ડો. એહમદબેગ મીરઝા, કામરાન, આમીલ પરવાજ, સફદરહુસેન નાગોરી, આરીફ બદરૂદ્દીન, રફીયુદ્દીન કાપડીયા, નાસીર એહમદ, મહમદ આરીફ નસીમ એહમદ, ફજલે રહેમાન, અબ્બાસ, આલમજેબ આફ્રીદીને ઓળખ્યાનુ જણાવે છે, આરોપીઓને કેવી રીતે ઓળખ્યા? સાચા ઓળખ્યા કે ખોટા ઓળખ્યા? તે આ સાહેદની જુબાની ઉપરથી સાબિત થતુ નથી. આ સાહેદની ઊલટતપાસ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે જેઓને ઓળખેલા તેઓ જગ્યા ઉપર શું કરતા હતા તે મેજિસ્ટ્રેટને કહેલુ નથી, પોલીસને આપેલ નિવેદનમાં આરોપીઓના વર્ણન લખાવ્યા નથી, કઇ લાઇનમાંથી કેટલા માણસોને ઓળખેલા તે જણાવતા નથી જેથી આ સાહેદની જુબાની માની શકાય નહીં.

વધુમાં વિ.વ.શ્રી આર.કે.શાહ સાહેદ નં.૧૦૬૭ અંબાલાલ વેચાત ભાઇની જુબાની વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે તા.૨૭-૮-૨૦૦૮ ના રોજ જીપમાં જતા હતા ત્યારે પોલીસે રોકેલા સાથે પ્રવિણભાઇ હતા, પોલીસે પુછયુ કે ઉત્તરાયણ ઉપર ટ્રેનીંગ ચાલતી હતી તે તેમે જાણો છો? પોલીસ આવુ પુછે તે શકય નથી, ઉત્તરાયણના દિવસે શું થયું તે બધુ પોલીસને જણાવે છે, આ સાહેદ પ્રવિણભાઇ કરતા જુદી હકીકત જણાવે છે, આ સાહેદની જુબાની પ્રવિણભાઇની જુબાનીથી વિરોધાભાસી છે, આ સાહેદની ઓળખ પરેડ મેજિસ્ટ્રેટ રૂબરૂ તા.૩૦-૮-૨૦૦૮ ના રોજ, તા.૧૨-૯-૨૦૦૮ ના રોજ, તા.૧૬-૧૨-૨૦૦૮ ના રોજ થયેલી છે, આ સાહેદે કોને ઓળખ્યા? કેવી રીતે ઓળખતા હતા? કેમ ઓળખ્યા? તે વિશે કાંઇ જણાવતા નથી, કોણે ઓળખ્યા તેમના નામો પણ જણાવતા નથી, સફદર નાગોરીને ઓળખ્યો. આ સાહેદની ઊલટતપાસ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે હેલીકૈલ વાવ અને તારની વાડ વચ્ચેનુ અંતર કહી શકે તેમ નથી કારણકે તેઓ હેલીકૈલ વાવ ઉપર ગયા નથી, ખીણમાં અજુગતુ થયુ હોય કે થતુ હોય તો આ બાબતે કોઇને વાત કરી નથી, મુસલમાન

જેવા માણસો હતા તેમને દાઢી હતી તેવુ પોલીસના નિવેદનમાં લખાવેલુ નથી, ઉત્તરાયણના દિવસે આકસ્મિક રીતે હાલોલ જવાનુ થયેલુ માટે આ સાહેદ ચાન્સ વિટનેસ (તક સાક્ષી) છે, આ સ્થળે મેળા ભરાય છે, માતાજીના મંદિરે ઘણા લોકો જાય છે, જંગલોમાં ફરવા પણ ઘણા લોકો જાય છે માટે ત્યાં કોઈપણ માણસો હોઇ શકે જેથી આ સાહેદની જુબાની પણ મનાય નહીં.

વધુમાં વિ.વ.શ્રી આર.કે.શાહ સાહેદ નં.૯૭૨ રામકાભાઇ દેવકરણ ભાઇની જુબાની વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે તા.૨૭–૮–૨૦૦૮ ના રોજ કમલેશ કવોરી પાસે ભેંસો ચરાવતા હતા ત્યારે પોલીસ ત્યાં આવી હતી, પોલીસે પુછેલુ કે ઉત્તરાયણના દિવસે કોઇને તંબુ બાંધીને ટ્રેનીંગ લેતા જોયેલા, આ મુજબ પોલીસથી પુછાય જ નહીં ત્યારબાદ ઉત્તરાયણના દિવસે બાબુભાઇની ભેંસો શોધવા જંગલમાં ગયેલા ત્યારે જે જોયેલુ તે કહેલુ, મેજિસ્ટ્રેટ પાસે ગયેલા, મેજિસ્ટ્રેટે નામ, સરનામુ પુછેલુ, લાઇન માંથી સાત જણાને બહાર કાઢેલા, ઇમરાન, સફદર, મહમદ, યુનુસ નામો ખબર છે, બીજાના નામો ખબર નથી, ફરીથી જુન–૨૦૧૨માં ઓળખ પરેડ માટે બોલાવ્યા ત્યારે એક માણસને ઓળખ્યો છે, સફદર નાગોરી, યુનુસ મન્સુરીને ઓળખ્યા બીજાને ઓળખ્યા નથી. આ સાહેદની ઊલટતપાસ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે જે માણસોને ઓળખ્યા તે કયા કારણોસર ઓળખેલા તે જણાવતા નથી, કુગ્ગા ફોડતા હતા તે જગ્યા પોલીસને બતાવી નથી, પાવાગઢ એરીયાની ભૂગોળ આ સાહેદની ખબર નથી, તંબુવાળા બનાવ બાબતે કોઇને જાણ કરી નથી કે કોઇની સાથે વાતચીત કરી નથી, આ સાહેદ પણ તકવાદી સાહેદ છે જેથી આ સાહેદની જુબાની પણ ના મનાય, મેજિસ્ટ્રેટ સમક્ષ આરોપીઓને ઓળખેલા તે વિશ્વાસપાત્ર ઓળખ નથી.

વધુમાં વિ.વ.શ્રી આર.કે.શાહ સાહેદ નં.૫૭૧ ઓળખ પરેડના મેજિસ્ટ્રેટની જુબાની વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે આ સાહેદે જુબાનીના પાન નં.૧૦ ઉપર જણાવ્યા મુજબ ડમી પચાસ માણસો લાવવામાં આવ્યા, જે ના ચાલે, આ સાહેદ જણાવે છે કે તમામને "**ચુ**" આકારમાં ઉભા

રાખેલા, સાહેદ પ્રવિણભાઇ જણાવે છે કે ૧૦, ૧૦ ની લાઇનમાં ઉભા રાખેલા, આમ બંને સાહેદોનો પુરાવો જુદો પડે છે, જે લાઇનમાં ઉભેલા ન હતા તેમના નામો લખ્યા છે જેથી આ સાહેદ દ્વારા થયેલી ઓળખ પરેડ ના મનાય.

વધુમાં વિ.વ.શ્રી આર.કે.શાહ "એપ્રૂવર" ઐયાજ સૈયદના મુદ્દા ઉપર દલીલો કરતા જણાવે છે કે સદર કેસમાં સાહેદ નં.૧૧૪૧ તરીકે ઐયાજ સૈયદને તપાસેલા છે જેઓ આ કામે આરોપી નં.૨૩ હતા અને પાછળથી એપ્રૂવર થયેલા છે, આ આરોપીના પોલીસ રૂબરૂના નિવેદનો બચાવપક્ષને આપ્યા નથી. ક્રિ.પ્રો. કોડ કલમ–૨૦૭ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે આ કલમ મુજબ ફરિયાદપક્ષે તમામ નિવેદનો બચાવપક્ષને આપવા જોઇએ, ફેર ટ્રાયલ માટે ફરિયાદપક્ષે તમામ નિવેદનોની નકલો બચાવપક્ષને આપવી જોઇએ, નિવેદનો બચાવપક્ષને આપવાની ફરિયાદપક્ષની ફરજ હતી, સદર કેસમાં ફરિયાદપક્ષ અયોગ્ય રીતે વર્ત્યા છે, નિવેદનો બચાવપક્ષને આપ્યા નથી માટે ફરિયાદપક્ષની વિરૂધ્ધ અનુમાન કરવુ જોઇએ, આ મુદ્દા ઉપર આ સાહેદનો પુરાવો માની શકાય નહી. પુરાવાના કાયદાની કલમ–૩ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે આ કલમ મુજબ નિવેદન દસ્તાવેજ કહેવાય, ભારતીય ફોજદારી ધારાની કલમ–૨૯ માં દસ્તાવેજની વ્યાખ્યા છે તે મુજબ જો કોઇ વિગત જાહેર થતી હોય તો તે વસ્તુ દસ્તાવેજ છે, ઐયાજના નિવેદનો પોલીસ રૂબરૂ નોંધેલા હતા તેમ છતાં આવા નિવેદનો બચાવપક્ષને આપ્યા નથી, ફરિયાદપક્ષ ફેર રહ્યા નથી, આ સાહેદે નિવેદનો જુદી રીતે આપેલા છે, સર તપાસના પ્રથમ પેરામાં જણાવેલી હકીકત પોલીસ રૂબરૂના નિવેદનમાં જણાવી હોત તો પોલીસ શાહપુર મુકામે "સીમી"ની ઓફીસે તપાસ માટે ગયેલ હોત પરંતુ ગયેલ નથી માટે "સીમી" ની ઓફીસની વાત પોલીસ રૂબરૂના નિવેદનમાં જણાવી નથી, ઐયાજે બધી વાત ઉભી કરી છે, ઐયાજે માફીની શરતોનો ભંગ કર્યો છે, ઐયાજની અટક તા.૪–૯–૨૦૦૮ ના રોજ થયેલ છે ત્યારબાદ ૧૦ વર્ષ પછી તેણે માફીની અરજી કરી છે તે મુજબ તેને પસ્તાવો થયેલો છે, ૧૦ વર્ષ સુધી કેમ પસ્તાવો ના થયો? તે પ્રશ્ન છે. વધુમાં **૧૯૮૪ ક્રિમીનલ લો જનરલ, પાન નં.૧૬૪** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદાના પેરા

નં.૮ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે ૨૦ મહીના બાદ એપ્રૂવર માટે અરજી કરેલી, પોલીસ નિવેદનની નકલ બચાવપક્ષને આપેલી નહીં માટે એપ્રૂવરનો પુરાવા ના મનાય, એપ્રૂવરનો પુરાવો "નબળો" પુરાવો છે. આંક–૮૦૫૬ થી એૈયાજે તા.૧૧–૩–૨૦૧૯ ના રોજ કબૂલાત અરજી આપી છે, એૈયાજનો મોબાઇલ ફોન કબજે કર્યાના પંચ સાહેદ નં.૫૫૮ છે, મુદ્દામાલ સાઇકલ ઓળખના પંચ સાહેદ નં.૮૧૯ છે, સાઇકલની ચાવી ગલ્લા પાસેથી શોધી બતાવી તેના સાહેદ નં.૮૧૦ છે, કયામુદ્દીને જે જગ્યાએથી ફોન કરેલો તે પી.સી.ઓ. વાળી જગ્યા બતાવ્યાના પંચ સાહેદ નં.૮૧૧ છે, બોમ્બ વાળી સાઇકલો મુકેલી તે જગ્યા બતાવ્યાના પંચ સાહેદ નં.૮૧૨ છે, સાહેદ નં.૯૫૭ જાકીરે આરોપી એૈયાજને ઓળખેલા છે, સાહેદ નં. ૧૧૦૬ નાઓએ પણ આરોપી એૈયાજને કોર્ટમાં ઓળખેલો છે, સાહેદ નં.૯૩૫ નાઓએ આરોપી એૈયાજને ઓળખ પરેડમાં ઓળખેલો છે, સાહેદ નં.૯૩૭ ના જણાવ્યા મુજબ ભોજનાલયમાં આરોપી એૈયાજ જમવા જતો ત્યારે ફોન કરતો હતો, સાહેદ નં. ૧૧૦૬ ને તા.૩૦–૧–૨૦૧૯ ના રોજ તપાસેલા છે ત્યાર બાદ આરોપી એૈયાજે તા.૧૧–૩–૨૦૧૯ ના રોજ કબૂલાત અરજી મોકલેલી છે આમ લાંબા સમયે એૈયાજને પસ્તાવો થયો છે તો તે વાત ખોટી છે, આરોપી એૈયાજ વિરૂધ્ધ પુરાવો આવ્યા બાદ કબૂલાત કરી છે, એૈયાજને કોઇકે સમજાવ્યો કે આ કેસમાં સજા થશે, જેલમાં રહેવુ પડશે માટે કબૂલાત કર, જેથી એૈયાજે કબૂલાત અરજી કરી છે, એૈયાજના કહેવા પ્રમાણે શાહપુરમાં "સીમી"ની ઓફીસે ગયા ત્યારે આરોપી નં.૬ આરીફ કાગઝી હતો, આરોપી નં.૬ સામે પુરાવો ન હતો માટે આરીફ કાગઝીનુ નામ એૈયાજે જુબાનીમાં લીધુ છે, સાહેદ નં.૧૧૪૧ એૈયાજ સૈયદની જુબાની વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે શરૂમાં એૈયાજે સીમીની ઓફીસ વિશે જણાવ્યુ છે, જો પોલીસ નિવેદનમાં આ હકીકત જણાવી હોય તો પોલીસ ત્યાં તપાસ માટે જાત પરંતુ નિવેદનમાં આવુ કાંઇ જણાવ્યુ નથી, મીટીંગોમાં, પ્રોગ્રામોમાં કોણ હાજર હતુ? કયારે પ્રોગ્રામો થયેલા તે જુબાનીમાંથી સ્પષ્ટ થતુ નથી, ૨૦૦૮ ની મિટીંગમાં જાકીર હાજર હતો તેવુ એૈયાજ જણાવે છે, સાહેદ નં.

૯૫૭ જાકીર પોતાની જુબાનીમાં એૈયાજ મિટીંગમાં હાજર હતા તેવુ જણાવતા નથી, ૨૦૦૮ ની મિટીંગ પછી સીમીના સભ્યોએ મળવાનુ બંધ કરેલાનુ જણાવે છે, કયામુદ્દીન તથા તૌકીરને રહેવાની તકલીફ પડતી હતી માટે મકાન ભાડે રખાવી આપ્યુ છે, મકાન સાહેદ ફીરોજ શેખનુ હતુ તેમ જણાવે છે, ગુજરાતના તોફાનોનો બદલો લેવાની ચર્ચા ૨૦૦૨ થી ૨૦૦૮ સુધી થતી આવેલી છે તે શકય નથી, જે લોકો અમદાવાદ જેલમાં ન હતા તેઓની ઓળખ જુબાનીમાં થયેલી નથી, કેમ ઓળખ નથી કરાવી તે અંગેનો ખુલાસો નથી, ફરિયાદપક્ષનો હેતુ સિધ્ધ થઇ ગયો માટે બીજા આરોપીઓની ઓળખ ના કરાવી.

વિ.વ.શ્રી આર.કે.શાહ એૈયાજ સૈયદની ઊલટતપાસ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે લાંબા સમય સુધી એૈયાજ રીમાન્ડ ઉપર હતો તો સીમીના કાર્યાલય વિશે પોલીસને કાંઇ કહ્યુ નથી, એૈયાજ સૈયદ અને જાકીરના પુરાવામાં વિરોધાભાસ છે, એૈયાજ સૈયદ જણાવે છે કે સમસુદ્દીનના નાનાના ઘરે પ્રોગ્રામમાં જાકીર હાજર હતો જયારે જાકીર પોતાની જુબાનીમાં જણાવે છે કે જાન્યુઆરી–૨૦૦૮ માં ઇબ્રાહીમ અન્સારીને ત્યાં મિટીંગ થયેલી અને ત્યાં એૈયાજ હાજર હતો. આમ જે હકીકત એૈયાજ જણાવે છે તેનાથી જુદી હકીકત જાકીર જણાવે છે, સાહેદ નં.૧૧૦૬ ફીરોજ જુબાનીમાં જણાવે છે કે એૈયાજ ગયો ત્યારે લોક જોઇને જતો રહેતો હતો જયારે એૈયાજ તેની જુબાનીના પેરા નં.૯,૧૧ માં જણાવે છે કે મકાન ઉપર કયામુદ્દીન અને તૌકીરને મળવા જતો હતો અને કોઇ વખત તાળુ હોય તો પાછો જતો હતો, ફીરોજ જણાવે છે કે એૈયાજ આવતો ત્યારે લોક જોઇને જતો રહેતો હતો. સમસુદ્દીનના નાનાના ઘરે મિટીંગ બાબતે સાહેદ હુસેન હાસમ શેખને બચાવના સાહેદ નં.૧ તરીકે તપાસેલા છે તેમની જુબાની મુજબ મકાનમાં કોઇ પ્રોગ્રામ થયેલા નથી, મકાન ઘણુ નાનુ છે, સમસુદ્દીનના મિત્રોને ઓળખતા નથી માટે સમસુદ્દીનના નાનાના ઘરે કોઇ મિટીંગ થયેલ નથી, આ સાહેદ ખોટુ બોલે છે તેવુ ઊલટતપાસમાં નિકળી આવતુ નથી, સાહેદના ઘરે મિટીંગ થઇ જ નથી તો પોલીસને લેખિતમાં જણાવવાનો પ્રશ્ન નથી.

વધુમાં વિ.વ.શ્રી આર.કે.શાહ દલીલો કરતા જણાવે છે કે આરોપી નં.૩૭ કયામુદ્દીને બચાવના સાહેદ નં.૮ તરીકે સોગંદ ઉપર જુબાની આપી છે, જુબાનીના પેરા નં.૧ થી ૧૧ વંચાણે લેતાં તેમાં તે વડોદરાના વતની છે, ૩૧ માર્ચ ૨૦૦૮ ના રોજથી પોલીસ તેમને લઇ ગયેલી, મધ્યપ્રદેશ પોલીસને સોંપેલા, ઘણા મહીનાઓ સુધી ગેરકાયદેસર ગોંધી રાખેલા, ઉજ્જૈન કોર્ટમાં રજૂ કરેલા, દિલ્હી કેસમાં પણ લઇ ગયેલા અને ફરી ઉજ્જૈન કોર્ટમાં પરત કરેલા ત્યાંથી આર.વી.અસારી અમદાવાદ લઇ આવેલા, આરોપી કયામુદ્દીન તા.૩૧–૩–૨૦૦૮ થી તા.૪–૧૧–૨૦૦૮ સુધી મધ્યપ્રદેશમાં હતા આવા સંજોગોમાં એયાજે કયામુદ્દીન અંગે જે હકીકતો જણાવી છે તે બધી જ વાત ખોટી ઠરે છે, આરોપી કયામુદ્દીન તથા એયાજ એપ્રૂવરનો પુરાવો જુદો છે, ફરિયાદપક્ષનો પુરાવો છે તે જ રીતે આરોપીનો પુરાવો પણ વાંચવો જોઇએ તે માટે લીસ્ટથી રજૂ કરેલ **ચુકાદા નં.૨ આદમ સુલેમાનના જજમેન્ટ**ના પેરા નં.૮૭ અને ૨૧૮ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે બચાવપક્ષે રજૂ કરેલો પુરાવો પણ સરખી રીતે એટલે કે ફરિયાદપક્ષના પુરાવા જેટલો જ મહત્વનો છે, એયાજના પુરાવાને સ્વતંત્ર પુરાવાનુ સમર્થન મળવુ જોઇએ, બચાવના પુરાવાને સમર્થનની જરૂર નથી માટે બચાવનો પુરાવો માનવો જોઇએ. આરોપી કયામુદ્દીનને મધ્યપ્રદેશ પોલીસ તા. ૩૧–૩–૨૦૦૮ ના રોજ લઇ ગયેલી તેવુ તમામ આરોપીઓ ક્રિ.પ્રો. કોડ કલમ–૩૧૩ ના વિશેષ નિવેદનમાં જણાવે છે, તા.૩૧–૩–૨૦૦૮ થી તા.૪–૧૧–૨૦૦૮ સુધી કયામુદ્દીન મધ્યપ્રદેશ પોલીસ પાસે હતા અને તે રીતે કયામુદ્દીનને ગેરકાયદેસર રીતે રાખી મુકેલા છે. વધુમાં **એ.આઇ.આર.૧૯૬૩ સુપ્રિમ કોર્ટ પાન નં.૫૯૯** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદાના પેરા નં.૪, ૬, ૭ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે એપ્રૂવરના પુરાવાને મહત્વના અને સ્વતંત્ર પુરાવાથી સમર્થન મળવુ જોઇએ, દરેક આરોપી સામે મહત્વની બાબતોથી એપ્રૂવરના પુરાવાને સમર્થન મળવુ જોઇએ, એપ્રૂવરના પુરાવા ઉપરથી સજા ના થાય. આ કેસમાં આરોપીઓ વિરૂધ્ધ સીધો પુરાવો નથી, આ કેસમાં એપ્રૂવરનો પુરાવો એક બ્લાસ્ટ માટે આવ્યો જે માની શકાય નહીં.

વધુમાં વિ.વ.શ્રી આર.કે.શાહ "અગત્યના સાહેદો" ના મુદ્દા ઉપર દલીલો કરતા જણાવે છે કે આ કેસમાં સાહેદ નં.૯૫૭ જાકીરે રજૂ કરેલ પુરાવો વંચાણે લેતાં જાકીરની ઓળખાણ ફીરોજે, અબ્દુલ રાજીક સાથે કરાવી તેમ જણાવે છે, સાહેદ નં.૧૧૦૬ ફીરોજ કહેતો નથી કે જાકીરની ઓળખાણ અબ્દુલ રાજીક સાથે કરાવી હતી, જાકીર જણાવે છે કે અબ્દુલ રાજીકનો ફોન આવતા ઇબ્રાહીમ અન્સારીને ત્યાં ગયેલા, આ ઇબ્રાહીમ અન્સારીને તપાસેલા નથી, કયામત અને જેહાદની વાતો સિવાય બીજુ કાંઇ જાકીર કહેતા નથી, જાકીર જણાવે છે કે સમસુદ્દીનના નાનાના ઘરે મિટીંગ થયેલી જયારે બચાવના સાહેદ નં.૧ હુસેન હાસમ શેખ પોતાના ઘરે મિટીંગ થયાની ના પાડે છે, આ સાહેદનો પુરાવો અકુદરતી છે, જુબાની જોતાં અબ્દુલ રાજીક અને મુફતી ભાષણો કરતા અને બાકીના બેસી રહેતા હતા તેવી હકીકત છે, ૨૮ મી તારીખે ફીરોજે ગોમતીપુર સર્કલ ઉપર ફોન કરીને બોલાવેલાનુ જણાવે છે, આ વાત સાહેદ નં.૧૧૦૬ ફીરોજ દિલાવર શેખ પોતાની જુબાનીમાં જણાવતા નથી, જાકીરનુ નિવેદન તા.૧૭–૧૦–૨૦૦૮ ના રોજ લીધુ છે, તા.૨૪–૧૦–૨૦૦૮ ના રોજ ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૪ નુ નિવેદન લેવા માટે લઇ ગયેલા છે, મેજિસ્ટ્રેટે તા.૫–૧૧–૨૦૦૮ ના રોજ નિવેદન નોંધ્યુ છે, આ નિવેદન આંક–૬૬૮૮થી રજૂ છે, પોલીસ તથા મેજિસ્ટ્રેટ રૂબરૂ વિલંબથી નિવેદન આપ્યુ છે, આરોપી કયામુદ્દીન, જાહીદ શેખ, આફ્રીદી વિગેરેને ઓળખેલા છે, આ સાહેદની ઊલટતપાસ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે બોમ્બ બનાવવાનુ મટીરીયલ લાવવાનુ કહ્યુ નથી, મિટીંગમાં જતા હતા છતાં કોઇએ કોઇ કામ સોંપ્યુ નથી તે મનાય નહીં, મેજિસ્ટ્રેટને જે હકીકત જણાવી નથી તેમજ પોલીસ નિવેદનમાં જે હકીકત લખાવી નથી તે હકીકત સરતપાસમાં જણાવી છે, ઘણા બધા મટીરીયલ (મહત્વના) ઓમીશન છે. લીસ્ટથી રજૂ કરેલ ચુકાદો **(૨૦૧૪)૭ એસ.સી.સી. પેરા નં.૫૮** વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે ગોધરાના બનાવનો બદલો લેવાની વાત છે, આ કેસમાં પણ બદલો લેવાની જ વાત કરી છે, સમય વિતી ગયા પછી ઉશ્કેરાટ રહે

નહીં, ગોધરાનો બનાવ સને–૨૦૦૨ માં બનેલો છે જયારે બ્લાસ્ટ સને–૨૦૦૮ માં થયા છે માટે ઉશ્કેરાટ રહે જ નહીં.

વધુમાં વિ.વ.શ્રી આર.કે.શાહ દલીલો કરતા જણાવે છે કે જાકીરનો પુરાવો કુદરતી નથી તેણે ગુન્હામાં ભાગ લીધેલો છે તેમ છતાં તેને પોલીસે આરોપી બનાવ્યો નથી, મહત્વની હકીકતોને જાકીરની જુબાનીથી સમર્થન મળતુ નથી, જાકીરનુ નિવેદન તા.૧૭–૧૦–૨૦૦૮ ના રોજ તપાસ કરનાર અધિકારી મયુર ચાવડાએ લીધેલુ છે, મયુર ચાવડાએ મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં.૨૦૩/ ૨૦૦૮ ની તપાસ તા.૩૧–૮–૨૦૦૮ ના રોજ સંભાળી છે, આ સાહેદનુ નિવેદન મોડુ કેમ લીધુ? લીસ્ટથી રજૂ કરેલ ચુકાદો **(૨૦૧૪)૭ એસ.સી.સી. પેરા નં.૧૪૯** વંચાણે લેતાં ગુનાના સાથીનો એક માત્ર પુરાવો આરોપીને સજા માટે પુરતો નથી, ગુન્હાના સાથીનો પુરાવો ઘણો નબળો પુરાવો છે, ચુકાદાના પેરા નં.૧૩૬ વંચાણે લેતાં ગુનાના સાથીના પુરાવા ઉપરથી સજા થાય પરંતુ મહત્વની બાબતોથી સમર્થન મળવુ જોઇએ, ચુકાદાના પેરા નં.૧૪૩ મુજબ ગુનાના સાથીનો પુરાવો સ્વિકારવા યોગ્ય છે કે કેમ? તે નક્કી કરવુ જોઇએ, ગુનાના સાથીનો પુરાવો વિશ્વાસપાત્ર અને કુદરતી હોવો જોઇએ, ચુકાદાના પેરા નં.૧૪૪ પણ ધ્યાને લેવા માટે વિનંતી કરી છે. ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં જાકીર વિશ્વાસપાત્ર સાહેદ નથી જેથી જાકીરની જુબાની ના મનાય.

વિ.વ.શ્રી આર.કે.શાહ અગત્યના સાહેદ નં.૧૧૦૬ ફીરોજ દિલાવર શેખની જુબાની વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે આ સાહેદની જુબાની મુજબ મકાન ભાડે અપાવેલુ, મેજિસ્ટ્રેટને જે નિવેદન આપેલુ તે આંક–૭૯૩૦ થી રજૂ છે, કયામુદ્દીનને ઓળખેલા નથી પરંતુ જાહીદ શેખને ઓળખેલા છે, ઐયાજને ઓળખી બતાવેલો અને પાછળથી કયામુદ્દીનને પણ ઓળખેલા છે. આ સાહેદની ઊલટતપાસ વંચાણે લેતાં મેજિસ્ટ્રેટ સાહેબ પાસે જે લખાવેલુ તે વાંચેલુ નથી, આ સાહેદની ઓળખ પરેડ મેજિસ્ટ્રેટ સમક્ષ કરાવી નથી, આરોપીઓના વર્ણન

મેજિસ્ટ્રેટ કે પોલીસને આપેલા નથી, મકાનમાંથી નટ–બોલ્ટ, છરા, ટેપ પટ્ટી વિગેરે મળેલાનુ પોલીસ નિવેદનમાં લખાવ્યુ નથી તે સાહેદ કબૂલ કરે છે.

વધુમાં વિ.વ.શ્રી આર.કે.શાહ દલીલો કરતા જણાવે છે કે તમામ ગુપ્ત સાહેદોના ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૪ મુજબના નિવેદનો લીધા છે, આ નિવેદનો સ્વતંત્ર પુરાવો નથી, પોલીસે સાહેદોના નિવેદનો લીધા છે છતાં સાહેદોના ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૪ મુજબના નિવેદનો કેમ લેવા પડયા? આ અંગે **૧૯૭૪ ક્રિમીનલ લો જનરલ, પાન નં.૧૪૮૬** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદાના પેરા નં.૪૮ વંચાણે લઈ દલીલો કરતા જણાવે છે કે બનાવ પછી સાહેદોના નિવેદનો તપાસ કરનાર અમલદારે લીધા હતા ત્યારબાદ ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૪ મુજબના નિવેદનો મેજિસ્ટ્રેટે લીધા હતા, ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૪ મુજબના નિવેદનો સાવચેતીથી ધ્યાને લેવા પડે, સાહેદને એવુ લાગ્યા કરે કે હવે આ નિવેદનથી મારે આઘા–પાછા નહીં થવાય તેવો સાહેદને ભય રહે. જે સાહેદોના ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૪ મુજબના નિવેદનો લીધા છે તે પૈકી કોઇ ફરી ગયા હોય તો ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૪ મુજબના નિવેદનો સ્વતંત્ર પુરાવા તરીકે ધ્યાને લઇ શકાય નહીં. આ અંગે **૨૦૦૪ ક્રિમીનલ લો જનરલ, પાન નં.૧૯૦૪** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદાના પેરા નં.૧૮ વંચાણે લઈ દલીલો કરતા જણાવે છે કે સાહેદોએ મેજિસ્ટ્રેટ રૂબરૂ નિવેદનો લખાવ્યા તેની ઉપર આધાર રાખવા માટે દલીલ થયેલી કે ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૪ મુજબના નિવેદનો સ્વતંત્ર પુરાવો છે, નામદાર કોર્ટે ઠરાવ્યુ કે ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૪ મુજબના નિવેદનો સ્વતંત્ર પુરાવો નથી તેનો ઉપયોગ વિરોધાભાસ માટે થાય, આવા નિવેદનો સમર્થનકારક પુરાવા તરીકે જ ઉપયોગમાં લેવાય.

વિ.વ.શ્રી આર.કે.શાહ અગત્યના સાહેદ નં.૧૦૦૪ મહંમદ કૌશર મહમદ ઇબ્રાહીમ સૈયદની જુબાની વંચાણે લઈ દલીલો કરતા જણાવે છે કે આ સાહેદ પાસે પોલીસે રીજવાન નામના વ્યકિતને લઇને ગયેલી અને તેને બતાવીને પુછેલુ કે આ ભાઇને ત્યાં ઇલેકટ્રીકનુ કામ કરવા અલમહમદી સોસાયટીમાં ગયેલા હતા? પરંતુ કયા મકાનમાં રીપેરીંગ માટે ગયેલા તેનો નંબર સાહેદ જણાવતા

નથી, આરોપીના નામની સાહેદને ખબર નથી, મકાન કોનુ હતુ તેની પણ સાહેદને ખબર નથી, પોલીસ આવી ત્યારે પણ આરોપીનુ આખુ નામ જાણવા મળ્યુ નથી, આ સાહેદનુ ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૪ મુજબનું નિવેદન આંક–૬૯૭૯ થી રજૂ છે, આ સાહેદે આરોપીને જુબાની વખતે ઓળખેલા નથી, આ સાહેદ ફરિયાદપક્ષને મદદ કરતા નથી, મકાનમાં ઇલેકટ્રીકનુ શું કામ કર્યુ તે પણ સાહેદ જણાવતા નથી, આ કેસમાં રીઝવાન નામનો કોઇ આરોપી નથી.

વિ.વ.શ્રી આર.કે.શાહ અગત્યના સાહેદ નં.૧૦૦૫ નૌશીન મમશાદ અહેમદ કાદરીની જુબાની વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે આ સાહેદ ફરી ગયા છે, સીડી બાબતની વાત નકારી કાઢી છે, આ સાહેદની ઊલટતપાસ વંચાણે લેતાં સીડી ધાર્મિક હતી, સીડી નવેદને પરત આપી દીધેલી, જેહાદી સીડી ન હતી તેમ જણાવે છે. આમ આ સાહેદ ફરિયાદપક્ષને મદદ કરતા નથી. વધુમાં અગત્યના સાહેદ નં.૧૦૯૮ આસીફ ઇબ્રાહીમ વોરાની જુબાની વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે માર્ચ–૨૦૦૭ માં આ સાહેદને જાણવા મળેલુ કે કયામુદ્દીન અને અબ્દુલ સુભાનની પોલીસ ઇન્કવાયરી ચાલે છે, આ સાહેદનુ ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૪ મુજબનું નિવેદન આંક–૭૭૭૦ થી રજૂ છે, આ સાહેદ કયામુદ્દીનને ઓળખી બતાવતા નથી, નહીં ઓળખવાનુ કારણ વધેલી દાઢી તથા ૧૦ વર્ષ થઇ ગયેલાનુ જણાવે છે માટે આ સાહેદ આરોપીઓને મદદરૂપ થાય છે. સાહેદ નં.૧૧૦૬ ફીરોજ દિલાવર શેખની જુબાની વંચાણે લેતાં આરોપીઓને મકાન ભાડે આપેલુ તે સિવાય બીજી કોઇ વાત આ સાહેદે કરેલી નથી. સાહેદ નં.૧૧૦૫ મહમદ ઉમર ઉસ્માન મન્સુરીની જુબાની વંચાણે લેતાં માર્ચ–૨૦૦૮ માં કયામુદ્દીનને મધ્યપ્રદેશ પોલીસ વડોદરા મુકામે શોધવા આવેલી હતી, કયામુદ્દીને કહ્યુ છે કે મધ્યપ્રદેશ પોલીસ તેને ૩૧ મી માર્ચે લઇ ગયેલી તે વાતને આ સાહેદ સમર્થન કરે છે, આ સાહેદ જણાવે છે કે જુલાઇ મહિનાના પહેલા વીકમા કયામુદ્દીનનો ફોન આવેલો અને તાંદલજા બોલાવેલા, જયારે કયામુદ્દીનને તા.૩૧–૩–૨૦૦૮ થી મધ્યપ્રદેશ પોલીસ લઇ ગયેલી હતી તો ફોન કયાંથી આવ્યો? માટે આ સાહેદ જુઠ્ઠી હકીકત જણાવે છે, આ સાહેદનુ

ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૪ મુજબનું નિવેદન આંક–૮૦૦૩ થી રજૂ છે, આ સાહેદની ઊલટતપાસ વંચાણે લેતાં કયામુદ્દીનનો ફોન આવેલો હતો તો પોલીસે ફોન કેમ કબજે કર્યો નથી? માટે કયામુદ્દીનનો ફોન આવેલો જ નથી, પોલીસે સાહેદના ફોનની કોલ ડીટેઈલ્સ મેળવી નથી, જુલાઇ–૨૦૦૮ થી ડિસેમ્બર–૨૦૦૮ સુધી આ સાહેદનુ નિવેદન લીધુ નથી, વિલંબથી નિવેદન આપવા બાબતે કોઇ ખુલાસો આપેલો નથી, આરોપીઓની ઓળખાણ આ સાહેદ સમક્ષ અદાલતમાં કરાવી નથી, આ સાહેદ ઉપર જુગારના કેસો થયેલા છે માટે સાહેદ બનેલ છે, મેજિસ્ટ્રેટ સમક્ષ કેટલીક હકીકતો લખાવી નથી તેવી હકીકતો જુબાનીમાં જણાવી છે, આ સાહેદની જુબાનીમાં મહત્વના વિરોધાભાસ તથા ઓમીશન છે.

વધુમાં વિ.વ.શ્રી આર.કે.શાહ અગત્યના સાહેદ નં.૧૧૧૭ આસીફ ઉસ્માનભાઇ શેખની જુબાની વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે તેમના કાકાની દુકાનની બાજુમાં ઇકબાલના મામાની દુકાન છે, આરોપી કયામુદ્દીનની ઓળખાણ થયેલી, જમનાબાઇ હોસ્પિટલની પાછળ એક એપાર્ટમેન્ટમાં ગયેલાનુ જણાવે છે પરંતુ કયારે ગયેલા તે સાહેદ જણાવતા નથી, જેહાદની વાતો કયારે થતી હતી તે પણ જણાવતા નથી, પ્રથમ વખત એપાર્ટમેન્ટમાં મળ્યા ત્યારે ફકત કુરાન વાંચેલુ, જેહાદની કે બદલો લેવાની વાત થઇ નથી, આરોપી કયામુદ્દીનને તા.૩૧–૩–૨૦૦૮થી મધ્યપ્રદેશ પોલીસ લઇ ગયેલી માટે કયામુદ્દીન આ સાહેદને મળ્યા જ નથી, ઇકબાલ, રફીકને લઇને અમદાવાદ કયામુદ્દીનને મળવા આવેલાનુ જણાવે છે પરંતુ કયારે મળવા આવેલા તે કહેતા નથી, જુબાનીના પેરા નં.૯ માં જણાવેલ વિગતો હીયરસે છે, આ સાહેદે પણ બધુ જ કામ કર્યુ છે જેથી આ સાહેદ પણ ગુન્હાનો સાથી છે, બોમ્બ બ્લાસ્ટ ઇકબાલ અને કયામુદ્દીને કરાવ્યાનુ આ સાહેદને લાગેલુ પરંતુ તે અંગે કોઇ પુરાવો નથી, આ સાહેદનુ ક્રિ.પ્રો. કોડ કલમ–૧૬૪ મુજબનુ નિવેદન આંક–૮૦૨૦ થી રજૂ છે, આ સાહેદે આરોપી કયામુદ્દીન તથા ઇકબાલને ઓળખ્યા છે. આ સાહેદની ઊલટતપાસ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે આ સાહેદ તા.૨૬–૭–૨૦૦૮ થી તા.

૭–૧૨–૨૦૦૮ સુધી વડોદરામાં હતા તેમ છતાં પોલીસ સમક્ષ નિવેદનો લખાવ્યા નથી, બનાવોની ફરિયાદ કે અરજી પણ પોલીસ સ્ટેશનમાં જઇને આપી નથી, પાંચ મહીના સુધી આ સાહેદે પોલીસ કાર્યવાહી અંગે કાંઇ કરેલુ નથી, આ સાહેદની જુબાની માનવા યોગ્ય નથી, આ સાહેદની જુબાની અકુદરતી છે, આ સાહેદને પોલીસ જુદી–જુદી જગ્યાઓ બતાવવા લઇ ગયા નથી કે આ સાહેદના ફોનની કોલ ડીટેઇલ્સ પોલીસે મેળવેલી નથી.

વધુમાં વિ.વ.શ્રી આર.કે.શાહ અગત્યના સાહેદ નં.૧૧૨૧ સાદાબ રાજેભાઇ પાનવાલાની જુબાની વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે સાહેદે જુબાનીના પાન નં.૧૩ ઉપર જણાવ્યા મુજબ અમદાવાદ તથા સુરતના બનાવોની જાણ ટી.વી. દ્વારા થયેલી હતી, આ સાહેદ ઉપર પોલીસે એક ફાર્મ હાઉસમાં જુલ્મ કરેલો, આ સાહેદ ફરિયાદપક્ષને મદદ કરતા નથી, આ સાહેદ મનાય તેવા સાહેદ છે, આરોપીઓને કેવી રીતે લઇ ગયા, કેવી રીતે આરોપી બનાવ્યા તે હકીકત બધા જ સાહેદો જણાવે છે, આ સાહેદ કેવી રીતે અને કેવા સંજોગોમાં સાહેદ થયા તે પણ જણાવે છે, સાહેદને આરોપી બનાવવાની ધમકી આપી સાહેદ બનાવ્યા છે, આ સાહેદનુ ગાંધીનગર કોર્ટમાં ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૪ મુજબનુ નિવેદન લીધેલુ છે પરંતુ તે નિવેદન ફરિયાદપક્ષે રજૂ કર્યુ નથી.

વધુમાં વિ.વ.શ્રી આર.કે.શાહ અગત્યના સાહેદ નં.૧૧૩૧ મહંમદ રફીક ઉર્ફે બાબા ઇકબાલભાઇ શેખની જુબાની વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે આ સાહેદની ઊલટતપાસ થયેલી નથી માટે આ સાહેદની જુબાની વાંચી શકાય નહીં. આ અંગે **૧૯૯૬(૧) ક્રાઇમ્સ પાન નં.૪૧૬ (હાઇકોર્ટ)** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદાના પેરા નં.૮ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે દરેક સાહેદની ઊલટતપાસ કરવાનો બચાવપક્ષને હક્ક છે અને સાહેદની ઊલટતપાસ કરવાની તક બચાવપક્ષને મળવી જોઇએ, સાહેદની ઊલટતપાસ થયેલ ન હોય તો તેવા સાહેદની જુબાની આરોપી વિરૂધ્ધ વિચારણામાં લેવાય નહીં કે વંચાય નહીં. સાહેદ નં.૯૫૭ અને સાહેદ નં.૧૧૧૭ ગુનાના સાથીઓ છે જેથી તેઓ બંનેની જુબાની ધ્યાને ના લેવાય.

વધુમાં વિ.વ.શ્રી આર.કે.શાહ અગત્યના સાહેદ નં.૧૧૫૧ રીયાજ હુસેન મહમદહુસેન સીદ્દીકીની જુબાની વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે આ સાહેદ ફરી ગયેલા છે, આ સાહેદે ફરિયાદપક્ષના કેસને સમર્થન કરેલુ નથી, આ સાહેદના ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૪ મુજબના નિવેદનને સહી પુરતો આંક–૮૨૬૬ આપેલ છે, આ સાહેદના નિવેદનને આંક આપવા સામે બચાવપક્ષે વાંધો લીધેલો છે, મેજિસ્ટ્રેટ સમક્ષનુ આ પ્રિવીયશ (અગાઉનુ) નિવેદન છે માટે તેનો ઉપયોગ વિરોધાભાસ અથવા સમર્થન માટે થઇ શકે તે સિવાય આ સાહેદના નિવેદનનુ મહત્વ નથી, સાહેદનુ ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૪ મુજબનુ નિવેદન અને આરોપીનુ ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૪ મુજબનુ નિવેદન બંને વસ્તુ અલગ, અલગ છે માટે સાહેદના નિવેદનને આંક અપાય નહીં, આ સબંધમાં પુરાવાના કાયદાની કલમ–૧૪૫ અને ૧૫૭ વંચાણે લેવા માટે વિનંતી કરી છે, સાહેદ મદદ ના કરે તો નિવેદન વિરોધાભાસ માટે ઉપયોગમાં લેવાય અને સાહેદ મદદ કરે તો નિવેદન સમર્થન માટે ઉપયોગમાં લેવાય, હોસ્ટાઇલ સાહેદને જો બીજા પુરાવાથી સમર્થન મળતુ હોય તો જ મનાય.

વધુમાં વિ.વ.શ્રી આર.કે.શાહ આરોપી નં.૧ થી ૩, ૫ થી ૮, ૧૪, ૧૫, ૪૬ થી ૪૯ નાઓ મળી કુલ–૧૩ આરોપીઓના વકીલ છે તે પૈકી આરોપી નં.૧ જાહીદ કુતબુદ્દીન શેખ વિરૂધ્ધ રજૂ થયેલ પુરાવા અંગે દલીલો કરતા જણાવે છે કે આરોપી નં.૧ થી ૩, ૫ થી ૮, ૧૪, ૧૫ ને તા.૧૬–૮–૨૦૦૮ ના રોજ કલાક ૧૨–૧૫ વાગ્યે તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયાએ અટક કરેલા, આ તમામ આરોપીઓને કેવી રીતે? કેવી જગ્યાઓ ઉપરથી? કેવા સંજોગોમાં અટક કર્યા? તે બાબતે કોઇ પુરાવો નથી, આરોપીએ હાલોલ પાવાગઢ કેમ્પની જગ્યા બતાવ્યા અંગે કરવામાં આવેલા પંચનામાના પંચને સાહેદ નં.૯૦૪ તરીકે તપાસેલા છે અને આંક–૬૪૮૦ થી પંચનામુ રજૂ છે, આ સાહેદની જુબાની વંચાણે લેતાં હાલોલ કેમ્પવાળી જગ્યા બતાવી છે પરંતુ આ પંચ સાહેદે આરોપીને ઓળખ્યા નથી, આ જગ્યા ઉપરથી કોઇ સ્ફોટક પદાર્થ મળ્યા નથી, સાહેદ નં.૧૧૦૫ તરીકે ઇદ્રીશ ગુલાબશાને તપાસેલા છે તેઓ તકવાદી સાહેદ છે,

સાહેદ નં.૯૭૨ તરીકે રામકાભાઈને, સાહેદ નં.૯૮૧ તરીકે પ્રવિણભાઈને, સાહેદ નં.૧૦૬૭ તરીકે અંબાલાલને, સાહેદ નં.૫૭૧ તરીકે રમણભાઇ સેંધાભાઇને તપાસેલા છે જેઓ એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ તરીકે ઓળખ પરેડ કરાવનાર સાહેદ છે, આરોપી નં.૧ ને તા.૧૬–૮–૨૦૦૮ નારોજ અટક કર્યા પછી તા.૨૭–૮–૨૦૦૮ ના રોજ પાવાગઢ લઇ ગયા છે અને ત્યાંથી પુરાવા મેળવવાની શરૂઆત થયેલી છે, સાહેદ નં.૫૯૦ તરીકે સુરેશભાઇને તપાસેલા છે જેઓ પંચ સાહેદ છે, તા.૩૦–૮–૨૦૦૮ ના રોજ આરોપીના પિતાએ મોબાઇલ રજૂ કરેલ તે કબજે કર્યા અંગેનુ પંચનામુ આંક–૩૧૮૮ થી રજૂ છે આ પંચનામુ પોલીસ ઇન્સ્પેકટર તરૂણ બારોટે કરેલુ છે, સાહેદ નં.૫૯૦ ની જુબાની વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે કુત્બુદ્દીન શેખનો મોબાઇલ રજૂ કર્યો છે તેવી હકીકત છે પરંતુ મોબાઇલ રજૂ કરનારને તપાસેલા નથી, મોબાઇલ કોણ લાવેલુ તેની સાહેદ નં. ૫૯૦ ને ખબર નથી, મોબાઇલ ઉપરથી પોલીસે કોઇની સાથે વાતચીત કરી નથી, આ મોબાઇલ સીલ કરી કબજે કરેલ નથી, આ રીતે કરેલ સીજરનો કોઇ અર્થ નથી, આરોપી વિરૂધ્ધ આ સાહેદનો પુરાવો ન મનાય. સાહેદ નં.૫૯૨ તરીકે તપાસેલા દેવીસિંહ અમરસિંહ રાજપુતની જુબાની વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે આ સાહેદની હાજરીમાં કુતબુદ્દીને કાળા કલરનુ મોટર સાઇકલ રજૂ કરેલુ તે કબજે કર્યા અંગેનુ પંચનામુ આંક–૩૧૯૩ થી રજૂ છે, આ સાહેદ કુત્બુદ્દીનને ઓળખતા નથી, મોટર સાઇકલ પોલીસ સ્ટેશનના કમ્પાઉન્ડમાં પડેલી હતી, મોટર સાઇકલ સીલ કરી નથી, આ સાહેદનો પુરાવો પણ આરોપી વિરૂધ્ધ ના મનાય. વધુમાં સાહેદ નં. ૮૨૦ વિક્રમ મનાજી સોલંકીની જુબાની વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે આ પંચ રૂબરૂ આરોપીએ સાયબર કાફેમાંથી ઇમેલ કરેલા તે જગ્યા બતાવી છે, "સાયબર કાફે બતાવવા માંગુ છું" તે પુરાવામાં ગ્રાહ્ય છે પરંતુ "મેં ઇમેલ કરેલા" તે પુરાવામાં ગ્રાહ્ય નથી કારણકે આ કબૂલાત નિવેદન છે, સાયબર કાફેનુ લાઇટ બીલ હતુ તે નજીર મહંમદના નામનુ હતુ, આ નજીર મહંમદને ફરિયાદપક્ષે સાહેદ તરીકે તપાસ્યા નથી, આ અંગેનુ પંચનામુ આંક–૫૫૧૭ થી રજૂ છે, આરોપીને ઓળખેલા નથી પરંતુ તે અંગેના

કારણો આપ્યા છે,આંક–૫૬૪૧થી એફ.એસ.એલ.અભિપ્રાય રજૂ છે, અભિપ્રાય મુજબ ટેરર ઈ–મેઈલ થયેલા નથી માટે આ સાહેદનો પુરાવો નિરર્થક છે.

વધુમાં વિ.વ.શ્રી નયનાબેન ભટ્ટ દલીલો કરતા જણાવે છે કે આરોપી નં.૫ વિરૂધ્ધ રજૂ થયેલ પુરાવામાં સાહેદ નં.૯૫૭ નો મૌખિક પુરાવો અને આરોપી નં.૨ ઈમરાનનુ નિવેદન રેકર્ડ ઉપર છે, સાહેદ નં.૯૫૭ આરોપી નં.૨ માટે શું પુરાવો આપે છે તે માટે જુબાનીના પેરા નં.૨,૩ વંચાણે લઈ દલીલો કરતા જણાવે છે કે આરોપી નં.૨ નાએ કોઈ તકરીર કરી નથી ફકત હાજરી બતાવી છે, સરકાર સામે કોઈ તકરીર કરી નથી, જુબાનીના પેરા નં.૫ મુજબ પણ આરોપીએ કંઈ કરેલુ નથી, પેરા નં.૩૨ મુજબ આરોપી ગ્યાસુદ્દીનને ઓળખેલા છે, આટલા પુરાવા સિવાય આરોપી નં.૫ સામે બીજો કોઈ પુરાવો નથી, સાહેદ નં.૯૫૭ ની હાજરી છે તે જગ્યાએ આરોપી નં.૫ ની પણ હાજરી છે, આરોપી નં.૫ ની હાજરી પ્રેક્ષક તરીકે છે, એપ્રૂવરના પુરાવાથી આ સાહેદને સમર્થન મળતુ નથી. વધુમાં સાહેદ નં.૧૧૪૧ ઐયાજની જુબાનીના પાન નં.૬ ઉપર મોટા પ્રોગ્રામની વાત કરી છે તે પ્રોગ્રામમાં આરોપી નં.૫ ની હાજરી બતાવતા નથી, જાકીરને સાહેદ બનાવેલો છે જયારે ગ્યાસુદ્દીનને આરોપી બનાવ્યા છે, જાકીરને આરોપી બનાવવા માટે અરજી કરેલી છે. વધુમાં **૨૦૧૮ (૦) એઆઇજેઇએલ–હાઇકોર્ટ, પાન નં.૨૩૯૭૧૫** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદાના પેરા નં.૨૧ ની છેલ્લી ચાર લીટી વંચાણે લેવા માટે વિનંતી કરી છે, જાકીર સામેના પુરાવાની ચર્ચા કરી છે, માત્ર મિટીંગમાં હાજર રહ્યા છે, આયોજનની ખબર છે તેથી તે સહ કાવત્રાખોર કહેવાય નહીં, આરોપી નં.૫ ની સ્થિતિ પણ એવી જ છે, આરોપી નં.૫ પાસેથી રીકવરી કે ડિસ્કવરી થયેલ નથી, વધુમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ કરેલ **૨૦૦૫ સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ) પાન નં. ૧૭૧૫** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદાના પેજ નં.૧૭૯૬ પેરા નં.૯૪ વંચાણે લેતાં નલીનીના કેસમાં સુપ્રિમ કોર્ટે જે કહ્યુ છે તે વંચાણે લઈ દલીલો કરતા જણાવે છે કે મિટીંગમાં માત્ર હાજરી છે તેટલા માત્રથી આરોપી સહ કાવતરાખોર બની શકે નહીં, આરોપી નં.૫ ની હાજરી હાલોલ કેમ્પમાં પણ નથી, આ ચુકાદા આધારે આરોપીને તકસીરવાન ઠરાવી

શકાય નહીં. આરોપી નં. ૨ ના કબૂલાત નિવેદનમાં આરોપી નં.૫ નુ નામ છે પરંતુ આ નિવેદન કાયદેસરનુ નથી માટે મનાય નહીં, આ કબૂલાત નિવેદન ક્ષતિ વાળુ છે, કેરાલા સેશન્સ કોર્ટનુ જજમેન્ટ ધ્યાને લેતાં તે કેસમાં ટ્રાયલ ચાલી ગયેલ છે તે કેસમાં હાલના આરોપી નં.૫ (૧૭) ને છોડી મુક્યા છે માટે આરોપી નં.૫ સામે ફરીથી ટ્રાયલ ના ચાલે, આરોપી નં.૨ કબૂલાત નિવેદનમાં જણાવે છે કે ગ્યાસુદ્દીન કેરાલા કેમ્પમાં હાજર હતો, પરંતુ કેરાલા સેશન્સ કોર્ટે આરોપી નં.૫ ને છોડી મુકયા છે, આંક–૮૬૧૯ થી રજૂ થયેલ આરોપી ઈમરાનના નિવેદનના ત્રીજા પાનની છેલ્લી ત્રણ લીટીમાં જણાવ્યા મુજબ ત્યાં ગ્યાસુદ્દીન હાજર હતો પરંતુ ગ્યાસુદ્દીને કોઈ ભાગ ભજવ્યો હોય તેવુ નથી, ઈમરાનના નિવેદનમાં ગ્યાસુદ્દીન હાલોલ કેમ્પમાં હાજર હતો તેવુ પણ નથી જે તમામને ધ્યાને લેતાં આરોપી નં.૫ સામે કોઈ જ પુરાવો નથી.

વધુમાં વિ.વ.શ્રી નયનાબેન ભટ્ટ આરોપી નં.૪૬ અને ૪૭ અનુક્રમે મહંમદ નૌશાદ અને એહમદ બાવા વિરૂધ્ધ રજૂ થયેલ પુરાવા અંગે દલીલો કરતા જણાવે છે કે આ બંને આરોપીને તા.૨૩–૧૨–૨૦૦૮ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુના રજી.નં.૩૩૮/૨૦૦૮ ના કામે અટક કરેલા છે, આ બંને આરોપીઓ "સીમી"ના મેમ્બર કે ટેરરીસ્ટ ગેંગના સભ્ય હોવાનો પુરાવો નથી, આ બંને આરોપીએ કેરાલા કેમ્પમાં કે હાલોલ કેમ્પમાં હાજરી આપી હોય તેવો પણ કોઈ પુરાવો નથી, ટેરરીસ્ટ એકટીવીટીમાં આ બંને આરોપીએ ભાગ લીધો હોય તેવો પણ કોઈ જ પુરાવો નથી, આરોપી નં.૪૭ માટે સાહેદ નં.૧૧૧૧ સતીષ વામનરાવ છે જેઓ પંચ સાહેદ છે, આ પંચ સાહેદની હાજરીમાં આરોપીએ અલમહમદી સોસાયટીવાળુ મકાન બતાવેલુ છે અને તે અંગે પંચનામુ કરવામાં આવેલુ છે, તા.૧૯–૯–૨૦૦૮ ના રોજ અલમહમદી સોસાયટીનું પ્રથમ પંચનામુ તપાસ કરનાર અધિકારી ઉષા રાડાએ કરેલુ છે ત્યારબાદ તા.૨૫–૧૦–૨૦૦૮, તા.૮–૧૨–૨૦૦૮ ના રોજ અલમહમદી સોસાયટીનુ બીજુ અને ત્રીજુ પંચનામુ તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયાએ કરેલુ છે તેમજ તા.૧૭–૨–૨૦૦૯ ના રોજ આરોપી નં.૪૭ ને સાથે રાખી અલમહમદી સોસાયટીનુ

પંચનામુ પણ તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયાએ કરેલુ છે, આરોપી નં.૪૭ ને તા.૨૩–૧૨–૨૦૦૮ ના રોજ એરેસ્ટ કરેલા છે ત્યારબાદ આરોપી વિરૂધ્ધ કોઇ પુરાવો મળેલો નહીં માટે આરોપી નં.૪૭ ની વર્તણુંક બતાવવા માટે અઢી માસ બાદ આંક–૭૯૫૦થી રજૂ પંચનામુ તા.૧૭–૨–૨૦૦૯ ના રોજ ઉભુ કરેલુ છે, આરોપીએ કયુ મકાન બતાવેલુ તે બાબતે સ્વતંત્ર પુરાવો નથી, કયુ મકાન બતાવેલુ તે બાબતે પંચ સાહેદ સ્પષ્ટ જણાવતા નથી, આ પંચનામાથી આરોપી નં.૪૭ ની વર્તણૂક સાબીત થતી નથી, આટલા જ પુરાવા ઉપરથી આરોપીને સજા ના થાય તે માટે **જી.એલ.આર. (૨૦૨૦)૩ પાન નં.૧૭૨૯** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદાની હેડ નોટ–સી વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે ડિસ્કવરી પંચનામાના પંચો ફરી ગયેલા હતા, ફરિયાદપક્ષની દલીલ હતી કે તપાસ કરનાર અધિકારીને માનવા જોઇએ, ડીસ્કવરી ના માને તો વર્તણૂક માનવી જોઇએ, વર્તણૂક ઉપરથી આરોપીને સજા કરી શકાય નહીં. હાલના આ કેસમાં આ આરોપી સીમીનો સભ્ય નથી, બોમ્બ લીધા નથી કે બનાવ્યા નથી કે બોમ્બ મુક્યા નથી, આરોપી નં.૪૭ લકઝરી બસમાં પુના થી અમદાવાદ આવેલા છે તો તે માટે લકઝરી બસની ટિકિટ કબજે કરી નથી, આરોપી કર્ણાટકના છે તેમ છતાં હિન્દીમાં પંચનામુ સમજાવ્યુ નથી, પોલીસે તેમની જાતે પંચનામુ બનાવ્યુ છે.

વધુમાં વિ.વ.શ્રી નયનાબેન ભટ્ટ આરોપી નં.૪૬ વિરૂધ્ધ રજૂ થયેલ પુરાવા અંગે દલીલો કરતા જણાવે છે કે આરોપી નં.૪૬ સીમીના સભ્ય નથી, સીમીના સભ્ય હોવા બાબતે કોઇ પુરાવો નથી, તપાસ કરનાર અમલદાર એન.બી. પરમારને સાહેદ નં. ૧૧૫૫ તરીકે તપાસેલા છે તેઓએ આરોપી નં.૪૬ ના ત્રણ પંચનામા બનાવ્યા છે, ફરિયાદપક્ષે પંચનામાના પંચોને તપાસ્યા નથી, તપાસ કરનાર અમલદાર એન.બી.પરમારની જુબાનીના પેરા નં.૫૭ મુજબ આરોપીએ રીવરવ્યુ સોસાયટીમાં આવેલ ડી/૩૪ વાળુ મકાન બતાવ્યુ છે તેટલી જ હકીકત છે, આ અંગેનુ પંચનામુ આંક–૮૫૨૯ થી રજૂ છે, આ પંચનામુ તા. ૭–૧–૨૦૦૯ ના રોજ બનાવેલુ છે, આરોપીઓને તા.૨૩–૧૨–૨૦૦૮ ના

રોજ અટક કરેલા છે માટે પાછળથી આ પંચનામુ ઉભુ કર્યુ છે, તપાસ કરનાર અમલદારને તપાસ્યા પછી સાહેદ નં.૪૫૮ ને રીકોલ કરેલા છે, આ સાહેદને તા. ૨૯-૮-૨૦૦૮ ના રોજ દુકાનનુ પંચનામુ કરવા બોલાવેલા છે, આજ સાહેદને ફરીથી પંચનામા માટે તા. ૭-૧-૨૦૦૯ ના રોજ બોલાવેલા છે અને આંક-૮૫૨૯ વાળુ પંચનામુ બનાવેલુ છે, કયારે મકાન ભાડે રાખેલુ તે અંગે કોઇ પુરાવો નથી, રીવરવ્યુ સોસાયટી વાળા મકાનના માલિક લીયાકતઅલી ગુલામ રસુલ શેખ છે તેમને ફરિયાદપક્ષે સાહેદ નં.૧૧૨૩ તરીકે તપાસેલા છે, આ મકાન માલિક કહેતા નથી કે નૌશાદને કે એહમદ બાવાને મકાન ભાડે આપેલુ અને તેઓ ત્યાં રહેતા હતા, પંચ સાહેદ અને તપાસ કરનાર અમલદારની જુબાનીને મકાન માલિક સમર્થન કરતા નથી, તા.૨૮-૮-૨૦૦૮ ના રોજ રીવર વ્યુ સોસાયટીના મકાનનુ પંચનામુ પ્રથમ વખત બનાવ્યુ અને મકાન આરોપી નં.૬૩ નાએ બતાવ્યુ છે, ફરીથી બીજુ પંચનામુ તા. ૭-૧-૨૦૦૯ ના રોજ બનાવ્યુ છે અને આરોપીઓને આ મકાન ઉપર લઇ જઇ વર્તણૂક બતાવવા માટે ફરીથી આ પંચનામુ બનાવ્યુ છે, આ પંચનામુ આંક-૮૫૩૦થી રજૂ છે, આ પંચનામાના પંચોને તપાસેલા નથી, આરોપી નં.૪૬ મેંગ્લોર થી સુરત આવેલા છે તે પંચનામા કે તપાસ કરનાર અમલદારની જુબાની ઉપરથી સાબિત થતુ નથી, આરોપી નં.૪૬ હોટલમાં રોકાયેલા હોય તેવો કોઇ પુરાવો રજૂ નથી, આરોપી અભિલાષા ટુરીસ્ટ હોમમાં રોકાયેલા તે અંગેનુ પંચનામું આંક-૮૫૩૧ થી રજૂ છે પરંતુ આજ આરોપીએ રજીસ્ટરમાં એન્ટ્રી કરી હોય તેવો કોઇ પુરાવો નથી, આરોપી હોટલમાં ખોટા નામે રોકાયેલા હોવા અંગે કોઇ પુરાવો નથી, તપાસ કરનાર અમલદારની જુબાની ના મનાય, આરોપી નં.૪૬ ના ખોટા હસ્તાક્ષરના નમૂના ઉભા કર્યા છે, આ અંગેનુ પંચનામુ આંક-૮૫૩૨ થી રજૂ છે, પોલીસ કહે તો હસ્તાક્ષર લખી આપે તેનો અર્થ એવો ના થાય કે તેવા નમૂના દબાણપૂર્વક આપ્યા નથી, આરોપી નં.૪૬ ના કુદરતી લખાણના દસ્તાવેજો મેળવ્યા નથી, આરોપી પાસેથી ટેલીફોન ડાયરી મળેલી તે આરોપીની નથી, અભિલાષા હોટલમાં આરોપી નં.૪૬ બીજા નામે રોકાયેલા તેવો જે આક્ષેપ છે તે ખોટો છે, હોટલનુ રજીસ્ટર કબજે કર્યુ નથી

ફકત પાના કબજે કર્યા છે તે ઉભા કરેલા છે, સાહેદ નં.૧૧૧૩ તરીકે એફ. એસ. એલ. અધિકારી મહેશ વડગામાને તપાસેલા છે, આ સાહેદે જુબાનીમાં પેરા નં.૩ માં જણાવ્યા મુજબ આ આરોપીના હસ્તાક્ષરના નમૂના આ સાહેદે તપાસ્યા છે અને તે અંગેનો અભિપ્રાય આંક–૭૯૮૪ થી રજૂ છે, સ્વતંત્ર પુરાવો આવ્યો નથી, કયા અક્ષરો જોયેલા અને કયાં સીમીલારીટી કરી? તે અંગે સાહેદ જણાવતા નથી, આ સાહેદે અદાલતમાં પરીક્ષણનું ડેમોસ્ટ્રેશન કર્યુ નથી, કોર્ટ અથવા આરોપીને શું ખબર પડે કે કેવી રીતે અક્ષરો તપાસ્યા? આરોપી ખોટા નામે રહ્યા નથી, હોટલમાં કોઇ પણ માણસ પોતાના જ નામે રહે તેવો નિયમ નથી, ઇ.પી.કો.કલમ–૪૬૩, ૪૬૫ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે આ કલમો મુજબ ખોટા દસ્તાવેજો આરોપીએ બનાવેલા નથી, ખોટા નામે એન્ટ્રી કરી તેનાથી હોટલના માલિક કે પબ્લીકને કોઇ નુકસાન થયુ નથી, ઇ.પી.કો.કલમ–૨૪ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે દસ્તાવેજ અપ્રમાણિકપણે ખોટો બનાવેલો હોવો જોઇએ, આ કેસમાં માલિક સાથે અપ્રમાણિકતા કરી નથી, હોટલના માલિક સાથે ચીટીંગ કર્યુ નથી, માલીકને ભાડુ પણ આપ્યુ છે, આરોપી ખોટા નામે હોટલમાં રહ્યા નથી તેથી બોમ્બ બ્લાસ્ટના કેસોમાં આરોપી નં.૪૬ ની સંડોવણી નથી.

વધુમાં વિ.વ.શ્રી આર.કે.શાહ દલીલો કરતા જણાવે છે કે આંક–૫૬૪૧ થી રજૂ થયેલ એફ.એસ.એલ. રીપોર્ટમાં ટેરરીઝમને લગતો કોઇ ઉલ્લેખ નથી. વધુમાં સાહેદ નં.૧૦૬૨ અબ્દુલ અજીમ અબ્દુલ હમીદ પંચ સાહેદની જુબાની વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે આ સાહેદ આયનેટ સાયબર કાફે ઉપર નોકરી કરતા હતા, કયા સમયે, કયા વર્ષમાં કયામુદ્દીન કાપડીયા કમ્પ્યુટર શીખવા જતા હતા તે સમય અને વર્ષ આ સાહેદ કહેતા નથી, ઇમરાન અગરબત્તી વાલાએ પણ તાલીમ લીધી હોય તો આવી તાલીમનો સમય જણાવતા નથી, કયામુદ્દીન તથા દાઢી વાળા માણસે ન્યૂઝ સર્ચ કરેલાનુ જણાવે છે, દાઢી વાળો માણસ એકલો આવેલો પરંતુ કયારે આવેલો તે સાહેદ જણાવતા નથી, સદર સાહેદ આરોપી કયામુદ્દીનને ઓળખી શકેલ નથી, આરોપીની ઓળખનો પુરાવો નથી, કમ્પ્યુટરની હાર્ડ ડીસ્ક કબજે કરેલી પરંતુ તેમાંથી કોઇ ગુનાહિત વસ્તુ કે

લખાણ મળેલુ નથી. સાહેદની ઊલટતપાસના પાન નં.૯ પેરા નં.૧૪ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે કઇ કંપનીની હાર્ડ ડીસ્ક કમ્પ્યુટરમાં હતી તે સાહેદ જણાવતા નથી.

વધુમાં વિ.વ.શ્રી આર.કે.શાહ સાહેદ નં.૮૧૮ પંચ મનીષભાઇ બારોટની જુબાની વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે જાહીદ શેખની દુકાને ગયેલા ત્યારે જાહીદના પિતાએ દુકાનની ચાવી આપતા દુકાનમાં સર્ચ કરેલાનુ જણાવે છે, નામ, સરનામા સિવાય આ સાહેદે આરોપી જાહીદને કાંઇ પુછયુ નથી, આરોપી પોલીસ કસ્ટડીમાં હોય અને કાંઇ ના કહે તે શકય નથી, ડીસ્કવરીની કાર્યવાહી સિવાય દુકાન ઉપર જવાનો અર્થ નથી, આરોપીના પિતા અગાઉથી દુકાન ઉપર કેવી રીતે હાજર રહ્યા? તપાસ કરનાર અમલદારે ગોઠવણ કરી છે, આ અંગેનુ પંચનામુ આંક–૫૪૯૨ થી રજૂ છે, સીઝર મેમો આંક–૫૪૯૬ થી રજૂ છે, આરોપીના પિતા હાજર હતા તેવો કોઇ પુરાવો નથી, આરોપીને ઓળખ્યા નથી, આરોપીના પિતાને તપાસ્યા નથી, સ્થળ ઉપર ફોટોગ્રાફી કે વીડિયોગ્રાફી કરી નથી, દુકાનની માલિકી અંગેનો દસ્તાવેજ કબજે કર્યો નથી, જે છરા કબજે કરેલા છે તે સાઇકલમાં વપરાય તેવા છરા હતા, આ પંચ સાહેદની જુબાની મનાય નહીં, પંચનામાનો કોઇ અર્થ નથી, પંચનામુ પુરવાર થતુ નથી, આરોપીએ કોઇ વસ્તુ શોધી બતાવેલી નથી.

વધુમાં વિ.વ.શ્રી આર.કે.શાહ સાહેદ નં.૯૫૩ પંચ બળદેવભાઇ પ્રજાપતિની જુબાની વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે આરોપી તા.૧૬–૮–૨૦૦૮ ના રોજ પકડાયેલ છે, આ પંચનામુ તા.૧૯–૯–૨૦૦૮ ના રોજ બનાવેલુ છે, જાહીદે રસ્તો બતાવેલાનુ જણાવે છે પરંતુ મકાન પરિચીત હતુ જેથી જાહીદે રસ્તો બતાવવાની જરૂર ન હતી, આ પંચનામુ કરવાની જરૂર પણ ન હતી પરંતુ આરોપીની વર્તણૂંક બતાવવા માટે આ ખોટુ પંચનામુ કરેલુ છે, મકાનનુ તાળુ તોડી નાંખ્યુ છે, મકાનનુ તાળુ તોડાય નહીં, મકાનની ચાવી મેળવવાનો પ્રયત્ન કરવો જોઇએ, બોમ્બ બનાવવાનુ જણાવ્યુ છે તે કબૂલાત છે, આવી કબૂલાત પુરાવામાં ગ્રાહ્ય નથી, જે વસ્તુ મળી આવેલાનુ સાહેદ જણાવે છે તે

દોષારોપણ કરતી વસ્તુ નથી, ચિત્રના ફોટા પાડેલાનુ જણાવે છે પરંતુ આવા ફોટા રજૂ થયા નથી, આ અંગેનુ પંચનામુ આંક–૬૬પ૬થી રજૂ છે, પંચનામામાં ઘણા સવાલો પુછીને જવાબો લખેલા છે, માર્ક–એ થી ફોટા રજૂ થયા તેનાથી કાંઇ સાબિત થતુ નથી, માર્કથી રજૂ કરેલ ફોટા અંગે ફોટોગ્રાફરને તપાસેલા નથી કે આવા ફોટાની નેગેટીવ રજૂ કરી નથી, આરોપી જાહીદ શેખને ઓળખ્યા નથી, આ પંચનામુ તપાસ કરનાર અધિકારી ઉષા રાડાએ કરેલુ છે, ઉષા રાડાને સાહેદ નં. ૧૧૫૪ તરીકે તપાસેલા છે તેઓએ પણ કોર્ટ રૂબરૂ આરોપીને ઓળખ્યા નથી, ચાર્જશીટના ફોટા ઉપરથી આરોપીને ઓળખ્યા છે પરંતુ ફોટા સાબિત થતા નથી. સાહેદ નં.૯૫૩ ની ઊલટતપાસ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે મકાનની આજુબાજુ રહેતા લોકોની પુછપરછ કરી નથી, મકાન માલિકની ભાળ મેળવવાનો પ્રયત્ન કર્યો નથી, તાળુ તોડવુ પડશે તેવી પોલીસને ખબર હતી માટે સાધન લઇને ગયેલા છે, મકાન બંધ કર્યા પછી સિલ કરેલુ નહીં, પોલીસે તાળુ મારેલુ પછી ચાવી કયાં ગઇ? તે અંગે કોઇ પુરાવો નથી, પંચનામાની કાર્યવાહીની વીડિયોગ્રાફી કરી નથી, પંચ ફકત ત્રણ ધોરણ ભણેલા છે, દિશાઓની ખબર પડતી નથી તેવા પંચ છે, આ પંચ ના લેવાય, પુરાવાના કાયદાની કલમ–૨૭ પ્રમાણે પંચનામુ કોના હસ્તાક્ષરમાં છે તે સાબિત કરવુ પડે, આ પંચ સાહેદની જુબાની ના મનાય.

વધુમાં વિ.વ.શ્રી આર.કે.શાહ સાહેદ નં.૯૪૩ કુખરાજબાનુ શેખની જુબાની વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે આ સાહેદ અલમહમદી સોસાયટીના મકાન નં.૧૦ ના માલિક છે, આ સોસાયટીમાં કુલ–૫૦ બંગલા છે, પોલીસે ત્યાં મકાન માલિકની પુછપરછ કરવી જોઇએ, મકાન ઇબ્રાહીમભાઇને ભાડે આપેલુ છે, ઓળખ પરેડમાં આ સાહેદ ગયા ત્યાં સુધી મકાન ભાડે આપનારનુ નામ સાહેદ જાણતા નથી તે ના મનાય, જે આરોપીને મકાન ભાડે આપેલુ તે આરોપીને જુબાની વખતે ઓળખી બતાવતા નથી. આ સાહેદની ઊલટતપાસ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે પોલીસને પાછળથી મકાનની માલિકી અંગેના દસ્તાવેજો આપેલા છે, મકાન ભાડે આપેલુ તે ભાઇનુ

વર્ણન પોલીસને આપ્યુ નથી, તે વ્યકિતનુ નામ, સરનામુ પોલીસના કહેવાથી જાણવા મળેલુ છે.

વધુમાં વિ.વ.શ્રી આર.કે.શાહ સાહેદ નં.૯૨૮ ઈબ્રાહીમભાઈ શેખની જુબાની વંચાણે લઈ દલીલો કરતા જણાવે છે કે આ સાહેદના કહેવાથી કુખરાજ બાનુએ મકાન આરોપી કયામુદ્દીન કાપડીયાને ભાડે આપેલુ છે, આરીફ તથા કયામુદ્દીનને લઈને કુખરાજબાનુને ત્યાં સાહેદ ગયેલા છે, સાહેદ કુખરાજબાનુ કહે છે કે "હું મકાન ઉપર ગયેલી અને નક્કી કરેલુ" જયારે આ સાહેદ કહે છે કે "અમે કુખરાજબાનુના મકાન ઉપર ગયેલા અને ત્યાં નક્કી કરેલુ", મકાન અંગે લખાણ કરેલાનુ જણાવે છે પરંતુ આવુ લખાણ રજૂ થયેલુ નથી, આ સાહેદને પણ આરોપી કયામુદ્દીનનુ નામ પાછળથી જાણવા મળેલુ છે, આરોપી કયામુદ્દીનની ઓળખ પરેડ કરાવી નથી. વધુમાં વિ.વ.શ્રી આર.કે.શાહ સાહેદ નં.૯૫૨ આરીફ બિસ્મીલ્લાહ સૈયદની જુબાની વંચાણે લઈ દલીલો કરતા જણાવે છે કે આ સાહેદ તા.૫–૭–૨૦૦૮ ના રોજ બે માણસો મકાન ભાડે લેવા આવેલાનુ જણાવે છે, આ સાહેદ જે વાત જણાવે છે તે બધી વાત સાહેદ ઈબ્રાહીમભાઈ જણાવતા નથી, આ સાહેદ, ઈબ્રાહીમભાઈ તથા કુખરાજબાનુ મળી ત્રણેય સાહેદોની જુબાનીમાં વિરોધાભાસ છે, આ સાહેદ ઓળખ પરેડમાં મહંમદ ઈમરાનને ઓળખી બતાવે છે, આ સાહેદ જુબાની વખતે આરોપીને ઓળખી શકતા નથી, આ સાહેદ પણ માની શકાય નહીં તેવી હકીકતો જુબાનીમાં જણાવે છે જેથી આ સાહેદને મનાય નહીં.

વધુમાં વિ.વ.શ્રી આર.કે.શાહ સાહેદ નં.૧૦૭૩ મહંમદ યુનુસ અબ્દુલ લતીફ સુમરાની જુબાની વંચાણે લઈ દલીલો કરતા જણાવે છે કે આ સાહેદ ઈન્ફીનીટી સાયબર કાફે, ભૂજના માલિક છે, આ સાહેદ જુબાની દરમ્યાન આરોપીઓને ઓળખી બતાવતા નથી, આ સાહેદની જુબાનીમાં પણ કાંઈ નથી. આરોપી નં.૧ વિરૂધ્ધ આ બધા પુરાવાથી કેસ સાબિત થતો નથી, સાહેદ નં. ૯૫૭ જાકીરે આરોપી નં.૧ ને ઓળખેલા છે પરંતુ કોઈ મિટીંગમાં કોઈ કૃત્ય જાહીદે કરેલુ હોય તેવુ સાહેદ જાકીર જણાવતા નથી, જાકીરનો જે પુરાવો છે તેવો જ

પુરાવો જાહીદનો પણ છે, જાકીર મિટીંગમાં હતો અને આરોપી નં.૧ પણ આજ મિટીંગમાં હાજર હતો, જાકીર કાવતરામાં સામેલ ના હોય તો આ આરોપી નં.૧ પણ કાવત્રામાં સામેલ નથી તેમ કહેવાય. સાહેદ નં.૧૧૫૧ તરીકે રીયાજ સીદ્દીકીને તપાસેલા છે, આ સાહેદ ફરી ગયેલા સાહેદ છે, આ સાહેદે ફરિયાદ પક્ષને મદદ કરી નથી, ફરિયાદપક્ષ દ્વારા આરોપી જાહીદ વિરૂધ્ધ કોઇ પુરાવો લાવ્યા નથી. બીજા સહ આરોપીઓના કબૂલાત નિવેદનો છે તેમાં આરોપી નં.૨ ઇમરાન શેખ, આરોપી નં.૨૧ મહેદી હસન અને આરોપી નં.૩૫ રફીયુદ્દીન છે, આ બધા આરોપીઓના કબૂલાત નિવેદનો ગેરકાયેદસર છે, આરોપી જાહીદ વિરૂધ્ધ આ ત્રણેય આરોપીઓના કબૂલાત નિવેદનો મનાય તેમ નથી, કબૂલાત નિવેદનો એ પુરાવો નથી, કબૂલાત નિવેદનોને બીજા પુરાવાઓથી સમર્થન મળતુ નથી, કોઇપણ કૃત્ય જાહીદે વાઘમોન તથા પાવાગઢ કેમ્પમાં કર્યુ નથી, કેરાલા કોર્ટે આરોપી જાહીદને છોડી મુકયા છે, આરોપી રફીયુદ્દીન પોતાના કબૂલાતના નિવેદનમાં જાહીદ હાલોલ કેમ્પમાં હાજર હતો તેટલુ જ જણાવે છે બીજુ કાંઇ જણાવતો નથી, આરોપી મહેંદી હસન પણ પોતાના નિવેદનમાં જણાવે છે કે જાહીદ ટાટા સુમોના ડ્રાઇવર હતા તે સિવાય બીજુ કાંઇ કહેતા નથી, આ કબૂલાત નિવેદનો આરોપી જાહીદને સજા કરવા ઉપયોગમાં ના લેવાય.

વધુમાં વિ.વ.શ્રી આર.કે.શાહ સાહેદ નં.૧૧૦૪ મહંમદ કૌશર મહંમદ ઇબ્રાહીમ સૈયદની જુબાની વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે પોલીસે આરોપીનુ નામ રીજવાન જણાવેલાનુ આ સાહેદ જણાવે છે, મકાનમાં લાઇટ રીપેર કરવા ગયેલા પરંતુ મકાનના માલિક કોણ હતા તેની ખબર નથી. વધુમાં સાહેદ નં.૧૦૦૫ નૌશીન કાદરી ફરી ગયેલા સાહેદ છે તેમણે ફરિયાદપક્ષને મદદ કરી નથી. આરોપી જાહીદનુ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ નુ નિવેદન વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે એફ.એસ.ના પાન નં.૪૬૦૫ ઉપર આરોપીએ વિશેષમાં બધુ લખાવ્યુ છે, એફ.એસ.ની સાથે દસ્તાવેજો પણ રજૂ કર્યા છે, આરોપીની સાથે શું બનેલુ તે પત્ર લખીને મેજિસ્ટ્રેટને જણાવેલુ છે તે પત્ર આંક–૯૨૧૩ થી રજૂ છે તેની તા.૩૧–૧૨–૨૦૦૮ છે, આરોપીએ નિવેદન પાછુ ખેંચ્યુ

તે મોડુ ખેંચ્યુ નથી, આરોપીને જયુડીશીયલ કસ્ટડી થયા પછી આ કબૂલાત પરત ખેંચી છે, એફ.એસ.એલ.માં આરોપી નં.૧ વિરૂધ્ધ કાંઇ નીકળ્યુ નથી, આમ આરોપી જાહીદ સામે કોઇ પુરાવો નથી.

વિ.વ.શ્રી આર.કે.શાહ વધુમાં આરોપી નં.૨ ઇમરાન ઇબ્રાહીમ શેખ વિરૂધ્ધ રજૂ થયેલા પુરાવા અંગે દલીલો કરતા જણાવે છે કે ફરિયાદપક્ષે સાહેદ નં. ૬૧૭ તરીકે પંચ હેમંત ખંડેલવાલને તપાસેલા છે, આ સાહેદની જુબાની મુજબ નાસીરભાઇએ ટાટા સુમો રજૂ કરેલી, અનીસભાઇએ મોટર સાઇકલ રજૂ કરેલી તેનુ પંચનામુ આંક–૩૨૫૬ થી રજૂ છે, આ સિવાય આરોપી નં.૨ સામે આ સાહેદ કોઇ પુરાવો આપતા નથી. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૯૪૦ તરીકે નાસીરભાઇ કુરેશીને તપાસેલા છે, આ સાહેદની જુબાની મુજબ મિત્ર આસીફભાઇ એક ભાઇને લઇને આવેલા તેને સાપુતારા જવા માટે ટાટા સુમો ભાડે આપેલી, આરોપી નં.૨ ને ઓળખી શકે નહીં, જે ભાઇને ગાડી ભાડે આપેલી તેનુ નામ ખબર નથી, આસીફની સાથે આવેલો ભાઇ આજ આરોપી નં.૨ હતો કે કેમ? તે સાબિત થતુ નથી. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૯૪૧ તરીકે આસીફ ઇકબાલને તપાસેલા છે, આ સાહેદની જુબાની ઉપરથી પણ આરોપી નં.૨ સામે કેસ પુરવાર થતો નથી, નાસીર પાસે આરોપી ઇમરાનની ઓળખ પરેડ કરાવી નથી.

વધુમાં વિ.વ.શ્રી આર.કે.શાહ આરોપી નં.૨ વિરૂધ્ધ રજૂ થયેલ પુરાવા અંગે દલીલો કરતા જણાવે છે કે હાલોલ કેમ્પ બાબતના સાહેદ નં.૯૮૧, ૯૭૨, ૧૦૬૭ અને ૫૭૧ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ છે, કોઇ પણ સાહેદોએ અદાલતમાં આરોપી નં.૨ ને ઓળખ્યો નથી. ફરિયાદપક્ષે સાહેદ નં.૮૭૭ તરીકે તપાસેલા પંચ પ્રવિણ રાજપુતની જુબાની વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે આ પંચની હાજરીમાં આરોપીના ઘરની જડતી કરી છે, આ સાહેદને પોલીસે કહ્યું છે કે "શાહીબાગ પોલીસ સ્ટેશનના ગુન્હાનો આ આરોપી છે", આરોપીએ કાંઇ કહ્યુ નથી, આરોપીએ પાવાગઢ હાલોલના જંગલોમાં તાલીમ લીધેલી અને તેમાં જે ચીજવસ્તુઓ વાપરેલી તે બતાવવા માંગે છે તેવુ પોલીસે કહ્યુ છે પરંતુ આરોપીએ આવુ કહેલુ નથી, આ પુરાવો ગ્રાહ્ય રખાય નહીં, "સામે વાળુ મકાન

મારૂ છે" તેવુ કહેવુ તે પુરાવામાં જાય નહીં, સાહેદે ઈબ્રાહીમભાઈનુ નામ આપેલુ પરંતુ ઈબ્રાહીમ ભાઈને ફરિયાદપક્ષે સાહેદ તરીકે તપાસ્યા નથી, ફર્સ્ટ એઈડ બોક્ષ બતાવેલુ તે જ પુરાવામાં ગ્રાહ્ય રખાય, આ બોક્ષ જેહાદી તાલીમ વખતે ઉપયોગમાં લીધેલુ તે પુરાવામાં ગ્રાહ્ય રખાય નહીં, આ અંગેનુ પંચનામુ આંક–૬૨૭૮ થી રજૂ છે, આરોપીને આ સાહેદે ઓળખી બતાવેલ નથી, બતાવેલુ મકાન આરોપી ઈમરાનનુ હોવા અંગે કોઈ પુરાવો નથી, આ પંચનામુ તપાસ કરનાર અધિકારી વિનય શુકલે કરેલુ છે, આ પંચ ફરિયાદપક્ષને મદદ કરતા નથી. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં. ૧૦૭૦ તરીકે તપાસેલા વિનય શુકલની જુબાનીના પાન નં.૧૭ પેરા નં.૫(૧) વંચાણે લઈ દલીલો કરતા જણાવે છે કે તા.૧૬–૮–૨૦૦૮ ના રોજ આરોપીને અન્ય તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયાએ પકડેલા, તા.૨૨–૮–૨૦૦૮ ના રોજ આ સાહેદ વિનય શુકલે પંચનામુ કર્યુ છે, આરોપી તપાસ કરનાર અધિકારી વિનય શુકલની કસ્ટડીમાં ન હતા તેમ છતાં આરોપીને લઈ જઈ પંચનામુ કર્યુ છે, આ સાહેદ કહે છે કે આરોપીએ જેહાદી તાલિમ લીધેલી તે જગ્યા બતાવવાનુ કહેલુ જયારે પંચ સાહેદ કહે છે કે આરોપી તેના ઘરે લઈ ગયેલો.

વધુમાં વિ.વ.શ્રી આર.કે.શાહ સાહેદ નં.૧૧૦૫ ઈદ્રીશ ગુલાબશાની જુબાની વંચાણે લઈ દલીલો કરતા જણાવે છે કે આ સાહેદે આરોપી ઈમરાનને ખોટી રીતે ઓળખી બતાવ્યો છે, અગાઉ આરોપી નં.૨ ની ઓળખ પરેડ કરાવેલી નથી, આરોપી કયામુદ્દીન કાપડીયા, રફીયુદ્દીન, ઈમરાનને ખોટા ઓળખેલા છે તેનુ નામ બીજુ છે, આ સાહેદ હાલોલ કેમ્પ બાબતે મદદ કરતા નથી. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૧૧૧૫ તરીકે મહંમદ ઉમર મન્સુરીને તપાસેલા છે અને આ સાહેદનુ મેજિસ્ટ્રેટ રૂબરૂનુ નિવેદન આંક–૮૦૦૩ થી રજૂ છે, આ સાહેદ જુબાનીમાં જણાવે છે તેવા આરોપીઓની ઓળખ પરેડ કરાવેલી નથી. ફરિયાદપક્ષે સાહેદ નં.૮૭૮ તરીકે યોગેશ બીપીનચંદ્રને તપાસેલા છે, આ સાહેદની હાજરીમાં પોલીસે બામણગેટ દરગાહ પાસે એપાર્ટમેન્ટમાં આવેલા મકાનનુ તાળુ તોડી નાંખી પંચનામુ કર્યુ છે, મકાનનુ તાળુ તોડાય નહીં, આજુ

બાજુ રહેતા લોકોના નિવેદનો લીધા નથી, આ અંગેનુ પંચનામુ આંક–૬૨૮૩ થી રજૂ છે, ઇમરાન શેખના નામનુ ખાખી કવરમાં મુકેલુ બીલ નિકળેલુ તે સિવાય આરોપી નં.૨ વિરૂધ્ધ કોઇ પુરાવો નથી, આ સાહેદે આરોપી નં.૨ ને ઓળખ્યા નથી, આરોપી નં.૨ વિરૂધ્ધ કોઇ પુરાવો નથી. વધુમાં આરોપી નં.૨ ના આંક–૮૬૧૯ થી રજૂ કબૂલાત નિવેદન વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે આરોપી નં.૨ ની કબૂલાત ગેરકાયદેસર છે, કબૂલાત પેજ નં.૨ ઉપરથી શરૂ થાય છે, આ આરોપી કબૂલાતથી બીજા આરોપીઓને સંડોવે છે, આરોપી નં.૨ બ્લાસ્ટના મુખ્ય ગુન્હામાં સંડોવાયેલા નથી, કબૂલાત નિવેદન ગુનો કરતુ હોવુ જોઇએ, આ નિવેદનમાં ગુનાની કબૂલાત નથી, આ કબૂલાત ઉપરથી આરોપી ઇમરાનને દોષિત જાહેર કરાય નહીં, આરોપી નં.૨ સામે કોઇ પુરાવો ન હતો માટે આરોપીની વર્તણૂકનો પુરાવો ઉભો કરવા માટે ખોટા પંચનામા બનાવેલા છે, આરોપી નં.૨ નાએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ ના નિવેદનમાં પણ તેમની વિરૂધ્ધ કરવામાં આવેલા તમામ આક્ષેપો નકાર્યા છે, આંક–૯૨૧૬ થી રજૂ રીટ્રેકશન તા.૨૫–૧૧–૨૦૦૮ ના રોજ મેજિસ્ટ્રેટને મોકલેલુ છે અને કબૂલાત પરત ખેંચેલી છે.

વધુમાં વિ.વ.શ્રી આર.કે.શાહ દલીલો કરતા જણાવે છે કે આરોપી નં.૩ ઇકબાલ કાસમ શેખ અંગે પણ હાલોલ કેમ્પના સાહેદો તેમજ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સહિતના સાહેદો પણ ઉપર આરોપી નં.૨ અંગે ચર્ચા કર્યા મુજબના જ છે. આ ઉપરાંત ફરિયાદપક્ષે સાહેદ નં.૮૮૩ તરીકે કુંવરજી ઠાકોરને તપાસેલા છે, આરોપી નં.૩ ની કસ્ટડી તા.૧૬–૮–૨૦૦૮ થી તપાસ કરનાર અધિકારી વી.આર. ટોળીયાની હતી, આ સાહેદને હાજર રાખી તા.૮–૧૨–૨૦૦૮ ના રોજ પંચનામુ બનાવેલુ છે, આરોપીને અટક કર્યા પછી ચાર મહીના પછી આ પંચનામુ બનાવેલુ છે જેથી આ પંચનામુ ના મનાય, આ પંચ મહેસાણા જીલ્લાના વતની છે, અમદાવાદમાં કોઇ પંચ મળ્યા નથી, “જયાં મેં બોમ્બ મુકેલો તે જગ્યા બતાવવા માંગુ છુ" આ હકીકત પુરાવામાં ધ્યાને ના લેવાય, “બોમ્બવાળી સાઇકલ અહીંયાથી મેં લીધેલી" તેવુ જે આરોપીએ કહ્યુ તે પણ પુરાવામાં વંચાણે લેવાય નહીં, “અહીંયા બોમ્બવાળી સાઇકલ મુકેલી" તેવુ આરોપીએ કહેલુ તે પણ

પુરાવામાં વંચાણે ના લેવાય, મેજિસ્ટ્રેટ સમક્ષ કબૂલાત લખાવે તેવી હકીકત આ સાહેદ જુબાનીમાં લખાવી છે તે ના મનાય, આ અંગેનુ પંચનામુ આંક–૬૩૧૧ થી રજૂ છે, આ પંચનામાથી ડિસ્કવરી કે રીકવરી થઇ નથી, બીજુ પંચનામુ સરખેજ ખાતે જઇને કરેલુ છે આ પંચનામુ આંક–૬૩૧૨ થી રજૂ છે, આ સાહેદે આરોપીને ઓળખી બતાવ્યા છે. આ સાહેદની ઊલટતપાસ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે ગાડીની લોગ બુક રજૂ કરી નથી, આરોપીને લોકઅપમાંથી કયારે બહાર કાઢયા? તે અંગે પણ કોઇ પુરાવો નથી, નવ વર્ષ પછી ખોટી રીતે આરોપીને ઓળખેલા છે, નવ વર્ષ પછી આરોપી ઓળખાય જ નહીં, બંને પંચનામા વખતે ફોટોગ્રાફી કે વીડિયોગ્રાફી કરી નથી, આ પંચ ખેતી નહીં પરંતુ મજૂરી કરે છે, પોલીસની બીક આ સાહેદને લાગે છે, આવા પંચને ના મનાય. આ પંચનામુ બનાવનાર તપાસ કરનાર અધિકારી શ્રી અસારી હતા. ફરિયાદપક્ષે તપાસ કરનાર અધિકારી આર.વી.અસારીને સાહેદ નં.૧૧૫૩ તરીકે તપાસેલા છે, આ સાહેદ આરોપીનુ ઉર્ફે નામ ઇકરાર નથી તેમ છતાં આરોપીનુ ઉર્ફે નામ ઇકરાર હતુ તેમ જણાવે છે, પંચ સાહેદ જણાવતા નથી તેવી હકીકત આ સાહેદ જણાવે છે, આ તપાસ કરનાર અમલદાર રસ ધરાવનાર સાહેદ છે, આ સાહેદની જુબાની પંચ સાહેદની જુબાનીથી વિરોધાભાસી છે જેથી તપાસ કરનાર અધિકારી અસારીનો પુરાવો માની શકાય તેવો નથી.

વધુમાં વિ.વ.શ્રી આર.કે.શાહ ફરિયાદપક્ષે તપાસેલા સાહેદ નં. ૬૦૦ પંચ વિશાલ ગણપત પારેખની જુબાની વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે આ સાહેદની હાજરીમાં તા.૩૦–૮–૨૦૦૮ ના રોજ પંચનામુ બનાવેલુ છે, આ પંચનામા દ્વારા મોબાઇલ કબજે કરેલા છે, આંક–૩૨૨૫ થી પંચનામુ રજૂ છે, જુલેખાબેને કોનો ફોન રજૂ કર્યો તે સ્પષ્ટ થતુ નથી , ફોન રજૂ કરનાર જુલેખાબેનને ફરિયાદપક્ષે સાહેદ તરીકે તપાસેલા નથી. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં. ૧૧૧૭ તરીકે તપાસેલા આસીફ ઉસ્માન શેખની જુબાની વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે આ સાહેદે જુબાનીના પેરા નં.૪ માં કોઇ સમય આપ્યો નથી, તા.૩૧–૩–૨૦૦૮ ના રોજ આરોપી કયામુદ્દીનને મધ્યપ્રદેશ પોલીસ લઇ

ગયેલી હતી માટે જો આ સાહેદ કહેતા હોય કે તા.૧૧–૭–૨૦૦૮ ના અરસામાં કયામુદ્દીનનો ફોન આવેલો તો તે ખોટી વાત છે, ઈરફાન મલેક તથા ઓવેશ કાપડીયા પાસેથી કાગળીયા લીધેલાનુ જણાવે છે પરંતુ આ ઈરફાન મલેક તથા ઓવેશ કાપડીયાને ફરિયાદપક્ષે સાહેદ તરીકે તપાસ્યા નથી, આ સાહેદની જુબાની જોતાં આ સાહેદ આરોપી થાય પરંતુ પોલીસે આ સાહેદને આરોપી બનાવેલા નથી, આ સાહેદનુ ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૪ મુજબનુ નિવેદન આંક–૮૦૨૦ થી રજૂ છે, આ સાહેદે આરોપી ઇકબાલ તથા કયામુદ્દીનને ઓળખ્યા છે, બનાવ તા.૨૬–૭–૨૦૦૮ ના રોજ બન્યો છે જયારે આ સાહેદનો જવાબ તા. ૭–૧૨–૨૦૦૮ ના રોજ લીધો છે, આ સાહેદ કોઇ હકીકત પોલીસને કહેવા ગયા નથી, જે કોમ્પલેક્ષના ભોંયરામાં કુરાન વાંચેલુ તથા જેહાદી ભાષણો કરેલા ત્યાં આ સાહેદને લઇ ગયા નથી. ફરિયાદપક્ષે સાહેદ નં.૧૧૨૧ તરીકે ડૉ.સાદાબ પાનવાલાને તપાસેલા છે, આ સાહેદે ફરિયાદપક્ષને મદદ કરી નથી, આ સાહેદને ફરિયાદપક્ષે ફરી ગયેલા જાહેર કર્યા છે, આ સાહેદની જુબાનીથી આરોપી નં.૩ સામે ગુનો પુરવાર થતો નથી. વધુમાં વિ.વ.શ્રી આર.કે.શાહ આરોપી નં.૩ નુ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ નુ નિવેદન વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે આરોપીને પકડયા પછી ધમકી આપી ત્રાસ આપવામાં આવતો હતો તથા ગુન્હાની કબૂલાત કરવા દબાણ કરતા હોવાની હકીકત આરોપીએ જણાવી છે, આ સાહેદે જેલમાંથી મેજિસ્ટ્રેટ સાહેબને તા.૨૦–૧૧–૨૦૦૮ ના રોજ કાગળ લખેલો છે જે આંક–૯૨૧૭થી રજૂ છે તે કાગળમાં આરોપીને ત્રાસ આપ્યાની જાણ મેજિસ્ટ્રેટને કરી છે.

વધુમાં વિ.વ.શ્રી આર.કે.શાહ આરોપી નં.૬ મહંમદ આરીફ મહંમદ ઇકબાલ કાગઝી વિરૂધ્ધ રજૂ થયેલ પુરાવા અંગે દલીલો કરતા જણાવે છે કે આ આરોપી નં.૬ સામે સાહેદ નં.૧૧૪૧ ઐયાજ રજાકમીંયા સૈયદને અને હાલોલ કેમ્પ અંગે ત્રણ સાહેદો (૧) સાહેદ નં.૧૦૬૭ અંબાલાલ વેચાતભાઇ બારીયાને (૨) સાહેદ નં.૯૭૨ રામકાભાઇ દેવકરણભાઇ કેશરીયાને (૩) સાહેદ નં.૯૮૧ પ્રવિણભાઇ હમીરભાઇ કટારીયાને અને સાહેદ નં.૫૭૧ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ

રમણભાઇ સેંધાભાઇ સોલંકીને તપાસેલા છે, કોઇ પણ સાહેદે અદાલતમાં આ આરોપી નં.૬ ને ઓળખેલા નથી માટે આ આરોપી સામે સ્વતંત્ર પુરાવો નથી. ફરિયાદપક્ષે સાહેદ નં.૧૦૯૭ તરીકે મહેતાબ ઇબ્રાહીમ શેખને તપાસેલા છે, આ સાહેદની જુબાની વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે આ સાહેદ સીમીની મિટીંગમાં ગયેલાનુ જણાવે છે પરંતુ કયારે મિટીંગમાં ગયેલા તે સમય કહેતા નથી, આરોપી રફીયુદ્ધીનને, કયામુદ્ધીન તરીકે ઓળખી બતાવે છે, આરોપી નં.૬ ને કોર્ટમાં ઓળખી બતાવતા નથી, આરોપી નં.૬ વિરૂધ્ધ આ સાહેદ કાંઇ જણાવતા નથી. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૯૫૭ તરીકે જાકીરહુસેન અબ્દુલજબ્બાર કુરેશીને તપાસેલા છે, આ સાહેદની જુબાની મુજબ આરોપી નં.૬ સમસુદ્ધીનના નાનાના ઘરે માર્ચ–૨૦૦૮ માં હાજર હતા તે સિવાય આ સાહેદ જાકીર આરોપી નં.૬ માટે બીજુ કાંઇ કહેતા નથી, બચાવપક્ષે સમસુદ્ધીનના નાનાને સાહેદ તરીકે તપાસેલા છે તેઓ જણાવે છે કે તેમના ઘરે આવી કોઇ મિટીંગો થઇ નથી. આરોપી નં.૬ સામે સૌપ્રથમ પુરાવો ઐયાજ સૈયદ એપ્રૂવર બન્યા પછી આવ્યો છે. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૧૧૪૧ તરીકે તપાસેલા ઐયાજ સૈયદની જુબાની વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે જે પુરાવો ફરિયાદપક્ષે રજૂ કર્યો નથી તે પુરાવો આ સાહેદ દ્વારા રેકર્ડ ઉપર લાવવામાં આવેલો છે, બનાવના દસ વર્ષ બાદ ઐયાજે "સીમી"ને લગતો પુરાવો અદાલતમાં આપેલો છે, "સીમી"ની ઓફીસ ઉપર સાહેદ કયારે ગયેલા તે સમય જણાવતા નથી, આરોપી નં.૬ વિશે આ સાહેદ બીજી કોઇ હકીકત જણાવતા નથી, આરોપી નં.૬ સામે ૧૦ વર્ષે પુરાવો આવ્યો છે, "સીમી" ની વાત ઐયાજે પોલીસ સમક્ષ કરી નથી, આરોપી નં.૬ નુ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળનુ વિશેષ નિવેદન વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે ક્રાઇમ બ્રાંચના અધિકારીઓએ આરોપીને ગેરકાયદેસર ગોંધી રાખી માનસિક શારીરિક ત્રાસ આપેલો છે અને તે અંગેની અરજી મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટને આપેલી છે તે અરજી આંક–૯૨૧૯થી રેકર્ડ ઉપર રજૂ છે.

વધુમાં વિ.વ.શ્રી આર.કે.શાહ આરોપી નં.૭ મહંમદ ઉસ્માન અગરબત્તીવાલા વિરૂધ્ધ રજૂ થયેલ પુરાવા અંગે દલીલો કરતા જણાવે છે કે આ

આરોપીને તા.૧૬–૮–૨૦૦૮ ના રોજ અટક કરેલા છે, ફરિયાદપક્ષે સાહેદ નં. ૫૯૪ તરીકે પંચ સુનીલ પરમારને તપાસેલા છે, ક્રાઇમબ્રાન્ચની ઑફિસમાં આ પંચનામુ કરેલુ છે, ફાતીમાબેન પાસેથી મોબાઇલ કબજે કર્યો છે તેમજ લાઇટ બીલ, ડ્રાઇવીંગ લાઇસન્સ વિગેરે પંચનામાની વિગતે કબજે કરેલ છે આ પંચનામુ આંક–૩૨૦૫ થી રજૂ છે, મોબાઇલ રજૂ કરનાર ફાતીમાબેનને ફરિયાદપક્ષે સાહેદ તરીકે તપાસ્યા નથી, આ સાહેદ આરોપી નં.૭ વિરૂધ્ધ કાંઇ કહેતા નથી. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૮૯૫ તરીકે પંચ પ્રકાશ મનોહરલાલ તોલાણીને તપાસેલા છે, આ સાહેદને ક્રાઇમ બ્રાન્ચમાં બોલાવેલા ત્યાં આરોપી ઉસ્માન અગરબત્તીવાલા હાજર હતા, "મારી પાસે હથિયાર, પાઇપ બોમ્બ પડેલા છે" તેવી જે હકીકત જણાવી તે પુરાવામાં ગ્રાહ્ય નથી, "મારા કાકાના ઘરે ગેરકાયદેસર સામાન મુકેલો છે" આ હકીકત પણ પુરાવામાં ગ્રાહ્ય નથી, આવુ પંચનામુ રેકર્ડ ઉપર ના લેવાય, જેના ઘરમાંથી સામાન મળેલો છે તેને આરોપી બનાવ્યા નથી કે તેને સાહેદ તરીકે ફરિયાદપક્ષે તપાસેલા પણ નથી, આ અંગેનુ પંચનામુ આંક–૬૩૭૦ થી રજૂ છે, આ પંચ સાહેદ આરોપીને ઓળખી શકતા નથી.

વધુમાં વિ.વ.શ્રી આર.કે.શાહ સાહેદ નં.૮૭૯ કમલેશ સુરેશભાઇ ગોહીલની જુબાની વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે ક્રાઇમબ્રાંચના સાહેબોએ રાત્રે ૧૨–૩૦ થી ૧–૦૦ વાગ્યે રોકેલા ત્યારે આરોપી ઉસ્માન અગરબત્તીવાલા હાજર હતો, આરોપીના ઘરની તપાસ કરવાની હોવાથી પંચમાં રહેલા, આરોપીના ઘરે તે ભાઇ લઇ ગયેલા, ઘરમાં કેવી રીતે ગયા? તે સ્પષ્ટ જણાવતા નથી, આરોપીએ કહેલુ કે "આ મારા પિતા છે", લેપટોપ, પેનડ્રાઇવ, હાર્ડડીસ્ક વિગેરે ઘરેથી કબજે કરેલ, આ અંગેનુ પંચનામુ આંક–૬૨૯૧ થી રજૂ છે, આ પંચ સાહેદ આરોપીને ઓળખી શકતા નથી, આ સાહેદ આ આરોપી વિરૂધ્ધ કાંઇ જણાવતા નથી. વધુમાં સાહેદ નં.૫૭૧ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ રમણભાઇ સેંધાભાઇ સોલંકી, સાહેદ નં.૧૦૬૭ અંબાલાલ વેચાતભાઇ બારીયા, સાહેદ નં. ૯૭૨ રામકાભાઇ દેવકરણભાઇ કેશરીયા, સાહેદ નં.૯૮૧ પ્રવિણભાઇ હમીરભાઇ કટારીયાનાઓ પણ આરોપી નં.૬ વિરૂધ્ધ કાંઇ કહેતા નથી. વધુમાં

ફરિયાદપક્ષે સાહેદ નં.૧૧૩૩ તરીકે ક્રાઇમ બ્રાંચના પોલીસ ઇન્સ્પેકટર માનસિંહ દેવજીભાઇ ચૌધરી ને તપાસેલા છે, ફાતીમાબેને આ સાહેદ રૂબરૂ ટેલીફોન બિલ, મતદારકાર્ડ વિગેરે રજૂ કરેલા જે આ સાહેદે કબજે કરેલા છે, આ સિવાય બીજી કોઇ હકીકત આ સાહેદ જણાવતા નથી. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૮૮૬ તરીકે પંચ શીવશંકર રામચંદ્ર યાદવને તપાસેલા છે, આ સાહેદની જુબાની મુજબ આરોપી પાસેથી મુદ્દામાલ કબજે લીધો છે અને તે સીલ કરવાનો છે પરંતુ કયા આરોપી પાસેથી મુદ્દામાલ લીધેલો તે જણાવતા નથી, કઇ વસ્તુ હતી તે પણ જણાવતા નથી, આ અંગેનુ પંચનામુ આંક–૬૩૨૬ થી રજૂ છે, બે કુગ્ગાની થેલી સિલ કરેલી, આ સિવાય બીજી કોઇ હકીકત આ પંચ સાહેદ જણાવતા નથી, આ સાહેદે આરોપી નં.૭ વિરૂધ્ધ કોઇ પુરાવો આપેલો નથી. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૮૮૯ તરીકે પંચ સુરેશ ઘાસીરામ ઓડને તપાસેલા છે, આ સાહેદની જુબાની મુજબ વડોદરાથી સીલબંધ ડબ્બો કબજે કરેલો હતો તેની ઉપર આંગળીઓની છાપો હશે તે આશાએ ડબ્બો ખોલેલો, આવો ડબ્બો ખોલાય નહીં, મુદ્દામાલ સાથે ચેડા થયા છે, ડબ્બામાં ડી.વી.ડી. કેસેટો કુલ–૧૯ હતી, સ્થળ ઉપર ફોટા પાડેલાનુ જણાવે છે પરંતુ આવા ફોટા રેકર્ડ ઉપર રજૂ થયા નથી, આ અંગેનુ પંચનામુ આંક–૬૩૩૫ થી રજૂ છે.

વધુમાં વિ.વ.શ્રી આર.કે.શાહ દલીલો કરતા જણાવે છે કે ફરિયાદપક્ષે સાહેદ નં.૧૦૬૨ તરીકે અબ્દુલઅજીમ અબ્દુલહમીદ સૌદાગરને તપાસેલા છે, આ સાહેદની જુબાની મુજબ ઉસ્માન અગરબત્તીવાલાએ આયનેટ સાયબર કાફે ઉપર ટેલીનો કોર્સ કરેલાનુ જણાવે છે પરંતુ આ સાહેદ આરોપીને ઓળખતા નથી. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૧૦૭૦ તરીકે પોલીસ ઇન્સ્પેકટર વિનય શુકલને તપાસેલા છે, આ સાહેદ સમક્ષ આરોપીના પિતાએ મોટર સાઇકલ રજૂ કરતા તે કબજે કર્યા અંગે આ સાહેદે આંક–૩૨૫૬વાળુ પંચનામુ કરેલુ છે, આ સિવાય આ સાહેદ આરોપી નં.૭ વિરૂધ્ધ કોઇ પુરાવો આપતા નથી, "આરોપીએ પાવાગઢ કેમ્પમાં જતી વખતે મોટર સાઇકલનો ઉપયોગ કરેલો તે કબજે કરવાની હતી" આ હકીકત ગ્રાહ્ય નથી. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ

નં.૧૦૭૭ તરીકે પોલીસ ઇન્સ્પેકટર એ.એફ.સીંધીને તપાસેલા છે, આ સાહેદે આરોપીના ઘરની જડતી બે પંચો રૂબરૂ કરેલી છે તે વખતે આરોપીના પિતા હાજર હતા, ઘરની જડતી કરતા હાર્ડ ડીસ્ક, લેપટોપ, પેન ડ્રાઇવ મળેલા જે તમામ મુદ્દામાલ પંચનામાની વિગતે કબજે કરેલ, આ અંગેનુ પંચનામુ આંક-૬૨૯૦ થી રજૂ છે, આ સિવાય આ સાહેદ આરોપી નં.૭ વિરૂધ્ધ કોઇ પુરાવો આપતા નથી. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૧૧૨૧ તરીકે ડૉ.સાદાબ પાનવાલાને તપાસેલા છે, આ સાહેદે આરોપીને ત્રાસ આપ્યાની હકીકત જણાવી છે, આ સાહેદે આરોપી નં.૭ વિરૂધ્ધ કોઇ પુરાવો આપેલો નથી. વધુમાં આરોપી નં.૨, ૩૧, ૩૫ ના કબૂલાત નિવેદનો રેકર્ડ ઉપર છે તે વંચાણે લેતાં આરોપી નં.૭ નાઓને ગુન્હામાં સંડોવે તેવી કોઇ હકીકતો આ કબૂલાત નિવેદનોમાં નથી. વધુમાં આરોપી નં.૭ નુ ક્રિ.પ્રો.કોડ કલમ-૩૧૩ હેઠળનુ વિશેષ નિવેદન વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે આ વિશેષ નિવેદનમાં આરોપીએ તેમની ગેરકાયદેસર અટક કરી માનસિક, શારીરિક ત્રાસ આપ્યાનુ જણાવેલુ છે.

વધુમાં વિ.વ.શ્રી આરોપી નં.૮ યુનુસ મન્સુરી વિરૂધ્ધ રજુ થયેલા પુરાવા અંગે દલીલો કરતા જણાવે છે કે આરોપી નં.૮ ને તા.૧૬-૮-૨૦૦૮ ના રોજ એરેસ્ટ કરેલા છે, આ કેસમાં યુનુસ મન્સુરી બે છે જે આરોપી નં.૮, ૬૫ છે. ફરિયાદપક્ષે સાહેદ નં.૮૨૩ તરીકે પંચ ભાવિન શૈલેષકુમાર ઓઝાને તપાસેલા છે, આરોપી નં.૮ ને તા.૧૬-૮-૨૦૦૮ ના રોજ અટક કરી તા.૨૧-૯-૨૦૦૮ ના રોજ આંક-૫૫૩૮ વાળુ વાસણો લીધાનુ પંચનામુ કરેલુ છે, વાસણો રજુ કરનાર જણાવે છે કે "આ બધા વાસણો યુનુસભાઇએ મારે ત્યાંથી ખરીદેલા" આ હકીકત પુરાવામાં ગ્રાહ્ય નથી, મુદ્દામાલ વાસણો સિલબંધ હાલતમાં ન હતા. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૯૩૮ તરીકે મહંમદ ફારૂક અજીજભાઇ મેમણને તપાસેલા છે, પોલીસે કહેલુ કે બોમ્બ બ્લાસ્ટમાં વપરાયેલા વાસણો તમારે ત્યાંથી ખરીદેલા હતા? તેવુ આ સાહેદ જણાવે છે, મેજિસ્ટ્રેટ સમક્ષ આરોપીને ઓળખવા ગયેલા, વાસણ લેનારને ઓળખેલા તેમ જણાવે છે તેનુ નામ પુછતાં યુનુસ મન્સુરી જણાવેલુ, કઇ તારીખે મેજિસ્ટ્રેટ કોર્ટમાં બોલાવેલા તે તારીખ સાહેદ

જણાવતા નથી, વાસણોના બીલ રજૂ થયા નથી, આ સાહેદને પોલીસે કાંઇ પુછેલુ નથી પરંતુ પોલીસે તેમની રીતે બધી હકીકતો લખેલી છે. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૮૧૭ તરીકે પંચ ચિરાગ ગોવિંદભાઇ વરસદાને તપાસેલા છે, આરોપી યુનુસ મન્સુરીએ તેનુ ઘર બતાવેલુ તેવી હકીકત છે, આરોપીએ બતાવેલુ કે "આ મારૂ ઘર છે" તો તે હકીકત પુરાવામાં ગ્રાહ્ય નથી, ઘરમાંથી બે સ્ત્રી બહાર આવેલી તે સ્ત્રીને ફરિયાદપક્ષે સાહેદ તરીકે તપાસી નથી, સાહેદ જણાવે છે કે મહંમદભાઇને બોલાવેલા પરંતુ આ મહંમદભાઇને ફરિયાદપક્ષે સાહેદ તરીકે તપાસેલા નથી, ઘરમાંથી વાયરના ટુકડા, સેલોટેપના ટુકડા, છરા વિગેરે મળેલા, આ મુદ્દામાલ કબજે કર્યા અંગેનુ પંચનામુ આંક–૫૪૮૮ થી રજૂ છે, આરોપીને આ સાહેદ ઓળખી શકતા નથી, ઘર આરોપીનુ હતુ તે અંગે કોઇ પુરાવો નથી, ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં આરોપીએ પોતાની સાચી હકીકત જણાવી છે.

વધુમાં વિ.વ.શ્રી આર.કે.શાહ દલીલો કરતા જણાવે છે કે ફરિયાદપક્ષે સાહેદ નં.૫૯૧ તરીકે પંચ ગોપાલ રામચંદ્ર અડવાણીને તપાસેલા છે, આ સાહેદે આરોપી નં.૮ વિરૂધ્ધ કાંઇ કહેલુ નથી, વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૯૫૭ તરીકે જાકીરહુસેન અબ્દુલજબ્બાર કુરેશીને તપાસેલા છે, આ સાહેદની જુબાની મુજબ મિટીંગમાં આરોપી નં.૮ હાજર હતા પરંતુ આરોપીએ કોઇ ભાષણો કરેલા નથી. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૯૨૬ તરીકે મુખત્યાર શબ્બીરભાઇ પ્રાઇમસવાલાને તપાસેલા છે, આ સાહેદ ગેસ બોટલ વેચનાર છે, આ સાહેદની જુબાની મુજબ એક છોકરો દુકાન ઉપર આવેલો તેને પાંચ કીલોગ્રામના બે ગેસના બોટલ જોઇતા હતા તે આપેલા, આ સાહેદે જુબાની દરમ્યાન આરોપી નં.૮ ને ઓળખી બતાવેલ નથી. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૧૦૭૨ તરીકે પોલીસ ઇન્સ્પેકટર એચ.જે.જનકાતને તપાસેલા છે, આરોપી યુનુસ મન્સુરીના સગાએ ગુન્હામાં વપરાયેલ મોટર સાઇકલ રજૂ કરેલી તે આ સાહેદે કબજે લીધેલી, આ સિવાય બીજી કોઇ હકીકત આ સાહેદ આરોપી નં.૮ વિરૂધ્ધ જણાવતા નથી. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૫૭૧ તરીકે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ રમણભાઇ

સેંધાભાઇ સોલંકીને, સાહેદ નં.૧૦૬૭ તરીકે અંબાલાલ વેચાતભાઇ બારીયાને, સાહેદ નં. ૯૭૨ તરીકે રામકાભાઇ દેવકરણભાઇ કેશરીયાને, સાહેદ નં.૯૮૧ પ્રવિણભાઇ હમીરભાઇ કટારીયાને તપાસેલા છે, આ તમામ સાહેદો જુબાની દરમ્યાન આરોપી નં.૮ ને ઓળખી બતાવતા નથી. આમ ફરિયાદપક્ષના પુરાવા ઉપરથી આરોપી નં.૮ સામે ગુનો પુરવાર થતો નથી.

વધુમાં વિ.વ.શ્રી આર.કે.શાહ આરોપી નં.૧૪ મોહંમદ સાજીદ ગુલામ ખ્વાજા મન્સુરી વિરૂધ્ધ રજૂ થયેલ પુરાવા અંગે દલીલો કરતા જણાવે છે કે ફરિયાદપક્ષે સાહેદ નં.૪૬૧ તરીકે પંચ અંકિત હર્ષદભાઇ ભટ્ટને તપાસેલા છે, આરોપી નં.૧૪ ને તા.૧૬–૮–૨૦૦૮ ના રોજ અટક કરેલા છે અને અટક કર્યાના ત્રણ માસ બાદ તા.૧૦–૧૧–૨૦૦૮ ના રોજ પંચનામુ બનાવેલુ છે, આરોપીએ જાહેર કરેલુ કે "મેં જે, જે જગ્યાએથી ફોન કરેલા તે બતાવવા માંગુ છું" આ હકીકત પુરાવામાં ના વંચાય, તે જ રીતે આરોપીએ કહેલું કે "મેં આ કોઇન બોક્ષ ઉપરથી તન્વીર પઠાણને મોબાઇલ ફોન કરેલો" આ હકીકત પણ પુરાવામાં ના વંચાય, જે–જે જગ્યાઓ ઉપર ગયેલા ત્યાં આરોપી મોહંમદ સાજીદ મન્સુરી આવેલા અને તેણે ફોન કરેલા તેવુ કહેનાર કોઇ સાહેદ નથી, આ અંગેનુ પંચનામુ આંક–૨૮૨૨ થી રજૂ છે. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૧૦૨૩ તરીકે જીતેન્દ્ર અશોક ભાઇ સોનીને, સાહેદ નં.૧૦૨૪ તરીકે શબ્બીર ઉસ્માનભાઇ સૈયદને અને સાહેદ નં.૧૦૨૫ તરીકે યુસુફભાઇ હાજી મુસાભાઇ પટેલને તપાસેલા છે, આ ત્રણેય સાહેદો આરોપીને ઓળખે છે તેવુ કહેતા નથી, આરોપી તેમને ત્યાં ફોન કરવા આવેલા તેવુ પણ આ ત્રણેય સાહેદો કહેતા નથી, કોઇન બોક્ષ સ્થળ ઉપર હતા તેવુ બતાવવા માટે આ ત્રણેય સાહેદોએ કોઇ પુરાવા રજૂ કર્યા નથી, આરોપીએ શું ફોન કરેલા? કેવા ફોન કર્યા? તે રેકર્ડ ઉપર આવતુ નથી, આ ત્રણેય સાહેદો ફરિયાદપક્ષના કેસને મદદ કરતા નથી. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં. ૮૭૮ તરીકે પંચ યોગેશ બીપિનચંદ્ર કાયસ્થને તપાસેલા છે, આરોપીએ કહેલુ કે "હું અને મારો મિત્ર તૌકીર જે મકાનમાં ભેગા થતા હતા અને આરોપીએ બીજા નામો જણાવેલા" આ હકીકત પુરાવામાં વંચાય નહીં, કોના ઘરે ગયેલા? માલિક

કોણ છે? તેની તપાસ કર્યા વિના મકાનનુ તાળુ તોડેલુ છે, આ મુજબ તાળુ ના તોડાય, મકાન માંથી ડબ્બા, રૂમાલ, તાડપત્રી, રેલવેની ટિકિટ વિગેરે કબજે કરેલુ છે, આ તમામ વસ્તુઓ ઘરમાં હોય જ, આ વસ્તુઓ આરોપીને ગુન્હામાં સંડોવે તેવી વસ્તુઓ નથી, આ અંગેનુ પંચનામુ આંક–૬૨૮૩, ૬૨૮૪ થી રજૂ છે, આ પંચ સાહેદ આરોપીને ઓળખી શકતા નથી.

વધુમાં વિ.વ.શ્રી આર.કે.શાહ દલીલો કરતા જણાવે છે કે ફરિયાદ પક્ષે સાહેદ નં.૮૮૧ તરીકે અદનાન મોહંમદ ખાલીદ ગુજરાતીને તપાસેલા છે, આ હોસ્ટાઇલ સાહેદ છે, આ સાહેદની રોયલ કટપીસની દુકાન છે, આ સાહેદ ખીદમત ગ્રુપ ચલાવતા હતા, તન્વીર પઠાણ ગૃપમાં જોડાયેલો હતો, "તન્વીરની વિચાર સરણી પુછેલી" પરંતુ આવુ પુછાય નહીં, ફોટો બતાવ્યો ત્યારે આરોપી કયામુદ્દીનને ઓળખેલા છે, આ સાહેદ ફરિયાદપક્ષને મદદરૂપ સાહેદ નથી. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૮૯૪ તરીકે પંચ હિતેષ આપાભાઇ પટેલને તપાસેલા છે, આરોપી સાજીદ મન્સુરીની ઓળખાણ આ સાહેદને પોલીસ અધિકારીએ આપેલી હતી, આરોપી ભરૂચ ખાતે ભાડાના મકાનમાં રહેતો હતો તેવુ આ સાહેદને પોલીસે કહેલુ છે, આરોપીનુ ઘર હતુ તે બતાવવા કોઇ પુરાવો રજૂ કરેલો નથી, "પોતાનુ મકાન આવતા આરોપીએ ગાડી રોકાવેલી" આ હકીકત પુરાવામાં ના જાય, સ્થળ ઉપર અગાઉથી ત્રણ પોલીસ ઉભા હતા, આ અંગેનુ પંચનામુ આંક–૬૩૫૯ થી રજૂ છે, મકાનમાંથી એવો કોઇ પુરાવો મળ્યો નથી કે જેથી કહી શકાય કે આ મકાન આરોપીનુ હોય, મકાનની આજુબાજુ રહેતા લોકોના નિવેદનો લીધા નથી, આરોપીને આ સાહેદ ઓળખી શકતા નથી, આ સાહેદની જુબાનીથી બનાવોમાં આરોપી નં.૧૪ ની સંડોવણી સાબિત થતી નથી. વધુમાં મુદ્દામાલ અંગે એફ.એસ.એલ.રીપોર્ટ આંક–૫૯૫૭ થી રજૂ છે, ધાતુના તારના ટુકડામાંથી એમોનીયમ નાઇટ્રેટની હાજરી મળી છે, રીપોર્ટ પોઝીટીવ છે પરંતુ આ મકાન આરોપી નં.૧૪ નુ છે તેવુ પુરવાર થતુ નથી, રીપોર્ટના નમૂના નં. ૧૬, ૧૭, ૧૮ "નીલ" છે, સ્ફોટક પદાર્થ શોધી શકાયેલ નથી. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૯૦૫ તરીકે પંચ કલ્પેશ રતીલાલ ગઙ્કરને તપાસેલા છે,

આરોપીને તા.૧૬–૮–૨૦૦૮ ના રોજ અટક કરેલા છે જયારે પંચનામુ તા.૬–૧૨–૨૦૦૮ ના રોજ બનાવ્યુ છે, આ સાહેદને પોલીસે જણાવેલુ કે" આરોપી કોચ્ચી ખાતે શ્રી હરી ટુરીસ્ટ હોમ ખાતે રોકાયેલા ત્યાં રજીસ્ટરમાં એન્ટ્રી કરેલી" પોલીસથી આવુ કહેવાય નહીં, રજીસ્ટરના પાના પોલીસે બતાવેલા હતા, એન્ટ્રી નં.૮ સલીમ શેખના નામે હતી, પોલીસ રૂબરૂ આરોપીએ આ એન્ટ્રી ઓળખી બતાવી પરંતુ આ હકીકત પુરાવામાં ના વંચાય, આરોપીના મોઢામાં જવાબો મુકાય નહીં, પાના કબજે કરેલા, પંચનામુ આંક–૬૪૮૫ થી રજૂ છે, રજીસ્ટરનુ પાનુ આંક–૬૪૮૬ થી રજૂ છે, રજીસ્ટર કબજે કરેલુ નથી, રજીસ્ટર ઉપર હોટલનુ નામ લખેલુ હતુ તેવુ પંચ કહેતા નથી, રજીસ્ટરમાંથી પાના કોણે ફાડયા? કેવી રીતે ફાડયા? તે અંગે કોઇ પુરાવો નથી, આરોપીને આ સાહેદ ઓળખી શકતા નથી, સ્પેસીમેન સિગ્નેચર આરોપીના છે તે પુરવાર થતુ નથી.

વધુમાં વિ.વ.શ્રી આર.કે.શાહ દલીલો કરતા જણાવે છે કે ફરિયાદ પક્ષે સાહેદ નં.૯૮૯ તરીકે રાજુ ગોપીનાથન નાયરને તપાસેલા છે, આ સાહેદ ધંધાના સામાન્ય ક્રમ મુજબ રજિસ્ટર નિભાવતા હતા કે કેમ? તે અંગે કોઇ પુરાવો આપતા નથી, રજિસ્ટરની એન્ટ્રી નં.૧૫૬,૧૫૭ માં સલીમ શેખે સહી કરી છે, આરોપી નં.૧૪ સાજીદ મન્સુરીનુ નામ કે સહી નથી, આ સાહેદ રૂબરૂ આરોપી સાજીદ મન્સુરીની ઓળખ પરેડ કરાવી નથી, માલિકને પુછયા વિના રજીસ્ટર માંથી પાના ફાડેલા છે જે ફડાય નહીં. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૯૧૭ તરીકે પંચ પિન્કેશ નગીનભાઇ દેસાઇને તપાસેલા છે, આ સાહેદને તા.૨–૮–૨૦૦૮ ના રોજ ક્રાઇમ બ્રાંચમાં બોલાવેલા તે દિવસે કોઇ આરોપી પકડાયેલા નથી પરંતુ ત્યાં આરોપી સાજીદ મન્સુરી હાજર હતા, આરોપીએ "હું મકાન બતાવવા માંગુ છું" તેવુ કહેલુ પરંતુ તે પુરાવામાં વંચાણે લેવાય નહીં, મકાન ગુલામભાઇનુ હતુ તે બતાવવા કોઇ પુરાવો રજૂ થયો નથી, મકાન કાપડના વેપારી રફીકભાઇને રૂા.૯,૦૦૦/– ના ભાડાથી ભાડે આપેલુ છે, મકાનનુ તાળુ ગુલામભાઇના કહેવાથી તોડેલુ, મકાનમાંથી ટેપનો ટુકડો મળ્યો તે કબજે કરેલો, મકાનમાંથી જે સામગ્રી મળી તે અંગે ગુલામભાઇએ કહેલુ કે "આ સામગ્રી મારી છે" તે પુરાવામાં

ના વંચાય, આ અંગેનુ પંચનામુ આંક–૬૫૪૦ થી રજૂ છે, આ પંચ સાહેદ આરોપીને ઓળખી શકેલા નથી, મકાન રફીકને ભાડે આપ્યાનો કોઇ કરાર રજૂ કરેલ નથી, પોલીસે રફીકને બોલાવવાનો કોઇ પ્રયત્ન કર્યો નથી, મુદ્દામાલ અંગે એફ.એસ.એલ. રીપોર્ટ આંક–૫૯૬૩ થી રજૂ છે, આ રીપોર્ટ મુજબ નમૂના માર્ક–બી,સી, માં એમોનીયમ નાઇટ્રેટની હાજરી શોધી શકાયેલ છે, બાકીના નમૂનામાં સ્ફોટક પદાર્થની હાજરી નથી. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૧૧૩૮ તરીકે ગુલામ હુસેન અબ્દુલ રશીદ પઠાણને તપાસેલા છે, આ સાહેદની જુબાની મુજબ ચાવડા સાહેબે કહેલુ કે મકાન ઉપર આવો જેથી શેરપુરા (ભરૂચ) મુકામે ગયેલા, મકાનની ચાવી પોલીસે માંગેલી પરંતુ ચાવી ન હતી, ચાવી ભાડૂઆત પાસે હતી, મકાનનુ તાળુ તોડી નાંખેલુ, આરોપી ત્યારે હાજર હતા, કામ પતાવી પોલીસ જતી રહેલી, તાળુ તોડેલુ પરંતુ આવુ તાળુ કબજે કર્યુ નથી, સાહેદ તા.૮–૭–૨૦૦૮ જણાવે છે પરંતુ તે દિવસે બનાવો બનેલા ન હતા, સાહેદ આરોપીને ઓળખી શકતા નથી, રફીકને મકાન ભાડે આપેલુ પરંતુ રફીકને પણ ઓળખેલા નથી, પંચનામાના અન્ય પંચ પિન્કેશ દેસાઇની જુબાનીથી વિરોધાભાસી જુબાની આ પંચ સાહેદ ગુલામ હુસેનની છે. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૯૯૮ તરીકે અનિલકુમાર દામોદરન પોટ્ટનીયલને, સાહેદ નં.૯૯૯ તરીકે બીજુ ભાસ્કરનને, સાહેદ નં.૧૦૪૧ તરીકે તાલીબ મણીયારને, સાહેદ નં.૧૦૮૪ તરીકે સઇદ મોહંમદ હયાતને, સાહેદ નં. ૧૦૯૯ તરીકે મોહંમદ શોએબ ગુલામમીંયા શેખને, સાહેદ નં.૧૧૦૩ તરીકે સાહેદ મોહંમદ ફારૂક અબ્દુલરશીદ માસ્ટરને તપાસેલા છે, ઉપરોકત તમામ સાહેદો આરોપી નં.૧૪ વિરૂધ્ધ કાંઇ કહેતા નથી. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૧૧૨૧ તરીકે ડો.સાદાબ પાનવાલાને તપાસેલા છે જેઓ હોસ્ટાઇલ જાહેર થયેલા છે, આ સાહેદ પણ આરોપી વિરૂધ્ધ કાંઇ કહેતા નથી પરંતુ આ સાહેદ ઉપર તથા બીજા બધા ઉપર પોલીસે જુલ્મ કરેલાનુ જણાવે છે, આરોપી નં.૧૪ ને પણ ફાર્મ હાઉસ ઉપર લઇ જઇ જુલ્મ કરેલાનુ જણાવે છે.

વધુમાં વિ.વ.શ્રી આર.કે.શાહ દલીલો કરતા જણાવે છે કે ફરિયાદ પક્ષે સાહેદ નં.૯૯૦ તરીકે એફ.એસ.એલ.અધિકારી કૌશીક પુનાલાલ વ્યાસને

તપાસેલા છે, એફ.એસ.એલ.રીપોર્ટ આંક–૬૮૮૮ થી રજૂ છે, આરોપીને પોલીસે જે પેરેગ્રાફ લખાવેલો તે કુદરતી લખાણ હોવાનુ આ સાહેદ જણાવે છે પરંતુ લખેલો પેરેગ્રાફ કુદરતી લખાણ ના કહેવાય, કયા ઉપકરણોથી તપાસ કરી તે આ સાહેદ જણાવતા નથી, રજૂ કરેલ રીપોર્ટ આખરી રીપોર્ટ નથી, પોતાના અભિપ્રાય અને કારણોનો સ્વતંત્ર પુરાવો આ સાહેદ આપતા નથી, સાહેદે કોર્ટમાં કરેલ પરીક્ષણનું ડેમોસ્ટ્રેશન કરીને બતાવવુ પડે જે બતાવેલ નથી. **વધુમાં (૧૯૧૨) આઈએલઆર–૩૯ કલકત્તા, પાન નં.૬૦૬** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદાના પેરા નં.૭ વંચાણે લઈ દલીલો કરતા જણાવે છે કે અદાલત સમક્ષ આરોપીની સામે હસ્તાક્ષરની સરખામણી કરવામાં ના આવે તો તે બાબતે આપેલો પુરાવો ગ્રાહ્ય નથી. આ ચુકાદા મુજબ સાહેદ નં.૯૯૦ દ્વારા રજૂ થયેલો રીપોર્ટ મનાય નહીં. વધુમાં આરોપી નં.૧૪ નુ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળનુ વિશેષ નિવેદન વંચાણે લઈ દલીલો કરતા જણાવે છે કે વિશેષ નિવેદનમાં આરોપીએ તેમને ખોટી રીતે પકડેલા હોવાનુ તેમજ આરોપી ઉપર જુલ્મ કરી તા.૨–૮–૨૦૦૮ થી તા. ૧૬–૮–૨૦૦૮ સુધી ગોંધી રાખી અત્યાચાર કરેલાનુ જણાવ્યુ છે. વધુમાં આરોપી નં.૧૪ સામે ફોર્જરીનો પણ ચાર્જ છે પરંતુ આરોપી નં.૧૪ સામે ફોર્જરી પુરવાર થતી નથી, આરોપી ખોટા નામે કોઈ હોટલમાં રહેતો હતો તેનાથી કોઇને નુકસાન થતુ નથી માટે આ ફોર્જરી કહેવાય નહીં.

વધુમાં વિ.વ.શ્રી આર.કે.શાહ આરોપી નં.૧૫ મુફિત અબુબસર શેખ વિરૂધ્ધ રજૂ થયેલ પુરાવા અંગે દલીલો કરતા જણાવે છે કે ફરિયાદપક્ષે સાહેદ નં.૮૯૮ તરીકે બીપીન છોટાલાલ પટેલને તપાસેલા છે, આરોપી નં.૧૫ ને તા. ૧૬–૮–૨૦૦૮ ના રોજ અટક કરેલા છે, આરોપીએ કહેલુ કે "આ મકાનના પહેલા માળે અમે રહેતા હતા" તેવુ આ સાહેદ જે જણાવે છે તે પુરાવામાં ગ્રાહ્ય નથી, વટવા ખાતે ઉમરાવનગરમાં આવેલ મકાન આરોપીએ બતાવેલુ તેવી હકીકત છે, આ અંગેનુ પંચનામુ આંક–૬૪૩૪ થી રજૂ છે, મકાનમાંથી જુદી–જુદી વસ્તુઓ કબજે કરી છે તેવો આક્ષેપ છે, આ સાહેદ આરોપીને ઓળખી શકેલ નથી, આ સાહેદની બચાવપક્ષ દ્વારા થયેલ ઊલટતપાસ વંચાણે લેતાં આ પંચ

સાહેદ સાડા ચાર કિલોમીટર દુર રહે છે, મજૂર છે, મકાનના માલિક કે કબજે દારનો પુરાવો મળેલો નહીં, મકાન માલિક આરોપીને ઓળખતા હતા કે કેમ? તેવુ પણ મકાન માલિકને પુછેલુ નથી, આ પંચ ઉપર ભરોસો રખાય તેમ નથી. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૧૧૦૬ તરીકે ફિરોજ દિલાવર શેખને તપાસેલા છે, આ સાહેદ જુબાનીના પેરા નં.૨ માં જણાવે છે કે આ બે ત્યાં રહેતા હતા અને ત્રીજો પણ આવતો હતો, ત્રીજાના નામની આ સાહેદને ખબર નથી, તા. ૧૮–૮–૨૦૦૮ ના રોજ પોલીસ એક બટકાને લઇને આવેલી તેણે નકાબ પહેરેલો, નકાબનો ઉલ્લેખ પંચનામામાં નથી, પોલીસે જવાબ લીધેલો તેમ જણાવે છે, પંચ કહેતા નથી કે પોલીસે ફીરોજનો જવાબ લીધેલો, આ સાહેદે મેજિસ્ટ્રેટ રૂબરૂ નિવેદન લખાવેલુ જે આંક–૭૯૩૦ થી ૨જૂ છે, નિવેદન વાંચેલુ નથી કે વંચાવેલુ નથી, આરોપી જાહીદને ખોટો ઓળખ્યો છે, ઐયાજને ઓળખ્યો છે, કયામુદ્દીનને ઓળખ્યો છે, ઓળખ વિશ્વાસપાત્ર નથી, આરોપી નં.૧૫ ની ઓળખ કરાવી નથી, આ સાહેદ બીજા પુરાવાને સમર્થન કરતા નથી જેથી આ સાહેદનો પુરાવો ના મનાય, આંક–૭૯૩૦ ઉભુ કરેલુ પંચનામુ છે.

વધુમાં વિ.વ.શ્રી આર.કે.શાહ દલીલો કરતા જણાવે છે કે ફરિયાદપક્ષે સાહેદ નં.૯૨૯ રફીક હુસેનભાઇ અબદાલને તપાસેલા છે, આરોપીએ કહેલુ કે "વટવા મુકામે રહેતા હતા ત્યારે વટવા મુકામે હોટલમાં જમતા હતા" તેવુ પોલીસને આરોપીએ કહેલુ અને પોલીસે આ સાહેદને કહેલુ, આ હકીકત ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૨ થી હિટ થાય છે આ હકીકત પુરાવામાં ના વંચાય, આ સાહેદ કોર્ટમાં આરોપીને ઓળખી શકતા નથી. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૧૧૪૧ તરીકે ઐયાજ રજાકમીંયા સૈયદને તપાસેલા છે, સમસુદ્દીન શેખના નાનાના ઘરે મિટીંગ થયેલી તેમાં આરોપી મુફતી હાજર હતા તેવુ આ સાહેદ જણાવે છે પરંતુ સમસુદ્દીનના નાના હાસમભાઇ આવી મિટીંગ થયાની ના પાડે છે. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૯૫૭ તરીકે જાકીરહુસેન અબ્દુલજબ્બાર કુરેશીને તપાસેલા છે, આ સાહેદ જુદી–જુદી મિટીંગોમાં મુફિત હાજર રહેલાનું અને ભાષણો કરેલાનુ જણાવે છે તે સિવાય આ આરોપી વિરૂધ્ધ આ સાહેદ કાંઇ

જણાવતા નથી. વધુમાં વટવાના મકાનમાંથી મળેલ મુદ્દામાલ અંગે એફ.એસ. એલ. રીપોર્ટ આંક–૫૯૩૫ થી રજૂ છે જે "નીલ" છે, દોષારોપણ કરતી કોઇ હકીકત નથી, આરોપી નં.૧૫ નાએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં સહ આરોપીઓના કબૂલાત નિવેદનો વિશે જાણતા ન હોવાનુ તેમજ આરોપીની આ બનાવમાં કોઇ સંડોવણી નથી, આ ગુન્હામાં સામેલ ન હોવાનુ, ખોટા પુરાવા ઉભા કરેલાનુ જણાવે છે, આમ આરોપી નં.૧૫ વિરૂધ્ધ રજૂ કરેલા તમામ પુરાવા ભરોસાપાત્ર નથી.

વધુમાં વિ.વ.શ્રી આર.કે.શાહ દલીલો કરતા જણાવે છે કે આરોપી નં.૪૮ સામે કોઇ પુરાવો નથી. વધુમાં આરોપી નં.૪૯ વિરૂધ્ધ રજૂ થયેલ પુરાવા અંગે દલીલો કરતા જણાવે છે કે ફરિયાદપક્ષે સાહેદ નં.૧૧૬૨ તરીકે પંચ જય હર્ષદરાય પંચાલને તપાસેલા છે. આરોપીએ ટાઇમર ચીપનો ડાયોગ્રામ બનાવી તેનુ ડેમોસ્ટ્રેશન કરેલુ તે અંગેના પંચનામાના આ પંચ સાહેદ છે. આ પંચ સાહેદ કે પંચનામુ પુરાવાના કાયદાની કલમ–૧૬૨ થી હીટ થાય છે. વધુમાં **એઆઇઆર ૧૯૫૫ સુપ્રિમ કોર્ટ, પાન નં.૧૦૪ રામકિશન શર્મા વિરૂધ્ધ સ્ટેટ ઓફ બોમ્બે** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદાની **હેટ નોટ–સી** વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે **"સાયન્સ એન્ડ ગ્રેસ્ટર"** પોલીસ સમક્ષ બનાવેલો ડાયોગ્રામ પુરાવામાં ગ્રાહ્ય નથી. આરોપી નં.૪૯ તા.૧૫–૪–૨૦૦૯ ના રોજ પકડાયા છે, આંક–૮૫૯૨ થી રજૂ પંચનામુ તા.૪–૫–૨૦૦૯ ના રોજ બનાવ્યુ છે, કયા પુરાવા આધારે આરોપી નં.૪૯ ને અટક કર્યા તે અંગે કોઇ પુરાવો નથી, આ પંચ સાહેદ જણાવે છે કે "આરોપીએ શોલ્ડરીંગ મશીન વિગેરે મંગાવેલા, ડાયોગ્રામ બનાવેલો અને જણાવેલુ કે આવી ચીપ બોમ્બ બ્લાસ્ટમાં વપરાયેલી" આ હકીકત પુરાવામાં ગ્રાહ્ય નથી, જે ડાયોગ્રામ બનાવ્યો તે આરોપીના હસ્તાક્ષરમાં છે તે બાબતે કોઇ પુરાવો નથી, ડાયોગ્રામમાં આરોપીની, એફ.એસ.એલ.અધિકારીની સહી નથી, આ પંચ આરોપીને ઓળખી બતાવતા નથી, ચીપ બાબતે એફ. એસ. એલ. નો રીપોર્ટ આંક–૮૬૪૪ થી રજૂ છે. ફરિયાદપક્ષે સાહેદ નં.૮૩૫ તરીકે એફ.એસ.એલ. અધિકારી હિતેશ જયંતિલાલ ત્રિવેદીને તપાસેલા છે, એફ.એસ.

એલ.ના અભિપ્રાય મજુબ અમદાવાદમાં થયેલ બોમ્બ બ્લાસ્ટમાં વપરાયેલી સરકીટથી આ અલગ સરકીટ છે. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૮૩૦ તરીકે એફ. એસ.એલ.અધિકારી અમૃતલાલ વશરામભાઇ હીંગરાજીયાને તપાસેલા છે, આ સાહેદે વટવા ઉમરાવનગર વાળા મકાનનુ નિરીક્ષણ કરેલુ, સ્થળ તપાસનો એફ.એસ.એલ.રીપોર્ટ આંક–૫૫૮૮ થી રજૂ છે, ડેમોસ્ટ્રેશન માટે લાવવામાં આવેલી વસ્તુઓ કોણ લાવેલુ? તે આ સાહેદ જણાવતા નથી. ફરિયાદપક્ષે સાહેદ નં.૧૧૩૬ તરીકે સુજાતા મજમુદારને તપાસેલા છે, આ સાહેદે કબજે કરેલ માઇક્રોચીપ તથા ડાયોગ્રામ સેન્ટ્રલ રીસર્ચ લેબોરેટરીને તપાસ માટે તા.૬–૮–૨૦૦૮ ના રોજ રવાના કરેલ અને આંક–૭૧૧૭ વાળુ પંચનામુ બનાવેલુ છે, આંક–૮૦૯૯ થી સેન્ટ્રલ લેબોરેટરીનો રીપોર્ટ રજૂ છે, આ રીપોર્ટ આપનારને ફરિયાદપક્ષે તપાસેલા નથી, આ સાહેદની જુબાનીથી કાંઇ સાબિત થતુ નથી. વધુમાં આરોપી નં.૨, ૨૧, ૭૬ ના કબૂલાત વાળા નિવેદનો રેકર્ડ પર છે પરંતુ તે નિવેદનોથી પણ આરોપી નં.૪૯ સામે બનાવો પુરવાર થતા નથી. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૧૧૬૩ તરીકે મયુર ચાવડાને તપાસેલા છે, આ સાહેદ પણ આ આરોપી નં.૪૯ ને કયારે પકડયો? કેવી રીતે પકડયો? તે અંગે કોઇ પુરાવો આપતા નથી, આરોપી નં.૪૯ એ એક માસ અને વીસ દિવસ પછી ચીપ બનાવેલાની હકીકત આ સાહેદની જુબાનીથી માલુમ પડે છે, સાહેદ મયુર ચાવડા તદ્દન બેજવાબદારી રીતે જુબાની આપે છે, કેસ ડાયરી, પોલીસ ડાયરી જુબાની વખતે સાથે લાવેલા નથી, અમુક જવાબો આપવાનુ ટાળેલુ છે, પુરાવાના કાયદાની કલમ–૩ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે આ કલમમાં "હકીકત" શું છે તેની વ્યાખ્યા આપી છે, "ફેકટ ઇન ઇસ્યુ" તેની પણ વ્યાખ્યા આપી છે, આ કેસમાં "**ફેકટ ઇન ઇસ્યુ**" છે તે "**બ્લાસ્ટ**" છે, દરેક આરોપી સામે પુરાવો ફરિયાદપક્ષે બતાવવો જોઇએ જે બતાવ્યો નથી, બનાવો કેવી રીતે બન્યા? દરેક આરોપી કેવી રીતે સંડોવાયેલા છે? તે ફરિયાદપક્ષે પુરવાર કરેલુ નથી, આ કેસમાં "**ફેકટ ઇન ઇસ્યુ**" પુરવાર થતુ નથી.

વધુમાં વિ.વ.શ્રી આર.કે.શાહ દલીલો કરતા જણાવે છે કે **૧૯૮૧, ક્રિમીનલ લો જનરલ, પાન નં.૧૧૬૫** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદાના પેરા નં.૧૩ વંચાણે લેતાં પોલીસ માટે જાણીતી જગ્યા ના હોય અને ડિસ્કવરી કરી હોય અને તે ડિસ્કવરી દરમ્યાન તે **"ગ્રેસ્ચર"** કરે તો તે કલમ–૧૬૨ નીચે ગ્રાહ્ય છે. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૧૧૫૩ તરીકે તપાસ કરનાર અધિકારી આર.વી.અસારીને તપાસેલા છે, તપાસ ટીમમાં તેમની સાથે કોણ હતા તેની સાહેદને ખબર નથી, તપાસનો રીપોર્ટ ઉપરી અધિકારીને કરતા હતા તેમજ સ્વતંત્ર તપાસ કરતા હતા, ટીમના અધિકારીઓ શું તપાસ કરતા હતા તેની માહિતી પણ મેળવતા હતા, ડી.સી.પી. તથા જોઇન્ટ પોલીસ કમિશનર ઉપરી અધિકારી હતા પરંતુ તેઓને ફરિયાદપક્ષે સાહેદ તરીકે તપાસ્યા નથી, અમુક સવાલના જવાબમાં રેકર્ડ જોવુ પડે તેવા જવાબો આપ્યા છે, સાહેદે રેકર્ડ જોઇને જુબાની આપવી પડે, કેસ ડાયરી કોર્ટમાં રજૂ કરી ના હોય તો તેની ખબર નથી તેમ આ સાહેદ જણાવે છે, અટક કરેલા આરોપીઓના એરેસ્ટ પંચનામા બનાવેલા નથી તેમ જણાવે છે, મોટા ભાગે આ તપાસ કરનાર અધિકારીએ પ્રશ્નોના જવાબ આપવાનુ ટાળ્યુ છે. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૧૧૫૪ તરીકે તપાસ કરનાર અધિકારી ઉષા રાડાને તપાસેલા છે, તપાસનો હુકમ ચાર્જશીટમાં સામેલ કરેલો ન હોય તો તે અંગે કહી શકે નહીં તેવો જવાબ આ સાહેદે આપ્યો છે, ગુન્હાઓની તપાસ ડાયરીઓ બનાવેલી પરંતુ હાલ તે કયાં છે તેની ખબર ન હોવાનુ જણાવે છે, ડાયરી કોને સોંપેલી તેની ખબર નથી, "ઓક્ક્સ કહી શકે નહીં, હાલ કહી શકુ નહીં, મને ખબર નથી, મને યાદ નથી", તેવા ઉડાઉ જવાબો આ સાહેદે આપેલા છે.

વધુમાં વિ.વ.શ્રી આર.કે.શાહ દલીલો કરતા જણાવે છે કે ફરિયાદ પક્ષે સાહેદ નં.૧૧૫૫ તરીકે તપાસ કરનાર અધિકારી એન.બી.પરમારને તપાસેલા છે, તપાસનો હુકમ પોલીસ પેપર્સમાં સામેલ રાખેલો કે કેમ? તેની આ સાહેદને ખબર નથી, તપાસ કરનાર અમલદાર જયારે જુબાની આપે ત્યારે તારીખ વાઇઝ બધા જ પ્રશ્નોના જવાબો આપવા પડે, આરોપીઓ જે મકાનોમાં રહેતા હતા તે મકાનોના દસ્તાવેજોની ખબર નથી તેમ જણાવે છે, કેસ ડાયરી લઇને આવેલા

નથી અને કેસ ડાયરી સાથે જુબાની આપી નથી, આ સાહેદે "મને ખબર નથી, યાદ નથી, જોઇને કહી શકુ, કાગળો જોવા પડે, અત્યારે કહી શકુ નહીં" વિગેરે ઉડાઉ જવાબો આપેલા છે, આ સાહેદે ગંભીરતાથી જુબાની આપી નથી. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૧૧૬૩ તરીકે તપાસ કરનાર અધિકારી મયુર ચાવડાને તપાસેલા છે, આ સાહેદે ઊલટતપાસ દરમ્યાન આરોપીઓ સામે સીધા પુરાવા હતા તે કયા હતા તે કાગળો જોઈને કહી શકે તેવો જવાબ આપેલો છે પરંતુ કાગળો જોઈને પણ આ સાહેદે આ અંગે કશુ કહેલુ નથી, અમૂક સાહેદોના નામો ગુપ્ત રાખવાનો નિર્ણય તેમના કેસમાં તેમણે કરેલો તેમ જણાવે છે પરંતુ બધા જ ગુન્હામાં ગુપ્ત સાહેદો એકસરખા જ છે, સાહેદોના નામો ગુપ્ત રાખવા માટે અદાલતની મંજૂરી લેવી પડે તેવુ જાણતા હોય તો યાદ નથી તેવા જવાબો આપેલા છે, રીવ્યુ ઓથોરીટીની નિમણૂંક થયેલાની ખબર નથી, ઇન્ડીયન મુજાહુદ્દીન એ સીમીનુ નવુ સ્વરૂપ છે તે કાગળો જોઇને કહી શકે તેમ જણાવેલ છે પરંતુ આ સાહેદે કાગળો જોયા નથી, પોલીસ રૂબરૂનુ નિવેદન પુરાવામાં ગ્રાહ્ય છે કે કેમ? તેની પણ આ સાહેદને ખબર નથી, આ સાહેદે "મને હાલ યાદ નથી, ચોક્કસ કહી શકુ નહીં, હાલ યાદ નથી, કાગળો જોવા પડે, કાગળો જોઈને કહી શકું" વિગેરે જેવા ઉડાઉ જવાબો ઊલટતપાસ દરમ્યાન આપેલા છે, ઘણા જ પ્રશ્નોના જવાબો આપવાનુ આ સાહેદે ટાળેલુ છે, આ સાહેદ પોલીસ ડાયરી લઇને જુબાની આપવા આવેલા નથી. વધુમાં લિસ્ટથી રજૂ કરેલ ચુકાદા નં.૨ ના પેરા નં.૮૩૧ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે હાલના કેસમાં પોલીસ ઓફિસરો બેજવાબદાર રહેલા છે, મહત્વના ચારેય તપાસ કરનાર અમલદારોએ આ ગુન્હાની યોગ્ય તપાસ કરી નથી, યોગ્ય રીતે જુબાનીઓ પણ આપેલી નથી તેમજ તપાસ કરનાર અમલદારે જુબાની આપવા કેસ ડાયરી લઇને આવવુ પડે પરંતુ કેસ ડાયરી સાથે લાવેલા નથી.

વિ.વ.શ્રી આર.કે.શાહ વધુમાં સાંયોગીક પુરાવા ઉપર દલીલો કરતા જણાવે છે કે આ કેસમાં કયા સંજોગો છે કે આરોપીઓ આ ગુન્હામાં સંડોવાયેલા હોય શકે, હાલના કેસમાં ફરિયાદપક્ષે આરોપીઓ વિરૂધ્ધ કોઇ સીધો પુરાવો રજૂ

કર્યો નથી, એપ્રૂવર ઐયાજ સૈયદનો જે પુરાવો છે તે સીધો પુરાવો નથી, વાઘમોન કેમ્પ, હાલોલ–પાવાગઢ કેમ્પ, અલમહમદી સોસાયટી વાળુ મકાન, કલમ–૨૭ ના પંચનામા બનાવ્યા, મિટીંગો થયેલી, વાતો થયેલી તેનાથી એવું ના મનાય કે આ બ્લાસ્ટ આ આરોપીઓએ કર્યા છે. વધુમાં **૧૯૭૯, ક્રિમીનલ લો જનરલ, પાન નં.૬૬૬** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદાના પેરા નં.૨૨,૨૩ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે સંજોગો સંપૂર્ણપણે સ્થાપિત થવા જોઇએ, દરેક સંજોગો એવા હોવા જોઇએ કે માત્ર આ સંજોગોથી આરોપી દોષિત છે તેમ મનાય તેમ હોય, રજૂ થયેલ પુરાવા ઉપરથી આરોપીની નિર્દોષતા જાહેર થતી ના હોય તેવા સંજોગો હોય તો જ આરોપીને ગુનેગાર ઠરાવાય. વધુમાં **૧૯૯૫, ક્રિમીનલ લો જનરલ, પાન નં.૨૬૯૨** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદાના પેરા નં.૧૧ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે આરોપીને ગુનેગાર ઠરાવવા માટે સંજોગોની કડી સંપૂર્ણપણે સ્થાપિત થવી જોઇએ. હાલના આ કેસમાં આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય તેટલા સાંયોગિક પુરાવા ફરિયાદપક્ષે રજૂ કર્યા નથી, સંજોગોની ચેઇન પૂર્ણ થતી નથી, સંજોગો ઉપરથી આરોપીઓ ગુન્હેગાર છે તેવુ અનુમાન થાય તેમ નથી.

વધુમાં વિ.વ.શ્રી આર.કે.શાહ કાવત્રાના મુદ્દા ઉપર દલીલો કરતા જણાવે છે કે એવા કયા પુરાવા ઉપરથી અમદાવાદના અને સુરતના બનાવોનુ એક જ કાવત્રુ છે તેવુ કહી શકાય તેમ છે, અમદાવાદમાં બધા જ બ્લાસ્ટ થયા છે જયારે સુરતમાં કોઇ બ્લાસ્ટ થયેલા નથી, એવુ કયુ કાવતરૂ હતુ કે સુરતમાં બ્લાસ્ટ ના થયા? તપાસ કરનાર અધિકારી સુજાતા મજમુદારે આરોપી નં.૬૩ તન્વીર પઠાણનુ પંચનામુ તા.૨૭–૮–૨૦૦૮ ના રોજ બનાવેલુ છે તેના પંચ કલ્પેશ પટેલને ફરિયાદપક્ષે સાહેદ નં.૪૫૧ તરીકે તપાસેલા છે, પંચનામુ આંક–૨૭૯૪ થી રજૂ છે, આરોપી નં.૬૩ ની વર્તણૂંક બતાવવા માટે સદર આરોપીને સાથે રાખી તમામ જગ્યાઓ સુરતની હતી તેનુ પંચનામુ બનાવેલુ છે જે કાર્યવાહી શંકાસ્પદ છે, એક પણ બોમ્બ ફુટે નહીં તે કેવુ કહેવાય, આંક–૮૦૯૮થી રજૂ થયેલ રીપોર્ટ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે આ રીપોર્ટ આપનારને

ફરિયાદપક્ષે તપાસેલા નથી, આ રીપોર્ટ તપાસ કરનાર અમલદાર સુજાતા મજમુદારની જુબાનીમાં રજૂ થયેલો છે, આ રીપોર્ટ લાવનાર કોન્સ્ટેબલને પણ ફરિયાદપક્ષે સાહેદ તરીકે તપાસેલા નથી. વધુમાં આંક–૮૦૯૯ થી રજૂ માઇક્રોચીપ એનાલીસીસ રીપોર્ટ મુજબ સરકીટ કમ્પલીટ હતી, બધી એસેસરી ચાલુ હાલતમાં હતી, ટાઇમ સેટ થયેલો હતો, સરકીટ ચાલુ હતી, બધુ બરોબર છે પરંતુ કાંઇક ચાલુ ન હતુ માટે બોમ્બ ફેઇલ ગયેલા છે, સુરતના કેસોના બનાવોને અમદાવાદના કેસોના બનાવો સાથે કોઇ સબંધ નથી. વધુમાં લીસ્ટથી રજૂ કરેલ ચુકાદા નં.૨ ના પેરા નં.૨૦૦ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે બે અથવા વધારે વ્યકિતઓ ભેગા મળી ગેરકાયદેસર કૃત્ય કરે અથવા કાયદેસરનુ કૃત્ય ગેરકાયદેસર રીતે કરે અથવા સમજૂતી કરે તો તે કાવતરાની પ્રથમ શરત છે, કાવતરાના દરેક સંજોગો, બનાવો સ્વતંત્ર રીતે પુરવાર કરવા જોઇએ. વધુમાં વિ.વ.શ્રી આર.કે.શાહે પોતાની મૌખિક દલીલોના સમર્થનમાં આંક–૯૩૮૬થી પાના નં.૦૧ થી ૫૫ સુધીની લેખિત દલીલો રજૂ કરેલી છે. જે પણ મૌખિક દલીલો મુજબની છે. જે પણ વિચારણ હેઠળ લીધી.

(૨૪)(૨) <u>બચાવપક્ષ તર્ફે વિ.વ.શ્રી એમ.એમ.શેખની દલીલોઃ–</u>

આરોપી નં.૧૩, ૧૬, ૨૭, ૧૮, ૧૯, ૨૦, ૨૨, ૨૪, ૨૫, ૨૬, ૩૫, ૩૭, ૭૧, ૭૪ નાઓ તર્ફે વિ.વ.શ્રી એમ.એમ.શેખ દલીલો કરતા જણાવે છે કે સદર ગુના કામે કુલ–૭૮ આરોપીઓ ટ્રાયલ ફેસ કરી રહ્યા છે, અમદાવાદ શહેરમાં તા.૨૬–૭–૨૦૦૮ ના રોજ કમનસીબ બોમ્બ બ્લાસ્ટના બનાવો બનેલા છે જે અંગેની કુલ–૨૦ ફરિયાદો અમદાવાદના જુદા–જુદા પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલી છે તેમજ સુરત શહેરમાં તા.૨૭–૭–૨૦૦૮ થી તા.૯–૮–૨૦૦૮ સુધી જુદી–જુદી જગ્યાઓએ જીવંત બોમ્બ મળી આવેલા તે અંગેની કુલ–૧૫ ફરિયાદો સુરતના જુદા–જુદા પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલી છે, આ તમામ ફરિયાદો અજાણ્યા ઇસમો વિરૂધ્ધ દાખલ થયેલી છે, તમામ ફરિયાદો પ્રથમ ઇ.પી.કો.કલમ–૧૨૦(બી),૩૦૨ વિગેરે મુજબના ગુન્હાની નોંધાયેલી,

અમદાવાદ શહેરમાં નોંધાયેલા ગુન્હાની ફરિયાદોના કામે સૌપ્રથમ જે, તે પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટરોએ આ બનાવોની તપાસો સંભાળેલી અને ત્યાર બાદ સરકારશ્રીના હુકમથી તમામ ફરિયાદોની તપાસ અમદાવાદ ક્રાઇમ બ્રાંચને સોંપવામાં આવેલી છે, તા.૨–૮–૨૦૦૮ ના રોજ અમદાવાદ ક્રાઇમ બ્રાંચના ડી.સી.પી.ના આંક–૮૬૪૦ થી રજૂ થયેલ હુકમથી ચાર તપાસ ટીમો બનાવેલી છે અને આ ટીમોને તમામ બનાવોની તપાસ સોંપવામાં આવેલી છે.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ દલીલો કરતા જણાવે છે કે શાહીબાગ પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુના રજી.નં.૨૩૬/૨૦૦૮ ના કામે તા. ૧૨–૧૧–૨૦૦૮ ના રોજ ચાર્જશીટ રજૂ કરેલુ ત્યારબાદ વખતો વખત સદર ગુના કામે યુ.એ.પી.એ.ની કલમો ઉમેરાયેલ અને ૧૮૦ દિવસો દરમ્યાન જુદી–જુદી ચાર્જશીટો દાખલ થયેલ છે, તા.૧૫–૧૦–૨૦૧૦ ના રોજ આંક–૧૨૨થી સૌપ્રથમ આરોપી નં.૧ થી ૬૪ સામે ઇ.પી.કો.કલમ–૧૨૦(બી), ૧૨૧(એ), ૧૨૪(એ),૧૫૩(ક)(૧) વિગેરે મુજબના ગુનાનુ તથા એક્ષપ્લોઝીવ સબ સ્ટન્સ એકટની કલમ–૩,૪,૬ વિગેરે તથા યુ.એ.પી.એ.ની કલમ–૧૦, ૧૩, ૧૮, ૧૯, ૨૦, ૨૩ વિગેરે તથા આર્મ્સ એકટની કલમ–૨૫(૧)(બી)(એ) વિગેરે તથા આઇ.ટી.એકટની કલમ–૬૫, ૬૬ તથા ડેમેજ ટુ પબ્લીક પ્રોપર્ટી એકટની કલમ–૩,૪ વિગેરે મુજબના ગુન્હાનુ તહોમતનામુ ફરમાવેલુ છે. ત્યાર બાદ આરોપી નં.૬૫ થી ૭૮ નાઓને જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ અટક કરેલા અને તપાસના અંતે આ તમામ આરોપીઓ સામે ચાર્જશીટો રજૂ કરેલા છે. આરોપી નં.૬૫ થી ૭૮ સામે પણ જુદી–જુદી તારીખોએ ઉપરોકત ગુના અન્વયેના તહોમતનામાં ફરમાવેલા છે. આંક–૧૨૨નુ તહોમતનામું જોતાં ફરિયાદપક્ષનો કેસ અને આરોપીઓની ભૂમિકા બતાવેલાનું જણાઇ આવે છે.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ આંક–૧૨૨ નુ તહોમતનામું વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે તા.૨૭–૨–૨૦૦૨ ના રોજ ગોધરા સાબરમતી ટ્રેનનો ડબ્બો સળગાવ્યો તેના કારણે કોમી તોફાનો ફાટી નીકળેલા તેનો બદલો લેવા માટે આરોપીઓએ આ કૃત્ય કરેલાનો આક્ષેપ છે. આરોપી નં.

૬૫ થી ૬૮ સામે આંક–૭૯૯ થી તા.૬–૩–૨૦૦૯ ના રોજ તહોમતનામું ફરમાવેલુ છે. આરોપી નં.૬૯,૭૦ સામે આંક–૯૫૬ થી તા.૨૬–૬–૨૦૧૩ ના રોજ તહોમતનામું ફરમાવેલુ છે, આરોપી નં.૭૧ સામે આંક–૧૩૦૦ થી તા. ૫–૧૨–૨૦૧૩ ના રોજ તહોમતનામું ફરમાવેલુ છે, આરોપી નં.૭૨ સામે આંક–૧૮૪૭ થી તા.૯–૭–૨૦૧૪ ના રોજ તહોમતનામું ફરમાવેલુ છે, આરોપી નં. ૭૩, ૭૪ સામે આંક–૧૯૩૫ થી તા.૨૪–૯–૨૦૧૪ ના રોજ તહોમતનામું ફરમાવેલુ છે, આરોપી નં.૭૫ સામે આંક–૬૯૪૪ થી તા.૨૧–૪–૨૦૧૮ ના રોજ તહોમતનામું ફરમાવેલુ છે, આરોપી નં.૭૬ થી ૭૮ સામે આંક–૭૨૪૫ થી તા.૧૮–૮–૨૦૧૮ ના રોજ તહોમતનામું ફરમાવેલુ છે. ફરિયાદપક્ષ તરફથી આ કામે કુલ્લે–૧૧૬૩ જેટલા સાહેદો તપાસેલા છે અને ૪૫૦૦ થી વધુ દસ્તાવેજો રજૂ કરેલા છે. ફરિયાદપક્ષ તર્ફે જુદા–જુદા સાહેદોનુ વર્ગીકરણ કરી તે મુજબ દલીલો કરવામાં આવેલી છે તેમજ બચાવપક્ષ તરફથી બચાવમાં કુલ –૭ સાહેદો તપાસેલા છે અને આરોપી નં.૩૭ નાએ બચાવમાં જાતે સોગંદ ઉપર જુબાની આપેલી છે.

વિ.વ.શ્રી એમ.એમ.શેખ વધુમાં દલીલો કરતા જણાવે છે કે કેસનુ રેકર્ડ તથા રજૂ થયેલો પુરાવો જોતાં આ કેસો સાંયોગીક પુરાવા ઉપર આધારીત છે, બનાવો બન્યા બાદ આ ગુનાની શરૂઆતમાં તપાસ કરનાર અધિકારીઓને તપાસ દરમ્યાન કોઇ પુરાવો મળ્યો નથી, ફરિયાદપક્ષે સાહેદ નં.૧૦૦૦ તરીકે તપાસેલા હરેશ રણછોડલાલ મુલીયાણાની જુબાની ધ્યાને લેતાં તા.૨૭–૭–૨૦૦૮ થી લઇને તા.૧૫–૮–૨૦૦૮ સુધીની તપાસ દરમ્યાન શંકાસ્પદ વ્યકિતઓના નામો કે ઓળખ જાણવા મળેલી નહીં તેમ જણાવે છે. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૧૦૭૦ તરીકે તપાસેલા વિનય શુકલની જુબાની ધ્યાને લેતાં બનાવમાં કોણ સંડોવાયેલુ છે તે જાણવા મળેલુ નહીં તેમ જણાવે છે. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૧૦૭૧ તરીકે તપાસેલા વી.જે.રાવલની જુબાની ધ્યાને લેતાં બનાવ અંગેની માહિતી મેળવવા પ્રયત્ન કરેલો પરંતુ સાહેદોના નિવેદનો લીધા નથી. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૧૦૭૨ તરીકે તપાસેલા એચ.જે.

જનકાતની જુબાની ધ્યાને લેતાં આરોપીઓની માહીતી આ સાહેદને મળેલી નથી. ફરિયાદપક્ષે સાહેદ નં.૧૦૭૫ તરીકે તપાસેલા વી.જે.જાડેજાની જુબાની ધ્યાને લેતાં આરોપીઓ બાબતે કોઇ ફળદાયક હકીકત આ સાહેદને મળી નથી. ફરિયાદ પક્ષે સાહેદ નં.૧૦૭૬ તરીકે તપાસેલા એ.વી.ગખ્ખરની જુબાની ધ્યાને લેતાં તા. ૨૭–૭–૨૦૦૮ થી તા.૩–૮–૨૦૦૮ સુધીની તપાસ દરમ્યાન કોઇ આરોપીઓના નામો કે વર્ણનો જાણવા મળ્યા નથી તેમજ તપાસ દરમ્યાન કોઇ વ્યકિત ઉપર આંગળી મુકી શકાય તેવો પુરાવો મળ્યો ન હોવાનુ જણાવે છે. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૧૦૭૭ તરીકે તપાસેલા એ.એફ.સીંધીની જુબાની ધ્યાને લેતાં તેમની તપાસ દરમ્યાન કોઇ શંકાસ્પદ માણસોના નામો મળેલા નહીં તેમજ સાહેદોના નિવેદનો અને ગુપ્ત માહિતીના આધારે શંકાસ્પદ માણસોના કે બનાવ અંગે સંકળાયેલા કોઇ માણસોના સ્કેચ બનાવેલા ન હોવાનુ જણાવે છે. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૧૧૪૫ તરીકે તપાસેલા ટી.એસ.પટેલની જુબાની ધ્યાને લેતાં તેમની પાસે તપાસ રહી ત્યાં સુધી સાઇકલ ઉપર બોમ્બ મુકવા વાળાના કોઇ માહિતી મળેલી ન હોવાનુ જણાવે છે. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૧૧૩૩ તરીકે તપાસેલા એમ.ડી.ચૌધરીની જુબાની ધ્યાને લેતાં અગાઉના ૭૩ આરોપીઓ સામેના ચાર્જશીટોના પુરાવાઓને કબૂલ રાખી ત્રણ આરોપીઓ સામે ચાર્જશીટો રજૂ કરેલા છે, આ ત્રણ આરોપીઓ સામે જે પુરવણી ચાર્જશીટો કરેલા તેમાં આરોપીઓ સામે કોઇએ નજરે બોમ્બ મુકતા જોયેલાના પુરાવા ન હતા, આ ત્રણેય આરોપીએ બનાવના દિવસે સ્થળ ઉપર હાજર રહી કોઇકે બોમ્બ મુકતા જોયા હોય કે કોઇ કાર્યવાહી કરતા જોયા હોય તેવા સાહેદો ન હોવાનુ જણાવે છે. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૧૧૫૩ તરીકે તપાસેલા આર.વી.અસારીની જુબાની ધ્યાને લેતાં ઇજા પામનારા સાહેદોના નિવેદનો ઉપરથી ગુનો કરનાર કોણ છે તેઓના નામો ખુલેલા નહીં, સાહેદે લીધેલા પોલીસ સાહેદોના નિવેદનો ઉપરથી પણ ગુન્હામાં કયા આરોપી સંડોવાયેલા છે તેઓના નામ ખુલેલા નહીં, તપાસ દરમ્યાન એવો કોઇ સાહેદ મળેલો નહીં કે જેણે કહેલુ કે આરોપીને ઓળખે છે અને આરોપીનો સ્કેચ બનાવવામાં મદદ કરે છે. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૧૧૫૪

તરીકે તપાસેલા ઉષા રાડાની જુબાની ધ્યાને લેતાં તા.૨૬–૭–૨૦૦૮ થી તા. ૩–૮–૨૦૦૮ ના સમય દરમ્યાન આ બનાવોમાં સંડોવાયેલા વ્યકિત વિશે કોઇ માહીતી મળેલ ન હોવાનુ કબૂલ કરે છે, સાહેદે જે પુરાવા ભેગા કરેલા છે તે સાંયોગીક પુરાવા હોવાનુ પણ કબૂલ કરે છે. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૧૧૬૩ તરીકે તપાસેલા એમ.જે.ચાવડાની જુબાની ધ્યાને લેતાં સાહેદ પાસેની ચારેય તપાસોના કામે ચારેય સ્થળો ઉપર વીઝીટ લીધેલાનુ કબૂલ કરે છે, આ ચારેય જગ્યા ઉપર જઇ આજુબાજુ રહેતા કેટલાક લોકો તથા કેટલાક ઈજા પામનારાના નિવેદનો લીધેલા તેમાંથી ગુનામાં સંડોવાયેલા કોઇ લોકોના નામ ખુલેલા ન હોવાનુ કબૂલ કરે છે.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ દલીલો કરતા જણાવે છે કે શરૂઆતમાં ગુન્હાની ફરિયાદ લેનાર તથા સૌપ્રથમ ગુન્હાવાળી જગ્યાએ પહોંચનાર પોલીસ અધિકારીઓ પૈકી નીચે મુજબના પોલીસ અધિકારીઓની જુબાની ધ્યાને લઇએ તો–

ફરિયાદપક્ષે સાહેદ નં.૭૦૦ તરીકે તપાસેલા કે.સી.ચુડાસમાની જુબાની ધ્યાને લેતાં બનાવમાં બસમાંથી બોક્ષ લઇને નીચે ઉતરનાર વ્યકિત અગત્યની વ્યકિત હતી, આ વ્યકિત સબંધે સ્કેચ મેળવવા બસના ડ્રાઇવર, કન્ડકટર તથા અન્ય વ્યકિત તરફથી પ્રયત્ન કરેલો પરંતુ મળી શકેલ નહીં, તપાસ દરમ્યાન બસના પેસેન્જરો થકી આરોપીની કોઇ માહીતી મળેલ ન હોવાનુ જણાવે છે. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૭૦૧ તરીકે તપાસેલા બી.કે. સંધાણીની જુબાની ધ્યાને લેતાં તપાસ પોલીસ ઇન્સ્પેકટરને સુપરત કરી ત્યાં સુધી આરોપીઓ અંગે કોઇ જાણકારી મળેલ ન હોવાનુ કબૂલ કરે છે. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૭૦૨ તરીકે તપાસેલા પી.જી.પટેલની જુબાની ધ્યાને લેતાં ગુન્હાની તપાસ ક્રાઇમ બ્રાંચને સુપરત કરી ત્યાં સુધી બનાવ સંબંધે આરોપીઓ અંગે કોઇ જાણકારી ન હોવાનુ કબૂલ કરે છે. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૭૧૪ તરીકે તપાસેલા એમ.આર.રાઠોડની જુબાની ધ્યાને લેતાં તા.૨૬–૭–૨૦૦૮ થી તા.૨૭–૭–૨૦૦૮ સુધી કેસની તપાસ કરેલી, આ તપાસ દરમ્યાન કોઇ

આરોપી સબંધેની માહીતી તેમજ કોઇ કલ્ચુ મળેલ ન હોવાનુ કબૂલ કરે છે. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૭૩૦ તરીકે તપાસેલા પી.આર.ગેલોતની જુબાની ધ્યાને લેતાં તપાસ દરમ્યાન કોઇ પણ શંકાસ્પદ વ્યકિતના નામ, સરનામા કે શારીરિક વર્ણન સબંધે માહીતી મળેલ ન હોવાનુ કબૂલ કરે છે, ફરિયાદીએ પણ આ સંબંધે કોઇ જાણકારી કે માહીતી જાહેર કરી ન હોવાનુ જણાવે છે. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૭૮૨ તરીકે તપાસેલા એમ.એ.ચૌહાણની જુબાની ધ્યાને લેતાં તા. ૨૬–૭–૨૦૦૮ થી તા.૨૯–૭–૨૦૦૮ સુધીની તપાસ દરમ્યાન બનાવ સંબંધેના આરોપીઓના નામ કે સરનામાની કોઇ માહિતી મળેલ ન હોવાનુ જણાવે છે.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ સુરત ખાતેના બોમ્બ પ્લાન્ટેશના કેસ બાબતે મુખ્ય તપાસનીશ અધિકારીના રજૂ થયેલ પુરાવા અંગે દલીલો કરતા જણાવે છે કે ફરિયાદપક્ષે સાહેદ નં.૧૧૩૬ તરીકે સુજાતા મજમુદારને તપાસેલા છે. આ સાહેદની જુબાની ધ્યાને લેતાં દરેક જગ્યાઓ ઉપર કોઇ વ્યકિતને બોમ્બ પ્લાન્ટેશન કરતા કે કોઇ શંકાસ્પદ વસ્તુ મુકતા જોયા હોય અને તેમ કરતા કોઇને કોઇ પણ સાહેદે જોયા હોય તેવા કોઇ સાહેદો જગ્યા ઉપર અને આજુબાજુ રહેતા લોકોમાંથી મળી આવેલા ન હોવાનુ કબૂલ કરે છે. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૧૧૫૫ તરીકે તપાસેલા એમ.બી.પરમારની જુબાની ધ્યાને લેતાં સુરત ખાતેના તમામ બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં જે બોમ્બ મળી આવેલા તે જમીનથી અધ્ધર એટલે કે ઝાડ ઉપર, હોર્ડિંગ ઉપર કે થાંભલા ઉપર હતા અને તેમની તપાસ દરમ્યાન એવો કોઇ સાક્ષી મળેલો નહીં કે તે સાક્ષીએ કોઇ આરોપીને બોમ્બ લટકાવતા કે મુકતા જોયા હોય.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ સાંયોગીક પુરાવા ઉપર નીચે મુજબના ચુકાદાઓ રજૂ કરી તે ચુકાદાઓ ઉપર આધાર રાખી દલીલો કરતા જણાવે છે કેઃ–

(૧) ઉપાલા બીક્ષમ ઉર્ફે બીક્ષમેયાહ વિરૂધ્ધ સ્ટેટ ઓફ આંધ્રપ્રદેશ ૨૦૧૯(૧૩)સુપ્રિમ કોર્ટ કેસીસ,પાન નં.૮૦૨

ઉપરોકત ચુકાદાની હેડ નોટ–એ અને પેરા નં.૬ વંચાણે લઇ વિ.વ.શ્રી એમ.એમ.શેખ દલીલો કરતા જણાવે છે કે જયારે કેસ સાંયોગીક પુરાવા ઉપર હોય ત્યારે તે ત્રણ પરીક્ષણથી સંતોષવો જોઇએ, આરોપી સામે સાંયોગિક પુરાવાથી કેસ પુરવાર થાય છે તે સ્થાપિત થવુ જોઇએ, સંયોગો આરોપીઓની સંડોવણી તરફ સ્પષ્ટ રીતે જતા હોય, સાંયોગીક પુરાવાની ચેઇન સંપૂર્ણપણે સ્થાપિત થવી જોઇએ.

(૨) અનવરઅલી વિરૂધ્ધ સ્ટેટ ઓફ હિમાચલ પ્રદેશ
એ.આઇ.આર.૨૦૨૦ સુપ્રિમ કોર્ટ,પાન નં.૪૫૧૯

ઉપરોકત ચુકાદાના પેરા–૨, ૪ વંચાણે લેવા માટે વિનંતી કરી છે.

(૩) દેવીલાલ વિરૂધ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન સાથે
બાબુલાલ વિરૂધ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન
૨૦૧૯(૧૯),સુપ્રિમ કોર્ટ કેસીસ,પાન નં.૪૪૭

ઉપરોકત ચુકાદાના પેરા નં.૬, ૭, ૯, ૧૨, ૧૩, ૧૪, ૧૫ વંચાણે લેવા માટે વિનંતી કરી છે.

(૪) દીગમ્બર વૈષ્ણવ વિરૂધ્ધ સ્ટેટ ઓફ છત્તીસગઢ
૨૦૧૯(૪),સુપ્રિમ કોર્ટ કેસીસ,પાન નં.૫૨૨

ઉપરોકત ચુકાદાના પેરા નં.૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૮, ૨૯, ૩૦, ૩૭ વંચાણે લેવા માટે વિનંતી કરી છે.

(૫) રાજકુમાર સિંધ ઉર્ફે રાજુ વિરૂધ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન
૨૦૧૩(૫),સુપ્રિમ કોર્ટ કેસીસ,પાન નં.૭૨૨

ઉપરોકત ચુકાદાના પેરા નં.૬, ૧૭, ૧૮, ૧૯, ૨૧, ૨૩, ૨૪, ૩૭, ૩૮ ધ્યાને લેવા માટે વિનંતી કરી છે.

વિ.વ.શ્રી એમ.એમ.શેખ ઉપરોકત ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતો આધારે દલીલો કરતા જણાવે છે કે ગુનો ગંભીર હોય અને સજા કરવાની હોય ત્યારે પુરાવાની તમામ લીંક સ્થાપિત થવી જોઇએ અને આવી લિંક સ્થાપિત ના થતી હોય તો આરોપીને છોડી મુકવા જોઇએ, કેસ સાંયોગીક પુરાવા

ઉપર હોય ત્યારે બધા જ સંજોગો સ્વતંત્ર રીતે શંકારહિત પુરવાર થવા જોઈએ, પુરાવાની ચેઈન એવી બનવી જોઈએ કે ચેઈનના દરેક અંકોડા સ્વતંત્ર રીતે અને સંયુકત રીતે એકબીજા સાથે મજબુત રીતે જોડાયેલા હોય, રજૂ થયેલો પુરાવો મજબુત હોવો જોઈએ, રજૂ થયેલા પુરાવા સામે શંકા મજબુત હોય તો તેવો પુરાવો ના મનાય, સંજોગ માત્ર અને માત્ર પુરાવા ઉપરથી સાબિત થવો જોઈએ, ગંભિર ગુન્હામાં પુરાવાનુ મૂલ્યાંકન પણ ખૂબ જ કાળજીથી થવુ જોઈએ.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ દલીલો કરતા જણાવે છે કે જયારે કેસ સાંયોગીક પુરાવા ઉપર આધારીત હોય ત્યારે અદાલતે શું ધ્યાનમાં રાખવુ જોઈએ તે મહત્વનુ છે, અદાલતે નામદાર હાઈકોર્ટ તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને રાખી પુરાવાનુ મૂલ્યાંકન કરવુ જોઈએ, તા.૨૬–૭–૨૦૦૮ ના રોજ અમદાવાદ શહેરમાં જુદી–જુદી જગ્યાઓએ બોમ્બ બ્લાસ્ટ થયેલા છે જેમાં કેટલાક લોકો મરણ ગયેલા છે તેમજ કેટલાક લોકો ઈજા પામેલા છે, ફરિયાદપક્ષ તર્ફે એવો કેસ છે કે આરોપીઓએ આ બોમ્બ બ્લાસ્ટ કર્યા છે, ફરિયાદપક્ષના કેસ મુજબ બોમ્બમાં એમોનીયમ નાઈટ્રેટ અને ડીટોનેટર્સ વિગેરે વપરાયેલા છે, આ સામગ્રી કોણે ખરીદેલી છે તે અંગે કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી.

વિ.વ.શ્રી એમ.એમ.શેખ વધુમાં સંયોગ નં.૧ બોમ્બ બ્લાસ્ટ કરવામાં વપરાયેલ સામગ્રી બાબતે રજૂ થયેલ પુરાવા અંગે દલીલો કરતા જણાવે છે કે રેકર્ડ ઉપર રજૂ થયેલા એફ.એસ.એલ. રીપોર્ટો મુજબ બોમ્બ બ્લાસ્ટમાં એમોનીયમ નાઈટ્રેટ, ડીટોનેટર્સ, નાવડી આકારની લાકડાની ફ્રેમો, સરકીટો અને છરાનો ઉપયોગ થયેલો છે, અમદાવાદ શહેરમાં ૨૪ તથા સુરત શહેરમાં ૨૬ જેટલા બોમ્બ ઉપયોગમાં લેવાયા હોવાનુ જણાય છે પરંતુ આ તમામ બોમ્બમાં વપરાયેલ વિસ્ફોટક સામગ્રી કયા આરોપીએ ખરીદી? કયાંથી ખરીદી? તે અંગેની કોઈ વિગતો કોઈ પણ સાહેદના પુરાવાથી રેકર્ડ ઉપર આવતી નથી. ફરિયાદપક્ષે સાહેદ નં.૧૧૫૩ તરીકે તપાસેલા આર.વી.અસારીની જુબાની ધ્યાને લેતાં તપાસ દરમ્યાન તેમણે એરેસ્ટ કરેલા આરોપીઓ પાસેથી કોઈ હથિયારો, એક્ષપ્લોઝીવ પદાર્થ મળેલા ન હોવાનુ જણાવે છે તેમજ તપાસ દરમ્યાન કોઈ આરોપી સ્ફોટક

પદાર્થની દુકાન ઉપર લઇ ગયેલા હોય અને ત્યાંથી સ્ફોટક પદાર્થ ખરીદેલ હોય અને તે બાબતનુ પંચનામુ બનાવેલુ હોય તેવુ બનેલુ ન હોવાનુ જણાવે છે. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં. ૧૧૫૪ તરીકે તપાસેલા ઉષા રાડાની તેમજ સાહેદ નં.૧૧૬૩ તરીકે તપાસેલા મયુર ચાવડાની જુબાની ધ્યાને લેતાં તેમણે પણ તપાસ દરમ્યાન કોઇ પણ આરોપીએ બોમ્બ બ્લાસ્ટમાં વપરાયેલ સ્ફોટક સામગ્રી કોઇ સ્થળેથી ખરીદ કરેલ હોય કે મેળવી હોય તે અંગે કોઇ પુરાવો મળી આવેલ હોય તેમ જણાવેલુ નથી. વધુમાં ફરિયાદપક્ષે સુરત શહેરના બનાવો અંગે સાહેદ નં.૧૧૫૫ તરીકે તપાસેલા એન.બી.પરમારની જુબાની ધ્યાને લેતાં તેમની તપાસ દરમ્યાન એમોનીયમ નાઇટ્રેટ, ડીટોનેટર જેવી વસ્તુઓ કોઇપણ આરોપીએ કયાંથી મેળવેલી તે બાબતેની માહિતી મળેલી ન હોવાનુ કબૂલ કરે છે તેમજ આ વસ્તુઓ જયાંથી પણ આરોપીઓએ લીધી હોય અને તે જગ્યા ઉપર આરોપીને લઇ ગયલા હોય અને ત્યાં પંચનામુ બનાવ્યુ હોય તેવુ બનેલુ ન હોવાનુ કબૂલ કરે છે. આમ સંયોગ નં.૧ માં જણાવ્યા મુજબના સંજોગો પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ જાય છે.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ સંયોગ નં.૨ બોમ્બ બ્લાસ્ટમાં વપરાયેલ સાઇકલો બાબતે રજૂ થયેલા પુરાવા અંગે દલીલો કરતા જણાવે છે કે અમદાવાદ શહેરમાં થયેલ સિરીયલ બોમ્બ બ્લાસ્ટમાં અઢાર જેટલી જગ્યાઓ ઉપર સાઇકલ ઉપર બ્લાસ્ટ થયેલા હોવાનો ફરિયાદપક્ષનો કેસ છે અને જે, તે ગુના વાળી જગ્યાઓ ઉપરથી અઢાર જેટલી સાઇકલો મુદ્દામાલ તરીકે કબજે કરવામાં આવેલી છે, આ અઢાર સાઇકલો પૈકી નવ સાઇકલો કોણે ખરીદી? કયાંથી ખરીદી? કઇ તારીખે ખરીદી? તે બાબતે કોઇ પુરાવો રેકર્ડ ઉપર રજૂ થયેલો નથી, કોઇ પણ સાઇકલને ગુનાવાળી જગ્યા ઉપરથી કબજે કરી સીલ કરી હોય તેવો કોઇ પુરાવો રેકર્ડ ઉપર નથી, સાઇકલો જોઇ ત્યારે કઇ સ્થિતિમાં હતી તે તપાસ કરનાર અમલદાર સાહેદ નં.૧૧૬૩ જણાવતા નથી, કુલ–૫ (પાંચ) સાઇકલ વેચનારાને તપાસેલા છે, આરોપીઓ સાઇકલો લઇ ગયા હોય તેવુ કોઇ સાહેદો જણાવતા નથી, સાઇકલ વેચનારાઓ સમક્ષ આરોપી નં.૨૭ ની ઓળખ

પરેડ કરાવેલી નથી, આરોપી નં. ૨૭ પકડાયા પછી પુરાવાના કાયદાની કલમ–૨૭ હેઠળ ખોટા પંચનામા બનાવ્યા છે, તપાસ કરનાર અમલદારે પોતાની તપાસ સાચી ઠરે તે માટે કલમ ૨૭ મુજબના પંચનામા ઉભા કરેલા છે, જુદા–જુદા તપાસ કરનાર અમલદારો દ્વારા છ માસ સુધી આરોપીઓના વારંવાર રીમાન્ડો મેળવેલા છે તેમ છતાં આ રીમાન્ડ સમય દરમ્યાન આરોપીએ ચોક્કસ દુકાનોમાંથી, ચોક્કસ કંપનીની, ચોક્કસ કલરની સાઇકલ ખરીદેલી તે બાબતે કોઇ પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી, આરોપીઓએ કુલ–૧૮ સાઇકલો ખરીદેલી તેવો ફરિયાદપક્ષને કેસ છે પરંતુ હાલના કેસમાં કુલ–નવ સાઇકલો કબજે થયેલી છે બાકીની નવ સાઇકલો અંગે કોઇ પુરાવો રજૂ થયેલો નથી. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૧૧૬૩ તરીકે તપાસેલા મયુર ચાવડાની જુબાની ધ્યાને લેતાં તેઓ ઊલટતપાસમાં જણાવે છે કે આંક–૬૦૬૪ અને આંક–૬૦૬૮ વાળુ પંચનામુ જોતાં તે આરોપીએ જે જગ્યાએથી સાઇકલો ખરીદેલી તે જગ્યા બતાવ્યા અંગેનુ પંચનામુ છે, આરોપીએ આ દુકાનોમાંથી કઇ કંપનીની સાઇકલ ખરીદેલી અને કેટલી કિંમતમાં ખરીદેલી અને તેના વેચાણ બીલો કબજે કર્યાનો કોઇ ઉલ્લેખ આ પંચનામામા ન હોવાનુ કબૂલ કરે છે. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૧૧૫૩ તરીકે તપાસેલા આર.વી.અસારીની જુબાની ધ્યાને લેતાં તેમણે પણ સાઇકલોના માલિક વિશે કોઇ તપાસ કરેલી ન હોવાનુ જણાવેલ છે. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૧૦૦૦ તરીકે તપાસેલા શ્રી મુલીયાણાની જુબાની ધ્યાને લેતાં કોઇ પણ સાઇકલ ડીલરવાળાઓએ બ્લાસ્ટમાં વપરાયેલી સાઇકલો તેમને ત્યાંથી વેચાયેલી હોવાનો કોઇ પુરાવો આપેલો ન હોવાનુ કબૂલ કરે છે. વધુમાં આરોપી નં.૨૭ ઇસ્માઇલ પોલીસ કસ્ટડીમાં હતા ત્યારે આંક–૬૦૬૪, આંક–૬૦૬૮ તથા આંક–૫૫૪૫ ના પંચનામાથી ૧૦ સાઇકલની દુકાનો બતાવ્યા અંગે કુલ–૩ પંચનામા કરવામાં આવેલા છે, ખરીદેલ સાઇકલો અંગે ફરિયાદપક્ષે સાહેદ નં. ૮૨૬, ૮૨૯, ૯૫૫, ૧૦૩૫, ૧૦૩૬ નાઓને તપાસેલા છે, આ તમામ સાહેદોએ આરોપીને સાઇકલ વેચવા બાબતે કોઇ દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા નથી, સાઇકલ ખરીદનાર કે ભાડે લઇ જનાર કોઇ પણ આરોપીને સાહેદોએ

ઓળખી બતાવેલ નથી, આરોપીની ઓળખ બાબતે કોઇપણ ટેસ્ટ કે આઇડેન્ટી ફીકેશન પંચનામા કરેલા નથી જેથી સંયોગ નં.૨ પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલા છે.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ સંયોગ નં.૩ બોમ્બમાં વપરાયેલ કહેવાતી સરકીટો બાબતે રજૂ થયેલા અંગે દલીલો કરતા જણાવે છે કે અમદાવાદ શહેરમાં થયેલ બોમ્બ વિસ્ફોટોના બનાવો તથા સુરત શહેરમાં બોમ્બ પ્લાન્ટેશનના જે બનાવો બનેલા તેમાં સરકીટોનો ઉપયોગ થયેલો હોવાનો ફરિયાદપક્ષનો કેસ છે, રજૂ થયેલ એફ.એસ.એલ. રીપોર્ટો મુજબ આ સરકીટનો બોમ્બમાં ટાઇમર તરીકે ઉપયોગ થયેલાનુ જણાય છે, બોમ્બમાં વપરાયેલ આ સરકીટો કયા આરોપીએ મેળવેલી? કઇ જગ્યાએથી મેળવેલી? કોની પાસેથી મેળવેલી? તે અંગેનો કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવો સમગ્ર ટ્રાયલ દરમ્યાન ફરિયાદપક્ષે રજૂ કરેલો નથી જેથી ફરિયાદપક્ષ સંયોગ નં.૩ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ સંયોગ નં.૪ બોમ્બ બ્લાસ્ટમાં વપરાયેલ ગેસ સિલિન્ડર, બેરલ તેમજ અન્ય વસ્તુઓ બાબતે રજૂ થયેલા પુરાવા અંગે દલીલો કરતા જણાવે છે કે આરોપી નં.૩૭ પોલીસ કસ્ટડીમાં હતા ત્યારે તેણે તપાસ કરનાર અધિકારી શ્રી વી.આર.ટોળીયા રૂબરૂ કેટલીક દુકાનો અને મકાનો સહિત અગ્યાર જગ્યાઓ પંચ સાહેદ નં.૮૭૨ કર્ણવ હેમંતભાઇ પટેલ રૂબરૂ બતાવ્યાનો આક્ષેપ છે અને આ અંગેનુ પંચનામુ આંક–૬૦૮૩ થી રજૂ છે, આરોપી નં.૩૭ જયારે પોલીસ રીમાન્ડમાં હતા ત્યારે કરેલ ગુનાની સ્વીકૃતિ અને કબૂલાત સ્વરૂપનુ આ પંચનામુ છે જે સિલેકટેડ અને ટયુટર પંચે પંચનામાની વિગતે અક્ષરસહઃ જુબાની આપેલી છે, આંક–૬૦૮૩ ના પંચનામા મુજબ દાણીલીમડા ખાતે આવેલ અલમોહંમદી સોસાયટી વાળુ મકાન, વટવા ઉમરાવ નગર ખાતે આવેલ મકાન, ઇસનપુર ચાર રસ્તા પાસે આવેલ મોબાઇલની બે દુકાનો, કાલુપુર ટાવર પાસે આવેલ રોયલ ગેસ સ્ટવની દુકાન વિગેરે જગ્યાઓ કે જે પોલીસની જાણીતી જગ્યાઓ હતી અને આ જગ્યાઓની મુલાકાત અગાઉ પંચ

સાહેદોની હાજરીમાં અન્ય તપાસ કરનાર અધિકારી શ્રી ઉષા રાડા, શ્રી મયુર ચાવડા, શ્રી એચ.આર.મુલીયાણાનાઓએ વર્ષ ૨૦૦૮ ના અરસામાં લીધેલી છે જેથી આ જગ્યાની જાણકારી તપાસનીશ અધિકારીઓને અગાઉથી હોવાનુ સ્પષ્ટ થાય છે, તપાસેલા પંચોની ઊલટતપાસ જોતાં ગેસ સિલીન્ડરો અથવા બેરલ તથા ઇલેકટ્રીક વસ્તુઓ મોબાઇલ ફોન, સીમ કાર્ડ આરોપી નં.૩૭ કયામુદ્દીને ખરીદ કરેલ છે તે અંગે કોઇ બીલો કે દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલા નથી અને આ વસ્તુઓ વેચનાર દુકાનદારોએ આરોપી કયામુદ્દીનને ઓળખી બતાવેલ હોય તેવો કોઇ પુરાવો રેકર્ડ ઉપર આવેલો નથી જેથી સંયોગ નં.૪ પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ જાય છે.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ સંયોગ નં.૫ બોમ્બ બ્લાસ્ટમાં વપરાયેલ પ્રિન્સ કંપનીની ઘડિયાળો બાબતે રજૂ થયેલા પુરાવા અંગે દલીલો કરતા જણાવે છે કે અમદાવાદ શહેરમાં થયેલ ૨૦ થી ૨૨ સિરીયલ બોમ્બ બ્લાસ્ટમાં પ્રિન્સ કંપનીની ઘડિયાળો ટાઇમર તરીકે વપરાયેલ હોવાનો ફરિયાદ પક્ષનો આક્ષેપ છે, આ ઘડિયાળો આરોપી નં.૩૧ મોહંમદ આરીફે મુંબઇ મુકામેથી ફરિયાદપક્ષે તપાસેલા સાહેદ નં.૯૭૮, ૯૭૯ ની દુકાનેથી ખરીદ કર્યાનુ કથન છે, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૮૯ રૂબરૂ ઉપરોકત સાહેદો સમક્ષ આરોપીની ઓળખ પરેડ કરવામાં આવેલી છે પરંતુ ઓળખ પરેડમાં આવનાર સાહેદોના ઓળખકાર્ડ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીએ માંગેલા નથી કે જોયેલા નથી, આરોપીની ઓળખ અંગે ખોટા પુરાવા ઉભા કરવાનો ફરિયાદપક્ષે પ્રયત્ન કર્યો છે, તપાસ કરનાર અધિકારી ઉષા રાડા આરોપી નં.૩૧ ને લઇ મુંબઇ ગયા હોય તેવો કોઇ પુરાવો નથી, પ્રિન્સ કંપનીની ઘડિયાળો બજારમાં ઘણી બધી દુકાનોમાં વેચાય છે, આ કોઇ વિશેષ ઘડિયાળો નથી, સુરતના કેસોમાં પ્રિન્સ કંપનીની ઘડિયાળોનો ઉપયોગ થયેલો નથી, ફરિયાદપક્ષના કેસ પ્રમાણે આરોપી નં.૩૧ મોહંમદ આરીફે મુંબઇ મુકામેથી વલી રોશન માંથી ૫૦ ઘડિયાળો ખરીદેલ છે તે પૈકી અમદાવાદના બનાવમાં ૨૦ થી ૨૨ ઘડિયાળો ઉપયોગમાં લેવાયેલ છે તો બાકીની ૨૮ થી ૩૦ ઘડિયાળો વપરાયા વગરની હતી તે ઘડિયાળો કયાં ગઇ? તે

અંગે કોઇ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી, આરોપી નં.૩૧ નાએ આ ઘડિયાળો ખરીદ કરી હોય તેવો કોઇ પુરાવો નથી જે જોતાં ફરિયાદપક્ષે સંયોગ નં.૫ પુરવાર થતો નથી.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ સંયોગ નં.૬ બોમ્બ બ્લાસ્ટમાં વપરાયેલ નટ બોલ્ટ, છરા વિગેરે બાબતે રજૂ થયેલા પુરાવા અંગે દલીલો કરતા જણાવે છે કે ફરિયાદપક્ષના આક્ષેપ મુજબ આરોપી મુજીબ શેખે સાહેદ નં.૯૩૧ પ્રિયકાંત શાહ પાસેથી નટ બોલ્ટ ખરીદ કરેલ છે, આ સાહેદની જુબાની ધ્યાને લેતાં તેમને ત્યાંથી ઘણા બધા લોકો નટ બોલ્ટ લઇ જતા હોય છે, આરોપીને નટ બોલ્ટના વેચાણ કર્યા બાબતે આ સાહેદ કાંઇ જણાવતા નથી, બનાવના ચાર મહીના બાદ કરેલ પુછપરછમાં આરોપીનુ વર્ણન આપતા નથી, સાહેદ નં.૯૩૧ નો પુરાવો ઉભો કરેલો છે, નટ બોલ્ટના વેચાણના કોઇ બીલો રજૂ કરેલા નથી, સાહેદ નં.૯૩૧ સમક્ષ આરોપીની ઓળખ પરેડ થયેલ છે જેમાં સાહેદે આરોપી મુજીબને ઓળખી બતાવેલ છે પરંતુ આ ઓળખ પરેડ કાયદેસરની જણાતી નથી, બનાવના સાડા ચાર વર્ષ બાદ અનેક ઘરાકો પૈકી કોઇ એક ઘરાકને ઓળખી બતાવવો સાહેદ માટે શકય નથી જેથી એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ રૂબરૂ આરોપી મુજીબની થયેલ ઓળખ શંકાસ્પદ હોવાથી માની શકાય તેમ નથી જેથી સંયોગ નં.૬ ફરિયાદપક્ષ દ્વારા પુરવાર થયેલ નથી.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ સંયોગ નં.૭ બનાવમાં વપરાયેલ મોબાઇલ ફોન બાબતે રજૂ થયેલા પુરાવા અંગે દલીલો કરતા જણાવે છે કે ૨૦૦૮ માં અને અત્યારે પણ કોઇ ગુનો બને તો તેના માટે સૌથી સરળ વસ્તુ આરોપીના મોબાઇલ ટ્રેસ કરી તેની કોલ ડીટેઇલ્સ મેળવવાનુ અગત્યનુ છે, ગુન્હાના મુળ સુધી પહોંચવાનો સૌથી સરળ અને સહેલો રસ્તો ગુન્હામાં ઉપયોગમાં લીધેલ આરોપીનો મોબાઇલ ફોન છે, ફરિયાદપક્ષના કેસ મુજબ આરોપીઓએ એરટેલ, વોડાફોન તથા આઇડીયા કંપનીના સીમકાર્ડો મેળવી તેનો ઉપયોગ કરેલો છે, આરોપીઓએ જુદી-જુદી મોબાઇલ કંપનીના કનેકશનો મેળવવા માટે અન્ય વ્યકિતઓના નામે ખોટી અરજી કરી ઓળખના ખોટા પુરાવા રજૂ કર્યાનો પણ

ફરિયાદપક્ષે આક્ષેપ છે. ફરિયાદપક્ષે અમદાવાદ શહેરના ચાર તપાસનીશ અધિકારીને તપાસેલા છે તે મુજબ સાહેદ નં. ૧૧૫૩ તરીકે તપાસેલા આર.વી. અસારીની જુબાની ધ્યાને લેતાં તેમણે પાંચ સીમ કાર્ડના મોબાઇલ ફોનના વપરાશ બાબતે કોઇ તપાસ કરેલી નથી. ફરિયાદપક્ષે સાહેદ નં.૧૧૫૪ તરીકે તપાસેલા ઉષા રાડાની જુબાની ધ્યાને લેતાં આરોપીઓએ જે મોબાઇલ વાપરેલા તે અંગે તેમજ તેના સીમ કાર્ડ અંગે ચોક્કસ કહી શકે નહીં તેમજ ફરિયાદપક્ષે સાહેદ નં.૧૧૬૩ તરીકે તપાસેલા મયુર ચાવડાની જુબાની ધ્યાને લેતાં મોબાઇલ સર્વિસ પ્રોવાઇડર કંપનીના સીમ કાર્ડ મેળવી તેના દ્વારા કયા આરોપીએ કઇ કંપનીનો મોબાઇલ વાપરેલ તે બાબતે કોઇ સી.ડી.આર. તપાસમાં કબજે કરી તે પુરવાર કરવાનો પ્રયત્ન કરવામાં આવેલ નથી, પંચનામુ જોતા તમામ મોબાઇલ નંબરોના સીમકાર્ડ અને તેના ઇન્સ્ટ્રુમેન્ટ કબજે કરેલા ન હોવાનુ કબૂલ કરે છે. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૧૧૫૫ તરીકે તપાસેલા એન.બી.પરમારની જુબાની ધ્યાને લેતાં તેઓએ પણ તપાસ દરમ્યાન કોઇ પણ આરોપીના મોબાઇલ ફોન કબજે લીધેલા ન હોવાનુ કબૂલ કરે છે. વધુમાં ફરિયાદપક્ષના કેસ મુજબ સાહેદ નં.૭૯૯, ૮૦૧, ૮૦૩, ૮૦૭ નાઓએ મોબાઇલ સીમ કાર્ડના વેચાણ બાબતે પુરાવો આપેલો છે, કેસ મુજબ ઉપરોકત ચારેય સાહેદોની દુકાનો ઉપરથી આરોપી કયામુદ્દીન કાપડીયાએ મોબાઇલ ફોન તથા સીમકાર્ડ ખરીદેલા હતા પરંતુ આ ચારેય સાહેદો તેમની જુબાનીમાં આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયા તેમની દુકાનેથી મોબાઇલ ફોન ખરીદ કરી લઇ ગયેલા હોય કે આ આરોપીને જોયા હોય તેવો કોઇ પુરાવો આપતા નથી, આરોપી નં.૩૭ ને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ રૂબરૂ મોબાઇલ ફોન ખરીદનાર વ્યકિત તરીકે ઓળખ પરેડમાં ઓળખી બતાવેલ હોય તેવો કોઇ પુરાવો ફરિયાદપક્ષ રેકર્ડ ઉપર લાવેલ નથી. વધુમાં આરોપીઓ પાસેથી કહેવાતા સીમકાર્ડ મળ્યા નથી, મોબાઇલ ફોનો મુદ્દામાલ તરીકે કબજે કર્યા નથી, સીમકાર્ડ નાશ કર્યાના પંચનામા કરેલા નથી, તપાસ કરનાર અમલદારે ફોનની ટ્રાન્સક્રીપ્ટ મેળવવાનો પ્રયત્ન કર્યો નથી , કયા આરોપીએ મોબાઇલ ફોન ઉપરથી કયા આરોપી સાથે વાતચીત કરી તે બાબતે કોઇ પુરાવો નથી,

મોબાઇલની સીમકાર્ડ વેચનારા સાહેદો સમક્ષ આરોપી નં.૩૭ ની ઓળખ પરેડ કરાવેલી નથી, આંક–૮૬૫૧ થી રજૂ થયેલ પંચનામાના પંચોને ફરિયાદપક્ષે તપાસવામાં આવેલા ન હોવાથી પંચનામાના કન્ટેન્સ પુરવાર થતા નથી, મોબાઇલ ખરીદનારની રજૂ થયેલ બીલો ઉપર કોઇ સહીઓ નથી, બીલોમાં કોઇનુ નામ પણ નથી, આઝાદ ટેલીકોમના દુકાનદારને ફરિયાદપક્ષે સાહેદ નં.૮૦૧ તરીકે તપાસેલા છે પરંતુ આ દુકાનદાર સમક્ષ મોબાઇલ ખરીદનારની ઓળખ પરેડ કરાવી નથી, આંક–૮૯૯૯ થી રજૂ થયેલ અરજી ફોર્મમાં અશોકભાઇ નવીનભાઇનુ નામ છે અને આ ફોર્મમાં આરોપી નં.૩૭ની સહી છે તેવો ફરિયાદપક્ષનો કેસ છે પરંતુ આ અશોકભાઇ નવીનભાઇના હસ્તાક્ષરના નમૂના તપાસ કરનાર અમલદારે લીધેલા નથી, ફરિયાદપક્ષે પાંચ અરજી ફોર્મમાં સહીઓ બાબતે આરોપી કયામુદ્દીનના નમૂનાના હસ્તાક્ષર લીધેલા છે પરંતુ તે અંગેના પંચનામાના પંચોને ફરિયાદપક્ષે તપાસેલા નથી, સહીઓ બાબતે હેન્ડરાઇટીંગ એક્ષ્પર્ટનો અભિપ્રાય આંક–૬૯૧૩ થી રજૂ છે જેમાં કોઇ સ્પષ્ટ અભિપ્રાય આપેલો નથી. આમ ફરિયાદપક્ષના આક્ષેપ મુજબ જે મોબાઇલ ફોન ગુન્હામાં વપરાયેલા તે કોણે ખરીદેલા? કોણે વાપરેલા? કયા સમયે વાપરેલા? કયા હેતુ માટે વાપરેલા? તે બાબતે નિર્ણાયક સાક્ષી પુરાવો રેકર્ડ ઉપર આવેલો નથી તેમજ મોબાઇલ ફોનો દ્વારા આરોપીઓ એકબીજાના સંપર્કમાં રહેલા તેવો પણ પુરોવો રજૂ થયેલો નથી જેથી સંયોગ નં.૭ પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ નિવડેલા છે.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ સંયોગ નં.૮ હાલના કેસમાં વપરાયેલ કહેવાતા શર્ટ બાબતે રજૂ થયેલા પુરાવા અંગે દલીલો કરતા જણાવે છે કે ફરિયાદપક્ષના આક્ષેપ મુજબ બોમ્બ બનાવવાના કામમાં જે કપડાનો ઉપયોગ થયેલો તે માટે પચ્ચાસ જેટલા શર્ટ આરોપી કયામુદ્દીને ખરીદેલા છે. આ આક્ષેપને સાબિત કરવા માટે લાલ દરવાજામાં શર્ટ વેચનારા હફીજુ રહેમાન અબ્દુલ કરીમ વોરાનુ નિવેદન નોંધવામાં આવેલુ છે. ફરિયાદપક્ષે સાહેદ નં.૧૧૫૩ તરીકે તપાસેલા તપાસનિશ અધિકારી આર.વી.અસારી તેમજ સાહેદ નં.૫૮૯ તરીકે

તપાસેલા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ આઇ.વી.ઝાલાની જુબાનીઓમાં શર્ટ વેચનારા હફીજુ રહેમાન સમક્ષ આરોપી નં. ૩૭ ની ઓળખ પરેડ કરાવેલાનો ઉલ્લેખ છે પરંતુ આ હફીજુ રહેમાનને ફરિયાદપક્ષે સાહેદ તરીકે તપાસેલા નથી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી ઝાલાની ઓળખ પરેડની કાર્યવાહી પણ નિયમ અનુસારની નથી. આરોપી નં. ૩૭ ની ધરપકડ તા.૪–૧૨–૨૦૦૮ ના રોજ થયેલ છે જયારે ઓળખ પરેડની કાર્યવાહી તા.૨૧–૧–૨૦૦૯ ના રોજ થયેલ છે, આરોપી નં.૩૭ કયામુદ્દીન ચાર થી પાંચ મહીના પોલીસ કસ્ટડીમાં હતા આ સમય દરમ્યાન આરોપીએ કોઇ તપાસ કરનાર અધિકારીને જણાવેલ નથી કે તેણે બોમ્બમાં વાપરવા માટે પચ્ચાસ જેટલા શર્ટ લાલ દરવાજા વિસ્તારમાંથી ખરીદ કરેલ છે તેમજ આરોપી નં.૩૭ ને સાથે રાખી શર્ટ ખરીદેલ જગ્યાનુ કલમ–૨૭ મુજબ પંચનામુ પણ કરવામાં આવેલુ નથી. આમ જયારે શર્ટ વેચનારને સાહેદ તરીકે તપાસેલા ન હોય ત્યારે ઓળખ પરેડમાં આ શર્ટ વેચનારે આરોપીને ઓળખ્યા હોય તો તે ઓળખ પરેડનો પુરાવો સબસ્ટેન્સીવ પુરાવો નથી જેથી આ પુરાવાને વિચારણામાં લઇ શકાય નહીં જેથી ફરિયાદપક્ષ સંયોગ નં.૮ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલા છે.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ સંયોગ નં.૯ અમદાવાદ તથા સુરતના કેસોમાં વપરાયેલા ચાર ગાડીઓ અંગે રજૂ થયેલા પુરાવા બાબતે દલીલો કરતા જણાવે છે કે ફરિયાદપક્ષના કેસ મુજબ કુલ ચાર ગાડીઓ બોમ્બ બ્લાસ્ટ તેમજ બોમ્બ પ્લાન્ટેશન માટે વપરાયેલ છે, ચાર પૈકી ત્રણ ગાડીઓના માલિકોને ફરિયાદપક્ષે સાહેદ નં.૯૮૦, ૧૦૪૫ અને ૧૦૪૬ તરીકે તપાસેલા છે, ચાર્જશીટ મુજબ ચાર ગાડીઓ આરોપી નં.૨૮, ૬૯, ૭૦ નાઓએ મુંબઇ મુકામેથી ચોરેલી અને જે બાબતેની ફરિયાદો મુંબઇના વાશી, નેરૂલ, પનવેલ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી હતી, ચારેય ગાડીઓ મુંબઇ થી અમદાવાદ કયારે, કેવી રીતે આવેલી? તે બાબતે તપાસનિશ અધિકારી મયુર ચાવડાએ ગાડીની મુવમેન્ટ બાબતે આંક–૫૩૨૨ વાળા પત્રથી નેશનલ હાઇવે ઓથોરીટી ઓફ ઇન્ડિયા પાસેથી માહિતી માંગેલી જે અન્વયે આંક–૫૩૨૩ થી રજૂ થયેલ માહિતી જોતાં આ ચારેય ગાડીઓ

મુંબઇ થી અમદાવાદ કોણ લઇ આવેલ તે અંગે કોઇ પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી, આ ચારેય ગાડીઓ લઇને કોઇ આરોપીને અમદાવાદ આવતા કોઇએ જોયા હોય તેવી કોઇ વ્યકિત કે સાહેદ નથી, અમદાવાદ તેમજ સુરત મુકામે બનેલા બનાવોમાં આ ગાડીઓ કોણ લાવેલા? ગાડીઓ કયાં પાર્ક કરેલી? ગાડીઓ પાર્ક કરનાર કોણ હતા? કોઇ આરોપીઓએ ગાડી પ્લાન્ટ કરેલ હોય તેમજ તે અંગે કોઇએ આરોપીઓને જોયા હોય તેવા કોઇ સાહેદો ટ્રાયલ દરમ્યાન રેકર્ડ ઉપર આવેલા નથી, પનવેલ કોર્ટમાં ગાડીઓ ચોરાયા અંગે ચાલેલ ટ્રાયલમાં ઉપરોકત ત્રણેય આરોપીઓ નિર્દોષ છુટેલા છે, કોર્ટ રૂબરૂ તપાસેલા ગાડીઓના માલિકોએ આરોપીઓને કોર્ટ રૂબરૂમાં અથવા ફોટાથી ઓળખી બતાવેલા નથી, બનાવમાં સંડોવાયેલા વાહનોની સાચી અને ખરી માહિતી ફરિયાદપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી, બનાવમાં સંડોવાયેલા ચારેય વાહનોની મુવમેન્ટ સાથે આરોપીઓને કનેકટ કરતો કોઇ પણ પ્રકારનો પુરાવો રેકર્ડ ઉપર નથી જેથી ફરિયાદપક્ષ સંયોગ નં.૯ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલા છે.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ સંયોગ નં.૧૦ બોમ્બ બ્લાસ્ટમાં વપરાયેલ બેરલની ખરીદીના પુરાવા બાબતે રજૂ થયેલા પુરાવા અંગે દલીલો કરતા જણાવે છે કે ફરિયાદપક્ષના કેસ પ્રમાણે અમદાવાદના દાણીલીમડા વિસ્તારના બેરલ માર્કેટમાંથી આરોપી નં.૩૭ તથા આરોપી છોટા સાજીદ અને આરોપી નં. ૪૫ ફઝલે રહેમાને ચાર ડ્રમ ખરીદેલા છે, ફરિયાદપક્ષે આરોપી નં.૩૭ કયામુદ્દીન પોલીસ કસ્ટડીમાં હતા ત્યારે તેણે આંક–૬૦૮૩ વાળા પંચનામાની વિગતે બેરલ ખરીદેલ જગ્યાઓ બતાવ્યાનુ કથન છે પરંતુ આ ગોડાઉનનુ નામ રેકર્ડ ઉપર આવતુ નથી, ફરિયાદપક્ષે સાહેદ નં.૯૨૪ તરીકે સરફરાજ અબ્દુલ રહીમ અજમેર વાલાને તપાસેલા છે જેઓએ ઓળખ પરેડ દરમ્યાન સાહેદ નં.૫૮૯ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ આઇ.વી.ઝાલા રૂબરૂ આરોપી નં.૩૭ ને ઓળખી બતાવેલા છે પરંતુ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટની બચાવપક્ષ દ્વારા થયેલ ઊલટતપાસ વંચાણે લેતાં આ ઓળખ પરેડ નિરર્થક અને ગેરકાયેદસર છે, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ ફેર નથી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ ફેર હોય તો તેઓએ

ઓળખ પરેડ કરાવતી વખતે સૌપ્રથમ સાક્ષીને બોલાવીને સુરક્ષિત જગ્યાએ બેસાડવા જોઇએ કે જેથી તે આરોપીને જોઇ શકે નહીં, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટે પ્રથમ સાહેદને બોલાવી પુછવુ જોઇએ કે તમે આરોપીને જોયા હતા કે કેમ? સાહેદ સાચી હકીકત જણાવે તો ઓળખ પરેડ વ્યાજબી ગણાય પરંતુ હાલના કેસમાં આવુ થયુ નથી. વધુમાં સાહેદ નં. ૯૨૪ ની બચાવપક્ષ દ્વારા થયેલ ઊલટતપાસ વંચાણે લેતાં ડ્રમ લેવા કેટલી વ્યકિતઓ આવેલા તે યાદ નથી, ડ્રમ લેવા આવનાર વ્યકિતઓનો દેખાવ કેવો હતો તેવી કોઇ હકીકત પોલીસને જણાવેલી કે કેમ તે યાદ નથી, કેટલા ડ્રમ વેચેલા તે પણ યાદ નથી. વધુમાં એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૮૯ આઇ.વી.ઝાલાની બચાવપક્ષ દ્વારા થયેલ ઊલટતપાસ વંચાણે લેતાં ઓળખ પરેડ માટે મળેલ યાદીમાં દર્શાવેલ સાહેદોની ઓળખ અંગેના કોઇ દસ્તાવેજો આ સાહેદે જોયેલા ન હોવાનુ કબૂલ કરે છે, દરેક પોલીસ યાદીના જવાબમાં એવી હકીકતનો ઉલ્લેખ નથી કે જયાં સુધી ઓળખ પરેડ ન થાય ત્યાં સુધી આરોપીને કોઇ વ્યકિત જોઇ ન શકે તેવી રીતે રાખવા. આમ ઓળખ પરેડની કાર્યવાહી અયોગ્ય, નિરર્થક, ગેરકાયદેસર છે, બેરલ કોણ લઇ ગયેલુ? કયારે લઇ ગયેલુ? કેટલા બેરલ વેચેલા? બેરલની સાઇઝ શું હતી? બેરલનો કલર શું હતો? વિગેરે બાબતે કોઇ પુરાવો ફરિયાદપક્ષે રજૂ થયેલો નથી, બેરલો જુબાની વખતે સાહેદને બતાવ્યા હોય અને સાહેદે ઓળખ્યા હોય તેવો પણ કોઇ પુરાવો નથી જેથી સંયોગ નં.૧૦ પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ નિવડેલા છે.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ સંયોગ નં.૧૧ અમદાવાદના વટવામાં ઉમરાવનગરમાં આવેલ મકાન નં.૩ બનાવ અગાઉ ભાડે રાખી તેનો બોમ્બ બનાવવામાં ઉપયોગ કરવામાં આવ્યો હોવા બાબતે રજૂ થયેલા પુરાવા અંગે દલીલો કરતા જણાવે છે કે વટવા ઉમરાવનગરમાં આવેલ મકાન નં.૩ ના માલિક ફીરોજ દીલાવર શેખ છે તેમને ફરિયાદપક્ષે સાહેદ નં.૧૧૦૬ તરીકે તપાસેલા છે તેમજ આંક–૬૪૩૪ વાળા પંચનામા વખતે મકાનના માલિક કોણ હતા તે અંગે કોઇ પુરાવો તપાસનીશ અધિકારી મયુર ચાવડાને મળેલો નથી,

આરોપી નં.૩૭ તથા અબ્દુલ સુભાન અને આરોપી નં.૧૫ આ મકાનમાં રહેતા હતા અને કોઈએ તેમને રહેતા જોયા હોય તેવો કોઇ પુરાવો રેકર્ડ ઉપર નથી, મકાન ભાડે અપાવનાર સઈદુ રહેમાનને ફરિયાદપક્ષે સાહેદ તરીકે તપાસેલા નથી, મકાનની આસપાસ રહેનારા પડોશીઓના કોઇ નિવેદનો નોંધવામાં આવેલા નથી, સાહેદ ફીરોજ દીલાવર શેખનુ ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૪ મુજબનુ નિવેદન આંક–૭૯૩૦થી રજૂ છે પરંતુ સાહેદ ફીરોજના કહેવા મુજબ આ નિવેદન મેજિસ્ટ્રેટશ્રીએ લખેલુ નથી, સાહેદને ગુજરાતી ભાષા વાંચતા કે બોલતા આવડતી નથી તેમ છતાં નિવેદન ગુજરાતીમાં લખેલુ છે, આ સાહેદને હિન્દીમાં પુછીને સમજાવીને નિવેદન લીધુ હોય તેવી કોઇ નોંધ નિવેદનમાં નથી, ફીરોજ શેખની જુબાનીથી એપ્રૂવર એૈયાજ સૈયદની જુબાની વિરોધાભાસી છે, મકાનમાંથી કબજે કરેલો મુદ્દામાલ પરીક્ષણ અર્થે એફ.એસ.એલ.માં મોકલેલો છે જેનો અહેવાલ આંક–૫૯૩૫ થી રેકર્ડ ઉપર છે તે મુજબ મળેલ મુદ્દામાલમાં વિસ્ફોટક ઘટકોની હાજરી મળી આવેલી નથી, કબજે કરેલ છરા બોમ્બ બ્લાસ્ટમાં વપરાયેલા છરા જેવા જ આ છરા હતા તેવો પણ કોઇ અભિપ્રાય નથી, તપાસ દરમ્યાન મકાનના દરવાજાના હેન્ડલ, તાળુ કે કોઇ પણ ચીજવસ્તુ ઉપરથી કોઇના પણ ફિંગર પ્રિન્ટ કે ડી.એન.એ.મળી આવેલા નથી જેથી ફરિયાદપક્ષ સંયોગ નં.૧૧ પુરવાર થાય તેવો સબળ પુરાવો રજૂ કરવામાં નિષ્ફળ નિવડેલા છે.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ સંયોગ નં.૧૨ અમદાવાદના દાણીલીમડા મુકામે અલમોહંમદી સોસાયટીમાં આવેલ મકાન નં.૧૦ નો ઉપયોગ બોમ્બ બનાવવામાં કરવામાં આવેલ તે બાબતે રજૂ થયેલ પુરાવા અંગે દલીલો કરતા જણાવે છે કે અમદાવાદના દાણીલીમડા વિસ્તારમાં અલમોહંમદી સોસાયટીમાં આવેલ મકાન નં.૧૦ સાહેદ નં.૯૪૩ કુખરાજબાનનુ છે તે વિગત ફરિયાદપક્ષ સાબિત કરી શકેલ નથી, મકાનનો એગ્રીમેન્ટ કરાર પાછળથી ઉભો કરેલો દસ્તાવેજ છે, મકાનના દસ્તાવેજોની ખરાઇ કરવા માટે સોસાયટીના ચેરમેન કે સેક્રેટરીના નિવેદનો તપાસનીશ અધિકારીએ લીધેલા નથી કે તેઓને સાહેદો તરીકે ફરિયાદપક્ષે તપાસેલા નથી, મકાનની માલિકી સાબિત થતી નથી,

ફરિયાદપક્ષના આક્ષેપ મુજબ આ મકાન આરોપી નં.૩૭ નાએ ભાડે રાખેલુ છે તે સાબિત થતુ નથી.

વધુમાં વિ.વ.શ્રી ઉપરોકત સંયોગ નં.૧૨ અંગે વધુમાં દલીલો કરતા જણાવે છે કે દાણીલીમડા મુકામે આવેલ અલમોહંમદી સોસાયટી વાળુ મકાન કુખરાજબાનુનુ છે તે પુરવાર થયેલ નથી, સાહેદ નં.૯૨૮ મોહંમદ ઈબ્રાહીમ અને સાહેદ નં.૯૫૨ મોહંમદ આરીફ રૂબરૂ આરોપી કયામુદ્દીનની ઓળખ પરેડ કરાવી નથી, સાહેદ નં.૯૪૩ કુખરાજબાનુની બચાવપક્ષ દ્વારા થયેલ ઊલટતપાસ વંચાણે લેતાં જે વ્યકિતને મકાન ભાડે આપવાનુ હતુ તેની ઓળખના કોઈ પુરાવા લીધેલા ન હોવાનુ કબૂલ કરે છે, પોલીસ પહેલી વખત જયારે આવી ત્યારે મકાન ભાડે રાખનાર વ્યકિતનુ કોઈ નામ, સરનામુ આપેલુ નહીં, પોલીસના કહેવાથી તે વ્યકિતનુ નામ, સરનામુ જાણવા મળેલાનુ સાહેદ કબૂલ કરે છે. વધુમાં આરોપી કયામુદ્દીન મકાન ભાડે રાખવા ગયા હોય તેવો કોઈ પુરાવો નથી, આરોપી નં.૧ જાહીદ શેખને તા.૧૬–૮–૨૦૦૮ ના રોજ પોલીસે પકડેલા છે ત્યારબાદ એક મહિના પછી એટલે કે તા.૧૯–૯–૨૦૦૮ ના રોજ પ્રથમ વખત અલમોહંમદી સોસાયટીના મકાન ઉપર પોલીસ આરોપીને લઈને જાય છે તે અંગે કલમ–૨૭ મુજબ મકાનમાંથી જે વસ્તુઓ કબજે કરી છે તે અંગેનુ પંચનામુ આંક–૬૬૫૬ થી રજૂ છે, મકાનનુ વીજળી બીલ આંક–૬૬૩૦ થી રજૂ છે, વીજળી બીલમાં ગ્રાહક નંબરો જુદા–જુદા છે, જુદા–જુદા ગ્રાહક નંબરો બાબતે તપાસનીશ અધિકારીએ કોઈ તપાસ કરી નથી, જુન –જુલાઈ અને ઓગષ્ટ–૨૦૦૮ માં આ મકાનમાં કેટલો વિજ વપરાશ થયેલો તેની પણ કોઈ તપાસ કરી નથી, મકાનની કોઈ જગ્યા કે કબજે કરેલ વસ્તુ ઉપરથી આરોપી કયામુદ્દીનની ફિંગર પ્રિન્ટ મળી આવેલ હોય તે અંગે કોઈ પુરાવો નથી, આ મકાનમાં બેસીને આરોપીઓએ બોમ્બ બનાવ્યા હોય તેવી કોઈ વસ્તુ પંચનામા દરમ્યાન મળી આવેલ નથી, પંચનામાની કાર્યવાહી દરમ્યાન મળી આવેલ ચીજ વસ્તુઓ પ્રતિબંધિત કે ગેરકાયદેસર નથી પરંતુ આ તમામ વસ્તુઓ ઘર વપરાશની કે બજારમાં સહેલાઈથી મળતી વસ્તુઓ છે, પંચનામા દરમ્યાન મકાનમાંથી કોઈ હથિયાર,

સ્ફોટક પદાર્થ, ડીટોનેટર મળી આવેલા નથી જે તમામને ધ્યાને લેતાં અલ મોહંમદી સોસાયટી વાળા મકાનમાં આરોપી કયામુદ્દીન કે અન્ય કોઇ આરોપી રહ્યા હોય કે બોમ્બ બનાવ્યા હોય તેવો કોઇ શંકારહિત પુરાવો મળી આવેલો નથી જેથી સંયોગ નં.૧૩ પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ સંયોગ નં.૧૩ કહેવાતા પંચમહાલ જીલ્લાના હાલોલ/પાવાગઢ ખાતે યોજવામાં આવેલ કેમ્પ બાબતે રજૂ થયેલા પુરાવા અંગે દલીલો કરતા જણાવે છે કે ફરિયાદપક્ષના કેસ પ્રમાણે ઉપરોકત જગ્યાએ આશરે ૨૦ થી ૨૨ વ્યકિતઓ હાજર હતી ત્યાં ટેન્ટ બાંધવામાં આવેલા, એરગનની ફુગ્ગા ફોડવાની તાલીમ આપવામાં આવેલી, ખુલ્લા મેદાનમાં ક્રાઉલીંગ કરવામાં આવેલ તેમજ કવોરીથી ૨૦૦ ફુટ દુર તળાવમાં સ્વીમીંગની તાલિમ લીધેલ છે. ફરિયાદપક્ષે આ અંગે સાહેદ નં.૧૦૬૭ તરીકે અંબાલાલ વેચાતભાઇ બારીયાને તપાસેલા છે, આ સાહેદની બચાવપક્ષ દ્વારા થયેલ ઊલટતપાસ વંચાણે લેતાં સાહેદ કયા કારણથી કે કામથી હાલોલ જતા હતા તે યાદ નથી, એવી કોઇ અસામાન્ય ઘટના બની નથી કે જેથી સાહેદ આરોપીઓને યાદ રાખે માટે આરોપીઓને યાદ રાખવાનુ સાહેદ પાસે કોઇ કારણ નથી, પોલીસને આ સાહેદે કે બીજા કોઇ સાહેદે તાલીમવાળી જગ્યા બતાવી નથી કે પોલીસ પણ આ સાહેદને તે જગ્યા ઉપર લઇ ગયેલ નથી જેથી આ સાહેદે આરોપીઓને ઓળખ્યા છે તે અકુદરતી છે, કહેવાતી જગ્યા ઉપર આરોપીઓ આ સાહેદને મળ્યા નથી કે વાતચીત કરી નથી માટે આરોપીઓ ઓળખાય નહીં તે સ્વાભાવિક છે તેમ છતાં આરોપીઓને ઓળખેલા છે, સાહેદો જણાવે છે કે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટે ઓળખપત્ર માંગેલુ પરંતુ સાહેદ નં.૫૭૧ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ જણાવે છે કે સાહેદોના ઓળખપત્ર માંગેલા નથી, કમલેશ કવોરી પાસે નાળુ હતુ તે બાબતે સાહેદ તથા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટની જુબાનીમાં વિરોધાભાસ છે, કોઇ પણ માણસ ટાયરનુ પંચર બનાવવા જાય અને ટાયરનુ પંચર બનાવી પાછો આવે ત્યારે અન્ય સાહેદ અંબાલાલ અને પ્રવિણભાઇ જંગલમાં જાય છે તે અકુદરતી છે, ટાયર ફીટ કરવામાં પાંચ મિનિટ થાય આ પાંચ મિનિટ માટે કોઇ વ્યકિત જંગલમાં

ફરવા ના જાય, સાહેદ અંબાલાલ વેચાતભાઈ ઉભા કરેલા સાહેદ છે. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં. ૯૮૧ તરીકે પ્રવિણ હમીરભાઈ કટારીયાને તપાસેલા છે, સાહેદ અંબાલાલ અને સાહેદ પ્રવિણભાઈની જુબાનીમાં વિરોધાભાસ છે, સાહેદ પ્રવિણભાઈ હમીરભાઈની જુબાની અકુદરતી છે માટે માની શકાય નહી. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં. ૯૭૨ તરીકે રામકા દેવકરણભાઈ કેસરીયાને તપાસેલા છે, આ સાહેદ જે વ્યકિત બાબુભાઈની ભેંસો ચરાવવા ગયેલા તે બાબુભાઈ કયારે ગુજરી ગયેલા તેની આ સાહેદને ખબર નથી, આ સાહેદ સાથે પણ એવી કોઈ અસામાન્ય ઘટના બની નથી કે જેથી સાત માસ સુધી તંબુ વાળા માણસોને યાદ રાખે અને ઓળખ પરેડમાં ઓળખી બતાવે, જે પોલીસે નિવેદન લીધેલુ છે તેઓને યાદ રાખ્યા નથી તો આરોપીઓને કેવી રીતે યાદ રાખ્યા? તે પ્રશ્ન છે. આ સાહેદનુ નિવેદન ખોટુ ઉભુ કરેલુ છે, આ સાહેદ પાવાગઢ તળેટીમાં ૪,૫ કી.મી. દુર ભેંસો ચરાવવા ગયાનુ માની શકાય નહીં કારણકે ભેંસો પર્વત ઉપર પણ ચરાવી શકાય છે.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ ઉપરોકત સંયોગ અંગે દલીલો કરતા જણાવે છે કે જે વ્યકિતઓ આ કેસ સાથે રીલેટેડ હતા તેવા વ્યકિતઓના નામો કે વર્ણનો સાહેદ પ્રવિણભાઈએ જણાવેલા નથી, ઉપરોકત ત્રણેય સાહેદોના પુરાવાને સમર્થન મળે તે માટે આરોપી નં.૨, ૨૧, ૩૫ ના કબૂલાત નિવેદનો નોંધાવેલા તે રજૂ કરેલા છે, કબૂલાત નિવેદન માટે સામાન્ય સમજણ એવી છે કે આરોપીની ગુન્હાને લગતી કબૂલાત, આરોપી ગુન્હાની કબૂલાત કરે ત્યારે પૂર્વ ધારણા એવી છે કે આરોપી સ્વેચ્છાપૂર્વક કોઈપણ જાતના દબાણ વિના કબૂલાત કરે છે તેમ કહેવાય, દબાણ વિના કબૂલાત કરી હોય ત્યારે સામાન્ય રીતે આરોપી તે કબૂલાતને વળગી રહે છે, આરોપી કબૂલાત કરવા આવે અને કબૂલાત કરે અથવા ના કરે તો પછી તેને પોલીસ કસ્ટડીમાં ના મોકલાય, આરોપી નં.૨ ના કબૂલાત નિવેદનોની વિગતો પોલીસના કહેવાથી અથવા પોલીસે લખાવેલી છે, બોમ્બ બનાવવાની ટ્રેનીંગ કોણે આપી તે બાબતે આરોપી ઈમરાન તથા આરોપી મહેંદી હસનના નિવેદનોમાં વિરોધાભાસ છે, બોમ્બમાં

બારૂદ ભરીને પરીક્ષણ કર્યુ હોય તો તપાસ કરનાર અમલદારને સ્થળ ઉપર કોઇ સ્ફોટક પદાર્થ મળેલા નથી, તમામ તપાસ કરનાર અધિકારીઓ દરેક ગુન્હાની તપાસોથી વાકેફ હતા અને એક બીજા સાથે પુરાવાની આપ લે પણ કરતા હતા, ત્રણેય આરોપીઓના કબૂલાત નિવેદનો તપાસ કરનાર અમલદારે ઉભા કરેલા છે, તમામ આરોપીઓએ કબૂલાત નિવેદનો પરત ખેંચેલા છે જે તમામને ધ્યાને લેતાં ફરિયાદપક્ષ સંયોગ નં.૧૪ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલા છે.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ સંયોગ નં.૧૪ અમદાવાદના જુહાપુરા મુકામે આવેલ અલફલાહ સાયબર કાફે બાબતે રજૂ થયેલ પુરાવા અંગે દલીલો કરતા જણાવે છે કે ફરિયાદપક્ષે સાહેદ નં.૯૫૬ તરીકે નઇમ એહમદ મોહંમદ આરીફ શેખને તપાસેલા છે આ સાહેદ ઉપરોકત સાયબર કાફે ચલાવતા હતા, આ સાહેદે કોર્ટ રૂબરૂ આરોપી નં.૩૭ ને ઓળખી બતાવેલા છે પરંતુ આ સાહેદની ઊલટતપાસ વંચાણે લેતાં કયા દિવસે કયા ગ્રાહક આવેલા આવેલા તે કહી શકે નહીં, સૌપ્રથમ પોલીસ આવેલી ત્યારે કોઇ વ્યકિતનુ શારીરિક વર્ણન આપેલુ નહીં, જે ગ્રાહક પાસેથી આઇ.ડી.લેવામાં આવતુ તે એક ફાઇલમાં રાખતા હતા, પોલીસ આવી ત્યારે કોઇ દસ્તાવેજ કે આઇ.ડી. લઇ ગયેલ નહીં, સાયબર કાફેમાં ૧૦ કમ્પ્યુટર્સ હતા તે પોલીસે ચેક કરેલા નહીં કે તેનો કોઇ ભાગ પોલીસ લઇ ગયેલ હોય તેવુ બનેલ નથી. આમ સદર સાયબર કાફે ખાતેથી પોલીસે કોઇ પુરાવો કબજે કર્યો નથી, સાયબર કાફે ઉપરથી આરોપીની ઓળખના પુરાવા મેળવેલા નથી જેથી સંયોગ નં.૧૪ પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ નિવડેલા છે.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ સંયોગ નં.૧૫ વાપી મુકામે આવેલ હોટલ ઇન્ટર કોન્ટીનેન્ટલના પુરાવા બાબતે રજૂ થયેલા પુરાવા અંગે દલીલો કરતા જણાવે છે કે ફરિયાદપક્ષના કેસ પ્રમાણે ઉપરોકત હોટલમાં તા.૧૯–૫–૦૮ ના રોજ નાશતા ફરતા આરોપી તૌકીર અને તેની પત્નિ, બાળકો સાથે રોકાયેલા અને તેઓ સાહેદ નં.૧૦૯૮ આસીફ વ્હોરાએ ઓળખાણ આપવાથી તે હોટલમાં રોકાયેલા તેમજ હોટલમાં રોકાણ કરતી વખતે આરોપી નં.૩૭ કયામુદ્દીને હોટલ

રજીસ્ટરમાં સહીઓ કરેલી, આ અંગે ફરિયાદપક્ષે તપાસેલા સાહેદ નં.૧૧૨૨ ઇસ્માઇલ ઇબ્રાહીમ બગ્ગાની જુબાની વંચાણે લેતાં સને ૨૦૦૯ ની સાલમાં સુરત ક્રાઇમ બ્રાંચના અધિકારીઓ એક વ્યકિતને મોંઢા ઉપર બુરખો પહેરાવીને લાવેલા તેનુ નામ કયામુદ્દીન હોવાનુ જાણેલુ, પોલીસે હોટલનુ રજીસ્ટર ચેક કરીને માંગેલ રજીસ્ટરના પાન નં.૧૭૪, ૧૭૫ ફાડીને આપેલા જે આંક–૬૪૯૮ થી રેકર્ડ ઉપર રજૂ થયેલા છે, પોલીસે રજીસ્ટરના બીજા છ પાના પણ કોરા ફાડીને લીધેલા, આ સાહેદની બચાવપક્ષ દ્વારા થયેલ ઊલટતપાસ વંચાણે લેતાં આંક–૬૪૯૮ વાળા હોટલના રજીસ્ટરના પાના ઉપર સાહેદની કોઇ સહી નથી, આંક–૬૭૩૯ થી રજૂ કોરા કલરના પાના નવા જેવા છે અને આંક–૬૪૯૮ થી રજૂ પાના જુના જેવા હોવાનુ સાહેદ કબૂલ કરે છે. આમ કબજે કરેલા કોરા પાના ઉપર પોલીસે પાછળથી એન્ટ્રીઓ ઉભી કરેલી છે. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૯૫૯ તરીકે બળવંતભાઇને તપાસેલા છે આ સાહેદની જુબાની વંચાણે લેતાં તા.૬–૩–૨૦૦૯ ના રોજ પોલીસ ચોકીમાં બોલાવેલા ત્યાં પરમાર સાહેબે કહેલ કે એક રજીસ્ટર વાપીથી લાવ્યા છે તેનુ પંચનામુ કરવાનુ છે ત્યાં એક આરોપી કાપડીયા નામનો હતો ત્યાં આરોપીના હસ્તાક્ષરના નમૂના લીધેલા. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૧૧૧૩ તરીકે હસ્તાક્ષર નિષ્ણાંત એમ.એમ.વડગામાને તપાસેલા છે અને આંક–૭૯૮૮ થી અભિપ્રાય રજૂ છે, આ સાહેદે ઊલટતપાસમાં કબૂલ કરેલ છે કે પોલીસ રૂબરૂ પંચોની હાજરીમાં કોઇ હસ્તાક્ષર લેવામાં આવે તો તે કુદરતી હસ્તાક્ષર ન કહેવાય. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૧૧૫૫ તરીકે તપાસેલા તપાસનીશ અધિકારી એન.બી. પરમારે બચાવપક્ષ દ્વારા થયેલ ઊલટતપાસમાં કબૂલ કરેલ છે કે તેમની તપાસ દરમ્યાન આરોપી કયામુદ્દીન કાપડીયાના કુદરતી લખાણ કે જે તેણે બનાવ પહેલા અગાઉ કયારેક લખેલ હોય તેવા કોઇ લખાણના દસ્તાવેજો મેળવેલા નથી. આમ બનાવ અરસામાં હોટલમાં રોકાણ બાબતે તપાસનિશ અધિકારી દ્વારા હોટલના ગેસ્ટ રજીસ્ટરમાંથી કોરા પાના ફાડી લઇ ગયેલા તેનો દુરૂપયોગ કરી આરોપી વિરૂધ્ધ ખોટા પુરાવા ભેગા કરવાનો પ્રયત્ન કરેલો છે જેથી સંયોગ નં.૧૫ પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ નિવડેલા છે.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ સંયોગ નં.૧૬ ભરૂચ નજીક આવેલ હોટલ હરીમંગલા, હોટલ રેવન, હોટલ નર્મદા બાબતે રજૂ થયેલા પુરાવા અંગે દલીલો કરતા જણાવે છે કે ફરિયાદપક્ષના કેસ પ્રમાણે આરોપી નં.૪૫ ફઝલે રહેમાન બનાવના કેટલાક સમય પહેલા ઉપરોકત હોટલોમાં ખોટા નામથી રોકાયેલો. સામાન્ય રીતે કોઇ વ્યકિત હોટલમાં ઉતરે તો તેની નોંધ હોટલ રજીસ્ટરમાં કરવામાં આવતી હોય છે. આ અંગે ફરિયાદપક્ષે સાહેદ નં.૯૪૪ તરીકે ભાવિનકુમાર વિજયકુમાર બારીયાને તપાસેલા છે, આ સાહેદની સરતપાસ મુજબ તા.૧૨–૧૨–૨૦૦૮ ના રોજ પોલીસના માણસો તેમની પાસે આવેલા અને એન્ટ્રી ચેક કરવાનુ કહેલુ, તા.૪–૭–૨૦૦૮ ની એન્ટ્રી આપેલી તે એસ.કે. રફીકના નામની હતી, સાહેદે પાનુ કાપીને સાહેબને આપેલુ તે પાનાને પોલીસે સેલોટેપથી જોઇન્ટ કરેલ, પોલીસ પાનુ સાથે લઇ ગયેલી. આ સાહેદની બચાવ પક્ષ દ્વારા થયેલ ઊલટતપાસ વંચાણે લેતાં આંક–૬૫૧૬થી રજૂ પાનામાં સાહેદની કોઇ સહી કે હસ્તાક્ષર ન હોવાનુ કબૂલ કરે છે. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૯૪૫ તરીકે ઇરફાનભાઇ દાઉવાને તપાસેલા છે, આ સાહેદની સરતપાસ મુજબ સને–૨૦૦૮ માં ભરૂચ મુકામે નર્મદા હોટલમાં રીસેપ્શનીસ્ટ તરીકે કામ કરતા હતા ત્યારે તા.૧૨–૧૨–૨૦૦૮ ના રોજ પોલીસે તેમને હરીમંગલા હોટલ ઉપર નર્મદા ગેસ્ટ હાઉસનુ રજીસ્ટર લઇને બોલાવેલા, પોલીસે એન્ટ્રી નં.૯૬૬ બતાવવાનુ કહેલુ, પોલીસે રજીસ્ટરના પાના જપ્ત કરેલા. આ સાહેદની બચાવપક્ષ દ્વારા થયેલ ઊલટતપાસ વંચાણે લેતાં પોલીસે હરીમંગલા હોટલ ઉપર બોલાવ્યા તે બાબતે કોઇ નોટીસ કે સમન્સ આપેલો નથી, પોલીસને પાનુ આપ્યા પછી પાનાનુ શું થયું તેની ખબર નથી, સાહેબે રજીસ્ટરનુ પાનુ લીધુ તે બાબતે પહોંચ આપેલી નથી. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૯૪૬ તરીકે ગુલામભાઇ આદમભાઇ પટેલને તપાસેલા છે, આ સાહેદની સરતપાસ મુજબ તા.૧૨–૧૨–૨૦૦૮ ના રોજ પોલીસે હોટલ હરીમંગલા ઉપર રેવન હોટલનુ રજીસ્ટર લઇને બોલાવેલા જેથી રજીસ્ટર લઇને ગયેલા, પાના નં.૧૦૫, ૧૦૬ પોલીસને આપેલા. આ સાહેદની બચાવપક્ષ દ્વારા થયેલ ઊલટતપાસ વંચાણે લેતાં રજીસ્ટરનુ પાનુ પોલીસને

આપેલુ તે અંગેની પહોંચ પોલીસે આપેલી ન હોવાનુ જણાવે છે, પોલીસે હોટલ ઉપર બોલાવવા બાબતે કોઇ નોટીસ કે સમન્સ આપેલો નહીં. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૯૧૩ તરીકે રમેશભાઇ શંકરભાઇ આહીરને તપાસેલા છે, સાહેદની સરતપાસ મુજબ તા.૧૪–૧૨–૨૦૦૮ ના રોજ ક્રાઇમ બ્રાંચની ઓફીસે ગયેલ ત્યાં આરોપી ફઝલુ રહેમાનની ઓળખાણ પોલીસે આપેલી અને ત્યાં આરોપીના હસ્તાક્ષરના નમૂના લેવામાં આવેલા. આ સાહેદની બચાવપક્ષ દ્વારા થયેલ ઊલટતપાસ વંચાણે લેતાં આરોપી સ્વેચ્છાએ પંચનામા મુજબની કાર્યવાહી કરવા જણાવે છે તેવી કોઇ નોંધ પંચનામામાં ન હોવાનુ કબૂલ કરે છે, આરોપી ગુજરાતના ન હતા પરંતુ મહારાષ્ટ્રના હતા, આરોપી હિન્દી, અંગ્રેજી કે ઉર્દૂમાં બોલતો હતો તેવી કોઇ નોંધ પંચનામામાં કરેલી ન હોવાનુ કબૂલ કરે છે, આરોપી સાથે કઇ ભાષામાં વાતચીત કરેલી તેવી નોંધ પણ પંચનામામાં કરેલી ન હોવાનુ કબૂલ કરે છે. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૯૧૨ તરીકે યોગેશ કનૈયાલાલને તપાસેલા છે. આ સાહેદની સરતપાસ મુજબ પોલીસે ૮,૯ વર્ષ પહેલા હોટલ હરીમંગલામાં બોલાવેલા ત્યાં એક આરોપી ફઝલે રહેમાન દુરાની હાજર હતો, પોલીસે મેનેજર પાસે ચોપડો મંગાવેલો અને ચોપડામાં નોંધ બતાવેલી, સાહેદ જણાવે છે કે તે વખતે હોટલ નર્મદાના મેનેજર તથા હોટલ રેવનના એક ભાઇ હોટલ રજીસ્ટર લઇને આવેલા. સાહેદે આર્ટીકલ નં.૨૦,૨૧,૨૨ ના પાનામાં તેમની સહી ઓળખી બતાવેલ છે પરંતુ આરોપી ફજલે રહેમાનને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ નથી. આ સાહેદની બચાવપક્ષ દ્વારા થયેલ ઊલટતપાસ વંચાણે લેતાં રૂમમાં કુલ–૩ રજીસ્ટરો જોયેલા, આ રજીસ્ટરોમાંથી પાના ફાડીને બહાર કાઢવામાં આવેલા, રજીસ્ટરના પાના રાઇટરે ફાડેલા, રજીસ્ટરના બે, બે પાના જે ફાડેલા તે ત્રણેય રજીસ્ટરોના પાનાને સેલોટેપથી જોઇન્ટ કરેલા, સાહેદને આંક–૬૫૧૬, ૬૫૧૭, ૬૫૧૮ બતાવતાં તે જોઇને જણાવે છે કે ત્રણેય રજીસ્ટરના બે, બે પાના પ્લાસ્ટીકની સેલોટેપથી જોડેલા નથી. આમ કબજે કરેલ રજીસ્ટરના પાના બદલાઇ ગયેલા છે. ઉપરોકત તમામ વિગતો ધ્યાને લેતાં ઉપર જણાવેલી ત્રણેય હોટલમાં આરોપી નં.૪૫ ફઝલે રહેમાન, રફીક શેખ અથવા

એસ.કે.રફીક ના નામથી રોકાયેલ હોવાનુ પુરવાર થતુ નથી. આમ ફરિયાદપક્ષ સંયોગ નં.૧૬ પુરવાર કરવામાં પણ નિષ્ફળ નિવડેલ છે.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ સંયોગ નં.૧૭ સુરત મુકામે આવેલ માસ્ટર હાઉસ બાબતે રજૂ થયેલ પુરાવા અંગે દલીલો કરતા જણાવે છે કે ફરિયાદપક્ષના કેસ મુજબ સુરત મુકામે આવેલ માસ્તર હાઉસ વાળુ મકાન સાહેદ નં.૯૬૪ અબ્દુલ ફરીદે આરોપી કયામુદ્દીનને ભાડે આપેલ છે પરંતુ આ સાહેદની જુબાની ધ્યાને લેતાં આ સાહેદે જેને રૂમ ભાડે આપેલો તેની સાથે કોઇ મુલાકાત થયેલી નહીં, આ સાહેદે આરોપી કયામુદ્દીનને કયારેય જોયેલો નથી, આ સાહેદની બચાવપક્ષ દ્વારા થયેલ ઊલટતપાસ વંચાણે લેતાં સાહેદની હાજરીમાં પોલીસે કોઇ રૂમના તાળા તોડી પ્રવેશ કરેલ ન હોવાનુ કબૂલ કરે છે, પોલીસે સાહેદની હાજરીમાં કોઇ બિલ્ડિંગમાં પ્રવેશ કરી પંચનામુ કરેલ ન હોવાનુ પણ કબૂલ કરે છે, સાહેદને મળવા આવનાર વ્યકિતનુ નામ કયામુદ્દીન છે તેવુ પોલીસે જણાવેલ હોવાનુ કબૂલ કરે છે. વધુમાં ઉપરોકત મકાન માલિકના દિકરા મોહંમદ સાકીરને ફરિયાદપક્ષે સાહેદ નં.૧૦૧૬ તરીકે તપાસેલા છે, આ સાહેદની બચાવપક્ષ દ્વારા થયેલ ઊલટતપાસ વંચાણે લેતાં ભાડે રૂમ રાખવા આવનાર વ્યકિતએ રૂમને તાળુ મારી ગયેલા ત્યારપછી તેને મળેલા ન હોવાનુ કબૂલ કરે છે. ઉપરોકત પુરાવો જોતાં સુરત મુકામે આવેલ માસ્ટર હાઉસનુ મકાન આરોપી કયામુદ્દીને ભાડે રાખેલ હોય કે તે સ્થળે ગુનાહિત પ્રવૃતિ કરેલ હોય તેમજ સદર મકાનમાંથી કોઇ શંકાસ્પદ ચીજવસ્તુઓ મળી આવેલ હોય તેવો કોઇ પુરાવો રેકર્ડ ઉપર આવેલો ન હોવાથી ફરિયાદપક્ષ સંયોગ નં.૧૭ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલા છે.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ સંયોગ નં.૧૮ સુરતના રીવર વ્યુ સોસાયટીના મકાન બાબતે રજૂ થયેલા પુરાવા અંગે દલીલો કરતા જણાવે છે કે રીવરવ્યુ સોસાયટી વાળા મકાનના માલિક લીયાકતઅલી શેખ છે તેઓને સાહેદ નં.૧૧૨૩ તરીકે ફરિયાદપક્ષે તપાસેલા છે, આ સાહેદની સરતપાસ પ્રમાણે આ મકાન માટે શરીફભાઇ ભાડૂઆત લાવેલા ભાડૂઆતે તેમનુ નામ યાકુબ જણાવેલુ. આમ સદર સાહેદ મકાન ભાડે લેનારને ઓળખતા નથી. વધુમાં આરોપી નં.૬૩

તન્વીર પઠાણ સુરત કેસમાં પોલીસ રીમાન્ડ ઉપર હતા ત્યારે ઉપરોકત મકાન બતાવેલ તે અંગે ફરિયાદપક્ષે સાહેદ નં.૪૪૬ તરીકે સંજયભાઇ ગોરધનભાઇ પટેલને તપાસેલા છે અને આંક–૨૭૫૭ થી પંચનામુ રજૂ થયેલ છે જે પંચનામુ પુરવાર થતુ નથી, આરોપી નં. ૪૩ અને ૪૪ સુરત કેસમાં પોલીસ રીમાન્ડ ઉપર હતા ત્યારે તેઓએ પણ ઉપરોકત મકાન બતાવ્યા અંગે ફરિયાદપક્ષે સાહેદ નં. ૧૧૧૦ તરીકે જીગ્નેશ શાહને તપાસેલા છે અને આંક–૭૯૪૬ થી પંચનામુ રજૂ થયેલુ છે જે પુરવાર થતુ નથી, ઉપરોકત પંચ સાહેદોની બચાવપક્ષ દ્વારા થયેલ ઊલટતપાસ વંચાણે લેતાં ઉપરોકત મકાન આરોપી તન્વીર પઠાણે ભાડે અપાવેલ હોવાનુ કે ત્યાં રહ્યા હોવાનુ પુરવાર થતુ નથી, કોઇપણ આરોપી આ મકાનમાં રહેલ હોય તેવો કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવો મળી આવેલો નથી, એફ.એસ.એલ. અને ફિંગર પ્રિન્ટનો પુરાવો જોતા આરોપી તન્વીર પઠાણ, આરોપી અનીક સૈયદ અને અકબર ચૌધરી મજકુર મકાનમાં રહેલા હોય તેવો કોઇ પુરાવો મળી આવેલો નથી, ઉપરોકત મકાનમાં તા.૨૮–૮–૨૦૦૮ ના રોજ પોલીસે સર્ચ, સીઝર કરેલ તે વખતે મકાનને તાળુ હતુ જેથી તેમાં પ્રવેશ કરતા પહેલા ક્રિ.પ્રો.કોડની જોગવાઇઓ મુજબ કોઇ સર્ચ વોરન્ટ મેળવવામાં આવેલ નથી કે ૧૪૨ મુજબનો કોઇ ઠરાવ કરવામાં આવેલ નથી જે તમામને ધ્યાનમાં લેતાં સંયોગ નં.૧૮ પુરવાર થાય તેવો કોઇ પુરાવો ફરિયાદપક્ષે રજૂ કરેલો નથી.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ સંયોગ નં.૧૯ આરોપી નં.૮ યુનુસ મન્સુરીના રહેઠાંણના સ્થળેથી મળી આવેલ મુદ્દામાલ બાબતે રજૂ થયેલા પુરાવા અંગે દલીલો કરતા જણાવે છે કે આરોપી નં.૮ યુનુસ મન્સુરી પોલીસ કસ્ટડીમાં હતા ત્યારે કલમ–૨૭ મુજબ તા.૧૯–૮–૨૦૦૮ ના રોજ આરોપીના રહેઠાણના મકાનમાં લઇ ગયેલા અને ત્યાં કથિત મુદ્દામાલ કબજે કર્યાનુ કથન છે, જે અંગે ફરિયાદપક્ષે સાહેદ નં.૮૧૭ થી ચિરાગભાઇ ગોવિંદભાઇને તપાસેલા છે અને પંચનામુ આંક–૫૪૮૮થી રજૂ છે, આ પંચ સાહેદની બચાવપક્ષ દ્વારા થયેલ ઊલટતપાસ વંચાણે લેતાં આ મકાન આરોપી નં.૮ ની માલિકીનુ હતુ તેવો કોઇ દસ્તાવેજી પુરાવા પંચનામા દરમ્યાન કે ત્યારપછીની તપાસ દરમ્યાન મળી

આવેલા નથી, જે મિલકતમાં ગયેલા તે મકાનની માલિકી આરોપીની હોવાનો દસ્તાવેજી પુરાવો મળેલ ન હોવાનુ સાહેદ કબૂલ કરે છે, આ મકાનમાંથી બોમ્બને રીલેટેડ વસ્તુઓ મળી આવેલ નથી, મુદ્દામાલ પુસ્તકો જપ્ત કરતી વખતે ભાષાના જાણકારને બોલાવેલ હોય અને વાંચેલ હોય તેવુ બનેલ નથી, પુસ્તકો ઉપર સહી કરતી વખતે કોઇ પુસ્તકો વાંચવામાં આવેલ નહીં. આમ આંક–૫૪૮૮ થી રજૂ પંચનામાવાળુ મકાન આરોપી નં.૮ યુનુસ મન્સુરીનુ નથી, આ સ્થળે આરોપી કયારેય રહેલા નથી, આરોપી નં.૮ જયાં રહે છે તે અંગે ઇલેકશન કાર્ડ, સંતાનોના જન્મના દાખલા વિગેરે દસ્તાવેજી પુરાવા સદર આરોપી નં.૮ નાએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ નુ નિવેદન નોધાવતા સમયે વિશેષમાં રજૂ કરેલા છે જે ધ્યાને લેવા માટે વિનંતી કરી છે. વધુમાં વિ.વ.શ્રી આ અંગે નીચે મુજબના ચુકાદા ઉપર આધાર રાખે છે.

રીના હજારીકા વિરૂધ્ધ સ્ટેટ ઓફ આસામ

૨૦૧૮(૪) ક્રાઇમ્સ, સુપ્રિમ કોર્ટ, પાન નં.૨૯૫

ઉપરોકત ચુકાદાના પેરા નં.૯ ધ્યાને લેવા માટે વિનંતી કરી છે.

ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંત પ્રમાણે આરોપી ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં જે જણાવે તે ધ્યાને લેવુ જોઇએ તેમજ આ વિગતો અદાલત વિચારણા હેઠળ ના લે તો તે અંગે અદાલતે કારણો આપવા પડે.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખે ફરિયાદપક્ષે સાહેદ નં.૯૫૭ જાકીર હુસેનની જુબાનીમાં રજૂ થયેલા પુરાવાની ચર્ચા કરતા પહેલા સૌપ્રથમ નીચે મુજબનો ચુકાદો ધ્યાને લેવો જરૂરી હોવાનુ જણાવેલ છે.

આદમ સુલેમાન અજમેરી વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત

(૨૦૧૪)૭ સુપ્રિમ કોર્ટ કેસીસ, પાન નં.૭૧૬

ઉપરોકત ચુકાદાના પેરા નં.૧૪૩, ૧૪૪, ૧૪૫, ૧૪૬, ૧૪૭, ૧૪૮, ૧૫૨, ૧૫૩, ૧૫૫, ૧૫૬, ૧૫૭, ૧૫૮ ધ્યાને લેવા માટે વિનંતી કરી છે.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ દલીલો કરતા જણાવે છે કે તપાસ કરનાર અધિકારીને કોઇ સીધો પુરાવો ના મળ્યો માટે ઉપરોકત ગુનાના સાથી સાહેદ નં.૯૫૭ નો પુરાવો ઘણા સમય પછી ઉભો કરેલો છે, આ વિશેષ પુરાવો બનાવને સમર્થન મળે તે માટે ઉભો કરેલો છે, આ અંગે કુલ–ચાર આરોપીઓના કબૂલાત નિવેદનો ઉભા કરેલા છે, ગુપ્ત સાહેદો પણ તપાસ કરનાર અમલદારે ઉભા કરેલા છે, કુલ–૨૬ ગુપ્ત સાહેદોને પોલીસે ગેરકાયેદસર અટક કરેલા અને તેઓને માર મારીને આ ગુપ્ત સાહેદોના નિવેદનો લીધેલા છે, ૨૬ ગુપ્ત સાહેદોના નિવેદનો ધ્યાને લેતાં આ ૨૬ સાહેદો ગુન્હાના સહભાગી હતા તે સ્પષ્ટ થાય છે, હાલના કેસમાં તપાસ કરનાર અમલદારે પુરાવાના કાયદાની કલમ–૨૭ નો દુરૂપયોગ કર્યો છે, જયાં આરોપીઓ વિરૂધ્ધ પુરાવો શોધી શકાયેલ નહીં અને તેઓને એવુ લાગેલ કે પોતાનો કેસ નિષ્ફળ જશે ત્યાં તપાસ કરનાર અમલદારો દ્વારા ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૨ ની જોગવાઇ વિરૂધ્ધ જઇ આરોપીઓ વિરૂધ્ધ ખોટા પુરાવા ઉભા કર્યા છે.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખે ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ અંગે નીચે જણાવ્યા મુજબનો ચુકાદો રજૂ કરી તે ધ્યાને લેવા માટે વિનંતી કરી છે.

ઉપાલા બીક્ષમ વિરૂધ્ધ સ્ટેટ ઓફ આંધ્રપ્રદેશ

૨૦૧૯(૧૩) સુપ્રિમ કોર્ટ કેસીસ, પાન નં.૮૦૨

વિ.વ.શ્રી એમ.એમ.શેખ ઉપરોકત ચુકાદાની હેટ નોટ–ડી અને પેરા નં.૧૬, ૧૭, ૧૮ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળનુ વિશેષ નિવેદન અંગે આરોપીનો પોતાનો બચાવ રદ્ધ ના થાય તે માટે પોતાની નિર્દોષતા સાબિત કરવાનો આરોપીને હક્ક અને અધિકાર છે, આ અધિકાર આરોપીનો બંધારણીય અધિકાર છે, આરોપી સામે જે ચાર્જ હોય અને ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં આરોપી જે ખુલાસો કરે તે ખુલાસો આરોપીની નિર્દોષતા સાબિત કરવા માટે ધ્યાને લેવો જોઇએ, આવુ નિવેદન સોગંદ ઉપર ના હોય તો પણ ધ્યાને લેવાય, અદાલતે ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ નુ નિવેદન વિચારણામાં લેવાની ફરજ છે. ઉપરોકત ચુકાદાના પેરા

નં.૧૭ મુજબ આરોપીએ પોતાનો બચાવ શંકારહિત પુરવાર કરવાનો નથી ફકત ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવામાં શંકા કે સંભવિતતા ઉભી કરવાની છે. કહેવાતા મકાનમાં આરોપી યુનુસ મન્સુરી રહેતા હતો કે કેમ? તે અંગે કોઇ પુરાવો નથી, કહેવાતા મકાનમાંથી બોમ્બ બનાવવાની સામગ્રી મળેલી નથી, ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ ના વિશેષ નિવેદનમાં આરોપી નં.૮ નાએ આ મકાનમાં રહેતા ન હોવાનુ જણાવી તે અંગે પુરાવા રજૂ કર્યા છે, આ નિવેદનને સહેલાઇથી ધ્યાને ના લેવાય તેવુ નથી, આરોપીએ ટ્રાયલ દરમ્યાન મૌન રહેવાનુ છે તેને બોલવાનુ દબાણ કરી શકાય નહીં, આરોપીએ પોતાનો બચાવ પુરવાર કરવાનો નથી, કેસ પુરવાર કરવાની જવાબદારી અને બોજો ફરિયાદપક્ષ ઉપર છે, બનાવના સંજોગો સાબિત થતા નથી, કહેવાતા મકાનોમાં આરોપીઓને બોમ્બ બનાવતા કોઇએ જોયા નથી અને આવુ કરતા આરોપીઓને કોઇએ જોયા હોય તેવો કોઇ પુરાવો રેકર્ડ ઉપર નથી, સાઇકલો, ગેસના બાટલા, બોમ્બ બનાવવાનુ મટીરીયલ્સ આરોપીઓએ ખરીદ કર્યાના પુરાવા નથી, મુંબઇ થી વાહનો કોણે ચોર્યા? કોણ લાવ્યા? કોણે મુકયા? તે પણ સાબિત થતુ નથી, સાંયોગીક પુરાવાના ચાર ટેસ્ટ સ્થાપિત થતા નથી, આરોપીઓએ કેટલીક જગ્યા બતાવ્યાના પંચનામા રજૂ થયા છે, આ પંચનામા મુજબ આરોપીઓએ ગુનાની કબૂલાત કરેલી છે પરંતુ પુરાવાના કાયદાની કલમ–૨૫ નો ભંગ થાય છે, તપાસ કરનાર અમલદારોએ બનેલ બનાવોની યોગ્ય તપાસ કરી નથી, આરોપીઓ વિરૂધ્ધ પુરાવા મળ્યા નથી માટે કાયદાનો દુરૂપયોગ કરી આરોપીઓ વિરૂધ્ધ ખોટા પુરાવા ઉભા કરેલા છે, પંચોને તપાસ કરનાર અમલદારોએ સમજ આપી નથી કે આરોપીઓ ગુનાની કબૂલાત કરવા માંગે છે, આરોપીઓ પૈકીના કેટલાક આરોપીઓ ગુજરાતી ભાષા જાણતા કે સમજતા નથી, તપાસ કરનાર અમલદારોએ આરોપીઓને સમજાવીને પંચનામા લખ્યા નથી, પંચનામામાં કબૂલાત પ્રકારની સ્વિકૃતિઓ છે તે માની શકાય નહીં.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખે ગુનાના એપ્રૂવર ઐયાજ સૈયદ તથા ગુન્હાના સાથી સાહેદ નં.૯૫૭ જાકીર હુસેનનો પુરાવો કેમ ના મનાય તે માટે નીચે મુજબનો ચુકાદો રજૂ કરી તેના ઉપર આધાર રાખેલો છે.

મીનલદાસ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ત્રીપુરા

૨૦૧૧(૯) સુપ્રિમ કોર્ટ કેસીસ, પાન નં.૪૭૯

ઉપરોકત ચુકાદાના પેરા નં.૧૩, ૧૪, ૧૫ ધ્યાને લેવા માટે વિનંતી કરી છે.

વિ.વ.શ્રી એમ.એમ.શેખ ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતો આધારે દલીલો કરતા જણાવે છે કે ગુનાના સાથીનો પુરાવો **"નબળો"** છે, ગુનાનો સાથી આરોપીને ગુનામાં સંકળાતો હોવો જોઇએ, ગુનાના સાથીના પુરાવાને **"પરટીકયુલર મટીરીયલ"** (ખાસ સામગ્રી) થી સમર્થન મળવુ જોઇએ, બીજા સહ આરોપીઓને ખોટી રીતે પણ સંડોવે તેમજ બીજા આરોપીઓ સાથે દુશ્મનાવટ હોય તો બીજા આરોપીને પણ ખોટી રીતે સંડોવે.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ ફરિયાદપક્ષે સાહેદ નં.૯૫૭ તરીકે તપાસેલા જાકીર હુસેન અબ્દુલ જબ્બાર કુરેશીની જુબાની વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે આ સાહેદ દર્શે કુરાનના પ્રોગ્રામમાં જતા હતા, આ પ્રોગ્રામમાં જતા બધા સામાન્ય માણસો હતા, પ્રોગ્રામ પુરો થતાં બધા પોત, પોતાના ઘરે જતા રહેતા હતા, બીજી કોઇ મિટીંગો થતી ન હતી, આ સાહેદ મિટીંગોમાં ગયેલા હોય અને કોઇ કામગીરી સોંપેલી ન હોય તે ના મનાય, જો આ સાહેદ બનાવમાં સંડોવાયેલા નથી અને તેમને કોઇ કામગીરી કોઇએ સોંપેલી નથી તો એવુ કહી શકાય કે આ સાહેદને કાંઇ ખબર નથી, આ સાહેદ મિટીંગોમાં ગયા હોય તો મિટીંગોમાં શું થયું તેની તેમને ખબર હોય તેમ છતાં આ સાહેદને મિટીંગમાં શું થયું તેની ખબર નથી, આ સાહેદ ઉભા કરેલા સાહેદ છે, મિટીંગોમાં જે ચર્ચાઓ થતી હતી તે એવા પ્રકારની ન હતી કે જેથી કરીને કોઇ ગંભીર ગુનો કરે, આ સાહેદનુ નિવદેન ત્રણ માસ બાદ ઉભુ કરેલુ છે.

સાહેદનુ નિવેદન વિલંબથી નોંધેલુ હોય તો ફરિયાદપક્ષનો કેસ નિષ્ફળ જાય છે તે માટે વિ.વ.શ્રી એમ.એમ.શેખે નીચે મુજબના બે ચુકાદા રજૂ કરી તે ચુકાદાઓ ઉપર આધાર રાખેલ છે.

(૬) સ્ટેટ ઓફ આંધ્રપ્રદેશ વિરૂધ્ધ એ.સ્વર્ણલત્તા

૨૦૦૯(૩) સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ)પાન નં.૮૭૩

ઉપરોકત ચુકાદાના પેરા નં.૨ થી ૧૦, ૧૩ થી ૧૮ અને ૨૦ થી ૨૩ વંચાણે લેવા માટે વિનંતી કરી છે.

(૭) જગજીતસિંગ ઉર્ફે જગ્ગા વિરૂધ્ધ સ્ટેટ ઓફ પંજાબ અને હરીયાણા.

૨૦૦૫ (૫) સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ) પાન નં.૮૯૩

ઉપરોકત ચુકાદાના પેરા નં.૨૦, ૨૯ થી ૩૨ વંચાણે લેવા માટે વિનંતી કરી છે.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ દલીલો કરતા જણાવે છે કે ક્રિમીનલ કેસમાં કોઇ પણ સાહેદનુ નિવેદન તાત્કાલિક નોંધવુ જોઇએ અને તેમ ના થાય તો નિવેદનમાં સુધારા થાય તેમજ નિર્દોષ વ્યકિતના નામો નિવેદનમાં જણાવી બીજા વ્યકિતઓને ગુનામાં સંડોવે તેવુ પણ બને. હાલના કેસમાં સાહેદ જાકીરનુ નિવેદન તપાસ કરનાર અમલદાર સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાએ તા. ૧૭-૧૦-૨૦૦૮ ના રોજ લીધેલુ છે, સાહેદ જાકીરને નોટીસ આપીને નિવદેન નોંધાવવા બોલાવેલાનુ તપાસ કરનાર અમલદાર મયુર ચાવડાને યાદ નથી, જાકીરનુ નિવેદન કયા સ્થળે લીધેલુ તે પણ તપાસ કરનાર અમલદાર મયુર ચાવડાને યાદ નથી, સાહેદ જાકીરનુ નિવેદન મોડુ લેવા બાબતે તપાસ કરનાર અમલદાર મયુર ચાવડા કોઇ ખુલાસો કરતા નથી, તા.૧૭-૧૦-૨૦૦૮ ના રોજ સાહેદ જાકીર તપાસ કરનાર અમલદાર મયુર ચાવડા પાસે કેવી રીતે ગયો? તે અંગે કોઇ પુરાવો નથી, કોર્ટમાંથી જાકીરને સમન્સ મોકલાવેલા જેથી જાકીર કોર્ટમાં ગયેલો, તપાસ કરનાર અમલદારે કોર્ટને અરજી આપી હોય કે જાકીરનુ નિવેદન નોંધવામાં આવે તેથી જાકીરને સમન્સ મોકલ્યો હોય તેવુ પણ બને, સાહેદ જાકીર બનાવ બાદ ત્રણ મહીના પછી તપાસ કરનાર અમલદાર મયુર ચાવડાને નિવેદન આપે છે ત્યારબાદ કોર્ટમાં નિવેદન આપે છે, સાહેદ જાકીર હુસેને વારંવાર ફોનો કરેલા છે તેનો મોબાઇલ લઇને કોલ ડીટેઇલ્સ મેળવી હોત તો સાહેદની સત્યતા બહાર આવી શકે તેમ હતી.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ ફરિયાદપક્ષે સાહેદ નં.૯૫૭ તરીકે તપાસેલા જાકીર હુસેન અબ્દુલ જબ્બાર કુરેશીની જુબાનીમાં રજૂ થયેલા પુરાવા અંગે દલીલો કરતા જણાવે છે કે આ સાહેદને માનવા કે ના માનવા તેના ત્રણ ટેસ્ટ છે (૧) તે વિશ્વાસપાત્ર હોવા જોઇએ (૨) તેને અન્ય પુરાવાથી પુરતુ સમર્થન મળવુ જોઇએ (૩) તેનો પુરાવો પોતાની જાતને સામેલ કરતો હોવો જોઇએ. સને–૨૦૦૭ થી લઇને બોમ્બ બ્લાસ્ટ થયા ત્યાં સુધી આ સાહેદ દર્શે કુરાનના પ્રોગ્રામમાં જતો હતો, તમામ મિટીંગોમાં સાહેદ પોતાની ભૂમિકા બતાવતા નથી, મિટીંગોમાં સાહેદે ભાગ લીધો હોય કે ભાષણ આપ્યુ હોય તેવુ નથી, મિટીંગોનો રેકોર્ડ સાહેદ પાસે નથી, બોમ્બ બ્લાસ્ટ થયા ત્યાં સુધી સાહેદને કાંઇ જ ખબર ન હતી, મિટીંગોમાં સાહેદ પોતાની જાતને સંડોવતો નથી, સાહેદની સરતપાસ જોતાં તેણે ફોન ઉપર સતત વાતચીતો કરી છે, સાહેદ સાચા હોત તો ફોનની કોલ ડીટેઇલ્સ કઢાવી હોત તો સત્ય હકીકત બહાર આવેત, સમસુદ્દીનના નાનાના ઘરે મિટીંગ કરી હોય તો તપાસ કરનાર અમલદારે સમસુદ્દીનના નાનાનુ નિવેદન લીધુ નથી કે આ ઘરનુ પંચનામુ બનાવેલુ નથી, યુનુસ મન્સુરીના ઘરનુ પંચનામુ બનાવ્યુ નથી કે ત્યાં જઇ કોઇના નિવેદનો તપાસ કરનાર અમલદારે લીધા નથી, જે સ્થળોએ મિટીંગ થયેલી તે સ્થળની હકીકતો પુરવાર થતી નથી.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ ડીફેન્સના સાહેદોની જુબાનીમાં રજૂ થયેલા પુરાવા બાબતે દલીલો કરતા જણાવે છે કે ડીફેન્સ સાહેદો માટે તેઓ નીચે મુજબના ચુકાદા ઉપર આધાર રાખે છે.

રાજેશકુમાર દામોદરજી વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત

૨૦૧૪(૩) જી.એલ.આર.પાન નં.૨૩૩૪, ગુજરાત

ઉપરોકત ચુકાદાની હેડ નોટ–સી અને પેરા નં.૪૨ થી ૪૬ વંચાણે લેવા માટે વિનંતી કરી છે.

વિ.વ.શ્રી એમ.એમ.શેખ વધુમાં દલીલો કરતા જણાવે છે કે બચાવના સાહેદોના પુરાવાનુ મહત્વ પણ ફરિયાદપક્ષના સાહેદો જેટલુ જ છે,

ચુકાદાના પેરા નં.૪૯,૫૦,૫૧ પુરાવા મુજબ બે મત હોય ત્યારે આરોપીની તરફેણમાં જે મત હોય તે ધ્યાને લેવો જોઇએ.

સમસુદ્દીનના નાનાના ઘરે મિટીંગો થયેલી જ નથી માટે તેના નાનાને બચાવપક્ષે સાહેદ તરીકે તપાસેલા છે, સમસુદ્દીનના નાનાનુ ઘર નાનુ છે, નાના ઘરમાં મોટા કુટુમ્બ સાથે રહેતા હતા જેથી તેમના ઘરે કોઇ મિટીંગ થઇ નથી, જાકીર તથા ઐયાજની જુબાની જુદી પાડવા માટે સમસુદ્દીનના નાનાને બચાવના સાહેદ તરીકે તપાસેલા છે, રતલામ થી નાગદાનુ અંતર ૨૧ કિલોમીટર છે, મુસાફરીનો સમય ૫૨(બાવન) મિનિટ થાય છે, જાકીરના કહેવા પ્રમાણે રાજીક રતલામ થી નાગદા સુધી જાકીરની સાથે ગયેલો છે, જાકીરની જુબાની વંચાણે લેતાં તે ગ્વાલીયર તેની પત્નિને લેવા માટે ગયેલો પરંતુ તે અંગે રેલવેની ટિકિટો તપાસ કરનાર અમલદારે કબજે કરેલી નથી, સાહેદ જાકીરે પણ આવી ટિકિટો તપાસ કરનાર અમલદાર સમક્ષ જમા કરાવી નથી, સાહેદ જાકીર ગ્વાલીયર ગયા અને ગ્વાલીયર થી પાછા આવ્યા તે બતાવવા કોઇ પુરાવો રેકર્ડ ઉપર રજૂ થયેલો નથી, સાહેદ જાકીર ટ્રેનનો ડબ્બા નંબર, સીટ નંબર જણાવે છે પરંતુ તે અંગે જાકીરે કોઇ દસ્તાવેજી પુરાવો રજૂ કરેલો નથી, જાકીર ગ્વાલીયર થી કઇ ટ્રેનમાં પરત આવ્યા તે અંગે કોઇ દસ્તાવેજી પુરાવો રજૂ કરેલો નથી, સાહેદ જાકીરના નિવેદનની ખરાઇ કરવા માટે તપાસ કરનાર અમલદાર મયુર ચાવડાને બચાવપક્ષ દ્વારા ઊલટતપાસમાં ઘણા પ્રશ્નો પુછેલા છે પરંતુ તેમણે ગોળ–ગોળ જવાબો આપેલા છે, આ કામે સાહેદ જાકીરની પત્નિ અગત્યના સાહેદ હતા, જાકીરનુ નિવેદન સાચુ ઠરાવવા તેની પત્નિને સાહેદ તરીકે ફરિયાદપક્ષે તપાસવા જોઇતા હતા પરંતુ તપાસેલા નથી, તપાસ કરનાર અમલદારે હાસ્યાસ્પદ લાગે તેવી સ્ટોરી ઉભી કરી છે, રાજીક રતલામ થી નાગદા સુધી જાકીરની સાથે ગયેલો અને બોમ્બ બ્લાસ્ટની વાતો કરેલાનુ જણાવે છે પરંતુ આ વાતો તદ્દન ખોટી છે તેને અન્ય પુરાવાથી સમર્થન મળતુ નથી, બનાવ બાદ ત્રણ માસ પછી જાકીર એકા એક તપાસ કરનાર અમલદાર મયુર ચાવડા સમક્ષ હાજર થાય છે, બનાવના ત્રણ માસ સુધી જાકીર તપાસ કરનાર અમલદાર મયુર ચાવડા સમક્ષ કોઇ હકીકત

જાહેર કરવા ગયેલા નથી કે પોલીસે તેમને બોલાવ્યા નથી, જાકીરનુ નિવેદન ખુબ મોડુ લીધુ છે, સાહેદનુ નિવેદન મોડુ નોંધવા અંગે નીચે મુજબના બે ચુકાદા ઉપર આધાર રાખે છે.

(૧) આશીષ જૈન વિરૂધ્ધ મધ્યપ્રદેશ
૨૦૧૯(૩)સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૭૭૦

ઉપરોકત ચુકાદાના પેરા નં.૧૮ વંચાણે લઇ વિ.વ.શ્રી એમ.એમ. શેખ દલીલો કરતા જણાવે છે કે સાહેદનુ નિવેદન બનાવના દિવસે લીધુ નહીં અને બીજા દિવસે લીધુ, સાહેદનુ નિવેદન પૂર્ણ વિચારણા કરીને આપેલાનુ ઠરાવેલુ છે.

(૨) મલાયલામી વિરૂધ્ધ તામીલનાડુ
૨૦૨૦(૩)સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રીમીનલ)પાન નં.૪૦૭

ઉપરોકત ચુકાદાના પેરા નં.૧૧ વંચાણે લઇ વિ.વ.શ્રી એમ.એમ. શેખ દલીલો કરતા જણાવે છે કે બનાવ પછી એક અઠવાડીયા બાદ મોડા સાહેદોના નિવેદનો નોંધ્યા હોવાથી આ સાહેદોને ભરોસાપાત્ર માન્યા નથી, ગંભીર પ્રકારના કેસમાં જલદીથી સાહેદનુ નિવેદન નોંધવુ જોઇએ, ત્રણ મહીના બાદ સાહેદનુ લીધેલુ નિવેદન વિલંબથી લીધેલુ છે તેવુ કહી શકાય.

જાકીર ઓગસ્ટ–૨૦૦૮ થી ડીસેમ્બર–૨૦૦૮ સુધી ક્રાઇમ બ્રાંચની કસ્ટડીમાં હતા તે દરમ્યાન તેને માર મારી ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૪ નુ નિવેદન નોંધાવડાવેલુ છે, જાકીરે ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૪ નુ નિવેદન આપવા માટે તપાસ કરનાર અમલદાર મયુર ચાવડાને કે નામદાર કોર્ટને કોઇ અરજી આપી નથી, જાકીર સ્વેચ્છાએ ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૪ નુ નિવેદન આપવા ગયા હોય તેવુ ફલિત થતુ નથી, જાકીરનુ નિવેદન દોષમુકતિ વાળુ છે, આળ ચડાવે તેવુ નથી, આંક–૬૬૯૫ વાળી અરજી નીચે થયેલ હુકમમાં પણ જાકીર કાવત્રામાં સામેલ ન હતો તેવુ નિરીક્ષણ કરેલુ છે, જાકીરના પોલીસ રૂબરૂના નિવેદન અને મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ સમક્ષના નિવેદનમાં વિરોધાભાસ છે, જાકીરની જુબાની કુદરતી નથી, જાકીર તૈયાર કરેલો સાહેદ છે જેથી જાકીરની જુબાની મનાય નહીં.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ આરોપી નં.૨૩ એપ્રુવર ઐયાજ રઝાકમીંયા સૈયદની સાહેદ નં.૧૧૪૧ તરીકે થયેલ જુબાનીમાં રજૂ થયેલા પુરાવા બાબતે દલીલો કરતા જણાવે છે કે એપ્રૂવરના પુરાવા માટે પુરાવાના કાયદાની કલમ–૧૩૩ અને ૧૧૪(બી) ધ્યાને લેવી પડે, એપ્રુવરનો પુરાવો મહત્વની હકીકતોને સમર્થનકારી હોવો જોઇએ, એપ્રૂવરના પુરાવાને બીજા રેકર્ડ ઉપરના પુરાવાથી પણ સમર્થન મળવુ જોઇએ, એપ્રૂવરનો પુરાવો ભરોસાપાત્ર હોવો જોઇએ, જયારે તપાસ કરનાર અમલદારને સીધા પુરાવા ના મળતા હોય ત્યારે એપ્રુવરનો પુરાવો ઘણો અગત્યનો બને છે, બનાવની તમામ હકીકતો જાહેર કરવાની શરતે અદાલત એપ્રુવરને ગુનાની/ સજાની માપી શકે. હાલના કેસમાં આરોપી ઐયાજની ધરપકડ તા.૪–૯–૨૦૦૮ ના રોજ થયેલી છે ત્યારબાદ જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ આશરે ૧૫૦ દિવસ સુધી આરોપી ઐયાજને પોલીસ રીમાન્ડ ઉપર લીધેલો છે, ચાર્જશીટના પેપર્સ જોતાં આરોપી ઐયાજ સૈયદ સામે સીધો પુરાવો નથી, ફરિયાદપક્ષે ૧૧૨૦ સાહેદો તપાસ્યા ત્યાં સુધી તેઓને સંતોષ ન હતો કે કેસ પુરવાર થશે જેથી એપ્રૂવર તરીકે ઐયાજને ઉભો કરેલો છે. એપ્રુવરના પુરાવા અંગે વિ.વ.શ્રી એમ.એમ.શેખ નીચે જણાવેલ ચુકાદા ઉપર આધાર રાખે છે.

(૧૪) બીનાબેન ભુપેન્દ્રભાઇ શાહ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત
૨૦૨૧(૦) એઆઇજેઇએલ– હાઇકોર્ટ, પાન નં.૨૪૨૭૨૮
નામદાર ગુજરાત હાઇકોર્ટ

ઉપરોકત ચુકાદાના પેરા નં.૩,૬ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે રજૂ કરેલ ચુકાદાના કેસમાં ચાર્જફ્રેમ તા.૨૪–૯–૨૦૦૮ ના રોજ થયેલો, સંજય આહીરે ગુનામાંથી માફી મેળવવા માટે અરજી આપેલી હોવાથી ગુનામાંથી માફી આપી સાહેદ તરીકે તપાસેલા છે અને સજા કરી છે.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ દલીલો કરતા જણાવે છે કે આરોપી એપ્રૂવર થવા માટે ત્યારે ફરિયાદપક્ષ અને તપાસ કરનાર અમલદારની શું ફરજ છે? તે માટે નીચે મુજબનો ચુકાદો રજૂ કરી તેના ઉપર આધાર રાખે છે.

(૧૯)સી.બી.આઇ. વિરૂધ્ધ એન.કે.અમીન

૨૦૧૦(૩) જી.એલ.એચ.પાન નં.૭૨૭, ગુજરાત

રજૂ કરેલ ચુકાદાના કેસમાં આરોપી નં.૧૨ નાઓએ એપ્રૂવર બનવા માટે અરજી આપેલી જેનો બીજા આરોપીઓએ વિરોધ કરેલો, ટ્રાયલ કોર્ટે નામદાર હાઇકોર્ટને રેફરન્સ કરેલો જેથી નામદાર હાઇકોર્ટે માર્ગદર્શન આપેલુ. પેરા નં.૩૭ માં નામદાર હાઇકોર્ટે ઠરાવેલુ છે કે આરોપી એપ્રૂવર ન્યાયના હિતમાં પુરાવો આપવા માંગે છે કે કેમ? મેજિસ્ટ્રેટને લાગવુ જોઇએ કે એપ્રુવરના પુરાવા વિના સજા કરવી શકય નથી તે માટે મેજિસ્ટ્રેટે ઇન્કવાયરી કરવી જોઇએ.

હાલના કેસમાં આરોપી એપ્રૂવર ઐયાજ સૈયદે કબૂલાત અરજી આપેલી પરંતુ પ્રોસીકયુશને આરોપીની ઇન્કવાયરી કે પુછપરછ કરી નથી, આરોપીની અરજીનો પ્રોસીકયુશને વિરોધ પણ કરેલો નથી, ફરિયાદપક્ષે ૧૧૨૦ સાહેદો તપાસ્યા ત્યાં સુધી તેઓને વિશ્વાસ ન હતો કે આરોપીઓને સજા કરવા જેટલો પુરાવો છે જેથી તપાસ કરનાર અમલદારે આ એપ્રુવરને ઉભા કર્યા છે. એપ્રુવરની અરજી મળે ત્યારે પ્રોસીકયુશનની ફરજ છે કે તેમણે જાહેર કરવુ જોઇએ કે આ એપ્રુવરના પુરાવા વિના બીજા આરોપીઓને સજા થશે નહીં, પુરાવો અપુરતો છે, કાયદાનો કોઇ અજાણ વ્યકિત કાયદા મુજબની અરજી લખે તે શકય નથી. એપ્રુવરે જાતે અરજી લખી હોય તો ટૂંકી અરજી લખે પરંતુ એપ્રૂવરે કરેલ અરજી જોતાં તે પધ્ધતિસરની અરજી છે, આરોપીને આવી અને આ અરજી લખવાનો અનુભવ નથી, નામદાર કોર્ટને એપ્રુવરે આપેલ અરજી બપોરે ૨–૫૦ વાગ્યે મળ્યા બાદ અરજી સુનાવણી માટે રાખેલી છે પરંતુ બચાવપક્ષને આવી અરજીની જાણ કરી નથી, આરોપી/એપ્રૂવર ઐયાજને ખાંસી થવાથી જુદો રાખવાની વાત ખોટી છે પરંતુ સેન્ટ્રલ જેલમાં કસ્તુરબા સેલમાં એપ્રુવરનુ તપાસ કરનાર અમલદાર તરફથી કાઉન્સીલીંગ કરવામાં આવતુ હતુ, અરજી લખીને આરોપી આપે તે પછી જેલ વાળા શું કરે છે તે અંગેની વિગતો આરોપી નં.૩૭ કયામુદ્દીન પોતાની જુબાનીમાં જણાવે છે, આરોપી નં.૩૭ કયામુદ્દીન અને આરોપી ઐયાજની વચ્ચે જેલમાં ચર્ચાઓ થયેલી છે તે અંગેની વિગતો આરોપી ઐયાજ

પોતાની જુબાનીમાં જણાવેલી છે, આરોપી નં.૩૭ કયામુદ્દીને જાતે સોગંદ ઉપર આપેલ જુબાનીમાં જણાવેલ છે કે આરોપી ઐયાજ સાથે એપ્રુવર બાબતે ચર્ચા થયેલી તે હકીકત ઐયાજની ઊલટતપાસથી પણ માલુમ પડે છે, એક આરોપી ઐયાજ ગુન્હામાંથી છુટવા માટે ખોટી હકીકતો જણાવે છે જયારે આરોપી નં.૩૭ કયામુદ્દીન સત્ય હકીકતો પોતાની જુબાનીમાં જણાવે છે, આરોપી નં.૩૭ કયામુદ્દીનની હકીકતને સમર્થન મળવુ જરૂરી નથી, આરોપી નં. ૩૭ કયામુદ્દીને જણાવેલી હકીકતો માનવી જ જોઇએ, એપ્રૂવર ઐયાજ અને આરોપી કયામુદ્દીનના પુરાવાની સરખામણી કરવી જોઇએ, આરોપી નં.૩૭ કયામુદ્દીન ખોટી જુબાની આપે છે તેવુ તેની ઊલટતપાસમાંથી નિકળી આવતુ નથી, આરોપી કયામુદ્દીન જુબાનીના પેરા નં.૪૭ માં જેલમાંથી અરજી કરવી હોય ત્યારે શું પ્રક્રિયા છે તેની વિગતો જણાવે છે, અરજીની પ્રક્રિયા ધ્યાને લેતાં તપાસ કરનાર અમલદારને મદદ કરવા માટે જેલ તંત્રે ઐયાજની અરજી તાત્કાલિક તૈયાર કરીને મોકલી છે, આ દરેક સંજોગો અદાલતે ધ્યાનમાં લેવા જોઇએ, એપ્રૂવર ઐયાજે કરેલ અરજી તેણે પોતે લખેલી નથી, લાલચ આપીને અરજી લખવા માટે ઐયાજને લલચાવેલ છે, આ અરજી પ્રોસીકયુશને જાતે લખીને તૈયાર કરી છે.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ દલીલો કરતા જણાવે છે કે આરોપી ઐયાજ સૈયદ શા માટે ગુન્હામાં સામેલ થવા પ્રેરાયો? તે માટે તેણે પોતાની સર તપાસના પેરા નં.૬, પાન નં.૩ ઉપર ત્રણ કારણો આપેલા છે તેની ચકાસણી ઊલટતપાસના પેરા નં.૨૮ પાન નં.૨૬ ઉપર કરી છે, ઐયાજ સૈયદે જણાવેલા ત્રણ કારણોથી તેના મનમાં હિન્દુ વિરોધી લાગણી પેદા થયાની હકીકત ખોટી છે આમ તેણે આપેલા ત્રણ કારણો ખોટા છે. વધુમાં સમસુદ્દીનના નાનાના ઘરે મિટીંગ થયેલી હોય તો તે પુરવાર કરવા માટે સમસુદ્દીનના નાનાને કે તે મકાનની આજુ બાજુ પડોશમાં રહેતા લોકોને ફરિયાદપક્ષે તપાસ્યા નથી, ઐયાજ સીમીની ઑફિસે જતા હતા તો તપાસ કરનાર અમલદારે સીમીની ઑફિસનુ પંચનામુ કરેલુ નથી, જો ઐયાજ સીમીની ઑફિસે જતો હોત તો તે સીમીનો મેમ્બર હોત અને સીમીના મેમ્બર બન્યાની તેની પાસે રસીદ હોત તેમજ પાવાગઢ અને

વાઘમોનમાં કહેવાતા કેમ્પ થયા હોય તો તેમાં ઐયાજ સૈયદ ગયો હોત અથવા તેને આવા કેમ્પની માહિતી હોત પરંતુ ઐયાજ સૈયદને આ અંગે કોઇ માહિતી નથી માટે ઐયાજ સૈયદે આપેલો પુરાવો ખોટો છે, વટવાનુ મકાન સઇદુ રહેમાન દ્વારા આરોપી નં.૩૭ કયામુદ્દીને ભાડે રાખેલ હોય તો આ સઇદુ રહેમાનને ફરિયાદપક્ષે સાહેદ તરીકે તપાસ્યા નથી. વધુમાં જુલાઇમાં ઐયાજ, રજાક અને કયામુદ્દીન વચ્ચે ફોન થયેલા હતા તો તેવી વિગતો સાબિત કરવા માટે તપાસ કરનાર અધિકારીએ ઉપરોકત ત્રણેય આરોપીઓના મોબાઇલ ફોનની કોલ ડીટેઇલ્સ મેળવેલી નથી, સ્વીમીંગ પુલના ફોર્મમાં ઐયાજના હસ્તાક્ષરો છે તે એફ.એસ. એલ. રીપોર્ટથી પુરવાર થતુ નથી, સ્વીમીંગ પુલના ફોર્મમાં આરોપી કયામુદ્દીનની સહી છે તે સહી પણ એફ.એસ.એલ. રીપોર્ટથી પુરવાર થતી નથી, સ્નાનાગરના ફોર્મથી આ બનાવોને કોઇ સબંધ નથી, આરોપી ઐયાજ નોકરી ઉપરથી અજીત મિલ ચાર રસ્તા ઉપર ગયા હોય અને ત્યાં આરોપી અબ્દુલ રાજીક ચાર થેલી બોમ્બવાળી લઇને આવ્યા હોય અને ત્યારબાદ ઐયાજ બે થેલીઓ સાઇકલ ઉપર મુકીને લઇ ગયા હોય અને તેમ કરતા કોઇએ જોયા હોય તેવા કોઇ સાહેદને ફરિયાદપક્ષે તપાસેલા નથી, ઐયાજ બસમાં બેઠેલા તે પુરવાર કરવા માટે બસના કન્ડકટરનો જવાબ તપાસ કરનાર અમલદારે લીધેલો નથી કે આ કન્ડકટરને ફરિયાદપક્ષે સાહેદ તરીકે તપાસેલા નથી, ઐયાજે આંક–૮૦૫૬ થી આપેલી કબૂલાત અરજીનો ફરિયાદપક્ષે વિરોધ કરવો જોઇતો હતો, ઐયાજને તા.૪–૯–૨૦૦૮ ના રોજ એરેસ્ટ કર્યો છે, ઐયાજને એવુ લાગેલુ કે હવે તેઓ બચશે નહીં ત્યારે જેલ તંત્ર અને ક્રાઇમ બ્રાંચની લાલચથી ઐયાજે એપ્રૂવર બનવાનુ સ્વીકાર્યુ છે, ઐયાજ પોતાની સ્વેચ્છાએ એપ્રૂવર બન્યા નથી, ફરિયાદપક્ષ તર્ફે મોટા ભાગનો પુરાવો પુરો થયો ત્યાર પછી ફરિયાદપક્ષને લાગ્યુ કે આ પુરાવા ઉપરથી આરોપીઓને સજા થશે નહીં ત્યારબાદ આરોપી ઐયાજને એપ્રુવર બનાવેલો છે, ઐયાજને એપ્રૂવર બનાવવા માટે ઐયાજને અન્ય આરોપીઓથી જુદો કસ્તુરબા સેલમાં રાખી ત્રણ માસ સુધી કાઉન્સીલીંગ કરીને ઐયાજનું બ્રેઇન વોશ કરવામાં આવેલ છે ત્યારબાદ ક્રાઇમબ્રાંચે ઐયાજની કબૂલાત અરજી તૈયાર કરેલી છે જેમાં

જેલ તંત્રે પણ સહકાર આપેલો છે, એૅયાજને લખવા માટે જેટલા કાગળો જોઇએ તેટલા કાગળો જેલ તંત્રે આપેલા છે, એૅયાજે જે દિવસે અરજી કરી તે જ દિવસે જેલ તંત્રે આ અરજી કોર્ટમાં મોકલેલી છે, સાયન્ટીફીક પુરાવાને કે સ્વતંત્ર પુરાવાને સમર્થન મળેલુ નથી, એૅયાજ જુઠ્ઠા સાહેદ છે જેથી એૅયાજે સાહેદ તરીકે આપેલી જુબાની ના મનાય, એૅયાજની બનાવમાં સંડોવણી હોત તો તેને તમામ હકીકતોની જાણકારી હોત પરંતુ એૅયાજને હકીકતોની પુરી જાણકારી નથી.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૪ મુજબ આરોપીઓના નોંધવામાં આવેલા કબૂલાત નિવેદનો બાબતે દલીલો કરતા જણાવે છે કે ફરિયાદપક્ષનો કેસ ત્રણ પ્રકારના પુરાવા ઉપર આધારીત છે (૧) સાંયોગીક પુરાવો (૨) ગુનાના સાથી અને એપ્રૂવરનો પુરાવો (૩) ચાર આરોપીઓના કબૂલાત નિવેદનો. ફરિયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના ચાર આરોપીઓના રજૂ થયેલ કબૂલાત નિવેદનો ઉપર આધાર રાખે છે.

(૧) આરોપી નં.૨ ઇમરાન ઇબ્રાહીમ શેખ,આંક–૮૬૧૯

(૨) આરોપી નં.૨૧ મહેંદીહસન અબ્દુલહબીબ અન્સારી,આંક–૮૬૨૩

(૩) આરોપી નં.૨૪ ઉમર કાળાભાઇ કબીરા,આંક–૮૬૨૭

(૪) આરોપી નં.૩૪ રફીઉદ્દીન સરકુદ્દીન કાપડીયા,આંક–૮૬૩૧

આરોપીનુ કબૂલાત નિવેદન ગુનાના સાથી જેવુ છે, આરોપીના નિવેદન ઉપર ઊલટતપાસ ના થાય તેવુ નિવેદન છે, આરોપીનુ કબૂલાત નિવેદન સોગંદ ઉપર નોંધવામાં આવતુ નથી માટે નામદાર સુપ્રિમ કોર્ટ તથા નામદાર જુદી–જુદી હાઇકોર્ટોએ કબૂલાત નિવેદનને નબળો પુરાવો ગણ્યો છે, આરોપીનુ કબૂલાત નિવેદન સ્વૈચ્છિક હોવુ જોઇએ, કબૂલાત ગુનામાં આરોપીની પોતાની સંડોવણી કરતી હોવી જોઇએ, કબૂલાત નિવેદન કેવુ હોવુ જોઇએ તે અંગે નીચે મુજબના ચુકાદા ઉપર આધાર રાખે છે.

(૨૧)રવિન્દ્રકુમાર વિરૂધ્ધ રીપબ્લીક ઓફ ઇન્ડીયા

૨૦૧૧(૦),એઆઇજેઇએલ–સુપ્રિમ કોર્ટ,પાન નં.૪૯૩૧૬

ઉપરોકત ચુકાદામાં કબૂલાત નિવેદનો અંગે કુલ–૧૧ માર્ગદર્શક સિધ્ધાંતો જણાવેલા છે જે નીચે મુજબ છે.

(૧) ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૪ ની જોગવાઇઓ/નિયમોનુ પાલન કોઇ યાંત્રિક રીતે (ફોર્મમાં) નહીં પરંતુ તેના ખરા ભાવાર્થમાં થવો જોઇએ.

(૨) કબૂલાત નિવેદન નોંધતા પહેલા મેજિસ્ટ્રેટશ્રીએ આરોપી પાસેથી તેની કસ્ટડી બાબતની તથા કસ્ટડીમાં તેને જે ટ્રીટમેન્ટ આપવામાં આવી હોય તેની સર્ચીંગ ઇન્કવાયરી કરીને ખાતરી કરવી જોઇએ કે પ્રોસીકયુશનમાં રસ ધરાવતી કોઇ વ્યકિત તરફથી કોઇ ઇન્ફલ્યુન્સ કરવામાં આવેલ નથી.

(૩)મેજિસ્ટ્રેટશ્રીએ આરોપીને સ્પષ્ટ રીતે પુછવુ જોઇએ કે તે કેમ કબૂલાત કરવા માંગે છે? તે કબૂલાત કેસ ચાલતા દરમ્યાન તેની વિરૂધ્ધ જઇ શકે છે.

(૪)કબૂલાત કરનાર વ્યકિતને પુરતો વિચારણાનો સમય આપવો જોઇએ.

(૫) કબૂલાત કરનાર વ્યકિતને સંપૂર્ણ રીતે એવી ખાત્રી આપવી જોઇએ કે જો તે કબૂલાત નહીં કરવાનુ જણાવશે તો તેને દરેક પ્રકારના પોલીસ તરફથી આવતા ત્રાસ અને દબાણ સામે રક્ષણ આપવામાં આવશે.

(૬) ન્યાયિક કબૂલાત જો સ્વેચ્છાએ આપેલી નહીં હોય તો તે ભરોસાપાત્ર રહેતી નથી અને તેવા ખાસ સંજોગોમાં કે જયારે કબૂલાતને રીટ્રેકટ કરવામાં આવતી હોય તો તેના આધારે સજા કરી શકાય નહીં.

(૭) ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૪ મુજબના નિયમોનુ પાલન ન થયુ હોય તો તેવા સંજોગોમાં મેજિસ્ટ્રેટશ્રીએ રેકર્ડ કરેલ કબૂલાતની કોઇ કિંમત કે ભરોસાપાત્ર રહેતી નથી.

(૮) રીફલેકશનનો જે સમય આપ્યો હોય તે સમય દરમ્યાન આરોપી પોલીસ દબાણથી મુકત હોવો જોઇએ જે મેજિસ્ટ્રેટશ્રીને નિવેદન નોંધવાની જવાબદારી સોંપવામાં આવેલ હોય તેમણે ન્યાયિક માઇન્ડ એપ્લાય કરવુ જોઇએ અને પોતાના આત્માને જયાં સુધી સંતોષ ન થાય ત્યાં સુધી એટલે કે આરોપી કોઇ દબાણ કે વગ હેઠળ નથી.

(૯) નિવેદન નોંધતી વખતે કોઇ પણ પોલીસ ઓપન કોર્ટમાં હાજર રહેવી ના જોઇએ.

(૧૦) સહ આરોપીનુ કબૂલાતનામુ નબળો પુરાવો છે.

(૧૧) અદાલતે કબૂલાતનામાના આધારે સજા કરતા પહેલા તેના નિવેદનને સહાયક પુરાવાઓ મેળવવા જોઇએ.

વિ.વ.શ્રી એમ.એમ.શેખ વધુમાં દલીલો કરતા જણાવે છે કે કબૂલાત નોંધતા પહેલા મેજિસ્ટ્રેટે શું-શું ઇન્કવાયરી કરી તેની નોંધ કરવી જોઇએ, આ નોંધ કરવાથી આરોપી સ્વૈચ્છાએ નિવેદન કરવા માંગે છે કે કેમ તે ચકાસી શકાય, હાલના કેસમાં આવી કોઇ નોંધ કબૂલાત નિવેદન નોંધનાર મેજિસ્ટ્રેટે કરી નથી, ફરિયાદપક્ષે આંક-૮૨૭૮થી નિવેદનોને આંકે પાડવા અરજી આપેલી તેની સાથે મેજિસ્ટ્રેટની કોઇ નોંધ રજૂ કરેલી નથી, હાલના કેસમાં ક્રિ.પ્રો.કોડ કલમ-૨૮૧ ની જોગવાઇઓનુ પાલન થયેલુ નથી માટે આરોપીઓને પૂર્વગ્રહ થયેલો છે જેથી ઉપરોકત જણાવેલ ચારેય આરોપીઓની કબૂલાત માનવી જોઇએ નહીં, આ કબૂલાતો સ્વેચ્છાપૂર્વકની નથી, આરોપીઓ પોતે ગુન્હામાં સંડોવાતા હોય તેવા કબૂલાત નિવેદનો નથી, ઉપર જણાવેલા કુલ-૧૧ સિધ્ધાંતો હાલના કેસમાં કોમ્પ્લાય થતા નથી, આરોપીઓ કબૂલાત કેમ કરવા માંગે છે? તેવો પ્રશ્ન કોઇ આરોપીને મેજિસ્ટ્રેટે પુછેલો નથી, આરોપીને પોલીસ કસ્ટડીમાં નહીં મોકલવામાં આવે તેવી ખાતરી મેજિસ્ટ્રેટશ્રીએ આરોપીઓને કરાવી નથી, ચારેય તપાસ અધિકારીઓ અમદાવાદના ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનમાં સાથે બેસતા હતા અને પોતાને સોંપેલા ગુન્હાની તપાસ કરતા હતા અને એકબીજાને પુરાવાઓની આપલે કરતા હતા, બધા જ કબૂલાત નિવેદનો દરેક તપાસ કરનાર અમલદારે પોતાની ચાર્જશીટોના કામે મુકેલા છે, કબૂલાત નિવેદનો નોંધ્યા પછી બીજા કેસોમાં આરોપીના રીમાન્ડ ના લેવાય, આરોપીઓ કાયદાના જ્ઞાની નથી, આરોપીઓના છ માસ સુધી જુદા-જુદા કેસોમાં જુદા-જુદા તપાસ કરનાર અધિકારીઓએ રીમાન્ડ લીધા છે, આરોપીઓએ કબૂલાત નિવેદનો પરત ખેંચ્યા પછી તુરન્ત બધા તપાસ કરનાર અમલદારોએ

આરોપીઓના ફરીથી રીમાન્ડ લીધેલા છે જેથી અનુમાન એવુ થાય કે પોલીસના ભયથી આરોપીઓએ કબૂલાતો નોંધાવેલી છે, જો આરોપીઓએ સ્વેચ્છાએ, ભય વિના, દબાણ વિના કબૂલાત નિવેદન આપેલ હોય તો તેઓ આ કબૂલાત નિવદેનો પાછળથી પાછા ખેંચે નહીં, ફરીથી આરોપીઓના રીમાન્ડ લીધા માટે આ કબૂલાતો સાચી નથી તેવુ તપાસ કરનાર અમલદાર માનતા હતા, આ કેસમાં આરોપીઓને મેજિસ્ટ્રેટ સમક્ષ લાવનાર તથા લઇ જનાર ક્રાઇમ બ્રાંચના જ પોલીસવાળા હતા, કબૂલાત નિવેદનો નોંધ્યા પછી આરોપીઓને જયુડીશીયલ કસ્ટડીમાં લઇ ગયા અંગે કોઇ પુરાવો નથી, આ કેસમાં એક આરોપીને મેજિસ્ટ્રેટ પાસેથી ક્રાઇમ બ્રાંચમાં લઇ ગયેલા છે અને ત્યાં માર માર્યા પછી સાબરમતી સેન્ટ્રલ જેલમાં લઇ ગયા છે, આરોપી કબૂલાત પાછી ખેંચે તો તેનો અર્થ એવો થાય કે આ કબૂલાત આરોપીની સ્વેચ્છાપૂર્વકની ન હતી.

વિ.વ.શ્રી એમ.એમ.શેખ વધુમાં દલીલો કરતા જણાવે છે કે ક્રિ.પ્રો. કોડ કલમ–૧૬૪ ની જોગવાઇઓ તથા નામદાર સુપ્રિમ કોર્ટનો ચુકાદો ધ્યાને લેતાં આરોપીની કબૂલાત સ્વૈચ્છિક હોવી જોઇએ તથા તે પોતાની જાતને ગુનામાં સંડોવતો હોવો જોઇએ, આરોપીનુ કબૂલાત નિવેદન નોંધતા પહેલા મેજિસ્ટ્રેટે સર્ચીંગ ઇન્કવાયરી કરવી જોઇએ, મેજિસ્ટ્રેટે આરોપીને પુછવુ જોઇએ કે તે કેટલા સમયથી કસ્ટડીમાં છે, મેજિસ્ટ્રેટે ખાત્રી કરવી જોઇએ કે કબૂલાત કર્યા પછી આરોપીને પાછો પોલીસ કસ્ટડીમાં મોકલવામાં નહીં આવે. વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ દલીલો કરતા જણાવે છે કે આરોપી નં.૧ થી ૨૬ સામે પ્રથમ ચાર્જશીટ તા.૧૨–૧૧–૨૦૦૮ ના રોજ કરવામાં આવેલુ છે, આરોપી નં.૨ નુ કહેવાતુ કબૂલાતનામુ તા.૧૪–૧૧–૨૦૦૮ ના રોજનુ છે આમ આરોપી નં.૨ નુ કબૂલાતનામુ ચાર્જશીટ થયા પછી બે દિવસ બાદનુ છે, આરોપી નં.૨૧, ૨૪ નુ કબૂલાતનામુ તા.૧૨–૧૧–૨૦૦૮ ના રોજનુ છે, આરોપી નં.૩૫ નુ કબૂલાત નામુ તા.૪–૨–૨૦૦૯ ના રોજનુ છે આમ આરોપીઓ સામે તપાસ થઇ ગયા બાદ આ કબૂલાતનામા નોંધાયેલા છે, આરોપી નં.૨ નાએ તા.૨૫–૧૧–૨૦૦૮ ના રોજ આંક–૯૨૧૬ વાળી અરજી આપી કબૂલાત પરત ખેંચેલ છે,

આરોપી નં.૨૧ નાએ તા.૨૫–૧૧–૨૦૦૮ ના રોજ આંક–૯૨૨૬ થી અરજી આપી કબૂલાત પરત ખેંચી છે તેમજ આરોપી નં.૨૪ નાએ તા.૨૫–૧૧–૨૦૦૮ ના રોજ આંક–૯૨૨૭ થી અરજી આપી કબૂલાત પરત ખેંચી છે, સદર આરોપીઓ દ્વારા કયા સંજોગોમાં કબૂલાત પરત ખેંચી છે તેના કારણો અને સંજોગો ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનોમાં જણાવેલા છે, આરોપી નં.૨, ૨૧, ૨૪ નાઓએ કબૂલાત નિવેદનો પરત ખેંચ્યા બાદ ફરીથી આરોપીઓના રીમાન્ડ લીધેલા છે, સુરતના કેસોમાં તપાસ કરનાર અધિકારી શ્રી એન.બી.પરમારે ખોટા કારણો બતાવી આરોપીઓના રીમાન્ડ લીધા છે, આરોપીઓના રીમાન્ડ લીધા બાદ તપાસ કરનાર અધિકારી આરોપીઓને સુરત લઇ ગયા નથી પરંતુ અમદાવાદ ક્રાઇમ બ્રાંચ ખાતે આરોપીઓને રાખેલા છે, આરોપી નં.૩૫ ને પણ તા.૧૩–૧૧–૨૦૦૮ ના રોજ અટક કરેલા છે.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ આરોપી નં.૨ ઇમરાન ઇબ્રાહીમ શેખનુ આંક–૮૬૧૯ થી રજૂ થયેલુ કબૂલાત નિવેદન વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે આરોપી નં.૨ પોલીસ રીમાન્ડમાં કયારથી છે તે મેજિસ્ટ્રેટે પુછયુ નથી, આરોપીને પોલીસે શારીરિક અને માનસિક ત્રાસ આપ્યો છે કે કેમ તે પણ પુછયુ નથી, આરોપી કેમ કબૂલાત કરવા માંગે છે તે બાબતની મેજિસ્ટ્રેટે સર્ચિંગ ઇન્કવાયરી કરી નથી, આરોપી કબૂલાત કરવા બંધાયેલ નથી તેવુ પણ પુછયુ નથી, આરોપી કબૂલાત નહીં કરે તો પાછો પોલીસ કસ્ટડીમાં નહીં મોકલવામાં આવે તેવુ પ્રથમ પાન ઉપર આરોપીને પુછયુ નથી, તા.૧૪–૧૧–૨૦૦૮ ના રોજ પણ આવા પ્રશ્નો મેજિસ્ટ્રેટે આરોપીને પુછયા નથી, આરોપીનુ સદરહુ નિવેદન મેજિસ્ટ્રેટે ચેમ્બરમાં લીધુ છે. વધુમાં આરોપી નં.૨૧ નુ આંક–૮૬૨૩ થી રજૂ થયેલ કબૂલાત નિવેદન તેમજ આરોપી નં.૨૪ નુ આંક–૮૬૨૭ થી રજૂ થયેલ કબૂલાત નિવેદન તેમજ આરોપી નં.૩૫ નુ આંક–૮૬૩૧ થી રજૂ થયેલ કબૂલાત નિવેદન વંચાણે લઇ વિ.વ.શ્રી શેખ દલીલો કરતા જણાવે છે કે ઉપર જણાવ્યા મુજબના કોઇપણ પ્રશ્નો મેજિસ્ટ્રેટે આરોપી નં.૨૧,૨૪ અને ૩૫ નાઓને પણ પુછયા નથી. વધુમાં આરોપી નં.૩૫ નુ કબૂલાત નિવેદન જોતાં તે

ગુન્હામાં સક્રિય હતો તેવુ કહેતા નથી તેમજ પાવાગઢ ટ્રેનીંગમાં પણ સદર આરોપી હાજર હતા તેવો પુરાવો નથી, આરોપી નં.૩૫ નુ કબૂલાતનામુ અને આ આરોપી વિરૂધ્ધ રજૂ થયેલ કલમ–૨૭ નુ પંચનામુ વિરોધાભાસી છે, આરોપી નં.૨, ૨૧, ૨૪, ૩૫ નાઓએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનોમાં જણાવેલી વિગતો પણ ધ્યાને લેવા માટે વિનંતી કરી છે.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ દલીલો કરતા જણાવે છે કે ઉપર જણાવેલા ચારેય આરોપીઓના કબૂલાત નિવેદનો વંચાણે લેતાં તે પોલીસ નિવેદનો જેવા છે, ચારેય કબૂલાત નિવેદનો આરોપીઓ ગુન્હામાં પોતાની સંડોવણી બતાવતા હોય તેવા નથી, ચાંપાનેર પાવાગઢ મુકામે આરોપી નં.૩૫ નાએ કોઇ ગુનાહિત પ્રવૃતિ કરી હોય તેવુ નથી. આરોપી નં.૩૫ નાએ કોઇ સક્રિય કામગીરી પાવાગઢ મુકામે કરી નથી. વધુમાં આરોપી નં.૨૪ ઉમર ઉર્ફે અશોક કાળાભાઇ કબીરાનુ આંક–૮૬૨૭ થી રજૂ થયેલ કબૂલાત નિવેદન વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે આ આરોપીને જેહાદ વિશે ખબર નથી, આરોપી નમાજ પઢીને ઘરે જતા રહ્યા છે, આરોપી નં.૨૪ નાએ કોઇ ગેરકાયદેસર કૃત્ય કર્યુ હોય તેવુ નિવેદનમાં નથી, આરોપીના નિવેદનને સમર્થન મળે તે માટે સ્વતંત્ર પુરાવો નથી, આ આરોપી પોતે પોતાની સંડોવણી નિવેદનમાં બતાવતા નથી, આરોપીએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ ના વિશેષ નિવેદનના પાન નં.૪૫૯૮ ઉપર પણ સાચી હકીકતો જણાવી છે, આરોપીને તા.૧૬–૮–૨૦૦૮ ના રોજ અટક કરેલા છે તે એરેસ્ટ મેમામાં આરોપીની પત્નીની સહી નથી, આરોપીની પત્નિએ નામદાર ગુજરાત હાઇકોર્ટમાં હેબીયર્સ કોપર્સ અરજી દાખલ કરેલી છે .વધુમાં આરોપી નં.૨૧ મહેંદી હસન અબ્દુલ હબીબનુ આંક–૮૬૨૩થી રજૂ થયેલુ કબૂલાત નિવેદન વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે આ આરોપી ફરવાના આમંત્રણથી આવેલા હતા, કોઇ ગુનાહિત પ્રવૃતિ કરવા માટે આવેલા ન હતા, આ આરોપીએ કોઇ ગુનાહિત પ્રવૃતિમાં કરી હોય કે તેમાં સામેલ થયા હોય તેવુ નથી, આ નિવેદન આરોપીને પોતાને ગુનામાં સંડોવતુ નિવેદન નથી, આરોપી નં.૨૧ નાએ પોતાના ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં પાન

નં.૪૫૯૮ ઉપર સત્ય હકીકતો જણાવી છે તે મુજબ આરોપીને કબૂલાત કરવા માટે પોલીસ ડરાવતી હતી તેમજ લાલચ પણ આપતી હતી.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ આરોપી નં.૨ ઇમરાન ઇબ્રાહીમ શેખનુ આંક–૮૬૧૯ થી રજૂ થયેલુ કબૂલાત નિવેદન વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે આ કબૂલાત નિવેદન તા.૧૪–૧૧–૨૦૦૮ ના રોજ નોંધાવેલુ છે, આ કબૂલાત નિવેદન આરોપી નં.૨ નાએ તા.૨૫–૧૧–૨૦૦૮ ના રોજ આંક–૯૨૧૬ થી અરજી આપી પરત ખેંચેલ છે, આરોપી નં.૧ થી ૨૬ સામે સૌપ્રથમ ચાર્જશીટ તા.૧૨–૧૧–૨૦૦૮ ના રોજ રજૂ થયેલુ છે, ચાર્જશીટ રજૂ થયાના બે દિવસ બાદ આરોપી નં.૨ નાએ કબૂલાત નિવેદન નોંધાવેલુ છે, તપાસ કરનાર અધિકારીએ એવો કોઇ પુરાવો રજૂ કર્યો નથી કે આરોપી નં.૨ નાઓ ૨૦૦૪ ની સાલમાં સીમીના સભ્ય થયેલા છે, સને–૨૦૦૧ ની સાલમાં સીમી ઉપર પ્રતિબંધ મુકવામાં આવેલો છે તેવો ફરિયાદપક્ષનો કેસ છે માટે આરોપી નં.૨ સને–૨૦૦૪ માં સીમીના સભ્ય થાય તે શકય નથી, આરોપી નં.૨ નાએ વાઘમોન કેરાલા કેમ્પમાં કે પાવાગઢ હાલોલ કેમ્પમાં પણ કોઇ સક્રિય કામગીરી કરી નથી, કહેવાતી ગાડીઓ સાથે આરોપી નં.૨ કનેકટ થાય તેવો કોઇ સ્વતંત્ર પુરાવો નથી, પેટ્રોલ બોમ્બનો ઉપયોગ અમદાવાદના બોમ્બ બ્લાસ્ટ કે સુરતના બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં થયેલો નથી, પાવાગઢ હાલોલના જંગલોમાંથી કોઇ સ્ફોટક પદાર્થ મળી આવેલો નથી, આ જગ્યાનુ પંચનામુ, તપાસ કરનાર અધિકારી મયુર ચાવડાએ તા.૨૭–૮–૨૦૦૮ ના રોજ બનાવેલુ છે, મરૂસાગર એકસપ્રેસમાં ૧૦ જણા બેસીને અર્નાકુલમ ગયાનુ ફરિયાદપક્ષનુ કથન છે પરંતુ તે અંગે ફરિયાદપક્ષે કોઇ પુરાવો રજૂ થયો નથી, આરોપીઓ અર્નાકુલમથી પરત આવ્યા હોય તેવો પણ ફરિયાદપક્ષે કોઇ પુરાવો રજૂ થયો નથી, વાઘમોન કેમ્પ ખાતે ટેન્ટ બાંધી ઘણા બધા માણસો રોકાયા હોય અને તાલીમ લીધી હોય તે અંગે કોઇ પણ સાહેદ ફરિયાદપક્ષે તપાસેલ નથી, વાઘમોન કેમ્પને સમર્થન મળે તેવો કોઇ પુરાવો રજૂ થયેલો નથી, આરોપી નં.૨ ઇમરાનના ઘરે ૩ માણસો રોકાયેલા હોય તેવુ સાબિત કરવા માટે આરોપી ઇમરાનના ઘરની આજુબાજુ રહેતા

લોકોના કોઇ નિવેદનો તપાસ કરનાર અમલદારે લીધેલા નથી કે તેઓને સાહેદ તરીકે ફરિયાદપક્ષે તપાસેલા નથી, આરોપીના ઘરે ઇસ્માલિક સીડી જોઇ હોય તેવો કોઇ પુરાવો નથી, આરોપી નં.૨ ઇમરાનના મોબાઇલની કોલ ડીટેઇલ્સ મેળવી નથી, આરોપી નં.૨ નુ તા.૧૪–૧૧–૨૦૦૮ ના રોજ કબૂલાત નિવેદન નોંધેલુ છે અને આરોપી નં.૧ થી ૨૬ સામે સૌપ્રથમ ચાર્જશીટ તા.૧૨–૧૧–૨૦૦૮ ના રોજ રજૂ થયેલુ છે.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ આરોપી નં.૨ નાએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં જણાવેલી વિગતો વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે આરોપી નં.૨ ની અટકાયત ગેરકાયદેસર રીતે કરી છે, આરોપી નં.૨ ને અટક કરતી વખતે આરોપીની શરીરસ્થિતિનુ પંચનામુ બનાવેલુ નથી, તપાસ કરનાર અધિકારીએ ખોટા કાર્યો કરેલા માટે તે ખોટા કાર્યો જાહેર ના થાય તે માટે આરોપીના અટક પંચનામા બનાવેલા નથી, આરોપીના પિતાને પણ માર મારેલો જેથી તેઓને એસ.એસ.જી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલા છે તે અંગે સારવારના પેપર્સ રજૂ કરેલા છે, આરોપી નં.૨ ને ખોટી રીતે અટક કરેલા તે અંગેના પુરાવા પણ રજૂ કરેલા છે. વિ.વ.શ્રી એમ.એમ.શેખ આ અંગે નીચે મુજબનો ચુદાકો રજૂ કરી તે ચુકાદા ઉપર આધાર રાખે છે.

રીના હજારીકા વિરૂધ્ધ સ્ટેટ ઓફ આસામ

૨૦૧૮(૪) ક્રાઇમ્સ, સુપ્રિમ કોર્ટ,પાન નં.૨૯૫

ઉપરોકત ચુકાદાના પેરા નં.૧૬,૧૭,૧૮ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે કેસની ઇન્સાફી કાર્યવાહી શરૂ થાય ત્યાંથી લઇ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળ વિશેષ નિવેદન લખાવ્યુ ત્યાં સુધી આરોપીએ મૌન રહેવાનુ છે. આ ચુકાદા મુજબ આરોપી નં.૨ નાએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં તક મળી ત્યારે સવિસ્તાર હકીકતો જણાવેલી છે. આરોપીની કબૂલાત મેન્યુઅલના ફોર્મ નં.૩૫ માં જણાવ્યા મુજબ નોંધવી જોઇએ જે મુજબ હાલના કેસમાં આરોપીની કબૂલાત નોંધાયેલી નથી, મેજિસ્ટ્રેટ સમક્ષ આરોપીને નિવેદન નોંધાવવા માટે લાવવામાં આવે ત્યારે આરોપીને કોર્ટના જામામાં લાવવા જોઇએ

પરંતુ હાલના કેસમાં આ રીતે આરોપીને કબૂલાત નિવેદન નોંધવા માટે લાવેલા નથી. સેન્ટ્રલ જેલ સાબરમતિ, અમદાવાદ ખાતે પણ ક્રાઇમ બ્રાંચનુ વર્ચસ્વ છે, જેલ અધિકારી પણ ક્રાઇમ બ્રાંચ, અમદાવાદની સુચનાનુ પાલન કરે છે, ક્રાઇમ બ્રાંચના માણસો ગમે ત્યારે જેલમાં જઇ શકે છે તેમજ આવી શકે છે, આરોપીઓને જેલના બદલે પહેલા ક્રાઇમ બ્રાંચ, અમદાવાદમાં લઇ જતા હતા, આરોપીઓના છ માસ સુધી ઐતિહાસીક રીમાન્ડ ચાલ્યા છે, આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ થયા પછી આરોપીઓના કબૂલાત નિવેદનો પાછળથી ઉભા કરેલા છે, આરોપીઓને ૧૦૦ ટકા પૂર્વગ્રહ થયેલો છે, આરોપીઓના કબૂલાત નિવેદનો નોંધનાર મેજિસ્ટ્રેટોને ફરિયાદપક્ષે તપાસેલા નથી માટે આરોપીઓને પૂર્વગ્રહ થયેલો છે.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ આરોપીઓ દીઠ દલીલો કરતા જણાવે છે કે સૌપ્રથમ આરોપી નં.૧૩ હાફીજ હુસેન તાજુદ્દીન મુલ્લા બાબતે રજૂ થયેલા પુરાવા અંગે દલીલો કરતા જણાવે છે કે સદર આરોપીને જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓ દ્વારા લગભગ પાંચ મહિના સુધી રીમાન્ડ ઉપર લીધેલા છે તેમ છતાં સદર આરોપીને ગુના સાથે સાંકળતો કોઇ પુરાવો મળી આવેલો નથી, તપાસ કરનાર અધિકારી મયુર ચાવડાએ આ આરોપીને વાઘમોન મુકામે લઇ જઇ તા.૧૯–૧૧–૨૦૦૮ ના રોજ પંચનામુ કરેલુ જે પંચનામુ આંક–૮૨૫૪થી રજૂ છે અને આ અંગે સાહેદ નં.૧૧૪૮ તરીકે જોસફ જોયસનને ફરિયાદપક્ષે તપાસેલા છે તેઓની જુબાની ધ્યાને લેતાં તેમને ગુજરાતી સમજમાં આવતી નથી, ગુજરાત પોલીસ સાથે કોઇ વાતચીત થયેલી નહીં, આ પંચ સાહેદે જુબાની દરમ્યાન આરોપી નં.૧૩ ને ઓળખી બતાવેલ નથી, આ પંચનામુ કલમ–૨૭ મુજબનુ પંચનામુ નથી જેથી આ પંચનામુ ફરિયાદપક્ષે પુરવાર કરેલુ નથી. વધુમાં તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાની જુબાની ધ્યાને લેતાં તેઓ વાઘમોન ગયેલા છે પરંતુ કયા સ્થળે થી કયા સ્થળે કેવી રીતે ગયેલા તે કહી શકે તેમ નથી માટે આ તપાસ કરનાર અધિકારી મયુર ચાવડા આરોપીને લઇને વાઘમોન ગયેલા જ નથી.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ દલીલો કરતા જણાવે છે કે આંક–૧૨૨ નુ તહોમતનામુ વંચાણે લેતાં તેમાં આરોપી નં.૧૩ ની કોઇ ચોક્કસ ભૂમિકા નથી, પાંચ માસ સુધી જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ આરોપી નં.૧૩ ના રીમાન્ડ લીધા છે આ દરમ્યાન આરોપી નં.૧૩ વિરૂધ્ધ કોઇ પુરાવો મળી આવેલો નથી, આંક–૮૨૫૪ વાળુ પંચનામુ પાછળથી ઉભુ કરેલુ છે, ગુજરાત પોલીસ સાથે આરોપી હાફીજને કોઇ વાત થઇ નથી તેમજ આરોપી હાફીજે વાઘમોન કેમ્પવાળી જગ્યા સ્વેચ્છાએ બતાવી હોય તેવુ પણ નથી, તપાસ કરનાર અધિકારી મયુર ચાવડા કેવી રીતે વાઘમોન ગયેલા તેની તેમને ખબર ના હોય તો તેનો અર્થ એવો થાય કે તેઓ વાઘમોન મુકામે ગયા નથી, આરોપી નં. ૧૩ નાએ કોઇપણ જગ્યાએ મિટીંગો કરી ઉશ્કેરણીજનક ભાષણો કર્યા હોય તેવો કોઇ પુરાવો નથી, આ સિવાય આરોપી નં.૧૩ વિરૂધ્ધ કોઇ પુરાવો ફરિયાદપક્ષે રજૂ કરેલો નથી.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ આરોપી નં.૧૭ નવેદ નઇમુદ્દીન કાદરી બાબતે રજૂ થયેલા પુરાવા અંગે દલીલો કરતા જણાવે છે કે ફરિયાદપક્ષે સાહેદ નં.૧૦૦૫ તરીકે નૌશીનને તપાસેલા છે તેઓએ સોગંદ ઉપરની જુબાની દરમ્યાન ફરિયાદપક્ષના કેસને સમર્થન કરેલ ન હોવાથી તેઓને હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલા છે, ફરિયાદપક્ષ દ્વારા આ સાહેદની ઊલટતપાસ થયેલ છે તે ધ્યાને લેતાં આરોપી નવેદે આ સાહેદને સી.ડી. આપેલ હોય કે સી.ડી.ને તોડી નાંખેલ હોય તેવી વિગતોને સમર્થન મળતુ નથી. વધુમાં આરોપી નં.૧૭ નાઓએ કોઇ જેહાદી ભાષણો કરેલા નથી, કોઇ મિટીંગોમાં ભાગ લીધેલો નથી, કોઇ ઉશ્કેરણીજનક ભાષણો કરેલા નથી, આરોપી નં.૧૭ પાસેથી કોઇ સી.ડી. કબજે કરેલી નથી, આ સિવાય આરોપી નં.૧૭ વિરૂધ્ધ કોઇ પુરાવો ફરિયાદપક્ષે રજૂ કરેલો નથી.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ આરોપી નં.૧૮ જાવેદ સગીર અહેમદ શેખ બાબતે રજૂ થયેલા પુરાવા અંગે દલીલો કરતા જણાવે છે કે આ આરોપી વિરૂધ્ધ કોઇ સ્વતંત્ર પુરાવો નથી, આ આરોપી અંગે કોઇ પંચનામુ નથી,

સાહેદ નં.૯૫૭ જાહીર હુસેન અબ્દુલ જબ્બાર કુરેશીને આંક–૬૬૮૭ થી ફરિયાદપક્ષે તપાસેલા છે તેઓ તેમની જુબાનીમાં આ આરોપી વિશે જણાવે છે, આ સાહેદનુ નિવેદન ઘણા લાંબા સમય બાદ લીધેલુ છે, આ સાહેદ ત્રણ મહિના પછી તપાસ કરનાર અધિકારી મયુર ચાવડા પાસે પ્રથમ વખત નિવેદન આપવા ગયેલા છે તે શંકાસ્પદ છે, સાહેદ પોતાની સ્વેચ્છાએ મેજિસ્ટ્રેટ રૂબરૂ નિવેદન લખાવવા ગયા નથી, સાહેદ નં.૯૫૭ ની મારઝુડ કરેલી જેથી તેણે નિવેદન આપેલુ છે, સાહેદ નં.૯૫૭ નુ નિવેદન કયા સ્થળે? કેટલા વાગ્યે લીધેલુ? તે તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાને યાદ નથી માટે એવુ કહી શકાય કે આ સાહેદ ક્રાઇમ બ્રાંચની કસ્ટડીમાં હતા અને પછી આ સાહેદનુ નિવેદન વિલંબથી લીધેલુ છે. આ સિવાય આરોપી નં.૧૮ વિરૂધ્ધ કોઇ પુરાવો ફરિયાદપક્ષે રજૂ કરેલો નથી.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ આરોપી નં.૨૦ અતીકુર રહેમાન અબ્દુલહકીમ ખીલજી બાબતે રજૂ થયેલા પુરાવા અંગે દલીલો કરતા જણાવે છે કે આંક–૧૨૨ ના તહોમતનામામાં આરોપી નં.૨૦ વિરૂધ્ધ જે આક્ષેપ છે તે અંગે કોઇ સ્વતંત્ર પુરાવો નથી, આરોપી નં.૨૧ ના કબૂલાત નિવેદનમાં આરોપી નં. ૨૦ નુ નામ છે પરંતુ આરોપી નં.૨૦ ફરવા માટે આવેલો હતો, આરોપી નં.૨૧ તથા આરોપી નં.૩૫ ના કબૂલાત નિવેદનો મુજબ આરોપી નં.૨૦ વિરૂધ્ધ બીજો કોઇ પુરાવો નથી, કબૂલાત નિવેદનો નોંધાવનાર આરોપીઓએ આ કબૂલાતો પરત ખેંચી છે. આ સિવાય આરોપી નં.૨૦ વિરૂધ્ધ કોઇ પુરાવો ફરિયાદપક્ષે રજૂ કરેલો નથી.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ આરોપી નં.૨૨ ઇમરાન એહમદ સિરાજ એહમદ પઠાણ બાબતે રજૂ થયેલા પુરાવા અંગે દલીલો કરતા જણાવે છે કે આંક–૧૨૨ ના તહોમતનામામાં આરોપી નં.૨૨ વિરૂધ્ધ કોઇ સ્પેસીફીક રોલ ભજવ્યાનો આક્ષેપ નથી, આરોપી નં.૨૧ તથા આરોપી નં.૩૫ ના કબૂલાત નિવેદનોમાં આરોપી નં.૨૨ ની સંડોવણી જણાવેલ છે પરંતુ કબૂલાત નિવેદનો

નોંધાવનાર ઉપરોકત બંને આરોપીઓએ આ કબૂલાતો પરત ખેંચી છે. આ સિવાય આરોપી નં.૨૨ વિરૂધ્ધ કોઇ પુરાવો ફરિયાદપક્ષે રજૂ કરેલો નથી.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ આરોપી નં.૨૪ ઉમર ઉર્ફે અશોક કાળાભાઇ કબીરા બાબતે રજૂ થયેલા પુરાવા અંગે દલીલો કરતા જણાવે છે કે આંક–૧૨૨ ના તહોમતનામાં મુજબ આરોપી નં.૨૨ વિરૂધ્ધ કોઇ ચોક્કસ ભૂમિકા ભજવ્યાનો આક્ષેપ નથી, આ આરોપી વિરૂધ્ધ કોઇ સ્વતંત્ર પંચ કે સાહેદ નથી, ચાર્જશીટ તા.૧૨–૧૧–૨૦૦૮ ના રોજ સવારે રજૂ કરેલુ છે અને કબૂલાત નિવેદનો તેજ દિવસે એટલે કે તા.૧૨–૧૧–૨૦૦૮ ના રોજ સાંજના નોંધાવેલા છે, આંક–૮૬૨૭ તથા આંક–૯૨૨૭ થી રજૂ થયેલા આરોપીઓના કબૂલાત નિવેદનો ઉપર ફરિયાદપક્ષ આધાર રાખે છે પરંતુ આ બંને આરોપીએ ઉપરોકત કબૂલાત નિવેદનો પરત ખેંચેલા છે, આરોપીની પત્નિએ નામદાર ગુજરાત હાઇકોર્ટમાં સ્પેશ્યલ ક્રિમીનલ એપ્લીકેશન નં.૧૬૫૮/૨૦૦૮ દાખલ કરેલી જેમાં આરોપીને કેવી રીતે લઇ ગયેલા તેનો ખુલાસો છે જે પીટીશનની નકલ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ ના વિશેષ નિવેદન સમયે રજૂ કરતાં તેને આંક–૯૩૧૪ આપવામાં આવેલો છે જે વંચાણે લેવા માટે વિનંતી કરી છે. આ સિવાય આરોપી નં.૨૪ વિરૂધ્ધ કોઇ પુરાવો ફરિયાદપક્ષે રજૂ કરેલો નથી.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ આરોપી નં.૨૫ સલીમ જમાલભાઇ સીપાઇ બાબતે રજૂ થયેલા પુરાવા અંગે દલીલો કરતા જણાવે છે કે આંક–૧૨૨ ના તહોતમનામા મુજબ આ આરોપી નં.૨૫ ની આ ગુન્હામાં કોઇ સ્પષ્ટ ભૂમિકા નથી, ફરિયાદપક્ષ તર્ફે સાહેદ નં .૮૨૧ તરીકે તપાસેલા સાહેદ ભીખાભાઇ શીવાભાઇ ગઢવીની જુબાની મુજબ આરોપી નં.૨૫ ના ઘરેથી ઉર્દુમાં લખેલો કાગળ આંક–૫૫૨૪ ના પંચનામા આધારે કબજે કરેલો છે, જે કાગળ આંક–૫૫૨૫ થી રજૂ છે, આ પંચ સાહેદ કોર્ટ રૂબરૂ આરોપીને ઓળખી બતાવતા નથી, આંક–૫૫૨૫ વાળા લખાણમાં પંચોની કે પંચનામુ કરનાર તપાસ કરનાર અધિકારીની કોઇ સહીઓ કે તારીખ નથી, આંક–૫૫૨૫ વાળા લખાણમાં શું લખેલ છે તેવી કોઇ વિગતો ફરિયાદપક્ષ તર્ફે રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી.

આ સિવાય આરોપી નં.૨૫ વિરૂધ્ધ કોઇ સ્વતંત્ર પુરાવો ફરિયાદપક્ષે રજૂ કરેલો નથી.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ આરોપી નં.૨૬ મોહંમદઅલી મોહરમ અલી અન્સારી બાબતે રજૂ થયેલા પુરાવા અંગે દલીલો કરતા જણાવે છે કે આંક–૧૨૨ ના તહોતમનામા મુજબ આ આરોપી નં.૨૬ સામે કોઇ સ્પષ્ટ રોલ નથી, આ આરોપી વિરૂધ્ધ ફરિયાદપક્ષે સાહેદ નં.૧૧૨૬ તરીકે નવલકિશોર મીથુલાશંકર અગ્રવાલને અને સાહેદ નં.૧૧૨૭ તરીકે મોહંમદ ઇર્શાદ મોહમદ મુમતાઝ અન્સારીને તપાસેલા છે પરંતુ આ બંને સાહેદો ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોવાથી તેઓ બંનેને ફરી ગયેલા તરીકે જાહેર કરી ફરિયાદપક્ષ દ્વારા વિગતવાર ઊલટતપાસ કરવામાં આવેલી છે તેમ છતાં આ બંને સાહેદોએ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરેલુ નથી, આ સિવાય આરોપી નં.૨૬ વિરૂધ્ધ કોઇ સ્વતંત્ર પુરાવો ફરિયાદપક્ષે રજૂ કરેલો નથી.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ આરોપી નં.૭૧ મોહંમદ શાહીદ અબ્દુલ હમીદ નાગોરી બાબતે રજૂ થયેલા પુરાવા અંગે દલીલો કરતા જણાવે છે કે આંક–૧૯૩૫ ના તહોમતનામાં મુજબ આરોપી નં.૭૧ નાએ ડિસેમ્બર–૨૦૦૭ ના અરસામાં વાઘમોન કેરાલા મુકામે ટ્રેનીંગમાં ભાગ લીધો હતો, આરોપી નં.૭૧ અંગે તપાસ કરનાર અમલદારે આરોપીના પિતા અને સસરાના નિવેદનો લીધેલા હતા પરંતુ તેઓ બંનેને ફરિયાદપક્ષે તપાસેલા નથી, ફરિયાદપક્ષ જણાવે છે તેવા આ આરોપીના કોઇ ઉર્ફે નામો નથી, આરોપી નં.૭૧ ને અટક કરનાર તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયા અવસાન પામેલા છે જેથી આરોપી નં.૭૧ ની અટક બાબતે કોઇ પુરાવો નથી, આ સિવાય આરોપી નં.૭૧ વિરૂધ્ધ કોઇ પુરાવો ફરિયાદપક્ષે રજૂ કરેલો નથી.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ આરોપી નં.૭૪ મોહંમદ અબરાર બાબુખાન મણીયાર બાબતે રજૂ થયેલા પુરાવા અંગે દલીલો કરતા જણાવે છે કે આંક–૧૯૩૫ ના તહોમતનામાં મુજબ આરોપી નં.૭૪ નો આ ગુનામાં કોઇ ચોક્કસ રોલ કે ભૂમિકા નથી, ચાર્જશીટ પેપર્સ જોતાં આ આરોપી હાલોલ કેમ્પમાં

હાજર હોવાનુ જણાવેલુ છે, ફરિયાદપક્ષ તર્ફે સાહેદ નં.૯૧૪ તરીકે આંક–૬૫૨૭ થી મુકુન્દ જીવણલાલ જાધવને તપાસેલા છે પરંતુ આ પંચ સાહેદે જુબાની દરમ્યાન આરોપી નં.૭૪ ને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ નથી.વધુમાં ફરિયાદપક્ષ તર્ફે સાહેદ નં.૧૧૦૫ તરીકે ઈદ્રીશ ગુલાબશા ફકીરને અને સાહેદ નં. ૯૭૨ તરીકે રામકાભાઇ દેવકાભાઇ કેસરીયાનાઓને તપાસેલા છે, આ બંને સાહેદોએ આરોપી નં.૭૪ ને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ નથી , સાહેદ નં. ૯૭૨નાએ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૯૮૧ પ્રવિણભાઇ હમીરભાઇ કટારીયા રૂબરૂ થયેલ ઓળખ પરેડમાં આરોપી નં.૭૪ ને ઓળખી બતાવેલ છે પરંતુ આ ઓળખ પરેડ બનાવના ચાર વર્ષ બાદ થયેલી છે જેથી આરોપીની ઓળખ શંકાસ્પદ છે, સાહેદ નં. ૯૭૨ ચાન્સ વિટનેસ છે, આમ ફરિયાદપક્ષ તર્ફે રજૂ કરેલા ઉપરોકત પુરાવા જોતાં આરોપી નં.૭૪ સામે કેસ પુરવાર થતો નથી, આરોપી નં.૭૪ હાલોલ પાવાગઢ ગયેલા તે માટે કોઇ સ્વતંત્ર પુરાવો ન હતો માટે રજૂ થયેલ પંચનામુ ઉભુ કરેલુ છે. આમ આરોપી નં.૭૪ ગુન્હામાં સંકળાયેલ છે તેવુ ફરિયાદપક્ષ સાબિત કરી શકેલ નથી.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ આરોપી નં.૧૬ અબ્બાસ ઉમર સમેજા બાબતે રજૂ થયેલા પુરાવા અંગે દલીલો કરતા જણાવે છે કે આંક–૧૨૨ ના તહોમતનામા મુજબ આ આરોપીની આ ગુનામાં કોઇ ચોક્કસ ભૂમિકા નથી, આરોપી નં.૧૬ ને તા.૪–૯–૨૦૦૮ ના રોજ અટક કરેલા છે પરંતુ તે સમયે આરોપીનુ અટક પંચનામુ કે આરોપીની શરીરસ્થિતિનુ પંચનામુ કરવામાં આવેલુ નથી, ફરિયાદપક્ષ તર્ફે સાહેદ નં.૯૩૪ તરીકે આંક–૬૬૦૪થી પંચ કુલદીપસિંહ દશરથસિંહ પરમારને તપાસેલા છે અને આંક–૬૬૦૫ થી પંચનામુ રજૂ થયેલુ છે, આ પંચનામા મુજબ ઘરમાંથી લાઇટ બીલ, ઇલેકશન કાર્ડ, ફોટા વિગેરે કબજે કરેલા છે પરંતુ આ તમામ મુદ્દામાલ સીલ કરી કબજે કરેલો નથી, આરોપીની કસ્ટડી ગેરકાયદેસર હતી માટે આરોપીની હાજરીમાં પંચનામુ બનાવેલુ નથી, આ પંચનામુ ઉભુ કરેલુ પંચનામુ છે, મળી આવેલી તમામ વસ્તુ દરેકના ઘરમાં હોય છે, આરોપીને ગુના સાથે સાંકળે તેવો કોઇ મુદ્દામાલ મળી આવેલો નથી. વધુમાં

ફરિયાદપક્ષ તર્ફે સાહેદ નં.૧૦૩૯ તરીકે પંચ લક્ષ્મણભાઇ પોપટભાઇ ભરવાડને આંક–૭૦૫૨થી તપાસેલા છે અને આંક–૯૦૫૩ થી પંચનામુ રજૂ છે, આ પંચનામા મુજબ આરોપીએ પાવાગઢવાળી જગ્યા બતાવેલી છે, જુબાની દરમ્યાન આ પંચ સાહેદે આરોપી નં.૧૬ ને ઓળખી બતાવેલા નથી પરંતુ ખોટા વ્યકિતને ઓળખી બતાવેલ છે, આ પંચ સાહેદ ક્રાઇમ બ્રાંચની ઑફીસથી ઘણા દુર રહે છે, આ પંચ સાહેદ બનાવના ૧૦ વર્ષ પછી જે વિગતો જણાવે છે તે માનવા યોગ્ય નથી, આ પંચ તૈયાર કરેલા સાહેદ છે, પાવાગઢ કેમ્પવાળી જગ્યા ઉપર અગાઉ બીજા તપાસ કરનાર અધિકારીઓ પણ ગયેલા છે જેથી આંક–૭૦૫૩થી રજૂ કરેલ પંચનામુ કલમ–૨૭ની જોગવાઇઓ વિરૂધ્ધનુ છે. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૧૦૬૭ તરીકે અંબાલાલ વેચાતભાઇ બારીયાને તપાસેલા છે, આ સાહેદે કુલ–૯ માણસોને ઓળખેલા છે તે શકય નથી, આ સાહેદે કાંઇ અજુગતુ જોયેલુ નથી તેમજ તંબુ વાળા માણસો સાથે કોઇ વાતચીત પણ કરી નથી જેથી તંબુ વાળા લોકોને સાહેદ યાદ રાખી શકે તેવુ નથી, ઓળખેલા માણસોને યાદ રાખવાનુ કોઇ સબળ કારણ પણ નથી, સાહેદ અંબાલાલનુ નિવેદન પાછળથી ઉભુ કરેલુ છે. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૫૭૧ તરીકે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ આર.એસ.સોલંકીને તપાસેલા છે,આ સાહેદની જુબાની અને સાહેદ અંબાલાલની જુબાની વિરોધાભાસી છે, આરોપીઓને ઓળખવાના અને નહીં ઓળખવાના કારણો ખોટા આપેલા છે, સાહેદ નં.૫૭૧ નાઓએ સાહેદ રૂબરૂ કરાવેલ ઓળખ પરેડ કાયદા અને નિયમો પ્રમાણેની નથી તેવુ સાહેદ નં. ૫૭૧ ની બચાવપક્ષ દ્વારા થયેલ ઊલટતપાસ જોતા સ્પષ્ટ થાય છે. વધુમાં ફરિયાદપક્ષ તર્ફે સાહેદ નં.૯૮૧ તરીકે પ્રવિણભાઇ હમીરભાઇ કટારીયાને તપાસેલા છે, સાહેદ પ્રવિણભાઇ તથા સાહેદ અંબાલાલની જુબાની ઘણી બધી બાબતોથી વિરોધાભાસી છે, પ્રવિણભાઇ ભણેલા નથી તેમ છતાં સરતપાસમાં તારીખો જણાવી છે, સાહેદ પ્રવિણભાઇની બચાવપક્ષ દ્વારા થયેલ ઊલટતપાસ જોતાં સાહેદ પ્રવિણભાઇ તૈયાર કરેલા સાહેદ છે તે સ્પષ્ટ થાય છે, સાહેદ પ્રવિણભાઇ ત્રણ વખત ઓળખ પરેડ માટે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સમક્ષ આવેલા છે તેમ

છતાં મેજિસ્ટ્રેટનુ વર્ણન આપી શકતા નથી. વધુમાં ફરિયાદપક્ષ તર્ફે સાહેદ નં. ૧૧૦૫ તરીકે ઇદ્રીશ ગુલાબશા ફકીરને તપાસેલા છે, પોલીસે લીધેલા જવાબો આ સાહેદને વાંચી બતાવેલા નથી, પોલીસે પોતાની રીતે આ સાહેદના જવાબો લખી લીધા છે, આ સાહેદ રૂબરૂ આરોપીઓની કોઇ ઓળખ પરેડ કરાવેલી નથી, ઉપરોકત સાહેદોની જુબાની જોતાં આરોપી નં.૧૬ ની હાલોલ કેમ્પમાં હાજરી સ્પષ્ટપણે અને નિઃશંક સાબીત થતી નથી, પંચોની જુબાની અને પંચનામાની હકીકતો વિરોધાભાસી છે. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૧૦૭૩ તરીકે આંક–૭૨૯૮ થી મોહંમદ યુનુસ લતીફ સુમરાને તપાસેલા છે, આ સાહેદને ત્યાંથી આંક–૭૨૨૩ વાળુ રજીસ્ટર કબજે કરેલુ છે પરંતુ આ સાહેદને ત્યાંથી કમ્પ્યુટર કબજે કરેલુ નથી, રજીસ્ટર કબજે કર્યાની પહોંચ સાહેદને આપેલી નથી, આરોપી નં.૧૬ નાઓએ આ સાહેદના સાયબર કાફે ઉપર ચેટીંગ કર્યુ હોય તેવા કોઇ દસ્તાવેજી પુરાવા તપાસ દરમ્યાન મળી આવેલા નથી, કબજે કરેલ સાયબર કાફેના રજીસ્ટરની વિગતો સાથે બનાવને કોઇ સબંધ નથી કે રજીસ્ટરને બનાવ સાથે જોડતો કોઇ પુરાવો નથી. વધુમાં બચાવપક્ષ તર્ફે બચાવના સાહેદ નં.૨ તરીકે આંક–૯૨૭૦થી આરોપી નં.૧૬ ના ભાઇ મોહંમદ ફારૂક ઉમર સમેજાને તપાસેલા છે, આ સાહેદે તમામ સાચી હકીકતો જણાવેલી છે, આરોપી અબ્બાસને ભૂજ થી જે ગાડીમાં અમદાવાદ લાવવામાં આવેલા છે તે ગાડીના ડ્રાઇવર અંગે બચાવપક્ષે સાહેદ નં.૩ તરીકે મહેન્દ્રકુમાર આર.પરમારને આંક–૯૨૮૩થી તપાસેલા છે, બચાવપક્ષના પુરાવાને પણ ફરિયાદપક્ષના પુરાવા જેટલુ જ મહત્વ આપવુ જોઇએ, બચાવપક્ષના પુરાવાને અન્ય સમર્થનકારી પુરાવાની જરૂર નથી, આરોપીની બનાવમાં સંડોવણી ન હોવાની શકયતા બતાવતો પુરાવો હોવો જોઇએ, રૂજૂ થયેલ એરેસ્ટ મેમામાં કોઇની સહી કરાવી નથી, આરોપી નં.૨ અને ૩૫ ના કબુલાતનામા કાયદાકીય રીતે નોંધાયેલા નથી જેથી કોઇ પણ રીતે વાંચી શકાય નહીં જેથી આરોપી નં.૧૬ સામે ફરમાવેલ ચાર્જ નિઃશંકપણે ફરિયાદપક્ષ સાબિત કરી શકેલ નથી.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ આરોપી નં.૧૯ રઝીયુદ્દીન નાસર મોહંમદ નસીરૂદ્દીન બાબતે રજૂ થયેલા પુરાવા અંગે દલીલો કરતા જણાવે છે કે આંક–૧૨૨ ના તહોમતનામા મુજબ આ આરોપીની આ ગુનામાં કોઇ સ્પષ્ટ ભૂમિકા નથી, આરોપી નં.૧૯ ને તા.૨૪–૯–૨૦૦૮ ના રોજ અટક કરેલા છે, આરોપીનો હુબલી જેલમાંથી ટ્રાન્સફર વોરન્ટના આધારે કબજો મેળવવામાં આવેલો છે, આ આરોપીના જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ લગભગ ૧૦૦ દિવસના પોલીસ કસ્ટડીના રીમાન્ડ મેળવેલા છે તેમ છતાં સદર આરોપી વિરૂધ્ધ કોઇ પુરાવો ફરિયાદપક્ષને મળી આવેલો નથી, આરોપીને અટક કર્યાના ૨૨ દિવસ બાદ સાહેદ નં.૮૩૬ ભાવીન ઉર્ફે મનુ વિજયસિંહ ઠાકોરની હાજરીમાં આંક–૫૧૭૧ વાળુ પંચનામુ કરેલુ છે, આ પંચનામા મુજબ એફ.એસ.એલ. અધિકારીની હાજરીમાં ક્રાઇમ બ્રાંચના કમ્પ્યુટરમાં પાસવર્ડ નાંખી કેટલાક ઇ–મેઇલની કોપીઓ કાઢેલી છે, આરોપીનુ પોલીસ રૂબરૂનુ નિવેદન પુરાવાના કાયદાની કલમ–૨૫ તથા કલમ–૧૬૨ મુજબ પુરાવામાં ગ્રાહ્ય નથી, ગુનાને લગતી કબૂલાત કલમ–૨૭માં જાય નહીં, એફ.એસ.એલ. અધિકારીએ આરોપીના પાસવર્ડ લઇ કમ્પ્યુટર ઓપન કરી મેસેજ કાઢેલા છે, આરોપીએ જાતે આ મેસેજ કાઢયા નથી, આ પંચ સાહેદ કોર્ટ રૂબરૂ આરોપીને ઓળખી બતાવતા નથી, કયા ડી.સી.પી. ના ઇન્ટરનેટ કનેકશનવાળા કમ્પ્યુટરનો ઉપયોગ કર્યો તે બાબતે કોઇ અધિકારીનો જવાબ લીધો નથી, તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ ઉષા રાડાની આંક–૫૬૭૧ થી થયેલ જુબાની વંચાણે લેતાં પંચનામાથી જુદી પડે છે. વધુમાં સદર આરોપી વિરૂધ્ધ હુબલીમાં નોંધાયેલ સેશન્સ કેસ નં.૪૯/૨૦૦૮ અને ૧૧૨/૦૮ ના કામે આવેલ ચુકાદો આરોપીએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ ના વિશેષ નિવેદન સમયે રજૂ કરેલ છે જે ચુકાદાના પેરા નં.૪૩૧, ૪૩૨, ૭૩૦ વંચાણે લેવા માટે વિનંતી કરી છે, હુબલીના કેસમાં જે પંચનામુ થયેલુ છે તે મુજબનુ જ પંચનામુ હાલના કેસમાં થયેલુ છે જે પંચનામુ આંક–૫૬૭૧ થી રજૂ છે, જે તે સમયના ક્રાઇમ બ્રાંચના એ.સી.પી. નરેન્દ્ર અમીન વિરૂધ્ધ આરોપીએ હૈદરાબાદમાં સઇફાબાદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ

આપેલી છે મજકુર ફરિયાદ આંક–૯૨૨૪ થી રજૂ કરેલી છે, જે ફરિયાદની અદાવત રાખી આરોપીને હાલમાં ગુન્હામાં ખોટી રીતે સંડોવેલો છે, ક્રિ.પ્રો.કોડ કલમ–૩૦૦ મુજબ આજ હકીકતો બાબતે હુબલી ખાતે કેસ ચાલી ગયેલ છે તેજ પુરાવાના આધારે હાલનો કેસ હાલના આરોપી વિરૂધ્ધ ચાલી શકે નહીં. આમ આરોપી નં.૧૯ નુ કોઈપણ જાતનુ ઈનવોલ્વમેન્ટ હાલના કેસમાં જણાતુ નથી.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ આરોપી નં.૩૪ મનસુર અસગર પીરભોય બાબતે રજૂ થયેલા પુરાવા અંગે દલીલો કરતા જણાવે છે કે આંક–૧૨૨ ના તહોમતનામા મુજબ આરોપી નં.૩૪ નાઓએ વાયફાય કનેકશનોનો ઉપયોગ સંમતિ વિના કરી ધમકીભર્યા ઈ–મેઈલો કરેલા છે, આ આરોપી વિરૂધ્ધ કેસ પુરવાર કરવા માટે ફરિયાદપક્ષે સાહેદ નં.૯૦૩ ને આંક–૬૪૭૫ થી, સાહેદ નં. ૧૧૨૫ ને આંક–૮૦૮૧થી અને સાહેદ નં.૧૧૫૦ ને આંક–૮૨૬૩ થી તપાસેલા છે અને માર્ક–એ થી અંદાજે ૬૬ પાના રજૂ કરેલા છે પરંતુ તેમાં પુરાવાના કાયદાની કલમ–૬૫(બી) મુજબનુ પ્રમાણપત્ર નથી, આ સાહેદનુ નિવેદન બનાવના છ માસ બાદ લીધુ છે ત્યાં સુધી આ ઈ–મેઈલ બાબતે સાહેદે કોઈ ફરિયાદ કરી નથી, સાહેદનુ નિવેદન લીધુ ત્યારે કમ્પ્યુટર કે હાર્ડ ડીસ્ક કબજે કરી નથી વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૯૦૩ તરીકે આંક–૬૪૭૫ થી ધવલ નીરંજનભાઈ શાહને તપાસેલા છે અને આંક–૬૪૭૬ થી પંચનામુ રજૂ કરેલુ છે, આ પંચ પંચનામાની ઘણી બધી વિગતો સરતપાસમાં બોલ્યા ન હતા તેમ છતાં સરકારી વકીલે પંચનામુ વાંચીને આ વિગતો પેરા નં.૮,૯,૧૦ માં કબૂલ કરાવેલ છે, આ પંચ આરોપીને કોર્ટમાં ઓળખી બતાવતા નથી, પંચ સાહેદની બચાવપક્ષ દ્વારા થયેલ ઊલટતપાસ વંચાણે લેતાં પંચનામાની વિગતો શંકાસ્પદ અને માનવા લાયક નથી. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૧૧૨૫ તરીકે આંક–૮૦૮૧ થી અમીતભાઈ નરેન્દ્રભાઈ ગૌરને તપાસેલા છે, ૨૦૦૮ ની સાલમાં સાહેદ સાથે આરોપી નં.૩૪ કંપનીમાં પ્રિન્સીપાલ સોફ્ટવેર એન્જીનીયર તરીકે નોકરી કરતા હતા, પોલીસે તપાસ દરમ્યાન સદર આરોપીનુ કોઈ લેપટોપ કબજે કરેલુ નથી, વાયફાય કનેકશન હેક કર્યા બાબતે પણ કોઈ પુરાવો નથી, ઈન્ડિયન મુજાહિદ્દીન

નામની સંસ્થા હતી કે કેમ? તે અંગે ફરિયાદપક્ષે કોઇ પુરાવો રજૂ કરેલો નથી, આંક–૮૨૮૮ થી રજૂ કહેવાતા ટેરર ઇ–મેઇલના કોઇપણ પાના ઉપર કોઇની પણ સહી નથી તેમજ રજૂ થયેલ ઇ–મેઇલ ઓરીજનલ નથી જેથી આ ઇ–મેઇલના કન્ટેન્સ પુરવાર થતા નથી.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ દલીલો કરતા જણાવે છે કે તપાસ કરનાર અધિકારી શ્રી ઉષા રાડાના લેપટોપમાં કયા પ્રોગ્રામ હતા તે ચેક કરેલુ નથી, વિશાલ માર્ટ પાસેથી વાઇફાય હેક કરેલુ તે બાબતે વિશાલ માર્ટના કોઇ પણ અધિકારી કે કર્મચારીના નિવેદનો લીધેલા નથી, આ વાઇફાય કોના નામે હતુ તેની વિગતો રેકર્ડ ઉપર આવતી નથી તેમજ તપાસ કરનાર અધિકારી શ્રી ઉષા રાડા પણ આ બાબતે કોઇ વિગતો પોતાની જુબાનીમાં જણાવતા નથી, કેનીથ હેવુડ કે ખાલસા કોલેજના કોઇ પણ માણસને ફરિયાદપક્ષે તપાસ્યા નથી, આરોપીના લેપટોપ તપાસ દરમ્યાન કબજે લીધેલ નથી, તા.૨૬–૭–૨૦૦૮ ના રોજ કહેવાતા લેપટોપનો ઉપયોગ થયેલો તે બતાવવા કોઇ વૈજ્ઞાનિક પુરાવો રજૂ થયેલો નથી, ફાઇલ કે પુરાવો લેપટોપમાંથી રદ્ધ કર્યા છે તેવો પણ કોઇ પુરાવો નથી, આંક–૫૬૭૧ વાળુ પંચનામુ ખોટુ ઉભુ કરેલુ છે, આંક– ૮૨૮૮ ના ઇ–મેઇલ પોલીસ કમિશનર કચેરીને કોના દ્વારા મળ્યા? કયારે મળ્યા? તે અંગે પણ કોઇ પુરાવો નથી, આ ઇ–મેઇલ આરોપી નં.૩૨, ૩૩, ૩૪ તથા ૪૪ નાઓએ કર્યા છે તેવો કોઇ પુરાવો નથી, આરોપી નં.૩૪ ને ચાર્જ પ્રમાણે સાંકળતો કોઇ પુરાવો ફરિયાદપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ આરોપી નં.૭૭ સુહેબ અબ્દુલ કાદર પોટ્રનીકલ બાબતે રજૂ થયેલા પુરાવા અંગે દલીલો કરતા જણાવે છે કે આંક–૭૨૪૫ના તહોમતનામા મુજબ આ આરોપીનો કોઇ સ્પેશીફીક રોલ નથી, હાલના આ આરોપીને અટક કર્યા બાદ તેના પિતા અબ્દુલ કાદર, આરોપીના ભાઇ સમીમ અને સાબીર અને આરોપીના બનેવીના નિવેદનો ફરિયાદપક્ષે નોંધેલા છે પરંતુ આ નિવેદનોમાં આરોપીને બનાવમાં સંડોવતો કોઇ પુરાવો ન

હોવાથી તેઓને સાહેદો તરીકે ફરિયાદપક્ષે તપાસેલા નથી, ફરિયાદપક્ષ આરોપી નં. ૭૭ વિરૂધ્ધ કોઇ પુરાવો રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ આરોપી નં.૭૮ તૌસીફખાન સગીર અહેમદખાન પઠાણ બાબતે રજૂ થયેલા પુરાવા અંગે દલીલો કરતા જણાવે છે કે આંક–૭૨૪૫ ના તહોમતનામામાં મુજબ આરોપી નં.૭૮ ની કોઇ સ્પષ્ટ ભૂમિકા નથી, આરોપીને તા.૨૭–૧૧–૨૦૧૭ ના રોજ કાયદેસર રીતે એરેસ્ટ કરેલા છે, તા.૨૮–૧૧–૨૦૧૭ થી આ આરોપી પોલીસ રીમાન્ડ ઉપર હતા ત્યારે તા.૧–૧૨–૨૦૧૭ ના રોજ પંચોની હાજરીમાં હાલોલ પાવાગઢ વાળી જગ્યા બતાવ્યા અંગે આંક–૯૩૯૨ વાળુ પંચનામુ બનાવેલુ છે તેમજ પંચોની હાજરીમાં દરિયાપુરમાં આમીન શેખનુ મકાન બતાવ્યા અંગે સાહેદ નં.૧૦૮૧ ની હાજરીમાં પંચનામુ કરેલુ છે, હાલોલ પાવાગઢની જગ્યા બતાવ્યા અંગેના પંચ સાહેદ મહેન્દ્રભાઇ વિષ્ણુભાઇ પાટીલને સાહેદ નં.૧૦૮૩ તરીકે તપાસેલા છે, આ પંચની જુબાની જોતા આ પંચે માત્ર પંચનામામાં સહી કરેલાનુ જણાવેલ છે, આ જગ્યાના અગાઉ ૫ થી ૬ વખત જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ પંચનામા કરેલા છે. વધુમાં પંચ સાહેદ નં.૧૦૮૧ ની જુબાની જોતા આ પંચ સાહેદ આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી શકેલ નથી, કહેવાતુ મકાન કોનુ હતુ તે માટે પોલીસ કે પંચ સાહેદ આ મકાનમાં ગયા નથી, મકાનના કોઇ દસ્તાવેજ કબજે કરેલા નથી જે ધ્યાને લેતાં આરોપી નં.૭૮ ને ગુના સાથે સાંકળતો કોઇ પુરાવો ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલ નથી.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ આરોપી નં.૬૪ ઝહીર ઐયુબભાઇ પટેલ બાબતે રજૂ થયેલા પુરાવા અંગે દલીલો કરતા જણાવે છે કે આંક–૧૨૨ ના તહોમતનામા મુજબ આરોપી નં.૪૩, ૪૫, ૬૩, ૬૪ નાઓએ સાથે મળી બોમ્બ બનાવવાની સામગ્રી ખરીદેલી છે, આ આરોપીની અટક ફકત સુરતના કેસોમાં કરેલી છે, ફરિયાદપક્ષે તપાસેલા સાહેદ નં.૮૮૧ અદનાન મોહંમદ ખાલીદ શેખે ફરિયાદપક્ષના કેસની હકીકતોને તેમજ પોતાના પોલીસ રૂબરૂના જવાબની વિગતોને સમર્થન કરેલ નથી જેથી તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલા

છે. વધુમાં ફરિયાદપક્ષે તપાસેલા સાહેદ નં.૮૫૭ સમીમબાનુ જાફર એહમદ સૈયદે સરતપાસ દરમ્યાન આરોપીને ઓળખી બતાવેલા નથી, કહેવાતા ગેસના બાટલાનો ઉપયોગ સુરત બોમ્બ પ્લાન્ટેશનના કેસોમાં થયો નથી. વધુમાં ફરિયાદપક્ષે તપાસેલા સાહેદ નં.૮૫૮ મહમદ આસીમ અબ્દુલ રઉફ અન્સારીએ સરતપાસ દરમ્યાન હાલના આરોપી નં.૬૪ ના બદલે આરોપી સફદર નાગોરીને ઓળખી બતાવેલા છે, આ સાહેદે જહીર પટેલને કયારે સાઇકલ વેચી તે અંગે કોઇ પુરાવો નથી, સુરતના કેસોમાં સાઇકલોનો ઉપયોગ થયેલો નથી. વધુમાં ફરિયાદપક્ષે તપાસેલા સાહેદ નં.૮૮૨ હસમુખભાઇ રાઠોડની જુબાની મુજબ ૨૦૦૮ ના વર્ષમાં હીરો જેટ સાઇકલ વેચવા માટે હાસીમભાઇને આપેલી પરંતુ સુરતના કેસોમાં સાઇકલનો ઉપયોગ થયેલો નથી. વધુમાં ફરિયાદપક્ષે તપાસેલા સાહેદ નં.૯૬૧ અબ્દુલરશીદ ઇબ્રાહીમભાઇ બનારસી પણ આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવતા નથી. વધુમાં સાહેદ નં.૧૦૭૯ ઇમ્તીયાઝ હુસેનભાઇ સૈયદ, સાહેદ નં.૪૫૭ ભદ્રેશ તીજવીજ અને સાહેદ નં.૪૬૦ સંજય બંસીલાલનાઓની જુબાનીઓ ધ્યાને લેતાં કહેવાતી સાઇકલોનો ઉપયોગ સુરતના કેસોમાં થયેલો નથી તેમજ આરોપીએ બોમ્બ બનાવવાની કોઇ સામગ્રી ખરીદી નથી. હાલના આરોપી નં.૬૪ ની ગુન્હામાં સંડોવણી હોવાનો પુરાવો નિકળી આવતો નથી.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ આરોપી નં.૭૫ આલમઝેબ મજકુર અહેમદ આફ્રીદી બાબતે રજૂ થયેલા પુરાવા અંગે દલીલો કરતા જણાવે છે કે આંક–૬૯૪૪ ના તહોમતનામા મુજબ આરોપીની કોઇ સ્પષ્ટ ભુમિકા નથી, ફરિયાદપક્ષે તપાસેલા સાહેદ નં.૧૦૮૨ નલીનભાઇ જયંતીલાલ જાડાવાલા, સાહેદ નં.૧૧૧૪ રાજેશભાઇ જાધવભાઇ ચૌહાણ, સાહેદ નં.૧૧૦૭ નીતેશ ભીખાભાઇ રાજપુત, સાહેદ નં.૧૧૦૨ સંતોષસીંગ વિશ્રામસીંગ રાજપુત અને સાહેદ નં.૯૫૭ જાકીર કુરેશીનાઓની સરતપાસ અને બચાવપક્ષ દ્વારા થયેલી ઊલટતપાસ ધ્યાને લેતાં કહેવાતી સાઇકલો કઇ તારીખે, કેટલા વાગ્યે અને કયાં મુકી? તે અંગે કોઇ પુરાવો નથી, આરોપીને સાઇકલ મુકતો કોઇએ જોયો હોય તેવો પણ પુરાવો નથી, આંક–૮૦૦૦ થી રજૂ થયેલ પંચનામુ કબૂલાત સ્વરૂપનુ

છે માટે તે ધ્યાને ન લેવાય, કહેવાતા પંચનામા આરોપી વિરૂધ્ધ ઉભા કરેલા છે. આરોપી નં.૭૫ વિરૂધ્ધનો ચાર્જ સાબિત કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ આરોપી નં.૩૫ રફીયુદ્દીન સરકુદ્દીન કાપડીયા બાબતે રજૂ થયેલા પુરાવા અંગે દલીલો કરતા જણાવે છે આંક–૧૨૨ ના તહોમતનામા મુજબ હાલના ગુન્હામાં આ આરોપીની કોઇ ચોક્કસ ભૂમિકા નથી, સદર આરોપી પોલીસ રીમાન્ડ ઉપર હતા ત્યારે તેણે સાહેદ નં.૯૦૦ હિમેશકુમાર પ્રવિણચંદ્ર મહેતાની હાજરીમાં હાલોલ કેમ્પ વાળી જગ્યા બતાવ્યાનો આક્ષેપ છે, સદર પંચ સાહેદે કોર્ટ રૂબરૂ આરોપીને ઓળખી બતાવેલ નથી. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૧૧૦૫ તરીકે ઇદ્રીશ ગુલાબશા ફકીરને તપાસેલા છે સદર સાહેદે આરોપીને ઓળખી બતાવેલ છે પરંતુ સદર સાહેદે બચાવપક્ષ દ્વારા થયેલ ઊલટતપાસમાં કબૂલ કરેલુ છે કે પોલીસ રૂબરૂના જવાબમાં આરોપી કયામુદ્દીન કાપડીયા કે રફીયુદ્દીન કાપડીયાના નામો લખાવેલા નથી. વધુમાં હાલના આરોપી નં.૩૫ નુ કબૂલાત નિવેદન આંક–૮૬૩૧ થી રજૂ થયેલુ છે, આ કબૂલાત નિવેદન સોગંદ ઉપર લીધુ છે જે લેવાય નહીં તેમજ આ નિવેદન સ્વૈચ્છિક નથી, કબૂલાત નિવેદન રીમાન્ડ દરમ્યાન બળજબરીથી અને ધાક–ધમકીથી આરોપી પાસે અપાવ્યુ છે જેથી આ કબૂલાત નિવેદન આરોપીએ આંક–૯૩૫૧ થી પરત ખેંચેલ છે, કબૂલાત નિવેદન આરોપીને પોતાને ગુન્હામાં સંડોવતુ નથી. કબૂલાત નિવેદન સોગંદ ઉપર ના લેવાય, સોગંદ આપે તો તે ગેરકાયદેસર છે અને આવુ નિવેદન પુરાવામાં ગ્રાહ્ય નથી. આ અંગે નીચે મુજબના ચુકાદા ઉપર આધાર રાખે છે.

અકમન બોરા વિરૂધ્ધ સ્ટેટ ઓફ આસામ

૧૯૮૮ ક્રિમીનલ લો જનરલ,સુપ્રિમ કોર્ટ,પાન નં.૫૭૩

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ પંચનામા વાળી જગ્યાઓ બાબતે નીચે મુજબનો ચુકાદો રજૂ કરી તેના ઉપર આધાર રાખે છે.

રમેશ બાબુ ઠાકોર વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત

૨૦૧૯(૪) જી.એલ.આર.પાન નં.૩૦૦૩

ઉપરોકત ચુકાદાના પેરા નં.પ.૧૭ મુજબ તપાસ કરનાર અધિકારીએ સ્વીકારેલુ કે જગ્યા ઉપર આગલા દિવસે ગયેલા છે, ગુનામાં નવી કોઇ ડિસ્કવરી થયેલી નહીં, આ સંજોગો ફરિયાદપક્ષની વિરૂધ્ધ જાય છે.

વધુમાં સદર આરોપી નં.૩૫ નાઓ કબૂલાત નિવેદન કયા સંજોગોમાં આપેલુ તેનો ખુલાસો ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં કરેલો છે જે ધ્યાને લેવા માટે વિનંતી કરી છે.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ આરોપી નં.૩૭ કયામુદ્દીન સરકુદ્દીન કાપડીયા બાબતે રજૂ થયેલા પુરાવા અંગે દલીલો કરતા જણાવે છે આંક–૧૨૨ ના તહોમતનામામાં જણાવેલા આક્ષેપો મુજબ આરોપી નં.૩૭ નાએ બોમ્બ બનાવવા માટે અમદાવાદના દાણીલીમડામાં આવેલ અલમોહંમદી સોસાયટીવાળુ મકાન નં.૧૦ ભાડે રાખેલુ, ગેસ બોટલો તથા સાઇકલોની ખરીદી કરેલી, આરોપી નં.૨૮ ની સાથે રહી મારૂતિ ૮૦૦ માં ગેસ બોટલ અને વિસ્ફોટકો મુકી અમદાવાદની સિવિલ હોસ્પિટલ ટ્રામા સેન્ટર પાસે બોમ્બ બ્લાસ્ટ કરાવેલા, આરોપી નં.૨૭ નાએ ચોરી કરેલ મારૂતિ–૮૦૦ અમદાવાદની એલ.જી.હોસ્પિટલ ખાતે મુકી બ્લાસ્ટ કરાવેલા, પોતાની ઓળખ છુપાવવા માટે અમદાવાદ ખાતેના સ્વીમીંગ પુલમાં અન્ય વ્યકિતના નામે અરજી કરેલી, જુદી–જુદી મોબાઇલ કંપનીઓના કનેકસનો મેળવવા માટે ખોટા ઓળખ પુરાવા રજૂ કરી સીમ કાર્ડ મેળવેલા, નાસતા–ફરતા આરોપી અબ્દુલ સુભાન કુરેશીને રહેવા માટે વાપી મુકામે ખોટા નામે હોટલમાં રૂમ બુક કરાવી હોટલ રજીસ્ટરમાં ખોટા નામે એન્ટ્રી કરેલી તેમજ પુના ખાતે આવેલ હોટલ કમલેશ્વરમાં રોકાવા માટે પોતની ઓળખ છુપાવી ખોટા નામે રૂમ બુક કરાવી હોટલ રજીસ્ટરમાં એન્ટ્રી કરેલી.

ઉપર મુજબનુ તહોમતનામું આરોપી નં.૩૭ વિરૂધ્ધ સાબિત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવો ધ્યાને લેતાં સૌપ્રથમ અમદાવાદના દાણીલીમડા મુકામે અલમોહંમદી સોસાયટીનુ મકાન નં.૧૦ ભાડે રાખવા બાબતે રજૂ થયેલ પુરાવો ધ્યાને લેતાં આ મકાનના માલિક કુખરાજબાનુ હતા તેવુ

ફરિયાદપક્ષ દ્વારા નિઃશંકપણે સાબીત થયેલ નથી, મકાન માલિક કુખરાજબાનુને ફરિયાદપક્ષે સાહેદ નં.૯૪૩ તરીકે આંક–૬૬૨૯થી તપાસેલા છે આંક–૬૬૩૧ થી મકાનનો એલોટમેન્ટ લેટર, આંક–૬૬૩૩ થી મકાનનો એગ્રીમેન્ટ કરાર રજૂ કરેલ છે, પોલીસે આ સાહેદનુ નિવેદન લીધા પછી આ મકાન આરોપી નં.૩૭ નાએ ભાડે રાખ્યાના પુરાવા બનાવેલા છે, મકાનના પુરાવા બાબતે અલમોહંમદી સોસાયટીના સેક્રેટરી કે હોદ્દેદારોના જવાબો તપાસનીશ અધિકારીઓએ લીધા નથી જેથી આ મકાન આરોપી નં.૩૭ નાએ ભાડે લીધુ તે હકીકત સાબીત થતી નથી, મકાન માલિક કુખરાજબાનુ પાસે આરોપી નં.૩૭ ની ઓળખ પરેડ કરાવી નથી, આરોપી નં.૩૭ ને અટક કર્યા પછી દોઢ મહીના બાદ તા.૧૬–૧–૨૦૦૯ ના રોજ આ મકાનનુ પંચનામુ બનાવેલુ છે. વધુમાં ઉપરોકત મકાન અંગે ફરિયાદપક્ષે સાહેદ નં.૮૩૪ તરીકે મહેન્દ્ર બાબુભાઇ રાવલને તપાસેલા છે, આ સાહેદે આંગળી ચીંધીને મકાન બતાવેલ છે પરંતુ તે મકાન નં.૧૦ હતુ કે કેમ? તે અંગે આ સાહેદ કાંઇ જણાવતા નથી, આ સાહેદ નં.૮૩૪ કોર્ટ રૂબરૂ આરોપી નં.૩૭ ને ઓળખી બતાવતા નથી, આંક–૫૬૨૮થી રજૂ થયેલ પંચનામામાં જે કબૂલાત સ્વરૂપની હકીકતો લખેલ છે તે પુરાવા ધારાની કલમ–૨૫ તથા ક્રિ.પ્રો. કોડ કલમ–૧૬૨ હેઠળ એડમીશીબલ નથી.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ દલીલો કરતા જણાવે છે કે ફરિયાદપક્ષે સૌપ્રથમ દાણીલીમડા ખાતે આવેલ ઉપરોકત મકાનનુ પંચનામુ તા.૧૯–૯–૨૦૦૮ ના રોજ પંચોની હાજરીમાં કરેલુ જે અંગેનુ પંચનામુ આંક–૬૬૫૬થી રજૂ છે તે મકાન આરોપી જાહીદ કુતબુદ્દીન શેખે બતાવેલાનુ ફરિયાદપક્ષે કથન છે, આ પંચનામા દરમ્યાન મકાનમાં આવેલ વીજમીટરનો ગ્રાહક નં.૨૪૩૭૧૨૭ જણાવેલ છે જયારે મકાન માલીક પાસેથી આ મકાનનુ જે લાઇટબીલ કબજે લીધેલ તે આંક–૬૬૩૦ થી રજૂ છે તેમાં મકાનમાં આવેલ વીજ કનેકશનનો ગ્રાહક નં.૨૦૧૩૪૦૬ છે, પંચનામામાં જણાવેલ ગ્રાહક નંબર અને રજૂ થયેલ વીજ બીલમાં ગ્રાહક નંબર જુદો છે આમ રજૂ થયેલ બીલ બીજા મકાનનુ છે, આંક–૬૬૫૬ થી રજૂ પંચનામા મુજબ આ મકાનમાંથી મળી આવેલ ગાદલા

એફ.એસ.એલ.માં ચકાસણી અર્થે મોકલવામાં આવેલા પરંતુ તે આરોપી નં.૩૭ ના ડી.એન.એ. સાથે મેચ થાય છે તે અંગે કોઇ પુરાવો નથી, મકાનના દરવાજા, બારી બારણા વિગેરે ઉપરથી નમૂના કબજે કરી ચકાસણી અર્થે એફ.એસ.એલ.માં મોકલી આપેલા છે પરંતુ કયાંયથી પણ આરોપી નં.૩૭ ની ફિંગર પ્રિન્ટ મળી આવી નથી, પંચનામા દરમ્યાન આ મકાનમાંથી કોઇપણ પ્રકારના હથિયાર, સ્ફોટક પદાર્થ, ડીટોનેટર કે પ્રતિબંધિત ચીજવસ્તુઓ મળી આવેલ નથી, પંચનામા દરમ્યાન જે મુદ્દામાલ કબજે કરેલ છે તે ઘર વપરાશની અને બજારમાં સહેલાઇથી મળતી ચીજવસ્તુઓ છે. આ મકાન ભરચક વસ્તીવાળા વિસ્તારમાં છે, આ મકાનમાં આ લોકો દોઢ મહીનો રહેલા હોય અને શંકાસ્પદ પ્રવૃત્તિ થતી હોય તેની કોઇને ખબર ના પડે તેવુ ન બને જેથી આરોપી નં.૩૭ નાએ આ મકાન આરોપી નં.૨૭ સાથે ભાડે રાખેલ હોવાનો તથા તેનો બોમ્બ બનાવવામાં ઉપયોગ કરેલો હોવાનો આક્ષેપ નિઃશંકપણે સાબિત થતો નથી.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ અમદાવાદના વટવા ખાતે ઉમરાવ નગરમાં આવેલ મકાન નં.૩ ભાડે રાખી તેનો બોમ્બ બનાવવામાં ઉપયોગ કરેલ હોવાના આક્ષેપ બાબતે રજૂ થયેલા પુરાવા અંગે દલીલો કરતા જણાવે છે કે આ મકાનના માલિક ફીરોજ દીલાવર શેખ છે તે અંગે કોઇ દસ્તાવેજી પુરાવો રજૂ થયેલો નથી, મકાન માલિકને ફરિયાદપક્ષે સાહેદ નં.૧૧૦૬ તરીકે તપાસેલા છે, મકાન માલિક પાસે આરોપીઓની ઓળખ પરેડ કરાવેલી નથી, મકાનની આજુબાજુ રહેતા લોકોના નિવેદનો લીધા નથી, મકાન માલિકે જણાવ્યા મુજબ સઇદુ રહેમાનના કહેવાથી મકાન ભાડે આપેલુ છે પરંતુ ફરિયાદપક્ષે સઇદુ રહેમાનને સાહેદ તરીકે તપાસેલા નથી. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૮૯૮ તરીકે આંક–૬૪૩૩ થી બિપીન છોટાલાલ પટેલને તપાસેલા છે અને આંક–૬૪૩૪ થી પંચનામુ રજૂ કરેલુ છે પરંતુ સદર સાહેદની બચાવપક્ષ દ્વારા થયેલ ઊલટતપાસ ધ્યાને લેતાં મકાન માલિક અંગે કોઇ દસ્તાવેજી પુરાવા જોવા મળેલો ન હોવાનુ કબૂલ કરે છે, મકાનના કબજેદાર હોવાનો પણ પુરાવો મળેલો ન હોવાનુ કબૂલ કરે છે. મકાન માલિક ફીરોજ શેખનુ ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૪ મુજબનુ નિવેદન

આંક–૭૯૩૦ થી રજૂ છે, આ નિવેદન ગુજરાતી ભાષામાં છે, મકાન માલિકની બચાવપક્ષ દ્વારા થયેલ ઊલટતપાસ ધ્યાને લેતાં તેમને ગુજરાતી લખતા, વાંચતા આવડતુ નથી, ગુજરાતી બોલવામાં તકલીફ પડે છે, આ સાહેદને મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટશ્રીએ હિન્દીમાં પ્રશ્નો પુછયા હોય અને હિન્દીમાં જવાબ આપ્યા હોય તેવો કોઇ શેરો કબૂલાત નિવેદનમાં નથી, એપ્રૂવર એૈયાજ સૈયદનો પુરાવો મકાન માલિક ફીરોજ શેખના પુરાવાથી વિરોધાભાસી છે, મકાનમાંથી પંચનામાની વિગતે કબજે કરેલો મુદ્દામાલ એફ.એસ.એલ.માં મોકલેલો છે તે અંગેનો અહેવાલ આંક–૫૯૩૫ થી રજૂ છે જે મુજબ આ સ્થળે એમોનીયા નાઇટ્રેટ, પેટ્રોલીયમ પદાર્થ કે કોઇપણ પ્રકારના વિસ્ફોટક ઘટકોની હાજરી મળી આવેલ નથી જેથી આરોપી કયામુદ્દીન તથા તૌકીરે વટવાનુ આ મકાન ભાડે રાખી બે મહિના સુધી બોમ્બ બનાવેલાના આક્ષેપ નિઃશંકપણે સાબિત થતો નથી.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ ગેસ બોટલો તથા સાઇકલો ખરીદવામાં આરોપી નં.૩૭ ની ભૂમિકા બાબતે રજૂ થયેલા પુરાવા અંગે દલીલો કરતા જણાવે છે કે ફરિયાદપક્ષે સાહેદ નં.૯૨૭ તરીકે મોહંમદ રીઝવાન મોહંમદ લતીફ દુધવાલાને તપાસેલા છે પરંતુ સદર સાહેદે અદાલત રૂબરૂ આરોપી નં.૩૭ ને ઓળખી બતાવેલા નથી, સદર સાહેદની બચાવપક્ષ દ્વારા થયેલ ઊલટતપાસ ધ્યાને લેતાં આ ગેસના બોટલો કોને વેચ્યા, કેટલા વેચ્યા, કેટલી કિંમતે વેચ્યા તે અંગે કોઇ દસ્તાવેજો કે સ્ટેટમેન્ટ આ સાહેદ રાખતા ન હોવાનુ કબૂલ કરે છે, ગેસના બોટલો સાહેદને ત્યાંથી ખરીદેલા હોય તે અંગે બોટલો ઉપર દુકાનનુ કોઇ સ્ટીકર, નામ, નિશાની કે ચિહ્ન કરતા ન હોવાનુ જણાવે છે, પોલીસે કયારેય પણ આવા બોટલો કે જે મુદ્દામાલમાં જોયા તેવા બતાવેલા ન હોવાનુ કબૂલ કરે છે, આવા બોટલો કાલુપુર બજારમાં બીજી દુકાનોમાં વેચાતા હોવાનુ કબૂલ કરે છે જે ધ્યાને લેતાં આરોપી નં.૩૭ નાએ આ સાહેદને ત્યાંથી ગેસના બોટલ ખરીદ કરેલા હોવાનુ પુરવાર થતુ નથી.વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૮૭૨ તરીકે આંક–૬૦૮૨ થી કર્ણવ હેમંતભાઇ પટેલને તપાસેલા છે અને આંક–૬૦૮૩થી પંચનામુ રજૂ કરેલુ છે, આ પંચનામુ અમદાવાદ દર્શન જેવુ છે, આ પંચનામુ પુરાવા ધારાની

જોગવાઇઓ મુજબ સ્વીકારી શકાય તેમ નથી કારણકે આરોપી જયારે પોલીસ કસ્ટડીમાં હતા ત્યારે પોતે કરેલ ગુનાની સ્વિકૃતિ અને કબૂલાત સ્વરૂપનુ આ પંચનામુ છે, આ પંચ સિલેકટેડ અને ટ્યુટર પંચ છે, આમ બોમ્બ બ્લાસ્ટમાં વપરાયેલ ગેસ સિલીન્ડરો કે બેરલ આરોપી કયામુદ્દીને ખરીદેલ અને તેને વેચનારા દુકાનદારોએ આરોપી કયામુદ્દીનને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ હોય તેવો કોઇ પુરાવો રેકર્ડ ઉપર આવેલો નથી.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ દલીલો કરતા જણાવે છે કે અમદાવાદ શહેરમાં થયેલ સિરીયલ બોમ્બ બ્લાસ્ટમાં કુલ– ૧૮ જેટલી જગ્યાઓ ઉપર સાઇકલ ઉપર ધડાકા થયેલાનો ફરિયાદપક્ષનો કેસ છે. ફરિયાદપક્ષે આ સાઇકલો વેચનારાઓને અનુક્રમે સાહેદ નં.૮૨૬, ૮૨૯, ૯૫૫, ૧૦૩૫ તરીકે તપાસેલા છે, ઉપરોકત સાઇકલો વેચનારાઓએ તેમની જુબાનીમાં આરોપીને સાઇકલ વેચવા બાબતે કોઇ દસ્તાવેજી પુરાવો રજૂ કરેલો નથી, આંક–૬૦૬૪ થી રજૂ પંચનામામાં જણાવેલા દુકાનદારોને ક્રાઇમ બ્રાંચની ઑફિસમાં બોલાવી મુદ્દામાલ સાઇકલો ઓળખી બતાવ્યા અંગે કોઇ પંચનામા કરેલા નથી, સાઇકલ ખરીદનાર કે ભાડે લઇ જનાર કોઇપણ આરોપીને સાહેદોએ અદાલત રૂબરૂ ઓળખી બતાવેલ પણ નથી, દુકાનદારોએ જે સાઇકલો વેચેલી તે તેમણે કઇ જગ્યાએથી ખરીદેલી તે બાબતે પણ કોઇ દસ્તાવેજી પુરાવો રજૂ થયેલો નથી. ગુનાવાળી જગ્યાઓ ઉપરથી અઢાર સાઇકલો પૈકી નવ સાઇકલો કોણે ખરીદી, કયાંથી ખરીદી, કઇ તારીખે ખરીદી? તે પુરવાર થતુ નથી, કોઇ દુકાનદાર કહેતા નથી કે પોલીસ જે આરોપીને લઇને આવેલ તે આરોપીને સાઇકલો વેચેલી છે, સાઇકલ વેચનારાઓએ સાઇકલ વેચ્યાના કોઇ પુરાવા રજૂ કર્યા નથી.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ આરોપી કયામુદ્દીને આરોપી નં.૨૮ અફઝલ ઉસ્માની સાથે રહી મારૂતિ ૮૦૦ ગાડીમાં ગેસના બોટલો અને વિસ્ફોટકો મુકાવેલા અને તે ગાડી સિવિલ હોસ્પિટલ, અમદાવાદના ટ્રામા સેન્ટર પાસે મુકી બ્લાસ્ટ કરાવ્યાના આક્ષેપ અંગે તેમજ આરોપી નં.૨૮ એ ચોરી કરેલ મારૂતિ ૮૦૦ એલ.જી.હોસ્પિટલ ખાતે મુકી બ્લાસ્ટ કરાવ્યાના આક્ષેપ અંગે રજૂ

થયેલા પુરાવા બાબતે દલીલો કરતા જણાવે છે કે બે ગાડીનો અમદાવાદના બ્લાસ્ટમાં અને બે ગાડીનો સુરતમાં બોમ્બ પ્લાન્ટેશનમાં ઉપયોગ થયેલાનો આક્ષેપ છે. ઉપરોકત ચાર વાહનો મુંબઈ થી સુરત અને સુરત થી અમદાવાદ આ કેસના આરોપીઓ પૈકી કયા આરોપી લાવેલા તે અંગે કોઇ નિર્ણાયક પુરાવો રેકર્ડ ઉપર નથી, આ ચાર વાહનો કેવી રીતે મુંબઈથી આવ્યા તે અંગે પણ કોઇ પુરાવો નથી, ઉપરોકત ચાર ગાડીઓ પૈકી ત્રણ ગાડીના માલિકોને ફરિયાદપક્ષે અનુક્રમે સાહેદ નં.૧૦૪૫, ૧૦૪૬ અને સાહેદ નં.૯૮૦ તરીકે તપાસેલા છે પરંતુ આ ત્રણેય સાહેદોએ આ વાહનોનો હાલના ગુન્હામાં ઉપયોગ કર્યો હોય તેવો કોઇ પુરાવો આપેલો નથી. ઉપરોકત ચારેય વાહનો મુંબઈ મુકામેથી ચોરાયેલા તે અંગે થયેલ ફરિયાદોના કામે મુંબઈની પનવેલ કોર્ટે આરોપી નં.૨૮, ૬૯, ૭૦ નાઓને છોડી મુકેલા છે.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ આરોપી કયામુદ્દીને જુદી-જુદી મોબાઇલ કંપનીના કનેકશન મેળવવા માટે ખોટા ઓળખ પુરાવા રજૂ કરી મોબાઇલના સીમકાર્ડ મેળવ્યા હોવાના આક્ષેપ અંગે રજૂ થયેલા પુરાવા બાબતે દલીલો કરતા જણાવે છે કે તપાસનીશ અધિકારીઓએ કહેવાતા પાંચ મોબાઇલ ફોનના સીમકાર્ડ કબજે કરેલા નથી, આ સીમકાર્ડોનો જે ફોનમાં ઉપયોગ થયેલો છે તે મોબાઇલ ફોનો પણ તપાસનિશ અધિકારીઓએ કબજે કરેલા નથી, મોબાઇલ સીમકાર્ડના વેચાણ બાબતે ફરિયાદપક્ષે સાહેદ નં.૭૯૯, ૮૦૭, ૮૦૩, ૮૦૧ નાઓને તપાસેલા છે, આ ચારેય સાહેદોએ કોર્ટ રૂબરૂ આરોપી નં.૩૭ ને ઓળખી બતાવેલ નથી તેમજ સીમકાર્ડ કે મોબાઇલ વેચનારા દુકાનદારોની આરોપી નં.૩૭ રૂબરૂ કોઇ ઓળખ પરેડ પણ કરાવેલી નથી, ખરીદેલા સીમ કાર્ડો દ્વારા બનાવ પહેલા કે બનાવ સમયે અથવા બનાવ બાદ આરોપીઓ વચ્ચે કોઇ કોમ્યુનિકેશન થયા હોય તેવો પણ કોઇ પુરાવો નથી, આંક-૩૧૯૯ અને આંક-૮૯૯૯થી રજૂ થયેલા અરજી ફોર્મ મુજબ સીમકાર્ડ અશોકભાઇ નવીનભાઇના નામથી લીધેલા છે અને સહીની જગ્યા ઉપર "અશોક" લખેલ છે જે બાબતે ગુજરાતી અશોકભાઇ નવીનભાઇના નમુનાના અક્ષર લેવામાં

આવેલ નથી, અરજી ફોર્મમાં આરોપી કયામુદ્દીનના અક્ષરો હોવા બાબતે નમુનાના હસ્તાક્ષર લીધેલા છે પરંતુ તે પંચનામાના પંચોને તપાસેલા નથી, આંક–૬૯૧૩ થી હેન્ટરાઇટીંગ નિષ્ણાંતનો અભિપ્રાય રજૂ છે જેમાં માર્ક ડી–૨ બાબતે કોઇ સ્પષ્ટ અભિપ્રાય આવેલો નથી. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૬૦૩ તરીકે પીન્ટુ પીરાજી સોલંકીને આંક–૩૨૩૧ થી તપાસેલા છે, આંક–૩૨૩૨થી પંચનામુ રજૂ છે, આ સાહેદની બચાવપક્ષ દ્વારા થયેલ ઊલટતપાસ ધ્યાને લેતાં આ સાહેદ સ્નાનાગરમાં પટ્ટાવાળા તરીકે નોકરી કરતા હતા, રજૂ થયેલ અરજી ફોર્મના ફોટોગ્રાફ ઉપર આરોપીની ક્રોસમાં સહી ન હોવાનુ કબૂલ કરે છે, ફોટોગ્રાફની બાજુમાં પંચોની સહી લીધેલી નથી, સ્નાનાગરના અધિકારી શ્રી લાલીવાલાને ફરિયાદપક્ષે તપાસેલા નથી.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ દલીલો કરતા જણાવે છે કે નાશતા ફરતા આરોપી અબ્દુલસુભાન કુરેશીને રહેવા, છુપાવવા માટે વાપી મુકામે આવેલ હોટલમાં ખોટા નામે રૂમ બુક કરાવી ખોટા નામે એન્ટ્રી કરી હોવાના આક્ષેપ અંગે રજૂ થયેલા પુરાવા બાબતે દલીલો કરતા જણાવે છે કે ફરિયાદપક્ષે સાહેદ નં. ૧૧૨૨ તરીકે ઇસ્માઇલ ઇબ્રાહીમ બગ્ગાને આંક–૮૦૬૮ થી તપાસેલા છે અને રજીસ્ટરના પાના આંક–૬૪૯૮ થી રજૂ થયેલા છે, સદર સાહેદે બચાવપક્ષ દ્વારા થયેલ ઊલટતપાસમાં કબૂલ કરેલુ છે કે રજીસ્ટરમાંથી પાન નં.૧૭૪ અને ૧૭૫ ફાડીને આપેલા તે કોરા આપેલા, જે પાના આપેલા તેની ઉપર સાહેદની સહીઓ લીધેલી ન હોવાનુ કબૂલ કરે છે.વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૯૫૯ થી બળવંતભાઇને તપાસેલા છે, પંચનામા મુજબ આ સાહેદ રૂબરૂ આરોપી કયામુદ્દીનની છ કાગળોમાં સહીઓ લીધેલી છે, સદર સાહેદની બચાવપક્ષ દ્વારા થયેલ ઊલટતપાસ ધ્યાને લેતાં રજીસ્ટરના પાનમાં લખેલી વિગતો કઇ હતી તે કહી શકે નહીં, લખેલી વિગત અંગ્રેજી તથા ઉર્દૂમાં હતી, લખેલા લખાણ બાબતે આરોપીના કોઇ હસ્તાક્ષર લેવામાં આવેલા નહીં. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૧૧૧૩ તરીકે હસ્તાક્ષર નિષ્ણાત વડગામાને તપાસેલા છે અને આંક–૭૯૮૮ થી અભિપ્રાય રજૂ કરેલો છે, સદર સાહેદની બચાવપક્ષ દ્વારા થયેલ ઊલટતપાસ

ધ્યાને લેતાં આ સાહેદે ઊલટતપાસના પેરા નં.૧૯ માં જણાવેલ છે કે પોલીસ રૂબરૂ પંચોની હાજરીમાં કોઇ હસ્તાક્ષર લેવામાં આવે તો તે કુદરતી હસ્તાક્ષર ના કહેવાય, સાહેદની તપાસમાં જે વ્યકિતના હસ્તાક્ષરો તપાસેલા તેના કોઇ વ્યવહાર દરમ્યાનના હસ્તાક્ષર લેવામાં આવ્યા હોય તે તપાસમાં સાહેદ પાસે તપાસમાં આવેલા ન હોવાનુ કબૂલ કરે છે.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ આરોપી નં.૩૭ કયામુદ્દીને પોતાની સાચી ઓળખ છુપાવવા માટે પુના ખાતે આવેલી હોટલમાં ખોટા નામે રૂમ બુક કરાવી ખોટી એન્ટ્રી કરી હોવાના આક્ષેપ અંગે રજૂ થયેલા પુરાવા બાબતે દલીલો કરતા જણાવે છે કે આ આક્ષેપ પુરવાર કરવા માટે ફરિયાદપક્ષે સાહેદ નં.૯૬૯ તરીકે પુનાની હોટલના માલિક સુનિલ અગ્રવાલને આંક–૬૭૮૯ થી તપાસેલા છે અને સાહેદ નં.૯૭૦ તરીકે આ હોટલના મેનેજર સતિષ મનીરામ પરદેશીને આંક–૬૭૯૦થી તપાસેલા છે, મુદ્દામાલ રજીસ્ટર આંક–૩૨૦૩ થી રજૂ થયેલુ છે, સદર બંને સાહેદોએ આરોપી નં.૩૭ ને ગુના સાથે સાંકળતો કોઇ પુરાવો આપેલો નથી તેમજ આરોપી નં.૩૭ ને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ પણ નથી.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ આરોપી નં.૩૭, આરોપી નં.૪૪, ૪૫ અને ૬૩ સાથે સુરત શહેરમાં મકાનો ભાડે રાખી તે મકાનોમાં બોમ્બ તૈયાર કરી સુરત શહેરના જુદા–જુદા વિસ્તારોમાં બોમ્બ મુકયાના આક્ષેપ અંગે રજૂ થયેલા પુરાવા બાબતે દલીલો કરતા જણાવે છે કે સુરત શહેરમાં એક મકાન રીવર વ્યુ ફલેટ ખાતે અને બીજુ મકાન માસ્ટર હાઉસ ખાતે ભાડે રાખેલાનુ ફરિયાદપક્ષે કથન છે, રીવર વ્યુ ફલેટના માલિક લીયાકતઅલી શેખને સાહેદ નં. ૧૧૨૩ તરીકે તપાસેલા છે, સદર સાહેદે કોર્ટ રૂબરૂ આરોપીને ઓળખી બતાવેલ નથી. રીવર વ્યુ સોસાયટી વાળુ મકાન તન્વીર પઠાણે ભાડે અપાવેલાનુ કે ત્યાં રહેલાનુ પુરવાર થતુ નથી, મકાન ભાડે અપાવનાર કરીયાણાની દુકાનવાળા શરીફભાઇનુ કોઇ નિવેદન નોંધવામાં આવેલુ નથી કે તેમને ફરિયાદપક્ષે સાહેદ તરીકે તપાસેલા નથી, એફ.એસ.એલ.નો પુરાવો જોતા આરોપીઓ આ મકાનમાં રહેલા હોય તેવો

કોઇ પુરાવો મળી આવેલો નથી તેમજ આ મકાનને તાળુ હોવાથી તેમાં પ્રવેશ કરતા પહેલા ક્રિ.પ્રો.કોડની જોગવાઇઓ મુજબ કોઇ સર્ચ વોરન્ટ મેળવવામાં આવેલ નથી કે કલમ–૧૪૨ મુજબનો કોઇ ઠરાવ કરેલો નથી. સુરતના માસ્ટર હાઉસના મકાન માલિક અબ્દુલફરીદ અબ્દુલરશીદ શેખને સાહેદ નં.૯૬૪ તરીકે તપાસેલા છે, સદર સાહેદની બચાવપક્ષ દ્વારા થયેલ ઊલટતપાસ ધ્યાને લેતાં જે વ્યકિત તેમની રૂબરૂ આવેલ હતો તેને અગાઉ કયારેય જોયેલ ન હતો ત્યાર પછીના કોઇ દિવસોમાં પણ તેમને જોયેલા પણ નથી, પોલીસે સાહેદની હાજરીમાં કોઇ બિલ્ડિંગમાં પ્રવેશ કરી પંચનામુ કરેલુ હોય તેવુ બનેલ નથી. જે તમામને ધ્યાનમાં લેતાં આરોપી નં.૩૭ કયામુદ્દીને માસ્ટર હાઉસનુ મકાન ભાડે રાખી તે સ્થળે કોઇ ગુનાહિત પ્રવૃતિ કરેલ હોય તેવો કોઇ પુરાવો રેકર્ડ ઉપર આવેલો નથી તેમજ આરોપી નં.૩૭ કયામુદ્દીનની પાવાગઢ હાલોલ કેમ્પમાં હાજરી અંગે રજૂ થયેલા પુરાવાની ચર્ચા સાંયોગીક પુરાવાની દલીલો દરમ્યાન આગળ ઉપર કરેલી છે જે પણ ધ્યાને લેવા માટે વિનંતી કરી છે.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ કેન્દ્ર સરકારે "સીમી" સંસ્થા ઉપર પ્રતિબંધ મુકેલ હોવા છતાં આરોપી નં.૩૭ કયામુદ્દીન તેના સભ્ય તરીકે ચાલુ રહેલ અને સંસ્થાની ગેરકાયદેસર પ્રવૃત્તિ કરેલી હોવાના આક્ષેપો બાબતે દલીલો કરતા જણાવે છે કે આરોપી નં.૩૭ "સીમી" સંસ્થાનો સભ્ય હતો તે અંગે કોઇ પણ પ્રકારનો દસ્તાવેજી પુરાવો સમગ્ર ટ્રાયલ દરમ્યાન રજૂ થયેલો નથી. વધુમાં ફરિયાદપક્ષે તપાસેલા સાહેદ નં.૯૫૭ જાકીર હુસેન અબ્દુલ જબ્બાર કુરેશીની જુબાનીમાં રજૂ થયેલો પુરાવો ધ્યાને લેતાં કહેવાતા બનાવો તા.૨૬–૭–૨૦૦૮ ના રોજ બનેલા છે જયારે સદર સાહેદનો જવાબ તા.૧૭–૧૦–૨૦૦૮ ના રોજ લીધેલો છે, આ સાહેદ તા.૨૦–૮–૨૦૦૮ થી તા.૨૫–૮–૨૦૦૮ સુધી અમદાવાદ ક્રાઇમ બ્રાંચની કસ્ટડીમાં હતા, આ સાહેદનુ ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૪ મુજબનુ નિવેદન આંક–૬૬૮૮ થી રજૂ થયેલુ છે, સદર સાહેદે સમસુદ્દીનના નાનાના ઘરે કહેવાતી મિટીંગો થયેલાનુ જણાવેલુ છે પરંતુ બચાવપક્ષે સાહેદ નં.૧ તરીકે તપાસેલા સાહેદ હુસેનભાઇ હાસમભાઇ શેખ કે જેઓ સમસુદ્દીનના નાના

થાય છે તેઓ જણાવે છે કે તેમના ઘરે આવી કોઇ મીટીંગ સને–૨૦૦૮ ના વર્ષમાં થયેલી નથી, તેમનુ ઘર નાનુ છે તેમાં આવી મીટીંગ શકય નથી. વધુમાં આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયા પોલીસ કસ્ટડીમાં હતા ત્યારે ખરીદ કરેલ પરચુરણ વસ્તુઓની દુકાનો બતાવ્યા અંગે ફરિયાદપક્ષે સાહેદ નં.૧૦૧૭, ૧૦૧૮, ૧૦૨૨, ૧૦૩૨, ૧૦૩૩, ૧૦૩૭ નાઓને તપાસેલા છે, આ તમામ દુકાનદારો દ્વારા બચાવપક્ષ દ્વારા થયેલ ઊલટતપાસમાં કબૂલ રાખેલુ છે કે પોલીસના કહેવાથી પોલીસ જે વ્યકિતને લઇને આવેલ તેનુ નામ કયામુદ્દીન હોવાનુ જાણેલુ છે, સદર આરોપીને કઇ તારીખે, કેટલી રકમમાં કઇ વસ્તુ વેચેલી તે અંગેના બીલો કે દસ્તાવેજી પુરાવો કોઇપણ દુકાનદારોએ રજૂ કરેલો નથી, દુકાનદારોએ આરોપી નં.૩૭ ને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ પણ નથી તેમજ ખરીદ કરેલ તમામ ચીજવસ્તુઓ કોઇપણ બજારમાં છુટક મળતી ચીજવસ્તુઓ છે.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ બોમ્બ બનાવવાના કામમાં જે કપડાનો ઉપયોગ થયેલો તે માટે આરોપી નં.૩૭ કયામુદ્દીને પચ્ચાસ જેટલા શર્ટ ખરીદેલ હોવાના આક્ષેપ અંગે રજૂ થયેલા પુરાવા બાબતે દલીલો કરતા જણાવે છે કે લાલદરવાજામાં શર્ટ વેચનારા હફીજ રહેમાન અબ્દુલકરીમ વોરાનુ નિવેદન તપાસનિશ અધિકારીએ લીધેલ છે પરંતુ તેઓને ફરિયાદપક્ષે સાહેદ તરીકે તપાસેલા નથી, તપાસ કરનાર અમલદાર સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી પોતાની જુબાનીના પાન નં.૧૯ ઉપર આ સાહેદનુ નિવેદન લીધેલાનુ જણાવે છે, સદર આરોપીએ લાલ દરવાજા વિસ્તારમાંથી શર્ટ ખરીદયા અંગે કોઇ પંચનામુ કરવામાં આવેલુ નથી, શર્ટ વેચનારને તપાસેલા ન હોવાથી ઓળખ પરેડનો પુરાવો સબસ્ટેન્સીવ એવીડન્સ તરીકે પુરાવામાં વિચારણા તરીકે લઇ શકાય નહીં. વધુમાં ફરિયાદપક્ષ તર્ફે વડોદરાના રહેવાસી તરીકે સાહેદ નં .૧૦૯૮ આસીફ ઇબ્રાહીમ વોરા, સાહેદ નં.૧૧૧૫ તરીકે મોહંમદ ઉમર મન્સુરીને તેમજ સાહેદ નં.૧૧૧૭ તરીકે આસીફ ઉસ્માનભાઇ શેખનાઓને તપાસેલા છે. સાહેદ નં.૧૦૯૮ ની જુબાની ધ્યાને લેતાં તેઓ બાટા કંપનીમાં નોકરી કરે છે તેની સાથે ધોરણ–૧૧,૧૨માં કયામુદ્દીન કાપડીયા ભણતા હતા પરંતુ આ સાહેદે કોર્ટમાં

આરોપી કયામુદ્દીન કાપડીયાને ઓળખી બતાવેલ નથી તેમજ સાહેદ નં.૧૧૧૫ ની જુબાની ધ્યાને લેતાં કયામુદ્દીન કાપડીયા વિગેરે સાહેદના મિત્રો હતા, આ સાહેદનુ મેજિસ્ટ્રેટ રૂબરૂનુ નિવેદન આંક–૮૦૦૩ થી રજૂ છે, આ સાહેદે મેજિસ્ટ્રેટ રૂબરૂના નિવેદનમાં ન જણાવેલી ઘણી બધી વિગતો જુબાનીમાં જણાવી છે તેમજ સદર સાહેદ ઉભા કરેલા સાહેદ છે, આ સાહેદ ભુરાભાઇ બાતમીદારનો સહયોગી છે તેમજ સદર સાહેદના મોબાઇલના સી.ડી.આર.ની કોઇ વિગતો રેકર્ડ ઉપર નથી. વધુમાં સાહેદ નં.૧૧૧૭ નો પુરાવો ધ્યાને લેતાં બનાવના એક વર્ષ પહેલા ઇકબાલે આરોપી કયામુદ્દીન કાપડીયા સાથે સાહેદની મુલાકાત કરાવેલી છે તેમજ સાહેદે ઓઢવના ગુનામાં જે નિવેદન આપેલુ તે આંક–૮૦૨૦ થી રજૂ છે, સદર સાહેદનો સૌપ્રથમ જવાબ બનાવના લગભગ સાડા ચાર થી પાંચ મહીના બાદ એટલે કે તા.૭–૧૨–૨૦૦૮ના રોજ લીધેલો છે, સાહેદ આસીફના નિવેદનમાં જે વ્યકિતઓ અને સ્થળનો ઉલ્લેખ કરેલો છે તે બાબતે તપાસનિશ અધિકારી આર. વી.અસારીએ કોઇ સમર્થનકારી પુરાવો તપાસ દરમ્યાન મેળવેલો નથી, સાહેદ આસીફ અને સાહેદ ઉમરના નિવેદનો ખૂબ જ વિલંબથી નોંધેલા છે જેથી નામદાર હાઇકોર્ટ તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના સિધ્ધાંતો મુજબ આ નિવેદનો સ્વીકારી શકાય તેમ નથી. આમ વડોદરાના સાહેદ નં.૧૦૯૮, ૧૧૧૫ અને ૧૧૧૭ ના નિવેદનો અગમ્ય કારણોસર પાછળથી ઉભા કરેલા છે.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ દલીલો કરતા જણાવે છે કે આરોપી નં.૩૭ નાએ બચાવના સાહેદ નં.૮ તરીકે આંક–૯૩૩૮ થી સોગંદ ઉપર જુબાની આપેલી છે, ફરિયાદપક્ષે જાતે પોતાના પગ ઉપર ઉભા રહી તેમનો કેસ સાબિત કરવાનો હોય છે, નામદાર હાઇકોર્ટો તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદાઓ મુજબ બચાવના સાક્ષીને કોઇપણ રીતે ફરિયાદપક્ષના સાક્ષીથી ઓછુ મહત્વ આપી શકાય નહીં, બચાવપક્ષના સાક્ષીએ રજૂ કરેલા પુરાવાને ફરિયાદપક્ષના પુરાવાની જેમ શંકારહિત સાબિત કરવાનો નિયમ લાગુ પડી શકે નહીં, બચાવના અનુસંધાને પ્રોબેબલ ડીફેન્સ રજૂ કરે તો તેને સ્વીકારવો જોઇએ. આ કેસમાં ત્રાજવાના એક પલડામાં કોઇ લાલચની અપેક્ષાએ આરોપી નં.૨૩ ઐયાજ

સૈયદની જુબાની છે અને બીજા પલડામાં આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયાની નિર્દોષતા સાબિત કરવા માટે તેણે આપેલ જુબાની છે, ફોજદારી ન્યાય સંહિતા માટે એવી અપેક્ષા રાખવામાં આવે છે કે જયુડીશીયલ માઇન્ડ હંમેશા આરોપીની તરફેણમાં નિર્ણિત થવુ જોઇએ.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ ભારતીય પુરાવા ધારાની કલમ–૨૭ હેઠળ કરવામાં આવેલા પંચનામાઓ બાબતે દલીલો કરતા જણાવે છે કે હાલમાં કેસમાં તપાસનીશ અધિકારીઓ દ્વારા ભારતીય પુરાવા ધારાની કલમ–૨૭ હેઠળ પોલીસ કસ્ટડીમાં રહેલા આરોપીઓના પંચનામા કરવામાં આવેલા છે પરંતુ આ પંચનામાઓ દરમ્યાન ગુનામાં વપરાયેલ કોઇ ગંભીર પ્રકારની સ્ફોટક સામગ્રી કે ચીજવસ્તુઓ કબજે કરવામાં આવેલ નથી, કહેવાતા હાલોલ કેમ્પ અને કહેવાતા વાઘમોન કેમ્પના સ્થળો ઉપરથી સીરીયલ બોમ્બ બ્લાસ્ટને કનેકટ કરી શકાય તે પ્રકારનો કોઇ ગંભીર પ્રકારનો મુદ્દામાલ મળી આવેલો નથી, આ તમામ પંચનામા બાબતે બચાવપક્ષ દ્વારા વાંધા લેવામાં આવેલા છે અને તેવી કબૂલાત સ્વરૂપના લખાણને કાઉન્સ કરવામાં આવેલા છે આ કાઉન્સ વાળુ લખાણ વાંચવામાં ન આવે તો પંચનામાની વિગત બીનજરૂરી બની જાય છે. આવુ પોલીસ રૂબરૂનુ આરોપીનુ નિવેદન ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૨ મુજબ વંચાણે લઇ શકાય નહીં, કલમ–૨૭ ના પંચનામા દરમ્યાન જે તે આરોપીએ જે કોઇ જગ્યાઓ કે દુકાનો વિગેરે બતાવેલ છે તે જગ્યાઓની અગાઉ તપાસનીશ અધિકારીઓ દ્વારા મુલાકાતો લીધેલી છે જેથી આ જગ્યા નવી જગ્યા તરીકે તપાસનિશ અધિકારીના નોલેજમાં આવેલી છે તેવુ નથી, ભારતીય પુરાવા ધારાની કલમ–૨૪ વંચાણે લેતાં જયારે એ હકીકત નામદાર કોર્ટના રેકર્ડ ઉપર લાવવામાં આવે કે આરોપીની કસ્ટડી દરમ્યાન તેને ધાક–ધમકી, ત્રાસ, મારપીટ અથવા લાલચ આપીને કોઇપણ ક્રિમીનલ પ્રોસીડીંગ કરવામાં આવેલ હોય તો તેવી કાર્યવાહીને નામદાર કોર્ટે અસ્વીકૃત ગણીને નકારી કાઢવી જોઇએ. સદર કેસમાં રજૂ થયેલો પુરાવો જોતાં કલમ–૨૭ મુજબના પંચનામાની એડમીસીબીલીટી રહેતી નથી, કલમ–૨૫ માં પણ સ્પષ્ટપણે જણાવેલ છે કે આરોપી પોલીસ કસ્ટડીમાં કોઇ

પણ ગુનાને લગતી કબૂલાત કરે તો તે પુરાવામાં પુરવાર થયેલી ગણવામાં આવશે નહીં. હાલના કેસમાં મોટા ભાગના આરોપીઓ ગુજરાત બહારના છે, આવા પંચનામાની વિગતો આરોપીઓએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ ના વિશેષ નિવેદન દરમ્યાન નકારી કાઢેલી છે અને રીમાન્ડ દરમ્યાન આરોપીઓને આપવામાં આવેલ શારીરિક અને માનસિક ત્રાસની વિગતો જણાવેલી છે જેથી હાલના આ કેસમાં કલમ–૨૭ મુજબના જે પંચનામાઓ ફરિયાદપક્ષે રજૂ કરેલા છે તે ભારતીય પુરાવા ધારાની કલમ–૨૪, ૨૫ અને ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૪ ની જોગવાઈઓ વિરૂધ્ધના હોવાથી પુરાવામાં ગ્રાહ્ય ન રાખવા માટે વિનંતી કરેલી છે.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયાની ઓળખ પરેડ બાબતે રજૂ થયેલા પુરાવા અંગે દલીલો કરતા જણાવે છે કે અમદાવાદ પોલીસે ૧૦ સાહેદો પાસે અને સુરત પોલીસે ૭ સાહેદો પાસે આરોપી કયામુદ્દીનની એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સમક્ષ ઓળખ પરેડ કરાવેલી હતી, ઓળખ પરેડના કુલ–૧૭ સાહેદોમાંથી ૧૨ સાહેદોને ફરિયાદપક્ષે તપાસેલા છે બાકીના પાંચ સાહેદોને ડ્રોપ કરવામાં આવેલા છે, ફરિયાદપક્ષે તપાસેલા ૧૨ સાહેદો પૈકી ફકત એક સાહેદે આરોપી કયામુદ્દીનને કોર્ટમાં ઓળખી બતાવેલા છે બીજા ૧૧ સાહેદોએ કોર્ટમાં જુબાની દરમ્યાન આરોપી કયામુદ્દીનને ઓળખી બતાવેલા નથી, ઓળખ પરેડના પંચનામાના તમામ પંચ સાહેદોને ડ્રોપ કરવામાં આવેલા છે અને બધા પંચનામાને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટની જુબાનીમાં આંક આપવામાં આવેલ છે, અમદાવાદ શહેરમાં ચારેય એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટે અમદાવાદ શહેરની ઘી કાંટા કચેરીમાં ઓળખ પરેડ વિધી કરાવેલી છે જયારે સુરત શહેરના એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટનાઓએ સુરતના ચોક બજાર પાસે કિલ્લા પારડી કચેરીમાં ઓળખ પરેડ વિધી કરાવેલી છે, હાલના કેસમાં તપાસેલા તમામ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓની બચાવપક્ષ દ્વારા થયેલ ઊલટતપાસ ધ્યાને લેતાં કોર્ટમાં ઓળખ પરેડ આરોપીને લાવવાના સ્થળ ખુલ્લા હતા જેથી બહારના વ્યકિતઓ પોલીસ જે આરોપીને ઓળખ પરેડ માટે લઇને આવે તેને સરળતાથી જોઇ શકતા હતા, સાક્ષીની ઓળખના કોઇ પુરાવા માંગ્યા નથી કે જોયા નથી,

ઓળખ માટે આવનાર સાહેદને પુછેલ નથી કે કોર્ટમાં કેવી રીતે આવ્યા? કોર્ટમાં આવતા પહેલા પોલીસે આરોપીને બતાવેલ કે કેમ? તેમજ ઓળખ પરેડ માટે આવનાર આરોપીને પુછવામાં આવેલ નથી કે કોર્ટમાં આવતા પહેલા પોલીસે તેની ઓળખ સાહેદ પાસે કરાવેલ છે કે કેમ? જો આ પ્રશ્નો સાહેદો અને આરોપીઓને પુછવામાં આવેલ હોત તો ઓળખ પરેડની તમામ સત્યતા બહાર આવી જાત. વધુમાં ઓળખ પરેડ માટે આરોપી કેટલા વાગ્યે આવ્યા? આરોપીને ઓળખનાર સાહેદ કેટલા વાગ્યે આવ્યા? ઓળખનાર સાહેદે આરોપીને ઓળખવામાં કેટલો સમય લીધો? સાહેદે આરોપીને કેટલા વાગ્યે ઓળખ્યો? આ અંગે કોઇ સમય કોઇ પંચનામામાં દર્શાવેલ નથી.

વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખ દલીલો કરતા જણાવે છે કે બનાવ સમયે અમદાવાદ શહેરના ક્રાઇમ બ્રાંચના ડી.સી.પી.તરીકે અભય ચુડાસમા ફરજ બજાવતા હતા, તા.૨૭–૭–૨૦૦૮ થી અમદાવાદ શહેરમાં થયેલા સિરીયલ બોમ્બ બ્લાસ્ટની તપાસ અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાંચે સંભાળી લીધેલ છે, તા. ૨૭–૭–૨૦૦૮ ના રોજ ડી.સી.પી.અભય ચુડાસમાએ આંક–૮૬૪૦ના હુકમથી તપાસ ટીમોની રચના કરેલી ત્યારબાદ તા.૨–૮–૨૦૦૮ ના રોજ આંક–૮૬૪૧ ના હુકમથી ચાર એ.સી.પી.શ્રીઓ (૧) શ્રી વી.આર.ટોળીયા (૨) શ્રી ઉષા રાડા (૩) શ્રી મયુર ચાવડા (૪) શ્રી આર.વી.અસારીનાઓની નિમણૂંક કરેલી હતી, ડી.સી.પી. અભય ચુડાસમા તપાસટીમોના વડા હતા અને ઉપરોકત ચારેય તપાસ ટીમોના વડા તરીકે શ્રી અભય ચુડાસમા તપાસ ટીમોનુ સંચાલન અને મોનીટરીંગ કરતા હતા. ફરિયાદપક્ષે તપાસેલા સાહેદ નં.૧૦૦૦ એચ.આર. મુલીયાણા, સાહેદ નં.૧૦૬૯ જે.એમ.ભરવાડ, સાહેદ નં.૧૦૭૦ વી.એચ.શુકલ, સાહેદ નં.૧૦૭૨ એચ.જે.જનકાત, સાહેદ નં.૧૦૭૬ એ.વી.ગખ્ખર, સાહેદ નં. ૧૦૭૭ એ.એફ.સીંધી, સાહેદ નં.૧૧૪૫ ટી.એસ.પટેલ, સાહેદ નં.૧૧૧૬ કે.એન.પટેલ, સાહેદ નં.૧૧૩૩ એમ.ડી.ચૌધરી, સાહેદ નં.૧૧૫૩ આર.વી. અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૬૩ એમ.જે.ચાવડા સહિતના તમામ સાહેદો તપાસટીમના સભ્યો છે તેઓ તમામે બચાવપક્ષ દ્વારા થયેલ

ઊલટતપાસમાં કબૂલ કરેલુ છે કે શ્રી અભય ચુડાસમા તપાસ ટીમો વડા હતા. આમ સદર કામે તપાસનિશ અધિકારીઓના વડા તરીકે કાર્ય કરી રહેલા ડી.સી.પી.શ્રી અભય ચુડાસમાને તપાસવા ખૂબ જ જરૂરી હતા અને તેમને ફરિયાદપક્ષ તર્ફે તપાસવામાં આવેલા ન હોવાથી આરોપીઓના બચાવને ગંભિર રીતે પ્રેજયુડાઈશ થયેલ છે. ફરિયાદપક્ષ તરફથી જે પુરાવો રજૂ થયેલો છે તે પુરાવાની તમામ કડીઓ સ્વતંત્ર રીતે અને એકબીજા સાથે મળી સંયુકત રીતે મજબુત એવી સાંકળ બનાવતી નથી કે જેથી કહી શકાય કે આરોપીઓએ શંકાથી પર રહી નિઃશંકપણે આ ગુનો કર્યો છે. આમ, આરોપીઓ વિરૂધ્ધ ફરમાવવામાં આવેલ તહોમતનામાંમાં જણાવ્યા મુજબનો ગુનો ફરિયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરી શકેલ ન હોવાથી તમામ આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા માટે વિનંતી કરી છે. વધુમાં વિ.વ.શ્રી એમ.એમ.શેખે પોતાની મૌખિક દલીલોના સમર્થનમાં આંક–૯૪૧૧ થી પાના નં.૧ થી ૪૯૦ સુધીની લેખિત દલીલો રજૂ કરેલી છે. જે પણ મૌખિક દલીલો મુજબની છે. જે પણ વિચારણ હેઠળ લીધી.

(૨૪)(૦૩) <u>બચાવપક્ષ તર્ફે વિ.વ.શ્રી એલ.આર.પઠાણની દલીલોઃ–</u>

આરોપી નં. ૯, ૧૦, ૧૨, ૨૧, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૪૩, ૪૪, ૪૫, ૫૧, ૫૯, ૬૦, ૬૩, ૬૫, ૬૬, ૬૯, ૭૦, ૭૨ નાઓ તર્ફે વિ.વ.શ્રી એલ.આર.પઠાણ સદર ગુના કામે તપાસ કરનાર અધિકારીઓ દ્વારા કરવામાં આવેલ પોલીસ તપાસના મુદ્દા ઉપર દલીલો કરતા જણાવે છે કે પુરાવાના મુલ્યાંકન માટે કયા, કયા મુદ્દાઓ ધ્યાને લેવા જોઈએ તે અદાલતે ધ્યાનમાં રાખવાનુ છે, તપાસ કરનાર અધિકારીઓને તપાસ કરવાની સત્તા સોંપવાની સત્તા ઉપલા અધિકારીને નથી, અનલોફુલ એકટીવીટી એકટની કલમ–૪૩ હેઠળ એ.સી.પી. કક્ષાથી નીચેના અધિકારીઓને ગુનાની તપાસ કરવાની સત્તા નથી, વિધાન મંડળ દ્વારા એ.સી.પી. કક્ષાના અધિકારીઓ દ્વારા જ ગુનાની તપાસ કરવી તેવી જોગવાઇ એટલા માટે કરી છે કે સક્ષમ તથા સ્કીલ અધિકારી પ્રમાણિક રીતે ગુનાની તપાસ કરે, કાયદાની જોગવાઈઓ તપાસ કરનાર અધિકારીના

ધ્યાનમાં હોવી જોઈએ તેવી અપેક્ષા રાખવામાં આવે છે, હાલના કેસોમાં સુરત અને અમદાવાદના બનાવોની તપાસ ક્રાઈમ બ્રાંચ, અમદાવાદને ટ્રાન્સફર કરવામાં આવેલી હતી ત્યારબાદ એ.સી.પી.કક્ષાના અધિકારીઓની ચાર ટીમો બનાવવામાં આવેલી છે આ તપાસ ટીમો ક્રાઈમ બ્રાંચના ડી.સી.પી.એ બનાવેલી છે, આ તમામ તપાસ ટીમો ક્રાઈમ બ્રાંચની ઓફીસે બેસતી હતી, તેઓ જે તપાસો કરતા હતા તેના તમામ દસ્તાવેજોની આપ–લે એકબીજાને કરતા હતા, સુરતના કેસોના એ.સી.પી. પણ એકબીજા સાથે દસ્તાવેજોની આપલે કરતા હતા, તપાસ કરનાર અધિકારીઓ તમામ સિનિયર અધિકારીઓ હતા અને સંયુકત રીતે આ ગુનાની તપાસો કરતા હતા જેથી આશા રાખવામાં આવે છે કે જે સીનીયર અધિકારીઓ છે તેઓ પ્રમાણિકતાથી તપાસ કરશે, તેમ છતાં એ.સી.પી. કક્ષાના અધિકારીઓએ ઈરાદાપૂર્વક તપાસમાં ઘણી બધી ક્ષતિઓ રાખી છે અને પ્રમાણિકતાથી તપાસ કર્યા વિના પુરાવા એકત્ર કરેલા છે , ઈરાદાપૂર્વક એકત્રીત કરેલા આવા ખોટા પુરાવાનુ અદાલતે મૂલ્યાંકન કરવાનુ છે, તપાસ કરનાર અધિકારીઓએ ધાક–ધમકીથી, ત્રાસ આપી, માર મારીને પુરાવા એકત્રીત કરેલા છે, ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ઘણા આરોપીઓએ જણાવેલુ છે કે આરોપીઓને ધાક–ધમકી આપીને, માર મારીને નિવેદનો લીધા છે તથા પુરાવા એકત્ર કરેલા છે માટે પોલીસ ઓફિસરોના પુરાવાનુ મૂલ્યાંકન અદાલતે ઘણી સાવચેતીપૂર્વક કરવાનુ છે, તપાસ કરનાર અધિકારીઓએ જુબાની દરમ્યાન યોગ્ય વર્તન કરેલુ નથી અને અમૂક પ્રશ્નોના જવાબો આપવાનુ ટાળ્યુ છે, જવાબો આપવાનુ ટાળવા માટે ખોટા, ખોટા જવાબો આપેલા છે, તપાસ કરનાર અધિકારીની ફરજ છે કે તેઓએ સાચી હકીકત અદાલત સમક્ષ જાહેર કરવી જોઈએ, અદાલત સમક્ષ જુબાની આપવા આવ્યા ત્યારે કેસ ડાયરી લાવ્યા નથી અને કેસ ડાયરી લાવવાનુ ટાળેલુ છે માટે અદાલતે અત્યંત સાવચેતી રાખીને રજૂ થયેલા પુરાવાનુ મૂલ્યાંકન કરવાનુ છે, ઘણા જ પ્રસંગોએ તપાસ કરનાર અધિકારીઓએ પ્રક્રિયાત્મક કાયદાના નિયમો અને જોગવાઈઓનો ભંગ કરેલો છે, ખોટા દસ્તાવેજો ઉભા કરવાની મોડસ ઓપરેન્ડી

અપનાવેલી છે, મુખ્ય તપાસ કરનાર અધિકારી અભય ચુડાસમા હતા તેમણે જ જુદી–જુદી ચાર ટીમોના ઓથા હેઠળ આ ગુનાની તપાસો કરેલી છે જે નવી શીશીમાં જુના દારૂને ભરવા જેવી વાત છે, હાલના ગુનામાં તપાસ એવી રીતે કરવામાં આવેલી છે કે આરોપીઓ ૧૦, ૧૨ વર્ષ સુધી જેલમાં રહી શકે, ફરિયાદપક્ષે તમામ સાહેદો ખોટા ઉભા કરેલા છે, પસંદ કરેલા સાહેદો છે.

વધુમાં વિ.વ.શ્રી એલ.આર.પઠાણ દલીલો કરતા જણાવે છે કે તપાસો પુરી થયા બાદ તપાસ કરનાર અધિકારીઓ દ્વારા અદાલતમાં ચાર્જશીટો દાખલ કરવામાં આવેલા છે, આરોપીઓ સામે ફરમાવેલા તહોમતનામા અંગે નીચે મુજબનો ચુકાદો રજૂ કરી તેના ઉપર આધાર રાખેલો છે.

સ્ટેટ (એનસીટી) દિલ્હી વિરૂધ્ધ નવજોત સિધ્ધુ
૨૦૦૫ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૧૭૧૫

ઉપરોકત ચુકાદો ઇ.પી.કો.કલમ–૧૨૦(બી) અંગે છે, બે અથવા વધારે વ્યકિતઓ વચ્ચે સમજુતી થવી જોઇએ તો કાવતરૂ રચાયુ તેમ કહેવાય. ઉપરોકત ચુકાદાના પેરા નં.૮૭ મુજબ બે અથવા વધારે વ્યકિતઓ ભેગા થાય અને ગેરકાયદેસરની સમજૂતી કરે તો કાવતરૂ રચાયુ તેમ કહેવાય. ચુકાદાના પેરા નં.૮૮ મુજબ કાવતરૂ કરવુ તે સ્વતંત્ર ગુનો છે. ચુકાદાના પેરા નં.૮૯ મુજબ સમજૂતી થવી જરૂરી છે ફકત ચર્ચા કરવી અથવા જ્ઞાન રાખવુ તે પુરતુ નથી પરંતુ બધા વચ્ચે ચર્ચાના અંતે સમજૂતી થવી જરૂરી છે, જો ચર્ચા પછી ગેરકાયદેસર કૃત્ય કરવાની સમજૂતી થઇ હોય તો જ કાવતરૂ કહેવાય. ચુકાદાના પેરા નં.૯૨, ૯૪, ૯૭ વંચાણે લઇ વિ.વ.શ્રી એલ.આર.પઠાણ દલીલો કરતા જણાવે છે કે કાવતરૂ રચાયુ છે તેવા સંજોગો પુરવાર થવા જોઇએ, ત્રણ વસ્તુ સાબિત થવી જોઇએ (૧) મગજમાં મિટીંગનુ આયોજન થાય, ગેરકાયદેસર સમજૂતી થાય (૨) કૃત્ય કરવાની તૈયારી થયેલી હોવી જોઇએ (૩) કૃત્ય કરવુ જોઇએ.

વધુમાં વિ.વ.શ્રી એલ.આર.પઠાણ આંક–૧૨૨ થી આરોપીઓ સામે ફરમાવેલો ચાર્જ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે ચાર્જના પાન નં. ૧૬ ઉપર પ્રિન્સીપાલ ગુના માટે ચાર્જ ફરમાવેલો છે, ચાર્જના પાન નં.૧૭ નો

પ્રથમ પેરો વંચાણે લેતાં ગુનામાં મદદગારી કરવી તે સ્વતંત્ર ગુનો નથી, પ્રિન્સીપલ ગુના વિના ગુનામાં મદદગારી અંગે સજા ના થાય, હાલના કેસમાં ગેરકાયદેસર મંડળીની રચના કર્યા અંગે આરોપીઓ સામે કોઇ ચાર્જ નથી, સમાન હેતુનો પણ કોઇ ચાર્જ નથી, આરોપીઓ સામે ચાર્જ સ્પષ્ટપણે ફરમાવવો જોઇએ, ચોક્કસ વ્યકિત સામે ચોક્કસ આક્ષેપનો ચાર્જ હોવો જોઇએ, ચાર્જના પાન નં.૫ પેરા–૧ મુજબ "મુસ્લિમ કોમના માણસોએ હિન્દુ કારસેવકો તથા નિર્દોષ મુસાફરો બળી .... મરણ ગયેલા " આ ખોટી હકીકત છે, મુખ્ય હેતુ ગોધરા કાંડનો બદલો લેવો તે છે, બધા જ આરોપીઓએ કાવતરૂ રચ્યુ છે તેવો આક્ષેપ છે પરંતુ કયા આરોપીએ કયારે શુ કૃત્યુ કર્યુ? તે સ્પષ્ટ નથી, કાવતરૂ આંતકવાદી તાલીમ મેળવતા પહેલા રચાયેલુ કે પછી રચાયેલુ તે બાબતે ચાર્જમાં કોઇ સ્પષ્ટતા નથી, આંક–૧૨૨ થી આરોપીઓ સામે ફરમાવવામાં આવેલો ચાર્જ પુરાવાના આધાર વિના ફરમાવેલો છે.

વધુમાં વિ.વ.શ્રી એલ.આર.પઠાણ અનલોફુલ એકટીવીટી એકટની જોગવાઇઓના મુદ્દા ઉપર દલીલો કરતા જણાવે છે કે આ એકટ મુજબ ગુનાનુ બે રીતે વર્ગીકરણ થાય (૧) ગેરકાયદેસર મંડળ દ્વારા કૃત્ય કરવા (૨) આંતકવાદી સંગઠનો દ્વારા કૃત્ય કરવા. સદર એકટની કલમ–૨(એ) મુજબ ગેરકાયદેસર મંડળની વ્યાખ્યા આપવામાં આવેલી છે, કલમ–૨(૦) માં ગેરકાયદેસર પ્રવૃતિની વ્યાખ્યા આપેલી છે, નરેન્દ્ર મોદી તથા ગુજરાત સરકારને ટારગેટ બનાવવા માટે કાવતરૂ રચેલુ છે તેવો ચાર્જ છે પરંતુ કલમ –૨(૦) મુજબ ભારતના સાર્વભૌમત્વ માટે કાવતરૂ રચેલ છે તેવો ચાર્જ હાલના આરોપીઓ વિરૂધ્ધ ફરમાવેલ નથી, આરોપીઓ ઉપર આક્ષેપ છે કે તેઓ "સીમી" ના સભ્યો છે જે "સીમી" સંસ્થા અનલોફુલ એસોસીએશન જાહેર થયેલુ છે પરંતુ "સીમી" આંતકવાદી સંસ્થા છે તેવો ફરિયાદપક્ષનો કેસ નથી, કલમ–૩૮ આંતકવાદી સંગઠનને જ ફકત લાગુ પડે છે, “સીમી" આંતકવાદી સંગઠન નથી પરંતુ "સીમી" ગેરકાયદેસર મંડળ છે તેવુ જાહેર થયેલુ છે, “સીમી" ની કાર્યવાહી દેશ વિરૂધ્ધ નથી, આંતકવાદી સંગઠનનુ ગઠન ફકત આંતકવાદી પ્રવૃતિ માટે જ થતુ હોય છે,

અનલોકુલ એકટીવીટી એકટની કલમ–૩૮, ૩૯, ૪૦ નો જે ચાર્જ આરોપીઓ વિરૂધ્ધ ફરમાવેલો છે તે કોઇ પણ જાતના પુરાવા વિરૂધ્ધ ફરમાવેલો છે. વધુમાં આરોપીઓ સામે ઇ.પી.કો.કલમ–૪૬૫, ૪૬૮, ૪૭૧ મુજબના ગુનાનો ચાર્જ પણ ફરમાવેલો છે. અમુક આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપ છે કે તેઓ ખોટા નામે જુદી–જુદી જગ્યાઓ ઉપર હોટલોમાં રોકાયેલા છે પરંતુ રજૂ થયેલો પુરાવો ધ્યાને લેતાં આવા આરોપીઓની ઓળખ પુરવાર થયેલી નથી, આરોપીઓએ બીજાના નામની સહી કરી હોય તો તે ફોર્જરી કહેવાય કે કેમ? તે રજૂ થયેલા પુરાવા આધારે નક્કી કરવાનુ છે. ઇ.પી.કો.કલમ–૪૬૪ માં ફોર્જરીની વ્યાખ્યા આપવામાં આવી છે આ કલમમાં જણાવ્યા મુજબના આવશ્યક તત્વો પુરવાર થાય તેવો કોઇ પુરાવો ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલો નથી, આરોપીઓએ ખોટા પુરાવા બનાવ્યા અંગે કોઇ પુરાવો નથી, ઇ.પી.કો.કલમ–૪૬૮ મુજબ દસ્તાવેજ છેતરપીંડી માટે રજૂ થવો જોઇએ, ખોટી સહી કે ખોટા નામની સહી કરી તેથી કરીને છેતરપીંડી કરી છે તેવુ ના કહેવાય, કોઇની મિલકત ચીટીંગ કરીને લઇ લીધી હોય તેવો પણ કોઇ પુરાવો નથી, ઇ.પી.કો.કલમ–૪૭૧ મુજબ ખોટા દસ્તાવેજને સાચા દસ્તાવેજ તરીકે કોઇ ઓથોરીટી સમક્ષ રજૂ કરેલો હોવો જોઇએ. આરોપીઓએ ખોટો દસ્તાવેજ બનાવી તેનો સાચા તરીકે ઉપયોગ કરવા કોઇ ઓથોરીટી સમક્ષ આવો દસ્તાવેજ રજૂ કર્યો હોય તેવો પણ કોઇ પુરાવો ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલો નથી, જે દસ્તાવેજો હતા તે ફકત જે તે હોટલ સાથે અને હોટલને લાગુ પડે તેવા હતા.

વધુમાં વિ.વ.શ્રી એલ.આર.પઠાણ સદર કેસોમાં હાલોલ/પાવાગઢ ખાતેના કહેવાતા કેમ્પ અંગે તેમજ મિટીંગો અંગે રજૂ થયેલા પુરાવા બાબતે દલીલો કરતા જણાવે છે કે ફરિયાદપક્ષ તર્ફે મીટીંગોની જગ્યા અને સાચા નામો છુપાવેલા હોવાનો આક્ષેપ છે તેમજ હાલોલ/પાવાગઢના જંગલોમાં મીટીંગો કરી ટ્રેનીંગ લીધાનો પણ આક્ષેપ છે, આ જગ્યાઓ ઉપર ઘણી ઐતિહાસિક ઇમારતો આવેલી છે, આ ઇમારતો આર્કીયોલોજીકલ વિભાગ દ્વારા નિભાવવામાં આવે છે, આવી દરેક ઇમારતો ઉપર વોચમેન હોય છે, આવી જાણીતી જગ્યાઓ ઉપર ઘણા માણસો મુલાકાતે જાય છે, ફરિયાદપક્ષે આક્ષેપ છે કે વાવથી ૫૦ મીટર દુર તંબુ

બનાવેલા છે પરંતુ આ શકય નથી, વાવની બાજુમાં પગદંડી છે તેવુ સાહેદોના પુરાવામાં રેકર્ડ ઉપર આવેલુ છે, આવી પગદંડી ત્યારે જ થાય કે જયારે ત્યાં વારંવાર માણસો જતા, આવતા હોય, અમૂક સાહેદોએ કહ્યુ છે કે તે જગ્યાએ મિટીંગો થયેલી, આ જગ્યા એવી છે કે જયાં લોકો સહેલાઈથી અવર, જવર કરી શકે તેમ છે તેથી આવી જગ્યાએ કોઇ ખાનગી મિટીંગ થાય તેમ જ નથી, આ કામે તપાસેલા બે સાહેદો અંબાલાલ અને પ્રવિણભાઇના પુરાવા મુજબ જંગલમાં અવાજ આવતા ત્યાં ગયેલા, હેલીકૈલ વાવથી ૫૦ મીટર દુર આ જગ્યા આવેલી છે, કેટલો મોટો અવાજ આ બે સાહેદોએ સાંભળેલો કે તેઓ ત્યાં જોવા ગયેલા? આ બંને સાહેદોની જુબાની કુદરતી જુબાની નથી, ખુંદપીરની દરગાહ ઉપર ઘણા લોકો મુલાકાતે જાય છે, આરોપીઓએ એવુ કોઇ ગુપ્ત કામ કર્યુ નથી કે સાહેદ ઇદ્રીશ કહી શકે કે આ લોકો ખોટી કાર્યવાહી કે કૃત્ય કરતા હતા, જે જગ્યાએ આ લોકો ભેગા થયેલા અને મિટીંગો કરેલાનો આક્ષેપ છે તે શકયતાઓથી ઉપર કરવામાં આવેલો છે જે શકય જ નથી કે આ જગ્યાએ આરોપીઓએ મિટીંગો કરી હોય, પાવાગઢના જંગલોમાં આરોપીઓ ટ્રેનીંગ લેતા હતા તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષે જે ચાર સાહેદો તપાસેલા છે તે "ચાન્સ વિટનેશ" છે તેઓ કુદરતી સાહેદો નથી, આ સાહેદોએ તુરન્ત પોલીસનો સંપર્ક કર્યો નથી કે પોલીસને ઇન્કવાયરી કરવા જાણ પણ કરી નથી, હેલીકૈલ વાવ તથા એકમિનાર મસ્જિદ ઉપર વોચમેન છે, જંગલમાં કોઇ ગેરકાયદેસર પ્રવૃતિ થતી હોય તો જંગલ ખાતાના માણસોએ આ લોકોને જોયા હોય, જંગલ ખાતાના માણસો કુદરતી સાહેદો કહેવાય કારણકે જંગલ ખાતાની ઓફીસ નજીકમાં જ છે, એક મિટીંગ મહાદેવના મંદિર પાસે થયેલાનો ફરિયાદપક્ષ તર્ફે આક્ષેપ છે પરંતુ તે મંદિર પાસે પણ રહેવાની અને બીજી બધી સવલતો છે, આક્ષેપ પ્રમાણે મંદિરની નજીકમાં ટ્રેનીંગ કેમ્પ થયેલો પરંતુ મંદિરમાં પુજારી રોજ પુજા અર્ચના કરવા માટે આવતા હોય છે તે કુદરતી સાહેદ કહેવાય, સદર કેસમાં મંદિરના પુજારીનુ નિવેદન લીધુ નથી કે તેઓને સાહેદ તરીકે ફરિયાદપક્ષે તપાસેલા પણ નથી, ફરિયાદપક્ષ દ્વારા મંદિરના પુજારીને તપાસવામાં નથી આવ્યા કારણકે જે થીયરી ગોઠવેલી હતી તે

ખોટી પડે તેમ છે, "ચાન્સ વિટનેશ" ખોટા પડે માટે પુજારીનુ નિવેદન લીધુ નથી કે તપાસ્યા નથી, કહેવાતા કેમ્પો અંગે નજરે જોનાર સાહેદો મળે તેવા હતા પરંતુ તેમના નિવેદનો લીધા નથી.

વધુમાં વિ.વ.શ્રી એલ.આર.પઠાણ દલીલો કરતા જણાવે છે કે કહેવાતા હાલોલ/પાવાગઢના કેમ્પમાં તાલીમ લીધાના આક્ષેપ અંગે ફરિયાદપક્ષ તર્ફે સાહેદ નં.૧૦૬૭ તરીકે અંબાલાલભાઈને, સાહેદ નં.૯૮૧ તરીકે પ્રવિણ ભાઈને, સાહેદ નં.૯૭૨ તરીકે રામકાભાઈને અને સાહેદ નં.૧૧૧૫ તરીકે ઈદ્રીશ ગુલાબશાનાઓને તપાસેલા છે. ફરિયાદપક્ષના કેસ પ્રમાણે આ સાહેદો હાલોલ/ પાવાગઢના જંગલોમાં તાલીમ બાબતેના નજરે જોનાર સાહેદો છે. પુરાવાના કાયદા મુજબ "ઈસ્યુ ઈન ફેકટ" રીલેવન્ટ છે, આ સાહેદો નજરે જોનાર છે કે કેમ? અથવા તેઓ બનાવ નજરે જોનાર છે કે કેમ? તે બાબતે તેમના પુરાવાનુ મૂલ્યાંકન કરવાનુ છે, પુરાવાના કાયદામાં આરોપીને ઊલટતપાસ કરવાનો હક્ક આપવામાં આવેલો છે, સાહેદ કેટલુ સાચુ બોલે છે તે માટે તેની ઊલટતપાસ થાય છે, સાહેદ અંબાલાલ અને સાહેદ પ્રવિણભાઇ બંનેએ સાથે કેમ્પ જોયેલો છે તેવુ તેમની જુબાનીમાં જણાવેલ છે, કેમ્પ ૨–૩૦ કલાકે જોયેલાનુ જણાવે છે તે વખતે તેઓ ત્યાં હાજર હતા કે કેમ? તે જોવાનુ છે, પ્રવિણભાઇ જુબાનીના પેરા–૧ માં જણાવે છે કે તેમનુ ગામ પાવાગઢથી સાત કી.મી. દુર છે અને પેરા–૨ મુજબ જીપને પંકચર અઢી વાગ્યે પડેલાનુ જણાવે છે, સાહેદ અંબાલાલ પણ આજ સમય જણાવે છે, પેરા–૨ મુજબ હેલીકૈલ વાવ પહોંચ્યા ત્યારે ત્રણ વાગ્યાનો સમય થયેલાનુ જણાવે છે, પ્રવિણભાઈની ઊલટતપાસના પેરા–૨૭ મુજબ પોલીસ જવાબમાં સાડા ત્રણ વાગ્યાના સુમારે ભમરીયા બસ સ્ટેન્ડ પાસેથી હાલોલ જવા નિકળેલાનુ લખાવેલુ છે તે સાચુ હશે, સાહેદ ભમરીયાથી ૩–૩૦ વાગ્યે નિકળેલા તો ૩–૪૫ વાગ્યે હેલીકૈલ વાવ પાસે પહોંચી શકે નહીં. વધુમાં સાહેદ નં.૧૦૬૭ અંબાલાલભાઈની જુબાની વંચાણે લેતાં આ સાહેદ સમય બાબતે કાંઇ કહેતા નથી, કયા સમયે વાહનને પંચર પડયુ તે પણ કહેતા નથી, જુબાનીના પાન નં.૩ ઉપર બપોરના ત્રણ, સાડા ત્રણ વાગ્યા હતા તેમ જણાવે

છે, પાન નં.૧૯ (પેરા–૩૧) માં જણાવે છે કે તેમના ગામથી હાલોલ જવુ હોય તો પાવાગઢ જવાની જરૂર નથી, સાહેદ અંબાલાલ કથોલાથી બેસીને હાલોલ જતા હતા ૩–૩૦ વાગ્યે ત્યાંથી નિકળેલા હોય તો ૨–૩૦ વાગ્યે બનાવવાળી જગ્યા ઉપર પહોંચે તે શકય જ નથી માટે સાહેદે ૨–૩૦ વાગ્યે તાલીમ કેમ્પ જોયેલાની હકીકત ખોટી છે. સાહેદો તાલીમવાળી જગ્યા ઉપર ગયેલા કે કેમ? તે બાબતે સાહેદ અંબાલાલ જુબાનીના પાન નં.૨ ઉપર જણાવે છે કે હેલીકૈલ વાવ પાસે ગયા ત્યારે કવોરી પાસેથી અવાજ આવતો સાંભળેલો, પેરા–૧૮ ની હકીકત યાદ નથી તથા આ હકીકત પોલીસ જવાબમાં લખાવેલ ન હોવાનુ જણાવે છે, જવાબ લખનારને તપાસ્યા નથી, આ સાહેદનો જવાબ લેનાર તપાસ કરનાર અધિકારી શ્રી વી.આર.ટોળીયા હતા જેઓ ગુજરી ગયેલા છે, શ્રી ટોળીયાએ આ સાહેદનો જવાબ કઇ રીતે લીધેલો તે બાબતે અન્ય તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડા કાંઇ જણાવતા નથી માટે પેરા–૧૮ ની હકીકત પોલીસ જવાબમાં લખાવી નથી તેમ કહેવાય. આમ સાહેદ અંબાલાલ કે પ્રવિણભાઇ જગ્યા ઉપર ગયા જ નથી માટે તેનો લાભ આરોપીઓને જ મળે. સાહેદ પ્રવિણભાઇની જુબાનીના પેરા નં.૧૩ મુજબ વાહનને પંકચર પડેલુ તે જગ્યાથી ૨૦૦ મીટર દુર હેલીકૈલ વાવ છે ત્યાં જવાનુ કારણ પોલીસને આપેલુ કે કેમ? તે હાલ યાદ નથી તેમ જણાવે છે. ત્યાં જવાનુ કારણ પોલીસ જવાબમાં લખાવ્યુ નથી તો વાંધો લીધેલો કે કેમ? તો તે પણ યાદ નથી, આ સાહેદની જુબાનીના પેરા–૨૨ મુજબ પંકચર પડયા પછી કંટાળીને હેલીકૈલ વાવ બાજુ ફરવા ગયેલા ત્યાં દરગાહ ઉપર ૧૮ થી ૨૦ માણસો બેઠેલા જોયેલા, આ હકીકત એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સમક્ષની ઓળખમાં જણાવી નથી, ત્યાં હેલીકૈલ વાવ હોવાનુ જણાવેલુ છે, સાહેદ નં.૧૦૬૭ અંબાલાલની જુબાની મુજબ પંકચર પડયા પછી બીજા પેસેન્જરો બીજી જીપમાં બેસીને ગયેલા પરંતુ તેઓ ગયેલા નહીં, નહીં ગયાનુ કારણ પોલીસને આપ્યુ નથી,ઉત્તરાયણની ખરીદી કરવા હાલોલ જતા હતા પંકચર પડયુ છતાં બીજી જીપમાં ગયા નથી તો તે અકુદરતી વર્તન છે, જીપને પંકચર પડયુ અને પેસેન્જરો બીજી જીપમાં મોકલ્યા પછી ત્યાં

ફકત ત્રણ વ્યકિતઓ હાજર હતી તે પૈકી એક પંકચર કરાવવા ગયા જેથી ત્યાં સાહેદ પ્રવિણભાઇ અને અંબાલાલ જ હાજર હતા, પંકચર પડયુ તે રોડ ઉપર હેવી ટ્રાફિક હતો, જીપને જેક ઉપર ચડાવેલી હતી છતાં રોડ ઉપર જીપને મુકીને સાહેદ જંગલમાં ગયા તે શકય નથી, સાહેદ નં.પ૭૧ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સમક્ષ સાહેદ અંબાલાલે ઓળખ પરેડમાં નવ વ્યકિતઓને ઓળખેલા છે, મેજિસ્ટ્રેટની જુબાનીમાં કંડકટર ગાડીમાં ટાયર ફીટ કરતા હતા તે દરમ્યાન સાહેદ અને ગાડીના માલિક થોડા આગળ જતા આ લોકોને જોયેલાનુ જણાવે છે, થોડે આગળ કયાં ગયા? કઇ જગ્યાએ ગયા? તે રેકર્ડ ઉપર આવતુ નથી.

વધુમાં વિ.વ.શ્રી એલ.આર.પઠાણ દલીલો કરતા જણાવે છે કે પાવાગઢ/હાલોલ મુકામે ટ્રેનીંગ કેમ્પ બાબતે, જીપમાં પંકચર પડયા બાબતે, સાહેદોએ જગ્યા જોયા બાબતે, આરોપીઓને સ્થળ ઉપર જોયા બાબતેની હકીકતો પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ નિવડેલા છે, ઉપરોકત બંને સાહેદો "ચાન્સ વિટનેશો" છે, સાહેદ પ્રવિણભાઇ ભમરીયાથી હાલોલ જીપ ચલાવે છે તેને તપાસ કરનાર અધિકારીએ ખોટો સાહેદ બનાવેલો છે, પાવાગઢ/હાલોલ કેમ્પ બાબતે આરોપી નં.૨ ઇમરાન શેખનુ કબૂલાત નિવેદન, આરોપી નં.૩પ રફીયુદ્દીન કાપડીયાનુ કબૂલાત નિવેદન ઉપર ફરિયાદપક્ષે આધાર રાખેલો છે, આરોપી નં.૩પ નુ કબૂલાત નિવેદન ધ્યાને લેતાં સદર આરોપીએ આપેલુ નિવેદન સ્વૈચ્છિક હતુ કે કેમ? તે પોલીસની કસ્ટડીમાં હતો કે કેમ? આરોપીને ધાક–ધમકી કે શારીરિક ત્રાસ આપીને નિવેદન નોંધાવેલુ કે કેમ? તે જોવુ જોઇએ. મેજિસ્ટ્રેટે પોલીસના બે ગાર્ડ સુરક્ષા માટે હાજર રાખેલા હતા, સિકયુરીટી ગાર્ડ જેલના ન હતા પરંતુ પોલીસના હતા માટે પોલીસની હાજરીમાં આ નિવેદન નોંધાયુ છે માટે આવી કબૂલાત રદ્ધ થાય, કબૂલાત નિવેદન મુજબ કયામુદ્દીનને ફરવા જવુ હતુ માટે રફીયુદ્દીનને સાથે લઇ ગયેલા કારણકે કયામુદ્દીન માટે ઘરમાંથી બહાર જવા અંકુશ હતો, આ કબૂલાત કહેવાય નહીં, કેમ્પ એટેન્ડ કર્યા બાબતે આરોપી નં.૩પ કાંઇ જણાવતા નથી. ભેગા થઇ ચર્ચા કરવી તે કાવતરૂ નથી, કબૂલાત નિવેદન ઉપરથી ગેરકાયદેસર કૃત્ય કરવા ચર્ચા કરી હોય તેવુ

જણાતુ નથી, ફકત "સીમી" ની મિટીંગ હતી બીજુ કાંઇ નથી, આરોપી નં.૩૫ તરત જ જતા રહેલા હતા, આરોપી નં.૩૫ નાએ મિટીંગમાં હાજરી આપી નથી. વધુમાં આરોપી નં.૨૧ નુ કબૂલાત નિવેદન ધ્યાને લેતાં આ નિવેદનમાં જણાવ્યુ છે કે "અન્ય રીતે લોભ, લાલચ કે ધમકી આપેલ હોય તેવુ બનેલ નથી" આ શબ્દો મેજિસ્ટ્રેટે જાતે લખ્યા છે, આરોપીની ઇન્કવાયરી પ્રશ્ન–ઉત્તરમાં કરી નથી, મેજિસ્ટ્રેટે આરોપીની સ્વૈચ્છીકતા જાણવાનો પ્રયત્ન કર્યો નથી, નિવેદનનુ પાન નં.૫ વંચાણે લેતાં કાવતરૂ થયેલુ નથી, કાવતરા માટે મગજમાં મિટીંગનુ આયોજન થાય અને ભેગા થાય તો કાવતરૂ બને, કબૂલાત જોતા મિટીંગ થયેલી છે, આ મિટીંગ કાવતરૂ છે તેવુ જણાઇ આવતુ નથી, કબૂલાતમાં જણાવેલુ છે કે "જો લોગ હમારે સાથ ચલના નહીં ચાહતે વો યહીં સે વાપસ લૌટ જાયે " આ હકીકત છે માટે કોઇને કાવતરામાં સામેલ કરેલા નથી ફકત સાવચેતી આપેલી છે.

વધુમાં વિ.વ.શ્રી એલ.આર.પઠાણ આરોપી નં.૨ ના કબૂલાત નિવેદન બાબતે દલીલો કરતા જણાવે છે કે આરોપીનુ નિવેદન તા.૧૦–૧૧–૨૦૦૮ ના રોજ કેમ નોંધ્યુ નથી તેનુ કારણ આપેલુ નથી, આરોપીને તા.૧૦–૧૧–૨૦૦૮ ના રોજ હાજર રાખેલો નથી માટે હાજર રાખવાની સમજ મેજિસ્ટ્રેટે આપી છે, તા.૧૨–૧૧–૨૦૦૮ ના રોજ સમયના અભાવે કબૂલાત નોંધી નથી, મેજિસ્ટ્રેટે સમય નથી તેમ કહી નિવેદન નોંધ્યુ નથી તે યોગ્ય નથી, ખોટી રીતે આરોપીને કબૂલાત નોંધ્યા વિના પરત મોકલેલા છે, આરોપીની સ્વૈચ્છિકતા બાબતે પ્રશ્ન–ઉત્તરમાં ઇન્કવાયરી મેજિસ્ટ્રેટે કરી નથી, આરોપીને જયુડીશીયલ કસ્ટડીમાંથી રજૂ કરેલ છે અને આરોપી જણાવે છે કે તેમને સ્વૈચ્છિક નિવેદન આપવુ છે, આરોપી ઉપર લોભ, લાલચ, દબાણ નથી તો નિવેદન નોંધ્યા વિના આરોપીને શા માટે પાછો મોકલ્યો? પોલીસે જેલમાં આરોપીનો સંપર્ક કરેલો છે માટે કબૂલાત નિવેદન નોંધાવ્યુ છે, આ નિવેદન આરોપીનુ કબૂલાત નિવેદન છે તેમ કહેવાય નહીં, આ આરોપીએ વાઘમોન અને પાવાગઢના કેમ્પો વિશે જે જણાવ્યુ છે તે વંચાણે લેવાય નહીં, સહઆરોપી સામે કલમ–૩૦ મુજબ કબૂલાત વંચાણે લેવાય પરંતુ સૌપ્રથમ તે નિવેદન કબૂલાત વાળુ હોવુ જોઇએ, આ

નિવેદન ફકત મેજિસ્ટ્રેટ રૂબરૂનુ નિવેદન જ છે, આ નિવેદન બીજા આરોપી સામે વંચાણે લેવાય નહીં, આ આરોપીને સાહેદ તરીકે તપાસવામાં આવે તો જ બીજા આરોપી સામે કબૂલાત નિવેદન વંચાણે લેવાય, કબૂલાત નિવેદન નોંધનાર મેજિસ્ટ્રેટને ફરિયાદપક્ષે તપાસ્યા નથી જેથી ઊલટતપાસની તક બચાવપક્ષને મળી નથી માટે આ ટ્રાયલ ફેર ટ્રાયલ નથી, મેજિસ્ટ્રેટને તપાસવા માટેની અરજી નામંજુર કરી છતાં અદાલતે મેજિસ્ટ્રેટને સાહેદ તરીકે બોલાવવા જોઇએ અને બચાવપક્ષને ઊલટતપાસની તક આપવી જોઇએ, મેજિસ્ટ્રેટોને ના તપાસવાથી બચાવપક્ષને અન્યાય થયેલો છે, કુદરતી સિધ્ધાંતોનો ભંગ થયેલો છે.

વધુમાં વિ.વ.શ્રી એલ.આર.પઠાણ દલીલો કરતા જણાવે છે કે આ કામમાં આંક–૯૦૧૮ થી કેરાલાના જયુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સમક્ષ આરોપી નં.૭૬ નાઓએ નોંધાવેલ નિવેદન રજૂ છે તેમજ આંક–૯૦૨૨ થી અમદાવાદના મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ સમક્ષ નોંધાવેલ નિવેદન રજૂ છે. હાલોલ/પાવાગઢમાં યોજવામાં આવેલા કહેવાતા કેમ્પ બાબતે ફરિયાદપક્ષે તપાસેલા ત્રીજા સાહેદ રામકાભાઇની જુબાની ધ્યાને લેતાં આ સાહેદ રામકાભાઇ બાબુભાઇના ઘરે કેમ ગયેલા? તેના કારણો આપતા નથી, બાબુભાઇની સાથે ભેંસો શોધવા ગયેલાનુ જણાવે છે, આ સાહેદ ઉત્તરાયણના દિવસે ભેંસો શોધવા ગયેલા, ઉત્તરાયણ ૧૪ મી જાન્યુઆરીએ આવે છે તે વખતે દુધનો ધંધો કરતા હતા હવે કરતા નથી તેમ જણાવે છે, હાલ દુધનો ધંધો કરતા નથી તે હકીકત જાણી જોઇને છુપાવે છે, આ સાહેદે ઘણા બધા પ્રશ્નોના જવાબો આપવાનુ ટાળ્યુ છે, સાહેદ પાવાગઢ રહે છે અને બાબુભાઇ ટીંબી પાટીયા રહે છે તેમને ત્યાં શું કામ ગયેલા? તે પોલીસને જણાવેલુ નથી, બંને મિત્રો છે દુધનો ધંધો કરે છે તેમજ ઢોર રાખે છે જેથી રામકાભાઇ અને બાબુભાઇ ખાસ મિત્રો છે, ખાસ મિત્ર ૫૦, ૬૦ ની ઉંમરે ગુજરી ગયાની ખબર ન હોવાનુ મનાય તેમ નથી, બાબુભાઇને કેટલા દિકરા છે તેની પણ જો સાહેદને ખબર ના હોય તો તે મનાય નહીં, જુવાન છોકરા, છોકરીઓ બાબુભાઇને કેટલા છે તેની પણ સાહેદને ખબર નથી તો તે પણ ના મનાય, તેમના વેપારના ખબર નથી તે પણ ના મનાય માટે ફરિયાદપક્ષની

થીયરી ખોટી છે, સાહેદ રામકાભાઇ ઉપર આધાર ના રખાય, કેમ્પવાળી જગ્યાએ તંબુ હતો, કુગ્ગા ફોડતા હતા, તે જગ્યાઓ પોલીસને બતાવેલી નથી.

વધુમાં વિ.વ.શ્રી એલ.આર.પઠાણ સાહેદ નં.૯૪૨ મહંમદ યુનુસ ચાવલવાલાની જુબાની વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે આ સાહેદની જુબાનીના પેરા નં.૨ મુજબ કયામુદ્દીન ૭ થી ૮ બંબુ લઇ ગયેલો અને બીજા દિવસે પાછા આપી ગયેલો, આ બંબુ એક જ દિવસ માટે આપેલા જયારે ફરિયાદપક્ષ બે દિવસ માટે બંબુ આપેલાનુ કહે છે, કયા દિવસે બંબુ આપેલા તે દિવસ આ સાહેદ જણાવતા નથી, બંબુ જાન્યુઆરી–૨૦૦૮ માં લઇ ગયાનુ અનુમાન ના થાય માટે સાહેદો કહેતા હોય કે ઉત્તરાયણના દિવસે તંબુ જોયેલો તો તે હકીકત ખોટી છે, સાહેદ રામકાભાઇની વર્તણૂક, વિરોધાભાસ ધ્યાને લેતાં તેમની જુબાની ઉપર વિશ્વાસ રખાય નહીં. સદર કામે જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓ દ્વારા હાલોલ/પાવાગઢની જગ્યાના કુલ–૭ પંચનામા બનાવ્યા છે, પ્રથમ પંચનામુ આંક–૬૪૮૦ થી રજૂ છે, આરોપી નં.૧ ને સાથે રાખી આ પંચનામુ બનાવેલુ છે તે અંગેના પંચ સાહેદ દિપકકુમાર દલવાડીને ફરિયાદપક્ષે સાહેદ નં.૯૦૪ તરીકે તપાસેલા છે, આ પંચ સાહેદની જુબાની વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે આ પંચ સાહેદના કહેવા પ્રમાણે સ્થળ ઉપરથી આંટા વાળા બુચ તથા બીજા બુચ મળેલા, એરગનમાં વપરાતા છરા મળેલા, કુટેલા કુગ્ગા મળેલા, ઝાડ ઉપર ખીલો મારેલો હતો તેમ જણાવે છે, આ ચાર વસ્તુ સિવાય બીજી વસ્તુ મળેલી નથી, આ ચારેય વસ્તુ મળવાથી ત્યાં કેમ્પ હતો તેવુ સાબિત થાય નહીં, આ અંગે વીડિયોગ્રાફી કરેલી પરંતુ આવી વીડિયોગ્રાફી રેકર્ડ ઉપર આવી નથી, આ જગ્યા ઉપરથી કેમીકલ મળ્યુ નથી, આંક–૫૯૪૧ થી રજૂ થયેલો એફ.એસ. એલ. રીપોર્ટ નેગેટીવ છે જે છરા હતા તે એરગનમાં વપરાતા હોવાનુ જણાય છે તેવુ અભિપ્રાયમાં જણાવેલુ છે, આવી એરગન પોલીસે જપ્ત કરી નથી, કુગ્ગા ફોડતા હતા તે વાત ખોટી છે, કુગ્ગા મળેલા પરંતુ ત્યાં મેળા ભરાતા હતા તે કુગ્ગા છે, કુગ્ગા મળવાથી આરોપીને હાલના ગુનામાં સંડોવતા નથી, આ તમામ મુદ્દામાલ સાથે આરોપીઓ કનેકટ થાય છે તેવુ નથી, દલીલ ખાતર માની

લઈએ કે આરોપીઓ ત્યાં તરવાની, બાઈક રેસીંગની, કુગ્ગા ફોડવાની વિગેરે તાલીમ લેતા હતા તો તે તાલીમ આંતકવાદી તાલીમ કહી શકાય નહીં.

વધુમાં વિ.વ.શ્રી એલ.આર.પઠાણ દલીલો કરતા જણાવે છે કે અનલોકુલ એકટીવીટી એકટની કલમ–૧૮ વંચાણે લેતાં આંતકવાદી તાલીમ માટે કેમ્પ રાખ્યો હોય તો આ કલમ લાગુ પડે છે, આંતકવાદી કૃત્ય માટે કલમ–૩(કે), કલમ–૧૫ વંચાણે લઈ વિ.વ.શ્રી એલ.આર.પઠાણ દલીલો કરતા જણાવે છે કે આરોપીઓએ કરેલી પ્રવૃતિ આંતકવાદી કૃત્યમાં સમાવેશ થતી નથી, આંતકવાદી કૃત્ય ના હોય તો કલમ–૧૮(એ) માં આવે નહીં, કેરાલાના વાઘમોન ખાતે કેમ્પ થયો તે ડીસેમ્બર–૨૦૦૭ માં થયો, પાવાગઢમાં કેમ્પ જાન્યુઆરી–૨૦૦૮ માં થયો માટે અનલોકુલ એકટનો સુધારેલો કાયદો અગાઉની અસરથી લાગુ ના પડે, અનલોકુલ એકટમાં સુધારો તા.૧૩–૧૨–૨૦૦૮ ના રોજથી અમલમાં આવ્યો છે માટે કહેવાતો તાલીમ કેમ્પ રાખ્યો હોય છતાં પણ કાયદામાં સુધારો થતા પહેલા યોજેલો હતો માટે કલમ–૧૮(એ) લાગુ પડશે નહીં. વાઘમોન–કેરાલા કેમ્પ, પાવાગઢ–હાલોલ કેમ્પ તથા સમસુદ્દીનના નાના ના ઘરે મિટીંગો થયાનો આક્ષેપ છે, આવી જગ્યાઓએ મિટીંગો થયાનો સીધો કે સ્વતંત્ર પુરાવો નથી, સાહેદ નં.૧૧૪૧ ઐયાજ સૈયદ વાઘમોન–કેરાલા કે હાલોલ–પાવાગઢના કેમ્પમાં હાજર ન હતો, સાહેદ અંબાલાલ, પ્રવિણભાઈ, રામકાભાઈ, ઈદ્રીશની જુબાની મનાય નહીં, પાવાગઢ ખાતે તાલીમ કેમ્પમાં જે વાહનો વપરાયેલા તે વાહનોની ઓળખ થઈ નથી, ફરિયાદપક્ષે આક્ષેપ છે કે ટાટા સુમોનો ઉપયોગ પાવાગઢ જવા અને આવવા માટે થયેલો તે માટે ટાટા સુમો ભાડે આપનારને સાહેદ નં.૯૪૦ અને ૯૪૧ તરીકે તપાસેલા છે, સાહેદ નં.૯૪૦ નાસીર કુરેશીની જુબાનીના પેરા નં.૨ મુજબ ટાટા સુમો તેના ભાઈ જાહીદના નામ ઉપર હતી, તા.૨૭–૮–૨૦૦૮ ના રોજ પોલીસે પુછેલુ કે એક ભાઈને તા.૧૩–૧–૨૦૦૮ ના રોજ સાપુતારા જવા માટે ગાડી ભાડે આપી હતી તેમ જણાવે છે, ટાટા સુમો ભાડે લેવા આવનાર આસીફભાઈએ કહેલુ કે ગાડી ભાડે રાખનારનુ નામ ઈમરાનભાઈ છે, ૧૩ મી તારીખે ગાડી આપેલી અને ૧૫ મી તારીખે ગાડી

પાછી આપી ગયેલાનુ જણાવે છે, વાહન ૧૩,૧૪,૧૫ તારીખ માટે આપેલુ હતુ, કેમ્પ–૧૪ મી તારીખે પુરો થયેલો છે માટે ૧૫ મી તારીખ સુધી વાહન રાખી મુક્યુ હોય તેવુ નથી માટે કહેવાતી ટાટા સુમોનો ઉપયોગ બનાવમાં થયો જ નથી, આ વાહનનો નંબર બીજા કોઇ સાહેદ જણાવતા નથી, સાહેદ નં.૯૪૦ ના કહેવા મુજબ આસીફે તે ભાઇનુ નામ ઇમરાન જણાવેલુ, ઇમરાનની મેજિસ્ટ્રેટ રૂબરૂ ઓળખ પરેડ કરાવી નથી, જુબાનીમાં ઇમરાનને ઓળખી શકે નહીં તેમ જણાવે છે, કહેવાતુ વાહન કોણે ભાડે રાખેલુ? તે પુરવાર થતુ નથી, સાહેદ નં.૯૪૧ આસીફ બોડાવાલાની જુબાનીના પેરા નં.૩ મુજબ ૨૭ મી તારીખે જાણેલુ કે ઇમરાન ગાડી સાપુતારાનુ કહીને પાવાગઢ સીમીના કાર્યકરોને લઇ જવા માટે ગયેલો પરંતુ ઇમરાનની આ સાહેદ રૂબરૂ ઓળખ પરેડ કરાવી નથી, સાહેદે ઇમરાનને કોર્ટ રૂબરૂ ઓળખ્યો પણ નથી , નાસીરે પોતાનુ વાહન ટાટા સુમો આસીફ મારફતે ઇમરાનને ભાડે આપેલાની હકીકત પુરવાર થતી નથી, વાઘમોન કેમ્પ અને પાવાગઢ કેમ્પમાં ભાષણો આપ્યાના પુરાવા રજૂ થયા નથી, આંક–૧૨૨ ના તહોમતનામામાં આરોપીઓ વિરૂધ્ધ જેહાદી ભાષણો આપ્યાનો આક્ષેપ છે પરંતુ તેવા ભાષણો આપ્યા અંગે કોઇ પુરાવો ફરિયાદપક્ષે રજૂ થયેલો નથી, તહોમતનામુ ફરમાવતી વખતે અદાલતે તમામ હકીકતો ધ્યાને રાખવી જોઇએ, કયા–કયા કાયદાની કઇ–કઇ જોગવાઇઓ મુજબનો ગુનો કર્યો છે તે ધ્યાને રાખવુ જોઇએ, જેહાદી ભાષણો આપેલા તે આંતકવાદી પ્રવૃતિ છે તેમ માની આરોપીઓ વિરૂધ્ધ તહોતનામુ ફરમાવેલુ છે, "જેહાદ" શબ્દને કોઇ કાયદામાં ગુના તરીકે બતાવેલ નથી, "જેહાદ" શબ્દ કુરાનમાં છે, ધાર્મિક સ્વતંત્રતા બંધારણે આપી છે, કુરાનમાં જે શબ્દ આપ્યા છે તે ગુનો નથી, પોલીસનો આક્ષેપ છે કે આરોપીઓ જેહાદ ઉપર ભાષણો આપતા હતા પરંતુ જેહાદી ભાષણ ગુનો જ નથી, જેહાદ શબ્દનો દુરૂપયોગ મીડિયા તથા રાજકીય પક્ષોએ કર્યો છે, જેહાદ શબ્દને આંતકવાદ શબ્દ સાથે ખોટી રીતે બદ્ધઇરાદ્ધાથી જોડી દીધેલ છે, જેહાદ શબ્દનો ઉપયોગ પોલીસ તથા ફરિયાદપક્ષે સતત શરૂઆતથી લઇને અંત સુધી કરેલો છે પરંતુ જેહાદ ગુનો જ નથી, કોર્ટે પણ જેહાદ શબ્દનો તહોમતનામામાં

વારંવાર ઉપયોગ કર્યો છે, પરીભાષા તરીકે લોકોના માનસમાં જેહાદ શબ્દ ઘુસાડી દીધેલ છે કે જેહાદ એટલે ખોટુ કરવુ, દરેક ધર્મના લોકો પોતાના ધાર્મિક પુસ્તકો બાબતે ચર્ચા કરે છે તેમાં ખોટુ નથી, જેહાદ શબ્દ કુરાનમાંથી કાઢી નાંખવા કોઇ મુસ્લિમે નામદાર સુપ્રિમ કોર્ટમાં અરજી કરી હતી જે ખર્ચ સાથે રદ્ધ કરેલી છે.

વધુમાં વિ.વ.શ્રી એલ.આર.પઠાણ દલીલો કરતા જણાવે છે કે વાઘમોન/કેરાલા અને હાલોલ/પાવાગઢના કેમ્પનો કોઇ સ્વતંત્ર પુરાવો નથી, જેહાદી ભાષણો આપ્યાનો કોઇ સીધો પુરાવો નથી, કોણે ભાષણો આપ્યા? તે અંગે પણ સીધો પુરાવો નથી, આરોપીઓના કબૂલાત નિવેદનો, આરોપી નં.૨ ઇમરાન તથા આરોપી નં.૨૧ મહેંદી હસન સિવાય ભાષણો આપ્યાનો સીધો પુરાવો નથી, આંક–૧૨૨ ના તહોમતનામાના પાન નં.૬ ઉપર જણાવ્યુ છે કે "કેમ્પ દરમ્યાન બોમ્બ બનાવવાની ટ્રેનીંગ આપી અપાવી, ટાર્ગેટ કીલીંગ, માસ કીલીંગ કરવાની ચર્ચાઓ કરી" તેવો આક્ષેપ છે, કાવતરાના ભાગ રૂપે નાણાંકીય ભંડોળ ભેગુ કર્યાનો પણ આક્ષેપ છે પરંતુ આ અંગે અનલોકુલ એકટીવીટી એકટની કલમ–૧૭ મુજબનો ચાર્જ આરોપીઓ વિરૂધ્ધ ફરમાવેલો નથી, ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને ટાર્ગેટ બનાવવાનો આક્ષેપ છે પરંતુ આ અંગે કોઇ પુરાવો નથી, પોલીસે ચાર્જશીટમાં જે જણાવ્યુ છે તે પ્રમાણે તહોમતનામું ફરમાવ્યુ છે, પોલીસે ચાર્જશીટમાં ગંભીર ગુનાનો આક્ષેપ કર્યો છે પરંતુ પુરાવા નથી, આ જ કારણોસર આ પોલીસ અધિકારીઓએ ચાર ખોટા એન્કાઉન્ટર કરેલા છે, ઇશરત જહાં, સોરાબુદ્દીન, પ્રજાપતિ, સાદીક જમાલના ખોટા એન્કાઉન્ટર આજ સરખા કારણોસર થયા છે, રાજકીય ફાયદો મેળવવા પોલીસ ટીમો એન્કાઉન્ટર કરે છે, પોલીસ અધિકારીઓએ પ્રમોશન મેળવવા માટે એન્કાઉન્ટર કરેલા છે, ખોટા ઇરાદ્ધા સાથે લાંબા સમય સુધી આરોપીઓ જેલમાં રહે, જામીન ના મળે તે માટે ખોટા આક્ષેપો પોલીસે ચાર્જશીટોમાં કરેલા છે, બે આરોપીના કબૂલાત નિવેદનોમાં ભાષણો કર્યાનો ઉલ્લેખ છે પરંતુ આ નિવેદનોને કબૂલાત નિવેદનો કહેવાય જ નહીં, આ નિવેદનો પુરાવામાં ગ્રાહ્ય નથી, કહેવાતી બંને કેમ્પો વાળી જગ્યાએ જેહાદી ભાષણો આપ્યાનો કોઇ જ પુરાવો નથી,

આરોપી નં.૨ પોતાના કબૂલાત નિવેદનમાં જેહાદનુ કહે છે તે સાંભળેલુ છે, આરોપી નં.૨૧ વાઘમોનના કેમ્પમાં હાજર રહેલો નથી, ટાર્ગેટ કીલીંગ, માસ કીલીંગનો આક્ષેપ તહોમતનામામાં જણાવેલ છે પરંતુ તે અંગે કોઇ પુરાવો નથી.

સ્ટેટ (એનસીટી) દિલ્હી વિરૂધ્ધ નવજોત સિધ્ધુ
૨૦૦૫ સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રીમીનલ), પાન નં.૧૭૧૫

ઉપરોકત ચુકાદાના પેરા નં.૮૯ માં કાવતરાની ચર્ચા કરી છે, બે અથવા વધુ વ્યકિતઓ વચ્ચે સમજુતી થવી જોઇએ ફકત નોલેજ અથવા પ્લાન માટેની ચર્ચા કરવી તે પુરતુ નથી, જેના કારણે કાવતરૂ થયુ છે તેવુ અનુમાન કરાય. ભાષણો થયા તે કયા ભાષણો થયા? કઇ સમજૂતી થઇ? તે અંગે કોઇ જ પુરાવો નથી, કેમ્પ થયો તેથી તે આંતકવાદી કેમ્પ જ હતો તેવુ અનુમાન પણ થાય નહીં, "આંતકવાદી કેમ્પ" શબ્દનો ઉલ્લેખ કરવાથી આંતકવાદી કેમ્પ હતો તેવા નિર્ણય ઉપર અવાય નહીં, વાઘમોન મુકામે જે જગ્યાએ કેમ્પ થયાનો આક્ષેપ છે તે જગ્યા પ્રવાસન સ્થળ છે, ફેરીયાઓ ઝુપડા બનાવી સામાન વેચે છે ત્યાં પોલીસ ચોકી છે માટે કેમ્પ શકય જ નથી, પાવાગઢ કેમ્પનો જે આક્ષેપ છે ત્યાં ઐતિહાસીક ઇમારતો છે, પાવાગઢ મંદિર છે ત્યાં ઘણા લોકો જાય છે માટે ત્યાં કેમ્પ શકય નથી.

વધુમાં વિ.વ.શ્રી એલ.આર.પઠાણ સાહેદ નં.૧૧૦૫ ઇદ્રીશ ફકીરની જુબાની વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે આ સાહેદ એસ.એસ.સી પાસ છે, ૨૦૦૬ પહેલા હોટલમાં નોકરી કરતા હતા, કુટુંબવાળા છે છતાં દરગાહ ઉપર સેવા કરવા આવ્યા છે, પગાર મળતો નથી તેમ જણાવે છે પરંતુ સાહેદ ખોટુ બોલે છે પગાર મળતો જ હોય, દરગાહ ઉપર જોડાવા માટે ટ્રસ્ટ તરફથી કોઇ નિમણૂક પત્ર આપેલો નથી માટે આ સાહેદ ત્યાં મુજાવર નથી, દરગાહના હિસાબી ચોપડા ખજાનચી પાસે રહેતા હતા કે કેમ? તેની સાહેદને ખબર નથી તેમ જણાવે છે જે મનાય નહીં, ખજાનચીને પૈસા જમા કરાવતા હતા પરંતુ હીસાબો રાખતા હતા કે કેમ? તેની ખબર નથી તે પણ મનાય નહીં, ખુંદપીરની દરગાહ ઉપર આ સાહેદ હાજર રહેતા હતા કે કેમ? તે અંગે કોઇ પુરાવો નથી,

દરગાહ ઉપર સફાઇ વાળા બુધાલાલ તથા શાંતામાસી પણ આવતા હતા તેમને ફરિયાદપક્ષે સાહેદ તરીકે તપાસ્યા નથી, ટ્રસ્ટના ટ્રસ્ટી તથા ખજાનચીના પણ પોલીસે નિવેદન લીધા નથી કે તેમને તપાસ્યા નથી, આ સાહેદ ખુંદપીર દરગાહ ઉપર હાજર જ ન હતા, કુટુમ્બવાળા માણસ છે, ખુંદપીર દરગાહ ઉપર પગાર વગર સેવા આપે તે શકય જ નથી, આ સાહેદની જુબાની અકુદરતી જુબાની છે, ટ્રસ્ટ ઉપર ફંડ આપનારને રસીદ આપવામાં આવતી હતી પરંતુ રસીદો રજૂ કરી નથી, આ સાહેદ સ્થળ ઉપર હાજર હતા કે કેમ? તે અંગે શંકા છે, આરોપીઓને વ્યકિતગત રીતે જોયા હોય તેવુ સાહેદ જણાવતા નથી, ડૉ.સાદાબના કહેવાથી ધર્મશાળાની રૂમો રહેવા આપેલાનુ જણાવે છે પરંતુ સાદાબ ના પાડે છે, ડૉ. સાદાબને ફરી ગયેલા જાહેર કર્યા પછી ઊલટતપાસમાં પ્રશ્ન પુછયો નથી કે મુજાવરને ફોન કરીને ધર્મશાળા ઉપર રહેવા રૂમો આપવાની વાત કરી હોય, ડૉ. સાદાબ કહે છે કે ઇદ્રીશ મુજાવર નામનો કોઇ માણસ દરગાહ ઉપર નથી પરંતુ ત્યાં સ્ટાફ હોવાનુ જણાવે છે, ઇમરાન શેખ તા.૧૩–૧–૨૦૦૮ ના રોજ ૨૦ થી ૨૫ માણસોને લઇને આવેલો છે અને રહેવાની વ્યવસ્થા કરી આપવી તેવુ જણાવેલુ નથી માટે સ્પષ્ટ બને છે કે ઇદ્રીશ મુજાવર ખુંદપીરના દરગાહ ઉપર હતો જ નહીં અને છે પણ નહીં. આરોપીઓની સાહેદ ઇદ્રીશ સમક્ષ મેજિસ્ટ્રેટ રૂબરૂ ઓળખ પરેડ કરાવેલી નથી, જુબાનીમાં આરોપીઓને ઓળખ્યા તે બીજી યુકતિઓથી ઓળખ્યા છે, આરોપીઓની ઓળખ ગેરકાયદેસર રીતે જુબાનીમાં કરેલી છે, સાહેદ ઇદ્રીશે ક્રિ.પ્રો.કોડ કલમ– ૧૬૪ મુજબનુ નિવેદન આપેલુ છે, આવુ નિવેદન નોંધવા માટે પોલીસે કે કોર્ટે કોઇ નોટીસ, સમન્સ સાહેદને આપેલો નથી, કયા કારણથી નિવેદન નોંધાવવા માંગે છે તે કારણ પણ જણાવેલુ નથી, કોર્ટનો સમન્સ આવેલાનુ ઇદ્રીશ જણાવે છે પરંતુ આવો સમન્સ રજૂ કર્યો નથી, સાહેદને મેજિસ્ટ્રેટની ચેમ્બરમાં તપાસ કરનાર અધિકારી ટોળીયા લઇ ગયાનુ જણાવે છે માટે સ્વૈચ્છિક રીતે સાહેદ ઇદ્રીશે નિવેદન આપેલુ કે કેમ? તે શંકાસ્પદ છે.

વધુમાં વિ.વ.શ્રી એલ.આર.પઠાણ દલીલો કરતા જણાવે છે કે હાલોલ/પાવાગઢ ખાતેના કહેવાતા કેમ્પવાળી જગ્યાઓ બાબતે કુલ–સાત પંચનામાઓ થયેલા છે તે મુજબ (૧) આરોપી નં.૧ નાએ સાહેદ નં.૯૦૪ રૂબરૂ તા.૨૭–૮–૨૦૦૮ ના રોજ બતાવેલ જગ્યા અંગે જે પંચનામુ કરેલુ તે આંક–૬૪૮૦ થી રજૂ છે (૨) આરોપી નં.૧૬ નાએ સાહેદ નં.૧૦૩૯ રૂબરૂ તા.૨૮–૯–૨૦૦૮ ના રોજ બતાવેલ જગ્યા અંગે જે પંચનામુ કરેલુ તે આંક–૭૦૫૩ થી રજૂ છે (૩) આરોપી નં.૩૫ નાએ સાહેદ નં. ૯૦૦ રૂબરૂ તા.૧૭–૧૧–૨૦૦૮ ના રોજ બતાવેલ જગ્યા અંગે જે પંચનામુ કરેલુ તે આંક–૬૪૮૦ થી રજૂ છે (૪) આરોપી સફીકે સાહેદ નં.૧૦૬૮ રૂબરૂ તા.૪–૧૧–૨૦૦૯ ના રોજ બતાવેલ જગ્યા અંગે જે પંચનામુ કરેલુ તે આંક–૭૨૫૨ થી રજૂ છે (૫) આરોપી અબુબસરે સાહેદ નં. ૯૧૪ રૂબરૂ તા.૧૧–૬–૨૦૧૨ ના રોજ બતાવેલ જગ્યા અંગે જે પંચનામુ કરેલુ તે આંક–૬૫૨૮થી રજૂ છે (૬) આરોપી નં.૭૫ નાએ સાહેદ નં. ૧૧૦૨ રૂબરૂ તા.૧–૫–૨૦૧૬ ના રોજ બતાવેલ જગ્યા અંગે જે પંચનામુ કરેલુ તે આંક–૬૪૮૦થી રજૂ છે (૭) આરોપી નં.૭૮ નાએ સાહેદ નં.૧૦૮૩ રૂબરૂ તા.૧–૧૨–૨૦૧૭ ના રોજ બતાવેલ જગ્યા અંગે જે પંચનામુ કરેલુ તે આંક–૭૩૯૨થી રજૂ છે. આ તમામ પંચનામાઓ પુરાવામાં ગ્રાહ્ય છે કે કેમ? તે નક્કી કરવાનુ છે, આ પંચનામાઓ જુદા–જુદા એ.સી.પી.કક્ષાના અધિકારીઓએ બનાવેલા છે અને તેઓ તમામના ઉપરી અધિકારી ડી.સી.પી.અભય ચુડાસમા હતા, બધા જ એ.સી.પી.ની ઓફીસ અમદાવાદ ક્રાઇમ બ્રાંચ જ હતી, તમામ એ.સી.પી. અંદરો–અંદર ચર્ચાઓ કરતા હતા તપાસની પ્રગતીની પણ ચર્ચા કરતા હતા , તપાસ બાબતે સુચનાઓ ડી.સી.પી.પાસેથી મેળવતા હતા, બધા જ એ.સી.પી. અંદરો અંદર પુરાવાની આપલે કરતા હતા, આ બધા મુદ્દાઓ ધ્યાને રાખવાના છે, તમામ પંચનામાઓમાં સમયનો ગાળો વધારે છે, સૌપ્રથમ પંચનામુ આરોપી જાહીદને લઇને તા.૨૭–૮–૨૦૦૮ ના રોજ બનાવેલુ છે, પ્રથમ પંચનામા વખતે કબજે કરેલ મુદ્દામાલ છરા, બુચ, કુટેલા કુગ્ગા મળેલા તે મુદ્દામાલ બનાવો સાથે

સુસંગત નથી, બનાવ સાથે કનેકટ થતો આ મુદ્દામાલ નથી, પંચ સાહેદ નં.૯૦૪ જણાવતા નથી કે જગ્યા ઉપર કઇ તાલીમો લીધેલી તે આરોપીએ જણાવ્યુ હોય, બીજુ પંચનામુ આરોપી નં.૧૬ ને લઇને બનાવ્યુ છે, પ્રથમ પંચનામા પછી એક મહીના બાદ બીજુ પંચનામુ બનાવ્યુ છે, પ્રથમ પંચનામુ થયુ ત્યારબાદ બધા જ એ.સી.પી.ઓની જાણમાં આ જગ્યા હતી માટે ત્યારપછીના બધા જ પંચનામા વ્યર્થ છે અને આ તમામ પંચનામાઓ પુરાવામાં વંચાણે લેવાય નહીં.

વધુમાં વિ.વ.શ્રી એલ.આર.પઠાણ દલીલો કરતા જણાવે છે કે હાલોલ/પાવાગઢ ખાતે કેમ્પમાં બોમ્બ બનાવ્યાના કોઇ પુરાવા નથી, આરોપી નં.૨ તથા આરોપી નં.૨૧ ના કબૂલાત નિવેદનો સિવાય બીજો કોઇ પુરાવો નથી, બોમ્બ બનાવવાનુ શીખવાડયુ છે તે સિવાય બીજુ કાંઇ નિવેદનમાં નથી, આરોપી નં. ૨ જણાવે છે કે કયામુદ્દીને પાઇપ બોમ્બ બનાવતા શીખવાડયુ, આરોપી નં. ૨૧ જણાવે છે કે આમીલ પરવેજે પાઇપમાં બારૂદ ભરીને પરીક્ષણ કરેલુ, જો આવુ પરીક્ષણ સ્થળ ઉપર કર્યુ હોય તો મોટો અવાજ થાય, કેમ્પ વાળી જગ્યા મુખ્ય રોડની નજીક છે માટે મોટો અવાજ બધાને સંભળાય, ફોરેસ્ટના માણસો ત્યાં હોય છે, મોટો અવાજ સાંભળ્યાનુ કોઇ સાહેદો જણાવતા નથી માટે આવા પુરાવાની કોઇ કિંમત નથી. સાહેદ અંબાલાલ, સાહેદ પ્રવિણભાઇ, સાહેદ રામકાભાઇ મળી ત્રણેય સાહેદો દ્વારા આરોપીઓને ઓળખ્યા હોવા અંગે વિ.વ.શ્રી એલ.આર. પઠાણ દલીલો કરતા જણાવે છે કે સામાન્ય માણસોની સરેરાશ યાદદાસ્ત કેટલી છે તે ધ્યાને રાખવાની છે. સાહેદ નં.૯૮૧ ની જુબાની વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે પોલીસે કહેલુ કે તે માણસોને ઓળખી શકો? તો સાહેદે કહેલુ કે મને બતાવો તો ઓળખી શકુ તેમ કહે છે પરંતુ આરોપીઓના વર્ણન જણાવતા નથી, મેજિસ્ટ્રેટ કોર્ટમાં સાહેદ છ કલાક રોકાયેલા છે, પ્રથમ ઓળખ પરેડ તા.૩૦-૮-૨૦૦૮ના રોજ યોજાયેલી છે, પ્રથમ ઓળખ પરેડમાં પાંચ થી છ આરોપીને ઓળખ્યા છે, બીજી ઓળખ પરેડ તા.૧૨-૯-૨૦૦૮ ના રોજ યોજાયેલી છે તેમાં આરોપી અબ્બાસને ઓળખેલો છે, ત્રીજી ઓળખ પરેડ તા.૧૬-૧૨-૨૦૦૮ ના રોજ યોજાયેલી છે તેમાં એક આરોપીને ઓળખેલો છે પરંતુ નામ યાદ

નથી, ચોથી ઓળખ પરેડ તા.૬–૬–૨૦૧૨ ના રોજ યોજાયેલી છે તેમાં મહંમદ ઉર્ફે મુન્નો નામ હતુ તેને ઓળખેલો છે, આરોપી હાફીજ અને એહમદબેગ મિરઝાને આ સાહેદે કોર્ટમાં ઓળખી બતાવેલા છે પરંતુ આ બંને આરોપીની આ સાહેદ સમક્ષ ઓળખ પરેડ કરાવેલી નથી, બનાવના ૧૦ વર્ષ બાદ કોર્ટમાં આરોપીઓને ઓળખી બતાવે છે તો તેવી ઓળખ મનાય નહીં, આ સાહેદની બચાવપક્ષ દ્વારા થયેલ ઊલટતપાસ ધ્યાને લેતાં આ ચારેયને જે ઓળખેલા તેઓ જગ્યા ઉપર શું, શું કરતા કરતા હતા તે મેજિસ્ટ્રેટને જણાવેલુ નથી, પોલીસ રૂબરૂના અને મેજિસ્ટ્રેટ રૂબરૂના નિવેદનો આ સાહેદના જુદા–જુદા છે, પોલીસે પ્રથમ વખત સાહેદને પુછયુ ત્યારે તે લોકોના વર્ણન આપેલા નથી, ચારેય વખત મેજિસ્ટ્રેટ કોર્ટનો સમન્સ મળેલો નથી છતાં ઓળખ પરેડમાં ગયા છે, જે રૂમમાં બેઠેલા તે મેજિસ્ટ્રેટ રૂમનો દરવાજો બંધ કરેલો ન હતો જેથી આરોપીને જોયા હોય તેવુ બને. સાહેદ નં.૧૦૬૭ ની જુબાની વંચાણે લેતાં તે પણ સાહેદ નં.૯૮૧ જેવી જ જુબાની આપી છે, આરોપીઓને કેવી રીતે ઓળખ્યા? કેમ ઓળખ્યા? તે જણાવતા નથી, મેજિસ્ટ્રેટ રૂબરૂ નવ લોકોને ઓળખેલા તેમના નામો યાદ નથી, આ સાહેદ સર તપાસ કરતા ઊલટતપાસમાં જુદી હકીકતો જણાવે છે, બંને સાહેદોને મેજિસ્ટ્રેટ કોર્ટની બાજુની રૂમમાં બેસાડેલા ત્યાં કોઇ તેમની દેખરેખ રાખવા વાળા માણસો ન હતા, કોઇને જતા, આવતા જોયા છે કે નહીં તે પણ સાહેદ જણાવતા નથી, સફદર નાગોરીને કોર્ટમાં ઓળખવો ખુબ સહેલો છે, સાહેદોને સરતપાસ પહેલા કહી દેવામાં આવેલુ કે આરોપી સફદર નાગોરી ભોપાલ જેલમાં છે અને તેને સફેદ દાઢી છે તે સફદર નાગોરી છે માટે કોઇ પણ વ્યકિત આ આરોપીને ઓળખી શકે, તપાસ કરનાર અધિકારીઓએ કબૂલ કરેલુ છે કે આરોપીને અટક કર્યા ત્યારે તેમના ફોટોગ્રાફસ લીધા હતા, ફોટા તપાસ કરનાર અધિકારી પાસે હતા જેથી ફોટાઓ દ્વારા આરોપીઓની ઓળખ થાય તે માટે ફોટાનો દુરૂપયોગ કર્યો છે, સાહેદ અંબાલાલ તથા સાહેદ પ્રવિણભાઇ બંને ફરિયાદપક્ષે ઉભા કરેલા સાહેદો છે. વધુમાં વિ.વ.શ્રી એલ.આર.પઠાણ સાહેદ નં.૯૭૨ રામકાભાઇની જુબાની વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે સાહેદ

અંબાલાલ, સાહેદ પ્રવિણભાઈની જેમ જ આ સાહેદ જણાવે છે કે આરોપીઓ બતાવવામાં આવે તો ઓળખી શકુ, પ્રથમ વખત સાત આરોપીઓને ઓળખેલા છે, બીજી વખત એક મુન્નાને ઓળખેલા છે, ત્રીજી વખત આરોપી સફદર નાગોરીને ઓળખેલા છે, ચોથી વખત યુનુસ મન્સુરીને ઓળખેલા છે, આ સાહેદ ઊલટતપાસમાં જણાવે છે કે મેજિસ્ટ્રેટને આરોપીનુ વર્ણન લખાવેલુ અને સાહેબે લખી લીધેલાનુ જણાવે છે પરંતુ આવુ રેકર્ડ ઉપર આવેલુ નથી, મેજિસ્ટ્રેટે અનોખી પ્રક્રિયા ઉભી કરેલી છે, આ સાહેદ જણાવે છે કે મેજિસ્ટ્રેટ કોર્ટનો સમન્સ મળેલો પરંતુ મેજિસ્ટ્રેટ જણાવે છે કે આ સાહેદને સમન્સ મોકલેલો નથી.

વધુમાં વિ.વ.શ્રી એલ.આર.પઠાણ દલીલો કરતા જણાવે છે કે આરોપીઓની સાહેદો સમક્ષ ઓળખ પરેડ કરાવનાર એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટોને ફરિયાદપક્ષે તપાસેલા છે તે પૈકીના એક રમણભાઇ સેંધાભાઇ સોલંકી સાહેદ નં. ૫૭૧ ની જુબાનીમાં રજૂ થયેલા પુરાવાની બચાવપક્ષ દ્વારા થયેલ ઊલટતપાસના પેરા નં.૩૨ મુજબ કોઇ આરોપીને પુછયુ નથી કે તેને કયારે અટક કરવામાં આવેલા, બુરખા કોણે ઉતારેલા તેનુ નામ પંચનામામાં લખેલુ નથી, આરોપીઓના ચહેરા ઉપરથી પઢાવાળાએ બુરખા ઉતારેલા તેવો ઉલ્લેખ કોઇ જ ઓળખ પરેડના પંચનામામાં નથી, આરોપીના વર્ણનવાળા અને તેના જેવા જ માણસો ડમી તરીકે બોલાવ્યા નથી જેથી મેજિસ્ટ્રેટે નિયમનુ પાલન કર્યુ નથી, સાક્ષીઓને કોણે અને કયાં બેસાડેલા? તે સાહેદ કહી શકે નહીં તેમ જણાવે છે જેથી મેજિસ્ટ્રેટે ઓળખ પરેડમાં કાળજી રાખી નથી તેમ કહેવાય, પઢાવાળા ૫૦ ડમી માણસોને દસેક મિનિટમાં લઇ આવેલાનુ જણાવે છે જે શકય નથી માટે એવુ કહી શકાય કે અગાઉથી આ માણસો હાજર રાખેલા હોય, એક સાહેદની ઓળખ પરેડ પુરી થયા પછી તેને બહાર મોકલી દીધેલ પરંતુ તે કયાં ગયો? કયાં બેઠો? તેની જાણકારી મેજિસ્ટ્રેટે રાખેલી નથી તેથી નિયમનો ભંગ ગણાય, સાહેદો કેવી રીતે આવેલા? કયારે આવેલા? તે કહી શકે નહીં તેમ જણાવે છે જે નિયમનો ભંગ કહેવાય, આરોપીઓને પોલીસ કસ્ટડીમાંથી રજૂ કરવામાં આવેલા હતા, સબળ પુરાવો શંકારહિત ફરિયાદપક્ષે રજૂ કરવાનો છે, આરોપીએ ફકત સંભાવના

પુરાવામાં બતાવવાની છે, મેજિસ્ટ્રેટે ઓળખ પરેડમાં વ્યાજબી કાળજી રાખેલી નથી. વધુમાં સાહેદ નં.૫૮૮ લક્ષ્મણભાઇ કેશવલાલ પારગીની જુબાનીમાં રજૂ થયેલા પુરાવાની બચાવપક્ષ દ્વારા થયેલ ઊલટતપાસ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે સઘળી કાર્યવાહીઓ અંગે પત્રોના ઇન્વર્ડ, આઉટવર્ડ દર્શાવતા રજીસ્ટર નિભાવેલા નથી જેથી પત્રો ઉભા કરેલા હોય તેવી શકયતા રહેલી છે, પંચનામુ શરૂ કર્યુ અને પુરૂ કર્યુ તે દરમ્યાન કોર્ટની બહાર ગયા નથી જેથી સાક્ષીઓ કયાંથી આવ્યા? કેવી રીતે આવ્યા? ઓળખ પરેડ થયા પછી સાક્ષી કયાં ગયા? તેની ખબર નથી.

વિ.વ.શ્રી એલ.આર.પઠાણ વધુમાં દલીલો કરતા જણાવે છે કે સાહેદ નં.૫૮૯ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ ઇન્દ્રવીર ઝાલાની જુબાની વંચાણે લેતાં આરોપીને બુરખો ઓઢાડીને રજૂ કરેલા ત્યારબાદ તેના જેવા ઉંમર અને દેખાવ વાળા માણસો લાવવાનુ પઙ્ચાવાળાને કહેલુ, આ હકીકત આગળના એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ કહેતા નથી જેથી અગાઉ રહી ગયેલી ત્રૂટીને અહીંયા પુરી કરી છે, ઊલટતપાસના પેરા નં.૩૪ મુજબ દરેક પત્ર વ્યવહારની ઇનવર્ડ અને આઉટવર્ડ કાર્યવાહી થાય છે તે હકીકત નકારે છે પરંતુ ઓફીશીયલ કાર્યવાહી અંગેના પત્રોના ઇનવર્ડ અને આઉટવર્ડ નંબરો કરવા જ પડે માટે મેજિસ્ટ્રેટ ખોટુ બોલે છે, ઓળખપરેડમાં પારદર્શકતા રહે નહીં, ઓફીશીયલ દસ્તાવેજ છે તેમ છતાં તેવા મહત્વના દસ્તાવેજો પોતાની પાસે રાખે છે માટે દસ્તાવેજ સાથે ચેડા થવાની પુરી શકયતા રહેલી છે, ઊલટતપાસના પેરા નં.૩૭ વંચાણે લેતાં પંચો અને સાહેદો કયારે આવેલા તેનો ઉલ્લેખ પંચનામામાં કરેલો નથી, પંચોને, ડમી માણસોને પઙ્ચાવાળા પાંચ, દસ મિનિટમાં બોલાવી લાવેલાનુ જણાવે છે જે શકય નથી, આરોપીને જોયા બાદ પઙ્ચાવાળા ડમી માણસોને બોલાવવા ગયેલાની નોંધ પંચનામામાં કરેલી નથી, સાહેદો બહાર નિકળી કોને મળતા હતા અને શું કરતા હતા? તેની જાણકારી નથી માટે મેજિસ્ટ્રેટે ઓળખ પરેડ અંગે પુરતી કાળજી રાખી નથી. ઓળખપરેડ દરમ્યાન સાહેદ અને પોલીસ ઉપર સાહેદનુ નિયંત્રણ ન હતુ તે કબૂલ કરે છે, આરોપીને લાવવામાં આવ્યા ત્યારે સાહેદોની હાજરી ન હતી તે

હકીકતનો ઉલ્લેખ પંચનામામાં કરવામાં આવેલો નથી, જયુડીશીયલ કસ્ટડીમાં હતા તેવા આરોપીઓને હાજર રાખવા જેલ ઓથોરીટીને જાણ કરી નથી તો આરોપીઓને હાજર કેવી રીતે રાખ્યા? તે પ્રશ્ન છે. કોર્ટની બહાર આરોપીઓને બુરખો પહેરાવેલો હતો કે કેમ? તેની આ સાહેદને ખબર નથી, બધી જ ઓળખ પરેડો આરોપીઓને અટક કર્યા પછી તાત્કાલિક કરવામાં આવી નથી, પોલીસ કસ્ટડીમાં આરીપીઓ લાંબો સમય રહેલા છે ત્યારબાદ આરોપીઓની ઓળખ પરેડ કરાવી છે, ડમી માણસો એવા લાવવામાં આવેલા કે આરોપીઓની ઓળખ સહેલાઇથી થઇ શકે, સાહેદ અંબાલાલ, સાહેદ પ્રવિણભાઇ, સાહેદ રામકાભાઇ દ્વારા થયેલ આરોપીઓની ઓળખ પરેડ સદંતરપણે શંકાસ્પદ છે જે મનાય નહીં, ઓળખ પરેડના નિયમો ધ્યાને રખાયા નથી, ઓળખ પરેડ દરમ્યાન કોઇ જ સાવચેતી એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ દ્વારા રાખવામાં આવેલી નથી માટે જે આરોપીઓને સાહેદોએ ઓળખી બતાવ્યા તે માનવા યોગ્ય નથી, વિશ્વાસપાત્ર નથી માટે આવી ઓળખ પરેડ માનવી જોઇએ નહીં.

વધુમાં વિ.વ.શ્રી એલ.આર.પઠાણ દલીલો કરતા જણાવે છે કે વાઘમોન તેમજ હાલોલ/પાવાગઢ ખાતે કહેવાતી મિટીંગો થયેલાની હકીકત ફરિયાદપક્ષ સાબિત કરી શકેલ નથી, આરોપીઓ વચ્ચે ગેરકાયદેસરનુ કૃત્ય કરવા માટે કોઇ ગેરકાયદેસર સમજૂતી થયેલી નથી, કોઇપણ જાતનુ કાવતરૂ થયેલુ નથી, કાવતરા અંગે બે જ સાહેદ છે, સાહેદ નં.૧૧૪૧ એૈયાજ સૈયદ અને સાહેદ નં.૯૫૭ જાકીર કુરેશી, સાહેદ નં.૧૧૪૧ એૈયાજ સૈયદની જુબાની વંચાણે લેતાં જાન્યુઆરી–૨૦૦૮ પહેલા શું થયુ તે અંગે, જાન્યુઆરી–૨૦૦૮ પછી શું થયું તે અંગે તેમજ બ્લાસ્ટ થયા તે અંગે અને બ્લાસ્ટમાં સાહેદ એૈયાજની ભૂમિકા શું છે તે જોઇએ તો સાહેદ એૈયાજે જાન્યુઆરી–૨૦૦૮ પહેલાની જે હકીકત જણાવી છે તે હકીકતનો કોઇ અર્થ નથી તેને અને આ બનાવને કોઇ લેવા દેવા નથી, સાહેદ એૈયાજ વાઘમોન અને પાવાગઢના કેમ્પોમાં હાજર રહેલો નથી, સાહેદ નં.૧૧૪૧ એૈયાજ જુબાનીમાં જણાવે છે કે અલીમ, યાકુબ અને ઇબ્રાહીમના ઘરે મિટીંગો થયેલી પરંતુ આ ત્રણેય વ્યકિતઓને ફરિયાદપક્ષે સાહેદ

તરીકે તપાસ્યા નથી, મિટીંગોમાં ભાષણો આપ્યાની હકીકત જણાવી નથી, સમસુદ્દીના નાના ના ઘરે વી.સી.ડી. પ્લેયરમાં કેસેટો બતાવવામાં આવતી હતી પરંતુ આ વી.સી.ડી. કે કેસેટો પોલીસે કબજે કરી નથી, સમસુદ્દીન સમજાવતો હતો પરંતુ શું સમજાવતો હતો? તે આ સાહેદ જણાવતા નથી, અલકાયદા, તાલીબાન અને હમાસની પોત પોતાની લડાઇ છે તે અલગ–અલગ દેશો સામે છે તે સંગઠનોની લડાઇને અને હાલના આ બનાવોને કોઇ લેવા દેવા નથી, ચર્ચાઓ કરવી તે કાવતરૂ નથી, જુબાનીના પાન નં.૫૨ માં સાહેદ જણાવે છે કે જેહાદ એટલે અન્યાયની સામે લડવુ તે નથી, સમસુદ્દીનના નાના ના ઘરે આ સાહેદની હાજરીમાં કોઇ નિર્ણય લેવાયો નથી તેમ જણાવે છે તેનો અર્થ એવો થાય કે ફકત ચર્ચા થયેલી છે.

વધુમાં વિ.વ.શ્રી એલ.આર.પઠાણ સાહેદ નં.૯૫૭ જાકીર કુરેશીની જુબાની વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે આ સાહેદ જુબાનીના પેરા–૪ માં જણાવે છે કે દરીયાપુર લીમડી પાસે ધાર્મિક પ્રોગ્રામમાં ગયેલા, આ સાહેદ સમસુદ્દીનના નાના ના ઘરે થયેલ મિટીંગમાં અબ્દુલ રાજીક લઇ ગયેલાનુ જણાવે છે, સાહેદ જાકીરની જુબાનીમાં કેસેટની હકીકત નથી, તાલીબાન, અલકાયદા, હમાસ વિશે પણ જુબાનીમાં કાંઇ નથી, સરકાર શું કરે છે તે વિશે કોઇ પણ વ્યકિત ચર્ચા કરી શકે છે તેથી તે કાવતરૂ કહેવાય નહીં . સાહેદ જાકીરની બચાવપક્ષ દ્વારા થયેલ ઊલટતપાસ વંચાણે લેતાં પેરા નં.૫૬, ૫૭ ની વિગતો પોતાના મેજિસ્ટ્રેટ રૂબરૂના નિવેદનમાં લખાવેલ ન હોવાનુ કબૂલ કરે છે, સમસુદ્દીનના નાના ના ઘરે દરિયાપુર ખાતે સાહેદ જાકીર હાજર હતો જ નહીં માટે તેનો પુરાવો વિશ્વાસપાત્ર નથી, સમસુદ્દીનના નાના ના ઘરે કોઇ ગેરકાયદેસર કૃત્ય કરવાની ચર્ચા થયેલી નથી, જાકીર પોતાના જુબાનીના પેરા નં.૪ માં સમસુદ્દીનના નાના ના ઘરે "રીયાજ" પણ હતો તેમ જણાવે છે, આ રીયાજને સાહેદ નં.૧૧૫૧ તરીકે ફરિયાદપક્ષે તપાસેલા છે તેણે ફરિયાદપક્ષને સમર્થન કર્યુ નથી અને તેને ફરી ગયેલા જાહેર કરેલ છે, સાહેદ નં.૧૧૫૧ ને ફરી ગયેલા જાહેર કર્યા પછી તેની ઊલટતપાસ ફરિયાદપક્ષે કરી છે જેમાં "પોલીસ રૂબરૂ તમે આવુ

લખાવ્યુ હતુ" તેમ કહીને ફરિયાદપક્ષે કેસ મુકવાનો પ્રયત્ન કર્યો છે, સમસુદ્દીનના નાના ના ઘરે પ્રોગ્રામમાં ગયા નથી તેમ જણાવે છે, જો આ સાહેદ ફરિયાદપક્ષને સમર્થન આપે તો પણ જેહાદ અને ઈસ્લામની જ વાતો થયેલી તેટલુ જ રેકર્ડ ઉપર લાવી શકે.

વધુમાં વિ.વ.શ્રી એલ.આર.પઠાણ બચાવપક્ષ તર્ફે તપાસેલા સાહેદ નં.૧ હુસેનભાઇ હાસમભાઇની જુબાની વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે આ સાહેદ પોતાના ઘરે મિટીંગ થયાની હકીકત નકારે છે તથા સાહેદે પોતાના ઘરનુ સરનામુ પણ આપ્યુ છે, સાહેદ એૈયાજ જણાવે છે કે સમસુદ્દીનના નાના નુ ઘર દરિયાપુર પોલીસ ચોકી સામે છે, આમ એૈયાજની હકીકત ખોટી છે માટે એૈયાજ સમસુદ્દીનના નાના ના ઘરે ગયો જ નથી માટે સમસુદ્દીનના નાના ના ઘરે કાવતરૂ થયાની હકીકત ફરિયાદપક્ષ દ્વારા પુરવાર થતી નથી. વાઘમોન,હાલોલ/પાવાગઢના કેમ્પમાં તથા સમસુદ્દીનના નાના ના ઘરે તે હાજર રહેતો તે સિવાય સફદર નાગોરી વિરૂધ્ધ કોઇ પુરાવો નથી, સફદર નાગોરી માર્ચ–૨૦૦૮ થી મધ્યપ્રદેશ પોલીસની કસ્ટડીમાં હતો, વાઘમોન, હાલોલ/પાવાગઢ તથા સમસુદ્દીનના નાના ના ઘરે સફદર નાગોરી હાજર રહેતો હોય તેવા પુરાવા મધ્ય પ્રદેશ ખાતેના કેસમાં નથી, કાવતરૂ થયુ નથી તેવી શકયતાઓ વધારે છે માટે નિર્ણય આરોપીઓ તર્ફે થાય.

વિ.વ.શ્રી એલ.આર.પઠાણ ફરિયાદપક્ષ તર્ફે કેસમાં રજૂ કરવામાં આવેલા કલમ–૨૭ ના પંચનામા બાબતે દલીલો કરતા જણાવે છે કે આ પંચનામા ખરેખર કલમ–૨૭ માં પડે છે કે કેમ? તે નક્કી કરવાનુ છે, પુરાવાના કાયદાની કલમ–૨૭ વંચાણે લેતાં આ કલમ મુજબ બે જરૂરિયાતો છે (૧) માહીતી આરોપી પાસેથી મળી હોય (૨) માહિતી આધારે વસ્તુની શોધ થઇ હોય, આવી માહિતી કબૂલાત કરેલી ના હોવી જોઇએ, માહિતી કબૂલાતવાળી હોય તો તે પુરાવામાં ગ્રાહ્ય નથી.

વધુમાં વિ.વ.શ્રી એલ.આર.પઠાણ સાહેદ નં.૧૧૪૧ એૈયાજ સૈયદની જુબાની વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે આ સાહેદે (૧)

જાન્યુઆરી–૨૦૦૮ પહેલા શું કર્યું? (૨) બનાવ બન્યા ત્યાં સુધી શું કર્યું? (૩) બનાવમાં તેણે શું કર્યું? આરોપી ઐયાજ સૈયદે પોતાની જુબાનીમાં ઘણા બીજા આરોપીઓને સંડોવ્યા છે, તેઓએ જુબાની માટેની અરજી સ્વૈચ્છિક રીતે આપેલી નથી, જુબાની માટેની અરજી ક્રાઇમ બ્રાન્ચ દ્વારા જેલ અધિકારીઓની સલાહ, સહકારથી થયેલી છે, આરોપીને તા.૩૦–૧૨–૨૦૧૮ થી કસ્તુરબા સેલમાં જુદો રાખવામાં આવેલો, હેલ્થ પ્રોબ્લેમના કારણે જુદો રાખેલાનુ કથન છે પરંતુ તેમને ફકત કફની તકલીફ હતી, કબૂલાત અરજી આપી તે પહેલાના ત્રણ માસ અગાઉથી આ આરોપીને જુદો રાખેલો છે, બીજા આરોપીઓને ઘણા ગંભીર બીમારીના પ્રશ્નો હતા તેમ છતાં તેઓને બીજા સેલમાં લઇ ગયા નથી કે રાખ્યા નથી, કસ્તુરબા સેલમાં આરોપીને ટ્રાન્સફર કર્યા પછી આરોપીએ દોઢ માસમાં કબૂલાત અરજી કોર્ટને મોકલી છે, ગોપાલ શર્માને ઓળખતો નથી તેમ જે જુબાનીમાં જણાવે છે તે ખોટુ છે, આરોપી એમ પણ જણાવે છે કે કોઇને ખાંસી થાય તો અલગ સેલમાં રાખવો જરૂરી નથી, આરોપી શા માટે જુદો ગયો? આરોપી નં.૭૧ તથા આરોપી નં.૧૭ ને બીમારીના કારણોસર બીજા સેલમાં સીફટ કરેલા નથી, આરોપી જુબાનીના પાન નં.૪૮ ઉપર કસ્તુરબા સેલમાં બીજા આરોપી પણ છે? તેવા પ્રશ્નના જવાબમાં આરોપી ના પાડે છે, તેનો અર્થ એવો થાય કે કસ્તુરબા સેલમાં આરોપી એકલો જ હતો, કસ્તુરબા સેલમાં બહાર લઇ જાય કે સેલમાં પાછો લાવે ત્યારે એન્ટ્રી કે નોંધ થતી નથી તેમ જણાવે છે, ગુનો કબૂલ કરવાની ચર્ચા વિચારણા ત્રણ આરોપીઓ સિવાય બીજા આરોપીઓ સાથે કરેલાનુ જણાવે છે, ગુનો કબૂલ કરવા આરોપીને લાલચ આવતી હતી? તેવા પ્રશ્નનો જવાબ આપવાનુ ઐયાજે ટાળેલુ છે, ઐયાજના પુરાવા ઉપરથી સાબિત થાય છે કે ઐયાજે ગુનાની કબૂલાત અરજી આપતા પહેલા તેને કસ્તુરબા સેલમાં ટ્રાન્સફર કરેલો, સેલમાં ઐયાજ સિવાય બીજા કોઇ આરોપી હતા નહીં, ફકત કફના કારણે આરોપીને કસ્તુરબા સેલમાં લઇ જવો તે શકય નથી, બીજા આરોપીઓ કે જેઓ બીમાર હતા તેમને કસ્તુરબા સેલમાં ટ્રાન્સફર કર્યા નથી, પોલીસની લાલચો અને દબાણથી ઐયાજે કબૂલાત કરી છે, કયા સંજોગોમાં

એયાજને ગુનો કબૂલ કરવા ફરજ પાડી? તે ધ્યાને લેવાના છે, પેરા નં.૫૮ મુજબ સાહેદ ફીરોજે અને સાહેદ જાકીરે જુબાનીમાં એયાજને ઓળખી બતાવેલા માટે એયાજને આ કેસમાં સજા થવાનો ડર લાગેલો તે પણ એક કારણ કબૂલાતનુ છે, આ કેસમાં જુબાનીઓ વીડિયો કોન્ફરન્સમાં નોંધાયેલી છે અને જુબાનીઓ જેલમાં સંભળાય છે તેમ છતાં એયાજ જુબાનીઓ સાંભળી ન હોવાનુ ખોટુ જણાવે છે, એયાજની હાજરીમાં ખુલ્લી અદાલતમાં આ કેસોની કાર્યવાહી થયેલી છે તે એયાજે જોયેલી છે અને સાંભળી છે તેવુ અનુમાન થાય જ, જુબાનીના પેરા નં.૩૧ મુજબ એયાજની વિરૂધ્ધ જુબાની આપનારની જુબાની સાંભળેલી? તેવા પ્રશ્નના જવાબમાં એયાજ ના પાડે છે માટે એયાજનુ વર્તન અકુદરતી છે, આ કેસના કોઇ આરોપીને જામીન મળેલા નથી તેવુ એયાજ જાણે છે, જે આરોપીઓ સામે પુરાવો ઘણો ઓછો છે તે આરોપીઓને પણ જામીન મળેલા નથી તેવુ એયાજ જાણે છે, એયાજ સામે પુરાવા છે માટે તેને જામીન મળવાના નથી તેવુ એયાજ જાણતો હતો, એયાજને સજા થશે તેવુ તે જાણતો હતો માટે તેણે મૌખિકમાં વિનંતી કરેલી કે ખાંસી છે તેમ કહી જેલ તથા પોલીસને મળીને કસ્તુરબા સેલમાં જતો રહેલો અને પોલીસને મળીને ખોટી કબૂલાત અરજી કરી છે, એયાજે સજામાંથી છટકવા માટે ખોટી કબૂલાત કરી ખોટી જુબાની આપી છે, એયાજને માફી આપતો હુકમ નામદાર ગુજરાત હાઇકોર્ટમાં ચેલેન્જ કરતા માફી હુકમ મંજૂર રાખેલો છે, સજા માફી આપેલ સાહેદનો પુરાવો અદાલતે ન્યાયિક રીતે વિચારણામાં લેવો જોઇએ, એયાજને માફી આપતા પહેલા પ્રોસીકયુશનને નોટીસ કાઢવામાં આવેલી, પ્રોસીકયુશને જવાબ રજૂ કરેલો જે મુજબ આરોપી સમર્થન કરે તો માફી આપવામાં વાંધો નથી, જવાબ રજૂ થયો પરંતુ ઇન્કવાયરી કરી નથી, એયાજને તપાસેલા ન હોત તો પણ બીજા આરોપીઓ સામે ફરિયાદપક્ષનો કેસ નિષ્ફળ જવાનો ન હતો, આરોપીએ સ્વૈચ્છિક નિવેદન આપવુ છે કે કેમ? તેટલુ જ અદાલતે જોવાનુ છે, નિવેદન મુજબ જુબાની આપેલી કે કેમ? તે અદાલતે જોવાનુ છે માટે એયાજનો પુરાવો રદ્ધ કરવો જોઇએ, એયાજને જામીન આપવાની અરજીનો ફરિયાદપક્ષે જવાબ રજૂ કરેલો જેમાં એયાજને જામીન આપવા સંમતિ આપેલી છે જેથી

ફરિયાદપક્ષ અને તપાસ અધિકારીઓએ ઐયાજને લલચાવીને કબૂલાત કરાવેલી છે તેવુ વર્તણૂક જોઇને અનુમાન થઇ શકે, ફરિયાદપક્ષે કુલ–૧૧૪૦ જેટલા સાહેદો તપાસ્યા બાદ ઐયાજને સાહેદ નં.૧૧૪૧ તરીકે તપાસેલા છે, ઐયાજ બીજા સાહેદોની જુબાનીઓને અને અરજીને સમર્થન કરે તે રીતે સરતપાસ ફરિયાદપક્ષે અપાવેલી છે, ઐયાજ પાસે મકાન ભાડે લેવા આવનાર બે વ્યકિતઓ હતા તે પૈકી એક છાપકામનુ કામ કરે છે બીજો કમ્પ્યુટરનુ કામ કરે છે, ફેમીલી સાથે રહેવા આવવાનુ કહેલુ અને બે રૂમ માંગેલા, બે રૂમમાં ફેમીલી સાથે રહેવાય નહીં તેમાં પણ બે ફેમીલી રહી જ ના શકે.

વિ.વ.શ્રી એલ.આર.પઠાણ સાહેદ નં.૧૧૦૬ ફિરોજની જુબાની વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે પેરા નં.૭ મુજબ મેજિસ્ટ્રેટ સાહેબને શોર્ટમાં જણાવેલુ અને મેજિસ્ટ્રેટ સાહેબે લખેલુ માટે આ સાહેદના લખાવ્યા મુજબ નિવેદન લખાયુ નથી, મેજિસ્ટ્રેટ પાસે તેની ઇચ્છાથી ગયેલો ન હોવાનુ જણાવે છે માટે નિવેદન સ્વેચ્છાથી લખાયેલુ નથી, મકાન ભાડે આપ્યાનો કોઇ કરાર બનાવેલો નથી, મુફતીને ચપ્પલ વેચેલા તેની દુકાન હતી તેમ જણાવે છે પરંતુ સેલટેક્ષ નંબર નથી, ઇન્કમટેક્ષ ભરતા નથી, બધા જ સાહેદો તૈયાર કરેલા સાહેદો છે, પંચનામાની વિગતે જે મુદ્દામાલ મળેલો તે મુદ્દામાલને સાહેદ ફીરોજ સમર્થન કરતા નથી, જે મુદ્દામાલ મળેલાનુ સાહેદ ફીરોજ જણાવે છે તે બોમ્બની સામગ્રીનો હતો, મકાન બંધ કરીને ચાવી ફિરોજને સોંપીને તે લોકો જતા રહેલા હતા અને રૂમનો કબજો ફિરોજનો હતો, તે લોકો ગયા પછી પંદર દિવસ સુધી મકાનનો કબજો ફિરોજ પાસે હતો માટે જે કાંઇ મુદ્દામાલ મળ્યો તેના માટે સંપૂર્ણ જવાબદાર સાહેદ નં.૧૧૦૬ ફીરોજ છે, આ મુદ્દામાલની રીકવરી માટે પંચો ખોટા છે અથવા સાહેદ ફિરોજ ખોટો છે.

વિ.વ.શ્રી એલ.આર.પઠાણ વધુમાં દલીલો કરતા જણાવે છે કે ફિરોજ તથા ઐયાજના જુબાનીમાં ઘણા બધા વિરોધાભાસો છે, મકાનમાંથી વાયરના ટુકડા મળેલા જે દરેક જગ્યાએ અને દરેકના ત્યાં મળતા હોય છે, ફીરોજ હિન્દી ભાષી છે તેનુ નિવેદન ગુજરાતીમાં નોંધ્યુ છે, મકાન ભાડે આપ્યાની ભાડા

ચીઠ્ઠી ફિરોજે બનાવેલી નથી. વધુમાં એયાજ જુબાનીના પેરા નં.૧૨ માં કયામુદ્દીને સ્વીમીંગ પુલના બે ફોર્મ મંગાવેલાનુ જણાવે છે, ફોર્મ લઇને મકાન ઉપર એયાજ ગયો ત્યારે કયામુદ્દીને ખોટુ નામ,સરનામુ લખાવેલાનુ જણાવે છે પરંતુ કયામુદ્દીને આવુ ફોર્મ મંગાવ્યુ જ નથી, દાણીલીમડાનુ એડ્રેસ ફોર્મમાં લખાવેલાનુ જણાવે છે તેનો અર્થ એવો થાય કે કયામુદ્દીને આ ફોર્મ ભર્યુ જ નથી, એયાજની જુબાનીના પેરા નં.૨૦ મુજબ આંક–૩૨૩૪ વાળુ સ્વીમીંગ પુલનુ ફોર્મ એયાજે ભરેલુ છે અક્ષરો તેના છે તેમ જણાવે છે પરંતુ સહી કયામુદ્દીને કરેલાનુ જણાવે છે ખરેખર આ ફોર્મમાં સહી એયાજે જ કરી છે, એયાજની કબૂલાત અરજી આંક–૮૦૫૬ થી રજૂ છે, સ્વીમીંગ પુલના ફોર્મના અક્ષરો તથા એયાજની કબૂલાત અરજીના અક્ષરો બંને જુદા છે, જો સ્વીમીંગ પુલનુ ફોર્મ એયાજે ભરેલુ હોય તો કબૂલાત અરજીના અક્ષરો પણ એયાજના જ હોય, સ્વીમીંગ પુલના ફોર્મમાં ટેલીફોન નંબર બીજી પેનથી લખાયો છે, સ્વીમીંગ પુલનુ ફોર્મ કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદને સાહેદ નં.૬૦૩ તરીકે તપાસેલા છે અને આંક–૩૨૩૧ થી પંચનામુ રજૂ છે, પંચ સાહેદ સ્નાનાગરના કર્મચારી છે, પંચ કહે છે કે પોલીસે ફોર્મ કયામુદ્દીનને આપેલુ અને કયામુદ્દીને કહેલુ કે ફોર્મ મેં ભર્યુ છે અને ફોટો મારો છે. આમ સ્વીમીંગ પુલનુ ફોર્મ ભર્યા બાબતે કયામુદ્દીનની તથા એયાજની જુબાનીમાં વિરોધાભાસ છે, આ ફોર્મ કબજે કર્યાનુ પંચનામુ પુરાવામાં ગ્રાહ્ય નથી આ કલમ–૨૭ મુજબનુ પંચનામુ નથી, આ પંચનામાની વિગતે કોઇ ડીસ્કવરી કે રીકવરી થઇ નથી, "ફોર્મ મે ભર્યુ છે" તે બાબતે વિરોધાભાસ છે, ફોર્મ ભરવા બાબતે આરોપી કયામુદ્દીનના હસ્તાક્ષરના નમૂના મેળવેલા નથી, પંચ સાહેદ નં.૬૦૩ ની જુબાનીના પેરા નં.૩ મુજબ આંક–૩૨૩૩ વાળા ફોર્મ ઉપર ફોટો ચોટાડવામાં આવેલો છે તેમ કહે છે પરંતુ ફોર્મ ઉપર ફોટો સ્ટેપલર પીનથી ચોંટાડેલો છે, પંચ સાહેદ નં.૬૦૩ નાઓએ જુબાની દરમ્યાન આરોપી કયામુદ્દીનના બદલે આરોપી રફીયુદ્દીનને ઓળખી બતાવેલો છે માટે ઓળખ ખોટી છે, પોલીસ રફીયુદ્દીનને લઇને સ્વીમીંગ પુલ ઉપર ગયેલ નથી માટે ફોર્મ ઉપર ફોટો કયામુદ્દીનનો નથી તેમ કહેવાય, પંચ સાહેદ નં.૬૦૩ ની જુબાનીના

પેરા નં.૮ મુજબ ફોટા ઉપર કોઇ સહી અથવા સિક્કો નથી, ફોટા સાથે ચેડા કરવામાં આવ્યા છે, ફોર્મના હસ્તાક્ષરો કે અક્ષરો પુરવાર થતા નથી, ફોર્મમાં સહી આરોપી કયામુદ્દીનની છે તેવુ ઐયાજ કહે છે પરંતુ તેને સમર્થન મળે તેવો કોઇ જ પુરાવો નથી, પોલીસે આ દસ્તાવેજ ઉભો કરેલો છે માટે સ્વીમીંગ પુલના ફોર્મ બાબતે ઐયાજની જુબાની મનાય નહીં. વધુમાં બોમ્બ મુકવા બાબતે ઐયાજની જુબાનીમાં રજૂ થયેલા પુરાવા બાબતે દલીલો કરતા જણાવે છે કે બપોરના સમયે નિકળીને બોમ્બ વાળી થેલીઓ તથા સાઇકલો સાથે ઐયાજ, અજીત મીલ, નરોડા ગામ વિગેરે જગ્યાઓ ઉપર સાંજના છ વાગ્યા પહેલા પહોંચે તે શકય નથી, કયામુદ્દીને જે જગ્યા બતાવેલી તે જગ્યાએ સાઇકલ મુકેલાનુ ઐયાજ જણાવે છે, ઐયાજે જુબાનીના પાન નં.૧૪ ઉપર કયામુદ્દીને જગ્યા બતાવીને જણાવેલુ છે તે ફ્રુટ સલાડની લારી સામેની જગ્યા છે, આ લારી કયાં ઉભેલી હતી તે અંગે કોઇ પુરાવો નથી, પંચ સાહેદ નં.૩૪૬ જણાવે છે કે તા.૨૭–૭–૨૦૦૮ ના રોજ દુકાન ઉપર કામ કરતા હતા ત્યારે પોલીસે પરમશકિત ટી સ્ટોલ નરોડા ભાગોળ ખાતે બોલાવેલા અને તે જગ્યા ફરિયાદીએ બતાવેલી ત્યાં પંચનામુ કરેલુ, આંક– ૧૮૬૭ વાળા પંચનામામાં પણ જગ્યા સરખી જ છે, બનાવવાળી જગ્યા નરોડા ભાગોળ છે, પરમશકિત ટી સ્ટોલ સ્થાયી દુકાન છે માટે પંચનામા મુજબ તથા પંચ સાહેદની જુબાની મુજબ જગ્યા એક જ છે જયારે ઐયાજ જુદી જગ્યા બતાવે છે, ઐયાજ ફ્રુટની લારી સામેની જગ્યા જણાવે છે. વધુમાં ઐયાજ આ સાઇકલની ચાવી મેમ્કો પાસે કેબીનની પાછળ નાંખી દીધાનુ જણાવે છે, આ ચાવી આરોપીને કનેકટ કરતી નથી, એફ.એસ.એલ.ના રીપોર્ટ મુજબ ચાવી આ સાઇકલની નથી પરંતુ બીજી સાઇકલની છે, તમામ હકીકતો ધ્યાને લેતાં ઐયાજની જુબાની વિશ્વાસપાત્ર અને માનવા લાયક નથી, ઐયાજનો પુરાવો ફરિયાદપક્ષને મદદ કરતો નથી. સમસુદ્દીનના નાના ના ઘરે થયેલ મિટીંગ બાબતે, મકાન ભાડે અપાવ્યા બાબતે, સ્વીમીંગ પુલના ફોર્મ બાબતે, સાઇકલોમાં બોમ્બ ભરાવી સાઇકલો જુદી–જુદી જગ્યાએ મુકયા બાબતે ઐયાજ જે હકીકતો જણાવે છે તે હકીકતોને બીજા પુરાવાથી સમર્થન મળતુ નથી,

ફરિયાદપક્ષે ઘણા બધા સાહેદોને તપાસેલા નથી તે સાહેદોના નિવેદનોના આધારે આરોપીઓને જામીન મળ્યા નથી, જે સાહેદોને ફરિયાદપક્ષે તપાસેલા નથી તેવા સાહેદોના નિવેદનો ફરિયાદપક્ષને મદદ કરતા ન હોવાથી ડ્રોપ કરેલા છે.

સાહેદ નં.૯૫૭ જાકીર કુરેશીની જુબાનીમાં રજૂ થયેલા પુરાવા અંગે બચાવપક્ષના અન્ય વિ.વ.શ્રી આર.કે.શાહે જે દલીલો કરી છે તે વિ.વ.શ્રી એલ.આર.પઠાણે સ્વીકારેલી છે અને વધુમાં દલીલો કરતા જણાવે છે કે સાહેદ નં. ૯૫૭ જાકીરની જુબાની જેમની તેમ માનવામાં આવે તો તે ગુનાનો સાથી છે અને આ ગુનાઓમાં તે પણ સંડોવાયેલો છે, જાકીરને આરોપી બનાવવા અરજી આપેલી પરંતુ તે નામંજૂર થયેલી છે, આ અરજી એ કારણસર નામંજૂર થયેલી કે ફકત મિટીંગોમાં હાજર રહેવા માત્રથી તે ગુનામાં સંડોવાયેલો છે તેમ ના કહેવાય, આ કેસના મોટા ભાગના આરોપીઓએ જાકીરની જેમ ફકત મિટીંગો જ એટેન્ડ કરેલી છે, જાકીરની જુબાનીના પેરા નં.૨ મુજબ દર્શે કુરાનના પ્રોગ્રામમાં ગયેલો ત્યાં કયામત અને જેહાદની વાતો થયેલી, દર્શે કુરાન એટલે કુરાન વાંચવુ અને તેને યોગ્ય રીતે સમજવુ તે છે, પેરા નં.૩ મુજબ ઈબ્રાહીમ અન્સારીને ત્યાં કુરાન વાંચેલુ ત્યાં જ મીટીંગ થયેલી, પેરા નં.૪ મુજબ સમસુદ્દીનના નાના ના ઘરે મિટીંગ થયેલી ત્યાં હાજર રહેલા ત્યાં પણ ફકત મિટીંગ જ થયેલી, પેરા નં.૫ મુજબ સારંગપુર બ્રિજ પાસે ફકત મિટીંગ જ થયેલી, પેરા નં.૬,૭ મુજબ ઈબ્રાહીમ અન્સારીને ત્યાં પણ મિટીંગ થયેલી તેમાં હાજર રહેલા, આ મુજબની મિટીંગોમાં સાહેદ જાકીર હાજર રહેલાનુ જણાવે છે, સાહેદ જાકીરે મેજિસ્ટ્રેટ રૂબરૂ ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૪ મુજબનુ નિવેદન તા.૫–૧૧–૨૦૦૮ ના રોજ નોંધાવેલુ છે, નિવેદન નોંધાવવા માટે કોર્ટનો સમન્સ તા.૨૪–૧૦–૨૦૦૮ ના રોજ આવેલાનુ જણાવે છે અને સમન્સ મળ્યો તે જ દિવસે કોર્ટમાં ગયેલાનુ જણાવે છે, સમન્સ મળ્યો એટલે એવુ કહેવાય કે કોઈકે કોર્ટનો સંપર્ક કર્યો અને ત્યારબાદ તેને સમન્સ કાઢેલો છે, નિવેદન નોંધાવવાનુ છે તેમ કહી જાકીર કોર્ટ પાસે ગયો નથી પરંતુ તપાસ કરનાર અધિકારીએ કોર્ટ પાસે જઈ જાકીરને સમન્સ કાઢવા જણાવેલુ છે, સાહેદનુ નિવેદન નોંધવાનુ હોય ત્યારે તેને વિચારવાનો સમય આપવો જોઈએ

તેવી કોઇ ગાઇડ લાઇન નથી, જાકીરની જુબાની પેરા નં.૪૧ મુજબ તા.૧૭–૧૦–૨૦૦૮ ના રોજ તપાસ કરનાર અધિકારી મયુર ચાવડા પાસેથી કોઇ નોટીસ મળી નથી છતાં તે જાતે તેમની પાસે ગયેલો છે, જુબાનીના પેરા નં.૪૩ મુજબ તા.૧૭–૧૦–૨૦૦૮ ના રોજ તપાસ કરનાર અધિકારી મયુર ચાવડાને કોઇ અરજી આ સાહેદ જાકીરે આપી નથી, સમન્સ ભરતભાઇ પોલીસે આપેલો હતો તેમ જણાવે છે અને ભરતભાઇ કોર્ટમાં હાજર છે તે હતા, શરૂઆતથી લઇ જુબાની આપી ત્યાં સુધી ક્રાઇમ બ્રાંચના કન્ટ્રોલમાં આ સાહેદ જાકીર હતો, જાકીરની ઊલટતપાસ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે પેરા નં.૪૯ મુજબ બચાવ પક્ષે પોતાનો કેસ મુક્યો છે અન્ય આરોપીઓ સાથે આ સાહેદને પણ ક્રાઇમ બ્રાંચ દ્વારા માર મારવામાં આવેલો પરંતુ સાહેદ ઇન્કાર કરે છે, જાકીરે મેજિસ્ટ્રેટ રૂબરૂ લખાવેલ નિવેદન અને અદાલતમાં આપેલ સરતપાસમાં વિરોધાભાસ છે, જુબાનીના પેરા નં.૫૪ થી પેરા નં.૭૨ સુધીની હકીકતો મેજિસ્ટ્રેટ રૂબરૂના નિવેદનમાં લખાવી નથી, જાકીરનો પુરાવો વિરોધાભાસી છે, વિશ્વાસપાત્ર નથી માટે મનાય નહીં.

વિ.વ.શ્રી એલ.આર.પઠાણ ફેરટ્રાયલના મુદ્દા ઉપર દલીલો કરતા જણાવે છે કે ન્યૂઝ પેપરના તંત્રીઓને નહીં તપાસવાથી આરોપીઓને પૂર્વગ્રહ થયેલો છે માટે ફેરટ્રાયલ થયેલ નથી, ન્યૂઝ પેપરના તંત્રીઓને તપાસવા બચાવપક્ષે આપેલી અરજી અદાલતે નામંજૂર કરી છે, ન્યૂઝ પેપરમાં છપાવ્યુ તથા આરોપીની અટક કર્યા પહેલા તપાસ કરનાર અમલદાર ખુંદપીરના દરગાહ ઉપર ગયેલા હતા, પેપરમાં આરોપીઓના ફોટા પ્રસિધ્ધ થયેલા હતા માટે તે ન્યૂઝ પેપરના તંત્રીઓને બચાવપક્ષે તપાસવા હતા, આરોપીઓને અટક કર્યા પહેલા તેઓના ફોટા ન્યૂઝ પેપરમાં આવેલા હતા તે હકીકત બચાવપક્ષે સાબિત થાત, આરોપીઓની ગેરકાયદેસર કસ્ટડી સાબિત થાત, ન્યૂઝ પેપરના તંત્રીને તપાસ્યા હોત તો ખુંદપીરની દરગાહ ઉપર હાજર ઇદ્રીશ મુજાવરની જુબાની ખોટી સાબિત થાત, ન્યૂઝ પેપરના તંત્રીઓને ન્યાયના હેતુ માટે તપાસ્યા હોત તો યોગ્ય ગણાત, અગાઉથી ખુંદપીરની દરગાહ તપાસ કરનાર અમલદારે જોયેલી હોવાથી

જે કાંઇ મુદ્દામાલ કબજે કરેલો હતો તે પણ શંકાસ્પદ છે, આંક–૯૩૦૦ થી ન્યૂઝ પેપરના તંત્રીઓને તપાસવા માટે અરજી આપેલી જેના પેરા નં.૪ માં તમામ કારણો બતાવ્યા છે, આરોપીઓને અટક કરતા પહેલા ટ્રેનીંગ વાળી જગ્યાના ફોટા ન્યૂઝ પેપરમાં પ્રસિધ્ધ થયેલા છે, તા.૧૬–૮–૨૦૦૮ પહેલા પોલીસ આ સ્થળો ઉપર પહોંચી ગયેલી. વિ.વ.શ્રી એલ.આર.પઠાણ પોતાની દલીલોના સમર્થનમાં નીચે મુજબનો ચુકાદો રજૂ કરી તેના ઉપર આધાર રાખે છે.

સામંત એન.બાલકિષ્ણા વિરૂધ્ધ જયોર્જ ફર્નાન્ડીઝ

૧૯૬૯(૦)એઆઇજેઇએલ,સુપ્રિમ કોર્ટ, પાન નં.૨૫૦૮૨

જયોર્જ ફર્નાન્ડીઝ મેમ્બર ઓફ પાર્લામેન્ટની ચુંટણીમાં ઉભા રહેલા, ન્યૂઝ પેપરમાં એક હકીકત પબ્લીશ થયેલી જે બદનક્ષીકારક હતી માટે જયોર્જ ફર્નાન્ડીઝ સામે કાર્યવાહી શરૂ થયેલી, કોર્ટે ઠરાવેલુ કે માત્ર સમાચાર પ્રસિધ્ધ થવાથી એવુ ના મનાય કે જયોર્જ ફર્નાન્ડીઝે જ નિવેદન કર્યુ છે માટે નામદાર સુપ્રિમ કોર્ટે ચુકાદાના પેરા નં.૪૭ માં ઠરાવ્યુ છે કે ન્યૂઝ પેપર સ્વતંત્ર છે તેની ઉપર સંપૂર્ણ મહારાષ્ટ્ર સમિતિનો અંકુશ ન હતો, ન્યૂઝ પેપર વાસ્તવિક હકીકત રેકર્ડ ઉપર લાવવામાં મદદ કરે છે તે ઉત્તમ ગૌણ પુરાવો છે, શકય હોય ત્યાં સુધી બીજા પુરાવા સાથે વિચારણામાં લેવાય.

વધુમાં વિ.વ.શ્રી એલ.આર.પઠાણ પોલીસ તપાસ અંગે દલીલો કરતા જણાવે છે કે આ કામે તપાસ કરનાર અધિકારીઓ ઉચ્ચ કક્ષાના છે, બચાવપક્ષ આશા રાખે છે કે તેઓ તમામ કાયદાથી અને કાર્યવાહીથી જાણકાર છે, ડી.સી.પી.કક્ષાના અધિકારી આ ચારેય તપાસ ટીમોનુ સુપરવીઝન કરતા હતા, ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવામાં સ્વતંત્ર પુરાવા નથી, તપાસ કરનાર અધિકારીઓએ એકત્ર કરેલા પુરાવા ઉપર અદાલત આધાર રાખી શકે પરંતુ તેવા પુરાવાને બીજા પુરાવાથી સમર્થન મળવુ જોઇએ, પુરાવાના કાયદાની કલમ–૩૪ વંચાણે લેતાં આ કલમ ધંધાના સામાન્ય ક્રમમાં નિભાવવામાં આવતા બુકસ ઓફ એકાઉન્ટ ઉપર છે, આ કલમ મુજબ નિયમિત રીતે ધંધાના સામાન્ય ક્રમમાં નિભાવવામાં આવતા હોય તેવા બુકસ ઓફ એકાઉન્ટ રીલેવન્ટ છે, આ કલમની

પ્રથમ જરૂરિયાત એ છે કે રજીસ્ટર ધંધાના સામાન્ય ક્રમમાં નિભાવેલા હોવા જોઇએ ફરિયાદપક્ષ તે પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે, પુરાવા ભેગી કરતી વખતે તપાસ કરનાર અધિકારીએ ધણી સાવચેતી રાખવી પડે, પંચો અને તપાસ કરનાર અધિકારીની જુબાનીઓ વંચાણે લઇએ તો એક હોટલનુ આખુ રજીસ્ટર કબજે કરેલુ છે, બાકીના કેસોમાં રજીસ્ટર કબજે કરવામાં આવેલા નથી પરંતુ રજીસ્ટરના પાના ફાડીને કોર્ટમાં રજૂ કર્યા છે જે પાના પુરાવામાં ગ્રાહ્ય નથી, એ.સી.પી.કક્ષાના તપાસ કરનાર અધિકારીને આ રીતે પાના ફાડીને રજીસ્ટર કબજે ન લેવાય તેનુ જ્ઞાન નથી, તપાસ કરનાર અધિકારીની મોડસ ઓપરેન્ડી ખોટી છે, તપાસ કરનાર અધિકારીએ "સ્કીલ ઓફ મીસ્ટેક" પાના કબજે કરીને કરેલી છે, હોટલના રજીસ્ટર ઉપર સરકાર ટેક્ષ નાખે છે, રજીસ્ટરના ફકત પાના કબજે કરેલા હોય તો તે રજીસ્ટર સાથે ચેડા કર્યા સમાન છે, મુંબઇ ખાતે ૩૦ ઘડિયાળ લેવા આરોપી ગયેલા અને ૧૬ ઘડિયાળ લાવ્યા છે, દુકાનદારે ૩૦ ઘડિયાળનુ બીલ આપેલુ છે તેનો અર્થ એવો થાય કે દુકાનદારે બુકસ ઓફ એકાઉન્ટસ નિભાવ્યા નથી, બીલ બુક તપાસ કરનાર અધિકારીએ કબજે કરી નથી માટે બીલ બુકની ગેરહાજરીમાં એવુ કહી શકાય કે એકલુ બીલ ખોટુ બનાવીને મેળવેલુ છે,અલમહંમદી સોસાયટી વાળા મકાનના દસ્તાવેજો પાછળથી ઉભા કરેલા છે, આ દસ્તાવેજો મકાન માલિકનુ નિવેદન લીધા પછી મેળવીને ઉભા કરેલા છે, ક્રિ.પ્રો.કોડ કલમ–૧૦૦ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે આ જોગવાઇ સર્ચ બાબતે છે, પહેલા તપાસ કરનાર અધિકારીએ તપાસ કરવી જોઇએ કે મકાનના માલિક કોણ છે? મકાનના કબજેદાર કોણ છે? આ જોગવાઇનુ પાલન તપાસ કરનાર અધિકારીએ કરેલુ નથી, તપાસ કરનાર અધિકારીએ મકાનમાં સર્ચ કરતા પહેલા વોરન્ટ મેળવવુ જોઇએ અને ત્યારપછી મકાનમાં દાખલ થવુ જોઇએ, સર્ચ વોરન્ટ મેળવવામાં સમય જાય અને આરોપી મકાનમાંથી નાશી જાય તેમ હોય તો વોરન્ટની જરૂર નથી પરંતુ આ કેસમાં તેવુ નથી માટે તપાસ કરનાર અધિકારીએ વોરન્ટ મેળવીને મકાનમાં પ્રવેશ કરવો જોઇતો હતો, કલમ–૧૦૦(૪) મુજબ સ્થાનિક વિસ્તારમાંથી બે તટસ્થ પંચને

મકાનમાં સર્ચ કરતા પહેલા બોલાવવા પડે તેવી જોગવાઇ છે, સ્થાનિક વિસ્તારમાં તટસ્થ પંચ ના મળે તો બીજી જગ્યાએથી પંચ લાવવાનો હુકમ કરી શકે, આ કેસમાં પંચો બીજી–બીજી જગ્યાઓના રહેવાસી છે જે પરવાનગી પાત્ર નથી, કલમ–૧૦૦(૫) મુજબ સર્ચ દરમ્યાન જે વસ્તુ મળે તેનુ લીસ્ટ બનાવવુ જોઇએ અને પંચની સહીઓ કરાવવાની હોય છે, કલમ–૧૦૦(૬) મુજબ પંચોની હાજરીમાં કબજે કરેલ વસ્તુઓનુ લીસ્ટ બનાવ્યા પછી પંચ અને તપાસ કરનાર અધિકારીની સહીઓવાળુ લીસ્ટ મકાન માલિક કે મકાનના કબજેદારને આપવુ પડે, કલમ–૧૦૦(૮) મુજબ સ્થાનિક વિસ્તારમાં પંચ ના મળે અથવા પંચમાં રહેવા ના આવે તો બીજા વિસ્તારમાંથી પંચ બોલાવવા હુકમ કરે, હુકમનુ પાલન ના કરે તેના માટેની જોગવાઇ છે. સુરત અને અમદાવાદના મકાનોના માલિકોની સંમતિ વિના તપાસ કરનાર અધિકારીઓ દ્વારા આ મકાનના તાળા તોડેલા છે તે તદ્દન ગેરકાયદેસર છે, આવા તાળા તોડવા માટે કોઇ સક્ષમ અધિકારીની કે કોર્ટ પાસેથી પરવાનગી મેળવી નથી, વસ્તુઓ કબજે કર્યાનુ જે લીસ્ટ બનાવેલુ તે લીસ્ટની નકલ કબજેદાર કે માકન માલિકને આપી નથી જેથી વસ્તુઓ કબજે કરી છે કે કેમ? તે શંકાસ્પદ છે, આ ગુનાઓની તપાસો દરમ્યાન તપાસ કરનાર અધિકારીઓએ અસંખ્ય વખત કાયદાની જોગવાઇઓનુ પાલન કર્યુ નથી, તપાસ કરનાર અધિકારીએ ક્રિ.પ્રો.કોડ કલમ–૫૮ નુ પાલન કર્યુ નથી, આરોપીઓને અટક કર્યા પછી તેઓને કઇ જગ્યાએથી અટક કર્યા છે તેની જાણ નજીકના સગાઓને કરવી જોઇએ, આરોપીને અટક કરીને પોલીસ સ્ટેશને લાવવામાં આવે કે તરત જ આરોપીના સગાને જાણ કરવી જોઇએ, આ જોગવાઇનો હેતુ એવો છે કે આરોપી કસ્ટડીમાં છે માટે તે કાનુની સહાય મેળવી શકે નહીં અને તેના નજીકના સગા આરોપીને કાનૂની સહાય અપાવી શકે, આ કેસમાં તપાસ કરનાર અધિકારીઓએ આરોપીઓને અટક કર્યા પછી તેના સંબંધીઓને જાણ કરી નથી કે જાણ કરવાની દરકાર પણ કરી નથી, જાણી જોઇને આવી જાણ આરોપીઓના સગા સબંધીને કરી નથી, ક્રિ.પ્રો.કોડની કલમ–૫૬ મુજબ મેજિસ્ટ્રેટે જોવુ જોઇએ કે કાયદાની જોગવાઇનુ પાલન તપાસ

કરનાર અધિકારીએ કર્યું છે કે કેમ ? આરોપીઓને રજૂ કર્યા ત્યારે મેજિસ્ટ્રેટે ઇન્કવાયરી કરી છે કે કેમ? તે જોવાનુ છે પરંતુ મેજિસ્ટ્રેટ આવી ઇન્કવાયરી કરતા નથી, આરોપીને અટક કરે ત્યારે તપાસ કરનાર અધિકારીએ એરેસ્ટ પંચનામા બનાવવા પડે, તા.૧૬–૮–૨૦૦૮ ના રોજ તપાસ કરનાર અધિકારી શ્રી વી. આર.ટોળીયાએ કુલ–૧૬ આરોપીઓને અટક કરેલા છે ત્યારે કોઇ પણ આરોપીનુ એરેસ્ટ પંચનામુ બનાવ્યુ નથી, જાણી જોઇને આ તમામ જોગવાઇઓનુ તપાસ કરનાર અધિકારીએ પાલન કરેલુ નથી માટે તપાસ કરનાર અધિકારીની તપાસો વિશ્વાસપાત્ર નથી, આરોપીઓને રજૂ કર્યા ત્યારે તપાસ કરનાર અધિકારીએ કાયદાની જોગવાઇનુ પાલન કર્યુ નથી તેવી રજૂઆતો બચાવપક્ષે મેજિસ્ટ્રેટ રૂબરૂ કરેલી છે, આંક–૬૦૫૧ નુ પંચનામુ તા. ૮–૧૨–૨૦૦૮ નારોજ તપાસ કરનાર અધિકારી મયુર ચાવડાએ બનાવ્યુ છે અને આંક–૬૦૬૨ થી રજૂ થયેલુ પંચનામુ તા.૬–૧૨–૨૦૦૮ ના રોજ તપાસ કરનાર અધિકારી શ્રી ઉષા રાડાએ બનાવ્યુ છે આ બંને પંચનામા એક જ વ્યકિતએ લખેલા છે, આ બંને પંચનામા એક જ જગ્યાના છે, આ બંને પંચનામા અલગ–અલગ આરોપીના છે, બંને પંચનામાના પંચો અલગ–અલગ છે, બીજો ભાગ બંને પંચનામાનો સરખો જ છે, બંને તપાસ કરનાર અધિકારી એક જ વખતે જગ્યા ઉપર એક સાથે ગયા હોય તોજ આવુ બને, આંક–૫૪૮૫ વાળુ પંચનામુ તપાસ કરનાર અધિકારી મયુર ચાવડાએ તા.૮–૧૨–૨૦૦૮ ના રોજ બનાવેલુ છે તેમાં આરોપી અબ્દુલ રાજીક છે જે બીજી જગ્યાનુ છે, આંક–૬૦૫૧ અને આંક–૫૪૮૫ વાળા બંને પંચનામા તપાસ કરનાર અધિકારી મયુર ચાવડાએ તા. ૮–૧૨–૨૦૦૮ ના રોજ બનાવેલા છે, બંને પંચનામામાં આરોપી અબ્દુલ રાજીક છે, આંક–૬૦૫૧ વાળુ પંચનામુ કલાક ૧૨–૦૦ વાગ્યે શરૂ કરી ૧૪–૦૦ વાગ્યે પુરૂ કરેલુ છે, આંક–૫૪૮૫ વાળુ પંચનામુ કલાક ૧૧–૦૦ વાગ્યે શરૂ કરી ૧૩–૦૦ વાગ્યે પુરૂ કર્યુ છે, બંને પંચનામા એક જ તપાસ કરનાર અધિકારી બે અલગ–અલગ જગ્યા ઉપર જઇ એક જ સમયે બનાવે તે અશકય છે, આ બંને પંચનામાના પ્રાથમિક ભાગ સરખા છે, બંને પંચનામા ખોટા ઉભા કરેલા છે, બંને પંચનામાના પંચો ખોટા ઉભા કરેલા

છે, આ બંને પંચનામા તૈયાર કરવા બાબતે તપાસ કરનાર અધિકારીના વર્તન ઉપર શંકા ઉભી કરે છે. આરોપી રફીયુદ્ધીન કાપડીયાનુ કબૂલાત નિવેદન આંક–૮૬૩૧થી રજૂ છે તે મુજબ તમામ આરોપીઓ વિરૂધ્ધ પુરાવો આપવાનો પ્રયત્ન કર્યો છે, નિવેદન મુજબ કયામુદ્ધીન ને તેના માતા, પિતા ઘરની બહાર જવા દેતા ન હતા, પાવાગઢ ફરવા જવા માટે રફીયુદ્ધીને તૈયાર કરેલો ત્યારે તેના માતા પિતાએ જવા દીધેલા, તે પાવાગઢ ગયો ત્યારે સીમીના કેમ્પની ખબર પડેલી, બે કલાક રોકાઇને પાછો વડોદરા ગયેલો, રફીયુદ્ધીને શું ગનો કર્યો? કોઇ જ નહીં, આરોપી રફીયુદ્ધીન સામે કોઇ જ પુરાવો નથી, રફીયુદ્ધીનને તપાસ કરનાર અધિકારીએ હેરાન કરેલા તેના કુટુંબીજનોને પણ હેરાન કરેલા છે તેવી હકીકત રફીયુદ્ધીને ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ ના વિશેષ નિવેદનમાં જણાવી છે, રફીયુદ્ધીનને હેરાન કર્યા છે માટે હેરાન કરીને આ કબૂલાત નિવેદન લખાવડાવેલુ છે, તપાસ કરનાર અધિકારીએ અદાલત સમક્ષ સાચી માહીતી આપવી પડે કે જેથી સાચા નિર્ણય ઉપર અદાલત આવી શકે, દરેક તપાસ કરનાર અધિકારીઓએ જુબાનીઓમાં ઘણા મહત્વના મુદ્દાઓ બાબતે સાચી માહીતી રેકર્ડ ઉપર આવવા દીધી નથી, સાચા જવાબો આપવાનુ ટાળ્યુ છે, દરેક તપાસ કરનાર અધિકારીએ પોલીસ ડાયરી રાખવી પડે તેની નકલ ઉપલા અધિકારીને મોકલવી પડે જેથી કરીને તેમાં ચેડા ન થાય, આ ઉપરાંત અદાલતને મદદ કરવામાં પણ ડાયરી ઉપયોગમાં લઇ શકાય, તપાસ કરનાર અધિકારીના અહંકારી વર્તનના કારણે તેઓ જુબાની દરમ્યાન પોલીસ ડાયરી સાથે લાવેલા નથી, સાચી હકીકત રેકર્ડ ઉપર ના આવે તે માટે પોલીસ ડાયરી સાથે લાવેલા નથી જેથી આ ગુના કામે તપાસ કરનાર અધિકારીઓ વિશ્વાસપાત્ર છે તેવો ભરોસો મુકી શકાય તેમ નથી, અદાલતે તપાસ કરનાર અધિકારીનો પુરાવો કડક રીતે ધ્યાને લેવો જોઇએ, દરેક તપાસ કરનાર અધિકારીએ સરખા જ જવાબો આપવાના પ્રયત્નો કર્યા છે, ઘણા ચુકાદા છે કે આરોપીને અટક કર્યા પછી તાત્કાલિક ઓળખ પરેડ કરાવવી જોઇએ પરંતુ આ કેસમાં આરોપીઓને અટક કર્યા પછી ઘણા સમય બાદ અમુક આરોપીઓની ઓળખ પરેડ કરાવેલી છે,

તપાસ કરનાર અધિકારીની આ વર્તણૂક પણ તેમની જુબાની અવિશ્વાસપાત્ર બનાવે છે, આ કેસોમાં બનેલા બનાવોની તપાસ માટે ચાર ટીમો બનાવેલી, ચાર મુખ્ય ઓફિસર હતા, તપાસનુ નિરીક્ષણ ડી.સી.પી.કરતા હતા, દરેક એકબીજાને પોતાના પુરાવાની આપ–લે કરતા હતા અને એક જ ઑફિસમાં બેસતા હતા, એક તપાસ કરનાર અમલદારે એક આરોપીને અટક કર્યા પછી બીજા કેસોમાં કે જે કેસની તપાસ તેમની પાસે હતી તેવા કેસોમાં આ આરોપીની કસ્ટડી ગણી લેવાનો રીપોર્ટ મેજિસ્ટ્રેટને આપેલો નથી, આ પ્રમાણે કાર્યવાહી કરી ના હોવાથી કે રીપોર્ટ ન આપેલો હોવાથી તેનો અર્થ એવો થાય કે તે ગુનાઓમાં આરોપી સામે કોઇ પુરાવો ન હતો, ઘણા સમય પછી એક બાદ એક બીજા ગુનાઓમાં આરોપીઓની કસ્ટડી મેળવી છે, આવી હકીકત દરેક આરોપી માટે દરેક ગુનામાં દરેક તપાસ કરનાર અધિકારીએ કરેલી છે, આ હકીકત જોતા તપાસ કરનાર અધિકારીએ ઇરાદાપૂર્વક આ બધી ભુલો અને ક્ષતિઓ થવા દીધી છે, આનો હેતુ એવો હતો કે દરેક ગુનામાં આરોપી લાંબા સમય સુધી પોલીસ કસ્ટડીમાં રહે, બીજો હેતુ એ પણ હતો કે આરોપીઓ પોલીસ સામે કશુ બોલે નહીં, લાંબા સમય સુધી આરોપીઓને ત્રાસ આપી શકાય તે માટે આરોપીઓની લાંબા સમય સુધી કસ્ટડી રાખેલી છે.

વધુમાં વિ.વ.શ્રી એલ.આર.પઠાણ દલીલો કરતા જણાવે છે કે પોલીસ એજન્સી તેમની જવાબદારીમાંથી છટકી જઇ શકે નહીં, દરેક તપાસ કરનાર અધિકારીએ જુદા–જુદા ચાર, પાંચ બનાવોની તપાસો કરેલી છે, બધા જ તપાસ કરનાર અધિકારીઓ પોત, પોતાના પુરાવાની આપ લે અન્ય તપાસ કરનાર અધિકારી સાથે કરતા હતા માટે એક જ તપાસ છે તે રીતે માનવુ જોઇએ, જો એક આરોપી ગુનાની કબૂલાત કરે તો પછી તેને પોલીસ કસ્ટડીમાં મોકલી શકાય નહીં કારણકે તેણે ગુનાની કબૂલાત કરી છે જેથી તેની વિરૂધ્ધ તપાસ કરવાની કે તેનુ ઇન્ટ્રોગેશન કરવાની જરૂર નથી, બધા જ કેસોમાં આરોપીઓના રીમાન્ડ એક જ મેજિસ્ટ્રેટે આપેલા છે, જે આરોપીએ ગુનાની કબૂલાત કરી હોય તો તપાસ કરનાર અધિકારીની ફરજ છે કે તેની જાણ મેજિસ્ટ્રેટને કરવી જોઇએ પરંતુ

તપાસ કરનાર અમલદારે મેજિસ્ટ્રેટને આરોપીની કબૂલાતની જાણ કરી નથી, આ કેસમાં આરોપીએ કબૂલાત કર્યા પછી અને તે કબૂલાતો પરત ખેંચ્યા પછી પણ આરોપીના રીમાન્ડ આપેલા છે તે ઉપરથી સ્પષ્ટ બને છે કે પોલીસે કેટલુ ખોટુ કરેલુ છે, તપાસ કરનાર અધિકારીએ એક આરોપી પાસે બોમ્બ બ્લાસ્ટ માટે સરકીટ બનાવવાનુ ડેમોસ્ટ્રેશન કરાવેલુ છે, આરોપીએ કબૂલાત કરી છે તેનો અર્થ એવો નથી કે તેણે નિવેદન આપેલુ છે, પોલીસ કસ્ટડીમાં કબૂલાત કરી હોય તો પુરાવાના કાયદાની કલમ–૨૪,૨૫ થી હીટ થાય, બધા જ કેસોમાં થયેલા પંચનામાના પંચો ક્રાઇમ બ્રાંચની ઑફિસેથી ઘણા દુર રહે છે માટે ક્રિ.પ્રો.કોડ કલમ–૧૦૦ની જોગવાઇઓનુ પાલન કરવામાં આવેલુ નથી, તમામ પંચો સીલેકટેડ પંચો છે, કેટલાક પંચોએ સ્વીકારેલુ છે કે તેમને પોલીસ અધિકારીઓ સાથે સબંધ છે, દરેક જગ્યા ઉપરથી કબજે કરેલા મુદ્દામાલમાં જે કાંઇ મુદ્દામાલ કબજે કર્યો છે તે બજારમાં સહેલાઇથી મળે શકે તેવી વસ્તુઓ છે, રજૂ થયેલા એફ.એસ.એલ. રીપોર્ટો ધ્યાને લેતા બોમ્બમાં વપરાયેલ સામગ્રી જેવી જ જપ્ત કરેલી સામગ્રી છે માટે સીધો કોઇ પુરાવો નથી, એક આરોપીને ત્યાંથી ફર્સ્ટ એઇડ બોક્ષ કબજે કરેલુ છે, એક આરોપીને ત્યાંથી પંખો કબજે કરેલો છે પરંતુ આવા ફર્સ્ટ એઇડ બોક્ષ તથા પંખા બધે જ મળે છે આ વસ્તુ દરેકના ઘરે હોય જેથી ગુનામાં આ વસ્તુનો ઉપયોગ થયો છે તેમ કહેવાય નહીં, ડીટોનેટર કબજે કર્યા છે પરંતુ સરકારે ડીટોનેટર રાખવા માટે નિયમો બનાવ્યા છે લાયસન્સો આપ્યા છે, ડીટોનેટર તેમજ કેમીકલ ખરીદ, વેચાણ માટે લાયસન્સ જોઇએ, બોમ્બમાં હોડી જેવા આકારનુ બોક્ષ વપરાયેલુ તેવો આક્ષેપ છે પરંતુ તે બોક્ષ કેવુ હતુ? કયાંથી આવ્યુ? કોણ લાવેલુ? તે અંગે કોઇ પુરાવો નથી, ડીટોનેટર અને કેમીકલ વેચાણ કરવા વાળા વેપારીઓને ત્યાં જઇ તપાસ કરી નથી તેનો અર્થ એવો થાય કે બીજા લોકો પણ આ બનાવોમાં સંડોવાયેલા છે, જે ડીટોનેટર અને કેમીકલ જે વેપારીએ વેચ્યા તેઓને ત્યાં તપાસ કરી હોત તો આ વસ્તુ કોણ ખરીદી ગયા તે જાણવા મળેત તથા વેપારીઓ પણ મદદગારી માટે ગુનામાં આવી જાત, તપાસ કરનાર અધિકારીઓએ જાણી જોઇને આવી તપાસ કરી નથી, ફરિયાદપક્ષે સાહેદો પડતા

મુકવા અરજી આપેલી છે, આશરે ૧૦૦ સાહેદો ડ્રોપ કર્યા છે અને અરજીમાં જણાવ્યુ છે કે આ સાહેદો ફરિયાદપક્ષને મદદ કરતા નથી માટે ડ્રોપ કરીએ છીએ, કેટલાક સાહેદોને એટલા માટે ડ્રોપ કર્યા છે કે પુરાવાનુ પુનરાવર્તન થાય છે, કેટલાક સાહેદો મળતા નથી માટે ડ્રોપ કર્યા છે, જે સાહેદો મળતા નથી તેનો અર્થ એવો થાય કે તે સાહેદોના નિવેદનો લીધેલા કે કેમ? તે શંકાસ્પદ છે તથા તેઓનુ અસ્તીત્વ છે કે કેમ? જે સાહેદો ફરિયાદપક્ષને સમર્થન કરતા નથી અને તેઓને તપાસ્યા નથી તો તેનો અર્થ એવો થાય કે ફરિયાદપક્ષ સંજોગોની સાંકળ પુરવાર કરવામાં નિષ્ફળ ગયા છે, આંક–૯૩૬૭ થી નહીં મળી આવેલા સાહેદોનુ લિસ્ટ રજૂ કરેલુ છે, આ લીસ્ટમાંના સાત નંબરનો સાહેદ સાબરમતી જેલમાં છે માટે તે મળતો નથી તેમ ના કહેવાય, જુદી–જુદી ઓથોરીટી કે જે જયુડીશીયલ સીસ્ટમ સાથે સંકળાયેલ છે તે તમામે બાળપણ જેવુ વર્તન કરેલુ છે. (બાળપણ જેવુ વર્તન જણાવેલુ છે તે સામે ફરિયાદપક્ષના વિ.સ્પે.પી.પી.શ્રીએ વાંધો લેતાં તે નિવેદન વિથ ડ્રો કરેલુ છે.) વધુમાં સીમી ઉપર પ્રતિબંધ મુકતુ સરકારનુ જાહેરનામુ તા.૭–૨–૨૦૦૮ ના રોજ ઈસ્યુ થયેલુ છે તેની ઝેરોક્ષ કોપી આંક–૮૩૨૮ થી રજૂ છે પરંતુ આ જાહેરનામુ ટ્રીબ્યુનલે તા.૫–૮–૨૦૦૮ ના રોજ રદ્ધ કરેલુ છે માટે અનલોકુલ એકટીવીટી એકટ હાલના આ કેસોમાં લાગુ પડશે નહીં.

વધુમાં વિ.વ.શ્રી એલ.આર.પઠાણ આરોપીઓ દીઠ ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવા બાબતે દલીલો કરતા જણાવે છે કે સૌપ્રથમ આરોપી નં.૩૦ વિરૂધ્ધ રજૂ થયેલો પુરાવો ધ્યાને લેતાં આરોપી નં.૩૦ સામે ફકત એક જ સાહેદનો પુરાવો છે, સાહેદ નં.૧૧૨૮ તરીકે પંચ સાહેદ સુનિલ રસીકલાલ શાહને તપાસેલા છે, આ સાહેદના કહેવા પ્રમાણે તેઓ સુરત ખાતે હીરાનો ધંધો કરે છે હીરાના કામકાજ માટે મુંબઈ જાય છે અને રેલવેનો પાસ છે, સુરત થી મુંબઈ જતા હતા ત્યારે પોલીસ રેલવેમાં મળેલી અને પાયધુની ક્રાઈમ બ્રાંચની ઓફીસે બોલાવેલા ત્યાં પ્રાથમીક પંચનામુ કરેલુ, ટાઈમર ઘડિયાળ ખરીદેલી તે જગ્યા બતાવતુ પંચનામુ કરેલુ જે આંક–૮૦૯૩થી રજૂ છે, આ સાહેદની બચાવપક્ષ દ્વારા થયેલ ઊલટતપાસ વંચાણે લેતાં ઊલટતપાસના પેરા–૪ મા જણાવે છે કે

તા.૨૭–૧–૨૦૦૯ ના રોજ સુરત થી મુંબઇ જતા હતા, મુંબઇ થી પાછા આવવાનુ નક્કી ન હતુ, સુરત સ્ટેશનેથી ચડતા જ પોલીસના માણસો મળેલા, મુંબઇ ઉતર્યા ત્યારે પણ પોલીસના માણસો મળેલાનુ જણાવે છે, સુરતનુ પ્લેટફોર્મ પહેલા માળે છે, ટિકિટનુ બુકીંગ નીચે થાય છે, કયાં પોલીસ મળેલી તે સ્થળ નક્કી નથી, પેરા–૮ મુજબ બંને પોલીસ વાળા યુનિફોર્મમાં હતા નહીં, એક ડબ્બામાં સાથે હતા છતાં વાતચીત કરતા ન હતા, બોરીવલી ઉતર્યા ત્યારે પોલીસે કોઇ લખાણ કરેલુ નહીં, આંક–૮૦૯૩ થી રજૂ થયેલુ પંચનામુ વંચાણે લેતાં પંચનામાની શરૂઆત પાયધુની મુંબઇની ક્રાઇમ બ્રાંચ ઑફિસેથી થયેલ છે, આ સાહેદ બોરીવલી સ્ટેશને ઉતરે છે પોતાનુ કામકાજ પુરૂ કરે છે, બોરીવલી સ્ટેશને કેટલા વાગે ઉતરેલા તેનો ખ્યાલ નથી, સાહેદ પહેલા ચર્ની રોડ ગયેલા ત્યાં કામ પતાવીને પાયધુની ગયેલા, આ સાહેદને પંચ તરીકે ટ્રેનમાં પોલીસે સલામત કરી લીધો છે, આ સાહેદ ચર્ની રોડ ખાતે કામ પતાવી પાયધુની ગયા ત્યારબાદ પોલીસે પંચનામાની કામગીરી શરૂ કરેલી પોલીસે ત્યાં સુધી આ સાહેદની રાહ જાયેલી છે, શું પોલીસ મુંબઇ મુકામે પંચ ના મેળવી શકે? સાહેદ હીરાની દલાલી કરે છે તે બતાવવા કોઇ પુરાવો રજૂ કર્યો નથી, સાહેદ મુંબઇ રોકાયા હોય તેવો પણ કોઇ પુરાવો નથી, આ સાહેદ મુંબઇ ગયા હતા તે શંકાસ્પદ છે, રજૂ થયેલુ પંચનામુ ગુજરાતીમાં છે, પંચનામાની છેલ્લી ચાર લાઇન વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે પંચનામુ ગુજરાતીમાં લખી હિન્દીમાં સમજાવેલ છે, પોલીસ અને પંચ ગુજરાતી છે તો પંચનામુ હિન્દીમાં સમજાવ્યુ શા માટે? આ સબંધમાં તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૫ ની જુબાની ધ્યાને લેતાં આંક–૮૦૯૩ વાળા પંચનામાના બંને પંચો સુરતના છે તે કબૂલ કરે છે, આંક–૮૦૯૩ વાળુ પંચનામુ જોઇને જણાવે છે કે પંચોને મુંબઇ ક્રાઇમ બ્રાંચ ખાતે બોલાવેલા છે, મુંબઇના પંચો નહીં લેવાના કોઇ કારણો આપી શકે તેમ નથી, પંચ કહે છે કે પોલીસ રેલવે સ્ટેશને મળેલા પરંતુ તપાસ કરનાર અધિકારી જણાવે છે કે પંચો ક્રાઇમ બ્રાંચની ઑફિસે મુંબઇ મળેલાનુ યાદ નથી, પંચોને મુંબઇ ક્રાઇમ બ્રાંચની ઓફીસે આવી જવાની કોઇ સુચના આપેલી ન હોવાનુ તપાસ

કરનાર અધિકારી જણાવે છે, આ પંચનામુ સાચુ નથી, પંચો સિલેકટેડ છે, પંચનામુ સુરતમાં બેસીને જ બનાવ્યુ છે, પંચ કહે છે કે પોલીસ કોઇ દુકાને લઇ ગયેલ હોય અને ત્યાં કોઇ લખાણ થયુ હોય તેવુ બનેલુ નથી, ઘડિયાળો દુકાનમાં વેચાતી હતી તે જોવા દુકાનમાં ગયા નથી તેમ જણાવે છે, પોલીસ પણ દુકાનમાં લઇ ગયેલી નથી, બંનેની જુબાની વિરોધાભાસી છે, સુરતના બનાવોમાં ટાઇમર ઘડિયાળો મળી આવેલી નથી, અમદાવાદના બોમ્બ બ્લાસ્ટમાં મળી આવેલા ઘડિયાળો બતાવવા માંગુ છુ તેવુ આરોપીએ જણાવેલુ જ નથી, ફરિયાદપક્ષ આ આરોપી સામે આક્ષેપ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે, આરોપી નં.૩૦ ને અમદાવાદ પોલીસે તા.૫–૧૧–૨૦૦૮ ના રોજ અટક કરેલો, તા.૨૦–૧–૨૦૦૯ સુધી પોલીસ કસ્ટડીમાં હતો, આ આરોપી વિરૂધ્ધ અમદાવાદના કેસો બાબતે કોઇ પુરાવો મળેલો નથી, અમદાવાદ પોલીસે ત્રણ માસ સુધી આ આરોપીની શા માટે કસ્ટડી લીધી? સુરત પોલીસે તા.૨૨–૧–૨૦૦૯ ના રોજ આ આરોપીની કસ્ટડી લીધેલી અને પંચનામુ તા.૨૭–૧–૨૦૦૯ ના રોજ બનાવ્યુ છે, અમદાવાદ પોલીસને આ આરોપી વિરૂધ્ધ કોઇ પુરાવો ના મળ્યો એટલે આ આરોપીની કસ્ટડી સુરત પોલીસને સોંપેલી, ફરિયાદપક્ષે સાહેદ નં.૯૬૦ પણ આ આરોપી વિરૂધ્ધ પુરાવો આપે છે તેવી રજૂઆત કરેલી છે, સાહેદ નં.૯૬૦ અબ્બાસ મુલતાણીની જુબાની મુજબ મોહંમદ જાકીરે આજવા સ્પીટસ નામની દુકાને મુકેલ પી.સી.ઓ.નો ઉપયોગ કરેલો અને બે મિત્રોને ફોન કરેલા, એકનુ નામ સાદીક તથા બીજાનુ નામ આરીફ હતુ, આ પુરાવો હીયરસે છે, જુબાનીમાં સાદીક વિરૂધ્ધ કોઇ પુરાવો નથી.

વધુમાં વિ.વ.શ્રી એલ.આર.પઠાણ આરોપી નં.૩૨, ૫૧ વિરૂધ્ધ ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવા બાબતે દલીલો કરતા જણાવે છે કે ફરિયાદ પક્ષ તર્ફે થયેલ દલીલો મુજબ આ આરોપીને સાહેદ નં.૯૬૧, ૯૬૭, ૯૧૦, ૫૮૯, ૧૧૫૪, ૧૧૬૩ નાઓ સંડોવે છે, સાહેદ નં.૯૬૫ પુના એસ્ટેટની દલાલી કરતા એજન્ટ છે, સાહેદ નં.૯૬૭ અશોક મ્યુઝ વાળા મકાનના માલિક છે, ફરિયાદપક્ષના કેસ પ્રમાણે સાહેદ નં.૯૬૭ નુ મકાન સાહેદ નં.૯૬૫ મારફતે ભાડે

રાખેલુ, આ મકાનનુ સર્ચ ગુજરાત પોલીસ આ મકાન ઉપર ગઇ તે પહેલા મુંબઇ પોલીસે કરેલુ અને મકાનમાંથી કેટલીક ગુનામાં સંડોવતી વસ્તુઓ મળી આવેલી જેથી એવુ કહેવાય કે ગુનામાં સંડોવતી જે વસ્તુ હતી તે મુંબઇના કેસમાં મળેલી, આ મકાન આરોપીએ ભાડે રાખેલુ, એવુ માની લઇએ કે આ મકાનમાં આ આરોપી રહેલો છે અને જો મકાનમાંથી ગુજરાત પોલીસને કોઇ વસ્તુ મળેલી નથી તો આ ગુનો આરોપી વિરૂધ્ધ સાબિત ના થાય, માત્ર મકાનમાં રહેવાથી ગુનો બનતો નથી, પ્રથમ એ નક્કી કરવાનુ છે કે આ મકાનમાંથી ગુનામાં સંડોવતી કોઇ વસ્તુ મળેલી છે કે કેમ? જો આ મકાનમાંથી ગુનામાં સંડોવતી વસ્તુ મળી આવેલી ન હોય તો આરોપી વિરૂધ્ધ ગુનો બનતો નથી, સાહેદ નં.૯૬૫ ની જુબાનીના પેરા–૩ મુજબ તા.૨૧–૧૨–૨૦૦૮ ના રોજ મુંબઇની પોલીસ આવેલી, પોલીસે બધાને એરેસ્ટ કરેલા, મકાનમાંથી બ્લાસ્ટીંગનો સામાન મળેલો, સાહેદ નં.૯૬૫ જુબાનીના પેરા–૬ મુજબ ફલેટમાંથી શું મળેલુ તે બતાવેલુ નહીં, ફલેટમાં રહેનારાઓના વર્ણન આપેલા નથી, સાહેદ નં.૯૬૭ મકાનના માલિક છે, પેરા–૨ મુજબ ૧૧ મહીનાના કોન્ટ્રાકટથી મકાન ભાડે આપેલુ, આ આરોપી મકાનમાં રહેતો હતો ત્યારે જ મુંબઇની પોલીસ ત્યાં આવેલી હતી, મુંબઇ પોલીસને ભાડાનુ એગ્રીમેન્ટ આપેલુ પરંતુ રસીદ આપી નથી તેમ જણાવે છે, પેરા–૮ મુજબ ફલેટમાંથી બુક તથા બોમ્બ બનાવવાનો સામાન મળેલાની હકીકત ગુજરાત પોલીસને કરેલી નથી, સાહેદે જણાવેલુ છે કે પોલીસે પુછેલુ નથી માટે કહેલુ નથી, જેહાદી બુક અને બોમ્બ બનાવવાનો સામાન મળેલાની વાત સાંભળેલી વાતો છે અને તે વાત મુંબઇ પોલીસે કરેલી છે, આ બાબતે સાહેદ નં.૧૧૫૪ ની જુબાનીના પેરા નં.૪૨, ૪૪ મુજબ અશોકા મ્યુઝ ફલેટ ઉપર ગયા ત્યારે મુંબઇ પોલીસે આ મકાન સીલ કરેલુ કે કેમ? તે બાબતે કહી શકે તેમ નથી, મકાન માલિકના કહેવા મુજબ મુંબઇ પોલીસે ફલેટ સીલ કરેલો અને છ મહીના પછી કબજો પરત આપેલો, મુંબઇ પોલીસે ફલેટનુ પંચનામુ કરેલુ કે કેમ? તેની તપાસ કરનાર અધિકારીને ખબર નથી, ફલેટ ખોલેલો કે કેમ? તે તપાસના કાગળોમાં સામેલ છે તેમ જણાવે છે, તપાસ કરનાર અધિકારીએ જવાબ આપવાનુ ટાળેલુ

છે, મુંબઇ પોલીસે ફલેટની તપાસ કરેલી તો મુંબઇ પોલીસને મળેલા કે કેમ? તો યાદ નથી તેમ કહે છે, જવાબો આપવાનુ ટાળ્યુ છે, જુબાનીના પેરા–૭૩ મુજબ અશોક મ્યુઝ વાળા ફલેટનુ પંચનામુ બનાવેલુ કે કેમ? તે યાદ નથી તેમ જણાવે છે, પંચનામુ બહારથી રહીને કરેલુ છે કારણકે મુંબઇ પોલીસે આ મકાન સીલ કરેલુ હતુ ફકત આ મકાન આરોપીએ બતાવેલુ તેટલુ જ કહેવાય, આ મકાનમાં કોઇ જ તપાસ કરનાર અધિકારી દાખલ થયા નથી, ભાડુઆતે મકાનનો ઉપયોગ ગેરકાયદેસર પ્રવૃતિ માટે કરેલો છે કે કેમ? તેવો કોઇ પુરાવો નથી, મુંબઇ પોલીસે કરેલી કાર્યવાહી આ કેસમાં મહત્વનો પુરાવો ગણાય જે આ કામે રજૂ થયેલો નથી, ફલેટ ઉપરથી કયા આરોપીને પકડેલા તેનો પુરાવો નથી, ફલેટમાંથી કોઇ વસ્તુ મળેલી તો કઇ વસ્તુ મળેલી તે અંગે કોઇ પુરાવો નથી, આ મકાનમાં ગેરકાયદેસર પ્રવૃતિ થતી હતી તે પુરવાર થતુ નથી.

વધુમાં વિ.વ.શ્રી એલ.આર.પઠાણ દલીલો કરતા જણાવે છે કે આખો કેસ સાંયોગીક પુરાવા ઉપર આધારીત છે, આરોપી નં.૩૨, ૫૧ નાઓએ પુના ખાતે ફલેટ ભાડે રાખેલો અને તેમાંથી ગુનાને સંડોવતો મુદ્દામાલ મળી આવેલો જે મુંબઇ પોલીસે કબજે કરેલો છે તેવો ફરિયાદપક્ષે આક્ષેપ છે, મુંબઇ પોલીસે જે મુદ્દામાલ કબજે કર્યો તે પંચ સાહેદ તથા તપાસ કરનાર અધિકારી શ્રી ઉષાબેને જોયો નથી, આ કેસમાં તે મુદ્દામાલને લગતો કોઇ પુરાવો રજૂ થયો નથી, મકાનમાંથી કયો મુદ્દામાલ મળેલો હતો તે રેકર્ડ ઉપર આવતુ નથી, મુંબઇ પોલીસે મુદ્દામાલ કબજે કરતી વખતે કરેલ પંચનામુ આ કેસમાં રજૂ થયુ નથી આથી મકાનમાંથી મળેલ મુદ્દામાલ કયો હતો તે સ્પષ્ટ બનતુ નથી, ધારો કે મુંબઇ પોલીસે મુદ્દામાલ કબજે કરેલો છે તેમ માની લઇએ તો પણ અમદાવાદના કેસો સાથે તેને કોઇ નિસ્બત નથી, આ ફલેટની આજુબાજુ રહેતા લોકોને સાહેદો તરીકે ફરિયાદપક્ષે તપાસ્યા નથી, આ ફલેટ જે કેમ્પસમાં છે તેના ત્રણ ગેટ છે આ ગેટ ઉપર ફરજ બજાવતા ગેટ મેન કે સિકયુરીટી ગાર્ડને પણ ફરિયાદપક્ષે સાહેદ તરીકે તપાસેલા નથી. વધુમાં સાહેદ નં.૯૬૬ ની જુબાની વંચાણે લેતાં અનવર બાગવાન એક ગોરા માણસને લઇને આવેલો, પુછપરછ અનવર સાથે કરી ભાડુ

નક્કી થયુ તે અનવર સાથે થયુ છે, અનવર સાથે ઓગષ્ટ–૨૦૦૭ માં એગ્રીમેન્ટ થયુ છે અને પોલીસ વેરીફિકેશન પણ થયુ છે. સાહેદ નં.૯૬૫ ની જુબાની વંચાણે લેતાં એગ્રીમેન્ટ કર્યા પછી મકાનની ચાવી આપવાનુ નકકી થયેલુ, આ લોકો સાથે એગ્રીમેન્ટ થયાનુ જણાવે છે એટલે કે બંને સાથે એગ્રીમેન્ટ થયાનુ કહી શકાય, ઊલટતપાસના પેરા–૧૨ મુજબ એગ્રીમેન્ટમાં તે વ્યકિતનુ નામ નથી તેમ જણાવે છે જેથી એગ્રીમેન્ટ થયુ જ નથી, આરોપી નં.૩૨ સાથે ભાડાનુ એગ્રીમેન્ટ થયુ નથી કે તેને ફલેટ ભાડે આપેલો નથી. વધુમાં સાહેદ નં.૯૬૭ ની જુબાની વંચાણે લેતાં તા.૨૧–૧૨–૨૦૦૮ ના રોજ અનવર બાગવાન નામના વ્યકિતને અખ્તર મેમણ દ્વારા ફલેટ ભાડે આપેલો હતો, એગ્રીમેન્ટ અનવર બાગવાન સાથે કરેલાનુ જણાવે છે, મુંબઇ ક્રાઇમ બ્રાંચની ઑફિસમાં એગ્રીમેન્ટ રજૂ કરેલાનુ પણ જણાવે છે પરંતુ આ કેસમાં તે એગ્રીમેન્ટ રજૂ થયુ નથી, આ સાહેદની જુબાની ઉપરથી સ્પષ્ટ બને છે કે આરોપી નં.૩૨ ને ફલેટ ભાડે આપેલો નથી, આરોપી નં.૫૧ અનવરને ફલેટ ભાડે આપ્યાનો ફકત મૌખિક પુરાવો છે પરંતુ સાહેદો દ્વારા સદર આરોપીની ઓળખ પરેડ કરાવેલી નથી, આરોપી નં.૫૧ ને ફલેટ ભાડે આપ્યાનો કોઇ દસ્તાવેજી પુરાવો નથી, બીજા સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હતા છતાં તેવા સાહેદોના નિવેદનો લીધા નથી કે તેઓને સાહેદો તરીકે ફરિયાદપક્ષે તપાસેલા નથી, સાહેદ નં.૯૬૫ નાએ પોલીસ નિવેદનમાં જાહેર કરેલુ નથી કે આવેલ ભાઇનુ નામ આસીફ હસન હતુ, સાહેદ નં.૯૬૭ જણાવે છે કે ૨૦૦૮ સુધીમાં ઘણા લોકોને ફલેટ ભાડે આપેલો તે લોકોના નામો જણાવી શકે તેમ નથી, ફલેટનુ ભાડુ સાહેદ નં.૯૬૫ ફલેટના માલિક સાહેદ નં.૯૬૭ ને આપતા હતા તેમ છતાં સાહેદ નં.૯૬૭ સાહેદ નં.૫૮૯ રૂબરૂ આરોપી નં.૩૨ ને ઓળખી બતાવે છે, આ સબંધમાં એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૮૯ ની જુબાની વંચાણે લેતાં જુબાનીના પેરા–૨૭ મુજબ સાહેદ નં.૯૬૫, ૯૬૭ નાઓએ આરોપી નં.૩૨ ને ઓળખી બતાવેલો છે તેવી હકીકત છે, ઓળખ પરેડની યાદીમાં ઇનવર્ડ, આઉટવર્ડ નંબર લખેલા નથી, સાહેદ અને પંચો કયારે આવેલા તે દરેક પંચનામામાં લખેલુ ન હોવાનુ સાહેદ નં.૫૮૯ કબૂલ કરે છે,

ઓળખ પરેડ પુરી ના થાય ત્યાં સુધી આરોપીને કોઇ જોઇ ન જાય તેની કાળજી રાખી નથી, ઓળખ પરેડના સાહેદ બહાર નિકળીને કોને મળતા હતા તેની તકેદારી મેજિસ્ટ્રેટશ્રીએ રાખી નથી, સાહેદો અને પોલીસ ઉપર મેજિસ્ટ્રેટશ્રીનુ કોઇ નિયંત્રણ ન હતુ, આરોપીઓની ઓળખ પરેડ માટે જેલ ઓથોરીટીને મેજિસ્ટ્રેટશ્રીએ જાણ કરી નથી, સાહેદોને ઓળખ પરેડ માટે સમન્સ બજાવેલ નથી, સાહેદોને હાજર રાખવા મેજિસ્ટ્રેટશ્રીએ કોઇ પ્રયત્નો કર્યા નથી તેનો અર્થ એવો થાય કે આરોપીઓ અથવા સાહેદ હાજર થયા જ નથી અથવા બીજી કોઇ એજન્સીએ આરોપી તથા સાહેદને હાજર રાખેલા હશે માટે આરોપીઓની ઓળખ અગાઉથી જાહેર થઇ જવાની પુરી શકયતા છે, સાહેદ નં.૯૬૫, ૯૬૭ નાઓએ આરોપી નં.૩૨ ને ઓળખી બતાવેલાની હકીકત પુરવાર થતી નથી, આખો કેસ સાંયોગીક પુરાવા ઉપર આધારિત હોય ત્યારે સંજોગોની ચેઇન સબળ પુરાવાથી સ્થાપિત થવી જોઇએ, આરોપી નં.૩૨ તથા ૫૧ પુના ખાતે ફલેટ ભાડે રાખીને રહેતા હતા અને તે ફલેટમાંથી આંતકી સાહીત્ય તથા બોમ્બ બનાવવાની સામગ્રી મળેલી તે હકીકત પુરવાર થતી નથી. વધુમાં સાહેદ નં.૯૧૦ ની જુબાની વંચાણે લેતાં પોલીસ સ્ટેશનમાં આસીફ શેખ આરોપી નં.૩૨ હતા, કુલસીંગભાઇ એક સીલબંધ શીશી લઇને આવેલા જે પારદર્શક હતી અને તેમાં સરકીટ હતી પરંતુ ત્યાં આરોપીએ ફકત નિવેદન આપેલુ છે જે આંક–૬૫૦૮ થી રજૂ છે, આ ડેમોસ્ટ્રેશન નથી, આરોપીનુ જ્ઞાન રેકર્ડ ઉપર લાવવાનો પ્રયત્ન આ કબૂલાત દ્વારા કરવામાં આવેલો છે, પંચનામા દ્વારા કબૂલાત નોંધવાનો પ્રયત્ન તપાસ કરનાર અધિકારીએ કરેલો છે, આ સબંધમાં તપાસ કરનાર અધિકારી સાહેદ નં. ૧૧૫૫ ની જુબાની તેમજ આંક–૬૫૦૮ થી રજૂ થયેલુ પંચનામુ વંચાણે લેતાં શીશીમાં જે આઇ.સી. હતી તે શીશીનુ સીલ ખોલ્યા વિના છેડો જોડી શકાય નહીં, સીલબંધ શીશી ખોલવાની સત્તા પોલીસને નથી, અદાલતની પરવાનગી વિના શીશીનુ સીલ તોડાય નહીં, પોલીસે જે, તે વખતે કબજે કરેલ મુદ્દામાલ જે, તે પરિસ્થિતિમાં રાખવાનો હોય છે, પોલીસે કાયદાની જોગવાઇ અને ગાઇડલાઇનનુ

અસંખ્ય વખત પાલન કરેલુ નથી, ઉપરોકત તમામ ચર્ચાને ધ્યાને લેતાં ફરિયાદપક્ષ આરોપી નં.૩૨, ૫૧ સામેનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે.

વધુમાં વિ.વ.શ્રી એલ.આર.પઠાણ આરોપી નં.૩૩, ૩૪ વિરૂધ્ધ ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવા બાબતે દલીલો કરતા જણાવે છે કે આરોપી સામે એવો આક્ષેપ છે કે તેણે સાયબર કોર્ષ, હેકીંગ કોર્ષ કરેલો છે આ અંગે સાહેદ નં.૧૧૨૪ ને તપાસેલા છે જેઓ કોલેજના પ્રોફેસર છે જયાં આરોપીએ કોર્ષ કરેલો છે, સાહેદ નં.૯૦૩ પંચ સાહેદ છે તેની હાજરીમાં તપાસ કરનાર અધિકારીએ હેકીંગનુ ડેમોસ્ટ્રેશન કરેલુ છે, ફરિયાદપક્ષના આક્ષેપ પ્રમાણે આરોપીએ પુનાની કોલેજમાં એડમીશન લઇ હેકીંગ કોર્ષ કરેલો છે, સાહેદ નં. ૧૧૨૪ ની જુબાનીના પેરા નં.૨ મુજબ એડમીશન ફોર્મની ઝેરોક્ષ તથા ફીની રશીદની ઝેરોક્ષ રજૂ કરી છે, ફોર્મ ઉપર ટ્રુ કોપી કરી સ્કૂલનુ સીલ લગાવેલુ નથી, દસ્તાવેજી પુરાવા વિના એવુ કહી શકાય નહીં કે આરોપીએ સ્કૂલમાં એડમીશન લઇ હેકીંગનો કોર્ષ કરેલો, સાહેદ નં.૧૧૨૪ ના કલાસમાં આરોપી કયારેય ગયેલા નથી તેવુ જણાવે છે જેથી આ સ્કૂલમાં આરોપીએ હેકીંગનો કોર્ષ કરેલાનુ પુરવાર થતુ નથી, આરોપીએ હેકીંગનો કોર્ષ કરેલો તેનો અર્થ એવો નથી કે આરોપીએ આ કોર્ષ કરેલો હોવાથી આ ગુનામાં સંડોવાયેલો છે, કોઇ વ્યકિત પોતાના અભ્યાસ માટે, જ્ઞાન માટે કોર્ષ કરે તો તેમાં કાંઇ ખોટુ નથી, સાહેદ નં.૧૧૫૪ ની જુબાની ના પેરા નં.૨.૪ મુજબ આ કેસમાં જે ઇ–મેઇલ થયેલા તેનુ આઇ.પી. એડ્રેસ મળેલુ જેથી મુંબઇ ગયેલા હતા, જે ઇ–મેઇલ મળેલા તે ઉચ્ચ અધિકારીઓ તરફથી મળેલાનુ દરેક તપાસ કરનાર અધિકારી જણાવે છે, અસલ ઇ–મેઇલ રેકર્ડ ઉપર રજૂ થયેલા નથી, આઇ.પી.એડ્રેસ કયાંથી મળેલા? કેવા અને કયાંના આઇ.પી. ડ્રેસ હતા? તે અંગે કોઇ પુરાવો નથી, સાહેદ નં.૧૧૫૪ ની જુબાનીના પેરા નં.૨.૫ મુજબ કેન્લી હેવુડનુ નિવેદન લીધુ છે પરંતુ ફરિયાદપક્ષે તેને સાહેદ તરીકે તપાસ્યા નથી, કોઇ વ્યકિતના વાઇફાયનો ગેરકાયદેસર ઉપયોગ કરી કોઇ હેકીંગ કરે તો જેનુ વાઇફાય હેક થયુ હોય તે વ્યકિત સામાન્ય રીતે પોલીસમાં ફરીયાદ લખાવે, કેન્લી હેવુડે આવી કોઇ ફરીયાદ કરેલી નથી, કેન્લી હેવુડ પોલીસને નિવેદન આપી જતા રહ્યા

છે અને જુબાની આપવા મળતા નથી જેથી તેની વર્તણૂક શંકાસ્પદ છે, જુબાનીના પેરા નં.૨.૬ મુજબ ઇન્ડિયા ટી.વી.ને જે ઇ–મેઇલ તા. ૨૬–૭–૨૦૦૮ ના રોજ કરેલા તેની નકલ મેળવેલાનુ જણાવે છે, સાહેદ નં. ૧૧૫૪ આરોપી નં.૩૩ ને લઇને પુના અને મુંબઇ ખાતે તા.૨૩ અને ૨૪ મીએ ગયેલા હતા, તપાસ કરનાર અધિકારી જણાવે છે કે આરોપી નં.૩૩, ૩૪ હૈદરાબાદ ખાતે કોર્ષ કરતા હતા ત્યારે આરોપી નં.૩૭ ત્યાં હૈદરાબાદ ગયેલા અને રહેલા, પરંતુ આરોપીએ ત્યાં કોર્ષ કરેલો કે કેમ? તે અંગે કોઇ પુરાવો રજૂ કર્યો નથી, હૈદરાબાદ ખાતેની હોટલમાં રોકાયેલા તે હોટલના માલિક કે મેનેજરને ફરિયાદપક્ષે તપાસ્યા નથી, આરોપી નં.૩૩ હૈદરાબાદ ખાતેની હોટલમાં રોકાયેલા તે બાબતને અને અમદાવાદમાં થયેલા બ્લાસ્ટને કોઇ લેવા, દેવા નથી, હૈદરાબાદ ખાતેની હોટલના રજીસ્ટરના પાના આંક–૧૪૫૬ ના પંચનામા દ્વારા કબજે કરેલા પરંતુ આ પંચનામાના પંચોને ફરિયાદપક્ષે તપાસ્યા નથી, સાહેદ નં.૧૧૫૪ નાઓએ જયાં ઇ–મેઇલ ગયો હતો ત્યાં દિલ્હી મુકામે જઇ ઇન્ડિયા ટી.વી.ના કોઇ અધિકારીની પુછપરછ કરી નથી, મુંબઇ એ.ટી.એસ.ના કોઇ અધિકારી દ્વારા સાહેદ નં.૧૧૫૪ ને તપાસના કોઇ કાગળો આપેલા નથી, મુંબઇ એ.ટી.એસ.ના કોઇ અધિકારીને પણ ફરિયાદપક્ષે તપાસ્યા નથી, તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૪ ની જુબાનીના પેરા નં.૨૫ મુજબ ટેરર ઇ–મેઇલ થયેલા તે કમ્પ્યુટરની હાર્ડ ડીસ્ક કબજે કરી નથી, આરોપી મુબીન મન્સુર પીરભોય તથા આસીફને લઇને તપાસ કરનાર અધિકારી મુંબઇ ગયા નથી, જે જગ્યાએ ટેરર ઇ–મેઇલ કરેલા તે જગ્યાના પંચનામા બનાવ્યા નથી, કેન્લી હેવુડના લેપટોપ, કોમ્પ્યુટર, હાર્ડડીસ્ક મુંબઇ પોલીસે કબજે કરેલાનુ તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૪ જણાવે છે, મુંબઇ પોલીસે કમ્પ્યુટર, લેપટોપ, હાર્ડડીસ્ક એફ. એસ.એલ.માં મોકલેલા પરંતુ તેનો રીપોર્ટ મેળવેલો કે કેમ? તે તપાસ કરનાર અધિકારી કહી શકે તેમ નથી, તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૪ દ્વારા દસ્તાવેજી પુરાવા એટલે કે ટેરર ઇ–મેઇલ કબજે કરવાનો પ્રયત્ન કર્યો નથી, દસ્તાવેજી પુરાવો જો હોય તો તે સાબિત થાય માટે મૌખિક પુરાવાની જરૂર નથી,

એફ.એસ.એલ.નો પુરાવો હોય તો તે બેસ્ટ પુરાવો કહેવાય તેમ છતાં મુંબઇ એફ.એસ.એલ.નો પુરાવો આ કામે રજૂ કર્યો નથી.

વધુમાં વિ.વ.શ્રી એલ.આર.પઠાણ દલીલો કરતા જણાવે છે કે સાહેદ નં.૧૧૫૪ ની જુબાનીના પેરા નં.૪૫ મુજબ ઇન્ડિયા ટી.વી.ની ઑફિસે દિલ્હી ગયા નથી અને ત્યાં જઇને કોઇનો જવાબ લીધો નથી, સાહેદ નં.૧૧૫૪ ના જુબાનીના પેરા નં.૪૯ મુજબ મુંબઇ મુકામે કેન્લી હેવુડનુ કમ્પ્યુટર કબજે કરેલુ નથી, મુંબઇ પોલીસે કમ્પ્યુટર કબજે કરેલુ પરંતુ તે અંગે કોઇ પંચનામુ કે પુરાવો આ કામે રજૂ નથી કે એફ.એસ.એલ. રીપોર્ટની નકલ પણ આ કામે રજૂ કરેલ નથી, જુબાનીના પેરા નં.૫૦ મુજબ મુંબઇ પોલીસ પાસેથી કોઇ પુરાવો મેળવ્યો નથી, રાઉટરની રેન્જની તપાસ કર્યાનુ જણાવે છે તેની રેન્જ પાંચ કીલોમીટર હતી પરંતુ તે શકય નથી આટલી લાંબી રેન્જ રાઉટરની ના હોય, કેન્લી હેવુડ ૧૫ મા માળે રહેતા હતા જેથી જમીન ઉપર રાઉટરની રેન્જ આવે જ નહીં, સાહેદ નં.૧૧૫૪ ની જુબાનીના પેરા નં.૫૧ મુજબ કેન્લી હેવુડે વાઇફાય હેક થયાની ફરીયાદ કરી હોય તો આ સાહેદ કહી શકે નહીં, જવાબો આપવાનુ ટાળ્યુ છે, પેરા નં.૭૨ મુજબ કેન્લી હેવુડની સંડોવણી બાબતે તપાસ કરેલી તેમ કહે છે પરંતુ શું તપાસ કરેલી તે કહી શકે નહીં, જુબાનીના પેરા નં.૯૫ મુજબ પુરાવાના કાયદાની કલમ–૬૫(બી) મુજબનુ સર્ટિફિકેટ મુકેલુ કે કેમ? તે કહી શકે નહીં, ચાર્જશીટના કાગળો પણ તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૪ નાએ જુબાની આપતા પહેલા વેરીફાય કર્યા નથી, બધો જ પુરાવો જોતા સ્પષ્ટ છે કે કોઇ સબળ અને સમર્થ પુરાવો આરોપી નં.૩૩ સામે રજૂ થયો નથી, આરોપી નં.૩૩, ૩૪ નાઓએ અનસિકયોર્ડ વાઇફાય હેક કર્યાનો કોઇ જ પુરાવો નથી, સાહેદ નં.૯૦૩ પંચ સાહેદ છે આ સાહેદ ડેમોસ્ટ્રેશન પંચનામાના પંચ છે, આરોપી નં.૩૪ નાનુ ડેમોસ્ટ્રેશન કરાવ્યાનુ છે, આ પંચ સાહેદને તા.૧૦–૧૧–૨૦૦૮ ના રોજ તથા તા.૧૧–૧૧–૨૦૦૮ ના રોજ બે દિવસ પંચમાં બોલાવેલા છે, તા.૧૧–૧૧–૨૦૦૮ ના રોજ આરોપી નં.૩૩, ૩૪ ને સાથે રાખી ડેમોસ્ટ્રેશન કર્યુ છે, પંચનામુ કરનાર તપાસ કરનાર અધિકારી શ્રી વી.આર.

ટોળીયા હતા તેઓ ગુજરી ગયા છે, સાહેદ નં.૯૦૩ સિલેકટેડ પંચ છે, તા.૧૧–૧૧–૨૦૦૮ ના રોજ તપાસ કરનાર અધિકારીએ ફોન કરીને આ પંચ સાહેદને બોલાવેલા છે માટે તે સિલેકટેડ પંચ છે, ડેમોસ્ટ્રેશન પુરવાર કરવા માટે ઇ–મેઇલની પ્રિન્ટ કાઢેલી નથી, ડેમોસ્ટ્રેશન કરવા માટે તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૪ નુ લેપટોપ વાપરેલુ, પંચના કહેવા પ્રમાણે ઉષા રાડાએ લેપટોપ ચેક કરવા આપેલુ નહીં, લેપટોપ ચાલુ હતુ કે નહીં તે પણ પંચોએ ચેક કરેલુ નથી, લેપટોપ ઉષા રાડાનુ હતુ અને ડેમોસ્ટ્રેશન વી.આર.ટોળીયાએ કર્યુ છે, પંચ સાહેદ જુબાનીના પેરા નં.૧૭ માં જણાવે છે કે નવરંગપુરામાં તથા વિશાલ મેગા માર્ટ પાસે કોના અનસિકયોર્ડ વાઇફાયનો ઉપયોગ કરેલો તે કહી શકે નહીં , આરોપીને જે ઇ–મેઇલ આઇ.ડી. આપેલા તે પોલીસે આપેલા તેવુ પંચ સાહેદ જણાવે છે, આ પંચ સાહેદ પણ સિલેકટેડ પંચ છે જેથી તેનો પુરાવો રદ્ધ કરવો જોઇએ.

વધુમાં વિ.વ.શ્રી એલ.આર.પઠાણ આરોપી નં.૪૩ વિરૂધ્ધ ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવા બાબતે દલીલો કરતા જણાવે છે કે સૌપ્રથમ આ આરોપી વિરૂધ્ધ અમદાવાદ પોલીસ દ્વારા એકત્ર કરેલો પુરાવો ધ્યાને લઇએ તો આ આરોપી માટે સાહેદ નં.૧૧૩૮, ૯૧૭, ૫૮૯, ૧૧૬૩ મુખ્ય સાહેદો છે, સાહેદ નં.૧૧૩૮ ગુલામ હુસેન ફલેટ નં.એ/૮, અપ્સરા એપાર્ટમેન્ટના માલિક છે, જુન–જુલાઇ ૨૦૦૮ માં ફલેટમાં રીપેરીંગનુ કામ ચાલતુ હતુ તેમ જણાવે છે, રીપેરીંગ પુરૂ થયા પછી નજીરભાઇની ચા ની કીટલી ઉપર ચા પીવા ગયા ત્યારે નજીરભાઇએ મકાન ભાડે આપવા બાબતે પુછેલુ, ડિપોઝીટ આપ્યા પછી મકાનની ચાવી આપેલાનુ જણાવે છે, પેરા નં.૮ મુજબ પોલીસે પાંચ વખત પુછપરછ કરેલાની હકીકત નકારી છે, મકાન ભાડે આપ્યા બાબતે ભાડા ચીઠ્ઠી કરેલી નથી, ડીપોજીટની રસીદ પણ આપી ન હોવાનુ કબૂલ કરે છે, મકાન ભાડે આપ્યુ ત્યારે જ આ સાહેદ ભાડૂઆતને મળેલા પછી મળ્યા જ નથી, મકાન માલિકનો મોબાઇલ ફોન પોલીસે કબજે કરેલાનુ જણાવે છે પરંતુ આ અંગે રસીદ આપી નથી, મોબાઇલની કોલ ડીટેઇલ્સ મેળવી નથી કે આ કામે રજૂ કરેલી નથી.

વધુમાં પંચ સાહેદ નં.૯૧૭ ની જુબાની ધ્યાને લેતાં આ સાહેદના કહેવા મુજબ આરોપીને લઇને ગુલામભાઇના મકાન ઉપર ગયેલા, મકાનને તાળુ હતુ, ઇલેકટ્રીક મીટર ઉપર મોબાઇલ નંબર લખેલો હતો જેથી ફોન કરીને મકાન માલિક ગુલામભાઇને મકાન ઉપર બોલાવેલા, મકાનનુ તાળુ તોડેલુ કારણકે મકાન માલિક પાસે આ મકાનની ચાવી ન હતી, તાળુ તોડવાનુ કહેતા તાળુ તોડેલુ, જે તાળુ તોડાય નહીં, માલિક ગુલામભાઇ ઇલેકટ્રીક રીપેરીંગનુ કામકાજ કરતા હતા, મકાનમાંથી સ્ક્રુ ડ્રાઇવર, વાયરો વિગેરે મળેલા પરંતુ આ સામાન ગુલામભાઇ (મકાન માલિક)નો હતો, આંક-૬૬૪૦ વાળુ પંચનામુ તા.૨-૯-૨૦૦૮ ના રજૂ કરેલુ છે, આ પંચનામુ સાંજે ૧૭-૦૦ વાગે શરૂ કરીને તા.૩-૯-૨૦૦૮ ના રોજ સવારે ૩-૦૦ વાગ્યે પુરૂ થયેલુ, મકાન માંથી મળી આવેલ સામગ્રી મકાન માલિકની છે તેવુ મકાન માલિકે કબૂલ કર્યુ છે, ઊલટતપાસના પેરા નં.૧૧ મુજબ સ્થળ ઉપરથી લીધેલા સ્પોટ પંચોને બતાવ્યા નથી, મકાનનુ તાળુ તોડેલુ તે કબજે કરેલુ નથી, મકાનમાંથી મળેલા તારના ટુકડા તથા વાયરનુ વર્ણન પંચનામામાં લખેલુ નથી, પંચ સાહેદ નડીયાદના વતની છે, અમદાવાદ ક્રાઇમ બ્રાંચની ઑફિસમાં બોલાવ્યા અને ભરૂચ ખાતે લઇ ગયા છે, પંચ ભરૂચ ખાતે પણ મળી શકયા હોત, મકાનનો કબજો મકાન માલિકનો ન હતો પરંતુ આરોપીનો હતો તે બતાવવા મકાન માલિકના નિવેદન સિવાય બીજો કોઇ પુરાવો નથી, તપાસ કરનાર અધિકારીએ આરોપી પાસેથી મકાનની ચાવી મેળવવાનો પ્રયત્ન કર્યો નથી જેથી આ આરોપીએ મકાન ભાડે રાખ્યાનુ કઇ રીતે કહી શકાય? પંચનામાના દિવસે મકાનનો કબજો ફકત મકાન માલિકનો હતો, નજીરભાઇ દ્વારા મકાન ભાડે આપેલાનુ મકાન માલિક ગુલામભાઇ જણાવે છે પરંતુ આ નજીરભાઇને ફરિયાદપક્ષે સાહેદ તરીકે તપાસ્યા નથી, આ બાબતે સાહેદ નં. ૧૧૬૩ ની જુબાનીના પેરા નં.૩(૧૧) મુજબ તા.૨-૯-૨૦૦૮ ના રોજ મહંમદ સાજીદે મકાન બતાવેલુ તેનુ પંચનામુ કરેલુ, મકાન અબ્દુલ સુભાન તૌકીરને ભાડે આપેલાનુ તપાસ કરનાર અધિકારી જણાવે છે, સાહેદ ગુલામ હુસેને સર તપાસમાં એવુ કહેલુ નથી કે આ મકાનમાં ત્રણ માણસો રહેતા હતા તેમ છતાં

ઓળખ પરેડમાં કુલ–૩ આરોપીઓને ઓળખેલા છે, ડમી માણસો ઓળખ પરેડ વખતે જે હતા તે તેના તે જ હતા માટે આરોપીને સહેલાઈથી ઓળખી શકે માટે આવી ઓળખ પરેડનો કોઈ અર્થ નથી, ઓળખ પરેડ માટે સાહેદ નં.૫૮૯ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટની જુબાની ધ્યાને લેતાં જુબાનીના પેરા નં.૮ મુજબ ત્રણ આરોપીને સાહેદ નં.૧૧૩૮ નાએ ઓળખી બતાવેલા પરંતુ આ ઓળખ પરેડ કાયદા મુજબ કરી નથી, જુબાનીના પેરા નં.૩૪, ૩૭, ૪૦, ૪૧, ૪૨, ૪૭ માં જણાવેલ વિગતો બાબતે અગાઉ દલીલો કરી છે, રફીક નામના માણસને માલિક ગુલામ હુસેને એક જ વખત જોયેલો છે, બીજા બે માણસોને મળેલા નથી અને જોયેલા નથી તેમ છતાં પ્રથમ વખત બીજા બે માણસોને ઓળખ પરેડમાં ઓળખી બતાવેલા છે જે ખોટા છે, મકાન પાસે એક વખત સિલ્વર કલરની વેગનઆર કાર પડેલી હતી તે ગુલામભાઈએ જોયેલી ફરી વખત લાલ કલરની ગાડી જોયેલી, માલિક ગુલામ હુસેન પાસે ગાડીઓની ઓળખ કરાવી નથી, મકાન આરોપી નં. ૪૩ નાએ ભાડે રાખ્યાનુ પુરવાર થતુ નથી, મકાન, માલિકના કબજામાં હતુ, મકાનમાંથી મળેલ સામાન મકાન માલિકનો હતો, ત્રણેય આરોપીને કેવી રીતે ઓળખ્યા? તે બાબતે કોઈ પુરાવો નથી.

વધુમાં વિ.વ.શ્રી એલ.આર.પઠાણ સુરતના બનાવો અંગે આરોપી નં.૪૩ વિરૂધ્ધ ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવા બાબતે દલીલો કરતા જણાવે છે કે સાહેદ નં.૧૧૨૯, ૧૧૦૯, ૧૧૧૩, ૫૭૫, ૧૧૦૮, ૧૧૧૦, ૧૧૨૦ અને ૧૧૫૫ નો પુરાવો મહત્વનો છે, સૌપ્રથમ સાહેદ નં.૧૧૨૯ ની જુબાની ધ્યાને લેતાં આ સાહેદે આરોપીને કાઇનેટીક વેચેલુ, આ સાહેદનો તા.૨૯–૮–૨૦૦૮ ના રોજ તપાસ કરનાર અધિકારીએ જવાબ લીધો છે, આ સાહેદ પાસે કાઇનેટીક હતુ પણ તેનો આખો નંબર આ સાહેદ જણાવતા નથી, રૂા.૧૦,૦૦૦/– માં કાઇનેટીક વેચેલુ, વેચાણ કરારમાં નામ,સરનામુ લખેલુ, મોબાઇલ નંબર લખેલો, રેવન્યુ ટિકિટ લગાવી સહી કરેલી જે વેચાણ કરાર આંક–૨૮૦૪ થી રજૂ છે, આ સાહેદે જે વ્યકિત પાસેથી કાઇનેટીક ખરીદેલુ તેની માલિકીના દસ્તાવેજ કે પહોંચ ખરીદનારને આપેલ નહીં તેમ જણાવે છે, કાઇનેટીક આ સાહેદના નામ

ઉપર ન હતુ અને વેચાણ કર્યુ તેની જાણ મૂળ માલિકને પણ કરેલી નથી, મોટર વેચાણનુ રજીસ્ટર પોલીસે કબજે કરેલુ પરંતુ તેની પહોંચ પોલીસે આપી નથી, રજીસ્ટરમાં પુરે પુરી વિગતો લખેલી નથી, યોગ્ય પધ્ધતિ મુજબ રજીસ્ટર નિભાવેલ નથી.

વધુમાં વિ.વ.શ્રી એલ.આર.પઠાણ દલીલો કરતા જણાવે છે કે સાહેદ નં.૧૧૦૮ તથા સાહેદ નં.૧૧૨૯ દ્વારા આરોપી નં.૪૩ ની ઓળખ પરેડ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ રૂબરૂ કરાવવામાં આવેલી છે, સાહેદ નં.૧૧૦૮ ના કહેવા મુજબ સાહેબે એક વ્યકિતને બતાવેલો તેણે બોમ્બ અંગેનો સામાન ખરીદેલો તે જગ્યા બતાવવા માંગતો હતો તેનુ નામ અનીક હતુ તેમ જણાવે છે, જે જગ્યા બતાવી તે રામપુરા પેટ્રોલપંપવાળી જગ્યા હતી જયાંથી ૧૦ લીટર પેટ્રોલ ખરીદેલુ ત્યારબાદ પાંચ કેરબા જે દુકાનેથી લીધેલા તે દુકાન બતાવેલાનુ જણાવે છે તથા પેટ્રોલ ખરીદેલુ તે પંપ બતાવેલાનુ પણ જણાવે છે, બોમ્બ અંગેનો સામાન ખરીદેલો તે જગ્યા આરોપી બતાવવા માંગતો હતો પરંતુ પેટ્રોલ આ કેસમાં વપરાયેલુ નથી અને ફરિયાદપક્ષનો તેવો કેસ પણ નથી, આ સાહેદની ઊલટ તપાસ ધ્યાને લેતાં પેટ્રોલ પંપ ઉપર અનીક નામનો માણસ પેટ્રોલ ખરીદવા આવ્યો હોય તેવુ કોઇ કર્મચારીએ જણાવ્યુ નથી, આ પંચનામુ કલમ–૨૭ મુજબનુ પંચનામુ નથી તે માત્ર આરોપીનુ નિવેદન કહેવાય અને બીજો કોઇ સમર્થનકારી પુરાવો નથી, પેટ્રોલપંપ ઉપરથી પેટ્રોલ ખરીદ કર્યાનો કોઇ પુરાવો કબજે કરેલો નથી, કેરબા ખરીદ કર્યા અંગેના બીલો રજૂ થયેલા નથી, સમર્થન કારી પુરાવા વિના એક માત્ર પંચનામા ઉપર આધાર રખાય નહીં, પંચોના પુરાવા પોલીસે ખોટા ઉભા કરેલા છે, પ્રાથમિક પંચનામામાં પંચોની સહીઓ પોલીસ સ્ટેશનેથી નીકળતા પહેલા કરાવવી પડે, જે જગ્યાએ પંચનામુ પુરૂ થાય તે જગ્યા ઉપર પંચોની સહી લેવી પડે, આ કેસમાં આવુ બન્યુ નથી, સાહેદની જુબાનીના પેરા નં.૨ મુજબ પોલીસ સ્ટેશને આવ્યા પછી સાહેબે લખેલુ અને પંચોની સહીઓ લીધાનુ જણાવે છે, પેટ્રોલ અને કેરબા અનીકે ખરીદ કર્યાનુ પુરવાર થતુ નથી, સાહેદ નં.૧૧૨૯ અને ૧૧૦૮ની ઓળખ પરેડ સાહેદ નં. પ૭પ સમક્ષ કરાવેલી

છે, સાહેદ નં.૧૧૨૯ ની ઓળખ સબંધે આ સાહેદની જુબાની ધ્યાને લઇએ તો પેરા નં.૫ મુજબ કાઇનેટીક લેવા આવેલો તે ૨૨ થી ૨૫ વર્ષનો હતો, પાંચ સાડા પાંચ ફુટની ઉંચાઇ તથા કાળો હતો, પેરા નં.૬ મુજબ કાઇનેટીક લઇ ગયેલ માણસને હાથ પકડીને બહાર કાઢેલો પરંતુ નામ ખબર નથી, ઓળખ પરેડ દરમ્યાન આરોપીનુ નામ સાહેદની હાજરીમાં પુછવામાં આવેલુ નથી, સાહેદે કોર્ટમાં આરોપીને ઓળખી બતાવેલો નથી, ઓળખ પરેડ થઇ જ નથી અને થઇ હોય તો આરોપીને સાહેદ નં.૧૧૨૯ નાએ ઓળખ્યો નથી, જુબાનીના પેરા નં.૮ ધ્યાને લેતાં મેજિસ્ટ્રેટશ્રીએ સમન્સ કાઢેલો નથી, મેજિસ્ટ્રેટ કોર્ટમાં ૩, ૪ પોલીસ વાળા અંદર હતા તેમ જણાવે છે જેથી ઓળખ પરેડ રદ્ધ ગણાય, આ સબંધમાં એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.પ૭પ ની જુબાની ધ્યાને લેતાં જુબાનીના પેરા નં.૨૨ મુજબ તા.૧૭–૧૧–૨૦૦૮ ના રોજ ઓળખ પરેડ રાખેલી, ઓળખ પરેડ ભાવેશ પાસે કરાવેલી, દિનેશ અંબારામ ફીટર પાસે કોઇ ઓળખ પરેડ કરાવી નથી, સાહેદ નં.પ૭પ ની ઊલટતપાસ મુજબ સાત પંચનામા ઓળખ પરેડના કરાવેલા છે, એક પણ ઓળખ પરેડની યાદીમાં કચેરીનો ઇનવર્ડ નંબર લખેલો નથી, પંચનામા શરૂ કર્યાનો સમય લખવામાં આવેલો ન હોવાનુ કબૂલ કરે છે, યાદીઓ ઉપર ઇનવર્ડ નંબર ન હોવાથી કઇ તારીખોની યાદીઓ હતી તે સ્પષ્ટ થતુ નથી, સાહેદોને સમન્સ કાઢયા નથી, સાતેય પંચનામામાં કચેરી વિસ્તારના પંચો લીધેલા નથી, સાહેદોની સલામતીની તકેદારી સબંધેની નોંધ પંચનામામાં કરેલી નથી, આ સિવાય દરેક વસ્તુ પંચનામામાં જણાવી નથી જેથી આવા પંચનામા ઉપર આધાર રખાય નહીં, રજૂ થયેલુ પંચનામુ કાચી નોંધ ઉપરથી તૈયાર કરીને રજૂ કરેલુ છે, કાચી નોધ રેકર્ડ ઉપર ના આવે તો તે પંચનામા ઉપર ભરોસો ના રખાય, મેજિસ્ટ્રેટશ્રીએ આરોપીનુ કોઇ વર્ણન પંચનામામાં લખેલુ નથી પરંતુ તે વર્ણન સાહેદે તેની જુબાનીમાં જણાવેલુ છે, કાઇનેટીક વેચનાર સાહેદ નં.૧૧૨૯ નાએ આરોપીને ઓળખ પરેડમાં ઓળખી બતાવેલીની હકીકત પુરવાર થતી નથી, કાઇનેટીક અને બોમ્બ પ્લાન્ટેશનને શું સબંધ હતો? તે પુરવાર થતુ નથી.

વધુમાં સાહેદ નં.૧૧૧૦ ની જુબાની ધ્યાને લઈએ તો આ પંચ સાહેદ છે, સાહેદના કહેવા મુજબ પોલીસે તા.૨૮–૧૧–૨૦૦૮ ના રોજ બોલાવેલા ત્યાં બે આરોપી હાજર હતા જે આરોપી નં.૪૩, ૪૪ હતા, આરોપીઓ ભાડેથી રહેતા હતા તે મકાન બતાવવા માંગતા હતા, બે આરોપીનુ સંયુકત પંચનામુ કરાય નહીં, આ કારણસર આ પંચનામુ વંચાણે લેવાય નહીં, તપાસ કરનાર અધિકારીએ ગેરકાયદેસરતા કરી છે, સાહેદની જુબાનીના પેરા નં.૨ મુજબ ચોક તરફ આરોપીએ જવાનુ બતાવ્યુ, કયા આરોપીએ આવુ બતાવ્યુ? તે સ્પષ્ટ થતુ નથી, કયા આરોપીએ આ મકાન બતાવ્યુ તે આરોપી સ્પષ્ટ થતો નથી, સાહેદ જણાવે છે કે આરોપીઓના નામ, સરનામા સિવાય બીજી કોઇ વાતચીત તેમની સાથે થયેલી નથી. જેથી એવુ કહી શકાય કે આરોપીએ કોઇ જ માહીતી આપી નથી, સોસાયટીના નાંકે ચાર, પાંચ મિનિટ ઉભા રહેલા ત્યારબાદ જીપમાં બેસી પાછા આવેલાનુ સાહેદ જણાવે છે. જેથી એવુ કહી શકાય કે આ પંચનામુ સ્થળ ઉપર લખાયુ નથી, સોસાયટીનુ બોર્ડ હતુ તેવુ સાહેદ જણાવે છે તેમ છતાં સોસાયટીનુ નામ પંચનામામાં લખેલુ નથી, મકાનનો નંબર પણ લખવામાં આવેલો નથી. સાહેદ નં.૧૧૫૫ નો પુરાવો આ બાબતે જોઈએ તો આ સાહેદે આરોપી બાબતે કોઇ વિશેષ જણાવ્યુ નથી. વધુમાં સાહેદ નં.૧૧૨૦ નો પુરાવો ધ્યાને લઈએ તો સાહેદ નં.૧૧૨૦ આરોપીને લઈને પેટ્રોલ પંપો ઉપર ગયેલા તથા કેરબા ખરીદેલા તે દુકાનોના પંચનામા બનાવેલા, સાહેદ નં.૧૧૨૦ ની જુબાની મુજબ પંચનામુ તા.૨૦–૧૧–૨૦૦૮ ના રોજ બનાવેલુ છે, નિલમ પેટ્રોલ પંપ ઉપર પંપના માલિક હાજર હતા, આ માલિક પાસે આરોપીની ઓળખ પરેડ કરાવી નથી, તા. ૧૮–૧૧–૨૦૦૮ ના રોજ આરોપી નં.૪૫ ને લઈને હરીમંગલા હોટલ ઉપર ગયેલા, ભરૂચ ગુલામભાઇના મકાને ગયેલા, ત્યારપછી તા.૧૬–૧૨–૨૦૦૮ ના રોજ ઓળખ પરેડ કરાવી છે તેનો કોઇ અર્થ નથી, આરોપી નં. ૪૩, ૪૪, ૪૫ ની ઓળખ પરેડ એક જ દિવસે કરાવવામાં આવી છે. વધુમાં સાહેદ નં.૧૧૧૩ મહેશકુમાર વડગામાની જુબાની ધ્યાને લેતાં આરોપી નં.૪૩ ના હસ્તાક્ષરના નમૂના ચકાસ્યાનો રીપોર્ટ આંક–૭૯૭૭ થી રજૂ છે, કઇ પધ્ધતિથી

હસ્તાક્ષર ચકાસ્યા? તે સાહેદ જણાવતા નથી, આ સાહેદની ઊલટતપાસ જોઈએ તો પેરા નં.૧૨ મુજબ ફોરવર્ડીંગ લેટરમાં જણાવેલુ હતુ કે તકરારી હસ્તાક્ષર અને નમુનાના હસ્તાક્ષર કરનાર કોણ છે, આંક–૭૯૭૮, ૭૯૮૫, ૭૯૮૮, ૭૯૯૧ વાળા કારણો એક જ પરફોમામાં છે તે કબૂલ કરે છે, અભિપ્રાય ઉપર આવવાના કારણો આપવા પડે જે આપેલા નથી, સરતપાસમાં કારણો સાહેદે આપેલા નથી, અભિપ્રાયના કારણો મૌખિક રીતે કે દસ્તાવેજી પુરાવા રૂપે રેકર્ડ ઉપર આવેલા નથી માટે હસ્તાક્ષર આરોપીના હતા કે કેમ? તે કારણો વિના કહી શકાય નહીં, આ સાહેદે અક્ષરો તપાસેલા તેના મોડ ઓફ મુવમેન્ટ અંગેની નોંધ કરેલી તેમ જણાવે છે પરંતુ અક્ષરો તપાસવા મેગ્નીફાઇંગ ગ્લાસ સિવાય બીજા કોઇ સાધનોનો ઉપયોગ સાહેદે કરેલો નથી, અક્ષરોના ફોટા લઇ એનલાર્જ કરવા પડે ત્યારબાદ અક્ષરો તપાસવા પડે પરંતુ તે પ્રમાણે વિધી કે કાર્યવાહી કરવામાં આવી નથી જેથી હસ્તાક્ષર નિષ્ણાતના આવા અભિપ્રાય ઉપર આધાર રખાય નહીં, ઉપરોકત તમામ ચર્ચાને ધ્યાને લેતાં ફરિયાદપક્ષ આરોપી નં.૪૩ સામેનો ગુનો પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે.

વધુમાં વિ.વ.શ્રી એલ.આર.પઠાણ આરોપી નં.૪૪ વિરૂધ્ધ ફરિયાદપક્ષ તર્ફે થયેલ રજૂ થયેલા પુરાવા બાબતે દલીલો કરતા જણાવે છે કે સાહેદ નં.૧૧૩૮ તરીકે તપાસેલા ગુલામહુસેનની જુબાનીની ચર્ચા આરોપી નં. ૪૩ માં કરી છે, આ સાહેદે આરોપી નં.૪૩, ૪૪, ૪૫ ને ઓળખી બતાવ્યા છે પરંતુ તે સાહેદે આરોપીને એક જ વખત જોયેલા હતા, સાહેદ નં.૧૧૧૦ તરીકે તપાસેલા પંચ સાહેદની હાજરીમાં આરોપી નં.૪૩, ૪૪ ને સાથે રાખી પંચનામુ કરેલુ છે જેની ચર્ચા પણ આરોપી નં.૪૩ માં કરી છે, સાહેદ નં.૧૧૩૮ અને સાહેદ નં.૫૮૯ ના પુરાવાની ચર્ચા પણ આરોપી નં.૪૩ માં કરી છે. વધુમાં સાહેદ નં.૧૧૫૪ તરીકે તપાસ કરનાર અધિકારી ઉષા રાડાએ પુના ખાતેના મકાનોના પંચનામા આંક–૮૩૫૧ તથા આંક–૮૩૫૨વાળા બનાવેલા છે, આંક–૮૩૫૧ વાળુ પંચનામુ ઇકબાલ ભટકલ અને યાસીન ભટકલ મકાનમાં રહેતા હતા તે બાબતે બનાવેલુ, આંક–૮૩૫૨વાળુ પંચનામુ મુંબઇમાં જે જગ્યાએથી હેકીંગ

કરેલુ તે જગ્યા બતાવતુ પંચનામુ છે, આ બંને પંચનામાના પંચોને ફરિયાદપક્ષે તપાસ્યા નથી, આ સિવાય આ આરોપી વિરૂધ્ધ બીજો કોઇ પુરાવો નથી, સાહેદ નં.૧૧૫૩ તપાસ કરનાર અધિકારી ઉષા રાડાએ સાચા જવાબો કોર્ટમાં આપ્યા નથી, સાચો જવાબો આપવાનુ ટાળ્યુ છે જેથી ઉષા રાડાની જુબાની ઉપર આધાર રાખવો સલામત નથી, ઉષા રાડાના પુરાવાને સ્વતંત્ર પુરાવાથી સમર્થન મળવુ જોઇએ, આવુ સમર્થન ના હોય તો આ બંને પંચનામા વિચારણામાં લેવાય નહીં, આ બંને પંચનામા તા.૨૧–૧૨–૨૦૦૮ અને તા.૨૨–૧૨–૨૦૦૮ ના રોજ બનાવેલા છે, તપાસ કરનાર અધિકારી ઉષા રાડાના કહેવા પ્રમાણે તા.૨૦–૧૨–૨૦૦૮ ના રોજ આરોપી નં.૪૪, ૪૫ ને લઇને મુંબઇ અને પુના ગયેલા, ૨૦ મી તારીખ થી ૨૪ મી તારીખ દરમ્યાન તેઓ અમદાવાદમાં હતા જ નહીં તેમ કબૂલ કરેલુ છે તે સાબિત કરવા માટે આરોપી નં. ૪૫ નાઓએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ ના વિશેષ નિવેદન સાથે આંક–૯૨૧૨ થી એક દસ્તાવેજ રજૂ કરેલો છે આ દસ્તાવેજ ધ્યાને લેતાં તપાસ કરનાર અધિકારી આર.વી.અસારીએ તા.૧૯–૧૨–૨૦૦૮ ના રોજ આરોપી નં.૪૪, ૪૫ ને કોર્ટમાં રજૂ કરેલા છે, એનેક્ષર–૫ મુજબ આરોપી નં.૪૪, ૪૫ ને તા.૨૩–૧૨–૨૦૦૮ ના રોજ અટક બતાવીને રજૂ કરેલા છે, એનેક્ષર–૬ મુજબ આરોપી નં.૪૪, ૪૫ રીમાન્ડ ઉપર છે તેવો રીપોર્ટ તા.૨૩–૧૨–૨૦૦૮ ના રોજનો છે, આરોપી નં.૪૪, ૪૫ અન્ય તપાસ કરનાર અધિકારી ઉષા રાડા સાથે પુના, મુંબઇ હતા માટે અન્ય તપાસ કરનાર અધિકારી મયુર ચાવડાએ આરોપીઓને મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કર્યાનુ શકય નથી, ઉષા રાડા મુંબઇ થી પરત આવેલા નથી માટે આંક–૮૩૫૧ અને આંક–૮૩૫૨ થી રજૂ થયેલા પંચનામા ઉભા કરેલા છે જેથી આ બંને પંચનામાના પંચો મળી આવતા નથી તેવો રીપોર્ટ ફરિયાદપક્ષે કરી આ બંને પંચોને તપાસ્યા નથી, પંચો મળતા નથી તેનો અર્થ એવો થાય કે પંચોનુ અસ્તિત્વ જ ન હતુ માટે તપાસ કરનાર અધિકારી ઉષા રાડાની જુબાની ઉપર વિશ્વાસ રખાય નહીં.

વધુમાં વિ.વ.શ્રી એલ.આર.પઠાણ દલીલો કરતા જણાવે છે કે આરોપી નં.૪૪ વિરૂધ્ધ સુરતના કેસોમાં રજૂ થયેલો પુરાવો ધ્યાને લઇએ તો

ફરિયાદપક્ષે આ આરોપી વિરૂધ્ધ સાહેદ નં.૧૧૨૩, ૧૧૧૦, ૧૧૧૯ અને પ૭પ ને તપાસેલા છે. સાહેદ નં.૧૧૧૦ ના પુરાવાની ચર્ચા આરોપી નં.૪૩ માં કરી છે, સાહેદ નં.૧૧૧૯ ની હાજરીમાં આરોપી નં.૪૪ નાઓએ પુનાનુ ઘર બતાવેલુ છે જે અંગેના પંચનામા આંક–૧૭૧૯ અને આંક–૧૭૨૦ થી રજૂ છે, આ પંચનામાના પંચોને ફરિયાદપક્ષે તપાસેલા નથી માટે આ પંચનામા સાબિત થતા નથી, સાહેદ નં.૧૧૨૩ ની જુબાની વંચાણે લેતાં શરીફભાઇ મારફતે મકાન ભાડે આપેલુ, એક યાકુબભાઇ કરીને ૨૫ થી ૩૦ વર્ષનો છોકરો હતો, ભાડુ નક્કી કરીને મકાનની ચાવી લઇ ગયેલો પછી તે આવ્યો જ નથી, આરોપીને સાહેદ નં.૧૧૨૩ નાઓએ મેજિસ્ટ્રેટ સમક્ષ ઓળખી બતાવેલો છે પરંતુ તે જ દિવસે પોલીસે પુછપરછ કરી છે, આ સાહેદની ઊલટતપાસના પેરા નં.૫ મુજબ ભાડૂઆતો કઇ તારીખે આવેલા અને કઇ તારીખે ખાલી કરીને ગયા તે ચોક્કસ કહી શકે નહીં, ભાડાનો કરાર કર્યો નથી, ભાડાની રસીદ આપી નથી, ઊલટતપાસમાં જણાવે છે કે યાકુબ કયારે આવેલો તેની નોંધ કરી નથી, રૂા.૭૦૦૦/– ડીપોઝીટ લીધેલી તેની નોંધ કરેલી પરંતુ રસીદ રજૂ કરી નથી, આમ આ સાહેદ વિરોધાભાસી હકીકતો જણાવે છે, આરોપીને પોલીસ સ્ટેશનમાં બતાવેલો માટે મેજિસ્ટ્રેટ રૂબરૂ આ સાહેદે આરોપીને ઓળખેલા છે, સાહેદ નં.પ૭પ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટની જુબાનીના પેરા નં.૧૯ મુજબ બે સાહેદોની ઓળખ પરેડ કરાવી છે, સાહેદ મોહંમદ શરીફને ફરિયાદપક્ષે તપાસેલા નથી, સાહેદ નં.પ૭પ ની જુબાનીના પેરા નં.૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૭, ૩૮, ૩૯ ની ચર્ચા અગાઉ કરી છે તે ધ્યાને લેતાં કોઇ પણ સાહેદોને મેજિસ્ટ્રેટે સમન્સ કાઢેલા નથી, સાહેદો અને આરોપીઓને પોલીસે જ ઓળખ પરેડ માટે રજૂ કર્યા છે, મેજિસ્ટ્રેટે ઓળખ પરેડના નિયમોનુ પાલન કરેલુ નથી, આરોપીનો ચહેરો જોયા વિના ડમી માણસોને બોલાવવામાં આવ્યા છે, સાહેદ નં.૧૧૨૩ ની જુબાની જોતાં મકાન આરોપી નં.૪૪ નાઓએ ભાડે લીધાનુ સ્થાપિત થતુ નથી.

વધુમાં વિ.વ.શ્રી એલ.આર.પઠાણ ફરિયાદપક્ષ તર્ફે આરોપી નં.૪૫ વિરૂધ્ધ રજૂ થયેલા પુરાવા બાબતે દલીલો કરતા જણાવે છે કે સાહેદ નં.૯૪૪,

૯૪૫ અને ૯૪૬ તરીકે હોટલના માલિકો તથા મેનેજરોને તપાસેલા છે, સાહેદ નં. ૯૪૪ હોટલ હરીમંગલા, ભરૂચના રીસેપ્શનીસ્ટ છે, આ સાહેદના કહેવા મુજબ તા.૪-૭-૨૦૦૮ ના રોજની એન્ટ્રી એસ.કે.રફીકની હતી, હોટલ હરી મંગલા, હોટલ નર્મદા, હોટલ રેવનના રીસેપ્શનીસ્ટને હરીમંગલા હોટલ ઉપર બોલાવી રજીસ્ટરના પાના કબજે કરેલા છે, અગાઉ આ હોટલો ઉપર બીજા તપાસ કરનાર અધિકારી ઇન્કવાયરી માટે ગયેલા હતા તે વખતે તેઓએ કોઇ દસ્તાવેજો કબજે કર્યા નથી કે કોઇ પણ વ્યકિતના નિવેદનો લીધેલા નથી, તા.૧૨-૧૨-૨૦૦૮ ના રોજ આરોપી નં.૪૫ ને લઇને સાહેદ તીરમીજી ત્યાં હોટલો ઉપર ગયેલા છે અને તા.૪-૭-૨૦૦૮ ના રોજની એન્ટ્રીનુ પાનુ સાહેદ નં.૯૪૪ પાસેથી મેળવેલુ હતુ ત્યારે સાહેદે કોઇ નિવેદન આપેલુ નથી તેમ જણાવે છે, સાહેદ નં.૯૪૪ ની જુબાનીના પેરા નં.૬ મુજબ રજીસ્ટરના પાના પોલીસ લઇ ગયેલી તેની જાણ કોઇ સરકારી અધિકારી એટલે કે મામલતદારને કરેલી નથી, રજીસ્ટરમાં દરેક વ્યકિતની વ્યકિતદીઠ એન્ટ્રી કરવામાં આવતી નથી તેમ સાહેદ જણાવે છે જેથી એવુ કહી શકાય કે આ હોટલ ખોટા રજીસ્ટર નિભાવે છે, રજીસ્ટરના પાના પોલીસને આપ્યા તેની અલગ નોંધ રાખી નથી, તા.૧૭-૧૧-૨૦૦૮ ના રોજ હોટલોની મુલાકાત લીધેલી તેમ છતાં રજીસ્ટર કબજે કર્યા નથી અને ત્યારબાદ તા.૧૨-૧૨-૨૦૦૮ ના રોજ રજીસ્ટરના પાના ખોટા અને બનાવટી ઉભા કરેલા છે, રજીસ્ટર આખુ કબજે કરવામાં પોલીસને કોઇ બાધ ન હતો તેમ છતાં આખુ રજીસ્ટર કબજે કરેલુ નથી. વધુમાં સાહેદ નં.૯૪૫ તરીકે તપાસેલા સાહેદ નર્મદા હોટલના રીસેપ્શનીસ્ટ છે, રજીસ્ટરમાં એન્ટ્રી નં.૯૬૬ રફીક હબીબ શેખના નામની હતી તે એન્ટ્રીનુ પાનુ કબજે કરેલુ છે, આ સાહેદની ઊલટતપાસના પેરા નં.૪ મુજબ શેઠ હારૂનભાઇના કહેવાથી પાનુ લઇને હરીમંગલા હોટલ ઉપર ગયેલા અને પોલીસને તે પાનુ આપેલુ છે, આ સાહેદ આખુ રજીસ્ટર લઇને ગયા નથી, રજીસ્ટરના પાનાની કોઇ પહોંચ પોલીસે આપેલી નથી, રફીક હબીબ શેખની ઓળખના કોઇ દસ્તાવેજો આ સાહેદે પોલીસને આપેલા નથી, બીલ બુક પોલીસને આપેલી નથી, આ સાહેદનુ નિવેદન પોલીસે

લીધુ નથી ફકત નામ, સરનામુ લીધેલુ છે, સરકારમાં ટેક્ષ ભરવો ના પડે તે માટે રજીસ્ટરમાં પેન્સીલથી લખે છે જેથી આ સાહેદની પ્રમાણીકતા માટે પ્રશ્ન ઉભો થાય છે, આ સાહેદે પોલીસને ફકત પાનાઓ પુરા પાડયા છે જેથી આરોપી વિરૂધ્ધ ખોટા દસ્તાવેજો ઉભા કરી શકાય, રજીસ્ટર રેકર્ડ ઉપર આવેલુ નથી માટે આ સાહેદનો પુરાવો વંચાણે લેવાય નહીં. વધુમા સાહેદ નં.૯૪૬ તરીકે તપાસેલા સાહેદ હોટલ રેવનના માલિક છે, આ સાહેદને પણ હોટલ હરીમંગલા ઉપર પોલીસે તા.૧૨– ૧૨–૨૦૦૮ ના રોજ હોટલનુ રજીસ્ટર લઇને બોલાવેલ હતા, તા.૮–૭–૨૦૦૮ ના રોજની એન્ટ્રી નં.૨૧૯ રફીક એસ.કે. ના નામની હતી તે એન્ટ્રી પાન નં.૧૦૫ ઉપર હતી તેનુ પાનુ પોલીસને આપેલુ છે, આખુ રજીસ્ટર પોલીસે કબજે કરેલુ નથી, આ સાહેદ સમક્ષ આરોપીને કોર્ટમાં ઓળખવાનો પ્રયત્ન કરાયેલો નથી, એન્ટ્રી નં.૨૧૯ માં આ સાહેદની સહી કરવામાં આવેલી નથી, જે વ્યકિતના નામની એન્ટ્રી નં.૨૧૯ છે તે વ્યકિતની ઓળખના પુરાવા મેળવ્યા નથી, ભાડાની રશીદની કોપી પોલીસને આપી નથી, પાનુ આપ્યુ તેની પણ રશીદ પોલીસે આપી નથી, રજીસ્ટરનુ પાનુ લઇને પોલીસે હરીમંગલા હોટલ ઉપર બોલાવ્યા હોય અને આ સાહેદ ત્યાં ગયા નથી તેવુ ઊલટતપાસમાં જણાવે છે જેથી આ સાહેદ સરતપાસમાં ખોટી હકીકત જણાવે છે, પોલીસે ચોક્કસ રજીસ્ટર લઇને આવવાની સુચના આપેલી ન હતી છતાં આ સાહેદ એક ચોક્કસ રજીસ્ટર લઇને હરીમંગલા હોટલ ઉપર ગયેલા જેથી એવુ કહી શકાય કે અગાઉથી પોલીસે કયુ રજીસ્ટર લાવવુ તે નક્કી કરી લીધુ હતુ, સાહેદ નં.૯૪૪ દ્વારા કોઇ આરોપીની ઓળખ પરેડ કરાવેલી નથી, સાહેદ નં.૯૪૫, ૯૪૬ ની ઓળખ પરેડ એક સાથે એક જ દિવસે કરાવી છે, સાહેદ નં.૯૪૫ ની જુબાનીના પેરા નં.૧૧ મુજબ મેજિસ્ટ્રેટે ઓળખ પરેડ કરાવી જ નથી, સાહેદ મેજિસ્ટ્રેટ પાસે ગયા ત્યારે પોલીસ અને પેલા માણસ સિવાય બીજુ કોઇ જ હતુ નહીં તેમ જણાવે છે, સાહેદ નં.૯૪૬ ની જુબાની મુજબ મેજિસ્ટ્રેટે ઓળખ પરેડનો સમન્સ મોકલેલો નથી, સાહેદ તીરમીજી કહે છે કે આરોપીને લઇને હોટલ ઉપર તા.૧૮–૧૧–૨૦૦૮ ના રોજ ગયેલા જયારે બીજા દિવસે તા.૧૯–૧૧–૨૦૦૮ ના રોજ ઓળખ પરેડ થઇ

જેથી આરોપીને જોયેલો જ હતો તેમ કહેવાય. ઉપરોકત ત્રણેય હોટલોના પાના કબજે કર્યા તે પંચનામાના પંચોને ફરિયાદપક્ષે સાહેદ નં.૯૧૨, ૯૧૩ તરીકે તપાસેલા છે, આંક–૬૫૧૯ થી પંચનામુ રજૂ છે, રજીસ્ટરના પાના આંક–૬૫૧૬, ૬૫૧૭ અને ૬૫૧૮ થી રજૂ છે, સાહેદ નં.૯૧૨ ના કહેવા પ્રમાણે ત્રણ રજીસ્ટરો જોયેલા અને તેમાંથી પાના ફાડેલાનુ જણાવે છે જે વિરોધાભાસી નિવેદન છે, પાના સેલોટેપથી ચોંટાડેલાનુ જણાવે છે પરંતુ અદાલતમાં જે પાના બતાવ્યા તેમાં સેલોટેપથી પાના ચોંટાડેલા નથી જેથી પાના સાથે ચેડા કર્યા છે, સાહેદ નં. ૯૧૩ ની જુબાની ધ્યાને લેતાં પાના કબજે કરવાની પ્રક્રિયા તપાસ કરનાર અધિકારીએ તદ્ધન ખોટી કરેલી છે, આ સાહેદની હાજરીમાં હસ્તાક્ષરના નમૂના લીધા છે. સાહેદ નં.૯૯૦ ની જુબાનીના પેરા નં.૪.૧ વંચાણે લેતાં દસ્તાવેજો કયારે તપાસ્યા તેની નોંધો રાખી નથી, એક જ પધ્ધતિતી હસ્તાક્ષરો ચકાસેલા છે, બીજા અધિકારીઓએ પણ હસ્તાક્ષરો ચકાસેલા છે પરંતુ તેમને ફરિયાદપક્ષે તપાસ્યા નથી કે અલગ અભિપ્રાય આપ્યો નથી, જે કારણોના આધારે એફ.એસ.એલ. અધિકારી અભિપ્રાય આપે છે તે કારણો તપાસી શકતા નથી, ફરિયાદપક્ષ આરોપી નં.૪૫ ના હસ્તાક્ષર સાબિત કરવામાં નિષ્ફળ જાય છે. સાહેદ નં.૯૪૭ ની જુબાની વંચાણે લેતાં આરોપી નં.૪૫ નાઓએ તેમના પેટ્રોલ પંપ ઉપરથી પેટ્રોલ ગાડીમાં ભરાવેલુ, ગ્રાહક ઉતાવળમાં હોય તો બીલ લેતા નથી, જો પેટ્રોલ પંપ માલિક એકસરખી પ્રક્રિયા ના અપનાવે તો તેનો પુરાવો ના મનાય, આ પેટ્રોલ પંપ આરોપી નં.૪૫ નાએ બતાવેલો નથી અને તે અંગેનુ પંચનામુ બનાવેલુ નથી, કઇ ગાડીમાં પેટ્રોલ ભરાવેલુ તે ગાડીનો નંબર સાહેદ નં.૯૪૭ ને ચોક્કસ યાદ નથી, પેટ્રોલ કઇ તારીખે ભરાવેલુ તે તારીખ પણ ચોક્કસ યાદ નથી, પેટ્રોલનુ બીલ પોલીસને આપેલાનુ સાહેદ જણાવે છે પરંતુ તે ડુપ્લીકેટ બીલ નથી, ઝેરોક્ષ કોપી રજૂ કરી છે પરંતુ તે પુરવાર થયેલ નથી, આરોપીએ તા. ૧૭–૭–૨૦૦૮ ના રોજ ગાડીમાં પેટ્રોલ ભરાવેલુ તે બતાવવા સાહેદ નં.૯૪૭ સિવાય બીજો કોઇ પુરાવો નથી, આ સાહેદ એકલાનો પુરાવો ના મનાય, આ સાહેદ પેટ્રોલ પંપના માલિક છે અને ગાડીમાં પેટ્રોલ ભરનાર નોકર

છે, પૈસા લઈ રશીદ આપનાર નોકર છે, આ સાહેદ કહી શકે નહીં કે આ આરોપીએ એ જ કારમાં પેટ્રોલ ભરાવેલુ છે.

વધુમાં વિ.વ.શ્રી એલ.આર.પઠાણ દલીલો કરતા જણાવે છે કે સાહેદ નં.૯૪૮ ની જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદના કહેવા પ્રમાણે આરોપીએ આ સાહેદ પાસે વેગનઆર ગાડી રીપેર કરાવેલી હતી, આજ આરોપી આ સાહેદ પાસે ગાડી રીપેર કરાવવા ગયેલો હતો કે કેમ? તે ચોક્કસપણે સાહેદ જણાવતા નથી, ગાડીનો કલર કેવો હતો તે પણ આ સાહેદ ચોક્કસ જણાવતા નથી, આ સાહેદ રૂબરૂ આરોપીની ઓળખ પરેડ કરાવી નથી, આ સાહેદની જુબાનીથી આરોપી આ ગુનામાં સંડોવાયેલા હોવાનુ પુરવાર થતુ નથી. વધુમાં સાહેદ નં.૯૪૯ ની જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ ઉપર મકાન માટે આરોપીનો ફોન આવેલો હતો તેમ જણાવે છે પરંતુ ફોન ઉપરથી વ્યકિત ના ઓળખાય, આરોપીની આ સાહેદ રૂબરૂ ઓળખ પરેડ કરાવી નથી, જે ફોન ઉપર આરોપીનો ફોન આવેલો તે ફોન જપ્ત કરેલો નથી. વધુમાં સાહેદ નં.૯૭૧ ની જુબાની ધ્યાને લઈએ તો તેઓ છેલ્લા ૧૦ વર્ષથી નીતા વોલ્વોમાં કામ કરે છે, ટિકિટની કાર્બન કોપીમાં આરોપીનુ નામ તથા ફોન નંબર લખવામાં આવતો હતો, તા.૧–૭–૨૦૦૮, તા.૭–૭–૨૦૦૮, તા.૧૮–૭–૨૦૦૮ ની ત્રણ તારીખોએ રફીક નામના માણસે ટિકિટો બુક કરાવેલી તેવી માહીતી પોલીસે આપેલી હતી, આ સાહેદે કહ્યુ નથી કે આરોપીએ આ ત્રણ તારીખોએ મુસાફરી કરેલી પરંતુ પોલીસે કહેલુ છે, આરોપીની આ સાહેદ રૂબરૂ ઓળખ પરેડ કરાવી નથી, કોર્ટમાં આરોપીને ઓળખી બતાવેલો નથી, કબજે કરેલી ટિકિટોની નકલમાં આ સાહેદના અક્ષરો છે માટે આંક–૬૮૦૦ આપેલો છે પરંતુ કોપીઓમાં આ સાહેદની સહી નથી, આંક–૬૮૦૦ વાળી ટિકિટોની બુક જુલાઇ–૨૦૦૮ ની હતી તેવો કબૂલાત્મક પ્રશ્ન પુછેલો છે તો સાહેદે જવાબ "હા" માં આપેલો છે, ટિકિટોના નંબરો જુદા–જુદા છે અને તે ખોટા છે, તા.૭–૭–૨૦૦૮ ની ટિકિટનો નંબર–૫૮૦૨ છે, તા.૧–૭–૨૦૦૮ ની ટિકિટનો નંબર–૬૧૬૯ છે જેથી આ ટિકિટો આરોપીને વેચેલી કે ઇસ્યુ કરેલી નથી, આ ટિકિટોના નંબરો અનક્રમ

નંબરો મુજબ નથી, આ ટિકિટોની નકલો ઉભી કરેલી છે જેથી તેની ઉપર આધાર રાખી શકાય નહીં, આ સાહેદની ઑફિસ ઉપર તપાસ કરનાર અધિકારી તા.૨૧–૧૨–૨૦૦૮ ના રોજ ગયેલા, ઉષા રાડા તા.૨૦–૧૨–૨૦૦૮ થી તા.૨૪–૧૨–૨૦૦૮ સુધી મુંબઇ, પુના હતા તે વખતે આ ટિકિટો મેળવેલી છે, ટિકિટો કબજે કર્યાની પહોંચ આ સાહેદને આપી નથી, તપાસ કરનાર અધિકારીએ પ્રક્રિયાત્મક કાયદાની જોગવાઇઓનો વારંવાર ભંગ કરેલો છે, ટિકિટો કયાંથી કયાંની હતી? તે બાબતે કોઇ પુરાવો આ સાહેદે આપેલો નથી. આ સાહેદના પુરાવા ઉપરથી આ આરોપીએ ટિકિટો બુક કરાવેલાની હકીકત પુરવાર થતી નથી. વધુમાં સાહેદ નં.૯૮૬ ની જુબાની ધ્યાને લઇએ તો આંક–૬૮૦૦ વાળી ટિકિટો આ સાહેદની હાજરીમાં આંક–૬૮૫૭ ના પંચનામાની વિગતે કબજે કરેલી છે જે અંગેનુ પંચનામું તા.૨૧–૧૨–૨૦૦૮ ના રોજ બનાવેલુ છે, આ સાહેદને આરોપીનુ નામ, સરનામુ તપાસ કરનાર અધિકારીએ કહેલુ તે સિવાય બીજુ કાંઇ કહેલાનુ યાદ નથી, આરોપીની આ સાહેદ રૂબરૂ પણ ઓળખ પરેડ કરાવી નથી, આ સાહેદના કહેવા મુજબ "ગ્લોબલ ટ્રાવેલ્સ" ની ઑફિસે પોલીસે બોલાવેલા, આંક–૬૮૦૦ થી રજૂ થયેલ ટિકિટો જોતા "ગ્લોબલ ટ્રાવેલ્સ" માંથી આ ટિકિટો ઇસ્યુ થઇ હોય તેવુ નથી, આ ટ્રાવેલ્સમાં રાજય દીઠ અલગ–અલગ ટિકિટોની બુક રાખવામાં આવતી હતી કે કેમ? તે ધ્યાનમાં નથી. વધુમાં સાહેદ નં.૯૭૫ ની જુબાની ધ્યાને લેતાં આરોપીનુ કબૂલાત નિવેદન હોય તો તે સહ આરોપી સામે પુરાવાના કાયદાની કલમ–૩૦ હેઠળ વંચાણે લેવાય પરંતુ કબૂલાત નિવેદન ના હોય અને ફકત નિવેદન હોય તો સહઆરોપી સામે આ નિવેદન વંચાણે ના લેવાય, આરોપી શું કહેવા અને બતાવવા માંગતા હતા તે સાહેદ જણાવતા નથી, શેરપુરા વાળુ મકાન સાજીદ મન્સુરીએ ભાડે રાખેલુ તે આ આરોપી બતાવવા માંગતા હતા તે ચોક્કસ નથી, મકાનની ઓળખ સ્પષ્ટ બનતી નથી, લુકમાન પાર્ક સોસાયટી વાળુ બીજુ મકાન બતાવેલાનુ સાહેદ જણાવે છે.

વધુમાં સાહેદ નં.૯૮૩ ની જુબાની ધ્યાને લેતાં ફરિયાદપક્ષના આક્ષેપ મુજબ આરોપીએ આ સાહેદની ભરૂચ મુકામે આવેલી દુકાનમાંથી કેટલોક

સામાન હાર્ડવેરનો ખરીદેલો પરંતુ દરેક ગ્રાહકને સાહેદ ઓળખી શકે નહીં તેમ જણાવે છે, આ સાહેદ આરોપીનુ વર્ણન પોલીસને કહેતા નથી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, સુરત પાસે આ સાહેદ આરોપીને ઓળખવા ગયેલા છે અને આરોપીને ઓળખી બતાવેલો છે તે માણસનુ નામ ફજલે રહેમાન હોવાનુ જણાવે છે પરંતુ કોર્ટમાં જુબાની દરમ્યાન સાહેદે આરોપીને ઓળખી બતાવેલો નથી, આ સાહેદ પાસેથી પતરા, ખીલી વેચાણ કર્યા બીલો રજૂ કરેલા નથી કે પોલીસે કબજે કરેલા પણ નથી, આ સાહેદ હિસાબી ચોપડા રાખે છે, આ આરોપીએ આ સાહેદની દુકાનેથી હાર્ડવેરનો સામાન ખરીદેલો હતો કે કેમ? તે સાબિત થતુ નથી, આ સાહેદ આરોપીની ઓળખ પરેડ માટે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ પાસે ગયા હતા અને જયાં બેઠા હતા તે જગ્યાએથી મેજિસ્ટ્રેટનો રૂમ દેખાતો હતો માટે આરોપીની ઓળખ શંકાસ્પદ છે, સાહેદ નં.૫૭૫ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટની જુબાનીની ચર્ચા આગળ ઉપર કરી છે માટે ફરીથી આ પુરાવાના ચર્ચા કરતા નથી. વધુમાં સાહેદ નં.૮૫૫ ની જુબાની ધ્યાને લેતાં ફરિયાદપક્ષના આક્ષેપ મુજબ આ સાહેદની દુકાનેથી આરોપીએ નટ બોલ્ટ ખરીદેલા છે, ૧૫ થી ૧૬ કિલો નટ બોલ્ટ અને વાયસર એક છોકરાને આપેલા પરંતુ બીલ આપેલુ નથી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ કોર્ટમાં તે છોકરાને ઓળખવા બોલાવેલા અને ઓળખ પરેડમાં ઓળખી બતાવેલા પરંતુ અદાલતમાં જુબાની દરમ્યાન આરોપીને ઓળખી બતાવતા નથી, મેજિસ્ટ્રેટ રૂબરૂ ઓળખેલા તે આરોપી નં.૬૩ છે ફજલે રહેમાન માટે કાંઇ કહ્યુ નથી, આ બાબતે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૭૭૫ની જુબાની ધ્યાને લેતાં જુબાનીના પાન નં. ૧૪ મુજબ સાહેદ નં.૮૫૫ જયેશ પટેલે ફજલે રહેમાનને ઓળખેલાનુ જણાવે છે, ખરેખર કોને ઓળખેલો? તે બાબતે સ્પષ્ટ વિરોધાભાસ છે, બે આરોપીની ઓળખ પરેડ સાહેદ નં.૮૫૫ સમક્ષ બે વખત શા માટે કરાવી? તેનો ખુલાસો ફરિયાદપક્ષ દ્વારા કરવામાં આવતો નથી, સાહેદ નં.૮૫૫ ની દુકાને આવેલા છોકરાને અબ્બાસભાઇએ એટેન્ડ કરેલો પરંતુ આ અબ્બાસભાઇને ફરિયાદપક્ષે સાહેદ તરીકે તપાસ્યા નથી, અબ્બાસભાઇ પાસે આરોપીની ઓળખ પરેડ કરાવેલી નથી, નટ બોલ્ટ આખા

ગુજરાતમાં વેચાય છે માટે આરોપી આજ દુકાનેથી આજ નટ બોલ્ટ ખરીદી ગયેલાની હકીકત પુરવાર થતી નથી, નટબોલ્ટ આરોપી નં.૪૫ ને આપેલા કે આરોપી નં.૬૩ ને આપેલા તે પુરવાર થતુ નથી, કેટલો માલ આપેલો? કેટલી સાઈઝનો આપેલો? તે પુરવાર થતુ નથી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટે નિયમોનુ પાલન કરીને ઓળખ પરેડ કરાવી નથી.

વધુમાં વિ.વ.શ્રી એલ.આર.પઠાણ ફરિયાદપક્ષ તર્ફે આરોપી નં.૪૫ વિરૂધ્ધ રજૂ થયેલા પુરાવા બાબતે દલીલો કરતા જણાવે છે કે સાહેદ નં.૯૬૨ ની જુબાની ધ્યાને લેતાં આ સાહેદ મેટ્રો શુઝ કંપનીમાં સુરત ખાતે નોકરી કરતા હતા, આવેલ ગ્રાહકને આ સાહેદે એટેન્ડ કરેલા, બુટ ખરીદ કર્યા અંગે બીલની ઝેરોક્ષ રજૂ છે જેને આંક આપેલો નથી, કોઈપણ બીલની કાર્બન કોપી હોય ઝેરોક્ષ નકલ ના હોય, કોઈ પણ ઝેરોક્ષ નકલ અસલ અથવા કાર્બન કોપી ઉપરથી નિકળે છે, તેનો અર્થ એવો થાય કે ઝેરોક્ષ બીલ અસલ ઉપરથી અથવા કાર્બન કોપી ઉપરથી કાઢેલી છે પરંતુ કાર્બન કોપી રજૂ કરી નથી માટે બીલની ઝેરોક્ષ ખોટી છે, આવનાર બે વ્યકિતના નામો આ સાહેદે પુછેલા તેમ જણાવે છે પરંતુ પોલીસને નામો જણાવેલા નથી, સાહેદ વધુમાં એમ પણ જણાવે છે કે પોલીસે બંનેના નામો જણાવેલા, આ સાહેદ સરતપાસ તેમજ ઊલટતપાસમાં વિરોધાભાસી હકીકતો જણાવે છે, આ સાહેદ રૂબરૂ આરોપીની ઓળખ પરેડ કરાવી નથી, આ સાહેદે આરોપીઓને કોર્ટમાં પણ ઓળખ્યા નથી. વધુમાં સાહેદ નં.૯૦૯ ની જુબાની ધ્યાને લેતાં આ સાહેદની હાજરીમાં આરોપીએ કોઇ નિવેદન આપેલુ નથી, આ સાહેદના કહેવા મુજબ વડોદરા પાર્સીંગની વેગનઆર ગાડીમાં એલ.પી.જી. ભરાવેલુ તેનુ બીલ આંક–૬૫૦૧ થી રજૂ કરેલુ છે જે બીલ કાર્બન કોપી છે, એક ભાઇ એલ.પી.જી.ભરાવવા આવેલા, આરોપી પુના મહારાષ્ટ્રના હતા, સુરતના રસ્તા ખબર ના હોય તેમ છતાં પોલીસ સ્ટેશનથી નિકળી વનાજ પંપ ઉપર ગયેલાનુ આ સાહેદ જણાવે છે પણ તે શકય નથી, આરોપીને રસ્તાની ખબર જ ન હતી માટે એવુ કહેવાય કે આરોપીએ રસ્તો બતાવેલો નથી, આ સાહેદની હાજરીમાં આંક–૬૫૦૨ વાળુ પંચનામુ થયુ નથી તેમજ આંક–૬૫૦૧

વાળી બીલ બુક પણ કબજે કરી નથી, આ સાહેદની જુબાનીના પેરા નં.૧૨ મુજબ ઑફિસેથી નિકળતા પહેલા આરોપી કઇ જગ્યાએ લઇ જવા માંગે છે તે જણાવેલુ નથી, આરોપી આ જગ્યા ઉપર લઇ ગયેલા તે બતાવવા આ સાહેદ સિવાય બીજો કોઇ પુરાવો નથી, ગાડીમાં એલ.પી.જી. પુરનાર કલ્પેશભાઇને ફરિયાદપક્ષે તપાસેલા નથી, આરોપી નં.૪૫ ને સંડોવતો આ સાહેદનો કોઇ પુરાવો નથી. વધુમાં સાહેદ નં.૯૧૮ ની જુબાની ધ્યાને લેતાં આ પંચ સાહેદ છે, ફરિયાદપક્ષના કેસ મુજબ આરોપી નં.૪૫ નાએ સુરતમાં માસ્તર હાઉસવાળુ મકાન ભાડે રાખેલુ તે મકાન બતાવેલુ, આ અંગેનુ પંચનામુ આંક–૬૫૪૪ થી રજૂ છે, પંચ સાહેદે આરોપીને કોર્ટમાં ઓળખેલા નથી, આ સાહેદની ઊલટતપાસ જોતાં આ સાહેદ ગુજરાતી લખી, વાંચી શકતા નથી અને પંચનામુ વાંચ્યુ નથી, પેરા નં.૭ મુજબ મકાનની રૂમના માલિક કોણ છે? તેની આ સાહેદને ખબર નથી, રૂમ ખોલેલો નથી તેમ જણાવે છે, મકાનના રૂમની ચાવી પોલીસે કે આરોપીએ બતાવેલી નથી, રૂમના માલિકની આ સાહેદને ખબર નથી જેથી આ સાહેદની હાજરીમાં માસ્તર હાઉસવાળા મકાન ઉપર આરોપીને લઇ ગયા જ નથી, માસ્તર હાઉસ વાળા મકાનના માલિક અને દિકરાને તપાસેલા છે તેમના કહેવા મુજબ રૂમ કયામુદ્દીને ભાડે રાખેલો છે પરંતુ આરોપી નં.૪૫ ને આપેલાનુ જણાવતા નથી, જયારે આ સાહેદ રૂમ આરોપી નં.૪૫ ને ભાડે આપેલાનુ જણાવે છે, મકાન માલિક અને દિકરાના નિવેદનો તા.૪–૯–૨૦૦૮ ના રોજ લેવામાં આવ્યા છે જેથી આ મકાનની જાણકારી પોલીસને હતી, આ મકાનનુ પંચનામુ નવેમ્બર–૨૦૦૮ માં કરેલુ છે માટે આરોપીએ મકાન બતાવ્યાનુ પંચનામુ ખોટુ બનાવેલુ છે, આરોપી નં.૪૫ અને ૬૩ વિરૂધ્ધ ફરિયાદપક્ષે ઘણા જ પુરાવા રજૂ કર્યા છે, આ સાહેદોનો સમગ્ર પુરાવો જોવાનો નથી પરંતુ ગુણવત્તા વાળો પુરાવો ધ્યાને લેવાનો છે.

વધુમાં સાહેદ નં.૪૫૯ ની જુબાની ધ્યાને લેતાં આ પંચ સાહેદ છે, ફરિયાદપક્ષના કેસ મુજબ આ સાહેદની હાજરીમાં આંક–૨૮૧૬ વાળી બીલબુક કબજે કરી છે, આ અંગેનુ પંચનામુ આંક–૨૮૧૭ થી રજૂ છે, આ બીલબુક સાહેદ

નં.૮૬૧ નાઓએ રજૂ કરી છે, આ સાહેદને પોલીસે જીન્દાલ સીલ્ક મિલ નામની દુકાને બોલાવેલા, આ સાહેદ સિકયુરીટી તરીકે નોકરી કરતા હતા. વધુમાં સાહેદ નં.૮૬૧ ની જુબાની ધ્યાને લેતાં આ સાહેદ દુકાન ઉપર હતા ત્યારે પોલીસ આવેલી, આ સાહેદના ભાગીદાર રાધેશ્યામભાઇ છે અને તેમણે એક ભાઇને કાપડ વેચેલુ હતુ પરંતુ આ સાહેદે કાપડ વેચેલુ નથી, પોલીસ રફીકને લઇને આવેલી કે તન્વીરને લઇને આવેલી તેની ખબર નથી, બીલ ઉપર દુકાનનો રજીસ્ટ્રેશન નંબર લખેલો ન હોવાનુ સાહેદ કબૂલ કરે છે, આ સાહેદ જુબાનીના પેરા નં.૮ માં જણાવે છે કે તેમણે પોલીસમાં બીલ બુક રજૂ કરી નથી, બીલબુક કોણે રજૂ કરેલી તે બાબતે સાહેદ નં.૪૫૯ તથા સાહેદ નં.૮૬૧ ની જુબાનીમાં વિરોધાભાસ છે, સરતપાસમાં જણાવેલા બીલ બુકના પાના અને ઊલટતપાસમાં જણાવેલ બીલ બુકના પાના બાબતે પણ વિરોધાભાસ છે જેથી એવુ કહી શકાય કે તપાસ કરનાર અધિકારીએ બીલ બુક બીજી છપાવીને દુરૂપયોગ કરેલો છે. વધુમાં સાહેદ નં. ૯૮૪ ની જુબાની ધ્યાને લેતાં જીન્દાલ સીલ્ક મિલ વાળા સાહેદ નં.૮૬૧ ના આ સાહેદ ભાગીદાર છે, આ સાહેદને પોલીસે તા.૨-૧૦-૨૦૦૮ ના રોજ આવીને પુછેલુ કે તમારી પાસેથી થોડા દિવસ પહેલા બે માણસો કાપડ લઇ ગયલા હતા? તેનો અર્થ એવો થાય કે પોલીસે સાહેદના મોંઢામાં જવાબ મુકી દીધો છે, કાપડ લઇ ગયેલા તેમને ઓળખી શકો? તેવુ પોલીસે આ સાહેદને પુછેલુ છે, આ જવાબ પણ મોંઢામાં મુકેલો છે, આ સાહેદ કહે છે કે રફીક નામના માણસને કાપડનુ બીલ આપેલુ પરંતુ સાહેદ નં.૯૬૧ ના પાડે છે કે બીલ આપેલુ નથી, આ સાહેદે જુબાની દરમ્યાન કાપડ ઓળખી બતાવેલુ છે, મુદ્દામાલ આર્ટીકલ વાળા કાપડના કલરમાં પણ વિરોધાભાસ છે, આ સાહેદ સમક્ષ આરોપીની ઓળખ પરેડ કરાવી છે, જુબાનીના પેરા નં.૬ મુજબ તા.૬-૧૦-૨૦૦૮ ના રોજ મેજિસ્ટ્રેટ રૂબરૂ આરોપીને ઓળખેલાનુ જણાવે છે, તા.૨૮-૮-૨૦૦૮ ના રોજ આ સાહેદ રાજસ્થાન થી સુરત આવેલા હતા અને ઓળખ પરેડ તા.૬-૧૦-૨૦૦૮ ના રોજ કરાવી છે, દોઢ મહીના પછી ઓળખ પરેડ કરાવી છે, આ સાહેદ મેજિસ્ટ્રેટ પાસે ગયા પછી ડમી માણસોને બોલવેલા છે,

મામલતદારે કહેલુ કે બે માણસોને ઓળખી શકશો જેથી સાહેદે "હા" પાડેલી, આવુ મામલતદારથી કહેવાય જ નહીં, આરોપી તન્વીરના નામની તેને ખબર જ ન હતી, ફરીથી એક માસ બાદ આ સાહેદે રફીકને ઓળખેલાનુ જણાવે છે, ઓળખ પરેડ ખોટી છે, આ સાહેદ રાજસ્થાન થી આવ્યા બાદ ૧૦ દિવસ પછી ઓળખ પરેડ માટે ગયેલા છે, તાત્કાલિક ઓળખ પરેડ કરાવી નથી, મેજિસ્ટ્રેટ પાસે લખવાની કામગીરી થતી હતી કે કેમ? તે આ સાહેદે જોયેલુ નથી, બે માણસો પૈકી રફીક નામ કોણે લખાવેલુ? તે આ સાહેદ કહી શકે નહીં, મામલતદારે કે પોલીસે ઓળખ માટે જવાની આ સાહેદને જાણ કરી નથી તો આ સાહેદ દોઢ મહીના બાદ કેવી રીતે ઓળખ માટે ગયા? તેનો કોઇ ખુલાસો નથી, આરોપી નં. ૪૫ સામેનો કેસ પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ જાય છે.

વધુમાં વિ.વ.શ્રી એલ.આર.પઠાણ ફરિયાદપક્ષ તર્ફે આરોપી નં.૬૩ વિરૂધ્ધ રજૂ થયેલા પુરાવા બાબતે દલીલો કરતા જણાવે છે કે આરોપીએ જગ્યાઓ બતાવ્યા બાબતે સાહેદ નં.૪૫૧ ને તપાસી આંક–૨૭૯૪થી પંચનામુ રજૂ કરેલુ છે અને સાહેદ નં.૧૦૯૪ ને તપાસી આંક–૭૬૯૨થી પંચનામુ રજૂ કરેલુ છે, સાહેદ નં.૧૦૨૧, ૧૦૨૩, ૧૦૨૪, ૧૦૨૫, ૪૬૪ તરીકે તપાસેલા સાહેદો ટેલીફોનને લગતા સાહેદો છે, સાહેદ નં.૧૦૪૩ રૂબરૂ આરોપી નં.૧૪ નાએ જગ્યા બતાવેલી છે, સાહેદ નં.૮૧૩, ૮૧૫ અને ૪૫૨ રૂબરૂ આરોપીએ બોમ્બ જે જગ્યાએ ફેંકેલો તે જગ્યાઓ બતાવેલી છે, નટબોલ્ટ જેની દુકાનેથી ખરીદ કરેલા તે દુકાનદારોને સાહેદ નં.૮૫૫, ૪૫૫, ૫૭૬ તરીકે તપાસેલા છે આ સાહેદોના પુરાવા અંગે આરોપી નં.૪૫ માં વિગતવાર ચર્ચા કરેલી છે, કહેવાતુ કાપડ જે જગ્યાએથી ખરીદ કરેલુ તે અંગે સાહેદ નં.૪૫૯, ૮૬૧, ૯૮૪, ૫૭૫ નાઓને તપાસેલા છે જેઓના પુરાવા અંગે આરોપી નં.૪૫ માં વિગતવાર ચર્ચા કરેલી છે, સાહેદ નં.૧૧૨૩, ૮૫૩ ના પુરાવા અંગે પણ આરોપી નં.૪૫ માં વિગતવાર ચર્ચા કરેલી છે, સાહેદ નં.૧૧૨૩ ના પુરાવા અંગે પણ આરોપી નં.૪૪ માં વિગતવાર ચર્ચા કરી છે. વધુમાં સાહેદ નં.૧૦૯૪ ની જુબાની ધ્યાને લેતાં તા. ૨૬–૮–૨૦૦૮ ના રોજ આરોપીને આ સાહેદની હાજરીમાં અટક કરેલો,

આરોપીના પાકીટમાંથી નીકળેલ વસ્તુ પરત આપી દીધી છે જપ્ત કરી નથી. વધુમાં સાહેદ નં. ૧૧૩૬ ની જુબાની ધ્યાને લેતાં આ સાહેદ સમક્ષ આરોપી નં.૬૩ ને તા.૨૬–૮–૨૦૦૮ ના રોજ રજૂ કરી અટક કરેલો છે. સાહેદ નં.૪૫૧ ની જુબાની ધ્યાને લેતાં આ પંચ સાહેદની હાજરીમાં આરોપી નં.૬૩ નાએ જગ્યા બતાવી છે, આરોપીનુ નામ સાહેદ નં.૧૧૬૩ નાએ આપેલુ છે, આરોપીએ કઇ માહીતી આપેલી તે આ સાહેદ જણાવતા નથી, આરોપી તથા તપાસ કરનાર અધિકારી સાથે ગાડીમાં બેસીને જુદી–જુદી કુલ–૧૯ જગ્યાઓ ઉપર ગયાનુ આ સાહેદ જણાવે છે તે અંગેનુ પંચનામુ આંક–૨૭૯૪ થી રજૂ છે, આ પંચનામુ તા.૨૭–૮–૨૦૦૮ ના રોજ રાત્રીની સમયે બનાવેલુ છે અને સવારના સમયે પુરૂ કર્યું છે, આ તમામ જગ્યાઓ ઉપરથી બોમ્બ મળેલા હતા તેવો ફરિયાદપક્ષનો કેસ છે, આ બનાવોની એફ.આઇ.આર. આરોપીને અટક કરતા પહેલા નોંધાયેલી હતી જેથી બોમ્બ વાળી જગ્યાઓની માહીતી તપાસ કરનાર અધિકારીને હતી, તપાસ કરનાર અધિકારીને જગ્યાની માહીતી ના હોય અને આરોપી જગ્યા બતાવે અને તે અંગે પંચનામુ થાય તો તે પુરાવામાં ગ્રાહ્ય છે, આ કેસમાં આરોપીની અટક કરતા પહેલા જગ્યાઓની માહીતી તપાસ કરનાર અધિકારીને હતી માટે આ પંચનામુ પુરાવામાં ગ્રાહ્ય નથી ફકત આજ કારણસર આ પંચનામુ વંચાણે લેવાય નહીં. સાહેદ નં.૧૧૩૬ ની જુબાનીના પેરા નં.૫ મુજબ બોમ્બ મળ્યા પછી જગ્યાઓની વિઝીટ કરેલાનુ જણાવે છે જેથી આ તમામ જગ્યાઓ તપાસ કરનાર અધિકારીએ જોયેલી હતી માટે આ પંચનામાનુ કોઇ પુરાવાકીય મુલ્ય નથી, સાહેદ નં.૧૦૨૧, ૧૦૨૩, ૧૦૨૪ અને ૧૦૨૫ ની જુબાનીઓ ધ્યાને લેતાં આ ચારેય સાહેદો રૂબરૂ ટેલીફોન વાળી જગ્યાઓ આરોપી નં.૧૪ નાએ બતાવેલી છે, ફરિયાદપક્ષનો કેસ એવો છે કે આરોપી નં.૧૪ નાએ આ ટેલીફોનો ઉપરથી આરોપી નં.૬૩ ને ફોન કરેલા છે, આરોપી નં.૬૩ નાએ કોઇ ફોન કરેલા નથી પરંતુ આરોપી નં.૬૩ ને ગુનામાં સંડોવવા માટે આ સાહેદો તપાસેલા છે, આ સાહેદોની જુબાનીઓ ધ્યાને લેતાં તેઓ કહેતા નથી કે આરોપી નં.૧૪ નાએ આરોપી નં.૬૩ ને ફોન કરેલા. વધુમાં સાહેદ નં.૪૬૪ ની જુબાની ધ્યાને લેતાં આ

પંચ સાહેદની હાજરીમાં આરોપીએ ટેલીફોનવાળી જગ્યા બતાવી છે તેવો ફરિયાદપક્ષનો કેસ છે, આરોપી નં.૬૩ નાએ આ સાહેદની હાજરીમાં કોઇ માહીતી આપી નથી, આ જગ્યા બતાવતુ પંચનામુ આંક–૨૮૫૧થી રજૂ છે, આ સાહેદે જુબાની દરમ્યાન આરોપીને ઓળખી બતાવેલ નથી, આ ટેલીફોન વાળી જગ્યાઓ ઉપર ટેલીફોનનુ અસ્તિત્વ હતુ કે કેમ? ત્યાંથી ફોન થયેલા કે કેમ? તે હકીકત સાબીત થતી નથી, આરોપી નં.૬૩ ને ટેલીફોન દ્વારા સાંકળતો કોઇ પુરાવો નથી, સાહેદ નં.૪૫૦ ની જુબાની ધ્યાને લેતાં આરોપી નં.૬૩ ને કોઇ પણ રીતે ગુનામાં સંડોવતા નથી, ચોક્કસ તારીખે આરોપી નં.૧૪ નાએ આરોપી નં.૬૩ ને ફોન કરેલાનુ માની લઇએ તો પણ તે ફોન ગેરકાયદેસરની પ્રવૃતિ માટે કરેલા છે તેવુ કહી શકાય નહીં.

વધુમાં વિ.વ.શ્રી એલ.આર.પઠાણ દલીલો કરતા જણાવે છે કે સાહેદ નં.૪૫૨ ની જુબાની ધ્યાને લેતાં આરોપીએ ક્રોઝવે ઉપરથી નદીમાં પાઇપ બોમ્બ ફેંકી દીધેલો તે જગ્યાએ ફાયર બ્રિગેડવાળાઓએ તપાસ કરેલી તે અંગે કરવામાં આવેલ પંચનામાના આ પંચ સાહેદ છે, આ કેસોમાં કયાંય પાઇપ બોમ્બનો ઉપયોગ થયો નથી, પંચ સાહેદની જુબાનીના પેરા નં.૩ મુજબ આ પંચ સાહેદ રીક્ષા ચલાવે છે, પંચ ટ્રાફિક પોલીસને ઓળખે છે, પંચ સાહેદ પાસે બેઇઝ નથી બેઇઝ વગર રીક્ષા ચલાવે છે, ટ્રાફિક પોલીસ ઓળખે છે તેવા વ્યકિતને પંચ તરીકે લીધા છે જેથી આ પંચ વિશ્વાસપાત્ર પંચ ના કહેવાય, આ પંચ સાહેદ ઉપર પોલીસનો અંકુશ હતો, કઇ જગ્યા ઉપર બોમ્બ નાંખેલો તે જગ્યા જણાવેલી નથી, આંક–૨૭૯૬ ના પંચનામામાં આ જગ્યા બતાવી દીધી છે પછી ફરીથી આ જગ્યાનુ શા માટે પંચનામુ બનાવ્યુ? વધુમાં સાહેદ નં.૮૧૩ ની જુબાની ધ્યાને લેતાં કોઝ વે પુલ ઉપર આ સાહેદને જવાનુ જણાવતા કોઝ વે પુલ ઉપર ગયેલા, શોધખોળ કરવાની જગ્યા પોલીસે બતાવેલી છે, ચોક્કસ જગ્યાનો ઉલ્લેખ પંચ સાહેદ જણાવતા નથી, ફાયર બ્રિગેડ વાળા સ્થળ ઉપર ગયા અને શોધખોળ કરી તે અંગે તેમની મૌખિક જુબાની સિવાય બીજો કોઇ દસ્તાવેજી પુરાવો નથી. વધુમાં સાહેદ નં.૮૧૫ ની જુબાની ધ્યાને લેતાં આ સાહેદ પણ સાહેદ નં.૮૧૩ જેવી જ

જુબાની આપે છે, પાઈપ બોમ્બ મળી આવેલો નથી, કલમ–૨૭ મુજબનુ પંચનામુ પુરાવામાં ત્યારે જ ગ્રાહ્ય છે કે જયારે ગુનામાં સાંકળતી કોઇ વસ્તુ મળે, પાઇપ બોમ્બની ડિસ્કવરી થઇ હોત તો પણ આ ગુનાઓ સાથે સાંકળી શકાય નહીં કારણ કે સુરત અને અમદાવાદના ગુનાઓમાં પાઇપ બોમ્બનો ઉપયોગ થયો જ નથી, આ પુરાવો આરોપી નં.૬૩ ને ગુના સાથે સાંકળતો નથી. વધુમાં સાહેદ નં.૪૬૭, ૮૧૪, ૮૬૨ મોબાઇલને લગતા સાહેદો છે, સાહેદ નં.૮૧૪ ની જુબાની ધ્યાને લેતાં આ સાહેદને ધાસ્તીપુરા ખાડી પાસે પોલીસની મદદ માટે મોકલતા ત્યાં ગયેલા, તન્વીરે ખાડીમાં જગ્યા બતાવેલી તેમાં ઉતરીને ચાર માણસોએ મોબાઇલની શોધખોળ કરેલી તેમ જણાવે છે, આ સાહેદ સ્વીમીંગ જાણતા નથી તેમ છતાં ખાડીમાં મોબાઇલ શોધવા ગયેલા છે, દર ૧૫ દિવસે ખાડીની સફાઇ કરે છે પરંતુ જયારે શોધવા ગયા ત્યારે ૧૫ દિવસ થયેલા ન હતા, આ સાહેદને શું કામગીરી કરવાની છે તેની અગાઉથી જ ખબર હતી. વધુમાં સાહેદ નં.૪૬૭ તરીકે પંચ સાહેદને તપાસેલા છે, આ સાહેદ કોન્ટ્રાકટરનુ કામ કરે છે મોબાઇલ શોધવાની કામગીરી આ સાહેદની હાજરીમાં થયેલાનુ જણાવે છે, આ અંગે આંક–૨૮૬૦ થી રજૂ થયેલુ પંચનામુ બનાવેલુ, મોબાઇલ ફોન મળી આવેલો નથી, આ જગ્યા પંચનામામાં બતાવી દીધી છે પછી પંચનામામાં આરોપીએ રસ્તો બતાવવાનુ શા માટે કહ્યુ ? સીધા ત્યાં જ પહોંચી જવાયને, આરોપીએ પાણીમાં પથ્થર નાંખીને જગ્યા બતાવેલી તેવી હકીકત પંચનામામાં છે પરંતુ આ પંચ સાહેદ પોતાની જુબાનીમાં આ હકીકત જણાવતા નથી, પંચ સાહેદ જણાવે છે કે ફોટોગ્રાફર પણ સાથે હતા પરંતુ તેમને તપાસેલા નથી, વીડિયોગ્રાફરને પણ તપાસ્યા નથી, સ્થળ ઉપર મોબાઇલ ફોનની તપાસ કરેલી તેનો ઉત્તમ પુરાવો વીડિયોગ્રાફી છે પરંતુ વીડિયોગ્રાફી આ કામે રજૂ કરી નથી માટે અનુમાન થાય કે મોબાઇલ ફોન શોધવાની કામગીરી કરી નથી. સાહેદ નં.૮૬૨ ની જુબાની ધ્યાને લેતાં આ સાહેદની દુકાને આરોપી નં. ૬૩ નોકરી કરતા હતા અને ફોન આરોપી નં.૬૩ ને વાપરવા આપેલો જે ફેંકી દીધેલો તેવી હકીકત છે, આ સાહેદે ત્રણ વર્ષ સુધી મોબાઇલ ફોન આરોપી નં.૬૩ ને વાપરવા આપેલો

હતો, આ મોબાઈલ ફોન આ સાહેદે ખરીદેલો ન હતો પરંતુ વાહન ખરીદેલુ તેની સ્કીમમાં આ મોબાઈલ ફોન મળેલો હતો, આ સાહેદ પાસે મોબાઈલની વિગત દર્શાવતો પુરાવો નથી, મોબાઈલનુ બીલ રૂા.૧૫૦/– સુધીનુ આ સાહેદની પેઢી માંથી ભરાયેલુ હતુ તે બીલ ભર્યાનો પુરાવો પોલીસને આપેલો નથી, આ સાહેદે આરોપીને વાપરવા આપેલ ફોનનો નંબર સાહેદને યાદ નથી, આ ફોનનો નાશ થઈ ગયેલો છે માટે આરોપી આ ફોન દ્વારા કોઈ બીજા આરોપીના સંપર્કમાં રહેલા હોય તેવુ કહી શકાય નહીં, આ ફોનનો ઉપયોગ આરોપીએ ગુનાહિત કૃત્ય કરવા માટે કર્યો હોય તેવો પુરાવો નથી.

વધુમાં સાહેદ નં.૮૫૩ ની જુબાની ધ્યાને લેતાં આ સાહેદને પંડોલ એરીયામાં પોલીસે બોલાવેલા અને એક ઘરમાં લઈ ગયેલા અને ત્યાંથી એક સ્વીચ બોર્ડ આ સાહેદે પોલીસને કાઢી આપેલુ, આ સિવાય આ સાહેદ વધુ કાંઈ જણાવતા નથી, કયા મકાનમાંથી સ્વીચ બોર્ડ કાઢેલુ તે મકાનની ઓળખ થતી નથી, પોલીસ આ સ્વીચ બોર્ડ કયાં લઈ ગયેલી તેની પણ આ સાહેદને ખબર નથી, આ બોર્ડ અને આરોપી નં.૬૩ ને શું લેવા,દેવા છે? તે અંગે કોઈ પુરાવો રેકર્ડ ઉપર નથી, આ સ્વીચ બોર્ડ કબજે કર્યા અંગે કોઈ પંચનામુ કરવામાં આવેલુ નથી. વધુમાં સાહેદ નં.૪૫૦ ની જુબાની ધ્યાને લેતાં આ પંચ સાહેદ છે, વનાજ પેટ્રોલ પંપ ઉપરથી બીલ બુક પંચનામાની વિગતે કબજે કરેલી તે અંગેનુ પંચનામુ આંક–૨૭૮૯થી ૨જૂ છે. વધુમાં સાહેદ નં.૪૫૪ ની જુબાની ધ્યાને લેતાં આ પણ પંચ સાહેદ છે, આ સાહેદની હાજરીમાં મોટર સાઈકલ કબજે કરેલી જે અંગેનુ પંચનામુ આંક–૨૮૦૧ થી ૨જૂ છે, ફરિયાદપક્ષે આક્ષેપ એવો છે કે આરોપી મોટર સાઈકલ ઉપર બેસીને નદીમાં પાઈપ બોમ્બ ફેકવા ગયેલા. પરંતુ પાઈપ બોમ્બ જ ગુના સાથે સંકળાયેલો નથી તો મોટર સાઈકલ કબજે કરવાનો કોઈ અર્થ નથી. વધુમાં સાહેદ નં.૪૫૬ ની જુબાની ધ્યાને લેતાં આ સાહેદ માસ્ટર હાઉસ વાળુ મકાન બતાવ્યા અંગે કરવામાં આવેલ પંચનામાના પંચ સાહેદ છે અને આંક–૨૮૦૬થી પંચનામુ ૨જૂ છે, આરોપીનુ નામ તન્વીર પઠાણ પોલીસે જણાવેલુ હતુ, સાહેદે આરોપીનુ નામ પુછેલુ પરંતુ તે કાંઈ બોલેલો નહીં માટે આરોપીએ

કોઇ જ માહિતી આપેલી ન હતી, આ મકાન આ આરોપીએ ભાડે રાખ્યુ નથી, આરોપી આ મકાનમાં રહેતો હતો તેવો કોઇ પુરાવો નથી, આ મકાનનુ તાળુ તોડી રૂમમાં ગયેલા પરંતુ રૂમમાંથી કોઇ વસ્તુ મળી આવી નથી તેમ સાહેદ જણાવે છે, તાળુ તોડવાની સત્તા નથી તેમ છતાં પોલીસે કાયદો હાથમાં લઇ તાળુ તોડેલુ છે. વધુમાં સાહેદ નં.૪૬૩ ની જુબાની ધ્યાને લેતાં આ સાહેદની હાજરીમાં આરોપી નં. ૬૩, ૬૪ નાએ રૂબી કોમ્પલેક્ષ પાછળ નટરાજ કમ્પાઉન્ડ ખાતે આવેલુ ઘર બતાવ્યા અંગે કરવામાં આવેલ પંચનામાના પંચ સાહેદ છે, આંક–૨૮૪૯ થી પંચનામુ રજૂ છે, આ મકાનમાંથી નોટબુક તથા ગેસનો સીલીન્ડર મળેલો જે પંચનામાની વિગતે કબજે કરેલો છે, મકાનની માલિકી સંબંધેનુ કોઇ બોર્ડ જોયેલુ નહીં તેમ સાહેદ જણાવે છે, મકાનમાંથી મળી આવેલ ગેસ સીલીન્ડરનો ઉપયોગ સુરતના ગુનામાં થયો નથી, નોટબુકમાં જે લખાણ છે તે લખાણને આ ગુના સાથે સાંકળી શકાય નહીં, બોલવાની દરેકને સ્વતંત્રતા છે, બોલવાની સ્વતંત્રતા છીનવી લેવાય નહીં, ગેસ સીલીન્ડર દરેકના ઘરમાં હોય અને તેના વિના કોઇ પણ ઘરમાં કોઇપણ વ્યકિત ખાવાનુ બનાવી શકે નહીં, ગેસ સીલીન્ડર જરૂરી અને આવશ્યક વસ્તુ છે.

વધુમાં સાહેદ નં.૮૫૯ ની જુબાની ધ્યાને લેતાં ફરિયાદપક્ષના આક્ષેપ મુજબ આ સાહેદની દુકાનેથી આરોપી નં.૬૩ નાઓ ગાડીનુ કવર ખરીદીને લઇ ગયેલા પરંતુ બીલ આપેલુ નથી, ગાડીનુ કવર આ સાહેદની દુકાનેથી આરોપીએ ખરીદેલુ હતુ તે ઓળખી બતાવે છે પરંતુ આ કવર ખોટી રીતે ઓળખી બતાવ્યુ છે, કવર વેચાણનુ બીલ આપેલુ કે કેમ? તે સાહેદને યાદ નથી, કબજે કરેલ ગાડીનુ કવર પોલીસ સ્ટેશનમાં ઓળખી બતાવ્યુ નથી, આ સાહેદ કહી શકે નહીં કે આ કવર તેની દુકાનનુ છે. વધુમાં સાહેદ નં.૯૬૨ ની જુબાની ધ્યાને લેતાં આ સાહેદ મેટ્રો સુઝ કંપનીમાં નોકરી કરતા હતા, આરોપીને એટેન્ડ કરનાર તલાભાઇ હતા, આ સાહેદે આરોપી નં.૪૫ ને એટેન્ડ કરેલા નથી. વધુમાં સાહેદ નં.૪૪૬ ની જુબાની ધ્યાને લેતાં આ પંચ સાહેદ છે, સાહેદના કહેવા પ્રમાણે આરોપી નં.૬૩ નાએ ભાડે અપાવેલ મકાન તે બતાવવા માંગતો હતો

જેથી મકાન ઉપર ગયેલા, મકાનમાંથી છરા, કાતર, બોલ્ટ વિગેરે સામાન મળેલાનુ જણાવે છે, પંચનામુ આંક–૨૭૫૭ થી રજૂ છે, સાહેદ રમેશભાઇ દ્વારા લાઇટનુ બોર્ડ કઢાવેલાનુ જણાવે છે, છરા સિવાય બધી જ વસ્તુ ઘરવપરાશની વસ્તુ છે, છરા તથા નટ બોલ્ટ સીલ કરીને કબજે કરેલા, બાકીની વસ્તુઓ કાપડમાં વીટીને કબજે કરી છે, આ સાહેદે આરોપીને કોર્ટમાં ઓળખી બતાવેલા છે, મુદ્દામાલ સેલોટેપ હતી કે કેમ? તે જુબાનીમાં જણાવતા નથી પરંતુ મુદ્દામાલ બતાવતા તેમાંથી સેલોટેપ પણ ઓળખી બતાવી છે, રીવરવ્યુ વાળુ મકાન આરોપી નં.૬૩ નાએ ભાડે રાખેલાનુ પુરવાર થતુ નથી, આ મકાન આરોપી નં. ૬૩ ના કબજામાં ન હતુ. વધુમાં સાહેદ નં.૪૫૮ ની જુબાની ધ્યાને લેતાં આ સાહેદના કહેવા પ્રમાણે કમલા હાર્ડવેરના માલિક સાહેદ નં.૮૫૫ નાઓએ નટબોલ્ટ રજૂ કરેલા જે નટ બોલ્ટ આ પંચ સાહેદની હાજરીમાં આંક–૨૮૫૪ ના પંચનામાની વિગતે કબજે કરેલા હતા, આ નટબોલ્ટની ઓળખ અંગે કોઇ નિશાની કરવામાં આવી નથી તેમ સાહેદ જણાવે છે જેથી આ સાહેદની હાજરીમાં નટ–બોલ્ટ કબજે કરેલા તેજ ગુનામાં વપરાયેલા કે કેમ? તે કહી શકાય નહીં.

વધુમાં વિ.વ.શ્રી એલ.આર.પઠાણ ફરિયાદપક્ષ તર્ફે આરોપી નં.૬૫ વિરૂધ્ધ રજૂ થયેલા પુરાવા બાબતે દલીલો કરતા જણાવે છે કે સાહેદ નં.૧૧૪૭ તરીકે પંચ સાહેદ તપાસેલા છે અને આંક–૮૨૫૧ અને ૮૨૫૨ થી પંચનામુ રજૂ કરેલુ છે, આંક–૮૨૫૧ નુ પંચનામુ ફોટોગ્રાફ બતાવીને આરોપીઓ ઓળખવા અંગેનુ છે, આંક–૮૨૫૨ નુ પંચનામુ આરોપીએ વાઘમોન કેમ્પની જગ્યા બતાવેલી તે અંગેનુ છે. સાહેદ નં.૧૧૪૭ કેરાલાના છે, અંગ્રેજી થોડી ઘણી જાણે છે બીજી ભાષા તેમને આવડતી નથી, આરોપી નં.૬૫ મધ્યપ્રદેશના છે તેને હિન્દી સિવાય બીજી ભાષા આવડતી નથી, આંક–૮૨૫૧ નુ પંચનામુ પુરાવામાં ગ્રાહ્ય છે કે કેમ? તે પ્રશ્ન નામદાર હાઇકોર્ટ સમક્ષ પેન્ડીંગ છે, વર્ચ્યુલી કુલ–૨૬ આરોપીઓ વાઘમોન મુકામે હાજર હતા તેવુ કહેવાય, એક આરોપીને બીજા આરોપીઓના ફોટા બતાવીને ઓળખ કરાવી છે, આ પંચનામુ પુરાવામાં ગ્રાહ્ય નથી, આંક–૮૨૫૧ ના પંચનામામાં ફોટાઓની પાછળ પંચોની સહી લીધી નથી

તેવુ પંચ સાહેદ કબૂલ કરે છે, જે ૨૧ આરોપીઓના ફોટા ઓળખ્યા તે કયા આરોપીઓ છે તેના નામો નથી, પંચનામા વખતે એક અનીલકુમાર હાજર હતા તે અનીલકુમાર કોણ? તેઓને ફરિયાદપક્ષે સાહેદ તરીકે તપાસ્યા નથી, અનીલ કુમારે જે ૨૬ ફોટા ઓળખી બતાવેલા તેની ઉપર કોઇ નિશાની નથી કે અનીલ કુમારની સહી લીધી નથી, સાહેદની જુબાનીના પેરા નં.૩ મુજબ આ સાહેદને વાઘમોન કેમ્પવાળી જગ્યા આરોપી નં.૬૫ નાએ બતાવેલી તેવો આક્ષેપ છે, ટ્રેનીંગ વાળી જગ્યા યુનુસે બતાવી નથી પરંતુ સાહેદના મોંઢામાં જવાબ મુકીને પ્રશ્ન પુછેલો છે માટે આ જગ્યા યુનુસે બતાવેલી તેમ સાહેદ જણાવે છે, સાહેદ ત્રણ અલગ–અલગ જગ્યા બતાવ્યાનુ કહે છે પરંતુ તે જગ્યાઓના નામો આપેલા નથી, આરોપી સાથે પંચ સાહેદને કોઇ વાતચીત થઇ નથી કે આરોપીએ કોઇ માહિતી આપી નથી, જે જગ્યા બતાવી તે વસ્તી વાળી જગ્યાઓ છે, રોડની આજુબાજુ નાની નાની દુકાનો છે જે કાયમી ધોરણે છે તે લોકોને તપાસ્યા નથી, મલીયાલમ ભાષા જાણવા વાળા ભાઇએ અંગ્રેજીમાં પંચનામુ લખાવેલુ છે, પંચ તથા તપાસ કરનાર અધિકારીએ પંચનામુ લખ્યુ નથી, પોલીસવાળા ભાઇએ જે લખાવેલુ તે સાચુ જ લખાવેલુ કે કેમ? તે બાબતે પંચનામુ લખાવનાર પોલીસ વાળા ભાઇને તપાસ્યા નથી, સાહેદે પંચનામામાં સહી કરી ત્યાંથી પાઇનવેલી ચાલતા જવામાં ૨૦ થી ૨૫ મિનિટ થાય તેમ સાહેદ જણાવે છે જેથી આ પંચનામુ સ્થળ ઉપર જઇને બનાવેલુ નથી, આ બનાવ અંગેનો કેસ આ આરોપી સામે અન્ય રાજયમાં થયેલો હતો અને તે કેસ ચાલેલો છે માટે તે પંચનામુ આ કેસમાં રીલેવન્ટ નથી અને રીલેવન્ટ માનીએ તો આ પંચનામુ આ કેસમાં સાબિત થતુ નથી, આજ બનાવનો ટ્રાયલ ફરીથી ના ચાલે આ અંગે ક્રિ.પ્રો.કોડ કલમ–૩૦૦ નો બાધ છે, આંક–૮૨૫૪ થી ૨જૂ પંચનામુ આજ જગ્યાનુ છે જે તા.૧૯–૧૧–૨૦૦૮ ના રોજ બનાવેલુ છે, આરોપી નં.૧૩ નાએ આ જગ્યા બતાવેલી હતી, આ પંચનામુ તપાસ કરનાર અધિકારી મયુર ચાવડાએ બનાવેલુ હતુ, આંક–૮૨૫૪ થી ૨જૂ પંચનામુ આરોપી નં.૧૩ નાએ જગ્યા બતાવતા તા.૧૯–૧૧–૨૦૦૮ ના રોજ બનાવેલુ છે અને આંક–૮૨૫૨થી ૨જૂ પંચનામુ આરોપી

નં.૬૫ નાએ જગ્યા બતાવતા તા.૧૩–૧–૨૦૧૦ ના રોજ બનાવેલુ છે, આ બંને પંચનામા તપાસ કરનાર અધિકારી મયુર ચાવડાએ બનાવેલા છે, મયુર ચાવડાને આ જગ્યાની માહિતી હતી જ, આ પંચનામામાં પ્રાથમિક પંચનામુ બનાવેલુ નથી, આ સિવાય આરોપી નં.૬૫ સામે બીજો કોઇ પુરાવો નથી.

વધુમાં વિ.વ.શ્રી એલ.આર.પઠાણ ફરિયાદપક્ષ તર્ફે આરોપી નં.૬૬ વિરૂધ્ધ રજૂ થયેલા પુરાવા બાબતે દલીલો કરતા જણાવે છે કે સાહેદ નં.૧૦૬૮ સિવાય આરોપી નં.૬૬ વિરૂધ્ધ બીજો કોઇ પુરાવો નથી, આ સાહેદ પંચ સાહેદ છે, આ પંચ સાહેદની હાજરીમાં આરોપી નં.૬૬ નાઓએ પાવાગઢ કેમ્પવાળી જગ્યા બતાવેલી છે, આંક–૭૨૫૨ થી રજૂ પંચનામુ પાછળથી બનાવેલુ છે, સાહેદ નં. ૧૦૬૮ ની જુબાની ધ્યાને લેતાં સ્થળ ઉપર ગયા વિના જ આ પંચનામુ બનાવેલુ છે, આંતકવાદી તાલીમ લીધેલી તેવુ પોલીસે આ સાહેદને કહેલુ છે સાહેદે આરોપીને પુછેલુ નથી, કઇ જગ્યાએ આરોપી લઇ જવા માંગતા હતા તે જગ્યાનુ નામ આરોપીએ આપ્યુ હોય તેવુ આ સાહેદ જણાવતા નથી, જુબાનીના પાન નં. ૩ મુજબ મહાદેવના મંદિરે આરોપીએ ગાડી ઉભી રખાવેલાનુ સાહેદ જણાવે છે પરંતુ મંદિર પાસે ગાડી જાય તેમ નથી, આ જગ્યા ઉપર ગાડી જાય તેમ જ નથી કારણકે ત્યાં રોડ નથી, આ સાહેદ ઊલટતપાસમાં જણાવે છે કે કુવા ઉપર તથા દરગાહ ઉપર બે–ત્રણ, બે–ત્રણ મિનિટ ઉભા રહેલા જેથી સ્પષ્ટ છે કે આ સાહેદ પાવાગઢ ગયા જ નથી માટે આંક–૭૨૫૨ વાળુ પંચનામુ જે, તે સ્થળો ઉપર બનાવ્યુ જ નથી, આ સાહેદ રોડ ઉપર રીક્ષા રીપેર કરે છે પોલીસે તેનુ ઘર જોયેલુ છે, રીક્ષા રીપેરીંગ માટે ગેરેજ ઉપર આવેલી, સાહેદ તેના ઘરે જાણ કર્યા વિના આખો દિવસ પોલીસ સાથે નિકળી ગયેલા તે માની શકાય તેમ નથી, આ સાહેદ કહે છે કે પંચનામુ ચાવડા સાહેબે તેમના હસ્તાક્ષરમાં લખેલુ પરંતુ તપાસ કરનાર અધિકારી મયુર ચાવડા તેમની જુબાનીમાં જણાવતા નથી કે આ પંચનામુ તેમના હસ્તાક્ષરમાં લખેલુ છે, આ સાહેદ એકમિનાર મસ્જિદનુ નામ પણ જણાવતા નથી ફકત મસ્જિદ કહે છે, પહેલા દરગાહ આવે, મસ્જિદ આવે, વાવ આવે ત્યાર બાદ પાવાગઢ જવાય પરંતુ સાહેદ પહેલા મસ્જિદ પછી વાવ અને

પછી દરગાહ ઉપર ગયેલાનુ જણાવે છે, આ પંચનામા સિવાય આરોપી નં.૬૬ સામે બીજો કોઇ પુરાવો નથી.

વધુમાં વિ.વ.શ્રી એલ.આર.પઠાણ ફરિયાદપક્ષ તર્ફે આરોપી નં. ૬૯, ૭૦ વિરૂધ્ધ રજૂ થયેલા પુરાવા બાબતે દલીલો કરતા જણાવે છે કે સાહેદ નં. ૯૮૦ ની જુબાની ધ્યાને લેતાં આ સાહેદ ગાડીના માલિક છે જેઓએ ગાડી ચોરાયાની ફરિયાદ આપેલી છે જે ફરિયાદ આંક–૬૬૩૨ થી રજૂ છે અને ગાડીના દસ્તાવેજો આંક–૬૬૩૩ થી રજૂ છે, ગાડી ચોરાયા પછી આ સાહેદને કોઇએ ગાડી બતાવી નથી. વધુમાં સાહેદ નં.૧૦૪૫ ની જુબાની ધ્યાને લેતાં આ સાહેદ ગાડીના માલિક છે ગાડી ચોરાયાની જે ફરિયાદ આપેલી તે આંક–૭૦૬૭ થી રજૂ છે અને ગાડીના દસ્તાવેજો આંક–૭૦૬૮ થી રજૂ છે, ગાડી બાબતે કોર્ટમાં શું કાર્યવાહી થયેલી તેની આ સાહેદને ખબર નથી. વધુમાં સાહેદ નં.૧૦૪૬ ની જુબાની ધ્યાને લેતા આ સાહેદ ગાડીના માલિક છે, ગાડી ચોરાયાની જે ફરિયાદ આપેલી તે આંક–૭૦૭૦ થી રજૂ છે, ગાડીના દસ્તાવેજો આંક–૭૦૭૧થી રજૂ છે, ગાડી ચોરીના કેસમાં આવેલ ચુકાદો આંક–૭૦૭૨ થી રજૂ છે, ફરિયાદપક્ષના કેસ મુજબ ચારેય ગાડીઓના નંબરો બદલીને સુરત અને અમદાવાદના ગુનામાં આ ગાડીઓનો ઉપયોગ થયેલો છે, આ ગાડીઓ મુંબઇથી ચારાઇને સુરત અને અમદાવાદ કેવી રીતે આવેલી? તે અંગેનો પુરાવો મહત્વનો છે, આ અંગે સાહેદ નં.૯૮૫, ૯૮૨, ૧૦૭૮, ૪૬૬, ૧૧૧૩ મહત્વના સાહેદો છે. સોપ્રથમ સાહેદ નં. ૯૮૫ હસનઅલી સુનસરાની જુબાની ધ્યાને લેતાં આ સાહેદ શ્રીનાથ ગેસ્ટ હાઉસ, વલસાડના મેનેજર છે, સાહેદના કહેવા પ્રમાણે ગેસ્ટ હાઉસમાં કોઇ ગ્રાહક આવે તો તેની નોંધ રજીસ્ટરમાં કરવામાં આવતી હતી તેમ જણાવે છે, આંક–૨૮૫૮ થી રજૂ રજીસ્ટરની એન્ટ્રી નં.૪૨૪ જોઇને જણાવે છે કે કિશન વણજારા, અમીન શેખ, ઉસ્માની ત્રણ નામ લખેલાનુ જણાવે છે. વધુમાં સાહેદ નં.૪૬૬ ની જુબાની ધ્યાને લેતાં આ સાહેદ રજીસ્ટર કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ છે, આંક– ૨૮૫૭થી પંચનામુ રજૂ છે, સાહેદ નં.૪૬૬ ના કહેવા પ્રમાણે એન્ટ્રી નં.૪૨૪ ના અક્ષરો અલગ પેનથી લખાવેલાનુ જણાવે છે, રજીસ્ટર દોરીથી

સીવેલુ નથી માટે શંકા ઉપજાવે છે. સાહેદ નં.૯૮૫ ની જુબાની ધ્યાને લેતાં રજીસ્ટરના કોલમની તમામ વિગતો ગ્રાહકે લખેલી તેમ જણાવે છે, એન્ટ્રી નં. ૪૨૪ લખાઇ ત્યારે સાહેદ નં.૯૮૫ હાજર ન હતા, એન્ટ્રી નં.૪૨૪ લખનાર સાહેદનુ નામ જણાવેલુ નથી કે તેમને તપાસેલા નથી માટે એન્ટ્રી નં.૪૨૪ આવનાર ગ્રાહકે કરી છે તેવુ સાહેદ નં.૯૮૫ કહી શકે નહીં, સાહેદ નં.૯૮૫ ને રીસેષ સમય પછીની જુબાની માટે શિખવાડવામાં આવેલુ છે, એન્ટ્રી નં.૪૨૪ સ્ટાફના માણસે પાડેલાનુ સાહેદ નં. ૯૮૫ જણાવે છે પરંતુ તે સ્ટાફનુ હાજરીપત્રક રજૂ કરેલુ નથી, એન્ટ્રી નં.૪૨૪ ના ગ્રાહકો પાસેથી ચાર્જ લીધેલો કે કેમ? તે સાહેદ કહી શકે તેમ નથી, રજીસ્ટરમાં રૂમનો ચાર્જ લખેલો નથી, એન્ટ્રી નં.૪૨૪ આરોપી નં.૬૯, ૭૦ નાએ કરેલાનુ સાબિત થતુ નથી, ઘણી એન્ટ્રીઓમાં વાહનોના નંબર લખેલા નથી તેમ સાહેદ જુબાનીમાં કબૂલ કરે છે, ફકત એન્ટ્રી નં.૪૨૪ ના વાહનનો નંબર લખેલો છે જે ખોટો લખેલો છે, એન્ટ્રી નં.૪૨૪ સાહેદ નં.૯૮૫ નાએ કરી નથી અને ખોટો આંક આપેલો છે, સાહેદ નં.૧૧૧૩ હસ્તાક્ષર નિષ્ણાત છે પાન નં.૧૭ ઉપર પુરાવો આપે છે, આ સાહેદે આપેલ અભિપ્રાય આંક–૭૯૯૦ થી રજૂ છે, આ સાહેદ નિર્ણય આપવામાં અસમર્થ હતા, ચોક્કસ અભિપ્રાય આ સાહેદ આપી શકે તેમ નથી, સાહેદ નં.૯૮૫ ની જુબાની મુજબ બીજા દિવસે સવારે રેસ્ટોરન્ટમાં આ ત્રણ જણા નાસ્તો કરતા હતા ત્યારે જોયેલા, ઘણા માણસો નાસ્તો કરતા હોય તેમાંથી આ લોકોને સાહેદ ઓળખે તે શકય નથી, આરોપી નં.૬૯, ૭૦ તા. ૨૬–૮–૨૦૧૧ થી પોલીસ કસ્ટડીમાં હતા જયારે સાહેદ નં.૯૮૫ નુ નિવેદન તા.૨૩–૧૦–૨૦૦૮ ના રોજ લીધેલુ છે ત્યારબાદ તા.૨૯–૧૦–૨૦૧૧ ના રોજ એક જ આરોપીની ઓળખ પરેડ કરાવેલી છે, ફરી વખત સુરત ખાતે થયેલી ઓળખ પરેડમાં બે આરોપીને ઓળખી બતાવેલા છે, ઓળખ પરેડ ઘણા લાંબા સમય પછી કરાવી છે જે મનાય નહીં, સાહેદ નં.૯૮૫ પાસે આરોપીઓને ઓળખી શકે તેવા કોઇ કારણો ન હતા, આરોપી નં.૬૯, ૭૦ ની ઓળખ બાબતે સાહેદ નં.૯૮૨ ની જુબાની ધ્યાને લેતાં સાહેદો આવ્યા પછી બહાર બાંકડા ઉપર બેસેલાનુ જણાવે છે ત્યારબાદ આરોપી

નં. ૬૯, ૭૦ ને રજૂ કરેલાનુ જણાવે છે જે શંકાસ્પદ છે, આ સાહેદને પોલીસ યાદી મળ્યા પછી તાત્કાલિક ઓળખ પરેડ રાખેલી નથી ખરેખર તૈયારીમાં ઓળખ પરેડ કરાવવી જોઇએ, ડમી માણસોને કયાંથી લાવેલા? તે બાબતે કલાર્કને પુછેલુ નથી, સાહેદોને ઓળખ પરેડમાં હાજર રહેવા સમન્સ મોકલેલો નથી, ઓળખ પરેડમાં સાહેદે હાથ પકડીને બહાર કાઢેલ વ્યકિતઓના નામો સાહેદની હાજરીમાં પુછયા નથી, નિયમો અને જોગવાઇઓનુ પાલન સાહેદ નં.૯૮૨ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટે કર્યુ નથી.

વધુમાં વિ.વ.શ્રી એલ.આર.પઠાણ દલીલો કરતા જણાવે છે કે સાહેદ નં.૯૭૬ ની જુબાની ધ્યાને લેતાં મુંબઇ થી ગાડી ચોરેલી તે જગ્યાનુ પંચનામુ આ સાહેદની હાજરીમાં કરવામાં આવેલુ છે. વધુમાં સાહેદ નં.૯૧૬ ની જુબાની ધ્યાને લેતાં સુરત મુકામે રેલવે સ્ટેશનના પાર્કીંગવાળી જગ્યાનુ પંચનામુ કરેલુ તે પંચનામાના પંચ સાહેદ છે, આ સાહેદ રેલવે સ્ટેશનના પાર્કીંગમાં જ નોકરી કરતા હતા માટે આ માણસને પંચ તરીકે ના લેવાય, આરોપીઓએ તેમના ગામના નામ સિવાય બીજુ કાંઇ કહેલુ નહીં તેમ સાહેદ જણાવે છે, આ જગ્યાનુ પંચનામુ આંક–૬૫૩૭ થી રજૂ છે, આ પંચનામુ બે આરોપીનુ સંયુકત છે માટે કયા આરોપીએ માહીતી આપેલી તે નક્કી થઇ શકે નહીં જેથી આ પંચનામુ વંચાણે લેવાય નહીં, પંચોએ સહીઓ અલગ–અલગ જગ્યા ઉપર કરેલી છે, આ પંચનામુ તીરૂપતી હોટલ ઉપર બેસીને કરેલુ છે. વધુમાં સાહેદ નં.૧૦૮૦ ની જુબાની ધ્યાને લેતાં સુરત રેલવે સ્ટેશન પાસેની જગ્યાનુ પંચનામુ આ સાહેદની હાજરીમાં કરવામાં આવેલુ છે, ફરિયાદપક્ષના આક્ષેપ પ્રમાણે આ જગ્યાએ કારની ડીલીવરી બીજાને સોંપેલી છે, આંક–૭૩૭૦ થી રજૂ પંચનામુ કારની ડીલીવરીનુ છે, પંચ સાહેદ બાઇકની ડીલીવરી આપેલાનુ જણાવે છે, ફરિયાદપક્ષે આ સાહેદને હોસ્ટાઇલ જાહેર કરેલા નથી કે કોન્ટ્રાડીકટ પણ કરેલા નથી, આ પંચનામુ કે આ સાહેદની જુબાની ફરિયાદપક્ષને ઉપયોગી થતી નથી. વધુમાં સાહેદ નં.૯૬૮ ની જુબાની ધ્યાને લેતાં પનવેલમાં આવેલી હોટલ બાલાજીમાં આરોપી રોકાયેલા તે હોટલનુ પાનુ આ સાહેદની હાજરીમાં પંચનામુ કરી કબજે

કરેલુ છે, પંચનામુ આંક–૬૭૮૨ થી રજૂ છે, રજીસ્ટરનુ પાનુ આંક–૬૭૮૩ થી રજૂ છે, આરોપીએ આ જગ્યાની કોઇ માહીતી આપેલી નથી, જે કાંઇ જણાવેલુ છે તે આરોપીની કબૂલાત છે જે ગ્રાહ્ય નથી, સાહેદ નં.૯૬૮ રૂબરૂ આરોપીઓની ઓળખ પરેડ કરાવેલી નથી, સાહેદે કોર્ટમાં આરોપીને ઓળખી બતાવેલા નથી, બીજો પંચ હોટલ બાલાજીમાં નોકરી કરતો હતો માટે તેઓને પંચ તરીકે ના લેવાય, આ સાહેદની જુબાનીના પેરા નં.૮ મુજબ હોટલમાં તે વખતે આવનારા લોકોના ઓળખપત્ર લેવામાં આવતા ન હતા તેમ જણાવે છે માટે ચોક્કસ આ આરોપી આવેલા કે કેમ? તે આ સાહેદ કહી શકે નહીં, પોલીસે રજીસ્ટરનુ પાન કબજે કરીને રસીદ આપેલી નથી, આ હોટલમાં ત્રણ જણા રોકાયેલા તેવી હકીકત પંચનામામાં નથી અને સૌપ્રથમ વખત આ વાત જુબાનીમાં જણાવે છે, બાલાજી હોટલમાં ત્રણ જણા રોકાયેલા તેવી હકીકતને બીજા પુરાવાથી સમર્થન મળતુ નથી, આંક–૬૭૮૩ વાળી એન્ટ્રીમાં દરેક એન્ટ્રી પછી ખાલી જગ્યા છોડીને બીજી એન્ટ્રી લખી છે, આ ખાલી જગ્યામાં આરોપી અમીન અને ઉસ્માનના નામો પાછળથી ઉમેરેલા છે, રજીસ્ટરમાં એન્ટ્રી કરનારને ફરિયાદપક્ષે સાહેદ તરીકે તપાસેલા નથી, રજીસ્ટરની એન્ટ્રી ને આંક–૬૭૮૩ પંચની સહી માટે આપેલો છે તેમાં લખેલા અક્ષરો પુરવાર થયા નથી.

વધુમાં સાહેદ નં.૯૭૭ ની જુબાની ધ્યાને લેતાં ફરિયાદપક્ષના આક્ષેપ પ્રમાણે આ સાહેદે ગાડીની નંબર પ્લેટો તૈયાર કરેલી, આ સાહેદ પાસે પોલીસ બે આરોપીને લઇને ગયેલી છે, બંને આરોપીને સંયુકત રીતે લઇ ગયેલા હતા, આ લોકોએ નંબર પ્લેટો તમારી પાસે બનાવેલી છે? તેવુ પોલીસે કહેલુ છે, આ જગ્યાઓ આરોપીઓએ બતાવી હોય તેવુ ફલિત થતુ નથી, નંબર પ્લેટોના નંબરો સાહેદ જણાવતા નથી, પ્લેટોનુ બીલ બનાવેલુ નથી, બીલ આપ્યુ નથી, આ સાહેદ ગુનાનો સાથી કહેવાય, બીલો આપેલા હોય તેવા બીલોની નોંધ રાખી નથી, નિયમીત ગ્રાહકો જે આવતા હતા તેમની કેવી, કેવી નંબર પ્લેટો બનાવેલી તે આ સાહેદ કહી શકે નહીં, આ સાહેદ બે રીતે નંબર પ્લેટો બનાવતા હતા (૧) નવી ગાડી હોય તો આર.સી.બુક ઉપરથી (૨) જુની ગાડી હોય ત્યારે નંબર પ્લેટ

જે લગાવેલી હોય તેવી જ નંબર પ્લેટો બનાવે છે, આનો અર્થ એવો થાય કે નંબર પ્લેટો ખોટી બનાવી હોય તો બીજી જગ્યાએ બની હોય, નંબર પ્લેટો કયા મહીનામાં કયારે બનાવેલી તે પોલીસને જણાવેલુ નથી, આજ આરોપીના આખા નામ સાહેદને ખબર નથી માટે આજ આરોપી હતા કે કેમ? તે સાબિત થતુ નથી. વધુમાં સાહેદ નં.૧૦૭૫ તરીકે વિજયસિંહ જાડેજાને તપાસેલા છે, ફરિયાદપક્ષના કેસ પ્રમાણે આરોપી નં.૨૮, ૬૯, ૭૦ પનવેલમાં આવેલ હોટલ શ્રીદત્તમાં રોકાયેલા તે હોટલના રજીસ્ટરનુ પાનુ આ સાહેદની હાજરીમાં કબજે કરેલુ છે તે અંગેનુ પંચનામુ આંક–૭૩૧૮ થી રજૂ છે અને રજીસ્ટરનુ પાનુ આંક–૭૩૧૯ થી રજૂ છે, આ રજીસ્ટરના પાનમાં એન્ટ્રી કરનારને ફરિયાદપક્ષે તપાસ્યા નથી માટે તેને આંક અપાય નહીં, આ દસ્તાવેજ પુરાવામાં ગ્રાહ્ય નથી, આંક–૭૩૧૮ થી રજૂ પંચનામાના પંચ સાહેદોને ફરિયાદપક્ષે તપાસ્યા નથી, આંક–૭૩૧૮ થી રજૂ પંચનામુ કદાચ તપાસ કરનાર અધિકારીની જુબાનીથી સાબિત થાય પરંતુ રજીસ્ટરના પાનમાં લખેલી આંક–૭૩૧૯ વાળી એન્ટ્રી સાબિત ના થાય. વધુમાં સાહેદ નં.૯૨૦, ૯૧૧, ૮૮૪, ૯૮૭થી તપાસેલા ચારેય સાહેદો પ્રિન્સ હોટલમાં આરોપીઓ રોકાયેલા તે બાબતના છે. સાહેદ નં.૮૮૪ ની જુબાની ધ્યાને લેતાં આ પંચ સાહેદ છે તેમની હાજરીમાં પ્રિન્સ હોટલના રજીસ્ટરનુ પાનુ કબજે કરેલુ છે, આંક–૬૩૧૫ થી રજીસ્ટરનુ પાનુ રજૂ કરેલુ છે, આ સાહેદ હોટલ ઉપર ગયા ત્યારે હોટલ મેનેજર રાજેશ બારૈયા હતા અને તેમણે રજીસ્ટર રજૂ કરેલુ, રાજેશ બારૈયા સાથે કોઇ એન્ટ્રી બાબતે ચર્ચા કરેલી નથી, આ રાજેશ બારૈયાને સાહેદ તરીકે ફરિયાદપક્ષે તપાસેલા નથી, આંક–૬૩૧૫ ને સહી પુરતો આંક આપેલો છે, આ રજીસ્ટરની એન્ટ્રી પુરવાર થતી નથી, પંચનામુ આંક–૬૩૧૬ થી રજૂ છે, આરોપીએ કહેલુ કે આ હોટલમાં રોકાયેલા હતા તેવી હકીકત પંચનામામાં લખેલી નથી. વધુમાં સાહેદ નં.૯૨૦ ની જુબાની ધ્યાને લેતાં આ સાહેદ હોટલ પ્રિન્સમાં રીસેપ્શનીસ્ટ તરીકે કામ કરતા હતા તેમના કહેવા પ્રમાણે રજીસ્ટરમાં એન્ટ્રી ગ્રાહક કરતા હતા જેથી એવુ કહી શકાય કે હોટલનો સ્ટાફ રજીસ્ટરમાં એન્ટ્રી કરતો નથી, ડીપાર્ચર વાળા હસ્તાક્ષરો આ સાહેદના છે, હોટલનુ રજીસ્ટર કબજે કર્યા

પછી આ સાહેદનુ નિવેદન બે માસ બાદ લીધુ છે, બે માસ સુધી આ સાહેદનુ નિવેદન શા માટે લીધુ નથી? કારણકે એન્ટ્રીના અક્ષરો આરોપી નં.૬૯ ના છે તેવુ કહેવડાવવા માટે આ સાહેદનુ નિવેદન મોડુ લીધુ છે, આ સાહેદના કહેવા પ્રમાણે હોટલમાં આવતા ગ્રાહકોના ઓળખપત્રો મેળવીને ઝેરોક્ષ રાખવામાં આવતી હતી પરંતુ આ કામે ગ્રાહકોના ઓળખપત્રોની ઝેરોક્ષ રજૂ કરી નથી, એન્ટ્રીના અક્ષરો અમીનના છે તેવુ પોલીસ નિવેદનમાં લખાવ્યુ ન હોવાનુ કબૂલ કરે છે, આ એન્ટ્રીના અક્ષરો અમીનના છે તે અંગે સીધો પુરાવો ન હતો માટે સાહેદ નં.૯૧૧ ની હાજરીમાં આરોપીના હસ્તાક્ષરના નમૂના લીધા છે, હસ્તાક્ષરના નમૂના ચકાસણી અર્થે એફ.એસ.એલ.માં મોકલેલા છે, અક્ષરો તપાસનાર અધિકારીને સાહેદ નં.૯૮૭ તરીકે તપાસેલા છે, તેઓની જુબાની મુજબ રજીસ્ટરની એન્ટ્રી નં. ૧૩૨૬ આ સાહેદે તપાસેલી છે અને આપેલ અભિપ્રાય આંક–૬૮૬૪ થી રજૂ છે, આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતાં આ સાહેદને સીલબંધ દસ્તાવેજો મળ્યા નથી, આ સાહેદ પાસે સીલ ખોલેલા દસ્તાવેજો આવે છે, આ સાહેદે દસ્તાવેજના એનલાર્જ ફોટોગ્રાફ લીધા નથી અને દસ્તાવેજ એનલાર્જ કરેલા નથી, અક્ષરોની ઘણી બધી લાક્ષણિકતા તપાસવી પડતી હોવાનુ કબૂલ કરે છે, આ દસ્તાવેજ એન્ટ્રી નં. ૧૩૨૬ બાબતે લાક્ષણીકતા ધ્યાને લીધી નથી માટે અભિપ્રાય ખોટો છે. વધુમાં સાહેદ નં.૧૦૦૦ ની જુબાની ધ્યાને લેતાં આ સાહેદે મુદ્દામાલ ગાડીનો એન્જીન વાળો ભાગ જુબાની દરમ્યાન જોયેલો, મુદ્દામાલ એન્જીન ઉપરના નંબરો આ સાહેદને જોવા મળેલા ન હોવાનુ જણાવે છે માટે આ ગાડીનો ઉપયોગ આ ગુનામાં થયેલાનુ પુરવાર થતુ નથી, આરોપીઓએ મુંબઇથી ગાડીઓ ચોરી મુંબઇ થી અમદાવાદ આવી હોટલોમાં રોકાયેલા વિગેરે કોઇ હકીકતો પુરવાર થતી નથી.

વધુમાં વિ.વ.શ્રી એલ.આર.પઠાણ ફરિયાદપક્ષ તર્ફે આરોપી નં.૨૧ વિરૂધ્ધ રજૂ થયેલા પુરાવા બાબતે દલીલો કરતા જણાવે છે કે આંક–૮૬૨૧ થી આરોપીની અરજી રજૂ છે, આંક–૮૬૨૨થી ચીફ મેટ્રોપોલીટન કોર્ટનો હુકમ/ યાદી રજૂ છે, આંક–૮૬૨૩ થી આરોપીનુ કબૂલાત નિવેદન રજૂ છે, મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ સમક્ષ તા.૭–૧૧–૨૦૦૮ ના રોજ આરોપીને હાજર કર્યા

હોય તેવો કોઇ પુરાવો નથી, પ્રથમ વખત આરોપીને તા.૧૦–૧૧–૨૦૦૮ ના રોજ રજૂ કરેલા છે, આરોપીનુ નિવેદન ચેમ્બરમાં લીધેલુ છે, નિવેદન નોંધતા પહેલા આરોપીની સ્વૈચ્છિકતા બાબતે ઇન્કવાયરી કરી નથી, આ કબૂલાત નિવેદન નથી, આ નિવેદન આરોપીને ગુનામાં સંડોવતુ નથી, નિવેદન નોંધનાર મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટની ઊલટતપાસ કરવાની તક બચાવપક્ષને મળી નથી, આરોપીના કબૂલાત નિવેદનને સમર્થનકારી પુરાવાથી સમર્થન મળવુ જોઇએ, કબૂલાત નિવેદનને સમર્થન મળે તેવો કોઇ પુરાવો નથી, આ નિવેદન આરોપી નં. ૨૧ સામે ઉપયોગમાં ના લેવાય, તા.૨૫–૧૧–૨૦૦૮ ના રોજ આંક–૯૨૨૬ થી આરોપીએ કબૂલાત નિવેદન પરત ખેંચેલુ છે, કબૂલાત દબાણના કારણે કરેલી જેથી પરત ખેંચી છે, કબૂલાત પરત ખેંચ્યા પછી આરોપીને પોલીસ કસ્ટડીમાં મોકલેલા છે.

વધુમાં વિ.વ.શ્રી એલ.આર.પઠાણ ફરિયાદપક્ષ તર્ફે આરોપી નં.૫૯ વિરૂધ્ધ રજૂ થયેલા પુરાવા બાબતે દલીલો કરતા જણાવે છે કે આરોપી નં.૫૯ ના નામનો ઉલ્લેખ આરોપી નં.૨, ૨૧, ૩૫ ના કબૂલાત નિવેદનોમાં છે પરંતુ આરોપી નં.૫૯ સામે સ્વતંત્ર પુરાવો રજૂ થયો નથી, પુરાવાના કાયદાની કલમ–૩૦ મુજબ આરોપીનુ કબૂલાત નિવેદન બીજા સહ આરોપી સામે ઉપયોગમાં લઇ શકાય પરંતુ બીજો સમર્થનકારી પુરાવો હોવો જોઇએ, આ કેસમાં આરોપી નં.૫૯ સામે બીજો કોઇ સમર્થનકારી પુરાવો નથી, આરોપી નં.૫૯ ને કોઇ પણ સાહેદે ઓળખી બતાવેલો નથી.

વધુમાં વિ.વ.શ્રી એલ.આર.પઠાણ ફરિયાદપક્ષ તર્ફે આરોપી નં.૬૦ વિરૂધ્ધ રજૂ થયેલા પુરાવા બાબતે દલીલો કરતા જણાવે છે કે આરોપી નં.૬૦ સામે પણ કોઇ જ પુરાવો નથી, આરોપી નં.૭૬ ના કબૂલાત નિવેદનમાં આ આરોપીના નામનો ઉલ્લેખ છે, સાહેદ નં.૧૧૪૧ ની જુબાની મુજબ સમસુદ્દીનના નાના ના ઘરે આરોપી નં.૬૦ ની હાજરી હતી તે સિવાય બીજો કોઇ સ્વતંત્ર પુરાવો આરોપી નં.૬૦ વિરૂધ્ધ નથી, સાહેદ નં.૧૧૪૧ નાઓએ જુબાનીમાં આરોપી નં.૬૦ નુ નામ લીધુ નથી, આરોપીને ઓળખી બતાવવામાં ભુલ કરી છે

સીબલીના બદલે સાર્દુલીને ઓળખી બતાવેલો છે, આ સાહેદે આરોપીને ખોટા ઓળખ્યા છે માટે આ સાહેદની જુબાની ઉપર વિશ્વાસ ના રખાય, આરોપી નં.૭૬ ની કબુલાતને તથા સાહેદ નં. ૧૧૪૧ ની જુબાનીને અન્ય સમર્થનકારી પુરાવાથી સમર્થન મળતુ નથી.

વધુમાં વિ.વ.શ્રી એલ.આર.પઠાણ આરોપી નં.૭૨ અંગે દલીલો કરતા જણાવે છે કે આ આરોપી સામે કોઇ જ પુરાવો નથી.

વધુમાં વિ.વ.શ્રી એલ.આર.પઠાણ ફરિયાદપક્ષ તર્ફે આરોપી નં.૯, ૧૦ વિરૂધ્ધ રજૂ થયેલા પુરાવા બાબતે દલીલો કરતા જણાવે છે કે સાહેદ નં. ૯૭૨, ૯૮૧, ૧૦૬૭ ની જુબાનીમાં રજૂ થયેલા પુરાવાની ચર્ચા અગાઉ કરેલી છે જે મુજબ આ સાહેદોની જુબાની માનવા યોગ્ય નથી, આ સાહેદોએ આરોપીઓને ઓળખ પરેડમાં ઓળખી બતાવ્યા છે પરંતુ તે શકય નથી, માની લેવામાં આવે કે પાવાગઢ કેમ્પમાં આ આરોપીઓ હાજર હતા તો તેટલા માત્રથી આ આરોપીઓને આ ગુનામાં સંડોવી શકાય નહીં, આંક–૫૮૯૮, ૫૮૯૯, ૫૯૦૦ અને ૫૯૦૧ થી રજૂ થયેલા દસ્તાવેજો ધ્યાને લેતાં ૧૬ આરોપીઓને સસ્પેકટ ડીટેન્શન ટેસ્ટ માટે એફ.એસ.એલ.માં મોકલવામાં આવેલા અને તેઓની પુછપરછ કરી નિવેદનો લીધા છે, કમરૂદ્દીનના ટેસ્ટ રીપોર્ટ મુજબ સીમી, હુજી સાથે સંકળાયેલા છે, આ કેસને સબંધ છે ત્યાં સુધી આ આરોપીની આ ગુનામાં સંડોવણી નથી, આ નિવેદનો બેભાન અવસ્થામાં લીધા છે જેથી તેને પુરાવામાં વંચાણે લઇ શકાય નહીં, આરોપી આમીલ પરવેજ માટે પણ આ નિવેદન ધ્યાને ના લેવાય, સસ્પેકટ ડીટેન્શન ટેસ્ટ કરનાર એફ.એસ.એલ. અધિકારીને સાહેદ નં.૮૪૮ તરીકે તપાસેલા છે, કમ્પ્યુટરનુ સોફટવેર સરકાર માન્ય છે કે કેમ? તે કહી શકે નહીં માટે આ ટેસ્ટના ચોક્કસ પરિણામ ના મળે, ટેસ્ટ લેતા પહેલા વ્યકિતની સંમતિ મેળવવી આવશ્યક હોવાનુ સાહેદ કબૂલ કરે છે, આરોપીઓની મૌખિક સંમતિ લીધાની નોંધ સાહેદે કરી નથી તે ના ચાલે, આરોપીઓની લેખિત સંમતિ મેળવવી પડે, આ પુરાવા કાયદાની દ્રષ્ટિએ સ્વીકારી શકાય નહીં.

વધુમાં વિ.વ.શ્રી એલ.આર.પઠાણ ફરિયાદપક્ષ તર્ફે આરોપી નં.૧૨ વિરૂધ્ધ રજૂ થયેલા પુરાવા બાબતે દલીલો કરતા જણાવે છે કે સદર આરોપી માટે ફરિયાદપક્ષે સાહેદ નં.૧૦૬૭, ૯૭૨, ૯૮૧ નાઓને તપાસેલા છે, અગાઉ આ સાહેદોના પુરાવાની ચર્ચા કરી દીધી છે જેથી ફરી ચર્ચા કરતા નથી , આરોપી નં.૧૨ ને અગાઉ માર્ચ–૨૦૦૮ થી મધ્યપ્રદેશ પોલીસે પકડેલો હતો, વાઘમોન કેમ્પ તેમજ પાવાગઢ કેમ્પ તથા દરીયાપુરની મિટીંગો માર્ચ–૨૦૦૮ પહેલા થયેલ તે રેકર્ડ ઉપર છે, ફરિયાદપક્ષનો કેસ એવો છે કે આરોપી નં.૧૨ નાએ જેહાદી ભાષણો કરેલા છે, કોઇ પણ જાતના ભડકાઉ ભાષણો આપવા તે યુ.એ.પી.એ. એકટ હેઠળ ગુનો બનતો નથી, જેહાદની કયાંય વ્યાખ્યા નથી જેહાદ એ ધાર્મિક બાબત છે માટે આરોપી નં.૧૨ નાઓએ મિટીંગોમાં હાજર રહી ભાષણો કર્યા હોય તો ગુનો બનતો નથી, આરોપી નં.૧૨ માર્ચ–૨૦૦૮ થી કસ્ટડીમાં છે તેને કડક નિરીક્ષણમાં રાખવામાં આવેલો છે, આરોપી નં.૧૨ ગુના બન્યા ત્યારે અમદાવાદ મુકામે હાજર ન હતા, આરોપી નં.૧૨ ને કાવતરાના ભાગ રૂપે અટક કરેલા છે પરંતુ કાવતરૂ સાબિત થતુ નથી, કાવતરૂ થયેલુ જ નથી, દરીયાપુરની મિટીંગમાં કોઇ પણ જાતનો નિર્ણય લેવાયો જ નથી, આરોપી નં.૧૨ જેલમાં ગયા પછી તમામ પ્રવૃતિ ઉપર જેલ ઓથોરીટીની નજર હોય છે, આરોપી નં.૧૨ કયારેય કાવતરામાં સામેલ થયો નથી. વધુમાં સાહેદ નં.૧૧૫૧ ની જુબાની ધ્યાને લેતાં આ સાહેદને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલા છે, પોલીસે આ સાહેદનુ નિવેદન નોંધ્યુ નથી, આ સાહેદ બોમ્બ બ્લાસ્ટ વિશે કાંઇ જાણતા નથી, આ સાહેદની જુબાની ના પેરા નં.૫ મુજબ દરિયાપુરમાં કોઇ મિટીંગ થયેલી નથી તેમ જણાવે છે, જુબાનીના પેરા નં.૭ મુજબ ફરિયાદપક્ષે પોતાનો કેસ મુકેલો છે, સાહેદ ફરી ગયેલા છે માટે આરોપી વિરૂધ્ધ આ સાહેદની જુબાની વંચાણે ના લેવાય. વધુમાં સાહેદ નં.૧૦૪૧ની જુબાની ધ્યાને લેતાં આ સાહેદને પણ ફરી ગયેલા જાહેર કર્યા છે, સુરત લિંબાયત મુકામે મિટીંગ થયેલ નથી તેમ જણાવે છે. વધુમાં સાહેદ નં. ૧૦૭૩ની જુબાની ધ્યાને લેતાં આ સાહેદનુ સાયબર કાફે ભૂજ ખાતે છે, ભાગીદારીમાં સાયબર કાફેનો ધંધો કરે છે, ૧૩ મી સપ્ટેમ્બર–૨૦૦૮

માં પોલીસે આ સાયબર કાફે સીલ કરેલાનુ જણાવે છે, સાયબર કાફે ઉપરથી રજીસ્ટર પોલીસે કબજે કરેલુ તે બતાવવા પોલીસે ૧૪ મી તારીખે અમદાવાદ ક્રાઇમ બ્રાંચ ખાતે બોલાવેલા, રજીસ્ટરના પાન નં.૧૫૩ ઉપર અનુક્રમ નં.૫ ઉપર ૮ નંબરની એન્ટ્રી પોલીસે બતાવેલી, સાયબર કાફે ઉપર આવેલા માણસોના આઇકાર્ડ મેળવ્યા નથી, આંક–૭૨૨૩ વાળુ રજીસ્ટર પોલીસને જાતે આપ્યુ નથી તેમ કબૂલ કરે છે. વધુમાં સાહેદ નં.૧૦૬૩ ની જુબાની ધ્યાને લેતાં આ સાહેદની હાજરીમાં રજીસ્ટર કબજે કરેલુ છે, આ સાહેદની જુબાની મુજબ તા.૧૩–૯–૨૦૦૮ ના રોજ આ સાહેદની હાજરીમાં આંક–૭૨૨૩ વાળુ રજીસ્ટર આંક–૭૨૨૪ ના પંચનામાની વિગતે કબજે કરેલુ છે, સાયબર કાફે સીલ કર્યાનો નમૂનો મેળવેલો કે કેમ? તે આ સાહેદને ખબર નથી. વધુમાં સાહેદ નં.૧૦૭૩ ની જુબાની ધ્યાને લેતાં ગ્રાહકનુ આખુ નામ તથા સરનામુ લખતા ન હતા જેથી આરોપીની ઓળખ સ્થાપિત થાય નહીં, ગ્રાહકની ઓળખાણ આપનારનુ નામ પણ આ સાહેદ રજીસ્ટરમાં લખતા ન હતા, સાયબર કાફેના માલિક નિયમ પ્રમાણે રજીસ્ટર નિભાવતા ન હતા માટે તે વિશ્વાસપાત્ર મનાય નહીં, રજીસ્ટરમાં પાન નં.૧૫૨ ઉપર ઇરફાનનુ નામ લખેલુ છે પરંતુ બાજુમાં અબ્બાસ બેઠેલો માટે તેનુ નામ પાછળથી લખેલુ છે, એન્ટ્રી કરી ત્યારે અબ્બાસનુ નામ લખેલુ નથી, અબ્બાસ નામ લખેલા અક્ષરો આ સાહેદના નથી માટે અબ્બાસનુ નામ પાછળથી લખેલુ છે, આ સાહેદને તા.૧૪–૯–૨૦૦૮ ના રોજ ક્રાઇમ બ્રાંચ, અમદાવાદ ખાતે બોલાવ્યા અને રજીસ્ટર બતાવેલુ છે ત્યારબાદ એક અઠવાડીયા પછી ઘી કાંટા કોર્ટમાં બોલાવેલા ત્યાં આ સાહેદે બે વ્યકિતને ઓળખી બતાવેલા છે, સરતપાસમાં આરોપીને કયા હેતુથી કેમ ઓળખી બતાવ્યા? તે બાબતે કોઇ પુરાવો આપ્યો નથી તેમ છતાં બે આરોપીને ઓળખી બતાવ્યા છે જે ખોટી રીતે ઓળખ્યા છે, જે ગ્રાહક આવે તેઓના ચહેરા યાદ રાખવાના પ્રયત્નો આ સાહેદ કરતા ન હોવાનુ જણાવે છે તેમ છતાં આ બે ઓળખેલા વ્યકિતના ચહેરા યાદ કેવી રીતે રાખ્યા? તે પ્રશ્ન છે, ગ્રાહકોના વર્ણન કોઇ જગ્યાએ સાહેદે આપ્યા નથી તેમ છતાં બે આરોપીને કેવી રીતે ઓળખ્યા? અબ્બાસ સાથે આવેલા ઇરફાને

કોમ્પ્યુટર ચલાવેલુ, ઈરફાન સાથેના બીજા વ્યકિતએ કોમ્પ્યુટર ચલાવ્યુ જ નથી, કઇ વ્યકિત કમ્પ્યુટર ઉપર બેઠેલી તે સાહેદ નં.૧૦૭૩ જણાવતા નથી, અબ્બાસ સાથેના બે વ્યકિતને સાહેદે ઓળખી બતાવ્યા નથી, અમદાવાદ કોર્ટના સમન્સ આ સાહેદ ઉપર આવ્યા નથી તેમ છતાં કોર્ટમાં ગયેલા છે, ઓળખ પરેડ તા.૨૦–૯–૨૦૦૮ના રોજ થયેલી છે તે પહેલા સાહેદને તા.૧૪–૯–૨૦૦૮ ના રોજ ક્રાઇમ બ્રાંચ, અમદાવાદની ઑફિસમાં રજીસ્ટર બતાવવા બોલાવેલા છે ત્યારે આરોપી કસ્ટડીમાં હતા જેથી આરોપીને જોયેલો હોઇ શકે, સાહેદ ઓળખ પરેડ માટે ૧૨–૦૦ વાગ્યે કોર્ટમાં પહોંચી ગયેલા અને ઓળખ પરેડ ૩–૦૦ વાગ્યે કરાવેલી છે, ત્રણ કલાક સાહેદને બેસાડી રાખ્યા છે, સાહેદ ૨,૩ મિનિટ કોર્ટમાં રોકાયેલા અને પછી ભૂજ જતા રહ્યા છે.

વધુમાં એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૭૧ ની જુબાની ધ્યાને લેતાં ઓળખ પરેડ કલાક ૧૬–૦૦ વાગ્યે શરૂ કરવામાં આવેલી, ૧૬–૦૦ વાગ્યે બે પંચોને બોલાવેલા, ૧૬–૦૦ વાગ્યે આરોપીને રજૂ કર્યાનુ જણાવે છે, સાહેદ નં.૧૦૭૩ ૧૨–૦૦ વાગ્યે કોર્ટમાં ગયેલા તેમ છતાં સાંજ સુધી ઓળખ પરેડ કરાવી નથી, ઓળખ પરેડ દરમ્યાન સાહેદ નં.૧૦૭૩ નાઓએ આરોપી નં.૧૨ ને ઓળખી બતાવ્યો છે, બીજી કોઇ વ્યકિતની ઓળખનો કોઇ પુરાવો આપ્યો નથી, આ આરોપીને સાહેદે કેવી રીતે ઓળખી બતાવ્યો તેનો ખુલાસો જુબાનીના પેરા નં.૨૪ માં કરેલો છે પરંતુ કઇ તારીખે આરોપી કાફે ઉપર આવેલો તે તારીખની ખબર નથી, આરોપી નં.૧૨ નાએ આ કમ્પ્યુટરનો ઉપયોગ કર્યો નથી અને ઉપયોગ કર્યાનો કોઇ પુરાવો પણ નથી, આરોપી નં.૧૨ જ ઈરફાન હતો તેવો પણ કોઇ પુરાવો નથી, કમ્પ્યુટરની હાર્ડ ડીસ્ક એફ.એસ.એલ.માં મોકલેલી પરંતુ તેમાંથી કાંઇ મળેલુ નથી, આરોપીને અદાલતમાં ઓળખ્યો નથી, સાહેદ નં.૯૮૧ નાએ ઓળખ પરેડમાં ૧૦ માણસોને જે ઓળખેલા તથા બીજા ૧૦ માણસોને કોર્ટમાં ઓળખ્યા તેની સરખામણી કરતા આરોપી નં.૧૨ સિવાય મળતાપણુ નથી, સાહેદ નં.૯૮૧ એ ઓળખ પરેડમાં જેને ઓળખ્યા તેને કોર્ટમાં ઓળખ્યા નથી અને કોર્ટમાં ઓળખ્યા તેને ઓળખ પરેડમાં ઓળખ્યા નથી, સાહેદ નં.૯૭૨

નાએ કુલ–૭ માણસોને ઓળખ પરેડમાં ઓળખી બતાવ્યા જયારે કોર્ટમાં સફદર નાગોરી તથા યુનુસ સિવાય કોઇને ઓળખ્યા નથી, સાહેદ નં.૧૦૬૭ નાએ ઓળખ પરેડમાં ૯ માણસો ઓળખ્યા છે જયારે કોર્ટમાં ફકત સફદર નાગોરીને ઓળખ્યા છે કારણકે સફદર નાગોરીની વિશેષ ઓળખાણ છે, સાહેદને કહેવામાં આવેલુ છે કે સફદર નાગોરી ભોપાલ છે તેને સફેદ દાઢી છે માટે આ આરોપીને ઓળખ્યા છે જેથી આરોપી નં.૧૨ ને સાચી રીતે ઓળખી બતાવ્યાનુ મનાય નહીં, ઓળખ ખોટી છે, સાહેદોએ સાચી રીતે આરોપી નં.૧૨ ને ઓળખેલો નથી, ત્રણેય સાહેદો ચાન્સ વિટનેશ છે, આંક–૬૩૯૭ થી આરોપીના વકીલે આપેલી અરજી રજૂ છે તથા સાથે ન્યૂઝ પેપર રજૂ કરેલુ છે. વધુમાં સાહેદ નં.૧૦૯૭ ની જુબાની ધ્યાને લેતાં આ સાહેદ આરોપી નં.૧૨ બાબતે કોઇ પુરાવો આપતા નથી, આરોપી નં.૧૨ ને કોર્ટમાં ઓળખી બતાવ્યા નથી, સીમીના સભ્ય હોવુ તે ગુનો નથી, સીમીના સભ્ય તરીકે ચાલુ રહેવુ તે પણ ગુનો નથી, સરકારે સીમી ઉપર પ્રતિબંધ મુકયા પછી પણ આરોપી નં.૧૨ સીમીના સભ્ય તરીકે ચાલુ હતા તેવો કોઇ પુરાવો નથી, મિટીંગ સીમીની હતી તેવુ પણ આ સાહેદની જુબાની ઉપરથી ફલિત થતુ નથી, આરોપીને મુખ્ય પૂર્વગ્રહ એ છે કે આ ટ્રાયલ ફેરટ્રાયલ હેઠળ ચાલેલો નથી, આરોપી અમદાવાદ જેલમાં હતા ત્યારે ટ્રાયલ ઇન્દોર કોર્ટમાં ચાલતો હતો અને આરોપી ભોપાલ હતા ત્યારે ટ્રાયલ અમદાવાદમાં ચાલતો હતો, આરોપી વકીલનો સંપર્ક કરી શકતા ન હતા અને આરોપીની મુલાકાતે વકીલ પણ જતા ન હતા.

વધુમાં વિ.વ.શ્રી એલ.આર.પઠાણ ફરિયાદપક્ષ તર્ફે આરોપી નં.૩૧ વિરૂધ્ધ રજૂ થયેલા પુરાવા બાબતે દલીલો કરતા જણાવે છે કે સાહેદ નં.૯૭૮ અને ૯૭૯ની જુબાનીની ચર્ચા અગાઉ કરી છે, સાહેદ નં.૯૭૮ ઘડિયાળની દુકાનના માલિક છે, સાહેદ નં.૯૭૯ દુકાનમાં નોકરી કરે છે, આરોપી ઘડિયાળો લઇ ગયાનુ પુરવાર થતુ નથી. વધુમાં સાહેદ નં.૯૧૯ ડેમોસ્ટ્રેશન પંચનામાના પંચ છે, આંક–૬૫૪૬ થી પંચનામુ રજૂ છે, સાહેદ નં.૯૧૯ ના કહેવા મુજબ પોલીસ સ્ટેશનમાં પોલીસ કુલસિંહભાઇ ડબ્બામાં ઘડિયાળ લઇને આવેલા છે

પરંતુ આ ઘડિયાળ કયાંથી લાવેલા? તે અંગે કોઇ પુરાવો નથી, આ પંચ સાહેદને ઘડિયાળનુ કોઇ જ્ઞાન નથી તેમ કબૂલ કરે છે, ડબ્બાનુ સીલ આ સાહેદની હાજરીમાં તોડેલુ નથી જેથી શંકાસ્પદ કહેવાય, ડબ્બા ઉપર આ સાહેદે સહીઓ કરી નથી જેથી આજ ઘડિયાળો હતી કે કેમ? તે મનાય નહીં, ડેમોસ્ટ્રેશનની ફોટોગ્રાફી કરવામાં આવી નથી, ડબ્બા ઉપર જે લખાણ હતુ તેનો ઉલ્લેખ પંચનામામાં કરેલો નથી, સુરતના કેસોમાં ટાઇમર વોચનો ઉપયોગ થયેલો નથી, આરોપી પોલીસ કસ્ટડીમાં હતા તે દરમ્યાન આ ડેમોસ્ટ્રેશન કરેલુ છે માટે તે પુરાવાના કાયદા હેઠળ ગ્રાહ્ય નથી, આ ફકત નિવેદન ગણાય. વધુમાં સાહેદ નં. ૯૮૮ ની જુબાની ધ્યાને લેતાં આ સાહેદ આરોપીએ ડીવાઇસમાં ટાઇમર સેટ કરેલુ તે અંગે કરવામાં આવેલ પંચનામાના પંચ સાહેદ છે, આંક–૫૫૮૭ થી પંચનામુ રજૂ છે, અગાઉ આવુ જ ડેમોસ્ટ્રેશન ૧૫ દિવસ પહેલા તપાસ કરનાર અધિકારી શ્રી પરમારે કરાવેલુ છે, આ કામગીરી કરવા માટે એફ.એસ.એલ. અધિકારીને શા માટે હાજર રાખેલા છે તે સમજાતુ નથી, ડેમોસ્ટ્રેશન અંગે નકશો પણ તૈયાર કરાવેલો છે તેથી કરીને આ આરોપી સામે કેસ પુરવાર થતો નથી, આ ડેમોસ્ટ્રેશનથી આરોપીની ગુનામાં સંડોવણી સાબિત થતી નથી, ડેમોસ્ટ્રેશનની લેખિતમાં નોટીસ બનાવવામાં આવી નથી, મુદ્દામાલ કયારે કબજે કરેલો અને એફ.એસ.એલ.માં કયારે મોકલેલો તે અંગે કોઇ પુરાવો નથી, મુદ્દામાલ ઉપર પંચે કોઇ નિશાની કરી નથી. વધુમાં સાહેદ નં.૮૩૦ ની જુબાની ધ્યાને લેતાં ડેમોસ્ટ્રેશન પંચનામામાં હાજર રહેવા માટે ઉપરી અધિકારીએ મૌખિકમાં જણાવેલ હતુ પરંતુ લેખિતમાં હુકમ થયો નથી, ડેમોસ્ટ્રેશન પંચનામામાં એફ.એસ.એલ. અધિકારીની સહી લીધી નથી, જુબાની ના પેરા નં.૨૦, ૨૧ મુજબ કામગીરીની વીડિયોગ્રાફી કરેલી હતી પરંતુ આ કામે આવી વીડિયોગ્રાફી રજૂ કરી નથી, ડેમોસ્ટ્રેશન એ ફકત આરોપીનુ નિવેદન છે, કેવી રીતે સરકીટ તૈયાર કરવી તેવુ જ્ઞાન જાહેર કરેલુ છે તે કબૂલાત ગણાય માટે પુરાવામાં આરોપી વિરૂધ્ધ ગ્રાહ્ય નથી, આ સિવાય આરોપી સામે કોઇ સ્વતંત્ર પુરાવો નથી, સાહેદ નં.૯૭૮ અને ૯૭૯ જણાવે છે કે તેઓ છઠ્ઠી તારીખે ઓળખ પરેડમાં આવેલા અને તે જ દિવસે

પાછા મુંબઈ જતા રહેલા જયારે ઓળખ પરેડ ૭ મી તારીખે થયેલી છે. વધુમાં આરોપીઓ સામે એવો પણ ચાર્જ છે કે તેઓએ આંતકવાદી પ્રવૃતિ માટે ફંડ એકત્રિત કરેલુ છે પરંતુ આ અંગે કોઇ પુરાવો નથી, બોમ્બની સામગ્રી ખરીદવી, હોટલમાં રોકાવુ, મકાનો ભાડે રાખવા વિગેરે ફંડ વિના થઇ શકે નહીં પરંતુ ફંડનો પુરાવો એકત્રિત કરેલો નથી, ફંડ વિના કાવતરૂ શકય નથી માટે આરોપીઓની આ ગુનાઓમાં સંડોવણી શકય નથી, એક આરોપીના મકાન માંથી ગન મળી છે પરંતુ બોમ્બ બ્લાસ્ટોમાં ગનનો ઉપયોગ થયો હોય તેવો ફરિયાદપક્ષ નો કેસ પણ નથી, દરેક આરોપી સામે ગન રાખવાનો ચાર્જ કર્યો છે તે ખોટો છે, આર્મ્સ એકટ હેઠળ અધિકારીઓએ કાર્યવાહી કરવા માટે મંજૂરીઓ આપેલી છે જે મગજ ચલાવ્યા વિના આપેલી છે, તપાસ કરનાર અધિકારી અભય ચુડાસમાએ આ મંજૂરીઓ આપી છે માટે તેઓ પાતે આવી મંજૂરી આપી શકે નહીં જેથી તેઓએ આપેલી મંજૂરી અમાન્ય ગણાય. વધુમાં વિ.વ.શ્રી એલ.આર.પઠાણે પોતાની મૌખિક દલીલોના સમર્થનમાં આંક–૯૪૮૨ થી પાના નં.૧ થી ૨૨૦ સુધીની લેખિત દલીલો રજૂ કરેલી છે. જે પણ મૌખિક દલીલો મુજબની છે. જે પણ વિચારણ હેઠળ લીધી.

(૨૪)(૦૪) <u>બચાવપક્ષ તર્ફે વિ.વ. સુ.શ્રી નિત્યા રામાક્રિષ્ણન તથા વિ.વ.શ્રી સોમનાથ વત્સની દલીલોઃ–</u>

આરોપી નં.૩૬, ૩૮, ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૫૦, ૬૮ નાઓ તર્ફે વિ.વ.સુ.શ્રી નિત્યા રામાક્રિષ્ણન અને સોમનાથ વત્સ દલીલો કરતા જણાવે છે કે ઉપરોકત આરોપીઓ સામે હાલના આ કેસોમાં કેવો પુરાવો રેકર્ડ ઉપર આવ્યો છે તે ધ્યાને લેવાનો છે. વધુમાં તેઓ સૌપ્રથમ મંજૂરી ઉપર ત્યારપછી આરોપી નં. ૪૧, ૬૮ વિશે અને ત્યારબાદ પુરાવાના કાયદાની કલમ–૮ ઉપર દલીલો કરશે. ઉપરોકત આરોપીઓ પાસેથી કોઇ રીકવરી કે ડીસ્કવરી થયેલી નથી, આ આરોપીઓ પાસેથી ગુન્હામાં સંડોવે તેવો કોઇ પણ મુદ્દામાલ મળી આવેલો નથી, ઉપરોકત આરોપીઓ હાલના ગુનામાં સંડોવાયેલા છે તેવો કોઇ પુરાવો નથી,

બનાવ વખતે ઉપરોકત આરોપીઓ અમદાવાદમાં હતા તેવો પણ કોઇ પુરાવો નથી, ઉપરોકત આરોપીઓના કબૂલાત નિવેદનો નથી, ઉપરોકત આરોપીઓ વિરૂધ્ધ પુરાવાના કાયદાની કલમ–૨૭ મુજબના કોઇ પંચનામા નથી, ગુનામાં વપરાયેલા વાહનો ઉપરથી આરોપીઓની ફિંગર પ્રિન્ટ મળી આવેલી નથી, ફરિયાદપક્ષે તપાસેલા સાહેદ નં.૭૯૨ ની જુબાની વંચાણે લેતાં આરોપી નં.૪૧ સાકીબ નિશાર સામે કયા પુરાવાના આધારે મંજૂરી આપી તે સાહેદ જણાવી શકે તેમ નથી, આરોપી નં. ૪૧, ૬૮ સામે ફરિયાદપક્ષ દ્વારા કોઇ જ પુરાવો રજૂ થયેલો નથી, કહેવાતી જગ્યા આરોપીઓએ બતાવ્યાના પંચનામાને બીજા અન્ય પુરાવાથી સમર્થન મળતુ નથી, આરોપીઓએ જગ્યા બતાવ્યાના પંચનામા પુરાવામાં ગ્રાહ્ય નથી. વધુમાં અનલોકુલ એકટીવીટી એકટની કલમ–૪૫(૨) વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે આ કલમ મુજબ રીવ્યુ ઓથોરીટીના રીપોર્ટ વિના આરોપી વિરૂધ્ધ ગુનો દાખલ કરવાની મંજૂરી મળે નહીં, રીવ્યુ ઓથોરીટીને કેસના પેપર્સ મોકલવા પડે, આરોપી વિરૂધ્ધની તપાસમાં એકત્ર કરેલા પુરાવા રીવ્યુ ઓથોરીટીને મોકલવા પડે ત્યારબાદ સરકારને રીપોર્ટ કરવો પડે ત્યારપછી સરકાર મંજૂરી આપે, રીપોર્ટ રજૂ કરવા માટે કાયદામાં સમય મર્યાદા નક્કી કરવામાં આવી છે, આ જોગવાઇ આદેશાત્મક છે, અમદાવાદમાં ભયાનક બોમ્બ બ્લાસ્ટ થયેલા છે, આ બ્લાસ્ટ આંતકવાદી કૃત્ય છે.

સુભાષી દાસ ઉર્ફે મીલી પાંડા વિરૂધ્ધ સ્ટેટ ઓફ ઓરીસ્સા
૨૦૧૨(૧) ક્રાઇમ્સ (હાઇકોર્ટ)પાન નં.૬૬૬ અને
૨૦૧૧(૨) ઓરીસ્સા એલઆર ૧૦૦૦

ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતોને વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે ગંભિર ગુનાના કારણે આરોપીને રક્ષણ આપવા માટે કલમ–૪૫ ની જોગવાઇ કરવામાં આવી છે, વ્યકિતગત રીતે આરોપીની ખોટી સંડોવણી ના થાય તે માટે આ કલમ હેઠળ જોગવાઇ કરેલી છે, કાયદાની જોગવાઇઓનો દુરૂપયોગ ના થાય તે માટે આ કલમ ઉમેરવામાં આવી છે.

વાયકો વિરૂધ્ધ સ્ટેટ ઓફ તામિલનાડુ

૨૦૧૮(૨) લો વિકલી (ક્રિમીનલ) ૮૪૬

ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતોને વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે આરોપી સામે સંજ્ઞાન લેવા માટે મંજૂરીની જરૂર છે, આરોપીનુ સંજ્ઞાન લેવાનુ નથી પરંતુ કેસનુ સંજ્ઞાન લેવાનુ છે, હાલના કેસમાં જે મંજૂરીઓ રજૂ થયેલી છે તે તા.૩૧–૮–૨૦૦૮ પછીની રજૂ થયેલી છે, આ કાયદામાં કલમ– ૪૫(૨) નો સુધારો તા.૩૧–૮–૨૦૦૮ ના રોજથી અમલમાં આવેલો છે, તા.૩૧–૮–૨૦૦૮ પહેલા ગુનાનુ સંજ્ઞાન લેવાઇ ગયુ હતુ તો પછી મંજુરીઓ મેળવવાની જરૂર શી હતી? વધુમાં ફરિયાદપક્ષે તપાસેલા સાહેદ નં. ૭૮૦ ની જુબાનીના પેરા નં.૧૩ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે ગુજરાત સરકારે રીવ્યુ ઓથોરીટીની રચના અંગે તા.૨૧–૫– ૨૦૧૩ ના રોજ જાહેરનામું બહાર પાડેલાનુ જણાવે છે ત્યાં સુધી રીવ્યુ ઓથોરીટીની રચના કરવામાં આવેલી ન હતી, ફોજદારી ધારા હેઠળના ગુના માટે કોર્ટ ઇન્સાફી કાર્યવાહી કરી શકે છે પરંતુ અનલોફુલ એકટીવીટી એકટ હેઠળના ગુનાની ઇન્સાફી કાર્યવાહી રીવ્યુ ઓથોરીટીની મંજૂરી વિના કોર્ટ કરી શકે નહીં, આરોપી નં.૪૧, ૬૮ સામે કોઇ જ પુરાવા નથી તેમ છતાં આ આરોપીઓ વિરૂધ્ધ મંજૂરીઓ કેવી રીતે આપી? બાકીના આરોપીઓના પુરાવા ગ્રાહ્ય નથી તેમ છતાં તેઓની સામે પણ મંજૂરીઓ આપી છે, મંજૂરીઓ માટે તપાસ કરનાર અધિકારીઓએ કેસ પેપર્સની સામગ્રી રીવ્યુ ઓથોરીટીને મોકલી નથી.

ગોકુલચંદ દ્વારકાદાસ વિરૂધ્ધ ધ કીંગ

એઆઇઆર ૧૯૪૮ પીસી ૮૨

ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતોને વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે મંજૂરી મેળવવા માટે તપાસ દરમ્યાન આરોપી વિરૂધ્ધ એકત્ર કરેલી સામગ્રી (પુરાવા) મંજૂરી આપનાર અધિકારી સમક્ષ મુકવા પડે, હાલના કેસોમાં મંજૂરી આપનાર ઓથોરીટીએ કેસ પેપર્સ કે સામગ્રી જોયા વિના એક જ પ્રકારના પરફોમામાં મંજૂરીઓ આપી દીધી છે. વધુમાં ફરિયાદપક્ષે તપાસેલા સાહેદ નં. ૭૮૦ ની જુબાનીના પેરા નં.૨૦ વંચાણે લઇ દલીલો કરતા

જણાવે છે કે આરોપી નં. ૬૮ ની દરખાસ્ત મોકલેલાનુ જણાવે છે, આરોપીની મંજૂરી મેળવવા માટે અ, બ, ક, ડ પત્રકો મોકલ્યાનુ જણાવે છે પરંતુ આવા પત્રકો મોકલેલા નથી, અ, બ, ક, ડ પત્રકો સિવાય બીજા પુરાવા મંજૂરીઓ મેળવવા માટે મોકલેલા નથી, અ, બ, ક, ડ પત્રકો તે ફકત લીસ્ટ છે પરંતુ કાગળો/પુરાવા મોકલેલા નથી. વધુમાં ફરિયાદપક્ષે તપાસેલા સાહેદ નં.૭૯૨ ની જુબાની વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે આ સાહેદે પણ આરોપીઓ વિરૂધ્ધ કોઇ પણ જાતના પુરાવા ન હોવા છતાં માઇન્ડ એપ્લાય કર્યા વિના મંજૂરીઓ આપી છે.

રામભાઇ નાથાભાઇ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત

(૧૯૯૭)૭ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૭૭૪

ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતોને વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે ટાડા એકટ હેઠળ કોર્ટ મંજૂરી વિના ગુનાનુ સંજ્ઞાન લઇ શકે નહીં, મંજૂરી વિના ડેઝીગ્નેટેડ કોર્ટને આરોપી સામે ગુનાનુ સંજ્ઞાન લેવાની સત્તા નથી, ખોટી કાર્યવાહી સામે આરોપીને રક્ષણ આપવા માટે મંજૂરીની જોગવાઇ છે.

સીબીઆઇ વિરૂધ્ધ અશોકકુમાર અગ્રવાલ

(૨૦૧૪)૧૪ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૨૯૫

ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતોને વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે મંજૂરી મેળવવા માટે કેસના તપાસના કાગળો મંજૂરી આપનાર ઓથોરીટીને મોકલ્યા છે તે ફરિયાદપક્ષે કોર્ટમાં સાબિત કરવુ જોઇએ, મંજૂરી વિના ગુનાની ઇન્સાફી કાર્યવાહી શરૂ કરી શકાય નહીં, મંજૂરી આપનાર ઓથોરીટીએ તમામ કાગળોનો અભ્યાસ કરવો જોઇએ અને ત્યારપછી નક્કી કરવુ પડે કે મંજૂરી આપવા યોગ્ય કેસ છે કે કેમ? મંજૂરી આપનાર અધિકારીએ જાહેરહિત અને આરોપીની નિર્દોષતા ધ્યાને રાખીને માઇન્ડ એપ્લાય કરવાનુ છે.

ધ સ્ટેટ વિરૂધ્ધ નવજોત સીધ્ધુ

(૨૦૦૫)૧૧ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૬૦૦

ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતોને વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે સ્વતંત્ર ઓથોરીટીએ તમામ પુરાવા ધ્યાને લઇ રીપોર્ટ કરવો પડે અને સરકારે મંજૂરી આપવાની હોય છે, આ જોગવાઇ આદેશાત્મક છે.

વધુમાં આરોપી નં.૬૮ અંગે દલીલો કરતા જણાવે છે કે આરોપી નં.૬૮ બાબતે કોઇ જ પુરાવો નથી, આંક–૮૬૧૯ થી તા.૧૪–૧૧–૨૦૦૮ ના રોજનુ આરોપી નં.૨ નુ કબૂલાત નિવેદન રજૂ છે તેમાં ફકત "ફલાહી" લખેલુ છે આ સિવાય બીજુ કાંઇ જ આરોપી નં.૬૮ માટે નથી, આ "ફલાહી" નુ પુરૂ નામ નથી, આ "ફલાહી" કોણ? તે પ્રશ્ન છે, આરોપી નં.૬૮ જ ફલાહી છે તે કઇ રીતે કહી શકાય? આરોપી નં.૬૮ ને હાલના કેસમાં સંડોવતો કોઇ જ પુરાવો નથી, આરોપી નં.૨ ના કબૂલાત નિવેદનમાં "ફલાહી" હોવાના કારણે આરોપી નં.૬૮ ને હાલના ગુનામાં તકસીરવાન ઠરાવી શકાય નહીં. ફરિયાદપક્ષે તપાસેલા સાહેદ નં.૧૧૪૬ ની જુબાનીમાં આંક–૮૨૩૫ થી પંચનામુ રજૂ થયેલુ છે પરંતુ આ પંચનામાના પંચોને ફરિયાદપક્ષે તપાસ્યા નથી, આ પંચનામુ ફોટોગ્રાફસ અંગેનુ છે. તા.૯–૩–૨૦૨૧ ના રોજ ફરિયાદપક્ષે આંક–૯૩૬૭ થી પુરાવા બંધની પુરસીસ રજૂ કરી છે જેમાં સિરીયલ નં.૧૮, ૧૯ ઉપર આંક–૮૨૩૫ ના પંચનામાના પંચોના નામોનો ઉલ્લેખ કરેલો છે, પુરસીસના ચોથા કોલમમાં આ પંચનામાનો ઉલ્લેખ છે, પુરસીસ મુજબ પંચનામુ ગ્રાહ્ય નથી તેવુ ફરિયાદપક્ષે જણાવ્યુ છે.

રામકીશન મીઠનલાલ વિરૂધ્ધ સ્ટેટ ઓફ બોમ્બે

એઆઇઆર ૧૯૫૫ સુપ્રિમ કોર્ટ પાન નં.૧૦૪

ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતોને વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે પોલીસ સ્ટેશનમાં કોઇ સાહેદ આરોપીને ઓળખી બતાવે તો તે સી.આર.પી.સી.કલમ–૧૬૨ હેઠળ હીટ થાય અને તે પુરાવામાં ગ્રાહ્ય નથી.

વાઘમોન કેમ્પમાં આરોપી નં.૬૮ ની હાજરી બાબતેના ગુનામાં અર્નાકુલમ કોર્ટે આરોપી નં.૬૮ ને છોડી મુકેલા છે, આંક–૮૨૩૫ થી રજૂ

પંચનામુ પુરાવામાં ગ્રાહ્ય નથી માટે હાલના ગુનામાં આરોપી નં.૬૮ ને તકસીરવાન ઠરાવી શકાય નહીં, આરોપી નં.૬૮ ને અર્નાકુલમ કોર્ટે છોડી મુકેલા હોવાથી ફરીથી તેજ ગુના માટે આરોપી નં.૬૮ સામે ગુનાની ઇન્સાફી કાર્યવાહી થઇ શકે નહીં કે સજા કરી શકાય નહીં.

પ્રિથમ સીંધ વિરૂધ્ધ સ્ટેટ ઓફ પંજાબ

એઆઇઆર ૧૯૫૬ સુપ્રિમ કોર્ટ પાન નં.૪૧૫

ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતોને વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે આ ચુકાદો ડબલ જીઓ પાર્ડી ઉપર છે, એક ગુનામાં આરોપી નિર્દોષ છુટે તો ફરીથી તેજ ગુના માટે આરોપી વિરૂધ્ધ ઇન્સાફી કાર્યવાહી થઇ શકે નહીં.

મણીપુર એડમીનીસ્ટ્રેશન વિરૂધ્ધ થોકોમ બીરા સિંધ

એઆઇઆર ૧૯૬૫ સુપ્રિમ કોર્ટ પાન નં.૮૭

ઉપરોકત ચુકાદો ક્રિ.પ્રો.કોડ કલમ–૩૦૦ ઉપર છે.

વધુમાં વિ.વ.સુ.શ્રી નિત્યા રામાક્રીષ્ણન અને સોમનાથ વત્સ પુરાવાના કાયદાની કલમ–૨૭ ઉપર દલીલો કરતા જણાવે છે કે ક્રિમીનલ ટ્રાયલમાં પુરાવાનો બોજો ફરિયાદપક્ષ ઉપર છે, આરોપી પ્લી ગીલ્ટી કરે અથવા આરોપી કબૂલાત નિવેદન કરે તો ફરિયાદપક્ષે પુરાવો રજૂ કરવાની જરૂર નથી અન્યથા પુરાવાનો તમામ બોજો ફરિયાદપક્ષ ઉપર છે . આરોપીઓએ જગ્યા બતાવ્યાના પંચનામા પુરાવામાં ગ્રાહ્ય નથી, આરોપી જગ્યા બતાવવાની માહીતી પોલીસ રૂબરૂ આપે તો તે કબૂલાત કહેવાય જે પુરાવામાં ગ્રાહ્ય નથી, ફરિયાદપક્ષ ત્રણ રીતે પુરાવો રેકર્ડ ઉપર લાવવાનો પ્રયત્ન કરે છે (૧) કબૂલાત કરે (૨) પુરાવાના કાયદાની કલમ–૨૭ નુ પંચનામુ કરી ડિસ્કવરી થાય (૩) પુરાવાના કાયદાની કલમ–૮ તે આરોપીની વર્તણૂક છે. પુરાવાના કાયદાની કલમ–૮ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે વર્તન કોઇ પણ વ્યકિતનુ હોય છે, આરોપીનુ વર્તન જ હોય તેવુ નથી, આ કલમ દિવાની કાર્યવાહી અને ફોજદારી

કાર્યવાહીને લાગુ પડે છે, કલમ–૮ તે કલમ–૨૫, ૨૬, ૨૭ ની ઉપરવટની જોગવાઇ નથી, કલમ–૮ નિવેદનને લાગુ પડતી નથી.

હિમાચલ વિરૂધ્ધ ઓમપ્રકાશ

(૧૯૭૨)૧ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૨૪૯

ઉપરોકત ચુકાદો પુરાવાના કાયદાની કલમ–૨૭ ઉપર છે. ચુકાદાના પેરા નં.૧૩ મુજબ આરોપીએ આપેલી માહિતીના આધારે કોઇ વસ્તુની શોધ થઇ હોય તો તે વસ્તુ ગુનાને સાંકળતી હોવી જોઇએ. ચુકાદાના પેરા નં.૧૪ મુજબ આરોપી જે જગ્યા ઉપર દોરી જાય તે જગ્યા ઉપર દોરી ગયા બાબતે સ્વતંત્ર સાહેદે પુરાવામાં જણાવ્યુ હોય તો જ તે ગ્રાહ્ય છે.

પ્રકાશચંદ વિરૂધ્ધ દિલ્હી એડમીનીસ્ટ્રેશન

૧૯૭૯(૩) સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૯૦

આરોપીએ પોલીસ અધિકારીને માહીતી આપી કે તેણે ચોરેલી વસ્તુનો ઉપયોગ ગુનો કરવામાં કરેલો હતો અને તે જગ્યા બતાવી તો તે જગ્યા બતાવ્યાની વર્તણૂક પુરાવામાં ગ્રાહ્ય છે પરંતુ તેને સ્વતંત્ર પુરાવાથી સમર્થન મળતુ હોવુ જોઇએ.

ઉપરોકત બંને રજૂ કરેલા ચુકાદા પુરાવાના કાયદાની કલમ–૮ તથા કલમ–૨૭ ઉપર છે, વર્તન કલમ–૮ હેઠળ ગ્રાહ્ય છે નિવેદન કલમ–૮ હેઠળ ગ્રાહ્ય નથી, નિવેદન અને વર્તન બંને જુદી વસ્તુ છે, આરોપીઓએ જગ્યા બતાવ્યાના પંચનામા પુરાવામાં ગ્રાહ્ય નથી.

વધુમાં વિ.વ.શ્રી સોમનાથ વત્સ ફરિયાદપક્ષ દ્વારા આરોપી નં.૩૯ જીશાન અહેમદ ઈશાન અહેમદ વિરૂધ્ધ રજૂ થયેલા પુરાવા બાબતે દલીલો કરતા જણાવે છે કે ફરિયાદપક્ષે સાહેદ નં.૪ તરીકે ફરિયાદી હર્ષદભાઇ હાલાણીને તપાસેલા છે તેઓએ મણીનગર પોલીસ સ્ટેશનમાં ફર્સ્ટ ગુના રજી.નં.૨૦૩/૨૦૦૮ થી ફરિયાદ નોંધાવેલી છે, સાહેદ નં.૪ ની જુબાનીના પેરા નં.૨ વંચાણે લેવા માટે વિનંતી કરી છે, આ જગ્યાનુ પંચનામુ આંક–૧૭૫૨ થી રજૂ છે, પંચનામાના પંચ સાહેદને સાહેદ નં.૩૩૬ તરીકે તપાસેલા છે, આ પંચનામુ

તા.૨૬–૭–૨૦૦૮ ના રોજ રાત્રે કરેલુ છે, પંચનામાની વિગતે સાઇકલો કબજે કરી એફ.એસ.એલ.માં તપાસ અર્થે મોકલેલી છે, સાઇકલોનુ વર્ણન, જગ્યા, સમય બધુ જ પંચનામામાં આવેલુ છે, આ જગ્યાનો નકશો પણ બનાવ્યો છે, નકશો બનાવનારને સાહેદ નં.૬૨૮ તરીકે તપાસેલા છે, આ નકશો તા.૧૨–૯–૨૦૦૮ પછી બનાવ્યો છે, નકશો આંક–૩૩૩૬ થી રજૂ છે, બીજો નકશો આંક–૩૩૬૯ થી રજૂ છે, આ સાઇકલો આંક–૩૪૫૦ થી એફ.એસ.એલ. માં રવાનગી નોંધ સાથે મોકલી છે, રવાનગી નોંધ આંક–૩૪૫૦ માં અનુક્રમ નં. ૩ થી સાઇકલો બતાવી છે, રવાનગી નોંધમાં ગવન્ડર, ઘંટડી, સાઇકલોનો કલર વિગેરેની માહિતી છે, અનુક્રમ નં.૪ માં પણ સાઇકલનુ વર્ણન છે, પંચનામુ તા. ૨–૧૧–૨૦૦૮ ના રોજ થયુ છે જે પંચનામુ આંક–૮૬૪૮ થી રજૂ છે, આ પંચનામાના પંચ સાહેદો મળી આવ્યા નથી માટે ફરિયાદપક્ષે તપાસ્યા નથી, સાઇકલોનો અભિપ્રાય આવ્યો ત્યાં સુધી સાઇકલોની તથા બધી જ વિગતોની તપાસ કરનાર અધિકારીને ખબર હતી.

વધુમાં વિ.વ.શ્રી સોમનાથ વત્સ ફરિયાદપક્ષ દ્વારા આરોપી નં.૪૨ મોહંમદ શકીલ યામીનખાન લુહાર વિરૂધ્ધ રજૂ થયેલા પુરાવા બાબતે દલીલો કરતા જણાવે છે કે ફરિયાદપક્ષે સાહેદ નં.૮૯૬ તરીકે દુર્ગેશ પટેલને તપાસેલા છે અને આંક–૬૪૨૨ થી પંચનામુ રજૂ કરેલુ છે, તા.૨–૧૧–૨૦૦૮ ના રોજ આરોપી નં.૪૨ નાએ જગ્યા બતાવ્યાનુ આ પંચનામુ છે, આ પંચનામુ પુરાવાના કાયદાની કલમ–૨૭ તથા કલમ–૮ હેઠળ ગ્રાહ્ય નથી, આ પંચનામુ કબૂલાત સ્વરૂપનુ છે તેથી ધ્યાને ના લેવાય.

વધુમાં વિ.વ.શ્રી સોમનાથ વત્સ ફરિયાદપક્ષ દ્વારા આરોપી નં.૫૦ સૈકુર રહેમાન અબ્દુલ રહેમાન અંસારી વિરૂધ્ધ રજૂ થયેલા પુરાવા બાબતે દલીલો કરતા જણાવે છે કે ફરિયાદપક્ષે આ આરોપી વિરૂધ્ધ બે પંચનામા રજૂ કરેલા છે, એક ઘર બતાવ્યાનુ પંચનામુ છે અને બીજુ જગ્યાની રેકી કર્યાનુ પંચનામુ છે, ફરિયાદપક્ષે સાહેદ નં.૧૦ તરીકે તપાસેલા સાહેદે વટવા પોલીસ સ્ટેશનમાં ફર્સ્ટ ગુના રજી.નં.૨૧૮/ ૨૦૦૮ થી ફરિયાદ આપેલી છે જે ફરિયાદ આંક–૫૧૮ થી

રજૂ છે, બનાવવાળી જગ્યા નારોલ સર્કલ મીત્તલ ચેમ્બર્સ સામે રોડ ઉપર છે આ જગ્યાનુ પંચનામુ આંક–૧૭૯૨ થી રજૂ છે, આ પંચનામાના પંચને સાહેદ નં. ૩૪૦ તરીકે તપાસેલા છે, આ જગ્યા ફરિયાદી કાદરભાઈએ બતાવી છે, સાહેદની જુબાની મુજબ સાઇકલ ઉપર થેલી ભરાવેલી હતી જે નીચેથી ફાટેલી હતી તેમ જણાવે છે, સાઇકલ કઇ હતી તે બાબતે અને સાઇકલની માહિતી પંચનામામાં છે, સાઇકલ જુની હરકયુલીસ કંપનીની હતી, સીટનો કલર, સાઇકલનો કલર બધી જ વિગતો પંચનામામાં છે, આ સાઇકલો કબજે કરી એફ.એસ.એલ.માં તપાસ માટે મોકલી છે, સાઇકલો કબજે કર્યાનુ પંચનામુ આંક–૨૩૬૫ થી રજૂ છે, આ પંચનામાના પંચને સાહેદ નં.૩૯૨ તરીકે તપાસેલા છે, તા.૩૧–૭–૨૦૦૮ ના રોજ આંક–૫૭૧૭ થી રજૂ રવાનગી નોંધ સાથે મુદ્દામાલ એફ.એસ.એલ.માં મોકલેલો છે, રવાનગી નોંધમાં આર્ટીકલ નં.૬ થી સાઇકલ બતાવી છે, તા.૮–૯–૨૦૦૮ ના રોજનો એફ.એસ.એલ. અભિપ્રાય આંક–૫૭૧૯ થી રજૂ છે, મુદ્દામાલનુ પૃથક્કરણ કરનારને સાહેદ નં.૮૪૦ તરીકે તપાસેલા છે, ગુનાવાળી જગ્યાનો નકશો બનાવેલો જે આંક–૩૩૮૦ થી રજૂ છે, આ નકશો બનાવનારને સાહેદ નં.૬૯૦ તરીકે તપાસેલા છે, નકશા વાળી જગ્યા મીત્તલ સેલ્સ આગળની ખુલ્લી જગ્યા છે, તા.૬–૯–૨૦૦૮ ના રોજ આ નકશો બનાવ્યો છે, સાહેદ નં.૧૦૭૦ વિનય શુકલની જુબાનીના પેરા નં.૪ મુજબ સાહેદે આ જગ્યાની વિજીટ કરેલી છે, આરોપી નં.૫૦ ને જુલાઇ–૨૦૦૯ માં અટક કર્યા છે, આરોપીએ જગ્યા બતાવ્યાનુ પંચનામુ આંક–૬૦૭૦ થી રજૂ છે જે તા.૮–૭–૨૦૦૯ ના રોજનુ છે, આ પંચનામાના પંચને સાહેદ નં.૮૬૯ તરીકે તપાસેલા છે, આ પંચ સાહેદની હાજરીમાં આરોપીએ અલમહંમદી સોસાયટી વાળુ મકાન બતાવ્યાનો આક્ષેપ છે. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૮૨૫ તરીકે પંચ સાહેદને તપાસેલા છે અને આંક–૫૫૪૯ થી તા.૧૭–૭–૨૦૦૯ ના રોજ બનાવેલ પંચનામુ રજૂ છે, આ પંચનામુ પણ આરોપીએ મકાન અને જગ્યા બતાવ્યાનુ છે, આ પંચ સાહેદની જુબાની મુજબ આ મકાનમાંથી બોમ્બવાળી થેલી લીધેલાનુ જણાવે છે અને જે જગ્યાએ બોમ્બ મુકેલો તે જગ્યા પણ બતાવી છે, આવા

પ્રકારનુ પંચનામુ પુરાવામાં ગ્રાહ્ય નથી, આરોપીએ જગ્યા બતાવ્યાના તપાસ કરનાર અધિકારી દ્વારા જે પંચનામા બનાવ્યા છે તેને સ્વતંત્ર પુરાવાથી સમર્થન મળતુ નથી, પંચનામાથી કોઇ વસ્તુ ડિસ્કવર થઇ નથી, આ પંચનામાનો પુરાવો સદંતરપણે ગ્રાહ્ય રાખી શકાય નહીં, આરોપીનુ પોલીસ રૂબરૂનુ નિવેદન પુરાવામાં ગ્રાહ્ય નથી, નિવેદન વિનાના પંચનામા પણ પુરાવામાં ગ્રાહ્ય નથી, આરોપી નં. ૩૯, ૪૨, ૫૦ સામે કોઇ જ પુરાવો નથી.

વધુમાં વિ.વ.સુ.શ્રી નિત્યા રામાકિષ્ણન અને સોમનાથ વત્સ ફરિયાદપક્ષ દ્વારા આરોપી નં.૩૬ મોહંમદઆરીફ નસીમઅહેમદ મિરઝા વિરૂધ્ધ રજૂ થયેલા પુરાવા બાબતે દલીલો કરતા જણાવે છે કે આરોપીને તા.૨૩–૧૧–૨૦૦૮ ના રોજ અટક કરેલા છે, આ આરોપીને સાથે રાખીને જગ્યા બતાવ્યાનુ પંચનામુ કર્યુ છે, સાહેદ નં.૯૩૬ ની જુબાની વંચાણે લેતાં આ આરોપીની ગુનામાં સંડોવણી થતી નથી, તા.૬–૧૨–૨૦૦૮ અને તા.૭–૧૨–૨૦૦૮ ના રોજ આ આરોપીને સાથે રાખી જગ્યાના પંચનામા બનાવ્યા છે, આ આરોપીએ કોઇ જગ્યા બતાવી નથી, આ જગ્યા ઉપરથી કોઇ રીકવરી થઇ નથી, સાહેદ નં.૯૩૬ નાએ આરોપીને કયારેય સાઇકલ મુકતા જોયેલા નથી, આ સાહેદ જુઠ્ઠુ બોલે છે, "મે એક વ્યકિતને સાઇકલ મુકતા જોયેલો છે" તેવુ પોલીસને તાત્કાલિક સાહેદે કહેલુ નથી, સાહેદ નં.૯૩૬ ની જુબાની કેસને સમર્થન કરતી નથી, કરવામાં આવેલા પંચનામા પુરાવામાં ગ્રાહ્ય નથી કારણકે આ પંચનામા કબૂલાત સ્વરૂપના છે, બનાવ પછી ગુનાવાળી જગ્યાનુ પંચનામુ બન્યુ છે જગ્યાનો નકશો પણ બનાવ્યો છે તેમ છતાં સાહેદ નં.૯૩૬ નાએ કોઇને સાઇકલ મુકતા જોયાનુ કહેલુ નથી, સાહેદ પરપ્રાંતીયને સાઇકલ મુકતા જોયેલાનુ જણાવે છે તેને કેવી રીતે ખબર પડી કે સાઇકલ મુકનાર પરપ્રાંતીય હતા? સાહેદ નં.૯૩૬ ફીનાઇલનો ધંધો લાયસન્સ વિના ગેરકાયદેસર રીતે કરતા હતા માટે પોલીસની બીકે તેણે જણાવેલુ છે કે એક પરપ્રાંતીય છોકરાને સાઇકલ મુકતા જોયેલો છે માટે સાહેદ નં.૯૩૬ ની જુબાની મનાય નહીં. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૬૯૬ તરીકે તપાસેલા સાહેદ ખાડીયા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ગુના અંગે ગુનાવાળી જગ્યાનો નકશો બનાવનાર છે.

વધુમાં વિ.વ.સુ.શ્રી નિત્યા રામાક્રીષ્ણન આરોપી નં.૩૬ વિરૂધ્ધ ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવા બાબતે દલીલો કરતા જણાવે છે કે નામદાર અદાલતે આરોપીઓના કબૂલાત નિવેદનોને સમર્થન મળે છે કે કેમ? તે ધ્યાને લેવુ જોઇએ, આરોપી નં.૩૬ ને તા.૨૩–૧૧–૨૦૦૮ ના રોજ અટક કરેલા છે, સાહેદ નં.૯૩૬ નાઓ પરપ્રાંતીય છોકરાને સાઇકલ મુકતા જોયેલાનુ કહે છે પરંતુ તેથી તે જગ્યા બતાવતા પંચનામાને સમર્થન કરે છે તેમ ના કહેવાય, સાહેદ નં. ૯૩૬ ની જુબાની વિશ્વાસપાત્ર નથી તેણે કોઇ છોકરાને સાઇકલ મુકતા જોયા નથી, આ સાહેદને પાછળથી ઉભા કરેલા છે, તા.૨૬–૭–૨૦૦૮ ના રોજ બનાવ બન્યા ત્યાર પછી પોલીસે વારંવાર આ જગ્યાઓની મુલાકાતો લીધી છે તેમ છતાં સાહેદે પોલીસને જઇને કહેલુ નથી કે બે છોકરાઓને સાઇકલો મુકતા જોયેલા છે, પોલીસે પણ આ સાહેદને પુછયુ નથી અને ઘણા વખત પછી આ સાહેદે પોલીસને માહિતી આપી છે જે માની શકાય નહીં, આ બધા સાહેદોના પુરાવા ધ્યાનપૂર્વક વિચારણા હેઠળ લેવા માટે વિનંતી કરી છે, સાહેદ નં.૯૩૬ ઘણા વખત પછી પણ આરોપી નં.૩૬ ને ઓળખી બતાવે તે શકય નથી, આરોપીની જીંદગી સાહેદ નં.૯૩૬ ના આધારે નક્કી થશે માટે સાહેદ નં.૯૩૬ નો પુરાવો ઘણો જ અગત્યનો છે માટે આ સાહેદનો પુરાવો ધ્યાનપૂર્વક વિચારણા હેઠળ લેવો જોઇએ, નાના–નાના વિંરોધાભાસો મહત્વના નથી પરતુ આ કેસમાં મહત્વના વિરોધાભાસો છે, સાહેદ નં.૯૩૬ નાઓ આરોપી નં.૩૬ નો ચહેરો ઘણા લાંબા સમય સુધી યાદ રાખે તે શકય નથી, સાહેદ નં.૯૩૬ રોજે રોજ ગોખલે પાન હાઉસ પાસે બેસે છે તેનો અર્થ એવો નથી કે તેણે પરપ્રાંતીય છોકરાને સાઇકલ મુકતા જોયેલો હોય, ગોખલે પાન હાઉસ પાસેથી દિવસ દરમ્યાન ઘણા વાહનો અને લોકો આવતા, જતા હોય છે તેઓ પૈકી કોઇને સાહેદે ઓળખ્યા નથી અને ફકત આરોપી નં.૩૬ ને જ ઓળખે અને યાદ રાખે તે શકય નથી, સાહેદ નં.૯૩૬ ની જુબાની વંચાણે લેતાં બનાવના દિવસે કેટલા લોકો સાઇકલ લઇને આવેલા તે હકીકતની જાણ પોલીસને કરી નથી, ગોખલે પાન હાઉસનો માણસ બ્લાસ્ટમાં ગુજરી ગયો છે તેમ છતાં સાહેદ નં.૯૩૬ તે બાબતે

કાંઇ જણાવતા નથી તેનુ નામ પણ ખબર નથી તો આરોપી નં.૩૬ ને સાહેદ ઓળખે કઇ રીતે? તે પ્રશ્ન છે, બીજા ૨૦ જેટલા માણસોને ઇજા થયેલી તે પણ આ સાહેદ જણાવતા નથી પરંતુ ફકત આજ આરોપીને ઓળખે તે શકય નથી જેથી સાહેદ નં.૯૩૬ ની યાદશકિત ઉપર પ્રશ્ન ઉભો થાય છે, પરપ્રાંતીય છોકરા જોવામાં આવેલાનુ જણાવે છે પરંતુ તે છોકરાઓના વર્ણન સાહેદ જણાવતા નથી, આંક–૩૪૧૫ વાળો નકશો જોતાં તેમાં ગોખલે પાન હાઉસ તથા એમ. નારાયણદાસ વાળી જગ્યાઓ જુદી–જુદી છે, બંને જગ્યાઓ વચ્ચે વળાંક છે, સાહેદ નં.૯૩૬ ગોખલે પાન હાઉસ પાસે ઉભા હતા ત્યાંથી એમ. નારાયણદાસ વાળી જગ્યા જોઇ શકાય નહીં તેમ છતાં સાહેદ જણાવે છે કે એક છોકરાએ એક સાઇકલ ગોખલે પાન હાઉસ પાસે અને બીજી સાઇકલ બીજા છોકરાએ એમ . નારાયણદાસ દુકાન પાસે મુકેલી છે, જે ખોટુ છે, રજૂ થયેલો નકશો ખોટો અથવા તો સાહેદ નં.૯૩૬ ખોટા છે, પોલીસ આ સાહેદને જગ્યા ઉપર લઇ ગયેલ નથી, સાહેદ નં.૫૮૮ ની રૂબરૂમાં આરોપીને ઓળખ્યાનો આક્ષેપ છે પરંતુ સાહેદ નં. ૯૩૬ બનાવ વખતે સ્થળ ઉપર હાજર જ ન હતા, ગોખલે પાન હાઉસની બહારની જગ્યા ઉપરથી કોઇ બીજા વ્યકિતઓએ આ આરોપીને જોયો નથી અને ફકત સાહેદ નં.૯૩૬ નાએ જ જોયો છે તે શકય નથી, પરપ્રાંતીય છોકરા અજાણ્યા હતા તેમને યાદ રાખવાનુ કોઇ કારણ નથી, આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખેલા નથી.

વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૮૬૬ તરીકે પંચ સાહેદને તપાસેલા છે અને આંક– ૬૦૬૨ થી પંચનામુ રજૂ છે, જગ્યા બતાવતુ આ પંચનામુ છે, આ પંચનામાથી કોઇ રીકવરી થઇ નથી, કઇ જગ્યા ઉપર આરોપી લઇ જવા માંગતા હતા તે સાહેદ નં.૯૩૬ જણાવતા નથી, સાહેદની જુબાની ઉપરથી આરોપીની વર્તણુંક પુરવાર થતી નથી, આંક–૬૦૬૨ વાળા પંચનામામાં આરોપીની ઓળખ છતી ના થાય તે માટે કાળજી રાખવામાં આવી નથી. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૮૬૦ તરીકે પંચ સાહેદ તપાસેલા છે અને આંક–૬૦૨૪ થી પંચનામુ રજૂ કરેલુ છે, આ પંચનામુ તા.૭–૧૨–૨૦૦૮ ના રોજ કલાક ૯–૦૦ થી ૧૧–૦૦

વાગ્યા દરમ્યાન બનાવેલુ છે, આંક–૬૦૬૨ થી રજૂ પંચનામુ તા.૬–૧૨–૨૦૦૮ ના રોજ કલાક ૧૩–૦૦ થી ૧૫–૦૦ વાગ્યા દરમ્યાન બનાવેલુ છે.

વધુમાં વિ.વ.સુ.શ્રી નિત્યા રામાક્રીષ્ણન આરોપી નં.૪૦ વિરૂધ્ધ ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવા બાબતે દલીલો કરતા જણાવે છે કે સાહેદ નં.૮૮૫ તરીકે પંચ સાહેદને તપાસેલા છે અને આંક–૬૩૧૮ થી પંચનામુ રજૂ છે, આ પંચનામુ ૧૦–૩૦ વાગ્યે શરૂ કરી તા.૧૨–૩૦ વાગ્યે પુરૂ કરેલુ છે, આરોપીની હાજરી કલાક ૧૩–૦૦ વાગ્યે એફ.એસ.એલ.ગાંધીનગર ખાતે બતાવી છે આ પંચનામુ કલમ–૮ મુજબનુ નથી, આંક–૬૩૧૮ વાળુ પંચનામુ કલાક ૧૨–૩૦ વાગ્યે પુરૂ કરેલુ છે અને ત્યારબાદ બીજુ પંચનામુ આંક–૬૦૭૯ વાળુ એફ.એસ.એલ.ગાંધીનગર ખાતે બનાવેલુ છે, આંક–૬૩૧૮ વાળા પંચનામાની જગ્યાથી એફ.એસ.એલ.ગાંધીનગર ૩૫ કિલોમીટર દુર છે, અડધા કલાકમાં જ બીજુ પંચનામુ શરૂ થાય છે, સાહેદ નં.૮૮૫ ની જુબાની વંચાણે લેતાં આંક–૬૩૧૮વાળુ પંચનામુ કલાક ૧૨–૩૦ વાગ્યે બનાવ્યુ ત્યારે કોઇ પુછપરછ કરી નથી, ૧૨–૩૦ વાગ્યે આંક–૬૩૧૮ વાળુ પંચનામુ પુરૂ થયુ અને પછી ૧૩–૦૦ વાગ્યે ૩૫ કિલોમીટર દુર એફ.એસ.એલ.ગાંધીનગર ખાતે આંક–૬૦૭૯ વાળુ પંચનામુ શરૂ થાય છે, આંક–૬૦૭૯ વાળુ પંચનામુ બનાવતા પહેલા સાઇકલનુ પૃથક્કરણ થઇ ગયેલુ હતુ તેમ છતાં સાઇકલ સીલબંધ બતાવી છે.

વધુમાં વિ.વ.સુ.શ્રી નિત્યા રામાક્રિષ્ણન અને સોમનાથ વત્સ દલીલો કરતા જણાવે છે કે દરેક આરોપીઓએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળ વિશેષ નિવેદનો નોંધાવ્યા છે અને આ નિવેદનોમાં તેઓએ સાચી હકીકતો જણાવી છે, ક્રિમીનલ કાર્યવાહીઓમાં દરેક મુદ્દામાલ સિલબંધ હાલતમાં હોવો જોઇએ જેથી કરીને તેની સાથે ચેડા ના થાય, દરેક આરોપીઓએ કહ્યુ છે કે તેઓ કોઇ જગ્યાએ તપાસ કરનાર અધિકારીને લઇ ગયા નથી કે જગ્યાઓ બતાવ્યાના પંચનામા તેમની રૂબરૂ બનાવેલા નથી, એફ.એસ.એલ.અધિકારીઓના પુરાવા ધ્યાને લેતાં તેમની પાસે જે મુદ્દામાલ પૃથક્કરણ માટે આવેલો છે તે સિલબંધ

હાલતમાં ન હતો જેથી મુદ્દામાલ સાથે ચેડા થયાની શકયતા નકારી શકાય નહીં, રજૂ થયેલા તમામ પંચનામા ઉભા કરેલા છે, એફ.એસ.એલ.માં મુદ્દામાલ ફરી સીલ થયા નથી જેથી પુરાવા ખોટા ઉભા કરેલા છે, તપાસ કરનાર અધિકારી મયુર ચાવડા એક આરોપીને સાથે રાખી મણીનગર ખાતે એક જગ્યાનુ પંચનામુ કલાક ૧૨–૩૦ વાગ્યે બનાવે છે અને બીજા આરોપીને સાથે રાખી ગાંધીનગર એફ.એસ.એલ. ખાતે બીજુ પંચનામુ ૧–૦૦ વાગ્યે બનાવે છે તે શકય નથી, તપાસ કરનાર અધિકારી એક જ દિવસે, એક જ સમયે, અલગ–અલગ જગ્યાઓએ પંચનામા બનાવી શકે નહીં જેથી ગાંધીનગર એફ.એસ.એલ. ખાતે બનાવેલુ પંચનામુ ખોટુ અને ઉભુ કરેલુ છે.

વધુમાં તેઓ આરોપી નં.૩૬ ની કરવામાં આવેલ ઓળખ પરેડના મુદ્દા ઉપર દલીલો કરતા જણાવે છે કે સાહેદ નં.૯૩૬ નાએ આરોપી નં.૩૬ ને કોર્ટમાં ઓળખી બતાવેલા નથી, મુદ્દામાલ સાઇકલ પણ સાહેદે ઓળખી બતાવી નથી જેથી સાહેદ નં.૯૩૬ નો પુરાવો વંચાણે લેવાય નહીં, ઓળખ પરેડનો પુરાવો સ્વતંત્ર પુરાવો નથી, કોર્ટમાં આરોપીને સાહેદ ઓળખી બતાવે તો તે સ્વતંત્ર પુરાવો છે, ઓળખ પરેડ માટે નીચે મુજબના ચુકાદા ઉપર આધાર રાખે છે.

ઇકબાલ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ઉત્તરપ્રદેશ

(૨૦૧૫)૬ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૬૨૩

ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતોને વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે ઓળખ પરેડના પુરાવા ઉપરથી સજા ના થાય, ઓળખ પરેડના પુરાવાને સમર્થનકારી પુરાવાથી સમર્થન મળવુ જોઇએ, આરોપીએ શું કૃત્ય કર્યુ? તે પણ સાહેદે કોર્ટમાં જણાવવુ જોઇએ અને આરોપીને ઓળખવો જોઇએ, ઓળખ પરેડના પુરાવા ઉપર આધાર રખાય નહીં, ઓળખ પરેડમાં આરોપીની ભૂમિકા જણાવવી જોઇએ.

વધુમાં સાહેદ નં.૫૮૮ની જુબાની વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે આરોપીએ જે જણાવેલુ તે પંચનામામાં લખી લીધેલુ, આંક–૩૧૫૧

નુ પંચનામુ વંચાણે લેતાં તેમાં એક ભાઇ લટાર મારતા હતા તેટલુ જ લખેલુ છે, ઓળખ પરેડ બાબતે તથા સાહેદો બાબતે પોલીસ કે ફરિયાદપક્ષ ગંભીર રહેલા નથી, પોલીસે યોગ્ય તપાસ કરી નથી, આરોપી નં.૩૬ ને દિલ્હીથી ટ્રાન્સફર વોરન્ટના આધારે લાવેલા છે પરંતુ પોલીસે યોગ્ય તપાસ કર્યા વિના ખોટી રીતે સદર આરોપીને આ ગુનામાં સંડોવી દીધેલ છે. વધુમાં સાહેદ નં.૯૩૬ ની જુબાની વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે આ સાહેદ જુબાનીમાં આરોપી શું કામગીરી કરતા હતા તે બાબતે કાંઇ કહેતા નથી, પરપ્રાંતીય છોકરાઓ બાબતે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટે કાંઇ કહ્યુ નથી, પરપ્રાંતીય ડમી માણસોને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટે બોલાવેલા નથી, ગીચ વસ્તીવાળા વિસ્તારમાં સાહેદ નં. ૯૩૬ નાએ પરપ્રાંતીય છોકરાઓને કેવી રીતે ઓળખ્યા કે તેઓ પરપ્રાંતીય છે? હાલના ગુનામાં પોલીસ તપાસ પ્રમાણિક રીતે થયેલી નથી, સાહેદ નં.૯૩૬ ની જુબાની અકુદરતી છે, સાહેદ નં.૯૩૬ ની યાદદાસ્ત ઘણી સારી હતી તે મનાય નહીં, ગોખલે પાન હાઉસના બનાવમાં ૨૦ માણસોને ઇજા થયેલી હતી તેમ છતાં સાહેદ નં.૯૩૬ ને કાંઇ થયુ નથી, બનાવ વખતે સાહેદ નં.૯૩૬ કયાં ઉભેલા? તે કહેતા નથી, ગોખલે પાન હાઉસના માલિકે આરોપીને ઓળખી બતાવેલા નથી, સાહેદ નં.૯૩૬ નાએ જે હકીકત પોલીસ નિવેદનમાં લખાવી નથી તેવી વધારાની હકીકતો જુબાનીમાં લખાવી છે, બનાવ બન્યા પછી પોલીસ ઘણી વખત આ જગ્યા ઉપર આવેલી હતી પરંતુ સાહેદ નં.૯૩૬ નાએ પોલીસને કોઇ વાત કરી નથી તે મનાય નહીં. વધુમાં સાહેદ નં.૧૦૧૫ ની જુબાની વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે આરોપી નં.૩૬ નાને હિન્દીમાં ઓળખ પરેડની કાર્યવાહી સમજાવી નથી, ડમી માણસોને મેજિસ્ટ્રેટે પાંચ મિનિટમાં બોલાવેલાનુ મનાય નહીં, સાહેદ નં.૫૮૮ ની જુબાનીના પેરા નં.૪૫ તેમજ આરોપીએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં પાન નં.૧૨૧૦ થી ૧૨૧૩ માં જણાવેલ વિગતો વંચાણે લેવા માટે વિનંતી કરી છે.

વધુમાં આરોપી નં.૩૮ વિરૂધ્ધ રજૂ થયેલા પુરાવા બાબતે દલીલો કરતા જણાવે છે કે જગ્યા બતાવ્યાના પંચનામા બાબતે બીજા આરોપીઓ અંગે જે

દલીલો કરી છે તે જ દલીલો આ આરોપી નં.૩૮ માટે છે, આરોપી નં.૩૮ ને હાલના ગુનામાં સંડોવતો કોઇ પુરાવો નથી, તા.૨૭–૧૦–૨૦૦૮ ના રોજ આરોપી નં.૩૮ ને અટક કરેલા છે, બાગેફીરદોશ સોસાયટીમાં આવેલ કચરા પેટીમાંથી બોમ્બ મળેલો પરંતુ ત્યાં કોણે બોમ્બ મુકયો? બોમ્બ કયાંથી આવ્યો? તે અંગે કોઇ તપાસ થઇ નથી કે તે અંગે ફરિયાદપક્ષ તર્ફે કોઇ પુરાવો રજૂ થયેલો નથી, આરોપીએ આ જગ્યા બતાવી નથી કે ત્યાંથી કોઇ સાઇકલ કબજે થયેલ નથી, આ આરોપીને અલમહંમદી સોસાયટીના મકાન નં.૧૦ સાથે સાંકળતો કોઇ પુરાવો નથી, મકાન માલિકે આરોપી નં.૩૮ ને ઓળખ પરેડમાં કે અદાલતમાં ઓળખી બતાવેલા નથી. વધુમાં સાહેદ નં.૯૨૮ ની જુબાની વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે આ સાહેદ અલમહંમદી સોસાયટીમાં પાણી પુરૂ પાડે છે, આ સાહેદ જણાવતા નથી કે આરોપી નં.૩૮ આ મકાનમાં રોકાયેલા હતા. વધુમાં સાહેદ નં.૯૨૩ ની જુબાની વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે સાહેદની દુકાનેથી આરોપી પાણીના પાઉચ અને આઇસ્ક્રીમ લઇ જતા હતા પરંતુ સાહેદે આરોપીને અદાલતમાં ઓળખી બતાવેલા નથી, આરોપી નં.૩૮ પાસેથી કોઇ રીકવરી કે ડિસ્કવરી થયેલી નથી, અલમહંમદી સોસાયટીવાળા મકાનમાંથી તુટેલી સીડી મળેલી છે તેવો ફરિયાદપક્ષનો કેસ છે, આ સીડી પૃથક્કરણ માટે એફ.એસ.એલ.માં મોકલેલી છે, સીડી બતાવીને દલીલ કરતા જણાવે છે કે આ સીડી ઉપર ફિંગરપ્રિન્ટ આવે જ નહીં, સીડી ઉપર આરોપીની ફિંગર પ્રિન્ટ આવી તેનો અર્થ એવો નથી કે આરોપી આ ગુનામાં સંડોવાયેલા છે, આ આરોપીની સંડોવણી માટે બીજો કોઇ સમર્થનકારી પુરાવો રજૂ થયેલો નથી, આરોપીની ફિંગર પ્રિન્ટ પોલીસે ખોટી ઉભી કરેલી છે, આરોપી નં.૩૮ ની ફિંગર પ્રિન્ટ મકાનની બીજી કોઇ વસ્તુઓ ઉપરથી મળી આવી નથી માટે સીડી ઉપરની ફિંગર પ્રિન્ટ મનાય નહીં, તા.૧૯–૯–૨૦૦૮ ના રોજ ક્રાઇમ બ્રાંચ પોલીસ તથા એફ.એસ.એલ. ટીમ અલમહંમદી સોસાયટી ઉપર ગયેલી હતી અને ત્યાં બે દસ્તાવેજ બનાવ્યા, એક પંચનામુ બનાવ્યુ અને એફ.એસ.એલ.અધિકારીએ વીજીટ રીપોર્ટ બનાવેલો છે, પંચનામા મુજબ સીડી તુટેલી હતી, એફ.એસ.એલ.

ના રીપોર્ટ મુજબ સીડી તુટેલી હતી કે નહીં તેનો ઉલ્લેખ નથી, એફ.એસ.એલ. ના રીપોર્ટમાં સીડી ઉપર માર્કીંગ કરેલાનો ઉલ્લેખ નથી, તુટેલી સીડીનો ફોટોગ્રાફ લીધો હોય તેવો પણ રીપોર્ટમાં ઉલ્લેખ નથી, એફ.એસ.એલ. અધિકારીને સાહેદ નં.૮૪૯ તરીકે તપાસેલા છે તેમણે સ્થળ પરીક્ષણ કરી રીપોર્ટ આપેલો છે, મકાનમાં તપાસ કરી સીડી કબજે લેવાની સુચના તપાસ કરનાર અધિકારીને આપેલી છે, સીડી બાબતે બીજુ કાંઇ કહેતા નથી, આંક–૫૯૧૩ વાળા સ્થાનિક રીપોર્ટમાં ફોટોગ્રાફી કર્યાનો પણ ઉલ્લેખ નથી, સાહેદ નં.૯૫૮ ની હાજરી પંચનામા વખતે હતી કે કેમ? તે સ્પષ્ટ થતુ નથી, આંક–૬૬૫૬ થી પંચનામુ રજૂ છે, અસલ સી.ડી. કે ફોટોગ્રાફ એફ.એસ.એલ.માં મોકલેલા નથી, ફોટોગ્રાફર નીલેશ પટેલને તપાસ્યા નથી, સીડી ઉપર માર્કીંગ કરેલુ નથી માટે સીડીની ઓળખ થાય નહીં, પુરાવાના કાયદાની કલમ–૯૩, ૯૪ વંચાણે લેવા માટે વિનંતી કરી છે.

વધુમાં સાહેદ નં.૯૫૮ ની જુબાની વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે સાહેદે જુબાનીના પેરા નં.૩૦ માં કબૂલ કરેલ છે કે સીડી ઉપર માર્ક નથી, પેરા નં.૩૧ માં જણાવે છે કે સીડીનો ફોટો લીધા પછી ફોટોગ્રાફ ઉપર માર્ક આપેલાનુ જણાવે છે પરંતુ ફોટો જોઇ શકાય તેવો નથી, આંક–૬૭૨૨ વાળો ફોટોગ્રાફ સીડીનો છે, સીડી ઉપર માર્કીંગ નથી તેમ જણાવે છે, સીડીના વર્ણનની સરખામણી થતી નથી, આંક–૬૭૨૨ થી ફોટાની એનલાર્જ કોપી રજૂ છે, સીડી ઉપરની ફિંગર પ્રિન્ટની સરખામણી કર્યા વિના ખોટી રીતે ઉભી કરેલી છે, ફોટોગ્રાફ સ્થળ ઉપર લીધાનો કોઇ રેફરન્સ નથી, ફોટોગ્રાફ છ દિવસ મોડો કેમીકલ એનેલાઇઝરને મોકલ્યો છે, આ કામગીરીની કોઇ વર્કશીટ બનાવી નથી, ડ્રોઇંગ બનાવેલુ તે કોર્ટમાં રજૂ કર્યુ નથી. પુરાવાના કાયદાની કલમ–૪૫ વંચાણે લેવા માટે વિનંતી કરી છે.

વધુમાં સાહેદ નં.૯૫૮ નાઓએ સીમીલારીટી અને ડીસીમીલારીટી ધ્યાને લીધી નથી, સાહેદ નં.૯૫૮ ને મૂળભૂત જરૂરિયાતોની ખબર નથી, ફિંગર પ્રિન્ટ તપાસવા અંગેના પુસ્તકો વાંચ્યા નથી, એફ.એસ.એલ. અધિકારીએ

સ્થાપિત થયેલી કાર્યવાહી અપનાવ્યા સિવાય રીપોર્ટ આપેલો છે જે માનવા લાયક નથી, કયા આધારે ફિંગર પ્રિન્ટ મળતી આવે છે? તે સાહેદે જણાવેલુ નથી, ફિંગર પ્રિન્ટ લીધા પછી ઘણા સમય સુધી પોલીસે એફ.એસ.એલ.માં મોકલી નથી, ફિંગર પ્રિન્ટ એક્ષ્પર્ટનો રીપોર્ટ તથા તેમની જુબાની વિશ્વાસપાત્ર નથી જેથી તેના ઉપર ભરોસો રખાય નહીં, ફિગર પ્રિન્ટ એક્ષપર્ટે તટસ્થ રીપોર્ટ આપ્યો નથી, કબજે કરેલ સીડી ની આ ગુનામાં કોઇ ભૂમિકા નથી, સાહેદ નં. ૧૦૭૭ ની જુબાની વંચાણે લેવા માટે વિનંતી કરી છે ઉપરોકત તમામ ચર્ચાને ધ્યાને લેતાં આરોપી નં.૩૮ સામે કોઇ જ પુરાવો નથી. વધુમાં વિ.વ.સુશ્રી નિત્યા રામાક્રિષ્ણન તથા શ્રી સોમનાથ વત્સનાઓએ પોતાની મૌખિક દલીલોના સમર્થનમાં આંક–૯૪૨૮ થી લેખિત દલીલો રજૂ કરેલી છે. જે પણ મૌખિક દલીલો મુજબની છે. જે પણ વિચારણ હેઠળ લીધી.

(૨૪)(૦૫) <u>બચાવપક્ષ તર્ફે વિ.વ. શ્રી કે.જી.શેખની દલીલોઃ–</u>

આરોપી નં.૪, ૧૧, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૬૧, ૬૨, ૬૭ નાઓ તર્ફે વિ.વ.શ્રી કે.જી.શેખ દલીલો કરતા જણાવે છે કે ગઇ તા.૨૬–૭–૨૦૦૮ ના રોજ બનેલા કમનસીબ બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં ૫૬ જેટલા વ્યકિતઓ મરણ ગયેલા છે તથા ૨૫૦ જેટલા વ્યકિતઓને ઇજાઓ થયેલી છે તે હકીકત સાચી છે, આ કેસમાં કુલ–૭૮ નિર્દોષ આરોપીઓને આંતકવાદી તરીકે ગુનામાં સંડોવેલા છે, કુલે–૭૮ આરોપીઓ ગંભીર ગુનાના આક્ષેપોનો સામનો કરી રહ્યા છે, સુરતમાં પણ જુદી–જુદી જગ્યાઓ ઉપર બોમ્બ પ્લાન્ટેશન થયેલા તેમાં પણ આ આરોપીઓ સામેલ છે તેવો ફરિયાદપક્ષનો આક્ષેપ છે. સદર ગુના કામે જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ આ બનાવોની તપાસ કરેલી છે પરંતુ આરોપીઓ હાલના ગુનામાં સંડોવાયેલા હોવાના પુરાવા મળી આવેલા નથી. પુરાવાના કાયદાની કલમ–૧૧૪(જી) વંચાણે લઇ વિ.વ.શ્રી કે.જી.શેખ દલીલો કરતા જણાવે છે કે અમુક દસ્તાવેજો સહેલાઇથી મળે તેમ હોય તેવા દસ્તાવેજો આ કામે રજૂ કર્યા નથી જેથી ફરિયાદપક્ષની વિરૂધ્ધમાં અનુમાન કરવુ

જોઇએ. ફરિયાદપક્ષ તર્ફે તેમના કેસના સમર્થનમાં કુલ–૧૧૬૩ જેટલા સાહેદો તપાસ્યા છે પરંતુ કોઇપણ સાહેદ આરોપીઓ વિરૂધ્ધ સબળ પુરાવો આપતા નથી, તપાસ કરનાર અધિકારીઓએ ભેગા કરેલા અને રજૂ કરેલા પુરાવા ઉપરથી આરોપીઓ વિરૂધ્ધ ફરમાવવામાં આવેલા તહોમતનામા મુજબનો કેસ સાબિત થતો નથી, તપાસ કરનાર અધિકારીઓએ રજૂ કરેલા પુરાવા ધ્યાને લેતાં તે પુરાવાના કાયદાની જોગવાઇઓ મુજબ ગ્રાહ્ય નથી , આરોપીઓ વિરૂધ્ધ તહોમતનામુ ફરમાવ્યુ ત્યારે સરકારી વકીલશ્રીઓએ અદાલતને મદદ કરી નથી, સાચો પુરાવો રજૂ કરવામાં અદાલતને સરકારી વકીલશ્રીઓએ મદદ કરી નથી, અમુક આરોપીઓ સામે મંજૂરી આપનાર અધિકારીઓના પુરાવા સિવાય બીજો કોઇ સ્વતંત્ર પુરાવો નથી , આરોપીઓને પકડયા પછી વર્તણૂકના પંચનામા બનાવ્યા છે તે સિવાય આરોપીઓ સામે બીજા કોઇ પુરાવા નથી , કોઇ પણ તપાસ એજન્સીના પુરાવાનુ મુલ્યાંકન તેમની વર્તણૂક ઉપરથી નક્કી થાય છે, સદર ગુના કામે તપાસ કરનાર અધિકારીઓ પૈકી ઘણા બધા અધિકારીઓ એવા છે કે જેઓએ સને–૨૦૦૨ થી લઇને અત્યાર સુધી આવા જ પ્રકારના ઘણા બધા કેસોમાં તપાસ કરી છે જેમ કે અભય ચુડાસમા, તરૂણ બારોટ, જે.એમ.ભરવાડ, ડી.જી.વણઝારા, એ.કે.સુરેલીયા, એ.એ.ચૌહાણનાઓએ આવા જ પ્રકારના ગુનાઓની તપાસો કરી છે, આ અધિકારીઓ રાજકીય નેતાઓના હાથા હોય છે અને સરકારના પ્રિય હોય છે, આવા અધિકારીઓ મુસ્લીમ કોમના વ્યકિતઓને જ પકડીને જે તે ગુનામાં સંડોવે છે, ઘણા કેસોમાં નામદાર સુપ્રિમ કોર્ટે આવા અધિકારીઓની ટીકાઓ પણ કરી છે, આવા અધિકારીઓ ગુનાની ખોટી તપાસો કરતા હોય છે. વિ.વ.શ્રી કે.જી.શેખે પોતાની દલીલોના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓ રજૂ કરી તે ઉપર આધાર રાખેલો છે.

(૧) યુસુફખાન પઠાણ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત
૨૦૧૨(૦) એઆઇજેઇએલ,સુપ્રિમ કોર્ટ, પ૨૧૩૯

(૨) અમદાવાદના અધિક સત્ર ન્યાયધિશ સાહેબે સેશન્સ કેસ નં. ૨૭૯/૨૦૦૬ ના કામે તા.૨૨-૭-૨૦૦૮ ના રોજ આપેલ ચુકાદો

(૩) અમદાવાદ શહેરના અધિક સત્ર ન્યાયધિશ સાહેબે સેશન્સ કેસ નં.૨૮૫/૨૦૦૭ ના કામે તા.૨૩-૭-૨૦૦૯ ના રોજ આપેલ ચુકાદો

(૪) અમદાવાદ (ગ્રામ્ય) જીલ્લાના સેશન્સ જજ સાહેબે સેશન્સ કેસ નં.૭૧/૨૦૦૬ ના કામે તા.૧૧-૧૨-૨૦૦૯ ના રોજ આપેલ ચુકાદો

(૫) અમદાવાદના સિટી સિવિલ એન્ડ સેશન્સ જજ સાહેબે સેશન્સ નં.૨૧૪/૨૦૦૫ ના કામે તા.૨૩-૧૨-૨૦૦૮ ના રોજ આપેલ ચુકાદો

(૬) અમદાવાદની ટાડા કોર્ટ દ્વારા ટાડા કેસ નં.૧/૨૦૦૭ ના કામે ડીસ્ચાર્જ અરજી લગત તા.૭-૫-૨૦૦૮ ના રોજ કરેલ હુકમ

(૭) મુન્સીર્સીંધ વિરૂધ્ધ ગૌતમ
૨૦૦૫ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૧૨૬૯

વધુમાં હાલના કેસમાં આરોપીઓને રીમાન્ડ દરમ્યાન તપાસ કરનાર અધિકારીઓ તરફથી શારીરિક, માનસિક ત્રાસ આપેલો છે, કોર્ટમાં રીમાન્ડ વખતે આરોપીઓની મુલાકાત તેમના વકીલો સાથે કરવા દેવામાં આવતી ન હતી. વધુમાં ફરિયાદપક્ષે તપાસેલા સાહેદ નં.૮૮૧ ની જુબાની ધ્યાને લેતાં આરોપીઓને પોલીસે ત્રાસ આપ્યાની હકીકત જણાવી છે, આરોપીઓ ગુન્હાહિત પ્રવૃતિઓમાં સંડોવાયેલા નથી તેવુ પણ સદર સાહેદ જણાવે છે, આ સાહેદને પોલીસે સુરત મુકામે વારંવાર બોલાવેલાનુ જણાવે છે, આ સાહેદની હાજરીમાં પોલીસ આરોપીઓને મારઝુડ કરતી હોવાનુ પણ સાહેદ જણાવે છે. વધુમાં ફરિયાદપક્ષે તપાસેલા સાહેદ નં.૧૦૪૧ ની જુબાની ધ્યાને લેતાં સુરત ક્રાઇમ બ્રાંચ તથા અમદાવાદ ક્રાઇમ બ્રાંચમાં ૨૦ દિવસ રાખેલાનુ જણાવે છે, પોલીસ

કહે તેમ નિવેદન આપવા દબાણ કરતા હોવાનુ પણ જણાવે છે, આ સાહેદને જુબાની આપી ત્યાં સુધી પોલીસનો ડર હતો, ડરના કારણે સાહેદે કયાંય અરજી કરેલી ન હોવાનુ પણ જણાવે છે.

વધુમાં વિ.વ.શ્રી કે.જી.શેખ ફરિયાદપક્ષે તપાસેલા સાહેદ નં. ૧૦૯૯ ની જુબાની વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે આરોપીઓ કોઇ પણ ગેરકાયદેસર પ્રવૃતિઓમાં સંડોવાયેલા ન હોવાનુ સાહેદ જણાવે છે, સપ્ટેમ્બર અને ઓકટોબર–૨૦૦૮ માં પોલીસ ખૂબ દબાણ કરતી હોવાનુ જણાવે છે, પોલીસ કહે તેમ નિવેદન આપવા પોલીસ દબાણ કરતી હોવાનુ પણ જણાવે છે. વધુમાં ફરિયાદપક્ષે તપાસેલા સાહેદ નં.૧૧૨૧ ની જુબાની ધ્યાને લેતાં પોલીસે ક્રાઇમ બ્રાંચની ઑફિસે વડોદરા મુકામે બોલાવેલા અને ત્યાંથી સિંધરોટ રોડ ઉપર ફાર્મ હાઉસ ઉપર લઇ જઇ માર મારેલાનુ જણાવે છે ત્યાં બીજા આરોપીઓને પણ પોલીસ માર મારતી હોવાનુ જણાવે છે, પોલીસે બે દિવસ રાખીને માર મારેલો તેમજ બેનને લઇ આવી બળાત્કાર કરવાની ધમકી આપેલાનુ પણ જણાવે છે, અમદાવાદમાં પણ આઠ દિવસ પોલીસે ત્રાસ આપેલાનુ જણાવે છે, મેજિસ્ટ્રેટે કોર્ટમાં જાતે લખી લીધેલુ અને લખાણ વાંચવા આપેલા ન હોવાનુ જણાવે છે,સને– ૨૦૦૮ થી આજ દિન સુધી વારંવાર ત્રાસ આપી પુછપરછ કરેલાનુ કહે છે, પોલીસનો ડર લાગે છે તેમ પણ સાહેદ જણાવે છે. વધુમાં ફરિયાદપક્ષે તપાસેલા સાહેદ નં. ૧૧૫૧ની જુબાની ધ્યાને લેતાં સાહેદને જાનનુ જોખમ છે માટે સાહેદે કોઇને કોઇ વાત કરી નથી, બોમ્બ બ્લાસ્ટ બન્યા પછી પોલીસ આ સાહેદને લઇ ગયેલી હતી, બીજા આરોપીઓને પોલીસ માનસિક, શારીરિક ત્રાસ આપતી હોવાનુ જણાવે છે, ઘણા લાંબા સમય સુધી પોલીસે ગોંધી રાખેલાનુ જણાવે છે, પોલીસે ગેરકાયદેસર અટક કરેલાનુ જણાવે છે, સાહેદને હાથ, પગ બાંધીને માર મારતા હોવાનુ જણાવે છે, દોરી બાંધીને ઉંધા લટકાવેલાનુ જણાવે છે, પટ્ટાથી બીજા બધાને મારતા હોવાનુ જણાવે છે, આખી રાત મારતા હોવાનુ જણાવે છે, પોલીસના કહ્યા પ્રમાણે નિવેદન ના આપે તો એન્કાઉન્ટર કરવાની

પોલીસ ધમકી આપતા હતા, જુબાની આપી ત્યાં સુધી સાહેદને પોલીસની બીક લાગી છે, ઉપરોકત તમામ સાહેદોને પોલીસે માર મારેલો છે.

આદમ અજમેરી વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત

(૨૦૧૪)૭ સુપ્રિમ કોર્ટ કેસીસ, પાન નં.૭૧૬

ઉપરોકત ચુકાદાના પેરા નં.૧૩૬ થી ૧૪૮ વંચાણે લેવા માટે વિનંતી કરી છે. કબૂલાત માટે, ગુનાના સાથી માટે, શારીરિક ત્રાસ માટે, કાવતરા માટે તેમજ બચાવના પુરાવા માટે ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતો ઉપર આધાર રાખેલ છે.

વધુમાં વિ.વ.શ્રી કે.જી.શેખ ફરિયાદપક્ષે તપાસેલા સાહેદ નં.૧૧૪૧ ની જુબાનીના પેરા નં.૩૦ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે ઓફીશીયલી એરેસ્ટ તા.૪–૯–૨૦૦૮ ના રોજ થયેલી છે, સાહેદ નં.૧૧૪૧ ને પણ જુદા–જુદા ગુનામાં અટક કરી રીમાન્ડ ઉપર લીધેલાનુ જણાવે છે, માર માર્યાની કે ત્રાસ આપ્યાની હકીકતો નકારી છે, મોટા ભાગે હાથકડીમાં રાખવામાં આવેલાનુ અને પોલીસે મોંઢા ઉપર કાળુ કપડુ રાખેલાનુ જણાવે છે, મોંઢા ઉપર સતત કાળુ કપડુ રખાય નહીં, લાકડીથી માર મારેલાનુ એક વખત બનેલાનુ જણાવે છે, આમ પોલીસ તરફથી ત્રાસ આપેલાનુ રેકર્ડ ઉપર આવેલ છે, સાહેદે ચાર્જશીટો વાંચી નથી તેમ જણાવે છે તો તે ખોટુ બોલે છે. વધુમાં ફરિયાદપક્ષે તપાસેલા સાહેદ નં.૧૧૫૩ તપાસનીશ અધિકારી આર.વી.અસારીના જણાવ્યા મુજબ રીમાન્ડ દરમ્યાન સાજીદ મન્સુરીના પગે પાટો હતો. આ હકીકત ધ્યાને લેતાં પોલીસે આરોપીને માર મારેલો છે તે ચોક્કસ છે, આરોપી સાજીદ મન્સુરીને પગે ફ્રેકચર હતુ, મેજિસ્ટ્રેટે આરોપીને વકીલો સાથે મળવા દીધેલા નથી, સાહેદ નં.૧૧૫૩ નાઓએ આરોપી સાજીદ મન્સુરીની મેડીકલ સારવાર કરાવી નથી, આરોપીઓના કબૂલાત નિવેદનોને સમર્થન કરે તેવા કોઇ પુરાવા નથી, કલમ–૮ અને કલમ–૨૭ ના પંચનામા સિવાય આરોપીઓ સામે બીજા કોઇ પુરાવા નથી, આરોપીઓ વિરૂધ્ધ કાવતરાનો કોઇ પુરાવો નથી, ગુનો કરવાનો સામાન્ય ઇરાદ્દો બન્યો હોય તેવો પણ પુરાવો નથી, હાલના કેસમાં હોડી આકારનુ લાકડાનુ બોક્ષ કોણ

લાવ્યુ? કયાંથી લાવ્યુ? તે અંગે કોઇ પુરાવો નથી, એમોનીયમ નાઇટ્રેટ કયાંથી આવ્યુ? કોણ લાવ્યુ? કઇ દુકાનેથી લાવ્યા? તે અંગે પણ કોઇ પુરાવો નથી, ગાંધીનગરમાં બનેલા અક્ષરધામ કેસની શરૂઆતની તપાસ શ્રી વી.આર.ટોળીયા સાહેબે કરેલી, હાલના કેસોમાં પણ મોટા ભાગની તપાસ શ્રી વી.આર.ટોળીયા સાહેબે કરી છે, કાયદાનો દુરૂપયોગ કરીને તપાસ કરનાર અધિકારીઓએ ખોટી તપાસો કરી છે, તપાસ કરનાર અધિકારીઓએ ખોટા અને નિર્દોષ લોકોને પકડયા છે, ખોટા અને નિર્દોષ લોકોને પકડવામાં આ બધા તપાસ કરનાર અધિકારીઓ નિષ્ણાત છે, ખોટા અને નિર્દોષ આરોપીઓને પકડીને રાજકીય રીતે તપાસ કરનાર અધિકારીઓ લાભ લે છે, કેસોની તપાસમાં ત્રૂટીઓ રાખે છે જેથી આરોપીઓ છુટી જાય છે, તપાસ કરનાર અધિકારીઓ ખોટી તપાસો કરીને સરકારના વ્હાલા બને છે અને આરોપીઓને પણ પરોક્ષ રીતે આ તપાસ કરનાર અધિકારીઓ મદદ કરે છે, તપાસ કરનાર અધિકારીઓનો ઇરાદ્દો લાંબા સમય સુધી નિર્દોષ લોકો જેલમાં રહે તે છે.

વધુમાં વિ.વ.શ્રી કે.જી.શેખ દલીલો કરતા જણાવે છે કે આદમ સુલેમાનના કેસ જેવો જ તેમજ બીજા અન્ય ચુકાદા જે રજૂ કર્યા છે તે મુજબનો જ હાલનો કેસ છે, એક જ પ્રકારના નામો વાળા નિર્દોષ લોકોને આરોપીઓ તરીકે હાલના ગુના કામે પકડવામાં આવેલા છે, આવા કેસોની તપાસ અમુક જ પોલીસ અધિકારીને સોંપવામાં આવે છે અને તેઓ નિર્દોષ લોકોને પકડે છે, વડોદરાના સાહેદો પોલીસે ખોટા ઉભા કરેલા છે, સ્વતંત્ર સાહેદો તરીકે જે સાહેદો ફરિયાદપક્ષે તપાસેલા છે તે તમામ સાહેદોના નિવેદનો ઘણા લાંબા સમય પછી નોંધેલા છે, સ્વતંત્ર સાહેદોના નિવેદનો પોલીસે પાછળથી ઉભા કરેલા છે, આ કામના આરોપીઓને આ પોલીસ અધિકારીઓએ ઘણો જ માનસિક અને શારીરિક ત્રાસ આપેલો છે, ફરી ગયેલા તમામ સાહેદો તથા આરોપી નં.૩૭ નાઓએ આરોપીઓને માનસિક, શારીરિક ત્રાસ આપ્યાની હકીકતો પોતાની જુબાનીમાં જણાવી છે, ફરિયાદપક્ષે જે સ્વતંત્ર સાહેદો તપાસેલા છે તેમના પુરાવા વિરોધાભાસી છે, આ કામના આરોપીઓએ જ બોમ્બ મુકીને બોમ્બ બ્લાસ્ટ

કરેલાની હકીકત પુરવાર થતી નથી, શંકા ગમે તેટલી પ્રબળ હોય તેમ છતાં તે પુરાવાનુ સ્થાન લઇ શકે નહીં, ફરિયાદપક્ષે ગુનો જેમ બને તેમ જલદી અને વહેલી તકે ડિટેકટ કરવો જોઇએ, જલદી અને વહેલી તકે ગુનો ડિટેકટ ના કરવામાં આવ્યો હોય તો સરકારે તે અંગે ખુલાસો આપવો જોઇએ, આરોપીઓએ ટ્રાયલ દરમ્યાન કયાંય બોલવાનુ નથી માટે ટ્રાયલ દરમ્યાન કોઇ આરોપીઓ બોલ્યા નથી, આરોપીઓએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ ના વિશેષ નિવેદનમાં સત્ય હકીકતો જણાવી છે, ક્રિ.પ્રો.કોડ કલમ –૩૧૩ ના વિશેષ નિવેદનમાં આરોપીએ બોલવાનુ છે અને તે મુજબ દરેક આરોપી બોલેલા છે, ફરિયાદપક્ષે પોતાનો કેસ પોતાના પુરાવા દ્વારા પુરવાર કરવાનો છે પરંતુ ફરિયાદપક્ષ પોતોનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલા છે, આરોપીઓએ પોતાનો બચાવ સાબિત કરવાનો નથી પરંતુ રજૂ થયેલા પુરાવામાં શંકાની સંભાવના જ ઉભી કરવાની છે, બચાવપક્ષ દ્વારા સાહેદ નં.૮ તરીકે તપાસેલા કયામુદ્દીન સરકુદ્દીન કાપડીયાની જુબાનીના પેરા નં.૬૪ થી ૬૭, ૭૩, ૭૭, ૮૧, ૯૭, ૯૯, ૧૦૪, ૧૦૫ વંચાણે લેવા માટે વિનંતી કરી છે.

વધુમાં વિ.વ.શ્રી કે.જી.શેખ દલીલો કરતા જણાવે છે કે આ કામના આરોપીઓને જેલ બહાર લઇ જવામાં ક્રાઇમ બ્રાંચનો જ જાપ્તો હોય છે, મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ, અમદાવાદ મુકામે આરોપીઓને રીમાન્ડ માટે રજૂ કર્યા ત્યારે આરોપીઓને તેમના વકીલો સાથે વાતચીત કરવા દેવામાં આવતી ન હતી, નામદાર સુપ્રિમ કોર્ટમાં બીજા કારણોસર અરજી કરી હોય તો તેમાં આ કેસની હકીકતો લખવી જરૂરી નથી, આરોપી નં.૩૭ ને તા.૩૧–૩–૨૦૦૮ ના રોજ મધ્યપ્રદેશ ખાતે કયા પોલીસ લઇ ગયેલા તે નામ સાથે તેણે જણાવ્યુ છે, આરોપીએ જે હકીકતો જણાવી છે તે પાછળથી જણાવી છે કારણકે ટ્રાયલ દરમ્યાન આરોપીએ ચુપ રહેવાનુ છે માટે આરોપી નં.૩૭ નાએ જુબાનીમાં પાછળથી જે હકીકતો જણાવી છે તે મોડી જણાવી છે તેમ ના કહેવાય, આંક–૯૩૫૧ થી આરોપી નં.૩૫ નાએ કબૂલાત પરત ખેંચેલી છે, નવજોત સિધ્ધુના કેસમાં આવેલ ચુકાદાના પેરા નં. ૩૨૩ થી ૩૩૨ વંચાણે લેવા માટે વિનંતી કરી

છે. હાલના કેસમાં બધા મકાનોમાં કોઇ આરોપીને જતા, આવતા કોઇએ જોયા હોય તેવા કોઇપણ સાહેદને ફરિયાદપક્ષે તપાસેલા નથી, ટેલીફોન ઉપર વાત થવાથી આરોપીઓએ હાલના ગુનાનુ કાવતરૂ કર્યાનુ કહેવાય નહીં, ફરિયાદપક્ષે કબજે કરેલા મોબાઇલ ફોનની કોલ ડીટેઇલ્સ કે કોલ ડીટેઇલ્સની સી.ડી.આર. મેળવેલી નથી, હાલના કેસમાં બોમ્બ મુકયા તે બાબતે, બોમ્બ બનાવવાની સામગ્રી ખરીદવા બાબતે, મકાનમાં આરોપીઓ રહેતા હોવા બાબતે, કહેવાતી હોટલોમાં આરોપીઓ રહેતા હોવા બાબતે કોઇ પુરાવા મળ્યા નથી, આ કામે જે પંચનામા બનાવેલા છે તે પુરાવામાં ગ્રાહ્ય નથી, જે આરોપીઓએ જે જગ્યાઓ ઉપર જે દુકાનો બતાવેલી છે તે દુકાનોના માલિકોએ આ આરોપીઓને ઓળખી બતાવ્યા નથી, કહેવાતા મકાનોમાં આરોપીઓ રહેતા હતા અને આ મકાનો આરોપીઓના કબજામાં હતા તેવી વિગતો પુરવાર થતી નથી, અમદાવાદના દાણીલીમડા અલમહંમદી સોસાયટીવાળુ મકાન કુખરાજબાનુનુ છે તે સાબિત થતુ નથી, મકાનના પુરાવા પાછળથી ઉભા કરેલા છે, હાલના આ કેસમાં આરોપીઓને ગુનામાં કનેકટ કરવા માટે કોઇ ઇ–મેઇલ નથી. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૯૭૩ તરીકે ભુપતસિંહ ગવાભાઇ મોરી, સાહેદ નં.૧૦૦૦ તરીકે હરેશકુમાર રણછોડલાલ મુલીયાણા, સાહેદ નં.૧૦૫૦ તરીકે સુરેન્દ્રસિહં બળવંતસિંહ કુંપાવત, સાહેદ નં.૧૦૫૧ તરીકે કનુભાઇ કિશોરભાઇ પટેલ, સાહેદ નં.૧૦૬૭ તરીકે જે.અમ.ભરવાડ, સાહેદ નં. ૧૦૭૦ તરીકે વિનય શુકલ, સાહેદ નં.૧૦૭૧ તરીકે વી.જે.રાવલ, સાહેદ નં. ૧૦૭૫ તરીકે વી.જે. જાડેજા, સાહેદ નં.૧૦૭૬ તરીકે અજયકુમાર વિધાધર ગખ્ખર, સાહેદ નં.૧૦૭૭ તરીકે અજીજ અહેમદખાન ફિરોજખાન સીંધી, સાહેદ નં.૧૧૪૫ તરીકે ટી.એસ. પટેલનાઓને તપાસેલા છે, ઉપરોકત તમામ સાહેદોએ હાલના ગુના કામે શરૂઆતમાં તપાસ કરનાર અધિકારી તરીકે તપાસ કરી છે, આ તપાસોમાં કયાંય ઇ–મેઇલ બાબતેનો ઉલ્લેખ નથી, તમામ બનાવોની ફરિયાદો આપનાર ફરિયાદીઓએ ઇ–મેઇલ બાબતે કાંઇ કહ્યુ નથી, સદર ગુના કામે કલમો ઉમેરવા અંગે રીપોર્ટો કરેલા છે, ખાડીયા પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુના રજી.નં. ૭૧/૨૦૦૮ ના કામે તા. ૨–૮–

૨૦૦૮ ના રોજ તપાસ કરનાર અધિકારીશ્રી ગખ્ખરે રજૂ કરેલા રીપોર્ટમાં આઇ.ટી. એકટની કલમ–૬૫, ૬૬ નો ઉલ્લેખ નથી, અમરાઇવાડી પોલીસ સ્ટેશનના નોંધાયેલા ગુના કામે તા.૨–૮–૨૦૦૮ના રોજ તપાસ કરનાર અધિકારી શ્રી સીંધીએ રજૂ કરેલા રીપોર્ટમાં આઇ.ટી.એકટની કલમ–૬૫, ૬૬ નો ઉલ્લેખ નથી, કાલુપુર પોલીસ સ્ટેશનના નોંધાયેલા ગુના કામે તા. ૨–૮–૨૦૦૮ ના રોજ તપાસ કરનાર અધિકારી શ્રી ગખ્ખરે રજૂ કરેલા રીપોર્ટમાં આઇ.ટી. એકટની કલમ–૬૫, ૬૬ નો ઉલ્લેખ નથી, અમરાઇવાડી પોલીસ સ્ટેશનના નોંધાયેલા ગુના કામે તા. ૨–૮–૨૦૦૮ ના રોજ તપાસ કરનાર અધિકારી શ્રી સીંધીએ રજૂ કરેલા રીપોર્ટમાં આઇ.ટી.એકટની કલમ–૬૫, ૬૬ નો ઉલ્લેખ નથી, વટવા પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુના રજી.નં.૨૧૮/૨૦૦૮ ના કામે તા. ૨–૮–૨૦૦૮ ના રોજ તપાસ કરનાર અધિકારીશ્રી વિનય શુકલે રજૂ કરેલા રીપોર્ટમાં આઇ.ટી.એકટની કલમ–૬૫, ૬૬ નો ઉલ્લેખ નથી, બાપુનગર પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુના રજી.નં.૨૨૦/૨૦૦૮ ના કામે તા. ૨–૮–૨૦૦૮ ના રોજ તપાસ કરનાર અધિકારી શ્રી ટી.એસ.પટેલે રજૂ કરેલા રીપોર્ટમાં આઇ.ટી.એકટની કલમ–૬૫, ૬૬ નો ઉલ્લેખ નથી, ઇસનપુર પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુના રજી.નં. ૨૯૦/૨૦૦૮ ના કામે તપાસ કરનાર અધિકારી દ્વારા રજૂ કરેલા રીપોર્ટમાં આઇ. ટી. એકટની કલમ–૬૫, ૬૬ નો ઉલ્લેખ નથી, દાણીલીમડા પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુના રજી.નં.૧૪૦/૨૦૦૮ ના કામે તા. ૨–૮–૨૦૦૮ ના રોજ તપાસ કરનાર અધિકારી દ્વારા રજૂ કરેલા રીપોર્ટમાં આઇ.ટી. એકટની કલમ–૬૫, ૬૬ નો ઉલ્લેખ નથી, રામોલ પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુના રજી.નં.૩૨૨/૨૦૦૮ ના કામે તા.૨–૮–૨૦૦૮ ના રોજ તપાસ કરનાર અધિકારી દ્વારા રજૂ કરેલા રીપોર્ટમાં આઇ.ટી.એકટની કલમ–૬૫, ૬૬ નો ઉલ્લેખ નથી, રામોલ પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુના રજી.નં.૩૨૧/૨૦૦૮ ના કામે તા. ૨–૮–૨૦૦૮ ના રોજ તપાસ કરનાર અધિકારી દ્વારા રજૂ કરેલા રીપોર્ટમાં ઇ–મેઇલનો કોઇ ઉલ્લેખ નથી, અન્ય તપાસ કરનાર અધિકારી શ્રી ઉષા રાડાએ તા.૩૧–૧–૨૦૦૮ ના રોજ રજૂ કરેલ રીપોર્ટમાં પણ આઇ.ટી.એકટની કલમ–૬૫, ૬૬ નો ઉલ્લેખ નથી, સાહેદ

નં.૧૧૫૩ આર.વી.અસારીએ તા.૩૦–૧૦–૨૦૦૮ ના રોજ રજૂ કરેલ રીપોર્ટમાં આઇ.ટી.એકટની કલમ–૬૫, ૬૬ ઉમેરી છે.

વધુમાં વિ.વ.શ્રી કે.જી.શેખ ફરિયાદપક્ષે તપાસેલા સાહેદ નં.૧૦૭૦ વિનય શુકલના જુબાનીના પેરા નં.૨૨ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે તેઓએ ઇ–મેઇલો જોયેલા તેમજ વાંચેલા હોવાનુ જણાવેલુ છે પરંતુ આ ઇ–મેઇલો કબજે કરવામાં આવેલા નથી, આ સાહેદ ચીફમાં આ ઇ–મેઇલો બાબતે કાંઇ જણાવતા નથી, આ સાહેદને શીખવાડેલુ હોવાથી આ સાહેદ ઊલટતપાસમાં જણાવે છે કે તેમણે ઇ–મેઇલો વાંચેલા છે. વધુમાં સાહેદ નં.૧૦૭૬ એ.વી. ગખ્ખરની જુબાનીના પેરા નં.૧૫,૧૬,૧૭ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે આ સાહેદના જણાવ્યા મુજબ ઇ–મેઇલ તેમના હાથમાં આવેલા નથી તેમજ ઇ–મેઇલનો કોઇ પુરાવો રજૂ કર્યો નથી. સાહેદ નં.૧૦૭૭ એ.એફ.સીંધીની જુબાનીના પેરા નં.૩૦ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે ચોક્કસ વ્યકિત તથા ચોક્કસ સંસ્થા સંડોવાયેલી છે તેવો પુરાવો નથી તેમ આ સાહેદ જણાવે છે. સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારીની જુબાનીના પેરા નં.૨.૨ મુજબ આ સાહેદે ઇ–મેઇલની નકલો મેળવેલાનુ તેમજ રજૂ કરેલાનુ જણાવેલુ છે, ઇ–મેઇલો આંક–૮૨૮૮થી રજૂ છે પરંતુ આ ઇ–મેઇલો ઝેરોક્ષ નકલો છે, આ ઇ–મેઇલો બાબતે પુરાવાના કાયદાની કલમ–૬૫(બી) મુજબનુ પ્રમાણપત્ર નથી, આ સાહેદની જુબાનીના પેરા નં.૧૪ મુજબ આ ઇ–મેઇલો પોલીસ કમિશનરની કચેરી તરફથી મળેલાનુ જણાવે છે, ઇ–મેઇલો બાબતે ઇન્ડિયા ટી.વી.ની ઑફિસે ગયા ન હોવાનુ જણાવે છે, ઇ–મેઇલો થયેલા તે અંગે કોમ્પ્યુટર, હાર્ડ ડીસ્ક કબજે કરેલ ન હોવાનુ જણાવે છે, જુબાનીના પેરા નં.૨૭ મુજબ જે ઇ–મેઇલો મળેલા તે કોણે મોકલ્યા? કયારે મોકલ્યા? તેની તપાસ આ સાહેદે કરી ન હોવાનુ જણાવે છે. વધુમાં સાહેદ નં. ૧૧૫૪ ઉષા રાડાની જુબાનીના પેરા નં.૨/૩ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે ઇ–મેઇલોની તપાસ કરવા આ સાહેદ તા.૫–૮–૨૦૦૮ ના રોજ મુંબઇ ગયેલાનુ જણાવે છે, જુબાનીના પેરા નં.૨/૪ થી ૨/૬ મુજબ તપાસ દરમ્યાન ઇ–મેઇલોનુ આઇ.પી.એડ્રેસ મળેલાનુ જણાવે છે પરંતુ

આ આઇ.પી.એડ્રેસ કયાંથી મળ્યા? કેવી રીતે મળ્યા? તે અંગે કોઇ વિગતો આ સાહેદ જણાવતા નથી, જુબાનીના પેરા નં.૧૧ મુજબ ઇન્ડીયા ટી.વી.ના પ્રશાંત ટંડને ઇ–મેઇલો અમદાવાદ પોલીસ કમિશનરને મોકલેલા પરંતુ આ પ્રશાંત ટંડનની પુછપરછ હાલના ગુનાના કોઇ પણ તપાસ કરનાર અધિકારીએ કરી નથી, આ સાહેદની જુબાનીના પેરા નં.૪૫ મુજબ દિલ્હી મુકામે ઇન્ડિયા ટી.વી.ની ઑફિસે ગયેલા નથી, ઇ–મેઇલ બાબતે સાયબર સેલમાં ફરિયાદ થયેલી કે કેમ? તે અંગે તપાસ કરી નથી, જુબાનીના પેરા નં.૪૯ મુજબ કેન્લી હેવુડનુ લેપટોપ કે કમ્પ્યુટર કબજે કરેલુ નથી, ઇ–મેઇલ બાબતે લખેલ પત્ર સાહેદ નં.૮૫૧ હિતેષ પ્રમોદકુમાર સંઘવીની જુબાનીમાં આંક–૫૯૮૭ થી ૨જૂ છે પરંતુ આંક–૮૨૮૮ થી ૨જૂ ઇ–મેઇલો સાબિત થયેલા નથી, આ પ્રિન્ટ કોણે મોકલી? કેવી રીતે આ પ્રિન્ટ કાઢેલી? કયા કમ્પ્યુટરમાંથી આ પ્રિન્ટ કાઢેલી? તે અંગે ફરિયાદપક્ષે કોઇ પુરાવો ૨જૂ થયેલો નથી. વધુમાં સાહેદ નં.૯૭૩ ભુપતસિંહ ગવાભાઇ મોરીની જુબાનીના પેરા નં.૮ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે આ સાહેદે મકાનમાં પ્રવેશવાનુ સર્ચ વોરન્ટ મેળવેલુ નથી, આ સાહેદની જુબાની આરોપી નં.૧૬ બાબતે છે, પંચનામાની વિગતે કબજે કરેલ આર્ટીકલ સીલ કરીને કબજે કરેલ ન હોવાનુ જણાવે છે, આ સાહેદની જુબાનીના પેરા નં. ૧૧ મુજબ બોમ્બ બ્લાસ્ટ તપાસ ટીમના આ સાહેદ સભ્ય ન હતા તેમ છતાં તેમણે પંચનામુ બનાવેલુ છે. વધુમાં સાહેદ નં.૧૦૦૦ એચ.આર.મુલીયાણાની જુબાનીના પેરા નં.૧ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે ઘટનાના થોડાક જ કલાકો બાદ બનાવવાળી જગ્યાઓ ઉપર ક્રાઇમ બ્રાન્ચના અધિકારી ગયેલા છે, જુબાનીના પેરા નં.૪ મુજબ સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટર પાસેથી ત્રણ મોબાઇલ મળેલા પરંતુ તે અંગે તપાસ કરી નથી, મારૂતિ ગાડીનો કાટમાળ સીલ કયા વગર એફ.એસ.એલ.માં મોકલેલાનુ જણાવે છે, જુબાનીના પેરા નં.૧૩ મુજબ કલમ ઉમેરાનો રીપોર્ટ કરેલાનુ જણાવે છે, જુબાનીના પેરા નં.૨૦ મુજબ બનાવવાળી જગ્યાનુ પંચનામુ બનાવેલુ પરંતુ સ્થળ ઉપર એફ.એસ.એલ. અધિકારી તથા બોમ્બ ડિસ્પોઝલ વાળા હાજર હોવા છતાં પંચનામા ઉપર તેઓની સહીઓ લીધી

નથી, જુબાનીના પેરા નં.૨૮ મુજબ ડીટોનેટર મળ્યા તે ડી.જી. ચૌધરી પાસેથી મળેલા છે પરંતુ પંચનામામાં તેમની સહી લીધેલ ન હોવાનુ જણાવે છે, જુબાનીના પેરા નં.૩૧ મુજબ આ સાહેદને તા.૧૫–૮–૨૦૦૮ સુધી કોઇ આરોપીઓના નામો જાણવા મળેલા નથી, કરેલ કામગીરી અંગે વીડિયોગ્રાફી કરી નથી, ફોટોગ્રાફી કરેલાનુ જણાવે છે પરંતુ તેવી ફોટોગ્રાફી આ કામે રજૂ કરી નથી, જુબાનીના પેરા નં.૩૬ મુજબ સાઇકલો વેચવા વાળાની આ સાહેદે જાતે પુછપરછ કરેલી ન હોવાનુ જણાવે છે પરંતુ કોઇ સાઇકલ વેચવાવાળાએ એવુ કહ્યુ નથી કે આ સાઇકલો તેમને ત્યાંથી વેચાયેલી છે, જુબાનીના પેરા નં.૩૮ મુજબ જુબાની દરમ્યાન એન્જીનના ભાગો જોવા માટે ગયેલા છે પરંતુ એન્જીનનો નંબર જોવા મળેલો નથી.

વધુમાં વિ.વ.શ્રી કે.જી.શેખ ફરિયાદપક્ષે તપાસેલા સાહેદ નં.૧૦૭૦ વિનય શુકલની જુબાનીના પેરા નં.૧૦ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે દાણીલીમડા પોલીસ સ્ટેશન વિસ્તારવાળા બનાવની સ્થળ વિજીટ કરેલી પરંતુ તેનો રીપોર્ટ કરેલો ન હોવાનુ જણાવે છે, જુબાનીના પેરા નં.૨૧ મુજબ આ સાહેદ પાસે તપાસ હતી તે દરમ્યાન કોઇ આરોપીઓના નામો જાણવા મળ્યા ન હોવાનુ જણાવે છે, જુબાનીના પેરા નં.૩૩ મુજબ બોમ્બ બ્લાસ્ટના બનેલ બનાવોથી ગુજરાતની સરકાર ઉથલી પડી હોય તેવુ બનેલ ન હોવાનુ કબૂલ કરે છે, જુબાનીના પેરા નં.૩૮ મુજબ જે સ્થળ ઉપર એટલે કે આંક–૩૨૫૫ વાળુ પંચનામુ વડોદરા મુકામે બનાવેલુ છે પરંતુ સ્થાનિક પોલીસ સ્ટેશને જઇ મુદ્દામાલ પાવતી ફડાવેલ ન હોવાનુ જણાવે છે, જુબાનીના પેરા નં.૪૧ મુજબ હાલના ગુનામાં વાહનોની સંડોવણી બાબતેનો સ્વતંત્ર પુરાવો તેમની તપાસ દરમ્યાન મળેલો ન હોવાનુ જણાવે છે, જુબાનીના પેરા નં.૪૨ મુજબ સાઇકલો કબજે કર્યા પછી સિલ કરેલી ન હોવાનુ જણાવે છે, મળેલા મોબાઇલ ફોન ચાલુ છે કે બંધ છે? તેની પણ આ સાહેદે તપાસ કરી નથી, જુબાનીના પેરા નં.૪૪ મુજબ બનાવ વાળા સ્થળો ઉપર ફરજ બજાવતા ટ્રાફિકના માણસોના નિવેદનો લીધા ન હોવાનુ જણાવે છે. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૧૦૭૨ તરીકે તપાસેલા એસ. જે.

જનકાતની જુબાની વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે આ સાહેદે મોબાઇલ કબજે કર્યો ત્યારે તેની પહોંચ આપેલ ન હોવાનુ જણાવે છે, મોબાઇલ ચાલુ છે કે બંધ છે? તેની તપાસ કરી ન હોવાનુ જણાવે છે. વધુમાં ફરિયાદપક્ષે તપાસેલા સાહેદ નં. ૧૦૭૫ વી.જે.જાડેજાની જુબાનીના પેરા નં.૫ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે સુરતના કેસોને અને આ સાહેદને કોઇ લેવા–દેવા ન હોવા છતાં તપાસ કરવા આ સાહેદ સુરત ગયેલા છે અને કાપોદ્રા પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનેલા બનાવો અંગે થયેલા પંચનામા લઇને આવેલા છે, જુબાનીના પેરા નં.૧૩ મુજબ તપાસ દરમ્યાન એફ.એસ.એલ.અધિકારીઓનો કોઇ અભિપ્રાય લીધો ન હોવાનુ જણાવે છે, કોઇ આંતકવાદી સંગઠને આ બોમ્બ બ્લાસ્ટ કરવાની જવાબદારી લીધી હોય તેવુ તેમની તપાસ દરમ્યાન જાણવા મળેલ ન હોવાનુ જણાવે છે. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૧૦૭૬ તરીકે તપાસેલા એ.વી.ગખ્ખરની જુબાનીના પેરા નં.૨૩ મુજબ તેમની તપાસ દરમ્યાન કોઇ ઉપર આંગળી મુકી શકાય તેવો પુરાવો આ સાહેદને મળેલો ન હોવાનુ જણાવે છે.

વધુમાં વિ.વ.શ્રી કે.જી.શેખ ફરિયાદપક્ષે સાહેદ નં.૧૦૭૭ તરીકે તપાસેલા એ.એફ.સીંધીની જુબાનીના પેરા નં.૬/૧૦ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે આ સાહેદ ભરૂચ ખાતે જુદી–જુદી હોટલો ઉપર ગયેલા જયાં આરોપી નં.૪૫ એસ.કે.રફીકના નામની એન્ટ્રી કરી રોકાયેલા, આરોપી નં.૪૫ એરેસ્ટ થતા પહેલા ભરૂચ ખાતેની ત્રણેય હોટલો ઉપર આ સાહેદ જઇ આવેલા છે, હોટલ રજીસ્ટરોના પાના ફાડીને ઉપજાવી કાઢી તેમાં ખોટી એન્ટ્રીઓ કરેલી છે, આ સાહેદ તપાસ દરમ્યાન દિલ્હી મુકામે ઇન્ડિયા ટી.વી.ની ઑફિસે ગયા નથી, કાલુપુરમાં રફીક સાઇકલવાળાની તપાસ કરી નથી, તપાસ દરમ્યાન શંકાસ્પદ માણસોના નામો આ સાહેદને જાણવા મળેલા નથી, અન્ય જગ્યા ઉપર થયેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં કયા–કયા આરોપીઓ સંડોવાયેલા છે તેની પણ જે તે જગ્યા ઉપર જઇ તપાસ કરી નથી, સાયબર કાફે ઉપર પંચનામા કર્યા પછી આ સાયબર કાફે ઉપર આ સાહેદ ગયા નથી, સાયબર કાફે ઉપરથી કબજે કરેલ

મુદ્દામાલની પાવતી નજીકના પોલીસ સ્ટેશને જઇ ફડાવી નથી, મુદ્દામાલ કબજે કર્યાની પાવતી સાયબર કાફેના માલીકોને આપી નથી, આરોપી નં.૪૫ ના હસ્તાક્ષરના નમૂના આ સાહેદે મેળવેલા નથી, આરોપી નં.૪૫ ની સોપ્રથમ અટક સુરતના કેસોમાં તા.૧૨–૧૧–૨૦૦૮ ના રોજ થયેલી છે, આ સાહેદ તપાસ ટીમોની જે હકીકત જણાવે છે તે ખોટી છે, આ સાહેદને તપાસ દરમ્યાન કોઇ ચોક્કસ વ્યકિત કે સંસ્થા સામે કોઇ પુરાવો મળેલો ન હોવાનુ જણાવે છે, ઉસ્માન અગરબત્તીવાલાના મકાન ઉપર તપાસ કરવા ગયેલા છે પરંતુ મકાનની માલીકી અંગેના દસ્તાવેજી પુરાવા આ સાહેદે મેળવેલા નથી, મોબાઇલ રજૂ કરનાર બેનની ઓળખના પુરાવા આ સાહેદે મેળવેલા નથી, મોબાઇલ કંપનીમાંથી કોલ ડીટેઇલ્સનુ સ્ટેટમેન્ટ લેવા પ્રયત્ન કરેલો નથી. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં. ૧૧૪૫ તરીકે તપાસેલા ટી.એસ.પટેલની જુબાનીના પેરા નં.૮ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે તા.૩–૮–૨૦૦૮ સુધી આ ગુનામાં કોણ સંડોવાયેલા છે તેની માહિતી મળેલ ન હોવાનુ જણાવે છે, સ્થળ ઉપરનુ પંચનામુ કયારે બનેલુ તે યાદ ન હોવાનુ જણાવે છે, આ કેસમાં યુ.એ.પી.એ. લાગુ પડશે નહીં, સીમીના સભ્યોની માહિતી મળેલી ન હોવાનુ જણાવે છે, ગુનાના સાથી અને એપ્રૂવરના પુરાવા ઉપરથી કેસ સાબિત માની શકાય નહીં, યુ.એ.પી.એ.એકટ સને–૧૯૬૭ નો છે તેમાં સને–૨૦૦૪ માં સુધારો થયો છે, ૨૦૦૮ માં તા.૩૧–૧૨–૨૦૦૮ ના રોજ ફરી આ કાયદામાં સુધારો થયેલો છે, નવી ઉમેરેલી કલમ હાલના ગુના કામે લાગુ પડશે નહીં, પ્રોસીજરલ સુધારા લાગુ પડશે જુના સુધારા લાગુ પડશે નહીં.

હવે હાલના કેસોના કામે યુ.એ.પી.એ.લાગુ પડયા પછી તપાસની કામગીરી કરનાર અધિકારીઓ પૈકી સોપ્રથમ સાહેદ નં.૧૦૮૯ તરીકે તપાસેલા પી.જી.વાઘેલાની જુબાનીના પેરા નં.૫ વંચાણે લઇ વિ.વ.શ્રી કે.જી. શેખ દલીલો કરતા જણાવે છે કે ગુનો બન્યો ત્યારથી જુબાની આપતા સુધીના દરેક તપાસ કરનાર અધિકારીના સંપર્કમાં આ સાહેદ રહેલા છે, આ કેસની ઇન્સાફી કાર્યવાહી દરમ્યાન થયેલ તમામ કાર્યવાહીથી આ સાહેદ પુરેપુરા માહિતગાર છે, આ સાહેદ

રેકર્ડ ઉપરના પુરાવાથી વિપરીત જુબાની આપે છે, આ સાહેદ રોજે રોજ કોર્ટમાં આવે છે સરકારી વકીલને મદદ કરે છે તેમ છતાં તપાસ ટીમોની ચોક્કસ વિગત આ સાહેદને ખબર ન હોવાનુ ન મનાય, આરોપીઓ લાંબા સમય સુધી જેલમાં રહે તે માટે આ સાહેદે જુબાનીમાં ખોટી હકીકતો જણાવી છે. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૧૧૩૩ તરીકે તપાસેલા માનસિંહ ચૌધરીની જુબાનીના પેરા નં.૧૦ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે ફાતમા બીબી પાસેથી કબજે કરેલ ફોનની માહીતી જાળવી રાખવાનો પ્રયત્ન કર્યો નથી, મોબાઇલ ફોન કંપનીમાંથી ફોનની વિગતો મેળવી નથી, ફાતમાબીબીની ઓળખ અંગેના પુરાવા મેળવેલા નથી.

વધુમાં વિ.વ.શ્રી કે.જી.શેખ ફરિયાદપક્ષે સાહેદ નં.૧૧૫૩ તરીકે તપાસેલા આર.વી.અસારીની જુબાનીના પેરા નં.૨/૭ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે આ સાહેદે હાલના ગુના કામે નોંધાયેલ ફરિયાદો પૈકીની કુલ–પાંચ ફરિયાદીની તપાસ કરી છે, આ સાહેદની જુબાનીના પેરા નં.૧૧ મુજબ તા.૧૬–૮–૨૦૦૮ ના રોજ ૧૦ આરોપીઓને શ્રી વી.આર.ટોળીયા દ્વારા અટક કરેલા તેમ છતાં આ સાહેદે તપાસના કામે આ ૧૦ આરોપીઓને ફરી તા.૮–૧૦–૨૦૦૮ ના રોજ અટક કરેલા છે, દરેક તપાસ કરનાર અધિકારીઓ એકબીજા સાથે પુરાવાની આપલે કરતા હતા તેમ છતાં તપાસ કરનાર અધિકારીઓએ ખોટા કારણો બતાવી આરોપીઓના રીમાન્ડ મેળવેલા છે, પંચનામાઓ અન્ય તપાસ કરનાર અધિકારી પાસેથી મળ્યા પછી પંચનામાના પંચોને બોલાવીને વેરીફીકેશન કરેલુ નથી, સાહેદોના નિવેદનો મેળવેલા પરંતુ આ સાહેદોને ફરી બોલાવીને વેરીફીકેશન કરેલુ નથી, શરૂઆતમાં પંચનામાઓ ઓછા બનાવેલા છે, આ સાહેદ પાસે કુલ–પાંચ બનાવો અંગે નોંધાયેલી ફરિયાદોની તપાસ હોવાથી સમગ્ર તપાસ ભેગી કરવી જોઇએ પરંતુ તપાસ ભેગી કરેલી નથી, જુદી–જુદી ફરિયાદોના કામે જુદા–જુદા સમયે આરોપીઓની કસ્ટડી લીધેલી છે, જુબાનીના પેરા નં.૧૫ મુજબ સીમી સંસ્થા ઉપર પ્રતિબંધ મુકતુ નોટીફીકેશન બહાર પાડનાર અધિકારીના નિવેદનો લીધા નથી, સીમી સંસ્થા અંગેનુ અન્ય સાહિત્ય બીજી જગ્યાએથી મેળવીને રજૂ રાખેલુ નથી, સીમી સંસ્થા વિશે દિલ્હી કે અન્ય

રાજયોમાં જઇ તપાસ કરી નથી, જુબાનીના પેરા નં.૧૬ મુજબ પકડેલા આરોપીઓ પાસેથી સ્ફોટક પદાર્થ કે હથિયારો મળી આવેલા ન હોવાનુ જણાવે છે, કોઇ આરોપી સ્ફોટક પદાર્થની દુકાને લઇ ગયો હોય અને પંચનામુ બનાવ્યુ હોય તેવુ બનેલુ ન હોવાનુ જણાવે છે, આ સાહેદે બનાવેલા પંચનામાના પંચ સાહેદો સિલેકટેડ પંચ છે તેઓને દુરથી બોલાવેલા છે, જુબાનીના પેરા નં.૨૫ મુજબ આરોપીઓને આ સાહેદે અટક કર્યા બાદ વધુ પુરાવા એકત્ર કરેલા નથી, આ કામના અમુક સાહેદોને ગુપ્ત રાખવાનો રીપોર્ટ કોર્ટને કરેલો નથી, સાહેદોને કોઇકે ધમકાવ્યા હોવાની ફરિયાદ મળી ન હોવાનુ જણાવે છે, તપાસ દરમ્યાન અભય ચુડાસમા સુચનો અને માર્ગદર્શન આપતા હોવાનુ જણાવે છે, બોમ્બમાં વપરાયેલા છરા, નટ બોલ્ટો, સરકીટો વિગેરે કોણ કયાંથી લઇ આવેલા? તેની સ્વતંત્ર તપાસ આ સાહેદે કરેલી નથી, આરોપીઓ વિરૂધ્ધ આ સાહેદે બીજા કોઇ નવા પુરાવા મેળવ્યા વગર ખોટા ચાર્જશીટો કોર્ટમાં રજૂ કરી દીધા છે.

વધુમાં વિ.વ.શ્રી કે.જી.શેખ ફરિયાદપક્ષે સાહેદ નં.૧૧૫૪ તરીકે તપાસેલા ઉષા રાડાની જુબાનીના પેરા નં.૨/૬૩ થી ૨/૬૬ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે રામોલ પોલીસ સ્ટેશનમાં ફર્સ્ટ ગુના રજી.નં.૩૨૧/૨૦૦૮ ના ગુનાની તપાસ આ સાહેદ પાસે ન હોવા છતાં આરોપી નં.૪૫ ને લઇને મુંબઇ–પુના ગયેલાનુ જણાવે છે જે ખોટુ છે, આ સાહેદે જે કામગીરી કરેલાનુ સર તપાસમાં જણાવે છે તે તમામ કામગીરી ઉપજાવી કાઢી છે, તા.૨૦–૧૨–૨૦૦૮ થી તા.૨૪–૧૨–૨૦૦૮ દરમ્યાન આ સાહેદે કરેલ કામગીરી ખરેખર કરેલ ન હોવા છતાં આવી કામગીરી કરેલી હોવાનુ ઉપજાવી કાઢેલુ છે, અન્ય સ્થળો ઉપર બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોની માહીતી મેળવેલી નથી તો તે હકીકત ખોટી જણાવી છે, આ સાહેદની જુબાનીના પેરા નં.૧૪ મુજબ જે અધિકારીઓને તપાસની કામગીરી સોંપેલી તેમના નિવેદનો લીધા નથી, સરકારી ગાડીના ડ્રાઇવરોના નિવેદનો પણ લીધા નથી, આરોપીઓને અટક કર્યા ત્યારે ઝડતી પંચનામુ કે અંગ જડતીનુ પંચનામુ કરેલુ નથી, આ કેસોમાં ફકત આરોપી નં. ૬૩, ૬૪ ની શરીરસ્થિતિનુ પંચનામુ કરેલુ છે તે સિવાય કોઇ આરોપીની શરીર

સ્થિતિનુ પંચનામુ બનાવ્યુ નથી, જુબાનીના પેરા નં.૧૬ મુજબ અલમહંમદી સોસાયટી ઉપર સૌપ્રથમ ગયા ત્યારે સર્ચ વોરન્ટ તેમની પાસે ન હતુ, મકાન ઉપર પહોંચ્યા પહેલા અને પછી પણ મકાન માલીકની માહિતી મેળવી નથી, ઘર માંથી કબજે કરેલો સામાન પંચનામુ કરી કબજે કરેલો પરંતુ મકાનનુ લોક તોડેલુ તે લોક સીલ કરીને કબજે કરેલુ નથી, મકાનમાંથી કબજે કરેલ વાસણો ઉપર પંચોની સહીઓ કરાવી નથી, મકાનમાંથી મળેલા ગાદલા ઉપર જે ડાધા હતા તે બાબતે એફ.એસ.એલ.નો રીપોર્ટ મળેલો છે પરંતુ તે રીપોર્ટ આ કામે રજૂ કરેલો નથી, મકાનમાં કોઇ આરોપી રહ્યા હોય અને કોઇએ જોયા હોય તેવા કોઇ સાહેદને આ કામે ફરિયાદપક્ષ દ્વારા તપાસવામાં આવેલા નથી, આ મકાન સાથે આરોપી સંકળાયેલા હતા તેવા કોઇ પુરાવા નથી, જુબાનીના પેરા નં.૧૭ મુજબ એફ.એસ.એલ. અધિકારી, ફિંગર પ્રિન્ટ એક્ષ્પર્ટ કે ફોટોગ્રાફરની સહીઓ પંચનામા ઉપર લીધેલી ન હોવાથી આ અધિકારીઓ કાર્યવાહી વખતે હાજર હતા કે કેમ? તે શંકાસ્પદ છે. વધુમાં આ સાહેદની જુબાનીના પેરા નં.૧૮ મુજબ આરોપીઓને લઇને મુંબઇ–પુના મુકામે સરકારી વાહનોમાં ગયેલા છે પરંતુ આ સરકારી વાહનોની લોગબુક આ કામે રજૂ કરી નથી, કેટલા માણસોને સાથે લઇ ગયેલા? તેની આ સાહેદને ખબર ન હોવાનુ જણાવે છે તે ના મનાય, જુબાનીના પેરા નં.૪૨ મુજબ તમામ આરોપીઓના ઉર્ફે નામો કેવી રીતે આવ્યા? કયાંથી આવ્યા? તેની તપાસ કરી નથી, પુના ખાતેના ફલેટમાંથી કયો બ્લાસ્ટીંગનો સામાન મળેલો? તે આ સાહેદ જણાવતા નથી, જુબાનીના પેરા નં.૫૨ મુજબ ચાર ગુનાની તપાસ આ સાહેદને મળેલી છે તે બાબતે જગ્યાના પંચનામા મળેલાનુ જણાવે છે, દરેક તપાસ કરનાર અધિકારીએ મન ફાવે તેવા અને રેકર્ડ ઉપર રજૂ થયેલા પુરાવાથી વિપરીત જવાબો આપેલા છે, એક પણ તપાસ કરનાર અધિકારીની જુબાની વિશ્વાસપાત્ર નથી, જુબાનીના પેરા નં.૫૬ મુજબ દરેક તપાસ કરનાર અધિકારી એકબીજાને મળતા હતા અને તપાસો અંગેની ચર્ચા કરતા હતા એટલે બધા જ તપાસ કરનાર અધિકારી બધા જ ગુનાથી વાકેફ હતા, કુલ–૨૦ જેટલી ફરિયાદો હતી માટે આરોપીઓના રીમાન્ડ વારંવાર લીધેલા છે,

જુબાનીના પેરા નં.૧૨૮ મુજબ સુરતના કેસોની તપાસોની માહિતી પણ તપાસ કરનાર અધિકારીને આપતા હતા અને લેતા હતા, આ તમામ કેસો તપાસ કરનાર અધિકારીએ અગાઉથી જ ભેગા કરી દીધા છે.

વધુમાં વિ.વ.શ્રી કે.જી.શેખ ફરિયાદપક્ષે સાહેદ નં.૧૧૫૬ તરીકે તપાસેલા સી.એન.રાજપુતની જુબાનીના પેરા નં.૧૮ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે ઘણા આરોપીઓ એવા છે કે આજ દિન સુધી તેમની વિરૂધ્ધ કોઇ પુરાવો રેકર્ડ ઉપર આવેલો નથી તેમ છતાં તેવા આરોપીઓ સામે ચાર્જશીટો રજૂ કરેલા છે, દરખાસ્તો સાથે કોઇ જ પુરાવા મંજૂરી માટે મોકલેલા નથી તેમ છતાં આરોપીઓ વિરૂધ્ધ મંજૂરીઓ આપવામાં આવેલી છે. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૧૧૬૩ તરીકે તપાસેલા મયુર ચાવડાની જુબાની વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે આ સાહેદે ભરૂચ ખાતે શેરપુરા વાળા મકાનનુ પંચનામુ આંક–૬૫૪૦ વાળુ બનાવેલુ છે, આ પંચનામાના પંચો પૈકી એક પંચ નડિયાદના છે, બીજા પંચ અમદાવાદના બોપલ વિસ્તારના છે, દુરના વિસ્તારના લોકોને પંચ તરીકે રખાય નહીં, જુબાનીના પેરા નં.૩૪ મુજબ તા.૧૬–૮–૨૦૦૮ ના રોજ કુલ–૧૦ આરોપીઓને શ્રી વી.આર. ટોળીયાએ કયાંથી પકડેલા? કેવી રીતે પકડેલા? તેની માહીતી આ સાહેદને ન હોવાનુ જણાવે છે જે મનાય નહીં, આરોપીઓનુ ઇન્ટ્રોગેશન ચાલુ હતુ ત્યારે ચારેય ટીમોના અધિકારીઓ હાજર રહેતા હતા તેમ છતા આ સાહેદ ખોટી હકીકત જણાવે છે અને મનફાવે તેવા જવાબો આ સાહેદે આપેલા છે, તપાસમાં જે પંચનામા બીજા તપાસ કરનાર અધિકારી તરફથી મળેલા તથા જે સાહેદોના નિવેદનો મળેલા તે પંચનામાના પંચો અને સાહેદોને ફરી બોલાવીને વેરીફીકેશન કરેલુ નથી, તમામ પુરાવા ખોટા અને ઉભા કરેલા છે, ઇન્ડીયન મુજાહુદ્દીન નામની પ્રતિબંધિત સંસ્થાની માહીતી મળેલી ન હોવાનુ આ સાહેદ જણાવે છે જે માની શકાય તેમ નથી, આ સાહેદ ઇ–મેઇલોની તપાસ કરવા ગયા નથી, બનાવ બન્યો ત્યારે ઇન્ડિયન મુજાહુદ્દીન નામની સંસ્થા ઉપર પ્રતિબંધ ન હતો, સાહેદ રીયાજ હુસેન સીદ્દીકી તથા છોટુખાન મન્સુરીના નિવેદનો ઉભા કરેલા છે, રીયાજ હુસેન સીદ્દીકીને

ફરિયાદપક્ષે સાહેદ નં.૧૧૫૧ તરીકે તપાસેલા છે પરંતુ આ સાહેદે ફરિયાદપક્ષના કેસને સમર્થન કરેલુ નથી, આ સાહેદે આપેલ પુરાવો સાચો છે, તમામ તપાસ કરનાર અધિકારીઓએ ખોટા અને નિર્દોષ લોકોને અટક કરેલા છે, ખોટા પુરાવા ઉભા કરવાની આ તપાસ કરનાર અધિકારીઓની મોડસ ઓપરેન્ડી છે. વધુમાં સાહેદની જુબાનીના પેરા નં.૪૮ મુજબ આરોપી કયામુદ્દીન કાપડીયાના મોબાઇલ ફોનની કોલ ડીટેઇલ્સ મેળવેલી છે પરંતુ રજૂ કરી નથી, મોબાઇલ ફોન તથા સાઇકલો બાબતે યોગ્ય તપાસ કરી નથી, જુબાનીના પેરા નં.૫૬ મુજબ આરોપી નં.૩૧, ૩૨ પાસે ડેમો પંચનામુ બનાવડાવેલુ તે વખતે એફ.એસ.એલ. અધિકારીને શા માટે હાજર રાખેલા? તે સમજાતુ નથી, ડેમો વખતે એફ.એસ.એલ.અધિકારીની હાજરીની કોઇ જરૂરિયાત હોતી નથી, ડેમો માટે આરોપીઓએ નહીં મંગાવેલ વસ્તુઓ હાજર હતી તેવી વસ્તુઓ શા માટે લાવેલા? તે અંગે કોઇ ખુલાસો નથી, આ સાહેદ તપાસ માટે વાઘમોન મુકામે ગયા જ નથી કારણકે તેમને કાંઇ યાદ નથી માટે તેનો અર્થ એવો થાય કે આ સાહેદ વાઘમોન ગયા નથી, આંક–૮૨૫૪વાળુ પંચનામુ આરોપી હાફીજની ગેરહાજરીમાં અમદાવાદ મુકામે ઉભુ કરેલુ છે, કર્ણાટકનો આરોપી કેરાલામાં જગ્યા બતાવે તો તે માની લેવાનુ અને આ સાહેદ તપાસ કરનાર અધિકારી તરીકે કેરાલા જઇને પરત આવ્યા અને કેવી રીતે ગયા? શેમાં ગયા? તે યાદ ન હોવાનુ જણાવે છે તો તે ખોટી વાત છે. આ સાહેદની જુબાનીના પેરા નં.૫૯ મુજબ એ.એફ.સીંધીએ ભરૂચ ખાતેની હોટલોની મુલાકાત કયારે લીધેલી તે યાદ ન હોવાનુ જણાવે છે માટે તપાસ કરનાર અધિકારીનો પુરાવો મનાય નહીં, જુબાનીના પેરા નં.૬૦ મુજબ આંક–૬૫૧૯ વાળુ પંચનામુ આરોપીને વાંચી સંભળાવ્યુ હોય તેવો ઉલ્લેખ પંચનામામાં નથી, જુબાનીના પેરા નં.૬૧ મુજબ આંક–૫૫૨૪વાળુ પંચનામુ બનાવતી વખતે ઉર્દૂ ભાષાના જાણકારને બોલાવેલા નથી અને આ પંચનામુ બનાવેલુ છે, લખાણ ઉર્દૂ ભાષામાં હોવા છતાં તેનો અનુવાદ કરાવેલો નથી, જુબાનીના પેરા નં.૬૩ મુજબ વડોદરા થી હાલોલ કેટલા અંતરે છે તેની ખબર આ સાહેદને ન હોવાનુ જણાવે છે આ હકીકત માની શકાય નહીં, જુબાનીના પેરા નં.

૧૧૮ મુજબ આંક–૬૩૩૫, આંક–૬૩૭૦, આંક–૬૪૩૪, આંક–૬૫૪૦, આંક–૮૫૯૨ વાળા પંચનામા ઉપર એફ.એસ.એલ.અધિકારીની સહીઓ લીધી નથી, કબજે કરેલા મુદ્દામાલના સીઝર મેમા બનાવવામાં આવેલા નથી, જે કાગળો અને નોટસ ઉપર જુબાની આપી તે કાગળો તેમજ નોટસ સાહેદ સાથે લાવેલા નથી અને જુબાની આપી છે, આ બનાવોની તપાસમાં સુરતના અધિકારી પણ સામેલ હતા, હાલના કેસોના કામે દરેક તપાસ કરનાર અધિકારીએ તપાસ કરવામાં અને જુબાની આપવામાં ગંભીરતા બતાવી નથી જેથી આવા તપાસ કરનાર અધિકારીની જુબાની ઉપર આધાર રાખી શકાય નહીં કે તેમનો પુરાવો માની શકાય તેમ નથી.

વધુમાં વિ.વ.શ્રી કે.જી.શેખ દલીલો કરતા જણાવે છે કે પંચોની હાજરીમાં આરોપીના લીધેલા હસ્તાક્ષર તે કુદરતી હસ્તાક્ષર કહેવાય નહીં પરંતુ નમુનાના હસ્તાક્ષર ગણાય, તપાસ કરનાર અધિકારી શ્રી અભય ચુડાસમા અત્રેની અદાલત સમક્ષ જુબાની આપવા આવ્યા નથી, આંક–૮૬૩૯ થી જે દસ્તાવેજ રજૂ થયો છે તે એમ.જે.ચાવડા અને વી.આર.ટોળીયાને ક્રાઇમ બ્રાંચ ખાતે એટેચ કર્યાનો હુકમ છે, આંક–૮૬૪૦ થી તપાસ બાબતે અભય ચુડાસમાનો હુકમ રજૂ છે, આંક–૮૬૪૧ થી તપાસ સંભાળવા બાબતેનો હુકમ રજૂ છે, આંક–૮૬૪૨ થી તપાસ કરનાર અધિકારી સાથે મદદમાં રહેનાર અધિકારીઓની ટીમો બનાવી તે અંગેનો હુકમ રજૂ છે, આવી ટીમો બનાવવા છતાં આ કેસોમાં યોગ્ય તપાસો કરી નથી, આ ટીમો ફકત દેખાવ ખાતર બનાવેલી હતી ખરેખર આ ગુનાના તપાસ કરનાર અધિકારી અભય ચુડાસમા હતા, આંક–૮૬૪૩ થી જોઇન્ટ પોલીસ કમિશનરશ્રી આશિષ ભાટ્ટીયાનો હુકમ રજૂ છે આ હુકમ સરખેજ અને કલોલ પોલીસ સ્ટેશનમાં બોમ્બ બ્લાસ્ટ અંગે નોંધાયેલ ગુનાની તપાસને લગતો છે. વધુમાં વિ.વ.શ્રી કે.જી.શેખ ફરિયાદપક્ષે સાહેદ નં.૧૦૬૯ તરીકે તપાસેલા જે.એમ.ભરવાડની જુબાનીના પેરા નં.૭ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે તેમણે આઠેક જેટલી તપાસ ટીમો બનાવેલાનુ જણાવેલુ છે, જે ટીમને જરૂર હોય તેમની સાથે મદદમાં રહેતા હતા, રીમાન્ડ

દરમ્યાન અને રીમાન્ડ પછી આરોપીઓ દ્વારા નીચલી અદાલતમાં કોઇ રજૂઆતો કરી નથી તેવી જે દલીલ કરવામાં આવેલી છે તે ખોટી છે, આરોપીઓને રીમાન્ડ દરમ્યાન ત્રાસ આપ્યા અંગે લેખિતમાં અરજીઓ મોટા ભાગના આરોપીઓએ આપેલી છે, સાહેદની જુબાની ના પેરા નં.૧૧ મુજબ આશીષ ભાટીયા ક્રાઇમ બ્રાંચના વડા હતા અને તેઓ તપાસ કરતા હોવાનુ જણાવે છે. વધુમાં સાહેદ નં.૧૦૭૦ વિનય શુકલની જુબાની વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે પોલીસ કમિશનરના હુકમથી ડી.સી.પી. ક્રાઇમે આ ગુન્હાની તપાસ સંભાળેલી અને ત્યારબાદ ડી.સી.પી. ક્રાઇમે તપાસ માટે ટીમો બનાવી છે, જુબાનીના પેરા નં.૭ મુજબ ક્રાઇમ બ્રાંચના ડી.સી.પી. તરફથી હુકમ મળતા આ ગુનાની તપાસ સંભાળેલી, જુબાનીના પેરા નં. ૮ મુજબ ડી.સી.પી. અભય ચુડાસમાએ ટીમો બનાવેલી, જુબાનીના પેરા નં. ૧૩ મુજબ જોઇન્ટ પોલીસ કમિશનર તથા નાયબ પોલીસ કમિશનરના કહેવાથી સદર ગુના કામે કલમો ઉમેરવા અંગેનો રીપોર્ટ કરેલો, આ રીપોર્ટો ડી.સી.પી., જે.સી.પી. દ્વારા જ કરેલા છે જેથી તેઓજ આ ગુનાની તપાસ કરતા હતા તેમ કહેવાય, જુબાનીના પેરા નં.૩૫ મુજબ તપાસ ટીમોના વડા આશીષ ભાટીયા હતા તથા ટીમો ડી.સી.પી.એ બનાવેલી છે. વધુમાં ફરિયાદપક્ષે તપાસેલા સાહેદ નં.૧૦૭૨ એસ.જે.જનકાતના જુબાનીના પેરા નં.૭ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે તપાસ ટીમોનુ સંચાલન અભય ચુડાસમા કરતા હતા, જુબાનીના પેરા નં.૧૩ મુજબ આશીષ ભાટીયા તપાસ ટીમોના ફાઇનલ ઓથોરીટી હતા, જે કાંઇ તપાસ કરતા હતા તેનો રીપોર્ટ તપાસ કરનાર અધિકારીને કરતા હતા, જુબાનીના પેરા નં.૧૪ મુજબ તપાસનો રીપોર્ટ ડી.સી.પી. તથા જે.સી.પી.ને સંબોધીને કરતા હતા. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૧૦૭૫ તરીકે તપાસેલા વી.જે. જાડેજાની જુબાનીના પેરા નં.૧૧ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે અભય ચુડાસમાએ સરકારના આદેશથી હુકમ કરેલોનો ખ્યાલ ન હોવાનુ સાહેદ જણાવે છે. સાહેદ નં.૧૦૭૬ એ.વી.ગખ્ખરની જુબાનીના પેરા નં.૨૫ મુજબ ઉપરી અધિકારી તરફથી તપાસ બાબતે માર્ગદર્શન મળતુ હતુ. સાહેદ નં.૧૦૭૭ એ.એફ. સીંધીની જુબાનીના પેરા નં.૧૪ મુજબ

તપાસ ટીમોના વડા એ.સી.પી. હતા અને બધી ટીમોના વડા ડી.સી.પી. હતા. વધુમાં સાહેદ નં.૧૧૪૫ ટી.એ. પટેલની જુબાનીના પેરા નં.૫ મુજબ ક્રાઇમ બ્રાંચના વડા ડી.સી.પી.હતા, ટીમોનુ મોનીટરીંગ અભય ચુડાસમા કરતા હતા, આરોપીઓને સદર ગુનામાં સંડોવવા માટે સ્ટેટ આઇ.બી. તથા સેન્ટ્રલ આઇ.બી.નો ઉપયોગ કર્યો છે. સાહેદ નં. ૧૧૧૬ કે.એન.પટેલની જુબાનીના પેરા નં.૯ મુજબ ક્રાઇમ બ્રાંચની કચેરીમાં બોમ્બ બ્લાસ્ટના કેસોની તપાસ માટેનો અલગ વિભાગ હોવાનુ જણાવે છે, તપાસ કરનાર અધિકારી સુ.શ્રી ઉષા રાડા, આર.વી.અસારીનાઓએ ઊલટતપાસ દરમ્યાન બચાવપક્ષે પુછેલા પ્રશ્નોના જવાબો યોગ્ય રીતે આપ્યા નથી, સાચા જવાબો આપવાનુ ટાળ્યુ છે, તપાસ ટીમોના વડા અભય ચુડાસમા, આશીષ ભાટીયાએ હાલના કેસોમાં જુબાની આપવાનુ ટાળ્યુ છે.

વધુમાં વિ.વ.શ્રી કે.જી.શેખ ફરિયાદપક્ષે તપાસેલા સાહેદ નં.૧૧૩૩ એમ.ડી.ચૌધરીની જુબાની વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે બનાવવાળી જગ્યાઓ ઉપર દરેક અધિકારીએ અગાઉથી જ મુલાકાતો લીધેલી હતી, ક્રાઇમ બ્રાંચના વડા તે સમયે અભય ચુડાસમા હતા, હાલના ગુના કામે કરેલ તપાસો પોલીટીકલ પ્રેસરથી અને લાભ લેવા માટે કરેલી છે, ગુજરાત સરકારે રસ લઇને તપાસો એક ચોક્કસ અધિકારીને સોંપેલી છે. વધુમાં સાહેદ નં.૧૧૫૩ આર.વી. અસારીની જુબાનીના પેરા નં.૧૦ મુજબ ચારેય તપાસ ટીમો ડી.સી.પી. ક્રાઇમ બ્રાંચે બનાવેલી, ચારેય ટીમોના અધિકારીઓ ઉપરી બે વડાઓને મળીને તપાસની ચર્ચા કરતા હતા, જુબાનીના પેરા નં.૨૧ મુજબ તપાસ ટીમો આશીષ ભાટીયાએ બનાવેલી છે, જુબાનીના પેરા નં.૩૬ મુજબ સાહેદ કેસ ડાયરી જુબાની વખતે સાથે લાવેલા નથી. વધુમાં સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડાની જુબાનીના પેરા નં.૨/૫૭ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે ચાર્જશીટનો ડ્રાફટ તૈયાર કરી ઉપરી અધિકારીને મોકલી આપતા હતા જેથી એવુ કહેવાય કે આ સાહેદે ગુનાની તપાસ કરી નથી. વધુમાં સદર સાહેદે જુબાનીના પેરા નં.૨/૮૬, ૨/૯૫, ૨/૧૦૬, ૨/૧૧૩, ૨/૧૧૫, ૨/૧૨૧, ૨/૧૩૨, ૨/૧૩૮, ૨/૧૪૫ માં

જણાવ્યા મુજબ ખાડીયા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુના કામે તમામ સપ્લીમેન્ટરી ચાર્જશીટો તૈયાર કરી ઉપરી અધિકારીને મોકલી આપેલા છે. વધુમાં સદર સાહેદે જુબાનીના પેરા નં.૩/૨૪, ૩/૩૦, ૩/૩૬, ૩/૪૨, ૩/૪૮, ૩/૫૪, ૩/૬૫, ૩/૭૨, ૩/૭૮ માં જણાવ્યા મુજબ દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુના કામે તમામ સપ્લીમેન્ટરી ચાર્જશીટો તૈયાર કરી ઉપરી અધિકારીને મોકલી આપેલા છે. વધુમાં સદર સાહેદે જુબાનીના પેરા નં.૪/૧૫, ૪/૨૩, ૪/૨૯, ૪/૩૫, ૪/૪૨, ૪/૪૮, ૪/૫૪, ૪/૬૬, ૪/૭૨ માં જણાવ્યા મુજબ કાલુપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુના કામે તમામ સપ્લીમેન્ટરી ચાર્જશીટો તૈયાર કરી ઉપરી અધિકારીને મોકલી આપેલા છે. વધુમાં સદર સાહેદે જુબાનીના પેરા નં.૫/૧૩, ૫/૨૦, ૫/૨૯, ૫/૩૬, ૫/૪૨, ૫/૪૮, ૫/૫૪, ૫/૬૬, ૫/૭૨, ૫/૭૮ માં જણાવ્યા મુજબ વટવા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુના કામે તમામ સપ્લીમેન્ટરી ચાર્જશીટો તૈયાર કરી ઉપરી અધિકારીને મોકલી આપેલા છે. વધુમાં સદર સાહેદે જુબાનીના પેરા નં.૬/૭, ૬/૨૦, ૬/૨૭, ૬/૩૩, ૬/૩૯, ૬/૪૫, ૬/૫૭, ૬/૬૩, ૬/૬૯ માં જણાવ્યા મુજબ ઈસનપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુના કામે તમામ સપ્લીમેન્ટરી ચાર્જશીટો તૈયાર કરી ઉપરી અધિકારીને મોકલી આપેલા છે. વધુમાં સદર સાહેદે જુબાનીના પેરા નં.૭/૧૮, ૭/૨૫, ૭/૩૧, ૭/૩૭, ૭/૪૩, ૭/૫૫, ૭/૬૧, ૭/૬૭ માં જણાવ્યા મુજબ કલોલ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુના કામે તમામ સપ્લીમેન્ટરી ચાર્જશીટો તૈયાર કરી ઉપરી અધિકારીને મોકલી આપેલા છે. વધુમાં સદર સાહેદે જુબાનીના પેરા નં.૧૦ માં જણાવ્યા મુજબ ચારેય ટીમોના વડા તરીકે અભય ચુડાસમા હતા. વધુમાં ફરિયાદપક્ષે તપાસેલા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાની જુબાનીના પેરા નં.૩૨ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે ક્રાઇમ બ્રાંચ સાથે એટેચ થવાનો હુકમ અભય ચુડાસમાએ કરેલો નથી તેવુ જે જણાવે છે તે રેકર્ડની વિરૂધ્ધ છે, હાલના બનાવોની તપાસ માટે ચારેય તપાસ ટીમો અભય ચુડાસમાએ બનાવેલી છે, ચારેય તપાસ ટીમોના વડા અભય ચુડાસમા ન હતા તેમ જે જણાવેલુ છે ખોટુ છે,

જરૂર પડે અભય ચુડાસમા પાસેથી માર્ગદર્શન મેળવતા હોવાનુ જણાવે છે. વધુમાં સદર સાહેદે જુબાનીના પેરા નં.૭૪ માં જણાવ્યા મુજબ ચારેય તપાસ ટીમોના વડા કોણ હતા તેની તપાસ કરી ન હોવાનુ જણાવે છે તે પણ ખોટુ છે.

વધુમાં વિ.વ.શ્રી કે.જી.શેખ આરોપીપક્ષે બચાવમાં તપાસેલા સાહેદ નં.૨ મહંમદ ફારૂક ઉમરભાઇ સમેજાની જુબાની વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે જયારથી બનાવો બન્યા છે ત્યારથી તપાસ કરનાર અધિકારી સામે ફરિયાદો કરેલી છે, આરોપી નં.૧૬ નાને ગાડીઓમાં બેસાડી અમદાવાદ લઇ જતા જોયેલા છે માટે ગાડીઓની વિગતોના પુરાવા રજૂ કર્યા છે, ભાઇઓને મારપીટ કરેલાનુ આ સાહેદે જોયેલુ છે, પોલીસે સતત ધમકીઓ આપેલી છે કે કોઇને કાંઇ કહેવુ નહીં, મોટા ભાઇ મહંમદ હુસેન તથા ભાણેજને પરત સોંપ્યા ત્યારે તેઓની તબિયત સારી ન હતી અને ચક્કર આવતા હતા, માર માર્યા પછી સારવાર આપતા હતા જેથી માર માર્યાની હકીકત બહાર ના આવે, બચાવના આ સાહેદની ફરિયાદપક્ષ દ્વારા થયેલ ઊલટતપાસમાં વિરૂધ્ધનુ કાંઇ જ નિકળી આવતુ નથી. વધુમાં આરોપી તર્ફે કોઇપણ માહિતી માંગવામાં આવે ત્યારે માહિતી આપવામાં આવતી ન હતી, જે પુરાવા આરોપીઓ કોર્ટમાં રજૂ કરવા માંગતા હતા તે પુરાવા મેળવવા આર.ટી.આઇ. કરેલી હતી, આરોપીને અટક કર્યા પછી સતત કસ્ટડીમાં રાખેલા છે, આંક–૯૨૦૬ વાળી અરજી કરી ત્યારે તરત જ તા.૪–૯–૨૦૦૮ ના રોજ આરોપી નં.૧૬ ને અટક કરેલા છે, આંક–૯૨૨૨ થી આરોપીએ જાતે લખીને મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટને ફરિયાદ કરેલી છે જેમાં આરોપીને માર માર્યાની હકીકત જણાવી છે, દરેક આરોપીને અટક કર્યા પછી સીધી જાણ આરોપીના સગાઓને કરી નથી, આરોપી નં.૧૬ ને અટક કર્યા અંગે એરેસ્ટ મેમા ઉપર તેના ભાઇની સહી લીધી છે જેથી એવુ કહી શકાય કે આરોપી નં.૧૬ ના ભાઇને પણ પોલીસ લઇ ગયેલી છે અને ગોંધી રાખી માર મારેલો છે, આરોપીઓને પોલીસે માનસિક, શારીરિક ત્રાસ આપ્યાની હકીકતો તેમજ આરોપીઓને ગેરકાયદેસર કસ્ટડીમાં રાખેલાની હકીકતો આરોપીઓએ સાબીત કરેલી છે, ભરૂચ મુકામે આરોપીઓએ મકાન ભાડે લીધેલાની હકીકત ચોક્કસ

સાબિત થતી નથી, સાહેદ નં.૯૧૭ પંચ સાહેદ છે અને આંક–૬૫૪૦ થી પંચનામુ રજૂ છે, આ સાહેદની હાજરીમાં આરોપી કાંઇક કહેવા અને બતાવવા માંગે છે તેવુ જણાવેલુ નથી, આ સાહેદ આરોપી નં.૪૫ નુ નામ આપે છે કે તેણે મકાન ભાડે રાખેલુ જયારે સાહેદ નં.૧૧૬૩ નાઓ તૌકીરે મકાન ભાડે રાખેલાનુ જણાવે છે, મકાન માલિકે કહેલુ છે કે મકાનમાંથી મળેલો સામાન તેમનો છે માટે મકાન ઉપર કબજો આરોપીઓનો ન હતો, આંક–૬૫૪૦ ના પંચનામાના પંચોમાં એક પંચ નડીયાદનો છે અને બીજો પંચ પણ બહારનો છે, પંચનામા વખતે વીડિયો રેકોર્ડીંગ કરેલુ છે પરંતુ આવુ વીડિયો રેકોર્ડીંગ આ કામે રજૂ કર્યુ નથી. વધુમાં સાહેદ નં. ૧૧૩૮નાઓએ જણાવ્યા મુજબ મકાન આ સાહેદની પત્નિના નામે હતુ અને ગુજરાત મોટર રીવાઇન્ડીંગના નામે કામ કરતા હતા, મકાન ઉપર બોર્ડ ન હતુ તેવુ સાહેદ જણાવે છે જયારે પંચનામામાં તથા પંચે કહ્યા મુજબ ગુજરાત મોટર રીવાઇન્ડીંગનુ બોર્ડ મકાન ઉપર હોવાનુ જણાવે છે. વધુમાં સાહેદ નં.૯૭૫ ના જણાવ્યા મુજબ શેરપુરાવાળુ મકાન તેઓએ ભાડે રાખેલુ જયારે તપાસ કરનાર અમલદાર કહે છે કે મકાન તૌકીરે ભાડે રાખેલુ છે. આમ આ મકાન ભાડે રાખ્યા બાબતે મહત્વનો વિરોધાભાસ છે, ગંભીર ગુનામાં આવા વિરોધાભાસ ખુબ મહત્વના છે.

સુખવીંદરસિંધ વિરૂધ્ધ સ્ટેટ ઓફ પંજાબ

૧૯૯૪(૫) સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૧૫૨

ઉપરોકત ચુકાદાના પેરા નં.૧૦ મુજબ પોલીસ સમક્ષ કરેલુ નિવેદન પુરાવામાં ગ્રાહ્ય નથી, કલમ–૨૭ જનરલ રૂલનો અપવાદ છે અને તેનો દુરૂપયોગ થવાની પુરી સંભાવના છે. હાલના કેસમાં ગુનાની દરેક જગ્યાઓ શરૂઆતથી તપાસ કરનાર તમામ અધિકારીઓએ જોયેલી છે માટે આરોપીઓને જ આ જગ્યાની માહીતી હતી તેવુ કહેવાય નહીં માટે આરોપીઓએ જગ્યા બતાવ્યાના પંચનામા પુરાવામાં ગ્રાહ્ય રખાય નહીં.

મનોજભાઇ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત

૨૦૨૦(૩) જી.એલ.આર.પાન નં.૧૬૭૯

ઉપરોકત ચુકાદાના પેરા નં.૧૮ મુજબ શંકાના આધારે આરોપીને સજા ના થાય, શંકા પુરાવાનુ સ્થાન લઇ શકે નહીં, વસ્તુની રીકવરી થવાથી ગુનો પુરવાર થતો નથી, આરોપી ખોટી પ્લી લે તો પણ ધ્યાને લેવી પડે, સંજોગો શંકારહિત સ્થાપિત થવા જોઇએ.

ટોમાસો બ્રુનો વિરૂધ્ધ સ્ટેટ ઓફ ઉત્તરપ્રદેશ

૨૦૧૫(૧) ક્રાઇમ્સ, સુપ્રિમ કોર્ટ, પાન નં.૧૦૫

ઉપરોકત ચુકાદાના પેરા નં.૧૩ મુજબ સંજોગોની ચેઇન સંપૂર્ણપણે સ્થાપિત થવી જોઇએ, સંજોગોની ચેઇનમાં ગેપ ના હોવી જોઇએ, ફરિયાદપક્ષે સબળ પુરાવાથી કેસ સાબિત કરવો જોઇએ. ઉપરોકત ચુકાદાના પેરા નં.૧૭ મુજબ સાહેદે તપાસ કરનાર અધિકારી સમક્ષના નિવેદનમાં ના જણાવી હોય તેવી હકીકતો જુબાનીમાં જણાવે તો તેવી હકીકત ના મનાય, આ હકીકતો ભરોસાપાત્ર નથી, ઉપરોકત ચુકાદાના પેરા નં.૩૩, ૪૦ પણ વંચાણે લેવા માટે વિનંતી કરી છે.

વધુમાં વિ.વ.શ્રી કે.જી.શેખે નીચે મુજબના ચુકાદાઓ રજૂ કરી તે ચુકાદાઓ ઉપર આધાર રાખેલો છે.

સ્ટેટ ઓફ ઉત્તરપ્રદેશ વિરૂધ્ધ વીરસિંધ

૨૦૦૪(૧૦) સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૧૧૭

ઉપરોકત ચુકાદાના પેરા નં.૫ માં જણાવ્યા મુજબ ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૪ હેઠળના સાહેદના નિવેદનને બે રીતે ધ્યાને લેવાય. (૧) સમર્થન માટે ઉપયોગમાં લેવાય (૨) વિરોધાભાસ માટે ઉપયોગમાં લેવાય. બીજી રાતે ઉપયોગમાં ના લેવાય.

મારૂતી રોમા નાયક વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર

૨૦૦૩(૧૦) સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૬૭૦

ઉપરોકત ચુકાદાના પેરા નં.૭ માં જણાવ્યા મુજબ સાહેદનુ મોડુ નિવેદન નોંધ્યુ તેનો ખુલાસો આપેલો નહીં, સાહેદ નં.૪ નાએ પણ મોડુ નિવેદન કેમ આપેલુ તેનો ખુલાસો આપેલો નહીં, બનાવ પછી નવ દિવસ પછી રીકવરી

થયેલી જે માન્ય રાખેલી નહીં. હાલના કેસમાં પણ એક પણ મકાનનો કબજો આરોપીઓનો હતો તેવુ સાબિત થતુ નથી તેમજ એક પણ મકાનમાં આરોપીઓ રહ્યા નથી.

વધુમાં વિ.વ.શ્રી કે.જી.શેખ હવે પછી આરોપી દીઠ દલીલો કરશે તેમ જણાવી સોપ્રથમ આરોપી નં.૪ વિરૂધ્ધ ફરિયાદપક્ષે રજૂ કરેલા પુરાવા અંગે દલીલો કરતા જણાવે છે કે આરોપી નં.૪ ની ઓફીશીયલ અટક તા.૧૬–૮–૨૦૦૮ ના રોજ થયેલી છે, તા.૮–૮–૨૦૦૮ ના રોજથી આરોપી નં.૪ નાઓને ગેરકાયદેસર રીતે અટક કરેલા છે, તા.૧૬–૮–૨૦૦૮ થી તા.૧૮–૧–૨૦૦૯ સુધી આરોપી નં.૪ નાઓ અમદાવાદ તથા સુરતના કેસોમાં રીમાન્ડ ઉપર હતા, કલોલના કેસમાં તા.૧૦–૨–૨૦૦૯ થી તા.૧૧–૨–૨૦૦૯ સુધી રીમાન્ડ ઉપર હતા, વારાફરતી દરેક તપાસ ટીમોએ આરોપીની કસ્ટડી લીધેલી છે, બધા જ કેસોની તપાસ એક સાથે કરવી જોઈએ તે રીતે તપાસ કરવામાં આવેલી નથી, આરોપીઓને અલગ–અલગ ગુનામાં અટક કરી રીમાન્ડ આપવાના કારણો ખોટા જણાવેલા છે, આંક–૧૨૨ના તહોમતનામામાં બીજા આરોપીઓ જેવો જ આક્ષેપ આરોપી નં.૪ સામે છે. ફરિયાદપક્ષે સાહેદ નં.૮૦૯ તરીકે નશરૂદ્દીન શેખને તપાસેલા છે, આ સાહેદ જુહાપુરાના મકાન બાબતેના સાહેદ છે, આ સાહેદ આરોપીને ઓળખી બતાવતા નથી, સાહેદે આરોપીની પુછપરછ કરી નથી, સ્થળ ઉપર કોઇ બાળકોને આ સાહેદે જોયા નથી, આરોપીનુ વર્ણન આ સાહેદ આપી શકે તેમ નથી કારણકે આ સાહેદે આરોપીને જોયા નથી, આંક–પ૪પ૨ થી પંચનામુ રજૂ છે, આંક–પ૪પ૨વાળુ પંચનામુ બનાવનાર સાહેદ નં.૧૦૭૦ વિનય શુકલ છે, આરોપી કઇ જગ્યાની માહિતી આપવા માંગતો હતો તે કહેલુ નહીં તેમ આ સાહેદ જણાવે છે, આંક–પ૪પ૨વાળુ પંચનામુ ખોટુ ઉભુ કરેલુ છે. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.પ૯૬ તરીકે મહેશ સુમરાને તપાસેલા છે, આ સાહેદના જણાવ્યા મુજબ ફોન રજૂ કરનાર બેનના નામની ખબર નથી, મોબાઇલ ની ઓળખ બાબતે કોઇ ચિહ્ન કરેલુ નથી, મોબાઇલ રજૂ કરનાર બેન સાથે કોઇ વાતચીત કરી નથી, આંક–૩૨૧૦ થી પંચનામુ રજૂ છે, આ પંચનામુ પણ સાહેદ

નં.૧૦૭૦ વિનય શુકલે કરેલુ છે, સાહેદ નં.૧૦૭૦ વિનય શુકલના કહેવા મુજબ મોબાઇલ ફોન કબજે કરતી વખતે ફોન ચાલુ કરીને જોયો નથી, ફોનમાં આઉટ ગોઇંગ ફોન તથા ઇનકમીંગ ફોન જોયા નથી, આંક–૩૨૧૦વાળુ પંચનામુ ખોટુ બનાવેલુ છે. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૯૫૭ તરીકે જાકીર કુરેશીને તપાસેલા છે, આ સાહેદનુ નિવેદન તપાસ કરનાર અધિકારી મયુર ચાવડાએ તા.૧૭–૧૦–૨૦૦૮ ના રોજ નોંધેલુ છે, આ સાહેદે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ રૂબરૂ તા.૫–૧૧– ૨૦૦૮ ના રોજ નિવેદન નોંધાવ્યુ છે, જેહાદ કોને કહેવાય? કયામત કોને કહેવાય? તે રેકર્ડ ઉપર આવેલુ નથી, સાહેદ એકટીવ રહે તે અંગેનુ કોઇ કામ કરેલુ નથી, સાહેદે બીજાને ફસાવી દેવા ખોટી જુબાની આપી છે, મયુર ચાવડાએ નિવેદન નોંધવા સાહેદને કોઇ નોટીસ આપી નથી, આરોપી નં.૪ નાએ ભાષણો કર્યા હોય તેવુ આ સાહેદ જણાવતા નથી, સાહેદ નં.૧૧૪૧ નાઓ આરોપી નં.૪ નાએ ભાષણો કરેલા તેમ જણાવે છે, આરોપીઓનો બચાવ સાચો છે, આરોપી નં.૪ નાઓને આ ગુનામાં ખોટા ફસાવેલા છે, આ સાહેદ ફોન વાપરતા હતા પરંતુ તપાસ કરનાર અધિકારીએ આ ફોન કબજે કરેલો નથી કે ફોનની કોલ ડીટેઇલ્સ પણ મેળવેલી નથી. વધુમાં સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાની જુબાનીના પેરા નં. ૬૮ મુજબ જાકીરનુ નિવેદન કેટલા વાગે? કયા સ્થળે લીધેલુ? તે યાદ ન હોવાનુ જણાવે છે, જાકીર કયાંથી આવેલો? તેને નોટીસ આપેલી કે કેમ? તે પણ આ સાહેદને યાદ નથી, સાહેદ સાચી હકીકતો છુપાવે છે, સાહેદ જાકીર સાચુ બોલે છે કે ખોટુ બોલે છે તેની તપાસ આ સાહેદે કરી નથી, આ સાહેદે આરોપી નં.૪ ને ખોટી રીતે ગુનામાં અટક કરેલા છે.

વધુમાં વિ.વ.શ્રી કે.જી.શેખ દલીલો કરતા જણાવે છે કે બચાવપક્ષે સાહેદ નં.૧ તરીકે તપાસેલા હુસેનભાઇ હાસમભાઇ શેખના કહેવા પ્રમાણે તેમના ઘરે કોઇ મિટીંગ થયેલી નથી, તેમનુ ઘર નાનુ છે, મીટીંગ થયાની વાત ખોટી જણાવી છે. વધુમાં ફરિયાદપક્ષે તપાસેલા સાહેદ નં.૧૧૪૧ એયાજ સૈયદે આંક–૮૦૫૬ થી ગુના કબૂલાતની અરજી આપેલી ત્યારબાદ તેને શરતોને આધિન ગુના માંથી માફી આપેલી છે, આરોપીએ ફરિયાદપક્ષના સાહેદ તરીકે જુબાની આપી

છે, સદર આરોપીએ કેવી રીતે કોર્ટમાં અરજી આપી તે શંકાસ્પદ છે, એક જ દિવસમાં આટલી લાંબી અરજી લખે તે શક્ય નથી, ફરિયાદપક્ષ તરફથી આ સાહેદની આંક–૮૦૫૬ વાળી કબૂલાત અરજી તૈયાર કરાવવામાં આવી છે, આ સાહેદ જણાવે છે કે સમસુદ્દીનના નાના ના ઘરે ૨,૩ દિવસ પ્રોગ્રામ ચાલેલો, સાહેદ નં.૯૫૭ જણાવતા નથી કે ૨,૩ દિવસ પ્રોગ્રામ ચાલેલો, સમસુદ્દીનના નાના ના ઘરે કોઇ મિટીંગ કે ચર્ચા થયેલી નથી, સમસુદ્દીનના નાના ના ઘર બાબતે આ સાહેદ ખોટી હકીકતો જણાવે છે, આ સાહેદ શાહપુરથી પસાર થતા હતા ત્યારે સીમીની ઑફિસ જોયેલી અને સીમીને ઑફિસે ગયેલા તે બાબતે કોઇ પુરાવો નથી, આ સાહેદની જુબાનીને બીજા કોઇ પુરાવાથી સમર્થન મળતુ નથી, આ સાહેદે આખી વાર્તા ઉપજાવી કાઢી છે, સજામાંથી છુટવા માટે આ આરોપી એપ્રૂવર થયેલા છે, ફરિયાદપક્ષે ૧૧૩૦ જેટલા તપાસેલા સાહેદોમાં આરોપીઓને હાલના ગુનામાં સંડોવતો કોઇ પુરાવો રેકર્ડ ઉપર આવેલો ન હોવાથી આરોપી ઐયાજને એપ્રૂવર બનાવેલા છે, આરોપી ઐયાજ કેવી રીતે એપ્રૂવર થયા અને કયા સંજોગોમાં એપ્રૂવર થયા તે અંગેની તમામ હકીકતો બચાવના સાહેદ નં.૮ કયામુદ્દીન સરકુદ્દીન કાપડીયાએ પોતાની જુબાનીના પેરા નં.૪૨ થી ૪૬ માં જણાવી છે, આંક–૮૧૧૦થી વકીલ સામે ખોટી અરજી આપી છે, સદર અરજીમાં ઇન્કવાયરીનો હુકમ થયેલો અને ઇન્કવાયરીમાં અરજી ખોટી હોવાનુ બહાર આવેલુ છે. ફરિયાદપક્ષે સાહેદ નં.૧૦૪૧ તરીકે તાલીબ અબ્દુલ ગફાર મણીયારને તપાસેલા છે તેઓને ફરી ગયેલા જાહેર કરેલા છે, સાહેદ નં.૧૦૯૭ તરીકે મહેતાબ ઇબ્રાહીમ શેખને તપાસેલા છે, આ સાહેદની જુબાનીથી કોઇ આરોપી હાલના ગુનામાં સંડોવાયેલ હોય તેવી કોઇ હકીકતો નિકળી આવતી નથી. વધુમાં આરોપી નં.૨, ૨૪, ૩૪ નાઓએ નોંધાવેલા કબૂલાત નિવેદનોમાં આરોપી નં.૪ વિરૂધ્ધ કાંઇ નિકળી આવતુ નથી, આરોપી નં.૪ હાલના ગુનામાં સંડોવાયેલા હોય તેવુ આ સાહેદોના કબૂલાત નિવેદનોમાંથી નિકળી આવતુ નથી, આરોપી નં. ૨, ૨૪, ૩૫ નાઓએ કબૂલાત નિવેદનો પરત ખેંચેલા છે, આરોપી નં.૪ નાએ જેહાદી ભાષણો આપ્યા નથી જેથી આરોપી નં.૪ વિરૂધ્ધ

કોઇ જ પ્રકારે કેસ પુરવાર થતો નથી, સુરત કોર્ટે આ આરોપી નં.૪ ને સીમીના મિટીંગના સભ્ય તરીકેના કેસમાં છોડી મુકેલા છે જેથી આજ આક્ષેપ માટે આરોપી નં.૪ વિરૂધ્ધ ફરીથી કેસ ના ચાલે.

વધુમાં વિ.વ.શ્રી કે.જી.શેખ ફરિયાદપક્ષે આરોપી નં.૧૧ વિરૂધ્ધ રજૂ કરેલા પુરાવા અંગે દલીલો કરતા જણાવે છે કે સદર આરોપીને તા.૨૩–૮–૨૦૦૮ ના રોજ અટક કરેલા છે ત્યારથી તા.૧૮–૧–૨૦૦૯ સુધી અમદાવાદ અને સુરતના કેસોમાં આરોપી રીમાન્ડ ઉપર હતા અને ત્યારબાદ કલોલના કેસમાં આરોપીના રીમાન્ડ લીધા છે, આરોપી નં.૧૧ નો રોલ જનરલ છે કોઇ ચોક્કસ ભૂમિકા નથી, સાહેદ નં.૧૧૪૧, ૮૪૮, આરોપી નં.૨ તથા આરોપી નં.૭૬ નુ કબૂલાત નિવેદન ફરિયાદપક્ષ તરફથી રજૂ છે, સાહેદ નં.૧૧૪૧ ના કહેવા મુજબ આ આરોપી સમસુદ્દીનના નાના ના ઘરે હાજર હતા તે સિવાય બીજી કોઇ હકીકત બહાર આવતી નથી, સાહેદ નં.૧૧૪૧ નાઓએ આ આરોપીને જુબાની દરમ્યાન ઓળખેલા નથી, ફરિયાદપક્ષે સાહેદ નં.૮૪૮ તરીકે એફ.એસ.એલ.અધિકારીને તપાસેલા છે, આ સાહેદે કેટલાક આરોપીના એસ.ડી.એસ.ટેસ્ટ કરેલા છે, આ ટેસ્ટ કરવા માટે આરોપીની લેખિત સંમતિ લીધી નથી.

નસીમબેન સૈયદ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત

૨૦૨૦ ક્રિમીનલ લો જનરલ, પાન નં.૩૦૮૫

ઉપરોકત ચુકાદાના પેરા નં.૪ મુજબ આ ટેસ્ટને પુરાવા તરીકે ધ્યાને લઇ શકાય નહીં, આ ટેસ્ટ આરોપીની મંજૂરી વિના લેવાય નહીં, આ પ્રક્રિયા કાયદા મુજબ ઇચ્છનીય નથી, ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં આરોપીએ જણાવેલુ છે કે તેમણે આ ટેસ્ટ આપ્યો નથી, આરોપી નં.૨, ૭૬ ના કબૂલાત નિવેદનો ઉપર આધાર ના રખાય, આ આરોપીએ કોઇ મિટીંગોમાં હાજરી આપ્યાના પુરાવા નથી.

વધુમાં વિ.વ.શ્રી કે.જી.શેખ ફરિયાદપક્ષે આરોપી નં.૫૩, ૫૪, ૫૫, ૫૬ તેમજ આરોપી નં.૬૧, ૬૨ વિરૂધ્ધ રજૂ કરેલા પુરાવા અંગે દલીલો કરતા જણાવે છે કે આરોપી નં.૫૩ ને તા.૮–૭–૨૦૦૯ ના રોજ અટક કરેલા છે

ત્યારબાદ અમદાવાદ અને સુરતના કેસોમાં અટક કરી રીમાન્ડ મેળવ્યા છે, ચાર્જ મુજબ આ આરોપી સામે જનરલ ચાર્જ છે કોઇ ચોક્કસ ભૂમિકા આ આરોપીની નથી, સાહેદ નં.૭૮૭, ૭૮૯, ૭૯૦, ૭૯૪, ૮૦૫, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ નાઓને ફરિયાદપક્ષે રજૂ કર્યા છે, સાહેદ નં.૭૮૭, ૭૮૯ ફકત મંજૂરી આપનાર અધિકારીઓ છે, સાહેદ નં.૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ નાઓ પણ આરોપી નં.૫૩ વિરૂધ્ધ કોઇ પુરાવા આપતા નથી, આરોપી નં.૫૩ વિરૂધ્ધ કોઇ સ્વતંત્ર પુરાવા નથી. વધુમાં આરોપી નં.૫૪, ૫૫, ૫૬, ૬૧, ૬૨ નાઓ સામે પણ ઉપર મુજબ જ દલીલો છે, ઉપરોકત આરોપીઓને લાંબા સમય સુધી રીમાન્ડ ઉપર રાખેલા છે પરંતુ આ આરોપીઓ વિરૂધ્ધ કોઇ પુરાવા મળ્યા નથી કે ફરિયાદપક્ષે કોઇ પુરાવા રજૂ કર્યા નથી, આ આરોપીઓ સામેના ચાર્જમાં આ આરોપીઓની કોઇ ચોક્કસ ભૂમિકા પણ નથી. વધુમાં આરોપી નં.૫૭ વિરૂધ્ધ ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવા અંગે દલીલો કરતા જણાવે છે કે આ આરોપીને તા.૧૩–૭–૨૦૦૯ સુધી સુરતના કેસોમાં અને તા.૨૨–૭–૨૦૦૯ ના રોજ અમદાવાદના કેસોમાં અટક કરેલા છે, તા.૯–૮–૨૦૦૯ સુધી આરોપીને રીમાન્ડ ઉપર લીધેલા છે, આ આરોપી વિરૂધ્ધ ચાર્જમાં જનરલ આક્ષેપ છે, આ આરોપી વિરૂધ્ધ ફરિયાદપક્ષે સાહેદ નં.૭૮૭, ૭૮૯, ૭૯૦, ૭૯૪, ૮૦૫, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ નાઓને તપાસેલા છે, આરોપી નં.૨ ના કબૂલાત નિવેદન મુજબ વાઘમોન કેમ્પમાં આ આરોપી હાજર છે પરંતુ સહ આરોપી વિરૂધ્ધ આ આરોપીનુ નિવેદન ઉપયોગમાં ના લેવાય, વાઘમોન કેમ્પના બનાવનો કેસ ચાલી ગયેલો છે જેથી આ આરોપી સામે ફરી ટ્રાયલ ના ચાલે. વધુમાં આરોપી નં.૬૭ વિરૂધ્ધ ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવા અંગે દલીલો કરતા જણાવે છે કે આ આરોપીને તા.૧–૮–૨૦૧૦ ના રોજ અટક કરેલા છે, આ આરોપી સામે ઇ.પી.કો.કલમ–૨૧૨ તથા યુ.એ.પી.એ. એકટની કલમ–૧૯ મુજબનો જ ચાર્જ છે, મુખ્ય ગુનાનો ચાર્જ નથી, આ આરોપી વિરૂધ્ધ ફરિયાદપક્ષે સાહેદ નં.૭૮૯, ૭૯૦, ૮૦૪, ૮૦૫, ૧૧૩૫, ૧૧૫૨, ૧૧૫૪, ૧૧૬૩ નાઓને તપાસેલા છે પરંતુ આ આરોપી સામે કોઇ જ પુરાવા નથી, સાહેદ નં.૭૮૯, ૭૯૦ મંજૂરી આપનાર સાહેદો નથી, આ

આરોપી સામે આશ્રય આપ્યાનો કોઇ પુરાવો નથી, તપાસ કરનાર અધિકારીઓ પણ આશ્રય માટે કાંઇ કહેતા નથી.

વધુમાં વિ.વ.શ્રી કે.જી.શેખ સુરતના કેસો અંગે ફરિયાદપક્ષ તર્ફે તપાસેલા તપાસ કરનાર અધિકારીઓની જુબાનીઓમાં રજૂ થયેલા પુરાવા અંગે દલીલો કરતા જણાવે છે કે સુરતના ગુના અંગે તપાસ કરનાર અધિકારીઓએ પણ યોગ્ય રીતે તપાસ કરી નથી. ફરિયાદપક્ષે સાહેદ નં.૧૦૨૬ તરીકે સંજય રાયને તપાસેલા છે, આ સાહેદ જણાવે છે કે ગુના અંગેની બાતમી મળેલી પરંતુ તેવી કોઇ બાતમી લેખિતમાં મળેલી નથી અને આવી લેખિત બાતમી આ કામે ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલી નથી, મળી આવેલી ગાડીમાંથી બોમ્બ મળ્યા નથી પરંતુ લાવારીસ ગાડી મળેલી અને આ ગાડીમાંથી વિસ્ફોટક સામગ્રી મળેલી છે, આ ગાડી કોની હતી તે સાબિત થયુ નથી, આ સાહેદ સ્થળ ઉપર ગયા તેનો લેખિત આધાર રજૂ થયો નથી. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૧૦૪૯ તરીકે એમ.આર. ચાવડાને તપાસેલા છે, આ સાહેદને ગુના અંગે મળેલી બાતમી લેખિતમાં મળેલી નથી, આ બાતમી આ સાહેદે કયાંય નોંધેલી નથી, બાતમી મળ્યા પછી આ સાહેદે ફરિયાદ લખાવી નથી, બાતમી આપનારને રૂબરૂ બોલાવી બાતમી વેરીફાય કરાવેલી નથી, સ્થળ ઉપર ગયા પછી ફિંગર પ્રિન્ટ એક્સપર્ટને બોલાવ્યા નથી, સ્થળ ઉપર વીડિયોગ્રાફી કે ફોટોગ્રાફી કરેલી નથી. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૧૧૨૦ તરીકે એસ.જે.તિરમીજીને તપાસેલા છે, આ સાહેદ હોટલો ઉપર તા.૩–૧૧–૨૦૦૮ ના રોજ ગયા છે પરંતુ હોટલના રજીસ્ટરો કબજે કરેલા નથી, હોટલો ઉપર વિઝીટ કરી ત્યારે પંચો પણ આ સાહેદ સાથે હતા નહીં. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૧૧૩૬ તરીકે સુજાતા મજમુદારને તપાસેલા છે, ટાઇમર ચીપ અને ડાયોગ્રામ તા.૬–૮–૨૦૦૮ ના રોજ તપાસમાં બેંગ્લોર મોકલેલા છે, તા.૧૬–૮–૨૦૦૮ ના રોજ બેંગ્લોર લેબોરેટરીનો અહેવાલ મળી ગયેલો હતો, આ અહેવાલની નકલ અમદાવાદની તપાસ ટીમોને પણ મળી ગયેલો હતો, તમામ બોમ્બ વાળા સ્થળો ઉપર આ સાહેદ ગયેલા હતા માટે આરોપીને લઇને ફરીથી ત્યાં જવાની જરૂર નથી તેમ છતાં તેઓ ત્યાં ગયેલા છે,

સ્થળો ઉપર બોમ્બ મુકતા કોઇકને જોયા હોય તેવા સાહેદો મળી આવેલા નથી તેમ જણાવે છે, ડી.સી.પી.અભય ચુડાસમા અમદાવાદના ગુનાની તપાસમાં સામેલ હતા તેમ આ સાહેદ જણાવે છે, ડીટોનેટર જાળવી રાખી શકાય તેવા હતા તેમ છતાં જાળવ્યા નથી, પુરાવાનો નાશ તપાસ કરનાર અધિકારીએ જ કર્યો છે, તપાસ કરનાર અધિકારીઓએ ગંભીર બેદરકારી રાખી છે, ચીપને એફ.એસ.એલ. માં મોકલતા પહેલા સીલ કરી નથી. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૧૧૫૫ તરીકે એન.બી.પરમારને તપાસેલા છે આ સાહેદે ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૪ મુજબના નિવેદનો લેવડાવેલા નથી, કોઇ મકાનોના સર્ચ કરવા માટે સર્ચ વોરન્ટ મેળવેલા નથી, મકાનોના તાળા તોડયા છે જે તોડાય નહીં, મકાનની સર્ચ કરવા માટે મકાન માલીકોની સંમતિ લીધી નથી, મુદ્દામાલ જે મિલકતોમાંથી કબજે કરેલો તેના માલીકોને રશીદ આપી નથી, ડીટોનેટર અને એમોનીયમ નાઇટ્રેટ કયાંથી લાવ્યા? કોણ લાવ્યુ? તેની માહીતી આ સાહેદને મળેલી નથી, વિસ્ફોટક સામગ્રીના કોઇ બીલો આ સાહેદે મેળવેલા નથી, બોમ્બ અર્ધ ચંદ્રાકાર બોક્ષમાં હતા તે બોક્ષ કયાંથી મેળવેલા? તેની તપાસ કરી નથી, બોમ્બ મુકતા કોઇકે જોયા હોય તેવા કોઇ સાહેદ મળેલા ન હોવાનુ જણાવે છે, આ સાહેદે કોઇ આરોપીના મોબાઇલ ફોન કબજે કરેલા નથી, લેન્ડ લાઇન ફોનના દસ્તાવેજો આ સાહેદે મેળવ્યા નથી કે મળી આવેલ ફોનની કોઇ કોલ ડીટેઇલ્સ મેળવેલી નથી, માસ્તર હાઉસ વાળા મકાનના માલીકના દિકરાનો જવાબ લીધો ત્યારે મકાનના દસ્તાવેજો મેળવ્યા નથી, મકાનના કનેકશન બાબતે મકાન ભાડે લીધાનો તેમજ તેમાં રહ્યા હોય તેમજ મકાન માલીકે ઓળખ્યા હોય તેવો પુરાવો આપવો જોઇએ પરંતુ આવો પુરાવો આપેલો નથી, આરોપીઓના કુદરતી લખાણવાળા દસ્તાવેજો મેળવેલા નથી, રીવર વ્યુ સોસાયટીમાં આરોપી રહ્યા હોય તેવા પુરાવા મળ્યા નથી, તપાસ ટીમો માત્ર કાગળ ઉપર જ હતી, બધા જ બનાવોની તપાસ અભય ચુડાસમાએ જ કરી છે, વડોદરાની કોઇ સ્ટોરી ન હતી પરંતુ પોલીસ ઇન્સ્પેકટર કે.ડી. પંડયા દ્વારા વડોદરાની સ્ટોરી ઉભી કરાવી છે.

વધુમાં વિ.વ.શ્રી કે.જી.શેખ ઓળખ પરેડ બાબતે દલીલો કરતા જણાવે છે કે ઓળખ પરેડ અંગે ફરિયાદપક્ષ દ્વારા આંક–૩૦૬૧, આંક–૩૦૫૪, આંક–૩૦૬૫ અને આંક–૩૦૬૮થી પંચનામા રજૂ થયેલા છે, આ પંચનામાના પંચોને તપાસ્યા નથી, આ પંચનામાના પંચો સિલેકટેડ પંચો છે, ઓળખ પરેડ સમયે પોલીસની હાજરી હોય તો તેવી ઓળખ પરેડનુ કોઇ મહત્વ રહેતુ નથી. હાલના કેસમાં તપાસેલા બધા સાહેદો તૈયાર કરેલા છે, મોટા ભાગના પંચો અને સાહેદો શબ્દે, શબ્દ બોલ્યા છે, આ તમામ સાહેદો ઊલટતપાસમાં જણાવે છે કે બનાવને ઘણો સમય થયો હોવાથી યાદ નથી તેવુ જણાવે છે જે મનાય નહીં, મણીનગર પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુના રજી.નં.૨૦૩/૨૦૦૮ ના કામે આરોપી નં.૧ નુ પંચનામુ આંક–૩૧૯૩થી રજૂ છે જે તા.૯–૧૦–૨૦૦૮ ના રોજનુ છે, આ પંચનામુ સીંધી સાહેબે બનાવેલુ છે ખરેખર તા.૯–૧૦–૨૦૦૮ ના રોજ આ આરોપીના રીમાન્ડ રામોલના કેસમાં ચાલતા હતા, શાહીબાગ પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુના રજી.નં. ૨૩૬/૨૦૦૮ ના કામે આરોપી નં.૧૨ નુ પંચનામુ બનાવેલુ છે જે આંક–૭૩૦૧થી રજૂ છે ત્યારે આ આરોપી સરખેજના ગુનામાં હતા, શાહીબાગ પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુના રજી.નં. ૨૩૬/૨૦૦૮ ના કામે આરોપી નં.૨૮નુ પંચનામુ તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયાએ બનાવેલુ છે જે આંક–૬૪૫૧ થી રજૂ છે ત્યારે આ આરોપી સરખેજના ગુનામાં રીમાન્ડ ઉપર હતા, મણીનગર પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુના રજી.નં.૨૦૩/૨૦૦૮ ના કામે આરોપી નં.૩૭ નુ પંચનામુ તપાસ કરનાર અધિકારીએ બનાવેલુ છે ત્યારે આ આરોપી સરખેજના ગુનામાં રીમાન્ડ ઉપર હતા, મણીનગર પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુના રજી.નં.૨૦૪/૨૦૦૮ ના કામે આરોપી નં.૧૪ નુ પંચનામુ તા.૬–૧૨–૨૦૦૮ ના રોજ તપાસ કરનાર અધિકારીએ બનાવેલુ જે આંક–૬૪૮૫થી રજૂ છે ત્યારે આ આરોપી સરખેજના ગુનામાં રીમાન્ડ ઉપર હતા, મણીનગર પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુના રજી.નં. ૨૦૯/૨૦૦૮ ના કામે આરોપી નં.૪૯નુ પંચનામુ તા.૪–૫–૨૦૦૯ ના રોજ તપાસ કરનાર અધિકારીએ બનાવેલુ જે આંક–૮૫૯૨ થી રજૂ છે ત્યારે આ આરોપી ઓઢવના ગુનામાં રીમાન્ડ ઉપર હતા,

આરોપી નં.૭ ના ત્રણ પંચનામા તા.૧૯–૮–૨૦૦૮ ના રોજ તપાસ કરનાર અધિકારી મયુર ચાવડાએ બનાવેલા છે ત્યારે આ આરોપી શાહીબાગના ગુનામાં રીમાન્ડ ઉપર તપાસ કરનાર અધિકારી વી.આર. ટોળીયા સાથે હતા.

વધુમાં વિ.વ.શ્રી કે.જી.શેખ જનરલ દલીલો કરતા જણાવે છે કે હાલના કેસમાં ષડયંત્ર/કાવતરૂ શું હતુ? તે ફરિયાદપક્ષે બતાવ્યુ નથી, બનાવનુ આખુ ષડયંત્ર પોલીસે ઉભુ કરેલુ છે, અલમહંમદી સોસાયટીમાં ઘણા બધા આરોપીઓ રહેલા છે તેવો ફરિયાદપક્ષનો કેસ છે પરંતુ આરોપીઓને ત્યાં રહેતા કોઇએ જોયા હોય તેવો કોઇ પુરાવો રજૂ થયેલો નથી, સાહેદ અંબાલાલ, રામકા ભાઇ, પ્રવિણભાઇ, ઇદ્રીશે આરોપી નં.૨૧ ને જોયા નથી કે ઓળખ્યા પણ નથી, હાલના કેસોમાં વપરાયેલી કારો આરોપીઓના કબજામાં હતી તે અંગેનો કોઇ પુરાવો નથી, ગાડીની નંબર પ્લેટો સાથે ચેડા થયાના કોઇ પુરાવા નથી, તપાસ કરનાર અધિકારીઓ પાસે વારંવાર કેસ ડાયરી માંગવા છતાં કોઇ તપાસ કરનાર અધિકારીએ કેસ ડાયરી રજૂ કરી નથી જેથી હાલના કેસોમાં કેસ ડાયરી લખાયેલી છે કે કેમ? તે શંકાસ્પદ છે, સીમીનુ નવુ સ્વરૂપ ઇન્ડિયન મુજાહીદ્દીન છે તે અંગે કોઇ પુરાવો નથી, આરોપીઓના ઉર્ફે નામો છે તેવા કોઇ પુરાવા ફરિયાદપક્ષે રજૂ કરેલા નથી, બનાવોની તપાસમાં ઉપયોગમાં લેવાયેલા પોલીસ વાહનોની લોગ બુકો રજૂ થયેલી નથી, આરોપી નં.૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૯, ૫૨, ૫૪, ૫૬, ૫૭, ૫૯, ૬૦, ૬૧, ૬૨ નાઓને ટ્રાન્સફર વોરન્ટથી હાલના ગુના કામે લાવેલા છે પરંતુ તેઓને લાવવા અંગેના પુરાવા નથી, હાલનો ગુનો બનતા પહેલાથી આ આરોપીઓ જુદા–જુદા કેસોમાં જેલોમાં હતા, ચાર આરોપીના કબૂલાત નિવેદનો નથી પરંતુ ફકત નિવેદનો જ છે તેને કબૂલાતો ગણાય નહીં, બનાવ બાદ સાતેક માસ પછી પાવાગઢ વાળી જગ્યા ઉપરથી મુદ્દામાલ મળ્યાની હકીકત શંકાસ્પદ છે, આરોપીઓ જુદી–જુદી હોટલોમાં રોકાયેલા છે પરંતુ તે બનાવ સાથે સંકળાતા નથી, આરોપીઓએ ઓળખ છુપાવવા માટે પોતાનો હુલીયો બદલ્યો નથી, આરોપીઓએ હુલીયો બદલ્યાનુ કહી તેઓની ઉપર ત્રાસ ગુજારવામાં આવ્યો છે, પોટા અને ટાડાના કાયદાનો દુરૂપયોગ થવાથી વિરોધ

થવાથી સરકારે આ કાયદા રદ્ધ કરવા પડેલા છે, ગુજરાત બહારના આરોપીઓના પંચનામા ખોટા ઉભા કરેલા છે, બચાવપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા માનવા યોગ્ય છે જે તમામને ધ્યાનમાં લેતાં આ આરોપીઓ વિરૂધ્ધનો કેસ સાબિત કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ નિવડેલા છે. વધુમાં વિ.વ.શ્રી કે.જી.શેખે પોતાની મૌખિક દલીલોના સમર્થનમાં આંક–૯૪૬૬ થી પાના નં.૧ થી ૧૭૮ સુધીની લેખિત દલીલો રજૂ કરેલી છે. જે પણ મૌખિક દલીલો મુજબની છે. જે પણ વિચારણ હેઠળ લીધી.

(૨૪)(૦૬) <u>બચાવપક્ષ તર્ફે વિ.વ. શ્રી ડી.ડી.પઠાણની દલીલોઃ–</u>

આરોપી નં.૨૭, ૨૮, ૫૨, ૫૮, ૭૩, ૭૬ નાઓ તર્ફે વિ.વ.શ્રી ડી.ડી.પઠાણ દલીલો કરતા જણાવે છે કે અમદાવાદ શહેર, અમદાવાદ રૂરલ અને ગાંધીનગર ડીસ્ટ્રીકટમાં તા.૨૬–૭–૨૦૦૮ ના રોજ બોમ્બ ધડાકાઓ થયેલા જેની કુલ્લે–૨૦ ફરિયાદો દાખલ થયેલી છે, કુલ્લે–૨૪ બનાવો બન્યા છે, ૨૨ બોમ્બ ફુટયા છે અને બે જગ્યાએ બોમ્બ મળેલા છે, સુરત મુકામે કુલ–૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ મળેલા છે તે અંગેની કુલ્લે–૧૫ ફરિયાદો દાખલ થયેલી છે, સુરત મુકામે એક પણ જગ્યાએ બોમ્બ ફુટયા નથી, અમદાવાદ તથા સુરત મુકામે નોંધાયેલા બધા જ ગુનાના કુલ–૩૫ કેસો ભેગા કરવા અરજી આપતા આ તમામ કેસો ભેગા થયેલા છે, અમદાવાદ મુકામે બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવો અંગે નોંધાયેલી કુલ–૨૦ ફરિયાદો પૈકી રામોલ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ફર્સ્ટ ગુના રજી.નં. ૩૨૧/૨૦૦૮, ઈસનપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ફર્સ્ટ ગુના રજી.નં. ૧૯૦/૨૦૦૮, મણીનગર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ફર્સ્ટ ગુના રજી.નં. ૨૦૩/૨૦૦૮, દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ફર્સ્ટ ગુના રજી.નં. ૧૪૦/૨૦૦૮, અમરાઈવાડી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ફર્સ્ટ ગુના રજી.નં. ૨૭૩/૨૦૦૮, ખાડીયા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ફર્સ્ટ ગુના રજી.નં. ૭૧/ ૨૦૦૮ મળી કુલ–૬ ફરિયાદમાં કોઈ જ પુરાવા નથી, આ છ ગુનાઓમાં કયા આરોપીએ બોમ્બ પ્લાન્ટ કર્યા અને બોમ્બ બ્લાસ્ટ કર્યા? તે અંગેનો કોઈ

પુરાવો રેકર્ડ ઉપર આવેલો નથી, સૌપ્રથમ આંક–૧૨૨થી તા.૧૫–૨–૨૦૧૦ ના રોજ તહોમતનામું ફરમાવેલુ છે, તહોમતનામું ફરમાવતા પહેલા ફરિયાદપક્ષે ડ્રાફટ ચાર્જ આપેલો છે ત્યારબાદ અદાલતે તહોમતનામું ફરમાવેલુ છે પરંતુ આ તહોમતનામું પુરવાર થતુ નથી, તહોમતનામાંના પાન નં.૫ મુજબ ગુજરાત સરકાર સામે બદલો લેવાનો ઉલ્લેખ છે, સને–૨૦૦૮ માં બનાવો બન્યા છે પરંતુ આ અંગે કોઇ પુરાવો આવેલો નથી, તહોમતનામાના પાન નં.૬ મુજબ રાજયમાં મોટા પાયે તોફાનો થાય તથા બંધારણીય રીતે ચુંટાયેલી સરકાર પ્રત્યે ધિક્કાર થાય તેવો ઉલ્લેખ છે પરંતુ પુરાવો જોતા આ અંગે કોઇ પુરાવો રેકર્ડ ઉપર આવેલો નથી, ઘણા બધા તપાસ કરનાર અધિકારીઓને આ અંગે પુછવામાં આવેલુ છે પરંતુ કોઇ તપાસ કરનાર અધિકારીઓએ આ બાબતે કાંઇ જણાવેલુ નથી, નાણાકીય ભંડોળ બાબતે પણ કોઇ સાહેદ કાંઇ પણ જણાવતા નથી, નાણાકીય ભંડોળ કયાંથી આવ્યુ? કોણે આપ્યુ? કયાં વાપર્યુ? તે બાબતે કોઇ જ પુરાવો રેકર્ડ ઉપર આવેલો નથી, તહોમતનામાના પાન નં.૭ મુજબ બોમ્બ બનાવવાની ચીજ વસ્તુઓની સામગ્રીની ખરીદી કર્યાનો તેમજ એક્ષપ્લોઝીવ મટીરીયલની ખરીદી કર્યાનો ઉલ્લેખ છે, આ ચીજવસ્તુઓમાં અમુક વસ્તુની ખરીદી કરેલાના પુરાવા છે પરંતુ એમોનીયમ નાઇટ્રેટ, ડીટોનેટર વિગેરે ખરીદ કર્યા બાબતે તપાસ થયેલ નથી કે તે અંગે કોઇ પુરાવો રજૂ થયેલો નથી, અર્ધચંદ્રાકાર આકારનુ વુડન બોક્ષ કયાંથી આવ્યુ? કોણે બનાવ્યુ? તે અંગે પણ કોઇ પુરાવો નથી, ગુનામાં ડીટોનેટર મુખ્ય ભાગ છે પરંતુ તે અંગે તપાસ એજન્સીએ કોઇ તપાસ કરી નથી, અમદાવાદમાં કલોલ તથા રામોલ વિસ્તાર માંથી બે જીવંત બોમ્બ મળી આવેલા છે તે બોમ્બમાંથી ડીટોનેટર મળેલા જેથી તપાસ કરનાર અધિકારીએ તારણ કાઢેલુ કે આ બનાવમાં ડીટોનેટર વપરાયા છે, બોમ્બ બનાવવાની સામગ્રી નટ બોલ્ટ, છરા વિગેરે અંગે પુરાવા છે પરંતુ આ પુરાવા ઉભા કરેલા છે, આ અંગે યોગ્ય તપાસ થયેલી નથી માટે આ બોમ્બ કેવી રીતે બનાવ્યા? તે પુરવાર થતુ નથી, તહોમતનામાના પાન નં.૭ મુજબ બનાવમાં વપરાયેલ વાહનો જેવા કે વેગનઆર કારો, મારૂતી કારો નવી મુંબઇ મુકામેથી ચોરી કરી મેળવ્યાનો આક્ષેપ

છે પરંતુ ફરિયાદપક્ષ ચોક્કસ કેસ સાથે આવેલ નથી, વાહનો ચોરી કર્યાનો કે ચોરી કરાવ્યાનો કોઇ ચાર્જ ફરમાવેલો નથી, બનાવમાં વપરાયેલા ચારેય વાહનો ચોરી થયાની ફરિયાદો મુંબઇ મુકામે નોંધાયેલી છે તે પૈકી એક એફ.આઇ.આર. બોમ્બ બ્લાસ્ટ થયા પછી નોંધાયેલી છે તે ફરિયાદોના કામે પકડાયેલ આરોપીઓને અદાલતે છોડી મુકેલા છે, જે કેસોમાં આરોપી નિર્દોષ ઠર્યા છે તે કેસોમાં આવેલા ચુકાદા સામે સરકારે કોઇ અપીલ કરી નથી, એક ગુનો પેન્ડીંગ છે તેમાં કોઇને હજી અટક કરેલા નથી, આંક–૧૨૨ થી ફરમાવેલ ચાર્જ ઉપરથી સ્પષ્ટ થાય છે કે ઘણા આરોપીઓ સામે સ્પષ્ટ ચાર્જ ફરમાવેલો નથી.

વધુમાં વિ.વ.શ્રી ડી.ડી.પઠાણ દલીલો કરતા જણાવે છે કે આ કેસોમાં કુલ્લે–૯ રાજયના આરોપીઓ સંડોવાયેલા છે જેવા કે દિલ્હી, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન, ગુજરાત, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, કર્ણાટક, આંધ્રપ્રદેશ અને કેરાલા. રાજધાની ટ્રેન ચાલે તેમ પોલીસની ટ્રેન ચાલેલી છે અને દરેક રાજયમાંથી ટ્રેન પેસેન્જરો લે તેમ પોલીસે ઇ.પી.કો.૧૨૦(બી) હેઠળ બધા આરોપીઓને પકડેલા છે. આ સબંધમાં નીચે મુજબના ચુકાદાની ચર્ચા કરી છે.

યોગેશ વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર

(૨૦૦૮)૧૦ સુપ્રિમ કોર્ટ કેસીસ, પાન નં.૩૯૪

ઉપરોકત ચુકાદાના પેરા નં.૨૦ વંચાણે લઇ વિ.વ.શ્રી ડી.ડી. પઠાણ દલીલો કરતા જણાવે છે કે જ્ઞાન હોવુ કે કોઇ ચર્ચા કરવી તે કાવતરા માટે પુરતુ નથી, કાવતરા માટે બે કે વધારે વ્યકિતઓ કોઇ ગુના માટે સમજૂતી કરે છે, ચુકાદાના પેરા નં.૨૨ મુજબ કાવતરૂ સાબિત કરવા માટે રીલાયેબલ પુરાવાથી કાવતરૂ પુરવાર કરવુ પડે, બનાવોની ચેઇન તથા સંજોગો પુરવાર કરવા પડે. આ સબંધમાં નીચે મુજબના ચુકાદાની ચર્ચા કરી છે.

દર્શનસીંધ વિરૂધ્ધ સ્ટેટ ઓફ પંજાબ

(૧૯૮૩)૨ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૪૧૧

ઉપરોકત ચુકાદાના પેરા નં.૬,૯ વંચાણે લેવા માટે વિનંતી કરી છે.

વધુમાં ફરિયાદપક્ષ તર્ફે તપાસેલા સાહેદ નં.૯૫૭ મોહંમદ જાકીર અબ્દુલ જબ્બાર કુરેશીની જુબાની મુજબ તે મિટીંગમાં હાજર રહે છે તેમ છતાં ખોટુ જણાવે છે, આ સાહેદ કાવતરા વિશે કાંઇ કહેતા નથી. ફરિયાદપક્ષે સાહેદ નં. ૯૫૭, ૧૧૪૧ તથા સહ આરોપી નં.૨, ૨૧, ૨૪, ૩૫ ના નિવેદનો ઉપર આધાર રાખેલો છે, આ પુરાવા સિવાય ફરિયાદપક્ષ પાસે કોઇ જ પુરાવો નથી. વધુમાં ફરિયાદપક્ષે તપાસેલા સાહેદ નં.૧૦૭૫ વી.જે.જાડેજાની જુબાનીના પેરા નં.૧૨ મુજબ તપાસ દરમ્યાન તથા સાહેદોના નિવેદનો ઉપરથી કોઇ ફળદાયક હકીકત મળેલી ન હોવાનુ જણાવે છે. સાહેદ નં.૧૦૭૭ એ.એફ.સીંધીની જુબાનીના પેરા નં.૧૭ મુજબ તપાસ દરમ્યાન કોઇ શંકાસ્પદ માણસોના નામો મળ્યા ન હોવાનુ તેમજ શંકાસ્પદ માણસોના સ્કેચ બનાવેલા ન હોવાનુ જણાવે છે, સદર સાહેદની જુબાનીના પેરા નં.૩૦ મુજબ સમગ્ર તપાસ દરમ્યાન ચોક્કસ વ્યકિત ઉપર હાથ મુકી શકાય તેવો કોઇ પુરાવો મળેલો ન હોવાનુ તેમજ ગુનો કરવામાં કેટલી વ્યકિતઓ સામેલ છે તેવો કોઇ પુરાવો મળેલો ન હોવાનુ જણાવે છે. વધુમાં સાહેદ નં.૧૦૭૬ એ.વી.ખખ્ખરની જુબાનીના પેરા નં.૨૩ મુજબ તેમની તપાસ દરમ્યાન કોઇ વ્યકિત ઉપર આંગળી મુકી શકાય તેવો પુરાવો મળેલો ન હોવાનુ જણાવે છે.વધુમાં સાહેદ નં.૧૧૩૩ એમ.ડી.ચૌધરીની જુબાનીના પેરા નં.૭ મુજબ મધ્યપ્રદેશમાં આરોપી નં.૨૭ રોકાયેલા તે મકાનની માલીકીની દસ્તાવેજો મેળવેલા ન હોવાનુ જણાવે છે, ત્રણ આરોપીઓ સામે ચાર્જશીટ કરેલા તે ત્રણ આરોપીઓએ બોમ્બ મુકયા હોય અને કોઇકે જોયા હોય તેવા કોઇ પુરાવા મેળવ્યા ન હોવાનુ જણાવે છે. વધુમાં સાહેદ નં.૧૦૭૦ વિનય શુકલની જુબાનીના પેરા નં.૫૨ મુજબ બનાવ નજરે જોનાર કોઇ સાહેદો મળ્યા ન હોવાનુ જણાવે છે. વધુમાં સાહેદ નં.૧૧૪૫ ટી.એસ.પટેલની જુબાનીના પેરા નં. ૮ મુજબ સાહેદે જે કામગીરી કરેલી તે કામગીરીની નોંધ રાખી નથી કે કોઇ પુરાવા મેળવ્યા ન હોવાનુ તેમજ તા.૩-૮-૨૦૦૮ સુધી આ ગુનામાં કોણ સંડોવાયેલા છે તેની માહીતી મળેલી ન હોવાનુ જણાવે છે. ઉપરોકત છ સાહેદો તપાસ કરનાર અધિકારી છે તેઓ તમામે જણાવ્યા મુજબ શંકાસ્પદ માણસોના નામો મળેલા

નથી, આરોપીઓના સ્કેચ બનાવેલા નથી, શરૂઆતની તપાસમાં કોઇ કલુ હતી નહીં, તા.૩–૮–૨૦૦૮ સુધી તપાસ કરનાર અધિકારીઓ અંધારામાં જ હતા ત્યારબાદ સરકારે ઇનામની જાહેરાત કરેલી. વધુમાં સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાની જુબાનીના પેરા નં.૧૭૪ મુજબ ક્રાઇમ બ્રાંચ દ્વારા પ્રેસ કોન્ફરન્સ કરી તા.૧૬–૮–૨૦૦૮ ના રોજ રૂા.પચાસ લાખનુ ઇનામ જાહેર કરેલાની હકીકતની ખબર ન હોવાનુ જણાવે છે, સદર સાહેદની જુબાનીના પેરા નં.૧૭૬ મુજબ ઇનામ મેળવવા ખોટા આરોપીઓને પકડીને ચાર્જશીટ કરેલાની હકીકત નકારે છે. માર્ક–એ થી નેટ ઉપરથી કોપી કાઢી રજૂ કરેલી છે જેમાં રૂા.પચાસ લાખના ઇનામ જાહેર કર્યાની હકીકત છે, એક વર્ષ પછી પણ ક્રાઇમ બ્રાંચ કહે છે કે કેસ સોલ્વ કર્યો છે, આ માહીતી નેટ ઉપર છે, તા.૧૮–૬–૨૦૦૮ ના રોજ આઇ.બી.એ રીપોર્ટ આપેલો છે તેમ છતાં પોલીસે કોઇ કાર્યવાહી કરેલી નથી, સરકારે ઇનામ જાહેર કરેલુ કે કેમ? તે માટે આર.ટી.આઇ.કરેલી, આરોપી નં.૩૭ નાએ તા.૨૫–૯–૨૦૨૦ના રોજ ગૃહ વિભાગના જાહેર માહિતી અધિકારી પાસે ઇનામ અંગેની માહિતી માંગેલી જે પાન નં.૧૭ ઉપર છે, આર.ટી.આઇ.અંગે તા.૧૫–૧૦–૨૦૨૦ ના રોજ જવાબ આપેલો છે જે પાન નં.૨૧ ઉપર છે, ગૃહ વિભાગે આ અરજી પોલીસ ભવનમાં તબદીલ કરેલી છે તેની જાણ આરોપીને કરેલી છે, પાન નં.૨૫ મુજબ પોલીસ ભવને, પોલીસ કમિશનરને અરજી તબદીલ કરેલી તેની જાણ આરોપીને કરેલી છે, પાન નં.૨૯ મુજબ પોલીસ કમિશનરની કચેરીએ આ અરજી ક્રાઇમ બ્રાંચ, અમદાવાદને મોકલેલી તેની જાણ આરોપીને કરેલી છે, પાન નં.૩૧ મુજબ ક્રાઇમ બ્રાંચ,અમદાવાદે તા.૮–૧૧–૨૦૨૦ ના રોજ જવાબ આપેલો કે માહિતી આપવામાંથી ક્રાઇમ બ્રાંચ શાખાને બાકાત રાખવામાં આવેલી છે અને માહિતી આપી નથી, આ જવાબ સામે આરોપીએ પ્રથમ અપીલ કરેલી જે પાન નં.૩૫ ઉપર રજૂ છે, આ અપીલ તા.૨૪–૧૨–૨૦૨૦ ના રોજ કાઢી નાંખી છે, આરોપીએ બીજી અપીલ તા.૨–૧–૨૦૨૧ ના રોજ કરેલી જે પાન નં.૪૨ ઉપર રજૂ છે, અપીલનો હુકમ પાન નં.૫ થી ૯ ઉપર રજૂ છે, માંગેલી માહિતી પબ્લીક ડોમેઇનમાં હશે જ માટે ૨૦ દિવસમાં માહિતી આપવી તેવો હુકમ કરેલો

છે, પાન નં.૧ મુજબ આવી માહિતી રેકર્ડ ઉપર નથી તેવો જવાબ છે, સરકારે ઇનામ જાહેર કરેલુ છે કોઇએ ઇનામ માંગ્યુ નથી માટે એવુ કહી શકાય કે આ કેસ હજી સુધી સોલ્વ થયો નથી, પકડેલા આરોપીઓ ખોટા પકડેલા છે, પોલીસે ખોટા પુરાવા ઉભા કરી ખોટા ચાર્જશીટો દાખલ કર્યા છે, પોલીસે અસલ આરોપીઓને પકડયા નથી.

વધુમાં વિ.વ.શ્રી ડી.ડી.પઠાણ આરોપીઓ વિરૂધ્ધ કાર્યવાહી કરવા માટે આપવામાં આવેલ મંજૂરીઓ અંગે દલીલો કરતા જણાવે છે કે મંજૂરી વગર અદાલત કેસ ચલાવી શકે નહીં, આર્મ્સ એકટની મંજૂરી માટે ફરિયાદપક્ષે કોઇ સાહેદ તપાસેલા નથી, મંજૂરી આપનાર અધિકારીઓએ મગજ ચલાવ્યા વિના અને પુરાવા ધ્યાને લીધા વિના મંજૂરીઓ આપેલી છે, આરોપીઓ પૈકી કુલ–૩૩ આરોપીઓ જેવા કે આરોપી નં.૫, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૪, ૨૫, ૨૬, ૩૦, ૩૧, ૩૪, ૪૮, ૪૯, ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૫૮, ૫૯, ૬૦, ૬૧, ૬૨, ૬૭, ૬૮, ૭૧, ૭૨, ૭૩, ૭૬ નાઓ વિરૂધ્ધ એક પણ સાહેદ નથી કે આ ૩૩ આરોપીઓ સામે કોઇ પુરાવા નથી, ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૪ મુજબના નિવેદનો અદાલતમાં ખોલવામાં આવેલા છે જેથી મંજૂરી આપનાર અધિકારીઓને આ નિવેદનો મળ્યા જ નથી માટે મંજૂરી આપનાર અધિકારીઓએ મગજ ચલાવ્યા વિના મંજૂરીઓ આપી છે તેમ કહેવાય, આપવામાં આવેલી મંજૂરીઓ શંકાસ્પદ છે. વધુમાં સાહેદ નં.૭૯૨ ની જુબાનીના પેરા નં.૭ મુજબ તન્વીર અને જહીરને ફરીથી રીપીટ કરવામાં આવેલા છે, પેરા નં.૮ મુજબ ઇસનપુરના ગુના માટે મંજૂરી આપી છે પરંતુ રામોલનો ગુનો લખેલો છે, જે આરોપીઓ પકડાયા નથી તેઓની સામે પણ મંજૂરીઓ આપી છે, આ મંજૂરીઓ કયા પુરાવા આધારે આપેલી છે? તે અંગે કોઇ જ પુરાવો નથી. આ સબંધમાં નીચે મુજબના ચુકાદાની ચર્ચા કરી છે.

મોહમદ ઇકબાલ એહમદ વિરૂધ્ધ સ્ટેટ ઓફ આંધ્રપ્રદેશ

(૧૯૭૯)સુપ્રિમ કોર્ટ કેસીસ(ક્રીમીનલ)પાન નં.૯૨૬

ઉપરોકત ચુકાદાના પેરા નં.૫ મુજબ મંજૂરી વેલીડ ના હોય તો શું? વેલીડ મંજૂરી વિના ઇન્સાફી કાર્યવાહી શરૂ ના થાય અને થાય તો તે હકુમત બહાર ગણાય.

સી.બી.આઇ. વિરૂધ્ધ અશોકકુમાર અગ્રવાલ

(૨૦૧૪)૪ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૨૯૫

ઉપરોકત ચુકાદાના હેટ નોટ મુજબ પ્રોસીકયુશને સમગ્ર રેકર્ડ મંજૂરી આપનારને મોકલવુ જોઇએ જેવુ કે બનાવની એફ.આઇ.આર., ડીસ્કલોજર સ્ટેટમેન્ટ, સાહેદોના નિવેદનો, રીકવરી મેમો, ડ્રાફટ ચાર્જશીટ, કબૂલાત નિવેદનો અને રીલેવન્ટ મટીરીયલ મોકલવુ જોઇએ, ફરિયાદપક્ષને મદદ કરે તે જ પુરાવા મોકલવા તેવુ નથી આરોપીના પુરાવા પણ મોકલવા પડે, મંજૂરી આપનાર અધિકારીએ તમામ રેકર્ડ ધ્યાને લેવુ જોઇએ અને પછી કાયદા મુજબ મંજૂરી આપવી જોઇએ, ફરિયાદપક્ષે અદાલતને સબળ પુરાવા રજૂ કરી સંતોષ કરાવવો જોઇએ કે મંજૂરી આપનાર અધિકારીને સમગ્ર પુરાવા મોકલેલા છે.

વધુમાં વિ.વ.શ્રી ડી.ડી.પઠાણ દલીલો કરતા જણાવે છે કે મંજૂરી આપનાર અધિકારીઓએ કાયદા મુજબ મંજૂરીઓ આપી નથી.

હુસેન ઘડિયાળી વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત

(૨૦૧૫)૧ જી.એલ.આર.પાન નં.૫૫૯ સુપ્રિમ કોર્ટ

ઉપરોકત ચુકાદાના પેરા નં.૧૭ મુજબ સેંકશન આપવાનો અધિકાર જેને આપ્યો હોય તે સિવાય તે અધિકારીની ઉપરના કે નીચેના અધિકારી મંજૂરી આપી શકે નહીં. ઉપરોકત ચુકાદાના પેરા નં.૧૮,૧૯ મુજબ જેને મંજૂરી આપવાની સત્તા આપી હોય તે અધિકારી પોતાના પાવર બીજાને ડેલીગેટ કરી શકે નહીં.

વધુમાં વિ.વ.શ્રી ડી.ડી.પઠાણ દલીલો કરતા જણાવે છે કે હાલના કેસમાં ફરિયાદપક્ષે તપાસેલા સાહેદ નં.૭૮૦, ૭૮૧, ૭૮૭, ૭૯૧, ૧૦૮૬ તરીકે તપાસેલા સાહેદો સેકશન અધિકારીઓ છે, સાહેદ નં.૭૯૨,૭૯૫ અને ૧૦૮૫ તરીકે તપાસેલા સાહેદો અધિક સચિવો છે, સાહેદ નં.૭૮૯ તરીકે ઉપ

સચિવને તપાસેલા છે અને સાહેદ નં.૭૮૬ અને ૭૮૮ તરીકે સચિવને તપાસેલા છે.

શુભાશ્રી દાસ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ઓરીસ્સા
૨૦૧૧(૨) આઇ.એલ.આર.–સી.યુ.ટી.–પાન નં.૮૪૭
ઓરીસ્સા કટક

ઉપરોકત ચુકાદાના પેરા નં.૬ વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે યુ.એ.પી.એ.માં તા.૩૧–૧૨–૨૦૦૮ ના રોજ સુધારો થયો છે, ઉપરોકત તારીખ પછી ઘણા વર્ષો બાદ રીવ્યુ ઓથોરીટી નિમાયેલી છે માટે આપવામાં આવેલી મંજૂરીઓ જુના કાયદા મુજબ આપવામાં આવી છે માટે અદાલત ગુનાનુ કોગ્નીજન્સ લઇ શકે નહીં, ફરિયાદપક્ષની દલીલ હતી કે યુ.એ.પી.એ.માં શા માટે એમેન્ડમેન્ટ કરવાની જરૂર પડી, યુ.એ.પી.એ.માં તા.૩૧–૧૨–૨૦૦૮ ના રોજ સુધારો થતાં "એન.આઇ.એ." ની રચના થયેલી, આ એકટની કલમ–૨(૧)(જી) વંચાણે લઇ દલીલો કરતા જણાવે છે કે તેના શિડયુલ મુજબ આંઠ કાયદાઓ હેઠળના ગુનાની તપાસ એન.આઇ.એ.દ્વારા થાય છે, હાલના આ કેસમાં એન.આઇ.એ.ની રચના થયા બાદ તા.૩૧–૧૨–૨૦૦૮ ના રોજ યુ.એ.પી.એ. માં એમેન્ડમેન્ટ થયેલ છે માટે હાલના કેસની તપાસ એન.આઇ.એ. દ્વારા થવી જોઇએ ક્રાઇમ બ્રાંચ દ્વારા આ કેસની તપાસ ના થાય, એન.આઇ.એ. કેમ લાવવો પડયો તેની ચર્ચા કરેલી છે.

હાલના કેસમાં આરોપી નં.૭૬ ને તા.૨–૮–૨૦૧૬ ના રોજ પકડેલા છે, આરોપી નં.૭૩ ને તા.૨૧–૬–૨૦૧૨ ના રોજ પકડેલા છે, આરોપી નં. ૫૮ ને તા.૧૬–૭–૨૦૦૯ ના રોજ પકડેલા છે, આરોપી નં.૫૨ ને તા.૧૮–૭–૨૦૦૯ ના રોજ પકડેલા છે, આ ચારેય આરોપીઓને કાયદો એમેન્ડ થયા પછી અટક કરેલા છે, આ ચારેય આરોપી વિરૂધ્ધ જે કાર્યવાહી થયેલી છે તે સુધારેલા યુ.એ.પી.એ. મુજબ થયેલી નથી, આંક–૯, આંક–૧૨, આંક–૨૨, આંક–૯૬ અને આંક–૧૦૦થી કબૂલાત નિવેદનોની કોપીઓ મેળવવાની અરજીઓ રજૂ થયેલી છે, હાલના કેસમાં આપવામાં આવેલી બધી મંજૂરીઓ એક

જ પ્રકારની છે, તમામ મંજૂરી આપનાર અધિકારીઓની જુબાનીઓ એક જ પ્રકારની છે.

વધુમાં વિ.વ.શ્રી ડી.ડી.પઠાણે હાલના કેસમાં રજૂ થયેલા ક્રિ.પ્રો. કોડ કલમ–૧૬૪ મુજબના નિવેદનો અંગે નીચે મુજબના ચુકાદાઓ રજૂ કરી તે ચુકાદાઓ ઉપર આધાર રાખી દલીલો કરેલી છે.

ધનંજય રેડ્ડી સ્ટેટ ઓફ કર્ણાટક

એ.આઇ.આર.૨૦૦૧ સુપ્રિમ કોર્ટ, પાન નં.૧૫૧૨

ઉપરોકત ચુકાદાના પેરા નં.૧૭ થી ૨૦ મુજબ ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૪ મુજબનુ નિવેદન નોંધતી વખતે આદેશાત્મક જોગવાઇઓનુ પાલન થવુ જોઇએ.

ભગવાનસિંધ વિરૂધ્ધ સ્ટેટ ઓફ મધ્યપ્રદેશ

(૨૦૦૩)૩ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૨૧

ઉપરોકત ચુકાદાની હેટ નોટ તથા પાન નં.૮ પેરા નં.૨૯ મુજબ આરોપીને પોલીસ કસ્ટડીમાંથી રજૂ કરેલા હતા માટે કબૂલાત અંગે આરોપી ઉપર દબાણ કરેલાની શકયતા નકારી શકાય નહીં, કબૂલાત નોંધનાર મેજિસ્ટ્રેટને તપાસ્યા નથી માટે સાચી હકીકત રેકર્ડ ઉપર આવી નથી અને આરોપીઓને પૂર્વગ્રહ થયેલો છે.

આલોકનાથ દત્તા વિરૂધ્ધ સ્ટેટ ઓફ વેસ્ટ બેંગાલ

(૨૦૦૭)૧૨ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૩૦

ઉપરોકત ચુકાદાના પાન નં.૨ અને પેરા નં.૫, ૬, ૪૮, ૫૧ થી ૬૦ અને ૬૪ રીટ્રેકટેડ કન્ફેશનની વેલ્યુ વિશેના છે, રીટ્રેકટેડ કન્ફેશન સહ આરોપી સામે વંચાણે લેવાય નહીં, કન્ફેશન આરોપીએ સ્વૈચ્છિક રીતે આપેલુ હોવુ જોઇએ.

શીવપ્પા વિરૂધ્ધ સ્ટેટ ઓફ કર્ણાટક

(૧૯૯૫)૨ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૭૬

ઉપરોકત ચુકાદાના પેરા નં.૮ મુજબ કબૂલાત નિવેદન નોંધ્યા પછી આરોપીને પરત પોલીસ કસ્ટડીમાં સોંપશે નહી તેવી ખાતરી મેજિસ્ટ્રેટે આપવી જોઇએ.

સુરીન્દર કુમાર ખન્ના વિરૂધ્ધ ઇન્ટેલીજન્સ ઓફીસર, ડાયરેકટર–ઓફ રેવન્યુ ઇન્ટેલીજન્સ,

એ.આઇ.આર.૨૦૧૮ સુપ્રિમ કોર્ટ,પાન નં.૩૫૭૪

ઉપરોકત ચુકાદાની હેડ નોટ અને પેરા નં.૫,૧૨ વંચાણે લેવા માટે વિનંતી કરી છે.

વધુમાં વિ.વ.શ્રી ડી.ડી.પઠાણ દલીલો કરતા જણાવે છે કે આરોપી નં.૫૨, ૫૮, ૭૩, ૭૬ નાઓ વાઘમોન કેરાલા ખાતેના કેસમાં પણ આરોપીઓ તરીકે હતા જે અંગે સેશન્સ કેસ નં.૨/૨૦૧૧ નોંધાયેલો હતો તે કેસમાં આરોપી નં.૫૨ આરોપી નં.૧૨ તરીકે છે, આરોપી નં.૫૮ આરોપી નં.૧૧ તરીકે છે, આરોપી નં. ૭૩ આરોપી નં.૩૩ તરીકે છે, આરોપી નં.૭૬ આરોપી નં.૩૪ તરીકે છે, સેશન્સ કેસ નં.૨/૨૦૧૧ ના ચુકાદાના પેરા નં.૩૨ મુજબ તે કેસમાં તા. ૧૯–૬–૨૦૦૮ ના રોજ ફરિયાદ દાખલ થયેલી તેમાં કુલ–૩૦ આરોપીઓ હતા તે કેસમાં તા.૧૪–૫–૨૦૧૮ ના રોજ ચુકાદો આવેલો છે, કુલ–૩૬ આરોપીઓ હતા તે પૈકી આ કેસના કુલ–૩૩ આરોપીઓ તે કેસમાં હતા, ફરિયાદપક્ષના કેસ પ્રમાણે વાઘમોન કેરાલા કેમ્પથી કાવતરૂ શરૂ થયેલુ છે, વાઘમોન કેસની ફરિયાદ તો કેરાલા મુકામે દાખલ થઇ ગયેલી છે જેથી કાવતરાની બીજી ફરિયાદો અમદાવાદ તેમજ સુરતમાં ના થાય. આ અંગે નીચે મુજબનો ચુકાદો રજૂ કરી તે ચુકાદા ઉપર આધાર રાખેલો છે.

ટી.ટી.એન્ટોની વિરૂધ્ધ સ્ટેટ ઓફ કેરાલા

(૨૦૦૧)૬ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૧૮૧

ઉપરોકત ચુકાદાના પાન નં.૨, ૩, ૧૩ મુજબ એકસરખા કોગ્નીજેબલ ગુના માટે બીજી ફરિયાદ ના નોંધાય. હાલનો આ ગુનો સતત કન્ટીન્યુએશનનો છે જેથી બીજી ફરિયાદો અમદાવાદની કુલ–૨૦ અને સુરતની

કુલ–૧૫ ફરિયાદો દાખલ ના થાય. તા.૧૯–૬–૨૦૦૮ ના રોજ વાઘમોન કેમ્પ અંગે કેરલા મુકામે ફરિયાદ દાખલ થયેલી છે તે પછી જે ગુના બન્યા તે તમામની તપાસ આજ ફરિયાદના કામે થવી જોઇએ.

અમીતભાઇ અનીલચંદ્ર શાહ વિરૂધ્ધ સી.બી.આઇ.

(૨૦૧૩)૬ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૩૪૮

ઉપરોકત ચુકાદાની હેડ નોટ તથા પાન નં.૨૦ વંચાણે લેવા માટે વિનંતી કરી છે. આરોપી નં.૫૨ ને તા.૧૮–૭–૨૦૦૯ ના રોજ અટક કરેલા છે, આરોપી નં.૫૮ ને તા.૧૬–૭–૨૦૦૯ ના રોજ અટક કરેલા છે, આરોપી નં.૭૩ ને તા.૨૧–૬–૨૦૧૧ ના રોજ અટક કરેલા છે અને આરોપી નં.૭૬ ને તા.૨–૮– ૨૦૧૬ ના રોજ અટક કરેલા છે.

વધુમાં વિ.વ.શ્રી ડી.ડી.પઠાણ ફરિયાદપક્ષે આરોપી નં.૫૮ વિરૂધ્ધ રજૂ કરેલા પુરાવા અંગે દલીલો કરતા જણાવે છે કે આરોપી નં.૫૮ ને તા.૧૬–૭–૨૦૦૯ ના રોજ અટક કરેલા છે, આરોપી નં.૫૮ વિરૂધ્ધ કોઇ સ્પષ્ટ ચાર્જ નથી, આ આરોપી વિરૂધ્ધ ફરિયાદપક્ષે સાહેદ નં.૭૮૭, ૭૮૯, ૭૯૦, ૭૯૪, ૮૦૫, ૧૧૫૪, ૧૧૫૫ અને ૧૧૬૩નાઓને તપાસેલા છે, ઉપરોકત આંઠ સાહેદોમાંથી કુલ–પાંચ સાહેદો મંજૂરી આપનાર સાહેદો છે અને બાકીના ત્રણ સાહેદો તપાસ કરનાર અધિકારીઓ છે, આરોપી નં.૫૮ સામે કોઇ જ પુરાવા રજૂ કરેલા નથી, આરોપી નં.૫૮ કેરાલાના કેસમાં આરોપી નં.૧૧ હતા માટે હાલના કેસમાં આરોપી નં.૫૮ ને લઇ આવીને સંડોવેલા છે.

વધુમાં વિ.વ.શ્રી ડી.ડી.પઠાણ ફરિયાદપક્ષે આરોપી નં.૭૬ વિરૂધ્ધ રજૂ કરેલા પુરાવા અંગે દલીલો કરતા જણાવે છે કે આરોપી નં.૭૬ ને તા.૨–૮–૨૦૧૬ ના રોજ અટક કરેલા છે, આરોપી નં.૭૬ વિરૂધ્ધ આંક–૭૨૫૪થી ચાર્જ ફ્રેમ કરવામાં આવેલો છે, ચાર્જ જોતા આ આરોપી સામે કોઇ સ્પષ્ટ ચાર્જ નથી, આ આરોપી વિરૂધ્ધ કુલ–૧૦ સાહેદો બતાવ્યા છે જેમાં કુલ–પાંચ મંજૂરી આપનાર અધિકારીઓ છે, કુલ–ચાર તપાસ કરનાર અધિકારીઓ છે અને એક આરોપીનુ પોતાનુ કબૂલાત નિવેદન છે, હાલના કેસના બનાવો સને–૨૦૦૮ માં

બનેલા છે અને આરોપી નં.૭૬ને સને–૨૦૧૬માં અટક કરેલા છે, આરોપી નં.૭૬ વાઘમોન કેસમાં આરોપી તરીકે હતા માટે આરોપી નં.૭૬ ને હાલના ગુનામાં અટક કરેલા છે.

વધુમાં વિ.વ.શ્રી ડી.ડી.પઠાણ ફરિયાદપક્ષે આરોપી નં.૭૩ વિરૂધ્ધ રજૂ કરેલા પુરાવા અંગે દલીલો કરતા જણાવે છે કે આરોપી નં.૭૩ ને તા.૨૧–૬–૨૦૧૧ ના રોજ અટક કરેલા છે, આરોપી નં.૭૩ સામે આંક–૧૯૩૫ થી ચાર્જ ફ્રેમ કરવામાં આવેલો છે, કોઇ સ્પષ્ટ ચાર્જ આ આરોપી સામે નથી , આરોપી નં.૭૩ વિરૂધ્ધ ફરિયાદપક્ષે કુલ–૧૪ સાહેદો તપાસ્યા છે તે પૈકી કુલ–છ સાહેદો મંજૂરી આપનાર સાહેદો છે, કુલ–ચાર તપાસ કરનાર અધિકારીઓ છે, બાકીના સાહેદ નં.૯૧૫, ૯૨૧, ૯૯૩ છે, સાહેદ નં.૯૧૫ પંચ સાહેદ છે, ઇ–મેઇલની પ્રિન્ટ કાઢી ત્યારે આ સાહેદ હાજર હતા, આરોપીએ બે ઇ–મેઇલો થયેલાનુ જણાવેલુ છે, મોકલનારનો પાસવર્ડ હોય શકે નહીં તેમ છતાં આ સાહેદ જણાવે છે કે મોકલનારનો પાસવર્ડ નાંખેલો.

વિ.વ.શ્રી ડી.ડી.પઠાણ આરોપી નં.૭૩ સામે ફરિયાદપક્ષે રજૂ કરેલા વધુ પુરાવા અંગે દલીલો કરતા જણાવે છે કે કહેવાતા ઇ–મેઇલો કોણે મોકલ્યા? કોણે રીસીવ કરેલા? તે સાબિત થતુ નથી. ફરિયાદપક્ષે તપાસેલા સાહેદ નં.૧૧૬૩ ની જુબાનીના પેરા નં.૧૬૭ મુજબ ઇ–મેઇલ મોકલનાર અને રીસીવ કરનારના નામ હોવાનુ કબૂલ કરેલુ છે, આંક–૬૫૩૨વાળા ઇ–મેઇલમાં નામો લખેલા હોવાનુ પણ કબૂલ કરેલુ છે, આ નામ ઇમામભાઇ તરીકે છે પરંતુ આ ઇમામભાઇને પોલીસે અટક કર્યા નથી, ઇ–મેઇલ મોકલનાર ઇમામભાઇ તથા સ્વીકારનાર ઇમામ અહેમદ છે. વધુમાં ફરિયાદપક્ષે તપાસેલા સાહેદ નં.૧૧૫૪ ની જુબાની મુજબ કહેવાતા ઇ–મેઇલમાં આરોપી અફાક ઇકબાલનુ નામ નથી, ખાખી કવર ઉપર અફાક ઇકબાલનુ નામ લખેલુ છે, આરોપી નં.૬૩, ૬૪ ને સુરતના ગુનામાં જ અટક કરેલા છે અમદાવાદના કેસમાં અટક કરેલા નથી, કયા આરોપીને અટક કર્યા તે સાહેદ નં.૧૧૫૪ ને ખબર જ નથી, આંક–૬૫૩૩ વાળા પંચનામામાં પાસવર્ડ લખેલા નથી, ઇ–મેઇલો કેટલા વાગ્યે પ્રિન્ટ આઉટ કરેલા?

તે સમય નથી, આ ઇ–મેઇલોમાં કલમ–૬૫(બી) મુજબનુ પ્રમાણપત્ર રજૂ નથી, કોમ્પ્યુટર ઓપરેટરની સહી નથી, સાહેદ નં.૯૧૫ સમક્ષ આ આરોપીની ઓળખ પરેડ કરાવી નથી, સાહેદ નં.૯૧૫ ગોટઅપ, સીલેકટ, ટ્યુટર પંચ છે, કુદરતી પંચ નથી જેથી તેની ઉપર ભરોસો રખાય નહીં, સાહેદ નં.૯૯૩ આરોપી નં.૭૩ ની સાથે કંપનીમાં કામ કરતા હતા, આ સાહેદની જુબાની ઉપરથી આરોપી આ ગુનામાં સંડોવાયેલા છે તેમ કહી શકાય નહીં, આ આરોપી ઓછુ બોલવાવાળા છે તે તેનો સ્વભાવ છે, આરોપી પાસે ચાર મોબાઇલ હતા તેથી તે ગુનામાં સંડોવાયેલા હોવાનુ કહી શકાય નહીં, ફોન આવે ત્યારે આ આરોપી ઓફીસની બહાર જઇને વાત કરે તેથી શું? કોઇની પ્રાઇવસી ભંગ ના થાય તે માટે આરોપી બહાર જઇને વાત કરે તો તેમાં કાંઇ ખોટુ નથી, આરોપીની શંકાસ્પદ વર્તણૂક આ સાહેદને લાગેલી ન હોવાનુ જણાવે છે. વધુમાં સાહેદ નં.૯૨૧ આરોપીને એરેસ્ટ કર્યાના પંચનામાના પંચ સાહેદ છે, આ સાહેદની હાજરીમાં આરોપીને વડોદરા રેલવે સ્ટેશન ઉપરથી એરેસ્ટ કરેલા છે અને પંચનામુ આંક–૬૫૫૨થી રજૂ છે, આરોપી હૈદરાબાદ થી રાજકોટની ટ્રેનમાં વડોદરા ઉતરેલા છે, ૧૧–૫૦ વાગ્યે મહેમાનને જવાની ટ્રેન હતી તેમને પ્લેટફોર્મ ઉપર છોડીને સાહેદ જતા રહે છે તે કેવી રીતે બને? આંક–૬૫૫૨વાળુ પંચનામુ કઇ તારીખે બનાવ્યુ તેની તારીખ નથી, આ સાહેદ ઉભા કરેલા છે, આરોપી પાસેથી કબજે કરેલ વસ્તુ સીલ કરેલી નથી કે કોર્ટમાં રજૂ પણ કરેલી નથી, ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં આરોપીને હૈદરાબાદથી અટક કરવામાં આવેલાનુ આરોપીએ જણાવેલુ છે, કોર્ટમાં જોયેલા આરોપીઓને મોટી દાઢી છે, કેટલાકે ટોપી પહેરેલી છે વિગેરે વિગેરે આ સાહેદ કઇ રીતે કહી શકે? હાલના ગુનામાં આરોપી નં.૭૩ સંડોવાયેલા હોવા અંગે કોઇ પુરાવા નથી.

વધુમાં વિ.વ.શ્રી ડી.ડી.પઠાણ ફરિયાદપક્ષે આરોપી નં.૨૭ વિરૂધ્ધ રજૂ કરેલા પુરાવા અંગે દલીલો કરતા જણાવે છે કે આરોપી નં.૨૭ ને તા.૨૩–૧૦–૨૦૦૮ ના રોજ અટક કરેલા છે, આરોપી નં.૨૭ વિરૂધ્ધ ફરિયાદપક્ષે સાહેદ નં.૯૫૭, ૧૧૪૧, ૪૮૭, ૪૮૮, ૪૮૯, ૯૨૬, ૯૨૫, ૫૮૮, ૫૮૯, ૮૧૨,

૮૧૬, ૮૨૨, ૮૨૪, ૮૨૭, ૮૩૩, ૮૩૪, ૮૬૫, ૮૬૬, ૮૬૭, ૮૬૮, ૯૦૧, ૧૧૦૭, ૩૩૩, ૩૪૭, ૩૫૪, ૩૫૫, ૩૫૮, ૪૦૩, ૪૦૮, ૪૮૩, ૪૮૪, ૪૮૫, ૫૩૨, ૮૨૬, ૮૨૮, ૮૨૯, ૯૩૯, ૯૫૪, ૯૫૫, ૯૬૩, ૧૦૩૫, ૧૦૩૬, ૭૮૬, ૭૯૦, ૭૯૨, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૧૧૧૬, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ નાઓને તપાસેલા છે, આરોપી નં.૨૭ વિરૂધ્ધ કુલ–૫૬ સાહેદો છે તે પૈકી કુલ–૩૦ સાહેદો આરોપીને લાગુ પડતા નથી, તા.૨૩–૧૦–૨૦૦૮ ના રોજ આરોપીને અટક કર્યા પછી તા.૯–૨–૨૦૦૯ સુધી આરોપી રીમાન્ડ ઉપર હતા, આ આરોપી વિરૂધ્ધ સૌપ્રથમ પંચનામુ તા.૨૫–૧૦–૨૦૦૮ ના રોજ બનાવેલુ જે આંક–૫૫૪૫ થી રજૂ છે તે પંચનામાના પંચ સાહેદને સાહેદ નં. ૮૨૪ તરીકે તપાસેલા છે, આ પંચનામા મુજબ આરોપીના ઘર પાસેથી સાઇકલ કબજે કરેલી પરંતુ આ સાઇકલ કબજે કરી તે બ્લાસ્ટમાં વપરાયેલી હતી તેવો ફરિયાદપક્ષનો કોઇ કેસ નથી, આ સાઇકલ સાહેદ નં.૮૨૯ ને ત્યાંથી ખરીદેલી તેવો ફરિયાદપક્ષનો કેસ છે, સાહેદ નં.૮૨૯ ના કહેવા પ્રમાણે તા.૨૫–૧૦–૨૦૦૮ ના રોજ સાઇકલ વેચેલાનુ જણાવે છે જયારે હાલના ગુનામાં બનાવ તા. ૨૬–૭–૨૦૦૮ ના રોજ બનેલો છે માટે આ સાઇકલને હાલના બનાવ સાથે કોઇ લેવા, દેવા નથી, આ સાહેદને શિખવાડવામાં આવેલુ છે ત્યારપછી આ સાહેદે જુબાની આપી છે, સાહેદ સાઇકલ વેચાણના હિસાબો રાખે છે પરંતુ સાહેદે સાઇકલ વેચાણનુ બીલ આપ્યુ નથી, સાઇકલ આરોપીના કબજામાં હતી તેવુ પુરવાર થતુ નથી, સાઇકલ કબજે કરી ત્યારે સિલ કરી નથી, આ સાહેદના કહેવા મુજબ સાઇકલ તા.૨૫–૧૦–૨૦૦૮ ના રોજ વેચેલી છે જયારે આરોપીને તા. ૨૩–૧૦–૨૦૦૮ ના રોજ અટક કરેલો છે માટે તા.૨૫–૧૦–૨૦૦૮ ના રોજ આ આરોપીને સાઇકલ વેચેલી નથી, સાહેદ નં.૯૨૪ સિલેકટેડ પંચ છે, આરોપી વિરૂધ્ધ પુરાવો ઉભો કરવા માટે આ પંચનામુ બનાવ્યુ છે. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૮૩૩ તરીકે પંચ સાહેદને તપાસેલા છે અને આંક–૫૬૨૨ થી પંચનામુ રજૂ છે, આ પંચ ગોમતીપુરના રહેવાસી છે, આ પંચ સિલેકટેડ પંચ છે, આરોપીની કબૂલાત મેળવવા આ પંચનામુ બનાવેલુ છે, આરોપીએ બોમ્બ

કયાંથી મેળવેલા, એપ્રૂવરને કયાં બોમ્બ આપેલા અને કયાં બોમ્બ મુકેલા તે માટે આંક–૫૬૨૨ વાળુ પંચનામુ બનાવેલુ છે, આ સાહેદ ઉભા કરેલા સાહેદ છે અને ખોટુ પંચનામુ બનાવેલુ છે, પંચ સાહેદ આરોપીનુ નામ યાદ રાખે છે પરંતુ પોલીસ અધિકારીનુ નામ યાદ ન હોવાનુ જણાવે છે તે કેમ મનાય? આ આરોપીએ પંચનામાની વિગતે અલમહંમદી સોસાયટીવાળુ મકાન બતાવેલુ પરંતુ ત્યાંથી કોઇ વસ્તુ કબજે કરી નથી, સાહેદ નં.૮૨૮ ને ત્યાંથી કપડાની થેલી ખરીદેલી તેવી હકીકત છે, આ સાહેદને કારખાનુ છે, મોટી દુકાન છે માટે દશ કે પંદર રૂપિયાની થેલી આ સાહેદ ના વેચે, સાહેદ નં.૮૨૮ ઉભા કરેલા સાહેદ છે, સાહેદ નં. ૮૨૮ ને જુબાની દરમ્યાન આવી થેલી બતાવી નથી. વધુમાં સાહેદ નં.૮૨૨ તરીકે પંચ સાહેદને તપાસેલા છે અને આંક–૫૫૩૪ થી પંચનામુ રજૂ છે, આ પંચ સિલેકટેડ પંચ છે, આ પંચનામુ આરોપી નં.૩૭ ની હાજરી અમદાવાદમાં હતી તે બતાવવા પુરતુ બનાવ્યુ છે, આ પંચનામુ પણ ઉભુ કરેલુ છે. વધુમાં સાહેદ નં. ૮૨૬ નું નિવેદન નોંધેલુ છે પરંતુ આંક–૫૫૩૪ ના પંચનામામાં આ સાહેદનુ નામ આવતુ નથી, આ સાહેદ પણ ઉભા કરેલા સાહેદ છે, આ સાહેદને જવાબ વાંચી સંભળાવેલો છે, આ સાહેદને કેવી રીતે જુબાની આપવાની છે તે શીખવાડેલુ છે, આંક–૫૫૩૫ વાળા રજીસ્ટર ઉપર આ સાહેદનુ નામ નથી જેથી જનતા સાઇકલ માર્ટ આ સાહેદની માલિકીનુ નથી. વધુમાં સાહેદ નં.૮૧૬ તરીકે પંચ સાહેદને તપાસેલા છે અને આંક–૫૪૮૫થી પંચનામુ રજૂ છે, તા.૮–૧૨–૨૦૦૮ ના રોજ આ પંચનામુ બનાવ્યુ છે, આરોપીને અટક કર્યા પછી તરત આ પંચનામુ બનાવેલુ નથી, આ પંચનામા મુજબ આરોપીના ઘરેથી ટેબલ ફેન કબજે કરેલો છે, સાઇકલ કબજે કરેલી પરંતુ તેનુ જે પંચનામુ બનાવ્યુ તે વખતે આ ટેબલ ફેન કબજે કરેલો નથી, આંક–૫૪૮૫ વાળા પંચ મણીનગર રહે છે આ પંચ સિલેકટેડ પંચ છે, આ પંચનામામાં "વસીમ" નામ જણાવેલુ છે તે આરોપી નં.૫૨ છે.

વધુમાં વિ.વ.શ્રી ડી.ડી.પઠાણ આરોપી નં.૨૭ અંગે દલીલો કરતા જણાવે છે કે ફરિયાદપક્ષના કેસ મુજબ સાહેદ નં.૯૫૨ અલમહંમદી સોસાયટી

વાળુ મકાન ભાડે આપનાર સાહેદ છે, આ સાહેદની જુબાની મુજબ બે માણસો મકાન ભાડે લેવા આવેલા, બીજા દિવસે એક માણસ આવેલાનુ જણાવે છે, ત્રીજા દિવસે બે માણસ આવેલાનુ જણાવે છે, કોણ માણસો આવેલા તેની સ્પષ્ટતા આ સાહેદ કરતા નથી, આ સાહેદ શીખવાડેલા સાહેદ છે. વધુમાં સાહેદ નં.૫૮૯ ની જુબાની મુજબ સાહેદ નં.૯૫૨ નાએ એક જ માણસને ઓળખી બતાવેલો અને તેનુ નામ મહંમદ ઈમરાન છે, પાછળથી ખોટુ નામ આપેલાની હકીકત સાહેદ નં. ૯૫૨ જણાવે છે, પહેલા મહંમદ ઈસ્માઈલ નામ જણાવેલુ હતુ, સાહેદ નં.૯૫૨ જુબાનીના પેરા નં.૪ માં જણાવે છે કે મેજિસ્ટ્રેટ સાહેબે આરોપીનુ પુછયુ હોય તો તેની ખબર નથી માટે આવી કોઇ ઓળખ પરેડ થઇ જ નથી, સાહેદ નં.૯૫૨ પાસે જે વ્યકિતઓ આવેલી તેઓના નામો તેમને જણાવેલા ન હોવાનુ જણાવે છે, સાહેદ નં.૫૮૯ ની રૂબરૂમાં સાહેદ નં.૯૫૨ દ્વારા ઓળખ પરેડ થયેલી છે, આ ઓળખ પરેડ તા.૨૪–૧૧–૨૦૦૮ ના રોજ થયેલી છે, આ સાહેદે કાયદા મુજબ ઓળખ પરેડ યોજી નથી, ઓળખ પરેડમાં આરોપીને કોઇ સાહેદો જોવે નહીં તે માટે કોઇ ગુપ્તતા રાખી નથી, આ સાહેદ ઈન્વર્ડ અને આઉટ વર્ડ નંબરો કાગળો ઉપર આપતા નથી, બદલી થાય ત્યારે તેઓ કાગળો સાથે લઇ જાય છે જે લઇ જવાય નહીં, આરોપીને ઓળખ પરેડ માટે હાજર રાખવા માટે જેલ ઓથોરીટીને જાણ કરી નથી, પોલીસ તથા સાહેદો ઉપર મેજિસ્ટ્રેટનુ નિયંત્રણ ન હતુ માટે સાહેદો સમક્ષ આરોપીની ગુપ્તતા રહેલી નથી.

વધુમાં વિ.વ.શ્રી ડી.ડી.પઠાણ ફરિયાદપક્ષ તર્ફે આરોપી નં .૫૨ વિરૂધ્ધ રજૂ થયેલા પુરાવા અંગે દલીલો કરતા જણાવે છે કે આરોપી નં.૫૨ ને તા. ૧૮–૭–૨૦૦૯ ના રોજ અટક કરેલા છે, આંક–૧૨૨ ના ચાર્જ મુજબ આ આરોપી સામે કોઇ સ્પષ્ટ ચાર્જ નથી , આ આરોપીની કોઇ ચોક્કસ ભૂમિકા ચાર્જમાં બતાવી નથી, આરોપી નં.૫૨ વિરૂધ્ધ ફરિયાદપક્ષે કુલ–૯ સાહેદો તપાસેલા છે તે પૈકી પાંચ સાહેદો મંજૂરી આપનાર સાહેદો છે, ત્રણ તપાસ કરનાર અધિકારીઓ છે અને નવમા સાહેદ તરીકે સાહેદ નં.૮૧૬ છે. આરોપી નં.૫૨ વિરૂધ્ધ કોઇ જ પુરાવો નથી, આરોપી નં.૫૨ બ્લાસ્ટ થયાના છ મહિના

અગાઉથી ઇન્દોર જેલ ખાતે સજા ભોગવી રહ્યા છે માટે આરોપી નં.૩૭ સાથે આરોપી નં.૫૨ અલમહંમદી સોસાયટી વાળા મકાનમાં પંખો લાવેલાનુ શકય નથી, તા.૧૭–૬–૨૦૦૮ ના રોજ આરોપી નં.૫૨ની ઇન્દોર જેલમાંથી કસ્ટડી મેળવીને બેંગ્લોર મુકામે લઇ ગયેલા છે, બચાવના સાહેદ નં.૮ ની જુબાનીથી સમર્થન મળે છે કે આરોપીને તા.૩૧–૩–૨૦૦૮ ના રોજથી મધ્યપ્રદેશ પોલીસ લઇ ગયેલી હતી જેથી આરોપી નં.૫૨ તથા આરોપી નં.૩૭ નાઓ ટેબલ ફેન અલમહંમદી સોસાયટીમાં લઇ ગયાનુ શકય નથી, આંક–૫૪૮૫ વાળુ પંચનામુ સાહેદ નં.૮૧૬ સાથે મળીને ઉભુ કરેલુ છે, આંક–૫૪૮૫ વાળા પંચનામા મુજબ ટેબલ ફેન આરોપી નં.૨૭ ના ઘરેથી કબજે કરેલો નથી, આ પંચનામાને ગુના સાથે કોઇ કનેકશન નથી, આંક–૫૪૮૫વાળુ પંચનામુ તા.૮–૧૨–૨૦૦૮ ના રોજ કલાક ૧૧–૦૦ વાગ્યે શરૂ કરી ૧૩–૦૦ કલાકે પુરૂ થાય છે આ પંચનામુ બનાવનાર સાહેદ નં.૧૧૬૩ છે, આંક–૬૦૫૧ વાળુ પંચનામુ પણ સાહેદ નં. ૧૧૬૩ નાએ બનાવેલુ છે, આ પંચનામુ પણ તા.૮–૧૨–૨૦૦૮ ના રોજ ૧૨–૦૦ વાગ્યે શરૂ કરી કલાક ૧૪–૦૦ વાગ્યે પુરૂ કર્યુ છે , આંક–૬૦૬૨ વાળુ પંચનામુ તા.૬–૧૨–૨૦૦૮ ના રોજ સાહેદ નં.૧૧૫૪નાએ બનાવેલુ છે આ પંચનામુ પણ રેકી કર્યા બાબતેનુ છે , આંક–૬૦૫૧, આંક–૬૦૫૨ વાળા પંચનામાનો બીજો ભાગ એક જ સરખો છે, આ બંને પંચનામા લખનાર એક જ માણસ છે, ઉપરોકત બધા પંચનામાના પંચો પણ ઉભા કરેલા છે. વધુમાં ફરિયાદપક્ષે તપાસેલા સાહેદ નં.૧૧૧૧ ના કહેવા મુજબ આરોપી યાસીન એટલે કે આરોપી નં.૫૨ તા.૧૪–૭–૨૦૦૮ ના રોજ અમદાવાદ આવેલા છે માટે આ સાહેદની હાજરીમાં આંક–૭૯૫૦ વાળુ પંચનામુ પણ ઉભુ કરેલુ છે.

વધુમાં વિ.વ.શ્રી ડી.ડી.પઠાણ આરોપી નં.૨૭ વિરૂધ્ધ ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા વધુ પુરાવા અંગે દલીલો કરતા જણાવે છે કે ફરિયાદપક્ષ તર્ફે સાહેદ નં.૯૨૬ તરીકે તપાસેલા સાહેદ ગેસના બોટલ વેચનાર છે, આ સાહેદ કોઇ ખાસ હેતુ માટે ઉભા કરેલા છે, આ સાહેદની જુબાનીના પેરા નં.૧ મુજબ પોલીસ આ સાહેદ પાસે તા.૨૩–૧૦–૨૦૦૮ ના રોજ આવેલી, આરોપી નં.૨૭ ને તા.

૨૩–૧૦–૨૦૦૮ ના રોજ અટક કરેલા છે, "પેકીંગ ઐસા કરના ચાહીએ" તેવુ રેકર્ડ ઉપર લાવવા માટે આ સાહેદ ઉભા કરેલા છે, તા.૨૭–૭–૨૦૦૮ ના રોજ ટી.વી.માં બોમ્બ બ્લાસ્ટના સમાચાર જોયેલા તેમ છતાં સાહેદે કોઇને વાત કરી નથી કે તેમની દુકાનેથી એક વ્યકિત તા.૨૫–૭–૨૦૦૮ નારોજ ગેસના બોટલ લઇ ગયેલા, આ સાહેદના કુલ–ચાર નિવેદનો લીધા છે, કોર્ટમાં બે નિવેદનો રજૂ થયા છે બીજા બે નિવેદનો રજૂ થયા નથી, નિવેદનમાં સાહેદની સહીઓ લીધી છે માટે એવુ કહેવાય કે આરોપી સંડોવાયેલા નથી માટે બીજા બે નિવેદનો રજૂ કર્યા નથી, તા.૨૭–૮–૨૦૦૮ ના રોજ આ સાહેદે નિવેદન આપ્યુ નથી, પોલીસ સ્ટેશને જઇ આ સાહેદે બનાવની જાણ કરી નથી, બનાવ સંબંધે કાંઇ જાણતા નથી તેવુ પોલીસને કહેલાનુ કબૂલ કરે છે, આ સાહેદ પાસે ગોલ્ડન કલીકના બોટલનુ લાઇસન્સ ન હોવાનુ કબૂલ કરે છે, ગોલ્ડન કલીકના બોટલ બતાવવામાં આવે તો સાહેદ ચોક્કસ કહી શકે નહીં કે આ બોટલ તેમને ત્યાંથી વેચાયા છે, આ સાહેદ શરૂઆતમાં કોઇનુ નામ આપતા નથી તેમજ કોર્ટમાં પણ કોઇ આરોપીને ઓળખી બતાવતા નથી. વધુમાં ફરિયાદપક્ષ તર્ફે સાહેદ નં.૯૫૪ તરીકે તપાસેલા સાહેદ એમ્બ્રોડરીના કારખાનામાં કામ કરતા માણસ છે, આ સાહેદની જુબાનીથી એવુ ફલિત થાય છે રાજીક પોતાની સાથે કંતાનની એક બોરી લાવેલા તેમાં ગેસનો બોટલ જોયેલો, એમ્બ્રોઇડરી મશીન ઉપર ઘણા માણસો બેસી કામ કરે છે, કહેવાતી બોરી બહારની સાઇડે મુકીને ગયેલા છે, જયારે તે વ્યકિત કંતાનની બોરી લઇને આવ્યા ત્યારે સાહેદ મશીન ઉપર બેસીને કામ કરતા હતા, જે વ્યકિત કંતાનની બોરી લઇને આવ્યો અને બોરી લઇને ગયો ત્યારે આ સાહેદ મશીન ઉપર જ બેઠેલા હતા માટે કંતાનની બોરીમાં ગેસના બોટલ આ સાહેદે જોયા જ નથી તેવુ કહી શકાય. વધુમાં ફરિયાદપક્ષે સાહેદ નં.૫૮૮ તરીકે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટને તપાસેલા છે, આ સાહેદે સાહેદ નં.૯૨૬ ની રૂબરૂ આરોપીની ઓળખ પરેડ કરાવી નથી, સાહેદ નં.૫૮૮ નાઓએ જુબાનીના પેરા નં.૩ માં જણાવ્યા મુજબ ઓળખ પરેડ ત્રણ દિવસ મોડી કરાવી છે, ઓળખ પરેડ વહેલી કરાવવી જોઇએ તેવુ કબૂલ કરેલુ છે, આરોપી નં.૨૭ બાબતે સાહેદ પેરા નં.૫ માં જણાવ્યા મુજબ ડમી

માણસોને બોલાવવા કોણ ગયેલુ તે સાહેદ જણાવતા નથી, આરોપીનો બુરખો કાઢયો હોય અને આરોપીનો ચહેરો જોયા પછી ડમી માણસો આરોપી જેવા જ બોલાવવાની સુચના આપી હોય તેવુ નથી, આરોપીને ઓળખ પરેડ માટે લાવવાનો અને લઈ જવાનો સમય મહત્વનો છે પરંતુ આવો સમય પંચનામામાં જણાવેલો નથી, કોર્ટની બહાર આરોપી અને સાહેદ કયારે આવેલા તેની આ સાહેદને ખબર નથી, સાહેદ નં.૯૨૬ સીધા કોર્ટમાં આવેલા ત્યારે બારી બારણા બંધ હતા નહીં, સાહેદ નં.૯૨૬ અને સાહેદ નં.૫૮૮ બંનેની જુબાની વિરોધાભાસી છે જે મનાય નહીં. વધુમાં આરોપી નં.૨૭ નાએ બે સાઇકલો ખરીદેલી છે તે અંગે બે પંચનામા બનાવ્યા છે, સાહેદ નં.૮૬૮ તરીકે પંચ સાહેદ તપાસેલા છે અને આંક–૬૦૬૮ થી પંચનામુ રજૂ છે, એક પંચ ફારૂક મેમણ છે પરંતુ તેઓ મરણ ગયેલા હોવાથી તેને તપાસેલા નથી, આંક–૬૦૬૮વાળુ પંચનામુ તા.૨–૧૧–૨૦૦૮ ના રોજ બનાવ્યુ છે, આંક–૬૦૬૪ વાળુ પંચનામુ તા.૩–૧૧–૨૦૦૮ ના રોજ બનાવ્યુ છે તેના પંચ સાહેદ, સાહેદ નં. ૮૬૭ છે, આરોપીને તા.૨૩–૧૦–૨૦૦૮ ના રોજ અટક કરેલા છે, આંક–૬૦૬૮ વાળુ પંચનામુ બે સાઇકલ ખરીદ કર્યા અંગેનુ છે, આંક–૬૦૬૪ વાળુ પંચનામુ સાત સાઇકલો ખરીદ કર્યા અંગેનુ છે, બંને પંચનામાની વિગતો એકસરખી છે, આ પંચનામાના પંચો ઉભા કરેલા છે, સાહેદ નં.૮૬૭ અને સાહેદ નં.૮૬૮ની જુબાની વંચાણે લેતાં આ પંચો આરોપીની પુછપરછ કરતા નથી, આરોપીએ સાઇકલો કયાંથી–કયાંથી લીધેલી તેની વિગતો જણાવેલી ન હોવાનુ જણાવે છે, પંચ સાહેદ જે રસ્તેથી જતા હતા તે રસ્તે ક્રાઇમ બ્રાંચની ઑફિસ આવે નહીં તેમ જણાવે છે. વધુમાં સાહેદ નં.૮૬૮ ની જુબાની મુજબ બાંધકામ વાળી જગ્યા ઉપર સાઇકલનુ વેચાણ થતુ ન હતુ પરંતુ સાઇકલ રીપેરીંગનુ કામ થતુ હોવાનુ જણાવે છે માટે સાઇકલો કબજે કર્યાના પંચનામા ખોટા છે. સાહેદ નં.૯૫૫ ના જણાવ્યા મુજબ સાઇકલ જે માણસને વેચેલી તેને આ સાહેદ ઓળખી શકે નહીં, સાહેદ નં. ૯૫૫ ની ઓળખ પરેડ કરાવી નથી, સાહેદ નં.૯૫૫ ને આરોપીનુ નામ પોલીસે જણાવેલુ છે, સાહેદ પોતે આરોપીનુ નામ આપતા નથી કારણકે આરોપીના

નામની સાહેદને પોતાને જ ખબર ન હતી. વધુમાં સાઇકલ કબજે કર્યાના પંચનામા સાહેદ નં.૧૧૬૩ નાઓએ બનાવેલા છે, કયા ગુનામાં કઇ સાઇકલ વપરાયેલી છે તે સાબિત થતુ નથી, સાહેદ નં.૯૬૭ જણાવે છે કે તે કુબેરનગર ખાતે રહે છે, ખમાસા થી કુલબજાર જવુ હોય તો ક્રાઇમ બ્રાંચની ઑફિસ આવે નહીં, સાહેદે રસ્તા જોયા ના હોય તેવુ બને નહીં, આ સાહેદ અમદાવાદના રહેવાસી હોવાથી રસ્તા જોયા જ હોય. વધુમાં સાહેદ નં.૧૦૩૫ પાસે પોલીસ સાઇકલ બાબતે પુછપરછ કરવા આવી ત્યારે આ સાહેદે આરોપીનુ નામ જણાવેલુ નથી, દુકાનોના નામો ચોક્કસ નથી, ફરિયાદપક્ષના કહેવા પ્રમાણે અમદાવાદના બનાવોમાં કુલ–૧૮ સાઇકલો વપરાયેલી જયારે કુલ–૯ સાઇકલો કબજે થયેલી છે, આ નવ સાઇકલોના પંચનામા છેલ્લે છેલ્લે બનાવ્યા છે, આરોપીને સાઇકલ વેચી છે તેવુ એક પણ સાહેદ જણાવતા નથી, પોલીસ દ્વારા પંચનામા થયા જ નથી, પોલીસ સ્થળ ઉપર ગયેલી નથી. વધુમાં સાહેદ નં.૮૨૭ પંચ સાહેદ છે, તા.૪–૧૨–૨૦૦૮ ના રોજ આંક–પપપકવાળુ પંચનામુ બનાવેલુ છે, સફેદ કલરની મારૂતિ ૮૦૦ ગાડી બાબતે પંચનામુ બનાવ્યુ છે, તા.૧૯–૮–૨૦૦૮ ના રોજ અલમહંમદી સોસાયટીવાળા મકાનનુ પંચનામુ બનાવ્યુ છે, એલ.જી. હોસ્પિટલમાં ગાડી મુકયાનુ પંચનામુ તા.૨૭–૯–૨૦૦૮ ના રોજ બનાવ્યુ છે, તા.૪–૧૨–૨૦૦૮ ના રોજ મારૂતિ ગાડી મુકેલી તે જગ્યાનુ પંચનામુ શા માટે બનાવ્યુ? પંચનામાના પંચો ગોમતીપુરના છે, આ પંચ સિલેકટેડ પંચ છે જેથી આ પંચ સાહેદની જુબાની મનાય નહીં, સાહેદ નં.૯૫૭ની જુબાની ભરોસાપાત્ર નથી, આ સાહેદને તૈયાર કરવામાં આવેલા છે, સાહેદ નં.૧૧૫૧ સાચી હકીકત જણાવે છે તેને માનવો જોઇએ, જાકીરે જે રીતે નિવેદન આપ્યુ તે જ પ્રમાણે નિવેદન આપવાનુ પોલીસે, જાકીરે તથા સાહેદને પોલીસે કહ્યુ છે, દરેક આરોપીને નહીં ઓળખવાના બધા જ સાહેદોએ એક સરખા જ કારણો આપ્યા છે, સાહેદ નં.૧૧૫૧નાએ જાતે પોલીસ સમક્ષ કોઇ જ નિવેદન આપ્યુ ન હોવાનુ જણાવેલુ છે, જાકીર આ સાહેદને પોલીસ ચોકી પાસે બોલાવી જુબાની કેવી રીતે આપવી તે સમજાવેલુ પરંતુ આ સાહેદે જાકીરની વાત માની નહીં અને અદાલત

સમક્ષ સાચી જુબાની આપી છે, જાકીર તેની પત્નિને લેવા માટે ટ્રેનમાં જતો હતો તે બતાવવા માટે રેલવેની ટિકિટ, ડબ્બાની વિગત, રીઝર્વેશનની વિગત મળી શકે તેમ હતી તેમ છતાં તપાસ કરનાર અમલદારે આ વિગત મેળવી નથી કે રજૂ કરી નથી, સાહેદ નં.૯૫૭ ઉભા કરેલા સાહેદ છે જે સાહેદ નં.૧૧૫૧ ની જુબાનીથી સાબિત થાય છે, સાહેદ નં.૧૧૪૧ ઐયાજ સૈયદ જણાવે છે કે સમસુદ્દીન તથા આરીફ કાગજી તકરીર કરતા હતા તે બાબતે સાહેદ નં.૯૫૭ જણાવે છે કે અબ્દુલ રાજીકે તકરીર કરેલી, આ વિરોધાભાસ છે, સાહેદ નં.૧૧૪૧ જણાવે છે કે તા. ૨૬-૭-૨૦૦૮ ના રોજ કલાક ૪-૦૦ વાગ્યે સારંગપુર દરવાજા પહોંચી ગયેલો જયારે પેરા નં.૨૭ મુજબ તે નોકરી કરતા હતા તેની ઑફિસનો સમય સાંજના ૪-૦૦ વાગ્યા સુધી હતો, તા.૨૬-૭-૨૦૦૮ ના રોજ નોકરી ઉપર ગયેલો હતો તેમ છતાં ૪-૦૦ વાગ્યે સારંગપુર ગયાનુ ખોટુ જણાવે છે, સાહેદ નં.૧૧૪૧ ભરોસાપાત્ર નથી, સાહેદ નં.૧૧૪૧ ના મોટા ભાઇનુ પોસ્ટીંગ સને-૨૦૦૮ ની સાલમાં કયાં હતુ તેની ખબર નથી અને બીજી બધી વાતોની ખબર છે માટે આ સાહેદ નં.૧૧૪૧ જુઠ્ઠુ બોલે છે, ભાઇનુ પોસ્ટીંગ કયાં હતુ તેની ખબર સાહેદને હોય જ. વધુમાં ફરિયાદપક્ષે તપાસેલા સાહેદ નં.૧૧૦૬ ફીરોજ શેખ વટવાવાળા મકાનના માલિક છે, આ સાહેદના કહેવા મુજબ મકાનનો ઉપરનો ભાગ ભાડે આપવાનો હતો અને સઇદુ રહેમાન બે માણસોને લઇને આવેલાનુ જણાવે છે, જયારે સાહેદ, ઐયાજ આવેલો તેવુ જણાવતા નથી, સાહેદ નં.૧૧૪૧ કહે છે કે કયામુદ્દીન, તૌકીર અને સાહેદ ઐયાજ ત્રણેય સઇદુ રહેમાન પાસે ગયેલા, ફિરોજ કહે છે કે બે માણસો આવેલા માટે કયા બે માણસો મકાન ભાડે લેવા આવેલા તે સાબિત થતુ નથી, ફરિયાદપક્ષે ૧૧૩૦ સાહેદો તપાસ્યા અને સાહેદ સઇદુ રહેમાન મરણ જવાથી તપાસેલા નથી માટે સાહેદ નં.૧૧૪૧ ઐયાજ સૈયદને ખોટો એપ્રૂવર બનાવેલો છે, આ એપ્રૂવર ભરોસાપાત્ર નથી. વિ.વ.શ્રી ડી.ડી. પઠાણ આ અંગે નીચે મુજબનો ચુકાદો રજૂ કરી તે ઉપર આધાર રાખે છે.

સવર્ણસીંધ વિરૂધ્ધ સ્ટેટ ઓફ પંજાબ

એ.આઇ.આર.૧૯૫૭, સુપ્રિમ કોર્ટ, પાન નં.૬૩૭

ઉપરોકત ચુકાદાના પાન નં.૨ મુજબ એપ્રૂવરે બે ટેસ્ટ માંથી પસાર થવુ પડે (૧) તે ભરોસાપાત્ર હોવો જોઇએ (૨) તેના પુરાવાને બીજા પુરાવાથી સમર્થન મળવુ જોઇએ, એપ્રૂવરના પુરાવામાં બીજા પુરાવામાં સરખાપણુ હોવુ જોઇએ, સાહેદ નં.૧૧૪૧ નાઓએ ઉપરોકત બે ટેસ્ટ પાસ કર્યા નથી. ફરિયાદ પક્ષ દ્વારા ૧૧૩૦ સાહેદો પુરા થયા પછી એપ્રૂવરની જરૂર શા માટે પડી? ફરિયાદપક્ષને કોઇ પુરાવો આરોપીઓ વિરૂધ્ધ મળે નહીં ત્યારે એપ્રૂવરની જરૂર પડે, ૧૧૩૦ સાહેદો પુરા થયા પછી જો એપ્રૂવરની જરૂર પડે તો ૧૧૩૦ સાહેદોનો પુરાવો કાંઇ જ નથી તેમ કહેવાય.

ભીમા દોલુ પાટીલ વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર

એ.આઇ.આર.૧૯૬૩ પાન નં.૫૯૯

ઉપરોકત ચુકાદાના પેરા નં.૮,૯ વંચાણે લેવા માટે વિનંતી કરી છે. ઉપરોકત ચુકાદો ચુકાદા નં.૧૭ માં જણાવ્યા મુજબની હકીકત ઉપરનો છે.

વધુમાં વિ.વ.શ્રી ડી.ડી.પઠાણ દલીલો કરતા જણાવે છે કે સાહેદ નં.૧૧૪૧ પોતાની જાતને બચાવવા એપ્રૂવર બનેલા છે માટે તેના ઉપર આધાર રખાય નહીં, આરોપીની પ્લી લીધી ત્યારે આરોપીએ ગુનો કબૂલ ના કર્યો અને આરોપી વિરૂધ્ધ પુરાવા આવ્યા એટલે આરોપી એપ્રૂવર બન્યા છે માટે એપ્રૂવરનો પુરાવો મનાય નહીં. સાહેદ નં.૪૮૩, સાહેદ નં.૪૮૪, સાહેદ નં.૪૮૮ અને સાહેદ નં.૪૮૯ આરોપી નં.૨૭ બાબતે કાંઇ જ જણાવતા નથી, સાહેદ નં.૪૮૫ હોસ્ટાઇલ પંચ છે આ પંચ સાહેદ કાંઇ જણાવતા નથી, સાહેદ નં.૫૩૨ સાહેદ નં. ૪૮૫ સાથેના બીજા પંચ છે, સાહેદ નં.૩૦૩, ૩૫૮ બંને પંચ સાહેદો છે, સાહેદ નં.૪૮૭ પણ આરોપી નં.૨૭ નુ નામ જણાવતા નથી કે સદર આરોપીને ગુના સાથે સંડોવતા નથી, સાહેદ નં.૪૦૮ પંચ સાહેદ છે, આ સાહેદ આરોપીનુ નામ આપતા નથી કે આરોપીની સંડોવણી જણાવતા નથી, આમ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આરોપી નં.૨૭ ને હાલના ગુનામાં સંડોવતો કોઇ પુરાવો ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયો નથી.

વધુમાં વિ.વ.શ્રી ડી.ડી.પઠાણ આરોપી નં.૨૮ અફજલ મુતલીબ ઉસ્માની વિરૂધ્ધ ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવા અંગે દલીલો કરતા જણાવે છે કે આરોપી નં.૨૮ વિરૂધ્ધ ફરિયાદપક્ષે સાહેદ નં.૪૦૯, ૬૦૨, ૯૮૫, ૫૭૫, ૮૯૯, ૯૦૧, ૩૫૦, ૮૦૨, ૮૯૨, ૯૨૦, ૯૨૫, ૯૫૧, ૯૬૩, ૯૬૮, ૧૦૫૭, ૭૮૬, ૭૮૭, ૭૯૦, ૭૯૨, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૧૦૭૫, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૬૩, ૧૧૫૫ નાઓને તપાસેલા છે. સાહેદ નં.૫૭૫ બાબતે આગળ ઉપર દલીલો થઇ ગયેલી છે માટે વધુ દલીલ કરતા નથી, મંજૂરી આપનાર અધિકારીઓ કુલ–૭ છે, સાહેદ નં.૧૦૭૫, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૬૩, ૧૧૫૫ તપાસ કરનાર અધિકારીઓ છે, ફરિયાદપક્ષના આક્ષેપ પ્રમાણે આરોપી નં.૨૮ મુંબઇ મુકામેથી ગાડીઓની ચોરી કરી અથવા કરાવી અમદાવાદ, સુરત લાવેલા છે, આંક–૧૨૨ થી તા.૧૫–૨–૨૦૧૦ ના રોજ ચાર્જ ફ્રેમ કરવામાં આવ્યો છે, મારૂતિ ૧૦૦ એલ.જી.હોસ્પિટલમાં મુકેલ છે, વેગનઆર કાર શાહીબાગ, સિવિલ હોસ્પિટલમાં મુકેલ છે, બાકીની બે વેગન આર કાર સુરતથી મળ્યાનો આક્ષેપ છે, આરોપી નં.૨૮ ને તા.૪–૧૧–૨૦૦૮ ના રોજ અટક કરેલા છે, મણીનગર પોલીસ સ્ટેશનમાં ફર્સ્ટ ગુના રજી.નં.૨૦૬/૨૦૦૮ ની ફરિયાદ નોંધાયેલી છે, મુંબઇ મુકામે ગાડી ચોરાયાની ફરિયાદ થયેલી છે અને આરોપીને પકડી ચાર્જશીટ થયેલુ છે તે કેસ મુંબઇ મુકામે ચાલી જતા આરોપી નિર્દોષ છુટયા છે, આ ચુકાદાની નકલ આંક–૯૩૨૩ થી રજૂ છે, આ ચુકાદા ઉપર અપીલ થયેલ નથી, સાહેદ નં.૮૯૨ પંચ સાહેદ છે અને આંક–૬૩૪૯ થી પંચનામુ રજૂ છે, પંચનામુ કરનાર તપાસ કરનાર અધિકારી ગુજરી ગયા છે, આ પંચનામુ કાલુપુર રેલવે સ્ટેશને પાર્કીંગમાં ગાડી પાર્ક કરેલી તે બતાવવા માટેનુ છે, પંચનામાની વિગતે પાર્કીંગના કમ્પ્યુટરમાંથી હાર્ડ ડીસ્ક કબજે કરેલી છે, આ પાર્કીંગ પ્લોટમાં કુલ–પાંચ થી છ કેબીનો છે તેવુ પંચ સાહેદ નં.૮૯૨ જણાવે છે, આરોપી એન્ટ્રી પોઇન્ટથી ગયાનુ સાહેદ જણાવતા નથી, તપાસ કરનાર અધિકારી પંચો તથા આરોપીને લઇને ચોક્કસ કેબીન ઉપર પહોંચી જાય છે અને આ પંચનામાના પંચો તરીકે પાર્કીંગના માણસોને રાખેલા છે, સાહેદ નં.૬૦૨ ના જણાવ્યા મુજબ

વાહનો આવે ત્યારે ફકત વાહનના નંબર જ લખવામાં આવે છે વાહનની સીરીજ કે વાહનના મોડલ નંબર લખવામાં આવતા નથી, આ સાહેદના કહેવા પ્રમાણે કમ્પ્યુટરમાંથી હાર્ડ ડીસ્ક કાઢેલી તે સિવાય બીજુ કાંઇ બનેલુ નહીં, કમ્પ્યુટરનો કોન્ટ્રાકટ રાખનાર સાહેદ નં.૯૨૫ છે તેમની જુબાની મુજબ હાર્ડ ડીસ્ક જે કમ્પ્યુટરમાંથી કાઢેલી તેના બે, ત્રણ માસ પહેલા કરપ્ટ થઇ ગયેલી અને ડેટા હતો નહીં, કબજે કરેલ હાર્ડ ડીસ્ક ઉપર સાહેદ નં.૯૨૫ ની સહી નથી, પોલીસે હાર્ડ ડીસ્ક કબજે કરી ત્યાર પછી પોલીસે શું કર્યુ તેની સાહેદને ખબર નથી માટે હાર્ડી ડીસ્ક કબજે કરેલી કે કેમ? તે શંકાસ્પદ છે, આ હાર્ડ ડીસ્ક એફ.એસ.એલ. માં મોકલેલી તેનો રીપોર્ટ આંક–૫૯૯૨ થી રજૂ છે, આ રીપોર્ટ મુજબ ગાડી નં. પ૭૬૪ મળેલો છે, આ ગાડી તા.૧૬–૭–૨૦૦૮ ના રોજ પાર્કીંગમાં એન્ટર થાય છે અને તા.૧૯–૭–૨૦૦૮ ના રોજ પાર્કીંગમાંથી બહાર નિકળે છે, ફકત ગાડીનો નં.પ૭૬૪ મળેલો છે પરંતુ ગાડીની સીરીજ મળેલી નથી, સાહેદ નં.૪૦૯ ની જુબાની મુજબ ગાડી નં.પ૭૬૪ તેમની છે પરંતુ તા.૧૬–૭–૨૦૦૮ થી તા.૧૯–૭–૨૦૦૮ સુધી ગાડી કયાં હતી તે આ સાહેદ જણાવતા નથી, હાલના કેસોના બનાવો તા.૨૬–૭–૨૦૦૮ ના રોજ બનેલા છે, ફરિયાદપક્ષના કેસ પ્રમાણે ગાડી નડીયાદ નજીક રીપેર કરેલી, ગાડી રીપેર કરનાર સાહેદ નં.૯૫૧ છે, આ સાહેદની જુબાની મુજબ ગાડીનો નંબર યાદ નથી પરંતુ એમએચ–૫ હોવાનુ જણાવે છે, સાહેદ નં.૯૫૧નુ નિવેદન તા.૧૦–૧૧–૨૦૦૮ ના રોજ લીધુ છે અને આરોપીને તા.૪–૧૧–૨૦૦૮ ના રોજ અટક કરેલા છે, તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયા સીધા જ આરોપી પાસે પહોંચી જાય છે, તપાસ કરનાર અધિકારીને કેવી રીતે ખબર પડી કે આરોપીએ આ જગ્યા ઉપર ગાડી રીપેર કરાવેલી, આ અંગે કોઇ પુરાવો નથી, આ અંગે કોઇ પંચનામુ પણ બનાવ્યુ નથી, સાહેદ નં.૯૫૧ ના બે ગેરેજ છે, કયા ગેરેજ ઉપર ગાડી રીપેર કરેલી તે આ સાહેદ જણાવતા નથી, સાહેદ નડીયાદ પોલીસના વાહનો રીપેર કરે છે માટે આ સાહેદને ખોટા સાહેદ બનાવી દીધેલ છે, આ સાહેદ પાસે આરોપીની ઓળખ પરેડ કરાવી નથી, મારૂતિ ૮૦૦ આરોપી નં.૨૮ ના કબજામાં હતી તે

પુરવાર થતુ નથી, તા.૧૯–૭–૨૦૦૮ થી તા.૨૬–૭–૨૦૦૮ સુધી ગાડી કઇ જગ્યાએ હતી તે અંગે કોઇ પુરાવો નથી, આ સમય દરમ્યાન આરોપી નં.૨૮ ની અમદાવાદમાં હાજરી હતી તે અંગે પણ કોઇ પુરાવો નથી.

વિ.વ.શ્રી ડી.ડી.પઠાણ વધુમાં આરોપી નં.૨૮ અંગે દલીલો કરતા જણાવે છે કે સાહેદ નં.૩૫૫ તરીકે પંચ સાહેદને તપાસેલા છે, આ પંચ સાહેદની હાજરીમાં એલ.જી.હોસ્પિટલમાં બ્લાસ્ટવાળી જગ્યાનુ પંચનામુ બનાવેલુ છે, આંક–૨૦૩૬ થી પંચનામુ રજૂ છે, હાલના કેસોમાં બનાવો તા.૨૬–૭–૨૦૦૮ ના રોજ બનેલા છે અને આ પંચનામુ તા.૨૭–૭–૨૦૦૮ ના રોજ બનાવેલુ છે જેથી પુરાવા સાથે ચેડા થવાની શકયતા છે, આ સાહેદના કહેવા પ્રમાણે ઘણા વાહનોને નુકસાન થયેલુ છે, તપાસ કરનાર અધિકારી સીધા જઇને ગાડી ઉપર આંગળી મુકે છે, આ ગાડીમાં બ્લાસ્ટ થયો તે બતાવવા માટે કોઇ સાહેદ નથી, ફરિયાદપક્ષના કેસ પ્રમાણે આરોપીઓ મુંબઇ થી ગાડીઓ લાવેલા છે, તપાસ કરનાર અધિકારીએ તા.૧૬–૭–૨૦૦૮ ના રોજ વાહનોની મુવમેન્ટ માટે એકસપ્રેસ હાઇવે ઓથોરીટી પાસે માહીતી માંગેલી છે, આ માહિતી આંક–૫૩૨૩ થી રજૂ છે, આ માહીતી ઉપરથી એવુ સાબિત થતુ નથી કે કાલુપુર રેલવે સ્ટેશનના પાર્કીંગમાં પાર્ક થયેલી ગાડી તથા એલ.જી.હોસ્પિટલમાં થયેલ બ્લાસ્ટ વાળી ગાડી હાઇવે ઉપરથી પસાર થઇને આવેલી, આ માહિતીમાં ગાડીનો નંબર આવેલો છે પરંતુ ગાડીની સીરીઝ લખેલી નથી માટે ગાડી મુંબઇ થી અમદાવાદ આવ્યાનુ પુરવાર થતુ નથી, સાહેદ નં.૧૦૭૫ વી.જે.જાડેજાની જુબાની મુજબ ગુનાવાળી જગ્યા ઉપરની મારૂતિ–૮૦૦ કારનો ચેસીસ નં.એચબી–૩૦૦૮ આઇએન૨૩ ૧૫૪૨૮ ના આધારે તપાસ કરેલી. વધુમાં સાહેદ નં.૮૬૩ ની જુબાની મુજબ અનસીલ મુદ્દામાલ ગાડીના ભાગો તપાસ માટે મળેલાનુ જણાવે છે પરંતુ તેમને ગાડીનો ચેસીસ નંબર મળેલ નથી, તપાસ કરનાર અધિકારી ગાડીનો ચેસીસ નંબર મળેલાનુ જણાવે છે જયારે એફ.એસ.એલ.અધિકારી ગાડીનો ચેસીસ નંબર મળેલો ન હોવાનુ જણાવે છે, એફ.આઇ.આર.ની નકલ તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૦૭૫ નાઓએ રજૂ કરી છે, આ એફ.આઇ.

આર. તા.૨૭–૭–૨૦૦૮ ના રોજ લખાયેલી છે, બનાવ તા.૨૬–૭–૨૦૦૮ ના રોજ બન્યા છે, એફ.આઈ.આર. ના ચોથા પાને ગાડીનો ચેસીસ નંબર જુદો લખેલો છે, ગાડીનો એન્જીન નંબર પણ આવેલો છે, સ્થળ ઉપરનો એફ. એસ. એલ.રીપોર્ટ આંક –૫૫૨૭થી રજૂ છે, સ્થળ ઉપર પરીક્ષણ કરેલુ ત્યારે એન્જીનનો ભાગ છુટો પાડેલો અને તપાસ કરતા નંબર જુદો બતાવે છે, એફ. આઈ.આર.તથા આર.સી. બુકમાં એક જ એન્જીન નંબર છે, આંક–૬૦૩૨ થી તા.૬–૮–૨૦૦૮ નો એફ.એસ.એલ.રીપોર્ટ રજૂ છે, રીપોર્ટ મુજબ વાહનના કેટલાક ભાગ મીસીંગ હોવાથી ચેસીસ નંબર મળેલો નથી તેમ રીપોર્ટમાં જણાવેલુ છે, રીપોર્ટ મુજબ વાહનની નંબર પ્લેટ મળેલી નથી, નમૂના ફરીથી તપાસનાર સાહેદ નં.૮૬૩ છે અને રીપોર્ટ આંક–૫૮૧૪ થી રજૂ છે, આ રીપોર્ટ તા.૫–૩–૨૦૦૯ ના રોજનો છે, બનાવના સાત મહિના પછી આ ગાડીના નમુનાનુ ફરીથી એફ.એસ.એલ.માં પૃથક્કરણ થયુ છે, રીપોર્ટમાં નમૂના–ઈ મુજબ જી.જે.૧. એચ.એફ.–૫૭૬૪ બતાવેલો છે, આ રીપોર્ટમાં જણાવેલો ચેસીસ નંબર, એફ.આઈ.આર. તથા ગાડીની આર.સી.બુક સાથે ટેલી થતો નથી, એલ.જી. હોસ્પિટલમાં બનેલા બનાવમાં આ વાહન સંડોવાયેલુ નથી, આંક–૭૩૧૬ થી ગાડીની આર.સી.બુક રજૂ છે જેમાં ગાડીનો કલર મેટાલીક સીલ્વર છે જયારે સાહેદ નં.૮૨૭ ના કહેવા પ્રમાણે ગાડીનો કલર સફેદ બતાવ્યો છે, બીજુ વાહન સિવિલ હોસ્પિટલ, અમદાવાદમાં બ્લાસ્ટ કરવા માટે વપરાયેલાનો આક્ષેપ છે, સિવિલ હોસ્પિટલમાં મુકેલ ગાડી વેગન આર છે જે મુંબઈ થી ચોરી કરીને અમદાવાદ લાવેલાનો આક્ષેપ છે, આંક–૬૮૩૨થી ગાડી ચોરાયાની ફરિયાદ રજૂ કરી છે જે તા.૮–૭–૨૦૦૮ ના રોજની છે, આ ગાડીની ચોરી થયા અંગેનો કેસ મુંબઈ ખાતે ચાલી ગયેલો છે અને ત્રણેય આરોપીઓ છુટી ગયેલા છે, આ કેસનો ચુકાદો આંક–૯૨૩૩ થી રજૂ છે, ગાડી અમદાવાદ આવી તેની માહીતી એકસપ્રેસ હાઈવે ઓથોરીટી પાસે માંગતા તે રજૂ થયેલી છે પરંતુ ગાડીની સીરીજ પુરવાર થતી નથી, આરોપી નં.૨૮ મુંબઈ થી ગાડી ચોરી કરીને લાવેલા અને અમદાવાદમાં રોકાયેલાનો આક્ષેપ છે તેમજ તા.૯–૭–૨૦૦૮ ના રોજ હોટલ

બાલાજીમાં આરોપીઓ રોકાયેલાનો આક્ષેપ છે, આંક–૬૭૮૨ થી પંચનામુ રજૂ છે જેના પંચ નં.૧ અર્જુનસિંહ અને પંચ નં.૨ પપ્પુકુમાર છે, બંને પંચોની વિગતો પાછળથી લખવામાં આવી છે, આ પંચનામા અંગે પ્રાથમિક પંચનામુ બનાવ્યુ નથી, પંચો હોટલમાં કામ કરવાવાળા માણસો જ છે, હોટલ બાલાજીનુ રજીસ્ટર કબજે કરેલુ નથી. વધુમાં સાહેદ નં.૯૬૮ ની જુબાની મુજબ પંચોએ પુછયુ નથી કે આરોપીઓ હોટલ બાલાજીમાં રોકાયેલા હતા પરંતુ પોલીસે જણાવેલુ છે, રજીસ્ટરમાં "ઉસ્માની" ના નામની એન્ટ્રી છે માટે અફજલ ઉસ્માની રોકાયેલો ન હતો. વધુમાં સાહેદ નં.૯૮૦ ની જુબાની મુજબ આ સાહેદનુ વાહન ચોરી થયેલુ છે, આ સાહેદના કહેવા પ્રમાણે સવારે કલાક ૭–૨૦ વાગ્યે ગાડી જોયેલી નહીં, જયારે હોટલમાં કલાક ૧૭–૧૫ વાગ્યે એન્ટ્રી બતાવે છે. વધુમાં સાહેદ નં.૯૨૦ ની જુબાની મુજબ આ સાહેદ હોટલમાં નોકરી કરે છે આ હોટલ અમદાવાદમાં પ્રિન્સ નામની છે, તા.૧૭–૭–૨૦૦૮ ના રોજ આરોપીઓ આ હોટલમાં રોકાયેલાના આક્ષેપ છે, આ સાહેદના કહેવા પ્રમાણે હોટલમાં રોકાવા આવે તેના ઓળખપત્રો લેતા હતા પરંતુ પોલીસે આ ઓળખપત્રો કબજે કર્યા નથી, હોટલનુ રજીસ્ટર કબજે કરેલુ નથી, બનાવ પહેલા કે બનાવ પછી આરોપીઓની હાજરી અમદાવાદમાં હતી તેવુ બતાવવા કોઇ પુરાવો નથી. વધુમાં સાહેદ નં.૯૦૧ તરીકે પંચ સાહેદને તપાસેલા છે અને આંક–૬૪૫૧થી પંચનામુ રજૂ છે આ પંચનામામાં પ્રાથમીક પંચનામુ પુરૂ કર્યાની તા.૧૦–૧૨– ૨૦૦૮ છે અને પંચનામાના અંત ભાગે પણ તા.૧૦–૧૨–૨૦૦૮ છે ત્યાં ચેકચાક છે, પંચનામામાં મહિના સાથે ચેડા કરવામાં આવ્યા છે, આરોપીને તા. ૪–૧૧–૨૦૦૮ ના રોજ અટક કરેલા છે, આંક–૬૪૫૧વાળુ પંચનામુ તા.૧૦– ૧૨–૨૦૦૮ ના રોજ કરેલુ છે. વધુમાં સાહેદ નં.૯૬૩ ની જુબાની મુજબ રજીસ્ટર બાંધેલુ હોતુ નથી પરંતુ તેમને ફોર્મ આપવામાં આવે છે અને તે પાના બાંધીને રજીસ્ટર બનાવે છે, આરોપી નં.૨૮ વેઇટીંગ રૂમમાં ગયા હોય તેવો કોઇ પુરાવો નથી, વેઇટીંગ રૂમના રજીસ્ટર માટે હેન્ડરાઇટીંગનો અભિપ્રાય મેળવેલો છે, આરોપીને અદાલતમાં સાહેદે ઓળખી બતાવેલ નથી, આંક–૬૦૫૧વાળા પંચનામા વખતે ચંદ્રકાંતભાઇ હાજર હતા

તેમ છતાં તેમનુ નિવેદન લીધુ નથી, રજીસ્ટર જે કબાટમાં હતુ તે કબાટની ચાવી જેની પાસે હતી તેને બોલાવેલા નથી. વધુમાં સાહેદ નં.૮૯૯ તરીકે પંચ સાહેદને તપાસેલા છે, આ સાહેદની હાજરીમાં આરોપીએ ગાડી વાળી જગ્યા બતાવેલી છે, આ સાહેદના કહેવા મુજબ "તમે શું કહેવા અને બતાવવા માંગો છો" તેવી હકીકત પ્રથમ વખત કોર્ટમાં જણાવી છે પરંતુ આ હકીકત પંચનામામાં લખેલી નથી, શાહીબાગ પોલીસ સ્ટેશનમાં ફર્સ્ટ ગુના રજી.નં.૨૩૬/૨૦૦૮ ના કામે બનાવેલુ પંચનામુ આંક–૧૯૯૨ થી રજૂ કરેલુ છે જે સાહેદ નં.૧૦૦૦ નાએ બનાવેલુ છે, આ પંચનામા મુજબ સ્થળ ઉપર બે સાઇકલો તુટેલી હતી તે પૈકી એક સાઇકલના ગવન્ડર ઉપર એક થેલી લટકતી હતી, આ બાબતે સાહેદ નં.૧૧૬૩ની જુબાની મુજબ બેંગ્લોર તથા અમદાવાદ, જયપુરના બોમ્બ બ્લાસ્ટની મોડસ ઓપરેન્ડી હતી, આંક–૧૮૫૨ વાળુ પંચનામુ અમરાઇવાડીના ગુના કામે બનાવેલુ છે, આ પંચનામા મુજબ સાઇકલના ગવન્ડર ઉપર એક થેલી લટકેલી હતી, એફ.એસ. એલ.અધિકારી સાહેદ નં.૮૪૫ ની જુબાની મુજબ ગાડીના એન્જીન પાસેથી ડીટોનેટર મળી આવેલા છે પરંતુ આ ડીટોનેટર કયાંથી આવ્યા? તે અંગે કોઇ તપાસ કરી નથી, આંક–૬૩૪૭ ના પંચનામામાં ગ્રે કલરની વેગનઆર કાર લખેલી છે કયાંક સીલ્વર ગ્રે કલર લખેલુ છે, આ ગાડીઓ મુંબઇ થી ચોરી કરાવીને અમદાવાદ લાવ્યા તે અંગેના પુરાવા નથી, કયા આરોપી પાસે ગાડી હતી તે પુરવાર થતુ નથી, અમદાવાદમાં આરોપીની હાજરી પુરવાર થતી નથી, આરોપી મુંબઇ મુકામે રહે છે અને તેનો જન્મ ઉત્તરપ્રદેશમાં થયો છે, આ આરોપી કયારેય ગુજરાતમાં આવ્યા નથી તેથી આ આરોપીને ગુજરાતમાં અમદાવાદ શહેરના રસ્તાની ખબર ન હોય, આરોપીને ગાડી ચલાવતા આવડતુ હોય તે અંગે ડ્રાઇવીંગ લાયસન્સ જેવા પુરાવા રજૂ થયેલા નથી. વધુમાં સાહેદ નં. ૧૦૪૫ મુંબઇ થી એક વાહન ચોરાયેલુ તેના માલિક છે, આ સાહેદે વાહન ચોરી બાબતે ફરિયાદ આપેલી છે પરંતુ તે ફરિયાદના કામે કોઇ આરોપી પકડાયા નથી. વધુમાં સાહેદ નં.૯૮૫ હોટલ શ્રીનાથ અને ગેસ્ટહાઉસમાં નોકરી કરતા હતા, આરોપીની ઓળખ કરાવનાર સાહેદ નં.૫૭૫ છે, રજીસ્ટરના કોલમની વિગતો ગ્રાહકે લખેલાનુ

જણાવે છે પરંતુ અક્ષરો પુરવાર થતા નથી, આ સાહેદે જુબાની દરમ્યાન આરોપીને ઓળખી બતાવ્યા નથી, રજીસ્ટરમાં એન્ટ્રી સ્ટાફે કરેલી છે તેમ છતાં આ સાહેદ જણાવે છે કે એન્ટ્રી ગ્રાહકે કેવી રીતે કરેલી છે તેની સાહેદને ખબર નથી, એન્ટ્રીમાં વાહનનો નંબર પાછળથી ખોટો લખેલો છે, સાહેદ નં. ૯૮૫ સાહેદ નં.૫૭૫ ની જુબાનીને સમર્થન કરતા નથી, ઓળખ પરેડ માટે પંચોને કેવી રીતે બોલાવ્યા હતા તે અંગે સાહેદ નં.૫૭૫ કાંઇ જણાવતા નથી, આરોપીને જોયા વિના ડમી માણસોને બોલાવેલા છે, આરોપીની ઓળખ પરેડ પુરવાર થતી નથી, આરોપીની ઓળખ પરેડ થયાનુ શંકાસ્પદ છે, ગાડી ચોરાયાના કેસોમાંથી મુંબઇ કોર્ટે આરોપીઓને છોડી મુકયા છે. વધુમાં વિ.વ.શ્રી ડી.ડી.પઠાણે કલમ–૨૭ ના પંચનામા માટે નીચે મુજબના ચુકાદા ઉપર આધાર રાખી ચર્ચા કરી છે.

પુલુકુરી કોટ્ટયા વિરૂધ્ધ એમ્પરર

અપીલ નં.૩૭/૧૯૪૬,તા.૧૯–૧૨–૧૯૪૬ પ્રિવી કાઉન્સીલ

ઉપરોકત ચુકાદાના પેરા નં.૮,૧૦ ધ્યાને લેવા માટે વિનંતી કરી છે.

વિ.વ.શ્રી ડી.ડી.પઠાણે સાંયોગીક પુરાવા માટે નીચે મુજબના ચુકાદા ઉપર આધાર રાખી ચર્ચા કરી છે.

શરદ બિરદીચંદ સાહદા વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર

(૧૯૮૪)૪, સુપ્રિમ કોર્ટ કેસીસ, પાન નં.૧૧૬

ઉપરોકત ચુકાદાના પેરા નં.૧૫૨, ૧૫૩ વંચાણે લેવા માટે વિનંતી કરી છે.

વધુમાં વિ.વ.શ્રી ડી.ડી.પઠાણ દલીલો કરતા જણાવે છે કે હાલના કેસોમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ કરેલા પુરાવામાં ઘણા ઓમીશન અને કોન્ટ્રાડીકશન છે, ફરિયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરી શકતા નથી, ફરિયાદપક્ષના પુરાવા વિશ્વાસપાત્ર નથી, ફરિયાદપક્ષે ખોટા પુરાવા ઉભા કરેલા છે, ફરિયાદપક્ષનો કેસ શંકારહિત પુરવાર થતો નથી, ફરિયાદપક્ષ તર્ફે સંજોગોની તથા બનાવની સાંકળ પુરવાર થઇ સ્થાપિત થતી નથી, બનાવો અંગે કુલ–૩૫ ફરિયાદો દાખલ કરી આરોપીઓને ખોટા સંડોવેલા છે, આરોપીઓ સામે કોઇ જ પુરાવા નથી જેથી

આરોપીઓને છોડી મુકવા માટે વિનંતી કરી છે. વધુમાં વિ.વ.શ્રી ડી.ડી.પઠાણે પોતાની મૌખિક દલીલોના સમર્થનમાં આંક–૯૪૬પથી પાના નં.૧ થી ૧૨૧ સુધીની લેખિત દલીલો રજૂ કરેલી છે. જે પણ મૌખિક દલીલો મુજબની છે. જે પણ વિચારણ હેઠળ લીધી.

વકીલશ્રી એમ.એમ.શેખનાઓએ આરોપી નં.૨૯ માટે આંક–૯૪૬૭ થી પાના નં.૧ થી ૭ સુધીની લેખિત દલીલો રજૂ કરેલી છે. જે પણ મૌખિક દલીલો મુજબની છે. જે પણ વિચારણ હેઠળ લીધી.

(૨૫) ફરિયાદપક્ષ દ્વારા આ કેસોમાં જે મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજૂ થયા છે તે તથા આરોપીઓ દ્વારા ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળની વિશેષ નિવેદન દરમ્યાન રજૂ કરવામાં આવેલ લેખિત નિવેદનો તથા નિવેદનો સાથે રજૂ કરેલ લેખિત દસ્તાવેજો તેમજ આરોપીઓ તરફથી રજૂ કરવામાં આવેલ મૌખિક પુરાવા ઉપરાંત બંને પક્ષ દ્વારા આ અદાલત સમક્ષ કરવામાં આવેલી દલીલો ધ્યાને લીધી. આ કેસમાં આંક–૩૨,૧૨૨, ૭૯૯, ૯૫૬, ૧૩૦૦, ૧૮૪૭, ૧૯૩૫, ૬૯૪૪ તથા ૭૨૪૫ થી તમામ આરોપીઓ સામે જે તહોમતનામાઓ ફરમાવેલાં છે તે તહોમતનામાઓમા જણાવ્યા મુજબના ગુનાઓ આરોપીઓએ કરેલાં છે કે કેમ? તેના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

–: મુદ્દાઓ:–

<u>મુદ્દા નં.૧</u> શું ફરિયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે આ ચુકાદાના શીર્ષકમાં જણાવેલાં તમામ આરોપીઓએ ભેગા મળી ગુનાહિત કાવતરૂ કરી , ગુનાહિત કાવતરામાં સામેલ થઇ એકબીજાની મદદગારીથી ગુજરાતમાં થયેલા કોમી તોફાનોમાં મુસ્લિમ કોમના લોકોને જાનહાની તથા માલ મિલકતને જે નુકસાન થયેલું તેનો બદલો લેવા ગુજરાત રાજય તેમજ સમગ્ર ભારતમાં આતંક ફેલાવી ભારતમાં ઇસ્લામિક શાસન સ્થાપવા તેમજ ગુજરાત સરકારને

ઉથલાવવા "સિમી" નામની પ્રતિબંધક સંસ્થામાં સામેલ થઇ તેમાં મિટીંગો કરી, જેહાદી ભાષણો કરી, ગેરકાયદેસરની પ્રવૃત્તિઓ કરી, સંસ્થા માટે નાણાં ઉધરાવી પોતાનો સામાન્ય ઇરાદો બર લાવવા જુદી–જુદી જગ્યાઓ ઉપર આતંકવાદી કેમ્પો કરી તેમાં તાલીમો આપી–અપાવી, જુદા–જુદા શહેરોમાં મકાનો ભાડે રાખી વિસ્ફોટક સામગ્રી દ્વારા બોમ્બ બનાવી, જુદી–જુદી જગ્યાઓએથી સાઇકલો ખરીદી તથા ચાર પૈડા વાળા વાહનોની ચોરી કરી લાવી તે સાઇકલો તથા વાહનો ઉપર તે બોમ્બ ગોઠવી અમદાવાદ શહેરની જુદી–જુદી ચોવીસ જગ્યાઓ ઉપર તેમજ મુ.કલોલ, જિ.ગાંધીનગર ખાતે એ.એમ.ટી.એસ. બસમાં તા.૨૬/૦૭/૨૦૦૮ના રોજ બોમ્બ ધડાકાઓ કરેલાં તેમજ સુરત શહેરમાં જુદી–જુદી ઓગણત્રીસ જગ્યાઓ ઉપર બોમ્બ પ્લાન્ટેશન કરવાનું ગુનાહિત કાવતરૂ કરી, ગુનાહિત કાવતરામાં સામેલ થઇ, એકબીજાની મદદગારી કરી પોતાનો સામાન્ય ઇરાદો પાર પાડી ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ ની કલમ–૧૨૦(બી) મુજબનો ગુનો કરેલો છે ?

<u>મુદ્દા નં.૨</u> શું ફરિયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે આ ચુકાદાના શીર્ષકમાં જણાવેલાં તમામ આરોપીઓએ ભેગા મળી, એકબીજાની મદદગારીથી ગુનાહિત કાવતરાના ભાગરૂપે, ગુનાહિત કાવતરૂ આગળ ધપાવવા જુદી– જુદી જગ્યાઓ ઉપર મીટીંગો કરી જુદી–જુદી જગ્યાઓ ઉપર કેમ્પો યોજી મીટીંગોમાં હાજર રહી જેહાદી ભાષણો કરી ભારત સરકાર તેમજ ગુજરાત રાજય સરકાર વિરૂધ્ધ યુધ્ધ છેડવાનો પ્રયત્ન કરેલ અને ભારત સરકાર અને ગુજરાત સરકાર વિરૂધ્ધ ગુનાહિત બળ વાપરવાનો પ્રયત્ન કરી લોકોમાં ધાક જમાવવા તેમજ સરકાર સામે અસંતોષ ઉભો કરવાનો પ્રયત્ન કરી પોતાનો સામાન્ય ઇરાદો પાર પાડવાના હેતુથી એકબીજાની

મદદગારી કરી ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ની કલમ–૩૪ તથા ૧૦૯ સાથે વાંચતા ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ની કલમ–૧૨૧(એ) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે?

મુદ્દા નં.૩ શું ફરિયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે આ ચુકાદાના શીર્ષકમાં જણાવેલાં તમામ આરોપીઓએ ભેગા મળી, એકબીજાની મદદગારીથી ગુનાહિત કાવતરાના ભાગરૂપે, ગુનાહિત કાવતરૂ આગળ ધપાવવા જુદી– જુદી જગ્યાઓ ઉપર મીટીંગો કરી જુદી–જુદી જગ્યાઓ ઉપર કેમ્પો યોજી મીટીંગોમાં હાજર રહી જેહાદી ભાષણો કરી ભારત દેશના કાનૂન દ્વારા સ્થાપિત સરકાર પ્રત્યે ભારતની જનતામાં તિરસ્કાર અને અનાદર પેદા કરવાની કોશિશ કરી જનતામાં બેદિલી ફેલાવવાનો પ્રયત્ન કરી પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવાના હેતુથી એકબીજાની મદદગારી કરી ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ની કલમ–૩૪ તથા ૧૦૯ સાથે વાંચતા ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ની કલમ–૧૨૪(એ) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે?

મુદ્દા નં.૪ શું ફરિયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે આ ચુકાદાના શીર્ષકમાં જણાવેલાં તમામ આરોપીઓએ ભેગા મળી, એકબીજાની મદદગારીથી ગુનાહિત કાવતરાના ભાગરૂપે, જુદી–જુદી જગ્યાઓ ઉપર ગેરકાયદેસર મીટીંગો કરી, જુદી–જુદી જગ્યાઓ ઉપર આતંકવાદી કેમ્પ યોજી, મુસ્લિમોને થયેલા જાનહાનીનો બદલો લેવો જોઈએ તેવા જેહાદી ભાષણો કરી તેમજ ભારત દેશમાં મુસ્લિમ રાષ્ટ્રની સ્થાપના થવી જોઈએ તેવા ભાષણો કરી જયાં હિન્દુ વસ્તી વધારે હોય તથા હિન્દુ લોકો ભેગા થતા હોય તેવી જગ્યાઓ ઉપર બોમ્બ મુકી બોમ્બ બ્લાસ્ટ કરવા તેવા ભાષણો કરી હિન્દુ તથા

મુસ્લિમ કોમ વચ્ચે વૈમનસ્ય ઉભું કરવાનું કૃત્ય કરી પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા એકબીજાને મદદગારી કરી ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ ની કલમ–૩૪, ૧૦૯ સાથે વાંચતા ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ની કલમ–૧૫૩(એ) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે?

<u>મુદ્દા નં.૫</u> શું ફરિયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે આ ચુકાદાના શીર્ષકમાં જણાવેલાં તમામ આરોપીઓએ ભેગા મળી, એકબીજાની મદદગારીથી ગુનાહિત કાવતરાના ભાગરૂપે વિસ્ફોટક પદાર્થો લાવી જુદી–જુદી જગ્યાઓ ઉપર બોમ્બ બનાવી તે બોમ્બ અમદાવાદ શહેરની ચોવીસ જગ્યાઓ ઉપર તેમજ મુ.કલોલ, જિ.ગાંધીનગરની એક જગ્યા એટલે કે એ.એમ.ટી.એસ. બસમાં બોમ્બ મુકી ટાઇમર ગોઠવીને સાઇકલો, કાઇનેટીક, મારૂતિ ફોર વ્હિલર ગાડીઓ ઉપર મુકેલાં અને આ બોમ્બ જો ફુટશે તો ઘણા લોકોના મરણ થશે, ઘણા લોકોને ઈજા થશે તેવી પુરતી જાણકારી અને જ્ઞાન સાથે ઈરાદાપૂર્વક જાહેર જનતાના જાનમાલને નૂકસાન કરવા તેમજ સરકારી તેમજ ખાનગી મિલકતોને પણ નૂકસાન કરવા બોમ્બ ધડાકાઓ કરેલાં જેના કારણે કુલ–૫૬ જેટલા વ્યકિતઓના મોત નીપજાવી ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ ની કલમ–૩૪, ૧૦૯ સાથે વાંચતા ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ ની કલમ–૩૦૨ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે?

<u>મુદ્દા નં.૬</u> શું ફરિયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે આ ચુકાદાના શીર્ષકમાં જણાવેલાં તમામ આરોપીઓએ ભેગા મળી, એકબીજાની મદદગારીથી ગુનાહિત કાવતરાના ભાગરૂપે વિસ્ફોટક પદાર્થો લાવી જુદી–જુદી જગ્યાઓ ઉપર બોમ્બ બનાવી તે બોમ્બ અમદાવાદ

શહેરની ચોવીસ જગ્યાઓ ઉપર તેમજ મુ.કલોલ, જિ.ગાંધીનગરની એક જગ્યા એટલે કે એ.એમ.ટી.એસ. બસમાં બોમ્બ મુકી ટાઇમર ગોઠવીને સાઇકલો, કાઇનેટીક, મારૂતિ ફોર વ્હિલર ગાડીઓ ઉપર મુકેલાં અને આ બોમ્બ જો ફુટશે તો ઘણા લોકોને જીવલેણ ઇજાઓ થશે તેવી પુરતી જાણકારી અને જ્ઞાન સાથે ઇરાદાપૂર્વક બોમ્બ બ્લાસ્ટ કરી ૨૪૦ ઉપરાંત લોકોને શરીરે નાની–મોટી ગંભીર જીવલેણ ઇજાઓ પહોંચાડી ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ ની કલમ–૩૪, ૧૦૯ સાથે વાંચતા ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ ની કલમ–૩૦૭ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે?

<u>મુદ્દા નં.૭</u> શું ફરિયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે આ ચુકાદાના શીર્ષકમાં જણાવેલાં તમામ આરોપીઓએ ભેગા મળી ગુનાહિત કાવતરાના ભાગરૂપે એકબીજાની મદદગારીથી પોતાનો સામાન્ય ઇરાદો પાર પાડવાના હેતુથી અમદાવાદ શહેરની જુદી–જુદી ચોવીસ જગ્યાઓ ઉપર તેમજ મુ.કલોલ, જિ.ગાંધીનગરની એક જગ્યા એટલે કે એ. એમ.ટી.એસ. બસમાં બોમ્બ મુકી ટાઇમર ગોઠવીને સાઇકલો, કાઇનેટીક, મારૂતિ ફોર વ્હિલર ગાડીઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરેલા તે એવા ઇરાદાથી અને પુરતા જ્ઞાન અને જાણકારી સાથે કરેલાં કે બ્લાસ્ટ થવાથી કેટલીક વ્યકિતઓને વ્યથા કે મહાવ્યથા થશે તેમ છતાં બોમ્બ બ્લાસ્ટ કરી કુલ–૨૪૦ ઉપરાંત વ્યકિતઓને સ્વેચ્છાપૂર્વકની મહાવ્યથા કરીને ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ ની કલમ–૩૪, ૧૦૯ સાથે વાંચતા ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ ની કલમ–૩૨૬ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે?

મુદ્દા નં.૮ શું ફરિયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે આ ચુકાદાના શીર્ષકમાં જણાવેલાં તમામ આરોપીઓએ ભેગા મળી ગુનાહિત કાવતરાના ભાગરૂપે એકબીજાની મદદગારીથી પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવાના હેતુથી અમદાવાદ શહેરની કુલ ચોવીસ જગ્યાઓ ઉપર તેમજ મુ.કલોલ, જિ.ગાંધીનગરની એક જગ્યા એટલે કે એ.એમ. ટી.એસ. બસમાં બોમ્બ મુકી ટાઇમર ગોઠવીને સાઇકલો, કાઇનેટીક, મારૂતિ ફોર વ્હિલર ગાડીઓ ઉપર બોમ્બ મુકી બોમ્બ બ્લાસ્ટ કરી જાહેર તથા ખાનગી મિલકતોને, હોસ્પિટલ બિલ્ડિંગોને તથા વાહનોને રૂા.૧૦૦(રૂા.એક સો)થી વધુ રકમનું નુકસાન કરી ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ ની કલમ–૩૪, ૧૦૯ સાથે વાંચતા ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ની કલમ–૪૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે?

મુદ્દા નં.૯ શું ફરિયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે આ ચુકાદાના શીર્ષકમાં જણાવેલાં તમામ આરોપીઓએ ભેગા મળી ગુનાહિત કાવતરાના ભાગરૂપે એકબીજાની મદદગારીથી પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવાના હેતુથી અમદાવાદ શહેરની કુલ ચોવીસ જગ્યાઓ ઉપર તેમજ મુ.કલોલ, જિ.ગાંધીનગરની એક જગ્યા એટલે કે એ.એમ.ટી.એસ. બસમાં બોમ્બ મુકી ટાઇમર ગોઠવીને સાઇકલો, કાઇનેટીક, મારૂતિ ફોર વ્હિલર ગાડીઓ ઉપર બોમ્બ મુકી બોમ્બ બ્લાસ્ટ કરી જાહેર તથા ખાનગી મિલકતોને, હોસ્પિટલોની બિલ્ડિંગોમાં કે જયાં તબીબી સામાન તથા કિંમતી દવાઓ રાખવામાં આવેલ હતી જેમાં દર્દિઓ સારવાર હેઠળ હતા તે બિલ્ડિંગોને વ્યાપક પ્રમાણમા નુકસાન કરી ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ ની કલમ–૩૪, ૧૦૯ સાથે વાંચતા ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ ની કલમ–૪૩૬ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે?

<u>મુદ્દા નં.૧૦</u> શું ફરિયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે આ ચુકાદાના શીર્ષકમાં જણાવેલાં તમામ આરોપીઓએ ભેગા મળી ગુનાહિત કાવતરાના ભાગરૂપે એકબીજાની મદદગારીથી પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવાના હેતુથી અમદાવાદ શહેરની કુલ ચોવીસ જગ્યાઓ ઉપર તેમજ મુ.કલોલ, જિ.ગાંધીનગરની એક જગ્યા એટલે કે એ.એમ.ટી.એસ. બસમાં બોમ્બ મુકી ટાઇમર ગોઠવીને સાઇકલો, કાઇનેટીક, મારૂતિ ફોર વ્હિલર ગાડીઓ ઉપર બોમ્બ મુકી બોમ્બ બ્લાસ્ટ કરી જાહેર તથા ખાનગી મિલકતોને, હોસ્પિટલ બિલ્ડિંગોને તથા વાહનોને તથા માનવ વસવાટ ધરાવતા બિલ્ડિંગને વ્યાપક પ્રમાણમાં રૂા.૧૦૦/– થી વધારે કિંમતનું નુકસાન કરી, મિલકતોને બગાડ કરી તેમજ એ.એમ.ટી.એસ. બસોને તેમજ પાલતુ જાનવરો જેવા કે બળદ તથા ગાય તથા કુતરાનું મોત નીપજાવી તેઓના માલિકોને નુકસાન કરી ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ ની કલમ–૩૪, ૧૦૯ સાથે વાંચતા ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ ની કલમ–૪૨૭ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે?

<u>મુદ્દા નં.૧૧</u> શું ફરિયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે આ ચુકાદાના શીર્ષકમાં જણાવેલાં તમામ આરોપીઓએ ભેગા મળી ગુનાહિત કાવતરાના ભાગરૂપે એકબીજાની મદદગારીથી પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવાના હેતુથી જુદી–જુદી જગ્યાઓ ઉપર જઇ, જુદી–જુદી હોટલોમાં, તે હોટલોના રજીસ્ટરોમાં, પોતાની સાચી ઓળખ છુપાવીને ખોટા નામે એન્ટ્રીઓ કરી હોટલોના રજીસ્ટરોમાં ખોટી સહીઓ કરી રૂમો બુક કરાવેલાં. અને અમદાવાદ શહેરમાં પોતાની ઓળખ છુપાવવા સ્વીમીંગ પુલોમાં પ્રવેશ મેળવવા ખોટી

અરજીઓ કરી, જુદી–જુદી મોબાઇલ કંપનીઓમાંથી કનેકશનો મેળવવા ખોટી ખોટી અરજીઓ કરેલી, તે માટે ખોટા લાયસન્સો તથા ખોટા પુરાવા ઉભા કરી ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ ની કલમ–૩૪, ૧૦૯ સાથે વાંચતા ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ ની કલમ–૪૬૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે?

મુદ્દા નં.૧૨ શું ફરિયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે આ ચુકાદાના શીર્ષકમાં જણાવેલાં તમામ આરોપીઓએ ભેગા મળી ગુનાહિત કાવતરાના ભાગરૂપે એકબીજાની મદદગારીથી પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવાના હેતુથી જુદી–જુદી જગ્યાઓ ઉપર જઇ, જુદી–જુદી હોટલોમાં, તે હોટલોના રજીસ્ટરોમાં, પોતાની સાચી ઓળખ છુપાવીને ખોટા નામે એન્ટ્રીઓ કરી હોટલોના રજીસ્ટરોમાં ખોટી સહીઓ કરી રૂમો બુક કરાવેલાં. અને અમદાવાદ શહેરમાં પોતાની ઓળખ છુપાવવા સ્વીમીંગ પુલોમાં પ્રવેશ મેળવવા ખોટી અરજીઓ કરી, જુદી–જુદી મોબાઇલ કંપનીઓમાંથી કનેકશનો મેળવવા ખોટી ખોટી અરજીઓ કરેલી, તે માટે ખોટા લાયસન્સો તથા ખોટા પુરાવા ઠગાઇ કરવાના ઈરાદાથી ઉભા કરી ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ ની કલમ–૩૪,૧૦૯ સાથે વાંચતા ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ ની કલમ–૪૬૮ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે?

મુદ્દા નં.૧૩ શું ફરિયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે આ ચુકાદાના શીર્ષકમાં જણાવેલાં તમામ આરોપીઓએ ભેગા મળી ગુનાહિત કાવતરાના ભાગરૂપે એકબીજાની મદદગારીથી પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવાના હેતુથી જુદી–જુદી જગ્યાઓ ઉપર જઇ, જુદી–જુદી હોટલોમાં, તે હોટલોના રજીસ્ટરોમાં, પોતાની સાચી

ઓળખ છુપાવીને ખોટા નામે એન્ટ્રીઓ કરી હોટલોના રજીસ્ટરોમાં ખોટી સહીઓ કરી રૂમો બુક કરાવેલાં. અને અમદાવાદ શહેરમાં પોતાની ઓળખ છુપાવવા સ્વીમીંગ પુલોમાં પ્રવેશ મેળવવા ખોટી અરજીઓ કરી, જુદી-જુદી મોબાઇલ કંપનીઓમાંથી કનેકશનો મેળવવા ખોટી-ખોટી અરજીઓ કરેલી, તે માટે ખોટા લાયસન્સો તથા ખોટા પુરાવા ઠગાઇ કરવાના ઇરાદાથી ઉભા કરેલા અને તેઓ જાણતા હતા કે આ તમામ દસ્તાવેજો ખોટા છે, ઉભા કરેલાં છે તેમ છતાં અપ્રમાણિકપણે અને કપટપૂર્વક સાચા દસ્તાવેજ તરીકે તેનો ઉપયોગ કરી ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ ની કલમ-૩૪, ૧૦૯ સાથે વાંચતા ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ ની કલમ-૪૭૧ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે?

<u>મુદ્દા નં.૧૪</u> શું ફરિયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે આ ચુકાદાના શીર્ષકમાં જણાવેલાં તમામ આરોપીઓએ ભેગા મળી ગુનાહિત કાવતરાના ભાગરૂપે એકબીજાની મદદગારીથી પોતાનો સામાન્ય ઇરાદો પાર પાડવાના હેતુથી અન્ય આરોપીઓની મદદથી આરોપી નં.૩૭ નાઓએ બોમ્બ બ્લાસ્ટના ગુનાઓમાં ઉપયોગમાં લીધેલ મોબાઇલ ફોન આ ગુનાઓમાં મહત્વનો પુરાવો છે તેવું તેઓ જાણતા હોવા છતાં તે પુરાવાનો નાશ કરવાના હેતુથી તે મોબાઇલ ફોન ખાડી/નદીમાં નાંખી દઇ મહત્વના પુરાવાનો નાશ કરી ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ ની કલમ-૩૪,૧૦૯ સાથે વાંચતા ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ ની કલમ-૨૦૧ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે?

<u>મુદ્દા નં.૧૫</u> શું ફરિયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે આ ચુકાદાના શીર્ષકમાં જણાવેલાં તમામ આરોપીઓએ ભેગા મળી ગુનાહિત

કાવતરાના ભાગરૂપે એકબીજાની મદદગારીથી પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવાના હેતુથી અમદાવાદ તથા કલોલ ખાતે થયેલાં બોમ્બ ધડાકાના બનાવો તેમજ સુરત ખાતે બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં કેટલાક આરોપીઓ સામેલ છે અને તે બનાવોમાં તે આરોપીઓ સંકળાયેલાં છે તેવું જાણતા અને માનતા હોવા છતાં આરોપી નં.૩૭નાઓએ અન્ય આરોપીઓની મદદથી બનાવોમાં સંકળાયેલાં આરોપીઓને કાનૂની સજામાંથી બચાવવાના ઈરાદે તેઓને આશ્રય આપી છુપાવીને ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ ની કલમ– ૩૪, ૧૦૯ સાથે વાંચતા ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ ની કલમ–૨૧૨ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે?

<u>મુદ્દા નં.૧૬</u> શું ફરિયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે આ ચુકાદાના શીર્ષકમાં જણાવેલાં તમામ આરોપીઓએ ભેગા મળી ગુનાહિત કાવતરાના ભાગરૂપે એકબીજાની મદદગારીથી પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવાના હેતુથી "સ્ટુડન્ટ ઈસ્લામીક મુવમેન્ટ ઓફ ઈન્ડીયા (સીમી)" નામની પ્રતિબંધિત સંસ્થાને કેન્દ્ર સરકાર દ્વારા ગેરકાયદેસર સંગઠન જાહેર કરેલ છે તેમ છતાં તમામ આરોપીઓ આ ગેરકાયદેસર સંગઠનમાં ચાલુ રહી તેની મીટીંગોમાં ભાગ લઇ, સંગઠન માટે ભંડોળ ભેગું કરવા ફાળો ઉઘરાવી, સંગઠનને સહાય કરી, સંગઠનનો હેતુ આગળ ધપાવવા લાયસન્સ વગરના ફાયર આર્મ્સ, વિસ્ફોટકો ખરીદી પોતાના કબ્જામાં રાખેલાં અને તે ફાયર આર્મ્સ તથા વિસ્ફોટકોનો ઉપયોગ કરવાથી માનવજીવનને મોટાપાયે નુકસાન થશે, મૃત્યુ થશે તેવું જાણતા હોવા છતાં તેનો ઉપયોગ કરી મોટાપાયે માનવજીવનને નુકસાન કરી તમામ આરોપીઓએ અનલોકુલ એકટીવીટીઝ (પ્રિવેન્શન)

એકટ–૧૯૬૭ ની કલમ–૧૦ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે?

<u>મુદ્દા નં.૧૭</u> શું ફરિયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે આ ચુકાદાના શીર્ષકમાં જણાવેલાં તમામ આરોપીઓએ ભેગા મળી ગુનાહિત કાવતરાના ભાગરૂપે એકબીજાની મદદગારીથી પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવાના હેતુથી અનલોકુલ એકટીવીટીઝ (પ્રિવેન્શન) એકટ–૧૯૬૭ ની કલમ–૩ હેઠળ "સ્ટુડન્ટ ઈસ્લામીક મુવમેન્ટ ઓફ ઈન્ડિયા (સીમી)" નામની પ્રતિબંધિત કરેલ છે તેવું જાણવા છતાં સંગઠનની પ્રવૃત્તિમાં સહાય કરવા ભાગ લીધેલો, તેમાં ગેરકાયદેસર પ્રવૃત્તિ કરેલી, પ્રવૃત્તિમાં સલાહ આપેલી, મદદગારી કરેલી તેમજ ઉશ્કેરણીજનક ભાષણો કરી લોકશાહીથી ચુંટાયેલી સરકારને અસ્થિર કરવાના ભાગરૂપે અમદાવાદ શહેરમાં તથા કલોલમાં જુદી–જુદી જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરેલાં તેમજ સુરત શહેરમાં બોમ્બ પ્લાન્ટેશન કરેલાં અને તેમ કરી આતંક ફેલાવવાનો પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે પ્રયત્ન કરી અનલોકુલ એકટીવીટીઝ (પ્રિવેન્શન) એકટ–૧૯૬૭ ની કલમ–૧૩ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે?

<u>મુદ્દા નં.૧૮</u> શું ફરિયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે આ ચુકાદાના શીર્ષકમાં જણાવેલાં તમામ આરોપીઓએ ભેગા મળી ગુનાહિત કાવતરાના ભાગરૂપે એકબીજાની મદદગારીથી પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવાના હેતુથી અમદાવાદ શહેરની જુદી–જુદી ચોવીસ તથા મુ.કલોલ, જિ.ગાંધીનગરની એક જગ્યા ઉપર આતંક ફેલાવવાના ઈરાદાથી બોમ્બ બ્લાસ્ટ કરી, ત્રાસવાદી કૃત્ય કરી બોમ્બ બ્લાસ્ટમાં કુલ–૫૬ જેટલી વ્યકિતઓના મોત નીપજાવી

તેમજ કુલ–૨૪૦ ઉપરાંત લોકોને જીવલેણ ઈજા કરેલી તેમજ સુરત શહેરમાં જુદી–જુદી ઓગણત્રીસ જગ્યાઓ ઉપર આતંક ફેલાવવાના હેતુથી ઈરાદાપૂર્વક બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકીને અનલોકુલ એકટીવીટીઝ (પ્રિવેન્શન) એકટ–૧૯૬૭ ની કલમ–૧૬(૧)(એ)(બી) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે?

મુદ્દા નં.૧૯ શું ફરિયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે આ ચુકાદાના શીર્ષકમાં જણાવેલા તમામ આરોપીઓએ ભેગા મળી ગુનાહિત કાવતરાના ભાગરૂપે એકબીજાની મદદગારીથી પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવાના હેતુથી ડિસેમ્બર–૨૦૦૭માં વાઘમોન તેમજ જાન્યુઆરી–૨૦૦૮માં હાલોલ/પાવાગઢ ખાતે આતંકવાદી તાલીમ કેમ્પોનું આયોજન કરી એકબીજાની મદદગારીથી કેમ્પોમાં કેટલાક લોકોને લાવી, જુદી–જુદી તાલીમો આપી ગુનાહિત કાવતરૂ કરી અનલોકુલ એકટીવીટી (પ્રિવેન્શન)એકટ–૧૯૬૭ ની કલમ–૧૮ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે?

<u>મુદ્દા નં.૨૦</u> શું ફરિયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે આ ચુકાદાના શીર્ષકમાં જણાવેલાં તમામ આરોપીઓએ ભેગા મળી ગુનાહિત કાવતરાના ભાગરૂપે એકબીજાની મદદગારીથી પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવાના હેતુથી કેટલાક આરોપીઓ ત્રાસવાદી પ્રવૃત્તિ સાથે સંકળાયેલા છે અથવા તેઓ ત્રાસવાદી છે તેવું જાણતા હોવા છતાં અન્ય આરોપીઓની મદદથી આરોપી નં.૬૭ તથા આરોપી નં.૭૩નાઓએ તેવા આરોપીઓને છુપાવી તેઓને આશ્રય આપી અનલોકુલ એકટીવીટીઝ (પ્રિવેન્શન) એકટ–૧૯૬૭ ની કલમ–૧૯ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે?

મુદ્દા નં.૨૧ શું ફરિયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે આ ચુકાદાના શીર્ષકમાં જણાવેલાં તમામ આરોપીઓએ ભેગા મળી ગુનાહિત કાવતરાના ભાગરૂપે એકબીજાની મદદગારીથી પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવાના હેતુથી "સીમી" નામની પ્રતિબંધિત સંગઠન કે જે આતંકવાદી પ્રવૃત્તિ કરે છે તેવુ જાણવા છતાં આતંકવાદી સંગઠન સીમીના સભ્યો તરીકે ત્રાસવાદી પ્રવૃત્તિઓમાં સામેલ થઇ અમદાવાદ, કલોલ તથા સુરત શહેરમાં જુદી-જુદી જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાનું નકકી કરી બોમ્બ બ્લાસ્ટ કરેલા તેમજ બોમ્બ પ્લાન્ટેશન કરી અનલોકુલ એકટીવીટીઝ (પ્રિવેન્શન) એકટ-૧૯૬૭ની કલમ-૨૦ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે?

મુદ્દા નં.૨૨ શું ફરિયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે આ ચુકાદાના શીર્ષકમાં જણાવેલાં તમામ આરોપીઓએ ભેગા મળી ગુનાહિત કાવતરાના ભાગરૂપે એકબીજાની મદદગારીથી પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવાના હેતુથી ત્રાસવાદી કૃત્યો કરવાના તેમજ તેમણે રચેલા ગુનાહિત કાવતરાને સફળ બનાવવા માટે પ્રત્યક્ષ સ્વરૂપે જોખમી વિસ્ફોટકો કે જે વિનાશ કરવા સક્ષમ હતાં તેવા વિસ્ફોટકો, બોમ્બ, ડીટોનેટર, એમોનીયમ નાઇટ્રેટને ગેરકાયદેસર રીતે પોતાના કબજામાં રાખી તેનો ઉપયોગ અમદાવાદ શહેરમાં જુદી-જુદી ચોવીસ જગ્યાઓ ઉપર તેમજ મુ.કલોલ તથા ગાંધીનગરની એક જગ્યા ઉપર કરીને કુલ-૫૬ વ્યકિતઓના મૃત્યુ નીપજાવેલાં તથા કુલ-૨૪૦ ઉપરાંત વ્યકિતઓને મૃત્યુ નીપજાવવાના ઈરાદે ગંભીર ઈજાઓ કરેલી તેમજ સુરત શહેરમાં મૃત્યુ નિપજાવવાના ઈરાદે વિસ્ફોટ થઇ શકે તેવા બોમ્બ મુકીને અનલોકુલ એકટીવીટીઝ

(પ્રિવેન્શન) એકટ–૧૯૬૭ ની કલમ–૨૩ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે?

<u>મુદ્દા નં.૨૩</u> શું ફરિયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે આ ચુકાદાના શીર્ષકમાં જણાવેલાં તમામ આરોપીઓએ ભેગા મળી ગુનાહિત કાવતરાના ભાગરૂપે એકબીજાની મદદગારીથી પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવાના હેતુથી "સીમી" નામના પ્રતિબંધિત ત્રાસવાદી સંગઠન સાથે સામેલ થઇ ત્રાસવાદી સંગઠનની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ આગળ વધે તે માટે સંગઠનમાં સભ્યપદ મેળવી સંગઠનના સભ્ય થઇ અનલોફુલ એકટીવીટીઝ (પ્રિવેન્શન) એકટ–૧૯૬૭ની કલમ–૩૮ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે?

<u>મુદ્દા નં.૨૪</u> શું ફરિયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે આ ચુકાદાના શીર્ષકમાં જણાવેલાં તમામ આરોપીઓએ ભેગા મળી ગુનાહિત કાવતરાના ભાગરૂપે એકબીજાની મદદગારીથી પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવાના હેતુથી "સીમી" નામની પ્રતિબંધિત સંગઠન છે તેવું જાણવા છતાં સંગઠનની ગેરકાયદેસરની પ્રવૃત્તિને ટેકો આપી, સંગઠનની પ્રવૃત્તિ આગળ વધારવાના ઈરાદે જુદી–જુદી જગ્યાઓ ઉપર મીટીંગો ગોઠવી, મીટીંગોનું સંચાલન કરી, મીટીંગોમાં ભાષણો કરી, જેહાદ કરવાની જાહેરાત કરી, ઈસ્લામ ધર્મની સ્થાપના કરવાના હેતુથી બોમ્બ બ્લાસ્ટ કરવાનું નકકી કરી તમામ આરોપીઓએ સંગઠનને ટેકો આપી અનલોફુલ એકટીવીટીઝ (પ્રિવેન્શન) એકટ–૧૯૬૭ ની કલમ–૩૯ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે?

<u>મુદ્દા નં.૨૫</u> શું ફરિયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે આ ચુકાદાના શીર્ષકમાં જણાવેલાં તમામ આરોપીઓએ ભેગા મળી ગુનાહિત કાવતરાના ભાગરૂપે એકબીજાની મદદગારીથી પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવાના હેતુથી "સીમી" નામની પ્રતિબંધિત સંગઠનની ગેરકાયદેસરની પ્રવૃત્તિઓ માટે જુદી-જુદી રીતે નાણાં એકત્રિત કરી તે નાણાંનો ઉપયોગ સંગઠનની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ કરવાં તેમજ સંગઠનની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ આ નાણાંથી આગળ વધશે તેવું તે જાણતા હોવા છતાં આવા ગેરકાયેદસર અને પ્રતિબંધિત સંગઠનને નાણાં પુરા પાડી અનલોકુલ એકટીવીટીઝ (પ્રિવેન્શન) એકટ-૧૯૬૭ ની કલમ-૪૦ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે?

<u>મુદ્દા નં.૨૬</u> શું ફરિયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે આ ચુકાદાના શીર્ષકમાં જણાવેલાં તમામ આરોપીઓએ ભેગા મળી ગુનાહિત કાવતરાના ભાગરૂપે એકબીજાની મદદગારીથી પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવાના હેતુથી અમદાવાદ શહેરમાં જુદી-જુદી ચોવીસ જગ્યાઓ ઉપર તેમજ મુ.કલોલ જિ.ગાંધીનગરની એક જગ્યા ઉપર સ્ફોટક પદાર્થો ધરાવતા બોમ્બ મુકેલાં અને તે એવી જાણકારી અને જ્ઞાન સાથે મુકેલાં કે જો સ્ફોટક પદાર્થોવાળા બોમ્બ ફુટશે તો મોટાપાયે જાનમાલને નુકસાન થશે આવી તેઓને જાણકારી તથા જ્ઞાન હોવા છતાં જુદી-જુદી જગ્યાઓ ઉપર સ્ફોટક પદાર્થોવાળા બોમ્બ મુકી ધડાકાઓ કરેલાં જેનાથી કુલ-૫૬ વ્યકિતઓના મૃત્યુ નીપજાવેલાં અને કુલ-૨૪૦ વ્યકિતઓને ગંભીર ઈજાઓ પહોંચાડી અને સુરત શહેરમાં કુલ-૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના ઈરાદાથી બોમ્બ પ્લાન્ટેશન કરીને એક્ષપ્લોજીવ

સબસ્ટન્સીઝ એકટ–૧૯૦૮ ની કલમ–૩ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે?

<u>મુદ્દા નં.૨૭</u> શું ફરિયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે આ ચુકાદાના શીર્ષકમાં જણાવેલાં તમામ આરોપીઓએ ભેગા મળી ગુનાહિત કાવતરાના ભાગરૂપે એકબીજાની મદદગારીથી પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવાના હેતુથી અમદાવાદ શહેરમાં જુદી–જુદી ચોવીસ જગ્યાઓ ઉપર તેમજ મુ.કલોલ, જિ.ગાંધીનગરની એક જગ્યા ઉપર તેમજ સુરત શહેરમાં જુદી–જુદી કુલ–૨૯ જગ્યાઓ ઉપર સ્ફોટક પદાર્થો ધરાવતા બોમ્બ મુકેલાં અને તે એવી જાણકારી અને જ્ઞાન સાથે મુકેલાં કે જો સ્ફોટક પદાર્થોવાળા બોમ્બ ફુટશે તો મોટાપાયે જાનમાલને નુકસાન થશે તથા ખાનગી અને જાહેર મિલકતોને પણ નુકસાન થશે આવી તેઓને જાણકારી તથા જ્ઞાન હોવા છતાં જુદી–જુદી જગ્યાઓ ઉપર સ્ફોટક પદાર્થોવાળા બોમ્બ મુકેલાં જે પૈકી અમદાવાદ શહેરમાં બોમ્બ બ્લાસ્ટ કરી મોટાપાયે જાનમાલનું નુકસાન કરી એક્ષપ્લોજીવ સબસ્ટન્સીઝ એકટ–૧૯૦૮ની કલમ–૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે?

<u>મુદ્દા નં.૨૮</u> શું ફરિયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે આ ચુકાદાના શીર્ષકમાં જણાવેલાં તમામ આરોપીઓએ ભેગા મળી ગુનાહિત કાવતરાના ભાગરૂપે એકબીજાની મદદગારીથી પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવાના હેતુથી આરોપીઓએ એકબીજાની મદદગારી કરી સ્ફોટક પદાર્થ ધરાવતા બોમ્બ ગેરકાયદેસર રીતે તૈયાર કરી તૈયાર કરેલા બોમ્બ પોતાના કબ્જા તથા નિયંત્રણમાં રાખી તે બોમ્બ માનવ જાનહાની તેમજ ખાનગી તથા જાહેર મિલકતોને નુકસાન કરવાના ઈરાદાથી જુદી–જુદી જગ્યાઓ ઉપર મુકવા માટે

અન્ય આરોપીને આપી એકસપ્લોજીવ સબસ્ટન્સીઝ એકટ–૧૯૦૮ ની કલમ–૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે?

<u>મુદ્દા નં.૨૯</u> શું ફરિયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે આ ચુકાદાના શીર્ષકમાં જણાવેલાં તમામ આરોપીઓએ ભેગા મળી ગુનાહિત કાવતરાના ભાગરૂપે એકબીજાની મદદગારીથી પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવાના હેતુથી એકસપ્લોજીવ સબસ્ટન્સીઝ એકટ હેઠળના ગુના કરવા માટે જુદી–જુદી જગ્યાઓ ઉપરથી સાઇકલો તથા વાહનો ખરીદ કરેલાં અને તે સાઇકલો તથા વાહનો છુપાવી બોમ્બ મુકવા જવા માટે અન્ય આરોપીઓને પુરા પાડી એકબીજા સાથે સહાયક કામગીરી કરી એક્ષપ્લોજીવ સબસ્ટન્સીઝ એકટ–૧૯૦૮ની કલમ–૬ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે?

<u>મુદ્દા નં.૩૦</u> શું ફરિયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે આ ચુકાદાના શીર્ષકમાં જણાવેલાં તમામ આરોપીઓએ ભેગા મળી ગુનાહિત કાવતરાના ભાગરૂપે એકબીજાની મદદગારીથી પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવાના હેતુથી આરોપી નં.૨૭નાઓએ તા.૨૬/૦૭/૦૮ ના રોજ મારૂતિ–૮૦૦ ગાડીમાં વિસ્ફોટકો અને બોમ્બ જેવી વિસ્ફોટક સામગ્રી ભરી એલ.જી. હોસ્પિટલ, મણીનગર ખાતે કમ્પાઉન્ડમાં મુકેલી તથા આરોપી નં.૨૮નાઓએ પણ આજ તારીખે મારૂતિ વેગન આર ગાડીમાં વિસ્ફોટકો અને વિસ્ફોટક બોમ્બ જેવી સામગ્રી ભરીને સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે જઈ ટ્રોમા સેન્ટર નજીક એવા ઈરાદા સાથે મુકેલી કે ગાડીઓમાં ભરેલા બોમ્બ ફુટશે તો પ્રજામાં ભય અને આતંક ફેલાશે, નિર્દોષ લોકોના જાનમાલને નુકસાન થશે તેમજ જાહેર અને ખાનગી મિલકતોને નુકસાન થશે તેવી જાણકારી સાથે વિસ્ફોટ કરેલા જેથી એલ.જી.

હોસ્પિટલને રૂા.૩,૨૫,૦૦૦/–(અંકે રૂા.ત્રણ લાખ પચ્ચીસ હજાર)નું તેમજ સિવિલ હોસ્પિટલ અમદાવાદની બિલ્ડિંગને રૂા.૧,૮૨,૧૫,૦૦૦ (અંકે રૂા.એક કરોડ બ્યાંશી લાખ પંદર હજાર) નુ નુકસાન કરી ડેમેજ ટુ પબ્લીક પ્રોપર્ટી એકટ–૧૯૮૪ ની કલમ–૩(૧) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે?

<u>મુદ્દા નં.૩૧</u> શું ફરિયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે આ ચુકાદાના શીર્ષકમાં જણાવેલાં તમામ આરોપીઓએ ભેગા મળી ગુનાહિત કાવતરાના ભાગરૂપે એકબીજાની મદદગારીથી પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવાના હેતુથી આરોપી નં.૦૩નાઓએ અન્ય આરોપીઓની મદદથી બનાવની તારીખ, સમય અને સ્થળે એ.એમ.ટી.એસ. બસ નં.GJ–01–W–8390, રૂટ નં.૧૫૦ મા એવા ઈરાદે બોમ્બ મુકેલો કે આ બોમ્બ ફુટવાથી પ્રજામાં ભય અને આતંક ફેલાશે, નિર્દોષ લોકોના જાનમાલને નુકસાન થશે તેમજ ખાનગી તેમજ જાહેર મિલકતોને પણ નુકસાન થશે એવું જાણવા છતાં ઈરાદાપૂર્વક આ બસમાં બોમ્બ મુકીને બ્લાસ્ટ કરી બસને રૂા.૫,૯૦,૦૦૦/– (અંકે રૂા.પાંચ લાખ નેવું હજાર) નુ નુકસાન કરી ડેમેજ ટુ પબ્લીક પ્રોપર્ટી એકટ–૧૯૮૪ ની કલમ–૩(૨) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે?

<u>મુદ્દા નં.૩૨</u> શું ફરિયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે આ ચુકાદાના શીર્ષકમાં જણાવેલાં તમામ આરોપીઓએ ભેગા મળી ગુનાહિત કાવતરાના ભાગરૂપે એકબીજાની મદદગારીથી પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવાના હેતુથી આરોપી નં.૦૩ નાઓએ અન્ય આરોપીઓની મદદથી બનાવની તારીખ, સમય અને સ્થળે એ. એમ.ટી.એસ. બસ નં.GJ–01–W–8390, રૂટ નં.૧૫૦માં બોમ્બ

મુકી બ્લાસ્ટ કરેલો અને આરોપી નં.૨૭ નાઓએ એલ.જી. હોસ્પિટલ મણીનગર ખાતે ગેસનો બોટલ મારૂતિ કાર–૮૦૦ મા મુકી તે મારૂતિ કાર હોસ્પિટલના કમ્પાઉન્ડમાં મુકી બ્લાસ્ટ કરેલો તેમજ આરોપી નં.૨૮ નાઓએ અન્ય આરોપીઓની મદદથી સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે ટ્રોમા સેન્ટર પાસે ગેસનો બોટલ ભરેલો મારૂતિ વેગન આર કાર મુકી બ્લાસ્ટ કરેલો અને ભયંકર બ્લાસ્ટના કારણે જાહેર તેમજ ખાનગી મિલકતોને મોટાપાયે નુકસાન કરી ડેમેજ ટુ પબ્લીક પ્રોપર્ટી એકટ–૧૯૮૪ ની કલમ–૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે?

<u>મુદ્દા નં.૩૩</u> શું ફરિયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે આ ચુકાદાના શીર્ષકમાં જણાવેલાં તમામ આરોપીઓએ ભેગા મળી ગુનાહિત કાવતરાના ભાગરૂપે એકબીજાની મદદગારીથી પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવાના હેતુથી પ્રજામાં ભય અને આતંક ફેલાવવાના ઈરાદે આરોપી નં.૩૨, ૩૩,૩૪ અને ૪૪ નાઓએ અન્ય આરોપીઓની મદદથી પુના તેમજ મુંબઈ ખાતે રોકાણ કરી, મુંબઈ ખાતે કેન્લી હેવુડ નામની વ્યકિતના તથા ખાલસા કૉલેજ મુંબઈના તેમજ અન્ય વાઈ–ફાઈ કનેકશનો તેમના માલિકોની સંમતિ વિના અનઅધિકૃત રીતે મેળવી પોતાના લેપટોપ દ્વારા જુદી–જુદી ન્યૂઝ ચેનલોને ઈ–મેઈલ કરી તેમજ તા.૨૬/૦૭/૨૦૦૮ના રોજ તથા ત્યારબાદ "ધી રાઈઝ ઓફ જેહાદ ઓફ ગુજરાત" ના હેડીંગવાળો તથા "ધી કાર્સ ધેટ ડિવેસ્ટેટ યુ" ના હેડીંગવાળા ઈ–મેઈલ કરી તથા તે લેપટોપ પોતાના કબજામાં રાખી ઈ–મેઈલ કર્યાનો પુરાવો નાશ કરી લેપટોપમાંથી ડિલીટ કરી ઈન્ફોર્મેશન ટેકનોલોજી એકટ–૨૦૦૦ ની કલમ–૬૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે?

મુદ્દા નં.૩૪ શું ફરિયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે આ ચુકાદાના શીર્ષકમાં જણાવેલાં તમામ આરોપીઓએ ભેગા મળી ગુનાહિત કાવતરાના ભાગરૂપે એકબીજાની મદદગારીથી પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવાના હેતુથી પ્રજામાં ભય અને આતંક ફેલાવવાના ઈરાદે આરોપી નં. ૩૨, ૩૩, ૩૪ અને ૪૪નાઓએ અન્ય આરોપીઓની મદદથી પુના તેમજ મુંબઈ ખાતે રોકાણ કરી, મુંબઈ ખાતે કેન્લી હેવુડ નામની વ્યકિતના તથા ખાલસા કૉલેજ મુંબઈના તેમજ અન્ય વાઈ-ફાઈ કનેકશનો તેમના માલિકોની સંમતિ વિના અનઅધિકૃત રીતે મેળવી ઈરાદાપૂર્વક સાર્વજનિક રીતે નુકસાન થાય તે માટે કમ્પ્યુટર હેક કરી તેમાં ફેરફાર કરી કમ્પ્યુટરમાં રહેલી માહિતી નષ્ટ કરી પોતાના લેપટોપ દ્વારા જુદી-જુદી ન્યૂઝ ચેનલોને ઈ-મેઈલ કરી તેમજ તા.૨૬/૦૭/૨૦૦૮ ના રોજ તથા ત્યારબાદ "ધી રાઈઝ ઓફ જેહાદ ઓફ ગુજરાત"ના હેડીંગવાળો તથા "ધી કાર્સ ધેટ ડિવેસ્ટેટ યુ" ના હેડીંગવાળા ઈ-મેઈલ કરી તથા તે લેપટોપ પોતાના કબજામાં રાખી ઈ-મેઈલ કર્યાનો પુરાવો નાશ કરી લેપટોપમાંથી ડિલીટ કરી ઈન્ફોર્મેશન ટેકનોલોજી એકટ-૨૦૦૦ની કલમ-૬૬ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે?

મુદ્દા નં.૩૫ શું ફરિયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે આ ચુકાદાના શીર્ષકમાં જણાવેલાં તમામ આરોપીઓએ ભેગા મળી ગુનાહિત કાવતરાના ભાગરૂપે એકબીજાની મદદગારીથી પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવાના હેતુથી આરોપી નં.૦૭નાઓએ અન્ય આરોપીઓની મદદથી પરવાના વગરના ગેરકાયદેસર દેશી તમંચા જેવા હથિયારો પોતાના કબજામાં રાખી આર્મ્સ એકટ-૧૯૫૯ ની કલમ-૨૫(૧)(બી)(એ),૨૭મુજબનોશિક્ષાપાત્ર ગુનો કરેલો છે?

મુદ્દા નં.૩૬ શું આખરી હુકમ?

(૨૬) ઉપરોકત મુદ્દાઓના જવાબોઃ–

મુદ્દા નં.(૧) આરોપી નં.૧૭,૧૯,૨૩, ૨૪, ૨૫, ૨૯, ૩૩, ૩૪, ૪૧, ૪૮, ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૫૮, ૬૧, ૬૨, ૬૪, ૬૫, ૬૭, ૬૮, ૭૧, ૭૨, ૭૩, ૭૬, ૭૭ નાઓ માટે નકારમાં.

જયારે આરોપી નં.૦૧, ૦૨, ૦૩, ૦૪, ૦૫, ૦૬, ૦૭, ૦૮, ૦૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૮, ૨૦, ૨૧, ૨૨, ૨૬, ૨૭, ૨૮, ૩૦, ૩૧, ૩૨, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૯, ૫૦, ૫૯, ૬૦, ૬૩, ૬૬, ૬૯, ૭૦, ૭૪, ૭૫, ૭૮ નાઓ માટે હકારમાં.

મુદ્દા નં.(૨) આરોપી નં.૧૭,૧૯,૨૩, ૨૪, ૨૫, ૨૯, ૩૩, ૩૪, ૪૧, ૪૮, ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૫૮, ૬૧, ૬૨, ૬૪, ૬૫, ૬૭, ૬૮, ૭૧, ૭૨, ૭૩, ૭૬, ૭૭ નાઓ માટે નકારમાં.

જયારે આરોપી નં.૦૧, ૦૨, ૦૩, ૦૪, ૦૫, ૦૬, ૦૭, ૦૮, ૦૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૮, ૨૦, ૨૧, ૨૨, ૨૬, ૨૭, ૨૮, ૩૦, ૩૧, ૩૨, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૯, ૫૦, ૫૯, ૬૦, ૬૩, ૬૬, ૬૯, ૭૦, ૭૪, ૭૫, ૭૮ નાઓ માટે હકારમાં.

મુદ્દા નં.(૩) આરોપી નં.૧૭,૧૯,૨૩, ૨૪, ૨૫, ૨૯, ૩૩, ૩૪, ૪૧, ૪૮, ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૫૮, ૬૧, ૬૨, ૬૪, ૬૫, ૬૭, ૬૮, ૭૧, ૭૨, ૭૩, ૭૬, ૭૭ નાઓ માટે નકારમાં.

જયારે આરોપી નં.૦૧, ૦૨, ૦૩, ૦૪, ૦૫, ૦૬, ૦૭, ૦૮, ૦૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૮, ૨૦, ૨૧, ૨૨, ૨૬, ૨૭, ૨૮, ૩૦, ૩૧, ૩૨, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯,

૪૦, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૯, ૫૦, ૫૯, ૬૦, ૬૩, ૬૬, ૬૯, ૭૦, ૭૪, ૭૫, ૭૮ નાઓ માટે હકારમાં.

મુદ્દા નં.(૪) આરોપી નં.૧૭,૧૯,૨૩,૨૪, ૨૫, ૨૯, ૩૩, ૩૪, ૪૧, ૪૮, ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૫૮, ૬૧, ૬૨, ૬૪, ૬૫, ૬૭, ૬૮, ૭૧, ૭૨, ૭૩, ૭૬, ૭૭ નાઓ માટે નકારમાં.

જ્યારે આરોપી નં.૦૧, ૦૨, ૦૩, ૦૪, ૦૫, ૦૬, ૦૭, ૦૮, ૦૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૮, ૨૦, ૨૧, ૨૨, ૨૬, ૨૭, ૨૮, ૩૦, ૩૧, ૩૨, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૯, ૫૦, ૫૯, ૬૦, ૬૩, ૬૬, ૬૯, ૭૦, ૭૪, ૭૫, ૭૮ નાઓ માટે હકારમાં.

મુદ્દા નં.(૫) આરોપી નં.૧૭,૧૯,૨૩,૨૪, ૨૫, ૨૯, ૩૩, ૩૪, ૪૧, ૪૮, ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૫૮, ૬૧, ૬૨, ૬૪, ૬૫, ૬૭, ૬૮, ૭૧, ૭૨, ૭૩, ૭૬, ૭૭ નાઓ માટે નકારમાં.

જ્યારે આરોપી નં.૦૧, ૦૨, ૦૩, ૦૪, ૦૫, ૦૬, ૦૭, ૦૮, ૦૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૮, ૨૦, ૨૧, ૨૨, ૨૬, ૨૭, ૨૮, ૩૦, ૩૧, ૩૨, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૯, ૫૦, ૫૯, ૬૦, ૬૩, ૬૬, ૬૯, ૭૦, ૭૪, ૭૫, ૭૮ નાઓ માટે હકારમાં.

મુદ્દા નં.(૬) આરોપી નં.૧૭,૧૯,૨૩, ૨૪, ૨૫, ૨૯, ૩૩, ૩૪, ૪૧, ૪૮, ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૫૮, ૬૧, ૬૨, ૬૪, ૬૫, ૬૭, ૬૮, ૭૧, ૭૨, ૭૩, ૭૬, ૭૭ નાઓ માટે નકારમાં.

જ્યારે આરોપી નં.૦૧, ૦૨, ૦૩, ૦૪, ૦૫, ૦૬, ૦૭, ૦૮, ૦૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૮, ૨૦, ૨૧, ૨૨, ૨૬, ૨૭, ૨૮, ૩૦, ૩૧, ૩૨, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯,

૪૦, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૯, ૫૦, ૫૯, ૬૦, ૬૩, ૬૬, ૬૯, ૭૦, ૭૪, ૭૫, ૭૮ નાઓ માટે હકારમાં.

મુદ્દા નં.(૭) આરોપી નં.૧૭,૧૯,૨૩,૨૪, ૨૫, ૨૯, ૩૩, ૩૪, ૪૧, ૪૮, ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૫૮, ૬૧, ૬૨, ૬૪, ૬૫, ૬૭, ૬૮, ૭૧, ૭૨, ૭૩, ૭૬, ૭૭ નાઓ માટે નકારમાં.

જ્યારે આરોપી નં.૦૧, ૦૨, ૦૩, ૦૪, ૦૫, ૦૬, ૦૭, ૦૮, ૦૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૮, ૨૦, ૨૧, ૨૨, ૨૬, ૨૭, ૨૮, ૩૦, ૩૧, ૩૨, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૯, ૫૦, ૫૯, ૬૦, ૬૩, ૬૬, ૬૯, ૭૦, ૭૪, ૭૫, ૭૮ નાઓ માટે હકારમાં.

મુદ્દા નં.(૮) આરોપી નં.૧૭,૧૯,૨૩, ૨૪, ૨૫, ૨૯, ૩૩, ૩૪, ૪૧, ૪૮, ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૫૮, ૬૧, ૬૨, ૬૪, ૬૫, ૬૭, ૬૮, ૭૧, ૭૨, ૭૩, ૭૬, ૭૭ નાઓ માટે નકારમાં.

જ્યારે આરોપી નં.૦૧, ૦૨, ૦૩, ૦૪, ૦૫, ૦૬, ૦૭, ૦૮, ૦૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૮, ૨૦, ૨૧, ૨૨, ૨૬, ૨૭, ૨૮, ૩૦, ૩૧, ૩૨, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૯, ૫૦, ૫૯, ૬૦, ૬૩, ૬૬, ૬૯, ૭૦, ૭૪, ૭૫, ૭૮ નાઓ માટે હકારમાં.

મુદ્દા નં.(૯) આરોપી નં.૧૭,૧૯,૨૩, ૨૪, ૨૫, ૨૯, ૩૩, ૩૪, ૪૧, ૪૮, ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૫૮, ૬૧, ૬૨, ૬૪, ૬૫, ૬૭, ૬૮, ૭૧, ૭૨, ૭૩, ૭૬, ૭૭ નાઓ માટે નકારમાં.

જ્યારે આરોપી નં.૦૧, ૦૨, ૦૩, ૦૪, ૦૫, ૦૬, ૦૭, ૦૮, ૦૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૮, ૨૦, ૨૧, ૨૨, ૨૬, ૨૭, ૨૮, ૩૦, ૩૧, ૩૨, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯,

૪૦, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૯, ૫૦, ૫૯, ૬૦, ૬૩, ૬૬, ૬૯, ૭૦, ૭૪, ૭૫, ૭૮ નાઓ માટે હકારમાં.

મુદ્દા નં.(૧૦) આરોપી નં.૧૭,૧૯,૨૩, ૨૪, ૨૫, ૨૯, ૩૩, ૩૪, ૪૧, ૪૮, ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૫૮, ૬૧, ૬૨, ૬૪, ૬૫, ૬૭, ૬૮, ૭૧, ૭૨, ૭૩, ૭૬, ૭૭ નાઓ માટે નકારમાં.

જયારે આરોપી નં.૦૧, ૦૨, ૦૩, ૦૪, ૦૫, ૦૬, ૦૭, ૦૮, ૦૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૮, ૨૦, ૨૧, ૨૨, ૨૬, ૨૭, ૨૮, ૩૦, ૩૧, ૩૨, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૯, ૫૦, ૫૯, ૬૦, ૬૩, ૬૬, ૬૯, ૭૦, ૭૪, ૭૫, ૭૮ નાઓ માટે હકારમાં.

મુદ્દા નં.(૧૧) આરોપી નં.૧૭,૧૯,૨૩, ૨૪, ૨૫, ૨૯, ૩૩, ૩૪, ૪૧, ૪૮, ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૫૮, ૬૧, ૬૨, ૬૪, ૬૫, ૬૭, ૬૮, ૭૧, ૭૨, ૭૩, ૭૬, ૭૭ નાઓ માટે નકારમાં.

જયારે આરોપી નં.૦૧, ૦૨, ૦૩, ૦૪, ૦૫, ૦૬, ૦૭, ૦૮, ૦૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૮, ૨૦, ૨૧, ૨૨, ૨૬, ૨૭, ૨૮, ૩૦, ૩૧, ૩૨, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૯, ૫૦, ૫૯, ૬૦, ૬૩, ૬૬, ૬૯, ૭૦, ૭૪, ૭૫, ૭૮ નાઓ માટે હકારમાં.

મુદ્દા નં.(૧૨) આરોપી નં.૧૭,૧૯,૨૩, ૨૪, ૨૫, ૨૯, ૩૩, ૩૪, ૪૧, ૪૮, ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૫૮, ૬૧, ૬૨, ૬૪, ૬૫, ૬૭, ૬૮, ૭૧, ૭૨, ૭૩, ૭૬, ૭૭ નાઓ માટે નકારમાં.

જયારે આરોપી નં.૦૧, ૦૨, ૦૩, ૦૪, ૦૫, ૦૬, ૦૭, ૦૮, ૦૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૮, ૨૦, ૨૧, ૨૨, ૨૬, ૨૭, ૨૮, ૩૦, ૩૧, ૩૨, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯,

૪૦, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૯, ૫૦, ૫૯, ૬૦, ૬૩, ૬૬, ૬૯, ૭૦, ૭૪, ૭૫, ૭૮ નાઓ માટે હકારમાં.

મુદ્દા નં.(૧૩) આરોપી નં.૧૭,૧૯,૨૩, ૨૪, ૨૫, ૨૯, ૩૩, ૩૪, ૪૧, ૪૮, ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૫૮, ૬૧, ૬૨, ૬૪, ૬૫, ૬૭, ૬૮, ૭૧, ૭૨, ૭૩, ૭૬, ૭૭ નાઓ માટે નકારમાં.

જયારે આરોપી નં.૦૧, ૦૨, ૦૩, ૦૪, ૦૫, ૦૬, ૦૭, ૦૮, ૦૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૮, ૨૦, ૨૧, ૨૨, ૨૬, ૨૭, ૨૮, ૩૦, ૩૧, ૩૨, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૯, ૫૦, ૫૯, ૬૦, ૬૩, ૬૬, ૬૯, ૭૦, ૭૪, ૭૫, ૭૮ નાઓ માટે હકારમાં.

મુદ્દા નં.(૧૪) તમામ આરોપીઓ માટે નકારમાં.

મુદ્દા નં.(૧૫) તમામ આરોપીઓ માટે નકારમાં.

મુદ્દા નં.(૧૬) આરોપી નં.૧૭,૧૯,૨૩,૨૪, ૨૫, ૨૯, ૩૩, ૩૪, ૪૧, ૪૮, ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૫૮, ૬૧, ૬૨, ૬૪, ૬૫, ૬૭, ૬૮, ૭૧, ૭૨, ૭૩, ૭૬, ૭૭ નાઓ માટે નકારમાં.

જયારે આરોપી નં.૦૧, ૦૨, ૦૩, ૦૪, ૦૫, ૦૬, ૦૭, ૦૮, ૦૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૮, ૨૦, ૨૧, ૨૨, ૨૬, ૨૭, ૨૮, ૩૦, ૩૧, ૩૨, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૯, ૫૦, ૫૯, ૬૦, ૬૩, ૬૬, ૬૯, ૭૦, ૭૪, ૭૫, ૭૮ નાઓ માટે હકારમાં.

મુદ્દા નં.(૧૭) આરોપી નં.૧૭,૧૯,૨૩,૨૪, ૨૫, ૨૯, ૩૩, ૩૪, ૪૧, ૪૮, ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૫૮, ૬૧, ૬૨, ૬૪, ૬૫, ૬૭, ૬૮, ૭૧, ૭૨, ૭૩, ૭૬, ૭૭ નાઓ માટે નકારમાં.

જ્યારે આરોપી નં.૦૧, ૦૨, ૦૩, ૦૪, ૦૫, ૦૬, ૦૭, ૦૮, ૦૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૮, ૨૦, ૨૧, ૨૨, ૨૬, ૨૭, ૨૮, ૩૦, ૩૧, ૩૨, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૯, ૫૦, ૫૯, ૬૦, ૬૩, ૬૬, ૬૯, ૭૦, ૭૪, ૭૫, ૭૮ નાઓ માટે હકારમાં.

મુદ્દા નં.(૧૮) આરોપી નં.૧૭,૧૯, ૨૩,૨૪, ૨૫, ૨૯, ૩૩, ૩૪, ૪૧, ૪૮, ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૫૮, ૬૧, ૬૨, ૬૪, ૬૫, ૬૭, ૬૮, ૭૧, ૭૨, ૭૩, ૭૬, ૭૭ નાઓ માટે નકારમાં.

જ્યારે આરોપી નં.૦૧, ૦૨, ૦૩, ૦૪, ૦૫, ૦૬, ૦૭, ૦૮, ૦૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૮, ૨૦, ૨૧, ૨૨, ૨૬, ૨૭, ૨૮, ૩૦, ૩૧, ૩૨, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૯, ૫૦, ૫૯, ૬૦, ૬૩, ૬૬, ૬૯, ૭૦, ૭૪, ૭૫, ૭૮ નાઓ માટે હકારમાં.

મુદ્દા નં.(૧૯) આરોપી નં.૧૭,૧૯,૨૩,૨૪, ૨૫, ૨૯, ૩૩, ૩૪, ૪૧, ૪૮, ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૫૮, ૬૧, ૬૨, ૬૪, ૬૫, ૬૭, ૬૮, ૭૧, ૭૨, ૭૩, ૭૬, ૭૭ નાઓ માટે નકારમાં.

જ્યારે આરોપી નં.૦૧, ૦૨, ૦૩, ૦૪, ૦૫, ૦૬, ૦૭, ૦૮, ૦૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૮, ૨૦, ૨૧, ૨૨, ૨૬, ૨૭, ૨૮, ૩૦, ૩૧, ૩૨, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૯, ૫૦, ૫૯, ૬૦, ૬૩, ૬૬, ૬૯, ૭૦, ૭૪, ૭૫, ૭૮ નાઓ માટે હકારમાં.

મુદ્દા નં.(૨૦) તમામ આરોપીઓ માટે નકારમાં.

મુદ્દા નં.(૨૧) આરોપી નં.૧૭,૧૯,૨૩, ૨૪, ૨૫, ૨૯, ૩૩, ૩૪, ૪૧, ૪૮, ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૫૮, ૬૧, ૬૨, ૬૪, ૬૫, ૬૭, ૬૮, ૭૧, ૭૨, ૭૩, ૭૬, ૭૭ નાઓ માટે નકારમાં.

જયારે આરોપી નં.૦૧, ૦૨, ૦૩, ૦૪, ૦૫, ૦૬, ૦૭, ૦૮, ૦૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૮, ૨૦, ૨૧, ૨૨, ૨૬, ૨૭, ૨૮, ૩૦, ૩૧, ૩૨, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૯, ૫૦, ૫૯, ૬૦, ૬૩, ૬૬, ૬૯, ૭૦, ૭૪, ૭૫, ૭૮ નાઓ માટે હકારમાં.

મુદ્દા નં.(૨૨) આરોપી નં.૧૭,૧૯,૨૩, ૨૪, ૨૫, ૨૯, ૩૩, ૩૪, ૪૧, ૪૮, ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૫૮, ૬૧, ૬૨, ૬૪, ૬૫, ૬૭, ૬૮, ૭૧, ૭૨, ૭૩, ૭૬, ૭૭ નાઓ માટે નકારમાં.

જયારે આરોપી નં.૦૧, ૦૨, ૦૩, ૦૪, ૦૫, ૦૬, ૦૭, ૦૮, ૦૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૮, ૨૦, ૨૧, ૨૨, ૨૬, ૨૭, ૨૮, ૩૦, ૩૧, ૩૨, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૯, ૫૦, ૫૯, ૬૦, ૬૩, ૬૬, ૬૯, ૭૦, ૭૪, ૭૫, ૭૮ નાઓ માટે હકારમાં.

મુદ્દા નં.(૨૩) આરોપી નં.૧૭,૧૯,૨૩, ૨૪, ૨૫, ૨૯, ૩૩, ૩૪, ૪૧, ૪૮, ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૫૮, ૬૧, ૬૨, ૬૪, ૬૫, ૬૭, ૬૮, ૭૧, ૭૨, ૭૩, ૭૬, ૭૭ નાઓ માટે નકારમાં.

જયારે આરોપી નં.૦૧, ૦૨, ૦૩, ૦૪, ૦૫, ૦૬, ૦૭, ૦૮, ૦૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૮, ૨૦, ૨૧, ૨૨, ૨૬, ૨૭, ૨૮, ૩૦, ૩૧, ૩૨, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૯, ૫૦, ૫૯, ૬૦, ૬૩, ૬૬, ૬૯, ૭૦, ૭૪, ૭૫, ૭૮ નાઓ માટે હકારમાં.

મુદ્દા નં.(૨૪) આરોપી નં.૧૭,૧૯,૨૩, ૨૪, ૨૫, ૨૯, ૩૩, ૩૪, ૪૧, ૪૮, ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૫૮, ૬૧, ૬૨, ૬૪, ૬૫, ૬૭, ૬૮, ૭૧, ૭૨, ૭૩, ૭૬, ૭૭ નાઓ માટે નકારમાં.

જયારે આરોપી નં.૦૧, ૦૨, ૦૩, ૦૪, ૦૫, ૦૬, ૦૭, ૦૮, ૦૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૮, ૨૦, ૨૧, ૨૨, ૨૬, ૨૭, ૨૮, ૩૦, ૩૧, ૩૨, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૯, ૫૦, ૫૯, ૬૦, ૬૩, ૬૬, ૬૯, ૭૦, ૭૪, ૭૫, ૭૮ નાઓ માટે હકારમાં.

મુદ્દા નં.(૨૫) તમામ આરોપીઓ માટે નકારમાં.

મુદ્દા નં.(૨૬) આરોપી નં.૧૭,૧૯,૨૩, ૨૪, ૨૫, ૨૯, ૩૩, ૩૪, ૪૧, ૪૮, ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૫૮, ૬૧, ૬૨, ૬૪, ૬૫, ૬૭, ૬૮, ૭૧, ૭૨, ૭૩, ૭૬, ૭૭ નાઓ માટે નકારમાં.

જયારે આરોપી નં.૦૧, ૦૨, ૦૩, ૦૪, ૦૫, ૦૬, ૦૭, ૦૮, ૦૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૮, ૨૦, ૨૧, ૨૨, ૨૬, ૨૭, ૨૮, ૩૦, ૩૧, ૩૨, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૯, ૫૦, ૫૯, ૬૦, ૬૩, ૬૬, ૬૯, ૭૦, ૭૪, ૭૫, ૭૮ નાઓ માટે હકારમાં.

મુદ્દા નં.(૨૭) આરોપી નં.૧૭,૧૯,૨૩, ૨૪, ૨૫, ૨૯, ૩૩, ૩૪, ૪૧, ૪૮, ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૫૮, ૬૧, ૬૨, ૬૪, ૬૫, ૬૭, ૬૮, ૭૧, ૭૨, ૭૩, ૭૬, ૭૭ નાઓ માટે નકારમાં.

જયારે આરોપી નં.૦૧, ૦૨, ૦૩, ૦૪, ૦૫, ૦૬, ૦૭, ૦૮, ૦૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૮, ૨૦, ૨૧, ૨૨, ૨૬, ૨૭, ૨૮, ૩૦, ૩૧, ૩૨, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯,

૪૦, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૯, ૫૦, ૫૯, ૬૦, ૬૩, ૬૬, ૬૯, ૭૦, ૭૪, ૭૫, ૭૮ નાઓ માટે હકારમાં.

મુદ્દા નં.(૨૮) આરોપી નં.૧૭,૧૯,૨૩,૨૪, ૨૫, ૨૯, ૩૩, ૩૪, ૪૧, ૪૮, ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૫૮, ૬૧, ૬૨, ૬૪, ૬૫, ૬૭, ૬૮, ૭૧, ૭૨, ૭૩, ૭૬, ૭૭ નાઓ માટે નકારમાં.

જયારે આરોપી નં.૦૧, ૦૨, ૦૩, ૦૪, ૦૫, ૦૬, ૦૭, ૦૮, ૦૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૮, ૨૦, ૨૧, ૨૨, ૨૬, ૨૭, ૨૮, ૩૦, ૩૧, ૩૨, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૯, ૫૦, ૫૯, ૬૦, ૬૩, ૬૬, ૬૯, ૭૦, ૭૪, ૭૫, ૭૮ નાઓ માટે હકારમાં.

મુદ્દા નં.(૨૯) આરોપી નં.૧૭,૧૯,૨૩,૨૪, ૨૫, ૨૯, ૩૩, ૩૪, ૪૧, ૪૮, ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૫૮, ૬૧, ૬૨, ૬૪, ૬૫, ૬૭, ૬૮, ૭૧, ૭૨, ૭૩, ૭૬, ૭૭ નાઓ માટે નકારમાં.

જયારે આરોપી નં.૦૧, ૦૨, ૦૩, ૦૪, ૦૫, ૦૬, ૦૭, ૦૮, ૦૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૮, ૨૦, ૨૧, ૨૨, ૨૬, ૨૭, ૨૮, ૩૦, ૩૧, ૩૨, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૯, ૫૦, ૫૯, ૬૦, ૬૩, ૬૬, ૬૯, ૭૦, ૭૪, ૭૫, ૭૮ નાઓ માટે હકારમાં.

મુદ્દા નં.(૩૦) આરોપી નં.૧૭,૧૯,૨૩, ૨૪, ૨૫, ૨૯, ૩૩, ૩૪, ૪૧, ૪૮, ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૫૮, ૬૧, ૬૨, ૬૪, ૬૫, ૬૭, ૬૮, ૭૧, ૭૨, ૭૩, ૭૬, ૭૭ નાઓ માટે નકારમાં.

જયારે આરોપી નં.૦૧, ૦૨, ૦૩, ૦૪, ૦૫, ૦૬, ૦૭, ૦૮, ૦૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૮, ૨૦, ૨૧, ૨૨, ૨૬, ૨૭, ૨૮, ૩૦, ૩૧, ૩૨, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯,

૪૦, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૯, ૫૦, ૫૯, ૬૦, ૬૩, ૬૬, ૬૯, ૭૦, ૭૪, ૭૫, ૭૮ નાઓ માટે હકારમાં.

મુદ્દા નં.(૩૧) આરોપી નં.૧૭,૧૯,૨૩, ૨૪, ૨૫, ૨૯, ૩૩, ૩૪, ૪૧, ૪૮, ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૫૮, ૬૧, ૬૨, ૬૪, ૬૫, ૬૭, ૬૮, ૭૧, ૭૨, ૭૩, ૭૬, ૭૭ નાઓ માટે નકારમાં.

જયારે આરોપી નં.૦૧, ૦૨, ૦૩, ૦૪, ૦૫, ૦૬, ૦૭, ૦૮, ૦૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૮, ૨૦, ૨૧, ૨૨, ૨૬, ૨૭, ૨૮, ૩૦, ૩૧, ૩૨, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૯, ૫૦, ૫૯, ૬૦, ૬૩, ૬૬, ૬૯, ૭૦, ૭૪, ૭૫, ૭૮ નાઓ માટે હકારમાં.

મુદ્દા નં.(૩૨) આરોપી નં.૧૭,૧૯,૨૩, ૨૪, ૨૫, ૨૯, ૩૩, ૩૪, ૪૧, ૪૮, ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૫૮, ૬૧, ૬૨, ૬૪, ૬૫, ૬૭, ૬૮, ૭૧, ૭૨, ૭૩, ૭૬, ૭૭ નાઓ માટે નકારમાં.

જયારે આરોપી નં.૦૧, ૦૨, ૦૩, ૦૪, ૦૫, ૦૬, ૦૭, ૦૮, ૦૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૮, ૨૦, ૨૧, ૨૨, ૨૬, ૨૭, ૨૮, ૩૦, ૩૧, ૩૨, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૯, ૫૦, ૫૯, ૬૦, ૬૩, ૬૬, ૬૯, ૭૦, ૭૪, ૭૫, ૭૮ નાઓ માટે હકારમાં.

મુદ્દા નં.(૩૩) તમામ આરોપીઓ માટે નકારમાં.

મુદ્દા નં.(૩૪) તમામ આરોપીઓ માટે નકારમાં.

મુદ્દા નં.(૩૫) આરોપી નં.૦૭ માટે અંશતઃ હકારમાં જયારે બાકીના તમામ આરોપીઓ માટે નકારમાં.

મુદ્દા નં.(૩૬) આખરી હુકમ મુજબ.

(૨૭) મુદ્દાઓના કારણોઃ–

નોંધઃ–હવે પછી આ ચુકાદામાં આરોપીઓના પુરા નામ લખવામાં આવેલા નથી પરંતુ નામ ના જગ્યાએ જે તે આરોપીનો ફકત નંબર દર્શાવેલ છે. તે નંબર આ ચુકાદાના શીર્ષકમાં જણાવેલા કુલ– ૧ થી ૭૮ આરોપીઓના અનુક્રમ નંબર થી જે નામ,નંબર દર્શાવેલ છે તે મુજબના જે તે આરોપીનો નંબર છે.

આ કામમાં અમદાવાદ શહેરમાં તા.૨૬/૦૭/૨૦૦૮ના રોજ કુલ–૨૨ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ થયેલા એક જગ્યા ઉપર જીવંત બોમ્બ મળી આવેલો તથા મુ.કલોલ, જિ.ગાંધીનગર ખાતે એ.એમ.ટી.એસ. બસમાંથી એક જીવંત બોમ્બ મળેલો પરંતુ બ્લાસ્ટ થયેલો નહિ. આમ, કુલ–૨૪ બનાવોની જુદા–જુદા પોલીસ સ્ટેશનોમાં કુલ–૨૦ ફરિયાદો નોંધાયેલી. બનાવોની તપાસ માટે તપાસ ટીમો નીમવામાં આવેલી અને તપાસ ટીમોએ બનાવોની તપાસ કરેલી. આ બનાવોમાં જે ફરિયાદીઓએ ફરિયાદો નોંધાવેલી તે ફરિયાદ લેનાર, ફરિયાદ નોંધનાર, બનાવવાળી જગ્યાના પંચ/સાહેદો, એફ.એસ.એલ.ના અધિકારીઓ, ગુજરનારની શબ પરીક્ષણ કરનાર ડૉકટરો, ઈન્કવેસ્ટ પંચનામા વખતે હાજર પંચો, ઈજા પામનારાઓની સારવાર કરનારા ડૉકટરો તથા ઈજા પામનારાઓ બાબતે તપાસ ટીમોએ જે જે પુરાવા એકત્ર કરેલા અને ફરીયાદપક્ષ દ્વારા દરેક ગુના બાબતે મૌખિક તેમજ દસ્તાવેજી જે પુરાવા રજુ કરવામાં આવેલાં છે તે પુરાવાઓની દરેક ગુના દીઠ વિગતવાર ચર્ચા નીચે મુજબ કરવામાં આવે છે.

(૨૮) **<u>અમદાવાદ શહેરના શાહીબાગ પોલીસ સ્ટેશનની હકુમતના વિસ્તારમાં મારૂતિ વેગનઆર કારમાં બોમ્બ પ્લાન્ટેશન કરી બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલ તે બનાવ પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન.</u>**

- વિસ્તાર:- શાહીબાગ પોલીસ સ્ટેશનની હદમાં
- સ્થળ:- શાહીબાગ સિવિલ હોસ્પિટલ, ટ્રોમા સેન્ટરની સામે આવેલ વાહન પાર્કીંગ તેમજ ટ્રોમા સેન્ટરના મુખ્ય ઝાંપા પાસે પૂર્વ તરફની દિવાલ સામે ખુલ્લી જગ્યામાં.
- તારીખ:- ૨૬/૭/૨૦૦૮
- સમય:- કલાક ૧૯.૩૦ થી ૧૯.૪૫ (સાંજે)
- ગુના રજીસ્ટર નં.ફર્સ્ટ ૨૩૬/૨૦૦૮
- મરણ જનારની સંખ્યા:- સાડત્રીસ (૩૭)
- ઈજા પામનારની સંખ્યા:- નેવ્યાસી (૮૯)
- બનાવમાં વપરાયેલ વાહનઃ- મારૂતિ વેગનઆર નં.જીજે-૧-સીડી-૯૭૧૮ જેનો સાચો નં.એમએચ-૦૫-૯૭૧૮

તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ શાહીબાગ પોલીસ સ્ટેશનની હકુમતમાં આવેલ શાહીબાગ સિવિલ હોસ્પિટલ ટ્રોમા સેન્ટરની સામે આવેલ વાહન પાર્કીંગ તેમજ ટ્રોમા સેન્ટરના મુખ્ય ઝાંપા પાસે પૂર્વ તરફની દિવાલ સામે ખુલ્લી જગ્યામાં મારૂતિ વેગન આર કાર નં.જીજે-૧-સીડી-૯૭૧૮ જેનો સાચો નં.એમએચ-૦૫-૯૭૧૮ મુકીને બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલા. તેની ફરિયાદ જોગાજી નાનજી પરમાર સીનીયર પોલીસ ઈન્સ્પેકટર શાહીબાગ પોલીસ સ્ટેશનનાઓએ જાતે આપેલી. તેઓને ફરિયાદપક્ષ દ્વારા સાહેદ નં.૧ તરીકે આંક-૪૩૯ થી તપાસવામાં આવેલા છે. તેઓ પોતાની સરતપાસમાં જણાવેલ છે કે સને ૨૦૦૮ માં તેઓ શાહીબાગ પોલીસ સ્ટેશન અમદાવાદ ખાતે ફર્સ્ટ પોલીસ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાંજના

આશરે ૧૮.૩૦ ના સુમારે પોલીસ કન્ટ્રોલ રૂમ અમદાવાદ તરફથી સંદેશો મળેલો કે અમદાવાદ શહેરમાં જુદી–જુદી જગ્યાઓએ બોમ્બ ધડાકા થયેલા છે અને પોલીસ સ્ટાફ સાથે જરૂરી બંદોબસ્ત રાખવો. આ દિવસે શનિવાર હતો જેથી શાહીબાગ ખાતે આવેલ કેમ્પ હનુમાનના મંદિરે ખૂબ જ ભીડ રહેતી હોવાથી આ સાહેદ સ્ટાફ સાથે ૧૮.૩૦ કલાકે પહોંચી ગયેલા અને કેમ્પ હનુમાન ખાતે બંદોબસ્ત ગોઠવી દીધેલો હતો. ત્યારબાદ સાંજના ૧૯.૩૦ ના અરસામાં જાણવા મળેલુ કે સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટર ખાતે બોમ્બ ધડાકા થયેલા છે. જેથી આ સાહેદ પોલીસ સ્ટાફ સાથે તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચેલા. વધુમાં આ સાહેદ જણાવે છે કે ત્યાં જઈને જોયું તો ચારેય બાજુ આગ ફેલાયેલ હતી, ત્યાં ખુબ ધુમાડો દેખાતો હતો, લોકો દોડધામ કરતા હતા તેમજ કીકીયારી પાડતા હતા. બનાવમાં ઈજા પામનારાઓને સારવાર અર્થે લઈ જવામાં આવતા. આ સાહેદે વધારાનો સ્ટાફ ત્યાં બોલાવી લીધેલો અને જગ્યા કોર્ડન કરવા સુચના આપેલી. વધુમાં આ સાહેદ જણાવે છે કે બોમ્બ ધડાકાના બનાવમાં આ સ્થળે જોયુ તો માનવ અંગો વેરવિખેર થઈને પડેલ હતા તેમજ છ લાશો સ્થળ ઉપર બળેલી હાલતમાં પડેલી હતી. ત્યાં આજુબાજુ વાહનો સળગતા હતા, લોકો બચાવો બચાવોની બુમો પાડતા હતા. ત્યાં હાજર લોકોને હૈયાધારણ આપી બનાવવાળી જગ્યાએથી દુર ખસેડેલા. બનાવ બાબતે ડૉકટરો તથા અન્ય સાહેદોની પુછપરછ કરીને જાણકારી મેળવેલી. કોઈ અજાણ્યા આતંકવાદીઓએ કાવતરૂ કરી દેશમાં ભાંગફોડની પ્રવૃત્તિઓ તેમજ અરાજકતા ફેલાવવા, જાતિવાદ ભડકાવવા, દેશદ્રોહ કરીને દેશમાં ભાગલા પડાવવા, આ પ્રકારનું કૃત્ય કરેલ હોવાનું માલુમ પડેલ જેથી આ સાહેદે સરકાર તરફે પોતાના રૂબરૂપણામાં લેખિત ફરિયાદ આપેલી અને તે ફરિયાદ સૂચિપત્ર સાથે તેમના રાઈટર થકી શાહીબાગ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવા મોકલી આપેલ અને કલાક ૨૨.૦૦ કલાકે ગુનો જાહેર થયેલો અને આ ગુનો પી.એસ.ઓ. જેસંગભાઈ ગેમરભાઈનાઓએ દાખલ કરેલો અને તેમને આ ગુનાની તપાસ અર્થે ફરિયાદ તથા કાગળો આ સાહેદ તરફ મોકલી આપેલાનું જણાવેલ છે.

વધુમાં આ સાહેદની સરતપાસ પ્રમાણે આ બોમ્બ ધડાકો અમદાવાદ શહેરમાં આવેલી સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરના મુખ્ય દરવાજા સામે થયેલ હતો. આ સાહેદે જે ફરિયાદ આપેલી તે આંક–૪૬૨ થી રજૂ કરેલી છે તેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આ ફરિયાદ પોતાના સૂચિપત્ર સાથે પી.એસ.ઓ.ને ગુનો નોંધવા માટે મોકલી આપેલી તે સુચીપત્ર આંક–૪૬૩ થી રજૂ છે જેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. ત્યારબાદ તપાસ સંભાળ્યા પછી ઉપરી અધિકારીઓની સુચના મુજબ મરણ જનારા તથા ભોગ બનનારાઓના ઈન્કવેસ્ટ પંચનામા માટેની જરૂરી કાર્યવાહી કરેલી અને પોલીસ કર્મચારીઓની એક ટીમ પણ બનાવેલી. આ ગુનામાં મરણ જનાર પ્રકાશભાઈ નારણભાઈ જૈનનું ઈન્કવેસ્ટ ભરવાની કાર્યવાહી કરેલી અને તેઓની લાશ પી.એમ. માટે મોકલી આપેલી. ત્યારબાદ અન્ય મરણજનારાઓના ઈન્કવેસ્ટ પંચનામા ભરેલા અને તેઓની લાશો પણ પી.એમ. માટે મોકલી આપેલી. વધુમાં આ સાહેદની સરતપાસ પ્રમાણે રાત્રે બનાવવાળા સ્થળે આ સાહેદ રોકાયેલા અને અન્ય લાશોના ઈન્કવેસ્ટ ભરવાની કાર્યવાહી પણ આ સાહેદે તેમની ટીમના માણસો પાસે કરાવેલી તે દરમ્યાન સ્થળ ઉપર ક્રાઈમ બ્રાન્ચના તથા અન્ય ઉચ્ચ પોલીસ અધિકારીઓ પણ આવેલા ત્યારબાદ સવારના ૩.૦૦ વાગે પોલીસ કમિશનર અમદાવાદ શહેરની સુચના અનુસાર આ ગુનાની આગળની વધુ તપાસ એ.સી.પી.મુલીયાણાનાઓને સોંપી દીધેલી. ત્યારબાદ સવારના ૮.૩૦ થી રાત્રીના ૨૧.૦૦ કલાક દરમ્યાન ગુનાવાળી જગ્યા આ સાહેદે શ્રી મુલીયાણાનાઓને તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ બતાવેલી. બનાવવાળી જગ્યાએ એફ.એસ.એલ.ના આસીસ્ટન્ટ ડાયરેકટર શ્રી મોદી તથા વર્મા તજજ્ઞોની ટીમ લઈને આવી ગયેલા ત્યાં સ્થળ નિરીક્ષણ કરેલુ અને જરૂરી પંચનામા રીપોર્ટ કરેલો. આ ઉપરાંત બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડના ઈન્ચાર્જ ગોસ્વામી પણ આવી ગયેલા અને તેઓએ પણ પંચનામામાં મદદ કરેલી. બનાવવાળા સ્થળેથી જરૂરી મુદ્દામાલ કબજે લીધેલો.

વધુમાં આ સાહેદની સરતપાસ પ્રમાણે આ બનાવમાં તા.૩૧/૭/૨૦૦૮ સુધીમાં કુલ–૩૩ માણસો મરણ ગયેલ જયારે ૭૬ માણસોને સાદીથી માંડીને ગંભીર ઈજાઓ થયેલી. શ્રી મુલીયાણાનાઓને તપાસ સોંપી તે અગાઉ આ સાહેદની તપાસમાં ખુલેલુ કે તમામ બોમ્બ ધડાકા તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સિવિલ હોસ્પિટલ ખાતે વેગન આર કારમાં ભરીને આવેલ સ્ફોટક પદાર્થના કારણે થયેલા. આ વેગનઆર કાર સીલ્વર અને ગ્રે કલરની હતી. વધુમાં આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદની તપાસ દરમ્યાન એવુ પણ ખુલેલુ કે બોમ્બ ધડાકા ભારત દેશમાં પાકિસ્તાન દ્વારા સંચાલીત ઈન્ડિયન મુજાહિદ્દિન સંસ્થાની વ્યકિતઓએ કરેલા છે. મરણ જનારાઓ તથા ભોગ બનનારાઓના કપડાઓ, લોહીના નમુનાઓ, વિશેરા વિગેરે સીલબંધ હાલતમાં સિવિલ હોસ્પિટલના ડૉકટરો પાસેથી મેળવીને એફ.એસ.એલ.માં તપાસ અર્થે મોકલી આપેલા.

વધુમાં આ સાહેદની સરતપાસ પ્રમાણે સ્થળ ઉપરથી કબજે કરવામાં આવેલ મુદ્દામાલ રવાનગી નોંધ તૈયાર કરીને વૈજ્ઞાનિક તપાસ થઈ આવે તે માટે એફ.એસ.એલ. ગાંધીનગરને મોકલી આપેલો. તે રવાનગી નોંધ આ કામે આંક–૪૬૪ થી રજૂ છે જેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આ કામે મરણ જનારનાઓના શબ પરિક્ષણ વખતે ડૉકટરે મેળવેલા કપડા પણ આ સાહેદે રવાનગી નોંધ સાથે એફ.એસ.એલ. ગાંધીનગરને વૈજ્ઞાનિક તપાસ માટે મોકલી આપેલા તે રવાનગી નોંધ આ કામે આંક–૫૮૬૦ થી રજૂ છે તેમાં પણ આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. એફ.એસ.એલ. ગાંધીનગરમાં જે મુદ્દામાલ મોકલેલો તે પ્રવિણસિંહ થકી મોકલી આપેલો અને એફ.એસ.એલ. ગાંધીનગર દ્વારા પહોંચ આપવામાં આવેલી તે પહોંચ આંક–૪૬૫ થી રજૂ છે જેમાં પહોંચ સ્વીકારનાર તરીકે પ્રવિણસિંહ ઉદેસિંહની સહી આ સાહેદ ઓળખી બતાવે છે.

આમ, આ ફરિયાદ લીધા બાદ સાહેદ જોગાજી નાનજી પરમારે ગુનો રજીસ્ટર કરવા માટે પી.એસ.ઓ. શાહીબાગને મોકલી આપેલી અને પી.એસ.ઓ.

શાહીબાગનાઓએ આ ફરીયાદને સ્ટેશન ડાયરીમાં રજીસ્ટર કરેલી, તે સ્ટેશન ડાયરીની નકલ આ કામે આંક–૫૪૧ થી રજૂ કરેલી છે. તે રજીસ્ટર કરનાર સાહેદ જેસંગભાઈ ગેમરભાઈ ચૌધરીનાઓને સાહેદ નં.૧૮ તરીકે આંક–૫૪૦થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લેતા તેઓ બનાવના દિવસે પી.એસ.ઓ. તરીકે શાહીબાગ પોલીસ સ્ટેશનમાં ફરજ ઉપર હતા ત્યારે એક સુચી પત્ર પરમાર સાહેબની સહીથી મોકલવામાં આવેલુ અને ગુનો નોંધેલો અને સ્ટેશન ડાયરી એન્ટ્રી નં.૩૨ આપેલી. ત્યારબાદ શ્રી પરમારે આપેલ સુચી પત્રના પાછળના ભાગે આ ગુનાની વધુ તપાસ તેઓને સોંપવાનો હુકમ કરેલો જે હુકમ આંક–૪૬૩ની પાછળના ભાગે કરેલો તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. વધુમાં આ સાહેદની સરતપાસ ધ્યાને લેતા પોલીસ કોન્સ્ટેબલ લાલજીભાઈનાઓએ મરણ જનાર ઈસમ પ્રકાશભાઈ જૈનના પી.એમ. થયા બાદ ડૉકટરે આપેલા કપડા તથા નમૂના આ સાહેદે પંચનામુ કરી તપાસ અર્થે કબજે લીધેલા છે. આંક–૨૨૬૬ વાળા પંચનામામાં આ સાહેદે પંચોની તથા પોતાની સહી ઓળખી બતાવી છે.

આ કામે ફરિયાદી જોગાજી નાનજી પરમારની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલી છે તે ધ્યાને લેતા બોમ્બ ધડાકા થયેલાનો સંદેશો કન્ટ્રોલ રૂમમાંથી મળેલો અને તે વખતે આ સાહેદ શાહીબાગ પોલીસ સ્ટેશનમાં હતા તે કબૂલ કરે છે. સાહેદે સ્વેચ્છાએ જણાવેલુ છે કે કેમ્પ હનુમાન મંદિરે ગયેલા હતા. આરોપીઓ તરફથી એવો પ્રશ્ન પુછવામાં આવેલો છે કે સંદેશો મળ્યો છે ત્યારે મહત્વની જગ્યાએ જવુ જોઈએ તો તેના જવાબમાં આ સાહેદે જણાવેલુ છે કે શનિવાર હોવાથી કેમ્પના મંદિરમાં લોકોની ખુબ જ ભીડ હોવાથી તે પણ મહત્વની જગ્યા છે. પરંતુ આ સાહેદે અગાઉ પોતાની સરતપાસમાં સ્પષ્ટ જણાવેલુ છે કે તેઓ કેમ્પ હનુમાન ખાતે બંદોબસ્તમાં હતા ત્યારે સંદેશો મળેલો અને સંદેશો મળતા તરત જ સિવિલ હોસ્પિટલે ગયેલા છે. તે દિવસે કયા અધિકારીને કઈ જગ્યાએ મોકલેલા તે આ સાહેદને યાદ નથી પરંતુ મારા મત પ્રમાણે બનાવ બાદ ચાર વર્ષ પછી આ સાહેદે જુબાની આપેલી હોય, કયા

અધિકારીને કઈ જગ્યા ઉપર મોકલેલા તે યાદ ન હોય. આ સાહેદે જે વ્યવસ્થા સ્થળ ઉપર રાખેલી તેનો કોઈ લેખિત રેકર્ડ રાખેલો નહીં તેમ જણાવે છે પરંતુ મારા મત પ્રમાણે આવો રેકોર્ડ રાખવો જરૂરી નથી અને સ્થળ ઉપર જે કોઈ વ્યવસ્થા આવા બનાવોના સમયે થતી હોય તેનો લેખિત રેકર્ડ રાખવો જોઈએ તેવી કાયદામાં કયાંય જોગવાઈ નથી. વધુમાં આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા પોલીસ સ્ટેશન વિસ્તાર છોડીને બહાર જવુ હોય તો કન્ટ્રોલ રૂમને જાણ કરવી જોઈએ તે કબૂલ કરે છે. પરંતુ આ સાહેદે એમ પણ જણાવેલુ છે કે જો પોલીસ સ્ટેશન વિસ્તારમાં જવાનું હોય તો આવી ઔપચારીકતા કરવાની હોતી નથી. આ સાહેદની હકીકત સાથે હું સંમત છું કારણ કે શાહીબાગ પોલીસ સ્ટેશનનો વિસ્તાર આ સાહેદના અંડરમાં હતો અને પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરવાની જવાબદારી આ સાહેદની હતી જેથી પોતાના પોલીસ સ્ટેશન વિસ્તારમાં આ સાહેદ કન્ટ્રોલ રૂમને જાણ કર્યા વગર હરીફરી શકે છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા આ સાહેદની સુચનાનુ પાલન હાથ નીચેના કર્મચારીઓએ કરેલુ કે નહીં તેની કોઈ ખાતરી કરેલી નહીં તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે ખાતરી કરવી જરૂરી નથી જે કર્મચારીઓ તેમના હાથ નીચે હતા તે સરકારી કર્મચારીઓ હતા અને પોતાની ફરજ દરમ્યાન ઉપલા અધિકારીએ આપેલી સુચનાઓનું તેઓ પાલન કરતા જ હોય છે માટે ખાતરી કરવાનો કોઈ પ્રશ્ન નથી. આરોપીઓ તરફથી આવા બધા પ્રકારના પ્રશ્નો પુછવાથી બનાવના મુળને કોઈ અસર થતી નથી. કેમ્પના હનુમાન મંદિરેથી બનાવવાળા સ્થળે આ સાહેદ ૫ થી ૭ મિનિટમાં પહોંચી ગયેલાનું જણાવે છે. બનાવવાળી જગ્યાએ આગ લાગેલી તે સિવાય તે જગ્યાએ અંધારૂ હતુ તે કબૂલ કરે છે. આ પ્રશ્નનો અર્થ એવો થાય કે બનાવવાળી જગ્યા ઉપર આગ લાગેલી હતી તે આરોપીઓ તરફથી કબૂલ કરવામાં આવેલુ છે. બનાવ સ્થળે પહોંચ્યા ત્યારે ત્યાં જે લોકો હતા તેમાંથી કોઈને ઓળખેલા નહીં. સાહેદે સ્વેચ્છાએ જણાવે છે કે લોકોની સારવારને પ્રાધાન્ય આપવાનું હતું પરંતુ મારા મત પ્રમાણે સિવિલ હોસ્પિટલવાળી જગ્યા એવી જગ્યા છે કે ત્યાં ઘણા બધા લોકો દરરોજ આવતા જતા હોય છે, બનાવ

વખતે પણ ત્યાં લોકો હાજર હતા અને આ સાહેદ બધા લોકોને ઓળખે નહીં તે સ્વાભાવિક છે. સ્થળ ઉપર આ સાહેદ ટ્રોમા સેન્ટરની અંદર ગયેલાનું કબૂલે છે. વધુમાં આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા કઈ–કઈ જગ્યાઓ ઉપર બોમ્બ ધડાકા થયેલા તેની કોઈ માહિતી આપવામાં આવેલી નહીં તે કબૂલ કરે છે, પરંતુ અગાઉ આ સાહેદે સ્પષ્ટપણે જણાવેલ છે કે અમદાવાદ શહેરમાં બોમ્બ ધડાકા થયેલાનું કન્ટ્રોલ રૂમમાંથી જણાવવામાં આવેલ, કઈ–કઈ જગ્યાએ બોમ્બ ધડાકા થયેલાનું જણાવવામાં આવેલ ન હોય તેથી કરીને બોમ્બ ધડાકાઓ થયા નથી એવુ પણ મનાય નહીં. વધુમાં આ સાહેદના પોલીસ સ્ટેશન વિસ્તારમાં કઈ જગ્યાએ તકેદારી રાખવી તેવી સુચના સંદેશામાં મળેલી નહીં પરંતુ મારા મત પ્રમાણે આવા સંદેશામાં કોઈ ચોકકસ જગ્યાનું નામ આપવામાં આવતુ નથી પરંતુ જે તે પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ ઇન્સ્પેકટર ઓને આવા પ્રકારની જનરલ સુચનાઓ અપાતી હોય છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતાં આંક–૪૬૨ વાળી ફરિયાદ આપતા અગાઉ સિવિલ હોસ્પિટલ ખાતે મોકલેલ માણસોની પુછપરછ કરેલ નથી તે કબૂલ કરે છે. આ ફરિયાદ રાત્રિના કલાક દશ વાગે આપવામાં આવેલી છે, બનાવ ૭.૩૦ કલાકે બનેલો છે, બનાવ પછી સ્થળ ઉપર અફડાતફડીનો માહોલ હતો, ઘણા બધા ઈજા પામનારા હતા અને ઘણા લોકો મરણ ગયેલા. આવા સંજોગોમાં પોલીસની સૌપ્રથમ ફરજ એ હોય છે કે ઈજા પામનારાઓની સારવાર કરાવવી અને જગ્યાને કોર્ડન કરવી જેથી કરીને લોકોમાં ગભરાટ ન થાય કે વધુ કોઈ જાનમાલને નુકસાન ન થાય. લોકોની પુછપરછ તરત જ કરવી જોઈએ તે પ્રાથમિકતા નથી માટે આરોપીઓ તરફથી પુછવામાં આવેલ આવા પ્રશ્નોનું પણ કોઈ મહત્વ નથી. ડૉકટરો પાસેથી જે જાણકારી મેળવેલી તેમાં હુમલાખોરો કે તેમના વર્ણનોની જાણકારી આપેલી ન હતી તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે આવો સ્ફોટક પદાર્થ લઈને કોઈ વ્યકિતઓ સિવિલ હોસ્પિટલે આવેલા હોય તેવી માહિતી કોઈને પણ ન હોય માટે હુમલાખોરોના વર્ણનો કોઈએ પણ આપેલા ન હોય અને તે ફરિયાદમાં જણાવેલા પણ ન હોય તેથી કરીને ફરિયાદ ખોટી છે કે બનાવ બન્યો નથી તેમ મનાય નહીં.

બનાવમાં કોણ સંડોવાયેલ છે તે પોલીસ તપાસનો વિષય છે. ભોગ બનનારાઓની ફરિયાદ લેવી જોઈએ તેવો આગ્રહ રાખેલો નહીં. ફરિયાદ નોંધાય ત્યાં સુધી હુમલાખોરો કોણ છે તે અંગેની કોઈ વિગત મળેલી નહીં તે કબૂલ કરે છે. આંક–૪૬૨વાળી ફરિયાદમાં સ્ટાફને બોલાવેલો અને બનાવવાળી જગ્યા કોર્ડન કરવા સુચના આપેલી તે હકીકત લખેલી નથી તે કબૂલ કરે છે પરંતુ મારા મત પ્રમાણે આ હકીકત નહીં લખવાથી બનાવના મુળને અસર થતી નથી. બનાવવાળી જગ્યાએ મુદ્દામાલ જાતે કબજે કરેલો ન હતો તે કબૂલ કરે છે પરંતુ આ મુદ્દામાલ કોને કબજે કર્યો તેની માહિતી શ્રી મુલીયાણાનાઓ આપી શકે, આ મુદ્દામાલ શ્રી મુલીયાણાનાઓએ કોની સાથે અને કયારે એફ.એસ.એલ.માં મોકલેલો તેની માહિતી આ સાહેદ પાસે નથી. બનાવની નોંધ પોલીસ સ્ટેશનના વર્ધિ રજીસ્ટરમાં નથી તે કબૂલ કરે છે. બનાવની વર્ધિ પોલીસ સ્ટેશનમાં આવેલી નહીં તે પણ કબુલ કરે છે. પરંતુ સાહેદે સ્વેચ્છાએ જણાવેલુ છે કે તેઓ જાતે બનાવ સ્થળે હાજર હતા જેથી વર્ધિ ફરિયાદ સ્વરૂપે લખી ગણાય. બનાવની જવાબદારી ઈન્ડીયન મુજાહિદ્દિને સ્વીકારી હોવાનું સમાચાર પત્રો તથા બાતમીદારો દ્વારા જાણેલાનું જણાવેલ છે. કોમી રમખાણો દરમ્યાન લોકો દેશી બોમ્બ ધડાકા કરતા હોય છે તે કબૂલ કરે છે. પરંતુ સાહેદે સ્વેચ્છાએ જણાવેલુ છે કે આ ધડાકો તેવા દેશી બોમ્બ જેવો ધડાકો ન હતો. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા ભારત દેશમાં "અભિનવ ભારત" નામની સંસ્થા કે જેમાં પ્રજ્ઞાસિંગ ઠાકુર તથા મીલેટ્રીના અફસર શ્રીકાંત પુરોહીત જેવી હિન્દુ વ્યકિત સંકળાયેલી છે તેવુ છાપાઓ દ્વારા જાણેલાનું આ સાહેદ જણાવે છે. વધુમાં ઊલટતપાસ દરમ્યાન આરોપીઓ તરફથી આવી વ્યકિતઓએ બીજા શહેરોમાં બોમ્બ ધડાકા થયેલા તેમાં સંડોવાયેલા છે તે હકીકત પુરાવામાં લાવવાનો પ્રયત્ન કરેલો છે પરંતુ તેથી કરીને આ બનાવના મુળને કોઈ અસર થતી નથી. બનાવ બનેલો છે તે હકીકત છે અને તેમાં કોણ સંડોવાયેલુ છે તે પોલીસ તપાસનો વિષય છે. આ સાહેદે જયાં સુધી તપાસ સંભાળેલી હતી ત્યાં સુધી આ બનાવમાં કોણ સંડોવાયેલુ છે તે જાણવા મળેલુ નથી, જેથી બીજા લોકો આવા બનાવમાં સંડોવાયેલા હોય શકે

તેમ રેકર્ડ ઉપર લાવવા માટે અયોગ્ય પ્રયત્ન કરવામાં આવેલો છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા અમુક ઘાયલોને હોસ્પિટલના વોર્ડમાં લઈ ગયેલાનું કબૂલ કરેલ છે અને કોને સારવાર માટે લઈ ગયેલાનો ઉલ્લેખ ફરિયાદમાં નથી તે કબૂલ કરે છે પરંતુ મારા મત પ્રમાણે આવી બધી હકીકત લખવી જરૂરી પણ નથી. રાત્રે વાહનો સળગતા હતા તેના આધારે બનાવવાળી જગ્યા બતાવેલાની હકીકત નકારેલી છે. આ બનાવ વાહન પાર્કીંગવાળી જગ્યાએ બનેલાની હકીકત નકારેલી છે. આ બોમ્બ ધડાકો ટ્રોમા સેન્ટરની બહારની બાજુએ થયેલાનું કબૂલ કરેલ છે. આરોપીઓ તરફથી આ કબૂલાત્મક પ્રશ્ન પુછવામાં આવેલો છે કે બોમ્બ ધડાકો ટ્રોમા સેન્ટરની બહારની બાજુ થયેલો છે જેથી એવુ કહી શકાય કે આ બોમ્બ ધડાકો થયો હતો તે આરોપીઓ તરફથી કબૂલ કરવામાં આવેલ છે. ભારતમાં કોઈ પણ જગ્યાએ બોમ્બ ધડાકા થાય તો પોલીસ થીયરી મુજબ મુસ્લીમોને જ પકડવામાં આવે છે તો તે હકીકત નકારી છે.

હવે પી.એસ.ઓ. જેસંગભાઈ ગેમરભાઈ ચૌધરીની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલ છે તે ધ્યાને લેતા તપાસ અધિકારીએ આ સાહેદનું કોઈ નિવેદન લીધુ નથી તે કબૂલ કરે છે પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદ શાહીબાગ પોલીસ સ્ટેશનમાં પી.એસ.ઓ. તરીકે ફરજ બજાવતા હતા અને બનાવના કોઈ નજરે જોનાર સાહેદ નથી માટે આ સાહેદનું નિવેદન ન નોંધેલુ હોય તેથી કરીને આ બનાવ બન્યો નથી તેમ કહી શકાય નહીં. આ સાહેદે સરતપાસમાં જણાવ્યા મુજબ સ્ટેશન ડાયરીમાં કોઈ નોંધ કરી નથી તો તે હકીકત નકારી છે.

ત્યારબાદ આ કામે તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજથી આ બનાવની તપાસ સંભાળનાર તથા બનાવવાળી જગ્યાનું પંચનામુ કરીને અન્ય કાર્યવાહી કરનાર સાહેદ હરેશકુમાર રણછોડલાલ મુલીયાણાનાઓને સાહેદ નં.૧૦૦૦ તરીકે આંક–૬૯૬૦ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તેઓ ડિસેમ્બર ૨૦૦૬ થી માર્ચ ૨૦૦૯ સુધી મદદનીશ પોલીસ કમિશનર, ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેરમાં ફરજ બજાવતા હતાં. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ અમદાવાદ શહેર ખાતે સિરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવની અમદાવાદ શહેર પોલીસ કન્ટ્રોલ તરફથી

જાણ થતા તાત્કાલિક ફરજ પર હાજર થવાનો આદેશ થતા તા.૨૭/૭/૨૦૦૮ ના આશરે કલાક ૨.૦૦ વાગ્યાની આસપાસ અમદાવાદ ખાતે સિવિલ હોસ્પિટલ ખાતે ઉપરી અધિકારીશ્રીને મળેલાં તે દરમ્યાન આ કેસના તપાસ અધિકારીશ્રી શાહીબાગ પોલીસ સ્ટેશનના સિનિયર પોલીસ ઇન્સ્પેકટર જે.એન. પરમારનાઓને મળેલાં. સાહેદ વધુમાં જણાવે છે કે સિવિલ હોસ્પિટલ ખાતે આ કેસના તપાસનીશ અધિકારીશ્રી શાહીબાગ સિનિયર પોલીસ ઇન્સ્પેકટર જે.એન. પરમારનાઓએ બનાવ વાળી જગ્યા એટલે કે ટ્રોમા સેન્ટર પાસે જગ્યાની વિઝીટ કરાવેલી અને સમગ્ર બનાવ બાબતે વાકેફ કરેલા. ગુનાવાળી જગ્યાની વિઝીટ લીધેલી ત્યારે ટ્રોમા સેન્ટર પાસે અંધારૂ હતુ તેમજ બોમ્બ વિસ્ફોટને કારણે ચારેય તરફ વિસ્ફોટમાં નુકસાન પામેલ વસ્તુઓ વેરવિખેર પડેલી હતી અને તેને સુરક્ષિત રાખવા માટે પરમારનાઓએ સ્થાનિક પોલીસ સ્ટેશનના અધિકારી કર્મચારીઓ દ્વારા આખો વિસ્તાર કોર્ડન કરેલો હતો અને તે દરમ્યાન પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરનાઓનાની સુચના અન્વયે બોમ્બ બ્લાસ્ટના તમામ બનાવના કેસો ક્રાઇમ બ્રાન્ચ દ્વારા તપાસ કરવામાં આવશે તે અન્વયે સ્થળ પર ક્રાઇમ બ્રાન્ચના ઉચ્ચ અધિકારીશ્રીના હુકમથી તાત્કાલિક તપાસનીશ અધિકારી શાહીબાગ પોલીસ સ્ટેશનના સિનિયર ઇન્સ્પેકટર જે.એન. પરમાર પાસેથી કલાક ૩.૪૦ વાગ્યે તપાસ સંભાળવામાં આવેલી અને જરૂરી કાગળો મેળવેલા. બનાવવાળી જગ્યાનું પંચનામુ કરવા માટે એફ.એસ.એલના અધિકારીશ્રીઓ, બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડના અધિકારીઓની ટીમને સવારે બોલાવેલાનું જણાવેલ છે.

વધુમાં સાહેદ જણાવે છે કે ત્યારબાદ સવારે આશરે આઠ વાગ્યે પી.એમ.નોટ ૨૦૨૯ ના કામે મરણ જનાર કેતન સુરેશકુમાર ભગોરાનુ પી.એમ. દરમ્યાન ફરજ પરના ડૉકટરશ્રીએ કબ્જે કરેલ વસ્તુઓ જેવી કે એક જેન્ટસ ઘડિયાળ, સફેદ ધાતુની વીંટી, અને સ્ટીલનુ કડુ ભોગ બનનારના બનેવીને સોંપેલ તે અંગેનું પંચનામુ બે પંચોની હાજરીમાં કરવામાં આવેલું. જે આંક–

૨૩૬૭વાળા પંચનામામાં બે પંચોની તથા રૂબરૂ તરીકે આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

વધુમાં સાહેદ જણાવે છે કે ત્યારબાદ બનાવવાળી જગ્યાનું પંચનામુ કરવા માટે સિનિયર પોલીસ ઇન્સ્પેકટર પરમારનાઓએ બે પંચો બોલાવેલા અને તેમની હાજરીમાં ટ્રોમા સેન્ટર ખાતેની બોમ્બ વિસ્ફોટ થયેલ જગ્યા કે જે ટ્રોમા સેન્ટરની બહારની ઉત્તર તરફની દિવાલ અને તેના પૂર્વ તરફના બિલ્ડિંગના ખાંચા પાસે દિવાલથી આશરે ૭ કે ૮ ફુટ દુર વિસ્ફોટમાં નુકસાન પામેલ ગાડીનો કાટમાળ પડેલો હતો તે કબજે કરેલો. પંચનામુ ચાલતુ હતુ તે દરમ્યાન એફ.એસ.એલ.ના અધિકારીઓ આસીસ્ટન્ટ ડાયરેકટર શ્રી જી.ડી.શર્મા તેમજ આસીસ્ટન્ટ ડાયરેકટર શ્રી એચ.ટી. મોદીનાઓ તેમજ તેમની ટીમ સાથે આવી પહોંચેલા તે જ વખતે બોમ્બ ડિસ્પોઝલ ટીમ તેમજ તેમના ઇન્ચાર્જ અધિકારી શ્રી વી.એફ. ગોસ્વામી પહોંચી ગયેલા. પંચનામાં દરમ્યાન બોમ્બ વિસ્ફોટને કારણે ટ્રોમા સેન્ટરની દિવાલ પાસેની લોખંડની ગ્રીલવાળી બારીઓ તેમજ એ.સી. કુલીગ સીસ્ટમની થર્મોસ્ટેટ પાઇપને તેમજ વોટર સપ્લાયના પાઇપને ભયંકર નુકસાન થયેલું. બારીઓના તમામ કાચ કુટી ગયેલાં. દિવાલમાં તિરાડો પડી ગયેલી. દિવાલમાં ખુણામાં રહેલ પાઇપોને ભયંકર નુકસાન થયેલું. વિસ્ફોટવાળી જગ્યાએ એક ગાડીનો કાટમાળ પડેલો તેમાં એન્જીન, વ્હિલ, ફાટેલા ચીરાયેલા ગાડીના પતરા વિગેરે પડેલા હતાં. ગાડીની આસપાસ પાંચ કિલો ક્ષમતાવાળા ગેસના સિલિન્ડરો વિસ્ફોટમાં કાળા પડી ગયેલા, દબાયેલા, ગોબા પડેલા, છિદ્રો પડેલા આશરે પાંચેક જેટલા વેરવિખેર પડેલા જોવા મળેલાં. આ જ વિસ્ફોટ થયેલી ગાડીની આસપાસ અસંખ્ય પ્રમાણમાં નટબોલ્ટ, બળેલા અવશેષો, સળગેલું કાપડ, એક સાઇકલનો ભંગાર હતો તેમજ પંચો અને એફ. એસ.એલના અધિકારીઓ, બી.ડી.એસ.ના અધિકારી, શાહિબાગના પી.આઇ. પરમારનાઓની હાજરીમાં વિસ્ફોટ થયેલી ગાડીનો કાટમાળ ખસેડતા તેની નીચે ૧૬ જેટલા ડીટોનેટરો વાયરો સાથે મળી આવેલાં. જે જગ્યાએ વિસ્ફોટ થયો તે જગ્યાએ ટ્રોમાં સેન્ટરની દિવાલથી ઉત્તર તરફ ૩ ફુટ*૨.૫ ફુટ*૬ઇંચનો ખાડો

પડેલો હતો. આ વિસ્ફોટ થયેલી ગાડીની આસપાસ વધુ તપાસ કરતા બે સર્કિટ અને બે કનેકટર તેમજ વાયરનું ગુંચળું મળી આવેલ. ટ્રોમા સેન્ટરથી ઉત્તર તરફ રોડ ઉપર ઓકિસજન પ્લાન્ટ તરફ જતા અલગ–અલગ જગ્યાએ ત્રણ મોબાઇલ મળી આવેલાં. વધુ તપાસ કરતાં એક સીમ કાર્ડ મળી આવેલું. આ ત્રણ મોબાઇલમાં એક નોકીયા કંપનીનો ૧૧૦૦ મોડલનો મોબાઇલ, બીજો સેમસંગ કંપનીનો મોબાઇલ એમ બંનેના સીમ કાર્ડ તપાસતા હચ કંપનીના માલુમ પડેલા અને ત્રીજો મોબાઇલ મોટોરોલા કંપનીનો તેમાં એરટેલ કંપનીનું સીમ કાર્ડ તેમજ છુટુ સીમ કાર્ડ જે એરટેલ કંપનીનું માલુમ પડેલ. ટ્રોમા સેન્ટરથી પૂર્વ તરફ પી.જી. હોસ્ટેલના કમ્પાઉન્ડ પાસે ટ્રોમા સેન્ટરની દક્ષિણ તરફની દિવાલથી પૂર્વ તરફ પી.જી. હોસ્ટેલ પાસે બે સાઇકલ એક એટલાસ કંપનીની, એક હરકયુલસ કંપનીની વિસ્ફોટમાં નુકસાન થયેલી પડેલી હાલતમાં જોવા મળેલી અને એક સાઇકલની ગવન્ડર પર સુતરાઉ કાપડની થેલી લટકેલી હાલતમાં હતી. ટ્રોમા સેન્ટરની પૂર્વ તરફની દિવાલથી ઉત્તર તરફ ઓકિસજન પ્લાન્ટના કોર્નર પર આશરે ૭ થી ૮ અરડુસીના ઝાડોના ઝુંડ વચ્ચે પાર્ક કરેલા વાહનો સંપૂર્ણ રીતે નુકસાન પામેલાં મળી આવેલા જેમાં આશરે અલગ–અલગ કંપનીના પાંચ મોટર સાઇકલ, ત્રણ સ્કુટર, એક એકટીવા, એક રીક્ષા કે જેનુ હુડ વિસ્ફોટમાં ઉડેલ પતરાથી સંપૂર્ણ રીતે નુકસાન પામેલ હતું. એક સી.એન.જી. ગેસની ટાંકી, એક સ્ટેપડી સાથેનું વ્હિલ વિગેરે વાહનો તુટેલ ફુટેલ અને સળગેલી હાલતમાં મળી આવેલાં. આ ઓકિસજન પ્લાન્ટની દક્ષિણ તરફે પાર્કિંગ શેડ પાસે બે મારૂતી વેગનઆર કે જેના કાચ અને એક અલ્ટો કાર કે જેના પણ કાચ બોમ્બ વિસ્ફોટમાં કુટી ગયેલાં. ઓકિસજન પ્લાન્ટથી ટ્રોમા સેન્ટરના દરવાજા પાસે આવતા વિસ્ફોટમાં કાળુ પડી ગયેલુ ગોબાવાળુ એક સ્ટીલનું ટિફિન અને બીજું અન્ય કાળા અને બ્લુ કપડાના કવરમાં ફાઇબરનું ટિફિન કે જે અંદરથી ચાર ખાનાનું સ્ટીલનું હતુ તેમાં ખોરાક ભરેલો હતો. વિસ્ફોટ થયેલ ગાડીના આસપાસ બળેલા અવશેષો હતા. વિસ્ફોટ થયેલ ગાડીથી ટ્રોમા સેન્ટર તરફ ગટરના ઢાંકણા પાસે છુટા છવાયા લોહિના ડાઘા જોવા મળેલા તથા ગટરના ઢાંકણાથી ૧૩ ફુટ દુર

બીજા લોહિના ડાઘા જોવા મળેલાં. ટ્રોમા સેન્ટરમાં જવા માટે વ્હિલચેર લઇ જવા માટેના ઢાળ ઉપર લોહિના ડાઘા જોવા મળેલાં. ટ્રોમા સેન્ટરના દરવાજા પાસે લોહિના ડાઘા જોવા મળેલાં. ટ્રોમા સેન્ટરના દરવાજા પાસે લોખંડની જાળી ત્યારબાદ જમણી બાજુના કાચ પર લોહિના ડાઘા જોવા મળેલાં. આમ અલગ–અલગ ૧૪ થી ૧૫ જગ્યાએ લોહિના ડાઘમાંથી એફ.એસ.એલ. ના અધિકારી તેમજ સિરોલોજીકલની ટીમે કોટન ગોઝ અને સલાઇન પ્રવાહી વડે અલગ–અલગ ૬ જગ્યાએથી લોહિના ડાઘ ઉપરથી લોહિના નમૂના મેળવી પંચોની રૂબરૂમાં આ લોહિના નમૂના સીલ કરવામાં આવેલાં. આમ, સમગ્ર બનાવવાળી જગ્યાએથી મુદ્દામાલના કુલ–૪૨ આર્ટીકલમાંથી ૨૫ જેટલા આર્ટીકલોને પંચનામાની વિગતે કબ્જે કરી સીલ કરવામાં આવેલાં. સ્થળ ઉપર જે ગાડીનો ભંગાર હતો તેમાં વ્હાઇટ કલરના બેક ગ્રાઉન્ડમાં કાળા અક્ષરની સેલોટેપથી રજીસ્ટ્રેશન નં.GJ–06–CD–9718 લખેલી આશરે ૫૦*૧૧ સે.મી.ની બે રજીસ્ટ્રેશન પ્લેટ જોવા મળેલી. સાથે સાથે એફ.એસ.એલ. તેમજ બીડીએસની ટીમના અધિકારી તેમજ પોલીસ ઇન્સ્પેકટર શાહીબાગ સાથે આ ગાડીના કાટમાળને ઉલટાવી પલટાવીને બારીકાઇથી જોતા ગાડીને એન્જીન નંબર 10DN4329905 જોવા મળેલો. આ કારના કાટમાળને વધુ બારીકાઇથી જોતા તેના એન્જીન, વ્હિલ પરથી એફ.એસ.એલ., બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડ, તેમજ પોલીસ ઇન્સ્પેકટર પરમારનાઓને આ મારૂતી વેગનઆર ગાડીનો કાટમાળ હોવાનું જણાયેલું. ત્યારબાદ બંને પંચો તેમજ એફ.એસ.એલ. તેમજ બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડના અધિકારીઓ સાથે ટ્રોમા સેન્ટરમાં થયેલા નુકસાનની હકીકત જાણવા માટે ટ્રોમા સેન્ટરમાં ગયેલા ત્યાં લોખંડની જાળી તેમજ કાચ હોવાનું જણાયેલું. જમણી બાજુ કેસ કાઢવાનું કાઉન્ટર હતું અને ડાબી બાજુ બંને તરફ રૂમો હતાં. રૂમ નં.૪,૬ ટ્રોમા વોર્ડ હતો. રૂમ નં.૦૮ ને વધુમાં વધુ નુકસાન થયેલું અને એ.સી. દિવાલમાંથી લબડી પડેલું હતું, બારીના કાચ કુટી ગયેલા અને દરવાજો હિંચમાંથી નિકળી ગયેલો. ગ્રાઉન્ડ ફલોર પર ટ્રોમા વોર્ડ સિવાય સ્ટાફ નર્સોનો રૂમ, સી.એમ.ઓ.ની ઑફિસ, એકસ રે રૂમ વિગેરે રૂમોમાં નુકસાન

થયેલાનું જોવા મળેલું. ત્યારબાદ સીડી વાટે પહેલા માળે જતા પહેલા માળે ફરજ પરના સ્ટાફ નર્સ અલ્કાબેન મોરીસનાઓ પ્રથમ માળે અલગ–અલગ રૂમ દેખાડવા સાથે રહેલાં. પહેલા માળે ઓપરેશન થિયેટર અને આઇ.સી.યુ.ને ખાસુ નુકસાન થયેલું તેમજ ઓપરેશન થિયેટરના સાધનોને નુકસાન થયેલું તે જ રીતે બીજા માળના રૂમોને પણ ખાસુ નુકસાન થયેલું અને ત્રીજા માળ પર આઇ.સી.યુ. વોર્ડમાં પણ ખાસુ એવુ નુકસાન થયેલુ. આ ઉપરાંત મેડીકલના સાધનોને પણ નુકસાન થયેલું. થરમોકોલની પેનલો તેમજ ફોલ સિલીંગ નીકળી ગયેલી તેમજ તમામ કાચ તેમજ તમામ બારીઓના તેમજ દરવાજોઓના કાચ ફુટી ગયેલાં. આમ ટ્રોમા સેન્ટરની ઉત્તર તરફની તમામ બારીઓ ગ્રાઉન્ડ ફલોરથી માંડીને ત્રીજા માળ સુધીનીને નુકસાન થયેલું હતું. ત્યારબાદ તેઓએ આ પંચો તેમજ એફ.એસ.એલ. અને બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડની ટીમ સાથે વિસ્ફોટવાળી જગ્યા ઉપર આવી ગયેલા. ત્યારબાદ પંચોના લખાવ્યા મુજબનું પંચનામુ પુરૂ કરવામાં આવેલુ અને પંચોની સહીઓ લેવામાં આવેલી. પંચનામા દરમ્યાન જે નમૂના કબ્જે કરી સીલ કરવામાં આવેલા તેમાં બે પંચો તેમજ સાહેદની સહીઓ સાથેની સ્લીપો બનાવી આ મુદ્દામાલ જે બોક્ષમાં મુકવામાં આવેલો તેને દોરીથી બાંધી સીલ કરવામાં આવેલો. સૌપ્રથમ મારૂતી વેગનઆર ગાડીનો કાટમાળ સીલ કર્યા વગરનો મોકલેલો. બંને રજીસ્ટ્રેશન પ્લેટો બોકસમાં મુકી તેની ઉપર માદરપાટનું કપડું વીંટી દોરાથી સીવી બંને પંચો તેમજ તેમની સહિવાળી સ્લીપ મુકી તેને દોરાથી બાંધી તેની ઉપર ઇન્સ્પેકટર ઓફ પોલીસ ડી.સી.બી. અમદાવાદનું સીલ મારવામાં આવેલું. આ જ રીતે બીજો મુદ્દામાલ પંચનામાની વિગતે સીલ કરવામાં આવેલો. આ કાર્યવાહીનું જે પંચનામુ બનાવવામાં આવેલુ તે આંક–૧૧૯૨ વાળા પંચનામામાં તથા આંક–૧૯૯૩ થી ૨૦૧૧ સુધીની પંચ સ્લીપોમાં આ સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

વધુમાં આ સાહેદની સરતપાસ ધ્યાને લેતા વિસ્ફોટ દરમ્યાન ઓક્સિજન પ્લાન્ટ પાસે પાર્ક કરેલ બે વેગન આર ગાડીઓના કાચ તુટીને નુકસાન થયેલું તેમાંથી તે ગાડીઓના માલીકોને જરૂરી દસ્તાવેજની ચકાસણી

કરી તે જગ્યા ઉપર ગાડીનું પંચનામુ કરી તેઓને ગાડીઓ સોંપવામાં આવેલી. આ પંચનામું તા.૨૮/૭/૨૦૦૮ ના રોજ ૧૯.૩૦ દરમ્યાન કરવામાં આવેલું જે પંચનામુ આંક–૨૨૯૦ થી રજૂ છે જેમાં આ સાહેદ બે પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે. આ પંચનામુ વેગનઆર કાર નં. GJ–1–HP–771 ને જે નુકસાન થયેલું તે જોઇને ગાડી પરત સોંપી તે અંગેનું કરવામાં આવેલું તે જ છે. તા.૨૮/૭/૨૦૦૮ ના રોજ આ કુલ સીલ કરેલ મુદ્દામાલમાંથી મારૂતિ વેગન આરનો ભંગાર તેમજ બે નંબર પ્લેટની એફ.એસ.એલ. તપાસણી માટે રીપોર્ટ સાથે મેઘાણીનગર એફ.એસ.એલ.ને મોકલી આપેલ.

વધુમાં સાહેદ જણાવે છે કે તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ મુદ્દામાલની રવાનગી યાદી સાથે બાકીનો મુદ્દામાલ એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે જે તે વિભાગને પૃથકકરણ માટે મોકલવામાં આવેલો. વધુમાં આ જ દિવસે વિસ્ફોટમાં નુકસાન પામનાર વેગન આર GJ–06–CD–9718 ની માહિતી મેળવવા માટે અમદાવાદ તેમજ વડોદરા આર.ટી.ઓ.ને યાદિ મોકલવામાં આવેલી. વધુમાં આ દિવસે ઓકિસજન પ્લાન્ટ પાસે પાર્ક કરેલ અલ્ટો કારને તેના મુળ માલીકને પરત કર્યા અંગેનું પંચનામુ બે પંચોને બોલાવીને કરવામાં આવેલું જે પંચનામુ આંક–૨૨૮૭માં બે પંચોની તથા રૂબરૂ તરીકે તેમની સહી ઓળખી બતાવે છે. વધુમાં બનાવવાળી જગ્યાએ બ્લાસ્ટમાં નુકસાન થયેલ મારૂતી વેગનઆર કારનું પંચનામું કરવામાં આવેલું અને તે તેના માલીકને પરત કરવામાં આવેલી તે અંગેનુ પંચનામુ આંક–૨૨૮૮માં બે પંચોની તથા રૂબરૂ તરીકે તેમની સહી ઓળખી બતાવે છે.

વધુમાં સાહેદની સરતપાસ ધ્યાને લઈએ તો તેમની પાસે તપાસ રહી તે દરમ્યાન લાગતા વળગતા સાહેદો જેવા કે ઈજા પામનાર તેમજ સિવિલ હોસ્પિટલના ફરજ પરના ડૉકટર તેમજ સ્ટાફના અમૂક વ્યકિતઓના, મરણ જનારના સગા સંબંધીઓના, બનાવના દિવસે ભોગ બનનાર સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે આવતા દર્દિઓની મદદમાં રહેનાર કેટલીક વ્યકિતઓના, ધનવંતરિ હોસ્પિટલના સ્ટાફના વ્યકિતઓના, ૧૦૮ એમ્બ્યુલન્સ

ના સ્ટાફના માણસોના, બનાવના દિવસે રાત્રી દરમ્યાન હાજર પોલીસ કર્મચારીઓના, સિવિલ હોસ્પિટલના કેમ્પસમાં રહેતા વ્યકિતઓના નિવેદનો લીધેલા. ત્યારબાદ એકઝિકયુટીવ એન્જીનીયર હાઇ વે ઓથોરીટી ઓફ ઇન્ડિયા, અમદાવાદ તેમજ વડોદરા એકસપ્રેસ હાઇવે પાસેથી જરૂરી માહિતી મેળવવા માટે યાદી લખેલાનું જણાવેલ છે.ત્યારબાદમાં તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ એનએસજીની બોમ્બ ડિસ્પોઝલ ટીમની તેમની તપાસ દરમ્યાન બનાવવાળી જગ્યાએથી તેમને બે ડીટોનેટર વાયર સાથે મળેલાં તે શાહિબાગ સેકન્ડ ઇન્સ્પેકટર ચૌધરીનાઓએ સોંપેલા તે ડીટોનેટર તા.૧/૮/૨૦૦૮ ના રોજ પંચનામાની રૂએ કબજે કરેલા જે આંક–૨૩૩૧વાળા પંચનામામાં સાહેદ બે પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે. આ પંચનામા વખતે જે મુદ્દામાલ કબ્જે કરેલો તે મુદ્દામાલને પ્લાસ્ટિકની કોથળીમાં મુકી તે કોથળીને કાગળમાં બોક્ષમાં મુકી આ સાહેદે તથા પંચોની સહી કરી દોરીથી બાંધી સીલ કરેલાનું જણાવેલ છે.

વધુમાં સાહેદ સરતપાસમાં જણાવે છે કે તા.૨/૮/૨૦૦૮ ના રોજ વિસ્ફોટમાં ભોગ બનનાર ચાર ઇસમોના મેડીકલ સારવાર દરમ્યાન તેમના શરીરમાંથી ફરજ પરના ડૉકટરોએ ઓપરેશન દરમ્યાન લોખંડની કરચો, પતરાના ટુકડા વિગેરે નીકળેલાં તે પંચોની હાજરીમાં પંચનામુ કરી કબજે કરી સીલ કરેલ જે પંચનામુ આંક–૨૨૭૦માં તથા પંચ સ્લીપ આંક–૨૨૭૨માં સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

વધુમાં સાહેદ જણાવે છે કે તેમને તા.૩૧/૭/૨૦૦૮ ના રોજ તથા તા.૩/૮/૨૦૦૮ ના રોજ કલમ ઉમેરાનો રીપોર્ટ નામદાર મેટ્રોપોલીટન કોર્ટ સમક્ષ કરેલો. તપાસ દરમ્યાન સાઇકલોના ડીલરોને યાદી લખેલી તથા સિવિલ હોસ્પિટલના સુપરિન્ટેન્ડેન્ટ પાસેથી સી.સી.ટી.વી. ફુટેજ મેળવવા માટે યાદી લખેલી તથા અન્ય કામગીરી કરેલી હતી અને આગળની તપાસ વી.આર. ટોળીયાનાઓને સોંપવામાં આવેલી.

વધુમાં આ સાહેદે સ્થળ ઉપર નકશો બનાવવા માટે યાદી લખેલી જે આંક–૩૪૩૧ થી રજૂ છે તથા મુદ્દામાલ એફ.એસ.એલ.ને રીપોર્ટ સાથે મોકલેલો તે રીપોર્ટ આંક–૬૪૫૫ થી રજૂ છે જેમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવેલી છે. આ ઉપરાંત સ્થળ ઉપરથી કબજે કરેલો મુદ્દામાલ તેમજ આ સાહેદ સમક્ષ રજૂ થયેલ મુદ્દામાલ રવાનગી નોંધ સાથે એફ.એસ.એલ. ગાંધીનગરને પૃથક્કરણ માટે મોકલેલો તે રવાનગી નોંધો આ કામે આંક–૫૯૩૦, ૫૯૭૨, ૬૯૬૮ થી રજૂ છે, આ ત્રણેય રવાનગી નોંધોમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

વધુમાં આ સાહેદની સરતપાસ ધ્યાને લેતા મુદ્દામાલ લીસ્ટ આંક–૪૬૧થી રજૂ થયેલ જુદા–જુદા આર્ટીકલ્સવાળો મુદ્દામાલ કે જે આ સાહેદે પોતાની તપાસ દરમ્યાન જુદા–જુદા પંચનામાઓ દ્વારા કબજે કરેલો હતો તે તમામ મુદ્દામાલ પણ આ સાહેદ અદાલત રૂબરૂ એકપછી એક ઓળખી બતાવેલો છે.

હવે આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ અમદાવાદ શહેર પોલીસ કન્ટ્રોલ તરફથી રજા ટુંકાવી દેવાનો આદેશ મળેલો જે વાયરલેસ દ્વારા મળેલ હતો. સૌપ્રથમ સિવિલ હોસ્પિટલ ખાતે સ્થળ ઉપર ગયા ત્યારે ડી.સી.પી. અભય ચુડાસમા તેમજ જે.સી.પી. આશીષ ભાટીયા હાજર હતા તેમ જણાવે છે. ત્યાં આશીષ ભાટીયા સાહેબે આ ગુનાની તપાસ તમારે સંભાળવાની છે તેમ મૌખિકમાં જણાવેલાનું જણાવે છે. રાત્રીના ૩.૪૦ વાગે પોલીસ ઈન્સ્પેકટર પરમાર પાસેથી તપાસના કાગળો મળેલાનું કબૂલ કરે છે. આ પ્રશ્ન ધ્યાને લેતા આરોપીઓ તરફથી કબૂલ કરવામાં આવેલ હોવાનું માલુમ પડે છે કે કલાક ૩.૪૦ વાગે તપાસના કાગળો અને તપાસ આ સાહેદને મળેલી છે. બનાવવાળી જગ્યાનું પંચનામુ કરેલુ અને પંચનામા વખતે હાજર એફ.એસ.એલ.ના તથા બોમ્બ સ્કવોર્ડના અધિકારીઓની સહીઓ લીધી નથી તે કબૂલ કરે છે પરંતુ મારા મત પ્રમાણે એફ.એસ.એલ.ના તથા બોમ્બ સ્કવોર્ડના અધિકારીની સહીઓ પંચનામામાં લેવી જ જોઈએ તેવી કોઈ આદેશાત્મક જોગવાઈ નથી. વધુમાં આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા વેગન

આર ગાડી જીજે–૦૬–સીડી–૯૭૧૮ નો એન્જીન નંબર જોવા માટે તે ગાડી પલ્ટાવેલાનું જણાવે છે. માત્ર એન્જીન અને વ્હીલ ઉપરથી કહી શકાય નહીં કે આ વેગન આર ગાડી છે તો તે હકીકત નકારે છે. આ ગાડી વેગન આર ગાડી હતી તે અનુમાનથી જણાવેલાનું નકારે છે. પંચનામુ પંચો લખાવતા હતા અને રાઈટર લખતા હતા તેમ જણાવે છે, પંચ લાખાજી કાનાજી ઠાકોરને સિવિલ હોસ્પિટલની બહાર ચાની કીટલી તથા પાનનો ગલ્લો હતો તેમ જણાવે છે. પંચોને આ ગુનાઓ બાબતે કાંઈ ખબર ન હતી તો તે હકીકત નકારે છે. પરંતુ મારા મત પ્રમાણે આવો મોટો બનાવ બનેલો હોય અમદાવાદ શહેર સહિત સમગ્ર ગુજરાત રાજયમાં અને ભારત દેશમાં ખૂબ જ ચર્ચા થતી હોય, સમાચારોમાં આ બનાવની માહિતી જાહેર થતી હોય ત્યારે દરેક વ્યકિતને આ બનાવની માહિતી હોય તે સ્વાભાવિક છે અને ગુનાવાળી જગ્યાના પંચો પણ આ બનાવથી માહિતગાર હોય જ. વધુ ઊલટતપાસ ધ્યાને લેતાં કયા કાયદા નીચે ગુનો બને છે તે ગુનાઓ બાબતે પંચોને ખાતરી કરેલી નહીં તો તે હકીકત નકારે છે. ગાડી નં.જીજે–૦૬–સીડી–૯૭૧૮ ના માલીકની જાણ બાબતે આર.ટી.ઓ.ને યાદી લખેલાનું જણાવે છે પરંતુ તેનો જવાબ મેસેન્જર દ્વારા મેળવવાનો પ્રયત્ન કરેલો કે કેમ તે યાદ નથી. આગળ વધુ ઊલટતપાસ ધ્યાને લેતા આ નંબર એક સ્કુટીને એલોટ થયેલ હતો તેવી યાદી આર.ટી.ઓ. તરફથી જણાવવામાં આવેલુ છે. તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ એન.એસ.જી.ના સ્કવોર્ડે ડીટોનેટર મળ્યા તે ચૌધરીને સોંપેલાનું કબૂલ કરે છે. આ ડીટોનેટર અંગે ચૌધરીએ અગાઉ કે પછી પંચનામુ કરેલુ હોય તો તે આ સાહેદને ખબર નથી. સી.સી.ટી.વી. ફુટેજ મેળવવાની યાદી કઈ તારીખે કરેલી તે ચોકકસ યાદ નથી. આ સાહેદની તપાસ દરમ્યાન સાઇકલોના ડીલરોના જવાબો લીધેલા કે કેમ તે યાદ નથી. આ ગુનાની વધુ તપાસ ટોળીયાને સોંપો તેવા હુકમ જોઈન્ટ કમિશનર ભાટીયા સાહેબનો હતો તેમ જણાવે છે. જુદા–જુદા જે બોમ્બ બ્લાસ્ટ થયેલા તેમાં કયા કયા અધિકારીઓ તપાસ કરતા હતા તે આ સાહેદ કહી શકે તેમ નથી. આ સાહેદ પાસે તા.૨૭/૭/૨૦૦૮ થી લઈને તા.૧૫/૮/૨૦૦૮ સુધી તપાસ રહેલી તે દરમ્યાન આરોપીઓ કે શંકાસ્પદ વ્યકિતઓના

નામો કે ઓળખ જાણવા મળેલી નહીં તેમ જણાવે છે. બનાવના બીજા કે ત્રીજા દિવસથી મુસ્લિમ સમાજના છોકરાઓને અને માણસોને કોર્ડન કરી ક્રાઈમ બ્રાન્ચની ઑફિસમાં રાખેલાની હકીકત નકારે છે. બનાવવાળી જગ્યાનું પંચનામુ કરેલુ, સાહેદોના નિવેદનો લીધેલા અને યાદી કરેલી તે સિવાય બીજી કોઈ તપાસ કરેલી નહીં તે કબૂલ કરે છે. આ હકીકત ધ્યાને લેતા બનાવવાળી જગ્યાનું પંચનામુ આ સાહેદે કરેલુ છે તે આરોપીઓ તરફથી કબૂલ કરવામાં આવેલ છે તેમ કહી શકાય. શ્રી ટોળીયાને ક્રાઈમ બ્રાન્ચની કચેરીમાં ઑફિસ ફાળવવામાં આવેલી અને તે સ્થળે આ સાહેદની પણ ઑફિસ હતી તે કબૂલ કરે છે. આરોપીઓ તરફથી ક્રાઈમ બ્રાન્ચની ઑફિસ બાબતે અને તપાસ કરનાર અધિકારીઓને ક્રાઈમ બ્રાન્ચની ઑફિસ માં ઑફિસ ફાળવવા માટે ઘણા બધા પ્રશ્નો પુછેલા છે પરંતુ તેથી કરીને આ સાહેદે તપાસ કરી નથી કે આવો કોઈ બનાવ બન્યો નથી તેવી હકીકત રેકર્ડ ઉપર લાવવામાં આરોપીઓને મદદ મળતી નથી. ઑફિસ ગમે ત્યાં ફાળવવામાં આવે, ઑફિસ તો ફાળવવી જ પડે અને તો જ તપાસ કરનાર અધિકારી તપાસ કરી શકે. ઑફિસ ક્રાઈમ બ્રાન્ચની ઑફિસ માં ફાળવવામાં આવી છે તેથી કરીને આ બનાવની ખોટી તપાસ કરવામાં આવી છે તે કહેવુ યોગ્ય નથી. વધુ ઊલટતપાસ ધ્યાને લેતાં આ સાહેદની તપાસ દરમ્યાન આરોપીઓની ભાળ મળે તે માટે સીક્રેટ એજન્સીઓની મદદ લીધેલાનું કબૂલ કરે છે અને મારા મત પ્રમાણે મદદ લેવી જ પડે કારણ કે આવા બનાવમાં કોણ સંડોવાયેલુ છે તે સીધી રીતે સામે આવે નહીં પરંતુ અન્ય સીક્રેટ એજન્સીની મદદથી જ સંડોવાયેલ વ્યકિતની તપાસ થઈ શકે. સાઇકલો વેચનારાઓની પુછપરછ કરવા માટે પોલીસ ઇન્સ્પેકટર બારોટને યાદી આપેલાનું જણાવેલ છે. કોઈ પણ સાઇકલ ડીલરવાળાઓએ બ્લાસ્ટમાં વપરાયેલી સાઇકલો અમારે ત્યાંથી વેચાયેલી છે તેવો પુરાવો આપેલો નહીં તે કબૂલ કરે છે. પરંતુ સામાન્ય રીતે આવા બનાવોમાં સાઇકલ ડીલરવાળાઓ કે અન્ય કોઈ વ્યકિતઓ પોતે પણ આ બનાવમાં સંડોવાય જશે તેવી બીકના કારણે આ સાઇકલો તેમને ત્યાંથી વેચાય છે તેવુ જાહેર કરે નહીં. આ ઉપરાંત સાઇકલને એવી કોઈ નિશાની કે નંબર હોતો નથી કે

જેથી કરીને આ સાઇકલ પોતાને ત્યાંથી વેચાય છે તેવુ કોઇ વ્યકિત કે વેપારી સ્પષ્ટ કહી શકે. બનાવમાં વપરાયેલ ગાડી અને તેના ભાગો કોર્ટની પરવાનગીથી સરતપાસ દરમ્યાન ક્રાઇમ બ્રાન્ચની ઓફીસે જઈ જોયેલા પરંતુ એન્જીનનો નંબર જોવા મળેલો નહીં તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે બનાવ બાદ આશરે દસ વર્ષ પછી આ સાહેદ જુબાની દરમ્યાન મુદ્દામાલ એન્જીન તથા ગાડીના અન્ય ભાગો જોવા માટે ગયેલા છે. આ મુદ્દામાલ બહાર ખુલ્લામાં પડેલો છે, દસ વર્ષ સુધી ખુલ્લામાં પડેલો હોવાથી એન્જીન તથા અન્ય ભાગો કટાઈ ગયેલા હોય તેથી કરીને પણ નંબર જોવા ન મળે તેવુ કહી શકાય. રાજકીય દબાણને લઈને ક્રાઇમ બ્રાન્ચના અધિકારીઓએ જાહીદ કુત્બુદ્દીન શેખ, ઈમરાન ઈબ્રાહીમ શેખ, ઇકબાલ કાસમ શેખ, સમસુદ્દીન શાહબુદ્દીન શેખ, ગ્યાસુદ્દીન અબ્દુલસલીમ અન્સારી, મોહંમદઆરીફ મોહંમદઇકબાલ કાગઝી, યુનુસ મોહંમદ મન્સુરી અને મોહંમદ સાજીદ મન્સુરીને તા.૧૫/૮/૨૦૦૮ નાં રોજથી ૨–૩ દિવસ અગાઉ ક્રાઇમ બ્રાન્ચની ઓફીસે ગોંધી રાખેલાની હકીકત નકારે છે.

વધુમાં આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા બનાવવાળી જગ્યા સુરક્ષિત રાખવા, આ વિસ્તારને કોર્ડન કરવા સુચના આપેલાનો કોઈ લેખિત પુરાવો નથી તે કબૂલ કરે છે, મારા મત પ્રમાણે જગ્યા કોર્ડન કરવાની સુચના આપી હોય તેનો કોઈ લેખિત પુરાવો ન હોય અને રાખવાનો પણ ન હોય, કારણ કે પોલીસની જવાબદારી કાયદો અને વ્યવસ્થા જાળવવાની છે અને દરેક જગ્યાએ દરેક વખતે જે કાર્યવાહી થતી હોય તે કાર્યવાહીનો લેખિત પુરાવો રાખવાનો ન હોય. વધુ ઊલટતપાસ ધ્યાને લેતાં દિવસના અજવાળામાં પંચનામુ કરી શકાય તેવી પરિસ્થિતિ હતી તો તે અંગેની નોંધ પંચનામુ કરતા પહેલા કરેલી નથી. મારા મત પ્રમાણે આવી નોંધ કરવી તેવી પણ કોઈ આદેશાત્મક જોગવાઈ નથી માટે આવા બધા જે પ્રશ્નો આરોપીઓ તરફથી પુછવામાં આવેલા છે તે અર્થહીન છે.

સાહેદ હરેશકુમાર રણછોડલાલ મુલીયાણાનાઓએ બે પંચોની હાજરીમાં આંક–૧૯૯૨ વાળુ ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરી જે મુદ્દામાલ કબજે કરેલો તે પંચનામાના પંચો પૈકીના પંચ લખાજી કાળાજી ઠાકોરને સાહેદ

નં.૩૫૦ તરીકે આંક–૧૯૯૧ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો ૨૦૦૮ ના જુલાઈ માસમાં અસારવા જહાંગીરપુરા ખાતે રહીને ચાની લારી તથા પાન–બીડીનો ધંધો કરતા હતા. તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ સિવિલ હોસ્પિટલમાં ખોડીયાર માતાના મંદિરે દર્શન કરીને પરત આવતા હતા ત્યારે રસ્તામાં ટ્રોમા સેન્ટર આવે છે. થોડા માણસો અને પોલીસવાળા કોર્ડન કરી ટોળામાં ઉભા હતા જેથી આ સાહેદ ત્યાં જોવા ગયેલા તેવામાં પોલીસના સાહેબ આવેલા અને કહેલુ કે અહીં બોમ્બ સંબંધેનું જગ્યાનું પંચનામુ કરવાનુ છે. આ સાહેદની સાથે એક અરૂણભાઈ પણ હતા તેમને પણ પોલીસે પુછેલો તો બંને જણાઓએ પંચમાં રહેવાની હા પાડેલી. ત્યારબાદ આ બંનેને ટ્રોમા સેન્ટર પાસે લાવવામાં આવેલા ત્યાં ટોળામાં પોલીસવાળા, પરમાર સાહેબ તથા એફ.એસ.એલ. ના અધિકારી હાજર હતા. ટ્રોમા સેન્ટરની પૂર્વે ટી.બી. હોસ્પિટલે જવાય, પશ્ચિમે મંદિરે જવાય, ઉત્તરે કેન્સર હોસ્પિટલ થઈને બહાર નીકળવાનો રસ્તો છે અને દક્ષિણે એ,બી બ્લોક હોસ્ટેલ આવેલી છે. દક્ષિણ તરફના ખુણા ઉપર એક થાંભલો તુટી ગયેલો અને બળેલી હાલતમાં લાઈટ લબડી પડેલ સ્થિતિમાં જોવા મળેલ. ત્યાં પરમાર સાહેબે એફ.એસ.એલ.ના અધિકારીઓને તુટી ગયેલા સામાનવાળી જગ્યા બતાવેલી. એફ.એસ.એલ.ના અધિકારીઓએ તપાસ શરૂ કરેલી ત્યાં આગળ બોમ્બનો નાશ કરવાવાળા સાહેબો પણ હતા. તપાસમા સૌપ્રથમ એક બળી ગયેલી હાલતમાં ગાડી પડી હતી તેના દરવાજા તુટી ગયેલા હતા, તે ગાડી વેગન આર હતી, સાહેબે આગળ પાછળનો નંબર જોયેલો, તે ગાડી સફેદ કલરમાં જીજે–૬–સીડી–૯૭૧૮ નંબર હતો. આ બીજા પંચ અરૂણભાઈએ પણ જોયેલો. એફ.એસ.એલ.ના સાહેબે એન્જીનનો નંબર પણ સાફ કરીને જોયેલો અને પંચનામામાં લખાવેલો. ગાડીના એન્જીનને દીવાલ પાસેથી ખસેડી તેની નીચેના ભાગે ૧૬ જેટલા વાયરો મળેલા, તે વાયરો ઉપર ટેપ હતી. આ વાયરો એફ. એસ. એલ.ના સાહેબે બોક્ષમાં મુકેલા અને કાગળે દોરી બાંધી સિકકો મારી સીલ કરેલા. ગાડીના દરવાજા અને બીજા સાધનો દુર વેર–

વિખેર પડેલ હતા તે પૈકી નાના ભાગો ભેગા કરી કોથળામાં મુકેલા અને મોટા ભાગો ખુલ્લા રાખેલા, કોથળાને દોરી બાંધી પંચોની સ્લીપો મુકી સીલ કરેલા.

વધુમાં આ સાહેદ જણાવે છે કે ગાડીના બહાર બે ગેસના બાટલા પડેલ હતા અને બીજા ત્રણ બાટલા દુર પડેલ હતા, કુલ પાંચ બાટલા પાંચ–પાંચ કીલોના હતા તે તુટીને કાળી પડે ગયેલી હાલતમાં હતા. એક બાટલા ઉપર જે.કે. ગોલ્ડન લખેલુ હતુ, બીજા બાટલા ઉપર મયુર લખેલુ હતુ તે ભેગા કરીને કોથળામાં મુકી પંચોની સહીઓવાળી સ્લીપ મુકી સીલ કરેલા. ત્યાં ગાડીની આજુબાજુ બળેલો ભુકકો તથા અવશેષો પડેલા હતા તે બોક્ષમાં મુકી સીલ કરેલા, બોક્ષને દોરી બાંધી પંચોની સહીવાળી સ્લીપ મુકી સીલ કરેલા. ત્યારબાદ રોડની સામેની બાજુએ જે બધી વસ્તુઓ પડેલી હતી તે બધી ભેગી કરી આ સાહેદને બતાવવામાં આવેલી અને તે પણ પંચોની સહીઓવાળી સ્લીપ મુકી સીલ કરેલી. ત્યાં આજુબાજુ નટ–બોલ્ટ અને સ્ક્રુ પડેલ હતા. ટ્રોમા સેન્ટરમાં જવા માટેનો ઢાળ છે જેના ઉપર લોહીના ડાઘા જોવા મળેલા આ લોહીના ડાઘ બારીમાં, સીડીમાં, દરવાજામાં, દીવાલમાં તથા ગટરના ઢાંકણા ઉપર જોવા મળેલા. આ લોહીના ડાઘા ઉપર રૂ ઘસીને પ્લાસ્ટિકની થેલીમાં મુકી નમૂનો લીધેલો, કોરા રૂને પણ થેલીમાં મુકેલુ, અલગ–અલગ પ્લાસ્ટિકની થેલીમાં મુકી પંચોની સહીઓવાળી સ્લીપ લગાવી સીલ કરેલો. જયાં ગાડી પડેલી હતી ત્યાં દીવાલ આવેલી છે. તેની નજીકમાં થાંભલો બળેલ હતો, તેની પાસે બળેલી સાઇકલ પડેલી હતી અને થેલી ભરાવેલી હતી. આ સાઇકલનો નંબર જોઈ સાઇકલ તથા થેલી કબજે લીધેલી. થેલીને પ્લાસ્ટિકની બેગમાં મુકી સીલ કરેલી. રોડની સામેની જગ્યાએ ઓકસીજન પ્લાન્ટ છે તેની બાજુમાં ૭–૮ અરડુસીના ઝાડ બળી ગયેલી હાલતમાં જોવા મળેલા. ત્યાં એક રીક્ષા પડેલી હતી તેમજ બે મારૂતી કારના કાંચ તુટેલી હાલમાં હતા. રીક્ષા બળી ગયેલી હતી તે સિવાય હીરો હોન્ડા કંપનીના ત્રણ બાઈક, ત્રણેક સાઇકલો બળી ગયેલી હાલતમાં હતી. સાઇકલ ઉપર ટીફીનનો ડબ્બો હતો, એક બળેલી તુટેલી હાલતમાં સી.એન.જી.ની ટાંકી જોવા મળેલી, મારૂતી કારનું વ્હીલ, ટાયર સ્ટેપ્રી જોવા

મળેલુ, તે તમામ વસ્તુઓ કબજે કરેલી. વધુમાં આ સાહેદ જણાવે છે કે રોડ ઉપરથી ત્રણ મોબાઈલ મળેલા, તેમાં એક સેમસંગ અને એક નોકીયા કંપનીનો હતો, તે પ્લાસ્ટીકની થેલીમાં મુકી સહીઓવાળી સ્લીપ લગાવી સીલ કરેલ. ત્યાં બીજુ ટીફીન પણ જોવા મળેલુ, વાયરનો ઘુંચળો મળેલો તે તથા સીમકાર્ડને પણ પ્લાસ્ટીકની થેલીમાં મુકી પંચોની સહીવાળી સ્લીપ મુકી સીલ કરેલુ. ટ્રોમા સેન્ટરના ઢાળ પાસે અંદર જતા કાંચનો દરવાજો છે તે તુટેલી હાલતમાં જોવા મળેલો, અમૂક બારીઓના કાંચ તથા નકુચા તુટી ગયેલા હતા. ત્યારબાદ સીડીથી ઉપર ગયેલા, ત્યાં એક નર્સ હતા તેને સાહેબોને તુટેલા કાંચ અને બારી બારણા બતાવેલા. સાઈડની બારીની દીવાલમાં તુટેલુ એ.સી. જોવા મળેલુ, ત્યારબાદ બીજા માળે ગયેલા ત્યાં પણ સાઈડની બારીના કાંચ તુટી ગયેલા હતા, ત્યાં બોમ્બ બ્લાસ્ટમાં ઈજા થયેલા એક ભાઈ દાખલ થયેલા હતા. ત્યારબાદ જુદા–જુદા રૂમોની સ્થિતિ જોઈ બહાર આવેલા. બહાર પડેલા ટીફીનો કાપડની થેલીમાં મુકી પંચોની સહીઓવાળી સ્લીપ મુકી સીલ કરેલા. આ મુજબનુ વિગતવાર પંચનામુ લખવામાં આવેલુ અને પંચોની સહીઓ કરાવેલી. આ કામે આંક–૧૯૯૨ વાળા પંચનામામાં તથા આંક–૧૯૯૩ થી ૨૦૧૧ સુધીની પંચ સ્લીપોમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે. આમ આ પંચનામા આધારે પોલીસે આ સાહેદની હાજરીમાં કુલ–૪૨ પ્રકારનો અલગ–અલગ મુદ્દામાલ સ્થળ ઉપરથી કબજે કરેલો છે. આ ઉપરાંત આ સાહેદની હાજરીમાં ઉપરોકત પંચનામાની વિગતે જે મુદ્દામાલ કબજે કરવામાં આવેલો તે તમામ મુદ્દામાલ આ સાહેદે પોતાની જુબાની દરમ્યાન અદાલત રૂબરૂ ઓળખી બતાવેલો છે. વધુમાં આ સાહેદે અદાલત રૂબરૂ બે પતરાની નંબર પ્લેટો જેની ઉપર અંગ્રેજીમાં જીજે–૬–સીડી–૯૭૧ લખેલ છે તે પૈકી અંગ્રેજી "જે" નો વચ્ચેનો ભાગ કટ થઈ ગયેલો જોવા મળેલ. અંગ્રેજીમાં "૬" લખેલ છે તે પણ ઉખડી ગયેલ જોવા મળેલ છે, "સી" માં કટ જોવા મળેલ છે, "ડી" નો અમુક ભાગ ઉખડી ગયેલ જોવા મળેલ છે, "૭" નો આંકડો કપાય ગયેલો છે તથા "૧" નાં આકડામાં કટ જોવા મળેલ છે. આ નંબર પ્લેટ તથા બીજી નંબર પ્લેટના પાછલના ભાગે

સેલોટેપ લગાવેલી છે તે આ સાહેદે ઓળખી બતાવેલી છે. જેની ઉપરની પંચ સ્લીપમાં પણ આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવી છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો ગેસ સીલીન્ડર જયાંથી મળ્યા ત્યાંથી મળેલા છરાની ગણતરી કરેલ નથી તેમ જણાવે છે. પી.જી. હોસ્ટેલ પાસે સાઇકલ પરથી થેલી કેવી રીતે ઉતારી તેની ખબર નથી. જે મોબાઈલ મળેલા તે સીલ કરેલા ન હતા તો તે હકીકત નકારી છે. પંચનામામાં જણાવ્યા મુજબની જગ્યાએથી લોહીના નમૂના રૂ ઘસીને લીધેલા નથી તો તે હકીકત નકારેલી છે. પંચનામામાં જે તે સમયે આ સાહેદની હાજરીમાં કોઈ લખાણ ઉમેરવામાં આવેલુ કે કેમ તેની ખબર નથી. બનાવવાળી જગ્યા પાસે થાંભલો બળીને તુટી ગયેલી હાલતમાં ન હતો તો તે નકારે છે. પંચનામામાં થાંભલો લબડી ગયેલ હાલતમાં હોવાની હકીકતનો ઉલ્લેખ નથી તો તે હકીકત નકારે છે. મારા મત પ્રમાણે પંચનામામાં થાંભલો લબડી ગયેલ હાલતમાં ન હોવાનો ઉલ્લેખ કરવામાં આવેલ ન હોય તો તેનો અર્થ એવો ન થાય કે આ સાહેદની હાજરીમાં પંચનામુ થયુ નથી અથવા પંચનામુ ખોટુ છે. વધુ ઊલટતપાસ ધ્યાને લેતાં ત્યાં પડેલા બધા વાહનો તુટેલી અને બળેલી હાલતમાં ન હતા તો તે હકીકત પણ નકારી છે. પંચનામામાં જે અંગ્રેજી લખાણ લખેલુ છે તે તેમની સાથેના અરૂણભાઈએ લખાવેલાનું કબૂલ કરે છે. પંચનામામાં અંગ્રેજી શબ્દો અરૂણભાઈએ લખાવેલા તેવી કોઈ નોંધ કરવામાં આવેલી નથી તે કબૂલ કરે છે, પરંતુ આવી નોંધ લખવી જોઈએ એવુ જરૂરી પણ નથી. આ સાહેદ પોતાની દરરોજની કામગીરી સબંધે કોઈ નોંધ કે ડાયરી રાખતા નથી પરંતુ મારા મત પ્રમાણે કોઈપણ સામાન્ય વ્યકિત કે અન્ય કોઈ પણ વ્યકિત દરરોજ પોતે શું કામગીરી કરી તેની નોંધ રાખતા નથી. આ પ્રશ્ન પુછનાર એડવોકેટશ્રીએ પણ પોતે રોજ કેટલા કેસો ચલાવે તેની પણ નોંધ રાખી નહીં હોય જેથી આવા પ્રશ્નોનો કોઈ અર્થ નથી. વધુ ઊલટતપાસ ધ્યાને લેતાં પંચનામાવાળી જગ્યાએ આ સાહેદ પહોંચ્યા તે પહેલા પોલીસ કયારથી ત્યાં હાજર હતી તેની ખબર નથી. એફ.એસ.એલ.નો આ સાહેદને ખ્યાલ નથી. બોમ્બ, પીસ્તોલ, રીવોલ્વર વિશે જાણકારી નથી. કારનું એન્જીન સાથે ન

હોવાથી તે કાર કઈ કંપનીની હતી તે કહી શકાય નહીં તો તે કબૂલ કરે છે. આ પ્રશ્નનો અર્થ જોતા એવુ કહી શકાય કે કારમાં એન્જીન છુટુ પડી ગયેલ હતુ તે આરોપીઓ તરફથી કબૂલ કરતા હોય એવુ માલુમ પડે છે. પંચનામુ કયા પોલીસ અધિકારીએ લખેલુ તે આ સાહેદને યાદ નથી. મારા મત પ્રમાણે આ સાહેદ સામાન્ય વ્યકિત છે અને તેને આ બાબતે ખબર ન હોય તે સ્વાભાવિક છે. વધુ ઊલટતપાસ ધ્યાને લેતાં આ સાહેદની હાજરીમાં કોઈ વસ્તુઓ કબજે કરી નથી કે પંચોની સ્લીપોવાળી સહીઓ લગાવી વસ્તુઓ સીલ કરેલ નથી તો તે હકીકત નકારી છે. કોમી રમખાણો થયાનું આ સાહેદને યાદ નથી. મોટર સાઇકલ વાહનો કબજે કરતી વખતે તેની ઓળખ સંબંધે કોઈ નિશાની કરેલી નહીં પરંતુ મારા મત પ્રમાણે આવી નિશાની કરવી જ જોઈએ તેવી કોઈ આદેશાત્મક જોગવાઈ પણ નથી માટે નિશાની ન કરવાથી આ વસ્તુઓ કબજે કરેલી નથી તેમ કહી શકાય નહીં. વધુ ઊલટતપાસ ધ્યાને લેતાં જે મુદ્દામાલ કબજે કરવામાં આવેલો તે બનાવવાળી જગ્યાથી ૧૫–૧૭ કુટના ઘેરાવામાં પડેલો હતો. મુદ્દામાલ પોલીસવાળા કયાં લઈ ગયેલા તેની સાહેદને ખબર નથી તેના જવાબમાં સાહેદે જણાવેલ છે કે પોલીસ સ્ટેશને લઈ ગયેલા. આ સાહેદની લારી સબંધે એ.એમ.સી. કે પોલીસ તરફથી કનડગત થતી હતી તો તે હકીકત નકારી છે. આ હકીકત ધ્યાને લેતા આરોપીઓ તરફથી એવુ પુરવાર કરવાનો પ્રયાસ થયેલો છે કે આ સાહેદની લારીને પોલીસ અને એ.એમ.સી. તરફથી કનડગત ન થાય તે માટે આ સાહેદ પંચમાં રહેલા છે. પરંતુ આ હકીકત આવા પ્રશ્ન પુછવાથી પુરવાર થતી નથી. પંચનામામાં નંબર પ્લેટ ઉપરના નંબર ખાનગી કે ટેક્ષી નંબર છે તેવી કોઈ હકીકત પંચનામામાં લખેલી નથી તો તે કબૂલ કરે છે.

સાહેદ હરેશભાઈ રણછોડભાઈનાઓએ એફ.એસ.એલ. અધિકારીની હાજરીમાં સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટર પાસેથી જે વસ્તુઓ કબજે કરેલી અને તેનુ પંચનામુ આંક–૨૩૩૧ વાળુ બનાવવામાં આવેલુ તે પંચનામા પૈકના પંચ પ્રવિણભાઈ મંગાભાઈ મહેરીયાનાઓને ફરિયાદપક્ષે સાહેદ નં.૪૦૭ તરીકે આંક–૨૩૩૦ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ

તો તા.૧/૮/૨૦૦૮ નાં રોજ બપોરના પોણા બે વાગ્યાના સુમારે તેઓ તથા બીજા એક ભાઈ ધીરજભાઈ રાવતને ક્રાઈમ બ્રાન્ચ પોલીસે સિવિલ હોસ્પિટલ ટ્રોમા સેન્ટર પાસે બોલાવેલા. ત્યાં નેશનલ સીકયુરીટી ગાર્ડના અધિકારીઓ હાજર રહેલા અને શાહીબાગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલ બોમ્બ ધડાકા સબંધે નોંધાયેલ ફરીયાદના કામે વપરાયેલ બે ડીટોનેટર અને તાર કબજે કરી તેનુ પંચનામુ બનાવવામાં આવેલુ. આ બંને ડીટોનેટર જોયા ત્યારે ગુંચળામાં ગુંચવાયેલા હતા, તે બળેલા અને કાળા પડી ગયેલા હતા, તેની ઉપર પ્રવાહી ચોટીને સુકાય ગયેલ હતુ, બંને ડીટોનેટરની લંબાઈ માપવામાં આવેલી અને તેની નોંધ પંચનામામાં કરવામાં આવેલી. બંને ડીટોનેટરને એક કાપડની કોથળીમાં મુકી પંચોની સહીઓવાળી સ્લીપ મુકી દોરાથી સીલ કરેલ. આ અંગેનુ જે પંચનામુ બનાવેલુ તે આ કામે આંક–૨૩૩૧ થી ૨જૂ છે તેમાં તથા આંક–૨૩૩૨ ની પંચ સ્લીપ ૨જૂ છે તેમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

સાહેદ હરેશભાઈ રણછોડભાઈનાઓએ ઈજા પામનાર ભુતપસિંહ ચંદુજી, જયાબેન ગોહીલ, યોગેન્દ્ર પટેલ, પ્રવિણ પટેલનાઓને જે ઈજાઓ થયેલી અને સારવાર દરમ્યાન તેમના શરીરમાંથી લોખંડના ટુકડા જેવા અવશેષો કાઢવામાં આવેલા અને તે અવશેષો બે પંચોની હાજરીમાં આંક–૨૨૭૦ વાળુ પંચનામુ કરી કબજે કરેલા તે પંચનામા પૈકીના પંચ અમરસિંહ ધનસિંહ મહાવતનાઓને ફરિયાદ પક્ષે સાહેદ નં.૩૮૯ તરીકે આંક–૨૨૬૯ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨/૮/૨૦૦૮ નાં રોજ તેઓ સિવિલ હોસ્પિટલ પાસેથી પસાર થતા હતા ત્યારે પોલીસે તેમને બોલાવેલા. આ વખતે રાતના સાડા સાત વાગ્યાનો સમય થયો હશે, તેમની સાથે બીજા એક ચતુરભાઈ પરમારને બોલાવેલા. પોલીસે ત્યાં સમજ કરેલી કે ટ્રોમા સેન્ટર પાસે થયેલ બોમ્બ બ્લાસ્ટમાં ઈજા પામનારાઓએ શારદાબેન કલીનીક તથા આનંદ સર્જીકલ હોસ્પિટલમાં સારવાર લીધેલી અને તેમની સારવાર દરમ્યાન તેઓના શરીરમાંથી કાઢવામાં આવેલા અવશેષો કબજે કરવાના છે તેનુ પંચનામુ કરવાનુ છે. આ વખતે ત્યાં એક પોલીસ કોન્સ્ટેબલ રોહીતસિંહ હાજર હતા. તેમને જુદી–જુદી

પ્લાસ્ટીકની થેલીઓ રજુ કરેલી, તે પારદર્શક થેલીઓ હતી અને તેમાં લોખંડ જેવા અવશેષો હતા. એક પારદર્શક થેલી ઉપર શારદાબેન કલીનીક લખેલુ હતુ તથા ભુપતસિંહ નામ લખેલુ હતુ. બીજી વિગતોમાં કાળા રંગનો લોખંડનો પદાર્થ હતો તેની ઉપર યોગેન્દ્રભાઈનું નામ તથા આનંદ સર્જીકલ લખેલુ હતુ જેમાં એક લોખંડનો છરો તથા બે નાના–મોટા લોખંડના ટુકડા હતા. ત્રીજી એક પ્લાસ્ટિકની પારદર્શક થેલીમાં નાના–મોટા બે લોખંડના ટુકડા જેની ઉપર આનંદ સર્જીકલ તથા જયાબેનનું નામ હતુ. ચોથી એક પારદર્શક થેલીમાં પ્રવિણભાઈ પટેલ તથા આનંદ સર્જીકલ લખેલુ હતુ આ થેલીમાં નાના–મોટા બે લોખંડના ટુકડા હતા. આ ચારેય થેલીઓ બોક્ષમાં બંધ કરી કાગળમાં લપેટી પંચોની સહીઓવાળી સ્લીપ મુકી કબજે કરેલ. આ મુજબનું જે પંચનામુ બનાવેલુ તે આંક–૨૨૭૦ વાળા પંચનામામાં તથા આંક–૨૨૭૧ અને ૨૨૭૨ વાળી પંચ સ્લીપોમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

ત્યારબાદ તા.૧૫/૮/૨૦૦૮ ના રોજ આ બનાવની તપાસ ટોળીયાએ સંભાળેલી અને તેમણે પોતાની તપાસ દરમ્યાન મારૂતી વેગન આર કાર નં.જીજે–૬–સીડી–૯૭૧૮ મા પ્રચંડ વિસ્ફોટ થયેલો અને તે કારની નંબર પ્લેટો એફ.એસ.એલ.માં તપાસણી અર્થે મોકલેલી અને તે નંબર પ્લેટોમાં જે આંકડા લખેલા છે તે પૈકી અમુક આંકડા મહંમદ વશીમ અબ્દુલ રહેમાન શેખ, રહે.રૂમ નં.૧૮૧, પુજારીની ચાલી, નુરી મસ્જિદની બાજુમાં, કબ્રસ્તાન સામે અમદાવાદનાઓ લખેલા હોવાનું બહાર આવતા તેઓએ પોલીસ સમક્ષ આ નંબર પ્લેટો ઓળખી બતાવેલી અને તેનુ પંચનામુ કરવામાં આવેલુ તે પંચનામા પૈકીના પંચ જયેશભાઈ પ્રતાપભાઈ ચાવડાનાઓને સાહેદ નં.૯૦૬ તરીકે આંક–૬૪૮૯ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૩/૧/૨૦૦૯ નાં રોજ તેઓ દોઢેક વાગે મેઘાણીનગર ઓટો પાર્ટસની દુકાને ગયેલા અને પાછા તેમના ગેરેજ ઉપર આવતા હતા ત્યારે પોલીસે તેમને રોકેલા, તેમની સાથે તેમના મિત્ર વિક્રમસિંહ પણ હતા. પોલીસ તેઓને એફ.એસ.એલ.માં લઈ ગયેલી. ત્યાં ટોળીયા સાહેબ હાજર હતા, ત્યાં પબ્લીકના માણસો તથા બીજા પોલીસના

માણસો હાજર હતા. ત્યાં એક વ્યકિત મહંમદ વશીમભાઈનાઓ હાજર હતા. ત્યાં ટોળીયા સાહેબે કહેલુ કે શાહીબાગ સિવિલ હોસ્પિટલમાં જે બ્લાસ્ટ થયેલો હતો તે ગાડી નં.જીજે–૬–સીડી–૯૭૧૮ નંબરની ગાડી વપરાયેલી, તેની નંબર પ્લેટો તપાસ અર્થે એફ.એસ.એલ.માં મોકલેલી છે આ નંબર પ્લેટો મહંમદભાઈએ સુધારેલી છે અને તેઓ ઓળખી બતાવવા માંગે છે. આ વખતે વશીમભાઈએ જણાવેલુ કે આ નંબર પ્લેટનો "૮" નંબર મેં સુધારેલો છે. આ મહંમદભાઈએ એમ પણ જણાવેલુ કે આ આંકડો મેં જાતે કટીંગ કરેલો છે અને વીનાઈલ કે રેડીયમથી લગાડેલો છે. આ અંગેનુ પંચનામુ કરેલુ તે આંક–૬૪૯૦ થી રજૂ છે જેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે તથા જે નંબર પ્લેટો જોયેલી તે નંબર પ્લેટો પણ અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પબ્લીકનો માણસ મહંમદ વશીમ કેટલા સમય પહેલાથી ત્યાં હાજર હતો તે જાણવા મળેલુ નહીં તેમ જણાવે છે. આ નંબર પ્લેટો પોલીસના માણસો કે મિસ્ત્રી સાહેબ રૂમમાં લઈ આવેલા હોય તેવુ બનેલુ નથી તે કબૂલ કરે છે. આ સાહેદ રૂમમાં ગયા ત્યારે નંબર પ્લેટો ત્યાં પડેલી હતી અને મહંમદ વશીમભાઈ હાજર હતા તે કબૂલ કરે છે. નંબર પ્લેટો ઉપર વિક્રમસિંહની, આ સાહેદની કે ટોળીયા સાહેબની સહી નથી તે કબૂલ કરે છે. આ સાહેદની તથા વિક્રમસિંહની તૈયાર પંચનામામાં સહીઓ લીધેલાની હકીકત નકારે છે. આંક–૬૪૯૦ વાળા પંચનામામાં મહંમદ વશીમે જે હકીકત જણાવેલી તે હકીકત પુરાવામાં ગ્રાહય નથી તેવી રજૂઆત આરોપીઓ તરફથી થયેલી છે પરંતુ મહંમદ વશીમ આરોપી નથી જેથી આરોપીઓ તરફની આ દલીલ ગ્રાહ્ય રખાય તેમ નથી.

આ કામે ફરીયાદપક્ષ દ્વારા સાહેદ દિનેશભાઈ વાલજીભાઈ વાઘેલાને સાહેદ નં.૪૭૯ તરીકે આંક–૨૮૮૯ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તેઓ શાહીબાગ પોલીસ સ્ટેશનમા ઈન્વેસ્ટીગેશન સ્કવોર્ડમાં હાજર હતા ત્યારે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ પોલીસ ઈન્સ્પેકટર પરમારનાઓએ આપેલ સુચના મુજબ સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટર ઉપર ગયેલા અને મરણ ગયેલ એક અજાણ્યા પુરૂષની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ કરેલુ

તે લાશ હાજર ઈસમે રાજુસિંહ ચૌહાણે ઓળખી બતાવેલી અને ઈન્કવેસ્ટ પંચનામુ કરી શબ પરિક્ષણ માટે મોકલી આપેલી. આ અંગેનુ પંચનામુ કરવામાં આવેલુ તે પંચનામુ આંક–૧૧૭૩ થી રજૂ છે જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. ત્યારબાદ તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ મળેલ સુચના આધારે સિવિલ હોસ્પિટલ ખાતે આ સાહેદ ગયેલા અને આ અજાણ્યા પુરૂષના શબ પરિક્ષણ વખતે લાશ ઉપરથી જે કપડા ડૉકટરે લીધેલા તે કપડા પંચનામાની વિગતે કબજે કરેલા અને ચારેય કપડા ઉપર પંચોની તથા પોતાની સહીઓવાળી સ્લીપ મુકી સીલ કરેલા તે અંગેનું પંચનામુ બનાવવામાં આવેલુ જે આંક–૨૨૩૩ થી રજૂ છે તથા પંચ સ્લીપો આંક–૨૨૩૪ થી ૨૨૩૯ સુધી રજૂ છે જેમાં આ સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

ઉપરોકત આંક–૨૨૩૩ ના પંચનામાથી સાહેદ દિનેશભાઈ વાલજીભાઈનાઓએ અજાણ્યા પુરૂષના શબ ઉપરના કપડા કબજે કરેલા તે પંચનામા પૈકીના પંચ ચુન્નુભાઈ ઘનશ્યામભાઈ ચૌહાણનાઓને સાહેદ નં.૩૮૩ તરીકે આંક–૨૨૩૨ થી તપાસેલ છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૭/૭/–૨૦૦૮ નાં રોજ બપોરના બે વાગ્યાની આસપાસ શાહીબાગ પોલીસ સ્ટેશનમાં તેઓને બોલાવેલા તેમની સાથે એક કૃણાલભાઈ પટેલ પણ હાજર હતા. પોલીસે બંનેને સમજ આપેલી કે સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટર પાસે થયેલા બોમ્બ બ્લાસ્ટમાં એક અજાણ્યા પુરૂષને ઈજાઓ થતા મરણ ગયેલ છે અને તેમની લાશ ઉપરના કપડા ડૉકટરશ્રીએ શબ પરીક્ષણ વખતે લીધેલા છે તે કબજે કરવાના છે ત્યારબાદ પોલીસે કપડા બતાવેલા, જેમાં એક કાળા કલરની બળી ગયેલી હાલતમાં લોહીથી ખરડાયેલી બનીયાન હતી, બીજો એક લોહીથી ખરડાયેલો બે ટુકડા થયેલ હાથ રૂમાલ હતો, ત્રીજો એક છીંકણી કલરનો જાંગીયો જે બળી ગયેલી હાલતનો હતો તથા એક જીન્સનું વાદળી કલરનું પેન્ટ નીચેથી બળી ગયેલી હાલતમાં હતુ. આ ચારેય કપડા અલગ–અલગ પ્લાસ્ટીકની થેલીમાં મુકેલા અને અલગ–અલગ પડીકાવાળી પંચોની તેમજ પોતાની સહીઓવાળી સ્લીપ મુકી તેને સીલ કરેલ. આ કાર્યવાહીનું પંચનામુ બનાવેલુ તે પંચનામુ

આંક–૨૨૩૩ તથા પંચ સ્લીપો આંક–૨૨૩૬ થી ૨૨૩૯ માં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આ ઉપરાંત ચારેય પેકેટો ઉપરથી મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ ની મુદ્દામાલ વર્ણવાળી સ્લીપો સુપરિન્ટેન્ડેન્ટની સહી વાળી નીકળેલી તે સ્લીપો પણ આંક–૨૨૩૪ તથા ૨૨૩૫ થી રજૂ કરવામાં આવેલી છે તેમજ આ સાહેદની હાજરીમાં પોલીસે જે મુદ્દામાલ કપડા કબજે કરેલા તે તમામ કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષ દ્વારા સાહેદ કાનજીભાઈ કાન્તીભાઈ પરમારને સાહેદ નં.૪૭૭ તરીકે આંક–૨૮૮૭ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો ૨૦૦૮ માં ઈન્વેસ્ટીગેશન સ્કવોર્ડમાં શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરજ બજાવતા હતા. તે દિવસે રાત્રે આઠેક વાગ્યાના સુમારે પી.એસ.ઓ. તરફથી જાણ કરવામાં આવેલી કે સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટર પાસે બોમ્બ ધડાકા થયેલા છે અને તાત્કાલિક બીજા માણસો સ્થળ ઉપર મોકલી આપો તેવુ પોલીસ ઈન્સ્પેકટર પરમારે જણાવેલુ છે. આ સંદેશો મળતા આ સાહેદ તથા દિનેશભાઈ અને બીજા સ્ટાફના માણસો સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટર પાસે પહોંચેલા ત્યાં પોલીસ અધિકારીઓ તથા બીજા માણસો હાજર હતા. ઘણા લોકોને લોહીલુહાણ હાલતમાં જોયેલા, ઘણા માણસોને ઈજાઓ થયેલી, ઘણા માણસો મરણ ગયેલા. જેથી આ સાહેદ બચાવ કામગીરીમાં લાગી ગયેલા. આ સમયે મરણ જનારના સગા ભાઈ જયેશભાઈ પટેલનાઓએ મરણ જનારની લાશ ઓળખી બતાવેલી. લાશની ઉપરની ઈજાઓ પંચોના લખાવ્યા મુજબ લખી લીધેલું અને પંચોની સહીઓ કરાવેલી, તે અંગેનુ ઈન્કવેસ્ટ પંચનામુ બનાવેલુ જે આંક–૧૨૪૦ થી રજૂ છે તેમાં આ સાહેદે પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવેલી છે. વધુમાં આ સાહેદની સરતપાસ ધ્યાને લેતા તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટર પાસે થયેલા બોમ્બ બ્લાસ્ટમાં એક જયકિશન ચંદુભાઈ પટેલ ઈજાઓ થતા મરણ ગયેલ છે અને તેમની લાશ ઉપરના કપડા ડૉકટરશ્રીએ શબ પરીક્ષણ વખતે લીધેલા છે તે કબજે કરવાના છે. જેથી પોલીસ કોન્સ્ટેબલ ધનંજય ભાષ્કર

રાવનાઓએ કપડા રજૂ કરેલા જે પંચનામાની વિગતે કબજે કરેલા અને પંચનામા મુજબ તે કપડાઓમાં એક આસમાની કલરનો લેંઘો અને ઝભ્ભો ફાટી ગયેલી હાલતમાં હતા તે પંચોની સહીઓવાળી સ્લીપ મુકી કબજે કરેલા. આ કાર્યવાહીનું પંચનામુ બનાવેલુ તે પંચનામુ આંક–૨૨૯૨ તથા પંચ સ્લીપો આંક–૨૨૯૫ અને ૨૨૯૬માં આ સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે. તેમજ આ સાહેદની હાજરીમાં જે મુદ્દામાલ કપડા કબજે કરેલા તે તમામ કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે.

ત્યારબાદ તા.૩૧/૭/૨૦૦૮ નાં રોજ આ સાહેદ સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટર ખાતે ગયેલા અને ત્યાં બોમ્બ બ્લાસ્ટમાં ઈજા પામી મરણ જનાર રોહન દુષ્યંતભાઈ વ્યાસનાઓના ઈન્કવેસ્ટ પંચનામાની કાર્યવાહી શરૂ કરેલી, બે પંચોને બોલાવેલા અને મરણ જનારની લાશ તેમના સગા ધર્મેન્દ્રભાઈ મોતીલાલ વ્યાસે ઓળખેલી અને લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ પંચોની હાજરીમાં કરેલુ તથા પંચોની સહીઓ કરાવેલી અને રૂબરૂ તરીકે આ સાહેદે સહી કરેલી. આ પંચનામુ આંક–૧૩૧૪ થી રજૂ છે તેમાં આ સાહેદે પંચોની તથા પોતાની સહી ઓળખી બતાવી છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા તપાસ કરનાર અધિકારીઓ ગુનાવાળી જગ્યાના પંચનામા કરતા હોય છે તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે આ બનાવ ઘણો મોટો બનાવ હતો, કોઈ એક અધિકારી તમામ કાર્યવાહી એક સાથે કરી શકે નહીં જેથી બીજા પોલીસના માણસોને આવી નાની નાની કાર્યવાહી સોંપે તો તે ગેરકાયદેસર નથી.

ઉપરોકત આંક–૨૨૯૨ના પંચનામાથી સાહેદ કાનજીભાઈ કાન્તીભાઈનાઓએ જયકિશન ચંદુભાઈના શબ ઉપરના કપડા કબજે કરેલા તે પંચનામા પૈકીના પંચ ભદ્રેશભાઈ ભીખાભાઈ પટેલનાઓને સાહેદ નં.૩૯૫ તરીકે આંક–૨૨૯૧ થી તપાસેલ છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ બપોરના સવા બે–અઢી વાગ્યાના અરસામાં આ સાહેદને શાહીબાગ પોલીસ સ્ટેશનમાં બોલાવેલા, ત્યાં એક ઓમકારભાઈ પ્રજાપતિ પણ હાજર હતા. પોલીસે સમજ આપેલી કે સિવિલ હોસ્પિટલ ટ્રોમા સેન્ટર પાસે બોમ્બ બ્લાસ્ટમાં

ગુજરી જનાર જયકિશનભાઈ ચંદુભાઈ પટેલનાઓના શબ પરિક્ષણ વખતે ડૉકટરે લાશ ઉપરથી લીધેલા કપડા કબજે કરવાના છે અને પંચનામુ કરવાનું છે. આ વખતે પોલીસ કોન્સ્ટેબલ ધનંયજયભાઈ હાજર હતા અને તેમને એક આસમાની કલરનો લેંઘો જે બળી અને ફાટી ગયેલ હાલતમાં હતો તથા આસમાની કલરનો ઝભ્ભો જે બળી ગયેલો અને સંકોચાઈ ગયેલો હતો. આ બંને કપડાઓ આ સાહેદની હાજરીમાં અલગ–અલગ પ્લાસ્ટિકની થેલીમાં મુકી બંને થેલીને અલગ–અલગ કાગળમાં લપેટીને દોરીથી બાંધવામાં આવેલ અને પંચોની સહીઓવાળી સ્લીપો લગાવેલ. આ કાર્યવાહીનું જે પંચનામુ બનાવવામાં આવેલુ તે આંક–૨૨૯૨ વાળા પંચનામામાં તથા આંક–૨૨૯૫ અને ૨૨૯૬ વાળી પંચ સ્લીપોમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે. આ ઉપરાંત બન્ને પેકેટો ઉપરથી મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ ની મુદ્દામાલ વર્ણનવાળી સ્લીપો સુપરિન્ટેન્ડેન્ટની સહીવાળી નીકળેલી તે સ્લીપો પણ આંક–૨૨૯૩ તથા નાયબ પોલીસ અધીક્ષકની મુદ્દામાલ વર્ણનવાળી સ્લીપ આંક–૨૨૯૪ થી રજૂ કરવામાં આવેલી છે જેમાં સહીઓ ઓળખી બતાવે છે તેમજ આ સાહેદની હાજરીમાં પોલીસે જે મુદ્દામાલ કપડા કબજે કરેલા તે તમામ કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ દ્વારા સાહેદ બાબુભાઈ જીવાજી સડાતને સાહેદ નં.૪૪૫ તરીકે આંક–૩૦૦૦ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો ૨૦૦૮ થી તેઓ શાહીબાગ પોલીસ સ્ટેશનમાં પોલીસ સબ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ શાહીબાગ સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડમાં તેમજ અમદાવાદમાં જુદી–જુદી જગ્યાએ થયેલ બોમ્બ બ્લાસ્ટના અનુસંધાને તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેઓ ફરજ પર હતા. ત્યારબાદ તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ વહેલી સવારે શાહીબાગ સીનીયર પોલીસ ઈન્સ્પેકટર તરફથી બોમ્બ બ્લાસ્ટમાં મરણ જનાર ઈસમો પૈકી જશવંતભાઈ રણછોડભાઈ પટેલનાઓનું ઈન્કવેસ્ટ ભરવા માટે સુચના મળેલી. જેથી આ સાહેદ સિવિલ હોસ્પિટલના કમ્પાઉન્ડમાં આવેલ પી.એમ. રૂમમાં

ગયેલા અને ઉપરોકત મરણ જનારનું ઈન્કવેસ્ટ ભરવા મંજૂરી મેળવવા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટને યાદી લખેલી અને બે પંચો બોલાવેલા ત્યાં મરણ જનારના સગા દિનેશભાઈ પટેલનાઓએ લાશ ઓળખી બતાવેલી અને પંચો તથા તેઓની હાજરીમાં મરણ જનારનું ઈન્કવેસ્ટ પંચનામુ કરેલુ. આંક–૧૧૯૩ વાળા ઈન્કવેસ્ટ પંચનામામાં આ સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ જ તારીખે બોમ્બ બ્લાસ્ટમાં મરણ જનાર ઈસમો પૈકી સુરેશભાઈ નાગરભાઈ દાતણીયાનાઓનું ઈન્કવેસ્ટ ભરવા માટે સુચના મળેલી. જેથી આ સાહેદ સિવિલ હોસ્પિટલના કમ્પાઉન્ડમાં આવેલ પી.એમ. રૂમમાં ગયેલા અને ઉપરોકત મરણ જનારનું ઈન્કવેસ્ટ ભરવા મંજૂરી મેળવવા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટને યાદી લખેલી અને બે પંચો બોલાવેલા ત્યાં મરણ જનારના સગા શૈલેષભાઈ વિનોદભાઈ દંતાણીનાઓએ લાશ ઓળખી બતાવેલી અને પંચો તથા તેઓની હાજરીમાં મરણ જનારનું ઈન્કવેસ્ટ પંચનામુ કરેલુ. આંક–૧૨૬૧ વાળા ઈન્કવેસ્ટ પંચનામામાં આ સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ જ તારીખે આ સાહેદ પોલીસ સ્ટેશનમાં હાજર હતા ત્યારે પોલીસ ઈન્સ્પેકટરની સુચના મુજબ બે પંચોને બોલાવી મરણ જનાર જશવંતભાઈ રણછોડભાઈ પટેલનાઓનું પી.એમ. કરનાર ડૉકટરે લાશ ઉપરથી લીધેલા કપડા મુદ્દામાલ તરીકે કબજે કરવાના હોવાથી આ કપડા પોલીસ કોન્સ્ટેબલ જીતેન્દ્રસિંહ બહાદુરસિંહનાઓએ રજૂ કરેલા અને આ કપડા પંચોની હાજરીમા પંચનામુ કરી કબજે કરેલા. આંક–૨૨૦૬ વાળા પંચનામામાં બે પંચોની તથા રૂબરૂ તરીકે આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

ત્યારબાદ આ જ તારીખે આ સાહેદ પોલીસ સ્ટેશનમાં હાજર હતા ત્યારે પોલીસ ઈન્સ્પેકટરની સુચના મુજબ બે પંચોને બોલાવી મરણ જનાર સુરેશ નાગરભાઈનાઓનું પી.એમ. કરનાર ડૉકટરે લાશ ઉપરથી લીધેલા કપડા મુદ્દામાલ તરીકે કબજે કરવાના હોવાથી આ કપડા પોલીસ કોન્સ્ટેબલ

જીતેન્દ્રસિંહ બહાદુરસિંહનાઓએ રજૂ કરેલા અને આ કપડા પંચોની હાજરીમા પંચનામુ કરી કબજે કરેલા. આંક–૨૨૪૧ વાળા પંચનામામાં બે પંચોની તથા રૂબરૂ તરીકે આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

ત્યારબાદ આ સાહેદે ઉપરોકત બંને મરણ જનારાઓના કપડા કે જે તેમને ઉપરોકત પંચનામા દ્વારા કબજે કરેલા તે કપડા આ સાહેદ અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે.

ઉપરોકત આંક–૨૨૦૬ ના પંચનામાથી સાહેદ બાબુભાઈ જીવાભાઈનાઓએ જશવંતભાઈ રણછોડભાઈના શબ ઉપરના કપડા કબજે કરેલા તે પંચનામા પૈકીના પંચ ગીરીશભાઈ ઘનશ્યામભાઈ સથવારાનાઓને સાહેદ નં.૩૭૯ તરીકે આંક–૨૨૦૫ થી તપાસેલ છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ તેઓ શાહીબાગ પોલીસ સ્ટેશન બાજુથી નીકળતા હતા ત્યારે તેમને શાહીબાગ પોલીસ સ્ટેશનમાં બોલાવેલા તે વખતે ત્યાં એક હિંમતસિંહ રાજપુતને પણ બોલાવેલા હતા. પોલીસે બંનેને સમજ આપેલી કે સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડમાં થયેલા બોમ્બ બ્લાસ્ટમાં જશવંતભાઈ પટેલનાઓ ગુજરી ગયેલા છે અને તેમનુ શબ પરિક્ષણ થયેલુ છે અને તે વખતે ડૉકટરે લાશ ઉપરથી લીધેલા કપડા તથા નમુનાઓ કબજે લેવાના છે. જેથી તે કપડા તથા નમૂના પોલીસ કોન્સ્ટેબલ જીતેન્દ્રસિંહે રજૂ કરેલા. જેમાં એક કાચની સીલબંધ બોટલ હતી, તેના ઉપર પી.એમ. નંબર, તારીખ તથા જશવંતભાઈ પટેલનું નામ લખેલ હતુ અને બીજી વિગતો પણ હતી, બીજુ એક ખાખી કલરનું કવર હતુ જેના ઉપર જશવંતભાઈ આખુ નામ લખેલ હતુ તેમજ સિવિલ હોસ્પિટલ પણ લખેલ હતુ. શરીરમાંથી કાઢવામાં આવેલ મેટાલીક પીસ અંગ્રેજીમાં લખેલુ હતુ તથા બીજી વિગતો પણ હતી, એક ગ્રે કલરનું શર્ટ, સફેદ અર્ધી બાંયની બંડી જે અર્ધ બળેલ હતી જેના ઉપર ભુખરા કલરના ડાઘા હતા. આ વસ્તુઓનું આ સાહેદની હાજરીમાં કપડાઓનું પડીકુ બનાવેલુ અને પંચોની સહીઓવાળી સ્લીપ મુકીને દોરીથી બાંધીને સીલ કરેલુ. આ કાર્યવાહીનું પંચનામુ બનાવેલ જેમાં આ સાહેદ તથા બીજા પંચ હિંમતભાઈએ સહીઓ કરેલી. આંક–૨૨૦૬ વાળા

પંચનામામાં તથા આંક–૨૨૦૭ અને ૨૨૦૮ વાળી પંચ સ્લીપોમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે. આ ઉપરાંત આ સાહેદની હાજરીમાં કબજે કરવામાં આવેલ ગુજરનાર જશવંતભાઈના કપડા પણ અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે.

ઉપરોકત આંક–૨૨૪૧ ના પંચનામાથી સાહેદ બાબુભાઈ જીવાભાઈનાઓએ સુરેશભાઈ નાગરના શબ ઉપરના કપડા કબજે કરેલા તે પંચનામા પૈકીના પંચ દિવાકર હરીપાલસીંગ ચૌહાણનાઓને સાહેદ નં.૩૮૪ તરીકે આંક–૨૨૪૧ થી તપાસેલ છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૭/૭/૦૮ નાં રોજ બપોરના ત્રણ વાગ્યાની આસપાસ તેઓને શાહીબાગ પોલીસ સ્ટેશનમાં બોલાવેલા. આ સાહેદ પોલીસ સ્ટેશનમાં ગયા ત્યારે ગોવર્ધનભાઈ મિસ્ત્રીને પણ બોલાવેલા હતા. પોલીસે બંનેને સમજ આપેલી કે સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડમાં થયેલા બોમ્બ બ્લાસ્ટમાં સુરેશભાઈ નાગરભાઈનાઓ ગુજરી ગયેલા હતા અને તેમનુ શબ પરિક્ષણ થયેલુ છે અને તે વખતે ડૉકટરે લાશ ઉપરથી લીધેલા કપડા તથા નમૂનાઓ કબજે લેવાના છે. જેથી તે કપડા તથા નમૂના પોલીસ કોન્સ્ટેબલ જીતેન્દ્રસિંહે રજૂ કરેલા. જેમાં એક આસમાની કલરનું અર્ધ બળેલ પેન્ટ લોહી જેવા ડાઘાવાળુ હતુ તથા એક બળેલો શર્ટ લોહીના ડાઘાવાળો હતો, એક બન્ડીનો અર્ધ બળેલો ટુકડો લોહીથી ખરડાયેલો હતો તથા એક આસમાની કલરનો નાડાવાળો જાંગીયો લોહીવાળી હાલતમાં હતો. આ ચારેય કપડા એક પ્લાસ્ટિકની થેલીમાં આ સાહેદની રૂબરૂમાં મુકેલા. ત્યારબાદ તેને કાગળમાં વીંટાળી દોરી બાંધવામાં આવેલ અને પંચોની સહીઓવાળી સ્લીપ મુકીને સીલ કરેલુ. આ કાર્યવાહીનું પંચનામુ બનાવેલ જેમાં આ સાહેદ તથા બીજા પંચ ગોવર્ધનભાઈએ સહીઓ કરેલી. આંક–૨૨૪૧ વાળા પંચનામામાં તથા આંક–૨૨૪૨ થી ૨૨૪૪ વાળી પંચ સ્લીપોમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે. આ ઉપરાંત આ સાહેદની હાજરીમાં કબજે કરવામાં આવેલ ગુજરનાર સુરેશભાઈ નાગરના કપડા પણ અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ દ્વારા સાહેદ રમેશભાઈ શામજીભાઈ ગામીતને સાહેદ નં.૪૯૬ તરીકે આંક–૨૮૨૬થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો જુલાઈ ૨૦૦૮ ના અરસામાં શાહીબાગ પોલીસ સ્ટેશનમાં પોલીસ સબઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા. તા.૨૬/૭/૦૮ નાં રોજ શાહીબાગ સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડમાં તેમજ અમદાવાદમાં જુદી–જુદી જગ્યાએ થયેલ બોમ્બ બ્લાસ્ટના અનુસંધાને તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેઓ ફરજ પર હતા. ત્યારબાદ તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ વહેલી સવારે શાહીબાગ સીનીયર પોલીસ ઈન્સ્પેકટર તરફથી ટ્રોમા સેન્ટર આગળ થયેલ બોમ્બ બ્લાસ્ટમાં મરણ જનાર ઈસમોના ઈન્કવેસ્ટ પંચનામાઓ ભરવાની સુચના મળેલી. જેથી આ સાહેદ સિવિલ હોસ્પિટલના કમ્પાઉન્ડમાં આવેલ પી.એમ. રૂમમાં ગયેલા અને ત્યાં મરણ જનાર ડૉ.પ્રેરક આર. શાહનું ઈન્કવેસ્ટ ભરવા મંજૂરી મેળવવા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટને યાદી લખેલી અને બે પંચો બોલાવેલા ત્યાં મરણ જનારની લાશ રીષી સુરેશ જૈનનાઓએ ઓળખી બતાવેલી અને પંચો તથા તેઓની હાજરીમાં મરણ જનારનું ઈન્કવેસ્ટ પંચનામુ કરેલુ. આંક–૧૧૮૦ વાળા ઈન્કવેસ્ટ પંચનામામાં આ સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ જ તારીખે બોમ્બ બ્લાસ્ટમાં મરણ જનાર ઈસમો પૈકી કીંજલ પ્રેરક શાહનાઓનું ઈન્કવેસ્ટ ભરવા માટે સુચના મળેલી. જેથી આ સાહેદ સિવિલ હોસ્પિટલના કમ્પાઉન્ડમાં આવેલ પી.એમ. રૂમમાં ગયેલા અને ઉપરોકત મરણ જનારનું ઈન્કવેસ્ટ ભરવા મંજૂરી મેળવવા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટને યાદી લખેલી અને બે પંચો બોલાવેલા ત્યાં મરણ જનારની લાશ રીષી સુરેશ જૈનનાઓએ ઓળખી બતાવેલી અને પંચો તથા તેઓની હાજરીમાં મરણ જનારનું ઈન્કવેસ્ટ પંચનામુ કરેલુ. આંક–૧૧૮૧ વાળા ઈન્કવેસ્ટ પંચનામામાં આ સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ જ તારીખે બોમ્બ બ્લાસ્ટમાં મરણ જનાર ઈસમો પૈકી સંકેત પ્રકાશભાઈ અંધારીયાનાઓનું ઈન્કવેસ્ટ ભરવા માટે સુચના મળેલી. જેથી

આ સાહેદ સિવિલ હોસ્પિટલના કમ્પાઉન્ડમાં આવેલ પી.એમ. રૂમમાં ગયેલા અને ઉપરોકત મરણ જનારનું ઈન્કવેસ્ટ ભરવા મંજૂરી મેળવવા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટને યાદી લખેલી અને બે પંચો બોલાવેલા ત્યાં મરણ જનારની લાશ હિતેશ ચંદુભાઈ પટેલનાઓએ ઓળખી બતાવેલી અને પંચો તથા તેઓની હાજરીમાં મરણ જનારનું ઈન્કવેસ્ટ પંચનામુ કરેલુ. આંક–૧૧૮૯ વાળા ઈન્કવેસ્ટ પંચનામામાં આ સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ જ તારીખે બોમ્બ બ્લાસ્ટમાં મરણ જનાર ઈસમો પૈકી અજયકુમાર રજનીકાન્ત ચૌહાણનાઓનું ઈન્કવેસ્ટ ભરવા માટે સુચના મળેલી. જેથી આ સાહેદ સિવિલ હોસ્પિટલના કમ્પાઉન્ડમાં આવેલ પી.એમ. રૂમમાં ગયેલા અને ઉપરોકત મરણ જનારનું ઈન્કવેસ્ટ ભરવા મંજૂરી મેળવવા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટને યાદી લખેલી અને બે પંચો બોલાવેલા ત્યાં મરણ જનારની લાશ વિજય કાળાભાઈ ચૌહાણનાઓએ ઓળખી બતાવેલી અને પંચો તથા તેઓની હાજરીમાં મરણ જનારનું ઈન્કવેસ્ટ પંચનામુ કરેલુ. આંક–૧૨૨૮ વાળા ઈન્કવેસ્ટ પંચનામામાં આ સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ જ તારીખે બોમ્બ બ્લાસ્ટમાં મરણ જનાર ઈસમો પૈકી વિરલગીરી બળવંતગીરી ગોસ્વામીનાઓનું ઈન્કવેસ્ટ ભરવા માટે સુચના મળેલી. જેથી આ સાહેદ સિવિલ હોસ્પિટલના કમ્પાઉન્ડમાં આવેલ પી.એમ. રૂમમાં ગયેલા અને ઉપરોકત મરણ જનારનું ઈન્કવેસ્ટ ભરવા મંજૂરી મેળવવા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટને યાદી લખેલી અને બે પંચો બોલાવેલા ત્યાં મરણ જનારની લાશ હસમુખગીરી અમરગીરી ગોસ્વામીનાઓએ ઓળખી બતાવેલી અને પંચો તથા તેઓની હાજરીમાં મરણ જનારનું ઈન્કવેસ્ટ પંચનામુ કરેલુ. આંક–૧૧૮૪વાળા ઈન્કવેસ્ટ પંચનામામાં આ સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે.

ત્યારબાદ તે જ દિવસે ૧૧.૦૦ કલાકે મરણ જનાર અજયકુમાર રજનીકાન્ત ચૌહાણનાઓની લાશ ઉપરથી પી.એમ. કરનાર ડૉકટરે પી.એમ. કરતી વખતે મેળવેલા કપડા બે પંચોની હાજરીમાં પંચનામાની વિગતે કબજે કરેલા અને ચાર અલગ–અલગ પ્લાસ્ટીકની થેલીમાં મુકી દોરીથી પડીકા બાંધી સીલ કરેલા અને તે કપડા પી.એસ.ઓ.ને સુપરત કરેલા તે અંગેનું જે પંચનામુ બનાવેલુ તે આંક–૨૨૨૫ વાળા પંચનામામાં બે પંચોની તથા સાહેદે રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

ત્યારબાદ તે જ દિવસે ૧૨.૧૫ કલાકે મરણ જનાર ડો. પ્રેરક આર. શાહનાઓની લાશ ઉપરથી પી.એમ. કરનાર ડૉકટરે પી.એમ. કરતી વખતે મેળવેલા કપડા પોલીસ કોન્સ્ટેબલ પ્રવિણકુમાર વાલજીભાઈએ રજુ કરેલા જે બે પંચોની હાજરીમાં પંચનામાની વિગતે કબજે કરેલા અને બે અલગ–અલગ પ્લાસ્ટીકની થેલીમાં મુકી દોરીથી પડીકા બાંધી સીલ કરેલા અને તે કપડા પી.એસ.ઓ.ને સુપરત કરેલા તે અંગેનું જે પંચનામુ બનાવેલુ તે આંક–૨૧૦૭ વાળા પંચનામામાં બે પંચોની તથા સાહેદે રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

ત્યારબાદ તે જ દિવસે ૧૩.૦૦ કલાકે મરણ જનાર સંકેત પ્રકાશભાઈની લાશ ઉપરથી પી.એમ. કરનાર ડૉકટરે પી.એમ. કરતી વખતે મેળવેલા કપડા બે પંચોની હાજરીમાં પંચનામાની વિગતે કબજે કરેલા અને ચાર અલગ–અલગ પ્લાસ્ટિકની થેલીમાં મુકી દોરીથી પડીકા બાંધી સીલ કરેલા અને તે કપડા પી.એસ.ઓ.ને સુપરત કરેલા તે અંગેનું જે પંચનામુ બનાવેલુ તે આંક–૨૧૬૬ વાળા પંચનામામાં બે પંચોની તથા સાહેદે રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

ત્યારબાદ આ સાહેદે ઉપરોકત બંને મરણ જનારાઓના કપડા કે જે તેમને ઉપરોકત પંચનામા દ્વારા કબજે કરેલા તે કપડા આ સાહેદ અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે.

ઉપરોકત આંક–૨૧૭૦ના પંચનામાથી સાહેદ રમેશભાઈ શામજીભાઈનાઓએ ડૉ.પ્રેરક આર. શાહના શબ ઉપરના કપડા કબજે કરેલા તે પંચનામા પૈકીના પંચ મનીષભાઈ ગોવિંદભાઈ ઠાકોરનાઓને સાહેદ નં.૩૭૬ તરીકે આંક–૨૧૬૯ થી તપાસેલ છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૭/૭/૦૮ નાં રોજ બપોરના બાર વાગ્યાની આસપાસ તેઓને સિવિલ હોસ્પિટલ શાહીબાગના પી.એમ. રૂમમાં પોલીસે બોલાવેલા ત્યાં એક બીજા પીન્ટુભાઈને પણ બોલાવેલા હતા. પોલીસે બંનેને સમજ આપેલી કે સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડમાં થયેલા બોમ્બ બ્લાસ્ટમાં ડૉ.પ્રેરક આર. શાહનાઓ ગુજરી ગયેલા હતા અને તેમનુ શબ પરિક્ષણ થયેલુ છે અને તે વખતે ડૉકટરે લાશ ઉપરથી લીધેલા કપડા કબજે લેવાના છે. જેથી તે કપડા પોલીસ કોન્સ્ટેબલ પ્રવિણકુમારે રજૂ કરેલા. જેમાં એક લાઈનીંગવાળો ટીપકીવાળો આછા લીલા કલરનો શર્ટ લોહીથી ખરડાયેલો હતો, એક જીન્સનું પેન્ટ બળેલ હાલતમાં અને લોહીવાળુ હતુ. આ બંને કપડાઓને અલગ–અલગ પડીકાવાળી કબજે કરેલા અને પંચોની સહીઓવાળી સ્લીપ મુકીને સીલ કરેલા. આ કાર્યવાહીનું પંચનામુ બનાવેલ જેમાં આ સાહેદ તથા બીજા પંચ પીન્ટુભાઈએ સહીઓ કરેલી. આંક–૨૧૭૦ વાળા પંચનામામાં તથા આંક–૨૧૭૧ તથા ૨૧૭૨ વાળી પંચ સ્લીપોમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે. આ ઉપરાંત આ સાહેદની હાજરીમાં કબજે કરવામાં આવેલ ગુજરનાર પ્રેરક શાહના કપડા પણ અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે.

ઉપરોકત આંક–૨૧૫૨ના પંચનામાથી સાહેદ રમેશભાઈ શામજીભાઈનાઓએ સંકેત પ્રકાશભાઈના શબ ઉપરના કપડા કબજે કરેલા તે પંચનામા પૈકીના પંચ કિરણભાઈ નટવરભાઈ ઠાકોરનાઓને સાહેદ નં.૩૭૫ તરીકે આંક–૨૧૬૫ થી તપાસેલ છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૭/૭/–૨૦૦૮ નાં રોજ તેઓને સિવિલ હોસ્પિટલ શાહીબાગના પી.એમ. રૂમમાં પોલીસે બોલાવેલા ત્યાં એક બીજા વિજયભાઈને પણ બોલાવેલા હતા. પોલીસે બન્નેને સમજ આપેલી કે સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડમાં થયેલા બોમ્બ બ્લાસ્ટમાં સંકેત

પ્રકાશભાઈનાઓ ગુજરી ગયેલા હતા અને તેમનુ શબ પરિક્ષણ થયેલુ છે અને તે વખતે ડૉકટરે લાશ ઉપરથી લીધેલા કપડા કબજે લેવાના છે. જેથી તે કપડા પોલીસના સાહેબે બતાવેલા. જેમાં (૧) ભુખરા કલરનું પેન્ટ લોહીના ડાઘાવાળુ હતુ, (૨) એક શર્ટ આસમાની કલરનું લાઈનીંગવાળુ હતુ જે પાછલના વચ્ચેના ભાગે બળી ગયેલી હાલતમાં અને લોહીના ડાઘાવાળુ હતુ, (૩) એક જાંગીયાનો ટુકડો પીળા કલરનો અને લોહીના ડાઘાવાળો હતો, (૪) એક સફેદ કલરની ચાદર જેના ઉપર પીળાશ પડતા ડાઘા હતા. આ તમામ કપડાઓને અલગ અલગ પ્લાસ્ટિકની થેલીમાં મુકી તેના અલગ–અલગ કાગળના પડીકા બનાવી અને પંચોની સહીઓવાળી સ્લીપ મુકીને સીલ કરેલા. આ કાર્યવાહીનું પંચનામુ બનાવેલ જેમાં આ સાહેદ તથા બીજા પંચ વિજયભાઈએ સહીઓ કરેલી. આંક–૨૧૬૬ વાળા પંચનામામાં તથા આંક–૨૧૬૭ તથા ૨૧૬૮ વાળી પંચ સ્લીપોમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે. આ ઉપરાંત આ સાહેદની હાજરીમાં કબજે કરવામાં આવેલ ગુજરનાર સંકેતના કપડા પણ અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે.

ઉપરોકત આંક–૨૨૨૫ ના પંચનામાથી સાહેદ રમેશભાઈ શામજીભાઈનાઓએ અજયકુમાર રજનીકાન્ત ચૌહાણના શબ ઉપરના કપડા કબજે કરેલા તે પંચનામા પૈકીના પંચ ભરતભાઈ પૃથ્વીસિંહ પરમારનાઓને સાહેદ નં.૩૮૨ તરીકે આંક–૨૨૨૪ થી તપાસેલ છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ લગભગ પોણા અગિયાર–અગિયાર વાગ્યાની આસપાસ તેઓને સિવિલ હોસ્પિટલ શાહીબાગના પી.એમ. રૂમમાં પોલીસે બોલાવેલા ત્યાં એક બીજા સૌરભભાઈ ઠાકોરને પણ બોલાવેલા હતા. પોલીસે બંનેને સમજ આપેલી કે સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડમાં થયેલા બોમ્બ બ્લાસ્ટમાં અજયકુમાર રજનીકાન્તનાઓ ગુજરી ગયેલા હતા અને તેમનુ શબ પરિક્ષણ થયેલુ છે અને તે વખતે ડૉકટરે લાશ ઉપરથી લીધેલા કપડા કબજે લેવાના છે. જેથી ત્યાં (૧)ક્રીમ કલરનો બુશર્ટ પાછળના ભાગેથી બળી ગયેલો અને લોહીના ડાઘાવાળો (૨)જાંગીયો બળી ગયેલી હાલતમાં (૩) કાળા કલર જેવુ બ્લ્યુ કલરનું બળી

ગયેલુ ટીશર્ટ (૪) કાળા કલરનો લાઈનીંગવાળો કપડાનો ટુકડો બળી ગયેલી હાલતમાં. આ ચારેય કપડાઓને અલગ–અલગ પડીકાવાળી કબજે કરેલા અને પંચોની સહીઓવાળી સ્લીપ મુકીને સીલ કરેલા. આ કાર્યવાહીનું પંચનામુ બનાવેલ જેમાં આ સાહેદ તથા બીજા પંચ સૌરભભાઈએ સહીઓ કરેલી. આંક–૨૨૨૫ વાળા પંચનામામાં તથા આંક–૨૨૨૬, ૨૨૨૭, ૨૨૨૮ તથા ૨૨૩૧ વાળી પંચ સ્લીપોમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે. આ ઉપરાંત આ સાહેદની હાજરીમાં કબજે કરવામાં આવેલ ગુજરનાર અજયકુમાર ચૌહાણના કપડા પણ અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ દ્વારા સાહેદ દલસંગભાઈ ગોવિંદભાઈ ચૌધરીને સાહેદ નં.૭૦૭ તરીકે આંક–૩૪૬૫ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો જુલાઈ ૨૦૦૮ થી શાહીબાગ પોલીસ સ્ટેશનમાં સેકન્ડ પોલીસ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા. તા.૨૬/૭/–૨૦૦૮ નાં રોજ તેઓ રજા ઉપર હતા તે દરમ્યાન સાંજે આશરે ૬ થી ૭ વાગ્યાના અરસામાં અમદાવાદમાં બોમ્બ બ્લાસ્ટ થયાની જાણ થતા રજા ઉપરથી મોડી રાત્રે ૧૧.૩૦–૧૨.૦૦ વાગ્યાની વચ્ચે પોલીસ સ્ટેશનમાં ફરજ પર હાજર થયેલા તે વખતે મળેલ સુચના મુજબ સિવિલ હોસ્પિટલ પી.એમ. રૂમ ખાતે ગયેલા અને ત્યાં ધીરેન્દ્ર રમેશચંદ્ર પંડયાનાઓનું ઈન્કવેસ્ટ પંચનામુ કરવાનુ હોવાથી બે પંચોને બોલાવેલા અને લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ પંચોની હાજરીમાં કરેલુ. ત્યારબાદ તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ વહેલી સવારે આશરે ૫.૧૫ કલાકે મરણ જનાર સુમીત રમેશભાઈ ગજેરાનાઓનું ઈન્કવેસ્ટ પંચનામુ કરવાનું હોવાથી બે પંચોને હાજર રાખવામાં આવેલા અને મરણ જનાર સુમિતભાઈની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ કરેલુ અને પંચોની સહીઓ કરાવી રૂબરૂ તરીકે સહી કરેલાનું જણાવેલ છે.

ત્યારબાદ તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ બપોરના ૪.૩૦ કલાકે મરણ જનાર વીરેન્દ્રભાઈ રમેશચંદ્ર પંડયાની લાશ ઉપરના કપડા તથા લોહીના નમૂના તેમજ શરીરમાંથી કાઢવામાં આવેલ મેટલનો નમૂનો પોલીસ કોન્સ્ટેબલ

નીતીનકુમાર શાલીગ્રામનાઓએ રજૂ કરતા તે કબજે લેવાના હોવાથી બે પંચોને હાજર રાખેલા અને કપડા તથા નમૂનો પંચનામાની વિગતે કબજે કરેલો, પંચનામા ઉપર પંચોની સહીઓ લીધેલી અને રૂબરૂ તરીકે સહી કરેલાનું જણાવે છે.

ત્યારબાદ તા.૧/૮/૨૦૦૮ નાં રોજ ટ્રોમા સેન્ટરની સામે થયેલ બ્લાસ્ટવાળી જગ્યાની એન.એસ.જી. દિલ્હીના અધિકારીઓએ કરેલ સ્થળ તપાસણી દરમ્યાન તેઓને મળેલ બે ડીટોનેટર તથા તારનું ગુંચડુ ડીટોનેટર સાથે ચોંટેલ હતુ તે પ્લાસ્ટિકની કોથળી એન.એસ.જી. અધિકારી સંજીવ જી.બી. નાઓએ આ સાહેદને સોંપેલ અને તે તપાસ કરનાર અધિકારીશ્રી મુલીયાણાને પંચો રૂબરૂ સુપરત કરેલાનું જણાવેલ છે.

આ બનાવના મરનાર વિરેન્દ્રભાઈ રમેશચંદ્રનાઓની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ જે બનાવવામાં આવેલુ તે આંક–૧૨૦૬ વાળા પંચનામામાં આ સાહેદ રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે. તે જ રીતે મરનાર સુમીત રમેશભાઈનાઓની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ જે બનાવવામાં આવેલુ તે આંક–૧૨૨૬ વાળા પંચનામામાં આ સાહેદ રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે. તે જ રીતે મરનાર વિરેન્દ્રભાઈ રમેશચંદ્રનાઓની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ જે બનાવવામાં આવેલુ તે આંક–૨૧૫૨ વાળા પંચનામામાં આ સાહેદ રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા ડીટોનેટર સોંપવામાં આવેલ તે બાબતે આ સાહેદની કોઈ પહોંચ લેવામાં આવેલી નથી તે કબૂલ કરે છે. ડીટોનેટર આ સાહેદને મળ્યા તે બાબતે કબજે લીધાનું પંચનામુ કરેલ નથી તે પણ કબૂલે છે. પરંતુ મારા મત પ્રમાણે ઊલટતપાસ દરમ્યાન પુછવામાં આવેલા આ પ્રશ્નો બહુ મહત્વના નથી.

ઉપરોકત આંક–૨૧૫૨ના પંચનામાથી સાહેદ દલસંગભાઈ ગોવિંદભાઈ ચૌધરીનાઓએ વિરેન્દ્ર રમેશભાઈના શબ ઉપરના કપડા કબજે કરેલા તે પંચનામા પૈકીના પંચ ઈશ્વરભાઈ સોનાજી પઢ્ઢણીનાઓને સાહેદ

નં.૩૭૧ તરીકે આંક–૨૧૫૧ થી તપાસેલ છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ બપોરના તેઓને સિવિલ હોસ્પિટલ શાહીબાગના પી.એમ. રૂમમાં પોલીસે બોલાવેલા ત્યાં એક બીજા અશોકભાઈ રાઠોડને પણ બોલાવેલા હતા. પોલીસે બંનેને સમજ આપેલી કે સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડમાં થયેલા બોમ્બ બ્લાસ્ટમાં વિરેન્દ્રભાઈ રમેશભાઈનાઓ ગુજરી ગયેલા હતા અને તેમનુ શબ પરિક્ષણ થયેલુ છે અને તે વખતે ડૉકટરે લાશ ઉપરથી લીધેલા કપડા તથા અન્ય વસ્તુઓ કબજે લેવાના છે. જેથી ત્યાં પોલીસ કોન્સ્ટેબલ નીતિનકુમારનાઓએ કપડા તથા વસ્તુ રજૂ કરેલા જેમાં (૧)કાળા સલેટીયા કલરનો શર્ટ લોહીથી ખરડાયેલો હતો (૨) કાળા કલરનું પેન્ટ લોહીથી ખરડાયેલુ હતુ (૩)સફેદ કલરનું બનીયન લોહીથી ખરડાયેલુ હતુ (૪) એક રાખોડી કલરનો જાંગીયો લોહીથી ખરડાયેલો હતો (૫) એક કાચની બોટલ જેની ઉપર વિરેન્દ્રભાઈનું નામ તથા બીજી વિગતો લખેલી હતી જેમાં લોહી હતુ અને સિવિલ હોસ્પિટલ લખેલુ હતુ તે બોટલ સીલબંધ હતી. આ સિવાય બીજુ એક સફેદ કાગળનું પડીકુ રજૂ કરેલુ તેના ઉપર પણ હોસ્પિટલની પર્ચી, વિરેન્દ્રભાઈનું નામ તથા બીજી વિગત લખેલી હતી. આ રજૂ થયેલ પડીકા ઉપર મેટલ જેવુ કંઈક લખેલુ હતુ. જે ચારેય કપડાઓને અલગ–અલગ પડીકાવાળી કબજે કરેલા અને પંચોની સહીઓવાળી સ્લીપ મુકીને સીલ કરેલા. આ કાર્યવાહીનું પંચનામુ બનાવેલ જેમાં આ સાહેદ તથા બીજા પંચ અશોકભાઈએ સહીઓ કરેલી. આંક–૨૧૫૨ વાળા પંચનામામાં તથા આંક–૨૧૫૩ તથા ૨૧૫૪ વાળી પંચ સ્લીપોમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે. આ ઉપરાંત આ સાહેદની હાજરીમાં કબજે કરવામાં આવેલ ગુજરનારના કપડા તથા અન્ય મુદ્દામાલ પણ અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ દ્વારા સાહેદ અમૃતભાઈ રામાભાઈ નાડીયાને સાહેદ નં.૫૪૬ તરીકે આંક–૩૦૦૧ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો દરિયાપુર પોલીસ સ્ટેશનમાં ૨૦૦૨ થી ૨૦૧૨ દરમ્યાન પોલીસ સબઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા. તા.૨૬/૭/૨૦૦૮

નાં રોજ અમદાવાદ શહેરમાં જુદી–જુદી જગ્યાએ બોમ્બ વિસ્ફોટો થયેલા હોવાથી દરિયાપુર પોલીસ સ્ટેશનની ચકલા ચોકી વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ વહેલી સવારે એટલે કે તા.૨૬/૭/૨૦૦૮ ની રાત્રીએ પોલીસ ઇન્સ્પેકટર પંચાલે બોલાવેલા અને સુચના આપેલી કે શાહીબાગ સિવિલ હોસ્પિટલ ખાતે જઈ એસ.પી.શ્રી આમલીયારને મળો જેથી આ સાહેદ તથા તેમના રાઈટર શાહીબાગ સિવિલ હોસ્પિટલને ગયેલા અને આમલીયાર સાહેબને મળેલા. તેઓની સુચના મુજબ આ સાહેદ સિવિલ હોસ્પિટલના પી.એમ. રૂમમાં ગયેલા અને ત્યાં જઈને હાજર પોલીસ ઇન્સ્પેકટર શાહીબાગને મળેલા. તેઓની સુચના મુજબ મરણ જનાર રાજકમલ મહેન્દ્રસિંહ બીહોલાનું ઈન્કવેસ્ટ પંચનામુ કરવાનું હોવાથી ઈન્કવેસ્ટ ભરવા મંજૂરી માટે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ મેટ્રો કોર્ટ નં.૨ ને યાદી કરેલી ત્યારબાદ બે પંચોને બોલાવેલા અને લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ પંચોની હાજરીમાં કરેલુ. સદર લાશ ત્યાં હાજર નિષિતસિંહ મહેન્દ્રસિંહ બીહોલાએ પોતાના મોટા ભાઈ તરીકે ઓળખી બતાવેલી. મરણ જનાર રાજકમલની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ કરેલુ અને પંચોની સહીઓ કરાવી રૂબરૂ તરીકે સહી કરેલાનું જણાવેલ છે. આંક–૧૨૦૮ વાળા પંચનામામાં સાહેદ પંચોની તથા તેમની સહી ઓળખી બતાવે છે.

ત્યારબાદ તે જ દિવસે શાહીબાગ પોલીસ ઇન્સ્પેકટરની સુચના મુજબ મરણ જનાર મનસુખભાઈ ગીરધરલાલ ઘુમરીયાની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ કરવાનું હોવાથી ઈન્કવેસ્ટ ભરવા મંજૂરી માટે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ મેટ્રો કોર્ટ નં.૨ ને યાદી કરેલી ત્યારબાદ બે પંચોને બોલાવેલા અને લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ પંચોની હાજરીમાં કરેલુ. સદર લાશ ત્યાં હાજર પ્રવિણભાઈ નાગજીભાઈ ઘુમરીયાનાઓએ પોતાના મોટા બાપાના દીકરા તરીકે ઓળખી બતાવેલી. મરણ જનાર મનસુખભાઈની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ કરેલુ અને પંચોની સહીઓ કરાવી રૂબરૂ તરીકે સહી કરેલાનું જણાવેલ છે. આંક–૧૨૫૯ વાળા પંચનામામાં સાહેદ પંચોની તથા તેમની સહી ઓળખી બતાવે છે.

ત્યારબાદ તે જ દિવસે સવારે ૧૧.૦૦ કલાકે શાહીબાગ સિવિલ હોસ્પિટલ ખાતે હતા ત્યારે શાહીબાગ પોલીસ ઇન્સ્પેકટરની સુચના મુજબ મરણ જનાર રાજકમલ મહેન્દ્રસિંહ બીહોલાની લાશનું પી.એમ. થયા બાદ ફરજ પરના ડૉકટરે મરણ જનારની લાશ ઉપરના કપડા તથા સીલબંધ બોટલો તથા ખાખી કવર તપાસ અર્થે રજૂ કરતા હોય તે કબજે લેવા સારૂ બે પંચોને બોલાવેલા અને ડૉકટરે તે રજૂ કરતા કપડા તથા બોટલ પંચનામાની વિગતે કબજે કરેલ અને પંચોની સહીઓવાળી સ્લીપો મુકી પંચનામા ઉપર પંચોની સહીઓ લીધેલી અને રૂબરૂ તરીકે સહી કરેલાનું જણાવે છે. આંક–૨૩૧૦ વાળા પંચનામામાં આ સાહેદ પંચોની તથા પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

ત્યારબાદ તે જ દિવસે સવારે ૧૨.૧૫ કલાકે શાહીબાગ સિવિલ હોસ્પિટલ ખાતે હતા ત્યારે શાહીબાગ પોલીસ ઇન્સ્પેકટરની સુચના મુજબ મરણ જનાર મનસુખભાઈ ગીરધરભાઈ ઘુમરીયાની લાશનું પી.એમ. થયા બાદ ફરજ પરના ડૉકટરે મરણ જનારની લાશ ઉપરના કપડા તથા વિશેરા બોટલ તપાસ અર્થે રજૂ કરતા હોય તે કબજે લેવા સારૂ બે પંચોને બોલાવેલા અને ડૉકટરે તે રજૂ કરતા કપડા તથા બોટલ પંચનામાની વિગતે કબજે કરેલ અને પંચોની સહીઓવાળી સ્લીપો મુકી પંચનામા ઉપર પંચોની સહીઓ લીધેલી અને રૂબરૂ તરીકે સહી કરેલાનું જણાવે છે. આંક–૩૦૦૨ વાળા પંચનામામાં તથા પંચ સ્લીપ આંક–૩૦૦૩ માં આ સાહેદ પંચોની તથા પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ સાહેદે ઉપરોકત મરણ જનારાઓના કપડા કે જે તેમને ઉપરોકત પંચનામા દ્વારા કબજે કરેલા તે કપડા આ સાહેદ અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે.

સાહેદ અમૃતભાઈ રામાભાઈ નાડીયાનાઓએ પંચનામુ આંક–૩૦૦૨ થી મરણ જનાર મનસુખભાઈ ગીરધરભાઈ ઘુમરીયાનાઓના કપડા તથા વિશેરા જે પંચોની હાજરીમાં પંચનામાની વિગતે કબજે કરેલા તે પંચનામાના પંચો

અરૂણકુમાર ભગતરામ રાજપુત તથા બાબુસીંગ લાલસીંગ રાજપુતનાઓ મળી આવતા ન હોય ફરિયાદપક્ષે તપાસેલા નથી.

ઉપરોકત આંક–૩૦૦૨ના પંચનામાથી સાહેદ અમૃતભાઈ રામાભાઈનાઓએ રાજકમલ મહેન્દ્રસિંહ બીહોલાના શબ ઉપરના કપડા કબજે કરેલા તે પંચનામા પૈકીના પંચ રફીકખાન હબીબખાન પઠાણનાઓને સાહેદ નં.૪૦૨ તરીકે આંક–૨૩૦૯ થી તપાસેલ છે. તેઓની સરતપાસ મુજબ તા. ૨૮/૭/૨૦૦૮ નાં રોજ તેઓને દરિયાપુર પોલીસ સ્ટેશનના પોલીસે શાહીબાગ સિવિલ હોસ્પિટલના પી.એમ. રૂમે બોલાવેલા ત્યાં એક બીજા હીરાભાઈ દાણાભાઈ પણ હાજર હતા. પોલીસે બંનેને સમજ આપેલી કે સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડમાં થયેલા બોમ્બ બ્લાસ્ટમાં રાજકમલ બીહોલાનાઓ ગુજરી ગયેલા હતા અને તેમનુ શબ પરિક્ષણ થયેલુ છે અને તે વખતે ડૉકટરે લાશ ઉપરથી લીધેલા કપડા તથા અન્ય નમૂનાઓ કબજે લેવાના છે. જેથી ત્યાં પોલીસે આ સાહેદને (૧)એક સફેદ કલરનું પેન્ટ તુટેલુ, કાંણા પડેલુ અને લોહીવાળુ હતુ (૨) કોફી કલરનું પેન્ટ જે ફાટેલુ અને લોહવાળુ હતુ (૩) લાલ કલરનો જાંગીયો ફાટેલો અને લોહીવાળો હતો (૪) એક હાથ રૂમાલ અને એક મોજુ લોહીવાળા હતા. આ ઉપરાંત દવાખાનામાં એક સફેદ પટ્ટો તથા નાળાછરી તથા કાળો દોરો તુટેલો હતો તે જોયેલો. આ તમામ કપડાઓ અને અન્ય વસ્તુ તમામ પોલીસે એક પ્લાસ્ટિકની થેલીમાં મુકી તે પ્લાસ્ટિકની થેલી પુઠ્ઠાના ખોખામાં મુકવામાં આવેલી અને તે ખોખાને દોરા વડે બાંધી પંચોની અને પોલીસની સહીવાળી કાપલી મુકી લાખથી સીલ કરવામાં આવેલ. આ ઉપરાંત એક કાચની બોટલ બતાવવામાં આવેલી તે સિવિલ હોસ્પિટલના સીલવાળી હતી જેની ઉપર રાજકમલ મહેન્દ્રસિંહ તથા બીજી વિગતો લખેલી હતી. બીજી કાચની સીલબંધ શીશી હતી તે બતાવવામાં આવેલી તેમાં ધાતુના ટુકડા હતા. આ બોટલ ઉપર રાજકમલનું નામ તથા અન્ય વિગતો લખેલી હતી. આ ઉપરાંત એક ખાખી કવર કે જે પણ સિવિલ હોસ્પિટલના સીલવાળુ હતુ તે બતાવવામાં આવેલુ તેના ઉપર પણ રાજકમલનું નામ તથા બીજી વિગતો લખેલી હતી. આ બોટલો અને ખાખી

કવર આ સાહેદની હાજરીમાં કબજે કરવામાં આવેલ. આ તમામ ચીજ વસ્તુઓ સિવિલ હોસ્પિટલના ડૉકટરે આપેલી જેની ઉપર પંચોની સહીઓવાળી સ્લીપ મુકીને સીલ કરેલા. આ કાર્યવાહીનું પંચનામુ બનાવેલ જેમાં આ સાહેદ તથા બીજા પંચ હીરાભાઈએ સહીઓ કરેલી. આંક–૨૩૧૦ વાળા પંચનામામાં તથા આંક–૨૩૧૧ થી ૨૩૧૩ વાળી પંચ સ્લીપોમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે. આ ઉપરાંત આ સાહેદની હાજરીમાં કબજે કરવામાં આવેલ ગુજરનારના કપડા તથા અન્ય મુદ્દામાલ પણ અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ દ્વારા સાહેદ રમેશચંદ્ર માણાભાઈ વાઘેલાને સાહેદ નં.૪૭૨ તરીકે આંક–૨૮૭૯થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેઓ દરિયાપુર પોલીસ સ્ટેશનની તંબુ ચોકી ઉપર હતા તે દિવસે સાંજના અમદાવાદ શહેર વિસ્તારમાં જુદી–જુદી જગ્યાએ થયેલ બોમ્બ બ્લાસ્ટના કારણે ઘણાને ઈજાઓ થયેલી તેમજ ઈજાઓ થતા મરણ ગયેલા. જેના કારણે આ સાહેદ ચોકી વિસ્તારમાં બંદોબસ્તમાં હાજર હતા ત્યારે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ વહેલી સવારે કલાક ૧.૩૦ વાગે વર્ધી મળેલી કે "કે" ડીવીઝન એસ.પી. સાહેબને સિવિલ હોસ્પિટલ ખાતે પી.એમ. રૂમ પાસે જઈને રીપોર્ટ કરો જેથી આ સાહેદ સિવિલ હોસ્પિટલ ખાતે ગયેલા અને એસ.પી.ને રીપોર્ટ કરેલો. ત્યારબાદ તેઓની સુચના મુજબ શાહીબાગના પોલીસ ઈન્સ્પેકટર પરમારને મળેલા અને તેઓની સુચના મુજબ આ સાહેદ પી.એમ. રૂમમાં ગયેલા અને ત્યાં મરણ જનાર વિજયભાઈ સોમજીભાઈ પઢીયારનાઓની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ કરવાનું હોવાથી બે પંચોના માણસોને બોલાવેલા અને તે લાશ તેઓના સગા ચીમનભાઈ નાગજીભાઈએ ઓળખી બતાવતા લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ પંચોની હાજરીમાં કરેલુ અને પંચોની સહીઓ કરાવી રૂબરૂ તરીકે સહી કરેલાનું જણાવેલ છે. આંક–૧૧૯૪ વાળા પંચનામામાં સાહેદ પંચોની તથા તેમની સહી ઓળખી બતાવે છે.

ત્યારબાદ તે જ દિવસે શાહીબાગ પોલીસ ઈન્સ્પેકટરની સુચના મુજબ મરણ જનાર ગીરીશભાઈ વિઠ્ઠલભાઈ રાવરાણીની લાશનું ઈન્કવેસ્ટ

પંચનામુ પંચોની હાજરીમાં કરેલુ. સદર લાશ તેમના દીકરા શૈલેષભાઈ રાવરાણીએ ઓળખી બતાવેલી. મરણ જનાર ગીરીશભાઈની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ કરેલુ અને પંચોની સહીઓ કરાવી રૂબરૂ તરીકે સહી કરેલાનું જણાવેલ છે. આંક–૧૨૧૨ વાળા પંચનામામાં સાહેદ પંચોની તથા તેમની સહી ઓળખી બતાવે છે.

ત્યારબાદ તે જ દિવસે શાહીબાગ સિવિલ હોસ્પિટલ ખાતે ફરજ પર હતા ત્યારે મરણ જનાર વિજય સોનજીભાઈની લાશ ઉપરના કપડા તથા વિશેરા ફરજ ઉપરના ડૉકટરે રજૂ કરતા તે કબજે લેવાના હોવાથી બે પંચોને બોલાવેલા અને પંચનામાની વિગતે કબજે કરેલ. આ ઉપરાંત મરણ જનારનો લોહીનો નમૂનો તેમજ મેટાલીક ઓબ્જેકટ સીલબંધ ખાખી કવર પંચો રૂબરૂ રજૂ કરવામાં આવેલુ. આ તમામ વસ્તુઓ પંચોની હાજરીમાં કબજે કરવામાં આવેલી અને પંચનામા ઉપર પંચોની સહીઓ લીધેલી અને રૂબરૂ તરીકે સહી કરેલાનું જણાવે છે. આંક–૨૨૧૫ વાળા પંચનામામાં આ સાહેદ પંચોની તથા પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

ત્યારબાદ તે જ દિવસે શાહીબાગ સિવિલ હોસ્પિટલ ખાતે ફરજ પર હતા ત્યારે મરણ જનાર ગીરીશભાઈ વિઠ્ઠલભાઈની લાશ ઉપરના કપડા તથા સીલબંધ કાચની બે બોટલો ફરજ ઉપરના ડૉકટરે રજૂ કરતા તે કબજે લેવાના હોવાથી બે પંચોને બોલાવેલા અને પંચનામાની વિગતે કબજે કરેલ અને પંચનામા ઉપર પંચોની સહીઓ લીધેલી અને રૂબરૂ તરીકે સહી કરેલાનું જણાવે છે. આંક–૨૨૪૯ વાળા પંચનામામાં આ સાહેદ પંચોની તથા પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો ઉપરી અધિકારીનો જે હુકમ મળેલો તેનો કોઈ પુરાવો આ સાહેદ પાસે નથી તે કબૂલ કરે છે. પંચનામામાં જણાવ્યા મુજબ લાશ ઉપરની ઈજાઓ અંગે આ સાહેદને કોઈ જાત માહિતી નથી તે કબૂલ કરે છે. પંચનામુ તથા તેમા લખેલી વિગતો ઉપરી અધિકારીઓના કહેવાથી લખેલાની હકીકત નકારે છે.

ઉપરોકત આંક–૨૨૧૮ના પંચનામાથી સાહેદ રમેશ માણાભાઈ વાઘેલાનાઓએ વિજયભાઈ સોનાજીના શબ ઉપરના કપડા કબજે કરેલા તે પંચનામા પૈકીના પંચ ભરતભાઈ નારણભાઈ પ્રજાપતિનાઓને સાહેદ નં.૩૮૧ તરીકે આંક–૨૨૧૭ થી તપાસેલ છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૭/૭/ ૨૦૦૮ નાં રોજ તેઓને દરિયાપુર પોલીસ સ્ટેશનના પોલીસે શાહીબાગ પોલીસ સ્ટેશને બોલાવેલા ત્યાં એક બીજા હમીદભાઈ વોરાને પણ બોલાવેલા હતા. પોલીસે બંનેને સમજ આપેલી કે સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડમાં થયેલા બોમ્બ બ્લાસ્ટમાં વિજયભાઈ પટ્ટણીનાઓ ગુજરી ગયેલા હતા અને તેમનુ શબ પરિક્ષણ થયેલુ છે અને તે વખતે ડૉકટરે લાશ ઉપરથી લીધેલા કપડા તથા નમુનાઓ કબજે લેવાના છે. જેથી ત્યાં પોલીસે આ સાહેદને એક પ્લાસ્ટિકની કોથળી બતાવેલી જેના ઉપર પી.એમ. નંબર લખેલો હતો તેમાં જોતા (૧) ફાટી ગયેલુ બુશર્ટ લોહીવાળુ હતુ અને તેનો એક ભાગ બળી ગયેલો હતો (૨) એક બનીયન કાણાવાળી હાલતમાં લોહીવાળી હતી (૩) એક કપડાનો હાથ રૂમાલ હતો. આ તમામ કપડાઓ અલગ–અલગ પડીકામાં પેક કરવામાં આવેલા અને તેને એક પુઠ્ઠાના બોક્ષમાં મુકી દોરી બાંધી પંચોની સહીઓવાળી સ્લીપો મુકી સીલ કરવામાં આવેલુ. ત્યારબાદ એક સીલબંધ કાચની બોટલ બતાવવામાં આવેલી તેના ઉપર વિજયકુમાર પટ્ટણીનું નામ તથા અન્ય વિગતો હતી અને બ્લડ સેમ્પલ જેવુ લખેલુ હતુ. આ ઉપરાંત એક ખાખી કવર સીલબંધ હાલતમાં હતુ તે બતાવવામાં આવેલુ અને તેના ઉપર વિજયકુમાર આખુ નામ અને અન્ય વિગતો હતી તે શરીરમાંથી નીકળેલ ધાતુ વિગેરે અંગ્રેજીમાં લખેલુ હતુ. આ તમામ ચીજ વસ્તુઓ સિવિલ હોસ્પિટલના ડૉકટરે આપેલી જેની ઉપર પંચોની સહીઓવાળી સ્લીપ મુકીને સીલ કરેલા. આ કાર્યવાહીનું પંચનામુ બનાવેલ જેમાં આ સાહેદ તથા બીજા પંચ હમીદભાઈએ સહીઓ કરેલી. આંક–૨૨૧૮ વાળા પંચનામામાં તથા આંક–૨૨૧૯ થી ૨૨૨૧ વાળી પંચ સ્લીપોમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે. આ ઉપરાંત આ સાહેદની હાજરીમાં કબજે કરવામાં આવેલ ગુજરનારના કપડા તથા અન્ય મુદ્દામાલ પણ અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે.

ઉપરોકત આંક–૨૨૪૯ના પંચનામાથી સાહેદ રમેશ માણાભાઈ વાઘેલાનાઓએ ગીરીશભાઈ વિઠ્ઠલભાઈના શબ ઉપરના કપડા કબજે કરેલા તે પંચનામા પૈકીના પંચ મહંમદયાસીન અબ્દુલકરીમ બલોચનાઓને સાહેદ નં.૩૮૫ તરીકે આંક–૨૨૪૮ થી તપાસેલ છે. તેઓની સરતપાસ મુજબ તા. ૨૭/૭/૨૦૦૮ નાં રોજ તેઓને દરિયાપુર પોલીસ સ્ટેશનના પોલીસે શાહીબાગ પોલીસ સ્ટેશને બોલાવેલા ત્યાં એક બીજા પ્રકાશભાઈ બાબુભાઈને પણ બોલાવેલા હતા. પોલીસે બંનેને સમજ આપેલી કે સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડમાં થયેલા બોમ્બ બ્લાસ્ટમાં ગીરીશભાઈ વિઠ્ઠલભાઈનાઓ ગુજરી ગયેલા હતા અને તેમનુ શબ પરિક્ષણ થયેલુ છે અને તે વખતે ડૉકટરે લાશ ઉપરથી લીધેલા કપડા તથા નમુનાઓ કબજે લેવાના છે. જેથી પોલીસે એક સફેદ કપડાનું પોટલુ બતાવેલુ જેના ઉપર પી.એમ. નંબર લખેલો હતો તેમાં જોતા (૧) ફાટી ગયેલી હાલતમાં લોહીવાળો શર્ટ અને તે બળેલો પણ હતો (૨) લોહીથી ખરડાયેલ અને ફાટી ગયેલી બનીયન (૩) લોહીથી ખરડાયેલો કાળા રાંગનો જાંગીયો. આ સિવાય બીજુ એક સફેદ કપડુ લોહીથી ખરડાયેલ હતુ, તેમાં એક સીલબંધ કાચની બોટલ કે જેના ઉપર લોહીનું સેમ્પલ લખેલુ હતુ તથા ગીરીશભાઈનું નામ તથા અન્ય બીજી વિગતો લખેલ હતી. આ ઉપરાંત બીજી એક કાચની સીલબંધ બોટલ હતી જેના ઉપર પણ ગીરીશભાઈ લખેલુ હતુ અને પી.એમ. નંબર તથા બીજી વિગતો પણ લખેલી હતી. આ સાહેદની હાજરીમાં બતાવવામાં આવેલા કપડા સફેદ કપડાથી બાંધીને કાગળથી લપેટી એક પુઠ્ઠાના બોક્ષમાં મુકવામાં આવેલા અને તે પુઠ્ઠાના બોક્ષને દોરીથી બાંધી પંચોની સહીઓવાલી સ્લીપ મુકી સીલ કરેલુ. આ કાર્યવાહીનું પંચનામુ બનાવેલ જેમાં આ સાહેદ તથા બીજા પંચ પ્રકાશભાઈએ સહીઓ કરેલી. આંક–૨૨૪૯ વાળા પંચનામામાં તથા આંક–૨૨૫૦ થી ૨૨૫૨ વાળી પંચ સ્લીપોમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે. આ ઉપરાંત આ સાહેદની હાજરીમાં કબજે કરવામાં આવેલ ગુજરનારના કપડા તથા અન્ય મુદ્દામાલ પણ અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ કામે સાહેદ પ્રેમસીંગ બોદુજી બાગદીનાઓને સાહેદ નં.૩૮૮ તરીકે આંક–૨૨૬૫ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ શાહીબાગ પોલીસ સ્ટેશન તરફથી રાતના સાત વાગ્યાની આસપાસ નીકળેલા હતા ત્યારે પોલીસે તેઓને શાહીબાગ પોલીસ સ્ટેશને બોલાવેલા, આ સાહેદ પોલીસ સ્ટેશને ગયા ત્યારે બીજા એક સિધ્ધાર્થભાઈ જૈન પણ હાજર હતા. પોલીસે બંનેને સમજ આપેલી કે સિવિલ હોસ્પિટલ ટ્રોમા સેન્ટર પાસે થયેલા બોમ્બ બ્લાસ્ટમાં પ્રકાશભાઈ નારણભાઈનાઓ ગુજરી ગયેલા હતા અને તેમનુ શબ પરિક્ષણ થયેલુ છે અને તે વખતે ડૉકટરે લાશ ઉપરથી લીધેલા કપડા તથા બીજા નમુનાઓ કબજે લેવાના છે. ત્યાં એક પોલીસ કોન્સ્ટેબલ પ્રવિણકુમાર હાજર હતા અને તેમને કપડા રજૂ કરેલા તે જોતા એક પ્લાસ્ટિકની થેલીમા મરનાર પ્રકાશભાઈના કપડા તથા પ્લાસ્ટિકની થેલી ઉપર કાગળની સ્લીપ લગાવેલી હતી કે જેમાં પ્રકાશભાઈનું નામ તથા બીજી વિગત હતી. તે કપડા સીલબંધ હતા અને જે સ્લીપ હતી તેની ઉપર ડૉકટરનું લખાણ હતુ. એક કાચની બોટલ સીલબંધ હતી તેના ઉપર પ્રકાશભાઈનું નામ તથા અન્ય વિગત અને લોહી હોવાનું લખેલ હતુ. આ સિવાય એક સીલબંધ કાચની બોટલ હતી તેના ઉપર પણ પ્રકાશભાઈનું નામ તથા બીજી વિગત હતી. આ ઉપરાંત એક ખાખી કલરનું સીલબંધ કવર હતુ જેના ઉપર પણ કાગળની સ્લીપ હતી અને પ્રકાશભાઈનું નામ તથા બીજી વિગતો લખેલી હતી, આ તમામ ઉપર ડૉકટરની સહીઓ હતી. આ તમામ વસ્તુઓ આ સાહેદની હાજરીમાં કબજે કરી પંચોની સહીઓવાલી સ્લીપ મુકી સીલ કરેલી. આ કાર્યવાહીનું પંચનામુ બનાવેલ જેમાં આ સાહેદ તથા બીજા પંચ સિધ્ધાર્થભાઈએ સહીઓ કરેલી. આંક–૨૨૬૬ વાળા પંચનામામાં તથા આંક–૨૨૬૭ તથા ૨૨૬૮ વાળી પંચ સ્લીપોમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે. આ ઉપરાંત આ સાહેદની હાજરીમાં કબજે કરવામાં આવેલ ગુજરનારના કપડા તથા અન્ય મુદ્દામાલ પણ અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે. આ આંક–૨૨૬૬ વાળુ

પંચનામુ કરનાર પી.એસ.ઓ. શાહીબાગ પોલીસ સ્ટેશનનાઓ મળી આવતા ન હોય ફરિયાદપક્ષે તેઓને તપાસેલા નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ દ્વારા સાહેદ હુસેનમીયા જીણુમીંયા શેખને સાહેદ નં.૪૭૦ તરીકે આંક–૨૮૭૭થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ આ સાહેદ ચોકીના માણસો સાથે શનિવારનો દિવસ હોય કેમ્પ હનુમાન મંદિર ખાતે દર્શનાર્થીઓની વધુ ભીડ જામતી હોય સવારના ૮.૦૦ કલાક થી રાતના ૨૪.૦૦ કલાક સુધી બંદોબસ્તમાં હતા. તે દિવસે શાહીબાગ પોલીસ સ્ટેશનના સીનીયર પોલીસ ઈન્સ્પેકટર પરમાર સાહેબનાઓએ વર્ધી આપેલી કે ચોકી સ્ટાફના તમામ માણસો સાથે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ટ્રેમા સેન્ટર આવીને મળવુ. જેથી આ સાહેદ સ્ટાફના માણસો સાથે ટ્રોમા સેન્ટર ગયેલા, ત્યાં માણસો ભાગમદોડ કરતા હતા અને ટ્રોમા સેન્ટર ખાતે દેશદ્રોહી કે અરાજકતા ફેલાવવા બોમ્બ બ્લાસ્ટ કરેલ છે તેવુ માલુમ પડેલુ. ત્યાં ઘણા ઈસમોને ઈજાઓ થયેલી હતી અને ઘણા ઈસમો મરણ ગયેલ તે જાણવા મળેલુ. ત્યારબાદ પોલીસ ઈન્સ્પેકટરે જણાવેલુ કે તમો તમારા માણસો સાથે સિવિલ હોસ્પિટલના પી.એમ. રૂમ ખાતે પહોંચો અને મરણ ગયેલ ઈસમો પૈકી જે તેના વાલી, વારસો તથા સગા–સંબંધીઓ આવે અને લાશ ઓળખી બતાવે તો ઈન્કવેસ્ટ પંચનામા કરીને પી.એમ. કરાવવાની તજવીજો કરવી.

ત્યારબાદ આ સાહેદે મરણ જનાર રાજકુમાર ઈન્દ્રચંદ શાહની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ કરવાનું હોવાથી બે પંચો બોલાવેલા અને તે લાશ મરનારના સગા રાજેન્દ્રભાઈએ ઓળખી બતાવેલી અને તેમની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ પંચોની હાજરીમાં કરેલુ અને ત્યારબાદ લાશને પી.એમ. કરાવવા માટે તજવીજ કરેલી. જે પંચનામુ કરવામાં આવેલુ તે આંક–૧૧૮૩ થી રજૂ કરવામાં આવેલુ છે. જેમા બંને પંચોની તથા રૂબરૂ તરીકે આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ સાહેદે મરણ જનાર દુષ્યંતભાઈ મોતીલાલ વ્યાસની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ કરવાનું હોવાથી બે પંચો બોલાવેલા અને તે લાશ

મરનારના સગા ધર્મેન્દ્રભાઈ મોતીલાલ ભોજકે ઓળખી બતાવેલી અને તેમની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ પંચોની હાજરીમાં કરેલુ અને ત્યારબાદ લાશને પી.એમ. કરાવવા માટે તજવીજ કરેલી. જે પંચનામુ કરવામાં આવેલુ તે આંક–૧૨૩૪ થી ૨જૂ કરવામાં આવેલુ છે. જેમા બંને પંચોની તથા રૂબરૂ તરીકે આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

વધુમાં આ સાહેદની સરતપાસ મુજબ મરનાર રાજકુમાર ઈન્દ્રવદન શાહનાઓનું પી.એમ. થયા બાદ ફરજ પરના ડૉકટરે મરણ જનાર રાજકુમારની લાશ ઉપરના કપડા તથા વિશેરા ફરજ ઉપરના ડૉકટરે રજૂ કરતા તે કબજે લેવાના હોવાથી બે પંચોને બોલાવેલા અને પંચનામાની વિગતે કબજે કરેલ. આ તમામ વસ્તુઓ પંચોની હાજરીમાં કબજે કરવામાં આવેલુ અને પંચનામા ઉપર પંચોની સહીઓ લીધેલી અને રૂબરૂ તરીકે સહી કરેલાનું જણાવે છે. આંક–૨૨૧૦ વાળા પંચનામામાં આ સાહેદ પંચોની તથા પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

ઉપરોકત આંક–૨૨૧૦ના પંચનામાથી સાહેદ હુસેનમીયા જીણુમીયા શેખનાઓએ રાજકુમાર ઈન્દ્રવદન શાહના શબ ઉપરના કપડા કબજે કરેલા તે પંચનામા પૈકીના પંચ પંકજભાઈ છગનભાઈ પટેલનાઓને સાહેદ નં.૩૮૦ તરીકે આંક–૨૨૦૯થી તપાસેલ છે. તેઓની સરતપાસ મુજબ ૨૦૦૮ ના અરસામાં સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં રહેતા હતા. ત્યારે તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ સિવિલ હોસ્પિટલ ખાતે હાજર હતા ત્યારે સવારના ૧૦.૧૫ વાગ્યાની આસપાસ શાહીબાગ પોલીસ સ્ટેશનના પોલીસે સિવિલ હોસ્પિટલના મડદા રૂમમાં બોલાવેલા અને ત્યાં એક બીજા છગનભાઈ મોહનભાઈ પટેલને પણ બોલાવેલા હતા. પોલીસે બંનેને સમજ આપેલી કે સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડમાં થયેલા બોમ્બ બ્લાસ્ટમાં રાજકુમાર ઈન્દ્રવદન શાહનાઓ ગુજરી ગયેલા હતા અને તેમનુ શબ પરિક્ષણ થયેલુ છે અને તે વખતે ડૉકટરે લાશ ઉપરથી લીધેલા કપડા તથા વિશેરાઓ કબજે લેવાના છે. ત્યારબાદ ત્યાં (૧) પીળા કલરનો ઝભ્ભો લોહીથી ખરડાયેલો અને ફાટેલો હતો તે (૨) એક લેંઘો જે પણ ફાટેલો હતો અને લોહીથી ખરડાયેલો હતો (૩) એક સફેદ બનીયન અર્ધી

બાંયની લોહીવાળી હતી તે (૪)એક અંડરવેર પુરેપુરી લોહીવાળી હતી. આ તમામ કપડા પોલીસે બતાવેલા અને આ સાહેદની રૂબરૂમાં પ્લાસ્ટિકની અલગ–અલગ થેલીમાં મુકવામાં આવેલા ત્યારબાદ અલગ–અલગ થેલીને કાગળમાં લપેટીને પેક કરવામાં આવેલી. કુલ ચાર પડીકા ઉપર પંચોની સહીઓવાળી કાપલી મુકી તેને સીલ કરવામાં આવેલુ. આ કાર્યવાહીનું પંચનામુ બનાવેલ જેમાં આ સાહેદ તથા બીજા પંચ છગનભાઈએ સહીઓ કરેલી. આંક–૨૨૧૦ વાળા પંચનામામાં તથા આંક–૨૨૧૧ થી ૨૨૧૫ વાળી પંચ સ્લીપોમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે. આ ઉપરાંત આ સાહેદની હાજરીમાં કબજે કરવામાં આવેલ ગુજરનારના કપડા તથા અન્ય મુદ્દામાલ પણ અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ દ્વારા સાહેદ અમરસિંહ રૂપસિંહ મોડીયાને સાહેદ નં.૪૮૬ તરીકે આંક–૨૯૦૭થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ જુલાઈ–૨૦૦૮ માં શાહીબાગ પોલીસ સ્ટેશનમાં ફરજ બાજાવતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ શાહીબાગ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર પરમાર સાહેબના કહેવાથી સિવિલ હોસ્પિટલમાં થયેલા બોમ્બ વિસ્ફોટના કારણે હોસ્પિટલના સ્થળે સાંજના સમયે ગયેલા. ત્યાં સિવિલ હોસ્પિટલના પી.એમ. રૂમમાં લાશો પડેલી હતી, આ સાહેદે કુલ બે અલગ–અલગ લાશોનું ઈન્કવેસ્ટ પંચનામુ કરેલુ. આંક–૧૧૭૧ તથા ૧૧૯૧ વાળા બે ઈન્કવેસ્ટ પંચનામામાં આ સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે. આ બંને લાશોની સ્થિતિ જોતા બોમ્બ બ્લાસ્ટના કારણે શરીર ઉપર અલગ–અલગ ઈજાઓ થયેલી તે જોવા મળેલી. જેનું વર્ણન પંચનામામાં લખેલુ છે તેમ જણાવે છે. વધુમાં આ સાહેદની સરતપાસ ધ્યાને લેતા ઈન્કવેસ્ટ પંચનામાઓ જે લાશોના કરવામાં આવેલા તે લાશોની ઉપરથી મેળવેલા કપડા પણ અલગ–અલગ પંચનામાના આધારે પંચોની હાજરીમાં કબજે કરવામાં આવેલા. તે પંચનામાઓ પણ આંક–૨૭૫૪ તથા ૨૨૧૧ માં આ સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

ઉપરોકત આંક–૨૨૧૧ ના પંચનામાથી સાહેદ અમરસિંહ રૂપસિંહ મોડીયાનાઓએ પોપટભાઈ મગનભાઈ દરબારના શબ ઉપરના કપડા કબજે કરેલા તે પંચનામા પૈકીના પંચ પંકજભાઈ છગનભાઈ પટેલનાઓને સાહેદ નં.૩૮૦ તરીકે આંક–૨૨૦૯ થી તપાસેલ છે. તેઓની સરતપાસ મુજબ ૨૦૦૮ ના અરસામાં સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં રહેતા હતા. ત્યારે તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ સિવિલ હોસ્પિટલ ખાતે હાજર હતા ત્યારે સવારના ૧૧.૩૦ વાગ્યાની આસપાસ શાહીબાગ પોલીસ સ્ટેશનના પોલીસે સિવિલ હોસ્પિટલના મડદા રૂમમાં બોલાવેલા અને ત્યાં એક બીજા ધવલભાઈ પટેલને પણ બોલાવેલા હતા. પોલીસે બંનેને સમજ આપેલી કે સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડમાં થયેલા બોમ્બ બ્લાસ્ટમાં પોપટભાઈ દરબારનાઓ ગુજરી ગયેલા હતા અને તેમનુ શબ પરિક્ષણ થયેલુ છે અને તે વખતે ડૉકટરે લાશ ઉપરથી લીધેલા કપડા કબજે લેવાના છે. ત્યારબાદ ત્યાં (૧) સફેદ લાઈનીંગવાળુ કાળા કલરનું છીકણી કમર પટ્ટા સાથેનું લોહીથી ખરડાયેલુ અને બળી ગયેલી હાલતનું પેન્ટ કાગળમાં લપેટીને તે પડીકા ઉપર પંચોની સહીઓવાળી સ્લીપ મુકી દોરીથી બાંધી સીલ કરવામાં આવેલુ. આ કાર્યવાહીનું પંચનામુ બનાવેલ જેમાં આ સાહેદ તથા બીજા પંચ છગનભાઈએ સહીઓ કરેલી. આંક–૨૨૧૧ વાળા પંચનામામાં તથા આંક–૨૨૧૬ વાળી પંચ સ્લીપમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે. આ ઉપરાંત આ સાહેદની હાજરીમાં કબજે કરવામાં આવેલ ગુજરનારના કપડા પણ અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે.

ઉપરોકત આંક–૨૨૫૪ના પંચનામાથી સાહેદ અમરસિંહ રૂપસિંહ મોડીયાનાઓએ રમણાભાઈ પુજાભાઈ પ્રજાપતિના શબ ઉપરના કપડા કબજે કરેલા તે પંચનામા પૈકીના પંચ બળદેવભાઈ મણીભાઈ પ્રજાપતિનાઓને સાહેદ નં.૩૮૬ તરીકે આંક–૨૨૫૩થી તપાસેલ છે.તેઓની સરતપાસ મુજબ તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ બપોરના ચાર વાગ્યાની આસપાસ શાહીબાગ પોલીસે સિવિલ હોસ્પિટલના કમ્પાઉન્ડમાં આવેલ પી.એમ. રૂમ ખાતે બોલાવેલા અને ત્યાં એક બીજા કમલભાઈ શાહને પણ બોલાવેલા હતા. પોલીસે બંનેને

સમજ આપેલી કે સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડમાં થયેલા બોમ્બ બ્લાસ્ટમાં રમણાભાઈ પ્રજાપતિનાઓ ગુજરી ગયેલા હતા અને તેમનુ શબ પરિક્ષણ થયેલુ છે અને તે વખતે ડૉકટરે લાશ ઉપરથી લીધેલા કપડા કબજે લેવાના છે. ત્યારબાદ ત્યાં (૧) એક સફેદ કલરનું અર્ધુ બળેલુ, લોહીથી ખરડાયેલો શર્ટ (૨) એક બનીયન કે જે અર્ધી બળેલી હાલતમાં અને લોહીથી ખરડાયેલી હતી (૩) એક સલેટીયા જેવા કલરનો અર્ધો બળેલો પેન્ટ લોહીથી ખરડાયેલો (૪) વાદળી જેવા કલરનું જાંગીયો લોહીથી ખરડાયેલો હતો. આ ચારેય કપડાને અલગ–અલગ પ્લાસ્ટિકની થેલીમાં મુકી પંચોની સહીઓવાળી સ્લીપ મુકી દોરીથી બાંધી સીલ કરવામાં આવેલા. આ કાર્યવાહીનું પંચનામુ બનાવેલ જેમાં આ સાહેદ તથા બીજા પંચ કમલભાઈએ સહીઓ કરેલી. આંક–૨૨૫૪ વાળા પંચનામામાં તથા આંક–૨૨૫૫ થી ૨૨૬૦ વાળી પંચ સ્લીપોમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે. આ ઉપરાંત આ સાહેદની હાજરીમાં કબજે કરવામાં આવેલ ગુજરનારના કપડા પણ અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ દ્વારા સાહેદ ચંદ્રસિંહ ભગવતસિંહ જાડેજાને સાહેદ નં.૨૬૬ તરીકે આંક–૧૩૨૯થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ શાહીબાગ પોલીસ સ્ટેશનમાં પોલીસ સબ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા. ત્યારે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ શાહીબાગ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર તરફથી સુચના મળતા સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડ ટ્રોમા સેન્ટર સામે ઓકસીજન પ્લાન્ટના ખુણા પાસે એ,બી બ્લોકની બાજુમાં પડેલ લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ કરવામાં માટે સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડ ખાતે ગયેલા અને સુચના મુજબ લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ કરવાનું હોવાથી બે પંચોને બોલાવેલા અને પંચોએ પંચમાં રહેવાની સંમતી આપતા, ટ્રોમા સેન્ટરની સામે ઓકસીજન પ્લાન્ટના ખુણે ઝાડ પાસે એ,બી બ્લોકની બાજુ તરફ જતા રસ્તા ઉપર બે સ્કુટર અને એક સાઇકલ તેમજ એક મોટર સાઇકલના વચ્ચેના ભાગે ઉંધી પડેલી લાશ કે જે બળી ગયેલી હાલતમાં હતી તેનુ ઈન્કવેસ્ટ પંચનામુ કરેલુ. ઈન્કવેસ્ટ પંચનામા વખતે આ લાશના કોઈ

વાલી વારસ મળી આવેલા નહીં. લાશના શરીર ઉપર ડાબા પડખાના ભાગે એક પતરૂ પેસી ગયેલુ તેની પણ વિગતવાર નોંધ પંચનામામાં કરેલી અને પંચનામુ કર્યા બાદ પંચોની સહીઓ કરાવી રૂબરૂ તરીકે આ સાહેદે સહી કરેલી. જે પંચનામુ આંક–૧૩૩૦થી ૨જૂ છે જેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આ ઉપરાંત આ સાહેદ વધુમાં જણાવે છે કે તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ શાહીબાગ પોલીસ સ્ટેશનમાં તેમની ફરજ પર હતા ત્યારે સીનીયર પોલીસ ઇન્સ્પેકટરની સુચના મળતા સિવિલ હોસ્પિટલના ડૉકટરે મરણ જનાર ચંદનગીરી ભાલચંદ્રગીરી ગોસ્વામીના વિશેરાની સીલબંધ બોટલો સોંપેલી તે અંગેનું પંચનામુ બે પંચોની હાજરીમાં ત્રણેય સીલબંધ બોટલો કબજે લીધેલા અને પંચોની સહી તથા રૂબરૂ તરીકે તેમને સહી કરેલાનું જણાવેલ છે. આંક–૨૨૬૨ વાળા પંચનામામાં સાહેદ પોતાની તથા પંચોની સહી ઓળખી બતાવેલ છે તેમજ મુદ્દામાલ પણ કોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે.

ઉપરોકત આંક–૨૨૬૨ના પંચનામાથી સાહેદ ચંદ્રસિંહ ભગવતસિંહ જાડેજાનાઓએ ચંદનગીરી ભાલચંદ્રગીરી ગોસ્વામીના શબ પરિક્ષણ વખતે ડૉકટરે લીધેલા લોહીના નમૂના કબજે કરેલા તે પંચનામા પૈકીના પંચ રમેશગીરી શંકરગીરી ગોસ્વામીનાઓને સાહેદ નં.૩૮૭ તરીકે આંક–૨૨૬૧ થી તપાસેલ છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ સાંજના પાંચ–સાડા પાંચના અરસામાં પોલીસે શાહીબાગ પોલીસ સ્ટેશનમાં બોલાવેલા અને ત્યાં એક બીજા ધર્મેશ ગોસ્વામીને પણ બોલાવેલા હતા. પોલીસે બંનેને સમજ આપેલી કે સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડમાં થયેલા બોમ્બ બ્લાસ્ટમાં ચંદનગીરી ભાલચંદ્રગીરી ગોસ્વામીનાઓ ગુજરી ગયેલા હતા અને તેમનુ શબ પરિક્ષણ થયેલુ છે અને તે વખતે ડૉકટરે લીધેલા લોહીના નમુનાની બોટલો નંગ–૩ તપાસ અર્થે કબજે લેવાની છે. ત્યાં પોલીસે ત્રણ બોટલો બતાવેલી જેમાં ત્રણ કાચની બોટલો કે જે સીલબંધ હતી જેના ઉપર ચંદનગીરીનું આખુ નામ, પી.એમ. નંબર તથા બીજી વિગતો લખેલી હતી અને સિવિલ હોસ્પિટલના ડૉકટરની સહી હતી. ત્રણેય બોટલો આ સાહેદની હાજરીમાં કબજે કરવામાં

આવેલી. આ કાર્યવાહીનું પંચનામુ બનાવેલ જેમાં આ સાહેદ તથા બીજા પંચ ધર્મેશભાઈએ સહીઓ કરેલી. આંક–૨૨૬૨ વાળા પંચનામામાં તથા આંક–૨૨૬૩, ૨૨૬૪ વાળી પંચ સ્લીપોમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ દ્વારા સાહેદ સિધ્ધરાજસિંહ શંભુસિંહ વાઘેલાને સાહેદ નં.૪૭૧ તરીકે આંક–૨૮૭૮થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૧/૧૧/૨૦૦૭ થી તા.૨૨/૧૨/૨૦૧૩ સુધી આ સાહેદ શાહીબાગ પોલીસ સ્ટેશનમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા. ત્યારે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ ૧૨.૦૦ થી ૨૦.૦૦ દરમ્યાન ઈન્વે. સ્કવોર્ડમાં ફરજ બજાવતા હતા ત્યારે તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ ૮.૦૦ થી ૧૪.૦૦ દરમ્યાન ફરજ પર હાજર હતા ત્યારે શાહીબાગ પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર પરમારનાઓની સુચના મુજબ શારદાબેન હોસ્પિટલ ગયેલા. ત્યાં જઈને ઈજા પામનાર ઈસમ રમણભાઈ ભવાનભાઈનું નિવેદન લીધેલુ અને શારદાબેન હોસ્પિટલમાં સી.એમ.ઓ.ને ઉદ્દેશીને ઈજા પામનારની સારવાર યાદી આપેલી અને તેની સ્ટેશન ડાયરીમાં નોંધ કરાવેલી. વધુમાં આ સાહેદની સરતપાસ મુજબ તા.૩૧/૭/૨૦૦૮ નાં રોજ આ સાહેદ શાહીબાગ પોલીસ સ્ટેશનમાં ફરજ પર હતા તે દરમ્યાન પોલીસ ઇન્સ્પેકટરની સુચના મળતા સિવિલ હોસ્પિટલ ખાતે ગયેલા અને ત્યાં બોમ્બ બ્લાસ્ટમાં ઈજા થવાના કારણે મરણ ગયેલ હતા તેઓની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ કરવાનુ હોવાથી બે પંચોને બોલાવેલા. મરણ જનાર ઈસમના સગા પુનમભાઈ માધાભાઈ ચાવડાનાઓએ મરણ જનારની લાશ ઈશ્વરભાઈની લાશ તરીકે ઓળખી બતાવેલી અને તેનુ પંચનામુ કરેલુ અને પંચનામુ કર્યા બાદ પંચોની સહીઓ કરાવી રૂબરૂ તરીકે આ સાહેદે સહી કરેલી. જે પંચનામુ આંક–૧૨૯૧ થી રજૂ છે જેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

આ ઉપરાંત આ સાહેદ વધુમાં જણાવે છે કે ઈશ્વરભાઈ માધાભાઈ ચાવડાઓનું પી.એમ. થયા બાદ ડૉકટર તરફથી એક સીલબંધ કવર આ સાહેદને

સોંપવામાં આવેલુ અને તે કવર બે પંચોને બોલાવી પંચોની હાજરીમાં તે સીલબંધ કવર પંચનામાની વિગતે પંચનામુ કરી કબજે લીધેલુ અને તેનુ પંચનામુ આંક–૨૨૭૪ થી ૨જૂ છે તેમાં પંચોની તથા રૂબરૂ તરીકે સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

ઉપરોકત આંક–૨૨૭૪ના પંચનામાથી સાહેદ સિધ્ધરાજસિંહ શંભુસિંહ વાઘેલાનાઓએ ઈશ્વરભાઈ માધાભાઈ ચાવડાના શબ પરિક્ષણ વખતે ડૉકટરે આપેલ સીલબંધ કવર સાહેદ સિધ્ધરાજસિંહને સોંપેલુ અને તે પંચનામાની વિગતે કબજે કરેલુ તે પંચનામા પૈકીના પંચ અજયભાઈ ચમનભાઈ રાણાનાઓને સાહેદ નં.૩૯૦ તરીકે આંક–૨૨૭૩થી તપાસેલ છે. તેઓની સરતપાસ મુજબ તા.૩૧/૭/૨૦૦૮ નાં રોજ શાહીબાગ પોલીસ સ્ટેશનના પોલીસે શાહીબાગ પોલીસ સ્ટેશનમાં બપોરે સાડા બાર વાગ્યાની આસપાસ બોલાવેલા અને ત્યાં એક બીજા લક્ષ્મણભાઈ બારોટને પણ બોલાવેલા હતા. પોલીસે બંનેને સમજ આપેલી કે સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડમાં થયેલા બોમ્બ બ્લાસ્ટમાં ઈશ્વરભાઈ માધાભાઈ ચાવડાનાઓ ગુજરી ગયેલા હતા અને તેમનુ શબ પરિક્ષણ થયેલુ છે અને તે વખતે ડૉકટરે લીધેલા નમૂનાનું એક સીલબંધ કવર તપાસ અર્થે કબજે લેવાની છે. આ કવર બે મેટાલીક પીસવાળુ હતુ જે કવર સીલબંધ હતુ અને તેના ઉપર ઈશ્વરભાઈનું આખુ નામ લખેલ હતુ. આ કવરમાં જે વસ્તુઓ હતી તેની વિગતો પણ લખેલી હતી. આ કાર્યવાહીનું પંચનામુ બનાવેલ જેમાં આ સાહેદ તથા બીજા પંચ લક્ષ્મણભાઈએ સહીઓ કરેલી. આંક–૨૨૭૪ વાળા પંચનામામાં તથા આંક–૨૨૭૪ વાળી પંચ સ્લીપોમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે. આ ઉપરાંત આ સાહેદે તેમની હાજરીમાં કબજે કરવામાં આવેલ બે મેટાલીક પીસવાળુ કવર અને તેની ઉપર લખેલી વિગતો અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ દ્વારા સાહેદ મુકેશ દિલીપભાઈ ઉપાધ્યાયને સાહેદ નં.૫૪૪ તરીકે આંક–૨૯૯૯થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ આ સાહેદ પોલીસ

સબઇન્સ્પેકટર તરીકે બાયડ (સાબરકાંઠા) પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા. તે દરમ્યાન બાયડના વિશ્વા હોસ્પિટલના ડૉ.મીનેશ ગાંધીએ આ સાહેદને ઉદેશીને એક યાદી પાઠવેલી અને તેમાં અમદાવાદ ખાતે થયેલ બોમ્બ બ્લાસ્ટમાં ધીરૂભાઈ રણછોડભાઈ રાવલ, રહે. દખણેશ્વર (બાયડ) નાઓ ઈજા પામતા તેમની હોસ્પિટલમાં દાખલ કરેલ હતા તે બાબતે આગળ કાર્યવાહી કરવાની યાદી હતી. આ યાદી મળતા આ સાહેદ બાયડ ગયેલા અને ઈજા પામનાર ધીરૂભાઈનું નિવેદન લીધેલુ તથા તેમની સારવાર દરમ્યાન ઓપરેશન કરવામાં આવેલુ અને શરીરમાંથી બોમ્બની કરચ કાઢવામાં આવેલી તેનુ સીલબંધ બોક્ષ આ સાહેદને સોપવામાં આવેલુ અને તેનું પંચનામુ બે પંચોની રૂબરૂમાં કરેલુ. આંક–૨૩૮૦ વાળા પંચનામામાં બે પંચોની તથા રૂબરૂ તરીકે સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

ઉપરોકત આંક–૨૩૮૦ ના પંચનામાથી સાહેદ મુકેશ દિલીપભાઈ ઉપાધ્યાયનાઓએ ઈજા પામનાર ધીરૂભાઈ રણછોડભાઈ રાવલના સારવાર દરમ્યાન શરીરમાંથી કાઢવામાં આવેલ બોમ્બની કરચોનું બોક્ષ ડૉકટરે સાહેદ મુકેશભાઈને સોંપેલુ અને તે પંચનામાની વિગતે કબજે કરેલુ તે પંચનામા પૈકીના પંચ મોહનભાઈ સોમાભાઈ રાવલનાઓને સાહેદ નં.૪૨૦ તરીકે આંક–૨૩૭૯ થી તપાસેલ છે. તેઓની સરતપાસ મુજબ તા.૩૦/૭/૨૦૦૮ નાં રોજ સવારે આઠેક વાગે બાયડ પોલીસ સ્ટેશનના બોલાવવાથી આ સાહેદ બાયડ પોલીસ સ્ટેશનમાં હાજર થયેલા અને ત્યાં એક બીજા જયંતિભાઈ મણીભાઈ રાવલને પણ બોલાવેલા હતા. પોલીસે બંનેને સમજ આપેલી કે શાહીબાગ સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડમાં થયેલા બોમ્બ બ્લાસ્ટમાં ઈજા પામનાર ધીરૂભાઈ રણછોડભાઈ રાવલનાઓને ઈજા થયેલી અને બાયડ મુકામે વિધા સર્જીકલ હોસ્પિટલમાં સારવાર આપેલી અને સારવાર દરમ્યાન તેઓની છાતીની જમણી બાજુના ભાગેથી બોમ્બની કરચો કાઢેલી તે કરચોનું બોક્ષ તે જ હોસ્પિટલના ડૉ.ગાંધીએ પોલીસને સોંપેલુ. આ ઉપરાંત ઈજા પામનાર ધીરૂભાઈના પગના ભાગે ઓપરેશન કરીને બીજી પણ બોમ્બની કરચો કાઢવામાં આવેલી. આ બંને અલગ–અલગ

બોમ્બની કરચો કાગળના બોક્ષમાં પેક કરીને પંચોની સહીવાળી સ્લીપ લગાવેલી. આ કાર્યવાહીનું પંચનામુ બનાવેલ જેમાં આ સાહેદ તથા બીજા પંચ જયંતિભાઈએ સહીઓ કરેલી. આંક–૨૩૮૦ વાળા પંચનામામાં તથા આંક–૨૩૮૧ વાળી પંચ સ્લીપોમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે. આ ઉપરાંત આ સાહેદે તેમની હાજરીમાં કબજે કરવામાં આવેલ મુદ્દામાલ કરચો અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ દ્વારા સાહેદ મનહરભાઈ ચંદુભાઈ પટેલને સાહેદ નં.૮૮૮ તરીકે આંક–૬૩૩૨ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૦/૮/૨૦૦૮ નાં રોજ ગાયકવાડ હવેલી ક્રાઈમ બ્રાન્ચની ઓફીસે તેઓને બોલાવેલા તે વખતે તેમની સાથે ઉદયભાઈ પટેલ પણ હતા. ત્યાં પોલીસે સમજ કરેલી કે ધીરૂભાઈ રાવલને ઈજાઓ થયેલી અને તેમના શરીરમાંથી નીકળેલ બોમ્બની કરચોના બોક્ષ કબજે લેવાના છે અને તેનુ પંચનામુ કરવાનુ છે જેથી આ સાહેદે હા પાડેલી. તે વખતે ત્યાં બાયડ પોલીસ સ્ટેશનના પોલીસ હાજર હતા અને તેમને કરચોના અલગ–અલગ બોક્ષ તથા અન્ય કાગળો રજૂ કરેલા જે બંને બોક્ષ કાગળના પુઠ્ઠાના હતા. જેને બંને પંચોની સહીઓવાળી સ્લીપો મુકી દોરી બાંધી સલ કરવામાં આવેલા અને તેનુ પંચનામુ કરવામાં આવેલુ અને બંને પંચોએ સહીઓ કરેલી. આ કાર્યવાહીનું જે પંચનામુ થયેલુ તે આંક–૬૩૩૩ ના પંચનામામાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે. આ ઉપરાંત આ સાહેદે તેમની હાજરીમાં કબજે કરવામાં આવેલ મુદ્દામાલ કરચો અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે. આ પંચનામુ જે પોલીસના અધિકારીએ કરેલુ તે પોલીસ અધિકારી વી.આર.ટોળીયા મરણ ગયેલ હોવાથી ફરિયાદપક્ષે તેઓને તપાસેલા નથી પરંતુ આંક–૬૩૩૩ વાળા પંચનામામાં ટોળીયાની સહી તપાસ કરનાર ટીમના અન્ય અધિકારી મયુર ચાવડાએ પોતાની આંક–૮૬૩૮ ની જુબાનીમાં સહી ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ દ્વારા સાહેદ શ્યામકુમાર ચુનીલાલ કોષ્ટીને સાહેદ નં.૮૯૦ તરીકે આંક–૬૩૪૪ થી તપાસેલા છે. તેઓની સરતપાસ

ધ્યાને લઈએ તો તા.૨૭/૮/૨૦૦૮ નાં રોજ આ સાહેદને સિવિલ હોસ્પિટલ પી.એમ. રૂમ પાસે બોલાવેલા. ત્યાં પોલીસે સમજ કરેલી કે એક દેવકુમાર બૌધનાઓ ટ્રોમા સેન્ટર પાસે થયેલા બોમ્બ બ્લાસ્ટમાં ગુજરી ગયેલા હતા અને તેમની લાશનું શબ પરિક્ષણ થયેલુ છે અને તે વખતે ડૉકટરે લીધેલા બ્લડ સેમ્પલ તપાસ અર્થે કબજે લેવાની છે. ત્યાં એક સીલબંધ બોટલ હતી તે પ્લાસ્ટિકની હતી જે બતાવવામાં આવેલી અને તેમાં લોહી હતુ. આ કાર્યવાહીનું પંચનામુ બનાવેલ જેમાં આ સાહેદે સહી કરેલી. આંક–૬૩૪૫ વાળા પંચનામામાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આ પંચનામુ જે પોલીસના અધિકારીએ કરેલુ તે પોલીસ અધિકારી પ્રહલાદજી સાવધાનજી મરણ ગયેલ હોવાથી ફરિયાદપક્ષે તેઓને તપાસેલા નથી અને તેઓ મરણ ગયા અંગેનો રીપોર્ટ આંક–૩૦૦૪ થી રજૂ કરેલો છે.

સિવિલ હોસ્પિટલ અમદાવાદના ટ્રોમા સેન્ટર નજીક થયેલા આ બોમ્બ બ્લાસ્ટના બનાવમાં તપાસ કરનાર અધિકારીઓએ સ્થળ ઉપરથી જુદા–જુદા પંચનામાઓના આધારે કબજે કરવામાં આવેલો મુદ્દામાલ જુદી–જુદી રવાનગી નોંધો તૈયાર કરીને એફ.એસ.એલ. ગાંધીનગરને પૃથક્કરણ માટે મોકલી આપેલ હતો. તેની વિગત નીચે મુજબ છે.

અ. નં.	**રવાનગી નોંધનો આંક**	**રવાનગી નોંધ મોકલનાર અધિકારી તથા હોદ્દો**	**મુદ્દામાલ પાર્સલની વિગત**	
૧	૪૬૪	જે.એ.પરમાર પોલીસ ઇન્સ્પેકટર શાહીબાગ	૧	એ/૧ થી એ/૮ (મરનાર કેતન સુરેન્દ્રના કપડા અને વિશેરા)
			૨	બી/૧ થી બી/૮ (મરનાર જયકિશન ચંદુભાઈ પટેલના કપડા અને વિશેરા)
			૩	સી/૧ થી સી/૩ (મરનાર જશવંત રણછોડના કપડા અને વિશેરા)
			૪	ડી/૧ થી ડી/૫ (મરનાર ડો.પ્રેરક શાહના કપડા અને વિશેરા)
			૫	ઈ/૧ થી ઈ/૬ (મરનાર વિરેન્દ્ર

				રમેશચંદ્ર પંડયાના કપડા અને વિશેરા)
			૬	એફ/૧ થી એફ/૫ (મરનાર સંકેત અંધારીયાના કપડા અને વિશેરા)
			૭	જી/૧ (મરનાર કિંજલ શાહની લાશ પરથી લીધેલ ખાખી કવર)
			૮	એચ/૧ થી એચ/૪ (મરનાર રાજકમલ મહેન્દ્રસિંહના કપડા અને વિશેરા)
			૯	આઈ/૧ થી આઈ/૩ (મરનાર વિજયકુમાર સોનાજીના કપડા અને વિશેરા)
			૧૦	જે/૧ થી જે/૪ (મરનાર પ્રાકશ નારણદાસ જૈનના કપડા અને વિશેરા)
			૧૧	કે/૧ અને કે/૨ (મરનાર પોપટ મગન દરબારના કપડા અને વિશેરા)
			૧૨	એલ/૧ થી એલ/૬(મરનાર રાજકુમાર ઈન્દરચંદ શાહના કપડા અને વિશેરા)
			૧૩	એમ/૧ થી એમ/૩ (મરનાર મનસુખભાઈ ગીરધરભાઈના કપડા અને વિશેરા)
			૧૪	એન/૧ થી એન/૩ (મરનાર ચંદનગીરી ભાલચંદ્રગીરીના કપડા અને વિશેરા)
			૧૫	ઓ/૧ (મરનાર વિરલગીરી બળવંતગીરીના કપડા અને વિશેરા)
			૧૬	પી/૧ થી પી/૪ (મરનાર અજયકુમાર રજનીકાન્તના કપડા)
			૧૭	કયુ/૧ થી કયુ/૩(મરનાર ગીરીશ વિઠ્ઠલભાઈના કપડા અને વિશેરા)
			૧૮	આર/૧ (મરનાર સુરેશ નાગરભાઈના કપડા)

			૧૯	એસ/૧ થી એસ/૩ (મરનાર વિષ્ણુભાી બેચરભાઈના વિશેરા)
			૨૦	ટી/૧ થી ટી/૭ (મરનાર રમણાભાઈ પુજાભાઈના કપડા અને વિશેરા)
			૨૧	યુ/૧ (મરનાર હિંતમભાઈ ગોહીલના વિશેરા)
૨	૫૯૩૦	એચ.આર.મુલીયાણા મદદનીશ પોલીસ કમિશનર	૧	એ (ડીટોનેટર નં.૧૬ તથા વાયરો)
			૨	બી, બી/૧ (વેગનઆર ગાડીના એન્જીનના તથા બોડીના ભાગો)
			૩	સી (ગેસના સીલીન્ડર નંગ–૫)
			૪	ડી (વેગનઆર ગાડીનો મોટો ભાગ અને તેના અવશેષો)
			૫	ઈ (બનાવવાળી જગ્યા ઉપરથી મેળવેલા નટ, બોલ્ટ અને એસેસરીઝ)
			૬	એફ (મારૂતિ વેગનઆરના અવશેષો)
			૭	જી (ગુનાવાળી જગ્યાએ પડેલ ખાડામાંથી લીધેલ પાણી)
			૮	એચ (ગુનાવાળી જગ્યાની આજુબાજુ પડેલ વાયરનું ગુંચડુ, બળેલુ કપડુ વિગેરે)
			૯	આઈ, જે, કે, એલ, એમ, એન (ગુનાવાળી જગ્યાએથી લીધેલ લોહીનો નમૂનો)
			૧૦	ઓ (કોટનગોજ)
			૧૧	પી (સાઇકલ ઉપરની એક થેલી)
			૧૨	વાય (નોકીયા કંપનીનો મોબાઈલ)
			૧૩	ઝેડ (સેમસંગ કંપનીનો મોબાઈલ)
			૧૪	ઝેડ–૧ (મોટોરોલા કંપનીનો મોબાઈલ)

			૧૫	ટી (સરકીટો નંગ–૨ તથા કનેકટર વિગેરે)
			૧૬	ઝેડ–૨ (એરટેલ કંપનીનું સીમકાર્ડ)
			૧૭	યુ (ગેસના સીલીન્ડરનો અર્ધો તુટેલો ભાગ)
			૧૮	વી (સ્ટીલનું ટીફીન)
			૧૯	એકસ (કાળા તથા બ્લ્યુ જેવા કપડામાં વીંટાળેલુ ટીફીન)
૩	૫૯૩૯	વી.આર.ટોળીયા મદદનીશ પોલીસ કમિશનર	૧	લોખંડના બુચ, છરા નંગ–૧૨, કુગ્ગાના ટુકડાઓ, ઝાડમાં ખોસેલ ખીલ્લો, કન્ટ્રોલ સેમ્પલ લાકડાના ટુકડા નંગ–૨, છરા નંગ–૪, કન્ટ્રોલ માટી
			૨	મરનાર દેવકુમાર ગજોધરનું બ્લડ
			૩	કોથળીમાં ભરેલા કુગ્ગાઓ
૪	૫૮૮૭	જે.એન.પરમાર પોલીસ ઇન્સ્પેકટર શાહીબાગ	૧	મરનાર પરષોત્તમભાઈ મોહનભાઈની લાશ ઉપરથી મળેલ અવશેષો
			૨	મરનાર રોહન અશ્વિનભાઈ પટેલની લાશ ઉપરથી મળેલ અવશેષો
			૩	મરનાર શ્રધ્ધા અશ્વિનભાઈ પટેલની લાશ ઉપરથી મળેલ અવશેષો
૪	૫૯૭૫	એમ.જે.ચાવડા મદદનીશ પોલીસ કમિશનર	૧	એ (એરગન એફ કુટ લાંબી)
			૨	બી (દેશી બનાવટની પીસ્તોલ તથા કારતુસ)
			૩	સી (સીડી/ડીવીડી નંગ–૧૯)
			૪	ડી (લોખંડની પાઈપ કે જે પાઈપ બોમ્બ જેવી)
			૫	ઈ (દારૂગોળો મિશ્રીત પાણીની બોટલ)

ઉપરોકત રવાનગી નોંધો દ્વારા એફ.એસ.એલ. ગાંધીનગરને રવાનગી નોંધોમાં જણાવ્યા મુજબનો મુદ્દામાલ પૃથક્કરણ માટે મોકલવામાં

આવેલો અને દરેક રવાનગી નોંધવમાં સત્તાનું પ્રમાણપત્ર મદદનીશ પોલીસ કમિશનર ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદનાઓએ આપેલુ છે અને આ મુદ્દામાલ એફ.એસ.એલ. ગાંધીનગરને મળ્યો તે અંગે મુદ્દામાલ મળ્યાની પહોંચ આ કામે અનુક્રમે આંક–૫૯૩૧, ૬૪૫૩, ૫૯૭૩, ૪૬૫, ૫૯૫૬, ૫૯૪૦, ૫૮૮૮ થી રજૂ છે જે દરેક પહોંચોમાં મદદનીશ નિયામકની સહીઓ છે. ત્યારબાદ એફ.એસ. એલ.ગાંધીનગર ખાતે અલગ–અલગ પૃથક્કરણ કરનાર અધિકારીઓએ આ મુદ્દામાલનું પૃથક્કરણ કરેલુ.

ઉપરોકત રવાનગી નોંધોમાં જણાવ્યા મુજબના મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારીઓ પૈકી એફ.એસ.એલ. અધિકારી ગૌરીદત્ત દયાનિધિ શર્મા કે જેમને ગુનાવાળી જગ્યાનું નિરીક્ષણ પણ કરેલુ હતુ. તેઓને આ કામે સાહેદ નં.૮૪૯ તરીકે આંક–૫૯૦૮ થી તપાસવામાં આવેલા છે. તેઓની આ ગુના પુરતી સરતપાસ ધ્યાને લઈએ તો તેઓ એમ.એસ.સી. ઓર્ગેનીક કેમેસ્ટ્રી સાથે થયેલ છે અને સને–૧૯૭૮માં એફ.એસ.એલ., ગુજરાતમાં જુનિયર સાયન્ટીફીક આસિસ્ટન્ટ તરીકે જોડાયેલ અને ત્યારબાદ પ્રમોશન મળતા સાયન્ટીફીક ઓફિસર થયેલ અને ત્યારબાદ બીજું પ્રમોશન આવતાં તેઓ મદદનીશ નિયામક, એફ.એસ.એલ., જૂનાગઢ તરીકે નિમવામાં આવેલ અને ત્યારબાદ તેઓની ટ્રાન્સફર થતાં ડી.એફ.એસ. કચેરી, ગાંધીનગર ખાતે સને ૨૦૦૮ થી ફરજ ઉપર આવેલ અને આ કચેરીના રસાયણ વિભાગના મદદનીશ નિયામક તરીકે સને ૨૦૦૮ થી નિવૃત થયા ત્યાં સુધી ફરજ બજાવતા હતા. તેમની ફરજ દરમ્યાન જુદા–જુદા વિભાગમાં ફરજ બજાવેલ અને અસંખ્ય પૃથક્કરણ કરેલ છે અને તે અંગેના અભિપ્રાય આપેલ છે. સને–૨૦૦૮ના અરસામાં મદદનીશ નિયામક, મોબાઈલ ઈન્ચાર્જ તરીકે પણ ફરજ પર હતા.

સાહેદ વધુમાં સરતપાસમાં જણાવે છે કે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ શહેર અમદાવાદમાં સિવિલ હોસ્પિટલ ટ્રોમા સેન્ટર ખાતે બોમ્બ બ્લાસ્ટ થયેલ હોવાથી તે સ્થળની મુલાકાત માટે ફોન ઉપર સુચના મળતાં સિવિલ હોસ્પિટલ ટ્રોમા સેન્ટર ખાતે ગયેલા અને તે સમયે મદદ માટે અન્ય અધિકારી તે

સ્થળ ઉપર આવેલા. ઉપરોક્ત સ્થળે તપાસ અધિકારીની હાજરીમાં વૈજ્ઞાનિક ઢબે નીરિક્ષણ કરવામાં આવેલ. સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરના પૂર્વ તરફના એપ્રોચ છેડાથી પૂર્વ તરફના ટ્રોમા સેન્ટરના બહારની દિવાલ પાસે વિસ્ફોટ થયેલ વાહન (ગાડી) કાર એન્જીન તથા થોડો કેબિનનો ભાગ પડેલ જોવા મળેલ. ટ્રોમા સેન્ટરની રૂમની લોખંડની ગ્રીલ સાથેની બારી તથા એ.સી. સિસ્ટમની કુલીંગ માટેનો થર્મોસ્ટેટ, પાઈપ તથા વોટર સપ્લાયનો પાઈપ તુટેલ જણાયેલ જે પાઈપમાંથી સતત પાણી વહેતું હતું. આ જગ્યાની દિવાલ તથા બીમ ઉપર વિસ્ફોટકના કારણે તિરાડ જોવા મળેલ. ટ્રોમા સેન્ટરની દિવાલથી ઉત્તર તરફ આશરે ૮ ફુટ દુર અને ૩ ફુટ બાય ૨.૫ ફુટ તથા ૬ ઈંચ ઉંડાઈનો ખાડો વિસ્ફોટનો ક્રિએટર માર્ક જોવા મળેલ અને પડેલ ખાડાની આજુબાજુ વિસ્ફોટ થયેલ કારના અવશેષો તથા કાચના ટુકડાઓ આંટાવાળા, ચાકી સાથેના લોખંડના બોલ્ટ જેની આશરે ઉંચાઈ ૨ ઈંચ સાઈઝના અસંખ્ય સંખ્યામાં ચારેય બાજુ વેર–વિખેર જોવા મળેલ.

વધુમાં સાહેદ જણાવે છે કે સદર ટ્રોમા સેન્ટર પાસે થયેલ વિસ્ફોટ વાહનથી ઉત્તરની દિશામાં રોડ ક્રોસ કર્યા બાદ પાર્ક કરેલ ટુ વ્હીલર્સ , મોટર સાઈકલ, સ્કુટર, સાઈકલ વગેરે બળેલ, અર્ધ બળેલ હાલતમાં પડેલા હતા તથા તેની નજીકમાં આવેલ ઝાડની ડાળીઓ અંશતઃ સળગેલ જોવા મળેલ. સદર સળગેલ વાહન પાસે વિસ્ફોટથી દુર ફેંકાય ગયેલ કારના ભાગો પડેલ હતા તથા ઉત્તર દિશાની વધુ અંદર તરફ નંબર પ્લેટ ધરાવતી વિસ્ફોટ થયેલ કારનો ભાગ મળેલ. જેમાં સફેદ રંગના બેક ગ્રાઉન્ડ કલર ઉપર કાળા રંગની સેલોટેપથી બનાવેલ આર.ટી.ઓ. નં.જીજે–૧–ડીસી–૯૭૧૮ વંચાતો હતો.

વધુમાં સાહેદ જણાવે છે કે ટ્રોમા સેન્ટરમાં અંદર જવા માટે બનાવેલ પૂર્વ થી પશ્ચિમ દિશાના સ્લોપના ઉપરના ભાગે માંસ (મનુષ્યના) ટુકડાઓ પડેલ જણાયેલા તથા ઉપરના પોર્ચના ભાગે લોહીના ડાઘા જોવા મળેલ. સ્લોપના ઉત્તર ભાગે પશ્ચિમ દિશા તરફના મોઢાવાળી બે પુરૂષોની લાશો જોવા મળેલ હતી. જેઓના શરીર ઉપર મેટલના ઉડેલ ભાગો શરીરમાં ઘુસી ગયેલ

જણાયેલ તથા તેમાંથી લોહી નીકળતું જણાયેલ. સદર લાશથી આસરે ૧૩ ફુટ પૂર્વ દિશા તરફ ચત્તી હાલતમાં પુરૂષની લાશ પડેલ હતી તથા તેની પાસે આસરે બે ફુટ સ્ત્રીની લાશ જોવા મળેલ. સળગેલ ટુ વ્હીલર વાહનો પાસે સળગેલ હાલતમાં લાશ પુરૂષની જોવા મળેલ. જ્યાં વધુ પ્રમાણમાં આગ લાગ્યાના ચિન્હો જોવા મળેલ. બનાવથી પૂર્વ તરફના આવેલ રોડ પછી આવેલ જગ્યા પર બે સાઇકલો જેના આગળના ભાગના વ્હીલ તુટેલ જણાયેલ. જેમાંની એક સાઇકલના ગવન્ડર પર ફાટેલી થેલી જોવા મળેલ.

વધુમાં સાહેદના જણાવ્યા મુજબ સદર વિસ્ફોટ થયેલ કારના મશીનવાળા ભાગને ઝીણવટભરી રીતે જોતાં ગાડીના એન્જીન નં. ૧૦ડીએન૪૩૨૯૯૦૫ નો હોવાનું જણાયેલ. સદર વિસ્ફોટવાળી કારને પલટાવીને તપાસ કરતા કારના મશીન પાસેથી ૧૬ ડીટોનેટર વાયર સાથે ફુટ્યા વગરના મળી આવેલ તથા લાલ કલરના ગોળાયેલ ફુટેલા આસરે પાંચ કિલો ક્ષમતાવાળા ગેસના લોખંડના સિલિન્ડરો વેર–વિખેર હાલતમાં પડેલા હતા. જેમાં એક સિલિન્ડરનો ભાગ નીચેથી ફાટેલો હતો તથા અન્યમાં કાણા પડેલા તથા તે પણ ફાટેલ જોવા મળેલ. બાકીના બીજા ત્રણ બોટલ ખોલીને અંશતઃ ફાટેલા હતા. ઉપરોક્ત પાંચ સિલિન્ડરો ખાલી હતા તથા સાધારણ ગેસની વાસ જણાયેલ. આ ઉપરાંત ગેસનો સિલિન્ડરનો અર્ધોભાગ પૂર્વ દિશાએ આવેલ બોયઝ હોસ્ટેલના ગ્રાઉન્ડમાં પડેલ હતો.

આ સાહેદની તપાસ દરમ્યાન તેઓ એવા પ્રાથમિક અભિપ્રાય ઉપર આવેલા કે.....

(૧) વિસ્ફોટ થયેલ ગાડી મારૂતિ વેગનઆર સિલ્વર મેટાલીક કલરની હતી. જેનો એન્જીન નંબર ૧૦ડીએન૪૩૨૯૯૦૫ વંચાયેલ.

(૨) સદર કારમાંથી ફુટ્યા વગરના ડીટોનેટર મળી આવતાં સદર બનાવમાં પણ ડીટોનેટરની ડીવાઇસીસનો ઉપયોગ થવાની શક્યતા જણાયેલ.

(૩) સદર વિસ્ફોટની ભયાનકતા વધુ થવાનાં પ્રાથમિક કારણમાં ગેસ સિલિન્ડરો સળગીને ફાટતાં વિસ્ફોટકની ભયાનકતા સર્જાયેલ હોવાની શક્યતા છે.

આમ, સદર બનાવ સંબંધે જરૂરી નમૂનાઓ તપાસ અધિકારીને કબજે કરવા સુચના આપેલી જે સુચના મુજબ...

(૧) ઈલેક્ટ્રીકલ ડીટોનેટર નંગ–૧૬

(૨) મારૂતિ વેગનઆર તથા તેના છુટા પડેલ ભાગો

(૩) ગેસના સિલિન્ડર નંગ–૫ તથા એક સિલિન્ડરનો અડધો ભાગ મળેલ તે

(૪) વિસ્ફોટ થતાં જે જગ્યા ઉપર ખાડો પડેલ (ક્રિએટર માર્ક) તે જગ્યા પર ખાડામાં પાણી ભરાયેલ તે પાણી કબજે લેવા સુચન

(૫) બનાવ સ્થળ ઉપરથી મળી આવેલ નટ, બોલ્ટ બળેલ, અર્ધ બળેલ અવશેષો

(૬) સ્થળ ઉપરથી બળેલ/અર્ધબળેલ અવશેષો

(૭) વિસ્ફોટ થયા બાદ પડેલા (ક્રિએટર માર્ક)ની આજુબાજુથી મળી આવેલ વિસ્ફોટના અવશેષો

(૮) સ્થળ પરથી બળેલ ઈલેક્ટ્રીક વાયરોનું ગુંચડુ તથા કપડાંના ટુકડા કબજે લેવા સુચન

(૯) ગુના સ્થળ પરથી મરણ ગયેલ વ્યક્તિઓની લાશ પાસેથી લોહીના નમુનાઓ

(૧૦) મરણ ગયેલ તમામ વ્યક્તિઓના કપડાં તથા પી.એમ. બ્લડ

(૧૧) પી.એમ. કરતી વખતે શરીરના અવયવોમાં નીકળી આવતી ફોરેન બોડી (છરા, બોલ્ટ અને પતરાં) વગેરે કબજે લેવાના સુચન

ઉપરોક્ત તમામ નમૂનાઓનું પૃથક્કરણ અર્થે એફ.એસ.એલ. ગાંધીનગર મોકલવા સુચન કરેલુ. આમ આ સાહેદે ઉપરોક્ત સ્થળની મુલાકાત તા.૨૬/૭/૨૦૦૮ તથા તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ લીધેલ હતી અને સ્થળ

મુલાકાત અંગેનો પ્રાથમિક અહેવાલ આ સાહેદે તથા તેમની સાથેના હાજર રહેલા શ્રી એચ. ટી. મોદી, મદદનીશ નિયામક, ડી.એફ.એસ.નાઓની સહી કરીને આપેલ હતો. જે અહેવાલ આપેલો તે આંક–૫૯૦૯થી રજૂ રાખેલ છે જેમાં આ સાહેદ એચ.ટી.મોદીની સહી ઓળખી બતાવે છે.

વધુમાં આ સાહેદ જણાવે છે કે તા.૨૯/૭/૨૦૦૮ના રોજ શાહીબાગ પોલીસ સ્ટેશનના ફ.ગુ.ર.નં.૨૩૬/૨૦૦૮ના કામનો મુદ્દામાલ કે જે આંક–૫૯૩૦ વાળી રવાનગી નોંધ સાથે તેમની કચેરીને મળેલો અને તે રવાનગી નોંધ પૈકીના કુલ–૧૯ પાર્સલો સ્વીકાર્યા બાબતે પહોંચ આપેલી. સદર રવાનગી નોંધ પૈકીના પાર્સલ માર્ક એ, સી, ડી, ઈ, એફ, જી, એચ, આઈ, જે, કે, એલ, એમ, એન, ઓ, પી, ટી, યુ, વી અને એક્ષ ધરાવતાં પાર્સલોવાળા નમૂનાઓનું આ સાહેદે પૃથક્કરણ કરેલું. રવાનગી નોંધમાં જણાવેલ નમુનાઓ કે જેનું આ સાહેદે પૃથક્કરણ કરેલું તે સિવાયના નમૂના અન્ય વિભાગમાં મોકલવામાં આવેલા હતા.

આ સાહેદેને મળેલ આ નમુનાઓનું તેમને પ્રમાણિત રાસાયણિક તથા ઉપકરણીય પધ્ધતિઓ વડે પૃથક્કરણ કરેલું અને તેમના પૃથક્કરણના પરિણામ મુજબ...

(૧) નમૂના માર્ક સી૧, સી૨, સી૩, સી૪, સીપ, ડી, ઈ, એફ, જી, એચ, પી, ટી, યુ, વી તથા એકસમાં એમોનિયમ, નાઈટ્રાઈટ તથા નાઈટ્રેટ મૂલકો તથા પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન ઓઈલ (પેરાફીન ઓઈલ પ્રકાર) ની હાજરી શોધાયેલ છે.

(૨) નમૂના માર્ક એ૧ તથા એ૨માં એમોનીયમ, નાઈટ્રાઈટ, નાઈટ્રેટ લેડ અને એઝાઈડ મૂલકો તથા પી.ઈ.ટી.એન. (હાઈએક્ષપ્લોસીવ) તથા પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સ ઓઈલ (પેરાફીન ઓઈલ પ્રકાર) ની હાજરી શોધાયેલ છે.

(૩) નમૂના માર્ક આઈ, જે, કે, એલ, એમ, એન તથા ઓ માંથી વિસ્ફોટકના ઘટકોની હાજરી શોધી શકાયેલ નથી.

ઉપરોકત પૃથક્કરણના પરિણામ આધારે આ સાહેદે જે અભિપ્રાય આપેલો તે મુજબ...

૧. પૃથક્કરણના પરિણામમાં શોધાયેલ એમોનીયમ નાઈટ્રેટ તથા પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સ ઓઈલનું મિશ્રણ એ એમોનીયમ નાઈટ્રેટ બેઝ એમોનીયમ નાઈટ્રેટ–ફ્યુઅલ ઓઈલ (એનફો) હાઈએક્ષપ્લોસીવના ઘટકો છે.

૨. પૃથક્કરણના પરિણામમાં શોધાયેલ લેડ એઝાઈડ અને પી.ઈ.ટી.એન. (હાઈએક્ષપ્લોસીવ)નો ઉપયોગ બ્લાસ્ટીંગ કેપ (ડીટોનેટર)માં થાય છે.

૩. નમુનાઓમાંથી મળેલ ધાતુના નટ બોલ્ટનો ઉપયોગ હાથ બનાવટના બોમ્બમાં મીસાઈલ્સ તરીકે થાય છે.

આ સાહેદે તેમની કચેરીના ડી.એન.એ. તથા ભૌતિકશાસ્ત્ર વિભાગનો અલાયદો અહેવાલ તેમના અહેવાલ સાથે મોકલી આપવામાં આવશે તેવું જણાવેલ. આ સાહેદે તેમનો અહેવાલ તૈયાર કરીને તેમાં સહી કરીને તેમની કચેરીના નાયબ નિયામકના ફોરવર્ડીંગપત્ર સાથે સંબંધિત પોલીસ સ્ટેશનને મોકલી આપેલ જે અહેવાલ આ કામે આંક–૫૯૩૦ થી રજૂ કરેલો છે જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

વધુમાં તા.૨૮/૮/૨૦૦૮ ના રોજ શાહીબાગ પોલીસ સ્ટેશનના ફ.ગુ.ર.નં.૨૩૬/૨૦૦૮ ના કામનો મુદ્દામાલ આંક–૫૯૩૬વાળી રવાનગી નોંધ સાથે સોંપવામાં આવેલો તે એક સીલબંધ માદરપાટ કાપડની થેલીનું પાર્સલ હતું. આ સાહેદે આ નમૂનાનું ભૌતિક પરિક્ષણ તથા અવલોકન કરવામાં આવેલું અને તેઓના પૃથક્કરણના પરિણામ મુજબ ઉપરોકત નમુનાઓ એક પ્લાસ્ટિકની બેગમાં રાખવામાં આવેલ. તમામ સાધન સામગ્રી દવાઓ વગેરેનો અભ્યાસ કરતાં તમામ સાધન સામગ્રી તથા દવાઓ ફર્સ્ટ એઈડ પ્રાથમિક સારવાર માટેની જણાયેલ અને તે મુજબનો જે અભિપ્રાય આપેલો તે મુજબ ઉપરોકત ફર્સ્ટ એઈડ બોક્ષમાં રાખવામાં આવેલ દવાઓ તથા સાધન સામગ્રીઓની સામાન્ય ઈજાઓ

પ્રાથમિક સારવાર અર્થે ઉપયોગમાં લઈ શકાય છે. આ સાહેદે તેમનો અહેવાલ તૈયાર કરીને તેમાં સહી કરીને તેમની કચેરીના નાયબ નિયામકના ફોરવર્ડીંગપત્ર સાથે સંબંધિત પોલીસ સ્ટેશનને મોકલી આપેલ જે અહેવાલ આ કામે આંક–૫૯૩૮ થી રજૂ કરેલો છે જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

વધુમાં તા.૬/૯/૨૦૦૮ ના રોજ શાહીબાગ પોલીસ સ્ટેશનના ફ.ગુ.ર.નં.૨૩૬/૨૦૦૮ ના કામનો મુદ્દામાલ આંક–૫૯૩૯ વાળી રવાનગી નોંધ સાથે સોંપવામાં આવેલો અને તેમાં...

- માર્ક–૧ સીલબંધ કપડાંમાં વીંટાળેલ પુંઠાનું એક બોક્ષ
- માર્ક –૨ સીલબંધ કાચની એક બોટલ
- માર્ક –૩ સીલબંધ કાગળનું એક પડીકું

ઉપરોકત નમુનાઓનું તેઓએ રાસાયણિક પધ્ધતિઓ દ્વારા પૃથક્કરણ કરેલું અને તેના પરિણામ મુજબ.....

(૧) નમૂના માર્ક ૧/૧, ૧/૨, ૧/૩, ૧/૪, ૧/૫, ૧/૬, ૧/૭ તથા માર્ક ૩/૧ તથા ૩/૨ માંથી કોઈપણ પ્રકારના સ્ફોટક પદાર્થની હાજરી શોધાયેલ નહીં.

આ સાહેદે તેમનો અહેવાલ તૈયાર કરીને તેમાં સહી કરીને તેમની કચેરીના નાયબ નિયામકના ફોરવર્ડીંગપત્ર સાથે સંબંધિત પોલીસ સ્ટેશનને મોકલી આપેલ જે અહેવાલ આ કામે આંક–૫૯૪૧ થી રજૂ કરેલો છે જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

વધુમાં તા.૨૫/૮/૨૦૦૮ ના રોજ શાહીબાગ પોલીસ સ્ટેશનના ફ.ગુ.ર.નં.૨૩૬/૨૦૦૮ ના કામનો મુદ્દામાલ આંક–૫૯૫૫ વાળી રવાનગી નોંધ સાથે સોંપવામાં આવેલો. તે મુજબ કુલ–૨૨ પાર્સલો હતા. સદર નમૂનાઓનું આ સાહેદે રાસાયણિક અને ઉપકરણીય પધ્ધતિઓ દ્વારા પૃથક્કરણ કરેલું અને પૃથક્કરણના પરિણામ મુજબ...

(૧) નમૂના માર્ક ૬ તથા માર્ક– ૧૬ માં પેટ્રોલીયમ હાઇડ્રોકાર્બન્સ ની હાજરી શોધાયેલ.

(૨) નમૂના માર્ક– ૬,૭,૧૬ તથા માર્ક– ૧૭ માંથી કેલશિયમ મુલકની હાજરી શોધાયેલ.

(૩) નમૂના માર્ક– ૩/૧, ૩/૨, ૩/૩, ૩/૪, ૩/૫, માર્ક– ૪, માર્ક– ૫/૧, માર્ક– ૫/૨, માર્ક– ૫/૩, માર્ક– ૫/૪, માર્ક– ૫/૫, માર્ક– ૫/૬, માર્ક– ૬, માર્ક– ૭, ૮, ૯,૧૦,૧૨, ૧૩, ૧૫,૧૬,૧૭, ૧૮ અને માર્ક– ૧૯ તમામ નમૂનાઓમાંથી સ્ફોટક પદાર્થની હાજરી શોધી શકાયેલ નહીં.

ઉપરોકત પૃથક્કરણના પરિણામ આધારે આ સાહેદે જે અભિપ્રાય આપેલો તે મુજબ...

(૧) પૃથકકરણના પરિણામમાં કોઇપણ સ્ફોટક પદાર્થની હાજરી શોધી શકાયેલ નથી.

(૨) અત્રેની કચેરીના ભૌતિકશાસ્ત્ર તથા બાયોલોજી વિભાગનો અહેવાલ મારા રિપોર્ટ સાથે સામેલ કરેલો.

આ સાહેદે તેમનો અહેવાલ તૈયાર કરીને તેમાં સહી કરીને તેમની કચેરીના નાયબ નિયામકના ફોરવર્ડીંગપત્ર સાથે સંબંધિત પોલીસ સ્ટેશનને મોકલી આપેલ જે અહેવાલ આ કામે આંક–૫૯૫૭ થી રજૂ કરેલો છે જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

હવે આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો મુદ્દામાલના પૃથક્કરણ માટેની ઈનઓર્ગેનીક બુક વડે મુલકોનું પૃથક્કરણ કરેલુ છે. મુદ્દામાલનું પૃથક્કરણ કરતી વખતે આસીસ્ટન્ટ એલોટ કરેલાનું જણાવેલ છે પરંતુ કેટલા આસીસ્ટન્ટ એલોટ કરેલા તે યાદ નથી. આ સાહેદની કચેરીમાં પોલીસ દ્વારા આવતો મુદ્દામાલ સેમ્પલ વોર્ડમાં રજૂ થાય છે તે કબૂલ કરે છે અને ત્યાંથી સબંધીત વિભાગમાં મોકલવામાં આવે છે. સંબંધિત વિભાગમાં જાવક પત્રક સાથે મુદ્દામાલ મોકલવામાં આવતો નથી તેમ જણાવે છે. મુદ્દામાલ કયા વિભાગમાં કયારે મોકલ્યો તેનુ રેકર્ડ રાખવામાં આવતુ નથી. મુદ્દામાલનું પરિક્ષણ કઈ તારીખે શરૂ કર્યુ તે તારીખ દર્શાવેલી નથી પરંતુ મારા મત પ્રમાણે જો તારીખ

દર્શાવેલી ન હોય તો તેથી કરીને મુદ્દામાલનું પરિક્ષણ કરેલુ નથી કે મુદ્દામાલનું ગેરકાયદેસર પરિક્ષણ કરેલ છે તેમ કહી શકાય નહીં. વધુ ઊલટતપાસ ધ્યાને લેતાં ટ્રોમા સેન્ટર ખાતે જે બોમ્બ બ્લાસ્ટ થયેલો તે જગ્યાએ કેટલા વાગે પહોંચેલા તે રેકર્ડ જોયા વગર કહી શકે તેમ નથી. આ સાહેદે બનાવ બાદ આશરે દસ વર્ષ પછી જુબાની આપેલી હોય સ્વાભાવિક છે કે તેઓ કેટલા સમયે ત્યાં પહોંચ્યા તે યાદ ન હોય માટે રેકર્ડ જોવુ પડે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો બનાવ સ્થળ ઉપર પહોંચ્યા પછી પોલીસ તરફથી કોઈ સુચના આપવામાં આવેલી ન હતી તેમ જણાવે છે. બનાવ સ્થળ ઉપર કોઈ પદાર્થનું પૃથક્કરણ કરેલ નથી અને મારા મત પ્રમાણે ત્યાં પૃથક્કરણ કરવાનું પણ ન હોય કારણ કે આ સાહેદ બનાવ સ્થળ ઉપર સ્થળ નિરીક્ષણ કરવા ગયેલા હતા, પૃથક્કરણ કરવા ગયેલા ન હતા. આ ઉપરાંત પૃથક્કરણ માટેની જરૂરી સામગ્રી લેબોરેટરીમાં હોય તે સામગ્રી સ્થળ ઉપર લઈને જવાની ન હોય માટે આરોપીઓ તરફથી આવા જે પ્રશ્નો પુછવામાં આવેલા છે તે અર્થહીન છે.

વધુમાં આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો તપાસ કરેલ પદાર્થોમાં આવેલ વિકૃતતા તથા અન્ય મળેલ પદાર્થને લક્ષમાં લઈને અવલોકન આપેલુ છે તે કબૂલ કરે છે, આ વિકૃત્તિ અંગેનો ઉલ્લેખ રીપોર્ટમાં કરેલો નથી તે કબૂલ કરે છે. જે બનાવના સ્થળોની મુલાકાત લીધેલી તેમાં કેટલાક સ્થળોએ ટેલીફોનથી મેસેજ મળેલાનું જણાવે છે. પ્રાથમિક અહેવાલ આપ્યો તે જગ્યાએ કોઈ પદાર્થનુ કેમીકલ એનાલીસીસ કરેલાનું આ સાહેદને યાદ નથી. સ્થળ ઉપરનો અહેવાલ પોલીસના કહેવાથી અને પોલીસને મદદ કરવા તૈયાર કરીને આપેલો હોવાની હકીકત નકારેલ છે. બનાવ સ્થળ ઉપર ગયા ત્યારે પોલીસના કેટલા અધિકારીઓ હાજર હતા તે કહી શકે તેમ નથી અને મારા મત પ્રમાણે તે કહી પણ ન શકે કારણ કે તે વખતે માહોલ એવો હતો અને ઘણા બધા પોલીસના માણસો ત્યાં હાજર હતા ત્યારે એવા માહોલ તથા એવા સમયે આ સાહેદ પોલીસના માણસોની સંખ્યા ગણે નહીં. સાહેદનું લક્ષ્ય સ્થળ નિરીક્ષણ કરવાનું હતુ. વધુ ઊલટતપાસ ધ્યાને લેતાં જે દિવસે જગ્યાની મુલાકાત લીધેલી તે જ

દિવસે રીપોર્ટ તૈયાર કરીને આપેલાનું યાદ નથી. વિસ્ફોટક પદાર્થની સાચવણી અને સીલ કઈ રીતે કરવા તે અંગેની પોલીસને સુચના આપેલાનું જણાવેલ છે. સ્થળ ઉપર કોઈ માણસની લાશ કે મૃત પશુનું પી.એમ. આ સાહેદની રૂબરૂમાં થયેલુ નથી તેમ જણાવે છે પરંતુ પી.એમ. જેનું પણ કરવાનુ હોય તે પી.એમ. રૂમમાં થાય સ્થળ ઉપર ન થાય માટે આવા પ્રશ્નોનો પણ કોઈ અર્થ નથી. સ્થળ ઉપર ફોટોગ્રાફી કરવાની સુચના આપેલી પરંતુ ફોટોગ્રાફી થઈ છે કે કેમ તે યાદ નથી. સ્થળ ઉપર પોલીસના વાહનમાં ગયેલા, વાહનમાં કેટલા પોલસમેન હતા તેની ખબર નથી. આ ઉપરાંત આરોપીઓ તરફથી ઘણા એવા પ્રશ્નો પુછવામાં આવેલા છે કે જે સામાન્ય અને પુછવા માત્રથી પુછવામાં આવેલા હોય તેવા પ્રશ્નો પુછેલા છે. જેવા કે વાહન ડ્રાઈવર કોની સુચનાથી ચલાવતા હતા, લોકેશન કોને બતાવેલુ, લોકેશન કોને નોંધેલુ, સ્થળ ઉપર કોણ કોણ હાજર હતા વિગેરે.

આ ઉપરાંત વધુ ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદે અભિપ્રાય આપતા પહેલા ભૌતિક શાસ્ત્રનો અભિપ્રાય વાચેલો નથી પરંતુ મારા મત પ્રમાણે ભૌતિક શાસ્ત્રનો અભિપ્રાય વાંચવો આ સાહેદ માટે ફરજીયાત નથી. આ સાહેદે જે મુદ્દામાલનું પૃથક્કરણ કરેલુ તેનો જ ફકત રીપોર્ટ આપવાનો હતો અને રીપોર્ટ આપેલો છે. ભૌતિક શાસ્ત્રને લગતા મુદ્દામાલનું પૃથક્કરણ ભૌતિક શાસ્ત્ર વિભાગ દ્વારા કરવાનું હોય છે. આ સાહેદની કામગીરી ભૌતિકશાસ્ત્ર વિભાગની કામગીરીથી અલગ છે જેથી ભૌતિક શાસ્ત્ર વિભાગનો અહેવાલ વંચાણે લેવો આ સાહેદ માટે જરૂરી નથી. વધુ ઊલટતપાસ ધ્યાને લેતાં પેરાફીન ઓઈલનું તત્વ મુદ્દામાલમાં હતુ તે કબૂલ કરે છે જેથી એ સ્પષ્ટ બને છે કે આ મુદ્દામાલમાં પેરાફીન ઓઈલનું તત્વ હતુ તે આરોપીઓ તરફથી કબૂલ કરવામાં આવેલ છે. એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ અને આર્મ એન્જ એમીનેશનની કોઈ ડીગ્રી કે ડીપ્લોમાં મેળવેલ નથી તે કબૂલ કરે છે. અમદાવાદના સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસ તથા સુરતમાં બોમ્બ પ્લાન્ટેશનના કેસોને લગતા કેસોમાં જુબાની આપેલી છે તેમાં એક–બે કેસ સિવાય ફાઈલ જોઈને જુબાની આપેલ છે તેમ જણાવે છે. મારા મત પ્રમાણે જુબાની આપતા પહેલા આ સાહેદે ફાઈલ જોવી જ પડે કારણ કે

સમગ્ર ગુજરાતમાંથી અસંખ્ય કેસોમાં મુદ્દામાલ પૃથક્કરણ માટે આ સાહેદ સમક્ષ આવતો હોય છે અને દરેક કેસનું પૃથક્કરણ કરેલાનું અને તેના અહેવાલ આપેલાનું આ સાહેદને યાદ ન હોય માટે ચોકકસ કેસમાં ચોકકસ જુબાની આપવા માટે ફાઈલ જોવી જ પડે. વધુ ઊલટતપાસ ધ્યાને લેતાં સ્થળ ઉપર પહોંચ્યા પછી ઈન્સ્પેકશનની કામગીરી શરૂ કરતા હોવાની હકીકત નકારી છે પરંતુ સાહેદે જણાવેલુ છે કે ગુનાના સ્વરૂપ અને ગંભીરતાને ધ્યાને લઈ કાર્યવાહી કરેલી છે. આ સાહેદની કામગીરી દરમ્યાન કોઈ આરોપી હાજર હોય તેવુ શારીરિક વર્ણન આપી શકે નહીં તેમ જણાવે છે. પરંતુ આ બનાવ બન્યો ત્યારપછી આરોપી કોણ હતા તે સ્પષ્ટ ન હતુ માટે આ પ્રશ્ન પુછવો પણ અર્થહીન છે. કામગીરી દરમ્યાન આ સાહેદે પોતાની ઓળખ આપેલી નથી તેમ જણાવે છે પરંતુ મારા મત પ્રમાણે ઓળખ આપવી જરૂરી પણ નથી. પોલીસે સ્થળ ઉપર સ્થળ નિરીક્ષણ કરવા માટે આ સાહેદને બોલાવેલા હતા અને આ સાહેદે સ્થળ નિરીક્ષણ કરી પોતાનો લેખિતમાં અહેવાલ આપેલો છે માટે પોતાની વ્યકિતગત ઓળખ અન્ય કોઈ વ્યકિતઓને આપવી જરૂરી પણ નથી. આમ આ સાહેદની સમગ્ર ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદે અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટના ઘણા બનાવોવાળા સ્થળોની તેમજ સુરત ખાતેના બોમ્બ પ્લાન્ટેશનના ઘણા બનાવોવાળા સ્થળોની મુલાકાત લીધેલી છે તે ઉપરાંત અમુક આરોપીઓ પકડાયા પછી વડોદરા મુકામે જઈને પણ સ્થળોની મુલાકાતો લીધેલી છે. આરોપીઓ તરફથી આ સાહેદની કોઈ ચોકકસ ગુના પુરતી ચોકકસ ઊલટતપાસ કરવામાં આવેલી નથી, પરંતુ જનરલ ઊલટતપાસ કરવામાં આવેલી છે. આ સાહેદને ઘણા બધા એવા પ્રશ્નો પુછવામાં આવેલા છે કે જે અર્થહીન છે. આ સાહેદ એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે ફરજ બજાવે છે અને ઓફીસમાં પોલીસ દ્વારા આવતો મુદ્દામાલ કેવી રીતે આવે છે, કોણ સ્વીકારે છે, એક વિભાગમાથી બીજા વિભાગમાં કેવી રીતે જાય છે, એક વિભાગના અધિકારી બીજા વિભાગ સાથે અહેવાલ આપતા પહેલા ચર્ચા કરે છે કે કેમ તથા સાહેદના શૈક્ષણિક લાયકાત બાબતે તથા સ્થળ ઉપર કોણ હાજર હતુ અને કોણ હાજર ન હતુ તેમજ પોતે

પોતાની ઓળખાણ આપેલી કે કેમ વિગેરે જે પ્રશ્નો પુછવામાં આવેલા છે તેથી કરીને આ સાહેદે સ્થળ મુલાકાત કરેલ નથી કે મુદ્દામાલનું પૃથક્કરણ કરેલુ નથી તેવુ સાબીત કરવામાં આરોપીઓને સફળતા મળતી નથી. એટલુ જ નહીં આ સાહેદે સ્થળોની જે મુલાકાત લીધેલી કે મુદ્દામાલનું જે પરિક્ષણ કરેલુ તે ગેરકાયદેસર છે કે ખોટુ છે તેમ કહેવાય તેમ નથી. આ સાહેદ ફરજના ભગ રૂપે કાર્યવાહી કરેલી છે અને સ્વતંત્ર સાહેદ છે જેથી તેઓએ જે કામગીરી કરેલી તે કામગીરી નહીં માનવાને કોઈ કારણ નથી.

ત્યારબાદ આ કામે રવાનગી નોંધ આંક–૪૬૪ તથા પ૯૩૦થી એફ.એસ.એલ. ગાંધીનગરને મોકલવામાં આવેલ મુદ્દામાલ પૈકી અકબંધ સીલવાળા પાર્સલ નંગ–૧૩નું પૃથક્કરણ કરનાર અધિકારી નિકુંજ નરહરીભાઈ બ્રહમભટ્ટનાઓને સાહેદ નં.૮૩૭ તરીકે આંક–પ૬૭૭થી તપાસેલા છે. તેઓની આ ગુના પુરતી સરતપાસ ધ્યાને લેતા ૧૯૮૫ ના વર્ષથી આ સાહેદ એફ.એસ. એલ. કચેરી ગાંધીનગર ખાતે આસીસ્ટન્ટ ડાયરેકટર તરીકે ફરજ બજાવે છે. તેમને એમ.એસ.સી. તેમજ પોસ્ટ ગ્રેજયુએશન ડીપ્લોમા ઈન ફોરેન્સીક સાયન્સનો અભ્યાસ કરેલો છે. તેમની કચેરીમાં પૃથક્કરણ માટે આવતા મુદ્દામાલને અલગ–અલગ વિભાગમાં પૃથક્કરણ માટે મોકલી આપવામાં આવતો હોય છે. તેમને આપેલ અહેવાલ મુજબ આ સાહેદે જે નમુનાનું પૃથક્કરણ કરેલુ તે મુજબ...

- નમૂનો–ડી પીળી પ્લાસ્ટિકની થેલીમાં કાચના ટુકડા, કાપડના ટુકડા, ધાતુની કરચો તથા ભાગ તથા રબ્બરની ગોળ મેટ, વાયરીંગના બળેલા અને અર્ધબળેલા અવશેષો.
- નમૂનો–ઈ પીળી પ્લાસ્ટિકની થેલીમાં ધાતુના પતરાના ટુકડા, નટબોલ્ટસ, ચાવીઓ તથા અન્ય અવશેષ.
- નમૂનો–એફ પ્લાસ્ટિકની થેલીમાં કપડાના ટુકડા, ધાતુના પતરાના ટુકડા, વાયરના ટુકડા, પ્લાસ્ટિકના બળેલ–અર્ધ બળેલ અવશેષ.
- નમૂનો–જી આશરે ૭૦૦ મીલી લીટર કાળાશ પડતુ ડહોળુ પાણી.

- નમૂનો–એચ પ્લાસ્ટિકની થેલીમાં વાયરનું ગુંચડુ તથા બળેલ–અર્ધબળેલ વાદળી ડીઝાઈનવાળુ સફેદ કપડુ.
- નમૂનો–આઈ, જે પ્લાસ્ટિકની થેલીમાં કોટલ ગ્લોઝ.
- નમૂનો–કે પ્લાસ્ટિકની થેલીમાં દુર્ગંધયુકત ભીનો કોટન ગ્લોઝ.
- નમૂનો–એલ, એમ, એન પ્લાસ્ટિકની થેલીમાં કોટલ ગ્લોઝ.
- નમૂનો–ઓ પ્લાસ્ટિકની થેલીમાં કન્ટ્રોલ કોટલ ગ્લોઝ.
- નમૂનો–પી ફાટેલી સફેદ કથ્થઈ રંગની કાપડની થેલી.

ઉપરોકત નમુનાઓનું વૈજ્ઞાનિક પધ્ધતિથી રૂધીર તેમજ રૂધીર મુળ અને રૂધીર જુથ માટેના પરિક્ષણો કરી પૃથક્કરણ અહેવાલ તૈયાર કરી તેમાં આ સાહેદે સહી કરી તા.૧૨/૯/૨૦૦૮ નાં રોજ કેમેસ્ટ્રી વિભાગને પરત મોકલેલ. આ સાહેદે જે પૃથક્કરણ કરેલુ તેના પરિણામ મુજબ...

(૧) નમૂના–ડી, ઈ, એફ અવશેષમાં રૂધીરની હાજરી મળી શકેલ ન હતી.

(૨) નમૂના–જી પાણીના નમુનામાં રૂધીરની હાજરી મળી ન હતી.

(૩) નમૂના–એચ વાયરનું ગુંચડુ તથા કપડામાં રૂધીરની હાજરી મળી ન હતી.

(૪) નમૂના–આઈ કોટલ ગ્લોઝમાં રૂધીરની હાજરી મળેલી હતી અને રૂધીરનું જુથ "બી" હતુ.

(૫) નમૂના–જે કોટલ ગ્લોઝમાં રૂધીરની હાજરી મળેલી હતી અને રૂધીરનું જુથ "એબી" હતુ.

(૬) નમૂના–કે કોટલ ગ્લોઝમાં રૂધીરની હાજરી મળેલી હતી અને રૂધીરનું જુથ "એ" હતુ.

(૭) નમૂના–એલ કોટલ ગ્લોઝમાં રૂધીરની હાજરી મળેલી હતી અને રૂધીરનું જુથ "બી" હતુ.

(૮) નમૂના–એમ,એન કોટલ ગ્લોઝમાં રૂધીરની હાજરી મળેલી હતી અને રૂધીરનું જુથ "એબી" હતુ.

(૯) નમૂના–ઓ કન્ટ્રોલ ગ્લોઝમાં રૂધીરમાં હાજરી મળેલી હતી અને રૂધીરનું જુથ "એબી" હતુ.

(૧૦) નમૂના–ટી કપડાની થેલીમાં રૂધીરની હાજરી મળી શકેલ ન હતી.

ઉપરોકત પૃથક્કરણનો આ સાહેદે જે અહેવાલ આપેલો તે આંક–૬૦૪૬ થી રજૂ છે જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો ફોરવર્ડીંગ પત્ર તથા પૃથક્કરણ ટેબલ પ્રિન્ટેડ ફોર્મમાં છે તે કબૂલ કરે છે. ટેબલ ફોર્મના ઉપરના ભાગમાં પોલીસ સ્ટેશન, ગુના રજીસ્ટર નંબર અને કઈ કલમ નીચે ગુનો બન્યો છે તે તથા કયા જીલ્લાનું છે અને ગુનો જાહેર થયાની તારીખની વિગતો ભરવાની હોય છે તે કબૂલ કરેલ છે. સીલબંધ પાર્સલ કેટલા હતા તેની વિગતો પણ લખવાની હોય છે તે કબૂલ કરેલ છે. પૃથક્કરણ અહેવાલમાં પૃથક્કરણની તારીખ દર્શાવવામાં આવતી નથી તે કબૂલ કરે છે. પૃથક્કરણનો અહેવાલ ઑફિસમાં સબમીટ કરવાનો હોય છે તે કબૂલ કરે છે. આ સાહેદે પોતાનો અહેવાલ મદદનીશ નિયામકને સોંપેલાનું કબૂલ કરે છે, આ સબંધેનો કોઈ લેખિત પુરાવો નથી તે પણ કબૂલે છે. પાર્સલની ઉપરના અસલ સીલ આ સાહેદની ઑફિસમાં તોડવામાં આવેલાનું જણાવે છે. લોહીમાં પ્રીઝર્વેટીવ ઉમેરવામાં ન આવે તો પૃથક્કરણમાં ફેરફાર આવે તે કબૂલ કરે છે પરંતુ ભલે તેના પૃથક્કરણમાં ફેરફાર આવે તેથી કરીને લોહી લોહી નથી તેમ કહી શકાય નહીં. આ સાહેદ ગાંધીનગર એફ.એસ. એલ. લેબોરેટરીમાં ફરજ બજાવે છે અને પોતાની ફરજ દરમ્યાન અમદાવાદમાં થયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં જુદા–જુદા સ્થળોથી આવેલ મુદ્દામાલનું પરિક્ષણ કરેલુ છે અને આરોપીઓ તરફથી કોઈ એક ચોકકસ સ્થળના મુદ્દામાલ વિશે ઊલટતપાસ કરવામાં આવેલી નથી પરંતુ જનરલ ઊલટતપાસ કરવામાં આવેલી છે તેવુ માલુમ પડે છે. આ સાહેદની ઊલટતપાસ દરમ્યાન જે પ્રશ્નો પુછવામાં આવેલા છે તે ધ્યાને લેતા તેઓની ઑફિસની કાર્યવાહી બાબતે પ્રશ્નો પુછેલા છે તેથી કરીને આ સાહેદે જે નમૂનાઓનું પૃથક્કરણ કરેલુ તે ખોટુ

કરેલુ છે કે ગેરકાયદેસર કરેલુ છે તેવી કોઈ હકીકત બહાર આવતી નથી. આ સાહેદે ફરજના ભાગરૂપે કાર્યવાહી કરેલી હોય નહીં માનવાને કોઈ કારણ નથી.

ત્યારબાદ આ કામે રવાનગી નોંધ આંક–૪૬૪ તથા ૫૯૩૦ થી એફ.એસ.એલ. ગાંધીનગરને મોકલવામાં આવેલ મુદ્દામાલ પૈકીના પાર્સલ નંગ–૪ નું પૃથક્કરણ કરનાર અધિકારી નૈમેશ મનુભાઈ સોનીનાઓને સાહેદ નં.૮૪૩ તરીકે આંક–૫૭૯૯ થી તપાસેલા છે. તેઓની આ ગુના પુરતી સરતપાસ ધ્યાને લેતા આ સાહેદ ૧૯૮૪ ના વર્ષથી અમદાવાદ એફ.એસ.એલ. કચેરીમાં ટેકનીશીયન તરીકે જોડાયેલા અને ઉત્તરોત્તર પ્રમોશન મેળવીને ૧૯૯૮ થી સાયન્ટીફીક ઓફિસર તરીકે નિવૃત્ત થયેલા છે. તેમને બી.એસસી. વીથ ફીજીકસનો અભ્યાસ કરેલો છે. તેમની ફરજ દરમ્યાન શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ નો ઉપરોકત રવાનગી નોંધવાળા મુદ્દામાલ પૈકી કુલ ત્રણ પાર્સલો સીલબંધ હાલતમાં તથા એક પાર્સલ જીવશાસ્ત્ર વિભાગના સીલવાળો આ સાહેદના વિભાગને પૃથક્કરણ અર્થે મળેલ તે મુજબ...

- નમૂનો–સી/૧એ આશરે ૧.૫૦૦ કીલો ગ્રામ વજન ધરાવતુ ધાતુનુ સીલીન્ડર.
- નમૂનો–સી/૧બી આશરે ૦.૬૫૦ કીલો ગ્રામ વજન ધરાવતુ ધાતુનુ સીલીન્ડર.
- નમૂનો–સી/૨ આશરે ૩.૪૦૦ કીલો ગ્રામ વજન ધરાવતુ ધાતુનુ સીલીન્ડર.
- નમૂનો–સી/૩ આશરે ૪.૨૦૦ કીલો ગ્રામ વજન ધરાવતુ ધાતુનુ સીલીન્ડર.
- નમૂનો–સી/૪ આશરે ૪.૨૦૦ કીલો ગ્રામ વજન ધરાવતુ ધાતુનુ સીલીન્ડર.
- નમૂનો–સી/૫ આશરે ૪.૨૦૦ કીલો ગ્રામ વજન ધરાવતુ ધાતુનુ સીલીન્ડર.

– નમૂનો–ટી આશરે ૯.૦ ગ્રામ વજન ધરાવતા ઈલેકટ્રીક, ઈલેકટ્રોનીક ભાગના અવશેષો.

– નમૂનો–યુ આશરે ૧.૯૦૦ કીલો ગ્રામ વજન ધરાવતુ ધાતુનુ સીલીન્ડર.

– નમૂનો–ઈ આશરે ૯.૦ કીલો ગ્રામ વજન ધરાવતા ધાતુના નટ–બોલ્ટ, આ તમામ નમુનાઓનો કેટલોક ભાગ વિકૃત પડી ગયેલો થતા નમૂના ઉપર કાળાશ પડતી મેશ જેવા ડાઘાની હાજરી વત્તા–ઓછા પ્રમાણમાં જોવા મળેલી. આ નમૂનાઓનું આ સાહેદે પરિક્ષણ કરેલુ તે પરિક્ષણ મુજબ...

(૧) નમૂના–સી/૧એ (ધાતુનુ સીલીન્ડર), નમૂના–સી/૧બી (ધાતુનું પતરૂ), નમૂના–સી/૨ (ધાતુનું સીલીન્ડર), નમૂના–સી/૩ (ધાતુનું સીલીન્ડર), નમૂના–સી/૪ (ધાતુનું સીલીન્ડર), નમૂના–સી/૫ (ધાતુનું સીલીન્ડર), નમૂનો–ઈ (બોલ્ટ–નટ), નમૂનો–ટી (કનેકટર અને સરકીટના ભાગો), નમૂના–યુ (ધાતુનું તુટેલ સીલીન્ડર) નું બાહય દ્રષ્ટિ વિષયક અને સુક્ષ્મદર્શક યંત્રમાં/મોટવણી દર્શકયંત્રમાં વૈજ્ઞાનિક પરીક્ષણ કરવામાં આવેલુ.

(૨) નમૂના–સી/૧બી (ધાતુનું પતરૂ) નું નમૂના–સી/૧એ (ધાતુનું સીલીન્ડર), નમૂના–સી/૨ (ધાતુનું સીલીન્ડર) થી નમૂના–સી/૫ (ધાતુનું સીલીન્ડર) સાથે બંધ બેસતુ આવે છે કેમ તેનું વૈજ્ઞાનિક પરીક્ષણ કરેલુ.

(૩) નમૂના–ટી (કનેકટર અને સરકીટના ભાગો) ની માહિતી માટે એમ.ટી. વિભાગ ગાંધીનગરનો સંપર્ક કરવામાં આવેલો.

ઉપરોકત નમૂનાઓનું આ સાહેદે પૃથક્કરણ કરેલુ અને તેમના અભિપ્રાય મુજબ...

(૧) નમૂના–સી/૧એ (ધાતુનું સીલીન્ડર) સાથે નમૂના–સી/૧બી (ધાતુનું પતરૂ) અંશતઃ ભૌતિક સંધાણ ધરાવતુ હતુ.

(૨) નમૂના–સી/૧એ (ધાતુનું સીલીન્ડર), નમૂના–સી/૧બી (ધાતુનું પતરૂ), નમૂના–સી/૨ (ધાતુનું સીલીન્ડર) થી નમૂના–સી/૫ (ધાતુનું સીલીન્ડર) પૈકી જેની ઉપર કાણા પડેલ તે કાણા બોલ્ટ–નટ જેવા સખત પદાર્થથી થઈ શકે તથા સદર નમૂનાના સીલીન્ડર/પતરૂ આંતરીક બળને કારણે તુટી/ફાટી શકે.

(૩) નમૂના–ઈ (બોલ્ટ/નટ) માં મુખ્યત્વે લોખંડ તત્વની હાજરી મળેલી હતી.

(૪) નમૂનો–ટી (કનેકટર તથા સરકીટના ભાગો) મારૂતિ કારના ભાગો/પાર્ટ હોવાનું જાણવા મળેલ.

આ પૃથક્કરણ કર્યા અંગેનો આ સાહેદે જે અહેવાલ આપેલો તે આ કામે આંક–૫૮૦૨ થી રજૂ કરવામાં આવેલો જેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

હવે આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો કોઈપણ મુદ્દામાલ નાયબ નિયામક સ્વીકારે અને તેવો મુદ્દામાલ પરીક્ષણ થયા બાદ રવાના કરવામાં આવે તે વચ્ચેના સમયગાળા દરમ્યાન મુદ્દામાલ આ સાહેદની કસ્ટડીમાં રહે છે તે કબૂલ કરે છે. રસાયણ શાસ્ત્ર વિભાગમાં મુદ્દામાલ જયારે પડતર હોય ત્યારે તેનો કબજો ભૌતિક શાસ્ત્ર વિભાગનો હોતો નથી તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે એફ.એસ.એલ. લેબોરેટરી ગાંધીનગર ખાતે જુદા–જુદા ઘણા વિભાગો છે અને દરેક વિભાગોમાં પૃથક્કરણ કરનાર અધિકારીઓ છે. જે વિભાગને લગતો મુદ્દામાલ જે વિભાગ દ્વારા પૃથક્કરણ કરવાનો હોય તે મુદ્દામાલ તે જ વિભાગમાં હોય જેથી આવા પ્રશ્ન પુછવાનો કોઈ અર્થ નથી. વધુ ઊલટતપાસ ધ્યાને લેતાં કોઈ પણ મુદ્દામાલનું પૃથક્કરણ કરતી વખતે કાચી નોંધ કરવામાં આવતી નથી તેમ જણાવે છે. મુદ્દામાલ પરીક્ષણનુ ચોકકસ ફોરમેટ હોય છે તો તે હકીકત નકારી છે. મુદ્દામાલ કઈ તારીખે ચકાસેલો તે ચોકકસ કહી શકે તેમ નથી. પરંતુ મારા મત પ્રમાણે કઈ તારીખે ચોકકસ તપાસેલો તે અગત્યનુ નથી પરંતુ મુદ્દામાલ તપાસ્યો છે તે અગત્યનુ છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા આ

સાહેદના કાર્યકાળ દરમ્યાન રસાયણ શાસ્ત્રને લગતા પરીક્ષણો કરેલા નથી તેમ જણાવે છે. પરંતુ જયારે જરૂર જણાય ત્યારે રાસાયણિક પરીક્ષણ કરવામાં આવે છે તેમ જણાવે છે. નમૂના–ડી/૪ માં જેવો બજારમાં ઉપલબ્ધ છે તે કબૂલ કરે છે. બોલ્ટ અને નટનો ઉપયોગ કાણાં પાડવા માટે થઈ શકતો નથી તે કબૂલ કરે છે. પરંતુ સાહેદે જણાવેલુ છે કે કેટલા પ્રેસરથી નટ–બોલ્ટ કયા પદાર્થ ઉપર પડે છે તેના આધારે તે પદાર્થ ઉપર કાણાં પડવાની શકયતા નકારી શકાય નહીં. નમૂના–એ૧ અને એ૨ માં પતરાનું વર્ણન અહેવાલમાં લખેલુ નથી તો તે હકીકત નકારે છે. પતરાનો કેટલોક ભાગ મીસીંગ હોવાનો ઉલ્લેખ રીપોર્ટમાં છે તે કબૂલ કરે છે. પતરાના ભાગ કોઈ પણ ગેસ સીલીન્ડરના ભાગ હોવા સબંધે કોઈ કેમીકલ ટેસ્ટ કરેલ નથી તેમ જણાવે છે. સામાન્ય રીતે આ સાહેદની કચેરીમાં ફોટોગ્રાફી વિભાગમાં મુદ્દામાલની ફોટોગ્રાફી થાય છે પરંતુ બધા કિસ્સામાં થતી નથી તેમ જણાવે છે. આ ઉપરાંત આ સાહેદની સમગ્ર ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ ગાંધીનગર એફ.એસ.એલ. લેબોરેટરીમાં ફરજ બજાવે છે અને પોતાની ફરજ દરમ્યાન અમદાવાદમાં થયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં જુદા–જુદા સ્થળોથી આવેલ મુદ્દામાલનું પરિક્ષણ કરેલુ છે અને આરોપીઓ તરફથી કોઈ એક ચોકકસ સ્થળના મુદ્દામાલ વિશે ઊલટતપાસ કરવામાં આવેલી નથી પરંતુ જનરલ ઊલટતપાસ કરવામાં આવેલી છે તેવુ માલુમ પડે છે. આ સાહેદની ઊલટતપાસ દરમ્યાન જે પ્રશ્નો પુછવામાં આવેલા છે તે ધ્યાને લેતા તેઓની ઓફીસની કાર્યવાહી બાબતે પ્રશ્નો પુછેલા છે તેથી કરીને આ સાહેદે જે નમુનાઓનું પૃથક્કરણ કરેલુ તે ખોટુ કરેલુ છે કે ગેરકાયદેસર કરેલુ છે તેવી કોઈ હકીકત બહાર આવતી નથી. આ સાહેદે ફરજના ભાગરૂપે કાર્યવાહી કરેલી હોય નહીં માનવાને કોઈ કારણ નથી.

ત્યારબાદ આ કામે રવાનગી નોંધ આંક–૪૬૪ તથા ૫૯૩૦ થી એફ.એસ.એલ. ગાંધીનગરને મોકલવામાં આવેલ મુદ્દામાલ પૈકીનો અમુક મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારી ભરતભાઈ કપિલરાય મિસ્ત્રીનાઓને સાહેદ નં.૯૦૨ તરીકે આંક–૬૪૫૨ થી તપાસેલા છે. તેઓની આ ગુના પુરતી

સરતપાસ ધ્યાને લેતા તા.૨૮/૭/૨૦૦૮ નાં રોજ મદદનીશ પોલીસ કમિશનર ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન તરફથી ગુના રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ નાં કામે બે નંગ પાર્સલો પરીક્ષણ અર્થે મોકલેલા તે સ્વીકારેલા, આ બે પાર્સલો પૈકી એક પાર્સલ સીલ વગરનું હતુ જેમાં ગાડીનો ભંગાર હતો તેને માર્ક–બી થી ઓળખાવેલો હતો, બીજુ પાર્સલ માર્ક–બી૧ હતુ જે સીલબંધ હાલતમાં હતુ, જેમા બે નંબર પ્લેટો હતી. આ બંને પાર્સલો આ સાહેદના ભૌતિક શાસ્ત્ર વિભાગને મળેલા, આ સાહેદ ભૌતિક શાસ્ત્ર વિભાગમાં મદદનીશ નિયામક તરીકે ફરજ બજાવતા હતા, આ મુદ્દામાલનું તેમને પરીક્ષણ કરેલુ. જે મુદ્દામાલ મળેલો તે મુજબ...

- પાર્સલ–બી મોટર કારના એન્જીન, વ્હીલ (પૈંડા), એકસલ, તુટેલ ફાટેલ પતરા તથા તેને લગતા અન્ય ભાગો સાથેનો ભંગાર.
- પાર્સલ–બી૧ નમૂના મુજબનું સીલ ધરાવતુ કાપડનું સીલબંધ હાલતમાં હતુ જેની અંદર બે નંબર પ્લેટો હતી, અનુક્રમે નમૂનો બી૧/એ અને બી૧/બી.
- નમૂનો–બી૧/એ આશરે ૫૦ સેમી બાય ૧૩ સેમી સાઈઝ ધરાવતી વાહનની સફેદ રંગની અને રજીસ્ટ્રેશન નંબર ધરાવતી ધાતુની પ્લેટ જેની ઉપર અંગ્રેજીમાં જીજે–૬–સીડી–૯૭૧૮ કાળા રંગના સ્ટીકર દ્વારા બનાવેલા આંકડા ચોટાડેલા હતા.
- નમૂનો–બી/૧/બી આશરે ૫૧ સેમી બાય ૧૩ સેમી સાઈઝ ધરાવતી વાહનની સફેદ રંગની અને રજીસ્ટ્રેશન નંબર ધરાવતી ધાતુની પ્લેટ જેની ઉપર અંગ્રેજીમાં જીજે–૬–સીડી–૯૭૧૮ કાળા રંગના સ્ટીકર દ્વારા બનાવેલા આંકડા ચોટાડેલા હતા.

ઉપરોકત નમૂનાઓનુ આ સાહેદ પૃથક્કરણ કરેલુ તે મુજબ...

નમૂનો–બી મોટક કારના આવેલા પતરાના વિવિધ ટુકડાઓ, એન્જીનનો તથા અન્ય ભાગોનું કાળજીપૂર્વક પરીક્ષણ કરવામાં આવેલુ તે મુજબ...

(૧) નમૂનામાં જોવા મળેલ વાહનનો એન્જીન નંબર જે અંગ્રેજીમાં 10DA4329905 તરીકે વંચાયેલ જે મુળ નંબર તરીકે જણાયેલો અને તેમાં કે તેના કોઈ આંકડામાં ફેરફાર કર્યાનું જણાયેલુ નહીં.

(૨) ભંગારમાંથી એક પતરાનો ટુકડો મળી આવેલો જેનું વિગતવાર પરીક્ષણ કરતા તેની ઉપર પંચ કરેલો નંબર ચેસીસ નંબર તરીકે જણાયેલો તે નંબર અંગ્રેજીમાં XMA3EED81SOO506015XB7 વાંચી શકાયેલ, આ નંબર મૂળ નંબર તરીકે જણાયેલો અને તેમાં કે તેના કોઈ આંકડામાં ફેરફાર જણાયેલો નહીં.

(૩) વાહનના વિવિધ પતરાઓનું પરીક્ષણ કરતા વાહનનો રંગ ગ્રે જણાયેલો.

(૪) સદર વાહનના આવેલ વ્હીલ તેની સ્ટેપડી વિગેરેનો અભ્યાસ કરતા સદર ભંગાર મારૂતિ વેગનઆર ગાડીનો જણાયેલો અને નુકસાન પામેલ જથ્થા, ટુકડાઓની સંખ્યા વિગેરેનું પરીક્ષણ કરતા સદર ટુકડાઓ વેગનઆર ગાડીમાં થયેલ વિસ્ફોટના કારણે થયેલાનું જણાયેલ, ભંગારમાંથી કોઈ ઈલેકટ્રોનીક ડીવાઈસ કે સર્કીટ મળેલી નહીં.

(૫) નમૂનો–બી/૧/એ તથા બી/૧/બી જીજે–૬–સીડી–૯૭૧૮ રજીસ્ટ્રેશન ધરાવતી બે નંગ ધાતુની બે પ્લેટ હતી જેનુ કાળજીપૂર્વક પરીક્ષણ કરતા હાલમાં વંચાતા નંબર નીચે કોઈ નંબર છે કે કેમ તેની ચકાણસી કરવામાં આવેલી પરંતુ કોઈ અન્ય નંબર વાંચી શકાયેલ કે શોધી શકાયેલ ન હતો.

આ અંગેનો અહેવાલ તૈયાર કરીને તા.૨૨/૮/૨૦૦૮ નાં રોજ ફોરવર્ડીંગ પત્ર સાથે સંબંધિત પોલીસ સ્ટેશને મોકલી આપેલાનું જણાવે છે.

વધુમાં આ સાહેદની સરતપાસ ધ્યાને લેતા તા.૨૮/૧૨/૨૦૦૮ નાં રોજ આ કેસ સબંધે નાયબ પોલીસ અધીક્ષક ટોળીયા ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ તરફથી એક પત્ર મળેલો જે આ કામે આંક–૬૪૫૮ થી રજૂ છે. તે દ્વારા પાર્સલ માર્ક–બી/૧ જેમાં બે નંબર પ્લેટ હતુ તેનુ વિગતે ફરીથી પરીક્ષણ કરવા જણાવેલુ. આ પાર્સલ સ્વીકાર્યા બદલની પહોંચ આપવામાં આવેલી જે આંક–૬૪૫૩ થી રજૂ છે. તા.૫/૧/૨૦૦૯ નાં રોજ આ પહોંચ આપીને પાર્સલ–બી/૧ નું ફરીથી પરીક્ષણ કરવામાં આવેલુ તે મુજબ તેના (અ) અક્ષરો,

આંકડાની સાઈઝ, આકાર, કટીંગના પ્રકાર અંગેનું પરીક્ષણ કરવામાં આવેલુ જેમાં (૧) જીજે–૧–સીડી–૯૭૧ ના અક્ષરો/આંકડા મશીનકટ દ્વારા બનાવેલાનું જણાયેલુ જયારે છેલ્લો "૮" નો આંકડો હાથથી બ્લેડ દ્વારા સ્ટીકર કાપી બનાવીને ચોટાડેલો હતો.

(૨) "૬" આંકડાની સાઈઝ ૯–૭–૧ ના આંકડા કરતા જુદી (નાની) જણાયેલી.

(૩) હાથથી બનાવેલા "૮" આંકડાની સાઈઝ ૯–૭–૧ ના આંકડા કરતા જુદી (મોટી) જણાયેલી.

(બ) અક્ષર/આંકડાના સ્ટીકરના પ્લાસ્ટિકનું પરીક્ષણ તથા તેના અવલોકન મુજબ નંબર પ્લેટ ઉપરના અક્ષરો/આંકડાના સ્ટીકરના પ્લાસ્ટિકના ઉપર નીચે મુજબ પરીક્ષણો કરેલા તે મુજબ

(૧) પ્લાસ્ટિકના સ્ટીકરની સપાટીના બંધારણનું સુક્ષ્મદર્શક યંત્રમાં પરીક્ષણ કરેલુ.

(૨) સ્ટીકરના પ્લાસ્ટિકની જાડાઈ તથા અક્ષર/આંકડાના તથા કાપેલ સ્ટીકરની પહોળાઈમાં કોઈ નોંધપાત્ર તફાવત જણાયેલો નહીં.

(ક) હાલના નંબરની નીચેની પ્લેટસ જુદી–જુદી જગ્યાએથી ઘસીને લખાણ દ્વારા બનાવેલ નંબર મળી આવેલ ન હોવાનો અભિપ્રાય અત્રેની પ્રયોગશાળામાં અગાઉ સ્વીકારવામાં આવેલ. તા.૨૨/૮/૨૦૦૮ નાં રોજ અત્રેના વિભાગ દ્વારા આપવામાં આવેલ પરંતુ પોલીસ તપાસમાં મૂળ નંબર કાળા કલરના પ્લાસ્ટિકના સ્ટીકર દ્વારા બનાવેલ હોવાનું જણાય આવતા તે ધ્યાને રાખી પરીક્ષણ હાથ ધરવામાં આવેલુ અને તેમા મૂળ નંબર કાળા રંગના સ્ટીકરથી બનાવેલો હતો જે સંદર્ભે નંબર પ્લેટનું કાળજીપૂર્વક વિવિધ લાઈટની સ્થિતિ તેમજ જુદા –જુદા ફીલ્ટસ વાપરી યુ.વી. લાઈટમાં પરીક્ષણ કરવામાં આવેલુ. હાલના અક્ષર/આંકડા નીચે તથા આજુબાજુના અગાઉના સ્ટીકર દ્વારા બનાવેલ આક્ષર/આંકડા ઉખાડેલ હોવાની શકયતા જણાતા હાલના જીજે–૬–સીડી–૮

આક્ષર/આંકડા કાળજીપૂર્વક ઉખાડી યુ.વી. લાઈટમાં પરિક્ષણ કરવામાં આવેલુ અને સ્ટીકરની છાપ ઉપસાવી તો વાંચી શકાયેલ.

(૧) નમૂનો–બી/૧/એ એ નંબર પ્લેટ ઉપરના હયાત અક્ષર "જી" ના આગળના ભાગે "એમ" અક્ષરની છાપ "જી" ની નીચે "એચ" અક્ષરની છાપ જણાયેલ જયારે છેલ્લા "૮" આંકડાની નીચે "૯" આંકડાની છાપ વાંચી શકાયેલ. આ "૯" આંકડાના છાપની સાઈઝ/આકાર તે જ પ્લેટ ઉપર ચોટાડેલ "૯" ના આંકડા સાથે મળતી જણાયેલ. આ સિવાય નંબર પ્લેટના વચ્ચેના ભાગે અત્યંત જાખી છાપો હોવાનું જણાયેલ પરંતુ વાંકીચુકી થયેલ હોવાથી વાંચીને ઉકેલી શકાયલ નહીં.

(૨) નમૂનો–બી/૧/બી ની નંબર પ્લેટ ઉપરના હયાત અક્ષર "જી" ના આગળ/નીચે "એમ", “જી" અને "જે" વચ્ચે "એચ", “જે" અને "૬" ની વચ્ચે ચોરસના સ્ટીકરની ફરતે "૦", “૬" ની નીચે "૬", “સી" અને "ડી" ની વચ્ચે "એ", “ડી" ની પાછળ/નીચે "એફ" અને છેલ્લા આંકડા "૮" નીચે "૯" ની છાપ વાંચી શકાયેલ તથા "૯" આંકડાની છાપ સાઈઝ/આકાર તે જે પ્લેટ ઉપર ચોડાટેલ "૯" આંકડા સાથે મળતી જણાયેલ.

નમૂના–બી ૧/એ તથા બી ૧/બી ની નંબર પ્લેટસ ઉપર હાલના નંબર ઉપરાંત ઉખાડી નાંખેલ અક્ષર/આંકડાની છાપો અનુક્રમે નીચેની વિગતે વાંચી શકાયેલ.

નમૂનો–બી/૧/એ એમએચ.....૯૭૧૯

નમૂનો–બી/૧/બીએમએચ ૦૬ એએફ ૯૭૧૯

૯૭ ને ૧ મૂળ આંકડા તરીકે એટલે કે ઉખાડેલ/દુર કર્યા વગરના જણાયેલા. આ મુજબનો પરીક્ષણ અહેવાલ તા.૨૫/૨/૨૦૦૯ નાં રોજ આ સાહેદની સહીથી પોતાના ફોરવર્ડીંગ પત્ર સાથે સંબંધિત પોલીસ સ્ટેશનને મોકલી આપેલાનું જણાવેલ છે.

અસલ ફાઈલ આ સાહેદની કચેરીમાં મળી આવતી ન હોય ફોરવર્ડીંગ પત્રની અસલ નકલ રજૂ કરી શકેલ ન હોવાથી મદદનીશ નિયામક

ડી.ડી. પટેલની સહીવાળો પત્ર આંક–૬૪૫૪ થી રજૂ કરેલો છે. પરંતુ ફોરવર્ડીંગ પત્રની કાર્બન કોપી આંક–૬૪૫૫ થી રજૂ કરેલી છે. આ ઉપરાંત આ સાહેદે નમુનાના પૃથક્કરણ વખતે ફોટોગ્રાફસ લીધેલા તે ફોટોગ્રાફસની નેગેટીવ આ સાહેદની ઓફીસમાં રાખવામાં આવેલી છે અને તેના ફોટોગ્રાફસ ફોરવર્ડીંગ પત્ર અને અભિપ્રાયની સાથે મોકલી આપેલા તે ચાર ફોટોગ્રાફસને આંક–૬૪૫૬થી રજૂ કરેલા છે. ઉપર મુજબ પૃથક્કરણ કરીને જે અહેવાલ આપેલો તે અહેવાલ આંક–૬૪૫૭ થી રજૂ કરેલો છે જેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આ ઉપરાંત એફ.એસ.એલ. કચેરીના ફોટોગ્રાફર દ્વારા લેવડાવવામાં આવેલા ફોટોગ્રાફસની નેગેટીવ ઉપરથી કઢાવવામાં આવેલા ફોટોગ્રાફસ નં.૧ થી ૮ આંક–૬૪૫૯ થી રજૂ કરેલા છે.

હવે આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આંક–૬૪૫૫ વાળા પત્રમાં વેગન આર ગાડીમાં બ્લાસ્ટ થયેલ છે તેવી હકીકત ખુલે છે તે કબૂલ કરે છે. આંક–૬૪૫૮ વાળા પત્રમાં આ વેગન આર ગાડી સીલ્વર ગ્રે કલરની જેનો નં.એમએચ–૦૬–એએફ–૯૭૧૯ હતી તે આરોપી અફઝલ ઉર્ફે અફસર ઉસ્માની મુંબઈથી ચોરી સુરત લાવેલાની હકીકત ખુલેલી તે કબૂલ કરે છે. આંક–૬૪૫૩ વાળી પહોંચમાં મુદ્દામાલ ઉપરના સીલની સ્થિતિ અંગે કોઈ હકીકત જણાવેલી નથી તે કબૂલ કરે છે. નમૂના–બી૧ વાળુ સીલબંધ હાલતનું પેકેટ મળેલુ તે વખતે સીલબંધ હાલતમાં હતુ તે કબૂલ કરે છે. સેમ્પલ વોર્ડન પાસે મુદ્દામાલ મોકલીએ ત્યારે તેની ઉપર કોઈ પ્રક્રિયા કરતા નથી તેમ જણાવે છે. સેમ્પલ વોર્ડમાંથી આ મુદ્દામાલ ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે મોકલવામાં આવેલો કે કેમ તેની આ સાહેદને ખબર નથી. જે ભંગાર મળેલો તે બ્લાસ્ટના કારણે ભંગાર થયેલો તેવા અભિપ્રાયના કારણોની નોંધ કરી નથી તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદે ફકત મુદ્દામાલનું પરીક્ષણ કરવાનું હતુ બ્લાસ્ટના કારણે ભંગાર થયેલાની હકીકત અભિપ્રાયમાં ન લખવાથી આ સાહેદે મુદ્દામાલનું પૃથક્કરણ કર્યુ નથી તેમ કહેવાય નહીં. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા આ સાહેદે પોતાના આંક–૬૪૫૬વાળા અભિપ્રાયમાં જે હકીકતો જણાવેલી છે તે હકીકતો કબૂલ

કરીને પ્રશ્નો પુછવામાં આવેલા હોવાનું પણ માલુમ પડે છે. આ ડિપાર્ટમેન્ટમાંથી આ સાહેદની ટ્રાન્સફર થઈ ત્યાં સુધી મુદ્દામાલ આ સાહેદની કસ્ટડીમાં હતો તેમ જણાવે છે. જુદી–જુદી કંપનીઓની ગાડીઓના મોડલ્સ જુદા–જુદા હોય છે અને તેના બોડીના કન્સ્ટ્રકશનોનો અભ્યાસ કરેલો નથી તેમ જણાવે છે પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદ સમક્ષ જે મુદ્દામાલ મોકલવામાં આવે તેનુ જ પૃથક્કરણ કરવાનું છે જુદા–જુદા મોડલ્સની ગાડીઓનું પૃથક્કરણ મુદ્દામાલમાં આવેલુ ન હોય તો કરવાનું રહેતુ નથી. વધુ ઊલટતપાસ ધ્યાને લેતાં મુદ્દામાલ બી/૧ સૌપ્રથમ મળ્યો ત્યારે કયા હેતુ માટે ચકાસવાનો છે તેની જાણકારી પત્ર દ્વારા મળેલી નહીં તેમ જણાવે છે. મળેલો ભંગાર ત્રણ–ચાર કોથળામાં સમાય જાય તેટલો હતો તે હકીકત નકારી છે. મુદ્દામાલ જયાંથી ભેગો કર્યો ત્યાં ઘણા એફ.એસ.એલ. અધિકારીઓ હાજર હતા તેમ જણાવે છે. આ મુદ્દામાલ પોલીસ વિભાગના અધિકારી મુલીયાણા સાહેબના કહેવાથી ભેગો કરેલાનું જણાવે છે. મુદ્દામાલ સીલીંગ કરેલાની કાર્યવાહી આ સાહેદે જોયેલી નથી. નંબર પ્લેટોની સંપુર્ણ તપાસ કરેલાની હકીકત નકારેલી છે. આ નંબર પ્લેટોની અધુરી તપાસ કરેલ હોવાની હકીકત નકારેલી છે. નંબર પ્લેટોની તપાસ તે પ્લેટો સાથે કોઈ ચેડા થયા છે કે કેમ તે અંગે કરવાની હોય છે તો તે હકીકત નકારેલી છે. તપાસણી કર્યા પછી મુદ્દામાલ સીલ કરેલો કે કેમ તે યાદ નથી. બધા ફેરફારો નરી આંખે જોઈ શકાય તેવા હતા તો તે હકીકત નકારેલી છે. પ્રથમ વખત આપેલો અભિપ્રાય ખરો અને સાચો હતો પરંતુ ટોળીયા સાહેબના કહેવાથી બીજો ખોટો અભિપ્રાય આપેલો હોવાની હકીકત નકારી છે. વધુમાં આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા તપાસ કરનાર અધિકારી દ્વારા આપવામાં આવેલ પ્રશ્નોત્તરીના આધારે ચોકકસ તપાસ કરવામાં આવે છે તે કબૂલ કરે છે. પહેલી તપાસ તથા બીજી તપાસ કરી તે દરમ્યાન કોઈ વિશિષ્ઠ ઉપકરણો આવ્યાનો આ સાહેદને ખ્યાલ નથી. સીલ અને પેકીંગ બાબતની નોંધ વર્કશીટ અને અહેવાલમાં કરવામાં આવે છે તે કબૂલ કરે છે. નંબર પ્લેટને જોઈને કહી શકાય નહીં કે આ નંબર પ્લેટ કઈ કંપનીની ગાડીની હશે તે કબૂલ કરે છે. બંને નંબર પ્લેટ પાછળ મારૂતી ઝેનનું સ્ટીકર લગાડેલુ છે તે

કબૂલ કરે છે. આમ આ સાહેદની સમગ્ર ઊલટતપાસ ધ્યાને લઈએ તો મુદ્દામાલ મળ્યા પછી કેસ નંબર પ્રમાણે ફાઈલ બનાવવા બાબતે, પરીક્ષણ વખતેની કાચી નોંધ કયાં રાખવામાં આવે છે તે બાબતે, પુનઃ નિરીક્ષણ વખતે અગાઉની નોંધ અને ફાઈલ રીફર કરવા બાબતે, મુદ્દામાલ કયાં રાખવામાં આવે છે તે બાબતે, કયા રજીસ્ટરોમાં નોંધવામાં આવે છે તે બાબતે, તપાસ કરનાર અધિકારીની પ્રશ્નોત્તરી બાબતે, ફાઈલો કયા વિભાગના કયા કબાટમાં રાખવામાં આવે છે તે બાબતે, કબાટોની ચાવી કોની પાસે હોય છે તે બાબતે, ફાઈલોના કાયમી રેકર્ડ બાબતે, જરૂર પડે ત્યારે ફાઈલો બહાર કાઢવા બાબતે વિગેરે ઓફીસની કાર્ય પધ્ધતિ અંગે ઘણા બધા પ્રશ્નો પુછવામાં આવેલા છે તે અર્થહીન છે. ખરેખર સમગ્ર ઊલટતપાસ ધ્યાને લેતા આ સાહેદે તેમના વિભાગમાં આવેલ મુદ્દામાલનુ પૃથક્કરણ કરેલ નથી કે પૃથક્કરણ ખોટુ કરેલુ છે કે ગેરકાયદેસર કરેલુ છે તેવી કોઈ હકીકત બહાર આવતી નથી. આ સાહેદે ફરજના ભાગરૂપે કાર્યવાહી કરેલી હોય નહીં માનવાને કોઈ કારણ નથી.

ત્યારબાદ આ કામે રવાનગી નોંધ આંક–૪૬૪ તથા પ૯૩૦થી એફ.એસ.એલ. ગાંધીનગરને મોકલવામાં આવેલ મુદ્દામાલ પૈકીનો અમુક મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારી અશોકભાઈ નટવરલાલ પટેલનાઓને સાહેદ નં.૮૪૫ તરીકે આંક–૫૮૨૮ થી તપાસેલા છે. તેઓની આ ગુના પુરતી સરતપાસ ધ્યાને લેતા ૧૯૭૮ માં આ સાહેદ ફોરેન્સીક સાયન્સ કચેરીમાં જુનીયર સાઈન્ટીફીક આસીસ્ટન્ટ તરીકે જોડાયેલા વખતો વખત પ્રમોશન મળતા ૧૯૮૩ ની સાલમાં સાઈન્ટીફીક ઓફીસર તરીકેનો પ્રમોશન મળેલુ. તેઓએ એમ.એસ. સી. રસાયણ શાસ્ત્રનો અભ્યાસ કરેલો છે. તા.૪/૮/૨૦૦૮ નાં રોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ નો મુદ્દામાલ ફીઝીકસ વિભાગ તરફથી રસાયણ વિભાગને મોકલવામાં આવેલો તે અનસીલ્ડ પાર્સલ આ સાહેદના વિભાગમાં આવેલુ તેમાં...

– માર્ક–બી એક મોટર કારના એન્જીન, વ્હીલ, એકસલ, તુટેલા ફાટેલ પતરા તથા અન્ય ભાગો સાથેનો ભંગાર હતો. જેનુ પ્રમાણીત રસાયણીક પધ્ધતિ વડે પૃથક્કરણ કરેલુ તે મુજબ...

– નમૂના–માર્ક બી માં એમોનીયમ નાઈટ્રેટ અને નાઈટ્રાઈટ મુલકોની તથા પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સ ઓઈલની (પેરાફીન ઓફીલ પ્રકારની) હાજરી શોધાયેલી અને આ સાહેદનાઓએ જે અભિપ્રાય આપેલો તે મુજબ....

પૃથક્કરણના પરિણામમાં શોધાયેલ એમોનીયમ નાઈટ્રેટ પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સ ઓઈલએ એમોનીયમ નાઈટ્રેટ બેઈઝ–એમોનીયમ નાઈટ્રેટ ફયુલ ઓઈલ (એનફો) હાઈડ્રો એક્ષપ્લોઝીવ ઘટકો છે. આ મુજબનો જે અભિપ્રાય આપેલો તે આ કામે આંક–૫૮૨૯ થી રજૂ કરેલો છે જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પૃથક્કરણ માટેના મુદ્દામાલના નમૂના આ સાહેદના આસીસ્ટન્ટે લીધેલા અને આ સાહેદની હાજરીમાં લીધેલાનું જણાવે છે. નમુના કયા મુદ્દામાલના કયા ભાગમાંથી લેવામાં આવેલા તેનો ઉલ્લેખ અહેવાલમાં નથી તે કબૂલ કરે છે. બ્લાસ્ટ ચોકકસ કઈ જગ્યાએ થયેલો તે કહી શકે તેમ નથી તે કબૂલ કરેલ છે પરંતુ આ સાહેદે સ્થળ ઉપર જઈને સ્થળ પરીક્ષણ કરેલુ નથી માટે ચોકકસ કઈ જગ્યાએ બ્લાસ્ટ થયેલો તે આ સાહેદ કહી શકે નહીં. વધુ ઊલટતપાસ ધ્યાને લેતાં રાસાયણીક પૃથક્કરણ કરવાનું હોય ત્યાં મુદ્દામાલને કાળજીપૂર્વક રાખવાનો હોય છે તે કબૂલ કરે છે. આ સાહેદ પાસે મુદ્દામાલ આવ્યો તે પહેલા તેને કઈ સ્થિતિમાં સાચવવામાં આવ્યો તે આ આ સાહેદ કહી શકે તેમ નથી. આ સિવાય બીજી કોઈ મહત્વની હકીકતો આ સાહેદની ઊલટતપાસમાંથી નીકળી આવતી નથી.

ત્યારબાદ આ કામે રવાનગી નોંધ આંક–૪૬૪ તથા ૫૯૩૦થી એફ.એસ.એલ. ગાંધીનગરને મોકલવામાં આવેલ મુદ્દામાલ પૈકીનો અમુક મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારી સતીષચંદ્ર ગણપતરામ ખંડેરવાલના ઓને સાહેદ નં.૮૫૦ તરીકે આંક–૫૯૭૧ થી તપાસેલા છે. તેઓની આ ગુના

પુરતી સરતપાસ ધ્યાને લેતા તેઓ હાલ નાયબ નિયામક ઓન એક્ષટેન્શન, એફ.એસ. એલ. અમદાવાદ ખાતે ફરજ બજાવે છે અને એમ.એસ.સી. ફીઝીક્સનો અભ્યાસ કરે છે. તેમજ કમ્પ્યુટર વિષયની જુદા–જુદા સમયે ટ્રેનીંગ પણ લીધેલ છે. સને–૨૦૦૮–૦૯ ના અરસામાં નાયબ નિયામક, એફ.એસ. એસ. અમદાવાદ ખાતે ફરજ બજાવતા હતા. તે વખતે મદદનીશ પોલીસ કમિશનર, ક્રાઈમબ્રાન્ચ, અમદાવાદનાઓ તરફથી શાહીબાગ ફ.ગુ.ર.નં. ૨૩૬/૨૦૦૮ ના કામનો મુદ્દામાલ, રવાનીગ નોંધ સાથે કુલ–૪ પાર્સલો તેમને સ્વીકારીને તે બાબતની પહોંચ આપેલી જે આ કામે આંક–પ૯૭૩ થી રજૂ છે. તેઓને મળેલ સીલબંધ પાર્સલમાં જુદા–જુદા ચાર મોબાઈલ હતાં. આ મોબાઈલ ફોન, તેમાં રહેલ સીમકાર્ડ, મેમરીકાર્ડનું ઓથોરાઈઝડ ફોરેન્સીક સોફટવેર અને હાર્ડવેરના ઉપયોગથી કોમ્પ્યુટર ફોરેન્સીકના કાર્ડીનલ નિયમ પ્રમાણે પૃથક્કરણ કરવામાં આવેલું જે પૃથક્કરણ કરેલું અને તે મુજબ...

The Suspected mobile phone mark Exh–M–Y, Exh–M–Z, Exh–MZ1, SIM Card mark Exh–S–Y, Exh–S–Z, Exh–SZ1, Exh–SZ2, memory card mark Exh–card–Z1 are forensically analyzed using the authorized forensic software and hardware as per the cardinal rules of computer forensic.

ઉપરોકત પૃથક્કરણના આધારે આ સાહેદ જે અભિપ્રાય ઉપર આવેલા તે મુજબ...

(1) The mobile phone mark Exh–M–Y, Exh–M–Z, Exh–MZ1 were found in damaged condition, hence data from mobile could not be retrieved.

(2) The data retrieved from SIM Card mark Exh–S–Y, Exh–S–Z, Exh–SZ1, Exh–SZ2 આ પરિણામનો વિગતવાર અહેવાલ

આંક–૫૯૭૪ થી પાના નં.૧૦૧૫ થી ૧૧૬૩ સુધીનો રજૂ કરેલો છે જેમાં સાહેદ તેમની સહી ઓળખી બતાવે છે.

વધુમાં આ સાહેદની સરતપાસ જોતા નાયબ પોલીસ અધીક્ષક, તપાસટીમ, ક્રાઈમબ્રાન્ચ, અમદાવાદનાઓ તરફથી શાહીબાગ ફ.ગુ.ર. નં.૨૩૬/૨૦૦૮ ના કામનો મુદ્દામાલ રવાનગી નોંધ આંક–૫૯૭૫નાં મુદ્દામાલ પૈકી ૧ પાર્સલ તેઓએ સ્વીકારેલ જેની પહોંચ આપેલી તે આ કામે આંક–૫૯૭૬ થી રજૂ રાખેલ છે. તેઓને મળેલ સીલબંધ પાર્સલમાં કુલ–૧૯ સીડીરોમ/ડીવીડીઆર હતી. તેને માર્ક–૧ થી ૧૯ આપવામાં આવેલાં. તેઓએ આ સીડીરોમ/ડીવીડીઆર એકઝીબીટ માર્ક ૧ થી ૧૯ ના સસ્પેકટ સ્ટોરેજનું ઓથોરાઈઝડ ફોરેન્સીક સોફટવેર અને હાર્ડવેરના ઉપયોગથી કોમ્પ્યુટર ફોરેન્સીકના કાર્ડીનલ નિયમ પ્રમાણે પૃથક્કરણ કરેલું અને જે પરિણામ ઉપર આવેલાં તેની નોંધ પૃથક્કરણ અહેવાલમાં કરેલી અને જે પૃથક્કરણ કરેલું અને જે પરિણામ પર આવેલાં તે અંગેનો વિગતવારનો રીપોર્ટ તૈયાર કરેલો જે આંક–૫૯૭૭ થી રજૂ રાખેલો છે જેમાં સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

ત્યારબાદ આ કામે રવાનગી નોંધ આંક–૪૬૪થી એફ.એસ.એલ. ગાંધીનગરને મોકલવામાં આવેલ મુદ્દામાલ પૈકીનો અમુક મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારી હેમંતકુમાર ભાલચંદ્ર ભટ્ટનાઓને સાહેદ નં.૭૪૬ તરીકે આંક–૫૮૩૮થી તપાસેલા છે. તેઓની આ ગુના પુરતી સરતપાસ ધ્યાને લેતા ૧૯૮૧ નાં વર્ષમાં પ્રાદેશીક ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા, જૂનાગઢ ખાતે લેબોરેટરી ટેકનીશીયન તરીકે જોડાયેલા અને વખતો વખત પ્રમોશન મેળવીને ૧૯૮૪ની સાલમાં સાઈન્ટીફીક આસીસ્ટન્ટ તરીકે નિમણૂક પામેલા ત્યારબાદ ૧૯૯૯માં સાઈન્ટીફીક ઓફીસર બનેલા, એમ.એસ.સી. કેમેસ્ટ્રીનો અભ્યાસ કરેલો છે. તેઓ પોતાની ફરજ ઉપર હતા તે દરમ્યાન શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ નાં કામનો મુદ્દામાલ ઉપરોકત રવાનગી નોંધ આંક–૪૬૪માં જણાવ્યા મુજબના કુલ–૮૧ પાર્સલો પૃથક્કરણ અર્થે

મળેલા. આ તમામ પાર્સલ નમૂનાઓનું પ્રમાણીત, રાસાયણિક પધ્ધતિ વડે પૃથક્કરણ કરેલુ તે મુજબ...

(૧) નમૂના માર્ક–એ૩, એ૪, એ૬, બી૪, બીપ, બી૭, બી૮, સી, સી૨, સી૩, ડી૪, ડીપ, ઈ૩, ઈ૪, ઈપ, ઈ૬, એફ૨, એફ૩, એફ૪, જી૧, એચ૨, એચ૪, આઈ૩, જે૨, જે૩, જે૪, કે૨, એલ૩, એલ૪, એલપ, એલ૬, એન૧, એન૩, પી૧, પી૨, પી૩, પી૪, કયુ૨, કયુ૩, આર૧, ટી૧, ટી૨, ટી૩, ટી૪, ટીપ, ટી૬, એસ૨ અને એસ૩ માં એમોનીયમ નાઈટ્રેટ અને નાઈટ્રાઈટ મુલકોની તથા પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સ ઓઈલની (પેરાફીન ઓફીલ પ્રકારની)હાજરી શોધાયેલી.

(૨) નમૂના માર્ક–એ૨, એપ, બી૨, બી૩, બી૬, ડી૧, ડી૩, ઈ૨, એફપ, એચ૩, આઈ૨, એલ૨ તથા ટી૭ માં વિસ્ફટકોના ઘટકોની હાજરી શોધાયેલી નથી. ઉપરોકત પૃથક્કરણ કર્યા બાદ આ સાહેદ જે અભિપ્રાય પર આવેલા તે અભિપ્રાય મુજબ...

(૧) પૃથક્કરણના પરિણામમાં શોધાયેલ એમોનીયમ નાઈટ્રેટ પેટ્રોલીયમ હાઈડ્રો કાર્બન્સ ઓઈલએ એમોનીયમ નાઈટ્રેટ બેઈઝ–એમોનીયમ નાઈટ્રેટ ફયુલ ઓઈલ (એનફો) હાઈડ્રો એક્ષપ્લોઝીવ ઘટકો છે.

(૨) રવાનગી નોંધમાં પ્રશ્ન ૧ તથા બ્લડ ગ્રુપ અંગેનો અહેવાલ અત્રેના ડી.એન. એ.(બાયોલોજી) વિભાગ દ્વારા મોકલી આપવામાં આવશે તેવુ જણાવેલુ. આ મુજબનો જે અભિપ્રાય આપેલો તે આ કામે આંક–૫૮૬૧થી રજૂ કરેલો છે જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

વધુમાં આ સાહેદની સરતપાસ ધ્યાને લેતા તા.૨૭/૮/૨૦૦૮ નાં રોજ આ જ ગુનાનો મુદ્દામાલ કુલ–પાંચ પાર્સલ પૈકી આ સાહેદના વિભાગમાં બે પાર્સલો સ્વીકરવામાં આવેલા અને તેની પહોંચ આપવામાં આવેલી. સદર રવાનગી નોંધ આંક–૫૯૭૫ થી રજૂ રાખેલ છે. આ પાંચ પાર્સલો પૈકી બે સીલબંધ પાર્સલો હતા. સદરહુ પાર્સલો માર્ક–ડી ધરાવતુ એક સીલબંધ ડબ્બાનું

તેમજ માર્ક–ઈ ધરાવતી એક સીલબંધ બોટલ. એમ કુલ બે પાર્સલોનું પ્રમાણીત અને રસાયણીક પધ્ધતિ વડે પૃથક્કરણ કરવામાં આવેલુ તે મુજબ...

(૧) નમૂના માર્ક–ડી તથા ઈ માં પોટેશીયમ નાઈટ્રેટ અને નાઈટ્રેટ મુલકો, મુકત સલ્ફર, મુકત એલ્યુમીનીયમ તથા કાર્બનની હાજરી શોધાયેલી અને આ સાહેદ એવા અભિપ્રાય ઉપર આવેલા કે પોટેશીયમ નાઈટ્રેટ, સલ્ફર અને કાર્બનએ ગન પાવડરના ઘટકો છે.

આ ઉપરાંત આ સાહેદ રવાનગી નોંધ આંક–૫૮૭૨ના મુદ્દામાલ અનુક્રમ નં.૧ થી ૫ નો મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ આંક–૫૮૭૩થી મોકલી આપેલી અને તે રવાનગી નોંધ પૈકી મુદ્દામાલ અનુક્રમ ૪ અને ૫ નું પૃથક્કરણ કરેલુ અને તે અંગેનો અહેવાલ આપેલો જે આંક–૫૮૭૪ થી રજૂ રાખેલ છે અને તેમા સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

વધુમાં આ સાહેદની સરતપાસ ધ્યાને લેતા આ જ ગુનાના કામનો કેટલોક મુદ્દામાલ ડી.એન.એ. વિભાગ તરફથી આંતરી વિભાગીય ફોરવર્ડીંગ પત્ર સાથે આ સાહેદના રસાયણ વિભાગને મળેલો તે પૈકી માર્ક–એ૧, બી૩, સી૧ અને સી૨ વાળા પાર્સલ મૂળ સીલ ધરાવતા હતા તથા માર્ક–એ૪, બી૧ તથા સી૭ વિભાગીય સીલ ધરાવતા હતા. આ મુદ્દામાલ કુલ સાત સીલ બંધ પાર્સલનુ પૃથક્કરણ પ્રમાણીત, રાસાયણિક તથા ઉપકરણીય પધ્ધતિ વડે પૃથક્કરણ કરેલુ તે મુજબ.....

(૧) નમૂના માર્ક–એ૧, એ૪, બી૧, બી૩, સી૧ તથા સી૭ માં એમોનીયમ નાઈટ્રેટ અને નાઈટ્રાઈટ મુલકોની તથા પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સ ઓઈલની (પેરાફીન ઓફીલ પ્રકારની) હાજરી શોધાયેલી.

(૨) માર્ક–સી૨ માં વિસ્ફોટકના ઘટકોની હાજરી શોધાયેલ નથી.

ઉપરોકત પૃથક્કરણથી આ સાહેદે જે અભિપ્રાય આપેલો તે અભિપ્રાય મુજબ...

(૧) પૃથક્કરણના પરિણામમાં શોધાયેલ એમોનીયમ નાઈટ્રેટ પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સ ઓઈલએ એમોનીયમ નાઈટ્રેટ બેઈઝ–એમોનીયમ નાઈટ્રેટ ફયુલ

ઓઈલ (એનફો) હાઈડ્રોએક્ષપ્લોઝીવ ઘટકો છે. આ મુજબનો જે અહેવાલ આપેલો તે આંક–૫૮૮૨ થી રજૂ કરેલો છે જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા આર્મ અને એમ્યુનેશન બાબતે કોઈ પ્રકારની ડીગ્રી ધરાવતા નથી તે કબૂલ કરે છે. પુરાવામાં રજૂ કરેલ અહેવાલ સંબંધેના ગુનાના કોઈ સ્થળની મુલાકાત લીધી નથી તે કબૂલ કરે છે. વિસ્ફોટકના કારણે નુકસાની અને તીવ્રતા અંગે કોઈ જાણકારી નથી તે કબૂલ કરે છે. પૃથક્કરણ અહેવાલમાં પૃથક્કરણ પધ્ધતિની નામાવલીનો ઉલ્લેખ નથી તે કબૂલે છે. જે કોઈ બોમ્બના પરીક્ષણ કરેલા તે હાથ બનાવટના બોમ્બ હતા તે કબૂલ કરે છે. મારા મત પ્રમાણે આરોપીઓ તરફથી આ કબૂલાત્મક પ્રશ્ન પુછેલ હોય હાથ બનાવટના બોમ્બ હતા તે સ્વિકારવામાં આવ્યુ છે તેમ કહી શકાય.

ત્યારબાદ આ કામે રવાનગી નોંધ આંક–૫૮૮૫ થી એફ.એસ. એલ. ગાંધીનગરને મોકલવામાં આવેલ મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારી અનિલકુમાર મધુકાંત મહેતાનાઓને સાહેદ નં.૮૪૭ તરીકે આંક–૫૮૮૬ થી તપાસેલા છે. તેઓ સને–૧૯૭૮ની સાલમાં જુનિયર સાયન્ટીફીક આસિસ્ટન્ટ તરીકે એફ.એસ.એલ. અમદાવાદમાં નોકરીમાં જોડાયેલા. ત્યારબાદ ઉતરોતર પ્રમોશન દ્વારા સાયન્ટીફીક ઓફિસર તરીકેનો હોદ્દો તથા ત્યારબાદ મદદનીશ નિયામક ડી.એન.એ. વિભાગ તરીકેનો હોદ્દો આપવામાં આવેલો. આ સાહેદ એમ.એસ.સી., પી.એચ.ડી. થયેલા છે. ૨૦૦૮ ના વર્ષમાં ડી.એન.એ. વિભાગના મદદનીશ નિયામક, ડી.એફ.એસ., ગાંધીનગર તરીકે ફરજ બજાવતા હતા. તે વખતે શાહીબાગ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૨૩૬/૨૦૦૮ ના કામના તપાસ કરનાર અમલદારની આંક–૫૮૮૭ થી એક મુદ્દામાલ રવાનગી નોંધ મદદનીશ પોલીસ કમિશનર, એફ–ડિવિઝન, અમદાવાદ શહેરના ફોરવર્ડીંગ પત્ર સાથે તેઓના ડી.એન.એ. ડિવિઝનને મળેલ અને તે અંગેની પહોંચ આપેલી જે આંક–૫૮૮૮ થી રજૂ રાખેલ છે. આ રવાનગી નોંધ સાથે (૧) અશ્વિનભાઈ પરષોત્તમભાઈ પટેલનાઓએ મેડીકલ ઓફિસર, સિવિલ હોસ્પિટલ,

અમદાવાદને આપેલ લોહીના નમૂનાનું આઈડેન્ટીફીકેશન ફોર્મ તથા (૨) ગીતાબેન અશ્વિનભાઈ પટેલનાઓએ મેડીકલ ઓફીસર, સિવીલ હોસ્પિટલ, અમદાવાદને આપેલ લોહીના નમૂનાનું આઈડેન્ટીફીકેશન ફોર્મ સામેલ હતું. વધુમાં આ રવાનગી નોંધ સાથે મોકલવામાં આવેલ નમૂનાઓ બાબતે સિવિલ સર્જન, સિવીલ હોસ્પિટલ, અમદાવાદનાઓએ વિશેરાની વિગત ધરાવતા (૧) શ્રધ્ધા અશ્વિનભાઈ પટેલ, (૨)રોહન અશ્વિનભાઈ પટેલ તથા (૩) પરષોત્તમભાઈ મોહનભાઈ પટેલનાઓના વિશેરા અંગેના ફોરવર્ડીંગ પત્ર સાથે નમૂના મોકલેલા. જે નમૂનાઓનું ડી.એન.એ. પરિક્ષણ કરેલું. તેનો અહેવાલ આપેલો જે આંક–૫૮૮૯ થી રજૂ રાખેલ છે અને તેમા સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

વધુમાં સાહેદ જણાવે છે કે તે દરમ્યાન રસાયણ વિભાગમાંથી કુલ–આઠ પાર્સલ રૂધિર પરિક્ષણ અર્થે તેમના બાયોલોજી (ડી.એન.એ.) વિભાગને મળેલા. જે નમૂના મળેલા તે પૈકી છ મૂળ સીલવાળા તથા બે વિભાગીય સીલવાળા હતા. મળેલ આ નમુનાઓનું તેઓએ બાયોલોજીકલ અને સીરોલોજીકલ પૃથક્કરણ કરેલું જેનો અહેવાલ આપેલો તે આંક–૫૮૯૦ થી રજૂ રાખેલ છે અને તેમાં પોતાની સહી ઓળખી બતાવે છે.

વધુમાં સાહેદ સરતપાસમાં જણાવે છે કે તે દરમ્યાન રસાયણ વિભાગમાંથી કુલ–૫૫ પાર્સલ રૂધિર પરિક્ષણ અર્થે તેમના બાયોલોજી (ડી.એન.એ.) વિભાગને મળેલા. જે નમૂના તેઓને મળેલા તે પૈકી ૧૯ મૂળ સીલવાળા તથા ૩૬ વિભાગીય સીલવાળા હતા. તેઓને મળેલ આ નમૂનાઓનું બાયોલોજીકલ અને સીરોલોજીકલ પૃથક્કરણ કરેલું અને તેનો જે અહેવાલ આપેલો તે આંક–૫૮૯૧ થી રજૂ રાખેલ છે જેમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

વધુમા સાહેદ તેમની સરતપાસમાં જણાવે છે કે તે દરમ્યાન રસાયણ વિભાગમાંથી ૧ મૂળ સીલબંધ પાર્સલ રૂધિર પરિક્ષણ અર્થે તેમના બાયોલોજી (ડી.એન.એ.) વિભાગને મળેલું. તેઓને મળેલ આ નમુનાનું

બાયોલોજીકલ અને સીરોલોજીકલ પૃથક્કરણ કરેલું અને આ પૃથક્કરણને અંતે જે પરિણામ મળેલ તે અંગેનો વિગતવાર અહેવાલ આપેલો તે અહેવાલ આંક–૫૮૯૨ થી રજૂ રાખેલ છે જેમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આંતર વિભાગીય પત્રો અને મુદ્દામાલની આવક–જાવક બાબતે દસ્તાવેજ ઉપર કોઈ નંબર કે નોંધ કરવામાં આવતી નથી તેમ જણાવે છે. આંતર વિભાગીય કચેરીનો પત્ર કયારે મળેલો તે યાદ નથી. કોઈપણ બ્લડના નમૂના કેટલા સમયમાં તપાસમાં મળે અને તેની ત્વરીત તપાસ કરવામાં આવે તેના પર પરિણામ સંભવીત છે તેમ જણાવે છે. પોલીસ સ્ટેશન મારફત પ્રવાહી બ્લડ સેમ્પલ કેવી રીતે પ્રીઝવ કરવામાં આવે તે કહી શકે તેમ નથી. સુકાય ગયેલ લોહીના નમૂના કયારે લેવામાં આવેલા તે ચોકકસ કહી શકે તેમ નથી. આ સાહેદની સમગ્ર ઊલટતપાસ ધ્યાને લેતા બ્લડ કયારે લેવુ જોઈએ, કેવી રીતે તેને પ્રીઝવ કરવુ જોઈએ તથા આંતર વિભાગીય પત્ર વ્યવહારો બાબતે પ્રશ્ન પુછવામાં આવેલા છે તેનો કોઈ અર્થ નથી. બ્લડ કયા ગ્રુપનું છે તે પણ મહત્વનું નથી પરંતુ બ્લડ હતુ તે મહત્વનુ છે. આ ઉપરાંત આરોપીઓ તરફથી પુછવામાં આવેલા પ્રશ્નો ધ્યાને લેતા આ સાહેદે સરતપાસમાં જણાવ્યા મુજબના મુદ્દામાલનું પૃથક્કરણ કરેલ નથી તેમ કહી શકાય તેમ નથી.

ત્યારબાદ આ કામે રવાનગી નોંધ દ્વારા એફ.એસ.એલ. ગાંધીનગરને મોકલવામાં આવેલ મુદ્દામાલ પૈકીનો અમુક મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારી તેજલબેન દિલીપભાઈ શાહને સાહેદ નં.૮૪૪ તરીકે આંક–૫૮૧૯ થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ પ્રમાણે ૧૯૮૨ની સાલમાં એફ.એસ.એલ. અમદાવાદ ખાતે ટેકનીશીયન તરીકે જોડાયેલા અને વખતો વખત પ્રમોશન મેળવી ૨૦૦૨ થી સાઈન્ટીફીક ઓફિસર તરીકે ફરજ બજાવતા હતા. આ સાહેદ એમ.એસ.સી. માઈક્રોબાયોલોજી થયેલી છે. તેમની ફરજ દરમ્યાન શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ નાં કામનો મુદ્દામાલ તેઓના વિભાગમાં રાસાયણ વિભાગ તરફથી કુલ–સાત

પાર્સલો પૃથક્કરણ અર્થે મળેલો, જે પૈકી ચાર મૂળ સીલવાળા અને બે વિભાગીય સીલબંધ પાર્સલ હતા જેનુ બાયોલોજીકલ, સીરોલોજીકલ પૃથક્કરણ કરેલુ છે. તેમને જે મુદ્દામાલનુ પૃથક્કરણ કરેલુ છે તે મુજબ...

- પ્લાસ્ટિકની થેલીમાં એક કાળા રંગનો લોખંડનો પદાર્થ.
- પ્લાસ્ટિકની થેલીમાં એક લોખંડનો નાનો છરો તથા લોખંડના નાના મોટા બે ટુકડા.
- પ્લાસ્ટિકની થેલીમાં નાના મોટા બે લોખંડના ટુકડા.
- પ્લાસ્ટિકની થેલીમાં નાના મોટા બે લોખંડના ટુકડા.

ઉપરોકત મુદ્દામાલનું પૃથક્કરણ કરતાં...

(૧) નમૂના-૨(૧), ૨(૨), ૨(૩), ૨(૪), ૧૯, ૨૦, ૨૧, ૨૨ પર રૂધીર મળેલુ હતુ.

(૨) નમૂના-૧૦, ૧૫ પર રૂધીર મળેલ ન હતુ.

તે પ્રમાણેનો અભિપ્રાય આ સાહેદે આપેલો જે અહેવાલમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાાવી છે. જે અહેવાલ આંક-૫૮૨૫ થી રજૂ કરેલો છે.

ત્યારબાદ આ કામે તપાસ કરનાર અધિકારી એચ.આર.મુલીયાણા નાયબ પોલીસ અધીક્ષક, તપાસ ટીમ, ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદનાઓએ બનાવ બાદ બનાવવાળી જગ્યા ઉપર નકશો બનાવવા માટે સિટી મામલતદારશ્રી, કલેકટર કચેરી અમદાવાદને એક યાદી લખેલી જે યાદી આ કામે આંક-૩૪૩૧ થી રજૂ કરેલી છે.

આંક-૩૪૩૧ વાળી યાદીના આધારે સર્કલ ઓફિસર હીરાભાઈ ડુંગરભાઈ મકવાણાનાઓએ ગુનાવાળી જગ્યા ઉપર જઈ નકશો બનાવેલો તેઓને આ કામે સાહેદ નં.૬૯૮ તરીકે આંક-૩૪૨૯ થી તપાસેલા છે. તેમની સરતપાસ પ્રમાણે તેઓને તપાસ કરનાર અધિકારી એચ.આર.મુલીયાણા દ્વારા શાહીબાગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં બોમ્બ બ્લાસ્ટ થયેલો તે જગ્યા ઉપર જઈ નકશો બનાવવા માટેની યાદી મળેલી તે આંક-૩૪૩૧ની યાદી મળ્યા બાબતે યાદી

ઉપર તેમને પોતાની સહી ઓળખી બતાવી છે અને તે યાદીના આધારે સ્થળ ઉપર જઈ નકશો બનાવેલો તે નકશો આ કામે આંક–૩૪૩૨ થી રજૂ કરેલો છે. જેમા આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. સદર નકશો તેમને ફોરવર્ડીંગ પત્ર સાથે નાયબ પોલીસ અધીક્ષક તપાસ ટીમ ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ શહેરને મોકલી આપેલો જે ફોરવર્ડિંગ પત્ર આંક–૩૪૩૨ના નકશા સાથે સામેલ છે જેમાં પણ આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

(૨૮.૦૧) **<u>અમદાવાદ શહેરના શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ના કામે મરણ ગયેલ વ્યકિતઓ બાબતે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકનઃ–</u>**

આ બનાવમાં દુષ્યંત મોતીલાલ વ્યાસ ઈજા થવાના કારણે મરણ પામેલ અને તેઓની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ સાહેદ હુસેનમીયા જીણુમીયા સાહેદ નં.૪૭૦ નાઓએ જે પંચ સાહેદોની હાજરીમાં કરવામાં આવેલુ તે પંચ સાહેદો પૈકીના પંચ પંકજગીરી ધનગીરી ગોસ્વામીને આ કામે સાહેદ નં.૨૩૮ તરીકે આંક–૧૨૩૩ થી તપાસેલા છે. તેમની સરતપાસ મુજબ દુષ્યંત મોતીલાલ વ્યાસ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ શાહીબાગ સિવિલ હોસ્પિટલ ટ્રોમા સેન્ટર ખાતે થયેલા બોમ્બ બ્લાસ્ટમાં મૃત્યુ પામેલા. તેમનુ ઈન્કવેસ્ટ પંચનામુ બે પંચોની હાજરીમાં કરવામાં આવેલુ. આ સાહેદને સિવિલ હોસ્પિટલના પી.એમ. રૂમમાં બોલાવવામાં આવ્યા ત્યારે બીજા એક ઉમેશગીરી ગોસ્વીમી પણ હાજર હતા અને ત્યાં એક પુરૂષની લાશ હતી અને તે લાશ ધર્મેન્દ્રભાઈ મોતીલાલનાઓએ ઓળખેલી અને તેમને જણાવેલુ કે આ લાશ તેમના નાના ભાઈની છે. લાશ ઉપર આ સાહેદે કપડા જોયેલા, લાશ બળેલી હાલતમાં હતી અને શરીરના જુદા–જુદા ભાગો પર ઈજાઓ થયેલી હતી. આ લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ આ સાહેદની હાજરીમાં કરવામાં આવેલુ તેમ જણાવે છે. સાહેદ આંક–૧૨૩૪ વાળા પંચનામામાં તેમની સહી ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ કામે ગુજરનાર દુષ્યંત મોતીલાલ વ્યાસનાઓની લાશનું શબ પરિક્ષણ સિવિલ હોસ્પિટલ ખાતે કરવામાં આવેલુ. શબ પરિક્ષણ

કરનાર સાહેદ ડૉ. ભાર્ગવ બેચરભાઈ ઝવેરીને સાહેદ નં.૪૨ તરીકે આંક–૬૯૮ થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ મુજબ તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ તેઓ સિવિલ હોસ્પિટલ ખાતે ફરજ પર હતા ત્યારે ઈન્કવેસ્ટ રીપોર્ટ સાથે દુષ્યંત મોતીલાલનો મૃત દેહ શબ પરિક્ષણ માટે મળેલો. આ મૃતદેહ પુરૂષનો હતો, જેનુ શબ પરીક્ષણ ૯.૩૦ એ.એમ.થી શરૂ કરી ૧૦.૩૫ એ.એમ. કલાકે પુરૂ કરેલુ. આ શબના શરીર ઉપર કપડાઓ હતા જે લોહીથી ખરડાયેલા હતા તેમજ શરીરના જુદા–જુદા ભાગો ઉપર ઈજાઓ થયેલી હતી તે ઈજાઓ આંક–૭૦૦ વાળી શબ પરિક્ષણ નોટનાં કોલમ નં.૧૭ માં જણાવેલી છે તે પ્રમાણેની ઈજાઓ હતી અને આ સાહેદના અભિપ્રાય પ્રમાણે આ વ્યકિતનુ મૃત્યુ બ્લાસ્ટમાં ઈજા થવાના કારણે થયેલાનો અભિપ્રાય છે. શબ પરિક્ષણ નોટમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ બનાવમાં વિરલગીરી બળવંતગીરી ગોસ્વામીને ઈજા થવાના કારણે મરણ પામેલ અને તેઓની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ સાહેદ રમેશભાઈ શામજીભાઈ સાહેદ નં.૪૯૬ નાઓએ જે પંચ સાહેદોની હાજરીમાં કરવામાં આવેલુ તે પંચ સાહેદો પૈકીના પંચ અરવિંદભાઈ સરેમલ સોનીને આ કામે સાહેદ નં.૨૨૫ તરીકે આંક–૧૧૮૨ થી તપાસેલા છે. તેમની આ ગુજરનાર પુરતી સરતપાસ મુજબ વિરલગીરી બળવંતગીરી તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ શાહીબાગ સિવિલ હોસ્પિટલ ટ્રોમા સેન્ટર ખાતે થયેલા બોમ્બ બ્લાસ્ટમાં મૃત્યુ પામેલા. તેમનુ ઈન્કવેસ્ટ પંચનામુ બે પંચોની હાજરીમાં કરવામાં આવેલુ. આ સાહેદને સિવિલ હોસ્પિટલના પી.એમ. રૂમમાં બોલાવવામાં આવ્યા ત્યારે બીજા એક નવનીત કનૈયાલાલ કોઠારી પણ હાજર હતા અને ત્યાં એક પુરૂષની લાશ હતી અને તે લાશ હસમુખગીરી અમરગીરી ગોસ્વામીનાઓએ ઓળખેલી અને તેમને જણાવેલુ કે આ લાશ તેમના ભત્રીજાની છે. લાશ ઉપર આ સાહેદે કપડા જોયેલા અને શરીરના જુદા–જુદા ભાગો પર ઈજાઓ થયેલી હતી. આ લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ આ સાહેદની હાજરીમાં કરવામાં આવેલુ તેમ જણાવે છે. સાહેદ આંક–૧૧૮૪ વાળા પંચનામામાં તેમની સહી ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ કામે ગુજરનાર વિરલગીરી બળવંતગીરી ગોસ્વામીનાઓની લાશનું શબ પરિક્ષણ સિવિલ હોસ્પિટલ ખાતે કરવામાં આવેલુ. શબ પરિક્ષણ કરનાર સાહેદ ડો. ભાર્ગવ બેચરભાઈ ઝવેરીને સાહેદ નં. ૪૨ તરીકે આંક–૬૯૮ થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ મુજબ તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ તેઓ સિવિલ હોસ્પિટલ ખાતે ફરજ પર હતા ત્યારે ઈન્કવેસ્ટ રીપોર્ટ સાથે વિરલગીરી બળવંતગીરી ગોસ્વામીનો મૃત દેહ શબ પરિક્ષણ માટે મળેલો. આ મૃત દેહ પુરૂષનો હતો, જેનુ શબ પરીક્ષણ ૮.૧૦ એ.એમ. થી શરૂ કરી ૯.૨૦ એ.એમ. કલાકે પુરૂ કરેલુ. આ શબના શરીર ઉપર કપડાઓ હતા જે લોહીથી ખરડાયેલા હતા તેમજ શરીરના જુદા–જુદા ભાગો ઉપર ઈજાઓ થયેલી હતી તે ઈજાઓ આંક–૬૯૯ વાળી શબ પરિક્ષણ નોટનાં કોલમ નં.૧૭ માં જણાવેલી છે તે પ્રમાણેની ઈજાઓ હતી અને આ સાહેદના અભિપ્રાય પ્રમાણે આ વ્યકિતનુ મૃત્યુ બ્લાસ્ટમાં ઈજા થવાના કારણે થયેલાનો અભિપ્રાય છે. શબ પરિક્ષણ નોટમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ બનાવમાં વિરલગીરી બળવંતગીરી ગોસ્વામીને ઈજા થવાના કારણે મરણ પામેલ અને તેઓના પિતા બળવંતગીરી અમરગીરી ગોસ્વામીને સાહેદ નં.૭૪૪ તરીકે આંક–૩૫૩૧ થી તપાસેલા છે. તેમની સરતપાસ મુજબ ૨૦૦૮ ના અરસામાં તેઓ પોલીસ સ્ટેડીયમની સામે સુરભી એપાર્ટમેન્ટમાં રહેતા હતા. તેમને બે દીકરામાંથી મોટો દીકરો વિરલગીરી હતો. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાંજના સાડા છ વાગે આ સાહેદ તેમના ઘરે હતા અને તેમનો દીકરો ઘરે આવેલો અને જણાવેલુ કે હું મારા મિત્ર ચંદનગીરી અને કેતન ભગોરા સાથે સિવિલ હોસ્પિટલ જાવ છું, તેમ કહી તે સિવિલ હોસ્પિટલે ગયેલો. તે દિવસે લગભગ સાડા આઠ વાગ્યાની આસપાસ સિવિલ હોસ્પિટલથી કોઈએ આ સાહેદના ઘરના લેન્ડલાઈન ઉપર ફોન કરેલો અને જાણ કરેલી કે તમારો દીકરો વિરલગીરી સીરીયસ છે અને સિવિલ હોસ્પિટલ આવી જાવ જેથી આ સાહેદ સિવિલ હોસ્પિટલે ગયેલા અને પાછળ તેમના પત્ની પણ આવી ગયેલા. સિવિલ હોસ્પિટલના ન્યુરોલોજી વિભાગમાં તેમનો દીકરો વિરલગીરી સ્ટ્રેચર પર હતો અને

તે ભાનમાં હતો તેને પુછતા જણાવેલુ કે સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટર આગળ થયેલા બોમ્બ ધડાકામાં મને ઈજા થઈ છે તેનુ શરીર આગથી બળેલું હતુ, હાથ પગ અને માથામાં ઈજાઓ થયેલી હતી. ત્યારબાદ તેમનો દીકરો સાડા ત્રણ વાગે સારવાર દરમ્યાન મરણ પામેલાનું જણાવેલ છે. તેમજ આ બનાવમાં તેમનો દીકરો તથા દીકરાનો મિત્ર કેતન પણ મરણ પામેલાનું જણાવેલ છે.

આ બનાવમાં ડૉ. પ્રેરક આર. શાહને ઈજા થવાના કારણે મરણ પામેલ અને તેઓની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ સાહેદ રમેશભાઈ શામજીભાઈ સાહેદ નં.૪૯૬ નાઓએ જે પંચ સાહેદોની હાજરીમાં કરવામાં આવેલુ તે પંચ સાહેદો પૈકીના પંચ કીરણ ઘનશ્યામભાઈ ઘુવાડને આ કામે સાહેદ નં.૨૨૪ તરીકે આંક–૧૧૭૯થી તપાસેલા છે. તેમની આ ગુજરનાર પુરતી સરતપાસ મુજબ ડૉ. પ્રેરક આર. શાહ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ શાહીબાગ સિવિલ હોસ્પિટલ ટ્રોમા સેન્ટર ખાતે થયેલા બોમ્બ બ્લાસ્ટમાં મૃત્યુ પામેલા. તેમનુ ઈન્કવેસ્ટ પંચનામુ બે પંચોની હાજરીમાં કરવામાં આવેલુ. આ સાહેદને સિવિલ હોસ્પિટલના પી.એમ. રૂમમાં બોલાવવામાં આવ્યા ત્યારે બીજા એક મહેશભાઈ ગોરધનદાસ શાહ પણ હાજર હતા અને ત્યાં એક પુરૂષની લાશ હતી અને તે લાશ રૂષી સુરેશ જૈનનાઓએ ઓળખેલી. લાશ ઉપર આ સાહેદે કપડા જોયેલા અને શરીરના જુદા–જુદા ભાગો પર ઈજાઓ થયેલી હતી. આ લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ આ સાહેદની હાજરીમાં કરવામાં આવેલુ તેમ જણાવે છે. સાહેદ આંક–૧૧૮૦ વાળા પંચનામામાં તેમની સહી ઓળખી બતાવે છે. આ લાશ ઉપરથી ડૉકટરે મેળવેલા કપડા સાહેદ રમેશ શામજીને સુપરત કરેલા અને રમેશ શામજીએ તે કપડા સાહેદ નં.૩૭૬ મનીષ ગોવિંદભાઈની હાજરીમાં આંક–૨૧૭૦નાં પંચનામાથી કબજે કરેલા હતા.

ત્યારબાદ આ કામે ગુજરનાર ડો. પ્રેરક આર. શાહનાઓની લાશનું શબ પરિક્ષણ સિવિલ હોસ્પિટલ ખાતે કરવામાં આવેલુ. શબ પરિક્ષણ કરનાર સાહેદ ડૉ. હરીશકુમાર ત્રિકમદાસ ખુબચંદાણીને સાહેદ નં.૪૧ તરીકે આંક–૬૮૭ થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ મુજબ તા.૨૭/૭/૨૦૦૮

નાં રોજ તેઓ સિવિલ હોસ્પિટલ ખાતે ફરજ પર હતા ત્યારે ઈન્કવેસ્ટ રીપોર્ટ સાથે ડૉ. પ્રેરક આર. શાહનો મૃત દેહ શબ પરિક્ષણ માટે મળેલો. આ મૃતદેહ પુરૂષનો હતો, જેનુ શબ પરીક્ષણ ૩.૩૦ એ.એમ. થી શરૂ કરી ૪.૩૦ એ.એમ.કલાકે પુરૂ કરેલુ. આ શબના શરીર ઉપર કપડાઓ હતા જે લોહીથી ખરડાયેલા હતા તેમજ શરીરના જુદા-જુદા ભાગો ઉપર ઈજાઓ થયેલી હતી તે ઈજાઓ આંક-૬૮૯ વાળી શબ પરિક્ષણ નોટનાં કોલમ નં.૧૭ માં જણાવેલી છે તે પ્રમાણેની ઈજાઓ હતી અને આ સાહેદના અભિપ્રાય પ્રમાણે આ વ્યકિતનુ મૃત્યુ બ્લાસ્ટમાં ઈજા થવાના કારણે થયેલાનો અભિપ્રાય છે. શબ પરિક્ષણ નોટમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ બનાવમાં ડૉ. પ્રેરક આર. શાહને ઈજા થવાના કારણે મરણ પામેલ અને મરણ જનારની સાથે ફરજ ઉપર હાજર ડૉ.તેજશ નરશીભાઈ હઠીલાને સાહેદ નં.૧૦૦૬ તરીકે આંક-૬૯૮૪થી તપાસેલા છે. તેમની સરતપાસ મુજબ તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરમાં ફરજ સવારના ૮.૦૦ થી રાત્રીના ૮.૦૦ વાગ્યા સુધીની હતી. તે દિવસે સિવિલ હોસ્પિટલમાં બીજા પણ રેસીડેન્સ ડૉકટરો ફરજ બજાવતા હતા. આ દિવસે સાંજના સાડા છ વાગ્યા પછી શહેર અમદાવાદમાં બોમ્બ બ્લાસ્ટ થયેલાનું જાણવા મળેલુ. આ બોમ્બ બ્લાસ્ટમાં ઈજા પામેલા પેશન્ટો સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરમાં સાંજે સાત વાગ્યાની આસપાસના અરસામાં લાવવામાં આવતા હતા. તેઓ તથા રેસીડેન્સ ડૉકટરોએ બોમ્બ બ્લાસ્ટમાં ઈજા પામેલા પેશન્ટોની સારવાર ચાલુ કરેલી. ત્યારબાદ રાત્રીના સાડા સાત વાગ્યા પછી ટ્રોમા સેન્ટરની બહારના ભાગે આવેલ સ્લોપ પાસે એક મોટો બોમ્બ ધડાકો થયેલો. ત્યાં ધડાકાના કારણે સિવિલ ટ્રોમા સેન્ટરની બારીઓના કાચ તુટી ગયેલા અને બહારના ભાગે નાસભાગ થયેલી હતી અને ચીસાચીસ થતી હતી. ટ્રોમા સેન્ટરની બહાર થયેલ આ બોમ્બ ધડાકામાં ઘણા લોકોને ઈજા થયેલી અને કેટલાક લોકો મરણ ગયેલાં. આ બોમ્બ ધડાકામાં સિવિલ હોસ્પિટલના રેસીડેન્ટ ડૉકટર પ્રેરક શાહ તથા તેમના ડૉકટર પત્ની કિંજલ શાહ ગુજરી ગયેલાનું જણાવેલ છે. આ

સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા ટ્રોમા સેન્ટર સિવિલ હોસ્પિટલનો એક ભાગ છે તે કબૂલ કરે છે. ટ્રોમા સેન્ટરના બિલ્ડિંગમાં અંદર ગયા પછી ચાર ડગલા ચાલીએ એટલે ટ્રોમા સેન્ટરમાં પ્રવેશવાનો ગેટ છે. ધડાકો થયા પછી ટ્રોમા સેન્ટરની બહાર આવીને ધડાકાવાળી જગ્યા જોયેલી નહીં તેમ જણાવે છે. બારીમાંથી બહાર જે જગ્યા જોયેલી તે પોલીસને જણાવેલી કે કેમ તે યાદ નથી. બ્લાસ્ટમાં જે લોકો ગુજરી ગયા અને જે લોકોને ઈજાઓ થયેલી તે લોકો બ્લાસ્ટ વખતે કયાં હતા તે જાણવા મળેલુ નહીં તેમ જણાવે છે. ટ્રોમા સેન્ટરની બિલ્ડિંગની બારીઓના કાચ તુટી ગયેલા તે સિવાય બિલ્ડિંગને બીજુ કોઈ નુકસાન થયેલુ કે કેમ તે જોયેલુ નહીં. આ સાહેદની ઊલટતપાસ દરમ્યાન આરોપીઓને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત નીકળી આવતી નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ દ્વારા મનોજભાઈ બાબુભાઈ ઠાકોરને સાહેદ નં.૧૫૯ તરીકે આંક–૧૦૩પથી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો જુલાઈ–૨૦૦૮ના અરસામાં તેઓ સિવિલ હોસ્પિટલમાં જરૂર પડે ત્યારે દર્દીઓની સેવા કરવાનું કામ કરતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ આ સાહેદ તેમના બીજા મિત્રોને મળવા ટ્રોમા સેન્ટર પાસે આવેલા અને ત્યાં બેઠેલા હતા ત્યારે લગભગ સાડા સાત વાગ્યાની આસપાસ જાણવા મળેલુ કે અમદાવાદ શહેરના અલગ–અલગ વિસ્તારમાં બોમ્બ બ્લાસ્ટ થયેલા છે અને થોડીવારમાં ઈજા પામનારાઓને લઈને એમ્બ્યુલન્સો આવવા લાગેલી. આ વખતે આ સાહેદ ટ્રોમા સેન્ટરની ધાર પાસેથી વ્હીલ ચેર ઉપર બેસાડીને એક કાકાને અંદર લઈ ગયેલા આ વખતે ટ્રોમા સેન્ટરની નજીક બોમ્બ ફુટેલો તેથી આ સાહેદને હાથમાં પગમાં છરાઓ ઘુસી ગયેલા. ત્યારબાદ આ સાહેદને જાણવા મળેલુ કે આ ધડાકાના કારણે ઘણા બધા માણસો મરી ગયેલા છે જેમાં આ સાહેદ ઓળખતા હતા તેવા ડૉ.પ્રેરક આર. શાહ તથા તેમની પત્ની ગર્ભવતી હોવાથી સોનોગ્રાફી કરાવવા આવેલા હતા તે બંને આ વિસ્ફોટમાં મરણ ગયેલાનું જણાવેલ છે.

આ બનાવમાં રાજકુમાર ઈન્દરચંદ શાહને ઈજા થવાના કારણે મરણ પામેલ અને તેઓની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ સાહેદ હુસેનમીયા જીણુમીયા

સાહેદ નં.૪૭૦ નાઓએ જે પંચ સાહેદોની હાજરીમાં કરવામાં આવેલુ તે પંચ સાહેદો પૈકીના પંચ અરવિંદભાઈ સરેમલ સોનીને આ કામે સાહેદ નં.૨૨૫ તરીકે આંક–૧૧૮૨ થી તપાસેલા છે. તેમની આ ગુજરનાર પુરતી સરતપાસ મુજબ રાજકુમાર ઈન્દરચંદ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ શાહીબાગ સિવિલ હોસ્પિટલ ટ્રોમા સેન્ટર ખાતે થયેલા બોમ્બ બ્લાસ્ટમાં મૃત્યુ પામેલા. તેમનુ ઈન્કવેસ્ટ પંચનામુ બે પંચોની હાજરીમાં કરવામાં આવેલુ. આ સાહેદને સિવિલ હોસ્પિટલના પી.એમ. રૂમમાં બોલાવવામાં આવ્યા ત્યારે બીજા એક નવનીત કનૈયાલાલ કોઠારી પણ હાજર હતા અને ત્યાં એક પુરૂષની લાશ હતી અને તે લાશ રાજેન્દ્ર ભેરૂમલ શાહનાઓએ ઓળખેલી અને તેમને જણાવેલુ કે આ લાશ તેમના ભત્રીજાની છે. લાશ ઉપર આ સાહેદે કપડા જોયેલા અને શરીરના જુદા–જુદા ભાગો પર ઈજાઓ થયેલી હતી. આ લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ આ સાહેદની હાજરીમાં કરવામાં આવેલુ તેમ જણાવે છે. સાહેદ આંક–૧૧૮૩ વાળા પંચનામામાં તેમની સહી ઓળખી બતાવે છે. આ લાશ ઉપરથી ડૉકટરે મેળવેલા કપડા સાહેદ હુસેનમીયા જીણુમીયાને સુપરત કરેલા અને હુસેનમીયા જીણુમીયાએ તે કપડા સાહેદ નં.૩૮૦ પંકજભાઈ છગનભાઈની હાજરીમાં આંક–૨૨૧૦ નાં પંચનામાથી કબજે કરેલા હતા.

ત્યારબાદ બનાવમાં ગુજરનાર રાજકુમાર ઈન્દરચંદ શાહનાઓની લાશનું શબ પરિક્ષણ સિવિલ હોસ્પિટલ ખાતે કરવામાં આવેલુ. શબ પરિક્ષણ કરનાર સાહેદ ડૉ. મનીષ ચીમનલાલ સુતરીયાને સાહેદ નં.૪૦ તરીકે આંક–૬૫૬થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ મુજબ તા.૨૭/૭/–૨૦૦૮ નાં રોજ તેઓ સિવિલ હોસ્પિટલ ખાતે ફરજ પર હતા ત્યારે ઈન્કવેસ્ટ રીપોર્ટ સાથે રાજકુમાર ઈન્દ્રચંદ શાહનો મૃતદેહ શબ પરિક્ષણ માટે મળેલો. આ મૃત દેહ પુરૂષનો હતો, જેનુ શબ પરીક્ષણ ૫.૨૦ એ.એમ. થી શરૂ કરી ૬.૨૫ એ.એમ. કલાકે પુરૂ કરેલુ. આ શબના શરીર ઉપર કપડાઓ હતા જે લોહીથી ખરડાયેલા હતા તેમજ શરીરના જુદા–જુદા ભાગો ઉપર ઈજાઓ થયેલી હતી તે ઈજાઓ આંક–૬૫૮ વાળી શબ પરિક્ષણ નોટનાં કોલમ નં.૧૭ માં જણાવેલી છે

તે પ્રમાણેની ઈજાઓ હતી અને આ સાહેદના અભિપ્રાય પ્રમાણે આ વ્યકિતનુ મૃત્યુ બ્લાસ્ટમાં ઈજા થવાના કારણે થયેલાનો અભિપ્રાય છે. શબ પરિક્ષણ નોટમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ બનાવમાં અજય રજનીકાન્ત ચૌહાણને ઈજા થવાના કારણે મરણ પામેલ અને તેઓની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ સાહેદ રમેશભાઈ શામજીભાઈ સાહેદ નં.૪૯૬ નાઓએ જે પંચ સાહેદોની હાજરીમાં કરવામાં આવેલુ તે પંચ સાહેદો પૈકીના પંચ દિપકકુમાર આત્મારામ ઠાકોરને આ કામે સાહેદ નં.૨૩૬ તરીકે આંક–૧૨૨૭ થી તપાસેલા છે. તેમની સરતપાસ મુજબ અજય રજનીકાન્ત ચૌહાણ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ શાહીબાગ સિવિલ હોસ્પિટલ ટ્રોમા સેન્ટર ખાતે થયેલા બોમ્બ બ્લાસ્ટમાં મૃત્યુ પામેલા. તેમનુ ઈન્કવેસ્ટ પંચનામુ બે પંચોની હાજરીમાં કરવામાં આવેલુ. આ સાહેદને સિવિલ હોસ્પિટલના પી.એમ. રૂમમાં બોલાવવામાં આવ્યા ત્યારે બીજા એક બિપીનભાઈ શર્મા પણ હાજર હતા અને ત્યાં એક પુરૂષની લાશ હતી અને તે લાશ વિજયભાઈ કાળાભાઈ ચૌહાણનાઓએ ઓળખેલી અને તેમને જણાવેલુ કે આ લાશ તેમના ભત્રીજાની છે. લાશ ઉપર આ સાહેદે કપડા જોયેલા અને શરીરના જુદા–જુદા ભાગો પર ઈજાઓ થયેલી હતી. આ લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ આ સાહેદની હાજરીમાં કરવામાં આવેલુ તેમ જણાવે છે. સાહેદ આંક–૧૨૨૮ વાળા પંચનામામાં તેમની સહી ઓળખી બતાવે છે. આ લાશ ઉપરથી ડૉકટરે મેળવેલા કપડા સાહેદ રમેશભાઈ શામજીને સુપરત કરેલા અને રમેશભાઈ શામજીએ તે કપડા સાહેદ નં.૩૮૨ ભરતસિંહ પૃથ્વિસિંહ પરમારની હાજરીમાં આંક–૨૨૨૫ નાં પંચનામાથી કબજે કરેલા હતા.

ત્યારબાદ આ કામે ગુજરનાર અજય રજનીકાન્ત ચૌહાણનાઓની લાશનું શબ પરિક્ષણ સિવિલ હોસ્પિટલ ખાતે કરવામાં આવેલુ. શબ પરિક્ષણ કરનાર સાહેદ ડૉ. વિનાયકરાવ વાસુદેવરાય પાટીલને સાહેદ નં.૩૮ તરીકે આંક–૬૩૯ થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ મુજબ તા.૨૭/૭/–૨૦૦૮ નાં રોજ તેઓ સિવિલ હોસ્પિટલ ખાતે ફરજ પર હતા ત્યારે ઈન્કવેસ્ટ

રીપોર્ટ સાથે અજય રજનીકાન્ત ચૌહાણનો મૃતદેહ શબ પરિક્ષણ માટે મળેલો. આ મૃતદેહ પુરૂષનો હતો, જેનુ શબ પરીક્ષણ ૮.૩૦ એ.એમ.થી શરૂ કરી ૯.૩૦ એ.એમ. કલાકે પુરૂ કરેલુ. આ શબના શરીર ઉપર કપડાઓ હતા જે લોહીથી ખરડાયેલા હતા તેમજ શરીરના જુદા-જુદા ભાગો ઉપર ઈજાઓ થયેલી હતી તે ઈજાઓ આંક-૬૪૨ વાળી શબ પરિક્ષણ નોટનાં કોલમ નં.૧૭ માં જણાવેલી છે તે પ્રમાણેની ઈજાઓ હતી અને આ સાહેદના અભિપ્રાય પ્રમાણે આ વ્યકિતનુ મૃત્યુ બ્લાસ્ટમાં ઈજા થવાના કારણે થયેલાનો અભિપ્રાય છે. શબ પરિક્ષણ નોટમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ બનાવમાં પોપટભાઈ મગનભાઈ પરમારને ઈજા થવાના કારણે મરણ પામેલ અને તેઓની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ સાહેદ અમરસીંગ રૂપસીંગ મોડીયા સાહેદ નં.૪૮૬ નાઓએ જે પંચ સાહેદોની હાજરીમાં કરવામાં આવેલુ તે પંચ સાહેદો પૈકીના પંચ ધૃમીલ નીશીથભાઈ શાહને આ કામે સાહેદ નં.૨૨૮ તરીકે આંક-૧૧૯૦ થી તપાસેલા છે. તેમની સરતપાસ મુજબ પોપટભાઈ મગનભાઈ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ શાહીબાગ સિવિલ હોસ્પિટલ ટ્રોમા સેન્ટર ખાતે થયેલા બોમ્બ બ્લાસ્ટમાં મૃત્યુ પામેલા. તેમનુ ઈન્કવેસ્ટ પંચનામુ બે પંચોની હાજરીમાં કરવામાં આવેલુ. આ સાહેદને સિવિલ હોસ્પિટલના પી.એમ. રૂમમાં બોલાવવામાં આવ્યા ત્યારે બીજા એક પ્રશાંત ધનજીભાઈ પણ હાજર હતા અને ત્યાં એક પુરૂષની લાશ હતી અને તે લાશ હરીશભાઈ મગનભાઈ દરબારનાઓએ ઓળખેલી અને તેમને જણાવેલુ કે આ લાશ તેમના ભાઈની છે. લાશ ઉપર આ સાહેદે કપડા જોયેલા અને શરીરના જુદા-જુદા ભાગો પર ઈજાઓ થયેલી હતી. આ લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ આ સાહેદની હાજરીમાં કરવામાં આવેલુ તેમ જણાવે છે. સાહેદ આંક-૧૧૯૧વાળા પંચનામામાં તેમની સહી ઓળખી બતાવે છે. આ લાશ ઉપરથી ડૉકટરે મેળવેલા કપડા સાહેદ અમરસીંગ રૂપસીંગ મોડીયાને સુપરત કરેલા અને અમરસીંગ રૂપસીંગ મોડીયાએ તે કપડા સાહેદ નં.૩૮૦ પંકજભાઈ છગનભાઈ પટેલની હાજરીમાં આંક-૨૨૧૧ નાં પંચનામાથી કબજે કરેલા હતા.

ત્યારબાદ આ કામે ગુજરનાર પોપટભાઈ મગનભાઈ પરમારનાઓની લાશનું શબ પરિક્ષણ સિવિલ હોસ્પિટલ ખાતે કરવામાં આવેલુ. શબ પરિક્ષણ કરનાર સાહેદ ડૉ. જીગેશ વસંતકુમાર શાહને સાહેદ નં.૩૦ તરીકે આંક–૫૯૧ થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ મુજબ તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ તેઓ સિવિલ હોસ્પિટલ ખાતે ફરજ પર હતા ત્યારે ઈન્કવેસ્ટ રીપોર્ટ સાથે પોપટભાઈ મગનભાઈ પરમારનો મૃતદેહ શબ પરિક્ષણ માટે મળેલો. આ મૃતદેહ પુરૂષનો હતો, જેનુ શબ પરીક્ષણ ૬.૩૦ એ.એમ. થી શરૂ કરી ૭.૩૦ એ.એમ. કલાકે પુરૂ કરેલુ. આ શબના શરીર ઉપર કપડાઓ હતા જે લોહીથી ખરડાયેલા હતા તેમજ શરીરના જુદા–જુદા ભાગો ઉપર ઈજાઓ થયેલી હતી તે ઈજાઓ આંક–૫૯૪ વાળી શબ પરિક્ષણ નોટનાં કોલમ નં.૧૭ માં જણાવેલી છે તે પ્રમાણેની ઈજાઓ હતી અને આ સાહેદના અભિપ્રાય પ્રમાણે આ વ્યકિતનુ મૃત્યુ બ્લાસ્ટમાં ઈજા થવાના કારણે થયેલાનો અભિપ્રાય છે. શબ પરિક્ષણ નોટમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ બનાવમાં સુમીત રમેશભાઈ ગજેરાને ઈજા થવાના કારણે મરણ પામેલ અને તેઓની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ સાહેદ દલસંગભાઈ ગોવિંદભાઈ ચૌધરી સાહેદ નં.૭૦૭ નાઓએ જે પંચ સાહેદોની હાજરીમાં કરવામાં આવેલુ તે પંચ સાહેદો પૈકીના પંચ સંજય કનુભાઈ પટેલને આ કામે સાહેદ નં.૨૩૫ તરીકે આંક–૧૨૨૫થી તપાસેલા છે. તેમની સરતપાસ મુજબ સુમીતભાઇ રમેશભાઇ ગજેરા તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ શાહીબાગ સિવિલ હોસ્પિટલ ટ્રોમા સેન્ટર ખાતે થયેલા બોમ્બ બ્લાસ્ટમાં મૃત્યુ પામેલા. તેમનુ ઈન્કવેસ્ટ પંચનામુ બે પંચોની હાજરીમાં કરવામાં આવેલુ. આ સાહેદને સિવિલ હોસ્પિટલના પી.એમ. રૂમમાં બોલાવવામાં આવ્યા ત્યારે બીજા એક મનુભાઈ સેલરીયા પણ હાજર હતા અને ત્યાં એક પુરૂષની લાશ હતી અને તે લાશ દિલીપભાઈ હરીભાઈનાઓએ ઓળખેલી. લાશ ઉપર આ સાહેદે કપડા જોયેલા અને શરીરના જુદા–જુદા ભાગો પર ઈજાઓ થયેલી હતી. આ લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ આ સાહેદની હાજરીમાં

કરવામાં આવેલુ તેમ જણાવે છે. સાહેદ આંક–૧૨૨૬ વાળા પંચનામામાં તેમની સહી ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ કામે ગુજરનાર સુમીત રમેશભાઈ ગજેરાનાઓની લાશનું શબ પરિક્ષણ સિવિલ હોસ્પિટલ ખાતે કરવામાં આવેલુ. શબ પરિક્ષણ કરનાર સાહેદ ડૉ. મનીષ ચીમનલાલ સુતરીયાને સાહેદ નં.૪૦ તરીકે આંક–૬૫૬થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ મુજબ તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ તેઓ સિવિલ હોસ્પિટલ ખાતે ફરજ પર હતા ત્યારે ઈન્કવેસ્ટ રીપોર્ટ સાથે સુમીત રમેશભાઈ ગજેરાનો મૃત દેહ શબ પરિક્ષણ માટે મળેલો. આ મૃતદેહ પુરૂષનો હતો, જેનુ શબ પરીક્ષણ ૭.૦૦ એ.એમ.થી શરૂ કરી ૮.૩૦ એ.એમ. કલાકે પુરૂ કરેલુ. આ શબના શરીર ઉપર કપડાઓ હતા જે લોહીથી ખરડાયેલા હતા તેમજ શરીરના જુદા–જુદા ભાગો ઉપર ઈજાઓ થયેલી હતી તે ઈજાઓ આંક–૬૫૯ વાળી શબ પરિક્ષણ નોટનાં કોલમ નં.૧૭ મા જણાવેલી છે તે પ્રમાણેની ઈજાઓ હતી અને આ સાહેદના અભિપ્રાય પ્રમાણે આ વ્યકિતનુ મૃત્યુ બ્લાસ્ટમાં ઈજા થવાના કારણે થયેલાનો અભિપ્રાય છે. શબ પરિક્ષણ નોટમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ બનાવમાં કામે ડૉ.કિંજલ પ્રેરક શાહને ઈજા થવાના કારણે મરણ પામેલ અને તેઓની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ સાહેદ રમેશભાઈ શામજીભાઈ સાહેદ નં.૪૯૬નાઓએ જે પંચ સાહેદોની હાજરીમાં કરવામાં આવેલુ તે પંચ સાહેદો પૈકીના પંચ કિરણભાઈ ઘનશ્યામભાઈ ઘુવાડને આ કામે સાહેદ નં.૨૨૪ તરીકે આંક–૧૧૭૯ થી તપાસેલા છે. તેમની આ ગુજરનાર પુરતી સરતપાસ મુજબ ડૉ. કિંજલ પ્રેરક શાહ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ શાહીબાગ સિવિલ હોસ્પિટલ ટ્રોમા સેન્ટર ખાતે થયેલા બોમ્બ બ્લાસ્ટમાં મૃત્યુ પામેલા. તેમનુ ઈન્કવેસ્ટ પંચનામુ બે પંચોની હાજરીમાં કરવામાં આવેલુ. આ સાહેદને સિવિલ હોસ્પિટલના પી.એમ. રૂમમાં બોલાવવામાં આવ્યા ત્યારે બીજા એક મહેશભાઈ ગોરધનદાસ શાહ પણ હાજર હતા અને ત્યાં એક સ્ત્રીની લાશ હતી અને તે લાશ રૂષી સુરેશ જૈનનાઓએ ઓળખેલી. લાશ ઉપર આ સાહેદે કપડા

જોયેલા અને શરીરના જુદા–જુદા ભાગો પર ઈજાઓ થયેલી હતી. આ લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ આ સાહેદની હાજરીમાં કરવામાં આવેલુ તેમ જણાવે છે. સાહેદ આંક–૧૧૮૧ વાળા પંચનામામાં તેમની સહી ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ કામે ગુજરનાર ડો.કિંજલ પ્રેરક શાહનાઓની લાશનું શબ પરિક્ષણ સિવિલ હોસ્પિટલ ખાતે કરવામાં આવેલુ. શબ પરિક્ષણ કરનાર સાહેદ ડૉ. મનીષ ચીમનલાલ સુતરીયાને સાહેદ નં.૪૦ તરીકે આંક–૬૫૬થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ મુજબ તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ તેઓ સિવિલ હોસ્પિટલ ખાતે ફરજ પર હતા ત્યારે ઈન્કવેસ્ટ રીપોર્ટ સાથે ડૉ.કિંજલ પ્રેરક શાહનો મૃત દેહ શબ પરિક્ષણ માટે મળેલો. આ મૃતદેહ સ્ત્રીનો હતો, જેનુ શબ પરીક્ષણ ૪.૦૦ એ.એમ. થી શરૂ કરી ૫.૩૦ એ.એમ. કલાકે પુરૂ કરેલુ. આ શબના શરીર ઉપર કપડાઓ હતા જે લોહીથી ખરડાયેલા હતા તેમજ શરીરના જુદા–જુદા ભાગો ઉપર ઈજાઓ થયેલી હતી તે ઈજાઓ આંક–૬૬૨ વાળી શબ પરિક્ષણ નોટનાં કોલમ નં.૧૭ માં જણાવેલી છે તે પ્રમાણેની ઈજાઓ હતી અને આ સાહેદના અભિપ્રાય પ્રમાણે આ વ્યકિતનુ મૃત્યુ બ્લાસ્ટમાં ઈજા થવાના કારણે થયેલાનો અભિપ્રાય છે. શબ પરિક્ષણ નોટમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ બનાવમાં કેતનકુમાર સુરેન્દ્રકુમાર ભગોરાને ઈજા થવાના કારણે મરણ પામેલ અને તેઓની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ સાહેદ દિનશ વાલજીભાઈ વાઘેલા સાહેદ નં.૪૭૯ નાઓએ જે પંચ સાહેદોની હાજરીમાં કરવામાં આવેલુ તે પંચ સાહેદો પૈકીના પંચ હર્ષદ રણછોડભાઈ પટેલને આ કામે સાહેદ નં.૨૨૩ તરીકે આંક–૧૧૭૨ થી તપાસેલા છે. તેમની સરતપાસ મુજબ કેતનકુમાર સુરેન્દ્રકુમાર ભગોરા તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ શાહીબાગ સિવિલ હોસ્પિટલ ટ્રોમા સેન્ટર ખાતે થયેલા બોમ્બ બ્લાસ્ટમાં મૃત્યુ પામેલા. તેમનુ ઈન્કવેસ્ટ પંચનામુ બે પંચોની હાજરીમાં કરવામાં આવેલુ. આ સાહેદને સિવિલ હોસ્પિટલના પી.એમ. રૂમમાં બોલાવવામાં આવ્યા ત્યારે બીજા એક ઉર્વિલ ઈન્દ્રવદન પટેલ પણ હાજર હતા અને ત્યાં એક પુરૂષની લાશ હતી જે ૩૫ થી ૪૦ વર્ષની હતી

અને તે લાશ રાજુસીંગ સ્વરાજસીંગ રાજપુતનાઓએ ઓળખેલી. લાશ ઉપર આ સાહેદે કપડા જોયેલા જે બળેલા હતા અને શરીરના જુદા–જુદા ભાગો પર ઈજાઓ થયેલી હતી. આ લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ આ સાહેદની હાજરીમાં કરવામાં આવેલુ તેમ જણાવે છે. સાહેદ આંક–૧૧૭૩ વાળા પંચનામામાં તેમની સહી ઓળખી બતાવે છે. આ લાશ ઉપરથી ડૉકટરે મેળવેલા કપડા સાહેદ દિનેશભાઈ વાલજીભાઈને સુપરત કરેલા અને દિનેશભાઈ વાલજીભાઈએ તે કપડા સાહેદ નં.૩૮૩ ચુન્નુભાઈ ઘનશ્યામભાઈની હાજરીમાં આંક–૨૨૩૩ નાં પંચનામાથી કબજે કરેલા હતા.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ દ્વારા નારણભાઈ થાવરાભાઈ ભગોરાનાઓને સાહેદ નં.૪૧૬ તરીકે આંક–૨૩૬૬ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ ક્રાઈમ બ્રાન્ચ પોલીસે આ સાહેદને તથા બીજા એક કનુભાઈ રૂપાભાઈને સિવિલ હોસ્પિટલના પી.એમ. રૂમમાં બોલાવેલા અને પંચમાં રહેવાની સમજ કરેલી. ત્યાં એક પોલીસ કોન્સ્ટેબલ દિનેશભાઈએ એક કાળા કલરનું લોહીથી ખરડાયેલુ બનીયન, સફેદ કલરનો લોહીથી ખકડાયેલો હાથ રૂમાલ તેમજ છીકણી કલરનો બળેલો જાંગીયો અને એક વાદળી કલરનું જીન્સનું પેન્ટ બળી ગયેલુ. આ વસ્તુઓ ત્યાં હાજર એક ઈસમ હસમુખભાઈ ખરાડીએ ઓળખી બતાવેલી અને આ વસ્તુઓ તેમના સગા મરણ જનાર કેતનકુમાર સુરેન્દ્રકુમાર ભગોરાની હતી તેમ જણાવેલુ. આ કપડા પોલીસે પંચનામુ કરી કબજે કરેલા. આંક–૨૩૬૭ વાળા પંચનામામાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આ જ ગુજરનાર કેતનકુમાર સુરેન્દ્રકુમાર ભગોરાની લાશની ઓળખ અંગેનુ પંચનામુ સાહેદ નં.૧૦૦૦ હરીશકુમાર રણછોડલાલ મુલીયાણાનાઓએ કરેલુ છે.

ત્યારબાદ આ કામે ગુજરનાર કેતનકુમાર સુરેન્દ્રકુમાર ભગોરાનાઓની લાશનું શબ પરિક્ષણ સિવિલ હોસ્પિટલ ખાતે કરવામાં આવેલુ. શબ પરિક્ષણ કરનાર સાહેદ ડૉ. જગદીપ છનાલાલ જાદવને સાહેદ નં.૩૧ તરીકે આંક–પલ્પથી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ મુજબ

તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ તેઓ સિવિલ હોસ્પિટલ ખાતે ફરજ પર હતા ત્યારે ઈન્કવેસ્ટ રીપોર્ટ સાથે કેતનકુમાર સુરેન્દ્રકુમાર ભગોરાનો મૃતદેહ શબ પરિક્ષણ માટે મળેલો. આ મૃતદેહ પુરૂષનો હતો, જેનુ શબ પરીક્ષણ ૧.૪૫ એ.એમ. થી શરૂ કરી ૩.૦૦ એ.એમ. કલાકે પુરૂ કરેલુ. આ શબના શરીર ઉપર કપડાઓ હતા જે લોહીથી ખરડાયેલા હતા તેમજ શરીરના જુદા-જુદા ભાગો ઉપર ઈજાઓ થયેલી હતી તે ઈજાઓ આંક-૫૯૬વાળી શબ પરિક્ષણ નોટનાં કોલમ નં.૧૭ માં જણાવેલી છે તે પ્રમાણેની ઈજાઓ હતી અને આ સાહેદના અભિપ્રાય પ્રમાણે આ વ્યકિતનુ મૃત્યુ બ્લાસ્ટમાં ઈજા થવાના કારણે થયેલાનો અભિપ્રાય છે. શબ પરિક્ષણ નોટમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ બનાવમાં પરસોત્તમભાઈ મોહનભાઈ પટેલને ઈજા થવાના કારણે મરણ પામેલ અને તેઓની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ સાહેદ આત્મારામ જેઠાભાઈ ચાવડાનાઓએ કરેલુ તેઓને સાહેદ નં.૪૮૦ તરીકે આંક-૨૮૯૦થી તપાસેલા છે. તેમની સરતપાસ મુજબ શાહીબાગ પોલીસ સ્ટેશનમાં સને ૨૦૦૫ થી ૨૦૦૮ દરમ્યાન પોલીસ સબઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેઓ ફરજ પર હતા ત્યારે સીનીયર પોલીસ ઈન્સ્પેકટર પરમારે અમદાવાદ શહેરના વિવિધ વિસ્તારોમાં થયેલા બોમ્બ બ્લાસ્ટ અનુસંધાને સિવિલ હોસ્પિટલ અને રાજસ્થાન હોસ્પિટલ વિસ્તારમાં પેટ્રોલીંગ કરવા સુચના આપેલી અને આ સાહેદ પોલીસ કોન્સ્ટેબલ કોદરભાઈ જીવાભાઈ તથા બીજા માણસો સાથે પેટ્રોલીંગમાં હતા ત્યારે સિવિલ હોસ્પિટલમાંથી અવાજ આવ્યાની જાણ થતા સિવિલ હોસ્પિટલે પહોંચેલા ત્યાં જઈને જોયુ તો લોકોના ટોળા નાસભાગ કરતા હતા. ત્યાં ટ્રોમા સેન્ટર પાસે બોમ્બ ધડાકો થયેલો હોવાથી જમીન ઉપર લોહી તથા માસના ટુકડા તથા માણસોની લાશો પડેલી જોયેલી. ત્યાં આગળ નજીકમાં ઝાડને પણ આગ લાગેલી હતી, ઈજા પામનાર લોકો ચીસાચીસ કરતા હતા. ત્યારબાદ આ જગ્યાને સુરક્ષીત રાખવાની કામગીરીમાં જોડાયેલા. બીજા દિવસે તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ પોલીસ ઈન્સ્પેકટરની સુચનાથી પી.એમ. રૂમ ખાતે ગયેલા અને ત્યાં મરણ જનાર હિંમતભાઈ

કાનજીભાઈ ગોહિલની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ કરવાનુ હોવાથી બે પંચોને બોલાવેલા અને તેમને સમજ આપેલી મરણ જનારની લાશ તેમના સગા ચંદુભાઈ કાળીદાસે ઓળખી બતાવેલી અને મરણ જનારનું ઈન્કવેસ્ટ પંચનામુ કરેલુ. જે આંક–૧૨૪૨ થી રજૂ કરેલ છે જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

ત્યારબાદ તે જ દિવસે આ બનાવમાં મરણ જનાર પરેશ કરશનદાસ પંચાલની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ કરવાનુ હોવાથી બે પંચોને બોલાવેલા અને તેમને સમજ આપેલી મરણ જનારની લાશ તેમના સગા રાજેશ કરશનદાસે ઓળખી બતાવેલી અને મરણ જનારનું ઈન્કવેસ્ટ પંચનામુ કરેલુ. જે આંક–૧૨૧૦ થી રજૂ કરેલ છે જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

ત્યારબાદ તે જ દિવસે આ બનાવમાં મરણ જનાર પરષોત્તમ મોહનભાઈ પટેલની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ કરવાનુ હોવાથી બે પંચોને બોલાવેલા અને તેમને સમજ આપેલી મરણ જનારની લાશ તેમના સગા છગનભાઈ મોહનભાઈએ ઓળખી બતાવેલી અને મરણ જનારનું ઈન્કવેસ્ટ પંચનામુ કરેલુ. જે આંક–૧૨૩૬ થી રજૂ કરેલ છે જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

ત્યારબાદ તે જ દિવસે આ બનાવમાં મરણ જનાર મોહન અશ્વિનભાઈ પટેલની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ કરવાનુ હોવાથી બે પંચોને બોલાવેલા અને તેમને સમજ આપેલી મરણ જનારની લાશ તેમના સગા પરષોત્તમ મોહનભાઈએ ઓળખી બતાવેલી અને મરણ જનારનું ઈન્કવેસ્ટ પંચનામુ કરેલુ. જે આંક–૧૨૩૮ થી રજૂ કરેલ છે જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

ત્યારબાદ તે જ દિવસે આ બનાવમાં મરણ જનાર શ્રધ્ધા અશ્વિનભાઈ પટેલની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ કરવાનુ હોવાથી બે પંચોને બોલાવેલા અને તેમને સમજ આપેલી મરણ જનારની લાશ તેમના સગા છગનભાઈ મોહનભાઈએ ઓળખી બતાવેલી અને મરણ જનારનું ઈન્કવેસ્ટ

પંચનામુ કરેલુ. જે આંક–૧૨૩૭ થી રજૂ કરેલ છે જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

ત્યારબાદ તા.૨૯/૭/૨૦૦૮ નાં રોજ આ સાહેદ ફરજ પર હતા ત્યારે તેમને મળેલી સુચનાના આધારે તેઓ રાજસ્થાન હોસ્પિટલના આઈ.સી.યુ. વોર્ડમાં ગયેલા અને ત્યાં બોમ્બ બ્લાસ્ટમાં ઈજા પામી મરણ જનાર જયેશકુમાર ભગવતીપ્રસાદની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ કરવાનુ હોવાથી બે પંચોને બોલાવેલા અને તેમને સમજ આપેલી મરણ જનારની લાશ તેમના સગા દિલીપકુમાર ભગવતીપ્રસાદે ઓળખી બતાવેલી અને મરણ જનારનું ઈન્કવેસ્ટ પંચનામુ કરેલુ. જે આંક–૧૨૮૫ થી રજૂ કરેલ છે જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ બનાવમાં પરસોત્તમભાઈ મોહનભાઈ પટેલને ઈજા થવાના કારણે મરણ પામેલ અને તેઓની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ સાહેદ આત્મારામ ચાવડા સાહેદ નં.૪૮૦ નાઓએ જે પંચ સાહેદોની હાજરીમાં કરવામાં આવેલુ તે પંચ સાહેદો પૈકીના પંચ અલ્પેશ સ્ટીફન ક્રિશ્ચિયનને આ કામે સાહેદ નં.૨૩૯ તરીકે આંક–૧૨૩૫ થી તપાસેલા છે. તેમની સરતપાસ મુજબ પરસોત્તમભાઈ મોહનભાઈ પટેલ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ શાહીબાગ સિવિલ હોસ્પિટલ ટ્રોમા સેન્ટર ખાતે થયેલા બોમ્બ બ્લાસ્ટમાં મૃત્યુ પામેલા. તેમનુ ઈન્કવેસ્ટ પંચનામુ બે પંચોની હાજરીમાં કરવામાં આવેલુ. આ સાહેદને સિવિલ હોસ્પિટલના પી.એમ. રૂમમાં બોલાવવામાં આવ્યા ત્યારે બીજા એક વિષ્ણુભાઈ પણ હાજર હતા અને ત્યાં એક પુરૂષની લાશ હતી અને તે લાશ છગનભાઈ મોહનભાઈનાઓએ તેમના ભાઈ તરીકે ઓળખેલી. લાશ ઉપર આ સાહેદે કપડા જોયેલા જે બળેલા હતા અને શરીરના જુદા–જુદા ભાગો પર ઈજાઓ થયેલી હતી. આ લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ આ સાહેદની હાજરીમાં કરવામાં આવેલુ તેમ જણાવે છે. સાહેદ આંક–૧૨૩૬ વાળા પંચનામામાં તેમની સહી ઓળખી બતાવે છે.

આ બનાવમાં મરનાર પરસોત્તમભાઈ મોહનભાઈ પટેલના ભાઈ છગનભાઈ મોહનભાઈ પટેલને સાહેદ નં.૭૪૦ તરીકે આંક–૩૫૨૭ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લેતા તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેમનો નાનો ભાઈ પરષોત્તમ તથા તેમનો પુત્રો અશ્વિનનો છોકરો રોહન કે જેની ઉંમર ૧૦ વર્ષ હતી તે તથા અશ્વિનભાઈની છોકરી શ્રધ્ધા કે જેની ઉંમર ૮ વર્ષની હતી. તેઓ રાતના સમયે ભાભી ચંપાબેનને સિવિલ હોસ્પિટલમાં ટિફિન આપવા ગયેલા અને ત્યાંથી તેઓ પરત આવેલ નથી તેવુ જાણવા મળતા. આ સાહેદ સિવિલ હોસ્પિટલે ગયેલા ત્યાં જઈને તપાસ કરતા ટ્રોમા સેન્ટર પાસે બોમ્બ ધડાકો થયેલાનું જાણવા મળેલુ. ત્યારબાદ તપાસ કરતા તેમના ભાઈની લાશ સિવિલ હોસ્પિટલના પી.એમ. રૂમમાં પડેલી જોયેલી. તેમના ભાઈ પરસોત્તમભાઈને શરીરે ઈજાઓ થયેલી હતી, માસના લોચા ત્યાં પડેલા હતા. લાશ પાસે પડેલા પગ જોતા એક પગ તેમના ભાઈ પરસોત્તમના દીકરા અશ્વિનનો છોકરો રોહનનો તથા શ્રધ્ધાની લાશ પડેલી હતી તે પંચો રૂબરૂ ઓળખેલી તેમ જણાવે છે.

ત્યારબાદ આ કામે ગુજરનાર પરસોત્તમભાઈ મોહનભાઈ પટેલનાઓની લાશનું શબ પરિક્ષણ સિવિલ હોસ્પિટલ ખાતે કરવામાં આવેલુ. શબ પરિક્ષણ કરનાર સાહેદ ડૉ. ધર્મેશ એસ. પટેલને સાહેદ નં.૩૬ તરીકે આંક–૬૨૧ થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ મુજબ તા.૨૮/૭/૨૦૦૮ નાં રોજ તેઓ સિવિલ હોસ્પિટલ ખાતે ફરજ પર હતા ત્યારે ઈન્કવેસ્ટ રીપોર્ટ સાથે પરસોત્તમભાઈ મોહનભાઈ પટેલનો મૃત દેહ શબ પરિક્ષણ માટે મળેલો. આ મૃતદેહ પુરૂષનો હતો, જેનુ શબ પરીક્ષણ ૧૦.૩૦ એ.એમ. થી શરૂ કરી ૧.૦૦ પી.એમ.એ પુરૂ કરેલુ. આ શબના શરીર ઉપર કપડાઓ હતા જે લોહીથી ખરડાયેલા હતા તેમજ શરીરના જુદા–જુદા ભાગો ઉપર ઈજાઓ થયેલી હતી તે ઈજાઓ આંક–૬૨૨ વાળી શબ પરિક્ષણ નોટનાં કોલમ નં.૧૭ માં જણાવેલી છે તે પ્રમાણેની ઈજાઓ હતી અને આ સાહેદના અભિપ્રાય પ્રમાણે આ વ્યકિતનુ મૃત્યુ બ્લાસ્ટમાં ઈજા થવાના કારણે થયેલાનો અભિપ્રાય છે. શબ પરિક્ષણ નોટમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ બનાવમાં હિંમતભાઈ કાન્તીભાઈ ગોહીલને ઈજા થવાના કારણે મરણ પામેલ અને તેઓની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ સાહેદ આત્મારામ ચાવડા સાહેદ નં.૪૮૦ નાઓએ જે પંચ સાહેદોની હાજરીમાં કરવામાં આવેલુ તે પંચ સાહેદો પૈકીના પંચ પ્રધાનજી અનારજી ઠાકોરને આ કામે સાહેદ નં.૨૪૧ તરીકે આંક–૧૨૪૧ થી તપાસેલા છે. તેમની સરતપાસ મુજબ હિંમતભાઈ કાન્તીભાઈ ગોહીલ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ શાહીબાગ સિવિલ હોસ્પિટલ ટ્રોમા સેન્ટર ખાતે થયેલા બોમ્બ બ્લાસ્ટમાં મૃત્યુ પામેલા. તેમનુ ઈન્કવેસ્ટ પંચનામુ બે પંચોની હાજરીમાં કરવામાં આવેલુ. આ સાહેદને સિવિલ હોસ્પિટલના પી.એમ. રૂમમાં બોલાવવામાં આવ્યા ત્યારે બીજા એક કમલેશભાઈ પરમાર પણ હાજર હતા અને ત્યાં એક પુરૂષની લાશ હતી અને તે લાશ ચંદુભાઈ કાળીદાસનાઓએ તેમના ભત્રીજા તરીકે ઓળખેલી. લાશ ઉપર આ સાહેદે કપડા જોયેલા જે બળેલા હતા અને શરીરના જુદા–જુદા ભાગો પર ઈજાઓ થયેલી હતી. આ લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ આ સાહેદની હાજરીમાં કરવામાં આવેલુ તેમ જણાવે છે. સાહેદ આંક–૧૨૪૨વાળા પંચનામામાં તેમની સહી ઓળખી બતાવે છે.

આ બનાવમાં મરનાર હિંમતભાઈ કાન્તીભાઈ ગોહીલના સગા રાવજીભાઈ મંગળભાઈ ચૌહાણને સાહેદ નં.૧૮૭ તરીકે આંક–૧૦૮૨ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લેતા જુલાઈ ૨૦૦૮ માં તેઓ ટ્રોમા સેન્ટરમાં સાફસફાઈ અને બીજુ પરચુરણ કામ કરતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ અમદાવાદમાં જુદા–જુદા વિસ્તારમાં બોમ્બ ધડાકા થયેલા હોવાથી ઈજા પામનારાઓને સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરમાં લાવવામાં આવતા હતા. લગભગ પોણા આઠ વાગ્યાની આસપાસ એક એમ્બ્યુલન્સ ટ્રોમા સેન્ટર પાસે આવેલી તે વખતે બીજા કર્મચારી મહેશભાઈ તથા હિંમતભાઈનાઓ દર્દીને સ્ટ્રેચર ઉપર લઈ ગયેલા અને આ સાહેદ ઓછી ઈજા થયેલા દર્દીને લઈને પગથીયા તરફ ચાલવા લાગેલા ત્યાં બે ડૉકટરો પણ હાજર હતા. ત્યારે એકદમ લાલચોળ ધુમાડા જેવુ વાતાવરણ ઉભુ થયેલુ લોકોની ચીચીયારીઓ તથા બુમબરાડા

સંભળાયેલા, અફડા તફડી તથા ભાગમદોડ મચેલી. આ સાહેદને ઘણી ઈજાઓ થયેલી હોવાનું જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ગુજરનાર હિંમતભાઈ કાન્તીભાઈ ગોહીલનાઓની લાશનું શબ પરિક્ષણ સિવિલ હોસ્પિટલ ખાતે કરવામાં આવેલુ. શબ પરિક્ષણ કરનાર સાહેદ ડૉ. ભાવીન શ્યામલાલ શાહને સાહેદ નં.૩૫ તરીકે આંક–૬૧૬ થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ મુજબ તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ તેઓ સિવિલ હોસ્પિટલ ખાતે ફરજ પર હતા ત્યારે ઈન્કવેસ્ટ રીપોર્ટ સાથે હિંમતભાઈ કાન્તીભાઈ ગોહીલનો મૃતદેહ શબ પરિક્ષણ માટે મળેલો. આ મૃતદેહ પુરૂષનો હતો, જેનુ શબ પરીક્ષણ ૪.૦૦ પી.એમ.થી શરૂ કરી ૫.૩૦ પી.એમ.એ પુરૂ કરેલુ. આ શબના શરીર ઉપર કપડાઓ હતા જે લોહીથી ખરડાયેલા હતા તેમજ શરીરના જુદા–જુદા ભાગો ઉપર ઈજાઓ થયેલી હતી તે ઈજાઓ આંક–૬૧૯ વાળી શબ પરિક્ષણ નોટનાં કોલમ નં.૧૭ માં જણાવેલી છે તે પ્રમાણેની ઈજાઓ હતી અને આ સાહેદના અભિપ્રાય પ્રમાણે આ વ્યકિતનુ મૃત્યુ બ્લાસ્ટમાં ઈજા થવાના કારણે થયેલાનો અભિપ્રાય છે. શબ પરિક્ષણ નોટમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ બનાવમાં સુરેશ નાગરભાઈ દાતણીયાને ઈજા થવાના કારણે મરણ પામેલ અને તેઓની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ સાહેદ બાબુભાઈ જીવાભાઈ સડાત સાહેદ નં.૫૪૫ નાઓએ જે પંચ સાહેદોની હાજરીમાં કરવામાં આવેલુ તે પંચ સાહેદો પૈકીના પંચ મનીષ ગણપત દંતાણીને આ કામે સાહેદ નં.૨૪૫ તરીકે આંક–૧૨૬૦થી તપાસેલા છે. તેમની સરતપાસ મુજબ સુરેશ નાગરભાઈ દાતણીયા તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ શાહીબાગ સિવિલ હોસ્પિટલ ટ્રોમા સેન્ટર ખાતે થયેલા બોમ્બ બ્લાસ્ટમાં મૃત્યુ પામેલા. તેમનુ ઈન્કવેસ્ટ પંચનામુ બે પંચોની હાજરીમાં કરવામાં આવેલુ. આ સાહેદને સિવિલ હોસ્પિટલના પી.એમ. રૂમમાં બોલાવવામાં આવ્યા ત્યારે બીજા એક વિષ્ણુભાઈ અમરતલાલ દંતાણી પણ હાજર હતા અને ત્યાં એક પુરૂષની લાશ હતી અને તે લાશ શૈલેષ વિનોદભાઈ દંતાણીનાઓએ તેમના મામા તરીકે ઓળખેલી. લાશ ઉપર આ

સાહેદે કપડા જોયેલા જે બળેલા હતા અને શરીરના જુદા-જુદા ભાગો પર ઈજાઓ થયેલી હતી. આ લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ આ સાહેદની હાજરીમાં કરવામાં આવેલુ તેમ જણાવે છે. સાહેદ આંક-૧૨૬૧વાળા પંચનામામાં તેમની સહી ઓળખી બતાવે છે. આ લાશ ઉપરથી ડૉકટરે મેળવેલા કપડા સાહેદ બાબુભાઈ જીવાભાઈને સુપરત કરેલા અને બાબુભાઈ જીવાભાઈએ તે કપડા સાહેદ નં.૩૮૪ સુરેશભાઈ નાગરભાઈ દાતણીયાની હાજરીમાં આંક-૨૨૪૧નાં પંચનામાથી કબજે કરેલા હતા.

ત્યારબાદ આ કામે ગુજરનાર સુરેશ નાગરભાઈ દાતણીયાનાઓની લાશનું શબ પરિક્ષણ સિવિલ હોસ્પિટલ ખાતે કરવામાં આવેલુ. શબ પરિક્ષણ કરનાર સાહેદ ડૉ. વિનાયકરાવ વાસુદેવરાય પાટીલને સાહેદ નં.૩૮ તરીકે આંક-૬૩૯થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ મુજબ તા.૨૭/૭/-૨૦૦૮ નાં રોજ તેઓ સિવિલ હોસ્પિટલ ખાતે ફરજ પર હતા ત્યારે ઈન્કવેસ્ટ રીપોર્ટ સાથે સુરેશ નાગરભાઈ દાતણીયાનો મૃત દેહ શબ પરિક્ષણ માટે મળેલો. આ મૃતદેહ પુરૂષનો હતો, જેનુ શબ પરીક્ષણ ૧૦.૦૦ એ.એમ. થી શરૂ કરી ૧૧.૦૦ એ.એમ. કલાકે પુરૂ કરેલુ. આ શબના શરીર ઉપર કપડાઓ હતા જે બળી ગયેલા હતા અને લોહીથી ખરડાયેલા હતા તેમજ શરીરના જુદા-જુદા ભાગો ઉપર ઈજાઓ થયેલી હતી તે ઈજાઓ આંક-૬૪૩ વાળી શબ પરિક્ષણ નોટનાં કોલમ નં.૧૭ માં જણાવેલી છે તે પ્રમાણેની ઈજાઓ હતી અને આ સાહેદના અભિપ્રાય પ્રમાણે આ વ્યકિતનુ મૃત્યુ બ્લાસ્ટમાં ઈજા થવાના કારણે થયેલાનો અભિપ્રાય છે. શબ પરિક્ષણ નોટમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ બનાવમાં જશવંતભાઈ રણછોડભાઈ પટેલને ઈજા થવાના કારણે મરણ પામેલ અને તેઓની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ સાહેદ બાબુભાઈ જીવાભાઈ સડાત સાહેદ નં.૫૪૫ નાઓએ જે પંચ સાહેદોની હાજરીમાં કરવામાં આવેલુ તે પંચ સાહેદો પૈકીના પંચ નલીન જનકકુમાર પટેલને આ કામે સાહેદ નં.૨૨૯ તરીકે આંક-૧૧૯૨ થી તપાસેલા છે. તેમની આ ગુજરનાર પુરતી

સરતપાસ મુજબ જશવંતભાઈ રણછોડભાઈ પટેલ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ શાહીબાગ સિવિલ હોસ્પિટલ ટ્રોમા સેન્ટર ખાતે થયેલા બોમ્બ બ્લાસ્ટમાં મૃત્યુ પામેલા. તેમનુ ઈન્કવેસ્ટ પંચનામુ બે પંચોની હાજરીમાં કરવામાં આવેલુ. આ સાહેદને સિવિલ હોસ્પિટલના પી.એમ. રૂમમાં બોલાવવામાં આવ્યા ત્યારે બીજા એક જશવંતભાઈ શાંતિલાલ બારોટ પણ હાજર હતા અને ત્યાં એક પુરૂષની લાશ હતી અને તે લાશ દિનેશભાઈ રણછોડભાઈ પટેલનાઓએ તેમના ભાઈ તરીકે ઓળખેલી. લાશ ઉપર આ સાહેદે કપડા જોયેલા જે બળેલા હતા અને શરીરના જુદા-જુદા ભાગો પર ઈજાઓ થયેલી હતી. આ લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ આ સાહેદની હાજરીમાં કરવામાં આવેલુ તેમ જણાવે છે. સાહેદ આંક-૧૧૯૩ વાળા પંચનામામાં તેમની સહી ઓળખી બતાવે છે. આ લાશ ઉપરથી ડૉકટરે મેળવેલા કપડા સાહેદ બાબુભાઈ જીવાભાઈને સુપરત કરેલા અને બાબુભાઈ જીવાભાઈએ તે કપડા સાહેદ નં.૩૭૯ ગીરીશભાઈ ઘનશ્યામભાઈ સથવારાની હાજરીમાં આંક-૨૨૦૬ નાં પંચનામાથી કબજે કરેલા હતા.

આ બનાવમાં મરનાર જશવંતભાઈ રણછોડભાઈ પટેલના સગા હસમુખભાઈ પ્રેમચંદ ગજજરને સાહેદ નં.૧૦૦૮ તરીકે આંક-૬૯૮૮ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લેતા સને-૨૦૦૮ ના જુલાઈ માસમાં ઝંડા ચોક, નવા અસારવા ખાતે રહેતા હતા. તે સમયે દરિયાપુર રૂપાપરી પોળના નાકે ઓમ હાર્ડવેર એજન્સીના નામે ધંધો કરતા હતા અને તેમના ભાગીદારનું નામ અનિલકુમાર ચંપકલાલ મહેતા છે. તે સમયે આ સાહેદ તથા તેમના ભાગીદારે ધંધાના કામ માટે મારૂતિ વેગન આર કાર ખરીદ કરેલી હતી. જેનો રજીસ્ટ્રેશન નં.GJ-01-HP-771 હતો. જે ગાડી તેઓ તથા તેમના ભાગીદાર બંનેના નામે હતી તેથી કોઈપણ સમયે મોટી કુદરતી હોનારત કે મોટી ઘટના બને ત્યારે સિવિલ હોસ્પિટલમાં સેવા આપવા માટે જતા હતાં. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સાંજના સાત સવા સાત વાગ્યે તેઓને જાણવા મળેલું કે અમદાવાદ શહેરમાં જુદી-જુદી જગ્યાએ બોમ્બ બ્લાસ્ટ થયા છે અને ઈજા પામનારાઓને સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવી રહ્યા છે. જેથી સેવા કરવાના હેતુથી તેઓ

તથા તેમના મિત્ર જય કિશન ચંદુભાઇ પટેલ તથા જશવંતભાઇ રણછોડભાઇ પટેલ તથા જયકિશનભાઇના મિત્ર જયેશભાઇ દવેનાઓ મારૂતિ વેગન આર કારમાં અસારવાથી નીકળી સિવિલ હોસ્પિટલના ટ્રોમા વોર્ડ ખાતે ગયેલાં. ત્યાં ઇજાગ્રસ્તોને ૧૦૮ એમ્બ્યુલન્સમાં લાવવામાં આવેલા હતા અને તે વખતે ટ્રોમાં વોર્ડમાં ગયેલો અને ટ્રોમા વોર્ડ પાસે આવેલા ત્યારે ટ્રોમા વોર્ડ પાસે એક કાર પાર્ક કરેલી હતી. તેમની વેગન આર કાર ટ્રોમા સેન્ટરની સર્કલની બાજુમાં આવેલ પોસ્ટ ગ્રેજયુએશન હોસ્ટેલ પાસે એક ઝાયડસનું બોર્ડ લાગેલું હતું ત્યાં ઝાડ નીચે પાર્ક કરેલી હતી. તેઓ ટ્રોમા સેન્ટરની અંદર ગયેલા જયારે જયકિશનભાઇ, જશવંતભાઇ તથા જયેશભાઇ ટ્રોમા સેન્ટરની બહારના ભાગે કોર્નર પાસે હતાં. આ વખતે લગભગ પોણા આઠ વાગ્યાની આસપાસ એક બોમ્બ ધડાકો થયેલો. ત્યાં ધુમ્મસ જેવું વાતાવરણ થઇ ગયેલું અને ત્યારપછી થોડીવાર પછી જોયુ તો આ બોમ્બ બ્લાસ્ટમાં તેમના મિત્ર જશવંતભાઇ રણછોડભાઇ પટેલ તથા જયકિશનભાઇ ચંદુભાઇ પટેલ ત્યાં જ ગુજરી ગયેલા અને તે વખતે ત્યાં જયેશભાઇ દવેનાઓ દાજી ગયેલા હતા અને તેઓને રાજસ્થાન હોસ્પિટલ, શાહીબાગ ખાતે દાખલ કરવામાં આવેલાં અને આશરે બે દિવસ પછી તેઓ પણ ગુજરી ગયેલાનું જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા દુકાન દરીયાપુરમાં આવેલી છે. બોમ્બ બ્લાસ્ટના સમાચાર દુકાન ઉપર મળેલા નહીં પરંતુ અસારવા ખાતે મળેલાનું જણાવે છે. આ સાહેદે વેગન આર ગાડી ૨૦૦૮ ના વર્ષમાં તેમના ભાગીદાર અનિલકુમારના નામે ખરીદેલાનું જણાવે છે. આ સાહેદ સિવિલ હોસ્પિટલ પહોંચતા પહેલા પ્રદિપસિંહ જાડેજા ત્યાં હાજર હતા તે નકારે છે. પ્રદિપસિંહ જાડેજા આવ્યા પછી તેમને મળવા ટ્રોમા સેન્ટરમાં મળવા ગયેલ હોવાનું બનેલુ તેમ જણાવે છે. આ સાહેદે કાર પાર્ક કરેલી જોયેલી તેનો નંબર ખબર નથી પરંતુ તે વેગનઆર ગાડી હતી તેમ જણાવે છે. પહેલો ધડાકો થયા પછી ૨૫–૩૦ દર્દીઓને ત્યાં ખસેડવાનો પ્રયત્ન કરેલો નહીં તેમ જણાવે છે. ઈજા પામનાર જયેશભાઈને રાજસ્થાન હોસ્પિટલમાં કોણ લઈ ગયેલુ તેની ખબર નથી. આ સાહેદના બંને મિત્રો ગુજરી ગયેલા, તેઓની લાશ તેઓના ઘરવાળા

લઈ ગયેલાનું જણાવે છે. આ સિવાય આ સાહેદની ઊલટતપાસમાં આરોપીઓને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત નીકળી આવતી નથી.

ત્યારબાદ આ કામે ગુજરનાર જશવંતભાઈ રણછોડભાઈ પટેલનાઓની લાશનું શબ પરિક્ષણ સિવિલ હોસ્પિટલ ખાતે કરવામાં આવેલુ. શબ પરિક્ષણ કરનાર સાહેદ ડૉ.મનીષ ચમીનલાલ સુતરીયાને સાહેદ નં.૪૦ તરીકે આંક–૬૫૬થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ મુજબ તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ તેઓ સિવિલ હોસ્પિટલ ખાતે ફરજ પર હતા ત્યારે ઈન્કવેસ્ટ રીપોર્ટ સાથે જશવંતભાઈ રણછોડભાઈ પટેલનો મૃતદેહ શબ પરિક્ષણ માટે મળેલો. આ મૃતદેહ પુરૂષનો હતો, જેનુ શબ પરીક્ષણ ૨.૦૦ એ.એમ. થી શરૂ કરી ૩.૦૦ એ.એમ. કલાકે પુરૂ કરેલુ. આ શબના શરીર ઉપર કપડાઓ હતા જે લોહીથી ખરડાયેલા હતા તેમજ શરીરના જુદા–જુદા ભાગો ઉપર ઈજાઓ થયેલી હતી તે ઈજાઓ આંક–૬૫૭ વાળી શબ પરિક્ષણ નોટનાં કોલમ નં.૧૭ માં જણાવેલી છે તે પ્રમાણેની ઈજાઓ હતી અને આ સાહેદના અભિપ્રાય પ્રમાણે આ વ્યકિતનુ મૃત્યુ બ્લાસ્ટમાં ઈજા થવાના કારણે થયેલાનો અભિપ્રાય છે. શબ પરિક્ષણ નોટમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ બનાવમાં જયકિશન ચંદુભાઈ પટેલને ઈજા થવાના કારણે મરણ પામેલ અને તેઓની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ સાહેદ કાનજીભાઈ કાન્તીભાઈ પરમાર સાહેદ નં.૫૭૭ નાઓએ જે પંચ સાહેદોની હાજરીમાં કરવામાં આવેલુ તે પંચ સાહેદો પૈકીના પંચ અમરીશકુમાર ગોવિંદલાલ પટેલને આ કામે સાહેદ નં.૨૪૦ તરીકે આંક–૧૨૩૯ થી તપાસેલા છે. તેમની આ સરતપાસ મુજબ જયકિશન ચંદુભાઈ પટેલ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ શાહીબાગ સિવિલ હોસ્પિટલ ટ્રોમા સેન્ટર ખાતે થયેલા બોમ્બ બ્લાસ્ટમાં મૃત્યુ પામેલા. તેમનુ ઈન્કવેસ્ટ પંચનામુ બે પંચોની હાજરીમાં કરવામાં આવેલુ. આ સાહેદને સિવિલ હોસ્પિટલના પી.એમ. રૂમમાં બોલાવવામાં આવ્યા ત્યારે બીજા એક પીયુષભાઈ બાબુભાઈ પટેલ પણ હાજર હતા અને ત્યાં એક પુરૂષની લાશ હતી અને તે લાશ જયેશભાઈ ચંદુભાઈ પટેલનાઓએ તેમના મોટા ભાઈ તરીકે ઓળખેલી. લાશ

ઉપર આ સાહેદે કપડા જોયેલા જે બળેલા હતા અને શરીરના જુદા–જુદા ભાગો પર ઈજાઓ થયેલી હતી. આ લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ આ સાહેદની હાજરીમાં કરવામાં આવેલુ તેમ જણાવે છે. સાહેદ આંક–૧૨૪૦ વાળા પંચનામામાં તેમની સહી ઓળખી બતાવે છે. આ લાશ ઉપરથી ડૉકટરે મેળવેલા કપડા સાહેદ કાનજીભાઈ પરમારને સુપરત કરેલા અને કાનજીભાઈ પરમારે તે કપડા સાહેદ નં.૩૯૫ ભદ્રેશભાઈ પટેલની હાજરીમાં આંક–૨૨૯૨નાં પંચનામાથી કબજે કરેલા હતા.

ત્યારબાદ આ કામે ગુજરનાર જયકિશન ચંદુભાઈ પટેલનાઓની લાશનું શબ પરિક્ષણ સિવિલ હોસ્પિટલ ખાતે કરવામાં આવેલુ. શબ પરિક્ષણ કરનાર સાહેદ ડૉ. હરીશકુમાર ત્રિકમદાસ ખુબચંદાણીને સાહેદ નં.૪૧ તરીકે આંક–૬૮૭ થી તપાસેલા છે.તેમની આ ગુના પુરતી સરતપાસ મુજબ તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ તેઓ સિવિલ હોસ્પિટલ ખાતે ફરજ પર હતા ત્યારે ઈન્કવેસ્ટ રીપોર્ટ સાથે જયકિશન ચંદુભાઈ પટેલનો મૃત દેહ શબ પરિક્ષણ માટે મળેલો. આ મૃતદેહ પુરૂષનો હતો, જેનુ શબ પરીક્ષણ ૨.૩૦ એ.એમ. થી શરૂ કરી ૪.૦૦ એ.એમ. કલાકે પુરૂ કરેલુ. આ શબના શરીર ઉપર કપડાઓ હતા જે લોહીથી ખરડાયેલા હતા તેમજ શરીરના જુદા–જુદા ભાગો ઉપર ઈજાઓ થયેલી હતી તે ઈજાઓ આંક–૬૮૮ વાળી શબ પરિક્ષણ નોટનાં કોલમ નં.૧૭ માં જણાવેલી છે તે પ્રમાણેની ઈજાઓ હતી અને આ સાહેદના અભિપ્રાય પ્રમાણે આ વ્યકિતનુ મૃત્યુ બ્લાસ્ટમાં ઈજા થવાના કારણે થયેલાનો અભિપ્રાય છે. શબ પરિક્ષણ નોટમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ બનાવમાં સંકેત પ્રકાશભાઈ અંધારીયાને ઈજા થવાના કારણે મરણ પામેલ અને તેઓની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ સાહેદ રમેશ શામજીભાઈ સાહેદ નં.૪૯૬નાઓએ જે પંચ સાહેદોની હાજરીમાં કરવામાં આવેલુ તે પંચ સાહેદો પૈકીના પંચ જયેશભાઈ ચંદુલાલ પટેલને આ કામે સાહેદ નં.૨૨૭ તરીકે આંક–૧૧૮૮ થી તપાસેલા છે. તેમની આ સરતપાસ મુજબ સંકેત પ્રકાશભાઈ અંધારીયા તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ શાહીબાગ સિવિલ હોસ્પિટલ ટ્રોમા

સેન્ટર ખાતે થયેલા બોમ્બ બ્લાસ્ટમાં મૃત્યુ પામેલા. તેમનુ ઈન્કવેસ્ટ પંચનામુ બે પંચોની હાજરીમાં કરવામાં આવેલુ. આ સાહેદને સિવિલ હોસ્પિટલના પી.એમ. રૂમમાં બોલાવવામાં આવ્યા ત્યારે બીજા એક પુર્વેશ ગીરીશચંદ્ર શાહ પણ હાજર હતા અને ત્યાં એક પુરૂષની લાશ હતી અને તે લાશ હિતેષ ચંદુલાલ પટેલનાઓએ તેમના ફોઈના દીકરા તરીકે ઓળખેલી. લાશ ઉપર આ સાહેદે કપડા જોયેલા જે બળેલા હતા અને શરીરના જુદા-જુદા ભાગો પર ઈજાઓ થયેલી હતી. આ લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ આ સાહેદની હાજરીમાં કરવામાં આવેલુ તેમ જણાવે છે. સાહેદ આંક-૧૧૮૯ વાળા પંચનામામાં તેમની સહી ઓળખી બતાવે છે. આ લાશ ઉપરથી ડૉકટરે મેળવેલા કપડા સાહેદ રમેશ શામજીભાઈને સુપરત કરેલા અને રમેશ શામજીભાઈએ તે કપડા સાહેદ નં.૩૭૫ કિરણ નટવરલાલ ઠાકોરની હાજરીમાં આંક-૨૧૬૬ નાં પંચનામાથી કબજે કરેલા હતા.

ત્યારબાદ આ કામે ગુજરનાર સંકેત પ્રકાશભાઈ અંધારીયાનાઓની લાશનું શબ પરિક્ષણ સિવિલ હોસ્પિટલ ખાતે કરવામાં આવેલુ. શબ પરિક્ષણ કરનાર સાહેદ ડૉ. જીગેશ વસંતકુમાર શાહને સાહેદ નં.૩૦ તરીકે આંક-૫૯૧ થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ મુજબ તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ તેઓ સિવિલ હોસ્પિટલ ખાતે ફરજ પર હતા ત્યારે ઈન્કવેસ્ટ રીપોર્ટ સાથે સંકેત પ્રકાશભાઈ અંધારીયાનો મૃત દેહ શબ પરિક્ષણ માટે મળેલો. આ મૃતદેહ પુરૂષનો હતો, જેનુ શબ પરીક્ષણ ૪.૩૦ એ.એમ. થી શરૂ કરી ૫.૦૦ એ.એમ. કલાકે પુરૂ કરેલુ. આ શબના શરીર ઉપર કપડાઓ હતા જે લોહીથી ખરડાયેલા હતા તેમજ શરીરના જુદા-જુદા ભાગો ઉપર ઈજાઓ થયેલી હતી તે ઈજાઓ આંક-૫૯૩ વાળી શબ પરિક્ષણ નોટનાં કોલમ નં.૧૭ માં જણાવેલી છે તે પ્રમાણેની ઈજાઓ હતી અને આ સાહેદના અભિપ્રાય પ્રમાણે આ વ્યકિતનુ મૃત્યુ બ્લાસ્ટમાં ઈજા થવાના કારણે થયેલાનો અભિપ્રાય છે. શબ પરિક્ષણ નોટમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ બનાવમાં રમણભાઈ પુજાભાઈ પ્રજાપતિને ઈજા થવાના કારણે મરણ પામેલ અને તેઓની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ સાહેદ અરસીંગ રૂપસીંગ

સાહેદ નં.૪૮૬ નાઓએ જે પંચ સાહેદોની હાજરીમાં કરવામાં આવેલુ તે પંચ સાહેદો પૈકીના પંચ કાળુભાઈ લાલજીભાઈ પટેલને આ કામે સાહેદ નં.૨૨૨ તરીકે આંક–૧૧૭૦ થી તપાસેલા છે. તેમની આ સરતપાસ મુજબ રમણાભાઈ પુજાભાઈ પ્રજાપતિ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ શાહીબાગ સિવિલ હોસ્પિટલ ટ્રોમા સેન્ટર ખાતે થયેલા બોમ્બ બ્લાસ્ટમાં મૃત્યુ પામેલા. તેમનુ ઈન્કવેસ્ટ પંચનામુ બે પંચોની હાજરીમાં કરવામાં આવેલુ. આ સાહેદને સિવિલ હોસ્પિટલના પી.એમ. રૂમમાં બોલાવવામાં આવ્યા ત્યારે બીજા એક માધવભાઈ અરજણભાઈ પણ હાજર હતા અને ત્યાં એક અજાણ્યા પુરૂષની લાશ હતી. લાશ ઉપર આ સાહેદે કપડા જોયેલા જે બળેલા હતા અને શરીરના જુદા–જુદા ભાગો પર ઈજાઓ થયેલી હતી. આ લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ આ સાહેદની હાજરીમાં કરવામાં આવેલુ તેમ જણાવે છે. સાહેદ આંક–૧૧૭૧ વાળા પંચનામામાં તેમની સહી ઓળખી બતાવે છે. આ લાશ ઉપરથી ડૉકટરે મેળવેલા કપડા સાહેદ અમરસીંગ રૂપસીંગને સુપરત કરેલા અને અમરસીંગ રૂપસીંગે તે કપડા સાહેદ નં.૩૮૬ બળદેવભાઈ માહીભાઈ પ્રજાપતિની હાજરીમાં આંક–૨૨૫૪ નાં પંચનામાથી કબજે કરેલા હતા.

ત્યારબાદ આ કામે ગુજરનાર રમણાભાઈ પુજાભાઈ પ્રજાપતિનાઓની લાશનું શબ પરિક્ષણ સિવિલ હોસ્પિટલ ખાતે કરવામાં આવેલુ. શબ પરિક્ષણ કરનાર સાહેદ ડૉ. ભાવીન શ્યામલાલ શાહને સાહેદ નં.૩૫ તરીકે આંક–૬૧૬ થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ મુજબ તા. ૨૭/૭/૨૦૦૮ નાં રોજ તેઓ સિવિલ હોસ્પિટલ ખાતે ફરજ પર હતા ત્યારે ઈન્કવેસ્ટ રીપોર્ટ સાથે રમણાભાઈ પુજાભાઈ પ્રજાપતિનો મૃતદેહ શબ પરિક્ષણ માટે મળેલો. આ મૃતદેહ પુરૂષનો હતો, જેનુ શબ પરીક્ષણ ૨.૩૦ પી.એમ. થી શરૂ કરી ૪.૦૦ પી.એમ. કલાકે પુરૂ કરેલુ. આ શબના શરીર ઉપર કપડાઓ હતા જે લોહીથી ખરડાયેલા હતા તેમજ શરીરના જુદા–જુદા ભાગો ઉપર ઈજાઓ થયેલી હતી તે ઈજાઓ આંક–૬૧૮ વાળી શબ પરિક્ષણ નોટનાં કોલમ નં.૧૭ માં જણાવેલી છે તે પ્રમાણેની ઈજાઓ હતી અને આ સાહેદના અભિપ્રાય પ્રમાણે આ

વ્યકિતનુ મૃત્યુ બ્લાસ્ટમાં ઈજા થવાના કારણે થયેલાનો અભિપ્રાય છે. શબ પરિક્ષણ નોટમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ બનાવમાં મનસુખભાઈ ગીરધરભાઈ ઘુમડીયાને ઈજા થવાના કારણે મરણ પામેલ અને તેઓની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ સાહેદ અમૃતભાઈ રામાભાઈ સાહેદ નં.૫૪૬ નાઓએ જે પંચ સાહેદોની હાજરીમાં કરવામાં આવેલુ તે પંચ સાહેદો પૈકીના પંચ ચીમનભાઈ માવજીભાઈ પરમારને આ કામે સાહેદ નં.૨૪૪ તરીકે આંક–૧૨૫૮થી તપાસેલા છે. તેમની આ સરતપાસ મુજબ મનસુખભાઈ ગીરધરભાઈ ઘુમડીયા તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ શાહીબાગ સિવિલ હોસ્પિટલ ટ્રોમા સેન્ટર ખાતે થયેલા બોમ્બ બ્લાસ્ટમાં મૃત્યુ પામેલા. તેમનુ ઈન્કવેસ્ટ પંચનામુ બે પંચોની હાજરીમાં કરવામાં આવેલુ. આ સાહેદને સિવિલ હોસ્પિટલના પી.એમ. રૂમમાં બોલાવવામાં આવ્યા ત્યારે બીજા એક રમેશભાઈ વાઘેલા પણ હાજર હતા અને ત્યાં એક પુરૂષની લાશ હતી જે લાશ પ્રવિણભાઈ નાગજીભાઈ ઘુમડીયાએ તેઓના મોટા બાપાના દીકરા તરીકે ઓળખેલી. લાશ ઉપર આ સાહેદે કપડા જોયેલા અને શરીરના જુદા–જુદા ભાગો પર ઈજાઓ થયેલી હતી. આ લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ આ સાહેદની હાજરીમાં કરવામાં આવેલુ તેમ જણાવે છે. સાહેદ આંક–૧૨૫૯ વાળા પંચનામામાં તેમની સહી ઓળખી બતાવે છે. આ લાશ ઉપરથી ડૉકટરે મેળવેલા કપડા સાહેદ અમૃતભાઈ રામાભાઈને સુપરત કરેલા અને અમૃતભાઈ રામાભાઈએ તે કપડા આંક–૩૦૦૨ નાં પંચનામાથી કબજે કરેલા હતા.

ત્યારબાદ આ કામે ગુજરનાર મનસુખભાઈ ગીરધરભાઈ ઘુમડીયાનાઓની લાશનું શબ પરિક્ષણ સિવિલ હોસ્પિટલ ખાતે કરવામાં આવેલુ. શબ પરિક્ષણ કરનાર સાહેદ ડૉ. મહેશકુમાર પરસોત્તમભાઈ કાપડીયાને સાહેદ નં.૪૯ તરીકે આંક–૭૫૭થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ મુજબ તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ તેઓ સિવિલ હોસ્પિટલ ખાતે ફરજ પર હતા ત્યારે ઈન્કવેસ્ટ રીપોર્ટ સાથે મનસુખભાઈ ગીરધરભાઈ ઘુમડીયાનો મૃત દેહ શબ પરિક્ષણ માટે મળેલો. આ મૃતદેહ પુરૂષનો હતો, જેનુ શબ પરીક્ષણ ૬.૫૫

એ.એમ. થી શરૂ કરી ૮.૪૨ એ.એમ. કલાકે પુરૂ કરેલુ. આ શબના શરીર ઉપર કપડાઓ હતા જે લોહીથી ખરડાયેલા હતા તેમજ શરીરના જુદા-જુદા ભાગો ઉપર ઈજાઓ થયેલી હતી તે ઈજાઓ આંક-૭૫૮ વાળી શબ પરિક્ષણ નોટનાં કોલમ નં.૧૭ માં જણાવેલી છે તે પ્રમાણેની ઈજાઓ હતી અને આ સાહેદના અભિપ્રાય પ્રમાણે આ વ્યકિતનુ મૃત્યુ બ્લાસ્ટમાં ઈજા થવાના કારણે થયેલાનો અભિપ્રાય છે. શબ પરિક્ષણ નોટમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ બનાવમાં રાજકમલ મહેન્દ્રસિંહ બિહોલાને ઈજા થવાના કારણે મરણ પામેલ અને તેઓની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ સાહેદ અમૃતભાઈ રામાભાઈ સાહેદ નં.૫૪૬ નાઓએ જે પંચ સાહેદોની હાજરીમાં કરવામાં આવેલુ તે પંચ સાહેદો પૈકીના પંચ શૈલેન્દ્રસિંહ જશવંતસિંહ બિહોલાને આ કામે સાહેદ નં.૨૩૧ તરીકે આંક-૧૨૦૭ થી તપાસેલા છે. તેમની આ સરતપાસ મુજબ રાજકમલ મહેન્દ્રસિંહ બિહોલા તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ શાહીબાગ સિવિલ હોસ્પિટલ ટ્રોમા સેન્ટર ખાતે થયેલા બોમ્બ બ્લાસ્ટમાં મૃત્યુ પામેલા. તેમનુ ઈન્કવેસ્ટ પંચનામુ બે પંચોની હાજરીમાં કરવામાં આવેલુ. આ સાહેદને સિવિલ હોસ્પિટલના પી.એમ. રૂમમાં બોલાવવામાં આવ્યા હતા અને ત્યાં એક પુરૂષની લાશ હતી જે લાશ નિસીતસિંહ મહેન્દ્રસિંહ બિહોલાએ ઓળખેલી. આ લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ આ સાહેદની હાજરીમાં કરવામાં આવેલુ તેમ જણાવે છે. સાહેદ આંક-૧૨૦૮ વાળા પંચનામામાં તેમની સહી ઓળખી બતાવે છે. આ લાશ ઉપરથી ડૉકટરે મેળવેલા કપડા સાહેદ અમૃતભાઈ રામાભાઈને સુપરત કરેલા અને અમૃતભાઈ રામાભાઈએ તે કપડા આંક-૨૩૧૦ નાં પંચનામાથી કબજે કરેલા હતા. આ અમૃતભાઈ રામાભાઈનાઓએ જે પંચ સાહેદોની હાજરીમાં કપડા કબજે કરેલા તે પંચ સાહેદ નં.૪૦૨ રફીકખાન હબીબખાન પઠાણનાઓએ પણ આંક-૨૩૧૦ ના પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવી છે.

આ બનાવમાં મરનાર રાજકમલ મહેન્દ્રસિંહ બિહોલાના સગા નિશીતસિંહ મહેન્દ્રસીંહ બિહોલાને સાહેદ નં.૭૪૫ તરીકે આંક-૩૫૩૨ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લેતા આ સાહેદના મોટા ભાઈ રાજકમલ

મહેન્દ્રસિંહ સિવિલ હોસ્પિટલ ટ્રોમા સેન્ટર ખાતે રાજદીર લેબર કોન્ટ્રાકટમાં સુપરવાઈઝર તરીકે નોકરી કરતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેઓ નોકરી ઉપર ગયેલા હતા અને આ સાહેદ સાંજના આઠેક વાગે પોતાના ધંધા પરથી પરત આવેલા ત્યારે સાડા આઠ વાગ્યાના અરસામાં સિવિલ હોસ્પિટલ ટ્રોમા સેન્ટર ખાતે બોમ્બ ધડાકો થયેલા હોવાનો સમાચાર જાણેલા. જેથી આ સાહેદે તેમના ભાઈને ફોન કરેલો પરંતુ ફોન લાગેલો નહીં. જેથી આ સાહેદ રાત્રીના દસેક વાગે સિવિલ હોસ્પિટલે ગયેલા ત્યાં તેમના મિત્ર રૂપેશભાઈ ગઢવી મળેલા, તેઓએ જણાવેલુ કે રાજકમલને બોમ્બ બ્લાસ્ટમાં શરીરે ઈજાઓ થયેલી છે અને મરણ ગયેલા છે. જેથી આ સાહેદ પી.એમ. રૂમમાં ગયેલા અને તેમના ભાઈની લાશ જોયેલી તે લાશ શરીરે બળી ગયેલી હતી, બંને પગોએ ઈજાઓ થયેલી હતી અને બીજી પણ નાની મોટી ઈજાઓ થયેલી હતી તેમ જણાવે છે.

આ બનાવમાં મરનાર રાજકમલ મહેન્દ્રસિંહ બિહોલાની સાથે નોકરી કરનાર જગદીશભાઈ મહેશભાઈ પટેલને સાહેદ નં.૯૯૬ તરીકે આંક–૬૯૪૦ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લેતા તેઓ ૨૦૦૮ ના જુલાઈ માસના અરસામાં રાજદિપ એન્ટરપ્રાઈઝ નામની કંપનીમાં સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ના અરસામાં તેમની નોકરીનો સમય બપોરના ત્રણ વાગ્યાથી રાતના દસ વાગ્યા સુધીનો હતો. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ તેઓ ટ્રોમા સેન્ટરમાં હાજર હતા તે દિવસે ટ્રોમા સેન્ટરમાં તેમના કોન્ટ્રાકટના ૧૮ થી ૨૦ માણસો કામ ઉપર હતાં. ટ્રોમા સેન્ટરમાં દર્દિઓને સ્ટ્રેચર ઉપર લાવવા લઈ જવાનું તથા સફાઈનું કામકાજ કોન્ટ્રાકટમાં આવતું હોય તેથી તેમના માણસો તે કામકાજ કરતાં હતાં. આ દિવસે સાંજના આશરે સાત વાગ્યાની આસપાસના સુમારે અમદાવાદ શહેરમાં જુદી–જુદી જગ્યાએ બોમ્બ બ્લાસ્ટ થયેલ હતા તેમાં ઈજા પામનાર કેટલાક લોકોને સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરમાં લાવવા માટેની એમ્બ્યુલન્સ વાન તથા ૧૦૮ ની ગાડીઓ આવવા લાગેલી. તે વખતે વધુ માણસોની જરૂર પડતા તેઓએ બીજા સર્વન્ટ કે જે ટ્રોમા સેન્ટરમાં હતા તેમને ટ્રોમા સેન્ટરના નીચેના ભાગે ડ્યુટી ઉપર લગાવેલાં. ત્યાં

એમ્બ્યુલન્સ વાનો સહેલાઇથી ટ્રોમા સેન્ટર પાસે આવે અને તેને અડચણો ઉભી ન થાય માટે તેઓ ઇન્ચાર્જ ડૉકટરોના કહેવા પ્રમાણે બહાર આવેલો તે વખતે ટ્રોમા સેન્ટરનો ઢાળ ઉતરતા પેશન્ટ લાવવા લઇ જવાની જે જગ્યા છે તેનાથી થોડે આગળ બે ગાડી પડેલી હતી તેમાંથી એક સીલ્વર કલરની વેગન આર ગાડી હતી અને એક ઇનોવા ગાડી હતી અને ત્યાં ગાડીઓના ડ્રાઇવરને શોધવા માટે બુમો પાડેલી જેથી ઇનોવા ગાડીના ડ્રાઇવર મળેલા અને તેમને ગાડી ખસેડવાનું કહેતા ગાડી તેણે લઇ લીધેલી. પરંતુ સીલ્વર કલરની ગાડીનો ડ્રાઇવર મળેલો નહિ જેથી તે ગાડી ત્યાને ત્યાં રહેલી તે દરમ્યાન એક એમ્બ્યુલન્સ આવેલી જેમાં ચાર દર્દિઓ હતા તેઓને સ્ટ્રેચર ઉપર લઇ તેમની સાથેના બે સર્વન્ટો તેને ટ્રોમા સેન્ટરમાં લઇ ગયેલાં. તેઓને ટ્રોમા સેન્ટરમાં અંદર મુકી બહાર પાછા આવતા હતા અને દરવાજા પાસે પહોચ્યો તે વખતે સિલ્વર ગ્રે કલરની વેગન આર ગાડીમાં બ્લાસ્ટ થયેલો. આ બ્લાસ્ટમાં ત્યાં નજીક ઉભેલા ચાર માણસોને ઇજા થયેલી હતી તેમને સાહેદ અંદર લઇ ગયેલા. ત્યાં આગળ હાજર વ્યકિતઓમાંથી ૨૫–૩૦ વ્યકિતઓને ઇજા થયેલી હતી અને સાહેદના સર્વન્ટોમાંથી ૫–૬ સર્વન્ટોને ઇજા થયેલી અને એક સુપરવાઇઝર ગુજરી ગયેલા અને તે ગુજરનારનું નામ રાજુભાઇ બિહોલા હતું અને તેમને ત્યાં ૧૦ થી ૧૨ માણસોની લાશો પડેલી જોયેલાનું જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદના વિસ્તારના કોર્પોરેટર કોણ હતા તેની ખબર નથી. આ સાહેદ કોઈ રાજકીય પક્ષમાં નથી તેમ જણાવે છે. પ્રદિપસિંહ જાડેજા તેમના વિસ્તારના ધારાસભ્ય છે. આ સાહેદ દરવાજા પાસે પહોંચ્યા તે વખતે સીલ્વર ગ્રે કલરની વેગન આર ગાડીમાં બ્લાસ્ટ થયેલાનું જણાવે છે. આ સાહેદના ૫–૬ સર્વન્ટોને ઈજા થયેલાનું જણાવે છે. આ સાહેદે સીલ્વર ગ્રે કલરની વેગન આર ગાડીનો નંબર જોયેલો નહીં, મારા મત પ્રમાણે ન જ જોયો હોય કારણ કે સિવિલ હોસ્પિટલમાં રોજના ઘણા બધા વાહનો આવતા હોય દરેક વાહનોના નંબર આ સાહેદે જોવા જોઈએ તેવુ નથી. સામાન્ય સંજોગોમાં આવતા જતા વાહનોના નંબરો કોઈના ધ્યાનમાં પણ ન હોય. જે બ્લાસ્ટ થયેલો તેમાં ઘણા બધા વાહનોને નુકસાન થયેલાનું કબૂલ કરે છે. આ

હકીકત ધ્યાને લેતા આ બનાવમાં ઘણા બધા વાહનોને નુકસાન થયેલાની હકીકત આરોપીઓએ કબૂલ કરી છે તેમ કહી શકાય. જે ગાડીમાં બ્લાસ્ટ થયેલાનું આ સાહેદ જણાવે છે તેવો બ્લાસ્ટ આ કહેવાતી ગાડીમાં થયેલો નથી તે હકીકત નકારે છે.

ત્યારબાદ આ કામે ગુજરનાર રાજકમલ મહેન્દ્રસિંહ બિહોલાનાઓની લાશનું શબ પરિક્ષણ સિવિલ હોસ્પિટલ ખાતે કરવામાં આવેલુ. શબ પરિક્ષણ કરનાર સાહેદ ડો. ધર્મેશ અમૃતસિંહ સિલાજીયાને સાહેદ નં.૩૯ તરીકે આંક–૬૫૪થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ મુજબ તા. ૨૭/૭/૨૦૦૮ નાં રોજ તેઓ સિવિલ હોસ્પિટલ ખાતે ફરજ પર હતા ત્યારે ઈન્કવેસ્ટ રીપોર્ટ સાથે રાજકમલ મહેન્દ્રસિંહ બિહોલાનો મૃત દેહ શબ પરિક્ષણ માટે મળેલો. આ મૃત દેહ પુરૂષનો હતો, જેનુ શબ પરીક્ષણ ૪.૩૦ એ.એમ. થી શરૂ કરી ૫.૨૦ એ.એમ. કલાકે પુરૂ કરેલુ. આ શબના શરીર ઉપર કપડાઓ હતા જે લોહીથી ખરડાયેલા હતા તેમજ શરીરના જુદા–જુદા ભાગો ઉપર ઈજાઓ થયેલી હતી તે ઈજાઓ આંક–૬૫૫વાળી શબ પરિક્ષણ નોટનાં કોલમ નં.૧૭ માં જણાવેલી છે તે પ્રમાણેની ઈજાઓ હતી અને આ સાહેદના અભિપ્રાય પ્રમાણે આ વ્યકિતનુ મૃત્યુ બ્લાસ્ટમાં ઈજા થવાના કારણે થયેલાનો અભિપ્રાય છે. શબ પરિક્ષણ નોટમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ બનાવમાં વિજયકુમાર સોનજીભાઈ પટણીને ઈજા થવાના કારણે મરણ પામેલ અને તેઓની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ સાહેદ રમેશચંદ્ર વાઘેલા સાહેદ નં.૪૭૨નાઓએ જે પંચ સાહેદોની હાજરીમાં કરવામાં આવેલુ તે પંચ સાહેદો પૈકીના પંચ નલિન જનકકુમાર પટેલને આ કામે સાહેદ નં.૨૨૯ તરીકે આંક–૧૧૯૨થી તપાસેલા છે. તેમની આ ગુજરનાર પુરતી સરતપાસ મુજબ વિજયકુમાર સોનજીભાઈ પટણી તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ શાહીબાગ સિવિલ હોસ્પિટલ ટ્રોમા સેન્ટર ખાતે થયેલા બોમ્બ બ્લાસ્ટમાં મૃત્યુ પામેલા. તેમનુ ઈન્કવેસ્ટ પંચનામુ બે પંચોની હાજરીમાં કરવામાં આવેલુ. આ સાહેદને સિવિલ હોસ્પિટલના પી.એમ. રૂમમાં બોલાવવામાં આવ્યા ત્યારે બીજા એક

જશવંતભાઈ શાંતિલાલ બારોટ પણ હાજર હતા અને ત્યાં એક પુરૂષની લાશ હતી અને તે લાશ ચીમનભાઈ નાનજીભાઈ પટણીનાઓએ તેમના ભત્રીજા તરીકે ઓળખેલી. લાશ ઉપર આ સાહેદે કપડા જોયેલા અને શરીરના જુદા-જુદા ભાગો પર ઈજાઓ થયેલી હતી. આ લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ આ સાહેદની હાજરીમાં કરવામાં આવેલુ તેમ જણાવે છે. સાહેદ આંક-૧૧૯૪વાળા પંચનામામાં તેમની સહી ઓળખી બતાવે છે. આ લાશ ઉપરથી ડૉકટરે મેળવેલા કપડા સાહેદ રમેશચંદ્ર વાઘેલાને સુપરત કરેલા અને રમેશચંદ્ર વાઘેલાએ તે કપડા સાહેદ નં.૩૮૧ ભરતભાઈ નારણભાઈ પ્રજાપતિની હાજરીમાં આંક-૨૨૧૮નાં પંચનામાથી કબજે કરેલા હતા.

આ બનાવમાં મરનાર વિજયકુમાર સોનજીભાઈ પટણીના પિતા સોનજીભાઈ નાનજીભાઈ પટણીને સાહેદ નં.૭૪૨ તરીકે આંક-૩૫૨૯ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લેતા આ સાહેદને બે દીકરીઓ અને ત્રણ દીકરાઓ છે. નાનો દીકરો વિજય ગુજરી ગયેલો છે. તેને જુલાઈ-૨૦૦૮ના એકાદ માસ પહેલા સિવિલ હોસ્પિટલ ટ્રોમા સેન્ટરમાં આઈ.સી.યુ.માં ચોથા વર્ગના કર્મચારી તરીકે નોકરી મળી હતી. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ વિજય નોકરી ઉપર ગયેલો અને સાંજના સમયે અમદાવાદ શહેરમાં બોમ્બ બ્લાસ્ટ થયાના સમાચારો મળેલા. તે દરમ્યાન સિવિલ હોસ્પિટલ ખાતે ટ્રોમા સેન્ટર આગળ પર બોમ્બ બ્લાસ્ટ થયેલાના સમાચાર મળેલા. જેથી આ સાહેદને ચિંતા થયેલી. ત્યારબાદ આ સાહેદ તથા તેમના વિસ્તારના લોકો સિવિલ હોસ્પિટલ ગયેલા ત્યાં ટ્રોમા સેન્ટર આગળ દિવાલ પાસે બોમ્બ ધડાકો થયો હતો. ઘણા માણસોને ઈજાઓ થયેલી હતી, ત્યાં આગ ફાટી નીકળેલી હતી, લોકોની લાશો પડેલી હતી. ત્યારબાદ આ સાહેદે તેમના દીકરાના તપાસ કરતા તેમનો દીકરો સી/૧ ખાટલા ઉપર હતો તેને ગંભીર ઈજાઓ થયેલી હતી. બોમ્બ ધડાકામાં તેને છરા વાગેલા હતા, તેના વાળ બળેલા હતા અને ડોકટરે તેને મરણ જાહેર કરેલાનું જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ગુજરનાર વિજયકુમાર સોનજીભાઈ પટણીનાઓની લાશનું શબ પરિક્ષણ સિવિલ હોસ્પિટલ ખાતે કરવામાં આવેલુ. શબ પરિક્ષણ કરનાર સાહેદ ડૉ. જગદીપ છનાલાલ જાદવને સાહેદ નં.૩૧ તરીકે આંક–૫૯પથી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ મુજબ તા. ૨૭/૭/૨૦૦૮ નાં રોજ તેઓ સિવિલ હોસ્પિટલ ખાતે ફરજ પર હતા ત્યારે ઈન્કવેસ્ટ રીપોર્ટ સાથે વિજયકુમાર સોનજીભાઈ પટણીનો મૃતદેહ શબ પરિક્ષણ માટે મળેલો. આ મૃતદેહ પુરૂષનો હતો, જેનુ શબ પરીક્ષણ ૪.૦૦ એ.એમ.થી શરૂ કરી ૫.૫૫ એ.એમ. કલાકે પુરૂ કરેલુ. આ શબના શરીર ઉપર કપડાઓ હતા જે લોહીથી ખરડાયેલા હતા તેમજ શરીરના જુદા–જુદા ભાગો ઉપર ઈજાઓ થયેલી હતી તે ઈજાઓ આંક–૫૯૮વાળી શબ પરિક્ષણ નોટનાં કોલમ નં.૧૭ માં જણાવેલી છે તે પ્રમાણેની ઈજાઓ હતી અને આ સાહેદના અભિપ્રાય પ્રમાણે આ વ્યકિતનુ મૃત્યુ બ્લાસ્ટમાં ઈજા થવાના કારણે થયેલાનો અભિપ્રાય છે. શબ પરિક્ષણ નોટમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ બનાવમાં ગીરીશભાઈ વિઠ્ઠલભાઈ રાવરાણીને ઈજા થવાના કારણે મરણ પામેલ અને તેઓની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ સાહેદ રમેશચંદ્ર વાઘેલા સાહેદ નં.૪૭૨ નાઓએ જે પંચ સાહેદોની હાજરીમાં કરવામાં આવેલુ તે પંચ સાહેદો પૈકીના પંચ સુરેશભાઈ સુંદરજી ગોંડલીયાને આ કામે સાહેદ નં.૨૩૩ તરીકે આંક–૧૨૧૧ થી તપાસેલા છે. તેમની સરતપાસ મુજબ ગીરીશભાઈ વિઠ્ઠલભાઈ રાવરાણી તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ શાહીબાગ સિવિલ હોસ્પિટલ ટ્રોમા સેન્ટર ખાતે થયેલા બોમ્બ બ્લાસ્ટમાં મૃત્યુ પામેલા. તેમનુ ઈન્કવેસ્ટ પંચનામુ બે પંચોની હાજરીમાં કરવામાં આવેલુ. આ સાહેદને સિવિલ હોસ્પિટલના પી.એમ. રૂમમાં બોલાવવામાં આવ્યા હતા અને ત્યાં એક પુરૂષની લાશ હતી અને તે લાશ શૈલેષ ગીરીશભાઈનાઓએ ઓળખેલી. આ લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ આ સાહેદની હાજરીમાં કરવામાં આવેલુ તેમ જણાવે છે. સાહેદ આંક–૧૨૧૨ વાળા પંચનામામાં તેમની સહી ઓળખી બતાવે છે. આ લાશ ઉપરથી ડૉકટરે મેળવેલા કપડા સાહેદ રમેશચંદ્ર વાઘેલાને સુપરત કરેલા અને રમેશચંદ્ર વાઘેલાએ

તે કપડા સાહેદ નં.૩૮૫ મહમયાસીન અબ્દલુકરીમ બલોચની હાજરીમાં આંક–૨૨૪૯ નાં પંચનામાથી કબજે કરેલા હતા.

આ બનાવમાં મરનાર ગીરીશભાઈ વિઠ્ઠલભાઈ રાવરાણીનો દીકરો શૈલેષભાઈ ગીરીશભાઈ રાવરાણીને સાહેદ નં.૭૪૧ તરીકે આંક–૩૫૨૮થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લેતા જુલાઈ–૨૦૦૮ ના અરસામાં ભાટ ગામ ખાતે આવેલ ઈન્સ્ટીટયુટ ફોર પ્લાઝમાં રીસર્ચ સેન્ટરમાં કલીનીકલ આસીસ્ટન્ટ તરીકે નોકરી કરતા હતા અને તેમના પિતાજી ગાંધીનગર આઈ.ટી. આઈ. સેકટર–૧૫માં નોકરી કરતા હતા. આ સાહેદના કાકા રમેશભાઈ ગોરધનભાઈને વાલ્વની તકલીફ થયેલ હોવાથી તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ આ સાહેદ તથા તેમના પિતાજી તેમના કાકાની સારવાર માટે યુ.એન.મહેતા હોસ્પિટલ ગયેલા. ત્યારપછી આ સાહેદ ત્યાંથી નિરમા ઈન્સ્ટીટયુટ ગયેલા અને તેમના પિતાજી તેમના કાકાની સાથે રહેલા હતા. નિરમા ઈન્સ્ટીટયુટમાં પીરીયડ પુરો થતા લગભગ નવ વાગ્યાના અરસામાં તેમના ઘરે ગાંધીનગર ગયેલા ત્યારે રાત્રીના દશેક વાગ્યાના અરસામાં તેમના માતાનો ફોન આવેલો કે તારા પપ્પાનો ફોન આવ્યો નથી અને કોઈ રીપ્લાય આપતા નથી. થોડીવારમાં તેમના કાકા રમેશભાઈનો આ સાહેદના મોબાઈલ ઉપર ફોન આવેલો કે તારા પપ્પા બહાર ગયેલા છે પરંતુ પાછા આવેલા નથી, તેમની સાથે બહાર ગયેલા એક કાકા લોહી લુહાણ હાલતમાં પાછા આવેલા છે અને સિવિલ હોસ્પિટલમાં બોમ્બ બ્લાસ્ટ થયેલો છે જેથી આ સાહેદ સિવિલ હોસ્પિટલે ગયેલા. સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટર આગળ બોમ્બ ધડાકામાં ઈજા પામનાર લોકોને સારવાર માટે લાવતા હતા. આ સાહેદે તેમના પિતાની તપાસ કરતા તે મળેલા નહીં અને ત્યાં કોઈ કે જણાવેલુ કે પી.એમ. રૂમમાં તપાસ કરો જેથી આ સાહેદ પી.એમ. રૂમમાં તપાસ કરવા ગયેલા ત્યાં તેમને તેમના પિતાની લાશ જોયેલાનું જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ગુજરનાર ગીરીશભાઈ વિઠ્ઠલભાઈ રાવરાણીનાઓની લાશનું શબ પરિક્ષણ સિવિલ હોસ્પિટલ ખાતે કરવામાં આવેલુ. શબ પરિક્ષણ કરનાર સાહેદ ડૉ. મહેશકુમાર પરષોત્તમ કાપડીયાને સાહેદ

નં.૪૯ તરીકે આંક–૭૫૭ થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ મુજબ તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ તેઓ સિવિલ હોસ્પિટલ ખાતે ફરજ પર હતા ત્યારે ઈન્કવેસ્ટ રીપોર્ટ સાથે ગીરીશભાઈ વિઠ્ઠલભાઈ રાવરાણીનો મૃત દેહ શબ પરિક્ષણ માટે મળેલો. આ મૃતદેહ પુરૂષનો હતો, જેનુ શબ પરીક્ષણ ૮.૪૬ એ.એમ. થી શરૂ કરી ૧૦.૨૨ એ.એમ. કલાકે પુરૂ કરેલુ. આ શબના શરીર ઉપર કપડાઓ હતા જે લોહીથી ખરડાયેલા હતા તેમજ શરીરના જુદા–જુદા ભાગો ઉપર ઈજાઓ થયેલી હતી તે ઈજાઓ આંક–૭૫૯ વાળી શબ પરિક્ષણ નોટનાં કોલમ નં.૧૭ માં જણાવેલી છે તે પ્રમાણેની ઈજાઓ હતી અને આ સાહેદના અભિપ્રાય પ્રમાણે આ વ્યકિતનુ મૃત્યુ બ્લાસ્ટમાં ઈજા થવાના કારણે થયેલાનો અભિપ્રાય છે. શબ પરિક્ષણ નોટમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ ગુનાના કામે ચંદનગીરી ભાલચંદ્રગીરી ગોસ્વામીને ઈજા થવાના કારણે મરણ પામેલ અને તેઓની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ સાહેદ ચંદ્રસિંહ ભગતસિહ જાડેજા સાહેદ નં.૨૬૬ નાઓ જે પંચ સાહેદોની હાજરીમાં કરેલુ પરંતુ આ પંચનામાના પંચ સાહેદો મળતા ન હોવાથી ફરિયાદપક્ષે તપાસેલા નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફે ભરતસિંહ અભયસિંહ ચાવડાનાઓને સાહેદ નં.૧૦૩૧ તરીકે આંક–૭૦૪૧થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાન લેતા માર્ચ–૨૦૦૩ થી નવેમ્બર–૨૦૦૮ ના સમયગાળા દરમ્યાન તેઓ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ ખાતે પોલીસ સબઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતાં. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સિવિલ હોસ્પિટલ ખાતે થયેલ બ્લાસ્ટના સંદર્ભે તેઓ તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ સિવિલ હોસ્પિટલ ખાતે મદદનીશ પોલીસ કમિશનરશ્રી એચ.આર.મુલીયાણાનાઓની ટીમ સાથે હાજર હતા ત્યારે બ્લાસ્ટના કારણે ડેડ બોડી પી.એમ. થયા બાદ તેના વાલી વારસને સોંપવામાં આવતી હતી જેમાં ભાલચંદ્ર શંકરગીરી ગોસ્વામીનાઓએ તેમના દિકરા ચંદનગીરી ગોસ્વામીનાઓની લાશ ઓળખી બતાવેલી. જે બ્લાસ્ટના કારણે દાઝેલ હાલતમાં હતી અને આ ડેડ બોડીનું પી.એમ. થઇ ગયું હોય ડેડ બોડીનો કબજો ભાલચંદ્રગીરીનાઓને સોંપેલાનું જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફે જગદીશ કેશવલાલ પટેલનાઓને સાહેદ નં.૨૩૭ તરીકે આંક–૧૨૨૯થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાન લેતા તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ ક્રાઈમ બ્રાન્ચ પોલીસે સિવિલ હોસ્પિટલના પી.એમ. રૂમ ખાતે બોલાવેલા. ત્યાં ચંદનગીરી ભાલચંદ્રગીરી ગોસ્વામી તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ શાહીબાગ સિવિલ હોસ્પિટલ ટ્રોમા સેન્ટર ખાતે થયેલા બોમ્બ બ્લાસ્ટમાં મૃત્યુ પામેલા. તેમનુ ઈન્કવેસ્ટ પંચનામુ બે પંચોની હાજરીમાં કરવામાં આવેલુ. આ સાહેદને સિવિલ હોસ્પિટલના પી.એમ.રૂમમાં બોલાવવામાં આવ્યા હતા અને ત્યાં એક બીજા પ્રવિણભાઈ ઠાકોરને પણ બોલાવેલા અને ત્યાં એક પુરૂષની લાશ હતી અને તે લાશ ભાલચંદ્ર ગોસ્વામીનાઓએ તેમના દીકરાની હોવાની ઓળખેલી. આ લાશ બળેલી હતી અને ચહેરો બળી ગયેલો હતો. આ લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ આ સાહેદની હાજરીમાં કરવામાં આવેલુ તેમ જણાવે છે. સાહેદ આંક–૧૨૩૦વાળા પંચનામામાં તેમની સહી ઓળખી બતાવે છે.

આ બનાવમાં મરનાર ચંદનગીરી ભાલચંદ્રગીરી ગોસ્વામીના પિતા ભાલચંદ્રગીરી શંકરગીરી ગોસ્વામીને સાહેદ નં.૯૯૫ તરીકે આંક–૬૯૩૮ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લેતા તેમના કુંટુંબમાં તેમની પત્ની અને બેબી અને એક દિકરો નામ ચંદનગિરી હતું. જે સને–૨૦૦૮ માં બી.એસ.સી.ના છેલ્લા વર્ષમાં એમ.જી. સાયન્સ કોલેજમાં અભ્યાસ કરતો હતો અને તે વખતે તેની ઉંમર ૨૨ વર્ષની હતી. ૨૦૦૮ના વર્ષમાં સિવિલ હોસ્પિટલ ખાતે આવેલ ન્યુ પીજી હોસ્ટેલમાં કેન્ટીન ચલાવતો હતો. તેમનો પુત્ર તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સિવિલ હોસ્પિટલની ન્યુ પીજી હોસ્ટેલની કેન્ટીનમાં ગયેલ હતો અને તે દિવસે રાત્રે તે ઘરે આવેલો નહિ જેથી સિવિલ હોસ્પિટલ ખાતે તેની શોધખોળમાં ગયેલા. સિવિલ હોસ્પિટલની ટ્રોમા સેન્ટર પાસે બોમ્બ બ્લાસ્ટ થયેલા હતા અને શોધખોળ કરતા ન મળતા આ સાહેદ તથા તેમના સંબંધી તેમના દિકરા ચંદનગિરિને શોધવા માટે મોડીરાત્રે પોસ્ટ મોર્ટમ રૂમમાં ગયેલાં. ત્યાં બ્લાસ્ટમાં મરણ જનારની લાશો હતી તેમાં તેમના પુત્ર ચંદનગિરીની બોડી, તેનો બાંધો,

દાંત, અને ચહેરો જોઈને ઓળખી ગયેલો અને તે બ્લાસ્ટને કારણે બળી ગયેલ હોવાથી સીધે સીધો ઓળખી શકાય તેમ ન હતો અને તેની લાશને ઓળખેલી અને દિકરાની લાશનું પોસ્ટ મોર્ટમ થયેલાનું જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ગુજરનાર ચંદનગીરી ભાલચંદ્રગીરી ગોસ્વામીનાઓની લાશનું શબ પરિક્ષણ સિવિલ હોસ્પિટલ ખાતે કરવામાં આવેલુ. શબ પરિક્ષણ કરનાર સાહેદ ડૉ. વિનાયકરાવ વાસુદેવરાય પાટીલને સાહેદ નં.૩૮ તરીકે આંક–૬૩૯ થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ મુજબ તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ તેઓ સિવિલ હોસ્પિટલ ખાતે ફરજ પર હતા ત્યારે ઈન્કવેસ્ટ રીપોર્ટ સાથે ચંદનગીરી ભાલચંદ્રગીરી ગોસ્વામીનો મૃતદેહ શબ પરિક્ષણ માટે મળેલો. આ મૃતદેહ પુરૂષનો હતો, જેનુ શબ પરીક્ષણ ૯.૪૦ એ.એમ. થી શરૂ કરી ૧૦.૪૦ એ.એમ. કલાકે પુરૂ કરેલુ. આ શબના શરીર ઉપર કપડાઓ હતા જે લોહીથી ખરડાયેલા હતા તેમજ શરીરના જુદા–જુદા ભાગો ઉપર ઈજાઓ થયેલી હતી તે ઈજાઓ આંક–૬૪૦ વાળી શબ પરિક્ષણ નોટનાં કોલમ નં.૧૭ માં જણાવેલી છે તે પ્રમાણેની ઈજાઓ હતી અને આ સાહેદના અભિપ્રાય પ્રમાણે આ વ્યકિતનુ મૃત્યુ બ્લાસ્ટમાં ઈજા થવાના કારણે થયેલાનો અભિપ્રાય છે. શબ પરિક્ષણ નોટમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ બનાવમાં શ્રધ્ધા અશ્વિનભાઈ પટેલને ઈજા થવાના કારણે મરણ પામેલ અને તેઓની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ સાહેદ આત્મારામ ચાવડા સાહેદ નં.૪૮૦ નાઓએ જે પંચ સાહેદોની હાજરીમાં કરવામાં આવેલુ તે પંચ સાહેદો પૈકીના પંચ અલ્પેશ સ્ટીફન ક્રિશ્ચિયનને આ કામે સાહેદ નં.૨૩૯ તરીકે આંક–૧૨૩૫થી તપાસેલા છે. તેમની સરતપાસ મુજબ શ્રધ્ધા અશ્વિનભાઈ પટેલ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ શાહીબાગ સિવિલ હોસ્પિટલ ટ્રોમા સેન્ટર ખાતે થયેલા બોમ્બ બ્લાસ્ટમાં મૃત્યુ પામેલા. તેમનુ ઈન્કવેસ્ટ પંચનામુ બે પંચોની હાજરીમાં કરવામાં આવેલુ. આ સાહેદને સિવિલ હોસ્પિટલના પી.એમ. રૂમમાં બોલાવવામાં આવ્યા ત્યારે બીજા એક વિષ્ણુભાઈ પણ હાજર હતા અને ત્યાં એક

સ્ત્રીની લાશ હતી અને તે લાશ છગનભાઈ મોહનભાઈનાઓએ તેમના ભાઈના દીકરાની દીકરી તરીકે ઓળખેલી. લાશ ઉપર આ સાહેદે કપડા જોયેલા. આ લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ આ સાહેદની હાજરીમાં કરવામાં આવેલુ તેમ જણાવે છે. સાહેદ આંક–૧૨૩૭ વાળા પંચનામામાં તેમની સહી ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ કામે ગુજરનાર શ્રધ્ધા અશ્વિનભાઈ પટેલનાઓની લાશનું શબ પરિક્ષણ સિવિલ હોસ્પિટલ ખાતે કરવામાં આવેલુ. શબ પરિક્ષણ કરનાર સાહેદ ડૉ. ધર્મેશ એસ. પટેલને સાહેદ નં.૩૬ તરીકે આંક–૬૨૧થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ મુજબ તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ તેઓ સિવિલ હોસ્પિટલ ખાતે ફરજ પર હતા ત્યારે ઈન્કવેસ્ટ રીપોર્ટ સાથે શ્રધ્ધા અશ્વિનભાઈ પટેલનો મૃતદેહ શબ પરિક્ષણ માટે મળેલો. આ મૃતદેહ સ્ત્રીનો હતો, જેનુ શબ પરીક્ષણ ૧૦.૫૫ એ.એમ. થી શરૂ કરી ૧૨.૦૦ એ.એમ. કલાકે પુરૂ કરેલુ. આ શબના શરીર ઉપર કપડાઓ હતા જે લોહીથી ખરડાયેલા હતા તેમજ શરીરના જુદા–જુદા ભાગો ઉપર ઈજાઓ થયેલી હતી તે ઈજાઓ આંક–૬૨૯ વાળી શબ પરિક્ષણ નોટનાં કોલમ નં.૧૭ માં જણાવેલી છે તે પ્રમાણેની ઈજાઓ હતી અને આ સાહેદના અભિપ્રાય પ્રમાણે આ વ્યકિતનુ મૃત્યુ બ્લાસ્ટમાં ઈજા થવાના કારણે થયેલાનો અભિપ્રાય છે. શબ પરિક્ષણ નોટમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ બનાવમાં રોહન અશ્વિનભાઈ પટેલને ઈજા થવાના કારણે મરણ પામેલ અને તેઓની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ સાહેદ આત્મારામ ચાવડા સાહેદ નં.૪૮૦નાઓએ જે પંચ સાહેદોની હાજરીમાં કરવામાં આવેલુ તે પંચ સાહેદો પૈકીના પંચ અલ્પેશ સ્ટીફન ક્રિશ્ચિયનને આ કામે સાહેદ નં.૨૩૯ તરીકે આંક–૧૨૩૫ થી તપાસેલા છે. તેમની સરતપાસ મુજબ રોહન અશ્વિનભાઈ પટેલ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ શાહીબાગ સિવિલ હોસ્પિટલ ટ્રોમા સેન્ટર ખાતે થયેલા બોમ્બ બ્લાસ્ટમાં મૃત્યુ પામેલા. તેમનુ ઈન્કવેસ્ટ પંચનામુ બે પંચોની હાજરીમાં કરવામાં આવેલુ. આ સાહેદને સિવિલ હોસ્પિટલના પી.એમ. રૂમમાં બોલાવવામાં આવ્યા ત્યારે બીજા એક વિષ્ણુભાઈ પણ હાજર હતા અને ત્યાં એક

પુરૂષની લાશ હતી અને તે લાશ છગનભાઈ મોહનભાઈનાઓએ તેમના ભાઈના દીકરાના દીકરા તરીકે ઓળખેલી. લાશ ઉપર આ સાહેદે કપડા જોયેલા. આ લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ આ સાહેદની હાજરીમાં કરવામાં આવેલુ તેમ જણાવે છે. સાહેદ આંક–૧૨૩૮વાળા પંચનામામાં તેમની સહી ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ કામે ગુજરનાર રોહન અશ્વિનભાઈ પટેલનાઓની લાશનું શબ પરિક્ષણ સિવિલ હોસ્પિટલ ખાતે કરવામાં આવેલુ. શબ પરિક્ષણ કરનાર સાહેદ ડૉ. ધર્મેશ એસ. પટેલને સાહેદ નં.૩૬ તરીકે આંક–૬૨૧થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ મુજબ તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ તેઓ સિવિલ હોસ્પિટલ ખાતે ફરજ પર હતા ત્યારે ઈન્કવેસ્ટ રીપોર્ટ સાથે રોહન અશ્વિનભાઈ પટેલનો મૃતદેહ શબ પરિક્ષણ માટે મળેલો. આ મૃતદેહ પુરૂષનો હતો, જેનુ શબ પરીક્ષણ ૧૦.૩૦ એ.એમ. થી શરૂ કરી ૧.૦૦ પી.એમ. કલાકે પુરૂ કરેલુ. આ શબના શરીર ઉપર કપડાઓ હતા જે લોહીથી ખરડાયેલા હતા તેમજ શરીરના જુદા–જુદા ભાગો ઉપર ઈજાઓ થયેલી હતી તે ઈજાઓ આંક–૬૨૮વાળી શબ પરિક્ષણ નોટનાં કોલમ નં.૧૭ માં જણાવેલી છે તે પ્રમાણેની ઈજાઓ હતી અને આ સાહેદના અભિપ્રાય પ્રમાણે આ વ્યકિતનુ મૃત્યુ બ્લાસ્ટમાં ઈજા થવાના કારણે થયેલાનો અભિપ્રાય છે. શબ પરિક્ષણ નોટમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ બનાવમાં પ્રકાશભાઈ નારણદાસ જૈનને ઈજા થવાના કારણે મરણ પામેલ અને તેઓની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ સાહેદ જોગાજી રામજી પરમાર સાહેદ નં.૧ નાઓએ જે પંચ સાહેદોની હાજરીમાં કરવામાં આવેલુ તે પંચ સાહેદો પૈકીના પંચ ગોવિંદભાઈ છબીલદાસ વોરાને આ કામે સાહેદ નં.૨૨૬ તરીકે આંક–૧૧૮પથી તપાસેલા છે. તેમની સરતપાસ મુજબ પ્રકાશભાઈ નારણદાસ જૈન તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ શાહીબાગ સિવિલ હોસ્પિટલ ટ્રોમા સેન્ટર ખાતે થયેલા બોમ્બ બ્લાસ્ટમાં મૃત્યુ પામેલા. તેમનુ ઈન્કવેસ્ટ પંચનામુ બે પંચોની હાજરીમાં કરવામાં આવેલુ. આ સાહેદને સિવિલ હોસ્પિટલના પી.એમ. રૂમમાં બોલાવવામાં આવ્યા ત્યારે બીજા એક ભાવિનભાઈ અરવિંદભાઈ શાહ પણ

હાજર હતા અને ત્યાં એક પુરૂષની લાશ હતી અને તે લાશ પ્રકાશ જૈનનાઓએ તેમના મોટા ભાઈ તરીકે ઓળખેલી. લાશ ઉપર આ સાહેદે કપડા જોયેલા તેમજ ઈજાઓ હતી. આ લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ આ સાહેદની હાજરીમાં કરવામાં આવેલુ તેમ જણાવે છે. સાહેદ આંક–૧૧૮૬વાળા પંચનામામાં તેમની સહી ઓળખી બતાવે છે. આ લાશ ઉપરથી ડૉકટરે મેળવેલા કપડા સાહેદ જોગાજી નાનજી પરમારને સુપરત કરેલા અને જોગાજી નાનજી પરમારે તે કપડા સાહેદ નં.૩૮૮ પ્રેમસીંગ બોદુજી બારાડીની હાજરીમાં આંક–૨૨૬૬ નાં પંચનામાથી કબજે કરેલા હતા.

આ બનાવમાં મરનાર પ્રકાશભાઈ નારણદાસ જૈનના દીકરા વિરલ પ્રકાશભાઈ શાહને સાહેદ નં.૧૦૦૯ તરીકે આંક–૬૯૮૮થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લેતા જુલાઈ–૨૦૦૮ના અરસામાં તેઓ સી.યુ.શાહ કોમર્સ કોલેજમાં બીજા વર્ષમાં અભ્યાસ કરતા હતા તે સમયે તેમના કુંટુંબમાં તેમની નાની બહેન, માતા તથા પિતા પ્રકાશભાઈ નારણદાસ જૈન હતાં અને તેમના પિતાજી તે વખતે પી.ડબલ્યુ.ડી.માં વર્કચાર્જ કલાર્ક તરીકે ફરજ બજાવતા હતાં. તે સમયના અરસામાં તેમના પિતાની નોકરી સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડમાં આવેલ પાણી પુરવઠામાં વિભાગમાં હતી. તે વખતે તેમની નોકરીનો સમય બપોરના બે વાગ્યાથી રાતના દસ વાગ્યા સુધીનો હતો. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ તેમના પિતા નોકરી ઉપર ગયેલા અને રાત્રે ઘરે પરત આવેલા નહિ. તે રાત્રે સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડમાં બોમ્બ વિસ્ફોટ થયાનું ટી.વી. ઉપર જાણેલું. તેમના પિતા પરત આવેલા ન હોવાથી ચિંતા થયેલી જેથી તેમના કાકા ગિરિશભાઈ નારણદાસ શાહનાઓને આ બાબતે વાત કરેલી. જેથી તેમના કાકા તથા તેમના બે–ત્રણ મિત્રો સાથે તેમના પિતાજીની શોધખોળ કરવા માટે સિવિલ હોસ્પિટલ ગયેલા. ત્યારબાદ તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ વહેલી સવારે ફોન આવેલો કે તેમના પિતા પ્રકાશભાઈ સિવિલ હોસ્પિટલમાં ટ્રોમા સેન્ટર સામે થયેલ બોમ્બ વિસ્ફોટમાં મરણ ગયેલાનું જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ગુજરનાર પ્રકાશભાઈ નારણદાસ જૈનનાઓની લાશનું શબ પરિક્ષણ સિવિલ હોસ્પિટલ ખાતે કરવામાં આવેલુ. શબ પરિક્ષણ કરનાર સાહેદ ડૉ. હરીશકુમાર ત્રિકમદાસ ખુબચંદાણીને સાહેદ નં.૪૧ તરીકે આંક–૬૮૭ થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ મુજબ તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ તેઓ સિવિલ હોસ્પિટલ ખાતે ફરજ પર હતા ત્યારે ઈન્કવેસ્ટ રીપોર્ટ સાથે પ્રકાશભાઈ નારણદાસ જૈનનો મૃતદેહ શબ પરિક્ષણ માટે મળેલો. આ મૃત દેહ પુરૂષનો હતો, જેનુ શબ પરીક્ષણ ૫.૨૦ એ.એમ. થી શરૂ કરી ૬.૪૫ એ.એમ. કલાકે પુરૂ કરેલુ. આ શબના શરીર ઉપર કપડાઓ હતા જે લોહીથી ખરડાયેલા હતા તેમજ શરીરના જુદા–જુદા ભાગો ઉપર ઈજાઓ થયેલી હતી તે ઈજાઓ આંક–૬૯૦વાળી શબ પરિક્ષણ નોટનાં કોલમ નં.૧૭ માં જણાવેલી છે તે પ્રમાણેની ઈજાઓ હતી અને આ સાહેદના અભિપ્રાય પ્રમાણે આ વ્યકિતનુ મૃત્યુ બ્લાસ્ટમાં ઈજા થવાના કારણે થયેલાનો અભિપ્રાય છે. શબ પરિક્ષણ નોટમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ બનાવમાં પરેશભાઈ કરશનભાઈ પંચાલને ઈજા થવાના કારણે મરણ પામેલ અને તેઓની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ સાહેદ આત્મારામ જેઠાભાઈ ચાવડા સાહેદ નં.૪૮૦નાઓએ જે પંચ સાહેદોની હાજરીમાં કરવામાં આવેલુ તે પંચ સાહેદો પૈકીના પંચ ચંદ્રકાન્ત પરષોત્તમભાઈ દરજીને આ કામે સાહેદ નં.૨૩૨ તરીકે આંક–૧૨૦૯થી તપાસેલા છે. તેમની સરતપાસ મુજબ પરેશભાઈ કરશનભાઈ પંચાલ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ શાહીબાગ સિવિલ હોસ્પિટલ ટ્રોમા સેન્ટર ખાતે થયેલા બોમ્બ બ્લાસ્ટમાં મૃત્યુ પામેલા. તેમનુ ઈન્કવેસ્ટ પંચનામુ બે પંચોની હાજરીમાં કરવામાં આવેલુ. આ સાહેદને સિવિલ હોસ્પિટલના પી.એમ. રૂમમાં બોલાવવામાં આવ્યા ત્યારે બીજા એક રમેશભાઈ પણ હાજર હતા અને ત્યાં એક પુરૂષની લાશ હતી અને તે લાશ રાજેશ કરશનદાસ પંચાલનાઓએ ઓળખેલી. આ લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ આ સાહેદની હાજરીમાં કરવામાં આવેલુ તેમ જણાવે છે. સાહેદ આંક–૧૨૧૦ વાળા પંચનામામાં તેમની સહી ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ કામે ગુજરનાર પરેશભાઈ કરશનભાઈ પંચાલનાઓની લાશનું શબ પરિક્ષણ સિવિલ હોસ્પિટલ ખાતે કરવામાં આવેલુ. શબ પરિક્ષણ કરનાર સાહેદ ડૉ. ભાર્ગવ બેચરદાસ ઝવેરીને સાહેદ નં.૪૨ તરીકે આંક–૬૯૮થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ મુજબ તા. ૨૭/૭/૨૦૦૮ નાં રોજ તેઓ સિવિલ હોસ્પિટલ ખાતે ફરજ પર હતા ત્યારે ઈન્કવેસ્ટ રીપોર્ટ સાથે પરેશભાઈ કરશનભાઈ પંચાલનો મૃત દેહ શબ પરિક્ષણ માટે મળેલો. આ મૃતદેહ પુરૂષનો હતો, જેનુ શબ પરીક્ષણ ૧૦.૪૦ એ.એમ.થી શરૂ કરી ૧૧.૪૫ એ.એમ. કલાકે પુરૂ કરેલુ. આ શબના શરીર ઉપર કપડાઓ હતા જે લોહીથી ખરડાયેલા હતા તેમજ શરીરના જુદા–જુદા ભાગો ઉપર ઈજાઓ થયેલી હતી તે ઈજાઓ આંક–૭૦૧વાળી શબ પરિક્ષણ નોટનાં કોલમ નં.૧૭ માં જણાવેલી છે તે પ્રમાણેની ઈજાઓ હતી અને આ સાહેદના અભિપ્રાય પ્રમાણે આ વ્યકિતનુ મૃત્યુ બ્લાસ્ટમાં ઈજા થવાના કારણે થયેલાનો અભિપ્રાય છે. શબ પરિક્ષણ નોટમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ બનાવમાં વિરેન્દ્રભાઈ રમેશચંદ્ર પંડયાને ઈજા થવાના કારણે મરણ પામેલ અને તેઓની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ સાહેદ દલસંગભાઈ ગોવિંદભાઈ ચૌધરી સાહેદ નં.૭૦૭ નાઓએ જે પંચ સાહેદોની હાજરીમાં કરવામાં આવેલુ તે પંચ સાહેદો પૈકીના પંચ મિતેશભાઈ ત્રિલોકચંદ ઉપાધ્યાયને આ કામે સાહેદ નં.૨૩૦ તરીકે આંક–૧૨૦૫થી તપાસેલા છે. તેમની સરતપાસ મુજબ વિરેન્દ્રભાઈ રમેશચંદ્ર પંડયા તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ શાહીબાગ સિવિલ હોસ્પિટલ ટ્રોમા સેન્ટર ખાતે થયેલા બોમ્બ બ્લાસ્ટમાં મૃત્યુ પામેલા. તેમનુ ઈન્કવેસ્ટ પંચનામુ બે પંચોની હાજરીમાં કરવામાં આવેલુ. આ સાહેદને સિવિલ હોસ્પિટલના પી.એમ. રૂમમાં બોલાવવામાં આવ્યા ત્યારે બીજા એક સંજયભાઈ પણ હાજર હતા અને ત્યાં એક પુરૂષની લાશ હતી અને તે લાશ પ્રફુલભાઈ દલસુખભાઈનાઓએ ઓળખેલી. આ લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ આ સાહેદની હાજરીમાં કરવામાં આવેલુ તેમ જણાવે છે. સાહેદ આંક–૧૨૦૬વાળા પંચનામામાં તેમની સહી ઓળખી બતાવે છે. આ લાશ ઉપરથી ડૉકટરે મેળવેલા

કપડા સાહેદ દલસંગભાઈ ચૌધરીને સુપરત કરેલા અને દલસંગભાઈ ચૌધરીએ તે કપડા સાહેદ નં.૩૭૧ ઈશ્વરભાઈ સોનજીભાઈ પટણીની હાજરીમાં આંક–૨૧૫૨ નાં પંચનામાથી કબજે કરેલા હતા.

ત્યારબાદ આ કામે ગુજરનાર વિરેન્દ્રભાઈ રમેશચંદ્ર પંડયાનાઓની લાશનું શબ પરિક્ષણ સિવિલ હોસ્પિટલ ખાતે કરવામાં આવેલુ. શબ પરિક્ષણ કરનાર સાહેદ ડૉ. જીગેશ વસંતકુમાર શાહને સાહેદ નં.૩૦ તરીકે આંક–૫૯૧ થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ મુજબ તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ તેઓ સિવિલ હોસ્પિટલ ખાતે ફરજ પર હતા ત્યારે ઈન્કવેસ્ટ રીપોર્ટ સાથે વિરેન્દ્રભાઈ રમેશચંદ્ર પંડયાનો મૃતદેહ શબ પરિક્ષણ માટે મળેલો. આ મૃતદેહ પુરૂષનો હતો, જેનુ શબ પરીક્ષણ ૨.૪૫ પી.એમ.થી શરૂ કરી ૩.૪૫ પી.એમ. કલાકે પુરૂ કરેલુ. આ શબના શરીર ઉપર કપડાઓ હતા જે લોહીથી ખરડાયેલા હતા તેમજ શરીરના જુદા–જુદા ભાગો ઉપર ઈજાઓ થયેલી હતી તે ઈજાઓ આંક–૫૯૨ વાળી શબ પરિક્ષણ નોટનાં કોલમ નં.૧૭ માં જણાવેલી છે તે પ્રમાણેની ઈજાઓ હતી અને આ સાહેદના અભિપ્રાય પ્રમાણે આ વ્યકિતનુ મૃત્યુ બ્લાસ્ટમાં ઈજા થવાના કારણે થયેલાનો અભિપ્રાય છે. શબ પરિક્ષણ નોટમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ બનાવમાં વિષ્ણુભાઈ બેચરદાસ પટેલને ઈજા થવાના કારણે મરણ પામેલ અને તેઓની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ કરનાર સાહેદ પ્રહલાદજી સવધાનજી ગુજરી ગયેલા હોવાથી ફરિયાદપક્ષે તેઓને તપાસેલા નથી.પરંતુ તેમને પંચનામુ જે પંચ સાહેદોની હાજરીમાં કરવામાં આવેલુ તે પંચ સાહેદો પૈકીના પંચ મહેન્દ્રભાઈ શાકરચંદ પટેલને આ કામે સાહેદ નં.૨૩૪ તરીકે આંક–૧૨૨૩થી તપાસેલા છે. તેમની સરતપાસ મુજબ વિષ્ણુભાઈ બેચરદાસ પટેલ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ શાહીબાગ સિવિલ હોસ્પિટલ ટ્રોમા સેન્ટર ખાતે થયેલા બોમ્બ બ્લાસ્ટમાં મૃત્યુ પામેલા. તેમનુ ઈન્કવેસ્ટ પંચનામુ બે પંચોની હાજરીમાં કરવામાં આવેલુ. આ સાહેદને સિવિલ હોસ્પિટલના પી.એમ. રૂમમાં બોલાવવામાં આવ્યા ત્યારે બીજા એક કરણસિંહ પરમાર પણ હાજર હતા અને

ત્યાં એક પુરૂષની લાશ હતી અને તે લાશ રમેશભાઈ પટેલનાઓએ તેમના ભાઈ તરીકે લાશ ઓળખેલી. આ લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ આ સાહેદની હાજરીમાં કરવામાં આવેલુ તેમ જણાવે છે. સાહેદ આંક–૧૨૨૪ વાળા પંચનામામાં તેમની સહી ઓળખી બતાવે છે.

આ બનાવમાં મરનાર વિષ્ણુભાઈ બેચરદાસ પટેલના ભાઈ કાંતીભાઈ બેચરદાસ પટેલને સાહેદ નં.૭૪૩ તરીકે આંક–૩૫૩૦ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લેતા તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ અમદાવાદમાં જુદા–જુદી જગ્યાએ સાંજના સમયે થયેલ બોમ્બ ધડાકામાં ઈજા પામનાર માણસોને સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવેલા હોવાથી ત્યાં સેવા અર્થે ઈજાગ્રસ્તોની મદદ માટે ગયેલા. આ સાહેદના ભાઈ ગુજરનાર વિષ્ણુભાઈ અસારવા ભોગીલાલની ચાલીના નાકે ભગવતી ટ્રેડર્સ નામનો ધંધો કરતા હતા. તે દિવસે તેઓ તેમનુ બાઈક લઈને સિવિલ હોસ્પિટલે ગયેલા હતા અને ત્યાં થયેલા બોમ્બ ધડાકામાં શરીરે દાઝી ગયેલા અને ગંભીર ઈજાઓ થયેલી અને તેમના પત્નીએ ફોન દ્વારા આ બનાવની જાણ કરતા આ સાહેદ સિવિલ હોસ્પિટલ ગયેલા અને તેમના ભાઈની લાશ ઓળખી બતાવેલાનું જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ગુજરનાર વિષ્ણુભાઈ બેચરદાસ પટેલનાઓની લાશનું શબ પરિક્ષણ સિવિલ હોસ્પિટલ ખાતે કરવામાં આવેલુ. શબ પરિક્ષણ કરનાર સાહેદ ડૉ. ભાવીન શ્યામલાલ શાહને સાહેદ નં.૩૫ તરીકે આંક–૬૧૬થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ મુજબ તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ તેઓ સિવિલ હોસ્પિટલ ખાતે ફરજ પર હતા ત્યારે ઈન્કવેસ્ટ રીપોર્ટ સાથે વિષ્ણુભાઈ બેચરદાસ પટેલનો મૃતદેહ શબ પરિક્ષણ માટે મળેલો. આ મૃતદેહ પુરૂષનો હતો, જેનુ શબ પરીક્ષણ ૧.૦૦ પી.એમ. થી શરૂ કરી ૨.૩૦ પી.એમ. કલાકે પુરૂ કરેલુ. આ શબના શરીર ઉપર કપડાઓ હતા જે લોહીથી ખરડાયેલા હતા તેમજ શરીરના જુદા–જુદા ભાગો ઉપર ઈજાઓ થયેલી હતી તે ઈજાઓ આંક–૬૧૭ વાળી શબ પરિક્ષણ નોટનાં કોલમ નં.૧૭ માં જણાવેલી છે તે પ્રમાણેની ઈજાઓ હતી અને આ સાહેદના અભિપ્રાય પ્રમાણે આ વ્યકિતનુ મૃત્યુ

બ્લાસ્ટમાં ઈજા થવાના કારણે થયેલાનો અભિપ્રાય છે. શબ પરિક્ષણ નોટમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ બનાવમાં નિતીનભાઈ મગનભાઈ પટેલને ઈજા થવાના કારણે મરણ પામેલ અને તેઓની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ કરનાર સાહેદ ડી.એ.જાડેજા ગુજરી ગયેલા હોવાથી ફરિયાદપક્ષે તેઓને તપાસેલા નથી. પરંતુ તેમને પંચનામુ જે પંચ સાહેદોની હાજરીમાં કરવામાં આવેલુ તે પંચ સાહેદો પૈકીના પંચ હર્ષદભાઈ સોમાભાઈ પટેલને આ કામે સાહેદ નં.૨૫૬ તરીકે આંક–૧૨૮૮થી તપાસેલા છે. તેમની સરતપાસ મુજબ નીતિનભાઈ મગનભાઈ પટેલ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ શાહીબાગ સિવિલ હોસ્પિટલ ટ્રોમા સેન્ટર ખાતે થયેલા બોમ્બ બ્લાસ્ટમાં મૃત્યુ પામેલા. તેમનુ ઈન્કવેસ્ટ પંચનામુ બે પંચોની હાજરીમાં કરવામાં આવેલુ. આ સાહેદને સિવિલ હોસ્પિટલના પી.એમ. રૂમમાં બોલાવવામાં આવ્યા ત્યારે બીજા એક કમલેશભાઈ પટેલ પણ હાજર હતા અને ત્યાં એક પુરૂષની લાશ હતી અને તે લાશ મનીષભાઈ મગનભાઈનાઓએ તેમના મોટા ભાઈ તરીકે લાશ ઓળખેલી. આ લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ આ સાહેદની હાજરીમાં કરવામાં આવેલુ તેમ જણાવે છે. સાહેદ આંક–૧૨૮૯ વાળા પંચનામામાં તેમની સહી ઓળખી બતાવે છે.

આ બનાવમાં મરનાર નિતીનભાઈ મગનભાઈ પટેલના મિત્ર ગુલાબસિંહ મંગળસિંહ જાડેજાને સાહેદ નં.૧૬૩ તરીકે આંક–૧૦૪૩ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લેતા તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ અમદાવાદમાં જુદી–જુદી જગ્યાએ સાંજના સમયે થયેલ બોમ્બ ધડાકામાં ઈજા પામનાર માણસોને સિવિલો હોસ્પિટલમાં લાવવામાં આવતા હતા જેથી આ સાહેદ તથા તેમના મિત્ર પ્રદિપ પરમાર બંને પોતાની મોટર સાઇકલ લઈ સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટર ખાતે ગયેલા. તે વખતે એક એમ્બ્યુલન્સ ગાડી આવેલી અને તેમાથી ઈજા પામનાર માણસોને ઉતારવામાં આવતા હતા. તે જ સમયે એકદમ મોટ બોમ્બ ધડાકો થયેલો, ધુમાડાના તેમજ આગના ગોટેગોટા નીકળવા લાગેલા. આ ધડાકામાંથી કાંઈ ઉડીને આ સાહેદના જમણા પગ ઉપર તથા

જમણા બાવડા ઉપર વાગેલુ અને ઈજાઓ થયેલી જેથી લોહી નીકળવા લાગેલુ. આ સમય દરમ્યાન બીજો પણ એક ધડાકો થયેલો ત્યાં લોકોમાં નાસભાગ થવા લાગેલી, ઘણા માણસોને ઈજાઓ થયેલી અને ત્યાં ઘણી લાશો પડેલી હતી. આ સાહેદને સારવાર માટે રાજસ્થાન હોસ્પિટલમાં લઈ ગયેલા. આ બોમ્બ ધડાકામાં તેમની કોલેજ વખતનો મિત્ર નિતીનભાઈ મગનભાઈ પટેલ ગુજરી ગયેલ હતો તેમ જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ગુજરનાર નિતીનભાઈ મગનભાઈ પટેલનાઓની લાશનું શબ પરિક્ષણ સિવિલ હોસ્પિટલ ખાતે કરવામાં આવેલુ. શબ પરિક્ષણ કરનાર સાહેદ ડૉ. મુસ્તાક અહેમદ ગુલામરસુલ શેખને સાહેદ નં.૩૭ તરીકે આંક–૬૩પથી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ મુજબ તા.૨૮/૭/–૨૦૦૮ નાં રોજ તેઓ સિવિલ હોસ્પિટલ ખાતે ફરજ પર હતા ત્યારે ઈન્કવેસ્ટ રીપોર્ટ સાથે નિતીનભાઈ મગનભાઈ પટેલનો મૃતદેહ શબ પરિક્ષણ માટે મળેલો. આ મૃતદેહ પુરૂષનો હતો, જેનુ શબ પરીક્ષણ ૪.૧૫ પી.એમ.થી શરૂ કરી ૫.૧૫ પી.એમ. કલાકે પુરૂ કરેલુ. આ શબના શરીર ઉપર કપડાઓ હતા જે લોહીથી ખરડાયેલા હતા તેમજ શરીરના જુદા–જુદા ભાગો ઉપર ઈજાઓ થયેલી હતી તે ઈજાઓ આંક–૬૩૬ વાળી શબ પરિક્ષણ નોટનાં કોલમ નં.૧૭ માં જણાવેલી છે તે પ્રમાણેની ઈજાઓ હતી અને આ સાહેદના અભિપ્રાય પ્રમાણે આ વ્યકિતનુ મૃત્યુ બ્લાસ્ટમાં ઈજા થવાના કારણે થયેલાનો અભિપ્રાય છે. શબ પરિક્ષણ નોટમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. આ ઉપરાંત આ સાહેદે લાશનો કબજો સોંપ્યો તે અંગેની ડેથ સ્લીપ પણ સોંપેલી.

આ બનાવમાં રોહિતભાઈ મથુરભાઈ સોલંકીને ઈજા થવાના કારણે મરણ પામેલ અને તેઓની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ કરનાર સાહેદ નરોત્તમભાઈ રણછોડભાઈ પરમારને સાહેદ નં.૪૭૫ તરીકે આંક–૨૮૮પથી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો ૨૦૦૬ થી ૨૦૦૮ ના સમય દરમ્યાન તેઓ શાહીબાગ પોલીસ સ્ટેશનમાં ઈન્વેસ્ટીગેશન સ્કવોર્ડમાં ફરજ બજાવતા હતા. તા.૨૯/૭/૨૦૦૮ નાં રોજ તેઓ ફરજ પર હતા ત્યારે સિવિલ હોસ્પિટલ

શાહીબાગના ટેબલ ઉપરથી પી.એસ.ઓ.ને વર્ધી મળેલી અને તે વર્ધીની જાણ આ સાહેદને કરવામાં આવેલી તે મુજબ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ બોમ્બ બ્લાસ્ટમાં ઈજા પામનાર રોહીતભાઈ મથુરભાઈ સોલંકીનું ઈન્કવેસ્ટ ભરવા માટે સિવિલ હોસ્પિટલના પી.એમ. રૂમમાં ગયેલા. ત્યાં જઈને ગુજરનારનું રોહીતભાઈ મથુરભાઈ સોલંકીનું ઈન્કવેસ્ટ પંચનામુ બે પંચોને બોલાવીને પંચોની હાજરીમાં કરેલુ અને ગુજરનારની લાશ તેમના સગા ફતાભાઈ સોલંકીએ ઓળખી બતાવેલી. ત્યારબાદ લાશનો કબજો સોંપેલો. વધુમાં આ સાહેદની સરતપાસ ધ્યાને લઈએ તો બોમ્બ બ્લાસ્ટમાં ઈજા પામનાર પ્રકાશભાઈ છગનભાઈ વાઘાણીની સારવાર યાદી સી.એમ.ઓ. સિવિલ હોસ્પિટલનાઓને આપેલાનું પણ જણાવે છે. આંક–૧૩૩૫ વાળા પંચનામામાં સાહેદ પંચની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે.

ઉપરોકત આંક–૧૩૩૫વાળા પંચનામાના પંચ સાહેદો પૈકીના પંચ કાન્તીભાઈ મથુરભાઈ પરમારને આ કામે સાહેદ નં.૨૬૭ તરીકે આંક–૧૩૩૪ થી તપાસેલા છે. તેમની સરતપાસ મુજબ રોહિતભાઈ મથુરભાઈ સોલંકી તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ શાહીબાગ સિવિલ હોસ્પિટલ ટ્રોમા સેન્ટર ખાતે થયેલા બોમ્બ બ્લાસ્ટમાં મૃત્યુ પામેલા. તેમનુ ઈન્કવેસ્ટ પંચનામુ બે પંચોની હાજરીમાં કરવામાં આવેલુ. આ સાહેદને સિવિલ હોસ્પિટલના પી.એમ. રૂમમાં બોલાવવામાં આવ્યા ત્યારે બીજા એક બાબુભાઈ સોલંકી પણ હાજર હતા અને ત્યાં એક પુરૂષની લાશ હતી અને તે લાશ ફનાભાઈ સોલંકીનાઓએ તેમના ભત્રીજા તરીકે લાશ ઓળખેલી. આ લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ આ સાહેદની હાજરીમાં કરવામાં આવેલુ તેમ જણાવે છે. સાહેદ આંક–૧૩૩૫વાળા પંચનામામાં તેમની સહી ઓળખી બતાવે છે.

આ બનાવમાં મરનાર રોહિતભાઈ મથુરભાઈ સોલંકીના પિતા મથુરભાઈ મનાભાઈ સોલંકીને સાહેદ નં.૧૦૧૩ તરીકે આંક–૭૦૦૧થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લેતા જુલાઈ–૨૦૦૮ની સાલમા તેમના સંબંધી પીંન્કીબેનની ખબર કાઢવા માટે તેઓ, તેમની પત્ની તથા તેમનો દિકરો

અમદાવાદ ખાતે સિવિલ હોસ્પિટલમાં ગયેલા. તેઓ સિવિલ હોસ્પિટલમાં બપોરના સમયે આવેલા હતા. તેઓ સિવિલ હોસ્પિટલમાં અંદર પ્રવેશ્યા ત્યારે બોમ્બ ફુટેલો. બોમ્બ ફુટ્યો ત્યારે તેમના ભાઈની દીકરી નીશા પણ તેમની સાથે હતી તેને પગમા ઈજા થયેલી. તેમના છોકરાને માથાના ભાગે ઈજા થયેલી. તેમના દિકરાને તથા તેમના ભાઈની દિકરીને ઈજાઓ થતા બંનેને ત્યાં સિવિલ હોસ્પિટલમાં દાખલ કરેલા. હોસ્પિટલમાં આ બંનેને દાખલ કર્યા પછી તેમનો દિકરો મરણ ગયેલાનું જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ગુજરનાર રોહિતભાઈ મથુરભાઈ સોલંકીની લાશનું શબ પરિક્ષણ સિવિલ હોસ્પિટલ ખાતે કરવામાં આવેલુ. શબ પરિક્ષણ કરનાર સાહેદ ડૉ. મુસ્તાક અહેમદ ગુલામરસુલ શેખને સાહેદ નં.૩૭ તરીકે આંક–૬૩૫ થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ મુજબ તા.૨૯/૭/૨૦૦૮ નાં રોજ તેઓ સિવિલ હોસ્પિટલ ખાતે ફરજ પર હતા ત્યારે ઈન્કવેસ્ટ રીપોર્ટ સાથે રોહિતભાઈ મથુરભાઈ સોલંકીનો મૃતદેહ શબ પરિક્ષણ માટે મળેલો. આ મૃતદેહ પુરૂષનો હતો, જેનુ શબ પરીક્ષણ ૩.૦૦ પી.એમ. થી શરૂ કરી ૪.૦૦ પી.એમ. કલાકે પુરૂ કરેલુ. આ શબના શરીર ઉપર કપડાઓ હતા જે લોહીથી ખરડાયેલા હતા તેમજ શરીરના જુદા–જુદા ભાગો ઉપર ઈજાઓ થયેલી હતી તે ઈજાઓ આંક–૬૩૭ વાળી શબ પરિક્ષણ નોટનાં કોલમ નં.૧૭ માં જણાવેલી છે તે પ્રમાણેની ઈજાઓ હતી અને આ સાહેદના અભિપ્રાય પ્રમાણે આ વ્યકિતનુ મૃત્યુ બ્લાસ્ટમાં ઈજા થવાના કારણે થયેલાનો અભિપ્રાય છે. શબ પરિક્ષણ નોટમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ બનાવમાં વિનોદભાઈ ભીખાભાઈ પટણીને ઈજા થવાના કારણે મરણ પામેલ અને તેઓની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ કરનાર સાહેદ પ્રહલાદજી સવધાનજી ગુજરી ગયેલા હોવાથી ફરિયાદ પક્ષે તેઓને તપાસેલા નથી. પરંતુ તેમને પંચનામુ જે પંચ સાહેદોની હાજરીમાં કરવામાં આવેલુ તે પંચ સાહેદો પૈકીના પંચ નટવરલાલ ચુનીલાલ ઠાકોરને આ કામે સાહેદ નં.૨૫૮ તરીકે આંક–૧૨૯૨ થી તપાસેલા છે. તેમની સરતપાસ મુજબ વિનોદભાઈ ભીખાભાઈ

પટણી તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ શાહીબાગ સિવિલ હોસ્પિટલ ટ્રોમા સેન્ટર ખાતે થયેલા બોમ્બ બ્લાસ્ટમાં મૃત્યુ પામેલા. તેમનુ ઈન્કવેસ્ટ પંચનામુ બે પંચોની હાજરીમાં કરવામાં આવેલુ. આ સાહેદને સિવિલ હોસ્પિટલના પી.એમ. રૂમમાં બોલાવવામાં આવ્યા ત્યારે બીજા એક ભવરસિંહ દોલતસિંહ દરબાર પણ હાજર હતા અને ત્યાં એક પુરૂષની લાશ હતી અને લાશનું મોઢુ દાઝી ગયેલુ હતુ, લાશ ઉપર દવાખાનાના પાટા બાંધેલા હતા. આ લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ આ સાહેદની હાજરીમાં કરવામાં આવેલુ તેમ જણાવે છે. સાહેદ આંક–૧૨૯૩ વાળા પંચનામામાં તેમની સહી ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ કામે ગુજરનાર વિનોદભાઈ ભીખાભાઈ પટણીનાઓની લાશનું શબ પરિક્ષણ સિવિલ હોસ્પિટલ ખાતે કરવામાં આવેલુ. શબ પરિક્ષણ કરનાર સાહેદ ડૉ. વિનાયકરાવ વાસુદેવરાવ પાટીલને સાહેદ નં.૩૮ તરીકે આંક–૬૩૯ થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ મુજબ તા.૩૦/૭/૨૦૦૮ નાં રોજ તેઓ સિવિલ હોસ્પિટલ ખાતે ફરજ પર હતા ત્યારે ઈન્કવેસ્ટ રીપોર્ટ સાથે વિનોદભાઈ ભીખાભાઈ પટણીનો મૃતદેહ શબ પરિક્ષણ માટે મળેલો. આ મૃતદેહ પુરૂષનો હતો, જેનુ શબ પરીક્ષણ ૯.૩૦ એ.એમ. થી શરૂ કરી ૧૧.૦૦ એ.એમ. કલાકે પુરૂ કરેલુ. આ શબના શરીર ઉપર કપડાઓ હતા જે લોહીથી ખરડાયેલા હતા તેમજ શરીરના જુદા–જુદા ભાગો ઉપર ઈજાઓ થયેલી હતી તે ઈજાઓ આંક–૬૪૯ વાળી શબ પરિક્ષણ નોટનાં કોલમ નં.૧૭ માં જણાવેલી છે તે પ્રમાણેની ઈજાઓ હતી અને આ સાહેદના અભિપ્રાય પ્રમાણે આ વ્યકિતનુ મૃત્યુ બ્લાસ્ટમાં ઈજા થવાના કારણે થયેલાનો અભિપ્રાય છે. શબ પરિક્ષણ નોટમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ બનાવમાં જયેશકુમાર ભગવતીપ્રસાદ દવેને ઈજા થવાના કારણે મરણ પામેલ અને તેઓની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ કરનાર સાહેદ આત્મારામ જેઠાભાઈ ચાવડા સાહેદ નં.૪૮૦નાઓએ બે પંચોની હાજરીમાં ઈન્કવેસ્ટ પંચનામુ કરેલુ તે પંચનામુ જે પંચ સાહેદોની હાજરીમાં કરવામાં આવેલુ તે પંચ સાહેદો પૈકીના પંચ સંજયભાઈ નટવરભાઈ પટેલને આ કામે સાહેદ નં.૨૫૪

તરીકે આંક–૧૨૮૪ થી તપાસેલા છે. તેમની સરતપાસ મુજબ જયેશકુમાર ભગવતીપ્રસાદ દવે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ શાહીબાગ સિવિલ હોસ્પિટલ ટ્રોમા સેન્ટર ખાતે થયેલા બોમ્બ બ્લાસ્ટમાં મૃત્યુ પામેલા. તેમનુ ઈન્કવેસ્ટ પંચનામુ બે પંચોની હાજરીમાં કરવામાં આવેલુ. આ સાહેદને સિવિલ હોસ્પિટલના પી.એમ. રૂમમાં બોલાવવામાં આવ્યા ત્યારે બીજા એક નિકુંજ રવિન્દ્રભાઈ પટેલ પણ હાજર હતા અને ત્યાં એક પુરૂષની લાશ હતી અને તે લાશ દીલીપ ભગવતીપ્રસાદનાઓએ તેમના ભાઈ તરીકે ઓળખેલી. લાશ ઉપર કપડા હતા તેમજ લાશ પર ઈજાઓ પણ હતી. આ લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ આ સાહેદની હાજરીમાં કરવામાં આવેલુ તેમ જણાવે છે. સાહેદ આંક–૧૨૮૫ વાળા પંચનામામાં તેમની સહી ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ કામે ગુજરનાર જયેશકુમાર ભગવતીપ્રસાદ દવેનાઓની લાશનું શબ પરિક્ષણ સિવિલ હોસ્પિટલ ખાતે કરવામાં આવેલુ. શબ પરિક્ષણ કરનાર સાહેદ ડૉ. વિનાયકરાવ વાસુદેવરાવ પાટીલને સાહેદ નં.૩૮ તરીકે આંક–૬૩૯ થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ મુજબ તા.૩૦/૭/૨૦૦૮ નાં રોજ તેઓ સિવિલ હોસ્પિટલ ખાતે ફરજ પર હતા ત્યારે ઈન્કવેસ્ટ રીપોર્ટ સાથે જયેશકુમાર ભગવતીપ્રસાદ દવેનો મૃતદેહ શબ પરિક્ષણ માટે મળેલો. આ મૃતદેહ પુરૂષનો હતો, જેનુ શબ પરીક્ષણ ૧૧.૦૦ એ.એમ. થી શરૂ કરી ૧૨.૩૦ પી.એમ. કલાકે પુરૂ કરેલુ. આ શબના શરીર ઉપર કપડાઓ હતા જે લોહીથી ખરડાયેલા હતા તેમજ શરીરના જુદા–જુદા ભાગો ઉપર ઈજાઓ થયેલી હતી તે ઈજાઓ આંક–૬૪૮ વાળી શબ પરિક્ષણ નોટનાં કોલમ નં.૧૭ માં જણાવેલી છે તે પ્રમાણેની ઈજાઓ હતી અને આ સાહેદના અભિપ્રાય પ્રમાણે આ વ્યકિતનુ મૃત્યુ બ્લાસ્ટમાં ઈજા થવાના કારણે થયેલાનો અભિપ્રાય છે. શબ પરિક્ષણ નોટમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ બનાવમાં ઈશ્વરભાઈ માધાભાઈ ચાવડાને ઈજા થવાના કારણે મરણ પામેલ અને તેઓની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ કરનાર સાહેદ સિધ્ધરાજસિંહ શંભુસિંહ વાઘેલા સાહેદ નં.૪૭૧ નાઓએ બે પંચોની હાજરીમાં

ઈન્કવેસ્ટ પંચનામુ કરેલુ તે પંચનામુ જે પંચ સાહેદોની હાજરીમાં કરવામાં આવેલુ તે પંચ સાહેદો પૈકીના પંચ ભાસ્કરભાઈ શાંતારામ પોટેને આ કામે સાહેદ નં.૨૫૭ તરીકે આંક–૧૨૯૦ થી તપાસેલા છે. તેમની સરતપાસ મુજબ ઈશ્વરભાઈ માધાભાઈ ચાવડા તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ શાહીબાગ સિવિલ હોસ્પિટલ ટ્રોમા સેન્ટર ખાતે થયેલા બોમ્બ બ્લાસ્ટમાં મૃત્યુ પામેલા. તેમનુ ઈન્કવેસ્ટ પંચનામુ બે પંચોની હાજરીમાં કરવામાં આવેલુ. આ સાહેદને સિવિલ હોસ્પિટલના પી.એમ. રૂમમાં બોલાવવામાં આવ્યા ત્યારે બીજા એક પરમજીત પ્યારેલાલ શર્મા પણ હાજર હતા અને ત્યાં એક પુરૂષની લાશ હતી અને તે લાશ પુનમભાઈ માધાભાઈનાઓએ તેમના ભાઈ તરીકે લાશ ઓળખેલી. લાશ ઉપર કપડા હતા તેમજ લાશ પર ઈજાઓ પણ હતી. આ લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ આ સાહેદની હાજરીમાં કરવામાં આવેલુ તેમ જણાવે છે. સાહેદ આંક–૧૨૯૧ વાળા પંચનામામાં તેમની સહી ઓળખી બતાવે છે. આ ઉપરાંત સાહેદ સિધ્ધરાજસિંહ શંભુસિંહ વાઘેલાનાઓને ડૉકટરે મરનારની લાશ ઉપરથી લીધેલા વિશેરા કબજે કરેલા અને તેનુ જે પંચનામુ આંક–૨૨૭૪ વાળુ બનાવવામાં આવેલુ તે પંચ સાહેદ નં.૩૯૦ અજયભાઈ ચમનભાઈ રાણાની હાજરીમાં કરવામાં આવેલુ.

ત્યારબાદ આ કામે ગુજરનાર ઈશ્વરભાઈ માધાભાઈ ચાવડાનાઓની લાશનું શબ પરિક્ષણ સિવિલ હોસ્પિટલ ખાતે કરવામાં આવેલુ. શબ પરિક્ષણ કરનાર સાહેદ ડૉ. જયંતીલાલ વિરજીભાઈ સતાપરાને સાહેદ નં.૫૦ તરીકે આંક–૭૭૪ થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ મુજબ તા.૩૧/૭/–૨૦૦૮ નાં રોજ તેઓ સિવિલ હોસ્પિટલ ખાતે ફરજ પર હતા ત્યારે ઈન્કવેસ્ટ રીપોર્ટ સાથે ઈશ્વરભાઈ માધાભાઈ ચાવડાનો મૃતદેહ શબ પરિક્ષણ માટે મળેલો. આ મૃતદેહ પુરૂષનો હતો, જેનુ શબ પરીક્ષણ ૧૧.૨૦ એ.એમ. થી શરૂ કરી ૧૨.૨૦ પી.એમ. કલાકે પુરૂ કરેલુ. આ શબના શરીર ઉપર કપડાઓ હતા જે લોહીથી ખરડાયેલા હતા તેમજ શરીરના જુદા–જુદા ભાગો ઉપર ઈજાઓ થયેલી હતી તે ઈજાઓ આંક–૭૭૫વાળી શબ પરિક્ષણ નોટનાં કોલમ નં.૧૭ માં જણાવેલી છે તે પ્રમાણેની ઈજાઓ હતી અને આ સાહેદના અભિપ્રાય પ્રમાણે આ

વ્યકિતનુ મૃત્યુ બ્લાસ્ટમાં ઈજા થવાના કારણે થયેલાનો અભિપ્રાય છે. શબ પરિક્ષણ નોટમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ બનાવમાં ભાવેશ રમેશભાઈ કબીરાને ઈજા થવાના કારણે મરણ પામેલ અને તેઓની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ કરનાર સાહેદ પ્રહલાદજી સવધાનજી ગુજરી ગયેલા હોવાથી ફરિયાદપક્ષે તેઓને તપાસેલા નથી. પરંતુ તેમને પંચનામુ જે પંચ સાહેદોની હાજરીમાં કરવામાં આવેલુ તે પંચ સાહેદો પૈકીના પંચ દિપક વિશ્વનાથ દલવીને આ કામે સાહેદ નં.૨૫૫ તરીકે આંક–૧૨૮૬ થી તપાસેલા છે. તેમની સરતપાસ મુજબ ભાવેશ રમેશભાઈ કબીરા તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ શાહીબાગ સિવિલ હોસ્પિટલ ટ્રોમા સેન્ટર ખાતે થયેલા બોમ્બ બ્લાસ્ટમાં મૃત્યુ પામેલા. તેમનુ ઈન્કવેસ્ટ પંચનામુ બે પંચોની હાજરીમાં કરવામાં આવેલુ. આ સાહેદને સિવિલ હોસ્પિટલના પી.એમ. રૂમમાં બોલાવવામાં આવ્યા ત્યારે બીજા એક મહેશભાઈ પરમાર પણ હાજર હતા અને ત્યાં એક પુરૂષની લાશ હતી અને તે લાશ નિતીનભાઈ કબીરાનાઓએ તેમના નાના ભાઈ તરીકે ઓળખેલી. તે લાશ પર ઈજાઓ હતી તેમજ લાશ ઉપર દવાખાનાના પાટા બાંધેલા હતા. આ લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ આ સાહેદની હાજરીમાં કરવામાં આવેલુ તેમ જણાવે છે. સાહેદ આંક–૧૨૮૭વાળા પંચનામામાં તેમની સહી ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ કામે ગુજરનાર ભાવેશ રમેશભાઈ કબીરાનાઓની લાશનું શબ પરિક્ષણ સિવિલ હોસ્પિટલ ખાતે કરવામાં આવેલુ. શબ પરિક્ષણ કરનાર સાહેદ ડૉ. ભાવના ચાણકયકુમાર પટેલને સાહેદ નં.૪૫ તરીકે આંક–૭૧૭ થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ મુજબ તા.૩૧/૭/–૨૦૦૮ નાં રોજ તેઓ સિવિલ હોસ્પિટલ ખાતે ફરજ પર હતા ત્યારે ઈન્કવેસ્ટ રીપોર્ટ સાથે ભાવેશ રમેશભાઈ કબીરાનો મૃતદેહ શબ પરિક્ષણ માટે મળેલો. આ મૃત દેહ પુરૂષનો હતો, જેનુ શબ પરીક્ષણ ૧.૧૫ પી.એમ.થી શરૂ કરી ૨.૧૫ પી.એમ. કલાકે પુરૂ કરેલુ. આ શબના શરીર ઉપર કપડાઓ હતા જે લોહીથી ખરડાયેલા હતા તેમજ શરીરના જુદા–જુદા ભાગો ઉપર ઈજાઓ થયેલી હતી તે

ઈજાઓ આંક–૭૧૮વાળી શબ પરિક્ષણ નોટનાં કોલમ નં.૧૭ માં જણાવેલી છે તે પ્રમાણેની ઈજાઓ હતી અને આ સાહેદના અભિપ્રાય પ્રમાણે આ વ્યકિતનુ મૃત્યુ બ્લાસ્ટમાં ઈજા થવાના કારણે થયેલાનો અભિપ્રાય છે. શબ પરિક્ષણ નોટમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ બનાવમાં રોહન દુષ્યંત વ્યાસને ઈજા થવાના કારણે મરણ પામેલ અને તેઓની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ કરનાર સાહેદ કાનજીભાઈ કાન્તીભાઈ પરમાર સાહેદ નં.૪૭૭નાઓએ બે પંચોની હાજરીમાં ઈન્કવેસ્ટ પંચનામુ કરેલુ તે પંચનામુ જે પંચ સાહેદોની હાજરીમાં કરવામાં આવેલુ તે પંચ સાહેદો પૈકીના પંચ રમેશકુમાર ધરમસિંહ રજાપુતને આ કામે સાહેદ નં.૨૬૧ તરીકે આંક–૧૩૧૩થી તપાસેલા છે. તેમની સરતપાસ મુજબ રોહન દુષ્યંત વ્યાસ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ શાહીબાગ સિવિલ હોસ્પિટલ ટ્રોમા સેન્ટર ખાતે થયેલા બોમ્બ બ્લાસ્ટમાં મૃત્યુ પામેલા. તેમનુ ઈન્કવેસ્ટ પંચનામુ બે પંચોની હાજરીમાં કરવામાં આવેલુ. આ સાહેદને સિવિલ હોસ્પિટલના પી.એમ. રૂમમાં બોલાવવામાં આવ્યા ત્યારે બીજા એક રાજેશભાઈ વિઠ્ઠલભાઈ પણ હાજર હતા અને ત્યાં એક પુરૂષની લાશ હતી અને તે લાશ ધર્મેન્દ્ર વ્યાસનાઓએ તેમના ભત્રીજા તરીકે લાશ ઓળખેલી. આ લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ આ સાહેદની હાજરીમાં કરવામાં આવેલુ તેમ જણાવે છે. સાહેદ આંક–૧૩૧૪વાળા પંચનામામાં તેમની સહી ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ કામે ગુજરનાર રોહન દુષ્યંત વ્યાસનાઓની લાશનું શબ પરિક્ષણ સિવિલ હોસ્પિટલ ખાતે કરવામાં આવેલુ. શબ પરિક્ષણ કરનાર સાહેદ ડૉ.ભાવના ચાણકયકુમાર પટેલને સાહેદ નં.૪૫ તરીકે આંક–૭૧૭થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ મુજબ તા.૩૧/૭/૨૦૦૮ નાં રોજ તેઓ સિવિલ હોસ્પિટલ ખાતે ફરજ પર હતા ત્યારે ઈન્કવેસ્ટ રીપોર્ટ સાથે રોહન દુષ્યંત વ્યાસનો મૃતદેહ શબ પરિક્ષણ માટે મળેલો. આ મૃતદેહ પુરૂષનો હતો, જેનુ શબ પરીક્ષણ ૫.૧૫ પી.એમ. થી શરૂ કરી ૬.૧૫ પી.એમ. કલાકે પુરૂ કરેલુ. આ શબના શરીર ઉપર કપડાઓ હતા જે લોહીથી ખરડાયેલા હતા તેમજ

શરીરના જુદા–જુદા ભાગો ઉપર ઈજાઓ થયેલી હતી તે ઈજાઓ આંક–૭૧૯ વાળી શબ પરિક્ષણ નોટનાં કોલમ નં.૧૭ માં જણાવેલી છે તે પ્રમાણેની ઈજાઓ હતી અને આ સાહેદના અભિપ્રાય પ્રમાણે આ વ્યકિતનુ મૃત્યુ બ્લાસ્ટમાં ઈજા થવાના કારણે થયેલાનો અભિપ્રાય છે. શબ પરિક્ષણ નોટમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ બનાવમાં દેવકુમાર ગજોધરભાઈ લોધાને ઈજા થવાના કારણે મરણ પામેલ અને તેઓની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ કરનાર સાહેદ પ્રહલાદજી સવધાનજી ગુજરી ગયેલા હોવાથી ફરિયાદપક્ષે તેઓને તપાસેલા નથી. પરંતુ તેમને પંચનામુ જે પંચ સાહેદોની હાજરીમાં કરવામાં આવેલુ તે પંચ સાહેદો પૈકીના પંચ વિપુલ કાળુભાઈ વાઘેલાને આ કામે સાહેદ નં.૨૬૦ તરીકે આંક–૧૩૧૧ થી તપાસેલા છે. તેમની સરતપાસ મુજબ દેવકુમાર ગજોધરભાઈ લોધા તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ શાહીબાગ સિવિલ હોસ્પિટલ ટ્રોમા સેન્ટર ખાતે થયેલા બોમ્બ બ્લાસ્ટમાં મૃત્યુ પામેલા. તેમનુ ઈન્કવેસ્ટ પંચનામુ બે પંચોની હાજરીમાં કરવામાં આવેલુ. આ સાહેદને સિવિલ હોસ્પિટલના પી.એમ. રૂમમાં બોલાવવામાં આવ્યા ત્યારે બીજા એક નિલેશકુમાર ભટ્ટ પણ હાજર હતા અને ત્યાં એક પુરૂષની લાશ હતી અને તે લાશ છેદીલાલ ગજોધર લોધાનાઓએ તેમના સાળા તરીકે ઓળખેલી. તે લાશ પર ઈજાઓ હતી તેમજ લાશ ઉપર દવાખાનાના પાટા બાંધેલા હતા. આ લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ આ સાહેદની હાજરીમાં કરવામાં આવેલુ તેમ જણાવે છે. સાહેદ આંક–૧૩૧૨ વાળા પંચનામામાં તેમની સહી ઓળખી બતાવે છે. ગુજરનાર દેવકુમાર ગજોધરભાઈ લોધાના પી.એમ. વખતે ડૉકટરે લીધેલ લોહીના નમૂના ગુજરનાર એ.એસ.આઈ. પ્રહલાદજી સવધાનજીને સોંપેલા અને તેમને તે નમૂના પંચ સાહેદ નં.૮૯૦ શ્યામકુમાર ચુનીલાલ કોષ્ટીની હાજરીમાં આંક–૬૩૪૫ વાળા પંચનામાથી કબજે કરેલા હતા.

ત્યારબાદ આ કામે ગુજરનાર દેવકુમાર ગજોધરભાઈ લોધાનાઓની લાશનું શબ પરિક્ષણ સિવિલ હોસ્પિટલ ખાતે કરવામાં આવેલુ. શબ પરિક્ષણ

કરનાર સાહેદ ડૉ. ભાવીન શ્યામલાલ શાહને સાહેદ નં.૩૫ તરીકે આંક–૬૧૬થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ મુજબ તા.૨૭/૮/૨૦૦૮ નાં રોજ તેઓ સિવિલ હોસ્પિટલ ખાતે ફરજ પર હતા ત્યારે ઈન્કવેસ્ટ રીપોર્ટ સાથે દેવકુમાર ગજોધરભાઈ લોધાનો મૃતદેહ શબ પરિક્ષણ માટે મળેલો. આ મૃતદેહ પુરૂષનો હતો, જેનુ શબ પરીક્ષણ ૭.૦૦ એ.એમ. થી શરૂ કરી ૯.૦૦ એ.એમ. કલાકે પુરૂ કરેલુ. આ શબના શરીર ઉપર કપડાઓ હતા જે લોહીથી ખરડાયેલા હતા તેમજ શરીરના જુદા–જુદા ભાગો ઉપર ઈજાઓ થયેલી હતી તે ઈજાઓ આંક–૬૨૦ વાળી શબ પરિક્ષણ નોટનાં કોલમ નં.૧૭ માં જણાવેલી છે તે પ્રમાણેની ઈજાઓ હતી અને આ સાહેદના અભિપ્રાય પ્રમાણે આ વ્યકિતનુ મૃત્યુ બ્લાસ્ટમાં ઈજા થવાના કારણે થયેલાનો અભિપ્રાય છે. શબ પરિક્ષણ નોટમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ બનાવમાં સુનીલ પ્રકાશભાઈ કાકડેને ઈજા થવાના કારણે મરણ પામેલ અને તેઓની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ કરનાર સાહેદ વિષ્ણુભાઈ સુરજીભાઈ પાંડવને સાહેદ નં.૫૩૯ તરીકે આંક–૨૯૯૧ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો ૨૦૦૪ થી ૨૦૦૯ ના સમય દરમ્યાન તેઓ શાહીબાગ પોલીસ સ્ટેશનમાં પોલીસ સબઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા. તે દરમ્યાન તા.૫/૮/૨૦૦૮ નાં રોજ ફરજ પર હતા ત્યારે શાહીબાગ પોલીસ સ્ટેશનના સીનીયર પોલીસ ઈન્સ્પેકટરની સુચના અનુસાર સિવિલ હોસ્પિટલના પી.એમ. રૂમમાં ગયેલા ત્યાં બોમ્બ બ્લાસ્ટમાં ઈજા પામી મરણ જનાર સુનીલ પ્રકાશભાઈ કાકડેનું ઈન્કવેસ્ટ પંચનામુ કરવાનું હોવાથી પરવાનગી આપવા માટે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ મેટ્રો કોર્ટ નં.૨ નાઓને યાદી પાઠવેલી. ત્યારબાદ બે પંચોને બોલાવી મરણ જનારનું ઈન્કવેસ્ટ પંચનામુ કરેલુ. મરણ જનારની લાશ તેમના ભાઈ રાજુ પ્રકાશભાઈનાઓએ ઓળખી બતાવેલી. જે પંચનામુ બનાવવામાં આવેલુ તે આંક–૧૩૧૬ વાળા પંચનામામાં બે પંચોની તથા રૂબરૂ તરીકે સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

વધુમાં આ સાહેદની સરતપાસ ધ્યાને લેતા આ જ દિવસે બીજા એક મરણ જનાર કાન્તીભાઈ હીરાભાઈ પ્રજાપતિનું પણ ઈન્કવેસ્ટ પંચનામુ કરવાનું હોવાથી પરવાનગી આપવા માટે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ મેટ્રો કોર્ટ નં.૨ નાઓને યાદી પાઠવેલી. ત્યારબાદ બે પંચોને બોલાવી મરણ જનારનું ઈન્કવેસ્ટ પંચનામુ કરેલુ. મરણ જનારની લાશ તેમના દીકરા વિનોદભાઈ કાન્તીભાઈનાઓએ ઓળખી બતાવેલી. જે પંચનામુ બનાવવામાં આવેલુ તે આંક–૧૩૧૮ વાળા પંચનામામાં બે પંચોની તથા રૂબરૂ તરીકે સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

ઉપરોકત આંક–૧૩૧૬વાળુ ઈન્કવેસ્ટ પંચનામુ સાહેદ નં.૫૩૯ વિષ્ણુભાઈ પાંડવનાઓએ જે પંચ સાહેદોની હાજરીમાં કરેલુ તે પંચ સાહેદો પૈકી પંચ જનકસિંહ ધરમસિંહ નેહરાને સાહેદ નં.૨૬૨ તરીકે આંક–૧૩૧૫થી તપાસેલા છે. તેમની સરતપાસ મુજબ સુનીલ પ્રકાશભાઈ કાકડે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ શાહીબાગ સિવિલ હોસ્પિટલ ટ્રોમા સેન્ટર ખાતે થયેલા બોમ્બ બ્લાસ્ટમાં મૃત્યુ પામેલા. તેમનુ ઈન્કવેસ્ટ પંચનામુ બે પંચોની હાજરીમાં કરવામાં આવેલુ. આ સાહેદને સિવિલ હોસ્પિટલના પી.એમ. રૂમમાં બોલાવવામાં આવ્યા ત્યારે બીજા એક નુરમહંમદભાઈ પણ હાજર હતા અને ત્યાં એક પુરૂષની લાશ હતી અને તે લાશ રાજુભાઈ પ્રકાશભાઈનાઓએ તેમના ભાઈ તરીકે લાશ ઓળખેલી. આ લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ આ સાહેદની હાજરીમાં કરવામાં આવેલુ તેમ જણાવે છે. સાહેદ આંક–૧૩૧૬ વાળા પંચનામામાં તેમની સહી ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ કામે ગુજરનાર સુનીલ પ્રકાશભાઈ કાકડેનાઓની લાશનું શબ પરિક્ષણ સિવિલ હોસ્પિટલ ખાતે કરવામાં આવેલુ. શબ પરિક્ષણ કરનાર સાહેદ ડૉ. મુસ્તાક અહેમદ ગુલામ રસુલ શેખને સાહેદ નં.૩૭ તરીકે આંક–૬૩૫ થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ મુજબ તા.૧૨/૮/૨૦૦૮ નાં રોજ તેઓ સિવિલ હોસ્પિટલ ખાતે ફરજ પર હતા ત્યારે ઈન્કવેસ્ટ રીપોર્ટ સાથે સુનીલ પ્રકાશભાઈ કાકડેનો મૃતદેહ શબ પરિક્ષણ માટે મળેલો. આ

મૃતદેહ પુરૂષનો હતો, જેનુ શબ પરીક્ષણ ૩.૦૦ પી.એમ. થી શરૂ કરી ૪.૦૦ પી.એમ. કલાકે પુરૂ કરેલુ. આ શબના શરીર ઉપર કપડાઓ હતા જે લોહીથી ખરડાયેલા હતા તેમજ શરીરના જુદા-જુદા ભાગો ઉપર ઈજાઓ થયેલી હતી તે ઈજાઓ આંક-૬૩૮ વાળી શબ પરિક્ષણ નોટનાં કોલમ નં.૧૭ માં જણાવેલી છે તે પ્રમાણેની ઈજાઓ હતી અને આ સાહેદના અભિપ્રાય પ્રમાણે આ વ્યકિતનુ મૃત્યુ બ્લાસ્ટમાં ઈજા થવાના કારણે થયેલાનો અભિપ્રાય છે. શબ પરિક્ષણ નોટમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

ઉપરોકત આંક-૧૩૧૮વાળુ ઈન્કવેસ્ટ પંચનામુ સાહેદ નં.૫૩૯ વિષ્ણુભાઈ પાંડવનાઓએ જે પંચ સાહેદોની હાજરીમાં કરેલુ તે પંચ સાહેદો પૈકી પંચ અરવિંદભાઈ ઈશ્વરભાઈ પ્રજાપતિને સાહેદ નં.૨૬૩ તરીકે આંક-૧૩૧૭થી તપાસેલા છે. તેમની સરતપાસ મુજબ કાન્તીલાલ હીરાભાઈ પ્રજાપતિ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ શાહીબાગ સિવિલ હોસ્પિટલ ટ્રોમા સેન્ટર ખાતે થયેલા બોમ્બ બ્લાસ્ટમાં મૃત્યુ પામેલા. તેમનુ ઈન્કવેસ્ટ પંચનામુ બે પંચોની હાજરીમાં કરવામાં આવેલુ. આ સાહેદને સિવિલ હોસ્પિટલના પી.એમ. રૂમમાં બોલાવવામાં આવ્યા ત્યારે બીજા એક અમૃતભાઈ પણ હાજર હતા અને ત્યાં એક પુરૂષની લાશ હતી અને તે લાશ વિનોદભાઈ કાન્તીભાઈનાઓએ તેમના પિતા તરીકે લાશ ઓળખેલી. આ લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ આ સાહેદની હાજરીમાં કરવામાં આવેલુ તેમ જણાવે છે. સાહેદ આંક-૧૩૧૮ વાળા પંચનામામાં તેમની સહી ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ કામે ગુજરનાર કાન્તીલાલ હીરાભાઈ પ્રજાપતિનાઓની લાશનું શબ પરિક્ષણ સિવિલ હોસ્પિટલ ખાતે કરવામાં આવેલુ. શબ પરિક્ષણ કરનાર સાહેદ ડૉ. જયંતીલાલ વિરજીભાઈ સતાપરાને સાહેદ નં.૫૦ તરીકે આંક-૬૭૪ થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ મુજબ તા.૫/૮/૨૦૦૮ નાં રોજ તેઓ સિવિલ હોસ્પિટલ ખાતે ફરજ પર હતા ત્યારે ઈન્કવેસ્ટ રીપોર્ટ સાથે કાન્તીલાલ હીરાભાઈ પ્રજાપતિનો મૃતદેહ શબ પરિક્ષણ માટે મળેલો. આ મૃતદેહ પુરૂષનો હતો, જેનુ શબ પરીક્ષણ ૯.૦૦ એ.એમ. થી

શરૂ કરી ૧૦.૦૦ એ.એમ. કલાકે પુરૂ કરેલુ. આ શબના શરીર ઉપર કપડાઓ હતા જે લોહીથી ખરડાયેલા હતા તેમજ શરીરના જુદા–જુદા ભાગો ઉપર ઈજાઓ થયેલી હતી તે ઈજાઓ આંક–૬૭૬વાળી શબ પરિક્ષણ નોટનાં કોલમ નં.૧૭ માં જણાવેલી છે તે પ્રમાણેની ઈજાઓ હતી અને આ સાહેદના અભિપ્રાય પ્રમાણે આ વ્યકિતનુ મૃત્યુ બ્લાસ્ટમાં ઈજા થવાના કારણે થયેલાનો અભિપ્રાય છે. શબ પરિક્ષણ નોટમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

(૨૮.૦૨) <u>અમદાવાદ શહેરના શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ ના કામે ઈજા પામેલ વ્યકિતઓ બાબતે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકનઃ–</u>

શાહીબાગ પોલીસ સ્ટેશનના આ બનાવમાં મુકેશભાઈ ગોરધનદાસ લાલાણીનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૧૭૬ તરીકે આંક–૧૦૬૬ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ તેમના મિત્ર મેહુલ રાવને અકસ્માત થયો હોવાથી તેની ખબર કાઢવા સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે ગયેલા. તેમના મિત્રને સાંજના પાંચથી છ વાગ્યાના સમયે રજા આપવામાં આવેલી અને તેમના પરીવારના સભ્યો તેને ઘરે લઈ ગયેલા. મિત્રને રજા આપતા આ સાહેદ સિવિલ હોસ્પિટલ ખાતેના ખોડીયાર માતા મંદિરે દર્શન કરવા ગયેલા. ત્યારે મેહુલના ઘરેથી ફોન આવેલો અને તેમાં જણાવેલુ કે અમદાવાદ શહેરમાં બોમ્બ બ્લાસ્ટ થયેલા છે. આ વખતે આ સાહેદનો મિત્ર નિતીન બારોટ પણ સાથે હતો. આ વખતે નિતીન ઉપર પણ ફોન આવેલો કે બાપુનગરમાં બોમ્બ બ્લાસ્ટ થયેલા છે. જેથી નિતીનને તેના ઘરે જવાનું જણાવેલુ અને આ સાહેદ પોતાનુ સ્કૂટર ટ્રોમા સેન્ટર પાસે ખુણાં પડેલુ હતુ ત્યાં ચાલતા ચાલતા લેવા જતા હતા ત્યારે એક એમ્બ્યુલન્સ આવેલી જેમાં ૮ થી ૯ દર્દીઓ હતી. આ સાહેદ ત્યાં સેવાનું કામ કરવા લાગેલા. દર્દીઓને એમ્બ્યુલન્સમાંથી ઉતારવામાં મદદ કરેલી. છેલ્લા દર્દી ઉતારવાના બાકી હતા તે વખતે એક મોટો બ્લાસ્ટ થયેલો, તેની જવાળાઓ દેખાય તેવો બ્લાસ્ટ હતો. આ

વખતે છેલ્લા દર્દીને ધકકો મારી આ સાહેદ જમીન ઉપર સુઈ ગયેલા. જે લોકો મરણ ગયેલા તેમની હાલત ઢગલો થઈને માસનો લોચો પડે તેવી હતી. આ બ્લાસ્ટમાં આ સાહેદને ડાબા પગે તથા જમણા હાથ ઉપર, ખભાની ઉપર, બરડાના ભાગે વાગેલુ અને લોહી નીકળવા લાગેલુ. વી.એસ.માં સારવાર માટે ગયેલાનું જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો ટ્રોમા સેન્ટરથી આ સાહેદનું સ્કૂટર કેટલુ દુર પાર્ક કરેલુ તેની ખબર નથી. મારા મત પ્રમાણે આવુ માપ માપવાનું પણ ન હોય અને સ્કૂટર કેટલુ દુર પાર્ક કર્યુ છે તેનુ માપ હોઈ જ નહીં. ધડાકામાંથી જવાળાઓ નીકળેલી તેવી હકીકત પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવી નથી તો તે કબૂલ કરે છે. સિવિલ હોસ્પિટલેથી કેટલા વાગે નીકળ્યા તેનો ખ્યાલ નથી. તે દિવસે ટ્રોમા સેન્ટર ખાતે બ્લાસ્ટ થયો ત્યારે આ સાહેદ ત્યાં હાજર હતા નહીં તે હકીકત નકારે છે. આ સાહેદનું પેન્ટ લોહીવાળુ થયેલુ તે કબૂલ કરે છે. મારા મત પ્રમાણે આ પ્રશ્નનો અર્થ એવો થાય કે આ સાહેદનું પેન્ટ લોહીવાળુ થયાનું આરોપીઓ તરફથી કબૂલ કરવામાં આવેલ છે તેમ કહી શકાય.

ત્યારબાદ મુકેશભાઈ ગોરધનદાસ લાલાણીની સારવાર કરનાર ડૉ.રોનક નરેન્દ્રભાઈ દેસાઈને સાહેદ નં.૨૭૧ તરીકે આંક–૧૩૬૨ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ ધ્યાને લઈએ તો જુલાઈ ૨૦૦૮ માં વી.એસ. હોસ્પિટલ અમદાવાદ ખાતે ઓર્થોપેડીક સર્જન તરીકે ફરજ બજાવતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ અને તા.૨૭/૭/૨૦૦૮ના રોજ તેમની નોકરી વી.એસ. હોસ્પિટલના ઈમર્જન્સી વોર્ડમાં હતી.તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ એક મુકેશભાઈ ગોરધનદાસ લાલાણી સારવાર માટે આવેલા હતા. દર્દીને અમદાવાદ સિવિલ હોસ્પિટલના ટ્રોમા વોર્ડ પાસે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સાંજના ૭.૦૦ વાગે બોમ્બ બ્લાસ્ટને કારણે ઈજા થઈ હોવાનું જણાવેલું. દર્દીને ઈજામાં જમણા ખભાના પાછળના ભાગે ૬ x ૨ સેન્ટીમીટરના માપના ઘસરકા તથા ૩ x ૨ સેન્ટીમીટરના માપનો ઘસરકો મળી કુલ બે ઘસરકા માલુમ પડેલ. દર્દીને ડાબા ઘુંટણના પાછળને ભાગે એક પંચરવુન્ડ હોલ એક સેન્ટીમીટરના માપનો હતો. આ દર્દીને ડાબા પગના પંજા ઉપર બીજી અને ત્રીજી આંગળીની વચ્ચે બે

સેન્ટીમીટરના માપનો કાપો હતો. દર્દીના ડાબા ઘુંટણને એકસ–રે લેતાં તે પંચરવુન્ડ હોલમાં એક બાહ્યપદાર્થની હાજરી માલુમ પડેલી. આ બાબતનું પ્રમાણપત્ર આપેલુ જે આંક–૧૩૬૩ થી રજૂ રાખેલ છે અને તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. આ દર્દીને થયેલ ઈજાઓ બોમ્બ બ્લાસ્ટ દ્વારા થઈ શકે તેવા પ્રકારની હતી.

શાહીબાગ પોલીસ સ્ટેશનના આ બનાવમાં મુકેશ સવજીભાઈ પટણીનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૧૬૮ તરીકે આંક–૧૦૫૨ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તેઓ સિવિલ હોસ્પિટલ અમદાવાદમાં ટ્રોમા સેન્ટર ખાતે પ્રવિણભાઈ ચૌધરીનો કોન્ટ્રાકટ હોવાથી હાઉસ કીપીંગ વોર્ડમાં ચીફ સુપરવાઈઝર તરીકે ૨૦૦૮ માં કામ કરતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાંજના સાત વાગ્યાની આસપાસ સિવિલ હોસ્પિટલમાં ટ્રોમા સેન્ટર ખાતે હાજર હતા ત્યારે ટ્રોમા સેન્ટરમાં ઈમરજન્સી ડીકલેર કરેલી કારણ કે અમદાવાદ શહેરમાં જુદી–જુદી જગ્યાએ બ્લાસ્ટ થયેલા હતા અને ઈજા પામનારાઓને એમ્બ્યુલન્સમાં લાવવામાં આવતા હતા. આ વખતે એક એમ્બ્યુલન્સ વાનની પાછળના ભાગે એકદમ બોમ્બ ધડાકો થયેલો અને ધુમાડાના ગોટેગોટા નીકળવા લાગેલા. બોમ્બ ધડાકાના કારણે ઘણા લોકોને ઈજા થયેલી. આ સાહેદને બંને પગે, જમણા હાથે તથા માથાના ભાગે ઈજાઓ થયેલી જેથી ખોડીયાર માતાના મંદિર તરફ દોડેલા તે દરમ્યાન જ બીજો પણ ધડાકો થયેલો હોવાનું જણાવે છે. આ સાહદે સિવિલમાં સારવાર લીધેલાનું જણાવેલ છે.

ત્યારબાદ મુકેશ સવજીભાઈ પટણીની સારવાર કરનાર ડૉ.રીનાબેન કૌશિકભાઈ ચોકસીને સાહેદ નં.૨૮૫ તરીકે આંક–૧૫૪૪ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ વહેલી સવારે ૩.૦૫ મિનિટના અરસામાં સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે ફરજ પર હતા ત્યારે એક મુકેશભાઈ સવજીભાઈ પટણીનાઓને સારવાર અર્થે લાવેલા હતા. દર્દીની હીસ્ટ્રી મુજબ બોમ્બ ધડાકામાં ઈજા થયેલી હતી. દર્દીને જમણા પંજાના

ભાગે દુઃખાવો તથા લોહી વહેતું હતું તેમજ કપાળના ભાગે ઘસરકાની ઈજા હતી તથા બંને પગની એડીમાં તથા ડાબા પગના ભાગે બાહ્ય પદાર્થની હાજરી હતી. આ બાબતનું પ્રમાણપત્ર આપેલુ જે આંક–૧૫૪૫ થી રજૂ રાખેલ છે અને તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. આ સાહેદના મંતવ્ય પ્રમાણે દર્દીને થયેલી ઉપરોકત ઈજાઓ કોઈક ધડાકામાં કે બ્લાસ્ટમાં દબાણપૂર્વક કોઈ ચીજવસ્તુ અથડાય તો આવી ઈજા થઈ શકે તેમ જણાવેલ છે.

શાહીબાગ પોલીસ સ્ટેશનના આ બનાવમાં રમણભાઈ ભવાનભાઈ પટણીનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૧૭૮ તરીકે આંક–૧૦૭૦થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ બાપુનગરમાં તથા ચારેય બાજુ બોમ્બ બ્લાસ્ટ થયેલા ત્યારે સિવિલ હોસ્પિટલમાં ટ્રોમા સેન્ટરમાં આ સાહેદ ગયેલા. સાડા સાત–પોણા આઠ વાગે સિવિલ હોસ્પિટલમાં સેવા આપતા હતા અને તે વખતે બોમ્બ બ્લાસ્ટના ઈજાગ્રસ્ત દર્દીઓને સારવાર માટે લાવવામાં આવતા હતા અને તેઓને સ્ટ્રેચરમાં ખેચીને ટ્રોમા સેન્ટરની અંદર લઈ જતા હતા. આ સાહેદ ટ્રોમા સેન્ટરની બહાર આવ્યા ત્યારે બોમ્બ બ્લાસ્ટ થયેલો જેથી આ સાહેદને ઈજા થયેલી અને ખોડિયાર માતાના મંદિર તરફ ભાગેલા. આ સાહેદને પાછળ પીઠમાં, ડાબા હાથમાં અને છાતીમાં છરા વાગેલા. શરૂઆતમાં ખાનગી હોસ્પિટલમાં સારવાર લીધેલી અને ત્યારબાદ શારદાબેન હોસ્પિટલમાં સારવાર લીધેલી હોવાનું જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા બનાવ બન્યો ત્યારે આ સાહેદ મ્યુનિસિપલ કાઉન્સીલર હતા તે કબૂલ કરે છે. તે વખતે પ્રદિપસિંહ જાડેજાને સ્થળ ઉપર જોયેલા નહીં તેમ જણાવે છે. લોહીના ખાબોચીયા થઈ ગયેલા તે હકીકત તથા ચારેબાજુ બોમ્બ બ્લાસ્ટ થયાની હકીકત પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવી નથી તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે તે હકીકત નહીં લખાવવાથી આરોપીઓને મદદરૂપ થાય તેવી હકીકત નથી.

ત્યારબાદ રમણભાઈ ભવાનભાઈ પટણીની સારવાર કરનાર ડૉ.કૃણાલ નલીનભાઈ ધોળકીયાને સાહેદ નં.૩૧૨ તરીકે આંક–૧૬૩૦થી

તપાસેલા છે. આ સાહેદની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ શારદાબેન ચીમનલાલ લાલભાઈ જનરલ હોસ્પિટલ ખાતે મેડીકલ ઓફિસર તરીકે ફરજ બજાવતા હતા. તે દિવસે સવારે ૧૧.૫૦ વાગ્યાના અરસામાં એક રમણભાઈ ભવાનભાઈ પટણીનાઓ સારવાર માટે આવેલા હતા. દર્દીની હીસ્ટ્રી પ્રમાણે સિવિલ હોસ્પિટલના કેમ્પસમાં સાંજના ૭ વાગ્યાના સુમારે જે બોમ્બ ધડાકો થયેલો તેમાં ઈજા થયેલી હતી. દર્દીને ઈજામાં બે ગોળાકાર ઘા ૦.૫ x ૦.૫ સે.મી.ના માપના ડાબા હાથના કોણીથી કાંડા સુધીના નીચેના ભાગે હતા. આ પૈકી એક ઘા બાહ્ય પદાર્થ દાખલ થતો અને બીજો ઘા બાહ્ય પદાર્થ બહાર નીકળતો તેવી શક્યતા હતી તેમજ બે ગોળાકાર ઘા ૦.૫ x ૦.૫ સે.મી.ના માપના ડાબા ખભાના નીચેના ભાગે શરીરની પાછળ હતો. આ ઘામાં બાહ્ય પદાર્થ શરીરમાં દાખલ થતો હોય તેવો એન્ટ્રી વુન્ડ હતો. તેમજ ડાબા ખભાના તથા કાંડાના ભાગેથી લોહી નીકળતું હતું. દર્દીના છાતીના ભાગનો એક્સ રે લેતાં છાતીમાં ડાબી બાજુ વચ્ચેના ભાગે કમાન આકાર પરિસ્થિતિ જોતાં કોઈ બાહ્ય પદાર્થ દાખલ થયાની શક્યતા હતી. દર્દીને ડાબા ખભાના ભાગનો એક્સ રે લેતાં ચામડીની નીચેના ભાગે છાતીની દિવાલ પાસે એક બાહ્ય પદાર્થ જોવા મળેલો. આ બાબતનું પ્રમાણપત્ર આપેલુ જે આંક–૧૬૩૧થી રજૂ રાખેલ છે અને તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. આ સાહેદના મંતવ્ય પ્રમાણે દર્દીને થયેલી ઉપરોકત ઈજાઓ કોઈક ધડાકામાં કે બ્લાસ્ટમાં દબાણ પૂર્વક કોઈ ચીજવસ્તુ અથડાય તો આવી ઈજા થઈ શકે તેમ જણાવેલ છે.

શાહીબાગ પોલીસ સ્ટેશનના આ બનાવમાં કમલેશ બચુભાઈ ઠાકોરનાઓને ઈજાઓ થયેલી પરંતુ તેઓ મરણ ગયેલા હોવથી ફરિયાદપક્ષે તેમને તપાસેલા નથી પરંતુ તેમની સારવાર કરનાર ડૉ.મનીષ ચીમનલાલ સુતરીયાને સાહેદ નં.૩૧૬ તરીકે આંક–૧૬૪૭ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ ધ્યાને લઈએ તો તેઓ તા.૨૮/૭/૨૦૦૮ ના અરસામાં સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે મેડીકલ ઓફિસર તરીકે ફરજ બજાવતા હતા. તે દિવસે સવારના ૧૦.૪૯ વાગ્યાના સુમારે હોસ્પિટલમાં એક કમલેશભાઈ બચુભાઈ ઠાકોરનાઓ

સારવાર અર્થે આવેલા હતા. આ દર્દીને ડૉ. હેતલ બધેકાનાઓએ તપાસી સારવાર કરેલી હતી. આ બાબતનું પ્રમાણપત્ર આપેલુ જે આંક–૧૬૪૮ થી રજૂ રાખેલ છે અને તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

શાહીબાગ પોલીસ સ્ટેશનના આ બનાવમાં પ્રશાંતભાઈ મહેન્દ્રભાઈ ભોંસલેનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૧૫૫ તરીકે આંક–૧૦૨૬થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેઓ પોતાની નોકરી ઉપરથી છુટીને આશરે બે વાગ્યાના સુમારે પોતાના ઘરે આવેલા તે સમયે તેમનો ભાઈ સંદિપ કે જે નરોડામાં કોઈ છોકરી સાથે પ્રેમ સંબંધમાં હોય તેમના ભાઈને છોકરીના સગાઓએ માર મારેલ હતો માટે તેની સારવાર કરાવવા સાંજના છ વાગ્યાના સુમારે ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી સિવિલ હોસ્પિટલમાં લઈ આવેલા હતા. આ સાહેદના ભાઈ સંદિપ ડૉકટરને એકસરે બતાવવા ગયેલો અને આ સાહેદ ટ્રોમા સેન્ટરની સામે ઓટલાની નીચેના ભાગે ઉભા હતા. આ વખતે અમદાવાદ શહેરમાં થયેલા બોમ્બ ધડાકામાં ઈજા થયેલ માણસોને ટ્રોમા સેન્ટરમાં સારવાર માટે રાત્રીના આશરે સાડા સાતથી પોણા આઠ વાગ્યાની વચ્ચે લાવવામાં આવતા હતા. ઈજા પામનારાઓને એમ્બ્યુલન્સમાંથી ઉતારતા હતા તે વખતે એમ્બ્યુલન્સની પાછળ એક મોટો ધડાકો થયેલો તેમાંથી કંઈક ટુકડાઓ ઉછળીને આવેલા અને આ સાહેદને ડાબા પગે વાગતા લોહી નીકળવા લાગેલુ. શરીરે, છાતીના ભાગે, કમરના ભાગે તથા જમણા પગે પણ ઈજાઓ થયેલી. આ વખતે બે છોકરાઓ આવી જતા આ સાહેદને સ્ટ્રેચર ઉપર સુવડાવી હોસ્પિટલના દરવાજાની બહાર જતા રહેલા. ત્યારબાદ આ સાહેદ ડૉ.મનીષ શાહને ત્યાં પાટો બંધાવી રીક્ષામાં બેસી સાબરમતી પંચશીલ હોસ્પિટલમાં દાખલ થયેલાનું જણાવે છે.

ત્યારબાદ બીજા ઈજા પામનાર અલ્પેશભાઈ પ્રદિપભાઈ જાદવનાઓ હતા પરંતુ તેઓને ફરિયાદપક્ષ દ્વારા તપાસવામાં આવેલા નથી. ઈજા પામનાર પ્રશાંતભાઈ મહેન્દ્રભાઈ ભોંસલેની સારવાર કરનાર ડૉ.કૌશિકકુમાર ચંદુલાલ શાહને સાહેદ નં.૨૯૦ તરીકે આંક–૧૫૬૪થી તપાસેલા છે. આ

સાહેદની સરતપાસ ધ્યાને લઈએ તો તેઓ સાબરમતિ અમદાવાદ વિસ્તારમાં પંચશીલ હોસ્પિટલના નામથી તબીબી વ્યવસાય કરે છે. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ રાત્રીના ૯.૦૦ વાગ્યાના સુમારે એક પ્રશાંતભાઈ મહેન્દ્રભાઈ ભોસલે તેમની હોસ્પિટલમાં સારવાર માટે આવેલા હતા. દર્દીની હીસ્ટ્રી મુજબ તેઓને બોમ્બ ધડાકામાં ઈજા થયેલી હતી. દર્દીને ઈજામાં છાતી, પેટ તથા ડાબા પગના ભાગે ઈજાઓ હતી તેમજ ડાબા પગના ભાગે એક ઘા હતો. જે જગ્યાએ અસ્થિભંગ જણાતો હતો તેમજ અનિયમીત આકારના બ્લાસ્ટને કારણે થયેલા ઘા છાતીમાં જમણી બાજુએ હાંસરી તથા સ્ટર્નમ હાડકાં નજીકના હતાં. તે ઘામાં સ્નાયુઓ ૭ x ૨ x ૨ સે.મી.ના માપના છુંદાઈ ગયેલા હતા તથા છાતીમાં જમણી બાજુએ નીચેની તરફ એટલે કે ૧૦મી પાંસળી પાસે ૧.૧/૨ x ૧.૧/૨ના માપની બ્લાસ્ટ ઈન્જરી હતી અને ડાબા ઘુંટણના સાંધા પાસે ૪ x ૧ x ૧ સે.મી.ના માપનો કપાયેલ છુંદાયેલ ઘા હતો તેમજ ડાબા પગ અને સાંધાના ભાગે ઈન્ગવાયર રીજીયોનના ભાગે ધડાકાથી થયેલ ઈજાઓ હતી અને તે જગ્યાએ બાહ્ય પદાર્થ હતો. આ ઈજાનું માપ ૨ x ૧ x૧ સે.મી. હતુ તથા ડાબા પગનો એક્સ રે લેતાં ટીબીયા ફીબ્યુલાના નીચેના હાડકાંમાં અસ્થિભંગ હતો અને દર્દીની જમણી બાજુ પાંચમી પાંસળી બાજુથી બાહ્ય પદાર્થ કાઢવામાં આવેલ .આ બાબતનું સર્ટિફિકેટ નિ.૯૭/૧૩૧થી રજૂ થયેલું છે જે હસ્તાક્ષરો અને સહી તેઓ ઓળખી બતાવે છે. જે પ્રમાણપત્ર આંક–૧૫૬૫ થી આ કામે રજૂ થયેલ છે.

વધુમાં સાહેદ જણાવે છે કે તા.૬/૮/૨૦૦૮ ના રોજ એક અલ્પેશભાઈ પ્રદીપરાવ જાદવ તેમની હોસ્પિટલમાં સારવાર માટે આવેલા હતા. તેઓને જમણા થાપાના ભાગે ઈજા દ્વારા બાહ્ય પદાર્થ શરીરમાં દાખલ થયેલો હતો. આ બાબતના પ્રમાણપત્રો આપેલા જે આંક–૧૫૬૫, ૧૫૬૬થી રજૂ રાખેલ છે અને તેમાં આ સાહેદે પોતાની સહીઓ ઓળખી બતાવેલી છે. આ સાહેદના મંતવ્ય પ્રમાણે દર્દીઓને થયેલી ઉપરોક્ત ઈજાઓ કોઈક ધડાકામાં કે બ્લાસ્ટમાં દબાણપૂર્વક કોઈ ચીજવસ્તુ અથડાય તો આવી ઈજા થઈ શકે.

શાહીબાગ પોલીસ સ્ટેશનના આ બનાવમાં મનુભાઈ ભયજીભાઈ ઠાકોરનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૧૫૮ તરીકે આંક–૧૦૩૪ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાંજના લગભગ સાત વાગ્યાની આસપાસ ટી.વી. ઉપર સમાચાર જોયેલા કે અમદાવાદ શહેરમાં બોમ્બ ધડાકા થયેલા છે. આ સાહેદ અવાર નવાર સિવિલ હોસ્પિટલમાં સેવા માટે જતા હોવાથી આ સાહેદને એવુ લાગેલુ કે ઈજા પામનારાઓને સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવશે જેથી આ સાહેદ તથા તેમના મિત્ર રાજુભાઇ સિવિલ હોસ્પિટલે ગયેલા અને ટ્રોમા સેન્ટરની બાજુમાં રાજુભાઈએ તેમની ગાડી પાર્ક કરેલી અને આ સાહેદ તથા રાજુભાઈ ટ્રોમા સેન્ટરના મુખ્ય દરવાજા પાસે ગયેલા. ત્યારબાદ ત્યાં એક એમ્બ્યુલન્સ આવેલી અને તેમા ઈજા પામનાર માણસોને સ્ટ્રેચરમાંથી ઉતારી ટ્રોમા સેન્ટરમાં લઈ જવામાં આવતા હતા. આ સાહેદ તથા તેમની સાથે આવેલા રાજુભાઈ બંને કામગીરીમાં સામેલ હતા તેવામાં એમ્બ્યુલન્સની પાછળના ભાગે ટ્રોમા વોર્ડ પાસે એક મોટો ધડાકો થયેલો તેમાંથી છરા ઉછળેલા તે છરા તથા ખીલા જેવી વસ્તુઓ આ સાહેદને શરીરના જુદા–જુદા ભાગો ઉપર વાગેલી જેથી ઈજાઓ થયેલી. ત્યાં ઘણા લોકોમાં નાસભાગ થયેલી અને ઘણા લોકો ઈજાગ્રસ્ત થયેલા તેમજ કેટલાક લોકો ગુજરી ગયેલા. ધડાકાના કારણે ત્યાં આગ લાગેલી. આ સાહેદ ખોડીયાર માતાના મંદિર તરફ દોડેલા અને ત્યાંથી સારવાર માટે ડો.પ્રકાશ દોશીના શારદા કલીનીક ઉપર ગયેલાનું જણાવે છે.

શાહીબાગ પોલીસ સ્ટેશનના આ બનાવમાં નિશાબેન વિનુભાઈ સોલંકીનાઓને ઈજાઓ થયેલી પરંતુ તેઓને ફરિયાદપક્ષે તપાસેલા નથી પરંતુ સાહેદ મથુરભાઈ મણાભાઈ સોલંકીને આ કામે સાહેદ નં.૧૦૧૩ તરીકે આંક–૭૦૦૧થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લેતા જુલાઇ–૨૦૦૮ની સાલમા તેમના સંબંધી પીંન્કીબેનની ખબર કાઢવા માટે તેઓ, તેમની પત્ની તથા તેમનો દિકરો અમદાવાદ ખાતે સિવિલ હોસ્પિટલમાં ગયેલા. તેઓ સિવિલ હોસ્પિટલમાં બપોરના સમયે આવેલા હતા. તેઓ સિવિલ હોસ્પિટલમાં અંદર

પ્રવેશ્યા ત્યારે બોમ્બ ફુટેલો. બોમ્બ ફુટ્યો ત્યારે તેમના ભાઈની દીકરી નીશા પણ તેમની સાથે હતી તેને પગમા ઈજા થયેલી. તેમના છોકરાને માથાના ભાગે ઈજા થયેલી. તેમના દિકરાને તથા તેમના ભાઈની દિકરીને ઈજાઓ થતા બંનેને ત્યાં સિવિલ હોસ્પિટલમાં દાખલ કરેલા. હોસ્પિટલમાં આ બંનેને દાખલ કર્યા પછી તેમનો દિકરો મરણ ગયેલાનું જણાવેલ છે.

શાહીબાગ પોલીસ સ્ટેશનના આ બનાવમાં ભુપતજી ચંદુજી ચાવડાનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૧૫૬ તરીકે આંક–૧૦૩૨થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ ૨૦૦૮ ની સાલમાં આ સાહેદ સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડમાં આવેલ કેન્સર હોસ્પિટલમાં એમ્બ્યુલન્સ ગાડીના ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેઓ પોતાના ઘરે હતા ત્યારે સાંજના સમયે અમદાવાદ શહેરમાં થયેલા બોમ્બ વિસ્ફોટના સમાચાર ટી.વી. ઉપર જોતા હતા. ત્યારબાદ આ સાહેદ સાડા સાત વાગ્યાની આસપાસ સ્કૂટર લઈને દુધ તથા કેળા લેવા સિવિલ હોસ્પિટલના ઝાંપા પાસે ગયેલા. ત્યાં અમુલ પાર્લર આવેલુ છે, ત્યાં તેમનો મિત્ર રાકેશનાઓએ જણાવેલુ કે તેમના કાકીને ખોખરા બોમ્બ બ્લાસ્ટમાં વાગેલુ છે અને તમે મદદ માટે આવો જેથી આ સાહેદ તેમને પોતાના સ્કૂટર ઉપર બેસાડીને ટ્રોમા સેન્ટર સામે ઝાડ પાસે આવેલા અને ત્યાં ઉભા હતા ત્યારે જોરથી બોમ્બ વિસ્ફોટ થયેલો. જેથી આ સાહેદ ડૉકટરની હોસ્ટેલ સામે આવેલ ખુલ્લા ગ્રાઉન્ડમાં ભાગેલા, બ્લાસ્ટ થયો ત્યારે આગ નીકળેલી હતી અને છરા ઉડેલા હતા. જેથી આ સાહેદને ઈજાઓ થયેલી, બ્લાસ્ટના કારણે લોકોમાં ભાગમભાગ થયેલી, ત્યાં અંધારૂ પણ થઈ ગયેલુ. ત્યારબાદ આ સાહેદ ડૉ. પ્રકાશ દોશીના શારદા કલીનીક ઉપર સારવાર માટે ગયેલા. આ બનાવમાં આ સાહેદનું સ્કુટર પણ સળગેલુ હતુ તેમ જણાવે છે.

ત્યારબાદ મનુભાઈ ભયજીભાઈ ઠાકોર, નિશાબેન વિનુભાઈ સોલંકી, ભુપતજી ચંદુજી ચાવડાની સારવાર કરનાર ડૉ .પ્રકાશ ધીરજલાલ દોશીને સાહેદ નં.૨૭૨ તરીકે આંક–૧૩૮૫થી તપાસેલા છે. આ સાહેદની

સરતપાસ ધ્યાને લઈએ તો તેઓ અમદાવાદમાં અસારવા ચકલા દેના બેંકની નજીક શારદા ક્લીનીક અને હોસ્પિટલના નામથી તબીબી વ્યવસાય કરે છે. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ એક મનુભાઈ ભાવજીભાઈ ઠાકોર તેમના દવાખાનામાં સારવાર માટે આવેલા હતા. દર્દીને ધડાકામાં બંને પગે થયેલ ઈજાઓ હતી અને તેમના ડાબા હાથમાં અંગુઠાનો અસ્થિભંગ હતો.

સાહેદ વધુમાં જણાવે છે કે તે જ દિવસે અન્ય એક દર્દી નિશાબેન વિનુભાઈ સોલંકીને સારવાર માટે તેમના દવાખાનામાં લાવવામાં આવેલા હતા. દર્દીને શરીર ઉપર પેટના ડાબી બાજુએ એક ઉંડો ઘા હતો. જે ઘા ટ્રોમા સેન્ટર પાસે થયેલ ધડાકામાં થયેલો હતો.

સાહેદ વધુમાં જણાવે છે કે તે જ દિવસે એક ભુપતસિંહ ચંદુજી ચાવડાને પણ સારવાર માટે તેમની હોસ્પિટલમાં આવેલા હતા. દર્દીને પગ, જાંગ તથા પીઠના ભાગે ઘણીબધી ઈજાઓ તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ થયેલ ધડાકામાં થયેલી હતી. દર્દીને ડાબા જાંગના ભાગે ઘણા બધા ધાતુના બાહ્ય પદાર્થો હતા. સાહેદે એક ધાતુનો મોટો ટુકડો કાઢેલો બીજા નાના શક્ય ન હતા. જે મોટો ટુકડો ધાતુનો કાઢેલો હતો તે ચકાસણી અર્થે મોકલવા માટે પોલીસને સોંપેલાનું જણાવેલ છે. આ બાબતના પ્રમાણપત્રો આપેલા જે આંક–૧૩૮૭, ૧૩૮૮ અને ૧૩૮૯થી રજૂ રાખેલ છે અને તેમાં આ સાહેદે પોતાની સહીઓ ઓળખી બતાવેલી છે. તેમજ આંક–૧૩૮૬ થી આ સાહેદે પોલીસને જાણ કરતો પત્ર લખેલ જેમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આ સાહેદના મંતવ્ય પ્રમાણે દર્દીઓને થયેલી ઉપરોકત ઈજાઓ કોઈક ધડાકામાં કે બ્લાસ્ટમાં ચીજવસ્તુ અથડાય તો આવી ઈજા થઈ શકે તેમ જણાવેલ છે.

શાહીબાગ પોલીસ સ્ટેશનના આ બનાવમાં તુલસીભાઈ ચંદુભાઈ ભીલનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૧૭૧ તરીકે આંક–૧૦૫૮ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ આ સાહેદ સિવિલ હોસ્પિટલ શાહીબાગ ખાતે ગેટ નં.૨ પાસે ચાની કીટલી ચલાવે છે. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાંજના સમયે આ સાહેદને જાણવા મળેલુ કે બોમ્બ બ્લાસ્ટ થયેલા છે અને

માણસોને ઈજા થયેલી છે. ઈજા પામનારાઓને ટ્રોમા સેન્ટર સિવિલ હોસ્પિટલ ખાતે લાવી રહ્યા છે જેથી આ સાહેદ ટ્રોમા સેન્ટર ખાતે ગયેલા અને ઈજા પામનારાઓની સેવાના કામમાં લાગેલા. ત્યારબાદ એક ઈજા પામનાર ભાઈને લઈને આ સાહેદ ટ્રોમા સેન્ટરમાં ગયેલા અને બીજા માણસોને લેવા માટે બહાર આવેલા હતા. આ વખતે ટ્રોમા સેન્ટરની બહારના ભાગે ઢાળ પાસે એક એમ્બ્યુલન્સ આવેલી અને તેમાંથી ઈજા પામનારાઓને નીચે ઉતારવામાં આવતા હતા. આ વખતે એમ્બ્યુલન્સની પાછળના ભાગે મોટા ધડાકા સાથે બોમ્બ બ્લાસ્ટ થયેલો. આ સાહેદને વાગવાથી પડી ગયેલા, લોકોની ચીસાચીસ અને બુમાબુમ થતી હતી, ત્યાં આગ પણ લાગેલી, ધડાકો થયો ત્યારે ત્યાં ૪૦૦ જેટલા માણસો હતા જે બધા દોડાદોડી કરવા લાગેલા. ઘણા માણસોને ઈજાઓ થયેલી અને ઘણા માણસો મરણ પામેલા. આ સાહેદને પગ, છાતી, પેઢુ અને કપાળના ભાગે ઈજાઓ થયેલી જેથી તેઓને ચંદ્રમણી હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયેલાનું જણાવે છે.

શાહીબાગ પોલીસ સ્ટેશનના આ બનાવમાં આયુશી હર્ષદભાઈ વાઘેલાનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૧૦૦૭ તરીકે આંક–૬૯૮૭ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તેઓ તેમના માતાપિતા સાથે રહે છે અને અભ્યાસ કરે છે. ૨૦૦૮ ના વર્ષમાં શાહીબાગ વિનયવિદ્યા મંદિરમાં ધોરણ–૪ માં અભ્યાસ કરતી હતી. ૨૦૦૮ ના જુલાઇ મહિનામાં તેમના પિતા હર્ષદભાઇ સાથે સિવિલ હોસ્પિટલના કમ્પાઉન્ડમાં આવેલ ખોડિયાર માતાના મંદિરે દર્શન કરવા માટે ગયેલી અને પાછા ફરતા હતા ત્યારે સાંજના સાડા સાત પોણા આઠ વાગ્યાના અરસામાં સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટર પાસે ઘણા દર્દિઓ સારવાર માટે લાવવામાં આવેલાં. તે વખતે ટ્રોમા સેન્ટર પાસેથી પસાર થતા હતા ત્યારે ત્યાં આગળ બોમ્બ બ્લાસ્ટ થયેલો અનેતે બોમ્બ બ્લાસ્ટમાં તેમને તથા તેમના પિતાજીને ઈજાઓ થયેલી. ત્યારબાદ શાહીબાગ ખાતે આવેલી ચંદ્રમણી હોસ્પિટલમાં સારવાર માટે લઇ ગયેલાં. આ સાહેદને ગળાના ભાગે ડાબા હાથે કાંડા ઉપર તથા ડાબા કાન પાસે છરા તથા લોખંડની કરચો વાગેલી.

તેમના પપ્પાને વધારે વાગેલું હોવાથી તેમનું ઓપરેશન કરવામાં આવેલાનું જણાવેલ છે.

શાહીબાગ પોલીસ સ્ટેશનના આ બનાવમાં હર્ષદભાઈ વાઘેલાનાઓને ઈજાઓ થયેલી પરંતુ તેઓને ફરિયાદપક્ષે તપાસેલા નથી. આ ઉપરાંત દિક્ષિતભાઈ વાઘેલાને પણ ઈજાઓ થયેલી પરંતુ તેઓને પણ ફરિયાદ પક્ષે તપાસેલા નથી.

શાહીબાગ પોલીસ સ્ટેશનના આ બનાવમાં કમલેશભાઈ ટાંકનાઓને ઈજાઓ થયેલી પરંતુ ફરિયાદપક્ષે તેઓને તપાસેલા નથી પરંતુ રણજીતસિંહ ગીરધારીસિંહ રાજપુતનાઓને આ કામે સાહેદ નં.૧૬૪ તરીકે આંક–૧૦૪૪ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાંજના સમયે આ સાહેદ તથા તેમના બીજા મિત્ર દરિયાપુર દરવાજા પાસે બેઠેલા હતા ત્યારે બાપુનગરમાં બોમ્બ ધડાકો થયેલો હોવાની વાત જાણવા મળેલી. આ સમાચાર મળતા કદાચ લોહી આપવુ પડે તેમ વિચારીને આ સાહેદ તથા તેમનો મિત્ર મહેન્દ્ર રતનલાલ, કમલેશભાઈ, વિષ્ણુભાઈ ઠાકોરનાઓ સિવિલ હોસ્પિટલ ગયેલા. ત્યાં ટ્રોમા સેન્ટરની સામે મોટર સાઇકલ પાર્ક કરેલી. આ સાહેદ તથા મહેન્દ્રભાઈ રતનલાલ બંને જણા સાથે હતા અને ટ્રોમા સેન્ટરના ઓટલા ઉપર ઉભા રહેલા ત્યારે ૧૦૮ એમ્બ્યુલન્સ ગાડી આવેલી હતી અને ઈજા પામનારાઓને ટ્રોમા સેન્ટરમાં સારવાર માટે લઈ જવામાં આવતા હતા અને તે કામગીરીમાં આ સાહેદ જોડાયેલા. તે વખતે એક એમ્બ્યુલન્સની પાછળના ભાગે દિવાલ પાસે એક મોટો બોમ્બ ધડાકો થયેલો તેમાથી છરા અને પતરાના ટુકડા ઉડેલા અને ધુમાડા અને આગના ગોટેગોટા નીકળેલા જેથી આ સાહેદ ખોડીયાર માતાના મંદિર તરફ નાસવા લાગેલા તે વખતે એક નાનો ધડાકો પણ થયેલો. આ બોમ્બ ધડાકામાં આ સાહેદને જમણા હાથે, કાંડા ઉપર, કોણીના ભાગે, ડાબા હાથે તથા પગે ઈજાઓ થવાથી લોહી નીકળવા લાગેલુ. આ સાહેદની સાથેના મહેન્દ્ર રતનલાલને પણ ઈજાઓ થયેલી તથા તેમની સાથેના વિષ્ણુભાઈને પણ શરીર ઉપર ઈજાઓ થયેલી. ત્યારબાદ આ સાહેદને ડૉ.સુરેશ પટેલના દવાખાને

લઈ જવામાં આવેલા અને ત્યાંથી ચંદ્રમણી હોસ્પિટલ શાહીબાગ ખાતે વધુ સારવાર માટે લઈ ગયેલા અને ત્યાં એકસ રે મશીન બંધ હોવાથી વધુ સારવાર માટે રાજસ્થાન હોસ્પિટલ ખાતે લઈ ગયેલાનું જણાવેલ છે.

શાહીબાગ પોલીસ સ્ટેશનના આ બનાવમાં કનૈયાલાલ માતમભાઈ ભરવાડનાઓને ઈજાઓ થયેલી તેઓને આ કામે સાહેદ નં.૧૫૯ તરીકે આંક–૧૦૫૩થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ ૨૦૦૮ના સમયગાળા દરમ્યાન આ સાહેદ જીપમાં પેસેન્જરોને બહાર લઈ જવાનું કામ કરતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ આ સાહેદ સિવિલ હોસ્પિટલ ખાતે આવેલા પી.એમ. રૂમ પાસે હાજર હતા ત્યારે સાત વાગ્યાની આસપાસ સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટર પાસે ગયેલા અને ત્યાં અમદાવાદમાં થયેલા બોમ્બ બ્લાસ્ટના ઈજાગ્રસ્તોને લાવવામાં આવતા હતા. આ સાહેદ ટ્રોમા સેન્ટર પાસે પહોંચ્યા તેના ૧૫–૨૦ મિનિટ પછી ટ્રોમા સેન્ટરના દરવાજા પાસે બોમ્બ બ્લાસ્ટ થયેલો જેના કારણે આ સાહેદને બંને પગે, હાથ ઉપર તથા માથાના ભાગે દાઝવાથી ઈજાઓ થયેલી. ત્યારબાદ આ સાહેદે ચંદ્રમણી હોસ્પિટલ શાહીબાગ ખાતે દાખલ કરેલા અને ત્યાં શરીરમાંથી લોખંડની કરચો કાઢેલ હોવાનું જણાવેલ છે.

શાહીબાગ પોલીસ સ્ટેશનના આ બનાવમાં દિનેશભાઈ ત્રિકમભાઈ બારોટનાઓને ઈજાઓ થયેલી તેઓને આ કામે સાહેદ નં.૧૬૭ તરીકે આંક–૧૦૫૧ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ આ સાહેદના મિત્ર અજય મોદીના ભાઈ મનીષભાઈને એટેક આવેલો હોવાથી તેઓને યુ.એન.મહેતા હોસ્પિટલમાં દાખલ કરેલા હતા જેથી તેઓની ખબર પુછવા આ સાહેદ તથા તેમનો મિત્ર અજયભાઈ હોસ્પિટલે ગયેલા. સાંજના સવા સાત વાગ્યાના અરસામાં આ સાહેદ તથા તેમનો મિત્ર અજય યુ .એન.મહેતા હોસ્પિટલેથી પાછા ફરતા હતા અને ચાલતા–ચાલતા સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડમાં આવેલ ખોડીયાર માતાના મંદિર પાસેથી પસાર થતા હતા તે વખતે ટ્રોમા સેન્ટર પાસે અમદાવાદ શહેરમાં જુદા–જુદા વિસ્તારમાં થયેલા બોમ્બ

વિસ્ફોટમાં ઈજા પામેલા લોકોને સારવાર માટે લાવવામાં આવતા હતા ત્યાં લોકોના ટોળા ભેગા થયેલા જેથી આ સાહેદ તથા તેમનો મિત્ર પણ ટ્રોમા સેન્ટર પાસે ગયેલા. તે વખતે લગભગ સાડા સાત વાગ્યાના અરસામાં ટ્રોમા સેન્ટર પાસે એક મોટો બોમ્બ ધડાકો થયેલો. આ બોમ્બ ધડાકો થવાથી ધુમાડાના ગોટેગોટા નીકળેલા અને આગ લાગેલી. આ બોમ્બ ધડાકાથી ઘણા માણસો મરણ ગયેલા અને તેઓની લાશોના ટુકડા આસપાસમાં પડેલા હતા. ત્યાં હાજર માણસો જીવ બચાવવા ભાગેલા. તે જ વખતે બીજો નાનો ધડાકો પણ થયેલો જેમાં આ સાહેદના પગ ઉપર તેમજ પીઠના ભાગે દાઝી જવાથી ઈજાઓ થયેલી. આ સાહેદની સાથેના તેમના મિત્ર અજયને પણ ઈજાઓ થયેલી જેથી નજીકમાં આવેલ ડૉ.સુરેશભાઈના દવાખાને સારવાર માટે લઈ ગયેલા અને ત્યાથી બંનેને ચંદ્રમણી હોસ્પિટલ શાહીબાગ ખાતે વધુ સારવાર માટે લાવેલા હોવાનું જણાવે છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પોલીસને આપેલુ પહેલુ નિવેદન વાંચેલુ નથી તે કબૂલ કરે છે. બીજુ નિવેદન પણ વાંચેલુ નથી. પહેલા નિવેદનમાં લાશોના ટુકડા પડયા હોવાની હકીકત લખાવેલી નથી તે હકીકત નકારે છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા નિવેદનો કેટલા વખત પોલીસે લીધેલા તે તથા અમુક લાશોના ટુકડા થયેલા હતા તે પોલીસ નિવેદનમાં લખાવેલુ નથી તે તથા હાજર લોકો જીવ બચાવવા ભાગવા લાગેલા તેવુ પોલીસ નિવેદનમાં લખાવેલુ નથી તે હકીકત મારા મત પ્રમાણે બહુ મહત્વની નથી, કારણ કે આ હકીકત પોલીસ નિવેદનમાં નહીં લખાવવાથી ટ્રોમા સેન્ટર પાસે બોમ્બ બ્લાસ્ટ થયેલો નથી કે આ સાહેદને કે તેના મિત્રને ઈજાઓ થઈ નથી તેમ કહી શકાય તેમ નથી.

શાહીબાગ પોલીસ સ્ટેશનના આ બનાવમાં સંજય ધર્માજી ઠાકોરનાઓને ઈજાઓ થયેલી તેઓને આ કામે સાહેદ નં.૧૮૨ તરીકે આંક–૧૦૭૪ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાંજના સાડા છ–સાત વાગ્યાની આસપાસ પાનના ગલ્લે દરિયાપુર ગયેલા ત્યારે જાણવા મળેલુ કે સારંગપુરમાં બોમ્બ બ્લાસ્ટ થયેલો છે. જેથી આ સાહેદ તથા

તેમના મિત્રો ભેગા થયેલા અને સિવિલ હોસ્પિટલ ટ્રોમા સેન્ટર ખાતે સેવા કરવા ગયેલા. આ સમયે સાંજના સાડાસાત વાગે એક એમ્બ્યુલન્સ આવેલી અને આ સાહેદે એમ્બ્યુલન્સના દર્દીને બહાર કાઢેલા અને સ્ટ્રેચર ઉપર મુકીને ટ્રોમા સેન્ટરની અંદર લઈ જતા હતા તે સમયે એકદમ બ્લાસ્ટ થયેલો. બ્લાસ્ટ થતા બે મિનિટ સુધી આ સાહેદના કાનમાં કંઈ સંભળાયેલુ નહીં, પછી ભાનમાં આવતા જોયુ તો તેમની આગળ કોઈકનો હાથ પડેલ હતો અને આ સાહેદના શર્ટ ઉપર માંસ પડેલ હતુ તેમજ આ સાહેદના પગમાંથી લોહી નીકળતુ હતુ. ત્યારબાદ આ સાહેદ તેમના મિત્રોને મળેલા, તેઓને પણ વાગેલુ ત્યારબાદ આ સાહેદ ખોડીયાર માતાના મંદિર પાસે ભાગેલા. આ સાહેદના મિત્ર વિષ્ણુભાઈને પણ આખા પગમાંથી માંસ નીકળી ગયેલુ અને તેઓથી ચલાતુ ન હોવાથી એક ટેમ્પાવાળાને રોકેલો અને તે આ સાહેદને તથા વિષ્ણુભાઈને ચંદ્રમણી હોસ્પિટલ શાહીબાગ ખાતે સારવાર માટે લાવેલા. વિષ્ણુભાઈનુ ઓપરેશન બાર કલાક ચાલેલુ. આ બનાવમાં આ સાહેદના તમામ મિત્રોને ઈજાઓ થયેલી હોવાનું જણાવે છે.

ત્યારબાદ તુલસીભાઈ ચંદુભાઈ ભીલ, દિક્ષિત વાઘેલા, આયુષી હર્ષદભાઈ, હર્ષદભાઈ વાઘેલા, કમલેશભાઈ ટાંક, કનૈયાલાલ ભરવાડ, દિનેશભાઈ બારોટ, સંજયભાઈ ઠક્કર, અજય ભાવુદાસ બુલડે તથા વિષ્ણુભાઈનાઓની સારવાર કરનાર ડૉ.રૂપકુમાર મણીલાલ અગ્રવાલને સાહેદ નં.૨૭૪ તરીકે આંક–૧૩૯૫ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ ધ્યાને લઈએ તો તેઓ અમદાવાદ મુકામે શાહીબાગ વિસ્તારમાં ગીરધરનગર ખાતે ચંદ્રમણી હોસ્પિટલ નામથી તબીબી વ્યવસાય કરે છે. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ એક તુલસીભાઈ ચંદુભાઈ ભીલને તેમની હોસ્પિટલ ખાતે સારવારા માટે લાવેલા હતા. દર્દીને ઈજામાં જમણા પગ, ડાબા પગ, જાંગના આગળના ભાગે તથા પેટના આગળના ભાગેથી, જમણી બગલના ભાગે થયેલ ઘા માંથી, તથા કપાળના ભાગેથી બાહ્ય પદાર્થ (લોખંડની કરચો) કાઢવામાં આવી હતી. તેમની હોસ્પિટલમાં ઈજાઓના ભાગે પ્લાસ્ટિક સર્જરી કરવામાં આવેલી.

વધુમાં આ સાહેદ જણાવે છે કે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ એક દિક્ષિત વાઘેલાને તેમની હોસ્પિટલ ખાતે સારવાર માટે લાવેલા હતા. દર્દીને ઈજામાં જમણી જાંઘના આગળના ભાગેથી, પેટના જમણી બાજુએથી, ડાબા હાથના ભાગેથી અને ડાબા પંજાનાના ભાગેથી બાહ્ય ધાતુનો પદાર્થ કાઢવામાં આવેલા હતા. દર્દીને નાકની નીચે અને ઉપરના હોઠની નજીક ઘા હતા.

વધુમાં આ સાહેદ જણાવે છે કે તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ એક આયુષીબેન હર્ષદભાઈને તેમની હોસ્પિટલ ખાતે સારવાર માટે લાવેલા હતા. દર્દીને ઈજામાં શરીરમાં ગળાના આગળના ભાગે શ્વાસનળી સુધી પહોંચેલ હોય તેવા બાહ્ય પદાર્થથી થયેલી ઈજાઓ હતી. તે બાહ્ય પદાર્થને બહાર કાઢેલો હતો.

વધુમાં આ સાહેદ જણાવે છે કે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ એક હર્ષદભાઈ વાઘેલાને તેમની હોસ્પિટલ ખાતે સારવાર માટે લાવેલા હતા. દર્દીને ઈજામાં શરીરમાં એક ડાબા હાથના ભાગેથી, ડાબી બગલના ભાગેથી, જમણી છાતી અને પેટના જમણી બાજુએથી ઓપરેશન કરી બાહ્ય ધાતુના પદાર્થ કાઢવામાં આવેલા.

વધુમાં આ સાહેદ જણાવે છે કે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ એક કમલેશભાઈ ટાંકને તેમની હોસ્પિટલ ખાતે સારવાર માટે લાવેલા હતા. દર્દીને શરીર પર ઈજાઓ હતી જ્યાંથી સારવાર દરમ્યાન બાહ્ય પદાર્થ ઓપરેશન કરી કાઢવામાં આવેલા હતા. ઈજાઓ તથા બાહ્ય પદાર્થ કાઢેલા તે જગ્યા જમણા પગનો નીચેનો હિસ્સો જમણી જાંઘના આગળના ભાગેથી, પેટના જમણી બાજુએથી અને ડાબા હાથના કોણીથી કાંડા સુધીના ભાગે આવી ઈજાઓ હતી અને બાહ્ય પદાર્થ કાઢવામાં આવેલા.

વધુમાં આ સાહેદ જણાવે છે કે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ એક કનૈયાલાલ ભરવાડને તેમની હોસ્પિટલ ખાતે સારવાર માટે લાવેલા હતા. દર્દીને ઈજામાં બંને પગના પંજાનો ભાગ, જમણા હાથની કોણીથી કાંડા સુધીનો ભાગ, પેટના બહારના ભાગ તરફથી, પેટના ડાબા ઈલ્યાક બોન્ડની ઉપરના ભાગે ઈજાઓ હતી અને બાહ્ય પદાર્થ કાઢવામાં આવેલા.

વધુમાં આ સાહેદ જણાવે છે કે તા. ૨૬/૭/૨૦૦૮ ના રોજ એક દિનેશભાઈ બારોટને તેમની હોસ્પિટલ ખાતે સારવાર માટે લાવેલા હતા. દર્દીને ઈજામાં ચહેરાની જમણી બાજુએ કપાળ સુધીના હિસ્સામાં કોઈ ગરમ પદાર્થથી દાઝી ગયાની ઈજાઓ હતી. આ સિવાય આવા ટ્રોમેટીક ઈજા જમણાં કાંડાના ભાગે હતી.

વધુમાં આ સાહેદ જણાવે છે કે તા. ૨૬/૭/૨૦૦૮ ના રોજ એક સંજયભાઈ ઠક્કરને તેમની હોસ્પિટલ ખાતે સારવાર માટે લાવેલા હતા. દર્દીને ઈજામાં જમણી જાંગના આગળના ભાગે તથા જમણા હાથના કાંડાના ભાગે બાહ્ય પદાર્થથી થયેલ ઈજાઓ હતી અને બાહ્ય પદાર્થ હતો.

વધુમાં આ સાહેદ જણાવે છે કે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ એક અજય ભાવુદાસ બુલદેને તેમની હોસ્પિટલ ખાતે સારવાર માટે લાવેલા હતા. દર્દીને ઈજામાં જમણા ઘુંટણના ભાગે છુંદાયેલી ઈજા હતી, ઘુંટણના અંદરના કાર્ટીલેજને પણ નુકસાન થયેલ હતું.

વધુમાં આ સાહેદ જણાવે છે કે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ એક વિષ્ણુભાઈને તેમની હોસ્પિટલ ખાતે સારવાર માટે લાવેલા હતા. દર્દીને જમણી બાજુ પેટના સમગ્ર ભાગે અંદર સુધી ઈજાઓ હતી. જે જમણી બાજુના પેટના હિસ્સા જમણા ઈલ્યાખફોસા સુધીની હતી. તેમજ લેપ્રોટોમી કરતાં જમણાં આંતરડામાં અનેક કાણા હતા. તેઓના શરીરમાં ઓપરેશન કરી એક મોટી ધાતુની કરચ કાઢી હતી અને આ કરચના કારણે ઘણા બધા કાણાંઓ પડેલા હતા. આ સિવાય તેના જમણાં પંજામાંથી મોટા પ્રમાણમાં લોહી વહેતું હતું. જે તે જગ્યાએ છુંદાયેલો ભાગ હતો. ડાબા પંજાના ભાગે ઘા હતો. આ દર્દીનું ઓપરેશન કરી અને ધાતુની કરચ બહાર કાઢવામાં આવેલી તથા લેપ્રોટોમી વખતે આંતરડાની સર્જરી કરી આંતરડાનો થોડો ભાગ કાઢી નાંખાવામાં આવેલો. આ બાબતના પ્રમાણપત્રો દરેક ઈજા પામનારાઓને આપેલા જે અનુક્રમે આંક – ૧૩૯૬, ૧૩૯૭, ૧૩૯૮, ૧૪૦૦, ૧૪૦૧, ૧૪૦૨, ૧૪૦૩, ૧૪૦૪, ૧૪૦૬, ૧૪૦૭ થી ૨જૂ રાખેલ છે અને તેમાં આ સાહેદે પોતાની સહીઓ ઓળખી

બતાવેલી છે. તેમજ આંક–૧૩૯૯થી ઈજા પામનાર આયુશીનુ ડીસ્ચાર્જ કાર્ડ તથા આંક–૧૪૦૫થી ઈજા પામનાર દિનેશભાઈના કેસ પેપર્સ તથા આંક – ૧૪૦૮ થી ઈજા પામનાર વિષ્ણુભાઈના કેસ પેપર્સ રજૂ કરેલા છે. જે તમામમાં સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે. આ સાહેદના મંતવ્ય પ્રમાણે દર્દીઓને થયેલી ઉપરોકત ઈજાઓ કોઈક ધડાકામાં કે બ્લાસ્ટમાં દબાણપૂર્વક કોઈ ચીજવસ્તુ અથડાય તો આવી ઈજા થઈ શકે તેમ જણાવેલ છે.

શાહીબાગ પોલીસ સ્ટેશનના આ બનાવમાં જયાબેન નરેશભાઈ ગોહેલનાઓને ઈજાઓ થયેલી તેઓને આ કામે સાહેદ નં.૧૫૩ તરીકે આંક–૧૦૨૭થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તેઓ સિવિલ હોસ્પિટલમાં કોન્ટ્રાકટ બેઝ ઉપર બનાવના ૨૫ દિવસ પહેલાથી નોકરી કરતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ પોતાની ફરજ પર હતા ત્યારે રાત્રીના આસરે સાડા સાત વાગ્યાના સુમારે અમદાવાદ શહેરમાં થયેલ બોમ્બ ધડાકામાં ઈજા પામનાર માણસોને સારવાર માટે એમ્બ્યુલન્સ ગાડીમાં લાવતા હતા. આ સાહેદની સાથેના સીતાબેને આ સાહેદને જણાવેલુ કે ચાલો નીચે ટ્રોલીની જરૂર છે જેથી બંને જણ ટ્રોલી લઈને નીચે ગયેલા, નીચે કામ કરતા માણસોને ટ્રોલી આપતા હતા તે વખતે એક–એક એમ્બ્યુલન્સની પાછળ મોટો ધડાકો થઈ ધુમાડા નીકળી ગોટે ગોટા નીકળવા લાગેલા, એકદમ આગ લાગીને ભડકો થયેલો અને તરત જ બીજો ધડાકો થતા આ સાહેદ ખોડીયાર માતાના મંદિર તરફ દોડી ગયેલા. આ બનાવમાં રજકણ તથા કાચના ટુકડા ઉડીને આવતા આ સાહેદના જમણા હાથે કોણીના ભાગે, ડાબા હાથના પંજાના ભાગે, ડાબા પગે અંગુઠાના ભાગે અને કપાળના ભાગે વગતા ઈજાઓ થયેલી અને ત્યારબાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર લીધેલાનું આ સાહેદ જણાવે છે.

શાહીબાગ પોલીસ સ્ટેશનના આ બનાવમાં પ્રવિણભાઈ સોમાભાઈ પટેલનાઓને ઈજાઓ થયેલી તેઓને આ કામે સાહેદ નં.૧૫૭ તરીકે આંક–૧૦૩૩થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ આ સાહેદ સાંજના સમયે મોહન સીનેમા પાસે ગયેલા હતા ત્યારે જાણવા મળેલુ કે

શહેરના જુદા–જુદા વિસ્તારોમાં બોમ્બ ધડાકા થયેલા છે જેથી આ સાહેદ તથા તેમની સાથે બીજા ગુલાબસિંહ, સંજયભાઈ પટેલ વિગેરેનાઓ ઘાયલોની સેવા કરવા માટે સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરમાં આશરે પોણા સાત વાગ્યાની આસપાસ પહોંચેલા. બહારથી આવતી એમ્બ્યુલન્સમાંથી ઘાયલોને ઉતારીને સ્ટ્રેચર ઉપર બેસાડી હોસ્પિટલમાં મોકલી આપતા હતા. આ વખતે રાત્રીના સાડા સાત વાગે આ સાહેદ ટ્રોમા સેન્ટરની બહાર ઉભા હતા તે વખતે એક એમ્બ્યુલન્સ ગાડી આવેલી તે એમ્બ્યુલન્સ ગાડીના પાછળના ભાગે એક ગાડી પડેલ હતી, થોડીવારમાં આ ગાડી પાસે ભયંકર મોટો બોમ્બ વિસ્ફોટ થયેલો. તે વખતે લોકોમાં નાસ ભાગ થવા લાગેલી, લોકો બુમાબુમ કરતા હતા, ત્યાં ઘણા લોકો ઘાયલ થયેલા તેમજ મરણ ગયેલા. આ બોમ્બ વિસ્ફોટમાં પતરાની કરચો તથા લોખંડના છરા નીકળતા આ સાહેદને વાગેલા અને લોહી નીકળવા લાગેલુ. જેથી આ સાહેદ ખોડીયાર માતાના મંદિર પાસે ગયેલા તે વખતે બીજો બોમ્બ ધડાકો પણ થયેલો. ત્યારબાદ આ સાહેદને સર્જીકલ હોસ્પિટલ અમદાવાદ ખાતે સારવાર માટે લઈ ગયેલા અને ત્યારબાદ શુભ કોમ્પ્લેક્ષ રાજસ્થાન હોસ્પિટલ પાસે દાખલ કરેલાનું જણાવે છે.

શાહીબાગ પોલીસ સ્ટેશનના આ બનાવમાં યોગેન્દ્ર અમૃતલાલ પટેલનાઓને ઈજાઓ થયેલી તેઓને આ કામે સાહેદ નં.૧૫૨ તરીકે આંક–૧૦૨૬થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ આ સાહેદ સિવિલ હોસ્પિટલમાં લેડીઝ હોસ્ટેલમાં કેન્ટીન ચલાવતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ આ સાહેદ તથા તેમનો મિત્ર રઘુવીર પટેલ બંને જણ બાઈક ઉપર મહેશભાઈને મળવા માટે સાંજના સાડા છ વાગે સિવિલ હોસ્પિટલમાં આવેલા અને તંદુર હોટલમાં ચા નાસ્તો કરતા હતા તેવામાં સમાચાર મળેલા કે અમદાવાદમાં બોમ્બ વિસ્ફોટ થયેલા છે અને એમ્બ્યુલન્સની ગાડીઓ મોટા પ્રમાણમાં સિવિલ હોસ્પિટલમાં આવવા લાગી છે જેથી આ સાહેદ તથા રઘુવીર પટેલ સેવાના ઈરાદે ટ્રોમા સેન્ટર આગળ આવેલા અને એમ્બ્યુલન્સમાંથી ઘાયલોને ઉતારીને ડૉકટર પાસે મુકી આવતા હતા. રાતના સાડા સાત વાગ્યે આ

સાહેદ ટ્રોમા સેન્ટરના કાચના દરવાજાની પાસે ઉભા હતા તેવામાં તેમની નજર ખોડીયાર માતાના મંદિર તરફ હતી તે વખતે ટ્રોમા સેન્ટરના ઝાડ પાસે ઉભેલ એક એમ્બ્યુલન્સમાંથી દર્દીઓને ઉતારતા હતા તે વખતે એમ્બ્યુલન્સના પાછળના ભાગે ઢાળ પુરો થયા પછી એક મોટો ધડાકો થયેલો, આગળની જવાળાઓ ફાટી નીકળેલી, માણસો નાસભાગ અને બુમાબુમ કરવા લાગેલા. આ બનાવમાં આ સાહેદના જમણા પગે ઢીંચણના ભાગે ખુબ જ લોહી નીકળવા લાગેલુ જેથી ગભરાય ગયેલા અને ખોડીયાર માતાના મંદિર તરફ દોડેલા તે વખતે બીજો ધડાકો પણ થયેલો. આ ધડાકાઓમાં ઘણા લોકોને ઈજાઓ થયેલી અને મરણ પણ ગયેલા. ત્યારબાદ આ સાહેદને સેવા કરનારા લોકોએ પકડીને ટ્રોમા સેન્ટરમાં ખાટલા ઉપર સુવડાવેલા અને ત્યારબાદ આનંદ સર્જીકલ હોસ્પિટલમાં દાખલ કરેલા અને છરા તથા લોખંડની કરચો કાઢવામાં આવેલાનું જણાવે છે.

ત્યારબાદ જયાબેન નરેશભાઈ ગોહેલ, પ્રવિણભાઈ સોમાભાઈ પટેલ, યોગેન્દ્ર અમૃતભાઈ પટેલનાઓની સારવાર કરનાર ડૉ.ચંદ્રીકાબેન છગનલાલ પટેલને સાહેદ નં.૨૭૭ તરીકે આંક–૧૪૬૭થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ ધ્યાને લઈએ તો તેઓ અમદાવાદ ખાતે અસારવા વિસ્તારમાં આનંદ સર્જીકલ હોસ્પિટલના નામથી તબીબી વ્યવસાય કરે છે. તા.૨૬/૭/–૨૦૦૮ ના રોજ રાત્રીના ૧૦.૦૦ વાગ્યાના સુમારે એક જયાબેન નરેશભાઈ ગોહીલ નામની સ્ત્રી સારવાર અર્થે આવેલા હતા. દર્દીની હિસ્ટ્રી પ્રમાણે સિવિલ હોસ્પિટલ ખાતે થયેલ બોમ્બ બ્લાસ્ટના કારણે આઘાત લાગેલો હતો. દર્દીને ઈજામાં એક કપાયેલો છુંદાયેલો ઘા ૧ x ૧ સે.મીનો ડાબા હથેળીના પાછળના ભાગે હતો. જ્યાં લોહીનો ભરાવો હતો તેમજ એક કપાયેલ છુંદાયેલ ઘા ૧ x ૧ સે.મી.ના માપનો જમણી કોણીના ભાગે હતો તથા એક કપાયેલો છુંદાયેલો ઘા ૧ x ૧ સે.મી.ના માપનો કપાળમાં જમણી બાજુએ હતો. તેમજ દર્દીના શરીરમાં જે બાહ્ય પદાર્થ હતો તે બહાર કાઢવા માટે ઓપરેશન કરવામાં આવેલ હતું.

વધુમાં સાહેદ જણાવે છે કે તા. ૨૬/૭/૨૦૦૮ ના રોજ સાંજના ૭.૪૫ વાગ્યાના સુમારે એક પ્રવિણભાઈ સોમાભાઈ પટેલને સારવાર અર્થે

આવેલા હતા. દર્દીની હિસ્ટ્રી પ્રમાણે સિવિલ હોસ્પિટલ ખાતે થયેલ બોમ્બ બ્લાસ્ટના કારણે આઘાત લાગેલો હતો. દર્દીને ઈજામાં એક કપાયેલ છુંદાયેલ ઘા હાડકા સુધીની ઉંડાઈ વાળો લોહી નિકળતી હાલતમાં ૧૦ x ૩ સે.મી. ના માપનો ડાબા પગના પંજા (પાની)ના ભાગે હતો તેમજ એક કપાયેલ છુંદાયેલ ઘા સ્નાયુ સુધીની ઉંડાઈવાળો ૧ x ૧ના માપનો ડાબા પગના ભાગે હતો જ્યાં બાહ્ય પદાર્થની હાજરી હતી તથા બે કપાયેલ છુંદાયેલ ઘા સ્નાયુ સુધીની ઉંડાઈ વાળા ૨ x ૧ સે.મી.ના માપના ડાબા પગના ઉપરના ભાગે હતો. તેમજ એક કપાયેલો છુંદાયેલો ઘા જમણા પગમાં હાડકા સુધીની ઉંડાઈ વાળો ટીબીયા હાડકાની ઉપરની તરફ હાડકા સુધીની ઉંડાઈવાળો હતો તથા દર્દીના જમણા પગ, ડાબી ઘુંટી ના ભાગેનો એકસ રે લેવામાં આવેલો. જેમાં જમણાં પગના ભાગે ટીસ્યુ વાળા હિસ્સામાં બાહ્ય પદાર્થની હાજરી માલુમ પડેલી. દર્દીના ઈજાવાળા ભાગે સારવાર કરી ટાંકા લીધેલા અને તે અગાઉ બાહ્ય પદાર્થ જમણા પગમાંથી બહાર કાઢેલો હતો.

વધુમાં સાહેદ જણાવે છે કે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ રાત્રીના ૮.૧૫ વાગ્યાના સુમારે એક યોગેન્દ્રભાઈ અમૃતભાઈ પટેલને સારવાર અર્થે આવેલા હતા. દર્દીની હિસ્ટ્રી પ્રમાણે સિવિલ હોસ્પિટલ ખાતે થયેલ બોમ્બ બ્લાસ્ટના કારણે આઘાત લાગેલો હતો. દર્દીને ઈજામાં એક કપાયેલ છુંદાયેલ ઘા ૫ x ૫ સે.મી.ના માપનો હાડકા સુધીની ઉંડાઈ વાળો જમણા પગના વચ્ચેના હિસ્સામાં હતો તેમજ એક કપાયેલ છુંદાયેલ ઘા ૩ x ૨ સે.મી.ના માપનો જમણા પગના ઉપરના હિસ્સામાં હતો. તે જગ્યાએ બાહ્ય પદાર્થની હાજરી માલુમ પડેલી તથા દર્દીનો જમણા પગનો એકસ રે લેવામાં આવેલો જ્યાં સોફ્ટ ટીસ્યુમાં ટીબીયા હાડકાના ઉપરના છેડા તરફ બાહ્ય પદાર્થની હાજરી માલુમ પડેલ. આમ દર્દીને તાત્કાલિક ઈજાની સારવાર કરી બાહ્ય પદાર્થ બહાર કાઢવામાં આવેલ હતો અને ટાંકા લીધેલા. આ બાબતના પ્રમાણપત્રો આપેલા જે અનુક્રમે આંક–૧૪૬૮, ૧૪૬૯, ૧૪૭૦ થી ૨જૂ રાખેલ છે અને તેમાં આ સાહેદે પોતાની સહીઓ ઓળખી બતાવેલી છે. આ સાહેદના મંતવ્ય પ્રમાણે દર્દીઓને થયેલી ઉપરોકત ઈજાઓ

કોઈક ધડાકામાં કે બ્લાસ્ટમાં દબાણપૂર્વક કોઈ ચીજવસ્તુ અથડાય તો આવી ઈજા થઈ શકે તેમ જણાવેલ છે.

શાહીબાગ પોલીસ સ્ટેશનના આ બનાવમાં કેશરીસિંહ રઘુસિંહ રાજપુતનાઓને ઈજાઓ થયેલી તેઓને આ કામે સાહેદ નં.૧૮૧ તરીકે આંક–૧૦૭૩ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૬/૭/૨૦૦૮ નાં સમયકાળમાં તેઓ સિવિલ હોસ્પિટલ ખાતે ભગત એમ્બ્યુલન્સ વાનનું ડ્રાઈવીંગ કરતા હતા. આ દિવસે આ સાહેદ તથા તેમના મિત્રો પી.એમ. રૂમ ખાતે હાજર હતા ત્યારે જાણવા મળેલુ કે બાપુનગર વિસ્તારમાં બોમ્બ વિસ્ફોટ થયેલા છે અને ઈજા પામનાર લોકોને સિવિલ હોસ્પિટલ ખાતે લાવે છે જેથી આ સાહેદ તથા તેમના મિત્રો કમલેશભાઈ ઠાકોર, સુશીલ વણઝારા દર્દીઓની મદદ કરવા માટે ટ્રોમા સેન્ટર ખાતે ગયેલા. ત્યારે ધનવંતરિ હોસ્પિટલની એમ્બ્યુલન્સ વાન ત્યાં આવેલી અને તેની પાછળ વીસેક ફુટના અંતરે બોમ્બ ધડાકો થયેલો. આ બોમ્બ ધડાકામાં આ સાહેદને ડાબા પગે તેમજ ડાબા ખભે ઈજાઓ થયેલી. ત્યારબાદ આ સાહેદ એમ્બ્યુલન્સ વાન લઈને ઘરે જતા રહેલા અને બીજા દિવસે સિવિલ હોસ્પિટલમાં સારવાર લીધેલાનું જણાવે છે.

શાહીબાગ પોલીસ સ્ટેશનના આ બનાવમાં રામગીરી પુરણગીરી ગોસ્વામીનાઓને ઈજાઓ થયેલી તેઓને આ કામે સાહેદ નં.૨૧૫ તરીકે આંક–૧૧૫૨થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાંજના સમયે સિવિલ હોસ્પિટલ પાસે ગીતા હોટલમાં આ સાહેદ તથા તેમની સાથે બીજા એક ભાઈ શાંતીગીરી બંને જણ હોટલમાં જમવા માટે ગયેલા અને જમીને પરત યુ.એન.મહેતા હોસ્પિટલ જવા માટે સિવિલ હોસ્પિટલના ટ્રોમા વોર્ડ આગળ થઈને પસાર થતા હતા ત્યારે એક ૧૦૮ એમ્બ્યુલન્સ ગાડી તથા બીજી પ્રાઈવેટ એમ્બ્યુલન્સ ગાડીઓ ટ્રોમા સેન્ટર પાસે આવેલી અને ગાડીઓમાંથી ઈજાગ્રસ્ત વ્યકિતઓને ટ્રોમા સેન્ટરમાં સારવાર માટે લઈ જવામાં આવતી હતી. આ વખતે આ સાહેદ ઈજાગ્રસ્ત વ્યકિતઓને મદદ કરી રહયા હતા તે વખતે એક ધડાકો થયેલો અને ધુમાડો નીકળેલો, ધુમાડા સિવાય ત્યાં તાપ પણ થઈ

ગયેલો, ત્યાં રાડારાડી થયેલી અને હાજર લોકો ભાગવા લાગેલા. આ ધડાકાથી લોખંડના ટુકડાઓ નીકળતા બધાને વાગવા લાગેલા. આ સાહેદને જમણા પગે તેમજ શરીરના બીજા ભાગો ઉપર ઈજાઓ થયેલી .આ સાહેદની સાથેના શાંતીગીરીને તાપ લાગેલો અને તેના કપડા બળી ગયેલા. ત્યારબાદ આ સાહેદ તથા શાંતીગીરી ત્યાંથી છુટા પડી ગયેલા અને આ સાહેદને ટ્રોમા સેન્ટરમાં દાખલ કરવામાં આવેલા. આ સાહેદને કુલ ચાર ઓપરેશન કરાવેલા અને શરીરમાં જે લોખંડનો પદાર્થ ઘુસેલો તે કાઢવામાં આવેલો, પથ્થર કાઢેલા અને સળીયા નાખેલાનું જણાવેલુ છે.

શાહીબાગ પોલીસ સ્ટેશનના આ બનાવમાં ઉમંગભાઈ રમેશભાઈ રૂપાલા તથા ધર્મેશભાઈ ધરમશીભાઈ પંડયાનાઓને પણ ઈજાઓ થયેલી પરંતુ ફરિયાદપક્ષે તેઓને તપાસેલા નથી. આ કામે ફરિયાદપક્ષ દ્વારા ઈશ્વરભાઈ ખીમજીભાઈ રાજગોરનાઓને આ કામે સાહેદ નં.૧૬૦ તરીકે આંક–૧૦૪૦ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તેમના મોટા બાપાના દીકરા શંકરભાઈ ધરમશીભાઈ રાજગોરના ઘરે દીકરાનો જન્મ થયેલો પરંતુ તે દીકરાને જન્મથી જ અન્નનળી અને આંતરડાની તકલીફ હોવાથી તેને તા.૨૪/૭/૨૦૦૮ નાં રોજ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરેલો હતો. તેની સાથે આ સાહેદના માતા પુંજીબેન તથા આ સાહેદ અને શંકરભાઈ આવેલા હતા. આ સાહેદ સિવિલ હોસ્પિટલે રોકાયેલા હતા. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાંજના સાત વાગ્યાના સુમારે તેઓને જાણવા મળેલુ કે અમદાવાદ શહેરમાં બોમ્બ વિસ્ફોટ થયેલા છે અને ઘાયલોને સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવે છે જેથી આ સાહેદ ઈજા પામનારાઓને જોવા માટે શંકરભાઈ તથા તેમના સાળા ધર્મેશભાઈ સાથે સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટર પાસે ગયેલા. આ સાહેદ આશરે સાડા સાત વાગ્યાના અરસામાં ટ્રોમા સેન્ટરમાં સ્ટ્રેચર ચઢાવવા ઢાળ પાસે ઉભા હતા ત્યારે ત્યાં એક એમ્બ્યુલન્સ આવેલી અને તેની પાછળ જોરથી એક મોટો બોમ્બ વિસ્ફોટ થયેલો, ત્યાં ધુમાડાના ગોટેગોટા નીકળતા હતા, લોકો બુમાબુમ કરીને નાસભાગ કરતા હતા, આ સાહેદ ધડાકાથી ફેકાઈ ગયેલા, થોડીવારમાં બીજો ધડાકો પણ થયેલો.

આ ધડાકાના કારણે તેમાથી નીકળેલા છરા તથા ટુકડા અને આગની જવાળાઓના કારણે આ સાહેદ દાઝી ગયેલા અને ત્યાં ઘણા લોકોને ઈજા થયેલી અને મરણ પામેલા. શંકરભાઈને સાળા ધર્મેશભાઈને પણ ઈજા થયેલી. ત્યારબાદ આ સાહેદને સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરેલાનું જણાવે છે.

ત્યારબાદ કેશરીસિંહ રઘુસિંહ રાજપુત, ઉમંગભાઈ રમેશભાઈ રૂપાલા, ધર્મેશભાઈ ધરમશીભાઈ પંડ્યા, રામગીરી પુરણગીરી ગોસ્વામીનાઓની સારવાર કરનાર ડૉ.મનીષ બચુભાઈ ઘેલાણીને સાહેદ નં.૨૭૮ તરીકે આંક–૧૪૭૧થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ તેઓ મેડીકલ ઓફિસર સિવિલ હોસ્પિટલ અમદાવાદમાં ફરજ બજાવતા હતા ત્યારે બપોરના ૧૨.૧૦ વાગ્યાના સુમારે એક કેસરીસિંહ રઘુવીરસિંહ રાજપુતને સારવાર લાવવામાં આવેલા. દર્દીએ હીસ્ટ્રીમાં જણાવેલ કે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સાંજના ૬.૧૫ થી ૬.૩૦ વાગ્યાના સુમારે પગથીયા પર ઉભા હતા ત્યારે બોમ્બ બ્લાસ્ટમાં તેમને ઈજા થઈ છે. દર્દીને ઈજામાં એક ઉજરડો ૨ x ૧ સે.મી.ના માપનો ડાબા પગના બહારની તરફના ઉપરના ભાગે હતો તેમજ એક ઉજરડો ૧ x ૦.૫ સે.મી.ના માપનો ડાબા ખભાના ભાગે આગળના ભાગે હતો.

વધુમાં આ સાહેદ જણાવે છે કે એક ઉમંગ રમેશભાઈ રૂપાલાનાઓ સારવાર અર્થે આવેલા હતા. દર્દીની હીસ્ટ્રી મુજબ તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ ટ્રોમા સેન્ટર સિવિલ હોસ્પિટલ અમદાવાદમાં થયેલ બોમ્બ બ્લાસ્ટમાં તેઓને ઈજા થયેલી છે. દર્દીને ઈજામાં બંને હાથ અને પગે દાઝી જતાં થર્મો બર્ન (થર્મલ બર્ન)ની ઈજા હતી તેમજ દર્દીને માનસિક રોગના ડૉકટર તરફ રીફર કરવામાં આવેલા અને ઉપરોક્ત જે દાઝી જવાની ઈજા હતી તે શરીરના કુલ ૨૦% ટકા ભાગ ઉપર બે થી ત્રણ ડીગ્રી જેટલી બળી જવાની ઈજા હતી.

વધુમાં આ સાહેદ જણાવે છે કે એક ધર્મેશભાઈ ધરમશીભાઈ પંડ્યાનાઓ સારવાર અર્થે આવેલા હતા. દર્દીની હીસ્ટ્રી મુજબ તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ ટ્રોમા સેન્ટર સિવિલ હોસ્પિટલ અમદાવાદમાં થયેલ બોમ્બ

બ્લાસ્ટમાં તેઓને ઈજા થયેલી. દર્દીને ઈજામાં છાતી તથા બંને હાથ અને પગ ઉપર બે થી ત્રણ ડીગ્રી જેટલી દાઝી જવાથી (થર્મલ બર્નની) ઈજાઓ હતી તેમજ ચહેરા ઉપર પણ દાઝી જવાની ઈજાઓ હતી તેમજ કુલ શરીરના ભાગ ઉપર ૩૦% જેટલી ધડાકા બાદ દાઝી જવાની ઈજા હતી.

વધુમાં આ સાહેદ જણાવે છે કે એક રામગીરી પુરણગીરી ગોસ્વામીનાઓ સારવાર અર્થે આવેલા હતા. દર્દીની હીસ્ટ્રી મુજબ તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ ટ્રોમા સેન્ટર સિવિલ હોસ્પિટલ અમદાવાદમાં થયેલ બોમ્બ બ્લાસ્ટમાં તેઓને ઈજા થયેલી. દર્દીને ઈજામાં જમણા પગે અંદરના ભાગે નાના કપાયેલો ઘા હતો. આ ઘા જમણી ઘુંટીના વચ્ચેના ભાગે કે જ્યાંથી રક્તસ્ત્રાવ થતો હતો. તેની ઘુંટીની કીનારી ૨ x ૧ સે.મી.ના માપની છુટી પડેલી હતી. બાહ્ય પદાર્થ હોવાની જાણ થયેલ હતી. આ બાહ્ય પદાર્થ દુર કરવામાં આવેલો તેમજ દર્દીને ટીબીયા હાડકાના નીચેના ૧/૪ ભાગે જમણી બાજુએ અસ્થિભંગ માલુમ પડેલો. આ ટીબીયા હાડકાના નીચે લોવર થર બાજુથી જોઈ શકાતું હતું. આ બાબતના પ્રમાણપત્રો દરેક ઈજા પામનારાઓને આપેલા જે અનુક્રમે આંક–૧૪૭૨, ૧૪૭૪, ૧૪૭૫, ૧૪૭૬થી રજૂ રાખેલ છે અને તેમાં આ સાહેદે પોતાની સહીઓ ઓળખી બતાવેલી છે. આ સાહેદના મંતવ્ય પ્રમાણે દર્દીઓને થયેલી ઉપરોકત ઈજાઓ કોઈક ધડાકામાં કે બ્લાસ્ટમાં દબાણપૂર્વક કોઈ ચીજવસ્તુ અથડાય તો આવી ઈજા થઈ શકે તેમ જણાવેલ છે.

શાહીબાગ પોલીસ સ્ટેશનના આ બનાવમાં અંબાલાલ મુળજીભાઈ ચાવડાનાઓને ઈજાઓ થયેલી તેઓને આ કામે સાહેદ નં.૧૮૩ તરીકે આંક–૧૦૭૫ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ રાત્રીના આઠ વાગ્યા સુધી હોમગાર્ડ તરીકે સિવિલ હોસ્પિટલમાં નોકરી પર હતા તે દરમ્યાન સાંજના આશરે સાડા છ વાગ્યાના સુમારે દર્દીઓ ટ્રોમા સેન્ટરમાં આવેલા અને તેઓને અંદર લઈ જવામાં આ સાહેદ મદદ કરતા હતા ત્યારે અમદાવાદ શહેરમાં બોમ્બ બ્લાસ્ટમાં ઘાયલ થયેલ દર્દીઓને લઈને ૧૦૮ એમ્બ્યુલન્સ આવેલી જેમાં એક એમ્બ્યુલન્સના પાછળના ભાગે ધડાકો થયેલો.

આ ધડાકો થતા આગની જવાળાઓ નીકળેલી, ધુમાડો થયેલો, લોકો ચીસાચીસ અને નાસભાગ કરવા લાગેલા. આ સાહેદને આ ધડાકામાં ડાબી જાંઘના ભાગે કોઈક વસ્તુ અથડાઈને પગમાં ઘુસી ગયેલી, તે ભાગ ઉપર ગરમ લાગતા આ સાહેદે હાથ ફેરવેલો અને તેને ખેચીને જોયુ તો લોખંડની અણીવાળી વસ્તુ હતી જેથી આ સાહેદ દોડીને ખોડીયાર માતાના મંદિર તરફ જતા રહેલા. પગમા ઘુસી ગયેલ વસ્તુ કાઢતા ત્યાં લોહી નીકળવા લાગેલુ, આ વખતે થોડીવાર પછી ત્યાં બીજો ધડાકો સંભળાયેલો. તેઓને થયેલ ઈજાની સારવાર સિવિલ હોસ્પિટલમાં લીધેલાનું જણાવેલ છે.

શાહીબાગ પોલીસ સ્ટેશનના આ બનાવમાં ગણેશભાઈ અમરાજી પ્રજાપતિનાઓને ઈજાઓ થયેલી તેઓને આ કામે સાહેદ નં.૧૮૪ તરીકે આંક–૧૦૭૬ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ આ સાહેદના કાકાનો છોકરો સિવિલ હોસ્પિટલમાં દાખલ કરેલ હોવાથી તેની ખબર કાઢવા ચાલતા ચાલતા ઘરેથી સાંજે સાતેક વાગે નીકળી સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટર તરફ ગયેલા તે વખતે ૧૦૮ એમ્બ્યુલન્સ ગાડી ટ્રોમા સેન્ટર તરફ ગયેલી અને બીજી પણ એમ્બ્યુલન્સ આવેલી આ વખતે ત્યાં બોમ્બ બ્લાસ્ટ થયેલો. આ બોમ્બ બ્લાસ્ટમાં આ સાહેદને છાતીમાં તથા પેટના ભાગે ઈજા થયેલી અને તેની સારવાર સિવિલ હોસ્પિટલમાં લીધેલાનું જણાવેલ છે.

શાહીબાગ પોલીસ સ્ટેશનના આ બનાવમાં લક્ષ્મણભાઈ અજીતસિંહ ચુડાસમાનાઓને ઈજાઓ થયેલી તેઓને આ કામે સાહેદ નં.૧૫૪ તરીકે આંક–૧૦૨૮થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૬/૭/–૨૦૦૮ નાં રોજ સાંજના સમયે બાપુનગર વિસ્તારમાં બોમ્બ ધડાકામાં ઈજા પામેલા માણસોને બાપુનગરમાં આવેલી ધનવંતરિ હોસ્પિટલમાં સારવાર લેવા માટે મોકલેલાનું જાણવા મળેલુ. જેથી આ સાહેદ સાંજના પોણા સાતથી સાત વાગ્યાના અરસામાં ધનવંતરિ હોસ્પિટલ ખાતે ગયેલા. ત્યાં ૧૨ થી ૧૩ જેટલા માણસોને પ્રાથમિક સારવાર આપવામાં આવેલી અને તેઓને વધુ સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં તાત્કાલિક લઈ જવાના હોય ધનવતંરી હોસ્પિટલની

એમ્બ્યુલન્સ વાનનો ડ્રાઈવર હાજર ન હોય, બીજી એમ્બ્યુલન્સ ગાડી બહાર ગયેલી હતી. આ વખતે દિનેશભાઈનાઓ પણ ધનવંતરિ હોસ્પિટલ ખાતે આવેલા અને તેઓને આ સાહેદ ઓળખતા હોવાથી આ સાહેદ તથા દિનેશભાઈનાઓ ઈજા પામનારાઓને ધનવંતરિ હોસ્પિટલની ટેમ્પો ટ્રાવેલ્સમાં બેસાડેલા અને આ સાહેદ તથા દિનેશભાઈ સાથે ડ્રાઈવરની કેબીનમાં બેસી ગયેલા અને ચલાવીને સિવિલ હોસ્પિટલે પહોંચેલા. સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરના ઢાળ તરફ મોઢુ રાખેલી એક કાર પડેલ હતી તે આ સાહેદે જોયેલી અને ટ્રોમા સેન્ટરના ઢાળ આગળ આ એમ્બ્યુલન્સ ઉભી રાખેલી તેમાંથી ઈજાગ્રસ્તોને ઉતારતા હતા. આ વખતે ટ્રોમા સેન્ટર પાસે ધારાસભ્ય પ્રદિપસિંહ જાડેજા પણ ઉભા હોય તેમની પાસે આ સાહેદ ગયેલા. ઈજા ગ્રસ્તોને એમ્બ્યુલન્સમાંથી ઉતારી ટ્રોમા સેન્ટર તરફ લઈ જતા હતા ત્યારે ટ્રોમા સેન્ટર ચઢવાના ઢાળ તરફ ઉભેલી કારમાં એકદમ ધડાકો થયેલો ત્યાં આગ પ્રસરીને ધુમાડાના ગોટેગોટા નીકળવા લાગેલા. આ વખતે નજીકમાં ઉભેલા માણસોના ટોળાઓમાં ચીસાચીસ અને નાસભાગ થયેલી, ધડાકો થવાથી માણસો ફંગોળાઈ ગયેલા. આ સાહેદ ગભરાય જતા ટ્રોમા વોર્ડમાં જતા રહેલા, થોડીવારમાં તરત જ બીજો ધડાકો પણ થયેલો. આ બનાવમાં આ સાહેદને જમણા બાવડા ઉપર ઈજા થયેલી તેની સારવાર ટ્રોમા વોર્ડમાં ડૉ.અતુલભાઈએ કરેલી. આ બનાવ વખતે આજુબાજુ કેટલાક માણસોની લાશો પડેલી હતી તથા વાહનો સળગતા હતા તેમ જણાવેલ છે.

શાહીબાગ પોલીસ સ્ટેશનના આ બનાવમાં દિનેશભાઈ લવજીભાઈ દુધાતનાઓને ઈજાઓ થયેલી તેઓને આ કામે સાહેદ નં.૧૬૬ તરીકે આંક–૧૦૫૦ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાંજના સમયે બાપુનગર વિસ્તારમાં બોમ્બ ધડાકામાં ઈજા પામેલા માણસોને બાપુનગરમાં આવેલી ધનવંતરિ હોસ્પિટલમાં સારવાર લેવા માટે મોકલેલાનું જાણવા મળેલુ. જેથી આ સાહેદ સાંજના પોણા સાતથી સાત વાગ્યાના અરસામાં ધનવંતરિ હોસ્પિટલ ખાતે ગયેલા. ત્યાં ૧૨ થી ૧૩ જેટલા માણસોને પ્રાથમિક સારવાર આપવામાં આવેલી અને તેઓને વધુ સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં

તાત્કાલિક લઈ જવાના હોય ધનવતંરિ હોસ્પિટલની એમ્બ્યુલન્સ વાનનો ડ્રાઈવર હાજર ન હોય, બીજી એમ્બ્યુલન્સ ગાડી બહાર ગયેલી હતી. આ વખતે લક્ષ્મણસિંહનાઓ પણ ધનવંતરિ હોસ્પિટલ ખાતે આવેલા અને તેઓને આ સાહેદ ઓળખતા હોવાથી આ સાહેદ તથા લક્ષ્મણસિંહનાઓ ઈજા પામનારાઓને ધનવંતરિ હોસ્પિટલની ટેમ્પો ટ્રાવેલ્સમાં બેસાડેલા અને આ સાહેદ તથા લક્ષ્મણસિંહ ડ્રાઈવરની કેબીનમાં બેસી ગયેલા અને ચલાવીને સિવિલ હોસ્પિટલે પહોંચેલા. સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરના ઢાળ તરફ મોઢુ રાખેલી એક કાર પડેલ હતી તે આ સાહેદે જોયેલી અને ટ્રોમા સેન્ટરના ઢાળ આગળ આ એમ્બ્યુલન્સ ઉભી રાખેલી તેમાંથી ઈજાગ્રસ્તોને ઉતારતા હતા. ઈજાગ્રસ્તોને એમ્બ્યુલન્સમાંથી ઉતારી ટ્રોમા સેન્ટર તરફ લઈ જતા હતા ત્યારે ટ્રોમા સેન્ટર ચઢવાના ઢાળ તરફ ઉભેલી કારમાં એકદમ ધડાકો થયેલો ત્યાં આગ પ્રસરીને ધુમાડાના ગોટેગોટા નીકળવા લાગેલા. આ વખતે નજીકમાં ઉભેલા માણસોના ટોળાઓમાં ચીસાચીસ અને નાસભાગ થયેલી, ધડાકો થવાથી માણસો ફંગોળાઈ ગયેલા. આ બનાવમાં આ સાહેદને જમણા પગે તથા છાતીના ભાગે ઈજા થયેલી જેથી સિવિલ હોસ્પિટલમાં સારવાર કરાવેલાનું જણાવેલ છે.

શાહીબાગ પોલીસ સ્ટેશનના આ બનાવમાં નવીનભાઈ પરાગભાઈ ગોહેલનાઓને ઈજાઓ થયેલી તેઓને આ કામે સાહેદ નં.૧૬૫ તરીકે આંક–૧૦૪૯થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ આ સાહેદ તથા તેમના મિત્ર વિંજયબાઈ બ્રહ્મભટ્ટનાઓ ભીડભજન હનુમાન બાપુનગર પાસે ઉભા હતા તે વખતે આ સાહેદના મિત્ર વિજયના મોબાઈલ ઉપર અનીલનો ફોન આવેલો અને જણાવેલુ કે તેઓને બોમ્બ વિસ્ફોટમાં વાગેલુ છે અને તેમને ધનવંતરિ હોસ્પિટલમાં લઈ ગયેલ છે તો ત્યાં આવો. જેથી આ સાહેદ તથા તેમનો મિત્ર વિજય આ સાહેદનું હીરો હોન્ડા મોટર સાઇકલ લઈ ધનવંતરિ હોસ્પિટલ કે જે બાપુનગર ખાતે આવેલી છે ત્યાં ગયેલા. ત્યાં ખબર પડેલી કે અનીલને વધારે વાગેલુ છે જેથી સિવિલ હોસ્પિટલમાં લઈ જવાના છે. આ સાહેદ ધનવંતરિ હોસ્પિટલની વાન સાથે બાઈક લઈને સિવિલ હોસ્પિટલે ગયેલા.

અનીલને સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરમાં દાખલ કરેલા. આ સાહેદ ટ્રોમા સેન્ટરની બહાર ઉભેલા ત્યારે સાડા સાત વાગ્યાના અરસામાં ત્યાં આગળ બોમ્બ વિસ્ફોટમાં ઘાયલ થયેલા બીજા માણસોને લાવવામાં આવતા હતા તે સમયે ત્યાં એક એમ્બ્યુલન્સ વાન આવેલી તે એમ્બ્યુલન્સ વાનની ડ્રાઈવર સાઈડ પાસે આ સાહેદ ઉભેલા ત્યારે ટ્રોમા સેન્ટરના ઢાળ પાસે એમ્બ્યુલન્સની પાછળ જોરદાર બોમ્બ ધડાકો થયેલો. આ બોમ્બ ધડાકાથી આગની જવાળાઓ નીકળેલી. આ સાહેદ પડી ગયેલા અને તેમને જમણી સાઈડે પેટના ભાગે તથા શરીરના અન્ય ભાગો ઉપર વાગેલુ જેથી આ સાહેદ ખોડીયાર માતાના મંદિર તરફ ગયેલા. તેઓના જમણા પડખામાંથી લોહી નીકળવા લાગેલુ, ત્યારબાદ સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરમાં દાખલ કરેલાનું જણાવેલ છે.

શાહીબાગ પોલીસ સ્ટેશનના આ બનાવમાં જયોતિષભાઈ ચંદુભાઈ દવે તથા ગણપતભાઈ વિઠ્ઠલભાઈ પટેલ તથા અશ્વિનભાઈ નરોત્તમભાઈ પટેલનાઓને ઈજાઓ થયેલી તે પૈકી જયોતિષભાઈ ચંદુભાઈ દવે તથા ગણપતભાઈ વિઠ્ઠલભાઈ પટેલને ફરિયાદપક્ષે તપાસેલા નથી જયારે અશ્વિન ભાઈ નરોત્તમભાઈ પટેલનાઓને આ કામે સાહેદ નં.૧૭૫ તરીકે આંક–૧૦૬૫ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ બપોરના બે વાગે તેમની ઓફીસે ગયેલા અને છ વાગ્યા સુધી રોકાયેલા. ત્યારબાદ સરદાર પટેલ ડાયમંડ માર્કેટ ખાતે ગયેલા અને તેમની સાથે ગણપતભાઈ, જયોતિષભાઈ દવેનાઓ પણ હતા. આ સાહેદે સરદાર પટેલ માર્કેટની બહાર પોતાના સ્કૂટર પાસે ઉભેલા ત્યારે આશરે સાંજના સાડા છ વાગેલા તે વખતે એક મોટો ધડાકો થયેલો. આ ધડાકો થતા દોડાદોડી થઈ ગયેલી અને આ સાહેદને જમણી આંખે વાગેલુ. તેઓને ઈજા થતા ધનવંતરી હોસ્પિટલ ગયેલા અને પ્રાથમિક સારવાર લીધેલી. ત્યારબાદ ધનવંતરી હોસ્પિટલની એમ્બ્યુલન્સમાં વધુ સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ગયેલા. તેમની સાથે ગણપતભાઈ તથા જયોતિષભાઈ પણ હતા તેઓને પણ ઈજાઓ થયેલી હતી. આ સાહેદ જે એમ્બ્યુલન્સમાં ગયેલા તે એમ્બ્યુલન્સમાંથી તેઓને

ઉતારીને સ્ટ્રેચર ઉપર બેસાડેલા ત્યારે સિવિલ હોસ્પિટલ ખાતે ધડાકો થયેલો. આ ધડાકો થતા દોડાદોડી થયેલી અને આગ લાગેલી. સિવિલ હોસ્પિટલ ખાતે થયેલા આ ધડાકામાં આ સાહેદને જમણા હાથે વાગેલુ. તેમની સાથેના જયોતિષભાઈ તથા ગણપતભાઈને પણ ઈજાઓ થયેલી. આ સાહેદને પાછળના દરવાજેથી ઈમરજન્સી વોર્ડમાં લઈ ગયેલા અને ત્યાં સારવાર આપેલી. જયારે જયોતિષભાઈ તથા ગણપતભાઈ છુટા પડી ગયેલાનું જણાવે છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા ધનવતંરિ હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપેલાનું કબૂલ કરે છે, આરોપીઓ તરફથી આ કબૂલાત્મક પ્રશ્ન પુછવામાં આવેલો છે જેથી સ્પષ્ટ બને છે કે આ સાહેદને બોમ્બ ધડાકામાં ઈજા થયેલી છે . સરદાર પટેલ માર્કેટ પાસે ગણપતભાઈને ઈજા થયેલી તેવી હકીકત પોલીસને જણાવી નથી તે કબૂલ કરે છે. મારા મત પ્રમાણે આ સાહેદે ગણપતભાઈને ઈજા થયેલાનું લખાવેલુ ન હોય તેથી કરીને આ સાહેદને કે ગણપતભાઈને ઈજાઓ થયેલ નથી તેમ કહી શકાય નહીં. વધુ ઊલટતપાસ ધ્યાને લેતાં ધનવંતરિ હોસ્પિટલ ખાતે લીધેલી સારવારનું પ્રમાણપત્ર મેળવેલ નથી તે કબૂલ કરે છે પંરતુ મારા મત પ્રમાણે ત્યાં પ્રાથમિક સારવાર આપેલી હતી જયારે મહત્વની અને વધુ સારવાર સિવિલ હોસ્પિટલમાં આપવામાં આવેલી છે જેથી જરૂરી નથી કે પ્રાથમિક સારવારનું પ્રમાણપત્ર મેળવવુ જ જોઈએ.

શાહીબાગ પોલીસ સ્ટેશનના આ બનાવમાં કનુભાઈ યોગેશભાઈ સોલંકીનાઓને ઈજાઓ થયેલી તેઓને આ કામે સાહેદ નં.૧૭૯ તરીકે આંક–૧૦૭૧થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ આ સાહેદ સાંજના સાડા સાતેક વાગ્યાના સુમારે તેમના ચીફ સુપરવાઈઝર રાજુભાઈ બિહોલા સાથે ટ્રોમા સેન્ટરની સામે પાર્કીંગ શેડમાં બેઠેલા હતા તે દરમ્યાન એમ્બ્યુલન્સ વાન ઘાયલ લોકોને લઈને આવતી હતી. તેમના ચીફ સુપરવાઈઝર ઘાયલ લોકોની મદદે ગયેલા અને આ સાહેદ પાર્કીંગમાં બેસી રહેલા. જે એમ્બ્યુલન્સોમાં દર્દીઓને લવાતા હતા તે જોવા માટે આ સાહેદ ગયેલા હતા. આ સમયે એક એમ્બ્યુલન્સના પાછળના ભાગે જબરજસ્ત ધડાકો થયેલો. આ

ધડાકામાં આ સાહેદનો જમણો હાથ તથા જમણો કાન બળી ગયેલો તેમજ ડાબા પગમાં ઈજા થયેલી જેથી આ સાહેદ દોડીને ખોડીયાર માતાના મંદિર તરફ ગયેલા ત્યારે બીજો ધડાકો થયેલો. ત્યારબાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર લીધેલાનું જણાવેલ છે.

શાહીબાગ પોલીસ સ્ટેશનના આ બનાવમાં દીવાબેન કાન્તીભાઈ પરમારને ઈજાઓ થયેલી પરંતુ તેઓને ફરિયાદપક્ષે તપાસેલા નથી. જયારે સાહેદ વિનુભાઈ રણછોડભાઈ રાવલને આ કામે સાહેદ નં.૨૧૬ તરીકે આંક–૧૧૫૩ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ આ સાહેદના વિસ્તારમાં આવેલી વાત્રક હોસ્પિટલમાંથી એક દર્દીને સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવાના હોવાથી તેમને લઈને આ સાહેદ બોલેરો ગાડીમાં સિવિલ હોસ્પિટલે પહોંચેલા. તેમની સાથે બીજા એક રફીકભાઈ પણ હતા. સાંજના સમયે આ સાહેદ ટ્રોમા સેન્ટરવાળી જગ્યાએ ગયેલા અને આ સાહેદ તથા રફીકભાઈ દર્દીને લઈને ટ્રોમા સેન્ટર તરફ જતા હતા ત્યારે એક બોમ્બ ધડાકો થયેલો. જેમાં આ સાહેદને જમણા પગે ઈજા થયેલી જેથી ડરના માર્યા નાસવા જતા હતા તે દરમ્યાન બીજો ધડાકો પણ થયેલો. તે સ્થળે લોકોમાં નાસભાગ થયેલી. બીજા ધડાકાની ઘટનામાં આ સાહેદને છાતીના ભાગે, જમણી આંખમાં તથા બીજા જગ્યાઓએ વાગેલુ અને લોહી નીકળવા લાગેલુ. ત્યાંથી આ સાહેદ બાયડ તરફ જવા નીકળેલા અને ત્યાં પહોંચ્યા પછી મીનેશ ગાંધીના દવાખાને દાખલ થયેલા અને સારવાર લીધેલી. તેઓની સાથે બોલેરો ગાડીમાં દીવાબેન પરમાર પણ હતા તેઓને પણ આ બનાવમાં ઈજાઓ થયેલ હતી તેમ જણાવેલ છે.

શાહીબાગ પોલીસ સ્ટેશનના આ બનાવમાં ઈજા પામનાર ધનાજી નવાજી પ્રજાપતિ મરણ ગયેલ હોવાથી તેમજ હંસાબેન મોહનલાલ મકવાણાનાઓને ફરીયાદપક્ષે તપાસેલા નથી. જયારે સાહેદ ધીરજલાલ અમૃતલાલ સોલંકીને આ કામે સાહેદ નં.૧૮૦ તરીકે આંક–૧૦૭૨ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૬/૭/૨૦૦૮ નાં સમયગાળામાં આ સાહેદ

મેઘાણીનગર વિસ્તારમાં રહેતા હતા અને તેમના પત્ની હંસાબેન સિવિલ હોસ્પિટલમાં સ્ટાફ નર્સ તરીકે ટ્રોમા સેન્ટરમાં બીજા માળે નોકરી ઉપર હતા. બનાવના દિવસે તેમની પત્નીનો નોકરીનો સમય રાતના આઠ થી સવારના આઠ સુધી હતો. જેથી આ સાહેદ તેમની પત્ની હંસાને મુકવા માટે સિવિલ હોસ્પિટલે ગયેલા. આ સાહેદ તથા તેમની પત્ની સિવિલ હોસ્પિટલમાં પાછળના રસ્તેથી ઓફીસ જતા હતા ત્યારે ટ્રોમા સેન્ટરમાં ઘણી ભીડ જોયેલી. ત્યાં નજીક પહોંચતા સર્કલ ઉપર સામેની સાઈડેથી એક જોરદાર બોમ્બ બ્લાસ્ટ થયેલો. જેથી આ સાહેદ તથા તેમની પત્ની બાઈક નાખીને ભાગેલા અને ખોડીયાર માતાના મંદિર તરફ દોડી ગયેલા તેવામાં બીજો બ્લાસ્ટ પણ ત્યાં થયેલો. આ બનાવમાં આ સાહેદને તથા તેમની પત્નીને વાગેલુ, તેની સારવાર સિવિલ હોસ્પિટલના જી વોર્ડમાં લીધેલાનું જણાવેલ છે.

ત્યારબાદ અંબાલાલ મુળજીભાઈ ચાવડા, ગણેશ અમરતજી પ્રજાપતિ, લક્ષ્મણસિંહ અજીતસિંહ ચુડાસમા, દિનેશ લવજીભાઈ દુધાત, નવીનભાઈ પરાગભાઈ ગોહેલ, જયોતિષભાઈ ચંદુભાઈ દવે, ગણપતભાઈ વિઠ્ઠલભાઈ પટેલ, અશ્વિનભાઈ નરોત્તમ પટેલ, કનુભાઈ યોગેશભાઈ સોલંકી, દીવાબેન કાન્તીભાઈ પરમાર, ઈશ્વરભાઈ ખીમજીભાઈ રાજગોર, ધનાજી નવાજી પ્રજાપતિ, હંસાબેન મોહનલાલ મકવાણા અને ધીરજલાલ અમૃતલાલ સોલંકીનાઓની સારવાર કરનાર ડૉ.સુરેશકુમાર કાન્તીલાલ ઝવેરીને સાહેદ નં.૨૭૫ તરીકે આંક–૧૪૧૧ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ તેઓ સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે મેડીકલ ઓફિસર તરીકે ફરજ બજાવતા હતા તે દિવસે રાત્રીના ૧૧.૪૨ વાગ્યાના સુમારે એક અંબાલાલ મુળજીભાઈ ચાવડાનાઓ સારવાર અર્થે આવેલા હતા. દર્દીની હીસ્ટ્રી મુજબ તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સાંજના ૭.૩૦ વાગ્યાના અરસામાં ટ્રોમા સેન્ટર સિવિલ હોસ્પિટલ અમદાવાદમાં થયેલ બોમ્બ બ્લાસ્ટમાં તેઓને ઈજા થયેલી છે. દર્દીને ડાબી જાંગના ભાગે ઈજા હતી અને તેમાંથી રક્તસ્ત્રાવ થતો હતો તેમજ ડાબા થાપાના ભાગે એક ઉજરડો ૪ x ૩ સે.મી.ના

માપનો હતો તથા ડાબી જાંગ ઉપર એક ઘા હતો ત્યાં લોહી ગંઠાયેલું હતું તેમજ દર્દીનો એક્સ રે ડાબા થાપાના ભાગનો લીધેલો પણ કોઈ પદાર્થ મળી આવેલ ન હતો.

વધુમાં સાહેદ જણાવે છે કે તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ વહેલી સવારે ૨.૪૬ વાગ્યાના સુમારે એક ગણેશજી અમરતજી પ્રજાપતિનાઓ સારવાર અર્થે આવેલા હતા. દર્દીની હીસ્ટ્રી મુજબ તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સાંજના ૭.૩૦ વાગ્યાના અરસામાં ટ્રોમા સેન્ટર સિવિલ હોસ્પિટલ અમદાવાદમાં થયેલ બોમ્બ બ્લાસ્ટમાં તેઓને ઈજા થયેલી છે. દર્દીને ઈજામાં ૧ x ૧ સે.મી..નો ઘા છાતીમાં જમણી બાજુએ નીચેના ભાગે હતો તેમજ ૧ x ૧ સે.મી.નો ઘા પ્રથમ પાંસળીના સ્ટનમ હાડકા પાસેનો હતો જ્યાંથી એક બાહ્ય પદાર્થ કાઢવામાં આવેલો હતો તેમજ એક્સ રે જોતાં જડબાની બંને બાજુએ બાહ્ય પદાર્થ જોવા મળેલો હતો તથા છાતીના ઉપરના ભાગે પાંસળીની નીચે બાહ્ય પદાર્થ જોવા મળેલો હતો.

વધુમાં સાહેદ જણાવે છે કે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ રાત્રીના ૧૧.૦૯ વાગ્યાના સુમારે એક લક્ષ્મણભાઈ અજીતસિંહ ચુડાસમાનાઓ સારવાર અર્થે આવેલા હતા. દર્દીની હસ્ટ્રી મુજબ તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સાંજના ૭.૪૫ વાગ્યાના અરસામાં ટ્રોમા સેન્ટર સિવિલ હોસ્પિટલ અમદાવાદમાં થયેલ બોમ્બ બ્લાસ્ટમાં તેઓને ઈજા થયેલી છે. દર્દીને ઈજામાં ડાબા પંજા તથા ડાબા ઘુંટણના ભાગે ઉજરડાઓ સહીતની ઈજા હતી તેમજ જમણાં હાથના ભાગે ઉજરડાની ઈજા હતી તથા દર્દીનો એક્સ રે લેતાં તેમને ડાબા પંજાના ભાગે કેલકેનીયમ હાડકાના પાછળના ભાગે બાહ્ય પદાર્થની હાજરી માલુમ પડેલી. ઈજાવાળા ભાગ ઉપર લોકલ એનેસ્થેસીયા આપી બાહ્ય પદાર્થ કાઢવામાં આવેલ હતો.

વધુમાં સાહેદ જણાવે છે કે તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ વહેલી સવારે ૧૨.૫૨ વાગ્યાના સુમારે એક દિનેશભાઈ લવજીભાઈ દુધાતનાઓ સારવાર અર્થે આવેલા હતા. દર્દીની હસ્ટ્રી મુજબ તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ

સાંજના ૭.૪૫ વાગ્યાના અરસામાં ટ્રોમા સેન્ટર સિવિલ હોસ્પિટલ અમદાવાદમાં થયેલ બોમ્બ બ્લાસ્ટમાં તેઓને ઈજા થયેલી. દર્દીને ઈજામાં જમણા પગે દુખાવાની ફરિયાદ હતી તથા તે ભાગે સોજો હતો

વધુમાં સાહેદ જણાવે છે કે તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ વહેલી સવારના ૨.૦૭ વાગ્યાના સુમારે એક નવિનભાઈ પરાગભાઈ ગોહેલનાઓ સારવાર અર્થે આવેલા હતા. દર્દીની હસ્ટ્રી મુજબ તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સાંજના ૭.૪૫ વાગ્યાના અરસામાં ટ્રોમા સેન્ટર સિવિલ હોસ્પિટલ અમદાવાદમાં થયેલ બોમ્બ બ્લાસ્ટમાં તેઓને ઈજા થયેલી. દર્દીને ઈજામાં એક ૪ x ૨ સે.મી.ના માપનો કપાયેલો છુંદાયેલો ધા પેટના જમણી બાજુના ભાગે હતો. તે જગ્યાએથી રક્તસ્ત્રાવ થતો હતો અને તે જગ્યાએ ઘુળ ચોંટેલી હતી અને ચામડી બળેલી હતી.

વધુમાં સાહેદ જણાવે છે કે તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ વહેલી સવારે ૧.૨૪ વાગ્યાના સુમારે એક જ્યોતિષભાઈ ચંદુભાઈ દવેનાઓ સારવાર અર્થે આવેલા હતા. દર્દીની હીસ્ટ્રી મુજબ તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સાંજના ૬.૩૦ વાગ્યાના અરસામાં બાપુનગર તથા ૭.૪૫ વાગે થયેલ ટ્રોમા સેન્ટર સિવિલ હોસ્પિટલ અમદાવાદમાં થયેલ બોમ્બ બ્લાસ્ટમાં તેઓને ઈજા થયેલી છે. દર્દીને ઈજામાં ચહેરા ઉપર ૧ સે.મી.ની લંબાઈની કુલ ૪ પેલેટ (ધાતુના છરા) થી થયેલી ઈજાઓ હતી. આ ચાર પૈકી એક ડાબા લમણાના ભાગે, બીજી નાકની ઉપરના ભાગે, ત્રીજી જમણી ભ્રમર ઉપર અને ચોથી કપાળના વચ્ચેના ભાગે હતી તેમજ ઘણીબધી ઈજાઓ ડાબા પગે ડાબા પંજાથી જાંગના મધ્ય ભાગમાં હતી તેમજ બીજી બે પેલેટ (ધાતુના છરા) થી થયેલ ઈજાઓ ડાબી છાતીના આગળના ભાગે અને બંને પાંસળીની બાજુના ભાગે હતી તથા મગજના ભાગે સીટી સ્કેન કરતાં તેમાં જમણી બાજુએ ઓરબીટ હાડકાની આગળની તરફ તથા નાકના હાડકા પાસે તથા લમણાના ભાગે બાહ્ય પદાર્થ જોવા મળેલો તેમજ એક્સ રેમાં ડાબા પગના ભાગે પણ બાહ્ય પદાર્થો જોવા મળેલા.

વધુમાં સાહેદ જણાવે છે કે તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ વહેલી સવારે ૧.૫૭ વાગ્યાના સુમારે એક ગણપતભાઈ વિઠ્ઠલભાઈ પટેલનાઓ સારવાર અર્થે આવેલા હતા. દર્દીની હીસ્ટ્રી મુજબ તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સાંજના ૭.૦૦ વાગ્યાના અરસામાં બાપુનગર અને સાંજના ૭.૪૫ વાગે ટ્રોમા સેન્ટર સિવિલ હોસ્પિટલ અમદાવાદમાં થયેલ બોમ્બ બ્લાસ્ટમાં તેઓને ઈજા થયેલી છે. દર્દીને ઈજામાં ડાબા હાથે તથા ડાબા કાનની બુટની નજીક અને ડાબી સાથળના ભાગે ઈજાઓ હતી. એક્સ રે લેતાં તેઓને ડાબા પગે, સાથળના હાડકાના નીચેના ભાગે બાહ્ય પદાર્થની હાજરી માલુમ પડેલી અને બાહ્ય પદાર્થ સર્જીકલ યુનીટ તથા ઓર્થોપેડીક યુનીટ દ્વારા કાઢવામાં આવેલ.

વધુમાં સાહેદ જણાવે છે કે તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ વહેલી સવારે ૨.૩૦ વાગ્યાના સુમારે એક અશ્વિનભાઈ નરોત્તમભાઈ પટેલનાઓ સારવાર અર્થે આવેલા હતા. દર્દીની હીસ્ટ્રી મુજબ તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સાંજના ૭.૦૦ વાગ્યાના અરસામાં બાપુનગરમાં થયેલ બોમ્બ બ્લાસ્ટમાં તેઓને ઈજા થયેલી છે. દર્દીને ઈજામાં જમણા હાથના ભાગે તથા જમણી બાજુ નાકના ભાગે ઈજાઓ હતી તેમજ દર્દીનો એક્સ રે લેતાં તેઓને ઓરબીટ હાડકા પાસે તથા જમણા હાથના ભાગે બાહ્ય પદાર્થની હાજરી માલુમ પડેલી તથા જમણા હાથની ટચલી આંગળી પાસે પણ બાહ્ય પદાર્થ હતો.

વધુમાં સાહેદ જણાવે છે કે તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ વહેલી સવારે ૦૨.૩૭ વાગ્યાના સુમારે એક કનુભાઈ યોગેશભાઈ સોલંકીઓ સારવાર અર્થે આવેલા હતા. દર્દીની હીસ્ટ્રી મુજબ તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સાંજના ૭.૪૫ વાગ્યાના અરસામાં ટ્રોમા સેન્ટર સિવિલ હોસ્પિટલ અમદાવાદમાં થયેલ બોમ્બ બ્લાસ્ટમાં તેઓને ઈજા થયેલી. દર્દીને ઈજામાં ડાબી સાથળ તથા કોણીથી કાંડા સુધીના ભાગે તથા તેની ઉપરના ભાગે ઈજાઓ હતી તથા દર્દીનો એક્સ રે લેતાં ડાબી બાજુ ફીમર હાડકા પાસે સોફ્ટ ટીસ્યુમાં બાહ્ય પદાર્થ જોવા મળેલો હતો. જમણા હાથના ભાગે તાજી થર્મલ બળ્યાની બેથી ત્રણ ડીગ્રી જેટલી દાઝી

જવાને કારણે થયેલી ઈજાઓ હતી. ડાબી જાંઘના ભાગેથી બાહ્ય પદાર્થ દુર કરવામાં આવેલા.

વધુમાં સાહેદ જણાવે છે કે તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ વહેલી સવારે ૦૨.૫૧ વાગ્યાના સુમારે એક દિવાબેન કાંતીભાઈ પરમારનાઓ સારવાર અર્થે આવેલા હતા. દર્દીની હીસ્ટ્રી મુજબ તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સાંજના ૭.૪૫ વાગ્યાના અરસામાં ટ્રોમા સેન્ટર સિવિલ હોસ્પિટલ અમદાવાદમાં થયેલ બોમ્બ બ્લાસ્ટમાં તેઓને ઈજા થયેલી છે. દર્દીને ઈજામાં ડાબી ભ્રમરના ભાગે ૧ x ૧ સે.મી.નો કપાયેલ છુંદાયેલ ઘા હતો તેમજ જમણી જાંગના ભાગે ૧ x ૧.૨ x ૦.૨ સે.મી.ના કપાયેલો છુંદાયેલો ભાગ હતો તેમજ જમણા હાથે કોણીથી કાંડા સુધીના ભાગની નીચેના તરફ ૨ x ૦.૫ x ૦.૫ સે.મી.નો કપાયેલ છુંદાયેલ ઘા હતો તથા દર્દીનો એક્સ રે લેતાં ખભાના સાંધામાં બાહ્ય પદાર્થ હ્યુમરસ હાડકા પાસે જોવા મળેલો. દર્દીના શરીરમાંથી બાહ્ય પદાર્થ ઓર્થોપેડીક યુનીટમાંથી બહાર કાઢવામાં આવેલો.

વધુમં સાહેદ જણાવે છે કે તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ વહેલી સવારે ૨.૦૦ વાગ્યાના સુમારે એક ઈશ્વરભાઈ ખીમજીભાઈ રાજગોરનાઓ સારવાર અર્થે આવેલા હતા. દર્દીની હીસ્ટ્રી મુજબ તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સાંજના ૭.૩૦ વાગ્યાના અરસામાં ટ્રોમા સેન્ટર સિવિલ હોસ્પિટલ અમદાવાદમાં થયેલ બોમ્બ બ્લાસ્ટમાં તેઓને ઈજા થયેલી. દર્દીને ઈજામાં ડાબી બાજુએ હાડકાનો અસ્થિભંગ માલુમ પડેલો અને તે જગ્યાએ બાહ્ય પદાર્થની હાજરી અને તે જગ્યાએ કપાયેલ છુંદાયેલ ઘા હતો તેમજ જમણા ઘુંટણ અને પગના ભાગે કપાયેલો છુંદાયેલો ભાગ હતો અને તે પગ ઉપર ૫% હિસ્સામાં દાઝી જવાથી ઈજા હતી તેમજ બાહ્ય પદાર્થ બહાર કાઢવામાં આવેલો અને હાડકાને વૈજ્ઞાનિક સ્થિતીમાં મુકી સ્કીન ગ્રાફ્ટીંક કરેલ છે. આ ઓપરેશન એટલે કે હાડકાના સાંધા માટે ઈમ્પ્લાટન્ટ મુકેલ.

વધુમાં સાહદે જણાવે છે કે તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ વહેલી સવારે ૨.૩૦ વાગ્યાના સુમારે એક ધનાજી નવાજી પ્રજાપતિનાઓ સારવાર અર્થે

આવેલા હતા. દર્દીની હીસ્ટ્રી મુજબ તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સાંજના ૭.૩૦ થી ૮.૦૦ વાગ્યાના અરસામાં ટ્રોમા સેન્ટર સિવિલ હોસ્પિટલ અમદાવાદમાં થયેલ બોમ્બ બ્લાસ્ટમાં તેઓને ઈજા થયેલી. દર્દીને ઈજામાં ડાબી બાજુએ ટીબીયા ફિબ્રેલા હાડકાનું અસ્થિભંગ માલુમ પડેલું. તે જગ્યાએ બાહ્ય પદાર્થ જોવા મળેલો તેમજ જમણા પગ ઉપર ઘડાકાથી થયેલી ઈજા હતા. દર્દીને સારવાર આપી હાડકાને ફરીથી યથાવત ગોઠવી ઓપરેશન કરી બાહ્ય પદાર્થ દુર કરવામાં આવેલ અને સ્કીન ડ્રાફ્ટીંક કરવામાં આવેલ.

વધુમાં સાહેદ જણાવે છે કે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ રાત્રીના ૧૦.૫૫ વાગ્યાના સુમારે એક હંસાબેન મોહનલાલ મકવાણાનાઓ સારવાર અર્થે આવેલા હતા. દર્દીની હીસ્ટ્રી મુજબ તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સાંજના ૭.૩૦ વાગ્યાના અરસામાં ટ્રોમા સેન્ટર સિવિલ હોસ્પિટલ અમદાવાદમાં થયેલ બોમ્બ બ્લાસ્ટમાં તેઓને ઈજા થયેલી છે.દર્દીને ઈજામાં ગળાના ભાગે ચહેરા તથા પીઠના ભાગે તથા બંને હાથ અને પેટના પાછળના ભાગે બે થી ત્રણ ડીગ્રી જેટલી દાઝી જવાની ઈજાઓ માલુ પડેલી. જે આખા શરીરે ૩૦% ભાગે દાઝેલા હતા. આ બાબતના પ્રમાણપત્રો દરેક ઈજા પામનારાઓને આપેલા જે અનુક્રમે આંક–૧૪૧૨, ૧૪૧૩, ૧૪૧૪, ૧૪૧૫, ૧૪૧૬, ૧૪૧૭, ૧૪૧૮, ૧૪૧૯, ૧૪૨૦, ૧૪૨૧, ૧૪૨૨, ૧૪૨૩, ૧૪૨૪થી ૨જૂ રાખેલ છે અને તેમાં આ સાહેદે પોતાની સહીઓ ઓળખી બતાવેલી છે. આ સાહેદના મંતવ્ય પ્રમાણે દર્દીઓને થયેલી ઉપરોકત ઈજાઓ કોઈક ધડાકામાં કે બ્લાસ્ટમાં કોઈ ધારદાર ચીજવસ્તુ અથડાય તો આવી ઈજા થઈ શકે તેમ જણાવેલ છે.

શાહીબાગ પોલીસ સ્ટેશનના આ બનાવમાં ઈજા પામનાર ડૉ.મુનિન્દ્ર સાવંત, જૈમિન નાયક, પાર્થ સારથી વિજયંત, યશ દુષ્યંતભાઈનાઓને ઈજાઓ થયેલી પરંતુ તેઓને ફરિયાદપક્ષે તપાસેલા નથી. જયારે સાહેદ દિનેશ અર્જુનભાઈ ઉપાધ્યાયને આ કામે સાહેદ નં.૧૫૦ તરીકે આંક–૧૦૨૪ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ જુલાઈ–૨૦૦૮માં ૧૦૮ એમ્બ્યુલન્સમાં ઓપરેશન એકઝીકયુટીવ તરીકે સર્વિસ કરતા હતા અને આ સાહેદના તાબામાં

સાત ૧૦૮ એમ્બ્યુલન્સ ગાડીઓ હતી. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ આ સાહેદ સોલા સિવિલ હોસ્પિટલ ખાતે તેમની ઑફિસમાં હાજર હતા ત્યારે તેમની સાથે કામ કરતા પાર્થ સારથી, મુનિદ્ર સાવંત, જૈમિન નાયક વગેરે હાજર હતા. ત્યારે સાંજના પોણા સાત વાગ્યાના સુમારે તેમના ઈન્ચાર્જ રીજીયોનલ મેનેજર ગુપ્તા સાહેબનો ફોન કિરણભાઈ પર આવેલો અને જણાવેલ કે તમે બધા તૈયાર રહેજો અમદાવાદ શહેરમાં બોમ્બ બ્લાસ્ટ થયેલા છે. ગુપ્તા સાહેબે એવી પણ સુચના આપેલી કે તમે બધા નીકળીને સિવિલ હોસ્પિટલે જાવ જેથી આ સાહેદ તથા તેમની સાથેના પાર્થ સારથી, મુનિદ્ર સાવંત તથા જૈમિન નાયકનાઓ તવેરા ગાડીમાં બેસી સિવિલ હોસ્પિટલે ગયેલા. સાંજના આસરે સાડા સાત વાગ્યા હશે ત્યારે આ સાહેદ ટ્રોમા સેન્ટર પાસે ઉભેલા હતા તે વખતે એક એમ્બ્યુલન્સ વાન આવેલી અને તેમાથી પેશન્ટો આવતા હતા તથા કેટલાક પેશન્ટો ચાલી શકે તેમ ન હોવાથી સ્ટ્રેચરમાં નાખીને હોસ્પિટલમાં પહોંચાડેલા. પેશન્ટોને ટ્રોમા સેન્ટરમાં પહોંચાડતા હતા ત્યારે ગાડીના પાછળના ભાગે એક બ્લાસ્ટ થયેલો. બ્લાસ્ટના કારણે આ સાહેદને કાનમાં બહેરાશ આવી ગયેલી અને જમણા પગના થાપાના ભાગે તેમજ જમણા હાથે અને શરીરની જમણી બાજુના ભાગે ૧૫ થી ૨૦ ઈજાઓ થયેલી. તેમની સાથેના પાર્થ સારથી, મુનિદ્ર સાવંત તથા જૈમિન નાયકનાઓને પણ શરીરના જુદા-જુદા ભાગો પર ઈજાઓ થયેલી. પ્રારંભીક સારવાર સિવિલ હોસ્પિટલમાં લીધેલી અને ત્યારબાદ ભાટ ગામમાં આવેલી એપોલો હોસ્પિટલમાં ત્રણેય જણાઓએ સારવાર કરાવેલાનું જણાવેલ છે.

ત્યારબાદ દિનેશ ઉપાધ્યાય, મુનિંદ્ર સાવંત, જૈમિન નાયક, પાર્થ સારથી વિજયંત તથા યશ દુષ્યંતનાઓની સારવાર કરનાર ડો.શ્રીકાંત લાગવંકરને સાહેદ નં.૨૯૧ તરીકે આંક-૧૫૭૩ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ ધ્યાને લઈએ તો તેઓ અમદાવાદ ખાતે આવેલ એપોલો હોસ્પિટલ લીમીટેડમાં સીનીયર કન્સ. પ્લાસ્ટિક સર્જરી વિભાગમાં છેલ્લા છ વર્ષથી ફરજ બજાવે છે. તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ એક દિનેશ ઉપાધ્યાય સાંજના ૭.૩૦ વાગે અમદાવાદ ખાતે સિવિલ હોસ્પિટલમાં થયેલ બોમ્બ ધડાકાની ઈજાની હીસ્ટ્રી

સાથે લાવવામાં આવેલા હતા. દર્દીને ઈજામાં એક કપાયેલ છુંદાયેલ ઘા ૩ x ૧ x ૨ સે.મી.નો કમરમાં જમણી બાજુએ સ્નાયુ સુધીની ઉંડાઈ વાળો હતો તેમજ એક કપાયેલ છુંદાયેલ ઘા ૬ x ૫ x ૨ સે.મી.નો જમણા કુલાના ભાગે સ્નાયુ સુધીની ઉંડાઈવાળો હતો. એક કપાયેલ છુંદાયેલ ઘા ૩ x ૨ x ૦.૫ સે.મી.ના માપનો જમણી જાંગની પાછળના ભાગે હતો તથા એક કપાયેલ છુંદાયેલ ઘા ૧ x ૧ x ૦.૫ સે.મી.નો જમણા ઘુંટણના ભાગે હતો તેમજ એક કપાયેલ છુંદાયેલ ઘા ૩ x ૧ x ૦.૫ સે.મી.ના માપનો જમણા પગે ઘુંટણથી તરત નીચેના ભાગે હતો તથા એક કપાયેલ છુંદાયેલ ઘા ૮ x ૧ x ૦.૫ સે.મી.નો જમણા પગની ઉપર ઘુંટીથી તુરંત ઉપરના ભાગે હતો તથા એક કપાયેલ છુંદાયેલ ધા ૧ x ૧ x ૦.૫ સે.મી.નો જમણી એડીની બહારના ભાગે હતો તેમજ એક કપાયેલ છુંદાયેલ ઘા ૧ x ૦.૫ x ૦.૫ સે.મી.નો ડાબા ઘુંટણના ભાગે હતો. વધુમાં એક કપાયેલ છુંદાયેલ ઘા ૨ x ૦.૫ x ૦.૫ સે.મીનો ડાબા ઘુંટણથી તુરંત નીચે અગાઉની ઈજાથી તુરંત નીચેના ભાગે હતો તથા એક કપાયેલ છુંદાયેલ ઘા ૨ x ૨ x ૦.૫ સે.મીનો ડાબા પગની આગળના ભાગે હતો તેમજ એક કપાયેલ છુદાયેલ ઘા ૩ x ૧ x ૦.૫ સે.મી.નો ડાબા કાનથી આગળના ભાગે ચહેરા ઉપર હતો. દર્દીના જુદા–જુદા એક્સ રે લેવામાં આવેલા જેમાં દર્દીને જમણી જાંગ, જમણાં પગ, જમણી ઘુંટીના સાંધામાં, ચહેરાની જમણી બાજુએ, પેટમાં જમણી બાજુએ, જમણાં કુલાના ભાગે, છાતીમાં જમણી બાજુએ અને જમણી બગલના તથા ડાબા પગના ભાગે બાહ્ય પદાર્થની હાજરી માલુમ પડેલી.

સાહેદ વધુમાં જણાવે છે કે તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ રાત્રીના કલાક ૧૧.૫૦ વાગ્યાના સુમારે એક ડૉ. મુનીંદ્ર સાવંતને સારવાર માટે લાવેલા તેમની કેસ હીસ્ટ્રી મુજબ તા.૨૬/૦૭/૨૦૦૮ના રોજ અમદાવાદ સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટર ખાતે જે બોમ્બ ધડાકો થયો તેમાં તેમને ઈજા થયેલી. દર્દીને ઈજામાં ડાબા હાથની પહેલી આંગળી તેમના શરીરના બીજા ભાગથી ઢીલી પડી ગઈ હતી અને જે આંગળી વાળવાનો હિસ્સો આવે છે ત્યાં થોડાંક ભાગ ઉપર ચામડી અને ટેન્ડન્ટના સહારે લટકી રહી હતી. આ સમગ્ર આંગળી ઉપર કપાયેલ

છુંદાયેલ ઘા હતો. આ આંગળી ઠંડી થઈ ગેયલી અને ભુરી થઈ ગયેલી કેમ કે લોહીનો પ્રવાહ અટકી ગયેલો. દર્દીને એક કપાયેલ છુંદાયેલ ઘા ૬ x ૧ x ૦.૫ સે.મી.ના માપનો ડાબા હાથની વચ્ચેની આંગળીના પાછળના ભાગે હતો. જે આંગળી સીધી કરવાના ટેન્ડન્ટ કપાયેલી હાલતમાં હતા તેમજ દર્દીને બંને પગમાં ઘણાંબધા કપાયેલ છુંદાયેલ ઘા હતા તથા દર્દીના ડાબા પંજાના ભાગે બહારની કિનારીએ બાહ્ય પદાર્થની હાજરી માલુમ પડેલી. દર્દીનું ઓપરેશન કરવામાં આવેલું અને બાહ્ય પદાર્થ બહાર કાઢવામાં આવેલ છે.

સાહેદ વધુમાં જણાવે છે કે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ એક જૈમિન નાયકને સારવાર માટે લાવેલા તેઓની કેસ હીસ્ટ્રી મુજબ તા.૨૬/૭/ ૨૦૦૮ ના રોજ સિવિલ હોસ્પિટલ અમદાવાદના ટ્રોમા સેન્ટર ખાતે સાંજના ૭.૦૦ વાગે બોમ્બ ધડાકામાં ઈજા થયેલ હોવાનું જણાવેલ હતુ. દર્દીને ઈજામાં એક કપાયેલ છુંદાયેલ ઘા જમણી જાંગ ઉપર ૨૦ x ૧૦ x ૧૦ સે.મી.ના માપનો હતો. જે કારણે આ ભાગના સ્નાયુના આગળના ભાગમાં કાપો પડેલો હતો અને તે જગ્યાએ ઘણા બધા બાહ્ય પદાર્થોની હાજરી હતી. તે ભાગની ચરબી નિર્જીવ થઈ ગયેલી હતી તેમજ એક કપાયેલ છુંદાયેલ ઘા ૧ x ૧ x ૦.૨ સે.મી.ના માપનો ઉપરોક્ત ઈજા નં.૧થી અંદરના ભાગે હતો તથા એક કપાયેલ છુંદાયેલ ઘા ૨ x ૧ x ૦.૫ સે.મીના માપનો જમણા ફોરઆર્મમાં આગળના ભાગે હતો તેમજ એક કપાયેલ છુંદાયેલ ઘા ૧ x ૧ x ૦.૫ સે.મીના માપનો જમણાં હાથની વચ્ચેના ભાગે હતો. વધુમાં દર્દીને ઈજામાં એક કપાયેલ છુંદાયેલ ૧ x ૧ x ૦.૫ સે.મી.નો જમણા હાથે બહારના ભાગે હતો તથા એક કપાયેલ છુંદાયેલ ૩ x ૧ x ૧ સે.મી.નો જમણા ખભાની આગળની બાજુએ હતો તેમજ એક કપાયેલ છુંદાયેલ ૧ x ૧ x ૦.૫ સે.મી.નો જમણા ખભાની બહારની તરફ હતો તેમજ એક કપાયેલ છુંદાયેલ ૨ x ૦.૫ x ૦.૫ સે.મી.ના માપનો ડાબી કમરના ભાગે હતો તેમજ એક કપાયેલ છુંદાયેલ ૨ x ૧ x ૦.૫ સે.મી.ના માપનો ડાબી કમરના ભાગે ઈજા નં.૮ ની નીચેના ભાગે હતો તથા એક કપાયેલ છુંદાયેલ ૭ x ૦.૫ સે.મી.ના માપનો ડાબા ગાલ પરથી દાખલ થઈ જમણા ઘા ઉપર સાયનસ મેક્ઝીલ સુધી પહોંચતો

હતો તેમજ એક કપાયેલ છુંદાયેલ ૩ x ૦.૫ સે.મી.ના માપનો હાડકાં સુધીની ઉંડાઈ વાળો ડાબી બાજુએ જડબાના ખુંણા પર હતો તથા એક કપાયેલ છુંદાયેલ ૬ x ૨ x ૧ સે.મી. ડાબા ઘુંટણના સાંધાથી તુરંત નીચેના ભાગે હતો. દર્દીને ચહેરા, ગળા, બંને હાથ, અને બંને પગ તથા પીઠના ભાગે દાઝી જવાની ઈજાઓ હતી. જેમાં ચહેરા અને ગળાના ભાગે ૬% અને જમણા હાથે ૨%, ડાબા હાથ ઉપર ૫%, જમણા પગ ઉપર ૧% અને ડાબા પગના બાગે ૪% અને પીઠના ભાગે % ટકા જેટલી દાઝી જવાની ઈજાઓ હતી. દર્દીનો એક્સ રે લેવામાં આવેલો જેમાં ઘાતુના ઘણાંબધા બાહ્ય પદાર્થો જમણા પગના નીચેના મધ્ય ભાગે તથા જમણા હાથ પર નીચેના હિસ્સામાં, જમણી કોણીના ભાગે તથા ચહેરાની ડાબી બાજુએ, ડાબા ગાલથી જમણા મેક્ઝીર સાયનસ સુધી જતાં ઘામાં જુદી–જુદી જગ્યાઓએ અસ્થિભંગની ઈજાઓ હતી.

વધુમાં સાહેદ જણાવે છે કે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ એક પાર્થ સારથી વિજયંતને રાત્રીના ૯.૩૦ વાગ્યાના સુમારે સારવાર માટે લાવેલા તેઓને ડાબા પગે છુંદાઈ ગેયલી ઈજા તથા ઘણાબધા ઘા જમણા પગે હોય તેવી તથા બંને હાથ ઉપર, ચહેરાના ભાગે અને ગળાના ભાગે દાઝી જવાની ઈજાઓ સાથે લાવવામાં આવેલ હતા. દર્દીએ જણાવેલ કેસ હીસ્ટ્રીમાં તેઓને ઉપરોક્ત ઈજાઓ અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે થયેલ બોમ્બ ધડાકામાં થયેલ હોવાનું જણાવેલ. દર્દીને ઈજામાં ડાબા પગે ઘણા બધા ખુલ્લા ઘા કે જેને કારણ ચેતા અને લોહીની નસોને ઈજા થયેલી હતી. આ ઘાથી નીચેના હિસ્સામાં કોઈ ધબકારા ન હતા અને તે પગના ભાગે ઘણાબધા અસ્થિભંગ થઈ હાડકાંના ટુકડા થઈ ગયેલા હતા તેમજ એક કપાયેલ છુંદાયેલ ઘા ૫ x ૫ સે.મીના માપનો સ્નાયુ સુધીની ઉંડાઈવાળો જમણાં પગે વચ્ચેના ૧/૩ ભાગે હતો તેમજ એક કપાયેલ છુંદાયેલ ઘા ૫ x ૫ સે.મી.ના માપનો જમણા પગની ઘુંટીથી પંજાને નીચે લઈ જતો (રાઈટ ટેન્ડો એકીલીસ) ના ભાગે હતો તથા ઘણા બધા નાના કપાયેલ છુંદાયેલ ઘા જમણી જાંગના નીચેના ૨/૩ ભાગે હતા તેમજ જમણા હાથે નાની આંગળીની બાજુની આંગળીમાં પહેલાં હાડકાંમાં અસ્થિભંગ હતો. દર્દીને ડાબા પગે જે

છુંદાયેલ પ્રકારની ઈજા હતી તે જોતાં ઘુંટણથી નીચેના હિસ્સાનો ડાબા પગનો ભાગ ઓપરેશન કરી દુર કરવામાં આવેલો અને દર્દીને ૨૮% જેટલી દાઝી જવાની ઈજા હતી. જે શરીરના જુદા–જુદા ભાગોમાં મળી એટલે કે ચહેરા, નાક, બંને હાથ અને બંને પગ અને કમરમાં જુદા–જુદા ટકાવારી સાથે કુલ ૨૮% દાઝી જવાની ઈજાઓ હતી. દર્દીનો એક્સ રે લેવામાં આવેલો, જેમાં બંને પગ તથા બંને પગના પંજા પર ધાતુના ઘણાબધા બાહ્ય પદાર્થ માલુમ પડેલા.

વધુમાં સાહેદ જણાવે છે કે તા.૩૧/૭/૨૦૦૮ ના રોજ એક યશ દુષ્યંતભાઈને હોસ્પિટલમાં સારવાર માટે લાવવામાં આવેલા. દર્દીએ કેસ હીસ્ટ્રીમાં જણાવેલ કે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સિવિલ હોસ્પિટલ ખાતે થયેલ બોમ્બ ધડાકામાં દાઝી જવાની ઈજાઓ થયેલી હતી. દર્દીને ઈજામાં ચહેરા અને ગળાના ભાગે ૩%, ડાબા હાથ પર ૯%, જમણા હાથ ઉપર ૯%, જમણા પગ ઉપર ૯%, ડાબા પગના ભાગે ૧૦%, શરીરના પીઠના ભાગે ૧૦ % મળી કુલ ૫૦ % જેટલી દાઝી જવાની ઈજા શરીરના ભાગો પર હતી. આ બાબતના દરેક ઈજા પામનારાઓને પ્રમાણપત્રો આપેલા જે અનુક્રમે આંક–૧૬૫૨, ૧૬૫૩, ૧૬૫૪, ૧૬૫૫, ૧૬૫૬થી ૨જૂ રાખેલ છે અને તેમાં આ સાહેદે પોતાની સહીઓ ઓળખી બતાવેલી છે. આ સાહેદના મંતવ્ય પ્રમાણે દર્દીઓને થયેલી ઉપરોકત ઈજાઓ કોઈક ધડાકામાં કે બ્લાસ્ટમાં કોઈ ચીજવસ્તુ અથડાય તો આવી ઈજા થઈ શકે તેમ જણાવેલ છે.

શાહીબાગ પોલીસ સ્ટેશનના આ બનાવમાં ઈજા પામનાર સાહેદ ઈરફાન કાલુમીયા શેખને આ કામે સાહેદ નં.૧૮૮ તરીકે આંક–૧૦૮૩થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તેમની માતાને ડાબા ફેફસામાં પરૂ થયુ હોવાથી તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરેલ હતા અને આ સાહેદ તેમની માતા સાથે હોસ્પિટલમાં રોકાયેલા હતા. ટી.બી. વોર્ડની સામે એક ભાવેશભાઈની કીટલી આવેલી છે ત્યાં આ સાહેદને લગભગ બેસવાનું થતુ હોવાથી ભાવેશભાઈ તથા તેમના મિત્રને ઓળખે છે. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાંજના સમયે ટી.બી. વોર્ડ સામે ભાવેશભાઈની

કીટલી ઉપર આ સાહેદ તથા તેમના દીકરા સાદીકભાઈ તથા ભાવેશભાઈના કાકા તથા એક દિપકભાઈ વિગેરેનાઓ હાજર હતા ત્યારે સાદીકભાઈના ઘરેથી ફોન આવેલો કે અમદાવાદમાં બોમ્બ ધડાકા થયેલા છે તો તમે બહાર જતા નહીં. આ દરમ્યાન બોમ્બ ધડાકામાં ઘાયલ થયેલા લોકોને એમ્બ્યુલન્સમાં સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે લાવવામાં આવતા હતા જેથી આ સાહેદ તથા તેમના મિત્રો ટ્રોમા સેન્ટર પાસે ગયેલા અને ચારેય જણા ગેટ પાસે ઉભા હતા ત્યારે એક એમ્બ્યુલન્સ ટ્રોમા સેન્ટર પાસે આવેલી અને તેમાંથી દર્દીઓને ઉતારવામાં આવતા હતા તે વખતે આ જગ્યાએ એક બોમ્બ ધડાકો થયેલો જેનાથી આ સાહેદને કપાળમાં, જમણા પગે, જાંઘના ભાગે લોખંડ જેવુ કંઈક વાગેલુ અને ધડાકા સાથે મોટી આગની જવાળાઓ નીકળેલી. આ વખતે બીજો ધડાકો પણ થયેલો ત્યાં હાજર કેટલાક માણસો સળગતા હતા, આજુબાજુના વાહન પણ સળગવા લાગેલા, ટ્રોમા સેન્ટરની બારીઓના કાચ પણ તુટી ગયેલા. ત્યારબાદ આ સાહેદને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરેલાનું જણાવેલ છે.

શાહીબાગ પોલીસ સ્ટેશનના આ બનાવમાં ઈજા પામનાર સાહેદ રામ અરજણભાઈ પરમારને આ કામે સાહેદ નં.૧૮૯ તરીકે આંક–૧૦૯૦ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ જુલાઈ ૨૦૦૮ માં બી.જે.મેડીકલ કોલેજમાં છેલ્લા વર્ષમાં ડૉકટરનો અભ્યાસ કરતા હતા અને સિવિલ હોસ્પિટલના કેમ્પસમાં રહેતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ આ સાહેદ તથા તેમના મિત્રો હોસ્ટેલમાં બેઠા હતા ત્યારે સાંજના સમયે અમદાવાદ શહેરમાં ઠેકઠેકાણે બોમ્બ બ્લાસ્ટ થયાની વાત જાણેલી. એવુ પણ જાણવા મળેલુ કે ઈજા પામનારાઓને સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે લાવવામાં આવે છે. જેથી આ સાહેદ દર્દીઓને મદદ કરવા માટે સિવિલ હોસ્પિટલમાં આવેલ ટ્રોમા સેન્ટર તરફ ગયેલા. આ વખતે એમ્બ્યુલન્સ દ્વારા ઈજા પામનારાઓને લાવવામાં આવતા હતા અને ત્યાં લોકોની ભીડ પણ હતી. દર્દીઓને એમ્બ્યુલન્સમાંથી હોસ્પિટલમાં લઈ જવાની કામગીરી ચાલતી હતી અને આ સાહેદ તેમા મદદ કરતા હતા. તે વખતે ટ્રોમા સેન્ટરની સામેની દિશામાં બ્લાસ્ટ થયેલો, આ બ્લાસ્ટ થતા આ સાહેદને ગળાના

ભાગે, જમણા હાથે, જમણા પગે ઈજાઓ થયેલી અને લોહી નીકળવા લાગેલુ. તેમને સારવાર સિવિલ હોસ્પિટલમાં લીધેલાનું જણાવેલ છે.

શાહીબાગ પોલીસ સ્ટેશનના આ બનાવમાં ઈજા પામનાર સાહેદ મનોજભાઈ બાબુભાઈ ઠાકોરને આ કામે સાહેદ નં.૧૫૯ તરીકે આંક–૧૦૩૫ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ સિવિલ હોસ્પિટલમાં આ સાહેદ જરૂર પડે દર્દીઓની સેવાનું કામ કરે છે. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ આ સાહેદની માતાની નોકરી સિવિલ હોસ્પિટલમાં કાયમી આયાબેન તરીકે હતી. તે દિવસે આ સાંજના સમયે તેમના મિત્રોને મળવા ટ્રોમા સેન્ટર ખાતે આવેલા અને ત્યાં બેઠેલા ત્યારે લગભગ સાત વાગ્યાની આસપાસ જાણવા મળેલુ કે અમદાવાદ શહેરમાં બોમ્બ ધડાકા થયેલા છે. થોડીવારમાં ઈજા પામનારાઓને સિવિલ હોસ્પિટલમાં લઈને એમ્બ્યુલન્સ આવવા લાગેલી અને સાહેદ ત્યાં સેવામાં જોડાયેલા. ત્યારબાદ લગભગ સાડા સાત વાગ્યાની આસપાસ ટ્રોમા સેન્ટરના ઢાળ ઉપર વ્હીલ ચેર ઉપર એક કાકાને લઈને અંદર ગયેલા અને થોડીવાર પછી બીજા પેશન્ટને લેવા આવ્યા ત્યારે ટ્રોમા સેન્ટરની નજીક બોમ્બ ફુટેલો તેથી આ સાહેદને હાથમાં અને પગમાં છરા ઘુસી ગયેલા અને ભાન રહેલુ નહીં. તેઓ ભાનમાં આવ્યા ત્યારે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરેલા હતા તેમ જણાવે છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા બનાવમાં વાગ્યા પછી બેભાન થઈ ગયેલાનું કબૂલ કરે છે. આરોપીઓ તરફથી પુછવામાં આવેલ આ પ્રશ્ન ધ્યાને લેતા તેનો અર્થ એવો થાય કે બનાવ બનેલો છે અને બનાવમાં આ સાહેદને ઈજા થયેલી છે અને આ સાહેદને ઈજા થતા બેભાન થઈ ગયેલાની હકીકત આરોપીઓ તરફથી કબૂલ કરવામાં આવેલી છે તેમ કહી શકાય.

શાહીબાગ પોલીસ સ્ટેશનના આ બનાવમાં ઈજા પામનાર સાહેદ ગોવિંદભાઈ મગનભાઈ મકવાણાને આ કામે સાહેદ નં.૨૬૮ તરીકે આંક–૧૩૩૯ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ જુલાઈ ૨૦૦૮ ના અરસામાં સિવિલ હોસ્પિટલ ટ્રોમા સેન્ટર સામે આવેલ વાહન પાર્કીંગના કોન્ટ્રાકટર સંદિપભાઈ તથા શર્માજીને ત્યાં નોકરી કરતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેઓ ફરજ પર

હતા ત્યારે સાંજના સમયે અમદાવાદમાં જુદી–જુદી જગ્યાએ બોમ્બ ધડાકાના બનાવો બનેલા. જેના કારણે ૧૦૮ એમ્બ્યુલન્સ તથા બીજી એમ્બ્યુલન્સમાં દર્દીઓને લઈને સિવિલ હોસ્પિટલ ટ્રોમા સેન્ટર ખાતે સારવારમાં આવતા હતા. દર્દીઓના સગાઓ પણ આવેલા હોવાથી પાર્કીંગ ફુલ થઈ ગયેલુ અને આ સાહેદ પાર્કીંગની બહાર ઉભેલા હતા. આ વખતે ઓકસીજન પ્લાન્ટની પાછળના ભાગે ખુલ્લા મેદાનમાં તથા ટ્રોમા સેન્ટરના કોર્નર સામે ઝાડ નીચે વાહનો પાર્ક થયેલા હતા. સાંજના લગભગ પાંચ વાગ્યાના સુમારે આ સાહેદ પાર્કીંગમાં બેઠા હતા ત્યારે એક સફેદ કલરની વેગનઆર ગાડી ટ્રોમા સેન્ટરના કોર્નર પાસે એટલે કે સ્લોપના છેડે દિવાલને અડીને ઈલેકટ્રીક પોલ આગળ પડી હતી. સાંજના ૭.૩૦ વાગ્યાના સુમારે એક એમ્બ્યુલન્સ વાન આવેલી અને પેશન્ટોને ઉતારવામાં આવતા હતા તે વખતે એક મોટો ધડાકો થયેલો તેના કારણે આ સાહેદની પીઠના ભાગે ધકકો વાગતા પડી ગયેલા, બંને કાને બહેરાશ આવી ગયેલી. આ સાહેદ પાછળ વળીને જોયુ તો લોકો આસપાસ દોડતા હતા, આગની જવાળાઓ અને ધુમાડો નીકળતો હતો, કેટલાક માણસો લોહી લુહાણ થઈ ગયેલા, કેટલાક માણસો સળગતા હતા અને કેટલાક માણસો મરી ગયેલા હતા. આ સાહેદે સિવિલ હોસ્પિટલમાં સારવાર કરાવેલાનું જણાવેલ છે.

શાહીબાગ પોલીસ સ્ટેશનના આ બનાવમાં ઈજા પામનાર રાજેન્દ્રકુમાર ખેમચંદ નાગર, સીતાબેન ભીખાભાઈ ચૌહાણ, ઈશ્વર કિષ્ણા નાયક, કિરીટભાઈ અર્જુનભાઈ ચૌહાણ, પ્રશાંત વિઠ્ઠલભાઈ રામપુરીયા, મનુભાઈ કાળુભાઈ ગોહેલ, નિલેશ સોમાભાઈ પટેલ, મોહનલાલ બુધાલાલ વર્મા, હર્ષદભાઈ હરીશભાઈ વાઘેલા, શીલ્પાબેન રાજેશભાઈ પટણી, મનીષ બચુભાઈ સોલંકી, સમીરકુમાર કાન્તીભાઈ સોલંકી, કમલેશ બચુભાઈ ઠાકોર, પ્રતાપજી વરવાજી વાઘેલા અને દિનેશ રામજીભાઈ કબીરનાઓને ઈજાઓ થયેલી પરંતુ તેઓને ફરિયાદપક્ષ દ્વારા એકયા બીજા કારણોસર તપાસેલા નથી.

ત્યારબાદ રાજેન્દ્રકુમાર ખેમચંદ નાગર, સીતાબેન ભીખાભાઈ ચૌહાણ, ઈરફાન કાલુમીયા શેખ, ઈશ્વર કિષ્ણા નાયક, રામ અરજણભાઈ

પરમાર, મનોજભાઈ બાબુભાઈ, કિરીટભાઈ અર્જુનભાઈ ચૌહાણ, જયાબેન નરેશભાઈ ગોહેલ, પ્રશાંત વિઠ્ઠલભાઈ રામપુરીયા, ગોવિંદ મગન મકવાણા, મનુભાઈ કાળુભાઈ ગોહેલ, નિલેશ સોમાભાઈ પટેલ, મોહનલાલ બુધાલાલ વર્મા, હર્ષદભાઈ હરીશભાઈ વાઘેલા, શીલ્પાબેન રાજેશભાઈ પટણી, મનીષ બચુભાઈ સોલંકી, સમીરકુમાર કાન્તીભાઈ સોલંકી, કમલેશ બચુભાઈ ઠાકોર, પ્રતાપજી વરવાજી વાઘેલા અને દિનેશ રામજીભાઈ કબીરનાઓની સારવાર કરનાર ડો.હેતલ ચેતન બધેકાને સાહેદ નં.૨૭૬ તરીકે આંક–૧૪૩૮ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ ધ્યાને લઈએ તો તેઓ મેડીકલ ઓફિસર તરીકે સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે ફરજ બજાવે છે. તા.૨૮/૭/૨૦૦૮ ના રોજ બપોરના ૧૨.૨૫ વાગ્યાના સુમારે રાજેન્દ્રકુમાર ખેમચંદ નાગરનાઓને સારવાર માટે લાવેલા હતા. દર્દીની હિસ્ટ્રી મુજબ સિવિલ હોસ્પિટલ અમદાવાદના ટ્રોમા સેન્ટર ખાતે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ થયેલ બોમ્બ ધડાકામાં ઈજા થયેલ હતી. દર્દીને ઈજામાં ૧ સે.મી.નો ટાંકા લીધેલો ભાગ છાતીની જમણી બાજુઓ ઉપર તરફ હતો તેમજ પેલેટ (ધાતુનો ગોળ છરો)થી થયેલ હોય તેવા ઘસરકા વાળી ઈજા ૦.૪ સે.મી. x ૨ સે.મી.ના માપની ડાબા થાપાના વચ્ચેના ભાગે હતી તેમજ એક ટાંકા લીધેલો ઘા ૧.૨ સે.મી.ના માપનો ડાબા કમરના હાડકાંની નીચે (પેલ્વીક રીઝીયન) તેમજ જમણા થાપાના ભાગે ૧.૫ સે.મી.ના માપનો એક ટાંકા લિધેલો ઘા હતો તેમજ ઘણાં બધા નાના લીટી જેવા લીનીયર ઉજરડાઓ કે જેઓનું માપ ૧ સે.મી. થી ૧.૫ સે.મી.ના શરીરના ભાગે હતા તેમજ તેઓના છાતીના ભાગનો એક્સ રે લેતાં ડાબા ફેફસાના ભાગે ચકામું માલુમ પડેલું તેમજ જમણા હાથનો એક્સ રે લેતાં કોઈક બાહ્ય પદાર્થ હોવાનું માલુમ પડેલું તેમજ જમણી બાજુના થાપાનો એક્સ રે લેતાં બાહ્ય પદાર્થની હાજરી માલુમ પડેલી.

વધુમા સાહેદ જણાવે છે કે તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ સવારે ૧૦.૨૯ વાગ્યાના સુમારે સીતાબેન ભીખાભાઈ ચૌહાણઓને સારવાર માટે લાવેલા હતા. દર્દીની હિસ્ટ્રી મુજબ સિવિલ હોસ્પિટલ અમદાવાદના ટ્રોમા સેન્ટર

ખાતે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ થયેલ બોમ્બ ધડાકામાં ઈજા થયેલ હતી. દર્દીને ઈજામાં તેઓને જમણાં ખભાથી કોણી સુધીના ભાગે ઘણાંબધા ઉજરડા ૦.૨ સે.મી. થી ૦.૫ સે.મી.ના માપના હતા તેમજ એક ટાંકા લીધેલો ઘા શરીરના પાછળ જમણા લમ્બર રીજીયન પર હતો. જેનું માપ ૨ સે.મી. હતુ તેમજ જમણાં કાંડાના ભાગે ઘણા બધા પેલેટ (ધાતુના છરાથી) થયેલ ઈજાઓ હતી તેમજ જમણાં કાંડા ઉપર સોજો હતો.

વધુમાં સાહેદ જણાવે છે કે તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ સવારના ૯.૨૨ વાગ્યાના સુમારે ઈરફાન કાલુમીંયા શેખનાને સારવાર માટે લાવેલા હતા. દર્દીની હિસ્ટ્રી મુજબ સિવિલ હોસ્પિટલ અમદાવાદના ટ્રોમા સેન્ટર ખાતે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ થયેલ બોમ્બ ધડાકામાં ઈજા થયેલ હતી. દર્દીને ઈજામાં કપાળમાં ડાબી બાજુએ ૨ સે.મીના માપનો ટાંકા લીધેલો ઘા હતો તેમજ જમણા થાપાના ભાગે અંદરની તરફ એક ટાંકા લીધેલો ધા હતો.

વધુમાં સાહેદ જણાવે છે કે તા.૨૮/૭/૨૦૦૮ ના રોજ બપોરે ૧૨.૧૯ વાગ્યાના સુમારે ઈશ્વર કિષ્ણા નાયકને સારવાર માટે લાવેલા હતા. દર્દીની હિસ્ટ્રી મુજબ સિવિલ હોસ્પિટલ અમદાવાદના ટ્રોમા સેન્ટર ખાતે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ થયેલ બોમ્બ ધડાકામાં ઈજા થયેલ હતી. દર્દીને ઈજામાં પેલેટથી થયેલ ઘસરકાની ઈજા પીએલ ડબલ્યુ ૦.૩ x ૦.૨ સે.મી.ના માપની ડાબી કોણીના ભાગે હતી તેમજ ૧ સે.મી.ના માપનો ટાંકા લીધેલો ઘા ડાબા હોઠના ઉપર અને નીચેના ભાગે હતો.

વધુમાં સાહેદ જણાવે છે કે તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ સવાર ૯.૪૩ વાગ્યાના સુમારે રામ અરજણભાઈ પરમારને સારવાર માટે લાવેલા હતા. દર્દીની હિસ્ટ્રી મુજબ સિવિલ હોસ્પિટલ અમદાવાદના ટ્રોમા સેન્ટર ખાતે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ થયેલ બોમ્બ ધડાકામાં ઈજા થયેલ હતી. દર્દીને ઈજામાં ૨ સે.મી. x ૦.૫ સે.મી. ૫ સે.મી. x ૬ સે.મી. ના એક ચાંદા જેવી ઈજા કે જેમાં બાહ્ય પદાર્થ હતો તેવી જમણા થાપાના બહારના ભાગ વાળી હતી. દર્દીએ આ બાહ્ય પદાર્થ જાતે કાઢેલ હતો તેવું જણાવેલું તેમજ ૦.૨ સે.મી. x

૦.૨ સે.મી.ના માપની પેલેટ ઈન્જરી જમણા હાથે કોણીથી કાંડાના વચ્ચેના ભાગે આગળ અને બહારની તરફ હતી તેમજ એક ઉપરછલ્લી રીતે દાઝી ગયા હોય તેવી ઈજા જેની ઉપર ફોલ્લો થયો હતો તેવી બોચીના ભાગે હતી તેમજ પેલેટ ઈન્જરી જમણા પંજાના ભાગે આગળ અને બહારના ભાગે તથા એક પેલેટ ઈન્જરી જમણી છાતીના નીચેના ભાગે હતી. આમ દર્દીનો એક્સ રે લેતાં તેઓના જમણાં હાથે કાંડાથી કોણી વચ્ચેના ભાગે તથા ડાબા પગમાં બાહ્ય પદાર્થની હાજરી હતી.

સાહેદ વધુમાં જણાવે છે કે તા.૨૮/૭/૨૦૦૮ ના રોજ સવારે ૧૧.૫૫ વાગ્યાના સુમારે મનોજભાઈ બાબુભાઈનાઓ સારવાર માટે આવેલા હતા. દર્દીની હિસ્ટ્રી મુજબ સિવિલ હોસ્પિટલ અમદાવાદના ટ્રોમા સેન્ટર ખાતે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ થયેલ બોમ્બ ધડાકામાં ઈજા થયેલ હતી. દર્દીને ઈજામાં જમણાં પંજાના ભાગે ૫ સે.મી. નો ટાંકા લીધેલો ભાગ હતો તેમજ જમણાં પગના ભાગે ૬ સે.મી.ના માપનો ટાંકા લીધેલો ઘા હતો જેની આજુબાજુમાં ૫ x ૩ સે.મી. ના માપનો કાળાશ (ટેટુઇંગ) હતી તેમજ જમણાં હાથે કોણીથી કાંડા વચ્ચેના ભાગે ૪ સે.મી.નો એક ટાંકા લીધેલો ઘા હતો. તે ઘા પાસે સોજો હતો. તથા એક પેલેટથી થયેલ ઘસારાની ઈજા સી.એલ.ડબલ્યુ. ૧ સે.મી. x ૦.૩ સે.મી.x ૦.૨ સે.મી. ના માપની ડાબા થાપાના નીચેના હિસ્સામાં હતી તેમજ એક પેલેટથી થયેલ ઘસારાની ઈજા સી.એલ.ડબલ્યુ. ૧ x ૦.૩ x ૦.૨ સે.મી. ના માપની ડાબા પગે પાછળના ભાગે હતી. દર્દીની સારવાર દરમ્યાન તેમણે જમણા હાથના ભાગે બાહ્ય પદાર્થની હાજરી માલુમ પડેલી.

વધુમાં સાહેદ જણાવે છે કે તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ સવારે ૧૦.૪૮ વાગ્યાના સુમારે કીરીટભાઈ અર્જુનભાઈ ચૌહાણને સારવાર માટે આવેલા હતા. દર્દીની હિસ્ટ્રી મુજબ સિવિલ હોસ્પિટલ અમદાવાદના ટ્રોમા સેન્ટર ખાતે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ થયેલ બોમ્બ ધડાકામાં ઈજા થયેલ હતી. દર્દીને ઈજામાં એક પેલેટ ઈન્જરી જમણાં પગે હતી તેમજ એક પેલેટ ઈન્જરી ઘુંટણના પાછળના ભાગે હતી તેમજ ડાબી સાથળના બહારની બાજુએ તથા ડાબા થાપાના બહારની બાજુએ પણ આવી પેલેટ ઈન્જરી હતી તેમજ તેઓને જમણાં કાનના

આગળ અને પાછળની બાજુએ દાઝી ગયા હોય તેવી નિશાની હતી જ્યાં ફોલ્લા પડેલા હતા.

વધુમાં સાહેદ જણાવે છે કે તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ સવારે ૧૦.૩૧ વાગ્યાના સુમારે જયાબેન નરેશભાઈ ગોહીલને સારવાર માટે લાવેલા હતા. દર્દીની હિસ્ટ્રી મુજબ સિવિલ હોસ્પિટલ અમદાવાદના ટ્રોમા સેન્ટર ખાતે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ થયેલ બોમ્બ ધડાકામાં ઈજા થયેલ હતી. દર્દીને ઈજામાં જમણી કોણીના ભાગે ૦.૩ x ૦.૫ સે.મી.ના માપના બે થી ત્રણ ઉજરડા હતા તેમજ ડાબા હાથના ભાગે સોજા સાથે ૦.૨ x ૦.૫ સે.મી.ના માપના ઉજરડા હતા તેમજ જમણા હાથે કોણીથી કાંડા વચ્ચેના ભાગે ૦.૨ x ૦.૨ સે.મીના માપનો ઉજરડો હતો તથા જમણા પગના અંગુઠા ઉપર ૦.૨ x ૦.૨ સેમીના માપનો ઉજરડો હતો.

સાહેદ વધુમાં જણાવે છે કે તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ સવારે ૯.૨૫ વાગ્યાના સુમારે પ્રશાંતભાઈ વિઠ્ઠલભાઈ રામપુરીયાને સારવાર માટે લાવેલા હતા. દર્દીની હિસ્ટ્રી મુજબ સિવિલ હોસ્પિટલ અમદાવાદના ટ્રોમા સેન્ટર ખાતે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ થયેલ બોમ્બ ધડાકામાં ઈજા થયેલ હતી. દર્દીને ઈજામાં ઉપરછલ્લી દાઝી જવાની ઈજા ડાબા કપાળના ભાગે તથા નાકના ભાગે હતી તેમજ ડાબી ઘુંટીના ભાગે વચ્ચેના ભાગે ૩ સે.મી.ના માપનો ટાંકા લીધેલો ભાગ હતો.

વધુમાં સાહેદ જણાવે છે કે તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ સવારે ૧૧.૦૩ વાગ્યાના સુમારે ગોવિંદભાઈ મગનભાઈ મકવાણા સારવાર માટે આવેલા હતા. દર્દીની હિસ્ટ્રી મુજબ સિવિલ હોસ્પિટલ અમદાવાદના ટ્રોમા સેન્ટર ખાતે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ થયેલ બોમ્બ ધડાકામાં ઈજા થયેલ હતી. દર્દીને ઈજામાં ઓછું સંભળાવવાનું અને કાનમાંથી અવાજ આવવાનું જણાવવામાં આવેલ હતું. દર્દીના બંને કાનની શ્રવણશકિત સામાન્યથી મધ્યમ કક્ષા સુધીની બંધ થઈ ગયેલી હતી.

વધુમાં સાહેદ જણાવે છે કે તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ બપોરે ૦૧.૦૯ વાગ્યાના સુમારે મનુભાઈ કાળુભાઈ ગોહેલ સારવાર માટે આવેલા હતા. દર્દીની હિસ્ટ્રી મુજબ સિવિલ હોસ્પિટલ અમદાવાદના ટ્રોમા સેન્ટર ખાતે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ થયેલ બોમ્બ ધડાકામાં ઈજા થયેલ હતી. દર્દીને ઈજામાં પેલેટ લેસરેટેડ વુન્ડ ૧ સે.મી. x ૦.૮ સે.મી.ના ચકામા સાથેનો જમણા હાથ ઉપર કોણીથી સહેજ ઉપરની તરફ હતો તેમજ જમણા પગના ૨ સે.મી.ના લીટા જેવો લીનીયર ઉજરડો હતો તેમજ દર્દીનો જમણી કોણીનો એક્સ રે લેતાં બાહ્ય પદાર્થની હાજરી કોણીના આગળના ભાગે હાડકાંની બાજુમાં સોફ્ટ ટીસ્યુમાં માલુમ પડેલ તેમજ જમણી બાજુના પગનો એક્સ રે જોતાં ટીબીયા હાડકાં પાછળ અને બહારના ભાગે બાહ્ય પદાર્થની હાજરી માલુમ પડેલી.

વધુમાં સાહેદ જણાવે છે કે તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ સવારે ૧૧.૩૫ વાગ્યાના સુમારે નિલેશ સોમાભાઈ પટેલને સારવાર માટે લાવેલા હતા. દર્દીની હિસ્ટ્રી મુજબ સિવિલ હોસ્પિટલ અમદાવાદના ટ્રોમા સેન્ટર ખાતે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ થયેલ બોમ્બ ધડાકામાં ઈજા થયેલ હતી. દર્દીને ઈજામાં ઘણાં બધા લીટી જેવા ઉજરડાઓ કપાળના જમણા ભાગે તથા નાકના તથા ચહેરાના ભાગે જુદા–જુદા માપના હતા. જે ૧ થી ૧.૫ સે.મી.ના માપના હતા.

વધુમાં સાહેદ જણાવે છે કે તા.૨૮/૭/૨૦૦૮ ના રોજ સવારે ૧૦.૦૩ વાગ્યાના સુમારે મોહનલાલ બુધાલાલ વર્મા સારવાર માટે આવેલા હતા. દર્દીની હિસ્ટ્રી મુજબ સિવિલ હોસ્પિટલ અમદાવાદના ટ્રોમા સેન્ટર ખાતે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ થયેલ બોમ્બ ધડાકામાં ઈજા થયેલ હતી. દર્દીને ઈજામાં ડાબી સાઈડે ખભાથી નીચેના ભાગે ૪ સે.મી. x ૩ સે.મી.ના માપનો ઉજરડો હતો અને તે જગ્યાએ કથ્થઈ કલરની પોપડી બાઝેલી હતી તેમજ ડાબા હાથે ૪ સે.મી. x ૪ સે.મી.ના માપનો ઉજરડો હતો અને તે જગ્યાએ પણ કથ્થઈ કલરની પોપડી હતી તેમજ બાહ્ય રીતે તપાસતા ડાબી સાઈડના હ્યુમરસ હાડકાંમાં અસ્થી ભંગની શંકા થયેલ હતી તથા ડાબી છાતીના ઉપરના હિસ્સામાં

૩ થી ૪ લીટી જેવા ઉજરડા હતા જેનું માપ ૩ થી ૫ સે.મી. જેટલું હતું. દર્દીના ડાબા ખભા અને હ્યુમરસ હાડકાંનો એક્સ રે લેવામાં આવેલ હતો. ડાબા હ્યુમરસ હાડકાંનો અસ્થિભંગ ઘણાંબધા ટુકડાંમાં થયેલ હોવાનું તથા મુળ સ્થાનેથી ખસી ગયેલ હતો.

વધુમાં સાહેદ જણાવે છે કે તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ સવારે ૧૦.૪૭ વાગ્યાના સુમારે હર્ષદભાઈ હરીશભાઈ વાઘેલા સારવાર માટે આવેલા હતા. દર્દીની હિસ્ટ્રી મુજબ સિવિલ હોસ્પિટલ અમદાવાદના ટ્રોમા સેન્ટર ખાતે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ થયેલ બોમ્બ ધડાકામાં ઈજા થયેલ હતી. દર્દીને ઈજામાં ડાબા પગના ભાગે ૩ થી ૪ની સંખ્યામાં ઉજરડા હતા. જેના માપ ૦.૨ સે.મી. x ૦.૩ સે.મી. તથા ૦૨ સે.મી. x ૦.૪ સે.મી. નું હતું. દર્દીનું ઓપરેશન કરી ડાબા પગમાંથી બાહ્ય પદાર્થ બહાર કાઢવામાં આવેલો.

વધુમાં સાહેદ જણાવે છે કે તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ સવારે ૧૦.૦૪ વાગ્યાના સુમારે શિલ્પાબેન રાજેશભાઈ પટણી સારવાર માટે આવેલા હતા. દર્દીની હિસ્ટ્રી મુજબ સિવિલ હોસ્પિટલ અમદાવાદના ટ્રોમા સેન્ટર ખાતે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ થયેલ બોમ્બ ધડાકામાં ઈજા થયેલ હતી. દર્દીને ઈજામાં શરીર ઉપર ચહેરાના ડાબી બાજુએ ઉપરછલ્લી રીતે ૨% ના ભાગમાં દાઝી જવાની ઈજા હતી.

વધુમાં સાહેદ જણાવે છે કે તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ બપોરે ૧૨.૩૮ વાગ્યાના સુમારે મનીષબાઈ બચુભાઈ સોલંકી સારવાર માટે આવેલા હતા. દર્દીની હિસ્ટ્રી મુજબ સિવિલ હોસ્પિટલ અમદાવાદના ટ્રોમા સેન્ટર ખાતે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ થયેલ બોમ્બ ધડાકામાં ઈજા થયેલ હતી. દર્દીને ઈજામાં એક ૧૨ સે.મી.ના માપનો ટાંકા લીધેલ અંગ્રેજી અંક ૭ના આકારનો તેઓના ડાબા ખભાના ભાગે તેની ટોચથી શરૂ કરી બગલના આગળના ભાગ સુધી તેમજ એક ૩ સે.મી.નો ટાંકા લીધેલો ઘા ગળામાં ડાબી સાઈડે બહારની તરફ હતો તેમજ એક ૨ સે.મી.ના માપનો ઉજરડો કાનની આગળની તરફ ચહેરાના ડાબી બાજુએ હતો. દર્દીને ડાબી બાજુના હાંસરીના હાડકાનું તથા ડાબી

બાજુના હ્યુમરસના હાડકાં પરનું એક્રોમેનીયલ પ્રોસેસનું તથા હ્યુમરસના સર્જિકલ નેકના અસ્થિભંગ હતા તથા સ્કેપ્યુલાના હાડકાંની પતરી હતી. જેનું ઓપરેશન કરવામાં આવેલું.

સાહેદ વધુમાં જણાવે છે કે તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ સવારે ૧૧.૦૩ વાગ્યાના સુમારે સમીરકુમાર કાંતિભાઈ સોલંકીને સારવાર અર્થે લાવેલા હતા. દર્દીની હિસ્ટ્રી મુજબ સિવિલ હોસ્પિટલ અમદાવાદના ટ્રોમા સેન્ટર ખાતે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ થયેલ બોમ્બ ધડાકામાં ઈજા થયેલ હતી. દર્દીને ઈજામાં ડાબા હાથે કોણીથી કાંડા સુધીના ભાગ વાળા ૩ સે.મી.ના માપનો ટાંકા લીધેલો ઘા હતો તેમજ જમણા હાથની હથેળીના ભાગે એક ૩ સે.મી.ના માપનો ટાંકા લીધેલો ઘા ઘણા બધા લીટી જેવા ઉજરડા સાથેનો હતો.

વધુમાં સાહેદ જણાવે છે કે તા.૨૮/૭/૨૦૦૮ ના રોજ સવારે ૧૦.૪૯ વાગ્યાના સુમારે કમલેશભાઈ બચુભાઈ ઠાકોરને સારવાર માટે લાવેલા હતા. દર્દીની હિસ્ટ્રી મુજબ સિવિલ હોસ્પિટલ અમદાવાદના ટ્રોમા સેન્ટર ખાતે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ થયેલ બોમ્બ ધડાકામાં ઈજા થયેલ હતી. દર્દીને ઈજામાં પેલેટ લેસરેટેડ વુન્ડ ૧ સે.મી. x ૧.૫ સે.મી. ના માપની ડાબી જાંગના પાછળના ભાગે હતો તેમજ બે પેલેટ લેસરેટેડ વુન્ડ જેના માપ ૦.૩ સે.મી. x ૦.૨ સે.મી.ના હતા જે જમણા પગના ભાગના હતા તથા પેલેટ લેસરેટેડ વુન્ડ ૧ સે.મી. x ૦.૨ સે.મી.ના માપનો જમણી જાંઘના ભાગે હતું જ્યાં તે ઘાની આજુ બાજુના ભાગે ચકામું થયેલ હતું જે આ ઘા જમણી જાંગના પાછળના ભાગે હતો તેમજ દર્દીનો એક્સ રે લેતાં જમણી જાંઘના પાછળના ભાગે સોફ્ટ ટીસ્યુમાં બાહ્ય પદાર્થની હાજરી માલુમ પડેલી હતી.

વધુમાં સાહેદ જણાવે છે કે તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ સવારે ૧૦.૦૨ વાગ્યાના સુમારે પ્રતાપજી વરવાજી વાધેલા સારવાર માટે આવેલા હતા. દર્દીની હિસ્ટ્રી મુજબ સિવિલ હોસ્પિટલ અમદાવાદના ટ્રોમા સેન્ટર ખાતે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ થયેલ બોમ્બ ધડાકામાં ઈજા થયેલ હતી. દર્દીને ઈજામાં ડાબા ઘુંટણના ભાગે ત્રણ ઉજરડાઓ ૩ સે.મી.x ૦.૨ સે.મી.ના માપના

હતા તેમજ શરીર ઉપર ચાર લીટી જેવા ઉજરડા કે જેનું માપ ૦.૧ સે.મી. થી ૦.૩ સે.મી. ના હતા તેવા માલુમ પડેલા.

વધુમાં સાહેદ જણાવે છે કે તા.૨૮/૭/૨૦૦૮ ના રોજ સવારે ૧૧.૧૩ વાગ્યાના સુમારે દિનેશભાઈ રામજીભાઈ કબીરા સારવાર માટે આવેલા હતા. દર્દીની હિસ્ટ્રી મુજબ સિવિલ હોસ્પિટલ અમદાવાદના ટ્રોમા સેન્ટર ખાતે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ થયેલ બોમ્બ ધડાકામાં ઈજા થયેલ હતી. દર્દીને ઈજામાં જમણી જાંઘના પાછળ અને અંદરના ભાગે ૮ x ૩ સે.મી.ના માપની એક પેલેટ ઈન્જરી હતી કે જેની આજુ બાજુમાં ચકામું થયેલ હતું. આ બાબતના પ્રમાણપત્રો દરેક ઈજા પામનારાઓને આપેલા જે અનુક્રમે આંક–૧૪૩૯, ૧૪૪૦, ૧૪૪૧, ૧૪૪૨, ૧૪૪૩, ૧૪૪૪, ૧૪૪૫, ૧૪૪૬, ૧૪૪૭, ૧૪૪૮, ૧૪૪૯, ૧૪૫૦, ૧૪૫૧, ૧૪૫૨, ૧૪૫૩, ૧૪૫૪, ૧૪૫૫, માર્ક–એલ, ૧૪૫૭, ૧૪૫૮થી રજૂ રાખેલ છે અને તેમાં આ સાહેદે પોતાની સહીઓ ઓળખી બતાવેલી છે. તેમજ આંક–૧૪૫૬ થી કમલેશ ઠાકોરના કેસ પેપર્સ રજૂ કરેલા છે. આ સાહેદના મંતવ્ય પ્રમાણે દર્દીઓને થયેલી ઉપરોકત ઈજાઓ કોઈક ધડાકામાં કે બ્લાસ્ટમાં દબાણપૂર્વક કોઈ ચીજવસ્તુ અથડાય તો આવી ઈજા થઈ શકે તેમ જણાવેલ છે.

શાહીબાગ પોલીસ સ્ટેશનના આ બનાવમાં ઈજા પામનાર સાહેદ જગદીશભાઈ વનાજી માળીને આ કામે સાહેદ નં.૧૬૨ તરીકે આંક–૧૦૪૨થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાંજના સમયે આ સાહેદ ચમનપુરામાં નાગરાજ હોટલની સામે લોખંડ ભંગારની દુકાન ઉપર વેપાર કરતા હતા ત્યારે અમદાવાદ શહેરમાં બોમ્બ ધડાકા થયેલા છે તેવી વાત જાણવા મળેલી. ઈજા પામનારાઓને સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવે છે તેવી જાણ તથા આ સાહેદ પોતાનું સ્કૂટર લઈને સિવિલ હોસ્પિટલમાં સાડા સાતના અરસામાં ગયેલા અને ત્યાં સેવાની ભાવનાએ કામ કરતા હતા. આ સાહેદ પોતાનું સ્કૂટર ટ્રોમા સેન્ટરની જમણી બાજુ મુકીને મુખ્ય દરવાજા આગળ ઉભેલા હતા ત્યારે ૧૦૮ એમ્બ્યુલન્સમાં બોમ્બ ધડાકામાં ઈજા થયેલ લોકોને લાવતા

હતા. આ વખતે આજુબાજુ ઘણા માણસો ઉભા હતા, તે એમ્બ્યુલન્સ આવીને ટ્રોમા સેન્ટરના ઢાળ પાસે ઉભી રહેલી અને ઈજા પામનારાઓને ટ્રોમા સેન્ટરમાં લઈ જવામાં આવતા હતા ત્યારે એમ્બ્યુલન્સ પાછળ એક બોમ્બ ધડાકો થયેલો અને ધુમાડાના ગોટેગોટા નીકળતા હતા, ત્યાં આગ પણ ફાટી નીકળેલી. બોમ્બ ધડાકાથી પતરા જેવુ ઉડીને આ સાહેદના બંને ઢીંચણ પાસે વાગેલુ અને લોહી નીકળવા લાગેલુ. ત્યારબાદ એક બીજો પણ મોટો અવાજ થયેલો, ત્યાં ઘણા માણસો મરી ગયેલા અને ઘણા માણસોને ઈજા પણ થયેલી. ત્યારબાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર લીધેલી અને વધુ સારવાર રાજસ્થાન હોસ્પિટલમાં લીધેલાનું જણાવેલ છે.

શાહીબાગ પોલીસ સ્ટેશનના આ બનાવમાં ઈજા પામનાર સાહેદ ગુલાબસીંહ મંગળસીંહ જાડેજાને આ કામે સાહેદ નં.૧૬૩ તરીકે આંક–૧૦૪૩થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાંજના સમયે આ સાહેદ પોતાના ઘરે હતા ત્યારે અમદાવાદ શહેરમાં જુદી–જુદી જગ્યાએ બોમ્બ ધડાકા થયેલા છે અને ઈજા પામનારાઓને સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવી રહયા છે જેથી આ સાહેદ તથા તેમના મિત્ર પ્રદિપ પરમાર બંને હીરો હોન્ડા મોટર સાઇકલ લઈ સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટર પાસે ગયેલા. ત્યાં વાહન પાર્ક કરીને બંને જણ ટ્રોમા સેન્ટરના મુખ્ય દરવાજા પાસે ઉભા રહેલા તે વખતે સાત–સાડા સાત વાગ્યાનો સમય થયો હશે. ત્યારે ૧૦૮ એમ્બ્યુલન્સમાં બોમ્બ ધડાકામાં ઈજા થયેલ લોકોને લાવવામાં આવેલા અને ઈજા પામનારાઓને એમ્બ્યુલન્સમાંથી ઉતારતા હતા. આ સમયે એક મોટો બોમ્બ ધડાકો થયેલો અને ધુમાડા તેમજ આગના ગોટે–ગોટા નીકળવા લાગેલા. આ ધડાકો થયો તેમાંથી ઉડીને કાંઈક જમણા પગ ઉપર અને જમણા હાથના બાવડા ઉપર વાગેલુ જેથી લોહી નીકળવા લાગેલુ તે સમય દરમ્યાન જ એક બીજો પણ ધડાકો થયેલો. ત્યારબાદ આ સાહેદને સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયેલા. આ બોમ્બ ધડાકામાં તેમના કોલેજ સમયના મિત્ર નીતીનભાઈ પટેલ

ગુજરી ગયેલા અને તેમના મિત્ર પ્રદિપ પરમારને પણ ઈજા થયેલ હોવાનું જણાવેલ છે. આ પ્રદિપ પરમારને ફરિયાદપક્ષ દ્વારા તપાસવામાં આવેલા નથી.

શાહીબાગ પોલીસ સ્ટેશનના આ બનાવમાં ઈજા પામનાર સાહેદ નરેન્દ્રભાઈ કલ્યાણભાઈ પરમારને આ કામે સાહેદ નં.૧૭૦ તરીકે આંક–૧૦૫૭થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેમની દીકરી હેતલને નર્સીંગ હોસ્ટેલમાં જવાનું હોવાથી ઘરેથી આશરે સાડા સાત વાગે સ્કુટર લઈને દીકરી સાથે જવા નીકળેલા. તે વખતે અમદાવાદ શહેરમાં બોમ્બ વિસ્ફોટ થયાના સમાચાર મળેલા. આ સાહેદ તેમની દીકરી હેતલને નર્સીંગ હોસ્ટેલ સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડમાં ઉતારેલી અને ઘર તરફ જતા હતા. ત્યારે ટ્રોમા સેન્ટરની સામે ઘાયલોને લઈને એમ્બ્યુલન્સ વાન આવતી હતી. આ સાહેદ જરૂર પડે તો સેવા આપવાની છે તેમ વિચારીને પોતાનું સ્કુટર પાર્ક કરી ટ્રોમા સેન્ટર પાસે ઉભા રહેલા. તેવામાં એક એમ્બ્યુલન્સ આવેલી અને તેમાંથી ઘાયલોને ઉતારવામાં મદદ કરેલી. એક પેશન્ટને મુકી આવેલાં અને બીજા પેશન્ટ લેવા જતા હતા ત્યારે એક જોરદાર બોમ્બ ધડાકો થયેલો અને આ સાહેદ નીચે પડી ગયેલા. ત્યાં લોકો ચીસાચીસ કરતા હતા. આ સાહેદ ઉભા થઈને ટ્રોમા સેન્ટરની સામે રેતીમાં જઈને આળોટેલા કારણ કે તેમના કપડા પાછળથી સળગેલા. ત્યાં જોયુ તો કેટલાક માણસો સળગતા હતા. આ સાહેદને જાંઘ પાસે પણ લોહી નીકળેલુ, ડાબા પગે નાની મોટી ઈજાઓ પણ થયેલી. ત્યારબાદ સિવિલ હોસ્પિટલમાં પાટો બંધાવી પ્રાથમિક સારવાર લઈ રાજસ્થાન હોસ્પિટલમાં વધુ સારવાર કરાવેલાનું જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો બનાવ સમયે ધડાકો કઈ જગ્યાએ થયેલો તેની જાણકારી ન હતી તે કબૂલ કરે છે. રાજસ્થાન હોસ્પિટલમાં જવા માટે એમ્બ્યુલન્સ વાનમાં બેઠેલાનું કબૂલ કરે છે. આ પ્રશ્નનો અર્થ એવો થાય કે આ સાહેદને ઈજા થતા એમ્બ્યુલન્સમાં બેસી રાજસ્થાન હોસ્પિટલમાં વધુ સારવાર કરાવેલી છે તે હકીકત આરોપીઓ તરફથી કબૂલ કરવામાં આવેલી છે તેમ કહી શકાય.

શાહીબાગ પોલીસ સ્ટેશનના આ બનાવમાં ઈજા પામનાર સાહેદ રમણલાલ ઉમેદજી માલીને આ કામે સાહેદ નં.૧૬૧ તરીકે આંક–૧૦૪૧થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ આ સાહેદ આશીર્વાદ એસ્ટેટમાં દુકાન નં.૩ માં મહાલક્ષ્મી એપરલ્સના નામે રેડીમેડ કપડાનો ધંધો કરતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાંજના છ વાગ્યાની આસપાસ અમદાવાદ શહેરમાં બોમ્બ ધડાકા થયાની જાણ થયેલી અને ઘાયલોને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવે છે તેવુ જાણવા મળતા આ સાહેદ સેવાના કામ અર્થે સિવિલ હોસ્પિટલ જવા રવાના થયેલા. ત્યાં જઈને જોયુ તો ઘાયલોને એમ્બ્યુલન્સ દ્વારા લાવવામાં આવતા હતા. આ સાહેદ ત્યાં પહોંચ્યા ત્યારે એક એમ્બ્યુલન્સ વાન આવેલી અને તેમાંથી ઘાયલોને ઉતારવામાં મદદ કરતા હતા. તે વખતે પાછળના ભાગે જોરદાર બોમ્બ ધડાકો થયેલો. બોમ્બ ધડાકાથી આગની જવાળાઓ ઉઠેલી, લોકો બુમાબુમ અને ચીસાચીસ કરતા હતા, ત્યાં ઘણા લોકોને ઈજાઓ થયેલી અને ઘણા લોકો મરી ગયેલા. આ બોમ્બ ધડાકામાં આ સાહેદને પગે વાગેલુ અને ટ્રોમા સેન્ટર આગળ પગથીયા પાસે પડી ગયેલા. બન્ને પગમાંથી પુષ્કળ લોહી નીકળતુ હતુ, આ સમય દરમ્યાન બીજો એક ધડાકો થયેલો જેથી આ સાહેદ ઘસડાઈને ટ્રોમા સેન્ટરમાં જતા રહેલા ત્યાં પ્રાથમિક સારવાર લઈ રાજસ્થાન હોસ્પિટલમાં વધુ સારવાર કરાવેલાનું જણાવેલ છે.

શાહીબાગ પોલીસ સ્ટેશનના આ બનાવમાં ઈજા પામનાર સાહેદ અનિલ કનૈયાલાલ સોલંકીને આ કામે સાહેદ નં.૧૭૩ તરીકે આંક–૧૦૬૦થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ જુલાઈ ૨૦૦૮ માં શાહીબાગ સિવિલ હોસ્પિટલ ખાતે હાઉસ કિપીંગમાં સુપરવાઈઝર તરીકે નોકરી કરતા હતા. તા. ૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાંજના છ વાગ્યાની આસપાસ આ સાહેદ સાફસફાઈ કરાવતા હતા ત્યારે અમદાવાદ શહેરમાં બોમ્બ બ્લાસ્ટ થયેલાનું સાંભળેલુ. થોડીવાર પછી એક એમ્બ્યુલન્સ ઘાયલોને લઈને ત્યાં આવવા લાગેલી જેથી આ સાહેદ તથા તેમના સાહેબ રાજેશભાઈ ઘાયલોને સ્ટ્રેચર પર બેસાડી ડૉકટર પાસે લઈ જવાનું કામ કરતા હતા ત્યારે લગભગ સાડા સાત વાગ્યાની આસપાસ ટ્રોમા

સેન્ટરની પાસે એક એમ્બ્યુલન્સ ગાડી આવેલી અને તેમાથી પેશન્ટોને ઉતારતા હતા ત્યારે ઢાળ પાસે એકદમ મોટો ધડાકો થયેલો જેના કારણે આગની જવાળાઓ નીકળેલી, લોખંડના છરા તથા કરચ વિગેરે છુટેલા. આ ધડાકામાં આ સાહેદને બંને પગે વાગેલુ અને કાચ ઉડવાથી તે કાચ આંખમાં પણ વાગેલો જેથી સારવાર માટે યુ.એન.મહેતા હોસ્પિટલ તરફ ગયેલા તે અરસામાં બીજો એક ધડાકો થયેલો અને રાજસ્થાન હોસ્પિટલમાં વધુ સારવાર કરાવેલાનું જણાવેલ છે.

શાહીબાગ પોલીસ સ્ટેશનના આ બનાવમાં ઈજા પામનાર સાહેદ રમેશભાઈ ખોડાજી ઠાકોરને આ કામે સાહેદ નં.૧૭૪ તરીકે આંક–૧૦૬૧થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ જુલાઈ ૨૦૦૮ માં સિવિલ હોસ્પિટલ ખાતે આ સાહેદ પોતાની ફરજ બજાવતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાંજના સાડા સાત વાગ્યાના સુમારે ટ્રોમા સેન્ટર તરફ આવેલા ત્યારે જાણવા મળેલુ કે અમદાવાદ શહેરમાં બોમ્બ ધડાકા થયેલા છે અને ૧૦૮ એમ્બ્યુલન્સ આવેલી હતી અને તેમાંથી ઘાયલોને ઉતારવામાં આવતા હતા. આ વખતે એક મોટો ધડાકો થયેલો. આ ધડાકો થતા ધુમાડો નીકળવા લાગેલો અને આગ લાગેલી. આ ધડાકામાંથી કાચ સાથે પતરાના ટુકડા પણ ઉછળેલા જે આ સાહેદના જમણા હાથે અને જમણા કાને વાગતા ઈજાઓ થયેલી. આ ઉપરાંત આ સાહેદ દાઝી જવાથી જમીન ઉપર પટકાયેલા અને અર્ધ બેહોશ થઈ ગયેલા. ત્યારબાદ સારવાર માટે પ્રાઈવેટ હોસ્પિટલમાં લઈ જવામાં આવેલા અને ત્યારબાદ રાજસ્થાન હોસ્પિટલમાં વધુ સારવાર કરાવેલાનું જણાવેલ છે.

ત્યારબાદ પ્રદિપ કે. પરમાર, જગદીશભાઈ વનાજી માળી, ગુલાબસીંહ મંગળસીંહ જાડેજા, નરેન્દ્રભાઈ કલ્યાણભાઈ પરમાર, રમણલાલ ઉમેદજી માલી, અનીલ કે. સોલંકી, રમેશભાઈ ખોડાજી ઠાકોર, રણજીતસિંહ ગીરધરસિંહ રાજપુત, મહેન્દ્રભાઈ રતનલાલ કલાલ, નિતીન મગનભાઈ પટેલ અને જયેશ ભગવતી દવેનાઓની સારવાર કરનાર ડૉ.જયંતીભાઈ કાળીદાસ પરમારને સાહેદ નં.૨૮૦ તરીકે આંક–૧૪૯૧ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ ધ્યાને લઈએ તો તેઓ રાજસ્થાન હોસ્પિટલમાં ડેપ્યુટી મેડીકલ

સુપરિન્ટેન્ડેન્ટ તરીકે ફરજ બજાવતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ રાત્રીના ૨૧.૫૮ વાગ્યાના સુમારે એક પ્રદિપભાઈ કે. પરમારનાઓને હોસ્પિટલમાં સારવાર અર્થે લાવવામાં આવેલા હતા. દર્દીની હીસ્ટ્રી મુજબ સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટર ખાતે થયેલ બોમ્બ બ્લાસ્ટમાં ઈજા થયેલી. દર્દીને ઈજામાં જમણા પગના ઘુંટણના પાછળ પોપ્લીટીયલ, ફોસણ સ્નાયુની ઉંડાઈ કરતાં પણ નીચે એક ઘસરકા જેવી ઈજા હતી. જેની લંબાઈ ૭ ઈંચ પહોળાઈ ૪ ઈંચ અને ૨ઈંચની ઉંડાઈ એટલે કે હાડકા સુધીની ઉંડાઈ વાળો હતો. દર્દીને જમણા પગે આંશિક લકવાની અસર થયેલી હતી તથા તેમના ઘુંટણનો સાંધો જકડાઈ ગયેલો. જ્યારે જમણાં પગનો પંજો આધાર વગર નીચે પડી જતો હતો એટલે કે ટટ્ટાર રહી શકતો ન હતો.

વધુમાં સાહેદ જણાવે છે કે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ રાત્રીના ૯.૦૦ વાગ્યાના સુમારે એક જગદીશભાઈ વનાજી માળીનાઓને હોસ્પિટલમાં સારવાર અર્થે લાવવામાં આવેલા હતા. દર્દીની કેસ હીસ્ટ્રી મુજબ તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સાંજના ૭.૩૦ વાગ્યાના સુમારે સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટર ખાતે થયેલ બોમ્બ બ્લાસ્ટમાં ઈજા થઈ હતી. દર્દીને ઈજામાં એક કપાયેલ છુંદાયેલ ઘા જમણી જાંઘના વચ્ચેના ભાગે ત્રાંસો ૪ x ૨.૫ x ૨ ઈંચના માપનો હતો તેમજ એક ઘસરકા જેવી ઈજા જમણા ઘુંટણના વચ્ચેના ભાગે ૨ x ૧ x ૦.૫ ઈંચની હતી તેમજ ડાબી જાંઘના ભાગે ઉજરડા સાથેનો પંચર વુંડ જાંઘની બાજુના ભાગે ઢાંકણીથી ૩ ઈંચ ઉપરના ભાગે હતો તેમજ આ દર્દીને ડાબા હાથમાં લકવા જેવી અસર (Nerve Palsy) જેવી અસર હતી.

વધુમાં સાહેદ જણાવે છે કે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ એક ગુલાબસિંગ મંગલસિંહ જાડેજાનાઓને રાત્રીના ૨૨.૦૭ વાગે હોસ્પિટલમાં સારવાર અર્થે લાવવામાં આવેલા હતા. દર્દીની હીસ્ટ્રી મુજબ ટ્રોમા સેન્ટર ખાતે બોમ્બ ધડાકામાં ઈજા થયેલી. દર્દીને ઈજામાં એક ઘસરકા જેવી ઈજા કે જેને કારણે ચામડી તથા શોફ્ટ ટીસ્યુ નીકળી ગયેલા હતા તેવી જમણા પંજાના ઉપર–Dorsum ભાગે હતી તેમજ અંગુઠાની સાથેનું હાડકું (First Meta Tarsal) /

Naviacular Born બહારથી જોઈ શકાતો હતો તેમજ જમણા પંજાના ભાગે પણ Tendon જોઈ શકાતું હતું તેમજ જમણો પંજો લટકી ગયેલ હતો એટલે કે દર્દી પોતાની જાતે તે ઉંચો કરી શકતો ન હતો. દર્દીને ડાબી ઘુંટીના ભાગે જકડન આવી ગયું હતું અને ડાબી ઘુંટીનું હલન ચલન મર્યાદીત હતું.

સાહેદ વધુમાં જણાવે છે કે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ રાત્રીના ૨૧.૧૯ વાગ્યાના સુમારે એક નરેન્દ્રભાઈ કલ્યાણભાઈ પરમારનાઓને હોસ્પિટલમાં સારવાર અર્થે લાવવામાં આવેલા હતા. દર્દીની હીસ્ટ્રી મુજબ તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સાંજના ૭.૪૫ વાગ્યાના સુમારે સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટર ખાતે થયેલ બોમ્બ બ્લાસ્ટમાં દર્દી ઈજા થઈ હતી. દર્દીને ઈજામાં એક ઘસરકાનો ઘા ડાબા હાથ ઉપર હતો તેમજ બંને પગ ઉપર ઘણાબધા ઘસરકા જેવી ઈજાઓ હતી તેમજ ડાબા જાંઘના ભાગે પાછળથી બહારની બાજુ જતો એક ઘસરકા જેવો ભાગે કે જેમાંથી ચામડી નિકળી ગયેલી હતી ૧.૫ x ૧.૫ x ૧ ઈંચની ઉંડાઈ વાળો હતો તથા જમણા પગે તથા જાંઘ અને પંજાની બહારની તરફ ઘણાબધા નાના પંચર વુન્ડ હતા અને જમણા પગે ૧.૫ ઈંચના ગોળાઈમાં વચ્ચેના ભાગેથી ચામડી નીકળી ગઈ હતી તેમજ છાતીના ભાગનો સીટી સ્કેન કરતાં ડાબા ફેફસાના નીચેના ખાનામાં બાહ્ય પદાર્થની હાજરી હતી અને તેને કારણે ફેફસામાં હવા ભરાઈ જવાનું (Hydro Pneumo Thorex) થયેલું.

વધુમાં સાહેદ જણાવે છે કે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ રાત્રીના ૨૧.૫૨ વાગ્યાના સુમારે એક રમણલાલ ઉમેદજી માળીનાઓને હોસ્પિટલમાં સારવાર અર્થે લાવવામાં આવેલા હતા. દર્દીની હીસ્ટ્રી મુજબ સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટર ખાતે થયેલ બોમ્બ બ્લાસ્ટમાં દર્દીને ઈજા થયેલ હતી. દર્દીને ઈજામાં ડાબા અને જમણા પગમાં બાહ્ય પદાર્થની હાજરી હતી જે ધાતુના બાહ્ય પદાર્થ બહાર કાઢવામાં આવેલો.

સાહેદ વધુમાં જણાવે છે કે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ રાત્રીના ૨૧.૫૭ વાગ્યાના સુમારે એક અનિલ કે. સોલંકીનાઓને હોસ્પિટલમાં સારવાર

અર્થે લાવવામાં આવેલા હતા. દર્દીની હીસ્ટ્રી મુજબ સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટર ખાતે થયેલ બોમ્બ બ્લાસ્ટમાં દર્દીને ઈજા થયેલ હતી. દર્દીને ઈજામાં કપાયેલ છુંદાયેલ ઘા ડાબી જાંઘના વચ્ચેના ૧/૩ ભાગમાં બહારની તરફ હતી. જેનું માપ ૭ x ૨ x ૨ સે.મી.નું હતું. આ ઘા ઉભો હતો તેમજ જમણી જાંઘના ભાગે એક કપાયેલ છુંદાયેલ ઘા ૧૪ x ૩ x ૩ સે.મી.નો હાડકા સુધીની ઉંડાઈ વાળો નીચેના ૧/૩ ભાગમાં હતો તેમજ બંને જાંઘમાંથી બાહ્ય પદાર્થ હતો તે કાઢવામાં આવેલો હતો તથા જમણા કીકીના આજુબાજુના કાળા ભાગની સારવાર કરવામાં આવેલી હતી અને દર્દીની જમણી આંખની દ્રષ્ટી કાયમી ચાલી ગઈ હતી.

વધુમાં સાહેદ જણાવે છે કે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ રાત્રીના ૨૨.૦૧ વાગ્યાના સુમારે એક રમેશભાઈ ખોડાજી ઠાકોરનાઓને હોસ્પિટલમાં સારવાર અર્થે લાવવામાં આવેલા હતા. દર્દીની હીસ્ટ્રી મુજબ તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સાંજના ૭.૪૫ વાગે સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટર ખાતે થયેલ બોમ્બ બ્લાસ્ટમાં ઈજા થયેલ હતી. દર્દીને ઈજામાં જમણા હાથે પાછળથી આગળ તરફ આવતા અને બાજુના ભાગે ૨ થી ૩ ડીગ્રી જેટલી દાઝી જવાની ઈજા હતી જે કોણીથી સહેજ ઉપરની તરફ હતી તેમજ જમણા હથેળીના પાછળના ભાગે પણ આવી દાઝી જવાની ઈજા હતી તથા જમણી હથેળીના પાછળના ભાગે જે દાઝી જવાની ઈજા હતી તે ૩ ડીગ્રીની હતી અને ૨ ઈંચના ઘેરાવામાં હતી તેમજ દર્દીના બંને કાન ઉપર ૨ થી ૩ ડીગ્રીની દાઝી જવાની ઈજા ગળા અને ગાલને અડીને હતી.

સહેદ વધુમાં જણાવે છે કે તા.૨૬/૭/૨૦૦૮ થી ૨૭/૭/૨૦૦૮ના રોજ મધ્ય રાત્રીના ૧૨.૦૦ વાગ્યાના સુમારે એક રણજીતસિંહ ગીરધરસિંહ રાજપુતનાઓને હોસ્પિટલમાં સારવાર અર્થે લાવવામાં આવેલા હતા. દર્દીની હીસ્ટ્રી મુજબ તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સાંજના ૭.૩૦ વાગે સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટર ખાતે થયેલ બોમ્બ બ્લાસ્ટમાં દર્દીને ઈજા થયેલ હતી. દર્દીને ઈજામાં જમણાં કાંડાના પાછળના ભાગે તથા જમણા હાથની હથેળીના પાછળના ભાગે ૨ ડીગ્રી જેટલી ઉંડાઈની દાઝી જવાની ઈજા હતી અને આવી જ ૨

ડીગ્રીની ઉંડાઈ વાળી દાઝી જવાની ઈજા પાછળથી બાજુ તરફની જમણા હાથના કાંડાથી કોણી સુધીના ભાગની હતી અને તેવી જ ૨ ડીગ્રીની દાઝી જવાની ઈજા ડાબી હથેળીના પાછળના ભાગે હતી તેમજ ડાબા કોણીથી કાંડા સુધીના ભાગે ઘણીબધી પેલેટ (ધાતુના છરા) ઈન્જરીના કારણે ડાબા હાથની પાછળના ભાગે નાના નાના પંચર વુન્ડ થયેલા હતા તથા ડાબા હાથના કોણીથી ખભા સુધીના ભાગે વચ્ચેના ભાગે ૧ ઈંચ લાંબો ટાંકા લિધેલો ઘા હતો. તેની સાથે ૨ ડીગ્રીની દાઝી જવાની ઈજા હતી તેમજ પેટમાં ડાબી બાજુએ ૨ ડીગ્રીનું દાઝી જવાનું નાનું ચકામું ૧ x ૧.૫ ઈંચના માપનું હતું.

વધુમાં સાહેદ જણાવે છે કે તા.૨૬/૭/૨૦૦૮ અને ૨૭/૭/૨૦૦૮ ની મધ્ય રાત્રીએના રોજ રાત્રીના ૧૨.૦૦ વાગ્યાના સુમારે એક મહેન્દ્રભાઈ રતનલાલ કલાલનાઓને હોસ્પિટલમાં સારવાર અર્થે લાવવામાં આવેલા હતા. દર્દીની હીસ્ટ્રી મુજબ તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સાંજના ૭.૩૦ વાગે સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટર ખાતે થયેલ બોમ્બ બ્લાસ્ટમાં દર્દીને ઈજા થયેલ હતી. દર્દીને ઈજામાં જમણા હાથે કાંડાથી કોણી સુધીના વચ્ચેના ભાગે ૩ x ૧ ઈંચના માપની દાઝી જવાની ઈજા હતી તેમજ જમણા પગે ઢીંચણની ઢાંકણીની નીચેની કિનારીએ એક ટાંકા લીધેલો ઘસરકા જેવી ઈજા હતી. જેની લંબાઈ ૧ ઈંચની હતી અને તેની આજુબાજુના ૧.૫ ઈંચના વિસ્તારમાં ૨ થી ૩ ડીગ્રીની દાઝી જવાની ઈજાઓ હતી તથા જમણાાં ઢીંચણના ભાગે ત્રાંસો એક અર્ધ ચંદ્રાકાર એક ઘા હતો જે ઘુંટણથી ૨.૫ ઈંચ ઉપરના ભાગે ૧.૫ ઈંચ આગળના ભાગે હતો. જેની આજુબાજુના થોડા વિસ્તારમાં ૨ ડીગ્રીની દાઝી જવાની ઈજા હતી. વધુમાં ઈજામાં છાતીના જમણી બાજુએ હાંસરીના હાડકાથી બે ઈંચ નીચેના ભાગે બે નાના પંચરવુન્ડ હતા તેમજ જમણા હાથની પહેલી અને વચલી આંગળીના ભાગે ૧ સે.મી.ની ઘસરકા જેવી ઈજા હતી.

સાહેદ વધુમાં જણાવે છે કે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ રાત્રીના ૨૨.૦૨ વાગ્યાના સુમારે એક નિતીન મગનભાઈ પટેલનાઓને હોસ્પિટલમાં સારવાર અર્થે લાવવામાં આવેલા હતા. દર્દીની હીસ્ટ્રી મુજબ સિવિલ હોસ્પિટલના

ટ્રોમા સેન્ટર ખાતે થયેલ બોમ્બ બ્લાસ્ટમાં ઈજા થયેલ હતી. દર્દીને ઈજામાં શરીર ઉપર ૯૧ % હિસ્સામાં ૩ ડીગ્રીની દાઝી જવાની ઈજા હતી તથા શ્વસન તંત્ર પર પણ આવી ઈજા હતી તેમજ જમણા પગે ૬ x ૪ સે.મી.ના માપનો કપાયેલ છુંદાયેલ ઘા હતો જેને કારણે ટીબીયા હાડકાંનો અસ્થિભંગ હતો.

સાહેદ વધુમાં જણાવે છે કે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ રાત્રીના ૧૧.૩૫ વાગ્યાના સુમારે એક જયેશ ભગવતી દવેનાઓને હોસ્પિટલના સી.સી.યુ. ખાતે સારવાર અર્થે લાવવામાં આવેલા હતા. દર્દીની હીસ્ટ્રી મુજબ તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટર ખાતે થયેલ બોમ્બ બ્લાસ્ટમાં દર્દીને ઈજા થયેલ હતી. દર્દીને ઈજામાં સમગ્ર શરીર ઉપર ૯૨% હિસ્સામાં ૩ ડીગ્રીની દાઝી જવાની ઈજા કે જે શ્વસન તંત્રમાં પણ આવી ઈજાઓ હતી તેવી ઈજાઓ હતી. આ બાબતના પ્રમાણપત્રો દરેક ઈજા પામનારાઓને આપેલા જે અનુક્રમે આંક–૧૪૯૨, ૧૪૯૩, ૧૪૯૪, ૧૪૯૫, ૧૪૯૬, ૧૪૯૭, ૧૪૯૮, ૧૪૯૯, ૧૫૦૦, ૧૫૦૧, ૧૫૦૨ થી રજૂ રાખેલ છે અને તેમાં આ સાહેદે પોતાની સહીઓ ઓળખી બતાવેલી છે. આ સાહેદના મંતવ્ય પ્રમાણે દર્દીઓને થયેલી ઉપરોકત ઈજાઓ કોઈક ધડાકામાં કે બ્લાસ્ટમાં કોઈ ચીજવસ્તુ અથડાય તો આવી ઈજા થઈ શકે તેમ જણાવેલ છે.

શાહીબાગ પોલીસ સ્ટેશનના આ બનાવમાં ઈજા પામનાર સાહેદ કલીબેન નાગજીભાઈ રબારીને આ કામે સાહેદ નં.૧૫૧ તરીકે આંક–૧૦૨૫ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૩/૭/૨૦૦૮ નાં રોજ આ સાહેદ તેમના દેરાણી ગંગાબેન તેમજ આ સાહેદના પતિ નાગજીભાઈનાઓ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં તેમની બેનને દાખલ કરેલ હોય ખબર પુછવા આવેલા. તે દિવસે આ સાહેદના પતિ તથા તેમના દેરાણી વીસનગર ખાતે પરત જતા રહેલા. જયારે આ સાહેદ તેમની બહેન પાસે સિવિલ હોસ્પિટલમાં રોકાઇ ગયેલા. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાંજના ૭ વાગે આ સાહેદની બહેનની ખબર પુછવા રબારી ગકુરભાઈ આવેલા જેથી આ સાહેદના બનેવી મગનભાઈ તેમને ચા પીવડાવવા બહાર લઈ ગયેલા અને આ સાહેદ પાણી લેવા માટે બહાર ગયેલા. તે

વખતે ટ્રોમા સેન્ટરની બાજુમાં આવેલા ગોળ રાઉન્ડની બાજુમાં ઉભા હતા ત્યારે અચાનક બોમ્બ ધડાકો થયેલો જેથી આ સાહેદને જમણા હાથે કાંઈ વાગેલુ, જમણા પગનો પંજો દાઝી ગયેલો. તે વખતે લોકો બુમાબુમ કરતા હતા કે બોમ્બ ફુટયો બોમ્બ ફુટયો. જેથી આ સાહેદ દોડવા જતા હતા અને પડી ગયેલા. આ સાહેદને લોહી નીકળવા લાગેલ જેથી તેમના બનેવી રીક્ષામાં બેસાડીને ઠકકરનગર ખાતે પ્રાઈવેટ દવાખાનામાં લઈ ગયેલા. ત્યાં જમણા હાથમાંથી બે લોખંડની કરચો કાઢેલી હોવાનું જણાવેલ છે.

શાહીબાગ પોલીસ સ્ટેશનના આ બનાવમાં ઈજા પામનાર સાહેદ વિજયભાઈ હિમાભાઈ લખવારાને આ કામે સાહેદ નં.૧૭૨ તરીકે આંક–૧૦૫૯ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ સને ૨૦૦૮ માં ટ્રોમા સેન્ટર સિવિલ હોસ્પિટલના એકસ રે વિભાગમાં હાઉસ કિપીંગમાં નોકરી કરતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાંજના સમયે અમદાવાદ શહેરમાં બોમ્બ બ્લાસ્ટ થયેલા છે અને ઈજા પામનારાઓને સારવાર માટે ટ્રોમા સેન્ટરમાં લાવવામાં આવી રહયા છે તેવી જાણ થતા આ સાહેદ ત્યાં જઈ સેવાના કામકાજમાં રોકાયેલા. તે વખતે એક એમ્બ્યુલન્સ ગાડી આવેલી અને આ સાહેદ એક પેશન્ટને સ્ટ્રેચર ઉપર બેસાડી ટ્રોમા સેન્ટરમાં લઈ ગયેલા અને બીજા પેશન્ટને લેવા આવેલા ત્યારે એમ્બ્યુલન્સના પાછળના ભાગે બોમ્બ બ્લાસ્ટ થયેલો, તે વખતે આગ લાગેલી. આ બોમ્બ બ્લાસ્ટથી આ સાહેદને પીઠના ભાગે, બંને પગે અને બગલના ભાગે ઈજાઓ થયેલી. થોડીવાર પછી એક બીજો ધડાકો પણ થયેલો. જેથી આ સાહેદના વિસ્તારના છોકરાઓ આ સાહેદને ચંદ્રમણી હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયેલાનું જણાવેલ છે.

શાહીબાગ પોલીસ સ્ટેશનના આ બનાવમાં ઈજા પામનાર સાહેદ બાબુભાઈ ગણેશભાઈ માળીને આ કામે સાહેદ નં.૧૭૭ તરીકે આંક–૧૦૬૭થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ સને ૨૦૦૮ માં ડાયમંડની દલાલીનું કામ બાપુનગર ખાતે સરદાર ડાયમંડ માર્કેટમાં કરતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાંજના આશરે છ–સાડા છ વાગ્યાની આસપાસ

સાંભળેલુ કે બોમ્બ બ્લાસ્ટ થયેલા છે તેથી આ સાહેદે ટીવી ચાલુ કરેલુ અને જાણવા મળેલુ કે સરદાર ડાયમંડ માર્કેટમાં બે બોમ્બ બ્લાસ્ટ થયા છે અને આ બોમ્બ બ્લાસ્ટમાં આ સાહેદના કોઈ ઓળખીતા અથવા મિત્રને ઈજા થઈ છે કે કેમ તે જોવા માટે સિવિલ હોસ્પિટલ ખાતે ગયેલા. તે વખતે સિવિલ હોસ્પિટલમાં ઘાયલોને લાવવામાં આવતા હતા. ત્યાં આ સાહેદના વિસ્તારના કાર્યકરો પણ કામગીરી કરતા હતા તેવામાં એક એમ્બ્યુલન્સ આવેલી અને એક ઘાયલને સ્ટ્રેચર ઉપર બેસાડી ટ્રોમા સેન્ટરમાં લઈ ગયેલા અને બીજા પેશન્ટને આ સાહેદ લેવા આવતા હતા ત્યારે એમ મોટો વિસ્ફોટ ધડાકાભેર થયેલો. જેથી આ સાહેદને ડાબી આખની ભ્રમર પાસે ઈજા થતા લોહી નીકળવા લાગેલુ, જેથી આ સાહેદ ખોડીયાર માતાના મંદિર તરફ ભાગેલા. ત્યાં પહોંચતા આ સાહેદને ચકકર આવી ગયેલા. આ વિસ્ફોટમાં હાથે પગે પણ નાની મોટી ઈજાઓ થયેલી. ફરીથી ત્યાં જઈને જોયુ તો લોહીના ખાબોચીયા ભરાયેલા હતા, કોઈકના માંસના લોચા પડેલા હતા. આ સાહેદનું મોટર સાઈકલની બાજુનુ બાઈક સળગી ગયેલુ જોયેલુ. જેથી આ સાહેદ હિંમત કરીને પોતાનું મોટર સાઈકલ લઈ થોડે આગળ ગયા તેવામાં બીજો વિસ્ફોટ થયેલો. ત્યારબાદ આ સાહેદ યુ.એન. મહેતા હોસ્પિટલ તરફ ગયેલા અને ત્યાં સારવાર લીધેલી. ત્યારબાદ સિવિલ હોસ્પિટલમાં અંદરના દર્દી તરીકે દાખલ થયેલા અને હોસ્પિટલમાંથી રજા આપી ત્યારે ડીસ્ચાર્જ કાર્ડ આપેલુ જે આંક–૧૦૬૯ થી રજૂ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સમયે આ સાહેદ કાર્યકરો સાથે વાતો કરતા હતા તે કબૂલ કરે છે. એમ.એલ.એ. પ્રદિપસિંહ જાડેજા પણ પેશન્ટની સેવા કરતા હતા તેમ જણાવે છે. પોલીસે આ સાહેદના કપડા માંગ્યા નથી તે કબૂલ કરે છે. જુબાની દરમ્યાન રજુ કરેલુ ડીસ્ચાર્જ કાર્ડ પોલીસને આપેલુ નથી તે કબૂલ કરે છે. લોહીના ખાબોચીયા અને માંસના લોચા પડયાની હકીકત પોલીસ રૂબરૂના જવાબમાં લખાવી નથી તે કબૂલ કરે છે. આ ઉપરાંત આ સાહેદે પોતાના પોલીસ રૂબરૂના નિવેદનમાં નહીં લખાવેલી ઘણી બધી હકીકતો સરતપાસમાં જણાવેલી છે તે કબૂલ કરે છે. પરંતુ

સમગ્ર ઊલટતપાસ ધ્યાને લેતા આરોપીઓને ફળદાયક થાય તેવી કોઈ હકીકત નીકળી આવતી નથી.

શાહીબાગ પોલીસ સ્ટેશનના આ બનાવમાં ઈજા પામનાર સાહેદ મહેશભાઈ પુનમભાઈ સોલંકીને આ કામે સાહેદ નં.૧૮૮ તરીકે આંક–૧૦૮૦થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડમાં આવેલી કેન્સર હોસ્પિટલમાં કાયમી વર્ગ–૪ કર્મચારી તરીકે નોકરી કરે છે. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાંજના સમયે પોતાના ઘરેથી નીકળીને ખોડીયાર માતા મંદિરવાળા રસ્તે જઈને દુધ લેવા માટે રાધે ડેરીમાં ગયેલા અને દુધ લઈ પરત સિવિલ હોસ્પિટલમાં ટ્રોમા સેન્ટર પાસેથી પસાર થતા હતા ત્યારે ટ્રોમા સેન્ટરના ઢાળ પાસે એક સફેદ એમ્બ્યુલન્સ પાર્ક થયેલી હતી. આ વખતે માણસોની ભીડ પણ હતી. આ સાહેદ ટ્રોમા સેન્ટરની સામેની સાઈડે પાર્કીંગવાળી જગ્યાએ ઝાડ નીચે ઉભેલા ત્યારે એક એમ્બ્યુલન્સમાંથી દર્દીઓને નીચે ઉતારવાનું ચાલતુ હતુ તે વખતે એક પ્રચંડ ધડાકો થયેલો, જેના કારણે આજુબાજુ આગ લાગેલી અને લોકોને ઈજાઓ થયેલી. આ સાહેદને શરીરના જુદા–જુદા ભાગે બળવાથી તથા છરા વાગવાથી ઈજાઓ થયેલી. ત્યારબાદ આ સાહેદને સિવિલ હોસ્પિટલમાં સી/૪ વોર્ડમાં સારવાર માટે લઈ ગયેલાનું જણાવેલ છે.

શાહીબાગ પોલીસ સ્ટેશનના આ બનાવમાં ઈજા પામનાર સાહેદ મનસુખભાઈ પોપટભાઈ ભીમાણીને આ કામે સાહેદ નં.૧૮૬ તરીકે આંક–૧૦૮૧થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ પોતાના ઘરેથી રીક્ષા લઈને નીકળેલા અને રસ્તામાં જાણવા મળેલુ કે અમદાવાદ શહેરમાં બોમ્બ બ્લાસ્ટ થયેલા છે. જેથી આ સાહેદ સિવિલ હોસ્પિટલ ખાતે ગયેલા અને ટ્રોમા વોર્ડની સામે રીક્ષા પાર્ક કરીને ઉભેલા હતા. આ સમયે બોમ્બ બ્લાસ્ટમાં ઈજા પામનારાઓને લઈને એક એમ્બ્યુલન્સ આવેલી હતી. તે વખતે ટ્રોમા વોર્ડની નજીક દિવાલ તરફ એક મોટો બોમ્બ બ્લાસ્ટ થયેલો, તેમાથી નીકળેલા છરા અને લોખંડના ટુકડા તથા આગની જવાળાના છાંટા આ સાહેદને

વાગતા બેભાન થઈ ગયેલા જેથી તેઓને સિવિલ હોસ્પિટલના જી/૧ વોર્ડમાં સારવાર માટે લઈ જવામાં આવેલાનું જણાવેલ છે.

શાહીબાગ પોલીસ સ્ટેશનના આ બનાવમાં ઈજા પામનાર સાહેદ જયશ્રીબેન જગદીશકુમાર વાઘેલાને આ કામે સાહેદ નં.૧૯૦ તરીકે આંક–૧૦૯૧ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ જુલાઈ ૨૦૦૮ ની સાલમાં આ સાહેદે સિવિલ હોસ્પિટલમાં એપેન્ડીક્ષનુ ઓપરેશન કરાવેલુ હતુ. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેઓ તથા તેમના પતિ ડોકટરને સાંજના સમયે બતાવવા ગયેલા. ડૉકટરને બતાવ્યા પછી આ સાહેદ ટ્રોમા સેન્ટરમાં આવેલ દવાની બારીવાળી જગ્યાએ દવા લેવા માટે ગયેલા. તે વખતે એક ગાડી આવેલી અને ગાડીવાળી જગ્યાએ બોમ્બ ફુટેલો. આ બોમ્બ ફુટતા આ સાહેદના જમણા હાથે અને જમણા પગે ઈજાઓ થયેલી. તેની સારવાર ખાનગી દવાખાનામાં કરાવેલી અને ત્યારબાદ વધુ સારવાર સિવિલ હોસ્પિટલમાં કરાવેલાનું જણાવેલ છે.

શાહીબાગ પોલીસ સ્ટેશનના આ બનાવમાં ઈજા પામનાર સાહેદ પ્રકાશ છગનભાઈ વાઘાણીને આ કામે સાહેદ નં.૧૯૧ તરીકે આંક–૧૦૯૨થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ જુલાઈ ૨૦૦૮ મા આ સાહેદ સિવિલ હોસ્પિટલમાં રેસીડન્ટ ડૉકટર તરીકે અભ્યાસ કરતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ ઘણા દર્દીઓને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ટ્રોમા સેન્ટરમાં લાવવામાં આવી રહયા હતા અને તે દર્દીઓને બોમ્બ બ્લાસ્ટમાં ઈજાઓ થયેલી હતી. આ સાહેદ ટ્રોમા સેન્ટર તરફ જતા હતા ત્યારે રસ્તામાં કોર્નર પાસે એક બ્લાસ્ટ થયેલો તેના કારણે આ સાહેદને ડાબા પગે અપર અને લોઅર લીમ્બમાં ઈજાઓ થયેલી અને લોહી નીકળવા લાગેલુ જેથી આ સાહેદ હોસ્ટેલ તરફ ગયેલા. તે દરમ્યાન બીજો પણ બ્લાસ્ટ થયેલો. ત્યારબાદ આ સાહેદે પ્લાસ્ટિક સર્જીરી વોર્ડમાં પ્રાથમિક સારવાર લીધેલી અને ત્યારપછી ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ગયેલા અને ત્યાં ઈજાઓવાળા ભાગેથી છરાઓ કાઢવામાં આવેલાનું જણાવેલ છે.

શાહીબાગ પોલીસ સ્ટેશનના આ બનાવમાં ઈજા પામનાર સાહેદ દિપકભાઈ બાબુભાઈ રાણાને આ કામે સાહેદ નં.૧૯૫ તરીકે આંક–૧૦૯૭ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાંજના સમયે આ સાહેદ સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરવાળી જગ્યાએથી પસાર થતા હતા ત્યારે ત્યાં એમ્બ્યુલન્સ આવતી હતી અને લોકોની ભીડ હતી. આ સાહેદ સાઇકલ ઉપર જતા હતા અને જગ્યા ન મળતા સાઇકલ ઉપરથી ઉતરી ગયેલા. તે વખતે એક બોમ્બ બ્લાસ્ટ થયેલો. તે દરમ્યાન આ સાહેદનુ શર્ટ સળગવા લાગેલુ જેથી આ સાહેદ દોડવા લાગેલા અને શર્ટ કાઢી નાખેલુ. આ સાહેદને દાઝવાના કારણે બંને હાથે, માથામાં અને પેટના ભાગે ઈજાઓ થયેલી. તેની સારવાર શારદા કલીનીક નામના દવાખાને લીધેલાનું જણાવેલ છે.

શાહીબાગ પોલીસ સ્ટેશનના આ બનાવમાં ઈજા પામનાર સાહેદ અશોકકુમાર કાન્તીભાઈ પંડ્યાને આ કામે સાહેદ નં.૧૯૮ તરીકે આંક–૧૧૦૦ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ જુલાઈ–૨૦૦૮ના અરસામાં આ સાહેદ સરદાર પટેલ ડાયમંડ માર્કેટમાં હીરાની દલાલીનું કામકાજ કરતા હતા. બનાવના દિવસે સાંજના છ વાગે આ સાહેદને જાણવા મળેલુ કે ડાયમંડ માર્કેટ પાસે તથા ધનવંતરિ હોસ્પિટલ પાસે બોમ્બ વિસ્ફોટ થયેલા છે. જેથી આ સાહેદ ધનવંતરિ હોસ્પિટલ ખાતે ગયેલા અને ત્યાં લોકોને દાખલ કરેલા હતા. આ બધાને એક સાથે સારવાર મળે તે માટે આ સાહેદ ધનવંતરિ હોસ્પિટલની એમ્બ્યુલન્સ લઈને સિવિલ હોસ્પિટલ ખાતે ગયેલા. સિવિલ હોસ્પિટલમાં ઈમરજન્સી વોર્ડવાળી જગ્યાએ એમ્બ્યુલન્સમાંથી કેટલાક માણસોને બહાર ઉતારેલા અને એક માણસ બાકી હતા તે વખતે એકદમ આગ લાગેલી તે આગ બોમ્બની આગ હતી. આ આગમાં આ સાહેદના કાન અને હાથ દાઝી ગયેલા. આગમાંથી ઉડેલ પતરૂ પગના નળા પાસે વાગેલુ અને નસ કપાઈ જતા લોહી નીકળવા લાગેલુ જેથી આ સાહેદ ભાગવા લાગેલા ત્યારે બીજો પણ એક ધડાકો થયેલો, ત્યાં લોહીની નદીઓ થઈ ગયેલી. લોકો નાસભાગ અને દોડાદોડી કરતા હતા ત્યારબાદ પોલીસવાળા ભાઈએ આ સાહેદને રીક્ષા કરી આપેલી અને આ

સાહેદ શારદાબેન હોસ્પિટલ ગયેલા અને ત્યાં સારવાર દરમ્યાન પગના નળામાંથી લોખંડની પટ્ટી કાઢેલી અને ત્યારપછી વધુ સારવાર ખાનગી દવાખાનામાં મેળવેલાનું જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ સમાજ સેવાનું કામ કરે છે તે કબૂલ કરે છે. જે આગ દેખાયેલી તે આગથી આંખો બળેલી નહીં તેમ જણાવલ છે. આગ જોતા આ સાહેદ જીવ બચાવવા દોડેલા તે કબૂલ કરે છે. બોમ્બ ધડાકોનો જોશથી અવાજ આવતા આ સાહેદને કાનમાં બહેરાશ આવી ગયેલી તે કબૂલ કરે છે. મારા મત પ્રમાણે આરોપીઓ તરફથી આ બંને કબૂલાત્મક પ્રશ્નો પુછેલા હોય તે ધ્યાને લેતા બોમ્બ ધડાકો થયેલો તે હકીકત આરોપીઓ તરફથી સ્વીકારીને ચાલવામાં આવે છે તેમ કહી શકાય. વધુ ઊલટતપાસ ધ્યાને લેતાં આ સાહેદને પોલીસે રીક્ષામાં બેસાડી દીધેલા તે હકીકત પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવી નથી તે કબૂલ કરે છે પરંતુ મારા મત પ્રમાણે પોલીસ રૂબરૂના નિવેદનમાં આ હકીકત લખાવી ન હોય તો તેનો અર્થ એવો નથી કે આ સાહેદ રીક્ષામાં બેસીને સારવાર માટે ગયેલા નથી.

શાહીબાગ પોલીસ સ્ટેશનના આ બનાવમાં ઈજા પામનાર સાહેદ મહેશભાઈ રમેશભાઈ સોલંકીને આ કામે સાહેદ નં.૯૯૨ તરીકે આંક–૬૯૨૯થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તેઓ જુલાઇ ૨૦૦૮ના અરસામાં સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે ટ્રોમા સેન્ટરમાં એક જગદિશભાઇ કે જેમનો સફાઇ કોન્ટ્રાકટ હતો તેમની સાથે કામ કરતા હતા. તેમની ફરજ સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરમાં હતી. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સાંજના સાડા સાત વાગ્યાની આસપાસ તેઓ ત્યા હાજર હતા. આ સમય દરમ્યાન અમદાવાદ શહેરમાં થયેલ બ્લાસ્ટમાં ઈજા પામનારને સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવતા હતા તે વખતે એક એમ્બ્યુલન્સ વાન આવેલી હતી અને તેમાથી કેટલાક પેશન્ટો ટ્રોમા સેન્ટરમાં આવતા હતાં. તે વખતે એક પેશન્ટને ગાડીમાંથી ઉતારી તેને સ્ટ્રેચરમાં બેસાડી તે સ્ટ્રેચરને ધકકો મારી ટ્રોમા સેન્ટરમાં લઇ જતા હતા ત્યારે ટ્રોમા સેન્ટરથી થોડે દુર તેમની પાછળના ભાગે બોમ્બ ધડાકો થયેલો. જે ધડાકાને કારણે બહેરાશ આવી ગયેલી અને ધડાકાથી ધુમાડાના ગોટા થઇ ગયેલા હતા અને આગ લાગેલી હતી.

લોકો બુમાબુમ કરી નાસભાગ કરવા લાગેલાં. કેટલાક માણસોને વાગેલું હતુ અને કેટલાકને લોહિ નિકળતુ હતુ અને કેટલાક માણસો મરી ગયેલા અને તેઓ ખોડીયાર મંદિર તરફ દોડેલો. બોમ્બ ધડાકામાં સાહેદને માથાના પાછળના ભાગે તથા બંને પગે ઈજાઓ થયેલી અને લોહી નિકળેલું હતું. તે વખતે એક એમ્બ્યુલન્સને લોકોએ ઉભી રખાવેલી અને તેમા બેસાડેલો અને ખાનગી દવાખાનામાં લઈ ગયેલા અને ત્યાં પ્રાથમિક સારવાર કરાવેલી. ત્યારબાદ વધુ સારવાર માટે શારદાબેન હોસ્પિટલમાં ગયેલાનું જણાવેલ છે.

શાહીબાગ પોલીસ સ્ટેશનના આ બનાવમાં ઈજા પામનાર સાહેદ પવન અશોકકુમાર પંજાબીને આ કામે સાહેદ નં.૪૧૪ તરીકે આંક–૨૩૬૧થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સાંજના સમયે કલાપીનગરમાં ગલ્લા ઉપર મસાલો ખાવા ગયેલા ત્યારે આજ તક ચેનલ દ્વારા જાણેલુ કે બાપુનગરમાં બોમ્બ બ્લાસ્ટ થયા છે. જેથી આ સાહેદ તેમનુ હોન્ડા લઈને એમ.એલ.એ. ચોકી તરફ ગયેલા અને રસ્તામાં ચા પીવા ઉભા રહેલા ત્યારે તેમનો મિત્ર વિપુલ પટેલને એમ્બ્યુલન્સની પાછળ પાછળ જતા જોયેલો જેથી આ સાહેદે તેને રોકીને પુછેલુ કે તું કયાં જાય છે તો તેને જણાવેલુ કે હું સેવામાં જઈ રહયો છું. તેની સાથે એક બીજા ભાઈ પણ હતા જેથી આ સાહેદ પણ તેઓની સાથે સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટર ખાતે ગયેલા. આ સાહેદે પોતાનું વાહન ટ્રોમા સેન્ટરની બાજુમાં ઝાડ પાસે મુકેલુ અને દર્દીઓની સેવામાં હતા ત્યારે ટ્રોમા સેન્ટરની આગળ એમ્બ્યુલન્સમાં બ્લાસ્ટ થયેલો અને આ એમ્બ્યુલન્સ બળી ગયેલી જેથી આ સાહેદ ત્યાં બેસી ગયેલા. આ સાહેદનો શરીરનો અમુક હિસ્સો અને ચામડી બહાર નીકળેલો જેથી આ સાહેદ ખોડીયાર મંદિર તરફ ગયેલા અને ત્યાં પ્રદિપસિંહ જાડેજાને મળેલા. ત્યારબાદ આ સાહેદનો ભાઈ મહેન્દ્ર પણ મળેલો તે પણ ઈજાગ્રસ્ત હતો. મહેન્દ્રને આ બ્લાસ્ટમાં શરીરે બંને હાથ બળી ગયેલા હતા, કાનનો એક હિસ્સો, પીઠનો ભાગ પણ બળી ગયેલો હતો. જેથી સારવાર માટે ડૉ.ગોદાણીને ત્યાં દાખલ કરેલા અને વધુ સારવાર સિવિલ હોસ્પિટલમાં કરાવેલાનું જણાવેલ છે.

શાહીબાગ પોલીસ સ્ટેશનના આ બનાવમાં ઈજા પામનાર સાહેદ અંકીત રશ્મીકાન્ત પટેલને આ કામે સાહેદ નં.૪૧૨ તરીકે આંક–૨૩૫૯થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સાંજના સમયે અમદાવાદમાં કેટલાક બોમ્બ ધડાકા થયેલાના સમાચાર ટીવીના માધ્યમથી જાણેલા અને આ ઘટનાના કારણે ઈજાગ્રસ્તોને સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવશે તેથી આ સાહેદ તથા તેમની સંસ્થાના બીજા માણસો ઈજાગ્રસ્તોને મદદરૂપ થવા માટે વાહનો લઈને સિવિલ હોસ્પિટલે પહોંચેલા. આ સાહેદ તથા બીજા માણસો સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટર પાસે દર્દીઓને મદદ કરી રહ્યા હતા તે વખતે દિવાલની નજીક એક બોમ્બ ધડાકો થયેલો. આ બોમ્બ ધડાકાના કારણે ઘણા લોકોને ઈજાઓ થયેલી અને આગ લાગવાથી પણ ઈજાઓ થયેલી. આ સ્થળે લોકામાં નાસભાગ થયેલી, બુમાબુમ અને ચીસોથી વાતાવરણ ગંભીર થઈ ગયેલુ. બોમ્બ ધડાકાના કારણે આગ લાગવાથી ત્યાં પડેલા વાહનોને આગ લાગીને નુકસાન થયેલુ. સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરની કાચની બારીઓ તુટી ગયેલી. આ સાહેદનું બાઈક કે જે ટ્રોમા સેન્ટરની બાજુમાં આવેલા ઝાડ પાસે હતુ તે સંપૂર્ણ નાશ પામેલાનું જણાવેલ છે.

શાહીબાગ પોલીસ સ્ટેશનના આ બનાવમાં ઈજા પામનાર મનીષભાઈ બચુભાઈ સોલંકી, રીટાબેન ચાવડા, શાંતીગીરી, બચુભાઈ ભગાજી ભીલ, મહેન્દ્ર અશોક, ભીખાભાઈ રણછોડભાઈ પટેલનાઓ મળી આવતા ન હોય ફરિયાદપક્ષે તેઓને તપાસેલા નથી.

ઉપરોકત ઈજા પામનારાઓ કલીબેન નાગજીભાઈ રબારી , વિજયભાઈ હીમાભાઈ લખવાર, બાબુભાઈ ગણેશભાઈ માળી, ધીરજલાલ અમૃતલાલ સોલંકી, મહેશભાઈ પુનમભાઈ સોલંકી, મનસુખભાઈ પોપટભાઈ ભીમાણી, રાવજીભાઈ મંગળભાઈ ચૌહાણ, જયશ્રીબેન જગદીશભાઈ વાઘેલા, પ્રકાશ છગનભાઈ વાઘાણી, દિપક બાબુભાઈ રાણા, અશોકકુમાર કાન્તીભાઈ પંડયા, વીનુભાઈ રણછોડભાઈ રાવલ, મહેશભાઈ રમેશભાઈ સોલંકી, મનીષભાઈ બચુભાઈ સોલંકી, રીટાબેન ચાવડા, શાંતીગીરી, બચુભાઈ ભગાજી

ભીલ, મહેન્દ્ર અશોક, ભીખાભાઈ રણછોડભાઈ પટેલનાઓએ પણ પોતાને થયેલ ઈજાઓ અંગેની સારવાર લીધેલી. પરંતુ તેઓ પૈકી ઈજા પામનાર કલીબેન નાગજીભાઈ રબારીનાઓની સારવારનું પ્રમાણપત્ર ફરિયાદપક્ષ દ્વારા રજૂ થતા આરોપીઓ તરફથી તે કબૂલ કરવામાં આવેલુ છે તેને આંક–૭૧૨૦ આપવામાં આવેલ છે. આ તમામ પ્રમાણપત્રો ધ્યાને લેતા ઉપરોકત ઈજા પામનારાની સારવાર કરનાર ડૉકટરે તેમાં સહી કરેલી હોવાનું માલુમ પડે છે.

(૨૮.૦૩) **<u>અમદાવાદ શહેરના શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ ના કામે બનાવને સમર્થન માટે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકનઃ–</u>**

આમ, શાહીબાગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં શાહીબાગ સિવિલ હોસ્પિટલ, ટ્રોમા સેન્ટરની સામે આવેલ વાહન પાર્કીંગ તેમજ ટ્રોમા સેન્ટરના મુખ્ય ઝાંપા પાસે પૂર્વ તરફની દીવાલ સામે ખુલ્લી જગ્યામાં જે બોમ્બ બ્લાસ્ટ થયેલા છે તે માટે ફરિયાદપક્ષ દ્વારા નટવરભાઈ ડુંગરભાઈ પરમારને સાહેદ નં.૭૪૬ તરીકે આંક–૩૫૩૩ થી તપાસવામાં આવેલા છે. તેઓ તેમની સરતપાસ જણાવેલ છે કે તેઓ હોમગાર્ડ તરીકે ૧૯૯૩થી ફરજ બજાવે છે. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ રાબેતા મુજબ ફરજ પર હતા ત્યારે સવા સાત વાગ્યાની આસપાસ ૧૦૮ તથા બીજી એમ્બ્યુલન્સ વાનો ટ્રોમા સેન્ટર આગળ આવતી હતી અને પેશન્ટોને સારવાર માટે લાવવામાં આવતા હતા. પેશન્ટો પાસેથી જાણવા મળેલ કે બાપુનગર તથા બીજા વિસ્તારોમાં બોમ્બ બ્લાસ્ટ થયેલ અને ઈજા પામનાર લોકોને સારવાર માટે લાવવામાં આવતા હતા. તે દરમ્યાન ટ્રોમા સેન્ટરના બહારના ભાગે ઢાળ ઉતરતા એમ્બ્યુલન્સની પાછળના ભાગે દિવાલ પાસે એક મોટો ધડાકો થયેલો, ત્યાં આગ ફાટી નીકળેલ અને લોકોમાં નાસભાગ થયેલા અને લોકો સળગવા લાગેલા અને ઈજા પામેલ અને ગંભીર રીતે ઘવાયેલા અને આજુબાજુ ભાગદોડ મચી ગયેલાનું જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી ઋષભ ભરતભાઈ મહેતાને સાહેદ નં.૬૦૧ તરીકે આંક–૩૨૨૮ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ

પ્રમાણે જુલાઈ–૨૦૦૮ના અરસામાં બી.જે.મેડીકલ કૉલેજમાં એમ.બી.બી. એસ. પુરૂ કર્યા પછી ઈન્ટરશીપ કરતા હતા. સાહેદે તેમની માતાની માલીકીની મારૂતી વેગન આર કાર રાખતા હતા. સાહેદને સુરત જવાનું હોવાથી તા.૨૪/૭/ ૨૦૦૮ નાં રોજ તેમની ગાડી પી.જી.હોસ્ટેલની દિવાલ પાસે ટ્રોમા સેન્ટરની બાજુમાં પાર્ક કરેલી હતી. તા.૨૯/૭/૨૦૦૮ નાં રોજ સાહેદ અમદાવાદ પરત આવેલા ત્યારે તેના મિત્ર નિકુંજે જણાવેલ કે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ બોમ્બ ધડાકામાં ગાડીના કારના કાચ તુટી ગયેલા અને વ્હિલમાંથી હવા પણ નીકળી ગયેલાનું જોયેલાનું જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદે જોયુ ત્યારે કારના આગળના તેમજ ડાબી બાજુના કાચ તુટેલા હતા તેમજ લોક તુટેલુ હતુ અને એક ટાયરમાંથી હવા નીકળી ગયેલી હતી આ સિવાય બીજુ કોઈ નુકસાન થયુ ન હતુ તે કબૂલ કરે છે. આ પ્રશ્નનો અર્થ એવો થાય કે આ સાહેદે જે ગાડી જોયેલી તે કારના કાચ અને લોક તુટેલા હતા જેથી આ બનાવ બનેલો છે તે હકીકત સ્પષ્ટ બને છે અને બનાવ બનેલો માટે જ આ સાહેદની કારને નુકસાન થયેલુ છે. કારને બ્લાસ્ટથી નુકસાન થયેલાની હકીકત આ સાહેદના મિત્ર થકી જાણેલાનું કબૂલ કરે છે. બનાવ વખતે આ સાહેદ હાજર ન હતા માટે સ્વાભાવિક છે કે ચોકકસપણે કહી શકે નહીં પરંતુ મિત્ર દ્વારા જાણેલુ છે. આ સિવાય આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા આ સાહેદ કયા રહે છે, પી.જી.ની હોસ્ટેલ અલગ હતી તે, આ સાહેદની માતાને તાવ આવતો હોવાથી તે વિગેરે બાબતે પ્રશ્નો પુછેલા છે જે બનાવની હકીકત સાથે સુસંગત નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી રોહીતસિંહ લક્ષ્મણસિંહ વાઘેલાને સાહેદ નં.૪૬૮ તરીકે આંક–૨૮૭૫ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તા.૨/૮/૨૦૦૮ નાં રોજ મદદનીશ પોલીસ કમિશનર મુલીયાણા સાહેબ તરફથી યાદી મળેલી જે યાદીમાં તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ બોમ્બ બ્લાસ્ટમાં ઈજા પામનાર દર્દીઓના સારવાર પ્રમાણપત્રો શારદા કલીનીક હોસ્પિટલ તથા આનંદ સર્જીકલ હોસ્પિટલમાથી લાવીને રજુ કરવા જેથી યાદી આધારે આ સાહેદ બંને હોસ્પિટલ ખાતે ગયેલા અને એક પ્લાસ્ટિકની પારદર્શક

થેલી સ્ટેપલર પીન મારેલી શારદા કલીનીકમાંથી મેળવેલી તથા ત્રણ પ્લાસ્ટિકની થેલી આનંદ સર્જીકલ હોસ્પિટલમાંથી મેળવીને મુલીયાણા સાહેબને બે પંચોની હાજરીમાં પંચનામુ કરીને સોંપેલાનું જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી દત્તાત્રેય અબ્બા સાબળેને સાહેદ નં.૪૬૯ તરીકે આંક–૨૮૭૬ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે ૨૦૦૩ થી ૨૦૧૩ ના સમય દરમ્યાન શાહીબાગ પોલીસ સ્ટેશનમાં વન ગાડીના ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેઓ ફરજ પર હતા અને સીનીયર પોલીસ ઈન્સ્પેકટર પરમાર સાથે હનુમાન કેમ્પ ખાતે ભીડ થતી હોવાથી બંદોબસ્તમાં હતા તે દરમ્યાન અમદાવાદમાં બોમ્બ વિસ્ફોટ થયેલા તેથી શાહીબાગ સિવિલ હોસ્પિટલ ખાતે હાજર થયેલા. તે દરમ્યાન સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટર ખાતે બોમ્બ વિસ્ફોટ થયેલો તે વખતે ત્યાં આગની જવાળાઓ નીકળતી હતી અને ઘણા માણસો ત્યાં ઘાયલ થયેલા તેમજ ટ્રોમા સેન્ટર સામે કેટલાક માનવ અંગો પડેલા જોયેલા, ઘણા માણસો મૃત્યુ પામેલ હતા. પરમાર સાહેબ અને સ્ટાફના માણસોએ ઘાયલોને હોસ્પિટલમાં મોકલવા તજવીજ કરેલી તે વખતે માણસોની ભીડ ખૂબ જ હોવાથી ભીડ દુર કરવામાં આવેલી હતી તથા ટ્રોમા સેન્ટરને નુકસાન થયેલુ અને બારીઓના કાચ તુટી ગયેલા હતા અને કેટલાક ઝાડની ડાળીઓ આગથી બળી ગયેલાનું જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી દિલીપકુમાર લક્ષ્મણરાવ માળીને સાહેદ નં.૪૭૩ તરીકે આંક–૨૮૮૦ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે ૨૦૦૬ થી ૨૦૧૦ ના સમય દરમ્યાન શાહીબાગ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા તે દરમ્યાન જુલાઈ–૨૦૦૮ ના અરસામાં ચાર્જ અમલદાર તરીકે પણ ફરજ બજાવેલી હતી. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ કલાક ૨૦.૦૦ વાગે ફરજ પુરી થયેલી અને તેમના રીલીવર તરીકે જેશંગભાઈ આવી જતા આ સાહેદ ઘરે ગયેલા. તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ સવારના કલાક ૮.૦૦ વાગે ફરજ પર હાજર થયા ત્યારે દરિયાપુર પોલીસ સ્ટેશનના પોલીસ સબ

ઇન્સ્પેકટર વાઘેલા તથા નાડીયાનાઓએ જે પંચનામા કરેલા હતા અને પંચનામાની વિગતે મુદ્દામાલ મળતા આ સાહેદે મુદ્દામાલ પાવતી નં.૧૫૫/૨૦૦૮ થી ૧૫૭/૨૦૦૮ સુધીની ફાડેલી. આ ઉપરાંત મદદનીશ પોલીસ કમિશનર મુલીયાણા સાહેબે સિવિલ હોસ્પિટલ ટ્રોમા સેન્ટર પાસે થયેલ બોમ્બ બ્લાસ્ટની જગ્યાનું પંચનામુ કરી મુદ્દામાલ કબજે કરેલો તે મુદ્દામાલ રજૂ થતા પાવતી નં.૧૬૧/૨૦૦૮ તા.૨૭/૭/૨૦૦૮ ફાડેલી, જે અસલ પાવતી આ સાહેદે ઓળખી બતાવેલી છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી શીવલાલ રેવનદાસ રાવતને સાહેદ નં.૪૭૬ તરીકે આંક-૨૮૮૬થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે સને-૨૦૦૮ થી ૨૦૦૯ દરમ્યાન સરદારનગર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા. તે દરમ્યાન તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ કુબેરનગર મૈત્રી હોસ્પિટલમાંથી વર્ધીના આધારે જઈને તપાસ કરેલી. જેમાં દિનેશભાઈ ઉપાધ્યાય, મનિષ સોલંકીનાઓ સારવાર હેઠળ હતા. જેઓને બનાવ બાબતે પુછતા સિવિલ હોસ્પિટલ ટ્રોમા વોર્ડમાં થયેલ બોમ્બ બ્લાસ્ટના કારણે દાઝી ગયેલ છે તેમ જણાવેલુ જેથી તેઓ બંનેના નિવેદનો લઈ વધુ તપાસ અર્થે કાગળો શાહીબાગ પોલીસ સ્ટેશનને મોકલી આપેલાનું જણાવેલ છે.

આમ, શાહીબાગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં શાહીબાગ સિવિલ હોસ્પિટલ, ટ્રોમા સેન્ટરની સામે આવેલ વાહન પાર્કીંગ તેમજ ટ્રોમા સેન્ટરના મુખ્ય ઝાંપા પાસે પૂર્વ તરફની દીવાલ સામે ખુલ્લી જગ્યામાં તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ કલાક ૧૯.૩૦ થી ૧૯.૪૫ વાગે મારૂતી વેગન આર નં.જીજે-૧-સીડી-૯૭૧૮ જેનો સાચો નં.એમએચ-૦૫-૯૭૧૮ માં બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલો અને આ બોમ્બ બ્લાસ્ટમાં કુલ-૩૭ માણસ મરણ ગયેલ અને ૮૯ માણસોને ઈજાઓ થયેલી તેમજ ત્યાં સરકારી અને ખાનગી વાહનોને પણ ઘણુ નુકસાન થયેલુ તથા સિવિલ હોસ્પિટલની ઈમારતને પણ ઘણા મોટા પાયે નુકસાન થયેલાની હકીકત ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા ઉપરોકત તમામ પુરાવા ઉપરથી સાબિત થાય છે તેમ હું માનુ છું.

(૨૯) **<u>અમદાવાદ શહેરના ખાડીયા પોલીસ સ્ટેશનની હકૂમતના વિસ્તારમાં સાઇકલ ઉપર બોમ્બ પ્લાન્ટેશન કરી બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલ તે બનાવ પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન.</u>**

- વિસ્તાર:- ખાડીયા પોલીસ સ્ટેશનની હદમાં
- સ્થળ:- ૧. એમ. નારાયણદાસ એન્ડ કંપની નામની દવાની દુકાનની બાજુમાં, રાયપુર ચકલા.
  ૨. ગોખલે પાન હાઉસની આગળ,રાયપુર ચકલા.
  ૩. મિલન કિરાણા સ્ટોર્સ નામની દુકાન આગળ,સારંગપુર ચકલા.
- તારીખ:- ૨૬/૭/૨૦૦૮
- સમય:- કલાક ૧૮.૩૦ (સાંજે)
- ગુના રજીસ્ટર નં.ફર્સ્ટ ૭૧/૨૦૦૮
- મરણ જનારની સંખ્યા:- ૦૫(પાંચ)
- ઈજા પામનારની સંખ્યા:- ૪૬ (છેંત્તાલીસ)
- બનાવમાં વપરાયેલ વાહનઃ- સાઇકલ

તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ ખાડીયા પોલીસ સ્ટેશનની હકુમતમાં આવેલ જુદા-જુદા વિસ્તાર (૧) એમ. નારાયણદાસ એન્ડ કંપની નામની દવાની દુકાનની બાજુમાં, રાયપુર ચકલા (૨) ગોખલે પાન હાઉસની આગળ, રાયપુર ચકલા તથા (૩) મિલન કિરાણા સ્ટોર્સ નામની દુકાન આગળ, સારંગપુર ચકલા ઉપર સાઇકલો મુકીને સાઇકલો ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલા. તેની ફરિયાદ હિતેષ રમેશચંદ્ર રાણાનાઓએ સીનીયર પોલીસ ઇન્સ્પેકટર ખાડીયા પોલીસ સ્ટેશન સમક્ષ લખાવેલી. આ ફરિયાદીને ફરિયાદપક્ષ દ્વારા સાહેદ નં.૨ તરીકે આંક-૪૮૬ થી તપાસવામાં આવેલા છે. તેઓ પોતાની

સરતપાસમાં જણાવેલ છે કે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સાંજના આશરે ૬.૩૦ વાગ્યાના સુમારે તેમનો દીકરો સ્નેહલ ટ્યુશને ગયેલ હતો તેને લેવા માટે સારંગપુર ગોલવાડમાં ગયેલા અને તેમના દીકરાને ટ્યુશનેથી લઈ ઘર તરફ આવતા હતા ત્યારે સાંજના આશરે ૬.૩૫ નો સમય થયો હશે. આ સાહેદ તથા તેમનો દીકરો રાયપુર ચકલા પોલીસ ચોકી પસાર કરીને એમ. નારાયણદાસ નામની એક દવાની દુકાન પાસે આવેલા ત્યારે એક લારી ઉભી હતી તે લારીની બાજુમાં એક ધડાકો થયેલો. આ સાહેદને એવુ લાગેલુ કે ગેસનો બોટલ ફાટયો છે પરંતુ કેળાની લારીવાળા કાકાને ખ્યાલ આવી ગયેલો કે બોમ્બ ફુટયો છે. ત્યાં બધા બોલવા લાગ્યા કે "બોમ્બ ફુટયો બોમ્બ ફુટયો". આ સાહેદ રોડની બાજુમાં જતા રહેલા તે દરમ્યાન બીજો બોમ્બ ધડાકો ગોખલે પાન હાઉસ કે જે પોલીસ ચોકીની સામે આવેલ છે ત્યાં થયેલો અને આ ધડાકામાં આ સાહેદને તથા તેમના દીકરા સ્નેહલને ઈજાઓ થયેલી. આ સાહેદને જમણા પગે સાથળના ભાગે તથા ડાબા પગે ઘુટણમાં વાગેલુ જેથી લોહી નીકળવા લાગેલુ તેમનો દીકરો સ્નેહલ નીચે પડી ગયેલો, તેને પેટના ભાગમાં, ગુપ્ત ભાગે, સાથળના ભાગે છરાઓ વાગવાથી ઈજાઓ થયેલી. આ વખતે ત્યાં ખૂબ જ ભીડ ભેગી થયેલી. ત્યારબાદ આ સાહેદ તથા તેમના દીકરાને અશોકભાઈ ભીખાભાઈ રાણા તથા બીજાઓ વી.એસ. હોસ્પિટલે સારવાર માટે લઈ ગયેલા. ત્યાં જાણવા મળેલુ કે આ બનાવમાં ઘણા લોકો ઈજાગ્રસ્ત થયેલા છે. આ બનાવ અંગેની ફરિયાદ વી.એસ. હોસ્પિટલમાં પોલીસ ઇન્સ્પેકટર ખાડીયા પોલીસ સ્ટેશન સમક્ષ લખાવેલી, તે ફરિયાદ આ કામે આંક–૪૮૭ થી રજૂ છે અને ફરિયાદમાં પોતાની સહી ઓળખી બતાવે છે. સદર આંક–૪૮૭ વાળી ફરિયાદમાં આ બનાવમાં કોણ ગુજરી ગયુ છે અને કેટલા માણસોને ઈજા થયેલાનું તે વખતે જાણવા મળેલુ તે હકીકત પણ પોતાની ફરિયાદમાં લખાવેલી છે અને ખાડીયા વિસ્તારમાં જુદી–જુદી જગ્યાઓ ઉપર સાઇકલો ઉપર બોમ્બ મુકી રાયપુર ચકલામાં બે તથા સારંગપુર ચકલામાં એક વિસ્ફોટ કરેલા હોવાની હકીકત પણ આ સાહેદે પોતાની ફરિયાદમાં વિગતવાર લખાવેલી છે.

ફરિયાદી હિતેષ રમેશચંદ્ર રાણાનાઓએ ઉપરોકત ફરિયાદ જેની સમક્ષ લખાવેલી તે ફરિયાદ લેનાર પ્રદિપભાઈ ગીજુભાઈ પટેલ હતા તેઓને ફરિયાદપક્ષે આ કામે સાહેદ નં.૭૦૨ તરીકે આંક–૩૪૪૪ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ ખાડીયા પોલીસ સ્ટેશનમાં સને ૨૦૦૮ ની સાલમાં પોલીસ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ ખાડીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં જુદી–જુદી ત્રણ જગ્યાઓ ઉપર બોમ્બ ધડાકા થયેલાની હકીકત તેમને જાણવા મળેલી, જેમાં ઘણા માણસોને ઈજા થયેલી. જે જગ્યા ઉપર બોમ્બ ધડાકા થયેલા તે જગ્યાઓમાં (૧) એમ. નારાયણદાસ એન્ડ કંપની નામની દવાની દુકાનની બાજુમાં, રાયપુર ચકલા, (૨) ગોખલે પાન હાઉસની આગળ, રાયપુર ચકલા તથા (૩) મિલન કિરાણા સ્ટોર્સ નામની દુકાન આગળ, સારંગપુર ચકલા હતા. ત્રણેય જગ્યાઓનું નિરીક્ષણ કરેલુ. ઘણા ઈસમોને સામાન્ય તેમજ ગંભીર ઈજાઓ થયેલી. ત્રણેય બનાવવાળી જગ્યા સ્ટાફના માણસોએ કોર્ડન કરેલી, ઈજા પામનારાઓને ૧૦૮ એમ્બ્યુલન્સમાં તેમજ ખાનગી વાહનોમાં વી.એસ. હોસ્પિટલ તેમજ એલ.જી. હોસ્પિટલમાં સારવાર માટે મોકલેલા. ત્યારબાદ વી.એસ. હોસ્પિટલમાં જઈ બોમ્બ ધડાકામાં ઈજા પામનાર હિતેષ રમેશચંદ્ર શાહનાઓની પુછપરછ કરીને તેઓના લખાવ્યા મુજબની ફરિયાદ લખી લીધેલી. આ સાહેદે ફરીયાદીની જે ફરિયાદ લીધેલી તે આંક–૪૮૭ વાળી ફરિયાદમાં ફરીયાદીની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે. વધુમાં આ સાહેદના કહેવા પ્રમાણે આ ગુનાની તપાસ તેમને સંભાળેલી, બનાવવાળી જગ્યાએ એફ.એસ.એલ. તેમજ બી.ડી.એસ. ટીમને બોલાવવાની તજવીજ કરેલી. ત્યારબાદ એમ. નારાયણદાસ મેડીકલ સ્ટોર પાસે જેમાં શૈલેષભાઈ ધનજીભાઈ ચુનારાઓએ જગ્યા બતાવેલી તે જગ્યાએ સાઈકલ કે જે હીરો જેટ કંપનીની હતી તે તથા આજુબાજુના રોડ ઉપર અર્ધ બળેલા કાપડના ટુકડા તથા નાના છરા જણાયેલા. ત્યારબાદ બાજુમાં આવેલી જગ્યા કે જયાં બીજો બોમ્બ ધડાકો થયેલો તે જગ્યા ગોખલે પાન હાઉસવાળી હર્ષદભાઈ નવિનચંદ્ર પંડયાએ બતાવેલી. તે જગ્યાએ પણ હીરો

કંપનીની કાળા કલરની સાઇકલ પડેલી હતી જેમા તાંબાની પટ્ટી, લાકડાની પટ્ટી, કાપડના નાના મોટા ટુકડા તથા લોખંડના છરા વિગેરે પડેલ હતા. ત્યારબાદ ત્રીજી જગ્યા સારંગપુર ચકલામાં રાજેશભાઈ મનહરભાઈ કાયસ્થે બતાવેલી જે જગ્યા મિલન કિરાણા સ્ટોર પાસે આવેલી હતી. ત્યાં પણ અર્ધ બળેલા કાપડના ટુકડા, લોખંડના છરા, હીરો કંપનીની સીલ્વર કલરની સાઇકલ પડેલી હતી. આ ત્રણેય જગ્યાઓનું નિરીક્ષણ કરેલુ. એફ.એસ. એલ. અધિકારી જગદીશ શર્મા ત્યાં આવી ગયેલા અને ત્રણેય જગ્યાઓનું બે પંચોની હાજરીમાં પંચનામુ કરેલ અને તે મુદ્દામાલ ઉપર પંચોની સહીઓવાળી સ્લીપો લગાવી તપાસ અર્થે કબજે કરેલ. જે પંચનામુ પંચોની હાજરીમાં બનાવેલુ તે આ કામે આંક–૧૭૧૮ થી રજૂ કરેલુ છે. આ પંચનામા મુજબ બનાવવાળી ત્રણેય જગ્યા ઉપરથી કુલ–સાત આર્ટીકલ પંચનામાની વિગતે કબજે કરેલા. આંક–૧૭૧૮વાળા પંચનામામાં આ સાહેદ પંચોની તથા પોતાની સહીઓ ઓળખી બતાવે છે. મુદ્દામાલ ઉપર લગાવેલી પંચ સ્લીપોમાં આ સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે, આ પંચ સ્લીપો આ કામે આંક–૧૭૧૯ થી ૧૭૨૫ સુધી રજૂ કરેલી છે. વધુમાં આ સાહેદના કહેવા પ્રમાણે ફરીયાદીએ લખાવેલી ફરિયાદ પી.એસ.ઓ. ખાડીયાને પોતાના રીપોર્ટ સાથે મોકલી આપેલી જે રીપોર્ટ આ કામે આંક–૬૧૫ થી રજૂ કરેલો છે જેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

આ ઉપરાંત એફ.એસ.એલ. અધિકારીને સ્થળ ઉપર બોલાવવા જે યાદી લખેલી તે યાદી આંક–૩૪૪૫ થી રજૂ છે, તેમાં પણ આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે તથા આંક–૧૭૧૮ વાળા પંચનામાની વિગતે જે મુદ્દામાલ કબજે કરેલો તે મુદ્દામાલ પણ અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે.

આ ઉપરાંત આ સાહેદે સારંગપુર ચકલામાં થયેલા બોમ્બ બ્લાસ્ટમાં કુલ પાંચ ઈસમો જેમાં ચાર પુરૂષ અને એક સ્ત્રીનુ મોત નીપજેલુ તથા વીસ માણસોને ઈજાઓ થયેલી. જેમાં મરણ જનાર સબરીદેવીની લાશનું શબ પરિક્ષણ કર્યા બાદ ડૉકટરે મેળવેલા કપડા જેવા કે લીલા કલરની બાંધણી, સફેદ કલરનો

બ્લાઉઝ, પોલીસ્ટરનો ચણીયો, આસમાની કલરનો જાંગીયો તથા ગુજરનારનું બ્લડ સેમ્પલવાળી બોટલ પોલીસ સબઇન્સ્પેકટર પાંડોર સાહેબે લાવીને રજૂ કરેલ તે પણ આ સાહેદ પંચનામાની વિગતે કબજે કરેલ. જે પંચનામુ આંક–૨૧૩૩ માં સાહેદે પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ ફરિયાદ લીધા બાદ સાહેદ પ્રદિપભાઈ ગીજુભાઈ પટેલે ગુનો રજીસ્ટર કરવા માટે પી.એસ.ઓ. ખાડીયાને મોકલી આપેલી અને પી.એસ.ઓ. ખાડીયાનાઓએ આ ફરિયાદને સ્ટેશન ડાયરીમાં રજીસ્ટર કરેલી, તે સ્ટેશન ડાયરીની નકલ આ કામે આંક–૬૦૮ થી રજૂ કરેલી છે. તે રજીસ્ટર કરનાર સાહેદ અમરસિંહ શાભાઈનાઓને સાહેદ નં.૩૨ તરીકે આંક–૩૦૭ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લેતા તેઓ બનાવના દિવસે પી.એસ.ઓ. તરીકે ખાડીયા પોલીસ સ્ટેશનમાં ફરજ ઉપર હતા ત્યારે એક સુચી પત્ર પટેલની સહીથી મોકલવામાં આવેલુ અને તે આધારે ગુનો નોંધેલો જેને સ્ટેશન ડાયરી એન્ટ્રી નં. ૧૯ આપેલી. ત્યારબાદ શ્રી પટેલે આપેલ સુચી પત્રના પાછળના ભાગે આ ગુનાની વધુ તપાસ તેઓને સોંપવાનો હુકમ કરેલો જે હુકમમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ કામે ફરિયાદી હિતેષ રમેશચંદ્ર રાણાની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલી છે તે ધ્યાને લેતા તેઓ તથા તેમનો દીકરો ટયુશનમાંથી સીધા ઘર તરફ આવવા નીકળેલા તો તે હકીકત કબૂલ કરે છે. ગોખલે પાન હાઉસ પાછા વળતા આ સાહેદની સાઈડ ઉપર ન આવે તો તે હકીકત નકારી છે. આ સાહેદ સ્થળ ઉપર હતા તેવા કોઈ સાહેદને ઓળખી શકે નહીં તો તે હકીકત નકારી છે. ફરિયાદમાં સહી કરતા પહેલા ફરિયાદ વાચેલી નહીં તો તે કબૂલ કરે છે. ગેસનો ધડાકો થયો છે તેવી હકીકત પોલીસને જણાવી નથી તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદ સામાન્ય વ્યકિત છે એકદમ આવો ધડાકો કોઈક લારી પાસે થાય તો સ્વાભાવિક છે કે ગેસનો બોટલ ફાટયો હશે તેવુ લાગે, બોમ્બ બ્લાસ્ટ થયો હશે તેવી કોઈને શંકા પણ ન જાય. વધુ ઊલટતપાસ ધ્યાને લેતાં ફરીયાદની નકલ આ સાહેદની મળેલી નહીં તેમ જણાવે છે પરંતુ ફરિયાદની

નકલ ન મળી હોય તેથી કરીને આ સાહેદે ફરિયાદ આપી નથી તેમ કહેવાય નહીં. ફરિયાદ આપી ત્યારે તેમના સાળા ચેતનભાઈ વી.એસ. હોસ્પિટલમાં હાજર હતા તે કબૂલ કરે છે અને તેઓની પુછપરછ પોલીસે કરી નથી તેમ જણાવે છે. મારા મત પ્રમાણે ન જ કરી હોય કારણ કે આ ચેતનભાઈ બનાવ વખતે સ્થળ ઉપર હતા જ નહીં. ફરીયાદની હકીકતો પોલીસના કહેવાથી લખાવેલાની હકીકત નકારે છે. બોમ્બ ધડાકો થયો ત્યારે લોકો એમ સમજેલા કે ગેસનો ધડાકો થયો છે તેથી જોવા ગયેલા પરંતુ પાછળથી ખબર પડેલી કે બોમ્બ ફુટયો છે. બીજા ધડાકા વખતે દોડતા દોડતા જતા હતા ત્યારે આ સાહેદને તથા તેમના દીકરાને વાગી ગયેલુ તો તે કબૂલ કરે છે. આ હકીકતનો અર્થ એવો થાય કે પ્રથમ ધડાકો થયેલો અને આ સાહેદ તેમના દીકરા સાથે દોડીને જતી વખતે બીજો ધડાકો થતા તેમને ઈજા થયેલાનું આરોપીઓ તરફથી કબૂલ કરવામાં આવેલ છે. આ સાહેદે પોલીસને એવુ જણાવેલુ નથી કે બનાવમાં સાઇકલો તથા અન્ય વાહનોને નુકસાન થયેલુ છે, પરંતુ મારા મત પ્રમાણે આ બનાવના સાહેદને ઈજા થયેલી હતી તેથી તેઓને તરત જ સારવાર માટે લઈ જવામાં આવેલા, કયા વાહનોને કેટલુ નુકસાન થયેલુ તે આ સાહેદ કહી શકે નહીં અને નુકસાન જોયેલુ પણ ન હોય.

ફરિયાદ લેનાર સાહેદ પ્રદિપભાઈ ગીજુભાઈ પટેલની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલ છે તે ધ્યાને લેતાં ધડાકાની જાણ થતા આ સાહેદ ૩ થી ૪ મિનિટમાં ગુનાના સ્થળે પહોંચેલા તેમ જણાવે છે. ત્રણેય બનાવના સ્થળ ૨ થી ૭ મિનિટના અંતરે આવેલા છે તે કબૂલ કરે છે, આ હકીકત ધ્યાને લેતા ત્રણ જગ્યાઓ ઉપર આ બનાવ બનેલાની હકીકત આરોપીઓ તરફથી કબૂલ કરવામાં આવી છે તેમ કહી શકાય. બનાવ સ્થળે હોસ્પિટલ જતા પહેલા બે કલાક રોકાયેલાનું જણાવેલ છે. બનાવ સંબંધે ફરિયાદી બનીને ફરિયાદ આપવાનો પ્રયત્ન કરેલો નથી. કોગ્નીજેબલ ગુનાની ફરિયાદ તાત્કાલિક નોંધવી જોઈએ તે કબૂલ કરે છે. બનાવના બે કલાક પછી ફરિયાદ લીધેલાનું જણાવે છે. પરંતુ જયારે આવો બનાવ બને લોકોમાં નાસભાગ થતી હોય, ગભરાટ હોય તેવા

સંજોગોમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાની હોય ત્યારે તાત્કાલિક ફરિયાદ ના લીધી હોય કે ના લખાવી હોય તેથી કરીને બનાવ બન્યા નથી તેમ કહી શકાય નહીં અને બે કલાક મોડી ફરિયાદીની ફરિયાદ લીધી છે તેનો અર્થ પણ એવો ન થાય કે ફરિયાદ મોડી લખવામાં આવી છે. વધુ ઊલટતપાસ ધ્યાને લેતાં એફ.એસ.એલ.ને લખેલ પત્રમાં સમય લખેલો નથી તે કબૂલ કરે છે પરંતુ સમય ન લખવાથી પત્ર લખેલો નથી તેમ કહેવાય નહીં. આંક–૩૪૪પવાળા પત્રમાં સાહેદે પોતાની સહી ઓળખી બતાવી છે તેથી આ સાહેદે પત્ર લખેલો છે તે હકીકત છે. મુદ્દામાલ સાઇકલને ઓળખવા સંબંધે કોઈ ખાસ નિશાની કરેલી નથી તે કબૂલ કરે છે પરંતુ મારા મત પ્રમાણે સાઇકલ ઉપર ખાસ નિશાની કરવી જોઇએ તેવી કયાંય કાયદામાં જોગવાઈ નથી. ફરિયાદીની ફરિયાદ તેમના લખાવ્યા પ્રમાણે લખી નથી તો તે હકીકત નકારે છે.

હવે પી.એસ.ઓ. અમરસિંહ શાભાઈની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલ છે તે ધ્યાને લેતા બનાવવાળુ સ્થળ ખાડીયા પોલીસ સ્ટેશનથી ૫૦ થી ૧૦૦ મીટરના અંતરે છે તે કબૂલ કરે છે. આ ઘટનાની જાણ કોઈ વ્યકિતએ જાતે પોલીસ સ્ટેશને આવીને કરેલ નથી તેમ જણાવે છે.

સાહેદ પ્રદિપભાઈ ગીજુભાઈ પટેલનાઓએ બે પંચોની હાજરીમાં આંક–૧૭૧૮વાળુ ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરી જે મુદ્દામાલ કબજે કરેલો તે પંચનામાના પંચો પૈકીના પંચ રાકેશભાઈ સુરેશભાઈ મહેતાને સાહેદ નં.૩૩૩ તરીકે આંક–૧૭૧૭ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તેઓ દેવની શેરી, લાખા પટેલની પોળ, સાંકડી શેરી, માણેકચોક, અમદાવાદ ખાતે તેમના કુટુંબ સાથે રહે છે. તા.૨૬/૭/૨૦૦૮ અને તા.૨૭/૭/૨૦૦૮ ની વચ્ચે એટલે કે લગભગ ૧૨.૦૦ થી ૧૨.૩૦ વાગ્યાના અરસામાં તેમને રાયપુર ચકલા ખાતે પોલીસે બોલાવેલા. તેમની સાથે એક બીજા વ્યકિત સચીનભાઈને પણ બોલાવેલા. પોલીસે જણાવેલુ કે જ્યાં બોમ્બ બ્લાસ્ટ થયો તે જગ્યાનું પંચનામું કરવાનું છે જેથી સાહેદે પંચ તરીકે રહેવાની હા પાડેલી.

સાહેદ વધુમાં જણાવે છે કે સૌ પ્રથમ એવરેસ્ટ ઓટો ગેરેજ પાસે એમ. નારાયણદાસ નામની દવાની દુકાન પાસે ગયેલા. એક શૈલેષભાઈ નામના માણસે આ જગ્યા બતાવેલી. આ જે જગ્યા બતાવી તે જગ્યાએ ઉપર જણાવેલ દવાની દુકાન, ઓટો ગેરેજ અને એક અગરબત્તીવાળાની દુકાન આવેલી છે. એક કટલરીની લારી તથા એક અન્ય લારી અને એક ભાજીપાંઉ વાળાની લારી ત્યાં હતી. જે એમ. નારાયણદાસ વાળી દુકાન કહી તેની બહાર ફુટપાથ અને તે મુકીને રોડ આવેલો છે. આ રસ્તાનો એક ભાગ રાયપુર દરવાજા તરફ અને બીજો રાયપુર પોલીસ ચોકી તરફ જાય છે. ત્યાં એક સાઇકલ પડેલી હતી. આ સાઇકલ તુટી ગયેલી હાલતમાં હતી. તે સાઇકલ હીરો કંપનીની હતી. આ સાઇકલના ગવન્ડર ઉપર "રફીક સાઇકલ મોચી પોળ, જમાલપુર" તેવું લખેલું હતું. બોમ્બ વિસ્ફોટમાં આ સાઇકલ તુટી હોય તેવું જણાયેલું. આ જગ્યા પર છરા (પેલેટ) તથા કાપડના થોડાંક બળેલાં હોય તેવા ટુકડાઓ પડેલા હતા. આ સિવાય પ્લાસ્ટિકની વાદળી કલરની થેલીના ટુકડા પડેલા હતા. આ સિવાય બીજા કાપડના ટુકડાઓ પણ હતા. આ સિવાય આ જગ્યા પાસે બીજા વાહનોને થોડું થોડું નુકસાન થયું હતું તે જોયેલું. આ જગ્યાએ પોલીસના માણસો અને એફ.એસ.એલ. ખાતાના માણસો હાજર હતા. એમ. નારાયણદાસ સ્ટોર્સની સામે આવેલા રોડની સામે છેડે એટલે કે એમ.નારાયણદાસની દુકાનની સામેની બાજુ સત્યનારાયણ સ્ટોર્સ નામની મુખવાસની દુકાન હતી.

સાહેદે વધુમાં જણાવેલ છે કે ત્યાંથી આગળ ગોખલે પાનની દુકાન પાસે ગયેલા. આ દુકાન એટલે કે ગોખલે પાન વાળી દુકાન એમ.નારાયણદાસની દુકાનની ડાબી તરફ ગયેલા. એમ.નારાયણદાસથી લગભગ ૫૦–૬૦ ફૂટના અંતરે આ ગોખલે પાનની દુકાન આવેલી છે. ગોખલે પાનની દુકાનથી આગળ જઈએ તો ચકલેશ્વર મહાદેવ વાળી જગ્યા આવે. ગોખલે પાન હાઉસની બહાર સાઇકલ ઉપર બોમ્બ ફુટેલ હતો ત્યાં એક સુઝુકી સમુરાઈની મોટર સાઇકલ પડેલી હતી તેની ઉપર સાઇકલ પડેલી હતી. આ ગોખલે પાન હાઉસવાળી જગ્યા એક પંડ્યા ભાઈએ બતાવેલી. ગોખલે પાનની દુકાનની બહારની બાજુએ ફુટપાથ

અને તે મુકીને જાહેર રોડ છે. જે સાઇકલ હતી તે પણ હીરો કંપનીની હતી. આ સાઇકલના સ્ટેરીંગ પર કંઈક લખાણ હતું જે ચાર અક્ષરનું હતું અને આ સાઇકલના આગળના ટાયર ઉપર જે પતરાનું મજગાર્ડ (પંખો) તેની ઉપર નંબર "૨" લખેલો હતો. આ સાઇકલની ફ્રેમ ઉપર ચીકણો ગ્રીસ જેવો પદાર્થ જોયેલો. આ જગ્યાએ લોખંડના છરા (પેલેટ), કાપડનાં ટુકડાં, કેટલાંક અર્ધ બળેલાં ટુકડા અને તાંબાના વાયર અને ધાતુના ગુંચડા જેવું કંઈક હતું. એક લાકડાની પટ્ટી જોયેલી. આ સિવાય વાદળી પ્લાસ્ટિકની થેલીના ટુકડાઓ પણ જોયેલા. તે જગ્યાએ પણ વાહનોને નુકસાન થયેલું તે જોયેલું. જે મોટર સાઇકલ આગળ જણાવી તેની શીટ બળી ગયેલી હતી. પોલીસે તેમની હાજરીમાં ત્યાં ફુટપાથ, રોડ, ઈલેકટ્રીક પોલ અને ટેલીફોનના થાંભલા વિગેરેના માપ લીધેલા. આ જગ્યાએ ઈલેક્ટ્રીક (લાઈટના) બે થાંભલા અને ટેલીફોનનો થાંભલો પણ જોયેલો.

વધુમાં સાહેદે જણાવેલુ છે કે આ સારંગપુર ચકલા પાસે જે જગ્યા બતાવી તે એક રાજેશભાઈએ બતાવેલી. તે જગ્યાએ મિલન કિરાણા સ્ટોર્સ પાસે સાઇકલ ઉપર બોમ્બ બ્લાસ્ટ થયેલાનું બતાવાયેલું. આ સાઇકલનું આગળનું વ્હીલ તુટી ગયેલું હતું. આ સાઇકલ બ્લ્યુ અને સીલવર રંગની સ્પીડકીંગ સાઇકલ હતી. આ સાઇકલની ફ્રેમ ઉપર પણ નંબર લખવામાં આવેલો. આ સાઇકલ ઉપર ચીકણો પદાર્થ ચોંટેલો તથા ત્યાં આજુબાજુમાં છરા(પેલેટ) કાપડના ટુકડા, વાદળી પ્લાસ્ટિકના ટુકડા વિગેરે પડેલા. આ જગ્યાએ રોડ હતો ત્યાં નાના નાના ખાડા પડેલા હતા અને ખાડામાં પણ પેલેટ ચોંટેલા હતા. મિલન કિરાણા સ્ટોર્સની સામે બબલ માતાનું મંદિર છે અને એક ત્રણ બત્તીનો થાંભલો છે. આ જગ્યાએથી એક બાજુનો રસ્તો ખાડીયા જુની ગેટ તરફ તથા એક રસ્તો સારંગપુર દરવાજા તરફ જાય છે.

સાહેદ વધુમાં જણાવે છે કે આ જગ્યા જોઈને પાછા ફરીથી તેઓ રાયપુર ચકલા ખાતે આવેલા. આ જે ત્રીજી જગ્યા બતાવાયી તે જગ્યાઓએ જે વસ્તુઓ જોયેલ ત્યાંથી છરા (પેલેટ), કાપડના ટુકડા અને પ્લાસ્ટિકના ટુકડા કબજે લેવાનું એફ.એસ.એલ. તરફથી જણાવાયેલું તથા સાઇકલ પણ કબજે

લેવાનું જણાવાયેલું. આમ રાયપુર ચકલા ખાતે આવેલ પ્રથમ એમ.નારાયણદાસ અને એવરેસ્ટ ઓટો વાળી દુકાન પાસે ગયેલા. એમ.નારાયણદાસની દુકાન પાસેથી ધાતુના છરા(પેલેટ), કાપડના ટુકડા, ભુરી પ્લાસ્ટિકની થેલીના ટુકડા અને કાળી ચશ્માની ફ્રેમ કબજે લીધેલા. ત્યાર પછી તેઓ ગોખલે પાનની દુકાન પાસે ગયેલા. આ ગોખલે પાનની દુકાન પાસેથી છરા (પેલેટ), કાપડના ટુકડા, વાદળી પ્લાસ્ટિકની થેલીના ટુકડા, તાંબાના વાયરનું ગુચળું, લાકડાની પટ્ટી કબજે લીધેલા. આ સિવાય જે સમુરાઈ મોટર સાઇકલ ઉપરથી કેમીકલનો નમૂનો કાપડની ચીંદરડી ઉપર ઘસીને લીધેલો. ત્યારબાદ સારંગપુર ચકલા પાસે ગયેલા. તે જગ્યાયેથી છરા (પેલેટ), કાપડના ટુકડા, વાદળી પ્લાસ્ટિકની થેલી વિગેરે કબજે લીધેલા. તેમજ પોલીસે આ ત્રણે જગ્યાએથી સાઇકલો કબજે લીધેલી. આ તમામ વસ્તુઓ આ સાહેદની હાજરીમાં કબજે કરવામાં આવેલી, તેનુ પંચનામુ બનાવેલુ, જે આંક–૧૭૧૮ વાળા પંચનામામાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવી છે તથા આ સાહેદ તથા અન્ય પંચનામાની સહીવાળી પંચ સ્લીપો તપાસ કરનાર અધિકારીએ બનાવીને મુદ્દામાલ ઉપર લગાવેલી તે પંચ સ્લીપો આ કામે આંક–૧૭૧૯ થી ૧૭૨૫ સુધી રજૂ કરેલી છે તે તમામ પંચ સ્લીપો ઉપર આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે તેમજ તમામ મુદ્દામાલ કે જે આ સાહેદની હાજરીમાં પંચનામાની વિગતે કબજે કરેલો તે તમામ મુદ્દામાલ અદાલત રૂબરૂ એક પછી એક ઓળખી બતાવેલો છે.

હવે આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવી છે તે ધ્યાને લઈએ તો તેઓ પોતાની મોટર સાઇકલ ઉપર જતા હતા ત્યારે પોલીસે તેમને બોલાવેલા તે સાહેબનું નામ યાદ નથી. પોલીસના માણસો વચ્ચે હોય અને આજુબાજુ પબ્લીકના કેટલાક માણસોએ ઘેરી લીધા હોય તેવુ બન્યુ નથી. પબ્લીકના તથા પોલીસના જે માણસો હતા તે પૈકી કોઈનું નામ પુછેલુ નથી. સાઇકલ ડબલ દંડાવાળી છે તેવુ લખાવેલુ નથી તે કબૂલ કરે છે. આ સાઇકલ ડબલ દંડાવાળી છે તેવુ લખાવવુ ફરજિયાત હોય તેવી કોઈ જોગવાઈ નથી પરંતુ ફકત સાઇકલનો ઉલ્લેખ થવો જોઈએ અને તે આ સાહેદે કરેલો છે. વધુ

ઊલટતપાસ ધ્યાને લેતાં પ્લાસ્ટિકના ટુકડાઓ કે થેલીના ટુકડા છે તે કહી શકાય નહીં તો તે હકીકત નકારી છે. આ સાહેદ કહેતા ગયા અને પંચનામુ લખાતુ ગયુ તે હકીકત કબૂલ કરે છે. એવુ બનેલુ નથી કે પોલીસમાં લખાવેલી હકીકતો સરતપાસમાં લખાવવાની રહી ગઈ હોય. પ્રથમ જે જગ્યા બતાવી તેની નજીકમાં ચાર પૈંડાવાળી લારી હતી તે કબૂલ કરે છે. જે નિશાનો જોવા મળેલા તેવા તમામ નિશાનો પંચનામામાં લખાવેલા તો તે કબૂલ કરે છે. પહેલી જગ્યા જે જોઈ તે જગ્યાએ સાઇકલ સિવાયના અન્ય વાહનોને નુકસાન થયેલાની વિગત પંચનામામાં લખાવી નથી તે કબૂલ કરે છે. પંચનામામાં વાંચીને સહી કરેલાનું જણાવે છે. પ્રથમ જગ્યાએ જે સાઇકલ ઉપરનું લખાણ આ સાહેદે જણાવ્યુ તે ગવન્ડર ઉપરનું લખાણ વાસણ ઉપર નામ લખવાના મશીનથી લખાય તે રીતે લખેલાનું જણાવે છે. ત્રીજી જગ્યાવાળી સાઇકલની ઓળખ સરતપાસમાં બ્લ્યુ અને સીલ્વર કલર દ્વારા કરેલી છે તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે બનાવના ઘણા સમય પછી આ સાહેદે જુબાની આપેલી હોવાથી ચોકકસ કલર યાદ ન હોય તે સ્વાભાવિક છે અને કલરની ભુલ થવાથી બનાવના મૂળને કોઈ અસર થતી હોય તેવુ નથી. ત્રણેય જગ્યાઓ ઉપર પ્રથમ મુલાકાત વખતે એફ.એસ.એલ.ના અધિકારીઓ હાજર હોય તેનો ઉલ્લેખ પંચનામામાં કરેલો નથી તો તે હકીકત નકારેલી છે. પરંતુ સાહેદ જણાવે છે કે એફ.એસ.એલ. અધિકારી જી.ડી.શર્માએ ગુનાવાળી જગ્યાનું નિરીક્ષણ કરેલુ. પ્રથમ જગ્યાએ પંચનામુ કર્યા બાદ લખાણની નીચે સહી લેવામાં આવેલી નહીં કે કોઈ સમય લખેલો નથી. પરંતુ આંક–૧૭૧૮ વાળુ પંચનામુ ધ્યાને લેતા ત્રણેય જગ્યાનું એક જ પંચનામુ છે, ત્રણેય જગ્યાઓ નજીક નજીક છે જેથી એક જ પંચનામુ કરીને પંચનામાના અંતે સહીઓ લીધેલી છે. અલગ–અલગ જગ્યાની હકીકત લખીને અલગ–અલગ સહીઓ લેવાની કોઈ જોગવાઈ નથી કે તે પ્રમાણે કરવુ તે ફરજિયાત પણ નથી. આ સાહેદની હાજરીમાં બનાવવાળી જગ્યાનું પંચનામુ થયુ નથી કે મુદ્દામાલ પંચનામાની વિગતે કબજે કરેલો નથી તો તે હકીકત નકારે છે.

શરૂઆતના તપાસ કરનાર અધિકારી પ્રદિપભાઈ ગીજુભાઈ પટેલનાઓએ કરેલી અને તેમને તપાસ દરમ્યાન બનાવમાં ગુજરનાર સુબરીદેવીના જે કપડાઓ ડૉકટરે શબ પરિક્ષણ વખતે મેળવેલા તે કપડા તથા તેમનુ બ્લડ સેમ્પલ પોલીસ સબઈન્સ્પેકટર પાંડોરને સોંપેલ અને તેમને સાહેબ પી.જી.પટેલને સુપરત કરેલ અને પી.જી.પટેલે આંક–૨૧૩૩ વાળુ પંચનામુ કરીને કપડા તથા બ્લડ સેમ્પલ કબજે કરેલ તે પંચનામા પૈકીના પંચ દશરથલાલ ગીરધરલાલ ઝીંઝુવાડીયાને સાહેદ નં.૩૬૭ તરીકે આંક–૨૧૩૨ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ પોલીસે તેમને બપોરે ૩ થી ૪ વાગ્યે ખાડીયા પોલીસ સ્ટેશનમાં બોલાવેલા ત્યાં ગોપાલભાઈ રાવલ હાજર હતા ત્યાં જણાવવામાં આવેલુ કે ગઈ કાલે બ્લાસ્ટ થયો હતો તેમાં એક સુબરીદેવી ગુજરી ગયેલા છે અને તેમની લાશ ઉપરના કપડા તથા બ્લડ સેમ્પલ પંચનામુ કરી કબજે કરવાના છે. ત્યારબાદ પી.એસ.આઈ.એ સફેદ કલરની બાંધણી, બ્લાઉઝ, ચણીયો, જાંગીયો તથા બ્લાડ સેમ્પલની બોટલ રજુ કરેલા જે પંચનામાની વિગતે કબજે કરી પંચોની સહીઓવાળી સ્લીપ લગાવી કબજે કરેલા. જે પંચનામુ આંક–૨૧૩૩ માં તથા પંચ સ્લીપો આંક–૨૧૩૪ તથા ૨૧૩૫ માં સહીઓ ઓળખી બતાવે છે. આ ઉપરાંત આ સાહેદની રૂબરૂમાં પંચનામાની વિગતે જે કપડાઓ કબજે કરવામાં આવેલા તે પણ આ સાહેદે અદાલત રૂબરૂ ઓળખી બતાવેલા છે.

ત્યારબાદ આ કામે તપાસ કરનાર અધિકારી પોલીસ સબઈન્સ્પેકટર ખાડીયાનાઓ બાબુભાઈ વશરામભાઈનાઓએ બનાવમાં ગુજરનાર ઈસમોના કપડાઓ તથા તેમના શરીરમાંથી કાઢેલા છરાઓ પંચનામાની વિગતે કબજે કરેલા તે બાબુભાઈ વશરામભાઈને સાહેદ નં.૫૨૫ તરીકે આંક–૨૯૬૫થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ વી.એસ. હોસ્પિટલમાં આવેલ પી.એમ. રૂમમાં આ બનાવમાં મરણ ગયેલ ઈસમો અંકિત શૈલેષભાઈ મોદી, વિશાલ અમરીષભાઈ રાવલ, અમૃતભાઈ આશારામ નાગર તથા એક અજાણ્યા ઈસમના શબ પરિક્ષણ કરવામાં આવેલા અને ઓળખાણ થયેલ ત્રણ ઈસમના

સગાઓને ત્યાં હાજર રાખવામાં આવેલા અને તેઓની લાશોના ઈન્કવેસ્ટ પંચનામાઓ પણ કરેલા અને શબ પરિક્ષણ વખતે આ લાશો ઉપરથી મેળવેલા કપડા તથા છરાઓ પંચનામાની વિગતે કબજે કરેલા. તે પંચનામુ આ કામે આંક–૨૯૬૬ થી ૨જૂ કરેલ છે અને તેમાં સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ કામે પોલીસ ઈન્સ્પેકટર ખાડીયા પાસેથી આ ગુનાઓની તપાસ એસ.ઓ.જી. ક્રાઈમ બ્રાન્ચને સોંપવામાં આવેલી અને એસ.ઓ.જી. ક્રાઈમ બ્રાન્ચના પોલીસ ઈન્સ્પેકટર અજયકુમાર વિદ્યાધર ગખ્ખરનાઓએ ગુનાવાળી જગ્યા ઉપરથી સાઈકલો પંચોની હાજરીમાં કબજે કરેલી. તેઓને સાહેદ નં.૧૦૭૬ તરીકે આંક–૭૩૨૬ થી તપાસેલા છે. તેઓની આ ગુના પુરતી સરતપાસ ધ્યાને લઈએ તો બનાવવાળી જગ્યા નં.૧ એમ. નારણદાસ નામની દવાની દુકાનની સામે, નં.૨ ગોખલે પાન હાઉસ રાયપુર ચકલા સામે તથા નં.૩ મિલન કિરાણા સ્ટોર્સ નામની દુકાન સારંગપુર ચકલા વાળી જગ્યાઓએ જે સાઈકલો ઉપર બોમ્બ બ્લાસ્ટ થયેલા હતા તે સાઈકલો પંચનામું કરી બે પંચોની હાજરીમાં આ ત્રણેય જગ્યાએથી મળી આવેલી સાઈકલો પંચનામાની વિગતે કબજે કરીને સીલ કરવામાં આવેલી. જે પંચનામુ આંક–૨૩૩૪ માં સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદે પોતાની તપાસ દરમ્યાન સાઈકલ સ્ટોર્સવાળાના નિવેદન લીધેલા છે તેમ જણાવે છે. પંચનામુ કર્યુ ત્યારે આ ત્રણેય સાઈકલો સીલબંધ હાલતમાં મળેલી નહીં તે કબૂલ કરેલ છે. તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ સાઈકલો મળી ત્યારે તેની સ્થિતિ અંગેનુ પંચનામુ કરેલુ નહીં તે કબૂલ કરે છે. પંચનામુ કર્યુ તે દરમ્યાન સાઈકલો પોલીસ સ્ટેશનની બહાર લઈ જવામાં આવેલી નહીં તેમ જણાવે છે. તા.૨૭/૭/૨૦૦૮ થી તા.૨૯/૭/૨૦૦૮ ના સમય દરમ્યાન કોઈ સાઈકલવાળાને બોલાવીને બતાવતા સાઈકલો ઓળખી બતાવ્યા અંગેનું પંચનામુ કરેલુ નહીં તેમ જણાવે છે. પરંતુ મારા મત પ્રમાણે સાઈકલ એવી વસ્તુ છે કે જો તે સાઈકલો જુની હોય તો જે

તે વખતે આ સાઇકલો વેચનાર વ્યકિત પોતાની સાઇકલો છે તેવુ કદાપી ઓળખી શકે નહીં અને આ ગુનામાં વપરાયેલી સાઇકલો જુની હતી માટે તપાસ કરનાર અધિકારી કોઈપણ સાઇકલ વેચનાર વ્યકિતને બોલાવે તો કોઈપણ વ્યકિત તે સહેલાઈથી ઓળખી શકે નહીં. વધુ ઊલટતપાસ ધ્યાને લેતાં આ સાહેદ પાસે ગુનાઓની તપાસ હતી તે તપાસ તેમને સ્વતંત્ર રીતે કરેલાનું જણાવે છે. ત્રણેય સાઇકલનું પંચનામુ કર્યુ તે વખતે સાઇકલોનું નિરીક્ષણ કરેલાનું જણાવે છે. આ સાઇકલો ઉપર ચીકણો પદાર્થ તેમજ ગન પાવડર લાગેલો હતો અને સાઇકલો તુટેલી હતી તેમ જણાવે છે.

આ કામે સાહેદ અજય વિદ્યાધરનાઓએ આંક–૨૩૩૪ નું પંચનામુ બનાવી સ્થળો ઉપરથી જે મુદ્દામાલ સાઇકલો કબજે કરેલી તે પંચનામા પૈકીના પંચ સાહેદ અવેશ ઉસ્માનગની શેખનાઓને સાહેદ નં.૪૦૮ તરીકે આંક–૨૩૩૩ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૯/૭/૨૦૦૮ નાં રોજ બપોરના ત્રણેક વાગે તેઓને ક્રાઇમ બ્રાન્ચ પોલીસે ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશને બોલાવેલા તેમની સાથે યુસુફભાઈ શેખને પણ બોલાવેલા હતા. પોલીસ સ્ટેશનવાળી જગ્યાએ ત્રણ સાઇકલો પડેલી હતી તે બતાવવામાં આવેલી અને આ સાઇકલો એફ.એસ.એલ. લેબોરેટરીમાં મોકલવાની હોવાથી તેનું પંચનામુ કરવાનું જણાવેલુ અને ત્યાં પંચનામુ કરવામાં આવેલુ. આ સાઇકલોમાં એક હીરો જેટ કંપનીની જેની ઉપર લખાણ ૦૧૩૨૨૭ લખેલુ હતુ, સ્ટેયરીંગ ઉપર રફીક સાઇકલ સ્ટોર નં.૨૩ લખેલુ હતુ. આ સાઇકલ તુટેલી સ્થિતિમાં હતી અને તેના ચીપીયા વળી ગયેલા હતા જયારે બીજી સાઇકલ ઉપર ૪૬૮૬૫ લખેલુ હતુ, આ સાઇકલને પણ નુકસાન થયેલ હતુ, તેના ચીપીયા અને પંખા નુકસાન પામેલા હતા, સાઇકલ ઉપર ગ્રીસ જેવો પદાર્થ ચોંટેલો હતો. જયારે ત્રીજી સાઇકલ હીરો કંપનીની સીલ્વર બ્લ્યુ કલરની હતી જે તુટી ગયેલી હાલમાં હતી તેની ઉપર નં.૩૫૦૨૪૫ લખેલો હતો. આ સાઇકલ ઉપર પણ ચીકણો પદાર્થ ચોટેલો હતો. ત્રણેય સાઇકલો પોલીસે કબજે કરેલી. જે પંચનામુ બનાવેલુ તે આંક–૨૩૩૪ વાળા પંચનામામાં આ સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી

બતાવે છે તેમજ આ ત્રણેય સાઇકલો અદાલત રૂબરૂ પણ ઓળખી બતાવે છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા સાઇકલો જોયેલી નથી અને તૈયાર પંચનામામાં સહીઓ કરેલાની હકીકત નકારેલી છે.

ત્યારબાદ આ કામે ધનાજી હોથાજી વાઘેલાને સાહેદ નં.૧૦૫૯ તરીકે આંક–૭૨૦૨ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ બનાવ વખતે પોલીસ સબઈન્સ્પેકટર તરીકે ક્રાઈમ બ્રાન્ચમાં ફરજ બજાવતા હતા અને આ બનાવની તપાસ કરનાર ગખ્ખરની સુચનાથી તા.૩/૮/૨૦૦૮ નાં રોજ વાડીલાલ હોસ્પિટલે ગયેલા અને બનાવમાં ઈજા પામનાર હસુમતીબેન જગદીશભાઈ રાજપુતનાઓને અંદરના દર્દી તરીકે દાખલ કરેલા હતા અને સારવાર દરમ્યાન તેઓ ગુજરી ગયેલા. તેમનુ ઈન્કવેસ્ટ પંચનામુ બે પંચોને બોલાવીને બનાવેલુ.તેઓની લાશ તેમના ભાભી ધર્મિષ્ઠાબેને ઓળખી બતાવેલી હતી. આંક–૧૧૬૪ વાળા ઈન્કવેસ્ટ પંચનામામાં આ સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે. વધુમાં આ સાહેદના કહેવા પ્રમાણે આ હસુમતીબેનના શબ પરિક્ષણ વખતે ડૉકટરે તેઓના શરીર ઉપરથી મેળવેલા કપડા તથા શરીરમાંથી કાઢેલા છરા અને બ્લડ સેમ્પલ આ સાહેદને સોપેલા અને આ સાહેદ ક્રાઈમ બ્રાન્ચ પોલીસ સ્ટેશને લઈને આવેલા અને તે કપડા, છરા અને બ્લ્ડ સેમ્પલ પંચનામાની વિગતે આ સાહેદે કબજે કરેલા અને પંચોની અને પોતાની સહીઓવાળી સ્લીપ લગાવી સીલ કરેલી. આ અંગેનું જે પંચનામુ બનાવેલુ તે આંક–૨૧૩૭ વાળા પંચનામામાં તથા આંક–૨૧૩૮ની પંચ સ્લીપમાં આ સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે.

આ કામે સાહેદ ધનાજીભાઈ હોથાજીએ આંક–૨૧૩૭વાળુ જે પંચનામુ બે પંચોની હાજરીમાં બનાવેલુ તે પંચનામાના પંચો પૈકી પંચ ઘનશ્યામભાઈ શીવરાજ વિશ્વકર્માનાઓને સાહેદ નં.૩૬૮ તરીકે આંક–૨૧૩૬ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૩/૮/૨૦૦૮ નાં રોજ પોલીસે તેઓને ક્રાઈમ બ્રાન્ચની કચેરીએ બોલાવેલા અને તેમની સાથે બીજા એક સમીરભાઈ પણ હતા. ખાડીયા વિસ્તારમાં થયેલ બોમ્બ બ્લાસ્ટમાં હસુમતીબેન

ગુજરી ગયેલા અને વાડીલાલ હોસ્પિટલમાં તેમનુ શબ પરિક્ષણ કરવામાં આવેલુ. શબ પરિક્ષણ વખતે તેમના શરીર ઉપરથી ડૉકટરે મેળવેલા કપડા તથા શરીરમાંથી કાઢેલા છરા અને તેઓનું બ્લડ સેમ્પલ સાહેદ ધનાજી હોથાજીએ પોલીસ સ્ટેશનમાં લાવીને રજૂ કરેલ તેનુ પંચનામુ બનાવેલું અને પંચોની સહીઓવાળી સ્લીપ લગાવી તે કપડા, છરા અને લોહી સેમ્પલ પોલીસે કબજે કરેલુ. આ અંગેનું જે પંચનામુ બનાવેલુ તે આંક–૨૧૩૭ થી રજૂ છે તે તથા આંક–૨૧૩૮ની પંચ સ્લીપમાં આ સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે.

આ ઉપરાંત સાહેદ પ્રદિપ ગીજુભાઈ પટેલનાઓએ ગુનાવાળી જગ્યા ઉપર એફ.એસ.એલ. અધિકારી ગૌરીદત્ત દયાનિધિ શર્માનાઓને સ્થળ નિરીક્ષણ કરવા માટે બોલાવેલા તેઓને આ કામે સાહેદ નં.૮૪૯ તરીકે આંક–૫૯૦૮ થી તપાસવામાં આવેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદને મળેલ સુચનાને આધારે તેઓ તથા મદદનીશ નિયામક શ્રી એચ. ટી. મોદીનાઓ ખાડીયા પોલીસ સ્ટેશનના કામે બનાવ સ્થળ (૧) રાયપુર ચકલા એવરેસ્ટ ઓટો સેન્ટર સામે, જાહેર રોડ પર વિસ્ફોટ બાબતે (૨) રાયપુર ચકલા ગોખલે પાન હાઉસ પાસે, જાહેર રસ્તા પર (૩) સારંગપુર ચકલા મિલન કિરાણા સ્ટોર્સ સામે, જાહેર રોડ પર, તા.૨૭/૭/૨૦૦૮ ના કલાક ૦૦.૩૦ વાગ્યે ગયેલા.

સાહેદ વધુમાં જણાવે છે કે બનાવ સ્થળ નં.૧ પરથી વિસ્ફોટ થયા બાદના કપડાંના અવશેષો તથા વાદળી રંગની પોલીથીન બેગના ટુકડા તથા લાલ રંગની સ્ટ્રીપ તથા એક ચશ્મા જેના ગ્લાસ પર ચોંટેલ સ્નીગ્ધ પ્રવાહી જેવું સુકાયેલ લાગેલ તે તથા સ્થળ પરથી કબજે લીધેલ સાઇકલ જે તુટી ગયેલ છે. તેના ભાગો કબજે લેવા સુચન કરેલુ. સ્થળ પર લોખંડના છરાઓ પણ જોવા મળેલ.

સાહેદ વધુમાં જણાવે છે કે બનાવ સ્થળ નં.૨ પરથી વાદળી રંગની રેકઝીન જેવું જે ફાટેલ છે. તેમાં સાધારણ પાવડર ચોંટેલ જણાયેલ. તથા તાંબા જેવી લાગતી ધાતુનો અવશેષ તથા લાકડાની પટ્ટીઓ જણાયેલ. જે કબજે

લીધેલ. નમૂનો–૧, નમૂનો–૨ એક પોલીથીન બેગમાં વાદળી રંગની પ્લાસ્ટિકની થેલી. તથા તાંબાનો વાયર જે કબજે લીધેલ. નમૂનો–૩ લોખંડના છરા સ્થળ પર મળી આવતાં કબજે લીધેલ તે. નમૂનો–૪ સદર સ્થળ પરથી કબજે લીધેલ કપડાંના ટુકડાઓ તથા લાલ રંગની પ્લાસ્ટિકની પટ્ટી.

સાહેદ વધુમાં જણાવે છે કે બનાવ સ્થળ નં.૩ પર બે ગાય મરણ ગયેલ તથા બાઈ નામે સુબ્રીદેવી વા/ઓ દલાજી ઘાંચી, ઉ.વ. ૪૦, મરણ ગયેલ. સદર બનાવ સ્થળ પરથી વિસ્ફોટ થયા બાદના કપડાંના તથા પ્લાસ્ટિકના અવશેષો તથા લોખંડના છરાઓ સ્થળ પરથી મળેલ વગેરે અવશેષો કબજે લેવા સુચના આપેલી.

સાહેદ વધુમાં જણાવે છે કે ઉપરોક્ત દર્શાવેલ ત્રણે સ્થળોના મુદ્દામાલ તથા ડૉક્ટરશ્રીઓએ કબજે લીધેલ કપડાં તથા લોખંડના છરા વગેરે મરણ ગયેલના શરીરમાંથી મળી આવેલ તે વિગેરે કબજે લઈ એફ.એસ.એલ.ને મોકલવા સુચન કરેલુ. આ સાહેદે જે રીપોર્ટ બનાવેલો તે આંક–૫૯૧૦ થી રજૂ રાખેલ છે અને તેમાં પોતાની સહી ઓળખી બતાવે છે.

હવે તપાસ કરનાર અધિકારી એ.વી.ગખ્ખરનાઓએ ગુનાવાળી જગ્યા ઉપરથી જે મુદ્દામાલ આંક–૧૭૧૮ ના પંચનામા આધારે કબજે કરેલો તે મુદ્દામાલ રવાનગી નોંધ સાથે એફ.એસ.એલ. ગાંધીનગરને પૃથક્કરણ માટે મોકલી આપેલો. આ રવાનગી નોંધ આ કામે આંક–૫૭૩૨ થી રજૂ કરેલી છે. આ રવાનગી નોંધમાં જણાવ્યા મુજબના કુલ–૧૮ નમૂના માર્ક–એ થી માર્ક–આર તથા અન્ય તપાસ કરનાર અધિકારી મદદનીશ પોલીસ કમિશનર ઉષા રાડાએ રવાનગી નોંધ આંક–૫૯૫૧ માં જણાવ્યા મુજબ કુલ–૩ નમૂના માર્ક–એસ થી માર્ક–યુ એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે પૃથક્કરણ માટે મોકલી આપેલા. આંક–૫૭૩૨ વાળી રવાનગી નોંધમાં ગખ્ખરે પોતાની જુબાનીમાં સહી ઓળખી બતાવી છે તથા સાથે એચ.આર. મુલીયાણાનાઓએ સત્તા અંગેનુ પ્રમાણપત્ર આપેલુ તે પણ સામેલ છે. જયારે આંક–૫૯૫૧ ની રવાનગી નોંધમાં મદદનીશ પોલીસ કમિશનર ઉષા રાડાની સહી છે અને તેઓએ આ રવાનગી નોંધથી ત્રણ

નમૂના એફ.એસ.એલ. ગાંધીનગરને મોકલેલા તેમની જુબાની આંક–૮૩૪૦ માં તેમની સહી ઓળખી બતાવેલી છે.

ઉપરોકત બંને રવાનગી નોંધો વાળા મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારી જાનમહમંદ ફકીરમહંમદ મન્સુરીને સાહેદ નં.૮૪૦ તરીકે આંક–૫૭૦૦થી તપાસેલા છે. એફ.એસ.એલ. દ્વારા રવાનગી નોંધ આંક–૫૭૩૨ થી મુદ્દામાલ સ્વીકારેલો અને તે અંગેની જે પહોંચ આપવામાં આવેલી તે પહોંચ આ કામે આંક–૫૭૩૩ થી રજૂ કરેલી છે તથા રવાનગી નોંધ આંક–૫૯૫૧થી મુદ્દામાલ સ્વીકારેલો અને તે અંગેની જે પહોંચ આપવામાં આવેલી તે પહોંચ આ કામે આંક–૫૯૫૨ થી રજૂ કરેલી છે જેમાં મદદનીશ નિયામક એફ.એસ.એલ. ગાંધીનગરનાઓની સહી છે. આ સાહેદની આ ગુના પુરતી સરતપાસ ધ્યાને લઈએ તો તેમના વિભાગના મદદનીશ નિયામકશ્રી દ્વારા તા.૧/૮/૨૦૦૮ ના રોજ ખાડીયા પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેરના ફ. ગુ. ૨.નં.૭૧/૨૦૦૮ ના કેસનો મુદ્દામાલ સ્વિકારવામાં આવેલો તેના પૃથક્કરણ અર્થે તા.૨૦/૮/૨૦૦૮ ના રોજ સાહેદને મળેલો. સદરહું મુદ્દામાલ તેમની કચેરીમાં મદદનીશ નિયામક શ્રી જી.ડી.શર્માએ સ્વીકારેલ હતો અને તેના સ્વીકાર્યા અંગેની પહોંચ પોલીસ મથકને ફાળવેલ હતી. આંક–૫૭૩૨માં જણાવેલા મુદ્દામાલમાં કુલ–૧૮ સીલબંધ પાર્સલો હતા. જે પૈકી માર્ક–એ, બી, ઈ અને જી ધરાવતા ચાર સીલબંધ સફેદ પુંઠાના કાગળના પાર્સલો માર્ક–સી, ડી અને એફ ધરાવતા ત્રણ સીલબંધ પુંઠાના નાના ખોખા ધરાવતા માર્ક – આઈ, જે, કે અને એલ ધરાવતા સીલબંધ ચાર ખાખી કાગળના પાર્સલ હતા તથા માર્ક–એચ ધરાવતી એક સીલબંધ કાચની બોટલ હતી. માર્ક–એમ, એન અને ઓ ધરાવતા ત્રણ સીલબંધ પાર્સલો હતા તથા માર્ક–પી, કયુ અને આર ધરાવતા ત્રણ સીલબંધ કાપડના પાર્સલ હતા. જેમાં...

- માર્ક–એ કપડાના અવશેષ, વાદળી રંગની પોલીથીન બેગના ટુકડા, લાલ રંગની સ્ટ્રીપ, ચશ્માની કાળી ફ્રેમ અને લોખંડના છરા.
- માર્ક–બી રેકઝીન જેવુ ફાટેલુ.

- માર્ક–સી પ્લાસ્ટિકની ફાટેલી થેલી તથા તાંબાના વાયરો.
- માર્ક–ડી લોખંડના છરા.
- માર્ક–ઈ કપડાના ટુકડાઓ તથા લાલ રંગની પ્લાસ્ટિકની પટ્ટીના અવશેષો.
- માર્ક–એફ સુઝુકી સમુરાઈ નં.જીજે–૧–એએલ–૩૭૩૬ ઉપરથી કાપડની ચીંડરડી ઘસીને લીધેલ નમૂનો.
- માર્ક–જી કપડાના તથા પ્લાસ્ટિકના અવશેષો તથા લોખંડના છરા.
- માર્ક–એચ સીલબંધ બોટલ ૧૨૦ એમ.એલ. બ્લડ સુબરીદેવીનું.
- માર્ક–આઈ લાલ કલરની બાંધણી લોહીથી ખરડાયેલ.
- માર્ક–જે સફેદ કલરનો બ્લાઉઝ લોહીથી ખરડાયેલ.
- માર્ક–કે પોલીસ્ટરનો ચણીયો લોહીથી ખરડાયેલ.
- માર્ક–એલ આસમાની કલરનો જાંગીયો લોહીથી ખરડાયેલ.
- માર્ક–એમ ડૉ.કોટડીયાએ પી.એમ.વખતે મરનાર અંકિતના લીધેલા કપડા.
- માર્ક–એન ડૉ.ઝરીવાલાએ પી.એમ.વખતે મરનાર વિશાલની લાશ ઉપરના કપડા તથા છરા મેળવેલ તે.
- માર્ક–ઓ ડૉ.ભોજકએ પી.એમ.વખતે મરનાર અમરતની લાશ ઉપરના કપડા તથા છરા મેળવેલ તે.
- માર્ક–પી રાયપુર ચકલા એવરેસ્ટ ઓટો ગેરેજ સામેથી મળેલ હીરોજેટ સાઇકલ ફ્રેમ નં.કે૦૧૩૨૨૭.
- માર્ક–ક્યુ રાયપુર ચકલા ગોખલે પાન હાઉશ સામેથી મળેલ હીરો કંપનીની સાઇકલ ફ્રેમ નં.કે૪૬૮૬૫.
- માર્ક–આર સારંગપુર ચકલા મિલન કિરાણા સ્ટોર સામેથી મળેલ હીરો કંપનીની સાઇકલ ફ્રેમ નં.૩૫૦૨૧૫.
- માર્ક–એસ ગુજરનાર હસુમતીબેનનું બ્લડ સેમ્પલ.
- માર્ક–ટી સીલબંધ બોક્ષમાં છરા.

– માર્ક–યુ કેસરી જેવા કલરનો ચણીયો.

વધુમાં સાહેદ જણાવે છે કે ઉપરોકત મળેલ નમૂનાઓનું પૃથક્કરણ તેઓએ પ્રમાણિત રાસાયણિક અને ઉપકરણીય પધ્ધતિએ કરેલ હતું અને તેમને કરેલા પૃથક્કરણના પરિણામમાં (૧) નમૂના માર્ક– એ, બી, સી, ડી, ઈ, એફ, જી, આઈ, જે, કે, એલ, એમ/૧ થી એમ/૪, એન/૧ થી એન/૫, ઓ/૧, ઓ/૨, પી, કયુ તથા આર માં એમોનિયમ, નાઈટ્રાઈટ, અને નાઈટ્રેટ મુલકો તથા પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બનસ ઓઈલ (પેરાફીલ ઓઈલ પ્રકાર)ની હાજરી શોધાયેલ છે.

ઉપરોક્ત પરિણામને આધારે તેમના અભિપ્રાય મુજબ...

૧. પૃથક્કરણના પરિણામમાં શોધાયેલ એમોનિયમ નાઈટ્રેટ અને પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન ઓઈલનું મિશ્રણએ એમોનિયમ નાઈટ્રેટ બેઝ એમોનીયમ નાઈટ્રેટ–ફયુલ ઓઈલ (એનફો) હાઈ એક્ષપ્લોઝીવના ઘટકો છે.

૨. નમૂનાઓમાંથી મળેલ ધાતુના છરાનો ઉપયોગ હાથ બનાવટના બોમ્બમાં મીસાઈલ્સ તરીકે થાય છે.

આ સાહેદે તેમની કચેરીના ડી.એન.એ. તથા ભૌતિકશાસ્ત્ર વિભાગનો અલાયદો અહેવાલ તેમના અહેવાલ સાથે મોકલી આપવામાં આવશે તેવું જણાવેલ. આ સાહેદે તેમનો અહેવાલ તૈયાર કરીને તેમાં સહી કરીને તેમની કચેરીના નાયબ નિયામકના ફોરવર્ડીંગપત્ર સાથે સંબંધિત પોલીસ સ્ટેશનને મોકલી આપેલ જે અહેવાલ આ કામે આંક–૫૭૩૪ થી રજૂ કરેલો છે જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

વધુમાં સાહેદ જણાવે છે કે તેમના વિભાગના મદદનીશ નિયામકશ્રી દ્વારા તા.૨૩/૯/૨૦૦૮ ના રોજ ખાડીયા પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેરના ફ.ગુ.ર.નં.૭૧/૨૦૦૮ ના કેસનો રવાનગી નોંધ આંક–૫૭૬૪ વાળો મુદ્દામાલ તેમને પૃથક્કરણ અર્થે તા.૨૦/૧૦/૨૦૦૮ ના રોજ મળેલો અને આ મુદ્દામાલ તેમની કચેરીમાં મદદનીશ નિયામક શ્રી જી.ડી.શર્મા એ સ્વીકારેલ હતો અને તેના

સ્વીકાર્યા અંગેની પહોંચ સંબંધીત પોલીસ મથકને ફાળવેલ હતી જે પહોંચ આ કામે આંક–પ૭૬૫ થી રજૂ છે. આ મુદ્દામાલમાં કુલ–૧૩ સીલબંધ પાર્સલો હતા. જે પૈકી માર્ક–એ, એચ અને આઇ ધરાવતા ૩ સીલબંધ પુંઠાના ખોખાના પાર્સલો તેમજ માર્ક–બી, સી, ડી, ઇ, એફ, જે અને એમ ધરાવતા ૭ સીલબંધ કાગળના પાર્સલો હતા તથા માર્ક–જી અને એલ ધરાવતા ૨ કંતાનના પાર્સલો હતા તથા માર્ક–કે ધરાવતું એક કાપડનું સીલબંધ પાર્સલ હતું. આ રવાનગી નોંધ આંક–પ૭૬૪ માં જણાવ્યા મુજબનો મુદ્દામાલ જેવો કે...

- માર્ક–એ બોક્ષમાં લાલ કાળા રંગના વાયરનું ગુંચડુ
- માર્ક–બી સ્પાઇરલ બાઇન્ડીંગ કરેલ ડાયરી
- માર્ક–સી કાગળના પડીકામાં એક સીડી
- માર્ક–ડી કાગળના પડીકામાં લાલ કાળા વાયરનું ગુંચડુ તથા સાથે પ્લાસ્ટિકની થેલીમાં બોલ્ટ
- માર્ક–ઈ નારંગી જેવા રંગનુ મલ્ટીમીટર લાલ કાળા વાયરથી જોઇન્ટ કરેલુ
- માર્ક–એફ સફેદ રંગની પ્લાસ્ટિકની થેલી નંગ–૧૪ તથા વાદળી રંગની પ્લાસ્ટિકની થેલી નંગ–૨૨
- માર્ક–જી કંતાનના થેલામાં બે ગાદલા
- માર્ક–એચ સફેદ રંગની ડબ્બીમાં માર્કર પેન તથા એક લીટર વજનનું પ્રવાહી તથા નાની ડબ્બીમાં ૨૫ મીલી સોલવન્ટ
- માર્ક–આઇ એક પીળા કલરની પ્લાસ્ટિકની થેલી જેની ઉપર બીફેશન વડોદરા લખેલુ તે તથા થેલીમાં શકિત કંપનીના પેન્સીલ પાવર નંગ–૩૦, લાલ સફેદ વાદળી કલરના વાયર નંગ–૪૮, શકિત બેટરીના વીસ નંગ પેકેટ, હાઇવોલ્ટ બેટરીના ખાલી ખોખા, ડયુરોસેલ બેટરીનું મોટુ ખોખુ, પ્રિન્સ કંપનીની તુટેલી ઘડિયાળ તથા પ્લાસ્ટિકની થેલીમાં છરા નંગ–૮
- માર્ક–જે બે પ્લાસ્ટિકના ટુકડા વાદળી રંગની સેલોટેપવાળા
- માર્ક–કે એક વાદળી રંગની પ્લાસ્ટિકની થેલીમાં બળેલી રખીયા
- માર્ક–એલ એક લોખંડનું સાઇકલનું કેરીયર

– માર્ક–એમ મકાનના બારણાના પાછળના ભાગના ફોટોગ્રાફસ

વધુમાં સાહેદ જણાવે છે કે ઉપરોકત મળેલ નમૂનાઓનું પૃથક્કરણ તેઓએ પ્રમાણિત રાસાયણિક અને ઉપકરણીય પધ્ધતિએ કરેલ હતું અને તેમને કરેલા પૃથક્કરણના પરિણામમાં (૧) નમૂના માર્ક– એફ/૧ થી એફ/૩૬, જી/૧,જી/૨, એચ/૧ થી એચ/૩ માં વિસ્ફોટકના ઘટકોની હાજરી શોધાયેલ નથી.(૨) નમૂના માર્ક–જે/૧,જે/૨ તથા કે માં નાઇટ્રાઇટ અને નાઇટ્રેટ મુલકોની હાજરી શોધાયેલ છે. (૩) નમૂના માર્ક– એચ/૧ માં પોલીએક્રાઇલ એઝાઇડ તથા નમૂના માર્ક– એચ/૨ માં પોલીવિનાઇલ કલોરાઇડની હાજરી શોધાયેલ છે.

આ સાહેદે તેમની કચેરીના ડી.એન.એ. તથા ભૌતિકશાસ્ત્ર વિભાગનો અલાયદો અહેવાલ તેમના અહેવાલ સાથે મોકલી આપવામાં આવશે તેવું જણાવેલ. આ સાહેદે તેમનો અહેવાલ તૈયાર કરીને તેમાં સહી કરીને તેમની કચેરીના નાયબ નિયામકના ફોરવર્ડીંગ પત્ર સાથે સંબંધિત પોલીસ સ્ટેશનને મોકલી આપેલ જે અહેવાલ આ કામે આંક–પ૭૬૬ થી રજૂ કરેલો છે જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

ત્યારબાદ આ કામે એફ.એસ.એલ. ગાંધીનગરને પૃથક્કરણ માટે જે મુદ્દામાલ મોકલવામાં આવેલો તે મુદ્દામાલ પૈકીના અમૂક મુદ્દામાલનુ એફ.એસ. એલ.અધિકારીશ્રી એમ.એન. જોષીએ પૃથક્કરણ કરેલુ પરંતુ તેઓ અમેરિકા મુકામે સ્થાઈ થયેલ હોવાથી તેમની જગ્યાએ અન્ય તપાસ કરનાર અધિકારી સમીર સુભાષચંદ્ર જોષીને આંક–૧૧૧૨ તરીકે સાહેદ નં.૭૯૫૨ થી તપાસેલ છે. તેઓની આ ગુના પુરતી સરતપાસ ધ્યાને લઈએ તો એમ.એન.જોષીએ ઉપરોકત રવાનગી નોંધો પૈકીના મુદ્દામાલ જેમાં નમૂનો–એ (શર્ટ, ફાટેલી થેલી, પ્લાસ્ટિકની કોથળી, પ્લાસ્ટિકની રીંગ, ચશ્મા, ધાતુના ટુકડા, છરા વિગેરે), નમૂના–બી (એડહેસીવ ટેપ ચોંટાડેલા તાંબા જેવી ધાતુના ટુકડાઓ, રબર શીટના ટુકડા, ધાતુના છરા), નમૂના–સી (પ્લાસ્ટિકની થેલીના ટુકડા તથા તારનું ગુંચળુ), નમૂના–ડી (ધાતુના છરા), નમૂના–ઈ (શર્ટના ટુકડા, કાપડના

ટુકડા, ન્યુઝ પેપરના ટુકડા, પ્લાસ્ટિકની પટ્ટી, લાકડાના ટુકડા, ધાતુના છરા વિગેરે), નમૂના–ઈ (શર્ટના ટુકડા, કાપડના ટુકડા, ન્યૂઝ પેપરના ટુકડા, પ્લાસ્ટિકની પટ્ટી, લાકડાના ટુકડા, ધાતુના છરા વિગેરે), નમૂના–એફ (કાપડના ટુકડા), નમૂના–જી (શર્ટના ટુકડા, કાપડની થેલીના ટુકડા, કપડાની પટ્ટી, પ્લાસ્ટિકની થેલીના ટુકડા, ધાતુનું ગોળ ચક્ર, ધાતુના છરા), નમૂના–આઈ (બાંધણી), નમૂના–જે (બ્લાઉઝ), નમૂના–કે (ઘાઘરો), નમૂના–એલ (જાંગીયો), નમૂના–એમ/૧ (પેનન્ટ), નમૂના–એમ/૨ (શર્ટ), નમૂના–એમ/૩ (જાંગીયો), નમૂના–એમ/૪ (ધાતુના છરા), નમૂના–એન/૧ (પેનન્ટ), નમૂના–એન/૨ (શર્ટ), નમૂના–એન/૩ (જાંગીયો), નમૂના–એન/૪ (મોજા), નમૂના–એન/૫ (ધાતુના છરા, દોરા, રૂદ્રાક્ષ, માદલીયા), નમૂના–ઓ/૧ (શર્ટ), નમૂના–ઓ/૨ (માળા, દોરો, ધાતુના છરા), નમૂના–પી (સાઇકલ), નમૂના–કયુ (સાઇકલ) અને નમૂના–આર (સાઇકલ), નમૂના–ટી (છરા) નું (૧) બાહ્ય દ્રષ્ટિ વિષયક પરિક્ષણ તથા (૨) સુક્ષ્મદર્શક/લેન્સ દ્વારા પરિક્ષણ તથા (૩) નમૂનાઓમાં મળતા કાણાઓનું ફાટેલ માર્કનું સુક્ષ્મદર્શક યંત્રમાં પરિક્ષણ તથા (૪) ધાતુના છરાઓનું ઈડીએકસઆરએફ ઉપકરણ દ્વારા પરિક્ષણ કરેલુ.

ઉપરોક્ત પરીક્ષણને આધારે તેમના અભિપ્રાય મુજબ...

(૧) માર્ક–એ થી માર્ક–જી ના નમુનાઓમાં કપડા/પ્લાસ્ટિકની ચીજ વસ્તુઓમાં જોવા મળતા કાંણાં/ફાટેલ માર્ક/નુકસાન બોમ્બ વિસ્ફોટના કારણે થયેલુ હોવાનું જણાય છે.

(૨) માર્ક–સી ના તાંબાના વાયર/ગુંચળુ કોઈ કોઈલમાં વપરાતુ હોય તે પ્રકારનું જણાયેલ.

(૩) માર્ક–આઈ થી માર્ક–ઓ ના નમુનાઓમાં જોવા મળતા કાણાં/ફાટેલા માર્ક બોમ્બ વિસ્ફોટના કારણે તેમાં વપરાતા છરા, ખીલીઓ જેવા પ્રોજેકટાઈલથી થઈ શકે.

(૪) માર્ક–પી, માર્ક–કયુ અને માર્ક–આર ની સાઇકલોમાં જોવા મળતુ નુકસાન બોમ્બ વિસ્ફોટની અસરના કરાણે થયેલ હોવાનું જણાય.

(૫) માર્ક–ટી વાળા છરામાં મુખ્ય પ્રમાણે આયર્ન ધાતુ જોવા મળેલ.

આ મુજબનો જે અહેવાલ આપેલો તે અહેવાલ આંક–૭૯૫૬, ૭૯૫૭ થી ૨જૂ કરેલો છે તેમાં શ્રી એમ.એન.જોષીની સહી આ સાહેદે ઓળખી બતાવેલી છે.

ત્યારબાદ આ કામે અન્ય મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારી નિકુંજ નરહરી બ્રહમભટ્ટને સાહેદ નં.૮૩૭ તરીકે આંક–૫૬૭૭ થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ પ્રમાણે ખાડીયા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૭૧/૨૦૦૮ નાં કામનો મુદ્દામાલ તેઓને કેમેસ્ટ્રી વિભાગમાંથી પૃથક્કરણ અર્થે મળેલો જે આઠ પાર્સલ પૈકી એક મુળ સીલબંધ સાથે તથા સાત વિભાગીય સીલબંધ સાથે આ સાહેદના ડી.એન.એ. વિભાગને તા.૨૬/૮/–૨૦૦૮ નાં રોજ મળેલા જેની સાથે આંતર વિભાગીય રવાનગી પત્ર પણ સામેલ હતો. તેમને મુદ્દામાલનું બાયોલોજીકલ, સીરોલોજીકલ પૃથક્કરણ કરેલુ છે. તેમને જે મુદ્દામાલનુ પૃથક્કરણ કરેલુ છે તે મુજબ...

- નમૂના–એચ થી એલ, એમ/૧, એમ/૨, એમ/૩, એમ/૪, એન/૧, એન/૨, એન/૩, એન/૪, એન/૫ માં માનવ રૂધીરની હાજરી મળેલ છે તે જુથ "ઓ"
- નમૂના–એમ થી ઓ માં માનવ રૂધીરની હાજરી મળેલ ન હતી
- નમૂના– ઓ/૧, ઓ/૨ માં માનવ રૂધીરની હાજરી મળેલ છે તે જુથ "બી"

પૃથક્કરણ મુજબનો અભિપ્રાય આ સાહેદે અહેવાલ આપેલો તે અહેવાલમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવી છે. જે અહેવાલ આંક–૬૦૪૭ થી ૨જૂ કરેલો છે.

ત્યારબાદ આ કામે અન્ય મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારી ગૌરીદત્ત દયાનિધિ શર્માને સાહેદ નં.૮૪૯ તરીકે આંક–૫૯૦૮ થી તપાસેલા છે.

તેમની આ ગુના પુરતી સરતપાસ પ્રમાણે ખાડીયા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૭૧/૨૦૦૮ નાં કામના મુદ્દામાલ પૈકી આ સાહેદે નમૂના માર્ક–એસ હસુમતી બેનનું બ્લડ સેમ્પલ, માર્ક–ટી હસુમતીબેનના પી.એમ. દરમ્યાન લીધેલા છરા અને માર્ક–યુ હસુમતી બહેને પહેરેલ ચણીયાનું પૃથક્કરણ કરેલુ અને આ સાહેદે જે અહેવાલ આપેલો તે અહેવાલમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવી છે. જે અહેવાલ આંક–૫૯૫૩ થી રજૂ કરેલો છે.

ત્યારબાદ આ કામે અન્ય મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારી તેજલબેન દિલીપભાઈ શાહને સાહેદ નં.૮૪૪ તરીકે આંક–૫૮૧૯થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ પ્રમાણે ખાડીયા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૭૧/૨૦૦૮ નાં કામના મુદ્દામાલ પૈકી આ સાહેદને ત્રણ પાર્સલો રાસાયણિક વિભાગ તરફથી પૃથક્કરણ અર્થે મોકલવામાં આવેલા. તેનું બાયોલોજીકલ અને સીરોલોજીકલ પૃથક્કરણ કરેલુ. તે મુજબ...

- નમૂના–એચ માંનુ પ્રવાહી રૂધીર તરીકે ઓળખાયેલુ હતુ.
- નમૂના–ટી તથા યુ પર રૂધીર મળેલુ હતુ.

આ સાહેદના અભિપ્રાય પ્રમાણે નમૂનો–એસ બ્લડ સેમ્પલ, નમૂનો–ટી છરા (ચાર), નમૂનો–યુ ચણીયો આ ત્રણેય નમૂનામાં રૂધીરનું જુથ "બી" હતુ. આ સાહેદે જે અહેવાલ આપેલો તે અહેવાલમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવી છે. જે અહેવાલ આંક–૫૮૨૪ થી રજૂ કરેલો છે.

ત્યારબાદ આ કામે તપાસ કરનાર અધિકારી ઉષા રાડા નાયબ પોલીસ અધીક્ષક, તપાસ ટીમ, ક્રાઈમબ્રાન્ચ અમદાવાદનાઓએ બનાવ બાદ બનાવવાળી જગ્યા ઉપર નકશો બનાવવા માટે સિટી મામલતદારશ્રી, કલેકટર કચેરી અમદાવાદને એક યાદી લખેલી જે યાદી આ કામે આંક–૩૪૧૪ થી રજૂ કરેલી છે, તપાસ ટીમના નાયબ પોલીસ અધીક્ષક ઉષા રાડાનાઓને સાહેદ નં.૧૧૫૪ તરીકે તપાસેલ છે તેઓએ તેઓની જુબાનીમાં આ યાદીમાં પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આંક–૩૪૧૪ વાળી યાદીના આધારે સર્કલ ઓફિસર પ્રવિણભાઈ ભગવાનભાઈ મુલીયાણાનાઓએ ગુનાવાળી જગ્યા ઉપર જઈ નકશો બનાવેલો તેઓને આ કામે સાહેદ નં.૬૯૬ તરીકે આંક–૩૪૧૩ થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ પ્રમાણે તેઓને તપાસ કરનાર અધિકારી ઉષા રાડા દ્વારા ખાડીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં બોમ્બ બ્લાસ્ટ થયેલો તે જગ્યા ઉપર જઈ નકશો બનાવવા માટેની યાદી મળેલી તે આંક–૩૪૧૪ ની યાદી મળ્યા બાબતે યાદી ઉપર તેમને પોતાની સહી ઓળખી બતાવી છે અને તે યાદીના આધારે સ્થળ ઉપર જઈ નકશો બનાવેલો તે નકશો આ કામે આંક–૩૪૧૫ થી રજૂ કરેલો છે. જેમા આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. સદર નકશો તેમને ફોરવર્ડીંગ પત્ર સાથે નાયબ પોલીસ અધીક્ષક તપાસ ટીમ ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ શહેરને મોકલી આપેલો જે ફોરવર્ડીંગ પત્ર આંક–૩૫૧૪ ની સાથે સામેલ છે જેમાં પણ આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. નકશામાં જે જગ્યાએ બોમ્બ બ્લાસ્ટ થયેલા તે જગ્યાઓ લાલ માર્કથી બતાવી છે.

(૨૯.૦૧)<u>અમદાવાદ શહેરના ખાડીયા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૭૧/૨૦૦૮ ના કામે મરણ પામેલ વ્યકિતઓ બાબતે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકનઃ–</u>

આ ગુનાના કામે અંકીત શૈલેષભાઈ મોદીને ઈજા થવાના કારણે મરણ પામેલ અને તેઓની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ જે પંચ સાહેદોની હાજરીમાં કરવામાં આવેલુ તે પંચ સાહેદો પૈકીના પંચ હર્ષદ નવિનભાઈ પંડયાને આ કામે સાહેદ નં.૨૨૧ તરીકે આંક–૧૧૬૫ થી તપાસેલા છે. તેમની સરતપાસ પ્રમાણે અંકિત શૈલેષભાઈ મોદી તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ રાયપુર ચકલામાં થયેલ બોમ્બ બ્લાસ્ટમાં મૃત્યુ પામેલા. તેમનુ ઈન્કવેસ્ટ પંચનામુ આ સાહેદની હાજરીમાં કરવામાં આવેલુ તેમ જણાવે છે. સાહેદ આંક–૧૧૬૦ વાળા પંચનામામાં તેમની સહી ઓળખી બતાવે છે.

ઉપરોકત આંક–૧૧૬૦ વાળા પંચનામાના બીજા પંચ મોદી નલીનભાઈ ચંદુલાલને સાહેદ નં.૨૧૮ તરીકે આંક–૧૧૫૯ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ રાત્રિના સવા દસ થી પોણા બાર વાગ્યાના સમયે ખાડીયા પોલીસ સ્ટેશનના બોલાવવાથી વી.એસ. હોસ્પિટલના પી.એમ. રૂમમાં ગયેલા અને ત્યાં એક અંકિત શૈલેષભાઈ મોદી, વિશાલ અમરીષ રાવલ, અમૃતભાઈ આશારામ નાગર તથા બીજા એક પુરૂષનો શબ જે ઓળખાયેલ નહીં. આ લાશો પી.એમ. રૂમમાં હતી અને ત્યાં હાજર શૈલેષભાઈ મોદીએ તેમના દિકરા અંકિતની લાશ ઓળખી બતાવેલી. બીજી લાશ ઉપેન્દ્રભાઈ દવેએ તેમના ભાણેજ વિશાલ અમરીષની હોવાનું ઓળખી બતાવેલુ. ત્રીજી લાશ સુરેશભાઈ આશારામ નાગરે તેમના સગા ભાઈ અમૃતભાઈ આશારામની લાશ ઓળખી બતાવેલી. ત્યારબાદ આ સાહેદ તથા બીજા પંચ હર્ષદભાઈએ આંક–૧૧૬૦ વાળા પંચનામામાં સહી કરેલી જે આ સાહેદ ઓળખી બતાવે છે.

આ કામે સાહેદ જતીન નવિનચંદ્ર પંડયા કે જે મરણ જનારના અંકિતના શેઠ છે તેઓને આ કામે ફરિયાદપક્ષે સાહેદ નં.૧૦૧૫ તરીકે આંક–૭૦૦૫ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તેઓ ગોખલે પાન હાઉસની બાજુમાં ગોખલે ટ્રેડીંગ કંપનીના નામે કટલેરીનો ધંધો કરે છે. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેઓ દુકાન ઉપર હાજર હતા ત્યારે સાંજના આશરે ૬.૩૦ વાગ્યાની આસપાસ તેમની દુકાનની નજીક આવેલ એમ.નારાયણદાસ નામની દુકાનની સામે રોડ ઉપર ધડાકો થયેલો અને તેમની દુકાનમાં કામ કરતા અંકિત મોદી બહાર નીકળેલો હતો તેને છરા વાગેલા જેથી ૧૦૮ એમ્બ્યુલન્સમાં વી.એસ. હોસ્પિટલ લઈ ગયેલા અને ત્યાં સારવાર દરમ્યાન તે મરણ ગયેલાનું જણાવેલ છે.

આ કામે સાહેદ દીમ્પીબેન શૈલેષભાઈ મોદી કે જે મરણ જનારના બહેન છે તેઓને આ કામે ફરિયાદ પક્ષે સાહેદ નં.૧૦૨૭ તરીકે આંક–૭૦૩૪થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ તેમનો ભાઈ અંકિત નોકરી ઉપર ગયેલ હતો. તે દિવસે સાંજના સાડા છ વાગ્યાની

આસપાસના અરસામાં ઘરે હતા ત્યારે વાતોવાતથી જાણવા મળેલું કે રાયપુર ચકલામાં બે બોમ્બ બ્લાસ્ટ થયેલ છે. થોડીવાર પછી તેમના માસી નન્દાબેનનો ફોન આવેલો કે રાયપુર ચકલા ગોખલા પાનહાઉસ પાસે બોમ્બ બ્લાસ્ટ થયેલો છે અને તેમા અંકિતને ઈજા થયેલી છે. ત્યારબાદ જાણવા મળેલું કે અંકિતનું બોમ્બ બ્લાસ્ટમાં ગંભીર ઈજા થયેલી અને જે કારણથી તે મૃત્યુ પામેલાનું જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ગુજરનાર અંકિત શૈલેષભાઈ મોદીનાઓની લાશનું શબ પરિક્ષણ વી.એસ. હોસ્પિટલ ખાતે કરવામાં આવેલુ. શબ પરિક્ષણ કરનાર સાહેદ ડૉ. કલ્પેશ સોમચંદભાઈ કોટારીયાને સાહેદ નં.૪૬ તરીકે આંક–૭૨૮થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ મુજબ તા.૨૭/૮/૨૦૦૮ નાં રોજ તેઓ વી.એસ. હોસ્પિટલ ખાતે ફરજ પર હતા ત્યારે ઈન્કવેસ્ટ રીપોર્ટ સાથે અંકિત મોદીનો મૃતદેહ શબ પરિક્ષણ માટે મળેલો. આ મૃતદેહ પુરૂષનો હતો, જેનુ શબ પરીક્ષણ ૧.૦૫ એ.એમ. થી શરૂ કરી ૩.૦૦ એ.એમ. કલાકે પુરૂ કરેલુ. આ શબના શરીર ઉપર કપડાઓ હતા જે લોહીથી ખરડાયેલા હતા તેમજ શરીરના જુદા–જુદા ભાગો ઉપર ઈજાઓ થયેલી હતી તે ઈજાઓ આંક–૭૩૧ વાળી શબ પરિક્ષણ નોટનાં કોલમ નં.૧૭ માં જણાવેલી છે તે પ્રમાણેની ઈજાઓ હતી અને આ સાહેદના અભિપ્રાય પ્રમાણે આ વ્યકિતનુ મૃત્યુ બ્લાસ્ટમાં ઈજા થવાના કારણે થયેલાનો અભિપ્રાય છે. શબ પરિક્ષણ નોટમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

ત્યારબાદ આ કામે ગુજરનાર વિશાલ અમરીષ રાવલનાઓની લાશનું શબ પરિક્ષણ વી.એસ. હોસ્પિટલ ખાતે કરવામાં આવેલુ. શબ પરિક્ષણ કરનાર સાહેદ ડૉ. રોહિત ચીમનલાલ ઝરીવાલાને સાહેદ નં.૪૩ તરીકે આંક–૭૧૨થી તપાસેલા છે. તેમની સરતપાસ પ્રમાણે તા.૨૭/૮/૨૦૦૮ નાં રોજ તેઓ વી.એસ. હોસ્પિટલ ખાતે ફરજ પર હતા ત્યારે ઈન્કવેસ્ટ રીપોર્ટ સાથે વિશાલ અમરીષ રાવલનો મૃતદેહ શબ પરિક્ષણ માટે મળેલો. આ મૃતદેહ પુરૂષનો હતો, જેનુ શબ પરીક્ષણ ૧.૦૦ એ.એમ. થી શરૂ કરી ૩.૦૫ એ.એમ. કલાકે પુરૂ કરેલુ. આ શબના શરીર ઉપર કથ્થઈ કલરનું પેન્ટ, બ્લેક કલરનો જાંગીયો,

કથ્થાઈ અને લાલ કલરનું શર્ટ, કાળા કલરના મોજા હતા જે લોહીથી ખરડાયેલા હતા તેમજ શરીરના જુદા-જુદા ભાગો ઉપર કુલ-૨૩ ઈજાઓ થયેલી હતી તે ઈજાઓ આંક-૭૧૩ વાળી શબ પરિક્ષણ નોટનાં કોલમ નં.૧૭ માં જણાવેલી છે તે પ્રમાણેની ઈજાઓ હતી અને આ સાહેદના અભિપ્રાય પ્રમાણે આ વ્યકિતનુ મૃત્યુ બ્લાસ્ટમાં ઈજા થવાના કારણે થયેલાનો અભિપ્રાય આપેલો. શબ પરિક્ષણ નોટમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો તેમની કારકીર્દી દરમ્યાન આ સાહેદે ઘણા શબ પરિક્ષણો કરેલા છે તે કબૂલ કરે છે. આ સાહેદે આપેલા અભિપ્રાયને ટેકો આપવા માટે કોઈ પુસ્તક ઉપલબ્ધ નથી તેમ કબૂલ કરે છે. મરનારના શરીરમાંથી છરાઓ એકત્ર કરી તપાસ અધિકારીને આપેલાનું કબૂલ કરે છે. આ પ્રશ્નનો અર્થ એવો થાય કે મરનારના શરીરમાં છરા હતા અને આ સાહેદે શબ પરિક્ષણ વખતે કાઢેલા હતા જેથી મરનારનું શબ પરિક્ષણ આ સાહેદે કરેલાનું પરોક્ષ રીતે આરોપીઓ તરફથી કબૂલ કરવામાં આવેલુ છે તેમ કહી શકાય.

ત્યારબાદ આ કામે ગુજરનાર અમૃતભાઈ આશારામ નાગરનાઓની લાશનું શબ પરિક્ષણ વી.એસ. હોસ્પિટલ ખાતે કરવામાં આવેલુ. શબ પરિક્ષણ કરનાર સાહેદ ડૉ.કાર્તિક બળદેવભાઈ પ્રજાપતિને સાહેદ નં.૪૪ તરીકે આંક-૭૧૫થી તપાસેલા છે. તેમની સરતપાસ પ્રમાણે તા.૨૭/૮/૨૦૦૮ નાં રોજ તેઓ વી.એસ. હોસ્પિટલ ખાતે ફરજ પર હતા ત્યારે ઈન્કવેસ્ટ રીપોર્ટ સાથે વિશાલ અમૃતભાઈ આશારામનો મૃતદેહ શબ પરિક્ષણ માટે મળેલો. આ મૃતદેહ પુરૂષનો હતો, જેનુ શબ પરીક્ષણ ૧.૦૦ એ.એમ. થી શરૂ કરી ૨.૦૫ એ.એમ. કલાકે પુરૂ કરેલુ. આ શબના શરીર ઉપર કપડા હતા જે લોહીથી ખરડાયેલા હતા તેમજ શરીરના જુદા-જુદા ભાગો ઉપર કુલ-૫ ઈજાઓ થયેલી હતી તે ઈજાઓ આંક-૭૧૬ વાળી શબ પરિક્ષણ નોટનાં કોલમ નં.૧૭માં જણાવેલી છે તે પ્રમાણેની ઈજાઓ હતી અને આ સાહેદના અભિપ્રાય પ્રમાણે આ વ્યકિતનુ મૃત્યુ બ્લાસ્ટમાં ઈજા થવાના કારણે થયેલાનો અભિપ્રાય છે. શબ પરિક્ષણ નોટમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ ગુનાના કામે સુબરીદેવી દલાજી ઘાંચીને ઈજા થવાના કારણે મરણ પામેલ અને વી.એસ. હોસ્પિટલમાં તેઓનું ઈન્કવેસ્ટ પંચનામુ કરેલુ અને ડૉકટરે લાશ ઉપરથી મેળવેલા કપડા જેમને સોંપેલા તે સાહેદ કાંતીલાલ સલુજી પાંડોરનાઓએ મેળવેલા અને તેમને જે પંચનામુ બનાવેલુ તે પંચનામા પૈકીના પંચ હંસાજી સોપાજી ઘાંચીને સાહેદ નં.૨૧૯ તરીકે આંક–૧૧૬૧ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ એલ.જી. હોસ્પિટલના ઓ.પી.ડી. વિભાગમાં તેમને બોલાવેલા અને તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ રાયપુર ચકલા વિસ્તારમાં બનેલી બોમ્બ બ્લાસ્ટની ઘટનામાં ઈજા પામનાર બહેનના શબનું ઈન્કવેસ્ટ પંચનામુ કરવાનું હતુ અને ત્યાં આ સાહેદની હાજરીમાં પોલીસે ઈન્કવેસ્ટ પંચનામુ કરેલુ અને લાશ ઉપરના કપડા કબજે કરેલા. આ આંક–૧૧૬૨ વાળા પંચનામામાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ કામે ગુજરનાર સુબરીદેવી દલાજી ઘાચીનાઓની લાશ શબ પરિક્ષણ માટે સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે મોકલી આપેલી અને ત્યાં શબ પરિક્ષણ કરવામાં આવેલુ. શબ પરિક્ષણ કરનાર સાહેદ ડૉ. ભાર્ગવ બેચરભાઈ ઝવેરીને સાહેદ નં.૪૨ તરીકે આંક–૬૯૮થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ પ્રમાણે તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ તેઓ સિવિલ હોસ્પિટલ ખાતે ફરજ પર હતા ત્યારે ઈન્કવેસ્ટ રીપોર્ટ સાથે સુબરીદેવીનો મૃતદેહ શબ પરિક્ષણ માટે મળેલો. આ મૃતદેહ સ્ત્રીનો હતો અને શબ પરિક્ષણ ૩.૪૫ એ.એમ. થી શરૂ કરી ૫.૧૫ એ.એમ. કલાકે પુરૂ કરેલુ. આ શબના શરીર ઉપર કપડા હતા. તેમજ શરીરના જુદા–જુદા ભાગો ઉપર કુલ–૮ ઈજાઓ થયેલી હતી તે ઈજાઓ આંક–૭૦૪ વાળી શબ પરિક્ષણ નોટનાં કોલમ નં.૧૭માં જણાવેલી છે તે પ્રમાણેની ઈજાઓ હતી અને આ સાહેદના અભિપ્રાય પ્રમાણે આ વ્યકિતનુ મૃત્યુ બ્લાસ્ટમાં ઈજા થવાના કારણે થયેલાનો અભિપ્રાય છે. શબ પરિક્ષણ નોટમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ કામે સાહેદ દલાજી મનાજી ઘાચી કે જે મરણ જનાર સુબરીદેવી દલાજી ઘાચીના પતિ છે તેઓને આ કામે ફરિયાદપક્ષે સાહેદ નં.૩૨૦ તરીકે આંક–૧૬૬૧ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ તેઓ તથા તેમના પત્ની સાંજના ૬.૦૦ વાગે ઘરે હાજર હતા. તેમની પત્નીને પગે તકલીફ હોવાથી સારંગપુર ખાતે સાંજના ૬.૩૦ વાગ્યા સુમારે તે ચાલતા ગયેલા હતા. આ વખતે સાંજના ૭.૦૦ વાગ્યાના સુમારે રાયપુર ચકલામાં બોમ્બ ફુટેલો તેવું જાણતાં તેઓ રાયપુર ચકલા આવેલા પણ તેમની પત્ની મળેલા નહીં. જેથી સાહેદ વી.એસ. હોસ્પિટલમાં ગયેલ ત્યાં પણ તેમની પત્ની મળેલ નહીં. ત્યારબાદ એલ.જી. હોસ્પિટલમાં ગયો ત્યાં તેમની પત્નીની લાશ સ્ટ્રેચર પર સુવડાવેલી હતી. તેમની પત્નીને બોમ્બ બ્લાસ્ટમાં ઈજા થયેલી અને સારવાર દરમ્યાન એલ.જી. હોસ્પિટલમાં ગુજરી ગયેલા. તેમની પત્ની સુબદીદેવી ચકલેશ્વર મહાદેવ દર્શન કરવા સારૂ ગયેલી તે દરમ્યાન બોમ્બ ધડાકો થતાં ઈજા થતાં ગુજરી ગયેલાનું જણાવેલ છે.

આ ગુનાના કામે હસુમતીબેન જગદીશભાઈ કડીયાને ઈજા થવાના કારણે મરણ પામેલ અને તેઓની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ જે પંચ સાહેદોની હાજરીમાં કરવામાં આવેલુ તે પંચ સાહેદો પૈકીના પંચ હરેશ રમણલાલ કડીયાને આ કામે સાહેદ નં.૨૨૦ તરીકે આંક–૧૧૬૩ થી તપાસેલા છે. તેમની સરતપાસ પ્રમાણે તા.૩/૮/૨૦૦૮ નાં રોજ બપોરના આશરે સાડા બારથી એકાદ વાગ્યાના સમયમાં પોલીસે તેઓને વાડીલાલ હોસ્પિટલના પી.એમ. રૂમમાં બોલાવેલા ત્યાં બીજા એક પ્રેમીલાબેન પણ હતા. ત્યાં એક સ્ત્રીની લાશ હતી તેનુ ઈન્કવેસ્ટ પંચનામુ કરેલુ અને તે લાશ તેમના ભાભી ધર્મિષ્ઠાબેન કડીયાએ ઓળખી બતાવેલી. તેમનુ ઈન્કવેસ્ટ પંચનામુ આ સાહેદની હાજરીમાં કરવામાં આવેલુ તેમ જણાવે છે. સાહેદ આંક–૧૧૬૪ વાળા પંચનામામાં તેમની સહી ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ કામે ગુજરનાર હસુમતીબેન જગદીશભાઈ કડીયાનાઓની લાશનું શબ પરિક્ષણ વી.એસ. હોસ્પિટલ ખાતે કરવામાં આવેલુ.

શબ પરિક્ષણ કરનાર સાહેદ ડૉ. નૈમેશ રમેશચંદ્ર ભોજકને સાહેદ નં.૪૮ તરીકે આંક–૭૪૭ થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ પ્રમાણે તા. ૩/૮/૨૦૦૮ નાં રોજ તેઓ વી.એસ. હોસ્પિટલ ખાતે ફરજ પર હતા ત્યારે ઈન્કવેસ્ટ રીપોર્ટ સાથે હસુમતીબેન જગદીશભાઈ કડીયાનો મૃતદેહ શબ પરિક્ષણ માટે મળેલો. આ મૃતદેહ સ્ત્રીનો હતો, જેનુ શબ પરીક્ષણ ૧.૫૦ એ.એમ. થી શરૂ કરી ૩.૫૦ એ.એમ. કલાકે પુરૂ કરેલુ. આ શબના શરીર ઉપર કપડા હતા જે લોહીથી ખરડાયેલા હતા તેમજ શરીરના જુદા–જુદા ભાગો ઉપર કુલ ૪ ઈજાઓ થયેલી હતી તે ઈજાઓ આંક–૭૪૯ વાળી શબ પરિક્ષણ નોટનાં કોલમ નં.૧૭ માં જણાવેલી છે તે પ્રમાણેની ઈજાઓ હતી અને આ સાહેદના અભિપ્રાય પ્રમાણે આ વ્યકિતનુ મૃત્યુ બ્લાસ્ટમાં ઈજા થવાના કારણે થયેલાનો અભિપ્રાય છે. શબ પરિક્ષણ નોટમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

(૨૯.૦૨) <u>અમદાવાદ શહેરના ખાડીયા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં. ૭૧/૨૦૦૮ ના કામે ઈજા પામેલ વ્યકિતઓ બાબતે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકનઃ–</u>

ખાડીયા પોલીસ સ્ટેશનના આ બનાવમાં અશોક ચીમનલાલ સોનીનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૭૦ તરીકે આંક–૮૫૬ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે પરબડીના પોળ ખાતે રાયપુરમાં સને ૨૦૦૮ ના જુલાઈ મહિનામાં સોના ચાંદીના દાગીના બનાવવાનો અને રીપેરીંગનો ધંધો કરતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેઓ દુકાને ગયેલા હતા તે દિવસે તેઓના દાંતમાં દુખાવો થતો હોવાથી સારંગપુરમાં દાંતના દવાખાને બતાવેલુ અને ડૉકટરે લખી આપેલ દાઢના દુઃખાવાની દવા લેવા રાયપુર ચકલામાં આવેલી એમ. નારાયણદાસ નામની દુકાને ગયેલા ત્યારે મહાલક્ષ્મી ચાની કીટલીએ ચા પીતા હતા તે વખતે એમ. નારાયણદાસ દુકાનની આગળ ધડાકો થયેલો. તે જ વખતે ગોખલે પાન હાઉસ આગળ બીજો ધડાકો પણ થયેલો, ગોખલે પાન હાઉસ પાસે થયેલા ધડાકામાંથી કરચો તથા છરા ઉડેલા તેના કારણે આ સાહેદને જમણા પગે નળા ઉપર અને જાંઘ સુધી વાગેલુ જેથી લોહી નીકળવા લાગલુ અને

ઓળખીતા માણસોએ પ્રાથમિક સારવાર કરાવવા માણેક ચોક જવાના રસ્તા ઉપર આવેલ ગીરીશભાઈ મૈસુરવાળાના દવાખાને લઈ ગયેલા અને ત્યાંથી વી.એસ. હોસ્પિટલ ખાતે લઈ ગયેલાનું જણાવેલુ છે અને વધુ સારવાર વી.એસ. હોસ્પિટલમાં કરાવેલી છે.

ત્યારબાદ અશોક ચીમનલાલ સોનીની સારવાર કરનાર ડૉ.વિરેન ભુપતરાય રાજગુરૂને સાહેદ નં.૨૮૩ તરીકે આંક–૧૫૪૦થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ ધ્યાને લઈએ તો તેઓ અમદાવાદ ખાતે સિદ્ધિ વિનાયક હોસ્પિટલના નામથી તબીબી વ્યવસાય કરે છે. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સાંજના ૭.૪૦ વાગ્યાના સુમારે એક અશોકભાઈ ચિમનલાલ સોનીનાઓ તેમની હોસ્પિટલ ખાતે સારવાર માટે આવેલા. દર્દીની હીસ્ટ્રી મુજબ રાયપુર ચકલા અમદાવાદ ખાતે થયેલ બોમ્બ ધડાકામાં ઈજા થઈ હતી. દર્દીને છરા વાગવાથી જમણા હાથના કાંડા ઉપર અને જમણી બાજુના ફીબ્યુલા હાડકાના અસ્થિભંગ સાથે દાખલ કરવામાં આવેલા હતા. આ સિવાય આ દર્દીને ઘણીબધી પેલેટ થી થયેલ ઈજાઓ જમણા થાપા, જમણી જાંગ અને જમણા પગ ઉપર હતી. જેથી દર્દીનું ઓપરેશન કરવામાં આવેલું. તેઓનું ઓપરેશન કરી પેલેટ્સ બહાર કાઢવામાં આવેલ. જે લોહીની નસ કપાયેલ હતી તે રીપેર કરવામાં આવેલ. જ્યારે અસ્થિભંગની જગ્યાએ સળીયો નાંખી પ્લાસ્ટર કરવામાં આવેલાનું જણાવેલ છે. આ બાબતનું પ્રમાણપત્ર આપેલુ જે આંક–૧૫૪૧ થી ૨જૂ રાખેલ છે તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. આ સાહેદના મંતવ્ય પ્રમાણે દર્દીને થયેલી ઉપરોકત ઈજાઓ કોઈક ધડાકામાં કે બ્લાસ્ટમાં દબાણપૂર્વક કોઈ ચીજવસ્તુ અથડાય તો આવી ઈજા થઈ શકે તેમ જણાવેલ છે.

ખાડીયા પોલીસ સ્ટેશનના આ બનાવમાં દેવાંગ મહેન્દ્રભાઈ દુધિયાનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૫૯ તરીકે આંક–૮૦૮ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ દિવસ દરમ્યાન તેમની દુકાને હાજર હતા અને તે દિવસે સાંજનાં સારંગપુર ખાતે તેમની બા નું દાતણ લેવા ગયેલા અને ત્યાંથી પરત આવતા હતા ત્યારે સાંજનાં આશરે

૬.૩૦ વાગ્યાનાં સુમારે એમ.નારણદાસ એન્ડ કંપની નામની દવાની દુકાન પાસે એકદમ ધડાકો થયેલો અને ધડાકો થતા તેમાંથી છરા ઉડીને જમણાં હાથે તથા જમણાં પગે અને જમણાં પડખે વાગતા ઈજાઓ થયેલી. જેથી સૌપ્રથમ હીરાજયંતી હોસ્પિટલ, છબીલા હનુમાન પાસે સારવાર કરાવવા માટે લઈ ગયેલા અને ત્યારબાદ વી.એસ.હોસ્પિટલમાં પણ સારવાર લીધેલાનું જણાવેલ છે.

ત્યારબાદ દેવાંગ મહેન્દ્રભાઈ દુધિયાની સારવાર કરનાર ડૉ.ઉર્વિશ રમણલાલ મકવાણાને સાહેદ નં.૨૯૭ તરીકે આંક–૧૫૯૦ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ તેઓ વી.એસ. હોસ્પિટલમાં મેડીકલ ઓફિસર તરીકે ફરજ બજાવતા હતા ત્યારે સાંજના ૬–૪૫ વાગ્યાના સુમારે એક દેવાંગભાઈ દુધિયાને સારવાર માટે લાવવામાં આવેલા હતા. દર્દીએ હિસ્ટ્રીમાં એવુ જણાવેલુ કે રાયપુર ખાતે થયેલ બોમ્બ ધડાકામાં તેઓને ઈજા થઈ છે તેઓને ઈજા જમણા હાથ તથા જમણા પગ અને પીઠના ભાગે થયેલી છે. દર્દીને ઈજામાં જમણા હાથ ઉપર દાઝી ગયા હોવાનું કાળુ નિશાન હતુ. તથા આવા જ પ્રકારની ઈજાના ચિન્હો જમણા પગ તથા પીઠના ભાગે હતા. આ બાબતનું પ્રમાણપત્ર આપેલુ જે આંક–૧૫૯૧ થી ૨જૂ રાખેલ છે અને તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. આ સાહેદના મંતવ્ય પ્રમાણે દર્દીને થયેલી ઉપરોકત ઈજાઓ કોઈક ધડાકામાં કે બ્લાસ્ટમાં દબાણ પૂર્વક કોઈ ચીજવસ્તુ અથડાય તો આવી ઈજા થઈ શકે તેમ જણાવેલ છે.

ખાડીયા પોલીસ સ્ટેશનના આ બનાવમાં કલ્પનાબેન એમ. પવારને ઈજાઓ થયેલી પરંતુ તેઓને આ કામે તપાસવામાં આવેલા નથી અને ફરિયાદપક્ષે રેખાબેન જીવણલાલ જોષીને આ કામે સાહેદ નં.૮૨ તરીકે આંક–૮૭૯ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાંજના આશરે છએક વાગ્યાના સુમારે આ સાહેદ તથા તેમના ભાભી કલ્પનાબેન સારંગપુર ખાતે શાક લેવા ગયેલા અને બંને શાક લઈને પાછા ફરતા હતા ત્યારે એક જોરથી બોમ્બ ધડાકો થયેલો. આ બોમ્બ ધડાકાના બનાવમાં આ સાહેદને તથા તેમની ભાભીને ઈજાઓ થયેલી. આ સાહેદને ડાબા પગે અને તેમની

ભાભીને ડાબી આંખે વાગેલુ. ત્યારબાદ બંને એલ.જી. હોસ્પિટલમાં પણ સારવાર માટે લઈ ગયેલાનું જણાવેલ છે.

ત્યારબાદ કલ્પનાબેન એમ. પવારની સારવાર કરનાર ડૉ.જીગ્નાશા મહેશભાઈ પટેલને સાહેદ નં.૨૯૮ તરીકે આંક–૧૫૯૨ થી તપાસેલા છે. આ સાહેદની આ ગુના પુરતી સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ તેમની ફરજ પર હતા ત્યારે ક્રાઇમ બ્રાન્ચ પોલીસ દ્વારા એક કલ્પનાબેન એમ. પવારને બપોરના ૧૨–૧૫ વાગ્યાના સુમારે સારવાર માટે લવાયેલા હતા. દર્દીએ હિસ્ટ્રીમાં જણાવેલ કે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ થયેલ બોમ્બ ધડાકામાં ઈજા થયેલી હતી. દર્દીની જમણી આંખની દ્રષ્ટિ ૬/૬ એટલે કે સામાન્ય હતી. જ્યારે ડાબી આંખમાં ૬/૧૨ ની દ્રષ્ટિ હતી અને સ્ટાન્ડર્ડ પર્ફોમાંની છેલ્લી બે લાઇન કે જે નાના અક્ષરની હોય તે વાંચી શકતા ન હતા. દર્દીની ડાબી આંખની ભ્રમર પર ટાંકા લીધેલા હતા. જ્યારે પાંપણ પર સોજો હતો. દર્દીની આંખના ડોળાનો સફેદ ભાગ લાલ થયેલો હતો તેમજ આંખના ડોળામાં લોહી જામી ગયેલુ હતુ. આ બાબતનું પ્રમાણપત્ર આપેલુ જે આંક–૧૫૯૪ થી રજૂ રાખેલ છે અને તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. આ સાહેદના મંતવ્ય પ્રમાણે દર્દીને થયેલી ઉપરોકત ઈજાઓ કોઈક ધડાકામાં કે બ્લાસ્ટમાં દબાણપૂર્વક કોઈ ચીજવસ્તુ અથડાય તો આવી ઈજા થઈ શકે તેમ જણાવેલ છે.

ખાડીયા પોલીસ સ્ટેશનના આ બનાવમાં પન્નાબેન જયેન્દ્રકુમાર મોદીનાઓને ઈજાઓ થયેલી તેઓને આ કામે સાહેદ નં.૭૮ તરીકે આંક–૮૭૫ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાંજના છ–સાડા છ વાગ્યાના સુમારે સારંગપુર ચકલા શાકભાજી લેવા ગયેલા ત્યારે એકદમ ધડાકો થયેલો જેના કારણે આ સાહેદને જમણા પગે વાગેલુ, શું વાગેલુ ચોકકસ ખબર નથી પરંતુ ખીલ્લી જેવુ કાંઈક હતુ. ત્યારબાદ તેમનો દીકરો તથા તેમના પડોશી તેમના ફેમીલી ડૉકટર દિનેશભાઈ શાહને ત્યાં સારવાર માટે લઈ ગયેલાનું જણાવેલ છે.

ત્યારબાદ પન્નાબેન જયેન્દ્રકુમાર મોદીની સારવાર કરનાર ડો.દિનેશ જયંતિલાલ શાહને સાહેદ નં.૩૦૪ તરીકે આંક–૧૬૧૦થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ ધ્યાને લઈએ તો તેઓ પતાસા પોળ, ગાંધીરોડ ખાતે તબીબી વ્યવસાય કરે છે. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ એક પન્નાબેન જયેન્દ્રલાલ મોદીનાઓને ધડાકામાં થયેલ ઈજાઓ બદલ સારવાર આપેલી. દર્દીને જમણાં થાપાના ભાગે ઈજા થયેલી હતી. આ કારણે દર્દીને બોથડ ઈજાઓ તથા ઘસરકાના ઘા હાડકાંના ભાગે થયા હતા. આ બાબતનું પ્રમાણપત્ર આપેલુ જે આંક–૧૬૧૧ થી રજૂ રાખેલ છે અને તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. આ સાહેદના મંતવ્ય પ્રમાણે દર્દીને થયેલી ઉપરોકત ઈજાઓ કોઈક ધડાકામાં કે બ્લાસ્ટમાં કોઈ ચીજવસ્તુ અથડાય કે ઘસાઈને જતી રહે તો આવી ઈજા થઈ શકે તેમ જણાવેલ છે.

ખાડીયા પોલીસ સ્ટેશનના આ બનાવમાં પંકજકુમાર કનૈયાલાલ ઠાકરનાઓને ઈજાઓ થયેલી તેઓને આ કામે સાહેદ નં.૨૬૫ તરીકે આંક–૧૩૨૮ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ આ સાહેદ સાંજના સાડા છ વાગ્યાના સુમારે રાયપુર ચકલા ખાતે આવેલી એમ. નારાયણદાસ નામની દુકાને તેમની માતાની દવા લેવા ગયેલ હતા અને દુકાન ઉપર દવા લેવા ઉભા હતા ત્યારે નજીકમાં એક મોટો ધડાકા સાથે બોમ્બ ફુટેલો, આ બનાવ બનતા લોકોમાં નાસભાગ થયેલી, ત્યાં કટલરીના લારીવાળા કાકાને પણ ઈજા થયેલી. બોમ્બ બ્લાસ્ટ થયો ત્યારે તેના છરા ઉડતા આ સાહેદને માથામાં, આંખ પાસે, બંને પગે, બંને હાથે તથા પેટના ભાગે ઈજાઓ થયેલી. જેથી વાડીલાલ હોસ્પિટલમાં તેઓને સારવાર માટે લઈ જવામાં આવેલાનું જણાવેલ છે.

ત્યારબાદ પંકજકુમાર કનૈયાલાલ ઠાકરની સારવાર કરનાર ડૉ.ભુષણ રમેશ પાટીલને સાહેદ નં.૩૧૦ તરીકે આંક–૧૬૨૩ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ તેઓ વી.એસ. હોસ્પિટલમાં મેડીકલ ઓફિસર તરીકે ફરજ પર હતા ત્યારે એક પંકજ

કનૈયાલાલ સારવાર માટે આવેલા હતા. દર્દીની હીસ્ટ્રી મુજબ સાંજે ૬.૪૫ વાગે સારંગપુર વિસ્તારમાં થેયલ બોમ્બ ધડાકામાં જમણા હાથે તથા શરીરના બીજી ઘણી બધી જગ્યાએ બાહ્ય પદાર્થ ઘુસી ગયેલા છે. દર્દીને ઈજામાં દર્દીને બંને આંખમાં લોહી જામી ગયેલું હતું તથા ડાબા હાથે સોજો હતો તથા જમણા પગ અને સમગ્ર શરીર ઉપર લગભગ ૪ થી ૫ એમ.એમ.ના ઘણા બધા પેલેટ્સ વાગ્યાની ઈજાઓ હતી તેમજ જમણા ગાલ ઉપર પંચરવુન્ડ હતો તથા જમણી બગલના આગળની તરફ તથા ડાબી બગલના આગળની તરફ ડાબી કોણીના આગળની તરફ અને ડાબા હાથે ઘણા બધા પંચરવુન્ડ પેલેટ્સથી થયેલા હતા અને આ સિવાય તેઓને પેટના આગળના ભાગે ડુંટી પાસે તથા પેટમાં ડાબી બાજુ નીચેની તરફ એક એક પંચરવુન્ડ હતો તેમજ આ સિવાય બે થી ત્રણ જેટલાં પંચરવુન્ડ જમણા હાથ તથા જમણા પગે હતા. દર્દીના ઈજાવાળા ભાગનો એક્સ રે લેવામાં આવેલો જેમાં માથાના ડાબી બાજુએ પેરાઈટલ ભાગે, ડાબા જડબાના ભાગે, નાકની ડાબી બાજુએ, ગળામાં જમણી બાજુએ, જમણી જાંઘના ઉપરના ૧/૩ ભાગે તથા જમણા પગે ફીમર હાડકાંની વચ્ચેના ભાગે તથા તેની જમણી બાજુએ પણ આવા પેલેટ્સ માલુમ પડેલા. આ સિવાય છાતીમાં ડાબી બાજુએ પેલેટ્સ માલુમ પડેલા. ત્યાં લોહી અને પ્રવાહી ભરાયેલું હતું તથા તે ડાબી બાજુએ ચકામું થયેલું હતું અને કરોડરજ્જુના ચોથા મણકાની ડાબી બાજુએ પણ આવો એક પેલેટ માલુમ પડેલો. આ દર્દીનું ઓપરેશન કરી પેટના ભાગેથી આંતરડા પાસેના ચરબી વાળા ભાગેથી આવતું લોહી બંધ કરેલું તથા પેટના આગળના ભાગના પેલેટ બહાર કાઢેલા તથા ડાબી છાતીના ભાગે ઓપરેશન કરી પેલેટ બહાર કાઢવામાં આવેલા. આ સિવાય માથાના ભાગેથી પણ એક પેલેટ બહાર કાઢવામાં આવેલો.

ડૉકટરે જે સારવાર આપેલી તેના કેસ પેપર્સ આંક–૧૬૨૫ અને ૧૬૨૬થી રજૂ રાખેલ છે અને તેમાં દર્દીને જે સારવાર આપેલી તેની વિગતો જણાવેલી છે. આ બાબતનું પ્રમાણપત્ર આપેલુ જે આંક–૧૬૨૪ થી રજૂ રાખેલ છે અને તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. આ સાહેદના મંતવ્ય

પ્રમાણે દર્દીને થયેલી ઉપરોકત ઈજાઓ કોઈક ધડાકામાં કે બ્લાસ્ટમાં દબાણ પૂર્વક કોઈ ચીજવસ્તુ અથડાય તો આવી ઈજા થઈ શકે તેમ જણાવેલ છે.

ખાડીયા પોલીસ સ્ટેશનના આ બનાવમાં સ્નેહલ હિતેશકુમારને ઈજા થયેલી પરંતુ તેઓને ફરિયાદપક્ષ દ્વારા તપાસવામાં આવેલા નથી પરંતુ તેમની સારવાર કરનાર ડૉ.જયશ્રી રામજીભાઈને સાહેદ નં.૩૧૧ તરીકે આંક–૧૬૨૮થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ ધ્યાને લઈએ તો તા. ૨૬/૭/૨૦૦૮ ના રોજ તેઓ વી.એસ. હોસ્પિટલ અમદાવાદ ખાતે મેડીકલ ઓફિસર તરીકે ફરજ બજાવતા હતા તે દિવસે સાંજના ૭.૧૨ વાગ્યાના અરસામાં એક સ્નેહલ હિતેષકુમારને સારવાર માટે લાવવામાં આવેલા હતા. દર્દીએ હીસ્ટ્રીમાં જણાવેલુ બોમ્બ ધડાકો તેમનાથી દસેક કુટના અંતરે થયેલો હતો તેના કારણે ઘણી બધી ઈજાઓ ધડ તથા અવયવો ઉપર થયેલી હતી તેમજ તેઓને પેશાબની જગ્યાએ લોહી ચોંટેલું હતું. દર્દીના શરીર ઉપર ઘણી બધી ધાતુના છરા (પેલેટ) દ્વારા થયેલી ઈજાઓ હતી. સદર ઈજામાં ડાબી છાતી તથા છાતીના પાછળના ભાગે વચ્ચેના હિસ્સામાં, જમણી હથેળીમાં, જમણી જાંઘના ભાગે, જમણા વૃષણના ભાગે, જમણી જાંઘના અંદરના ભાગે તથા જમણા અને ડાબા ઘુંટણના ભાગે, આ સિવાય જમણા પંજાના ભાગે બે ઈજાઓ હતી. પેટની પાછળના ભાગે એક ઈજા હતી તથા જમણા જાંઘના ઉપરના બહારના ભાગે કુલ–ત્રણ આવી ઈજાઓ હતી. આ તમામ ઈજાઓ ઘાતુના છરા (પેલેટ) થી થયેલી હતી. વધુમાં દર્દીના પેટના ભાગની સોનોગ્રાફી કરાવતાં ડાબી કીડનીના ઉપરના ભાગે લોહી જામી જવાનું અને સોજો હતો. સીટી સ્કેનમાં ડાબી કીડનીના ભાગે ઈજાઓ માલુમ પડેલી. દર્દીના જમણા જાંઘના ભાગે જે બે પેલેટ્સ ઉપર છરા હતાં તે કાઢવામાં આવેલા તે સિવાય કાઢી શકાયેલ ન હતા. દર્દીને જમણા હાથે ત્રીજી આંગળીના ભાગમાં અસ્થિભંગ હતો જ્યારે જમણા પંજાના ભાગે પેલેટની હાજરી જોવા મળેલી. આ બાબતનું પ્રમાણપત્ર આપેલુ જે આંક–૧૬૨૯ થી રજૂ રાખેલ છે અને તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. આ સાહેદના મંતવ્ય

પ્રમાણે દર્દીને થયેલી ઉપરોકત ઈજાઓ કોઈક ધડાકામાં કે બ્લાસ્ટમાં દબાણ પૂર્વક કોઈ ચીજવસ્તુ અથડાય તો આવી ઈજા થઈ શકે તેમ જણાવેલ છે.

ખાડીયા પોલીસ સ્ટેશનના આ બનાવમાં પ્રહલાદજી સોમાજી ઠાકોરનાઓને ઈજાઓ થયેલી તેઓને આ કામે સાહેદ નં.૭૧ તરીકે આંક–૮૬૨ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ લગભગ સાંજના સાડા છ વાગ્યાના સુમારે એમ.નારાયણદાસ નામની દવાની દુકાનની નજીક એક ધડાકો થયેલો તે વખતે આ સાહેદ બાથરૂમ કરવા માટે તેમજ બનાવ શું બન્યો છે તે જોવા જતા હતા તે દરમ્યાન ગોખલે પાન હાઉસ આગળ બીજો બોમ્બ બ્લાસ્ટ થયેલો. તે બોમ્બ બ્લાસ્ટ થતા આ સાહેદને માથાના ભાગે તથા ડાબા હાથે છરાઓ વાગતા ઈજાઓ થયેલી. આ વખતે એમ. નારાયણદાસ દવાની દુકાન તથા ગોખલે પાન હાઉસ પાસે નાસભાગ થયેલી, કેટલાક વેપારીઓએ દુકાન બંધ કરી દીધેલી અને ત્યાં ઘણા લોકોને ઈજાઓ થયેલી અને સારવાર એલ.જી. હોસ્પિટલ ખાતે કરાવેલાનું જણાવેલ છે.

ખાડીયા પોલીસ સ્ટેશનના આ બનાવમાં શૈલેષભાઈ વસંતલાલ શાહનાઓને ઈજાઓ થયેલી પરંતુ આ સાહેદ મરણ ગયેલ હોવાથી ફરીયાદપક્ષ દ્વારા તપાસવામાં આવેલા નથી.

ત્યારબાદ પ્રહલાદજી સોમાજી ઠાકોર તથા શૈલેષભાઈ વસંતલાલ શાહની સારવાર કરનાર ડૉ.નિરવ હસમુખભાઈ પંચાલને સાહેદ નં.૨૮૨ તરીકે આંક–૧૫૨૬ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૬/૭/૨૦૦૮ રાત્રીના ૧૧.૫૦ વાગ્યાના સુમારે એક પ્રહલાદભાઈ સોમાભાઈનાઓ સારવાર માટે આવેલા હતા. દર્દીની હીસ્ટ્રી મુજબ રાયપુર ખાતે સાંજના ૬.૩૦ વાગે થયેલ બોમ્બ ધડાકામાં ઈજા થયેલી હતી. દર્દીને ઈજામાં ખોપરીના ભાગે ૫ સે.મી.ના ભાગનો કપાયેલ છુંદાયેલ ભાગ હતો તથા ડાબા હાથ ઉપર ઘણા બધા ઘસારાના ચિન્હો હતા તેમ જણાવેલ છે.

વધુમાં સાહેદ જણાવે છે કે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ એક શૈલેષભાઈ વસંતલાલ શાહનાઓ સારવાર માટે આવેલા હતા. દર્દીની હીસ્ટ્રી

મુજબ તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ રાયપુર ખાતે સાંજના ૬.૩૦ વાગે થયેલ બોમ્બ ધડાકામાં ઈજા થયેલી હતી. દર્દીને ઈજામાં ડાબી કુખના ભાગે ઘસારાના ચિન્હો હતા તથા ડાબા ઘુંટણના ભાગે આવી રીતે ઘસરકાના નિશાન હતા. તેવી જ રીતે ચહેરાની ડાબી બાજુએ તથા ડાબા કુલાના ભાગે ઘસરકાની ઈજાઓ હતી. આ બાબતના પ્રમાણપત્રો આપેલા જે આંક–૧૫૨૮ અને ૧૫૨૯ થી ૨જૂ રાખેલ છે અને તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. આ સાહેદના મંતવ્ય પ્રમાણે ઉપરોકત બંને દર્દીને થયેલી ઉપરોકત ઈજાઓ કોઈક ધડાકામાં કે બ્લાસ્ટમાં દબાણપૂર્વક કોઈ ચીજવસ્તુ અથડાય તો આવી ઈજા થઈ શકે તેમ જણાવેલ છે.

ખાડીયા પોલીસ સ્ટેશનના આ બનાવમાં ભાવેશ શૈલેષભાઈ ચતુર્વેદીનાઓને ઈજાઓ થયેલી તેઓને આ કામે સાહેદ નં.૬૮ તરીકે આંક–૮૫૪થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સ્કૂલ પુરી થતા તેઓ ઘરે ગયેલા અને ઘરે જઈ લેશન પતાવી, સાંજના છ–સાડા છ વાગ્યાના અરસામાં સારંગપુર ચકલામાં તેમના મિત્રને મળવા ગયેલા. જે જગ્યાએ મિત્રને મળતા તે જગ્યા સારંગપુર ફરતા વિસામા તરીકે ઓળખાય છે. તે દિવસે આ સાહેદે મિલન કિરાણા સ્ટોર્સ નામની દુકાન આગળ સ્કુટર પાર્ક કરેલુ અને તેની ઉપર બેસેલા, આ સ્કુટરની સાઈડમાં એક સાઇકલ અડાડીને ઉભી મુકેલી હતી તેના કેરીયર ઉપર વાદળી કલરની બેગમાં ટિફિન જેવુ હતુ. આ સાઇકલ રેન્જર જેવી હીરો કંપનીની હતી, આ વખતે સાડા છ–પોણા સાત વાગ્યાના સમય દરમ્યાન આ સાહેદના પિતાજીએ બોલાવેલા જેથી સ્કૂટર ઉપરથી ઉભા થઈને આ સાહેદ જતા હતા તે દરમ્યાન સાઇકલ ઉપર જે થેલી હતી તે થેલી તરફ ગાયે તેનું મોઢુ કરેલુ તેવામાં એક મોટો ધડાકો થયેલો. આ ધડાકો થયેલો તેમાં આ સાહેદને તથા તેમના પિતાને ઈજાઓ થયેલી અને રોડ ઉપર પટકાય ગયેલા. આ સાહેદને ભાન આવ્યુ ત્યારે ડૉ.શૈલેષભાઈ શાહની સર્જીકલ હોસ્પિટલ કાંકરીયા ખાતે દાખલ કરેલ હતા અને તેમના પિતાને પણ દાખલ કરેલ હતા. આ સાહેદના શરીરના જુદા–જુદા ભાગો ઉપર છરાઓ વાગેલા જેના કારણે ઈજાઓ

થયેલી. તેમના પિતાને પણ છરાઓ વાગતા ઈજાઓ થયેલાનું જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો ખાડીયા પોલીસ સ્ટેશન રૂબરૂના જવાબમાં "ટિફિન જેવુ" એવો શબ્દ લખાવેલો નથી તે કબૂલ કરે છે. સાઇકલની પાછળના ભાગે ભરાવેલ સ્કુલ બેગ બ્લ્યુ કલરની હતી જેમાંથી "એકાએક" તેવુ લખેલ નથી તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે "ટિફિન જેવુ" કે "એકાએક" તેવા સ્પષ્ટ શબ્દો પોલીસ રૂબરૂના જવાબમાં લખાવેલા ન હોય તેથી કરીને કોઈ તફાવત પડતો નથી. સાઇકલ ઉપર બોમ્બ બ્લાસ્ટ થયેલો છે તે હકીકત માનવાને કારણ બને છે.

ખાડીયા પોલીસ સ્ટેશનના આ બનાવમાં શૈલેષભાઈ વી. ચતુર્વેદીનાઓને ઈજાઓ થયેલી પરંતુ તેઓને ફરિયાદપક્ષ દ્વારા તપાસવામાં આવેલા નથી.

ત્યારબાદ ભાવેશ શૈલેષભાઈ ચતુર્વેદી તથા શૈલેષભાઈ વી. ચતુર્વેદીની સારવાર કરનાર ડૉ.શૈલેષભાઈ રતીલાલ શાહને સાહેદ નં.૨૮૭ તરીકે આંક–૧૫૪૮ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ ધ્યાને લઈએ તો તેઓ અમદાવાદ ખાતે શૈલેષ શાહ સર્જિકલ હોસ્પિટલ અને એન્ડોસ્કોપી ક્લીનીકના નામથી તબીબી વ્યવસાય કરે છે. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ હોસ્પિટલમાં એક ભાવેશભાઈ એસ. ચતુર્વેદીનાઓને જમણા હાથ ઉપર તથા જમણા પગ, જમણી કમરના ભાગે થયેલ ઈજાઓ માટે સારવાર માટે લાવેલા હતા. દર્દીને ઈજામાં એક અનિયમીત આકારનો ઉજરડો જમણી સાથળના ભાગે હતો તેમજ અનિયમીત આકારના ઘણા બધા ઉજરડા કમરમાં જમણી બાજુએ હતા તેમજ અનિયમીત આકારના ઘણા બધા ઉજરડા જમણા હાથ ઉપર હતા તથા અનિયમીત આકારના ઘણા બધા ઉજરડા જમણા ગાલ ઉપર હતા.

વધુમાં સાહેદ જણાવે છે કે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ અન્ય દર્દી શૈલેષભાઈ વી. ચતુર્વેદીનાઓને પણ છાતીમાં, જમણા હાથ ઉપર, ગળામાં ડાબી બાજુએ બોમ્બ ધડાકામાં થેયલ ઈજાઓ સંદર્ભે સારવાર માટે હોસ્પિટલમાં લાવવામાં આવેલા હતા. દર્દીને ઈજામાં ઘણાબધા અનિયમીત આકારના ઉજરડા

જમણાં કાંડાના સાંધાના ભાગે તથા જમણા હાથની પ્રથમ, મધ્ય તથા મધ્ય આંગળીની બાજુમાં (રીંગ ફિંગર)ના ભાગે હતા તેમજ ઘણા બધા અનિયમીત આકારના ઉજરડા ગળામાં ડાબી બાજુએ હતા તથા ઘણા બધા અનિયમીત આકારના ઉજરડા છાતીમાં આગળની તરફ હતા તેમજ ઘણા બધા અનિયમીત આકારના ઉજરડા ડાબી જાંઘના બહાર અને અંદરની તરફ હતા. આ બાબતના પ્રમાણપત્રો આપેલા જે આંક–૧૫૪૯ અને ૧૫૫૦થી રજૂ રાખેલ છે અને તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. આ સાહેદના મંતવ્ય પ્રમાણે ઉપરોકત બંને દર્દીને થયેલી ઉપરોકત ઈજાઓ કોઈક ધડાકામાં કે બ્લાસ્ટમાં દબાણપૂર્વક કોઈ ચીજવસ્તુ અથડાય તો આવી ઈજા થઈ શકે તેમ જણાવેલ છે.

ખાડીયા પોલીસ સ્ટેશનના આ બનાવમાં પ્રકાશભાઈ ભાનુપ્રસાદ ગાંધીનાઓને ઈજાઓ થયેલી તેઓને આ કામે સાહેદ નં.૬૬ તરીકે આંક–૮૫૨ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ દાંતના ડૉ. અશોકભાઈ શાહને ત્યાં રીલીફ રોડ ઉપર આ સાહેદ તથા તેમના પત્ની દાંત બતાવવા ગયા હતા. ડૉકટરે દવા લખી આપતા તેઓ તથા તેમના પત્ની રાયપુર ચકલામાં આવેલ એમ.નારાયણદાસ મેડીકલ સ્ટોર ઉપર દવા લેવા ગયેલા. દવા લેતી વખતે ૬.૩૦ નાં અરસામાં એકદમ જોરથી ધડાકો થયેલો, ત્યાં ઉભેલા માણસો નાસ–ભાગ કરવા લાગેલા તે વખતે એક માણસ લોહી–લુહાણ હાલતમાં રોડ ઉપર પડેલો હતો. આ બનાવમાં આ સાહેદને પગે છરા વાગેલા તથા તેમની પત્નીને માથામાં તથા પગ તથા હાથ ઉપર છરાઓ વાગતા ઈજાઓ થયેલી. ત્યારબાદ આ સાહેદને તથા તેમની પત્નીને સારવાર માટે મણીનગરમાં આવેલ સિદ્ધિ વિનાયક હોસ્પિટલમાં લઈ ગયેલા અને આ સાહેદને ડાબા પગે ઈજાઓ થયેલ હોવાથી ઓપરેશન કરાવેલ હોવાનું જણાવેલ છે.

ખાડીયા પોલીસ સ્ટેશનના આ બનાવમાં ભાવનાબેન પ્રકાશચંદ્ર ગાંધીનાઓને ઈજાઓ થયેલી તેઓને આ કામે સાહેદ નં.૬૭ તરીકે આંક–૮૫૩ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ દાંતના ડૉ.અશોકભાઈ શાહને ત્યાં રીલીફ રોડ ઉપર આ સાહેદ તથા તેમના પતિ દાંત

બતાવવા ગયા હતા. ડૉકટરે દવા લખી આપતા તેઓ તથા તેમના પતિ રાયપુર ચકલામાં આવેલ એમ.નારાયણદાસ મેડીકલ સ્ટોર ઉપર દવા લેવા ગયેલા. દવા લેતી વખતે ૬.૩૦ નાં અરસામાં એકદમ જોરથી ધડાકો થયેલો, ત્યાં ઉભેલા માણસો નાસભાગ કરવા લાગેલા તે વખતે એક માણસ લોહી–લુહાણ હાલતમાં રોડ ઉપર પડેલો હતો. આ બનાવમાં તેમના પતિને પગે છરા વાગેલા તથા આ સાહેદને માથામાં તથા પગ તથા હાથ ઉપર છરાઓ વાગતા ઈજાઓ થયેલી. ત્યારબાદ આ સાહેદને તથા તેમની પતિને સારવાર માટે મણીનગરમાં આવેલ સિધ્ધિ વિનાયક હોસ્પિટલમાં લઈ ગયેલા અને તેમને ડાબા પગે ઈજાઓ થયેલ હોવાથી ઓપરેશન કરાવેલ હોવાનું જણાવેલ છે.

ત્યારબાદ પ્રકાશભાઈ ભાનુપ્રસાદ ગાંધી તથા ભાવનાબેન પ્રકાશચંદ્ર ગાંધીની સારવાર કરનાર ડૉ.શૈરીન મયંકકુમાર શાહને સાહેદ નં.૩૦૬ તરીકે આંક–૧૬૧૪ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ ધ્યાને લઈએ તો તેઓ અમદાવાદ ખાતે મણીનગર વિસ્તારમાં સિદ્ધી વિનાયક હોસ્પિટલના નામથી તબીબી વ્યવસાય કરે છે. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ રાત્રીના ૮.૦૦ વાગ્યાના સુમારે એક પ્રકાશચંદ્ર ભાનુપ્રસાદ ગાંધી સારવાર અર્થે આવેલા હતા. દર્દીએ હીસ્ટ્રીમાં એવુ જણાવેલું કે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ દર્દી રાયપુર વિસ્તારમાં હતા ત્યારે સાંજના ૬ થી ૭ વાગ્યાના સુમારે થયેલ બોમ્બ ધડાકામાં તેઓને ઈજા થયેલી છે. દર્દીને જમણા પગે બહારની તરફ ઘા (રો એરીયા – પંચરવુન્ડ) હતા.

સાહેદ વધુમાં જણાવે છે કે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ એક ભાવનાબેન પ્રકાશકુમાર ગાંધી તેમની હોસ્પિટલમાં સારવાર માટે આવેલા હતા. દર્દીએ હીસ્ટ્રીમાં જણાવેલ હતુ કે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સાંજના ૭.૦૦ વાગ્યાના સુમારે રાયપુર વિસ્તારમાં થયેલ બોમ્બ ધડાકામાં ઈજા થયેલી છે તેઓને ડાબી બગલના ભાગે માથામાં ડાબા ટેમ્પોરલ ભાગે તથા જમણા હાથે કોણીથી કાંડા સુધીના ભાગે ઈજાઓ થયેલી છે. આ બાબતના પ્રમાણપત્રો આપેલા જે આંક–૧૬૧૫ અને ૧૬૧૬ થી રજૂ રાખેલ છે અને તેમાં આ સાહેદે

પોતાની સહી ઓળખી બતાવેલી છે. આ સાહેદના મંતવ્ય પ્રમાણે ઉપરોકત બંને દર્દીને થયેલી ઉપરોકત ઈજાઓ કોઈક ધડાકામાં કે બ્લાસ્ટમાં દબાણ પૂર્વક કોઈ ચીજવસ્તુ અથડાય તો આવી ઈજા થઈ શકે તેમ જણાવેલ છે.

ખાડીયા પોલીસ સ્ટેશનના આ બનાવમાં ભુપેન્દ્ર બંસીલાલ ઠાકોરનાઓને ઈજાઓ થયેલી તેઓને આ કામે સાહેદ નં.૫૮ તરીકે આંક–૮૦૭ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે જુલાઇ–૨૦૦૮ નાં સમયગાળામાં પીપરડીની પોળમાં રહેતા હતા. તા.૨૬–૭–૨૦૦૮ નાં રોજ તેઓ ઘરે હતા અને સાંજનાં સમયે ચકલેશ્વર મહાદેવ પાછળ હેર કટિંગની દુકાને દાઢી કરાવવા માટે ગયેલા અને ચાલતા–ચાલતા તેમના ઘરે જતા હતા ત્યારે સાંજનાં આશરે ૬.૩૦ વાગ્યે એમ.નારણદાસ નામની દવાની દુકાન પાસે પહોંચેલા ત્યારે ત્યાં બોમ્બ ધડાકો થયેલો. બોમ્બ ધડાકાનાં કારણે પેટનાં ભાગે, છાતીનાં ભાગે, ગળાનાં ભાગે તથા જમણાં હાથે ઈજાઓ થયેલી. આ બોમ્બ બ્લાસ્ટ થયો ત્યારે બીજા માણસોને પણ ઈજાઓ થયેલ હતી અને તે જગ્યાએ નાસ–ભાગ થયેલી. ત્યારબાદ સાહેદ વી.એસ. હોસ્પિટલમાં સારવાર માટે ગયેલાનું જણાવેલ છે.

ખાડીયા પોલીસ સ્ટેશનના આ બનાવમાં પરેશ ચંદુલાલ મિસ્ત્રીનાઓને ઈજાઓ થયેલી તેઓને આ કામે સાહેદ નં.૬૨ તરીકે આંક–૮૧૧ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે જુલાઇ–૨૦૦૮ની સાલમાં પણ તેઓ આકાશેટ કુવાની પોળમાં રહેતા હતા. તેઓ છેલ્લા ૪૦ વર્ષથી આ જગ્યાએ રહે છે. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેમની માતાની દવા લેવા સારૂ ઘરેથી નીકળી સાંજનાં ૬.૩૦ વાગ્યાનાં અરસામાં રાયપુર ચકલા ખાતે આવેલ એમ.નારણદાસ નામની દવાની દુકાને ગયેલા અને દવાની દુકાને દવા લેવા ઉભા હતા ત્યારે નજીકમાં બોમ્બ બ્લાસ્ટ થયેલો. આ બોમ્બ બ્લાસ્ટમાં તેમને પીઠમાં તથા થાપાનાં ભાગમાં ઈજાઓ થયેલી તથા ડાબા પગે ઈજાઓ થયેલી અને આ સમયે દવા લેવા આવનાર અન્ય લોકોને પણ ઈજાઓ થયેલી. સાહેદે વી.એસ. હોસ્પિટલ ખાતે સારવાર લીધેલી.

ખાડીયા પોલીસ સ્ટેશનના આ બનાવમાં રાજુભાઈ દુકાભાઈના ઓને ઈજાઓ થયેલી પરંતુ આ સાહેદ મળી આવતા ન હોવાથી ફરિયાદપક્ષે તેઓને તપાસેલા નથી.

ત્યારબાદ ભુપેન્દ્ર બંસીલાલ ઠાકોર, પરેશ ચંદુલાલ મિસ્ત્રી તથા બનાવમાં રાજુભાઈ દુકાભાઈનાઓની સારવાર કરનાર ડૉ.મેહુલ મનુભાઈ જાગીરદારને સાહેદ નં.૨૭૩ તરીકે આંક–૧૩૯૦થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ વી.એસ. હોસ્પિટલ અમદાવાદ ખાતે રેસીડેન્ટ ડૉકટર તરીકે વાઢકાપ વિભાગમાં ફરજ બજાવતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ એક ભુપેન્દ્ર બી. ઠાકોર સારવાર અર્થે આવેલા હતા. દર્દીની હિસ્ટ્રી મુજબ તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ રાયપુર ચકલા અમદાવાદ ખાતે થયેલ બોમ્બ ધડાકામાં ઈજા થયેલાનું દર્શાવેલું હતું. દર્દીને ઘણીબધી ઈજાઓ ધાતુના છરાથી થઈ હોય તેવી પેટના ભાગે, જમણા હાથ અને ડાબા પગે ઈજાઓ થયેલી હતી. દર્દીને કમરમાં જમણી બાજુ નીચેના ભાગે પેલેટથી થયેલ ઈજાઓ હતી. પેટના ભાગની સોનોગ્રાફી કરવામાં આવતા નાના આંતરડામાં પેલેટ (ધાતુના છરા) ની ઈજા અને હાજરી હતી. દર્દીને ઓપરેશન કરી શરીરમાં ગયેલ પેલેટ બહાર કાઢવામાં આવેલ હતા.

વધુમાં સાહેદ જણાવે છે કે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ એક પરેશ સી. મિસ્ત્રી સારવાર અર્થે આવેલા હતા. દર્દીની હિસ્ટ્રી મુજબ તા.૨૬/૭/૦૮ ના રોજ રાયપુર ચકલા અમદાવાદ ખાતે થયેલ બોમ્બ ધડાકામાં ઈજા જમણા થાપાના ભાગે થયેલી. દર્દીને જમણાં થાપાના ભાગે પેલેટ (ધાતુના છરાથી) થયેલી ઈજાઓ હતી.

વધુમાં સાહેદ જણાવે છે કે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ રાજુભાઈ દુકાભાઈ સારવાર અર્થે આવેલા હતા. દર્દીની હિસ્ટ્રી મુજબ દર્દીને કમરના નીચેના ભાગે અને થાપાના ઉપરના ભાગે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ રાયપુર, અમદાવાદ ખાતે થયેલ બોમ્બ ધડાકામાં ઈજા થયેલી હતી. દર્દીને ધાતુના છરા (ગોળ પદાર્થ) થી થયેલ ઈજામાં શરીરમાંથી ૦.૫ સેમી X ૦.૫ સેમીનો એક

ધાતુનો ગોળ પદાર્થ (છરો) કાઢવામાં આવેલ હતો. આ બાબતના પ્રમાણપત્રો આપેલા જે અનુક્રમે આંક–૧૩૯૨,૧૩૯૪,૧૩૯૧ થી રજૂ રાખેલ છે અને તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. વધુમાં સાહેદે આંક–૧૩૯૩ થી ભુપેન્દ્ર બંસીલાલ ઠાકોરની સારવારના કેસ પેપર્સ રજૂ કરેલા છે. આ સાહેદના મંતવ્ય પ્રમાણે ઉપરોકત દર્દીઓને થયેલી ઉપરોકત ઈજાઓ કોઈક ધડાકામાં કે બ્લાસ્ટમાં દબાણપૂર્વક કોઈ ચીજવસ્તુ અથડાય તો આવી ઈજા થઈ શકે તેમ જણાવેલ છે.

ખાડીયા પોલીસ સ્ટેશનના આ બનાવમાં મહેશભાઈ ચંદુલાલ ગજજરનાઓને ઈજાઓ થયેલી તેઓને આ કામે સાહેદ નં.૮૪ તરીકે આંક–૮૮૨ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે જુલાઈ–૨૦૦૮ માં પંડીતજીની પોળ, સારંગપુર, અમદાવાદ મુકામે રહેતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ તેમની બાઈકને પંચર પડેલું હોવાથી સાંજના આશરે છએક વાગ્યાના અરસામાં રાયપુર ચકલા બાઈક લઈને ગયેલા. ત્યાં આગળ ગાયત્રી પંચરવાળાને ત્યાં ઉભા હતા તે અરસામાં રાયપુર ચકલામાં એક મોટો ધડાકો થયેલો અને તે જોવા માટે રાયપુર ચકલા બાજુ ગયેલા અને હેર કટીંગની દુકાન આગળ ઉભા રહીને જોતા હતા તેવામાં એક બીજો ધડાકો થયેલો અને આ બોમ્બ ધડાકામાં કાંઇક ઉડીને તેમને જમણા પગના સાથળના ભાગે વાગેલું જેથી તેમનુ પેન્ટ લોહી–લુહાણ થઇ ગયેલ. ત્યારબાદ ૧૦૮ એમ્બ્યુલન્સમાં ટેલીફોન કરતાં એમ્બ્યુલન્સ આવી ગયેલી અને વી.એસ.હોસ્પિટલમાં સારવાર માટે લઇ ગયેલાનું જણાવેલ છે.

ખાડીયા પોલીસ સ્ટેશનના આ બનાવમાં સુરેશભાઈ જયસિંહ રાજપુરોહીતનાઓને ઈજાઓ થયેલી તેઓને આ કામે સાહેદ નં.૭૪ તરીકે આંક–૮૬૫થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે જુલાઈ–૨૦૦૮ માં તેઓ સારંગપુર ચકલામાં આવેલ લક્ષ્મી ફેકટરી નામની અનાજ કરીયાણાની દુકાનમાં નોકરી કરતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ તેઓ નોકરી પર હતા તે દરમ્યાન સાંજના આશરે સાડા છ વાગ્યાના અરસામાં ગ્રાહકોને સામાન આપવાની હેન્ડ બેગ લેવા માટે આ સાહેદના શેઠે સારંગપુર ચકલામાં આવેલ

વિતરાગ નામની દુકાને મોકલેલા હતા. આ સાહેદ દુકાન ઉપર ગયા ત્યારે મિલન કિરાણા સ્ટોર નામની દુકાન આગળ એક મોટો ધડાકો થયેલો જેના કારણે આ સાહેદને બંને પગે તથા જમણા હથે છરાઓ વાગતા ઈજાઓ થયેલી. વિતરાગ નામની દુકાનના શેઠ નૈનેશભાઈને પણ ઈજાઓ થયેલી. આ બોમ્બ ધડાકામાં બે ગાયો પણ મરણ ગયેલી. આ સાહેદને વાગેલુ હોવથી વી.એસ.હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયેલાનું જણાવેલ છે.

ખાડીયા પોલીસ સ્ટેશનના આ બનાવમાં અંકિત અતુલકુમાર પટેલનાઓને ઈજાઓ થયેલી તેઓને આ કામે સાહેદ નં.૬૧ તરીકે આંક–૮૧૦ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે જુલાઈ–૨૦૦૮ નાં અરસામાં પતંગ હોટલ સામે આઈ.સી.આઈ.સી.આઈ. બેંકમાં એકઝીકયુટીવ તરીકે નોકરી કરતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાંજનાં આશરે ૬.૦૦ વાગ્યે રાયપુર ચકલામાં આવેલ એમ.નારણદાસ એન્ડ કંપની નામક દવાની દુકાને દવા લેવા ગયેલો. સાંજનાં આશરે ૬.૩૦ વાગ્યે તેઓ આ દવાની દુકાને દવા લેવા માટે ઉભેલો. આ સમયે એક બોમ્બ ધડાકો જોરથી થયેલો. જેમાં તેમને ડાબા પગે ઈજાઓ થયેલી. ત્યાં ઉપસ્થિત અન્ય માણસોને પણ ઈજાઓ થયેલી. આ સમયે ત્યાં નાસ–ભાગ થયેલી અને નજીક આવેલ ગોખલે પાન હાઉસ આગળ પણ બીજો બોમ્બ ધડાકો થયેલો અને ત્યાં પણ લોકોને ઈજાઓ થયેલી. સાહેદને ઈજાઓ થવાથી વી.એસ.હોસ્પિટલ લઈ ગયેલાનું જણાવેલ છે.

ખાડીયા પોલીસ સ્ટેશનના આ બનાવમાં ઈન્દીરાબેન ઈશ્વરભાઈ મોદીનાઓને ઈજાઓ થયેલી તેઓને આ કામે સાહેદ નં.૫૭ તરીકે આંક–૮૦૬ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે જુલાઈ–૨૦૦૮ નાં અરસામાં તેમના ઘરની આગળ રોડ ઉપર ફુટપાથ આવેલ છે ત્યાં ખુમચું રાખી નાળા–દોરી તથા પરચુરણ ચીજ–વસ્તુઓનો વેપાર કરતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સારંગપુર ચકલા વિસ્તારમાં સાંજનાં આશરે ૬.૩૦ વાગ્યે એક બોમ્બ ધડાકો થયેલો, જે તેમના ખુમચાંની નજીક થયેલો. ધડાકો થયો ત્યાં મીલન કિરાણા સ્ટોર પણ આવેલ છે. બોમ્બ ધડાકાનાં કારણે તેમને બંને પગમાં ઈજાઓ થયેલી

અને ત્યાં દોડાદોડી પણ થઇ ગયેલી. સાહેદને વી.એસ.હોસ્પિટલમાં સારવાર માટે લઇ ગયેલાનું જણાવેલ છે.

ખાડીયા પોલીસ સ્ટેશનના આ બનાવમાં થાનારામ નાથાજી ઘાંચીનાઓને ઈજાઓ થયેલી તેઓને આ કામે સાહેદ નં.૫૬ તરીકે આંક–૭૯૭ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સાંજના સમયે પાંચ કુવા ખાતે આ સાહેદ તેમના બનેવીને મળવા માટે ગયેલા અને પરત આવતા હતા ત્યારે આશરે સાડા છ વાગ્યાની આસપાસ સારંગપુર ચકલામાં એક બોમ્બ ધડાકો થયેલો. આ બોમ્બ ધડાકાને કારણે આ સાહેદને ઈજાઓ થતા એમ્બ્યુલન્સમાં બેસાડીને વી.એસ.હોસ્પિટલમાં સારવાર માટે લઇ ગયેલાનું જણાવેલ છે.

ખાડીયા પોલીસ સ્ટેશનના આ બનાવમાં જીતેન્દ્ર સોમાભાઈ મોદીનાઓને ઈજાઓ થયેલી તેઓને આ કામે સાહેદ નં.૫૨ તરીકે આંક–૭૯૧ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાંજનાં સમયે તેમની સ્કુટી ચલાવી રાયપુર ચકલા ખાતે આવેલ એમ.નારણદાસ નામની દવાની દુકાન ખાતે ગયેલા. આ જગ્યાએ આશરે ૬.૩૦ વાગ્યે પહોંચેલા અને ત્યાં દવા લેવા માટે ઉભેલા ત્યારે પાછળથી ખૂબ જ મોટો ધડાકો થયેલો અને એવુ લાગેલુ કે કદાચ ગેસનો બાટલો ફાટયો છે, પરંતુ વળીને જોતાં તેમના શર્ટની બાંય પર લોહી લાગેલુ જેથી ખ્યાલ આવી ગયેલો કે આ બોમ્બ બ્લાસ્ટ છે. આજ સમયે સામેનાં ભાગે પણ બીજો બોમ્બ ધડાકો થયેલો. આ બીજો ધડાકો એમ.નારણદાસની દુકાનથી ઉત્તરે પોલીસચોકી આવેલી છે ત્યાં થયેલા બોમ્બ ધડાકામાં સાહેદના બંને પગમાં બોમ્બમાંથી નીકળેલા છરા વાગેલા હતા. આ બોમ્બ ધડાકો નજીક આવેલ ચાની લારી પાસે પડેલ સાઇકલમાંથી થયેલો. ત્યાં સ્થળ પર આજુબાજુ ઉભેલા અન્ય લોકો પણ આ ધડાકામાં ઘાયલ થયેલા અને એમ્બ્યુલન્સ વાન બોલાવેલી. આ સાહેદે તથા ઈજાગ્રસ્તોએ વાડીલાલ સારાભાઇ હોસ્પિટલ ખાતે સારવાર કરેલાનું જણાવેલ છે.

ખાડીયા પોલીસ સ્ટેશનના આ બનાવમાં કૃપલ જીતેન્દ્રકુમાર ગાંધીનાઓને ઈજાઓ થયેલી તેઓને આ કામે સાહેદ નં.૫૫ તરીકે આંક–૭૯૬ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ ઘર નં.૭૩, નવી પોળ રાયપુર અમદાવાદ ખાતે રહેતા હતા અને મેટ્રો પ્લાઝા કાળુપુર અમદાવાદની ઑફિસમાં નોકરી કરતા હતા અને તેમની પાસે પેશન પ્લસ મોટર સાઇકલ નં.જીજે–૧–ડીએચ–૫૮૧૮ હતુ. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ પોતાનુ મોટર સાઇકલ લઈ રાયપુર ચકલામાં થઈને સાંજના સમયે પસાર થતા હતા ત્યારે પોલીસ ચોકીની નજીક આવતા સાંજના આશરે ૬.૩૦ વાગ્યે એક બોમ્બ ધડાકો થયેલો. આ ધડાકો આ સાહેદની નજીકમાં થયેલ હોવાથી આ સાહેદ મોટર સાઇકલ સાથે રોડ ઉપર પડી ગયેલા. આ બોમ્બ ધડાકાના કારણે આ સાહેદને જમણા પગે, કાનના ભાગે, જમણી કોણી ઉપર, કમ્મર, આંખની ભ્રમર પાસે તથા ગાલ ઉપર ઈજાઓ થતા લોહી નીકળવા લાગેલુ, અન્ય ઘણાઓને પણ ઈજા થયેલી. ત્યારબાદ સારવાર માટે વી.એસ. હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ ગયેલા અને તા.૨૬/૭/૨૦૦૮ થી તા.૧/૮/૨૦૦૮ સુધી અંદરના દર્દી તરીકે રાખેલાનું જણાવેલ છે.

ખાડીયા પોલીસ સ્ટેશનના આ બનાવમાં આદિત્ય રાકેશકુમાર જાનીનાઓને ઈજાઓ થયેલી તેઓને આ કામે સાહેદ નં.૫૪ તરીકે આંક–૭૯૫ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે જુલાઈ–૨૦૦૮માં આ સાહેદ ધોરણ–૯ માં અભ્યાસ કરતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાંજના રાયપુર ચકલા ગોખલે પાન હાઉસ પાસેથી જતા હતા ત્યારે આશરે ૬.૩૦ વાગ્યાના અરસામાં બોમ્બ ધડાકો થયેલો. જેથી આ સાહેદને ડાબા પગે, જમણા પગે તથા જમણા હાથે ઈજાઓ થયેલી. ત્યારબાદ સારવાર માટે વી.એસ. હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ ગયેલાનું જણાવેલ છે.

ખાડીયા પોલીસ સ્ટેશનના આ બનાવમાં ધર્મેન્દ્ર રમણભાઈ ગજજરનાઓને ઈજાઓ થયેલી તેઓને આ કામે સાહેદ નં.૫૩ તરીકે આંક–૭૯૨ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે ૨૦૦૮ ની સાલમાં ઘરેથી માર્કેટીંગનું

કામ કરતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાંજનાં આશરે ૬.૩૦ વાગ્યે તેમની ઘર નજીક આવેલ એમ.નારણદાસ નામક દવાની દુકાને દવા ખરીદવા ઉભા હતા ત્યારે એકદમજ ધડાકો થયેલો. આ બનાવમાં સાહેદને શરીરમાં જુદી–જુદી જગ્યાએ ઈજા થયેલી તથા લોહી નીકળેલુ તથા બોમ્બનાં છરા વાગેલા. ત્યાં ઉભેલા અન્ય લોકો પણ ઈજાગ્રસ્ત થયેલા. થોડાક જ સમય બાદ નજીકમાં આવેલ ગોખલે પાન પાસે પણ બીજો એક ધડાકો થયેલો. આ બોમ્બ ધડાકામાં વાગેલુ હોવાથી વી.એસ.હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયેલાનું જણાવેલ છે.

ખાડીયા પોલીસ સ્ટેશનના આ બનાવમાં પ્રેયલ રજનીકાન્તનાઓને પણ આ બનાવમાં ઈજાઓ થયેલી પરંતુ તેઓને ફરિયાદપક્ષે તપાસેલા નથી.

ત્યારબાદ મહેશભાઈ ચંદુલાલ ગજજર, સુરેશભાઈ જયસિંહ રાજપુરોહીત, અંકીત અતુલકુમાર પટેલ, ઈન્દીરાબેન ઈશ્વરભાઈ મોદી, થાનારામ નાથાજી ઘાંચી, જીતેન્દ્ર સોમાભાઈ મોદી, કૃપલભાઈ જીતેન્દ્રકુમાર ગાંધી, આદિત્યભાઈ રાકેશકુમાર જાની, ધર્મેન્દ્ર રમણભાઈ ગજજર, હિતેશભાઈ રમેશચંદ્ર રાણા તથા પ્રેયલ રજનીકાન્તનાઓની સારવાર કરનાર ડૉ.રોનક નરેન્દ્રકુમાર દેસાઈને સાહેદ નં.૨૭૧ તરીકે આંક–૧૩૬૨ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ ધ્યાને લઈએ તો તા. ૨૬/૭/૨૦૦૮ ના રોજ સાંજના ૮.૫૦ વાગ્યાના સુમારે એક મહેશભાઈ ચંદુભાઈને સારવાર માટે લાવવામાં આવેલા હતા. દર્દીની હીસ્ટ્રી મુજબ રાયપુર ખાતે બોમ્બ બ્લાસ્ટને કારણે ઈજાઓ થયેલી. દર્દીને ઈજામાં જમણાં થાપાના આખા વિસ્તારમાં દુખાવાની ફરિયાદ હતી. જમણાં જાંઘના આગળના ભાગે એક સેન્ટીમીટરનું પંચરવુન્ડ માલુમ પડેલ. જમણાં ઘુંટણના સમગ્ર વિસ્તારમાં દુખાવાની ફરિયાદ હતી અને તે ભાગે એક સેન્ટીમીટરના માપનું પંચરવુન્ડ પણ હતું.

વધુમાં સાહેદ જણાવે છે કે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ અન્ય એક દર્દી સુરેશ જયસિંગને સારવાર માટે લાવેલા હતા. દર્દીની હીસ્ટ્રી મુજબ તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સાંજના ૬–૩૦ વાગે સાળંગપુર ખાતે થયેલ બોમ્બ બ્લાસ્ટમાં તેઓને જમણાં પગ, જમણાં થાપા, જમણાં હાથ કોડીથી કાંડા

સુધીનો ભાગ, તથા જમણાં હાથનો પંજો, ડાબો પગ અને ડાબા પંજા પર ઈજાઓ થયેલી. દર્દીને ઈજામાં જમણી જાંઘ લગભગ ૧૨ જેટલાં પંચરવુન્ડ કે જે ૧ x ૧ સેન્ટીમીટરના માપના હતા તે જાંઘના આગળના ભાગે હતા તેમજ જમણાં પગનો પંજો ત્રણ પંચરવુન્ડ દરેક ૧ x ૧ સેન્ટીમીટરના માપના પંજાના તળીયાના ભાગે હતા તથા ડાબો ઘુંટણે બે નાના પંચરવુન્ડ ૧ x ૧ સેન્ટીમીટરના માપના ઘુંટણના આગળના ભાગે હતા. વધુમાં જમણો પગે લગભગ ૮ જેટલા પંચરવુન્ડ દરેક ૧ x ૧ સેન્ટીમીટરના માપના જમણાપગના વચ્ચેના ભાગે આગળની તરફ હતા તથા જમણા હાથનો પંજો તથા કોણીથી પંજાનો ભાગ આ જગ્યાએ ત્રણ પંચરવુન્ડ હથેળીના ભાગે હતા જેનું માપ ૧ x ૧ સેન્ટીમીટર નું હતું. તેમજ ડાબા હાથનો પંજો તથા કોણીથી ડાંકા સુધીનો ભાગે એક પંચરવુન્ડ હથેળીના પાછળના ભાગે હતો. આ દર્દીનો એક્સ રે લેવામાં આવેલો જેમાં ઘણા બધા નાના ગોળ છરા, જમણી જાંઘના હાડકાની આજુબાજુમાં જણાયેલા. આ સિવાય જમણાં પગમાં પણ આવી રીતે ઘણા બધા નાના ગોળ છરા કે જે બાહ્ય પદાર્થ હતો તે માલુમ પડેલ. તેવી જ રીતે જમણાં પગના પંજામાં ત્રણ આવા બાહ્ય છરા માલુમ પડેલા અને તેમાં જમણાં પગના પંજાની પાંચમીં આંગળીનું (નાની આંગળી) અસ્થિભંગ હતું. ડાબી જાંઘમાં પણ આવા ઘણા બધા છરા બાહ્ય પદાર્થો માલુમ પડેલા હતા.

વધુમાં સાહેદ જણાવે છે કે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ રાત્રીના ૯.૩૦ વાગ્યાના સુમારે એક અંકિત અતુલકુમાર પટેલને સારવાર માટે લાવવામાં આવેલા હતા. દર્દીની હીસ્ટ્રી મુજબ તા.૨૬/૭/૨૦૦૮ ના સાંજના કલાક ૬.૩૦ વાગ્યાના સુમારે રાયપુર ખાતે થયેલ બોમ્બ બ્લાસ્ટમાં ડાબા પગ પર ઈજાની ફરિયાદ હતી. દર્દીને ઈજામાં ડાબો પગે એક પંચરવુન્ડ ૧ x ૧ સે.મી.ના માપના પગના ઉપરના ભાગે જે બહારની તરફ હતો.આ દર્દીને ઈજાવાળા ભાગનો એક્સ રે લેતાં ઈજાવાળા ભાગે એક છરો (પેલેટ) ડાબા પગના વચ્ચેના ભાગે બહારની તરફ માલુમ પડેલો.

વધુમાં સાહેદ જણાવે છે કે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ એક ઈન્દીરાબેન ઈશ્વરભાઈ મોદીને સારવાર અર્થે લાવવામાં આવેલા હતા. દર્દીની હીસ્ટ્રી મુજબ તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સાંજના ૬–૩૦ વાગ્યાના સુમારે સાળંગપુર ખાતે થયેલ બોમ્બ બ્લાસ્ટમાં ઈજા થયેલી હતી. દર્દીને ઈજામાં જમણા પગે ૨ x ૧ સેન્ટીમીટરના માપનો ઉજરડો હતો તેમજ ડાબા પગના ભાગે ૩ x ૨ સેન્ટીમીટરના માપનો એક ઉજરડો હતો.

સાહેદ વધુમાં જણાવે છે કે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ કલાક ૮–૩૭ વાગ્યાના સુમારે એક થાનારામ નાથાજીને સારવાર માટે લાવવામાં આવેલા હતા. દર્દીની હિસ્ટ્રી મુજબ તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સાંજના ૭–૦૦ વાગ્યાના સુમારે રાયપુર ખાતે થયેલ બોમ્બ બ્લાસ્ટમાં ઈજા થયેલ. દર્દીને ઈજામાં જમણા થાપે એક પંચરવુન્ડ ૧ x ૧ સેન્ટીમીટરના માપનો જમણી જાંઘના ઉપરના ભાગ બહારની તરફ હતો અને ઈજાવાળા ભાગનો એક્સ રે લેતાં થાપાના નીચેના ભાગે એક બાહ્ય ગોળ પદાર્થની હાજરી માલુમ પડેલી હતી.

સાહેદ વધુમાં જણાવે છે કે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ કલાક ૮.૩૦ વાગ્યાના સુમારે એક જીતેન્દ્ર એસ મોદીને સારવાર માટે લાવવામાં આવેલા હતા. દર્દીની હિસ્ટ્રી મુજબ તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સાંજના ૬.૨૫ વાગ્યાના સુમારે રાયપુર ખાતે થયેલ બોમ્બ બ્લાસ્ટમાં ઈજા થયેલ. દર્દીને ઈજામાં બે પંચરવુન્ડ જમણા પગના ઉપરના વચ્ચેના ભાગે હતા તેમજ એક પંચરવુન્ડ ડાબા પગના વચ્ચેના ભાગે હતો. આ દર્દીનો એક્સ રે લેતાં ગોળ બાહ્ય પદાર્થ જમણા પગ તથા ડાબા થાપાના ભાગે માલુમ પડેલ.

વધુમાં સાહેદ જણાવે છે કે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ કલાક ૯.૦૬ વાગ્યાના સુમારે એક કૃપલ જીતેન્દ્રભાઈ ગાંધીને સારવાર માટે લાવવામાં આવેલા હતા. દર્દીની હિસ્ટ્રી મુજબ તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સાંજના ૬.૩૦ વાગ્યાના સુમારે રાયપુર ખાતે થયેલ બોમ્બ બ્લાસ્ટમાં ઈજા થયેલી. દર્દીને ઈજામાં એક પંચરવુન્ડ ૧ x ૧ સેન્ટીમીટરનાના માપનો જમણા હાથના નીચેના ભાગે બહારની તરફ હતો તેમજ એક પંચરવુન્ડ ૧ x ૧ સેન્ટીમીટરનાના માપનો

જમણી જાંગના નીચેના ભાગે બહારની તરફ હતો તથા એક પંચરવુન્ડ કમરનો પટ્ટો બાંધવાની નીચેના ભાગે ૧ x ૧ સેન્ટીમીટરનાના માપનો હતો તથા એક પંચરવુન્ડ ૧ x ૧ સેન્ટીમીટરનાના માપનો જમણી કોણીની નજીક બહારની તરફ હતો અને એક પંચરવુન્ડ ૧ x ૧ સેન્ટીમીટર ના માપનો જમણા પગની બહારની તરફ હતો. દર્દીના ઈજાવાળા ભાગનો એકસ રે લેતાં જમણાં હાથ, જમણી જાંગના નીચેના ભાગે ગોળ બાહ્ય પદાર્થની હાજરી માલુમ પડેલી.

વધુમા સાહેદ જણાવે છે કે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ કલાક ૭.૪૦ વાગ્યાના સુમારે એક આદિત્ય રાકેશભાઈ જાનીને સારવાર માટે લાવવામાં આવેલા હતા. દર્દીની હિસ્ટ્રી મુજબ તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સાંજના ૬.૩૦ વાગ્યાના સુમારે રાયપુર ખાતે થયેલ બોમ્બ બ્લાસ્ટમાં ઈજા થયેલી. દર્દીને ઈજામાં એક પંચરવુન્ડ ૧ x ૧ સેન્ટીમીટરના માપના ડાબા પંજાના ભાગે ઉપર તથા બહારની તરફ માલુમ પડેલ તેમજ એક પંચરવુન્ડ જમણાપગના ઉપરના હિસ્સામાં બહારની તરફ માલુમ પડેલું તથા એક પંચરવુન્ડ જમણી કોણીના ભાગે ૧ x ૧ સેન્ટીમીટરનો પાછળના ભાગે હતો. તેમજ જમણા પગનો પંજો. કુલ બે પંચરવુન્ડ દરે ૧ x ૧ સેન્ટીમીટરના માપના પગના પંજાના તળીયાના ભાગે હતા. દર્દીનો એક્સ રે લેતાં જમણી કોણીના ઉપરના હાડકા, હ્યુમરસનું અસ્થિભંગ હતું અને તેમાંથી નાની કરચ છુટી પડેલી હતી. આ હાડકાના અંદરના ભાગ તરફની હતી ઉપરાંત દર્દીના જમણાં પગના પંજા તથા જમણાં પગના ઉપરના ભાગે ગોળ બાહ્ય પદાર્થની હાજરી હતી તથા ડાબા પંજાના ભાગે કુલ બે ગોળ બાહ્ય પદાર્થની હાજરી હતી.

સાહેદ વધુમાં જણાવે છે કે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ કલાક સાજના ૮.૧૦ વાગ્યાના સુમારે એક ભુપેન્દ્રભાઈ ગઙ્કરને સારવાર માટે લાવવામાં આવેલા હતા. દર્દીની હિસ્ટ્રી મુજબ તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સાંજના ૬.૩૫ વાગ્યાના થયેલ બોમ્બ બ્લાસ્ટમાં ઈજા થયેલ. દર્દીને ઈજામાં એક પંચરવુન્ડ જમણા ખભાના પાછળના ભાગે વચ્ચેની બોર્ડરમાં હતો તથા જમણા ઘુંટણના પાછળના ભાગે એક પંચરવુન્ડ હતો તેમજ એક પંચરવુન્ડ જમણા થાપાના

પાછળના ભાગે માલુમ પડેલ અને એક પંચરવુન્ડ કરોડરજ્જુની બાજુમાં નીચેના ભાગે માલુમ પડેલ. દર્દીનો એકસ રે લેતાં તેઓને જમણાં ખભા નજીક મધ્ય રેખાએ, જમણાં ખભામાં, જમણી ઘુંટણના ભાગે, જમણા ખભાના સાંધાના ભાગે અને પીઠમાં પાછળના ભાગે ત્રીજા મણકાની બાજુમાં બાહ્ય પદાર્થની હાજરી માલુમ પડેલ છે.

સાહેદ વધુમાં જણાવે છે કે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ કલાક ૯.૨૦ વાગ્યાના સુમારે એક હિતેષભાઈ રમેશભાઈ રાવલને સારવાર માટે લાવવામાં આવેલા હતા. દર્દીની હિસ્ટ્રી મુજબ તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સાંજના ૭.૦૦ વાગ્યાના સુમારે રાયપુર ખાતે થયેલ બોમ્બ બ્લાસ્ટમાં ઈજા થયેલ. દર્દીને એક પંચરવુન્ડ ૧ x ૧ સેન્ટીમીટરના માપના ડાબી ઘુંટીની બહારની તરફ હતો તેમજ એક પંચરવુન્ડ જમણાં ઘુંટણના વચ્ચેના ભાગે હતો. આ દર્દીનો એકસ રે લેતાં જમણાં ઘુંટણના વચ્ચેના ભાગે તથા ડાબી ઘુંટીની બહારની તરફ બાહ્ય પદાર્થની હાજરી માલૂમ પડેલ.

વધુમાં સાહેદ જણાવે છે કે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ રાત્રીના ૧૧.૦૦ વાગ્યાના સુમારે પ્રેયલ રજનીકાંતભાઈને સારવાર માટે લાવવામાં આવેલા હતા. દર્દીની હિસ્ટ્રી મુજબ તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સાંજના ૬.૩૦ વાગ્યાના સુમારે રાયપુર ચકલા ખાતે થયેલ બોમ્બ બ્લાસ્ટમાં ઈજા થયેલ. દર્દીને ઈજામાં જમણાં પગના પંજાની નાની આંગળીની બાજુમાં એક કાપો ૨ x ૨ x ૧ (CLW) સેન્ટીમીટરના માપનો હતો જેમાંથી લોહી નીકળતું હતું તેમજ એક કાપો (CLW) ૨ x ૨ x ૧ સેન્ટીમીટરના માપનો જમણાં પગની બહારની બાજુએ હતો જેમાંથી લોહી નીકળતું હતું . દર્દીનો એક્સ રે લેતાં જમણાં પગના પંજાના ભાગે બાહ્ય પદાર્થની નાની આંગળી પાસે બાહ્ય ગોળ પદાર્થની હાજરી હતી. તેવી જ રીતે દર્દીના જમણાં પગના ટીબીયા નામના હાડકાની જમણી બાજુએ ઉપરના ભાગે બાહ્ય ગોળ પદાર્થની હાજરી હતી. દરેક ઈજા પામનારાઓને આ બાબતના પ્રમાણપત્રો આપેલા જે અનુક્રમે આંક–૧૩૬૪, ૧૩૬૫, ૧૩૬૬, ૧૩૬૭, ૧૩૬૮, ૧૩૬૯, ૧૩૭૦, ૧૩૭૧, ૧૩૭૨, ૧૩૭૨, ૧૩૭૩ તથા ૧૩૭૭થી

રજૂ રાખેલ છે અને તેમાં આ સાહેદે પોતાની સહીઓ ઓળખી બતાવેલી છે. આ સાહેદના મંતવ્ય પ્રમાણે ઉપરોકત દર્દીઓને થયેલી ઉપરોકત ઈજાઓ કોઈક ધડાકામાં કે બ્લાસ્ટમાં દબાણપૂર્વક કોઈ ચીજવસ્તુ અથડાય તો આવી ઈજા થઈ શકે તેમ જણાવેલ છે.

ખાડીયા પોલીસ સ્ટેશનના આ બનાવમાં પ્રદિપ કનૈયાલાલ પારેખનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૭૩ તરીકે આંક–૮૬૪ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે જુલાઈ–૨૦૦૮માં આ સાહેદ કે.કે. શાસ્ત્રી ગવર્મેન્ટ બી.બી.એ. કોલેજના બીજા વર્ષમાં અભ્યાસ કરતા હતા અને રાયપુર ચકલામાં આવેલી પરબડીની પોળમાં રહેતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાંજના સાડા છ વાગ્યાના અરસામાં તેઓ પોતાની પોળની બહાર ઉભા હતા ત્યારે રાયપુર ચકલામાં એક મોટો ધડાકો થયેલો. જેથી આ સાહેદ ત્યાં જોવા ગયેલા ત્યારે બીજો ધડાકો ગોખલે પાન હાઉસ પાસે થયેલો. આ ધડાકામાં આ સાહેદને ડાબા પગે ઈજા થયેલી. જેથી વી.એસ. હોસ્પિટલમાં લઈ ગયેલા અને ડાબા પગમાંથી છરો બહાર કાઢેલાનું જણાવેલ છે.

ખાડીયા પોલીસ સ્ટેશનના આ બનાવમાં સુનીલ હસમુખલાલ ભટ્ટનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૭૬ તરીકે આંક–૮૬૭ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે ૨૦૦૮ નાં અરસામાં સારંગપુર ખાતે આવેલ પંડીતજીની પોળમાં મકાન નં.૨૨૦૮ માં રહેતા હતા. તા.૨૬/૭/–૨૦૦૮ નાં રોજ આશરે સાડા છ વાગ્યાના સુમારે રાયપુર ચકલામાં આવેલ વાડીલાલ સોડા ફાઉન્ટેનની દુકાન આગળ મિત્રોને મળતા તથા ચા પાણી કરવા ગયેલા તે વખતે ત્યાં ઘણા માણસો ઉભા હતા. વાડીલાલ સોડા ફાઉન્ટેનની દુકાનની બાજુમાં ગોખલે પાન હાઉસની દુકાન છે તથા ચારેક દુકાન છોડીને એમ.નારાયણદાસ નામની દવાની દુકાન છે. આ સાહેદ ત્યાં ઉભા હતા તે વખતે એમ. નારાયણદાસની દવાની દુકાન પાસે મોટા ધડાકાથી બોમ્બ બ્લાસ્ટ થયેલો, ત્યાં માણસોની નાસભાગ થયેલી. ત્યાં બુમાબુમ થતા આ સાહેદ ત્યાં જોવા માટે ગયેલા તે વખતે બીજો બોમ્બ બ્લાસ્ટ ગોખલે પાન હાઉસ પાસે થયેલો

જેમાંથી આ સાહેદને જમણા પગે ઘુંટણ નીચે તથા અન્ય ભાગો ઉપર છરા વાગેલા. જેથી વી.એસ. હોસ્પિટલમાં લઈ ગયેલાનું જણાવેલ છે.

ખાડીયા પોલીસ સ્ટેશનના આ બનાવમાં ઉન્મેશભાઈ ભાઈલાલભાઈ રાણાનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૭૭ તરીકે આંક–૮૬૮ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે જુલાઈ–૨૦૦૮ માં આશ્રમરોડ ખાતે આવેલ ગજજર ચેમ્બરની બાજુમાં એરોટેલી સર્વિસમાં નોકરી કરતા હતા અને પરબડીની પોળ રાયપુર ચકલામાં રહેતા હતા. તા.૨૬/૭/–૨૦૦૮ નાં રોજ આશરે સાડા છ વાગ્યે તેમના મેનેજર સમીરભાઈનો ફોન આવેલો કે તમારી પાસે જે બેગ પડેલી છે તે મણીનગરથી પરેશભાઈ ભોજક આવે છે તેને આપી દેજો. જેથી આ સાહેદ પોળની બહાર નીકળેલા અને ગોખલે પાન હાઉસની સામે પરેશભાઈની રાહ જોતા હતા તેવામાં એમ.નારાયણદાસ નામની દવાની દુકાન પાસે બોમ્બ બ્લાસ્ટ થયેલો, ત્યાં લોકોમાં નાસભાગ થયેલી. તેવામાં જ ગોખલે પાન હાઉસ સામે બીજો એક બોમ્બ બ્લાસ્ટ થયેલો જેનાથી આ સાહેદને થાપાના ભાગે ઈજાઓ થયેલી, પ્રાથમિક સારવાર ઘરે લીધેલી અને ત્યારબાદ વી.એસ. હોસ્પિટલમાં લઈ ગયેલાનું જણાવેલ છે.

ખાડીયા પોલીસ સ્ટેશનના આ બનાવમાં દેવેન્દ્ર ભગવાનદાસ સોનીનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૮૬ તરીકે આંક–૮૮૫ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ તેઓ નોકરી ઉપર ગયેલા નહીં. તે દિવસે સવા છ વાગ્યાના અરસામાં રાયપુર ચકલામાં આવેલ ગોખલે પાન હાઉસની બાજુમાં ગોખલે ટ્રેડીંગ નામની દુકાનમાં સાબુ, પાવડર, તેલ વિગેરે સામાન લેવા ગયેલા. તે વખતે એમ.નારાયણદાસ નામની દવાની દુકાન પાસે બોમ્બ બ્લાસ્ટ થયેલો અને સાહેદે ઘરવખરીનો સામાન લઈ ઘરે જવા નિકળેલા ત્યાં જ બીજો બોમ્બ બ્લાસ્ટ થયેલો. આ બોમ્બ બલાસ્ટમાં છરા વાગેલા. ત્યાં નાસ–ભાગ થઇ ગયેલ હતી અને વી.એસ. હોસ્પિટલમાં સારવાર માટે લઇ ગયેલાનું જણાવેલ છે.

ત્યારબાદ અશોકભાઈ ચીમનલાલ સોની, પ્રદિપ કનૈયાલાલ પારેખ, સુનીલ હસમુખલાલ ભટ્ટ, ઉન્મેશ ભઈલાલભાઈ રાણા, કલ્પનાબેન મહેન્દ્રભાઈ તથા દેવેન્દ્ર ભગવાનદાસ સોનીનાઓની સારવાર કરનાર ડૉ.જયદેવકુમાર શિવદાન મોઢને સાહેદ નં.૨૭૯ તરીકે આંક–૧૪૭૭ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૩૦/૭/૨૦૦૮ ના રોજ તેઓ મેડીકલ ઓફિસર વી.એસ. હોસ્પિટલ ખાતે ફરજ પર હતા ત્યારે સોની અશોકભાઈ ચીમનલાલને તેમના સગાઓ આ સાહેદ સમક્ષ લાવેલા તેઓ તેમની સાથે દર્દીની એક્સ રે પ્લેટ લાવેલા હતા જે દર્દીને ખાનગી હોસ્પિટલ, સિદ્ધી વિનાયક હોસ્પિટલ, ડૉકટર હાઉસ ખાતે દાખલ કરાયેલા હતા. તેઓ ૬ એક્સ રે પ્લેટ લઈને આવેલા હતા. દર્દી સૌ પ્રથમ વખત તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ આ સાહેદની હોસ્પિટલમાં આવેલ અને હોસ્પિટલમાં જ એક્સ રે લેવામાં આવેલ. તેઓ કેસ રજીસ્ટર કરાવ્યા સિવાય ખાનગી હોસ્પિટલમાં જતા રહેલા અને ત્યારબાદ તેઓના સંબંધી તા.૩૦/૦૭/૨૦૦૮ ના રોજ એક્સ રે સાથે કેસ રજીસ્ટર કરાવવા આવેલા. દર્દીના સંબંધીઓએ જે એક્સ રે પ્લેટ બતાવી તે બાબતેની નોંધ કરેલી અને તે મુજબ બંને થાપાના પેલવીસ હાડકાંનો એક્સ રેમાં કોઈ અસ્થિભંગ ન હતો પણ પેલેટ્સ (ધાતુના છરા)ની હાજરી માલુમ પડેલી તેમજ જમણા ઘુંટણનો ફીમર હાડકા સાથેનો એક્સ રે જોતાં તેમાં પેલેટ્સની હાજરી માલુમ પડેલી તથા તેમના જમણા હાથના રેડીયસલના હાડકાંનો કોણી અને કાંડા સાથેનો એક્સ રે જોતા કોઈ અસ્થિભંગ માલુમ પડેલો નહીં અને જમણા હ્યુમરસ હાડકામાં પણ કોઈ અસ્થિભંગ માલુમ પડેલો નહીં તેમજ જમણા થાપાના ફીમર હાડકાંનો એક્સ રે જોતાં પેલેટની હાજરી માલુમ પડેલી તથા જમણા પગના ટીબીયા ટ્રીબ્યુલા હાડકાં સાથેનો એક્સ રે જોતાં ટ્રીબ્યુલા હાડકાંમાં અસ્થિભંગ હતો અને તે જગ્યાએ પેલેટ જોવા મળેલો.

સાહેદ વધુમાં જણાવે છે કે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ એક પ્રદિપ કનૈયાલાલને સારવાર અર્થે લાવવામાં આવેલા હતા. દર્દીની હીસ્ટ્રી મુજબ ખાડીયા (રાયપુર) ખાતે થયેલ બોમ્બ ધડાકામાં ઈજા થયેલી હતી. દર્દીને ઈજામાં એક

પેલેટ ઘા ૦.૩ x ૦.૫ સે.મીના માપનો ટીબીયા હાડકાંની આગળના ભાગે હતો. તેમજ દર્દીને ડાબા પગના પંજા અને ડાબા ટીબીયા ટ્રીબ્યુલા હાડકાંનો એક્સ રે લેવામાં આવતા ટીબીયા હાડકાના વચ્ચેના ભાગે પેલેટની હાજરી માલૂમ પડેલુ.

વધુમાં સાહેદ જણાવે છે કે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ એક સુનિલ હસમુખભાઈને સારવાર અર્થે લાવવામાં આવેલા હતા. દર્દીની હીસ્ટ્રી મુજબ બોમ્બ ધડાકામાં ઈજા થયેલી હતી. તેઓને જમણા પગે ઈજા હતી.

સાહેદ વધુમાં જણાવે છે કે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ એક ઉમેશ વી. રાણાને સારવાર અર્થે લાવવામાં આવેલા હતા. દર્દીની હીસ્ટ્રી મુજબ તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સાંજના રાયપુર ખાતે થયેલ બોમ્બ ધડાકામાં ઈજા થયેલી હતી. દર્દીને ઈજામાં એક ઉજરડો ૧ સે.મી.ના માપનો ડાબી જાંગના નીચેના ભાગે પાછળ અને બહારની તરફ હતો.

સાહેદ વધુમાં જણાવે છે કે તા.૨૮/૭/૨૦૦૮ ના રોજ એક કલ્પનાબેન મહેન્દ્રભાઈને સારવાર અર્થે લાવવામાં આવેલા હતા. દર્દીની હીસ્ટ્રી મુજબ તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સારંગપુર ખાતે થયેલ બોમ્બ ધડાકામાં ઈજા થયેલી હતી. દર્દીએ એલ.જી.હોસ્પિટલ તથા નગરી હોસ્પિટલ ખાતે સારવાર લીધી હતી. દર્દીને ઈજામાં એક ટાંકા લીધેલો ઘા ડાબી ભ્રમર ઉપર હતો. જે ટાંકા એલ.જી. હોસ્પિટલ ખાતે લેવાયેલા હતા. તેની આજુબાજુ સોજો હતો તથા તે જગ્યા કાળી પડી ગયેલી હતી.

સાહેદ વધુમાં જણાવે છે કે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ એક દેવેન્દ્ર ભગવાનદાસ સોનીને સારવાર અર્થે લાવવામાં આવેલા હતા. દર્દીની હીસ્ટ્રી મુજબ બોમ્બ ધડાકામાં ઈજા થયેલી હતી. દર્દીને ઈજામાં માથા અને છાતી તથા જમણાં હાથ ઉપર ઈજા હતી તેમજ દર્દીનો છાતીના ભાગનો એક્સ રે લેતાં છાતીના ભાગે ડાબી બાજુએ હવાની હાજરી માલુમ પડેલ. દરેક ઈજા પામનારાઓને આ બાબતના પ્રમાણપત્રો આપેલા જે અનુક્રમે આંક–૧૪૭૮, ૧૪૭૯, ૧૪૮૦, ૧૪૮૧, ૧૪૮૨ તથા ૧૪૮૩ થી રજૂ રાખેલ છે અને તેમાં આ સાહેદે પોતાની સહીઓ ઓળખી બતાવેલી છે. આ સાહેદના મંતવ્ય પ્રમાણે ઉપરોકત દર્દીઓને

થયેલી ઉપરોકત ઈજાઓ કોઈક ધડાકામાં કે બ્લાસ્ટમાં દબાણપૂર્વક કોઈ ચીજવસ્તુ અથડાય તો આવી ઈજા થઈ શકે તેમ જણાવેલ છે.

ખાડીયા પોલીસ સ્ટેશનના આ બનાવમાં નૈનેષ ધીમંતરાય દલાલનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૬૦ તરીકે આંક–૮૦૯ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તેઓ સારંગપુર ચકલામાં "વિતરાગ" નામે દુકાન ધરાવી પ્લાસ્ટિકની કોથળીઓ વેંચવાનો ધંધો કરે છે. જુલાઇ ૨૦૦૮ તેમની દુકાનનો સમય સવારનાં ૯.૦૦ થી રાત્રીનાં ૮.૩૦ વાગ્યા સુધીનો છે. તેમની દુકાનની આસપાસ સાંજે ૪.૦૦ થી ૭.૦૦ નાં સમયગાળા દરમ્યાન શાકમાર્કેટ પણ ભરાય છે. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેઓ ઇટર્નો ટુ વ્હીલર લઇને આવેલો અને તેમની દુકાનની આગળ ફુટપાથ ઉપર પાર્ક કરેલુ. તેમની દુકાનની બાજુમાં એક "મીલન કિરાણા સ્ટોર" આવેલો છે ત્યાં સાંજનાં સાડા છ વાગ્યે એક બોમ્બ ધડાકો થયેલો. આ બોમ્બ ધડાકામાં તેઓને છાતીનાં ભાગે, ડાબા પગે, ડાબા હાથે તથા ડાબા પગનાં ઢીંચણે ઉડેલા છરાઓથી ઈજાઓ થયેલી. આ બોમ્બ ધડાકા સમયે દોડધામ થયેલી અને અંધાધુંધી ફેલાઇ ગયેલી તેમજ અન્યોને પણ ઇજાઓ થયેલી. સાહેદને વી.એસ.હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરેલાનું જણાવેલ છે.

ખાડીયા પોલીસ સ્ટેશનના આ બનાવમાં મુકેશ નાથુભાઈ પ્રજાપતિનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૬૩ તરીકે આંક–૮૨૫ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે જુલાઇ–૨૦૦૮ના અરસામાં તેઓ રાયપુર ચકલા પરબડી પાસે આવેલ શાહ ટ્રેડીંગ કંપનીમાં નોકરી કરતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેઓ નોકરી પર હતા હતા ત્યારે સાંજના સાડા છ વાગ્યાની આસપાર રાયપુર ચકલામાં આવેલ એમ.નારાયણદાસ નામની દવાની દુકાનની નજીકમાં એક મોટો બોમ્બ ધડાકો થયેલ. આ ધડાકો થતા લોકોમાં નાસ–ભાગ થયેલી કેટલાક માણસોને ઈજાઓ થયેલી આવુ જાણતા આ સાહેદ બચાવ કામગીરીમાં ગયેલા ત્યારે ગોખલે પાન હાઉસ પાસે બીજો ધડાકો

થયેલો જેથી આ સાહેદને પીઠના ભાગે ઈજાઓ થતા સાહેદને વી.એસ. હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરેલાનું જણાવેલ છે.

ખાડીયા પોલીસ સ્ટેશનના આ બનાવમાં રાજુભાઈ બાબુભાઈ ઠાકોરનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૬૪ તરીકે આંક–૮૨૬ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે જુલાઈ–૨૦૦૮માં ભવાનીપુરાની પીઠમાં રાયપુર ખાતે રહેતા હતા અને પાણીના પાઉચ વેચવાનું કામ કરતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાંજના આશરે સાડા છ વાગ્યાની આસપાસ પાણીના પાઉચ વેચીને ઘરે જતા હતા ત્યારે રાયપુર ચકલામાં આવેલ એમ. નારાયણદાસ નામની દવાની દુકાનની નજીકમાં મોટા ધડાકા સાથે બોમ્બ બ્લાસ્ટ થયેલ. આ ધડાકો થતા લોકોમાં નાસ–ભાગ થયેલી કેટલાક માણસોને ઈજાઓ થયેલી. આ સાહેદને બોમ્બ બ્લાસ્ટમાંથી નીકળેલા છરા પીઠ ઉપર, ડાબા હાથે અને કોણીના ભાગે વાગતા ઈજાઓ થયેલી. જેથી સાહેદને વી.એસ. હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરેલાનું જણાવેલ છે.

ખાડીયા પોલીસ સ્ટેશનના આ બનાવમાં શૈલેષ ધનજીભાઈ ચુનારાનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૬૫ તરીકે આંક–૮૨૭ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે રાયપુર ચકલામાં એમ.નારાયણદાસ દવાની બાજુમાં "એવરેસ્ટ ઓટો ગેરેજ" નામનું કેબીન ૨૦૦૮ માં ધરાવતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાડા છ વાગ્યાની આસપાસ ગેરેજ પર કોઈ કામ ન હોવાથી ગેરેજની બાજુમાં આવેલી ચાની કીટલી ઉપર ચા પીવા માટે ગયેલા તે વખતે આ સાહેદના ગેરેજની સામે બોમ્બ બ્લાસ્ટ થયેલો. આ ધડાકાથી ગેરેજની નજીક લારી લઈને ઉભા રહેતા અમૃતભાઈ આશાભાઈ રોડ ઉપર પડી ગયેલા. એમ. નારાયણદાસથી થોડા આગળ જતા ગોખલે પાન હાઉસ પાસે બીજો બોમ્બ ધડાકો થયેલો ત્યાં પણ લોકોની દોડધામ થયેલી. બોમ્બ ધડાકામાં આ સાહેદને વાગેલુ. જેથી સાહેદને એલ.જી. હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરેલાનું જણાવેલ છે.

ખાડીયા પોલીસ સ્ટેશનના આ બનાવમાં જીનેશ ગીરીશભાઈ શાહનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૬૯ તરીકે આંક–૮૫૫ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ પિતાજીની દવા લેવા માટે રાયપુર ચકલામાં એમ.નારાયણદાસ નામની દવાની દુકાને ગયેલા અને દવા લેવા ઉભા હતા ત્યારે દુકાનની સામે એક મોટા અવાજથી બોમ્બ ધડાકો થયેલો. આ ધડાકો થવાથી આ સાહેદને ડાબા હાથ, ડાબા પગની પીંડી, ઘુંટણ થતા શરીરના જુદા–જુદા ભાગો ઉપર ઈજા થયેલી .છરાઓ વાગવાથી શરીરમાં બહેરાશ આવી ગયેલી ત્યા આગળ બીજા માણસને પણ ઈજા થયેલી, કેટલાક માણસોને ટેમ્પામાં બેસાડી સારવાર માટે હોસ્પિટલે લઈ ગયેલા. આ સાહેદને એલ.જી. હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયેલાનું જણાવેલ છે.

ખાડીયા પોલીસ સ્ટેશનના આ બનાવમાં ગૌરાંગભાઈ બિપીનચંદ્ર પટેલનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૭૨ તરીકે આંક–૮૬૩ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે જુલાઈ–૨૦૦૮ના અરસામાં અંબિકા એજન્સી કે જે કોકા કોલાની એજન્સી ધરાવે છે તેનો ટેમ્પો ચલાવતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાંજના સમયે નોકરી પુરી થતા ટેમ્પો રાયપુર દરવાજા પાસે મુકીને ચાલતા –ચાલતા ઘર તરફ જતા હતા ત્યારે સાડા છ વાગ્યાના અરસામાં રાયપુર ચકલામાંથી પસાર થતા હતે તે વખતે એકદમ ધડાકો થયેલો જેના કારણે આ સાહેદને જમણા પગની ઘુંટણના નીચેના ભાગે તથા ઢીંચણના ભાગે છરા વાગેલા, બીજો ધડાકો ગોખલે પાન હાઉસ પાસે પણ થયેલો. આ સાહેદને એલ.જી. હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયેલાનું જણાવેલ છે.

ખાડીયા પોલીસ સ્ટેશનના આ બનાવમાં જીગર યોગેશભાઈ પરમારનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૭૫ તરીકે આંક–૮૬૬ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે જુલાઈ–૨૦૦૮માં કાંકરીયા ફુટબોલ ગ્રાઉન્ડની બાજુમાં આવેલી ભારત મસાલા નામની કંપનીમાં નોકરી કરતા હતા અને તેના માલીક ભીખાભાઈ મહેતા હતા. તા.૨૬/૭/૨૦૦૮નાં

રોજ સાંજના સમયે તેમના શેઠે દસ કીલો મોરૈયો તથા અન્ય સામાન કાલુપુર મામુનાયકની પોળમાં આપવા જવાનું છે તેમ જણાવેલુ જેથી આ સાહેદ સાંજના સાડા છ વાગ્યાના અરસામાં રાયપુર દરવાજાની અંદર રાયપુર ચકલા થઈને પસાર થતા હતા ત્યારે રાયપુર ચકલામાં આવેલ પોલીસ ચોકીની સામે બોમ્બ ફુટેલો, તે વખતે ઘણા માણસો દોડધામ કરતા હતા. આ વખતે બીજો ધડાકો પણ થયેલા આ ધડાકામાં આ સાહેદને ડાબા પગે અને જમણા પગે છરાઓ વાગેલા. આ સાહેદને એલ.જી. હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયેલાનું જણાવેલ છે.

ખાડીયા પોલીસ સ્ટેશનના આ બનાવમાં ઈશ્વરલાલ બેચરદાસ ભાવસારનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૭૯ તરીકે આંક–૮૭૬ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેઓ એમ.નારાયણદાસ કંપની રાયપુર ચકલા દવા લેવા માટે ગયેલા ત્યારે એક બોમ્બ ધડાકો થયેલો જેથી આ સાહેદ પડી ગયેલા અને બેભાન થઈ ગયેલા. આ ધડાકાથી આ સાહેદને હાથે, પગે અને બરડામાં વાગેલુ. આ સાહેદને એલ.જી. હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયેલાનું જણાવેલ છે.

ખાડીયા પોલીસ સ્ટેશનના આ બનાવમાં અજય જગન્નાથ સબકાળેનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૮૦ તરીકે આંક–૮૭૭ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે જુલાઈ–૨૦૦૮માં રાયપુર ચકલા વિસ્તારમાં રહેતા હતા અને પેન્ડલ રીક્ષા ચલાવતા હતા. તા.૨૬/૭/–૨૦૦૮ નાં રોજ સાંજના સમયે ગોખલે પાન હાઉસ પાસે ઉભેલા હતા ત્યારે એક બોમ્બ બ્લાસ્ટ થયેલો. આ બોમ્બ બ્લાસ્ટમાં આ સાહેદને જમણા પગે ઈજાઓ થયેલી, તેની સારવાર સ્થાનિક હોસ્પિટલમાં કરાવેલી અને ત્યારબાદ આ સાહેદ એલ.જી. હોસ્પિટલમાં સારવાર માટે ગયેલાનું જણાવેલ છે.

ખાડીયા પોલીસ સ્ટેશનના આ બનાવમાં વિપુલ જયરામભાઈ સોલંકીનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૮૧ તરીકે આંક–૮૭૮થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે જુલાઈ–૨૦૦૮માં આ સાહેદ રાયપુર પંડીતજીની પોળમાં આવેલા એક પ્રેસમાં નોકરી કરતા હતા. તા.૨૬/૭/

૨૦૦૮ નાં રોજ સાંજના સમયે આ સાહેદ ત્યાં નજીકમાં આવેલ એક દુકાનમાં દાઢી કરાવવા બેઠેલા તે વખતે બોમ્બ બ્લાસ્ટ થયેલો. આ સાહેદ બહાર નીકળીને જોવા માટે ગયેલા ત્યારે બીજો એક બ્લાસ્ટ થયેલો. આ બીજા બ્લાસ્ટમાં આ સાહેદને ડાબા થાપાના ભાગે ઈજાઓ થયેલી જેથી પ્રથમ સારવાર તેમના કજીન ડૉ.કમલેશ ટેલર પાસે કરાવેલી અને ત્યારબાદ આ સાહેદે એલ.જી. હોસ્પિટલમાં સારવાર કરાવેલાનું જણાવેલ છે.

ખાડીયા પોલીસ સ્ટેશનના આ બનાવમાં રેખાબેન જીવણલાલ જોષીનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૮૨ તરીકે આંક–૮૭૯ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાંજના આશરે છએક વાગ્યાના સુમારે આ સાહેદ તથા તેમના ભાભી કલ્પનાબેન સારંગપુર ખાતે શાક લેવા ગયેલા અને શાક લઈને પાછા વળતા હતા ત્યારે જોરથી બોમ્બ બ્લાસ્ટ થયેલો. આ બોમ્બ બ્લાસ્ટના બનાવમાં આ સાહેદને તથા તેમની ભાભીને ઈજાઓ થયેલી. આ સાહેદને ડાબા પગે અને તેમના ભાભીને ડાબી આંખે વાગેલુ. સૌપ્રથમ સારવાર એલ.જી. હોસ્પિટલ ખાતે કરાવેલી અને તેમના ભાભીને આંખની સારવાર નગરી હોસ્પિટલમાં કરાવેલાનું જણાવેલ છે.

ખાડીયા પોલીસ સ્ટેશનના આ બનાવમાં જયેન્દ્રકુમાર નટવરલાલ પટેલનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૮૩ તરીકે આંક–૮૮૧ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે જુલાઇ ૨૦૦૮ માં જેઠાભાઈની ખડકી, સારંગપુર ચકલા મુકામે રહેતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ તેમની નોકરી ઉપર ગયેલા અને ત્યાંથી સાંજના ૫.૦૦ વાગ્યાના સુમારે છુટીને ઘરે આવી સારંગપુર ચકલામાં ફરતા વિશામાં ઘર પાસે બેઠા હતા. લગભગ ૬.૩૦ વાગ્યાના અરસામાં મિલન કિરાણા સ્ટોર્સ નામની દુકાન પાસે એક મોટો ધડાકો થયેલો. ધડાકામાંથી છરા ઉડીને તેમને છાતીમાં વાગેલા અને લોહી નિકળવા લાગેલું. જેથી એલ.જી.હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલા. બોમ્બ ધડાકો થયો ત્યાં આગળ ગાયો મરી ગયેલી અને બીજા માણસોને પણ

વાગેલું હતું. આ બોમ્બ બ્લાસ્ટ થયો તે જગ્યાએ એક સાઇકલ પડેલ હતી તેમ જણાવે છે.

ખાડીયા પોલીસ સ્ટેશનના આ બનાવમાં ભાગ્યેશ વિનોદચંદ્ર ત્રિવેદીનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૮૫ તરીકે આંક–૮૮૩ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તેઓ જુલાઇ–૨૦૦૮ના સમયગાળા દરમ્યાન તેમના કુટુંબ સાથે મોઢવાડો, દોલતખાના, સારંગપુર મુકામે રહેતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ કામ સારૂ એલિસબ્રિજ બાજુ ગયેલ અને કામ પતાવીને બાઇક ઉપર આશરે ૬.૩૦ વાગ્યાના અરસામાં રાયપુર ચકલા પહોંચેલો અને રાયપુર ચકલા પોલીસ ચોકી પાસે થઇને પસાર થતા હતા તેવામાં એક મોટો ધડાકો થયેલો અને આ ધડાકામાં જમણા પગના સાથળના ભાગે તથા જમણી બાજુ બરડામાં વાગેલું. ૧૦૮ નંબરની એમ્બ્યુલન્સ બોલાવેલી અને સારવાર માટે વી.એસ. હોસ્પિટલ લઇ ગયેલા. ત્યારપછી વધુ સારવાર માટે સિવિલ હોસ્પિટલ ગયેલો અને ત્યાં ઓપરેશન કરવામાં આવેલું અને છરા કાઢવામાં આવેલા. સાહેદ આંક–૮૮૪થી ડીસ્ચાર્જ કાર્ડ રજૂ રાખેલ છે.

ખાડીયા પોલીસ સ્ટેશનના આ બનાવમાં આરીફ ઈકબાલભાઈ મન્સુરીનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૯૧ તરીકે આંક–૯૦૩થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તેઓ જુલાઇ–૨૦૦૮ના અરસામાં રાયપુર ચકલામાં આવેલ મહેશભાઈ સોલંકીને ત્યાં નોકરી કરતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ના રોજ તેઓ નોકરી પર ગયેલા હતા અને તેમના શેઠે ૬.૩૦ વાગ્યાના અરસામાં શેઠની માતા તરલાબેનની દવા લેવા માટે રાયપુર ચકલામાં આવેલ એમ.નારાયણદાસ કંપનીમાં દવા લેવા મોકલેલા હતા અને દવાની ટ્યુબ લઈ પાછા આવેલા પરંતુ તે ખરાબ હોવાથી પાછી આપેલી અને પાછા જવા માટે સ્કુટરને ચાવી લગાવી લોક ખોલતા હતા તેવામાં એક ધડાકો થયેલો જેમાંથી એક છરો ઉડીને આ સાહેદને વાગેલો જેથી લોહી નીકળેવા લાગેલુ જેથી આ સાહેદ સ્કુટર મુકીને ત્યાંથી જતા રહેલા. જયારે બીજો ધડાકો ગોખલે પાન હાઉસ પાસે પણ થયેલો, ત્યાં લોકોમાં નાસ–ભાગ થવા લાગેલી, લોકો દુકાન બંધ કરવા

લાગેલા. આ સાહેદના સ્કુટરનું આગળનું ટાયર ફાટી ગયેલુ અને સારવાર માટે વી.એસ.હોસ્પિટલમાં ગયેલા.

ખાડીયા પોલીસ સ્ટેશનના આ બનાવમાં મદનલાલ ભાનુભાઈ વણઝારાનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૯૭ તરીકે આંક–૯૧૧થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે જુલાઈ–૨૦૦૮ના અરસામાં આ સાહેદ ભાડાની રીક્ષા ચલાવતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સાંજના સમયે એલ.ડી.એન્જીનીયરીંગ કોલેજ વિસ્તારમાંથી એસ.ટી.બસ સ્ટેન્ડનું ભાડુ મળેલુ અને એસ.ટી. બસ સ્ટેન્ડ ઉપરથી છબીલા હનુમાન રાયપુરનું ભાડુ મળેલુ જેથી પેસેન્જર લઈને રાયપુર છબીલા હનુમાન મંદિર વિસ્તારમાં ગયેલા અને ત્યાં પેસેન્જર ઉતાર્યા બાદ રાયપુર વિસ્તારમાં આવેલ ચાની કીટલી પર ચા પીવા રોકાયેલા. તે જગ્યાએ એક એમ.નારાયણદાસ દવા દુકાન આવેલી છે ત્યાં બોમ્બ બ્લાસ્ટ થયેલો અને ત્યાં હાજર પબ્લીકના માણસોમાં નાસભાગ થયેલી. આ સાહેદ ચાના પૈસા લેવા માટે છુટ્ટા લેવા ગોખલે પાન હાઉસવાળા ગલ્લા તરફ ગયા તે વખતે બીજો બમ્બ બ્લાસ્ટ થયેલો જેમાંથી છરા ઉડતા આ સાહેદને પીઠ પાછળ ડાબી બાજુ તથા થાપામાં જમણી બાજુ છરાઓ વાગેલા અને ઈજાઓ થવાથી લોહી નીકળેલુ અને ૧૦૮ એમ્બ્યુલન્સમાં સારવાર માટે વી.એસ. હોસ્પિટલમાં ગયેલાનું જણાવે છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા ૧૦૮ વાનમાં કોઈ સારવાર આપેલી નહીં તે કબૂલ કરે છે. એમ્બ્યુલન્સ વાનમાં કોઈ નામ સરનામુ પુછેલુ નહીં બાકીના દર્દીઓની પુછપરછ કરેલી કે કેમ તેની ખબર નથી. હોસ્પિટલેથી ઘરે ગયા પછી પોલીસ આવેલી નથી.

ઉપરોકત ઈજા પામનાર સાહેદો નૈનેષ ધીમંતરાય દલાલ, પ્રજાપતિ મુકેશ નાથુભાઈ, રાજુ બાબુભાઈ ઠાકોર, શૈલેષ ધનજીભાઈ ચુનારા, જીનેશ ગીરીશભાઈ શાહ, ગૌરાંગભાઈ બિપીનચંદ્ર પટેલ, જીગર યોગેશભાઈ પરમાર, ઈશ્વરલાલ બેચરદાસ ભાવસાર, અજય જગન્નાથ સબકાળે, સોલંકી વિપુલ જયરામભાઈ, રેખાબેન જીવણલાલ જોષી, જયેન્દ્રકુમાર નટવરલાલ પટેલ, ભાગ્યેશ વિનોદચંદ્ર ત્રિવેદી, આરીફ ઈકબાલભાઈ મન્સુરી, મદનલાલ ભાનુભાઈ

વણઝારા તથા ગીરીશ લાલદાસ કોષ્ટીનાઓને ઈજાઓ થતા જે જે હોસ્પિટલોમાં સારવાર લીધેલી અને તે સારવાર અંગેના પ્રમાણપત્રો ફરિયાદ પક્ષ દ્વારા રજુ થતા આરોપીઓ તરફથી તે પ્રમાણપત્રો કબૂલ કરવામાં આવેલા છે અને આ તમામ પ્રમાણપત્રોને અનુક્રમે આંક–૭૧૫૭, ૭૧૫૫, ૭૧૫૮, ૭૧૪૭, ૭૧૫, ૭૧૫૩, ૭૧૪૮, ૭૧૫૯, ૭૧૬૦, ૭૧૬૧, ૭૧૫૨, ૭૧૫૪, ૭૧૪૯, ૭૧૪૬, ૭૧૫૬ તથા ૭૧૫૧ થી રજૂ કરેલા છે. આ તમામ પ્રમાણપત્રો ધ્યાને લેતા ઉપરોકત ઈજા પામનારાઓની સારવાર કરનાર ડૉકટરોએ તેમાં સહીઓ કરેલી હોવાનું માલુમ પડે છે.

(૨૯.૦૩)<u>અમદાવાદ શહેરના ખાડીયા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં. ૭૧/૨૦૦૮ ના કામે બનાવને સમર્થન માટે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકનઃ–</u>

આમ,ખાડીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં (૧) એમ. નારાયણદાસ એન્ડ કંપની નામની દવાની દુકાનની બાજુમાં, રાયપુર ચકલા (૨) ગોખલે પાન હાઉસની આગળ, રાયપુર ચકલા તથા (૩) મિલન કિરાણા સ્ટોર્સ નામની દુકાન આગળ, સારંગપુર ચકલા ખાતે સાઇકલ ઉપર જે બોમ્બ બ્લાસ્ટ થયેલો છે તે માટે ફરિયાદપક્ષ દ્વારા ઉપેન્દ્રભાઈ માણેકલાલ દવેને સાહેદ નં.૩૧૮ તરીકે આંક–૧૬૫૯ થી તપાસવામાં આવેલા છે. તેઓ તેઓની સરતપાસ પ્રમાણે તા. ૨૬/૭/૨૦૦૮ ના રોજ તેમનો ગુજરી જનાર ભાણેજ તથા ભાણી હિરલબેન જીગ્નેશકુમારનાઓ મોટર સાઇકલ ઉપર રાયપુરથી તેમના ઘરે જઈ રહ્યા હતા ત્યારે રાયપુર ચકલામાં વિશાલને બેટરીના સેલ લેવાના હોવાથી પોતાનું મોટર સાઇકલ બાજુમાં ઉભુ રાખેલું તે સમયે ગોખલે પાન સેન્ટર પાસે આવેલ કોઈ દુકાનમાં તે સેલ લેવા ગયેલા ત્યારે અચાનક બોમ્બ ધડાકો થતાં તેમના ભાણેજ વિશાલને ગંભીર ઈજા થયેલી અને તેમની ભાણી હિરલ તેને હોસ્પિટલમાં લઈ ગયેલી પણ રસ્તામાં જ એમ્બ્યુલન્સના સ્ટાફ તરફથી જણાવાયેલું કે વિશાલ ગુજરી ગયેલનું જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી હિરલબેન જીગ્નેશભાઈ શુકલને સાહેદ નં.૩૧૯ તરીકે આંક–૧૬૬૦ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ તેઓ તેમની ઓફિસમાંથી બપોરે ત્રણ વાગે છુટી તેમની માતાને મળવા માટે તેમના પિયરમાં આવેલી. તેમનો ભાઈ વિશાલ સાંજના ૬.૦૦ વાગ્યાના સુમારે વટવા મુકવા માટે આવતા હતા. તેઓ તથા વિશાલ મોટર સાઇકલ ઉપર રાયપુર ચકલા પાસે આવતાં રાયપુર ચકલા પાસેની એક દુકાનમાંથી તેમના ભાઈને બેટરીના સેલ લેવાના હોવાથી તે રાયપુર ચકલામાં બેટરીના સેલ લેવા ગયેલો. તે વખતે એમ.નારાયણદાસની મેડીકલ સ્ટોર્સની નજીક એક મોટા ધડાકા સાથે આવાજ આવેલો જેથી લોકો નાસભાગ કરવા લાગેલા. તેમનો ભાઈ પણ શું બન્યુ છે તે જોવા સારૂ જતાં ગોખલે પાન હાઉસ પાસે ગયેલાં ત્યાં એક બીજો બોમ્બ ધડાકો થતાં તેમના ભાઈને ગંભીર ઈજાઓ થયેલી. આજુબાજુ લોકો નાસભાગ કરવા લાગેલા. તેઓ સ્થળ ઉપર પહોંચ્યા ત્યારે તેમનો ભાઈ ગુજરી ગયેલ હોવાનું જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષ તરફથી જતીન નવીનચંદ્ર પંડયાને સાહેદ નં.૧૦૧૫ તરીકે આંક–૭૦૦૫ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ છેલ્લા પંદરેક વર્ષથી રાયપુર ચકલા સોડા ફાઇન્ટનની બાજુમાં ગોખલે પાન હાઉસ નામે ધંધો કરે છે. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ તેઓ તેમની દુકાનમાં હાજર હતા. તે દરમ્યાન સાંજના આશરે સાડા છ વાગ્યાની આસપાસ તેમની દુકાનની નજીકમાં આવેલ એમ.નારણદાસ એન્ડ કંપની નામની દવાઓની દુકાનની નજીક રોડ ઉપર ધડાકો થયેલ. ત્યાં લોકોમા નાસભાગ થયેલી. આ બનાવમાં તેમની દુકાનમાં કામ કરતો અંકિત મોદી બહાર નીકળેલો. થોડા સમયમાં તેમની દુકાનની આગળ રોડ ઉપર પણ બ્લાસ્ટ થયેલો. આ બ્લાસ્ટમાં તેમની દુકાનમા કામ કરતા અંકિત મોદીને છરાઓ વાગતા ઈજાઓ થયેલી. ત્યાં થોડીવાર પછી ૧૦૮ એમ્બ્યુલન્સ આવેલી અંકિત મોદીને વાડીલાલ સારાભાઇ હોસ્પિટલમાં લઇ ગયેલા ત્યાં ડૉકટરે તેઓ મરણ ગયેલાનું જણાવેલું અને જે બ્લાસ્ટ થયેલ તે સાઇકલ ઉપર થયેલાનું જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી જગદીશભાઈ ભગવાનદાસ કડીયાને સાહેદ નં.૩૨૩ તરીકે આંક–૧૬૬૯ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ તેઓ તેમની સેન્ડવીચની લારી લઈને સવારના ૧૧.૦૦ વાગ્યાથી રાયપુર ચકલા આવેલા અને સાંજના ૪.૦૦ વાગ્યાના અરસામાં તેમની પત્ની હસુમતીબેન તેમને ધંધામાં મદદે આવેલા. તે દરમ્યાન સાંજના ૬.૩૦ વાગ્યાના સુમારે રાયપુર ચકલામાં એમ.નારાયણદાસ મેડીકલ સ્ટોર્સની બાજુમાં મોટા ધડાકા સાથે બોમ્બ બ્લાસ્ટ થયેલો જેથી લોકો નાસભાગ કરતાં હતા. શું થયું છે તે જોવા તેઓ ગયેલો તે દરમ્યાન એકાદ મિનિટમાં બીજો બોમ્બ ધડાકો ગોખલે પાન હાઉસ પાસે તેમની લારીની નજીકમાં થયેલો. જેમાં તેમની પત્નીને બોમ્બ માંથી છુટેલ છરા (પેલેટ) વાગેલા અને ગંભીર ઈજા થયેલી. આ સિવાય બે છોકરાઓ નામે વિશાલ રાવલ તથા અંકિત મોદીનાઓને ગંભીર ઈજા થયેલી. તેમના ભાઈ સાહેદની પત્નીને રીક્ષામાં બેસાડી સારવાર માટે વાડીલાલ હોસ્પિટલમાં લઈ ગયેલાનું જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી રાજેશભાઈ મનહરલાલ કાયસ્થને સાહેદ નં.૧૦૦૨ તરીકે આંક–૬૯૭૫ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ છેલ્લા ૪૦ વર્ષ ઉપરાંતના સમયથી સારંગપુર ચકલા ખાતે મિલન કિરાણા સ્ટોર્સના ઉપરના ભાગે રહે છે. સને–૨૦૦૮ ના વર્ષમાં સારંગપુર ચકલામાં તેમની બટાકા, ડુંગળીની લારી હતી અને સારંગપુર ચકલા ત્રણ બત્તી પાસે બટાકા ડુંગળીનો ધંધો કરતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સાંજના સમયે તેમની લારી ઉપર હતા તે દરમ્યાન આશરે સાડા છ વાગ્યાની આસપાસ એક મોટો ધડાકો થયેલો. આ ધડાકો મિલન કિરાણા સ્ટોર્સ કે જે તે વખતે બંધ હતી તેના આગળના ભાગે થયેલો હતો. આ બોમ્બ ધડાકામાં ત્યાં બે ગાયો મરી ગયેલી. તેમજ બોમ્બ ધડાકાના કારણે ચાર–પાંચ માણસોને ઈજા થયેલી. તે વખતે ત્યાં લોકોમાં નાસ–ભાગ થયેલાનું જણાવેલ છે. આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલ છે તે ધ્યાને લેતાં લોકોની નાસભાગ થવાથી આ સાહેદ પણ ગભરાટમાં ત્યાંથી નાસી ગયેલાનું કબૂલ કરે છે. રાત્રે મિલન કિરાણા

સ્ટોર પાસે ઘણી બધી પોલીસ આવી ગયેલાનું પણ કબૂલ કરે છે. આમ આરોપીઓ તરફથી પુછવામાં આવેલ આ પ્રશ્નો ધ્યાને લેતાં આ બોમ્બ બ્લાસ્ટના બનાવ બનેલા છે તેવુ માલુમ પડે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી ફારૂક ઉસ્માનગની શરીફજીવાલાને સાહેદ નં.૪૧૩ તરીકે આંક–૨૩૬૦ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ ૧૦૮ ઈમરજન્સી વાનમાં ડ્રાઈવર તરીકે નોકરી કરતા હતા તે દિવસે ૧૮.૩૬ કલાકે રાયપુરથી એક ફોન આવેલો કે રાયપુર દરવાજા પાસે એક વ્યકિત મરણ ગયેલ છે જેથી એમ્બ્યુલન્સ લઈને ત્યાં પહોંચેલા ત્યારે બે જણાએ આવીને કહેલુ કે રાયપુર ચકલામાં બોમ્બ બ્લાસ્ટ થયેલા છે અને પાંચ વ્યકિતઓને એમ્બ્યુલન્સમાં લઈને પહોંચેલા જે પૈકી બે વ્યકિત મરણ પામેલ હતી અને ત્રણ વ્યકિત જીવતી હતી. તેમને બધાને વી.એસ. હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયેલાનું આ સાહેદ જણાવે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી જલીબેન નારણભાઈ રબારીને સાહેદ નં.૭૮૫ તરીકે આંક–૪૦૮૮થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ દોલતખાના વિસ્તારમાં રહે છે. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેમના ઘર પાસે સારંગપુર ચકવામાં બોમ્બ બ્લાસ્ટ થયેલો અને બે જરસી ગાયોને ઈજાઓ થતા મરણ પામેલી, દરેક ગાયની કિંમત રૂા.૨૫,૦૦૦/– થાય છે તેમ જણાવેલ છે. આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલ છે તે જોતા ગાયોને થયેલી ઈજા રોડ ઉપર થયેલાનું કબૂલ કરે છે. આ સાહેદ પાસે ગાયો હતી તે બતાવવા દસ્તાવેજી પુરાવો નથી તેમ જણાવે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી અરવિંદભાઈ રામસિંહ સોલંકીને સાહેદ નં.૫૨૬ તરીકે આંક–૨૯૬૭થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તા.૨૭/૭/૨૦૦૮ નાં અરસામાં તેઓ ખાડીયા પોલીસ સ્ટેશનમાં એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે એલ.જી. હોસ્પિટલમાંથી વર્ધિ મળેલી કે અજય જગન્નાથ નામના વ્યકિતને રાયપુર ચકલા

વિસ્તારમાં બોમ્બ વિસ્ફોટથી ઈજા થયેલી છે જેથી હોસ્પિટલે જઈ તેઓની પુછપરછ કરેલાનું જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી અશોકકુમાર બીજલભાઈ સાંકળીયાને સાહેદ નં.પ૧૪ તરીકે આંક–૨૯પ૧થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ સને–૨૦૦૬નાં વર્ષથી ૨૦૧૨ ના વર્ષ સુધી ખાડીયા પોલીસ સ્ટેશનમાં ઈન્વેસ્ટીગેશન સ્કવોડમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા. તા. ૨૭/૭/૨૦૦૮ નાં રોજ તેમની ફરજ ઈન્વેસ્ટીગેશન સ્કવોર્ડમાં કલાક ૧૨.૦૦ થી કલાક ૨૦.૦૦ સુધી હતી. આ દરમ્યાન પોલીસ ઈન્સ્પેકટરશ્રી ખાડીયા પોલીસ સ્ટેશનનાઓ તરફથી એક યાદી મળેલ. જેથી તેઓ ડૉ.શૈલેષ શાહ સર્જીકલ હોસ્પિટલ આબાદ ડેરીની સામે, કાંકરીયા ખાતે ગયેલો અને બોમ્બ વિસ્ફોટમાં ઈજા પામેલા દર્દી એક શૈલેષ વિશ્વનાથ ચતુર્વેદી તથા અન્ય દર્દી ભાવેશ શૈલેષભાઈ ચતુર્વેદીના નિવેદનો લીધેલા. વધુમાં પોલીસ ઈન્સ્પેકટરશ્રી ખાડીયા પોલીસ સ્ટેશન તરફથી મળેલ યાદીને આધારે તેઓ વાડીલાલ સારાભાઈ હોસ્પિટલ ગયેલો અને બોમ્બ વિસ્ફોટમાં ઈજા પામનાર દર્દી નામે રામજીભાઈ સુકાભાઈ ભગોરાનું વિગતવાર નિવેદન લીધેલાનું જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી કેસાજી લાલજીભાઈ ખરાડીને સાહેદ નં.પ૦૨ તરીકે આંક–૨૯૩૬થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ ના અરસામાં તેઓ ખાડીયા પોલીસ સ્ટેશન, અમદાવાદ ખાતે પોલીસ સબઈન્સ્પેકટરના હોદ્દા ઉપર ફરજ બજાવતા હતો. તે દિવસે બોમ્બ બ્લાસ્ટ થતાં પોલીસ ઈન્સ્પેકટરશ્રીની સુચનાથી એલ.જી. હોસ્પિટલ ગયેલા. આ વખતે તેમની સાથે પોલીસ સ્ટેશનના સહ પોલીસ કર્મચારીઓ હાજર હતા અને એલ.જી.હોસ્પિટલમાં જે વ્યકિતઓને ઈજા થયેલી તેમના નિવેદનો લીધેલાનું જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષ તરફથી વાડીલાલ કરશનભાઈ વાઢેરને સાહેદ નં.૧૦૯૨ તરીકે આંક–૭૬૫૦થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ સને–૨૦૦૮ના અરસામાં અમદાવાદના ખાડીયા

પોલીસ સ્ટેશનમાં પોલીસ સબઇન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા. તા.૨૬/૭/ ૨૦૦૮ ના રોજ ખાડીયા પોલીસ સ્ટેશનની હદમાં આવેલ રાયપુર ચકલા ખાતે એમ.નારણદાસ દવાની દુકાન આગળ તથા ગોખલે પાન હાઉસની આગળના ભાગે તથા સારંગપુર ચકલા ખાતે મિલન કિરાણા સ્ટોર્સ પાસે થયેલ બોમ્બ ધડાકામાં ઈજા પામનારાઓના નિવેદનો લીધેલાનું જણાવેલ છે.

આમ, ખાડીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં(૧)એમ. નારાયણદાસ એન્ડ કંપની નામની દવાની દુકાનની બાજુમાં, રાયપુર ચકલા, (૨) ગોખલે પાન હાઉસની આગળ, રાયપુર ચકલા તથા (૩) મિલન કિરાણા સ્ટોર્સ નામની દુકાન આગળ, સારંગપુર ચકલા ખાતે રોડ ઉપર જાહેરમાં તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ કલાક ૧૮.૩૦ વાગે સાઇકલ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલો અને આ બોમ્બ બ્લાસ્ટમાં કુલ–પાંચ માણસ મરણ ગયેલ અને છેંત્તાલીસ માણસોને ઈજાઓ થયેલી તેમજ બે ગાયો મરણ ગયેલી તે હકીકત ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા ઉપરોકત તમામ પુરાવા ઉપરથી સાબીત થાય છે તેમ હું માનુ છું.

(૩૦) **<u>અમદાવાદ શહેરના કાલુપુર પોલીસ સ્ટેશનની હકૂમતના વિસ્તારમાં સાઇકલ ઉપર બોમ્બ પ્લાન્ટેશન કરી બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલ તે બનાવ પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન.</u>**

- વિસ્તાર:– કાલુપુર પોલીસ સ્ટેશનની હદમાં
- સ્થળ:– જનતા પાન હાઉસના ગલ્લા આગળ રોડ ઉપર જાહેરમાં
- તારીખ:– ૨૬/૭/૨૦૦૮
- સમય:– કલાક ૧૮.૩૦ થી ૧૮.૪૫ (સાંજે)
- ગુના રજીસ્ટર નં.ફર્સ્ટ ૧૨૩/૨૦૦૮
- મરણ જનારની સંખ્યા:– નથી
- ઈજા પામનારની સંખ્યા:– પાંચ

– બનાવમાં વપરાયેલ વાહનઃ– સાઈકલ

તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ કાલુપુર પોલીસ સ્ટેશનની હકૂમતમાં આવેલ વિસ્તાર જનતા પાન હાઉસના ગલ્લા આગળ રોડ ઉપર જાહેરમાં સાઈકલ મુકીને સાઈકલ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલો તેની ફરિયાદ આશુદોમલ ઠાકોરદાસ માખીજાનાઓએ પોલીસ સબ ઈન્સ્પેકટર કાલુપુર પોલીસ સ્ટેશન સમક્ષ લખાવેલી આ ફરિયાદીને ફરિયાદપક્ષ દ્વારા સાહેદ નં.૭ તરીકે આંક–૫૦૭ થી તપાસવામાં આવેલા છે. તેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે સારંગપુર દરવાજા પાસે ચેતના કલોથ માર્કેટ પાસે તેમનો પાનનો ગલ્લો છે અને તેનુ નામ "જનતા પાન હાઉસ" છે, આ પાનનો ગલ્લો છેલ્લા આશરે ૧૨ વર્ષથી ચલાવે છે. બનાવ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ બનેલો તે વખતે આ સાહેદ પાનના ગલ્લા ઉપર હતા, બનાવ બન્યો ત્યારે ગલ્લા ઉપર બે ગ્રાહકો હતા તે કાયમ આવતા હતા. ગલ્લાથી આઠ–દસ ફુટ દુર પાર્કીંગ હતુ, ત્યાં વાહનો પાર્ક થયેલા હતા, વાહનોમાં બાઈક તથા સ્કુટર હતા, બે ગ્રાહકો ગલ્લા ઉપરથી સીગારેટ લઈ બાઈક પાસે ઉભેલા હતા. આ વખતે અચાનક જોરદાર ધડાકો થયેલો, આ ધડાકો બાઈક પાસે થયેલો, ત્યાં એક સાઈકલ પડેલી હતી, સાઈકલના કેરીયર ઉપર પ્લાસ્ટિકના ટુકડા તથા કપડાના થીંગડા હતા, સાઈકલની નીચે લોખંડના છરા પડેલા હતા. આ વખતે ભાગદોડ ચાલુ થયેલી, ઘણા માણસો ભેગા થઈ ગયેલા, પંદર મિનિટ પછી ત્યાં પોલીસ આવેલી અને દુકાનો બંધ કરાવેલી, પોલીસે આ સાહેદને પુછેલુ અને પોલીસ સમક્ષ આ સાહેદે ફરિયાદ લખાવેલી જે ફરિયાદ આ કામે આંક–૫૦૮ થી રજૂ કરેલી છે અને તેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આ ઉપરાંત આ સાહેદ એમ પણ જણાવે છે કે ગુનાવાળી જગ્યાનું સ્થળ બીજા દિવસે પોલીસને રાત્રે ૨.૩૦ વાગ્યે બતાવેલુ. આ સાહેદે પોતાની સરતપાસમાં જે હકીકત જણાવી છે તે જ હકીકત પોતાની ફરિયાદમાં પણ લખાવેલી છે.

આ ફરિયાદ, ફરિયાદી આશુદોમલ ઠાકોરદાસે પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી નરોત્તમ જોઈતારામ પટેલ સમક્ષ લખાવેલી અને તેઓને આ કામે

સાહેદ નં.૪૯૮ તરીકે આંક–૨૯૨૮ થી તપાસવામાં આવેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા. ૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેઓ કાલુપુર પોલીસ સ્ટેશનમાં ઈન્વેસ્ટીગેશન સ્કવોર્ડમાં ફરજ પર હતા તે દરમ્યાન ફરિયાદી આશુદોમલ ઠાકોરદાસ લુહાણાએ સારંગપુર દરવાજા પાસે ચેતન કલોથ માર્કેટ સામે જનતા પાન હાઉસ પાસે સાંજના કલાક ૬.૩૦–૬.૪૫ વાગ્યાના અરસામાં બોમ્બ બ્લાસ્ટ થયેલો તેવી આ સાહેદ રૂબરૂ ફરિયાદ આપેલી જે આ સાહેદે લખી લીધેલી. આંક–૫૦૮ વાળી ફરિયાદમાં રૂબરૂ તરીકે આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવી છે અને ફરિયાદીની સહી પણ ઓળખી બતાવે છે. ત્યારબાદ આ ફરિયાદ વિનંતી રીપોર્ટ સાથે ગુનો રજીસ્ટર કરવા પી.એસ.ઓ.ને મોકલી આપેલી, જે રીપોર્ટ કરેલ તે આંક–૫૭૮ થી રજૂ કરેલ છે જેમાં ગુનાનુ વિવરણ બતાવેલુ છે તથા ઈજા પામનાર તરીકે બે માણસો બતાવેલા છે, આ સાહેદે રીપોર્ટમાં પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ બનાવની ફરિયાદ નોંધનાર પી.એસ.ઓ. અર્જુનસિંહ પુનમસિંહને સાહેદ નં.૨૮ તરીકે આંક–૫૭૬થી તપાસેલા છે. તેઓની સર તપાસ પ્રમાણે બનાવના દિવસે કાલુપુર પોલીસ સ્ટેશનમાં પી.એસ.ઓ. તરીકે ફરજ ઉપર હાજર હતા ત્યારે પોલીસ સબ ઈન્સ્પેકટર શ્રી એન.જે.પટેલનાઓએ એક સૂચિપત્ર સાથે ફરિયાદી આશુદોમલ ઠાકોરદાસ લુહાણાની ફરિયાદ નોંધવા માટે મોકલેલી જેને સ્ટેશન ડાયરીમાં નોંધી ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૧૨૩/૨૦૦૮ આપેલો સ્ટેશન ડાયરીની નકલ આંક–૫૭૭ થી રજૂ છે જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવી છે તથા બનાવની વધુ તપાસ પોલીસ સબઈન્સ્પેકટરશ્રીને સોંપેલી અને તે મુજબનો શેરો આંક–૫૭૮ ના નીચેના ભાગે કરેલો છે જેમાં તેઓએ પોતાની સહી ઓળખી બતાવેલી છે.

હવે આ કામે ફરિયાદી આશુદોમલ ઠાકોરદારનાઓની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલી છે તે ધ્યાને લેતા તેઓના પોલીસ નિવેદનમાં કે ફરિયાદમાં તેઓના પાન પાર્લરથી આગળ પાર્કીંગ હતુ તેવુ લખાવેલુ નથી તે કબૂલ કરે છે. પોલીસને આ સાહેદના ગલ્લા પાસે પાર્કીંગ થાય છે તેવુ લખાવેલુ

નથી, પરંતુ વાહનો ત્યાં પડયા હતા તેવુ લખાવેલ છે. વાહનો પડેલા હોય તો તે પાર્ક કરેલા જ કહેવાય, કાયદેસરનું પાર્કીંગ ન હોય તેવી જગ્યા ઉપર જો વાહનો મુકેલા હોય તો તે વાહનો પણ તે જગ્યા ઉપર પાર્ક કરેલા જ ગણાય. ફરિયાદ લખાવતા હતા ત્યારે અમદાવાદ શહેરમાં બીજા પણ બોમ્બ ધડાકા થયેલા તેની ખબર પડેલી. અન્ય કોઈ વ્યકિતઓને ઈજા થયેલી કે કેમ તેની જાણ થયેલી નહીં પરંતુ સ્વાભાવિક છે કે જાણ ન થાય આવા સમયે જે વ્યકિતઓને ઈજા થઈ હોય તે ઈજા પામનાર વ્યકિતઓ પણ સારવાર માટે જતી રહી હોય જેની માહિતી આ સાહેદને ન હોય.

ત્યારબાદ આ કામે ફરિયાદ લેનાર નરોત્તમ જોઈતારામ પટેલની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલ છે તે ધ્યાને લેતા બનાવમાં ફરીયાદીને કોઈ ઈજા થયેલ નથી તે કબૂલ કરે છે. બનાવના સ્થળ ઉપર આ સાહેદ ગયા નથી તે કબૂલ કરે છે.

ત્યારબાદ આ કામે પી.એસ.ઓ. અર્જુનસિંહ પુનમસિંહ સોલંકીની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલ છે તે ધ્યાને લેતા આ સાહેદને ફરિયાદીને જોવાનો પ્રસંગ બનેલો નથી તે કબૂલ કરે છે. ફરિયાદ લેનારના રીપોર્ટ ઉપર શેરો કર્યો ત્યાં સુધી બનાવની કોઈ માહિતી ન હતી તે કબૂલ કરે છે. સ્ટેશન ડાયરીની નકલ પોલીસ સબઈન્સ્પેકટરને આપી નથી તે પણ કબૂલ કરે છે.

ત્યારબાદ આ કામે ઉપરોકત બનાવ બનેલો તે જગ્યાનું પંચનામુ કરનાર સાહેદ મહેન્દ્રસિંહ રતનસિંહ ઠાકોરને આ કામે સાહેદ નં.૭૧૪ તરીકે આંક–૩૪૮૦થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તેઓ કાલુપુર પોલીસ સ્ટેશનમાં પોલીસ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા અને તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે સારંગપુર વિસ્તારમાં બોમ્બ બ્લાસ્ટ થયેલો જેથી તરત જ સ્થળ ઉપર પહોંચી ગયેલા ત્યાં લોકોના ટોળા ભેગા થયેલા હતા તે દુર કરીને પોલીસ બંદોબસ્તથી જગ્યા કોર્ડન કરેલી. આશુદોમલ ઠાકોરદાસ સીંધીને ફરિયાદ લખાવવા મોકલી આપેલા અને જરૂરી બંદોબસ્ત ગોઠવેલો. આગળની વધુ તપાસ આ સાહેદને

મળતા ડોગ સ્કવોર્ડ તથા એફ.એસ.એલ. અધિકારીને બોલાવવા લેખિત વર્ધિઓ કન્ટ્રોલમાં લખાવી જાણ કરેલી. લગભગ ૨.૩૦ કલાકે બે પંચોને બોલાવી ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરેલુ, એફ.એસ.એલ. અધિકારી સ્થળ ઉપર આવી જતા તેમના માર્ગદર્શન મુજબ પંચનામાની વિગતે...

માર્ક–એ એક સીલબંધ પ્લાસ્ટિકનો ડબ્બો જેમાં સફેદ પ્લાસ્ટિકની કોથળીમાં સફેદ ચીકાસ ધરાવતુ કેમીકલ.

માર્ક–બી એક સીલબંધ કપડાની પાર્સલ જેમા પેકીંગ મટીરીયલ છે જે બ્લ્યુ કલરના શર્ટનો ટુકડો, ખાખી પુઠ્ઠાના ટુકડા, સેલોટેપ લગાડેલ તથા વાદળી પ્લાસ્ટિકની કોથળી ફાટી ગયેલ ટુકડા તથા લાકડાના ટુકડા જે તમામ ઉપર સફેદ ચીકાસવાળુ કેમીકલ ચોંટેલ, બ્લ્યુ શર્ટના ટુકડા.

માર્ક–સી દૈનિક પેપરનો ફાટેલો ટુકડો.

માર્ક–ડી સેલ સર્કિટનો વાયર જેમાં ચાર નાની બેટરી છે જે પૈકી શકિત માર્કાવાળી એવરેડી કંપનીની, રોયલ કંપનીની તથા એચ.ડબલ્યુ.એ. કંપનીના સેલ છે તથા સર્કિટનો વાયર તથા નાની કોયલ જે તમામ ઉપર ચીકણો પદાર્થ ચોંટેલ છે.

માર્ક–ઈ લોખંડના નાના નાના છરા તથા નાના લાકડાના ટુકડા.

માર્ક–એફ સાઇકલ ઉપર ચોંટેલ સફેદ ચીકાસવાળો પદાર્થ.

માર્ક–એચ સાઇકલની શીટનું પ્લાસ્ટિકનું કાળા રંગનુ કવર.

માર્ક–કે એક કાળા રંગની હરકયુલસ કંપનીના સાઇકલ જેનો ફ્રેમ નં.૨એફકેઓ૨૯૦૯.

ઉપરોકત મુદ્દામાલ પંચનામાની વિગતે પંચનામુ કરી કબજે કરેલો. આ સાહેદે જે પંચનામુ બનાવેલુ તે આ કામે આંક–૧૮૧૫ થી રજૂ કરેલ છે, જેમા બે પંચોની સહીઓ તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવી છે, સ્થળ ઉપરથી જે મુદ્દામાલ કબજે કરેલો તે મુદ્દામાલ ઉપર પંચોની સહીઓવાળી સ્લીપો તૈયાર કરી રૂબરૂ તરીકે પોતે સહી કરી તે સ્લીપો મુદ્દામાલ ઉપર લગાવી મુદ્દામાલ

કબજે કરેલો. તે પંચ સ્લીપો આ કામે આંક–૧૮૧૬ થી ૧૮૨૨ સુધી રજૂ કરેલ છે જેમાં આ સાહેદે રૂબરૂ તરીકે પોતાની તેમજ પંચોની સહીઓ ઓળખી બતાવેલી છે.

ત્યારબાદ વધુ તપાસ કરી સાહેદોના નિવેદનો લીધેલા, હેડ કોન્સ્ટેબલ દેવરામ આત્મારામે ભાવિન ઉર્ફે બચ્ચનના લોહીવાળા કપડા તથા તેના શરીરમાંથી કાઢેલ ૧૭ છરા રજૂ કરતા પંચનામુ કરી કબજે કરેલા તે મુજબ...

માર્ક–આઈ એક સીલબંધ પાર્સલ જેમાં આછા ભુખરા વાદળી કલર જેવુ એક જીન્સનું પેન્ટ તથા ચેક્ષ ડીઝાઈનવાળો શર્ટ.

માર્ક–જે એક સીલબંધ પ્લાસ્ટિકની ડબ્બી જેમાં ઈજા પામનાર ભાવિન પટેલના શરીરમાંથી ડૉકટરશ્રીએ કાઢેલ લોખંડના છરા નંગ ૧૭ તે.

ત્યારબાદ હેડ કોન્સ્ટેબલ દેવરામ આત્મારામે ઈજા પામનાર ભાવિન ઉર્ફે બચ્ચનના લોહીવાળા કપડા તથા તેના શરીરમાંથી જે છરા કાઢેલા તે આ સાહેદ સમક્ષ રજુ કરેલા અને આ સાહેદે ઉપરોકત વિગતે પંચોની રૂબરૂમાં પંચનામાની વિગતે કપડા તથા છરા કબજે કરેલા જે પંચનામુ બનાવેલુ તે આ કામે આંક–૨૩૭૧ થી રજૂ કરેલુ છે અને કપડા તથા છરા ઉપર પંચોની સહીઓવાળી સ્લીપ તૈયાર કરી રૂબરૂ તરીકે પોતે સહી કરી તે સ્લીપો મુદ્દામાલ ઉપર લગાવી મુદ્દામાલ સીલ કરેલો, આંક–૨૩૭૧ વાળા પંચનામામાં તથા આંક–૩૪૮૨ તથા ૩૪૮૩ વાળી પંચ સ્લીપો ઉપર પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે. આ ઉપરાંત એફ.એસ.એલ. અધિકારીને સ્થળ ઉપર બોલાવવા માટે આ સાહેદે જે યાદી કરેલી તે યાદી આ કામે આંક–૩૪૮૧ થી રજૂ કરેલી છે તેમાં પણ આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવી છે.

આ કામે ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરનાર મહેન્દ્રસિંહ રતનસિંહનાઓએ બે પંચોની હાજરીમાં બનાવેલુ તે પંચનામા પૈકીના એક પંચ વિશાલભાઈ તુલસીદાસ લોધાનાઓને સાહેદ નં.૩૪૨ તરીકે આંક–૧૮૧૪થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ

વહેલી સવારે પોલીસે તેમને સિંધી માર્કેટ પાસે બોલાવેલા ત્યાં બીજા એક અજય વિષ્ણુભાઈ પણ હતા. જયાં બોમ્બ ધડાકો થયેલો તે જગ્યાનું પંચનામુ કરવાનું હતુ. ધડાકાવાળી જગ્યા સિંધી આશુદોમલનાઓએ બતાવેલી. તે જગ્યાએ જોયુ તો કાળા રંગની સાઇકલ પડેલી હતી. આ સાઇકલ ડબલ દંડાવાળી તથા શીટ તુટેલી હતી, લાકડાના ટુકડા પડેલા, પુઠ્ઠાના બોક્ષના ટુકડા, કાગળના ટુકડા, શર્ટના ટુકડા, વાયરના ટુકડા, સેલ(પાવર), છરા(પેલેટ) પડેલા હતા. ગાંધીનગર ખાતેથી લેબોરેટરીવાળા સાહેબ પણ આવેલા, આ તમામ ચીજવસ્તુઓ કબજે કરવાનું જણાવેલ અને પોલીસે આ ચીજવસ્તુઓ કબજે કરેલી. આ સાહેદની તથા બીજા અજયભાઈ વિષ્ણુભાઈની સહીઓવાળી સ્લીપો તૈયાર કરાવેલી અને તે મુદ્દામાલ ઉપર લગાવી મુદ્દામાલ કબજે કરેલો. આ મુજબનું જે પંચનામુ બનાવેલુ તે આંક–૧૮૧૫ વાળા પંચનામામાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે તેમજ આંક–૧૮૧૬ થી ૧૮૨૨ સુધીની પંચ સ્લીપો ઉપર પણ આ સાહેદે પોતાની સહીઓ ઓળખી બતાવેલી છે. આ સાહેદની હાજરીમાં કબજે કરવામાં આવેલ મુદ્દામાલ પણ આ સાહેદને બતાવતા અદાલત રૂબરૂ મુદ્દામાલ ઓળખી બતાવેલ છે.

આ કામે બનાવમાં ઈજા પામનાર ભાવિન ઉર્ફે બચ્ચનના લોહીવાળા કપડા તથા તેના શરીરમાંથી કાઢેલા છરા હેડ કોન્સ્ટેબલ દેવરામ આત્મારામે જે રજુ કરેલા તે સાહેદ મહેન્દ્રસિંહ રતનસિંહ રાઠોડનાઓએ બે પંચોની હાજરીમાં પંચનામાની વિગતે કબજે કરેલા અને આ પંચનામા પૈકીના એક પંચ હરીન્દ્ર લાલુભાઈ પ્રજાપતિને સાહેદ નં.૪૧૮ તરીકે ૨૩૭૦થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ કાલુપુર પોલીસે તેઓને તથા બીજા એક ભાઈ શૈલેષ વિનુભાઈ ભાવસારને બોલાવેલા. ત્યાં પોલીસ ઈસમ દેવરામભાઈએ ભાવિનભાઈના કપડા રજૂ કરેલા તે ભુખરા વાદળી કલરનું લોહીવાળુ પેન્ટ અને તે પેન્ટમાં કાણા પડેલા હતા તે તથા ચેક્ષ ડીઝાઈનવાળુ સફેદ મહેંદી જેવા રંગનું શર્ટ લોહીથી ખરડાયેલુ તે રજૂ કરેલુ. આ ઉપરાંત ૧૭ જેટલા છરા પણ તેમને રજૂ કરેલા જે પંચનામાની વિગતે કબજે

કરેલા. આ સાહેદની તથા બીજા પંચ શૈલેષ વિનુભાઈની સહીઓવાળી સ્લીપ તૈયાર કરી મુદ્દામાલ ઉપર લગાવી તપાસ અર્થે પોલીસે કબજે કરેલા. આંક–૨૩૭૧ વાળા પંચનામામાં તથા આંક–૩૪૮૨ તથા ૩૪૮૩ વાળી પંચ સ્લીપોમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

હવે આ કામે ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરનાર તથા ઈજા પામનાર ભાવિન ઉર્ફે બચ્ચનના લોહીવાળા કપડા અને તેના શરીરમાંથી કાઢવામાં આવેલ છરા પંચનામાની વિગતે કબજે કરનાર મહેન્દ્રસિંહ રતનસિંહ રાઠોડની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલ છે તે ધ્યાને લેતા બનાવના સુચના પી.એસ.ઓ. અને પોલીસના માણસોને આપેલાનું જણાવે છે. બનાવ સબંધેની કોઈ જાણકારી પોલીસ સ્ટેશનમાં જાહેર થઈ છે કે કેમ અને કોઈ પોલીસ ઓફીસરે પણ આ સાહેદને જાણકારી આપેલાની માહિતી નથી. બનાવના સ્થળ ઉપર તેઓ સાંજે ૬.૫૦ કલાકે પહોંચેલાનું જણાવે છે. આ સાહેદે વન ગાડીમાં પેટ્રોલીંગની કામગીરી કરેલી તેમ જણાવે છે. એફ.એસ.એલ.ની કચેરીને મોકલેલ યાદી અને વર્ધિમાં શું સમય હતો તે યાદ નથી. વહેલી સવારે ૨.૩૦ કલાકે પંચનામાની કાર્યવાહી શરૂ કરેલી નહીં તો તે હકીકત નકારી છે . પંચનામામાં બોમ્બ ડીફ્યુઝ ટીમ સ્થળ ઉપર આવ્યાનો ઉલ્લેખ નથી તો તે હકીકત નકારેલી છે. પંચનામામાં બોમ્બ ડીફ્યુઝ ટીમના કોઈ સભ્યનું નામ લખાવવામાં આવેલ નથી તો તે કબૂલ કરે છે પરંતુ આ નામ મારા મત મુજબ લખાવવુ જરૂરી નથી કે બોમ્બ ડીફ્યુઝ ટીમના સભ્યનું નામ લખાવવાની કોઈ આદેશાત્મક જોગવાઈ પણ નથી જેથી આ નામ ન લખવાથી આ સાહેદે બોમ્બ ડીફ્યુઝ ટીમ સ્થળ ઉપર બોલાવી નથી તેમ કહી શકાય નહીં. વધુ ઊલટતપાસ ધ્યાને લેતાં પંચનામાઓ પંચોની હાજરીમાં તેમના લખાવ્યા મુજબ લખેલા નથી તે હકીકત પણ નકારેલી છે. એફ.એસ.એલ. ટીમ રાતના ૨.૪૫ કલાકે સ્થળ ઉપર આવેલાનો ઉલ્લેખ પંચનામામાં નથી તે કબૂલ કરે છે. એફ.એસ.એલ.ને આપેલ યાદીમાં જાવક નંબરનો ઉલ્લેખ નથી તે કબૂલ કરે છે પરંતુ મારા મત પ્રમાણે જયારે સ્થળ ઉપરથી

યાદી લખવામાં આવે ત્યારે જાવક નંબર ન હોય તે સ્વાભાવિક છે અને જાવક નંબર વગરની યાદી ખોટી છે તેમ કહેવાય નહીં.

આ કામે ગુનાવાળી જગ્યાના પંચ વિશાલ તુલસીદાસનાઓની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલી છે તે ધ્યાને લેતા બનાવવાળી જગ્યા બસ સ્ટેન્ડ તથા રેલવે સ્ટેશન નજીક આવેલાની હકીકત નકારેલી છે. બનાવવાળી જગ્યા ઉપર રાત્રે અઢી વાગ્યે પહોંચેલાનું કબૂલ કરે છે. આ સાહેદ બનાવવાળી જગ્યાએ પહોંચ્યા ત્યારે ઘણા પોલીસના માણસો અને વાહનો હતા તેના જવાબમાં આ સાહેદે જણાવેલ છે કે ૮ થી ૧૦ પોલીસના માણસો હતા, વાહનોની ખબર નથી. બનાવ બન્યો તે પહેલા આશુદોમલ લુહાણાને જોયેલા નહીં તેમ જણાવે છે મારા મત પ્રમાણે ન જ જોયા હોય કારણ કે ફરિયાદી આશુદોમલ લુહાણા પાનના ગલ્લાના માલીક છે, અમદાવાદ જેવા મોટા શહેરમાં આ રીતે કોઈ વ્યકિત બીજી વ્યકિતને ઓળખે નહીં. બનાવ સાંજે સાત વાગ્યાની આસપાસ બનેલો છે અને આ સાહેદ રાત્રે ૨.૩૦ વાગ્યે સ્થળ ઉપર પહોંચેલા જેથી ફરિયાદી આશુદોમલને જોયા ન હોય. આ સાહેદ સ્થળ ઉપર પહોંચ્યા તે પહેલા પોલીસના માણસોએ શું કામગીરી કરેલી તે કહી શકે તેમ નથી. મુદ્દામાલ સીલ કરવાના શું સાધનો હતા તેના જવાબમાં સાહેદે જણાવેલ છે કે સરકારી સીકકો હતો તેને ગરમ કરીને લગાવેલો, સીકકો લાખનો હતો. સીકકાની અંદરનું લખાણ આ સાહેદને ખબર નથી. આમ, આ સાહેદની સમગ્ર ઊલટતપાસ ધ્યાને લેતા એવી ઊલટતપાસ કરવામાં આવેલ છે કે સામાન્ય રીતે સામાન્ય લોકોને પોલીસની કામગીરીની ખબર ન પડે અને પોલીસ જે કામગીરી કરતી હોય તેની વિગતે વિગત પોલીસ ત્યાં હાજર વ્યકિતઓને ન જણાવે. આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લેતા આ સાહેદની હાજરીમાં બનાવવાળી જગ્યાનું પંચનામુ થયેલ છે અને પંચનામાની વિગતે મુદ્દામાલ કબજે કરવામાં આવેલ છે તે સાબીત થાય છે.

આ કામે ઉપરોકત મુદ્દામાલ જે કબજે કરવામાં આવેલો તે એફ.એસ.એલ. ગાંધીનગરને પૃથક્કરણ માટે રવાનગી નોંધ સાથે મોકલવામાં

આવેલો. જે રવાનગી નોંધ સાથે એફ.એસ.એલ.માં પૃથક્કરણ માટે મોકલવામાં આવેલો તે રવાનગી નોંધ આંક–૫૯૨૪ થી રજૂ કરેલી છે. જેમાં તપાસ કરનાર અધિકારીની સહી છે તથા આ મુદ્દામાલ એફ.એસ.એલ. ગાંધીનગરને મોકલ્યો અને એફ.એસ.એલ. ગાંધીનગરને મળ્યો તેની પહોંચ આંક–૫૯૨૫ થી રજૂ કરેલી છે જેમાં મદદનીશ નિયામકની સહી છે.

ઉપરોકત બનાવવાળા સ્થળની મુલાકાત એફ.એસ.એલ. અધિકારી ગૌરીદત્ત દયાનિધિ શર્માનાઓએ લીધેલી હતી. તેઓને સાહેદ નં.૮૪૯ તરીકે આંક–૫૯૦૮ થી તપાસેલા છે. તેઓની આ ગુના પુરતી સરતપાસ ધ્યાને લઈએ તો સરતપાસના પેરા નં.૫ માં જણાવેલ છે કે કાલુપુર પોલીસ સ્ટેશનની હદમાં આવેલ બનાવ સ્થળ સારંગપુર દરવાજા પાસે જનતા પાન હાઉસ સામે હતુ. તેની મુલાકાત તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ કલાક ૨.૪૫ વાગ્યે લીધેલી. તે સમયે આ સાહેદની સાથેના મદદનીશ નિયામક એચ.ટી.મોદી હાજર હતા. તે સ્થળ ઉપર સીનીયર પોલીસ ઇન્સ્પેકટરનાઓએ આ સાહેદને પોતાનો વિનંતી પત્ર પણ આપેલો. સ્થળ ઉપર આ સાહેદે તપાસ કરતા એક મોટર સાઇકલ નં.જીજે–૧–ડીએલ–૩૫૪૩ તથા એક સાઇકલ હતી. સાઇકલના પાછળના કેરીયર ઉપર વિસ્ફોટ થયેલાનું જણાયેલ. તે વિસ્ફોટની ક્ષમતા ઓછી જણાયેલી જેથી આશરે ૧૪૮ ગ્રામ જેટલો સફેદ સ્નિગ્ધ પાવડર વાદળી રંગની પોલીથીન બેગમાં ચોટેલો, લાકડાના અવશેષો, કપડાના અવશેષો, મોટર સાઇકલની ફ્રેમ પર તથા ટાંકી ઉપર સફેદ પદાર્થ ચોટેલો, એક નવ વોલ્ટની બેટરી, પેન્સિલ સેલ સાથે નેગેટીવ, પોઝીટીવ માર્ક કરેલ સોકેટ સાથે વાયર જે બળેલો જણાયેલો તથા સ્થળ ઉપર પડેલ સાઇકલ જોવા મળેલ. આ બનાવમાં ચાર વ્યકિતઓને ઈજા થયેલ તેમના શરીરમાંથી મળી આવેલ છરા કબજે કરવાની સુચના આપેલી. આ સાહેદને સ્થળ ઉપર આવવાની જે યાદી મળેલી છે અને તે સ્થળ ઉપર ચકાસણી કર્યા અંગેનો જે અહેવાલ યાદીની પાછળના ભાગે પોતાના હસ્તાક્ષરમાં લખેલો છે તે સહી આ સાહેદે ઓળખી બતાવેલ છે જે આ કામે આંક–૩૪૮૧ થી રજૂ કરેલો છે.

આ ઉપરાંત એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે બનાવવાળી જગ્યા ઉપરથી કબજે કરવામાં આવેલ માર્ક–એ થી આઈ સુધીના કુલ–૯ સીલબંધ નમૂનાઓનું પ્રમાણિત, રાસાયણિક તથા ઉપકરણીય પધ્ધતિઓ વડે પૃથક્કરણ આ સાહેદ દ્વારા કરવામાં આવેલુ તે હકીકત આ સાહેદે પોતાની સરતપાસના પેરા નં.૧૧ માં લખાવેલી છે અને પૃથક્કરણના પરિણામમાં...

(૧) નમૂના માર્ક–એ થી એફ, એચ, આઈ તથા કે ના નમુનાઓમાંથી એમોનિયમ નાઈટ્રેટ, નાઈટ્રાઈટ મુલકો તથા પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન ઓઈલ (પેરાફીન ઓઈલ પ્રકાર) ની હાજરી શોધાયેલી.

(૨) નમૂના માર્ક–જે માં ધાતુના છરાઓ મળેલા જેમા સ્ફોટક પદાર્થની હાજરી શોધાયેલી.

ઉપરોકત પૃથક્કરણના અંતે આ સાહેદે પૃથક્કરણનો જે અહેવાલ આપેલો તે અહેવાલ મુજબ...

(૧) પૃથક્કરણના પરિણામમાં એમોનીયમ નાઈટ્રેટ તથા પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સ ઓઈલ (પેરાફીન ઓઈલ પ્રકાર) એ એમોનીયમ નાઈટ્રેટ બેઝ એમોનીયમ નાઈટ્રેટ–ફ્યુઅલ ઓઈલ (એનફો) હાઈએક્ષપ્લોઝીવના ઘટકો.

(૨) પૃથક્કરણના પરિણામમાં શોધાયેલ ધાતુના છરાનો ઉપયોગ દેશી હાથ બનાવટના બોમ્બમાં મીસાઈલ્સ તરીકે થાય.

આ મુજબનો આ સાહેદે જે અહેવાલ આપેલો તે આ કામે આંક–૫૯૨૬ થી રજૂ કરેલો છે જેમાં મદદનીશ નિયામક તથા આસીસ્ટન્ટ કેમીકલ એકઝામીનર તરીક આ સાહેદે પોતાની સહી કરેલી છે જે સહી ઓળખી બતાવેલી છે. આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલ છે તે ધ્યાને લેતા અમદાવાદ શહેરના બોમ્બ બ્લાસ્ટના બીજા પણ ઘણા સ્થળોની મુલાકાત આ સાહેદે લીધેલી છે તેની વિગતો પણ જણાવેલી છે અને આરોપીઓ તરફથી જે ઊલટતપાસ થયેલ છે તે જનરલ છે અને ઊલટતપાસ ધ્યાને લેતા આ સાહેદે

સ્થળ ઉપર મુલાકાત લીધી નથી કે કોઈ અહેવાલ આપેલો નથી અને અહેવાલ મુજબ સ્થળ ઉપરથી મુદ્દામાલ કબજે કરવાની સુચના આપેલી નથી કે આવો કોઈ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ નથી આ ઉપરાંત આ સાહેદે પોતાની સરતપાસમાં જે મુદ્દામાલનું પૃથક્કરણ કરેલાનું અને પૃથક્કરણ કરીને અભિપ્રાય આપેલાનું જણાવેલ છે તે પૃથક્કરણ કરીને અભિપ્રાય આપેલ નથી તે હકીકત સાબીત થતી નથી. આરોપીઓ તરફથી જે ઊલટતપાસ થયેલ છે તે અગાઉ જણાવ્યુ તેમ જનરલ છે તેમની ઓફીસની વહીવટી પ્રક્રિયાઓની ખામી બહાર લાવવાનો આરોપીઓ તરફથી પ્રયત્ન કરેલ છે પરંતુ વહીવટી પ્રક્રિયાઓની ખામીના કારણે આ સાહેદે આપેલો અભિપ્રાય કે અહેવાલ સદંતર ખોટો છે તેમ માની શકાય નહીં.

આમ, ઉપરોકત બનાવવાળા સ્થળેથી જે મુદ્દામાલ કબજે કરવામાં આવેલો તે મુદ્દામાલ પૈકીનો મુદ્દામાલ તે...

માર્ક–આઈ એક સીલબંધ પાર્સલ જેમાં આછા ભુખરા વાદળી કલર જેવુ એક જીન્સનું પેન્ટ તથા ચેક્ષ ડીઝાઈનવાળો શર્ટ.

માર્ક–જે એક સીલબંધ પ્લાસ્ટિકની ડબ્બી જેમાં ઈજા પામનાર ભાવિન પટેલના શરીરમાંથી ડૉકટરશ્રીએ કાઢેલ લોખંડના છરા નંગ ૧૭ તે.

આ મુદ્દામાલનું એફ.એસ.એલ. અધિકારીશ્રી એમ.એન. જોષીએ પૃથક્કરણ કરેલુ પરંતુ તેઓ અમેરીકા ખાતે સ્થાઈ થઈ ગયેલા હોવાથી તેમના સ્થાને અન્ય એફ.એસ.એલ. અધિકારી સમીર સુભાષચંદ્ર જોષીનાઓને સાહેદ નં.૧૧૧૨ તરીકે આંક–૫૯૫૨ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો ઉપરોકત મુદ્દામાલ પેન્ટ, શર્ટનું તેમજ તેની ઉપરના કાણાનું બાહય દ્રષ્ટિ વિષય તેમજ સુક્ષ્મદર્શક યંત્રમાં પૃથક્કરણ કરવામાં આવેલુ તથા નમૂના–જે (છરા) નું અને નમૂના–ઈ (છરા) નું બાહય દ્રષ્ટિ વિષયક સુક્ષ્મદર્શક યંત્રમાં પૃથક્કરણ EDXRF દ્વારા તથા ભૌતિક પરિણામોનું માપન કરવામાં આવેલુ અને તેઓના અભિપ્રાય મુજબ...

(૧) નમૂના–આઈ/૧ (પેન્ટ) અને નમૂના–આઈ/૨ (શર્ટ) ઉપરના કાણા નમૂના–જે (છરા) અને નમૂના–ઈ (છરા) થી થઈ શકે.

(૨) નમૂના–જે (છરા) અને નમૂના–ઈ (છરા) સરખા પ્રકારના જણાયેલા.

આ ઉપરાંત આ કામે અન્ય એક એફ.એસ.એલ. અધિકારી હિતેષ જયંતિલાલ ત્રિવેદીનાઓએ સાહેદ નં.૮૩૫ તરીકે આંક–૫૬૩૧થી તપાસેલા છે. તેમની સરતપાસ મુજબ કાલુપુર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગના રજીસ્ટર નં.૧૨૩/૨૦૦૮ નો મુદ્દામાલ તેઓને રસાયણીક વિભાગ તરફથી ભૌતિક શાસ્ત્ર વિભાગને ઈન્ટર ફોરવર્ડીંગ પત્ર સાથે પૃથક્કરણ માટે મળેલો...

(૧) પાર્સલ–ડી માં રહેલ પેન્સીલ સેલ, નવ વોલ્ટની બટેરી, ટર્મીનલ કેપ તથા કોઈલનું બાહ્ય દ્રષ્ટિ વિષયક પરિક્ષણ કરી.

(૨) પાર્સલ–ડી ના પેન્સીલ સેલ તથા નવ વોલ્ટની બેટરીનું મલ્ટી મીટરની મદદથી પરિક્ષણ કરી.

(૩) નમૂના–કે ની સાઇકલનું બાહ્ય દ્રષ્ટિ વિષયક સુક્ષમદર્શક લેન્સ વડે પરિક્ષણ કરી અને પરિક્ષણ કર્યા બાદ જે અભિપ્રાય આપ્યો તે મુજબ...

(૧) પાર્સલ–ડી ના પેન્સીલ સેલ (એએ સાઈઝ) તથા ૯ વોલ્ટની બેટરીનો ઉપયોગ કોઈ ડીવાઈસને વિજપ્રવાહ/વોલ્ટેજ આપવા માટે લઈ શકાય.

(૨) પાર્સલ–ડી માંની કોઈલનો ઉપયોગ એલાર્મ ઘડિયાળમાં થઈ શકે. એલાર્મ ઘડિયાળનો ઉપયોગ બોમ્બ બનાવવાની રચનામાં ટાઇમર ડીવાઇસ તરીકે થઈ શકે.

(૩) નમૂનો–કે ની સાઇકલની ભૌતિક સ્થિતિ જોતા શીટનો ધાતુનો ભાગ આગળ તરફ વળેલ સ્થિતિમાં છે જે બોમ્બ બ્લાસ્ટથી થઈ શકે.

આ મુજબનો જે અભિપ્રાય સાયન્ટીફીક ઓફીસર એચ.જે. ત્રિવેદીએ આપેલો તે આ કામે આંક–૫૮૩૨ થી ફોરવર્ડીંગ પત્ર સાથે સંયુકત રીતે રજૂ કરેલો છે જેમાં આ સાહેદ તેમની સહી ઓળખી બતાવે છે.

આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી છે તે ધ્યાને લેતા કોઈ ચોકકસ ગુના સંબંધી કોઈ ચોકકસ ઊલટતપાસ કરવામાં આવેલી નથી. પરંતુ આ સાહેદે પણ અમદાવાદ ખાતે થયેલ બોમ્બ બ્લાસ્ટ તથા સુરત ખાતે થયેલ બોમ્બ પ્લાન્ટેશનના બનાવવાળી જગ્યા ઉપરથી કબજે કરવામાં આવેલા અન્ય મુદ્દામાલોનું પણ પૃથક્કરણ કરેલ છે આ સાહેદની ઊલટતપાસ જનરલ કરવામાં આવેલી છે. આરોપીઓ તરફથી કરવામાં આવેલ ઊલટતપાસ ધ્યાને લેતા આ સાહદે કહેવાતા મુદ્દામાલનું પૃથક્કરણ કરેલ નથી તે માની શકાય તેમ નથી.

આ કામે અન્ય એક એફ.એસ.એલ. અધિકારી નિકુંજ નરહરિ બ્રહમભટ્ટનાઓને સાહેદ નં.૮૩૭ તરીકે આંક–૫૬૭૭થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો સરતપાસના પેરા નં.૪ મુજબ કાલુપુર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૧૨૩/૨૦૦૮ નો કેટલોક મુદ્દામાલ તેઓને કેમેસ્ટ્રી વિભાગમાંથી બે પાર્સલ વિભાગીય સીલબંધ સાથે ડી.એન.એ. વિભાગને તા.૨૨/૮/૨૦૦૮ ના રોજ મળેલો જેમાં રવાનગી પત્ર પણ સામેલ હતો. આ મુદ્દામાલનો વૈજ્ઞાનિક પધ્ધતિથી રૂધિર તેમજ રૂધિર મૂળ અને રૂધિર જૂથ માટેના પરિક્ષણો કરી પૃથક્કરણ અહેવાલ તૈયાર કરી કેમેસ્ટ્રી વિભાગને તા.૧૨/૯/૨૦૦૮ ના રોજ મોકલી આપેલો અને તે પૃથક્કરણ અહેવાલ મુજબ...

(૧) નમૂનો માર્ક–આઈ/૧ તથા આઈ/૨ તથા માર્ક–જે કે જેમાંથી રૂધિરની હાજરી મળી આવેલ હતી અને તે રૂધિરનું જૂથ પરિણામ "બી" છે.

આમ, ઈજા પામનાર ભાવિન ઉર્ફે બચ્ચનનાઓ બનાવ વખતે પહેરેલ પેન્ટ તથા શર્ટ ઉપર જે કાણાં હતા તે બનાવમાં ઉપયોગમાં લીધેલ છરાથી

પડેલ હતા તથા કપડા ઉપર જે લોહી હતુ તે લોહીનું જૂથ "બી" હતુ અને તે લોહી બનાવમાં ઈજા પામનાર ભાવિન ઉર્ફે બચ્ચનનું હતું તે એફ .એસ.એલ. અધિકારીની જુબાની તથા તેમને આપેલા પૃથક્કરણ અહેવાલ ઉપરથી સાબીત થાય છે.

ત્યારબાદ આ કામે અજયકુમાર વિદ્યાધર ગખ્ખરનાઓને સાહેદ નં. ૧૦૭૬ તરીકે આંક–૭૩૨૬ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસના પેરા નં.૩ મુજબ કાલુપુર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૧૨૩/૨૦૦૮ ના ગુનાની તપાસ તેઓને સુપરત થયેલી. તેમની તપાસ દરમ્યાન તા.૨૮/૭/ ૨૦૦૮ નાં રોજ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ નાઓને એફ.આઈ.આર.ની નકલ મોકલી આપવા મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૬ નાઓને રીપોર્ટ કરી જાણ કરવામાં આવેલી તે રીપોર્ટ આંક–૭૩૩૦ થી રજૂ કરેલો જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. વધુમાં આ ગુનાના કામે સારંગપુર દરવાજા જનતા પાન હાઉસ આગળ જે હરકયુલસ કંપનીની કાળા કલરની બાવીસ સાઈઝની સાઇકલ ઉપર જે બોમ્બ બ્લાસ્ટ થયેલો તેની તપાસણી માટે એફ.એસ. એલ.ગાંધીનગર તરફ મોકલવાની હોવાથી તે અંગેનુ પંચનામુ બે પંચોની રૂબરૂમાં કરેલુ અને પંચનામાની વિગતે તે સાઇકલ કબજે કરવામાં આવેલી તે પંચનામુ આ કામે આંક–૭૩૩૧ થી રજૂ કરેલ છે જેમાં આ સાહેદે પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવેલી છે પરંતુ તે પંચનામાના પંચ સાહેદ જગદીશ કાન્તીભાઈ શાહ તથા અબ્દુલ મહેમુદ અબ્દલુ અજીજ શેખનાઓ મળી આવેલા નથી જેથી ફરિયાદપક્ષે તપાસેલા નથી. ગુનાના કામેથી કબજે કરવામાં આવેલા કુલ ૧૦ આર્ટીકલોની રવાનગી નોંધ તૈયાર કરી મદદનીશ પોલીસ કમિશનર એચ.આર.મુલીયાણાનું સત્તા અંગેનુ પ્રમાણપત્ર મેળવી મુદ્દામાલ પૃથક્કરણ માટે એફ.એસ.એલ. ગાંધીનગરનાને મોકલેલો તે રવાનગી નોંધમાં પણ આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

ત્યારબાદ આ કામે તપાસ કરનાર અધિકારી સુશ્રી ઉષા રાડાએ બનાવ બાદ બનાવવાળી જગ્યા ઉપર નકશો બનાવવા માટે સિટી

મામલતદારશ્રી, કલેકટર કચેરી અમદાવાદ શહેરને એક યાદી લખેલી જે યાદી આ કામે આંક–૩૪૧૬ થી રજૂ કરેલી છે.

આંક–૩૪૧૬વાળી યાદીના આધારે સર્કલ ઓફીસર શહેરકોટડા સોમાભાઈ ગોવિંદભાઈનાઓએ ગુનાવાળી જગ્યા ઉપર જઈ નકશો બનાવેલો તેઓને આ કામે સાહેદ નં.૬૯૧ તરીકે આંક–૩૩૮૬ થી તપાસેલા છે. તેમની સરતપાસ પ્રમાણે તેઓને તપાસ કરનાર અધિકારી સુશ્રી ઉષા રાડા દ્વારા કાલુપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં જનતા પાન હાઉસના ગલ્લા આગળ રોડ ઉપર જાહેરમાં બોમ્બ બ્લાસ્ટ થયેલો તે જગ્યા ઉપર જઈ નકશો બનાવવા માટેની યાદી મળેલી તે આંક–૩૪૧૬ ની યાદી મળ્યા બાબતે યાદી ઉપર તેમને પોતાની સહી ઓળખી બતાવી છે અને તે યાદીના આધારે સ્થળ ઉપર જઈ નકશો બનાવેલો તે નકશો આ કામે આંક–૩૪૧૭ થી રજૂ કરેલો છે. આ નકશામાં જે જગ્યાએ બોમ્બ ધડાકો થયેલો તે જગ્યા વિગતવાર વર્ણવેલી છે. જેમા આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે તથા આ નકશો પોતાની યાદી સાથે મદદનીશ પોલીસ કમિશનર મહિલા સેલ ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદને મોકલી આપેલો તે યાદી આંક–૩૪૧૮ થી રજૂ કરેલ છે જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

(૩૦.૦૧) <u>અમદાવાદ શહેરના કાલુપુર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૧૨૩/૨૦૦૮ ના કામે ઈજા પામેલ વ્યકિતઓ બાબતે ફરિયાદ પક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકનઃ–</u>

કાલુપુર પોલીસ સ્ટેશનના આ બનાવમાં કુત્બુદિન શેખ નામના વ્યકિતને ઈજા થયેલી પરંતુ તેઓને આ કામે તપાસવામાં આવેલા નથી. ત્યારબાદ આ બનાવના બીજા ઈજા પામનાર હેમંત મધુકર પારેખનાઓને ફરિયાદ પક્ષે સાહેદ નં.૮૯ તરીકે આંક–૯૦૧ થી તપાસેલા છે. તેમની સરતપાસ મુજબ જુલાઈ ૨૦૦૮ ના સમયગાળામાં આ સાહેદ તેમના મિત્ર કુત્બુદિન શેખના ઘરે રેડીમેડ કપડાના સીલાઈનું જોબવર્ક કુત્બુદિનના ઘરે બેસીને કરતા હતા. તેઓ સારંગપુર ખાતે આવેલ ચેતન કલોથ માર્કેટમાં જીનેશકુમાર અશોકકુમાર નામની

દુકાનમાં જોબવર્કનું કામ કરી સીવેલા કપડા આપતા હતા.તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ આ સાહેદ તથા કુત્બુદિન આવેલા અને સારંગપુર ઉતરીને ચાલતા જતા હતા ત્યારે સાંજના ૬.૩૦ વાગ્યાનો સમય થયો હશે તે વખતે દરવાજાની બહાર સાઈડમાં હતા ત્યારે એકદમ જોરથી અવાજ થયેલો, અવાજ થતા સાથે આ સાહેદને પીઠ ઉપર કાકરા વાગેલા, શર્ટ ફાટી ગયેલો, પીઠના ભાગે ઈજા થયેલી, હાથના બાવડામાં તથા કાંડામાં ઈજા થયેલી. જેથી આ સાહેદને તથા કુત્બુદિનને ૧૦૮ એમ્બ્યુલન્સમાં વી.એસ. હોસ્પિટલે લઈ ગયેલા ત્યાં સારવાર આપેલી, આ સાહેદની પીઠમાં પાંચ જગ્યાએ ઈજા થયેલી, પોલીસ ચોકીએ લોકો બોલતા હતા કે બોમ્બ બ્લાસ્ટ થયેલો છે. આ સાહેદની અટક બાબતે આ સાહેદને રીકોલ કરવામાં આવેલા છે. તેઓની અટક પરબ કહેલી હોવા છતાં હોસ્પિટલવાળાઓએ પારેખ લખેલાનું જણાવે છે.

ત્યારબાદ સાહેદ હેમંત મધુકર પારેખ તથા કુત્બુદિન શેખની સારવાર કરનાર ડો.રોનક નરેન્દ્રભાઈ દેસાઈને સાહેદ નં.૨૭૭ તરીકે આંક–૧૩૬૨ થી તપાસેલા છે. આ સાહેદની આ બનાવ પુરતી સરતપાસ ધ્યાને લઈએ તો જુલાઈ–૨૦૦૮માં તેઓ વી.એસ. હોસ્પિટલ ખાતે ઓર્થોપેડીક સર્જન તરીકે ફરજ બજાવતા હતા ત્યારે તા.૨૬/૭/૨૦૦૮ તથા તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ તેમની નોકરી વી.એસ. હોસ્પિટલમાં ઈમરજન્સી વોર્ડમાં હતી. ત્યારે આ બનાવમા ઈજા પામનાર કુત્બુદિન શેખ તથા હેમંત પારેખનાઓ સારવાર માટે આવેલા. તેઓને સારંગપુર ખાતે થયેલા ઉપરોકત બોમ્બ બ્લાસ્ટના બનાવમાં શરીરે ઈજાઓ થયેલી અને તેની સારવાર કરેલી અને તે સારવારના પ્રમાણપત્રો આ સાહેદે આપેલા જે આ કામે અનુક્રમે આંક–૧૩૭૪ તથા ૧૩૭૫ થી રજૂ કરેલા છે. આ પ્રમાણપત્રોમાં પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ બનાવમાં અન્ય ઈજા પામનાર ચંદુભાઈ મગનજી સોલંકી હતા. તેઓને આ કામે સાહેદ નં.૯૦ તરીકે આંક–૯૦૨ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ હાથલારી થઈ મંજૂરી કરવા માટે ગયેલા અને ચેતન કલોથ માર્કેટ આવેલા. ત્યારે લગભગ પાંચેક

વાગ્યાના અરસામાં તેમના છોકરા નાના હોવાથી ઘરે ગયેલા ત્યારપછી આ સાહેદ એકલા હાથલારી સાથે ચેતન કલોથ માર્કેટના દરવાજા પાસે બહારના ભાગે ઉભેલા ત્યારે માર્કેટની સામે આવેલ પાનના ગલ્લા પાસે એકાએક ધડાકાનો અવાજ થયેલો અને ધુમાડો થયેલો. આ ધડાકાથી તેઓને ડાબા પગના ઢીંચણ પાસેથી ઈજા થતા લોહી નીકળવા લાગેલુ. ત્યાં પોલીસ આવી ગયેલી અને તેઓને હોસ્પિટલે લઈ ગયેલા તેમ જણાવે છે.

ત્યારબાદ સાહેદ ચંદુભાઈ મગનજી સોલંકીની સારવાર કરનાર ડૉ.વિઠ્ઠલભાઈ નારણભાઈ પટેલને સાહેદ નં.૩૧૭ તરીકે આંક–૧૬૪૯થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ એક ચંદુજી મગનજી સોલંકી શારદાબેન હોસ્પિટલમાં પોલીસ યાદી સાથે સારવાર માટે આવેલા. તેમને હિસ્ટ્રી પુછતા જણાવેલુ કે સારંગપુર ખાતે થયેલ બોમ્બ ધડાકામાં તેઓને ડાબા ઘુંટણના ભાગે ઈજા થયેલી છે. પ્રાથમિક સારવાર તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ લીધેલી. આ ઈજા પામનારને થયેલ ઈજા સામાન્ય હતી અને ડાબા ઘુંટણના ભાગે ઈજાઓ હતી. આ મુજબનું તેમને જે પ્રમાણપત્ર આપેલુ તે આ કામે આંક–૧૬૫૦ થી રજૂ કરેલુ છે જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

ત્યારબાદ આ બનાવમાં અન્ય ઈજા પામનાર ભાવિનભાઈ પિયુષભાઈ પટેલ હતા. તેઓને આ કામે સાહેદ નં.૮૭ તરીકે આંક–૮૯૫ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેમના મિત્ર અનિમેષ અશોકભાઈ સાથે તેઓની મોટર સાઇકલની ચેઈન ખરાબ થતા રીપેર કરાવવા માટે મહેબુબભાઈના ગેરેજ ઉપર સારંગપુર દરવાજા પાસે આવેલા ત્યાં સાંજના ૬.૩૦ વાગ્યાના અરસામાં મહેબુબભાઈ તથા તેમના કારીગર ગેરેજની અંદર સ્કૂટર રીપેરીંગ કરતા હતા ત્યારે આ સાહેદ તથા તેમના મિત્ર ગેરેજની બાજુમાં આવેલ જનતા પાન હાઉસના ગલ્લે ગયેલા અને ત્યાં વાતો કરતા હતા તેવામાં એક મોટો બોમ્બ ધડાકો થયેલો. તે સમયે આ સાહેદના મિત્ર અનિમેષ માથુ પકડીને બેસી ગયેલા. આ ધડાકાથી આ સાહેદને શરીરના પાછળના ભાગે

જમણી બાજુએ તેમજ જમણા હાથે તેમજ પગ ઉપર છરાઓ ઘુસી ગયેલા અને લોહી નીકળેલુ. આ સાહેદને તથા તેમના મિત્રને ઈજાઓ થવાથી મણીનગર ખાતે આવેલ હોસ્પિટલમાં છરાઓ કાઢવાનું ઓપરેશન કરેલ. આ હોસ્પિટલમાં સાહેદ અનિમેષને પણ સારવાર આપેલી હતી. આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલી છે તે ધ્યાને લેતા બોમ્બ ધડાકાથી ઈજાઓ થયાનું પોલીસ નિવેદનમાં લખાવેલ નથી તે હકીકત નકારેલી છે. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ ઓપરેશન કરવામાં આવેલુ અને ત્રણ દિવસ હોસ્પિટલમાં રહેલા તે કબૂલ કરે છે. આરોપીઓ તરફથી આ કબૂલાત્મક પ્રશ્ન પુછેલ હોવાથી એવુ કહી શકાય કે આ બનાવમાં સાહેદને છરાઓ વાગતા ઈજાઓ થયેલી અને ઓપરેશન કરી આ સાહેદના શરીરમાંથી છરાઓ કાઢેલા છે. બનાવના દિવસે આ સાહેદની બાઈકનું શું થયુ તે વિગત લખાવેલી નથી તે કબૂલ કરે છે. પરંતુ આ સાહેદ એવુ નથી કહેતા કે તેઓના બાઈકને પણ નુકસાન થયેલુ. આ સાહેદે ફકત બનાવમાં તેઓને ઈજા થયેલી, છરા વાગેલા અને તે છરાનું ઓપરેશન કરાવેલુ તે હકીકત માલુમ પડે છે.

ત્યારબાદ આ બનાવમાં અન્ય ઈજા પામનાર અનિમેષ અશોકભાઈ હતા. તેઓને આ કામે સાહેદ નં.૮૮ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેમના મિત્ર ભાવિન પટેલ સાથે મોટર સાઇકલની ચેઈન ખરાબ થતા રીપેર કરાવવા માટે મહેબુબભાઈના ગેરેજ ઉપર સારંગપુર દરવાજા પાસે આવેલા ત્યાં સાંજના ૬.૩૦ વાગ્યાના અરસામાં મહેબુબભાઈ તથા તેમના કારીગર ગેરેજની અંદર સ્કૂટર રીપેરીંગ કરતા હતા ત્યારે આ સાહેદ તથા તેમના મિત્ર ગેરેજની બાજુમાં આવેલ જનતા પાન હાઉસના ગલ્લે ગયેલા અને ત્યાં વાતો કરતા હતા તેવામાં એક મોટો બોમ્બ ધડાકો થયેલો. તે સમયે માથુ પકડીને બેસી ગયેલા. આ ધડાકાથી આ સાહેદના મિત્ર ભાવિનના શરીરના પાછળના ભાગે જમણી બાજુએ તેમજ જમણા હાથે તેમજ પગ ઉપર છરાઓ ઘુસી ગયેલા અને લોહી નીકળેલુ તથા આ સાહેદને પણ શરીરે ઈજાઓ થયેલી જેથી બન્નેને મણીનગર ખાતે આવેલ હોસ્પિટલ સારવાર માટે લઈ ગયેલા. ત્યાં ભાવિનને

ઓપરેશન કરી શરીરમાંથી છરાઓ કાઢેલા અને આ સાહેદને પણ સારવાર આપેલી હતી.

ત્યારબાદ સાહેદ ભાવિનભાઈ પિયુષભાઈ પટેલની તથા સાહેદ અનિમેષની સારવાર કરનાર ડૉકટરે આપેલ પ્રમાણપત્રો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા અને આરોપીઓ તરફથી કબૂલ કરેલ હોય આંક–૭૧૧૮ ઉપર થયેલ હુકમ મુજબ આ પ્રમાણપત્રોને સંયુકત આંક–૭૧૬૭ આપવામાં આવેલ છે જેમાં તેઓની સારવાર કરનાર ડૉ.હાર્દિક એન.વ્યાસનાઓની સહી છે.

(૩૦.૦૨) **<u>અમદાવાદ શહેરના કાલુપુર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૧૨૩/૨૦૦૮ ના કામે બનાવને સમર્થન માટે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકનઃ–</u>**

કાલુપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં જનતા પાન હાઉસના ગલ્લા આગળ રોડ ઉપર જાહેરમાં જે બોમ્બ બ્લાસ્ટ થયેલો છે તે માટે ફરિયાદપક્ષ દ્વારા દેવરામ આત્મારામ તપોધનને સાહેદ નં.૫૨૦ તરીકે આંક–૨૯૫૯થી તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે તેઓ કાલુપુર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા અને બોમ્બ બ્લાસ્ટમાં ઈજા પામનાર ભાવિન પટેલનાઓએ બનાવ વખતે પહેરેલ કપડા હોસ્પિટલમાંથી લાવી તપાસ કરનાર અધિકારી સમક્ષ રજૂ કરેલા તેમ જણાવેલ છે.

આમ, કાલુપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં જનતા પાન હાઉસના ગલ્લા આગળ રોડ ઉપર જાહેર ખાતે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ કલાક ૧૮.૩૦ થી ૧૮.૪૫ વાગે સાઇકલ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલો અને આ બનાવમાં પાંચ વ્યકિતઓને ઈજાઓ થયેલી તે હકીકત ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા ઉપરોકત તમામ પુરાવા ઉપરથી સાબીત થાય છે તેમ હું માનુ છું.

(૩૧) **<u>અમદાવાદ શહેરના દાણીલીમડા પોલીસ સ્ટેશનની હકૂમતના વિસ્તારમાં સાઇકલ ઉપર બોમ્બ પ્લાન્ટેશન કરી બોમ્બ બ્લાસ્ટ</u>**

<u>કરવામાં આવેલ તે બનાવ પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન.</u>

- વિસ્તાર:– દાણીલીમડા પોલીસ સ્ટેશનની હદમાં
- સ્થળ:– નારોલ સર્કલ, હનુમાનજીના મંદિર પાછળ જાહેરમાં.
- તારીખ:– ૨૬/૭/૨૦૦૮
- સમય:– કલાક ૧૮.૧૫ થી ૧૮.૩૦ (સાંજે)
- ગુના રજીસ્ટર નં.ફર્સ્ટ ૧૪૦/૨૦૦૮
- મરણ જનારની સંખ્યા:– એક
- ઈજા પામનારની સંખ્યા:– દસ
- બનાવમાં વપરાયેલ વાહનઃ– સાઇકલ

તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ દાણીલીમડા પોલીસ સ્ટેશનની હકુમતમાં આવેલ વિસ્તાર નારોલ સર્કલ, હનુમાનજીના મંદિર પાછળ જાહેરમાં સાઇકલ મુકીને સાઇકલ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલો. તેની ફરિયાદ ભીમચરણ રામદાસ મનોહરનાઓએ પોલીસ ઇન્સ્પેકટર દાણીલીમડા પોલીસ સ્ટેશન સમક્ષ લખાવેલી. આ ફરિયાદીને ફરિયાદપક્ષ દ્વારા સાહેદ નં.૧૯ તરીકે આંક–૫૪૨ થી તપાસવામાં આવેલા છે. તેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે તેઓ તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ નારોલ ચાર રસ્તા આગળ આવેલ ઓમકાર ટેક્ષટાઇટલમાં સાંજના આશરે પાંચ થી પોણા છ ના સમયગાળામાં બજાજ મોટર સાઇકલ ૨૪૮૫ નંબરનું લઈને કામ અર્થે ગયેલા. આ સાહેદ તેમનુ કામ પતાવી હનુમાનજીનું મંદીર નારોલ ચાર રસ્તાની બાજુમાં આવેલું છે ત્યાં ગયેલા અને હનુમાનજીના મંદીર પાછળ તેમનુ વાહન પાર્ક કરી કોફી પીવા ટેબલ પર ગયેલા અને સાંજના સવા છ થી સાડા છ વાગ્યે કોફી પીવા તેમની મોટર સાઇકલની બાજુમાં ઉભા રહેલા. ત્યારપછી કોફી પીને તેમની મોટર સાઇકલ નજીક ઉભા રહેલા એ સમયે એકદમ ધડાકો થયેલો. આ ધડાકામાં આ સાહેદને ઈજા થયેલી. તેમને ડાબા હાથે તથા ડાબા પગે ઈજાઓ થયેલી ત્યાં નાના બાળક સહીત

અન્યોને પણ ઈજા થયેલી. ત્યાં માણસો ભેગા થઈ ગયેલા અને ૧૦૮ એમ્બ્યુલન્સ વાન આવેલી. ત્યાંથી ઈજા પામનારાઓને સારવાર માટે દવાખાને લઈ ગયેલા અને આ બનાવ બાબતે ફરિયાદ આપેલી. આ સાહેદને આંક–૫૪૩ વાળી ફરિયાદ બતાવવામાં આવે છે તેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

ફરિયાદી ભીમચરણ રામદાસ મનોહરનાઓએ ઉપરોકત ફરિયાદ જેની સમક્ષ લખાવી તે ફરિયાદ લેનાર જનકભાઈ રાવતભાઈ વાળા હતા તેઓને ફરિયાદપક્ષે આ કામે સાહેદ નં.૭૩૧ તરીકે આંક–૩૫૧૪ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તેઓ બનાવ વખતે દાણીલીમડા પોલીસ સ્ટેશના સીનીયર પોલીસ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા. તે દરમ્યાન તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાંજના સમયે પેટ્રોલીંગમાં હતા તે વખતે આશરે પોણા સાત થી સાત વાગે કન્ટ્રોલ રૂમ તરફથી વટવા પોલીસ સ્ટેશનને મળેલ મેસેજ આ સાહેદે સાંભળેલો અને જાણવા મળેલુ કે નારોલ સર્કલ પાસે હનુમાનજીના મંદિરના પાછળના ભાગે બોમ્બ બ્લાસ્ટ થયેલ છે જેથી આ સાહેદ તાત્કાલિક સ્થળ ઉપર ગયેલા ત્યાં બોમ્બ બ્લાસ્ટ થયેલાનું માલુમ પડેલ. ત્યાં ભીમચરણ રામદાસ મરાઠીનાઓને બોમ્બ બ્લાસ્ટમાં ઈજા થયેલી અને તેઓ ઈજાગ્રસ્ત હતા. આ જગ્યાને કોર્ડન કરેલી અને ત્યાં ભીમચરણ રામદાસે લખાવ્યા મુજબની ફરિયાદ લખી લીધેલી. આંક–૫૪૩ વાળી ફરિયાદમાં ફરિયાદ લેનાર તરીકે આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. ત્યારબાદ આ ફરિયાદ પોતાના રીપોર્ટ સાથે પી.એસ.ઓ.ને ફરિયાદ રજીસ્ટર કરવા મોકલી આપેલી. આ કામે આંક–૫૪૬ થી પોતાનો રીપોર્ટ રજૂ કરેલો છે તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. આ રીપોર્ટમાં પી.એસ.ઓ. એ આ બનાવની વધુ તપાસ પણ આ સાહેદને સોંપેલી તે અંગેનો લેખિત હુકમ પી.એસ.ઓ.એ કરેલો છે.

આ હુકમના આધારે આ સાહેદે બનાવની તપાસ સંભાળેલી અને તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ કલાક ૧૦.૧૫ વાગે બે પંચોને બોલાવી ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરેલુ, ગુનાવાળી જગ્યાએથી મળી આવેલ ગુનાને લગતો

મુદ્દામાલ કબજે કરેલો, આ દરમ્યાન એફ.એસ.એલ. અધિકારીઓ સ્થળ ઉપર આવી ગયેલા અને ત્યાં તેઓની સુચના મુજબ જરૂરી કાર્યવાહી કરેલી અને ૧૨.૧૫ કલાકે પંચનામુ પૂર્ણ કરી પંચોની સહીઓ લીધેલી અને રૂબરૂ તરીકે આ સાહેદે સહી કરેલી છે. આંક–૧૭૯૮ વાળા પંચનામામાં તથા આંક–૧૭૯૯ થી ૧૮૦૧ વાળી પંચસ્લીપોમાં આ સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે. ત્યારબાદ પોલીસ કમિશનરના આદેશથી આ ગુનાની વધુ તપાસ ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદને સોંપવામાં આવેલી. આ ઉપરાંત આ સાહેદે સ્થળ ઉપર એફ.એસ.એલ. અધિકારીને બોલાવવા માટે જે યાદી કરેલી તે આંક–૩૫૧૫થી રજૂ કરેલ છે જેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. કબજે કરેલ મુદ્દામાલ, મુદ્દામાલ પાવતી ફાડવા માટે પી.એસ.ઓ.ને મોકલી આપેલો. વધુમાં આ સાહેદે પોતાની સરતપાસ દરમ્યાન તેમને આંક–૧૭૯૮ નાં પંચનામા આધારે કબજે કરેલ મુદ્દામાલ અદાલત રૂબરૂ બતાવતા તમામ મુદ્દામાલ ઓળખી બતાવેલ છે.

આમ,આ ફરિયાદ લીધા બાદ સાહેદ જનકભાઈ રાવતભાઈ વાળાએ ગુનો રજીસ્ટર કરવા માટે પી.એસ.ઓ. દાણીલીમડાને મોકલી આપેલી અને પી.એસ.ઓ. દાણીલીમડાનાઓએ આ ફરિયાદને સ્ટેશન ડાયરીમાં એન્ટ્રી નં.૧૪ થી રજીસ્ટર કરેલી, તે સ્ટેશન ડાયરીની નકલ આ કામે આંક–૫૪૫ થી રજૂ કરેલી છે. તે રજીસ્ટર કરનાર સાહેદ અજીતસિંહ નટવરસિંહ ચાવડાનાઓને સાહેદ નં.૨૦ તરીકે આંક–૫૪૪ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લેતા તેઓ બનાવના દિવસે પી.એસ.ઓ. તરીકે દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં ફરજ ઉપર હતા ત્યારે એક સૂચિપત્ર વાળાની સહીથી મોકલવામાં આવેલુ અને ગુનો નોંધેલો તેની સ્ટેશન ડાયરી એન્ટ્રી નં.૧૪ આપેલી, ત્યારબાદ એફ.આઈ.આર. ફાડેલી આ કામે આંક–૫૪૬ થી પોલીસ ઇન્સ્પેકટરનો જે રીપોર્ટ રજૂ થયેલ છે તેની પાછળના ભાગે આ સાહેદે વધુ તપાસ અંગેનો શેરો કરેલો છે તે રીપોર્ટમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

આ કામે ફરિયાદી ભીમચરણ રામદાસ મનોહરની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલી છે તે ધ્યાને લેતા બનાવ કોના દ્વારા કેવી રીતે થયેલો તે બાબતની આ સાહેદને જાત માહિતી નથી તે કબૂલ કરે છે. આંક–૫૪૩ વાળી ફરિયાદમાં બોમ્બ બ્લાસ્ટ થયેલો તેવી હકીકતો જણાવેલી તે સિવાયની હકીકતો જણાવેલી નહીં તે કબૂલ કરે છે. હકીકત જાણતા ન હોવા છતાં ફરિયાદ લખાવેલાની હકીકત નકારે છે.

ફરિયાદ લેનાર સાહેદ જનકભાઈ રાવતભાઈવાળાની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલ છે તે ધ્યાને લેતાં કલાક ૧૯.૩૦ વાગ્યે તેમને ફરિયાદ લખવાનું શરૂ કર્યાનું જણાવે છે. બનાવના દિવસે, બનાવના સ્થળે પંચનામુ કરવામાં આવેલુ નથી તે કબૂલ કરે છે. બનાવના દિવસે રાતના બાર વાગ્યા પછી આ સાહેદે શું કાર્યવાહી કરેલી તેની ખબર નથી. બનાવની તપાસ બીજા દિવસે કલાક ૧૨.૩૦ સુધી પોતાની પાસે રાખેલાનું જણાવે છે. ત્યારપછી તપાસ લેનાર અધિકારી કોણ હતા તેની ખબર નથી. આ સાહેદની તપાસ દરમ્યાન આવા આતંકવાદીની તપાસ કરવા અન્ય સ્થળે ગયેલા નથી. બનાવ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાંજના સાત વાગ્યાની આસપાસ બનેલો છે અને તે રાત્રે બનાવવાળી જગ્યા આ સાહેદે કોર્ડન કરી રાખેલી અને બીજે દિવસે કલાક ૧૨.૩૦ સુધી આ બનાવની તપાસ આ સાહેદ પાસે હતી જેથી સંડોવાયેલી વ્યક્તિઓની તપાસ કરવા ગયા ન હોય તે સ્વાભાવિક છે. એફ.એસ.એલ. અધિકારી કયારે અને કયા સમયે સ્થળ ઉપર આવેલા તેની માહિતી આપેલી નથી. પંચનામુ કર્યુ ત્યારે એફ.એસ.એલ. અધિકારી હાજર ન હતા તો તે હકીકત નકારેલી છે. એફ.એસ.એલ. અધિકારીની સ્થળ ઉપરની હાજરી બાબતે તેઓની સહી પંચનામામાં લીધી નથી તે કબૂલ કરેલ છે. મુદ્દામાલ સાઇકલને સ્થળ ઉપર સીલ કરવામાં આવી નથી. બનાવના સ્થળે અન્ય નુકસાનગ્રસ્ત વાહનોને સીલ કરેલા નથી. બનાવની રાત્રે જગ્યાને કોર્ડન કરેલી નથી તો તે હકીકત નકારેલી છે. ફરિયાદ તથા પંચનામુ ફરિયાદી અને પંચોના લખાવ્યા મુજબ લખેલુ નથી તો તે હકીકત નકારેલી છે.

હવે પી.એસ.ઓ. અજીતસિંહ નટવરસિંહ ચાવડાની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલ છે તે ધ્યાને લેતા નારોલ સર્કલ ઉપર કોઈ ફરિયાદ આ સાહેદને આપવામાં આવેલી નથી તો તે હકીકત આ સાહેદ નકારે છે. આજદિન સુધી કોઈ તપાસ કરનાર અમલદારને સ્ટેશન ડાયરીમાં એન્ટ્રી કરી છે તેવી કોઈ હકીકત લખાવેલી નથી તો તે કબૂલ કરે છે. સ્ટેશન ડાયરીનો કોઈ ઉતારો આજદિન સુધી કોઈને આપેલો નથી તો તે હકીકત પણ નકારે છે પરંતુ મારા મત પ્રમાણે સ્ટેશન ડાયરીનો ઉતારો આજદિન સુધી કોઈને આપેલો ન હોય તેનો અર્થ એવો નથી કે આ સાહેદે ફરિયાદ નોંધેલી નથી.

સાહેદ જનકભાઈ રાવતભાઈ વાળાનાઓએ બે પંચોની હાજરીમાં આંક–૧૭૯૮ વાળુ ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરી જે મુદ્દામાલ કબજે કરેલો તે પંચનામાના પંચો પૈકીના પંચ ઐયુબભાઈ અબ્દુલભાઈ શેખને સાહેદ નં.૩૪૧ તરીકે આંક–૧૭૯૭ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ સવારના દસ વાગ્યાની આસપાસ આ સાહેદ નારોલ સર્કલ પાસે હનુમાનજી મંદિર પાસે હતા ત્યારે પોલીસે તેમને બોલાવેલા. ત્યાં બીજા એક અશોકભાઈ નામની વ્યકિતને પણ બોલાવેલા. પોલીસે જણાવેલુ કે આગલા દિવસે આ જગ્યા ઉપર બોમ્બ બ્લાસ્ટ થયેલો છે અને જગ્યાનું પંચનામુ કરવાનુ છે જેથી આ સાહેદે પંચમાં રહેવાની હા પાડેલી. ત્યારબાદ ગુનાવાળી જગ્યા ભીમજીભાઈ નામના વ્યકિતએ બતાવેલી. આ જગ્યા નારોલ સર્કલ પાસે હનુમાનજીના મંદિરની પાછળ હતી. વધુમાં આ સાહેદની સરતપાસ પ્રમાણે આ જગ્યા પર એક સાઇકલ થોડાક ભાગમાં બ્લ્યુ કલર વાળી હતી જેના હેન્ડલ કાળા હતા. આ સાઇકલ હરક્યુલીસ કંપનીની હતી. સાઇકલની પાછળની બાજુએ કેમીકલ જેવો ચીંકણો પદાર્થ ચોંટેલો હતો. આ જે સાઇકલ હતી ત્યાંથી પંદર એક ફુટના અંતરે તેની શીટ પડેલી હતી. એક શર્ટ ચીંથરા થઈ ગયેલી હાલતમાં હતો. ચીંથરાવાળી હાલતમાં એક થેલી જમીન પર પડેલી, આ થેલીની બાજુમાં ફાટી ગઈ હોય તેવી પ્લાસ્ટિકની થેલી આસ્માની જેવા રંગની હતી. આ જગ્યા પાસે ધાતુની પટ્ટીઓ, આ સિવાય બીજી પટ્ટીઓ હતી તે બાબતે ચોક્કસ

ખબર નથી તે જગ્યાએ ધાતુનો ટુકડો અને કાંડા ઘડિયાળ પણ હતી. ત્યાં લાકડાના ટુકડા પણ હતા. એક પેન્સીલ સેલ (બેટરી) હતો તથા છુટા છવાયા છરા (પેલેટ) પણ પડેલા હતા.

વધુમાં આ સાહેદ જણાવે છે કે આ જગ્યાએ તેની આજુ બાજુ સ્કુટરો, મોટરસાઇકલ, સાઇકલો જેવા વાહનો હતા.આ વખતે ગાંધીનગરથી લેબોરેટરી વાળા માણસો પણ આવેલા. આ જે ચીજવસ્તુઓ હતી તે અલગ–અલગ થેલીઓમાં મુકી એક બોક્ષમાં મુકેલી. સાઇકલ પોલીસે જમા લીધેલી. બે ડબ્બીઓ હતી તેમાં કેમીકલ વાળું રૂ ઘસીને મુકેલું. આ બે ડબ્બીઓ પૈકી એકમાં સાદું રૂ તથા બીજામાં આવું કેમિકલ ઘસેલું રૂ મુકેલું. આ જે કેમિકલ વાળું રૂ ઘસેલું તે સાઇકલ ઉપરથી ઘસેલું. આ જે ખોખા કે જેમાં ચીજવસ્તુઓ મુકેલી તે તથા ડબ્બીઓની ઉપર તેમની તથા અશોકભાઈની સહી વાળી સ્લીપ મુકી તેને બાંધી સીલ કરેલ. સાઇકલ પોલીસે કબજે લીધેલી. નારોલ સર્કલથી એક રસ્તો ઈસનપુર તરફ જાય છે. એક રસ્તો જુહાપુરા તરફ જાય છે અને એક રસ્તો વડોદરા તરફનો નેશનલ હાઈવે તરફ જાય છે જયારે હનુમાનજીના મંદિરને અડીને જતો રસ્તો દાણીલીમડા તરફ જાય છે. આ મુજબનુ પંચનામુ પોલીસે કરેલુ તે આંક–૧૭૯૮ વાળા પંચનામામાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આ ઉપરાંત પોલીસે પંચનામાના આધારે કુલ–દસ મુદ્દામાલ આર્ટીકલ કબજે કરેલ અને પંચોની સહીઓવાળી સ્લીપો લગાવેલી તે પંચ સ્લીપો આ કામે આંક–૧૭૯૯ થી ૧૮૦૧ થી રજૂ કરેલ છે જે પંચ સ્લીપોમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આ ઉપરાંત આ સાહેદની હાજરીમાં કબજે કરવામાં આવેલ તમામ મુદ્દામાલ અદાલત રૂબરૂ બતાવતા તે મુદ્દામાલ આ સાહેદે ઓળખી બતાવેલ છે.

હવે આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવી છે તે ધ્યાને લઈએ તો મુદ્દામાલ આર્ટીકલ નં.૧ થી ૮ વાળી ચીજવસ્તુઓ પ્લાસ્ટિકની થેલીઓમાં મુકી એક બોક્ષમાં મુકી તેની ઉપર પંચોની સહીઓવાળી કાપલી લગાવી દોરો બાંધી સીલ કરેલ હોવાનું લખાવેલુ નથી તો તે હકીકત

નકારેલી છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૧ થી ૮ આ સાહેદે કહ્યુ તે પ્રમાણે કબજે કરીને સીલ કરેલ હોય તેવુ પંચનામામાં લખવામાં આવેલ નથી તે હકીકત નકારેલી છે. સાઇકલ કબજે કરવામાં આવેલ તેનો ફ્રેમ નંબર ન હતો તે કબૂલ કરે છે. સાઇકલની ઓળખ માટે પંચોની સહીઓવાળી કાપલી મુકી સીલ કરેલ તેવુ બન્યુ નથી તે હકીકત કબૂલ કરી છે. પોલીસ સ્ટેશનમાં પંચનામા ઉપર તેમજ સ્લીપો ઉપર સહીઓ કરેલાની હકીકત નકારેલી છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો વારંવાર તેઓને દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં જવાનું થાય છે તો તે હકીકત નકારેલી છે. દાણીલીમડા પોલીસ સ્ટેશનના અધિકારીઓને ઓળખતા હોવાની હકીકત પણ નકારી છે. પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદ વારંવાર દાણીલીમડા પોલીસ સ્ટેશને જતા હોય અને અધિકારીઓને ઓળખતા હોય તેથી કરીને આ સાહેદની વિશ્વાસપાત્રતાને કોઈ અસર થતી નથી અને એવુ પણ ન કહી શકાય કે આ સાહેદની હાજરીમાં પંચનામુ બનાવવામાં આવેલું નથી. વધુ ઊલટતપાસ ધ્યાને લેતાં પંચનામા વખતે હનુમાનજીના મંદિર પાસે ઘણા બધા માણસો અને પોલીસો હતા તે કબૂલ કરે છે. આ સાહેદ સ્થળ ઉપર પહોંચ્યા ત્યારે અશોકભાઈ ત્યાં હાજર હતા તે કબૂલ કરે છે. આરોપીઓ તરફથી બીજા પંચ અશોકભાઈની હાજરી સ્વીકારવામાં આવી છે તેવુ કહી શકાય. ફરિયાદી ભીમરાવ મનોહર કયાં રહે છે અને શું કામ કરે છે તેની માહિતી નથી અને તે ન જ હોય. ભીમરાવે આ સાહેદ સાથે કોઈ વાતચીત કરેલી નથી. મારા મત પ્રમાણે વાતચીત કરવાની પણ ન હોય. બનાવ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાંજના સમયે બનેલો છે અને આ સાહેદ તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ સવારના સમયે પંચ તરીકે રહેલા છે માટે ફરિયાદી ભીમરાવ સાથે મુલાકાત થયેલી ન હોય. બનાવવાળી જગ્યાએ લોખંડના ટુકડાઓ, છરાઓ વગેરે પડેલુ હોય છે તો તે હકીકત નકારેલી છે. એફ.એસ.એલ. નો શું મતલબ થાય તે સવાલના જવાબમાં આ સાહેદે જણાવેલુ છે કે લેબોરેટરીવાળા થાય છે. આરોપીઓ તરફથી આવા પ્રકારના જે પ્રશ્ન પુછવામાં આવેલા છે તેથી કરીને આ સાહેદની વિશ્વાસપાત્રતા

ખંડીત થતી નથી કે આ સાહેદની હાજરીમાં પંચનામુ થયુ નથી તેવી કોઈ હકીકત સ્થાપિત થતી નથી.

શરૂઆતના તપાસ કરનાર અધિકારી જનકભાઈ રાવતભાઈ વાળાનાઓએ આ બનાવ પછી સ્થળ ઉપર એફ.એસ.એલ.ના અધિકારીને બોલાવેલા તે અધિકારી અમૃતભાઈ વશરામભાઈને સાહેદ નં.૮૩૦ તરીકે આંક–૫૫૬૬થી તપાસેલા છે. તેઓની આ ગુના પુરતી સરતપાસ ધ્યાને લેતા તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ દાણીલીમડા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટરશ્રીની એક યાદી મળેલી અને તે મુજબ નારોલ સર્કલ ખાતે તપાસ અર્થે આવવા જણાવેલ. જે જગ્યાએ પહોંચતા તપાસ અધિકારીશ્રીએ સદર જગ્યાએ થયેલ બોમ્બ બ્લાસ્ટ અંગેની તપાસ માટેની યાદી સોંપેલ જે યાદી આ કામે આંક–૩૫૧૫ થી રજૂ કરેલ છે જેમાં યાદી સ્વિકારનાર તરીકે આ સાહેદે સહી કરેલ છે તે સહી ઓળખી બતાવેલી છે. આ યાદી અનુસંધાને સદર જગ્યા નારોલ સર્કલ ખાતે સંકટ મોચન હનુમાનજીના મંદીરના પાછળની જગ્યા છે. સદર ખુલ્લી જગ્યામાં એક હરકયુલસ પ્રાવો જુના જેવી સાઇકલ પડેલ છે. જેનું કેરીયર તથા સીટનો ભાગ તુટેલ જણાય છે. સદર સાઇકલની આજુબાજુમાં પડેલ બ્લુ રંગની પ્લાસ્ટિકની કોથળીના ટુકડાઓ, શર્ટના ટુકડાઓ, બ્લુ રંગની ટેપ ચોંટાડેલ લાકડાના ટુકડાઓ, સફેદ વાયરના ટુકડાઓ, છરા, પ્લાસ્ટિકના ટુકડાઓ જે ઘડિયાળના હોય તેવું જણાય છે. તુટેલ બેટરીના ટુકડાઓ, નવ બોલ્ટ તુટેલ બેટરી વગેરે સાઇકલની આસપાસ પડેલ હતા. ઉપરોક્ત બનાવ સ્થળેથી તપાસ અધિકારીશ્રીને નીચે મુજબના નમૂનાઓ કબજે લેવા જણાવેલ.

- ઉપર મુજબની પ્લાસ્ટિકના બ્લુ રંગના ટુકડાઓ, શર્ટના ટુકડાઓ, બેટરીના તુટેલ બંને ટુકડા, છરા, બ્લુ રંગની ટેપ ચોંટેલ લાકડાના ટુકડા, પ્લાસ્ટિકના ટુકડાઓ (ઘડિયાળના)
- સાઇકલ ઉપર ચોંટેલ સફેદ પીળા જેવો ચીકણો પદાર્થ જેને રૂ વડે ઘસીને લીધેલ
- કંટ્રોલ રૂ

ઉપરોક્ત બનાવ અંગે તપાસ અધિકારીશ્રીને જરૂરી માર્ગદર્શન કરી કબજે લીધેલ નમૂનાઓને વધુ તપાસ અર્થે ડી.એફ.એસ. ગાંધીનગર ખાતે મોકલવા ભલામણ કરેલ. આ મુજબનો જે અભિપ્રાય આપેલો તે આંક–૩૫૧૫ વાળી યાદીની પાછળ લખેલો છે જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલી છે તે ધ્યાને લેતાં આ સાહેદે અમદાવાદ શહેરમાં આ સમય દરમ્યાન બીજા ઘણા બધા બોમ્બ બ્લાસ્ટના બનાવો બનેલા અને તે બનાવોવાળી જગ્યા ઉપર જઈને પણ તેમને સ્થળ પરિક્ષણો કરેલા જે હકીકત તેમને પોતાની આંક–૫૫૬૬ ની જુબાનીમાં જણાવેલી છે અને આરોપીઓ તરફથી પણ જનરલ અને સામાન્ય ઊલટતપાસ થયેલી છે. કોઈ ચોકકસ ગુના સબંધે ઊલટતપાસ કરવામાં આવેલ નથી.

હવે તપાસ કરનાર અધિકારીએ ગુનાવાળી જગ્યા ઉપરથી જે મુદ્દામાલ આંક–૧૭૯૮ ના પંચનામાના આધારે કુલ દશ નમુનામાં મુદ્દામાલ કબજે કરેલો તે મુદ્દામાલ રવાનગી નોંધ સાથે એફ.એસ.એલ. ગાંધીનગરને પૃથક્કરણ માટે મોકલી આપેલો. આ રવાનગી નોંધ આ કામે આંક–૫૭૩૫ થી રજૂ કરેલી છે. આ રવાનગી નોંધમાં જણાવ્યા મુજબના કુલ આઠ નમૂના માર્ક–એ થી માર્ક–એચ સુધીના એફ.એસ.એલ. ગાંધીનગરને તપાસ અર્થે મોકલેલા છે. હવે આ મુદ્દામાલ પૈકીના અમૂક મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારી જાનમહમંદ ફકીરમહંમદ મન્સુરીને સાહેદ નં.૮૪૦ તરીકે આંક–૫૭૦૦થી તપાસેલા છે. મુદ્દામાલ તેમના વિભાગના મદદનીશ નિયામકશ્રી દ્વારા તા. ૧/૮/૨૦૦૮ ના રોજ સ્વીકારવામાં આવેલ. આ મુદ્દામાલ દાણીલીમડા પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેરના ફ. ગુ. ૨. નં. ૧૪૦/૦૮ ના કેસનો હતો તે આ સાહેદને પૃથક્કરણ અર્થે તા.૧૧/૮/૨૦૦૮ ના રોજ મળેલો અને તેની સાથે તેને લગતા કાગળોની ફાઈલ પણ આ સાહેદને સોંપવામાં આવેલ. સદરહું કામનો મુદ્દામાલ તેમની કચેરીમાં મદદનીશ નિયામક શ્રી જી. ડી. શર્માએ સ્વીકારેલ હતો અને તેના સ્વીકાર્યા અંગેની પહોંચ સંબંધીત પોલીસ મથકને ફાળવેલ હતી

જે આ કામે આંક–૫૭૩૬ થી રજૂ કરેલ છે. સદરહું કામના મુદ્દામાલમાં કુલ–૮ સીલબંધ પાર્સલો હતા. જે પૈકી...

– માર્ક– એ ધરાવતું એક સીલબંધ ખાખી કાગળનું પાર્સલ જેમાં આસમાની કલરની જીર્ણ થઈ ગયેલ શર્ટના અવસેશો તથા ફાટી ગયેલ કપડાની થેલી, તુટેલ બ્લ્યુ કલરની પ્લાસ્ટિકની કોથળી, ચગડાઈ ગયેલ સીલ્વર કલરનો ધાતુનો ટુકડો, એક લાલ કલરનો પેન્સીલ સેલ તુટી ગયેલી હાલતમાં, એચ.એમ.ટી. કંપનીની કાંડા ઘડિયાળ સીલ્વર કલરની ચેઈનવાળી, વાયરના ટુકડા, એક ધાતુની તુટી ગયેલી પટ્ટી જેના ઉપર વાદળી સફેદ કલરની ટેપ લગાડેલી છે, પ્લાસ્ટિકનો કાળા રંગનો ટુકડો, પતરાનો ટુકડો જેના ઉપર એચ. ડબલ્યુ. લખેલ છે, લાકડાની કળચો જેના ઉપર વાદળી કલરની ટેપ લગાડેલ છે, એક બોલ્ટ અને ચાકી, લોખંડના છરા વિગેરે.

– માર્ક–બી સાઇકલ ઉપર ચોંટેલ સફેદ રંગનુ કેમીકલ કાપડના રેસા સાથેનું.

– માર્ક–સી કન્ટ્રોલ સેમ્પલ રૂ.

ઉપરોકત નમુનાઓનું આ સાહેદે પૃથક્કરણ કરેલ. જે પૃથક્કરણ પ્રમાણિત રાસાયણિક અને ઉપકરણીય પધ્ધતિએ કરેલ હતું. જેના પરિણામમાં

(૧) માર્ક–એ/૧ થી એ/૮, બી, ડી, ઈ તથા એચ માં એમોનિયમ નાઇટ્રાઇટ અને નાઇટ્રેટ મુલકો તથા પેટ્રોલીયમ હાઇડ્રોકાર્બન્સ ઓઈલ (પેરાફીલ ઓઈલ પ્રકાર)ની હાજરી શોધાયેલ છે.

(૨) નમૂના માર્ક– સી માં વિસ્ફોટકના ઘટકોની હાજરી શોધાયેલ નથી.

આ સાહેદના ઉપરોક્ત પરિણામને આધારે આ સાહેદ એવા અભિપ્રાય ઉપર આવેલ કે,

૧. પૃથક્કરણના પરિણામમાં શોધાયેલ એમોનિયમ નાઇટ્રેટ અને પેટ્રોલીયમ હાઇડ્રોકાર્બન ઓઈલનું મિશ્રણએ એમોનિયમ નાઇટ્રેટ

બેઝ એમોનીયમ નાઇટ્રેટ–ફ્યુલ ઓઈલ (એનફો) હાઈ એક્ષપ્લોઝીવના ઘટકો છે.

૨. નમુનાઓમાંથી મળેલ ધાતુના છરાનો ઉપયોગ દેશી હાથ બનાવટના બોમ્બમાં મીસાઈલ્સ તરીકે થાય છે.

૩. પૃથક્કરણના પરિણામ તથા નમુનાઓમાંથી મળેલ ધાતુના છરા, ધાતુના પતરાના ટુકડા સાથે લાકડાના ટુકડા, બેટરી તથા ઘડિયાળના ભાગો, વાયરના ટુકડા વગેરેના આધારે એવું કહી શકાય કે હોડી આકારના લાકડાના ધાતુના પતરા સાથેના કન્ટેનરમાં એનફો એક્ષપ્લોઝીવ પદાર્થ ભરી ધાતુના છરા ઉમેરી તથા ડીટોનેટરનો ઉપયોગથી બનાવાયેલ ટાઈમ ડીલે ડીવાઈસ પ્રકારનો આઈ.ઈ.ડી. બોમ્બ છે.

આમ મુજબનો આ સાહેદે જે અહેવાલ આપેલો તે આ કામે આંક–૫૭૩૭ થી રજૂ કરેલો છે જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવી છે.

આ સાહેદની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી છે. અમદાવાદમાં થયેલ સીરીયલ બોમ્બ બ્લાસ્ટનાં ઘણા બનાવોવાળી જગ્યા ઉપરથી કબજે કરવામાં આવેલા ઘણા મુદ્દામાલનું પૃથક્કરણ તથા સુરત શહેરમાં થયેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં પણ જે તે સ્થળો ઉપરથી કબજે કરવામાં આવેલ મુદ્દામાલનું પૃથક્કરણ આ સાહેદે કરેલુ છે. તેઓની ઊલટતપાસ જનરલ અને સામાન્ય છે. જેની હકીકત અગાઉના ગુનાઓમાં રજૂ થયેલ પુરાવામાં પણ જણાવેલી છે. આરોપીઓ તરફથી કરવામાં આવેલ ઊલટતપાસ ધ્યાને લેતા એફ.એસ.એલ. કચેરી ગાંધીનગર ખાતે જે કંઈ કામગીરી કરવામાં આવે છે તે બાબતે તેમજ ઓફીસના વહીવટી સંબંધે પ્રશ્નો પુછવામાં આવેલા છે પરંતુ તેથી કરીને આ સાહેદે આ મુદ્દામાલનું પૃથક્કરણ કરેલ નથી તે હકીકત સાબીત થતી નથી.

ત્યારબાદ આ કામે બનાવવાળી જગ્યાએથી બોમ્બ બ્લાસ્ટના બનાવોની તપાસ ટીમના એક સભ્ય વિનય હરીભાઈ શુકલનાઓએ ગુનાવાળી

જગ્યા ઉપરથી બોમ્બ બ્લાસ્ટમાં વપરાયેલ સાઇકલ બે પંચોની હાજરીમાં પંચનામુ કરી કબજે કરેલી તેઓને આ કામે સાહેદ નં.૧૦૭૦ તરીકે આંક–૭૨૬૪ થી તપાસેલા છે. તેઓની આ ગુના પુરતી સરતપાસ ધ્યાને લઈએ તો તા.૩૧/૭/૨૦૦૮ ના રોજ ગુનાવાળી જગ્યા નારોલ સર્કલ હનુમાનજીના મંદિર પાછળ જે બોમ્બ બ્લાસ્ટ થયેલ તે જગ્યાએથી મળી આવેલ સાઇકલ એફ.એસ.એલ.માં તપાસણી સારૂ મોકલવાની હોવાથી તેને સીલ કરવા બે પંચોને બોલાવેલા અને તેઓને આ અંગેની સમજ કરેલી. તે સાઇકલ હરકયુલસ કંપનીની બ્રેવો હતી તે પંચનામાની વિગતવાળી કંતાનથી લપેટી પંચનામાની વિગત મુજબ સીલ કરવામાં આવેલ. તે અંગેનું પંચનામું બે પંચોની નજરે જોયા અને લખાવ્યા મુજબ લખી લેવામાં આવેલ. જે પંચનામુ આ કામે આંક–૨૩૬૫ થી રજૂ કરેલ છે જેમાં આ સાહેદે પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે. આ ઉપરાંત આ કામે કબજે કરવામાં આવેલો મુદ્દામાલ આંક–૫૭૩૫ ની રવાનગી નોંધથી એફ.એસ.એલ. ગાંધીનગરને પૃથક્કરણ માટે મોકલેલો તે રવાનગી નોંધમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. રવાનગી નોંધમાં સત્તા અંગેનું પ્રમાણપત્ર મદદનીશ પોલીસ કમિશનર એચ.આર. મુલીયાનાઓએ આપેલુ છે અને તેઓની પણ સહી છે.

આ ઉપરાંત આ સાહેદે બોમ્બ બ્લાસ્ટમાં ઈજા પામનાર સુરેશભાઈ માધવલાલ એન્જીનીયરનાઓને ઈજાઓ થયેલી અને તેઓના કપડા પણ બે પંચોની હાજરીમાં પંચનામુ કરી કબજે કરેલા હતા તે પંચનામુ આ કામે આંક–૨૩૨૦ થી રજૂ કરેલુ છે જેમા બે પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ જ સાહેદ વિનય હરીભાઈ શુકલનાઓએ આ બોમ્બ બ્લાસ્ટના બનાવમાં ઈજા પામનાર તુલસીરામ નાગજીરામ ગુજજરનાઓને ઈજાઓ થયેલી અને તેઓના કપડા પણ બે પંચોની હાજરીમાં પંચનામુ કરી કબજે કરેલા હતા તે પંચનામુ આ કામે આંક–૨૩૭૭ થી રજૂ કરેલુ છે તથા આ

કપડા ઉપર લગાવેલી પંચ સ્લીપ જે આંક–૨૩૭૮ વાળી પંચ સ્લીપોમાં પણ આ સાહેદ બે પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ જ સાહેદ વિનય હરીભાઈ શુકલનાઓએ આ બોમ્બ બ્લાસ્ટના બનાવમાં ઈજા પામનાર ભરતભાઈ કનૈયાલાલ પંચાલનાઓને ઈજાઓ થયેલી અને તેઓના કપડા પણ બે પંચોની હાજરીમાં પંચનામુ કરી કબજે કરેલા હતા તે પંચનામુ આ કામે આંક–૨૩૨૩ થી રજૂ કરેલુ છે તથા આ કપડા ઉપર લગાવેલી પંચ સ્લીપ જે આંક–૨૩૨૫ થી રજૂ છે તેમાં પણ આ સાહેદ બે પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ જ સાહેદ વિનય હરીભાઈ શુકલનાઓએ આ બોમ્બ બ્લાસ્ટના બનાવમાં ઈજા પામનાર સુગરાબાનુ મહમદજલીલ ખલીફાનાઓને ઈજાઓ થયેલી અને તેઓના કપડા પણ બે પંચોની હાજરીમાં પંચનામુ કરી કબજે કરેલા હતા તે પંચનામુ આ કામે આંક–૨૧૨૨ થી રજૂ કરેલુ છે જેમાં આ સાહેદ બે પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ જ સાહેદ વિનય હરીભાઈ શુકલનાઓએ બોમ્બ બ્લાસ્ટમાં ઈજા પામનાર ભરતભાઈ કનૈયાલાલ પંચાલનાઓને ઈજાઓ થયેલી અને તેઓની સારવાર દરમ્યાન તેમના શરીરમાંથી કાઢવવામાં આવેલા છરા બે પંચોની હાજરીમાં પંચનામુ કરી કબજે કરેલા હતા તે પંચનામુ આ કામે આંક–૨૧૧૯ થી રજૂ કરેલુ છે તથા આ કપડા ઉપર લગાવેલી પંચ સ્લીપ આંક–૨૧૨૦ થી રજૂ છે તેમાં પણ આ સાહેદ બે પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલી છે તે ધ્યાને લઈએ તો બનાવવાળી જગ્યા ઉપરથી હરકયુસલ કંપનીની સાઇકલ કબજે કરીને પંચોની હાજરીમાં પંચનામુ કરી સીલ કરેલી નથી તો તે હકીકત નકારી છે. આ ઉપરાંત આ બનાવમાં ઈજા પામનારાઓના બનાવ વખતે પહેરેલા કપડા આ ઈજા પામનારાઓએ રજૂ કરેલા નથી કે પંચોની હાજરીમાં પંચનામુ કરી કબજે કરેલા નથી તો તે હકીકત પણ આ સાહેદે નકારેલી છે. ઈજા પામનાર ભરત પંચાલના

શરીરમાંથી ઓપરેશન દરમ્યાન કાઢવામાં આવેલા છરા પણ પંચનામુ કરી કબજે કરેલ નથી તો તે હકીકત પણ નકારેલી છે. આ સાહેદને સાઇકલ મળી ત્યારે તે સીલ કરેલી ન હતી તે કબૂલ કરે છે. સૌપ્રથમ આ બનાવની તપાસ તેમને દાણીલીમડાના પોલીસ ઇન્સ્પેકટર પાસેથી સંભાળેલાનું જણાવે છે, ગુનાની તપાસ કેટલા વાગે સંભાળેલી તે યાદ નથી. બનાવવાળા સ્થળની મુલાકાત કેટલા વાગે લીધેલી તે યાદ નથી. સ્થાનિક પોલીસના માણસો કે ટ્રાફિકના માણસોના નિવેદનો લીધેલ નથી કે કબૂલ કરે છે.

ઉપરોકત આંક–૨૩૬૫વાળા પંચનામા આધારે સાહેદ વિનય હરીભાઈ શુકલનાઓએ સ્થળ ઉપરથી જે હરકયુલસ કંપનીની સાઇકલ કબજે કરેલી તે પંચનામાના પંચો પૈકી પંચ સાહેદ રમેશભાઈ કાનાભાઈને સાહેદ નં.૩૯૨ તરીકે આંક–૨૨૮૩ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૩૧/૭/૨૦૦૮ નાં રોજ પોલીસે તેઓને એસ.ઓ.જી. ઑફિસ જુહાપુરા અમદાવાદ ખાતે બોલાવેલા ત્યાં એક બીજા ભાઈ પણ હાજર હતા. ત્યાં પોલીસે આ સાહેદની હાજરીમાં નારોલ સર્કલ પાસે થયેલ બોમ્બ બ્લાસ્ટમાં ઉપયોગમાં લીધેલી સાઇકલ બતાવેલી જે હરકયુલસ કંપનીની હતી. પોલીસે આ સાઇકલ કંતાનમાં વીટી કબજે કરેલ તે અંગેનુ પંચનામુ બનાવેલુ, જે આંક–૨૩૬૫ વાળા પંચનામામાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

ઉપરોકત આંક–૨૩૨૦ વાળા પંચનામા આધારે સાહેદ વિનય હરીભાઈ શુકલનાઓએ ઈજા પામનાર સુરેશ માધવલાલે બનાવ વખતે પહેરેલ કપડા કબજે કરેલા તે પંચનામાના પંચો પૈકી પંચ સાહેદ મહમદરફીક મહમદયાસીન શેખને સાહેદ નં.૪૦૪ તરીકે આંક–૨૩૧૯ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૯/૭/૨૦૦૮ નાં રોજ તેમને જુહાપુરા ખાતે આવેલ એસ.ઓ.જી. ક્રાઈમ બ્રાન્ચની કચેરીએ પોલીસે બોલાવેલા ત્યાં એક જેરીફભાઈ શેખ હાજર હતા અને પોલીસે સમજાવેલુ કે નારોલ સર્કલ હનુમાનજી મંદિર પાછળ જાહેરમાં જે બોમ્બ બ્લાસ્ટ થયેલ છે તેમાં ઈજા પામનાર સુરેશ માધવલાલનાઓએ પહેરેલા કપડા કબજે કરવાના છે તેમ જણાવેલુ. આ વખતે

એક ભાવનાબેન કે જે સુરેશભાઈના પત્ની થતા હતા તેમને સુરેશભાઈના કપડા જેવા કે આખી બાંયનો શર્ટ લોહના ડાઘાવાળો નાના કાણા પડેલો, સફેદ રંગનું ફાટેલુ બનીયાન જેને કાણા હતા તે કાણાને સ્કેચ પેનથી કુંડાળા કરેલા તથા સલેટીયા કલરનું પેન્ટ લોહીના ડાઘાવાળુ હતુ તેની ઉપર પણ ડાઘા પડેલા હતા તેને પણ સ્કેચ પેનથી કુંડાળા કરેલા આ કપડાને કાગળમાં લપેટીને પંચોની સહીઓવાળી કાપલી મુકી સીલ કરેલ તેમ જણાવેલ છે. આંક–૨૩૨૦ વાળા પંચનામમાં તથા આંક–૨૩૨૧ વાળી પંચ સ્લીપમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

ઉપરોકત આંક–૨૩૭૭વાળા પંચનામા આધારે સાહેદ વિનય હરીભાઈ શુકલનાઓએ ઈજા પામનાર તુલશીરામ નાગજીરામે બનાવ વખતે પહેરેલ કપડા કબજે કરેલા તે પંચનામાના પંચો પૈકી પંચ સાહેદ બગતારામ દામજી ગુજજરને સાહેદ નં.૪૧૯ તરીકે આંક–૨૩૭૬ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૯/૭/૨૦૦૮ નાં રોજ તેમને જુહાપુરા ખાતે આવેલ એસ.ઓ.જી. ક્રાઈમ બ્રાન્ચની કચેરીએ પોલીસે બોલાવેલા ત્યાં એક બીજા ભાઈ હાજર હતા અને પોલીસે સમજાવેલુ કે નારોલ સર્કલ હનુમાનજી મંદિર પાછળ જાહેરમાં જે બોમ્બ બ્લાસ્ટ થયેલ છે તેમાં ઈજા પામનાર તુલશીરામ નાગજીરામે બનાવ વખતે પહેરેલા કપડા કબજે કરવાના છે તેમ જણાવેલુ. આ વખતે એક ભાઈ કેશુભાઈ હીરાભાઈ હતા તેમને તુલશીરામ નાગજીરામના કપડા જેવા કે બુશર્ટ લાલ રંગની ચોકડીવાળો જેની ઉપર લોહીના ડાઘાવાળો નાના કાણા પડેલો, બદામી કલરનું પેન્ટ જેની ઉપર લોહીના ડાઘા હતા તથા તેની ઉપર કટમાર્ક હતા તે રજૂ કરેલાં. આ કપડાને કાગળમાં લપેટીને પંચોની સહીઓવાળી કાપલી મુકી સીલ કરેલ તેમ જણાવેલ છે. આંક–૨૩૭૭ વાળા પંચનામમાં તથા આંક–૨૩૭૮ વાળી પંચ સ્લીપમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

ઉપરોકત આંક–૨૩૨૩ વાળા પંચનામા આધારે સાહેદ વિનય હરીભાઈ શુકલનાઓએ ઈજા પામનાર ભરતભાઈ કનૈયાલાલ પંચાલે બનાવ

વખતે પહેરેલ કપડા કબજે કરેલા તે પંચનામાના પંચો પૈકી પંચ સાહેદ દશરથ મણીલાલ પંચાલને સાહેદ નં.૪૦૫ તરીકે આંક–૨૩૨૨ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨/૮/૨૦૦૮ નાં રોજ તેમને જૂહાપુરા ખાતે આવેલ એસ.ઓ.જી. ક્રાઈમ બ્રાન્ચની કચેરીએ પોલીસે બોલાવેલા ત્યાં એક બીજા ભાઈ કે જે ઈજા પામનારના પિતા હોવાનું જણાવેલ ત્યાં પોલીસે સમજાવેલુ કે નારોલ સર્કલ હનુમાનજી મંદિર પાછળ જાહેરમાં જે બોમ્બ બ્લાસ્ટ થયેલ છે તેમાં ઈજા પામનાર ભરતભાઈ કનૈયાલાલ પંચાલનાઓએ બનાવ વખતે પહેરેલા કપડા કબજે કરવાના છે તેમ જણાવેલુ. આ વખતે ઈજા પામનારના પિતા હાજર હતા તેમને ભરતભાઈ કનૈયાલાલ પંચાલના કપડા રજૂ કરેલાં જેવા કે ગ્રે જેવા કલરનો સફેદ તથા કાળી ચોકડીવાળો શર્ટ જેની ઉપર લોહીના ડાઘાવાળો નાના કાણા પડેલો આ કપડાને કાગળમાં લપેટીને પંચોની સહીઓવાળી કાપલી મુકી સીલ કરેલ તેમ જણાવેલ છે. આંક–૨૩૨૩ વાળા પંચનામમાં તથા આંક–૨૩૨૫ વાળી પંચ સ્લીપમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

ઉપરોકત આંક–૨૧૨૨ વાળા પંચનામા આધારે સાહેદ વિનય હરીભાઈ શુકલનાઓએ ઈજા પામનાર સુગરાબાનુ મહમદજલીલ ખલીફાને બનાવ વખતે પહેરેલ કપડા કબજે કરેલા તે પંચનામાના પંચો પૈકી પંચ સાહેદ ગણેશસિંહ તીલકસિંહ ભદોરીયાને સાહેદ નં.૩૬૫ તરીકે આંક–૨૧૨૧ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨/૮/૨૦૦૮ નાં રોજ તેમને જુહાપુરા ખાતે આવેલ એસ.ઓ.જી. ક્રાઈમ બ્રાન્ચની કચેરીએ પોલીસે બોલાવેલા ત્યાં એક બીજા ભાઈ કે જે ઈજા પામનારના પતિ હોવાનું જણાવેલ અને પોલીસે સમજાવેલુ કે નારોલ સર્કલ હનુમાનજી મંદિર પાછળ જાહેરમાં જે બોમ્બ બ્લાસ્ટ થયેલ છે તેમાં ઈજા પામનાર સુગરાબાનુ મહમદજલીલ ખલીફાનાઓએ બનાવ વખતે પહેરેલા કપડા કબજે કરવાના છે તેમ જણાવેલુ. આ વખતે ઈજા પામનારના પતિ હાજર હતા તેમને સુગરાબાનુ મહમદજલીલ ખલીફાના કપડા રજૂ કરેલાં જેવા કે કેસરી કલરનો વાદળી પીળા કુલની ડીઝાઈનવાળો કુર્તો લોહીવાળો હતો તેમાં કાણા હતા જયાં કુંડાળા કરવામાં

આવેલા તથા બીજો એક સલવાર લીલા કલરનો જૂના જેવો ડાબી બાયના ભાગે કાણુ હતુ આ કપડાને કાગળમાં લપેટીને પંચોની સહીઓવાળી કાપલી મુકી સીલ કરેલ તેમ જણાવેલ છે. આંક–૨૧૨૨ વાળા પંચનામામાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

ઉપરોકત આંક–૨૧૧૯ વાળા પંચનામા આધારે સાહેદ વિનય હરીભાઈ શુકલનાઓએ ઈજા પામનાર ભરતભાઈ કનૈયાલાલ પંચાલના શરીરમાંથી સારવાર દરમ્યાન ડૉકટરશ્રીએ કાઢેલા છરા કબજે કરેલા તે પંચનામાના પંચો પૈકી પંચ સાહેદ સોમાભાઈ જેઠાભાઈ દેસાઈને સાહેદ નં.૩૬૪ તરીકે આંક–૨૧૧૮ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૧/૮/૨૦૦૮ નાં રોજ તેમને પોલીસે ભાડુઆતનગર ખાતે આવેલ જગત બી. ભટ્ટના દવાખાને બોલાવેલા ત્યાં એક બીજા બુધાભાઈ પરમારને પણ બોલાવેલા, પોલીસે સમજાવેલુ કે ઈજા પામનારના શરીરમાંથી છરા કાઢેલા છે તે કબજે કરવાના છે. ડૉકટરશ્રી જગત ભટ્ટનાઓએ એક શીશી રજૂ કરેલી અને તેમાં બે છરા હતા જે આ સાહેદે જોયેલા તે છરાઓ પંચનામાની વિગતે કબજે કરેલા. આ કબજે કરેલા છરાની શીશી પર પંચોની સહીઓવાળી કાપલી મુકી સીલ કરેલ તેમ જણાવેલ છે. આંક–૨૧૧૯ વાળા પંચનામમાં તથા આંક–૨૧૨૦ વાળી પંચ સ્લીપમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ કામે અન્ય એક એફ.એસ.એલ. અધિકારી એમ. એન.જોષીનાઓએ આ ગુનાના કામના અમુક મુદ્દામાલ જે રવાનગી નોંધ સાથે મળેલો તેનું પૃથક્કરણ કરેલુ તે રવાનગી નોંધ આંક–૮૩૮૦ થી રજૂ કરેલ છે અને આ મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ આંક–૮૩૮૧ થી રજૂ કરેલ છે પરંતુ તેઓ અમેરીકા મુકામે સ્થાયી થયેલા હોવાથી ફરિયાદપક્ષે અન્ય એફ.એસ.એલ. અધિકારી સમીર સુભાષચંદ્ર જોષીનાઓને સાહેદ નં.૧૧૧૨ તરીકે આંક–૭૯૫૨ થી તપાસેલા છે. તેઓની આ ગુના પુરતી સરતપાસ ધ્યાને લઈએ તો આંક–૫૭૩૫ વાળી રવાનગી નોંધમાં જણાવ્યા મુજબના મુદ્દામાલ પૈકી જે મુદ્દામાલનું પૃથક્કરણ એમ.એન.જોષીએ કરેલુ તે મુદ્દામાલના પૃથક્કરણ મુજબ...

(૧) માર્ક–એ/૧ થી એ/૭, ડી/૧ થી ડી/૩ અને નમૂના ઈ/૧, ઈ/૨ નું બાહ્ય દ્રષ્ટિ વિષયક અને સુક્ષ્મદર્શક યંત્રમાં તેમજ ભૌતિક પરિમાણોનું માપન કરવામાં આવ્યુ.

(૨) નમૂના–એ/૩ ના છરાનું EDXRF ઉપકરણ દ્વારા ધાતુ તત્વો અંગેનું પરિક્ષણ કરવામાં આવ્યુ.

(૩) નમૂના–એ/૫ અને એ/૭ નું મલ્ટી મીટરની મદદથી વીજ સાતત્યતા અંગેનું પરિક્ષણ કરવામાં આવ્યુ.

આમ ઉપરોકત મુજબનું પરીક્ષણ કર્યા પછી આ સાહેદના અભિપ્રાય મુજબ...

(૪) નમૂનો–એ/૫ નો પેન્સીલ સેલ બંધ હાલતમાં હતો.

(૨) નમૂનો–એ/૪ અને એ/૫ ઈલેકટ્રોનીકસ ઘડિયાળના ભાગો હોવાનું જણાયેલ. નમૂને–એ/૫ નો ઉપયોગ ટાઈમર ડીવાઈસ તરીકે થઈ શકે.

(૩) નમૂનો–એ/૩ ના છરામાં મુખ્યત્વે આયર્ન ધાતુ તેમજ કેલ્સીયમ અને મેગેનીજ જેવી ધાતુઓ અલ્પ પ્રમાણમાં જણાયેલી.

(૪) નમૂના–ડી/૧ થી ડી/૩ તથા ઈ/૧, ઈ/૨ ના કપડાઓ ઉપર પડેલ કાણા નમૂના એ/૩ ના છરાથી થઈ શકે.

આમ ઉપર મુજબનો જે અભિપ્રાય આપેલો તે આ કામે આંક–૭૯૫૯ થી ૨જૂ છે અને તેમાં એમ.એન.જોષીની સહી ઓળખી બતાવે છે.

આ ઉપરાંત આ સાહેદની જુબાની ધ્યાને લઈએ તો એફ.એસ.એલ. અધિકારી એમ.એન.જોષીએ કેટલાક મુદ્દામાલનું ભૌતિક પરિક્ષણ કરેલુ અને તે મુજબ...

(૧) નમૂના માર્ક–આઈ (શર્ટ), નમૂના–જે/૧ (સલવાર), નમૂના–જે/૨ (કુર્તો) તેની ઉપરના કાણાનું બાહય દ્રષ્ટિ વિષયક તેમજ સુક્ષ્મદર્શક યંત્રમાં પરિક્ષણ કરવામાં આવ્યુ.

(૨) નમૂના–કે (છરા) નું બાહ્ય દ્રષ્ટિ વિષયક તેમજ સુક્ષ્મદર્શક યંત્રમાં પરિક્ષણ તથા ભૌતિક પરિમાણોનું માપણ કરવામાં આવ્યુ.

ત્યારબાદ આ સાહેદે આપેલ અભિપ્રાય મુજબ...

(૧) નમૂનો–આઈ (શર્ટ), નમૂનો–જે/૧ (સલવાર) અને નમૂનો–જે/૨ (કુર્તો) પરના કાણા નમૂના–કે (છરા) થી થઈ શકે.

(૨) નમૂનો–આઈ (શર્ટ), નમૂનો–જે/૧ (સલવાર) અને નમૂનો–જે/૨ (કુર્તો) પરના કાણા બોમ્બમાં વપરાતા પ્રોજેકટાઈલ (જેવા કે નમૂના–કે ના છરા) થી થઈ શકે.

આ અભિપ્રાયના આધારે જે અહેવાલ આપેલો તે આ કામે આંક–૭૯૬૦ થી રજૂ કરેલો છે જેમાં આ સાહેદે એફ.એસ.એલ. અધિકારી એમ.એન. જોષીની સહી ઓળખી બતાવેલી છે.

ત્યારબાદ આ કામે અન્ય મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારી નિકુંજ નરહરી બ્રહમભટ્ટને સાહેદ નં.૮૩૭ તરીકે આંક–૫૬૭૭ થી તપાસેલા છે. તેમને મુદ્દામાલનું બાયોલોજીકલ, સીરોલોજીકલ પૃથક્કરણ કરેલુ છે. તેમની આ ગુના પુરતી સરતપાસ ધ્યાને લઈએ તો દાણીલીમડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૧૪૦/૨૦૦૮ નો અમુક મુદ્દામાલ પરિક્ષણ અર્થે કેમેસ્ટ્રી વિભાગમાંથી આ સાહેદના વિભાગમાં આવેલો જે ચાર પાર્સલો પૈકી બે મુળ સીલબંધ સાથે તથા બે વિભાગીયને સીલબંધ ડી.એન.એ. વિભાગ દ્વારા તા.૨૧/૮/૨૦૦૮ તથા તા.૧૮/૯/૨૦૦૮ નાં રોજ કરવામાં આવેલો. આ મુદ્દામાલની સાથે વિભાગીય રવાનગી પત્ર પણ હતો આ મુદ્દામાલના વૈજ્ઞાનિક પધ્ધતિથી રૂધીર તેમજ રૂધીર મૂળ અને રૂધીર જૂથ માટેના પરિક્ષણો કરવામાં આવેલા અને અહેવાલ તૈયાર કરી તા.૭/૧૦/૨૦૦૮ નાં રોજ કેમેસ્ટ્રી વિભાગને મોકલી આપવામાં આવેલો. જેના પૃથક્કરણના પરિણામમાં...

(૧) માર્ક–ડી ઈજા પામનાર સાહેદ સુરેશ માધવલાલના શર્ટ, બનીયન, પેન્ટ કે જે માર્ક–ડી/૧ થી ડી/૩ માં રૂધીરની હાજરી મળી આવેલી અને રૂધીરનું જૂથ "એ" હતું.

(૨) માર્ક–ઈ ઈજા પામનાર તુલસીરામના પેન્ટ, શર્ટ કે જે માર્ક–ઈ/૧, ઈ/૨ માં રૂધીરની હાજરી મળી આવેલી અને રૂધીરનું જૂથ "બી" હતું.

(૩) માર્ક–એફ ઈજા પામનાર સુરેશ માધવલાલના બલ્ડ સેમ્પલ કે જે રૂધીર તરીકે ઓળખાયેલ અને રૂધીરનું જૂથ "એ" હતું.

(૪) માર્ક–જી ઈજા પામનાર તુલસીરામના બ્લડ સેમ્પલ કે જે રૂધીર તરીકે ઓળખાયેલ અને રૂધીરનું જૂથ "બી" હતું.

ત્યારબાદ આ કામે તપાસ કરનાર અધિકારીશ્રીએ બનાવ બાદ બનાવવાળી જગ્યા ઉપર નકશો બનાવવા માટે સર્કલ ઓફિસર દાણીલીમડાને એક યાદી લખેલી જે યાદી આ કામે આંક–૩૩૭૮ થી રજૂ કરેલી છે.

આંક–૩૩૭૮ વાળી યાદીના આધારે સર્કલ ઓફીસર અમૃતભાઈ જીવાભાઈ રાવળનાઓએ ગુનાવાળી જગ્યા ઉપર જઈ નકશો બનાવેલો તેઓને આ કામે સાહેદ નં.૬૯૦ તરીકે આંક–૩૩૭૭ થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ પ્રમાણે તેઓને તપાસ કરનાર અધિકારીશ્રી દ્વારા દાણીલીમડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નારોલ સર્કલ, હનુમાનજીના મંદિર પાછળ જાહેરમાં બોમ્બ બ્લાસ્ટ થયેલો તે જગ્યા ઉપર જઈ નકશો બનાવવા માટેની યાદી મળેલી તે આંક–૩૩૭૮ ની યાદી મળ્યા બાબતે યાદી ઉપર તેમને પોતાની સહી ઓળખી બતાવી છે અને તે યાદીના આધારે સ્થળ ઉપર જઈ નકશો બનાવેલો તે નકશો આ કામે આંક–૩૩૭૯ થી રજૂ કરેલો છે. જેમા આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે અને આ નકશો પોલીસ ઈન્સ્પેકટર સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપ ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદને પોતાના ફોરવર્ડીંગ પત્ર સાથે મોકલી આપેલો છે જે ફોરવર્ડીંગ પત્ર નકશા સાથે રજૂ છે જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

(૩૧.૦૧) **<u>અમદાવાદ શહેરના દાણીલીમડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૧૪૦/૨૦૦૮ ના કામે મરણ પામેલ વ્યકિત બાબતે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકનઃ–</u>**

આ ગુનાના કામે મહમદઈસરાર મહમદજલીલ ઈજા થવાના કારણે મરણ પામેલ અને તેઓની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ કરનાર સાહેદ વિનય હરીભાઈ શુકલને આ કામે સાહેદ નં.૧૦૭૦ તરીકે આંક–૭૨૬૪ થી તપાસેલા છે. તેમની સરતપાસ મુજબ બનાવ વખતે તેઓ એસ.ઓ.જી. ક્રાઈમ બ્રાન્ચમાં ફરજ બજાવતા હતા અને તા.૩૧/૭/૨૦૦૮ ના રોજ આ ગુનાના કામે ઈજા પામનાર મોહમદ ઈસરાર મોહમદજલીલનાઓનું વાડીલાલ સારાભાઈ હોસ્પિટલમાં સારવાર દરમ્યાન મૃત્યુ થયેલું હોવાથી તે અંગેની વર્ધી મળતાં તેઓ હોસ્પિટલે ગયેલાં અને મરણ જનારની લાશનું ઈન્કવેસ્ટ પંચનામું પંચોની હાજરીમાં કરેલુ જે પંચનામુ આંક–૧૨૭૩ વાળુ બતાવવામાં આવતા તેમાં બે પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ કામે સાહેદ વિનય શુકલનાઓએ ગુજરનાર મહમદઈસરાર મહમદજલીલની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ આંક–૧૨૭૩ વાળુ કરેલુ આ પંચનામુ જે પંચોની હાજરીમાં કરવામાં આવેલુ તે પંચનામાના પંચો પૈકી પંચ ફહીમ અબ્દુલ ગફાર અન્સારી કે જે ગુજરનારના મામા હોવાનું જણાવેલ અને તેમની હાજરીમાં ઈન્કવેસ્ટ પંચનામુ કરેલુ. આ સાહેદને સાહેદ નં.૨૫૦ તરીકે આંક–૧૨૭૨ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તેઓને તા. ૩૧/૭/૨૦૦૮ નાં રોજ રાતના આઠેક વાગ્યાની આસપાસ વી.એસ. હોસ્પિટલ ના પી.એમ.રૂમમાં બોલાવેલા અને પોલીસે તેમની હાજરીમાં ઈન્કવેસ્ટ પંચનામુ કરેલુ જે આંક–૧૨૭૩ વાળા પંચનામામાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ કામે ગુજરનાર મહમદઈસરાર મહમદજલીલનાઓની લાશનું શબ પરિક્ષણ માટે વી.એસ. હોસ્પિટલ અમદાવાદ ખાતે મોકલી આપેલી અને ત્યાં શબ પરિક્ષણ કરવામાં આવેલુ. શબ પરિક્ષણ કરનાર સાહેદ ડૉ. નૈમેશ

રમેશચંદ્ર ભોજકને સાહેદ નં.૪૮ તરીકે આંક–૭૪૭ થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ પ્રમાણે તા.૧/૮/૨૦૦૮ નાં રોજ તેઓ વી.એસ. હોસ્પિટલ ખાતે ફરજ પર હતા ત્યારે ઈન્કવેસ્ટ રીપોર્ટ સાથે મહમદ ઈસરાર મહમદજલીલનો મૃતદેહ શબ પરિક્ષણ માટે મળેલો. આ મૃતદેહ પુરૂષનો હતો, તેના શરીરના જુદા–જુદા ભાગો ઉપર ઈજાઓ થયેલી હતી તે ઈજાઓ પી.એમ. નોટ આંક–૭૫૦ ના કોલમ નં.૧૭ માં જણાવેલી છે તે પ્રમાણેની ઈજાઓ હતી અને આ સાહેદના અભિપ્રાય પ્રમાણે આ વ્યકિતનુ મૃત્યુ બ્લાસ્ટમાં ઈજા થવાના કારણે થયેલાનો અભિપ્રાય છે. શબ પરિક્ષણ નોટમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

(૩૧.૦૨) <u>અમદાવાદ શહેરના દાણીલીમડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૧૪૦/૨૦૦૮ ના કામે ઈજા પામેલ વ્યકિતઓ બાબતે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકનઃ–</u>

દાણીલીમડા પોલીસ સ્ટેશનના આ બનાવમાં દિપકભાઈ ડાહ્યાભાઈનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૯૬ તરીકે આંક–૯૧૦ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેઓ સાંજના નોકરી પુરી કરી શટલ રીક્ષામાં બેસીને ઘર તરફ જતા હતા ત્યારે નારોલ સર્કલથી હનુમાનજીના મંદિરવાળા વિસ્તાર પાસે એક બોમ્બ ફુટેલો જેના કારણે આ સાહેદને માથામાં ઈજા થયેલી અને લોહી નીકળેલુ જેથી સારવાર માટે ડૉ.કુંદનભાઈના દવાખાને લઈ ગયેલા અને પાછળથી દુખાવો રહેતા વી.એસ. હોસ્પિટલમાં ગયેલા. વધુમાં આ સાહેદના કહેવા પ્રમાણે આ બનાવના ઘણા બધા લોકોને ઈજા થયેલી. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો બનાવની સામે ચાલીને પોલીસને જાણ કરેલ નથી તે કબૂલ કરે છે.

ત્યારબાદ ઈજા પામનાર દિપકભાઈ ડાહ્યાભાઈની સારવાર કરનાર ડૉ.જયદેવકુમાર શીવદાન મોઢને સાહેદ નં.૨૭૯ તરીકે આંક–૧૪૭૭થી તપાસેલા છે. આ સાહેદની આ બનાવ પુરતી સરતપાસ ધ્યાને લઈએ તો તા. ૩૧/૭/૨૦૦૮ ના રોજ એક દિપકભાઈને સવારે ૯.૧૦ મિનિટે, ઉ.વ. ૧૮,

રહે. દાણીલીમડાનાઓને સારવાર અર્થે તેમની સમક્ષ લાવવામાં આવેલા હતા ઈજા પામનારે જણાવેલ કેસ હીસ્ટ્રી મુજબ તા.૨૬/૦૭/૨૦૦૮ના રોજ નારોલ ખાતે થયેલ બોમ્બ ધડાકામાં તેઓને ઈજા થયેલી હતી. આ દર્દીના જણાવ્યા મુજબ દર્દીએ જે તે વખતે કોઈ સરકારી હોસ્પિટલમાં સારવાર લીધેલી ન હતી પણ ખાનગી હોસ્પિટલમાં સારવાર લીધેલી હતી. આ દર્દીને આ સાહેદે તપાસેલા, તેઓ સભાન હતા તથા સમય સ્થળ અને વ્યક્તિથી પરીચીત હતા. તેઓના શરીર ઉપર ઈજાઓ હતી. દર્દીના કપાળના ભાગે નાના ગોળાકાર કાળા ડાઘ (સ્પોટ)ની હાજરી હતી. તે ભાગનો એક્સ રે લેતાં કોઈ અસ્થિભંગ કે બાહ્યપદાર્થ માલુમ પડેલ નથી. દર્દીને ન્યુરો સર્જિકલ નિષ્ણાંત ડૉકટર તરફ રીફર કરેલા હતા. આ મુજબનુ આ સાહેદે પ્રમાણપત્ર આપેલ જે આંક–૧૪૮૬થી રજૂ છે જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

દાણીલીમડા પોલીસ સ્ટેશનના આ બનાવમાં દિનેશ જશારામ મેઘવાલનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૯૩ તરીકે આંક–૯૦૭થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેઓ લોડીંગ રીક્ષામાં બેસીને જતા હતા. રીક્ષા રમેશ ચલાવતો હતો અને આ સાહેદ પાછળ બેસેલા તે વખતે સાંજે છ વાગ્યાની આસપાસ હનુમાનજી મંદિર નારોલ ખાતેથી પસાર થતા હતા ત્યારે બોમ્બ ફુટે તેવો ધડાકો થયેલો જેમાં આ સાહેદને ઈજા થયેલી, હીરારામને પણ ઈજા થયેલી જેથી આ સાહેદને એલ.જી. હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયેલાનું જણાવે છે.

ત્યારબાદ દાણીલીમડા પોલીસ સ્ટેશનના આ બનાવમાં તુલશીરામ નાગજીરામ ગુજજરનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૯૮ તરીકે આંક–૯૨૧ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાંજના સવા છ વાગ્યા દરમ્યાન તેમની લારીની બાજુમાં એક સાઇકલ હતી ત્યાં એકદમ ધડાકો થયેલો. બોમ્બ ફુટવાથી છરા તથા કરચ ઉડેલા આ સાહેદને જમણી આંખ નીચે તથા ગળાથી પેટ સુધી તથા નીચેના ભાગે, ડાબા હાથે વાગવાથી ઈજા થયેલી. આ વખતે ૧૦૮ એમ્બ્યુલન્સ આવેલી. આ સાહેદને

તથા બીજા ઈજા પામનારાઓને એલ.જી. હોસ્પિટલ સારવાર માટે લઈ ગયેલા. આ સાહેદે બનાવ વખતે પહેરેલા કપડા જે પોલીસ સમક્ષ રજૂ કરેલા તે કપડા અદાલત રૂબરૂ બતાવતા ઓળખી બતાવેલા છે.

ત્યારબાદ ઈજા પામનાર દિનેશ જશારામ તથા તુલસીરામ નાગજીરામનાઓની સારવાર કરનાર ડૉ. નિરવ હસમુખભાઈ પંચાલને સાહેદ નં.૨૮૨ તરીકે આંક–૧૫૨૬ થી તપાસેલા છે. આ સાહેદની આ બનાવ પુરતી સરતપાસ ધ્યાને લઈએ તો તા. ૨૬/૭/૨૦૦૮ ના રાત્રીના ૧૧.૫૫ વાગે એક દિનેશભાઈ જશાજીનાઓ સારવાર માટે આવેલા હતા. તેઓને આ સાહેદે તપાસેલા અને અંદરના દર્દી તરીકે દાખલ કરવામાં આવેલા અને તા.૧/૮/૨૦૦૮ ના રોજ રજા આપવામાં આવેલી. આ સાહેદને જણાવવામાં આવેલ કેસ હીસ્ટ્રી મુજબ નારોલ ખાતે સાંજના ૬.૦૦ વાગે થયેલ બોમ્બ ધડાકામાં ઈજા થઈ હતી. દર્દી માથામાં થયેલ ઈજામાંથી લોહી નીકળવાની અને દુઃખાવો થયાની ફરિયાદ કરતા હતા. આ સાહેદે દર્દીને તપાસેલા ત્યારે તેઓ સભાન હતા. દર્દી સમય, સ્થળ અને વ્યક્તિથી પરીચીત હતા. આ સાહેદે દર્દીને તપાસતાં દર્દીને ઈજાઓ હતી. જેમાં દર્દીના કપાળમાં ડાબી બાજુએ ૩ સે.મી. x ૧ સે.મી.ના માપનો કપાયેલ છુંદાયેલ ઘા હતો. આ બાબતનું પ્રમાણપત્ર આપેલું જે આ કામે આંક–૧૫૩૦ થી રજૂ છે તેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

વધુમાં સદર સાહેદ જણાવે છે કે તા. ૨૭/૭/૨૦૦૮ના રોજ વહેલી સવારે ૨.૨૦ વાગ્યાના સુમારે એક તુલસીદાસ ગુર્જરનાઓ સારવાર માટે આવેલા હતા. તેઓને આ સાહેદે તપાસેલા અને તેઓને અંદરના દર્દી તરીકે દાખલ કરવામાં આવેલા અને તેઓને તા.૧/૮/૨૦૦૮ના રોજ રજા આપવામાં આવેલી. આ સાહેદને જણાવવામાં આવેલ કેસ હીસ્ટ્રી મુજબ તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સાંજના ૬.૩૦ વાગ્યાના સુમારે નારોલ ચાર રસ્તા (ચોકડી) પાસે થયેલ બોમ્બ ધડાકામાં તેઓને ઈજા થયેલી હતી. આ સાહેદે દર્દીને તપાસેલા ત્યારે તેઓ સભાન હતા. દર્દી સમય, સ્થળ અને વ્યક્તિથી પરીચીત હતા. આ સાહેદે દર્દીને તપાસતાં ઈજાઓ હતી. જેમા દર્દીને છાતીમાં નીચેના હિસ્સામાં તથા પેટની

ઉપરના હિસ્સામાં ઘણા બધા ઉજરડા કે જેને કારણે છાપ પડી ગયેલી તેવા પ્રકારની ઈજાઓ હતી. આ બાબતનું પ્રમાણપત્ર આપેલું છે જે આ કામે આંક–૧૫૩૧ થી રજૂ છે તેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આ સાહેદના મંતવ્ય પ્રમાણે બંને દર્દીઓને થયેલી ઉપરોકત ઈજાઓ કોઈક ધડાકામાં કે બ્લાસ્ટમાં દબાણપૂર્વક કોઈ ચીજવસ્તુ અથડાય તો આવી ઈજા થઈ શકે.

દાણીલીમડા પોલીસ સ્ટેશનના આ બનાવમાં નવિનભાઈ કાંતિભાઈ ભરવાડને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૯૨ તરીકે આંક–૯૦૬ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ તેઓ તથા તેમના મિત્ર સુરેશભાઈનાઓએ નારોલ હનુમાનજીના મંદિર પાસે મોટર સાઈકિલ પાર્ક કરીને જતા હતા તે વખતે બોમ્બ ધડાકો થયેલો જેના કારણે આ સાહેદને કપાળ તથા હાથ ઉપર ઈજા થયેલી અને તેમના મિત્ર સુરેશભાઈને પણ ઈજા થયેલી જેથી સારવાર માટે હોસ્પિટલ લઈ ગયેલાનું જણાવે છે.

ત્યારબાદ ઈજા પામનાર નવિનભાઈ કાંતિભાઈ ભરવાડની સારવાર કરનાર ડૉ. અશોકભાઈ બાબુભાઈ મોદીને સાહેદ નં.૩૦૦ તરીકે આંક–૧૫૯૭ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ એક નવિનભાઈ કાંતિભાઈ ભરવાડને બોમ્બ ધડાકામાં ઈજા થતા સારવાર માટે તેમની પાસે લાવેલા અને બે દિવસ તેઓને બહારના દર્દી તરીકે સારવાર આપેલી. તેઓને શરીર ઉપર, કપાળના ભાગે, ડાબા હાથ ઉપર, ડાબા કાંડેથી કોણી સુધીના ભાગે, જમણા થાપા તેમજ પીઠના ભાગે ઈજાઓ થયેલ હતી. તેમને જે સારવાર આપેલી તેનું પ્રમાણપત્ર આંક–૧૫૯૮ થી રજૂ છે તથા તેના કેસ પેપર આંક–૧૫૯૯ થી રજૂ છે જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

દાણીલીમડા પોલીસ સ્ટેશનના આ બનાવમાં ભરત કનૈયાલાલ પંચાલને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૯૫ તરીકે આંક–૯૦૯થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેઓ

સંકટમોચન હનુમાનજી મંદિર નારોલ સર્કલ પાસેથી પસાર થતા હતા ત્યારે એકદમ બોમ્બ ફુટેલો જેના કારણે આ સાહેદને બોમ્બના છરા ડાબા હાથે તથા બરડામાં વાગેલા અને લોહી નીકળેલુ જેથી આ સાહેદને કૃષ્ણકુંજ ટેનામેન્ટના નાકે આવેલ ડો.ભદ્રેશ શાહને ત્યાં લઈ ગયેલા અને ત્યારબાદ ડૉ.જગદ ભટ્ટને ત્યાં ભાડૂઆત નગર ખાતે લઈ ગયેલા અને ત્યાં ઓપરેશન કરાવેલુ અને શરીરમાંથી છરા કાઢેલા જે છરા પોલીસે પંચનામાની રૂએ કબજે કરેલાનું જણાવે છે.

ત્યારબાદ ઈજા પામનાર ભરત કનૈયાલાલ પંચાલની સારવાર કરનાર ડૉ. જગત ભટ્ટને સાહેદ નં.૩૦૨ તરીકે આંક–૧૬૦૩ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ ધ્યાને લઈએ તો તેઓ અમદાવાદ ખાતે મણીનગર વિસ્તારમાં જાન્વી ફ્રેક્ચર અને ઓર્થોપેડીકના નામથી તબીબી વ્યવસાય કરે છે. તા. ૨૬/૭/૨૦૦૮ ના રોજ તેઓની હોસ્પિટલમાં એક ભરતભાઇ પંચાલ, ઉ.વ. ૨૮ નાઓને કે જેઓને તેમની સાથેની વ્યક્તિ વિષ્ણુભાઇ પંચાલ સાંજના ૭–૪૫ વાગ્યાના સુમારે પોલીસ યાદી વગર સારવાર માટે લાવેલા હતા. તેઓએ કેસ હિસ્ટ્રીમાં દર્શાવેલુ કે તેઓને બોમ્બ ધડાકામાં ઈજા થયેલી છે. આ સાહેદે તેઓને તપાસતા દર્દીના ડાબા હાથે કોણીથી કાંડા સુધીના ભાગમાં તથા છાતીના ભાગે એક કરતાં વધારે કુલ પાંચ ઉઝરડા હતા. આ તમામ ઘા ઉપરછલ્લા હતા. આ ઘા કોણીથી ૧૦ સે.મી. દૂર હતા. અને જેના માપ ૧ સે.મી. x ૧ સે.મી. ના હતા. તેમજ આ દર્દીના ડાબા હાથની પાછળના ભાગે ૧ સે.મી. x ૧ સે.મી. ના માપના આગળના ભાગે ઉઝરડો હતો તથા આ સિવાય દર્દીને છાતીમાં ડાબી બાજુએ ડીટડીથી ૧૨.૫ સે.મી. ના અંતરે ૧ x ૧.૫ સે.મી.ના માપનો ઉંડો ઉઝરડો હતો. આ સાહેદે દર્દીના શરીરમાંથી ઓપરેશન કરી છરા કાઢેલા અને આ મુજબનુ પ્રમાણપત્ર આંક–૧૬૦૪ થી રજૂ કરેલ છે જેમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

દાણીલીમડા પોલીસ સ્ટેશનના આ બનાવમાં દિપકભાઈ ડાહ્યાભાઈ પરમારને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૯૬ તરીકે

આંક–૯૧૦ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેઓ હનુમાનજી મંદિર નારોલ સર્કલ પાસેથી રીક્ષામાં પસાર થતા હતા ત્યારે એકદમ બોમ્બ ફુટેલો જેના કારણે આ સાહેદને માથામાં કપાળના ભાગે વાગવાથી લોહી નીકળેલુ જેથી ડૉ.કુન્દનભાઈના દવાખાને સારવાર માટે લઈ ગયેલા તેમ જણાવે છે.

ત્યારબાદ ઈજા પામનાર દિપકભાઈ ડાહ્યાભાઈ પરમારની સારવાર કરનાર ડૉ. કુન્દન મોતીભાઈ અમીનને સાહેદ નં.૩૦૭ તરીકે આંક–૧૬૧૭ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ ધ્યાને લઈએ તો તેઓ અમદાવાદમાં આશીર્વાદ સોસાયટી ખાતે તબીબી વ્યવસાય કરે છે. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ રાત્રીના ૮.૦૦ વાગ્યાના સુમારે એક દિપકભાઈ ડાહ્યાભાઈ પરમાર તેમના દવાખાનામાં સારવાર માટે આવેલા હતા. આ દર્દીને લીટી જેવા પ્રકારની ઘાની ઈજા માથાના આગળ કપાળના ભાગે હતી. દર્દીએ બોમ્બ ધડાકામાં ઈજા થઈ હોવાનુ જણાવેલ હતું. આ સાહેદે દર્દીને ડ્રેસીંગ કરેલું, ધનુર ન થાય તેનું ઈન્જેક્શન અને દવા આપેલી અને દર્દીને વી.એસ.હોસ્પિટલ તથા બીજી સરકારી હોસ્પિટલમાં જવાની સલાહ આપેલી અને આ મુજબનુ પ્રમાણપત્ર આંક–૧૬૧૮ થી રજૂ કરેલ છે જેમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

દાણીલીમડા પોલીસ સ્ટેશનના આ બનાવમાં વાદ્યેલા પુષ્પાબેન જયંતિલાલને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૯૪ તરીકે આંક–૯૦૮ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેઓ સાંજના છ વાગે રીક્ષામાં બેસીને નારોલ સર્કલ પાસે આવેલા અને રીક્ષામાંથી ઉતરીને બીજી રીક્ષામાં બેસવા રોડ ક્રોસ કરતા હતા તે વખતે હનુમાનજી મંદીર પાસે પાછળના ભાગે એક મોટો ધડાકો થયેલો જેના કારણે આ સાહેદને પીઠના ભાગે, ગરદન ઉપર તથા ડાબા પગે ઘુંટણ ઉપર ઈજા થયેલી જેથી એલ.જી. હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયેલાનું જણાવે છે.

દાણીલીમડા પોલીસ સ્ટેશનના આ બનાવમાં સુબરાબાનુ મહમદ જલીલ ખલીફાને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૯૯ તરીકે આંક–

૯૨૩ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેઓ વટવા કેનાલ પરથી ઓટો રીક્ષામાં બેસીને તેમના દીકરા સાથે નારોલ સર્કલ ઉપર આવેલા ત્યારે સાંજના છ–સવા છ વાગે તેમના દીકરા સાથે રોડ ક્રોસ કરતા હતા ત્યારે સંકટમોચન હનુમાનના મંદિર પાસે એકદમ ધડાકો થયેલો જેના કારણે આ સાહેદને ગરદન ઉપર તથા ડાબા થાપામાં તેમજ તેમના દીકરાને માથાના ભાગે અને જમણા હાથે ઈજા થયેલી જેથી વી.એસ. હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયેલાનું જણાવે છે.

દાણીલીમડા પોલીસ સ્ટેશનના આ બનાવમાં સુરેજકુમાર માધવલાલ એન્જીનીયરને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૧૧૭ તરીકે આંક–૯૫૩ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/ ૨૦૦૮ નાં રોજ તેઓ નારોલ સર્કલ પાસે સાંજના સવા છ વાગે મોટર સાઇકલ ઉભુ રાખી કુટની લારી પાસે પાર્ક કરતા હતા ત્યારે અચાનક બોમ્બ ફુટેલો જેથી આ સાહેદ રોડ ઉપર પડી ગયેલા. બોમ્બ ફુટવાના કારણે આ સાહેદને ડાબા હાથના પંજાથી કોણીના ભાગ સુધી તેમજ પેટમાં અને ડાબા પગના સાથળ ઉપર લોખંડના છરા અને કરચો વાગેલી જેથી વી.એસ. હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયેલા. આ ઉપરાંત આ સાહેદે બનાવ વખતે પહેરેલા કપડા પોલીસમાં તેમની પત્ની ભાવનાબેને રજૂ કરેલા તે કપડા અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે.

આ કામે ઉપરોકત ઈજા પામનારાઓ વાઘેલા પુષ્પાબેન જયંતિલાલ તથા સુબરાબાનુ મહમદજલીલ ખલીફા તથા સુરેશ માધવલાલ એન્જીનીયર તથા ભીમચરણ રામદાસ મનોહર તથા હીરાજી ગીગાજીનાઓને આ બનાવમાં જે ઈજાઓ થયેલી અને આ ઈજા પામનારાઓએ જે સારવારો કરાવેલી તે સારવારના પ્રમાણપત્રો ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલાં છે જે આરોપી તરફથી કબૂલ કરવામાં આવતા અનુક્રમે આંક–૭૧૬૩, ૭૧૬૫, ૭૧૬૬, ૭૧૬૨ અને ૭૧૬૪ થી રજૂ કરેલા છે. જેમાં સારવાર કરનાર ડૉકટરોની સહી છે.

(૩૧.૦૩) <u>અમદાવાદના શહેરના દાણીલીમડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૧૪૦/૨૦૦૮ ના કામે બનાવને સમર્થન માટે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકનઃ–</u>

દાણીલીમડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નારોલ સર્કલ, હનુમાનજી ના મંદિર પાછળ જાહેરમાં જે બોમ્બ બ્લાસ્ટ થયેલો છે તે માટે ફરિયાદપક્ષ દ્વારા અર્જુનભાઈ અરવિંદભાઈ ખત્રીને સાહેદ નં.૭૪૭ તરીકે આંક–૩૫૩૫ થી તપાસવામાં આવેલા છે. તેઓ તેમની સરતપાસ પ્રમાણે તેઓ નારોલ સર્કલ હનુમાનજીના મંદિરમાં પુજા કરે છે. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાંજના સમયે મંદિરની પાછળ આઈસ્ક્રીમવાળાની લારી પાસે સાઈકલ ઉપર બોમ્બ બ્લાસ્ટ થયેલ અને થોડીવાર પછી મિત્તલ સેલ્સ પાસે પણ બોમ્બ ધડાકો થયેલો આ સાહેદે ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવીને ઈજા પામનારને સારવાર માટે મોકલી આપેલાનું જણાવેલ છે. આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલ છે તે જોતા આઈસ્ક્રીમની લારી પાસે માત્ર એક સાઈકલ હતી બીજા વાહનો હતા નહીં તેમ જણાવે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી રીતેષભાઈ વિનોદભાઈ પટેલને સાહેદ નં.૧૦૨૯ તરીકે આંક–૭૦૩૬ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ નારોલ સર્કલ હનુમાનજીના મંદિર પાસે પોતાનું બાઈક પાર્ક કરતા હતા તે વખતે સાઈકલ ઉપર બોમ્બ બ્લાસ્ટ થતા તેમની બાઈકને નુકસાન થયેલાનું જણાવેલ છે. આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલ છે તે ધ્યાને લેતાં બનાવવાળી જગ્યા ઉપર આ સાહેદ દશેક મિનિટ રોકાયેલાનું જણાવે છે તે દરમ્યાન ત્યાં પોલીસ આવી ગયેલી અને જગ્યા કોર્ડન કરેલી. આ હકીકત ધ્યાને લેતા બોમ્બ બ્લાસ્ટ થયેલો છે તે હકીકત સાબીત થાય છે. પોલીસ આવી તે વખતે આ સાહેદનું નિવેદન લેવામાં આવેલુ નહીં તેમ જણાવે છે પરંતુ આવો બનાવ બને ત્યારે તાત્કાલિક નિવેદન નોંધવાનું અશકય હોય છે જેથી તાત્કાલિક નિવેદન ન નોંધ્યુ તો તેનો અર્થ એવો ન થાય કે આ સાહેદે બનાવ નજરે જોયેલ નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી દિપકભાઈ રાયમલભાઈ પટણીને સાહેદ નં.પ૨૭ તરીકે આંક–૨૯૬૮ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ એસ.ઓ.જી. ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ ખાતે ફરજ બજાવે છે અને બનાવના ઈજા પામનાર તુલસીરામ નાગજીભાઈ તથા સુરેશભાઈ માધવલાલના લોહીના નમૂના ડૉકટરશ્રી પાસે મેળવીને તપાસ કરનાર અધિકારીને સોંપેલાનું જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી ભીખાભાઈ ઠાકરસીભાઈ સોલંકીને સાહેદ નં.પ૨૪ તરીકે આંક–૨૯૬૩ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તેઓ દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા અને બનાવના દિવસે નારોલ સર્કલ હનુમાનજીના મંદિર પાછળ આઈસ્ક્રીમની લારી પાસે બોમ્બ બ્લાસ્ટ થયેલ જેથી તેઓ સ્થળ ઉપર ગયેલ અને પોલીસ ઈન્સ્પેકટરની સુચના મુજબ કામ કરેલાનું જણાવેલ છે. આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલ છે તે ધ્યાને લેતાં પી.એસ.ઓ.એ આ બનાવની આ સાહેદને મૌખિકમાં જાણ કરેલી તેમ જણાવે છે. આ સાહેદે કરેલ કામગીરીની નોંધ તેમનો જવાબ લેનાર અધિકારી સમક્ષ રજૂ કરેલ નથી તેમ જણાવે છે. પરંતુ આવા બનાવ વખતે પોલીસના માણસો તાત્કાલિક જે કંઈ કામગીરી કરે તેની નોંધ રાખવી જોઈએ તેવી કાયદામાં કોઈ જોગવાઈ નથી અને તેવી કોઈ પ્રક્રિયા પણ હોતી નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી જીતેન્દ્રસિંહ વિરભદ્રસિંહ રાઠોડને સાહેદ નં.પ૧૮ તરીકે આંક–૨૯૫૬ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તેઓ દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા અને બનાવના દિવસે નારોલ સર્કલ હનુમાનજીના મંદિર પાછળ આઈસ્ક્રીમની લારી પાસે બોમ્બ બ્લાસ્ટ થયેલ જેથી તેઓ સ્થળ ઉપર ગયેલ અને પોલીસ ઈન્સ્પેકટરની સુચના મુજબ કામ કરેલાનું જણાવેલ છે. આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલ છે તે જોતા બનાવ સ્થળે આ સાહેદ પહોંચ્યા તે પહેલા આ સાહેદના ઉપરી અધિકારી ત્યાં પહોંચી ગયા હતા. આ ઉપરી અધિકારી

કોણ હતા તે આ સાહેદ કહી શકે તેમ નથી. આ સાહેદે બનાવ બાદ આશરે સાત વર્ષ બાદ જુબાની આપેલી હોવાથી ઉપરી અધિકારી કોણ હતા તે સ્વાભાવિક છે કે જણાવી શકે નહીં.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી સુંદરજી ચેતનદાસ અમલાણીને સાહેદ નં.૫૪૩ તરીકે આંક–૨૯૯૮ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે દાણીલીમડાના ગુનાના કામે ઈજા પામનાર દિનેશ જશારામ મેઘવાલ અને પુષ્પાબેન જયંતીલાલ વાઘેલાનાઓના નિવેદન લીધેલ અને સારવાર સર્ટીફીકેટ મેળવવા માટે યાદી લખેલાનું જણાવેલ છે.

આમ, દાણીલીમડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નારોલ સર્કલ, હનુમાનજીના મંદિર પાછળ જાહેરમાં તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ કલાક ૧૮.૧૫ થી ૧૮.૩૦ વાગે સાઇકલ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલો અને આ બોમ્બ બ્લાસ્ટમાં કુલ એક માણસ મરણ ગયેલ અને દસ માણસોને ઈજાઓ થયેલી તથા વાહનોને નુકસાન થયેલું તે હકીકત ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા ઉપરોકત તમામ પુરાવા ઉપરથી સાબીત થાય છે તેમ હું માનુ છું.

(૩૨) **<u>અમદાવાદ જિલ્લાના સરખેજ પોલીસ સ્ટેશનની હકુમતના વિસ્તારમાં એ.એમ.ટી.એસ. બસ નં.જીજે–૧–વીવી–૮૩૯૦, રૂટ નં.૭૧ માં બોમ્બ પ્લાન્ટેશન કરી બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલ તે બનાવ પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન.</u>**

– વિસ્તાર:– સરખેજ પોલીસ સ્ટેશનની હદમાં

– સ્થળ :– સરખેજ–વાસણા રોડ, સરખેજથી અંબર ટાવર વચ્ચે, નેશનલ હાઈવે, સરખેજ, પૂર્વે ૧/૨ કી.મી. સરખેજ ટાઉન, બીટ ઉપર જાહેરમાં

– તારીખ:– ૨૬/૭/૨૦૦૮

– સમય:– કલાક ૧૯.૦૦ (સાંજે)

– ગુના રજીસ્ટર નં.ફર્સ્ટ ૧૮૧/૨૦૦૮
– મરણ જનારની સંખ્યા:– બે
– ઈજા પામનારની સંખ્યા:– નવ
– બનાવમાં વપરાયેલ વાહનઃ– એ.એમ.ટી.એસ. બસ નં.જીજે–૧–વીવી–૮૩૯૦, રૂટ નં.૭૧

તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સરખેજ પોલીસ સ્ટેશનની હકૂમતમાં આવેલ વિસ્તાર સરખેજ–વાસણા રોડ, સરખેજથી અંબર ટાવર વચ્ચે, નેશનલ હાઈવે, સરખેજ, પૂર્વે ૧/૨ કી.મી. સરખેજ ટાઉન, બીટ ઉપર જાહેરમાં એ.એમ. ટી.એસ. બસ નં.જીજે–૧–વીવી–૮૩૯૦, રૂટ નં.૭૧ માં બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલો તેની ફરિયાદ માનસંગજી બેચરજી ઠાકોરનાઓએ પોલીસ ઈન્સ્પેકટર સરખેજ પોલીસ સ્ટેશન સમક્ષ લખાવેલી. આ ફરિયાદીને ફરિયાદપક્ષ દ્વારા સાહેદ નં.૧૭ તરીકે આંક–૫૩૭ થી તપાસવામાં આવેલા છે. તેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે તેઓ એ.એમ.ટી.એસ.માં ૧૯૮૬ થી ડ્રાઈવર તરીકે નોકરી કરે છે. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સરખેજથી નીકળી ૫.૩૦ વાગ્યે ચીનુભાઈ નગર પહોંચેલા અને ચીનુભાઈ નગરથી ૧૭.૪૦ વાગ્યે નીકળી સરખેજ જવા રવાના થયેલા, બસમાં ૩૦–૪૦ પેસેન્જર હતા. બસ અંબર ટાવર પાસે આવતા રોકેલી અને પેસેન્જરોને બસમાંથી ઉતારી સરખેજ તરફ બસ જવા દીધેલી ત્યારે થોડુ આગળ ચાલતા ૬.૪૫ વાગ્યાના વિસ્તારમાં ડ્રાઈવર સીટની પાસે ત્રીજી–ચોથી શીટ પાસે ધડાકો થયેલો જેથી બસ રોકી દીધેલી, બસમાં બેઠેલા પેસેન્જરો દોડાદોડ કરવા લાગેલા અને ભાગી ગયેલા, કેટલાકને ઈજા થયેલી, બસની છત તથા સાઈડનું પતરૂ નીકળી ગયેલુ જેથી ફરિયાદી સરખેજ પોલીસ સ્ટેશને ગયેલા અને આ બનાવની ફરિયાદ લખાવેલી. આ સાહેદે પોતાની આંક–૫૩૮ વાળી ફરિયાદમાં ઉપર મુજબની હકીકત લખાવેલી છે અને ફરિયાદમાં પોતાની સહી ઓળખી બતાવે છે.

ફરિયાદી માનસંગજી બેચરજી ઠાકોરનાઓએ ઉપરોકત ફરિયાદ જેની સમક્ષ લખાવી તે ફરિયાદ લેનાર મહંમદ ખીજર અહેમદ ચૌહાણ હતા તેઓને

ફરિયાદપક્ષે આ કામે સાહેદ નં.૭૮૨ તરીકે આંક–૪૦૭૩થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સરખેજ પોલીસ સ્ટેશનમાં પોતાની કામગીરીમાં હતા ત્યારે સરખેજ રોડ ઉપર અંબર ટાવર પાસે બસમાં ધડાકો થયેલો તેની જાણ કલાક ૧૯.૧૫ વાગ્યે થયેલી જેથી આ સાહેદ સ્થળ ઉપર પહોંચેલા અને મોબાઈલથી પોલીસ અધીક્ષકને જાણ કરેલી. જગ્યાને સુરક્ષિત કરેલી, બચાવની કામગીરી કરેલી અને ફરિયાદી માનસંગજી બેચરજી ઠાકોરની ફરિયાદ લીધેલી અને તે ફરિયાદ યાદી સાથે પી.એસ.ઓ. સરખેજને ગુનો રજીસ્ટર કરવા મોકલી આપેલી. એફ.એસ.એલ. અધિકારી તથા બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડને બનાવ સ્થળે પહોંચવા જાણ કરેલી, તેઓ ત્યાં આવી ગયેલા, પંચોની હાજરીમાં પંચનામુ કરી મુદ્દામાલ કબજે કરેલો અને બસનું પંચનામુ કરેલુ. પંચનામાની વિગત મુજબ...

(૧) કાટમાળમાંથી સ્ટીલના આખા વિકૃત થયેલા છરાઓ, ખીલ્લીઓ, નટ બોલ્ટ જેવા ભાગો, ધાતુનો તાર

(૨) રેગ્ઝીનના ટુકડાઓ, ફોર્મના ટુકડા, સીટોની પ્લાયના ટુકડાઓ.

(૩) લોહીવાળી ૧૦૦ ગ્રામ જેટલી માટી.

(૪) કન્ટ્રોલ માટી.

(૫) વેરવિખેર પડેલ કાટમાળમાંથી ધાતુના ટુકડાઓ જેની ઉપર લોહી તથા કાળાશ હતુ તથા છરા જેવા માર્ક ધરાવતા ધાતુના નંગ–૪, ફલોરીંગ સીટના બે ટુકડા, એલ્યુમીનીયમનો ટુકડો જેના ઉપર લોહીના સુકાયેલા ડાઘ, લોખંડની શીટનો એક ટુકડો.

(૬) કાચના ટુકડા, રેગ્ઝીનના ટુકડા, કાપડના ટુકડા, સ્ટીલના છરા.

(૭) પ્લાસ્ટિકના કેરેટમાં ત્રણ ડબ્બાનું ટીફીન જેની ઉપર બાબુભાઈ પાંચાભાઈનુ નામ, એક કપડાની સ્કૂલ બેગ, અભ્યાસના પુસ્તકો, નોટબુકો, વિદ્યાર્થીનું ઓળખ કાર્ડ.

ઉપરોકત મુદ્દામાલ આ સાહેદે પંચોની હાજરીમાં પંચનામુ કરી કબજે કરેલો જે પંચનામુ આંક–૧૯૦૧થી રજૂ કરેલુ છે જેમાં આ સાહેદે પંચોની

તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવેલી છે. આ ઉપરાંત પંચોની હાજરીમાં આ સાહેદે પંચોની સહીવાળી સ્લીપો બનાવી મુદ્દામાલ ઉપર લગાવેલી તે પંચ સ્લીપો આંક–૧૯૦૩, ૧૯૦૪, ૧૯૦૯ થી ૧૯૧૯ સુધી રજૂ કરી છે તેમાં આ સાહેદે રૂબરૂ તરીકે પોતાની તથા પંચોની સહીઓ ઓળખી બતાવે છે. આ ઉપરાંત એફ.એસ.એલ. અધિકારીની હાજરીમાં આ સાહેદે જે પંચનામુ તા. ૨૭/૭/૨૦૦૮ નાં રોજ કલાક ૧૪.૩૦ વાગ્યે કરેલુ અને પંચનામાની વિગતે મુદ્દામાલ કબજે કરેલો તે પંચનામામાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે, જે પંચનામુ આ કામે આંક–૧૯૦૨ થી રજૂ કરેલુ છે.

આ ફરિયાદ લીધા બાદ સાહેદ મહંમદ ખીજર અહેમદ ચૌહાણે ગુનો રજીસ્ટર કરવા માટે પી.એસ.ઓ. સરખેજને પોતાના રીપોર્ટ સાથે મોકલી આપેલી તે રીપોર્ટ આંક–૬૧૪ થી રજૂ કરેલો છે જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવી છે. પી.એસ.ઓ. સરખેજનાઓએ આ ફરિયાદને સ્ટેશન ડાયરીમાં રજીસ્ટર કરેલી તે સ્ટેશન ડાયરીની નકલ આ કામે આંક–૬૧૩ થી રજૂ કરેલી છે. તે રજીસ્ટર કરનાર સાહેદ લલ્લુભાઈ જેરામભાઈ દેસાઈઓને સાહેદ નં.૩૪ તરીકે આંક–૬૧૨ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લેતા તેઓ બનાવના દિવસે પી.એસ.ઓ. તરીકે સરખેજ પોલીસ સ્ટેશનમાં ફરજ ઉપર હતા ત્યારે એક સૂચિપત્ર ચૌહાણની સહીથી મોકલવામાં આવેલુ અને ગુનો નોંધેલો અને સ્ટેશન ડાયરી એન્ટ્રી નં.૧૭ આપેલી. આ સાહેદ પોતાના હસ્તાક્ષર સ્ટેશન ડાયરીમાં ઓળખી બતાવે છે.

આ કામે ફરિયાદી માનસંગજી બેચરજી ઠાકોરની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલી છે તે ધ્યાને લેતા ગુમા નગરથી સરખેજ સુધીના પેસેન્જરો સામાન્ય રીતે મુસ્લીમ પેસેન્જરો હોય છે તે કબૂલ કરે છે. બોમ્બ ધડાકો થયો ત્યારે ધમાલ થયેલી અને તેમા આ સાહેદને ડર લાગેલો તે કબૂલ કરે છે. અંબર ટાવરથી સરખેજ પોલીસ સ્ટેશન ૩ થી ૪ કીમી દુર છે તે કબૂલ કરે છે. આ સિવાય બીજી કોઈ મહત્વની હકીકતો ઊલટતપાસમાંથી નીકળી આવતી નથી.

ફરિયાદ લેનાર સાહેદ મહંમદ ખીજર અહેમદ ચૌહાણની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલ છે તે ધ્યાને લેતા બનાવની જાણ તેઓને મોબાઈલ ટેલીફોનથી કરવામાં આવેલી, ગુનો રજીસ્ટર થયા પછી આગળની તપાસ આ સાહેદને સોંપવામાં આવેલી તેમ જણાવે છે. બનાવ સ્થળ ઉપર ક્રિ.પ્રો.કોડની કલમ–૧૫૭ નો રીપોર્ટ કરેલો તે કબૂલ કરે છે. બનાવનું સ્થળ અંબર ટાવર સામેનું છે તે કબૂલ કરે છે. આ હકીકત ધ્યાને લેતા બનાવ અંબર ટાવર સામે બસમાં બનેલો તે આરોપીઓ તરફે કબૂલાત્મક રીતે પુછવામાં આવેલુ છે. વધુ ઊલટતપાસ ધ્યાને લેતાં તા.૨૯/૭/૨૦૦૮ સુધી આ સાહેદ પાસે તપાસ રહેલી તે દરમ્યાન બનાવ સબંધેના આરોપીઓના નામ કે સરનામા મળી આવેલા નહીં તે કબૂલ કરે છે. સાહેદોના નિવેદનો લીધેલાની હકીકત નકારેલી છે. શંકાસ્પદ વ્યકિતઓના સ્કેચ બનાવેલા નથી, પંચનામા વખતે કયા તબકકે એફ.એસ.એલ. અધિકારી આવેલા તેનો ઉલ્લેખ નથી તે કબૂલ કરે છે. પંચનામામાં બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડ અને એફ.એસ.એલ. અધિકારીની સહીઓ લીધી નથી તે કબૂલ કરે છે. પંચોને બોલાવવા કોણ ગયેલુ તે યાદ નથી પરંતુ બનાવ પછી ઘણા સમય બાદ સાહેદે જુબાની આપેલી હોવાથી આ હકીકત યાદ ન રહે તે સ્વાભાવિક છે. વીડિયોગ્રાફી અને ફોટોગ્રાફી આ સાહેદની હાજરીમાં થયેલાનું જણાવે છે. ઊલટતપાસ દરમ્યાન આંક–૪૦૪૮ થી ફોટોગ્રાફ બચાવપક્ષ દ્વારા રજૂ થયા છે.

હવે પી.એસ.ઓ. લલ્લુભાઈ જેરામભાઈ દેસાઈની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલ છે તે ધ્યાને લેતા પોલીસ સ્ટેશનના પી.એસ.ઓ. એ કસ્ટડી બુક, એફ.આઈ.આર. રજીસ્ટર, ટેલીફોન વર્ધિ બુક તથા સ્ટેશન ડાયરી આમ ચાર રેકોર્ડ રાખવાના હોય છે તે કબૂલ કરે છે. આ સિવાય બીજી કોઈ હકીકત નીકળી આવતી નથી.

સાહેદ મહંમદ ખીજર અહેમદ ચૌહાણનાઓએ બે પંચોની હાજરીમાં આંક–૧૯૦૧ વાળુ ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરી જે મુદ્દામાલ કબજે કરેલો તે પંચનામાના પંચો પૈકીના પંચ ઈન્તેખાબ આલમ ફજલુરહેમાન શેખને સાહેદ

નં.૩૪૮ તરીકે આંક–૧૯૦૦ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ રાત્રે ૮.૩૦ થી ૮.૪૫ વાગ્યાના સુમારે તેઓ પોતાની દુકાન બંધ કરી બદરપ્લાઝા પાસેથી પસાર હતા ત્યારે પોલીસે ત્યાં બોલાવેલા અને બોમ્બ ધડાકો થયેલો હોવાથી પંચનામુ કરવુ છે તેમ જણાવેલુ. આ જગ્યા જુહાપુરા થી સરખેજ જતા રોડ ઉપર હતી, ત્યાં એક એ.એમ.ટી.એસ. બસ પડેલ હતી, આ બસ જુહાપુરાથી સરખેજ જતા રોડ ઉપર હતી. બસનું મોઢુ પશ્ચિમ દિશાનું હતુ, તેનો નં.જીજે–૧–૮૩૯૦ હતો. આગળના ભાગે વીન્ડ સ્ક્રીનના કાચ તુટી ગયેલા હતા. પોલીસે આ બસની જમણી બાજુના આગળના ટાયરથી રોડ ડીવાઇડર સુધીના તથા જમણી બાજુના પાછળના ટાયરથી રોડ ડીવાઈડર સુધી તથા ડાબી બાજુના આગળના ટાયરથી રોડની કિનારી સુધી તથા ડાબી બાજુના પાછળના ટાયરથી રોડની કિનારી સુધીના માપો લીધેલા. બસના ડ્રાઈવર બાજુએ સાઈડમાં સીએનજી ટેન્ક (ટાંકી) ગોઠવેલી હતી. આ બસની સીએનજી ટેન્કની ઉપરની બાજુએ બસનું સાઈડનું પતરૂ કે જ્યાં સીટ નં.૨,૩,૪ આવે છે તેનું પતરૂ બહારની તરફ નીકળી ગયેલુ હતું. આ સિવાય આ જગ્યાની બારીઓની ફ્રેમ પણ તુટી ગયેલી હતી અને બારીની થાંભલીઓ બહારની તરફ લટકી રહેલી હતી. બારીના કાચ તુટી ગયેલા હતા. આ ફ્રેમો વિગેરે તુટીને બહારની બાજુએ લટકી રહેલા હતા. બસની છતના ઉપરના ભાગનું પતરૂ તુટીને બહારની તરફ ખુલી ગયેલું હતું. બસની બહારની તરફ એટલે કે રોડ ઉપર છરા (પેલેટ) ખીલીઓ, બોલ્ટ વિગેરે પડેલા હતા. આ સિવાય બસના પતરામાં પણ છરાના નાના–નાના કાણાં હતા. કેટલાંક આરપાર કાણાં હતા અને કેટલાંકમાં છરા (પેલેટ) ભરાયેલા હતા. બારીના કાચમાં લાગતી રબરની પટ્ટીઓ પણ તુટીને વેર વિખેર થયેલી હતી. બસ બોમ્બ ધડાકા પછી થોડી આગળ ગઈ હોય તેવું જણાતું હતું. આ ચીજવસ્તુઓ બહાર વેર વિખેર પડેલી હતી જેમાં રેક્ઝીનના ટુકડા ફોમના ટુકડા હતા તથા બસની પાછળના ભાગે રૂટ ૧૫૦ તેવું લખેલું હતું. આ રૂટનું બોર્ડ બહારની તરફ લટકેલું હતું. આ બસ ધડાકા પછી કેટલી

આગળ ગયેલી તેનું અંતર યાદ નથી પણ તેનું માપ જે તે વખતે લેવામાં આવેલું.

વધુમાં આ સાહેદ સરતપાસામાં જણાવેલ છે કે આ જે વસ્તુઓ વેર વિખેર પડેલી હતી તે નાશ ન પામે તે માટે લોકોના ટોળાં દુર કરી પોલીસે તે જગ્યા કોર્ડન કરેલી હતી. તે જગ્યાએ બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડની ટીમ જેમાં એક ગોસ્વામી ભાઈ હતા અને એફ.એસ.એલ.ના અધિકારીઓ જેમાં એક શર્મા સાહેબ હતા તે આવેલા. બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડના માણસોએ બસની અંદર પોતાના સાધનોથી ચેક કરી હવે બસ સુરક્ષીત છે અને એફ.એસ.એલ.ના માણસો અંદર જઈ બસ ચેક કરી શકે છે તેવું જણાવેલ. બસની બહાર જે મરક્યુરી લાઈટો હતી તે તથા પોલીસના વાહનોની લાઈટના અજવાળે પંચનામું કરવાની કાર્યવાહી શરૂ કરી હતી. ત્યારપછી આ જે વસ્તુઓ પડી હતી તે બહારની બાજુ હતી તેમાંથી સેમ્પલો લેવાનું શરૂ કરી તેમાંથી આશરે કુલ –૧૧ જેટલા સેમ્પલો લીધેલા. અત્યારે કેટલા સેમ્પલ લીધેલા તે ચોક્કસ યાદ નથી. જે પ્રથમ નંબરનું પાર્સલ લીધેલું તેમાં બહારની બાજુએ છરા (પેલેટ), ખીલી, નટબોલ્ટ, ફ્લોરીંગનો ઉખડેલો ભાગ વિગેરે સેમ્પલ લઈ પ્રથમ એક પ્લાસ્ટિકની કોથળીમાં તે મુકી તેનું મોઢું બાંધી તેને પ્લાસ્ટિકના ડબ્બામા મૂકી તેને બંધ કરી તેની ઉપર દોરો લગાવી તેઓની સહીઓવાળી કાપલી લગાવી પોલીસ ઈન્સ્પેક્ટર એસ.ઓ.જી.નું સીલ લાખથી લગાવેલ. આ જે પાર્સલ હતું તેને માર્ક 'એ' આપવામાં આવેલો.

બીજુ જે પાર્સલ કરેલું તેમાં જે સીટોના કુશનના ટુકડા, રેકઝીનના ટુડકા, તેના પ્લાયના ટુકડા જે બહાર પડેલા હતા તે ભેગા કરી એક પ્લાસ્ટિકની કોથળીમાં મુકી તેના મોઢું બાંધી પ્લાસ્ટિકના ડબ્બામાં મુકી તે બંધ કરી તેની ઉપર દોરો બાંધી પંચોની સહીઓવાળી તથા અધિકારીની સહીવાળી કાપલી લગાવી તે ઉપર લાલ લાખથી પોલીસ ઈન્સ્પેક્ટર એસ.ઓ.જી. ગ્રામ્યનું લાખનું સીલ કરેલું તેને માર્ક 'બી' આપવામાં આવેલો.

આ સિવાય અન્ય પાર્સલમાં બસના પાછળના દરવાજાથી બહારની બાજુએ જે લોહીનો ડાઘો હતો તે ડાઘ વાળી જગ્યાને કોતરી તેને ભેગો કરી એક

પ્લાસ્ટિકની કોથળીમાં મુકેલ જેનું મોઢું બંધ કરી પ્લાસ્ટિકના ડબ્બામાં મુકી તે પ્લાસ્ટિકનો ડબ્બો બંધ કરી તેને દોરી બાંધી પંચોની સહીઓવાળી કાપલી લગાવી ઉપર જણાવેલ તે રીતે લાખથી સીલ કરી કબજે લીધેલ તેને માર્ક 'સી' આપવામાં આવેલો.

ત્યારબાદ આ જે લોહીનો ડાઘો હતો તેનાથી આશરે બે પાંચ ફુટ દુર સાદી માટી એકઠી કરી પ્લાસ્ટિકની કોથળીમાં મુકી તેને ડબ્બામાં મુકી તે ડબ્બાને દોરીથી બાંધી પંચો તથા સાહેબની સહીઓ કરાવી તેની ઉપર પોલીસ ઈન્સ્પેક્ટર એસ.ઓ.જી. ગ્રામ્યનું સીલ લગાવી કબજે લીધેલ. તે પાર્સલને માર્ક 'સી૧' નંબર આપેલો.

આ સિવાય એક બરણીમાં જે આજુ બાજુમાં નટબોલ્ટ, છરા સીટકવરના ટુકડા પડેલ હતા તે એકત્ર કરી મુકી તેને બંધ કરી તેની પર પંચો અને સાહેબની સહી વાળી કાપલી લગાવી સીલ કરી પોલીસ ઈન્સ્પેક્ટર એસ.ઓ.જી. ગ્રામ્યનું સીલ લગાવી કબજે લીધેલ. આશરે બે થી ચાર જેટલાં પતરાંના ટુકડા કે જેની પર હીટ માર્ક થયેલા હતા, કાળા ડાઘા વાળા હતા, કેટલાકમાં છરા આરપાર નીકળેલા કેટલાકમાં છરા અંદર ભરાઈ ગયેલા તેવા કેટલાક ટુકડાઓ એક મીણીયાની થેલીમાં મુકી તેનું મોંઢુ સીવી તેની પર પંચો તથા અધિકારીઓની સહીવાળી કાપલી લગાવી પોલીસ ઈન્સ્પેક્ટર એસ.ઓ.જી. ગ્રામ્યનું સીલ લગાવેલ તે રીતે કબજે લીધેલ. જેને માર્ક 'ડી' આપવામાં આવેલો.

બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડની જે ટીમ આવેલી હતી તેઓએ તપાસ કરીને એક સ્કુલની વિદ્યાર્થીનું આઈ કાર્ડ તથા ટીફીન કે જેની ઉપર બાબુભાઈ પંચાલ લખેલું હતું તે અકબંધ હતું તે નિર્દોષ વસ્તુ છે તેમ કહી પોલીસ પાસે અનામત રાખેલ. ત્યારબાદ પોલીસે જણાવેલું કે બસની અંદરના ભાગનું પંચનામું લાઈટ નહીં હોવાથી તથા ટોળું ઘણુ ભેગુ થયેલ હોવાથી કાયદાની વ્યવસ્થા બરોબર જળવાય નહીં તેમ હોવાથી તે બાબતનું પંચનામું બીજે દિવસે કરીશું. આવું કહ્યા બાદ તે દિવસનું પંચનામું પુરૂ કરી ત્યારપછી તેમની સહી લેવામાં આવેલી. આંક–૧૯૦૧ વાળા પંચનામાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે

છે તથા આંક–૧૯૦૩, ૧૯૦૪ તથા ૧૯૦૯ થી ૧૯૧૨ સુધીની પંચ સ્લીપોમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

આ ઉપરાંત આ સાહેદ વધુમાં એમ પણ જણાવે છે કે તે દિવસે એવું કહેવામાં આવેલું કે તેમને બીજે દિવસે સવારે આઠ વાગે સરખેજ પોલીસ સ્ટેશન પહોંચવાનું છે. બીજે દિવસે સવારના આઠ વાગે સરખેજ પોલીસ સ્ટેશન પહોંચેલા ત્યારબાદ શાંતિપુરા સર્કલે પહોંચવાનું કહેતા તેઓ તે સર્કલે પહોંચેલા. આ શાંતિપુરા સર્કલથી ડાબી બાજુએ એક ઈબ્રાહિમભાઈ સીદ્દીકભાઈનો ભંગારનો વાડો હતો ત્યાં સાહેદ ગયેલા. આગલા દિવસ વાળી બસ તે જગ્યાએ પોલીસ દ્વારા કોર્ડન કરીને સાચવી રાખવામાં આવી હતી. પોલીસે સાહેદને જણાવેલું કે એફ.એસ.એલ.ના અધિકારી આવે પછી પંચનામું કરવાનું છે.આ પંચનામું કરવામાં પંચ તરીકે રહેવાની સ્વખુશી બતાવેલી. આગલે દિવસે જે બસ જોયેલી તે જ બસ કે જેનો નંબર જીજે–૧–વીવી–૮૩૯૦ વાળી હતી તે જોયેલી અને બસના આગળના દરવાજેથી અંદર ગયેલા જ્યાં ડ્રાઈવરની કેબીન પાસેની સીટ નં.૧ અકબંધ હતી પણ સીટ નં. ૨, ૩ અને ૪ ને વધારે નુકસાન થયેલું હતું. જે સીટ નં.૨ હતી તે છુટી ફોલ્ડીંગ હતી તેને ઉઠાવીને જોતાં તેની નીચે બેટરી, વાયરો અકબંધ હતા. સીટ નં. ૩,૪ની નીચેના ભાગે રેક્ઝીનના ટુકડા, પ્લાયના ટુકડા, ફોર્મના ટુકડા વેરવિખેર થઈ નીચે પડેલા હતા. આ સિવાય અંદરના ભાગે નીચે છરા, નટબોલ્ટ, પ્લાયના ટુકડા પડેલા હતા. સીટ નં. ૩ની નીચે ધાતુની કોઈક ફ્રેમ હતી અને ત્યાં નીચે બોગદું પડેલું હતું. આ બોગદાની નીચે સીએનજીની ટાંકી હતી. બસના ઉપરના છતના પતરાં બહારની તરફ ખુલી ગયેલા હતા. સીટની સાઈડના પતરાં બહારની તરફ ફાટીને ખુલી ગયેલા હતા. બસની અંદરના ભાગે ફ્લોરીંગમાં નટબોલ્ટ, છરા (પેલેટ) વિગેરે વિખરાઈ પડેલા હતા તે જોયું હતું. બંને બાજુની સીટોની લાઈનની વચ્ચેના ફ્લોરીંગ ઉપર લોહીના સુકાઈ ગયેલા ડાઘા હતા. એફ.એસ.એલના શર્મા સાહેબે સેમ્પલો કલેક્ટ કરવાની કાર્યવાહી શરૂ કરેલી. બસની અંદરના ભાગે જે લોહીના ડાઘાને રૂ ના પુમડા વડે ઘસી જેમાં દસ ટકા મીઠાના પાણીવાળું હતું તે લઈ પ્લાસ્ટિકની કોથળીમાં મુકી તેનું મોંઢુ બંધ

કરી તેને પ્લાસ્ટિકની ડબ્બીમાં મુકી બંધ કરી દોરાથી બાંધી પંચોની સહીઓવાળી કાપલી લગાવી સીલ કરી કબજે લીધેલ. જેને 'એફ' માર્ક આપવામાં આવેલ.

આ જે લોહીના ડાઘવાળુ સેમ્પલ લીધું તેનાથી બે થી ચાર કુટના અંતરે એક લોહીના રેલા જેવું હતું જેને એક રૂ જેને દસ ટકા મીઠાના પાણીમાં પલાળી સાફ કરી તે રૂને પ્લાસ્ટિકની કોથળીમાં મુકી તેને બંધ કરી પ્લાસ્ટિકની ડબ્બીમાં મુકી તેની પર દોરો બાંધી બંધ કરી પંચોની તથા પોલીસ ઈન્સ.ની સહીઓવાળી કાપલી લગાવી પોલીસ ઇન્સ્પેકટર એસ.ઓ.જી. ગ્રામ્યનું સીલ કરી કબજે કરેલ. તેને માર્ક 'જી' આપવામાં આવેલ. ત્યારબાદ જે રેકઝીનના ટુકડા હતા તે તથા છરા (પેલેટ)ને પ્લાસ્ટિકની કોથળીમાં મુકી બંધ કરી પ્લાસ્ટિકના ખોખામાં મુકી બંધ કરી દોરો બાંધી પંચોની સહીઓવાળી કાપલી મુકી સીલ કરી પી.આઈ. એસ.ઓ.જી.નું સીલ કરી કબજે લીધેલ. જેને માર્ક 'એચ' આપવામાં આવેલ. આ સિવાય બસમાંથી લોહીના બીજા સેમ્પલો લઈ તેને પ્લાસ્ટિકની કોથળીમાં મુકી બંધ કરી પ્લાસ્ટિકના ડબ્બામાં મુકી બંધ કરી દોરીથી બાંધી પંચોની સહીવાળી કાપલી લગાવી પી.આઈ. એસ.ઓ.જી.નું સીલ કરી કબજે લીધેલ.

આ સિવાય બસમાં એક કપડાંની કથ્થઈ કલરની થેલી હતી. જે થેલીમાં હીટમાર્ક થયેલા અસંખ્ય કાણા હતા, તેની ઉપરનું હેન્ડલ જેવું નાકા તુટીને દુર પડેલા હતા. આ થેલી તથા તેનું નાકું પ્લાસ્ટિકની કોથળીમાં મુકી તેનું મોઢું બંધ કરી સીલ કરી કબજે લીધેલ. આ સિવાય એકાદ બે પતરાંના ટુકડા પણ પ્લાસ્ટિકની થેલીમાં મુકી તેનું મોઢું બંધ કરી થેલીમાં મુકેલ અને તેની પર પંચો અને સાહેબની સહીવાળી કાપલી લગાવી સીલ કરી કબજે લીધેલ. આ સિવાય ધડાકો થઈને જે પતરાં તુટેલા તે બે ચાર ટુકડા કાપી કે જેની ઉપર લીલા અને કાળા રંગના હીટમાર્ક થયેલ હતા તે ટુકડા કબજે લીધેલા. આ ટુકડાઓને કપડાંની થેલીમાં મુકી તેનું મોઢું બંધ કરી પંચોની સહીઓવાળી કાપલી લગાવી

લાખનું સીલ કરી કબજે લીધેલ. તેની ઉપર જે સીલ હતું તે પોલીસ ઇન્સ્પેકટર એસ.ઓ.જી. નું કરવામાં આવેલ.

આ સિવાય બસમાં અંદરના ભાગે પાઉડર જેવો જે પદાર્થ હતો તેને કોતરી તેને પ્લાસ્ટિકની કોથળીમાં મુકી બંધ કરી પ્લાસ્ટિકના ડબ્બામાં મુકી બંધ કરી તેની ઉપર પંચોની સહીઓવાળી કાપલી લગાવી પોલીસ ઇન્સ્પેકટર એસ.ઓ.જી. ગ્રામ્યનું લાખનું સીલ લગાવી કબજે લીધેલ. આ સિવાય સીટ નં. ૩ અને ૪ પાસે પડેલ રેકઝીન ટુકડા, કથ્થઈ રંગના કપડાનાં ટુકડા એક પ્લાસ્ટિકની થેલીમાં મુકી બંધ કરી તેને પ્લાસ્ટિકના ડબ્બામાં મુકી બંધ કરી પંચોની સહીઓવાળી કાપલી લગાવી પોલીસ ઇન્સ્પેકટર એસ.ઓ.જી. ગ્રામ્યનું લાખ લગાવી સીલ કરેલ. બસને આશરે ત્રણ થી ચાર લાખ રૂપિયાનું નુકસાન થયેલાનું જણાતું હતું. આ બધી કાર્યવાહી દરમ્યાન ફોટોગ્રાફી તથા વીડિયોગ્રાફીની કાર્યવાહી ચાલુ હતી. આ જે ચીજવસ્તુઓ કબજે કરેલ તે તથા બસના જે ફોટોગ્રાફ્સ લીધેલા અને પંચનામુ બનાવેલુ તે આ કામે આંક–૧૯૦૨ થી ૨જૂ કરેલુ છે તેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

આ સાહેદને અદાલત રૂબરૂ મુદ્દામાલ પાવતી નં.૧૨૦/૮, અનુક્રમ નં.૧ વાળો મુદ્દામાલ ધાતુનો તાર, નટબોલ્ટ, છરા વિગેરે બતાવતા સાહેદ તે ઓળખી બતાવે છે તથા મુદ્દામાલ ઉપરની પંચ સ્લીપો આંક–૧૯૧૩ થી ૧૯૧૯ ઉપર આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

હવે આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવી છે તે ધ્યાને લઈએ તો જે જગ્યાએ પ્રથમ પંચનામુ કર્યુ તે જગ્યા જુહાપુરાથી સરખેજ જતો હાઈવે રોડ છે તે કબૂલ કરે છે. પ્રથમ દિવસે બસની અંદર ગયા ન હતા જેથી બસની અંદરના પેસેન્જરોનો સામન હતો કે નહીં તે ખબર નથી તેમજ બસની અંદરની સ્થિતિની ખબર નથી. ફોટોગ્રાફી અને વીડિયોગ્રાફી કોણ કરતા હતા તેની ખબર નથી. ફોટોગ્રાફી જે કેમેરા દ્વારા થયેલી તે સીલ કરી કબજે લીધેલો કે કેમ તેની ખબર નથી. પોલીસ સ્ટેશન જતા કેટલો સમય થાય તે કહી શકે તેમ નથી. બીજા દિવસે પંચનામા વખતે બીજા માણસ અસરફખાન હતા.

બીજા દિવસે પંચનામામાં ગયા ન હતા તો તે હકીકત નકારી છે. જુબાનીમાં મુદ્દામાલ "એચ" નું જે વર્ણન કર્યુ તે સાચુ હતુ તે પ્રશ્નના જવાબમાં સાહેદ જણાવે છે કે લખવામાં શબ્દ આઘોપાછો થયો હોય તેવુ બને. પંચનામામાં ગયા ત્યારે પોલીસના કેટલા વાહનો હશે તેની ખબર નથી. પંચનામુ સતત ત્રણ કલાક ચાલેલુ તે કબૂલ કરે છે. પંચનામામાં બોલાવનાર પોલીસના નામની ખબર નથી. પંચનામામાં શું લખેલુ તે અત્યારે યાદ નથી તેના જવાબમાં સાહેદે જણાવેલુ છે કે જેટલુ યાદ હતુ તેટલુ લખાવેલ છે. બીજા દિવસના પંચનામા વખતે એફ.એસ.એલ. ના અધિકારીઓની રાહ જોવામાં આવેલી કે કેમ તો સાહેદે જણાવેલુ છે કે યાદ નથી.

શરૂઆતના તપાસ કરનાર અધિકારી મહંમદ ખીજરનાઓએ આ બનાવ પછી સ્થળ ઉપર એફ.એસ.એલ.ના અધિકારીને બોલાવેલા તે અધિકારી કિશોરભાઈ અરવિંદભાઈને સાહેદ નં.૮૩૨ તરીકે આંક–૫૬૧૨ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લેતા તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સરખેજ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટરશ્રીની એક યાદી મળેલી અને તે મુજબ અંબર ટાવર નજીક બદર પ્લાઝા સામે સરખેજ–જુહાપુરા રોડ ખાતે ગયેલા અને ત્યાં બસ નં.જીજે–૧–વીવી–૮૩૯૦ પડેલી હતી. ત્યાં સ્થળનું નિરીક્ષણ કરેલુ. જુહાપુરા સરખેજના વચ્ચેના ડીવાઈડરવાળા રોડ ઉપર ઉપરોક્ત જણાવેલ જગ્યાએ સરખેજ તરફ જતી દિશામાં એ.એમ.ટી.એસ. બસ પડેલ છે. જેનો આર.ટી.ઓ. રજીસ્ટ્રેશન નં. GJ1VV8390 વાંચેલ છે. જેનો રૂટ નં.૧૫૦ સરખેજગામ થી ચીનુભાઈનગર રૂટ ધરાવતું લખાણ વંચાતુ હતું.

- સદર બસના ડ્રાઈવરના આગળનો કાચ તુટી ગયેલ.
- સદર બસના જમણા પડખામાં સી.એન.જી. ટેન્ક ધરાવતા ભાગનો આસરે ૮ ફુટ જેટલો ભાગ જે બસના પતરાથી કવર થયેલ હોય છે. તે પતરાનો ભાગ (જે બસની ડ્રાઈવરની સીટ ક્રમાંક ૩,૪ને કવર કરે છે.) તે પતરાઓ ફાટીને તુટેલ સ્થિતિમાં તેમજ વિકૃતિ સ્થિતિમાં બહાર પડેલ છે. જેના કેટલાંક પતરાના ભાગો તુટીને

નીચે પડેલ છે. સદર પતરામાં અસંખ્ય નાના કાણાં (હીટમાર્ક) દેખાય છે. જેમાં કાણાંઓની ખાસ લાક્ષણિકતા જે રીતે ધાતુના છરાઓ અંદરથી જમણા પતરાને સંલગ્ન ઉપરના છતના મધ્યભાગ સુધીના પતરા વિકૃત થઈને બહાર તરફ વળેલા દેખાય છે. તેમાં પણ કાણાંઓની પેટન્ટ અંદરથી બહાર તરફે ગતિ પેનેટ્રેટ કરે તે રીતની લાક્ષણિકતા જોવા મળેલ.

- સદર છતના વળી ગયેલ પતરાના ભાગો ઉપર કાળો ચીકણો પદાર્થ (બ્લેકનીંગ પેટન્ટ) જોવા મળેલ.
- ઉપરોકત તમામ કામગીરી બહારથી કરવામાં આવી કારણ કે સદર બસની પાછળની સીટમાં એક ટીફીન સીટની ઉપરના ભાગે બાંધેલ સ્થિતિમાં જોવા મળ્યું. જે પાછળના ખુલ્લા પ્રવેશદ્વાર માંથી જોઈ શકાતું હતું. બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડના સ્ટાફ દ્વારા તમામ બસ ચેક થઈ ગયા બાદ સદર બસમાં પ્રવેશવું હિતાવહ હોઈ સેફટી માટે સદર બસની બહારની રોડ ઉપરથી લોકોના ટોળાઓ દુર કરાવી સદર બસની પાછળના આસરે ૨૦૦ ફુટની લંબાઈના અસરગ્રસ્ત ધરાવતા વિસ્તારનું અવલોકન કરવામાં આવ્યું.
- બસના સી.એન.જી. ટેન્ક પાસેના ભાગ પાસેના પતરામાં અસંખ્ય કાણાંઓ જોવા મળેલ જે કાણાંઓનું નિરીક્ષણ કરતા કેટલાંક કાણાંઓમાં છરા ભરાયેલ સ્થિતિમાં જોવા મળ્યા. પરંતુ પતરાના મોટાભાગના કાણાંઓ આરપારના જણાયા જે કાણા તુટવાની દીશા બસની અંદરથી બહાર તરફ જતી હતી.
- ડ્રાઈવરની પાછળની સીટો જોતા ૩–૪ સીટો ઘણી વિકૃત રીતે તુટીને તેની ઉપરનું રેકઝીન ફોમ, નટ–બોલ્ટ, ધાતુનો મહદભાગ તુટી ફાટી ગયેલ સ્થિતિમાં જણાયેલ.
- સદર અસરગ્રસ્ત ભાગ પાસે રોડ ઉપર નીચે બસના તુટેલ કાચ, ધાતુની નાની મોટી પ્લેટ, નટ, બોલ્ટ, રીવેટ અને છરા, બસની

સીટના રેકઝીનના તુટેલ ફાટેલ વિકૃત થયેલ ભાગ તેની અંદરનું ડનલોપ ફોમ વગેરે વસ્તુઓ સદર ૩–૪ સીટ આનુષંગીક રોડ ઉપર જોવા મળેલ. જે સદર બસની પાછળ આશરે ૨૦૦ ફુટના ઘેરાવામાં તથા જમણા પડખાવાળી દિશામાં પડખાથી ક્રમશઃ ઘટતા ક્રમમાં જોવા મળ્યા.

- ડ્રાઈવરની કેબીનથી પાછળ છ કાચ તુટી ગયેલ જોવા મળે છે. જે પૈકી કેટલીક બારીની ફ્રેમો તેની ફરતા રબરના પેકીંગ પણ બહાર નીકળી રોડ ઉપર વિકૃત થયેલ જોવા મળેલ.
- સદર ૩–૪ સીટના ઉપરના પતરાનો ભાગ ઉપર તરફ તુટીને વળેલ છે. પરંતુ આ ૯ ફુટનો ઘેરાવાનો ભાગ ગોળાઈવાળો બનેલ હતો.
- સદર બસનું ડાબી તરફનું પતરૂ અકબંધ હતુ. બસમાં ડ્રાઈવરના દક્ષિણ છેડે ચડવાનું પતરૂ (કંડકટરનું પગ રાખવાનું પતરૂ) અંદરથી બહાર તરફ પ્રેશરથી વળેલું જણાયેલ.
- સદર બસના પાછળના પગથીયા પાસે લોહી જણાયેલ તથા સદર જગ્યાએથી નીચે અડધા ફુટના ઘેરાવામાં લોહીનું ધાબુ હતું.
- સદર રોડના વચ્ચેના ડીવાઈડર ઉપર બસની બારીની ફ્રેમો તથા રબર ટયુબ પડેલ છે. કેટલાંક બસના પતરાના ભાગો પણ કાળા તથા છરાના હીટમાર્ક સાથે ડીવાઈડર પાસે પડેલ જોવા મળેલાં.
- ઉપરોક્ત કામગીરી ચાલુ હતી ત્યારે બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડનો સ્ટાફ આવી સદર બસને અંદરથી ચેક કરવાની કાર્યવાહી ચાલુ કરવામાં આવેલી. નીચેના નમુનાઓ એફ.એસ.એલ.ની વિશેષ તપાસ કરાવવા સારૂ ડી.એફ.એસ. ગાંધીનગર મોકલવા સુચન કરવામાં આવેલું.
- સદર બસના જમણા પડખામાં જયાં પ્રમાણમાં વધુ વિકૃતિ જણાતી હતી તે જગ્યાએથી આસરે ૨૦ થી ૨૫ ફુટના ઘેરાવામાં ઘણી જ ડેબરીજ (કાટમાળ)પડેલ હતી.જે પૈકી સ્ટીલના આખા છરા, વિકૃત

થયેલ છરા, નટ બોલ્ટ, ખીલી, એક ધાતુનો તાર મળેલ. જેને એક કોથળીમાં પેક કરાવી–A.

- સદર જમણા પડખાથી આસરે ૨૫ ફુટના ઘેરાવામાં અશતઃ કાળાશ ધરાવતા ગર્મીયુકત સીટના રેકઝીનના ટુકડા, પ્લાયના ભાગો, ફોમના વિકૃત કાળાશ ધરાવતા નાના મોટા ભાગો, જેને કાળજી –પૂર્વક કબજે લેવડાવેલ–B.
- સદર બસની પાછળ દરવાજા પાસે રોડની ધારથી નજીક જમીન ઉપર આશરે એક ફુટના ઘેરાવામાં અનિયમિત આકારનું લોહી જેવું રતાશ પડતા ભુખડા ડાઘાયુકતવાળી માટી–C.
- થોડેદુરથી લીધેલ કંટ્રોલ માટી–C–1.
- સદર બસની પાછળના આશરે ૨૦૦ ફુટના ઘેરાવામાં પડેલા અસંખ્ય કાચના ટુકડાઓ તથા અન્ય ડેબરીજ સાથે ચાર નંગ નાના મોટા ધાતુના ભાગો મળેલ. જેની ઉપર લોહી તથા હીટમાર્ક જોવા મળેલ છે. જે પૈકી એલ્યુમિનિયમ જેવી ધાતુના વિકૃત ભાગના હીટમાર્ક આરપાર હતા.પરંતુ કેટલાંક હીટમાર્કમાં ધાતુના છરા ફસાયેલ જોવા મળ્યા. એક પતરાનો ભાગ જેમાં લીલા જેવા રંગ તરફ કાળાશ (બ્લેકનીંગ) જોવા મળેલ તથા બે મળી કુલ ચાર ટુકડાઓ કબજે લેવડાવેલ– D.
- સદર બસની પાછળ પૂર્વે આશરે ૨૦૦ ફુટના ઘેરાવામાંથી બસની જમણીબાજુના ડીવાઈડર ઉપર તથા તેની સહેજ ઉત્તરે જયાં વાહન વ્યવહાર ચાલુ હોય ત્યાં ઝીણું નિરીક્ષણ કરી એસ.ઓ.જી. સ્ટાફ દ્વારા તેઓની મદદથી ધૂળયુક્ત કચરા સાથે ભળી ગયેલ કાચના ટુકડાઓ, રેકઝીનના ટુકડાઓ, સીટના ફોમના કાળાશયુકત નાના મોટા ટુકડાઓ, સ્ટીલના છરા જે પૈકી કેટલાંક વિકૃત કેટલાંક આખા નટ બોલ્ટ, ખીલ્લી તથા અન્ય તમામ અવશેષોને કાળજીપૂર્વક ભેગા કરી કબજે કરેલ–E.

– બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડના સભ્યો દ્વારા સદર બસની અંદરનો તમામ ભાગ કાળજીપૂર્વક ચેક કર્યાનું જણાવી તેઓએ એક સ્કૂલ બેગ તથા એક હોટ રહી શકે તેવું ટિફિન બોક્ષ કોઈ પેસેન્જરનું હોવાનું જણાવતા સદર નિર્દોષ મુદ્દામાલને કબજે લીધેલ નથી.

ઉપરોક્ત તમામ કામગીરી સ્ટ્રીટલાઈટના અજવાળામાં ટોર્ચ તથા સરકારી ગાડીઓની હેડલાઈટનો ઉપયોગ કરીને કરવામાં આવેલી. ઉપરોક્ત કામગીરી દરમ્યાન લોકોના ટોળાઓ ઉપસ્થિત હોય અને બસનું અંદરનું અવલોકન રાત્રી હોવાના કારણે શક્ય ન હોય, સદર બસને ઉપરી અધિકારી દ્વારા સલામત જગ્યાએ ખસેડવા માટેની કામગીરી કરેલ હતી. ઉપરોક્ત કામગીરી તા.૨૬/૦૭/૨૦૦૮ ના ૨૧ કલાક થી તા. ૨૭/૦૭/૨૦૦૮ ના કલાક ૦૦.૪૫ દરમ્યાન કરેલ હતી. ત્યારબાદ તા.૨૭/૦૭/૦૮ના રોજ સવાર ના ૮.૦૦ વાગે સરદાર પટેલ રીંગ રોડ ઉપર શાંતિપુરા સર્કલ થી ડાબી તરફ આવેલ ઈબ્રાહીમ સીદ્દીકભાઈ શેખ, રહે. મકરબાના ભંગારનો ખુલ્લોવાડો જેને તમામ બાજુ થી કવર કરેલ છે. ત્યાં પહોંચેલા. ત્યાં તપાસ અધિકારીશ્રી ચૌહાણ સાહેબ, એસ.ઓ.જી. રૂરલ અમદાવાદ દ્વારા સદર બસને જે તે સ્થિતિમાં સાચવેલી હોવાનું જણાવે છે. જેનું ઝીણવટભર્યું નિરીક્ષણ કરતા નીચે મુજબ અવલોકનો માલૂમ પડેલ.

– પૂર્વ તરફ એ.એમ.ટી.એસ. બસ જેનો આર.ટી.ઓ. નં. GJ 1 VV 8390 છે. સદર બસના આગળ તરફના ડ્રાઈવર દરવાજાથી ઉપર ચડીને આવતા કંડકટર સીટના પગ રાખવા પાસેનું પતરૂ બહાર પડેલ છે. સદર બસના ડાબી તરફ અને જમણી તરફનું પેસેન્જરની બેસવાની સીટો છે જે પૈકી ડ્રાઈવરની પાછળની દિશામાં ડ્રાઈવરથી ઉંધી દીશામાં બેસી શકાય તે સીટ નં.૧ અકબંધ છે. જેને કોઈ નુકસાન નથી પરંતુ સદર સીટના ટેકો દેવાના ભાગ તથા ડ્રાઈવરની સીટના પાછળના એલ્યુમિનિયમ જેવી પટ્ટી ઉપર કાળા ચીકણા જેવા બળેલ, અર્ધ બળેલ પાર્ટીકલો ચોંટેલા જણાયેલાં.

- ઉપરોક્ત સીટ નં.૧ ની સામે રહેલ સીટ નં.૨ કે જે ડ્રાઈવરની સીટ તરફ મુખ રાખી બેસી શકાય તેવી સીટની ગોળાઈવાળી ફ્રેમને નુકસાન નથી પરંતુ તેની સીટનું ફોમ રેકઝીન વિકૃત થઈને ફાટી ગયેલી જણાયેલ.
- સદર સીટ નં.૨ ફોલ્ડીંગ હોય તેને ઉંચી કરીને જોતા બસની બેટરી મુકવાનું બોક્ષ આવેલ હતુ. જેની બેટરીઓ તથા લાલ રંગના કેબલ જે તે સ્થિતિમાં અકબંધ હતો.
- સદર સીટ નં.૨ની પાછળ રહેલ સીટ નં.૩ની ભુંગળી જેવી રચના ધરાવતી ધાતુની ફ્રેમ અતિ વિકૃત થયેલ હતો. તેની ઉપરનું રેકઝીન તથા ફોમ (ડનલોપ) અને પ્લાયનો ભાગ ટુટીને ફાટીને મીસીંગ હતું.
- સીટ નં.૩ સ્થિતિ પણ ઉપરની સીટની જેમ પ્રમાણમાં ઘણી વિકૃત સ્થિતિમાં જોવા મળેલી.
- સદર બે સીટ નીચેનો ફલોરીંગ (પગ રાખવાની જગ્યાનો ભાગ) એલ્યુમિનિયમ જેવો કેટલોક ભાગ મીસીંગ જણાય છે. બાકીનો કેટલોક ભાગ સદર જગ્યાએ કેટલોક નીચે રહેલ સી.એન.જી. ટાંકીની ખાંચમાં વિકૃત થઈને ફસાયેલ જણાયો.
- સદર જગ્યાએથી બે સી.એન.જી. ટાંકીઓ દેખાયેલી અને સદર જગ્યાએ વિકૃત થયેલ ભાગ ઉપર અસંખ્ય નાના કાણા આરપાર હોલ સાથે દ્રશ્યમાન થાય છે. જે પૈકી કેટલાંક કાણાંઓમાં ચળકતા ધાતુના છરાઓ ફસાયેલ સ્થિતિમાં પણ દેખાય છે. અને સી. એન. જી. ટેન્કની ઉપરની તરફ પણ સદર સાઈઝના હીટમાર્ક દ્રશ્યમાન થાય છે. તેમ છતાં સી.એન.જી. ટેન્ક અકબંધ હતી.
- સદર સીટ પાસેના જમણા પડખાનો બસના પતરા પણ બહાર તરફે ઉખડીને લટકી પડેલ સ્થિતિમાં જણાયા તેની ઉપર પણ ઘણા કાણાઓના હીટમાર્ક જોવા મળે છે. જે તમામ આરપાર હતાં.

- સદર સીટના આનુષંગીક જમણા પડખાનો ઉપરનો છત સુધીનો તમામ ભાગ ઉપર આકાશ તરફ વળી ગયેલ તે સ્થિતિમાં જણાયો. તેની ઉપર પણ હીટમાર્કના કાણા તથા ચિકાસયુક્ત કાળા દ્રશ્યમાન થતા હતાં. જે પતરાનો ઘણો ખરો ભાગ તુટી મીસીંગ પણ જણાય છે. સીટ નં.૩, ૪ની ઉપર મીસીંગ થયેલ ભાગ ૯ ફુટ જેટલો ભાગ અંદરથી બહાર તરફ પ્રેશરને કારણે બલ્બ જેવી રચનાવાળો દેખાય છે. ઉપરોક્ત તમામ અવલોકનોને આધારે ધડાકાનું કેન્દ્ર સીટ નં.૩, ૪ પાસે હોય તે પ્રકારના ચિન્હો જોવા મળેલાં.
- સદર ડ્રાઈવર સીટની પાછળ સીટ નં. ૫ થી ૧૧ સુધીની બાકીની સીટો જે તે સ્થિતિમાં અકબંધ હતી. સદર બસની કંડકટર સાઈડની તમામ સીટો જે તે સ્થિતિમાં અકબંધ હતી.
- સદર બસની પાછળ ચડવાના દરવાજા પાસે સુકાયેલ લોહીનો રેડાયેલ ભાગ આશરે પાંચ ફુટ બસમાં આગળ તરફ દ્રશ્યમાન હતો. સદર સીટ નં.૩, ૪ પાસે પ્રમાણમાં વધારે કાટમાળ હતો જેમાં આખા છરા, કેટલાંક વિકૃત થયેલ છરા, નટ બોલ્ટ, ખીલ્લીઓ, રેકઝીનતથા ફોમના નાના મોટા મધ્યમ કદના વિકૃત થયેલા ફાટેલા ભાગો કે જેમાં અશતઃ બ્લેકનીંગ જણાય છે તે સદર સીટ નં.૩, ૪ પાસે મહત્તમ પરંતુ બસ ક્રમશઃ આગળ તથા પાછળ તરફજતાં ઓછું હોય એવી વેરવિખેર સ્થિતિમાં જોવા મળેલી. સીટો ઉપર લોહીના ડાઘા જોવા મળેલાં.
- સદર બસનું ઝીણવટભર્યું નિરીક્ષણ/અવલોકન કરવામાં આવેલ તેની ફોટોગ્રાફી અને વીડિયોગ્રાફી કરાવેલ છે. સદર કામગીરી દરમ્યાન ડી.એફ.એસ. ગાંધીનગરના દહીયા સાહેબ, નાયબ નિયામક શ્રી, તથા ડી.એફ.એસ.ના મદદનીશ નિયામક શ્રી જી. ડી. શર્માના માર્ગદર્શન તેમજ સુચના હેઠળ કરવામાં આવ્યું.

નીચેના નમૂનાઓ વિશેષ તપાસ અર્થે કબજે લઈ ડી.એફ.એસ. ગાંધીનગર મોકલવા તપાસ અધિકારીને સુચન કરવામાં આવેલ.

- બસની સીટ પાસે પગ રાખવા પાસે ૧ ફુટના ઘેરાવામાં સુકાયેલ લોહી (તેની પ્રાથમિક લોહી કસોટી કરતા લોહી જણાય છે.)ના ડાઘાને ૧૦ ટકા મીઠાના પાણીમાં બોળેલ. સર્જીકલ કોનટ સ્વેબમાં ઘસીને લેવડાવેલ નમૂનો– F.
- બસના પાછળના દરવાજા પાસેથી આગળ તરફ આશરે પાંચ ફુટ સુધી રેડાયલ લોહીથી ખરડાયેલ ભાગને ઉપર્યુકત રીતે રૂના સ્વેબમાં ઘસીને લેવડાવેલ નમૂનો–G
- કંડકટર સીટ (ડાબીબાજુનો ભાગ) થી ગણતા સીટ નં.૬ ઉપરના લોહીના ડાઘાને ઉપર્યુકત રીતે રૂના સ્વેબમાં ઘસીને લેવડાવેલ– H
- સર્જીકલ કોટનને ૧૦ ટકા મીઠાના પાણીમાં બોળીને લીધેલ કંટ્રોલ સ્વેબ – H–1.
- બસની ડ્રાઈવરની સીટ થી સીટ નં.૫ થી પાછળની તમામ ફલોરીંગ ઉપર વેરવિખેર સ્થિતિમાં પડેલ ડેબરીજ (કાટમાળ) જેમાં નાના કાચના ટુકડાઓ, પ્લાયના ટુકડાના ભાગો, નાના મોટા સીટના ફોટ રેકઝીનના ટુકડાઓ, ધાતુના છરાઓ, તુટેલ નટ બોલ્ટ તથા અન્ય કચરો કાળજીપૂર્વક ભેગો કરીને લેવડાવેલ–I.
- બસની ડ્રાઈવર સાઈડની સીટ નં. ૩ , ૪ નંબર ની અસરગ્રસ્ત સીટની પાસે પડેલ કાળા રંગની ફાટીને પહોળી થયેલ થેલી જેની ઉપર ઘણા કાણાના હીટમાર્ક જણાયેલા. જેના નાકા પણ તુટીને સદર જગ્યાએ પડેલ હતા તે થેલી – J.
- ડ્રાઈવર સાઈડની સીટ નં.૩,૪ અસરગ્રસ્ત સીટ નીચેનો ભાગ તથા સદર બસ આગળ તરફ તમામ ફલોરીંગ ઉપર પેડલ કાટમાળ જેમાં નાના મોટા રેકઝીનના અંશતઃ કાળાશ પડતા ટુકડા, પ્લાયના

ટુકડાઓ તથા છરા, નટ બોલ્ટ વગેરે ભાગને સ્કેનીગ કરી કાળજીપૂર્વક કબજે લેવડાવેલ–K

– બસની જમણી સાઈડે રહેલ સીટ નં.૩ નીચે રહેલ ફલોરીંગનો ભાગ જેની સાઈઝ ૨.૫૦ ફુટ લાંબો તથા ૧.૨૫ ફુટ પહોળો જણાયેલ. તેમાં નાના નાના ઘણા હીટમાર્ક હતા. જે પૈકી કેટલાંક ધાતુના છરાઓ ઘસાયેલા જણાય છે. જેને કબજે લેવડાવેલ–L

– અસરગ્રસ્ત જમણા પડખાની સીટ સાથે સંકળાયેલ બસના બોડીનો ભાગ કે જે ઉપર છત સુધીનું પતરૂ જે ધડાકા સાથે ઉપર તરફ વળી ગયેલ હતું. જેમાંનો કેટલોક ભાગ મીસીંગ હતો. છરાના હીટમાર્ક તેમજ કાળશ પડતા દેખાતા હતાં. જેને કબજે લીધેલ–M

– બસની ડ્રાઈવર સીટની પાછળ આવેલ ઉભી એલ્યુમિનિયમ પટ્ટીનો સીટ નં.૩,૪ નો ભાગ જેની ઉપર બર્ન, અનબર્ન પાવડર જેવું ચોંટેલ હતું. તેને સ્ક્રેચ કરી કબજે લેવડાવેલ છે–N

– ઉપરોક્ત તમામ ડેબરીજ કબજે લીધેલ ત્યારે બસના જમણા પડખાવાળી અસરગ્રસ્ત સીટ નં.૩, ૪ પાસે આસરે ૭ થી ૧૦ ફુટના ઘેરાવા માંથી ઘેરા કથઈ રંગના કડક થયેલ કાપડના ટુકડાઓ કે જેની ઉપર ચેન જેવો ભાગ દ્રશ્યમાન થાય છે તેને અલગ કરીને કબજે લેવડાવેલ– O

– પ્રાથિમક તારણ ઉપરોક્ત અવલોકનોને આધારે સદર બસમાં બોમ્બ ધડાકા થયેલાનું જણાયેલું.પરંતુ ઉપરોક્ત નમૂનાઓને ડી.એફ.એસ. ગાંધીનગર વિશેષ પરિક્ષણ થયેથી વિશેષ રીપોર્ટ મેળવવા સુચન કરેલ. આ કામગીરી સાહેદે તા.૨૭/૦૭/૨૦૦૮ ના રોજ ૧૪.૦૦ કલાકે પૂર્ણ કરેલી અને અહેવાલ આપેલો. સાહેદ આંક–૫૬૧૫ વાળા અહેવાલમાં તેમના હસ્તાક્ષર અને સહી ઓળખી બતાવેલ છે.

આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલ છે તે ધ્યાને લેતા અમદાવાદ ગ્રામ્ય પોલીસ તરફથી સ્થળ મુલાકાતની વર્ધિ ચોકકસ કયા સમયે મળેલી તે યાદ નથી. સ્થળ મુલાકાતની લોક બુકમાં નોંધ હોય છે તેમ જણાવે છે. બસને થયેલ નુકસાન કોને, કયારે અને કેવી રીતે કર્યું તેની જાણકારી નથી. પોલીસે આ સાહેદના અહેવાલ મુજબ કોઈ મુદ્દામાલ લીધેલ હોય અને તેવી કાર્યવાહી આ સાહેદે કરી હોય તેવુ બન્યુ નથી. બનાવના દિવસે રાત્રે ટોર્ચની તેમજ સ્ટ્રીટ લાઈટ અને વાહનોની લાઈટનો ઉપયોગ કરેલાનું કબૂલ કરે છે.

હવે તપાસ કરનાર અધિકારીએ ગુનાવાળી જગ્યા ઉપરથી આંક–૧૯૦૧ તથા ૧૯૦૨ ના પંચનામાના આધારે જે મુદ્દામાલ કબજે કરેલો તે મુદ્દામાલ રવાનગી નોંધ સાથે એફ.એસ.એલ. ગાંધીનગરને પૃથક્કરણ માટે મોકલી આપેલો. આ રવાનગી નોંધ આ કામે આંક–૫૮૫૧ થી રજૂ કરેલી છે તથા મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ આંક–૫૮૫૨ થી રજૂ કરેલી છે, જેમાં મદદનીશ નિયામકની સહી છે. આંક–૫૮૫૧ ની રવાનગી નોંધ મુજબ માર્ક–એ થી માર્ક–પી સુધીના કુલ–૧૮ પાર્સલ પૃથક્કરણ માટે મોકલેલા જેમાં પી.આઈ. એસ.ઓ. જિ.અમદાવાદની સહી છે. હવે આ મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારી હેમંતભાઈ ભાલચંદ્રને સાહેદ નં.૮૪૬ તરીકે આંક–૫૮૩૮ થી તપાસેલા છે. આ સાહેદની આ ગુના પુરતી સરતપાસ ધ્યાને લઈએ તો તેમને આ ગુનાનો મુદ્દામાલ...

એ–૧	ખીલીઓ, ધાતુના ગોળ છરા વિગેરે.
એ–૨	ધાતુના રીવેટ, વાઈસર વિગેરે.
બી–	રેગ્ઝીનના ટુકડા, લાકડાના ટુકડા વિગેરે.
ડી–	એલ્યુમિનિયમ જેવી ધાતુની જાડી શીટ, ચળકતી ધાતુ જેવો લીલાશ પડતા ભુખરા રંગના ડાઘા ધરાવતો પતરાનો ટુકડો વિગેરે.
ઈ–	કાંચના ટુકડા, ધાતુના ટુકડા વિગેરે.
આઈ–	લાકડાના ટુકડા, બોલ્ટના ટુકડા વિગેરે.

જે– જુદી–જુદી જગ્યાએ કાણાં ધરાવતી થેલી.

કે– ધાતુના બોલ્ટ, પતરાનો ટુકડો વિગેરે.

એલ– ધાતુની શીટ ફાટીને વિકૃત થઈ ગયેલો તુટકો, ધાતુના ગોળ છરા વિગેરે.

એમ– મોટો ધાતુનો ટુકડો, બસનો છતનો ભાગ વિગેરે.

એન– કાળા ભુખરા રંગનો પાવડર વિગેરે.

ઓ– કોથળીમાં અર્ધ બળેલ કાપડ, ચેઈનનો ટુકડો વિગેરે.

પી/૧– કાણા ધરાવતુ પેન્ટ વિગેરે.

પી/૨– ફાટી ગયેલ શર્ટ વિગેરે.

પી/૩– કાપડનો ટુકડો વિગેરે.

પી/૪– રૂમાલ જેવો કાપડનો ટુકડો વિગેરે

ઉપરોકત મુદ્દામાલનું પ્રમાણિત રાસાયણિક તથા ઉપકરણીય પધ્ધતિઓ વડે પૃથક્કરણ કરવામાં આવ્યુ અને તેના પરિણામમાં...

(૧) નમૂનો માર્ક–એ/૧,એ/૨, બી,ડી,ઈ,આઈ,જે,કે,એલ,એમ, એન,ઓ,પી/૧ થી પી/૪ માં એમોનીયમ નાઈટ્રેટ અને નાઈટ્રેટ મુલકો તથા પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સ ઓઈલ (પેરાફીન ઓઈલ પ્રકાર) ની હાજરી શોધાયેલ છે.

આ સાહેદના અભિપ્રાય પ્રમાણે...

(૧) પૃથક્કરણના પરિણામમાં શોધાયેલ એમોનીયમ નાઈટ્રેટ અને પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સનું મિશ્રણએ એમોનીયમ નાઈટ્રેટ બેઈઝડ એમોનીયમ નાઈટ્રેટ ફ્યુઅલ ઓઈલ (એનફો) હાઈએક્ષપ્લોજીવ ના ઘટકો છે.

(૨) નમૂનાઓમાંથી મળેલ ધાતુના છરાનો ઉપયોગ હાથ બનાવટના બોમ્બમાં મીસાઈલ તરીકે થાય છે.

આ પ્રમાણેનો આ સાહેદે અભિપ્રાય આપેલો જે આ કામે આંક–૫૮૫૩ થી ૨જૂ કરેલો છે તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ સાહેદની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી છે. અમદાવાદમાં થયેલ સીરીયલ બોમ્બ બ્લાસ્ટનાં ઘણા બનાવોવાળી જગ્યા ઉપરથી કબજે કરવામાં આવેલ ઘણા મુદ્દામાલનું પૃથક્કરણ તથા સુરત શહેરમાં થયેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં પણ જે તે સ્થળોએથી કબજે કરવામાં આવેલ મુદ્દામાલનું પૃથક્કરણ આ સાહેદે કરેલુ છે. તેઓની ઊલટતપાસ જનરલ અને સામાન્ય છે. જેની હકીકત અગાઉના ગુનાઓમાં રજૂ થયેલ પુરાવામાં પણ જણાવેલી છે. આરોપીઓ તરફથી કરવામાં આવેલ ઊલટતપાસ ધ્યાને લેતા એફ.એસ.એલ. કચેરી ગાંધીનગર ખાતે જે કંઈ કામગીરી કરવામાં આવે છે તે બાબતે તેમજ ઑફિસના વહીવટી સંબંધે પ્રશ્નો પુછવામાં આવેલા છે. તેમ છતાં વધુ ઊલટતપાસ ધ્યાને લઈએ તો તેમને સ્થળની મુલાકાત લીધી નથી તે કબૂલ કરે છે. પૃથક્કરણ અહેવાલમાં પૃથક્કરણ નામાવલીનો ઉલ્લેખ નથી તે કબૂલ કરે છે. પરંતુ તેથી કરીને આ સાહેદે આ મુદ્દામાલનું પૃથક્કરણ કરેલ નથી તે હકીકત સાબીત થતી નથી. ખરેખર આ સાહેદે પોતે આપેલ જુબાની તથા આંક–૫૮૫૩ નાં અહેવાલમાં જે હકીકત જણાવેલી છે તે મુજબ તેમને મુદ્દામાલનું પૃથક્કરણ કરેલુ છે તે પુરવાર થાય છે.

ત્યારબાદ આ કામે રવાનગી નોંધમાં જણાવ્યા મુજબના અન્ય મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર બીજા અધિકારી નૈમેશ મનુભાઈ સોનીને સાહેદ નં.૮૪૩ તરીકે આંક–૫૭૯૯ થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ ધ્યાને લઈએ તો સરખેજ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૧૮૧/૨૦૦૮ ના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ પૈકી...

નમૂનો–એ/૧	ખીલ્લી, છરા, રીવેટ વિગેરે.
નમૂનો–એ/૨	રીવેટ, છરા, વાઈસર વિગેરે.
નમૂનો–ડી/૧	ધાતુનું પતરૂ.
નમૂનો–ડી/૨	ધાતુનું પતરૂ.
નમૂનો–ડી/૩	ધાતુનું પતરૂ.
નમૂનો–ડી/૪	ધાતુનું પતરૂ.

નમૂનો–એલ/૧ ધાતુનું પતરૂ.

નમૂનો–એલ/૨ ધાતુનું પતરૂ.

નમૂનો–પી/૧ પેન્ટ.

નમૂનો–પી/૨ શર્ટ.

નમૂનો–પી/૩ કાપડનો ટુકડો.

નમૂનો–પી/૪ કાપડનો ટુકડો.

ઉપરોકત મુદ્દામાલનું બાહય દ્રષ્ટી વિષયક તથા સુક્ષ્મદર્શક યંત્રમાં પરિક્ષણ કર્યુ તથા ઉપરોકત મુદ્દામાલ એ/૧,એ/૨,ડી/૧ થી ડી/૪ તથા એલ/૧, એલ/૨ નું ઈ.ડી.એકસ.આર.એફ. નામના ઉપકરણમાં પરિક્ષણ કરવામાં આવતા જે અભિપ્રાય આપેલો તે મુજબ...

નમૂનો–પી/૧ થી પી/૩ ઉપર પડેલ કાણા.

નમૂનો–એ/૧, એ/૨, ડી/૧ થી ડી/૪ માં આવેલ છરા (પ્રોજેકટાઈલ) જેવાથી થઈ શકે.

નમૂના–ડી/૧ થી ડી/૪ પૈકીના પતરામાં આવેલ છરાઓ નમૂના–એલ/૧, એલ/૨ માં આવેલ છરાઓ તથા એ/૧ તથા એ/૨ માં આવેલ છરાઓ સરખા જણાયેલા.

આ મુજબનો જે અભિપ્રાય આપેલો તે આ કામે આંક–૫૮૦૮ થી રજૂ કરેલ છે જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. આ સાહેદે પણ અમદાવાદમાં થયેલ બોમ્બ બ્લાસ્ટના બનાવો તથા સુરતમાં થયેલ બોમ્બ પ્લાન્ટેશનના બનાવોના ઘણા બધા મુદ્દામાલનું પૃથક્કરણ કરેલુ છે અને આરોપીઓ તરફથી જનરલ ઊલટતપાસ થયેલી છે. કોઈ ચોકકસ પૃથક્કરણ સબંધી ઊલટતપાસ થયેલ નથી. તેમ છતાં વધુ ઊલટતપાસ ધ્યાને લઈએ તો ભૌતિકશાસ્ત્રના અભિપ્રાય આપતી વખતે રસાયણશાસ્ત્રના કેટલાક કેમીકલનો પ્રયોગ દરમ્યાન કરવો પડે છે તેમ જણાવે છે. પરિક્ષણ અહેવાલ મુદ્દામાલનું પરિક્ષણ કર્યા વગર રવાનગી નોંધ ઉપરથી તૈયાર કર્યાની હકીકત નકારેલી છે.

ત્યારબાદ આ કામે અન્ય એક એફ.એસ.એલ. અધિકારી અનિલ મધુકાન્ત મહેતાને સાહેદ નં.૮૪૭ તરીકે આંક–૫૮૮૬ થી તપાસેલા છે. તેમની સરતપાસ મુજબ સરખેજ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૧૮૧/૨૦૦૮ ના મુદ્દામાલ પૈકીનો અમુક મુદ્દામાલનો આ સાહેદે પૃથક્કરણ કરેલુ છે. તે પૈકી રવાનગી નોંધ આંક–૫૮૫૧ માં જણાવેલ નમૂના–સી, સી/૧, એફ, જી, એચ, એચ/૧, ડી, પી/૧ થી પી/૪ નું તેમને સીરોલોજીકલ પૃથક્કરણ કરેલુ અને તેમાં રૂધીરનું જુથ–બી આવેલુ તે અંગેનો જે અભિપ્રાય આપેલો તે આ કામે આંક–૫૮૯૦ થી રજૂ છે જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

ત્યારબાદ આ કામે બાબુભાઈ વશરામભાઈ પરમારને સાહેદ નં.૫૨૫ તરીકે આંક–૫૬૮૫ થી તપાસેલા છે. તેમની સરતપાસ મુજબ બનાવ વખતે તેઓ ખાડીયા પોલીસ સ્ટેશનમાં પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા અને વી.એસ. હોસ્પિટલમાં આવેલ પી.એમ. રૂમમાં તેમને કુલ ચાર મૃત ઈસમોના લાશ ઉપરના કપડા કબજે કર્યાનું પંચનામુ કરેલુ તેમાં અંકિત શૈલેષભાઈ મોદી, વિશાલ અમરીશકુમાર, અમરત આશારામ અને ચોથો અજાણ્યા માણસનાઓ હતા. પંચોની હાજરીમાં જે પંચનામુ બનાવેલુ તે આ કામે આંક–૨૯૬૬ થી રજૂ કરેલ છે જેમાં આ સાહેદે પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવેલ છે. આ પંચનામાના પંચ મળી આવતા ન હોય ફરિયાદ પક્ષે તપાસેલા નથી.

ત્યારબાદ આ કામે તપાસ કરનાર અધિકારી શ્રી પી.આઈ. એસ.ઓ.જી.એ બનાવ બાદ બનાવવાળી જગ્યા ઉપર નકશો બનાવવા માટે સર્કલ ઓફિસર, સિટી સર્વે શાખા, અમદાવાદને એક યાદી લખેલી જે યાદી આ કામે આંક–૩૩૯૯ થી રજૂ કરેલી છે. આ યાદીમાં પોલીસ ઈન્સ્પેકટર એસ.ઓ.જી.ની સહી છે.

આંક–૩૩૯૯ વાળી યાદીના આધારે સર્કલ ઓફિસર કિશોરકુમાર થાનાભાઈ મેણાતનાઓએ ગુનાવાળી જગ્યા ઉપર જઈ નકશો બનાવેલો તેઓને આ કામે સાહેદ નં.૬૯૨ તરીકે આંક–૩૩૯૮ થી તપાસેલા છે. તેમની સરતપાસ

પ્રમાણે તેઓને તપાસ કરનાર અધિકારી શ્રી પોલીસ ઈન્સ્પેકટર એસ.ઓ.જી. દ્વારા સરખેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સરખેજ–વાસણા રોડ, સરખેજથી અંબર ટાવર વચ્ચે, નેશનલ હાઈવે, સરખેજ, પૂર્વે ૧/૨ કી.મી. સરખેજ ટાઉન, બીટ ઉપર જાહેરમાં એ.એમ.ટી.એસ. બસમાં બોમ્બ બ્લાસ્ટ થયેલો તે જગ્યા ઉપર ગયેલા અને ત્યાં નકશો બનાવવા માટેની યાદી મળેલી તે આંક–૩૩૯૯ ની યાદી મબ્યા બાબતે યાદી ઉપર તેમને પોતાની સહી ઓળખી બતાવી છે અને તે યાદીના આધારે સ્થળ ઉપર જઈ નકશો બનાવેલો તે નકશો આ કામે આંક–૩૪૦૦ થી રજૂ કરેલો છે. જેમા આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે અને નકશામાં જાહેર રોડ ઉપર એ.એમ.ટી.એસ. બસ કે જેમાં બોમ્બ બ્લાસ્ટ થયેલો તે બતાવેલી છે. આ નકશો તેમને યાદી સાથે પોલીસ ઈન્સ્પેકટર એસ.ઓ.જી.ને મોકલી આપેલી છે.

(૩૨.૦૧) <u>અમદાવાદ જીલ્લાના સરખેજ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૧૮૧/૨૦૦૮ ના કામે મરણ પામેલ વ્યકિતઓ બાબતે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકનઃ–</u>

આ બનાવમાં હસમુખભાઈ વ્રજલાલ સોનીને ઈજા થવાના કારણે મરણ પામેલ અને તેઓની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ કરનાર સાહેદ રણધિરસિંહ બહાદુરસિંહ રાણાને આ કામે સાહેદ નં.૧૦૯૧ તરીકે આંક–૭૬૪૯ થી તપાસેલા છે. તેમની સરતપાસ પ્રમાણે બનાવ વખતે તેઓ સરખેજ ડિવિઝન, અમદાવાદ ખાતે ડી.વાય.એસ.પી. તરીકે ફરજ બજાવતા હતા. તે દરમ્યાન તા.૨૬/૦૭/૨૦૦૮ના રોજ સરખેજ–વાસણા રોડ ઉપર અંબર ટાવર પાસે એ.એમ.ટી.એસ. બસ રૂટ નં.૧૫૦માં બ્લાસ્ટ થયેલો તે અંગે સરખેજ પોલીસ સ્ટેશનમાં ફ.ગુ.ર. નં.૧૮૧/૨૦૦૮ થી ગુનાની ફરિયાદ નોંધાયેલી હતી. આ ગુનાના કામે બનાવમાં મરણ જનાર હસમુખ વ્રજલાલ સોની, રહે.ચલોડા, તા.ધોળકાનાઓનું ઈન્કવેસ્ટ પંચનામું પંચોની હાજરીમાં વાડીલાલ સારાભાઈ હોસ્પિટલના પોસ્ટ મોર્ટમ રૂમમાં જઈ કરેલું તે પંચનામું પંચોના લખાવ્યા મુજબ લખી લીધેલુ. પંચનામુ લખ્યા પછી બે પંચોની સહીઓ કરાવેલી અને રૂબરૂ તરીકે સાહેદે સહિ

કરેલી. જે ઇન્કવેસ્ટ પંચનામું આંક–૧૨૭૭ માં બે પંચોની સહીઓ તેમજ રૂબરૂ તરીકેની તેમની સહી ઓળખી બતાવે છે.

ત્યારબાદ આંક–૧૨૭૭ વાળા પંચનામાના પંચ સાહેદો પૈકી પંચ ભરતકુમાર જયંતિલાલને સાહેદ નં.૨૫૨ તરીકે આંક–૧૨૭૬ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૪/૮/૨૦૦૮ નાં રોજ પોલીસે બપોરે ત્રણેક વાગે વી.એસ. હોસ્પિટલના પી.એમ. રૂમમાં બોલાવેલા. ત્યાં એક પુરૂષની લાશ જોયેલી અને હાજર વ્યકિત હિતેશ હરગોવિંદદાસ સોનીએ તે લાશ તેમના કાકા હસમુખ વ્રજલાલની હોવાનું ઓળખી બતાવેલ અને તેનુ પંચનામુ કરેલ જે પંચનામામાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ કામે ગુજરનાર હસમુખ વ્રજલાલ સોનીના સગા હિતેશકુમાર હરગોવિંદદાસ સોનીને સાહેદ નં.૧૦૧૨ તરીકે આંક–૬૯૯૯ થી તપાસેલા છે. તેમની સરતપાસ પ્રમાણે તેઓ ઓગસ્ટ–૨૦૦૮ ના સમયમાં ગામ ચલોડા તાલુકો ધોળકા મુકામે રહેતા હતા. તા.૨૬/૦૭/૨૦૦૮ ના રોજ સવારના તેઓ આશ્રમરોડ મુકામે તેમની નોકરીએ ગયેલા અને સાંજના સાતેક વાગ્યે ઘરે પાછા આવેલા. ઘરે આવતા જાણવા મળેલ કે તેમના કાકા અમદાવાદ કામ અર્થે ગયેલા છે પણ હજુ સુધી પાછા આવેલ નથી ત્યારબાદ રાતના સાડા આઠ વાગ્યાના અરસામાં તેમના સગા અનીલ સોનીના ફોન મારફતે જાણવા મળેલ કે તેમના કાકા સરખેજ મુકામે એ.એમ.ટી.એસ બસમા મુસાફરી કરતા હતા ત્યારે બસમા બોમ્બ વિસ્ફોટ થતા તેમને ઈજાઓ થયેલ અને તેમને સારવાર અર્થે વી.એસ. હોસ્પિટલમા લઈ ગયેલ છે. બાદ સાહેદ તથા તેમના બીજા સગાઓ વી.એસ હોસ્પિટલ આવેલા અને તેમના ઈજા પામનાર કાકાને જોતા તેમને બંને પગે, આંખે અને આખા શરીરે બોમ્બ વિસ્ફોટમાં છરા વાગવાની ઈજાઓ થયેલી જોયેલી. તા.૨૪/૮/૨૦૦૮ ના રોજ આ સાહેદ અને અને તેમના સગાઓ વી.એસ હોસ્પિટલમા હાજર હતા ત્યારે તેમના ઈજા પામનાર કાકાને થયેલ ઈજાઓની તકલીફો વધતા બપોરના એકાદ વાગ્યાના સમયે તેમના કાકા ગુજરી ગયેલ.

ત્યારબાદ આ કામે ગુજરનાર હસમુખ પ્રજલાલ સોનીની લાશનું શબ પરિક્ષણ કરવામાં આવેલુ. શબ પરિક્ષણ કરનાર સાહેદ ડૉ. કલ્પેશ સોમચંદ કોટારીયાને સાહેદ નં.૪૬ તરીકે આંક–૭૨૮ થી તપાસેલા છે. તેમની સરતપાસ પ્રમાણે તા.૨૪/૮/૨૦૦૮ નાં રોજ તેઓ વી.એસ. હોસ્પિટલ ખાતે ફરજ પર હતા ત્યારે ઈન્કવેસ્ટ રીપોર્ટ સાથે હસમુખ પ્રજલાલ સોનીનો મૃતદેહ શબ પરિક્ષણ માટે મળેલો. આ મૃતદેહ પુરૂષનો હતો, શરીરે ખાલી લાલ કલરની ચડ્ડી પહેરેલી હતી. તેઓની લાશનું શબ પરિક્ષણ કરતા તેમને શરીરના જુદા–જુદા ભાગો ઉપર ઈજાઓ જણાયેલી. તે ઈજાઓ પી.એમ.નોટ આંક–૭૨૯ ના કોલમ નં.૧૭માં જણાવેલી છે તે પ્રમાણેની ઈજાઓ હતી અને આ સાહેદના અભિપ્રાય પ્રમાણે આ વ્યકિતનુ મૃત્યુ બ્લાસ્ટમાં ઈજા થવાના કારણે થયેલાનો અભિપ્રાય છે. શબ પરિક્ષણ નોટમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ બનાવમાં હિમાંશુ હસમુખભાઈ છાયાને ઈજા થવાના કારણે મરણ પામેલ અને તેઓની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ કરનાર સાહેદ બાબુભાઈ વશરામભાઈ પરમારને આ કામે સાહેદ નં.૫૨૫ તરીકે આંક–૨૯૬૫ થી તપાસેલા છે. તેમની સરતપાસ પ્રમાણે ગુજરનાર હિમાશું હસમુખભાઈ છાયાનું તેમને વી.એસ. હોસ્પિટલમાં પંચોની હાજરીમાં ઈન્કવેસ્ટ પંચનામુ કરેલુ . ગુજરનાર હિમાશુંભાઈની લાશ તેમના બહેન રોહીણીબેને ઓળખી બતાવેલી અને લાશનું પંચનામુ પંચોની હાજરીમાં કરેલુ તે પંચનામુ આંક–૧૧૬૦ થી રજૂ રાખેલ છે અને તેમાં પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે તથા લાશની ઓળખ અંગેનુ પંચનામુ પંચ સાહેદ રૂષિકેશ દેવીપ્રસાદની હાજરીમાં કરવામાં આવેલુ તે પંચનામુ આ કામે આંક–૧૩૧૦ થી રજૂ કરેલ છે અને તેમાં પણ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે. આ ઉપરાંત ગુજરનાર હિમાશુ હસમુખભાઈના શબ પરિક્ષણ વખતે ડૉકટરે જે કપડા મેળવીને પોલીસ કોન્સ્ટેબલ જયદિપસિંહને સુપરત કરેલા અને તે અંગે પંચોની હાજરીમાં પંચનામુ કરી કપડા કબજે કરેલા તે પંચનામુ આંક–૨૯૬૬માં પણ આ સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે.

ત્યારબાદ આંક–૧૧૬૦વાળા પંચનામાના પંચ સાહેદો પૈકી પંચ નલીનભાઈ ચંદુલાલ મોદીને સાહેદ નં.૨૧૮ તરીકે આંક–૧૧૫૯ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ પોલીસે તેમને રાત્રીના સમયે વી.એસ. હોસ્પિટલના પી.એમ. રૂમમાં બોલાવેલા. ત્યાં એક પુરૂષની લાશ જોયેલી અને હાજર રોહિણીબેને તે લાશ તેમના ભાઈ હિમાશું હસમુખભાઈની હોવાનું ઓળખી બતાવેલ અને તેનુ પંચનામુ કરેલ જે પંચનામામાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આ ઉપરાંત ગુજરનાર હિમાશું હસમુખભાઈ છાયાની લાશનું ઓળખ પંચનામુ પણ કરવામાં આવેલુ. સદર ઓળખ પંચનામાના પંચ રૂષિકેશ દેવીપ્રસાદ વસાવડાને સાહેદ નં.૨૫૯ તરીકે આંક–૧૩૦૯ થી તપાસેલા છે. તેમની સરતપાસ પ્રમાણે ગુજરનાર હિમાશું હસમુખભાઈની લાશ તેમની બહેન રોહીણીબેને ઓળખી બતાવેલી અને તે અંગેનું પંચનામુ કરેલુ જે પંચનામુ આંક–૧૩૧૦માં આ સાહેદે તેમની સહી ઓળખી બતાવેલી છે. આ ઉપરાંત લાશનું શબ પરિક્ષણ કર્યા બાદ લાશ ઉપરના કપડા ડૉકટરશ્રીએ પોલીસ કોન્સ્ટેબલ જયદિપસિંહ જીતેન્દ્રસિંહને સોંપેલા અને તેમને સાહેદ બાબુભાઈ વશરામભાઈ સમક્ષ કપડા રજૂ કરેલા. આ સાહેદ જયદિપસિંહને સાહેદ નં.૫૨૯ તરીકે આંક–૨૯૭૦ થી તપાસેલા છે અને તેમને ગુજરનાર હિમાંશુ હસમુખભાઈના જે કપડા રજૂ કરેલા તેનું જે પંચનામુ પંચોની હાજરીમાં બનાવેલુ તે આ કામે આંક–૨૯૬૬ થી રજૂ કરેલુ છે અને તેમાં પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે. આ સાહેદે યાદી સાથે આ કપડા રજૂ કરેલા તે યાદી આંક–૨૯૭૨ થી રજૂ કરેલી છે જેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ કામે ગુજરનાર હિમાંશુ હસમુખભાઈના સગા જગદીશભાઈ મંછાશંકર અંતાણીને સાહેદ નં.૧૦૧૪ તરીકે આંક–૭૦૦૪ થી તપાસેલા છે. તેમની સરતપાસ પ્રમાણે ગુજરનાર હિમાંશુ હસમુખભાઈ તેમની પત્નીના ભાઈ થતા હતા અને બોમ્બ બ્લાસ્ટના બનાવમાં તેઓ મરણ ગયેલ છે

તેની જાણ કરતો એક ફોન ખાડીયા પોલીસ સ્ટેશનના પરમાર સાહેબે કરેલો તેમ જણાવે છે.

ત્યારબાદ આ કામે ગુજરનાર હિમાશુ હસમુખભાઈની લાશનું શબ પરિક્ષણ કરવામાં આવેલુ. શબ પરિક્ષણ કરનાર સાહેદ ડૉ.નૈમેશ રમેશચંદ્ર ભોજકને સાહેદ નં.૪૮ તરીકે આંક–૪૪૭ થી તપાસેલા છે. તેમની સરતપાસ મુજબ તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ તેઓ વી.એસ. હોસ્પિટલ ખાતે ફરજ પર હતા ત્યારે ઈન્કવેસ્ટ રીપોર્ટ સાથે હિમાંશુ હસમુખભાઈનો મૃતદેહ શબ પરિક્ષણ માટે મળેલો. આ મૃતદેહ પુરૂષનો હતો, શરીરે સફેદ કલરની આખી બાંયનું શર્ટ તથા કોફી કલરનું પેન્ટ પહેરેલ હતુ. તેઓની લાશનું શબ પરિક્ષણ કરતા તેમને શરીરના જુદા–જુદા ભાગો ઉપર ઈજાઓ જણાયેલી. તે ઈજાઓ પી.એમ.નોટ આંક–૭૪૮ ના કોલમ નં.૧૭ માં જણાવેલી છે તે પ્રમાણેની ઈજાઓ હતી અને આ સાહેદના અભિપ્રાય પ્રમાણે આ વ્યકિતનુ મૃત્યુ બ્લાસ્ટમાં ઈજા થવાના કારણે થયેલાનો અભિપ્રાય છે. શબ પરિક્ષણ નોટમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

(૩૨.૦૨) <u>અમદાવાદ જિલ્લાના સરખેજ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૧૮૧/૨૦૦૮ ના કામે ઈજા પામેલ વ્યકિતઓ બાબતે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકનઃ–</u>

સરખેજ પોલીસ સ્ટેશનના આ બનાવમાં બાબુભાઈ પોચાભાઈ સીંગરોટીયાનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૧૩૫ તરીકે આંક–૯૮૮ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેઓ બસ નં.૧૫૦ માં બેઠેલા ત્યારે બોમ્બ ધડાકો થયેલો અને માથામાં ઈજા થતા લોહી નીકળેલુ, સારવાર માટે એમ્બ્યુલન્સમાં વી.એસ. હોસ્પિટલ લઈ ગયેલા તેમ જણાવે છે.

ત્યારબાદ બાબુભાઈ પોચાભાઈ સારવાર કરનાર ડૉ.રોનક નરેન્દ્રકુમાર દેસાઈને સાહેદ નં.૨૭૧ તરીકે આંક–૧૩૬૨ થી તપાસેલા છે. આ સાહેદની આ બનાવ પુરતી સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૭/૭/૨૦૦૮ નાં

રોજ વી.એસ. હોસ્પિટલ ખાતે તેઓ ફરજ પર હતા ત્યારે બોમ્બ બ્લાસ્ટમાં ઈજા પામનાર બાબુભાઈ પોચાભાઈને સારવાર માટે લાવેલા. તેઓને હિસ્ટ્રી પુછતા જણાવેલ કે બસ નં.૧૫૦ માં બોમ્બ બ્લાસ્ટ થતા ઈજા થયેલી છે. સારવારનું આ સાહેદે જે પ્રમાણપત્ર આપેલુ તે માર્ક–એ થી રજૂ કરેલ છે જેમાં આ સાહેદે તેમની સહી ઓળખી બતાવેલી છે.

સરખેજ પોલીસ સ્ટેશનના આ બનાવમાં અશ્વિનકુમાર રામજીભાઈ પરમારનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૧૪૦ તરીકે આંક–૧૦૦૮ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેઓ બસ નં.૧૫૦ માં બેસીને સરખેજ આવતા હતા ત્યારે બોમ્બ ધડાકો થયેલો અને શરીરે ઈજા થતા લોહી નીકળેલુ, સારવાર માટે એમ્બ્યુલન્સમાં વી.એસ. હોસ્પિટલ લઈ ગયેલા તેમ જણાવે છે.

ત્યારબાદ અશ્વિનકુમાર રામજીભાઈ પરમાર સારવાર કરનાર ડૉ.જયદેવકુમાર શીવદાન મોઢને સાહેદ નં.૨૭૯ તરીકે આંક–૧૪૭૭થી તપાસેલા છે. આ સાહેદની આ બનાવ પુરતી સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ વી.એસ. હોસ્પિટલ ખાતે તેઓ ફરજ પર હતા ત્યારે બોમ્બ બ્લાસ્ટમાં ઈજા પામનાર અશ્વિનકુમાર રામજીભાઈ પરમારને સારવાર માટે લાવેલા. તેઓને હિસ્ટ્રી પુછતા જણાવેલ કે બસમાં બોમ્બ બ્લાસ્ટ થતા ઈજા થયેલી છે, દર્દીને શરીરે ચાર જગ્યા પર ઈજાઓ હતી. સારવારનું આ સાહેદે જે પ્રમાણપત્ર આપેલુ તે આંક–૧૪૮૫ થી રજૂ કરેલ છે જેમાં આ સાહેદે તેમની સહી ઓળખી બતાવેલી છે.

સરખેજ પોલીસ સ્ટેશનના આ બનાવમાં મોમીન નજમા સુલેમાનભાઈનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૧૩૭ તરીકે આંક–૧૦૦૫ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેઓ બસ નં.૧૫૦ માં બેસીને સરખેજ જતા હતા ત્યારે બોમ્બ ધડાકો થયેલો અને તે ધડાકામાં ડાબા હાથે કોણી પાસે તેમજ કાનના પડદામાં નુકસાન થયેલાનું જણાવેલ છે. સારવાર માટે હોસ્પિટલ લઈ ગયેલા તેમ જણાવે છે.

ત્યારબાદ મોમીન નજમા સુલેમાનભાઈ સારવાર કરનાર ડો.શોહેબ અબ્દુલસલામ શેખને સાહેદ નં.૨૮૪ તરીકે આંક–૧૫૪૨ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ ધ્યાને લઈએ તો તેઓ કાન, નાક, ગળાના સ્પેશ્યાલીસ્ટ ડૉકટર તરીકે સરખેજ મુકામે હોસ્પિટલ ધરાવે છે. તેમની હોસ્પિટલે મોમીન નજમા સુલેમાનભાઈ બોમ્બ ધડાકાના કારણે ઈજા થતા સારવાર માટે આવેલા અને તેમની સારવાર કરેલી. જેનું આ સાહેદે પ્રમાણપત્ર આપેલુ તે આંક–૧૫૪૩ થી રજૂ કરેલ છે જેમાં આ સાહેદે તેમની સહી ઓળખી બતાવેલી છે.

સરખેજ પોલીસ સ્ટેશનના આ બનાવમાં વૈશાલીબેન પ્રવિણભાઈ સોલંકીનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૧૩૮ તરીકે આંક–૧૦૦૬થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેઓ બસ નં.૧૫૦ માં બેસીને જતા હતા ત્યારે અંબર ટાવર પાસે બસમાં બોમ્બ ધડાકો થયેલો અને કાનમાં ઈજા થયેલી જેથી ડૉ. મનુભાઈ ગઢવીને ત્યાં સારવાર કરાવેલાનું જણાવે છે.

ત્યારબાદ વૈશાલીબેન પ્રવિણભાઈ સોલંકી સારવાર કરનાર ડૉ.મનુભાઈ મફતલાલ ગઢવીને સાહેદ નં.૨૮૬ તરીકે આંક–૧૫૪૬ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ ધ્યાને લઈએ તો તા. ૨૭/૦૭/૨૦૦૮ના રોજ એક વૈશાલીબેન પ્રવિણભાઈ સોલંકીનાઓને સારવાર માટે આવેલા તેઓને જમણા કાનમાં દુઃખાવો તથા સાંભળવામાં તકલીફ પડતા તેમની સારવાર કરેલી. જેનું આ સાહેદે પ્રમાણપત્ર આપેલુ તે આંક–૧૫૪૭ થી રજૂ કરેલ છે જેમાં આ સાહેદે તેમની સહી ઓળખી બતાવેલી છે.

સરખેજ પોલીસ સ્ટેશનના આ બનાવમાં મનસુખ ભુરાભાઈ દોશીનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૧૨૭ તરીકે આંક–૯૭૮ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેઓ બસ નં.૧૫૦ માં બેસીને જતા હતા ત્યારે બોમ્બ ધડાકો અંદાજે સાડા છ વાગ્યાની આસપાસ થયેલો જેથી તેઓને ઈજા થતા સારવાર માટે હોસ્પિટલ લઈ ગયેલા તેમ જણાવે છે.

સરખેજ પોલીસ સ્ટેશનના આ બનાવમાં વશીમ સીકંદર ઘાંચીને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૧૩૧ તરીકે આંક–૯૮૨ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેઓ બસ નં.૧૫૦ માં બેસીને જતા હતા ત્યારે બોમ્બ ધડાકો અંદાજે છ વાગ્યાની આસપાસ થયેલો જેથી તેઓને જમણી બાજુની આંખ ઉપર છરો વાગતા ઈજા થતા સારવાર માટે વી.એસ. હોસ્પિટલ લઈ ગયેલા તેમ જણાવે છે.

સરખેજ પોલીસ સ્ટેશનના આ બનાવમાં બાબુભાઈ લાલુભાઈ રાવતનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૧૩૪ તરીકે આંક–૯૮૭ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેઓ બસ નં.૧૫૦ માં પાલડી મુકામેથી બેસીને સરખેજ જતા હતા ત્યારે બોમ્બ ધડાકો થયેલો જેથી તેઓને ડાબા પગે, થાપા ઉપર, પીઠના ભાગે, જમણા ભાગે અને કાનમા ઈજા થતા સારવાર માટે વી.એસ. હોસ્પિટલ લઈ ગયેલા તેમ જણાવે છે.

સરખેજ પોલીસ સ્ટેશનના આ બનાવમાં સોલંકી દિલીપકુમાર બાબુલાલનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૧૩૯ તરીકે આંક–૧૦૦૭ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેઓ બસ નં.૧૫૦ માં બેસીને ચીનુભાઈ નગરથી સરખેજ જતા હતા ત્યારે બોમ્બ ધડાકો થયેલો જેથી તેઓને જમણા પગે અને કાનમાં ઈજા થતા સારવાર માટે પહેલા પ્રાઈવેટમાં અને ત્યારબાદ ત્યાંથી એલ.જી. હોસ્પિટલ લઈ ગયેલા તેમ જણાવે છે.

ઉપરોકત સાહેદ મનસુખ ભુરાલાલ દોષી, વસીમ સીકંદર ઘાંચી તથા બાબુભાઈ લાલુભાઈ તથા દિલીપકુમાર બાબુલાલ તથા ચંદુજી ગેમરજી કે જેઓ મળી આવતા નથી જેથી ફરિયાદપક્ષે તપાસેલા નથી. ઉપરોકત સાહેદોએ પોતાને થયેલ ઈજાઓ અંગેની સારવાર કરાવેલી અને ડૉકટરશ્રીઓએ જે પ્રમાણપત્રો આપેલા તે પ્રમાણપત્રો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા અને આરોપીઓ તરફથી કબૂલ કરવામાં આવતા હોય તેને આંક–૭૧૪૦, ૭૧૪૧,

૭૧૪૨, ૭૧૪૪ અને ૭૧૪૫ આપવામાં આવેલા છે. તમામ પ્રમાણપત્રોમાં તેઓની સારવાર કરનાર ડૉકટરોની સહીઓ છે.

(૩૨.૦૩) <u>અમદાવાદ જિલ્લાના સરખેજ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૧૮૧/૨૦૦૮ ના કામે બનાવને સમર્થન માટે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકનઃ–</u>

સરખેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સરખેજ–વાસણા રોડ, સરખેજથી અંબર ટાવર વચ્ચે, નેશનલ હાઈવે, સરખેજ, પૂર્વે ૧/૨ કી.મી. સરખેજ ટાઉન, બીટ ઉપર જાહેરમાં એ.એમ.ટી.એસ. બસ જે બોમ્બ બ્લાસ્ટ થયેલો છે તે માટે ફરિયાદપક્ષ દ્વારા જીતેન્દ્રભાઈ ઠાકોરભાઈ મહેતાને સાહેદ નં.૮૦૦ તરીકે આંક–૫૩૧૬ થી તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે તેઓ એ.એમ.ટી.એસ. વિભાગમાં ડિરેકટર ઓફ ટ્રાફિક તરીકે નોકરી કરે છે અને બોમ્બ બ્લાસ્ટના કારણે સી.એન.જી. બસ ગાડી નં.૭૧ જેનો રજીસ્ટર નં.જીજે–૧–ડબલ્યુ–૮૩૯૦ રૂટ નં.૧૫૦ માં રૂા. ૫,૯૦,૦૦૦/–નું નુકસાન થયેલુ. સદર સાહેદ આંક–૫૩૧૭ થી તેઓની કચેરીનુ બસને નુકસાન થયા બાબતનું પ્રમાણપત્ર રજૂ કરેલ છે જેમાં તેમની સહી ઓળખી બતાવે છે.

આમ, સરખેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સરખેજ–વાસણા રોડ, સરખેજથી અંબર ટાવર વચ્ચે, નેશનલ હાઈવે, સરખેજ, પૂર્વે ૧/૨ કી.મી. સરખેજ ટાઉન, બીટ ઉપર જાહેરમાં એ.એમ.ટી.એસ. બસ નં.જીજે–૧–વીવી–૮૩૯૦, રૂટ નં.૭૧ માં તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ કલાક ૧૯.૦૦ વાગે બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલો અને આ બોમ્બ બ્લાસ્ટમાં કુલ–બે માણસો મરણ ગયેલા અને નવ માણસોને ઈજાઓ થયેલી તેમજ એ.એમ.ટી.એસ. બસને રૂા.૫,૯૦,૦૦૦/– નું નુકસાન થયેલુ તે હકીકત ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા ઉપરોકત તમામ પુરાવા ઉપરથી સાબીત થાય છે તેમ હું માનુ છું.

(૩૩) **<u>અમદાવાદ શહેરના ઈસનપુર પોલીસ સ્ટેશનની હકુમતના વિસ્તારમાં સાઇકલ ઉપર બોમ્બ પ્લાન્ટેશન કરી બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલ તે બનાવ પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન.</u>**

- વિસ્તાર:– ઈસનપુર પોલીસ સ્ટેશનની હદમાં
- સ્થળ:– ઈસનપુર, ગોવિંદવાડી શાક માર્કેટ રોડ ઉપર
- તારીખ:– ૨૬/૭/૨૦૦૮
- સમય:– કલાક ૧૮.૧૫ થી ૧૮.૩૦ (સાંજે)
- ગુના રજીસ્ટર નં.ફર્સ્ટ ૧૯૦/૨૦૦૮
- મરણ જનારની સંખ્યા:– એક
- ઈજા પામનારની સંખ્યા:– છવ્વીસ
- બનાવમાં વપરાયેલ વાહનઃ– સાઇકલ

તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ ઈસનપુર પોલીસ સ્ટેશનની હકુમતમાં આવેલ વિસ્તાર ગોવિંદવાડી શાક માર્કેટ રોડ ખાતે સાઇકલ મુકીને સાઇકલ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલો. તેની ફરિયાદ અમથાભાઈ ગોવાભાઈ રબારીનાઓએ પોલીસ ઇન્સ્પેકટર ઈસનપુર પોલીસ સ્ટેશન સમક્ષ લખાવેલી. આ ફરિયાદીને ફરિયાદ પક્ષ દ્વારા સાહેદ નં.૧૨ તરીકે આંક–પ૨૭ થી તપાસવામાં આવેલા છે. તેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે તેઓ દુધનો ધંધો કરે છે. ગોવિંદવાડી ખાતે આવેલ શાક માર્કેટમાં તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સાંજના આશરે સાડા પાંચ વાગ્યે શાકભાજી ખરીદવા ગયેલા. તે દિવસે તેમની પત્નિ ચંપાબેન પણ શાકભાજી લેવા માટે સાંજના આશરે છએક વાગ્યાના સુમારે આવેલ હતા. તે દિવસે સાંજના આશરે સાડા છ વાગ્યે શાકભાજી લિધેલ થેલી તેમની પત્નિને આપતા હતા ત્યારે શાક માર્કેટમાં એકદમ જોરથી ધડાકો થયેલો. આ ધડાકો થયો તે જગ્યા અભિમન્યુ કોમ્પલેક્ષ પાસેની હતી. ધડાકો થતાં નાસ–ભાગ થયેલી. આ સાહેદને તથા તેમની પત્નિ એમ બંનેને આ બનાવમાં ઈજા થયેલી. ત્યાં અંદાજે બીજા ૮–૧૦ જણાને પણ વાગેલું. આ

દરમ્યાન ૧૦૮ એમ્બ્યુલન્સ વાન આવી જતાં આ સાહેદને તથા તેમની પત્નિ તથા બીજા ઈજા પામનારાઓને એલ.જી.હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ આવી દાખલ કરેલા. આ બનાવ બાબતે સાહેદે તે જ દિવસે સાંજના સાડા આઠ વાગ્યાના સુમારે ફરિયાદ એલ.જી.હોસ્પિટલમાં જ લખાવેલી. આ ફરિયાદ આંક–પ૨૮ થી રજૂ છે જેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. વધુમાં સાહેદ જણાવે છે કે આ બનાવ બાબતે પોલીસે તેમનો જવાબ બે વખત લીધેલો છે. તેમને સારવાર દરમ્યાન એક મહિના માટે એલ.જી.હોસ્પિટલ ખાતે રાખેલા અને ત્યારબાદ પણ ત્રણ મહિના પછી વધુ સારવાર લેવી પડેલી. સાહેદને કુલ–૩ ઓપરેશન કરાવવા પડેલા અને સારવારનો સમયગાળો છ મહીના હતો તેમ જણાવે છે.

ફરિયાદી અમથાભાઈ ગોવાભાઈ રબારીનાઓએ ઉપરોકત ફરિયાદ જેની સમક્ષ લખાવેલી તે ફરિયાદ લેનાર બાબુલાલ કાનજીભાઈ સંઘાણી હતા તેઓને ફરિયાદપક્ષે આ કામે સાહેદ નં.૭૦૧ તરીકે આંક–૩૪૪૧ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો સને–૨૦૦૭ થી ૨૦૦૯ ના સમય દરમ્યાન ઈસનપુર પોલીસ સ્ટેશનમાં પોલીસ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા. તા. ૨૬/૭/૨૦૦૮ નાં રોજ પોલીસ સ્ટેશનમાં હાજર હતા તે દરમ્યાન મોબાઈલમાંથી મેસેજ મળેલો કે ગોવિંદવાડી પાસે બોમ્બ ધડાકો થયેલ છે. જેથી આ સાહેદ ગોવિંદવાડી સર્કલ ચાર રસ્તા પાસે ભરાતા શાકમાર્કેટમાં અભિમન્યુ કોમ્પ્લેક્ષ પાસે તાત્કાલિક ગયેલા. ત્યાં જઈને જોયુ તે માણસોમાં નાસભાગ ચાલુ હતી, અમૂક માણસોને ઈજાઓ થયેલી હતી, તેઓને હોસ્પિટલમાં મોકલવાની તજવીજ કરેલી, ત્યારબાદ આ જગ્યા કોર્ડન કરેલી, બનાવની જાણ ઉપલા અધિકારીને કરેલી, ગુનો ગંભીર હોવાથી એફ.એસ.એલ. અધિકારી તથા ડોગ સ્કવોર્ડ તથા બોમ્બ સ્કવોર્ડને પણ કન્ટ્રોલ મારફતે જાણ કરેલી. આ વિસ્તારમાં પેટ્રોલીંગ ચાલુ રાખેલુ, જગ્યાને સુરક્ષિત રાખવા સેકન્ડ પોલીસ ઈન્સ્પેકટર ખોખરને સ્ટાફના માણસો સાથે જગ્યા ઉપર હાજર રાખેલા અને આ સાહેદ એલ.જી. હોસ્પિટલે ગયેલા. આ બનાવમાં ઈજા પામનાર અમથાબાઈ રબારીની

પુછપરછ કરેલી અને તેમની ફરિયાદ લીધેલી. આ ફરિયાદ પોતાના રીપોર્ટ સાથે પી.એસ.ઓ.ને ગુનો દાખલ કરવા મોકલી આપેલી. તે રીપોર્ટ આ કામે આંક–૫૭૫ થી ૨જૂ જેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આંક–૫૨૮ વાળી ફરિયાદમાં આ સાહેદ રૂબરૂ તરીકેની પોતાની સહી ઓળખી બતાવે છે. ત્યારબાદ વધુ સરતપાસ ધ્યાને લેતા ગુનાવાળી જગ્યાએ બે પંચોના માણસો બોલાવેલા અને તેમની હાજરીમાં સ્થળ ઉપરથી મુદ્દામાલ કબજે કરેલા અને પંચોની સહીઓવાળી સ્લોપો લગાવી રૂબરૂ તરીકે પોતે સહી કરી મુદ્દામાલ સીલ કરેલો. બનાવવાળી જગ્યા ઉપર એક કુતરૂ પણ મરી ગયેલુ તેનુ પણ પી.એમ. કરવા કાર્યવાહી કરેલી. આ બનાવમાં દિપીકાબેન દેસાઈનું મૃત્યુ થયેલુ, ઈ.પી. કો.કલમ–૩૦૨ નો ગુનો બનતો હોય તેનો ઉમેરો કરવા મેટ્રો મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧ ને રીપોર્ટ કરેલો. જે રીપોર્ટ આ કામે આંક–૩૪૪૨ થી ૨જૂ છે તેમાં પણ આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. ત્યારબાદ આ સાહેદે એફ.એસ.એલ. અધિકારીને સ્થળ ઉપર બોલાવવા માટે જે યાદી કરેલી તે યાદી આંક–૩૪૪૩ થી ૨જૂ કરવામાં આવેલ છે. આ યાદીમાં સેકન્ડ પોલીસ ઈન્સ્પેકટર એમ.એ.ખોખરે સહી કરેલી તેઓની સહી પણ આ સાહેદ ઓળખી બતાવે છે. ત્યારબાદ આગળની વધુ તપાસ તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ ક્રાઈમ બ્રાન્ચના પોલીસ ઈન્સ્પેકટર ડી.જે.જાડેજાને સોંપવાનો હુકમ થયેલો. આ સાહેદને તેમની હાજરીમાં જે મુદ્દામાલ કબજે કરેલો તે તમામ મુદ્દામાલ આંક–૨૧૦૧ ના લીસ્ટથી ૨જૂ છે તે અનુક્રમ નં.૧ થી ૬ વાળો વારાફરતી અદાલત રૂબરૂ ઓળખી બતાવેલ છે. મુદ્દામાલ કબજે કર્યાનુ જે પંચનામુ કરેલુ તે આંક–૧૭૭૮ થી ૨જૂ છે તથા મુદ્દામાલ પંચ સ્લીપો આંક–૧૭૭૪ થી ૧૭૭૭ સુધી ૨જૂ કરેલ છે. પંચનામામાં તથા પંચ સ્લીપોમાં પંચોની તથા આ સાહેદ રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે.

આમ, આ ફરિયાદ લીધા બાદ સાહેદ બાબુલાલ કાનજીભાઈ સંઘાણીએ ગુનો રજીસ્ટર કરવા માટે પી.એસ.ઓ. ઈસનપુરને મોકલી આપેલી અને પી.એસ.ઓ. ઈસનપુરનાઓએ આ ફરિયાદને સ્ટેશન ડાયરીમાં રજીસ્ટર

કરેલી, તે સ્ટેશન ડાયરીની નકલ આ કામે આંક–૫૭૪થી રજૂ કરેલી છે. તે રજીસ્ટર કરનાર સાહેદ હમીરસિંહ હિંમતસિંહ નીરોલીયાનાઓને સાહેદ નં.૨૭ તરીકે આંક–૫૭૩ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લેતા તેઓ બનાવના દિવસે પી.એસ.ઓ. તરીકે ઈસનપુર પોલીસ સ્ટેશનમાં ફરજ ઉપર હતા ત્યારે એક સૂચિપત્ર સંઘાણીની સહીથી મોકલવામાં આવેલુ અને ગુનો નોંધેલો અને સ્ટેશન ડાયરી એન્ટ્રી નં.૨૫ આપેલી, ત્યારબાદ એફ.આઈ.આર. ફાડેલી અને તે અંગેનો રીપોર્ટ કરેલો જે આ કામે આંક–૫૭૪ થી રજૂ કરેલો છે. જેમાં આ સાહેદે વધુ તપાસ અંગેનો શેરો કરેલો છે. રીપોર્ટમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

આ કામે ફરિયાદી અમથાભાઈ ગોવાભાઈ રબારીની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલી છે તે ધ્યાને લેતા બનાવ બન્યા પછી તરત જ આ સાહેદને હોસ્પિટલમાં લઈ ગયેલાનું કબૂલ કરે છે. બનાવમાં ૮ થી ૧૦ જણાને ઈજા થયેલી તેમાં કઈ વ્યકિતને ઈજા થયેલી તેના નામની ખબર નથી તે કબૂલ કરે છે. આમ આ હકીકત ધ્યાને લેતા આ કહેવાતો બનાવ બનેલો છે જેમાં આ સાહેદને તથા બીજા ૮ થી ૧૦ માણસોને ઈજાઓ થયેલાનું આરોપીઓ તરફથી કબૂલાત્મક રીતે પુછવામાં આવેલુ છે.

ફરિયાદ લેનાર સાહેદ બાબુલાલ કાનજીભાઈ સંઘાણીની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલ છે તે ધ્યાને લેતાં બનાવના સ્થળે છ મિનિટના અરસામાં પહોંચી ગયાનું જણાવે છે અને બીજા દિવસે વહેલી સવારે ત્રણ વાગ્યા સુધી ત્યાં હાજર હતા તેમ જણાવે છે. બનાવના સ્થળ ઉપર બનાવની માહિતી આપનાર વ્યકિત મળેલી નથી તે કબૂલ કરે છે. પરંતુ આવો બનાવ બને ત્યારે લોકોમાં ગભરાટ હોય, ડર હોય અને બીક હોય ત્યારે આવા સંજોગોમાં કોઈ વ્યકિત કે જે આજુબાજુમાં રહેતી હોય તે તાત્કાલિક ફરિયાદ આપવા માટે પોલીસ સમક્ષ ન જાય. વધુ ઊલટતપાસ ધ્યાને લેતાં આ સાહેદ સૌપ્રથમ દોઢ કલાક સુધી સ્થળ ઉપર રોકાયા ત્યારે તે સમયગાળા દરમ્યાન કામગીરીના ભાગરૂપે આરોપીઓની શોધ સબંધે તપાસ જારી કરેલાનું જણાવે છે.

આંક–૩૪૪૩ વાળા એફ.એસ.એલ.ની કચેરીને લખેલ પત્રમાં જાવક નંબર નથી તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે જાવક નંબર ન લખાયેલો હોય તેથી કરીને યાદી ખોટી છે તેમ કહેવાય નહીં કારણ કે યાદીમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલ છે માટે આ સાહેદે યાદી કરેલ છે તે નહીં માનવાને કોઈ કારણ નથી.

હવે પી.એસ.ઓ. હમીરસિંહ હિંમતસિંહ મીરોલીયાની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલ છે તે ધ્યાને લેતા ગુનાની ફરિયાદ નોંધાય તે અગાઉ આ બનાવની કોઈ જ માહિતી પોલીસ સ્ટેશનમાં ન હતી તે કબૂલે છે. આંક–૫૭૪ વાળો સ્ટેશન ડાયરીનો ઉતારો કોઈ તપાસ કરનાર અધિકારીને આપેલો નથી તે કબૂલ કરે છે. આ સાહેદની સમગ્ર ઊલટતપાસ ધ્યાને લેતા કાર્યવાહી બાબતે ઊલટતપાસ થયેલી છે.

સાહેદ બાબુલાલ કાનજીભાઈ સંઘાણીનાઓએ બે પંચોની હાજરીમાં આંક–૧૭૭૮ વાળુ ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરી જે મુદ્દામાલ કબજે કરેલો તે પંચનામાના પંચો પૈકીના પંચ ચિરાગભાઈ પ્રવિણભાઈ બગથલીયાને સાહેદ નં.૩૩૮ તરીકે આંક–૧૭૭૩ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તેઓ જન્મથી ઈસનપુર, અમદાવાદ ખાતે રહે છે અને તેમની દુકાન ઈસનપુર ગોવિંદવાડી ચાર રસ્તાથી થોડીક આગળની બાજુ આવેલી છે. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ આશરે રાત્રીના નવ વાગ્યાના સુમારે જ્યાં બનાવ બન્યો હતો તે જગ્યાએ ગયેલા કેમ કે ત્યાં પાસે તેમની દુકાન આવેલી છે, તેને કંઈક થયેલું છે કે કેમ, તે જોવા માટે ગયેલો. તેમની દુકાનથી થોડેક દુર આશરે ત્રીસ એક ફુટ આગળ જતાં ગોવિંદવાડી ચાર રસ્તા પાસે બોમ્બ ધડાકો થયેલો હતો. આ જગ્યાએ પોલીસ હતી અને વિસ્તાર કોર્ડન કરી દીધેલો હતો. સાહેદ ત્યાં જોતા હતા ત્યારે પોલીસના એક અધિકારીએ તે જગ્યાની કાર્યવાહી બાબતે તેમને સાક્ષી તરીકે રહેશો તેમ કહેતા "હા" પાડેલી. તે વખતે એક વસંતભાઈ નામની વ્યક્તિ પણ ત્યાં હતી. આ જગ્યા એક વિજયભાઈ નામના માણસે બતાવેલી. આ જગ્યા પાસે એક જવેલર્સની દુકાન "રોશની ગોલ્ડ પેલેસ" નામની આવેલી છે. તેઓએ

જે જગ્યા જોયેલી ત્યાં એક સાઇકલ કે જેનું હેન્ડલ (ગવન્ડર) અલગ થયેલું હતું. સાઇકલના આ છુટા પડેલા ગવન્ડરમાં થેલી બાંધેલી હોય તેવી હતી. ત્યાં નીચે જમીન ઉપર ચાની કીટલી પાસે છરા (પેલેટ) અને વાયરના ટુકડાઓ હતા. આ સિવાય લોહીના ડાઘ હતા તેને કોતરીને તેનો નમૂનો સાહેબે લીધેલો. આ જગ્યાએ એક કુતરો મરેલો પડેલો હતો. આ વસ્તુઓ પ્લાસ્ટિકની થેલીમાં મુકી એક કાગળના ટુકડાઓમાં લપેટી તેની ઉપર દોરીથી બાંધી તેમની સહી વાળી ચીઠ્ઠી મુકવામાં આવેલી. આ તમામ વસ્તુઓ આ સાહેદની હાજરીમાં કબજે કરવામાં આવેલી, તેનુ પંચનામુ બનાવેલુ, જે આંક–૧૭૭૮ વાળા પંચનામામાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવી છે તથા આ સાહેદ તથા અન્ય પંચની સહીઓવાળી પંચ સ્લીપો તપાસ કરનાર અધિકારીએ બનાવીને મુદ્દામાલ ઉપર લગાવેલી તે પંચ સ્લીપો આ કામે આંક–૧૭૭૪ થી ૧૭૭૭ સુધી રજૂ કરેલી છે તે તમામ પંચ સ્લીપો ઉપર આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

હવે આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવી છે તે ધ્યાને લઈએ તો આ સાહેદ સ્થળ ઉપર પહોંચ્યા ત્યારે ઘણા બધા પોલીસના માણસો અને વાહનો હતા તે કબૂલ કરે છે. સ્થળ ઉપર પબ્લીકના આશરે ૪૦ થી ૫૦ માણસો ભેગા થઈ ગયેલાનું પણ કબૂલ કરે છે. આ હકીકત ધ્યાને લેતા આ બનાવ બનેલો છે તે સત્ય હકીકત છે. વધુ ઊલટતપાસ ધ્યાને લેતાં વિજય નામના માણસની સાથે કોઈ વાતચીત કે પુછપરછ કરેલી નથી તેમ જણાવે છે. પોલીસે જે ચીજવસ્તુઓની વર્ણન કરવાનું કહેલુ તે ચીજવસ્તુઓ એક બોક્ષમાં હતી તો તે હકીકત નકારે છે. આ સાહેદની હાજરીમાં બોક્ષ સીલ કરવામાં આવ્યુ નથી તે કબૂલ કરે છે. પંચનામુ કોને કહેવાય અને કેવી રીતે લખવામાં આવે તેનો અનુભવ આ સાહેદને નથી. મારા મત પ્રમાણે આ સાહેદ સામાન્ય વ્યકિત છે તેને પંચનામુ કોને કહેવાય અને કેવી રીતે લખવામાં આવે તેની ખબર ન હોય. આ સાહેદ ફકત એટલુ જ કહી શકે કે પોલીસે તેમની હાજરીમાં જગ્યા જોઈ, ત્યાં પડેલી વસ્તુઓ કબજે કરેલી છે. વધુ ઊલટતપાસ ધ્યાને લેતાં આ સાઇકલ નવી છે એ વાત ખરી ? તો આ સાહેદે તેનો જવાબ "ના" આપેલો છે.

આ સાહેદની હાજરીમાં સરતપાસમાં જણાવ્યા મુજબની કોઈ કાર્યવાહી થયેલી નથી તો તે હકીકત નકારે છે. ઉપરોકત નમૂનાઓ ચાર મીણીયા થેલીમાં મુકયા તે મીણીયા થેલી ઉપર તમારી સહીવાળી કાપલી લગાવેલી ? તેના જવાબમાં સાહેદે જણાવેલુ છે કે કાગળના પડીકા ઉપર કાપલી લગાવેલી. આ સાહેદની સમગ્ર ઊલટતપાસ ધ્યાને લેતા આરોપીઓને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત નીકળી આવતી નથી.

શરૂઆતના તપાસ કરનાર અધિકારી બાબુલાલ સંઘાણીનાઓએ આ બનાવ પછી સ્થળ ઉપર એફ.એસ.એલ.ના અધિકારીને બોલાવેલા તે અધિકારી અમૃતભાઈ વશરામભાઈને સાહેદ નં.૮૩૦ તરીકે આંક–૫૫૬૬થી તપાસેલા છે. તેઓની આ ગુના પુરતી સરતપાસ ધ્યાને લેતા તા. ૨૬/૭/૨૦૦૮ ના રોજ ઈસનપુર પોલીસ સ્ટેશનથી ટેલીફોનીક સંદેશો મળેલ જે સંદેશાના આધારે રોશની ગોલ્ડ પેલેસ નામની દુકાન સામે રોડ પરની જગ્યા તપાસવા અંગેની તપાસ અધિકારીશ્રીએ સ્થળ પર યાદી આપેલી. જે યાદીના અનુસંધાને બનાવવાળી જગ્યા તપાસતા બનાવ સ્થળે રોશની ગોલ્ડ પેલેસ નામની દુકાન સામે રોડ ઉપર હેન્ડલથી તુટેલ એક સાઈકલ પડેલ જેના ઉપર હરક્યુલસ લખેલ હતું. સદર તુટેલ સાઈકલ પાસે રોડ ઉપર સુકાયેલા લોહીના ડાઘાઓ, છુટાછવાયા છરાઓ, બ્લુ રંગની ટેપ ચોંટેલ લાકડાના ટુકડાઓ, સફેદ વાયરનો ટુકડો (રીંગ), ખીલ્લીઓ, કપડાંના ટુકડાઓ, મીનીયાના ટુકડાઓ વગેરે પડેલ હતું. સદર સાઈકલનું હેન્ડલ ફુટપાથ ઉપર પડેલ હતું. જેના પર ફાટેલી થેલી બાંધેલી દેખાતી હતી. બનાવ સ્થળેથી તપાસ અધિકારીશ્રીને નીચે મુજબના નમૂનાઓ કબજે લેવા સુચન કરેલ. (૧) મીનીયાના ટુકડા, ધાતુના પતરાના ટુકડા, વાદળી રંગના કાપડના ટુકડા, લાકડાના તુટેલા ટુકડા, (૨) છરા, ખીલ્લીઓ તથા વાયરની રીંગ (૩) લોહીવાળી માટી (૪) કંટ્રોલ માટી (૫) સાઈકલનું હેન્ડલ, ફાટેલી થેલી સાથેનું (૬) હેન્ડલથી તુટેલ જૂના જેવી સાઈકલ. ઉપરોક્ત બનાવ અંગે તપાસ અધિકારીશ્રીને જરૂરી માર્ગદર્શન કરી કબજે લીધેલ નમૂનાઓને વધુ તપાસ અર્થે ડી.એફ.એસ. ગાંધીનગર ખાતે

મોકલવા ભલામણ કરેલ. તેમને જે યાદી મળેલ તેમાં જે જગ્યાને તપાસવા દુકાન આગળ બોમ્બ બ્લાસ્ટ થયાનું જણાવવામાં આવેલું. આ સાહેદને આંક–૩૪૪૩ બતાવવામાં આવતા આ યાદીની અસલ તેમને પાઠવવામાં આવેલ તેની આ કાર્બન કોપી છે જેમાં સ્વીકારનાર તરીકે આ સાહેદે સહી કરેલ છે જે સહી ઓળખી બતાવેલ છે. આ યાદી કે જે સ્થળ પરિક્ષણ કરી અભિપ્રાય આપવા માટે હતી તેની પાછળના ભાગે સાહેદે ઈન્વે. વાન રીપોર્ટ લખીને તૈયાર કરેલ જેમાં તેમના હસ્તાક્ષર અને સહી ઓળખી બતાવે છે. આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલી છે તે ધ્યાને લેતાં આ સાહેદે અમદાવાદ શહેરમાં આ સમય દરમ્યાન બીજા ઘણા બધા બોમ્બ બ્લાસ્ટના બનાવો બનેલા અને તે બનાવો વાળી જગ્યા ઉપર જઈને પણ તેમને સ્થળ પરિક્ષણો કરેલા જે હકીકત તેમને કબૂલ કરી છે. આરોપીઓ તરફથી જનરલ અને સામાન્ય ઊલટતપાસ થયેલી છે. કોઈ ચોકકસ ગુના સબંધે ઊલટતપાસ કરવામાં આવેલ નથી.

આ કામે મગનભાઈ લક્ષ્મણભાઈ પરમારને સાહેદ નં.૧૦૫૮ તરીકે આંક–૭૧૯૯ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ ઈસનપુર પોલીસ સ્ટેશન, અમદાવાદ ખાતે પી.એસ.ઓ. તરીકે ફરજ બજાવતા હતા. તેઓ તેમની ફરજ ઉપર હતા તે દરમ્યાન પોલીસ કોન્સ્ટેબલ મોતીલાલ કાશીનાથ, બ.નં.૯૧૮૩ નાઓ ઈસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં સાઈકલ ઉપર થયેલ બોમ્બ બ્લાસ્ટમાં ઈજા પામનાર દિપીકાબેન મનોજભાઈ દેસાઈનાઓના કપડા તથા બ્લડ સેમ્પલ તથા છરા રજુ કરતાં હોવાથી તે કબ્જે લેવા સારૂ બે પંચોને બોલાવેલા અને મોતીલાલ કાશીનાથે રજુ કરેલ એક કાચની બોટલ કે જેમાં મરણજનાર દિપીકાબેનના લોહીનો નમૂનો હતો તે તથા એક કાચની બોટલ કે જેમાં લોખંડના છરા હતા તથા ત્રણ અલગ–અલગ કપડા હતા તે પંચનામાની વિગતે કબ્જે કરવામાં આવેલાં. આ અંગેનું જે પંચનામુ કરેલુ તે આંક–૨૧૦૩ માં આ સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે.

સાહેદ મગનભાઈ લક્ષ્મણભાઈ પરમારનાઓએ આંક–૨૧૦૩નાં પંચનામાના આધારે દિપીકાબેનના જે કપડા કબજે કરેલા તે પંચનામાના પંચો પૈકી પંચ ભરત ભગીરથભાઈ શર્માને સાહેદ નં.૩૬૦ તરીકે આંક–૨૧૦૨ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ સવા બાર વાગ્યાની આસપાસ તેઓને ઈસનપુર પોલીસ સ્ટેશનમાં બોલાવેલા, તેમની સાથે એક ભરતભાઈ પટેલને પણ બોલાવેલા હતા ત્યાં જણાવવામાં આવેલુ કે દિપીકાબેન દેસાઈના કપડા તથા અન્ય ચીજવસ્તુઓ પોલીસ કોન્સ્ટેબલ મોતીલાલ રજૂ કરે છે અને તેનુ પંચનામુ કરવાનુ છે ત્યારબાદ આ મોતીલાલે આ સાહેદની રૂબરૂમાં કાચની એક બોટલમાં દિપીકાબેનનું લોહી, બીજી એક બોટલમાં છરા તેના ઉપર નામ લખેલુ હતુ તે, ગુલાબી વાદળી રંગની સાડી જેની ઉપર લોહીના ડાઘા હતા, આછા પીળા રંગનો ચણીયો તેની ઉપર લોહીના ડાઘા હતા તથા બ્લાઉઝ પોલીસે કબજે કરી પડીકા બનાવી પંચોની સહીઓવાળી સ્લીપો મુકી સીલ કરેલ. આ સાહેદ આંક–૨૧૦૩ વાળા પંચનામામાં તથા પંચ સ્લીપો આંક–૨૧૦૪ થી ૨૧૦૮વાળીમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે. આ ઉપરાંત આ સાહેદની હાજરીમાં જે મુદ્દામાલ કબજે કરેલો તે તમામ અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ કામે હરિસિંહ જેઠાભાઈ જનકાતનાઓને સાહેદ નં.૧૦૭૨ તરીકે આંક–૭૨૮૧ થી તપાસેલા છે. તેમની સરતપાસ પ્રમાણે તેઓ ૨૦૦૮ થી ૨૦૦૯ દરમ્યાન ક્રાઈમ બ્રાન્ચ એસ.ઓ.જી.માં પોલીસ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા ત્યારે ઈસનપુર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૧૯૦/૨૦૦૮ ના ગુનાની તપાસ નાયબ પોલીસ કમિશનરશ્રી ક્રાઈમ બ્રાન્ચના હુકમથી પોલીસ ઈન્સ્પેકટર વિજય જાડેજાઓએ સંભાળેલી અને તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ આ સાહેદને સોંપવામાં આવેલી. જેથી તેઓએ ગુનાની વિગતની ચર્ચા કરેલી અને ગુનાની વિગતથી માહિતગાર થયેલાં. તપાસના કાગળોમાં ફરિયાદ, પી.એસ.ઓ. રીપોર્ટ, ગુનાવાળી જગ્યાનું પંચનામું તથા નિવેદનો વિગેરે હતાં તે તેઓએ સંભાળેલા અને વંચાણે લીધેલાં. આ

ગુનામાં ઈસનપુર ગોવિંદવાડી શાકમાર્કેટ પાસે જાહેર જગ્યામાં સાઈકલ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલો હતો તેમાં એક બહેનનું મૃત્યુ થયેલું હતું અને કેટલાક ઈસમોને જીવલેણ ઈજાઓ થયેલી હતી. તેઓએ આ ગુનાના કામે ગુનાવાળી જગ્યાની આજુબાજુના વેપાર ધંધો કરતા ઈસમોની તથા ભોગ બનનાર ઈસમોની પુછપરછ કરેલી હતી અને તેઓના નિવેદનો તેઓના લખાવ્યા મુજબ લખી લીધેલા હતાં. વધુમાં તેઓએ તા.૨૮/૭/૨૦૦૮ ના રોજ આ ગુનાના કામે કેટલાક ઈસમોની પુછપરછ કરી તેઓના નિવેદનો તેઓના લખાવ્યા મુજબ લખી લીધેલા.

સાહેદ વધુમાં જણાવેલ છે કે તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ તેઓએ આ ગુનાના કામે ગુનાવાળી જગ્યાનો નકશો તૈયાર કરી આપવા બાબતે સીટી મામલતદારશ્રી, સર્કલ ઈન્સ્પેકટરનાઓને યાદી લખેલી. જે આંક–૩૩૮૧ વાળી યાદીમાં તેમની સહી ઓળખી બતાવે છે. વધુમાં તા.૩૦/૭/૨૦૦૮ ના રોજ આ કામમાં ઈજા પામનાર સાહેદ વિનયકાંત નટવરલાલ શાહના શરીરમાંથી નીકળેલ લોખંડના છરા ડૉકટરશ્રીએ હેડકોન્સ્ટેબલ રણજીતસિંહ ખુમાનસિંહને સોંપેલા હતા તેઓ ઈસનપુર પોલીસ સ્ટેશને આવી તે છરા ધરાવતી કાચની બોટલ રજૂ કરતા હોવાથી તે કબ્જે લેવા સારૂ બે પંચોને હાજર રાખેલા અને બે પંચોની રૂબરૂમાં પંચનામાની વિગતે તે છરા કબ્જે લીધેલાં. જે આંક–૨૧૧૦ વાળા પંચનામામાં તથા આંક–૨૧૧૧વાળી પંચ સ્લીપમાં બે પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે.

સહાદે વધુમાં જણાવે છે કે તા.૧/૮/૨૦૦૮ ના રોજ આ કામમાં ઈજા પામનાર સાહેદ જયોતિબેન દિપકકુમાર તથા તેમની દિકરી પુજા દિપકકુમારના શરીરમાંથી નીકળેલ લોખંડના છરા કે જે ડૉ.યોગેશ ઓર્થોપેડીક હોસ્પિટલમાંથી સીલ બંધ હાલતમાં પોલીસ કોન્સ્ટેબલ ધર્મેન્દ્રસિંહ વિક્રમસિંહને સોંપેલા હતા તેઓ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે આવી તે અલગ–અલગ પ્લાસ્ટિકના પારદર્શક ડબ્બામાં સીલ બંધ હતા તે કબ્જે લેવા સારૂ બે પંચોને હાજર રાખેલા અને બે પંચોની રૂબરૂમાં પંચનામાની વિગતે તે નમૂના કબ્જે

લીધેલાં. જે આંક–૨૧૧૬ વાળા પંચનામામાં તથા આંક–૨૧૧૭ વાળી પંચ સ્લીપમાં બે પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે.

સાહેદ વધુમાં જણાવે છે કે આ ગુનાના કામે આ કામમાં ઈજા પામનાર સાહેદ નયનાબેન પરેશભાઇ પટેલનાઓની સારવાર દરમ્યાન શરીરમાંથી નીકળેલ કરચના ટુકડા કાચના બોટલમાં પત્ર સાથે ડૉ. નયન વી. શાહનાઓએ પી.એસ.ઓ. સમક્ષ રજૂ કરેલા હોવાથી તે કબ્જે લેવા સારૂ બે પંચોને હાજર રાખેલા અને બે પંચોની રૂબરૂમાં પંચનામાની વિગતે તે છરા કબ્જે લીધેલાં. જે આંક–૨૧૧૩ વાળા પંચનામામાં તથા આંક–૨૧૧૪ વાળી પંચ સ્લીપમાં બે પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે.

વધુમાં આ ગુનાના કામે કબ્જે લેવામાં આવેલ મુદ્દામાલ કે જેમાં ગુનાવાળી જગ્યાએથી તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ કબ્જે લેવામાં આવેલ હતો તે તથા મરણ જનાર દિપીકાબેન દેસાઇનાઓના પી.એમ. કરનાર ડૉકટરે સોંપેલ નમૂના તથા કપડા વિગેરે તેમજ પંચનામાની વિગતે કબ્જે કરેલ મુદ્દામાલ એફ.એસ.એલ. માં મોકલવા સારૂ વિગતવારની રવાનગી નોંધ તૈયાર કરેલી હતી તેમાં જણાવેલ વિગતવાળો મુદ્દામાલ એફ.એસ.એલ.માં તપાસણી સારૂ મોકલી આપેલ તે એફ.એસ.એલ.ને મળેલો. આંક–૫૮૫૭ તથા તેની સાથેની રવાનગી નોંધની ઓફિસ કોપી તેઓએ તૈયાર કરાવેલી અને તેમાં સાહેદે સહી કરી મદદનીશ પોલીસ કમિશનરશ્રી એચ.આર.મુલીયાણાનું સત્તા અંગેનું પ્રમાણપત્ર મેળવી એફ.એસ.એલ.ને મુદ્દામાલ સાથે રવાના કરેલો જેમાં સાહેદ પોતાની તથા મદદનીશ પોલીસ કમિશનર મુલીયાણાની સહીઓ ઓળખી બતાવે છે. આંક–૫૮૫૮ વાળી પહોંચમાં એફ.એસ.એલ.ને મુદ્દામાલ મળેલો તે બાબતેની મદદનીશ નિયામકની સહી છે.

વધુમાં તા.૨/૮/૨૦૦૮ ના રોજ આ ગુનાના કામે ભારતીય ફોજદારી ધારાની કલમ–૧૨૧,૧૨૨,૧૨૩ તથા અનલોફુલ એકટીવીટીઝ (પ્રિવેન્શન) એકટની કલમ–૧૫,૧૬ અને ૧૮ મુજબના ગુના બનતો હોવાનું ફલિત થતા આ ગુનાઓની કલમોનો ઉમેરો કરવા સારૂ નામદાર મેટ્રોપોલીટન

મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ નાઓને રીપોર્ટ કરેલો હતો. જે રીપોર્ટ આંક–૭૨૮૨થી રજૂ છે તેમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. વધુમાં તા.૩/૮/૨૦૦૮ ના રોજ આ ગુનાની આગળની તપાસ તેઓએ સંયુકત પોલીસ કમિશનરશ્રી, ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદનાઓની સુચના મુજબ નાયબ પોલીસ અધીક્ષકશ્રી આર. વી. અસારી સાહેબનાઓને સોંપેલી.આ સાહેદે ઉપરોકત પંચનામાઓની વિગતે જે મુદ્દામાલ કબજે કરેલો તે તમામ મુદ્દામાલ અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે.

આ સાહેદ હમીરસિંહ જેઠાભાઈએ ઈજા પામનાર વિનયભાઈના શરીરમાંથી ઓપરેશન દ્વારા કાઢવામાં આવેલા છરા કબજે કર્યાનું પંચનામુ આંક–૨૧૧૦ થી બનાવેલુ તે પંચાનામા પૈકીના પંચ જીતુભાઈ સેવકભાઈ લાલવાણીને સાહેદ નં.૩૬૧ તરીકે આંક–૨૧૦૯ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૩૦/૭/૨૦૦૮ નાં રોજ તેઓને ઈસનપુર પોલીસ સ્ટેશને બોલાવેલા તે વખતે ચિરાગભાઈ તથા જયંતિભાઈને પણ બોલાવેલા અને સમજ આપેલી કે વિનયકાન્તભાઈનું ઓપરેશન કરીને ડૉકટરે શરીરમાંથી ચાર લોખંડના છરા કાઢેલા તે છરાવાળી બોટલ રણજીતસિંહ ખુમાનસિંહને સોંપવામાં આવેલી તેનુ પંચનામુ કરવાનું છે તેમ કહી આ સાહેદની હાજરીમાં છરાવાળી બોટલ એક પ્લાસ્ટિકના પારદર્શક ડબ્બામાં મુકીને પંચોની સહીઓવાળી સ્લીપ લગાવીને દોરી બાંધી સીલ કરેલ. જે આંક–૨૧૧૦ વાળા પંચનામામાં તથા આંક–૨૧૧૧ વાળી પંચ સ્લીપમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે. ઉપરાંત આ સાહેદ તેમની હાજરીમાં કબજે કરવામાં આવેલ મુદ્દામાલ અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે.

આ સાહેદ હમીરસિંહ જેઠાભાઈએ ઈજા પામનાર જયોતિબેનના શરીરમાંથી ઓપરેશન દ્વારા કાઢવામાં આવેલા છરા કબજે કર્યાનું પંચનામુ આંક–૨૧૧૬ થી બનાવેલુ તે પંચાનામા પૈકીના પંચ ચેતન કનૈયાલાલને સાહેદ નં.૩૬૩ તરીકે આંક–૨૧૧૫ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૩૦/૭/૨૦૦૮ નાં રોજ તેઓને ઈસનપુર પોલીસ સ્ટેશને બોલાવેલા તે વખતે જીતેન્દ્રભાઈને પણ બોલાવેલા અને સમજ આપેલી કે જયોતિબેનનું

ઓપરેશન કરીને ડૉકટરે શરીરમાંથી છરા કાઢેલા તે છરાવાળી બોટલ ધર્મેન્દ્રસિંહને સોંપવામાં આવેલી તેનુ પંચનામુ કરવાનું છે તેમ કહી આ સાહેદની હાજરીમાં છરા બે અલગ–અલગ પ્લાસ્ટિકની પારદર્શક ડબ્બીઓમાં મુકીને પંચોની સહીઓવાળી સ્લીપ લગાવીને દોરી બાંધી સીલ કરેલ. જે આંક–૨૧૧૬ વાળા પંચનામામાં તથા આંક–૨૧૧૭ વાળી પંચ સ્લીપમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે. ઉપરાંત આ સાહેદ તેમની હાજરીમાં કબજે કરવામાં આવેલ મુદ્દામાલ અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે.

આ સાહેદ હમીરસિંહ જેઠાભાઈએ ઈજા પામનાર નયનાબેનના શરીરમાંથી ઓપરેશન દ્વારા કાઢવામાં આવેલા છરા કબજે કર્યાનું પંચનામુ આંક–૨૧૧૩ થી બનાવેલુ તે પંચનામા પૈકીના પંચ મનોજભાઈ હરીપ્રસાદને સાહેદ નં.૩૬૨ તરીકે આંક–૨૧૧૨ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૧/૮/૨૦૦૮ નાં રોજ તેઓને ઈસનપુર પોલીસ સ્ટેશને બોલાવેલા તે વખતે પ્રફુલભાઈને પણ બોલાવેલા અને સમજ આપેલી કે નયનાબેનનું ઓપરેશન કરીને ડૉકટરે શરીરમાંથી કાઢેલી કરચોની બોટલ પી.એસ.ઓ. સમક્ષ રજૂ થયેલી તે કબજે કરવાનું પંચનામુ કરવાનું છે તેમ કહી આ સાહેદની હાજરીમાં કાચની એક બોટલમાં કે જેમાં કરચો હતી તે પંચોની સહીઓવાળી સ્લીપ લગાવીને દોરી બાંધી સીલ કરેલ. જે આંક–૨૧૧૩ વાળા પંચનામામાં તથા આંક–૨૧૧૪ વાળી પંચ સ્લીપમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે. ઉપરાંત આ સાહેદ તેમની હાજરીમાં કબજે કરવામાં આવેલ મુદ્દામાલ અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે.

હવે તપાસ કરનાર અધિકારીએ ગુનાવાળી જગ્યા ઉપરથી જે મુદ્દામાલ આંક–૧૭૭૮, ૨૧૦૩, ૨૧૧૦, ૨૧૧૬ અને ૨૧૧૩ ના પંચનામાઓના આધારે કુલ–૧૫ નમૂનામાં મુદ્દામાલ તરીકે કબજે કરેલો તે મુદ્દામાલ રવાનગી નોંધ સાથે એફ.એસ.એલ. ગાંધીનગરને પૃથક્કરણ માટે મોકલી આપેલો. આ રવાનગી નોંધ આ કામે આંક–૫૮૫૭ થી રજૂ કરેલી છે. આ રવાનગી નોંધમાં જણાવ્યા મુજબના કુલ–૧૫ નમૂના માર્ક–એ થી માર્ક–ઓ

સુધીના એફ.એસ.એલ. ગાંધીનગરને તપાસ અર્થે મોકલેલા છે. આ રવાનગી નોંધમાં સાહેદ હરિસિંહ જેઠાભાઈ જનકાતનાઓએ આંક–૭૨૮૧ની જુબાનીમાં પોતાની સહી ઓળખી બતાવી છે. હવે આ મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારી હેમંત ભાલચંદ્ર ભટ્ટને સાહેદ નં.૮૪૬ તરીકે આંક–૫૮૩૮ થી તપાસેલા છે. એફ.એસ.એલ. દ્વારા મુદ્દામાલ સ્વીકાર્યા અંગેની જે પહોંચ આપવામાં આવેલી તે પહોંચ આ કામે આંક–૫૮૫૮ થી રજૂ કરેલી છે જેમાં મદદનીશ નિયામક એફ.એસ.એલ. ગાંધીનગરનાઓની સહી છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે ઈસનપુર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૧૯૦/૨૦૦૮ નો મુદ્દામાલ રવાનગી નોંધ સાથે કુલ–૧૫ સીલબંધ પાર્સલ હતા જે પૈકી પાર્સલ માર્ક–એલ થી ઓ ધરાવતા હતા, ચાર સીલબંધ પ્લાસ્ટિકના ડબ્બા તથા માર્ક–એ થી ડી, આઈ, જે, કે ધરાવતા સીલબંધ સાત કાગળના પાર્સલો તેમજ માર્ક–ઈ અને એફ ધરાવતા બે સીલબંધ માદરપાટ કાપડના પાર્સલો હતા જે દરેક ઉપર સીલ પોલીસ ઇન્સ્પેકટર ઈસનપુર હતુ, માર્ક–એચ અને જી ધરાવતી બે સીલબંધ શીશી હતી.આ નમૂનાઓ પૃથક્કરણ અર્થે તેઓના વિભાગમાં આવેલો તે મુજબ...

- માર્ક–એ મીણીયાના વાદળી રંગના ટુકડા તથા લોખંડના પતરાના ટુકડા તથા આછા વાદળી રંગના તથા સફેદ કાળા રંગના કપડાના ટુકડા તેમજ લાકડાના તુટેલા નાના નાના ટુકડા તથા લોખંડની રીંગ તથા પતરાના ટુકડા વિગેરે.
- માર્ક–બી લોખંડના ગોળ છરા તથા લોખંડની ખીલીઓ તથા સફેદ વાયરની રીંગ તથા પતરૂ.
- માર્ક–સી ગુનાવાળી જગ્યાએ પડેલ લોહીવાળી માટી.
- માર્ક–ડી કન્ટ્રોલ માટી.
- માર્ક–ઈ સાઇકલનું છુટુ પડેલુ ગવન્ડર બંને બ્રેક સાથેનું હરકયુલીસ માર્કાવાળુ વચ્ચેના ભાગે એક કાળા તથા સફેદ કપડાની થેલી

પટ્ટાથી બાંધેલી છે જે થેલીનો ભાગ ફાટી તુટી ગયેલ છે જેની ઉપર ઓઈલ જેવો ચીકાસ પડતો પદાર્થ પડેલો છે તે.

- માર્ક–એફ હરકયુલીસ મેકરની ૨૨ ની સાઈઝની સાઈકલ, ગવન્ડર વિગેરે.
- માર્ક–જી સીલબંધ કાચની બોટલ જેમાં મરણ જનારનું બ્લડ સેમ્પલ.
- માર્ક–એચ સીલબંધ કાચની બોટલ જેમાં લોખંડના છરા છે તે.
- માર્ક–આઈ ગુલાબી લાલ વાદળી રંગની સાડી.
- માર્ક–જે આછા વાદળી રંગનો ચણીયો.
- માર્ક–કે ભુખરા જેવા રંગનો બ્લાઉઝ.
- માર્ક–એલ સીલબંધ કાચની બોટલ જેમાં પીળાશ પડતુ પ્રવાહી તથા લોખંડના ગોળ નાના છરા ચાર છે તે.
- માર્ક–એમ એક સીલબંધ પ્લાસ્ટિકનો પારદર્શક ડબ્બો જેમાં ત્રણ લોખંડના છરા છે તે.
- માર્ક–એન એક સીલબંધ પ્લાસ્ટિકનો પારદર્શક ડબ્બો જેમાં લોખંડના છરા છે તે.
- માર્ક–ઓ એક કાચની સીલબંધ બોટલ જેમાં બે પતરાની નાની કરચ છે તે.

ઉપરોકત મુદ્દામાલ પૈકીના જે મુદ્દામાલનું આ સાહેદે પૃથક્કરણ કરેલુ તે પ્રમાણીત, રાસાયણિક પધ્ધતિઓથી કરેલુ અને પૃથક્કરણના પરિણામ મુજબ...

(૧) નમૂના–એ,બી,ઈ,એફ,આઈ,જે તથા કે માં એમોનીયમ નાઈટ્રેટ તથા નાઈટ્રેટ મુલકો તેમજ પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સ ઓઈલ (પેરાફીલ ઓઈલ પ્રકાર) ની હાજરી શોધાયેલી

(૨) નમૂના માર્ક–એચ,એલ,એમ,એન તથા ઓ વિસ્ફોટકના ઘટકોની હાજરી શોધાયેલી નથી.

આ સાહેદના અભિપ્રાય પ્રમાણે...

(૧) પૃથક્કરણના પરિણામમાં શોધાયેલ એમોનીયમ નાઈટ્રેટ અને પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સ ઓઈલનું મિશ્રણએ એમોનીયમ નાઈટ્રેટ બેઈઝડ એમોનીયમ નાઈટ્રેટ ફયુઅલ ઓઈલ (એનફો) હાઈ એક્ષપ્લોજીવના ઘટકો છે.

(૨) નમૂનાઓમાંથી મળેલ ધાતુના છરાનો ઉપયોગ હાથ બનાવટના બોમ્બમાં મીસાઈલ તરીકે થાય છે.

(૩) પૃથક્કરણના પરિણામ તથા નમૂનાઓમાં મળેલ વાયરના ટુકડા, ધાતુના છરા, ખીલ્લીઓ, લાકડાના, પ્લાસ્ટિકના ફોલ્ડરના તથા પતરાના ભાગોના આધારે એવુ કહી શકાય કે લાકડાના પ્લાસ્ટિકના તથા ધાતુની શીટ ધરાવતા કન્ટેનરમાં એનફો એક્ષપ્લોજીવ પદાર્થ ભરી છરા ઉમેરી ડેલી ડીવાઈસ પ્રકારનો ટાઈમ ડીવાઈસ પ્રકારનો આઈ.ઈ.ડી. બોમ્બ છે.

આ પ્રમાણેનો આ સાહેદે અભિપ્રાય આપેલો જે આ કામે આંક–૫૮૫૯ થી રજૂ કરેલો છે તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ સાહેદની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી છે. અમદાવાદમાં થયેલ સીરીયલ બોમ્બ બ્લાસ્ટનાં ઘણા બનાવોવાળી જગ્યા ઉપરથી કબજે કરવામાં આવેલ ઘણા મુદ્દામાલનું પૃથક્કરણ તથા સુરત શહેરમાં થયેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં પણ જે તે સ્થળો ઉપરથી કબજે કરવામાં આવેલ મુદ્દામાલનું પૃથક્કરણ આ સાહેદે કરેલુ છે. તેઓની ઊલટતપાસ જનરલ અને સામાન્ય છે.

આમ, ઉપરોકત બનાવવાળા સ્થળેથી જે મુદ્દામાલ કબજે કરવામાં આવેલો તે મુદ્દામાલ રવાનગી નોંધ આંક–૫૮૫૭ પૈકીનો મુદ્દામાલ કુલ–૮ પાર્સલ રસાયણ શાસ્ત્ર વિભાગ તરફથી ભૌતિક શાસ્ત્ર વિભાગમાં પૃથક્કરણ અર્થે ગયેલો તે પૈકી પાર્સલ–એ (નમૂનો–એ) ના કુલ–છ પેકેટ, પાર્સલ–બી (નમૂનો–બી), પાર્સલ–એફ (નમૂનો–એફ), પાર્સલ–એચ (નમૂનો–એચ),

પાર્સલ–એલ (નમૂનો–એલ), પાર્સલ–એમ (નમૂનો–એમ), પાર્સલ–એન (નમૂનો–એન) અને પાર્સલ–ઓ (નમૂનો–ઓ) હતા. જેનું એફ.એસ.એલ. અધિકારી શ્રી એમ.એન.જોષીનાઓએ પૃથક્કરણ કરેલુ પરંતુ તેઓ અમેરીકા ખાતે સ્થાયી થઈ ગયેલા હોવાથી તેમના સ્થાને અન્ય એફ.એસ.એલ. અધિકારી સમીર સુભાષચંદ્ર જોષીનાઓને સાહેદ નં.૧૧૧૨ તરીકે આંક–૭૯૫૨ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો ઉપરોકત મુદ્દામાલ નમૂનો–એ (ધાતુના ટુકડા વિગેરે), નમૂનો–બી (છરા, ખીલ્લી, વાયરના ટુકડા), નમૂનો–એફ (સાઇકલ), નમૂનો–એચ,એલ,એમ,એન (છરા) અને નમૂનો–એ (ધાતુની કરચો) નું બાહય દ્રષ્ટિ વિષયક સુક્ષ્મદર્શક યંત્રમાં પૃથક્કરણ તથા નમૂના–એ ના ધાતુના ટુકડા, નમૂના–બી ના છરા, નમૂના–એચ,એલ,એમ,એન નાં ધાતુના છરા અને નમૂના–ઓ ના ધાતુના ટુકડાઓનું EDXRF દ્વારા તથા ભૌતિક પરિણામોનું માપન કરવામાં આવેલુ અને તેઓના અભિપ્રાય મુજબ.....

(૧) નમૂના માર્ક–બી પ્રકારના છરા, નમૂના માર્ક–એચ થી એન માં જોવા મળેલા.

(૨) નમૂના–એફ ની સાઇકલનો નં.એસએન૪૨૮૮૧૬ હતો અને સદર સાઇકલ ઉપર આગળના ટાયરના પંખા ઉપર ગવન્ડરની નીચેના સળીયા ઉપર આગળના પંખા ઉપર તથા પાછળના ટાયરની ફ્રેમ ઉપર હીટ માર્ક/ગોબાના નિશાન જોવા મળેલા.

(૩) માર્ક–એ માં અનુક્રમ નં.૬ માની ધાતુ અને માર્ક–ઓ ની ધાતુની કરચો સામ્યતા ધરાવતા હતી.

આ મુજબનો જે અભિપ્રાય સાયન્ટીફીક ઓફીસર એમ.એન.જોષી નાઓએ તે આ કામે આંક–૭૯૬૩ થી રજૂ છે જેમા આ સાહેદે એમ.એન.જોષીની સહી ઓળખી બતાવે છે.

આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી છે તે ધ્યાને લેતા કોઈ ચોકકસ ગુના સંબંધી કોઈ ચોકકસ ઊલટતપાસ કરવામાં આવેલી નથી. પરંતુ આ સાહેદે પણ અમદાવાદ ખાતે થયેલ બોમ્બ બ્લાસ્ટ તથા

સુરત ખાતે થયેલ બોમ્બ પ્લાન્ટેશનના બનાવવાળી જગ્યા ઉપરથી કબજે કરવામાં આવેલા અન્ય મુદ્દામાલોનું પણ પૃથક્કરણ કરેલ છે અને ઊલટતપાસ જનરલ કરવામાં આવેલી છે. આરોપીઓ તરફથી કરવામાં આવેલ ઊલટતપાસ ધ્યાને લેતા આ સાહદે કહેવાતા મુદ્દામાલનું પૃથક્કરણ કરેલ નથી તે માની શકાય તેમ નથી.

ત્યારબાદ આ કામે આંક–૫૮૫૭ વાળી રવાનગી નોંધ પૈકીના કેટલાક મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારી તેજલબેન દિલીપભાઈ શાહને સાહેદ નં.૮૪૪ તરીકે આંક–૫૮૧૯ થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ પ્રમાણે ઈસનપુર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૧૯૦/૨૦૦૮ નાં કામનો મુદ્દામાલ તેઓના વિભાગમાંથી પૃથક્કરણ અર્થે મળેલો જે છ પાર્સલો રસાયણ વિભાગ તરફથી આ સાહેદના વિભાગને મોકલવામાં આવેલા જે પૈકી ત્રણ મુળ સીલવાળા અને ત્રણ વિભાગીય સીલબંધ પાર્સલ હતા જેનુ બાયોલોજીકલ, સીરોલોજીકલ પૃથક્કરણ કરેલુ છે. તેમને જે મુદ્દામાલનુ પૃથક્કરણ કરેલુ છે તે મુજબ...

- નમૂના–સી ઉપર માનવ રૂધીર મળેલુ હતુ જેનુ જૂથ "બી" હતુ.
- નમૂના–ડી ઉપર માનવ રૂધીર મળેલુ ન હતુ, નમૂના–ડી કન્ટ્રોલ તરીકે યોગ્ય.
- નમૂના–જી ઉપર માનવ રૂધીર મળેલુ હતુ જેનુ જૂથ "બી" હતુ.
- નમૂના–આઈ ઉપર માનવ રૂધીર મળેલુ હતુ જેનુ જૂથ "બી" હતુ.
- નમૂના–જે ઉપર માનવ રૂધીર મળેલુ હતુ જેનુ જૂથ "બી" હતુ.
- નમૂના–કે ઉપર માનવ રૂધીર મળેલુ હતુ જેનુ જૂથ "બી" હતુ.

ઉપરોકત મુદ્દામાલનું પૃથક્કરણ કરતાં...

તે પ્રમાણેનો અભિપ્રાય આ સાહેદે આપેલો જે અહેવાલમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાાવી છે. આ અહેવાલ આંક–૫૮૨૨ થી રજૂ કરેલો છે. તે અહેવાલ ફોરવર્ડીંગ પત્ર સાથે પોલીસ ઇન્સ્પેકટર એસ.ઓ.જી.

ક્રાઈમ બ્રાન્ચને મોકલી આપેલો તે ફોરવર્ડીંગ પત્ર પણ અહેવાલની સાથે સામેલ છે, જેમા નાયબ નિયામકની સહી છે.

ત્યારબાદ આ કામે તપાસ કરનાર અધિકારી શ્રી એચ.જે.જનકાતે બનાવ બાદ બનાવવાળી જગ્યા ઉપર નકશો બનાવવા માટે સર્કલ ઓફિસર ખોખરાને એક યાદી લખેલી જે યાદી આ કામે આંક–૩૩૮૧ થી રજૂ કરેલી છે અને તેઓએ સદર યાદીમાં પોતાની સહી આંક–૭૨૮૧ ની જુબાનીમાં ઓળખી બતાવેલી છે.

આંક–૩૩૮૧ વાળી યાદીના આધારે સર્કલ ઓફિસર અમૃતભાઈ જીવાભાઈનાઓએ ગુનાવાળી જગ્યા ઉપર જઈ નકશો બનાવેલો તેઓને આ કામે સાહેદ નં.૬૯૦ તરીકે આંક–૩૩૩૭ થી તપાસેલા છે. તેમની સરતપાસ પ્રમાણે તેઓને તપાસ કરનાર અધિકારી શ્રી એચ.જે.જનકાત દ્વારા એસ.ઓ.જી. ક્રાઈમ બ્રાન્ચનાઓએ ઈસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગોવિંદવાડી શાક માર્કેટ ખાતે બોમ્બ બ્લાસ્ટ થયેલો તે જગ્યા ઉપર જઈ નકશો બનાવવા માટેની યાદી મળેલી તે આંક–૩૩૮૧ ની યાદી મળ્યા બાબતે યાદી ઉપર તેમને પોતાની સહી ઓળખી બતાવી છે અને તે યાદીના આધારે સ્થળ ઉપર જઈ નકશો બનાવેલો તે નકશો આ કામે આંક–૩૩૮૨ થી રજૂ કરેલો છે. જેમા આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. નકશામાં જે જગ્યાએ બનાવ બનેલો તે જગ્યા લાલ સર્કલથી બતાવેલી છે. આ નકશો યાદી સાથે પી.આઈ. એસ.ઓ.જી. ક્રાઈમ બ્રાન્ચને મોકલી આપેલો તે યાદી પણ નુકસાની સાથે સામેલ છે અને તેમાં તેમની સહી ઓળખી બતાવેલ છે.

(૩૩.૦૧) <u>અમદાવાદ શહેરના ઈસનપુર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૧૯૦/૨૦૦૮ ના કામે મરણ પામેલ વ્યકિતઓ બાબતે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકનઃ–</u>

આ ગુનાના કામે દિપીકાબેન મનોજભાઈ દેસાઈ ઈજા થવાના કારણે મરણ પામેલ અને તેઓની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ કરનાર સાહેદ બાબુભાઈ લાલાભાઈ રાઠોડને આ કામે સાહેદ નં.૫૩૧ તરીકે આંક–૧૨૬૩ થી

તપાસેલા છે. તેમની સરતપાસ પ્રમાણે બનાવ વખતે તેઓ પોલીસ સબઇન્સ્પેકટર તરીકે ઈસનપુર પોલીસ સ્ટેશનમાં નોકરી કરતા હતા અને તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ તેઓ પોતાની ફરજ પર હતા ત્યારે ઈસનપુર પોલીસ સ્ટેશન તરફથી વર્ધિ આપવામાં આવેલી કે ઈસનપુરમાં થયેલ બોમ્બ બ્લાસ્ટથી ઈજા પામનાર દિપીકાબેન મનોજભાઈ દેસાઈનું સારવાર દરમ્યાન મરણ થયેલ છે જેથી આ સાહેદ એલ.જી. હોસ્પિટલના શબ રૂમમાં ગયેલા અને ત્યાં બે પંચોની હાજરીમાં મરણ જનારની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ કરેલુ ત્યાં હાજર વ્યકિત મનોજભાઈ ગુણવંતભાઈ દેસાઈ કે જે ગુજરનારના પતિ હતા તેઓએ લાશ ઓળખી બતાવેલી. જે પંચનામુ આંક–૧૨૬૪ થી રજૂ કરેલુ છે જેમાં આ સાહેદે પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

ત્યારબાદ આ કામે આંક–૧૨૬૪ વાળા પંચનામાના પંચ પૈકીના પંચ જયંત વાસુદેવ રાવળને સાહેદ નં.૨૪૬ તરીકે આંક–૧૨૬૩ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ મધરાત બાદ તેઓને એલ.જી. હોસ્પિટલના પી.એમ. રૂમ પાસે પોલીસે બોલાવેલા ત્યાં એક બીજા સીતાબેન પરાગભાઈનાઓને પણ પોલીસે બોલાવેલા. ત્યાં એક સ્ત્રીની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ કરવાનું છે તેવી સમજ આપેલી. પી.એમ. રૂમમાં એક સ્ત્રીની લાશ જોયેલી તે લાશ તેમના પતિ મનોજભાઈએ ઓળખી બતાવેલી. લાશના શરીર ઉપર ઈજાઓ જોયેલી અને પંચનામુ બનાવેલુ. જે પંચનામુ આંક–૧૨૬૪ થી રજૂ કરેલુ છે, જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

ત્યારબાદ આ કામે ગુજરનાર દિપીકાબેન મનોજભાઈ દેસાઈની લાશને શબ પરિક્ષણ માટે સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે મોકલી આપેલી અને ત્યાં શબ પરિક્ષણ કરવામાં આવેલુ. શબ પરિક્ષણ કરનાર સાહેદ વિનાયક રાવ વાસુદેવરાય પાટીલને સાહેદ નં.૩૮ તરીકે આંક–૬૩૯થી તપાસેલા છે. તેમની સરતપાસ પ્રમાણે તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ તેઓ સિવિલ હોસ્પિટલ ખાતે ફરજ પર હતા ત્યારે ઈન્કવેસ્ટ રીપોર્ટ સાથે દિપીકાબેન મનોજભાઈ દેસાઈનો મૃતદેહ શબ પરિક્ષણ માટે મળેલો અને તે શબનુ શબ પરિક્ષણ આ

સાહેદ તથા ડો.એમ.પી.કાપડીયાએ કરેલુ. આ મૃતદેહ ૪૩ વર્ષની સ્ત્રીનો હતો, લાશ ઓળખાયેલ હતી, શરીરે સીન્થેટીક સાડી, સાડી જેવુ મેચીંગ બ્લાઉઝ પહેરેલુ હતુ, શરીર ઉપર સારવાર કર્યાના ઈન્જેકશનના નિશાનો હતા. આંક–૬૪૬ થી રજૂ થયેલી પી.એમ.નોટના કોલમ નં.૧૭ માં જણાવેલી છે તે પ્રમાણેની ઈજાઓ હતી અને આ સાહેદના અભિપ્રાય પ્રમાણે આ વ્યકિતનુ મૃત્યુ બ્લાસ્ટમાં ઈજા થવાના કારણે થયેલાનો અભિપ્રાય છે. શબ પરિક્ષણ નોટમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

(૩૩.૦૨) <u>અમદાવાદ શહેરના ઈસનપુર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૧૯૦/૨૦૦૮ ના કામે ઈજા પામેલ વ્યકિતઓ બાબતે ફરિયાદ પક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકનઃ–</u>

ઈસનપુર પોલીસ સ્ટેશનના આ બનાવમાં દેસાઈ ભાવના માણેકલાલનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૧૦૩ તરીકે આંક–૯૨૮ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ ગોવિંદવાડી શાક માર્કેટ ખાતે શાક લેવા ગયેલા, તેમની સાથે તેમના મમ્મી પણ હતા. સાંજના છ–સાડા છ વાગે તેઓ શાક લેતા હતા ત્યારે ત્યાં એક બોમ્બ બ્લાસ્ટ થયેલો લોકો નાસભાગ કરવા લાગેલા અને બોમ્બ બ્લાસ્ટમાંથી છરા નીકળતા આ સાહેદને જમણા પગના નળા પર, ડાબા હાથ ઉપર અને છાતીના ભાગે ઈજા થયેલી તથા આ સાહેદના મમ્મીને ઈજા થયેલી. ત્યારબાદ આ બંનેને પહેલા એલ.જી. હોસ્પિટલ સારવાર માટે લઈ ગયેલા અને ત્યાંથી વી.એસ. હોસ્પિટલમાં વધુ સારવાર માટે લઈ ગયેલા. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા પોલીસ નિવેદનમાં આ સાહેદને તથા તેઓની માતાને વી.એસ. હોસ્પિટલમાં દાખલ કરેલાની હકીકત લખાવી નથી તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે આ હકીકત નહીં લખાવવાથી આ સાહેદને અને તેમની મમ્મીને ઈજા થઈ નથી તેવુ કહી શકાય નહીં. પોલીસે આ સાહેદનો તથા તેમની માતાનો જવાબ તેમના ઘરે લીધેલાની હકીકત કબૂલ કરે છે.

ત્યારબાદ દેસાઈ ભાવના માણેકલાલની સારવાર કરનાર ડૉ.રોનક નરેન્દ્રકુમાર દેસાઈને સાહેદ નં.૨૭૧ તરીકે આંક–૧૩૬૨ થી તપાસેલા છે. આ સાહેદની આ બનાવ પુરતી સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સાંજના કલાક ૮.૫૫ વાગ્યાના સુમારે એક દેસાઈ ભાવના માણેકલાલ નાઓને ઈસનપુર પોલીસ સ્ટેશન દ્વારા સારવાર માટે લાવવામાં આવેલા હતા. આ દર્દીની કેસ હિસ્ટ્રી મુજબ તા.૨૬/૦૭/૨૦૦૮ ના રોજ સાંજના ૬.૩૦ વાગ્યાના સુમારે ઈસનપુર ખાતે થયેલ બોમ્બ બ્લાસ્ટમાં ઈજા થયેલ હતી. દર્દીને જમણા જાંઘના ભાગે ઈજાની ફરિયાદ હતી. તેઓને તપાસતા દર્દીને જમણા જાંઘના ભાગે સોજો અને દુખાવો હતો. આ દર્દીને જમણી જાંઘના હાડકાનું અસ્થિભંગ હતું અને તેના ટુકડામાં હલનચલન હતી. આ અસ્થિભંગ જાંઘના વચ્ચેના ભાગે હતો અને જાંઘના નીચેના ભાગે એક કાપો ૩ x ૨ x ૨ સે.મી.ના માપનો કાપો (CLW) હતો. દર્દીના એકસ–રેમાં જમણાં જાંઘના હાડકા (ફીમા) ના વચ્ચેના ભાગનો અસ્થિભંગ હતો અને તે જગ્યાએ બાહ્ય પદાર્થની હાજરી માલુમ પડેલી. આ મુજબને આ સાહેદે જે પ્રમાણપત્ર આપેલુ તે આંક–૧૩૭૬ થી રજૂ કરેલ છે જેમાં આ સાહેદે તેમની સહી ઓળખી બતાવેલી છે તથા તેમના મંતવ્ય પ્રમાણે આ દર્દીની ઈજાઓ બોમ્બ બ્લાસ્ટ દ્વારા સંભવી શકે તેવી હતી.

ઈસનપુર પોલીસ સ્ટેશનના આ બનાવમાં ઈમરાન ગુલાબખાનને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૧૧૧ તરીકે આંક–૯૪૬ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેઓ ચાલતા ચાલતા સાડા છ વાગ્યાની આસપાસ ઈસનપુર ગોવિંદવાડી શાક માર્કેટ પાસેથી પસાર થતા હતા ત્યારે દેના બેન્કની સામેના ભાગે એક મોટો ધડાકો થયેલો અને ધડાકામાંથી નીકળેલ વસ્તુ આ સાહેદના હાથના ભાગે વાગવાથી લોહી નીકળવા લાગેલુ. જેથી આ સાહેદને એલ.જી. હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયેલા અને ત્યારબાદ સૈયદવાડી વિસ્તારમાં ડૉ.કાઝીને ત્યાં સારવાર કરાવેલાનું જણાવેલ છે.

ત્યારબાદ ઈમરાન ગુલાબખાનની સારવાર કરનાર ડૉ.જીયાઉદીન સીરાજુદીન કાઝીને સાહેદ નં.૨૯૯ તરીકે આંક–૧૫૯૬ થી તપાસેલા છે. આ સાહેદની આ બનાવ પુરતી સરતપાસ ધ્યાને લઈએ તો તેઓ અમદાવાદમાં મનન કોમ્પલેક્ષ, સૈયદવાડી, વટવા મુકામે તબીબી વ્યવસાય કરે છે. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ તેમના ક્લીનીકમાં એક ઈમરાન ગુલાબખાનનાઓ સારવાર માટે આવેલા હતા. તેઓના ડાબા હાથ પર એક ઘસરકાનો ઘા ૨ સેમી લંબાઈનો હતો. સારવાર કર્યા અંગે આ સાહેદે જે પ્રમાણપત્ર આપેલુ તે આંક–૧૫૯૬ થી રજૂ કરેલ છે જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે તથા તેમના મંતવ્ય પ્રમાણે આ દર્દીને થયેલી ઉપરોક્ત ઈજાઓ કોઈક ધડાકામાં કે બ્લાસ્ટમાં દબાણ પૂર્વક કોઈ ચીજવસ્તુ અથડાય તો આવી ઈજા થઈ શકે તેમ જણાવેલ છે.

ઈસનપુર પોલીસ સ્ટેશનના આ બનાવમાં મોતીજી રામાજી પ્રજાપતિનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૧૨૪ તરીકે આંક–૯૭૨ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેઓ ગોવિંદવાડી શાક માર્કેટ ખાતે પાથરણું પાથરીને શાકભાજીનો ધંધો કરતા હતા, સાંજના સવા છ–સાડા છ વાગે આ સાહેદ બેસે છે તેની બાજુમાં આવેલી ચાની કીટલીની પાસે એક બોમ્બ ધડાકો થયેલો અને આ સાહેદે જોયુ તો તે ધડાકો સાઈકલ ઉપર થયેલો, આજુબાજુ ઉભેલી શાકભાજીની લારીઓવાળા તથા શાક લેવા આવનારા લોકોને ઈજાઓ થયેલી. ત્યાં એક કુતરૂ પણ મરી ગયેલુ. બોમ્બ ફુટવાના કારણે આ સાહેદને જમણા હાથના બાવડાના ભાગે ખીલ્લી વાગેલી તેની સારવાર ડૉ.મુકેશભાઈને ત્યાં લીધેલાનું જણાવેલ છે.

ઈસનપુર પોલીસ સ્ટેશનના આ બનાવમાં દોલારામ પ્રેમાજી પ્રજાપતિનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૧૨૫ તરીકે આંક–૯૭૩ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેઓ ગોવિંદવાડી શાક માર્કેટ ખાતે પાથરણું પાથરીને શાકભાજીનો ધંધો કરતા હતા, સાંજના સવા છ–સાડા છ વાગે અભિમન્યુ કોમ્પ્લેક્ષ પાસે થોડે દુર બોમ્બ ફુટેલો જેના કારણે આ સાહેદને ડાબા પગે ઈજા થયેલી. આ બોમ્બ ધડાકો

સાઇકલ ઉપર થયેલો, ત્યાં દોડાદોડી થયેલી અને ઘણા માણસોને ઈજા થયેલી. ત્યારબાદ એમ્બ્યુલન્સ આવતા આ સાહેદને એલ.જી. હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયેલા અને ત્યારબાદ ડૉ.મુકેશભાઈને ત્યાં સારવાર લીધેલાનું જણાવેલ છે.

ત્યારબાદ મોતીજી રામાજી પ્રજાપતિની સારવાર કરનાર ડૉ . મુકેશભાઈ દયાલભાઈ પટેલને સાહેદ નં.૩૦૧ તરીકે આંક–૧૬૦૦ થી તપાસેલા છે. આ સાહેદની આ બનાવ પુરતી સરતપાસ ધ્યાને લઈએ તો તેઓ અમદાવાદ ખાતે ઈસનપુર વિસ્તારમાં ગીતા મેટરનીટી એન્ડ પોલીક્લીનીક નામથી તબીબી વ્યવસાય કરે છે. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ એક મોતીજી રામાજી પ્રજાપતિ તેમની હોસ્પિટલમાં સારવાર માટે આવેલા હતા. તેઓ જ્યારે આવેલા ત્યારે તાત્કાલિક સારવાર માટે આવેલા અને તેમને જે તે વખતે લોહી નીકળતુ હતુ. દર્દીને જમણા હાથે ખિલ્લીથી ઈજા થયેલી અને તેમાથી લોહી નીકળતુ હતુ. જેથી આ સાહેદે તેઓની પ્રાથમિક સારવાર તરીકે ઈજાવાળા ભાગનું ડ્રેસીંગ કરેલુ અને ધનુર ન થાય તે માટેનુ ઈન્જેક્શન આપેલુ. સારવાર કર્યા અંગે આ સાહેદે જે પ્રમાણપત્ર આપેલુ તે આંક–૧૬૦૧ થી રજૂ કરેલ છે જેમાં આ સાહેદે તેમની સહી ઓળખી બતાવેલી છે.

વધુમાં આ સાહેદના કહેવા પ્રમાણે તે જ દિવસે દોલારામ પ્રેમાજી પ્રજાપતિની સારવાર કરેલી. આ દર્દીને પણ લોહી નીકળતી હાલતમાં તાત્કાલિક સારવાર માટે તેમની પાસે લાવેલા હતા. તેઓને બોમ્બ ધડાકામાં ઈજા થઇ હોવાનુ જણાવાયેલુ. દર્દીને ડાબા પગે ઘુંટીના સાંધા પાસે ઈજા હતી. તે ભાગનુ ડ્રેસીંગ કરી ધનુર ન થાય તે માટેનુ ઈન્જેક્શન આપેલુ. સારવાર કર્યા અંગે આ સાહેદે જે પ્રમાણપત્ર આપેલુ તે આંક–૧૬૦૨ થી રજૂ કરેલ છે જેમાં આ સાહેદે તેમની સહી ઓળખી બતાવેલી છે. આ સાહેદના મંતવ્ય પ્રમાણે ઉપરોક્ત બંને દર્દીને થયેલી ઉપરોક્ત ઈજાઓ કોઈક ધડાકામાં કે બ્લાસ્ટમાં દબાણપૂર્વક કોઈ ચીજવસ્તુ અથડાય તો આવી ઈજા થઈ શકે તેમ જણાવેલ છે.

ઈસનપુર પોલીસ સ્ટેશનના આ બનાવમાં પુજાબેન દિપકકુમાર તથા જયોતિબેન દિપકભાઈ શાહનાઓને ઈજાઓ થયેલી. તે પૈકી સાહેદ

જયોતિબેન દિપકભાઈ શાહને આ કામે સાહેદ નં.૧૦૫ તરીકે આંક–૯૩૦થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ આ સાહેદ તથા તેમની દિકરી ગોવિંદવાડી શાક માર્કેટ ખાતે શાક લેવા ગયેલા ત્યારે સાંજના છ–સાડા છ વાગ્યાની આસપાસ બોમ્બ ધડાકો થયેલો જેના કારણે આ સાહેદને ડાબા પગે થાપાના ભાગે અને જમણા પગે ઈજા થયેલી. તેમની દીકરીને બે પગ તથા ડાબા હાથે ઈજા થયેલી. ત્યારબાદ સૌપ્રથમ એલ.જી. હોસ્પિટલમાં સારવાાર લીધેલી અને ત્યારબાદ પરીખ ઓર્થોપેડીક હોસ્પિટલમાં ઓપરેશન કરાવેલુ. તેમની દીકરી પુજાના પગમાંથી છરાઓ કાઢવામાં આવેલાનું જણાવેલ છે.

ત્યારબાદ પુજાબેન દિપકકુમાર તથા જયોતિબેન દિપકભાઈ શાહનાઓની સારવાર કરનાર ડૉ. યોગેશભાઈ રમેશકાંત પરીખને સાહેદ નં.૩૧૫ તરીકે આંક–૧૬૦૦ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ ધ્યાને લઈએ તો તેઓ અમદાવાદમાં પરીખ ઓર્થોપેડીક હોસ્પિટલના નામથી મણીનગર ચારરસ્તા પર તબીબી વ્યવસાય કરે છે. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ રાત્રીના ૧૦.૩૦ વાગ્યાના સુમારે એક જ્યોતિકાબેન દિપકકુમાર શાહનાઓ તેઓના બંને પગે બોમ્બ ધડાકાને કારણે થયેલ ઈજાની સારવાર માટે આવેલા હતા. તેઓને તપાસેલા અને તેઓના બંને પગમાંથી ત્રણ બાહ્ય પદાર્થ (નાના લોખંડના છરા–પેલેટ) ઓપરેશન કરી કાઢેલા હતા. તે જ દિવસે જયોતિબેનની દિકરી પૂજા શાહનાઓને પણ બોમ્બ ધડાકામાં ઈજા થયેલી. ડાબા ફોરમ અને બંને પગે ઘણી બધી ઈજાઓની સારવાર માટે આવેલા હતા. તેઓને તપાસેલા અને તેઓના ડાબા ફોરઆર્મ અને બંને પગમાંથી કુલ–૬ બાહ્ય પદાર્થ ઓપરેશન કરી બહાર કાઢવામાં આવેલા હતા. પરંતુ જમણા ઘુંટણ પાસે જે બાહ્ય પદાર્થ હતો તે બહાર કાઢી શકાયેલ ન હતો. સારવાર અંગેના આ સાહેદે જે પ્રમાણપત્રો આપેલા તે આંક–૧૬૪૫,૧૬૪૬ થી રજૂ કરેલા છે જેમાં આ સાહેદે તેમની સહી ઓળખી બતાવેલી છે. આ સાહેદના મંતવ્ય પ્રમાણે ઉપરોક્ત બંને દર્દીને થયેલી ઉપરોક્ત

ઈજાઓ કોઈક ધડાકામાં કે બ્લાસ્ટમાં દબાણપૂર્વક કોઈ ચીજવસ્તુ અથડાય તો આવી ઈજા થઈ શકે તેમ જણાવેલ છે.

ઈસનપુર પોલીસ સ્ટેશનના આ બનાવમાં ઝલાબેન રામજીભાઈ દેસાઈનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૧૧૬ તરીકે આંક–૯૫૨ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેઓ તથા તેમની ભત્રીજી મીત્તલ બંને જણ શાકભાજી લેવા ગોવિંદવાડી શાક માર્કેટ ખાતે ગયેલા ત્યારે સાડ છ વાગ્યાની આસપાસ બોમ્બ ફુટેલો જેથી ઘણા માણસોને ઈજાઓ થયેલી. આ સાહેદને ડાબા પગના થાપે તથા જમણા પગે ઈજાઓ થયેલી અને તેમની ભત્રીજીને ડાબા પગે તથા બરડામાં ઈજાઓ થયેલી. બોમ્બ ફુટવાથી નાસભાગ મચી ગયેલી. ત્યારબાદ ૧૦૮ એમ્બ્યુલન્સમાં આ સાહેદ તથા તેમની ભત્રીજીને એલ.જી. હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયેલાનું જણાવેલ છે.

ઈસનપુર પોલીસ સ્ટેશનના આ બનાવમાં કાળીબેન દેવાભાઈ દેવીપુજકનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૧૦૭ તરીકે આંક–૯૩૨ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેઓ ગોવિંદવાડી શાક માર્કેટ ખાતે શાકભાજીની લારી ઉભી રાખી ધંધો કરતા હતા. ત્યારે ત્યારે સવા છ–સાડા છ વાગ્યે શાક માર્કેટમાં બોમ્બ ફુટવાનો જોરથી અવાજ આવેલો. બોમ્બ ફુટવાથી લોકો જીવ બચાવવા દોડાદોડી કરવા લાગેલા. આ સાહેદને છરા વાગવાથી બરડામાં ઈજા થયેલી અને એલ.જી. હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયેલાનું જણાવેલ છે.

ઈસનપુર પોલીસ સ્ટેશનના આ બનાવમાં કલજીભાઈ ભેરજીભાઈ ઘાયરીનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૧૧૨ તરીકે આંક–૯૪૭ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેઓ ચાની લારી ઉપર હતા ત્યારે ગોવિંદવાડી શાક માર્કેટ ખાતે સાડા છ વાગ્યાની આસપાસ બોમ્બ ધડાકો થયેલો, જેથી ઘણા માણસોને ઈજાઓ થયેલી. આ સાહેદને જમણા પગે પાછળ થાપાના ભાગે ઈજાઓ થયેલી.

ત્યારબાદ ૧૦૮ એમ્બ્યુલન્સમાં હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયેલાનું જણાવેલ છે.

ઈસનપુર પોલીસ સ્ટેશનના આ બનાવમાં મંગળભાઈ રામવિલાશ ગુપ્તાનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૧૦૯ તરીકે આંક–૯૩૪ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેઓ ગોવિંદવાડી શાકમાર્કેટ ખાતે ઝાડુ વેચવા સાઇકલ ઉપર ગયેલા. તે વખતે શાક માર્કેટમાં ભીડ હતી તેવામાં સાંજના સાડા છ વાગ્યાના સુમારે બોમ્બ ધડાકો થયેલો અને ઘણા માણસોને ઈજાઓ થયેલી. આ સાહેદને માથાના ભાગે, ગળાના ભાગે અને છાતીના ભાગે છરા તથા કરચો વાગેલી અને ૧૦૮ એમ્બ્યુલન્સમાં એલ.જી. હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયેલાનું જણાવેલ છે.

ઈસનપુર પોલીસ સ્ટેશનના આ બનાવમાં હર્ષદભાઈ નારણભાઈ સથવારાનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૧૧૩ તરીકે આંક–૯૪૮ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેઓ ગોવિંદવાડી ચાર રસ્તા પાસે ડૉ.બકુલેશ માધુને ત્યાં તેમની માતાને દાખલ કરેલ હતા જેથી આ સાહેદ તથા તેમની પત્ની જયશ્રીબને અને બહેન ગાયત્રી ડૉકટરને ત્યાં ગયેલા ત્યારબાદ ઘરે પરત આવવા નીકળ્યા ત્યારે તેમની પત્ની તથા બેન એક દુકાનમાં ખરીદી કરવા ગયેલા અને આ સાહેદ શાક માર્કેટમાં કોર્નર પાસે ઉભેલા હતા ત્યારે છ–સાડા છ વાગ્યે એક બોમ્બ વિસ્ફોટ થયેલો જેથી ઘણા માણસોને ઈજાઓ થયેલી. આ સાહેદને જમણા ખભા ઉપર તથા જમણા પગે સાથળ ઉપર ઈજાઓ થતા ડૉ.મયંક શાહને ત્યાં સારવાર માટે લઈ ગયેલા અને ત્યારબાદ એલ.જી. હોસ્પિટલમાં વધુ સારવાર માટે લઈ ગયેલાનું જણાવેલ છે.

ત્યારબાદ જલાબેન રામજીભાઈ દેસાઈ, અમથાભાઈ ગોવાભાઈ, કાળીબેન દેવાભાઈ, કલજીભાઈ ભેરાજી, મંગળભાઈ રામવિલાશ ગુપ્તા, હર્ષદભાઈ નારણભાઈ સથવારાનાઓની સારવાર કરનાર ડૉ. નિરવ હસમુખભાઈ પંચાલને સાહેદ નં.૨૮૨ તરીકે આંક–૧૫૨૬ થી તપાસેલા છે. આ સાહેદની આ

બનાવ પુરતી સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ સવારના ૧૨.૨૫ વાગ્યાના સુમારે એક જલાબેન રામજીભાઈ દેસાઈનાઓ સારવાર માટે આવેલા હતા. દર્દની કેસ હિસ્ટ્રી મુજબ ઈસનપુર ખાતે સાંજના ૬.૦૦ વાગે થયેલ બોમ્બ ધડાકામાં તેઓને ઈજા થયેલી હતી. દર્દીને ઈજાઓમાં શરીર ઉપર પેટમાં નીચે જમણી બાજુના હિસ્સામાં તથા કમરના ડાબી બાજુએ નીચેના હિસ્સામાં ૦.૫ સે.મી. x ૦.૫ સે.મી.ના માપના લીટીઓ પ્રકારના ઉજરડા હતા.

વધુમાં સાહેદ જણાવે છે કે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ એક અમથાભાઈ ગોવાભાઈનાઓને રાત્રીના ૧૧.૩૫ વાગે સારવાર માટે આવેલા હતા. દર્દીની હિસ્ટ્રી મુજબ ઈસનપુર ખાતે સાંજના ૬.૦૦ વાગે થયેલ બોમ્બ ધડાકામાં તેઓને ઈજા થયેલી હતી. દર્દી તેમના પેટના ભાગે દુઃખાવો હોવાનું પેટ કુલી જવાનું તથા ડાબા કુલાના ભાગેથી લોહી નિકળવાનું અને દુઃખાવો થતો હોવાની ફરિયાદ કરતા હતા. તેઓને તપાસતા તેમના પેટના ભાગે દુઃખાવો થતો હોવાથી તપાસ કરવા માટે અડવા દેતા ન હતા. દર્દીનું પેટ કુલી ગયું હતું. દર્દીને ઈજામાં ડાબી કમરના નીચેના હિસ્સામાં ૦.૫ સે.મી. x ૦.૫ સે.મી.ના માપનો ઉજરડો હતો.

વધુમાં આ સાહેદના જણાવ્યા પ્રમાણે તા.૨૭/૦૭/૨૦૦૮ ના રોજ એક કલીબેન દેવાભાઈનાઓ રાત્રીના ૧૨.૧૫ એ.એમ. વાગે સારવાર માટે આવેલા હતા. દર્દીની હીસ્ટ્રી મુજબ ઈસનપુર ખાતે સાંજના ૬.૩૦ વાગે થયેલ બોમ્બ ધડાકામાં તેઓને ઈજા થયેલી હતી. દર્દીને ઈજામાં પીઠના ભાગે ૧ સે.મી. x ૦.૫ સે.મી.ના માપનો કપાયેલ છુંદાયેલ ઘા હતો.

વધુમાં આ સાહેદે જણાવેલ છે કે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ એક કલજીભાઈ ભેરજીભાઈનાઓને રાત્રીના ૧૧.૦૦ વાગે સારવાર માટે આવેલા હતા. દર્દીની હીસ્ટ્રી મુજબ તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ ગોવિંદવાડી ખાતે સાંજના ૬.૧૫ વાગે થયેલ બોમ્બ ધડાકામાં તેઓને ઈજા થયેલી હતી. દર્દીને ઈજામાં શરીર ચહેરાના જમણી બાજુએ પેલેટ દાખલ થયાનો ઘા હતો તથા તેમાં પેલેટ પણ હતા. આ સિવાય દર્દીની છાતીમાં જમણી બાજુએ ૯મી અને ૧૦મી

પાસળીના વચ્ચેના ભાગે ૦.૫ સે.મી. x ૦.૫ સે.મી.ના માપની આવી બાહ્ય પદાર્થ દાખલ થતો હોય તેવા પ્રકારનો ઘા હતો. સદર દર્દીનું ઓપરેશન કરવામાં આવેલું અને નાના આંતરડામાં બે કાંણા પડી ગયેલા હતા. જેનું માપ ૧ સે.મી. x ૦.૫ સે.મી. હતું જ્યારે બીજા કાણાં નું ૦.૫ સે.મી. x ૦.૫ સે.મી.નું માપ હતું. એક ૧ સે.મી. x ૦.૫ સે.મી.નું જે કાણું હતું એટલે કે નાના આંતરડા અને મોટા આંતરડાના જોડાણથી ૧ સે.મી. x ૦.૫ સે.મી. વાળું કાણું ૧૦ સે.મી.ના અંતરે અને ૦.૫ સે.મી. x ૦.૫ સે.મી.નું કાણું ૨૦ સે.મી.ના અંતરે હતું. આ સિવાય મોટા આંતરડાના છેવાડાના ભાગે (મિઝોરેક્ટમ) ૦.૫ સે.મી. x ૦.૫ સે.મી.ના માપનું કાણું હતું. ઉપર મુજબની જે સારવાર કરેલી તેના કેસ પેપર આંક–૧૫૩૫ થી રજૂ કરેલા છે.

વધુમાં આ સાહેદ જણાવે છે કે તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ એક મંગલ ગુપ્તા રામવિલાસનાઓ રાત્રીના ૧૨.૦૫ એ.એમ. વાગે સારવાર માટે આવેલા હતા. દર્દીની હીસ્ટ્રી મુજબ ઈસનપુર ખાતે સાંજના ૬.૩૦ વાગે થયેલ બોમ્બ ધડાકામાં તેઓને ઈજા થયેલી હતી. દર્દીને ઈજામાં છાતીની વચ્ચે નીચેના ભાગે ઘસરકાનો ઘા હતો તેવી રીતે ગળામાં ડાબી બાજુએ ઘસરકાનો ઘા હતો તથા કપાળમાં જમણી બાજુએ ૩ સે.મી. x ૨ સે.મી.ના માપનો ઘસરકાનો ઘા હતો.

વધુમાં આ સાહેદ જણાવે છે કે તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ એક હર્ષદભાઈ નારણભાઈ સથવારાનાઓ વહેલી સવારેના ૪.૩૦ વાગે સારવાર માટે આવેલા હતા. દર્દીની હીસ્ટ્રી મુજબ ઈસનપુર ખાતે સાંજના ૬.૩૦ વાગે થયેલ બોમ્બ ધડાકામાં તેઓને ઈજા થયેલી હતી. દર્દીએ અગાઉ ખાનગી દવાખાનામાં સારવાર લીધેલી હતી. દર્દીને ઈજામાં જમણા ખભાના ભાગે ૦.૫ સે.મી. x ૦.૫ સે.મી.ના માપનો કપાયેલ છુદાયેલ ઘા હતો તથા તેવા જ બીજા ત્રણ કપાયેલ છુંદાયેલ ઘા ૦.૫ સે.મી. x ૦.૫ સે.મી.ના માપના જમણા થાપાના આગળના ભાગે હતા.

આ સાહેદે ઉપરોકત ઈજા પામનારાઓની સારવાર કર્યા અંગેના જે પ્રમાણપત્રો આપેલા તે પ્રમાણપત્રો આ કામે અનુક્રમે આંક–૧૫૩૨, ૧૫૩૩, ૧૫૩૪, ૧૫૩૬, ૧૫૩૭ તથા ૧૫૩૮ થી રજૂ કરેલ છે જેમાં આ સાહેદે તેમની સહીઓ ઓળખી બતાવેલી છે. આ સાહેદના મંતવ્ય પ્રમાણે ઉપરોકત દર્દીઓને થયેલી ઉપરોક્ત ઈજાઓ કોઈક ધડાકામાં કે બ્લાસ્ટમાં દબાણપૂર્વક કોઈ ચીજવસ્તુ અથડાય તો આવી ઈજા થઈ શકે તેમ જણાવેલ છે.

ઈસનપુર પોલીસ સ્ટેશનના આ બનાવમાં નયનાબેન પરેશભાઈ પટેલનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૧૧૫ તરીકે આંક–૯૫૧થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેઓ તથા ભાવનાબેન ગજજર ગોવિંદવાડી ચાર રસ્તા પાસે શાકભાજી લેવા ગયેલા અને શાકભાજી ખરીદતા હતા ત્યારે છ–સાડા છ વાગ્યે બોમ્બ ધડાકો થયેલો અને ઘણા લોકોને ઈજાઓ થયેલી. આ સાહેદને નાક ઉપર, ડાબા હાથ ઉપર તથા જમણા પગ ઉપર ઈજાઓ થયેલી અને ૧૦૮ એમ્બ્યુલન્સમાં એલ.જી. હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયેલાનું જણાવેલ છે.

ઈસનપુર પોલીસ સ્ટેશનના આ બનાવમાં ભાવનાબેન પ્રવિણભાઈ ગજજરનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૧૨૧ તરીકે આંક–૯૬૯ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેઓ તથા નયનાબેન પટેલ ગોવિંદવાડી ચાર રસ્તા પાસે શાકભાજી લેવા ગયેલા અને શાકભાજી ખરીદતા હતા ત્યારે છ–સાડા છ વાગ્યે બોમ્બ ધડાકો થયેલો અને ઘણા માણસોને ઈજાઓ થયેલી અને ત્યાં નાસભાગ થયેલી, લોકો બુમો પાડતા હતા. આ સાહેદને જમણી બાજુ કપાળમાં ઈજાઓ થયેલી અને ૧૦૮ એમ્બ્યુલન્સમાં એલ.જી. હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયેલાનું જણાવેલ છે.

ઈસનપુર પોલીસ સ્ટેશનના આ બનાવમાં વિનયકાન્ત નટવરભાઈ શાહનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૧૨૩ તરીકે આંક–૯૭૧ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેઓ તથા તેમની પત્ની મોહીનીબેન બંને જણા કાઈનેટીક ઉપર ગોવિંદવાડી શાક

માર્કેટ ખાતે શાક લેવા ગયેલા. તેમની પત્ની શાકભાજી લેતા હતા અને આ સાહેદ શાકમાર્કેટ પાસે આવેલ રોશની જવેલર્સ પાસે ઉભેલા હતા ત્યારે સવા છ–સાડા છ વાગ્યે એક બોમ્બ ફુટેલો અને ત્યારબાદ શાક માર્કેટમાં બુમાબુમ અને ભાગમભાગ થવા લાગેલી. આ સાહેદને શરીરના ડાબી બાજુના ભાગ ઉપર ઈજાઓ થયેલી. આ બનાવમાં બીજા ઘણા લોકોને પણ ઈજા થયેલી. ત્યારબાદ આ સાહેદ શ્રધ્ધા કોમ્પ્લેક્ષમાં આવેલ ડૉ.નયન શાહને ત્યાં પ્રાથમિક સારવાર લેવા ગયેલા ત્યારબાદ ત્યાંથી સરદાર હોસ્પિટલમાં લઈ ગયેલા, ડૉકટરે ઓપરેશન કરવાનું જણાવેલુ અને ઓપરેશન કરીને પેટના ભાગેથી તથા જમણા ભાગની પાની અને પીંડીના ભાગેથી છરાઓ કાઢેલાનું જણાવેલ છે.

ત્યારબાદ નયનાબેન પરેશ પટેલ, ભાવનાબેન પ્રવિણભાઈ ગજજર, જમનાબેન પ્રજાપતિ (આ સાહેદને મળી આવતા ન હોવાથી ફરિયાદપક્ષે તપાસેલા નથી) વિનયકાન્ત નટવરલાલ શાહનાઓની સારવાર કરનાર ડૉ. નયનભાઈ વિનોદચંદ્ર શાહને સાહેદ નં.૨૮૯ તરીકે આંક–૧૫૫૫ થી તપાસેલા છે. આ સાહેદની આ બનાવ પુરતી સરતપાસ ધ્યાને લઈએ તો તેઓ તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ નયનાબેન પી. પટેલને તેમની હોસ્પિટલમાં સારવાર માટે લાવેલા અને એવી કેસ હિસ્ટ્રી જણાવેલ કે, તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ થયેલ બોમ્બ ધડાકામાં તેઓને ઈજા થયેલી છે અને તેણીના જમણા પગમાં બહારની તરફ કોઈ બાહ્ય પદાર્થ છે અને એવું પણ જણાવેલ કે આવો બાહ્ય પદાર્થ નાકની જમણી તરફ છે. તેઓના ડાબા હાથના ભાગે એક તિક્ષ્ણ કપાયેલો ભાગ હતો. દર્દીનું ઓપરેશન કરી બાહ્ય પદાર્થ બહાર કાઢવામાં આવેલ તથા કપાયેલા ઘામાં ટાંકા લીધેલા

વધુમાં સાહેદ જણાવે છે કે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ એક ભાવનાબેન પી. ગજ્જરનાઓને બોમ્બ ધડાકામાં થયેલ ઈજાઓ બાબતે સારવાર લેવા તેમની હોસ્પિટલમાં લાવેલા. દર્દીના કપાળમાં જમણી બાજુના ભાગે એક નાનો ઉજરડો હતો.

વધુમાં સાહેદ જણાવે છે કે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ તેમની હોસ્પિટલમાં એક જમનાબેન પ્રજાપતિનાઓ બોમ્બ બ્લાસ્ટમાં થયેલ ઈજા સંદર્ભે સારવાર માટે આવેલા હતા. દર્દીના હાથના ભાગે જે ઈજા હતી તેમાં જમણા હાથના ભાગે આરપાર બાહ્ય પદાર્થ નિકળી ગયેલ હોય તેવો એક ઘા હતો જેમાંથી આ પદાર્થ દાખલ થયો અને બહાર નિકળેલ તેવુ જણાયેલ હતું. આ સિવાય તેના બંને પગમાં ઉજરડાની ઈજાઓ હતી. તેઓના પેટના જમણી બાજુના હિસ્સામાં પાછળના ભાગેથી દાખલ થયેલ હોય તેવો લોખંડની પેલેટ (છરો) (બાહ્ય પદાર્થ) વાળી ઈજા હતી. જે છાતીના પાંસળીઓના નીચેના હિસ્સા પર હતી. આ પેટના ભાગના બાહ્ય પદાર્થને કાઢવાનો પ્રયત્ન કરેલ પણ તે કાઢી શકાયેલ નહીં તેથી તેઓને વધુ સારવાર માટે અન્ય હોસ્પિટલમાં રીફર કરવામાં આવેલા હતા.

વધુમાં આ સાહેદ જણાવે છે કે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ એક વિનયકાંત નટવરલાલ શાહનાઓ પણ બોમ્બ ધડાકામાં તેઓને થયેલ ઈજા અને કેસ હીસ્ટ્રી સાથે તેમની હોસ્પિટલમાં આવેલા હતા. દર્દીને શ્રી સરદાર પટેલ હોસ્પિટલ મણીનગર ખાતે રીફર કરેલા અને ત્યાં સાહેદે તા.૨૮/૭/૨૦૦૮ ના રોજ સરદાર પટેલ હોસ્પિટલ ખાતે ઓપરેશન કરી જમણા પગના પંજાની જમણી બાજુથી, ઘુંટણની પાછળની બાજુએ અને ડાબી છાતીની દિવાલના નીચેના ભાગે એટલે કે ૯ મી અને ૧૦મી પાંસળી પાસેથી અને થાપાના હાડકાંના આગળના ભાગેથી કુલ-૪ તેવા બાહ્ય પદાર્થ કાઢવામાં આવેલા હતા . સાહેદે સદર દર્દીને દાખલ કરેલા તે બાબતનું એડમીશન રેકર્ડ તથા ઈજા અંગેની જે વિગતોના કાગળો હોસ્પિટલના કર્મચારીએ રાબેતા મુજબના કામકાજ સંદર્ભે બનાવવામાં આવેલા તે આંક-૧૫૬૨, ૧૫૬૩ થી રજૂ રાખેલા છે.

આ સાહેદે ઉપરોકત ઈજા પામનારાઓની સારવાર કર્યા અંગેના જે પ્રમાણપત્રો આપેલા તે પ્રમાણપત્રો આ કામે અનુક્રમે આંક-૧૫૫૭ થી ૧૫૬૦ સુધી રજૂ કરેલ છે જેમાં આ સાહેદે પોતાની સહીઓ ઓળખી બતાવેલી છે. આ સાહેદના મંતવ્ય પ્રમાણે ઉપરોક્ત દર્દીઓને થયેલી ઉપરોક્ત ઈજાઓ કોઈક

ધડાકામાં કે બ્લાસ્ટમાં દબાણપૂર્વક કોઈ ચીજવસ્તુ અથડાય તો આવી ઈજા થઈ શકે તેમ જણાવેલ છે.

ઈસનપુર પોલીસ સ્ટેશનના આ બનાવમાં ચંપાબેન અમથાભાઈ રબારીનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૧૦૪ તરીકે આંક–૯૨૯ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે બનાવના દિવસે તેઓ શાક લેવા ગયેલા અને ધડાકો થતા તેમને ઈજા થયેલી જેથી તેમના પતિ તેમને એલ.જી. હોસ્પિટલ સારવાર માટે લઈ ગયેલાનું જણાવેલ છે.

ઈસનપુર પોલીસ સ્ટેશનના આ બનાવમાં મોનાબેન ભદ્રેશકુમાર આચાર્યનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૧૦૬ તરીકે આંક–૯૩૧ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ ઈસનપુર શાકમાર્કેટમાં શાકભાજી લેવા ગયેલા ત્યાં ૫૦ થી ૬૦ લારીઓ ઉભેલ હતી અને આ જગ્યાએ ઘણા લોકો હતા ત્યારે એક બોમ્બ બ્લાસ્ટ થયેલો, આ સાહેદ ગભરાઈ ગયેલા, બોમ્બ બ્લાસ્ટમાં છરાથી ડાબા પગે ઈજાઓ થયેલી, બીજા લોકોને પણ ઈજા થયેલી જેથી તેમને એલ.જી. હોસ્પિટલ સારવાર માટે લઈ ગયેલાનું જણાવેલ છે.

ઈસનપુર પોલીસ સ્ટેશનના આ બનાવમાં મૃદુલાબેન ઠાકોરલાલ ગજજરનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૧૦૮ તરીકે આંક–૯૩૩ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ ઈસનપુર શાક માર્કેટમાં શાકભાજી લેવા ગયેલા ત્યારે સાડા છ વાગ્યાના સુમારે અચાનક બોમ્બ ફુટવાનો અવાજ આવેલો. જેથી શાક માર્કેટમાં નાસભાગ થયેલી, બોમ્બના છરા આ સાહેદને ડાબા હાથની કોણીએ, ડાબા પગના થાપા ઉપર વાગેલા, બીજા લોકોને પણ ઈજાઓ થયેલી જેથી તેમને એલ.જી. હોસ્પિટલ સારવાર માટે લઈ ગયેલાનું જણાવેલ છે.

ઈસનપુર પોલીસ સ્ટેશનના આ બનાવમાં કાનજીભાઈ લવજીભાઈ દેવીપુજકનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૧૧૦ તરીકે આંક–૯૪૫ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ

તેઓ ગોવિંદવાડી શાક માર્કેટમાં ધંધો કરતા હતા ત્યારે સાડા છ વાગ્યાના સુમારે એક મોટા બોમ્બ ધડાકાનો અવાજ આવેલો. જેથી શાક માર્કેટમાં નાસભાગ થયેલી, કેટલાક ઈસમોને ઈજાઓ થયેલી. બોમ્બ ધડાકામાં આ સાહેદને છાતીમાં ઈજા થવાથી લોહી નીકળવા લાગેલુ. ત્યારબાદ પ્રથમ સારવાર ડૉ.મુકેશભાઈના દવાખાને લીધેલી અને પછી એલ.જી. હોસ્પિટલમાં વધુ સારવાર માટે ગયેલાનું જણાવેલ છે.

ઈસનપુર પોલીસ સ્ટેશનના આ બનાવમાં શ્રૃતી અરૂણકુમાર શાહનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૧૧૪ તરીકે આંક–૯૫૦ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેઓ ઈસનપુર ખાતે બસ નં.૧૩/૧ માંથી ઉતરીને ઘર માટે શાકભાજી લેવા ગોવિંદવાડી શાક માર્કેટમાં ગયેલા ત્યારે સાડા છ વાગ્યે અચાનક બોમ્બ ફુટવાનો અવાજ આવેલો. આ બોમ્બ વિસ્ફોટથી આ સાહેદને બરડાના ભાગે ઈજા થયેલી, આજુબાજુ બીજા માણસોને પણ ઈજાઓ થયેલી. બોમ્બ ધડાકામાં આ સાહેદને છાતીમાં ઈજા થવાથી લોહી નીકળવા લાગેલુ, બનાવવાળા સ્થળે એક ફુતરૂ મરી ગયેલુ અને લોકોમાં નાસ–ભાગ થયેલી. ત્યારબાદ એલ.જી. હોસ્પિટલમાં સારવાર માટે ગયેલાનું જણાવેલ છે.

ઈસનપુર પોલીસ સ્ટેશનના આ બનાવમાં લવજીભાઈ ભીખાભાઈ દેવીપુજકનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૧૨૬ તરીકે આંક–૯૭૪ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેઓ ગોવિંદવાડી શાક માર્કેટમાં લસણનો ધંધો કરતા હતા ત્યારે અચાનક બોમ્બ ફુટેલો. આ સાહેદને ઈજાઓ થયેલી અને પબ્લીકમાં નાસ–ભાગ થયેલી. ત્યારબાદ એલ.જી. હોસ્પિટલમાં સારવાર માટે ગયેલાનું જણાવેલ છે.

ઈસનપુર પોલીસ સ્ટેશનના આ બનાવમાં મુકેશભાઈ ગરીબભાઈ વાઘેલાનાઓને ઈજાઓ થયેલી પરંતુ તેઓને તપાસવામાં આવેલા નથી. તેમની જગ્યાએ ગરીબભાઈ વિરચંદભાઈ પટણીનાઓને આ કામે સાહેદ નં.૧૦૩૦ તરીકે આંક–૭૦૩૭ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮

નાં રોજ તેઓ તેમની લારી ઉપર તેમની પત્ની પસીબેન તથા દીકરો મુકેશ જેની ઉંમર આઠ વર્ષની હતી તે ગોવિંદ વાડી ચાર રસ્તા ખાતે શાકભાજીનો ધંધો કરતા હતા તે સમયે અચાનક મોટો ધડાકો થયેલો અને પબ્લીકમાં નાસ–ભાગ થઈ ગયેલી. આ ધડાકાથી ઘણા લોકોને ઈજાઓ થયેલી, એક કુતરૂ મરી ગયેલુ. જેમાં તેમના દિકરા મુકેશને પણ જમણા પગની પીંડી ઉપર ઈજા થયેલી અને એલ.જી. હોસ્પિટલમાં સારવાર માટે ગયેલાનું જણાવેલ છે.

ઉપરોકત ઈજા પામનારાઓ ચંપાબેન અમથાભાઈ રબારી , મોનાબેન ભદ્રેશભાઈ આચાર્ય, મૃદુલાબેન ઠાકોરલાલ ગજજર, કાનજીભાઈ લવજીભાઈ દેવીપુજક, શ્રુતી અરૂણકુમાર શાહ, લવજીભાઈ ખીમાભાઈ દેવીપુજક, અંબાબેન માણેકલાલ દેસાઈ, મિત્તલબેન મગલભાઈ દલાલ, મુકેશ ગરીબભાઈ વાઘેલા તથા સત્યાવતી વિનોદભાઈ અનુરાગીનાઓને થયેલી સારવાર અંગેના પ્રમાણપત્રો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા છે અને આ પ્રમાણપત્રો આરોપીઓ તરફથી કબૂલ કરવામાં આવેલા હોય આ પ્રમાણપત્રો અનુક્રમે આંક–૭૧૭૪, ૭૧૭૮, ૭૧૬૯, ૭૧૭૫, ૭૧૭૭, ૭૧૭૩, ૭૧૭૧, ૭૧૭૬, ૭૧૭૨ અને ૭૧૭૦ થી રજૂ કરેલા છે. આ તમામ પ્રમાણપત્રોમાં તેઓની સારવાર કરનાર ડૉકટરની સહીઓ છે. આ કામે આરોપીઓ તરફથી આ સાહેદોની વત્તા ઓછા પ્રમાણમાં ઊલટતપાસ કરેલી છે પરંતુ તેથી કરીને આ સાહેદોને ઉપરોકત બનાવોમાં ઈજાઓ થયેલ નથી તે હકીકત આરોપીઓ તરફથી સાબીત થતી નથી બલ્કે ફરિયાદપક્ષ તરફથી રજૂ થયેલ ઉપરોકત પુરાવા ધ્યાને લેતા આ તમામ સાહેદોને ઈજાઓ થયેલી છે તે પુરવાર થાય છે.

(૩૩.૦૩) <u>અમદાવાદ શહેરના ઈસનપુર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૧૯૦/૨૦૦૮ ના કામે બનાવને સમર્થન માટે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકનઃ–</u>

ઈસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ઈસનપુર, ગોવિંદવાડી શાક માર્કેટ રોડ ખાતે જે બોમ્બ બ્લાસ્ટ થયેલો છે તે માટે ફરિયાદપક્ષ દ્વારા રમેશભાઈ મુળચંદભાઈ ભાવસારને સાહેદ નં.૬૭૫ તરીકે આંક–૩૩૩૩ થી તપાસવામાં

આવેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે ઈસનપુર ગોવિંદવાડી પાસે તેઓ પાનનો ગલ્લો ધરાવી વેપાર ધંધો કરે છે. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાંજના સમયે તેઓ ધંધા પર હાજર હતા ત્યારે આ જગ્યાએ સાઇકલ ઉપર બોમ્બ બ્લાસ્ટ થયેલ જેથી લોકોમાં નાસ–ભાગ થયેલ અને કેટલાક લોકોને ઈજાઓ થયેલી અને તેઓને સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવેલાનું જણાવેલ છે. આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલ છે તે જોતા કેટલા લોકોને આ બનાવમાં ઈજા થયેલી તેની ખબર નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી રમાશંકર રામેશ્વરભાઈ ભાવસારને સાહેદ નં.૬૭૬ તરીકે આંક–૩૩૩૪ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે ઈસનપુર ગોવિંદવાડી પાસે તેઓ ફ્રુટની લારી ધરાવી વેપાર ધંધો કરે છે. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાંજના સમયે તેઓ ધંધા પર હાજર હતા ત્યારે આ જગ્યાએ સાઇકલ ઉપર બોમ્બ બ્લાસ્ટ થયેલ ત્યાં લોકોમાં નાસ–ભાગ થયેલ ત્યાં કેટલાક લોકોને ઈજાઓ થયેલી અને તેઓની સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવેલાનું જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી ચંદુભાઈ રામુભાઈ દંતાણીને સાહેદ નં.૬૮૨ તરીકે આંક–૩૩૪૩ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે ઈસનપુર ગોવિંદવાડી પાસે તેઓ કાપડની લારી ધરાવી વેપાર ધંધો કરે છે. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાંજના સમયે તેઓ ધંધા પર હાજર હતા ત્યારે આ જગ્યાએ સાઇકલ ઉપર બોમ્બ બ્લાસ્ટ થયેલ અને ત્યાં લોકોમાં નાસભાગ થયેલ, કેટલાક લોકોને ઈજાઓ થયેલી જેથી તેઓની સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવેલાનું જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી પપ્પુભાઈ શીવચંદભાઈ શર્માને સાહેદ નં.૬૮૧ તરીકે આંક–૩૩૪૨ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે ઈસનપુર ગોવિંદવાડી પાસે આવેલ મારૂતિ કોલ્ડ પાન પાર્લરમાં નોકરી કરતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાંજના સમયે તેઓ નોકરી પર હાજર હતા ત્યારે આ જગ્યાએ સાઇકલ ઉપર બોમ્બ બ્લાસ્ટ થયેલ ત્યાં લોકોમાં

નાસભાગ થયેલ, કેટલાક લોકોને ઈજાઓ થયેલી અને તેઓને સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવેલાનું જણાવેલ છે. આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટ તપાસ થયેલ છે તે જોતા સાઇકલ કઈ કંપનીની હતી તેની ખબર નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી રાજુભાઈ કનુભાઈ ભાવસારને સાહેદ નં.૭૫૩ તરીકે આંક–૩૫૪૨ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે ઈસનપુર ગોવિંદવાડી પાસે ચશ્માની દુકાનમાં નોકરી કરે છે. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાંજના સમયે તેઓ નોકરી પર હાજર હતા ત્યારે આ જગ્યાએ સાઇકલ ઉપર બોમ્બ બ્લાસ્ટ થયેલ અને ત્યાં લોકોમાં નાસ–ભાગ થયેલ ત્યાં કેટલાક લોકોને ઈજાઓ થયેલી અને તેઓને સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવેલાનું જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી દિલીપકુમાર મફતલાલ ઠક્કરને સાહેદ નં.૭૮૩ તરીકે આંક–૪૦૮૧ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે ઈસનપુર ગોવિંદવાડી પાસે તેઓ અભિમન્યુ કોમ્પ્લેક્ષમાં દુકાન નં.૧૩ માં એલ.આઈ.સી.નું કામ કરતા હતા અને નજીકમાં શાક માર્કેટ ભરાતુ હતુ. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાંજના સમયે તેઓ ઑફિસ પર હાજર હતા ત્યારે આ જગ્યાએ સાઇકલ ઉપર બોમ્બ બ્લાસ્ટ થયેલ જેથી લોકોમાં નાસ–ભાગ થયેલ, કેટલાક લોકોને ઈજાઓ થયેલી અને તેઓને સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવેલાનું જણાવેલ છે. આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલ છે તે જોતા બોમ્બ ધડાકો થયો ત્યારે આ સાહેદ દુકાનમાં હતા તે કબૂલ કરે છે. આ સાહેદે બનાવની સ્વૈચ્છીક રીતે જાહેરાત પોલીસ સમક્ષ કરેલ નથી તેમ જણાવે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી ચેહરસિંહ લક્ષ્મણસિંહ મકવાણાને સાહેદ નં.૫૦૭ તરીકે આંક–૨૯૪૨થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ ઈસનપુર પોલીસ સ્ટેશનમાં મોબાઈલ–૨ માં ફરજ બજાવતા હતા. આ બનાવ વખતે પોતાની ફરજ પર હાજર હતા અને બનાવની જાણ થતા બનાવવાળી જગ્યાએ ગયેલ અને તે વખતે લોકોમાં નાસભાગ થયેલી

હતી અને બોમ્બ બ્લાસ્ટમાં લોકોને ઈજાઓ થયેલી હતી. તે સ્થળે સાઇકલ જોયેલી અને ત્યાં જગ્યાની જાળવણી કરેલાનું જણાવેલ છે. આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલ છે તે ધ્યાને લેતાં આ સાહેદ મોબાઈલ–૧ અને ૨ માં હતા, ત્યાં બોમ્બ ધડાકો સાંભળવાનું બન્યુ નથી. આ સાહેદ મોબાઈલ વાનમાં હતા અને ઈસનપુર પોલીસ સ્ટેશનના વિસ્તારમાં ફરજ બજાવતા હતા અને વિસ્તાર ઘણો મોટો હોય ધડાકો સાંભળી શકેલા ન હોય.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી નરેન્દ્રકુમાર મફતભાઈ સાનીયાને સાહેદ નં.૫૧૧ તરીકે આંક–૨૯૪૮ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ તેઓ ઈસનપુર પોલીસ સ્ટેશનમાં વન ગાડીમાં ફરજ બજાવતા હતા. આ બનાવ વખતે પોતાની ફરજ પર હાજર હતા અને બનાવની જાણ થતા બનાવવાળી જગ્યાએ ગયેલા અને તે વખતે લોકોમાં નાસ–ભાગ થયેલી હતી ત્યાં બોમ્બ બ્લાસ્ટમાં લોકોને ઈજાઓ થયેલી હતી તે સ્થળે સાઇકલ જોયેલી હતી અને ત્યાં જગ્યાની જાળવણી કરેલાનું જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી ભીમાજી ભાથીજી ખાંટને સાહેદ નં.૫૦૬ તરીકે આંક–૨૯૪૧ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ ઈસનપુર પોલીસ સ્ટેશનમાં મોબાઈલ–૨ માં ફરજ બજાવતા હતા. આ બનાવ વખતે પોતાની ફરજ પર હાજર હતા અને બનાવની જાણ થતા બનાવવાળી જગ્યાએ ગયેલા અને તે વખતે લોકોમાં નાસ–ભાગ થયેલી હતી અને બોમ્બ બ્લાસ્ટમાં લોકોને ઈજાઓ થયેલી. તે સ્થળે સાઇકલ જોયેલી હતી અને ત્યાં જગ્યાની જાળવણી કરેલાનું જણાવેલ છે. આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલ છે તે ધ્યાને લેતાં બોમ્બનો અવાજ સાંભળીને આ સાહેદને જગ્યાએ જવાનો પ્રસંગ બનેલો નહીં તે કબૂલ કરે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી ભગવાનસિંહ પર્વતસિંહ પરમારને સાહેદ નં.૫૦૫ તરીકે આંક–૨૯૪૦ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ ઈસનપુર પોલીસ સ્ટેશનમાં મોબાઈલ–૨ મા ફરજ બજાવતા હતા. આ બનાવ વખતે પોતાની ફરજ પર હાજર હતા અને બનાવની

જાણ થતા બનાવવાળી જગ્યાએ ગયેલાં તે વખતે લોકોમાં નાસભાગ થયેલી હતી અને ત્યાં બોમ્બ બ્લાસ્ટમાં લોકોને ઈજાઓ થયેલી. તે સ્થળે સાઇકલ જોયેલી અને જગ્યાની જાળવણી કરેલાનું જણાવેલ છે. આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલ છે તે જોતા બોમ્બ ફુટયો ત્યાં આ સાહેદ હાજર ન હતા અને બનાવ સંબંધે જાત માહિતી નથી તો તે હકીકત નકારે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી મુનીરભાઈ હબીબખાન પઠાણને સાહેદ નં.૫૧૨ તરીકે આંક–૨૯૪૯ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ ઈસનપુર પોલીસ સ્ટેશનમાં મોબાઈલમાં ફરજ બજાવતા હતા. આ બનાવ વખતે પોતાની ફરજ પર હાજર હતા અને બનાવની જાણ થતા બનાવવાળી જગ્યાએ ગયેલાં. તે વખતે લોકોમાં નાસભાગ થયેલી હતી અને બોમ્બ બ્લાસ્ટમાં લોકોને ઈજાઓ થયેલી. તે સ્થળે સાઇકલ જોયેલી હતી અને ત્યાં જગ્યાની જાળવણી કરેલાનું જણાવેલ છે. આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલ છે તે જોતા બનાવ સંબંધે સ્વેચ્છાએ આ સાહેદે તેમના ઉપલી અધિકારી રૂબરૂ કે અન્ય કોઈ જગ્યાએ જવાબ લખાવેલ નથી તેમ જણાવે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી બોઘાભાઈ રામાભાઈ ભરવાડને સાહેદ નં.૫૩૮ તરીકે આંક–૨૯૯૦ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ ઈસનપુર પોલીસ સ્ટેશનમાં વન ગાડીમાં ફરજ બજાવતા હતા. આ બનાવ વખતે પોતાની ફરજ પર હાજર હતા અને બનાવની જાણ થતા બનાવવાળી જગ્યાએ ગયેલાં તે વખતે લોકોમાં નાસભાગ થયેલી હતી અને ત્યાં બોમ્બ બ્લાસ્ટમાં લોકોને ઈજાઓ થયેલી. તે સ્થળે સાઇકલ જોયેલી હતી અને ત્યાં જગ્યાની જાળવણી કરેલાનું જણાવેલ છે. આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલ છે તે ધ્યાને લેતાં આ સાહેદે તેમની કામગીરી સંબંધે કોઈ જાહેરાત પોલીસ સ્ટેશનમાં કરેલી હોય તો તેની નોંધ કરવામાં આવેલી કે કેમ તો તેની માહિતી નથી. બનાવ સ્થળે ઉપલી અધિકારી દ્વારા શું–શું કામગીરી થયેલી તેની માહિતી આ સાહેદને નથી.

આમ, ઈસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગોવિંદવાડી શાક માર્કેટ રોડ ઉપર જાહેરમાં તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ કલાક ૧૮.૧૫ થી ૧૮.૩૦ વાગે સાઈકલ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલો અને આ બોમ્બ બ્લાસ્ટમાં કુલ એક માણસ મરણ ગયેલ અને છવ્વીસ માણસોને ઈજાઓ થયેલી તથા એક કુતરૂ મરણ ગયેલ હોવાની હકીકત ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા ઉપરોકત તમામ પુરાવા ઉપરથી સાબીત થાય છે તેમ હું માનુ છું.

(૩૪) **<u>અમદાવાદ શહેરના મણીનગર પોલીસ સ્ટેશનની હકૂમતના વિસ્તારમાં સાઈકલ ઉપર બોમ્બ પ્લાન્ટેશન કરી બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલ તે બનાવ પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન.</u>**

- વિસ્તાર:- મણીનગર પોલીસ સ્ટેશનની હદમાં
- સ્થળ:- ૧. મણીનગર ચાર રસ્તા, ઓમ પાન પાર્લર આગળ, આસોપાલવના ઝાડ નીચે, રોડ ઉપર
  ૨. મહાલક્ષ્મી માર્કેટ પાસે આવેલ અન્નાની ચાની કીટલીની બાજુમાં આવેલ રોડ ઉપર
- તારીખ:- ૨૬/૭/૨૦૦૮
- સમય:- કલાક ૧૮.૩૦ થી ૧૮.૪૫ (સાંજે)
- ગુના રજીસ્ટર નં.ફર્સ્ટ ૨૦૩/૨૦૦૮
- મરણ જનારની સંખ્યા:- એક
- ઈજા પામનારની સંખ્યા:- સાત
- બનાવમાં વપરાયેલ વાહનઃ- સાઈકલ

તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ મણીનગર પોલીસ સ્ટેશનની હકુમતમાં આવેલ જુદા-જુદા વિસ્તાર (૧) મણીનગર ચાર રસ્તા, ઓમ પાન

પાર્લર આગળ, આસોપાલવના ઝાડ નીચે, રોડ ઉપર તથા (૨) મહાલક્ષ્મી માર્કેટ પાસે આવેલ અન્નાની ચાની કીટલીની બાજુમાં આવેલ રોડ ઉપર સાઇકલ મુકીને સાઇકલ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલો. તેની ફરિયાદ હર્ષદભાઈ ચંદુભાઈ હાલાણીનાઓએ સીનીયર પોલીસ ઇન્સ્પેકટર મણીનગર પોલીસ સ્ટેશન સમક્ષ લખાવેલી. આ ફરિયાદીને ફરિયાદપક્ષ દ્વારા સાહેદ નં.૪ તરીકે આંક–૪૯૬ થી તપાસવામાં આવેલા છે. તેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ છે કે તેઓ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેમના દિકરાની સારવાર માટે અમદાવાદ ખાતે ડૉ.આઝાદ જૈનને ત્યાં આવેલા. તેમના દિકરા ધાર્મિકને ટાઈફોઈડ થયેલો હતો. ડૉકટરે લખી આપેલી દવા ખરીદવા તેઓ મણીનગર આવેલા અને તેમની સાથે તેમના મિત્રો પણ હતા. ઉપરાંત તેમનો ભાણો નામે હાર્દિક પણ હતો, તેમના મિત્રોમાં કનુભાઈ જયંતિભાઈ ઠક્કર તથા વીમલભાઈ હતા. સાંજે આશરે ૭–સાડા ૭ વાગે આ સાહેદ તેમના ભાણા તથા મિત્રો સાથે અન્નાની ચાની કીટલી ઉપર ચાનો ઓર્ડર આપી પંડિત પાન હાઉસ પાસે ઝાડ નીચે ઉભા હતા. આ સાહેદ તેમની મોટર સાઇકલ ઉપર બેઠેલ હતા અને બાકીના ત્રણ જણા તેમની પાસે ઉભા હતા. તેમનો ભાણો હાર્દિક બાજુમાં પડેલ એક સાઇકલને ટેકો દઈને ઉભેલો હતો, સાઇકલના આગળના ભાગે થેલી લટકાવેલી હતી જેમાં એક ટીફીન જેવુ હતુ, આ સાઇકલ સ્ટેન્ડ ઉપર હતી અને ત્યારબાદ વાતચીત કરતા કરતા ચા પીધેલી. આ સાહેદનો ભાણો હાર્દિક જે સાઇકલને ટેકો દઈને ઉભેલો હતો તે સાઇકલના ગવન્ડરને ભાગે પ્રચંડ ધડાકો થયેલો, આ ધડાકાથી આ સાહેદ ઘાયલ થઈ ગયેલા, આ ધડાકામાં ખીલીઓ, કાંચ, છરા જેવુ ઘણુ બધુ ઉડેલુ જેથી પીઠના પાછળના ભાગે તથા ડાબા હાથે ઈજાઓ થયેલી, તેમના ભાણા હાર્દિકને પણ ઈજાઓ થયેલી. આ સાહેદના અન્ય મિત્રોને પણ નાની મોટી ઈજા થયેલી. વધુમાં આ સાહેદના કહેવા પ્રમાણે તેમની સામેની બાજુએ પણ એક પ્રચંડ ધડાકો થયેલો અને જાણવા મળેલુ કે તે ધડાકામાં એક માણસ નામે ચિરાગ ઈન્દ્રવદનનું સ્થળ ઉપર મોત થયેલુ છે. ત્યારબાદ આ સાહેદને તથા તેમના મિત્રોને એલ.જી. હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયેલા.

આ બનાવની ફરિયાદ સાહેદે પોલીસ ઇન્સ્પેકટર મણીનગરને લખાવેલી, તે ફરિયાદ આ કામે આંક–૪૯૭ થી રજૂ છે અને ફરિયાદમાં પોતાની સહી ઓળખી બતાવે છે. આ ઉપરાંત આ સાહેદના કહેવા પ્રમાણે તેમને મેજિસ્ટ્રેટ રૂબરૂ પણ નિવેદન લખાવેલુ.

ફરિયાદી હર્ષદભાઈ ચંદુભાઈ હાલાણીનાઓએ ઉપરોકત ફરિયાદ જેની સમક્ષ લખાવેલી તે ફરિયાદ લેનાર અમરસીંગ ભીખુસીંગ નિમાવત હતા તેઓને ફરિયાદપક્ષે આ કામે સાહેદ નં.૭૦૪ તરીકે આંક–૩૪૪૮ થી તપાસેલા છે. તેઓની આ ગુના પુરતી સરતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ મણીનગર પોલીસ સ્ટેશનમાં સને–૨૦૦૭ થી ૨૦૦૯ દરમ્યાન પોલીસ ઇન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ મણીનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં જુદી–જુદી ચાર જગ્યાઓ ઉપર બોમ્બ ધડાકા થયેલાની હકીકત તેમને જાણવા મળેલી જેમાં ઘણા માણસોને ઈજાઓ થયેલી. મણીનગર ચાર રસ્તા પાસે થયેલ બોમ્બ ધડાકામાં ઈજા પામનાર હર્ષદભાઈ ચંદુભાઈ હાલાણી કે જેઓ એલ.જી. હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા તેઓની પુછપરછ કરીને તેઓના લખાવ્યા મુજબની ફરિયાદ લખી લીધેલી. તેઓની ફરિયાદમાં બીજો બોમ્બ બ્લાસ્ટ થયેલો તેમા ઈજા પામનાર ચિરાગભાઈ શાહનું મોત થયેલાનું પણ લખાવેલુ. આ સાહેદે ફરિયાદીની જે ફરિયાદ લીધેલી તે આંક–૪૯૭ વાળી ફરિયાદમાં ફરિયાદીની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે. વધુમાં આ સાહેદના કહેવા પ્રમાણે સ્થળ ઉપર એફ.એસ.એલ. અને ફિંગરપ્રીન્ટવાળા તેમજ બી.ડી.એસ. ટીમને સ્થળ ઉપર બોલાવવાની તજવીજ કરેલી, ત્યારબાદ ગુનાવાળી જગ્યાનું પંચનામુ પંચોની હાજરીમાં કરેલુ. ગુનાવાળી જગ્યા પોલીસ સબઇન્સ્પેકટર ખરાડીએ બતાવેલી. બનાવવાળી જગ્યા ઉપરથી પંચાનામાની વિગતે પંચોની હાજરીમાં મુદ્દામાલ કબજે કરેલો અને તે મુદ્દામાલ ઉપર પંચોની સહીઓવાળી સ્લીપો લગાવી તપાસ અર્થે કબજે કરેલ. જે પંચનામુ પંચોની હાજરીમાં બનાવેલુ તે આ કામે આંક–૧૭૫૨ થી રજૂ કરેલુ છે અને આ પંચનામા મુજબ બનાવવાળા પ્રથમ સ્થળ ઉપરથી કુલ ચાર અને બીજા સ્થળ ઉપરથી કુલ

બાર આર્ટીકલ પંચનામાની વિગતે કબજે કરેલા. આંક–૧૭૫૨વાળા પંચનામામાં આ સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે તથા મુદ્દામાલ ઉપર લગાવેલી પંચ સ્લીપોમાં આ સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે, આ પંચ સ્લીપો આ કામે આંક–૧૭૫૩ થી ૧૭૬૪ સુધી રજૂ કરેલી છે. વધુમાં આ સાહેદના કહેવા પ્રમાણે હર્ષદભાઈ ચંદુભાઈ હાલાણીએ લખાવેલી ફરિયાદ પી.એસ.ઓ. મણીનગરને પોતાના રીપોર્ટ સાથે મોકલી આપેલી જે રીપોર્ટ આ કામે આંક–૫૮૪ થી રજૂ કરેલો છે જેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આ ઉપરાંત આ સાહેદે બંને ગુનાવાળા સ્થળ ઉપરથી મુદ્દામાલ એફ.એસ.એલ. અધિકારીની સુચનાથી કબજે કરેલો અને પોલીસ સ્ટેશનમાં લઈ ગયેલા અને ત્યાં પોલીસ સ્ટેશનમાં એફ.એસ.એલ. અધિકારીશ્રી હિંગરાજીયા તથા બે પંચોની હાજરીમાં મુદ્દામાલનું પંચનામુ કરી સીલ કરેલ અને પંચનામા ઉપર પંચોની સહીઓ કરાવેલી તથા મુદ્દામાલ ઉપર પંચોની સહીઓ કરાવી સ્લીપો લગાવેલી અને પંચનામામાં અને સ્લીપોમાં આ સાહેદે રૂબરૂ તરીકે પોતાની સહી કરેલી જે પંચનામુ આ કામે આંક–૨૦૨૫ થી રજૂ છે તથા પંચ સ્લીપો આંક–૨૦૨૭, ૨૦૨૮ થી રજૂ છે તેમાં પણ આ સાહેદે રૂબરૂ તરીકે પોતાની સહીઓ કરેલી જે તેઓએ ઓળખી બતાવેલી છે. આ સાહેદે ગુનાવાળી જગ્યા ઉપરથી કબજે કરેલ મુદ્દામાલ રવાનગી નોંધ સાથે એફ.એસ.એલ. ગાંધીનગરને પૃથક્કરણ માટે મોકલેલો તે રવાનગી નોંધ આંક–૫૭૨૮ થી રજૂ છે તેમાં પણ આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલ છે અને રવાનગી નોંધમાં સત્તાનું પ્રમાણપત્ર આપનાર તરીકે મદદનીશ પોલીસ કમિશનરની સહી છે. આ ઉપરાંત ગુનાવાળી જગ્યા ઉપર બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડના અધિકારીને બોલાવવા માટે આ સાહેદે જે યાદી લખેલી તે આંક–૩૪૦૫ વાળી યાદીમાં પણ આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

આ ઉપરાંત આ સાહેદે ઉપરોકત બનાવમાં ઈજા પામનાર ચિરાગભાઈ ચંદ્રવદન શાહનાઓને તરત જ એલ.જી. હોસ્પિટલ અમદાવાદ ખાતે સારવાર આપવામાં આવેલી સારવાર દરમ્યાન તેઓ મરણ ગયેલ. ડૉકટરશ્રીએ

તેઓના શબનું શબ પરિક્ષણ કરેલુ અને શબ પરિક્ષણ વખતે તેમના શરીર ઉપરથી મેળવેલા કપડા એ.એસ.આઈ. મોહનભાઈ મહાસુખભાઈનાઓને સોંપેલ અને તેમને આ કપડા આ સાહેદ સમક્ષ રજૂ કરેલા જેમા શર્ટ, પેન્ટ, બનીયન, જાંગીયો તથા ગુજરનારનું બ્લડ સેમ્પલ હતા. આ તમામ વસ્તુઓ બે પંચોની હાજરીમાં પંચનામુ કરીને કબજે કરેલી, જે પંચનામુ કરવામાં આવેલુ તે આંક–૩૪૪૯ થી રજૂ છે જેમાં આ સાહેદે રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવી છે તથા મુદ્દામાલ સીલ કર્યા બાદ પંચોની સહીઓવાળી સ્લીપ મુકેલી જે સ્લીપ આંક–૩૪૫૧ થી રજૂ છે જેમાં આ સાહેદે રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવેલ છે.

ડૉકટરશ્રીએ ગુજરનાર ચિરાગભાઈના શબ પરથી જે કપડા મેળવેલા અને મોહનભાઈ મહાસુખભાઈને સોંપેલા તે મોહનભાઈ મહાસુખભાઈને આ કામે સાહેદ નં.૬૮૩ તરીકે આંક–૩૩૪૪ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ ચિરાગભાઈની લાશ ઉપરથી મળી આવેલ કપડા મેળવવા માટે તેઓ સિવિલ હોસ્પિટલ ખાતે ગયેલા અને ચિરાગભાઈની લાશનું પી.એમ. કરનાર ડોકટર પાસેથી કપડા મેળવીને પોલીસ ઇન્સ્પેકટર મણીનગરને સોંપેલા અને પોલીસ ઇન્સ્પેકટરએ પંચનામુ કરી કબજે કરેલા. જે કપડા સાહેદ લઈ આવેલા તે કપડામાં ચિરાગભાઈનો શર્ટ, પેન્ટ, બનીયન, જાંગીયો અને લોહી હતું તેમ જણાવે છે.

આ કામે બનાવવાળી જગ્યાની તપાસ કરનાર સવજીભાઈ ભાણાજી ખરાડીને સાહેદ નં.૫૪૨ તરીકે આંક–૩૩૪૪ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ આ સાહેદ પોલીસ સબઇન્સ્પેકટર તરીકે મણીનગર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા ત્યારે કલાક ૧૮.૩૦ થી ૧૮.૪૫ દરમ્યાન અમદાવાદ શહેરમાં બોમ્બ બ્લાસ્ટ થયેલ તેમાં મણીનગર ચાર રસ્તા પર બોમ્બ બ્લાસ્ટ થયેલો તે જગ્યાએ આ સાહેદ પહોંચેલા. બોમ્બ બ્લાસ્ટવાળી જગ્યાએ માણસોનું ટોળુ હતુ, ટોળાના માણસોને સમજાવીને જગ્યાએથી દુર કરેલા અને બોમ્બ બ્લાસ્ટવાળી જગ્યા સંભાળેલી. આ જગ્યાએ

સાઇકલના ગવન્ડર ઉપર કપડાની થેલી વિગેરે પડેલ તેમજ ગોકુલ પેલેસ બીલ્ડીંગ નીચે તથા મહાલક્ષ્મી માર્કેટ અન્નાની ચાની કીટલી પાસે પણ બોમ્બ બ્લાસ્ટ થયેલો. બંને જગ્યાઓએ ગુનાવાળી જગ્યાનું પંચનામુ પોલીસ ઇન્સ્પેકટર ભીમાવત સાહેબે કરેલુ અને જગ્યા આ સાહેદે બતાવેલાનું જણાવેલ છે. બંને જગ્યા ઉપર બીજા દિવસે સવારે એફ.એસ.એલ. અધિકારીઓ પણ આવેલા. એફ.એસ.એલ. અધિકારી જે.કે.પટેલનાઓએ ઓમ પાન પાર્લર સામેથી આસોપાલવના થડ ઉપર ચોંટેલ સફેદ ચીકણો પદાર્થ, વાયરના ટુકડા, લાકડાના ટુકડા, કપડાના ટુકડા વિગેરે ચીજવસ્તુઓ લઈ એક કાગળમાં લપેટીને આ સાહેદને આપેલી તથા અન્નાની કીટલી પાસે વાયરના ટુકડા, સફેદ ચીકણો પદાર્થ, પ્લાસ્ટિકનું ચકકર વિગેરે એક કાગળમાં આ સાહેદને સોંપેલુ.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો ધડાકા થયા ત્યારે આ સાહેદ સ્થળ ઉપર હાજર ન હતા અને તે ન જ હોય કારણ કે ધડાકા થવાના છે તેની આ સાહેદને ખબર ન હતી. વધુ ઉલટતપાસ ધ્યાને લેતાં આ કેસમાં તપાસ કરનાર અધિકારી તરીકે આ સાહેદે કામગીરી કરી નથી તે કબૂલ કરે છે. તપાસ કરનાર અધિકારીએ આ સાહેદનો જવાબ લીધો નથી તે કબૂલ કરે છે. આ સાહેદે સરતપાસમાં જણાવેલી કામગીરી નથી તો તે હકીકત પણ નકારી છે.

ફરિયાદ લીધા બાદ સાહેદ અમરસીંગ ભીખુસીંગ નિમાવતે ગુનો રજીસ્ટર કરવા માટે પી.એસ.ઓ. મણીનગરને મોકલી આપેલી અને પી.એસ.ઓ. મણીનગરનાઓએ આ ફરિયાદને સ્ટેશન ડાયરીમાં રજીસ્ટર કરેલી, તે સ્ટેશન ડાયરીની નકલ આ કામે આંક–૫૮૦ થી રજૂ કરેલી છે. તે રજીસ્ટર કરનાર સાહેદ વિજયકુમાર શાંતારામ ચૌહાણનાઓને સાહેદ નં.૨૯ તરીકે આંક–૫૭૯ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લેતા તેઓ બનાવના દિવસે પી.એસ.ઓ. તરીકે મણીનગર પોલીસ સ્ટેશનમાં ફરજ ઉપર હતા ત્યારે એક સુચી પત્ર નિમાવતની સહીથી મોકલવામાં આવેલુ અને ગુનો નોંધેલો અને સ્ટેશન ડાયરી એન્ટ્રી નં.૩૪ આપેલી, ત્યારબાદ એફ.આઈ.આર. ફાડેલી. ત્યારબાદ શ્રી નિમાવતે આપેલ સૂચિપત્રના પાછળના ભાગે આ ગુનાની વધુ

તપાસ તેઓને સોંપવાનો હુકમ કરેલો જે હુકમમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ કામે ફરિયાદી હર્ષદભાઈ ચંદુભાઈ હાલાણીની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલી છે તે ધ્યાને લેતા તેઓની ફરિયાદ એલ.જી. હોસ્પિટલમાં રાત્રે ૯ થી ૧૦ વાગે લીધી હશે તેમ જણાવે છે. ચિરાગના મૃત્યુની હકીકત એલ.જી. હોસ્પિટલમાં જાણવા મળેલી તે કબૂલ કરે છે. આ હીકકતનો અર્થ એવો થાય કે આ બોમ્બ બ્લાસ્ટના બનાવમાં ચિરાગનું મૃત્યુ થયેલુ તે હકીકત આરોપીઓ તરફથી કબૂલ કરવામાં આવી છે. વધુ ઊલટતપાસ ધ્યાને લેતાં ચિરાગના મૃત્યુની હકીકત પબ્લીક દ્વારા જાણવા મળેલી પોતાની ફરિયાદમાં ટિફિન થેલીમાં લટકાવેલુ હતુ તેવો ઉલ્લેખ ચાને કે થેલીમાં ટિફિન હતુ તેટલો ઉલ્લેખ કરેલો નથી. પરંતુ મારા મત પ્રમાણે ટિફિન થેલીમાં હતુ કે થેલીની બાજુમાં ટિફિન લટકેલુ હતુ તે બહુ મહત્વનું નથી તેથી કરીને સાઇકલ ઉપર લટકાવેલ થેલીમાં કે થેલીની બહાર લટકાવેલ ટિફિનમાં બોમ્બ બ્લાસ્ટ થયેલ નથી તેવી હકીકત સ્થાપિત કરવામાં આરોપીઓ તરફથી પુછવામાં આવેલા પ્રશ્નથી આરોપીઓને મદદ મળતી નથી. આ ઉપરાંત "સાઇકલો ત્યાં પડેલી" તે હકીકત પોલીસ રૂબરૂના જવાબમાં લખાવી નથી તેમ જણાવે છે. આ સાહેદને યાદ નથી કે તેઓના સગા સાઇકલના કેરીયર પર બેઠેલા હતા આ હકીકત પોલીસને લખાવેલી કે કેમ તે યાદ નથી. મેજિસ્ટ્રેટ રૂબરૂના નિવેદનમાં સ્વેચ્છાએ કાંઈ લખાવેલુ નથી તો તે હકીકત આ સાહેદે નકારેલી છે. ધડાકો થતા ફુટબોલની માફક બાઈક ઉપરથી ઉછળીને નીચે પડેલા વિગેરે હકીકત ફરિયાદમાં લખાવી નથી તે કબૂલ કરે છે. પરંતુ ફરિયાદમાં સંપૂર્ણ શબ્દે શબ્દ હકીકત કે જે સરતપાસમાં લખાવી હોય તે ફરિયાદમાં ન લખાવવાથી ફરિયાદ ખોટી સાબીત થતી નથી.

ફરિયાદ લેનાર સાહેદ અમરસીંગ ભીખુસીંગ નિમાવતની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલ છે તે જોતા બનાવ સ્થળ ઉપર તેઓ પાંચ થી દસ મિનિટમાં પહોંચી ગયેલા. ત્યારબાદ તેઓ બીજા બનાવ સ્થળ ઉપર

પહોંચેલા. મણીનગર વિસ્તારમાં બનેલા ચારેય બનાવોવાળા વિસ્તારમાં આ સાહેદ વારાફરથી ગયેલા છે. પ્રથમ બનાવના સ્થળે પહોંચ્યા ત્યારે અન્ય પોલીસ અધિકારીઓ ત્યાં હાજર ન હતા તે કબૂલ કરે છે. પોલીસના માણસો ચારેય બનાવ સ્થળ ઉપર આ સાહેદની સાથે હાજર રહેલા તેમ જણાવે છે. આ સાહેદની સમગ્ર ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ ગુના પુરતી ચોકકસ અને સ્પષ્ટ ઊલટતપાસ કરવામાં આવેલી નથી પરંતુ ચારેય ગુનાની ભેગી અને જનરલ ઊલટતપાસ કરેલી છે.

હવે પી.એસ.ઓ. વિજયકુમાર શાંતારામ ચૌહાણની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલ છે તે ધ્યાને લેતા ફરિયાદ નોંધ્યા પછી ફરિયાદીને નકલ આપેલી નથી તે કબૂલ કરે છે. ફરિયાદ નોંધી તે અગાઉ આ બનાવ અંગેની કોઈ જાત માહિતી નથી. મારા મત પ્રમાણે ફરિયાદની નકલ ફરિયાદીને આપી નથી તેનો અર્થ એવો ન થાય કે આ બનાવની ખોટી ફરિયાદ નોંધેલી છે. આ સાહેદ પી.એસ.ઓ. તરીકે પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા જેથી સ્વાભાવિક છે કે મણીનગર વિસ્તારના ઉપરોકત જે બે જુદા–જુદા વિસ્તારમાં બનાવ બન્યો તે બનાવની ફરિયાદ ન લખાય ત્યાં સુધી અથવા બનાવની જાણ ન થાય ત્યાં સુધી આ સાહેદને માહિતી ન હોય.

સાહેદ અમરસીંગ ભીખુસીંગ નિમાવતનાઓએ બે પંચોની હાજરીમાં આંક–૧૭૫૨ વાળુ ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરી જે મુદ્દામાલ કબજે કરેલો તે પંચનામાના પંચો પૈકીના પંચ કવલજીતસીંગ જીતેન્દ્રસીંગ અરોરાને સાહેદ નં.૩૩૬ તરીકે આંક–૧૭૫૧ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૬/૭/૨૦૦૮ અને તા. ૨૭/૭/૨૦૦૮ ની વચ્ચેની રાત્રીએ લગભગ ૧૦.૩૦ – ૧૧.૦૦ વાગ્યાના સુમારે આ સાહેદને મણીનગર ચાર રસ્તા પાસે પોલીસે બોલાવેલ. આ સાહેદને બોલાવ્યા તે સિવાય પોલીસે એક પ્રકાશભાઈ નામની વ્યકિતને પણ બોલાવેલ. આ સાહેદને મણીનગર ચાર રસ્તા પાસે આવેલ ઓમ પાન પાર્લર પાસે આવેલા આસોપાલવના ઝાડ નીચે બોલાવેલ અને પોલીસે કહેલું કે આ જગ્યાએ બોમ્બ ધડાકો થયો છે તેનું પંચનામું કરવાનું તો

પંચ તરીકે રહેવા રાજી છો તેમ પુછતા આ સાહેદે સ્વેચ્છાએ હા પાડેલી. કુલ બે જગ્યાનું પંચનામું કરવાનું હતું તેમાં ઓમ પાન પાર્લરની પાસે આવેલા આસોપાલવના ઝાડ નીચેની જગ્યાએ અને તેનાથી આશરે ૯૦ થી ૧૦૦ ફુટના અંતરે આવેલ વડના ઝાડ પાસે આવેલ અન્નાની કીટલી પાસે પંચનામું કરવાનું હતું. આ સાહેદને આ વાત કરી ત્યારે બીજા પંચ પ્રકાશભાઈ હાજર હતા. આ સાહેદને જે જગ્યા બતાવેલી તે જગ્યા મણીનગર પોલીસ સ્ટેશનના એક ખરાડી સાહેબે બતાવેલી.

આ સાહેદને પ્રથમ ખરાડી સાહેબે ઓમ પાન પાર્લર પાસે આવેલ આસોપાલવના ઝાડ નીચેની જગ્યા બતાવેલી. આ ઓમ પાન પાર્લર મણીનગર ચાર રસ્તા પાસે આવેલ છે. પ્રથમ જે જગ્યા બતાવી તે ઓમ પાન પાર્લર પાસે આવેલ આસોપાલવના ઝાડ પાસે એક બ્લ્યુ રંગની રેન્જર સાઇકલ ઉભેલી હતી. તેની પાછળ કેરીયર હતું અને સાઇકલ લોક કરેલી હતી. આ સાઇકલના ગવન્ડર ઉપર એક સફેદ અને કાળા રંગની થેલી હતી. આ થેલી નીચેના ભાગે ફાટેલી હાલતમાં હતી. આ થેલી જોઈ તેની આજુબાજુમાં ખીલીઓ, વાયરો ના ટુકડા, છરાઓ (પેલેટ), એલાર્મ ક્લોકના તુટેલા ટુકડાઓ જોયેલા હતા. સાઇકલનું આગળનું ટાયર બળેલું તથા તેની ઉપર કાપડના ટુકડા હતા અને સફેદ કલરનો પદાર્થ ટાયર ઉપર લાગેલો હતો. સાઇકલનો આગળનો પંખો (મડગાર્ડ) બેન્ડ થઈ ગયેલ હતો.

વધુમાં આ સાહેદની સરતપાસ પ્રમાણે આ આસોપાલવના ઝાડ વાળી જગ્યાથી ૯૦–૧૦૦ ફુટના અંતરે અન્નાની કીટલી પાસે આવેલ વડના ઝાડની નીચે ગયેલા. આ અન્નાની કીટલી આવી છે તે જગ્યા મહાલક્ષ્મી માર્કેટની જગ્યા કહેવાય છે. આ જગ્યા પણ ખરાડી સાહેબે બતાવેલી. ત્યાં આગળ એક જૂની કાળા રંગની સાઇકલ પડેલી હતી. આ સાઇકલ પર વિસ્ફોટ થયેલ હોવાનું જણાતું હતું. આ સાઇકલનો પાછળનો પંખો તુટી ગયેલો અને બેન્ડ થયેલો હતો. સાઇકલનું આગળનું ટાયર બળી ગયેલ હાલતમાં અને તેની ઉપર પણ પદાર્થ લાગેલો હોવાનું જણાતું હતું. સાઇકલની આજુબાજુમાં ખીલીઓ, છરાઓ

(પેલેટ), સેલ (પાવર), બેટરી વિગેરે વિખેરાયેલ હતું. આ સાઇકલની બાજુમાં એક મોટર સાઇકલ હીરોહોન્ડા કંપનીની હતી અને તેની બાજુમાં પણ એક મોટર સાઇકલ હતી. આ મોટર સાઇકલની સીટ બળેલી હાલતમાં હતી તેની ટાંકી ઉપર કાંણા પડેલા હતા જે કાણાં ટાંકીની કઈ બાજુએ હતા પણ જે તે વખતે પંચનામામાં લખાવેલ. ત્યાં બીજી મોટર સાઇકલ હતી તેની ઉપર આર.ટી.ઓ. નંબર લગાવેલો ન હતો. આ બીજી મોટર સાઇકલની ટાંકીના ભાગે પણ કાંણા પડેલા હતા. આ જગ્યા જોતાં હતા ત્યારે બોમ્બ સ્કવોર્ડના માણસો આવેલા જેમાંના એકે પોતાનું નામ યાદવ છે તેવું કહેલું. આ બોમ્બ સ્કવોર્ડના માણસોએ સાઇકલ અને બીજી બધી વસ્તુઓ કબજે લેવાનું કહેલું.

ત્યારપછી સામે બાજુએ આવેલ ઓમ પાન પાર્લર પાસે આસોપાલવના ઝાડ પાસે ગયેલા. યાદવ સાહેબના કહેવાથી પોલીસના માણસોએ તે જગ્યાએથી સાઇકલ, આગળના ભાગમાં લટકાવેલી થેલી તથા તેની અંદરનું એક ફાટેલું ગુલાબી શર્ટ કબજે લીધેલ ઉપરાંત સફેદ કલરના કાપડના ટુકડા, પ્લાસ્ટિકના ટુકડા, આજુબાજુ વિખેરાયેલ ખીલીઓ, છરા, પ્લાસ્ટિકના સફેદ કલરના ટુકડા, આ સિવાય એક ઈલેક્ટ્રોનીક ડીટોનેટર હતું તે, પછી સેલ (પાવર) અને આજુબાજુમાંથી સફેદ રંગનો વિસ્ફોટક પદાર્થ આ બધું કબજે લીધેલું. આ સિવાય લાકડાના ટુકડા અને પ્લાસ્ટિકના ટુકડા વિખેરાયેલા હતા તે કબજે લીધેલા. ત્યાંથી સામેની બાજુએ આવેલી અન્નાની કીટલી પાસે આવેલ વડના ઝાડ પાસે આવેલ. તે જગ્યાએથી સાઇકલ કબજે લીધેલી. ખરાડી સાહેબે જણાવેલ કે તે જગ્યાએ એફ.એસ.એલ.ના અધિકારીઓ આવેલ હતા અને તેઓએ પોલીસને જે વસ્તુઓ કબજે કરવાની કહી હતી તે ખરાડી સાહેબે કહેલી. આ ખરાડી સાહેબે કબજે કરેલી બધી વસ્તુઓ આ સાહેદને બતાવેલી. જેની અંદર ચાર્જેબલ બેટરી, ખીલીઓ, છરાઓ(પેલેટ), વાયરના ટુકડા, વ્હાઈટ કલરના પ્લાસ્ટિકના ટુકડા, લાકડાના ટુકડા, લાલ કલરના પ્લાસ્ટિકના ટુકડા, એલાર્મ કલોકની તુટેલી વસ્તુઓ બતાવેલી અને એક રૂ કે જેની ઉપર મોટરસાઇકલની ટાંકી પરથી કાળા રંગની વસ્તુ લીધેલી હતી તે બતાવેલ અને સાદુ રૂ પણ

બતાવેલ. ત્યારપછી આસોપાલવના ઝાડ નીચેથી માટી લીધેલી અને તે જગ્યાના ૫૦ ફુટના અંતરેથી બીજી સાદી માટી લેવામાં આવેલી હતી. આ સિવાય વડના ઝાડ નીચેથી પણ માટી લીધેલી અને તે જગ્યાથી ૫૦ ફુટના અંતરેથી બીજી સાદી માટી લેવામાં આવેલી.

આમ જે વસ્તુઓ લીધી તેના ૧૦ પડીકા બનાવ્યા અને ઉપરાંત બે સાઇકલો હતી તે કબજે લીધેલી. બંને સાઇકલો જુદા-જુદા સફેદ કલરના કપડામાં બાંધી દીધેલી હતી અને પંચોની સહીઓવાળી કાપલી લગાવેલી. જે ચીજવસ્તુઓ કબજે કરવામાં આવેલી તે પહેલાં પ્લાસ્ટિકની કોથળીમાં મુકેલી ત્યારપછી કાગળના પડીકા બનાવી તેમાં મુકી તથા તેની પર પંચોની સહીઓવાળી કાપલી લગાવી દોરાથી બાંધી લાખથી સીલ કરેલી. તેમજ આસોપાલવના ઝાડ પાસેથી ડાબી બાજુનો રસ્તો મણીનગર રેલવે સ્ટેશન પાસે જાય છે તેની સામેનો રસ્તો જયહિન્દ ચાર રસ્તા પાસે જાય છે. તેની જમણી બાજુનો રસ્તો રામબાગ તરફ જાય છે અને તેની પાછળનો ભાગ એલ.જી. હોસ્પિટલના પુલ તરફ જાય છે. અન્નાની કીટલીની બાજુમાંથી જે ગલી જાય છે તે રહેઠાણ વાળા ભાગમાં જાય છે. આ સિવાય તે વડના ઝાડ પાસે જે રસ્તાઓની પરિસ્થિતી છે તે આગળ કહ્યા મુજબની છે. આ પંચનામું કરતાં લગભગ દોઢ થી બે કલાકનો સમય થયો હશે. આ તમામ વસ્તુઓ આ સાહેદની હાજરીમાં કબજે કરવામાં આવેલી, તેનુ પંચનામુ બનાવેલુ, જે આંક-૧૭૫૨વાળા પંચનામામાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવી છે તથા આ સાહેદ તથા અન્ય પંચનાઓની સહીવાળી પંચ સ્લીપો તપાસ કરનાર અધિકારીએ બનાવીને મુદ્દામાલ ઉપર લગાવેલી તે પંચ સ્લીપો આ કામે આંક-૧૭૫૩ થી ૧૭૬૪ સુધી રજૂ કરેલી છે તે તમામ પંચ સ્લીપો ઉપર આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

હવે આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવી છે તે ધ્યાને લઈએ તો તા.૨૬/૭/૨૦૦૮ના રોજ બોમ્બ ફુટ્યો તેવી ખબર આ સાહેદને આશરે ૬.૩૦ થી ૭.૦૦ના અરસામાં થયેલી. બનાવવાળી જગ્યાએથી

ચાલતા જઈએ તો આ સાહેદનું ઘર ૧૦ થી ૧૫ મીનીટમાં આવે તેટલા અંતરે છે તેમ જણાવેલ છે. બનાવ બન્યો ત્યાર પછી બનાવ વાળા વિસ્તારની બધી દુકાનો બંધ થઈ ગયેલી હતી તેના જવાબમાં આ સાહેદ જણાવે છે કે કદાચ બધી દુકાનો બંધ થઈ ગયેલી હતી. બનાવ બન્યો તે વિસ્તારમાં ગભરાટ ફેલાયેલો હતો તેના જવાબમાં આ સાહેદ જણાવે છે કે બીજાની તેઓને ખબર નથી પણ સાહેદ ગભરાયેલ નહીં તેમ જણાવે છે. પંચનામા વાળી જગ્યાએ આ સાહેદ રાત્રીના ૧૦.૩૦–૧૦.૪૫ વાગે પહોંચેલા. તેઓ તે જગ્યાએ તેમની સ્વેચ્છાએ પહોંચેલા. બનાવવાળી જગ્યાએ તેઓ પહોંચ્યા ત્યારે પોલીસના માણસો અને થોડાક પબ્લીકના માણસો હતા. આ સાહેદ પહોંચ્યો ત્યારે પબ્લીકના આશરે ૮–૧૦ માણસો હશે. આ પબ્લીકના માણસો સાથે પોલીસ વાતચીત કરતી ન હતી અને પબ્લીકના માણસો પોતપોતાની વાતો કરતા હતા. વધુમાં આ સાહેદની ઊલટતપાસ મુજબ સૌપ્રથમ વખત જયાં બોલાવ્યા ત્યાં એક પાનનો ગલ્લો હતો જેની આગળ આસોપાલવનું ઝાડ હતું. તે ગલ્લા ઉપર ઓમ પાન પાર્લર તેવું નામ લખેલું હતું અને તે વખતે પાનનો ગલ્લો ખુલ્લો હતો કે બંધ હતો તે આ સાહેદને યાદ નથી. વધુમાં આસોપાલવના ઝાડના થડને કે પાન હાઉસને કોઈ નુકસાન થયેલુ કે કેમ તેના જવાબમાં સાહેદ જણાવે છે કે તેમને યાદ નથી. આ સાહેદે બનાવ પછી ઘણા સમય બાદ જુબાની આપેલ હોવાથી પાનનો ગલ્લો કે તેના ઝાડને નુકસાન થયેલ કે કેમ તે આ સાહેદને યાદ ન હોય. વધુમાં આ સાહેદના સ્પષ્ટ કહેવા પ્રમાણે પંચનામામાં જે કંઈ હકીકત લખાવેલી છે તે સાચી છે. આમ આ સાહેદની ઊલટતપાસ ઉપરથી બનાવવાળી જગ્યા ઉપર બનાવ બન્યો નથી તેવી કોઈ હકીકત પ્રસ્થાપિત કરવામાં આરોપીઓને મદદ મળતી નથી. આ સાહેદ સ્વતંત્ર સાહેદ છે જેને નહીં માનવાને કોઈ કારણ નથી.

શરૂઆતના તપાસ કરનાર અધિકારી અમરસીંગ ભીખુસીંગનાઓએ આ બનાવ પછી સ્થળ ઉપર એફ.એસ.એલ.ના અધિકારીને ઓમ પાન પાર્લરવાળી જગ્યાએ આવેલ આસોપાલવના ઝાડના થડ પાસે બોલાવેલા તે અધિકારી અમૃતભાઈ વશરામભાઈને સાહેદ નં.૮૩૦ તરીકે આંક–૫૫૬૬ થી

તપાસેલા છે. તેઓની આ ગુના પુરતી સરતપાસ ધ્યાને લેતા તેઓને આ બનાવવાળા સ્થળ ઉપર બોલાવેલા અને તેઓની હાજરીમાં આ સાહેદે ગુનાવાળી જગ્યાનું નિરીક્ષણ કરેલુ અને સ્થળ ઉપરથી નમૂનાઓ કબજે કરવાની આ સાહેદે તપાસ કરનાર અધિકારીને સુચના આપેલી. ત્યારબાદ આ સાહેદની સુચના પ્રમાણે તપાસ કરનાર અધિકારીએ બે પંચોની હાજરીમાં સ્થળ ઉપરથી જે કંઈ મુદ્દામાલ નમૂના કબજે કરેલા તે પંચનામા પૈકીના પંચ પરષોત્તમભાઈ વિસનદાસ કેશવાણીનાઓને સાહેદ નં.૩૫૩ તરીકે આંક–૨૦૨૪ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ તેઓ રાયપુર ગયેલા હતા અને ત્યાંથી પરત ફરતા મણીનગર પોલીસ સ્ટેશન પાસેથી નીકળતા હતા ત્યારે પોલીસે તેમને પોલીસ સ્ટેશનમાં બોલાવેલા અને પોલીસ ઈન્સ્પેકટર સાહેબે જણાવેલ કે બોમ્બ બ્લાસ્ટમાં કંઈક વસ્તુઓ જમા લીધેલી છે ત્યાં બીજા એક ભાઈને પણ બોલાવેલા હતા તેમનુ નામ રાજેનભાઈ ગાંધી હતુ. ત્યાં ગાંધીનગરના સાહેબ પણ હાજર હતા, બીજા ખરાડી સાહેબ પણ હતા. ખરાડી સાહેબે વાયરના બે–ત્રણ ટુકડા તથા વ્હાઈટ કલરનો પદાર્થ બતાવેલો, પ્રથમ પ્લાસ્ટિકનું ચકકર પણ બતાવેલુ. આ ત્રણ વસ્તુઓ ઓમ પાન હાઉસ મણીનગર ચાર રસ્તા ઉપર આસોપાલવના ઝાડ પાસેથી લીધેલાનું જણાવેલુ. આ ઉપરાંત બીજી બે વસ્તુઓ જેમાં વાયર તથા સફેદ પદાર્થ મહાલક્ષ્મી માર્કેટની આગળ ચાની કીટલીથી કબજે લીધેલાનું જણાવેલુ. ત્યારબાદ વસ્તુઓનું પેકીંગ કરવામાં આવેલુ, ત્રણ વસ્તુઓનું અલગ–અલગ પેકીંગ કરેલુ તેમાં આ સાહેદની તથા રાજેન ગાંધીની સહીઓવાળી સ્લીપ મુકી પંચનામાની વિગતે કબજે કરેલા. આ પંચનામુ આંક–૨૦૨૫ થી રજૂ છે તથા પંચ સ્લીપ આંક–૨૦૨૭, ૨૦૨૮ થી રજૂ છે જેમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

આ ઉપરાંત સાહેદ અમરસીંગ ભુખુસીંગનાઓએ મહાલક્ષ્મી બીલ્ડીંગના બાજુમાં ગુનાવાળી જગ્યા ઉપર એફ.એસ.એલ. અધિકારી જશુભાઈ કરસનભાઈ પટેલનાઓને સ્થળ નિરીક્ષણ કરવા માટે બોલાવેલા તેઓને આ કામે સાહેદ નં.૧૧૩૨ તરીકે આંક–૮૧૨૭ થી તપાસવામાં આવેલા છે. તેઓની

સરતપાસ ધ્યાને લઈએ તો ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૩/૦૮ની ગુનાવાળી જગ્યા ઉપર ગયેલાં અને ત્યાં સ્થળ નિરીક્ષણ કરેલુ તથા જગ્યા ઉપરથી વાયરના ટુકડા તથા સફેદ મટીરીયલ કબજે કરવાની તપાસ કરનાર અધિકારીને સુચના આપેલી અને તે સુચનાના આધારે તપાસ કરનાર અધિકારીએ ત્યાંથી મુદ્દામાલ કબજે કરેલો. સ્થળ નિરીક્ષણનો આ સાહેદે જે અહેવાલ આપેલો તે આ કામે આંક–૮૧૨૮ થી રજૂ છે તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવે છે. આરોપીઓ તરફથી આ સાહેદની ઊલટતપાસ કરવામાં આવેલ છે તે ધ્યાને લેતા અમદાવાદમાં થયેલ સીરીયલ બોમ્બ બ્લાસ્ટનાં ઘણા બનાવોવાળી જગ્યા ઉપર તેઓ સ્થળ નિરીક્ષણ કરવા ગયેલા અને ઘટના સ્થળેથી મુદ્દામાલ કબજે કરવા માટે સુચનાઓ આપેલી. આરોપીઓ દ્વારા આ સાહેદની જનરલ ઊલટતપાસ થયેલી છે અને કોઈ ચોકકસ ગુના માટે ઊલટતપાસ કરવામાં આવેલી નથી અને આ સાહેદે જે કામગીરી કરેલ તે વિશે પુછવામાં આવેલ છે. આ સાહેદની સમગ્ર ઊલટતપાસ ધ્યાને લેતા આ બનાવવાળા સ્થળ ઉપર જઈને આ સાહેદે સ્થળનું નિરીક્ષણ કરેલ નથી કે તપાસ કરનાર અધિકારીને સ્થળ ઉપરથી વાયરો તથા કપડાના ટુકડા કબજે કરવાની સુચના આપી નથી તેવી હકીકત નીકળી આવતી નથી.

હવે તપાસ કરનાર અધિકારીએ ગુનાવાળી જગ્યા ઉપરથી જે મુદ્દામાલ આંક–૧૭૫૨ તથા ૨૦૨૫ ના પંચનામાઓ આધારે જે મુદ્દામાલ કબજે કરેલો તે મુદ્દામાલ રવાનગી નોંધ સાથે એફ.એસ.એલ. ગાંધીનગરને પૃથક્કરણ માટે મોકલી આપેલો. આ રવાનગી નોંધ આ કામે આંક–૫૭૨૮ થી રજૂ કરેલી છે. આ રવાનગી નોંધમાં જણાવ્યા મુજબના કુલ–૨૦ નમૂના માર્ક–એ થી માર્ક–ટી સુધીના એફ.એસ.એલ. ગાંધીનગરને તપાસ અર્થે મોકલેલા છે. આ રવાનગી નોંધમાં સાહેદ અમરસીંગ ભીખુસીંગનાઓએ પોતાની આંક–૩૪૪૮ની જુબાનીમાં સહી ઓળખી બતાવી છે. હવે આ મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારી જાનમહમંદ ફકીરમહંમદ મન્સુરીને સાહેદ નં.૮૪૦ તરીકે આંક–૫૭૦૦ થી તપાસેલા છે. એફ.એસ.એલ. દ્વારા મુદ્દામાલ સ્વીકારાયા અંગેની જે પહોંચ

આપવામાં આવેલી તે પહોંચ આ કામે આંક–૫૭૨૯ થી રજૂ કરેલી છે, જેમાં મદદનીશ નિયામક એફ.એસ.એલ. ગાંધીનગરનાઓની સહી છે. આ સાહેદની આ ગુના પુરતી સરતપાસ પ્રમાણે તેમના વિભાગના મદદનીશ નિયામકશ્રી દ્વારા તા.૩૦/૭/૨૦૦૮ ના રોજ સ્વીકારવામાં આવેલ મુદ્દામાલ,જે મણીનગર પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેરના ફર્સ્ટ ગુના રજીસ્ટર નં. ૨૦૩/૦૮ ના કેસનો મુદ્દામાલ હતો તે પૃથક્કરણ અર્થે તે જ તારીખે મળેલો અને તેની સાથે તેને લગતા કાગળોની ફાઈલ પણ આ સાહેદને સોંપવામાં આવેલ. સદરહું કામનો મુદ્દામાલ તેમની કચેરીમાં મદદનીશ નિયામક શ્રી જી.ડી.શર્મા એ સ્વીકારેલ હતો અને તેના સ્વીકાર્યા અંગેની પહોંચ સંબંધીત પોલીસ મથકને ફાળવેલ હતી. સદરહું કામના મુદ્દામાલમાં કુલ–૨૦ સીલબંધ પાર્સલો હતા. જે પૈકી ૧૮ પાર્સલો ઉપરનું સીલ "પી.આઇ., મણીનગર પોલીસ સ્ટેશન, અહેમદાબાદ સીટી" હતું તથા ૨ પાર્સલો પૈકીનું સીલ "સી.એમ.ઓ. સી.એચ.એ" હતું. જે દરેક સીલ અકબંધ અને પોલીસ રવાનગી નોંધમાં મોકલેલ સીલના નમૂના મુજબના હતા. આ દરેક નમૂનાઓનું વિગતવાર વર્ણન આ સાહેદે તેમના અહેવાલમાં નોંધેલ છે. આ સાહેદને મળેલ નમૂનાઓનું તેઓએ પૃથક્કરણ કરેલ. જે પૃથક્કરણ આ સાહેદે પ્રમાણિત રાસાયણિક અને ઉપકરણીય પધ્ધતિએ કરેલ હતું.

પૃથક્કરણના આધારે એવા પરિણામ પર આવેલ કે (૧) નમૂના માર્ક–બી, સી, ડી, ઇ, એફ, જી, આઇ, કે, એમ/૧, એમ/૨, એન/૧, એન/૨, ઓ, પી, કયુ તથા આર માં એમોનિયમ, નાઇટ્રાઇટ, અને નાઇટ્રેટ મુલકો તથા પેટ્રોલીયમ હાઇડ્રોકાર્બનસ ઓઈલ (પેરાફીલ ઓઈલ પ્રકાર) ની હાજરી શોધાયેલ છે. (૨) નમૂના માર્ક–એચ, જે, એલ તથા ટી માં વિસ્ફોટક ઘટકની હાજરી શોધાયેલ નથી. (૩) નમૂના માર્ક– એ માં એમોનિયમ, નાઇટ્રાઇટ, નાઇટ્રેટ, લેડ તથા એઝાઇડ મુલકો તથા પી.ઇ.ટી.એન. (હાઇ એક્ષપ્લોજીવ) તેમજ પેટ્રોલીયમ હાઇડ્રોકાર્બન્સ ઓઈલ (પેરાફીલ ઓઈલ પ્રકાર) ની હાજરી શોધાયેલ છે.

ઉપરોકત પૃથક્કરણના પરિણામને આધારે આ સાહેદ એવા અભિપ્રાય ઉપર આવેલ કે,

૧. પૃથક્કરણના પરિણામમાં શોધાયેલ એમોનિયમ નાઈટ્રેટ અને પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન ઓઈલનું મિશ્રણએ એમોનિયમ નાઈટ્રેટ બેઝ એમોનિયમ નાઈટ્રેટ–ફયુલ ઓઈલ (એનફો)હાઈ – એક્ષપ્લોઝીવના ઘટકો છે.

૨. નમૂનાઓમાંથી મળેલ ધાતુના છરાનો ઉપયોગ હાથ બનાવટના બોમ્બમાં મીસાઈલ્સ તરીકે થાય છે.

૩. પૃથકકરણના પરિણામમાં શોધાયેલ લેડ એઝાઇડ અને પી.ઇ.ટી.એન. (હાઇ એક્ષપ્લોજીવ) નો ઉપયોગ બ્લાસ્ટીંગ કેપ (ડીટોનેટર)માં થાય છે.

૪. પૃથક્કરણનું પરિણામ તથા નમૂનાઓમાંથી મળેલ બેટરી, ધાતુના છરા, લાકડાના ટુકડા, પ્લાસ્ટિકની શીટ તથા પતરા સાથેના લાકડાના ટુકડાઓ, ઘડિયાળના ભાગો, ડીટોનેટરના ભાગો, વિગેરેના આધારે એવું કહી શકાય કે હોડી આકારના લાકડાના ધાતુના પતરા અને પ્લાસ્ટિકની શીટ ધરાવતા કન્ટેનરમાં એનફો એક્ષપ્લોઝીવ પદાર્થ ભરી ધાતુના છરા ઉમેરી તથા ડીટોનેટરનો ઉપયોગથી બનાવાયેલ ટાઈમ ડીલે ડીવાઈસ પ્રકારનો આઈ.ઈ.ડી. બોમ્બ છે.

આ સાહેદે તેમની કચેરીના ડી.એન.એ તથા ભૌતિકશાસ્ત્ર વિભાગનો અલાયદો અહેવાલ તેમના અહેવાલ સાથે મોકલી આપવામાં આવશે તેવું જણાવેલ. આ સાહેદે તેમનો અહેવાલ તૈયાર કરીને તેમાં સહી કરીને તેમની કચેરીના નાયબ નિયામકના ફોરવર્ડીંગપત્ર સાથે સંબંધિત પોલીસ સ્ટેશનને મોકલી આપેલ જે અહેવાલ આ કામે આંક–૫૭૩૦ થી રજૂ કરેલો છે જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ સાહેદની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી છે. અમદાવાદમાં થયેલ સીરીયલ બોમ્બ બ્લાસ્ટનાં ઘણા બનાવોવાળી જગ્યા ઉપરથી કબજે કરવામાં આવેલ ઘણા મુદ્દામાલનું પૃથક્કરણ તથા સુરત શહેરમાં થયેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં પણ જે તે સ્થળો ઉપરથી કબજે કરવામાં આવેલ મુદ્દામાલનું પૃથક્કરણ આ સાહેદે કરેલુ છે. તેઓની ઊલટતપાસ જનરલ અને સામાન્ય છે. ઊલટતપાસની હકીકત અગાઉના ગુનાઓમાં પણ જણાવેલી છે. આરોપીઓ તરફથી કરવામાં આવેલ ઊલટતપાસ ધ્યાને લેતા એફ.એસ.એલ. કચેરી ગાંધીનગર ખાતે જે કંઈ કામગીરી કરવામાં આવે છે તે બાબતે તેમજ ઑફિસના વહીવટી સંબંધે પ્રશ્નો પુછવામાં આવેલા છે પરંતુ તેથી કરીને આ સાહેદે આ મુદ્દામાલનું પૃથક્કરણ કરેલ નથી તે હકીકત સાબીત થતી નથી. ખરેખર આ સાહેદે પોતે આપેલ જુબાની તથા આક–૫૭૩૦ નાં અહેવાલમાં જે હકીકત જણાવેલી છે તે મુજબ તેમને મુદ્દામાલનું પૃથક્કરણ કરેલુ છે તે પુરવાર થાય છે.

ત્યારબાદ આ કામે આંક–૫૭૨૮ વાળી રવાનગી નોંધથી એફ.એસ.એલ. ગાંધીનગરને પૃથક્કરણ માટે જે મુદ્દામાલ મોકલવામાં આવેલો તે મુદ્દામાલ પૈકીના અમુક મુદ્દામાલ એફ.એસ.એલ. અધિકારી શ્રી એમ.એન. જોષીએ તેનુ પૃથક્કરણ કરેલુ પરંતુ તેઓ અમેરીકા મુકામે સ્થાયી થયેલ હોવાથી તેમની જગ્યાએ અન્ય તપાસ કરનાર અધિકારી સમીર સુભાષચંદ્ર જોષીને આંક–૧૧૧૨ તરીકે સાહેદ નં.૭૯૫૨થી તપાસેલ છે. તેઓની આ ગુના પુરતી સરતપાસ ધ્યાને લઈએ તો તેમના કહેવા પ્રમાણે શ્રી એમ.એન.જોષીએ આ ગુનાના જે મુદ્દામાલનું તેમને પૃથક્કરણ કરેલુ તે મુજબ...

- માર્ક–એફ લાલ રંગના પ્લાસ્ટિકના, લાકડાના તથા કપડાના ટુકડા, છરા તથા કરચો.
- માર્ક–જી સાઇકલ તથા બે મોટર સાઇકલો ઉપરથી મળી આવેલ કાળી મેશ.
- માર્ક–એચ કન્ટ્રોલ ૩.

– માર્ક–આઈ સાઇકલવાળી જગ્યાએથી લીધેલ માટી.
– માર્ક–જે કન્ટ્રોલ માટી.
– માર્ક–કે ઓમ પાન પાર્લરવાળી ગુનાવાળી જગ્યાએથી લીધેલી માટી.
– માર્ક–એલ કન્ટ્રોલ માટી.

ઉપરોકત મુદ્દામાલનું સાહેદ એમ.એન.જોષીએ પૃથક્કરણ કરેલુ અને તે પૃથક્કરણમાં...

(૧) નમૂના માર્ક–ઈ માની બેટરી અને પેન્સીલ સેલ વોલ્ટનું મુલ્ય દર્શાવતા નથી (હાલ ચાલુ હાલતમાં નથી) આ પ્રકારની બેટરી અને સેલનો બોમ્બની બનાવટમાં ટાઈમર તરીકે ઉપયોગ થઈ શકે.

(૨) નમૂના માર્ક–એ,ડી,ઈ અને એમ માના છરામાં મુખ્યત્વે આયર્નનું પ્રમાણ જોવા મળેલ, સદર છરાઓ આશરે ૦.૬૨ અને ૦.૬૪ સે.મી. વ્યાસના તેમજ અનુક્રમે ૦.૮૮ અને ૧.૦૬ ગ્રામ સુધી વજન ધરાવતા હતા.

(૩) માર્ક–એ પ્રકારના પેન્સીલ સેલ તથા બેટરી અને એડેપ્ટરનો ઉપયોગ બોમ્બ વિસ્ફોટ કરવામાં થઈ શકે.

(૪) નમૂના–સી અને ડી ની સાઇકલમાં જોવા મળતુ નુકસાન બોમ્બ વિસ્ફોટના કારણે થઈ શકે.

આ મુજબનો જે અહેવાલ આપેલો તે અહેવાલ આંક–૭૯૫૩ થી રજૂ કરેલો છે તેમાં શ્રી એમ.એન.જોષીની સહી આ સાહેદે ઓળખી બતાવેલી છે.

ત્યારબાદ આ કામે અન્ય મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારી નિકુંજ નરહરી બ્રહમભટ્ટને સાહેદ નં.૮૩૭ તરીકે આંક–૫૬૭૭ થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ પ્રમાણે મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૩/૨૦૦૮ નાં કામનો મુદ્દામાલ તેઓને કેમેસ્ટ્રી વિભાગમાંથી પૃથક્કરણ અર્થે મળેલો જે પાંચ પાર્સલ પૈકી એક મુળ સીલબંધ સાથે તથા ચાર

વિભાગીય સીલબંધ સાથે આ સાહેદના ડી.એન.એ. વિભાગને તા.૯/૯/૨૦૦૮ નાં રોજ મળેલા જેની સાથે આંતર વિભાગીય રવાનગી પત્ર પણ સામેલ હતો. તેમને મુદ્દામાલનું બાયોલોજીકલ, સીરોલોજીકલ પૃથક્કરણ કરેલુ છે. તેમને જે મુદ્દામાલનુ પૃથક્કરણ કરેલુ છે તે મુજબ...

- માર્ક–ઓ આછા લીલા કલરનું જીણી ચોકડીવાળુ શર્ટ.
- માર્ક–પી કાળા રંગનું જીણી લાઈનીંગવાળુ પેન્ટ.
- માર્ક–કયુ સફેદ રંગની અર્ધિ બાંયની બનીયાન.
- માર્ક–આર સફેદ રંગનો જાંગીયો.
- માર્ક–એસ એક બ્લડ સેમ્પલ.
- માર્ક–ટી બોડીમાંથી મળેલ પેલેટ.

ઉપરોકત મુદ્દામાલનું પૃથક્કરણ કરતાં નમૂના–"ઓ" થી "આર" માં રૂધીરની હાજરી મળી આવેલી અને રૂધીરનું જુથ "બી" છે તથા નમૂના માર્ક–"એસ" માં પ્રવાહી રૂધીર તરીકે ઓળખાયેલુ અને રૂધીરનું જૂથ "બી" છે. તે પ્રમાણેનો અભિપ્રાય આ સાહેદે આપેલો જે અહેવાલમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાાવી છે. જે અહેવાલ આંક–૫૬૮૧ થી રજૂ કરેલો છે.

આ કામે સાહેદ રાકેશસિંહ દુરબીનસિંહ યાદવને સાહેદ નં.૬૯૪ તરીકે આંક–૩૪૦૪ થી તપાસેલા છે. તેઓની આ ગુના પુરતી સરતપાસ મુજબ ૧૯૯૯ થી આ સાહેદ બોમ્બ ડીફ્યુઝ ટીમમાં અમદાવાદ ખાતે ફરજ બજાવે છે. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ આશરે ૧૮.૩૦ કલાકની આસપાસ પોલીસ કન્ટ્રોલ રૂમ તરફથી સંદેશો આપવામાં આવેલ કે, અમદાવાદના વિવિધ સ્થળોએ બોમ્બ બ્લાસ્ટ થયેલ છે. જેથી આ સાહેદ બોમ્બ બ્લાસ્ટવાળી જુદી–જુદી જગ્યા ઉપર ગયેલા તે પૈકી મણીનગર પોલીસ સ્ટેશન તરફથી બોમ્બ બ્લાસ્ટવાળી જગ્યાએ જવા માટે પણ એક યાદી મળેલી. જેથી આ સાહેદ મણીનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં જે જગ્યાએ બોમ્બ વિસ્ફોટ થયેલો તે સ્થળની મુલાકાત લીધેલી જે યાદી આધારે સ્થળની મુલાકાત લીધેલી તે યાદી આ કામે આંક–૩૪૦૫ થી રજૂ છે તથા આ સાહેદે સ્થળની મુલાકાત લઈ અભિપ્રાય આપેલો અને સ્થળ ઉપર જે

જે વસ્તુઓ પડેલી હતી તેનુ વિવરણ કરીને સ્થળ નિરીક્ષણ કર્યાનો અભિપ્રાય આપેલો જે અભિપ્રાય આંક–૩૪૦૫ ની યાદી પાછળ લખેલો છે જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલી છે તે ધ્યાને લેતા આ સાહેદે બોમ્બ ડીફ્યુઝ સંબંધે ૪૦ થી ૫૨ દિવસનો કોર્સ કરેલો છે તેનું પ્રમાણપત્ર આપવામાં આવેલુ છે. આ સાહેદે સ્થળ ઉપર જણાવેલ વસ્તુઓમાં હાથ બનાવટના વિસ્ફોટક પદાર્થ છે તો તે હકીકત નકારેલી છે. આ સાહેદના કહેવા પ્રમાણે આ સાહેદે ઓળખેલ મુદ્દામાલ હાઈડિન્સીટીવાળો સ્ફોટક પદાર્થ છે તેમ જણાવે છે. આ પદાર્થો કંપની કે હાથ બનાવટના હતા નહીં તો તે હકીકત આ સાહેદે નકારી છે. આ સાહેદની ઑફિસ શાહીબાગ પોલીસ હેડ કવાર્ટર ખાતે આવેલી છે તે કબૂલ કરેલ છે. ઑફિસમાં ઈનવર્ડ આઉટવર્ડ રજીસ્ટર હોય છે તે કબૂલ કરેલ છે. ઑફિસમાં વર્ધિ બુક અને ટેલીફોન બુક હોય છે તે કબૂલ કરે છે. તેઓ વર્ધિ આપનારનું નામ જાણતા નથી. વર્ધિ સબંધે લેખિત હુકમ થયાનું યાદ નથી. ટીમ સ્વરૂપે કામગીરી કરે તો તેનું રેકર્ડ વર્ધિ બુક થકી રાખવામાં આવે છે તે કબૂલ કરે છે. પોલીસ સમક્ષ નિવેદન આપ્યુ ત્યારે વર્ધિ બુક, ટેલીફોન બુક કે કામગીરી સંબંધેની કોઈ નોંધ કે દસ્તાવેજો જવાબદાર અધિકારીને આપેલા નથી તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે આવા દસ્તાવેજો જવાબદાર અધિકારીને ન આપવાથી આ સાહેદ સ્થળ ઉપર ગયા નથી તે હકીકત પ્રસ્થાપિત થતી નથી અને આવા દસ્તાવેજો પુરાવો નથી જેથી કરીને સ્થળ ઉપર હાજરી બાબતેના દસ્તાવેજો જવાબદાર અધિકારીને નહીં આપવાથી આ સાહેદનો પુરાવો ખોટો સાબીત થતો નથી. આ સાહેદ સરકારી કર્મચારી છે અને બોમ્બ ડીફ્યુઝ સ્કવોર્ડમાં ફરજ બજાવે છે. આ સાહેદે જે કંઈ કામગીરી કરેલી તે ફરજના ભાગરૂપે કરેલી છે જે નહીં માનવાને કોઈ કારણ નથી. આ સિવાય આ સાહેદની વધારાની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદે અમદાવાદમાં થયેલ બોમ્બ બ્લાસ્ટના બનાવોવાળા અન્ય સ્થળોની પણ મુલાકાતો લીધેલી છે જેથી આરોપીઓ તરફથી જનરલ ઊલટતપાસ થયેલી છે.

ત્યારબાદ આ કામે તપાસ કરનાર અધિકારી શ્રી એમ.જે.ચાવડા નાયબ પોલીસ અધીક્ષક, તપાસ ટીમ, ક્રાઈમબ્રાન્ચ અમદાવાદનાઓએ બનાવ બાદ બનાવવાળી જગ્યા ઉપર નકશો બનાવવા માટે સિટી મામલતદારશ્રી, કલેકટર કચેરી અમદાવાદને એક યાદી લખેલી જે યાદી આ કામે આંક–૩૩૬૬ થી રજૂ કરેલી છે. નાયબ પોલીસ અધીક્ષક શ્રી એમ.જે. ચાવડાનાઓને સાહેદ નં.૧૧૬૩ તરીકે તપાસેલ છે તેઓએ યાદીમાં પોતાની સહી જુબાનીમાં ઓળખી બતાવેલી છે.

આંક–૩૩૬૬વાળી યાદીના આધારે સર્કલ ઓફિસર દિપકભાઈ શીરીષચંદ સોલંકીનાઓએ ગુનાવાળી જગ્યા ઉપર જઈ નકશો બનાવેલો તેઓને આ કામે સાહેદ નં.૬૮૮ તરીકે આંક–૩૩૬૫ થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ પ્રમાણે તેઓને તપાસ કરનાર અધિકારી શ્રી એમ.જે.ચાવડા દ્વારા મણીનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં બોમ્બ બ્લાસ્ટ થયેલો તે જગ્યા ઉપર જઈ નકશો બનાવવા માટેની યાદી મળેલી તે આંક–૩૩૬૬ ની યાદી મળ્યા બાબતે યાદી ઉપર તેમને પોતાની સહી ઓળખી બતાવી છે અને તે યાદીના આધારે સ્થળ ઉપર જઈ નકશો બનાવેલો તે નકશો આ કામે આંક–૩૩૬૭ થી રજૂ કરેલો છે. જેમા આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. સદર નકશો તેમને ફોરવર્ડીંગ પત્ર સાથે નાયબ પોલીસ અધીક્ષક તપાસ ટીમ ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ શહેરને મોકલી આપેલો જે ફોરવર્ડીંગ પત્ર આંક–૩૩૬૭ ની સાથે સામેલ છે જેમાં પણ આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

(૩૪.૦૧) <u>અમદાવાદ શહેરના મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૩/૨૦૦૮ ના કામે મરણ પામેલ વ્યકિતઓ બાબતે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકનઃ–</u>

આ બનાવમાં ચિરાગ ચંદ્રવદન શાહને ઈજા થવાના કારણે મરણ પામેલ અને તેઓની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ કરનાર સાહેદ દિલીપસિંહ ગંભીરસિંહને આ કામે સાહેદ નં.૫૦૪ તરીકે આંક–૨૯૩૮ થી તપાસેલા છે. તેમની સરતપાસ મુજબ બનાવ વખતે તેઓ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ

એલ.જી. હોસ્પિટલે હાજર હતા. ત્યાં મરણ જનાર ચિરાગભાઈ ચંદ્રવદનભાઈ શાહનું ઈન્કવેસ્ટ પંચનામુ કરેલુ. તે લાશ અલ્પેશભાઈ પ્રવીણભાઈ શાહે ઓળખી બતાવેલી. સાહેદ આંક–૧૨૬૬ વાળા પંચનામામાં રૂબરૂ તરીકે પોતાની તથા પંચોની સહી ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ કામે ગુજરનાર ચિરાગ ચન્દ્રવદન શાહનાઓની લાશને શબ પરિક્ષણ માટે સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે મોકલી આપેલી અને ત્યાં શબ પરિક્ષણ કરવામાં આવેલુ. શબ પરિક્ષણ કરનાર સાહેદ જયંતિભાઈ વિરજીભાઈ સતાપરાને સાહેદ નં.૫૦ તરીકે આંક–૭૭૪ થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ મુજબ તા.૩૧/૭/૨૦૦૮ નાં રોજ તેઓ સિવિલ હોસ્પિટલ ખાતે ફરજ પર હતા ત્યારે ઈન્કવેસ્ટ રીપોર્ટ સાથે ચિરાગ ચન્દ્રવદન શાહનો મૃતદેહ શબ પરિક્ષણ માટે મળેલો. આ મૃતદેહ પુરૂષનો હતો, જેનુ શબ પરીક્ષણ આ સાહેદે તથા ડૉ.જે.વી.શાહ તથા ડૉ.એચ.એમ. ગોહીલનાઓએ સાથે મળીને તે દિવસે ૧.૦૫ એ.એમ. થી શરૂ કરી ૨.૩૦ એ.એમ. કલાકે પુરૂ કરેલુ. આ શબના શરીર ઉપર ચોકડી ડીઝાઈનવાળો શર્ટ, કાળુ પેન્ટ, સફેદ બનીયન અને સફેદ જાંગીયો હતો, કપડા લોહીથી ખરડાયેલા હતા, કપડા ઉપર કાણાં હતા. શબની છાતી ઉપર તેમજ શરીરના જુદા–જુદા ભાગો ઉપર ઈજાઓ થયેલી હતી તે ઈજાઓ આંક–૭૭૭ વાળી શબ પરિક્ષણ નોટનાં કોલમ નં.૧૭ માં જણાવેલી છે તે પ્રમાણેની ઈજાઓ હતી અને આ સાહેદના અભિપ્રાય પ્રમાણે આ વ્યકિતનુ મૃત્યુ બ્લાસ્ટમાં ઈજા થવાના કારણે થયેલાનો અભિપ્રાય છે. શબ પરિક્ષણ નોટમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ કામે સાહેદ નિલમબેન ચિરાગભાઈ શાહ કે જે મરણ જનારના પત્ની છે તેઓને આ કામે ફરિયાદપક્ષે સાહેદ નં.૩૨૧ તરીકે આંક–૧૬૬૨ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા. ૨૬/૭/૨૦૦૮ ના રોજ તેમના પતિ તેમના ધંધાના કામે માટે સવારે ૧૦ વાગે ગયેલા આ દરમ્યાન સાંજના ૬.૩૦ વાગ્યાના સુમારે ઘરે ટેલીફોન ઉપર કોઈકનો ફોન આવેલો અને ફોન પર કહેલું કે, તમારા પતિને મણીનગર ચાર રસ્તા પાસે, ચાની કીટલી નજીકમાં

ઝેરોક્ષ કરાવા ગયેલા ત્યારે બોમ્બ ધડાકો થતાં તેઓને ઈજાઓ થયેલી છે અને સારવાર માટે એલ.જી. હોસ્પિટલમાં લાવેલા છે. જેથી આ સાહેદ અને તેમના કુટુંબના સભ્યો એલ.જી. હોસ્પિટલમાં ગયેલા. જયાં તેમના પતિને ટ્રોમા વોર્ડમાં દાખલ કરી સારવાર ચાલુ કરેલી. થોડી વારમાં આ સાહેદના પતિ ગુજરી ગયાના સમાચાર ડૉક્ટરે આપેલા. તેમના પતિને ડાબી બાજુ બગલના ભાગે ઈજા થયેલી હતી તેમ જણાવે છે.

આ કામે સાહેદ અલ્પેશકુમાર પ્રવિણચંદ્ર શાહ કે જે મરણ જનારના કાકાનો દીકરો છે તેઓને આ કામે ફરિયાદપક્ષે સાહેદ નં.૭૧૧ તરીકે આંક–૩૪૭૫ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સાજના સમયે આશરે સાતેક વાગ્યાના સુમારે તેઓ પોતાના ઘરે કામકાજ કરતા હતા ત્યારે તેમને જાણેલુ કે તેમના કાકાના દીકરા ચિરાગભાઈ કે જેઓ મણીનગર ચાર રસ્તા પાસે આવેલ ચાની કીટલી નજીક ઝેરોક્ષ કઢાવવા ગયેલા તે સમયે કીટલી પાસે સાઇકલ ઉપર બોમ્બ બ્લાસ્ટ થતા તેમને ઈજા થયેલી અને એલ.જી. હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયેલા અને સારવાર દરમ્યાન તેઓ મરણ ગયેલા તેમ જણાવે છે.

(૩૪.૦૨) <u>અમદાવાદ શહેરના મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૩/૨૦૦૮ના કામે ઈજા પામેલ વ્યકિતઓ બાબતે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકનઃ–</u>

મણીનગર પોલીસ સ્ટેશનના આ બનાવમાં શૈલષ દશરથભાઈ ત્રિવેદીનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૧૪૩ તરીકે આંક–૧૧૧૧થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેઓ તેમની ઑફિસે આંબાવાડી ગયેલા અને સાંજના પોણા છ વાગ્યાની આસપાસ ઑફિસેથી આ સાહેદ તથા તેમના મિત્ર કલ્પેશભાઈ કે જે મણીનગર વિસ્તારમાં રહે છે તેઓ બંને એક વાહન ઉપર મણીનગર ચાર રસ્તા ઉપર આવેલા અને ત્યાં આવેલી ચાની કીટલી કે જે વડના ઝાડ નીચે હતી ત્યાં મોટર સાઇકલ પાર્ક કરી ચા પીવા ઉભા રહેલા. આ વખતે સાડા છ વાગ્યાની આસપાસનો ટાઇમ

થયો હશે. આ સાહેદ ચાના પૈસા આપવા માટે કીટલી ઉપર ગયા ત્યારે પાછળના ભાગે એક ધડાકો થયેલો અને આ સાહેદના માથામાં કંઈક વસ્તુ વાગેલી, બરડામાં ધડાકાની ગરમી લાગેલી જેથી દાઝી ગયેલા. આ બોમ્બ બ્લાસ્ટના બનાવમાં માથામાં છરો વાગેલો અને બરડામાં ફોલ્લા પડેલા. તેઓને થયેલ ઈજાની સારવાર કાકડીયા હોસ્પિટલ બાપુનગર ખાતે કરાવેલી તેમ જણાવે છે.

ત્યારબાદ તેઓની સારવાર કરનાર ડૉ.આદિત્ય ઈંદુલાલ ઉપાધ્યાયને સાહેદ નં.૨૮૧ તરીકે આંક–૧૫૦૩ થી તપાસેલા છે. આ સાહેદની આ બનાવ પુરતી સરતપાસ ધ્યાને લઈએ તો તેઓ અમદાવાદ ખાતે શ્રીરામ પોલીક્લીનીકના નામથી તબીબી વ્યવસાય કરે છે સાથે સાથે અમદાવાદ ડાયમંડ એસોસીએશન મેડીકલ ટ્રસ્ટ દ્વારા સંચાલીત કાકડીયા હોસ્પિટલ ખાતે પણ વિઝીટીંગ સર્જન તરીકે સેવા આપતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ એક શૈલેષભાઈ દશરથભાઈ ત્રિવેદી કે જેઓને બોમ્બ ધડાકામાં ઈજા થયેલી. તેઓને સાંજના ૬.૦૦ વાગે કાકડીયા હોસ્પિટલમાં સારવાર માટે લાવેલા જેમની આ સાહેદે સારવાર કરેલી હતી. સદર દર્દીને માથામાં પાછળના ભાગે ખોપરીમાં છરા (પેલેટ) વડે થયેલ ઈજા હતી ત્યાં પેલેટની હાજરી હતી જે ઓપરેશન કરી બહાર કાઢેલ હતો. આ બાબતનું પ્રમાણપત્ર આપેલુ જે આંક–૧૫૦૭ થી રજૂ રાખેલ છે અને તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. આ સાહેદના મંતવ્ય પ્રમાણે દર્દીને થયેલી ઉપરોકત ઈજાઓ કોઈક ધડાકામાં કે બ્લાસ્ટમાં દબાણ પૂર્વક કોઈ ચીજવસ્તુ અથડાય તો આવી ઈજા થઈ શકે તેમ જણાવેલ છે.

ત્યારબાદ ફરિયાદી હર્ષદભાઈ ચંદુભાઈ હાલાણીની સારવાર કરનાર ડૉ.નિરવ હસમુખભાઈ પંચાલને સાહેદ નં.૨૮૨ તરીકે આંક–૧૫૨૬ થી તપાસેલા છે. આ સાહેદની આ બનાવ પુરતી સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ તેઓ શેઠ એલ.જી. હોસ્પિટલ, મણીનગર ખાતે મેડીકલ ઓફિસર તરીકે ફરજ બજાવતા હતા. તે દિવસે તા.૨૬/૭/૨૦૦૮ થી તા.૨૭/૭/૨૦૦૮ ની મધ્ય રાત્રીના ૧૨.૦૦ વાગ્યાના સુમારે એક હર્ષદભાઈ ચંદુભાઈનાઓ સારવાર માટે આવેલા હતા. તેઓને આ સાહેદે તપાસેલા અને

તેઓને અંદરના દર્દી તરીકે દાખલ કરવામાં આવેલા અને તેઓને તા.૧/૮/૨૦૦૮ ના રોજ રજા આપવામાં આવેલી. આ દર્દી બાબતે જે કેસ હિસ્ટ્રી દર્શાવવામાં આવી હતી તે એવી હતી કે, મણીનગર ચાર રસ્તા ખાતે થયેલ બોમ્બ ધડાકામાં તેઓને ઈજા થયેલી હતી. દર્દીને ડાબા હાથમાં અને પીઠના ભાગેથી દુઃખાવો તથા લોહી નિકળવાની ફરિયાદ હતી. દર્દીને ઉજરડાની છાપ પડયા હોય તેવી ઈજાઓ તેમની ડાબા કોણીથી કાંડા સુધીના ભાગે તથા તેની ઉપરના ભાગે પણ હતી. આવા ઉજરડા ડાબા હાથની આગળની બાજુએ તથા તેઓને પીઠના નીચેના ભાગે તથા થાપાના ભાગે પણ ઉજરડા હતા. આ બાબતનું પ્રમાણપત્ર આપેલુ જે આંક–૧૫૨૭ થી રજૂ રાખેલ છે અને તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. આ સાહેદના મંતવ્ય પ્રમાણે દર્દીને થયેલી ઉપરોકત ઈજાઓ કોઈક ધડાકામાં કે બ્લાસ્ટમાં દબાણપૂર્વક કોઈ ચીજવસ્તુ અથડાય તો આવી ઈજા થઈ શકે તેમ જણાવેલ છે.

મણીનગર પોલીસ સ્ટેશનના આ બનાવમાં રાકેશ મુકુંદભાઈ ઓઢવીયાનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૧૧૯ તરીકે આંક–૯૬૧થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેઓ નોકરી ઉપર ગયેલા, નોકરીનો સમય પુરો થતા તેમના મિત્ર કેયુરભાઈ પરમાર કે જે ખોખરા ખાતે રહે છે તેમની મોટર સાઇકલ ઉપર બેસીને આવેલા અને મણીનગર ચાર રસ્તા ઉતરેલા. ત્યાં ચાર રસ્તા પાસે આવેલી ચાની કીટલી ઉપર ચા પીવા રોકાયા ત્યારે સાંજના સાડા છ–પોણા સાત વાગ્યાનો સમય થયો હશે અને ચાની કીટલીની બાજુમાં જયાં વાહનો પાર્ક કરેલા હતા ત્યાં એક સાઇકલ ઉપર એક જોરદાર ધડાકો થયેલો અને ધડાકો થતા ધડાકામાંથી નીકળેલ છરા તથા કરચના ટુકડા આ સાહેદને છાતીના ભાગ, ડાબા પગના ભાગે વાગેલા જેથી લોહી નીકળવા લાગેલુ. તે વખતે નજીકમાં ઓમ પાર્લર આગળ એક બીજો પણ ધડાકો થયેલો. ત્યારબાદ આ સાહેદ એલ.જી. હોસ્પિટલમાં સારવાર માટે ગયેલા અને ત્યાં સારવાર કરાવેલી. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પહેલી વખત બોમ્બ ફુટયો ત્યારે ખબર પડેલી નહીં તે કબૂલ કરે છે. પરંતુ મારા મત

પ્રમાણે આ સાહેદને એવી કલ્પના પણ ન હોય કે બોમ્બ ફુટશે અને બોમ્બ ફુટયા પછી જ ખબર પડે કે બોમ્બ ફુટયો છે. ધડાકો કેવી રીતે થયેલો તેનો ખ્યાલ આવેલો નહીં તે કબૂલ કરે છે. પરંતુ આકસ્મિક બોમ્બ ફુટે ત્યારે સ્વાભાવિક છે કે બોમ્બ ફુટયાની ખબર ન પડે.

ત્યારબાદ તેઓની સારવાર કરનાર ડૉ.નયનભાઈ વિનોદચંદ્ર શાહને સાહેદ નં.૨૮૯ તરીકે આંક–૧૫૫૫ થી તપાસેલા છે. આ સાહેદની આ બનાવ પુરતી સરતપાસ પ્રમાણે તેઓ અમદાવાદ ખાતે તબીબી વ્યવસાય કરે છે. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ તેમની સમક્ષ એક દર્દી રાકેશભાઈ ઓઢવીયાનાઓ કે જેઓને મણીનગર ચાર રસ્તા પાસે આવેલ સેલ્સ ઈન્ડિયા બિલ્ડિંગ પાસે બોમ્બ ધડાકામાં ઈજા થઈ તેઓ સારવાર માટે આવેલા હતા. તેમને એવું પણ જણાવવામાં આવેલું કે તેઓએ પ્રાથમિક સારવાર અન્ય કોઈ જગ્યાએ લીધેલી હતી અને ત્યારબાદ તેઓ તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ તેમની હોસ્પિટલમાં આવેલા હતા. તેઓને તાત્કાલિક ધોરણે ઓપરેશન કરવામાં આવેલું હતું. દર્દીના ડાબા પગના ઘુંટણના સાંધા પાસેથી એક પ્લાસ્ટિકનો બાહ્ય પદાર્થ ઓપરેશન કરી દુર કરવામાં આવેલો. તેઓને થોડીક સામાન્ય ઈજાઓ ડાબી છાતીના ભાગે હતી અને બહારના દર્દી તરીકે સારવાર આપેલી. આ બાબતનું પ્રમાણપત્ર આપેલુ જે આંક–૧૫૫૬ થી રજૂ રાખેલ છે અને તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. આ સાહેદના મંતવ્ય પ્રમાણે દર્દીને થયેલી ઉપરોકત ઈજાઓ કોઈક ધડાકામાં કે બ્લાસ્ટમાં દબાણપૂર્વક કોઈ ચીજવસ્તુ અથડાય તો આવી ઈજા થઈ શકે તેમ જણાવેલ છે.

મણીનગર પોલીસ સ્ટેશનના આ બનાવમાં હાર્દિક ઘનશ્યામભાઈ ઠકકરનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૧૨૦ તરીકે આંક–૯૬૨ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેઓ પોતાના ઘરેથી નીકળેલા. આ વખતે તેમની સાથે તેમના મામા હર્ષદભાઈ હાલાણી તથા તેમના મિત્ર કનુભાઈ અને વિમલભાઈ પણ હતા. ચારેય જણા બે બાઈક ઉપર સાંજના છ વાગે ઘરેથી નીકળીને મણીનગર ચાર રસ્તા પાસે ગયેલા.

ત્યાં પંડિતના પાનના ગલ્લા પાસે સામેની સાઈડે મદ્રાસીની કીટલી ઉપર ચા પીવા ઉભા હતા તે વખતે કીટલી પાસે એક મોટર સાઇકલ પાર્ક કરેલી હતી અને ચાનો ઓર્ડર આપી આ સાહેદ મોટર સાઇકલ ઉપર બેઠેલા. આ વખતે બાઈકની નજીક એક સાઇકલ પણ સ્ટેન્ડ પર પાર્ક કરેલ હતી. આ વખતે કોઈકનો ફોન આવતા આ સાહેદ મોટર સાઇકલ પરથી ઉતરીને સાઇકલ પાસે ગયેલા તે વખતે સાઇકલના આગળના ભાગે સ્ટીયરીંગ ઉપર એક થેલી ભરાવેલી જોયેલી. તેમાંથી એક મોટો વિસ્ફોટ થયેલો જેના કારણે આ સાહેદને ડાબા હાથે, જમણા હાથે, પેટ ઉપર તથા જડબા ઉપર ડાબી બાજુ, બરડામાં લોખંડના છરા તથા લોખંડના ટુકડા વાગતા ઈજાઓ થયેલી અને ફેંકાઈ ગયેલા. આ જ વખતે સામેની બાજુ પણ બીજો ધડાકો થયેલો ત્યાં પણ લોકોને ઈજાઓ થયેલી. ત્યારબાદ આ સાહેદને એલ.જી. હોસ્પિટલ સારવાર માટે લઈ ગયેલા અને વી.એસ. હોસ્પિટલમાં પણ સારવાર કરાવેલી તેમ જણાવેલ છે.

ત્યારબાદ તેઓની સારવાર કરનાર ડૉ.દિપકકુમાર દેવકરણદાસ પટેલને સાહેદ નં.૨૯૩ તરીકે આંક–૧૫૭૬ થી તપાસેલા છે. આ સાહેદની આ બનાવ પુરતી સરતપાસ પ્રમાણે વી.એસ. હોસ્પિટલ, અમદાવાદ ખાતે મેડીકલ ઓફિસર તરીકે ફરજ બજાવતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ એક હાર્દિક ઘનશ્યામભાઈ ઠક્કરનાઓને રાત્રીના ૧૧.૦૦ વાગ્યાના સુમારે સારવાર માટે લાવેલા હતા. દર્દીએ કેસ હીસ્ટ્રીમાં એવું જણાવેલુ કે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ મણીનગર ખાતે સાંજના ૬.૩૫ વાગ્યાના સુમારે બોમ્બ ધડાકો થયેલ તેમાં આ દર્દીને માથાના ભાગે, ગળાના નીચેના ભાગે, ડાબા હાથ, જમણા પગ અને પેટના ભાગે ઈજાઓ થયેલી છે. આ દર્દીના પેટની તપાસ કરતાં પેટનો ભાગ કડક થયેલો હતો અને ત્યાં દબાવતા ઘણો દુઃખાવો થતો હતો તેમજ કપાળની ડાબી બાજુના હિસ્સામાં એક ઉજરડો હતો તથા ગળામાં ડાબી બાજુએ જડબાની તુરંત નીચેના ભાગે ૩ x ૧ સે.મી.ના માપનો કપાયેલો છુંદાયેલો ઘા હતો અને આ દર્દીને પેટના ડાબી બાજુએ તથા વચ્ચેના ભાગે એક–એક એમ મળીને કુલ બે પેલેટ જેનું માપ ૦.૫ x ૦.૫ સે.મી. નું હતું. તે ઘામાં પેલેટની હાજરી હતી

તથા જમણા પગે ઘુંટણથી નીચે વચ્ચેના ભાગે ૦.૫ x ૦.૫ સે.મી.ના માપનો પેલેટથી થયેલ બે ઈજાઓ હતી. આ ભાગનો એકસ રે લેતાં બંને ઘા માં પેલેટની હાજરી માલુમ પડેલી તેમજ દર્દીના ડાબા હાથે કોણીના નીચેના ભાગે કપાયેલ છુંદાયેલ ઘા અને ઉજરડા સાથેની પેલેટથી થયેલ ઈજા હતી. તે જગ્યાએ અસ્થિભંગ માલુમ પડેલો. આ દર્દીનું ઓપરેશન કરેલું. પેટના ભાગે પેલેટ દાખલ થવાથી નાના મોટા આંતરડામાં જે કાંણા પડેલા તે સાંધેલા. તે જગ્યાએ ઘણાંબધા કાંણા હતા. તે જગ્યાએ ટાંકા લીધેલા. આ બાબતનું પ્રમાણપત્ર આપેલુ જે આંક–૧૫૭૭ થી રજૂ રાખેલ છે અને તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. આ સાહેદના મંતવ્ય પ્રમાણે દર્દીને થયેલી ઉપરોકત ઈજાઓ કોઈક ધડાકામાં કે બ્લાસ્ટમાં દબાણ પૂર્વક કોઈ ચીજવસ્તુ અથડાય તો આવી ઈજા થઈ શકે તેમ જણાવેલ છે.

મણીનગર પોલીસ સ્ટેશનના આ બનાવમાં ગજાનંદ ઈન્દ્રવદન ગોરનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૧૨૮ તરીકે આંક–૯૭૯ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ મણીનગર ચાર રસ્તા પાસે ઓમ પાન હાઉસ નામના પાનના ગલ્લા ઉપર પાન ખાવા ગયેલા ત્યારે આશરે સાડા છ–પોણા સાત વાગ્યાનો સમય થયો હશે. આ વખતે પાનનો ઓર્ડર આપીને આ સાહેદ પાનના ગલ્લા પાસે ઉભેલા ત્યારે સામે આવેલ મહાલક્ષ્મી માર્કેટ નં.૨ ના નીચેના ભાગે ચાની કીટલીની બાજુમાં એક ધડાકાનો અવાજ આવેલો. પરંતુ આ સાહેદ ત્યાં ગયેલા નહીં તે દરમ્યાન બીજો બોમ્બ ધડાકો પાનના ગલ્લાની પાસે આસોપાલવનું ઝાડ છે ત્યાં થયેલો અને આ ધડાકામાંથી નીકળેલ છરા આ સાહેદને ડાબી આંખ ઉપર તેમજ માથાના પાછળના ભાગે અને હાથ ઉપર વાગવાથી ઈજાઓ થયેલી જેથી લોહી નીકળવા લાગેલુ. ત્યારબાદ આ સાહેદ મણીનગર ચાર રસ્તા પાસે આવેલ સુભાષ દવેને ત્યાં સારવાર માટે ગયેલા અને ત્યારબાદ એલ.જી. હોસ્પિટલમાં સારવાર કરાવેલી તેમ જણાવે છે. આ ઉપરાંત તેઓને સારવારથી સંતોષ ન થતા ડૉ.નાગપાલની

હોસ્પિટલે આંખનો એકસ રે લઈ સારવાર કરાવેલી ત્યારબાદ સાલ હોસ્પિટલમાં પણ સારવાર કરાવેલી તેમ જણાવેલ છે.

ત્યારબાદ તેઓની સારવાર કરનાર ડૉ.દિપકકુમાર દેવકરણદાસ પટેલને સાહેદ નં.૩૧૪ તરીકે આંક–૧૬૪૨ થી તપાસેલા છે. આ સાહેદની આ બનાવ પુરતી સરતપાસ પ્રમાણે તેઓ અમદાવાદ ખાતે સાલ હોસ્પિટલના મેડીકલ ઈન્સ્ટીટયુટમાં ન્યુરો સર્જન તરીકે તબીબી સેવા આપે છે. તા.૭/૮/૨૦૦૮ ના રોજ બપોરે ૧૨.૪૬ વાગ્યાના સુમારે એક દર્દી ગોર ગજાનંદનાઓને માથાના પાછળના ભાગે ડાબી સાઈડે તથા ડાબી આંખ ઉપર થયેલ ઈજા માટે સારવાર માટે આવેલા હતા. આ દર્દીએ હીસ્ટ્રીમાં જણાવેલ હતુ કે મણીનગર ખાતે સાંજના ૬.૪૫ વાગે થયેલ બોમ્બ ધડાકામાં તેઓને ઈજા થયેલી હતી. સાહેદને એવું પણ જણાવેલુ કે દર્દીએ એ.જી. હોસ્પિટલ ખાતે પ્રાથમિક સારવાર લીધેલી હતી. દર્દીને ડાબી આંખ અને જમણા હાથે કોણીથી કાંડા સુધીના ભાગે તથા માથાના પાછળના ભાગે ઈજાઓ હતી. ડાબી આંખમાં બાહય પદાર્થની હાજરી હતી. આંખમાં થયેલી ઈજા માટે ડૉ. આશિષ નાગપાલ તરફથી સારવાર અપાઇ હતી અને તેમની હોસ્પિટલમાં દર્દીને માથામાં ડાબી બાજુએ પાછળના હિસ્સામાં જે બાહય પદાર્થ હતો તે બહાર કઢાવવા માટે આવેલા હતા. તેઓ ઉપર ઓપરેશન કરવામાં આવેલ હતું. દર્દીના માથાના પાછળના ભાગે ઓપરેશન કરી બાહય પદાર્થ બહાર કાઢવામાં આવેલ હતો. દર્દીના માથાના પાછળના ભાગે ડાબી બાજુએ એક ૫ એમ.એમ.નો ઘા હતો ત્યાં ઓપરેશન કરેલું. આ બાબતનું પ્રમાણપત્ર આપેલુ ડૉ.ચાર્મી શાહે આપેલુ જે આંક–૧૬૪૩ થી રજૂ રાખેલ છે અને તેમાં આ સાહેદે ડૉ. ચાર્મી શાહની સહી ઓળખી બતાવેલી છે. આ સાહેદના મંતવ્ય પ્રમાણે દર્દીને થયેલી ઉપરોકત ઈજાઓ કોઈક ધડાકામાં કે બ્લાસ્ટમાં દબાણપૂર્વક કોઈ ચીજવસ્તુ અથડાય તો આવી ઈજા થઈ શકે તેમ જણાવેલ છે.

મણીનગર પોલીસ સ્ટેશનના આ બનાવમાં ચેતનકુમાર પ્રવિણ કુમાર હિંગુનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૧૧૮ તરીકે આંક–

૯૬૦ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેમના ધંધાનું કામકાજ કરતા હતા ત્યારે સાંજના સાડા છ વાગ્યાની આસપાસ મહાલક્ષ્મી માર્કેટ બાજુ એક મોટો ધડાકાનો અવાજ આવેલો અને ધડાકો શેનો હતો તે જોવા માટે દુકાનમાંથી ઉભા થઈ ધડાકા બાજુ જતા હતા. તેમની દુકાનની બાજુમાં આવેલ ઓમ પાન પાર્લર પાસેથી પસાર થતા હતા તે વખતે બીજો ધડાકો ઓમ પાન પાર્લરની સામે આસોપાલવના ઝાડને અડીને મુકેલ સાઇકલમાં થયેલો અને આ બોમ્બ ધડાકામાં છરા ઉછળેલા જે તેમના ગાલ પાસે, જમણા હાથ ઉપર, બરડામાં જમણી બાજુ તથા અન્ય જગ્યાએ શરીર ઉપર વાગતા ઈજાઓ થયેલી જેથી તેઓને એલ.જી. હોસ્પિટલ સારવાર માટે લઈ ગયેલા અને આ જગ્યાએ બીજા માણસોને પણ ઈજાઓ થયેલી તેમ જણાવેલ છે.

મણીનગર પોલીસ સ્ટેશનના આ બનાવમાં ભરતકુમાર શીવલાલ રાઠોડનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૧૨૨ તરીકે આંક–૯૭૦ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેમના પુત્ર સાથે સવારે કામધંધા ઉપર નીકળેલા અને સાંજે આ સાહેદ તથા તેમના પુત્ર બંને જણ યામાહા મોટર સાઇકલ ઉપર ઘરે જવા નીકળેલા હતા. ત્યારબાદ મણીનગર ચાર રસ્તા પાસે આવતા પંડિતના પાનના ગલ્લા ઉપર પાન ખાવા ઉભા રહેલા. તેમનો દીકરો અર્જુન પાછળ મોટર સાઇકલ લઈને ગલ્લાની સામે રોડ ઉપર ઉભો રહેલો. આ વખતે સાડા છ–પોણા સાત વાગ્યે પંડિતના પાનના ગલ્લાની સામે ચાની કીટલી પાસે જોરદાર ધડાકો થયેલો અને પબ્લીકના માણસો પણ ત્યાં ગયેલા ત્યાં બોમ્બ ફુટેલો અને બુમાબુમ થયેલી. આ સાહેદ પાનના ગલ્લા પાસે ઉભા હતા તેવામાં પાનના ગલ્લાની પાસે સાઇકલ ઉપર બોમ્બ બ્લાસ્ટ થયેલો જેના કારણે આ સાહેદને પેટ ઉપર ડાબી બાજુ, જમણા હાથ ઉપર ખભાના ભાગે તથા ડાબા થાપાના ભાગે ઈજાઓ થયેલી, શરૂઆતની સારવાર ડૉ.નંદલાલ મહેશ્વરીને ત્યાં કરાવેલી અને વધુ સારવાર એલ.જી. હોસ્પિટલમાં કરાવેલી તેમ જણાવેલ છે.

મણીનગર પોલીસ સ્ટેશનના આ બનાવમાં ચેતન પ્રવિણકુમાર હિંગુને ઈજા થયેલી અને તેઓના પિતા પ્રવિણભાઈ દેવશીભાઈ હિંગુનાઓને આ કામે સાહેદ નં.૭૨૨ તરીકે આંક–૩૪૯૯થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ આ સાહેદ તેમની દુકાન ઉપર ગયેલા અને સાંજના આશરે સાડા છ વાગ્યાના અરસામાં ગાજ પડાવવા કપડા લઈને મહાલક્ષ્મી માર્કેટ નં.૨ આગળથી જતા હતા ત્યારે ચાની કીટલીની બાજુ એક મોટો ધડાકો થયેલો ત્યાં જોયુ તો તેમનો દીકરો ચેતન આ સ્થળે લોહી લુહાણ અને ઈજાગ્રસ્ત સ્થિતિમાં હતો. આ સ્થળ પાસે ઓમ પાન પાર્લર છે ત્યાં સાઈકલમાં ધડાકો થયેલો. ધડાકાના કારણે તેમના દીકરાને શરીરના જુદા–જુદા ભાગો ઉપર ઈજાઓ થયેલી જેની સારવાર એલ.જી. હોસ્પિટલમાં કરાવેલી તેમ જણાવેલ છે.

સાહેદ ચેતનકુમાર પ્રવિણભાઈ હિંગુ, સાહેદ ભરતકુમાર શીવલાલ રાઠોડનાઓને જે ઈજાઓ થયેલી અને તેમને ઈજાઓની જે સારવાર કરાવેલી તે સારવારના પ્રમાણપત્રો ફરિયાદપક્ષ તરફથી રજૂ થયેલા અને આરોપીઓ તરફથી આ પ્રમાણપત્રો કબૂલ કરવામાં આવતા તે પ્રમાણપત્રોને આંક–૭૧૩૦ તથા ૭૧૩૧ આપવામાં આવેલા છે.

(૩૪.૦૩) <u>અમદાવાદ શહેરના મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૩/૨૦૦૮ ના કામે બનાવને સમર્થન માટે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકનઃ–</u>

આમ, મણીનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં (૧) મણીનગર ચાર રસ્તા, ઓમ પાન પાર્લર આગળ, આસોપાલવના ઝાડ નીચે, રોડ ઉપર તથા (૨) મહાલક્ષ્મી માર્કેટ પાસે આવેલ અન્નાની ચાની કીટલીની બાજુમાં આવેલ રોડ ઉપર સાઈકલ ઉપર જે બોમ્બ બ્લાસ્ટ થયેલો છે તે માટે ફરિયાદપક્ષ દ્વારા દિલીપભાઈ ગોકુળભાઈ પટેલને સાહેદ નં.૭૩૨ તરીકે આંક–૩૫૧૭ થી તપાસવામાં આવેલા છે. તેઓ તેમની સરતપાસ પ્રમાણે તેઓ બનાવવાળી જગ્યા પાસે રેડીમેઈડની દુકાન ધરાવે છે. બનાવના દિવસે તેઓ દુકાને હાજર હતા અને

આ બોમ્બ બ્લાસ્ટ થતા લોકોની નાસભાગ થયેલ અને બોમ્બ બ્લાસ્ટમાં એક છોકરાને ઈજા થયેલાનું જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી પુરષોત્તમભાઈ હજારીલાલ ગાયકવાડને સાહેદ નં.૭૧૩ તરીકે આંક–૩૪૭૯ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે બનાવવાળી જગ્યા પાસે ચાની લારી છે. બનાવના દિવસે તેઓ હાજર હતા અને બોમ્બ બ્લાસ્ટ થતા ત્યાં ઉભેલ માણસોને બોમ્બ બ્લાસ્ટમાં ઈજા થયેલાનું જણાવેલ છે. આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલ છે તે જોતા બનાવ વખતે તેઓ દુકાન બંધ કરીને ઘરે જતા હતા તે કબૂલ કરે છે. તે દિવસે સાહેદ હકીકત જાણે છે તેવુ પોલીસને જણાવેલુ નથી તે કબૂલ કરે છે. બીજા દિવસે પોલીસ તેમની કિટલી ઉપર આવેલી અને જવાબ લીધેલાનું કબૂલ કરે છે જેથી હકીકત સ્પષ્ટ બને છે કે બનાવ બનેલો છે અને પોલીસે આ સાહેદનો જવાબ લીધેલો છે. આ ધડાકામાં છ થી સાત વાહનોને નુકસાન થયેલાનું જણાવે છે અને ધડાકો મોટર સાઇકલ ઉપર થયેલાની હકીકત નકારે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી હર્ષદકુમાર નટવરલાલ શાહને સાહેદ નં.૪૨૧ તરીકે આંક–૨૩૮૨ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે બનાવવાળી જગ્યા પાસે દુકાન છે. બનાવના દિવસે તેઓ હાજર હતા અને આ બોમ્બ બ્લાસ્ટ થતા તેમની દુકાનને નુકસાન થયેલાનું જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી અલ્પેશભાઈ જંગબહાદુર માકનને સાહેદ નં.૭૩૭ તરીકે આંક–૩૫૨૩ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે બનાવવાળી જગ્યા પાસે મોબાઈલની દુકાન છે. બનાવના દિવસે તેઓ દુકાને હાજર હતા અને આ બોમ્બ બ્લાસ્ટ થતા લોકોની નાસભાગ થયેલ અને સદર બોમ્બ બ્લાસ્ટમાં એક વેગન આર કારને નુકસાન થયેલાનું જણાવેલ છે. આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલ છે તે ધ્યાને લેતાં બનાવના દિવસે સ્વેચ્છાએ બનાવ બાબતે પોલીસને જાહેરાત કરી નથી તે

કબૂલ કરે છે પરંતુ આવો બનાવ બન્યો ત્યારે સામાન્ય રીતે કોઈ સામાન્ય જનતામાંથી કોઈ વ્યકિત પોલીસને જઈને જાણ કરતી નથી. ધડાકો ઠેકઠેકાણે થયેલાની હકીકત ટીવીમાં જોયેલાની હકીકત કબૂલ કરે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી લક્ષ્મણસિંહ ગોવિંદસિંહ સોલંકીને સાહેદ નં.પ૨૮ તરીકે આંક–૩૯૬૯ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ પોલીસ કોન્સ્ટેબલ નાગજીભાઈ સાથે બનાવવાળા સ્થળ ઉપર ફરજ પર હતા ત્યારે ઓમ પાન હાઉસ સામે આવેલ ઝાડ નીચે ધડાકો થયેલો, ત્યાં લોકો દોડાદોડી કરવા લાગેલા જેથી આ સાહેદ તથા નાગજીભાઈ ધડાકાવાળી જગ્યા તરફ જતા હતા તે દરમ્યાન બીજો ધડાકો મહાલક્ષ્મી માર્કેટની નજીકની અન્નાની ચાની લારીની બાજુમાં પણ થયેલો તેમ જણાવેલ છે. આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલ છે તે ધ્યાને લેતાં મુખ્ય રોડ મહાલક્ષ્મી માર્કેટથી કેટલો દુર છે તેની આ સાહેદને ખબર નથી પરંતુ આ સાહેદ જયાં ફરજ બજાવતા હતા ત્યાંથી ઓમ પાનનો ગલ્લો ૩૦–૩૫ ફુટ દુર આવેલાનું જણાવે છે. આ સાહેદ તથા નાગજીભાઈ સ્થળ ઉપર પહોંચ્યા ત્યારે બીજા પોલીસ અધિકારીઓ ત્યાં હાજર ન હતા તેમ જણાવે છે. આ બંને જગ્યાઓ આ સાહેદે કોર્ડન કરેલાની હકીકત જણાવે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી નાગજીભાઈ પુંજાભાઈ દેસાઈને સાહેદ નં.પ૧૯ તરીકે આંક–૨૯૫૭થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ પોલીસ કોન્સ્ટેબલ લક્ષ્મણસિંહ ગોવિંદસિંહ સાથે બનાવવાળા સ્થળ ઉપર ફરજ પર હતા ત્યારે ઓમ પાન હાઉસ સામે આવેલ ઝાડ નીચે ધડાકો થયેલો, ત્યાં લોકો દોડાદોડી કરવા લાગેલા જેથી આ સાહેદ તથા લક્ષ્મણસિંહ ધડાકાવાળી જગ્યા તરફ જતા હતા તે દરમ્યાન બીજો ધડાકો મહાલક્ષ્મી માર્કેટની નજીકની અન્નાની ચાની લારીની બાજુમાં પણ થયેલો તેમ જણાવેલ છે. આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલ છે તે ધ્યાને લેતાં મુખ્ય રોડ મહાલક્ષ્મી માર્કેટથી કેટલો દુર છે તેની આ સાહેદને ખબર નથી પરંતુ આ સાહેદ જયાં ફરજ બજાવતા હતા ત્યાંથી ઓમ પાનનો ગલ્લો

૩૦–૩૫ ફુટ દુર આવેલાનું જણાવે છે. આ સાહેદ તથા લક્ષ્મણસિંહ સ્થળ ઉપર પહોંચ્યા ત્યારે બીજા પોલીસ અધિકારીઓ ત્યાં હાજર ન હતા તેમ જણાવે છે. આ બંને જગ્યાઓ આ સાહેદે કોર્ડન કરેલાની હકીકત જણાવે છે.

આમ, મણીનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં (૧) મણીનગર ચાર રસ્તા, ઓમ પાન પાર્લર આગળ, આસોપાલવના ઝાડ નીચે, રોડ ઉપર તથા (૨) મહાલક્ષ્મી માર્કેટ પાસે આવેલ અન્નાની ચાની કીટલીની બાજુમાં આવેલ રોડ ઉપર જાહેરમાં તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ કલાક ૧૮.૩૦ થી ૧૮.૪૫ વાગે સાઇકલ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલો અને આ બોમ્બ બ્લાસ્ટમાં કુલ એક માણસ મરણ ગયેલ અને સાત માણસોને ઈજાઓ થયેલી તથા મારૂતિ કારને નુકસાન થયેલું તે હકીકત ફરિયાદપક્ષ દ્વારા રજુ થયેલા ઉપરોકત તમામ પુરાવા ઉપરથી સાબીત થાય છે તેમ હું માનુ છું.

(૩૫) **<u>અમદાવાદ શહેરના મણીનગર પોલીસ સ્ટેશનની હકુમતના વિસ્તારમાં સાઇકલ ઉપર બોમ્બ પ્લાન્ટેશન કરી બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલ તે બનાવ પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન.</u>**

- વિસ્તાર:– મણીનગર પોલીસ સ્ટેશનની હદમાં
- સ્થળ:– મણીનગર જવાહર ચોક ચાર રસ્તા, શિવાની એવન્યુની લક્ષ્મી જવેલર્સ દુકાનની સામે જાહેર રોડ ઉપર.
- તારીખ:– ૨૬/૭/૨૦૦૮
- સમય:– કલાક ૧૮.૩૦ (સાંજે)
- ગુના રજીસ્ટર નં.ફર્સ્ટ ૨૦૪/૨૦૦૮
- મરણ જનારની સંખ્યા:– નથી
- ઈજા પામનારની સંખ્યા:– એક
- બનાવમાં વપરાયેલ વાહનઃ– સાઇકલ

તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ મણીનગર પોલીસ સ્ટેશનની હકુમતમાં આવેલ વિસ્તાર મણીનગર જવાહર ચોક ચાર રસ્તા, શિવાની એવન્યુની લક્ષ્મી જવેલર્સ દુકાનની સામે જાહેર રોડ ઉપર સાઇકલ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલો. તેની ફરિયાદ મયુરભાઈ ધીરજલાલ સોલંકીનાઓએ પોલીસ સબઇન્સ્પેકટર મણીનગર પોલીસ સ્ટેશન સમક્ષ લખાવેલી. આ ફરિયાદીને ફરિયાદપક્ષ દ્વારા સાહેદ નં.૧૩ તરીકે આંક–૫૨૯ થી તપાસવામાં આવેલા છે. તેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે તેઓ દલાલીનો ધંધો કરે છે. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાંજના છ–સાડા છ વાગે પોતાના ઘરેથી વોકીંગમાં નીકળેલા. આશરે સાડા છએક વાગે જવાહર ચોક ચાર રસ્તા પાસે શિવાની એવન્યુ કોમ્પ્લેક્ષ પાસે, માઈ આઈડીયા નામની દુકાન પાસે ઉભા હતા અને જવાહર ચોક ચાર રસ્તા બાજુ જવાની તૈયારી કરતા હતા ત્યારે શિવાની એવન્યુ કોમ્પ્લેક્ષમાં આવેલ લક્ષ્મી જવેલર્સની દુકાન આગળ રોડ ઉપર એક ધડાકો થયેલો જે ધડાકો સાઇકલ પર થયેલો ત્યાં લોકોમાં નાસભાગ થયેલી. આ સાહેદ નજીકમાં જોવા ગયા ત્યારે એક સાઇકલ ચીથરેહાલ થઈ ગયેલી, સાઇકલ ઉપરની થેલી ચીથરેહાલ થઈ ગયેલી, સાઇકલની આગળ એક વેગનઆર ગાડી હતી તેના કાચ તુટી ગયેલા અને પાછળના વ્હીલમાં પંચર પડેલુ. આ સમયે આ સાહેદ ત્યાં ઉભા હતા જેથી છાતીના ભાગે માઈનોર ઈન્જરી થયેલી જેથી એલ.જી. હોસ્પિટલમાં જઈ ચેકઅપ કરાવેલુ. એલ.જી. હોસ્પિટલમાં જાણવા મળેલુ કે ગોવિંદવાડી, મણીનગર ચાર રસ્તા તથા એલ.જી. હોસ્પિટલમાં બ્લાસ્ટ થયેલા છે. આ સાહેદે હોસ્પિટલમાં જ ફરિયાદ લખાવેલી જે આ કામે આંક–૫૩૦ થી રજૂ છે જેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

ફરિયાદી મયુરભાઈ ધીરજલાલ સોલંકીનાઓએ ઉપરોકત ફરિયાદ જેની સમક્ષ લખાવી તે ફરિયાદ લેનાર બાબુભાઈ લીલાભાઈ દેસાઈ હતા તેઓને ફરિયાદપક્ષે આ કામે સાહેદ નં.૫૩૫ તરીકે આંક–૨૯૮૫ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ મણીનગર પોલીસ સ્ટેશનમાં પોલીસ સબઇન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ

મણીનગર પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર સાહેબની સુચનાથી એલ.જી. હોસ્પિટલમાં ગયેલા અને મયુરભાઈ ધીરજલાલ સોલંકીની ફરિયાદ લીધેલી. ફરિયાદમાં તેમને જણાવેલુ કે સાંજે છ વાગ્યાના અરસામાં જવાહર ચોક પાસે ઉભા હતા ત્યારે બોમ્બ ધડાકો થયેલ હતો તેમાં ઈજા થયેલ છે. આ સાહેદે ફરિયાદીની જે ફરિયાદ લીધેલી તે આંક–૫૩૦ વાળી ફરિયાદમાં ફરિયાદીની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે. ત્યારબાદ તે ફરિયાદ પોતાના રીપોર્ટ સાથે પી.એસ.ઓ. મણીનગરને ગુનો રજીસ્ટર થવા માટે મોકલી આપેલી, જે રીપોર્ટ આ કામે આંક–૫૮૫ થી રજૂ છે તેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

આ ફરિયાદ લીધા બાદ સાહેદ બાબુભાઈ લીલાભાઈ દેસાઈએ ગુનો રજીસ્ટર કરવા માટે પી.એસ.ઓ. મણીનગરને મોકલી આપેલી અને પી.એસ.ઓ. મણીનગરનાઓએ આ ફરિયાદને સ્ટેશન ડાયરીમાં રજીસ્ટર કરેલી, તે સ્ટેશન ડાયરીની નકલ આ કામે આંક–૫૮૧ થી રજૂ કરેલી છે. તે રજીસ્ટર કરનાર સાહેદ વિજયકુમાર શાંતારામ ચૌહાણનાઓને સાહેદ નં.૨૯ તરીકે આંક–૫૭૯ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લેતા તેઓ જણાવે છે કે બનાવના દિવસે પી.એસ.ઓ. તરીકે મણીનગર પોલીસ સ્ટેશનમાં ફરજ ઉપર હતા ત્યારે એક સુચી પત્ર વાઘેલાની સહીથી મોકલવામાં આવેલુ અને ગુનો નોંધેલો અને સ્ટેશન ડાયરી એન્ટ્રી નં.૩૫ આપેલી, ત્યારબાદ એફ.આઈ.આર. ફાડેલી. આ સાહેદે આ ગુનાની વધુ તપાસ પોલીસ ઇન્સ્પેકટર મણીનગરને સોંપેલી તેનો હુકમ આંક–૫૮૫ ના રીપોર્ટ નીચે કરેલો છે જેમાં આ સાાહેદે પોતાની સહી ઓળખી બતાવી છે.

આ કામે ફરિયાદી મયુરભાઈ ધીરજલાલ સોલંકીની ઊલટતપાસ થયેલ છે તે ધ્યાને લઈએ તો ફરિયાદમાં સારવાર માટે દવાખાને જવુ નથી તેવુ લખાવેલાની હકીકત કબૂલ કરે છે. પરંતુ આ સાહેદ હોસ્પિટલે ગયેલા નહીં તે હકીકત નકારે છે. આ સાહેદે પોતાની ફરિયાદ તથા સરતપાસમાં સ્પષ્ટ લખાવેલુ છે કે તેઓને માઈનોર ઈન્જરી થયેલી જેથી સ્વાભાવિક છે કે હોસ્પિટલે સારવાર

માટે ન જાય. પરંતુ આ સાહેદ બનાવ પછી હોસ્પિટલે ગયેલા છે. આંક–૫૩૦ વાળી ફરિયાદમાં સાઇકલ તથા થેલી ચીથરેહાલ થઈ ગયેલી તેવો શબ્દ લખાવેલો નથી તે કબૂલ કરે છે. ફરિયાદમાં થેલી શબ્દ લખાવેલો નથી તે કબૂલ કરે છે પરંતુ મારા મત મુજબ આ શબ્દો નહીં લખાવવાથી ફરિયાદ ખોટી છે કે બનાવ બન્યો નથી તે હકીકત સ્થાપિત થતી નથી.

સાહેદ બાબુભાઈ લીલાભાઈ દેસાઈની ઊલટતપાસ ધ્યાને લઈએ તો તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ મણીનગર પોલીસ સ્ટેશનમાં કયા સમયથી કયા સમય દરમ્યાન હાજર હતા તે ચોકકસ કહી શકે તેમ નથી. ફરિયાદ નોંધતા અગાઉ તે તારીખે બનાવ સબંધે અગાઉ કોઈ પણ વ્યકિત કે અધિકારીની જાહેરાત ન હતી તે કબૂલ કરે છે, પરંતુ હકિકત ધ્યાને લેતાં ફરિયાદ જોતા સ્પષ્ટ છે કે બનાવમાં ઈજા પામનાર સારવારે દરમ્યાન હોસ્પિટલમાં આ સાહેદની રૂબરૂમાં ફરિયાદ આપેલી છે જેથી એક જ બનાવની બીજી ફરિયાદ ન હોય. ફરિયાદ નોંધતા પહેલા કોઈ કામગીરી કરેલી નહીં તે કબૂલ કરેલ છે.

હવે પી.એસ.ઓ. વિજયકુમાર શાંતારામ ચૌહાણની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલ છે તે ધ્યાને લેતા ફરિયાદ નોંધ્યા પછી ફરિયાદીને નકલ આપેલી નથી તે કબૂલ કરે છે. ફરિયાદ નોંધી તે અગાઉ આ બનાવ અંગેની કોઈ જાતમાહિતી નથી. પરંતુ મારા મત પ્રમાણે ફરિયાદની નકલ ફરિયાદીને આપી નથી તેનો અર્થ એવો ન થાય કે આ બનાવની ખોટી ફરિયાદ નોંધેલી છે. આ સાહેદ પી.એસ.ઓ. તરીકે પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા જેથી સ્વાભાવિક છે કે મણીનગર જવાહર ચોક ચાર રસ્તા પાસે જે બનાવ બન્યો તે બનાવની ફરિયાદ ન લખાય ત્યાં સુધી અથવા બનાવની જાણ ન થાય ત્યાં સુધી આ સાહેદને માહિતી ન હોય.

ત્યારબાદ અમરસીંગ ભીખુસીંગ નિમાવત પોલીસ ઇન્સ્પેકટર મણીનગરનાઓએ બે પંચોની હાજરીમાં ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરેલુ. તેઓને આ કામે સાહેદ નં.૭૦૪ તરીકે આંક–૩૪૪૮ થી તપાસેલા છે. તેઓની આ ગુના પુરતી સરતપાસ ધ્યાને લઈએ તો ગુનાવાળી જગ્યા ઉપરથી એક

સાઇકલ, સાઇકલ ઉપર ભરાવેલ થેલી, ગુનાવાળી જગ્યાએથી માટી તથા કન્ટ્રોલ માટી, કપડાના ફાટી ગયેલા ટુકડા, પ્લાસ્ટિકના ટુકડા, લાકડાના ટુકડા વિગેરે કબજે કરેલા અને પંચોની સહીઓવાળી સ્લીપો બનાવી તે મુદ્દામાલ ઉપર લગાવી મુદ્દામાલ સીલ કરેલો અને તપાસ અર્થે કબજે કરેલ. આ કાર્યવાહીનું જે પંચનામુ બનાવેલુ તે આ કામે આંક–૧૭૩૧ થી ૨જૂ છે તથા મુદ્દામાલ ઉપર જે સ્લીપો લગાવેલી તે સ્લીપો આંક–૧૭૩૨ થી ૧૭૩૮ સુધી ૨જૂ કરેલી છે. આ પંચનામા ઉપર તથા પંચ સ્લીપો ઉપર આ સાહેદ રૂબરૂ તરીકે પોતાની અને પંચોની સહીઓ ઓળખી બતાવે છે. બનાવવાળી જગ્યા ઉપરથી સાહેદ સવજીભાઈ ભાણાજીએ એફ.એસ.એલ. અધિકારીની સુચના મુજબ મુદ્દામાલ વસ્તુઓ મેળવેલી તે આ સાહેદ સમક્ષ ૨જૂ કરેલી અને આ સાહેદે બે પંચોની હાજરીમાં પંચનામુ કરી તે વસ્તુઓ કબજે કરેલી અને તેને સીલ કરેલી. આંક–૨૦૨૨ વાળા પંચનામામાં તથા આંક–૨૦૨૩(એ) વાળી પંચ સ્લીપમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો મણીનગર વિસ્તારના ચારેય બનાવો બાબતે તેઓની ઊલટતપાસ જનરલ રીતે કરવામાં આવેલી છે. ચોકકસ ગુના બાબતે કોઈ ચોકકસ ઊલટતપાસ થયેલી નથી. તેમ છતાં તેઓની વધુ ઊલટતપાસ ધ્યાને લઈએ તો બનાવની જાણ તેઓને ટેલીફોનથી થયેલી અને પાંચ–દસ મિનિટમાં સ્થળ ઉપર પહોંચેલા. ત્યારબાદ ત્યાં જઈ જગ્યા સુરક્ષિત કરેલી, ચારેય સ્થળોની વારાફરતી મુલાકાત લીધેલી તેમ જણાવે છે.

ત્યારબાદ અમરસીંગ ભીખુસીંગ નિમાવત પોલીસ ઈન્સ્પેકટર મણીનગરનાઓએ બે પંચોની હાજરીમાં આંક–૧૭૩૧ વાળુ ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરી જે મુદ્દામાલ કબજે કરેલો તે પંચનામાના પંચો પૈકીના પંચ હિતેશભાઈ પીરાજી પ્રજાપતિને સાહેદ નં.૩૩૪ તરીકે આંક–૧૭૩૦થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૬/૦૭/૨૦૦૮ અને તા.૨૭/૦૭/૨૦૦૮ ની મધ્યરાત્રીએ લગભગ ૧૨.૦૦ વાગ્યા પછી તેઓ મણીનગર જવાહર ચોક વિસ્તાર પાસે આવેલ શિવાની એવન્યુ પાસેની

જગ્યાએથી પસાર થઈ રહયા હતા. તે બિલ્ડિંગમાં એક લક્ષ્મી જ્વેલર્સ નામની દુકાન આવેલી છે. તે જગ્યાએ પોલીસ ઉભેલી હતી તેથી આ સાહેદ તે જગ્યાએ જોવા માટે ગયેલા. તેમને પોલીસવાળાઓએ આ જગ્યાના પંચનામામાં પંચ તરીકે હાજર રહેશો તેવું પુછતાં હા પાડેલી. તે વખતે એ જગ્યાએ એક બીજા રાકેશભાઈ હતા. આ જગ્યા એક મયુરભાઈએ બતાવી હતી. તે જગ્યાએ એસ.ટી. બસ સ્ટેન્ડ હતું. જે જગ્યા બતાવી ત્યાં એક એવન કંપનીની સાઇકલ પડેલી હતી. આ સાઇકલનું આગળનું વ્હિલ બેન્ડ થયેલું હતું. આ સાઇકલ એવન કંપનીની રેન્જર અને વાયરવાળા બ્રેક વાળી હતી. આ સાઇકલની ફ્રેમ તુટી ગયેલી હતી. આ સાઇકલના ગવન્ડર ઉપર આગળ એક કાળા–બ્રાઉન કલરની થેલી હતી. આ થેલી નીચેના ભાગેથી ફાટેલી હતી અને તેના ઉપરના ભાગે એક નાકુ તુટેલુ હતું.

વધુમાં આ સાહેદે જણાવેલ છે કે આ સાઇકલની બાજુમાં એક કાર મોડલ વેગનઆર અને એક ફ્રન્ટી કાર ઉભેલી હતી. તે બંને કારના નંબર અત્યારે આ સાહેદને યાદ નથી. વેગન આર કારના ડાબી બાજુના કાચ તુટેલા હતા અને તે કારમાં કાણાં પડેલા હતા તે રીતે નુકસાન થયેલું હતું. જે સફેદ ફ્રન્ટી કાર હતી તેને થોડુંક નુકસાન થયેલું હતું. આ સિવાય તે જગ્યાએ ટીવીએસ કંપનીનું એક મોપેડ હતું. તેની આગળની બાજુએ લાઈટ તુટી ગયેલી હતી. આ સાહેદને જે જગ્યાએ પોલીસે ઉભા રાખેલા તે જગ્યાએ આ હકીકત જોયેલી. જ્યાં બોમ્બ ધડાકો થયો ત્યાં ખાડો પડી ગયેલો હતો. તે ખાડામાંથી થોડીક માટી પોલીસના અધિકારીએ લીધેલી અને થોડે દુરથી સેમ્પલની માટી પણ લીધેલી. જે સાઇકલ બતાવેલી તેને પોલીસના માણસોએ કપડું લપેટી સીલ કરેલી અને કબજે લીધેલી. થેલીને પણ પોલીસે કબજે લીધેલી. આ જગ્યાએ બીજા એક પોલીસ અધિકારી બીપીનભાઈ નામના હતા. તેઓએ જણાવેલું કે એફ.એસ.એલ.ના અધિકારીઓ અગાઉ આવી ગયેલા છે અને નમૂના તે બીપીનભાઈને આપી ગયા છે. આ નમૂના આ બીપીનભાઈએ જે પંચનામું લખતા હતા તે અધિકારીને તેમની રૂબરૂ આપેલા હતા. આ નમૂનાઓમાં થોડાક કપડાંના ટુકડાઓ, પ્લાસ્ટિકના ટુકડાઓ, લાકડાના ટુકડાઓ જે પૈકી એક લાકડાના ટુકડામાં વાયર હતો તથા લોખંડના

ગોળ છરા, સાઇકલ ઉપર કાળા જેવી મેશ લાગેલી હતી તે લીધેલી અને એક સેમ્પલનું રૂ હતું. આ બધી વસ્તુઓના પોલીસે તેમની હાજરીમાં છ થી સાત પડીકા બનાવ્યા હતા એટલે કે છ પડીકા અને સાઇકલ લપેટી તે કુલ સાત (બંડલ) વસ્તુઓ કબજે લીધેલી. આ વસ્તુઓના જે પેકેટ કરેલા તેને કાગળથી લપેટી દોરો બાંધી તેમની સહીઓવાળી કાપલી મુકી સીલ કરેલા. આ તમામ કાર્યવાહી રોડ ઉપર સ્ટ્રીટ લાઈટના અજવાળામાં કરેલી. આ જે ચાર રસ્તા છે ત્યાંથી એક રસ્તો ભૈરવનાથ તરફ, બીજો ઈસનપુર તરફ, ત્રીજો મણીનગર રેલવે ફાટક તરફ અને ચોથો રસ્તો રામબાગ તરફ જાય છે. આ મુજબનુ આ સાહેદ તથા બીજા પંચ રાકેશભાઈની હાજરીમાં જે પંચનામુ કરેલુ તે આંક–૧૭૩૧ વાળા પંચનામામાં તથા મુદ્દામાલ પંચ સ્લીપો આંક–૧૭૩૨ થી ૧૭૩૮ વાળી પંચ સ્લીપોમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે. આ ઉપરાંત આ સાહેદની હાજરીમાં જે મુદ્દામાલ કબજે કરવામાં આવેલો તે તમામ મુદ્દામાલ અદાલત રૂબરૂ એક–એક કરીને ઓળખી બતાવેલો છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો તેઓ સ્થળ ઉપર ગયા તે પહેલાં તેઓ રામબાગ ખાતે આવેલી પાનની દુકાન બંધ કરીને તે રસ્તે જતા હતા તેમ જણાવે છે. બોમ્બ ધડાકો થયો હોવાથી આ સાહેદ પોતાની દુકાન તથા તે વિસ્તારની બીજી દુકાનો બંધ થઈ ગયેલી તે કબૂલ કરે છે. તેઓને સ્થળ ઉપર પંચ તરીકે બોલાવેલા નથી તો તે હકીકત નકારેલી છે. પોલીસ સ્ટેશનમાં બોલાવીને પંચનામા ઉપર સહીઓ લીધેલાની હકીકત નકારેલી છે. જે થેલી મુદ્દામાલની લીધી તે ગવન્ડર પર લટકાવેલી હતી તે કબૂલ કરે છે. આ પ્રશ્નનો અર્થ એવો થાય કે જે થેલીમાં ધડાકો થયેલો તે થેલી સાઇકલના ગવન્ડર ઉપર લટકાવેલી હતી આ મુજબનો કબૂલાતનો પ્રશ્ન આરોપીઓ તરફથી પુછવામાં આવેલો છે. મુદ્દામાલની સાઇકલ જે આજે જોઈ તે સાઇકલની ફ્રેમ ઉપર તેનું ગવન્ડર આજે લાગેલું નથી તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે આ સાઇકલ ઉપર બોમ્બ ધડાકો થયેલો જે ધડાકો થયો તે ગવન્ડર ઉપર લટકાવેલી થેલીમાં થયેલો હતો જેથી સાઇકલનું ગવન્ડર તુટી જાય માટે આ સાહેદે જયારે જુબાની

આપતી વખતે સાઇકલ જોઈ ત્યારે તે ગવન્ડર તુટેલી હાલતમાં હતુ જેથી ગવન્ડર તુટેલી હાલતમાં આ સાહેદે જોયેલુ છે. વધુ ઉલટતપાસ ધ્યાને લઈએ તો પંચનામા આંક–૧૭૩૧ મા જગ્યાએ ઈલેક્ટ્રીક લાઈટનો થાંભલો હોવાનો ઉલ્લેખ કરાયો નથી તે કબૂલ કરે છે પરંતુ પંચનામામાં ઈલેકટ્રીક લાઈટના થાભલાનો ઉલ્લેખ કરાયેલો ન હોય તેથી કરીને પંચનામુ ખોટુ છે તેમ કહેવાય નહીં.

શરૂઆતના તપાસ કરનાર અધિકારી અમરસીંગ ભુખુસીંગનાઓએ આ બનાવ પછી સ્થળ ઉપર એફ.એસ.એલ.ના અધિકારીને બોલાવેલા તે અધિકારી અમૃતભાઈ વશરામભાઈને આંક–૫૫૬૬ થી તપાસેલા છે અને તેમના કહેવા મુજબ જે મુદ્દામાલ સ્થળ ઉપરથી મેળવેલો તે મુદ્દામાલ પોલીસ સ્ટેશનમાં પંચોની હાજરીમાં સીલ કરી કબજે કરેલો તે પંચ સાહેદો પૈકીના પંચ રાજુભાઈ પંડલીક વાણીને સાહેદ નં.૩૫૨ તરીકે આંક–૨૧૨૧ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ આશરે ૧૨ વાગ્યાના અરસામાં મણીનગર પોલીસ સ્ટેશન પાસેથી પોતાના કામે જવા નીકળેલા ત્યારે પોલીસે તેમને પોલીસ સ્ટેશને બોલાવેલા. આ વખતે એક રવીભાઈ પણ ત્યાં હાજર હતા. આ સાહેદને પંચમાં રહેવાનું પુછતા તેઓએ હા પાડેલી. પોલીસ સ્ટેશનમાં એક ખરાડી સાહેબ પણ હાજર હતા તેમને એક લાલ કલરનો ટુકડો તથા એક પટ્ટી બતાવેલી તે વસ્તુઓને પ્લાસ્ટિકની કોથળીમાં મુકી કાગળનું સીલ લગાવી તેઓની તથા રવિ પંજાબની પણ સહીઓ કરાવેલી. આ વસ્તુઓ કબજે કર્યાનું પંચનામુ કરેલુ તે પંચનામુ આંક–૨૦૨૨થી રજૂ છે તથા પંચ સ્લીપ આંક–૨૦૨૩(એ) થી રજૂ છે જેમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે. આ સાહેદની હાજરીમાં કબજે કરવામાં આવેલ ઉપરોકત મુદ્દામાલ પણ આ સાહેદને બતાવતા તમામ મુદ્દામાલ સાહેદ અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે. મુદ્દામાલમાંથી આસિસ્ટન્ટ સુપરિન્ટેન્ડેન્ટની સહીવાળો એક કાગળ નીકળેલો તે કાગળને પણ આંક–૨૦૨૩ થી રજૂ કરેલો છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો મુદ્દામાલ કયાં હતો અને કેવી રીતે લાવવામાં આવેલો તેની આ સાહેદને ખબર નથી. મુદ્દામાલ ઉપર ઓળખ સબંધે કોઈ ચિહ્ન કરેલ નથી તે કબૂલ કરે છે.

પરંતુ મારા મત પ્રમાણે મુદ્દામાલ ઉપર પંચોએ ઓળખ ચિહ્ન કરવું જોઇએ તેવી કાયદામાં જોગવાઇ નથી.

આ કામે સવજીભાઈ ભાણાજી ખરાડીને સાહેદ નં.૫૪૨ તરીકે આંક–૨૯૯૪ થી તપાસેલા છે. તેમની સરતપાસ મુજબ આ ગુનાવાળી જગ્યાએ તેઓ ગયેલા અને જે જગ્યા ઉપર બોમ્બ બ્લાસ્ટ થયેલો તે જગ્યા સંભાળેલી. તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ સવારના ૯.૦૦ થી ૧૧.૦૦ કલાક એફ.એસ.એલ. અધિકારી જે.કે.પટેલ આવેલા અને ઓમ પાન પાર્લર સામેથી આસોપાલવના થડ ઉપર ચોંટેલ સફેદ ચીકણો પદાર્થ, વાયરના ટુકડા, લાકડાના ટુકડા, કપડાના ટુકડા વિગેરે ચીજવસ્તુઓ લઈ એક કાગળમાં આ સાહેદને આપેલી અને તે તમામ ચીજવસ્તુઓ આ સાહેદે પોલીસ ઇન્સ્પેકટરશ્રી ભીમાવત સાહેબને સોંપેલી અને ભીમાવત સાહેબે આંક–૨૦૨૨ વાળુ પંચનામુ કરી તે વસ્તુઓ મુદ્દામાલ તરીકે કબજે કરી સીલ કરેલી તેમ જણાવે છે.

સાહેદ સવજીભાઈ ભાણાજીએ એફ.એસ.એલ. અધિકારી જે.કે. પટેલની હાજરીમાં જે મુદ્દામાલ વસ્તુઓ ગુનાવાળા સ્થળ ઉપરથી કબજે કરેલી તે એફ.એસ.એલ. અધિકારી જે.કે.પટેલને સાહેદ નં.૧૧૩૨ તરીકે આંક–૮૧૨૭ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તેઓ મણીનગર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૨૦૪/૦૮ વાળી જગ્યા ઉપર પણ ગયેલા તે જગ્યા જવાહર ચોક ચાર રસ્તા શિવાની કોમ્પ્લેક્ષના આગળના ભાગે જાહેર રોડ ઉપર હતી. તે જગ્યા ઉપર ટી.વી.એસ. વિકટર કાળા રંગનું GJ–01–CS–1464 વાળુ હતું તેની નજીકથી એક લાલ રંગનો વાયરનો ટુકડો, વાદળી ઇલેકટ્રીક ટેપ સાથેનો તેઓએ કબ્જે કરાવેલો. ઉપરોકત તમામ મુદ્દામાલ ડી.એફ.એસ.એલ. ગાંધીનગરને મોકલવા માટે સુચના આપેલી. આ અંગેનો પ્રાથમિક અહેવાલ તૈયાર કરેલો અને તપાસ કરનાર અમલદારને સોંપેલો. આ સાહેદે જે અહેવાલ સોંપેલો તે આંક–૮૧૨૮ થી રજૂ છે જેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

તપાસ કરનાર અધિકારીએ ગુનાવાળી જગ્યા ઉપરથી આંક–૧૭૩૧, ૨૦૨૨ ના પંચનામાઓ આધારે જે મુદ્દામાલ કબજે કરેલો તે મુદ્દામાલ રવાનગી નોંધ સાથે એફ.એસ.એલ. ગાંધીનગરને પૃથક્કરણ માટે મોકલી આપેલો. આ રવાનગી નોંધ આ કામે આંક–૫૮૪૮ થી રજૂ કરેલી છે. આ રવાનગી નોંધમાં જણાવ્યા મુજબના કુલ–આઠ નમૂના માર્ક–એ થી માર્ક–એચ સુધીના એફ.એસ.એલ. ગાંધીનગરને તપાસ અર્થે મોકલેલા છે. આ રવાનગી નોંધમાં સાહેદ અમરસીંગ ભીખુસીંગનાઓએ પોતાની આંક–૩૪૪૮ની જુબાનીમાં પોતાની સહી ઓળખી બતાવી છે. આ મુદ્દામાલ એફ.એસ.એલ. ગાંધીનગરને મળેલો તે અંગેની પહોંચ આપવામાં આવેલી જે આ કામે આંક–૫૮૪૯ થી રજૂ છે જેમાં મદદનીશ નિયામકની સહી છે. હવે આ મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારી હેમંતકુમાર ભાલચંદ્ર ભટ્ટને સાહેદ નં.૮૪૬ તરીકે આંક–૫૮૩૮ થી તપાસેલા છે. આ સાહેદની આ ગુના પુરતી સરતપાસ ધ્યાને લઈએ તો તેઓ જણાવે છે કે મણિનગર પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૪/૨૦૦૮ ના કામનો મુદ્દામાલ રવાનગી નોંધ સાથે આ સાહેદને પૃથક્કરણ માટે સોંપવામાં આવેલો. સદર રવાનગી નોંધમાં જણાવ્યા મુજબ કુલ–આઠ સીલબંધ પાર્સલો હતા. સદર પાર્સલ દોરાથી સીવેલ સીલબંધ સફેદ રંગના કપડાનું એક પાર્સલ તથા દોરીથી બાંધેલા સફેદ કાગળના સાત સીલબંધ પાર્સલો હતા. જેવા કે...

- માર્ક–એ એવન કંપનીની રેન્જર વાયર બ્રેકવાળી પાછળના ભાગે કેરીયલ વાળી, લોકવાળી, આગળની ફ્રેમ તથા વ્હિલ તુટી ગયેલ સાઇકલ.
- માર્ક–બી સાઇકલના ગવન્ડરના ભાગે ભરાવેલ કાળી બ્રાઉન કલરની નીચેના ભાગેથી ફાટેલ હાલતમાં જેના હુકનો એક ભાગ તુટી ગયેલ છે તે થેલી.
- માર્ક–સી ગુનાવાળી જગ્યાની માટી.
- માર્ક–ડી કન્ટ્રોલ સેમ્પલ માટી.

- માર્ક–ઈ ગુનાવાળી જગ્યાએથી કપડાના વાદળી રંગના ટુકડાઓ તથા વાદળી સફેદ રંગના પ્લાસ્ટિકના ટુકડા તથા લાકડાના ટુકડા જેમાં એક લાકડાનો વાયર ભરાવેલ છે તથા લોખંડના છરા મળી આવેલ છે તે.
- માર્ક–એફ ગુનામાં વપરાયેલ સાઇકલના પાર્ટસ ઉપરથી ઘસીને લીધેલ મેશવાળુ રૂ.
- માર્ક–જી કન્ટ્રોલ રૂ.
- માર્ક–એચ એક લાલ કલરનો વાયરનો ટુકડો, વાદળી ઈલેકટ્રીક ટેપ સાથેનો જમીન ઉપર પડેલો હતો તે.

આ મળેલ નમૂનાઓનું પ્રમાણીત, રાસાયણીક અને ઉપકરણીય પધ્ધતિઓ વડે પૃથક્કરણ કરેલુ અને પૃથક્કરણના પરિણામ મુજબ...

(૧) નમૂના માર્ક–એ, બી, સી, એફ તથા એચમાં એમોનિયમ નાઈટ્રાઈટ તથા નાઈટ્રેટ મુલકો તથા પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સ ઓઈલ (પેરાફીન ઓઈલ પ્રકાર) ની હાજરી શોધાયેલ છે.

(૨) નમૂના માર્ક–ઈ માં એમોનિયમ નાઈટ્રાઈટ તથા નાઈટ્રેટ લેડ તથા એઝાઈડ મુલકો તથા પી.ઈ.ટી.એન. (હાઈએક્ષપ્લોઝીવ) તેમજ પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સ ઓઈલ (પેરાફીન ઓઈલ પ્રકાર) ની હાજરી શોધાયેલ છે.

(૩) નમૂના માર્ક–ડી તથા જી માં વિસ્ફોટક ઘટકોની હાજરી શોધાયેલ નથી.

આ પૃથક્કરણ કર્યા બાદ આ સાહેદે અભિપ્રાય આપેલો કે...

(૧) પૃથક્કરણના પરિણામમાં શોધાયેલ એમોનિયમ નાઈટ્રાઈટ તથા પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સ ઓઈલએ એમોનિય નાઈટ્રેટ બેઝ એમોનિયમ નાઈટ્રેટ ફયુઅલ ઓઈલ (એનફો) હાઈએક્ષપ્લોઝીવના ઘટકો છે જેને ફોડવા ડીટોનેટરનો ઉપયોગ થાય છે.

(૨) પૃથક્કરણના પરિણામમાં શોધાયેલ લેડ તથા એઝાઈડ મુલકો તથા પી.ઈ.ટી.એન. (હાઈએક્ષપ્લોઝીવ) નો ઉપયોગ બ્લાસ્ટીંગ કેપ (ડીટોનેટર) માં થાય છે.

(૩) નમૂનાઓમાંથી મળેલ ધાતુના છરાનો ઉપયોગ હાથ બનાવટના બોમ્બમાં મીસાઈલ્સ તરીકે થાય છે.

આ મુજબનો આ સાહેદે જે અભિપ્રાય આપેલો તે આંક–૫૮૫૦ થી રજૂ છે જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે અને આ અભિપ્રાય સીનીયર પોલીસ ઇન્સ્પેકટર મણીનગરને ફોરવર્ડીંગ પત્ર સાથે મોકલી આપેલો જેમાં પણ નાયબ નિયામકની સહી છે.

આ સાહેદની આરોપીઓ તરફથી કરવામાં આવેલ ઊલટતપાસ ધ્યાને લેતા આ સાહેદે બીજા પણ બોમ્બ બ્લાસ્ટના બનાવમાં કબજે કરવામાં આવેલ મુદ્દામાલનું પૃથક્કરણ કરેલુ છે તેવુ માલુમ પડે છે અને આરોપીઓ તરફથી જનરલ ઊલટતપાસ કરેલી છે. ચોકકસ આ પૃથક્કરણ બાબતે ઊલટતપાસ કરવામાં આવી હોય તેવુ નથી. આ સાહેદે અહેવાલ સબંધેના ગુનાના સ્થળની કોઈ મુલાકાત લીધી નથી તે કબૂલ કરેલ છે. નકકી કરેલ પધ્ધતિઓ પ્રમાણે પૃથક્કરણ કરવામાં આવેલુ નથી તે હકીકત નકારે છે. જે બોમ્બના પરિક્ષણો કરેલા તે હાથ બનાવટના બોમ્બ હતા તે કબૂલ કરે છે. આ પ્રશ્નનો અર્થ એવો થાય કે બનાવવાળી જગ્યાએ જે બોમ્બ બ્લાસ્ટ થયેલો તે હાથ બનાવટનો બોમ્બ હતો તે હકીકત આરોપીઓ તરફથી કબૂલ કરવામાં આવે છે તેમ કહી શકાય.

ત્યારબાદ આ કામે તપાસ કરનાર અધિકારી શ્રી એમ.જે.ચાવડા નાયબ પોલીસ અધીક્ષક, તપાસ ટીમ, ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદનાઓએ બનાવ બાદ બનાવવાળી જગ્યા ઉપર નકશો બનાવવા માટે સિટી મામલતદારશ્રી, કલેકટર કચેરી, અમદાવાદને એક યાદી લખેલી જે યાદી આ કામે આંક–૩૩૬૮ થી રજૂ કરેલી છે, નાયબ પોલીસ અધીક્ષકશ્રી એમ.જે. ચાવડાનાઓને સાહેદ

નં.૧૧૬૩ તરીકે તપાસેલ છે તેઓએ પોતાની જુબાનીમાં યાદીમાં સહી ઓળખી બતાવેલી છે.

આંક–૩૩૬૮ વાળી યાદીના આધારે સર્કલ ઓફિસર દિપકભાઈ શિરીષચંદ સોલંકીનાઓએ ગુનાવાળી જગ્યા ઉપર જઈ નકશો બનાવેલો તેઓને આ કામે સાહેદ નં.૬૮૮ તરીકે આંક–૩૩૬૫ થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ પ્રમાણે તેઓને તપાસ કરનાર અધિકારીશ્રી એમ.જે.ચાવડા દ્વારા મણીનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં જવાહર ચોક ચાર રસ્તા પાસે બોમ્બ બ્લાસ્ટ થયેલો તે જગ્યા ઉપર જઈ નકશો બનાવવા માટેની યાદી મોકલવામાં આવેલી તે આંક–૩૩૬૮ ની યાદી મળ્યા બાબતે યાદી ઉપર તેમને પોતાની સહી ઓળખી બતાવી છે અને તે યાદીના આધારે સ્થળ ઉપર જઈ નકશો બનાવેલો તે નકશો આ કામે આંક–૩૩૬૯ થી રજૂ કરેલો છે. જેમા આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે અને આ નકશામાં તેમને ગુનાવાળી જગ્યા બતાવેલી છે.

(૩૫.૦૧) <u>અમદાવાદ શહેરના મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૪/૨૦૦૮ના કામે ઈજા પામેલ વ્યકિત બાબતે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકનઃ–</u>

મણીનગર પોલીસ સ્ટેશનના આ બનાવમાં મયુરભાઈ ધીરજભાઈ સોલંકીનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૧૩ તરીકે આંક–૫૨૯થી તપાસેલા છે અને તેમને પોતાને થયેલ ઈજાની સારવાર લીધેલી તેનું પ્રમાણપત્ર ફરિયાદપક્ષ દ્વારા રજૂ થતા આરોપીઓ તરફથી તે પ્રમાણપત્ર કબૂલ રાખતા તેને આંક–૭૧૩૨ આપવામાં આવેલો છે.

(૩૫.૦૨) <u>અમદાવાદ શહેરના મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૪/૨૦૦૮ ના કામે બનાવને સમર્થન માટે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકનઃ–</u>

આમ, મણીનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં મણીનગર જવાહર ચોક ચાર રસ્તા, શિવાની એવન્યુની લક્ષ્મી જવેલર્સ દુકાનની સામે જાહેર રોડ ઉપર જે બોમ્બ બ્લાસ્ટ થયેલો છે તે માટે ફરિયાદપક્ષ દ્વારા ઘનશ્યામભાઈ

ચંદ્રકાન્ત પંડયાને સાહેદ નં.૭૧૭ તરીકે આંક–૩૪૯૨થી તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેઓ પોતાના ધંધાના સ્થળે હાજર હતા ત્યારે સાંજના સાડા છના સુમારે શિવાની એવન્યુની અંદર આવેલ લક્ષ્મી જવેલર્સની સામે રોડ ઉપર મોટો ધડાકો થયેલો. આ સાહેદ ત્યાં સ્થળ ઉપર ગયેલા અને જોયું તો બસ સ્ટેન્ડની બાજુમાં એક સાઇકલ ઉપર ધડાકો થયેલ હતો. તે ધડાકો સાઇકલ પરની કપડાની થેલીમાં થયેલો હતો અને નજીકમાં ઉભેલી મારૂતી વેગનઆર ગાડીને પણ નુકસાન થયેલુ તથા ત્યાં પસાર થતા એક ભાઈને ઈજાઓ થયેલી તેમ જણાવે છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા બનાવની જાતે પોલીસ સ્ટેશને જઈ ફરિયાદ કરેલ નથી કે નિવેદન લખાવેલ નથી તે કબૂલ કરે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી ભરતભાઈ કુરાજી પાટીદારને સાહેદ નં.૭૧૮ તરીકે આંક–૩૪૯૩થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદ જવાહર ચોક પાસે ચાની લારી ચલાવે છે. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાંજના સમયે ચાની કીટલી ઉપર હતા ત્યારે સાડા સાત વાગ્યાના અરસામાં બસ સ્ટેન્ડની બાજુમાં એક મોટો ધડાકો થયેલો. આ સાહેદ તથા કોમ્પ્લેક્ષના બીજા માણસો ધડાકાવાળા સ્થળે ગયેલા. ત્યાં જઈને જોયુ તો સાઇકલમાં બોમ્બ ધડાકો થયેલો. સાઇકલની બાજુમાં પડેલ મોટરને પણ નુકસાન થયેલુ તથા એક ભાઈને ઈજા થયેલી. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો ધડાકાના કારણે લોકોમાં નાસભાગ થયેલી તે કબૂલ કરે છે. આ હકીકત ધ્યાને લેતા ધડાકો થયેલો તે આરોપીઓ તરફથી કબૂલ કરવામાં આવેલુ છે તેમ કહી શકાય. આ બનાવની જાણ સ્વેચ્છાએ પોલીસમાં કરી નથી તે કબૂલ કરે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી સતીષકુમાર રમેશચંદ્ર સોનીને સાહેદ નં.૭૨૦ તરીકે આંક–૩૪૯૭થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ શિવાની કોમ્પ્લેક્ષમાં દુકાન નં.૧૪ માં શુભમ જવેલર્સના નામે સોના ચાંદીનો વેપાર કરે છે. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ પોતાની દુકાન

ઉપર હાજર હતા ત્યારે સાંજના આશરે સાડા છ વાગે તેમના કોમ્પ્લેક્ષની સામેના ભાગે રોડ ઉપર મોટો ધડાકો થયેલો તે ધડાકાવાળા સ્થળે જોયુ તો એક સાઇકલ ઉપર બોમ્બ ફુટેલો હતો. સાઇકલની નજીક એક મારૂતી વેગનઆર મોટર કાર ઉભેલી હતી તેને નુકસાન થયેલુ. કારની પાછળનો ભાગ તુટી ગયેલો અને ટાયરોની હવા નીકળી ગયેલી હતી. મોટર કારના પતરાને છરા ઉડવાથી કાણા પડી ગયેલા અને ત્યાંથી પસાર થતા એક ભાઈને ઈજાઓ થયેલી તેમ જણાવે છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો વેગનઆર કારની પાર્કીંગ અને તેની સ્થિતિ વિશે તેમજ કોને પાર્ક કરેલી તેની ખબર નથી તે કબૂલ કરે છે. જે લોકોને ઈજા થયેલી તે હકીકત લોકો દ્વારા જાણેલાનુ કબૂલ કરે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી રૂપચંદ કિશનચંદ પીરાણીને સાહેદ નં.૭૨૬ તરીકે આંક–૩૫૦૬થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ જવાહર ચાર રસ્તા પાસે શિવાની કોમ્પ્લેક્ષમાં આર.કે. સ્ટેપ નામની દુકાન ધરાવી બુટ ચંપલનો વેપાર કરે છે. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેમની દુકાન ઉપર હતા ત્યારે સાંજના આશરે સાડા છ વાગ્યાના અરસામાં તેમની દુકાનના સામેના ભાગે રોડ ઉપર એસ.ટી. બસના બોર્ડની બાજુમાં મોટો ધડાકો થયેલો જેથી કોમ્પ્લેક્ષના વેપારીઓ બહાર આવી ગયેલા અને જોયુ તો તે ધડાકો સાઇકલ પર થયેલો. નજીકમાં ઉભેલી વેગન આર ગાડીને પણ નુકસાન થયેલુ, તેના કાચ તુટી ગયેલા અને ધડાકામાંથી નીકળેલા છરા ગાડીના પતરામાં ઘુસી ગયેલા તે ગાડીના ટાયરો માંથી હવા પણ નીકળી ગયેલ અને એક વ્યકિતને ઈજાઓ થયેલી તેમ જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી સતીષ મહેશભાઈ રાવલને સાહેદ નં.૭૨૮ તરીકે આંક–૩૫૦૮ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ શિવાની કોમ્પ્લેક્ષમાં શ્રીજી ઈલેકટ્રોનીકસ નામની દુકાન ધરાવી વેપાર કરે છે. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેમની દુકાન ઉપર હતા ત્યારે સાંજના આશરે સાડા છ વાગ્યાના અરસામાં તેમની દુકાનના સામેના ભાગે રોડ ઉપર એસ.ટી.બસના બોર્ડની બાજુમાં મોટો ધડાકો થયેલો જેથી કોમ્પ્લેક્ષના વેપારીઓ

બહાર આવી ગયેલા અને જોયુ તો તે ધડાકો સાઇકલ પર થયેલો. નજીકમાં ઉભેલી વેગનઆર ગાડીને પણ નુકસાન થયેલુ, તેના કાચ તુટી ગયેલા અને ધડાકામાંથી નીકળેલા છરા ગાડીના પતરામાં ઘુસી ગયેલા તે ગાડીના ટાયરોમાંથી હવા પણ નીકળી ગયેલ અને એક વ્યકિતને ઈજાઓ થયેલી તેમ જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી રોહીતભાઈ ભાનુસાળી વાઘવાણીને સાહેદ નં.૭૩૩ તરીકે આંક–૩૫૧૮ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ શિવાની કોમ્પ્લેક્ષમાં દીપ લક્ષ્મી સીલેકશન નામની દુકાન ધરાવી વેપાર કરે છે. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેમની દુકાન ઉપર હતા ત્યારે સાંજના આશરે સાડા છ વાગ્યાના અરસામાં તેમની દુકાનના સામેના ભાગે રોડ ઉપર એસ.ટી. બસના બોર્ડની બાજુમાં મોટો ધડાકો થયેલો જેથી કોમ્પ્લેક્ષના વેપારીઓ બહાર આવી ગયેલા અને જોયુ તો તે ધડાકો સાઇકલ પર થયેલો. નજીકમાં ઉભેલી વેગનઆર ગાડીને પણ નુકસાન થયેલુ, તેના કાચ તુટી ગયેલા અને ધડાકામાંથી નીકળેલા છરા ગાડીના પતરામાં ઘુસી ગયેલા, ગાડીના ટાયરોમાંથી હવા પણ નીકળી ગયેલ અને એક વ્યકિતને ઈજાઓ થયેલી તેમ જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી હાર્દિક મહેન્દ્રભાઈ સંઘવીને સાહેદ નં.૭૩૯ તરીકે આંક–૩૫૨૫ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ શિવાની કોમ્પ્લેક્ષમાં હેન્ડલુમ કાપડની દુકાન ધરાવી વેપાર કરે છે. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેમની દુકાન ઉપર હતા ત્યારે સાંજના આશરે સાડા છ વાગ્યાના અરસામાં તેમની દુકાનના સામેના ભાગે રોડ ઉપર એસ.ટી.બસના બોર્ડની બાજુમાં મોટો ધડાકો થયેલો જેથી કોમ્પ્લેક્ષના વેપારીઓ બહાર આવી ગયેલા અને જોયુ તો તે ધડાકો સાઇકલ પર થયેલો. નજીકમાં ઉભેલી વેગનઆર ગાડીને પણ નુકસાન થયેલુ, તેના કાચ તુટી ગયેલા અને ધડાકામાંથી નીકળેલા છરા ગાડીના પતરામાં ઘુસી ગયેલા, ગાડીના ટાયરોમાંથી હવા પણ નીકળી ગયેલ અને એક વ્યકિતને ઈજાઓ થયેલી તેમ જણાવેલ છે.

આમ, મણીનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં મણીનગર જવાહર ચોક ચાર રસ્તા, શિવાની એવન્યુની લક્ષ્મી જવેલર્સ દુકાનની સામે જાહેર રોડ ઉપર તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ કલાક ૧૮.૩૦ વાગે સાઇકલ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલો અને આ બોમ્બ બ્લાસ્ટમાં એક માણસને ઈજા થયેલી તે હકીકત તથા એક મારૂતિ વેગન આર કારને નુકસાન થયેલું તે હકીકત ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા ઉપરોકત તમામ પુરાવા ઉપરથી સાબીત થાય છે તેમ હું માનુ છું.

(૩૬) **<u>અમદાવાદ શહેરના મણીનગર પોલીસ સ્ટેશનની હકુમતના વિસ્તારમાં સાઇકલ ઉપર બોમ્બ પ્લાન્ટેશન કરી બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલ તે બનાવ પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન.</u>**

- વિસ્તાર:– મણીનગર પોલીસ સ્ટેશનની હદમાં
- સ્થળ:– મણીનગર એ.એમ.ટી.એસ. બસ સ્ટેન્ડ પાસે જાહેર રોડ ઉપર.
- તારીખ:– ૨૬/૭/૨૦૦૮
- સમય:– કલાક ૧૮.૪૫ (સાંજે)
- ગુના રજીસ્ટર નં.ફર્સ્ટ ૨૦૫/૨૦૦૮
- મરણ જનારની સંખ્યા:– નથી
- ઈજા પામનારની સંખ્યા:– એક
- બનાવમાં વપરાયેલ વાહનઃ– સાઇકલ

તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ મણીનગર પોલીસ સ્ટેશનની હકુમતમાં આવેલ વિસ્તાર મણીનગર એ.એમ.ટી.એસ. બસ સ્ટેન્ડ પાસે જાહેર રોડ ઉપર સાઇકલ મુકીને સાઇકલ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલો. તેની ફરિયાદ જગદીશ ભેરાજી મેણાનાઓએ પોલીસ સબઇન્સ્પેકટર મણીનગર પોલીસ સ્ટેશન સમક્ષ લખાવેલી. આ ફરિયાદીને ફરિયાદપક્ષ દ્વારા સાહેદ નં.૧૫

તરીકે આંક–૫૩૩ થી તપાસવામાં આવેલા છે. તેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે તેઓ મણીનગર એ.એમ.ટી.એસ. બસ સ્ટેન્ડ પાસે પ્રવિણભાઈની જય અંબે ટી સ્ટોલ કે જે રૂપ કોમ્પ્લેક્ષમાં આવેલી છે ત્યાં નોકરી કરતા હતા અને તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ તેઓ નોકરી ઉપર હાજર હતા અને ગ્રાહકોને ચા પીવડાવતા હતા તે દરમ્યાન આશરે ૬.૪૫ વાગે ચા આપીને પાછા આવતા હતા ત્યારે એ.એમ.ટી.એસ. બસ સ્ટેન્ડ પાસે બોમ્બ ધડાકો થયેલો. આ ધડાકામાં આ સાહેદને જમણા હાથે તથા મોઢા ઉપર ઈજા થયેલી. આ વખતે એક સાઇકલ ત્યાં પડેલી હતી અને તેનુ પૈડુ વાંકુ થઈ ગયેલ હતુ ત્યાં એ.એમ.ટી.એસ. બસમાં પણ કાણુ પડી ગયેલુ. આ સાહેદે આ ઉપરાંત જુદી–જુદી જગ્યાએ બોમ્બ ધડાકાનું પણ જાણેલુ. આ સાહેદને ઈજાઓ થતા એલ.જી. હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયેલા અને ત્યાં તેમને સારવાર કરાવેલી. આ બનાવની તેમને ફરિયાદ આપેલી જે આ કામે આંક–૫૩૪ થી રજૂ છે, જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

ફરિયાદી જગદીશ ભેરાજી મેણાનાઓએ ઉપરોકત ફરિયાદ જેની સમક્ષ લખાવી તે ફરિયાદ લેનાર દિલીપસિંહ ગંભીરસિંહ વાઘેલા હતા તેઓને ફરિયાદપક્ષે આ કામે સાહેદ નં.૫૦૪ તરીકે આંક–૨૯૩૮થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ તેઓ એલ.જી. હોસ્પિટલે હાજર હતા અને ત્યાં મણીનગર એ.એમ.ટી.એસ. બસ સ્ટેન્ડ પાસે જાહેર રોડ ઉપર થયેલ બોમ્બ બ્લાસ્ટમાં ઈજા પામનાર જગદીશભાઈ ભેરાજીએ ફરિયાદ આપેલી જે ફરિયાદ તેમના લખાવ્યા મુજબ લખી લીધેલી અને ફરિયાદમાં ફરિયાદીની સહી કરાવેલી અને રૂબરૂ તરીકે તેમને સહી કરેલ જે આંક–૫૩૪ વાળી ફરિયાદમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. ત્યારબાદ આ ફરિયાદ તેમને પોતાના રીપોર્ટ સાથે પી.એસ.ઓ.ને ગુનો રજીસ્ટર કરવા મોકલી આપેલી તે રીપોર્ટ આંક–૫૮૬ થી રજૂ છે જેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

આ ફરિયાદ લીધા બાદ સાહેદ દિલીપસિંહ ગંભીરસિંહ વાઘેલાએ ગુનો રજીસ્ટર કરવા માટે પી.એસ.ઓ. મણીનગરને મોકલી આપેલી અને પી.એસ.ઓ. મણીનગરનાઓએ આ ફરિયાદને સ્ટેશન ડાયરીમાં રજીસ્ટર કરેલી, તે સ્ટેશન ડાયરીની નકલ આ કામે આંક–૫૮૨ થી રજૂ કરેલી છે. તે રજીસ્ટર કરનાર સાહેદ વિજયકુમાર શાંતારામ ચૌહાણનાઓને સાહેદ નં.૨૯ તરીકે આંક–૫૭૯થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લેતા તેઓ બનાવના દિવસે પી.એસ.ઓ. તરીકે મણીનગર પોલીસ સ્ટેશનમાં ફરજ ઉપર હતા ત્યારે એક સૂચિપત્ર વાઘેલાની સહીથી મોકલવામાં આવેલુ અને ગુનો નોંધેલો અને સ્ટેશન ડાયરી એન્ટ્રી નં.૩૬ આપેલી ત્યારબાદ એફ.આઈ.આર. ફાડેલી અને આ સાહેદે આ ગુનાની વધુ તપાસ પોલીસ સબઇન્સ્પેકટર મણીનગરને સોંપેલી તેનો હુકમ આંક–૫૮૬ ના રીપોર્ટ નીચે કરેલો છે જેમાં આ સાાહેદે પોતાની સહી ઓળખી બતાવી છે.

હવે પી.એસ.ઓ. વિજયકુમાર શાંતારામ ચૌહાણની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલ છે તે ધ્યાને લેતા ફરિયાદ નોંધ્યા પછી ફરિયાદીને નકલ આપેલી નથી તે કબૂલ કરે છે. ફરિયાદ નોંધી તે અગાઉ આ બનાવ અંગેની કોઈ જાત માહિતી નથી. ફરિયાદની નકલ ફરિયાદીને આપી નથી તેનો અર્થ એવો ન થાય કે આ બનાવની ખોટી ફરિયાદ નોંધેલી છે. આ સાહેદ પી.એસ.ઓ. તરીકે પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા જેથી સ્વાભાવિક છે કે મણીનગર એ.એમ.ટી.એસ. બસ સ્ટેન્ડ પાસે જે બનાવ બન્યો તે બનાવની ફરિયાદ ન લખાય ત્યાં સુધી અથવા બનાવની જાણ ન થાય ત્યાં સુધી આ સાહેદને માહિતી ન હોય.

ત્યારબાદ આ ગુનાની તપાસ સંભાળનાર અમરસીંગ ભીખુસીંગ નિમાવત પોલીસ ઇન્સ્પેકટર મણીનગરનાઓએ બે પંચોની હાજરીમાં ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરેલુ તેઓને આ કામે સાહેદ નં.૭૦૪ તરીકે આંક–૩૪૪૮ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ મણીનગર પોલીસ સ્ટેશનમાં પોલીસ ઇન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા તે દિવસે

મણીનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં બોમ્બ ધડાકાના ચાર બનાવો બનેલા તે પૈકી એક બનાવ એ.એમ.ટી.એસ. બસ સ્ટેન્ડ પાસે જાહેર રોડ ઉપર બનેલો તેની ફરિયાદ જગદીશ ભેરાજી મેણાએ પોલીસ સબઈન્સ્પેકટર વાઘેલા સમક્ષ લખાવેલી અને તેની તપાસ આ સાહેદે કરેલી. બનાવવાળી જગ્યાની મુલાકાત લેવા બોમ્બ સ્કવોર્ડ તથા એફ.એસ.એલ. અધિકારીઓને યાદીઓ લખેલી. ત્યારબાદ બે પંચોની હાજરીમાં બનાવવાળી જગ્યાનું પંચનામુ કરેલુ અને સ્થળ ઉપરથી મુદ્દામાલ કબજે કરેલો. ત્યારબાદ પંચનામા ઉપર બે પંચોની સહીઓ કરાવેલી અને રૂબરૂ તરીકે પોતે સહી કરેલી. આ પંચનામુ આંક–૧૭૪૧ થી રજૂ છે જેમાં આ સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે. આ કામે પંચનામા વખતે આ સાહેદે સ્થળ ઉપરથી જે મુદ્દામાલ પંચોની હાજરીમાં કબજે કરેલો તે કુલ સાત આર્ટીકલ ઉપર પંચોની સહીઓવાળી તેમજ રૂબરૂ તરીકે પોતે સહી કરેલી પંચ સ્લીપો લગાવેલી, તે પંચ સ્લીપો આ કામે આંક–૧૭૪૨ થી ૧૭૪૮ સુધી રજૂ કરેલી છે તેમાં આ સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે સહીઓ ઓળખી બતાવે છે. આ ઉપરાંત આ સાહેદે એફ.એસ.એલ. અધિકારી અમૃતભાઈ વશરામભાઈની હાજરીમાં એ.એમ.ટી.એસ. બસ સ્ટેન્ડ નં.જીજે–૧–વીવી–૮૩૬૭ ની બાજુમાં પડેલા વાયરના ટુકડા તથા કપડાના ટુકડા બે પંચોની હાજરીમાં એફ.એસ.એલ. અધિકારીની સુચના મુજબ કબજે કરેલા અને તેનુ પંચનામુ બનાવેલુ તથા આ મુદ્દામાલ ઉપર પંચોની સહીઓવાળી સ્લીપ લગાવી તેને સીલ કરેલાં. આ કામે તે પંચનામુ આંક–૨૦૧૮ થી રજૂ છે તથા પંચ સ્લીપ આંક–૨૦૨૦(એ) થી રજૂ છે જેમાં આ સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો બનાવ સ્થળ ઉપર તેઓ પાંચથી દસ મિનીટમાં પહોંચી ગયેલા. ત્યારબાદ તેઓ બીજા બનાવ સ્થળ ઉપર પહોંચેલા. મણીનગર વિસ્તારમાં બનેલા ચારેય બનાવોવાળા વિસ્તારમાં આ સાહેદ વારાફરતી ગયેલા છે. પ્રથમ બનાવના સ્થળે પહોંચ્યા ત્યારે અન્ય પોલીસ અધિકારીઓ ત્યાં હાજર ન હતા તે કબૂલ કરે છે. પોલીસના માણસો

ચારેય બનાવ સ્થળ ઉપર આ સાહેદની સાથે હાજર રહેલા તેમ જણાવે છે. આ સાહેદની સમગ્ર ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ ગુના પુરતી ચોકકસ અને સ્પષ્ટ ઊલટતપાસ કરવામાં આવેલી નથી પરંતુ ચારેય ગુનાની ભેગી અને જનરલ ઊલટતપાસ કરેલી છે.

ત્યારબાદ અમરસીંગ ભીખુસીંગ નિમાવત પોલીસ ઈન્સ્પેકટર મણીનગરે બે પંચોની હાજરીમાં આંક–૧૭૪૧વાળુ ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરી જે મુદ્દામાલ કબજે કરેલો તે પંચનામાના પંચો પૈકીના પંચ મોન્ટુ દામોદર શર્માને સાહેદ નં.૩૩૫ તરીકે આંક–૧૭૪૦ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ તેઓ તેમના ગલ્લે રોકાયેલા હતા તે એટલે કે તા.૨૬/૦૭/૨૦૦૮ અને ૨૭/૦૭/૨૦૦૮ ની વચ્ચેની રાતે મણીનગર રેલવે સ્ટેશન પાસે આવેલ એ.એમ.ટી.એસ.ના બસ સ્ટેન્ડ પાસે બોલાવેલ. તે વખતે ત્યાં રૂટ નં. ૫૨/૨ વાળી બસ હતી. આ સાહેદ ત્યાં ગયા ત્યારે અન્ય એક વ્યક્તિ પ્રવિણભાઈ પણ ત્યાં હાજર હતા. આ સાહેદને તથા પ્રવિણને બોમ્બ ધડાકાવાળી જગ્યાના પંચનામામાં પંચ તરીકે રહેવા અંગે પુછતાં હા પાડેલી તથા પ્રવિણભાઈએ પણ હા પાડેલી. આ જગ્યાએ બે પંચો, પોલીસના માણસો તથા એક ચા વાળા જગદીશભાઈ મેણાનાઓ હાજર હતા. જે જગ્યાએ બોમ્બ ધડાકો થયેલો તે જગ્યાએ આ સાહેદને લઈ જઈ જગદીશભાઈએ જગ્યા બતાવેલી.

આ જગ્યા મણીનગર રેલવે સ્ટેશનની સામે આવેલી બસ સ્ટેશનની જગ્યા છે અને ત્યાં રૂપ કોમ્પલેક્ષની બાજુવાળી જગ્યા રૂટ નં. ૫૨/૨ વાળી બસનું બસસ્ટેન્ડ આવેલું છે. ત્યાં એક બસ ઉભેલી હતી. તે બસના બોડીના ભાગે કાણા પડેલા હતા. આ સિવાય એક કાળા રંગની સાઇકલ પડેલી હતી તેનું આગળનું વ્હીલ નીકળી ગયેલું હતું. સાઇકલના હેન્ડલ ઉપર એક થેલી હતી જે ફાટી ગયેલી હતી. સાઇકલની પાછળ ઘોડાનું ચિત્ર હતું તેની ઉપર ચેતક એવું કાંઈક લખેલું હતું. સાઇકલની પાસે નીચે જમીન પર છરા (પેલેટ) પડેલા હતા તથા તે જગ્યાએ વાયરના ટુકડા અને કપડાંના ટુકડા પડેલા હતા. પોલીસે બસ

ઉપરથી રૂ ઘસીને એક પદાર્થ લીધેલો તથા સાઇકલ ઉપરથી રૂ ઘસીને પદાર્થ લીધેલો. સાઇકલને પણ કપડાંમા બાંધી કબજે લીધેલી. આ સિવાય તે જગ્યા ઉપરથી માટી લીધેલી અને તે જગ્યાથી થોડેક દુર બીજી માટી પણ લીધેલી હતી. આ સિવાય સાઇકલના હેન્ડલ ઉપરથી થેલી પણ પોલીસે કબજે લીધેલી. એક પ્લાસ્ટિકની બ્લ્યુ રંગની થેલી હતી અને કાપડની થેલી કાળા રંગની હતી. થેલી નીચેના ભાગેથી ફાટી ગયેલી હતી. આ બધી વસ્તુઓ પૈકી સાઇકલ સિવાયની વસ્તુઓ પ્રથમ થેલીમાં પેક કરી પછી તેની ઉપર કાગળ વિંટાળી તેઓની સહીઓવાળી કાપલી મુકી સીલ કરેલી. સાઇકલને કપડામાં બાંધી સીલ કરી કબજે લીધેલી. આવી રીતે કુલ સાત પેકેટ એટલે કે એક સાઇકલનું અને બીજા છ પેકેટ તૈયાર કરી કબજે લીધેલ. આ રૂપ કોમ્પ્લેક્ષ પાસે શાક માર્કેટ છે ત્યાંથી મણીનગર રેલ્વે ક્રોસીંગ તરફ જવાય છે તથા રામબાગ તરફ જવાનો રસ્તો તે તરફથી જાય છે. જગદીશભાઈ મેણા જેઓ આ જગ્યાએ ચાની દુકાન ધરાવતા ચાવાળાને ત્યાં નોકરી કરતા હતા. આ પંચનામું રાત્રીનો સમય હોવાથી સ્થળ ઉપર આવેલ એક મોટા થાંભલા ઉપર લાઈટ હતી તેના અજવાળે કરેલું. આ તમામ વસ્તુઓ આ સાહેદની હાજરીમાં કબજે કરવામાં આવેલી, તેનુ પંચનામુ બનાવેલુ, જે આંક–૧૭૪૧ વાળા પંચનામામાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવી છે તથા આ સાહેદ તથા અન્ય પંચનાઓની સહીવાળી પંચ સ્લીપો તપાસ કરનાર અધિકારીએ બનાવીને મુદ્દામાલ ઉપર લગાવેલી તે પંચ સ્લીપો આ કામે આંક–૧૭૪૨ થી ૧૭૪૮ સુધી રજૂ કરેલી છે તે તમામ પંચ સ્લીપો ઉપર આ સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

હવે આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવી છે તે ધ્યાને લઈએ તો આ સાહેદ રાજસ્થાનના વતની છે તેમ જણાવેલ છે, તેઓ હિન્દી ભાષા જાણે છે. પરંતુ મારા મત પ્રમાણે તેઓ હિન્દી ભાષા જાણતા હોય પંચ તરીકે ન રહી શકે તેવો કોઈ નિયમ નથી. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતાં આ સાહેદ પંચનામુ થયુ ત્યારે ૩૦–૩૧ વર્ષના હતા ૨૪ વર્ષના ન હતા તેના જવાબમાં સાહેદે જણાવ્યુ છે કે ઉંમર શું હતી તે ખબર નથી. પરંતુ આ પ્રશ્ન

આરોપીઓ તરફથી પુછવામાં આવેલ હોય તેનો મતલબ એવો નથી કે આ પંચ બનાવટી કે ઉભા કરેલા પંચ છે. આ સાહેદને હિન્દી ભાષા સિવાય બીજી કોઈ ભાષા આવડતી ન હોય તેનો પણ અર્થ એવો નથી કે આ સાહેદ પંચ તરીકે કામગીરી કરી ન શકે. બનાવ બન્યા અંગેની નોંધ કે ડાયરી આ સાહેદ રાખતા નથી અને મારા મત પ્રમાણે રાખવાની પણ ન હોય કારણ કે આવી બધી બાબતોની રોજેરોજ કામગીરી કર્યા અંગેની કોઈ વ્યકિત ડાયરીઓ રાખતી હોતી નથી. ધડાકામાં લોકોમા નાસભાગ થયેલી તે તમે જોયેલાના જવાબમાં આ સાહેદ હા કહે છે. આમ બનાવવાળા સ્થળ ઉપર બોમ્બ ધડાકો થયેલો તે હકીકત માલુમ પડે છે.

શરૂઆતના તપાસ કરનાર અધિકારી અમરસીંગ ભુખુસીંગનાઓએ આ બનાવ પછી સ્થળ ઉપર એફ.એસ.એલ.ના અધિકારીને બોલાવેલા તે અધિકારી અમૃતભાઈ વશરામભાઈને સાહેદ નં.૮૩૦ તરીકે આંક–૫૫૬૬ થી તપાસેલા છે. તેઓની આ ગુના પુરતી સરતપાસ ધ્યાને લેતા તેઓને આ બનાવવાળા સ્થળ ઉપર બોલાવેલા અને આ સાહેદે ગુનાવાળી જગ્યાનું નિરીક્ષણ કરેલુ અને સ્થળ ઉપરથી નમૂનાઓ કબજે કરવાની આ સાહેદે તપાસ કરનાર અધિકારીને સુચના આપેલી. ત્યારબાદ આ સાહેદની સુચના પ્રમાણે તપાસ કરનાર અધિકારીએ બે પંચોની હાજરીમાં સ્થળ ઉપરથી જે કંઈ મુદ્દામાલ નમૂના પંચનામુ કરીને કબજે કરેલા તે પંચનામા પૈકીના પંચ પ્રવિણસિંહ ધીરૂસિંહ દરબારનાઓને સાહેદ નં.૩૫૧ તરીકે આંક–૨૦૧૭ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ પોલીસે તેમને મણીનગર એ.એમ.ટી.એસ. બસ સ્ટેન્ડ પાસે બોલાવેલા ત્યાં બીજા એક દિનેશભાઈ યાદવ પણ હતા અને ત્યાં એફ.એસ.એલ. અધિકારી પણ હતા અને એફ.એસ.એલ. અધિકારીની સુચના મુજબ મણીનગર એ.એમ.ટી.એસ. બસ સ્ટેન્ડમાં બસ નં.જીજે–૧–વીવી–૮૩૬૭ ઉભેલી હતી ત્યાં બસ સ્ટેન્ડ નજીકથી વાયરના ટુકડા તથા કપડાના ટુકડા જે જમીન ઉપર પડેલ હતા તે પંચનામાની વિગતે કબજે કરેલા અને પંચોની સહીવાળી સ્લીપ લગાડી તપાસ અર્થે કબજે

કરવામાં આવેલા. આ પંચનામુ આંક–૨૦૧૮ થી રજૂ છે તથા પંચ સ્લીપ આંક–૨૦૨૦(એ) થી રજૂ છે જેમાં આ સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ કામે સવજીભાઈ ભાણાજી ખરાડી પોલીસ સબઈન્સ્પેકટર મણીનગરનાઓને આ કામે સાહેદ નં.૫૪૨ તરીકે આંક–૨૯૯૪ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ આ સાહેદે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાહેદ અમરસીંગ ભીખસીંગનાઓએ પંચનામુ કરી સ્થળ ઉપરથી મુદ્દામાલ કબજે કરેલો હતો ત્યારબાદ તે જગ્યાની જાળવણી કરવામાં આવેલી હતી. તા.૨૭/૭/૨૦૦૮ના રોજ આ સ્થળ ઉપર બીજા એફ.એસ.એલ. અધિકારી જે.કે.પટેલનાઓ આવેલા અને તેમને બનાવવાળી જગ્યાની ફેરતપાસ કરેલી અને ફેરતપાસ દરમ્યાન જે મુદ્દામાલ મળી આવેલો તે આ સાહેદને સોંપેલો અને તે મુદ્દામાલ આ સાહેદે પોલીસ ઈન્સ્પેકટર અમરસીંગ ભીખુસીંગ સમક્ષ રજૂ કરેલો તેમ જણાવે છે.

તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ બનાવવાળી જગ્યાની ફેર તપાસ કરનાર અધિકારી જશુભાઈ કરસનભાઈ પટેલનાઓને આ કામે સાહેદ નં.૧૧૩૨ તરીકે આંક–૮૧૨૭ થી તપાસવામાં આવેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો મણીનગર ફસ્ર્ટ ગુના રજીસ્ટર નં.૨૦૫/૦૮ ની ગુનાવાળી જગ્યા ઉપર ગયેલાં. જયાં મણીનગર એ.એમ.ટી.એસ. બસ સ્ટેન્ડમાં ઉત્તર બાજુ પડેલ એ. એમ.ટી.એસ. બસ નં.GJ–VV–8367 ની બાજુમાં બસ સ્ટેન્ડ નજીકથી વાયરના ટુકડા તથા કપડાના ટુકડા કબ્જે કરવા તપાસ અધિકારીને સુચના આપેલી અને તે અંગેનો સ્થળ નિરીક્ષણનો જે અહેવાલ આપેલો તે આંક–૮૧૨૮ થી રજૂ છે જેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આરોપીઓ તરફથી આ સાહેદની ઊલટતપાસ કરવામાં આવેલ છે તે ધ્યાને લેતા અમદાવાદમાં થયેલ સીરીયલ બોમ્બ બ્લાસ્ટનાં ઘણા બનાવોવાળી જગ્યા ઉપર તેઓ સ્થળ નિરીક્ષણ કરવા ગયેલા અને ઘટના સ્થળેથી મુદ્દામાલ કબજે કરવા માટે સુચના આપેલી. આરોપીઓ દ્વારા આ સાહેદની જનરલ ઊલટતપાસ થયેલી છે અને કોઈ ચોકકસ

ગુના માટે ઊલટતપાસ કરવામાં આવેલી નથી અને આ સાહેદે જે કામગીરી કરેલ તે વિશે પુછવામાં આવેલ છે. આ સાહેદની સમગ્ર ઊલટતપાસ ધ્યાને લેતા આ બનાવવાળા સ્થળ ઉપર જઈને આ સાહેદે સ્થળનું નિરીક્ષણ કરેલ નથી કે તપાસ કરનાર અધિકારીને સ્થળ ઉપરથી વાયરો તથા કપડાના ટુકડા કબજે કરવાની સુચના આપી નથી તેવી હકીકત નીકળી આવતી નથી.

તપાસ કરનાર અધિકારીએ ગુનાવાળી જગ્યા ઉપરથી જે મુદ્દામાલ આંક–૧૭૪૧ તથા ૨૦૧૮ ના પંચનામાઓના આધારે કબજે કરેલો તે મુદ્દામાલ રવાનગી નોંધ સાથે એફ.એસ.એલ. ગાંધીનગરને પૃથક્કરણ માટે મોકલી આપેલો. આ રવાનગી નોંધ આ કામે આંક–૩૪૫૪ થી રજૂ કરેલી છે. આ રવાનગી નોંધમાં જણાવ્યા મુજબના કુલ આઠ નમૂના માર્ક–એ થી માર્ક–એચ સુધીના એફ.એસ.એલ. ગાંધીનગરને તપાસ અર્થે મોકલેલા છે. આ રવાનગી નોંધમાં સાહેદ અમરસીંગ ભીખુસીંગનાઓએ પોતાની આંક–૩૪૪૮ ની જુબાનીમાં પોતાની સહી ઓળખી બતાવી છે. હવે આ મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારી ગૌરીદત્ત દયાનિધિ શર્માને સાહેદ નં.૮૪૯ તરીકે આંક–૫૯૦૮ થી તપાસેલા છે. એફ.એસ.એલ. દ્વારા મુદ્દામાલ સ્વીકારાયા અંગેની જે પહોંચ આપવામાં આવેલી તે પહોંચ આ કામે આંક–૫૯૨૨ થી રજૂ કરેલી છે, જેમાં મદદનીશ નિયામક એફ.એસ.એલ. ગાંધીનગરનાઓની સહી છે. આ સાહેદની આ ગુના પુરતી સરતપાસ ધ્યાને લઈએ તો તા.૩૦/૭/૨૦૦૮ ના રોજ મણિનગર પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૫/૦૮ ના કામનો મુદ્દામાલ રવાનગી નોંધ સાથે આ સાહેદને પૃથક્કરણ માટે સોંપવામાં આવેલો. સદર રવાનગી નોંધમાં જણાવ્યા મુજબના માર્ક–એ થી એચ સુધીના કુલ–૮ સીલબંધ પેકેટ પોલીસ ઇન્સ્પેકટર મણીનગર પોલીસ સ્ટેશન તરફથી મળેલ હતા તે પૈકી જે નમૂનાઓનું પૃથક્કરણ તેમના દ્વારા કરવામાં આવેલું તે મુજબ...

– માર્ક–એ સાઇકલના ગવન્ડરના ભાગે ભરાવેલ કાપડની ડાર્ક બ્લ્યુ કલરની થેલી જે ફાટેલી છે તે તથા કપડાના ટુકડાઓ તથા એક

સીલ્વર કલરની પ્લાસ્ટિકની થેલી જે પણ ફાટેલી તથા બળેલી હાલતમાં છે તે.

– માર્ક–બી એક કાળા રંગની જૂની સાઇકલ જેના ઉપર કોઈ કંપનીનો માર્કો લગાડેલો નથી જે સાઇકલના આગળના ભાગની ફ્રેમ તથા તેનો ચીપીયો બેન્ડ વળી ગયેલ છે અને આગળનું વ્હીલ છુટુ પડી ગયેલ છે, સાઇકલના પાછળના પંખા ઉપર લગાડેલ એલ્યુમીનીયમના પતરામાં ગ્લોબ સાઇકલ ઈન્ડસ્ટ્રીઝ ચેતક જેવુ વંચાય છે, ગવન્ડરના ઉપર પદાર્થ ચોંટેલ છે.

આ સાહેદને ઉપર નમૂનાઓનું પ્રમાણિત, રાસાયણિક તથા ઉપકરણીય પધ્ધતિઓ વડે પૃથક્કરણ કરેલું અને પૃથક્કરણના પરિણામ મુજબ...

(૧) નમૂના માર્ક એ, બી, સી, ડી, એફ તથા માર્ક એચ ના નમૂનાઓ માંથી એમોનિયમ, નાઈટ્રેટ, નાઈટ્રાઈટ મૂલકો તથા પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન ઓઈલ (પેરાફીન ઓઈલ પ્રકાર) ની હાજરી શોધાયેલ છે.

(૨) નમૂના માર્ક–ઈ તથા માર્ક–જી માંથી કોઈપણ વિસ્ફોટક (પદાર્થ)ના ઘટકોની હાજરી મળેલ નથી.

ઉપરોકત નમૂનાઓનું પૃથક્કરણ કર્યા બાદ આ સાહેદે આપેલ અભિપ્રાય પ્રમાણે...

૧. પૃથક્કરણના પરિણામમાં શોધાયેલ એમોનિયમ નાઈટ્રેટ તથા પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સ ઓઈલ એ એમોનિયમ નાઈટ્રેટ બેઝ એમોનિયમ નાઈટ્રેટ–ફ્યુઅલ ઓઈલ (એનફો)હાઈએક્ષપ્લોસીવના ઘટકો છે.

તેમજ ભૌતિકશાસ્ત્ર વિભાગનો અહેવાલ અલગથી મોકલી આપવામાં આવશે તેમ આ સાહેદે જણાવેલ. આ સાહેદે કરેલ પૃથક્કરણ અંગેનો અહેવાલ તૈયાર કરીને તેમાં આ સાહેદે સહી કરીને તેમની કચેરીના નાયબ

નિયામકશ્રીના ફોરવર્ડીંગપત્ર સાથે સંબંધિત પોલીસ સ્ટેશનને મોકલવામાં આવેલા. આ સાહેદે જે અહેવાલ તૈયાર કરેલો તે આ કામે આંક–૫૯૨૩થી રજૂ કરેલો છે જેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ કામે અન્ય મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારી સમીર સુભાષચંદ્ર જોષીને સાહેદ નં.૧૧૧૨ તરીકે આંક–૭૯૫૨થી તપાસેલ છે. તેઓની આ ગુના પુરતી સરતપાસ ધ્યાને લઈએ તો રવાનગી નોંધ આંક–૩૪૫૪ થી મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૫/૨૦૦૮ નાં કામનો જે મુદ્દામાલ પૃથક્કરણ અર્થે એફ.એસ.એલ. ગાંધીનગરને મળેલ તે મુદ્દામાલ પૈકીનો અમુક મુદ્દામાલનું પરીક્ષણ એમ.એન.જોષીએ કરેલુ પરંતુ તેઓ અમેરીકા મુકામે સ્થાઈ થયેલ હોવાથી આ સાહેદે તેઓ વતી જુબાની આપેલ છે. તેઓની સરતપાસ આ ગુના પુરતી ધ્યાને લઈએ તો શ્રી એમ.એન.જોષીએ જે નમૂનાનું પૃથક્કરણ કરેલુ તે મુજબ...

- માર્ક–સી સાઇકલ ઉપર રૂ નું પુમડુ ઘસીને લીધેલી કાળી મેશ.
- માર્ક–ડી એ.એમ.ટી.એસ. બસની જમણી બોડીના ભાગે પડેલ કાણાના ભાગે ઘસીને લીધેલ રૂ.
- માર્ક–ઈ કન્ટ્રોલ રૂ.
- માર્ક–એફ ગુનાવાળી જગ્યાની માટી.
- માર્ક–જી કન્ટ્રોલ માટી.
- માર્ક–એચ વાયરના ટુકડા.

ઉપરોકત નમૂનાઓનું પૃથક્કરણ કરતા પ્રયોગશાળામાં નમૂના–બી (સાઇકલ અને તેની ઉપરના હીટ માર્ક) અને નમૂનો–એચ (વાયર અને કાપડનો ટુકડો) નું બાહ્ય દ્રષ્ટિ વિષયક ભૌતિક પરીમાણનું માપન મેગ્નીફાઈન લેન્સ, મલ્ટિમીટર અને સુક્ષ્મદર્શક યંત્રમાં પરીક્ષણ કરેલુ તે મુજબ...

- માર્ક–બી ની સાઇકલ ઉપર પડેલ હીટ માર્ક તથા સદર સાઇકલને થયેલ નુકસાન બોમ્બ વિસ્ફોટના કારણે થઈ શકે.
- માર્ક–એચ ના વાયરમા વીજ પ્રવાહ પસાર થઈ શકે છે.

આ મુજબનો શ્રી એમ.એન.જોષીએ જે અહેવાલ આપેલો તે આ કામે આંક–૭૯૫૫ થી રજૂ કરેલો છે જેમાં આ સાહેદે શ્રી એમ.એન.જોષીની સહી ઓળખી બતાવેલી છે.

ત્યારબાદ આ કામે તપાસ કરનાર અધિકારી શ્રી એમ.જે.ચાવડા નાયબ પોલીસ અધીક્ષક, તપાસ ટીમ, ક્રાઈમબ્રાન્ચ અમદાવાદનાઓએ બનાવ બાદ બનાવવાળી જગ્યા ઉપર નકશો બનાવવા માટે સિટી મામલતદારશ્રી, કલેકટર કચેરી અમદાવાદને એક યાદી લખેલી જે યાદી આ કામે આંક–૩૩૯૩ થી રજૂ કરેલી છે અને તેઓની સહી તપાસ ટીમના નાયબ પોલીસ અધીક્ષકશ્રી એમ.જે.ચાવડાનાઓએ સાહેદ નં.૧૧૬૩ તરીકે તપાસેલ છે તેઓએ તેઓની જુબાનીમાં ઓળખી બતાવેલી છે.

આંક–૩૩૯૩ વાળી યાદીના આધારે સર્કલ ઓફિસર સોમાભાઈ ગોવિંદભાઈનાઓએ ગુનાવાળી જગ્યા ઉપર જઈ નકશો બનાવેલો તેઓને આ કામે સાહેદ નં.૬૯૧ તરીકે આંક–૩૩૮૬ થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ પ્રમાણે તેઓને તપાસ કરનાર અધિકારી શ્રી એમ.જે.ચાવડા દ્વારા મણીનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં એ.એમ.ટી.એસ. બસ સ્ટેન્ડ ખાતે બોમ્બ બ્લાસ્ટ થયેલો તે જગ્યા ઉપર જઈ નકશો બનાવવા માટેની યાદી મળેલી તે આંક–૩૩૯૩ ની યાદી મળ્યા બાબતે યાદી ઉપર તેમને પોતાની સહી ઓળખી બતાવી છે અને તે યાદીના આધારે સ્થળ ઉપર જઈ નકશો બનાવેલો તે નકશો આ કામે આંક–૩૩૯૪ થી રજૂ કરેલો છે. જેમા આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

(૩૬.૦૧) <u>અમદાવાદ શહેરના મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૫/૨૦૦૮ ના કામે ઈજા પામેલ વ્યકિત બાબતે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકનઃ–</u>

મણીનગર પોલીસ સ્ટેશનના આ બનાવમાં જગદીશભાઈ ભેરાજી મેણાનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૧૫ તરીકે આંક–૫૩૩ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ થયેલ

બોમ્બ બ્લાસ્ટમાં તેઓને જમણા હાથે તથા મોઢા ઉપર ઈજા થયેલી જેથી તેઓને એલ.જી. હોસ્પિટલ અમદાવાદ ખાતે સારવાર માટે લઈ ગયેલા. તેઓએ જે સારવાર કરાવેલી તે સારવારનું પ્રમાણપત્ર આરોપીઓ તરફથી કબૂલ કરવામાં આવતા તે પ્રમાણપત્રને આંક–૭૧૩૩ આપવામાં આવેલો છે અને તેમાં ડૉકટરશ્રીની સહી છે.

(૩૬.૦૨) <u>અમદાવાદ શહેરના મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૫/૨૦૦૮ ના કામે બનાવને સમર્થન માટે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકનઃ–</u>

મણીનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં મણીનગર એ.એમ.ટી.એસ. બસ સ્ટેન્ડ પાસે જાહેર રોડ ઉપર જે બોમ્બ બ્લાસ્ટ થયેલો છે તે માટે ફરિયાદપક્ષ દ્વારા પ્રહલાદભાઈ અમરનાથ પંજાબીને સાહેદ નં.૭૧૬ તરીકે આંક–૩૪૮૯ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ મણીનગર જુના શાક માર્કેટ પાસે અનિલ રસ સેન્ટર નામની દુકાન ધરાવે છે અને બનાવના દિવસે ચાની કીટલી ઉપર નોકરી કરતા જગદીશ મેણાને બોમ્બ ધડાકામાં ઈજા થયેલી તેમ જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી પ્રમોદભાઈ દુર્ગારામ શર્માને સાહેદ નં.૭૧૯ તરીકે આંક–૩૪૯૬થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ રીપુ ફેશન નામની દુકાન ધરાવે છે અને બનાવના દિવસે ચાની કીટલી ઉપર નોકરી કરતા જગદીશ મેણાને બોમ્બ ધડાકામાં ઈજા થયેલી તેમ જણાવેલ છે. આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલ છે તે ધ્યાને લેતાં બનાવ વખતે આ સાહેદ પોતાની દુકાનમાં બેઠેલા હતા તે કબૂલ કરે છે. બનાવ વખતે અંધારૂ હતુ તે પણ કબૂલ કરે છે. આ સાહેદ દુકાનમાંથી બહાર આવ્યા ત્યારે બનાવના સ્થળ ઉપર ઘણા માણસો ભેગા થઈ ગયેલાનું કબૂલ કરે છે. આરોપીઓ તરફથી આ કબૂલાત્મક પ્રશ્ન પુછવામાં આવેલો છે તેનો અર્થ એવો થાય કે બનાવ બનેલો જ છે. ધડાકો શાના કારણને થયેલો તે આ સાહેદ કહી શકે તેમ નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી ખુશાલભાઈ ભીમજીભાઈ રાણાને સાહેદ નં.૭૦૯ તરીકે આંક–૩૪૭૩ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ મણીનગર બસ સ્ટેન્ડ આગળ અત્તરની દુકાન ધરાવી વેપાર ધંધો કરે છે. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાંજના સમયે તેમની દુકાન નજીક ઉભેલી બસ નં.પર/૨ ની પાસે ધડાકો થતા બસને નુકસાન થયેલાનું જણાવેલ છે. આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલ છે તે ધ્યાને લેતાં બસના કાણા કેટલા મોટા હતા તેની ખબર નથી. બસમાં પડેલા કાણા સિવાય બીજુ કોઈ નોંધવા જેવુ જોયેલુ નહીં તે કબૂલ કરે છે. આરોપીઓ તરફથી પુછવામાં આવેલ આ પ્રશ્ન ધ્યાને લેતા એ.એમ.ટી.એસ. બસને બોમ્બ બ્લાસ્ટના કારણે કાણા પડેલ હતા તેવુ માલુમ પડે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી રીતેશભાઈ ચંદ્રપ્રકાશ જૈનને સાહેદ નં.૭૦૮ તરીકે આંક–૩૪૭૨થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ મણીનગર જુના શાક માર્કેટ પાસે પીન્ક જયુસ સેન્ટર નામની દુકાન ધરાવે છે અને બનાવના દિવસે ચાની કીટલી ઉપર નોકરી કરતા જગદીશ મેણાને બોમ્બ ધડાકામાં ઈજા થયેલી તેમ જણાવેલ છે. આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલ છે ધ્યાને લેતાં પોલીસને એવી હકીકતની સ્પષ્ટતા કરેલી નથી કે બોમ્બ ધડાકો બસ સ્ટેન્ડથી દુકાન તરફ કે બસ સ્ટેન્ડથી રેલવે સ્ટેશન તરફ થયેલો. પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદ એક સામાન્ય વ્યકિત છે, મણીનગરના આ વિસ્તારમાં બોમ્બ ધડાકો થયેલો તેવી હકીકત પોલીસને જણાવેલી છે કઈ તરફ થયેલો તે હકીકત જણાવી ન હોય તેથી કરીને ધડાકો થયો નથી તેવુ કહી શકાય નહીં. વધુ ઊલટતપાસ ધ્યાને લેતાં આ સાહેદ પોતાની દુકાનેથી નીકળ્યા ત્યાં સુધી પોલીસની કાર્યવાહી થયેલી નહીં તે કબૂલ કરે છે પરંતુ મારા મત પ્રમાણે પોલીસને જાણ થાય, જવાબદાર અધિકારી સ્થળ ઉપર આવે ત્યારપછી કાર્યવાહી થાય. દુકાન બંધ કરીને જતી વખતે સરનામુ કે મોબાઈલ નંબર પોલીસને આપેલ નથી તે કબૂલ કરે છે પરંતુ મારા મત પ્રમાણે મોબાઈલ નંબર અને સરનામુ પોલીસને આપવુ જ જોઈએ તેવી કાયદામાં

જોગવાઈ નથી કારણ કે બનાવની તપાસ, તપાસ કરનાર અધિકારીએ કરવાની હોય છે. પોલીસ સરનામા અને ફોન નંબર મેળવી લેતી હોય છે. સાહેદોના જવાબો નોંધવાની કાર્યવાહી કરવી તે ફરજ તપાસ કરનાર અધિકારીની છે

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી બિહારીભાઈ ઓમકારભાઈ શર્માને સાહેદ નં.૭૧૦ તરીકે આંક–૩૪૭૪ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ મણીનગર બસ સ્ટેન્ડ પાસે ભોલેનાથ પાન સેન્ટર નામની દુકાન ધરાવે છે અને વેપાર ધંધો કરે છે અને બનાવના દિવસે ચાની કીટલી ઉપર નોકરી કરતા જગદીશ મેણાને બોમ્બ ધડાકામાં ઈજા થયેલી તેમ જણાવેલ છે. આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલ છે તે ધ્યાને લેતાં ધડાકો કેવી રીતે થયેલો તે આ સાહેદે જોયેલુ નહીં, ધડાકો થયા પછી ૧૫–૨૦ મિનિટમાં આ સાહેદ દુકાન બંધ કરીને જતા રહેલાનું જણાવે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી રોહીતભાઈ મનુભાઈ ઠક્કરને સાહેદ નં.૭૩૫ તરીકે આંક–૩૫૨૦ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ ઠક્કર પેપર સ્ટોર્સ નામની દુકાન ધરાવી વેપાર ધંધો કરે છે અને બનાવના દિવસે ચાની કીટલી ઉપર નોકરી કરતા જગદીશ મેણાને બોમ્બ ધડાકામાં ઈજા થયેલી તેમ જણાવેલ છે. આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલ છે તે ધ્યાને લેતાં બનાવ પછી ૪–૫ દિવસો સુધી પોલીસમાં સ્વેચ્છાએ બનાવ સંબંધી કોઈ જાહેરાત કરી નથી તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે આવા બનાવ બને ત્યારે સામાન્ય રીતે સામાન્ય લોકો કે નાગરીકો પોલીસ સ્ટેશને સ્વેચ્છાએ જતા નથી. વધુ ઊલટતપાસ ધ્યાને લેતાં બનાવમાં કોને ઈજા થયેલી તે આ સાહેદ જાણતા નથી તો તે હકીકત નકારી છે. બનાવના નુકસાન થયુ નથી તેની તપાસ કરેલી નથી તો તે હકીકત પણ આ સાહેદે નકારી છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી મનોજભાઈ ઘનશ્યામભાઈને સાહેદ નં.૭૩૮ તરીકે આંક–૩૫૨૪ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ મણીનગર બસ સ્ટેન્ડ પાસે રીતુ ફેશન નામની

દુકાન ધરાવી વેપાર ધંધો કરે છે અને બનાવના દિવસે ચાની કીટલી ઉપર નોકરી કરતા છોકરાને બોમ્બ ધડાકામાં ઈજા થયેલી તેમ જણાવેલ છે. આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલ છે તે ધ્યાને લેતાં તા.૨૬/૭/૨૦૦૮ થી તા.૩૧/૮/૨૦૦૮ સુધી પોલીસમાં સ્વેચ્છાએ બનાવ સબંધી કોઈ જાહેરાત કરી નથી તે કબૂલ કરે છે. પરંતુ આવા બનાવ બને ત્યારે સામાન્ય રીતે સામાન્ય લોકો કે નાગરિકો પોલીસ સ્ટેશને સ્વેચ્છાએ જતા નથી તેથી કરીને બનાવ બન્યો નથી તેમ કહેવાય નહિ.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી અશોક પ્રેમજીભાઈ ઠક્કરને સાહેદ નં.૭૨૯ તરીકે આંક–૩૫૦૯ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ મણીનગર બસ સ્ટેન્ડ પાસે કેળાની લારી ધરાવી વેપાર ધંધો કરે છે અને બનાવના દિવસે ચાની કીટલી ઉપર નોકરી કરતા જગદીશભાઈને બોમ્બ ધડાકામાં ઈજા થયેલી તેમ જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી પ્રમોદભાઈ છબીલદાસ પરમારને સાહેદ નં.૭૨૭ તરીકે આંક–૩૫૦૭થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ મણીનગર બસ સ્ટેન્ડ પાસે કટલરીની દુકાન ધરાવી વેપાર ધંધો કરે છે અને બનાવના દિવસે સાઇકલ ઉપર બોમ્બ ધડાકો થયેલો અને નાસભાગ થયેલી જેમાં ચાની કીટલી ઉપર નોકરી કરતા જગદીશભાઈને બોમ્બ ધડાકામાં ઈજા થયેલાનું જણાવેલ છે.

આમ, મણીનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં મણીનગર એ.એમ.ટી.એસ. બસ સ્ટેન્ડ પાસે જાહેર રોડ ઉપર તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ કલાક ૧૮.૪૫ વાગે સાઇકલ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલો અને આ બોમ્બ બ્લાસ્ટમાં એક માણસને ઈજા થયેલી તથા એ.એમ.ટી.એસ. બસને કાંણા પડેલાની તે હકીકત ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા ઉપરોકત તમામ પુરાવા ઉપરથી સાબીત થાય છે તેમ હું માનુ છું.

(૩૭) **<u>અમદાવાદ શહેરના મણીનગર પોલીસ સ્ટેશનની હકુમતના વિસ્તારમાં સાઇકલ ઉપર બોમ્બ પ્લાન્ટેશન કરી બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલ તે બનાવ પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન.</u>**

- વિસ્તાર:- મણીનગર પોલીસ સ્ટેશનની હદમાં
- સ્થળ:- મણીનગર એલ.જી. હોસ્પિટલના કમ્પાઉન્ડ ગેટ નં.૨ ની પાસે અંદરના ભાગે.
- તારીખ:- ૨૬/૭/૨૦૦૮
- સમય:- કલાક ૧૯.૪૫ (સાંજે)
- ગુના રજીસ્ટર નં.ફર્સ્ટ ૨૦૬/૨૦૦૮
- મરણ જનારની સંખ્યા:- નથી
- ઈજા પામનારની સંખ્યા:- સાત
- બનાવમાં વપરાયેલ વાહનઃ- મારૂતિ ૮૦૦ કાર જેનો સાચો નં.એમએચ-૦૫-એચ-૫૭૬૪ હતો અને ખોટો નં.જીજે-૧-એચએફ-૫૭૬૪

તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ મણીનગર પોલીસ સ્ટેશનની હકુમતમાં આવેલ વિસ્તાર મણીનગર એલ.જી. હોસ્પિટલના કમ્પાઉન્ડ ગેટ નં.૨ ની પાસે અંદરના ભાગે ઉપર મારૂતિ-૮૦૦ કારમાં બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલો. તેની ફરિયાદ કૃષ્ણકાંત મંગળદાસ ચૌધરીનાઓએ સીનીયર પોલીસ ઇન્સ્પેકટર મણીનગર પોલીસ સ્ટેશન સમક્ષ લખાવેલી. આ ફરિયાદીને ફરિયાદપક્ષ દ્વારા સાહેદ નં.૫ તરીકે આંક-૪૯૯ થી તપાસવામાં આવેલા છે. તેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે ૨૦૦૮ ની સાલમાં મણીનગર એલ.જી. હોસ્પિટલ ખાતે બિલ્ડિંગ સર્વેયર તરીકે ફરજ બજાવતા હતા ત્યારે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાંજના કલાક ૬.૪૫ વાગે મણીનગર ખાતે અમદાવાદ શહેરમાં બોમ્બ બ્લાસ્ટ થયા છે તો તમે ગેટ નં.૨ ખાતે હાજર રહો તેવો સંદેશો મળેલો જેથી આ સાહેદ ગેટ નં.૨ નજીક આવેલા ઈમરજન્સી વોર્ડ પાસે હાજર રહેલા. આ

વખતે ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરે ૧૦૮ એમ્બ્યુલન્સમાં આવતા દર્દીઓની સારવાર માટે સુચના આપેલી. સાંજના કલાક ૭.૪૫ વાગે ગેટ નં.૨ પાસે આ સાહેદ તથા સુપરવાઈઝર ભાઈલાલભાઈ ઉભા હતા ત્યારે પાર્કીંગમાં એક ધડાકો થયેલો તેના કારણે કમ્પાઉન્ડ વોલ તુટી ગયેલી, બે–ત્રણ બાઈકો સળગી ગયેલી. આ બોમ્બ ધડાકાના અવાજથી કાનમાં ધાક પડી ગયેલી અને આ સાહેદને કાનમાં ઈજા થયેલી જેની સારવાર આ સાહેદે એલ.જી. હોસ્પિટલમાં લીધેલી, આસપાસના લોકોને પણ ઈજાઓ થયેલી. આ મુજબની ફરિયાદ ફરિયાદીએ આપેલી જે આ કામે આંક–૫૦૦ થી રજૂ છે જેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

ફરિયાદી કૃષ્ણકાંત મંગળદાસ ચૌધરીનાઓએ ઉપરોકત ફરિયાદ જેની સમક્ષ લખાવેલી તે ફરિયાદ લેનાર અમરસીંગ ભીખુસીંગ નિમાવત હતા. તેઓને ફરિયાદપક્ષે આ કામે સાહેદ નં.૭૦૪ તરીકે આંક–૩૪૪૮ થી તપાસેલા છે. તેઓની આ ગુના પુરતી સરતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ મણીનગર પોલીસ સ્ટેશનમાં સને–૨૦૦૭ થી ૨૦૦૯ દરમ્યાન પોલીસ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ મણીનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં જુદી–જુદી ચાર જગ્યાઓ ઉપર બોમ્બ ધડાકા થયેલાની હકીકત તેમને જાણવા મળેલી, જેમાં ઘણા માણસોને ઈજા થયેલી. મણીનગર એલ.જી. હોસ્પિટલના કમ્પાઉન્ડ ગેટ નં.૨ ની પાસે અંદરના ભાગે થયેલ બોમ્બ ધડાકામાં ઈજા પામનાર કૃષ્ણકાંત મંગળદાસ ચૌધરી કે જેઓ એલ.જી. હોસ્પિટલમાં સર્વેયર તરીકે ફરજ બજાવતા હતા અને ઈજા થતા તેઓ સારવાર હેઠળ હતા. તેઓની પુછપરછ કરીને તેઓના લખાવ્યા મુજબની ફરિયાદ લખી લીધેલી. આ સાહેદે ફરિયાદીની જે ફરિયાદ લીધેલી તે આંક–૫૦૦ વાળી ફરિયાદમાં ફરિયાદીની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે. વધુમાં આ સાહેદના કહેવા પ્રમાણે સ્થળ ઉપર એફ.એસ.એલ. ટીમને બોલાવવાની તજવીજ કરેલી ત્યારબાદ ગુનાવાળી જગ્યાનું પંચનામુ પંચોની હાજરીમાં કરેલુ અને મુદ્દામાલ પંચાનામાની વિગતે પંચોની હાજરીમાં કબજે કરેલો અને તે મુદ્દામાલ

ઉપર પંચોની સહીઓવાળી સ્લીપો લગાવી તપાસ અર્થે કબજે કરેલ. જે પંચનામુ પંચોની હાજરીમાં બનાવેલુ તે આ કામે આંક–૨૦૩૬ થી રજૂ કરેલુ છે અને આ પંચનામા મુજબ બનાવવાળા સ્થળ ઉપરથી કુલ નવ પ્રકારનો મુદ્દામાલ કબજે કરેલો. આંક–૨૦૩૬ વાળા પંચનામામાં આ સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે. આ ઉપરાંત મુદ્દામાલ ઉપર લગાવેલી પંચ સ્લીપોમાં આ સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે, આ પંચ સ્લીપો આ કામે આંક–૨૦૩૯ થી ૨૦૪૫ સુધી રજૂ કરેલી છે. વધુમાં આ સાહેદના કહેવા પ્રમાણે કૃષ્ણકાંત મગળદાસનાઓએ લખાવેલી ફરિયાદ પી.એસ.ઓ. મણીનગરને પોતાના રીપોર્ટ સાથે મોકલી આપેલી જે રીપોર્ટ આ કામે આંક–૫૮૭ થી રજૂ કરેલો છે જેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

આ ફરિયાદ લીધા બાદ સાહેદ અમરસીંગ ભીખુસીંગે ગુનો રજીસ્ટર કરવા માટે પી.એસ.ઓ. મણીનગરને મોકલી આપેલી અને પી.એસ.ઓ. મણીનગરનાઓએ આ ફરિયાદને સ્ટેશન ડાયરીમાં રજીસ્ટર કરેલી, તે સ્ટેશન ડાયરીની નકલ આ કામે આંક–૫૮૩ થી રજૂ કરેલી છે. તે રજીસ્ટર કરનાર સાહેદ વિજયકુમાર શાંતારામ ચૌહાણનાઓને સાહેદ નં.૨૯ તરીકે આંક–૫૭૯ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લેતા તેઓ બનાવના દિવસે પી.એસ.ઓ. તરીકે મણીનગર પોલીસ સ્ટેશનમાં ફરજ ઉપર હતા ત્યારે એક સૂચિપત્ર વાધેલાની સહીથી મોકલવામાં આવેલુ અને ગુનો નોંધેલો તેને સ્ટેશન ડાયરી એન્ટ્રી નં.૩૭ આપેલી, ત્યારબાદ એફ.આઈ.આર. ફાડેલી. ત્યારબાદ આ સાહેદે આ ગુનાની વધુ તપાસ પોલીસ ઈન્સ્પેકટર મણીનગરને સોંપેલી તેનો હુકમ આંક–૫૮૩ ના રીપોર્ટ નીચે કરેલો છે જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવી છે.

આ કામે ફરિયાદી કૃષ્ણકાંત મંગળદાસ ચૌધરીની ઊલટતપાસ થયેલ છે તે ધ્યાને લઈએ તો આ સાહેદને લેબોરેટરી અને બગીચા પાસે ઉભા રહેવાની સુચના આપેલાનું કબૂલ કરે છે. ગેટ નં.૨ પાસે ઉભા રહેવાની સુચના

આપેલી ન હતી તો તે હકીકત નકારેલ છે. બોમ્બ ધડાકાના કારણે આ સાહેદના કાન સુનમુન થઈ ગયેલા અને સંભળાતુ ન હતુ જેથી સીધા સારવાર માટે હોસ્પિટલમાં ગયેલા તે કબૂલ કરે છે. આરોપીઓ તરફથી પુછવામાં આવેલા આ પ્રશ્નનો અર્થ જોઈએ તો એવુ કહી શકાય કે એલ.જી. હોસ્પિટલના ગેટ નં.૨ પાસે કારમાં બોમ્બ ધડાકો થયેલો જેના કારણે આ સાહેદના કાન સુનમુન થઈ ગયેલા હતા. કાન સુનમુન થઈ જવાથી આ સાહેદને પાંચ દિવસ સુધી સંભળાતુ ન હતુ. પાર્કીંગવાળી જગ્યાએ કોન્ટ્રાકટર કે તેના માણસો ચોવીસ કલાક ઉભા હોય છે તે હકીકત નકારેલી છે.

સાહેદ અમરસીંગ ભીખુસીંગની આરોપીઓ તરફથી થયેલી ઊલટતપાસ ધ્યાને લઈએ તો બનાવ સ્થળ ઉપર તેઓ પાંચથી દસ મિનિટમાં પહોંચી ગયેલા. ત્યારબાદ તેઓ બીજા બનાવ સ્થળ ઉપર પહોંચેલા. મણીનગર વિસ્તારમાં બનેલા ચારેય બનાવોવાળા વિસ્તારમાં આ સાહેદ વારાફરતી ગયેલા છે. પ્રથમ બનાવના સ્થળે પહોંચ્યા ત્યારે અન્ય પોલીસ અધિકારીઓ ત્યાં હાજર ન હતા તે કબૂલ કરે છે. પોલીસના માણસો ચારેય બનાવ સ્થળ ઉપર આ સાહેદની સાથે હાજર રહેલા તેમ જણાવે છે. આ સાહેદની સમગ્ર ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ ગુના પુરતી ચોકકસ અને સ્પષ્ટ ઊલટતપાસ કરવામાં આવેલી નથી પરંતુ ચારેય ગુનાની ભેગી અને જનરલ ઊલટતપાસ કરેલી છે.

હવે પી.એસ.ઓ. વિજયકુમાર શાંતારામ ચૌહાણની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલ છે તે ધ્યાને લેતા ફરિયાદ નોંધ્યા પછી ફરિયાદીને નકલ આપેલી નથી તે કબૂલ કરે છે. ફરિયાદ નોંધી તે અગાઉ આ બનાવ અંગેની કોઈ જાતની માહિતી નથી પરંતુ મારા મત પ્રમાણે ફરિયાદની નકલ ફરિયાદીને આપી નથી તેનો અર્થ એવો ન થાય કે આ બનાવની ખોટી ફરિયાદ નોંધેલી છે. આ સાહેદ પી.એસ.ઓ. તરીકે પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા જેથી સ્વાભાવિક છે કે મણીનગર એલ.જી. હોસ્પિટલ પાસે જે બનાવ બન્યો તે બનાવની ફરિયાદ ન લખાય ત્યાં સુધી અથવા બનાવની જાણ ન થાય ત્યાં સુધી આ સાહેદને માહિતી ન હોય.

ત્યારબાદ અમરસીંગ ભીખુસીંગ નિમાવત પોલીસ ઇન્સ્પેકટર મણીનગરે બે પંચોની હાજરીમાં આંક–૨૦૩૬ વાળુ ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરી જે મુદ્દામાલ કબજે કરેલો તે પંચનામાના પંચો પૈકીના પંચ રાજ ગૌરાંગભાઈ પુરોહીતને સાહેદ નં.૩૫૫ તરીકે આંક–૨૦૩૫ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ મણીનગર પોલીસ સ્ટેશનમાંથી તેઓને બોલાવવામાં આવેલા અને ત્યાંથી આ સાહેદ એલ.જી. હોસ્પિટલના કમ્પાઉન્ડમાં ગયેલા તેમની સાથે પાર્લરવાળા જગદીશભાઈ પણ આવેલા. પોલીસે એવુ જણાવેલુ કે ગઈકાલે બોમ્બ બ્લાસ્ટ થયેલ તે જગ્યાનું પંચનામુ કરવાનું છે જેથી સાહેદે ખુશી બતાવેલી. ત્યારબાદ ફરિયાદીએ બોમ્બ બ્લાસ્ટવાળી જગ્યા બતાવેલી જે એલ.જી. હોસ્પિટલના કમ્પાઉન્ડ ગેટ નં.૨ વાળી જગ્યા હતી. આ જગ્યાએ જોયુ તો એક ફન્ટી કાર સળગી ગયેલ હાલતમાં પડેલી હતી તથા તે તુટેલી ફુટેલી હાલતમાં હતી. ગાડીની સામેના ભાગે ચાળીસેક ફુટની દીવાલ પડી ગયેલ હતી, પાર્કીંગના થાંભલા અને શેડ તુટી ગયેલા હતા, આજુબાજુના ઝાડ સળગી ગયેલા હતા, સળગેલા પાંડદા આજુબાજુ સળગેલી હાલતમાં પડેલા હતા, ત્યાં બીજા ટુ વ્હીલર્સ પડેલા હતા જેને નુકસાન થયેલુ હતુ. બ્લાસ્ટ થયેલ ગાડીની નંબર પ્લેટ જોતા જીજે–૧–એચએફ–૫૭૬૪ હતો જે નંબર પ્લેટ વળી ગયેલી હતી તેનો "એચ" અક્ષર ખુલેલો હતો, બ્લાસ્ટ થયેલી જગ્યા ઉપર ગાડીનું એન્જીન પડેલ હતુ. આજુબાજુના વિસ્તારમાં ઈલેકટ્રીક વાયરના ટુકડા તથા સળગેલા કપડા, છરા, સ્પ્રીંગ તેમજ ચકકર પડેલા હતા. ગાડીથી થોડે દુર ગેસની બોટલ ફાટેલી હાલમાં હતી, તેની ઉપર અંગ્રેજીમાં "ગોલ્ડ કલીક" લખેલુ હતુ, ત્યાં એક મોપેડ બાઈક સળગી ગયેલુ પડેલ હતુ જે ઓ.પી.ડી. વિભાગ પાસે હતુ, ત્યાં એક સી.એન.જી. કીટ પડેલ હતી તથા ત્યાં બીજા વાહનોમાં એકટીવા અને બાઈક હતા તથા બીજી એક ફોર વ્હીલર ગાડી હતી તેનો કલર બળી ગયેલ હાલતમાં હતો. ત્યાંથી માટીના નમૂના લીધા હતા, પંચનામા દરમ્યાન બે–ત્રણ સાહેબો આવેલા હતા અને તેમને જગ્યાનું નિરીક્ષણ કરેલુ જે એફ.એસ.એલ.ના અધિકારી હતા અને તેમને પોલીસને અમુક વસ્તુઓ

લેવાની સુચનાઓ આપેલી. જગ્યા ઉપરથી ગોલ્ડ કલીકની બોટલ, નંબર પ્લેટ, ચેસીસ નંબરનું પતરૂ, માટીના નમૂના, છરા, સ્પ્રીંગ અને જીજે–૧–એચએફ વાળી નંબર પ્લેટ પ્લાસ્ટિકની થેલીમાં વાયરના નમૂના અને કપડા કબજે કરેલા. એફ.એસ.એલ. અધિકારીએ આ સાહેદની રૂબરૂમાં ગેસનો બોટલ કબજે લીધેલો, પંચોની સહી કરાવીને લાખથી સીલ કરેલ, નંબર પ્લેટ અને ચેસીસના પતરાને એક કપડામાં મુકી પંચોની સહીવાળી ચીઠ્ઠી મુકી સીલ કરેલુ, બીજા નમૂનાઓને અલગ–અલગ પેક કરી પંચોની સહીઓવાળી ચીઠ્ઠી મુકી સીલ કરેલુ. બોમ્બ વિસ્ફોટ થયો ત્યાંથી માટીના સેમ્પલ લીધેલા જે કપડામાં લપેટી પેક કરી સીલ કરેલા. બ્લાસ્ટ થયો તેની સામેની સાઈડે રોડ આવેલો છે, જમણી સાઈડે મેડીકલ સ્ટોર આવેલો છે વિગેરે વિગતનું પંચનામુ આ સાહેદની હાજરીમાં બનાવવામાં આવેલુ. આ તમામ વસ્તુઓ આ સાહેદની હાજરીમાં કબજે કરવામાં આવેલી, તેનુ પંચનામુ બનાવેલુ, જે આંક–૨૦૩૬ વાળા પંચનામામાં તથા આંક–૨૦૩૯ થી આંક–૨૦૪૫ વાળી પંચ સ્લીપોમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે. આ ઉપરાંત પંચનામાની વિગતે કબજે કરેલ તમામ મુદ્દામાલ અદાલત રૂબરૂ આ સાહેદને બતાવતા તે મુદ્દામાલ આ સાહેદ ઓળખી બતાવેલો છે.

હવે આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવી છે તે ધ્યાને લઈએ તો જે વસ્તુઓ ગુનાને લગતી હતી તે કબજે કરેલી તે હકીકત કબૂલ કરે છે. આરોપીઓ તરફથી આ પ્રશ્ન પુછવામાં આવેલો તેનો અર્થ એવો થાય કે આંક–૨૦૩૬ નાં પંચનામાની વિગતે જે વસ્તુઓ કબજે કરવામાં આવેલી તે વસ્તુઓ ગુનાને લગતી હતી. વધુ ઉલટતપાસ ધ્યાને લેતાં ભંગાર થઈ ગયેલી ગાડીનો રજીસ્ટ્રેશન નંબર જોઈ શકેલ નહીં તો તે હકીકત નકારેલી છે. સંપૂર્ણ બળી ગયેલ ગાડીનો રજીસ્ટ્રેશન નંબર લખવામાં આવેલ નથી તો તે હકીકત કબૂલ કરે છે. પંચનામા દરમ્યાન જે નંબર પ્લેટ બેન્ડ વળી ગયેલી હતી અને જેનો નં.જીજે–૧–એચએફ–૫૭૬૪ હતો તે પ્લેટના નંબરો છુટા પાડેલા નહીં તે કબૂલ કરે છે પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદે છુટા પાડવાના નથી તે કામ એફ.એસ.એલ. અધિકારી અને પંચનામુ કરનાર અધિકારીનું હતુ. પંચનામામાં

ગેસ સીલીન્ડરના ટુકડા થઈ ગયેલાની હકીકત લખાવેલી નથી તે કબૂલ કરે છે પરંતુ મારા મત પ્રમાણે ગેસ સીલીન્ડરના ટુકડા થયાની હકીકત લખાવેલી ન હોય તેથી કરીને ગેસ સીલીન્ડર મળેલો નથી કે ગેસ સીલીન્ડરનો ઉપયોગ થયેલો નથી તે કહી શકાય નહીં. વધુ ઊલટતપાસ ધ્યાને લેતાં વાહનોના ફોટા પાડવામાં આવેલા નથી તેમ જણાવે છે. વાહનના માલિકોને જોયેલા નથી. છરાની સંખ્યા કેટલી હતી તેની કોઈ ગણતરી કરેલી નહીં તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે બોમ્બ ધડાકો થવાથી છરા કેટલી સંખ્યામાં ઉડયા હોય અને કયાં કયાં પડયા હોય તે આ સાહેદ કહી શકે નહીં અને તેને ગણેલા પણ ન હોય અને જોયેલા પણ ન હોય જેથી આ પ્રશ્ન ઉડાઉ પ્રશ્ન કહી શકાય. હોસ્પિટલ બિલ્ડિંગ ઉપર કોઈ કાળાશ ન હતી તે કબૂલ કરે છે પરંતુ મારા મત પ્રમાણે બોમ્બ બ્લાસ્ટ થવાથી હોસ્પિટલની બિલ્ડિંગને કાળાશ થવી જ જોઈએ તેવુ નથી. પંચનામા વખતે સ્થળ ઉપર જે કંઈ વસ્તુઓની સ્થિતિ જોયેલી તેનુ સઘળુ વર્ણન પંચનામામાં કરેલુ છે તે કબૂલ કરે છે. જેથી આંક–૨૦૩૬ વાળા પંચનામામાં લખેલી હકીકત સાચી હોવાનું કહી શકાય.

શરૂઆતના તપાસ કરનાર અધિકારી અમરસીંગ ભુખુસીંગનાઓએ આ બનાવ પછી સ્થળ ઉપર એફ.એસ.એલ.ના અધિકારીને બોલાવેલા તે અધિકારી અમૃતભાઈ વશરામભાઈને સાહેદ નં.૮૩૦ તરીકે આંક–૫૫૬૬ થી તપાસેલા છે. તેઓની આ ગુના પુરતી સરતપાસ ધ્યાને લેતા તેઓને તા.૫/૮/૨૦૦૮ ના રોજ ક્રાઈમ બ્રાન્ચ તરફથી મણીનગર પોલીસ સ્ટેશનના ફ. ગુ. ર. નં.૨૦૬/૦૮ના કામે એલ. જી. હોસ્પિટલ ખાતે તપાસ માટે આવવાની યાદી મળેલી જે યાદી આ કામે આંક–૫૫૭૧ થી રજૂ છે. ત્યારબાદ ઉપરોક્ત બનાવ સ્થળે પહોંચતા તપાસ અધિકારીશ્રીએ બનાવ સંબંધિત તપાસ અંગેની યાદી સોંપેલ. ત્યારબાદ ગુનાવાળી જગ્યાએ વૈજ્ઞાનિક ઢબે ઝીણવટભરી રીતે સ્થળની તપાસ કરેલ જે જગ્યા એલ.જી.હોસ્પિટલમાં આવેલ ટ્રોમા સેન્ટરની સામે આવેલ હતી ત્યાં બગીચાને છોડીને ઉત્તરે આવેલ કંપાઉન્ડ વોલના આસરે પાંત્રીસ ફુટ જેટલો દિવાલનો ભાગ તુટેલ હતો. તેના ભાગો બહારની સાઈડે રોડ તરફ ઘસી

જઇને પડેલ હતા તથા તેની પાસે વિસ્ફોટ થયેલ ગાડીનો આગળનો એન્જીન તરફનો ભાગ છુટો પડેલ હતો. સદર છુટા પડેલ એન્જીનના ભાગે તપાસતા તેના પર F8BIN596786 નંબર જોવા મળેલ. સદર જગ્યાએ વરંડાની ભીતથી આસરે સાત ફુટ દસ ઇંચ દક્ષિણ તરફ ભોંયતળીયે આસરે બે ફુટના ગોળાકારમાં તથા અડધા ફુટની ઉંડાઈનો ક્રીએટર માર્ક જોવા મળેલ. સદર જગ્યાએથી પૂર્વ તરફ એક મારૂતી ગાડી જેનો એન્જીનનો ભાગ ઉત્તર તરફનો છે તથા તે સળગેલ છે. તથા તેના ઉપર વિસ્ફોટની અસરરૂપે ગાડીનું કેબીન દબાયેલ છે. આ જગ્યાની આસપાસ એક સ્પેલન્ડર બાઈક, બે એક્ટીવા સળગી ગયેલ પડેલા છે. જેમાંનું એક એક્ટીવા લગભગ સંપૂર્ણ તુટેલ છે. સદર જગ્યાએથી પશ્ચિમે સફેદ કલરની ગાડી નં. GJ-1-HS-7654 છે જેનો એન્જીનનો ભાગ દક્ષિણ દિશા તરફનો છે. સદર ગાડીની ડાબી સાઈડના પડખા પર વિસ્ફોટકના લીધે નાના મોટા અસંખ્ય કાણાઓ પડેલા દેખાય છે. તેમજ સદર ગાડીનું કેબીન પશ્ચિમ દિશા તરફ ઘસી ગયેલ છે. સદર જગ્યાએ આવેલ પતરાંનો પાર્કીંગ શેડ આસરે ૬૦ ફુટ જેટલો ઉખડીને પતરા સાથે પડેલ છે. સદર વિસ્ફોટની દક્ષિણે આસરે ૩૫ ફુટ ગાર્ડનમાં ગાડીનો પાછળનો ભાગ બ્લાસ્ટથી તુટીને પડેલ છે. તેમજ બ્લાસ્ટ થયેલ જગ્યાએથી આશરે ૧૨૦ ફુટ દુર દક્ષિણે ગાર્ડન છોડી હોસ્પિટલની દિવાલ પાસે ગાડીની ગેસકીટની ટાંકી તથા ગાડીના થોડા તુટેલા પતરા પડેલા છે. જે ટાંકી ઉપર ઈકોન ગેસ કીટ એલ.પી.જી. ટાંકીનો નંબર 09929T તથા બી નંબર C5031DT0205 અંગ્રેજીમાં લખેલ હતા તથા તેની બાજુમાં વાદળી રંગનું મોપેડ પડેલ હતું. જેનો ચેચીસ નંબર P1810F061380 વંચાય છે. આ તમામ મુદ્દામાલ એફ.એસ.એલ.ના પરિક્ષણ અર્થે કબજે કરાવેલ છે અને વધુ પરિક્ષણ માટે એફ.એસ.એલ. અમદાવાદ ખાતે મોકલવા ભલામણ કરેલ. આ મુજબનો જે અભિપ્રાય આપેલો તે આ કામે આંક-૫૫૭૨ થી રજૂ રાખેલ છે જેમાં સાહેદે તેમની તથા તેમના આસિસ્ટન્ટ ડાયરેક્ટર શ્રી એચ. ટી. મોદીની સહી ઓળખી બતાવેલ છે.

ત્યારબાદ એફ.એસ.એલ. અધિકારી ગૌરીદત્ત દયાનિધિ શર્માને સાહેદ નં.૮૪૯ તરીકે આંક–૫૯૦૮ થી તપાસલે છે. તેઓની આ ગુના પુરતી સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ આ સાહેદ મણીનગર પોલીસ સ્ટેશનની હદમાં આવેલ એલ.જી. હોસ્પિટલ કમ્પાઉન્ડ કે જે જગ્યાએ બોમ્બ વિસ્ફોટ થયેલ હતો ત્યાં ગયેલ હતા. ત્યાં તેઓને મણીનગર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર દ્વારા ફ.ગુ.ર.નં.૨૦૬/૨૦૦૮ ના કામે સ્થળ નિરીક્ષણ કરી અભિપ્રાય આપવા વિનંતી કરતો રીપોર્ટ આપવામાં આવેલ. આ સમયે તેમના નાયબ નિયામકશ્રી એમ. એસ. દહિયા પણ હાજર હતા. આ સ્થળની તેઓએ તા.૨૭/૭/૨૦૦૮ ના કલાક ૧૦.૩૦ થી મુલાકાત લીધેલી. તા.૨૬/૦૭/૨૦૦૮ ના રોજ કલાક ૧૯.૪૫ એ ઉપરોક્ત બનાવ સ્થળના કમ્પાઉન્ડમાં તાત્કાલિક સારવાર કેન્દ્રની બાજુમાં આવેલ પાર્કીંગમાં કારમાં વિસ્ફોટ થયેલ જે અંગે તેમને વિગતવાર તપાસ કરતા સદર કાર નં.GJ–1–HF–5764 જેની બોડી ઉપર અન્ય નંબર SB 308 IN 2315428 જણાયેલ. સદર કાર વિસ્ફોટથી તદ્દન ભંગારના રૂપમાં પરિવર્તન થયેલ. આશરે દસ ફુટ પર એક ગેસ સિલિન્ડર જે ફાટેલ જણાયેલ જેના પર GOLDEN KLICK માર્ક હતો. કારનો નંબર બોમ્બેનો હોવાનું પ્રાથમિક તપાસમાં જણાયેલ છે. જગ્યા પરથી નમૂનાઓ કબજે લીધેલ જેમાં...

(૧) ફાટી ગયેલ ગેસ સિલિન્ડર જે આશરે ૪ થી ૫ કિલોની ક્ષમતાનો જણાયેલ.

(૨) કાર પડેલ આસપાસ થી કપડાંના ટુકડાઓ કબજે લીધેલ.

(૩) અન્ય પ્લાસ્ટિકની થેલીમાં ઈલેકટ્રીક વાયર મળેલ જે કબજે લીધેલ.

સદર કાર ગેસ કીટની હોવાનું જણાયેલ જે કીટનો સિલિન્ડર આસરે ૧૦૦ ફુટ દુર હોસ્પિટલ તરફ પડેલો જોવા મળેલ. આ વિસ્ફોટથી બાજુમાં પાર્ક કરેલ કાર, સ્કૂટર વગેરેને ઘણુ જ નુકસાન જણાયેલ. ઉપરોક્ત નમૂના એફ.એસ. એલ.ને પૃથક્કરણ અર્થે મોકલવા સુચન કરેલ. આમ, આ સાહેદને મળેલ યાદી

આંક–૩૪૫૫ ના પાછળના ભાગે અહેવાલ આપેલો તેમાં સાહેદે તેમની સહી ઓળખી બતાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો જે વસ્તુઓ સ્થળ ઉપર હતી તેને કબજે કરવાની સુચના આપેલી. તપાસ કરનાર અધિકારીએ તે વસ્તુઓ તેમની હાજરીમાં કબજે કરેલ નથી તે કબૂલ કરે છે પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદે સ્થળ ઉપર જે વસ્તુઓ કબજે કરવાની સુચના આપેલી તે વસ્તુઓ તેમની હાજરીમાં જ કબજે કરવી જોઈએ તેવુ નથી. બનાવવાળા સ્થળે કેટલા પોલીસ અધિકારીઓ હાજર હતા તે આ સાહેદ કહી શકે તેમ નથી. આ સાહેદે બીજા બનાવોવાળી જગ્યાએ પણ તપાસ કરેલ હતી જેથી આરોપીઓ તરફથી જે ઊલટતપાસ થયેલી છે તે જનરલ ઊલટતપાસ થયેલી છે.

તપાસ કરનાર અધિકારીએ ગુનાવાળી જગ્યા ઉપરથી જે મુદ્દામાલ આંક–૨૦૩૬ ના પંચનામા આધારે કબજે કરેલો તે મુદ્દામાલ રવાનગી નોંધ સાથે એફ.એસ.એલ. ગાંધીનગરને પૃથક્કરણ માટે મોકલી આપેલો. આ રવાનગી નોંધ આ કામે આંક–૫૭૨૨ થી રજૂ કરેલી છે. આ રવાનગી નોંધમાં જણાવ્યા મુજબના કુલ નવ નમૂના માર્ક–એ થી માર્ક–આઈ સુધીના એફ.એસ.એલ. ગાંધીનગરને તપાસ અર્થે મોકલેલા છે. આ રવાનગી નોંધમાં સાહેદ અમરસીંગ ભીખુસીંગનાઓએ પોતાની આંક–૩૪૪૮ ની જુબાનીમાં પોતાની સહી ઓળખી બતાવી છે. હવે આ મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારી નૈમેષ મનુભાઈ સોનીને સાહેદ નં.૮૪૩ તરીકે આંક–૫૭૯૯ થી તપાસેલા છે. આ સાહેદની આ ગુના પુરતી સરતપાસ ધ્યાને લઈએ તો મણીનગર પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુના રજીસ્ટર નં. ૨૦૬/૨૦૦૮ ના કામનો મુદ્દામાલ રવાનગી નોંધ સાથે આ સાહેદને પૃથક્કરણ માટે સોંપવામાં આવેલો. સદર રવાનગી નોંધમાં જણાવ્યા મુજબ ચાર પાર્સલ જેવા કે...

(૧) પાર્સલ–એ ફાટી ગયેલ ગેસ સીલીન્ડર ચાર થી પાંચ કીલોની ક્ષમતાનો ગોલ્ડન કલીક માર્કાનો.

(૨) પાર્સલ–સી ઈલેકટ્રીક વાયર.

(૩) પાર્સલ–ડી પતરાની બે આર.ટી.ઓ. નંબર પ્લેટ જેના ઉપર અંગ્રેજીમાં જીજે–૧–એચસી–૩૬૬૪

(૪) પાર્સલ–ઈ આર.ટી.ઓ. નંબર પ્લેટ સફેદમાં કાળા અક્ષરોમાં જીજે–૧–એચએફ–૫૭૬૪ લખેલ છે જે નંબરો પ્લાસ્ટિકની લખેલ છે અને બેન્ડ વળી ગયેલ છે.

(૫) પાર્સલ–એફ સંપુર્ણ નષ્ટ પામેલી ફોર વ્હીલ ગાડીનું ચેસીસનું પતરૂ જેના ઉપર અંગ્રેજીમાં એસ.ડી.૩૦૮–આઈએમ૩૫૧૫૪૨૮ જેવુ વંચાય છે.

(૬) પાર્સલ–જી લોખંડના છરા તથા સ્પ્રીંગ તથા પ્લાસ્ટિકનું તુટેલુ અર્ધ ચક્ર

(૭) માર્ક–એચ ગુનાવાળી જગ્યાની માટી.

(૮) માર્ક–આઈ કન્ટ્રોલ માટી.

ઉપરોકત નમૂનાઓનું પૃથક્કરણ કરતા...

– નમૂનો–એ/૧ (ધાતુનું પતરૂ), નમૂનો–એ/૨ (ધાતુનું પતરૂ) એ ગેસ સીલીન્ડરના ભાગો હોવાનું માલુમ પડેલુ.

– નમૂનો–સી (વાયરના ટુકડા) ના વાયરમાં વિધુત પ્રવાહ પસાર થવાની શકયા જણાયેલી.

– નમૂનો–ડી/૧ (નંબર પ્લેટ) અને નમૂનો–ડી/૨ (નંબર પ્લેટ) પર અંગ્રેજીમાં જીજે–૧–એચસી–૩૬૫૬ સિવાય અન્ય કોઈ નંબર/આંકડા/અક્ષર જોવા મળેલા નહીં.

– નમૂનો–ઈ (નંબર પ્લેટ) પર આવેલ અંગ્રેજી નંબર/આંકડા/ અક્ષર જીજે–૦૧–એચએફ–૫૭૬૪ સિવાય અન્ય કોઈ નંબર/ આંકડા/અક્ષર જોવા મળેલા નહીં.

– નમૂનો–એફ (ધાતુની પ્લેટ/ચેસીસનું પતરૂ) પર આવે આંકડા/ અક્ષરો/નંબર એસબી૩૦૮આઈએન૨૩૧૫૪૨૮ સિવાય અન્ય કોઈ નંબર/આંકડા/અક્ષર જોવા મળેલા નહીં.

– નમૂનો–જી (છરા, સ્પ્રીંગ વિગેરે) માં આવેલ છરામાં લોખંડ તત્વની હાજરી જોવા મળેલી.

આ સાહેદે કરેલ પૃથક્કરણ અંગેનો અહેવાલ તૈયાર કરીને તેમાં આ સાહેદે સહી કરીને તેમની કચેરીના નાયબ નિયામકશ્રીના ફોરવર્ડીંગપત્ર સાથે સંબંધિત પોલીસ સ્ટેશનને મોકલવામાં આવેલો. આ સાહેદે જે અહેવાલ તૈયાર કરેલો તે આ કામે આંક–૫૮૦૩ થી રજૂ કરેલો છે જેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

વધુમાં નાયબ પોલીસ અધીક્ષક ક્રાઈમ બ્રાન્ચાઓએ રવાનગી નોંધ આંક–૫૮૧૨ થી (૧) ગાડીનો અસલ નં.એમએચ–૦૫–એચ–૫૭૬૪ જેની ઉપર નંબર પ્લેટ જીજે–૧–એચએફ બદલેલી તેનું મટીરીયલ, તેનુ કટીંગ, જાડાઈ વિગેરે સરખુ છે કે કેમ તથા (૨) ઉપરોકત ગાડીના કાળા કલરના પ્લાસ્ટિકના સ્ટીકરથી લગાવેલ મૂળ નંબર સદરહુ કારની લોખંડની સફેદ નંબર પ્લેટ ઉપર ચોંટાડવામાં આવેલ મૂળ નંબર ઉખાડી નાખ્યા અંગેના કોઈ ચિન્હો નંબર પ્લેટ ઉપર છે કે નહીં તેની તપાસ માટે મુદ્દામાલ પૃથક્કરણ માટે મોકલેલો. આ મુદ્દામાલ આ સાહેદના વિભાગને મળેલો તેની જે પહોંચ આપેલી તે આંક–૫૮૧૩ થી રજૂ છે જેમાં નાયબ નિયામકની સહી છે. આ સાહેદે ઉપરોકત નમૂનાઓનું જે પૃથક્કરણ કરેલુ જેમાં...

(૧) નમૂનો–ઈ (નંબર પ્લેટ) બાહ્ય દ્રષ્ટિ વિષયક સુક્ષ્મદર્શક યંત્રમાં યુવી લાઈટમાં, આઈઆર લાઈટમાં ઝીણવટભર્યું પરિક્ષણ કર્યું.

(૨) નમૂનો–ઈ (નંબર પ્લેટ) પર આવે આંકડા/અક્ષરો ઉખાડી ભૌતીકીય માપનો લેવામાં આવ્યા અને નંબર/આંકડા ઉખાડયા બાદ સદર નંબર પ્લેટનું ફરીથી બાહય દ્રષ્ટિ વિષયક સુક્ષમદર્શક યંત્રમાં યુવી લાઈટમાં, આઈઆર લાઈટમાં પરિક્ષણ કર્યું.

ઉપરોકત પરિક્ષણના અભિપ્રાય મુજબ...

(૧) નમૂનો–ઈ (નંબર પ્લેટ) પર આવે આંકડા/અક્ષરોની સાઈઝ (જીજે–૧–એચએફ) ની સાઈઝ (જાડાઈ) સદર નંબર પ્લેટ પર આવેલ આંકડા/અક્ષર ડીજીટ (૫૭૬૪) ના સાઈઝ જાડાઈ કરતા તફાવત જોવા મળેલ.

(૨) નમૂનો–ઈ (નંબર પ્લેટ) પર આવે આંકડા/અક્ષરો/નંબરને યુવી લાઈટમાં આઈઆર લાઈટમાં પરિક્ષણ કરતા સદર નંબર પ્લેટ પર આવેલ આંકડા/આક્ષરો હોવાની શકયતા જણાતા સદર નમૂના–ઈ (નંબર પ્લેટ) પરના આંકડા/અક્ષરોને કાળજીપૂર્વક ઉખાડયા બાદ તેનુ ફરીથી યુવી લાઈટમાં પરીક્ષણ કરતા નંબર પ્લેટ (નમૂના–ઈ) પર આવેલ આંકડા/અક્ષરો (જીજે–૧–એચએફ) નીચેની એમએચ–૫–એચ આંકડા/અક્ષરો જોવા મળેલ હતા.

(૩) નમૂનો–ઈ (નંબર પ્લેટ) પર આવે આંકડા/અક્ષરો પૈકી આવેલ આંકડા "૫" ની સાઈઝ અને સદર નંબર પ્લેટ પર ઉપસી આવેલ આંકડા/અક્ષરો એમએચ–૦૫–એચ પૈકીના "૫" નંબર/ડીજીટની સાઈઝના ભૌતિક માપનો એકબીજા સાથે મળતા આવેલા.

આ મુજબનો આ સાહેદે જે અભિપ્રાય આપેલો તે આંક–૫૮૧૪ થી રજૂ છે જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ સાહેદની આરોપીઓ તરફથી કરવામાં આવેલ ઊલટતપાસ ધ્યાને લેતા આ સાહેદે બીજા પણ બોમ્બ બ્લાસ્ટના બનાવમાં કબજે કરવામાં આવેલ મુદ્દામાલનું પૃથક્કરણ કરેલુ છે તેવુ માલુમ પડે છે અને આરોપીઓ તરફથી જનરલ ઊલટતપાસ કરેલી છે. ચોકકસ આ પૃથક્કરણ બાબતે ઊલટતપાસ કરવામાં આવી હોય તેવુ નથી.

ત્યારબાદ આ કામે અન્ય મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારી જાનમહંમદ ફકીરમહંમદ મન્સુરીને સાહેદ નં.૮૪૦ તરીકે આંક–૫૭૦૦ થી

તપાસેલ છે. તેઓની આ ગુના પુરતી સરતપાસ ધ્યાને લઈએ તો રવાનગી નોંધ આંક–૫૭૨૨ થી મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૬/૨૦૦૮ નાં કામનો જે મુદ્દામાલ પૃથક્કરણ અર્થે એફ.એસ.એલ. ગાંધીનગરને મળેલ અને તે અંગેની જે પહોંચ આપવામાં આવેલી તે આંક–૫૭૨૩ થી ૨જૂ છે જેમા મદદનીશ નિયામકની સહી છે. સદરહું કામના મુદ્દામાલમાં કુલ એક સીલબંધ પ્લાસ્ટિકના ડબ્બાનું પાર્સલ હતું. જેના પરના સીલ "ઇન્સ્પેકટર ઓફ પોલીસ, ક્રાઇમ બ્રાન્ચ, અહેમદાબાદ સીટી" હતું. તેઓએ સદરહુ મુદ્દામાલનુ પૃથક્કરણ પ્રમાણિત રાસાયણિક અને ઉપકરણીય પધ્ધતિએ કરેલ હતું અને આ સાહેદ પૃથક્કરણના આધારે એવા પરિણામ પર આવેલ કે નમૂનામાં એમોનિયમ, નાઇટ્રાઇટ અને નાઇટ્રેટ મુલકો તથા પેટ્રોલીયમ હાઇડ્રોકાર્બનસ ઓઈલની હાજરી શોધાયેલ છે.

તેમના ઉપરોકત પરીણામને આધારે તેઓ એવા અભિપ્રાય ઉપર આવેલ કે,

૧. પૃથક્કરણના પરિણામમાં શોધાયેલ એમોનિયમ નાઇટ્રેટ અને પેટ્રોલીયમ હાઇડ્રોકાર્બન ઓઈલએ એમોનિયમ નાઇટ્રેટ બેઝ એમોનિયમ નાઇટ્રેટ–ફયુલ ઓઈલ (એનફો) હાઈ એક્ષપ્લોઝીવના ઘટકો છે.

૨. નમૂનામાંથી મળેલ ધાતુના બોલ્ટ તથા છરાનો ઉપયોગ હાથ બનાવટના બોમ્બમાં મીસાઈલ્સ તરીકે થાય છે.

વધુમાં તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો રવાનગી નોંધ આંક–૫૭૨૦ થી મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૬/૨૦૦૮ નાં કામનો જે મુદ્દામાલ પૃથક્કરણ અર્થે એફ.એસ.એલ. ગાંધીનગરને મળેલ અને તે અંગેની જે પહોંચ આપવામાં આવેલી તે આંક–૫૭૨૧ થી ૨જૂ છે જેમા મદદનીશ નિયામકની સહી છે. સદરહુ મુદ્દામાલમાં કુલ–૭ સીલબંધ પાર્સલો હતા. જે પૈકી માર્ક–એ અને માર્ક–ડી, ઇ, એફ ધરાવતા બે સીલબંધ કાપડના પાર્સલો તથા માર્ક–બી, સી, જી, એચ, આઇ ધરાવતા ૫ સીલબંધ સફેદ કાગળના પાર્સલો

હતાં. જેના દરેક પરના સીલ "પી.આઇ., મણીનગર પોલીસ સ્ટેશન, એબીએડી સીટી" હતું. જે દરેક સીલ અકબંધ અને પોલીસ રવાનગી નોંધમાં મોકલેલ સીલના નમૂના મુજબના હતા. આ દરેક નમૂનાઓનું વિગતવાર વર્ણન તેમને તેમના અહેવાલમાં નોંધેલ છે અને તેઓને મળેલ નમૂનાઓનું પૃથક્કરણ કરેલ. જે પૃથક્કરણ પ્રમાણિત રાસાયણિક અને ઉપકરણીય પધ્ધતિએ કરેલ હતું અને પૃથક્કરણના આધારે એવા પરિણામ પર આવેલ કે...

(૧) નમૂના માર્ક– એ, બી, સી, જી તથા એચમાં એમોનિયમ, નાઇટ્રાઇટ, અને નાઇટ્રેટ મુલકો તથા પેટ્રોલીયમ હાઇડ્રોકાર્બનસ ઓઇલ (પેરાફીલ ઓઇલ પ્રકાર) ની હાજરી શોધાયેલ છે.

(૨) નમૂના માર્ક–ડી, ઇ, એફ તથા આઇ માં વિસ્ફોટક ઘટકની હાજરી શોધાયેલ નથી.

આમ ઉપરોકત પરિણામને આધારે સાહેદ એવા અભિપ્રાય ઉપર આવેલ કે...

૧. પૃથક્કરણના પરિણામમાં શોધાયેલ એમોનિયમ નાઇટ્રેટ અને પેટ્રોલીયમ હાઇડ્રોકાર્બન ઓઇલનું મિશ્રણએ એમોનિયમ નાઇટ્રેટ બેઝ એમોનિયમ નાઇટ્રેટ–ફયુલ ઓઇલ (એનફો) હાઇ એક્ષપ્લોઝીવના ઘટકો છે.

૨. નમૂનાઓમાંથી મળેલ ધાતુના છરાનો ઉપયોગ હાથ બનાવટના બોમ્બમાં મીસાઇલ્સ તરીકે થાય છે.

ઉપર મુજબનો અહેવાલ તૈયાર કરીને તેમાં સહી કરીને તેમની કચેરીના નાયબ નિયામકના ફોરવર્ડીંગપત્ર સાથે સંબંધિત પોલીસ સ્ટેશનને મોકલી આપેલ. જે ફોરવર્ડીંગ પત્ર તથા અહેવાલ આ કામે આંક–૫૭૨૪ થી રજૂ છે જેમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

આ કામે બોમ્બ બ્લાસ્ટ તપાસ ટીમ ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદના નાયબ પોલીસ અધીક્ષક મયુર જે. ચાવડાનાઓએ ગુનાવાળી જગ્યાએથી એફ. એસ.એલ. અધિકારીશ્રીની હાજરીમાં તપાસ કરેલી અને તપાસ કરતા મળી

આવેલ નમૂના બે પંચોની હાજરીમાં પંચનામુ કરી કબજે કરેલા. આ કામે મયુર જે. ચાવડાને સાહેદ નં.૧૧૬૩ તરીકે આંક–૮૬૩૮ થી તપાસેલા છે. તેઓની આ ગુના પુરતી સરતપાસ ધ્યાને લેતાં બનાવવાળી જગ્યાએથી (૧) કાળા કલરનું હોન્ડા એકટીવા જેનો આર.ટી.ઓ.નં.જીજે–૯–૯૭૦૦ તથા (૨) કાળા કલરનું હોન્ડા એકટીવા જેનો આર.ટી.ઓ.નં.જીજે–૧–એફડી–૭૭૮૨ તથા (૩) બ્લ્યુ કલરનું હીરો હોન્ડા મોટર સાઇકલ જેનો આર.ટી.ઓ.નં.જીજે–૧–એફડી–૫૦૬૩ કબજે કરેલા. તે મુજબનું જે પંચનામુ બનાવેલુ તે આંક–૨૦૩૦ થી તથા આંક–૨૦૩૧ અને ૨૦૩૨ થી પંચ સ્લીપો રજૂ કરેલ છે અને મુદ્દામાલ કબજે કર્યા પછી જે પંચ સ્લીપ પંચોની સહીઓવાળી લગાવેલી તે પંચ સ્લીપોમાં તથા પંચનામામાં આ સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે.

ઉપરોકત આંક–૨૦૩૦ ના પંચનામાની વિગતે બે પંચોની હાજરીમાં ઉપરોકત વાહનો કબજે કરેલા તે પંચનામા પૈકીના પંચ અમિતભાઈ રાજકુમાર વલજાનીને સાહેદ નં.૩૫૪ તરીકે આંક–૨૦૨૯ થી તપાસેલ છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૫/૮/૨૦૦૮ નાં રોજ પોલીસે તેઓને એલ.જી. હોસ્પિટલ કમ્પાઉન્ડ ખાતે બોલાવેલા તે જગ્યા ગેટ નં.૨ પાસે પાર્કીંગના શેડવાળી હતી. ત્યાં બીજા એક ભદ્રેશભાઈ મહેતાને પણ બોલાવેલા. ત્યાં પોલીસે જણાવેલુ કે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ બોમ્બ બ્લાસ્ટનો બનાવ બનેલ ત્યાં વધારાનું પંચનામુ કરવાનું છે જેથી આ સાહેદે હા પાડેલી. આ જગ્યા ઉપર ત્રણ સળગેલા ટુ વ્હીલર વાહનો પડેલા હતા. શેડને અડીને આવેલી દીવાલ તુટેલી હતી, ગાડીનો તુટેલો આગળના એન્જીનવાળો ભાગ હતો તે બતાવેલો, ગાડીને ગોબા તથા કાણા પડી ગયેલા, પાછળનો હિસ્સો બળી ગયેલો હતો, ગેસ કીટ પડેલી હતી, એફ.એસ.એલ. અધિકારીઓએ કબજે લેવાની સુચના આપેલી અને પોલીસે કબજે લીધેલ. આ મુજબનું પંચનામુ બનાવેલ આંક–૨૦૩૦ વાળા પંચનામામાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આ મુદ્દામાલ પંચોની

સહીવાળી સ્લીપો લગાવી કબજે કરેલો તે સ્લીપો આંક–૨૦૩૧ અને ૨૦૩૨ માં આ સાહેદે પોતાની સહીઓ ઓળખી બતાવેલી છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ કોઈ પોલીસ અધિકારીને ઓળખતા નથી. પોલીસ અધિકારીઓએ તેમની ઓળખ આપેલાનું યાદ નથી. આ સાહેદે જે કામગીરી કરેલી તેની નોંધ રાખી નથી તેમ જણાવે છે. ચીજવસ્તુઓ કે મુદ્દામાલ કેટલા સમયથી પડેલો હતો તેની ખબર નથી. હોસ્પિટલમાં ઘણી બધી મોટર સાઇકલો અને બીજા વાહનોના પાર્કીંગ થાય છે તે કબૂલ કરે છે. આ સાહેદના લખાવ્યા મુજબ પંચનામુ લખવામાં આવેલુ નહીં તે હકીકત નકારેલી છે. આર્ટીકલ નં.૧ અને ૩ ના નંબરો સ્પષ્ટપણે વાંચી શકેલ નહીં તો તે હકીકત નકારેલી છે. બોમ્બ બ્લાસ્ટ થવાથી કેવા પ્રકારનું નુકસાન થાય તે આ સાહેદ જાણતા નથી તે કબૂલ કરે છે. મારા મત પ્રમાણે આ સાહેદ બોમ્બના નિષ્ણાંત નથી જેથી કહી શકે નહીં કે બોમ્બ બ્લાસ્ટમાં કેવા પ્રકારનું નુકસાન થાય.

ત્યારબાદ આ કામે અન્ય એફ.એસ.એલ. અધિકારી સુરેન્દ્રભાઈ પરષોત્તમભાઈ પતરીવાલાનાઓને સાહેદ નં.૮૩૮ તરીકે આંક–૫૬૮૫ થી તપાસેલા છે. તેઓની આ ગુના પુરતી સરતપાસ ધ્યાને લઈએ તો તેઓને એફ.એસ.એલ.ના કેમેસ્ટ્રી વિભાગના આસીસ્ટન્ટ ડાયરેક્ટરશ્રી તરફથી મણિનગર પોલીસ સ્ટેશન અમદાવાદના ફ.ગુ.ર.નં.૨૦૬/૨૦૦૮ વાળો મુદ્દામાલ પૈકીનું એક પાર્સલ ''N.C.DIV F.S.L. A'BAD''નું વિભાગીય સીલ ધરાવતું હતું. આ પાર્સલ તા.૨૦/૮/૨૦૦૮ ના રોજ તેમના વિભાગમાં સ્વીકારવામાં આવેલ તે નમૂનો તેમની પાસે વૈજ્ઞાનિક પરિક્ષણ અર્થે આવેલો તેની વિગત તેમને પરિક્ષણ અહેવાલમાં લખેલ હતી. તેઓને મળેલ આ નમૂનાનું પરિક્ષણ કરેલ જે મુજબ નમૂના–૧ (છરા) ના બાહ્ય દ્રષ્ટી વિષયક અને સુક્ષ્મદર્શક યંત્રમાં પરીક્ષણ કરેલ. તેમજ નમૂના–૧ (છરા) નું ''ED–XRF'' યંત્રમાં ધાતુ તત્વોની હાજરીનું પરિક્ષણ કરેલ. તેઓએ કરેલ વૈજ્ઞાનિક પરિક્ષણના અંતે એવા અભિપ્રાય ઉપર આવેલ કે નમૂના–૧ છરામાં મુખ્યત્વે Fe

(આર્યન) ધાતુ તેમજ Ca (કેલ્શીયમ) અને Mn (મેગેનીઝ) જેવી ધાતુઓ અલ્પ પ્રમાણમાં જણાયેલ.

વધુમાં તેઓને એફ.એસ.એલ.ના કેમેસ્ટ્રી વિભાગના આસીસ્ટન્ટ ડાયરેક્ટરશ્રી મુદ્દામાલ પૈકીનું એક વિભાગીય સીલ ધરાવતું પાર્સલ તેમના વિભાગે તા.૧/૯/૨૦૦૮ ના રોજ સ્વીકારેલું જે નમૂનાનું વૈજ્ઞાનિક પરિક્ષણ કરવામાં આવેલુ તેની વિગત તેમના પરિક્ષણ અહેવાલમાં લખેલ છે. તેઓને મળેલ નમૂનાનું પરિક્ષણ મુજબ નમૂના–૧ (બોલ્ટ) ના બાહ્ય દ્રષ્ટી વિષયક અને સુક્ષ્મદર્શક યંત્રમાં પરીક્ષણ કરેલ. તેમજ નમૂના–૧ (બોલ્ટ) નું ''ED–XRF'' યંત્રમાં ધાતુ તત્વોની હાજરીનું પરિક્ષણ કરેલ અને વૈજ્ઞાનિક પરિક્ષણના અંતે અભિપ્રાય આપેલ કે નમૂના–૧ બોલ્ટમાં મુખ્યત્વે Fe (આર્યન) ધાતુ તેમજ Ca (કેલ્શીયમ) અને Mn (મેગેનીઝ) જેવી ધાતુઓ અલ્પ પ્રમાણમાં જણાયેલ. આ અંગેનો જે અહેવાલ આપેલો તે આ કામે આંક–૬૦૪૦ થી રજૂ છે જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

ત્યારબાદ આ કામે અન્ય એફ.એસ.એલ. અધિકારી અશોક નટવરલાલ પટેલનાઓને સાહેદ નં.૮૪૫ તરીકે આંક–૫૮૨૮ થી તપાસેલ છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો આ ગુનાના કામે તેઓના વિભાગને રવાનગી નોંધ આંક–૮૭૨૪ થી જે મુદ્દામાલ મળેલો તે મુદ્દામાલનું તેમને પૃથક્કરણ કરેલુ અને તેના પરિણામમાં માર્ક–૧ માં એમોનિયમ નાઈટ્રેટ અને નાઈટ્રેટ મુલકોની તથા પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સ ઓઈલ (પેરાફીલ ઓઈલ પ્રકાર)ની હાજરી શોધાયેલી જેથી આ સાહેદ એવા અભિપ્રાય આવેલા કે પૃથક્કરણના પરિણામમાં શોધાયેલ એમોનિયમ નાઈટ્રેટ તથા પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સએ ઓઈલએ એમોનિયમ નાઈટ્રેટ બેઈઝ, એમોનિયમ નાઈટ્રેટ, ફ્યુઅલ ઓઈલ (એનફો) હાઈડ્રોએક્ષપ્લોજીવના ઘટકો મળી આવેલા. આ મુજબનો જે અહેવાલ આપેલો તે આંક–૫૮૩૦ થી રજૂ છે જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

ત્યારબાદ આ કામે અન્ય એફ.એસ.એલ. અધિકારી રોહિત મોહનલાલ દરજીનાઓને સાહેદ નં.૮૬૩ તરીકે આંક–૬૦૩૧ થી તપાસેલ છે.

તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો મણિનગર પોલીસ સ્ટેશનના ફ.ગુ.ર. નં.૨૦૬/૨૦૦૮ ને સંબંધિત એક અનસીલ ભંગાર પાર્સલ એમ. જે. ચાવડા, નાયબ પોલીસ અધીક્ષકશ્રી, ક્રાઈમબ્રાન્ચ, અમદાવાદ શહેર તરફથી તેમની ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા, ન્યુ મેન્ટલ કોર્નર, અમદાવાદને મળેલ. આ સમય દરમ્યાન આ સાહેદ ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળામાં સાયન્ટિફિક ઓફિસર તરીકે અને ગુજરાત સરકારના આસિસ્ટન્ટ કેમિકલ એકઝામિનર તરીકે આ કચેરીમાં ફરજ બજાવતા હતા. આ મુદ્દામાલ તેમની કચેરીને મળ્યા અંગે તેમના વિભાગના મદદનીશ નિયામકનાઓએ પહોંચ આપેલ હતી. જે મુદ્દામાલ વાહનના તુટેલાં ભાગો હતાં. જેને રવાનગી નોંધમાં વિસ્ફોટ થયેલ ગાડીના એન્જીન તથા તુટેલાં ભાગો જે વિસ્ફોટવાળી જગ્યાથી લીધેલ હોવાનું જણાવેલું. નમૂના–૧ ની ગાડીના એન્જીન તેમજ તેના તુટેલા ભાગોને બાહ્યદ્રષ્ટી વિષયક તેમજ મેગ્નીફાઇંગ લેન્સ વડે પરિક્ષણ કરવામાં આવેલ અને આ પરિક્ષણને અંતે જે અવલોકન કરી અભિપ્રાય આપેલો તે મુજબ...

- નમૂના–૧ માં વાહનનો કેટલોક ભાગ મીસીંગ છે. જેથી ચેસીસ નંબર મળી શકેલ નથી.
- નમૂના–૧ માં વાહનના એન્જીન પર એન્જીન નંબર F8BIN 596786 વાંચી શકાયેલ અને તેમાં કોઈ ફેરફાર થયેલ જણાયેલ નથી અને તે મુળ નંબર તરીકે જણાયેલ છે.
- નમૂના–૧ માં વાહનની રજીસ્ટ્રેશન નંબર પ્લેટ મળી શકેલ નથી.
- નમૂના–૧ નું વાહન 'મારૂતિ ૮૦૦' હોવાનું જણાયેલ છે.

ઉપરોકત મુદ્દામાલનું પૃથક્કરણ કર્યા અંગેનો અહેવાલ જે આપેલો તે અહેવાલ ફોરવર્ડીંગ પત્ર સાથે તપાસ કરનાર અધિકારીને મોકલી આપેલો તે ફોરવર્ડીંગ પત્ર તથા અહેવાલ આંક–૬૦૩૨ થી રજૂ છે અને તેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા આ સાહેદે જે અહેવાલ આપેલ છે તે બાબતે કેમેસ્ટ્રીના નિષ્ણાંતને આ કેસના પૃથક્કરણ બાબતે ચર્ચા

કરવા બોલાવ્યા હોય કે તેમનો અભિપ્રાય લીધેલ હોય તેવી નોંધ કરેલ નથી તે કબૂલ કરે છે. પરિક્ષણ અહેવાલમાં પરિક્ષણ પધ્ધતિનો ઉલ્લેખ કરેલ છે તેમ જણાવે છે. આ સાહેદે આ મુદ્દામાલનું પૃથક્કરણ કરેલ નથી તો તે હકીકત નકારેલી છે.

ત્યારબાદ આ કામે તપાસ કરનાર અધિકારીશ્રી એમ.જે.ચાવડા નાયબ પોલીસ અધીક્ષક, તપાસ ટીમ, ક્રાઈમબ્રાન્ચ અમદાવાદનાઓએ બનાવ બાદ બનાવવાળી જગ્યા ઉપર નકશો બનાવવા માટે સિટી મામલતદારશ્રી, કલેકટર કચેરી અમદાવાદને એક યાદી લખેલી જે યાદી આ કામે આંક–૩૩૭૧ થી રજૂ કરેલી છે. આ યાદીમાં આ સાહેદે પોતાની સહી કરેલી તે સહી પોતાની આંક–૧૧૬૩ ની જુબાનીમાં ઓળખી બતાવે છે.

આંક–૩૩૭૧ વાળી યાદીના આધારે સર્કલ ઓફિસર દિપકભાઈ શિરીષચંદ સોલંકીનાઓએ ગુનાવાળી જગ્યા ઉપર જઈ નકશો બનાવેલો તેઓને આ કામે સાહેદ નં.૬૮૮ તરીકે આંક–૩૩૬૫ થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ પ્રમાણે તેઓને તપાસ કરનાર અધિકારી શ્રી એમ.જે.ચાવડા દ્વારા મણીનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં એલ.જી. હોસ્પિટલના ગેટ નં.૨ ની અંદર બોમ્બ બ્લાસ્ટ થયેલો તે જગ્યા ઉપર જઈ નકશો બનાવવા માટેની યાદી મળેલી તે આંક–૩૩૭૧ ની યાદી મળ્યા બાબતે યાદી ઉપર તેમને પોતાની સહી ઓળખી બતાવી છે અને તે યાદીના આધારે સ્થળ ઉપર જઈ નકશો બનાવેલો તે નકશો આ કામે આંક–૩૩૭૨ થી રજૂ કરેલો છે. જેમા આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે અને આ નકશો તેમના ફોરવર્ડીંગ પત્ર સાથે નાયબ પોલીસ અધીક્ષક તપાસ ટીમ ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદને મોકલી આપેલ છે અને ફોરવર્ડીંગ પત્રમાં આ સાહેદે તેમની સહી ઓળખી બતાવેલી છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો નકશા બનાવવા માટે જે સાધનનો ઉપયોગ થાય છે તેનાથી આ સાહેદ વાકેફ છે. રજૂ થયેલા નકશામાં માત્ર ફુટપટ્ટીનો ઉપયોગ થયેલો છે તે કબૂલ કરેલ છે.

(૩૭.૦૧) **<u>અમદાવાદ શહેરના મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૬/૨૦૦૮ના કામે ઈજા પામેલ વ્યકિતઓ બાબતે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકનઃ–</u>**

મણીનગર પોલીસ સ્ટેશનના આ બનાવમાં તેજશ અશ્વિનભાઈ ગદાણીનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૧૨૯ તરીકે આંક–૯૮૦ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ આ સાહેદ તેમના ધંધા ઉપર ગયેલા અને ધંધા ઉપર હાજર હતા ત્યારે સાંજના સાડા સાત વાગ્યાની આસપાસ સમાચાર મળેલા કે મણીનગરમાં તથા અમદાવાદ શહેરમાં બોમ્બ ધડાકા થયેલા છે. જેથી આ સાહેદ દુકાન બંધ કરીને ઘરે જવા નીકળેલા. આ વખતે તેમના પિતા પણ તેમની સાથે હતા, તે વખતે મણીનગર ચાર રસ્તાનો રસ્તો બંધ કરેલ હોવાથી આ સાહેદ તેમનુ સ્કૂટર લઈ સાડા સાત–પોણા આઠ વાગ્યાની આસપાસ એલ.જી. હોસ્પિટલ આગળથી પસાર થતા હતા તે દરમ્યાન ગેટ નં.૨ ની નજીક આવતા એક મોટો ધડાકો થયેલો. આ ધડાકો એલ.જી. હોસ્પિટલના કમ્પાઉન્ડમાં થયેલો જેથી આ સાહેદને ડાબા હાથે લોખંડની વસ્તુ ઘસાઈને નીકળી ગયેલી, ત્યાં પુષ્કળ લોહી નીકળેલુ. ત્યારબાદ આ સાહેદને ફેમીલી ડૉ.હરીકૃષ્ણભાઈના હરી કલીનીકમાં સારવાર માટે લઈ ગયેલા ત્યાં પ્રાથમિક સારવાર આપીને એલ.જી. હોસ્પિટલમાં વધુ સારવાર લીધેલુ તેમ જણાવે છે.

મણીનગર પોલીસ સ્ટેશનના આ બનાવમાં નૈમેષ લાભુભાઈ ચૌહાણનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૯૮૧ તરીકે આંક–૯૮૧ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ એલ.જી. હોસ્પિટલ ખાતે તેમની નોકરી ઉપર હતા તે દરમ્યાન સાંજના સમયે આશરે સાતેક વાગ્યના અરસાથી અમદાવાદ શહેરમાં જુદા–જુદા વિસ્તારોમાં બોમ્બ ધડાકા થયેલા અને ઈજા પામનાર માણસોને એલ.જી. હોસ્પિટલમાં સારવાર માટે લાવવામાં આવતા હતા. તે વખતે દર્દીઓને ટ્રોલીમાં બેસાડી ડૉકટર પાસે લઈ જવાના હોવાથી આ સાહેદ કામગીરી કરતા હતા ત્યારે સાંજના આશરે

પોણા આઠ વાગ્યાના સુમારે આ સાહેદ પેશન્ટને લેવા ટ્રોલી લઈ બહાર ગયેલા અને એક પેશન્ટને ટ્રોલીમાં બેસાડી લઈ જતા હતા તે વખતે એલ.જી. હોસ્પિટલના કમ્પાઉન્ડમાં ગેટ નં.૨ પાસે પાર્કીંગમાં એક જબરજસ્ત ધડાકો થયેલો જેથી પેશન્ટનો તથા આ સાહેદનો જીવ બચાવવા ટ્રોલીને ધક્કો મારીને આ સાહેદ ભાગી ગયેલા, તેઓ પડી જતા જમણા પગે ઈજા થયેલી જેની સારવાર એલ.જી. હોસ્પિટલમાં લીધેલી તેમ જણાવે છે.

મણીનગર પોલીસ સ્ટેશનના આ બનાવમાં અમીતભાઈ પ્રવિણભાઈ જેઠવાનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૧૩૨ તરીકે આંક–૯૮૫ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા. ૨૬/૭/ ૨૦૦૮ નાં રોજ સાંજના આશરે સાત વાગ્યે આ સાહેદ ડ્રેસીંગ કરાવવા એલ.જી. હોસ્પિટલે જવા નીકળેલા અને એલ.જી. હોસ્પિટલમાં પહોંચ્યા ત્યારે ત્યાં ભીડ હતી. આ સાહેદને જાણવા મળેલુ કે અમદાવાદ શહેરમાં બોમ્બ બ્લાસ્ટ થયેલા છે અને ઈજા પામનારાઓને એલ.જી. હોસ્પિટલમાં લાવેલા છે તેથી આ ભીડ છે. આ સાહેદને ડ્રેસીંગ કરાવવાનો નંબર તાત્કાલિક આવી શકે તેમ ન હોવાથી ઘરે જવા પોતાની મોટર સાઇકલ કે જે એલ.જી. હોસ્પિટલના સ્ટાફ પાર્કીંગ પાસે મુકેલી હતી તે લેવા જતા હતા ત્યારે સ્ટાફ પાર્કીંગમાં પડેલી ગાડીઓમાં એક મોટો ધડાકો થયેલો અને પાર્કીંગમાં પડેલી ગાડીઓ સળગેલી. આ ધડાકામાં આ સાહેદને ડાબા પગની સાથળ ઉપર ઈજા થયેલી જેની સારવાર એલ .જી. હોસ્પિટલમાં કરાવેલાનું જણાવે છે.

મણીનગર પોલીસ સ્ટેશનના આ બનાવમાં ગીરીશકુમાર ચીમનલાલ ચૌહાણનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૧૩૩ તરીકે આંક–૯૮૬થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૬/૭/ ૨૦૦૮ નાં રોજ સવારના સાત વાગે આ સાહેદ દાણાપીઠ ફાયર સ્ટેશન પર ગયેલા અને ત્યાંથી આ સાહેદ તથા બીજા બે વોલન્ટીયરોને મણીનગર એલ.જી. હોસ્પિટલ ખાતે ફરજ ઉપર જવાનું કહેવામાં આવેલુ જેથી આ સાહેદ તથા બે વોલન્ટીયર એલ.જી. હોસ્પિટલ પહોંચેલા. આ સાહેદની નાઈટ શીફટ હોવાથી

સાંજના લગભગ છ વાગ્યાની આસપાસ એલ.જી. હોસ્પિટલમાં ફરજ પર હતા ત્યારે લગભગ પોણા સાત વાગ્યાની આસપાસ મેઈન ગેટની ડાબી બાજુ પે એન્ડ પાર્કમાં પોતાનું મોટર સાઇકલ પાર્ક કરેલુ આ વખતે એલ.જી. હોસ્પિટલમાં ઘણા ઈજા પામનાર દર્દીઓને લાવવામાં આવતા હતા. આ સાહેદ દર્દીઓને વાહનમાંથી ઉતારવાના કામમાં હતા ત્યારે એક ઈજા માણસને પુછતા તેણે જણાવેલુ કે "અમદાવાદ શહેરમાં જુદા-જુદા વિસ્તારોમાં બોમ્બ બ્લાસ્ટ થયેલ છે અને ઘણા માણસોને ઈજા થયેલી." આ દરમ્યાન એક ઈજા પામનાર માણસે જણાવેલુ કે "મારી બેબી હોસ્પિટલ બહાર ઉભેલી છે તેને બોલાવો" જેથી આ સાહેદ હોસ્પિટલ બહાર ગયેલા. ગેટ નં.૨ પાસે તપાસ કરવા ગયા ત્યારે પાર્કીંગમાં જોરદાર બ્લાસ્ટ થયેલો આ બ્લાસ્ટમાં આ સાહેદને જમણા પગે જોરદાર કંઈક વાગેલુ અને પડી ગયેલા, ડાબા હાથ ઉપર પણ થયેલી અને પબ્લીકમાં દોડધામ થયેલી. આ વખતે આ સાહેદે જોયુ તો પાર્કીંગમાં એક ગાડી સળગતી હતી તેના ભાગો છુટા પડી ગયેલા, બીજી ગાડી તથા ૨-૩ ટુ વ્હીલરો સળગતા હતા, પાર્કીંગ શેડ સળગતો હતો તેના પતરા ઉડી ગયેલા હતા, એલ.જી. હોસ્પિટલના બિલ્ડિંગ પાસે એક મોપેડ સળગતુ હતુ અને કોટની દીવાલ તુટી ગયેલ હતી. આ સાહેદને થયેલ ઈજાની સારવાર સિવિલ હોસ્પિટલમાં કરાવેલી તેમ જણાવે છે.

મણીનગર પોલીસ સ્ટેશનના આ બનાવમાં શશીકાન્ત ગણપતરાવ પાટીલનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૧૩૬ તરીકે આંક-૯૮૯ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સવારના નોકરી ઉપર આવેલા. તેઓ મ્યુનિસિપલ કન્ટ્રોલ રૂમની ઑફિસમાં ગાડી ચલાવતા હતા, તેઓ પોતાની ગાડી લઈને સાંજના સાતેક વાગ્યાની આસપાસ તેમના સાહેબ સાથે એલ.જી. હોસ્પિટલમાં આવેલ મ્યુનિસિપલ કોર્પોરેશનની ઑફિસે ગયેલા અને હોસ્પિટલના પાછળના ભાગે પાર્કીંગમાં ગાડી પાર્ક કરી એલ.જી. હોસ્પિટલના બગીચા પાસેથી પસાર થતા હતા તે દરમ્યાન સાડા સાત-પોણા આઠ વાગે પાર્કીંગમાં એક પ્રચંડ અવાજ સાથે ધડાકો થયેલો અને ધડાકામાંથી નીકળેલા છરા અને લોખંડની પટ્ટી આ સાહેદના શરીરના

જુદા–જુદા ભાગો ઉપર વાગેલી અને લોહી નીકળવા લાગેલુ. આ જગ્યાએ આગ ફાટી નીકળેલી અને સાહેદને ઈજાઓ થતા તેઓ બેભાન થઈ ગયેલ હતા. તેમને થયેલ ઈજાઓની સારવાર એલ.જી. હોસ્પિટલમાં કરાવેલાનું જણાવે છે.

મણીનગર પોલીસ સ્ટેશનના આ બનાવમાં કિશોરભાઈ ત્રિકમભાઈ પટેલનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૯૯૧ તરીકે આંક–૬૯૧૮ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેઓ પાંચ–છ દિવસ પહેલા એલ.જી. હોસ્પિટલમાં લીફટ મેન તરીકે ફરજમાં મુકયા હતા. તા.૨૬/૦૭/૨૦૦૮ ના રોજ એલ.જી. હોસ્પિટલમાં લીફટમેન તરીકે ફરજ ઉપર હાજર હતા. તે દિવસે સાંજે સાડા સાતથી પોણા આઠ દરમ્યાન આ સાહેદ નોકરી પુરી કરી એલ.જી હોસ્પિટલના ઈમર્જન્સી વોર્ડ પાસેથી પસાર થતા હતા તે દરમ્યાન એલ.જી. હોસ્પિટલના ગેટ નં.૨ ની બાજુમાં બ્લાસ્ટ થયેલો જેથી ત્યાં દોડધામ થયેલી અને ત્યાંથી ભાગવા જતા પડી ગયેલા. તેઓ નીચે પડી જવાથી તેમને જમણા પગે તથા જમણા હાથે સામાન્ય ઈજા થયેલી. તે વખતે પરિસ્થિતિ જોતા સાહેદ ગભરાઈ ગયેલા અને દવાખાને નહીં જતાં સીધા ઘરે ગયેલા ત્યારબાદ બીજા દિવસે એલ.જી હોસ્પિટલમાં આવેલા અને તેમના હાથ ઉપર વધારે સોજો હોવાથી ઓર્થોપેડીક વિભાગમાં આઉટડોર સારવાર લીધેલી તેમ જણાવે છે.

આમ, આ બોમ્બ બ્લાસ્ટના બનાવમાં ઈજા પામનાર તેજશભાઈ અશ્વિનભાઈ ગદાણી, નૈમેષ લાભુભાઈ ચૌહાણ, અમિતભાઈ પ્રવિણભાઈ જેઠવા, ગીરીશકુમાર ચીમનલાલ ચૌહાણ, શશીકાન્ત ગણપતરાવ પાટીલ અને ક્રિષ્ણકાંત મંગળદાસ ચૌધરીનાઓને ઈજાઓ થયેલી અને તેમને સારવાર લીધેલી તે અંગેના પ્રમાણપત્રો ફરિયાદપક્ષ તરફથી રજૂ થયેલાં જે આરોપીઓ તરફથી કબૂલ કરવામાં આવતા તે પ્રમાણપત્રોને અનુક્રમે આંક–૭૧૩૬, ૭૧૩૫, ૭૧૩૭, ૭૧૩૯, ૭૧૩૪ અને ૭૧૩૮ આપવામાં આવેલો છે અને તેમાં ડૉકટરશ્રીની સહી છે. જયારે ઈજા પામનાર કિશોરભાઈ ત્રિકમભાઈ પટેલનાઓએ આઉટડોર સારવાર લીધેલી હતી.

(૩૭.૦૨) **<u>અમદાવાદ શહેરના મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં. ૨૦૬/૨૦૦૮ ના કામે બનાવને સમર્થન માટે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકનઃ–</u>**

મણીનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં મણીનગર એલ.જી. હોસ્પિટલના કમ્પાઉન્ડ ગેટ નં.૨ ની પાસે અંદરના ભાગે જે બોમ્બ બ્લાસ્ટ થયેલો છે તે માટે ફરિયાદપક્ષ દ્વારા વિજયકુમાર પરસોત્તમભાઈ ચાવડાને સાહેદ નં.૩૯૯ તરીકે આંક–૨૩૦૫ થી તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ તેઓ ઈસનપુર મુકામે મ્યુનિસિપલ કોર્પોરેટર દક્ષાબેન જોષીને લેવા તેમના ઘરે ગાડી લઈને ગયેલા અને દક્ષાબેને વાત કરેલી કે જવાહર ચોક ખાતે બોમ્બ વિસ્ફોટ થયેલ છે તે દરમ્યાન બીજા ધડાકાના સમાચાર પણ મળેલા. આ સાહેદ વાહન લઈને સવા સાત વાગે એલ.જી. હોસ્પિટલે પહોંચ્યા પછી બેનને ત્યાં ઉતારેલા અને આ સાહેદ ગેટ નં.૨ પાસે સ્ટાફ પાર્કીંગમાં વાહન પાર્ક કરવા ગયા તે વખતે ત્યાં ચાર પૈડા તથા બે પૈડાવાળા વાહનો પાર્ક કરેલા હતા. તે વખતે એક પ્રચંડ ધડાકો થયેલો અને મોટા પ્રમાણમાં ધુમાડાના ગોટેગોટા જોયેલા, ફાયર બ્રીગેડના માણસો આવીને આગ બુજવવાનો પ્રયત્ન કરવા લાગેલા. ત્યાં પાર્ક કરેલ વાહનો સળગતા હતા તેમ જણાવે છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા પાર્કીંગ શેડ સિવાય હોસ્પિટલના બિલ્ડિંગને કોઈ નુકસાન થયેલ ન હતુ તો તે હકીકત નકારેલી છે. વાહનો સિવાય બીજા કોઈ વસ્તુઓ બળેલી નથી તે હકીકત કબૂલ કરી છે. આ પ્રશ્નનો અર્થ એવો થાય કે વાહનો બોમ્બ ધડાકાને કારણે સળગેલા હતા.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી હરીશભાઈ નટવરલાલ શાહને સાહેદ નં.૪૦૦ તરીકે આંક–૨૩૦૬ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ એલ.જી. હોસ્પિટલમાં રૂમ નં.૪ માં સીમેન્સ કંપનીનું એકસ રે મશીન રીપેર કરવા ગયેલા હતા. તેઓ પોતાની મારૂતી ફ્રન્ટી લઈને ગયેલા હતા અને કમ્પાઉન્ડમાં ગેટ નં.૨ પાસે ગાડી પાર્ક કરેલી. આ સાહેદનું રીપેરીંગનુ કામ ચાલતુ હતુ તે દરમ્યાન સાંજના સાડા સાત–

પોણા આઠ વાગે એક પ્રચંડ ધડાકો થયેલો અને હોસ્પિટલનું મકાન ધ્રુજેલુ, હોસ્પિટલમાં માણસોની નાસભાગ થયેલી. ત્યારબાદ પોતાની ગાડી જયાં પાર્ક કરેલ હતી તે જગ્યાએ જોતા ત્યાં બીજા વાહનો સળગતા હતા જેથી આ સાહેદ ભયભીત થઈ ગયેલા અને પોતાના ઘરે જતા રહેલા તેમ જણાવે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી દિપાલી વસંતકુમાર ભાટીયાને સાહેદ નં.૩૯૭ તરીકે આંક–૨૩૦૩ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદ એલ.જી. હોસ્પિટલમાં સ્ટાફ નર્સ તરીકે ફરજ બજાવતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ પોતાનું એકટીવા લઈ નોકરીના સ્થળે ગયેલા અને એકટીવા ગેટ નં.૨ પાસે સ્ટાફ પાર્કીંગમાં પાર્ક કરેલુ. આ દિવસે સાંજે સાતેક વાગ્યાના સમયે અમદાવાદમાં બોમ્બ વિસ્ફોટ થયેલા અને દર્દીઓને સારવાર માટે લાવવામાં આવતા હતા. આ સાહેદ દર્દીઓની સારવારમાં રોકાયેલા હતા તે વખતે સાડા સાત વાગ્યાના સમયે ગેટ નં.૨ પાસે સ્ટાફ પાર્કીંગમાં એક મોટો ધડાકો થયેલો તેના કારણે ત્યાં પડેલી મારૂતી ફ્રન્ટી મોટર કાર સળગેલી અને બહાર આવીને જોયુ તો ત્યાં બીજા વાહનો પણ સળગતા હતા. પાર્કીંગવાળા સ્થળે નુકસાન થયેલુ, આ સાહેદનું એકટીવા સંપૂર્ણપણે નાશ પામેલુ અને રૂા.૩૫,૦૦૦/– નું નુકસાન થયેલાનું જણાવે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી દેવાંગભાઈ ભરતકુમાર ગોરને સાહેદ નં.૭૩૬ તરીકે આંક–૩૫૨૨ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ આ સાહેદ પોતાની નંદન મેડીકલ એન્ડ પ્રોવીઝન નામની દુકાન એલ.જી. હોસ્પિટલની સામેના ભાગે આવેલી છે ત્યાં હાજર હતા ત્યારે સાંજના સાડા સાત વાગે એલ.જી. હોસ્પિટલમાં આવેલ પાર્કીંગમાં એક મોટો જબરજસ્ત ધડાકો થયેલો જેના કારણે ત્યાં પડેલા વાહનો તથા શેડના પતરાઓ દુર સુધી ફંગોળાયેલા. ત્યાં થોડીવાર પછી પોલીસ આવેલી, ફાયર બ્રીગેડના માણસો પણ આવેલા અને પાર્કીંગવાળા સ્થળે ઘણુ નુકસાન થયેલાનું જણાવે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી દિલીપભાઈ ઈશ્વરભાઈ પરમારને સાહેદ નં.૭૨૩ તરીકે આંક–૩૫૦૦ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદ એલ.જી. ચાર રસ્તાવાળા સ્થળે આઈ.કે. ઓટો સેન્ટરના નામથી ગેરેજ ધરાવે છે. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેઓ ગેટ ઉપર હાજર હતા ત્યારે સાંજના પોણા આઠ વાગ્યાના અરસામાં એલ.જી. હોસ્પિટલના ગેટ નં.૨ પાસે મોટો ધડાકો થયેલો અને પાર્ક થયેલા વાહનોને ઘણુ નુકસાન થયેલુ, ત્યાં વાહનો સળગતા હતા, હોસ્પિટલની દીવાલ પણ પડી ગયેલી હતી તેમ જણાવે છે. આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલ છે તે ધ્યાને લેતાં બોમ્બ ધડાકાનો અનુભવ કે જાણકારી નથી. પોલીસે આ સાહેદની પુછપરછ કરી જવાબ લીધો હોય તેવુ બન્યુ નથી. આ કહેવાતો બનાવ જોયેલો નથી તે હકીકત નકારેલી છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી દિપક પ્રિયવદન દેસાઈને સાહેદ નં.૭૧૨ તરીકે આંક–૩૪૭૮ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાતેક વાગ્યાના સમયે ઘરે હાજર હતા તે બાદ સાડા સાત–પોણા આઠ વાગ્યે એલ.જી. હોસ્પિટલ તરફ એક મોટો ધડાકો થયેલો. આ ધડાકાની તીવ્રતાના કારણે આ સાહેદના ફલેટોને અસર થયેલી. એલ.જી. હોસ્પિટલ તરફ જોતા આગની જવાળાઓ જોવા મળેલી અને ત્યાં હોસ્પિટલના મકાનને નુકસાન થયેલાનું જોયેલુ. ફાયર બ્રીગેડના માણસો ત્યાં આવી ગયેલા અને ઘણા બધા લોકોને ઈજા થયેલાનું જાણેલુ છે. આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલ છે તે જોતા બનાવ બાબતે જાતે ફરિયાદ કરવા સ્વેચ્છાએ કોઈ જાહેરાત કરી નથી તે કબૂલ કરે છે. જવાબમાં લખાવેલુ કે ધડાકો થયેલો તેવુ સાહેદે જાણેલુ, બનાવ બાબતે કંઈ જાણતા નથી તો તે હકીકત નકારેલી છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી જીગરભાઈ જયવંતભાઈ અંજારીયાને સાહેદ નં.૭૧૫ તરીકે આંક–૨૪૮૮ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાંજના સમયે લગભગ સાડા

સાત–પોણા આઠ વાગે આ સાહેદ તેમના ઘરે જતા હતા ત્યારે એલ.જી. હોસ્પિટલના પાર્કીંગવાળા સ્થળે પ્રચંડ ધડાકો થયેલો. તેનાથી પાર્કીંગવાળા સ્થળે મુકાયેલા પતરા ફંગોળાયેલા અને દીવાલોને નુકસાન થયેલુ ત્યાં પડેલી ગાડીઓને પણ નુકસાન થયેલુ અને આગ લાગેલી. આ સ્થળે પોલીસ અને ફાયર બ્રીગેડના માણસો આવી ગયેલાનું જણાવેલ છે. આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલ છે તે ધ્યાને લેતાં બનાવ સંબંધી પોલીસે પુછપરછ કરેલી કે કેમ તે યાદ નથી. પોતાની ઑફિસેથી કેટલા વાગે નીકળેલા તે સમય પોલીસ નિવેદનમાં લખાવ્યાનું યાદ નથી. બીજા ફલેટ ધારકોના નિવેદનો આ સાહેદની હાજરીમાં લખાયેલા કે કેમ તે યાદ નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી રમેશભાઈ રાજાભાઈ ગોંડલીયાને સાહેદ નં.૪૧૦ તરીકે આંક–૨૩૫૭થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદની મેટ્રો હેર આર્ટ નામની વાળ કાપવાની દુકાન એલ.જી. હોસ્પિટલ સામે આવેલી છે. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાંજના સમયે આ સાહેદ તેમની દુકાનમાં કામકાજ કરતા હતા ત્યારે એલ.જી. હોસ્પિટલના બંધ દરવાજાની બાજુમાં આવેલ વાહનોના પાર્કીંગવાળી જગ્યાએ એક મોટો જબરજસ્ત ધડાકો થયેલો જેથી આ સાહેદ દુકાનની બહાર આવીને તે તરફ જોતા પાર્કીંગવાળી જગ્યાએ પતરાના શેડવાળા પતરા હવામાં ફંગોળાયેલા અને વેરવિખેર પડેલા. આ બનાવથી આ સાહેદની દુકાનના કાચને પણ નુકસાન થયેલાનું જણાવે છે. આ જગ્યાએ ફાયર બ્રીગેડના માણસો આવેલા અને ધડાકાના કારણે લાગેલી આગ બુજાવેલી. ત્યાં પડેલા વાહનોને નુકસાન થયેલાનું જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી અશ્વિનકુમાર લક્ષ્મણભાઈ ચૌહાણને સાહેદ નં.૪૧૧ તરીકે આંક–૨૩૫૮ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદ એલ.જી. હોસ્પિટલ સામે આવેલ મેટ્રો હેર આર્ટની દુકાનમાં કામ કરે છે. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સાંજના સમયે આ સાહેદ તેમની દુકાનમાં કામકાજ કરતા હતા ત્યારે એલ.જી. હોસ્પિટલના બંધ

દરવાજાની બાજુમાં આવેલ વાહનોના પાર્કીંગવાળી જગ્યાએ એક મોટો જબરજસ્ત ધડાકો થયેલો જેથી આ સાહેદ દુકાનની બહાર આવીને તે તરફ જોતા પાર્કીંગવાળી જગ્યાએ પતરાના શેડવાળા પતરા હવામાં ફંગોળાયેલા અને વેરવિખેર પડેલા. આ બનાવથી દુકાનના કાચને પણ નુકસાન થયેલાનું જણાવે છે. આ જગ્યાએ ફાયર બ્રીગેડના માણસો આવેલા અને ધડાકાના કારણે લાગેલી આગ બુજાવેલી. ત્યાં પડેલા વાહનોને નુકસાન થયેલાનું જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી ગૌતમ નથુભાઈ પટેલને સાહેદ નં.૭૨૪ તરીકે આંક–૩૫૦૧ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહદે મણીનગર એલ.જી. હોસ્પિટલ ચાર રસ્તા પાસે પટેલ ટી સેન્ટરના નામે ચાનો વેપાર કરે છે. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ તેઓ વેપાર કરતા હતા ત્યારે રાતના આઠેક વાગ્યાના સમયે એલ.જી. હોસ્પિટલના ગેટ નં.૨ પાસે એક પ્રચંડ ધડાકો થયેલો જેથી આ સાહેદ ત્યાં ગયેલા, ધડાકાના કારણે વાહનોને નુકસાન થયેલુ, શેડના પતરા હવામાં ઉડેલા અને વાહનો સળગેલા, હોસ્પિટલની દિવાલ તુટી ગયેલી અને ઘણા માણસોને ઈજા થયેલી, ત્યાં ફાયર બ્રીગેડના માણસો તથા પોલીસના માણસો આવેલા તેમ જણાવે છે. આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલ છે તે ધ્યાને લેતાં બનાવ એલ.જી. હોસ્પિટલના કમ્પાઉન્ડની દિવાલની અંદર બનેલો. આરોપીઓ તરફથી પુછવામાં આવેલો આ પ્રશ્ન ધ્યાને લેતા આ બનાવ એલ .જી. હોસ્પિટલના કમ્પાઉન્ડની દિવાલની અંદર બનેલ હોવાનું કબૂલ કરે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી ત્રિકમલાલ લક્ષ્મણભાઈ કોષ્ટીને સાહેદ નં.૭૨૧ તરીકે આંક–૩૪૯૮ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદ એલ.જી. હોસ્પિટલ ખાતે સિકયુરીટી તરીકે ફરજ બજાવતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેઓ ફરજ ઉપર હતા ત્યારે સાંજના સાતેક વાગ્યાના અરસામાં ઘણી બધી એમ્બ્યુલન્સ કારો, ખાનગી મોટર કારો તથા ઘણા વાહનોમાં દર્દીઓ લોહી લુહાણ સ્થિતિમાં આવતા હતા. મણીનગર વિસ્તારમાં બોમ્બના ધડાકાના કારણે તેઓને ઈજાઓ થયેલી. હોસ્પિટલ ઉપર

લોકોની ભીડ વધારે હતી. વધુમાં આ સાહેદના કહેવા પ્રમાણે રાત્રિના પોણા આઠ વાગે હોસ્પિટલના ગેટ નં.૨ પાસે વાહનોનું પાર્કીંગ છે તે સ્થળે જોરદાર ધડાકો થયેલો તેના કારણે આગ ફાટી નીકળેલી. તે સ્થળે વાહનોના પતરા ઉડેલા અને વાહનોને નુકસાન થયેલુ ત્યાં પડેલી મોટર કારોને નુકસાન થયેલુ, પબ્લીકના માણસોમાં નાસભાગ થયેલી, હોસ્પિટલની દીવાલ તુટી પડેલી, હોસ્પિટલના સ્ટાફના માણસોને ઈજાઓ થયેલી. આ જગ્યાએ ફાયર બ્રીગેડના માણસો અને પોલીસ આવી ગયેલી. આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલ છે તે ધ્યાને લેતાં જે તે વખતે ધડાકો શેનો થયેલો તેની ખબર પડેલી નહીં. બનાવ પછી પોલીસે પાંચ–છ દિવસ બાદ પોલીસ સ્ટેશને બોલાવેલા તેમ જણાવે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી સોનલબેન વકશીભાઈ પાંડોરને સાહેદ નં.૩૯૮ તરીકે આંક–૨૩૦૪ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદ એલ.જી. હોસ્પિટલમાં સ્ટાફ નર્સ તરીકે ફરજ બજાવતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ પોતાનું એકટીવા લઈ નોકરીના સ્થળે ગયેલા અને એકટીવા ગેટ નં.૨ પાસે સ્ટાફ પાર્કીંગમાં પાર્ક કરેલુ. આ દિવસે સાંજે સાતેક વાગ્યાના સમયે અમદાવાદમાં બોમ્બ વિસ્ફોટ થયેલા અને દર્દીઓને સારવાર માટે લાવવામાં આવતા હતા. આ સાહેદ દર્દીઓની સારવારમાં રોકાયેલા હતા તે વખતે સાડા સાત વાગ્યાના સમયે ગેટ નં.૨ પાસે સ્ટાફ પાર્કીંગમાં એક મોટો ધડાકો થયેલા તેના કારણે ત્યાં પડેલી મારૂતિ ફ્રન્ટી મોટર કાર સળગેલી અને બહાર આવીને જોયુ તો ત્યાં બીજા વાહનો પણ સળગતા હતા. પાર્કીંગવાળા સ્થળે નુકસાન થયેલુ, આ સાહેદનું એકટીવા સંપૂર્ણપણે નાશ પામેલુ અને રૂા.૪૦,૦૦૦/– નું નુકસાન થયેલાનું જણાવે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી મુસ્તુફામીયા હુશેનમીયા મલેકને સાહેદ નં.૪૧૫ તરીકે આંક–૨૩૬૨ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદ મણીનગર ફાયર સ્ટેશનમાં ફાયર મેન તરીકે નોકરી કરતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાંજના ૧૯.૫૨ કલાકે મેસેજ મળેલો કે એલ.જી. હોસ્પિટલ સામે વાહનોમાં આગ લાગી છે જેથી આ સાહેદ તે સ્થળ

ઉપર ગયેલા ત્યાં ફોર વ્હિલર ગાડીમાં આગ લાગી હતી. આ જગ્યા ઉપર કાર્ય પધ્ધતિ અનુસાર આગ બુજાવવાનું શરૂ કરેલુ, આગ બુજાવવામાં તેમની સાથે સ્ટાફના અન્ય ૮–૧૦ વ્યકિતઓ કામગીરીમાં હતા. એલ.જી. હોસ્પિટલ કમ્પાઉન્ડમાં આ સાહેદ પહોંચ્યા ત્યારે ગાડી સળગતી હતી, તે ગાડીમાં બોમ્બ બ્લાસ્ટ થયેલો હતો, મશીનનો ભાગ ઉડી ગયેલ હતો, તેની ગેસ કીટ પણ હોસ્પિટલની દિવાલે પડેલ હતી, એક મોપેડ બળેલુ પડેલ હતુ, હોસ્પિટલના બારીના કાચ તુટી ગયેલા હતા, શેડના પતરા ઉડેલા હતા. ત્યાં પોલીસના માણસો આવી ગયેલા તેમ જણાવે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી સુરેશભાઈ જીવણભાઈ પ્રજાપતિને સાહેદ નં.૪૦૯ તરીકે આંક–૨૩૩૫ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદે પટેલ ઓટો કન્સલટન્ટ ૧૩૨ ફૂટ રીંગ રોડ, ગોપાલ નગર પેટ્રોલ પંપ સામે, નારણપુરા પાસેથી એક મારૂતિ–૮૦૦ ગાડી એલ.પી. જી. કીટ સાથે ખરીદેલી હતી અને આ ગાડી આર.ટી.ઓ.માં તેમના નામે ટ્રાન્સફર કરાવેલી. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ આ ગાડી તેમની પાસે હતી. તા.૭/૮/૨૦૦૮ નાં રોજ પોલીસે પુછપરછ કરેલી. પોલીસને ગાડીના કાગળો જેવા કે આર.ટી.ઓ.બુક વિગેરે પોલીસને આપેલા. આ ગાડી તેમને કટારીયા ઓટો મોબાઈલ્સમાંથી બીજી ગાડી લેવાની હતી માટે એક્ષ્ચેન્જમાં સોંપેલી તેની રીસીપ્ટ આંક–૨૩૫૩ થી ૨જૂ છે. વધુમાં આ સાહેદ જણાવે છે કે આ મારૂતિ કાર સાહેદની માલિકીની હતી અને આ ગાડીનો નં.જીજે–૧–એચએફ–૫૭૬૪ હતો અને આ ગાડીનો સાહેદ પોતે ઉપયોગ કરતા હોવાનું જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી કમલેશ રામકિશન કોષ્ટીને સાહેદ નં.૭૨૫ તરીકે આંક–૩૫૦૨થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ શ્રેયસ કો.ઓ.ક્રેડીટ સોસાયટીમાં નોકરી કરતા હતા અને તેમની સંસ્થા કન્ઝયુમર પ્રોડકટ તથા મેડીકલ સ્ટોરની દુકાન ખોલી વ્યાજબી ભાવે વેચાણ કરવાનું કામકાજ કરતી હતી. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ આ સાહેદ એલ.જી. હોસ્પિટલ ખાતે મેડીકલ સ્ટોર ઉપર નોકરી ઉપર આવેલા ત્યારે સાંજના

પોણા સાત વાગ્યાના અરસામાં એલ.જી. હોસ્પિટલમાં જુદા–જુદા વાહનોમાં ઈજા પામનારાઓને સારવાર માટે લાવવામાં આવેલા. આ વખતે જાણેલુ કે મણીનગર વિસ્તારમાં તથા અમરાઈવાડી, ઓઢવ વિસ્તારોમાં બોમ્બ બ્લાસ્ટ થયેલા છે તેથી ઈજા પામનારાઓને એલ.જી. હોસ્પિટલમાં લાવવામાં આવે છે. આ વખતે દુકાન ઉપર ઘણી ભીડ પણ હતી તે દરમ્યાન રાત્રિના પાણા આઠ વાગ્યાના સમયે દુકાનથી ૮૦ મીટરના અંતરે હોસ્પિટલના કમ્પાઉન્ડમાં ગેટ નં.૨ પાસે જોરદાર બ્લાસ્ટ થયેલો, ધડાકાના કારણે આ સાહેદના કાનમાં બહેરાશ આવી ગયેલી. આ ધડાકાથી આગ લાગેલી, લોકોમાં દોડધામ થઈ ગયેલી, પોલીસ અને ફાયર બ્રીગેડ આવી ગયેલી, બ્લાસ્ટ થયેલ ગાડીના ભાગો જુદા પડી ગયેલા, એક ઝાડ તથા મોપેડ પણ સળગતુ હતુ, બીજી મોટર સાઈકલ તથા ગાડીઓ પણ સળગેલી, શેડના પતરા ઉડી ગયેલા તથા હોસ્પિટલની દીવાલને નુકસાન થયેલુ હતુ. આ બનાવમાં ઘણા માણસોને ઈજા થયેલાનું જણાવેલ છે. આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલ છે તે ધ્યાને લેતાં આ સાહેદે સ્વેચ્છાએ પોલીસ સમક્ષ જઈને બનાવની જાહેરાત કરેલી નથી. પોલીસે જવાબ લીધા પછી સહી લીધી નથી.

આમ, મણીનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં મણીનગર એલ.જી. હોસ્પિટલના કમ્પાઉન્ડ ગેટ નં.૨ ની પાસે અંદરના ભાગે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ કલાક ૧૯.૪૫ વાગ્યે મારૂતી ગાડીમાં બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલો અને આ બોમ્બ બ્લાસ્ટમાં સાત માણસોને ઈજા થયેલી તથા હોસ્પિટલના પાર્કીંગમાં જે મારૂતી ગાડીમાં બ્લાસ્ટ થયેલો તે ગાડી નાશ પામેલી, આજુબાજુમાં પડેલ વાહનો સળગવાથી વાહનોને નુકસાન થયેલુ, હોસ્પિટલના બિલ્ડિંગને તથા દિવાલ પડી જવાથી નુકસાન થયેલુ તેમજ પતરાના શેડને પણ નુકસાન થયેલુ તે હકીકત ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા ઉપરોકત તમામ પુરાવા ઉપરથી સાબીત થાય છે તેમ હું માનુ છું.

(૩૮) **<u>અમદાવાદ શહેરના વટવા પોલીસ સ્ટેશનની હકૂમતના વિસ્તારમાં સાઇકલ ઉપર બોમ્બ પ્લાન્ટેશન કરી બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલ તે બનાવ પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન.</u>**

- વિસ્તાર:– વટવા પોલીસ સ્ટેશનની હદમાં
- સ્થળ:– નારોલ સર્કલ, મિત્તલ ચેમ્બર્સની સામે, જાહેર રોડ ઉપર
- તારીખ:– ૨૬/૭/૨૦૦૮
- સમય:– કલાક ૧૮.૩૦ (સાંજે)
- ગુના રજીસ્ટર નં.ફર્સ્ટ ૨૧૮/૨૦૦૮
- મરણ જનારની સંખ્યા:– નથી
- ઈજા પામનારની સંખ્યા:– ચાર
- બનાવમાં વપરાયેલ વાહન:– સાઇકલ

તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ વટવા પોલીસ સ્ટેશનની હકુમતમાં આવેલ વિસ્તાર નારોલ સર્કલ, મિત્તલ ચેમ્બર્સની સામે, જાહેર રોડ ઉપર સાઇકલ મુકીને સાઇકલ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલો. તેની ફરિયાદ કાદરભાઈ કરીમભાઈ અજમેરીનાઓએ પોલીસ ઇન્સ્પેકટર વટવા પોલીસ સ્ટેશન સમક્ષ લખાવેલી. આ ફરિયાદીને ફરિયાદપક્ષ દ્વારા સાહેદ નં.૧૦ તરીકે આંક–૫૧૮ થી તપાસવામાં આવેલા છે. તેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે જુલાઈ–૨૦૦૮ના અરસામાં આ સાહેદ નારોલ સર્કલ ઉપર આવેલ મિત્તલ ચેમ્બરની સામે ફુટપાથ ઉપર કટલેરીની લારી ઉભી રાખી ધંધો કરતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાંજના ૬.૩૦ વાગ્યે આ સાહેદની લારીના પાછળના ભાગે બોમ્બ ધડાકો થયેલો જેથી આ સાહેદને પીઠની પાછળના ભાગે વાગેલુ અને લારીના પાછળના ભાગે એક સાઇકલ હતી તે સાઇકલ ઉપર થેલી હતી અને થેલીમાં એક ધડાકો થયેલો. આ ધડાકાથી પબ્લીકમાં ભાગમભાગ થયેલી, બનાવમાં બીજા બે–ત્રણ જણાને વાગેલુ, તેમાં એક મિથુન હતો. ત્યારબાદ સ્થળ ઉપર ૧૦૮

એમ્બ્યુલન્સ આવેલી તે વખતે જાણેલુ કે સામેના ભાગમાં આવેલ હનુમાનજી મંદિર પાસે પણ બીજો બોમ્બ ધડાકો થયેલો છે. આ સાહેદે પોલીસ ઇન્સ્પેકટર વટવા સમક્ષ જે ફરિયાદ આપેલી તે આંક–૫૧૯ થી રજૂ છે. ફરિયાદની હકીકતો તેમને વાંચી સંભળાવતા તે કબૂલ કરે છે અને ફરિયાદમાં સહી ઓળખી બતાવેલ છે. વધુમાં આ સાહેદને અદાલત રૂબરૂ પોતે બનાવના દિવસે પહેરેલ શર્ટ કે જે આંક–૫૨૦ વાળા મુદ્દામાલ લીસ્ટથી રજૂ કરેલુ તે પોલીસને આપેલો તે પણ સાહેદને બતાવતા તે શર્ટ આ સાહેદે ઓળખી બતાવેલો છે.

ફરિયાદી કાદરભાઈ કરીમભાઈ અજમેરીનાઓએ ઉપરોકત ફરિયાદ જેની સમક્ષ લખાવેલી તે ફરિયાદ લેનાર પી.આઈ. વટવા પોલીસ સ્ટેશનના શ્રી બળદેવભાઈ લવજીભાઈ ચૌધરીનાઓ હતા તેઓને ફરિયાદપક્ષે આ કામે સાહેદ નં.૬૯૯ તરીકે આંક–૩૪૩૦ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો સને ૨૦૦૭ થી ૨૦૧૦ ના સમય દરમ્યાન તેઓ વટવા પોલીસ સ્ટેશન ખાતે પોલીસ ઇન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાંજના વન ગાડીમાં પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન કલાક ૧૮.૫૦ વાગ્યે કન્ટ્રોલમાંથી મેસેજ આવેલો કે નારોલ સર્કલ પહોંચો જેથી આ સાહેદ નારોલ સર્કલ પાસે સ્ટાફના માણસો સાથે ગયેલા. ત્યાં મિત્તલ ચેમ્બરની સામે જાહેર રોડ ઉપર એક સાઇકલમાં વિસ્ફોટ થયેલાનું જણાવેલુ. નારોલ સર્કલ ઉપર કટલેરીની લારી ઉભી રાખતા કાદરભાઈ અજમેરીને ઈજાઓ થયેલી, તે પણ ત્યાં હાજર હતા જેથી આ જગ્યા કોર્ડન કરેલી અને સ્ટાફના માણસો સાથે જગ્યા સુરક્ષિત કરવા પ્રબંધ કરેલો. કાદરભાઈ અજમેરીની પુછપરછ કરેલી, તેમને ફરિયાદ લખાવવાની ઈચ્છા વ્યકત કરતા તેમની ફરિયાદ તેમના લખાવ્યા મુજબની લખી લીધેલી. આ બનાવ તેઓની લારીની પાસે જુની સાઇકલ પડેલી તેમાં બોમ્બ ધડાકો થયેલો. જેમાં અન્ય જાવેદભાઈ તથા મિથુનભાઈ રબારીને પણ ઈજાઓ થયેલી. આ ફરિયાદ લીધા બાદ આ સાહેદે પોતાના રીપોર્ટ સાથે ફરિયાદ પી.એસ.ઓ. વટવા પોલીસ સ્ટેશનનાઓને ગુનો નોંધવા માટે મોકલી આપેલી. જે ફરિયાદ આ સાહેદની રૂબરૂ આપવામાં આવેલી

તેમાં આ સાહેદે ફરિયાદીની સહી તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવેલી છે તેમજ પી.એસ.ઓ.ને ફરિયાદ નોંધવા જે રીપોર્ટ કરેલો તે આંક–૫૭૨થી ૨જૂ છે તેમાં પણ આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. આ ઉપરાંત આ સાહેદે બનાવવાળી જગ્યાનું પંચનામુ પણ બે પંચોની હાજરીમાં બનાવેલુ છે અને પંચનામામાં બે પંચોની સહીઓ લીધેલી અને રૂબરૂ તરીકે તેમણે સહી કરેલી જે પંચનામુ આંક–૧૭૯૨ થી ૨જૂ કરેલ છે. આ ઉપરાંત સ્થળ ઉપરથી પંચનામાની વિગતે જે મુદ્દામાલ કબજે કરીને સીલ કરેલો અને મુદ્દામાલ ઉપર પંચોની સહીઓવાળી જે સ્લીપો લગાવેલી તે સ્લીપો ઉપર તથા પંચનામા ઉપર પણ આ સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે જે પંચ સ્લીપો આંક–૧૭૯૩ થી ૧૭૯૫ સુધી ૨જૂ કરેલી છે. વધુમાં આ સાહેદના કહેવા પ્રમાણે બનાવવાળી જગ્યા ઉપર એફ.એસ.એલ. અધિકારીને બોલાવવા યાદી લખેલી તે યાદી આંક–૩૪૩૪ થી ૨જૂ કરેલ છે તેમાં પણ આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. આંક–૫૨૦ થી અનુક્રમ નં.૧ થી ૭ વાળો મુદ્દામાલ પણ વારાફરતી ખોલીને બતાવતા આ સાહેદે અદાલત રૂબરૂ આ મુદ્દામાલ જેવો કે ફાટેલી કપડાની થેલી, જૂની હરકયુલસ કંપનીની સાઇકલ તથા સાઇકલ ઉપર ચીકણો પદાર્થ વિગેરે પણ ઓળખી બતાવેલો છે.

આ ફરિયાદ લીધા બાદ સાહેદ બળદેવભાઈ લવજીભાઈ ચૌધરી ગુનો રજીસ્ટર કરવા માટે પી.એસ.ઓ. વટવા પોલીસ સ્ટેશનને મોકલી આપેલી અને પી.એસ.ઓ. વટવા પોલીસ સ્ટેશનનાઓએ આ ફરિયાદને સ્ટેશન ડાયરીમાં રજીસ્ટર કરેલી, તે સ્ટેશન ડાયરીની નકલ આ કામે આંક–૫૭૧ થી ૨જૂ કરેલી છે. તે ફરિયાદ રજીસ્ટર કરનાર સાહેદ રામાભાઈ મંગળભાઈ ચાવડાઓને સાહેદ નં.૨૬ તરીકે આંક–૫૭૦થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લેતા તેઓ બનાવના દિવસે પી.એસ.ઓ. તરીકે વટવા પોલીસ સ્ટેશનમાં ફરજ ઉપર હતા ત્યારે એક સૂચિપત્ર બળદેવભાઈ લવજીભાઈ ચૌધરીની સહીથી મોકલવામાં આવેલુ અને ગુનો નોંધેલો અને સ્ટેશન ડાયરી એન્ટ્રી નં.૧૭ આપેલી, ત્યારબાદ

એફ.આઈ.આર. ફાડેલી અને તે અંગેનો રીપોર્ટ કરેલો જે આ કામે આંક–૫૭૨ થી રજૂ કરેલો છે.

ફરિયાદી કાદરભાઈ કરીમભાઈ અજમેરીનાઓની આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી છે તે ધ્યાને લઈએ તો બનાવ સમયે વાહનો અને લોકોને આ જગ્યાએ પુષ્કળ અવર–જવર હોય છે તે કબૂલ કરે છે. આ જગ્યા હિન્દુ અને મુસ્લિમ કોમના લોકોની વેપારની જગ્યા છે તે કબૂલ કરે છે. નાસભાગમાં કોને શું વાગ્યુ તેની ખબર પડેલી નહીં તો તે હકીકત નકારેલી છે. સાહેદને સાધારણ ઈજાઓ થયેલી તે કબૂલ કરેલી છે. આ હકીકત ધ્યાને લેતા આ બનાવના આ સાહેદને ઈજાઓ થયેલી છે તે પ્રશ્ન આરોપીઓ તરફથી કબૂલાત્મક સ્વરૂપમાં પુછવામાં આવેલો છે. લોહી નહીં નીકળેલાની હકીકત નકારેલી છે.

ફરિયાદ લેનાર બળદેવભાઈ લવજીભાઈ ચૌધરીનાઓની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી છે. તેઓની ઊલટતપાસ ધ્યાને લઈએ તો વન ગાડીમાં લોગ બુક અને વર્ધિ બુક હોય છે અને ફરજ દરમ્યાન જે–જે જગ્યાએ ગયેલા હોય તેની નોંધ આ બુકમાં કરવાની હોય છે તે કબૂલ કરે છે. કન્ટ્રોલ રૂમમાંથી મળેલ મેસેજ અંગે કોઈ પુરાવો નથી તે કબૂલ કરે છે. બનાવના સ્થળે તેઓ ૨–૩ કલાક રોકાયેલા. બનાવના બીજા દિવસે પણ લગભગ ૧૦.૪૫ વાગે આ સાહેદ ગયેલા. એવુ બનેલુ નથી કે એફ.એસ.એલ. અધિકારી હિંગરાજીયા સાહેબ બનાવના સ્થળ ઉપરથી ફાટેલી કપડાની થેલી, લાકડાના ટુકડા, ડીટોનેટર, બેટરી, છરા તેમજ સાઇકલ ઉપર ચોટેલ ચીકણો પદાર્થ કન્ટ્રોલ રૂ ભરીને લઈ ગયા હોય. મુદ્દામાલ સાઇકલને પણ કોઈ પણ પ્રકારે પેક કરીને સીલ કરીને પંચોની સહીવાળી સ્લીપ મુકી હોય તેવુ બન્યુ નથી. એફ.એસ.એલ. અધિકારી હિંગરાજીયા કેટલા વાગ્યે સ્થળ ઉપર આવેલા તેનો ઉલ્લેખ પંચનામામાં કરેલ નથી તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે પંચનામામાં એફ.એસ.એલ. અધિકારીનો સ્થળ ઉપર આવવાનો સમય નોંધવા જરૂરી નથી. વધુ ઊલટતપાસ ધ્યાને લેતાં ઈજાગ્રસ્તોના નિવેદનો અને તેમને સારવાર માટે મોકલ્યા સિવાય વિશેષ કોઈ કાર્યવાહી ફરિયાદ લીધા પછી કરેલ

નથી. ગુનાની તપાસ આ સાહેદના કહેવાથી પી.એસ.ઓ.એ તેમને સોંપેલાની હકીકત નકારેલી છે. બનાવના સ્થળેથી જે ચીજવસ્તુઓ મળેલી તે સીલ કરીને કબજે લીધાનું કબૂલ કરે છે.

ત્યારબાદ આ કામે પી.એસ.ઓ. રામાભાઈ મંગળભાઈની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલી છે તે ધ્યાને લેતા પોલીસ સ્ટેશનમાં આ ફરિયાદ નોંધી તે અગાઉ આ બનાવ કયાં બન્યો છે, કેવી રીતે બન્યો છે તથા બનાવ શું બન્યો છે તે અંગેની જાતમાહિતી ન હતી તે કબૂલ કરે છે. પરંતુ સ્વાભાવિક છે કે તે અંગેની જાતમાહિતી આ સાહેદને ન હોય કારણ કે વટવા પોલીસ સ્ટેશન બનાવવાળી જગ્યાએથી દુર આવેલુ છે અને આ સાહેદ પોલીસ સ્ટેશનમાં પી.એસ.ઓ. તરીકે ફરજ બજાવતા હતા જેથી બનાવવાળી જગ્યા ઉપરની તેઓને જાતમાહિતી ન હોય.

સાહેદ બળદેવભાઈ લવજીભાઈ ચૌધરીનાઓએ બે પંચોની હાજરીમાં આંક–૧૭૯૨ વાળુ ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરી જે મુદ્દામાલ કબજે કરેલો તે પંચનામાના પંચો પૈકીના પંચ યોગેશકુમાર કાળુસિંહ ચૌહાણને સાહેદ નં.૩૪૦ તરીકે આંક–૧૭૯૧ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ નારોલ સર્કલ પાસે એ.ટી.એમ.માં સવારના ૧૧ વાગ્યાના અરસામાં પૈસા ઉપાડવા ગયેલા ત્યારે પોલીસે તેમને નારોલ સર્કલ પાસે આવેલ મિત્તલ ચેમ્બર પાસે, મિત્તલ ટાયરની દુકાન પાસે બોલાવેલા, તે જગ્યા ખુલ્લી હતી તેમની સાથે બીજા એક ભાઈ તસ્લીમભાઈને પણ પોલીસે બોલાવેલા. ત્યાં આગલા દિવસે બોમ્બ ફુટેલ હતો અને જગ્યાનું પંચનામુ કરવાનું હતુ. વધુમાં આ સાહેદના કહેવા પ્રમાણે તે જગ્યાએ કાદરભાઈ હતા તેમને જગ્યા બતાવેલી, તે જગ્યાએ એક સાઇકલ પડેલ હતી, તેના હેન્ડલ ઉપર એક કાપડની થેલી ભરાવેલી હતી અને નીચેથી તે ફાટી ગયેલી હતી. આ જગ્યાએ એફ.એસ.એલ. ના માણસો આવેલા, જે સાઇકલ જોયેલી તે હરકયુલસ કંપનીની હતી. આ જગ્યાએ ફાટી ગયેલ પ્લાસ્ટિકના અને કાપડના ટુકડા જોયેલા આ સિવાય લાકડાના ટુકડા વાયર, સાઇકલ અને બોક્ષને ચીકણો પદાર્થ લાગેલો

હતો તે તથા છરા જોયેલા, વધારે સમય થયો હોવાથી બીજુ યાદ નથી. એફ.એસ.એલ. ના અધિકારીઓએ આ ચીજવસ્તુઓ પેક કરવાનું કહેલુ અને તે વસ્તુઓ જોઈને પ્લાસ્ટિકની કોથળીમાં મુકી પુઠ્ઠાના બોક્ષમાં પેક કરેલી. સાઈકલ ઉપર જે ચીકાસવાળો પદાર્થ હતો તે પણ રૂ થી લુછી કબજે કરેલો, આ સિવાય એક સાદુ રૂ પણ કબજે લીધેલુ અને વસ્તુઓના ત્રણ પડીકા બનાવવામાં આવેલા. આ બોક્ષને દોરી બાંધી ત્રણ પંચ સ્લીપો બનાવેલી અને પંચોની સહીઓ કરાવી સ્લીપો લગાવેલી. આ સાહેદે આંક–૧૭૯૨ વાળા પંચનામામાં પોતાની તથા પોતાની સાથેના તસ્લીમભાઈની સહીઓ ઓળખી બતાવી છે. આ ઉપરાંત આંક–૧૭૯૩ થી ૧૭૯૫ સુધીની પંચ સ્લીપોમાં પણ આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. આ સાહેદની હાજરીમાં ઉપરોકત જે વસ્તુઓ પોલીસે તપાસ અર્થે કબજે કરેલી તે વસ્તુઓ પણ અદાલત રૂબરૂ ખોલીને બતાવતા તમામ વસ્તુઓ આ સાહેદે ઓળખી બતાવી છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ જે એટીએમમાં પૈસા લેવા ગયેલા તે આ સાહેદની ઑફિસ પાસે એટલે કે વટવા ત્રણ રસ્તા પાસે આવેલી છે તે કબૂલ કરે છે. આ સાહેદની ઑફિસની આજુબાજુ ઘણી બધી ઑફિસો તથા ટ્રાન્સપોર્ટની ઑફિસો અને ગોડાઉનો આવેલા છે તે કબૂલ કરે છે. મિત્તલ ચેમ્બર પાસે પહોંચ્યા ત્યારે ઘણા બધા પોલીસના માણસો તથા પોલીસ વાહન હતા તે કબૂલ કરે છે. આ સાહેદ સ્થળ ઉપર પહોંચ્યા તે પહેલા પોલીસે શું કાર્યવાહી કરેલી તેની માહિતી આપેલી નહીં તે કબૂલ કરે છે. આ સાહેદ સ્થળ ઉપર પહોંચ્યા તે પહેલા કાદરભાઈ કરીમભાઈ અજમેરી કેટલા સમય પહેલા ત્યાં હાજર હતા તેની ખબર નથી. કાદરભાઈ કયાં રહે છે અને શું ધંધો કરે છે તેની ખબર નથી. પંચનામામાં એફ.એસ.એલ. શું છે તેનો કોઈ અર્થ પોલીસને પુછેલો તેના જવાબમાં સાહેદે જણાવેલુ છે કે ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી. વધુમાં પોલીસ અધિકારીને તમે આમ લખો એવુ કહેલુ તે પ્રશ્નના જવાબમાં સાહેદે ના પાડેલી છે. આ સાહેદની હાજરીમાં સ્થળ ઉપર કોઈ કાર્યવાહી થયેલી નથી તો તે હકીકત નકારી છે. આ સાહેદની હાજરીમાં કોઈ ચીજવસ્તુઓ કબજે કરવામાં

આવેલી નહીં તો તે હકીકત નકારેલી છે. આ સાહેદે બનાવના દિવસ અંગેનો કોઈ નોંધ કે વિગતો કોઈ ડાયરીમાં નોંધી હોય તેવુ બન્યુ નથી. પરંતુ મારા મત પ્રમાણે સામાન્ય રીતે કોઈપણ વ્યકિત રોજેરોજના બનાવની નોંધ ડાયરીમાં કરતી નથી કે તેવી કોઈ નોંધો રાખતા નથી માટે ઊલટતપાસમાં આવા પુછેલા પ્રશ્નોનું મૂલ્યાંકન કરવુ અસ્થાને છે.

આ કામે બનાવ બન્યા પછી ગુનાવાળી જગ્યાએ એફ.એસ.એલ. અધિકારીને સ્થળ નિરીક્ષણ માટે વટવા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટરશ્રી ચૌધરી સાહેદ નં.૬૯૯ નાઓએ યાદી લખી બોલાવેલા તે યાદી આ કામે આંક–૩૪૩૪ થી રજૂ કરેલી છે. આ યાદી આધારે સ્થળ ઉપર એફ.એલ.એલ. અધિકારી અમૃત વશરામભાઈ હિંગરાજીયા આવેલા તેઓને આ કામે સાહેદ નં.૮૩૦ તરીકે આંક–૫૫૬૬ થી તપાસેલા છે. તેઓની આ ગુના પુરતી સરતપાસ ધ્યાને લઈએ તો તેઓ તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ યાદી આધારે બનાવવાળુ સ્થળ મિત્તલ ચેમ્બર્સ નારોલ પાસે ગયેલા અને જે જગ્યા ઉપર સાઇકલ મુકીને બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલો તે જગ્યાનું નિરીક્ષણ કરેલુ અને તે જગ્યા ઉપરથી...

(૧) ફાટેલ કપડાની થેલી, તુટેલ બ્લ્યુ રંગની પ્લાસ્ટિકની કોથળી, છાપાના ટુકડાઓ, બ્લ્યુ રંગની ટેપ ચોંટાડેલ લાકડાના ટુકડાઓ, સફેદ વાયર ભરાવેલ જેમાં કુટેલ ડીટોનેટરનો ભાગ તે જગ્યાએ છે, બેટરી નવ વોલ્ટ, છરા, ફાટેલ ટીશર્ટ વિગેરે.

(૨) સાઇકલ ઉપર ચોંટેલ સફેદ પીળા રંગનો પદાર્થ ૩ વડે ઘસીને લીધેલ.

(૩) કન્ટ્રોલ ૩.

ઉપર મુજબનો મુદ્દામાલ કબજે કરવાની લેખિત સુચના આપેલી અને આ સુચના આંક–૩૪૩૪ ના પાછળના ભાગે લખેલી છે અને તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવી છે. આ સાહેદે પણ અમદાવાદના બીજા બોમ્બ બ્લાસ્ટના બનાવોવાળી જગ્યા ઉપર જઈ સ્થળ નિરીક્ષણ કરેલુ છે. આરોપીઓ તરફથી આ સાહેદની જનરલ ઊલટતપાસ થયેલી છે.

ત્યારબાદ આ કામે એફ.એસ.એલ. અધિકારી જાનમહંમદ ફકીરભાઈ મન્સુરીને સાહેદ નં.૮૪૦ તરીકે આંક–૫૭૦૦ થી તપાસેલ છે. તેઓની આ ગુના પુરતી સરતપાસ ધ્યાને લઈએ તો પેરા નં.૭ મુજબ આ સાહેદના વિભાગના મદદનીશ નિયામક દ્વારા તા.૧૧/૮/૨૦૦૮ નાં રોજ વટવા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૧૮/૨૦૦૮ ના કેસનો મુદ્દામાલ તેઓને રવાનગી નોંધ સાથે મળેલો જે રવાનીગ નોંધ મળેલી તે આ કામે આંક–૫૭૧૭ થી રજૂ કરેલી છે જેમાં પોલીસ ઈન્સ્પેકટરશ્રી વી.એસ. શુકલ એસ.ઓ.જી. ક્રાઈમ બ્રાન્ચની સહી છે તથા સત્તા અંગેનુ પ્રમાણપત્ર પણ છે જેમાં મદદનીશ પોલીસ કમિશનર એચ.આર.મુલીયાણાનાઓની સહી તથા હોદાના સીલો છે અને મુદ્દામાલ મળ્યો અને સ્વીકાર્યો તે અંગેની પહોંચ આંક–૫૭૧૮ થી રજૂ કરેલી છે જેમાં મદદનીશ નિયામકની સહી છે. આંક–૫૭૧૭ ની રવાનગી નોંધ મુજબ...

માર્ક–એ ગુનાવાળી જગ્યાએથી ફાટેલ કપડાની થેલી તથા બ્લ્યુ કલરની પ્લાસ્ટિકની કોથળી તથા છાપાના ટુકડા, બ્લ્યુ રંગની ટેપ ચોંટાડેલ લાકડાના ટુકડાઓ જેમાં સફેદ વાયર ભરાવેલ તે તથા કુટેલ ડીટોનરનો ભાગ બે જગ્યાએ, નવ વોલ્ટની બેટરી, છાર, ફાટેલ ટી શર્ટ સીએએફના લેબલ વાળી.

માર્ક–બી સાઇકલ ઉપર ચોંડેલ સફેદ પીળા રંગનો ચીકણો પદાર્થ રૂ વડે ઘસીને લીધેલ.

માર્ક–સી કંટ્રોલ સેમ્પલ રૂ.

માર્ક–ડી ફરિયાદી કાદરભાઈએ બનાવ વખતે પહેરેલ આખી બોયનું શર્ટ જે લોહીના ડાઘા વાળુ અને કટમાર્કવાળુ.

માર્ક–ઈ ઈજા પામનાર સાહેદ જાવેદહુસેન રમજાનભાઈનાએ બનાવ વખતે પહેરેલ આખી બોયનું શર્ટ જે લોહીના ડાઘાવાળુ અને કટમાર્કવાળુ.

માર્ક–એફ એક હરકયુલસ કંપનીની કાળા કલરની ૨૨ ની સાઈઝની સાઇકલ જેનો ફ્રેમ નં.ટીએલ૮૪૧૪૪.

વધુમાં આ સાહેદની સરતપાસ પ્રમાણે ઉપરોકત મુદ્દામાલનુ આ સાહેદે પૃથક્કરણ કરેલ અને પૃથક્કરણના પરિણામ મુજબ...

(૧) માર્ક–એ એમોનિયમ નાઈટ્રાઈટ, નાઈટ્રેટ, લેડ તથા એઝાઈડ મુલકો તથા પી.ટી.ઈ.એમ. (હાઈડ્રોએક્ષપ્લોઝીવ) તેમજ પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સ ઓઈલ (પેરાફીન ઓઈલ પ્રકાર) ની હાજરી શોધાયેલી છે.

(૨) માર્ક–બી,ડી તથા એફમાં એમોનિયમ નાઈટ્રાઈટ મુલક તથા પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બોન્સ ઓઈલ (પેરાફીન ઓઈલ પ્રકાર)ની હાજરી શોધાયેલી છે.

(૩) માર્ક–સી માં વિસ્ફોટકના ઘટકોની હાજરી શોધાયેલી નથી.

ઉપરોકત પૃથક્કરણ અંગેનો જે અભિપ્રાય આ સાહેદે આપેલો તે અભિપ્રાય મુજબ...

(૧) પૃથક્કરણના પરિણામમાં શોધાયેલ એમોનિયમ નાઈટ્રેટ અને પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સ ઓઈલનું મિશ્રણએ એમોનિયમ નાઈટ્રેટ બેઝ એમોનિયમ નાઈટ્રેટ–ફ્યુઅલ ઓઈલ (એનફો) હાઈએક્ષપ્લોઝીવના ઘટકો છે.

(૨) પૃથક્કરણના પરિણામમાં શોધાયેલ લેડ એઝાઈડ અને પી.ઈ.ટી.એન. (હાઈએક્ષપ્લોઝીવ) નો ઉપયોગ બ્લાસ્ટીંગ કેપ (ડીટોનેટર) માં થાય છે.

(૩) નમૂનાઓમાંથી મળેલ ધાતુના છરાનો ઉપયોગ હાથ બનાવટના બોમ્બમાં મીસાઈલ્સ તરીકે થાય છે.

(૪) પૃથક્કરણના પરિણામ તથા નમૂનાઓમાંથી મળેલ ધાતુના છરા, પ્લાસ્ટિકના ટુકડા, બેટરી, ડીટોનેટરના ભાગો, સી આકારના લાકડાના તુટેલ ભાગો, કાળા રંગના પ્લાસ્ટિકની શીટના ભાગોના

આધારે એવુ કહી શકાય કે હોડી આકારના પ્લાસ્ટિકની શીટ ધરાવતા કન્ટેનરમાં એનફો એક્ષપ્લોઝીવ પદાર્થભરી ધાતુના છરા ઉમેરી તથા ડીટોનેટરના ઉપયોગથી બનાવાયેલ ટાઈલ ડીલે ડીવાઈસ પ્રકારન આઈ.ઈ.ડી. બોમ્બ છે.

આ મુજબનો આ સાહેદે મુદ્દામાલ પૃથક્કરણ કરીને જે રીપોર્ટ આપેલો તે આંક–૫૭૧૯ થી રજૂ કરેલો છે. જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલી છે તે ધ્યાને લેતા પોલીસ તરફથી જે મુદ્દામાલ પરિક્ષણ માટે મળેલો તેને તે જ દિવસે પરિક્ષણ કરેલ નથી તે કબૂલ કરેલ છે. પરંતુ મારા મત પ્રમાણે એફ.એસ.એલ. કચેરી ખાતે બીજા ઘણા પોલીસ સ્ટેશનોમાંથી મુદ્દામાલ પરિક્ષણ અર્થે આવતો હોય છે અને તે તમામ મુદ્દામાલનું વારાફરતી પરિક્ષણ કરવામાં આવતુ હોય છે માટે પરિક્ષણ એક જ દિવસે ન થાય માટે આ સાહેદે આ મુદ્દામાલ સ્વીકાર્યો તે જ દિવસે પરિક્ષણ કરેલુ નથી, કારણ કે પેન્ડીંગ મુદ્દામાલોનું પણ આ સાહેદે પરિક્ષણ કરવાનું હોય છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો મુદ્દામાલ સ્વીકાર્યા પછી કોની કસ્ટડીમાં હતો તેનો ખુલાસો કરેલો નથી તે કબૂલ કરે છે. મુદ્દામાલ એલોટમેન્ટ બાબતે કોઈ જગ્યાએ નોંધ થતી નથી. મુદ્દામાલ મદદનીશ નિયામક પાસે પહોંચ્યા પછી તે શું કરે છે તેની આ સાહેદને ખબર નથી. મારા મત પ્રમાણે તે ન જ હોય કારણ કે મુદ્દામાલ જેવો સ્વીકારવામાં આવે તે પછી જે તે વિભાગમાં પૃથક્કરણ માટે રાખવામાં આવતો હોય છે. વધુ ઊલટતપાસ ધ્યાને લેતાં આ સાહેદને મળેલ મુદ્દામાલ ઉપર કોઈ સીલ ન હતુ તે કબૂલ કરે છે. આ સાહેદે બીજા પણ બનાવોના ઘણા મુદ્દામાલોનું પૃથક્કરણ કરેલુ છે જેથી ઊલટતપાસમાં ઘણા બધા જનરલ સવાલો પુછવામાં આવેલા છે તે અસ્થાને છે. કોઈ ચોકકસ બનાવ સબંધે કોઈ ચોકકસ સવાલ પુછવામાં આવેલા નથી.

ત્યારબાદ આ કામે આ બનાવમાં ફરિયાદી અને ઈજા પામનાર કાદરભાઈ કરીમભાઈ અજમેરી તથા ઈજા પામનાર સાહેદ જાહેદહુસેન

રમજાનભાઈ રંગરેજનાઓએ બનાવ વખતે પોતે પહેરેલા કપડાઓ પંચનામુ કરી કબજે કરવાના હોવાથી પોલીસ ઇન્સ્પેકટર એસ.ઓ.જી.ના શ્રી વિનય હરીશભાઈ શુકલનાઓએ બે પંચોની હાજરીમાં આ બંને સાહેદોના કપડાઓ કબજે કરેલા. આ વિનયભાઈ હરીશભાઈ શુકલને સાહેદ નં.૧૦૭૦ તરીકે આંક–૭૨૬૪ થી તપાસેલા છે. તેઓની આ ગુના પુરતી સરતપાસ ધ્યાને લઇએ તો તા.૨૯/૭/૨૦૦૮ નાં રોજ ઉપરોકત સાહેદોના કપડાઓ પંચનામુ કરી કબજે કરેલા છે, મુદ્દામાલ લીસ્ટ આંક–૫૨૦ આર્ટીકલ નં.૫ અને ૬ વાળા મુદ્દામાલ કપડા આ સાહેદને ખોલીને બતાવતા તેઓ આ સાહેદોના કપડા ઓળખી બતાવે છે કે જે તેમને તેમની હાજરીમાં કબજે કરેલા હતા. આંક–૨૨૯૮ વાળા પંચનામામાં બે પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે, મુદ્દામાલ કપડા કબજે કર્યા પછી તેની ઉપર બે પંચોની સહીઓવાળી સ્લીપ લગાવેલી અને પોતે પણ સહી કરેલી તે સ્લીપો આંક–૨૩૦૦ તથા ૨૩૦૧ થી રજૂ કરેલી છે અને તેમાં પણ આ સાહેદ રૂબરૂ તરીકે પોતાની સહીઓ તથા પંચોની સહીઓ ઓળખી બતાવે છે.

ઉપરોકત આંક–૨૨૯૮ ના પંચનામાની વિગતે જે કપડા કબજે કરવામાં આવેલા તે પંચનામાના પંચો પૈકી પંચ દલાભાઈ પ્રેમાભાઈ પટેલને સાહેદ નં.૩૯૬ તરીકે આંક–૨૨૯૭ થી તપાસવામાં આવેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૯/૮/૨૦૦૮ નાં રોજ એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદની ઑફિસે તેઓને બોલાવેલા ત્યાં પોલીસે ભુરાભાઈ પટેલને પણ બોલાવેલા. વટવા પોલીસ સ્ટેશનના કામે બોમ્બ બ્લાસ્ટમાં ઈજા પામનાર કાદરભાઈ તથા જાવેદ હુસેને બનાવ વખતે પહેરેલ કપડા કબજે કરવાનું જણાવેલુ અને આ સાહેદની હાજરીમાં કાદરભાઈ અજમેરીએ આખી બાંયનુ શર્ટ આછા લીલા કલરનું ચોકડીવાળી, જેના પીઠના ભાગે કાણુ હતુ, તે કાંણાને સ્કેચ પેનથી કુંડાળુ કરેલુ તથા જાવેદભાઈ પણ હાજર હતા તેમને આખી બાયનું બદામી રંગનુ જુના જેવુ શર્ટ રજૂ કરેલુ તેની બગલના ભાગે ત્રણ કાંણાઓ પડેલ હતા જેને સ્કેચ પેનથી કુંડાળા કરેલા. બંને શર્ટને અલગ–અલગ કાગળમાં મુકી તેને

વીંટાળી આ સાહેદની તથા સાહેદ ભુરાભાઈની સહીઓવાળી સ્લીપ લગાડી સીલ કરી પંચનામુ કરી કબજે કરેલ. આંક–૨૨૯૮ થી રજૂ થયેલ પંચનામામાં પોતાની તથા ભુરાભાઈની સહી ઓળખી બતાવેલ છે તથા આંક–૨૩૦૦ અને ૨૩૦૧ થી રજૂ થયેલ પંચ સ્લીપમાં પણ આ સાહેદે પોતાની સહીઓ ઓળખી બતાવેલી છે. આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી નથી.

ઉપરોકત મુદ્દામાલ એફ.એસ.એલ. કચેરી ગાંધીનગર ખાતે તપાસવામાં આવેલો તે તપાસ કરનાર અધિકારી નિકુંજભાઈ નરહરીભાઈ બ્રહ્મભટ્ટને સાહેદ નં.૮૩૭ તરીકે આંક–પ૬૭૭ થી તપાસેલા છે. તેઓની આ ગુના પુરતી સરતપાસ ધ્યાને લઈએ તો પેરા નં.૩ માં જણાવે છે કે વટવા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૧૮/૨૦૦૮ ના કામે કબજે કરેલ કેટલોક મુદ્દામાલ કેમેસ્ટ્રી વિભાગમાંથી આ સાહેદના વિભાગમાં સીલબંધ હાલતમાં તપાસ અર્થે આવેલો, જેનો આ સાહેદે વૈજ્ઞાનિક પધ્ધતિથી રૂધીર તેમજ રૂધીર મૂળ અને રૂધીર જૂથ માટેના પરિક્ષણો કરેલા અને અહેવાલ તૈયાર કરી કેમેસ્ટ્રી વિભાગને તા.૯/૯/૨૦૦૮ ના રોજ મોકલી આપેલો. આ સાહેદે જે મુદ્દામાલનુ પૃથક્કરણ કરેલ તે મુજબ...

નમૂનો–ડી ખાખી કાગળનું વિભાગીય સીલબંધ પાર્સલ જેમા કાળા અને લીલાશ પડતા રંગની ચોકડીની ડીઝાઈનવાળો આખી બાંયનો શર્ટ, થોડા પ્રમાણમાં મેલા જેવા ડાઘાથી ખરડાયેલો હતો તે તથા

નમૂનો–ઈ ખાખી કાગળનું વિભાગીય સીલબંધ પાર્સલ જેમા સફેદ રંગનો આખી બાયનો શર્ટ થોડા પ્રમાણમાં કાળાશ પડતા મેલ જેવા તથા લાલ રંગના ડાઘાથી ખરડાયેલો હતો તે મુદ્દામાલનુ આ સાહેદે પરિક્ષણ કરેલુ અને પરિક્ષણના અભિપ્રાય મુજબ...

બંને નમૂના ઉપર રૂધીરની હાજરી મળી આવેલ નહીં અને આ મુજબનો આ સાહેદે બાયોલોજીકલ અને સીરોલોજીકલ પૃથક્કરણનો જે અહેવાલ આપેલો તે આંક–પ૬૭૮ થી રજૂ છે તેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી

બતાવેલી છે. આ સાહેદની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલ નથી.

ત્યારબાદ આ કામે બનાવવાળી જગ્યા ઉપરથી એક સાઇકલ મળી આવેલી તે સાઇકલ સાહેદ વિનય હરીભાઈ શુકલનાઓએ બે પંચોને બોલાવી પંચનામાની વિગતે કબજે કરેલી તે સાહેદ વિનયભાઈ હરીભાઈ શુકલની આંક–૭૨૬૪વાળી જુબાનીમાં આ હકીકત પુરતી સરતપાસ ધ્યાને લઈએ તો જુબાનીના પેરા નં.૪ માં તેઓ જણાવે છે કે તા.૩૧/૭/૨૦૦૮ નાં રોજ નારોલ સર્કલ મિત્તલ ચેમ્બર સામે જાહેર રોડ ઉપર જે બોમ્બ બ્લાસ્ટ થયેલો તે જગ્યાએથી મળી આવેલ સાઇકલ એફ.એસ.એલ.માં તપાસ માટે મોકલવાની હોવાથી બે પંચોની હાજરીમાં પંચનામુ કરી, પંચોની સહીઓ લઈ કબજે કરેલ. આ સાઇકલ હરકયુલસ કંપનીની કાળા કલરની ૨૨ સાઈઝની હતી તે કંતાનના કોથળામાં વીટાળી પંચોની તથા આ સાહેદની સહીઓવાળી સ્લીપ લગાવી કબજે કરેલી. આ સાઇકલ કબજે કરવાનું જે પંચનામુ બનાવેલુ તે આ કામે આંક–૨૨૮૪ થી રજૂ કરેલુ છે તથા આંક–૨૨૮૫ વાળી પંચ સ્લીપમાં આ સાહેદે બે પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આંક–૨૨૮૪ ના પંચનામા આધારે જે સાઇકલ કબજે કરવામાં આવેલી તે પંચનામાના પંચો પૈકી પંચ રમેશભાઈ કાનાભાઈ પરમારને સાહેદ નં.૩૯૨ તરીકે આંક–૨૨૮૩ થી તપાસેલા છે. તેમની સરતપાસ મુજબ તા.૩૧/૭/૨૦૦૮ નાં રોજ એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ પોલીસે તેઓને ક્રાઇમ બ્રાન્ચ કચેરી જુહાપુરા ખાતે બોલાવેલા ત્યાં એક બીજા ભાઈ આરીફ ઉસ્માનભાઈ પણ હતા. પોલીસે બંનેને સમજાવેલુ કે વટવાનો ગુનો જે બોમ્બ બ્લાસ્ટનો બનેલો છે તે સ્થળ ઉપરથી એક સાઇકલ કબજે કરેલી છે અને તપાસ અર્થે એફ. એસ.એલ.માં મોકલવાની છે તેનુ પંચનામુ કરવાનું છે. આ સાહેદે સાઇકલ જોયેલી તો તે હરકયુલસ કંપનીની કાળા કલરની ૨૨ સાઈઝની હતી. જે કંતાનના કોથળામાં વીંટાળી બંને પંચ સાહેદોની સ્લીપો ઉપર સહીઓ કરાવી તેને તપાસ અર્થે કબજે કરેલી. જે પંચનામુ બનાવવામાં આવેલુ તે આંક–૨૨૮૪ વાળા

પંચનામામાં તથા પંચ સ્લીપ આંક–૨૨૮૫ માં આ સાહેદે રૂબરૂ તરીકે પોતાની તથા પંચોની સહીઓ ઓળખી બતાવી છે.

ઉપરોકત કબજે કરેલી સાઇકલ તથા બીજો મુદ્દામાલ એફ.એસ. એલ. ગાંધીનગર ખાતે પૃથક્કરણમાં ગયેલ અને તેનુ પૃથક્કરણ કરનાર અધિકારી નૈમેશ મનુભાઈ સોનીને સાહેદ નં.૮૪૩ તરીકે આંક–૫૭૯૯ થી તપાસેલા છે. તેઓની આ ગુના પુરતી સરતપાસ ધ્યાને લઈએ તો વટવા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૧૮/૨૦૦૮ ના કામે એફ.એસ.એલ. કચેરીને જે મુદ્દામાલ મોકલવામાં આવેલો તે મુદ્દામાલ પૈકીનો અમુક મુદ્દામાલ રસાયણ શાસ્ત્ર વિભાગના મદદનીશ નિયામક તરફથી આ સાહેદના વિભાગને મોકલેલો. જેમાં બે પાર્સલો હતા. આ પાર્સલોવાળા નમૂનાનું ભૌતિકશાસ્ત્ર વિભાગમાં પરિક્ષણ કરેલુ. જે પાર્સલો મળેલા તે...

નમૂનો–એ ઈજા પામનાર મિથુનભાઈ રબારીએ બનાવ વખતે પહેરેલ ટી–શર્ટ જેની પાછળના ભાગે બરડાના ભાગે કાંણુ છે તે.

નમૂનો–એફ એક સાઇકલ હરકયુલસ કંપનીની કાળા કલરની ૨૨ ની સાઈઝની ફ્રેમ નં.ટીએલ૮૪૧૪૪ છે તે.

ઉપરોકત બંને નમૂનાઓનું પૃથક્કરણ કરીને આ સાહેદે જે અભિપ્રાય આપેલો તે અભિપ્રાય મુજબ...

નમૂનો–એ મા આવેલ નમૂનામાં પાવર/સેલ તથા ઈલેકટ્રીક સાધનની હાજરી જોવા મળેલ હતી.

નમૂનો–એફ (સાઇકલ)ની સાઇકલ પર જોવા મળતા નંબર (આંકડા/અક્ષરો) ટીએલ૮૪૧૪૪ સિવાય અન્ય કોઈ આંકડા/અક્ષરો (નંબર) જોવા મળેલ નથી.

આ મુજબનો આ સાહેદે અભિપ્રાય આપેલો તે આ કામે આંક–૫૮૦૯ થી રજૂ કરેલો છે અને તેમાં પોતાની સહી ઓળખી બતાવે છે. આ સાહેદની પણ આરોપીઓ તરફથી જનરલ ઊલટતપાસ થયેલી છે. આ જ બનાવ પુરતી ચોકકસ ઊલટતપાસ થયેલી નથી.

ત્યારબાદ આ કામે ઈજા પામનાર મીથુન ધનાભાઈ રબારીનાઓના બનાવ વખતે પોતે પહેરેલા કપડાઓ પંચનામુ કરી કબજે કરવાના હોવાથી પોલીસ ઈન્સ્પેકટર એસ.ઓ.જી.ના શ્રી વિનય હરીશભાઈ શુકલનાઓએ બે પંચોની હાજરીમાં ઈજા પામનાર મિથુનના કપડા કબજે કરેલા. આ વિનયભાઈ હરીશભાઈ શુકલને સાહેદ નં.૧૦૭૦ તરીકે આંક–૭૨૬૪ થી તપાસેલા છે. તેઓની આ ગુના પુરતી સરતપાસ જોઈએ તો તા.૨/૮/૨૦૦૮ ના રોજ ઉપરોકત સાહેદના કપડા પંચનામુ કરી કબજે કરેલ છે, મુદ્દામાલ લીસ્ટ આંક–૫૨૦ આર્ટીકલ નં.૭ વાળુ અર્ધી બાંઈનું ગોળ ગળાનું ટી–શર્ટ આ સાહેદને ખોલીને બતાવતા તેઓ આ સાહેદના કપડા ઓળખી બતાવે છે કે જે તેમની હાજરીમાં કબજે કરેલા હતા. આંક–૨૩૬૯ વાળા પંચનામામાં બે પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે.

આમ, ઉપરોકત આંક–૨૩૬૯ ના પંચનામાથી જે મુદ્દામાલ બે પંચોની હાજરીમાં કબજે કરવામાં આવેલો તે પંચો પૈકીના પંચ કિંજલપુરી જયેન્દ્રપુરી ગોસ્વામીનાઓને આ કામે સાહેદ નં.૪૧૭ તરીકે આંક–૨૩૬૮ થી તપાસેલા છે. તેમની સરતપાસ પ્રમાણે તા.૨/૮/૨૦૦૮ નાં રોજ ક્રાઈમ બ્રાન્ચ પોલીસે તેમને જુહાપુરા એસ.ઓ.જી. કચેરીએ બોલાવેલા. તેમની સાથે એક દિનેશભાઈ મહીડાને પણ બોલાવેલા. ત્યાં એક ભાઈ જેમનુ નામ મીથુનભાઈ રબારી હતુ તેઓને તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સર્કલ પાસે બોમ્બ વિસ્ફોટ થયેલો તે વખતે પહેરેલા કપડા લાલ કલરની અર્ધી બોયની ગોળ ગળાની જર્શી જેવુ ટી–શર્ટ રજૂ કરેલુ તે પંચનામાની વિગતે કબજે કરેલ. આંક–૨૩૬૯ વાળા પંચનામામાં આ સાહેદે તેમની સહી ઓળખી બતાવેલી છે.

ઉપરોકત આંક–૨૩૬૯ ના પંચનામા આધારે કબજે કરવામાં આવેલ ટી–શર્ટ એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે તપાસ અર્થે મોકલેલ તે મુદ્દામાલની તપાસ કરનાર અધિકારી શ્રી એમ.એન.જોષી હતા તેઓ અમેરીકા મુકામે સ્થાયી થઈ ગયા હોવાથી તેમની જગ્યાએ સાહેદ સમીર સુભાષચંદ્ર જોષીને સાહેદ નં.૧૧૧૨ તરીકે આંક–૭૬૫૨ થી તપાસેલ છે. તેઓની સરતપાસ જોઈએ

તો આ મુદ્દામાલ જે રવાનગી નોંધ સાથે મળેલો તે રવાનગી નોંધ આંક–૮૪૩૩ થી રજૂ કરેલી છે, જેમા મદદનીશ પોલીસ કમિશનર ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદની સહી છે અને સત્તા અંગેના પ્રમાણપત્રમાં પણ તેમની સહી છે. જે મુદ્દામાલ તપાસ અર્થે મળેલો તે સાહેદ મિથુનભાઈ રબારીના ટી–શર્ટ પર બરડાના ભાગે કાંણુ હતુ તે. આ મુદ્દામાલ એફ.એસ.એલ. ગાંધીનગરને મળ્યો તે બદલ જે પહોંચ આપવામાં આવેલી તે આ કામે આંક–૮૪૩૪ થી રજૂ છે, જેમાં મદદનીશ નિયામકશ્રીની સહી છે. આ મુદ્દામાલ નમૂનાનું તથા તેની ઉપરના કાણાંનું બાહય દ્રષ્ટિ વિષયક તેમજ સુક્ષ્મદર્શક યંત્રમાં પરિક્ષણ કરવામાં આવેલુ અને અભિપ્રાય આપવામાં આવેલો કે ટી–શર્ટ ઉપરનુ કાણુ બોમ્બના પ્રોજેકટાઈલ છરાથી થઈ શકે તે મુજબનો શ્રી જોષીએ જે અભિપ્રાય આપેલો તે આંક–૭૯૬૨ થી રજૂ કરેલો છે જેમાં તેઓની સહી છે તે સહી આ સાહેદે ઓળખી બતાવી છે.

ત્યારબાદ આ કામે તપાસ ટીમના તપાસ કરનાર અધિકારી શ્રી વી. એચ.શુકલ, પોલીસ ઈન્સ્પેકટર ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદનાઓએ બનાવ બાદ બનાવવાળી જગ્યા ઉપર નકશો બનાવવા માટે સિટી સર્વેયરશ્રી, સુભાષબ્રીજ અમદાવાદને એક યાદી લખેલી જે યાદી આ કામે આંક–૩૩૭૮ થી રજૂ કરેલી છે જેમાં આ સાહેદે પોતાની આંક–૭૨૬૪ ની જુબાનીમા પોતાની સહી ઓળખી બતાવેલી છે અને તેમની સરતપાસ મુજબ તા.૧/૮/૨૦૦૮ ના રોજ બનાવવાળી જગ્યાનો નકશો બનાવવા માટે તેમને આ યાદી લખેલી હતી.

આંક–૩૩૭૮ વાળી યાદીના આધારે સર્કલ ઓફિસર અમૃતભાઈ જીવાભાઈ રાવળનાઓએ ગુનાવાળી જગ્યા ઉપર જઈ નકશો બનાવેલો તેઓને આ કામે સાહેદ નં.૬૯૦ તરીકે આંક–૩૩૦૭ થી તપાસેલા છે. તેમની સરતપાસ પ્રમાણે તેઓને તપાસ કરનાર અધિકારી શ્રી વી.એચ.શુકલ દ્વારા વટવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નારોલ સર્કલ, મિત્તલ ચેમ્બર્સની સામે, જાહેર રોડ ઉપર બોમ્બ બ્લાસ્ટ થયેલો તે જગ્યા ઉપર જઈ નકશો બનાવવા માટેની યાદી મળેલી તે આંક–૩૩૭૮ ની યાદી મળ્યા બાબતે યાદી ઉપર તેમને પોતાની સહી ઓળખી બતાવી છે અને તે યાદીના આધારે સ્થળ ઉપર જઈ નકશો બનાવેલો તે નકશો

આ કામે આંક–૩૩૮૦ થી રજૂ કરેલો છે. જેમા આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. આ નકશો તેમને પોતાના પત્ર સાથે પોલીસ ઇન્સ્પેકટરશ્રી એસ.ઓ.જી. ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદને મોકલી આપેલો તે પત્ર પણ સંયુકત રીતે આંક–૩૩૮૦ સાથે સામેલ રાખેલ છે અને જે જગ્યા ઉપર બોમ્બ બ્લાસ્ટ થયેલો તે જગ્યા તેમને નકશામાં વિગતવાર બતાવેલી છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો નકશો બનાવવા માટે કોઈ આધુનિક સાધનોનો ઉપયોગ કરેલ નથી. પરંતુ મારા મત પ્રમાણે કોઈ આધુનિક સાધનોનો ઉપયોગ કરવો જરૂરી નથી. સ્થળ ઉપર જઈને નિરીક્ષણ કરી જે જગ્યાએ બ્લાસ્ટ થયેલો તે જગ્યાનો પેન કે પેન્સિલથી નકશો દોરવાનો હોય છે તેમાં કોઈ આધુનિક સાધનોનો ઉપયોગ કરવાની જરૂરિયાત રહેતી નથી.

(૩૮.૦૧) <u>અમદાવાદ શહેરના વટવા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં. ૨૧૮/૨૦૦૮ ના કામે ઈજા પામેલ વ્યકિતઓ બાબતે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકનઃ–</u>

વટવા પોલીસ સ્ટેશનના આ બનાવમાં રબારી મિથુનભાઈ ધનાભાઇનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૧૦૧ તરીકે આંક–૯૨૫ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેઓ સાંજના સમયે નારોલ સર્કલ પાસે આવેલ મિત્તલ ચેમ્બર પાસે ઉભા હતા ત્યારે ૬.૩૦ વાગ્યાના અરસામાં એકદમ બોમ્બ ધડાકો થયેલો જેથી આ સાહેદને ડાબા હાથની કોણીના ભાગે ઈજા થયેલ અને ત્યાં બીજા બે માણસોને પણ ઈજા થયેલ. આ સાહેદને ઈજા થયેલ હોવાથી તેઓને એમ્બ્યુલન્સમાં વી.એસ. હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ ગયેલા. તા.૧/૮/૨૦૦૮ ના રોજ પોલીસે તેમનો જવાબ લીધેલો, બનાવ વખતે આ સાહેદે પહેરેલા કપડા લાલ કલરનું ટી–શર્ટ આંક–૫૨૦ મુદ્દામાલ આર્ટીકલ નં.૭ અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદ તથા ઈજા પામનાર કાદરભાઈ કરીમભાઈ અજમેરીનાઓને ફરિયાદપક્ષ દ્વારા સાહેદ નં.૧૦ તરીકે આંક–૫૧૮ થી તપાસવામાં આવેલા છે. તેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે જુલાઈ

૨૦૦૮ ના અરસામાં આ સાહેદ નારોલ સર્કલ ઉપર આવેલ મિત્તલ ચેમ્બરની સામે ફુટપાથ ઉપર કટલેરીની લારી ઉભી રાખી ધંધો કરતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાંજના ૬.૩૦ વાગ્યે આ સાહેદની લારીના પાછળના ભાગે બોમ્બ ધડાકો થયેલો જેથી આ સાહેદને પીઠની પાછળના ભાગે વાગેલુ અને લારીના પાછળના ભાગે એક સાઇકલ હતી અને તેમાં થેલી હતી અને થેલીમાં એક ધડાકો થયેલો. આ ધડાકાથી પબ્લિકમાં ભાગમભાગ થયેલી, બનાવમાં બીજા બે–ત્રણ જણાને વાગેલુ, તેમાં એક મિથુન હતો. ત્યારબાદ સ્થળ ઉપર ૧૦૮ એમ્બ્યુલન્સ આવેલી તે વખતે જાણેલુ કે સામેના ભાગમાં આવેલ હનુમાનજી મંદિર પાસે પણ બીજો બોમ્બ ધડાકો થયેલો છે. આ સાહેદે પોલીસ ઇન્સ્પેકટર વટવા સમક્ષ ફરિયાદ આપેલી. વધુમાં આ સાહેદને અદાલત રૂબરૂ પોતે બનાવના દિવસે પહેરેલ શર્ટ કે જે આંક–૫૨૦ વાળા મુદ્દામાલ લીસ્ટથી રજૂ કરેલુ તે પોલીસને આપેલો તે પણ સાહેદને બતાવતા તે શર્ટ આ સાહેદે ઓળખી બતાવેલો છે. આ સાહેદની ઊલટતપાસ બાબતે પેરા નં.૧ માં વિગતવાર હકીકત વર્ણવેલી છે.

ઉપરોકત બંને ઈજા પામનાર સાહેદ નં.૧૦૧ તથા ૧૦ નાઓને તબીબી સારવાર આપનાર ડૉ.જયદેવકુમાર શીવદાન મોઢને સાહેદ નં.૨૭૯ તરીકે આંક–૧૪૭૭ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ વી.એસ. હોસ્પિટલ ખાતે તેઓ જુલાઈ–૨૦૦૮ માં ફરજ ઉપર હતા ત્યારે નારોલ મિત્તલ ચેમ્બર પાસે થયેલ બોમ્બ બ્લાસ્ટમાં ઈજા પામનાર મીથુનભાઈ રબારી તથા કાદરભાઈ અજમેરીને વી.એસ. હોસ્પિટલમાં સારવાર માટે લાવેલા. આ બંને સાહેદોની હીસ્ટ્રી લેતા તેઓને નારોલ સર્કલ મિત્તલ ચેમ્બર પાસે થયેલ બોમ્બ બ્લાસ્ટમાં ઈજાઓ થયેલાનું જણાવેલુ. તેઓને જે ઈજાઓ થયેલી હતી તેની સારવાર આ સાહેદે કરેલી અને તેના પ્રમાણપત્રો આપેલા જે આ કામે અનુક્રમે ૧૪૮૪ તથા ૧૪૮૭ થી રજૂ કરેલા છે. આ બંને પ્રમાણપત્રોમાં આ સાહેદે પોતાની સહીઓ ઓળખી બતાવેલી છે.

આ કામે અન્ય એક ઈજા પામનાર જાવેદહુસેન રમજાનભાઈ રંગરેજને સાહેદ નં.૧૦૨ તરીકે આંક–૯૨૬ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેમના રોજીંદા નિયમ પ્રમાણે તેમની ઑફિસે નોકરી ઉપર ગયેલા અને સાંજના ઘરે જવા માટે નારોલ સર્કલ પર આવેલા તે સમયે નારોલ સર્કલ મિત્તલ ચેમ્બર સામે રીક્ષાઓ ઉભી રહે છે ત્યાં ઉભેલા હતા તે વખતે ૬.૩૦ વાગ્યાના સમયે મિત્તલ ચેમ્બર સામે ખુલ્લી જગ્યામાં પડેલ સાઇકલ ઉપર એકદમ જોરથી અવાજ થયેલો અને કશુક વિસ્ફોટક પદાર્થ ઉડીને શરીરે જમણી પીઠના ભાગે તથા હોઠ ઉપર તથા પગે અને માથા ઉપર વાગવાથી ઈજાઓ થયેલી. સામેની બાજુ મંદિર પાસે પણ જોરથી અવાજ થયેલો ત્યાં માણસોમાં દોડધામ થયેલી ત્યારબાદ ૧૦૮ એમ્બ્યુલન્સમાં આ સાહેદને સારવાર માટે વી.એસ. હોસ્પિટલ લઈ ગયેલા. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ પોલીસને તેમના કપડા બે સાક્ષી રૂબરૂ આપેલા અને પોલીસે જવાબ લીધેલો. આંક–પ૨૦ આર્ટીકલ નં.૬ વાળા કપડા એક સફેદ જેવા રંગનું મેલુ શર્ટ પોતાનું હોવાનું આ સાહેદે ઓળખી બતાવેલ છે.

આ સાહેદ નં.૧૦૨ ને વી.એસ. હોસ્પિટલમાં સારવાર આપનાર ડૉ. જીતેન્દ્ર અમૃતલાલ પરમારને સાહેદ નં.૨૯૬ તરીકે આંક–૧૫૮૮ થી તપાસેલા છે. તેમની સરતપાસ મુજબ તા.૩૦/૮/૨૦૦૮ નાં રોજ તેઓ વી.એસ. હોસ્પિટલ ખાતે ફરજ પર હતા ત્યારે જાવેદહુસેન રંગરેજને સવારના ૧૧.૫૫ વાગ્યે સારવાર માટે લાવેલા અને તેમને હિસ્ટ્રીમાં જણાવેલુ કે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાંજના ૬.૩૦ વાગ્યે નારોલ સર્કલ પાસે થયેલ બોમ્બ ધડાકામાં ઈજા થયેલ છે. તેઓને તપાસતા શરીરે પાંચ ગોળાકાર સ્કાર/ઘા છાતીની ડાબી બાજુએ હતા, હોઠની જમણી બાજુએ નાનુસરખુ ગોળાકાર હતુ. તેઓની સારવારનું જે પ્રમાણપત્ર આપેલ તે આંક–૧૫૮૯ થી રજૂ કરેલ છે જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ કામે અન્ય એક ઈજા પામનાર નરેન્દ્રભાઈ પુન્ડલીકરાવ સિંદને સાહેદ નં.૧૦૦ તરીકે આંક–૯૨૪ થી તપાસેલ છે. તેઓની સરતપાસ મુજબ

તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાંજના છ વાગ્યાના અરસામાં તેઓ નોકરીએથી રજા લઈ ઘરે જવા નીકળેલા ત્યારે નારોલ સર્કલ પાસે શટલ રીક્ષામાં ઉતરીને રોડ ક્રોસ કરી મિત્તલ ચેમ્બર આગળથી પસાર થતા હતા ત્યારે સંકટમોચન હનુમાનજીના મંદિર પાસે આવતા ધડાકો થયેલો ત્યાં લોકોમાં ભાગદોડ થવા લાગેલી. તે વખતે બીજો ધડાકો પણ મિત્તલ ચેમ્બર પાસેથી પસાર થતો હતો ત્યારે થયેલો. આ ધડાકાના કારણે આ સાહેદને ડાબા પગના સાંથળના ભાગે એક છરો કે લોખંડની કરચ વાગેલી જેથી લોહી નીકળવા લાગેલુ. તે દિવસે ઘરે સારવાર લીધેલી અને બીજે દિવસે એલ.જી. હોસ્પિટલમાં સારવાર કરાવેલી. આ સાહેદનું સારવારનું પ્રમાણપત્ર ફરિયાદપક્ષ દ્વારા રજૂ થતાં તે પ્રમાણપત્ર આરોપીઓ તરફથી કબૂલ કરતા આંક–૭૧૧૮ના હુકમ આધારે તેને આંક–૭૧૬૮ આપવામાં આવેલો છે. આ પ્રમાણપત્રમાં સાહેદની સારવાર કરનાર ડૉકટરની સહી છે.

(૩૮.૦૨) **<u>અમદાવાદ શહેરના વટવા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૧૮/૨૦૦૮ ના કામે બનાવને સમર્થન માટે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકનઃ–</u>**

વટવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નારોલ સર્કલ, મિત્તલ ચેમ્બર્સની સામે, જાહેર રોડ ઉપર જે બોમ્બ બ્લાસ્ટ થયેલો છે તે માટે ફરિયાદપક્ષ દ્વારા લક્ષ્મણસિંહ વિજેસિંહ બારીયાને સાહેદ નં.૫૩૪ તરીકે આંક–૨૯૮૪ થી તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે તેઓ વટવા પોલીસ સ્ટેશનમાં પોલીસ ઇન્સ્પેકટરના રાઈટર તરીકે કામ કરતા હતા અને બનાવની જાણ થતા બનાવવાળી જગ્યાએ ગયેલ અને એફ.એસ.એલ.ના અધિકારી આવેલ ન હોઈ બનાવવાળી જગ્યાની જાળવણી કરેલ તેમ જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી ભીખુભાઈ આલાભાઈ ગઢવીને સાહેદ નં.૫૩૭ તરીકે આંક–૨૯૮૯ થી તપાસેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે તેઓ વટવા પોલીસ સ્ટેશનમાં પોલીસ ઇન્સ્પેકટરના

રાઈટર તરીકે કામ કરતા હતા અને બનાવની જાણ થતા બનાવવાળી જગ્યાએ ગયેલ અને એફ.એસ.એલ.ના અધિકારી આવેલ ન હોઈ બનાવવાળી જગ્યાની જાળવણી કરેલ તેમ જણાવેલ છે.

આમ, વટવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નારોલ સર્કલ, મિત્તલ ચેમ્બર્સની સામે, જાહેર રોડ ઉપર તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ કલાક ૧૮.૩૦ વાગે સાઇકલ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલો અને તેમાં કુલ–૪ વ્યકિતઓને ઈજાઓ થયેલી તે હકીકત ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા ઉપરોકત તમામ પુરાવા ઉપરથી સાબીત થાય છે તેમ હું માનુ છું.

(૩૯) **<u>અમદાવાદ શહેરના બાપુનગર પોલીસ સ્ટેશનની હકુમતના વિસ્તારમાં સાઇકલ ઉપર બોમ્બ પ્લાન્ટેશન કરી બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલ તે બનાવ પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન.</u>**

- વિસ્તાર:– બાપુનગર પોલીસ સ્ટેશનની હદમાં
- સ્થળ:– ૧. બાપુનગર સરદાર પટેલ ડાયમંડ માર્કેટ પાસે આવેલ ડાયમંડ પાન કોર્નર આગળ
  ૨. શ્રીજી આઈસ્ક્રીમની દુકાન આગળ આવેલ ચાની કીટલી આગળ જાહેર રોડ ઉપર
- તારીખ:– ૨૬/૭/૨૦૦૮
- સમય:– કલાક ૧૮.૩૦ થી ૧૯.૦૦ (સાંજે)
- ગુના રજીસ્ટર નં.ફર્સ્ટ ૨૨૦/૨૦૦૮
- મરણ જનારની સંખ્યા:– એક
- ઈજા પામનારની સંખ્યા:– નવ
- બનાવમાં વપરાયેલ વાહનઃ– સાઇકલ

તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ બાપુનગર પોલીસ સ્ટેશનની હકુમતમાં આવેલ જુદા-જુદા વિસ્તાર (૧) બાપુનગર સરદાર પટેલ ડાયમંડ માર્કેટ પાસે આવેલ ડાયમંડ પાન કોર્નર આગળ તથા (૨) શ્રીજી આઈસ્ક્રીમની દુકાન આગળ આવેલ ચાની કિટલી આગળ જાહેર રોડ ઉપર સાઇકલ મુકીને સાઇકલ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલાં. તેની ફરિયાદ રમેશભાઈ છગનભાઈ ચાંદપરાનાઓએ પોલીસ ઇન્સ્પેકટર બાપુનગર પોલીસ સ્ટેશન સમક્ષ લખાવેલી. આ ફરિયાદીને ફરિયાદપક્ષ દ્વારા સાહેદ નં.૬ તરીકે આંક-૫૦૪ થી તપાસવામાં આવેલા છે. તેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ છે કે તેઓ બાપુનગર ખાતે હીરાની દલાલીનું કામકાજ કરે છે. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ તેઓના નિત્યક્રમ મુજબ તેઓ ધંધાના કામકાજે બાપુનગર સરદાર પટેલ માર્કેટ ખાતે ગયેલા અને લગભગ આખો દિવસ ત્યાં રોકાયેલા. સાંજના સાડા છ-સાત વાગે ડાયમંડ માર્કેટમાંથી બહાર નીકળેલા તથા તેમની મોટર સાઇકલ નં.જીજે-૧-બીઈ-૫૪૧૦ પાર્કીંગમાં મુકેલુ તે પાર્કીંગ ડાયમંડ પાન પાર્લરથી આગળના ભાગે હતું, ત્યાં મોટર સાઇકલ લેવા ગયેલા અને બાઈક તરફ જતા હતા ત્યારે ત્યાં પડેલ એક સાઇકલ ઉપર પ્લાસ્ટિકની થેલીમાંથી મોટો ધડાકો થયેલો. આ સાઇકલ ઉપરની પ્લાસ્ટિકની થેલીમાંથી લોખંડના છરા તથા ખીલ્લીઓ વિગેરે ઉડીને જમણા હાથે તથા પાછળના ભાગે ઘુસી ગયેલા અને ઈજા થયેલી. આ બનાવમાં અન્ય પાંચથી સાત માણસોને પણ ઈજાઓ થયેલી. આ બનાવથી આ સાહેદ ડઘાઈ ગયેલા, ત્યાં દોડધામ થયેલી અને પોલીસ પણ આવી ગયેલી જેથી આ સાહેદ ધનવંતરિ હોસ્પિટલમાં સારવાર માટે ગયેલા. આ સાહેદ ધનવંતરિ હોસ્પિટલમાં સારવાર માટે જતા હતા તે દરમ્યાન નજીકમાં શ્રીજી પાર્લર નામની આઈસ્ક્રીમની દુકાન પાસે પણ એક સાઇકલ ઉપર પ્લાસ્ટિકની થેલી હતી તેમાં પણ બ્લાસ્ટ થયેલો તે જોયેલો. આ સાહેદ ધનવંતરિ હોસ્પિટલમાંથી કાકડીયા હોસ્પિટલે પણ ગયેલા અને ત્યાં સારવાર લીધેલી. આ બનાવની ફરિયાદ સાહેદે પોલીસ ઇન્સ્પેકટર બાપુનગરને લખાવેલી, તે ફરિયાદ આ કામે આંક-૫૦૫ થી રજૂ છે અને ફરિયાદમાં પોતાની સહી ઓળખી બતાવે છે.

ફરિયાદી રમેશભાઈ છગનભાઈ ચાંદપરાનાઓએ ઉપરોકત ફરિયાદ જેની સમક્ષ લખાવી તે ફરિયાદ લેનાર કેશવલાલ પ્રેમજીભાઈ ગાજીપરા હતા. તેઓને ફરિયાદપક્ષે આ કામે સાહેદ નં.૭૦૫ તરીકે આંક–૩૪૫૮ થી તપાસેલા છે. તેઓની આ ગુના પુરતી સરતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ બાપુનગર પોલીસ સ્ટેશનમાં પોલીસ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ ફરજ ઉપર હતા ત્યારે આશરે સવા છ–સાડા છ વાગે તંબુ ચોકીના પોલીસ કોન્સ્ટેબલ દિનેશભાઈએ મોબાઈલ ફોનમાં જાણ કરેલી કે સરદાર ડાયમંડ માર્કેટ પાસે એક ધડાકો થયેલો છે જેથી આ સાહેદ તરત જ સરકારી વાહનમાં જગ્યાએ ગયેલા ત્યાં નજીકમાં આવેલ ધનવંતરિ હોસ્પિટલમાં આ જગ્યાએ ઘવાયેલા તથા અન્ય જગ્યાએ ઈજા પામનાર માણસોને સારવાર માટે લાવવામાં આવેલ હતા. બનાવવાળી જગ્યાએ પ્રાથમિક રીતે જોતા કોઈ એક્ષપ્લોઝીવ પદાર્થનો બ્લાસ્ટ થયાનું જણાયેલુ. આ જગ્યાએ સાઈકલમાં બ્લાસ્ટવાળો પદાર્થ મુકેલાનું જણાયેલુ. ઘણી ભીડવાળી જગ્યા હતી, આ માર્કેટના દક્ષિણ છેડે જે સ્કુટરો તથા મોટર સાઈકલો પાર્ક કરેલા હતા તેમાં એક સાઈકલમાં શંકાસ્પદ થેલીમાં એક્ષપ્લોઝીવ રાખેલ હોવાનું જણાયેલુ જેથી તરત જ કન્ટ્રોલ રૂમ, એફ.એસ.એલ. તથા બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડને બોલાવવા મેસેજ કરેલા. ત્યારબાદ થોડા સમયમાં જ સાઈકલમાં રહેલ થેલીમાંથી પણ બ્લાસ્ટ થયેલ હતો. આ બનાવવાળી જગ્યા સુરક્ષિત રાખવા સુચના આપેલી. કાકડીયા હોસ્પિટલમાં જઈ ફરિયાદી રમેશ છગનભાઈની ફરિયાદ લીધેલી. જે આંક–૫૦૫ વાળી ફરિયાદમાં આ સાહેદ રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે. વધુમાં આ સાહેદની સરતપાસ ધ્યાને લઈએ તો પ્રથમ જગ્યા પોલીસ કોન્સ્ટેલબ દિનેશભાઈએ બતાવેલી. આ જગ્યા ઉપર એફ.એસ.એલ. અધિકારી હિંગરાજીયા આવતા તેમની સુચના મુજબ પંચનામુ કરી આર્ટીકલો કબજે કરવાની કામગીરી કરેલી અને આંક–૧૮૯૦ વાળા પંચનામાની વિગતે મુદ્દામાલ કબજે કરેલો, પંચોની સહીઓ કરાવેલી, પંચોની સહીઓવાળી સ્લીપો અને રૂબરૂ તરીકે પોતે સહી કરીને તે સ્લીપો મુદ્દામાલ ઉપર લગાવેલી. આંક–૧૮૯૦ વાળા

પંચનામામાં તથા આંક–૧૯૭૮ થી ૧૯૮૯, ૧૯૯૧ થી ૧૯૯૭ વાળી પંચ સ્લીપોમાં આ સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે. ત્યારબાદ ફરિયાદીની લીધેલી ફરિયાદ પોતાના રીપોર્ટ સાથે પી.એસ.ઓ. બાપુનગરને ગુનો રજીસ્ટર થવા મોકલી આપેલી. પોતાનો રીપોર્ટ આ કામે–૬૧૧ થી રજૂ છે જેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

આ ફરિયાદ લીધા બાદ સાહેદ કેશવલાલ પ્રેમજીભાઈ ગાજીપરાએ ગુનો રજીસ્ટર કરવા માટે પી.એસ.ઓ. બાપુનગરને મોકલી આપેલી અને પી.એસ.ઓ. બાપુનગરનાઓએ આ ફરિયાદને સ્ટેશન ડાયરીમાં રજીસ્ટર કરેલી, તે સ્ટેશન ડાયરીની નકલ આ કામે આંક–૬૧૦ થી રજૂ કરેલી છે. તે રજીસ્ટર કરનાર સાહેદ રમણભાઈ કેશવભાઈ પરમારનાઓને સાહેદ નં.૩૩ તરીકે આંક–૬૦૯ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લેતા તેઓ બનાવના દિવસે પી.એસ.ઓ. તરીકે બાપુનગર પોલીસ સ્ટેશનમાં ફરજ ઉપર હતા ત્યારે એક સુચી પત્ર ગાજીપરાની સહીથી મોકલવામાં આવેલુ અને ગુનો નોંધેલો અને સ્ટેશન ડાયરી એન્ટ્રી નં.૧૯ આપેલી, ત્યારબાદ એફ.આઈ.આર. ફાડેલી.

આ કામે ફરિયાદી રમેશભાઈ છગનભાઈની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલી છે તે ધ્યાને લેતા ધડાકો સાઇકલમાંથી થયેલો તેવો ખ્યાલ આવેલો તેમ જણાવે છે. સ્થળ ઉપર ઘણા વાહનો હતા તે કબૂલ કરે છે. ધડાકો થતા આ સાહેદ ખૂબ જ ગભરાય ગયેલા તે કબૂલ કરે છે. ધડાકો થતા આ સાહેદ ડઘાઈ ગયેલા અને કાનમાં ધાક પડી ગયેલી તે કબૂલ કરે છે. આરોપીઓ તરફથી પુછવામાં આવેલા આ પ્રશ્નો ધ્યાને લેતા આ કહેવાતો બનાવ બનેલો હોવાનું કબૂલ કરે છે તેમ કહી શકાય. વધુ ઉલટતપાસ ધ્યાને લેતાં આ સાહેદ તરત જ ધનવંતરિ હોસ્પિટલમાં સારવાર માટે ગયેલા, આ સાહેદને સારવાર મળી ત્યાં સુધી પોલીસવાળા જોડે વાતચીત થયેલ નહીં તેમ જણાવે છે. પરંતુ જયારે આ સાહેદને બોમ્બ બ્લાસ્ટમાં ઈજા થતા સારવાર આપવામાં આવતી હતી તે વખતે પોલીસ સાથે સ્વાભાવિક છે કે કોઈ વાતચીત થાય નહીં પરંતુ ડૉકટર સાથે વાતચીત થાય. જે પોલીસે પુછપરછ કરેલી તેનુ નામ યાદ નથી તેમ જણાવે છે.

પોલીસે આ સાહેદની પુછપરછ કરેલી નથી તો તે હકીકત નકારેલી છે. ધનવંતરી હોસ્પિટલેથી તેઓ કાકડીયા હોસ્પિટલે ગયેલા ત્યારબાદ આ સાહેદ સિવિલ હોસ્પિટલે સારવાર માટે પણ ગયેલાનું કબૂલ કરે છે. સિવિલ હોસ્પિટલમાં સારવાર લીધા અંગેની માહિતી પોલીસને આપેલી નહીં તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે જો માહિતી આપી ન હોય તો આ સાહેદે સિવિલ હોસ્પિટલમાં સારવાર લીધી નથી તેમ કહી શકાય નહીં. વધુમાં આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા બનાવ સમયે ઈજા થતા કાંઈ સુજતુ ન હતુ અને બેભાન જેવા થઈ ગયેલાનું કબૂલ કરે છે. આમ આ હકીકત ધ્યાને લેતા બનાવ બનેલાનું આરોપીઓ તરફથી કબૂલ કરવામાં આવે છે તેમ કહી શકાય.

ફરિયાદ લેનાર સાહેદ કેશવલાલ પ્રેમજીભાઈ ગાજીપરાની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલ છે તે ધ્યાને લેતાં બનાવવાળી જગ્યાએ ઈજા પામનાર જોવા ન મળતા હોસ્પિટલે જઈ ફરિયાદ લીધી હતી તે હકીકત નકારે છે. બનાવ પછી આ સાહેદ સ્થળ ઉપર ગયેલા છે અને ઈજા પામનારને સ્વાભાવિક છે કે ઈજા થઈ હોય તો તે તાત્કાલિક હોસ્પિટલે સારવાર માટે જાય, પોલીસ આવતા સુધી ઈજા પામનાર રાહ ન જુવે. બનાવના સ્થળેથી બીજી જગ્યા વચ્ચેનું અંતર લગભગ ૮૦ થી ૮૫ ફૂટ જેટલુ હશે તેમ જણાવે છે. પ્રથમ બ્લાસ્ટના સ્થળેથી ૮ થી ૧૦ ફુટના ઘેરાવામાં છરા મળેલા તે સિવાયની જગ્યાએ પણ તપાસ કરેલાનું જણાવેલ છે. આ જગ્યાએ જે બ્લાસ્ટ થયેલો તે આ સાહેદની નજર સમક્ષ થયેલાનું જણાવે છે. બ્લાસ્ટ અંગેની ફરિયાદ આ સાહેદે આપી નથી પરંતુ મારા મત પ્રમાણે ફરિયાદ રમેશભાઈ છગનભાઈએ આપેલ હોવાથી એક બનાવની બે ફરિયાદ ન હોય. જગ્યા ઉપરથી પુરાવા રૂપે જે બ્લડ તથા એક્ષપ્લોઝીવના પુરાવા મેળવેલા તે આ સાહેદની તપાસ પછી ક્રાઈમ બ્રાન્ચને સોંપેલાનું જણાવે છે. બીજા બ્લાસ્ટથી કોઈને ઈજા થયેલી નથી તો તે હકીકત નકારે છે.

હવે પી.એસ.ઓ. રમણભાઈ કેશવભાઈ પરમારની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલ છે તે ધ્યાને લેતા પોલીસ સ્ટેશનમાં ટેલીફોન વર્ધિ

બુક તથા સ્ટેશન ડાયરી રાખવામાં આવે છે તે કબૂલ કરે છે. જો કોઈ ઘટનાની ટેલીફોન ઉપર જાણ કરવામાં આવે તો તેની નોંધ વર્ધિ બુકમાં થતી હોય છે તે કબૂલ કરે છે. પરંતુ આ કામે બનાવની જાણ આ સાહેદને ટેલીફોન ઉપર કરવામાં આવી નથી પરંતુ સાહેદ ગાજીપરાએ પોતાના સૂચિપત્ર સાથે ફરિયાદ રજીસ્ટર કરવા આપેલી હતી. ફરિયાદમાં જણાવેલા સ્થળો આ સાહેદના પોલીસ સ્ટેશનની હકૂમતમાં આવેલા છે તે કબૂલ કરે છે.

સાહેદ કેશવલાલ પ્રેમજીભાઈ ગાજીપરાનાઓએ બે પંચોની હાજરીમાં આંક–૧૮૯૦ વાળુ ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરી જે મુદ્દામાલ કબજે કરેલો તે પંચનામાના પંચો પૈકીના પંચ રમેશભાઈ વલ્લભભાઈ પટેલને સાહેદ નં.૩૪૭ તરીકે આંક–૧૮૭૫ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તા. ૨૬/૭/૨૦૦૮ના રોજ રાત્રે ૧૦.૦૦ વાગ્યાના અરસામાં સરદાર પટેલ ડાયમંડ માર્કેટ પાસે તેમને પોલીસના માણસે બોલાવેલો ત્યાં એક વિનુભાઈ કે જે હીરાબજારમાં કામ કરે છે તેઓને પણ બોલાવેલા. પોલીસે તેઓને જણાવેલું કે આ જગ્યાએ જ્યાં બોમ્બ બ્લાસ્ટ થયો છે તેનું પંચનામું કરવાનું છે તો પંચ રહેવાની હા પાડેલી હતી. આ સાહેદ, પોલીસ તથા એક દિનેશભાઈ નામના પોલીસના કોન્સ્ટેબલ પણ હાજર હતા. આ દિનેશભાઈએ સ્થળ ઉપર ચાલીને જગ્યા બતાવીને કહેલું કે આ જગ્યાનું પંચનામું કરવાનું છે. આ જે જગ્યા બતાવેલી તે સરદાર ડાયમંડ માર્કેટની બહાર ડાયમંડ પાન પાર્લરની આગળ આવેલી જગ્યા હતી. આ જે જગ્યા હતી ત્યાં વાહનો, મોટર સાઇકલ વિગેરે પાર્ક કરેલા હતા તેની વચ્ચેની જગ્યા હતી.

આ સાહેદ વધુમાં જણાવે છે કે આ જે જગ્યા જોઈ ત્યાં આજુબાજુમાં વાહનો હતા, એક સાઇકલ બોમ્બ બ્લાસ્ટ થયેલ જગ્યાની બાજુમાં હતી, બે મોટર સાઇકલ અને એક સ્કૂટર જોયેલું. સાઇકલનું સ્ટેન્ડ તુટેલું હતું. સાઇકલના કેરીયર ઉપર એક થેલો હતો. આ સાઇકલ કાળા રંગની અને તેનો આગળ, પાછળનો પંખો (મડગાર્ડ) વળી ગયેલું હતું. સાઇકલ ઉપર તથા નીચે આજુબાજુમાં સફેદ કલરનો ચીંકણો પદાર્થ ચોંટેલો હતો. સાઇકલની ફ્રેમ હીરો કંપનીની અને તેનું

હેન્ડલ (સ્ટેરીંગ) હરક્યુલસ કંપનીનું હતું. આ સિવાય આજુબાજુમાં લોખંડના છરા વિખેરાયેલા પડ્યા હતા. એક સ્કૂલ બેગ મીલેટરી રંગની નીચેની ફાટેલી હતી અને લોહીના ડાઘા પડેલા હતા. આ સિવાય એક ફાટેલો શર્ટ સફેદ રંગનો હતો, એક વનસ્પતિનો કુચો હતો, એક પુંઠાનું તુટેલું વેરણ–છેરણ થયેલું બોક્ષ હતું, પેપર (છાપા–અખબાર)ના તુટેલા ટુકડાઓ હતા, બોક્ષની અંદર લાકડાના ટુકડા ખીલી મારેલા હતા. જે પુંઠાનું બોક્ષ હતું તેની ઉપર "ગોવર્ધન પ્યોર ઘી"તેવું લખેલું હતું. જે લાકડાનું તુટેલું બોક્ષ હતું કે તેમાં ખીલીઓ લગાવેલ હતી તેની ઉપર વાયરના ટુકડા અને સેલોટેપ ચોંટાડેલ હતી. આ સિવાય બોક્ષમાં ગ્રે એસ કલરની થેલી હતી તથા એક સફેદ કાપડનો ટુકડો તથા પચરંગી કાપડના ટુકડાઓ હતા. જે છરા (પેલેટ) છુટા છવાયેલા પડેલા હતા તે કબજે લીધેલા તે ૩૫ નંગ હતા. જે શર્ટ જોયેલું તે લાઈનીંગવાળો ફાટેલો અને રેસા જેવો હતો. જે સાઇકલ જોયેલી તેની શીટ ઉખડી ગયેલી અને અસ્ત વ્યસ્ત થયેલી હતી. લાકડાના બોક્ષના તુટેલા જે ટુકડા હતા તેને તાંબાના પતરાં પર વાયર સેલોટેપથી ચોંટાડેલા હતા. આ વાયર ડીટોનેટર સાથે જોડાયેલા હતા. જે થેલાની વાત કરી તે સ્કૂલ બેગ જેવો નીચેથી ફાટેલો હતો અને તેના નાકા (હેન્ડલ) સલામત હતા.

વધુમાં સાહેદે જણાવેલ છે કે તેઓ આ બધી વસ્તુઓ જોતા હતા ત્યારે ગાંધીનગરથી એફ.એસ.એલ.ના અધિકારી આવેલા અને તેમણે પણ આ બધી વસ્તુઓ જોયેલી. આ જે ગાંધીનગરથી એફ.એસ.એલ.ના અધિકારી આવેલા તેઓએ આ ચીજવસ્તુઓ જે વિખેરાયેલી પડી હતી તે લેવાનું કહેલું. જેથી પુંઠાનું બોક્ષ વેરણ–છેરણ થયેલું હતું તે, લાકડાના ટુકડા, ડીટોનેટરના વાયર, પ્લાસ્ટિકના ટુકડા, તાંબાનું પતરું વિગેરે એક કોથળીમાં મુકી તેને એક કાગળમાં પડીકું વાળેલું તેની ઉપર દોરી બાંધવામાં આવેલી, આ સાહેદ તથા વિનુભાઈની સહીવાળી ચીઠ્ઠી મુકેલી તથા તે ચીઠ્ઠીમાં અધિકારીએ સહી કરેલી તે ચીઠ્ઠી મુકી દોરો બાંધી દીધેલ તેને લાખ ગરમ કરી સીલ મારેલું. આ સિવાય એક મિલેટરી રંગનો ફાટેલો થેલો, ગ્રે રંગની થેલી, કપડાં બીજી કોથળીમાં મુકેલા અને તે કોથળીનું કાગળનું પડીકું વાળી તેની ઉપર તેમની સહીવાળી કાપલી લગાવી દોરી

વીંટી ઉપર જણાવેલ તે રીતે સીલ કરેલ. આ સિવાય જે સફેદ રંગનો લાઈનીંગ વાળો શર્ટ હતો તેને પણ કોથળીમાં મુકી તે કોથળી કાગળથી લપેટી પડીકું વાળી તેમની સહીઓ વાળી કાપલી મુકી દોરી બાંધી સીલ કરેલ. આ સિવાય આજુબાજુમાં જે કાળા લોખંડના છરા હતા તે વીણી, ગણી એક પ્લાસ્ટિકની થેલીમાં મુકી તેને કાગળના પડીકામાં મુકી તેમની સહીઓવાળી કાપલી લગાવી દોરો બાંધી ઉપર જણાવેલ તે રીતે લાખથી સીલ કરેલ. આ સિવાય જે આજુબાજુમાં વાહનો પર સફેદ ચીંકણો પદાર્થ ચોંટેલ હતો તે સાઇકલ ઉપરનો આવો પદાર્થ એક કોથળીમાં મુકી તેને કાગળનું પકીડું વાળી તેની ઉપર સહીઓ વાળી કાપલી લગાવી દોરાથી બાંધી સીલ લગાવી કબજે લીધેલ ત્યાં જે વનસ્પતિનો કુચો જમીન ઉપર પડેલો હતો તે પ્લાસ્ટિકની કોથળીમાં મુકી કાગળનું પડીકુ બનાવી તેની ઉપર પંચોની સહીઓ વાળી કાપલી લગાવી દોરો બાંધી સીલ કરી કબજે લીધેલ તથા ત્યાં આજુબાજુમાં જે અંગ્રેજી અખબારના ટુકડાઓ વેરણ–છેરણ પડેલા હતા તે કોથળીમાં મુકી કાગળનું પકીડું બનાવી તેની ઉપર સહીઓ વાળી કાપલી લગાવી દોરાથી બાંધી સીલ લગાવી કબજે લીધેલ. આ સિવાય સાઇકલની તુટેલી શીટ, કવર એક થેલીમાં મુકી તેને પુંઠાના એક બોક્ષમાં મુકી સીલ કરી કબજે લીધેલ.

વધુમાં સાહેદ જણાવે છે કે આજુબાજુમાં જે લોહીના ડાઘ હતા તેને રૂમાં લઈ આ લોહી વાળું રૂ પ્લાસ્ટિકની કોથળીમાં મુકી તેને કાગળના પડીકામાં મુકી સહીવાળી કાપલી લગાવી દોરો બાંધી સીલ કરી કબજે લીધેલ. આ સિવાય જે લોહીવાળું રૂ લીધું તે સિવાયનું એક ચોખ્ખું રૂ લીધું તે રૂ પ્લાસ્ટિકની કોથળીમાં મુકી કાગળનું પડીકું વાળી સહીવાળી કાપલીઓ મુકી સીલ કરી કબજે લીધેલ. આ સિવાય સ્થળ ઉપર અલગ–અલગ જગ્યાના માપ લેવામાં આવેલા ત્યાં જે સાઇકલ હતી તે પોલીસના માણસો તેમની સાથે લઈ ગયેલા. બનાવવાળી જગ્યાએ જે માપો લીધેલા તે બનાવવાળી જગ્યાથી ડાયમંડ પાન પાર્લર સુધીનું તથા બનાવવાળી જગ્યાએથી રોડની સામેની બાજુએ ઈલેક્ટ્રીક ફ્યુઝની પેટી છે ત્યાં સુધીનું માપ લીધેલું, આ સિવાય બનાવવાળી જગ્યાએથી રોડના ડીવાઈડર

પાસે આવેલ ઈલેક્ટ્રીકના થાંભલા સુધીનું માપ લીધેલું. આ ઉપરાંત બીજો એક થાંભલો છે ત્યાં સુધીનું માપ લીધેલું તથા બનાવવાળી જગ્યાએથી ડાયમંડ માર્કેટના ગેટ સુધીનું માપ લીધેલું. આમ આ તમામ વસ્તુઓ આ સાહેદની હાજરીમાં કબજે કરવામાં આવેલી, તેનુ પંચનામુ બનાવેલુ, જે આંક–૧૮૯૦ વાળા પંચનામામાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવી છે તથા આ સાહેદ પોતાની સહીવાળી પંચ સ્લીપો તપાસ કરનાર અધિકારીએ બનાવીને મુદ્દામાલ ઉપર લગાવેલી તે પંચ સ્લીપો આ કામે આંક–૧૮૭૯ થી ૧૮૮૯ તથા ૧૮૯૧ થી ૧૮૯૭ સુધી રજૂ કરેલી છે તે તમામ પંચ સ્લીપો ઉપર આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે. આ ઉપરાંત આ સાહેદની હાજરીમાં પંચનામાની વિગતે જે મુદ્દામાલ કબજે કરેલો હતો તે તમામ મુદ્દામાલ અદાલત રૂબરૂ બતાવતા સાહેદે તમામ મુદ્દામાલ ઓળખી બતાવેલો છે.

હવે આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવી છે તે ધ્યાને લઈએ તો બીજા પંચને તેઓ ઓળખતા નથી. પાનના ગલ્લા ઉપર નિયમીત રીતે જે ગ્રાહકો આવે તેઓને આ સાહેદ ઓળખે છે. આ સાહેદના પાનના ગલ્લાથી આશરે ૩૦ થી ૩૨ ફુટના અંતરે બનાવ બનેલાનું જણાવે છે. બનાવ પછી આ સાહેદે પોતાના ગલ્લાનું શટર બંધ કરેલુ અને બનાવવાળા સ્થળે ગયેલ નથી. બનાવ બન્યો ત્યારે અંજવાળુ હતુ. બનાવ બન્યા પછી બધા માણસો દુકાનો બંધ કરીને જતા રહેલાનું જણાવે છે. જે ચીજવસ્તુઓ વેરણ–છેરણ પડેલ હતી તે ૮ થી ૧૦ ફુટના અંતરમાં હતી. ડાયમંડ પાન પાર્લરવાળા બનાવમાં બીજા વાહનોને નુકસાન થયેલુ નહીં. છરા પોલીસના માણસે આ સાહેદની હાજરીમાં વીણેલાનું જણાવે છે. આરોપીઓ તરફથી આ જે પ્રશ્ન પુછયા છે તે ધ્યાને લેતા આ કહેવાતો બનાવ બન્યો હતો અને ત્યાં ૮ થી ૧૦ ફુટના અંતરમાં ચીજવસ્તુઓ પડી હતી તે કબૂલ કરતા હોવાનું માલુમ પડે છે. વધુ ઊલટતપાસ ધ્યાને લેતાં આ સાહેદની હાજરીમાં પોલીસે પંચનામુ કરી સાઇકલ કબજે કરેલી નહીં તે હકીકત નકારે છે. આવી સાઇકલ વપરાયેલી હોય અને તે બજારમાં મળે છે તે કબૂલ કરે છે. પંચનામુ કયા પોલીસ કર્મચારીએ લખેલુ તેનુ

નામ ખબર નથી. પંચનામાના પાન નં.૩ ઉપર આઈટમ કન્ટ્રોલ સેમ્પલ રૂ પછીના ફકરામાં ત્રણ જગ્યાએ લખાણ ઉપર વ્હાઈટનર કરીને સુધારો કરેલાનું કબૂલ કરે છે પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદે પંચનામુ લખેલુ નથી અને પોલીસ લખેલુ છે, સ્વાભાવિક છે કે કયાંક લખવામાં ભુલ થાય તો વ્હાઈટનર કરીને સુધારો કરવો પડે તેનો અર્થ એવો નથી કે પંચનામુ ખોટુ કરેલુ છે. એફ.એસ.એલ.ના અધિકારી પંચનામુ શરૂ કર્યુ તેના ૧૦ –૧૫ મીનીટ પછી આવેલાનું જણાવે છે. ફોટોગ્રાફરે કેટલા ફોટો પાડેલા અને વીડિયોગ્રાફરે કેટલી મીનીટ વીડિયોગ્રાફી કરેલી તેની જાણકારી આ સાહેદને નથી. બંને જગ્યાએથી જે ચીજવસ્તુઓ કબજે કરેલી તેને અલગ નંબર કે નિશાની આપેલી નથી મારા મત પ્રમાણે તે આપવાની પણ ન હોય કારણ કે તપાસ કરનાર અધિકારીએ આ વસ્તુઓ કબજે કરીને આ સાહેદની હાજરીમાં સાહેદની સહીવાળી કપાલી લગાવી સીલ કરેલ છે માટે અલગથી કોઈ નિશાનીની જરૂર હોતી નથી. અદાલત રૂબરૂ જે સાઇકલ ઓળખી તેનો ફ્રેમ નંબર જોઈને ઓળખી નથી પરંતુ જો ફ્રેમ નંબર જોઈને ઓળખી ન હોય તો તેનો અર્થ એવો ન થાય કે તે સાઇકલ ખોટી, બનાવટી કે બીજી છે. ઈલેકટ્રીક પોલના લાઈટના અંજવાળામાં પંચનામુ કરેલુ તે લખાવેલુ નથી તે કબૂલ કરે છે.

શરૂઆતના તપાસ કરનાર અધિકારી કેશવલાલ પ્રેમજીભાઈ ગાજીપરાનાઓએ આ બનાવ પછી સ્થળ ઉપર એફ.એસ.એલ.ના અધિકારીને બોલાવેલા તે અધિકારી અમૃતભાઈ વશરામભાઈને સાહેદ નં.૮૩૦ તરીકે આંક– ૫૫૬૬ થી તપાસેલા છે. તેઓની આ ગુના પુરતી સરતપાસ ધ્યાને લેતા તેઓ બનાવવાળા સ્થળે ગયેલા અને તપાસ કરનાર અધિકારીને જરૂરી નમૂના લેવાની મૌખિક સુચના આપેલાનું જણાવેલ છે.

આ ઉપરાંત સાહેદ કેશવલાલ પ્રેમજીભાઈ ગાજીપરાનાઓએ ગુનાવાળી જગ્યા ઉપર એફ.એસ.એલ. અધિકારી જશુભાઈ કરસનભાઈ પટેલનાઓને સ્થળ નિરીક્ષણ કરવા માટે બોલાવેલા તેઓને આ કામે સાહેદ નં.૧૧૩૨ તરીકે આંક–૮૧૨૭ થી તપાસવામાં આવેલા છે. તેઓની આ ગુના

પુરતી સરતપાસ ધ્યાને લઈએ તો બાપુનગર ફર્સ્ટ ગુના રજીસ્ટર નં. ૨૨૦/૨૦૦૮ની ગુનાવાળી જગ્યા ડાયમંડ પાન સેન્ટરના આગળના ભાગે જાહેર રોડ ઉપર મોટર સાઈકલ (વાહનોની) વચ્ચે રોડ ઉપર પડેલ સફેદ વાયરના ટુકડા, બેટરી ઉપરનું બટન હોલ્ડર, તુટેલ ડીટોનેટરનો સફેદ વાયર જોડેલ ભાગ, ઘડિયાળના ભાગ, HWHI-WATT,9V તુટેલી બેટરી નંગ-૨, તાંબાના વાયરની કોઇલ જેવો ભાગ, વાદળી રંગની ઈલેકટ્રીક ટેપ ચોંટાડેલી તેમજ સફેદ કેમીકલ ચોંટેલો લાકડાનો ટુકડો વિગેરે કબ્જે લેવડાવેલાં તથા બીજી ગુનાવાળી જગ્યા તે જ રીતે શ્રીજી આઇસ્ક્રીમ સેન્ટરની સામે જાહેર રોડ ઉપર, ધનવંતરિ હોસ્પિટલની બાજુમાં મોટર સાઇકલ વાહનોની વચ્ચેથી રોડ ઉપર પડેલ લાલ રંગનું ઘડિયાળનું ડાયલ જેમાં સફેદ કાગળ ઉપર ૮,૧૦,૧૧ કલાક લખેલ દેખાય છે તે, ઘડિયાળના કાંટાનો ભાગ, ઘડિયાળના પાછળનો ભાગ કાળા પ્લાસ્ટિકનો, સફેદ પ્લાસ્ટિકના ટુકડા સાથે વાદળી વાયરનો ટુકડો જોડેલો છે તે, લાકડાના ટુકડો, વાદળી ઈલેકટ્રીક ટેપ જોડેલો, ધાતુના પતરાના ટુકડા વિગેરે કબ્જે લેવડાવેલાં. આમ ઉપરોકત મુજબ જે પ્રાથમિક અહેવાલ તૈયાર કરેલો તે આ કામે આંક-૮૧૨૯ થી રજૂ રાખેલ છે અને તેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આરોપીઓ તરફથી આ સાહેદની ઊલટતપાસ કરવામાં આવેલ છે તે ધ્યાને લેતા અમદાવાદમાં થયેલ સીરીયલ બોમ્બ બ્લાસ્ટનાં ઘણા બનાવોવાળી જગ્યા ઉપર તેઓ સ્થળ નિરીક્ષણ કરવા ગયેલા અને ઘટના સ્થળેથી મુદ્દામાલ કબજે કરવા માટે સુચના આપેલી. આરોપીઓ દ્વારા આ સાહેદની જનરલ ઊલટતપાસ થયેલી છે અને કોઈ ચોકકસ ગુના માટે ઊલટતપાસ કરવામાં આવેલી નથી. આ સાહેદે જે કામગીરી કરેલ તે વિશે પુછવામાં આવેલ છે. આ સાહેદની સમગ્ર ઊલટતપાસ ધ્યાને લેતા આ બનાવવાળા સ્થળ ઉપર જઈને આ સાહેદે સ્થળનું નિરીક્ષણ કરેલ નથી કે તપાસ કરનાર અધિકારીને સ્થળ ઉપરથી વાયરો તથા કપડાના ટુકડા કબજે કરવાની સુચના આપી નથી તેવી હકીકત નીકળી આવતી નથી.

આ ઉપરાંત સાહેદ ત્રિકમભાઈ શંકરભાઈ પટેલનાઓને આ કામે સાહેદ નં.૧૧૪૫ તરીકે આંક–૮૨૨૪ થી તપાસવામાં આવેલા છે. તેઓની આ ગુના પુરતી સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ નાયબ પોલીસ કમિશનર, ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેરના હુકમના આધારે આ સાહેદે બાપુનગર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૨૨૦/૨૦૦૮ ના ગુનાની તપાસ પણ બાપુનગર પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર શ્રી કે.પી. ગાજીપરાનાઓ પાસેથી સંભાળેલી અને તેઓ પાસેથી મળેલ કેસના પેપર્સ જેવા કે ફરિયાદ, ગુનાવાળી જગ્યાઓના પંચનામા, પી.એસ.ઓ. રીપોર્ટ વિગેરે વંચાણે લીધેલા હતાં. આ જોતાં સદર ગુનો બાપુનગર ખાતે ડાયમંડ માર્કેટની આગળ પાનના ગલ્લા પાસે તથા બીજો બનાવ ધનવંતરિ હોસ્પિટલ પાસે જાહેર રોડ ઉપર બનાવો બનેલાં હતાં. આ બનાવો સાઇકલ ઉપર બોમ્બ પ્લાન્ટ કરીને બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલાં હતાં. તા.૨૭/૦૭/૨૦૦૮ના રોજ બપોરના બાર વાગ્યે આ સાહેદ ગુનાવાળી જગ્યા ઉપર ગયેલાં અને જે જગ્યાએ સાયન્ટિફિક ઓફિસર, ગાંધીનગરનાઓએ મુલાકાત લીધેલી અને તેઓએ આ જગ્યાનું જીણવટભરી રીતે નિરીક્ષણ કરેલું જે સમયે બે પંચોને બોલાવેલા અને પંચોની હાજરીમાં આ ગુનાની બંને જગ્યાઓથી એફ.એસ.એલ. અધિકારીએ ગુનાને લગત જે ચીજવસ્તુ શોધી બતાવેલી તે પંચનામાની વિગતે કબ્જે કરવામાં આવેલી. આ સાહેદ આંક–૨૩૧૫ વાળા પંચનામામાં બે પંચોની તથા રૂબરૂ તરીકે તેમની ઓળખી બતાવે છે તેમજ આંક–૨૦૭૫ તથા આંક–૨૦૭૬ વાળી પંચ સ્લીપોમાં પંચોની તથા રૂબરૂ તરીકે તેમની સહી ઓળખી બતાવે છે.

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ આ ગુનાવાળી જગ્યાઓની આસપાસના વ્યાપાર ધંધો કરતા ઇસમો, ઇજા પામનાર ઇસમો તથા પોલીસ કોન્સ્ટેબલનાઓના જવાબો લીધેલાં. તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ આ ગુનાઓનો મુદ્દામાલ કે જે બાપુનગર પોલીસ સ્ટેશનમાં જમા હતો તે એફ.એસ. એલ.મા મોકલવા સારૂની રવાનગી નોંધ તૈયાર કરેલી અને રવાનગી નોંધ મુજબનો મુદ્દામાલ એફ.એસ.એલ.માં મુદ્દામાલ માણસ સાથે મોકલી આપેલો. જે

અંગેની પહોંચ મળ્યા બાદ તેને તપાસના કામમાં સામેલ રાખેલી. સાહેદ આંક–૫૭૦૯ વાળી રવાનગી નોંધમાં તેમની સહી ઓળખી બતાવે છે તેમજ સત્તા અંગેના પ્રમાણપત્રમાં મદદનીશ પોલીસ કમિશનર, એસ.ઓ.જી.ની સહી છે. આંક–૫૭૧૦ વાળી પહોંચમાં મુદ્દામાલ એફ.એસ.એલ.મા મોકલેલો અને તે અંગે એફ.એસ.એલ. તરફથી આ પહોંચ મળેલી હતી તે જ છે.

આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલ છે તે ધ્યાને લેતાં અમદાવાદમાં થયેલા બોમ્બ બ્લાસ્ટના કેસોનું મોનીટરીંગ અભય ચુડાસમા કરતા હતા તે કબૂલ કરે છે. અમદાવાદમાં થયેલ સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવો ગંભીર બનાવો હતા તે કબૂલ કરે છે. આ હકીકત ધ્યાને લેતા જે બનાવો બોમ્બ બ્લાસ્ટના બનેલા તે ગંભીર હતા તે આરોપીઓ કબૂલ કરતા હોવાનું માલુમ પડે છે. ત્રણ બનાવોવાળી જગ્યાઓની આસપાસ રહેતા લોકોના નિવેદનો લીધેલાનું કબૂલ કરે છે. તપાસની કામગીરી ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનમાં રહીને કરેલાનું નકારે છે. તપાસ દરમ્યાન ઉપલા અધિકારીઓ પાસેથી સલાહ સુચનો મેળવેલાનું નકારે છે. પરંતુ ધારો કે ઉપલા અધિકારીઓ પાસેથી સલાહ સુચન મેળવ્યા હોય અને ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનમાં બેસીને કામગીરી કરી હોય તેથી કરીને બનાવના મુળને કોઈ અસર થતી નથી. આવા બનાવ બને ત્યારે સ્વાભાવિક છે કે તપાસ કરનાર અધિકારી ઉપલા અધિકારી પાસેથી સુચના અને માર્ગદર્શન મેળવતા હોય છે કે જેથી કરીને તપાસ યોગ્ય દિશામાં થઈ શકે. મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ ને કલમો ઉમેરવાના જે રીપોર્ટ કરેલા તે કરવા માટે જાતે ગયેલા નથી પરંતુ મારા મત પ્રમાણે જાતે ન ગયા હોવાથી રીપોર્ટ કરેલા નથી તેમ કહેવાય નહીં. કલમો ઉમેરવાનો રીપોર્ટ કરવાનો નિર્ણય અંગત નિર્ણય ન હતો તે હકીકત નકારે છે. શ્રી ટોળીયા સાહેબની સાથે આ સાહેદ મદદમાં જતા હતા તે કબૂલ કરે છે. કેટલા સાક્ષીઓને અને કેટલા આરોપીઓને લઈને અદાલતમાં ગયેલા તે યાદ નથી. તા.૨૭/૭/૨૦૦૮ થી લઈને તા.૩૦/૭/૨૦૦૮ સુધીમાં જે કામગીરી કરેલી તે સરતપાસમાં લખાવેલી છે તો તે હકીકત નકારે છે. મુદ્દામાલ જે વ્યકિત દ્વારા એફ.એસ.એલ.માં

મોકલવામાં આવેલો તે વ્યકિતનું નિવેદન લીધેલુ કે કેમ તે યાદ નથી. બાપુનગરના આ ગુનાની તપાસ તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ રાત્રે નવ વાગે સંભાળેલાનું જણાવે છે. બનાવવાળી જગ્યા ઉપરથી આ સાહેદના અગાઉના તપાસ કરનાર અધિકારીએ મુદ્દામાલ જપ્ત કરેલો તે કબૂલ કરે છે જેથી સ્પષ્ટ બને છે કે બનાવવાળી જગ્યા ઉપરથી શરૂઆતના તપાસ કરનાર અધિકારી ગાજીપરાએ મુદ્દામાલ જપ્ત કરેલ હતો અને આ બનાવ બનેલ હતો તેમ કહી શકાય. બનાવવાળી જગ્યા ઉપરથી કોઈપણ પ્રકારનો મુદ્દામાલ કબજે કરેલ નથી તો તે હકીકત નકારેલ છે.

ત્યારબાદ આંક–૨૩૧૫ ના પંચનામાના આધારે બનાવવાળી જગ્યા ઉપરથી સાહેદ ત્રિકમભાઈ પટેલે જે મુદ્દામાલ પંચોની હાજરીમાં કબજે કરેલો તે પંચનામા પૈકીના પંચ સુરેશસિંહ સ્વરૂપસિંહ રાજપુતને સાહેદ નં.૪૦૩ તરીકે આંક–૨૩૧૪ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ એસ.ઓ.જી. ક્રાઈમ બ્રાન્ચ પોલીસે તેઓને સરદાર પટેલ ડાયમંડ માર્કેટ પાસે બોલાવેલા ત્યાં બીજા એક પ્રકાશસિંહ રાજપુત પણ હાજર હતા, ત્યાં એફ.એસ.એલ.ના અધિકારી પણ આવેલા અને ત્યાં જગ્યા જોઈને ચીજવસ્તુ કબજે કરવાની છે તેમ કહી પંચમાં રાખેલા. આ જગ્યા ઉપરથી આજુબાજુ વીસેક ફુટના અંતરેથી કેટલીક વસ્તુઓ શોધેલી જેમાં સફેદ વાયરના ટુકડા, બેટરી ઉપરનુ બટન, હોલ્ડર, તુટેલી ડીટોનેટરનો સફેદ વાયર જોડેલો ભાગ, ઘડિયાળના ભાગ, બેટરી નંગ–૨, ઈલેકટ્રીકની ટેપ લગાડેલી તાંબા વાયરની કોયલ તથા સફેદ કેમીકલ ચોંટેલો લાકડાનો ટુકડો અને પ્લાસ્ટિકના કાગળો હતા. આ ઉપરાંત ડાયમંડ માર્કેટની ઉત્તરે શ્રીજી આઈસ્ક્રીમની દુકાન સામે જાહેર રોડ ઉપરથી એફ.એસ.એલ.ના સાહેબોએ વસ્તુઓ શોધેલી જેમાં લીલા રંગનુ ઘડિયાળનું ડાયલ જેના કાગળ ઉપર કલાકો લખેલા દેખાતા હતા તે તથા ઘડિયાળના કાંટાનો ભાગ, ઘડિયાળની પાછળનો પ્લાસ્ટિકનો ભાગ કે કાળા રંગનો હતો તે તથા પ્લાસ્ટિકના ટુકડા સાથેના વાદળી વાયરો ટુકડો જોડેલો હતો તે ટુકડા ઉપર ટેપ વીંટાયેલી હતી તથા ધાતુના પતરાના ટુકડા તથા અન્ય

પ્લાસ્ટિકના ટુકડા હતા. આ તમામ વસ્તુઓ અલગ–અલગ પ્લાસ્ટિકની થેલીમાં મુકી ખાખી કાગળમાં મુકીને પાર્સલ બનાવેલા અને પંચોની સહીઓવાળી સ્લીપો મુકેલી. આ કામગીરીનું જે પંચનામુ બનાવેલુ તે આંક–૨૩૧૫ વાળા પંચનામામાં તથા આંક–૨૦૭૫ અને ૨૦૭૬ વાળી પંચ સ્લીપોમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પ્રકાશસિંહ રાજપુત તેમના મિત્ર થાય છે અને તેઓ તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ મોટર સાઇકલ ઉપર ડાયમંડ માર્કેટ પાસે પસાર થતા હતા અને બંનેને રોકવામાં આવેલા, પંચનામામાં સાથે સહીઓ કરેલાનું જણાવેલ છે. પોલીસના માણસો અને ટોળુ કયારથી હાજર હતુ તેની ખબર નથી તેમ જણાવે છે.

આ આંક–૨૩૧૫ ના પંચનામા પૈકીના બીજા પંચ પ્રકાશ ભવરસિંહ રાજપુતને ફરિયાદપક્ષ દ્વારા સાહેદ નં.૩૫૮ તરીકે આંક–૨૦૬૬ થી તપાસેલા છે. આ સાહેદના ફરિયાદપક્ષની હકીકતને સમર્થન કરેલુ નથી તેઓને અદાલતની પરવાનગીથી ફરી ગયેલા જાહેર કર્યા છે અને ખાસ સરકારી વકીલશ્રીએ અદાલતની પરવાનગીથી ઊલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછેલા પંરતુ ફરિયાદપક્ષને મદદ કરેલ નથી. પરંતુ આ સાહેદ આંક–૨૩૧૫ વાળા પંચનામામાં તથા આંક–૨૦૭૫ અને ૨૦૭૬ વાળી પંચ સ્લીપોમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ કામે હેડ કોન્સ્ટેબલ બાપુનગર પોલીસ સ્ટેશનના ઓએ આ બનાવમાં ગુજરનાર અનીલભાઈ વાલજીભાઈ જસાણીનાઓના શબ પરિક્ષણ વખતે ડૉકટરશ્રીએ કપડા મેળવેલા તે કપડા આ સાહેદે બે પંચોની હાજરીમાં પંચનામુ કરી કબજે કરેલા તે પંચનામા પૈકીના પંચ માનજીભાઈ મવજીભાઈ કાકડીયાનાઓને સાહેદ નં.૩૭૦ તરીકે આંક–૨૧૪૮ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ છ–સવા છ વાગ્યાના અરસામાં બાપુનગર પોલીસે બાપુનગર પોલીસ સ્ટેશને બોલાવેલા, ત્યાં એક બીજા અરવિંદભાઈને પણ બોલાવેલા હતા અને ત્યાં બાપુનગરના આ

બનાવમાં ગુજરી જનાર અનિલભાઈના કપડા સિવિલ હોસ્પિટલના પી.એમ. રૂમમાંથી લાવવામાં આવેલા હતા તે કપડાનું પંચનામુ કરવાનું હતુ અને આ સાહેદની હાજરીમાં ગુજરનારના કપડા જેવા કે પેન્ટ, ચડ્ડી તથા તેઓનું બ્લડ સેમ્પલ કબજે કરીને સીલ કરેલ. જે પંચનામુ બનાવેલ તે આંક–૨૧૪૯ થી રજૂ રાખલે છે. સદર પંચનામામાં તથા આંક–૨૧૫૦ વાળી પંચ સ્લીપમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આ ઉપરાંત આ સાહેદની હાજરીમાં જે કપડા કબજે કરી સીલ કરેલા તે કપડા પણ આ અદાલતની હાજરીમાં ઓળખી બતાવે છે.

હવે તપાસ કરનાર અધિકારીએ ગુનાવાળી જગ્યા ઉપરથી જે મુદ્દામાલ આંક–૧૮૯૦, ૨૩૧૫ તથા ૨૧૪૯ ના પંચનામાઓ આધારે જે મુદ્દામાલ કબજે કરેલો તે મુદ્દામાલ રવાનગી નોંધ સાથે એફ.એસ.એલ. ગાંધીનગરને પૃથક્કરણ માટે મોકલી આપેલો. આ રવાનગી નોંધ આ કામે આંક–૫૭૦૯ થી રજૂ કરેલી છે. આ રવાનગી નોંધમાં જણાવ્યા મુજબના પ્રથમ બનાવવાળી જગ્યા ઉપરથી કબજે કરવામાં આવેલ મુદ્દામાલ અનુક્રમ નં.૧ થી ૧૧ જે માર્ક–૧ થી ૧૧ તથા બીજા બનાવવાળી જગ્યા ઉપરથી કબજે કરવામાં આવેલ મુદ્દામાલ અનુક્રમ નં.૨/૧ થી ૨/૭ જે માર્ક–૨/૧ થી ૨/૭ તથા અનુક્રમ નં.૩ થી ૭ જે માર્ક–એ થી ઈ સુધીનો એફ.એસ.એલ. ગાંધીનગરને તપાસ અર્થે મોકલેલા છે. આ રવાનગી નોંધમાં પોલીસ ઇન્સ્પેકટર ક્રાઇમ બ્રાન્ચનાઓએ સહી કરીને મોકલી આપેલો. હવે આ મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારી જાનમહમંદ ફકીરમહંમદ મન્સુરીને સાહેદ નં.૮૪૦ તરીકે આંક–૫૭૦૦ થી તપાસેલા છે. એફ.એસ.એલ. દ્વારા મુદ્દામાલ સ્વીકારાયા અંગેની જે પહોંચ આપવામાં આવેલી તે પહોંચ આ કામે આંક–૫૭૧૦ થી રજૂ કરેલી છે જેમાં મદદનીશ નિયામક એફ.એસ.એલ. ગાંધીનગરનાઓની સહી છે. આ સાહેદની આ ગુના પુરતી સરતપાસ ધ્યાને લઇએ તો તેમની ફરજ દરમ્યાન તેમના વિભાગના મદદનીશ નિયામકશ્રી દ્વારા તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ બાપુનગર પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેરના ફર્સ્ટ ગુન્હા રજી.નં.૨૨૦/૦૮ ના

કેસનો સ્વીકારવામાં આવેલ મુદ્દામાલ તેમને પૃથક્કરણ અર્થે મળેલો અને તેની સાથે તેને લગતા કાગળોની ફાઈલ પણ સોંપવામાં આવેલ. સદરહું કામનો મુદ્દામાલ તેમની કચેરીમાં તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ તેમના વિભાગ મદદનીશ નિયામકશ્રી વતી આ સાહેદે જ સ્વીકારેલ અને તેના સ્વીકાર્યા અંગેની પહોંચ સંબંધીત પોલીસ મથકને ફાળવેલ હતી. સદરહું કામનો મુદ્દામાલમાં કુલ ૨૩ સીલબંધ પાર્સલો હતા. જે પૈકી ૨૦ પાર્સલો ઉપરનું સીલ ''પોલીસ ઈન્સ્પે. બાપુનગર પો.સ્ટે. એબીએડી સીટી" હતા, ૨ પાર્સલો પરનું સીલ "એ.સી.પી. એસ.ઓ.જી. ક્રાઇમ એબીએડી સીટી" તથા ૧ સીલબંધ કાચની બોટલ જેના પરનું સીલ "સી.એમ.ઓ. સી.એચ.સી." હતા. ઉપરોકત જણાવેલ સીલ વાળા સીલબંધ કુલ–૨૩ પાર્સલો પૈકી ૧૮ પાર્સલો ખાખી રંગના પેપરના પાર્સલો હતા, ૨ કંતાનના (શણના) કોથળાના પાર્સલો હતા, ૨ સફેદ પેપરના પાર્સલ હતા તથા ૧ કાચની બોટલનું પાર્સલ હતું જેમાં મુદ્દામાલ જેવો કે...

- માર્ક–૧ ડાયમંડ માર્કેટ આગળથી કબજે કરેલ વિસ્ફોટકની સામગ્રી
- માર્ક–૨ થેલો
- માર્ક–૩ સફેદ કલરનો શર્ટ
- માર્ક–૪ લોખંડના છરા
- માર્ક–૫ સફેદ કલરનો ચીકણો પદાર્થ
- માર્ક–૬ લીલી વનસ્પતિના ટુકડા
- માર્ક–૭ અખબારના ટુકડા
- માર્ક–૮ સાઇકલ
- માર્ક–૯ જુના જેવી હીરો કંપનીની સાઇકલ
- માર્ક–૧૦ લોહીના ડાઘાવાળુ ૩
- માર્ક–૧૧ કન્ટ્રોલ ૩
- માર્ક–૨/૧ બીજા ધડાકાવાળી જગ્યાએથી કબજે કરેલ વિસ્ફોટક સામગ્રી
- માર્ક–૨/૨ સલેટીયા કલરનું શર્ટ
- માર્ક–૨/૩ સફેદ કલરનું શર્ટ

– માર્ક–૨/૪ છરા

– માર્ક–૨/૫ સફેદ કલરનો ચીકણો પદાર્થ

– માર્ક–૨/૬ અખબારના ટુકડા

– માર્ક–૨/૭ સાઇકલ

– માર્ક–એ મરણ જનાર અનિલભાઈ જસાણીનું પેન્ટ

– માર્ક–બી સફેદ ટીપકીવાળી ચડ્ડી

– માર્ક–સી કાચની બોટલમાં વિશેરા

– માર્ક–ડી ડાયમંડ માર્કેટ પાસેથી કબજે લીધેલ વાયરના ટુકડા, બેટરી ઉપરનું બનટ, તુટેલ ડીટોનેટરનો વાયર, ઘડિયાળ, તાંબાના વાયરની કોયલ

– માર્ક–ઈ શ્રીજી આઈસ્ક્રીમની દુકાન પાસેથી કબજે લીધેલ ઘડિયાળ, ઘડિયાળના કાંટાનો ભાગ, વાદળી કલરના વાયરનો ટુકડો, વાદળી કલરની ઈલેકટ્રીક ટેપ તથા ધાતુના પતરાનો ટુકડો

વધુમાં સદર સાહેદે જણાવેલ છે કે જે દરેક સીલ અકબંધ અને પોલીસ રવાનગી નોંધમાં મોકલેલ સીલના નમૂના મુજબના હતા. તેઓને મળેલ નમૂનાઓનું આ સાહેદે પૃથક્કરણ કરેલ. જે પૃથક્કરણ પ્રમાણિત, રાસાયણિક અને ઉપકરણીય પધ્ધતિએ કરેલ હતું અને પૃથક્કરણ મુજબ...

(૧) નમૂના માર્ક–૧,૨,૩,૪,૫,૭,૮,૯,૨/૨, ૨/૩, ૨/૪, ૨/૫, ૨/૬, ૨/૭, એ, બી, ઇ ૧, તથા ઇ ૨ માં એમોનિયમ, નાઇટ્રાઇટ, અને નાઇટ્રેટ મુલકો તથા પેટ્રોલીયમ હાઇડ્રોકાર્બનસ ઓઈલ (પેરાફીલ ઓઈલ પ્રકાર)ની હાજરી શોધાયેલ છે.

(૨) નમૂના માર્ક–૨/૧ તથા ડી માં એમોનિયમ,નાઇટ્રાઇટ, નાઇટ્રેટ, લેડ તથા એઝાઇડ મુલકો તથા પી.ઇ.ટી.એન. (હાઇએક્ષપ્લોજીવ) તથા પેટ્રોલીયમ હાઇડ્રોકાર્બનસ ઓઈલ (પેરાફીલ ઓઈલપ્રકાર)ની હાજરી શોધાયેલ છે.

(૩) નમૂના માર્ક–૬ માં વિસ્ફોટક ઘટકની હાજરી શોધાયેલ નથી.

ઉપરોકત પરિણામને આધારે આ સાહેદના અભિપ્રાય મુજબ...

૧. પૃથક્કરણના પરિણામમાં શોધાયેલ એમોનિયમ નાઈટ્રેટ અને પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન ઓઈલનું મિશ્રણએ એમોનિયમ નાઈટ્રેટ બેઝ એમોનિયમ નાઈટ્રેટ–ફ્યુલ ઓઈલ (એનફો) હાઈ એક્ષપ્લોઝીવના ઘટકો છે.

૨. પૃથકકરણના પરિણામમાં શોધાયેલ લેડ એઝાઈડ અને પી.ઈ.ટી.એન. (હાઈએક્ષપ્લોજીવ) નો ઉપયોગ બ્લાસ્ટીંગ કેપ (ડીટોનેટર) માં થાય છે.

૩. નમૂનાઓમાંથી મળેલ ધાતુના છરાનો ઉપયોગ હાથ બનાવટના બોમ્બમાં મીસાઈલ્સ તરીકે થાય છે.

૪. પૃથક્કરણનું પરિણામ તથા નમૂનાઓમાંથી મળેલ બેટરી, ઘડિયાળના ભાગો, ડીટોનેટરના ભાગ, છરા તથા મળેલ લાકડાનાં તથા ધાતુના પતરાના ભાગો તેમજ પ્લાસ્ટિકની શીટના ભાગોના આધારે એવું કહી શકાય કે હોડી આકારના લાક્ડાના ધાતુના પતરા અને પ્લાસ્ટિકની શીટ ધરાવતા કન્ટેનરમાં એનફો એક્ષપ્લોઝીવ પદાર્થ ભરી ધાતુના છરા ઉમેરી તથા ડીટોનેટરનો ઉપયોગથી બનાવાયેલ ટાઈમ ડીલે ડીવાઈસ પ્રકારનો આઈ.ઈ.ડી. બોમ્બ છે.

આ સાહેદે તેમની કચેરીના ડી.એન.એ તથા ભૌતિકશાસ્ત્ર વિભાગનો અલાયદો અહેવાલ તેમના અહેવાલ સાથે મોકલી આપવામાં આવશે તેવું જણાવેલ. આ સાહેદે તેમનો અહેવાલ તૈયાર કરીને તેમાં સહી કરીને તેમની કચેરીના નાયબ નિયામકના ફોરવર્ડીંગપત્ર સાથે સંબંધિત પોલીસ સ્ટેશનને મોકલી આપેલ જે અહેવાલ આ કામે આંક–૫૭૧૧ થી રજૂ કરેલો છે જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ સાહેદની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી છે. અમદાવાદમાં થયેલ સીરીયલ બોમ્બ બ્લાસ્ટનાં ઘણા બનાવોવાળી જગ્યા ઉપરથી કબજે કરવામાં આવેલ ઘણા મુદ્દામાલનું પૃથક્કરણ તથા સુરત શહેરમાં થયેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં પણ જે તે સ્થળઓએથી કબજે

કરવામાં આવેલ મુદ્દામાલનું પૃથક્કરણ આ સાહેદે કરેલુ છે. તેઓની ઊલટતપાસ જનરલ અને સામાન્ય છે. જેની હકીકત અગાઉના ગુનાઓમાં રજૂ થયેલા પુરાવામાં પણ જણાવેલી છે. આરોપીઓ તરફથી કરવામાં આવેલ ઊલટતપાસ ધ્યાને લેતા એફ.એસ.એલ. કચેરી ગાંધીનગર ખાતે જે કંઈ કામગીરી કરવામાં આવે છે તે બાબતે તેમજ ઑફિસના વહીવટી સંબંધે પ્રશ્નો પુછવામાં આવેલા છે પરંતુ તેથી કરીને આ સાહેદે આ મુદ્દામાલનું પૃથક્કરણ કરેલ નથી તે હકીકત સાબીત થતી નથી. ખરેખર આ સાહેદે પોતે આપેલ જુબાની તથા આંક–૫૭૧૧ નાં અહેવાલમાં જે હકીકત જણાવેલી છે તે મુજબ તેમને મુદ્દામાલનું પૃથક્કરણ કરેલુ છે તે પુરવાર થાય છે.

ત્યારબાદ આ કામે આંક–૫૭૦૯ વાળી રવાનગી નોંધથી એફ.એસ.એલ. ગાંધીનગરને પૃથક્કરણ માટે જે મુદ્દામાલ મોકલવામાં આવેલો તે મુદ્દામાલ પૈકીના અમુક મુદ્દામાલનું એફ.એસ.એલ. અધિકારી શ્રી સુરેન્દ્રભાઈ પરષોત્તમભાઈ પતરીવાલાએ પૃથક્કરણ કરેલું તેઓને સાહેદ નં.૮૩૮ તરીકે આંક–૫૬૮૫ થી તપાસેલ છે. તેઓની આ ગુના પુરતી સરતપાસ ધ્યાને લઈએ એફ.એસ.એલ.ના કેમેસ્ટ્રી વિભાગના આસીસ્ટન્ટ ડાયરેક્ટરશ્રી જી. ડી. શર્મા તરફથી બાપુનગર પોલીસ સ્ટેશન અમદાવાદના ફ. ગુ. ર. નં. ૨૨૦/૨૦૦૮ નો મુદ્દામાલ પૈકીના ચાર પાર્સલ ''N.C.DIV F.S.L. A'BAD''ના વિભાગીય સીલવાળા પાર્સલ માર્ક–૪, માર્ક–૯, માર્ક–૨/૪, માર્ક–૨/૭ તા.૨/૮/૨૦૦૮ ના રોજ તેમના ભૌતિકશાસ્ત્ર વિભાગમાં સ્વીકારવામાં આવેલ જે નમૂના તેમની પાસે વૈજ્ઞાનિક પરિક્ષણ અર્થે આવેલા. જે પાર્સલ તેમને પરિક્ષણ અર્થે મળેલા તેની વિગત પરિક્ષણ અહેવાલમાં લખેલ હતી. સાહેદને મળેલ આ નમૂનાનું પરિક્ષણ કરેલ જેની વિગત મુજબ પ્રયોગશાળામાં નમૂના–૪ (છરા), નમૂના–૨/૪ (છરા), નમૂનો–૯ (સાઇકલ), નમૂના–૨/૭ (સાઇકલ) નું બાહ્ય દ્રષ્ટી વિષયક, મેગ્નીફાઇંગ લેન્સ અને સુક્ષ્મદર્શક યંત્રમાં પરીક્ષણ કરેલ. પ્રયોગશાળામાં નમૂના–૪ (છરા), નમૂના–૨/૪ (છરા) નું ''ED–XRF'' યંત્રમાં ધાતુ તત્વોની હાજરીનું પરિક્ષણ કરેલ.

આ સાહેદે કરેલ વૈજ્ઞાનિક પરિક્ષણના અંતે જે અભિપ્રાય આપેલો તે મુજબ...

- નમૂના–૪ અને નમૂના–૨/૪ ના છરામાં મુખ્યત્વે Fe (આર્યન) ધાતુ તેમજ Ca (કેલ્શીયમ) અને Mn (મેગેનીઝ) જેવી ધાતુઓ અલ્પ પ્રમાણમાં જણાયેલ.
- નમૂના–૯ અને નમૂના–૨/૭ની સાઇકલ ઉપર પડેલ હિટમાર્ક નમૂના–૪ અને નમૂના–૨/૪ માંના છરા જેવા મીસાઈલ/ પ્રોજેક્ટાઈલથી થયેલ હોય તેમ જણાયેલ.

આ મુજબનો જે અહેવાલ આપેલો તે અહેવાલ આંક–૫૬૮૭ થી રજૂ કરેલો છે તેમાં આ સાહેદે પોતાની ઓળખી બતાવેલી છે.

ત્યારબાદ આ કામે આંક–૫૭૦૯વાળી રવાનગી નોંધ પૈકીના કેટલાક મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારી તેજલબેન દિલીપભાઈ શાહને સાહેદ નં.૮૪૪ તરીકે આંક–૫૮૧૯ થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ પ્રમાણે બાપુનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૩/૨૦૦૮ નાં કામનો મુદ્દામાલ તેઓના વિભાગમાંથી પૃથક્કરણ અર્થે મળેલો જે પાંચ પાર્સલ પૈકી મૂળ સીલવાળા બે વિભાગીય સીલબંધ પાર્સલ હતા જેનુ બાયોલોજીકલ, સીરોલોજીકલ પૃથક્કરણ કરેલુ છે. તેમને જે મુદ્દામાલનુ પૃથક્કરણ કરેલુ છે તે મુજબ...

- માર્ક–૧૦ જગ્યા ઉપરથી રૂ ઘસીને લીધેલ લોહી.
- માર્ક–૧૧ કન્ટ્રોલ રૂ.

  બીજા ધડાકાવાળી જગ્યાએથી કબજે કરેલ મુદ્દામાલ
- માર્ક–૨/૧ વિસ્ફોટક સામગ્રી.
- માર્ક–૨/૨ સલેટીયા કલરનું શર્ટ.
- માર્ક–૨/૩ સફેદ કલરનું શર્ટ.
- માર્ક–૨/૪ લોખંડના છરા.
- માર્ક–૨/૫ ચીકણો પદાર્થ.

– માર્ક–૨/૬ અખબારના ટુકડા.
– માર્ક–૨/૭ હરકયુલસ કંપનીની સાઇકલ.
– માર્ક–એ જૂના જેવુ પેન્ટ.
– માર્ક–બી સફેદ ટીપકીવાળો જાંગીયો.
– માર્ક–સી સીલબંધ કાચની બોટલ.

ઉપરોકત મુદ્દામાલનું પૃથક્કરણ કરતાં...

(૧) નમૂના–૧૦ પર રૂધીર મળેલુ હતુ
(૨) નમૂના–૧૧ પર રૂધીર મળેલ ન હતુ, નમૂના–૧૧ કન્ટ્રોલ સેમ્પલ તરીકે ઓળખાયેલો હતો.
(૩) નમૂના–એ ઉપર રૂધીર મળેલ હતુ.
(૪) નમૂના–બી ઉપર રૂધીર મળેલ હતુ.
(૫) નમૂના–સી માનું પ્રવાહી રૂધીર તરીકે ઓળખાયેલુ.

તે પ્રમાણેના અભિપ્રાય ઉપરથી આ સાહેદે અહેવાલ આપેલો જે અહેવાલ આંક–૫૮૨૦ થી રજૂ કરેલો છે તેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ કામે આંક–૫૭૦૯ વાળી રવાનગી નોંધ પૈકીના કેટલાક મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારી નૈમેષભાઈ મનુભાઈ સોનીને સાહેદ નં.૮૪૩ તરીકે આંક–૫૭૯૯ થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ પ્રમાણે બાપુનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં. ૨૨૦/૨૦૦૮ નાં કામનો મુદ્દામાલ તેઓના વિભાગમાંથી પૃથક્કરણ અર્થે મળેલો જેમાં રસાયણ શાસ્ત્ર વિભાગનું સીલ ધરાવતુ સીલબંધ હાલતનું એક પાર્સલ હતુ જેને પાર્સ–ડી તરીકે ઓળખાયેલુ હતુ. તે ઈન્ટર ફોરવર્ડીંગ પત્ર સાથે ભૌતિક શાસ્ત્ર વિભાગને તા.૩૧/૭/૨૦૦૮ નાં રોજ મળેલુ. આ સાહેદને મળેલા પાર્સલમાં ડી/૧ થી ડી/૭ માર્ક ધરાવતા હતા. આ નમૂનાઓનું તેમને પૃથક્કરણ કરેલુ તે મુજબ નમૂનો–ડી/૧ તથા ડી/૨ પાવર સેલ, નમૂનો–ડી/૩ લાકડાનો ટુકડો, નમૂનો–ડી/૪ કનેકટર સ્ટ્રીપ, નમૂનો–ડી/૫ તથા ડી/૬

વાયરના ટુકડા, નમૂનો–ડી/૭ પ્લાસ્ટિક જેવા ટુકડાનું બાહ્ય દ્રષ્ટિ વિષયક તથા સુક્ષ્મદર્શક યંત્રમાં વૈજ્ઞાનિક પરીક્ષણ કરવામાં આવ્યુ તથા નમૂનો–ડી/૧ અને ડી/૨ નું મલ્ટીમીટર નામના ઉપકરણથી પરીક્ષણ કરવામાં આવ્યુ. નમૂનો–ડી/૧ તથા ડી/૨ પર આવેલા પાવર સેલના કોન્ટેકટ સાથે નમૂનો–ડી/૪ કનેકટર સ્ટ્રીપ બંધ બેસતી આવે છે કે કેમ તેનુ પણ પરિક્ષણ કર્યુ. આ સાહેદના અભિપ્રાય મુજબ...

(૧) નમૂનો–ડી/૧ પાવર સેલના બોલ્ટેજ આશરે ૦.૦૫ તથા નમૂનો–ડી/૨ ના પાવર સેલનો વોલ્ટ ૦.૧ હોવાનું જણાયેલુ. સદર બંને નમૂના કાર્યશીલ જણાયેલા નહીં.

(૨) નમૂનો–ડી/૪ કનેકટર સ્ટ્રીપની નમૂનો–ડી/૧ તથા ડી/૨ ના પાવર સેલ પર આવેલ કોન્ટેકટ સાથે બંધ બેસતો જોવા મળેલ.

આ મુજબ અભિપ્રાય આપી રસાયણ વિભાગને મોકલી આપેલો. તે અભિપ્રાય ઉપરથી આપેલ અહેવાલમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવી છે જે અહેવાલ આંક–૫૮૦૧ થી રજૂ કરેલો છે.

ત્યારબાદ આ કામે તપાસ કરનાર અધિકારી શ્રી વી.આર.ટોળીયા નાયબ પોલીસ અધીક્ષક, તપાસ ટીમ, ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદનાઓએ બનાવ બાદ બનાવવાળી જગ્યા ઉપર નકશો બનાવવા માટે સર્કલ ઈન્સ્પેકટર, અમદાવાદને એક યાદી લખેલી જે યાદી આ કામે આંક–૩૪૨૦ થી રજૂ કરેલી છે. આ તપાસ કરનાર અધિકારી ટોળીયા ગુજરી ગયેલા છે અને તેઓની સહી તપાસ ટીમના નાયબ પોલીસ અધીક્ષક શ્રી એમ.જે. ચાવડાનાઓએ પોતાની આંક–૮૬૩૮ ની જુબાનીમાં ઓળખી બતાવેલી છે.

આંક–૩૪૨૦ વાળી યાદીના આધારે સર્કલ ઓફિસર પ્રહલાદભાઈ ભીખાભાઈ પરમારનાઓએ ગુનાવાળી જગ્યા ઉપર જઈ નકશો બનાવેલો તેઓને આ કામે સાહેદ નં.૬૯૭ તરીકે આંક–૩૪૧૯ થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ પ્રમાણે તેઓને તપાસ કરનાર અધિકારી શ્રી વી.આર.ટોળીયા દ્વારા બાપુનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં બોમ્બ બ્લાસ્ટ થયેલો તે બંને

જગ્યાઓ ઉપર જઈ નકશો બનાવવા માટેની યાદી મળેલી અને તે યાદીના આધારે સ્થળ ઉપર જઈ નકશો બનાવેલો તે નકશો આ કામે આંક–૩૪૨૧ થી રજૂ કરેલો છે. જેમા આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. જેમાં બંને જગ્યા ઉપર થયેલ બોમ્બ ધડાકાવાળી જગ્યાને લાલ નિશાનથી બતાવેલી છે.

(૩૯.૦૧) **<u>અમદાવાદ શહેરના બાપુનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૨૦/૨૦૦૮ ના કામે મરણ પામેલ વ્યકિત બાબતે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકનઃ–</u>**

આ ગુનાના કામે અનિલભાઈ વાલજીભાઈ જસાણીને ઈજા થવાના કારણે મરણ પામેલ અને તેઓની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ કરનાર સાહેદ ધીરેન્દ્રકુમાર કાળીદાસ પરમારને આ કામે સાહેદ નં.૫૪૦ તરીકે આંક–૨૯૯૨ થી તપાસેલા છે. તેમની સરતપાસ પ્રમાણે સને–૨૦૦૬ થી ૨૦૧૦ ના સમય દરમ્યાન તેઓ પોલીસ સબઈન્સ્પેકટર તરીકે બાપુનગર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ બાપુનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં બોમ્બ બ્લાસ્ટ થયેલ જેમાં મરણ જનાર અનિલભાઈની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ ભરવાનું છે તેવી સુચના મળતા તેઓ સિવિલ હોસ્પિટલના પી.એમ. રૂમમાં ગયેલા. તે લાશ તેમના ભાઈ અરવિંદભાઈ ઓળખી બતાવેલી અને પંચોની હાજરીમાં ઈન્કવેસ્ટ પંચનામુ બનાવેલું. સાહેદ આંક–૧૨૫૪ વાળા પંચનામામાં રૂબરૂ તરીકે પોતાની તથા પંચોની સહી ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ કામે ગુજરનાર અનિલભાઈ વાલજીભાઈ જસાણીની લાશને શબ પરિક્ષણ માટે સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે મોકલી આપેલી અને ત્યાં શબ પરિક્ષણ કરવામાં આવેલુ. શબ પરિક્ષણ કરનાર સાહેદ જગેશ વસંતકુમાર શાહને સાહેદ નં.૩૦ તરીકે આંક–૫૯૧ થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ પ્રમાણે તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ તેઓ સિવિલ હોસ્પિટલ ખાતે ફરજ પર હતા ત્યારે ઈન્કવેસ્ટ રીપોર્ટ સાથે અનિલભાઈ વાલજીભાઈ જસાણીનો મૃતદેહ શબ પરિક્ષણ માટે મળેલો. આ મૃતદેહ પુરૂષનો હતો, શરીરે જેનુ શબ પરીક્ષણ આ સાહેદે તથા ડૉ. એચ.એમ.ગોહિલનાઓએ

સાથે મળીને તે દિવસે ૫.૧૫ થી શરૂ કરી ૬.૧૫ કલાકે પૂરૂ કરેલુ. આ શબના શરીર ઉપર પેન્ટ અને જાંગીયો હતો, કપડા લોહીથી ખરડાયેલા હતા, કપડા ઉપર કાણા હતા. તેઓને શરીરના જુદા-જુદા ભાગો ઉપર ઈજાઓ થયેલી હતી તે ઈજાઓ આંક-૭૬૬ વાળી શબ પરિક્ષણ નોટનાં કોલમ નં.૧૭ માં જણાવેલી છે તે પ્રમાણેની ઈજાઓ હતી અને આ સાહેદના અભિપ્રાય પ્રમાણે આ વ્યકિતનુ મૃત્યુ બ્લાસ્ટમાં ઈજા થવાના કારણે થયેલાનો અભિપ્રાય છે. શબ પરિક્ષણ નોટમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ કામે સાહેદ અનિલકુમાર રમેશચંદ્ર તન્ના કે જે મરણ જનારના મિત્ર છે તેઓને આ કામે ફરિયાદપક્ષે સાહેદ નં.૨૦૪ તરીકે આંક-૧૧૨૧ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા. ૨૬/૭/૨૦૦૮ ના રોજ સાંજના સમયે રીક્ષા ઘરે મુકીને સ્કૂટર લઈ સરદાર પટેલ ડાયમંડ માર્કેટ ગયેલા. ત્યાં માર્કેટ પાસે તેમના મિત્ર અનિલ જસાણી સાથે ઉભા હતા અને વાતચીત કરતા હતા તે દરમ્યાન આશરે પોણા સાત વાગ્યાની આસપાસ બોમ્બ વિસ્ફોટ થયેલો જેથી આ સાહેદના મિત્ર અનિલભાઈને ગંભીર ઈજાઓ થયેલી અને લોહી લુહાણ હાલતમાં નીચે પડી ગયેલા. ત્યારબાદ તેઓને ધનવંતરિ હોસ્પિટલે લઈ ગયેલા અને ત્યાંથી સિવિલ હોસ્પિટલમાં લઈ ગયેલા ત્યાં તેઓને મૃત જાહેર કરવામાં આવેલા તેમ જણાવે છે.

(૩૯.૦૨) <u>અમદાવાદ શહેરના બાપુનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૨૦/૨૦૦૮ ના કામે ઈજા પામેલ વ્યકિતઓ બાબતે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકનઃ-</u>

બાપુનગર પોલીસ સ્ટેશનના આ બનાવમાં બચુભાઈ નરસિંહભાઈ પટેલનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૧૯૨ તરીકે આંક-૧૦૯૩ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તેમનુ કામ કરવાનું સ્થળ બાપુનગર વિસ્તારમાં સરદાર પટેલ ડાયમંડ માર્કેટ હતુ. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાતેક વાગ્યાના સુમારે ડાયમંડ માર્કેટ પાન કોર્નર પાસે તેમના મિત્ર તથા બીજાઓ સાથે ઉભા હતા ત્યારે બોમ્બ બ્લાસ્ટ થયેલો. જેથી ત્યાં ઉભેલા લોકોને

ઈજાઓ થયેલી અને આ સાહેદને છાતીના ભાગે ઈજા થયેલી. આ સાહેદના મિત્ર અનિલભાઈને પણ ઈજા થયેલી હતી. ત્યારબાદ ધનવંતરિ હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર માટે ગયેલા અને ત્યાંથી સિવિલ હોસ્પિટલમાં વધુ સારવાર કરાવેલાનું જણાવેલ છે.

બાપુનગર પોલીસ સ્ટેશનના આ બનાવમાં કાન્તીભાઈ લાલજી ભાઈ પટેલનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૧૯૪ તરીકે આંક–૧૦૯૫ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તેમનુ કામ કરવાનું સ્થળ બાપુનગર વિસ્તારમાં સરદાર પટેલ ડાયમંડ માર્કેટ હતુ. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સરદાર પટેલ માર્કેટ પાસે પાનના ગલ્લાવાળી જગ્યા ઉપર ઉભા હતા ત્યારે તેમની સાથે દિલીપભાઈ તથા બચુભાઈ તથા બીજાઓ ઉભા હતા, ત્યાં પાર્કીંગ થાય તેવી ખુલ્લી જગ્યા હતી અને બધા વાતચીત કરતા હતા ત્યારે એક વિસ્ફોટ થયેલો જેથી આ સાહેદને જમણા હાથે, છાતીમાં, કમરમાં છરા વાગવાથી ઈજાઓ થયેલી અને લોહી નીકળેલુ. ત્યારબાદ ધનવંતરિ હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર માટે ગયેલા અને ત્યાંથી સિવિલ હોસ્પિટલમાં વધુ સારવાર કરાવેલાનું જણાવેલ છે.

ત્યારબાદ બચુભાઈ નરસિંહભાઈ પટેલ તથા કાન્તીભાઈ લાલજી ભાઈ પટેલની સારવાર કરનાર ડૉ.હેતલબેન ચેતનભાઈ બધેકાને સાહેદ નં.૨૭૬ તરીકે આંક–૧૪૩૮ થી તપાસેલા છે. આ સાહેદની આ બનાવ પુરતી સરતપાસ ધ્યાને લઈએ તો તેઓ તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ મેડીકલ ઓફિસર તરીકે સિવિલ હોસ્પિટલ અમદાવાદમાં ફરજ બજાવતા હતા ત્યારે સવારે ૧૧.૧૨ વાગ્યાના સુમારે બચુભાઈ નરસિંહભાઈ પટેલનાઓ સારવાર અર્થે લાવેલા હતા અને તેઓની કેસ હિસ્ટ્રી મુજબ તેઓને આગલા દિવસે બાપુનગર, હીરાબજાર ખાતે થયેલ બોમ્બ ધડાકામાં ઈજા થયેલ હતી અને પ્રાથમીક સારવાર ખાનગી હોસ્પિટલમાંથી લીધી હતી. આ દર્દીને ઈજામાં છાતીમાં ડાબી બાજુએ ૦.૨ સે.મી. x ૦.૨ સે.મી.ના માપનો ઉજરડો હતો. જે અંગેનુ પ્રમાણપત્ર આપેલું જે આંક–૧૪૫૯ થી રજૂ છે જેમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

વધુમાં આ સાહેદ જણાવે છે કે તે દિવસે સવારે ૧૧.૧૪ વાગ્યાના સુમારે અન્ય એક ઈજા પામનાર કાંતિભાઈ લાલજીભાઈ પટેલનાઓ સારવાર માટે આવેલા હતા. તેમની કેસ હિસ્ટ્રી મુજબ આગલા દિવસે બાપુનગર ખાતે હીરા બજારમાં થયેલ બોમ્બ ધડાકામાં ઈજા થયેલ હતી અને પ્રાથમિક સારવાર ધનવંતરિ હોસ્પિટલ ખાતે લીધેલી હતી. આ દર્દીને ઈજામાં પેલેટ લેસરેટેડ વુન્ડ છાતીમાં જમણી બાજુએ તથા જમણી બાજુના પેટ ઉપર ડુટીની નજીક હતા તેમજ છાતીના ભાગે ઈજા હતી તેનું માપ ૦.૩ સે.મી. x ૦.૩ સે.મી.નું હતું અને તેની બાજુમા ૨ સે.મી. x ૨ સે.મીના માપનું ચકામું હતું. પેટની જમણી બાજુ થયેલ ઈજા તથા માપ ઉપર જણાવેલ મુજબ છે તથા દર્દીને પાછળ જમણા કટીપ્રદેશ ઉપર ૦.૨ સે.મી. x ૦.૩ સે.મી.ના માપનો ઉજરડો હતો. આ દર્દીની સારવાર દરમ્યાન તેમણે જમણા હાથના ભાગે બાહ્ય પદાર્થની હાજરી માલુમ પડેલી. જે અંગેનુ પ્રમાણપત્ર આપેલું તે આંક–૧૪૬૦ થી રજૂ છે જેમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આ સાહેદના મંતવ્ય પ્રમાણે ઉપરોકત બંને દર્દીને થયેલી ઉપરોકત ઈજાઓ કોઈક ધડાકામાં કે બ્લાસ્ટમાં દબાણપૂર્વક કોઈ ચીજવસ્તુ અથડાય તો આવી ઈજા થઈ શકે તેમ જણાવેલ છે.

બાપુનગર પોલીસ સ્ટેશનના આ બનાવમાં દિલીપભાઈ રામજીભાઈ ગોહેલનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૧૯૩ તરીકે આંક–૧૦૯૪ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તેમનુ કામ કરવાનું સ્થળ બાપુનગર વિસ્તારમાં સરદાર પટેલ ડાયમંડ માર્કેટ હતુ. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સરદાર પટેલ માર્કેટ પાસે પાનના ગલ્લાવાળી કોર્નરવાળી જગ્યાએ આ સાહેદ તથા બીજાઓ ઉભા હતા. ત્યારે એક વિસ્ફોટ થયેલો જેથી આ સાહેદને ડાબા ખભાના ભાગે છરા વાગવાથી ઈજાઓ થયેલી. ત્યારબાદ ખાનગી હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર માટે ગયેલા અને ત્યાંથી સિવિલ હોસ્પિટલમાં વધુ સારવાર કરાવેલાનું જણાવેલ છે.

ત્યારબાદ દિલીપભાઈ રામજીભાઈ ગોહેલની સારવાર કરનાર ડૉ.નમીષ બચુભાઈ ઘેલાભાઇને સાહેદ નં.૨૭૮ તરીકે આંક–૧૪૭૩ થી

તપાસેલા છે. આ સાહેદની આ બનાવ પુરતી સરતપાસ ધ્યાને લઈએ તો તા. ૨૭/૭/૨૦૦૮ ના રોજ તેઓ મેડીકલ ઓફિસર તરીકે સિવિલ હોસ્પિટલ અમદાવાદમાં ફરજ બજાવતા હતા ત્યારે બપોરના ૧૨.૧૦ વાગ્યાના સુમારે એક દિલિપભાઈ રામજીભાઈ મોચીનાઓને સારવાર માટે તેમની સમક્ષ લાવવામાં આવેલા. તે વખતે દર્દી સભાન હતા. સદર દર્દીએ હીસ્ટ્રીમાં જણાવેલ કે તા. ૨૬/૭/૨૦૦૮ ના રોજ સાંજના ૭.૦૦ વાગ્યાના સુમારે જ્યારે તેઓ સરદાર પટેલ માર્કેટ હીરા બજાર, બાપુનગર ખાતે હીરા જોતાં હતા ત્યારે બોમ્બ ધડાકાથી છરા વાગવાથી ઈજા થયેલી છે. સદર દર્દીને ઈજામાં એક ઉજરડો ૧ સે.મી. x ૦.૫ સે.મી.ના માપનો ૩ x ૧ સે.મીના ચકામા સાથે ડાબા ખભાની બહારની તરફ હતો તથા એક ઉજરડો ૧ સે.મી. x ૦.૫ સે.મી.ના માપનો ડાબા હાંસરીના બહારની તરફના છેડાના ભાગે હતો. જે અંગેનુ પ્રમાણપત્ર આપેલુ તે આંક–૧૪૭૩ થી રજૂ છે જેમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આ સાહેદના મંતવ્ય પ્રમાણે ઉપરોકત દર્દીને થયેલી ઈજાઓ કોઈક ધડાકામાં કે બ્લાસ્ટમાં દબાણપૂર્વક કોઈ ચીજવસ્તુ અથડાય તો આવી ઈજા થઈ શકે તેમ જણાવેલ છે.

ત્યારબાદ ફરિયાદી રમેશભાઈ છગનભાઈની સારવાર કરનાર ડૉ.આદિત્ય ચંદુલાલ ઉપાધ્યાયને સાહેદ નં.૨૮૧ તરીકે આંક–૧૫૦૩ થી તપાસેલા છે. આ સાહેદની આ બનાવ પુરતી સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૬/૦૭/૨૦૦૮ ના રોજ એક રમેશભાઈ છગનભાઈ ચાંદપરાનાઓને કાકડીયા હોસ્પિટલ ખાતે તપાસેલા હતા. તેઓ બોમ્બ ધડાકામાં ઈજા પામેલા હતા. આ દર્દીને ઈજામાં ૧ x ૧ સે.મી.નો જમણા હાથના ભાગે ઘા હતો તેમાં ધાતુનો છરો (પેલેટ) ની હાજરી હતી તથા ડાબી છાતી પાછળના ભાગે પીઠના ભાગે ૨ x ૧ સે.મી.ના માપનો ઘા હતો. જેમાં બે પેલેટ (છરા) હતા તે ઓપરેશન કરીને બહાર કાઢેલ હતા. આ બાબતનું પ્રમાણપત્ર આપેલુ જે આંક–૧૫૦૪ થી રજૂ રાખેલ છે અને તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. આ સાહેદના મંતવ્ય પ્રમાણે દર્દીને થયેલી ઉપરોકત ઈજાઓ કોઈક ધડાકામાં કે

બ્લાસ્ટમાં દબાણપૂર્વક કોઈ ચીજવસ્તુ અથડાય તો આવી ઈજા થઈ શકે તેમ જણાવેલ છે.

બાપુનગર પોલીસ સ્ટેશનના આ બનાવમાં સુરેશભાઈ ઉકાભાઈ ભાયાણીનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૧૯૭ તરીકે આંક–૧૦૯૯ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ આંગડીયા પેઢીના કામે સરદાર પટેલ ડાયમંડ માર્કેટ ખાતે સાંજના સમયે ગયેલા, કામ પતાવીને ખુલ્લી જગ્યામાં તેમના મિત્ર અનિલભાઈ સાથે ઉભેલા હતા ત્યારે બોમ્બ વિસ્ફોટ થયેલો. જેનાથી આ સાહેદને ડાબા હાથે ઈજા થયેલી અને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે લઈ ગયેલા અને વધુ સારવાર કાકડીયા હોસ્પિટલમાં લીધેલી તેઓનુ છરા કાઢવાનું ઓપરેશન કરેલુ તેમ જણાવેલ છે.

બાપુનગર પોલીસ સ્ટેશનના આ બનાવમાં સોનુ એસ. અગ્રવાલનાઓને ઈજાઓ થયેલી પરંતુ તેઓને આ કામે તપાસવામાં આવેલા નથી. ઈજા પામનાર સુરેશભાઈ ઉકાભાઈ ભાયાણી તેમજ સોનુ એસ. અગ્રવાલની સારવાર કરનાર ડૉ.ચિંતન અરવિંદભાઈ પટેલને સાહેદ નં.૨૯૫ તરીકે આંક–૧૫૮૧ થી તપાસેલ છે. આ સાહેદની આ બનાવ પુરતી સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ રાત્રીના ૨.૦૦ વાગ્યાના સુમારે એક સુરેશભાઈ ઉકાભાઈ ભાયાણીને તેમની હોસ્પિટલમાં સારવાર માટે લાવવામાં આવેલા હતા. સદર દર્દીની હીસ્ટ્રી પ્રમાણે તા. ૨૬/૭/૨૦૦૮ ના રોજ સરદાર પટેલ ડાયમંડ માર્કેટ ખાતે થયેલ ધડાકામાં તેઓને ઈજા થયેલી. સદર દર્દીને પ્રાથમિક સારવાર ધનવંતરી હોસ્પિટલ તથા અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં અપાયેલી છે. દર્દીને અગાઉ ટ્રીટમેન્ટ દરમ્યાન તેઓના ડાબા હાથેથી એક બાહ્ય પદાર્થ (ગોળ પેલેટ) જે સોફ્ટ ટીસ્યુમાં હતી તે બહાર કાઢવામાં આવેલી. તેઓના ડાબા હાથે આશરે પાંચ જેટલા નાના ઉજરડા કે જેમાં ઉપર છલ્લી રીતે પંચરવુન્ડ પણ હતા તે આગળ અને પાછળના ભાગે હતા. વધુમાં ઈજામાં એક કપાયેલ છુંદાયેલ ઘા ઉપર છલ્લો ૩ x ૦.૫ x ૦.૫ સે.મી.નો કોણીની પાછળના ભાગે હતો તથા ત્રણ થી ચાર નાના ઉપર છલ્લા ઉજરડા કે જેમાં પંચર વુન્ડ પણ હતા તે કોણીથી કાંડા

વચ્ચેના ભાગે હતા. આ દર્દીના ડાબા હાથે જે પાંચ નાના ઉજરડા અને પન્ચ વુન્ડ હતા તેમાંથી એક બાહ્ય પદાર્થ બહાર કાઢવામાં આવેલ. આ બાહ્ય પદાર્થ કાઢ્યા બાદ ત્યાં ટાંકા લેવામાં આવેલા. આ બાબતનું પ્રમાણપત્ર આપેલુ જે આંક–૧૫૮૨ થી રજૂ રાખેલ છે અને તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

વધુમાં સદર સાહેદ જણાવે છે કે તા. ૨૬/૭/૨૦૦૮ ના રોજ સાંજના ૮.૫૨ વાગ્યાના સુમારે એક સોનું એસ.અગ્રવાલનાઓને તેમની હોસ્પિટલમાં સારવાર માટે લાવવામાં આવેલા હતા. સદર દર્દીએ હીસ્ટ્રીમાં જણાવેલ કે બાપુનગર વિસ્તારમાં થયેલ બોમ્બ ધડાકામાં તેઓને ઈજા થયેલી હતી. સદર દર્દીને માથાના પાછળના ભાગે કોઈક પદાર્થ આવીને વાગેલો હતો તથા તેઓને ડાબા પગના ભાગે પણ ઈજા થયેલ હોવાનું જણાવાયેલું અને દર્દીને ઉલટી થયેલ હોવાનું, ચકકર આવેલ હોવાનું અને માથું દુઃખતુ હોવાની ફરિયાદ કરેલી હતી. દર્દી સાહેદ સમક્ષ લવાયા ત્યારે મુંજાયેલ અને ગભરાયેલ હતા. તેઓના નાડીના ધબકારા હોવા જોઈએ તેના કરતાં વધુ હતા. દર્દી સભાન હતા પણ ગભરાયેલા હતા. સદર દર્દીને માથાના પાછળના ભાગે નાનો ઉજરડો હતો આ સિવાય બીજી કોઈ મોટી ઈજાના ચિન્હો ન હતા. આ બાબતનું પ્રમાણપત્ર આપેલુ જે આંક–૧૫૮૩ થી રજૂ રાખેલ છે અને તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. આ સાહેદના મંતવ્ય પ્રમાણે ઉપરોકત બંને દર્દીને થયેલી ઉપરોકત ઈજાઓ કોઈક ધડાકામાં કે બ્લાસ્ટમાં દબાણપૂર્વક કોઈ ચીજવસ્તુ અથડાય તો આવી ઈજા થઈ શકે તેમ જણાવેલ છે.

બાપુનગર પોલીસ સ્ટેશનના આ બનાવમાં ભગવાનપ્રસાદ હરજી પ્રસાદ સોનીને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૧૯૯ તરીકે આંક–૧૧૦૧ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાડા છ થી સાત દરમ્યાન તેમના સંબંધી રવિ ઓમ પ્રકાશના ઘરે જતા હતા અને સરદાર પટેલ ડાયમંડ માર્કેટ પાસેથી પસાર થતા હતા ત્યારે એક ધડાકો થયેલો. આ સાહેદને બંને પગે છરાઓ વાગવાથી ઈજાઓ થયેલી. લોકોમાં દોડાદોડી

થયેલી, ઘણા લોકોને ઈજાઓ થયેલી. આ સાહેદને લોહી નીકળતા સોલા સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર કરાવેલી. ત્યારબાદ સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે વધુ સારવાર માટે લાવેલા તેમ જણાવેલ છે.

ત્યારબાદ ભગવાનપ્રસાદ હરજીપ્રસાદ સોનીની સારવાર કરનાર ડૉ.કિંજલ હસમુખભાઈ દોષીને સાહેદ નં.૩૦૩ તરીકે આંક–૧૬૦૮ થી તપાસેલા છે. આ સાહેદની આ બનાવ પુરતી સરતપાસ ધ્યાને લઈએ તેઓ તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે મેડીકલ ઓફિસર તરીકે ફરજ બજાવતા હતા ત્યારે બપોરે ૨.૫૫ વાગ્યાના સુમારે એક ભગવાનદાસ હરદેવપ્રસાદ સોનીનાઓને સિવિલ હોસ્પિટલ સોલા અમદાવાદ ખાતેથી વધુ સારવાર અર્થે તેમની હોસ્પિટલમાં ટ્રાન્સફર કરેલા. દર્દીને તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ડૉ.જી.એચ.રાઠોડના સર્જિકલ યુનિટમાં દાખલ કરવામાં આવેલા અને તા.૪/૮/૨૦૦૮ ના રોજ રજા આપવામાં આવેલી. સદર દર્દીને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં લાવેલા ત્યારે તેમને તપાસેલા. તેઓ સભાન હતા. દર્દી તરફથી જે કેસ હિસ્ટ્રી દર્શાવવામાં આવેલી તે એવી હતી કે, બાપુનગર ચાર રસ્તા પર સાંજના ૭.૦૦ વાગ્યાના સુમારે એક અવાજ થયેલો તેમાં તેને વાગેલું હતું અને ત્યારબાદ તેઓ ઘરે ગયેલા અને બીજે દિવસે સવારે સિવિલ હોસ્પિટલ, સોલા ખાતે તેઓ ગયેલા અને ત્યાંથી તેઓને સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે મોકલેલા. દર્દીને ઈજામાં જમણા પગે પંજાની આગળના ભાગે એક કપાયેલ છુંદાયેલ ઘા ૫ x ૨ સે.મી.ના માપનો અને તે ઘાની આજુબાજુમાં ચેપ લાગેલો હતો તેવો હાડકાંની ઉંડાઈ સુધીનો હતો. જે ટીબીયા હાડકાંની બહારની સપાટી તરફ વચ્ચેના ૧/૩ ભાગે હતો તેમજ બીજો એક કપાયેલ છુંદાયેલ ઘા ૨ x ૧ સે.મી.ના માપનો ડાબા પગે નીચેના ૧/૩ હિસ્સામાં ટીબીયા હાડકાંની બહારની સપાટીએ હતો જે ઘામાં પણ ચેપ લાગેલો હતો. આ બાબતનું પ્રમાણપત્ર આપેલુ જે આંક–૧૬૦૯ થી રજૂ રાખેલ છે અને તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. આ સાહેદના મંતવ્ય પ્રમાણે

દર્દીને થયેલી ઉપરોકત ઈજાઓ કોઈક ધડાકામાં કે બ્લાસ્ટમાં દબાણપૂર્વક કોઈ ચીજવસ્તુ અથડાય તો આવી ઈજા થઈ શકે તેમ જણાવેલ છે.

બાપુનગર પોલીસ સ્ટેશનના આ બનાવમાં મોતીલાલ ભજનલાલ મહેતાનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૧૯૬ તરીકે આંક–૧૦૯૮ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તેઓ સરદાર પટેલ ડાયમંડ માર્કેટ હીરાની લે–વેચની દલાલીનું કામ કરે છે. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેઓ મોટર સાઇકલ ઉપર બેઠેલા હતા ત્યારે ધડાકો થયેલો. આ સમયે તેમના જમણા હાથમાંથી લોહી નીકળતા જોયેલુ, ત્યાં બીજા બે–ચાર માણસોને પણ ઈજાઓ થયેલી. ત્યારબાદ તેઓ પ્રાથમિક સારવાર લેવા માટે ધનવંતરિ હોસ્પિટલે ગયેલા અને વધુ સારવાર સિવિલ હોસ્પિટલમાં લીધેલી. તે વખતે બીજો પણ એક જોરદાર ધડાકો થયેલાનું જણાવેલ છે.

ત્યારબાદ મોતીલાલ ભજનલાલ મહેતાની સારવાર કરનાર ડૉ.ભાવના ચાણકયકુમાર પટેલને સાહેદ નં.૪૫ તરીકે આંક–૭૧૭ થી તપાસેલા છે. આ સાહેદની આ બનાવ પુરતી સરતપાસ ધ્યાને લઈએ તેઓ અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે ફરજ પર હતા તે દરમ્યાન તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ બપોરે ૩.૩૦ વાગ્યાના સુમારે એક દર્દી મોતીલાલ ભજનલાલ મહેતાનાઓને સારવાર માટે લાવેલા હતા. આ દર્દીએ હીસ્ટ્રીમાં જણાવેલ કે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાંજે ૬.૪૫ વાગે બાપુનગર ખાતે બોમ્બ બ્લાસ્ટ થયેલ તેમાં ઈજા થયેલી છે. તેઓને તપાસતા પેટના જમણા અને નીચેના ભાગે ઉજરડો હતો તથા જમણી જાંઘ ઉપર ઉજરડો હતો તથા બંને હાથમાં બળતરા થતી હતી. જમણા હાથનો એકસ રે કરાવેલો અને તેઓની સારવાર કરેલી. આ બાબતનું પ્રમાણપત્ર આપેલુ ડૉ.ચાર્મી શાહે આપેલુ જે આંક–૭૨૦ થી રજૂ રાખેલ છે અને તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. આ સાહેદના મંતવ્ય પ્રમાણે દર્દીને થયેલી ઉપરોકત ઈજાઓ કોઈક ધડાકામાં કે બ્લાસ્ટમાં દબાણપૂર્વક કોઈ ચીજવસ્તુ અથડાય તો આવી ઈજા થઈ શકે તેમ જણાવેલ છે.

(૩૯.૦૩) <u>અમદાવાદ શહેરના બાપુનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૨૦/૨૦૦૮ ના કામે બનાવને સમર્થન માટે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકનઃ–</u>

આમ, બાપુનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં(૧)બાપુનગર સરદાર પટેલ ડાયમંડ માર્કેટ પાસે આવેલ ડાયમંડ પાન કોર્નર આગળ તથા (૨)શ્રીજી આઈસ્ક્રીમની દુકાન આગળ આવેલ ચાની કિટલી આગળ જાહેર રોડ ઉપર જે બોમ્બ બ્લાસ્ટ થયેલો છે તે માટે ફરિયાદપક્ષ દ્વારા મહેન્દ્રકુમાર બાબુલાલ રાજપુતને સાહેદ નં.૭૪૮ તરીકે આંક–૩૫૩૬ થી તપાસવામાં આવેલા છે. તેઓ તેમની સરતપાસ જણાવેલ છે કે તેઓ ૨૦૦૮ ના અરસામાં શિવ સીકયોરીટીમાં ગાર્ડ તરીકે નોકરી કરતા હતા અને સીકયુરીટી તરફથી તેઓને સરદાર પટેલ ડાયમંડ માર્કેટ ખાતે ફરજ ઉપર મુકેલા. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેઓ ફરજ ઉપર હતા ત્યારે સાંજના આશરે ૬.૩૦–૬.૪૫ વાગે ડાયમંડ માર્કેટના પાર્કીંગમાં મોટા અવાજ સાથે ધડાકો થયેલો જેથી આ સાહેદ ત્યાં જોવા ગયેલા. ત્યાં માણસોમાં દોડધામ થયેલી, કેટલાક લોકો બચાવો બચાવો કહેતા હતા. ઘણી વ્યકિતઓને ઈજાઓ થવાથી લોહીલુહાણ થયેલ હતી. ત્યાં સ્થળ ઉપર એક સાઈકલ પડેલ હતી, ઈજા પામનારાઓને હોસ્પિટલે લઈ જવામાં આવતા હતા. ત્યાં પાર્કીંગમાં પ્રભુ ટી સ્ટોલ સામે એક સાઈકલ હતી, તેની ઉપર થેલી લટકતી હતી, તે સાઈકલ બોમ્બ હોવાથી ત્યાંથી લોકોને દુર હટાવેલા. એક અનિલભાઈ પટેલને ઈજાઓ થતા મરણ ગયેલા તેમ જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી રવિશંકર શીવશંકર ત્રિવેદીને સાહેદ નં.૯૯૪ તરીકે આંક–૬૯૩૭ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ સને–૨૦૦૮ ના વર્ષમાં ડાયમંડ માર્કેટ બાપુનગર ખાતે ગાયત્રી ડાયમંડ વેઇટ સેન્ટરના નામે ધંધો કરતો હતો. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સાંજના આશરે સાડા છ વાગ્યાના અરસામાં તેઓ બજારનું કામ પતાવીને આવેલા તે વખતે તેમનુ એકટીવા ધનવંતરિ હોસ્પિટલ પાસે પાર્ક કરેલુ અને ત્યાં થોડીવારમાં સરદાર પટેલ ડાયમંડ માર્કેટ પાસે બોમ્બ વિસ્ફોટ થયેલો. ત્યાં

લોકોમાં નાસભાગ થઇ ગયેલી અને તે વખતે બજારમાં દલાલ તરીકે કામ કરતા ભરતભાઇએ જણાવેલ કે એક સાઇકલ ઉપર બોમ્બ છે જેથી સાહેદ તરત ત્યાંથી દુર ગયેલા. ત્યાં તરત જ અવાજ સાથે બોમ્બ વિસ્ફોટ થયેલો જેથી લોકોમાં નાસભાગ થયેલી હતી અને ડાયમંડ પાન સેન્ટર પાસે થયેલ વિસ્ફોટમાં એક વ્યકિતનું મરણ થયેલું અને આશરે સાતેક વ્યકિતઓને બોમ્બ વિસ્ફોટથી ઇજા થયેલી તેમ જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી નરેશકુમાર દલપતભાઈ ભુનાતરને સાહેદ નં.૫૦૧ તરીકે આંક–૨૯૩૫ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ બાપુનગર, અમદાવાદ પોલીસ સ્ટેશન ખાતે પોલીસ કોન્સ્ટેબલ ના હોદ્દા ઉપર ફરજ બજાવતા હતા અને આશરે સાંજના છ વાગ્યાના અરસામાં ડાયમંડ માર્કેટ વિસ્તારમાં બનાવના દિવસે ગયેલા. આ વિસ્તાર તેમના પોલીસ સ્ટેશનના કાર્યક્ષેત્રમાંનો છે. ડાયમંડ માર્કેટની સામે ચોકીના ભાગે ખુણામાં એક બોમ્બ બ્લાસ્ટ થયેલો. જે તે સમયે તેઓ પોલીસ ચોકી ઉપર હતા અને ધડાકો થતાં સ્થળ ઉપર ગયેલા ત્યાં એક માણસ લોહી લુહાણ થયેલો હતો તેના શરીરે છરા વાગેલા હતા. ધડાકો થતાં પબ્લીકને કન્ટ્રોલ કરેલી. પબ્લીકને હટાવતા હતા ત્યારે તેવામાં તેમની નજર ધનવંતરિ હોસ્પિટલની બાજુમાં પ્રભુ ટી સ્ટોલ પાસે આવેલ એક સાઇકલ ઉપર પડેલ. તેમાં એક વાદળી કલરની થેલી જોવા મળેલ જે થેલી પોલીથીનની હતી જે સાઇકલના આગળના ગવન્ડર ઉપર રાખવામાં આવેલી હતી તેના ઉપર શક ગયેલો. તેવામાં બાપુનગર, અમદાવાદના પોલીસ ઇન્સ્પેકટરશ્રી આવેલા ત્યાં થેલીમાં પાંચ, સાત મિનિટ પછી એક ધડાકો થયેલો. ત્યાં કોઇ જાનહાની થયેલી નહીં. આ ધડાકો સાહેદે જોયેલ થેલીમાંથી થયેલો. આ ઘટના સ્થળ ઉપર આ તબકકે તેમના સિવાય અન્ય બે પબ્લીકના માણસો હતા. ડાયમંડ માર્કેટથી ૫૦ મીટર દુર ધનવંતરિ હોસ્પિટલ આવેલી છે અને લગભગ બંનેની દિવાલ એક જ છે તેમ જણાવેલ છે.

આમ, બાપુનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં (૧)બાપુનગર સરદાર પટેલ ડાયમંડ માર્કેટ પાસે આવેલ ડાયમંડ પાન કોર્નર આગળ તથા (૨) શ્રીજી આઈસ્ક્રીમની દુકાન આગળ આવેલ ચાની કીટલી આગળ જાહેર રોડ ઉપર તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ કલાક ૧૮.૩૦ થી ૧૯.૦૦ વાગે સાઇકલ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલો અને આ બોમ્બ બ્લાસ્ટમાં કુલ એક માણસ મરણ ગયેલ અને નવ માણસોને ઈજાઓ થયેલી તથા વાહનોને નુકસાન થયેલું તે હકીકત ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા ઉપરોકત તમામ પુરાવા ઉપરથી સાબિત થાય છે તેમ હું માનુ છું.

(૪૦) **<u>અમદાવાદ શહેરના અમરાઈવાડી પોલીસ સ્ટેશનની હકુમતના વિસ્તારમાં સાઇકલ ઉપર બોમ્બ પ્લાન્ટેશન કરી બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલ તે બનાવ પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન.</u>**

- વિસ્તાર:- અમરાઈવાડી પોલીસ સ્ટેશનની હદમાં
- સ્થળ:- ન્યુ હરીનારાયણ પાર્ક કોમ્પ્લેક્ષ, જયોતિ મોબાઈલની દુકાન સામે, હાટકેશ્વર રોડ, અમરાઈવાડી
- તારીખ:- ૨૬/૭/૨૦૦૮
- સમય:- કલાક ૧૮.૪૫ (સાંજે)
- ગુના રજીસ્ટર નં.ફર્સ્ટ ૨૭૩/૨૦૦૮
- મરણ જનારની સંખ્યા:- એક
- ઈજા પામનારની સંખ્યા:- એક
- બનાવમાં વપરાયેલ વાહનઃ- સાઇકલ

તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ અમરાઈવાડી પોલીસ સ્ટેશનની હકુમતમાં આવેલ વિસ્તાર ન્યુ હરીનારાયણ પાર્ક કોમ્પ્લેક્ષ, જયોતિ મોબાઈલની દુકાન સામે, હાટકેશ્વર રોડ, અમરાઈવાડી ખાતે સાઇકલ મુકીને સાઇકલ ઉપર

બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલો. તેની ફરિયાદ પોલીસ કોન્સ્ટેબલ પુષ્પકાન્ત કેશવલાલે પોલીસ ઇન્સ્પેકટર અમરાઈવાડી પોલીસ સ્ટેશન સમક્ષ લખાવેલી. આ ફરિયાદીને ફરિયાદપક્ષ દ્વારા સાહેદ નં.૩ તરીકે આંક–૪૯૪ થી તપાસવામાં આવેલા છે. તેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ બપોરના ૧૨.૦૦ કલાકે તેઓ અમરાઈવાડી પોલીસ સ્ટેશનમાં પોતાની ફરજ ઉપર આવેલા અને ત્યારબાદ પેટ્રોલીંગ ડયુટીમાં હતા ત્યારે તેમની સાથે પોલીસ કોન્સ્ટેબલ નરેશભાઈ સ્વરૂપસિંહ પણ હતા. તેઓ પલ્સર મોટર સાઇકલ ઉપર હતા તે દરમ્યાન ૧૮.૫૦ વાગ્યે અમરાઈવાડી વિસ્તારમાં આવેલ રઉફની ચાલીના નાકે પહોંચ્યા ત્યારે હાટકેશ્વર સર્કલ પાસે બોમ્બ બ્લાસ્ટ થયેલાની જાણ થયેલી જેથી તેઓ સ્થળ ઉપર ગયેલા તે જગ્યા ન્યુ હરીનારાયણ કોમ્પ્લેક્ષ, જયોતિ મોબાઈલની દુકાન સામે હતી. ત્યાં લોકોની ભીડ એકઠી થયેલી હતી, ભેગા થયેલા લોકો "બોમ્બ બ્લાસ્ટ થયો બોમ્બ બ્લાસ્ટ થયો" તેવી બુમો પાડતા હતા. જેથી આ સાહેદે મોટર સાઇકલ પાર્ક કરી જોયુ તો એક સાઇકલના ગવન્ડરના ભાગે એક કાપડની થેલી હતી તે નીચેથી ફાટેલી હતી, આ સાઇકલની થેલી નીચે છરાઓ તથા ગાભાઓ પડેલા હતા. બનાવની જાણ પોલીસ ઇન્સ્પેકટરને કરેલી, તેઓ સ્ટાફ સાથે સ્થળ ઉપર આવી ગયેલા. એવુ પણ જાણવા મળે કે હીરાબેન રેવાભાઈ નામની મહિલાને પગે ઈજા થયેલી છે, તેને ૧૦૮ માં સારવાર માટે લઈ ગયેલા. આ મુજબની તેમને ફરિયાદ લખાવેલી જે ફરિયાદ આ કામે આંક–૪૯૫ થી રજૂ કરેલી છે જેમાં તેઓએ પોતાની સહી ઓળખી બતાવી છે.

ફરિયાદી પુષ્પકાંત કેશવલાલનાઓએ ઉપરોકત ફરિયાદ જેની સમક્ષ લખાવી તે ફરિયાદ લેનાર પુનમચંદ રામાભાઈ ગેહલોત હતા તેઓને ફરિયાદપક્ષે આ કામે સાહેદ નં.૭૩૦ તરીકે આંક–૩૫૧૦ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે બનાવના દિવસે તેઓ પેટ્રોલીંગમાં હતા ત્યારે હાટકેશ્વર સર્કલ પાસે બોમ્બ બ્લાસ્ટ થયેલો છે અને ત્યાં લોકોના ટોળા ભેગા થયેલા તેવી જાણ થતા તાત્કાલિક સ્થળ ઉપર ગયેલા, ગુનાવાળી જગ્યા

સુરક્ષિત રહે તે માટે કોર્ડન કરેલી, ત્યાં બંદોબસ્ત કરેલો, ફરિયાદી પુષ્પકાંત કેશવલાલની ફરિયાદ લીધેલી અને યાદી સાથે પી.એસ.ઓ.ને ગુનો રજીસ્ટર કરવા મોકલી આપેલી. એફ.એસ.એલ. અધિકારી તથા ડોગ સ્કવોર્ડને બનાવ સ્થળે પહોંચવા જાણ કરેલી, તેઓ ત્યાં આવી ગયેલા, પંચોની હાજરીમાં પંચનામુ કરી મુદ્દામાલ કબજે કરેલો અને ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરી જે વસ્તુઓ કબજે કરી તે મુજબ...

(૧) એક ફાટેલ થેલી.

(૨) ગુજરાત સમાચાર પેપરના ટુકડાઓ જેના પર સફેદ પીળા રગંનો ચીકણો પદાર્થ ચોંટેલો.

(૩) એક બ્લ્યુ શર્ટ જેના પર સફેદ પીળા રંગનો ચીકણો જેવો પદાર્થ ચોંટોલો.

(૪) પેન્સિલ સેલ તથા નવ વોલ્ટ બેટરી.

(૫) ગોળાકાર લોખંડના છરા.

(૬) લાકડાનું તુટેલુ બોક્ષ, જેમાં છરા ચોંટેલા છે, તાળા જેવી ધાતુનુ પતરૂ વાદળી ટેપથી ચોંટાડેલ અને ખીલી મારેલ તથા વાદળી કલરની પ્લાસ્ટિકની તુટેલી થેલી, સફેદ વાયરો જેના એક છેડે ડીટોનેટરનો ભાગ.

ઉપરોકત મુદ્દામાલ આ સાહેદે પંચોની હાજરીમાં પંચનામુ કરી કબજે કરેલો જે પંચનામુ આંક–૧૮૫૨ થી રજૂ કરેલુ છે જેમાં આ સાહેદે પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવેલી છે તથા પંચોની હાજરીમાં આ સાહેદે પંચોની સહીવાળી સ્લીપો બનાવી મુદ્દામાલ ઉપર લગાવેલી તે પંચ સ્લીપો આંક–૧૮૫૩ થી ૧૮૫૮ સુધી રજૂ કરી છે તેમાં આ સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

આ ફરિયાદ લીધા બાદ સાહેદ પુનમચંદ રામાભાઈ ગેલોતે ગુનો રજીસ્ટર કરવા માટે પી.એસ.ઓ. અમરાઈવાડીને મોકલી આપેલી અને પી.એસ.ઓ. અમરાઈવાડીનાઓએ આ ફરિયાદને સ્ટેશન ડાયરીમાં રજીસ્ટર

કરેલી, તે સ્ટેશન ડાયરીની નકલ આ કામે આંક–૫૪૯ થી રજૂ કરેલી છે. તે રજીસ્ટર કરનાર સાહેદ આરતસિંહ રામજીબાઈ બારીયાનાઓને સાહેદ નં.૨૧ તરીકે આંક–૫૪૭ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તેઓ બનાવના દિવસે પી.એસ.ઓ. તરીકે અમરાઈવાડી પોલીસ સ્ટેશનમાં ફરજ ઉપર હતા ત્યારે એક સૂચિપત્ર ગેહલોતની સહીથી મોકલવામાં આવેલુ અને ગુનો નોંધેલો તેને સ્ટેશન ડાયરી એન્ટ્રી નં.૧૮ આપેલી, ત્યારબાદ એફ.આઈ.આર. ફાડેલી અને તે અંગેનો રીપોર્ટ કરેલો જે આ કામે આંક–૫૪૮ થી રજૂ કરેલો છે. જેમાં આ સાહેદે વધુ તપાસ અંગેનો શેરો કરેલો છે. રીપોર્ટમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

આ કામે ફરિયાદી પુષ્પકાંત કેશવલાલની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલી છે તે ધ્યાને લેતા ફરિયાદ બનાવના દિવસે સાંજે ૭.૩૦ વાગ્યે નોંધાય હશે તેમ જણાવે છે. આ સાહેદ સ્થળ ઉપર પહોંચ્યા ત્યારે ઈજા પામનાર હીરાબેન હાજર ન હતા તે કબૂલ કરે છે. સ્થળ ઉપર ફાટેલી થેલી, છરા, ગાભાના ડુચા નીચે પડેલાનું જોયેલુ તે કબૂલ કરે છે. સ્થળ ઉપર જે છરા જોયેલા તે નાના મોટા એમ બંને પ્રકારના હતા તેમ જણાવે છે.

ફરિયાદ લેનાર સાહેદ પુનમચંદ રામાચંદ ગેલોતની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલ છે તે ધ્યાને લેતાં બનાવના દિવસે ત્રાહિત વ્યકિત દ્વારા પોલીસ સ્ટેશનમાં કોઈપણ માધ્યમથી ગુના બનાવ સંબંધે કોઈ જાહેરાત થયેલી નથી તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે બનાવના દિવસે સાહેદ પુષ્પકાંત કેશવલાલ પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન બનાવની જાણ થતા સ્થળ ઉપર ગયેલા અને બોમ્બ બ્લાસ્ટ થયાની જાણ થયેલી જેથી સાહેદ પુનમચંદ રામાભાઈને બનાવની જાણ કરેલી માટે ત્રાહિત વ્યકિતઓ દ્વારા બનાવ સબંધે જાહેરાત થવાનો કોઈ પ્રશ્ન રહેતો નથી. પોલીસ સ્ટેશનેથી પાંચ મિનિટના સમયગાળામાં આ સાહેદ સ્થળ ઉપર પહોંચેલા છે. નજેર જોનાર સાહેદોમાંથી કોઈની ફરિયાદ લીધેલી નથી કે કબૂલ કરે છે. બનાવ સ્થળે રાત્રિના ત્રણ વાગ્યા સુધી રોકાયેલા. પેટ્રોલીંગના કામકાજ દરમ્યાન કોઈ શંકાસ્પદ વ્યકિતઓની

પુછપરછ કે ચેકીંગ કરેલ નથી. આ સાહેદની તપાસ દરમ્યાન કોઈ શંકાસ્પદ વ્યકિતઓના નામ સરનામા કે શારીરિક વર્ણન સબંધે કોઈ માહિતી મળેલી નથી તે કબૂલ કરે છે. ગુનામા સંડોવાયેલ ચોકકસ વ્યકિત કે સંગઠન કે સંસ્થા સબંધે જાણકારી મળેલ નથી તે કબૂલ કરે છે. પંચનામાના હસ્તાક્ષરો કોના છે તે કહી શકે તેમ નથી, સ્થળ ઉપર એફ.એસ.એલ.ના અધિકારીને બોલાવવા લખેલા પત્રમાં સમયનો ઉલ્લેખ નથી તે કબૂલ કરે છે. એવુ બનેલુ નથી કે એફ.એસ.એલ. અધિકારી રાત્રિના ૧૦.૩૦ કલાકે આવેલા હોય. આંક–૧૮૫૨ વાળા પંચનામાની વિગતે મુદ્દામાલ સાઇકલ કપડામાં વીંટાળી દોરીથી બાંધી પંચ સ્લીપો મુકી પોલીસ સ્ટેશનના સીલથી કબજે કરેલાનું કબૂલ કરે છે. આ હકીકત ધ્યાને લેતા પણ સ્થળ ઉપરથી સાઇકલ કબજે કરેલ હોવાનું આરોપીઓ તરફથી કબૂલ કરવામાં આવે છે તેમ કહિ શકાય. ફરિયાદીના લખાવ્યા મુજબ ફરિયાદ લખી નથી તે હકીકત નકારેલી છે.

હવે પી.એસ.ઓ. આરતસિંહ રામજીભાઈ બારીયાની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલ છે તે ધ્યાને લેતા સ્ટેશન ડાયરી બાઈન્ડીંગ કરેલી નથી તે કબૂલ કરે છે. તપાસ કરનાર અધિકારીને સ્ટેશન ડાયરીનો ઉતારો આપેલો નહીં તે કબૂલ કરે છે. આ સ્ટેશન ડાયરી પાછળથી ખોટી રીતે ઉભી કરેલાની હકીકત નકારી છે.

સાહેદ પુનચંદ રામાભાઈ ગેહલોટનાઓએ બે પંચોની હાજરીમાં આંક–૧૮૫૨ વાળુ ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરી જે મુદ્દામાલ કબજે કરેલો તે પંચનામાના પંચો પૈકીના પંચ દિનેશભાઈ નાનજીભાઈ પરમારને સાહેદ નં.૩૪૫ તરીકે આંક–૧૮૫૧ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ હાટકેશ્વર શાક માર્કેટ પાસે પોલીસે તેઓને બોલાવેલા તે જગ્યા હરીનારાયણ કોમ્પ્લેક્ષ છે અને સામેની બાજુએ જયોતિ મોબાઈલની દુકાન છે ત્યાં એક બીજો માણસ હતો જેનુ નામ ઘનશ્યામ હતુ. ત્યાં પોલીસે જણાવેલ કે બોમ્બ બ્લાસ્ટ થયેલો છે અને ત્યાં પંચનામુ કરવાનું છે. તે જગ્યાએ એક સાઇકલ હતી, તેના ગવન્ડર ઉપર એક થેલી ફાટેલી હતી, તે સાઇકલ એક એટલાસ

કંપનીની હતી, તેની શીટ આછા પીળા રંગની હતી, સાઇકલ જુના જેવી હતી, તેનો કલર કાળો હતો, આ સાઇકલથી દસ ફુટના અંતરે છરા વેરવિખેર પડેલા હતા, થેલીથી નીચે જમીન ઉપર એક પેન્સીલ સેલ, એક બેટરી કે જે વાંકીચુંકી થયેલ હતી તે પડેલ હતી, એક આખી બાયનો શર્ટ ફાટેલી હાલતમાં હતો, કોલરના ભાગે એક સફેદ કાગળ જેવો ચોંટેલુ હતુ, જેની ઉપર ચીકણો પદાર્થ લાગેલો હતો, શર્ટનો રંગ આછો ગુલાબી અને સફેદ ચોકડીવાળો હતો, આ સિવાય લાકડાનું ખોખુ તુટેલી હાલમાં હતુ, તેમા તાંબાનો ભાગ ચોંટાડયો હોય તેવુ હતુ. આ સિવાય ખોખામાં સફેદ રંગના વાયર તથા પ્લાસ્ટિકની ડબ્બી ચોંટાડેલી હતી, છરા આશરે ૨૦૦ ગ્રામ જેટલા હતા, ત્યાં ફોરેન્સીક લેબોરેટરીના માણસો આવેલા તેમને પણ સ્થળની ચકાસણી કરેલી. આ તમામ વસ્તુઓ આ સાહેદની હાજરીમાં કબજે કરવામાં આવેલી, તેનુ પંચનામુ બનાવેલુ, જે આંક–૧૮૫૨ વાળા પંચનામામાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવી છે તથા આ સાહેદ તથા અન્ય પંચની સહીવાળી પંચ સ્લીપો તપાસ કરનાર અધિકારીએ બનાવીને મુદ્દામાલ ઉપર લગાવેલી તે પંચ સ્લીપો આ કામે આંક–૧૮૫૩ થી ૧૮૫૮ સુધી રજૂ કરેલી છે તે તમામ પંચ સ્લીપો ઉપર આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

હવે આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવી છે તે ધ્યાને લઈએ તો તેઓ પોલીસના બોલાવવાથી જગ્યા ઉપર ગયેલા. આ સાહેદ એ.એમ.ટી.એસ. બસ ચલાવે છે, સ્થળ ઉપર જતી વખતે પંચનામા બાબતે કોઈ વાતચીત થયેલી નહીં. આ સાહેદના ઘરથી અંકુર સ્કૂલ અર્ધો કી.મી.ના અંતરે આવેલી છે. સત્યનારાયણ નગર અંકુર સ્કૂલ પાસે આવેલુ છે તે કબૂલ કરે છે. ઘનશ્યામભાઈ સાથે તેઓ સ્થળ ઉપર ગયેલાનું જણાવે છે અને ઘનશ્યામભાઈ સાથે સ્થળ ઉપર ગયેલા નથી તો તે હકીકત નકારે છે. સ્થળ ઉપરથી પંચનામાની વિગતે મુદ્દામાલ કબજે કરેલો નથી તો તે હકીકત નકારે છે.

શરૂઆતના તપાસ કરનાર અધિકારી પુનમચંદ રામાચંદનાઓએ આ બનાવ પછી સ્થળ ઉપર એફ.એસ.એલ.ના અધિકારીને બોલાવેલા તે

અધિકારી અમૃતભાઈ વશરામભાઈને સાહેદ નં.૮૩૦ તરીકે આંક–૫૫૬૬ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ અમરાઈવાડી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટરશ્રીની એક યાદી મળેલી અને તે મુજબ અમરાઈવાડી વિસ્તારમાં ન્યુ હરીનારાયણ પાર્ક કોમ્પ્લેક્ષ, જયોતિ મોબાઈલની દુકાન સામે, હાટકેશ્વર રોડ, અમરાઈવાડી ખાતે બોમ્બ ફાટતા હીરાબેન રેવાભાઈ પરમારને ઈજાઓ થયેલી છે અને તે ગુનાવાળી જગ્યાનુ વૈજ્ઞાનિક ઢબે નિરિક્ષણ કરવા યાદી મોકલેલી, જે યાદી આંક–૩૫૧૧ થી રજૂ કરેલી છે, જેમાં યાદી સ્વીકારનાર તરીકે આ સાહેદની સહી છે, યાદી લખનાર પોલીસ ઈન્સ્પેકટર અમરાઈવાડીનાઓ છે તેમને પણ પોતાની સહી આંક–૩૫૧૦વાળી જુબાનીમાં ઓળખી બતાવી છે. આ સાહેદે સ્થળનું પરિક્ષણ કરેલુ અને સ્થળ ઉપરથી...

(૧) એક ફાટેલ થેલી.

(૨) ગુજરાત સમાચાર પેપરના ટુકડાઓ જેના પર સફેદ પીળા રગંનો ચીકણો પદાર્થ ચોંટેલો.

(૩) એક બ્લ્યુ શર્ટ જેના પર સફેદ પીળા રંગનો ચીકણો જેવો પદાર્થ ચોંટોલો.

(૪) પેન્સિલ સેલ તથા નવ વોલ્ટ બેટરી.

(૫) ગોળાકાર લોખંડના છરા.

(૬) લાકડાનું તુટેલુ બોક્ષ, જેમાં છરા ચોંટેલા છે, તાળા જેવી ધાતુનુ પતરૂ વાદળી ટેપથી ચોંટાડેલ અને ખીલી મારેલ તથા વાદળી કલરની પ્લાસ્ટિકની તુટેલી થેલી, સફેદ વાયરો જેના એક છેડે ડીટોનેટરનો ભાગ.

ઉપરોકત મુદ્દામાલ કબજે કરવા માટે સુચના આપેલી તે અંગેનો રીપોર્ટ પોલીસ ઈન્સ્પેકટર અમરાઈવાડીનાઓને આપેલો જે આ કામે આંક–૩૫૧૧ થી રજૂ છે. આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલી છે તે ધ્યાને લેતાં આ સાહેદે અમદાવાદ શહેરમાં આ સમય દરમ્યાન બીજા ઘણા બધા

બોમ્બ બ્લાસ્ટના બનાવો બનેલા અને તે બનાવોવાળી જગ્યા ઉપર જઈને પણ તેમને સ્થળ નિરીક્ષણો કરેલા જે હકીકત તેમને પોતાની આંક–૫૫૬૬ ની જુબાનીમાં જણાવેલી છે અને આરોપીઓ તરફથી પણ જનરલ અને સામાન્ય ઊલટતપાસ થયેલી છે. કોઈ ચોકકસ ગુના સંબંધે ઊલટતપાસ કરવામાં આવેલ નથી. તેમ છતાં થોડી વધુ ઊલટતપાસ ધ્યાને લઈએ તો તેમના વાહનમાં ફોટોગ્રાફી કરવાના કોઈ સાધનો હોતા નથી તેમ જણાવે છે. વર્ધિના આધારે ગુનાના સ્વરૂપ સબંધેની જરૂરી કીટ લઈને તેઓ જતા હોય છે. તેમની વાનમાં જુદા–જુદા ટેસ્ટ કરવા કીટો પણ હોય છે તે કબૂલ કરે છે. કેટલીક કીટો એક્સપાયરી ડેટની પણ હોય છે તે કબૂલ કરે છે, પરંતુ આ સાહેદે સ્થળ ઉપર વેરવીખેર જે મુદ્દામાલ પડેલ હતો તે મુદ્દામાલ તપાસ કરનાર અધિકારીને કબજે લેવા માટે લેખિતમાં સુચન કરેલા હતા. તેમની પાસેની કોઈ કીટથી ત્યાં કોઈ મુદ્દામાલનું પરિક્ષણ કરેલ નથી જેથી કીટ ચાલુ હાલતમાં હોય કે એક્ષપાયરી ડેટવાળી હોય તેની સાથે કોઈ સબંધ નથી. આ સાહેદની હાજરીમાં કોઈ વ્યકિતએ ત્યાં બોમ્બ બનાવવાનું ડેમોસ્ટ્રેશન કરેલ નથી તે કબૂલ કરે છે. આમ આ સાહેદની જુબાની ધ્યાને લેતા આ સાહેદે અમરાઈવાડી પોલીસ ઇન્સ્પેકટરની યાદીના આધારે સ્થળ ઉપર જઈ ફકત સ્થળ પરિક્ષણ કરી જરૂરી સુચનો કરેલા છે.

હવે તપાસ કરનાર અધિકારીએ ગુનાવાળી જગ્યા ઉપરથી જે મુદ્દામાલ આંક–૧૮૫૨ ના પંચનામાના આધારે કુલ છ નમૂનામાં મુદ્દામાલ કબજે કરેલો તે મુદ્દામાલ રવાનગી નોંધ સાથે એફ.એસ.એલ. ગાંધીનગરને પૃથક્કરણ માટે મોકલી આપેલો. આ રવાનગી નોંધ આ કામે આંક–૫૭૦૧ થી રજૂ કરેલી છે. આ રવાનગી નોંધમાં જણાવ્યા મુજબના કુલ છ નમૂના માર્ક–એ થી માર્ક–એફ સુધીના એફ.એસ.એલ. ગાંધીનગરને તપાસ અર્થે મોકલેલા છે. આ રવાનગી નોંધમાં સાહેદ પુનમચંદ રામાભાઈ ગેહલોતનાઓએ પોતાની આંક–૩૫૧૦ ની જુબાનીમાં પોતાની સહી ઓળખી બતાવી છે. હવે આ મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારી જાનમહમંદ ફકીરમહંમદ મન્સુરીને સાહેદ નં.૮૪૦

તરીકે આંક–૫૭૦૦ થી તપાસેલા છે. એફ.એસ.એલ. દ્વારા મુદ્દામાલ સ્વીકારાયા અંગેની જે પહોંચ આપવામાં આવેલી તે પહોંચ આ કામે આંક–૫૭૦૨ થી રજૂ કરેલી છે, જેમાં મદદનીશ નિયામક એફ.એસ.એલ. ગાંધીનગરનાઓની સહી છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ આ સાહેદના વિભાગ દ્વારા મુદ્દામાલ સ્વીકારવામાં આવેલો, આ મુદ્દામાલમાં પાંચ સીલબંધ પેપરના પાર્સલો તથા એક સીલબંધ પુઠ્ઠાનું બોક્ષ હતુ. આ તમામ મુદ્દામાલનું તેમને રાસાયણિક અને ઉપકરણીય પધ્ધતિએ પૃથક્કરણ કરેલુ. પૃથક્કરણના આધારે એવા પરિણામ ઉપર આવેલા કે...

(૧) નમૂના–એ,બી,સી,ડી–૧,ડી–૨ તથા ઈ માં એમોનિયમ નાઈટ્રેટ તથા નાઈટ્રેટ મુલકો તેમજ પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સ ઓઈલ (પેરાફીલ ઓઈલ પ્રકાર) ની હાજરી શોધાયેલી

(૨) નમૂના માર્ક–એફ માં એમોનિયમ નાઈટ્રાઈટ તથા નાઈટ્રેટ લેડ તથા એઝાઈડ મુલકો તથા પી.ઈ.ટી.એન. (હાઈ એક્ષપ્લોઝીવ) તેમજ પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન ઓઈલ (પેરાફીન ઓઈલ પ્રકાર) ની હાજરી શોધાયેલી.

આ સાહેદના અભિપ્રાય પ્રમાણે...

(૧) પૃથક્કરણના પરિણામમાં શોધાયેલ એમોનિયમ નાઈટ્રેટ અને પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સ ઓઈલએ એમોનિયમ નાઈટ્રેટ બેઈઝડ એમોનિયમ નાઈટ્રેટ ફયુઅલ ઓઈલ (એનફો)હાઈએક્ષપ્લોજીવના ઘટકો છે.

(૨) પૃથક્કરણના પરિણામમાં શોધાયેલ લેડ એઝાઈલ અને પી.ટી.ઈ.એન. (હાઈ એક્ષપ્લોઝીવ) નો ઉપયોગ બ્લાસ્ટીંગ કેપ (ડીટોનેટર) માં થાય છે.

(૩) નમૂનાઓમાંથી મળેલ ધાતુના છરાનો ઉપયોગ હાથ બનાવટના બોમ્બમાં મીસાઈલ તરીકે થાય છે.

(૪) પૃથક્કરણના પરિણામ તથા નમૂનાઓમાં મળેલ બેટરી, ઘડિયાળના ભાગો, ડીટોનેટરના ભાગ, છરા તથા મળેલ લાકડાના તથા ધાતુના પતરાના ભાગો તેમજ પ્લાસ્ટિકની શીટના ભાગોના આધારે એવુ કહી શકાય કે હોડી આકારના ધાતુના પતરા અને પ્લાસ્ટિકની શીટ ધરાવતા કન્ટેનરમાં એનફો એક્ષપ્લોજીવ પદાર્થ ભરી ધાતુના છરા ઉમેરી તથા ડીટોનેટરના ઉપયોગથી બનાવાયેલ ટાઈમ ડીવાઈસ પ્રકારનો આઈ.ઈ.ડી. બોમ્બ છે.

આ પ્રમાણેનો આ સાહેદે અભિપ્રાય આપેલો જે આ કામે આંક–૫૭૦૩ થી રજૂ કરેલો છે તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ સાહેદની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી છે તે ધ્યાને લેતાં અમદાવાદમાં થયેલ સીરીયલ બોમ્બ બ્લાસ્ટનાં ઘણા બનાવોવાળી જગ્યા ઉપરથી કબજે કરવામાં આવેલ ઘણા મુદ્દામાલનું પૃથક્કરણ તથા સુરત શહેરમાં થયેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં પણ જે તે સ્થળો ઉપરથી કબજે કરવામાં આવેલ મુદ્દામાલનું પૃથક્કરણ આ સાહેદે કરેલુ છે. તેઓની ઊલટતપાસ જનરલ અને સામાન્ય છે. જેની હકીકત અગાઉના ગુનાઓમાં પણ જણાવેલી છે. આરોપીઓ તરફથી કરવામાં આવેલ ઊલટતપાસ ધ્યાને લેતા એફ.એસ.એલ. કચેરી ગાંધીનગર ખાતે જે કંઈ કામગીરી કરવામાં આવે છે તે બાબતે તેમજ ઑફિસના વહીવટી સંબંધે પ્રશ્નો પુછવામાં આવેલા છે પરંતુ તેથી કરીને આ સાહેદે આ મુદ્દામાલનું પૃથક્કરણ કરેલ નથી તે હકીકત સાબીત થતી નથી. ખરેખર આ સાહેદે પોતે આપેલ જુબાની તથા આક–૫૭૦૩ ના અહેવાલમાં જે હકીકત જણાવેલી છે તે મુજબ તેમને મુદ્દામાલનું પૃથક્કરણ કરેલુ છે તે પુરવાર થાય છે.

ત્યારબાદ આ કામે અન્ય મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અન્ય અધિકારી નિકુંજ નરહરી બ્રહમભટ્ટને સાહેદ નં.૮૩૭ તરીકે આંક–૫૬૭૭ થી તપાસેલા છે. તેમને મુદ્દામાલનું બાયોલોજીકલ, સીરોલોજીકલ પૃથક્કરણ કરેલુ છે. તેમની સરતપાસ પ્રમાણે એક પાર્સલ–એક્ષ–ખાખી કાગળનું વિભાગીય

પાર્સલ, સદર પાર્સલમાં બે (૨) નમૂના મળેલા હતા જેમાં એક્ષ–૧ જાંગીયો ચડ્ડી ટાઈપનો વાદળી રંગનો સુતરાઉ તથા એક્ષ–૨ હાથ રૂમાલ લાલ સફેદ લીટીવાળો, ખાખી જેવા રંગનો સીન્થેટીક હાથ રૂમાલ. આ બંને થોડા પ્રમાણથી મેલા જેવા ડાઘાથી ખરડાયેલા હતા જેની ઉપર રૂધીરની હાજરી ન હતી. તે પ્રમાણેનો અભિપ્રાય આ સાહેદે આપેલો અને નાયબ પોલીસ અધીક્ષકશ્રી ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ શહેરને ફોરવર્ડીંગ પત્રથી મોકલી આપેલો, તે ફોરવર્ડીંગ પત્ર અને અહેવાલમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાાવી છે. જે અહેવાલ આંક–૫૬૮૩ થી રજૂ કરેલો છે.

ત્યારબાદ આ કામે અન્ય એક એફ.એસ.એલ. અધિકારી નૈમેશ મનુભાઈ સોનીને સાહેદ નં.૮૪૩ તરીકે આંક–૫૭૯૯ થી તપાસેલા છે. તેમની સરતપાસ પ્રમાણે અમરાઈવાડી પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં. ૨૭૩/૨૦૦૮ નો મુદ્દામાલ તેમની ઑફિસના રસાયણ વિભાગના નિયામક તરફથી મોકલવામાં આવેલો તે એક પાર્સલ–ડી હતુ. આ પાર્સલ ઈન્ટર ફોરવર્ડીંગ પત્ર સાથે ભૌતિકશાસ્ત્ર વિભાગને મળેલો તે મુજબ નમૂનો–ડી/૧ (પાવર/સેલ) તથા નમૂનો–ડી/૨–(પાવર/સેલ) નું બાહય દ્રષ્ટિ વિષયક તથા સુક્ષમદર્શક યંત્રમાં વૈજ્ઞાનિક પરિક્ષણ કરવામાં આવેલુ ત્યારબાદ નમૂનાઓનું મલ્ટિમીટર નામના ઉપકરણ વડે વૈજ્ઞાનિક પરિક્ષણ કરવામાં આવેલુ અને તે આધારે આ સાહેદે અભિપ્રાય આપેલો તે અભિપ્રાય મુજબ નમૂનો–ડી/૧ (પાવર/સેલ) ના વોલ્ટેજ આધારે ૮.૮ તથા નમૂનો–ડી/૨ (પાવર/સેલ) ના વોલ્ટેજ ૦.૮ હોવાનું જણાયેલ, પરંતુ સદર નમૂનો–ડી/૧ અને ડી/૨ (પાવર/સેલ) કાર્યરત જણાયેલ નહીં. આ મુજબનો આ સાહેદે જે અભિપ્રાય આપેલો તે આંક–૫૮૦૦ થી રજૂ કરેલો છે જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. આ સાહેદે પણ અમદાવાદમાં થયેલ બોમ્બ બ્લાસ્ટના બનાવો તથા સુરતમાં થયેલ બોમ્બ પ્લાન્ટેશનના બનાવોના ઘણા બધા મુદ્દામાલનું પૃથક્કરણ કરેલુ છે અને આરોપીઓ તરફથી જનરલ ઊલટતપાસ થયેલી છે. કોઈ ચોકકસ પૃથક્કરણ સબંધી ઊલટતપાસ થયેલ નથી. તેમ છતાં વધુ ઊલટતપાસ ધ્યાને લઈએ તો

ભૌતિક શાસ્ત્રના અભિપ્રાય આપતી વખતે રસાયણ શાસ્ત્રના કેટલાક કેમીકલનો ઉપયોગ પ્રયોગ દરમ્યાન કરવો પડે છે તેમ જણાવે છે. પરિક્ષણ અહેવાલ પરિક્ષણ કર્યા વગર રવાનગી નોંધ ઉપરથી તૈયાર કર્યાની હકીકત નકારેલી છે.

ત્યારબાદ આ કામે અન્ય એક એફ.એસ.એલ. અધિકારી સુરેન્દ્ર પરષોત્તમ પતરીવાલાને સાહેદ નં.૮૩૮ તરીકે આંક–૫૬૮૫થી તપાસેલા છે. તેમની સરતપાસ પ્રમાણે...

> નમૂના–ઈ (છરા) ના બાહય દ્રષ્ટિ વિષયક અને સુક્ષ્મદર્શક યંત્રમાં પરિક્ષણ કરેલુ તેમજ EX–XRF યંત્રમાં ધાતુ તત્વોની હાજરીનું પરિક્ષણ કરેલુ તેમજ નમૂના–એફ માં લાકડાના ટુકડા, સફેદ ચીકણો પાવડર, ધુળ, છરા તેમજ વાદળી પ્લાસ્ટિક જેના ઉપર ફરતા લાકડાનું બોક્ષ બનાવેલ અને તેની અંદર તાંબા જેવુ પતરૂ અંદરના ભાગેથી લાગડેલુ જે બોક્ષ વિસ્ફોટ થવાના કારણે લાકડા સાથે તુટી ગયેલ, જેમાં તાળા જેવા ભાગ છરાઓ ચોટેલ અને તેની સાથે સફેદ વાયરો જોડેલા તથા તેની સાથે પ્લાસ્ટિકની ડબી વાયરો સાથે ચોટેલી જે તુટી ગયેલ હાલમાં તથા એક વાદળી પ્લાસ્ટિકની થેલી.

નમૂના–ઈ ના છરામાં મુખ્યત્વે આયર્ન ધાતુ તેમજ કેલ્શીયમ અને મેગેનીઝ જેવી ધાતુઓ અલ્પ પ્રમાણમાં જણાયેલી. આ પ્રમાણેનો તેમને અભિપ્રાય આપેલો જે અભિપ્રાય આ કામે આંક–૬૦૪૧ થી રજૂ કરેલો છે, જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

ત્યારબાદ આ કામે અન્ય એક એફ.એસ.એલ. અધિકારી જાન મહંમદ ફકીરમહંમદ મન્સુરીને સાહેદ નં.૮૪૦ તરીકે આંક–૫૭૦૦ થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ પ્રમાણે અમરાઈવાડી પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૭૩/૨૦૦૮ નો મુદ્દામાલ તેઓને પૃથક્કરણ અર્થે તા. ૧૧/૯/૨૦૦૮ નાં રોજ મળેલો. આ મુદ્દામાલ તેમની કચેરીના મદદનીશ નિયામક શ્રી જી.ડી.શર્માએ સ્વીકારેલો. આ મુદ્દામાલમાં...

પાર્સલ–૧ સીલબંધ તે એક માદરપાટ સફેદ કાપડમાં સીલ કરેલુ હતુ તે એક "એટલાસ" માર્કો ધરાવતી આછા બદામી (આછો પીળો) રંગની શીટ ધરાવતી ગોલ્ડ લાઈન સુપર એટલાસ આઈ.એસ.ઓ. ૯૦૦૨ માર્કો ધરાવતી તાળુ મારીને બંધ કરેલ સાઇકલ હતી. જેના તાળા પર "કાવેરી" ૬ એલ.વી.આર. એ.એલ.આઈ. અંગ્રેજીમાં લખાણવાળુ લોક હતુ. સદર સાઇકલના આગલા ટાયર તથા રીંગની વચ્ચેના ખાંચામાં વ્હિલની ડાબી બાજુ સફેદ ચીકણો પદાર્થ ચોટેલો હતો, સદર સાઇકલના ફ્રેમના શીટના નીચેના ભાગે નં.સીજી૯૪પ૭૨૮ પાડેલ હતો જે ૨૨ ની સાઈઝની સાઇકલ હોવાનું જણાયેલ. આ મુદ્દામાલનું તેમને પૃથક્કરણ કરતા આ નમૂનામાં એમોનિયમ નાઈટ્રાઈટ અને નાઈટ્રેટ મુલકો તથા પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સ ઓઈલ (પેરાફીન ઓઈલ પ્રકાર) ની હાજરી શોધાયેલી જેથી આ સાહેદના અભિપ્રાય પ્રમાણે એમોનિયમ નાઈટ્રેટ તથા પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સ ઓઈલનું મિશ્રણ એ એમોનિયમ નાઈટ્રેટ બેઝ એમોનિયમ નાઈટ્રેટ ફ્યુઅલ ઓઈલ (એનફો) હાઈએક્ષપ્લોઝીવના ઘટકો હોવાનું જણાવેલ છે. આ મુદ્દામાલ સ્વીકાર્યા અંગેની પહોંચ નાયબ પોલીસ અધીક્ષક ક્રાઈમ બ્રાન્ચને આપેલી તે આ કામે આંક–પ૭પપ થી રજૂ કરેલ છે તથા આ સાહેદે જે અહેવાલ આપેલો તે આ કામે આંક–પ૭પ૬ થી રજૂ કરેલો છે અને આ બંને દસ્તાવેજોમાં આ સાહેદે પોતાની સહીઓ ઓળખી બતાવી છે.

ત્યારબાદ આ કામે અન્ય એક એફ.એસ.એલ. અધિકારી કુંદનભાઈ જીવરાજભાઈ ગોલાણીયાને સાહેદ નં.૮૪૧ તરીકે આંક–પ૭૮૩થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ પ્રમાણે અમરાઈવાડી પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૭૩/૨૦૦૮ નો મુદ્દામાલ તેઓને પૃથક્કરણ અર્થે મળેલો. તે મુજબ...

નમૂનો–વાય જેની ઉપર સીલ અંગ્રેજીમાં એનસીડીવ એફ.એસ.એલ. અમદાવાદ હતુ. સદર પાર્સલમાં એક અંગ્રેજીમાં એટલાસ ગોલ્ડ લાઈન સુપર માર્કાની જુની કટાયેલી કાળા રંગની સાઇકલ હતી. જેનો સીરીયલ નંબર અંગ્રેજીમાં સીજી૯૪પ૭૨૮ હતો, આ સાઇકલ ઉપર કોઈ હીટમાર્ક જોવા

મળેલા નહીં. આ સાઇકલનું બાહ્ય દ્રષ્ટિ વિષયક પરિક્ષણ તથા મેગ્નીફાઈ લેન્સ વડે પરિક્ષણ કરેલુ અને તે અંગેનો અભિપ્રાય આપેલો જે આ કામે આંક–૫૭૮૯ થી રજૂ કરેલો છે અને તેમાં તેમની સહી ઓળખી બતાવી છે.

ત્યારબાદ આ કામે શ્રી બી.આર.ટોળીયા નાયબ પોલીસ અધીક્ષક તપાસ ટીમ ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદનાઓએ (ગુજરી ગયા હોવાથી ફરિયાદપક્ષે તપાસેલા નથી) આ કામે આ બનાવમાં મરણ જનાર દિનેશરાય ભગવાનરાયે બનાવ વખતે પહેરેલા કપડા બે પંચોની હાજરીમાં કબજે કરેલા તેનુ પંચનામુ બનાવેલુ અને બે પંચોની સહીઓ કરાવેલી તે પંચનામુ આંક–૨૨૭૮ થી રજૂ કરેલુ છે તથા મુદ્દામાલ ઉપર લગાવેલી પંચ સ્લીપો આંક–૨૨૭૯ અને ૨૨૮૦ સુધી રજૂ કરી છે તેમાં પણ શ્રી ટોળીયાએ પંચોની સહીઓ કરાવેલી તે તમામ સહીઓ તપાસ ટીમના અન્ય નાયબ પોલીસ અધીક્ષક શ્રી મયુર ચાવડાનાઓએ પોતાની આંક–૮૬૩૮ ની જુબાનીમાં ઓળખી બતાવેલી છે.

શ્રી વી.આર.ટોળીયાએ મરણ જનાર દિનેશરાય ભગવાનરાયે બનાવ વખતે પહેરેલ કપડા પંચનામા આધારે જે કબજે કરેલા તે પંચનામાના પંચ પૈકી પંચ નાનાભાઈ નટવરભાઈ સોનીને સાહેદ નં.૩૯૧ તરીકે આંક–૨૨૭૭ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૬/૮/૨૦૦૮ નાં રોજ ક્રાઇમ બ્રાન્ચ પોલીસે તેઓને એસ.ઓ.જી. કચેરીએ બોલાવેલા તે વખતે રાત્રિના આઠેક વાગ્યાનો સમય હતો ત્યાં બીજા દિપકભાઈ પરમાર હાજર હતા અને આ બંને પંચ સાહેદોની હાજરીમાં પંચનામુ કરીને ગુજરનારના કપડા જેવા કે એક વાદળી રંગનો જાંગીયો આગળના ભાગે બટન વાળો જુના જેવો તથા એક ખાખી કલર જેવા રંગનો હાથ રૂમાલ જેના ઉપર કોઈ નોંધ લાયક દેખીતા નિશાન ન હતા તથા એક ડેથ સ્લીપ નં.૨૧૧૩/૦૮ તા.૨/૮/૨૦૦૮ મરનાર દિનેશરાય ભગવાનરાયના માથામાં ઈજા થવાના કારણે મૃત્યુ નિપજેલાની ડેથ સ્લીપ હતી તેમ જણાવે છે. આ સાહેદની હાજરીમાં જે પંચનામુ કરેલુ તે આ કામે આંક–૨૨૭૮ થી રજૂ કર્યુ છે જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવી છે. આ ઉપરાંત આ કપડા કબજે કરીને તપાસ કરનાર અધિકારીએ પંચોની સહીવાળી

સ્લીપો તૈયાર કરીને લગાવેલી તે સ્લીપો આ કામે આંક–૨૨૭૯ તથા ૨૨૮૦ થી રજૂ કરેલી છે જેમાં પોતાની સહીઓ ઓળખી બતાવી છે.

ત્યારબાદ આ કામે અન્ય એક એફ.એસ.એલ. અધિકારી હેમંતકુમાર ભાલચંદ્ર ભટ્ટનાઓને સાહેદ નં.૮૪૬ તરીકે આંક–૫૮૩૮થી તપાસેલા છે. તેઓની આ ગુના પુરતી સરતપાસ પ્રમાણે તેઓ એફ.એસ.એલ. અધિકારી ગાંધીનગર ખાતે ફરજ બજાવતા હતા ત્યારે અમરાઈવાડી પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૭/૨૦૦૮ નો મુદ્દામાલ રવાનગી નોંધ સાથે રસાયણ શાસ્ત્રના મદદનીશ નિયામક દ્વારા તા.૧૮/૮/૨૦૦૭ નાં રોજ આ સાહેદે સ્વીકારેલો જે રવાનગી નોંધ દ્વારા આ મુદ્દામાલ તેઓને મળેલો તે રવાનગી નોંધ આ કામે આંક–૫૮૫૪ થી રજૂ છે તે મુજબ પાર્સલ–૧ સીલબંધ હતુ જેના ઉપરનું સીલ એ.સી.પી.એસ.ઓ.જી. ક્રાઈમ એ,બી,એ,ડી સીટી અંગ્રેજીમાં હતુ. જેમાં મરનાર દિનેશરાય ભગવારાયનાઓએ બનાવ વખતે પહેરેલ જાંગીયા તથા રૂમાલ હતા. આ મુદ્દામાલ તેઓને તપાસ કરનાર અધિકારીના ફોરવર્ડીંગ તથા સત્તા અંગેના પ્રમાણપત્ર સાથે મળેલો. આ ફોરવર્ડીંગ પત્ર આ કામે આંક–૫૮૫૪ થી રજૂ કરેલો છે જેમાં તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયાની સહી છે જે સહી તપાસ ટીમના અન્ય નાયબ પોલીસ અધીક્ષકશ્રી મયુર ચાવડાનાઓએ આંક–૮૬૩૮ ની જુબાનીમાં ઓળખી બતાવેલી છે.

આ મુદ્દામાલ આ સાહેદના વિભાગમાં પૃથક્કરણ માટે મળ્યો તે અંગેની પહોંચ લખી આપેલી જે આ કામે આંક–૫૮૫૫થી રજૂ કરેલી તેમા આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલ છે.

આ મુદ્દામાલનું આ સાહેદે પૃથક્કરણ કરતા આ નમૂનામાં વિસ્ફોટકના ઘટકોની હાજરી શોધાયેલી નહીં અને લોહીની હાજરી અંગેનો અહેવાલ અલગથી બાયોલોજી (ડીએનએ) વિભાગમાંથી આવેથી મોકલી આપવામાં આવશે તે મુજબનો અભિપ્રાય આપેલો જે આ કામે આંક–૫૮૫૬ થી રજૂ કરેલો છે તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ દ્વારા ત્રિકમભાઈ શંકરભાઈ પટેલને સાહેદ નં.૧૧૪૫ તરીકે આંક–૮૨૨૪ થી તપાસેલા છે. આ સાહેદ બે પંચોની હાજરીમાં સાહેદ અયુબભાઈનાઓ પાસેથી કબજે લેવામાં આવેલ સાઇકલમાં લગાવેલ લોક ઓળખી બતાવવા અંગેનુ પંચનામુ કરેલુ. આ સાહેદની આ ગુના પુરતી સરતપાસ પ્રમાણે અમરાઈવાડી પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં. ૨૭૩/૨૦૦૮ના કામે કબજે લેવામાં આવેલી સાઇકલમાં લગાવેલ લોક સાહેદ ઐયુબભાઈ કાસમભાઈનાઓએ ઓળખી બતાવેલુ અને તે અંગેનુ પંચનામુ કરેલુ, પંચોની સહીઓવાળી સ્લીપ મુકી સાઇકલ સીલ કરેલી તે પંચનામુ આ કામે આંક–૨૮૯૪ થી રજૂ કરેલુ છે જેમાં આ સાહેદે પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવી છે તથા પંચોની સહીઓ વાળી જે સ્લીપ મુકેલી તે સ્લીપ આંક–૨૮૯૫ થી રજૂ કરેલી છે તેમાં પણ આ સાહેદે પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે આંક–૨૮૯૪ નાં પંચ સાહેદ શંકરસિંહ પ્રતાપસિંહ ગોહીલનાઓને સાહેદ નં.૪૮૨ તરીકે આંક–૨૮૯૩ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૮/૨૦૦૮ નાં રોજ પોલીસે તેઓની મોટર સાઇકલ ઉભી રખાવેલી અને અમરાઈવાડી પોલીસ સ્ટેશનમાં લઈ ગયેલા ત્યાં જણાવેલુ કે એક મહીના અગાઉ સાઇકલ ઉપર બ્લાસ્ટ થયેલો છે તે સબંધે પંચનામુ કરવાનુ છે જેથી આ સાહેદે સંમતી આપેલી. તેમની સાથે તેમના મિત્ર રાજશ્રી રાજાભાઇનાઓ પણ હતા ત્યાં એક ઐયુબભાઈ હાજર હતા અને તેમને આછા પીળા રંગની શીટવાળી એક એટલાસ કંપનીની સાઇકલ બતાવેલી જે ડબલ બારની હતી, તેમાં એક કાવેરી કંપનીનુ એક લોક બતાવેલ હતુ. તે લોક ઐયુબભાઇએ નાખેલાનું જણાવેલુ. આ સાઇકલ ઉપર એક સફેદ કલરનું કવર ચઢાવેલુ અને આ સાહેદની તથા તેના મિત્રની સહી કરાવેલી, તેની ઉપર એક સ્લીપ લગાવેલી અને તે સાઇકલ કબજે કરેલી. આ સાહેદની હાજરીમાં આંક–૨૮૯૪ વાળુ પંચનામુ થયેલુ તેમાં પોતાની સહી ઓળખી બતાવે છે તથા આંક–૨૮૯૫ ની સ્લીપમાં પણ આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

આરોપીઓ તરફથી આ સાહેદની ઊલટતપાસ કરવામાં આવેલ છે તે ધ્યાને લેતા જે દિવસે પંચનામામાં સહી કરી તે દિવસે ઘણા બધા પોલીસ અધિકારી પોલીસ સ્ટેશનમાં હાજર હતા તે કબૂલ કરે છે. કોઈ પોલીસ અધિકારી કે કર્મચારીઓના નામ આ સાહેદ જાણતા નથી. આ સાહેદ સાથે કોઈ ખાનગી વ્યકિતએ વાતચીત કરેલી નથી. પંચનામામાં તથા સ્લીપમાં સહીઓ કરેલી નથી તે હકીકત નકારેલી છે. તૈયાર પંચનામામાં સહી કરેલાની હકીકત પણ નકારેલી છે.

ત્યારબાદ આ કામે તપાસ કરનાર અધિકારી શ્રી વી.આર.ટોળીયાએ બનાવ બાદ બનાવવાળી જગ્યા ઉપર નકશો બનાવવા માટે સર્કલ ઓફિસર ખોખરાને એક યાદી લખેલી જે યાદી આ કામે આંક–૩૩૮૭ થી રજૂ કરેલી છે અને તેઓની સહી તપાસ ટીમના અન્ય નાયબ પોલીસ અધીક્ષકશ્રી મયુર ચાવડાનાઓએ આંક–૮૬૩૮ ની જુબાનીમાં ઓળખી બતાવેલી છે.

આંક–૩૩૮૭ વાળી યાદીના આધારે સર્કલ ઓફિસર સોમાભાઈ ગોવિંદભાઈનાઓએ ગુનાવાળી જગ્યા ઉપર જઈ નકશો બનાવેલો તેઓને આ કામે સાહેદ નં.૬૯૧ તરીકે આંક–૩૩૮૬ થી તપાસેલા છે. તેમની સરતપાસ પ્રમાણે તેઓને તપાસ કરનાર અધિકારી શ્રી વી.આર.ટોળીયા દ્વારા અમરાઈવાડી પોલીસ સ્ટેશન વિસ્તારમાં ન્યુ હરીનારાયણ પાર્ક કોમ્પ્લેક્ષ, જયોતિ મોબાઈલની દુકાન સામે, હાટકેશ્વર રોડ, અમરાઈવાડી ખાતે બોમ્બ બ્લાસ્ટ થયેલો તે જગ્યા ઉપર જઈ નકશો બનાવવા માટેની યાદી મળેલી તે આંક–૩૩૮૭ ની યાદી મળ્યા બાબતે યાદી ઉપર તેમને પોતાની સહી ઓળખી બતાવી છે અને તે યાદીના આધારે સ્થળ ઉપર જઈ નકશો બનાવેલો તે નકશો આ કામે આંક–૩૩૮૮ થી રજૂ કરેલો છે. જેમા આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. જે જગ્યાએ બોમ્બ બ્લાસ્ટ થયેલો તે જગ્યા નકશામાં બતાવી છે.

(૪૦.૦૧) <u>અમદાવાદ શહેરના અમરાઈવાડી પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૭૩/૨૦૦૮ ના કામે મરણ પામેલ વ્યકિત બાબતે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકનઃ–</u>

આ ગુનાના કામે દિનેશરાય ભગવાનરાય ઈજા થવાના કારણે મરણ પામેલ અને તેઓની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ કરનાર સાહેદ પરેશભાઈ ઈશ્વરભાઈ સોલંકીને આ કામે સાહેદ નં.૨૬૪ તરીકે આંક–૧૩૨૧ થી તપાસેલા છે. તેમની સરતપાસ પ્રમાણે બનાવ વખતે તેઓ પોલીસ સબઈન્સ્પેકટર તરીકે રામોલ પોલીસ સ્ટેશનમાં નોકરી કરતા હતા. તા.૨/૮/૨૦૦૮ નાં રોજ તેઓ પોતાની ફરજ પર હતા ત્યારે કલાક ૨૩.૦૫ વાગે સિવિલ હોસ્પિટલના સી.એમ.ઓ. કિંજલબેનની સુચનાથી પોલીસ કોન્સ્ટેબલ કમલેશભાઈએ વર્ધિ લખાવેલી કે અમરાઈ વાડીમાં થયેલ બોમ્બ બ્લાસ્ટથી ઈજા પામનાર દિનેશરાય ભગવાનરાયનું સારવાર દરમ્યાન મરણ થયેલ છે જેથી આ સાહેદને ડેપ્યુટ કરતા સ્ટાફ સાથે સિવિલ હોસ્પિટલ ગયેલા, ત્યાં પી.એમ.રૂમમાં એક લાશ પડેલ હતી ત્યાં હાજર વ્યકિત રજનીશભાઈ ભગવાનરાયએ લાશ ઓળખી બતાવેલી કે આ લાશ તેમના ભાઈની છે તેમ જણાવેલું જેથી બે પંચોને બોલાવી લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ કરેલુ. જે પંચનામુ આંક–૧૩૨૨ થી રજૂ કરેલુ છે, જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

ત્યારબાદ આ કામે સાહેદ નાનાભાઈ નટવરભાઈ સોનીને સાહેદ નં.૩૯૧ તરીકે આંક–૨૨૭૭ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા. ૬/૮/૨૦૦૮ નાં રોજ ક્રાઈમ બ્રાન્ચ પોલીસે તેઓને એસ.ઓ.જી. કચેરીએ બોલાવેલા તે વખતે રાત્રિના આઠેક વાગ્યાનો સમય હતો ત્યાં બીજા દિપકભાઈ પરમાર હાજર હતા અને આ બંને પંચ સાહેદોની હાજરીમાં પંચનામુ કરીને ગુજરનારના કપડા જેવા કે એક વાદળી રંગનો જાંગીયો આગળના ભાગે બટન છે જુના જેવો તથા એક ખાખી કલર જેવા રંગનો હાથ રૂમાલ જેના ઉપર કોઈ નોંધ લાયક દેખીતા નિશાન ન હતા તથા એક ડેથ સ્લીપ નં.૨૧૧૩/૦૮ તા.૨/૮/ ૨૦૦૮ મરનાર દિનેશરાય ભગવાનરાયના માથામાં ઈજા થવાના કારણે મૃત્યુ નિપજેલાની ડેથ સ્લીપ હતી તેમ જણાવે છે. આ સાહેદની હાજરીમાં જે પંચનામુ કરેલુ તે આ કામે આંક–૨૨૭૮ થી રજૂ કર્યુ છે જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવી છે. આ ઉપરાંત આ કપડા કબજે કરીને તપાસ કરનાર

અધિકારીએ પંચોની સહીવાળી જે સ્લીપો તૈયાર કરીને લગાવેલી તે સ્લીપો આ કામે આંક–૨૨૭૯ તથા ૨૨૮૦ થી ૨જૂ કરેલી છે જેમાં પોતાની સહી ઓળખી બતાવી છે.

ત્યારબાદ આ કામે ગુજરનાર દિનેશરાય ભગવાનરાયની લાશનું શબ પરિક્ષણ માટે સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે મોકલી આપેલી અને ત્યાં શબ પરિક્ષણ કરવામાં આવેલુ. શબ પરિક્ષણ કરનાર સાહેદ વિક્રમભાઈ કાળીદાસ પારઘીને સાહેદ નં.૪૭ તરીકે આંક–૭૩૨ થી તપાસેલા છે. તેમની સરતપાસ પ્રમાણે તા.૨/૮/૨૦૦૮ ના રોજ તેઓ સિવિલ હોસ્પિટલ ખાતે ફરજ પર હતા ત્યારે ઈન્કવેસ્ટ રીપોર્ટ સાથે દિનેશરાય ભગવાનરાયનો મૃતદેહ શબ પરિક્ષણ માટે મળેલો. આ મૃતદેહ પુરૂષનો હતો, શરીરે કાળા વાદળી કલરની ચડ્ડી પહેરેલી, ગળામાં કાણુ પાડીને શ્વાસનળી નાખેલી, સફેદ જનોઈ પહેરેલ હતી તેમા એક ચાવી બાંધેલી હતી. આ રીતના વર્ણનવાળુ શરીર હતુ. આ મૃતદેહના માથાની ડાબી બાજુ તથા જમણી બાજુ કાન ઉપર ઈજાઓ થયેલી હતી તે ઈજાઓ પી.એમ.નોટ આંક–૭૩૩ ના કોલમ નં.૧૭ મા જણાવેલી છે તે પ્રમાણેની ઈજાઓ હતી અને આ સાહેદના અભિપ્રાય પ્રમાણે આ વ્યકિતનુ મૃત્યુ બ્લાસ્ટમાં ઈજા થવાના કારણે થયેલાનો અભિપ્રાય છે. શબ પરિક્ષણ નોટમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

ત્યારબાદ આ કામે સિધ્ધરાજસિંહ મહાવીરસિંહ ઝાલાને સાહેદ નં.૪૭૮ તરીકે આંક–૨૮૮૮ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે તા.૨/૮/૨૦૦૮ ના રોજ ગુજરનાર દિનેશરાય ભગવાનરાયના શબ પરથી મળેલા કપડા જાંગીયો તથા એક ખાખી રંગનો હાથ રૂમાલ તથા ડેથ સ્લીપ ૨૧૧૩/૨૦૦૮ તા.૨/૮/૨૦૦૮ સિવિલ હોસ્પિટલમાંથી લઈને અમરાઈવાડી પોલીસ સ્ટેશન ગયેલા અને તપાસ કરનાર અધિકારીને સોંપેલા તેમ જણાવે છે.

આ કામે સાહેદ વિરેન્દ્રરાય લલનરાય ભુમીહરનાઓને ફરિયાદપક્ષે સાહેદ નં.૧૦૧૧ તરીકે આંક–૬૯૯૮ થી તપાસેલા છે. તેઓની સરતપાસ

પ્રમાણે તેમના સાળા દિનેશરાય નારણપુરા ખાતે પ્રિમીયર સીકયુરીટીમાં સીકયુરીટી તરીકે ફરજ બજાવતા હતા. તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજથી તેઓ મળી આવેલા નહીં જેથી તેમનો બીજો સાળો રજનીશરાય તપાસ કરવા અમદાવાદ સિવિલ હોસ્પિટલ ગયેલા તો ત્યાં આઈ.સી.યુ. વોર્ડમાં તેમના સાળા દિનેશરાયની સારવાર ચાલુ હતી અને સારવાર દરમ્યાન તા.૧/૮/૨૦૦૮ નાં રોજ મરણ પામેલા તેમ જણાવે છે.

આમ, ઉપરોકત પુરાવા ધ્યાને લેતા અમરાઈવાડીના આ બનાવમાં ગુજરનાર દિનેશરાય ભગવાનરાયનાઓને બોમ્બ બ્લાસ્ટમાં ઈજા થતા મરણ ગયેલાની હકીકત સાબીત થાય છે.

(૪૦.૦૨) <u>અમદાવાદ શહેરના અમરાઈવાડી પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૭૩/૨૦૦૮ ના કામે ઈજા પામેલ વ્યકિતઓ બાબતે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકનઃ–</u>

અમરાઈવાડી પોલીસ સ્ટેશનના આ બનાવમાં હીરાબેન રેવાબેન પરમારનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૧૪૧ તરીકે આંક–૧૦૦૯ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ પોતાના ઘરેથી શાકભાજી લેવા માટે સાંજના સમયે હાટકેશ્વર સર્કલ પાસે ગયેલા અને લારી ઉપર કારેલા લેતા હતા ત્યારે બોમ્બ ધડાકો થયેલો જેથી તેમના ડાબા પગના ઢીંચણના ભાગે અને કમરના ભાગે ઈજાઓ થયેલી. ત્યારબાદ તેઓને એલ.જી. હોસ્પિટલ અમદાવાદ ખાતે ૧૦૮ એમ્બ્યુલન્સમાં સારવાર માટે લઈ ગયેલા. ત્યાં તેમનો પુત્ર ભરત તથા ભાવનાબેન આવી ગયેલા અને વધુ સારવાર માટે રબારી કોલોની પાસે શુભમ હોસ્પિટલમાં લઈ ગયેલાં અને છેલ્લે સિવિલ હોસ્પિટલમાં હાડકાના ડૉકટર પાસે સારવાર કરાવેલી તેમ જણાવે છે.

ત્યારબાદ તેઓની સારવાર કરનાર ડો.હેતલબેન ચેતનભાઈ બધેકાને સાહેદ નં.૨૭૬ તરીકે આંક–૧૪૩૮થી તપાસેલા છે. આ સાહેદની આ બનાવ પુરતી સરતપાસ ધ્યાને લઈએ તો તા.૩/૮/૨૦૦૮ નાં રોજ સિવિલ હોસ્પિટલ ખાતે તેઓ ફરજ પર હતા ત્યારે રાત્રિના ૮.૨૩ વાગે હીરાબેન રેવાબેન

પરમારને તેમના પતિ સારવાર માટે લાવેલા અને તેમની હીસ્ટ્રી પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ હાટકેશ્વર ખાતે બોમ્બ ધડાકાના કારણે ઈજાઓ થયેલી. તેઓની ડાબી જાંઘ વચ્ચે ઈજા હતી તથા કરોડરજ્જુના બારમા નંબરના ટીબાર દબાઈ જવાના કારણે અસ્થિભંગ થયેલો. આ મુજબનું આ સાહેદે જે પ્રમાણપત્ર આપેલુ તે આંક–૧૪૬૧ થી રજૂ કરેલ છે જેમાં આ સાહેદે તેમની સહી ઓળખી બતાવેલી છે.

(૪૦.૦૩) <u>અમદાવાદ શહેરના અમરાઈવાડી પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૭૩/૨૦૦૮ ના કામે બનાવને સમર્થન માટે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકનઃ–</u>

અમરાઈવાડી પોલીસ સ્ટેશન વિસ્તારમાં ન્યુ હરીનારાયણ પાર્ક કોમ્પ્લેક્ષ, જયોતિ મોબાઈલની દુકાન સામે, હાટકેશ્વર રોડ, અમરાઈવાડી ખાતે જે બોમ્બ બ્લાસ્ટ થયેલો છે તે માટે ફરિયાદપક્ષ દ્વારા સોનેરીલાલ કાલીચરણ વર્માને સાહેદ નં.૭૫૦ તરીકે આંક–૩૫૩૮ થી તપાસવામાં આવેલા છે. તેમની સરતપાસ પ્રમાણે તેઓ હાટકેશ્વર હરીનારાયણ કોમ્પ્લેક્ષ પાસે શાકભાજીની લારી ચલાવે છે અને તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાંજના સમયે લારી ઉપર હાજર હતા ત્યારે જયોતિ મોબાઈલની દુકાન સામે એક સાઈકલ ઉપર બોમ્બ બ્લાસ્ટ થયેલો ત્યાં એક બેનને ઈજા થયેલી તેમ જણાવેલ છે. આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલ છે તે ધ્યાને લેતાં ધડાકો થયા પછી પણ તેઓ લારી ઉપર ઉભા રહેલા, બીજી બધી લારીવાળા જતા રહેલા. ધડાકો કેવી રીતે થયો તેની ખબર નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી રાજુભાઈ સુરેશભાઈ મરાઠીને સાહેદ નં.૭૫૨ તરીકે આંક–૩૫૪૦થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ હાટકેશ્વર હરીનારાયણ કોમ્પ્લેક્ષ પાસે શાકભાજીની લારી ચલાવે છે અને તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાંજના સમયે લારી ઉપર હાજર હતા ત્યારે જયોતિ મોબાઈલની દુકાન સામે એક સાઈકલ ઉપર બોમ્બ બ્લાસ્ટ થયેલો ત્યાં એક બેનને ઈજા થયેલી તેમ જણાવેલ છે. આ સાહેદની આરોપીઓ

તરફથી ઊલટતપાસ થયેલ છે તે ધ્યાને લેતાં બનાવ અગાઉ બોમ્બ ધડાકો સાંભળેલો નથી. લોકોના કહેવાથી બોમ્બ ફુટયો હોવાનું જાણેલાની હકીકત નકારી છે તથા બોમ્બ ફુટી ગયા પછી ત્યાં પડેલા છરા પણ આ સાહેદે જોયેલાનું જણાવે છે. બોમ્બ લારીની સામે સાઇકલ ઉપર ફુટેલાનું જણાવે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી મહેશ સ્વરૂપસિંહને સાહેદ નં.૪૭૪ તરીકે આંક–૨૮૮૪ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ અમરાઈવાડી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા. સાહેદ ફરિયાદી સાથે બનાવવાળી જગ્યાની નજીકથી પસાર થતા હતા ત્યારે બોમ્બ બ્લાસ્ટ અંગે જાણ થતા ફરિયાદી સાથે બનાવવાળી જગ્યાએ ગયેલ અને બનાવની જાણ પી.આઈ. શ્રી ગેલોત સાહેબને કરેલ અને સ્થળ ઉપર જરૂરી બંદોબસ્ત રાખેલાનું જણાવેલ છે. આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલ છે તે ધ્યાને લેતાં કોગ્નીજેબલ ગુનામાં ફરિયાદ ન મળે તો સરકાર તર્ફે ફરિયાદ આપે છે તેમ જણાવે છે. ફરિયાદ કરી શકે તેવી કોઈ વ્યકિત સ્થળ ઉપર મળેલી નહીં તે કબૂલ કરે છે. પરંતુ આવો બનાવ બને ત્યારે સ્વાભાવિક છે કે લોકોમાં ડરનો માહોલ હોય અને કોઈ વ્યકિત ફરિયાદ કરવા તાત્કાલિક તૈયાર ન થાય જેથી કરીને એવુ કહી શકાય નહીં કે બનાવ બન્યો નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી સિધ્ધરાજસિંહ મહાવિરસિંહ ઝાલાને સાહેદ નં.૪૭૮ તરીકે આંક–૨૮૮૮ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે તા.૨/૮/૨૦૦૮ નાં રોજ ગુજરનાર દિનેશરાય ભગવાનરાયનાઓના શબ પરથી મળેલા કપડા જાંગીયો તથા એક ખાખી રંગનો હાથ રૂમાલ તથા ડેથ સ્લીપ ૨૧૧૩/૨૦૦૮ તા.૨/૮/૨૦૦૮ સિવિલ હોસ્પિટલમાંથી લઈને અમરાઈવાડી પોલીસ સ્ટેશન ગયેલા અને તપાસ કરનાર અધિકારીને સોંપેલી. આ સાહેદની આરોપીઓ તરફથી ઉલટતપાસ થયેલ છે તે ધ્યાને લેતાં આ સાહેદ મુદ્દામાલ પોલીસ સ્ટેશનમાં મુકીને ઘરે ગયેલા તેમની ગેરહાજરીમાં પોલીસ સ્ટેશમાં શું બનેલુ તેની ખબર નથી.

આમ, અમરાઈવાડી પોલીસ સ્ટેશન વિસ્તારમાં ન્યુ હરીનારાયણ પાર્ક કોમ્પ્લેક્ષ, જયોતિ મોબાઈલની દુકાન સામે, હાટકેશ્વર રોડ, અમરાઈવાડી ખાતે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ કલાક ૧૮.૪૫ વાગે સાઈકલ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલો જેમાં એક વ્યકિત મરણ ગયેલ તથા એક વ્યકિતને ઈજા થયેલી તેમજ વાહનોને નુકસાન થયેલું તે હકીકત ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા ઉપરોકત તમામ પુરાવા ઉપરથી સાબીત થાય છે તેમ હું માનુ છું.

(૪૧) **<u>અમદાવાદ શહેરના રામોલ પોલીસ સ્ટેશનની હકૂમતના વિસ્તારમાં સાઈકલ ઉપર બોમ્બ પ્લાન્ટેશન કરી બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલ તે બનાવ પુરવાર કરવા માટે બનાવ નં.૧ ના સંબંધમાં ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન.</u>**

- વિસ્તાર:– રામોલ પોલીસ સ્ટેશનની હદમાં
- સ્થળ:– હાટકેશ્વર સર્કલ પાસે,તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ સામે, ઈલેકટ્રીક ડી.પી. પાછળ જાહેરમાં.
- તારીખ:– ૨૬/૭/૨૦૦૮
- સમય:– કલાક ૧૮.૪૦ (સાંજે)
- ગુના રજીસ્ટર નં.ફર્સ્ટ ૩૨૧/૨૦૦૮
- મરણ જનારની સંખ્યા:– ચાર
- ઈજા પામનારની સંખ્યા:– છ
- બનાવમાં વપરાયેલ વાહનઃ– સાઈકલ

તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ રામોલ પોલીસ સ્ટેશનની હકુમતમાં આવેલ વિસ્તાર હાટકેશ્વર સર્કલ પાસે, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ સામે, ઈલેકટ્રીક ડી.પી. પાછળ જાહેરમાં સાઈકલ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલો. તેની ફરિયાદ દલસિંહ ધનરાજ પાસવાનનાઓએ સીનીયર પોલીસ ઈન્સ્પેકટર રામોલ પોલીસ સ્ટેશન સમક્ષ લખાવેલી. આ ફરિયાદીને ફરિયાદપક્ષ દ્વારા સાહેદ નં.૮ તરીકે આંક–૫૦૯ થી તપસાવમાં આવેલા છે. તેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે

તેઓ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાંજના છ–સાડા છ વાગ્યે કેળાની વખાર ઉપર કેળા લેવા જતા હતા, આ વખતે રોડ ઉપરના ડીવાઈડર પાસે આવતા તેમની પાછળના ભાગે અચાનક ધડાકો થયેલો અને જોયુ તો આ સાહેદના જમાઈ સંજયભાઈ રામજીલાલ તથા મુરારીલાલ અગ્રવાલ ઘાયલ થયેલા અને લોહી લુહાણ હાલતમાં પડેલ હતા જેથી રીક્ષા મંગાવીને તેઓને સારવાર માટે લઈ ગયેલા. આ વખતે જોયેલુ તો પાંચ ફૂટના અંતરે એક સાઈકલ પડેલી હતી, સાઈકલની પાછળનું કેરીયર તુટી ગયેલ હતુ, આ દરમ્યાન આચાર્ય હાઈસ્કૂલ પાસે પણ એક બોમ્બ ધડાકો થયેલો તેમ જણાવે છે. જેથી ફરિયાદીએ સ્થળ ઉપર ફરિયાદ લખાવેલી. આ સાહેદે પોતાની આંક–૫૧૦ વાળી ફરિયાદમાં ઉપર મુજબની હકીકત લખાવેલી છે અને ફરિયાદમાં પોતાના અંગુઠાનુ નિશાન ઓળખી બતાવે છે.

ફરિયાદી દલસિંહ ધનરાજ પાસવાનનાઓએ ઉપરોકત ફરિયાદ જેની સમક્ષ લખાવી તે ફરિયાદ લેનાર દલાભાઈ અરજણભાઈ દેસાઈ હતા તેઓને ફરિયાદપક્ષે આ કામે સાહેદ નં.૬૮૭ તરીકે આંક–૩૩૫૫ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ હાટકેશ્વર સર્કલ પાસે બોમ્બ ધડાકો થયેલાની હકીકત હોય સદર જગ્યાએ જઈ દલસિંહ ધનરાજ પાસવાનની તેઓના લખાવ્યા મુજબની ફરિયાદ લખી લીધેલી અને ફરિયાદમાં દલસિંહ ધનરાજ પાસવાનના અંગુઠાનું નિશાન કરાવેલુ અને રૂબરૂ તરીકે પોતે સહી કરેલી જે આંક–૫૧૦ વાળી ફરિયાદમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આ ફરિયાદ લીધા પછી પોતાના રીપોર્ટ સાથે પી.એસ.ઓ.ને ફરિયાદ રજીસ્ટર કરવા માટે મોકલી આપેલી તે રીપોર્ટ આ કામે આંક–૫૫૨ થી રજૂ કરેલ છે જેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આ ઉપરાંત આ સાહેદે બનાવવાળી જગ્યા ઉપર પંચોને બોલાવી પંચોની હાજરીમાં બનાવવાળી જગ્યાનું પંચનામુ કરેલુ તથા સ્થળ ઉપર એફ.એસ.એલ.ના અધિકારી તથા બોમ્બ ડીફ્યુઝ ટીમને બોલાવેલી અને ગુનાવાળી જગ્યાએથી પંચનામાની વિગતે મુદ્દામાલ કબજે કરેલો જેવો કે...

(૧) એક ડીટોનેટર દેશી બનાવટ કલોક સાથેનો જુદા–જુદા રંગના પાંચ વાયરો સાથે જે વાયરોના એક છેડે વાદળી કલરની પીન ભરાવેલી, બીજા છેડે બિસ્કિટ કલરનું ગોળ ચકકર ભરાવેલ છે જેમાં રેન કરી વાયરો ફીટ કરેલ છે.

(૨) સફેદ કલરનું ગોળ પ્લાસ્ટિકનું ચકકર તેની અંદરના ભાગે તાંબાની બે પીનો તથા બહારના ભાગે બે છરા વચ્ચે હોલ છે તે હોલની ઉપર કાળી રીંગ ભરાવેલી છે.

(૩) ફ્રુટની લારી આગળ પડેલ લોહીમાંથી ૩ પલાળી લીધેલ સેમ્પલ.

(૪) કન્ટ્રોલ સેમ્પલ ૩.

(૫) ફ્રુટની લારીની બાજુમાં પડેલ નાની ચોકડીવાળા શર્ટનો ટુકડો જેની અંદર સાઇકલની સ્પ્રીંગ તથા છરા છે.

(૬) ગુનાવાળી જગ્યાની આજુબાજુમાં પડેલ વાદળી કલરની પ્લાસ્ટિકની થેલી તથા સફેદ લાલ કલરની થેલીના ટુકડા, નાની ચોકડીવાળા શર્ટના ટુકડા તથા સાઇકલની સ્પ્રીંગો, છરા, પેપરના ટુકડા, લાકડાના ટુકડા, પ્લાસ્ટિક ચોટેલ હાલતમાં.

(૭) ગુનાવાળી જગ્યાએથી થોડે દુર એક વાદળી કલરની સેલોટેપ લગાડેલ પ્લાસ્ટિક, સેલોટેપની નીચેના ભાગે તાંબાનું પતરૂ ચોટાડેલ તે.

(૮) ગુનાવાળી જગ્યાએથી થોડે દુર લાકડાના બે ટુકડા.

(૯) એક સાઇકલની કાળા કલરની શીટ જેની અંદરના ભાગે ૩ ચોટેલુ.

(૧૦) ગુનાવાળી જગ્યાએ પડેલ સાઇકલ હરકયુલસ કંપનીની પાછળનું કેરીયર, પંખો, રીંગ તુટેલી હાલમાં છે, ટાયર બળેલા છે, સ્ટીયરીંગ હીરો જેટ કંપનીનું છે તેનો ફ્રેમ નં.૨એફબી૩૭૨૨૮ છે.

(૧૧) ગુનાવાળી જગ્યાએથી છુટા છવાયેલ ચપ્પલો, બે જોડ પુરૂષના ચંપલ, એક જોડી સ્ત્રીના રબ્બરના ચપ્પલ તથા એક કાળા કલરનું સ્ત્રીનુ ડાબા પગનુ ચપ્પલ.

ઉપરોકત મુદ્દામાલ પંચોની તથા એફ.એસ.એલ. અધિકારીની હાજરીમાં કબજે કરેલો, તેનુ પંચનામુ બનાવેલુ તે પંચનામુ આ કામે આંક–૧૮૨૮ થી રજૂ છે જેમાં પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી આ સાહેદ ઓળખી બતાવે છે. કબજે કરવામાં આવેલ મુદ્દામાલ ઉપર પંચોની સહીઓવાળી સ્લીપો લગાવેલી અને રૂબરૂ તરીકે પોતે સહી કરેલી તે પંચ સ્લીપો આંક–૧૮૨૯ થી ૧૮૩૬ સુધીની આ સાહેદને બતાવતા તમામ પંચ સ્લીપો ઉપર પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે. આ ઉપરાંત આ સાહેદે કલમ ઉમેરવાનો રીપોર્ટ મેટ્રો મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૭ ને કરેલો તે આ કામે આંક–૩૩૫૪ થી રજૂ કરેલો છે જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ ફરિયાદ લીધા બાદ સાહેદ દલાભાઈ અરજણભાઈ દેસાઈએ ગુનો રજીસ્ટર કરવા માટે પી.એસ.ઓ. રામોલને પોતાના રીપોર્ટ સાથે મોકલી આપેલી તે રીપોર્ટ આંક–૫૫૨ થી રજૂ કરેલો છે જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવી છે અને પી.એસ.ઓ. રામોલનાઓએ આ ફરિયાદને સ્ટેશન ડાયરીમાં રજીસ્ટર કરેલી તે સ્ટેશન ડાયરીની નકલ આ કામે આંક–૫૫૧ થી રજૂ કરેલી છે. તે રજીસ્ટર કરનાર સાહેદ રવિન્દ્રકુમાર બુલેશ્વર જયસ્વાલનાઓને સાહેદ નં.૨૨ તરીકે આંક–૫૫૦થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લેતા તેઓ બનાવના દિવસે પી.એસ.ઓ. તરીકે રામોલ પોલીસ સ્ટેશનમાં ફરજ ઉપર હતા ત્યારે એક સૂચિપત્ર દેસાઈની સહીથી મોકલવામાં આવેલુ અને ગુનો નોંધેલો અને સ્ટેશન ડાયરી એન્ટ્રી નં.૨૪ આપેલી. આ સાહેદ પોતાના હસ્તાક્ષર સ્ટેશન ડાયરીમાં ઓળખી બતાવે છે.

આ કામે ફરિયાદી દલસિંહ ધનરાજ પાસવાનની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલી છે તે ધ્યાને લેતા આ સાહેદને ગુજરાતી લખતા વાંચતા આવડતુ નથી તે કબૂલ કરે છે. બનાવના દિવસે રાત્રે ફરિયાદની નકલ આપેલી નહીં તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે ફરિયાદની નકલ ફરિયાદીને આપી છે કે નહીં તેથી કરીને આ સાહેદે ફરિયાદ આપી નથી તેવુ મનાય નહીં. સાહેદ જણાવે છે કે સ્થળ ઉપર પોલીસ આવી ત્યારે ફરિયાદ લખાવેલી. બનાવમાં

તેમના જમાઈ સંજયને ઈજા થયેલી તે સિવાય બીજા કોને ઈજા થયેલી તે ખબર નથી. બનાવની ફરિયાદ સ્થળ ઉપર આપી નથી તો તે હકીકત નકારેલી છે.

ફરિયાદ લેનાર સાહેદ દલાભાઈ અરજણભાઈ દેસાઈની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલ છે તે ધ્યાને લેતા આ સાહેદ બનાવ વખતે રામોલ પોલીસ સ્ટેશનમાં સીનીયર પોલીસ ઇન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા અને બનાવના દિવસે તેઓના પોલીસ સ્ટેશનમાં આ બોમ્બ બ્લાસ્ટનો બનાવ બનેલો તેમજ અન્ય એક સ્થળ ઉપર બોમ્બ બ્લાસ્ટનો બનાવ બનેલ હતો. આરોપીઓ તરફથી બંને બનાવો બાબતે આ સાહેદની કોમન ઊલટતપાસ કરવામાં આવેલી છે. ઊલટતપાસમાં તેઓ જણાવે છે કે બોમ્બ સબંધેની જાણકારી તેઓને માહિતગાર સુત્રો અને પોલીસ સ્ટેશન થકી જાણવા મળેલી. બનાવ વખતે તેઓ બહાર ફરજ પર હોવાથી કોઈ લેખિત વર્ધિ જે તે સ્થળ ઉપર મળેલી નહીં. બનાવ સબંધે પી.એસ.ઓ.ને કેવી રીતે માહિતી મળેલી તેની ખબર નથી. ફરિયાદમાં આરોપીના નામ કે અજાણ્યા ઇસમના નામ નથી તે કબૂલ કરે છે. બંને ગુનાઓની તપાસ સંભાળ્યા પછી સાહેદોના નિવેદનો લીધેલા કે કેમ તે યાદ નથી. રાજકીય પ્રેરીત દબાણથી ફરિયાદ નોંધેલાની હકીકત નકારેલી છે. ફરિયાદીને ચોકકસ કેટલા વાગ્યે મળેલા તે યાદ નથી. ફરિયાદ લેતા પહેલા ઈજા પામનારની સારવારના સ્થળે જઈ મુલાકાત લીધી નથી. બંને પંચોને પોલીસ કોન્સ્ટેબલો થકી બોલાવેલા, પંચોએ લખાવ્યા મુજબની હકીકત પંચનામામાં લખી નથી તે હકીકત નકારે છે.

હવે પી.એસ.ઓ. રવિન્દ્રકુમાર ભુલેશ્વર જયસ્વાલની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલ છે તે ધ્યાને લેતા સ્ટેશન ડાયરીના દરેક પાન ઉપર રાઉન્ડ સીલ મારવામાં આવે છે તે કબૂલ કરે છે. છેલ્લા પાન ઉપર કેટલા પાના છે તથા કોને ઈસ્યુ કરેલ છે તે બાબતની નોંધ કરવામાં આવતી નથી તે કબૂલ કરે છે. સ્ટેશન ડાયરીનો ઉતારો કોઈ પણ તપાસ કરનાર અધિકારીને આપેલો નથી તે કબૂલ કરે છે.

સાહેદ દલાભાઈ અરજણભાઈ દેસાઈનાઓએ બે પંચોની હાજરીમાં આંક–૧૮૨૮ વાળુ ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરી જે મુદ્દામાલ કબજે કરેલો તે પંચનામાના પંચો પૈકીના પંચ કૃષ્ણકુમાર રવિશંકરને સાહેદ નં.૩૪૩ તરીકે આંક–૧૮૨૭ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તેમના કહેવા પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ રાત્રીના ૯.૩૦ થી ૯.૪૫ વાગ્યાના સુમારે તેઓ નોકરીના સ્થળેથી તેમના ઘર સી.ટી.એમ. તરફ જતા હતા ત્યારે હાટકેશ્વર સર્કલ પાસે આવ્યા ત્યારે તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ પાસે પોલીસના માણસો તથા પાંચથી દસ પબ્લિકના માણસો હતા. પોલીસે તેમને ઉભા રાખેલા અને પંચમાં રહેવા જણાવેલુ, બીજા માણસ તુષારભાઈ કરીને પણ હતા. ધડાકાવાળી જગ્યા દલસીંગભાઈએ બતાવેલી. આ જગ્યા તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ સામે ઈલેક્ટ્રીક ડી.પી. પાછળ એક ખુલ્લી જગ્યામાં હતી ત્યાં એક સાઇકલ પડેલી હતી અને ત્યાં ત્રણ લારીઓ હતી તે જગ્યા બતાવેલી. આ જગ્યાએ એક ઓટો રીક્ષા હતી. જેની અંદર લોહી પડેલું હતું તથા નીચેની બાજુએ જમીન પર લોહી પડેલું હતું. રીક્ષાની પાસે બ્લાસ્ટના અવશેષો પડેલા હતા આ સિવાય એક શર્ટના કોલરના ભાગનો ટુકડો પડેલો હતો તે જોયેલો. આ જગ્યાએ એક વસ્તુ કે જેની ઉપર પાંચ અલગ–અલગ કલરના વાયરો જોડેલા હતા તે પડેલ હતી. આ વાયરો એક પ્લાસ્ટિકના ચક્રમાં લાગેલા હતા. આ સિવાય એક સફેદ રંગનું ચક્ર બહાર પડેલું હતું. આ સિવાય આ જગ્યા ઉપર સાઇકલની શીટ પડેલી હતી તે જોયેલી. ઈલેક્ટ્રીકના થાંભલાથી પચ્ચીસ એક ફુટના અંતરે આ સાઇકલની શીટ પડેલી હતી. આ સિવાય વાદળી રંગ તથા લાલ રંગના પ્લાસ્ટિકના ટુકડા તથા છરા (પેલેટ), સ્પ્રીંગો જોયેલી. જમીન ઉપર જે લોહી પડેલું હતું તેમાંથી રૂ ઘસી લોહીનો નમૂનો લીધેલો તથા એક કોરા (સાદા) રૂનો નમૂનો લીધેલો. અગાઉ મેં શર્ટના કોલરવાળો જે ટુકડો કહ્યો તેની ઉપર અંગ્રેજી ભાષામાં કંઈક લખેલું હતું.

વધુમાં સાહેદ જણાવે છે કે જે સાઇકલ જોયેલી તે કાળા રંગની અને હરક્યુલીસ કંપનીની હતી. આ સાઇકલનું હેન્ડલ (ગવન્ડર) બીજી કોઈ કંપનીનું હતું. આ સાઇકલ ઉપર સાઇકલ સ્ટોર્સ ઓઢવનું સરનામું હતું. બીજી વિગત

સાહેદને યાદ નથી. બીજું કંઈ જગ્યા પર જોયેલું હોવાનું ઘણો સમય થયો હોવાથી યાદ નથી. જે ચીજવસ્તુઓ જોઈ તે બાબતનું વર્ણન કાગળ ઉપર લખાવવામાં આવેલું. જે ચીજવસ્તુઓ જોઈ તેમાંથી આઠ થી નવ વસ્તુઓ કબજે લેવામાં આવેલી. જેમાં સાઇકલ અને ચંપલ પોલીસે જેમની તેમ લઈ લીધેલા. આ જે ચીજવસ્તુઓ લીધી તેના કુલ નવ પડીકા બનાવવામાં આવેલા. આ ચીજવસ્તુઓ અલગ–અલગ પ્લાસ્ટિકની થેલીમાં મુકી ત્યારબાદ તે થેલીઓ કાગળમાં લપેટી તેની ઉપર આ સાહેદની તથા બીજો છોકરો હતો તેની સહીઓ કરાવી દોરાથી બાંધી પોલીસ સ્ટેશનનું સીલ લાખ દ્વારા કરેલું. આ મુજબનું પંચનામુ બનાવેલુ જે આંક–૧૮૨૮વાળા પંચનામામાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવેલી છે તથા પોતાની સહીઓવાલી પંચ સ્લીપો આંક–૧૮૨૯ થી ૧૮૩૬માં પણ પોતાની સહીઓ ઓળખી બતાવી છે. આ ઉપરાંત આ સાહેદની હાજરીમાં જે મુદ્દામાલ પંચનામાની વિગતે કબજે કરેલો તે તમામ મુદ્દામાલ આ સાહેદે અદાલત રૂબરૂ ઓળખી બતાવેલ છે.

હવે આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવી છે તે ધ્યાને લઈએ તો ઈલેકટ્રીક ડી.પી.વાળી જગ્યા પાસે ઈલેકટ્રીક પોલ આવેલો નથી તો તે હકીકત નકારે છે. પંચનામામાં બનાવવાળી જગ્યાએથી ૬૧ ફુટ દુર લાઈટનો થાંભલો લખેલાનું સાચુ છે તે કબૂલ કરે છે. પંચનામામાં જે ચીજવસ્તુઓ કબજે લેવાનો ઉલ્લેખ છે તે આર્ટીકલ નં.૧ થી ૯ નો છે તે કબૂલ કરે છે. પંચનામામાં સાઇકલ તથા ચપ્પલ કબજે કર્યાનો કોઈ ઉલ્લેખ નથી તે કબૂલ કરે છે પરંતુ આંક–૧૮૨૮ વાળુ પંચનામુ ધ્યાને લેતા સાઇકલ તથા ચપ્પલ કબજે કર્યાની હકીકત જણાવેલી છે.

શરૂઆતના તપાસ કરનાર અધિકારી દલાભાઈ અરજણભાઈ દેસાઈનાઓએ આ બનાવ પછી સ્થળ ઉપર એફ.એસ.એલ.ના અધિકારીને બોલાવેલા તે અધિકારી અમૃતભાઈ વશરામભાઈ હિંગરાજીયાને સાહેદ નં.૮૩૦ તરીકે આંક–૫૫૫૬ થી તપાસેલા છે. તેઓની આ ગુના પુરતી સરતપાસ ધ્યાને લેતા તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ રામોલ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર

શ્રીની એક યાદી મળેલી જે યાદી આ કામે આંક–૩૩૫૯ થી રજૂ રાખેલ છે અને આ યાદીના આધારે તેઓ તેજેન્દ્ર કોમ્પલેક્ષ સામે સ્થળ પરિક્ષણ અર્થે ગયેલા. સદર બનાવવાળી જગ્યાએ પહોંચતા બનાવવાળી જગ્યાએ સાઇકલ ઉપર બોમ્બ બ્લાસ્ટ થયેલાનું જણાવેલ તે જગ્યા તપાસતા સદર જગ્યા તેજેન્દ્ર કોમ્પલેક્ષ સામે ઈલેકટ્રીક ડીપી પાછળ ખુલ્લી જગ્યા હતી. સદર જગ્યામાં એક હરક્યુલસ સાઇકલ આડી પડેલ હતી. સાઇકલનું કેરીયર તથા પાછળના ટાયરની રીંગ તુટેલ હતી. સાઇકલની આજુબાજુમાં ટાઈમર જેવી સ્વીચ, રીલેનો ભાગ જેમાં અલગ–અલગ કલરના વાયરો તથા બીજા છેડે પીન હતી. જેની સાથે તેનો સફેદ પ્લાસ્ટિકનો ગોળ ભાગ હતો ત્યાં ફુટ લારી પાસે લોહી પડેલ હતું તેમજ એક ફાટેલ શર્ટનો ટુકડો પડેલ હતો. આજુબાજુમાં બ્લુ રંગની પ્લાસ્ટિકની થેલીના ટુકડા, સ્પ્રીંગો, પેપરના ટુકડા, છરા તથા ટેપ ચોંટાડેલ લાકડાના ટુકડા તથા ટેપ ચોંટેલ પ્લાસ્ટિકનો ટુકડો, તાંબા જેવી ધાતુને ટેપ ચોંટેલ ટુકડો તેમજ છુટાછવાયા ચંપલ પડેલ હતા. ઉપરોક્ત સ્થળે થી તપાસ અધિકારીશ્રીને નમૂનાઓ કબજે લેવા સુચન કરેલ. જે નમૂનાઓ(૧) ટાયમર જેવી સ્વીચ (રીલેનો ભાગ, વાયર સાથે પીનવાળો) (૨) સફેદ પ્લાસ્ટિકનો ગોળાકાર ચક્કર જેમાં પીનો તથા બહાર બે છરા જેવા ભાગ ફીટ કરેલ હતા.(૩) ફુટની લારી પાસે પડેલ લોહીને રૂ વડે કબજે લીધેલ નમૂનો (૪) કંટ્રોલ રૂ (૫) ફાટેલા શર્ટનો ટુકડો (૬) બ્લુ રંગની પ્લાસ્ટિકની તુટેલી થેલી, કાપડની થેલી ફાટેલી, સ્પ્રીંગો, છરા, પેપરના ટુકડાઓ, લાકડાના ટુકડાઓ ટેપ ચોંટેલા (૭) કાળા રંગનો પ્લાસ્ટીનો ટુકડો વાદળી ટેપ ચોંટેલ (૮) લાકડાના ટુકડાઓ (૯) સાઇકલની સીટ જેના અંદરના ભાગે રૂ છે. ઉપરોકત બનાવ અંગે તપાસ અધિકારીશ્રીને જરૂરી માર્ગદર્શન કરી એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે કબજે લીધેલ નમૂનાઓને વધુ તપાસ અર્થે મોકલવા જણાવેલ. આ મુજબનો આંક–૩૩૫૯ની યાદીના પાછળના ભાગે અભિપ્રાય આપેલો જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

હવે તપાસ કરનાર અધિકારીએ ગુનાવાળી જગ્યા ઉપરથી જે મુદ્દામાલ આંક–૧૮૨૮ના પંચનામાના આધારે જે મુદ્દામાલ કબજે કરેલો તે

મુદ્દામાલ રવાનગી નોંધ સાથે એફ.એસ.એલ. ગાંધીનગરને પૃથક્કરણ માટે મોકલી આપેલો. આ રવાનગી નોંધ આ કામે આંક–૫૭૫૭થી રજૂ કરેલી છે તથા મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ આંક–૫૭૫૮ થી રજૂ કરેલી છે, જેમાં મદદનીશ નિયામકની સહી છે. આંક–૫૭૫૭ ની રવાનગી નોંધ મુજબ માર્ક–એ/૧, બી/૧, સી/૧, ડી/૧, ઈ/૧, એફ/૧, જી/૧, એચ/૧, આઈ/૧, જે/૧, માર્ક–એ થી માર્ક–એચ તથા માર્ક–૧ થી માર્ક–૩ સુધીના કુલ–૨૧ નમૂના પૃથક્કરણ માટે મોકલેલા જેમાં પોલીસ ઇન્સ્પેકટર ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદની સહી છે તથા સત્તા અંગેનું પ્રમાણપત્ર સામેલ છે જેમાં મદદનીશ પોલીસ કમિશનર ક્રાઇમ બ્રાન્ચની સહી છે. હવે આ મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારી જાનમહંમદ ફકીરભાઈ મન્સુરીને સાહેદ નં.૮૪૦ તરીકે આંક–૫૭૦૦ થી તપાસેલા છે. આ સાહેદની આ ગુના પુરતી સરતપાસ મુજબ તેમને આ ગુનાનો જે મુદ્દામાલ મળેલો તે...

સી/૧	લારી આગળ પડેલ લોહી જેનુ રૂ.
ઈ/૧	નાની ચોકડીવાળી શર્ટનો ટુકડો જેની અંદર સાઇકલની સ્પ્રીંગ તથા છરા.
એફ/૧	સફેદ લાલ કલરની પ્લાસ્ટિકના ટુકડા, નાની ચોકડીવાળા શર્ટના ટુકડા, સાઇકલની સ્પ્રીંગો, છરા, પેપરના ટુકડા તથા લાકડાના ટુકડા.
જી/૧	વાદળી કલરની સેલોપેટ લગાડેલ કાળા કલરનું પ્લાસ્ટિક જેની નીચે તાંબાનુ પતરૂ ચોંટાડેલ તે.
એચ/૧	લાકડાના બે ટુકડા.
આઈ/૧	સાઇકલની કાળા કલરની શીટ.
જે/૧	હરકયુલીસ કંપનીની સાઇકલ, કેરીયર તથા પંખો તુટેલો.
એ/૧	વાદળી રંગની બોયના ભાગે કસબ ભરેલ કાપડના બે ટુકડા.
એ/૨	કાળા રંગની ફાટી ગયેલી બ્રા.
એ/૩	આસમાની રંગનો ડીઝાઈનવાળો નાડા સાથેનો ઘાઘરો.

એ/૪ મરૂણ, કાળા તથા ભુરા રંગની કપાયેલી બાંધણી ટાઈપની સાાડી.

બી/૧ એક પોપ્ટી કલરનો બ્લાઉઝ.

બી/૨ આસમાની કાળા રંગનો નાડાવાળો ચણીયો.

બી/૩ પીળા, લાલ, ભુરા રંગની કુલભાતની ડીઝાઈનવાળી સાડી.

સી/૧ એક વ્હાઈટ કલરનું ચોકડીવાળુ આખા બાંયનું શર્ટ.

સી/૨ નેવી બ્લ્યુ રંગનુ પેન્ટ.

સી/૩ સફેદ તથા ભુરા રંગના ઉભા પટ્ટાવાળો જાંગીયો.

ડી/૧ આખી બાંયનો વ્હાઈટ કલરનો ઉભી લાઈનવાળો શર્ટ.

ડી/૨ કાળા રંગનો જુદી-જુદી જગ્યાએ રતાશ પડતા ડાઘાવાળુ પેન્ટ.

ડી/૩ એક સલેટીયા કલરનું બાંઈ વગરનું બનીયાન.

ડી/૪ એક છીકણી રંગનો ચડ્ડી ટાઈપનો જાંગીયો.

ઉપરોકત નમૂનાઓનું તેમને પ્રમાણીત, રાસાયણીક અને ઉપકરણીય પધ્ધતિઓથી પરીક્ષણ કરેલુ જેમાં નમૂના માર્ક- સી-૧, ઇ-૧, એફ-૧, જી-૧, એચ-૧, આઇ-૧, જે-૧, એ/૧, એ/૨, એ/૩, એ/૪, બી/૧, બી/૨, બી/૩, સી/૧, સી/૨, સી/૩, ડી/૧, ડી/૨, ડી/૩ અને ડી/૪ માં એમોનિયમ નાઇટ્રાઇટ, અને નાઇટ્રેટ મુલકો તથા પેટ્રોલીયમ હાઇડ્રોકાર્બનસ ઓઈલ (પેરાફીલ ઓઈલ પ્રકાર)ની હાજરી શોધાયેલ છે.તથા નમૂના માર્ક- એ-૧, બી-૧, ડી-૧, ઇ, એફ, જી, એચ તથા માર્ક- ૧, ૨ અને ૩ માં વિસ્ફોટકના ઘટકોની હાજરી શોધાયેલ નથી.

આમ, ઉપરોક્ત પરિણામને આધારે આ સાહેદ એવા અભિપ્રાય ઉપર આવેલ કે,

૧. પૃથક્કરણના પરિણામમાં શોધાયેલ એમોનિયમ નાઇટ્રેટ અને પેટ્રોલીયમ હાઇડ્રોકાર્બન ઓઈલનું મિશ્રણએ એમોનિયમ નાઇટ્રેટ

બેઝ એમોનિયમ નાઈટ્રેટ–ફ્યુલ ઓઈલ (એનફો) હાઈ એક્ષપ્લોઝીવના ઘટકો છે.

૨. નમૂનાઓમાંથી મળેલ ધાતુના છરાનો ઉપયોગ હાથ બનાવટના બોમ્બમાં મીસાઈલ્સ તરીકે થાય છે.

૩. પૃથક્કરણના પરિણામ તથા નમૂનાઓમાંથી મળેલ ધાતુના છરા, લાકડાના ટુકડા, ધાતુના પતરાના ટુકડા, વાયરના ટુકડા, પ્લાસ્ટિકની શીટ ટુકડા વગેરેના આધારે એવું કહી શકાય કે હોડી આકારના લાકડાના ધાતુના પતરા તથા પ્લાસ્ટિકની શીટ સાથેના કન્ટેનરમાં એનફો એક્ષપ્લોઝીવ પદાર્થ ભરી ધાતુના છરા ઉમેરી તથા ડીટોનેટરનો ઉપયોગથી બનાવાયેલ ટાઈમ ડીલે ડીવાઈસ પ્રકારનો આઈ.ઈ.ડી. બોમ્બ છે.

આમ, આ સાહેદે પોતાનો અહેવાલ તૈયાર કરીને પોલીસ ઈન્સ્પેકટર ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ શહેરને તેમની કચેરીના નાયબ નિયામકના ફોરવર્ડીંગપત્ર સાથે મોકલી આપેલ. જે અહેવાલ આંક–૫૭૫૯ મા સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલ છે.

આ સાહેદની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી છે. અમદાવાદમાં થયેલ સીરીયલ બોમ્બ બ્લાસ્ટનાં ઘણા બનાવોવાળી જગ્યા ઉપરથી કબજે કરવામાં આવેલ ઘણા મુદ્દામાલનું પૃથક્કરણ તથા સુરત શહેરમાં થયેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં પણ જે તે સ્થળો ઉપરથી કબજે કરવામાં આવેલ મુદ્દામાલનું પૃથક્કરણ આ સાહેદે કરેલુ છે. તેઓની ઊલટતપાસ જનરલ અને સામાન્ય છે. જેની હકીકત અગાઉના ગુનાઓમાં પણ જણાવેલી છે. આરોપીઓ તરફથી કરવામાં આવેલ ઊલટતપાસ ધ્યાને લેતા એફ.એસ.એલ. કચેરી ગાંધીનગર ખાતે જે કંઈ કામગીરી કરવામાં આવે છે તે બાબતે તેમજ ઑફિસના વહીવટી સંબંધે પ્રશ્નો પુછવામાં આવેલા છે. તેમ છતાં વધુ ઊલટતપાસ ધ્યાને લઈએ તો તેમને સ્થળની મુલાકાત લીધી નથી તે કબૂલ કરે છે. પૃથક્કરણ અહેવાલમાં પૃથક્કરણ નામાવલીનો ઉલ્લેખ નથી તે કબૂલ કરે છે.

પરંતુ મારા મત પ્રમાણે તેથી કરીને આ સાહેદે આ મુદ્દામાલનું પૃથક્કરણ કરેલ નથી તે હકીકત સાબીત થતું નથી. ખરેખર આ સાહેદે પોતે આપેલ જુબાનીમાં તથા આંક–૫૭૫૯નાં અહેવાલમાં જે હકીકત જણાવેલી છે તે મુજબ તેમને મુદ્દામાલનું પૃથક્કરણ કરેલુ છે તે પુરવાર થાય છે.

ત્યારબાદ આ કામે અન્ય એક મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારી કુંદનભાઈ જીવરાજભાઈ ગોલાણીયાને સાહેદ નં.૮૪૧ તરીકે આંક–૫૭૮૩ થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ ધ્યાને લઈએ તો રામોલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૩૨૧/૨૦૦૮ ના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ પૈકીનાં કેટલાક મુદ્દામાલનું તેમને પૃથક્કરણ કરેલુ જેવો કે...

નમૂનો–એ/૧	જુદા–જુદા રંગના પાંચ વાયરો છેડે વાદળી રંગનું કનેકટર સાથે.
નમૂનો–બી/૧	પ્લાસ્ટિકના ગોળાકાર ભાગની એક તરફ બે ધાતુના છરાઓ સ્પ્રીંગ સાથે, બીજી તરફ તાંબા જેવી ધાતુની પટ્ટીઓ સ્પ્રીંગ સાથે.
નમૂનો–ઈ/૧	લીલા કલરનું એક ઝબલુ જેમાં ફાટેલો નાની ચોકડીવાળો શર્ટનો ટુકડો, પ્લાસ્ટિકની કોથળીમાં ધાતુની ચાર સ્પ્રીંગ, કાણાવાળો લોખંડનો ટુકડો, ધાતુના કાટવાળા બે છરા.
નમૂનો–એફ/૧	પ્લાસ્ટિકની કોથળીમાં પ્લાસ્ટિકના, લાકડાના, કાગળના, પતરાના, ધાતુના વાયરના ટુકડાઓ તથા સ્પ્રીંગો તથા ધાતુના કાટવાળા છરા.
નમૂનો–જે/૧	હરકયુલીસ કંપનીની સાઇકલનું પાછળનું કેરીયર તથા પંખો, વ્હીલની રીંગના સળીયા.
નમૂનો–ઈ	ધાતુનો કાટવાળો એક છરો.
નમૂનો–એફ	ધાતુના કાટવાળા બે છરા.

નમૂનો–જી ધાતુના કાટવાળા ત્રણ છરા.

ઉપરોકત મુદ્દામાલ પૈકી નમૂના એ/૧ અને બી/૧ નું બાહય દ્રષ્ટિ વિષયક તથા સુક્ષ્મદર્શક યંત્રમાં પરિક્ષણ કરવામાં આવેલુ તથા ઉપરોકત મુદ્દામાલ નમૂના ઈ/૧, એફ/૧, ઈ, એફ, જી નાં છરાનું ઈ.ડી.એકસ.આર.એફ. નામના ઉપકરણ દ્વારા ધાતુ તત્વો અંગેનું પરિક્ષણ કરવામાં આવેલુ તથા નમૂના–એ/૧ નું મલ્ટિમીટરની મદદથી વીજ સાતત્યતા અંગેનું પરીક્ષણ કરવામાં આવેલુ તથા પ્રયોગશાળામાં નમૂના–જે/૧ (સાઇકલ અને તેની પરના હીટ માર્ક) નું બાહય દ્રષ્ટિ વિષયક અને મેગ્નીફાઇંગ લેન્સ વડે પરીક્ષણ કરેલુ અને આ સાહેદે જે અભિપ્રાય આપેલો તે મુજબ...

- નમૂનો–એ/૧ કાર/બાઇક જેવા વાહનનો ઈલેકટ્રીકલ વાયરીંગનો ભાગ હોવાનું જાણવા મળેલ
- નમૂનો–બી/૧,એ/૧ નો સંબંધીત ભાગ હોવાનું જણાયેલ.
- નમૂનો–ઈ/૧, એફ/૧, ઈ, એફ, જી નાં છરાઓ મુખ્યત્વે આયર્ન ધાતુ તેમજ કેલ્શીયમ અને મેગેનીઝ જેવી ધાતુઓ અલ્પ પ્રમાણમાં જણાયેલી.
- નમૂનો–જે/૧ ની સાઇકલ ઉપર પડેલ હીટ માર્ક તથા સાઇકલને થયેલ નુકસાન બોમ્બ વિસ્ફોટના કારણે થઈ શકે.
- નમૂનો–જે/૧ ની સાઇકલની ફ્રેમ ઉપર સીરીયલ નં.૨એફબી૩૭૨૨૮ વંચાતો હતો.

આ મુજબનો જે અભિપ્રાય આપેલો તે આ કામે આંક–૫૭૯૧થી રજૂ કરેલ છે જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. આ સાહેદે પણ અમદાવાદમાં થયેલ બોમ્બ બ્લાસ્ટના થયેલ બનાવો તથા સુરતમાં થયેલ બોમ્બ પ્લાન્ટેશનના બનાવોના ઘણા બધા મુદ્દામાલનું પૃથક્કરણ કરેલુ છે અને આરોપીઓ તરફથી જનરલ ઊલટતપાસ થયેલી છે. કોઈ ચોકકસ પૃથક્કરણ સબંધી ઊલટતપાસ થયેલ નથી. તેમ છતાં વધુ ઊલટતપાસ ધ્યાને લઈએ તો ભૌતિક શાસ્ત્રના અભિપ્રાય આપતી વખતે રસાયણ શાસ્ત્રના કેટલાક કેમીકલનો

પ્રયોગ દરમ્યાન કરવો પડે છે તેમ જણાવે છે. પરિક્ષણ અહેવાલ પરિક્ષણ કર્યા વગર રવાનગી નોંધ ઉપરથી તૈયાર કર્યાની હકીકત નકારેલી છે.

ત્યારબાદ આ કામે અજીજ અહેમદખાન ફીરોજખાન સીંધીનાઓને આ કામે સાહેદ નં.૧૦૭૭ તરીકે આંક–૭૩૫૨ થી તપાસેલા છે. તેમને આ બનાવમાં ગુજરી જનાર (૧) ડાહીબેન કાળીભાઈ પુરબીયા, (૨) સુનંદાબેન પ્રવિણકુમાર બોઈકર, (૩) મુરાલીલાલ પ્રસાદીલાલ અગ્રવાલ તથા (૪) એક અજાણ્યા પુરૂષનાઓના શબોનુ શબ પરીક્ષણ કરવામાં આવ્યુ તે વખતે ડૉકટરશ્રીએ લાશ ઉપરથી જે કપડા મેળવેલા તે કપડા કબજે કર્યા અંગેનું પંચનામુ પંચો રૂબરૂ કરેલુ છે. જે પંચનામુ બનાવેલુ તે આ કામે આંક–૨૧૨૫ થી રજૂ કરેલ છે જેમાં આ સાહેદે રૂબરૂ તરીકે પોતાની તથા પંચોની સહીઓ ઓળખી બતાવેલ છે. આ પંચનામા મુજબ ગુજરના ડાહીબેન કાળુભાઈના શરીર ઉપરથી મેળવેલ બાંધણી ટાઈપની સાડી, બ્લાઉઝ સેફટી પીન સાથે, ચણીયો નાડા સાથેનો વિગેરે તથા ગુજરનાર સુનંદાબેન પ્રવિણકુમારના શરીર ઉપરથી મેળવેલ સાડી, ચણીયો વિગેરે તથા ગુજરનાર મુરારીલાલ પ્રસાદીલાલના શરીર ઉપરથી મેળવેલ પેન્ટ, શર્ટ અને ચડ્ડી સાથેનો વિગેરે તથા અજાણ્યા પુરૂષના શરીર ઉપરથી મેળવેલ શર્ટ, પેન્ટ, અર્ધી બાંઈનું બનીયાન વિગેરે કબજે કરેલ અને પંચોની સહીઓવાળી કાપલી લગાવી રૂબરૂ તરીકે પોતે સહી કરેલ જે પંચ સ્લીપો આંક–૨૧૨૭ થી ૨૧૩૦ સુધીમાં રૂબરૂ તરીકે પોતાની તથા પંચોની સહી ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ કામે ઉપરોકત સાહેદ અજીજ અહેમદખાન ફીરોજખાન સીંધીએ આંક–૨૧૨૫ ના પંચનામાના પંચોની હાજરીમાં જે મુદ્દામાલ કપડા કબજે કરેલા તે પંચનામા પૈકીના પંચ કનુભાઈ બાલુપ્રસાદને સાહેદ નં.૩૬૬ તરીકે આંક–૨૧૪૪ થી તપાસેલા છે. તેમની સરતપાસ મુજબ તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ બપોરના સાડાબારેક વાગ્યે પોલીસે તેઓને અમરાઈવાડી હાટકેશ્વર સર્કલે બોલાવેલા ત્યાં બીજા એક મથીયલગન કરીને એક ભાઈ હતા. ત્યાં પોલીસે ગુજરનાર (૧) ડાહીબેન કાળીભાઈ પુરબીયા, (૨)

સુનંદાબેન પ્રવિણકુમાર બોઈકર, (૩) મુરાલીલાલ પ્રસાદીલાલ અગ્રવાલ તથા (૪) એક અજાણ્યા પુરૂષના શબ પરીક્ષણ વખતે ડૉકટરે લીધેલા કપડા પોલીસ કોન્સ્ટેબલ સિધ્ધરાજસિંહનાઓએ રજૂ કરતા આંક–૨૧૨૫ ના પંચનામાની વિગતે કબજે કરેલા અને પંચોની સહીઓ લીધેલી તથા પંચોની સહીઓવાળી સ્લીપો લગાવી તે કપડા સીલ કરેલા આંક–૨૧૨૫ વાળા પંચનામામાં તથા આંક–૨૧૨૭ થી ૨૧૩૦ સુધીની પંચ સ્લીપોમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ કામે અન્ય એક એફ.એસ.એલ. અધિકારી તેજલબેન દિલીપભાઈને સાહેદ નં.૮૪૪ તરીકે આંક–૫૮૧૯ થી તપાસેલા છે. તેમની સરતપાસ મુજબ રામોલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૩૨૧/૨૦૦૮ નો મુદ્દામાલ પૈકીનો અમુક મુદ્દામાલનું આ સાહેદે પૃથક્કરણ કરેલુ છે. તે પૈકી...

માર્ક–ઈ ડાહીબેન પુરબીયાના શબ ઉપરથી ઉપરોકત વિગતે મેળવેલા કપડા.

માર્ક–એફ સુનંદાબેન બોરીકરના શબ ઉપરથી ઉપરોકત વિગતે મેળવેલા કપડા.

માર્ક–જી મોરારીલાલ અગ્રવાલના શબ ઉપરથી ઉપરોકત વિગતે મેળવેલા કપડા.

માર્ક–એચ એક અજણ્યા પુરૂષના શબ ઉપરથી ઉપરોકત વિગતે મેળવેલા કપડા.

ઉપરોકત મુદ્દામાલનું તથા અન્ય બાયોલોજીકલ અને રાસાયણીક પૃથક્કરણ કરતા નમૂના એ/૧, બી/૧, સી/૧, ઈ/૧, એફ/૧, જી/૧, એચ/૧, આઈ/૧, એચ/૧ ઉપર રૂધીર મળી આવેલુ ન હતું. પરંતુ નમૂના એ/૧, એ/૨, એ/૩, એ/૪, બી/૧, બી/૨, બી/૩, સી/૧, સી/૨, સી/૩, ડી/૧, ડી/૨, ડી/૩, ડી/૪, ઈ, એફ, જી, એચ માં રૂધીરની હાજરી મળી આવેલ હતી. જયારે

– નમૂનો–સી/૧ નું રૂધીરનું જૂથ "ઓ"

- નમૂનો–એ/૧ થી એ/૪ નું રૂધીરનું જૂથ "એ"
- નમૂનો–બી/૧ થી બી/૩ તથા સી/૧ થી સી/૩, એફ, જી નું રૂધીરનું જૂથ "ઓ"
- નમૂનો–ડી/૧ થી ડી/૪, ઈ નું રૂધીરનું જૂથ "એ"

આ પ્રમાણેનું સીરોલોજીકલ પૃથક્કરણ અંગેનો જે અભિપ્રાય આપેલો તે આ કામે આંક–૫૮૨૩ થી રજૂ છે જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ બનાવમાં ઈજા પામનાર રૂષિ વિનોદભાઈ પંચાલની સારવાર દરમ્યાન તેમના શરીરમાંથી લોખંડના છરા નીકળેલા તે છરા કબજે કર્યાનું પંચનામુ સાહેદ અજીજ અહેમદખાન ફીરોજ ખાન સીંધીનાઓએ બે પંચોની હાજરીમાં બનાવેલું અને તે છરા કબજે કરેલા તે હકીકત સાહેદ અજીજ અહેમદ ખાને તેઓની આંક–૭૩૫૨ ની જુબાનીમાં જણાવેલી છે. તેમને જે પંચનામુ બનાવેલુ તે આ કામે આંક–૨૦૬૨ થી રજૂ કરેલુ છે. જેમાં આ સાહેદ અજીજ અહેમદખાને રૂબરૂ તરીકે પોતાની તથા પંચોની સહીઓ ઓળખી બતાવી છે આ છરા કબજે કરી પંચોની સહીઓવાળી સ્લીપ લગાવી સીલ કરેલા તે સહીવાળી પંચ સ્લીપ આંક–૨૦૬૪ થી રજૂ છે જેમાં આ સાહેદે રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવી છે.

ઉપરોકત આંક–૨૦૬૨ વાળા પંચનામાના આધારે જે છરાઓ કબજે કરવામાં આવેલા તે પંચનામાના પંચો પૈકી પંચ સાહેદ હૈદરઅલી હસનઅલી સૈયદનાઓને સાહેદ નં.૩૫૭ તરીકે આંક–૨૦૬૧ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ પોલીસે બપોરે સવા બે–અઢી વાગ્યાના સુમારે રામોલ પોલીસ સ્ટેશન બોલાવેલા. ત્યાં એક રેણુકાબેન પણ હાજર હતા. ત્યાં પોલીસે ઈજા પામનાર રીષીના શરીરમાંથી ડ્રેસીંગ કરીને કાઢવામાં આવેલા છરા કબજે કરેલા તે પારદર્શક ડબ્બીમાં મુકેલા અને પંચોની સહીઓવાળી સ્લીપ મુકી દોરીથી બાંધી કબજે કરેલા અને આ સાહેદે આંક–

૨૦૬૨ વાળા પંચનામામાં તથા આંક–૨૦૬૩ અને ૨૦૬૪ વાળી પંચસ્લીપોમાં આ સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ કામે અન્ય એક એફ.એસ.એલ. અધિકારી હેમંતકુમાર ભાલચંદ્ર ભટ્ટને સાહેદ નં.૮૪૬ તરીકે આંક–૫૮૩૮ થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ ધ્યાને લઈએ તો રામોલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૩૨૧/૨૦૦૮ નો મુદ્દામાલ પૈકીનો અમુક મુદ્દામાલનું આ સાહેદે પૃથક્કરણ કરેલુ છે. તે પૈકી...

- નમૂનો–આઈ પ્લાસ્ટિકની ડબ્બીમાં બે નંગ કટાઈ ગયેલ લોખંડના છરા.
- નમૂનો–જે કાચની શીશી જેમાં એક નંગ કટાઈ ગયેલ લોખંડનો છરો.

ઉપરોકત નમૂનાઓનું આ સાહેદે પ્રમાણીત અને રાસાયણીક પધ્ધતિ વડે પૃથક્કરણ કરતા બંને નમૂનાઓમાં સ્ફોટક પદાર્થના ઘટકોની હાજરી શોધાયેલી ન હતી. આ નમૂનાઓ આ સાહેદને મદદનીશ પોલીસ કમિશનરશ્રીની રવાનગી નોંધ સાથે મળેલા તે રવાનગી નોંધ આંક–૫૮૭૫ થી રજૂ છે તથા આ મુદ્દામાલ તેઓને મળ્યો તે બાબતે પહોંચ આપવામાં આવેલી જે આ કામે આંક–૫૮૭૬ થી રજૂ છે તેમાં મદદનીશ નિયામકની સહી છે. ઉપરોકત નમૂનાઓનું પૃથક્કરણ કરીને આ સાહેદે જે અભિપ્રાય આપેલો તે આંક–૫૮૭૭ થી રજૂ છે જેમાં આ સાહેદે પોતાની સહીઓ ઓળખી બતાવેલ છે. આ સાહેદની પણ આરોપીઓ તરફથી જે ઊલટતપાસ થયેલી છે તે જનરલ ઊલટતપાસ થયેલી છે તેની વિગત અગાઉના ગુનાઓના કામે રજૂ થયેલ પુરાવામાં તેની ચર્ચામાં જણાવેલી છે.

આ બનાવમાં ઈજા પામનાર મહમંદ યુનુસ અબ્દુલ મુનાફ શેખનું સારવાર દરમ્યાન તેમના શરીરમાંથી લોખંડના છરા નીકળેલા તે છરા ડોકટરશ્રીએ આપેલ તે છરા કબજે કર્યાનું પંચનામુ સાહેદ આર.વી.અસારી, નાયબ પોલીસ અધીક્ષક, તપાસટીમ ક્રાઈમ બ્રાન્ચનાઓએ બે પંચોની હાજરીમાં બનાવેલ અને

તે છરા કબજે કરેલા તેઓને આ કામે સાહેદ નં.૧૧૫૩ તરીકે આંક–૮૨૮૭ થી તપાસેલા છે. તેમની સરતપાસ મુજબ ઈજા પામનાર મહંમદ યુનુસ અબ્દુલ મુનાફ શેખના શરીરમાંથી સારવાર દરમ્યાન કાઢવામાં આવેલ છરા પંચોની રૂબરૂ કબજે કરેલા અને તેનુ જે પંચનામુ બનાવેલુ તે આ કામે આંક–૭૧૮૩ થી રજૂ કરેલુ છે જેમાં આ સાહેદે રૂબરૂ તરીકે પોતાની તથા પંચોની સહીઓ ઓળખી બતાવેલી છે. આ પંચનામાના પંચ સાહેદો મળી આવતા ન હોય ફરિયાદપક્ષે તપાસેલા નથી.

ઉપરોકત પંચનામુ આંક–૭૧૮૩ થી કબજે કરવામાં આવેલ છરા એફ.એસ.એલ. ગાંધીનગરને પૃથક્કરણ કરવા માટે મોકલેલા અને તેનુ પૃથક્કરણ કરનાર અધિકારી નિકુંજ નરહરીભાઈ બ્રહમભટ્ટનાઓને સાહેદ નં.૮૩૭ તરીકે આંક–૫૬૭૭ થી તપાસેલા છે. તેઓની આ ગુના પુરતી સરતપાસ ધ્યાને લઈએ તો તેઓને તા.૮/૯/૨૦૦૮ નાં રોજ તપાસમાં બે સીલબંધ પાર્સલ મળેલા, તેની સાથે આંતર વિભાગીય રવાનગી પત્ર પણ હતો. જે પાર્સલ તેઓને મળેલા તેમા...

- નમૂનો–આઈ છરા નંગ બે.
- નમૂનો–જે છરો નંગ એક.

ઉપરોકત નમૂનાનું બાયોલોજીકલ અને સીરોલોજીકલ પૃથક્કરણ કરતા આ છરાઓ ઉપર રૂધીરની હાજરી મળી આવેલી, નમૂના–આઈ વાળા છરા ઉપર રૂધીરનું જુથ "ઓ" છે જયારે નમૂના–જે વાળા છરા ઉપર રૂધીરનું જૂથ અનિયમીત બતાવેલુ છે. આ મુજબનો જે અભિપ્રાય આપેલો તે આ કામે આંક–૬૦૪૮ થી રજૂ કરેલ છે જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

ત્યારબાદ આ કામે તપાસ કરનાર અધિકારી શ્રી પી.આઈ. ક્રાઈમ બ્રાન્ચે બનાવ બાદ બનાવવાળી જગ્યા ઉપર નકશો બનાવવા માટે સિટી મામલતદાર, સર્વેયરશ્રી, ખોખરા, અમરાઈવાડી, અમદાવાદને એક યાદી લખેલી જે યાદી આ કામે આંક–૩૩૮૯ થી રજૂ કરેલી છે. આ યાદીમાં પોલીસ ઈન્સ્પેકટર ક્રાઈમ બ્રાન્ચની સહી છે.

આંક–૩૩૮૯ વાળી યાદીના આધારે સર્કલ ઓફિસર સોમાભાઈ ગોવિંદભાઈ નાઈનાઓએ ગુનાવાળી જગ્યા ઉપર જઈ નકશો બનાવેલો તેઓને આ કામે સાહેદ નં.૬૯૧ તરીકે આંક–૩૩૮૮ થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ પ્રમાણે તેઓને તપાસ કરનાર અધિકારીશ્રી પોલીસ ઈન્સ્પેકટર ક્રાઈમ બ્રાન્ચ દ્વારા રામોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં હાટકેશ્વર સર્કલ પાસે, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ સામે, ઈલેકટ્રીક ડી.પી. પાછળ જાહેરમાં સાઇકલ ઉપર બોમ્બ બ્લાસ્ટ થયેલો તે જગ્યા ઉપર જઈ નકશો બનાવવા માટેની યાદી મળેલી તે આંક–૩૩૮૯ ની યાદી મળ્યા બાબતે યાદી ઉપર તેમને પોતાની સહી ઓળખી બતાવી છે અને તે યાદીના આધારે સ્થળ ઉપર જઈ નકશો બનાવેલો તે નકશો આ કામે આંક–૩૩૯૦ થી રજૂ કરેલો છે. જેમા આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે અને નકશામાં જે જગ્યાએ સાઇકલ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલો તે જગ્યા તેમને નકશામાં બતાવેલી છે.

(૪૧.૦૧) <u>અમદાવાદ શહેરના રામોલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૩૨૧/૨૦૦૮ ના કામે મરણ પામેલ વ્યકિતઓ બાબતે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકનઃ–</u>

આ બનાવમાં ડાહીબેન કાળુભાઈ પુરબીયાને તથા સુનંદાબેન શ્રવણભાઈને ઈજા થવાના કારણે મરણ પામેલ અને તેઓની લાશોના ઈન્કવેસ્ટ પંચનામાઓ કરનાર સાહેદ હેમંતસિંહ તખતસિંહ ચુડાસમાને આ કામે સાહેદ નં.૧૧૩૪ તરીકે આંક–૮૧૩૬ થી તપાસેલા છે. તેમની સરતપાસ મુજબ બનાવ વખતે તેઓ રામોલ પોલીસ સ્ટેશનમાં પોલીસ સબઇન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા. તે દરમ્યાન હાટકેશ્વર સર્કલ પાસે, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ સામે , ઈલેકટ્રીક ડી.પી. પાછળ જાહેરમાં બોમ્બ બ્લાસ્ટ થયેલો તેમાં ગુજરી જનાર ડાહીબેન કાળુભાઈ પુરબીયાનું તથા સુનંદાબેન શ્રવણભાઈ તથા મુરારીલાલ પ્રસાદીલાલ અગ્રવાલ તથા અજાણ્યા પુરૂષની લાશોના ઈન્કવેસ્ટ પંચનામાઓ કરવાના હતા જેથી બે પંચોની હાજરીમાં સિવિલ હોસ્પિટલના પોસ્ટ મોર્ટમ રૂમમાં જઇ પંચનામા કરેલા તે પંચનામાઓ પંચોના લખાવ્યા મુજબ લખી લીધેલા.

પંચનામા લખ્યા પછી બે પંચોની સહીઓ કરાવેલી અને રૂબરૂ તરીકે આ સાહેદે સહિ કરેલી. જે ઈન્કવેસ્ટ પંચનામાઓ આંક–૧૨૬૮, ૧૨૬૯, ૧૨૭૧ તથા ૧૨૭૫ થી ૨જૂ છે જેમાં પંચોની સહિઓ તેમજ રૂબરૂ તરીકેની તેમની સહી ઓળખી બતાવે છે.

ત્યારબાદ આંક–૧૨૬૮ તથા ૧૨૬૯ વાળા પંચનામાઓના પંચ સાહેદો પૈકીના પંચ અમૃતભાઈ લાલભાઈ ભાટીયાને સાહેદ નં.૨૪૮ તરીકે આંક–૧૨૬૭ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ પોલીસે મધરાત્રે એલ.જી. હોસ્પિટલના પી.એમ. રૂમમાં બોલાવેલા. ત્યાં એક કલાવતીબેને કિશોરભાઈ મહેતાને પણ બોલાવેલા. ત્યાં બે સ્ત્રીની લાશો હતી તે લાશો પૈકી ગુજરનાર ડાહીબેન કાળુભાઈની લાશ એક કાળુભાઈ હીરાભાઈ પુરબીયાએ ઓળખેલી જે તેમની પત્નીની હતી અને બીજી લાશ સુનંદાબેન શ્રવણભાઈની લાશ એક રવિકુમાર નાનાલાલે ઓળખેલી અને જણાવેલુ કે આ લાશ તેઓના પડોશી સુનંદાબેનની છે.તેના પંચનામાઓ કરેલ જે પંચનામાઓમાં સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ કામે ગુજરનાર ડાહીબેન કાળુભાઈ પુરબીયાના સગા હેમલતાબેન મણીલાલ પુરબીયાને સાહેદ નં.૧૪૪ તરીકે આંક–૧૦૧૬ થી તપાસેલા છે. તેમની સરતપાસ મુજબ તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ તેમના પતિ મણીલાલ તથા તેમના સાસુ ડાહીબેન ત્રણેય જણા દવાખાને દવા લેવા અમરાઈવાડી હાટકેશ્વર સર્કલ પાસે સાંજના આશરે ૬.૩૦ વાગ્યે ગયેલા અને રીક્ષા માટે ઉભા હતા ત્યારે બોમ્બ ધડાકો થયેલો આ ધડાકામાં તેમના સાસુને ઈજાઓ થતા સ્થળ ઉપર મરણ પામેલા, પબ્લિકના માણસોમાંથી કોઈએ ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરેલો અને તેમની સાસુને સિવિલ હોસ્પિટલ ખાતે લઈ ગયેલાનું જણાવે છે.

ત્યારબાદ આ કામે ગુજરનાર ડાહીબેન કાળુભાઈની લાશનું શબ પરિક્ષણ કરવામાં આવેલુ. શબ પરિક્ષણ કરનાર સાહેદ ડૉ. વિનાયકરાવ વાસુદેવરાય પાટીલને સાહેદ નં.૩૮ તરીકે આંક–૬૩૯ થી તપાસેલા છે. તેમની

આ ગુના પુરતી સરતપાસ મુજબ તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ તેઓ સિવિલ હોસ્પિટલ ખાતે ફરજ પર હતા ત્યારે ઈન્કવેસ્ટ રીપોર્ટ સાથે ડાહીબેન કાળુભાઈનો મૃતદેહ શબ પરિક્ષણ માટે મળેલો. આ મૃતદેહ સ્ત્રીનો હતો અને શરીર ઉપર બ્લાઉઝ, સાડી, ચણીયો વિગેરે પહેરેલા હતા. આ સ્ત્રીને બોમ્બ ધડાકામાં ઈજાઓ થયેલી. તે ઈજાઓ આંક–૬૪૭ ની પી.એમ.નોટના કોલમ નં.૧૭ મા જણાવેલી છે તે પ્રમાણેની ઈજાઓ હતી અને આ સાહેદના અભિપ્રાય પ્રમાણે આ બેનનું મૃત્યુ બ્લાસ્ટમાં ઈજા થવાના કારણે થયેલાનો અભિપ્રાય છે. શબ પરિક્ષણ નોટમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

ત્યારબાદ આ કામે ગુજરનાર સુનંદાબેન શ્રવણભાઈની લાશનું શબ પરિક્ષણ કરવામાં આવેલુ. શબ પરિક્ષણ કરનાર સાહેદ ડૉ. મનીષ ચીમનલાલ સુતરીયાને સાહેદ નં.૪૦ તરીકે આંક–૬૫૬ થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ મુજબ તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ તેઓ સિવિલ હોસ્પિટલ ખાતે ફરજ પર હતા ત્યારે ઈન્કવેસ્ટ રીપોર્ટ સાથે સુનંદાબેન શ્રવણભાઈનો મૃતદેહ શબ પરિક્ષણ માટે મળેલો. આ મૃતદેહ સ્ત્રીનો હતો અને શરીર ઉપર બ્લાઉઝ, સાડી, ચણીયો વિગેરે પહેરેલા હતા. આ સ્ત્રીને બોમ્બ ધડાકામાં ઈજાઓ થયેલી. તે ઈજાઓ આંક–૬૬૪ ની પી.એમ.નોટના કોલમ નં.૧૭ માં જણાવેલી છે તે પ્રમાણેની ઈજાઓ હતી અને આ સાહેદના અભિપ્રાય પ્રમાણે આ વ્યકિતનુ મૃત્યુ બ્લાસ્ટમાં ઈજા થવાના કારણે થયેલાનો અભિપ્રાય છે. શબ પરિક્ષણ નોટમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

ત્યારબાદ આંક–૧૨૭૧ વાળા પંચનામાના પંચ સાહેદો પૈકીના પંચ બલવાન દ્વારકાપ્રસાદ અગ્રવાલને સાહેદ નં.૨૪૯ તરીકે આંક–૧૨૭૦ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ પોલીસે મધરાત્રે એલ.જી. હોસ્પિટલના પી.એમ. રૂમમાં બોલાવેલા. ત્યાં એક પુરૂષ મોરારીલાલ પ્રસાદીલાલની લાશ હતી અને તે લાશ તેમના પુત્ર પવનકુમાર મોરારીલાલનાએ ઓળખેલી. તે લાશનું ઈન્કવેસ્ટ પંચનામું કરેલ જે પંચનામામાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ કામે ગુજરનાર મોરારીલાલ પ્રસાદીલાલની લાશનું શબ પરિક્ષણ કરવામાં આવેલુ. શબ પરિક્ષણ કરનાર સાહેદ ડૉ. ભાર્ગવદાસ બેચરદાસ ઝવેરીને સાહેદ નં.૪૨ તરીકે આંક–૬૯૮ થી તપાસેલા છે. તેમની સરતપાસ મુજબ તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ તેઓ સિવિલ હોસ્પિટલ ખાતે ફરજ પર હતા ત્યારે ઈન્કવેસ્ટ રીપોર્ટ સાથે મોરારીલાલ પ્રસાદીલાલનો મૃતદેહ શબ પરિક્ષણ માટે મળેલો. આ મૃતદેહ પુરૂષનો હતો અને શરીરના નેવુ ટકા જેટલા ભાગમાં બે ડીગ્રી તથા ત્રણ ડીગ્રી સુધીના દાઝયાના નિશાન હતા, તેઓને શરીરના જુદા–જુદા ભાગો ઉપર કુલ–આઠ ઈજાઓ હતી. તે ઈજાઓ આંક–૭૦૨ ની પી.એમ.નોટના કોલમ નં.૧૭ માં જણાવેલી છે તે પ્રમાણેની ઈજાઓ હતી અને આ સાહેદના અભિપ્રાય પ્રમાણે આ વ્યકિતનુ મૃત્યુ બ્લાસ્ટમાં ઈજા થવાના કારણે થયેલાનો અભિપ્રાય આપેલો. શબ પરિક્ષણ નોટમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

ત્યારબાદ આ કામે ગુજરનાર મોરારીલાલ પ્રસાદીલાલની લારીની બાજુમાં લારી ચલાવતા સંજયભાઈ રામજીબાઈ પાસવાનનાઓને સાહેદ નં.૧૪૬ તરીકે આંક–૧૦૧૮ થી તપાસેલા છે. તેમની સરતપાસ મુજબ તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ હાટકેશ્વર સર્કલ પાસે સાંજના આશરે ૬.૩૦ વાગ્યે બોમ્બ ધડાકો થયેલો અને તેમાં મોરારીલાલ પ્રસાદીલાલને ઈજાઓ થતા મરણ પામેલાની હકીકત જણાવે છે. અન્ય એક સાહેદ પવનકુમાર મોરારીલાલ અગ્રવાલ કે જે ગુજરનાર મોરારીલાલનો દીકરો છે તેઓને આ કામે સાહેદ નં.૪૦૧ તરીકે આંક–૨૩૦૭ થી તપાસેલા છે તેઓ પણ આ જ હકીકત જણાવે છે કે તા.૨૬/૭/૨૦૦૮નાં રોજ હાટકેશ્વર સર્કલ પાસે થયેલ બોમ્બ ધડાકામાં તેમના પિતાને ઈજાઓ થતા મરણ પામેલા.

આ બનાવમાં એક અજાણ્યા પુરૂષને ઈજા થવાના કારણે મરણ પામેલ અને તેઓની લાશનુ ઈન્કવેસ્ટ પંચનામુ સાહેદ હેમંતસિંહ તખતસિંહ ચુડાસમાએ પંચ સાહેદ સંદિપ મધુકરની હાજરીમાં કરેલુ. તે પંચ સાહેદને સાહેદ નં.૨૫૧ તરીકે આંક–૧૨૭૪ થી તપાસેલા છે. તેમની સરતપાસ મુજબ સિવિલ

હોસ્પિટલમાં એક અજાણ્યા પુરૂષનું ઈન્કવેસ્ટ પંચનામુ તેમની હાજરીમાં કરવામાં આવેલુ. આંક–૧૨૭૫ વાળા પંચનામામાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આ ઉપરાંત લાશને ઓળખનાર તરીકે સાહેદ અજીજ અહેમદખાન સીંધી હતા અને તે ગુજરનાર એક અજાણ્યો પુરૂષ છે તેવી હકીકત સાહેદ અજીજ અહેમદખાને તેઓની આંક–૭૩૫૨ ની જુબાનીમાં જણાવેલ છે અને લાશ ઓળખ્યા અંગેનું જે પંચનામુ કરેલુ તે આંક–૭૩૫૭ થી રજૂ છે જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલ છે.

ત્યારબાદ આ કામે એક અજાણ્યા ગુજરનાર પુરૂષની લાશનું શબ પરિક્ષણ કરવામાં આવેલુ. શબ પરિક્ષણ કરનાર સાહેદ ડૉ. જયંતભાઈ નાગરદાસને સાહેદ નં.૫૧ તરીકે આંક–૭૮૨ થી તપાસેલા છે. તેમની સરતપાસ મુજબ તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ તેઓ સિવિલ હોસ્પિટલ ખાતે ફરજ પર હતા ત્યારે ઈન્કવેસ્ટ રીપોર્ટ સાથે એક અજાણ્યા ઈસમનો મૃતદેહ શબ પરિક્ષણ માટે મળેલો. આ મૃતદેહ પુરૂષનો હતો અને શરીરના જુદા–જુદા ભાગો ઉપર ઈજાઓ હતી. તે ઈજાઓ આંક–૭૮૩ ની પી.એમ.નોટના કોલમ નં.૧૭ માં જણાવેલી છે તે પ્રમાણેની ઈજાઓ હતી અને આ સાહેદના અભિપ્રાય પ્રમાણે આ વ્યકિતનુ મૃત્યુ બ્લાસ્ટમાં ઈજા થવાના કારણે થયેલાનો અભિપ્રાય છે. શબ પરિક્ષણ નોટમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

(૪૧.૦૨) <u>અમદાવાદ શહેરના રામોલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૩૨૧/૨૦૦૮ના કામે ઈજા પામેલ વ્યકિતઓ બાબતે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકનઃ–</u>

રામોલ પોલીસ સ્ટેશનના આ બનાવમાં સંજયભાઈ રામદીન પાસવાનનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૧૪૬ તરીકે આંક–૧૦૧૮ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ આશરે સાંજના ૬.૩૦ વાગ્યાની આસપાસ તેમની કુટની લારી હાટકેશ્વર સર્કલ વિસ્તારમાં હતી ત્યાં બોમ્બ બ્લાસ્ટ થયેલો અને તેઓ બેહોશ થઈ ગયેલા. રાત્રે

૧૧.૩૦ વાગ્યે સિવિલ હોસ્પિટલમાં ભાનમાં આવેલા તેઓને આ બનાવમાં ગળાના ભાગે, પડખામાં છરા વાગેલા, દાંતના ભાગે ઈજા થયેલી તેમ જણાવે છે.

ત્યારબાદ સંજયભાઈ રામદીન પાસવાનની સારવાર કરનાર ડૉ.યાસ્મીનબેન મહમદસફી હુસેનીને સાહેદ નં.૨૮૮ તરીકે આંક–૧૫૫૧ થી તપાસેલા છે. આ સાહેદની આ બનાવ પુરતી સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સિવિલ હોસ્પિટલ ખાતે તેઓ ફરજ પર હતા ત્યારે બોમ્બ બ્લાસ્ટમાં ઈજા પામનાર સંજયભાઈ રામદીન પાસવાનને સારવાર માટે લાવેલા. તેઓને હીસ્ટ્રી પુછતા જણાવેલ કે હાટકેશ્વર સર્કલ પાસે બોમ્બ બ્લાસ્ટ થતા ઈજા થયેલી છે. તેઓની સારવાર કરેલી અને પ્રમાણપત્ર આપેલુ તે આંક–૧૫૫૨ થી રજૂ કરેલ છે જેમાં આ સાહેદે તેમની સહી ઓળખી બતાવેલી છે.

રામોલ પોલીસ સ્ટેશનના આ બનાવમાં હેમલતાબેન મણીલાલ પુરબીયાનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૧૪૪ તરીકે આંક–૧૦૧૬થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ આશરે સાંજના ૬.૩૦ વાગ્યાની આસપાસ તેમની સાસુ ડાહીબેન તથા તેમના પતિ સાથે દવાખાને જતા હતા ત્યારે હાટકેશ્વર સર્કલ વિસ્તારમાં હતા ત્યાં બોમ્બ બ્લાસ્ટ થયેલો અને તેમાં તેમને ઈજાઓ થયેલી જેથી સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયેલાનું જણાવે છે.

ત્યારબાદ હેમલતાબેન મણીલાલની સારવાર કરનાર ડૉ.ભૈરવીબેન બલવંત પાંડેને સાહેદ નં.૩૨૨ તરીકે આંક–૧૬૬૬ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સિવિલ હોસ્પિટલ ખાતે તેઓ ફરજ પર હતા ત્યારે બોમ્બ બ્લાસ્ટમાં ઈજા પામનાર હેમલતાબેન મણીલાલને સારવાર માટે લાવેલા. તેઓને હીસ્ટ્રી પુછતા જણાવેલ કે હાટકેશ્વર સર્કલ પાસે બોમ્બ બ્લાસ્ટ થતા ઈજા થયેલી છે. તેઓની સારવાર કરેલી અને પ્રમાણપત્ર આપેલુ તે આંક–૧૬૬૮ થી રજૂ કરેલ છે જેમાં આ સાહેદે તેમની સહી ઓળખી બતાવેલી છે.

રામોલ પોલીસ સ્ટેશનના આ બનાવમાં શેખ મહંમદ યુનુસ અબ્દુલ મુનાફનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૧૪૨ તરીકે આંક–૧૧૧૦થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ ભાડાની રીક્ષા લઈ આશરે સાંજના ૬.૩૦ વાગ્યાની આસપાસ હાટકેશ્વર સર્કલ આવેલા અને ફ્રૂટની લારી પાસે ઉભેલા ત્યારે બોમ્બ બ્લાસ્ટ થયેલો અને તેમાં તેઓને જમણા પગના પંજા ઉપર ઈજાઓ થયેલી જેથી વી.એસ. હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયેલાનું જણાવે છે.

રામોલ પોલીસ સ્ટેશનના આ બનાવમાં મેકવાન ફ્રાન્સીસ કાન્તીભાઈનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૧૪૫ તરીકે આંક–૧૦૧૭ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાંજના સમયે હાટકેશ્વર સર્કલ પાસે ફ્રુટ લેવા ગયેલા અને ફ્રુટ લેતા હતા તે વખતે પાછળની સાઈડે બોમ્બ બ્લાસ્ટ થયેલો અને તેમાં તેઓને ગરદનના ભાગે છરો વાગતા ઈજાઓ થયેલી જેથી એલ.જી. હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયેલાનું જણાવે છે.

રામોલ પોલીસ સ્ટેશનના આ બનાવમાં લીલાબેન સોનાજી પરમારનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૧૪૮ તરીકે આંક–૧૦૨૦થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાંજના સમયે હાટકેશ્વર સર્કલ પાસે શાકભાજી લેવા ગયેલા ત્યારે બોમ્બનો અવાજ આવેલો જેથી આ સાહેદને પગમાં ઈજાઓ થયેલી જેથી એલ.જી. હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયેલાનું જણાવે છે.

રામોલ પોલીસ સ્ટેશનના આ બનાવમાં રીશી વિનોદભાઈ પંચાલનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે તપાસેલા નથી કારણ કે બનાવ વખતે રીશી ફકત દોઢ વર્ષની ઉંમરનો હતો જેથી તેમની માતા રેણુંકાબેન વિનોદભાઈ પંચાલને સાહેદ નં.૧૪૯ તરીકે આંક–૧૦૨૧ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ તેમના દીકરા રીશીને લઈને સાંજના સમયે હાટકેશ્વર સર્કલ પાસે શાકભાજી લેવા ગયેલા ત્યારે ધડાકો

થયેલો જેમાં તેમના દીકરાને છરા વાગવાથી ઈજાઓ થયેલી જેથી એલ.જી. હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયેલાનું જણાવે છે.

ઉપરોકત સાહેદ મહંમદ યુનુસ અબ્દુલ મુનાફ, મેકવાન ફ્રાન્સીસ કાન્તીભાઈ, લીલાબેન સોનાજી પરમાર, રીશી વિનોદ પંચાલનાઓને ઈજા થયેલી હતી. ઉપરોકત સાહેદોએ પોતાને થયેલ ઈજાઓ અંગેની સારવાર કરાવેલી અને ડૉકટરશ્રીઓએ જે પ્રમાણપત્રો આપેલા જે ફરિયાદપક્ષ દ્વારા રજુ થતાં તે પ્રમાણપત્રો આરોપીઓ તરફથી કબૂલ કરવામાં આવેલા હોય તે અનુક્રમે આંક–૭૧૮૨, ૭૧૮૦, ૭૧૮૧ અને ૭૧૭૯ થી રજૂ થયેલા છે. આ તમામ પ્રમાણપત્રોમાં તેઓની સારવાર કરનાર ડૉકટરોની સહીઓ છે.

(૪૧.૦૩) <u>અમદાવાદ શહેરના રામોલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૩૨૧/૨૦૦૮ ના કામે બનાવને સમર્થન માટે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકનઃ–</u>

રામોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં હાટકેશ્વર સર્કલ પાસે, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ સામે, ઈલેકટ્રીક ડી.પી. પાછળ જાહેરમાં સાઇકલ ઉપર જે બોમ્બ બ્લાસ્ટ થયેલો છે તે માટે ફરિયાદપક્ષ દ્વારા અજયભાઈ જોખનભાઈ ચોરસીયાને સાહેદ નં.૭૫૪ તરીકે આંક–૩૫૪૩ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ હાટકેશ્વર સર્કલ આગળ કરીયાણાની દુકાન ધરાવી વેપાર કરે છે. બનાવના દિવસે તેઓ દુકાને હાજર હતા અને બોમ્બ બ્લાસ્ટ થતા લોકોની નાસભાગ થયેલ અને બોમ્બ બ્લાસ્ટમાં કેટલાક લોકોને ઈજાઓ થયેલી તેવુ જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી જસવંતસિંહ બળવંતસિંહ બારીયાને સાહેદ નં.૫૦૮ તરીકે આંક–૨૯૪૪ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ રામોલ પોલીસ સ્ટેશનમાં મોબાઈલ ઈન્ચાર્જ તરીકે ફરજ બજાવતા હતા અને બનાવ અંગેની જાણ થતા બનાવવાળી જગ્યાએ ગયેલા અને અન્ય પોલીસ કર્મચારીઓની મદદથી બનાવવાળી જગ્યા કોર્ડન કરેલ અને આ જગ્યાએ લોખંડના છરા, પ્લાસ્ટિકની વાદળી રંગની થેલીના ટુકડા, ડીટોનેટર,

લાકડાના ટુકડા, સેલોટેપ તથા હરકયુલસ સાઇકલ તુટેલી હાલતમાં જોયેલાનું જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી લાલસિંહ હરીસિંહ મસાણીને સાહેદ નં.૪૯૫ તરીકે આંક–૨૯૨૫ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ રામોલ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા ત્યારે બનાવ અંગેની જાણ થતા બનાવવાળી જગ્યાએ ગયેલા અને અન્ય પોલીસ કર્મચારીઓની મદદથી બનાવવાળી જગ્યા કોર્ડન કરેલ અને આ જગ્યાએ લોખંડના છરા, પ્લાસ્ટિકની વાદળી રંગની થેલીના ટુકડા, ડીટોનેટર, લાકડાના ટુકડા, સેલોટેપ તથા હરકયુલસ સાઇકલ તુટેલી હાલતમાં જોયેલાનું જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી અભેસિંહ પ્રભાતસિંહને સાહેદ નં.૫૧૭ તરીકે આંક–૨૯૫૫ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ હાટકેશ્વર સર્કલ પાસે બોમ્બ બ્લાસ્ટ થયેલ અને ત્યાં પબ્લીક કન્ટ્રોલ કરવાની ફરજ બજાવેલાનું જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી કૃષ્ણકુમાર મનજીભાઈ નિનામાને સાહેદ નં.૪૯૦ તરીકે આંક–૨૯૧૬ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ રામોલ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા અને બનાવ અંગેની જાણ થતા બનાવવાળી જગ્યાએ ગયેલા અને અન્ય પોલીસ કર્મચારીઓની મદદથી ટ્રાફિક નિયમન કરેલ અને ઘટના સ્થળેથી ભેગા થયેલા માણસોને દુર કરેલ. આ જગ્યાએ લોખંડના છરા, વાદળી રંગના પ્લાસ્ટિકના ટુકડા તથા સાઇકલ તુટેલી હાલતમાં જોયેલાનું જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી અજીતસિંહ પરબસિંહ રાઠોડને સાહેદ નં.૫૨૨ તરીકે આંક–૨૯૬૧ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ રામોલ પોલીસ સ્ટેશનમાં વન વાનમાં ફરજ બજાવતા હતા અને બનાવ અંગેની જાણ થતા બનાવવાળી જગ્યાએ ગયેલા અને અન્ય પોલીસ કર્મચારીઓની મદદથી ટ્રાફિક નિયમન કરેલ અને ઘટના સ્થળેથી ભેગા થયેલા માણસોને દુર કરેલ. આ જગ્યાએ લોખંડના છરા, વાદળી રંગના

પ્લાસ્ટિકના ટુકડા, ડીટોનેટર તથા સાઇકલ તુટેલી હાલતમાં જોયેલાનું જણાવેલ છે.

આમ, રામોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં હાટકેશ્વર સર્કલ પાસે, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ સામે , ઈલેકટ્રીક ડી.પી. પાછળ જાહેરમાં સાઇકલ ઉપર તા. ૨૬/૭/૨૦૦૮ નાં રોજ કલાક ૧૮.૪૦ વાગે બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલો અને આ બોમ્બ બ્લાસ્ટમાં કુલ ચાર માણસો મરણ ગયેલા અને છ માણસોને ઈજાઓ થયેલી તે હકીકત ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા ઉપરોકત તમામ પુરાવા ઉપરથી સાબીત થાય છે તેમ હું માનુ છું.

(૪૨) **<u>અમદાવાદ શહેરના રામોલ પોલીસ સ્ટેશનની હકૂમતના વિસ્તારમાં બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલ તે બનાવ પુરવાર કરવા માટે બનાવ નં.૨ ના સંબંધમાં ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન.</u>**

- વિસ્તાર:– રામોલ પોલીસ સ્ટેશનની હદમાં
- સ્થળ:– હાટકેશ્વર બાગેફીરદોષ પોલીસ લાઈન વિભાગ–૨ સામે કૈલાશધામ સોસાયટી પાસે મ્યુનિસિપલ કોર્પોરેશનની કચરા પેટીમાં મુકેલ બોમ્બ.
- તારીખ:– ૨૭/૭/૨૦૦૮
- સમય:– કલાક ૮.૪૨ (સાંજે)
- ગુના રજીસ્ટર નં.ફર્સ્ટ ૩૨૨/૨૦૦૮
- મરણ જનારની સંખ્યા:– નથી
- ઈજા પામનારની સંખ્યા:– નથી

રામોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં હાટકેશ્વર બાગેફીરદોષ પોલીસ લાઈન વિભાગ–૨ સામે કૈલાશધામ સોસાયટીની નજીક મ્યુનિસિપલ કોર્પોરેશનની કચરાપેટીમાં મુકેલ બોમ્બ મળી આવતા તેની ફરિયાદ નોંધાયેલી

અને આ બનાવ પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા સાહેદ નં.૬૮૭ તરીકે આંક–૩૩૫૩ થી ફરિયાદ દલાભાઈ અરજણભાઈ દેસાઈને ફરિયાદપક્ષે તપાસેલા છે. તેઓની જુબાની ધ્યાને લઈએ તો પોતાની જુબાનીમાં જણાવે છે કે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ રામોલ પોલીસ સ્ટેશનમાં સીનીયર પોલીસ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા ત્યારે હાટકેશ્વર સર્કલ પાસે બોમ્બ ધડાકા થયેલાની હકીકત બનેલ હોય તેની ફરિયાદ નોંધાયેલી ત્યારબાદ આ બનાવ બનતા તેની ફરિયાદ પણ આ સાહેદે આપેલી. આ બનાવની જાણ થતા તેઓ તાત્કાલિક બાગેફીરદોષ પોલીસ લાઈન પાસે કચરાપેટી નજીક આવેલા ત્યાં જઈને જોયુ તો પોલીસ લાઈન પાસેની કચરાપેટીમાં પેપરમાં વીંટાડેલ હાલતમાં ટાઈમર્સ શંકાસ્પદ બોમ્બ જણાતા તે જગ્યાને કોર્ડન કરેલી તથા જાન માલને નુકસાન ન થાય તે માટે સુરક્ષિત કરેલ, બોમ્બ ડીસ્પોઝલ ટીમ તથા એફ.એસ.એલ. અધિકારીઓને બોલાવવાની તજવીજ કરતા તેઓ આવી જતા બોમ્બ ડીસ્પોઝલ સ્ટાફે તે ચેક કરતા બોમ્બનું ટાઈમર ચાલુ હાલતમાં હતુ, તે બોમ્બ લાઈવ જણાતા બોમ્બ સ્યુટનો ઉપયોગ કરી સાવચેતીથી ટાઈમરને અલગ કરેલુ અને બોમ્બ નિષ્ક્રિય કરેલો. બોમ્બ સાથે જોડાયેલ ઈલેકટ્રોનીક ડીટોનેટર અલગ કરેલ તે ટાઈમર બોમ્બ જોતા અંદર બે ઈલેકટ્રોનીક ડીટોનેટર જણાયેલા તેની સાથે સફેદ કલરનો એક્ષપ્લોઝીવ પદાર્થ જણાયેલો, તેની અંદર કોપર સાથે છેડા જોડાયેલા અને તે રીતે બોમ્બ તૈયાર કરવામાં આવેલા. જે ટાઈમર બોમ્બને પંચો રૂબરૂ પંચનામાની વિગતે તપાસ અર્થે કબજે કરેલ. આ મુજબની જાતે પોતે ફરિયાદ આપેલી જે ફરિયાદ આ કામે આંક–૩૩૫૬ થી રજૂ કરવામાં આવેલી છે. ફરિયાદમાં ફરિયાદીએ પોતાની સહી ઓળખી બતાવેલી છે. આ ફરિયાદ આપ્યા બાદ ફરિયાદીએ પોતાના રીપોર્ટ સાથે સદર ફરિયાદને પી.એસ.ઓ. તરફ નોંધવા માટે મોકલી આપેલી અને પી.એસ.ઓ.એ આ ફરિયાદ રામોલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૩૨૨/૨૦૦૮ થી ગુનો રજીસ્ટર કરેલો તે અંગેનો પી.એસ.ઓ.ને રીપોર્ટ આપેલો જે રીપોર્ટ આંક–૩૩૫૭ થી રજૂ કરેલો છે. આ રીપોર્ટમાં પણ ફરિયાદીએ પોતાની સહી ઓળખી બતાવેલી છે. આ ગુનો રજીસ્ટર્ડ

થયા બાદ ગુનો જાહેર કરતો જે રીપોર્ટ કરેલો તે આંક–૩૩૫૮ થી રજૂ કરેલો છે, જે રીપોર્ટમાં પણ પોલીસ ઈન્સ્પેકટર રામોલ પોલીસ સ્ટેશન તરીકે આ સાહેદની સહી છે.

આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી છે. તે ધ્યાને લેતાં આ બનાવ સબંધે કોઈ માહિતી જાહેર કરવામાં આવેલી કે કેમ તે આ સાહેદના જાણમાં નથી તેમ આ સાહેદ જણાવે છે. બનાવના અરસામાં આ સાહેદ વન ગાડીમાં હતા કે કેમ તે યાદ નથી. પી.એસ.ઓ.ને વર્ધિ મળેલી તે સબંધે આ સાહેદ પાસે કોઈ પુરાવો નથી. બનાવના સમયથી બે–પાંચ મિનિટના અંતરે બનાવની જાણકારી મળેલાનું જણાવે છે. આરોપીઓ તરફથી કરવામાં આવેલ ઊલટતપાસ ધ્યાને લેતા આ બનાવ બન્યો નથી તેવી કોઈ હકીકત માલુમ થતી નથી.

સ્થળ ઉપરથી જે લાઈવ બોમ્બ મળી આવેલો અને તે બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડ તથા એફ.એસ.એલ. અધિકારીની હાજરીમાં બોમ્બને નિષ્ક્રિય કરેલ ત્યારબાદ ફરિયાદીએ બે પંચોને સ્થળ ઉપર બોલાવેલા અને પંચનામાની વિગતે બોમ્બમાંથી મળી આવેલ સામગ્રી કબજે કરેલી જે પંચ સાહેદોની હાજરીમાં બોમ્બમાંથી મળી આવેલ સામગ્રી કબજે કરવામાં આવેલ તે પંચનામા પૈકીના પંચ ભાવેશ રમેશકુમાર માળીને ફરિયાદપક્ષે આ કામે આંક–૧૮૩૮ થી તપાસેલા છે. તેઓની જુબાની ધ્યાને લઈએ તો તા.૨૭.૭.૨૦૦૮ ના રોજ તેઓના ઘરની બહાર લોકો જોતા હતા જેથી આ સાહેદ ત્યાં જોવા માટે ગયેલા. જે જગ્યા બાગેફીરદોષ પાસે આવેલ ઝુપડપટ્ટી પાસે પોલીસ લાઈન વિભાગ–૨ પાસેની કચરા પેટી હતી, ત્યાં પોલીસના માણસોએ કહેલુ કે બોમ્બ ડીસ્પોઝલ કરેલો છે અને તે બોમ્બને નિષ્ક્રિય કર્યાનું પંચનામુ કરવાનું છે જેથી આ સાહેદે પંચનામામાં રહેવાની તૈયારી બતાવેલી. વધુમાં આ સાહેદના કહેવા પ્રમાણે પોલીસે એક અર્ધ ગોળાકાર લાકડાની ફ્રેમ બતાવેલી, ત્યાં તાંબાનું પતરૂ હતુ, વાયર, લાલ અને કાળા કલરની ટેપ હતી, એક પ્લાસ્ટિકની પોલીથીન બેગમાં ચીકણો પદાર્થ બતાવેલો, લોખંડના છરા બતાવેલા, એક વસ્તુ બતાવેલી તેમાં વચ્ચે કાણું

પાડીને તેમાં વાયરીંગ હતુ, આ વસ્તુઓ નિષ્ક્રિય કરેલ બોમ્બની હતી, આ સિવાય બે ડીટોનેટર હતા, પ્રિન્સ કંપનીની એલાર્મ ઘડિયાળ હતી, ગુજરાત સમાચાર અને સંદેશ ન્યૂઝ પેપર હતા. આ તમામ વસ્તુઓ જુદા–જુદા ત્રણ બોક્ષમાં મુકેલી અને પંચોની સહીઓવાળી સ્લીપ લગાવી તપાસ અર્થે કબજે કરેલી. આ મુજબનું પંચનામુ બનાવેલુ જે પંચનામુ આંક–૧૮૩૯ થી રજૂ છે. આ સાહેદે જુબાનીમાં જે હકીકત જણાવી તે હકીકત પંચનામામાં છે અને સ્થળ ઉપરથી કુલ સાત જુદી–જુદી વસ્તુઓ કબજે કરેલી, પંચનામામાં આ સાહેદે સહી ઓળખી બતાવેલી છે તથા આ સાહેદ તથા બીજા પંચ પુનમચંદ રામલાલ પ્રજાપતિનાઓએ પંચ સ્લીપોમાં જે સહીઓ કરેલી તે સહીઓ પણ આ સાહેદે ઓળખી બતાવેલી છે. આ પંચ સ્લીપો આ કામે આંક–૧૮૪૦ થી ૧૮૪૨ સુધી રજૂ કરેલી છે.

આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી છે. ઊલટતપાસ દરમ્યાન કબજે કરવામાં આવેલ વસ્તુઓ આ સાહેદને બતાવીને પ્રશ્નો પુછવામાં આવેલા છે તથા ઘડિયાળનો પાછળનો ભાગ સફેદ હોવાનો, તેની પાછળનું બેટરીનુ ખાનુ ખાલી હોવાનું પંચનામામાં લખેલ છે કે કેમ તે અત્યારે સાહેદ કહી શકે તેમ નથી. એવુ બનેલુ કે પંચનામુ એક પોલીસ લખાવતા હોય અને બીજા પોલીસ લખતા હોય, ડીટોનેટર કોને કહેવાય તે ખ્યાલ નથી. આ સિવાય આ સાહેદની જુબાનીમાંથી બીજી કોઈ હકીકત નીકળી આવતી નથી.

આ બનાવવાળા સ્થળ ઉપરથી જે લાઈવ બોમ્બ મળેલો અને તે લાઈવ બોમ્બ મળ્યા પછી ફરિયાદીએ તે બોમ્બ નિષ્ક્રીય કર્યા પછી તેમાંથી નીકળેલી સામગ્રી કબજે કરેલ અને એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે પૃથક્કરણ કરવા માટે રવાનગી નોંધ સાથે મોકલી આપેલ તે મુદ્દામાલ પૃથક્કરણ કરનાર એફ.એસ.એલ.ના અધિકારી શ્રી ગૌરીદત્ત દયાનિધિ શર્માને ફરિયાદપક્ષે આંક – ૫૯૦૮ થી તપાસેલા છે. તેઓની જુબાની ધ્યાને લઈએ તો તેમના કહેવા પ્રમાણે તેઓ સાઈન્ટીફીક ઓફિસર આસીસ્ટન્ટ ફોરેન્સીક કેમીસ્ટ્રી વિભાગ એફ.એસ. એલ. ગાંધીનગર ખાતે ફરજ બજાવે છે. તેમની જુબાનીના પેરા નં.૯ મુજબ

તા.૨.૮.૨૦૦૮ ના રોજ રામોલ પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુના રજીસ્ટર નં. ૩૨૨/૨૦૦૮ ના કામે મુદ્દામાલ રવાનગી નોંધ સાથે આ સાહેદને પૃથક્કરણ અર્થે આપવામાં આવેલો. જે રવાનગી નોંધ આ સાહેદને મળેલી તે આંક–૫૯૧૮ થી રજૂ છે. આ રવાનગી નોંધ મુજબ આ સાહેદને તપાસ અર્થે–

(૧)માર્ક–એ અર્ધ ગોળાકારની લાકડાની ફ્રેમ ટાઈમર બોમ્બ જેના ઉપર તાંબાના પતરા ઉપર લાલ તથા વાદળી કલરની ટેપ લગાડેલ છે, એક સાઈડે કાણું પાડી વાયર કાઢેલ છે જેને એક પુઠ્ઠાના બોક્ષમાં મુકી પેક કરેલ તે સીલબંધ છે.

(૨)માર્ક–બી ગુનાવાળી જગ્યાએથી એક પ્લાસ્ટિકની થેલીમાં સફેદ કલરનો ચીકણો પદાર્થ જેને એક પુઠ્ઠાના બોક્ષમાં મુકી પેક કરેલ તે સીલબંધ.

(૩) માર્ક–સી ગુનાવાળી જગ્યાએથી એક પ્લાસ્ટિકની થેલીમાં લોખંડના છરા જેને એક પુઠ્ઠાના બોક્ષમાં મુકી પેક કરેલ જે સીલબંધ છે.

(૪) માર્ક–ડી એક એલાર્મ ઘડિયાળ આગળના ભાગે લાલ તથા સફેદ કલરની પ્રિન્સ કંપનીની ચાલુ હાલતની જેને ડાબી બાજુ નવ વોલ્ટનો સેલ પ્લાસ્ટિકની વાદળી કલરની પેટી લગાવી ફીટ કરેલ છે જે સેલ સાથે એક કાળા તથા લાલ કલરના વાયરો ફીટ કરેલ છે તથા ઘડિયાળની પાછળના ભાગે બે સફેદ કલરના વાયરો છે જેને એક પુઠ્ઠાના બોક્ષમાં પેક કરેલ છે.

ઉપરોકત મુદ્દામાલ આ સાહેદને તપાસ અર્થે મળ્યા બાદ આ સાહેદે મુદ્દામાલ સ્વીકાર્યા અંગેની જે પહોચ આપેલી તે આંક–૫૯૧૯થી રજૂ કરેલ છે જેમાં મદદનીશ નિયામકની સહી છે. આ સાહેદે આ મુદ્દામાલનું પૃથક્કરણ કરતા

(૧) મુદ્દામાલ માર્ક–એ થી સી ના નમૂનાઓમાં એમોનિયમ પોટેશીયમ, સોડીયમ અને નાઈટ્રેટ મુલકો તથા પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સ ઓઈલ (પેરાફીન ઓઈલ પ્રકાર) ની હાજરી આ નમૂનાઓમાં શોધાયેલી છે.

(૨) મુદ્દામાલ માર્ક–ડી વાળા નમૂનામાંથી વિસ્ફોટકના ઘટકોની હાજરી શોધાયેલ નથી.

આ સાહેદના અભિપ્રાય પ્રમાણે (૧) પૃથક્કરણના પરિણામમાં શોધાયેલ એમોનિયમ નાઈટ્રેટ તથા પેટ્રોલીયમ હાઈડ્રો કાર્બન્સ ઓઈલ એ

એમોનિયમ નાઈટ્રેટ બેઝ, એમોનિયમ નાઈટ્રેટ, ફ્યુઅલ ઓઈલ (એનફો) હાઈએક્ષપ્લોઝીવના ઘટકો મળી આવેલા તથા (૨) નમૂના માર્ક–એ તથા માર્ક–સી માંથી મળેલા ધાતુના છરાઓનો ઉપયોગ હાથ બનાવટના બોમ્બમાં મીસાઈલ્સ તરીકે થાય છે તેમ જણાવે છે. આ ઉપરાંત પૃથક્કરણના પરીણામ તથા નમૂનાઓમાંથી મળેલ બેટરી, ઘડિયાળ, હોડી આકારના ધાતુના પતરા પ્લાસ્ટિકની શીટ સાથેના કન્ટેનર તથા મળેલ છરાના આધારે આ સાહેદના કહેવા પ્રમાણે એવુ કહી શકાય કે ધાતુના પતરા અને પ્લાસ્ટિકની શીટ ધરાવતી હોડી આકારના કન્ટેનરમાં એમોનીયર નાઈટ્રેટ, ફ્યુઅલ ઓઈલ (એનફો) એક્ષપ્લોઝીવ ભરી છરા ઉમેરીને ડીટોનેટરનો ઉપયોગ કરી ટાઈમ ડીલે ડીવાઈસ પ્રકારનો આઈ.ઈ.ડી. બોમ્બ છે, તે મુજબનો આ સાહેદે અભિપ્રાય આપેલ છે. જે અભિપ્રાય આ કામે ફરિયાદપક્ષે આંક–૫૯૨૦ થી રજૂ કરેલ છે, જેમાં નાયબ નિયામક ડી.એફ.એસ. ગુજરાત રાજય ગાંધીનગરની સહી જે ઓળખી બતાવી છે. આ સાહેદે અમદાવાદ શહેરમાં બનેલા જુદા–જુદા બોમ્બ બ્લાસ્ટના બનાવો વાળી જગ્યા ઉપરથી મળી આવેલ મુદ્દામાલનું પણ પૃથક્કરણ કરેલાની હકીકત પોતાની જુબાનીમાં જણાવેલી છે.

આરોપીઓ તરફથી આ સાહેદની ઊલટતપાસ વિગતવાર કરવામાં આવેલી છે, કોઈ ચોકકસ ગુના સબંધે ઊલટતપાસ કરવામાં આવી હોય તેવુ ઊલટતપાસ જોતા માલુમ પડતુ નથી. પરંતુ સામાન્ય અને જનરલ ઊલટતપાસ કરવામાં આવેલી છે. તેઓની ઊલટતપાસમાં પ્રમાણે તેમની કચેરીમાં મુદ્દામાલ પોલીસ દ્વારા આવે ત્યારે સેમ્પલ વોર્ડમાં રજૂ થાય છે અને ત્યારબાદ સબંધિત વિભાગમાં તે મુદ્દામાલ મોકલી આપવામાં આવે છે. સેમ્પલ વોર્ડમાંથી કોઈ જાવક પત્રક સાથે મુદ્દામાલ મોકલવામાં આવતો નથી. કયા વિભાગમાં કયારે મુદ્દામાલ મોકલ્યો તેનુ કોઈ રેકર્ડ રાખવામાં આવતુ નથી તેમ જણાવે છે. મુદ્દામાલ મળ્યા પછી કઈ તારીખે તેનું પરિક્ષણ કર્યુ તે તારીખ દર્શાવેલી નથી તે કબૂલ કરે છે. અભિપ્રાય સબંધે અહેવાલમાં કોઈ કારણ દર્શાવેલા છે કે કેમ તે આ સાહેદને યાદ નથી. આ સાહેદે ભૌતિક શાસ્ત્રમાં કોઈ વિશેષ ડીગ્રી મેળવેલી નથી તેમ જણાવેલ

છે. અભિપ્રાય આપતા પહેલા ભૌતિક શાસ્ત્રના અભિપ્રાય વાચેલા નથી. આ સાહેદે મુદ્દામાલ પૃથક્કરણ કર્યા પછી મુદ્દામાલ પોતાના અહેવાલ સાથે ભૌતિક શાસ્ત્રને મોકલી આપેલો તેની સાથે અહેવાલની નકલ મોકલેલી નથી તેમ જણાવે છે. પેરાફીન ઓઈલમાં કોઈ અન્ય વિશિષ્ટ તત્વોની હાજરી બાતે કોઈ ટેસ્ટ કરેલ નથી તેમ જણાવે છે. આ પ્રોડકટ જુદા-જુદા બ્રાન્ડ નામથી ઉત્પાદીત થાય છે તે કબૂલ કરે છે. સને-૨૦૦૮ ના કયા મહિનામાં રસાયણ વિભાગના મદદનીશ નિયામક તરીકે આ સાહેદે કામકાજ શરૂ કરેલુ તે કહી શકે તેમ નથી. આમ આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાાને લેતા બનાવવાળી જગ્યા ઉપરથી મુદ્દામાલ ફરિયાદીએ પંચનામાની વિગતે કબજે કરીને એફ.એસ.એલ. ગાંધીનગરને પૃથક્કરણ માટે મોકલી આપેલો નથી તેવી કોઈ હકીકત નીકળી આવતી નથી. એટલુ જ નહીં આરોપીઓ તરફથી કરવામાં આવેલ ઊલટતપાસમાં રામોલ વિસ્તારમાં બાગેફીરદોષ સોસાયટી પાસે આવેલ પોલીસ લાઈન વિભાગ-૨ ની નજીકની કચરાપેટીમાંથી મળી આવેલ લાઈવ બોમ્બ અને તે બોમ્બને નિષ્ક્રિય કર્યા પછી પંચોની હાજરીમાં જે સામગ્રી કબજે કરેલ તેનું પૃથક્કરણ આ સાહેદે કરેલ નથી તેવી હકીકત પ્રસ્થાપિત થતી નથી. આ સાહેદને આંક-૫૯૧૮ ની રવાનગી નોંધ સાથે જે તે મુદ્દામાલ તપાસ માટે સોંપેલો તેની સંપૂર્ણ તપાસ કરીને આ સાહેદે પોતાના અભિપ્રાય સાથેનો અહેવાલ આંક-૫૯૨૦ રજૂ કરેલો છે અને અહેવાલમાં પોતાની સહીઓ છે જે નહીં માનવાને કોઈ કારણ નથી.

ફરિયાદી દલાભાઈ અરજણભાઈ દેસાઈને આ બનાવની જાણ થયા પછી તેઓ સ્થળ ઉપર ગયેલા અને સ્થળ ઉપર ગયા બાદ જગ્યા સુરક્ષીત કરેલી અને જે જગ્યા ઉપરથી આ લાઈવ બોમ્બ મળી આવેલો તે જગ્યાનો નકશો બનાવવા માટે સર્કલ ઈન્સ્પેકટર ખોખરાનાઓને યાદી કરેલી અને સ્થળ ઉપર તે યાદીના આધારે સર્કલ ઈન્સ્પેકટરશ્રી સોમાભાઈ ગોવિંદભાઈ નાઈ આવેલા અને તેમને આ કામે આંક-૩૩૮૬ થી તપાસેલા છે. તેમના કહેવા પ્રમાણે તા. ૨૯/૮/૨૦૦૮ ના રોજ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ અને સર્કલ ઓફિસર તરીકે ખોખરા અમદાવાદ તરીકે ફરજ બજાવતા હતા ત્યારે નાયબ પોલીસ અધીક્ષકની

કચેરી તપાસ ટીમ ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ શહેર તરફથી રામોલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૩૨૨/૨૦૦૮ ના કામે ગુનાવાળી જગ્યાનો નકશો બનાવવા માટે વિનંતી પત્ર તા.૨૫/૮/૨૦૦૮ મળેલો અને તેની સાથે ગુનાવાળી જગ્યાના પંચનામાની નકલ મળેલી જેથી આ સાહેદ સ્થળ ઉપર તા. ૮/૯/૨૦૦૮ ના રોજ ગયેલા અને એક નકશો તૈયાર કરેલો અને નકશો તૈયાર કરીને પોલીસ કોન્સ્ટેબલ બકલ નં.૪૨૧૦ ને સોંપેલો. આ સાહેદને જે યાદી આપવામાં આવેલી તે યાદી આંક–૩૩૯૧ થી રજૂ કરવામાં આવેલી છે, યાદી લખનાર તરીકે પોલીસ ઈન્સ્પેકટર ક્રાઈમ બ્રાન્ચ, અમદાવાદ શહેર એચ.જે. જનકાતની સહી છે તથા આ યાદી આ સાહેદે સ્વીકારી તે અંગેની સહી પણ આ સાહેદે ઓળખી બતાવેલી છે. આ સાહેદે જે નકશો તૈયાર કરેલો તે નકશો આ કામે આંક–૩૩૯૨ થી રજૂ કરેલ છે. આ નકશામાં જે જગ્યાએ મ્યુનિસિપલ કોર્પોરેશન અમદાવાદની કચરા પેટી મુકેલી હતી તે કચરા પેટી બતાવેલી છે અને આ નકશો તૈયાર કરનાર તરીકે આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. આ ઉપરાંત આ સાહેદે અમદાવાદ શહેરના બોમ્બ બ્લાસ્ટના બીજા બનાવોવાળી જગ્યાની પણ મુલાકત લઈ નકશાઓ બનાવેલા છે તે હકીકત પણ પોતાની સરતપાસમાં જણાવેલી છે.

આરોપીઓ તરફથી આ સાહેદની ઊલટતપાસ કરવામાં આવેલી છે. આ ઊલટતપાસ સામાન્ય અને જનરલ ઊલટતપાસ છે. તેમના કહેવા પ્રમાણે તેમની ફરજ દરમ્યાન ગુનાવાળી જગ્યાના આશરે ૨૦ થી ૨૨ નકશા તૈયાર કર્યા હશે. આધુનિક સ્કેલના સાધનોનો ઉપયોગ નકશા તૈયાર કરવા માટે કરેલા નથી તે કબૂલ કરે છે. નકશાઓમાં ગુનાવાળી જગ્યાની આજુબાજુની મિલકતો તથા રસ્તા કેટલા મીટરે કે ઈંચ થી દુર છે તે હકીકત દર્શાવેલી છે. ગુનાવાળી જગ્યા ઉપર આવેલ રસ્તાની કોઈ ખરાઈ કરેલ નથી તે કબૂલ કરેલ છે. પરંતુ મારા મત પ્રમાણે પંચનામામાં જણાવ્યા મુજબ આજુબાજુની કોઈ મિલકતોનો ઉલ્લેખ નકશામાં કરવો જરૂરી નથી. વધુમાં પંચનામાના સ્થળની પોલીસવાળાને બોલાવીને ખરાઈ કરેલ હોય તેવુ બન્યુ નથી. નકશામાં પંચનામામાં જણાવેલ

હકીકતથી કોઈ વિશેષ હકીકત જણાવેલી નથી. નકશામાં દર્શાવેલ માપ અને દિશા પંચનામા મુજબ છે તે કબૂલ કરેલ છે. પરંતુ મારા મંતવ્ય પ્રમાણે સ્થળ એક જ છે, પંચનામુ વિગતે બનાવ્યુ છે, પંચનામામાં વિગતે માપ છે અને જયારે નકશો બનાવવામાં આવે ત્યારે સ્થળ બદલાઈ જવાનું નથી કે તેનુ માપ પણ બદલાઈ જવાનું નથી જેથી સ્વાભાવિક છે કે પંચનામામાં સ્થળની જે પરિસ્થિતિ હોય અને સ્થળ ઉપર જે માપ હોય તે જ પ્રમાણેના માપ નકશામાં આવે તેનો અર્થ એવો નથી કે સ્થળ અને માપ નકશામાં જે બતાવેલા છે તે પંચનામા મુજબ છે. સમગ્ર ઊલટતપાસ ધ્યાને લેતા આ સાહેદે સ્થળ ઉપર જઈ નકશો બનાવ્યો નથી તે હકીકત પ્રસ્થાપિત થતી નથી પરંતુ સ્થળ ઉપર જઈ નકશો બનાવ્યો છે તે સાબીત થાય છે.

બનાવવાળી જગ્યા ઉપરથી જે મુદ્દામાલ પોલીસે પંચનામાની વિગતે કબજે કરેલો અને પંચોની સહીવાળી સ્લીપ લગાડી પૃથક્કરણ અર્થે એફ.એસ.એલ. ગાંધીનગરને રવાનગી નોંધ સાથે મોકલી આપેલો અને એફ.એસ.એલ. અધિકારી ગૌરીદત્ત દયાનિધિએ મુદ્દામાલનું પૃથક્કરણ કરીને તે મુદ્દામાલ ભૌતિક શાસ્ત્ર વિભાગમાં મોકલી આપેલો. જે મુદ્દામાલ ભૌતિક શાસ્ત્ર વિભાગને મોકલેલો તે

પાર્સલ–એ, નમૂનો–એ(હોડી)

પાર્સલ–સી, નમૂનો–સી(છરા)

પાર્સલ–ડી, નમૂનો–ડી(ઘડિયાળ)

ઉપરોકત ત્રણ વસ્તુઓ ભૌતિક શાસ્ત્ર વિભાગમાં પૃથક્કરણ માટે મોકલી આપેલી અને તેનુ પૃથક્કરણ કરનાર અધિકારી નૈનેશ મનુભાઈ સોનીને આ કામે સાહેદ નં.૮૪૩ તરીકે આંક–૫૭૯૯ થી તપાસેલા છે. તેઓની જુબાની ધ્યાને લઈએ તો માર્ચ–૧૯૮૪ મા તેઓ એફ.એસ.એલ. કચેરી અમદાવાદમાં લેબોરેટ્રી ટેકનીશીયન તરીકે જોડાયેલા ત્યારબાદ ઉત્તરોત્તર પ્રમોશન મળેલા અને એફ.એસ.એલ.માં ફરજ બજાવેલી. વધુમાં તેમના કહેવા પ્રમાણે રસાયણ વિભાગના મદદનીશ નિયામક તરફથી રામોલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર

નં.૩૨૨/૨૦૦૮ નો મુદ્દામાલ તેમને ફોરવર્ડીંગ પત્ર સાથે મળેલો જે સીલબંધ હાલતમાં હતો તે મુદ્દામાલ હોડી, છરા, ઘડિયાળ હતી. આ મુદ્દામાલનું તેમને પૃથક્કરણ કરેલુ અને અભિપ્રાય આપેલો. તેઓના અભિપ્રાય પ્રમાણે

(૧) નમૂનો–એ (હોડી) આશરે ૧.૦ કી.ગ્રા. વજન ધરાવતી લાકડામાંથી બનેલ હોડી જેવો આકાર જેનો કેટલોક ભાગ મીસીંગ (ગેરહાજર) જોવા મળેલ હતા. સદર નમૂના પર ધાતુના પડની કેટલીક જગ્યાએ હાજરી જોવા મળી હતી. સદર નમૂના ઉપર ધાતુના છરા ચીપકાવેલ/લગાવેલ જોવા મળેલ હતા. સદર નમૂનાની હોડી સાથે ધાતુના છરા (ચીપકાવેલ/લગાવેલ) સિવાયના છરાની હાજરી જોવા મળેલ હતી, જેનું કુલ વજન આશરે ૨૪૫ ગ્રામ જેટલુ હતુ.

(૨) નમૂનો–સી (છરા) આશરે ૧.૦૯ કી.ગ્રા. વજન ધરાવતા ધાતુના છરા. સદર નમૂનાના છરાનો સરેરાશ વ્યાસ આશરે ૦.૬૫ સે.મી.નો હતો.

(૩) નમૂનો–ડી (ઘડિયાળ) કાંટાની રચના ધરાવતી એક ઘડિયાળ. સદર નમૂનાની ઘડિયાળ ઉપર અંગ્રેજીમાં પ્રિન્સ વગેરે લખાણ જોવા મળેલ હતુ. સદર નમૂનાની ઘડિયાળ વચ્ચે કુલ–બે નંગ પાવર/સેલ હાજર જોવા મળેલ હતા. જે પૈકી એક પાવર/સેલ ઉપર અંગ્રેજીમાં "એચ ડબલ્યુ, વોટ ૯ વી" વગેરે લખાણ તથા બીજી બેટરી ઉપર અગ્રેજીમાં "શક્તિ ૧.૫ વી" વગેરે લખાણ જોવા મળેલ હતુ. હવે આ સાહેદના અભિપ્રાય પ્રમાણે ...

(૧) નમૂનો–એ (હોડી) તથા નમૂનો–સી (છરા) માં આવેલ છરામાં લોખંડ (આયર્ન) તત્વની મહદઅંશે હાજરી જોવા મળેલી હતી.

(૨) નમૂનો–ડી (ઘડિયાળ) સાથે આવેલ બંને પાવર/સેલ ચાલુ હાલતમાં જોવા મળેલા.

(૩) નમૂનો–ડી (ઘડિયાળ) સાથે આવેલ ૧.૫ વોલ્ટના પાવર/સેલનો ઉપયોગ/નાખી ચાલુ કરતા સદર નમૂનાની ઘડિયાળ ચાલુ હાલતમાં ચાલુ હાલતમાં જણાય આવેલ.

(૪) નમૂનો–ડી (ઘડિયાળ) માંથી ઘડિયાળનો ટાઇમર તરીકે થઈ શકે.

આ મુજબ આ સાહેદે ઉપરોકત મુદ્દામાલનું પૃથક્કરણ કરીને અભિપ્રાય આપેલ હતો તે અભિપ્રાય આ કામે આંક–૫૮૦૬ થી રજૂ કરેલ છે અને અભિપ્રાયમાં આ સાહેદે પોતાની સહી કરેલી તે સહી ઓળખી બતાવેલી છે.

આરોપીઓ તરફથી આ સાહેદની ઊલટતપાસ કરવામાં આવેલી છે. આ ઊલટતપાસ સામાન્ય અને જનરલ ઊલટતપાસ છે. ઊલટતપાસ મુજબ જયારે રસાયણ શાસ્ત્ર વિભાગમાં મુદ્દામાલ પડતર હોય ત્યારે તેનો કબજો ભૌતિક શાસ્ત્ર વિભાગનો હોતો નથી તે કબૂલ કરે છે. પરંતુ આ પ્રશ્ન અસ્થાને છે કારણ કે જયારે મુદ્દામાલ રસાયણ શાસ્ત્ર વિભાગમાં હોય ત્યારે સ્વાભાવિક છે કે તેનો કબજો રસાયણ શાસ્ત્ર વિભાગનો હોય . રસાયણ શાસ્ત્ર વિભાગમાં મુદ્દામાલનું જે પૃથક્કરણ થયેલુ તે પૃથક્કરણ અધિકારી સાથે પરામશ થયા અંગેની કોઈ કાચી નોંધ રાખવામાં આવતી નથી તેમ જણાવે છે. ત્રણેય મુદ્દામાલની ફાઈલ જોઈને સાહેદ જણાવી શકે તેમ નથી કે મુદ્દામાલની ચકાસણી કયારે શરૂ કરવામાં આવેલી. મુદ્દામાલ ડીસ્પેચ થયો ત્યાં સુધી કબજો આ સાહેદ પાસે હતો તેમ જણાવે છે. ત્રણેય મુદ્દામાલનો કબજો કેમીસ્ટ્રી વિભાગમાંથી મળેલાનુ જણાવે છે. સેમ્પલ રૂમમાંથી મુદ્દામાલ કયારે નીકળો અને કયારે મુદ્દામાલ પરત આવ્યો તે બાબતેનું રજીસ્ટર સેમ્પલ વોર્ડ રાખે છે. અગાઉ મુદ્દામાલની શું–શું સ્થિતિ હતી તે આ સાહેદને ખબર નથી તે આ સાહેદ કબૂલ કરે છે. ઘડિયાળ કેટલો સમય ચાલુ રાખેલી તેનો ચોકકસ સમય ખબર નથી, ઘડિયાળની કોઈ વિશેષ તપાસ કરી નથી અને ઘડિયાળમાં એર્લામ સીસ્ટમ કામ કરે છે કે કેમ તે ચેક કરેલ નથી, ઘડિયાળ સમયસર ચાલે છે તેવો અભિપ્રાય આપેલ નથી તે કબૂલ કરે છે. આ સાહેદને જે તે મુદ્દામાલ પૃથક્કરણ માટે રસાયણ શાસ્ત્ર વિભાગમાંથી સોંપેલો તેનુ સંપુર્ણ પૃથક્કરણ કરીને આ સાહેદે પોતાના અભિપ્રાય સાથેનો અહેવાલ આંક–૫૮૦૬ થી રજૂ કરેલો છે અને અહેવાલમાં પોતાની સહીઓ છે તે સહી ઓળખી બતાવી છે જે નહીં માનવાને કોઈ કારણ નથી.

વધુમાં આ કામે બનાવવાળી જગ્યા ઉપરથી બોમ્બ સ્કવોર્ડના ઈન્ચાર્જ શ્રી આર.ડી.યાદવનાઓએ એલારામ ઘડિયાળ કબજે કરેલી તે ઘડિયાળ તથા જીવતા બોમ્બમાંથી ઈલેકટ્રીક ડીટોનેટર નંગ–૨ નો નાશ કરવાનો હોય પોલીસ ઇન્સ્પેકટર એસ.ઓ.જી. ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદનાઓએ બે પંચોની હાજરીમાં પંચનામુ કરેલુ. તે પંચનામુ કરનાર સાહેદ હરીસિંહ જેઠાભાઈ જનકાતને આ કામે સાહેદ નં.૧૦૭૨ તરીકે આંક–૭૨૮૧ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે રામોલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૩૨૨/૨૦૦૮ ના ગુનાની તપાસ આ સાહેદને સોંપવામાં આવેલી. અગાઉની તપાસ પોલીસ ઇન્સ્પેકટર શ્રી ડી.એ.દેસાઈએ સંભાળેલી હતી તેમની પાસેથી તપાસના કાગળો મેળવી માહિતગાર થયેલા. વધુમાં તા.૩૦/૭/૨૦૦૮ નાં રોજ ગુનાના કામે ગુનાવાળી જગ્યાએથી મળી આવેલ બોમ્બમાંથી ડીટોનેટર નંગ–૨ નાશ કરવા બાબતે ઈન્ચાર્જ બી.ડી.એસ., અમદાવાદ શહેરને રીપોર્ટ કરેલો અને ડીટોનેટર નાશ કરેલ જેનો રીપોર્ટ આંક–૩૪૦૬ થી રજૂ કરેલો છે. ત્યારબાદ બે પંચોની હાજરીમાં એલાર્મ ઘડિયાળ પંચનામાની વિગતે કબજે કરી સીલ કરેલી. ડીટોનેટરનો જે નાશ કરેલો તે અંગેનુ વિગતવાર પંચનામુ બે પંચોની હાજરીમાં કરેલુ. તે પંચનામુ આ કામે આંક–૭૨૮૬ થી રજૂ કરેલુ છે. આ પંચનામાના પંચો ફરિયાદપક્ષને મળી આવેલા ન હોય તપાસેલા નથી. આ પંચનામાની વિગતો મુજબ સ્થળ ઉપરથી ઘડિયાળ કબજે કરેલુ તથા ડીટોનેટર નંગ–૨ નો નાશ કરેલો છે. આ પંચનામુ તૈયાર થયા પછી આ સાહેદે પંચ ઐયુબ બેગ હાજીબેગ મીરઝા તથા નરેશભાઈ નટવરલાલ પંચાલની સહીઓ કરાવેલી છે, આ સહીઓ આ સાહેદે ઓળખી બતાવેલી છે તથા રૂબરૂ તરીકે આ સાહેદે પોતાની પણ સહી ઓળખી બતાવેલી છે.

આરોપીઓ તરફે આ સાહેદની ઊલટતપાસ થયેલ છે તે ધ્યાને લેતાં બોમ્બ બ્લાસ્ટના કેસોની તપાસ કરવા માટે ટીમો બનાવવામાં આવેલી તેનો ચોકકસ આંકડો સાહેદને ખબર નથી. એસ.ઓ.જી. પણ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની એક શાખા હતી તે કબૂલ કરે છે. આ સાહેદે તપાસ સંભાળી ત્યારે આ

કેસોની તપાસ બીજા અધિકારીઓ પણ કરી રહ્યા હતા તે કબૂલ કરે છે. તપાસ દરમ્યાન આ સાહેદે યુ.એ.પી.એ. એકટની જાણકારી મેળવેલાનું પણ જણાવેલ છે. અમદાવાદના સીરીયલ બોમ્બ બ્લાસ્ટના કેસોની તપાસ સોંપ્યા પછી આ સાહેદ ગુનાઓની તપાસ સાથે સંકળાયેલા. આરોપીઓની અટક કરી ત્યારથી લઈને આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ કર્યા ત્યાં સુધી આ સાહેદ તપાસ ટીમોમા સામેલ હતા. આરોપીઓ તરફથી આ સાહેદની ઊલટતપાસ સામાન્ય અને જનરલ ઊલટતપાસ છે. પરંતુ સમગ્ર ઊલટતપાસ ધ્યાને લેતા આંક–૭૨૮૬ વાળુ પંચનામુ આ સાહેદે પંચોની હાજરીમાં બનાવેલુ તે પંચનામા વિશે ઊલટતપાસમાં કોઈ પ્રશ્ન પુછવામાં આવેલા નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ દ્વારા રાકેશસીંહ દુરબીનસીંહ ને સાહેદ નં.૬૯૪ તરીકે આંક–૩૪૦૪ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે સને–૧૯૯૧ મા આર્મ પોલીસ કોન્સ્ટેબલ તરીકે જોડાયેલા અને ૧૯૯૫ થી બોમ્બ ડીફ્યુઝ ટીમમાં અમદાવાદ ખાતે ફરજ બજાવે છે અને તે અંગેની ટ્રેઈનીંગ ૧૯૯૯ મા દિલ્હી ખાતે નેશનલ સીકયુરીટી ગાર્ડ કેમ્પસમાં લીધેલી અને તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ આશરે ૧૮.૩૦ કલાકે પોલીસ કન્ટ્રોલ રૂમમાંથી સંદેશો આપવામાં આવેલો કે અમદાવાદના વિવિધ સ્થળોએ બોમ્બ બ્લાસ્ટ થયેલા છે. તા.૩૦/૭/૨૦૦૮ ના રોજ આ સાહેદને રામોલ પોલીસ સ્ટેશનમાં બોલાવવામાં આવેલા આ અંગેની વર્ધિ આ સાહેદના પોલીસ સ્ટેશનમાંથી મળેલી જેથી રામોલ પોલીસ સ્ટેશને ગયેલા ત્યાં પોલીસ તથા એફ.એસ.એલ. અધિકારી હાજર હતા. ત્યાં આ સાહેદને ટાઈમર વોચ, બે ડીટોનેટર બતાવવામાં આવેલા, એફ.એસ.એલ. અધિકારીએ ડીટોનેટર નંગ–૨ નાશ કરવાની સુચના આપેલી જેથી સલામતવાળી જગ્યાએ જઈ નાશ કરેલા, ત્યાં પંચનામાની કાર્યવાહી કરેલી. આ સાહેદને જે યાદી આપવામાં આવેલી તથા આ સાહેદે જે અભિપ્રાય આપેલો તે આંક–૩૪૦૬ થી રજૂ કરેલો છે. આ અભિપ્રાય આ સાહેદના રાઈટરના હસ્તાક્ષરમાં લખાયેલો છે જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. આ સાહેદને આંક–૩૩૫૧ ના અનુક્રમ નં.૧,૨,૩,૬,૭ વાળો મુદ્દામાલ ખોલીને

બતાવતા આ સાહેદે અનુક્રમ નં.૫ વાળો મુદ્દામાલ પ્રિન્સ વોચ ઘડિયાળ ઓળખી બતાવેલી છે.

આરોપીઓ તરફથી આ સાહેદની ઊલટતપાસ કરવામાં આવેલી છે. આ ઊલટતપાસ સામાન્ય અને જનરલ ઊલટતપાસ છે. તે ધ્યાને લેતા બનાવના દિવસે કુલ–૧૬ થી ૧૭ જગ્યાઓ ઉપર અમદાવાદમાં ગયેલા. ચોકકસ કયા સમયે, કયા સ્થળે ગયેલા અને કેટલો સમય રોકાયેલા તે આ સાહેદ કહી શકે તેમ નથી. પરંતુ મારા મત પ્રમાણે સ્વાભાવિક છે કે જયારે આવા બોમ્બ બ્લાસ્ટના બનાવો અનેક જગ્યાઓ ઉપર બનેલા હોય અને ડીટોનેટર નિષ્ક્રિય કરવા આ સાહેદ જુદા–જુદા સમયે જુદી–જુદી જગ્યા ઉપર ગયા હોય તો તેઓ કયા સમયે, કઈ જગ્યા ઉપર ગયા તેની નોંધ ન રાખે કે તેનો સમય પણ યાદ ન રહે જેથી કોઈ પણ વ્યકિત કયા સમયે કઈ જગ્યા ઉપર ગયા તે કહી શકે નહીં. વધુમાં આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતાં જે જગ્યા ઉપર વીઝીટ કરેલી તેની કામગીરીની નોંધ રાખી નથી. પરંતુ મારા મંતવ્ય પ્રમાણે આવી કોઈ નોંધ રાખવી જરૂરી નથી અને આવી કોઈ નોંધ રાખવાની જોગવાઈ પણ નથી. પરંતુ સામાન્ય વિવેકબુધ્ધિ પ્રમાણે વિચારીએ તો એક જગ્યા ઉપર આ સાહેદ ગયા હોય ત્યાં કામગીરી પુરી કરીને તરત બીજી જગ્યા ઉપર જાય. વધુ ઊલટતપાસ ધ્યાને લેતાં સ્થળ ઉપરથી મળી આવેલ વિસ્ફોટક પદાર્થ એફ.એસ.એલ.માં આ સાહેદે મોકલેલા નથી. મારા મત પ્રમાણે આ સાહેદની કામગીરીમાં આ હકીકત આવતી નથી. એફ.એસ. એલ.માં મોકલવાની કામગીરી તપાસ કરનાર અધિકારીએ કરવાની છે, આ સાહેદે તો ફકત સક્રિય વિસ્ફોટકને નિષ્ક્રિય કરવાનો છે. વધુ ઊલટતપાસ ધ્યાને લેતાં તા.૯/૮/૨૦૦૮ ના રોજના નિવેદનમાં કચરા પેટીની અંદર એક કપડાની થેલીની અંદર દુરથી કાઈ અજુગતુ ઘડિયાળના સ્વરૂપનું ટાઇમર દેખાઈ આવેલાનું લખેલ છે. આ સાહેદે સ્થળ ઉપર જે કંઈ કામગીરી કરેલી તે વિશે પણ ઊલટતપાસમાં પ્રશ્ન પુછવામાં આવેલા છે અને તે આ સાહેદે જણાવેલુ છે. પોલીસ લાઈનમાંથી મળી આવેલ શંકાસ્પદ વસ્તુને આ સાહેદ પોતાની ઑફિસે લઈ ગયેલા નથી. વધુમાં આ સાહેદના કહેવા પ્રમાણે બોમ્બના પાર્ટસને એક

પોલીસ અધિકારીને વ્યવસ્થિત રીતે રાખવા અને સાચવવા આપી આ સાહેદ નીકળી ગયેલાનું જણાવે છે. આ વસ્તુ પોલીસ અધિકારીને સોંપી ત્યારે બોમ્બ ડીફ્યુઝ ટીમ તથા પોલીસ સ્ટાફ સિવાય બીજુ કોઈ હાજર ન હતુ તેમ જણાવે છે. ટુંકમાં આ સાહેદની સમગ્ર ઊલટતપાસ ધ્યાને લેતા બનાવવાળી જગ્યા રામોલ વિસ્તારમાં બાગેફીરદોષ સોસાયટીની બાજુમાં આવેલ પોલીસ લાઈન વિભાગ–૨ ની કચરા પેટીમાંથી મળી આવેલ લાઈવ બોમ્બમાંથી મળેલા બે ડીટોનેટર આ સાહેદે નિષ્ક્રિય કરી તેનો નાશ કરેલો નથી એ હકીકત માલુમ પડતી નથી પરંતુ આ સાહેદે ડીટોનેટરનો નાશ કરેલો છે તે હકીકત સાબીત થાય છે.

રામોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ બાગેફીરદોષ સોસાયટીની નજીક પોલીસ લાઈન વિભાગ–૨ ની કચરાપેટીમાંથી તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ એક લાઈવ બોમ્બ મળી આવેલો તેની ફરિયાદ નોંધાયેલી, સ્થળ ઉપર એફ.એસ.એલ. અધિકારી તથા બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડને બોલાવી બોમ્બ નિષ્ક્રિય કરેલ, ડીટોનેટરનો નાશ કરેલો તેમાંથી મળી આવેલ સામગ્રી પંચનામાની વિગતે કબજે કરવામાં આવેલી પંચોની હાજરીમાં સીલ કરી એફ.એસ.એલ. અધિકારીને પૃથક્કરણ માટે મોકલી આપવામાં આવેલો અને તે વસ્તુઓ પંચનામાની વિગતવાળી હતી, તે અંગેના એફ.એસ. એલ. અધિકારીઓએ રીપોર્ટ આપેલ છે. સ્થળ ઉપર તપાસ અધિકારીએ સર્કલ ઓફિસરને બોલાવી ગુનાવાળી જગ્યાનો નકશો બનાવેલો છે. આમ આ જગ્યા ઉપરથી લાઈવ બોમ્બ મળી આવેલ તે હકીકત ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવાથી સાબીત થાય છે.

(૪૨.૦૧) <u>અમદાવાદ શહેરના રામોલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૩૨૨/૨૦૦૮ ના કામે બનાવને સમર્થન માટે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકનઃ–</u>

ઉપરોકત હકીકતના સમર્થનમાં ફરિયાદપક્ષ દ્વારા ઉપરોકત બનાવને સમર્થન મળે તે માટે કુલ–૧૧ જેટલા સાહેદોને તપાસેલા છે. તે પૈકી શ્રી લાદુભાઈ તુલસીભાઈ પરમારને સાહેદ નં.૧૦૦૩ તરીકે આંક–૬૯૭૬ થી

તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ ભાઈપુરા વોર્ડમાં નવજાગૃતિ સેવા ટ્રસ્ટના નામે ઘરે ઘરેથી કચરો ઉઠાવવા અંગેનો કોન્ટ્રાકટ છે અને તેમને ત્યાં કામ કરતા એક અમિતભાઈ જેઠવા જુદી-જુદી સોસાયટીઓમાંથી ભેગો કરવામાં આવેલ કચરો બાગેફીરદોષ પોલીસ લાઈન વિભાગ-૨ પાસે આવેલ મ્યુનિસિપાલિટીની કચરાપેટીમાં નાખવામાં આવતો હતો. તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ તેમના માણસ અમીત જેઠવાએ જણાવેલ કે બાગેફીરદોષ પોલીસ લાઈનની કચરાપેટીમાં બોમ્બ જેવુ પડેલ છે જેથી આ સાહેદ ત્યાં ગયેલા અને જોયેલ ત્યાં એક કીરીટભાઈ નામના માણસના મોબાઈલથી પોલીસમાં ફોનથી જાણ કરેલાનું જણાવે છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા બનાવ પહેલા બોમ્બ જોવાનો અનુભવ હતો. ટીવીમાં બોમ્બ બતાવતા હતા, બોમ્બ જેવી જે વસ્તુ પડેલી હતી તે કયારથી પડેલ હતી તે આ સાહેદ કહી શકે તેમ નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી રાકેશસિંહ દુરબીનસિંહ યાદવને સાહેદ નં.૬૯૪ તરીકે આંક-૩૪૦૪ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓને તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ પોલીસ કન્ટ્રોલ રૂમ તરફથી મેસેજ મળેલો કે બાગેફીરદોષ પોલીસ લાઈનની પાછળ કચરા પેટીમાં બીનવારસી શંકાસ્પદ બોમ્બ જેવુ પડેલ છે જેથી તેઓ બાગેફીરદોષ પોલીસ લાઈન પાસે આવેલ કચરા પેટીવાળી જગ્યાએ ગયેલ અને બોમ્બ ડીફયુઝની કામગીરી કરેલ. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને બનાવવાળી જગ્યા ઉપરથી લાઈવ બોમ્બ નહીં મળી આવેલાના કોઈ હકીકત માલુમ પડતી નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી કિરીટકુમાર બાલચંદભાઈ બેન્કરને સાહેદ નં.૫૩૦ તરીકે આંક-૨૯૭૬ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે બનાવના દિવસે તેઓ રામોલ પોલીસ સ્ટેશનમાં વન ગાડીમાં પોલીસ ઇન્સ્પેકટરશ્રી સાથે પેટ્રોલીંગમાં હતા તે દિવસે કન્ટ્રોલ રૂમ તરફથી મેસેજ મળેલ કે બાગેફીરદોષ પોલીસ લાઈન વિભાગ-૨ પાસે કચરા પેટીમાં બોમ્બ મળેલ જેથી પોલીસ ઇન્સ્પેકટરશ્રી ડી.એ.દેસાઈનાઓ સાથે સ્થળ ઉપર ગયેલા જયાં બી.ડી.એસ. દ્વારા બોમ્બ ડીફયુઝ કરેલ અને પંચનામાની વિગતે તે

બોમ્બની સામગ્રી કબજે લીધેલી. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા આ સાહેદ સ્થળ ઉપર પહોંચ્યા ત્યારે અન્ય પોલીસ સ્ટેશનના કર્મચારીઓ ત્યાં પહોંચી ગયેલા હતા. કયા અધિકારીએ શું કાર્યવાહી કરી તેની જાણ આ સાહેદને નથી. આ સાહેદ ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા હતા જેથી સ્થળ ઉપર શું–શું કામગીરી થઈ તેની માહિતી નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી નવનીતભાઈ મોહનભાઈ સોનારાને સાહેદ નં.૫૧૬ તરીકે આંક–૨૯૫૪ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદ બનાવના દિવસે રામોલ પોલીસ સ્ટેશને વન ગાડીમાં પોલીસ ઇન્સ્પેકટરશ્રી સાથે પેટ્રોલીંગમાં હતા તે દિવસે કન્ટ્રોલ રૂમ તરફથી મેસેજ મળે કે બાગેફીરદોષ પોલીસ લાઈન પાસે કચરાપેટીમાં બોમ્બ પડેલ છે જેથી પોલીસ ઇન્સ્પેકટરશ્રી ડી.એ.દેસાઈનાઓ સાથે સ્થળ ઉપર ગયેલા જયાં બી.ડી.એસ. દ્વારા બોમ્બ નિષ્ક્રિય કરેલ, તે બોમ્બમાં બે ડીટોનેટર, સફેદ કલરનો પદાર્થ, છરા, ટાઈમર ઘડિયાળ તથા અન્ય સામગ્રી હતી તેમ જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા દૈનિક કામગીરી સંબંધે તેઓ ડાયરી રાખે છે તે કબૂલ કરે છે. કામગીરીની નોંધ ડાયરીમાં કરી ઉપરી અધિકારીની સહી કરી તેને સી.પી. તરફ રવાના કરવામાં આવે છે. સ્થળ ઉપર પહોંચ્યા ત્યારે બીજા કોઈ પોલીસ અધિકારીઓ ન હતા, કચરાપેટીમાં બોમ્બ હોવા સંબંધે ત્યાં કોઈ હાજર વ્યકિતની પુછપરછ કરેલ નથી. પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદ તપાસ કરનાર અધિકારી ન હોય કોઈની પુછપરછ કરી શકે નહીં અને આવો બનાવ બને ત્યારે સૌપ્રથમ બોમ્બને નિષ્ક્રિય કરી લોકોની તથા જાનમાલની રક્ષા કરવાને પ્રાધાન્ય આપવાનું હોય છે. બોમ્બ ડીફયુઝ ટીમ અને એફ.એસ.એલ. ટીમ કયા સમયે આવેલી તે કહી શકે તેમ નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી ધનરાજ બલીરામ પાટીલને સાહેદ નં.૫૦૦ તરીકે આંક–૨૯૩૪ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદ રામોલ પોલીસ સ્ટેશનની પોલીસ ઇન્સ્પેકટરની ગાડીમાં ફરજ બજાવતા હતા અને પેટ્રોલીંગમાં હતા ત્યારે મેસેજ મળેલો કે બાગેફીરદોષ

વિસ્તારમાં બોમ્બ મળેલ છે જેથી બધા ગુનાના સ્થળે પહોંચેલા અને બોમ્બ ડીફ્યુઝ ટીમે બોમ્બ ડીફ્યુઝ કરવાની કાર્યવાહી કરેલી તેમ જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા આ સાહેદ કયા સમયે સ્થળ ઉપર પહોંચેલા તે કહી શકે તેમ નથી. એફ.એસ.એલ. ટીમ સ્થળ ઉપર કયારે આવેલી તે કહી શકે તેમ નથી. બોમ્બ ડીફ્યુઝ ટીમ આવેલી તેના અધિકારીઓને આ સાહેદ ઓળખતા નથી. પંચનામુ કોણે લખેલુ તે ખબર નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી રમેશચંદ્ર જયંતિલાલ પંડીતને સાહેદ નં.૪૯૩ તરીકે આંક–૨૯૧૯ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ મોબાઈલ ઈન્ચાર્જ તરીકે ફરજ બજાવતા હતા અને તે દિવસે તેઓ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન મેસેજ મળેલ કે બાગેફીરદોષ પોલીસ લાઈન પાસે કચરાપેટીમાં બોમ્બ પડેલ છે. જેથી મેસેજ આધારે તેઓ તથા તેમના સાથી પોલીસ કર્મચારીઓ મોબાઈલ સાથે બાગેફીરદોષ પોલીસ લાઈન વિભાગ–૨ પાસે કચરા પેટી પાસે આવેલ અને ત્યાં બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડ તથા એફ.એસ.એલ. અધિકારીઓ પણ બોલાવવામાં આવેલ હતા. બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડે બોમ્બ નિષ્ક્રિય કરેલ અને બોમ્બને લગતી સામગ્રી પોલીસ ઈન્સ્પેકટરશ્રીએ પંચનામાની વિગતે કબજે કરેલ તેમ જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા આ સાહેદ ઘટના સ્થળ ઉપર પહોંચ્યા ત્યારે ત્યાં ઘણા બધા અધિકારીઓ હાજર હતા અને શું કામગીરી કરેલી તેની ખબર નથી. સ્થળ ઉપર પબ્લિકને હટાવ્યા સિવાય બીજી કોઈ સ્પેશીયલ કામગીરી આ સાહેદે કરેલ નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી દેવેન્દ્રભાઈ ચંદ્રકાંતભાઈ દેવમુરારીને સાહેદ નં.૪૯૨ તરીકે આંક–૨૯૧૮ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ મોબાઈલ વાનમાં ફરજ બજાવતા હતા તે દિવસે તેઓ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન મેસેજ મળેલ કે બાગેફીરદોષ પોલીસ લાઈન પાસે કચરા પેટીમાં બોમ્બ પડેલ છે. જેથી મેસેજ આધારે તેઓ તથા તેમના સાથી કર્મચારીઓ મોબાઈલ

વાન સાથે બાગેફીરદોષ પોલીસ લાઈન વિભાગ–૨ પાસે કચરાપેટી પાસે ગયેલા અને ત્યાં બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડ તથા એફ.એસ.એલ. ના અધિકારીઓને પણ બોલાવવામાં આવેલ હતા. બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડે બોમ્બ નિષ્ક્રિય કરેલો. બોમ્બને લગતી સામગ્રી પોલીસ ઈન્સ્પેકટરશ્રીએ પંચનામાની વિગતે કબજે કરેલી તેવુ જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા રામોલ પોલીસ સ્ટેશનથી બાગેફીરદોષ સોસાયટી કેટલા અંતરે આવેલી છે તે કહી શકે તેમ નથી. બનાવ સ્થળે પહોંચ્યા તે પહેલા કેટલા સમય અગાઉ બનાવનો મેસેજ મળેલો તે કહી શકે તેમ નથી. પોલીસ અધિકારીઓ કેટલો સમય અગાઉથી ત્યાં હાજર હતા તે આ સાહેદ જાણતા નથી. આ સાહેદ ઘટના સ્થળ ઉપર પહોંચ્યા પહેલા કચરા પેટીમાંથી બોમ્બ મળેલો તે કબૂલ કરે છે. આ સાહેદને કચરાપેટીમાંથી બોમ્બ મળેલાની હકીકત સાચી હોવાનુ કબૂલ કરીને કબૂલાતનો પ્રશ્ન આરોપીઓ તરફથી પુછવામાં આવેલો છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી હીરાભાઈ આત્મારામ દંતાણીને સાહેદ નં.પ૨૩ તરીકે આંક–૨૯૬૨ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ મોબાઈલ વાનમાં ગનમેન તરીકે ફરજ બજાવતા હતા અને તે દિવસે તેઓ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે વખતે મેસેજ મળેલ કે બાગેફીરદોષ પોલીસ લાઈન પાસે કચરા પેટીમાં બોમ્બ પડેલ છે અને તે મેસેજ આધારે તેઓ તથા તેમના સાથી પોલીસ કર્મચારીઓ મોબાઈલ વાન સાથે સ્થળ ઉપર પહોંચેલા અને ત્યાં બોમ્બ ડીસ્પોઝલના માણસો આવેલા અને બોમ્બને નિષ્ક્રિય કરેલો તેવુ જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા આ સાહેદની કામગીરી બાબતે ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદના પોલીસે કોઈ જવાબ લીધો નથી તે કબૂલ કરે છે. પરંતુ આ સાહેદ પેટ્રોલીંગમાં હતા ત્યારે કચરાપેટીમાં બોમ્બ પડેલ છે તેવી જાણ થતા સ્થળ ઉપર પહોંચેલા નહીં તે હકીકતનો ઈન્કાર કરેલો છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી સુનિલકુમાર કાળીદાસ વાઘેલાને સાહેદ નં.પ૨૧ તરીકે આંક–૨૯૬૦ થી તપાસેલા છે. આ સાહેદની

સરતપાસ પ્રમાણે બનાવના દિવસે તેઓ રામોલ પોલીસ સ્ટેશને વન ગાડીમાં પોલીસ ઇન્સ્પેકટરશ્રી સાથે પેટ્રોલીંગમાં હતા તે દિવસે કન્ટ્રોલ રૂમ તરફથી મેસેજ મળેલ કે બાગેફીરદોષ પોલીસ લાઈન પાસે કચરા પેટીમાં બોમ્બ પડેલ છે જેથી સ્થળ ઉપર ગયેલા. ત્યાં માણસોનું ટોળુ ભેગુ થયેલુ હોય તેઓએ ટોળાને દુર ખસેડેલ. સ્થળ ઉપર એફ.એસ.એલ. અને બોમ્બ ડીફ્યુઝ ટીમ આવેલી અને બધી કાર્યવાહી થયેલી. પોલીસ ઇન્સ્પેકટરના કહેવા મુજબ પબ્લિકને કોર્ડન કરેલી તેવુ જણાવે છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા આ સાહેદ પોતાની દૈનિક નોંધ રાખે છે. આ સાહેદે કરેલ કામગીરી સંબંધેનો પુરાવો કોઈ જગ્યાએ રજૂ કરેલો નથી. પરંતુ ઉપલા અધિકારીની મદદ કરવા માટે ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારેલી છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી વિઠ્ઠલભાઈ લાલજીભાઈ ખરાડીને સાહેદ નં.૪૯૧ તરીકે આંક–૨૯૧૭ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ તેઓ રામોલ પોલીસ સ્ટેશનમાં ટુ ગાડીમાં ગનમેન તરીકે હતા. અમદાવાદ શહેરમાં થયેલ સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવના અનુસંધાને પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન મેસેજ મળેલ કે બાગેફીરદોષ પોલીસ લાઈન વિભાગ–૨ ની કચરા પેટીમાં બોમ્બ પડેલ છે. જેથી મેસેજ આધારે તેઓ બધા મેસેજવાળી જગ્યાએ ગયેલા અને તે સમયે પોલીસ ઇન્સ્પેકટરશ્રી દેસાઈ સાહેબ પણ ત્યાં આવી ગયેલ હતા. બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડના માણસોએ બોમ્બને નિષ્ક્રિય કરેલ અને બોમ્બમાંથી નીકળેલ અલગ–અલગ વસ્તુઓ પોલીસ ઇન્સ્પેકટરશ્રીએ પંચનામુ કરી કબજે કરેલાનું જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચના અધિકારીઓએ આ બાબતે કોઈ જવાબ લીધેલો હોય તેવુ બનેલ નથી. પોલીસ સ્ટેશનમાં ત્રણ પોલીસ વાન છે. બનાવના દિવસે આ સાહેદની સાથે ત્રણ પોલીસ કર્મચારીઓ હતા. બનાવની જાણ ટુ ગાડીને કરવામાં આવેલી. ગુનાવાળી જગ્યા ઉપર કેટલો સમય રોકાયેલા તે ચોકકસ સમય કહી

શકે તેમ નથી. સ્થળ ઉપર કયા અધિકારીઓ ચોકકસ કયા સમયે આવેલા તે આ સાહેદ કહી શકે તેમ નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી રમેશકુમાર ચંદ્રસિંહ પટેલને સાહેદ નં.૪૯૪ તરીકે આંક–૨૯૨૦ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ તેઓ ટુ ગાડીમાં વાયરલેસ ઓપરેટર તરીકે ફરજ બજાવતા હતા. અમદાવાદ શહેરમાં થયેલ સીરીયલ બોમ્બ બ્લાસ્ટ અનુસંધાને પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન વન ગાડીને કન્ટ્રોલ રૂમ તરફથી મેસેજ મળેલ કે બાગેફીરદોષ પોલીસ લાઈન વિભાગ–૨ કૈલાશધામ સોસાયટીની કચરા પેટીમાં બોમ્બ પડેલો છે. આવો મેસેજ પોતાની ગાડીમાં મળતાં તેઓ તથા તેમની સાથેના ટુ ગાડીના ઈન્ચાર્જ સાથે બાગેફીરદોષ પોલીસ લાઈન પાસે ગયેલા. તે વખતે બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડ તથા એફ .એસ.એલ.ના અધિકારીને બોલાવવામાં આવેલા. બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડના માણસો દ્વારા બોમ્બને ડીફ્યુઝ કરવામાં આવેલ અને બોમ્બમાંથી મળેલ સામગ્રી પંચો રૂબરૂ પંચનામાની વિગતે કબજે લેવામાં આવેલ. આ બનાવની પોલીસ ઈન્સ્પેકટર સાહેબે ફરિયાદ આપેલાનું જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા આ સાહેદ બનાવના સ્થળ ઉપર પહોંચ્યા તે પહેલા ઘણા પોલીસ અધિકારીઓ સ્થળ ઉપર આવી ગયેલાનું જણાવેલ છે. બનાવ સ્થળ ઉપર આ સાહેદે કોઈ ખાસ કામગીરી કરેલી હોય તેવુ બનેલુ નથી. ઉપલા અધિકારીને સમર્થન આપવા ખોટી જુબાની આપતા હોવાની હકીકત નાકરેલી છે.

આમ રામોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં બાગેફીરદોષ સોસાયટીની નજીક પોલીસ લાઈન વિભાગ–૨ ની પાસે આવેલ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મુકવામાં આવેલ કચરાપેટીમાંથી તા. ૨૭/૭/૨૦૦૮ નાં રોજ સાંજના કલાક ૮.૪૨ વાગ્યે એક લાઈવ બોમ્બ મળી આવેલો તે હકીકત ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા ઉપરોકત તમામ પુરાવા ઉપરથી સાબીત થાય છે તેમ હું માનુ છું.

(૪૩) **<u>અમદાવાદ શહેરના ઓઢવ પોલીસ સ્ટેશનની હકૂમતના વિસ્તારમાં સાઇકલ ઉપર બોમ્બ પ્લાન્ટેશન કરી બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલ તે બનાવ પુરવાર કરવા માટે બનાવ નં.૧ ના સંબંધમાં ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન.</u>**

- વિસ્તાર:– ઓઢવ પોલીસ સ્ટેશનની હદમાં
- સ્થળ:– ઓઢવ રાજેન્દ્રપાર્ક વ્હેરા ઉપર આવેલ શાકભાજી માર્કેટમાં ન્યુ કામદાર પોસ્ટ ઑફિસ સામે જાહેર રોડ ઉપર
- તારીખ:– ૨૬/૭/૨૦૦૮
- સમય:– કલાક ૧૮.૩૦ થી ૧૮.૪૫ (સાંજે)
- ગુના રજીસ્ટર નં.ફર્સ્ટ ૩૩૮/૨૦૦૮
- મરણ જનારની સંખ્યા:– નથી
- ઈજા પામનારની સંખ્યા:– નથી
- બનાવમાં વપરાયેલ વાહનઃ– સાઇકલ

તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશનની હકુમતમાં આવેલ વિસ્તાર રાજેન્દ્રપાર્ક વેરા ઉપર આવેલ શાકભાજી માર્કેટમાં ન્યુ કામદાર પોસ્ટ ઑફિસ સામે જાહેર રોડ ઉપર સાઇકલ મુકીને સાઇકલ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલો. તેની ફરિયાદ શીવપ્રસાદ ભગવાનભાઈ બેહરાનાઓએ પોલીસ સબઈન્સ્પેકટર ઓઢવ સમક્ષ લખાવેલી. આ ફરિયાદીને ફરિયાદપક્ષ દ્વારા સાહેદ નં.૧૬ તરીકે આંક–૫૩૫ થી તપાસવામાં આવેલા છે. તેઓ પોતાની સર તપાસમાં જણાવે છે કે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ રાજેન્દ્ર વ્હેરા પાસે ઉભી રહેતી શાકની લારીઓ પાસે તેઓ ઉભેલા ત્યારે ન્યુ કામદાર પોસ્ટ ઑફિસ આવેલી છે ત્યાં રોડ ઉપર નાની સાઇકલ પડેલી હતી તેની બાજુમાં આ સાહેદે સાઇકલ મુકેલી અને બટાકાનો ભાવતાલ કરી બટાકા લેતા હતા ત્યારે ૬.૪૫ વાગ્યાની આસપાસ ધમાકો થયેલો અને ત્યાં ધુળ ઉડેલી, કપડાના ટુકડા પણ ઉડેલા, લોકામાં નાસભાગ થયેલી, આ સાહેદની સાઇકલ પણ પડી ગયેલી,

સાઇકલની શીટ તુટી ગયેલી કેરીયર તથા પંખો દબાઈ ગયેલા. આ બનાવની ફરિયાદ આપેલી જે આંક–૫૩૬ થી રજૂ છે, ફરિયાદમાં ફરિયાદીએ પોતાની સહી પણ ઓળખી બતાવેલી છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો બનાવમાં કોઈને પણ ઈજા થયેલી નથી તે કબૂલ કરેલ છે. આ સાહેદની સાઇકલને કોઈ નુકસાન થયેલ નથી તે પણ કબૂલે છે. બનાવ વખતે આ સાહેદ સ્થળ ઉપર હાજર ન હતા તો તે હકીકત નકારી છે. આ ફરિયાદ લેનાર શ્રી એન.વી.વાઘેલાઓ હતા અને તેમને આ ફરિયાદ ઓઢવ પોલીસ સ્ટેશનમાં નોંધવા માટે મોકલી આપેલી. આ ફરિયાદ ઓઢવ પોલીસ સ્ટેશનમાં પી.એસ.ઓ. હેડ કોન્સ્ટેબલ શ્રી બળવંતસિંહ ઈશ્વરસિંહ વાઘેલાએ નોંધેલી, જે અંગેનો પી.એસ.ઓ.નો રીપોર્ટ આંક–૫૫૫ થી રજૂ થયેલ છે અને આ ફરિયાદ ઓઢવ પોલીસ સ્ટેશનમાં ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૩૩૮/૨૦૦૮ થી નોંધાયેલી, જેની સ્ટેશન ડાયરીની નકલ આંક–૫૫૪ થી રજૂ થયેલી છે અને આ ફરિયાદ નોંધનાર બળવંતસિંહ ઈશ્વરસિંહ વાઘેલાનાઓને ફરિયાદપક્ષે આ કામે સાહેદ નં.૨૩ તરીકે આંક–૫૫૩ થી તપાસેલા છે. આ ઉપરાંત આરોપીઓ તરફથી બનાવની ફરિયાદ નોંધનાર બળવંતસિંહ ઈશ્વરસિંહ વાઘેલાની પણ ઊલટતપાસ કરવામાં આવેલી છે. તે ધ્યાને લેતા ગુનો નોંધાતા તે ગુનાની ફરિયાદની નકલ ફરિયાદીને આપવાની હોય છે તે કબૂલ કરે છે. પી.એસ.ઓ. તરીકે ફરજ દરમ્યાન આ કાર્યવાહી અનુસરેલી નથી તેમ જણાવે છે, પરંતુ બચાવપક્ષની આ ઊલટતપાસ સાથે હું સંમત નથી કારણ કે ફરિયાદીને ફરિયાદની નકલ આપેલી ન હોય તો તેનો પૂર્વગ્રહ ફરિયાદીને હોય અને તે ફરિયાદીનો પ્રશ્ન છે, અસલ ડાયરી પોલીસ કમિશનરને મોકલવામાં આવે છે તે હકીકત નકારેલી છે. ડાયરીમાં નોંધેલો ઉતારો તપાસ અમલદારને આપેલ નથી તે કબૂલ કરે છે. સ્ટેશન ડાયરીમાં અસલપ્રત પોલીસ કમિશનરને મળી હોવા બાબતે કોઈ પુરાવો કે પહોંચ નથી તે કબૂલ કરે છે. પરંતુ સ્ટેશન ડાયરી જે સ્થિતિમાં હોય તે જ સ્થિતિમાં પોલીસ કમિશનરશ્રીની ઑફિસમાંથી આપવામાં આવતી હોય છે તેમ જણાવે છે. આ સાહેદે જયારે ચાર્જ લીધો ત્યારે મદદનીશ પોલીસ કમિશનરશ્રીને અસલ સ્ટેશન ડાયરી મોકલેલી છે તે કબૂલે છે.

આમ સમગ્ર ઉલટતપાસ ધ્યાને લેતા આ બનાવની ફરિયાદ નોંધાયેલી નથી, બનાવ બન્યો નથી તેવી કોઈ હકીકત નીકળી આવતી નથી.

આમ, આ ફરિયાદ નોંધાયા બાદ ગુનાવાળી જગ્યા ઉપર બે પંચોની હાજરીમાં સાહેદ અજીજઅહેમદખાન ફિરોઝખાન સીંધીનાઓએ બનાવવાળી જગ્યાનું પંચનામુ કરેલુ. તેઓને આ કામે સાહેદ નં.૧૦૭૭ તરીકે આંક–૭૩૫૨ થી તપાસેલા છે. તેમની સરતપાસ પ્રમાણે શરૂઆતની ગુનાની તપાસ પોલીસ ઇન્સ્પેકટરશ્રી એન.બી.વાઘેલાનાઓએ સંભાળેલી. રાત્રીનો સમય હોય એફ. એસ.એલ. અધિકારીની હાજરીમાં પંચનામુ કરવાનું હોવાથી જગ્યા સુરક્ષિત રાખેલી ત્યારબાદ તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ વહેલી સવારે પંચોની હાજરીમાં પંચનામુ કરેલુ, સ્થળ ઉપરથી વાયર સાથેની બેટરી, લાકડા સાથેનું ડીટોનેટર, ટાઇમર સાથેની ઘડિયાળ, લોખંડના છરા, રેન્જર, બેક કંપનીની સાઇકલ, સાઇકલની શીટ વગેરે મળી આવેલ તે પંચોની હાજરીમાં કબજે કરેલ અને તેને પંચોની સહીઓવાળી સ્લીપ લગાવી સીલ કરેલી. આંક–૧૭૮૧ થી પંચનામુ રજૂ કરેલ છે, પંચનામુ તેઓની હાજરીમાં થયા બાબતે પોતાની સહી ઓળખી બતાવી છે તથા પંચોની સહીઓવાળી સ્લીપમાં પણ તેમને પોતાની સહી ઓળખી બતાવી છે. આ કામે આંક–૧૭૮૧ વાળુ પંચનામુ ધ્યાને લેતા આ સાહેદે પોતાની સરતપાસમાં જે મુદ્દામાલ કબજે કરેલાની હકીકત જણાવે છે તે તમામ મુદ્દામાલ પોતાની સરતપાસમાં જણાવેલ છે. આ કામના આરોપીઓ તરફથી આ સાહેદની ઊલટતપાસ કરવામાં આવેલી છે. તે ધ્યાને લેતા આ સાહેદે જે જે ગુનાઓની તપાસ કરેલી તે તપાસ દરમ્યાન પોતાની કેસ ડાયરી રાખેલી નહીં તેમ જણાવે છે. આ સાહેદની પોલીસ ડાયરીની અને વીકલી ડાયરી બાબતે તેઓને યાદ નથી. જુદા–જુદા દિવસોની જે હકીકત લખાવેલી તે તપાસ કરનાર અધિકારીને કેસ ડાયરી ઉપરથી અભ્યાસ કરીને લખાવેલી છે. બાકીના ગુનાઓની સ્થળ ઉપર જઈને તપાસ કરેલી નથી. આ સાહેદ સ્થળ ઉપર ગયા ત્યારે પંચનામાની કાર્યવાહી થઈ ગયેલી ન હતી. આ સાહેદની તપાસ દરમ્યાન સારંગપુરમાં રફીક સાઇકલવાળા પાસે જઈ કોઈ પુરાવો ભેગો કરેલો નહીં. આ

સાહેદની તપાસ દરમ્યાન કોઈ શંકાસ્પદ માણસોના નામ મળેલા નહીં, બોમ્બમા કયા પ્રકારની સામગ્રી વપરાયેલી તે અંગેની આ સાહેદે તપાસ કરેલ નથી. પંચનામુ કર્યા પછી મુદ્દામાલ કબજે કરેલો અને તે મુદ્દામાલ પોલીસ સ્ટેશનમાં લઈ જઈ આ સાહેદે પાવતી ફાડી હોય તેવુ બન્યુ નથી. તપાસ કરનાર અધિકારીઓ આરોપીઓના રીમાન્ડ અંગેની કે કલમ–૧૬૪ ના નિવેદન અંગેની કોઈ કામગીરી કરે તો આ સાહેદ તેમા મદદ કરતા હતા. આરોપીઓના હસ્તાક્ષરના નમૂના મેળવ્યા હોય તેવુ બનેલુ નથી તેમ જણાવે છે. શું કામગીરી કરવી તે બાબતેની મૌખિક સુચનાઓ આપવામાં આવતી હતી તે કબૂલ કરે છે. તૈયાર પંચનામા ઉપર પંચોની સહીઓ લીધેલાની હકીકત નકારેલી છે. એન.બી. વાઘેલાએ ગુનો દાખલ કરેલો અને તપાસ આ સાહેદે સંભાળેલાનું જણાવે છે. બનાવ સ્થળે પહોંચવાની સુચના કોઈપણ અધિકારી તરફથી મળેલી નહીં તેમ જણાવે છે. પરંતુ આ બનાવ ઓઢવ પોલીસ સ્ટેશન વિસ્તારમાં એટલે કે આ સાહેદની હકુમત ધરાવતા વિસ્તારમાં બનેલો છે અને પોલીસ અધિકારી તરીકે આ સાહેદની ફરજ છે કે બનાવ બને ત્યારે તાત્કાલિક સ્થળ ઉપર પહોંચવાનું હોય આવા સમયે કોઈ ઉપલા અધિકારીની પરવાનગી જરૂરી નથી.વધુ ઊલટતપાસ ધ્યાને લેતાં બનાવ સ્થળ ઉપર જઈ ફોટોગ્રાફી કે વીડિયોગ્રાફી કરવાનો પ્રયત્ન કરેલો નથી. ઓઢવ પોલીસ સ્ટેશનના આ બનાવમાં રાત્રીનો સમય હોય પંચનામાઓ થઈ શકે તેમ હોવા છતાં બનાવેલા નથી તો તે હકીકત નકારેલી છે. ગુનાઓની તપાસમાં સાહેદોના નિવેદનો જાતે લખી લીધેલાની હકીકત નકારે છે. કોઈ ચોકકસ સંસ્થા ગુનામાં સંડોવાયેલી હોય તેવો પુરાવો મળેલ નહીં તે કબૂલ કરે છે. ગુનામાં ચોકકસ કેટલી વ્યકિત સંડોવાયેલી છે તે જાણવા મળેલુ નહીં તે કબૂલ કરે છે. મોહમંદ ઉસ્માન અગરબત્તીવાલાનું નિવેદન લીધેલુ કે નહીં તે યાદ નથી. આમ આરોપીઓ તરફથી કરવામાં આવેલ ઊલટતપાસ ધ્યાને લેતા આ બનાવ બન્યો નથી તેવી કોઈ હકીકત નીકળી આવતી નથી. બનાવ બાદ શરૂઆતની તપાસ આ સાહેદે સંભાળેલી છે અને બનાવવાળી જગ્યાનું પંચો રૂબરૂ

પંચનામુ કરીને પંચનામામાં જણાવ્યા મુજબનો મુદ્દામાલ કબજે લીધેલ છે તે સ્પષ્ટ છે.

સાહેદ અજીજઅહેમદખાન ફીરોઝખાન સીંધીનાઓએ આ ગુનાના કામે જે પંચોની હાજરીમાં ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરેલુ તે પૈકીના એક પંચ સુરેશભાઈ શીવાજી સામળીયાઓને આ કામે સાહેદ નં.૩૩૯ તરીકે આંક–૧૭૮૦ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ સવારના નવ–સવા નવ વાગે પોલીસે તેમને બોલાવેલા, આ વખતે તેઓ પોતાના ગેરેજ ઉપર હાજર હતા. તેઓને કામદાર પોસ્ટ ઑફિસ પાસે જગ્યા ઉપર બોલાવેલા જે ઓઢવ વિસ્તારમાં રાજેન્દ્ર પાર્ક વ્હેરા પાસે આવેલી છે ત્યાં બોમ્બ ધડાકો થયેલો હતો ત્યાં એક ભાઈએ જગ્યા બતાવેલી તે ભાઈનું નામ યાદ નથી. તે જગ્યા ઉપરથી એક બેટરી, વાયરનો ટુકડો, છરા, નાની તુટેલી ઘડિયાળ, એક બુશર્ટ પડેલા હતા, સાઇકલ તુટેલી હતી, સાઇકલ પાછળનું કેરીયર તુટેલુ હતુ, સાઇકલનો પાછળનો ભાગ તુટી ગયેલો હતો. સાઇકલ ઉપર બોમ્બ ફાટેલો તેવુ કહેવાતુ હતુ. આ જગ્યા ઉપર જે પંચનામુ બનાવેલ તે આંક–૧૭૮૧ વાળા પંચનામામાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આ સાહેદની હાજરીમાં મુદ્દામાલ કબજે કર્યા પછી કાપલી ઉપર સહી કરીને સ્લીપો લગાવેલી તે પંચ સ્લીપો આંક–૧૭૮૨ થી ૧૭૮૭ સુધી રજૂ કરેલી છે તે તમામ પંચ સ્લીપોમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે. હવે આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પોલીસ કે બીજા માણસો સાથે કોઈ વાતચીત થયેલી નહીં તેમ જણાવે છે. સ્થળ ઉપર પહોંચ્યા ત્યારે પોલીસના માણસો પંચનામુ લખતા હતા તે હકીકત નકારી છે. આ બધી વસ્તુઓ જે ઘેરામાં પડેલી હતી તે જોતા પાંચ થી દશ મિનિટનો સમય લાગેલો. બીજી વસ્તુઓ કેટલા ફૂટના અંતરે જોયેલી તેના જવાબમાં સાહેદે દસ–પંદર ફૂટના અંતરેથી સાહેદે જોયેલાનું જણાવે છે, બીજી કોઈ વસ્તુ જોયેલી કે કેમ તેના જવાબમાં સાહેદ જણાવે છે કે તેની ચોકકસ ખબર નથી. પંચનામુ લખતા દોઢ કલાકનો સમય થયેલાનું જણાવે છે. આમ આ પંચ સાહેદની જુબાની ધ્યાને લેતા આ પંચ સાહેદની હાજરીમાં પંચનામુ કરનાર

અજીતઅહેમદ ફીરોઝખાનનાઓએ ગુનાવાળી જગ્યા ઉપરથી પંચનામાની વિગતે જે મુદ્દામાલ કબજે કરેલો છે તેની રવાનગી નોંધ બતાવેલી તે મુજબ–

– માર્ક–એ એક નાની બેટરી જેની ઉપર એચડબલ્યુ અને લવી લખેલ છે જેને સેલોટેપ લગાડેલ છે અને ઘડિયાળના ટુકડા ચોટેલ છે, ઉપરના ભાગે લાલ કલરની પીન છે તેમાં કાળો વાયર જોડેલ છે.

– માર્ક–બી એક લાકડા સાથે સફેદ વાયર જોડેલ છે તેની સાથે નીચેના ભાગે ડીટોનેટર જેવુ જોડેલ છે. લાકડા ઉપર બ્લ્યુ સોલેટેપ ચોંટાડેલી છે.

– માર્ક–સી ઘડિયાળના પ્લાસ્ટિકના ટુકડા, બેટરીની કોયલનો ટુકડો, પુઠ્ઠાના બોક્ષના ટુકડા, બ્લ્યુ કલરના પ્લાસ્ટિકના ટુકડા વિગેરે.

– માર્ક–ડી ગુલાબી કલરનું શર્ટ અર્ધી બોઈનું ચીથરા કે વિસ્ફોટના કારણે જીર્ણ થઈ ગયેલ છે તેમજ એક આછા આશમાની કલરનું ટી શર્ટ જે પણ ચીથરેહાલ થઈ ગયેલ છે જેની ઉપર અંગ્રેજીમાં Escargot નું લખેલ છે જેની આગળના ભાગે એક બટલ બંધ છે.

– માર્ક–ઈ લોખંડના સફેદ છરા તેમજ ફુટેલી હાલતમાં એક સીલીન્ડર.

– માર્ક–એફ નોટના જીર્ણ થયેલા ત્રણ ટુકડા તથા એક ડી.એન.એ. ઈન્ડિયાનું તા.૨૨/૭/૨૦૦૮ નું કુચા જેવો કાગળ.

– માર્ક–જી એક કાળા કલરની RAZORBACK NI કંપનીની સાઇકલ જેની પાછળનું કેરીયર તથા પંખો ફરી ગયેલ છે, વળી ગયેલ છે, પંખાની ઉપર JEXO લખેલ છે,

લોક ઉપર BSA RENGER છે, જે સાઇકલનો ફ્રેમ નં.૦૭૬૬૫૧૪૫ જેવો વંચાય છે.

ઉપરોકત મુદ્દામાલ કબજે કર્યા બાદ તે મુદ્દામાલને તપાસ કરનાર અધિકારીએ એફ.એસ.એલ.મા પૃથક્કરણ કરવા માટે મોકલેલો તે મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારી હેમંતકુમાર ભાલચંદ્ર ભટ્ટનાઓને સાહેદ નં.૮૪૬ તરીકે આંક–૫૮૩૮ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તેઓ એફ.એસ. એલ. અધિકારી ગાંધીનગર ખાતે ફરજ બજાવતા હતા ત્યારે ઓઢવ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૩૩૮/૨૦૦૮ નો મુદ્દામાલ રવાનગી નોંધ સાથે રસાયણ શાસ્ત્રના મદદનીશ નિયામક દ્વારા તા.૨૯/૮/૨૦૦૭ ના રોજ સ્વીકારવામાં આવેલો જે આ સાહેદે સ્વીકારેલો. જે રવાનગી નોંધ દ્વારા આ મુદ્દામાલ તેઓને મળેલો તે રવાનગી નોંધ આ કામે આંક–૫૮૩૯ થી રજૂ છે. તે મુજબ કુલ–૭ પ્રકારનો મુદ્દામાલ પાંચ જેટલા માર્કીંગથી તેઓને તપાસમાં મળેલો અને તેની પહોંચ જે આપવામાં આવેલી તે આંક–૫૮૪૦ થી રજૂ છે, જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલ છે. આ સાહેદની વધુમાં સરતપાસ ધ્યાને લેતા ઉપરોકત મુદ્દામાલ તેઓને સીલબંધ પુઠ્ઠાના પાર્સલમાં મળેલો તેનુ રાસાયણીક અને ઉપકરણીય પધ્ધતિઓ વડે પૃથક્કરણ કરેલુ અને પૃથક્કરણના પરિણામમાં...

(૧) નમૂના માર્ક–એ,સી,ડી,ઈ,એફ તથા જી મા એમોનિયમ, નાઈટ્રેટ તથા નાઈટ્રાઈટ મુલકો તથા પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સ ઓઈલ (પેરાફીન ઓઈલ પ્રકાર) ની હાજરી શોધાયેલી છે.

(૨) નમૂના માર્ક–બી માં એમોનિયમ નાઈટ્રાઈટ, નાઈટ્રેટ લેડ તથા એઝાઈડ મુલકો તથા પી.ઈ.ટી.એન. (હાઈએક્ષપ્લોઝીવ) તેમજ પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સ ઓઈલ (પેરાફીન ઓઈલ પ્રકાર) ની હાજરી શોધાયેલી છે.

આ સાહેદના અભિપ્રાય પ્રમાણે

(૧) પૃથક્કરણના પરિણામમાં શોધાયેલ એમોનિયમ નાઈટ્રેટ અને પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સ ઓઈલએ એમોનિયમ નાઈટ્રેટ બેઝ એમોનિયમ નાઈટ્રેટ–ફ્યુઅલ ઓઈલ (એનફો) હાઈએક્ષપ્લોઝીવના ઘટકો છે.

(૨) પૃથક્કરણના પરિણામમાં શોધાયેલ લેડ એઝાઈડ અને પી. ઈ. પી. એન. (હાઈએક્ષપ્લોઝીવ) નો ઉપયોગ બ્લાસ્ટીંગ કેપ (ડીટોનેટર) મા થાય છે.

(૩) નમૂનાઓમાંથી મળેલ ધાતુના છરાનો ઉપયોગ હાથ બનાવટના બોમ્બમાં મિસાઈલ્સ તરીકે થાય છે.

(૪) પૃથક્કરણના પરિણામ તથા નમૂનાઓમાંથી મળેલ બેટરી, ઘડિયાળના ભાગો,ડીટોનેટરના ભાગ, છરા, લાકડા તથા પ્લાસ્ટિકની શીટના ભાગોના આધારે એવુ કહી શકાય કે હોડી આકારના લાકડાના પ્લાસ્ટિકની શીટ ધરાવતા કન્ટેનરમાં એનફો એક્ષપ્લોઝીવ પદાર્થ ભરી ધાતુના છરા ઉમેરી તથા ડીટોનેટરના ઉપયોગથી બનાવેલ ટાઈમ ડીલે ડીવાઈસ પ્રકારનો આઈ.ઈ.ડી. બોમ્બ છે.

આ મુજબ આ સાહેદ જે અભિપ્રાય આપેલો તે આ કામે આંક–૫૮૪૧ થી રજૂ કરેલો છે. આ અભિપ્રાય તેમને પી.આઈ.શ્રી ડી.સી.બી. પોલીસ સ્ટેશન અમદાવાદ શહેરને ઉદ્દેશીને આપેલો છે, અભિપ્રાયમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવી છે. આરોપીઓ તરફથી આ સાહેદની ઊલટતપાસ કરવામાં આવી છે તે ધ્યાને લેતા પોતાના અહેવાલમાં અનુભવનો ઉલ્લેખ કરેલ નથી તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે અનુભવનો ઉલ્લેખ અહેવાલમાં કરવો જરૂરી નથી. વધુ ઊલટતપાસ ધ્યાને લેતાં આ સાહેદે સ્થળની મુલાકાત લીધી નથી તે કબૂલ કરે છે. વિસ્ફોટના કારણે નુકસાનની અને તેની તીવ્રતા અંગે જાણકારી નથી તે કબૂલ કરે છે. મુદ્દામાલ કબજે કરવાની પધ્ધતિઓ હોય છે તે હકીકત નકારે છે. જે બોમ્બનું પરિક્ષણ કરેલુ તે હાથ બનાવટના બોમ્બ હતા તે કબૂલ કરે

છે. આમ આરોપીઓ તરફથી આ કબૂલાત્મક પ્રશ્ન પુછીને સ્વીકારવામાં આવેલ છે કે બોમ્બ હતો તે હાથ બનાવટનો બોમ્બ હતો તેવી હકીકત માલુમ પડે છે.

આ ગુનાના કામે ઉપરોકત જે મુદ્દામાલ કબજે કરવામાં આવેલો તે એફ.એસ.એલ. ગાંધીનગરના ભૌતિક શાસ્ત્ર વિભાગમાં પણ અમુક મુદ્દામાલ પૃથક્કરણ માટે મોકલી આપેલો તે પૈકી...

- માર્ક–ઈ પ્લાસ્ટિકની ડબ્બીનું વિભાગીય સીલબંધ પાર્સલ. જેમાં બોલ્ડ, ચાકી, સરકીટ, સેફદ પ્લાસ્ટિકના ચક્ર અને ધાતુના છરા નંગ–૫૮ હતા. જેને અત્રેના વિભાગમાં નમૂના–એ તરીકે દર્શાવેલ છે.
- માર્ક–જી કંતાનનું વિભાગીય સીલબંધ પાર્સલ. જેમા એક સાઇકલ હતી. જેને અત્રેના વિભાગમાં નમૂના–જી તરીકે દર્શાવેલ છે.

ઉપરોત મુદ્દામાલ આ સાહેદે તપાસીને જે અભિપ્રાય આપેલો તે અભિપ્રાય મુજબ...

- માર્ક–ઈ આશરે ૦.૬૪ સે.મી.નો વ્યાસ ધરાવતા ધાતુના છરા નં.૫૮ હતા. જેમનું કુલ વજન આશરે ૫૮.૫ ગ્રામ હતુ. તેમજ "સમય" કંપનીની ઘડિયાળની તુટેલ સર્કીટ, બે સફેદ પ્લાસ્ટિકના ચક્ર, સર્કીટના ભાગો અને બોલ્ટ, ચાકી, વાયરસ હતુ. છરા મુખ્યત્વે આયર્ણ ધાતુ છે તેમજ કેલ્સીયમ, મેગ્નેશીયમ અને ઝીન્ક જેવી ધાતુઓ અલ્પ પ્રમાણમાં જોવા મળેલી.
- માર્ક–જી એક "હીરો" કંપનીની "RAZOR BLACK NE" ના માર્કાવાળી કાળા રંગની સાઇકલ હતી. સદરહુ સાઇકલનું પાછળનું કેરીયર તેમજ પંખા અને ફ્રેમ ઉપર હિટમાર્ક તેમજ કાણા જોવા મળેલ. સદરહુ હિટમાર્ક આશરે ૦.૫ સે.મી. થી ૦.૯ સે.મી. ના

વ્યાસ ધરાવતા ગોળાકાર આકારના હતા. સદરહુ સાઇકલના કેરીયર ઉપર આશરે ૧૫.૫ સે.મી. અને ૪૦ સે.મી. ના એરીયામાં હિટમાર્ક અને પાછળના પંખાના ભાગે આશરે ૬.૫ સે.મી. અને ૨૩ સે.મી.ના એરીયામાં હિટમાર્ક જોવા મળેલ. તેમજ પાછળના પંખા ઉપર આશરે ૦.૫ સે.મી. થી ૦.૯ સે.મી. સાઈઝના આઠ કાણા જોવા મળેલ. સાઇકલ ઉપર પડેલ હિટમાર્ક નમૂના–ઈ માના છરા જેવા મિસાઈલ્સ/પ્રોજેકટાઈલથી થયેલ હોય તેવા જણાયેલા.

હવે આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતાં કેમેસ્ટ્રી વિભાગમાં કેમેસ્ટ્રી નિષ્ણાંત તરીકે કામગીરી કરેલ નથી. તેઓને આ મુદ્દામાલ પૃથક્કરણ માટે કેમેસ્ટ્રી વિભાગ તરફથી મોકલવામાં આવેલ હોય તે કબૂલ કરે છે. મુદ્દામાલ કયા સ્થળેથી અને કેવી રીતે, કેવી પધ્ધતિથી કબજે કરવામાં આવેલો તેની જાત માહિતી નથી તે કબૂલ કરે છે. દેશી બોમ્બમાં કયા–કયા પ્રકારના રસાયણિક પદાર્થો વપરાયેલા તે હાલ આ સાહેદને યાદ નથી, કેટલા વર્ષો પહેલા તેમને ટ્રેનીંગ લીધેલી તે હાલ યાદ નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ દ્વારા અમૃતભાઈ વશરામભાઈ હિંગરાજીયાને સાહેદ નં.૮૩૦ તરીકે આંક–૫૫૬૬ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસના પેરા નં.૭ પ્રમાણે તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન તરફથી રાજેન્દ્ર પાર્ક વ્હેરા પાસે સ્થળ પરીક્ષણ અર્થ બોલાવેલા , બનાવના સ્થળે બોમ્બ બ્લાસ્ટ થયા અંગેની યાદી આપેલી, જે અનુસંધાને તેમને સ્થળ તપાસ કરેલી. ત્યાં રેઝર બેટ લખાણવાળી જુના જેવી સાઇકલ પડેલ હતી, કેરીયર તુટેલુ હતુ, તેની ઉપર સફેદ–પીળો ચીકણો પદાર્થ ચોંટેલો હતો, સાઇકલની નીચે આજુબાજુમાં એક નવ વોલ્ટની બેટરી, તુટેલ ડીટોનેટર જેવો ભાગ, લાકડાના પાનામાં ભરાયેલ, ઘડિયાળના હોય તેવા પ્લાસ્ટિકના

ટુકડાઓ, બેટરીનો ટુકડો, પુઠ્ઠાના બોક્ષના ટુકડા, બ્લ્યુ રંગની પ્લાસ્ટિકની કોથળીઓ, છરા, એક ટી–શર્ટ અને એક ફાટેલ શર્ટ જણાયેલ , આ ઉપરાંત છાપાનું એક પાનુ, લીટીવાળી સફેદ કાગળના ટુકડાઓ પણ પડેલ હતા. ત્યાંથી આશરે વીસ મીટર દુર એક સાઇકલની તુટેલી શીટ પડેલ હતી. આ તમામ વસ્તુઓ તેમણે કબજે કરવાની સુચના આપેલી, આ મુજબનો તેમણે જે અહેવાલ આપેલો તે અહેવાલ તથા યાદી આંક–૫૫૬૮ થી રજૂ કરેલ છે. યાદી સ્વીકારનાર તરીકે અને સ્થળ ઉપરનો અહેવાલ આપનાર તરીકે આ સાહેદે પોતાની સહીઓ ઓળખી બતાવેલ છે. આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી છે તે ધ્યાને લેતા આ સાહેદ બીજી ઘણી બધી જગ્યાઓ ઉપર મુલાકાતો લીધેલી છે અને તમામ સ્થળ પરિક્ષણ બાબતે ઊલટતપાસમાં જનરલ અને સામાન્ય પ્રશ્નો પુછવામાં આવેલા છે. પરંતુ એક હકીકત સ્પષ્ટ છે કે બનાવવાળા સ્થળ ઉપરથી આ સાહેદની જુબાનીમાં જણાવ્યા પ્રમાણે તેમજ તેમને આપેલા અહેવાલ મુજબ જુદા–જુદા મુદ્દામાલ આંક–૧૭૮૧ ના પંચનામા મુજબ કબજે કરેલો હતો તે સ્પષ્ટ બને છે.

આ બનાવ સબંધે તપાસ કરનાર અધિકારીએ સ્થળ ઉપર સ્થળ સ્થિતિનો નકશો બનાવવા માટે સર્કલ ઓફિસર રખીયાલનાઓને સ્થળ ઉપર બોલાવેલા અને તેમને ગુનાવાળી જગ્યાનો નકશો બનાવેલો તે સાહેદ પ્રહલાદભાઈ ખીમાભાઈ પરમારનાઓને સાહેદ નં.૬૯૭ તરીકે આંક–૩૪૧૯ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ ઓઢવ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૩૩૮/૨૦૦૮ ના કામે ગુનાવાળી જગ્યાનો નકશો બનાવવા તેમને પંચનામા સાથે એક યાદી મળેલી જે યાદી આ કામે આંક–૩૪૨૨ થી રજૂ કરેલી છે. આ યાદી નાયબ પોલીસ અધીક્ષક તપાસ ટીમ ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદનાઓએ લખેલી અને તે યાદી મુજબ આ સાહેદ સ્થળ ઉપર નકશો બનાવવા માટે ગયેલા. સ્થળ ઉપર જઈ તપાસ કરી તેમને નકશો તૈયાર કરેલો જે આ કામે આંક–૩૪૨૩ થી રજૂ કરેલો છે. આ નકશો પોતાના ફોરવર્ડીંગ પત્રથી નાયબ પોલીસ અધીક્ષક તપાસ ટીમ ક્રાઇમ બ્રાન્ચને મોકલી આપેલો. ફોરવર્ડીંગ

પત્ર તથા નકશો બનાવવા તરીકે આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલ છે. નકશામાં તેમને જે જગ્યાએ સાઇકલ ઉપર બોમ્બ બ્લાસ્ટ થયેલો તે જગ્યાનું વર્ણન અને નિશાની નકશામાં બતાવેલા છે.

(૪૩.૦૧) **<u>અમદાવાદ શહેરના ઓઢવ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૩૩૮/૨૦૦૮ ના કામે બનાવ નં.૧ ને સમર્થન માટે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકનઃ–</u>**

ઓઢવ પોલીસ સ્ટેશન વિસ્તારમાં રાજેન્દ્ર પાર્ક પોસ્ટ ઑફિસ સામે શાકમાર્કેટમાં વેરા પાસે સાઇકલ ઉપર જે બોમ્બ બ્લાસ્ટ થયેલો છે તે માટે ફરિયાદપક્ષ દ્વારા ભીખાભાઈ છગનભાઈ બાબરીયાને સાહેદ નં.૭૫૫ તરીકે આંક–૩૫૪૪ થી તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે તેઓ ઓઢવ રાજેન્દ્ર પાર્ક આગળ શાકભાજીની દુકાન આવેલ છે. તેઓ બનાવ વખતે દુકાન ઉપર હાજર હતા ત્યારે તેમની દુકાન આગળ બોમ્બ ધડાકો થયેલો તે તેઓએ નજેર જોયેલ છે. આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલ નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી પોલીસ કોન્સ્ટેબલ મહેન્દ્રસિંહ ગુલાબસિંહ મકવાણાને સાહેદ નં.૫૧૩ તરીકે આંક–૨૯૫૦ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ ઓઢવ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા અને બનાવના દિવસે સાંજે પોણા સાત વાગ્યાના સુમારે રાજેન્દ્ર પાર્ક પોસ્ટ ઑફિસ સામે શાકમાર્કેટમાં સાઇકલ ઉપર બોમ્બ બ્લાસ્ટ થયેલો જેથી આ જગ્યાએ પોતે ગયેલ અને પોલીસ ઇન્સ્પેકટરની સુચનાથી નાઈટમાં આ જગ્યા સુરક્ષિત રાખેલ અને તે જગ્યાએ એક સાઇકલ, કપડાના ચીથરા તથા પ્લાસ્ટિકના ટુકડા પડેલ હતા તેમ જણાવેલ છે. આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલ છે તે જોતા બનાવની ફરિયાદ કોને આપેલી તેની ખબર નથી. પોલીસ સ્ટેશનમાં પોલીસ અધિકારીએ તેમનો જવાબ લીધો હોય તેવી માહિતી નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી પોલીસ કોન્સ્ટેબલ મહેશકુમાર રત્નાભાઈ સુરેલીયાને સાહેદ નં.૫૦૮ તરીકે આંક–૨૯૪૩ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ ઓઢવ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા અને બનાવના દિવસે સાંજે પોણા સાત વાગ્યાના સુમારે રાજેન્દ્ર પાર્ક પોસ્ટ ઑફિસ સામે શાકમાર્કેટમાં સાઇકલ ઉપર બોમ્બ બ્લાસ્ટ થયેલો અને આ જગ્યાએ પોતે ગયેલ અને પોલીસ ઇન્સ્પેકટરની સુચનાથી નાઈટમાં આ જગ્યા સુરક્ષિત રાખેલ અને તે જગ્યાએ એક સાઇકલ, કપડાના ચીથરા તથા પ્લાસ્ટિકના ટુકડા પડેલ હતા તેમ જણાવેલ છે. આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલ છે તે જોતા બોમ્બ વિસ્ફોટ અંગે કોઈ જાત માહિતી નથી તે કબૂલ કરે છે. બોમ્બ વિસ્ફોટની જે તે વખતે પોલીસ સ્ટેશનમાં જાણ થયેલી નહીં તો તે હકીકત નકારેલ છે. ઉચ્ચ અધિકારીના કહેવાથી પોતે જુબાની આપતા હોવાની હકીકત પણ નકારેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી વિનોદરાય જેસ્ટારામ રાવલને સાહેદ નં.૧૦૭૧ તરીકે આંક–૭૨૭૯ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશનમાં પોલીસ ઇન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા ત્યારે ઓઢવ પોલીસ સ્ટેશન વિસ્તારમાં રાજેન્દ્ર પાર્ક વ્હેરા, પોસ્ટ ઑફિસ સામે શાકમાર્કેટમાં બોમ્બ ધડાકો થયેલ. જેથી આ સાહેદ સ્થળ ઉપર ગયેલા અને ત્યાં એક સાઇકલ પડેલ તેમજ કોઈને ઈજા થયેલ નહીં. તે દરમ્યાન મયુર ડેરી પાસે એક બોમ્બ બ્લાસ્ટ થયેલ. ત્યાં ઈન્વે. ના પોલીસ સબઇન્સ્પેકટરશ્રી એન.બી.વાઘેલાનાઓએ ફરિયાદીશ્રી શિવપ્રસાદ ભગવાન દાસની ફરિયાદ લીધેલી અને આ બંને સ્થળોએ એફ.એસ.એલ. અધિકારી આવે ત્યાં સુધી સુરક્ષિત રખાવવાની કામગીરી કરેલ તેમ જણાવેલ છે. આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલ છે તે ધ્યાને લેતાં બનાવવાળી જગ્યા ઉપર તેમને સાઇકલ પડેલી જોયેલી. આ સાઇકલ રોડની કિનારીથી કેટલી દુર હતી તે કહી શકે તેમ નથી અને મારા મત પ્રમાણે તે ન જ કહી શકે કારણ કે તેનુ અંતર તે વખતે આ સાહેદે માપેલુ ન હોય અને

બનાવને ઘણો સમય પછી જુબાની આપેલી હોવાથી યાદ પણ ન હોય. બંને સાઇકલો પૈકી કઈ સાઇકલ નાની અને કઈ સાઇકલ મોટી હતી તે હકીકત ખબર નથી. ફોટોગ્રાફસ કે વીડિયોગ્રાફી લેવાનો પ્રયત્ન કરેલ નથી. બનાવ સ્થળે પોલીસના કેટલા માણસો હાજર હતા તેની માહિતી નથી. આમ ઉપરોકત સાહેદોની જુબાનીઓ ધ્યાને લેતા ઓઢવ રાજેન્દ્રપાર્ક વ્હેરા ઉપર આવેલ શાકભાજી માર્કેટમાં ન્યુ કામદાર પોસ્ટ ઑફિસ સામે જાહેર રોડ ઉપર સાઇકલ ઉપર બોમ્બ બ્લાસ્ટ થયેલાની હકીકત ફરિયાદપક્ષના પુરાવા ઉપરથી સાબીત થાય છે.

આમ, ઓઢવ પોલીસ સ્ટેશન વિસ્તારમાં રાજેન્દ્રપાર્ક વ્હેરા ઉપર આવેલ શાકભાજી માર્કેટમાં ન્યુ કામદાર પોસ્ટ ઑફિસ સામે જાહેર રોડ ઉપર તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ કલાક ૧૮.૩૦ વાગે સાઇકલ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલો તે હકીકત ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા ઉપરોકત તમામ પુરાવા ઉપરથી સાબીત થાય છે તેમ હું માનુ છું.

(૪૪) **<u>અમદાવાદ શહેરના ઓઢવ પોલીસ સ્ટેશનની હકૂમતના વિસ્તારમાં સાઇકલ ઉપર બોમ્બ પ્લાન્ટેશન કરી બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલ તે બનાવ પુરવાર કરવા માટે બનાવ નં. ૨ ના સંબંધમાં ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન.</u>**

- વિસ્તાર:- ઓઢવ પોલીસ સ્ટેશનની હદમાં
- સ્થળ:- ઓઢવ ખોડિયારનગર ચાર રસ્તા પાસે નેશનલ હાઈવે નં.૮ ઉપર આવેલ મયુર ડેરીની સામે જાહેર રોડ ઉપર
- તારીખ:- ૨૬/૭/૨૦૦૮
- સમય:- કલાક ૧૮.૪૫ (સાંજે)
- ગુના રજીસ્ટર નં.ફર્સ્ટ ૩૩૯/૨૦૦૮
- મરણ જનારની સંખ્યા:- નથી

– ઈજા પામનારની સંખ્યા:– એક

– બનાવમાં વપરાયેલ વાહનઃ– સાઇકલ

તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશનની હકુમતમાં આવેલ વિસ્તાર ખોડિયારનગર ચાર રસ્તા પાસે નેશનલ હાઈવે નં.૮ ઉપર આવેલ મયુર ડેરીની સામે જાહેર રોડ ઉપર સાઇકલ મુકીને સાઇકલ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલો. તેની ફરિયાદ રાજુભાઈ આસારામ કુશ્વાહાનાઓએ પોલીસ સબઈન્સ્પેકટર ઓઢવ સમક્ષ લખાવેલી. તેઓને આ કામે સાહેદ નં.૧૪ તરીકે આંક–૫૩૧ થી ફરિયાદપક્ષે તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ ખોડીયાર નગર ચાર રસ્તા પાસે, મયુર ડેરી પાસે ખોદેલા રોડ પાસે પકોડાની લારી ચલાવતા હતા ત્યારે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ બનાવના સ્થળ પાસે શાકભાજી લેનારાઓ તથા પકોડી ખાવાવાળાઓની ભીડ હતી. આ સાહેદની લારીના બાજુમાં બોમ્બ ધડાકો થયેલો, ધુમાડો નીકળેલો, છરા નીકળેલા, લોકામાં નાસભાગ થયેલી, સફરજન, કેળા અને બટેકા પણ ઉડેલા. આ મુજબની ફરિયાદ તેમણે લખાવેલી તે આ કામે આંક–૫૩૨ થી રજૂ કરેલી છે જેમાં પોતાની સહી ઓળખી બતાવે છે. આ ફરિયાદ તેમને ઓઢવ પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઇન્સ્પેકટરશ્રી એન.બી.વાઘેલા સમક્ષ લખાવેલી અને તેમણે આ ફરિયાદ લખીને ગુનો રજીસ્ટર કરવા માટે ઓઢવ પોલીસ સ્ટેશનના પી.એસ.ઓ. અને હેડ કોન્સ્ટેબલશ્રી બળવંતસિંહ ઈશ્વરસિંહ વાઘેલાનાઓને આપેલી તેઓએ ગુનાની નોંધ કરેલી, જે સ્ટેશન ડાયરીમાં નોંધ કરેલી તે સ્ટેશન ડાયરીની નકલ આંક–૫૫૭ થી રજૂ કરેલી છે અને ફરિયાદ રજીસ્ટર કર્યા બાદ ગુનો જાહેર કરતો રીપોર્ટ આંક–૫૫૬ થી રજૂ કરેલો છે જેમાં પી.એસ.ઓ. તરીકે બળવંતસિંહ ઈશ્વરસિંહ વાઘેલાની સહી છે.

ફરિયાદી રાજુભાઈ આસારામ કુશ્વાહાની આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી છે તે ધ્યાને લેતા તેમની ફરિયાદ પોલીસે સ્થળ ઉપર લીધેલાની હકીકત કબૂલ કરી છે. બનાવવાળી જગ્યા પોલીસવાળાઓને બતાવેલી, બનાવવાળી જગ્યા ઉપર બે–પાંચ મિનિટ તેઓ રોકાયેલા, બનાવમાં

આ સાહેદને કોઈ ઈજા થયેલ નથી. આ સાહેદનાઓએ હિન્દીમાં જુબાની આપી છે અને ગુજરાતીમાં નોંધવામાં આવેલી છે. ગુનો રજીસ્ટર કરનાર બળવંતસિંહ ઈશ્વરસિંહ વાઘેલાનાઓની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી છે જે જનરલ અને સામાન્ય ઊલટતપાસ છે જેની ટૂંકી હકીકત ઓઢવ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૩૩૮/૨૦૦૮ ના બનાવમાં નોંધેલી છે.

ઉપરોકત ગુનાની ફરિયાદ નોંધાયા બાદ બનાવવાળી જગ્યા ઉપર કાન્તીલાલ મોહનભાઈ પટેલ પોલીસ સબઇન્સ્પેકટર ઓઢવ પોલીસ સ્ટેશનનાઓએ બે પંચોની હાજરીમાં ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરેલુ. તે પંચનામા પૈકીના પંચ સાહેદ કાંતિભાઇ મોહનભાઇ પટેલનાઓને આ કામે સાહેદ નં.૫૩૩ તરીકે આંક–૨૯૭૯ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૭/૭/ ૨૦૦૮ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશનમાં તેઓ પોલીસ સબઇન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા અને તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ રાત્રીના બોમ્બ બ્લાસ્ટ થયેલો તે બાબતે પોલીસ ઇન્સ્પેકટર સાહેબના હુકમથી પોલીસ સ્ટેશને આવેલા અને ત્યાંથી તેમને બનાવવાળી જગ્યાની જાળવણી માટે મોકલી આપેલા. રાત્રિના સમયે એફ.એસ.એલ.ના અધિકારીઓ આવી ગયેલા અને કલાક ૭.૨૦ થી ૯.૧૫ સુધીમાં તેઓએ પંચોની હાજરીમાં પંચનામુ બનાવેલુ, મુદ્દામાલ કબજે કરેલો અને પંચોની સહીઓવાળી પંચ સ્લીપો લગાવેલી અને તેને સીલ કરેલો, એફ.એસ.એલ.ના અધિકારીઓને જે યાદી આપેલી તે આ કામે આંક–૨૯૮૧ થી રજૂ કરેલી છે જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. સ્થળ ઉપર પંચોની હાજરીમાં આ સાહેદે પંચનામુ કરીને

(૧) પ્રિન્સ કંપનીનું તુટેલુ પ્લાસ્ટિકનું ઘડિયાળ, શકિત કંપનીનો પેન્સીલ સેલ, એચ.ડબલ્યુ. હાઈ વોટ કંપનીની બેટરી.

(૨) આછા સલેટીયા કલરની ફાટેલી થેલી, આછા વાદળી રંગનુ ફાટેલુ ટીશર્ટ તેમજ લાલ અને વાદળી ટેપ ચોંટાડેલ લાકડાની તુટેલી પેટી તથા પારદર્શક આછા પાળી રંગનો ચીકણો પદાર્થ તથા કુટેલા સફેદ વાયર સાથેના ડીટોનેટર.

(૩) સફેદ રંગનો લાઈનીંગ વાળો કોરો કાગળ તથા આજુબાજુમાંથી મળી આવેલ કાટવાળા લોખંડના છરા કબજે કરેલા. જે પંચનામુ બનાવેલુ તે આ કામે આંક–૧૭૬૮ થી રજૂ કરેલુ છે જેમાં રૂબરૂ તરીકે આ અધિકારીએ તેમની સહી ઓળખી બતાવેલી છે. આ સાહેદે પંચોની સહીઓવાળી જે પંચ સ્લીપો તૈયાર કરેલી તે પંચ સ્લીપો આંક–૧૭૬૯ થી ૧૭૭૧ મા રૂબરૂ તરીકે પણ આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા પંચનામુ સ્થળ ઉપર કર્યુ નથી તે હકીકત આ સાહેદે નકારેલી છે. જે પંચ સાહેદની હાજરીમાં સાહેદ કાન્તીલાલ મોહનભાઈ પટેલનાઓએ જે પંચનામુ આંક–૧૭૬૮ વાળુ કરેલુ તેના પંચ સાહેદ કાનજીભાઈ નાનુભાઈ રાજગોરનાઓને આ કામે સાહેદ નં.૩૩૭ તરીકે આંક–૧૭૬૭ થી તપાસવામાં આવેલા છે. તેઓની સરતપાસ મુજબ પોલીસે તેમને તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ બનાવવાળા સ્થળ ઉપર બોલાવેલા ત્યાં એફ.એસ.એલ. અધિકારી પણ હાજર હતા અને તેમની હાજરીમાં જે મુદ્દામાલ કબજે કરવામાં આવેલો તેનુ વિગતે પંચનામુ કરેલુ. આ સાહેદની તથા અન્ય પંચની સહીઓવાળી સ્લીપો તૈયાર કરી મુદ્દામાલ ઉપર લગાડેલી. આ સાહેદને આંક–૧૭૬૯ થી ૧૭૭૧ સુધીની ત્રણ પંચ સ્લીપો બતાવવામાં આવે છે તેમાં આ સાહેદે પોતાની સહીઓ ઓળખી બતાવે છે. આ સાહેદની હાજરીમાં જે પંચનામુ બનાવેલુ તે આંક–૧૭૬૮ વાળા પંચનામામાં પણ આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે. આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલ છે તે ધ્યાને લેતા બનાવવાળા સ્થળ ઉપર તેઓ ગયા નથી તો તે હકીકત નકારેલી છે. તેમની હાજરીમાં આવુ કોઈ પંચનામુ બનાવવામાં આવેલ નથી તે હકીકત પણ તેમને નકારેલી છે.

ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરનાર કાન્તીભાઈ મોહનભાઈનાઓએ સ્થળ ઉપર જે એફ.એસ.એલ. અધિકારીને સ્થળ પરિક્ષણ માટે બોલાવેલા તે એફ.એસ.એલ. અધિકારી અમૃતભાઈ વશરામભાઈ

હિંગરાજીયાનાઓને સાહેદ નં.૮૩૦ તરીકે આંક–૫૫૬૬ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસના પેરા નં.૬ પ્રમાણે તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન તરફથી મયૂર ડેરી સામે ખોડીયાર નગર ચાર રસ્તા પાસે તપાસ અર્થ બોલાવેલા, બનાવના સ્થળે બોમ્બ બ્લાસ્ટ થયા અંગેની યાદી આપેલી, જે અનુસંધાને તેમને સ્થળ તપાસ કરેલી. ત્યાં તુટેલી ઘડિયાળનો ભાગ, નવ વોલ્ટની બેટરી, પેન્સિલ સેલ, કાપડની ફાટેલી થેલી, ટી–શર્ટ, લાકડાની બ્લ્યુ રંગની ટેપ ચોંટાડેલ ભાગ જેમાં ચીકણા જેવો પદાર્થ તથા સફેદ ફાટેલ લાઈનીંગ વાળા નોટનો કાગળ, તપાસ કરનાર અધિકારીને કબજે લેવા માટે સુચના આપેલી અને તે મુજબનો અહેવાલ પણ આપેલો જે અહેવાલ તથા યાદી આ કામે સંયુકત રીતે આંક–૨૯૮૧ થી રજૂ કરેલ છે. યાદી સ્વિકારનાર તરીકે અને સ્થળ ઉપરનો અહેવાલ આપનાર તરીકે આ સાહેદે પોતાની સહીઓ ઓળખી બતાવેલ છે. આરોપીઓ તરફથી આ સાહેદની ઊલટતપાસ કરવામાં આવેલી છે તે ધ્યાને લેતા આ સાહેદ બીજી ઘણી બધી જગ્યાઓ ઉપર મુલાકાતો લીધેલી છે અને તમામ સ્થળોના નિરીક્ષણ બાબતે ઊલટતપાસમાં જનરલ અને સામાન્ય પ્રશ્નો પુછવામાં આવેલા છે. પરંતુ એક હકીકત સ્પષ્ટ છે કે બનાવવાળા સ્થળ ઉપરથી આ સાહેદની જુબાનીમાં જણાવ્યા પ્રમાણે તેમજ તેમને આપેલા અહેવાલ મુજબ જુદો–જુદો મુદ્દામાલ આંક–૧૭૬૮ ના પંચનામા મુજબ કબજે કરેલો હતો.

ઉપરોકત ગુનાવાળી જગ્યા ઉપરથી કબજે કરવામાં આવેલ મુદ્દામાલ એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે તપાસ અર્થે રવાનગી નોંધ સાથે તપાસ કરનાર અધિકારીએ મોકલી આપેલો તે રવાનગી નોંધ આ કામે આંક–૫૮૪૨થી રજૂ કરેલ છે અને તે મુજબ પંચનામાની વિગતે જે ત્રણ મુદ્દામાલ કબજે કરવામાં આવેલા તેનુ વિવરણ છે તથા જે મુદ્દામાલ એફ.એસ.એલ.માં મળ્યો તે અંગે એફ.એસ.એલ. તરફથી જે પહોંચ આપવામાં આવેલી તે પહોંચ આ કામે આંક–૫૮૪૩ થી રજૂ છે જેમા મદદનીશ નિયામક એફ.એસ.એલ. અધિકારીની સહી છે. આ મુદ્દામાલ પૃથક્કરણ કરનાર અધિકારી હેમંતકુમાર ભાલચંદ્ર ભટ્ટને

સાહેદ નં.૮૪૬ તરીકે આંક–૫૮૩૮ થી તપાસવામાં આવેલા છે અને તેમના કહેવા પ્રમાણે...

(૧) એક પ્રિન્સ કંપનીનું તુટેલુ ઘડિયાળ, શકિત કંપનીનો પેન્સિલ સેલ તથા એચ.ડબલ્યુ. હાઈપોલ્ટ કંપનીની બેટરી.

(૨) આછા સલેટીયા કલરની કપડાની થેલી, આછા વાદળી રંગનું ફાટેલુ ટી શર્ટ, લાલ અને વાદળી ટેપ ચોટાડેલ લાકડાની તુટેલી પેટી, પારદર્શક પ્લાસ્ટિકમાં આછા પીળા રંગનો ચીકણો પદાર્થ તથા કુટેલા સફેદ વાયર સાથે ડીટોનેટર.

(૩) સફેદ રંગનો લાઈનીંગવાળો કોરો કાગળ તથા આજુબાજુમાંથી મળી આવેલ કાટવાળા લોખંડના છરા તેઓને પૃથક્કરણ અર્થે મળેલા અને તેમને આ મુદ્દામાલનું પૃથક્કરણ કરેલુ અને પૃથક્કરણના પરિણામમાં...

(૧) નમૂના–૧ તથા ૩ માં એમોનિયમ નાઈટ્રાઈટ તથા નાઈટ્રેટ મુલકો તથા પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સ ઓઈલ (પેરાફીન ઓઈલ પ્રકાર) ની હાજરી શોધાયેલી છે તથા નમૂના–૨ માં એમોનિયમ નાઈટ્રાઈટ, નાઈટ્રેટ લેડ તથા એઝાઈડ મુલકો તથા પી.ઈ.ટી.એન. (હાઈએક્ષપ્લોઝીવ) તેમજ પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સ ઓઈલ (પેરાફીન ઓઈલ પ્રકાર) ની હાજરી શોધાયેલી છે.

આ સાહેદના અભિપ્રાય પ્રમાણે...

(૧) પૃથક્કરણના પરિણામમાં શોધાયેલ એમોનિયમ નાઈટ્રેટ અને પેટ્રોલીયલમ હાઈડ્રોકાર્બન્સ ઓઈલએ એમોનિયમ નાઈટ્રેટ બેઝ, એમોનિયમ નાઈટ્રેટ, ફ્યુઅલ ઓઈલ (એનફો) હાઈડ્રો – એક્ષપ્લોઝીવના ઘટકો છે.

(૨) પૃથક્કરણના પરિણામમાં શોધાયેલ લેડ એઝાઈડ અને પી.ઈ.ટી.એન. (એક્ષપ્લોઝીવ) નો ઉપયોગ બ્લાસ્ટીંગ કેપ (ડીટોનેટર) માં થાય છે.

(૩) નમૂનાઓમાંથી મળેલ ધાતુના છરાનો ઉપયોગ હાથ બનાવટના બોમ્બમાં મીસાઈલ્સ તરીકે થાય છે.

(૪) પૃથક્કરણના પરિણામ તથા નમૂનાઓમાંથી મળેલ બેટરી, ઘડિયાળના ભાગો, ડીટોનેટરના ભાગ, છરા, લાકડાના તથા પ્લાસ્ટિકની શીટના ભાગોના આધારે એવુ કહી શકાય કે હોડી આકારના લાકડાના પ્લાસ્ટિકની શીટ ધરાવતા કન્ટેનરમાં એનપો એક્ષપ્લોઝીવ પદાર્થ ભરી ધાતુના છરા ઉમેરી તથા ડીટોનેટરના ઉપયોગથી બનાવાયેલ ટાઈમ ડીલે ડીવાઈસ પ્રકારનો આઈ.ઈ. ડી.ટી. બોમ્બ છે.

આ મુજબ આ સાહેદ જે અભિપ્રાય આપેલો તે આ કામે આંક–૫૮૪૪ થી રજૂ કરેલો છે. આ અભિપ્રાય તેમને પોલીસ ઈન્સ્પેકટરશ્રી ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદનાઓને ફોરવર્ડીંગ પત્ર સાથે આપેલો છે, અભિપ્રયામાં સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલ છે. આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલી છે જેની અમુક વિગત ઓઢવ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૩૩૮/૨૦૦૮ નાં કામે જણાવેલી છે. તેમ છતાં વધુ ઊલટતપાસ ધ્યાને લઈએ તો અહેવાલ સબંધે તેમને ગુનાવાળી જગ્યાની મુલાકાત લીધેલ નથી તે કબૂલ કરેલ છે. પૃથક્કરણ અહેવાલમાં પૃથક્કરણ પધ્ધતિની નામાવલીનો ઉલ્લેખ નથી તે કબૂલ કરે છે પરંતુ મારા મત પ્રમાણે પધ્ધતિની નામાવલી અહેવાલમાં જણાવવાની હોતી નથી. અહેવાલમાં ફકત એટલી જ હકીકત જણાવવાની હોય છે કે પૃથક્કરણ કરવામાં આવેલ મુદ્દામાલમાં શું હકીકત છે. અગાઉ જણાવવામાં આવેલુ છે તેમ આરોપીઓ તરફથી કબૂલાત્મક પ્રશ્ન પુછવામાં આવેલ કે જે બોમ્બ હતો તે દેશી બનાવટનો બોમ્બ હતો. જેથી એક હકીકત સ્પષ્ટ બને છે કે આ જે બોમ્બ બ્લાસ્ટ થયેલો તે બોમ્બ દેશી બનાવટનો બોમ્બ હતો તે બાબતે આરોપીઓ તરફથી તકરાર નથી તેમ કહી શકાય.

ત્યારબાદ આ કામે અન્ય મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારી નિકુંજ નરહરી બ્રહમભટ્ટને સાહેદ નં.૮૩૭ તરીકે આંક–૫૬૭૭ થી તપાસેલા છે. તેમને મુદ્દામાલનું બાયોલોજીકલ, સીરોલોજીકલ પૃથક્કરણ કરેલુ છે. તેમની સરતપાસ પ્રમાણે...

(૧) પાર્સલ–૧– પુઠ્ઠાનું ખાખી કવરમાં બાંધેલ વિભાગીય સીલબંધ પાર્સલમાં તુટેલી ઘડિયાળ,સફેદ ડાયલમાં લીલા રંગના નંબરવાળી પ્રિન્સ માર્કાની તુટેલી હતી, જેનો મશીનનો ભાગ કાળી ડબ્બી વાળો હતો, બે પેન્સીલ બેટરીના સેલ હતા જેમા એક એચ. ડબલ્યુ. હાઈ વોલ્ટ અને બીજો શકિત માર્કાનો હતો.

(૨) પાર્સલ–૨– કોરૂ ગેટેડ, ખાખી પુઠ્ઠાના બોક્ષનું વિભાગીય સીલબંધ પાર્સલ જેમાં પાંચ નમૂના હતા, તે પૈકી (૧) એક બાજુથી લાકડાની નાવડી આકારની રચનામાં ધાતુના ગોળ છરા તથા વાયરીંગવાળો વાદળી, લાલ કલરની પ્લાસ્ટિકની ટેપ વીંટાડેલ લુગદી પાવડરયુકત કુટેલો બોમ્બ, (૨) લુગદી પાવડર પ્લાસ્ટિકની થેલીમાં આછા ગુલાબી રંગ જેવો સફેદ દાણાયુકત, (૩) ફાટી ગયેલ વિવિધ રંગના કપડાના થીંગડાની સીવેલી ભીની કાપડની થેલી, (૪) ફાટેલુ અર્ધિ બોયનું કાળા રંગનુ ખિસ્સા ઉપર "બેસ્ટ ડીઝાઈન" એમ્બ્રોઈડરી કરેલ ભીનુ ટીશર્ટ અને (૫) ફાટેલુ વાદળી રંગનુ પ્લાસ્ટિક.

(૩) પાર્સલ–૩– પુઠ્ઠાનું ખાખી કાગળમાં બાંધેલુ વિભાગીય સીલબંધ પાર્સલમાં કાગળ તથા છરા આશરે ૪૫.૦ ગ્રામ વજનના ધાતુના ગોળ છરા તથા લીટીવાળા લખાણના કાગળના ફટેલા ટુકડા.

ઉપરોકત મુદ્દામાલનું આ સાહેદે પૃથક્કરણ કરતા...

પાર્સલ–૧– તુટેલી ઘડિયાળ ઉપર પીળાશ પડતા રાસાયણીક તથા મેલ જેવા ડાઘાથી ખરડાયેલ જેની ઉપર રૂધીરની હાજરી ન હતી.

પાર્સલ–૨– મેલ જેવા કાદવયુકત કાળા ડાઘાથી ખરડાયેલ જેની ઉપર રૂધીરની હાજરી ન હતી.

પાર્સલ–૩– થોડા પ્રમાણમાં મેલ જેવા ડાઘ તથા માટીથી ખરડાયેલ જેની ઉપર પણ રૂધીરની હાજરી ન હતી.

આ મુજબનો આ સાહેદે અભિપ્રાય આપેલો તે આંક–૬૦૪૫ થી રજૂ કરેલો છે જે અભિપ્રાયમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

ત્યારબાદ આ કામે અન્ય એક એફ.એસ.એલ. અધિકારી સુરેન્દ્ર પરષોત્તમ પતરીવાલાને સાહેદ નં.૮૩૮ તરીકે આંક–૫૬૮૫ થી તપાસેલા છે. તેમની સરતપાસ મુજબ એલારામ કલોકના તુટેલા ભાગો અને બે બેટરી, છરા, બે ડીટોનેટરના તુટેલા ભાગો, બાહ્ય દ્રષ્ટિ વિષયક ભૌતિક પરિણામોનું માપન , મેગ્નીફાઈન લેન્સ, મલ્ટિમીટર અને સુક્ષ્મદર્શક યંત્રમાં પરિક્ષણ કરેલુ તેમાં છરાનું ED–XRF યંત્રમાં ધાતુ તત્વોની હાજરીનું પરિક્ષણ કરેલુ અને તેમના અભિપ્રાય પ્રમાણે છરામાં મુખ્યત્વે આયર્ન ધાતુ છે તેમજ કેલ્શીયમ અને મેગેનીઝ જેવી ધાતુઓ પણ અલ્પ પ્રમાણમાં જણાયેલી, નમૂનાઓના ભૌતિક પરિણામો સરખા જણાયેલા. નમૂનાની ઘડિયાળ HW–9v માર્કાની ૯ વોલ્ટની વિકૃત્ત થયેલી બેટરી અને SHAKTI માર્કાની ૧.૫ વોલ્ટની વિકૃત્ત થયેલી બેટરી ચાલુ હાલતમાં ન હતી તથા નમૂના–૨ માં સફેદ રંગના બે વાયર સાથે એ.પી.લખેલ પ્લાસ્ટિકના ગોળ ભાગ સહિત બે ડીટોનેટર તુટેલી હાલતમાં હતા. આ મુજબનો તેમણે જે અહેવાલ આપેલો તે આંક–૫૬૮૬ થી રજૂ કરેલો છે જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. આ સાહેદની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલી છે તે જનરલ છે. કારણ કે આ સાહેદે પણ સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોના જુદા–જુદા સ્થળ ઉપરથી કબજે કરવામાં આવેલ મુદ્દામાલના પરિક્ષણો કરેલા છે. જે ઊલટતપાસ થયેલી છે તે ધ્યાને લઈએ તો છરા અને બોલ્ટમાં કેલ્શીયમ અને મેગેનીઝની ટકાવારી કેટલી છે તે કહી શકાય નહીં તો તે હકીકત તેમને નકારી છે, આ હકીકતનો ઉલ્લેખ તેમને રીપોર્ટમાં કરેલ નથી તે કબૂલ કરે છે. દેશી બોમ્બમાં કયા–કયા પ્રકારના રસાયણિક પદાર્થો કેટલા

પ્રમાણમાં વપરાય તે હાલ યાદ નથી. પૃથક્કરણ માટે કેમેસ્ટ્રીના અધિકારીઓને બોલાવીને ચર્ચા કરી હોય તેવુ બન્યુ નથી. પૃથક્કરણ અહેવાલમાં પરિણામ કઈ પધ્ધતિએ મેળવેલુ તેનો ઉલ્લેખ કરેલો નથી તો તે હકીકત તેમણે નકારેલી છે. મુદ્દામાલ કઈ પધ્ધતિએ કબજે કરવામાં આવેલો તેની તેમને જાણકારી નથી તે હકીકત કબૂલેલ છે. આમ આ સાહેદની સમગ્ર હકીકત ધ્યાને લેતા આ સાહેદે બનાવવાળી જગ્યા ઉપરથી કબજે કરવામાં આવેલ મુદ્દામાલનું પરિક્ષણ કરવામાં આવેલ છે અને બનાવવાળી જગ્યા ઉપર જે બોમ્બ બ્લાસ્ટ થેયલો તે જગ્યા ઉપરથી છરા, ચીકણો પદાર્થ, તુટેલી ઘડિયાળ અને બેટરીનો ઉપયોગ થયેલો હતો. જે બોમ્બ બ્લાસ્ટ થયેલો તે દેશી બોમ્બ હતો તે હકીકત માલુમ પડે છે.

આ બનાવ સબંધે તપાસ કરનાર અધિકારીએ સ્થળ ઉપર સ્થળ સ્થિતિનો નકશો બનાવવા માટે સર્કલ ઓફિસર રખીયાલનાઓને સ્થળ ઉપર બોલાવેલા અને તેમને ગુનાવાળી જગ્યાનો નકશો બનાવેલો તે સાહેદ પ્રહલાદભાઈ ખીમાભાઈ પરમારનાઓને સાહેદ નં.૬૯૭ તરીકે આંક–૩૪૧૯ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ ઓઢવ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૩૩૯/૨૦૦૮ ના કામે ગુનાવાળી જગ્યાનો નકશો બનાવવા તેમને પંચનામા સાથે એક યાદી મળેલી જે યાદી આ કામે આંક–૩૪૨૪ થી રજૂ કરેલી છે. આ યાદી નાયબ પોલીસ અધીક્ષક તપાસ ટીમ ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદનાઓએ લખેલી અને તે યાદી મુજબ આ સાહેદ સ્થળ ઉપર નકશો બનાવવા માટે ગયેલા. સ્થળ ઉપર જઈ તપાસ કરી તેમને નકશો તૈયાર કરેલો જે આ કામે આંક–૩૪૨૬ થી રજૂ કરેલો છે. આ નકશો પોતાના ફોરવર્ડીંગ પત્રથી નાયબ પોલીસ અધીક્ષક તપાસ ટીમ ક્રાઈમ બ્રાન્ચને મોકલી આપેલો. ફોરવર્ડીંગ પત્ર તથા નકશો બનાવવાર તરીકે આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલ છે. નકશામાં તેમને જે જગ્યાએ સાઇકલ ઉપર બોમ્બ બ્લાસ્ટ થયેલો તે જગ્યાનું વર્ણન અને નિશાની નકશામાં બતાવેલા છે.

(૪૪.૦૧) **<u>અમદાવાદ શહેરના ઓઢવ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૩૩૯/૨૦૦૮ના કામે ઈજા પામેલ વ્યકિતઓ બાબતે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકનઃ–</u>**

ઓઢવ પોલીસ સ્ટેશનના ઉપરોકત બોમ્બ બ્લાસ્ટના આ બનાવમાં સ્થળ ઉપર ઈજા પામનાર ચેતનાબેન પુનારામ ઘાંચીને આ કામે સાહેદ નં.૨૧૭ તરીકે આંક–૧૧૫૪ થી તપાસવામાં આવેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાંજના સમયે તેઓ ખોડીયારનગર શાક માર્કેટમાં શાકભાજી લેવા માટે નીકળેલા અને શાકભાજી લેતા હતા ત્યારે નજીકમાં એક બીજી શાકની લારી હતી તે સ્થળે બોમ્બ વિસ્ફોટ થયેલો જેથી આ સાહેદના ડાબા કાનના ભાગે ઈજા થયેલી. બનાવવાળા સ્થળે ત્યાં હાજર રંજનબેન તથા બીજા એક સગા આ સાહેદને ઘરે લાવેલા. શરૂઆતમાં ખાનગી હોસ્પિટલમાં સારવાર લીધેલી અને પાછળથી તેમના પતિ શારદાબેન હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયેલા તેમ જણાવે છે.

ઓઢવ પોલીસ સ્ટેશનના આ બનાવમાં ઈજા પામનાર ચેતનાબેન પુનારામ ઘાંચીને શારદાબેન હોસ્પિટલમાં સારવાર આપવામાં આવેલી અને તેમની સારવાર કરનાર ડૉ.અપૂર્વ કેશવ ચાંદાવાલાને સાહેદ નં.૨૯૪ તરીકે આંક–૧૫૭૮ થી તપાસેલા છે. તેમની સરતપાસ મુજબ તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ એક મેહુલભાઈ ભાનુભાઈ ઠુમ્મર રાત્રિના ૧૧.૩૦ વાગ્યે પોલીસ યાદી સાથે એક દર્દીને સારવાર માટે લાવેલા તેમની હિસ્ટ્રી મુજબ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાંજના ૬.૪૫ વાગ્યે બોમ્બ બ્લાસ્ટ થયેલો તેમા ઈજા થયેલી. ઈજામાં થાપાના ભાગે, કરોજરજ્જુના નીચેના ભાગે અને ડાબા કાને તેઓને દુખાવાની ફરિયાદ હતી, તેઓને તપાસીને સારવાર કરેલી તે સારવાર અંગેનુ પ્રમાણપત્ર આંક–૧૫૮૦ થી રજૂ કરેલ છે જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલ છે.

(૪૪.૦૨) **<u>અમદાવાદ શહેરના ઓઢવ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૩૩૯/૨૦૦૮ ના કામે બનાવને સમર્થન માટે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકનઃ–</u>**

ઓઢવ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ખોડિયારનગર ચાર રસ્તા પાસે નેશનલ હાઈવે નં.૮ ઉપર આવેલ મયુર ડેરીની સામે જાહેર રોડ ઉપર જે બોમ્બ બ્લાસ્ટ થયેલો છે તે માટે ફરિયાદપક્ષ દ્વારા કાન્તીલાલ મોહનભાઈ પટેલને સાહેદ નં.૫૩૩ તરીકે આંક–૨૯૭૯ થી તપાસવામાં આવેલા છે. તેમની સરતપાસ પ્રમાણે બનાવના દિવસે તેઓ ઓઢવ પોલીસ સ્ટેશનમાં ફરજ પર હતા ત્યારે પોલીસ સબઈન્સ્પેકટરશ્રીની સુચનાથી બનાવવાળી જગ્યાએ ગયેલ અને ગુનાવાળી જગ્યાની જાળવણી કરેલ તેમજ તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ એફ. એસ.એલ. અધિકારીની હાજરીમાં ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરેલ તેમ જણાવેલ છે. આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલ છે તે ધ્યાને લેતાં ઓઢવ પોલીસ સ્ટેશનમાં તેઓને બોલાવવામાં આવેલા, ત્યારપછી બનાવની જાણકારી થયેલી તે કબૂલ કરે છે. ફરિયાદીને તેઓ મળેલાં નથી તે પણ કબૂલે છે પરંતુ સ્થળ ઉપર પંચોની હાજરીમાં પંચનામુ કરી કોઈ મુદ્દામાલ કબજે કરેલો નથી તે હકીકત નકારેલી છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી હીતેશકુમાર વિઠ્ઠલભાઈ પટેલને સાહેદ નં.૫૧૫ તરીકે આંક–૨૯૫૩ થી તપાસેલા છે. તેમની સરતપાસ પ્રમાણે તેઓ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરજ બજાવતા હતા. બનાવની જાણ થતા સ્થળ ઉપર ગયેલા જયાં પોલીસ સબઈન્સ્પેકટરશ્રી કે.એમ. પટેલ હાજર હતા. સ્થળ ઉપર ફાટેલી થેલી, પ્લાસ્ટિકની ઘડિયાળના ટુકડા વિગેરે જોયેલાનું જણાવેલ છે. આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલ છે તે જોતા બનાવવાળી જગ્યા ઉપર સ્વેચ્છાએ કોઈ ઉપરી અધિકારીને નિવેદન નોંધાવેલુ નથી તે કબૂલ કરે છે. આ કેસમાં ફરિયાદીનું નામ રાજુભાઈ આશારામ કુશ્વાહ હતુ અને તેઓ ખોડીયાર ચાર રસ્તા પાસે પકોડીની લારી ચલાવે છે તેમ જણાવે છે. આરોપીઓ તરફથી પુછવામાં આવેલી આ હકીકત ધ્યાને લેતા આ બનાવના

ફરિયાદી રાજુ આશારામ કુશ્વાહા છે તે સાબીત થાય છે. તપાસ કરનાર અધિકારીને આ સાહેદે કરેલ કામગીરીના કોઈ દસ્તાવેજો આપેલા નથી તે કબૂલ કરે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી વિનોદરાય જેસ્ટારામ રાવલને સાહેદ નં.૧૦૭૧ તરીકે આંક–૭૨૭૯ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ ઓઢવ પોલીસ સ્ટેશનમાં પોલીસ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા ત્યારે ઓઢવ પોલીસ સ્ટેશન વિસ્તારમાં રાજેન્દ્ર પાર્ક વેરા , પોસ્ટ ઑફિસ સામે શાકમાર્કેટમાં બોમ્બ ધડાકો થયેલ. જેથી આ સાહેદ સ્થળ ઉપર ગયેલા અને ત્યાં એક સાઇકલ પડેલ તેમજ ત્યાં કોઈને ઈજા થયેલ નહી. તે દરમ્યાન મયુર ડેરી પાસે એક બોમ્બ બ્લાસ્ટ થયેલ. ત્યાં તપાસ કરનાર પોલીસ સબઇન્સ્પેકટરશ્રી એન.બી.વાઘેલાનાઓએ ફરિયાદીશ્રી શિવપ્રસાદ ભગવાનદાસની ફરિયાદ લીધેલી અને આ બંને સ્થળોએ એફ.એસ.એલ. અધિકારી આવે ત્યાં સુધી સુરક્ષિત રખાવવાની કામગીરી કરેલ તેમ જણાવેલ છે. આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલ છે તે ધ્યાને લેતાં બનાવ સ્થળે પહોંચ્યા અંગેનો આ સાહેદ પાસે દસ્તાવેજી પુરાવો નથી. બનાવવાળી જગ્યા ઉપર પહોંચ્યા પછી રોડની કિનારીથી કેટલી દુર સાઇકલ પડેલી હતી તે આ સાહેદ કહી શકે તેમ નથી અને સ્વાભાવિક છે કે આ સાઇકલ પડેલી જોયેલી પરંતુ રોડની કિનારીથી કેટલુ દુર પડેલી તેનુ માપ લીધેલુ ન હોય અને લેવાનું પણ ન હોય અને ધારો કે લીધુ હોય તો અત્યાર સુધી દસ–બાર વર્ષના સમય પછી યાદ પણ ન હોય. વધુ ઊલટતપાસ ધ્યાને લેતાં બંને સાઇકલો પૈકી કઈ સાઇકલ નાની અને કઈ સાઇકલ મોટી હતી તે ખ્યાલ નથી. બનાવ સ્થળની સાચવણી અંગેની જવાબદારી કોને સોંપેલી તેની ખબર નથી. ફોટોગ્રાફસ કે વીડિયોગ્રાફી લેવાનો પ્રયત્ન કરેલ નથી. બનાવ સ્થળે પોલીસના કેટલા માણસો હાજર હતા તેની માહિતી નથી. આમ, ઉપરોકત સાહેદોની જુબાનીઓ ધ્યાને લેતા ઓઢવ ખોડિયારનગર ચાર રસ્તા પાસે નેશનલ હાઈવે

નં.૮ ઉપર આવેલ મયુર ડેરીની સામે જાહેર રોડ ઉપર સાઇકલ ઉપર બોમ્બ બ્લાસ્ટ થયેલાની હકીકત ફરિયાદપક્ષના પુરાવા ઉપરથી સાબીત થાય છે.

ઓઢવ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ખોડિયારનગર ચાર રસ્તા પાસે નેશનલ હાઈવે નં.૮ ઉપર આવેલ મયુર ડેરીની સામે જાહેર રોડ ઉપર તા. ૨૬/૭/૨૦૦૮ નાં રોજ કલાક ૧૮.૪૫ વાગે સાઇકલ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલો જેમાં એક બહેનને ઈજા થયેલી તે હકીકત ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા ઉપરોકત તમામ પુરાવા ઉપરથી સાબીત થાય છે તેમ હું માનુ છું.

(૪૫) **<u>અમદાવાદ શહેરના નરોડા પોલીસ સ્ટેશનની હકુમતના વિસ્તારમાં સાઇકલ ઉપર બોમ્બ પ્લાન્ટેશન કરી બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલ તે બનાવ પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન.</u>**

- વિસ્તાર:– નરોડા પોલીસ સ્ટેશનની હદમાં
- સ્થળ:– ઠકકરનગર એપ્રોચ રોડ ઉપર આવેલ કુળદેવી ટી સ્ટોલ સામે જાહેરમાં.
- તારીખ:– ૨૬/૭/૨૦૦૮
- સમય:– કલાક ૧૮.૩૦ થી ૧૮.૪૫ (સાંજે)
- ગુના રજીસ્ટર નં.ફર્સ્ટ ૪૦૦/૨૦૦૮
- મરણ જનારની સંખ્યા:– ત્રણ
- ઈજા પામનારની સંખ્યા:– બાવીસ
- બનાવમાં વપરાયેલ વાહનઃ– સાઇકલ

તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ નરોડા પોલીસ સ્ટેશનની હકૂમતમાં આવેલ વિસ્તાર ઠકકરનગર એપ્રોચ રોડ ઉપર આવેલ કુળદેવી ટી સ્ટોલ સામે જાહેરમાં સાઇકલ મુકીને સાઇકલ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલો. તેની ફરિયાદ શૈલેષભાઈ નનુભાઈ પટેલનાઓએ પી.આઈ. નરોડા પોલીસ સ્ટેશન સમક્ષ લખાવેલી. આ ફરિયાદીને ફરિયાદપક્ષ દ્વારા સાહેદ નં.૧૧ તરીકે આંક–

પ૨૧ થી તપાસવામાં આવેલા છે. તેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે તેઓ જુલાઇ–૨૦૦૮માં હીરા ઘસવાનું કામ કરતા હતા ત્યારે ઠકકરનગર રોડ ઉપર આવેલ કિરણ એક્ષપોર્ટ નામના કારખાનામાં બનાવ વખતે નોકરી કરતા હતા. બનાવવાળા દિવસે તેઓ બપોર પછી રજા પર હતા. બનાવવાળા દિવસે શનિવાર હોવાથી શનિદેવના મંદીરે દર્શન કરવા ગયેલા. તેઓ આશરે ૬–૩૦ની આસપાસ દર્શન કરી પરત આવતા હતા ત્યારે કુળદેવી ટી સ્ટોલમાં ચા પીવા માટે રોકાયેલા અને આ ટી સ્ટોલ પર પહોંચ્યા પછીની ૫–૭ મિનિટ રહીને બ્લાસ્ટ થયેલો. તે વખતે ત્યાં બીજા ઘણા માણસો પણ હતા. ત્યાં બીજા લોકો ચા પીવા તથા બેસવા આવેલા હતા. ચા પીતા પીતા તેઓએ જોયેલું કે તેમની નજર સામે એક સાઇકલ પડેલ હતી. આ સાઇકલના સ્ટીયરીંગ ઉપર એક થેલી હતી અને ત્યાંથી એક ૨૬, ૨૭ વર્ષનો છોકરો ચાલતો–ચાલતો ગયેલો જેણે બ્લ્યુ જીન્સ, બ્લેક શર્ટ પહેરેલું તેને રોડ સાઇડે જતા જોયેલો. બ્લાસ્ટ થયા પછી તે મળેલો નહીં. બ્લાસ્ટ થયા પછી આજુબાજુ નજર કરતાં તે છોકરો દેખાયેલો નહીં. તેઓ સીગારેટ પીતા હતા ત્યારે બ્લાસ્ટ થતાં તેની વિરૂધ્ધ દિશામાં ભાગેલા. બ્લાસ્ટના કારણે ઘણા ખરા લોકોને ઇજાઓ થયેલી. કેટલાક લોકો ફંગોળાઇ ગયેલા. આ સાહેદને કોઇ ઇજા થયેલ નથી. જે લોકોને ઇજા થઇ તેઓને પ્રાઇવેટ વાહનોમાં લોકો દવાખાને લઇ ગયેલા. ત્યાં સ્થળ પર સાંજના પોણા આઠની વચ્ચે પોલીસ વાળા આવેલા અને આ સાહેદે પોલીસને ફરિયાદ આપેલી જે ફરિયાદ આંક–પ૨૨ થી રજૂ રાખેલ છે, જેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

આમ, ફરિયાદી શૈલેષભાઈ નનુભાઈ પટેલનાઓએ ઉપરોકત ફરિયાદ લાલસિંહ જીતસિંહ સોલંકી સમક્ષ લખાવેલી હતી. તેઓને ફરિયાદપક્ષે આ કામે સાહેદ નં.૭૦૬ તરીકે આંક–૩૪પ૯ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ ફરિયાદી શૈલેષભાઈ નનુભાઈ નાઓએ આ સાહેદ રૂબરૂ ફરિયાદ લખાવેલી અને તે ફરિયાદ ફરિયાદીના લખાવ્યા મુજબ લખી લીધેલી. ફરિયાદ આ સાહેદને બતાવવામાં આવેલ છે તે આંક–પ૨૨ વાળી ફરિયાદમાં આ સાહેદ ફરિયાદીની તથા ફરિયાદ લેનાર તરીકે

પોતાની સહી ઓળખી બતાવે છે. આ ઉપરાંત આ સાહેદે ગુનાના સ્થળનું પંચનામુ બે પંચોની હાજરીમાં પંચોના લખાવ્યા પ્રમાણે લખેલુ અને સ્થળ ઉપરથી પંચોની હાજરીમાં અને એફ.એસ.એલ. અધિકારીની સુચના મુજબ બે પ્લાસ્ટિકની વાદળી કલરની કોથળી લાલ ટેપ લગાડેલ લાકડાના ટુકડા, છરા, એક પ્લાસ્ટિકની થેલી, ફાટેલુ શર્ટ કબજે કરવામાં આવેલ તથા ટી સ્ટોલ પાસેથી પડેલ લોહીના નમૂના, કન્ટ્રોલ સેમ્પલ, ગુનામાં વપરાયેલ સાઇકલ તથા સ્થળ ઉપરની વેરનછેરન વસ્તુઓ તથા બીજી સાત સાઇકલો કબજે લેવામાં આવેલી તેમજ વેરનછેરન પડેલ બુટ ચંપલ કુલ–૧૭ નંગ પંચોની હાજરીમાં મુદ્દામાલ તરીકે કબજે કરી જે પંચનામુ બનાવેલ તે આ કામે આંક–૨૦૫૬ થી રજૂ છે તેમાં આ સાહેદે પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવેલ છે. તેમજ આ સાહેદે અદાલત રૂબરૂ પોતે સ્થળ ઉપરથી કબજે કરેલ મુદ્દામાલ પણ ઓળખી બતાવેલ છે. આ સાહેદે સ્થળ ઉપર એફ.એસ.એલ. અધિકારીને નિરીક્ષણ માટે બોલાવવા યાદી લખેલી જે યાદી આંક–૩૪૬૦ થી રજૂ છે તેમાં પણ આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ સાહેદે આ બનાવમાં ઈજા પામનાર રામહેત કુશ્વાહાના બનાવ વખતે પહેરેલ કપડા તેમના દીકરા જેસંગ કુશ્વાહાએ રજૂ કરતા બે પંચોની હાજરીમાં પંચનામુ કરી કબજે કરેલા. આ કપડાઓમાં લાઈનીંગવાળો બુશર્ટ, નીટેક્ષ ગંજી, કથ્થઈ કલરનું પેન્ટ હતુ, આ કપડા કબજે કર્યાનું જે પંચનામુ બનાવવામાં આવેલુ તે આ કામે આંક–૨૧૪૪ થી રજૂ છે જેમાં આ સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ સાહેદે આ બનાવમાં ઈજા પામનાર મોહનભાઈ ચરણસીંગ માળીએ બનાવ વખતે પહેરેલ કપડા તેમના ભાઈ ઓમપ્રકાશ માળીએ રજૂ કરતા બે પંચોની હાજરીમાં પંચનામુ કરી કબજે કરેલા. આ કપડાઓમાં આખી બાંઈનો ઓપન શર્ટ, ક્રીમ કલરનું પેન્ટ હતુ, આ કપડા કબજે કર્યાનું જે પંચનામુ બનાવવામાં આવેલુ તે આ કામે આંક–૨૧૬૪ થી રજૂ છે જેમાં આ સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ સાહેદે આ બનાવમાં ગુજરી જનાર કનુભાઈ લક્ષ્મણભાઈ જોગાણીનાઓના શબ પરિક્ષણ વખતે ડૉકટરે મેળવેલા કપડા પોલીસ કોન્સ્ટેબલ વિયનકુમારે લાવીને આ સાહેદ સમક્ષ રજૂ કરેલા. આ કપડામાં વાદળી કલરનો ઝભ્ભો, વાદળી જેવા રંગનો લેંઘો, સફેદ બનીયન અને નાડાવાળો જાંગીયો બે પંચોની હાજરીમાં પંચનામુ કરી કબજે કરેલા. આ કપડા કબજે કર્યાનું જે પંચનામુ બનાવવામાં આવેલુ તે આ કામે આંક–૨૧૫૬ થી રજૂ છે જેમાં આ સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ સાહેદે આ બનાવમાં ઈજા પામનાર ગીતાબેન પિતાંબરસીંગ રાજપુત તથા ટવીન્કલ પીતાંબરસીંગ રાજપુતનાઓએ બનાવ વખતે પહેરેલ કપડા પિતાંબરસીંગએ રજૂ કરતા બે પંચોની હાજરીમાં પંચનામુ કરી કબજે કરેલા. આ ગીતાબેનના કપડાઓમાં કુલ ડીઝાઈનવાળી સાડી, મહેંદી કલરનો નાડાવાળો ચણીયો તથા વાદળી રંગનો બ્લાઉઝ અને ટવીન્કલના કપડાઓમાં ભુખરા જેવા રંગનુ ફોક હતુ, આ કપડા કબજે કર્યાનું જે પંચનામુ બનાવવામાં આવેલુ તે આ કામે આંક–૨૧૬૦ થી રજૂ છે જેમાં આ સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ સાહેદે આ બનાવમાં ગુજરી જનાર શીયારામ દેવીરામ ઓઝાનાઓના શબ પરિક્ષણ વખતે ડૉકટરે મેળવેલા કપડા પોલીસ કોન્સ્ટેબલ રાજેન્દ્રસિંહ પ્રવિણસિંહે લાવીને આ સાહેદ સમક્ષ રજૂ કરેલા. આ કપડામાં ક્રીમ રંગનું અર્ધી બાંયનો શર્ટ, ગ્રીન કલરનું પેન્ટ, અને વાદળી રંગનો જાંગીયો બે પંચોની હાજરીમાં પંચનામુ કરી કબજે કરેલા. આ કપડા કબજે કર્યાનું જે પંચનામુ બનાવવામાં આવેલુ તે આ કામે આંક–૩૪૬૧ થી રજૂ છે જેમાં આ સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ સાહેદે આ બનાવમાં ગુજરી જનાર એક અજાણી વ્યકિત મરણ ગયેલ તેના શબ પરિક્ષણ વખતે ડૉકટરે મેળવેલા કપડા પોલીસ કોન્સ્ટેબલ રાજેન્દ્રસિંહ પ્રવિણસિંહે લાવીને આ સાહેદ સમક્ષ રજૂ કરેલા. આ કપડામાં ચોકડીવાળો આખી બાંયનો શર્ટ, સીલેટીયા કલરનું પેન્ટ, સફેદ રંગનું

અર્ધી બાંયનુ બનીયાન, બદામી કલરનો જાંગીયો બે પંચોની હાજરીમાં પંચનામુ કરી કબજે કરેલા. આ કપડા કબજે કર્યાનું જે પંચનામુ બનાવવામાં આવેલુ તે આ કામે આંક–૨૧૭૮ થી રજૂ છે જેમાં આ સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે.

વધુમાં આ સાહેદની સરતપાસ ધ્યાને લેતા આ કામે ઈ.પી.કો. કલમ–૩૦૨ નો ઉમેરો કરવાનો રીપોર્ટ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૮ ને આપેલો તે રીપોર્ટ આંક–૩૪૬૨ થી રજૂ છે તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલ છે.

આમ, આ ફરિયાદ લીધા બાદ સાહેદ લાલસિંહ જીતસિંહ સોલંકીએ ગુનો રજીસ્ટર કરવા પોતાના રીપોર્ટ સાથે પી.એસ.ઓ. નરોડાનાઓને મોકલી આપેલ તે રીપોર્ટ આ કામે આંક–૫૬૭ થી રજૂ છે અને રીપોર્ટમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. પી.એસ.ઓ. નરોડાનાઓએ આ ફરિયાદને સ્ટેશન ડાયરીમાં રજીસ્ટર કરેલી, તે સ્ટેશન ડાયરીની નકલ આ કામે આંક–૫૬૬ થી રજૂ કરેલી છે. તે રજીસ્ટર કરનાર સાહેદ સુરેશસિંહ મનુસિંહ ભદોરીયાનાઓને સાહેદ નં.૨૫ તરીકે આંક–૫૬૫ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લેતા તેઓ બનાવના દિવસે પી.એસ.ઓ. તરીકે નરોડા પોલીસ સ્ટેશનમાં ફરજ ઉપર હતા ત્યારે એક સૂચિપત્ર સોલંકીની સહીથી મોકલવામાં આવેલુ અને ગુનો નોંધેલો અને સ્ટેશન ડાયરી એન્ટ્રી નં.૩૦ આપેલી, ત્યારબાદ એફ.આઈ.આર. ફાડેલી અને તે અંગેનો રીપોર્ટ કરેલો જે આ કામે આંક–૫૬૭ ના પાછળના ભાગે રજૂ કરેલો છે જેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

આ કામે ફરિયાદી શૈલેષભાઈ નનુભાઈ પટેલની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલી છે તે ધ્યાને લેતા બનાવ વખતે આ સાહેદ તંદુરસ્ત ન હતા તો તે હકીકત નકારે છે. બનાવ સ્થળે ગયા ત્યારે ૫ થી ૧૦ મિનિટમાં ધડાકાનો અવાજ સાંભળેલો તે વખતે ત્યાંની શું પરિસ્થિતિ હતી તેની જાત માહિતી નથી તે કબૂલ કરે છે. ફરિયાદમાં આ સાહેદ બપોરે રજા ઉપર હતા તેવી હકીકત લખાવી નથી તો તે કબૂલ કરે છે. સ્થળ ઉપર પહોંચ્યા પછી ૫ થી ૧૦ મિનિટમાં ધડાકો

થયેલો તેવી હકીકત લખાવી નથી તો તે હકીકત નકારે છે. બનાવ સંદર્ભે પોલીસે કોઈ લેખિત નોટીસ આપીને બોલાવ્યા હોય તેવુ બન્યુ નથી તો તે કબૂલ કરે છે. આ સાહેદે ઈજાગ્રસ્તોને હોસ્પિટલ લઈ ગયા હોય તેવુ બન્યુ નથી તે કબૂલ કરે છે. પ્રવિણ તોગડીયાનું બાપુનગર હીરા માર્કેટમાં સારૂ વર્ચસ્વ છે તો તે હકીકત નકારે છે. પ્રવિણ તોગડીયા, ગોરધન ઝડફીયા જો અવાજ કરે તો ઘણા લોકો ભેગા થઈ જાય છે તો તે કબૂલ કરે છે. આ વિસ્તારમાં દુર્ગા સેના, બજરંગ દળ, વિશ્વહિંદુ પરીષદ વિગેરેના કાર્યકર્તાઓ રહે છે તે કબૂલ કરે છે. બનાવ સ્થળે ગયા નથી અને બનાવ નજરે જોયો નથી તે હહીકત નકારે છે.

ફરિયાદ લેનાર સાહેદ લાલસિંહ જીતસિંહ સોલંકીની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલ છે તે જોતા આ સાહેદ સ્થળ ઉપર ગયા ત્યારે ઈજા પામનાર ત્યાં હાજર ન હતા તે હકીકત નકારે છે. ફરિયાદ લીધી ત્યારે બીજા ઈજાગ્રસ્તો સ્થળ ઉપર હાજર ન હતા તે કબૂલ કરે છે અને તે ન જ હોય કારણ કે મારા મત પ્રમાણે આ બનાવમાં ઘણા બધા લોકોને ઈજાઓ થયેલી છે જેથી ઘણા લોકો તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ જતા રહેલા હોય માટે હાજર ના હોય તે સ્વાભાવિક છે. ફરિયાદીના કહેવા પ્રમાણે તેઓ બનાવ સ્થળે સાડા છ વાગે પહોંચેલા તેવુ જણાવેલુ છે તો તે કબૂલ કરે છે. ઈજા પામનારાઓને તરત જ કઈ હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા તેની સ્થળ ઉપર ગયા પછી તરત જ જાણ થયેલી નહીં. ઈજા પામનારની ફરિયાદ લેવાનો પ્રયત્ન કરેલો પરંતુ ઈજા પામનાર સ્થળ ઉપર ન હતા તેમ જણાવે છે. આ સિવાય બીજી કોઈ મહત્વની હકીકતો ઊલટતપાસમાં નીકળી આવતી નથી.

સાહેદ લાલસિંહ જીતસિંહ સોલંકીનાઓએ બે પંચોની હાજરીમાં આંક–૨૦૫૬ વાળુ ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરી જે મુદ્દામાલ કબજે કરેલો તે પંચનામાના પંચો પૈકીના પંચ દિનેશભાઈ ચંદુલાલ ઠાકરને સાહેદ નં.૩૫૬ તરીકે આંક–૨૦૫૫ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ તેઓ ઠક્કરનગર કુળદેવી ટી સ્ટોલ પાસે સવારે ચા પીતા હતા ત્યારે પોલીસે તેમને બોલાવેલા અને જણાવેલુ કે અહીં બોમ્બ બ્લાસ્ટ

થયેલ છે તેનુ પંચનામુ કરવાનું છે, પોલીસે એક રમેશભાઈને પણ બોલાવેલા, થોડીવાર પછી એફ.એસ.એલ. અધિકારી આવેલા, ફરિયાદી શૈલેષભાઈ પટેલ પણ હાજર હતા તેમને બનાવવાળી જગ્યા બતાવેલી જે કુળદેવી ટી સ્ટોલવાળી જાહેર રોડ ઉપર હતી. આ જગ્યા ઉપર કાળા કલરની સાઇકલ પડેલ હતી, તેના ગવન્ડર ઉપર હરકયુલસ લખ્યુ હતુ, વચ્ચેની ફ્રેમ ઉપર એટલાસ ગોલ્ડ લખેલ હતુ, સાઇકલનો આગળનો ભાગ તથા પાછળનો પંખો તુટી ગયેલા હતા. એફ. એસ.એલ. અધિકારીએ સેમ્પલ લીધેલા હતા. બનાવવાળા સ્થળેથી પાંચેક ફુટ દુર એક એકટીવા પડેલુ હતુ, તેનાથી ચારેક ફુટ દુર એક હીરો હોન્ડા બાઈક પડેલ હતી અને એક પેન્ડલ રીક્ષા થોડે દુર પડેલ હતી, તેનાથી ૫–૭ મીટરના અંતરે જૂની સાઇકલો પડેલી હતી જે કુલ–૭ નંગ હતી. એફ.એસ.એલ.ના સાહેબ હીંગરાજીયા સાહેબ તથા પોલીસ સબઇન્સ્પેકટર વાત કરતા હતા. જે કંઈ પડેલુ હતુ તે કબજે કરેલુ. આ જગ્યાએથી થોડે દુર જોયુ તો એક બ્લ્યુ કલરની પ્લાસ્ટિકની કોથળી ટુકડા સ્વરૂપે હતી ત્યાં એક લાકડાના ટુકડા ઉપર પ્લાસ્ટિકની લાલ કલરની ટેપ મારેલ હતી અને તેની અંદર એક વાયર લગાડેલ હતો ત્યાં એક શર્ટનો ટુકડો પડેલો હતો અને બ્લ્યુ રંગની ચીકણા પદાર્થવાળી એક કોથળી પડેલ હતી. આ બધુ ભેગુ કરીને સાહેબે પ્લાસ્ટિકની ત્રણ કોથળી લીધેલી જેમાં પ્લાસ્ટિકના ટુકડા તથા શર્ટના ટુકડા પેક કરેલા. માટી ઉપર લોહીના જે ડાઘ હતા તે રૂ વડે ઘસીને સેમ્પલ લીધેલા તે પણ પ્લાસ્ટિકની કોથળીમાં પેક કરેલા, તેની ઉપર સ્લીપો લગાડેલી અને દોરી વડે બાંધી લાખથી સીલ કરેલુ. તુટી ગયેલ સાઇકલ સાથેની સાત સાઇકલો પોલીસે કબજે લીધેલી તથા આ સાહેદે જગ્યાની આજુબાજુનું વર્ણન લખાવેલુ છે. આ મુજબનું જે પંચનામુ કરેલુ તે આંક–૨૦૫૬ વાળા પંચનામામાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આ ઉપરાંત આંક–૨૦૫૬ વાળા પંચનામામાં જે હકીકત લખેલી છે અને આ સાહેદે પોતાની સરતપાસમાં જણાવેલી નથી તે પણ ખાસ સરકારી વકીલશ્રીએ સાહેદનું ધ્યાન દોરીને પુછતા તમામ હકીકત પંચનામામાં લખાવ્યા મુજબની લખેલી છે તેમ જણાવે છે. આ સાહેદની સહીઓવાળી પંચ

સ્લીપ આંક–૨૦૫૭ થી ૨૦૫૯ આ સાહેદને બતાવતા સ્લીપોમાં પણ આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

હવે આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવી છે તે ધ્યાને લઈએ તો મુદ્દામાલ સાઈકલો પૈકી એક સાઈકલને નુકસાન થયેલાનું કબૂલ કરે છે. આરોપીઓ તરફથી આ કબૂલાત્મક પ્રશ્ન પુછેલ હોય બનાવમાં એક સાઈકલને નુકસાન થયેલાનું કબૂલ કરેલુ છે તેમ કહી શકાય. બનાવવાળી જગ્યા ઉપર કોઈ ખાડો પડેલો નહીં તે કબૂલ કરે છે. બનાવવાળી જગ્યાએ પડેલ એકટીવા તથા બીજા વાહનો કબજે કરેલ નથી તો તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે બોમ્બ બ્લાસ્ટમાં એકટીવા કે બીજા વાહનોનો ઉપયોગ થયેલો નથી માટે તપાસ કરનાર અધિકારીએ તે વાહનો કબજે કરવાની જરૂર હોતી નથી. વધુ ઊલટતપાસ ધ્યાને લેતાં આ સાહેદ સ્થળ ઉપર પહોંચ્યા ત્યારે પોલીસવાળા અને બીજા લોકો હાજર હતા તે કબૂલ કરે છે. પોલીસે બીજા અધિકારીઓ સાથે ઓળખાણ કરાવેલી નહીં તેમ જણાવે છે. પંચનામાના દિવસે ૪–૫ સહીઓ લીધેલાનું જણાવે છે. સરતપાસમાં જણાવ્યા મુજબની કોઈ કામગીરી કરવામાં આવેલી નથી તો તે હકીકત નકારેલી છે.

વધુમાં સાહેદ લાલસિંહ જીતસિંહનાઓએ બે પંચોની હાજરીમાં આ બોમ્બ બ્લાસ્ટના બનાવમાં ઈજા થયેલ સાહેદ રામહેત કુશ્વાહાએ બનાવ વખતે પહેરેલા કપડા તેમના દીકરા જેસંગભાઈએ રજૂ કરેલા અને તે અંગેનું પંચનામુ બે પંચોની હાજરીમાં બનાવેલુ તે પંચનામા પૈકીના પંચ સંજય મનહરલાલ સોનીનાઓને સાહેદ નં.૩૬૯ તરીકે આંક–૨૧૪૩ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ તેઓને નરોડા પોલીસ સ્ટેશનમાં બોલાવેલા તે વખતે બીજા ઘનશ્યામભાઈ પણ હતા. પોલીસે જણાવેલુ કે બોમ્બ બ્લાસ્ટમાં ઈજા પામનાર રામહેત કુશ્વાહાએ બનાવ વખતે પહેરેલ કપડા તેમના દીકરા જેસંગભાઈ રજૂ કરે છે તે કબજે લેવાના છે તેમ જણાવેલુ અને જેસંગભાઈએ એક શર્ટ જેને નાનુ કાણુ પડેલ હતુ અને લોહીથી ખરડાયેલ હતુ તથા નીટેક્ષ ગંજી તેને પણ પાછળના ભાગે કાણું હતુ અને લોહીના ડાઘા હતા તથા કથ્થઈ કલરનું

પેન્ટ જે પોલીસે પ્લાસ્ટિકની થેલીમાં મુકી ત્રણેયને અલગ–અલગ કાગળમાં મુકી પડીકા બનાવેલા અને દોરીથી બાંધી પંચોની સહીઓવાળી સ્લીપ મુકી સીલ કરેલા. આ મુજબનું જે પંચનામુ બનાવેલુ તે આંક–૨૧૪૪ વાળા પંચનામામાં તથા આંક–૨૧૪૫, ૨૧૪૬ વાળી પંચ સ્લીપોમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે તથા તેમની હાજરીમાં જે કપડા કબજે કરેલા તે પણ અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે.

વધુમાં સાહેદ લાલસિંહ જીતસિંહનાઓએ બે પંચોની હાજરીમાં આ બોમ્બ બ્લાસ્ટના બનાવમાં ઈજા થયેલ સાહેદ મોહનભાઈ માળીએ બનાવ વખતે પહેરેલા કપડા તેમના ભાઈ ઓમપ્રકાશે રજૂ કરેલા અને તે અંગેનું પંચનામુ બે પંચોની હાજરીમાં બનાવેલુ તે પંચનામા પૈકીના પંચ કાન્તિભાઈ જીવનભાઈ પરમારનાઓને સાહેદ નં.૩૭૪ તરીકે આંક–૨૧૬૩ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ તેઓને નરોડા પોલીસ સ્ટેશનમાં બોલાવેલા તે વખતે બીજા અરવિંદભાઈ પણ હતા. પોલીસે જણાવેલુ કે બોમ્બ બ્લાસ્ટમાં ઈજા પામનાર મોહનભાઈ માળીએ બનાવ વખતે પહેરેલ કપડા તેમના ભાઈ ઓમપ્રકાશ રજૂ કરે છે તે કબજે લેવાના છે તેમ જણાવેલુ અને ઓમપ્રકાશે એક શર્ટ જે લોહીથી ખરડાયેલ હતુ તથા ક્રિમ કલરનું પેન્ટ જેમાં લોહીના ડાઘા હતા જે પોલીસે પ્લાસ્ટિકની થેલીમાં મુકી બંનેને અલગ–અલગ કાગળમાં મુકી પડીકા બનાવેલા અને દોરીથી બાંધી પંચોની સહીઓવાળી સ્લીપ મુકી સીલ કરેલા. આ મુજબનું જે પંચનામુ બનાવેલુ તે આંક–૨૧૬૪ વાળા પંચનામામાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે તથા તેમની હાજરીમાં જે કપડા કબજે કરેલા તે પણ અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે.

વધુમાં સાહેદ લાલસિંહ જીતસિંહનાઓએ બે પંચોની હાજરીમાં આ બોમ્બ બ્લાસ્ટના બનાવમાં ગુજરી જનાર કનુભાઈ લક્ષ્મણભાઈએ બનાવ વખતે પહેરેલા કપડા શબ પરીક્ષણ વખતે ડૉકટરે મેળવીને પોલીસ કોન્સ્ટેબલ વિનયભાઈને સોંપેલા અને આ વિનયભાઈએ તપાસ કરનાર અધિકારી સમક્ષ રજૂ કરેલા અને તે અંગેનું પંચનામુ બે પંચોની હાજરીમાં બનાવેલુ તે પંચનામા પૈકીના

પંચ ઈશ્વરભાઈ મોહનભાઈ મારવાડીનાઓને સાહેદ નં.૩૭૨ તરીકે આંક–૨૧૫૫ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ તેઓને નરોડા પોલીસ સ્ટેશનમાં બોલાવેલા તે વખતે બીજા દિનેશભાઈ પણ હતા. પોલીસે જણાવેલુ કે બોમ્બ બ્લાસ્ટમાં ગુજરનાર કનુભાઈ લક્ષ્મણભાઈએ બનાવ વખતે પહેરેલ કપડા પોલીસ કોન્સ્ટેબલ વિનયભાઈ રજૂ કરે છે તે કબજે લેવાના છે તેમ જણાવેલુ અને વિનયભાઈએ આછા વાદળી રંગનો લોહીથી ખરડાયેલો કાણાવાળો ઝભ્ભો તથા વાદળી જેવા કલરનો લોહીવાળો અને કાણાવાળો લેંઘો તથા સફેદ કલરની બનીયન તેમાં પણ કાણાં હતા અને લોહીથી ખરડાયેલ હતુ તથા નાડાવાળો જાંગીયો તેને પણ કાણા હતા જે પોલીસે પ્લાસ્ટિકની થેલીમાં મુકી ચારેયને અલગ–અલગ કાગળમાં મુકી પડીકા બનાવેલા અને દોરીથી બાંધી પંચોની સહીઓવાળી સ્લીપ મુકી સીલ કરેલા. આ મુજબનું જે પંચનામુ બનાવેલુ તે આંક–૨૧૫૬ વાળા પંચનામામાં તથા આંક–૨૧૫૭, ૨૧૫૮ વાળી પંચ સ્લીપોમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે તથા તેમની હાજરીમાં જે કપડા કબજે કરેલા તે પણ અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે.

વધુમાં સાહેદ લાલસિંહ જીતસિંહનાઓએ બે પંચોની હાજરીમાં આ બોમ્બ બ્લાસ્ટના બનાવમાં ઈજા થયેલ સાહેદ ગીતાબેન પિતાંબરસીંગ રાજપુત તથા ટવીન્કલબેન પિતાંબરસીંગ રાજપુતનાઓએ બનાવ વખતે પહેરેલા કપડા પિતાંબરસીંગે રજૂ કરેલા અને તે અંગેનું પંચનામુ બે પંચોની હાજરીમાં બનાવેલુ તે પંચનામા પૈકીના પંચ પ્રવિણભાઈ જાદવભાઈ જેઠવાનાઓને સાહેદ નં.૩૭૩ તરીકે આંક–૨૧૫૯ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ તેઓને નરોડા પોલીસ સ્ટેશનમાં બોલાવેલા તે વખતે બીજા મહેશભાઈ પણ હતા. પોલીસે જણાવેલુ કે બોમ્બ બ્લાસ્ટમાં ઈજા પામનાર ગીતાબેન પિતાંબરસીંગ રાજપુત તથા ટવીન્કલબેન પિતાંબરસીંગ રાજપુતે બનાવ વખતે પહેરેલ કપડા પિતાંબરસીંગ રજૂ કરે છે તે કબજે લેવાના છે તેમ જણાવેલુ અને પિતાંબરસીંગે ગીતાબેનના કપડા જેવા કે કુલ ડીઝાઈનવાળી સાડી, મહેંદી કલરનો નાડાવાળો ચણીયો તથા વાદળી રંગનો બ્લાઉઝ તેમજ

ટવીન્કલનું ડીઝાઈનવાળુ ફ્રોક જે પોલીસે પ્લાસ્ટિકની થેલીમાં મુકી ચારેયને અલગ–અલગ કાગળમાં મુકી પડીકા બનાવેલા અને દોરીથી બાંધી પંચોની સહીઓવાળી સ્લીપ મુકી સીલ કરેલા. આ મુજબનું જે પંચનામુ બનાવેલુ તે આંક–૨૧૬૦ વાળા પંચનામામાં તથા આંક–૨૧૬૧, ૨૧૬૨ વાળી પંચ સ્લીપોમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે તથા તેમની હાજરીમાં જે કપડા કબજે કરેલા તે પણ અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે.

વધુમાં સાહેદ લાલસિંહ જીતસિંહનાઓએ બે પંચોની હાજરીમાં આ બોમ્બ બ્લાસ્ટના બનાવમાં ગુજરી જનાર એક અજાણી વ્યકિતએ બનાવ વખતે પહેરેલા કપડા શબ પરીક્ષણ વખતે ડૉકટરે મેળવીને પોલીસ કોન્સ્ટેબલ રાજેન્દ્રસિંહને સોંપેલા અને આ રાજેન્દ્રસિંહે તપાસ કરનાર અધિકારી સમક્ષ રજૂ કરેલા અને તે અંગેનું પંચનામુ બે પંચોની હાજરીમાં બનાવેલુ તે પંચનામા પૈકીના પંચ ભગવાનદાસ કિશનચંદ ઉતવાણીનાઓને સાહેદ નં.૩૭૮ તરીકે આંક–૨૧૭૭ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ તેઓને નરોડા પોલીસ સ્ટેશનમાં બોલાવેલા તે વખતે બીજા નટવરભાઈ પણ હતા. પોલીસે જણાવેલુ કે બોમ્બ બ્લાસ્ટમાં ગુજરનાર એક અજાણ્યા પુરૂષે બનાવ વખતે પહેરેલ કપડા પોલીસ કોન્સ્ટેબલ રાજેન્દ્રસિંહ રજૂ કરે છે તે કબજે લેવાના છે તેમ જણાવેલુ અને રાજેન્દ્રસિંહે ક્રીમ કલરનો ડીઝાઈનવાળો બુશર્ટ લોહીથી ખરડાયેલો અને કાણાવાળો હતો તથા સલેટીયા કલરનું પેન્ટ તેને પણ સાથળના ભાગે કાણુ હતુ અને લોહીથી ખરડાયેલો હતો તથા સફેદ કલરની બનીયન તેને પણ પાછળ કાણુ હતુ અને લોહીથી ખરડાયેલી હતી જે પોલીસે પ્લાસ્ટિકની થેલીમાં મુકીને અલગ–અલગ કાગળમાં મુકી પડીકા બનાવેલા અને દોરીથી બાંધી પંચોની સહીઓવાળી સ્લીપ મુકી સીલ કરેલા. આ મુજબનું જે પંચનામુ બનાવેલુ તે આંક–૨૧૭૮ વાળા પંચનામામાં તથા આંક–૨૧૭૯, ૨૧૮૦ વાળી પંચ સ્લીપોમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે તથા તેમની હાજરીમાં જે કપડા કબજે કરેલા તે પણ અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે.

શરૂઆતના તપાસ કરનાર અધિકારી લાલસિંગ જીતસિંહનાઓએ આ બનાવ પછી સ્થળ ઉપર એફ.એસ.એલ.ના અધિકારીને બોલાવેલા તે અધિકારી અમૃતલાલ વશરામભાઈ હિંગરાજીયાને સાહેદ નં.૮૩૦ તરીકે આંક–૫૫૬૬ થી તપાસેલા છે. તેઓની આ ગુના પુરતી સરતપાસ ધ્યાને લેતા તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ નરોડા પોલીસ સ્ટેશનથી ઠકકરનગર ચાર રસ્તા કુળદેવી ટી સ્ટોલ પાસે તપાસ કરવાનો ટેલીફોનિક સંદેશો મળેલ. સદર જગ્યાએ પહોંચતા બનાવવાળી જગ્યાએ તપાસ અંગેની યાદી સોંપેલ. જે અંગે બનાવ સ્થળની તપાસ કરતા બનાવ સ્થળ કુળદેવી ટી સ્ટોલની સામેની ખુલ્લી જગ્યા તે જગ્યાના રોડ ઉપર બારીકાઈથી નિરીક્ષણ કરતા સદર જગ્યાએ એટલાસ ગોલ્ડ લાઈન જુના જેવી સાઇકલ હતી. સદર સાઇકલનો આગળનો વ્હીલનો ભાગ તુટેલ જણાયેલ. સદર સાઇકલની આજુબાજુમાં બ્લ્યુ રંગની પ્લાસ્ટિકની કોથળીના ટુકડાઓ, લાલ રંગની ટેપ ચોંટાડેલ લાકડાના ટુકડા, છરા, તુટેલ ડીટોનેટરનો ભાગ હોય તેવો વાયર સાથેનો ટુકડો, કાળા જેવી થેલીનો ટુકડો, આછા વાદળી રંગનો કાપડનો ટુકડો જે શર્ટનો ભાગ હોય તેવું જણાયેલું. સદર જગ્યાએથી મળેલ બ્લુ રંગની પ્લાસ્ટિકની કોથળી પર ચીકણા જેવો પદાર્થ ચોટેંલ હતો. સદર જગ્યાએ ટી સ્ટોલ પાસે સુકાયેલ લોહી પડેલ હતું. ઉપરોક્ત બનાવવાળી જગ્યાએથી તપાસ અધિકારીશ્રીને નમૂનાઓ કબજે લેવા જણાવેલું. જે નમૂનાઓમાં...

- બ્લયુ રંગની ફાટેલી પ્લાસ્ટિકની કોથળી, લાલ ટેપ ચોંટાડેલ લાકડાના ટુકડાઓ, છરા, ફાટેલી થેલી, ફાટેલો શર્ટનો ટુકડો વગેરે
- ટી સ્ટોલ પાસે પડેલ સુકાયેલ લોહીને સલાઈન વોટરવાળા રૂ વડે ઘસીને લીધેલ
- કંટ્રોલ રૂ

ઉપરોક્ત બનાવ અંગે તપાસ અધિકારીશ્રીને જરૂરી માર્ગદર્શન કરી કબજે લીધેલ નમૂનાઓને વધુ તપાસ અર્થે એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે મોકલવા ભલામણ કરેલી. સાહેદને આંક–૩૪૬૦ વાળી પોલીસ ઇન્સ્પેકટર

નરોડાની યાદીમાં સાહેદે યાદી સ્વીકારનાર તરીકે પોતાની સહી ઓળખી બતાવેલ છે તથા પાછળના ભાગે સ્થળ ઉપર આપેલ અભિપ્રાય તેમના હસ્તાક્ષરમાં લખેલ છે અને અભિપ્રાયમાં પોતાની સહી ઓળખી બતાવે છે. આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલી છે તે ધ્યાને લેતાં આ સાહેદે અમદાવાદ શહેરમાં આ સમય દરમ્યાન બીજા ઘણા બધા બોમ્બ બ્લાસ્ટના બનાવો બનેલા અને તે બનાવોવાળી જગ્યા ઉપર જઈને પણ તેમણે સ્થળ પરિક્ષણો કરેલા જે હકીકત તેમણે પોતાની આંક–૫૫૬૬ ની જુબાનીમાં જણાવેલી છે અને આરોપીઓ તરફથી પણ જનરલ અને સામાન્ય ઊલટતપાસ થયેલી છે. કોઈ ચોકકસ ગુના સબંધે ઊલટતપાસ કરવામાં આવેલ નથી. તેમ છતાં થોડી વધુ ઊલટતપાસ જોઈએ તો તેમના વાહનમાં ફોટોગ્રાફી કરવાના કોઈ સાધનો હોતા નથી તેમ જણાવે છે. વર્ધિના આધારે ગુનાના સ્વરૂપ સબંધેની જરૂરી કીટ લઈને તેઓ જતા હોય છે. તેમની વાનમાં જુદા–જુદા ટેસ્ટ કરવા કીટો પણ હોય તે કબૂલ કરે છે. કેટલીક કીટો એક્ષપાયરી ડેટની પણ હોય છે તે કબૂલ કરે છે, પરંતુ આ સાહેદે સ્થળ ઉપર વેરવીખેર જે મુદ્દામાલ પડેલ હતો તે મુદ્દામાલ તપાસ કરનાર અધિકારીને કબજે લેવા માટે લેખિતમાં સુચન કરેલા હતા. તેમની પાસેની કોઈ કીટથી ત્યાં કોઈ મુદ્દામાલનું પરિક્ષણ કરેલ નથી જેથી કીટ ચાલુ હાલતમાં હોય કે એક્ષપાયરી ડેટવાળી હોય તેની સાથે કોઈ સબંધ નથી. આ સાહેદની હાજરીમાં કોઈ વ્યકિતએ ત્યાં બોમ્બ બનાવવાનું ડેમોસ્ટ્રેશન કરેલ નથી તે કબૂલ કરે છે. આમ આ સાહેદની જુબાની ધ્યાને લેતા આ સાહેદે નરોડા પોલીસ ઇન્સ્પેકટરની યાદીના આધારે સ્થળ ઉપર જઈ ફકત સ્થળ પરિક્ષણ કરી જરૂરી સુચનો કરેલા છે.

હવે તપાસ કરનાર અધિકારીએ ગુનાવાળી જગ્યા ઉપરથી જે મુદ્દામાલ આંક–૨૧૫૬ ના પંચનામાના આધારે કબજે કરેલો તથા બનાવમાં ઈજા પામનારાઓના કપડા આંક–૨૧૪૪, ૨૧૬૪, ૨૧૬૦, ૨૧૭૮ તથા ગુજરનારના કપડાઓ આંક–૨૧૫૬, ૩૪૬૧ થી જુદા–જુદા પંચનામાઓ દ્વારા જે મુદ્દામાલ સાહેદ લાલસિંહ જીતસિંહે કબજે કરીને પંચોની હાજરીમાં સીલ કરેલો

તે મુદ્દામાલ રવાનગી નોંધ સાથે એફ.એસ.એલ. ગાંધીનગરને પૃથક્કરણ માટે એસ.ઓ.જી. ક્રાઈમ બ્રાન્ચના પોલીસ ઈન્સ્પેકટર પી.એસ.પટેલે રવાનગી નોંધ આંક–૫૭૬૮, ૫૭૭૮ થી મોકલી આપેલો. આ રવાનગી નોંધોમાં પી.એસ.પટેલ પોતાની આંક–૮૨૨૪ ની જુબાનીમાં પોતાની સહીઓ ઓળખી બતાવેલ છે તથા આ રવાનગી નોંધોમાં સત્તાનું પ્રમાણપત્ર મદદનીશ પોલીસ કમિશનર ક્રાઈમ બ્રાન્ચનાઓએ આપેલુ છે. રવાનગી નોંધ આંક–૫૭૬૮ મા જણાવ્યા મુજબ કુલ–૯ નમૂના માર્ક–એ, એ/૧ વિગેરેથી લઈને એચ, એચ/૧, એચ/૨ સુધીના તથા રવાનગી નોંધ આંક–૫૭૭૮ મુજબ માર્ક–એક્ષ સુધીના એફ.એસ.એલ. ગાંધીનગરને તપાસ અર્થે મોકલેલા હતા. હવે આ મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારી જાનમહંમદ ફકીરભાઈ મન્સુરીને સાહેદ નં.૮૪૦ તરીકે આંક–૫૭૦૦ થી તપાસેલા છે. તેઓ આ ગુના પુરતી સરતપાસ ધ્યાને લઈએ તો તેમના વિભાગના મદદનીશ નિયામકશ્રી દ્વારા તા.૩૦/૭/૨૦૦૮ ના રોજ સ્વીકારવામાં આવેલ મુદ્દામાલ, જે નરોડા પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેરના ફ. ગુ. ર. નં. ૪૦૦/૦૮ ના કેસનો મુદ્દામાલ હતો તે તેમને પૃથક્કરણ અર્થે તા.૪/૮/૨૦૦૮ ના રોજ મળેલો અને તેની સાથે તેને લગતા કાગળોની ફાઈલ પણ સોંપવામાં આવેલ. સદરહુ કામનો મુદ્દામાલ તેમની કચેરીમાં મદદનીશ નિયામક શ્રી જી. ડી. શર્માએ સ્વીકારેલ હતો અને તેના સ્વીકાર્યા અંગેની પહોંચ સંબંધીત પોલીસ મથકને ફાળવેલ હતી. સદરહુ કામના મુદ્દામાલમાં કુલ–૨૫ સીલબંધ પાર્સલો હતા. રવાનગી નોંધ આંક–૫૭૬૮ મા જણાવ્યા મુજબ...

- માર્ક–એ, એ–૧, એ–૨ ઈજા પામનાર રાહેત મંગલાના કપડા જેમા બુશર્ટ, ગંજી તથા પેન્ટ.
- માર્ક–બી, બી–૧ ઈજા પામનાર મોહન ચરણસીંગના કપડા જેમા શર્ટ તથા પેન્ટ.
- માર્ક–સી, સી–૧, સી–૨, સી–૩ મરણ જનાર કનુભાઈ લક્ષ્મણભાઈના કપડા જેમા જભ્ભો, લેંઘો, બનીયન તથા જાંગીયો.

- માર્ક–એક્ષ, એક્ષ–૧ મરણ જનાર કનુભાઈના બ્લડના નમૂના.
- માર્ક–ડી, ડી–૧, ડી–૨, ડી–૩ ઈજા પામનાર ગીતાબેન પિતાંબર સીંગના કપડા જેમા સાડી, ચણીયો, બ્લાઉઝ તથા ટવીન્કલનું ફ્રોક.
- માર્ક–ઈ, ઈ–૧, ઈ–૨ મરણ જનરા સીયારામ દેવીરામના કપડે જેમા શર્ટ, પેન્ટ તથા જાંગીયો.
- માર્ક–એફ, એફ–૧, એફ–૨ લાકડાના ટુકડા, છરા, ફાટેલી થેલી, શર્ટનો ટુકડો, સુકાય ગયેલ લોહીવાળુ રૂ તથા કન્ટ્રોલ રૂ.
- માર્ક–જી, જી–૧, જી–૨, જી–૩ મરણ જનાર ભગવાનભાઈના કપડા જેમા બુશર્ટ, પેન્ટ, બનીયન તથા જાંગીયો.
- માર્ક–એચ, એચ–૧, એચ–૨ મરણ જનાર ભગવાનભાઈના બ્લડના નમૂના તથા માથામાંથી નીકળેલ ધાતુની વસ્તુ.

જે દરેક સીલ અકબંધ અને પોલીસ રવાનગી નોંધમાં મોકલેલ સીલના નમૂના મુજબના હતા અને મળેલ નમૂનાઓનું પૃથક્કરણ પ્રમાણિત રાસાયણિક અને ઉપકરણીય પધ્ધતિએ કરેલ હતું. આ પૃથક્કરણના આધારે એવા પરિણામ પર આવેલ કે...

(૧) નમૂના માર્ક– એ, એ–૧, એ–૨, બી, બી–૧, સી, સી–૧, સી–૨, સી–૩, ડી, ડી–૧, ડી–૨, ડી–૩, ઈ, ઈ–૧, ઈ–૨, એફ–૧, જી, જી–૧, જી–૨ તથા જી–૩ માં એમોનિયમ, નાઈટ્રાઈટ, અને નાઈટ્રેટ મુલકો તથા પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સ ઓઈલ (પેરાફીલ ઓઈલ પ્રકાર) ની હાજરી શોધાયેલ છે.

(૨) નમૂના માર્ક–એફ માં એમોનિયમ, નાઈટ્રાઈટ, અને નાઈટ્રેટ, લેડ તથા એઝાઈડ મુલકો તથા પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સ ઓઈલ (પેરાફીલ ઓઈલ પ્રકાર) ની હાજરી તથા પીઈટીએન (હાઇ એક્ષપ્લોજીવ)ની હાજરી શોધાયેલ છે.

(૩) નમૂના માર્ક– એક્ષ, એક્ષ–૧ તથા એક્ષ–૨ માં વિસ્ફોટકના ઘટકોની હાજરી શોધાયેલ નથી.

તેમના ઉપરોક્ત પરીણામથી એવા અભિપ્રાય ઉપર આવેલ કે...

૧. પૃથક્કરણના પરીણામમાં શોધાયેલ એમોનિયમ નાઈટ્રેટ અને પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન ઓઈલનું મિશ્રણએ એમોનિયમ નાઈટ્રેટ બેઝ એમોનિયમ નાઈટ્રેટ–ફ્યુલ ઓઈલ (એનફો) હાઈ એક્ષપ્લોઝીવના ઘટકો છે.

૨. પૃથક્કરણના પરિણામમાં શોધાયેલ લેડ એઝાઈડ અને પી.ઈ.ટી. એન. (હાઈ એક્ષપ્લોજીવ)નો ઉપયોગ બ્લાસ્ટિંગ કેપ (ડીટોનેટર) મા થાય છે.

૩. નમૂનાઓમાંથી મળેલ ધાતુના છરાનો ઉપયોગ દેશી હાથ બનાવટના બોમ્બમાં મીસાઈલ્સ તરીકે થાય છે.

૪. પૃથક્કરણના પરિણામ તથા નમૂનાઓમાંથી મળેલ ડીટોનેટરના ભાગ, છરા, લાકડાના ભાગોસ, ધાતુના પતરાના ભાગો, પ્લાસ્ટિકની શીટના ભાગો વિગેરેના આધારે એવું કહી શકાય કે હોડી આકારના લાકડાના ધાતુના પતરા અને પ્લાસ્ટિકની શીટ ધરાવતા કન્ટેનરમાં એનફો એક્ષપ્લોઝીવ પદાર્થ ભરી ધાતુના છરા ઉમેરી તથા ડીટોનેટરનો ઉપયોગથી બનાવાયેલ ટાઈમ ડીલે ડીવાઈસ પ્રકારનો આઈ.ઈ.ડી. બોમ્બ છે.

આમ ઉપરોકત પૃથક્કરણ અંગેનો અહેવાલ આપેલો જે આ કામે આંક–૫૭૭૦ થી રજૂ છે અને તેમાં તેમની સહીઓ ઓળખી બતાવે છે અને સદર અહેવાલ તેમની કચેરીના નાયબ નિયામકના ફોરવર્ડીંગ પત્ર સાથે સંબંધિત પોલીસ સ્ટેશનને મોકલી આપેલ.

આ ઉપરાંત આ સાહેદના વિભાગના મદદનીશ નિયામકશ્રી દ્વારા તા.૨૯/૮/૨૦૦૮ ના રોજ સ્વીકારવામાં આવેલ મુદ્દામાલ અંગેની પહોંચ જે આપવામાં આવેલી તે આંક–૫૭૪૯ થી રજૂ છે જેમાં મદદનીશ નિયામકની સહી છે, જે નરોડા પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેરના ફ. ગુ. ૨. નં. ૪૦૦/૦૮ ના કેસનો મુદ્દામાલ હતો તે તેમને પૃથક્કરણ અર્થે તા.૧૧/૯/૨૦૦૮ ના રોજ મળેલો અને તેની સાથે તેને લગતા કાગળોની ફાઈલ પણ સોંપવામાં આવેલ.

સદરહુ કામનો મુદ્દામાલ તેમની કચેરીમાં મદદનીશ નિયામક શ્રી જી. ડી. શર્માએ સ્વીકારેલ હતો અને તેના સ્વીકાર્યા અંગેની પહોંચ સંબંધીત પોલીસ મથકને ફાળવેલ હતી. સદરહુ કામના મુદ્દામાલમાં કુલ ૧ સીલબંધ પાર્સલ હતું જે એક એચડીપીઇ બેગનું પાર્સલ હતું. જેના પરનું સીલ "એ.સી.પી. એસ.ઓ.જી. ક્રાઇમ એબીએડી સીટી " હતું. જે સીલ અકબંધ અને પોલીસ રવાનગી નોંધમાં મોકલેલ સીલના નમૂના મુજબના હતા. આ જે નમૂનાઓનું વિગતવાર વર્ણન જે એક એચડીપીઇ બેગનું પાર્સલ હતું. જેમાં એક એટલાસ ગોલ્ડ લાઇન માર્ક ધરાવતી નીકળી ગયેલ ચીપીયા સાથેની કાળા રંગની સીટ ધરાવતી સાઇકલ હતી જેની ફ્રેમ પર "એ એસ ૧૬૬૨૮૭" નંબર લખેલો હતો. સદર સાઇકલ તાળુ મારીને બંધ કરેલ હતી. "સદર તાળા પર અક્ષર સીપી ૧૫ લીવર્સ" લખાણ વંચાતુ હતુ. સદર તાળુ નવા જેવું હતું. સાઇકલનો આગળનો ચીપીયો વળી ગયો હતો તથા ગવન્ડર નીચેની ફ્રેમ અંદરના ભાગે દબાઇ ગયેલી હતી. સદર ગવન્ડર પર ઘંટડીની બાજુમાં સફેદ રંગનો પ્લાસ્ટિકનો ટુકડો ચોંટેલ હતો. સાહેદને મળેલ નમૂનાઓનું પૃથક્કરણ પ્રમાણિત રાસાયણિક અને ઉપકરણીય પધ્ધતિએ કરેલ હતું. તેમના પૃથક્કરણના આધારે એવા પરિણામ પર આવેલ કે, ઉપરોકત નમૂનામાં એમોનિયમ, નાઇટ્રાઇટ, અને નાઇટ્રેટ મુલકો તથા પેટ્રોલીયમ હાઇડ્રોકાર્બન્સ ઓઇલ (પેરાફીલ ઓઇલ પ્રકાર) ની હાજરી શોધાયેલ છે.

તેમના ઉપરોક્ત પરિણામથી એવા અભિપ્રાય ઉપર આવેલ કે...

૧. પૃથક્કરણના પરીણામમાં શોધાયેલ એમોનિયમ નાઇટ્રેટ અને પેટ્રોલીયમ હાઇડ્રોકાર્બન ઓઇલનું મિશ્રણએ એમોનિયમ નાઇટ્રેટ બેઝ એમોનિયમ નાઇટ્રેટ–ફયુલ ઓઇલ (એનફો) હાઇ એક્ષપ્લોઝીવના ઘટકો છે.

આમ, ઉપરોકત પૃથક્કરણ અંગેનો અહેવાલ આપેલો જે આ કામે આંક–૫૭૫૦ થી રજૂ છે અને તેમાં તેમની સહીઓ ઓળખી બતાવે છે અને સદર અહેવાલ તેમની કચેરીના નાયબ નિયામકના ફોરવર્ડીંગ પત્ર સાથે સંબંધિત પોલીસ સ્ટેશનને મોકલી આપેલ.

આ સાહેદની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી છે. અમદાવાદમાં થયેલ સીરીયલ બોમ્બ બ્લાસ્ટનાં ઘણા બનાવોવાળી જગ્યા ઉપરથી કબજે કરવામાં આવેલ ઘણા મુદ્દામાલનું પૃથક્કરણ તથા સુરત શહેરમાં થયેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં પણ જે તે સ્થળો ઉપરથી કબજે કરવામાં આવેલ મુદ્દામાલનું પૃથક્કરણ આ સાહેદે કરેલુ છે. તેઓની ઊલટતપાસ જનરલ અને સામાન્ય છે. જેની હકીકત અગાઉના ગુનાઓમાં પણ જણાવેલી છે.

ત્યારબાદ આ કામે અન્ય એક એફ.એસ.એલ. અધિકારી તેજલબેન દિલીપભાઈ શાહને સાહેદ નં.૮૪૪ તરીકે આંક–૫૮૧૯થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ મુજબ નરોડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૪૦૦/૨૦૦૮ ના મુદ્દામાલ પૈકીનો મુદ્દામાલ રસાયણ વિભાગ તરફથી કુલ પચ્ચીસ પાર્સલો વિભાગીય સીલ સાથે આ સાહેદના વિભાગને પૃથક્કરણ અર્થે મોકલવામાં આવેલ. તે પૈકીના કેટલાક મુદ્દામાલનું આ સાહેદે બાયોલોજીકલ અને સીરોલોજીકલ પૃથક્કરણ કરેલુ. તે મુજબ...

- માર્ક–સી વાદળી કલરનો ઝભ્ભો.
- માર્ક–સી૧ આછા વાદળી રંગનો લેંઘો.
- માર્ક–સી૨ સફેદ રંગની બનીયાન.
- માર્ક–સી૩ જાંગીયો.
- માર્ક–એકસ બ્લડની સીલબંધ બોટલ.
- માર્ક–એકસ૧ ટુ મેટલ રાઉન્ડનું સીલબંધ પેકેટ.
- માર્ક–ડી કાળા, લાલ, પીળા, વાદળી કુલ ડીઝાઈનની બોર્ડરવાળી સાડી.
- માર્ક–ડી૧ મહેંદી કલરનો ચણીયો.
- માર્ક–ડી૨ વાદળી કલરનો બ્લાઉઝ.
- માર્ક–ડી૩ ભુખરા કલરનું ફ્રોક.
- માર્ક–ઈ ક્રીમ કલરનું બ્લેક ચેક્ષવાળુ અર્ધી બાંયનું શર્ટ.
- માર્ક–ઈ૧ આછા ગ્રીન કલરનું પેન્ટ.

- માર્ક–ઈ૨ વાદળી કલરનો જાંગીયો.
- માર્ક–એફ બ્લ્યુ રંગની ફાટેલી પ્લાસ્ટીકની કોથળી, લાલ ટેપ ચોંટાડેલ લાકડાના ટુકડાઓ, છરા, ફાટેલી થેલી, ફાટેલ શર્ટનો ટુકડો.
- માર્ક–એફ૧ ટી સ્ટોલ પાસે પડેલ સુકાયેલ લોહીને ૩ વડે ઘસીને લીધેલ નમૂનો.
- માર્ક–એફ ૨ કન્ટ્રોલ ૩.

ઉપરોકત મુદ્દામાલનું સીરોલોજીકલ પરીક્ષણ કરતા નમૂના–એ, એ૧, એ૨, બી, બી૧, સી, સી૧, સી૨, સી૩, એકસ, એકસ૧, ડી, ડી૧, ડી૨, ડી૩, ઈ, ઈ૧, ઈ૨, એફ, એફ૧, એફ૨, જી, જી૧, જી૨, જી૩ તમામ નમૂનાઓમાંથી રૂધીરની હાજરી મળી આવેલી છે. આ મુજબનો જે અહેવાલ આપેલો તે આ કામે આંક–૫૮૨૧ થી રજૂ છે તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવી છે અને આ અહેવાલ નાયબ નિયામકની સહીથી પોલીસ ઇન્સ્પેકટર એસ.ઓ.જી. ક્રાઈમ બ્રાન્ચને મોકલી આપેલો તેમ જણાવેલ છે.

ત્યારબાદ આ કામે અન્ય એક એફ.એસ.એલ. અધિકારી કુંદનભાઈ જીવરાજભાઈ ગોલાણીયાને સાહેદ નં.૮૪૧ તરીકે આંક–૫૭૮૩ થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ મુજબ નરોડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૪૦૦/૨૦૦૮ નો મુદ્દામાલ રવાનગી નોંધ આંક–૫૭૬૮, ૫૭૪૮ પૈકીનો કેટલોક મુદ્દામાલ આંતર વિભાગીય રવાનગી નોંધ સાથે રાસાયણિક વિભાગ તરફથી આ સાહેદના વિભાગમાં પૃથક્કરણ અર્થે મોકલવામાં આવેલ જેમાં એક વિભાગીય સીલબંધ પાર્સલ હતુ. સદર પાર્સલમાં અંગ્રેજીમાં એટલાસ ગોલ્ડ લાઈન માર્કાની જૂની કટાયેલ કાળા રંગની સાઇકલ હતી જેનો સીરીયલ નંબર અંગ્રેજીમાં એએસ૧૬૬૨૮૭ વંચાતો તો, તેનું આગળનું ટાયર નીકળી ગયેલ હતુ, પંખો તુટી ગયેલ હતો. આ મુદ્દામાલ નમૂના–એકસ વાળી સાઇકલનું તથા તેની ઉપરના હીટ માર્કનું બાહય દ્રષ્ટિ વિષયક તેમજ ભૌતિક પરિમાણનું માપન તથા મેગ્નીફાઇંગ લેન્સ વડે પરિક્ષણ કરેલુ અને તે આધારે આ સાહેદ એવા

અભિપ્રાય ઉપર આવેલા કે નમૂના–એકસ ની સાઇકલ ઉપર હીટ માર્ક તથા સદર સાઇકલને થયેલ નુકસાન બોમ્બ વિસ્ફોટના કારણે થઈ શકે. આ મુજબનો આ સાહેદે જે અભિપ્રાય આપેલો તે આ કામે આંક–૫૭૮૭ થી રજૂ કરેલો જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

ત્યારબાદ આ કામે તપાસ કરનાર અધિકારીશ્રી ટી.એસ.પટેલ, એસ.ઓ.જી. ક્રાઈમ બ્રાન્ચનાઓએ બનાવ બાદ બનાવવાળી જગ્યા ઉપર નકશો બનાવવા માટે મામલતદારશ્રી, તાલુકા કચેરી, સુભાષબ્રિજ, અમદાવાદને એક યાદી લખેલી જે યાદી આ કામે આંક–૩૩૭૪ થી રજૂ કરેલી છે જેમાં સાહેદ ટી.એસ.પટેલ પોતાની સહી આંક–૮૨૨૪ વાળી જુબાનીમાં ઓળખી બતાવે છે અને તે યાદી તથા જરૂરી કાગળો જેવા કે ગુનાવાળી જગ્યાનુ પંચનામુ, મામલતદાર અમદાવાદનાઓએ તેઓના ફોરવર્ડીંગ પત્ર સાથે ગુનાવાળી જગ્યાનો નકશો બનાવવા મોકલી આપેલ.

આંક–૩૩૭૪ વાળી યાદીના આધારે સર્કલ ઓફિસર હીરાભાઈ ડુંગરભાઈનાઓએ ગુનાવાળી જગ્યા ઉપર જઈ નકશો બનાવેલો તેઓને આ કામે સાહેદ નં.૬૯૮ તરીકે આંક–૩૪૨૯ થી તપાસેલા છે. તેમની સરતપાસ પ્રમાણે તેઓને તપાસ કરનાર અધિકારીશ્રી દ્વારા નરોડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં કુળદેવી ટી સ્ટોલ, ઠક્કરનગર પાસે જાહેર રોડ ઉપર બોમ્બ બ્લાસ્ટ થયેલો તે જગ્યા ઉપર જઈ નકશો બનાવવા માટેની યાદી મળેલી તે આંક–૩૩૭૪ ની યાદી મળ્યા બાબતે યાદી ઉપર તેમને પોતાની સહી ઓળખી બતાવી છે અને તે યાદીના આધારે સ્થળ ઉપર જઈ નકશો બનાવેલો તે નકશો આ કામે આંક–૩૪૩૦ થી રજૂ કરેલો છે. જેમા આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે અને આ નકશામાં જે જગ્યા ઉપર સાઇકલ મુકીને બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલ તે જગ્યા આ નકશામાં બતાવવામાં આવેલી છે.

(૪૫.૦૧) <u>અમદાવાદ શહેરના નરોડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૪૦૦/૨૦૦૮ ના કામે મરણ પામેલ વ્યકિતઓ બાબતે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકનઃ–</u>

નરોડા પોલીસ સ્ટેશનના આ બનાવમાં એક અજાણ્યા પુરૂષ મરણ ગયેલા અને પાછળથી તેઓની ઓળખાણ ભગવાનભાઈ મંજીભાઈ ગજેરા તરીકે થયેલી તેઓ ઈજા થવાના કારણે મરણ પામેલ અને તેઓની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ કરનાર સાહેદ અશ્વિનકુમાર વિનોદચંદ્ર પટેલને આ કામે સાહેદ નં.૫૦૩ તરીકે આંક–૨૯૩૭ થી તપાસેલા છે. તેમની સરતપાસ મુજબ તેઓ સને–૨૦૦૮ ના જુલાઈ માસમાં પોલીસ સબઇન્સ્પેકટર તરીકે નરોડા પોલીસ સ્ટેશન અમદાવાદ ખાતે ફરજ બજાવતા હતા. તે દરમ્યાન શારદાબેન હોસ્પિટલ અમદાવાદ ખાતે જઈ મરણ જનાર વ્યક્તિ એક ઈસમની લાશનું ઈન્કવેસ્ટ પંચનામું બે પંચોની હાજરીમાં કરેલુ. જે પંચનામુ આંક–૧૨૫૬ મા સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ કામે આંક–૧૨૫૬ વાળા પંચનામાના પંચ પૈકીના પંચ જયેશભાઈ મોહનભાઈ રાઠોડને સાહેદ નં.૨૪૩ તરીકે આંક–૧૨૫૫ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ શારદાબેન હોસ્પિટલના કેજયુલીટી વોર્ડમાં બોલાવેલા ત્યાં પલંગ ઉપર એક લાશ બતાવેલી તે લાશના ડાબા હાથે કલાઈ ઉપર દવાખાનાની પટ્ટી લગાવેલ હતી તેના ઉપર ભગવાનભાઈ નામ લખવામાં આવેલ હતુ. તે લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ બનાવેલુ. જે પંચનામુ આંક–૧૨૫૬ થી રજૂ કરેલુ છે, જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આમ, આંક–૧૨૫૬ વાળુ ઈન્કવેસ્ટ પંચનામુ ભગવાનભાઈ મંજીભાઈની લાશનું કરવામાં આવેલુ અને પંચનામા વખતે લાશની ઓળખ અંગેનું પંચનામુ પણ બે પંચોની હાજરીમાં બનાવવામાં આવેલુ તે પંચનામા પૈકીના પાંચ ચતુરભાઈ કાનજીભાઈ પટેલનાઓને સાહેદ નં.૩૭૭ તરીકે આંક–૨૧૭૫ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તા. ૨૯/૭/૨૦૦૮ ના રોજ બપોરના ત્રણ વાગ્યાની આસપાસ એસ.ઓ.જી. ક્રાઈમ બ્રાન્ચની પોલીસે સિવિલ હોસ્પિટલના મડદા રૂમમાં બાલોવેલા ત્યાં એક મુકેશભાઈ હાજર હતા અને લાશની ઓળખનું પંચનામુ કરવાનુ હતુ. ત્યાં એક

પ્રવિણભાઈ મનજીભાઈ ગજેરા પણ હાજર હતા તેમને આ લાશ તેમના નાના ભાઈ ભગવાનભાઈ મનજીભાઈ ગજેરાની હોવાની ઓળખી બતાવેલી અને તે અંગેનું પંચનામુ કરેલુ જે આંક–૨૧૭૬ મા સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

આ ઉપરાંત પોલીસ ઇન્સ્પેકટર એસ.ઓ.જી. ક્રાઈમ બ્રાન્ચનાઓએ બે પંચોની હાજરીમાં ગુજરનાર ભગવાનભાઈ મનજીભાઈ ગજેરાની લાશની ઓળખ અંગેનુ પંચનામુ કરેલું તે પંચનામુ કરનાર સાહેદ ત્રિકમભાઈ શંકરદાસ પટેલને સાહેદ નં.૧૧૪૫ તરીકે આંક–૮૨૨૪ થી તપાસેલા છે. તેમને પોતાની સરતપાસમાં આંક–૨૧૭૬ વાળા પંચનામામાં પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવી છે.

ગુજરનાર ભગવાનભાઈ મનજીભાઈ ગજેરાની લાશ ઓળખનાર તેમના ભાઈ પ્રવિણભાઈ મનજીભાઈ ગજેરાને સાહેદ નં.૧૦૨૮ તરીકે આંક–૭૦૩૫ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ તેઓ કામસર ગયા હતા અને તેમનો ભાઇ ઠક્કરનગર બાજુ જવાનું કહી ગયેલ. સાંજના સાતેક વાગ્યાની આસપાસ વાતો વાતોથી જાણવા મળેલું કે અમદાવાદ શહેરમાં જુદી–જુદી જગ્યાએ બોમ્બ બ્લાસ્ટ થયેલાં છે અને શહેરમાં ભય જેવું છે. તેમનો ભાઇ ભગવાનભાઇ મોડી રાત સુધી ઘરે આવેલ નહિ, જેથી સગા સંબંધીઓમાં તથા અન્ય વિસ્તારમાં તેમના ભાઈની શોધખોળ કરેલી પરંતુ કોઇ સમાચાર મળેલાં નહિ. તેમના ભાઇની શોધખોળ ચાલુ રાખેલી અને આ સાહેદ તથા તેમના સંબંધીઓ શારદાબેન હોસ્પિટલ, વી.એસ. હોસ્પિટલ, સિવિલ હોસ્પિટલમાં ગયેલા અને ઇજા પામનારાઓને જોયેલા પરંતુ ત્યાં પણ મળેલા નહિ. પેપરમાં મરનારના નામો આવેલા તે પણ જોયેલા અને છેલ્લે તેઓ સિવિલ હોસ્પિટલના મડદા રૂમમાં લાશો ઓળખવા માટે ગયેલા અને ત્યાં તેમના ભાઇની લાશ જોયેલી અને ઓળખી બતાવેલી.

ત્યારબાદ આ કામે ગુજરનાર ભગવાનભાઈ મંજીભાઈ ગજેરાની લાશને શબ પરિક્ષણ માટે સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે મોકલી આપેલી

અને ત્યાં શબ પરિક્ષણ કરવામાં આવેલુ. શબ પરિક્ષણ કરનાર સાહેદ ડૉ.ભાર્ગવભાઈ બેચરભાઈ ઝવેરીને સાહેદ નં.૪૨ તરીકે આંક–૬૯૮થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ મુજબ તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ તેઓ સિવિલ હોસ્પિટલ ખાતે ફરજ પર હતા ત્યારે ઈન્કવેસ્ટ રીપોર્ટ સાથે એક અજાણ્યા પુરૂષનો મૃતદેહ શબ પરિક્ષણ માટે મળેલો અને તે શબનુ શબ પરિક્ષણ આ સાહેદ તથા ડૉ.એસ.કે.વૈષ્ણવે કરેલુ. આ મૃતદેહ ૩૦ વર્ષના પુરૂષનો હતો તેમના હાથ ઉપર દવાખાનાની પટ્ટી હતી જેના ઉપર ભગવાનભાઈ લખેલુ હતુ, શરીર પર ગ્રે તથા રાખોડી કલરનું આખી બાંયનુ શર્ટ, સફેદ રંગની બાંય વીનાની ગંજી, સલેટીયા રંગનુ પેન્ટ હતુ, શરીર ઉપર કુલ પાંચ પ્રકારની ઈજાઓ હતી તેવુ જણાવેલ છે. આંક–૭૦૩ વાળી પી.એમ.નોટના કોલમ નં.૧૭ મા જણાવેલી છે તે પ્રમાણેની ઈજાઓ હતી અને આ સાહેદના અભિપ્રાય પ્રમાણે આ વ્યકિતનુ મૃત્યુ બ્લાસ્ટમાં ઈજા થવાના કારણે થયેલાનો અભિપ્રાય છે. શબ પરિક્ષણ નોટમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

નરોડા પોલીસ સ્ટેશનના આ બનાવમાં કનુભાઈ લક્ષ્મણભાઈ જોધાણી ઈજા થવાના કારણે મરણ પામેલ અને તેઓની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ કરનાર સાહેદ ગુલાબસિંહ વેલજીભાઈ તાવીયાડને આ કામે સાહેદ નં.૫૪૧ તરીકે આંક–૨૯૯૩ થી તપાસેલા છે. તેમની સરતપાસ મુજબ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સેકન્ડ પોલીસ ઈન્સ્પેકટર સોલંકીની સુચના આધારે સિવિલ હોસ્પિટલ ખાતે કનુભાઈ લક્ષ્મણભાઈ કે જે નરોડા પોલીસ સ્ટેશન હદમાં બોમ્બ વિસ્ફોટમાં ઈજા થવાથી મરણ ગયેલા અને તેઓની લાશનું ઈન્કવેસ્ટ પંચનામું કરવાનું હતું જેથી તેઓનું ઈન્કવેસ્ટ પંચનામુ કરવા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૨ ને યાદી પાઠવીને કરેલુ. મરણ જનારની લાશ તેમના દીકરા રમેશભાઈ કનુભાઈએ ઓળખી બતાવેલી. જે પંચનામુ આંક–૧૨૭૯ માં સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ કામે આંક–૧૨૭૯ વાળા પંચનામાના પંચ પૈકીના પંચ જગદીશભાઈ ધીરૂભાઈ લાખાણીને સાહેદ નં.૨૫૩ તરીકે આંક–૧૨૭૮ થી

તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ સિવિલ હોસ્પિટલ અમદાવાદના પી.એમ. રૂમમાં બોલાવેલા ત્યાં બીજા એક હિંમતભાઈ હાજર હતા. ત્યાં એક પુરૂષની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ કરવાની સમજ આપેલી. મરનારના દીકરા રમેશભાઈ કનુભાઈએ તે લાશ તેમના પિતા કનુભાઈની હોવાની ઓળખી બતાવેલ. તે લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ બનાવેલુ. જે પંચનામુ આંક–૧૨૭૯ થી ૨જૂ કરેલુ છે, જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

ત્યારબાદ આ કામે ગુજરનાર કનુભાઈ લક્ષ્મણભાઈ જોધાણીની લાશ શબ પરિક્ષણ માટે સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે મોકલી આપેલી અને ત્યાં શબ પરિક્ષણ કરવામાં આવેલુ. શબ પરિક્ષણ કરનાર સાહેદ ડો.મનીષ ચીમનલાલ સુતરીયાને સાહેદ નં.૪૦ તરીકે આંક–૬૫૬ થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ મુજબ તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ તેઓ સિવિલ હોસ્પિટલ ખાતે ફરજ પર હતા ત્યારે ઈન્કવેસ્ટ રીપોર્ટ સાથે કનુભાઈ લક્ષ્મણભાઈ જોધાણીનો મૃતદેહ શબ પરિક્ષણ માટે મળેલો અને તે શબનુ શબ પરિક્ષણ આ સાહેદ તથા ડૉ.બી.બી.ઝવેરી તથા ડો.જે.વી. સતાપરાનાઓએ કરેલુ. આ મૃતદેહ પુરૂષનો હતો, શરીરના જુદા–જુદા ભાગો ઉપર કુલ–નવ પ્રકારની ઈજાઓ હતી તેવુ જણાવેલ છે. આંક–૬૬૩ વાળી પી.એમ. નોટના કોલમ નં.૧૭ મા જણાવેલી છે તે પ્રમાણેની ઈજાઓ હતી અને આ સાહેદના અભિપ્રાય પ્રમાણે આ વ્યકિતનુ મૃત્યુ બ્લાસ્ટમાં ઈજા થવાના કારણે થયેલાનો અભિપ્રાય છે. શબ પરિક્ષણ નોટમાં આ સાહેદે પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

નરોડા પોલીસ સ્ટેશનના આ બનાવમાં શીયારામ દેવીરામ ઓઝાને ઈજા થવાના કારણે મરણ પામેલ અને તેઓની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ કરનાર સાહેદ અશ્વિનકુમાર વિનોદચંદ્ર પટેલને આ કામે સાહેદ નં.૫૦૩ તરીકે આંક–૨૯૩૭ થી તપાસેલા છે. તેમની સરતપાસ મુજબ તેઓ સને–૨૦૦૮ ના જુલાઈ માસમાં પોલીસ સબઈન્સ્પેકટર તરીકે નરોડા પોલીસ સ્ટેશન અમદાવાદ ખાતે

ફરજ બજાવતા હતા. તે દરમ્યાન હોસ્પિટલ ખાતે જઈ મરણ જનાર શીયારામ દેવીરામ ઓઝાની લાશનું ઈન્કવેસ્ટ પંચનામું બે પંચોની હાજરીમાં કરેલુ. જે પંચનામુ આંક–૧૨૫૭ મા સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ કામે આંક–૧૨૫૭ વાળા પંચનામાના પંચ પૈકીના પંચ જયેશ મોહનલાલ રાઠોડને સાહેદ નં.૨૪૩ તરીકે આંક–૧૨૫૫ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ શારદાબેન હોસ્પિટલ અમદાવાદના કેજયુલીટી વોર્ડમાં બોલાવેલા. ત્યાં એક પુરૂષની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ કરવાની સમજ આપેલી. મરનારના દીકરા મુકેશભાઈ સીયારામે તે લાશ તેમના પિતાની હોવાનું ઓળખી બતાવેલ. તે લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ બનાવેલુ. જે પંચનામુ આંક–૧૨૫૭ થી રજૂ કરેલુ છે, જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

ત્યારબાદ આ કામે ગુજરનાર શીયારામ દેવીરામ ઓઝાનાઓની લાશને શબ પરિક્ષણ માટે સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે મોકલી આપેલી અને ત્યાં શબ પરિક્ષણ કરવામાં આવેલુ. શબ પરિક્ષણ કરનાર સાહેદ ડૉ.વિનાયકરાવ વાસુદેવરાવ પાટીલને સાહેદ નં.૩૮ તરીકે આંક–૬૩૯ થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ મુજબ તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ તેઓ તથા ડૉ.એમ.જી.શેખનાઓ સિવિલ હોસ્પિટલ ખાતે ફરજ ઉપર હતા તે દરમ્યાન સવારે ૫–૫૦ કલાકે પોલીસ સબઈન્સ્પેકટર નરોડા પોલીસ સ્ટેશન તરફથી પોલીસ યાદી અને ઈન્કવેસ્ટ પંચનામાની નકલ સાથે એક પુરૂષ નામે સીયારામ દેવીરામ ઓઝા, ઉ.વ.આ.૪૦ ની લાશ શબ પરીક્ષણ અર્થે મોકલવામાં આવેલી. આ લાશ ઓળખાયેલી હતી, શરીર ઉપર પીળી અને કાળી ચોકડીવાળું શર્ટ હતું, સલેટીયા કલરનું પેન્ટ હતું, વાદળી રંગનો જાંગીયો હતો, તમામ કપડા ઉપર લોહીના ડાઘ દેખાતા હતા. આંક–૬૪૫ વાળી પી.એમ.નોટના કોલમ નં.૧૭ મા જણાવેલી છે તે પ્રમાણેની ઈજાઓ હતી અને આ સાહેદના અભિપ્રાય પ્રમાણે આ વ્યકિતનુ મૃત્યુ બ્લાસ્ટમાં ઈજા થવાના કારણે થયેલાનો અભિપ્રાય

છે. શબ પરિક્ષણ નોટમાં આ સાહેદે ડૉ.એમ.જી.શેખની તથા પોતાની સહી ઓળખી બતાવેલી છે.

(૪૫.૦૨) <u>અમદાવાદ શહેરના નરોડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૪૦૦/૨૦૦૮ ના કામે ઈજા પામેલ વ્યકિતઓ બાબતે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકનઃ–</u>

નરોડા પોલીસ સ્ટેશનના આ બનાવમાં વ્રજલાલ જેઠાભાઈ પટેલનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૨૧૦ તરીકે આંક–૧૧૩૯થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ ઠક્કરનગર ચાર રસ્તા પાસે ઉદય કોમ્પ્લેક્ષમાં આવેલ મહાકાળી જેમ્સમાં હીરા ઘસવાની મજૂરી કરતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ નાં સાંજના આશરે છ–સાડા છ વાગ્યે ઠક્કરનગર ખાતે આવેલ વૈષ્ણવની હવેલીમાં દર્શન કરવા ગયેલા અને દર્શન કરીને ઠક્કરનગર ચાર રસ્તા પાસે આવેલા અને કુળદેવી ટી સ્ટોલ ઉપર ચા પીવા ઉભેલ હતા ત્યારે એક બોમ્બ ધડાકો થયેલો, ચારેય તરફ નાસ–ભાગ થવા લાગેલી, લોહી લુહાણ હાલતમાં લોકો ચીસો પાડતા હતા. આ સાહેદને બોમ્બ ધડાકાના કારણે જમણા પગની સાથળમાં ઈજાઓ થતા પડી ગયેલા અને તાત્કાલિક રીક્ષામાં બેસીને તેમના ઘર પાસે આવેલ ડૉ.દિપકભાઈના દવાખાને સારવાર માટે ગયેલા અને ત્યારબાદ તા.૨૯/૭/૨૦૦૮ નાં રોજ સિવિલ હોસ્પિટલમાં વધુ સારવાર કરાવેલાનું જણાવેલ છે.

ત્યારબાદ વ્રજલાલ જેઠાભાઈ પટેલની સારવાર કરનાર ડો. હેતલબેન ચેતનભાઈ બધેકાને સાહેદ નં.૨૭૬ તરીકે આંક–૧૪૩૮ થી તપાસેલા છે. આ સાહેદની આ ગુના પુરતી સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ મેડીકલ ઓફિસર સિવિલ હોસ્પિટલ અમદાવાદમાં ફરજ બજાવતા હતા ત્યારે સવારે ૧૦.૦૩ વાગ્યાના સુમારે વ્રજલાલ જેઠાભાઈ પટેલનાઓને સારવાર માટે લાવેલા હતા. દર્દીએ જણાવેલ હિસ્ટ્રી મુજબ તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ ઠક્કરનગર ચાર રસ્તા ખાતે જ્યારે ચા પી રહ્યા હતા તે વખતે થયેલ બોમ્બ ધડાકામાં ઈજા થયેલી હતી. દર્દીએ એવું પણ જણાવેલ કે પ્રાથમિક સારવાર

ખાનગી હોસ્પિટલમાં લીધેલી હતી. દર્દીને ઈજામાં એક પેલેટ લેસરેટ ઈન્જરી ફિક્કો અને સુકાયેલ જમણી જાંગના નીચેના અને બહારના ભાગે ૦.૭ સે.મી.ના માપનો ગોળાકાર હતુ તેમજ ચાર લીટી જેવા ઉજરડા કે જેઓના માર ૩ સે.મી. સુધીના હતા તે છાતીના પાછળના ભાગે ઉપર અને મધ્ય ભાગમાં હતા તથા એક ૧ સે.મી.ના માપનો ગોળાકાર ઉજરડો ઈન્ટ્રસ સ્કેપ્યુલર, છાતીના ઉપરના ભાગે પાછળ હતો જેની ઉપર પોપડી વળેલી છે અને ૧ સે.મી.ના માપનો ગોળાકાળ ઉજરડો છાતીના પાછળની બાજુએ નીચે જમણી તરફ રાઈટ લોવર સ્કેપ્યુલરો હતો જેની પર પણ પોપડી બાજેલી હતી તેમજ જમણી કોણીના ભાગે ૧ સે.મી. x ૦.૫ સે.મીના માપનો ઉજરડો હતો જેની પર પોપડી બાજી ગયેલી હતી. તેઓને સારવાર આપ્યા અંગેનું પ્રમાણપત્ર આપેલુ જે આ કામે આંક–૧૪૬૨ થી રજૂ છે તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવી છે. સાહેદના મંતવ્ય પ્રમાણે દર્દીને થયેલી ઉપરોક્ત ઈજાઓ કોઈક ધડાકામાં કે બ્લાસ્ટમાં દબાણ પૂર્વક કોઈ ચીજવસ્તુ અથડાય તો થઈ શકે તેમ જણાવેલ છે.

નરોડા પોલીસ સ્ટેશનના આ બનાવમાં મેહુલભાઈ ભાનુભાઈ ઠુમ્મરનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૨૦૯ તરીકે આંક–૧૧૩૮ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૬/૭/૨૦૦૮ નાં સાંજના આશરે ૭–સાડા ૭ વાગ્યે આ સાહેદ તથા તેમના પીતરાઈ ભાઈ રાજુભાઈ કાછડીયાને મુકીને ઠક્કરનગર ચાર રસ્તા પાસે આવેલ કુળદેવી ટી સ્ટોલ પાસે આવેલી સેન્ડવીચની લારી ઉપર સેન્ડવીચ ખાતા હતા તે વખતે અચાનક એક બોમ્બ ધડાકો આ સાહેદ ઉભા હતા ત્યાંથી ૧૦૦ ફૂટના અંતરે થયેલો, બોમ્બ ધડાકો થતા દોડાદોડી થયેલી, ઘણા માણસોને ઈજાઓ થયેલી. આ સાહેદને બોમ્બ ધડાકામાંથી નીકળેલ છરો વાગેલો જેથી આ સાહેદના ભાઈ સારવાર માટે શારદાબેન હોસ્પિટલે લઈ ગયેલા અને પ્રાથમિક સારવાર ડૉ.વિજય પટેલને ત્યાં કરાવેલી હતી. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા છરો વાગ્યો તેવી હકીકત પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવી નથી તે કબૂલ કરે છે.

ત્યારબાદ મેહુલભાઈ ભાનુભાઈ ઠુમ્મરની સારવાર કરનાર ડૉ. અપુર્વ કેશવલાલ ચાંદાવાલાને સાહેદ નં.૨૯૪ તરીકે આંક–૧૫૭૮ થી તપાસેલા છે. આ સાહેદની આ ગુના પુરતી સરતપાસ ધ્યાને લઈએ તો તેઓ અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન દ્વારા સંચાલિત શ્રીમતી શારદાબેન ચીમનલાલ લાલભાઈ જનરલ હોસ્પિટલ સરસપુર મુકામે ચીફ મેડીકલ ઓફિસર તરીકે ફરજ બજાવે છે. તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ એક મેહુલભાઈ ભાનુભાઈ ઠુમ્મરનાઓ રાત્રિના ૧૧.૩૦ વાગ્યાના સુમારે પોલીસ યાદી વગર સારવાર માટે આવેલા હતા. આ દર્દીને બહારના દર્દી તરીકે સારવાર આપી તે જ દિવસે રજા આપેલી . આ દર્દીની કેસ હિસ્ટ્રી મુજબ તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ ઠક્કરબાપાનગર ખાતે સાંજના ૬.૩૦ વાગ્યાના સુમારે જે ધડાકો થયેલો તેનાથી ઈજા થયેલી અને દર્દીને પ્રથમ સારવાર ખાનગી દવાખાનામાં કરાવેલી અને તે ઘા એટલે કે દાઢીના ભાગેથી છરો (પેલેટ) બહાર કાઢવામાં આવેલ હતા. દર્દીને ઈજામાં દાઢીના ભાગે ૦.૨ x ૦.૩ સે.મી.ના માપનો ઉજરડો હતો. તેઓને સારવાર આપ્યા અંગેનું પ્રમાણપત્ર આપેલુ જે આ કામે આંક–૧૫૭૯ થી રજૂ છે તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવી છે. સાહેદના મંતવ્ય પ્રમાણે દર્દીને થયેલી ઉપરોક્ત ઈજાઓ કોઈક ધડાકામાં કે બ્લાસ્ટમાં દબાણપૂર્વક કોઈ ચીજવસ્તુ અથડાય તો થઈ શકે તેમ જણાવેલ છે.

નરોડા પોલીસ સ્ટેશનના આ બનાવમાં રમેશભાઈ ખેમાભાઈ સોલંકીનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૨૧૪ તરીકે આંક–૧૧૪૫ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ કુળદેવી ટી સ્ટોલની સામે નરોડા વિસ્તારમાં રહે છે અને પેન્ડલ રીક્ષા ચલાવે છે. બનાવના દિવસે તેઓ ચા પીવા ઉભા હતા ત્યારે એક બોમ્બ વિસ્ફોટનો મોટો અવાજ થયેલો. ઉભેલા લોકોમાં નાસ–ભાગ થયેલી, ત્યાં ઉભેલા ઘણા લોકોને ઈજાઓ થયેલી. આ સાહેદને જમણા પગ ઉપર બે જગ્યાએ છરાઓ વાગવાથી ઈજાઓ થયેલી. જેથી તેઓને કાકડીયા હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયેલા તેમ જણાવે છે. આ ઉપરાંત તેમની સાથે દિનેશભાઈ દંતાણી, શંકર કનૈયાલાલ

અને સુંદરાદાસ કિશનદાસને પણ ઈજાઓ થયેલાનું જણાવે છે. દિનેશ સંપતલાલ દંતાણીને ફરિયાદપક્ષે તપાસેલ નથી અને સુંદરદાસ કિશનદાસ થોડા સમય પછી મૃત્યુ પામેલાનું જણાવેલ છે.

ત્યારબાદ રમેશભાઈ ખેમાભાઈ સોલંકીની સારવાર કરનાર ડૉ. જીજ્ઞાશા મહેશભાઈ પટેલને સાહેદ નં.૨૯૮ તરીકે આંક–૧૫૯૨ થી તપાસેલા છે. આ સાહેદની આ ગુના પુરતી સરતપાસ ધ્યાને લઈએ તો તા.૭/૮/૨૦૦૮ ના રોજ તેઓ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત, સી.એચ. નગરી આઇ હોસ્પિટલ ખાતે મેડીકલ ઓફિસર તરીકે ફરજ બજાવતા હતા ત્યારે એક દિનેશભાઇ સંપતભાઇનાઓને વી.એસ.હોસ્પિટલના રેફરન્સથી સારવાર માટે ક્રાઇમ બ્રાન્ચ દ્વારા મોકલવામાં આવેલા હતા. દર્દીએ હીસ્ટ્રીમાં જણાવેલ કે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ થયેલ બોમ્બ ધડાકામાં તેઓને ડાબી આંખમાં ઈજા થયેલી. દર્દીની ડાબી આંખમાં કોઇ દ્રષ્ટિ ન હતી તથા ડાબી આંખમાં બેટરીથી લાઇટ ફેંકતા કોઇ પ્રતિભાવ દેખાતો ન હતો. ડાબી આંખમાં કીકીનો ડોળો ફાટી ગયેલો હતો અને આંખની પેશીઓ બહાર આવી ગયેલી હતી. કીકીનો ડોળો સાંધવામાં આવેલો. જે સાંધવાની ક્રિયા તા.૮/૮/૨૦૦૮ ના રોજ કરેલી હતી અને દર્દીને ડાબી આંખનુ જોવાનુ કાયમ માટે બંધ થઇ ગયેલુ હતુ. તેઓને સારવાર આપ્યા અંગેનું પ્રમાણપત્ર આપેલુ જે આ કામે આંક–૧૫૯૩ થી રજૂ છે તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવી છે. સાહેદના મંતવ્ય પ્રમાણે દર્દીને થયેલી ઉપરોક્ત ઈજાઓ કોઈક ધડાકામાં કે બ્લાસ્ટમાં દબાણપૂર્વક કોઈ ચીજવસ્તુ અથડાય તો થઈ શકે તેમ જણાવેલ છે.

નરોડા પોલીસ સ્ટેશનના આ બનાવમાં મહારાજસિંહ રામજી કુશ્વાહાનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૨૧૩ તરીકે આંક–૧૧૪૪ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ કામકાજ અર્થે ઠક્કરબાપા ચાર રસ્તા પાસે આવેલ કુળદેવી ટી સ્ટોલની પાસે બેઠા હતા ત્યારે અચાનક બોમ્બ બ્લાસ્ટ થયેલો, લોકોમાં નાસ–ભાગ થયેલી. આ સાહેદને આ બ્લાસ્ટથી જમણા પડખામાં છરા વાગતા ઈજાઓ થયેલી. જેની

સારવાર પ્રથમ શારદાબેન હોસ્પિટલમાં લીધેલી અને ત્યારબાદ વી.એસ. હોસ્પિટલમાં લીધેલાનું જણાવેલ છે.

ત્યારબાદ મહારાજસિંહ રામજી કુશ્વાહાની સારવાર કરનાર ડૉ. નિશાંત હિતેન્દ્રકુમાર સંઘવીને સાહેદ નં.૩૦૫ તરીકે આંક–૧૬૧૨ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ તેઓ અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન સંચાલિત શ્રીમતી શારદાબેન ચીમનલાલ લાલભાઈ જનરલ હોસ્પિટલમાં મેડીકલ ઓફિસર તરીકે ફરજ બજાવતા હતા. તે દિવસે સવારના ૯.૧૦ ના અરસામાં એક મહારાજસિંહ રામજીલાલ કુશવાહનાઓ સારવાર અર્થે પોલીસ યાદી વગર આવેલા. દર્દીને જમણી છાતીના ભાગે ઈજા થઈ હતી અને દર્દી સભાન હતા દર્દીને ઈજામાં છાતીમાં જમણી બાજુએ ૨ x ૦.૫ સેમીના માપનો કોઈ બાહ્ય પદાર્થ દાખલ થતો હોય તેવો એન્ટ્રી વુન્ડ હતો. દર્દીના પેટના, પેલવીઝ અને છાતીના ભાગની સોનોગ્રાફી કરવામાં આવેલી, જેમાં એવું માલુમ પડેલું કે દર્દીને છાતીમાં જમણી બાજુએ લોહી જામી ગયેલું હતું. દર્દીને એક્સ રે લેતાં છાતીમાં હૃદયની સાઈડમાં કોઈક ધાતુનો પદાર્થ હોવાનું માલુમ પડેલું. તેઓને સારવાર આપ્યા અંગેનું પ્રમાણપત્ર આપેલુ જે આ કામે આંક–૧૬૧૩ થી ૨જૂ છે તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવી છે. સાહેદના મંતવ્ય પ્રમાણે દર્દીને થયેલી ઉપરોક્ત ઈજાઓ કોઈક ધડાકામાં કે બ્લાસ્ટમાં કોઈ ચીજવસ્તુ અથડાય તો થઈ શકે તેમ જણાવેલ છે.

નરોડા પોલીસ સ્ટેશનના આ બનાવમાં મોહન ચરણસિંહ માળીનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૨૦૮ તરીકે આંક–૧૧૨૭ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ ઘરેથી નીકળીને મજૂરી કામે ગયેલા અને સાંજના છ–સાડા છ વાગ્યાની આસપાસ ઠક્કરનગર ચાર રસ્તા પાસે કડીયા નાકા પર આવેલા તેવામાં અચાનક એક મોટો ધડાકો થયેલો. આ સાહેદને ગળાના ભાગેથી લોહી નીકળવા લાગેલુ, આ સાહેદને ભાન રહેલુ નહીં, તેઓને કોઈક સરદાર હોસ્પિટલે લઈ ગયેલા અને ત્યારબાદ શારદાબેન હોસ્પિટલમાં વધુ સારવાર કરાવેલી. વધુમાં આ

સાહેદ જણાવે છે કે તેમને બનાવ વખતે પહેરેલા કપડા તેમના ભાઈ ઓમપ્રકાશસિંહ પાસેથી પોલીસે કબજે લીધેલા. આ કપડા આ સાહેદ અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે.

ત્યારબાદ મોહન ચરણસિંહ માળીની સારવાર કરનાર ડૉ. હિરેન ગોવિંદભાઈ દોશીને સાહેદ નં.૩૦૯ તરીકે આંક–૧૬૨૧ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ તેઓ શ્રીમતી શારદાબેન ચીમનભાઈ લાલભાઈ હોસ્પિટલમાં મેડીકલ ઓફિસર તરીકે ફરજ બજાવતા હતા. તે વખતે એક મોહનભાઈ ચરણસિંહ માલીનાઓના રાત્રીના ૯.૨૫ વાગ્યાના સુમારે સારવાર અર્થે હોસ્પિટલમાં લાવવામાં આવેલા હતા. કેસ હીસ્ટ્રી પ્રમાણે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ બાપુનગર વિસ્તારમાં સાંજના ૬.૩૦ વાગ્યાના સુમારે થયેલ બોમ્બ ધડાકામાં તેઓને ઈજા થયેલી છે અને દર્દીને ગળાના ભાગે લોહી નીકળેલ હોવાનું જણાવેલું. દર્દી સભાન હતા, સમય, સ્થળ, વ્યક્તિથી પરિચીત હતા તેઓને ગળામાં જમણી બાજુએ એક કપાયેલ છુંદાયેલ ઘા ૧.૫ x ૦.૫ x ૦.૫ સે.મી.ના માપનો હતો. વધુમાં આ દર્દીનો ઈજાવાળા ભાગનો એક્સ રે લેતાં એક ધાતુનો છરો (પેલેટ) ગળાની જમણી બાજુ હોવાનું માલુમ પડેલ. ઈજાવાળા ભાગનો સોનોગ્રાફી કરતાં ૬ x ૬ x ૧.૫ સે.મીના માપનું લોહી જામી ગયેલુ હતુ. તેઓને સારવાર આપ્યા અંગેનું પ્રમાણપત્ર આપેલુ જે આ કામે આંક–૧૬૨૨ થી રજૂ છે તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવી છે. સાહેદના મંતવ્ય પ્રમાણે દર્દીને થયેલી ઉપરોક્ત ઈજાઓ કોઈક ધડાકામાં કે બ્લાસ્ટમાં દબાણપૂર્વક કોઈ ચીજવસ્તુ અથડાય તો થઈ શકે તેમ જણાવેલ છે.

નરોડા પોલીસ સ્ટેશનના આ બનાવમાં ગણપતભાઈ સબુરભાઈ ઠાકોર તથા સુંદરદાસ કિશનચંદ પુરસવાનીનાઓને પણ બોમ્બ બ્લાસ્ટમાં ઈજાઓ થયેલી પરંતુ આ બંને સાહેદો મળી આવતા ન હોય ફરિયાદપક્ષે તપાસેલા નથી પરંતુ તેઓની સારવાર કરનાર ડૉ. સુરેશભાઈ કાન્તીભાઈ ઝવેરીને સાહેદ નં.૨૭૫ તરીકે આંક–૧૪૧૧ થી તપાસેલા છે. આ સાહેદની આ ગુના પુરતી

સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ તેઓ સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે મેડીકલ ઓફિસર તરીકે ફરજ બજાવતા હતા તે દિવસે વહેલી સવારે ૨.૫૫ વાગ્યાના સુમારે એક ગણપતભાઈ સબુરભાઈ ઠાકોરનાઓ સારવાર અર્થે આવેલા હતા. દર્દીની હિસ્ટ્રી મુજબ તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સાંજના ૬.૩૦ વાગ્યાના અરસામાં ઠક્કરનગર ખાતે થયેલ બોમ્બ બ્લાસ્ટમાં ઈજા થયેલી. દર્દીને ઈજામાં ડાબા પગે ઈજાઓ માલુમ પડેલી તથા એક્સ રે લેતાં ડાબા થાપાના હાડકાના નીચેના ભાગે હાડકુ ખસી ગયેલાનું માલુમ પડેલ અને તે સોફ્ટ ટીસ્યુમાં બાહ્ય પદાર્થની હાજરી માલુમ પડેલ તેમજ દર્દીના ડાબા થાપાના ભાગમાં અસ્થિભંગ હતો અને બાહ્ય પદાર્થ દુર કરવામાં આવેલ અને અસ્થિભંગની સારવાર આપવામાં આવેલી.

વધુમાં સાહેદની સરતપાસ મુજબ તે જ દિવસે વહેલી સવારે ૨.૫૬ વાગ્યાના સુમારે એક સુંદરદાસ કિશનચંદ પુરૂશવાણીનાઓ સારવાર અર્થે આવેલા હતા. સદર દર્દીની હિસ્ટ્રી મુજબ તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સાંજના ૭.૦૦ વાગ્યાના અરસામાં ઠક્કરનગર ખાતે થયેલ બોમ્બ બ્લાસ્ટમાં ઈજા થયેલી. દર્દીને ગળાના ભાગે ઈજા હતી જે બાબતે સીટી સ્કેન કરતાં ગળાના ભાગે કરોડરજ્જુના બીજા મણકામાં તથા શ્વાસ નળીના પાછળના ભાગે અન્નનળીની જમણી બાજુએ બાહ્ય પદાર્થ જોવા મળેલ હતો. આ સિવાય એક્સ રે લેતાં જડબાના હાડકામાં બાહ્ય પદાર્થની હાજરી માલુમ પડેલી. દર્દીનો ઉપરોક્ત બાહ્ય પદાર્થ બહાર કાઢવામાં આવેલ અને બંને આંખોના ડોળાના ભાગે લાલાશ હતી. આ બંને દર્દીઓને સારવાર આપ્યા અંગેનું પ્રમાણપત્ર આપેલુ જે આ કામે આંક–૧૪૨૫, ૧૪૨૬ થી રજૂ છે તેમાં આ સાહેદે પોતાની સહીઓ ઓળખી બતાવી છે. સાહેદના મંતવ્ય પ્રમાણે ઉપરોકત બંને દર્દીઓને થયેલી ઉપરોક્ત ઈજાઓ કોઈક ધડાકામાં કે બ્લાસ્ટમાં દબાણપૂર્વક કોઈ ચીજવસ્તુ અથડાય તો થઈ શકે તેમ જણાવેલ છે.

નરોડા પોલીસ સ્ટેશનના આ બનાવમાં હસમુખભાઈ છગનભાઈ પઢીયારનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૨૬૯ તરીકે આંક–

૧૩૪૯ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તેઓ જુલાઈ–૨૦૦૮ના અરસામાં સાહેદ કૃષ્ણનગર, કૃષ્ણ એસ્ટેટની સામે રામાનંદ સ્કૂલની બાજુમાં રહેતા હતા અને બાપુનગર ખાતે માતૃશક્તિ સોસાયટી, સેલ્સ ઈન્ડિયા ખાતે ભરતકામ એમ્બ્રોઈડરીનું મશીન ધરાવી વેપાર કરતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ તેઓ ધંધા ઉપર હતા અને સાંજના આશરે ૬.૦૦ વાગ્યાના સુમારે ઘરે પાછા જવા નિકળેલા ત્યારે એક શટલ રીક્ષામાં બેસી ઠક્કરનગર ચાર રસ્તા પાસે આવી રીક્ષામાંથી ઉતરેલો અને ઉતરી પૈસા આપતા હતા તે વખતે ઠક્કર નગર એપ્રોચ પાસે આવેલ આશાપુરા પાન પાર્લરની બાજુમાં કુળદેવી ટી સ્ટોલ પાસે એક ધડાકો થતા તેઓને ઈજા થયેલી. સાહેદને ડાબા પગે આ ધડાકામાં ઈજા થયેલી અને હોસ્પિટલમાં સારવાર લીધેલાનું જણાવેલ છે.

ત્યારબાદ હસમુખભાઈ છગનભાઈ પઢીયારની તથા રમેશભાઈ ખેમાભાઈ સોલંકીની સારવાર કરનાર ડૉ.આદિત્ય ઈન્દુલાલ ઉપાધ્યાયને સાહેદ નં.૨૮૧ તરીકે આંક–૧૫૦૩ થી તપાસેલા છે. આ સાહેદની આ ગુના પુરતી સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૬/૭/૨૦૦૮ના રોજ એક હસમુખભાઈ મગનલાલ પઢીયારને બોમ્બ ધડાકામાં ઈજા થયેલી તેઓને કાકડીયા હોસ્પિટલમાં સારવાર માટે લાવેલા. દર્દીને ઈજામાં ડાબા જાંઘના ભાગે બોમ્બ ધડાકાથી ઈજા થયેલ હતી અને ત્યાં છરો (પેલેટ) હતો જે ઓપરેશન કરી બહાર કાઢેલ હતો અને આ છરો શરીરના ઉંડાઈના ભાગે હોવાથી કરોડરજ્જુના ભાગે એનેસ્થેસીયા આપી છરો બહાર કાઢેલો.

વધુમાં આ સાહેદ સમક્ષ તે જ દિવસે એટલે કે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ એક રમેશભાઈ ખેમાભાઈ સોલંકીને બોમ્બ ધડાકામાં ઈજા થતા કાકડીયા હોસ્પિટલમાં સારવાર માટેલા લાવેલા. દર્દીને ઈજામાં જમણા પગના ભાગે એક ઘા હતો તે સાફ કરી તેમાં ઓપરેશન કરી બાહ્ય પદાર્થ બહાર કાઢેલા હતા. આ બંને દર્દીઓને સારવાર આપ્યા અંગેનું પ્રમાણપત્ર આપેલુ જે આ કામે અનુક્રમે આંક–૧૫૦૬, ૧૫૦૫ થી રજૂ છે તેમાં આ સાહેદે પોતાની સહીઓ ઓળખી બતાવી છે. સાહેદના મંતવ્ય પ્રમાણે ઉપરોકત બંને દર્દીઓને થયેલી ઉપરોકત ઈજાઓ કોઈક

ધડાકામાં કે બ્લાસ્ટમાં દબાણપૂર્વક કોઈ ચીજવસ્તુ અથડાય તો થઈ શકે તેમ જણાવેલ છે.

નરોડા પોલીસ સ્ટેશનના આ બનાવમાં કમલેશ માંગીલાલ જયસ્વાલનાઓને ઈજાઓ થયેલી પરંતુ તેઓને ફરિયાદપક્ષે તપાસેલા નથી આ ઉપરાંત બીજા ઈજા પામનાર કાળુભાઈ દેવીલાલ ભંડારીનાઓને આ કામે સાહેદ નં.૨૦૦ તરીકે આંક–૧૧૧૭ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તેઓ તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ ઠક્કરનગર ચાર રસ્તા ઉપર મજૂરી લેવા ગયેલા હતા અને સાંજના આશરે ૬.૦૦ વાગ્યાની આસપાસ કામ પુરૂ થતા ઠક્કરનગર ચાર રસ્તા એપ્રોચ રોડ ઉપર આવેલ કુળદેવી ટી સ્ટોલ ઉપર આ સાહેદ તથા તેમના મિત્ર કમલેશભાઈ માંગીલાલ જયસ્વાલનાઓ ચા પીવા ઉભા હતા ત્યારે સાંજના છ વાગ્યાની આસપાસ એક માણસે બ્લેક કલરનું શર્ટ તથા બ્લ્યુ કલરનું પેન્ટ પહેરેલુ હતુ તે સાઇકલ લઈને આવેલો અને સાઇકલના ગવન્ડરમાં કાળા કલરની થેલી ભરાવેલી હતી અને તે માણસ થોડે દુર સાઇકલ સ્ટેન્ડ ઉપર સાઇકલ મુકીને ઠક્કરનગર ચાર રસ્તા તરફ ભાગેલો અને તરત જ ધડાકો થયેલો. આ ધડાકાથી આ સાહેદને ડાબા પગે ઢીંચણ ઉપર તેમજ જમણા હાથે બાવડામાં ઉંડા ઘા પડેલા તેમના મિત્ર કમલેશભાઈને પણ ઈજા થયેલી . ત્યારબાદ બંને જણાઓએ સિવિલ હોસ્પિટલમાં સારવાર લીધેલી અને આ સાહેદ તથા તેમના મિત્રને વધુ સારવાર અર્થે બાપુનગરમાં આવેલી કાકડીયા હોસ્પિટલમાં લાવેલા અને ત્યાં વધુ સારવાર કરાવેલાનું જણાવેલ છે.

ત્યારબાદ કમલેશ માંગીલાલ જયસ્વાલ તથા કાળુભાઈ દેવીલાલ ભંડારીની સારવાર કરનાર ડૉ.યાસ્મીનબેન મહંમદસફી હુસેનીને સાહેદ નં.૨૮૮ તરીકે આંક–૧૫૫૧ થી તપાસેલા છે. આ સાહેદની આ ગુના પુરતી સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સાંજના ૦૭.૧૦ વાગ્યાના સુમારે એક કમલેશભાઈ માંગીલાલ જયસ્વાલનાઓને સારવાર માટે લાવવામાં આવેલા હતા. દર્દીની હીસ્ટ્રી મુજબ ઠક્કરનગર ખાતે બોમ્બ ધડાકામાં તેઓને ઈજા થયેલી

હતી. દર્દીને ઈજામાં જમણી ઘુંટીના સાંધા પાસે સોજો હતો તથા જમણી કોણીના ભાગે સોજો હતો.

વધુમાં આ સાહેદ સમક્ષ તા.૨/૮/૨૦૦૮ ના રોજ સાંજના ૦૪.૩૫ વાગ્યાના સુમારે એક કાળુભાઈ દેવીલાલ ભંડારીને બોમ્બ ધડાકામાં ઈજા થયેલ હતી તેવુ હીસ્ટ્રીમાં જણાવેલુ અને આ દર્દીને તેમના પત્ની સારવાર માટે લાવેલા હતા. દર્દીની હીસ્ટ્રી મુજબ તા.૨૬/૭/૨૦૦૮ ના સાંજના સમયે ઠક્કરનગરમાં બોમ્બ ફુટતાં તેમને ઈજા થયેલી છે તથા અગાઉ બાપુનગર ખાતે કાકડીયા હોસ્પિટલમાં સારવાર લીધેલી છે. દર્દીને ઈજામાં જમણા હાથમાં નીચેના ભાગે ૧ x ૧ સે.મી.ના માપનો પંચરવુન્ડ આગળ અને ડાબી બાજુએ હતો. આ ઘા ની ઉંડાઈ સબક્યુટેનસ સુધીની હતી અને ઘાની રૂઝાવાની ક્રિયા શરૂ થયેલી હતી તેમજ એક ત્રાંસો ઉજરડો ઉપરથી નીચેની દીશા તરફનો ૭ x ૧ સે.મી.ના માપનો ડાબા પગમાં ઘુંટણથી નીચેના ભાગે ડાબી તરફનો હતો. તે ઘા ઉપર કાળા રંગની પોપડી બાજેલી હતી. આ બંને દર્દીઓને સારવાર આપ્યા અંગેનું પ્રમાણપત્ર આપેલુ જે આ કામે અનુક્રમે આંક–૧૫૫૩, ૧૫૫૪ થી રજૂ છે તેમાં આ સાહેદે પોતાની સહીઓ ઓળખી બતાવી છે. સાહેદના મંતવ્ય પ્રમાણે ઉપરોકત બંને દર્દીઓને થયેલી ઉપરોક્ત ઈજાઓ કોઈક ધડાકામાં કે બ્લાસ્ટમાં દબાણપૂર્વક કોઈ ચીજવસ્તુ અથડાય તો થઈ શકે તેમ જણાવેલ છે.

નરોડા પોલીસ સ્ટેશનના આ બનાવમાં દયાલદાસ મીરચુમલ વીરવાણીનાઓને ઈજાઓ થયેલી પરંતુ તેઓને ફરિયાદપક્ષે તપાસેલા નથી આ ઉપરાંત બીજા ઈજા પામનાર કાળુભાઈ દેવીલાલ ભંડારીનાઓને આ કામે સાહેદ નં.૨૦૩ તરીકે આંક–૧૧૨૦ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તેઓ તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સાડા છ વાગ્યાની આસપાસ આસાપુરા ચાની હોટલ પાસે પેન્ડલરીક્ષા લઈને બેઠેલા હતા ત્યારે ચાની કીટલીની આગળ એક ધડાકો થયેલો અને ત્યાં બેસેલા લોકોને ઈજાઓ થયેલી. આ ધડાકામાં આ સાહેદને પણ ડાબા પગના સાથળ ઉપર તથા ડાબા પગની ઘુંટી ઉપર તથા ગુપ્ત ભાગે ઈજાઓ થયેલી. ત્યારબાદ ધનવંતરિ હોસ્પિટલમાં સારવાર માટે લઈ

જવામાં આવેલા. ત્યાંથી વધુ સારવાર માટે કાકડીયા હોસ્પિટલ લઈ ગયેલા અને છેલ્લે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરેલા અને સારવાર કરાવેલાનું જણાવેલ છે.

ત્યારબાદ દયાલદાસ મીરચુમલ વીરવાણી તથા કાળુભાઈ દેવીલાલ ભંડારી તથા કમલેશ માંગીલાલ જયસ્વાલનાઓએ કાકડીયા હોસ્પિટલમાં સારવાર કરાવેલી તે સારવાર કરનાર ડૉ.ચિંતનભાઈ અરવિંદભાઈ પટેલને સાહેદ નં.૨૯૫ તરીકે આંક–૧૫૮૧ થી તપાસેલા છે. આ સાહેદની આ ગુના પુરતી સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૬/૭/૨૦૦૮ના રોજ રાત્રિના ૧૧.૦૦ વાગ્યાના સુમારે એક દયાલદાસ મીરચુમલ વિરાણીનાઓને તેમની કાકડયા હોસ્પિટલમાં સારવાર માટે લાવવામાં આવેલા હતા. દર્દીની હિસ્ટ્રી મુજબ ડાબા પગમાં સાથળના ભાગે બોમ્બ ધડાકામાં ઈજા થયેલી હતી. દર્દી દુઃખાવો તથા લોહી નીકળવાની ફરિયાદ કરતા હતા. દર્દીને ઈજામાં એક નાનો પંચર વુન્ડ ડાબી જાંગના ભાગે બહારની તરફ આગળ અને અંદરની તરફ જોવા મળેલ. દર્દીનો ઈજા વાળા ભાગનો એક્સ રે લેતાં તેઓના જાંઘના ભાગે બાહ્ય પદાર્થની હાજરી માલુમ પડેલી. આ બાહ્ય પદાર્થ ઓર્થોપેડીક વિભાગ દ્વારા ઘા ખોલીને કાઢવાનો પ્રયત્ન કરેલો પણ ઘણે ઉંડે હોવાથી નિકળી શકેલ નહીં. જેથી દર્દીને શારદાબેન હોસ્પિટલ અગર સિવિલ હોસ્પિટલમાં વધુ સારવાર અર્થે જવાનું જણાવાયેલ.

વધુમાં આ સાહેદ સમક્ષ તે જ દિવસે એટલે કે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સાંજના ૮.૩૦ વાગ્યાના સુમારે એક કાલુભાઈ દેવીલાલ ભંડારીને તેમની હોસ્પિટલમાં સારવાર માટે લાવવામાં આવેલા હતા. દર્દીની હીસ્ટ્રી મુજબ બાપુનગર વિસ્તારમાં થયેલ બોમ્બ ધડાકામાં તેઓને પેલેટ વાગવાથી ઈજા થયેલ હતી. દર્દીને ઈજામાં જમણા હાથની મધ્યમાં ૧ x ૦.૫ સે.મી. પંચર વુન્ડ હતો. જે જમણા હાથની મધ્યમાં બાજુના ભાગે હતો અને તે જગ્યાએ બાહ્ય પદાર્થ માલુમ પડેલો હતો. દર્દીના શરીરમાથી અનિયમિત આકારના ધાતુનો બાહ્ય ટુકડો બહાર કાઢવામાં આવેલ હતો.

વધુમાં આ સાહેદ સમક્ષ તે જ દિવસે એટલે કે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સાંજના ૮.૩૦ વાગ્યાના સુમારે એક કમલેશભાઈ માંગીલાલ જયસ્વાલને

તેમની હોસ્પિટલમાં સારવાર માટે લાવવામાં આવેલા હતા. દર્દીએ હીસ્ટ્રીમાં જણાવેલ કે બાપુનગર વિસ્તારમાં થયેલ બોમ્બ ધડાકામાં પેલેટ વાગવાથી ઈજા થયેલી છે. દર્દીને ઈજામાં એક ઉજરડો ગળામાં જમણી બાજુએ પાછળની તરફ માથાના પાછળ નીચેના ભાગે હતો તેમજ દર્દીને ઘણા બધા નાના ઉજરડા જમણા પગની એડી તથા પીંડીના ભાગે હતા. આ ત્રણેય દર્દીઓને સારવાર આપ્યા અંગેના પ્રમાણપત્રો આપેલા જે આ કામે અનુક્રમે આંક–૧૫૮૫, ૧૫૮૪, ૧૫૮૬ થી ૨જૂ છે તેમાં આ સાહેદે પોતાની સહીઓ ઓળખી બતાવી છે. સાહેદના મંતવ્ય પ્રમાણે ઉપરોકત ત્રણેય દર્દીઓને થયેલી ઉપરોક્ત ઈજાઓ કોઈક ધડાકામાં કે બ્લાસ્ટમાં દબાણપૂર્વક કોઈ ચીજવસ્તુ અથડાય તો થઈ શકે તેમ જણાવેલ છે.

નરોડા પોલીસ સ્ટેશનના આ બનાવમાં રામહેત મંગલાભાઈ કુશ્વાહાનાઓને ઈજાઓ થયેલી તેઓને આ કામે સાહેદ નં.૨૦૬ તરીકે આંક–૧૧૨૪ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તેઓ તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સાંજના પોણા પાંચ વાગ્યાની આસપાસ ઘરેથી નીકળીને ઠકકરનગર ચાર રસ્તા પાસે આસાપુરા ટી સ્ટોલ ઉપર જવા નીકળેલા. ત્યાં પહોંચ્યા પછી થોડા સમયમાં એક જોરદાર ધડાકો થયેલો જેનાથી આ સાહેદને ડાબી બાજુના પડખા ઉપર તથા પેટના ભાગે ઈજાઓ થયેલી. લોકો નાસ–ભાગ કરવા લાગેલા, બનાવની તેના દિકરા નવીનને જાણ કરેલી તે આવી ગયેલો અને ચંદ્ર ડીસ્પેન્સરી કલીનીક ખાતે પ્રાથમિક સારવાર માટે લઈ ગયેલા અને ત્યાંથી શારદાબેન હોસ્પિટલમાં વધુ સારવાર માટે લઈ ગયેલા. ત્યારબાદ તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ તેમના દીકરા જેસંગે આ સાહેદે પહેરેલા કપડા પોલીસ સમક્ષ રજૂ કરેલા તેમ જણાવે છે. આ સાહેદ પોતાના કપડા અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે.

નરોડા પોલીસ સ્ટેશનના આ બનાવમાં ઈજા પામનાર ગીતાબેન પીતાંબરસિંહ રાજપુતનાઓને આ કામે સાહેદ નં.૨૭૦ તરીકે આંક–૧૩૫૦ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તેઓ જુલાઈ–૨૦૦૮ ના અરસામાં ફુગ્ગા (બલુન) વેચવાની કામ કરતા હતા. તે વખતે તેમના પતિ સ્ટીલ કંપનીમાં હેલ્પર

તરીકે નોકરી કરતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ તેઓ કુગ્ગા વેચવા માટે તેમની દિકરી ટવીન્કલ તથા સોનાને લઈને નિકળેલી. કુગ્ગા વેચતા વેચતા ઠક્કરનગર ચાર રસ્તા પાસે આવેલ તે વખતે દિકરી ટવીન્કલને પેટમાં દુખાવો થયેલો. તેથી તેને સોડા પીવડાવવા માટે પાસે એક લારી ઉભી હતી ત્યાં ઉભેલી. તે વખતે આશરે ૬.૪૫ વાગ્યે એક ધડાકો થયેલો. આ ધડાકામાં તેમને જમણા પગનાં ઢીંચણ ઉપર અને પેઢાના ભાગે ઈજાઓ થયેલી જ્યારે તેમની દિકરી ટવીન્કલને જમણા પગે સાથળના ભાગે તથા જમણા હાથના બાવળા ઉપર તથા પીઠ પર ઈજાઓ થયેલી. તે વખતે નાસભાગ થયેલી. સાહેદને તથા તેમની દિકરી ટવીન્કલને રીક્ષામાં સારવાર માટે શારદાબહેન હોસ્પિટલ લઈ ગયેલાનું જણાવેલ છે.

ત્યારબાદ રામહેત મંગલા કુશ્વાહા, ટવીન્કલ પિતાંબરસિંહ રાજપુત, ગીતાબેન પિતાંબરસિંહ રાજપુત તથા દિનેશ સંપતભાઈનાઓએ શારદાબેન હોસ્પિટલમાં સારવાર કરાવેલી તે સારવાર કરનાર ડૉ.કૃણાલ નલીનભાઈ ધોળકીયાને સાહેદ નં.૩૧૨ તરીકે આંક–૧૬૩૦ થી તપાસેલા છે. આ સાહેદની આ ગુના પુરતી સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સાંજના ૭.૫૫ વાગ્યાના અરસામાં એક રામહેત મંગલાનાઓ પોલીસ યાદી સાથે સારવાર માટે આવેલા હતા. દર્દીની હીસ્ટ્રી મુજબ ઠક્કરનગર ચાર રસ્તા પાસે થયેલ બોમ્બ ધડાકામાં ઈજા થયેલી હતી. દર્દીને ઈજામાં પેટમાં ડાબી બાજુએ ઉપરના ભાગે બહારની તરફ એક ગોળાકાર ઘા ૦.૫ x ૦.૫ સે.મી.ના માપનો હતો. જે બાહ્ય પદાર્થ શરીરમાં દાખલ થતો એન્ટ્રી વુન્ડનો હતો તેમજ પીઠના ભાગે એક ગોળાકાર ઘા ૦.૫ x ૦.૫ના માપનો મધ્ય રેખાથી જમણી બાજુ તરફ હતો. દર્દીના પેટના ભાગનો એક્સ રે રીપોર્ટમાં ઘાતુનો કોઈ બાહ્ય પદાર્થ માલુમ પડેલો અને છાતીના ભાગના એક્સ રે લેતાં છાતીમાં ડાબી બાજુએ રેડીઓ ઓપેક (ધાતુનો બાહ્ય પદાર્થ) માલુમ પડેલ. દર્દીને કીડની, યુરેટલ અને મુત્રપીંડની સોનોગ્રાફી કરાવતાં તેઓને જમણી કીડનીના ભાગે રેડીઓ ઓપેક (ધાતુનો

બાહ્ય પદાર્થ) માલુમ પડેલો. લીવરના આગળના તથા પાછળના ભાગે ચકામુ (લોહી જામી જવાનું) માલુમ પડેલું.

વધુમાં આ સાહેદ સમક્ષ તે જ દિવસે એટલે કે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ રાત્રીના ૯.૦૦ વાગ્યાના અરસામાં એક ટવીન્કલ પિતાંબરસિંહ રાજપુતનાઓ પોલીસ યાદી સાથે સારવાર માટે આવેલા હતા. દર્દીની હીસ્ટ્રી મુજબ હીરાવાડી વિસ્તારમાં સાંજના ૭ વાગે થયેલ બોમ્બ ધડાકામાં ઈજા થયેલી હતી. દર્દીને ઈજામાં એક ઘા જમણી જાંગના નીચેના હિસ્સામાં ૦.૫ x ૦.૫ સે.મી.નો હતો તેમજ શરીરના પાછળના ભાગે ડાબી બાજુએ પણ એક ઘા હતો. દર્દીની છાતીની ડાબી બાજુએ એક્સ રે લેતાં રેડીયો ઓપેક (ધાતુનો પદાર્થ) ની હાજરી માલુમ પડેલી.

વધુમાં આ સાહેદ સમક્ષ તે જ દિવસે એટલે કે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ રાત્રીના ૯.૩૦ વાગ્યાના અરસામાં એક ગીતાબેન પિતાંબરસિંહ રાજપુતનાઓને પોલીસ યાદી સાથે સારવાર માટે આવેલા હતા. દર્દીએ હીસ્ટ્રીમાં જણાવેલ કે હીરાવાડી વિસ્તારમાં સાંજના ૭ વાગે થયેલ બોમ્બ ધડાકામાં ઈજા થયેલી હતી. દર્દીને ઈજામાં ડુંટીથી નીચે પેઢાના ભાગે તથા જમણાં ઘુંટણે ઈજા હતી. દર્દીને પેઢાના ભાગે ઈજા હતી તે ગોળાકાર ઘા હતો જેનું માપ ૦.૫ x ૦.૫ સે.મી. નું હતું. એક્સ રે લેતાં એક, બે અને ત્રણ મણકાંના લેવલ ઉપર ડાબી બાજુએ બાહ્ય પદાર્થ (રેડીયો ઓપેક) માલુમ પડેલો તેવી જ રીતે એલ ૪ – એલ ૫ ની જમણી બાજુએ પણ આવા પ્રકારનો બાહ્ય પદાર્થ જોવા મળેલો. તેઓના થાપાના પેલ્વીસ હાડકાંની ડાબી અને જમણી બંને બાજુએ પણ બાહ્ય પદાર્થની હાજરી માલુમ પડેલી.

વધુમાં આ સાહેદ સમક્ષ તે જ દિવસે એટલે કે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સાંજના ૭.૨૫ વાગ્યાના અરસામાં એક દિનેશ સંપતભાઈનાઓ સારવાર અર્થે આવેલા હતા. દર્દીએ હિસ્ટ્રીમાં જણાવેલ કે ઠક્કરનગર ખાતે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સાંજના ૬.૪૫ વાગે થયેલ બોમ્બ ધડાકામાં ઈજા થયેલી હતી. દર્દીને ઈજામાં કપાયેલ છુંદાયેલ ઘા ડાબી આંખના પોપચાની ઉપરના ભાગે હતો

અને તે ભાગમાં સોજો હતો તેમજ ડાબી આંખના ભાગે મોટા પ્રમાણમાં સોજો હોવાથી તેઓ આંખ ખોલી શકતા ન હતા. આ ચારેય દર્દીઓને સારવાર આપ્યા અંગેના પ્રમાણપત્રો આપેલા જે આ કામે અનુક્રમે આંક–૧૬૩૨, ૧૬૩૩, ૧૬૩૪, ૧૬૩૫ થી રજૂ છે તેમાં આ સાહેદે પોતાની સહીઓ ઓળખી બતાવી છે. સાહેદના મંતવ્ય પ્રમાણે ઉપરોકત ચારેય દર્દીઓને થયેલી ઉપરોક્ત ઈજાઓ કોઈક ધડાકામાં કે બ્લાસ્ટમાં દબાણપૂર્વક કોઈ ચીજવસ્તુ અથડાય તો થઈ શકે તેમ જણાવેલ છે.

નરોડા પોલીસ સ્ટેશનના આ બનાવમાં ભરતભાઈ વેલાભાઈ પારઘીનાઓને પણ બોમ્બ બ્લાસ્ટમાં ઈજાઓ થયેલી પરંતુ આ સાહેદ મળી આવતા ન હોય ફરિયાદપક્ષે તપાસેલા નથી પરંતુ તેઓની સારવાર કરનાર ડૉ. ભૈરવીબેન બળવંત પાંડેને સાહેદ નં.૩૨૨ તરીકે આંક–૧૬૬૬ થી તપાસેલા છે. આ સાહેદની આ ગુના પુરતી સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં મેડીકલ ઓફિસર તરીકે ફરજ બજાવતા હતા ત્યારે સાંજના ૭.૧૩ વાગ્યાના અરસામાં એક ભરતભાઈ વેલાભાઈ પારઘીનાઓને સારવાર માટે હોસ્પિટલમાં લાવેલા હતા. દર્દીની હસ્ટ્રી મુજબ તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સાંજના ૬.૩૦ વાગ્યાના સુમારે બાપુનગર ખાતે થયેલ બોમ્બ ધડાકામાં તેમને માથાના ભાગે, ડાબા હાથ અને જમણા પગ ઉપર ઈજાઓ થયેલી છે. દર્દીને ઈજામાં કપાળમાં ડાબી બાજુના ભાગે ૦.૫ x ૦.૫ સે.મીના માપનો કપાયેલ છુંદાયેલ ઘા કે જેની આજુ બાજુમાં સોજો હતો તથા ઘાની અંદર બાહ્ય પદાર્થ (પેલેટ)ની હાજરી હતી તેમજ ડાબા હાથે કાંડા થી કોણી સુધીના (ફોરઆર્મ) ૦.૫ x ૦.૫ સે.મીનો કપાયેલ છુદાયેલ ઘા હતો તથા તેઓના ડાબા પગે ૦.૫ x ૦.૫ સે.મીનો કપાયેલ છુંદાયેલ ઘા હતો. તેઓને સારવાર આપ્યા અંગેનું પ્રમાણપત્ર આપેલુ જે આ કામે આંક–૧૬૬૭ થી રજૂ છે તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવી છે. સાહેદના મંતવ્ય પ્રમાણે દર્દીને થયેલી ઉપરોક્ત ઈજાઓ કોઈક ધડાકામાં કે બ્લાસ્ટમાં દબાણપૂર્વક કોઈ ચીજવસ્તુ અથડાય તો થઈ શકે તેમ જણાવેલ છે.

નરોડા પોલીસ સ્ટેશનના આ બનાવમાં ઈજા પામનાર ગોવિંદભાઈ સંપતભાઈ ચુનારાને આ કામે સાહેદ નં.૨૦૧ તરીકે આંક–૧૧૧૮ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તેઓ તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સાંજના ચાર વાગ્યે ઠક્કરનગર એપ્રોચ ચાર રસ્તા પાસે આવેલ કુળદેવી ચાની કીટલી નજીક પાથરણું પાથરીને દાતણ વેચવા બેઠા હતા ત્યારે પોણા સાત વાગ્યાની આસપાસ એક બોમ્બ ધડાકો થયેલો. ત્યાં બધા લોકો નાસ–ભાગ કરવા લાગેલા અને આ સાહેદને પીઠના ભાગે ઈજાઓ થયેલી. જેથી આ સાહેદ રીક્ષામાં બેસીને નાસી ગયેલા અને પ્રથમ સીંગરવામાં આવેલ પ્રાઈવેટ દવાખાને ગયેલા અને ત્યાંથી શારદાબેન હોસ્પિટલમાં સારવાર માટે ગયેલાનું જણાવેલ છે.

નરોડા પોલીસ સ્ટેશનના આ બનાવમાં ઈજા પામનાર મહેશકુમાર શીતારામ તિવારીને આ કામે સાહેદ નં.૨૦૨ તરીકે આંક–૧૧૧૯થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તેઓ તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ તેમની ચાની કીટલી ઉપર હાજર હતા અને ચાની કીટલીની આજુબાજુ ખૂબ જ ભીડ હતી. તેમની ચાની કિટલીની બાજુમાં આસાપુરા ટીસ્ટોલ અને કુળદેવી ટીસ્ટોલ પણ છે. ત્યારબાદ આ સાહેદ શનિવાર હોવાથી કૃષ્ણનગર શનિદેવના મંદિરે દર્શન કરવા જવા માટે તેમનુ સ્કૂટર ચાલુ કરેલુ તેવામાં સ્કૂટરથી ૨૦–૨૫ ફુટ દુર કુળદેવી ટી સ્ટોલ પાસે બોમ્બ ધડાકો થયેલો. આ ધડાકાથી આ સાહેદને જમણા હાથની આગંળી ઉપર ઈજા થયેલી અને લોહી નીકળવા લાગેલુ. ત્યાં લોકોમાં દોડાદોડી થયેલી અને ઘણા લોકોને ઈજાઓ થયેલી. સૌપ્રથમ ડૉ.જયસુખ રાદડીયાના દવાખાને સારવાર લીધેલી અને ત્યારબાદ શારદાબેન હોસ્પિટલમાં સારવાર માટે ગયેલાનું જણાવેલ છે.

નરોડા પોલીસ સ્ટેશનના આ બનાવમાં ઈજા પામનાર સેજલબેન દિનેશભાઈ રામીને આ કામે સાહેદ નં.૨૦૫ તરીકે આંક–૧૧૨૩ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તેઓ તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ ઠક્કરનગર ચાર રસ્તા પાસે આશા પકોડી સેન્ટર ઉપર પકોડી ખાવા ગયેલા ત્યારે ત્યાં એક બોમ્બ ધડાકો થયેલો અને ધડાકામાંથી ઉડેલા છરા આ સાહેદને ડાબા પગ અને ડાબા

હાથ ઉપર વાગેલા. ત્યાં લોકો જીવ બચાવવા નાસ–ભાગ કરવા લાગેલા. ત્યારબાદ આ સાહેદ રીક્ષામાં બેસી પોતાના ઘરે ગયેલા અને માતા–પિતાને બનાવની જાણ કરેલી. પ્રથમ સારવાર ડૉ.નરેન્દ્ર શાહને ત્યાં લીધેલી અને ત્યારબાદ શારદાબેન હોસ્પિટલમાં સારવાર માટે ગયેલાનું જણાવેલ છે.

નરોડા પોલીસ સ્ટેશનના આ બનાવમાં ઈજા પામનાર સન્ની અરૂણભાઈ કશ્યપને આ કામે સાહેદ નં.૨૦૭ તરીકે આંક–૧૧૨૬ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તેઓ તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ ઠક્કરનગર ચાર રસ્તા પાસે ઉભી રહેતી ગોવિંદ પકોડીવાળાની લારી ઉપર પકોડી ખાતા હતા ત્યારે કુળદેવી ટી સ્ટોલની બાજુમાં બોમ્બ વિસ્ફોટ થયેલો. ત્યાં લોકો જીવ બચાવવા દોડાદોડી કરવા લાગેલા. આ સાહેદને જમણા પગે તથા નાક ઉપર છરા વાગેલા જેથી સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ગયેલાનું જણાવેલ છે.

નરોડા પોલીસ સ્ટેશનના આ બનાવમાં ઈજા પામનાર ગોવિંદભાઈ સંપતભાઈ ચુનારા તેમજ મહેશ સીતારામ તિવારી તેમજ સેજલ દિનેશભાઈ રામીનાઓએ શારદાબેન હોસ્પિટલમાં સારવાર લીધેલી તેના પ્રમાણપત્રો તથા ઈજા પામનાર રમેશભાઈ ખેમાભાઈનાઓએ વી.એસ. હોસ્પિટલમાં સારવાર લીધેલી તથા શંકર કનૈયાલાલ કુશ્વાહાએ અને હલદરભાઈ કે જેઓ મળતા ન હોય ફરિયાદપક્ષે તપાસેલા નથી. આ ઉપરોકત તમામ ઈજા પામનારાઓના સારવારના પ્રમાણપત્રો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયા અને આરોપીઓ તરફથી તે કબૂલ કરવામાં આવતા તમામ પ્રમાણપત્રોને અનુક્રમે આંક–૭૧૨૩, ૭૧૨૪, ૭૧૨૨, ૭૧૨૫, ૭૧૨૭ અને ૭૧૨૮ આપવામાં આવેલ છે. આ તમામ પ્રમાણપત્રોમાં ડૉકટરની સહીઓ છે.

(પ૫.૦૩) <u>અમદાવાદ શહેરના નરોડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૪૦૦/૨૦૦૮ ના કામે બનાવને સમર્થન માટે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકનઃ–</u>

નરોડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ઠક્કરનગર એપ્રોચ રોડ ઉપર આવેલ કુળદેવી ટી સ્ટોલ સામે જાહેરમાં જે બોમ્બ બ્લાસ્ટ થયેલો છે તે માટે

ફરિયાદપક્ષ દ્વારા લાખારામ પુનાજી પ્રજાપતિને સાહેદ નં.૭૫૧ તરીકે આંક–૩૫૩૯ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે ઠક્કરનગર ચાર રસ્તા આગળ આશાપુરા ટી સ્ટોલ નામથી ચાની કીટલી ધરાવે છે. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેઓ સાંજના પોતાના ધંધા પર હતા ત્યારે સાડા છ–પોણા સાત વાગ્યાની આસપાસ તેમની કીટલી પાસે ધડાકો થયેલો. આ ધડાકો થતા પબ્લિક દોડવા લાગેલી. આ સાહેદે ત્યાં જઈને જોયુ તો એક સાઇકલ હતી અને એક થેલી પણ જોયેલી. આ બનાવમાં ખાસ્સા લોકોને વાગેલુ અને ઈજા પામનારાઓને ૧૦૮ એમ્બ્યુલન્સમાં સારવાર માટે લઈ ગયેલાનુ જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો બનાવ વખતે આ સાહેદનું ધ્યાન ચા બનાવવામાં હતુ તે કબૂલ કરે છે. ધડાકો થતા નાસભાગ થયેલી અને આ સાહેદ લારી બંધ કરીને જતા રહેલા તે કબૂલ કરે છે. આ હકીકત ધ્યાને લેતા ધડાકો થયેલાનું બચાવપક્ષ તરફથી કબૂલ કરવામાં આવેલુ છે.

આમ, નરોડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ઠક્કરનગર એપ્રોચ રોડ ઉપર આવેલ કુળદેવી ટી સ્ટોલ સામે જાહેર રોડ ઉપર તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ કલાક ૧૮.૩૦ થી ૧૮.૪૫ વાગે સાઇકલ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલો અને આ બોમ્બ બ્લાસ્ટમાં ત્રણ વ્યકિતઓ મરણ ગયેલ અને બાવીસ વ્યકિતઓને ઈજાઓ થયેલી તે હકીકત ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા ઉપરોકત તમામ પુરાવા ઉપરથી સાબીત થાય છે તેમ હું માનુ છું.

(૪૬) **<u>અમદાવાદ શહેરના નરોડા પોલીસ સ્ટેશનની હકુમતના વિસ્તારમાં સાઇકલ ઉપર બોમ્બ પ્લાન્ટેશન કરી બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલ તે બનાવ પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન.</u>**

– વિસ્તાર:– નરોડા પોલીસ સ્ટેશનની હદમાં

– સ્થળ:– નરોડા ભાગોળ, મયુર રેસ્ટોરન્ટની નીચે આવેલ પરમ શકિત ટી સ્ટોલ નામની ચાની કીટલી સામે જાહેર રોડ ઉપર.
– તારીખ:– ૨૬/૭/૨૦૦૮
– સમય:– કલાક ૧૮.૩૦ (સાંજે)
– ગુના રજીસ્ટર નં.ફર્સ્ટ ૪૦૧/૨૦૦૮
– મરણ જનારની સંખ્યા:– નથી
– ઈજા પામનારની સંખ્યા:– ત્રણ
– બનાવમાં વપરાયેલ વાહનઃ– સાઇકલ

તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ નરોડા પોલીસ સ્ટેશનની હકુમતમાં આવેલ વિસ્તાર નરોડા ભાગોળ, મયુર રેસ્ટોરન્ટની નીચે આવેલ પરમ શકિત ટી સ્ટોલ નામની ચાની કીટલી સામે જાહેર રોડ ઉપર સાઇકલ મુકીને સાઇકલ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલો. તેની ફરિયાદ મહોબત્તસિંહ ઉદેસિંહ ડાભીએ પોલીસ સબઇન્સ્પેકટર નરોડા પોલીસ સ્ટેશન સમક્ષ લખાવેલી.આ ફરિયાદીને ફરિયાદપક્ષ દ્વારા સાહેદ નં.૯ તરીકે આંક–૫૧૫ થી તપાસવામાં આવેલા છે. તેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે તેઓ નરોડા ભાગોળ મયુર રેસ્ટોરન્ટની નીચે આવેલ પરમ શકિત ટી સ્ટોલ નામની ચા ની કિટલીમાં કામ કરતા હતા, તેના માલીક જગદીશ નટવરલાલ પટેલ હતા. ચા ની કિટલી ઉપર સાતેક માણસો કામ કરતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સાંજના કલાક ૬.૩૦ થી ૬.૪૫ દરમ્યાન ચાની કિટલી સામે ખૂબ મોટો ધડાકો થયેલો. આ ધડાકો થતાં રોડ પર પબ્લિકની નાસમભાગ થઇ ગયેલી. આ સમયે તેમની ચાની કિટલી પર આશરે ૧૫–૨૦ માણસો હતા. આ ધડાકો થતાં છરા તથા કાચ વિગેરેથી તેમના જમણા પગના ભાગે ઈજાઓ થયેલી. તેમને હાલમાં નામ યાદ નથી પરંતુ આ બનાવમાં ચા પીવા આવેલ એક ગ્રાહકને પણ ઈજાઓ થયેલી. ધડાકો થયો ત્યાં એક સાઇકલના આગળના ગવન્ડરના ભાગે એટલે કે આગળના ભાગે એક પ્લાસ્ટિકની થેલી લટકતી હતી. આ જ થેલીમાંથી ધડાકો થઇ બોમ્બ ફુટેલો.

તેમને ઈજાઓ થતાં ડૉ. કેતનભાઈ સોનીના દવાખાને લઈ ગયેલા, ત્યાં તેમની સારવાર કરેલી. તેમને આ દવાખાનામાં સારવાર આપી પરત ચાની લારી ઉપર લાવેલા. તેમજ ચાની લારી ઉપર જે ગ્રાહકને ઈજાઓ થયેલી તેને પણ દવાખાનામાં લઈ ગયેલા. ત્યારબાદ બનાવના ૨–૩ દિવસ પછી તેમને ઈજાઓથી તકલીફો ચાલુ હોય સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં લઈ ગયેલા. આ બનાવની આ સાહેદે પોલીસ સબઈન્સ્પેકટર નરોડાના અશ્વિનકુમાર વિનોદચંદ્ર પટેલ સમક્ષ ફરિયાદ લખાવેલી તે ફરિયાદ આ કામે આંક–૫૧૬ થી રજૂ છે અને ફરિયાદમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. વધુમાં આ સાહેદની સરતપાસ પ્રમાણે ફરિયાદના બીજા દિવસે બનાવ વખતે ફરિયાદીએ પહેરેલ ટી–શર્ટ પોલીસ સમક્ષ રજૂ કરેલું. આ ટી–શર્ટ પણ આંક–૫૧૭ અનુક્રમ નં.૧ વાળુ સાહેદને બતાવતા પોતે પોતાનું ટી–શર્ટ અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે.

ફરિયાદી મહોબત્તસિંહ ઉદેસિંહ ડાભીનાઓએ ઉપરોકત ફરિયાદ લખાવ્યા બાદ આ ફરિયાદ લેનાર અશ્વિનકુમાર વિનોદચંદ્ર પટેલ હતા તેઓને ફરિયાદપક્ષે આ કામે સાહેદ નં.૫૦૩ તરીકે આંક–૨૯૩૭ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ ફરિયાદી મહોબત્તસિંહ ઉદેસિંહ ડાભીનાઓએ આ સાહેદ રૂબરૂ ફરિયાદ લખાવેલી અને તે ફરિયાદ ફરિયાદીના લખાવ્યા મુજબ લખી લીધેલી. ફરિયાદ આ સાહેદને બતાવવામાં આવેલ છે તે આંક–૫૧૬ વાળી ફરિયાદમાં આ સાહેદ ફરિયાદીની તથા ફરિયાદ લેનાર તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે. આ ઉપરાંત આ સાહેદે ગુનાના સ્થળનું પંચનામુ બે પંચોની હાજરીમાં પંચોના લખાવ્યા પ્રમાણે લખેલુ અને સ્થળ ઉપરથી પંચોની હાજરીમાં મુદ્દામાલ લાકડાનું બોક્ષ, વાયર, પ્લાસ્ટીકની થેલી, છરા તથા સાઇકલ કબજે કરી જે પંચનામુ બનાવેલુ તે આ કામે આંક–૧૮૬૭ થી રજૂ છે તેમાં આ સાહેદે પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવેલ છે. આ ઉપરાંત આ સાહેદે ફરિયાદી મહોબત્તસિંહ ઉદેસિંહ ડાભી તથા ઈજા પામનાર પ્રભાતભાઈ ભાટીયા અને રૂપજી ડામોરનાઓએ બનાવ

વખતે પહેરેલા કપડા પંચોની હાજરીમાં પંચનામાની વિગતે કબજે કરેલા આ પંચનામુ આંક–૨૩૨૭ થી ૨જૂ કરેલ છે તેમાં પણ આ સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે.

આમ, આ ફરિયાદ લીધા બાદ સાહેદ અશ્વિનકુમાર વિનોદચંદ્ર પટેલે ગુનો રજીસ્ટર કરવા પોતાના રીપોર્ટ સાથે મોકલી આપેલ તે રીપોર્ટ આ કામે આંક–૫૬૯ થી ૨જૂ છે અને રીપોર્ટમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. પી.એસ.ઓ. નરોડાનાઓએ આ ફરિયાદને સ્ટેશન ડાયરીમાં રજીસ્ટર કરેલી, તે સ્ટેશન ડાયરીની નકલ આ કામે આંક–૫૬૮ થી ૨જૂ કરેલી છે. તે રજીસ્ટર કરનાર સાહેદ સુરેશસિંહ મનોજસિંહ ભદોરીયાનાઓને સાહેદ નં.૨૫ તરીકે આંક–૫૬૫ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લેતા તેઓ બનાવના દિવસે પી.એસ.ઓ. તરીકે નરોડા પોલીસ સ્ટેશનમાં ફરજ ઉપર હતા ત્યારે એક સૂચિપત્ર પટેલની સહીથી મોકલવામાં આવેલુ અને તે આધારે ગુનો નોંધેલો અને સ્ટેશન ડાયરી એન્ટ્રી નં.૩૦ આપેલી, ત્યારબાદ એફ.આઈ.આર. ફાડેલી અને તે અંગેનો રીપોર્ટ કરેલો જે આ કામે આંક–૫૬૮ થી ૨જૂ કરેલો છે.

આ કામે ફરિયાદી મહોબત્તસિંહ ઉદેસિંહ ડાભીની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલી છે તે ધ્યાને લેતા બનાવ બન્યો ત્યારે ચાની કીટલી ઉપર જે માણસો કામ કરતા હતા તેઓને નામથી આ સાહેદ જાણે છે. રોડ તથા લારીની વચ્ચે કટેલુ અંતર હતુ તેની ખબર નથી. ચાની લારીએ ચા પીવા આવેલા ૧૫ થી ૨૦ વ્યકિતઓ રોડ ઉપર ઉભેલા હતા તેમ જણાવે છે. જે સાઇકલો જણાવે છે તે રોડ ઉપર પાર્ક કરેલી હતી તો તે હકીકત નકારેલી છે. ચા પીવા આવનાર તમામને આ સાહેદ નામથી ઓળખતા નથી. બોમ્બ ધડાકો થયા પછી સાઇકલ ઉપર પ્લાસ્ટિકની થેલી જોયેલાનું યાદ નથી. પરંતુ ધડાકો થયા પછી સાઇકલ રોડ ઉપર પડેલી હતી અને તેના ગવન્ડર ઉપર વાદળી રંગની પ્લાસ્ટિકની થેલી ભરાવેલી હતી તેમ જણાવે છે. બનાવના દિવસે ડૉ. કેતન સોનીને ત્યાં સારવાર કરાવેલાનું જણાવે છે. સિવિલ હોસ્પિટલમાં સારવાર

કરાવવા જાતે ગયા નથી તેમ આ સાહેદ જણાવે છે. આ સિવાય ઊલટતપાસમાં બીજી કોઈ હકીકત નીકળી આવતી નથી.

ફરિયાદ લેનાર સાહેદ અશ્વિનકુમાર વિનોદચંદ્ર પટેલની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલ છે તે ધ્યાને લેતાં બનાવવાળી જગ્યા નરોડા પોલીસ સ્ટેશનને અડીને આવેલાની હકીકત જણાવે છે. બનાવનું સ્થળ નરોડા પોલીસ સ્ટેશનથી આશરે ૫૦૦ મીટરના અંતરે હોવાનું જણાવે છે. બનાવ સ્થળ ઉપર ઘણા માણસો ભેગા થયેલાનું જણાવે છે. સ્થળ ઉપર કોઈની ફરિયાદ લીધી નથી, સ્થળ ઉપર કેટલો સમય રોકાયેલા તે કહી શકે તેમ નથી. બનાવ સ્થળનું પંચનામુ તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ કરેલુ ચોકકસ સમય યાદ નથી. બનાવ સ્થળે એફ.એસ.એલ. અધિકારી હિંગરાજીયા આવેલા હતા. પ્રથમ ઘટના સ્થળની મુલાકાત વખતે કોઈ મુદ્દામાલ કબજે કરેલ નથી તે કબૂલ કરે છે. ફરિયાદીની ફરિયાદ રાત્રિના નવ–સાડા નવ વાગ્યાના અરસામાં લીધેલાનું જણાવે છે. ઘટના સ્થળે પહોંચતા પહેલા બનાવ બની ગયેલાનું કબૂલ કરેલ છે. ફરિયાદીને બનાવ સ્થળે જોયેલ નથી. આ તમામ ઊલટતપાસ ધ્યાને લેતા બનાવ વખતે આ સાહેદ બનાવ સ્થળે ન હતા માટે બનાવ બની ગયા પછી સ્થળ ઉપર ગયા હોય તે સ્વાભાવિક છે અને ત્યાં ફરિયાદીને ઈજા થયેલી હતી માટે ઈજા થયા પછી ફરિયાદીને સારવાર માટે હોસ્પિટલે લઈ જવામાં આવેલા જેથી આ સાહેદ બનાવ સ્થળે પહોંચ્યા ત્યારે ફરિયાદીને ન જ જોયા હોય.

સાહેદ અશ્વિનકુમાર વિનોદચંદ્ર પટેલનાઓએ બે પંચોની હાજરીમાં આંક–૧૮૬૭ વાળુ ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરી જે મુદ્દામાલ કબજે કરેલો તે પંચનામાના પંચો પૈકીના પંચ વિનોદભાઈ હીરાલાલને સાહેદ નં.૩૪૬ તરીકે આંક–૧૮૬૬ થી તપાસેલા છે.તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ સાહેદ પોતાની દુકાન પર કામ કરતા હતા ત્યારે પોલીસે તેઓને પરમ શકિત ટી સ્ટોલ નરોડા ભાગોળ ખાતે બોલાવેલા તેમની બાજુની દુકાનવાળા વિનોદભાઈ જોઈતારામ પંચાલને પણ બોલાવેલા. પોલીસે ત્યાં ગુનાવાળી જગ્યા બતાવેલી અને જણાવેલ કે બોમ્બ બ્લાસ્ટ થયેલો છે અને ત્યાં

પંચનામુ કરવાનું છે જેથી આ સાહેદે હા પાડેલી. ગુનાવાળી જગ્યા મહોબત્તસિંહે બતાવેલી. આ જગ્યા પર એક આડી પડેલી સાઇકલ કે જેના ગવન્ડર પર એક વાદળી કલરની થેલી હતી જેનો નીચેનો ભાગ તુટી ગયેલો હતો તે જોયેલ. આ વાદળી કલરની થેલીની અંદર બીજી એક વાદળી કલરની થેલી હતી. તે બીજી વાદળી થેલીની અંદર એક તુટેલું લાકડાનું બોક્ષ હતું. સાઇકલના આગળના સળીયા, પંખો (મડગાર્ડ) વળી ગયેલ હતું. ઉપર જણાવેલી થેલીમાં કપડાંના ટુકડાઓ હતા.

વધુમાં સાહેદ જણાવે છે કે લાકડાનું જે બોક્ષ તુટેલું હતું તેમાં ઉપરના ભાગે એક પતરૂ જોડેલું હતું જેમાં બે વાયર જોડેલા હતા. આ વાયર સેલોટેપથી જોડેલા હતા. આ બોક્ષના નીચેના ભાગે કાળા રંગનું પ્લાસ્ટિક હતું. તેની અંદર પણ બે સફેદ રંગના વાયર હતા. કાળા કલરની જે પ્લાસ્ટિકની વસ્તુ કહી તેની સાથે જે વાયર હતા તે વાયર એક પ્રેસ બટન સાથે જોડેલા હતા. જે બોક્ષ હતું તેની ઉપર કાપડના ટુકડા ચોંટેલા હતા તથા બોક્ષ ઉપર કાળા અને લાલ રંગની સેલોટેપ ચોંટેલી હતી. આ બોક્ષમાં બીજી એક નાની બેટરી (સેલ) કે જે રમકડામાં આવે છે તે હતી તેનો આકાર લંબચોરસ હતો. બેટરી ઉપર વાયર જોઈન્ટ કરી બટન જોડેલું હતું. આ બેટરી ઉપર જે વાયર જોડેલા હતાં ત્યાં લાલ રંગની સેલોટેપ લાગેલ હતી. આ વાયરના રંગ આ સાહેદને ચોક્કસ યાદ નથી કેમ કે ઘણો સમય થયેલ છે. આ બેટરી ઉપર અંગ્રેજીમાં જે લખેલું હતું તે પોલીસે કાગળમાં લખેલું. આ જે બોક્ષ હતું તેમાં ઝભ્ભા જેવું કાપડ હતું જેની જમણી બાંય આખી હતી જ્યારે બીજી બાજુની બાંય બળી ગયેલી હતી. આ બોક્ષની અંદર છરા (પેલેટ) અમુક ચોંટેલા અને અમુક છુટા હતા તેવી રીતના જોયેલા. જે ચોંટેલા છરા (પેલેટ) હતા તે લગભગ વીસની સંખ્યામાં હતા. આ સિવાય એક ચારેક રંગનું કપડા જેવું હતું જેની ઉપર નાકા (થેલીના હેન્ડલ જેવું) જેવું સિવેલું હતું. જે સાઇકલ હતી તેનું ગવન્ડર જોતાં તે હરક્યુલીસ કંપનીની હતી. આ બધુ તેમને જોયેલું. તે વખતે એફ.એસ.એલ.ના અધિકારી હીંગરાજીયાનાઓ આવેલા. આ

હીંગળાજીયા સાહેબે જે વસ્તુઓ હતી તેનું નિરીક્ષણ કરી તે વસ્તુઓ પેક કરવાનું જણાવેલું. સાહેદ જણાવે છે કે ત્રણ પડીકામાં પેક કરવાનું જણાવેલ.

વધુમાં સાહેદે સરતપાસમાં જણાવેલ છે કે સાઇકલ ઉપર નીચે કપડાંના ટુકડાઓ ચોંટેલા હતા. જગ્યા ઉપર બીજું કઈ પડેલું કે કેમ તેના જવાબમાં કહું છું કે ઘણો સમય થયો હોવાથી અત્યારે ખબર નથી. આ જે વસ્તુઓ જોઈ તેને એક પ્લાસ્ટિકની થેલીમાં મુકેલ અને કુલ ત્રણ પડીકા કરેલ. આ ત્રણ પડીકા અલગ–અલગ કરેલા જેમાં એક પડીકામાં લાકડાનું તુટેલું બોક્ષ તથા તેમાંથી નિકળતી વસ્તુઓ મુકેલી. આ વસ્તુઓ એક પ્લાસ્ટિકની થેલીમાં મુકી તેની ઉપર કાગળનું પકીડું બાંધી તેની ઉપર પંચોની સહીઓવાળી કાગળની સ્લીપ લગાવી દોરાથી બાંધેલ અને તેની ઉપર લાખનું સીલ મારેલું. આવી રીતે વાદળી કલરની બે થેલી, કપડાંના ટુકડા મુકી ઉપર જણાવેલ રીતે પડીકું કરેલું. આ બીજું પડીકું અગાઉ જે રીતે સીલ કરવાનું કહ્યું તે રીતે સીલ કરેલ. ત્રીજા પડીકામાં છુટા છવાયેલા છરા (પેલેટ), આજુબાજુના છરા (પેલેટ) ભેગા કરી પ્લાસ્ટિકની થેલીમાં મુકી તે પ્લાસ્ટિકની થેલીનું કાગળનું પડીકું બનાવી પંચોની સહીઓ વાળી સ્લીપ મુકી, દોરો બાંધી અને સીલ કરેલ. જે સીલ કરેલ હતું તે લાખથી કરેલું તે સીલ પોલીસ ઈન્સ્પેક્ટર નરોડાનું કરેલું. જે આડી પડેલી સાઇકલ હતી તે પોલીસે કબજે લીધેલી. આ જે સાઇકલ હતી ત્યાંથી જુદા–જુદા માપ લેવામાં આવેલા. માપ લીધા પછી લખાણ કરવામાં આવેલું. આ માપ ડીવાઈડર સુધીના, ઈલેક્ટ્રીક થાંભલા સુધીના આ સાહેદની દુકાન સુધીના લીધેલા. આ સિવાય બીજું કંઈ આ સાહેદને અત્યારે યાદ નથી તેમ જણાવે છે. આમ આ તમામ વસ્તુઓ આ સાહેદની હાજરીમાં કબજે કરવામાં આવેલી, તેનુ પંચનામુ બનાવેલુ જે આંક–૧૮૬૭ વાળા પંચનામામાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવી છે તથા આ સાહેદ તથા અન્ય પંચની સહીવાળી પંચ સ્લીપો તપાસ કરનાર અધિકારીએ બનાવીને મુદ્દામાલ ઉપર લગાવેલી તે પંચ સ્લીપો આ કામે આંક–૧૮૭૨ થી ૧૮૭૪ સુધી રજૂ કરેલી છે તે તમામ પંચ સ્લીપો ઉપર આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

હવે આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવી છે તે ધ્યાને લઈએ તો આ સાહેદની દુકાનથી જયાં સાઈકલ પડેલી હતી તેની વચ્ચેનું માપ આશરે ૧૫ થી ૨૦ ફૂટનું હશે તેમ જણાવેલુ છે. બનાવ બન્યો તેની માહિતી છે તે કબૂલ કરે છે. પંચનામા વખતે જયાં સાઈકલ પડેલી હતી ત્યાંથી જુદી–જુદી જગ્યાના માપ લીધા તે જગ્યા વચ્ચેનું અંતર ચોકકસ કેટલુ હતુ તે આ સાહેદને યાદ નથી. આ સાહેદે બનાવ પછી આશરે છ વર્ષ બાદ જુબાની આપેલી હોય સ્વાભાવિક છે કે તે વખતે લીધેલુ માપ અત્યારે યાદ ન હોય. વધુ ઊલટતપાસ ધ્યાને લેતાં આ પ્રશ્નો આરોપીઓ તરફથી પુછવામાં આવેલા છે તે ધ્યાને લેતાં બનાવ બનેલો છે અને સ્થળ ઉપરથી આંક–૧૮૬૭ ના પંચનામા મુજબ મુદ્દામાલ કબજે કરેલો છે તેમ કહી શકાય. વધુમાં આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા મુદ્દામાલ સાઈકલ જે તે વખતે સીલપેક કરી તે આ સાહેદની હાજરીમાં કબજે કરી નથી તે કબૂલ કરે છે. આ સાહેદને બોલાવ્યા ત્યારે બીજા પંચ વિનોદભાઈ જોઈતારામને પણ બોલાવેલા તે કબૂલ કરે છે. આ હકીકત ધ્યાને લેતા પણ એવુ કહી શકાય કે પોલીસે બે પંચોની હાજરીમાં આ પંચનામુ બનાવેલુ છે. પંચનામુ કર્યું ત્યારે થેલી કયાં પડેલી હતી તેના જવાબમાં આ સાહેદે જણાવેલુ છે કે સાઈકલના ગવન્ડર ઉપર હતી. પ્લાસ્ટિકની થેલી મંગાવી તેમાં બધી વસ્તુઓ મુકી સીલ કરી પંચનામુ લખાવેલુ નથી તે હકીકત કબૂલ કરી છે. પંચનામુ આ સાહેદની દુકાનમાં બેસીને લખેલાની હકીકત નકારેલી છે.

વધુમાં આ સાહેદ અશ્વિનકુમાર વિનોદચંદ્ર પટેલનાઓએ બે પંચોની હાજરીમાં આ બોમ્બ બ્લાસ્ટના બનાવમાં ઈજા થયેલ ફરિયાદી મહોબત્તસિંહ ઉદેસિંહ ડાભી તથા પ્રભાતભાઈ બોડાભાઈ બારીયા તથા રૂપજી ભુરાજી ડામોરનાઓના બનાવ વખતે પહેરેલા કપડા કબજે કરેલા અને તે પંચનામા પૈકીના પંચ અમરીશભાઈ બચુભાઈ ઠાકરને સાહેદ નં.૪૦૬ તરીકે આંક–૨૩૨૬ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ પોલીસે તેઓને નરોડા પોલીસ સ્ટેશનમાં બોલાવેલા આ વખતે એક જશુભાઈ પટેલને પણ બોલાવેલા અને પોલીસે જણાવેલ કે નરોડા

પોલીસ સ્ટેશનની હદમાં બોમ્બ બ્લાસ્ટ થયેલો છે અને ઈજા પામનાર લોકોના કપડા કબજે કરવાનુ પંચનામુ કરવાનું છે. આ વખતે મહોબત્તસિંહ ડાભીનાઓએ બનાવ વખતે પહેરેલ કપડા એક ટી–શર્ટ આછા ઘાટા ગુલાબી રંગનું રજૂ કરેલુ જેની પાછળના ભાગે કાણાના નિશાન હતા. બીજા એક ભાઈ પ્રભાતભાઈ બારીયા પણ હાજર હતા તેમને પણ બનાવ વખતે પહેરેલ શર્ટ જુના જેવુ આસમાની કલરનું રજૂ કરેલુ તથા ત્રીજા એક રૂપજી ધુરાજી ડામોર પણ હતા તેમને પણ એક બનાવ વખતે પહેરેલ શર્ટ એસ કલરનું રજૂ કરેલુ. આ ત્રણેયના કપડા અલગ–અલગ પ્લાસ્ટિકની થેલીમાં આ સાહેદની હાજરીમાં મુકવામાં આવેલા અને પંચોની સહીઓવાળી કાપલી લગાવી સીલ કરેલા. આ અંગેનુ જે પંચનામુ બનાવેલ તે આ કામે આંક–૨૩૨૭ થી રજૂ કરેલ છે જે પંચનામામાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. પંચોની સહીઓવાળી સ્લીપ આંક–૨૩૨૮ તથા ૨૩૨૯ થી રજૂ કરેલી છે તેમાં પણ આ સાહેદે પોતાની સહીઓ ઓળખી બતાવેલી છે. એટલુ જ નહીં આ સાહેદે પોતાની હાજરીમાં કબજે કરવામાં આવેલા કપડાઓ પણ અદાલત રૂબરૂ ઓળખી બતાવેલા છે.

શરૂઆતના તપાસ કરનાર અધિકારી અશ્વિનકુમાર વિનોદચંદ્ર પટેલનાઓએ આ બનાવ પછી સ્થળ ઉપર એફ.એસ.એલ.ના અધિકારીને બોલાવેલા તે અધિકારી અમૃતલાલ વશરામભાઈ હિંગરાજીયાને સાહેદ નં.૮૩૦ તરીકે આંક–૫૫૬૬ થી તપાસેલા છે. તેઓની આ ગુના પુરતી સરતપાસ ધ્યાને લેતા તા.૨૭/૦૭/૨૦૦૮ ના રોજ નરોડા પાલીસ સ્ટેશન તરફથી પરમ શક્તિ ટી સ્ટોલ સામે તપાસ અર્થે બોલાવેલ. સદર બનાવવાળી જગ્યાએ પહોંચતા તપાસ અધિકારીશ્રીએ બનાવ સ્થળે થયેલ બોમ્બ બ્લાસ્ટની જગ્યાની તપાસ માટેની યાદી સોંપેલ. જે અનુસંધાને બનાવવાળી જગ્યા તપાસતા સદર જગ્યા પરમ શક્તિ ટી સ્ટોલ સામેની ખુલ્લી જગ્યા તથા રોડ ઉપરની જગ્યા હતી. જે જગ્યાએ તપાસ કરતા જગ્યા ઉપર હરકયુલસ લખાણવાળી જૂના જેવી સાઇકલ હતી. સદર સાઇકલ આડી પડેલ હતી જેના હેન્ડલ પર થેલી લટકતી હતી જે ફાટેલ હતી તથા પ્લાસ્ટિકની બ્લ્યુ રંગની થેલીઓ સાઇકલના હેન્ડલ પર લટકતી

હતી જેની અંદર ફાટેલ શર્ટ/ઝભ્ભા જેવું કપડું હતુ, સદર થેલીમાં લાલ ટેપમાં વીંટાળેલ લાકડાનું બોક્ષ હતું જેની ઉપર ધાતુનું પતરૂ હતું તેમજ નીચેના ભાગે પ્લાસ્ટિકની સીટ ચોંટાડેલ હતી અને ખીલ્લીઓ મારેલ હતી. સદર ધાતુના પતરાના અંદરના ભાગે છરા ચોંટેલ હતા. સદર તુટેલ બોક્ષમાંથી નવ વોલ્ટ બેટરી, તુટેલ ડીટોનેટરનો ભાગ હોય તેવો સફેદ વાયર, લાલ કાળો વાયર જેના એક છેડે બેટરીમાં ભરાવવાની પીન હતી તથા બ્લુ રંગની ટેપ ચોંટાડેલ પ્લાસ્ટિકનો ટુકડો હતો. તેમજ લાલ રંગના પ્લાસ્ટિકના બે ટુકડાઓ તથા સાઇકલના આજુબાજુમાં ભોયતળીયે છરા પડેલ હતા. ઉપરોક્ત બનાવવાળી જગ્યાએ તપાસ અધિકારીશ્રીને કબજે લેવા સુચન કરેલ નમૂનાઓ મુજબ...

- પ્લાસ્ટિકની બ્લયુ રંગની ફાટેલી થેલી, બે બ્લુ રંગની પ્લાસ્ટિકની થેલીઓ, ફાટેલું ટી–શર્ટ/ઝભ્ભો, લાલ કલરનું તુટેલું લાકડાનું બોક્ષ જેમાં છરા ચોંટેલ છે, નવ વોલ્ટ બેટરી, લાલ કાળો વાયર પીન સાથેનો, પ્લાસ્ટિકના ટુકડાઓ, છરા વગેરે .

ઉપરોક્ત બનાવ અંગે તપાસ અધિકારીશ્રીને જરૂરી માર્ગદર્શન કરી કબજે લીધેલ નમૂનાઓને વધુ તપાસ અર્થે ડી.એફ.એસ. ગાંધીનગર ખાતે મોકલવા ભલામણ કરેલી. સાહેદને આંક–૩૪૬૩ વાળી પોલીસ ઇન્સ્પેકટર નરોડાની યાદીમાં સાહેદે યાદી સ્વીકારનાર તરીકે પોતાની સહી ઓળખી બતાવેલ છે તથા પાછળના ભાગે સ્થળ ઉપર આપેલ અભિપ્રાય તેમના હસ્તાક્ષરમાં લખેલ છે અને અભિપ્રાયમાં પોતાની સહી ઓળખી બતાવે છે. આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલી છે તે ધ્યાને લેતાં આ સાહેદે અમદાવાદ શહેરમાં આ સમય દરમ્યાન બીજા ઘણા બધા બોમ્બ બ્લાસ્ટના બનાવો બનેલા અને તે બનાવોવાળી જગ્યા ઉપર જઈને પણ તેમને સ્થળ નિરીક્ષણો કરેલા જે હકીકત તેમને પોતાની આંક–૫૫૬૬ ની જુબાનીમાં જણાવેલી છે અને આરોપીઓ તરફથી પણ જનરલ અને સામાન્ય ઊલટતપાસ થયેલી છે. કોઈ ચોકકસ ગુના સંબંધે ઊલટતપાસ કરવામાં આવેલ નથી. તેમ છતાં થોડી વધુ ઊલટતપાસ જોઈએ તો તેમના વાહનમાં ફોટોગ્રાફી કરવાના કોઈ સાધનો હોતા નથી તેમ

જણાવે છે. વર્ધિના આધારે ગુનાના સ્વરૂપ સંબંધેની જરૂરી કીટ લઈને તેઓ જતા હોય છે તેમની વાનમાં જુદા–જુદા ટેસ્ટ કરવા કીટો પણ હોય છે તે કબૂલ કરે છે. કેટલીક કીટો એક્ષપાયરી ડેટની પણ હોય છે તે કબૂલ કરે છે, પરંતુ આ સાહેદે સ્થળ ઉપર વેર–વિખેર જે મુદ્દામાલ પડેલ હતો તે મુદ્દામાલ તપાસ કરનાર અધિકારીને કબજે લેવા માટે લેખિતમાં સુચન કરેલા હતા. તેમની પાસેની કોઈ કીટથી ત્યાં કોઈ મુદ્દામાલનું પરિક્ષણ કરેલ નથી જેથી કીટ ચાલુ હાલમાં હોય કે એક્ષપાયરી ડેટવાળી હોય તેની સાથે કોઈ સંબંધ નથી. આ સાહેદની હાજરીમાં કોઈ વ્યકિતએ ત્યાં બોમ્બ બનાવવાનું ડેમોસ્ટ્રેશન કરેલ નથી તે કબૂલ કરે છે. આમ, આ સાહેદની જુબાની ધ્યાને લેતા આ સાહેદે નરોડા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટરની ચાદીના આધારે સ્થળ ઉપર જઈ ફકત સ્થળ પરિક્ષણ કરી જરૂરી સુચનો કરેલા છે.

હવે તપાસ કરનાર અધિકારીએ ગુનાવાળી જગ્યા ઉપરથી જે મુદ્દામાલ આંક–૧૮૬૭ ના પંચનામાના આધારે કબજે કરેલો તે મુદ્દામાલ રવાનગી નોંધ સાથે એફ.એસ.એલ. ગાંધીનગરને પૃથક્કરણ માટે મોકલી આપેલો. આ રવાનગી નોંધ આ કામે આંક–૫૯૧૪ થી રજૂ કરેલી છે. આ રવાનગી નોંધમાં જણાવ્યા મુજબના કુલ–છ નમૂના માર્ક–એ થી માર્ક–એફ સુધીના એફ.એસ.એલ. ગાંધીનગરને તપાસ અર્થે મોકલેલા છે.

હવે આ મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારી ગૌરીદત્ત દયાનિધિ શર્માને સાહેદ નં.૮૪૯ તરીકે આંક–૫૯૦૮ થી તપાસેલા છે. એફ.એસ.એલ. દ્વારા મુદ્દામાલ સ્વીકારાયા અંગેની જે પહોંચ આપવામાં આવેલી તે પહોંચ આ કામે આંક–૫૯૧૫ થી રજૂ કરેલી છે, જેમાં મદદનીશ નિયામક એફ.એસ.એલ. ગાંધીનગરનાઓની સહી છે. આ સાહેદની આ ગુના પુરતી સરતપાસ મુજબ તા.૩૦/૦૭/૨૦૦૮ ના રોજ નરોડા પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુન્હા રજી.નં. ૪૦૧/૦૮ ના કામનો મુદ્દામાલ પત્ર ક્રમાંક – ૫૭૪/૦૮ વાળી રવાનગી નોંધ સાથે તેમને સોંપવામાં આવેલો. તેમને રવાનગી નોંધમાં જણાવ્યા મુજબના માર્ક–એ થી એફ ધરાવતાં કુલ–૬ સીલબંધ પાર્સલ મળેલ હતાં જે દરેક

પરના સીલ ''પોલીસ ઈન્સ્પેકટર નરોડા એ.બી.એ.ડી. સીટી'' હતા. તેમને મળેલ આ મુદ્દામાલ સ્વીકર્યા અંગે પહોંચ આપેલી હતી. આ સ્વીકારેલ મુદ્દામાલનો કેસ નં. ડીએફએસ/ ઈઈ/ ૦૮/ સી/ ૩૮૫ આપવામાં આવેલો. આ સાહેદને મળેલ આ નમૂનાઓનું પૃથક્કરણ તેમના દ્વારા કરવામાં આવેલું. તેમને મળેલ આ નમૂનાઓ મુજબ...

- માર્ક–એ ફરિયાદીએ પહેરેલ ટીશર્ટ.
- માર્ક–બી ઈજા પામનાર પ્રતાપભાઈ બોડાભાઈએ પહેરેલ શર્ટ.
- માર્ક–સી ઈજા પામનાર રૂપજી ધુળાજીએ પહેરેલ શર્ટ.
- માર્ક–ડી લાકડાનું બોક્ષ, વાયરો, છરા વિગેરે.
- માર્ક–ઈ લાકડાનાં બોક્ષમાં છરા નં.૨૨ તથા જમીન પરથી મળેલ છરા નંગ–૧૪.
- માર્ક–એફ સાઇકલના ગવન્ડર ઉપરથી મળેલી બે થેલીઓ.

સાહેદને મળેલ આ નમૂનાઓનું પ્રમાણિત, રાસાયણિક તથા ઉપકરણીય પધ્ધતિઓ વડે પૃથક્કરણ કરેલું અને તેના પરિણામ મુજબ...

(૧) નમૂના માર્ક એ, બી, સી, ઈ, (ઈ–૧,ઈ–૨) તથા માર્ક એફના નમૂનામાં એમોનિયમ, નાઈટ્રેટ અને નાઈટ્રાઈટ મૂલકો તથા પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન ઓઈલ (પેરાફીન ઓઈલ પ્રકાર) ની હાજરી શોધાયેલ છે.

(૨) નમૂના માર્ક–ડી માં એમોનિયમ, નાઈટ્રેટ, નાઈટ્રાઈટ લેડ તથા એઝાઈડ મૂલકો તથા પી.ઈ.ટી.એન. (હાઈએક્ષપ્લોજીવ) તેમજ પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સ ઓઈલ (પેરાફીન ઓઈલ પ્રકાર) ની હાજરી શોધાયેલ છે.

આ સાહેદે પૃથક્કરણના પરિણામના આધારે આપેલ અભિપ્રાય મુજબ...

૧. પૃથક્કરણના પરિણામમાં શોધાયેલ એમોનિયમ નાઈટ્રેટ અને પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સ ઓઈલ એ એમોનિયમ નાઈટ્રેટ બેઝ એમોનિયમ નાઈટ્રેટ–ફ્યુઅલ ઓઈલ (એનફો) હાઈએક્ષપ્લોજીવના ઘટકો છે.

૨. પૃથક્કરણના પરિણામમાં શોધાયેલ ધાતુના છરાનો ઉપયોગ દેશી હાથ બનાવટના બોમ્બમાં મીસાઈલ્સ તરીકે થાય છે.

૩. પૃથક્કરણના પરિણામમાં શોધાયેલ લેડ એઝાઈડ અને પી.ઈ.ટી.એન. (હાઈએક્ષપ્લોસીવ)નો ઉપયોગ બ્લાસ્ટીંગ કેપ (ડીટોનેટર)મા થાય છે.

૪. પૃથક્કરણના પરિણામ તથા નમૂનાઓમાંથી મળેલ બેટરી, છરા, ડીટોનેટરના ભાગ, છરા તથા મળેલ લાકડા સાથે ધાતુના પતરાના ભાગો તેમજ પ્લાસ્ટિકની શીટના ભાગોના આધારે એવું કહી શકાય કે હોડી આકારના લાકડાના ધાતુના પતરા અને પ્લાસ્ટીકની શીટ ધરાવતા કન્ટેનરમાં એનફો એક્ષપ્લોજીવ પદાર્થ ભરી ધાતુના છરા ઉમેરી તથા ડીટોનેટરનો ઉપયોગથી બનાવાયેલ ટાઈમ ડીલે ડીવાઈસ પ્રકારનો આઈ.ઈ.ડી. બોમ્બ છે.

ઉપર મુજબનો આ સાહેદે અહેવાલ આપેલો તે આ કામે આંક–૫૯૧૬ થી ૨જૂ કરેલો છે. જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ સાહેદની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી છે. અમદાવાદમાં થયેલ સીરીયલ બોમ્બ બ્લાસ્ટનાં ઘણા બનાવોવાળી જગ્યા ઉપરથી કબજે કરવામાં આવેલ ઘણા મુદ્દામાલનું પૃથક્કરણ તથા સુરત શહેરમાં થયેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં પણ જે તે સ્થળો ઉપરથી કબજે કરવામાં આવેલ મુદ્દામાલનું પૃથક્કરણ આ સાહેદે કરેલુ છે. તેઓની ઊલટતપાસ જનરલ અને સામાન્ય છે. ઊલટતપાસની વધુ હકીકત અગાઉના ગુનાઓમાં પણ જણાવેલી છે.

ત્યારબાદ આ કામે અન્ય એક મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારી નિકુંજ નરહરી બ્રહ્મભટ્ટને સાહેદ નં.૮૩૭ તરીકે આંક–૫૬૭૭ થી તપાસેલા છે. તેમને મુદ્દામાલનું બાયોલોજીકલ, સીરોલોજીકલ પૃથક્કરણ કરેલુ છે. તેમની આ ગુના પુરતી સરતપાસ પ્રમાણે એક નરોડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૪૦૧/૨૦૦૮ નો મુદ્દામાલ કુલ–ત્રણ પાર્સલ વિભાગીય સીલબંધ આ સાહેદના ડી.એન.એ. વિભાગમાં તા.૭/૮/૨૦૦૮ નાં રોજ

મળેલા જેની સાથે આંતર વિભાગીય રવાનગી પત્ર પણ સામેલ હતો. આ સાહેદના વિભાગને મળેલ મુદ્દામાલનું આ સાહેદે વૈજ્ઞાનિક પધ્ધતિથી રૂધીર તેમજ રૂધીર મૂળ અને રૂધીર જૂથ માટેના પરિક્ષણો કરી અહેવાલ તૈયાર કરેલો અને તે અહેવાલમાં આ સાહેદે સહી કરી કેમેસ્ટ્રી વિભાગને તા.૧૨/૯/૨૦૦૮ નાં રોજ મોકલી આપેલો. જે અહેવાલ આ કામે આંક–૫૬૮૦ થી રજૂ કરેલો છે જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. આ અહેવાલ મુજબ માર્ક–એ થી સી પૈકી માર્ક–એ વાળા શર્ટમાં રૂધીરની હાજરી મળી આવેલ ન હતી. નમૂના માર્ક–બી વાળા શર્ટમાં રૂધીરની હાજરી મળી આવેલ પરંતુ રૂધીર અપુરતુ હતુ, જયારે નમૂના માર્ક–સી વાળા શર્ટમાં રૂધીરની હાજરી મળી આવેલી હતી અને તે રૂધીરના જૂથનું પરિણામ "બી" આવેલ હતુ તેમ જણાવે છે.

ત્યારબાદ આ કામે અન્ય એક એફ.એસ.એલ. અધિકારી સુરેન્દ્ર પરષોત્તમ પતરીવાલાને સાહેદ નં.૮૩૮ તરીકે આંક–૫૬૮૫ થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ મુજબ નરોડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૪૦૧/૨૦૦૮ નો મુદ્દામાલ એફ.એસ.એલ.ના કેમેસ્ટ્રી વિભાગના આસીસ્ટન્ટ ડાયરેક્ટર શ્રી જી. ડી. શર્મા તરફથી મળેલો. તે મુદ્દામાલ પૈકીના બે પાર્સલ માર્ક–ડી અને માર્ક–ઈ કે જે ''N.C.DIV F.S.L. A'BAD''ના વિભાગીય સીલ ધરાવતા હતા. આ પાર્સલ તા.૬/૮/૨૦૦૮ ના રોજ તેમના વિભાગમાં સ્વીકારવામાં આવેલ જે નમૂના તેમની પાસે વૈજ્ઞાનિક પરિક્ષણ અર્થે આવેલો તેની વિગત તેમના પરિક્ષણ અહેવાલમાં લખેલ હતી. આ સાહેદને મળેલ આ નમૂનાનું પરિક્ષણ તેમને કરેલ જેની વિગત નીચે મુજબ છે.

– પ્રયોગશાળામાં નમૂના–ડી (છરા, બેટરી, ડીટોનેટરનો કુટેલ ભાગ વિગેરે) અને નમૂના ઈ–૧ (છરા) અને ઈ–૨ (છરા) નું બાહ્યદ્રષ્ટી વિષયક, ભૌતિક પરિમાણનું માપણ, મેગ્નીફાઈંગ લેન્સ, મલ્ટીમીટર અને સુક્ષ્મદર્શક યંત્રમાં પરીક્ષણ કરેલ તેમજ નમૂના–ડી (છરા), નમૂના–ઈ૧ (છરા) અને ઈ૨ (છરા)નું ''ED–XRF'' યંત્રમાં ધાતુ તત્વોની હાજરીનું પરિક્ષણ કરેલ.

આ સાહેદે કરેલ વૈજ્ઞાનિક પરિક્ષણના અંતે આ સાહેદ નીચે મુજબના અભિપ્રાય ઉપર આવેલ અને તે અંગેનો આ સાહેદે નીચે મુજબનો અભિપ્રાય આપેલ તે મુજબ...

- નમૂના–ડી (છરા), નમૂના ઈ–૧ (છરા) અને ઈ–૨ (છરા) ના છરામાં મુખ્યત્વે Fe (આર્યન) ધાતુ તેમજ Ca (કેલ્શીયમ) અને Mn (મેગેનીઝ) જેવી ધાતુઓ અલ્પ પ્રમાણમાં જણાયેલ. તેમજ સદર નમૂનાઓના ભૌતિક પરિમાણો સરખા જણાયા, જે દર્શાવે છે કે સદર નમૂનાઓના છરા પરસ્પર સામ્યતા ધરાવે છે.
- નમૂના–ડી ની બેટરી ચાલુ હાલતમાં હતી. અને તેના આઉટપુટ આશરે ૮.૫ વોલ્ટ જણાયેલ.
- નમૂના–ડી ના વાયરના ટુકડા સાથેનું કનેકટર ડીટોનેટરનો ભાગ હોવાનું જણાયેલ.

આ મુજબનો આ સાહેદે જે અભિપ્રાય આપેલો તે આ કામે આંક–૬૦૪૩ થી રજૂ કરેલો જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. આ સાહેદે પણ અમદાવાદમાં થયેલ બોમ્બ બ્લાસ્ટના થયેલ બનાવો તથા સુરતમાં થયેલ બોમ્બ પ્લાન્ટેશનના બનાવોના ઘણા બધા મુદ્દામાલનું પૃથક્કરણ કરેલુ છે અને આરોપીઓ તરફથી જનરલ ઊલટતપાસ થયેલી છે. કોઈ ચોકકસ પૃથક્કરણ સંબંધી ઊલટતપાસ થયેલ નથી. પરિક્ષણ અહેવાલ પરિક્ષણ કર્યા વગર રવાનગી નોંધ ઉપરથી તૈયાર કર્યાની હકીકત નકારેલી છે.

ત્યારબાદ આ કામે અન્ય એક એફ.એસ.એલ. અધિકારી જાનમહંમદ ફકીરમહંમદ મન્સુરીને સાહેદ નં.૮૪૦ તરીકે આંક–૫૭૦૦ થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ મુજબ તેમના વિભાગના મદદનીશ નિયામકશ્રી દ્વારા તા.૨૯/૮/૨૦૦૮ના રોજ સ્વિકારવામાં આવેલ મુદ્દામાલ, જે નરોડા પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેરના ફ. ગુ. ૨. નં. ૪૦૧/૨૦૦૮ ના કેસનો મુદ્દામાલ હતો તે આ સાહેદને પૃથક્કરણ અર્થે તા.૧૧/૯/૨૦૦૮ ના રોજ રવાનગી નોંધ સાથે મળેલો જે રવાનગી નોંધ આ

કામે આંક–૫૭૫૧ થી રજૂ કરેલ છે અને તેની સાથે તેને લગતા કાગળોની ફાઈલ પણ આ સાહેદને સોંપવામાં આવેલ. સદરહુ કામનો મુદ્દામાલ તેમની કચેરીમાં મદદનીશ નિયામક શ્રી જી.ડી.શર્માએ સ્વીકારેલ હતો અને તેના સ્વીકાર્યા અંગેની પહોંચ સંબંધીત પોલીસ મથકને ફાળવેલ હતી. જે આ કામે આંક–૫૭૫૨થી રજૂ કરેલ છે. જેમાં એક હરક્યુલસ માર્ક ધરાવતી કથ્થાઇ રંગની સીટ ધરાવતી સાઇકલ હતી જેની ફ્રેમ પર "ઝેડ એ ૦૯૦૦૧૩" નંબર વંચાતો હતો. સદર સાઇકલ તાળુ મારીને બંધ કરેલ હતી. "સદર તાળા પર રેન્ક " લખાણ વંચાતુ હતુ. સદર સાઇકલના આગળના વ્હિલનું કવર દબાઇને વિકૃત થઇ ગયેલ હતું તથા ટાયરના સળિયા તુટી ગયેલા હતાં. સદર સાઇકલના કેરીયર પર એક સી આકારનો ધાતુનો કલેમ્પ પ્લાસ્ટિકની દોરી વડે બાંધેલ હતો. સદર સાઇકલના ગવન્ડર પર હરક્યુલસ લખાણ કોતરેલું હતું. તેમને મળેલ નમૂનાઓનું પૃથક્કરણ પ્રમાણિત રાસાયણિક અને ઉપકરણીય પધ્ધતિએ કરેલ હતું. તેમના પૃથક્કરણના આધારે એવા પરિણામ પર આવેલ કે, ઉપરોકત નમૂનામાં એમોનિયમ, નાઇટ્રાઇટ, અને નાઇટ્રેટ મુલકો તથા પેટ્રોલીયમ હાઇડ્રોકાર્બનસ ઓઈલ (પેરાફીલ ઓઈલ પ્રકાર)ની હાજરી શોધાયેલ છે. આ સાહેદના અભિપ્રાય પ્રમાણે પૃથક્કરણના પરિણામમાં શોધાયેલ એમોનિયમ નાઇટ્રેટ અને પેટ્રોલીયમ હાઇડ્રોકાર્બન ઓઈલનું મિશ્રણએ એમોનિયમ નાઇટ્રેટ બેઝ એમોનિયમ નાઇટ્રેટ ફયુલ ઓઈલ (એનફો) હાઇએક્ષપ્લોઝીવના ઘટકો હતા. આ સાહેદે ઉપર મુજબનો જે અહેવાલ આપેલો તે આ કામે આંક–૫૭૫૩ થી રજૂ કરેલ છે જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

ત્યારબાદ આ કામે અન્ય એક એફ.એસ.એલ. અધિકારી કુંદનભાઈ જીવરાજભાઈ ગોલાણીયાને સાહેદ નં.૮૪૧ તરીકે આંક–૫૭૮૩ થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ મુજબ નરોડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૪૦૧/૨૦૦૮ ના મુદ્દામાલ પૈકીનો મુદ્દામાલ આંતર વિભાગીય રવાનગી નોંધ સાથે રાસાયણિક વિભાગ તરફથી આ સાહેદના વિભાગમાં પૃથક્કરણ અર્થે મોકલવામાં આવેલ જેમાં એક સીલબંધ પાર્સલ હતુ તેના ઉપર

અંગ્રેજીમાં "અનસીડીવ એફ.એસ.એલ. અમદાવાદ" નું હતુ. સદર પાર્સલમાં એ અંગ્રેજીમાં હરકયુલસ માર્કાની જૂની કટાયેલી સાઇકલ હતી જેનો નંબર અંગ્રેજીમાં ઝેડએ૦૯૦૦૧૩ વંચાતો હતો. સદર સાઇકલના આગળના ટાયર પરના પંખા ઉપર ડાબી બાજુએથી અંદરના ભાગે દબાયેલ આશરે ૧૧ બાય ૪ સે.મી.નો હીટ માર્ક/ગોબો હતો અને આગલના પૈડાના બે સ્પોક તુટીને વળેલા હતા જયારે બે સ્પોક મીસીંગ હતા. સદર સાઇકલનું લોક બંધ સ્થિતિમાં હતુ પરંતુ જમણી ઠેસી દબાવતા ખોલ બંધ થતુ હતુ.

પ્રયોગશાળામાં આ નમૂના–વાય ની સાઇકલ તથા તેની પરના હીટ માર્કનું બાહ્ય વિષયક પરિક્ષણ તેમજ ભૌતિક પરિમાણનું માપન તથા મેગ્નીફાઇંગ લેન્સ વડે પરિક્ષણ કરેલુ અને તે આધારે આ સાહેદ એવા અભિપ્રાય ઉપર આવેલા કે નમૂના–વાય ની સાઇકલ ઉપર હીટ માર્ક તથા સદર સાઇકલને નુકસાન બોમ્બ વિસ્ફોટના કારણે થઈ શકે. નમૂના–વાય ની સાઇકલની ફ્રેમ ઉપર સીરીયલ નંબર અંગ્રેજીમાં ઝેડએ૦૯૦૦૧૩ વંચાતો હતો. આ મુજબનો આ સાહેદે જે અભિપ્રાય આપેલો તે આ કામે આંક–૫૭૮૮ થી રજૂ કરેલો જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

ત્યારબાદ આ કામે તપાસ કરનાર અધિકારી શ્રીએ બનાવ બાદ બનાવવાળી જગ્યા ઉપર નકશો બનાવવા માટે સિટી તાલુકા, અમદાવાદને એક યાદી લખેલી જે યાદી આ કામે આંક–૩૩૭૪ થી રજૂ કરેલી છે અને તે યાદી તથા જરૂરી કાગળો જેવા કે ગુનાવાળી જગ્યાનુ પંચનામુ, મામલતદાર અમદાવાદનાઓએ તેઓના ફોરવર્ડીંગ પત્ર સાથે ગુનાવાળી જગ્યાનો નકશો બનાવવા મોકલી આપેલ.

આંક–૩૩૭૪ વાળી યાદીના આધારે સિટી નાયબ મામલતદાર રૂદ્રદત્તસિંહ બળવંતસિંહ વાઘેલાનાઓએ ગુનાવાળી જગ્યા ઉપર જઈ નકશો બનાવેલો તેઓને આ કામે સાહેદ નં.૬૮૯ તરીકે આંક–૩૩૭૩ થી તપાસેલા છે. તેમની સરતપાસ પ્રમાણે તેઓને તપાસ કરનાર અધિકારી શ્રી દ્વારા નરોડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નરોડા ભાગોળ, મયુર રેસ્ટોરન્ટની નીચે આવેલ પરમ

શકિત ટી સ્ટોલ નામની ચાની કીટલી સામે જાહેર રોડ ઉપર બોમ્બ બ્લાસ્ટ થયેલો તે જગ્યા ઉપર જઈ નકશો બનાવવા માટેની યાદી મળેલી તે આંક–૩૩૭૪ ની યાદી મળ્યા બાબતે યાદી ઉપર તેમને પોતાની સહી ઓળખી બતાવી છે અને તે યાદીના આધારે સ્થળ ઉપર જઈ નકશો બનાવેલો તે નકશો આ કામે આંક–૩૩૭૫ થી રજૂ કરેલો છે. જેમા આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે અને આ નકશામાં જે જગ્યા ઉપર સાઇકલ મુકીને બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલ તે જગ્યા આ નકશામાં લાલ કલરથી બતાવવામાં આવેલી છે. આ નકશો પોતાના ફોરવર્ડીંગ પત્ર સાથે પોલીસ ઇન્સ્પેકટર સ્પેશીયલ ઓપરેશન ગ્રુપ ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદને મોકલી આપેલ તે ફોરવર્ડીંગ પત્ર આંક–૩૩૭૬ થી રજૂ છે જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવી છે.

(૪૬.૦૧) **<u>અમદાવાદ શહેરના નરોડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૪૦૧/૨૦૦૮ ના કામે ઈજા પામેલ વ્યકિતઓ બાબતે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકનઃ–</u>**

નરોડા પોલીસ સ્ટેશનના આ બનાવમાં રૂપજી ધુળાજી ડામોરનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૨૧૧ તરીકે આંક–૧૧૪૨ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સવારથી તેઓ નરોડા ગામ ઠાકોરવાસમાં રહેતા પ્રભાતભાઈ બારીયા સાથે કુબેરનગર બંગલા એરીયામાં કડીયા કામની મજૂરી કરવા ગયેલા અને સાંજે ઘરે જતા પહેલા નરોડા ગામ ભાગોળમાં આવેલ મયૂરી રેસ્ટોરન્ટ પાસે જગાભાઈની "પરમ ટી સ્ટોલ" ની કીટલી ઉપર આ સાહેદ તથા તેમની સાથેના પ્રભાતભાઈ ચા પીવા ઉભેલા ત્યારે તે બંનેની સાથે બીજા ઘણા માણસો ચા પીવા ઉભા રહેલા હતા તે દરમ્યાન ધડાકો થયેલો અને ભાગમભાગ થયેલી. આ ધડાકામાંથી છરો નીકળેલ અને તેનાથી આ સાહેદને માથામાં તથા પેટમાં ઈજા થયેલી. આ સાહેદની સાથેના પ્રભાતભાઈને પણ ઈજા થતા લોહી નીકળેલુ. ધડાકો થયો ત્યારે ત્યાં સાઇકલ આડી પડેલી જોયેલી તેમ જણાવે છે.

ત્યારબાદ તેઓની સારવાર કરનાર ડૉ.ભરતભાઈ નટવરલાલ દવેને સાહેદ નં.૨૯૨ તરીકે આંક–૧૫૭૪ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ રૂપજી ધુળાજી ડામોર તેમની પાસે સારવાર અર્થે આવેલા અને પ્રાથમિક સારવાર તેમને આપેલી અને કોઈક હોસ્પિટલમાં જરૂરી સારવાર લેવાની સુચના આપેલી. ઈજા પામનારને કપાળમાં ભાગે ઘસરકો હતો તથા પેટની જમણી બાજુએ એક ઉજરડો હતો. તેઓને સારવાર આપ્યા અંગેનું પ્રમાણપત્ર આપેલુ જે આ કામે આંક–૧૫૭૫ થી રજૂ છે તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવી છે.

નરોડા પોલીસ સ્ટેશનના આ બનાવમાં મહોબત્તસિંહ ઉદેસિંહ ડાભીનાઓને ઈજાઓ થયેલી અને તેઓને થયેલ ઈજા અંગેની હકીકત તેમને પોતાની આંક–૫૧૫ ની જુબાનીમાં જણાવેલી છે અને તેઓની સારવાર કરનાર ડૉ. કેતન ત્રિકમલાલ સોનીને સાહેદ નં.૩૧૩ તરીકે આંક–૧૬૪૦ થી તપાસેલા છે. આ સાહેદની આ બનાવ પુરતી સરતપાસ ધ્યાને લઈએ તો અમદાવાદ મુકામે તેઓ સોની નર્સીંગ હોમના નામથી તબીબી વ્યવસાય કરે છે. તેમના દવાખાનામાં મહોબત્તસિંહ ઉદેસિંહ ડાભીનાઓને બોમ્બ ધડાકામાં ઈજાઓ થતા સારવાર માટે લાવવામાં આવેલા. તેઓને ઈજાવાળા ભાગે ડ્રેસીંગ કરેલુ અને પ્રાથમિક સારવાર આપેલી. ત્યારબાદ વધુ સારવાર સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે લેવાનું જણાવેલ. આ સાહેદે જે સારવાર આપેલી તેનું પ્રમાણપત્ર આ સાહેદે આપેલુ જે આ કામે આંક–૧૬૪૧ થી રજૂ છે જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

નરોડા પોલીસ સ્ટેશનના આ બનાવમાં પ્રભાતભાઈ બોડાભાઈ બારીયાનાઓને ઈજાઓ થયેલી. તેઓને આ કામે સાહેદ નં.૨૧૨ તરીકે આંક–૧૧૪૩ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સવારના આ સાહેદ તથા તેમની સાથે રૂપજીભાઈ ડામોર બંને જણા કુબેરનગર બંગલા એરીયામાં કડીયા કામની મજૂરી કરવા ગયેલા અને સાંજે ઘરે જતા પહેલા નરોડા ગામ ભાગોળમાં આવેલ મયુરી રેસ્ટોરન્ટ પાસે જગાભાઈની "પરમ ટી

સ્ટોલ" ની કીટલી ઉપર આ સાહેદ તથા તેમની સાથેના રૂપજીભાઈ ડામોર ચા પીવા ઉભેલા ત્યારે તે બંનેની સાથે બીજા ઘણા માણસો ચા પીવા ઉભા રહેલા હતા તે દરમ્યાન ધડાકો થયેલો અને ભાગમભાગ થયેલી. આ ધડાકાના કારણે કરચો ઉછળતા આ સાહેદને કોણીના ભાગે વાગેલુ અને લોહી નીકળેલુ તથા આ સાહેદની સાથેના રૂપજી ડામોરને પણ વાગેલુ. ધડાકો થયો ત્યારે ત્યાં સાઈકલ આડી પડેલી જોયેલી. આ સાહેદને ઈજા થતા ખાનગી ડૉ. કનૈયાલાલ વ્યાસના દવાખાનામાં સારવાર લીધેલી ત્યારબાદ પોલીસ સ્ટેશને ગયેલા અને પોલીસ સ્ટેશનેથી સિવિલ હોસ્પિટલમાં સારવાર કરાવવા યાદી લખી આપેલી હતી. આ સાહેદે જે સારવાર કરાવેલી તેનુ પ્રમાણપત્ર આંક–૭૧૨૯ થી રજૂ કરેલુ છે અને આ પ્રમાણપત્રને આંકે પાડવા બચાવપક્ષ તરફે કોઈ વાંધો ન હોય પ્રમાણપત્રને આંક આપવામાં આવેલ છે.

(૪૬.૦૨) <u>અમદાવાદ શહેરના નરોડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૪૦૧/૨૦૦૮ ના કામે બનાવને સમર્થન માટે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકનઃ–</u>

નરોડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નરોડા ભાગોળ, મયુર રેસ્ટોરન્ટની નીચે આવેલ પરમ શકિત ટી સ્ટોલ નામની ચાની કીટલી સામે જાહેર રોડ ઉપર જે બોમ્બ બ્લાસ્ટ થયેલો છે તે માટે ફરિયાદપક્ષ દ્વારા સંજય ભરતભાઈ પટેલને સાહેદ નં.૭૪૯ તરીકે આંક–૩૫૩૭ થી તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે નરોડા ભાગોળ વિસ્તારમાં મ્યુનિસિપલ કોમ્પ્લેક્ષમાં જી.કે.પાન સેન્ટર નામે પાન મસાલાની દુકાલ છેલ્લા ચાલીસેક વર્ષથી ધરાવે છે અને સવારે છ થી રાતના સાડા અગિયાર વાગ્યા સુધી હોય છે. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ તેઓ તેમની દુકાન પર હતા ત્યારે સાંજના સાડા છ–પોણા સાત વાગ્યાના અરસામાં તેમની દુકાન નજીક આવેલ પરમ શકિત ટી સ્ટોલ આગળ એક મોટો ધડાકો થયેલો અને ત્યાં ઘણા માણસો ચા પીતા હતા. ધડાકો થતા નાસભાગ થયેલી અને બોમ્બ ધડાકામાંથી નીકળેલ કરચો અને છરા ઉડેલા અને ત્યાં એક સાઇકલ પડેલ હતી. સદર બોમ્બ બ્લાસ્ટમાં ચાની કિટલી

ઉપર કામ કરતા મહોબત્તસિંહ તથા બીજા એક માણસને ઈજા થયેલી . સદર ધડાકાથી સાહેદની દુકાનની લાઈનમાં કેટલીક દુકાનોના કાચ તુટેલા તેવુ જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પોલીસે જે કંઈ લખેલુ તે પોતાની જાતે લખેલુ તે હકીકત નકારેલી છે. આ સાહેદ પોતાના પાનના ગલ્લે પાન બનાવતા હતા ત્યારે ધડાકો થયેલાનું કબૂલ કરે છે. આ હકીકત ધ્યાને લેતા આરોપીઓ તરફથી આ જગ્યા ઉપર બોમ્બ ધડાકો થયેલો તે કબૂલ કરેલ હોવાનું માલુમ પડે છે.

આમ, નરોડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નરોડા ભાગોળ, મયુર રેસ્ટોરન્ટની નીચે આવેલ પરમ શકિત ટી સ્ટોલ નામની ચાની કીટલી સામે જાહેર રોડ ઉપર તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ કલાક ૧૮.૩૦ વાગે સાઇકલ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલો અને આ બોમ્બ બ્લાસ્ટમાં ત્રણ વ્યકિતઓને ઈજાઓ થયેલી તે હકીકત ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા ઉપરોકત તમામ પુરાવા ઉપરથી સાબીત થાય છે તેમ હું માનુ છું.

(૪૭) **<u>ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકા પોલીસ સ્ટેશનની હકુમતના વિસ્તારમાં બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલ તે બનાવ પુરવાર કરવા ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન.</u>**

- વિસ્તાર:– કલોલ તાલુકા પોલીસ સ્ટેશનની હદમાં
- સ્થળ:– ખાત્રજ ગામની સીમમાં આવેલ અરવિંદ મીલ નજીક મ્યુનિસિપલ બસ રૂટ નં.૬૬/૩ ની બસમાં.
- તારીખ:– ૨૭/૭/૨૦૦૮
- સમય:– કલાક ૧૯.૩૦ (સાંજે)
- ગુના રજીસ્ટર નં.ફર્સ્ટ ૨૦૦/૨૦૦૮
- મરણ જનારની સંખ્યા:– નથી
- ઈજા પામનારની સંખ્યા:– નથી

– બનાવમાં વપરાયેલ વાહનઃ– એ.એમ.ટી.એસ. બસ

કલોલ તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ખાત્રજ ગામની સીમમાં આવેલ અરવિંદ મીલ નજીક મ્યુનિસિપલ બસ રૂટ નં.૬૬/૩ ની બસમાં મુકેલ બોમ્બ મળી આવતા તેની ફરિયાદ નોંધાયેલી અને આ બનાવ પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા સાહેદ નં.૬૯૫ તરીકે આંક–૩૪૦૮ થી ફરિયાદી રસીકભાઈ વીરજીભાઈ નંદાસણાને ફરિયાદપક્ષે તપાસેલા છે. તેઓની જુબાની ધ્યાને લઈએ તો પોતાની જુબાનીમાં જણાવે છે કે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ કલોલ પોલીસ સ્ટેશનમાં પોલીસ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા ત્યારે ખાત્રજ ગામની સામમાં આવેલી નવી અરવિંદ મીલના સીકયુરીટી ઓફિસર ઉધમસિંહ ડોંગરાનો ટેલીફોન પી.એસ.ઓ. ઉપર આવેલ કે અરવિંદ મીલના ગેટ સામે કપડામાં વીંટાડેલ એક શંકાસ્પદ બોક્ષ પડેલ છે જેમાં બોમ્બ હોય તેવુ જણાય છે. જેથી આ સહેદ તથા પોલીસ ઈન્સ્પેકટર આર.બી.ડાભી, આર.સી.ઝાલા તથા સ્ટાફના માણસો સાથે અરવિંદ મીલ જવા નીકળેલા, કલાક ૨૦.૩૦ વાગે અરવિંદ મીલ મેઈન ગેટ પાસે પહોંચેલા અને સિકયુરીટી ઓફિસર ડોંગરાને મળીને હકીકત જાણેલી. ત્યાં એક બોક્ષ પડેલ હતુ તે જોતા શંકાસ્પદ બોમ્બ હોય તેવુ જણાય આવતા રસ્તા ઉપરનો ટ્રાફિક બંધ કરેલો, ફોનથી તથા વાયરલેસથી જિલ્લા કન્ટ્રોલ રૂમને બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડ મોકલી આપવા જાણ કરેલી, એફ.એસ.એલ. ટીમને હાજર રાખવા કન્ટ્રોલ રૂમને જાણ કરેલી. કલાક ૨૨.૦૦ વાગે બોમ્બ ડીસ્પોઝલ ટીમના પોલીસ સબઈન્સ્પેકટર પરમાર તથા તેમના સ્ટાફ સ્નીફર ડોગ લઈને આવેલા, બોક્ષની તપાસ કરતા તેમાં બોમ્બ હોવાનું જણાયેલુ જેથી બોમ્બ નિષ્ક્રિય કરી ભાગો અલગ કરેલા અને તપાસ અર્થે કબજે કરી પંચનામુ કરેલુ. ત્યાં એફ.એસ. એલ. ના અધિકારી પણ આવી ગયેલા તેમણે પણ સ્થળ નિરીક્ષણ કરેલુ. ત્યારબાદ આ સાહેદે જાતે પોતે આ બનાવની ફરિયાદ આપેલી જે ફરિયાદ આંક–૩૪૦૯ થી રજૂ છે ફરિયાદ તેમના લખાવ્યા મુજબની છે તેમ જણાવી ફરિયાદમાં પોતાની સહી ઓળખી બતાવે છે. વધુમાં આ સાહેદે બનાવવાળી જગ્યા ઉપર બે પંચોને બોલાવી બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડ

તથા એફ.એસ.એલ. અધિકારીની હાજરીમાં બનાવવાળી જગ્યાનું પંચનામુ કરેલુ અને પંચનામાની વિગતે બોમ્બના નિષ્ક્રિય કરેલા ભાગો મુદ્દામાલ તરીકે કબજે કરેલા. આંક–૨૦૮૦ વાળુ પંચનામુ તેઓને બતાવવામાં આવતા પંચનામામાં પંચોની તથા રૂબરૂ તરીકે તેમની સહી ઓળખી બતાવે છે. મુદ્દામાલ કબજે કર્યા બાદ બે પંચોની સહીઓવાળી તથા રૂબરૂ તરીકે આ સાહેદે સહીઓ કરેલી સ્લીપો મુદ્દામાલ ઉપર લગાવી મુદ્દામાલ સીલ કરેલ તે સ્લીપો પણ આ સાહેદને બતાવવામાં આવતા આંક–૩૪૧૦ તથા ૨૦૮૮ વાળી પંચ સ્લીપો ઉપર પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે. આ સાહેદે કબજે કરેલ મુદ્દામાલ એફ.એસ.એલ.માં રવાનગી નોંધ સાથે પૃથક્કરણ માટે મોકલી આપેલ, તે રવાનગી નોંધ આ કામે આંક–૩૪૧૧ થી રજૂ કરેલી છે તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલ છે. આ ઉપરાંત રવાનગી નોંધ સાથે નાયબ પોલીસ અધીક્ષક કલોલનાઓનું સત્તાનું પ્રમાણપત્ર પણ છે.

આમ, ફરિયાદી રસીકભાઈ વીરજીભાઈ નંદાસણાનાઓએ ઉપરોકત ફરિયાદ લખાવ્યા બાદ આ ફરિયાદ પોતાના રીપોર્ટ સાથે પી.એસ.ઓ. કલોલ પોલીસ સ્ટેશનનાઓને ગુનો નોંધવા માટે મોકલી આપેલી તે રીપોર્ટ આંક–૫૬૪ થી રજૂ કરેલ છે જેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. ત્યારબાદ પી.એસ.ઓ. નરેશકુમાર અંબાલાલ બારોટનાઓએ આ ફરિયાદની સ્ટેશન ડાયરીમાં એન્ટ્રી નં.૩ થી નોંધ કરેલી જે સ્ટેશન ડાયરીની નકલ આંક–૫૬૩ થી રજૂ કરેલી છે.ત્યારબાદ આ ગુનાની આગળની વધુ તપાસ કરવા માટે પી.એસ.ઓ. નરેશકુમાર અંબાલાલ બારોટે જે હુકમ કરેલો તે પણ આંક–૫૬૪ ની નીચેના ભાગે કરેલો જેમાં સાહેદે નરેશકુમાર અંબાલાલ બારોટે પોતાની સહી ઓળખી બતાવેલ છે. આ નરેશકુમાર અંબાલાલ બારોટને આ કામે સાહેદ નં.૨૪ તરીકે આંક–૫૬૨ થી તપાસેલા છે.

આરોપીઓ તરફથી રસીકભાઈ વીરજીભાઈ નંદાસણાની ઊલટતપાસ કરવામાં આવેલી છે. તેઓ પોતાની ઊલટતપાસમાં તમામ કાર્યવાહી પુર્ણ થયા પછી ફરિયાદ લખાવેલાની હકીકત કબૂલ કરે છે. ફરિયાદ ઘટનાક્રમ

મુજબ આપેલાની જણાવે છે. ઉધમસિંહ ડોગરાએ પોલીસ સ્ટેશનમાં કોને ફોન કરેલો તેવી સ્પષ્ટ હકીકતનો ઉલ્લેખ ફરિયાદમાં કરવામાં આવેલ નથી પરંતુ મારા મત પ્રમાણે તેનો ઉલ્લેખ કરવો જરૂરી પણ નથી ફકત માહિતી આપે છે તે પુરતી છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો જાહેર થયેલી માહિતીમાં સચ્ચાઈ હોય તો ગુનો દાખલ કરવાની જવાબદારી જે તે પોલીસ અધિકારીની છે તે કબૂલ કરે છે. બનાવ સ્થળે પહોંચ્યા તે પહેલા સાંતેજ પોલીસના હેડ કોન્સ્ટેબલ સોમાભાઈ જેઠાભાઈ બનાવ સ્થળે પહોંચેલાનો ઉલ્લેખ ફરિયાદમાં છે તે કબૂલ કરે છે. સાંતેજ ઓ.પી. ના ઉધમસિંહ ડોંગરાનું નિવેદન નોંધવામાં આવેલુ હોય અને આ સાહેદને સોંપવામાં આવ્યુ હોય તેવુ બન્યુ નથી. આ ઉપરાંત આરોપીઓ તરફથી બનાવ સ્થળની ચર્તુ દિશાઓ બાબતે પણ પ્રશ્ન પુછવામાં આવેલા છે જે ગુના માટે બહુ મહત્વના નથી. બનાવ સ્થળે બોમ્બ હશે તેવુ માનીને પોલીસને કોર્ડન કરવા સુચના આપેલી. શંકાસ્પદ બોક્ષની સાઈઝ કહી શકે તેમ નથી. બનાવ બન્યા બાદ આશરે આઠેક વર્ષ બાદ આ સાહેદે જુબાની આપેલ હોવાથી સ્વાભાવિક છે કે બોક્ષની સાઈઝ યાદ ના હોય અને તે કહી પણ ન શકે. વધુ ઊલટતપાસ ધ્યાને લેતાં બનાવ સંબંધે કોઈ વીડિયોગ્રાફી કે ફોટોગ્રાફી કરેલ નથી. ખોટી ફરિયાદને સમર્થન આપવા ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારી છે.

સ્થળ ઉપરથી જે લાઈવ બોમ્બ મળી આવેલો અને બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડ તથા એફ.એસ.એલ. અધિકારીની હાજરીમાં બોમ્બને નિષ્ક્રિય કરેલ અને ત્યારબાદ ફરિયાદીએ બે પંચોને સ્થળ ઉપર બોલાવેલા અને પંચનામાની વિગતે બોમ્બમાંથી મળી આવેલ સામગ્રી કબજે કરેલી જે પંચ સાહેદોની હાજરીમાં બોમ્બમાંથી મળી આવેલ સામગ્રી કબજે કરવામાં આવેલ તે પંચનામા પૈકીના પંચ મોહનજી ભલાજી ઠાકોરને ફરિયાદપક્ષે આ કામે સાહદે નં.૩૫૯ તરીકે આંક–૨૦૭૯ થી તપાસેલા છે. તેઓની જુબાની ધ્યાને લઈએ તો તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ અમદાવાદથી તેમના ઘરે ખાત્રજ અરવિંદ મીલ તરફ જતા હતા ત્યારે અરવિંદ મીલની સામે પોલીસ ઉભેલી હતી. પોલીસે વાહન ઉભુ રખાવેલુ અને જણાવેલુ કે અહીં બોમ્બ પડેલો છે તે સંબંધે પંચનામુ કરવાનું છે.

ત્યાં બીજા એક રહીશ ગણેશજી ગાંડાજીને પણ બોલાવેલા હતા. ત્યાં પોલીસે પંચનામુ શરૂ કરેલુ. મુદ્દામાલ કલોલના પોલીસ સબઇન્સ્પેકટરએ બતાવેલો તે મુદ્દામાલ જેવો કે...

(૧) ગ્રે કલરનો આખી બાંયનો શર્ટ.

(૨) એક આસમાની કલરનું ટીશર્ટ.

(૩) વાદળી કલરની પોલીથીન ફાટેલી થેલી.

(૪) એક પુઠ્ઠાનું સફેદ બોક્ષ જેની ઉપર સફેદ સેલોટેપ વીંટાડેલ છે જે તુટેલુ છે.

(૫) એક અર્ધ ચંદ્રાકાર લાકડાનું બોક્ષ જેનુ નીચેનુ તળીયુ ફાઈબરનું છે જેની ઉપર લાલ કલરની સેલોટેપ વીંટાડેલ છે જેમાં લોખંડના છરા પુષ્કળ પ્રમાણમાં છે.

(૬) એક પોલીથીન થેલીમાં આછો પીળો ચીકણો પદાર્થ.

(૭) પાંચ ગુજરાત સમાચાર દૈનિક પેપરના વાળેલા પાના.

(૮) એક સફેદ લીટીવાળો નોટબુકનો કોરો કાગળ.

(૯) એક લાલ સફેદ બોડીવાળુ પ્રિન્સ કંપનીનું એર્લામ ઘડિયાળ જેમાંથી પેન્સીલ સેલ કાઢી નાખેલ છે તે, વાદળી કલરના વાયરો.

(૧૦) એક બી.પી.એલ. કંપનીનો પેન્સિલ પાવર જેની ઉપર શકિત લખેલુ છે.

(૧૧) એક ડયુરાસેલ કંપનીની કાળા કલરની નવ વોલ્ટની બેટરી.

(૧૨) એક પ્લાસ્ટિકનું લાલ કલરનું બેટરી કનેકટર.

(૧૩) બે સફેદ વાયરોવાળા ડીટોનેટર નંગ–૨, જે પૈકી એક ડીટોનેટર ઉપર આછા પીળા રંગનો ચીકણો પદાર્થ ચોટેલો હતો.

ઉપરોકત મુદ્દામાલ આ સાહેદની હાજરીમાં કબજે કરવામાં આવેલો તે અંગેનુ જે પંચનામુ બનાવેલ તે આંક–૨૦૮૦ વાળા પંચનામામાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલ છે. મુદ્દામાલ સીલ કર્યા પછી પંચોની સહીઓવાળી સ્લીપો લગાવેલી જેમાં આ સાહેદે પંચ તરીકે સહી કરેલી. અદાલત

રૂબરૂ આ તમામ મુદ્દામાલ આ સાહેદને ખોલીને બતાવતા ઉપરોકત વિગતેનો તમામ મુદ્દામાલ આ સાહેદે ઓળખી બતાવેલ છે તથા મુદ્દામાલ જપ્ત કરતી વખતે આ સાહેદની સહીઓવાળી જે પંચ સ્લીપો લગાવેલી તે સ્લીપો આંક–૨૦૮૫ થી ૨૦૯૯ રજૂ કરેલી છે તમામ સ્લીપોમાં મુદ્દામાલની સાથે સાથે આ સાહેદે પોતાની સહીઓ પણ ઓળખી બતાવેલી છે.

આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી છે. ઊલટતપાસ ધ્યાને લઈએ તો ગુનાવાળા સ્થળે આ સાહેદ ગયા તે પહેલા કેટલા સમય અગાઉ બોમ્બ મળેલો તેની આ સાહેદને ખબર નથી. બોમ્બને અર્ધો કલાક પહેલા ડીફ્યુઝ કરેલો જે આ સાહેદની હાજરીમાં કરેલ નથી. ગુનાવાળી જગ્યા કેટલા સમય પહેલાથી કોર્ડન કરેલી તેની પણ ખબર નથી પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદ પંચ સાહેદ તરીકે હાજર રહેલા હતા. આ સાહેદ બનાવ સ્થળે પહોંચ્યા તે પહેલા જગ્યા ઉપરથી બોમ્બ મળ્યાની હકીકત આ સાહેદને ખબર ન હતી જેથી બોમ્બ કેટલા સમય અગાઉ મળેલો તેની જાણ આ સાહેદને ન હોય. વધુ ઉલટતપાસ ધ્યાને લેતાં શર્ટ અને થેલી બોમ્બના ભાગ હોવાનું પંચનામામાં ઉલ્લેખ નથી તે કબૂલ કરે છે. મુદ્દામાલ ઘડિયાળમાં સમય કેટલા વાગ્યાનો ચોકકસ હતો તે જોઈ શકાયેલ નહીં મારા મત પ્રમાણે તે ન જ જોઈ શકાય કારણ કે પંચનામુ રાત્રિના સમયે બનાવેલુ છે. ઘડિયાળમાં કેટલો સમય હતો તે જોયેલો ન હોય. વધુ ઉલટતપાસ ધ્યાને લેતાં મુદ્દામાલ ઉપર કાપલીઓ ચોટાડવામાં આવેલી નહીં તો તે હકીકત નકારી છે. આ સાહેદની હાજરીમાં મુદ્દામાલ કબજે કર્યો નથી તો તે હકીકત પણ આ સાહેદે નકારી છે. બોમ્બમાં કઈ કઈ વસ્તુ વપરાય, તેના શું નામ છે તેની ખબર નથી પરંતુ આ સાહેદ સામાન્ય નાગરીક છે બોમ્બ બનાવવાનું કામ કરતા નથી અને બોમ્બ બનાવેલ નથી માટે બોમ્બમાં કઈ સામગ્રી વપરાય તેની આ સાહેદને ખબર ન હોય. જેથી આરોપીઓ તરફથી પુછવામાં આવેલા આવા પ્રશ્નોનો કોઈ અર્થ નથી. વધુ ઊલટતપાસ ધ્યાને લેતાં કયા અધિકારીએ કયો મુદ્દામાલ સીલ કર્યો તેની આ સાહેદને ખબર નથી. પરંતુ બનાવ વખતે સ્થળ ઉપર પોલીસના માણસો, બોમ્બ સ્કવોર્ડના માણસો, એફ.

એસ.એલ.ના માણસો હતા અને તમામ માણસો સ્થળ ઉપર કામ કરતા હોય કયા માણસે કયુ કામ કર્યું તે બનાવના આઠ વર્ષ બાદ આ જુબાની આપતા હોય યાદ ન હોય તે સ્વાભાવિક છે.

આમ, આ બનાવવાળા સ્થળ ઉપરથી જે લાઈવ બોમ્બ મળેલો અને તે લાઈવ બોમ્બને ડીફ્યુઝ કર્યા પછી તેની જે સામગ્રી ફરિયાદીએ સ્થળ ઉપરથી કબજે કરેલ તે તમામ સામગ્રી એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે પૃથક્કરણ કરવા માટે મોકલી આપેલ તે મુદ્દામાલ પૃથક્કરણ કરનાર એફ.એસ. એલ.ના અધિકારીશ્રી જાનમહમદ ફકીરભાઈ મન્સુરીને ફરિયાદપક્ષે સાહેદ નં.૮૪૦ તરીકે આંક–૫૭૦૦ થી તપાસેલા છે. તેઓની આ ગુના પુરતી સરતપાસ ધ્યાને લઈએ તો તા. ૫/૮/૨૦૦૮ નાં રોજ કલોલ તાલુકા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૦/૨૦૦૮ નો મુદ્દામાલ રવાનગી નોંધ સાથે પૃથક્કરણ માટે તેમને મળેલો જે રવાનગી નોંધ આંક–૫૭૧૫ થી રજૂ છે તેમાં પોલીસ ઇન્સ્પેકટર કલોલનાઓની સહી છે અને સત્તાનું પ્રમાણપત્ર મદદનીશ પોલીસ અધીક્ષકશ્રીએ આપેલુ છે. તથા મુદ્દામાલ મળ્યા અંગેની જે પહોંચ આપવામાં આવેલી તે આ કામે આંક–૩૪૩૭ થી રજૂ કરેલ છે જેમાં મદદનીશ નિયામકની સહી છે. વધુમાં આ સાહેદના કહેવા પ્રમાણે આ રવાનગી નોંધ સાથે જે મુદ્દામાલ મળેલો તે...

- માર્ક–એ ગ્રે કલરનું રેડીમેડ આખી બાંયનું શર્ટ.
- માર્ક–બી એક આસમાની કલરનું ટીશર્ટ.
- માર્ક–સી એક પુંઠ્ઠાનું સફેદ બોક્ષ જેના ઉપર ગોવર્ધન એગમાર્ક પ્યોર ઘી અંગ્રેજીમાં લખેલ છે.
- માર્ક–ડી આછો પીળો ચીકણો પદાર્થ પોલીથીનની થેલીમાં.
- માર્ક–ઈ લોખંડના છરા ૧ કીલો ૨૩૫ ગ્રામ વજનના.
- માર્ક–એફ એક અર્ધ ચંદ્રાકાર લાકડાનું બોક્ષ.
- માર્ક–જી પાંચ ગુજરાત સમાચારના દૈનિક પેપરના વાળેલા પાના.
- માર્ક–એચ એક સફેદ લીટીવાળો નોટબુકનો કોરો કાગળ.

– માર્ક–આઈ એક લાલ સફેદ બોડીવાળુ પ્રિન્સ કંપનીનુ ઘડિયાળ.
– માર્ક–જે એક બી.પી.એલ. કંપનીનો પેન્સિલ પાવર.
– માર્ક–કે એક ડયુરાસેલ કંપનીની નવ વોલ્ટની બેટરી.
– માર્ક–એલ એક પ્લાસ્ટિકનું લાલ કલરનું બેટરી કનેકટર.
– માર્ક–એમ બે સફેદ વાયરોવાળુ ડીટોનેટર.
– માર્ક–એન બે સફેદ વાયરોવાળુ ડીટોનેટર જેના ઉપર આછો પીળો પદાર્થ છે તે.

ઉપરોકત મુદ્દામાલનું આ સાહેદે પૃથક્કરણ કરતાં (૧) નમૂના માર્ક–એ, ડી, ઈ, એફ તથા જી માં એમોનિયમ નાઈટ્રેટ મુલકો તથા પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સ ઓઈલ (પેરાફીન ઓઈલ પ્રકાર)ની હાજરી શૌધાયેલી છે. (૨) નમૂના માર્ક–એમ, એન માં એમોનિયમ નાઈટ્રેટ લેડ તથા એઝાઈડ મુલકો તથા પી.ટી.ઈ.એન. (હાઈડ્રો એક્ષપ્લોઝીવ) તેમજ પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સ ઓઈલ (પેરાફીન ઓઈલ પ્રકાર)ની હાજરી શૌધાયેલી છે. (૩) નમૂના માર્ક–બી, સી, એચ, આઈ, જે, કે તથા એલ માં વિસ્ફોટકના ઘટકોની હાજરી શોધાયેલી નથી.

આ સાહેદે ઉપરોકત મુદ્દામાલનું પૃથક્કરણ કરીને જે અભિપ્રાય આપેલો તે અભિપ્રાય મુજબ...

(૧) પૃથક્કરણના પરિણામમાં શોધાયેલ એમોનિયમ નાઈટ્રેટ તથા પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સ ઓઈલનું મિશ્રણએ એમોનિયમ નાઈટ્રેટ બેઝ, એમોનિયમ નાઈટ્રેટ, ફયુઅલ ઓઈલ (એનફો) હાઈડ્રો એક્ષપ્લોઝીવના ઘટકો છે.
(૨) નમૂનામાંથી મળેલ ધાતુના છરાનો ઉપયોગ હાથ બનાવટના બોમ્બમાં મીસાઈલ તરીકે થાય છે.
(૩) પૃથક્કરણના પરિણામમાં શોધાયેલ લેડ આઝાઈડ અને પી.ઈ.ટી. એન. નો ઉપયોગ બ્લાસ્ટીંગ કેપ (ડીટોનેટર) માં થાય છે.
(૪) પૃથક્કરણના પરિણામ તથા નમૂનામાંથી મળેલ ઘડિયાળ, ધાતુના છરા, બેટરી, ડીટોનેટર, હોડી આકારના લાકડાના

પ્લાસ્ટિકની શીટ સાથેને કન્ટેનરોના આધારે એવુ કહી શકાય કે હોડી આકારના પ્લાસ્ટિકની શીટ ધરાવતા કન્ટેનરમાં એનફો એક્ષપ્લોઝીવ પદાર્થ ભરી ધાતુના છરા ઉમેરી તથા ડીટોનેટરના ઉપયોગથી બનાવેલ ટાઈમ ડીલે ડીવાઈસ પ્રકારનો આઈ.ઈ.ડી. બોમ્બ છે.

આમ ઉપરોકત મુજબનો આ સાહેદે જે અભિપ્રાય આપેલો તે આ કામે આંક–૫૭૧૬ થી રજૂ કરેલો છે જેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

આરોપીઓ તરફથી આ સાહેદની ઊલટતપાસ વિગતવાર કરવામાં આવેલી છે, કોઈ ચોકકસ ગુના સંબંધે ઊલટતપાસ કરવામાં આવી હોય તેવુ ઊલટતપાસ જોતા માલુમ પડતુ નથી. પરંતુ સામાન્ય અને જનરલ ઊલટતપાસ કરવામાં આવેલી છે. આમ આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાાને લેતા બનાવવાળી જગ્યા ઉપરથી મુદ્દામાલ ફરિયાદીએ પંચનામાની વિગતે કબજે કરીને એફ.એસ.એલ. ગાંધીનગરને પૃથક્કરણ માટે મોકલી આપેલો નથી તેવી કોઈ હકીકત નીકળી આવતી નથી. બોમ્બમાંથી મળેલી સામગ્રીનું આ સાહેદે પૃથક્કરણ કરેલ છે અને તે જીવંત બોમ્બ હતો તે સ્પષ્ટ બને છે.

ફરિયાદી દલાભાઈ અરજણભાઈ દેસાઈને આ બનાવની જાણ થયા પછી તેઓ સ્થળ ઉપર ગયેલા અને સ્થળ ઉપર ગયા બાદ જગ્યા સુરક્ષીત કરેલી અને જે જગ્યા ઉપરથી આ લાઈવ બોમ્બ મળી આવેલો તે જગ્યાનો નકશો બનાવવા માટે સર્કલ ઈન્સ્પેકટર ખોખરાનાઓને યાદી કરેલી અને સ્થળ ઉપર તે યાદીના આધારે સર્કલ ઈન્સ્પેકટરશ્રી સોમાભાઈ ગોવિંદભાઈ નાઈ આવેલા અને તેમને આ કામે આંક–૩૩૮૬ થી તપાસેલા છે. તેમના કહેવા પ્રમાણે તા. ૨૯/૮/૨૦૦૮ નાં રોજ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ અને સર્કલ ઓફિસર તરીકે ખોખરા અમદાવાદ તરીકે ફરજ બજાવતા હતા ત્યારે નાયબ પોલીસ અધીક્ષકની કચેરી તપાસ ટીમ ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ શહેર તરફથી કલોલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૦/૨૦૦૮ના ગુનાવાળી જગ્યાનો નકશો બનાવવા

માટે વિનંતી પત્ર તા.૨૫/૮/૨૦૦૮ ના રોજ મળેલો અને તેની સાથે ગુનાવાળી જગ્યાના પંચનામાની નકલ મળેલી જેથી આ સાહેદ સ્થળ ઉપર તા.૮/૯/૨૦૦૮ ના રોજ ગયેલા અને એક નકશો તૈયાર કરેલો અને નકશો તૈયાર કરીને પોલીસ કોન્સ્ટેબલ બકલ નં.૪૨૧૦ ને સોંપેલો. આ સાહેદને જે યાદી આપવામાં આવેલી તે યાદી આંક–૩૩૯૧ થી રજૂ કરવામાં આવેલી છે, યાદી લખનાર તરીકે પોલીસ ઇન્સ્પેકટર ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર એચ.જે. જનકાતની સહી છે તથા આ યાદી આ સાહેદે સ્વીકારી તે અંગેની સહી પણ આ સાહેદે ઓળખી બતાવેલી છે. આ સાહેદે જે નકશો તૈયાર કરેલો તે નકશો આ કામે આંક–૩૩૯૨ થી રજૂ કરેલ છે. આ નકશામાં જે જગ્યાએ મ્યુનિસિપલ કોર્પોરેશન અમદાવાદની કચરાપેટી મુકેલી હતી તે કચરાપેટી બતાવેલી છે અને આ નકશો તૈયાર કરનાર તરીકે આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. આ ઉપરાંત આ સાહેદે અમદાવાદ શહેરના બોમ્બ બ્લાસ્ટના બીજા બનાવોવાળી જગ્યાની પણ મુલાકત લઈ નકશાઓ બનાવેલા છે તે હકીકત પણ પોતાની સરતપાસમાં જણાવેલી છે.

આરોપીઓ તરફથી આ સાહેદની ઊલટતપાસ કરવામાં આવેલી છે. આ ઊલટતપાસ સામાન્ય અને જનરલ ઊલટતપાસ છે. તેમના કહેવા પ્રમાણે તેમની ફરજ દરમ્યાન ગુનાવાળી જગ્યાના આશરે ૨૦ થી ૨૨ નકશા તૈયાર કર્યા હશે. આધુનિક સ્કેલના શાધનો નકશા તૈયાર કરવા માટે કરેલા નથી તે કબૂલ કરે છે. નકશાઓમાં ગુનાવાળી જગ્યાની આજુબાજુની મિલકતો તથા રસ્તા કેટલા મીટરે કે ઇંચથી દુર છે તે હકીકત દર્શાવેલી છે. ગુનાવાળી જગ્યા ઉપર આવેલ રસ્તાની કોઈ ખરાઈ કરેલ નથી તે કબૂલ કરેલ છે પરંતુ મારા મત પ્રમાણે પંચનામામાં આજુબાજુની કોઈ મિલકતોનો ઉલ્લેખ કરવો જરૂરી નથી. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતાં પંચનામાના સ્થળની પોલીસવાળાને બોલાવીને ખરાઈ કરેલ હોય તેવુ બન્યુ નથી. નકશામાં પંચનામામાં જણાવેલ હકીકતથી કોઈ વિશેષ હકીકત જણાવેલી નથી. નકશામાં દર્શાવેલ માપ અને દિશા પંચનામા મુજબ છે તે કબૂલ કરેલ છે. પરંતુ મારા મંતવ્ય પ્રમાણે સ્થળ એક જ છે, પંચનામુ

વિગતે બનાવ્યુ છે, પંચનામામાં વિગતે માપ છે અને જયારે નકશો બનાવવામાં આવે ત્યારે સ્થળ બદલાઈ જવાનું નથી કે તેનુ માપ પણ બદલાઈ જવાનું નથી જેથી સ્વાભાવિક છે કે પંચનામામાં સ્થળની જે પરિસ્થિતિ હોય અને સ્થળ ઉપર જે માપ હોય તે જ પ્રમાણેના માપ નકશામાં આવે તેનો અર્થ એવો નથી કે સ્થળ અને માપ નકશામાં જે બતાવેલા છે તે પંચનામા મુજબ છે. સમગ્ર ઊલટતપાસ ધ્યાને લેતા આ સાહેદે સ્થળ ઉપર જઈ નકશો બનાવ્યો નથી તે હકીકત પ્રસ્થાપિત થતી નથી પરંતુ સ્થળ ઉપર જઈ નકશો બનાવ્યો છે તે સાબીત થાય છે.

આંક–૨૦૮૦ના પંચનામા આધારે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ જે એફ.એસ.એલ. ગાંધીનગરને પૃથક્કરણ માટે મોકલી આપેલો તે પૈકીના અમુક મુદ્દામાલનું એફ.એસ.એલ. અધિકારી એમ.એન.જોષીએ પૃથક્કરણ કરેલુ પરંતુ તેઓ અમેરીકા મુકામે સ્થાઈ થઈ ગયેલ હોવાથી તેમના સ્થાને બીજા અધિકારી સમીર સુભાષચંદ્ર જોષીને સાહેદ નં.૧૧૧૨ તરીકે આંક–૭૯૫૨ થી તપાસેલા છે. તેમની આ ગુના પુરતી સરતપાસ ધ્યાને લઈએ તો એફ.એસ.એલ. અધિકારી એમ.એન.જોષીએ ઉપરોકત મુદ્દામાલ પૈકી જે મુદ્દામાલનું પૃથક્કરણ કરેલુ તેમાં...

(૧) નમૂના–એ, બી, જી અને એચ ઉપર કોઈ નોંધણીય લખાણ/ગુપ્ત લખાણ/ચિન્હો જોવા મળેલ નથી.

(૨) નમૂના–ઈ ના છરામાં મુખ્યત્વે આયર્નનું પ્રમાણ જોવા મળેલ.

(૩) નમૂના–આઈ ની ઘડિયાળમાં નમૂના–જે નો સેલ નાખતા ઘડિયાળ ચાલુ હાલતમાં જણાયેલ.

(૪) નમૂના–આઈ ઉપર "૨૩" નું લખાણ અને નમૂના–સી ની ઉપર "&" ની નિશાની કરવામાં ઉપયોગમાં લીધેલી શાહી (ઈન્ક) સરખી હોવાનું જણાયેલુ.

(૫) નમૂના–એમ અને એન ના ડીટોનેટરમાં વીજ સાતત્યતા જોવા મળેલ અને તેનાથી વિસ્ફોટ થઈ શકે.

(૬) નમૂનો–જે નો પેન્સીલ સેલ ૧.૫ વોલ્ટ દર્શાવતો હતો અને ચાલુ હાલતમાં હતો.

(૭) નમૂનો–કે ની બેટરી સેલ ૮.૮ વોલ્ટ દર્શાવતો હતો અને ચાલુ હાલતમાં હતો અને તેને નમૂના–એલ ના એડોપ્ટર સાથે જોડી શકાય.

ઉપર મુજબનો જે અભિપ્રાય આપેલો તે આ કામે આંક–૭૯૬૪ થી રજૂ કરેલો છે જેમાં એફ.એસ.એલ. અધિકારી એમ.એન.જોષીની સહી આ સાહેદે પોતાની જુબાનીમાં ઓળખી બતાવી છે.

આરોપીઓ તરફથી આ સાહેદની પણ ઊલટતપાસ કરવામાં આવેલી છે જે જનરલ ઊલટતપાસ છે. ચોકકસ મુદ્દામાલ પૃથક્કરણ કર્યા બાબતે કે તેના પરિણામો બાબતે કોઈ ઊલટતપાસ કરેલી નથી.

વધુમાં આ કામે બનાવવાળી જગ્યા ઉપર ફરિયાદી રસીકભાઈ વીરજીભાઈનાઓએ સ્થળ ઉપર સ્થળ પરિક્ષણ માટે એફ.એસ.એલ. અધિકારીને બોલાવેલા તે એફ.એસ.એલ. અધિકારી અમૃતલાલ વશરામજી હિંગરાજીયાને સાહેદ નં.૮૩૦ તરીકે આંક–૫૫૬૬ ને તપાસેલ છે. તેમની આ ગુના પુરતી સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ નાયબ નિયામકશ્રી દહીયાની સુચનાથી અરવિંદ મીલના દરવાજા પાસે ખાત્રજ ગામે કલોલ તાલુકા પોલીસ સ્ટેશનના તપાસ અધિકારીના બોલાવવાથી સ્થળ પરિક્ષણ માટે ગયેલા અને ત્યાં સ્થળ પરિક્ષણ કરેલુ તથા તે જગ્યા અરવિંદ મીલના દરવાજા પાસે બહાર હતી, ત્યાં બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડ બોમ્બ ડીફ્યુઝ કરેલો અને બોમ્બના અલગ–અલગ ભાગ પાડેલા છે આ સાહેદની સુચનાથી આંક–૨૦૮૦ ના પંચનામાની વિગતે કબજે કરેલા. આ સાહેદે જે અહેવાલ આપેલો તે આંક–૫૫૬૭ થી રજૂ કરેલો છે અને તેમાં પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આરોપીઓ તરફથી કરવામાં આવેલ ઊલટતપાસ ધ્યાને લેતા આ સાહેદ સ્થળ ઉપર ગયા નથી અને પંચનામાંની વિગતે તેમની હાજરીમાં ડીફ્યુઝ કરેલ બોમ્બના ભાગો કબજે કર્યા નથી તેવી કોઈ હકીકત નીકળી આવતી નથી.

ત્યારબાદ આ કામે ગુનાવાળી જગ્યાનું પંચનામુ બે પંચોની હાજરીમાં નાયબ પોલીસ અધીક્ષકશ્રી કૃષ્ણકુમારસિંહજી ચંદ્રસિંહજી ચુડાસમાઓએ કરેલુ તેઓને આ કામે સાહેદ નં.૭૦૦ તરીકે આંક–૩૪૩૬ થી તપાસેલ છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ કલોલ ખાતે તથા તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ અમદાવાદ ખાતે બોમ્બ બ્લાસ્ટ થયેલા તે અન્વયે મિટીંગ રાખવામાં આવેલી અને મિટીંગમાં હાજર હતા ત્યારે ચર્ચાના અંતે એસ.પી.શ્રીની સુચનાથી કલોલ તાલુકા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૦/૨૦૦૮ ના કામની તપાસ સંભાળવાનું જણાવતા પોલીસ ઇન્સ્પેકટરશ્રી નંદાસણા પાસેથી તપાસ સંભાળેલી અને કેસની હકીકતથી વાકેફ થયેલા, ત્યારબાદ તે જ દિવસે જે બસમાં બોક્ષ મળેલ તેના ડ્રાઈવર અને કન્ડકટને કલોલ ખાતે પુછપરછ માટે હાજર રખાયેલા અને ત્યારબાદ તેઓને તથા સ્થાનિક અધિકારીઓને લઈને બનાવવાળી જગ્યાએ આવેલા અને ડ્રાઈવર તથા કન્ડકટર નાઓએ જગ્યા બતાવતા કલાક ૧૯.૨૦ થી ૧૯.૫૫ દરમ્યાન બે પંચોની હાજરીમાં પંચનામુ કરેલુ. આ જગ્યાનું પંચનામુ આંક–૧૯૨૩ થી રજૂ કરેલ છે જેમાં આ સાહેદે પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવી છે. આ પંચનામા મુજબ ડ્રાઈવર કન્ડકટરની શીટ નીચે સફેદ પુઠ્ઠાનુ બોક્ષ પડેલ તે વખતે અમદાવાદ શહેરમાં બોમ્બ બ્લાસ્ટના સમાચાર સાંભળેલા હોય તે બોક્ષને અડકેલા નહીં પરંતુ ૭–૮ પેસેન્જરો હતા તેઓ પૈકીના એક પેસેન્જરે તે બોક્ષ લઈ નીચે ઉતરી ગયેલ અને બસથી ૫–૭ ફૂટ દુર મુકી દીધેલ. આ મુજબની હકીકત જણાવ્યા અંગેનુ પંચનામુ કરેલ.

આંક–૧૯૨૩ વાળુ ઉપરોકત પંચનામુ જે પંચ સાહેદોની હાજરીમાં કરવામાં આવેલુ તે પંચ સાહેદ પૈકીના એક પંચ સાહેદ દિનેશજી અરજણજી ઠાકોરને સાહેદ નં.૩૪૯ તરીકે આંક–૧૯૨૨ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તેઓ ભીમાસણા ખાતે ઠાકોરવાસમાં રહે છે.તા. ૨૭/૦૭/ ૨૦૦૮ના રોજ વડોદરાથી ઘરે આવી રહયા હતા અને ખાત્રજ ગામે આવેલ અરવિંદ મીલના મેઈન ગેટ પાસે આવ્યો ત્યારે તે જગ્યાએ પબ્લિકના

માણસો અને પોલીસના માણસો ઉભેલા હતા તેથી તે જોવા માટે ઉભા રહેલા. ત્યાં પોલીસના અધિકારીએ તેમને બોલાવેલ. તેમના સિવાય એક નાગજીભાઈને પણ બોલાવેલા.પોલીસે તે જગ્યાએ જગ્યાનું તથા એ જગ્યાએ ઉભેલ એ. એમ. ટી.એસ. નું બસનું પંચનામું કરવાનું છે તેવું જણાવેલું અને પંચ તરીકે રહેવાનું પુછતાં પંચ તરીકે રહેવાની ખુશી બતાવેલી ત્યાં અરવિંદ મીલના મુખ્ય દરવાજા પાસે એક એ.એમ.ટી.એસ.ની બસ પીટીઆર–૭ની રૂટ નં. ૬૬/૩ની હતી જે બસનો રજીસ્ટ્રેશન નં. જીજે–૧–એઝેડ–૯૩૮૬નો હતો. આ બસ પાસે એક ઈન્દ્રસિંહ તથા રણજીતસિંહનાઓ હતા. આ પૈકી રણજીતસિંહ બસના ડ્રાઈવર હતા અને ઈન્દ્રસિંહ તથા બસના કંડકટર પણ હાજર હતા. બસના ડ્રાઈવર કન્ડક્ટરે જે કંઈ હકીકત જાહેર કરેલી તે તેમની હાજરીમાં લખવામાં આવેલી અને બસની અંદર જઈને બસ જોયેલી. બસની ડાબી સાઈડે બે બેઠકો વાળી કુલ– આઠ સીટો હતી અને તેજ લાઈનામાં એક બેઠકવાળી આગળના ભાગે એક સીટ હતી જ્યારે જમણી બાજુએ બે બેઠકવાળી ૧૧ સીટે અને પાછળના ભાગે ત્રણ ત્રણ મળી સળંગ છ બેઠકવાળી સીટ હતી. બસમાં ચઢવા માટેનો દરવાજો બસની પાછળની બાજુ અને બસમાંથી ઉતરવાનો દરવાજો બસની આગળની બાજુ હતો. બસમાંથી કોઈ શંકાસ્પદ ચીજવસ્તુ મળી આવેલ નહીં. આ હકીકતનું વિગતવાર પંચનામું તેઓના લખાવ્યા પ્રમાણે પોલીસે જે તે સ્થળે લખી લીધેલ. તેમાં સાહેદે તથા નાગજીભાઈએ સહીઓ કરેલી. પોલીસ અધિકારીએ પણ સહીઓ કરેલી. જે આંક–૧૯૨૩ વાળા પંચનામામાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ કામે તપાસ ટીમના તપાસ કરનાર અધિકારીશ્રી કે. સી. ચુડાસમા, નાયબ પોલીસ અધીક્ષક, ગાંધીનગરનાઓએ બનાવ બાદ બનાવવાળી જગ્યા ઉપર નકશો બનાવવા માટે મામલતદારશ્રી, કલોલ તાલુકાઓને એક યાદી લખેલી જે યાદી આ કામે આંક–૩૪૦૨ થી રજૂ કરેલી છે. જેમાં કે.સી.ચુડાસમાની સહી છે.

આંક–૩૪૦૨ વાળી યાદીના આધારે સર્કલ ઓફિસર દિનેશભાઈ પુજાભાઈ વણકરનાઓએ ગુનાવાળી જગ્યા ઉપર જઈ નકશો બનાવેલો તેઓને આ કામે સાહેદ નં.૬૯૩ તરીકે આંક–૩૪૦૧ થી તપાસેલા છે. તેમની સરતપાસ પ્રમાણે તેઓને તપાસ કરનાર અધિકારીશ્રી કે.સી.ચુડાસમાં દ્વારા કલોલ તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ખાત્રજ ગામની સીમમાં આવેલ અરવિંદ મીલ નજીક મ્યુનિસિપલ બસ રૂટ નં.૬૬/૩ ની બસમાં જીવતો બોમ્બ મળી આવેલો તે જગ્યા ઉપર જઈ નકશો બનાવવા માટેની યાદી મળેલી તે આંક–૩૪૦૨ ની યાદી મળ્યા બાબતે યાદી ઉપર તેમને પોતાની સહી ઓળખી બતાવી છે અને તે યાદીના આધારે સ્થળ ઉપર જઈ નકશો બનાવેલો તે નકશો આ કામે આંક–૩૪૦૩ થી રજૂ કરેલો છે. જેમા આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. આ નકશો તેમને પોતાના પત્ર સાથે નાયબ પોલીસ અધીક્ષક ગાંધીનગરનાઓને મોકલી આપેલો તે પત્ર પણ સંયુકત રીતે આંક–૩૪૦૩ સાથે સામેલ રાખેલ છે અને જે જગ્યા ઉપર જીવતો બોમ્બ મળી આવેલો તે જગ્યા તેમને નકશામાં વિગતવાર બતાવેલી છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આધુનિક સાધનોનો ઉપયોગ નકશો બનાવવા માટે કરેલ નથી તે કબૂલ કરેલ છે. નકશામાં સ્કેલના કનવર્ઝન કે કુટ કે ઈંચ દર્શાવેલ નથી તે હકીકત નકારેલ છે. નકશામાં સિકયુરીટીની ઑફિસ દર્શાવેલ છે તેનો દરવાજો કઈ દિશામાં છે તે કહી શકે તેમ નથી.

(૪૭.૦૧) <u>ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૦/૨૦૦૮ ના કામે બનાવને સમર્થન માટે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકનઃ–</u>

ઉપરોકત હકીકતના સમર્થનમાં ફરિયાદપક્ષ દ્વારા કુલ–૮ જેટલા સાહેદોને તપાસેલા છે. તે પૈકી શ્રી રણજીતસિંહ છગનસિંહ ઝાલાને સાહેદ નં.૬૭૩ તરીકે આંક–૩૩૨૯ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ પોલીસ સબઇન્સ્પેકટર તરીકે કલોલ તાલુકા પોલીસ સ્ટેશન ફરજ બજાવતા હતા ત્યારે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ અરવિંદ મીલ ગેટ પાસે બોમ્બ

મળેલ હોવાની વર્ધી મળતા અન્ય પોલીસ સ્ટાફ સાથે સ્થળ ઉપર ગયેલા ત્યાં ઉપરી અધિકારીશ્રી આવતા બોમ્બ ડીસ્પોઝલ કરેલ જે બોમ્બમાં અંદર કપડા હતા તથા લાકડાનું બોક્ષ જેના ઉપર ગોવર્ધન ઘીનો માર્કો હતો તેમજ લોખંડના છરા, પ્રિન્સ કંપનીની ઘડિયાળ, પેન્સિલ પાવર નવ વોલ્ટની બેટરી, પીળો પ્રવાહી ચીકણો પદાર્થ બે સફેદ વાયર વિગેરે મળી આવેલું જણાવેલ છે.આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા ઘટના બાબતે વીકલી ડાયરીમાં નોંધ કરેલાનું જણાવે છે અને ટાંચણ ડાયરીમાં પણ નોંધ કરેલાનું જણાવે છે. ઉધમસિંહ ડોંગરાની બનાવ સબંધેની જાણકારી નોંધ પી.એસ.ઓ. એ સ્ટેશન ડાયરીમાં કરેલી કે કેમ તેની ખબર નથી. પોલીસ સ્ટેશનથી ખાત્રજ અરવિંદ મીલમાં સરકારી વાહનમાં જતા અર્ધો–પોણો કલાક થાય તેમ જણાવે છે. અરવિંદ મીલ રોડની બંને બાજુ આવેલ છે. બોમ્બના પ્રકાર અંગે કંઈ જાણતા નથી. બોમ્બમાં વપરાતા સાધનો અને ચીજ વસ્તુઓની માહિતી નથી. આ સાહેદ પોલીસ સબઈન્સ્પેકટર તરીકે કલોલ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવે છે તેઓ બોમ્બ બનાવતા નથી કે બોમ્બથી માહિતગાર નથી માટે આ પ્રશ્નોનો જવાબ તેઓ આપી શકે નહીં પરંતુ સ્થળ ઉપર બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડના માણસો આવેલા અને તેમને જીવંત બોમ્બ હોવાનું જણાવેલુ અને બોમ્બ નિષ્ક્રિય કરેલો જેથી આ સાહેદ કહી શકે કે તે બોમ્બ હતો. વધુ ઊલટતપાસ ધ્યાને લેતાં બોમ્બની ક્ષમતા અંગે લેખિતમાં પુછપરછ કરેલાની માહિતી નથી. બસના ડ્રાઈવર અને કન્ડકટર સ્થળ ઉપર હાજર હતા કે કેમ તેની ખબર નથી. એ.એમ.ટી.એસ. બસના ડ્રાઈવર અને કન્ડકટરની પુછપરછ અંગે આ સાહેદ કાંઈ જાણતા નથી. આ સિવાય બીજી કોઈ મહત્વની હકીકતો ઊલટતપાસમાં નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી જોગીન્દ્રસિંહ મહેરસિંહ ગેહલાવતને સાહેદ નં.૬૭૪ તરીકે આંક–૩૩૩૨ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ કલોલ તાલુકા પોલીસ સ્ટેશનમાં પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા ત્યારે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ અરવિંદ મીલ ગેટ પાસે બોમ્બ મળેલ હોવાની વર્ધી મળતા, અન્ય પોલીસ સ્ટાફ સાથે સ્થળ ઉપર

ગયેલા ત્યાં ઉપરી અધિકારી આવતા બોમ્બ ડીસ્પોઝલ કરેલ અને ટ્રાફિક નિયમન કરેલાનું જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા આ સાહેદ બનાવ વખતે કલોલ તાલુકાના સાંતેજ આઉટ પોસ્ટ ખાતે પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા. બનાવવાળી જગ્યા કોર્ડન કરવાની કામગીરીમાં આ સાહેદ ન હતા. એફ.એસ.એલ.ના અધિકારીએ બોમ્બ હોવાનો અભિપ્રાય આપેલો ન હતો તો તે હકીકત આ સાહેદે નકારી છે. આ સાહેદની હાજરીમાં પંચનામુ થયેલુ નથી તો તે હકીકત પણ નકારેલી છે. બનાવ સ્થળ ઉપર સૌપ્રથમ આ સાહેદ સાથે અન્ય ત્રણ પોલીસ કર્મચારીઓ ગયેલાનું કબૂલ કરે છે. ઉધમસિંહ ડોંગરા સાથે આ સાહેદને વાતચીત થયેલી નથી. શંકાસ્પદ વસ્તુ અરવિંદ મીલના કમ્પાઉન્ડમાં હોવાની હકીકત નકારેલી છે પરંતુ શંકાસ્પદ વસ્તુ ગેટની સામે હતી તેમ જણાવે છે. એ.એમ.ટી.એસ. બસના ડ્રાઈવર, કન્ડકટરને આ સાહેદ મળેલા નથી. બોમ્બ આ સાહેદની રૂબરૂમાં ખોલવામાં આવેલો અને જે જે વસ્તુઓ મળેલી તે ઊલટતપાસમાં પુછવામાં આવેલ પ્રશ્નોમાં આ સાહેદે જણાવેલી છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી રણજીતસિંહ કચરાજી વાઘેલાને સાહેદ નં.૬૭૭ તરીકે આંક–૩૩૩૫ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ એ.એમ.ટી.એસ. બસમાં ડ્રાઈવર છે અને તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ રૂટ નં.૬૬/૩ મા ફરજ પર હતા ત્યારે બસ કાલુપુર થી અરવિંદ મીલ ખાત્રજ ગયેલી તે બસ અરવિંદ મીલ ખાત્રજ પહોંચતા કન્ડકટરે શંકાસ્પદ વસ્તુ પડેલાની જાહેરાત કરેલી જેથી પેસેન્જરો નીચે ઉતરી ગયેલા ત્યારબાદ તે શંકાસ્પદ વસ્તુને પાર્કીંગમાં નીચે કોઈએ મુકી દીધેલાનું જણાવેલ છે આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેમની નોકરીનો સમય બપોરના ૨ થી રાત્રીના ૯ વાગ્યાનો હતો. બનાવના દિવસે રાત્રે પોલીસે બોલાવ્યા નથી કે બસનું ચેકીંગ કરેલુ નથી. બનાવના દિવસે રાત્રે બસને નરોડા–મેમ્કોમાં જમા કરાવેલાનું જણાવે છે. આ સાહેદે અને કન્ડકટરે શંકાસ્પદ

વસ્તુને બહાર મુકવાનો પ્રયત્ન કરેલો નહીં. શંકાસ્પદ વસ્તુ બહાર મુકનાર વ્યકિત કોણ હતી તેની પુછપરછ કરી નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી અજમલબાઈ સળુભાઈ પાદરીયાને સાહેદ નં.૬૭૮ તરીકે આંક–૩૩૩૬ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ એ.એમ.ટી.એસ. બસમાં કન્ડકટર છે અને તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ રૂટ નં.૬૬/૩ મા ફરજ પર હતા ત્યારે બસ કાલુપુર થી અરવિંદ મીલ ખાત્રજ ગયેલી તે બસ અરવિંદ મીલ ખાત્રજ પહોંચતા તેઓએ શંકાસ્પદ વસ્તુ પડેલાની જાહેરાત કરેલી જેથી પેસેન્જરો નીચે ઉતરી ગયેલા અને શંકાસ્પદ વસ્તુને પાર્કીંગમાં નીચે કોઈએ મુકી દીધેલાનું જણાવેલ છે આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા શંકાસ્પદ વસ્તુ બાબતે સૌપ્રથમ જાણ બસ રીવર્સ લેતા થયેલી તે કબૂલ કરે છે. આરોપીઓ તરફથી આ કબૂલાત્મક પ્રશ્ન પુછવામાં આવેલો છે જેથી બસમાં શંકાસ્પદ વસ્તુ હતી તેમ કહી શકાય. વધુ ઊલટતપાસ ધ્યાને લેતાં દરેક સ્ટોપ ઉપર કેટલા પેસેન્જરો કઈ વસ્તુઓ સાથે ચઢેલા તેની ખબર નથી અને આ હકીકતની ખબર ન જ હોય કારણ કે પેસેન્જરો ઘણા બધા હોય, દરેક પેસેન્જરના હાથમાં કઈ વસ્તુ હોય તે કન્ડકટરે જોવી જોઈએ તેવુ ફરજિયાત પણ નથી. શંકાસ્પદ વસ્તુ લઈ જનાર વ્યકિતને અટકાવેલા નથી પરંતુ મારા મત પ્રમાણે શંકાસ્પદ વસ્તુ છે તેવી માહિતી કે જાણ આ સાહેદને ન હતી માટે તેવી વ્યકિતને અટકાવવાનો કોઈ પ્રશ્ન નથી. વધુ ઊલટતપાસ ધ્યાને લેતાં બનાવ બાબતે સ્વેચ્છાએ કોઈ વ્યકિત કે પોલીસને જાણ કરેલી નથી તે કબૂલ કરે છે. પરંતુ બનાવની જાણ અરવિંદ મીલના સીકયુરીટી ઓફિસરે કરેલી હોય અને બનાવની ફરિયાદ પોલીસ ઇન્સ્પેકટરએ આપેલી હોય આ સાહેદે જાણ કરવાનો કોઈ પ્રશ્ન નથી. આ સાહેદે બોક્ષનું વર્ણન આપેલુ નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી મહેશભાઈ ધનજીભાઈ પરમારને સાહેદ નં.૬૭૯ તરીકે આંક–૩૩૩૮ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ ગાંધીનગર જિલ્લાની બોમ્બ ડીસ્પોઝલ ટીમમાં પોલીસ સબઇન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા અને તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ

અરવિંદ મીલ ખાત્રજ પાસે એ.એમ.ટી.એસ. બસ રૂટ નં.૬૬/૩ માંથી બોમ્બ મળેલ તે બોમ્બ ડીફ્યુઝ કરેલાનું જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા મુદ્દામાલની દરેક વસ્તુઓ ખુલ્લા બજારમાં મળે છે તે કબૂલ કરે છે. જીલેટીન સ્ટીક તથા ડીટોનેટર જેવી વસ્તુઓ કવોરીઓ વાળા પણ વાપરે છે તે કબૂલ કરે છે. દેશી બોમ્બ બનાવટની પધ્ધતિ ઈન્ટરનેટ ઉપર જોઈ શકાય છે તે કબૂલ કરે છે. આ હકીકત ધ્યાને લેતા બજારમાં મળતી આવી વસ્તુઓ મેળવીને જેને પણ આ બોમ્બ બનાવેલો હશે તે ઈન્ટરનેટ ઉપર જોઈને બનાવેલો હોય તેવુ કહી શકાય. આ સાહેદની કામગીરી સબંધેની કોઈ નોંધ તૈયાર કરવામાં આવતી નથી તે કબૂલ કરે છે પરંતુ મારા મત પ્રમાણે નોંધ તૈયાર કરવામાં આવતી ન હોય તો તેનો અર્થ એવો ન થાય કે આ સાહેદે બોમ્બ નિષ્ક્રિય કરવાની કામગીરી કરી નથી અને આવી કામગીરી અંગે કોઈ નિયત કરેલો નમૂનો કે નોંધ હોતી નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી જગદીશપાલ ગ્યાનચંદ શર્માને સાહેદ નં.૬૮૪ તરીકે આંક–૩૩૩૮ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ ગાંધીનગર સેકટર–૨૭ ખાતે ડોગ સ્કવોર્ડની કચેરીમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા અને તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેઓ સ્નીફર ડોગ લઈને અરવિંદ મીલના ઝાંપે ખાત્રજ મુકામે ગયેલા અને ત્યાં બોમ્બ શોધવા અંગેની કામગીરી કરેલાનું જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા ૧૯૯૩ થી ૨૦૦૮ સુધીમાં તેમને ત્રણ સ્નીફર ડોગ સાથે કામગીરી કરેલી. આ સાહેદ સ્નીફર ડોગને તાલીમ પણ આપેલ છે અને તેમની કામગીરી બોમ્બ પુરતી જ છે. જયારે પણ ડોગ લઈને નીકળે ત્યારે ડીસ્ટ્રીકટ કન્ટ્રોલ ઑફિસમાં તેની નોંધ કરાવે છે. બનાવના દિવસે ચોકકસ કયા સમયે ડોગ લઈને નીકળેલા તે યાદ નથી. ડોગને બોક્ષ પાસે મોકલ્યો તે પહેલા હકીકતથી વાકેફ હતા કે બોક્ષમાં શંકાસ્પદ વસ્તુ હતી તો તે વાત નકારે છે. સ્નીફર ડોગની કામગીરી બાબતે વીડિયોગ્રાફી કે ફોટોગ્રાફી કરેલાનું ખ્યાલ નથી. સ્નીફર ડોગની કામગીરી પૂર્ણ કર્યા પછી આ સાહેદ જતા રહેલા પછી બોક્ષનું શું થયુ તેની ખબર નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી સુરેશભાઈ રણછોડભાઈ લીંબાચીયાને સાહેદ નં.૬૮૫ તરીકે આંક–૩૩૪૭ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ કલોલ તાલુકા પોલીસ સ્ટેશન ખાતે હેડ કોન્સ્ટેબલ તરીકે તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ બજાવતા હતા તે વખતે અરવિંદ મીલ ખાત્રજ ખાતે એ.એમ.ટી.એસ. બસ રૂટ નં.૬૬/૩ માંથી બોમ્બ મળેલ તે બોમ્બ અંગે પોલીસ ઇન્સ્પેકટર નંદસણાએ આપેલ સુચના મુજબ કામ કરેલાનું જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા બનાવવાળા સ્થળને કોર્ડન કરેલુ અને ચારેય બાજુ પોલીસ ગોઠવેલી તેમ જણાવે છે. નંદાસણા સાહેબ કોર્ડનની અંદર ગયેલા અને ત્યાં તેમને શું વાતચીત કરેલી તેની ખબર નથી. આ સાહેદ બનાવવાળા સ્થળે ગયા નથી અને ત્યાં કોઈ કામગીરી જોયેલી નથી તો તે હકીકત નકારેલી છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી પરથીભાઈ રામાભાઈ પરમારને સાહેદ નં.૬૮૬ તરીકે આંક–૩૩૪૮ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ ગાંધીનગર સેકટર–૨૭ ખાતે એન્ટી સબોર્ટેઝ સ્કવોર્ડ તરીકે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ ફરજ બજાવતા હતા અને અરવિંદ મીલ ખાત્રજ પાસે એ.એમ.ટી.એસ. બસ રૂટ નં.૬૬/૩ માંથી બોમ્બ મળેલ તે બોમ્બ અંગે પોલીસ ઇન્સ્પેકટર નંદસણાએ આપેલ સુચના મુજબ કામ કરેલાનું જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા આ સાહેદની ફરજ કન્ટ્રોલ રૂમમાં હતી. કન્ટ્રોલ રૂમમાં ફરજ હોવા બાબતેના પુરાવા નથી હોતા તે હકીકત નકારે છે. તા.૨૬/૭/૨૦૦૮ ની આ સાહેદની કામગીરી સબંધે તેઓએ કોઈ અંગત નોંધ રાખેલી નથી તે કબૂલ કરે છે. ઈન્ચાર્જ સાહેબે હુકમ કરેલો કે તાત્કાલિક તમે બોમ્બ શુટ પહેરીને બોમ્બ ડીફ્યુઝ કરવાની કામગીરી કરો જેથી બોમ્બ શુટ પહેરીને બોમ્બ ડીફ્યુઝ કરવાની કામગીરી કરેલી. બનાવ સ્થળે પહોંચ્યા ત્યારે પોલીસના અને પબ્લિકના કેટલા માણસો હતા તે કહી શકે તેમ નથી.

આમ, કલોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ખાત્રજ ગામની સીમમાં આવેલ અરવિંદ મીલ નજીક મ્યુનિસિપલ બસ રૂટ નં.૬૬/૩ ની બસમાં બોમ્બ મુકવામાં આવેલ અને તે બોમ્બ તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાંજના કલાક ૧૯.૩૦ વાગ્યે મળી આવેલો ત્યારબાદ તે બોમ્બ, બોમ્બ ડીફ્યુઝલ સ્કવોર્ડ અને ડોગ સ્કવોર્ડના માણસોને બોલાવીને નિષ્ક્રિય કરેલો અને તેની સામગ્રી છુટી પાડી એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે મોકલી આપેલ અને એફ.એસ.એલ. ગાંધીનગરના અભિપ્રાય પ્રમાણે આ સામગ્રી બોમ્બમાં વપરાય તેવી સામગ્રી હતી તે હકીકત ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા ઉપરોકત તમામ પુરાવા ઉપરથી સાબીત થાય છે તેમ હું માનુ છું.

(૪૮) <u>અમદાવાદ શહેરના બનાવો તથા મુ.કલોલ, જિ.ગાંધીનગર ખાતેના ઉપરોકત બનાવો સંબંધે રજૂ થયેલ પુરાવાની જનરલ ચર્ચાઃ–</u>

અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોની કુલ–૧૯ ફરિયાદો તથા મુ.કલોલ, જિલ્લોઃગાંધીનગર ખાતે બોમ્બ પ્લાન્ટેશનના એક બનાવની ફરિયાદોના કામે ફરિયાદીઓ, ફરિયાદો લેનાર, ફરિયાદો નોંધનાર, ગુનાવાળી જગ્યાના પંચ સાહેદો, સ્થળ નિરિક્ષણ કરનાર એફ.એસ.એલ. અધિકારીઓ, સ્થળ ઉપર નકશો તૈયાર કરનાર અધિકારી, બનાવમાં ગુજરનારના લાશના ઈન્કવેસ્ટ પંચનામા કરનાર તથા તેના પંચો, કપડા, શરીરમાંથી કાઢવામાં આવેલ છરા કબજે કર્યાના પંચો, ઈજા પામનાર સાહેદો, ઈજા પામનારાઓને સારવાર આપનાર ડૉકટરો, ગુજરનારના શબ પરિક્ષણ કરનાર ડૉકટરો તેમજ બનાવના નજરે જોનાર સાહેદો બાબતે ફરિયાદપક્ષ દ્વારા ઉપર મુજબની વિગતે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ થયેલા છે. ફરિયાદપક્ષ દ્વારા જે સાહેદો રજૂ કરવામાં આવ્યા તે તમામ સાહેદોની આરોપીઓ તરફથી વિગતવાર ઊલટતપાસ થયેલી છે અને આ તમામ પુરાવાની એક જનરલ ચર્ચા કરવી જરૂરી છે.

ફરિયાદપક્ષ તરફથી દલીલ અને રજૂઆત એવી છે કે ઉપરોકત કુલ–૨૪ બનાવોની કુલ–૨૦ ફરિયાદો બનાવ બાદ ઈજા પામનાર તેમજ નજરે જોનાર વ્યકિતઓએ આપેલી છે તેમજ કેટલીક ફરિયાદો સરકાર તરફે પોલીસે લખાવેલી છે. તમામ ફરિયાદોના ફરિયાદીઓને તપાસવામાં આવેલા છે અને ફરિયાદો પુરવાર થયેલી છે. જયારે આરોપીઓ તરફથી એવી દલીલ અને રજૂઆત પોલીસે જે તે સ્થળ ઉપર તરત જ ઈજા પામનારાઓની ફરિયાદ લીધી નથી અને હોસ્પિટલ ઉપર જઈને ફરિયાદો લીધેલી છે, સ્થળ ઉપર પોલીસે જે પણ વ્યકિતની પુછપરછ કરી તેની ફરિયાદો લીધી નથી. બનાવની પોલીસને જાણ કરનાર વ્યકિતઓની પણ પોલીસે ફરિયાદ લીધી નથી માટે તે ફરિયાદો કાયદા મુજબ પુરવાર થયેલી ગણાય નહીં. આ કામે અમદાવાદના કુલ–૨૪ બનાવો પૈકી ત્રણ બનાવોની ફરિયાદો પોલીસ દ્વારા લખાવવામાં આવેલી છે અને બાકીના ૧૭ બનાવોની ફરિયાદો ઈજા પામનાર અને નજરે જોનાર વ્યકિતઓએ લખાવેલી છે તે તમામને ફરિયાદપક્ષ દ્વારા તપાસવામાં આવેલા છે. જે તે જગ્યાએ બનાવ બન્યા બાદ બનાવની જાણ થતા પોલીસ સ્થળ ઉપર ગયેલી છે. સ્થળ ઉપર ગયા પછી જે તે જગ્યાએ બોમ્બ ધડાકા થયાનું પોલીસને જાણવા મળેલુ છે. બનાવમાં ઈજા પામનારાઓને સ્વાભાવિક છે કે તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ લઈ જવા પડે, ઘણા બનાવોમાં પોલીસ સ્થળ ઉપર પહોંચી તે પહેલા ઈજા પામનારાઓને સારવાર માટે હોસ્પિટલ લઈ ગયેલા હતા અને ઘણા બનાવોમાં ઈજા પામનારાઓને સ્થળ ઉપરથી પોલીસે સારવાર માટે મોકલેલા હતા. આવા જયારે બનાવો બને ત્યારે પોલીસની સૌપ્રથમ ફરજ છે કે ઈજા પામનારાઓને તબીબી સારવાર તાત્કાલિક મળે અને તે માટે જરૂરી કાર્યવાહી તરત જ કરવી પડે. ઈજા પામનારાઓને ઈજા થયેલી હોય લોહી નીકળતુ હોય, બનાવ પછી તરત જ તેઓ હેબતાય ગયેલા હોય, ચારેયબાજુ ડરનો માહોલ હોય ત્યારે કોઈ વ્યકિત કે જેને ઈજા થઈ હોય તે કોઈ પણ જવાબ આપવા માટે માનસિક રીતે સ્વસ્થ ન હોય તે જ રીતે બનાવના નજરે જોનાર લોકોમાં કે બનાવવાળા સ્થળની આજુબાજુ રહેતા લોકોમાં પણ ડરનો માહોલ હોય ત્યારે

સામાન્ય રીતે કોઈ વ્યકિત આવા બનાવની ફરિયાદ આપવા માટે સામે ચાલીને પોલીસ પાસે જતી હોતી નથી. કોઈક બનાવમાં પોલીસને બનાવની ફરિયાદ આપવા કોઈ આગળ ન આવતા પોલીસે સરકાર તરફે જાતે ફરિયાદ લખાવી છે તો તેનો અર્થ એવો ન થાય કે ફરિયાદ ખોટી લખવામાં આવી છે. ફરિયાદો ધ્યાને લેતા આ બનાવમાં કોણ સંડોવાયેલા છે તેના નામ સરનામાં કે વર્ણન જણાવવામાં આવેલ નથી ફકત બનાવો બનેલા છે તેમાં કોણ ગુજરી ગયેલ છે, કોને ઈજા થયેલી છે, કેટલા માણસો ગુજરી ગયેલા છે, કેટલા માણસોને ઈજા થયેલી છે, કઈ જંગમ અને સ્થાવર મિલકતને નુકસાન થયેલુ છે તેની વિગતો ફરિયાદમાં છે. કોઈ પણ આરોપીનું નામ ન હોવાથી ફરિયાદ લખાવી ત્યારે કોઈને પૂર્વગ્રહ થવાનો પ્રશ્ન ન હતો. બનાવો બન્યા બાદ લગભગ અઢીથી ત્રણ કલાકના સમય દરમ્યાન ફરિયાદો લખવામાં આવેલી છે જે મોડી ફરિયાદો ન કહેવાય. આરોપીઓ તરફથી એવી પણ દલીલ અને રજૂઆત છે કે જે વ્યકિતઓએ બનાવની માહિતી પોલીસને આપી અથવા ફોન ઉપર બનાવની જાણ પોલીસને કરવામાં આવી તો તે પ્રથમ માહિતી કહેવાય પરંતુ બચાવપક્ષની આ દલીલ સાથે હું સંમત નથી. ફોન ઉપર બનાવની માહિતી પોલીસને આપવી તે પ્રથમ માહિતી ન કહેવાય પરંતુ બનાવ બન્યો છે તેવી પોલીસને જાણ કરતી હકીકત છે કે જેના કારણે પોલીસ બનાવ સબંધી આગળની કાર્યવાહી કરી શકે. ઈજા પામનારાઓને હોસ્પિટલે પહોંચાડયા બાદ તેઓને સારવાર આપવામાં આવેલી છે અને સારવાર આપ્યા બાદ તેઓ સ્વસ્થ થતા પોલીસ રૂબરૂ ફરિયાદો લખાવેલી છે જેથીકરીને તે ફરિયાદો મોડી લખાવવામાં આવેલી ફરિયાદો પણ ન કહેવાય. એટલું જ નહીં આ બોમ્બ બ્લાસ્ટના બનાવો એક જ દિવસે એક કલાકના સમયથી લઈને દોઢ કલાકના સમય દરમ્યાન વીસ જેટલી જગ્યાઓ ઉપર બનેલા છે. જયારે આવા બનાવો બને ત્યારે અમદાવાદ જેવા શહેરમાં ચારેય બાજુ ભયનું વાતાવરણ ફેલાય જાય તે સ્વાભાવિક છે. જે જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ થયેલા તે જગ્યા ઉપર પોલીસ પહોંચી અને તે જગ્યા ઉપર મુદ્દામાલ રફેદફે ન થાય તે માટે પોલીસે તે જગ્યા કોર્ડન કરવી પડે, આજુબાજુ લોકોના ટોળા વળેલા હોય તેઓને

સમજાવવા પડે, સ્થળ ઉપરથી લોકોના ટોળા દુર રહે તે માટે પણ જરૂરી વ્યવસ્થાઓ કરવી પડે. આવા સંજોગોમાં પોલીસની મહેનત અને કામગીરી ઘણી બધી વધી જતી હોય છે તેથી કરીને પણ પોલીસે તાત્કાલિક ફરિયાદ ન લીધી હોય તેથી બનાવના મૂળને કોઈ અસર થતી નથી. આ ઉપરાંત આરોપીઓ તરફથી એવી પણ દલીલ છે કે ફરિયાદ નોંધ્યા બાદ ફરિયાદની નકલ ફરિયાદીઓને આપવામાં આવી હોય તેવુ પણ રેકર્ડ ઉપર સ્પષ્ટ નથી. પરંતુ મારા મત પ્રમાણે ફરિયાદીની ફરિયાદ નોંધ્યા બાદ ફરિયાદની નકલ ફરિયાદીને આપવી જોઇએ તે પોલીસની ફરજ છે પરંતુ આ જોગવાઈ મેન્ડેટરી નથી. ફરિયાદની નકલ ન મળવાથી ફરિયાદીને પૂર્વગ્રહ થાય આરોપીઓને કોઈ પૂર્વગ્રહ થતો નથી માટે ફરિયાદની નકલ ફરિયાદીને ન આપવામાં આવી હોય તેથી કરીને ફરિયાદપક્ષને કોઈ નુકસાન થતુ નથી. આ મુદ્દા સંબંધે નીચે મુજબના ચુકાદા ધ્યાને લીધા.

ચુકાદોઃ– <u>રતનલાલ ગુલાબચંદ ગુપ્તા વિરૂધ્ધ સહારા સેવ ગૃહ ઉદ્યોગ ભંડાર (૨૦૦૧)૪ જી.એલ.આર. પાના નં.૨૯૮૭, ગુજરાત. નામદાર ગુજરાત હાઇકોર્ટના આ ચુકાદાના પેરા–૯ મુજબ પક્ષકારના વકીલશ્રી નામ.ઉચ્ચ અદાલતોના કોઇ ચુકાદા અદાલત સમક્ષ રજૂ ના કરે તેવા સંજોગોમાં ઇન્સાફી કાર્યવાહી ચલાવનાર અદાલતના ધ્યાનમાં હોય તો તેવા ઉચ્ચ અદાલતોના ચુકાદા ધ્યાનમાં લેવા જોઇએ.જેથી આ કેસમાં જુદા–જુદા મુદ્દાઓ ઉપર નામદાર જુદી–જુદી હાઇકોર્ટો તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા આ અદાલતના ધ્યાનમાં છે તેવા ચુકાદા જુદા–જુદા મુદ્દાઓ ઉપરના ચુકાદા હવે પછી આ ચુકાદામાં આ અદાલતે ધ્યાનમાં લીધેલા છે.</u>

અ.નં.	ચુકાદો	ચુકાદાઓમાં નિર્ણીત થયેલ મુદ્દાઓ પૈકી ફરિયાદ બાબત નિર્ણિત થયેલ મુદ્દો
૧	યાકુબ શેખ વિરૂધ્ધ સ્ટેટ ઓફ બેંગાલ,	કોઈપણ બનાવની જાણ પોલીસ સ્ટેશનમાં ટેલીફોન દ્વારા કરવામાં આવે

	૨૦૧૩(૬) એસ.સી.સી. પાન નં.૪૨૮ – મનુ શર્મા વિરૂધ્ધ સ્ટેટ(એન.સી.ટી.)દિલ્હી ૨૦૧૦(૬) એસ.સી.સી. પાન નં.૧ – કનુભાઈ વિરજીભાઈ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, ક્રિમીનલ અપીલ નં.૨૧૧/૨૦૧૦ તા.૨૫/૯/૨૦૧૩ ગુજરાત	અને તે માહિતીની સ્ટેશન ડાયરીમાં નોંધ થાય તેને એફ.આઈ.આર. તરીકે લઈ શકાય નહીં. ટેલીફોન માહિતી એટલા માટે છે કે તે માહિતીથી પોલીસ બનાવવાળા સ્થળ ઉપર જઈ યોગ્ય કાર્યવાહી કરે.
૨	રામદાસ વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર, એ.આઈ.આર. ૨૦૦૭ સુપ્રિમ કોર્ટ પાન નં.૧૫૫	ફરિયાદ નોંધવામાં વિલંબ થાય તો તેથી કરીને ફરિયાદપક્ષનો કેસ નિષ્ફળ બનતો નથી જો ફરિયાદપક્ષે યોગ્ય ખુલાસો કર્યો હોય તો. આ કેસમાં બનાવ બન્યા બાદ ત્રણ કલાકના સમયમાં તમામ બનાવોની ફરિયાદો નોંધાય ગઈ છે જેથી મોડી ફરિયાદો કહી શકાય નહિ.
૩	સ્ટેટ ઓફ એચ.પી. વિરૂધ્ધ જ્ઞાનચંદ એ.આઈ.આર. ૨૦૦૧ સુપ્રિમ કોર્ટ પાન નં.૨૦૭૫ – તારાસીંગ વિરૂધ્ધ સ્ટેટ ઓફ પંજાબ ૧૯૯૧ (સપ્લી) ૧,	ફરિયાદ દાખલ કરવામાં વિલંબ થયેલ હોય તો તે માત્રથી ફરિયાદપક્ષનો કેસ શંકાસ્પદ બની જતો નથી. આ કેસોના એકપણ બનાવમાં ફરિયાદ નોંધવામાં વિલંબ થયેલો નથી તેમ હું માનું છું.

	એસ.સી.સી. પાન નં.૫૩૬	
૪	સ્ટેટ ઓફ ઓરીસ્સા વિરૂધ્ધ દિલીપકુમાર ચંદ ૧૯૮૭ ક્રિ.લો.જ. પાન નં.૧૨૪૨ ઓરીસ્સા (ડીવીઝન બેન્ચ)	એફ.આઈ.આર. નોંધવી તે કાયદાને ગતિમાં લાવવાની પ્રક્રિયા છે અને તેનાથી તપાસની પ્રક્રિયા શરૂ થાય છે. ફરિયાદનો હેતુ એવો નથી કે બનાવની તમામ હકીકત અને સંજોગોને કાગળ ઉપર લખી લેવા.
૫	સ્ટેટ વિરૂધ્ધ એન. ગણેશ્વરણ એ.આઈ.આર. ૨૦૧૩ સુપ્રિમ કોર્ટ પાન નં.૩૬૭૩	ક્રિ.પ્રો.કોડનીકલમ–૧૫૪(૨) પ્રમાણે ફરિયાદી અથવા બનાવની જાણ કરનારને ફરિયાદની નકલ આપવી જોઈએ તે પોલીસની ફરજ છે પરંતુ તે મેન્ડેટરી નથી પરંતુ તે ડાયરેકટરી છે સિવાય કે ફરિયાદીને પૂર્વગ્રહ ના હોય. કાયદાની જોગવાઈના ભંગથી સમગ્ર કેસ રદ થતો નથી. આ કેસમાં એક પણ ફરિયાદીએ એવું જણાવેલું નથી કે તેઓને ફરિયાદની નકલ પોલીસ દ્વારા આપવામાં આવેલી નથી. આ કેસમાં કોઈપણ ફરિયાદીને પૂર્વગ્રહ થયેલો નથી જે રેકર્ડ ઉપર છે.
૬	ગુરૂદેવ સીંગ વિરૂધ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન ૨૦૦૩ ક્રિ.લો.જ. પાન નં.૫૫૨ રાજસ્થાન	એફ.આઈ.આર. નોંધવા માટે કાયદામાં કોઈ સમય નકકી થયેલો નથી માટે એફ.આઈ.આર. નોંધવામાં જો વિલંબ થાય તો તે ગેરકાયદેસર નથી.
૭	એમ. સવર્ણા વિરૂધ્ધ સ્ટેટ ઓફ કર્ણાટક	બનાવ પછી ઈજા પામનાર હોસ્પિટલે સારવાર માટે ગયેલા ડોકટરે તેની સારવાર

	૨૦૧૨ ક્રિ.લો.જ. પાન નં.૩૮૭૭ સુપ્રિમ કોર્ટ – અરૂમુગમ વિરૂધ્ધ સ્ટેટ ૨૦૧૨ ક્રિ.લો.જ. પાન નં.૪૦૦૧ સુપ્રિમ કોર્ટ	કરેલી અને ત્યારપછી પોલીસને બનાવની જાણ કરેલી. પોલીસ હોસ્પિટલે ગયેલી અને ફરિયાદીની ફરિયાદ લીધેલી. ઠરાવવામાં આવેલુ છે કે આ ફરિયાદ મોડી ફરિયાદ નથી. બનાવના નજરે જોનારે જ ફરિયાદ આપવી જોઈએ એ જરૂરી નથી. આ કેસમાં ઘણા બધા ફરિયાદીઓને ઈજા થતા સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવેલાં હતા અને ત્યાં જઈને પોલીસે તેઓની ફરિયાદ નોંધેલી છે. સ્વાભાવિક છે કે સારવાર ચાલુ હોય ત્યારે ફરિયાદ ન લખાવે. સારવાર પુરી થયા બાદ ફરિયાદો લખાવેલી છે જેથી મોડી ફરિયાદો કહિ શકાય નહિ .
૮	અઈદન વિરૂધ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન, ૧૯૯૩ ક્રિ.લો.જ. પાન નં. ૨૪૧૩ રાજસ્થાન (ડીવીઝન બેન્ચ)	તપાસ કરનાર અધિકારીએ ફરિયાદ મોડી નોંધેલી તે બાબતે તેને કાંઈ કહેલુ નહીં માટે ફરિયાદ મોડી હોવાથી ફરિયાદપક્ષનો કેસ નિષ્ફળ જતો નથી.
૯	સ્ટેટ ઓફ કર્ણાટક વિરૂધ્ધ ભાષ્કર કુસલી કોટરકર એ.આઈ.આર.–૨૦૧૪ સુપ્રિમ કોર્ટ પાન નં.૪૩૩૩	બનાવ સાંજના ૫.૩૦ કલાકે બનેલો, એફ.આઈ.આર. બીજા દિવસે સવારે ૮.૦૦ વાગે નોંધાયેલી, બનાવવાળી જગ્યાએથી પોલીસ સ્ટેશન સાડા છ કી.મી. દુર હતુ ઠરાવવામાં આવેલુ કે આ ફરિયાદ મોડી ફરિયાદ નથી.

૧૦	રાઘવા નદાર રેઘુ વિરૂધ્ધ સ્ટેટ ૧૯૮૮ ક્રિ.લો.જ. પાન નં.૧૩૬૪ કર્ણાટક (ડીવીઝન બેન્ચ)	ગુનામાં જેને અસર થયેલી હોય તેવી વ્યકિત શોકમગ્ન કે દુખમગ્ન હોય અને તેના કારણે પોલીસ સ્ટેશને જવામાં તેને વાજબી સમય લાગે તો તે યોગ્ય છે.
૧૧	રૂલદા સીંગ વિરૂધ્ધ સ્ટેટ ઓફ પંજાબ ૧૯૯૯ ક્રિ.લો.જ. પાન નં.૩૫૭૭ પંજાબ/ હરિયાણા (ડીવીઝન બેન્ચ)	પોલીસ અધિકારી બનાવની ફરિયાદ મોડી લખાવે તેથી કરીને ફરિયાદપક્ષનો કેસ વિધ્વંશ થતો નથી.
૧૨	ગોવર્ધનલાલ વિરૂધ્ધ સ્ટેટ ૨૦૦૪ ક્રિ.લો.જ. પાન નં.૩૯૬૬ રાજસ્થાન	ટેલીફોન ઉપર બનાવની માહિતી પોલીસને આપવામાં આવે તે માહિતીને એફ.આઈ.આર. તરીકે લઈ શકાય નહીં. સામાન્ય રીતે પોલીસ ઝડપથી બનાવવાળી જગ્યા ઉપર પહોંચે તે માટે ટેલીફોન ઉપર માહિતી અપાતી હોય છે.
૧૩	થમનકુમાર વિરૂધ્ધ સ્ટેટ ઓફ યુનિયન ટેરીટરી ચંદીગઢ એ.આઈ.આર.–૨૦૦૩ સુપ્રિમ કોર્ટ પાન નં.૩૯૭૫	પોલીસ કોન્સ્ટેબલ નાઈટ પેટ્રોલીંગમાં હતા અને તેને બનાવની માહિતી મળેલી તે માહિતી જનરલ ડાયરીમાં નોંધેલી તો આ જનરલ ડાયરીને નોંધને એફ.આઈ.આર. કહેવાય નહીં તે માહિતીમાં આરોપીના નામ ન હોય તેથી કેસ રદ થતો નથી.
૧૪	ક્રિષ્ણા કે. પુઠાન વિરૂધ્ધ ક્રિષ્ણા બી. જાદવ ૧૯૮૬ (૩) ક્રાઈમ્સ,	પોલીસ તપાસ શરૂ થયા પછી માહિતી આપનારનું નિવેદન નોંધવામાં આવેલુ હોય તો તે નિવેદનને એફ.આઈ.આર.

	પાન નં.૨૨૩ મુંબઈ	તરીકે લઈ શકાય નહીં.
૧૫	સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ રાજુભાઈ ધમીરભાઈ બારીયા, ૨૦૦૪ ક્રિ.લો.જ. પાન નં.૭૭૧ ગુજરાત (ડીવીઝન બેન્ચ)	હોસ્પિટલમાં જઈ તપાસ કરનાર અધિકારી ઈજા પામનારનું નિવેદન નોંધે તો તેને એફ.આઈ.આર. તરીકે લઈ શકાય તે નિવેદન ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૨ થી બાધીત નથી.
૧૬	રોકડ સીંગ વિરૂધ્ધ સ્ટેટ ઓફ એમ.પી. ૧૯૯૪ ક્રિ.લો.જ. પાન નં.૪૯૪ મધ્યપ્રદેશ (ડીવીઝન બેન્ચ)	એફ.આઈ.આર. પ્રિન્ટેડ પેપરમાં જ લખવી તે હંમેશા જરૂરી નથી. એફ.આઈ.આર. કોરા કાગળ ઉપર લખવામાં આવે તો પણ તે ભરોસાપાત્ર છે.
૧૭	પટ્ટડ અમરપ્પા વિરૂધ્ધ સ્ટેટ ઓફ કર્ણાટક, એ.આઈ.આર. ૧૯૮૯ સુપ્રિમ કોર્ટ પાન નં.૨૦૦૪	બનાવવાળા સ્થળ ઉપર અંધારાના કારણે તપાસ કરનાર અધિકારી સ્થળ ઉપર ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૧ મુજબનું નિવેદન નોંધ્યુ ન હોય અને પોલીસ સ્ટેશનમાં ફરિયાદ લીધી હોય તો તે કલમ–૧૬૨ થી બાધીત નથી.

ફરિયાદપક્ષ તરફથી દલીલ અને રજૂઆત એવી પણ છે કે બનાવવાળી જગ્યા ઉપરથી તપાસ કરનાર અધિકારીઓએ પંચનામાની વિગતે મુદ્દામાલ કબજે કરેલો છે. જે–જે સ્થળ ઉપરથી મુદ્દામાલ કબજે કર્યાના પંચનામા બનાવેલા છે તે તમામ પંચ સાહેદોને ફરિયાદપક્ષે તપાસેલા છે. તમામ પંચ સાહેદોની આરોપીઓ તરફથી વિગતવાર ઊલટતપાસ થયેલી છે. આ ઉપરાંત સ્થળ ઉપરના પંચનામા જે અધિકારીઓએ બનાવેલા છે તે અધિકારીઓને પણ ફરિયાદપક્ષ દ્વારા તપાસવામાં આવેલા છે. જેથી તમામ પંચનામાઓ પુરવાર થયેલા છે, તમામ પંચોએ તેમની હાજરીમાં સ્થળ ઉપરથી મુદ્દામાલ કબજે

કરેલાની વિગતો જણાવેલી છે તથા મુદ્દામાલ પણ અદાલત રૂબરૂ ઓળખી બતાવેલો છે. આ બાબતે પુરાવો ધ્યાને લેતા શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮, મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૬/૨૦૦૮, રામોલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૩૨૨/૨૦૦૮, કલોક પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૦/૨૦૦૮ તથા સરખેજ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૧૮૧/૨૦૦૮ના બનાવો સિવાયના તમામ બનાવો સાઇકલો દ્વારા થયેલા છે અને આ સાઇકલો ઉપર બોમ્બ મુકીને બ્લાસ્ટ કરવામાં આવેલા છે. સરખેજ તથા કલોલવાળા બનાવોમાં બોમ્બ એ.એમ.ટી. એસ. બસમાં મુકવામાં આવેલા જયારે શાહીબાગ અને મણીનગરના એક બનાવમાં વેગનઆર ગાડી તથા મારૂતિમાં ગેસના સીલીન્ડરો મુકીને બ્લાસ્ટ કરવામાં આવેલા છે. તમામ જગ્યાઓ ઉપરથી જુદા–જુદા પંચનામાની વિગતે મુદ્દામાલ જેવો કે છરાઓ, નટ–બોલ્ટો, એમોનિયમ નાઈટ્રેટ, ડયુરાસેલ બેટરી, ઘડિયાળ, ડીટોનેટર વિગેરે તુટેલી હાલતમાં કબજે કરેલા હતા. આરોપીઓ તરફથી દલીલ અને રજૂઆત એવી છે કે તપાસ કરનાર અધિકારીઓએ સ્થળ ઉપરથી મુદ્દામાલ કબજે કર્યા બાદ તેને સ્થળ ઉપર સીલ કરેલ નથી જેથી મુદ્દામાલ સાથે ચેડા થયેલા છે. આ ઉપરાંત જે તે સ્થળની આજુબાજુ રહેતા સાહેદોને પંચ તરીકે તપાસેલા નથી કે પંચ તરીકે રાખેલા નથી. પરંતુ મારા મત પ્રમાણે જે જગ્યા ઉપર બનાવ બન્યો હોય તો સામાન્ય રીતે તે જગ્યાની આજુબાજુ રહેતા બે પ્રતિષ્ઠિત વ્યકિતઓને પંચ તરીકે રાખવા જોઈએ તેવો સામાન્ય નિયમ છે. પરંતુ ભારત જેવા દેશમાં સામાન્ય રીતે કોઈ વ્યકિત પંચ તરીકે સ્વેચ્છાએ રહેવા તૈયાર હોતી નથી. પંચ તરીકે રહેવા કોઈ વ્યકિતને તૈયાર કરવા માટે પોલીસને ઘણી માથાકુટ કરવી પડતી હોય છે, કેટલા સમજાવવા પડતા હોય છે ત્યારે કોઈક વ્યકિત પંચ તરીકેની કામગીરીમાં સહકાર આપવા તૈયાર થાય છે. તમામ પંચ સાહેદોની જુબાનીઓ ધ્યાને લેતા તમામ પંચનામાના પંચોએ પોતાની હાજરીમાં પંચનામા થયેલાની હકીકત જણાવેલી છે તથા સ્થળ ઉપરથી કેવો અને કયા પ્રકારનો મુદ્દામાલ કબજે કરવામાં આવેલો તેની પણ

વિગતો જણાવેલી છે. તમામ મુદ્દામાલ જપ્ત કર્યા બાદ જુદી–જુદી પંચ સ્લીપો બનાવીને તે પંચ સ્લીપો મુદ્દામાલ ઉપર મુકી મુદ્દામાલ સીલ કરેલો તે પંચ સ્લીપોમાં અને પંચનામાઓમાં દરેક પંચોએ પોતાની સહીઓ ઓળખી બતાવેલી છે. અદાલત રૂબરૂ તેમની હાજરીમાં કબજે કરવામાં આવેલ મુદ્દામાલ પણ ઓળખી બતાવેલો છે. જે તે વિસ્તારના પંચ સાહેદને પંચ તરીકે ન રાખવાથી પંચનામાની કાર્યવાહી થયેલી નથી કે ખોટી થયેલી તેવુ કહી શકાય નહીં. આ મુદ્દા સબંધે નીચે મુજબના ચુકાદા ધ્યાને લીધા.

અ.નં.	**ચુકાદો**	**ચુકાદાઓમાં નિર્ણિત થયેલ મુદ્દા પૈકી પંચ/સાહેદ માટે નિર્ણીત થયેલ મુદ્દો**
૧	અપ્પાભાઈ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, એ.આઈ.આર. ૧૯૮૮ સુપ્રિમ કોર્ટ, પાન નં.૯૯૬	પોલીસ તપાસમાં શહેરી નાગરિકોનું વર્તન તથા વલણ કેવા પ્રકારનું હોય છે તેની ચર્ચા આ ચુકાદામાં કરવામાં આવેલી છે. શહેરી નાગરિકો જયારે પોતાની હાજરીમાં ગુનો બને ત્યારે સામાન્ય રીતે લાગણીહીન બની જતા હોય છે. અદાલતથી પોતાની જાતને દુર રાખે છે સિવાય કે તેઓને અનિવાર્ય હોય તેઓ માનતા હોય છે કે બે વ્યકિત વચ્ચેની તકરાર છે તેમાં પોતાની જાતને શા માટે સંડોવે. આવી વિચારસરણી તે કમનસીબ છે.
૨	ઓરીસ્સા રાજય વિરૂધ્ધ દલગોવિંદનંદ ૧૯૮૭ ક્રિ.લો.જ. પાન નં.૨૮૪ ઓરીસ્સા	કોઈ જડતી કરવામાં આવે અને જડતી દરમ્યાન કોઈ ભુલ થઈ હોય અથવા અનિયમિતતા થયેલ હોય પરંતુ જો મળી આવેલી વસ્તુ તે જ સ્થળ ઉપરથી મળી આવી છે તેવી હકીકત પુરવાર થતી હોય

		તો માત્ર જડતીમાં અનિયમિતતા રહેવાથી તેની અસર કેસની ગુણવત્તા ઉપર પડતી નથી.
૩	પંજાબ રાજય વિરૂધ્ધ બળદેવસીંગ ૧૯૯૯ (૩) જી.એલ.આર. પાન નં.૨૪૨૩ સુપ્રિમ કોર્ટ	ક્રિ.પ્રો.કોડની કલમ–૧૦૦, ૧૦૧, ૧૦૩ તથા ૧૬૫ હેઠળ જડતીની જોગવાઈ કરવામાં આવી છે. આ કલમોનો ભંગ થાય તો માત્ર તેવા કારણસર એમ કહી શકાય નહીં કે ફરિયાદપક્ષનો કેસ રદ થવા પાત્ર છે.
૪	મહંમદખાન રસુલખાન પઠાણ વિરૂધ્ધ ગુજરાત રાજય ૧૯૯૮(૧) જી.એલ.આર. પાન નં.૪૪૫ ગુજરાત	ઈન્સાફી કાર્યવાહીમાં અને તપાસના તબકકે તે જરૂરી નથી કે પંચ સાહેદ તપાસવા જ જોઈએ. એટલું જ નહીં પંચ સાહેદ તપાસવામાં આવ્યા હોય તો તે પંચ સાહેદ બનાવવાળા વિસ્તારના જ હોય તે જરૂરી નથી અને તેવી કોઈ આદેશાત્મક જોગવાઈ પણ નથી. પંચ સાહેદ સ્થાનિક વિસ્તારના નથી તે કારણે સમગ્ર ઈન્સાફી કાર્યવાહી રદ થતી નથી. પરંતુ સામાન્ય રીતે બે પ્રતિષ્ઠીત વ્યકિતઓ હોય તે હિતાવહ છે. આ બનાવોની ફરિયાદોના કામે ઘણા બધા પંચનામાઓ થયેલાં છે અને ઘણા પંચનામાના પંચ,સાહેદો સ્થાનિક વિસ્તાર એટલે કે બનાવવાળી જગ્યાની આજુબાજુ રહેતા ન હતા તેમ છતાં પોલીસે તેઓને પંચ તરીકે રાખેલાં છે.

		માટે આ ચુકાદો ધ્યાને લેતાં બનાવવાળી જગ્યાની આજુબાજુના પંચ સાહેદો રહેવાસી નથી તે માત્રથી પંચનામાની કાર્યવાહી ખોટી છે તેમ કહિ શકાય નહિ.
૫	રોની વિરૂધ્ધ મહારાષ્ટ્ર રાજય ૧૯૯૮, ક્રિ.લો.જ. સુપ્રિમ કોર્ટ પાન નં.૧૬૩૮	તપાસ કરનાર અધિકારી દ્વારા જડતી કરવામાં આવેલી તે વખતે સાહેદ હાજર હતા અને તે સાહેદનો પુરાવો લેવામાં આવેલો. આ સાહેદનો પુરાવો વિશ્વાસનીય નથી તેવી કોઈ હકીકત ઊલટતપાસમાં આવેલી નહીં માટે આવા સાહેદની જુબાની રદ કરી શકાય નહીં.
૬	રાકેશકુમાર વિરૂધ્ધ સ્ટેટ (દિલ્હી એડમીનીસ્ટ્રેશન) (૧૯૯૪) ૩ એસ.સી.સી. પાન નં.૭૨૯	તપાસ કરનાર અધિકારીની જુબાની ઉપરથી સ્પષ્ટ થતુ હતુ કે દુકાનદારો અને સ્થળ ઉપર હાજર લોકોને વિનંતી કરવા છતાં જડતીની કાર્યવાહીમાં હાજર રહેવા કોઈ તૈયાર થયેલુ નહીં માટે સ્વતંત્ર સાહેદોને નહીં તપાસવાથી ફરિયાદપક્ષની વિરૂધ્ધ અનુમાન થાય નહીં.
૭	અકલમ અહેમદ વિરૂધ્ધ સ્ટેટ ઓફ દિલ્હી, એ.આઈ.આર. ૧૯૯૯ સુપ્રિમ કોર્ટ પાન નં.૧૩૧૫	તપાસ કરનાર અધિકારીએ કરેલી જપ્તી અને જડતી માત્ર એવા કારણસર રદ ન થાય કે તેને સ્વતંત્ર સાહેદોએ સમર્થન કરેલુ નથી. આ કેસમાં બનાવ વખતે કોઈ સાહેદોએ કોઈ આરોપીઓને જોયેલા નથી. જે પંચ, સાહેદોની હાજરીમાં પંચનામાઓની કાર્યવાહી થયેલી છે તે

		પંચ, સાહેદોએ ફરિયાદપક્ષની હકિકતને સમર્થન કરેલું છે તથા જે તે સ્થળોની આજુબાજુના વ્યકિતઓને પણ સાહેદ તરીકે તપાસવામાં આવતાં બનાવ બનેલાની હકિકતને સમર્થન કરેલું છે.
૮	ડી.બી.ઠાકુર વિરૂધ્ધ ગુજરાત રાજય ૧૯૯૫ ક્રિ.લો.જ. ગુજરાત પાન નં.૩૭૫૧ (ડીવીઝન બેન્ચ)	સ્થાનિક વસ્તીમાંથી પંચ સાહેદને બોલાવેલા નહીં તે માત્ર કારણથી જપ્તી અને જડતી અમાન્ય થતી નથી સિવાય કે આરોપીને પૂર્વગ્રહ થયાનું જણાય આવતુ હોય.
૯	દુરંદ દીદીઅર વિરૂધ્ધ ચીફ સેક્રેટરી યુનિયન ટેરીટરી ગોવા, એ.આઈ.આર. ૧૯૮૯ સુપ્રિમ કોર્ટ પાન નં.૧૯૬૬	જયારે પંચ સાહેદ પ્રતિષ્ઠીત વ્યકિત ના હોય અને તે બીજા વિસ્તારના હોય તો તે માત્ર અનિયમિતતા છે તેનાથી કાયદેસરની કાર્યવાહીને કોઈ અસર થતી નથી આ હકીકત અદાલતે વિચારવી જોઈએ.
૧૦	સ્ટેટ ઓફ ઓરીસ્સા વિરૂધ્ધ દોલા ગોબિંદા નંદા, ૧૯૮૭ ક્રિ.લો.જ. પાન નં.૨૮૪ ઓરીસ્સા	જડતી અને જપ્તી વખતે હાજર દરેક સાહેદને તપાસવા જ જોઈએ તે જરૂરી નથી. જડતી અને જપ્તી વખતે અનિયમિતતા થવા પામી હોય તો તે ગેરકાયદેસર નથી.
૧૧	મનીષ દિક્ષીત વિરૂધ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન, એ.આઈ.આર. ૨૦૦૧ સુપ્રિમ કોર્ટ પાન નં.૯૩	પોલીસ અધિકારીએ જણાવેલુ કે કોઈ વ્યકિત જડતી અને જપ્તી બાબતે સાહેદ તરીકે રહેવા તૈયાર થયેલ નહીં. આવા સંજોગોમાં એવુ ના કહેવાય કે ક્રિ.પ્રો. કોડની કલમ–૧૬૫ નો ભંગ થાય છે.
૧૨	મહારાષ્ટ્ર રાજય	આસીસ્ટન્ટ કલેકટર કસ્ટમ દ્વારા ફરિયાદ

	વિરૂધ્ધ નટવરલાલ દમોદરદાસ સોની, એ.આઈ.આર. ૧૯૮૦ સુપ્રિમ કોર્ટ પાન નં.૫૯૩	કરવામાં આવેલી. તે કામે જડતી કરવામાં આવેલી તે જડતીમાં કેટલીક ભુલો અને ક્ષતિઓ થયેલ તથા જડતી ગેરકાનુની હતી માત્ર આ કારણે સમગ્ર કાર્યવાહીની ગુણવત્તાને અસર થતી નથી.
૧૩	રાજય વિરૂધ્ધ ભવાનીસીંઘ, એ.આઈ.આર. ૧૯૬૯ દિલ્હી પાન નં.૨૦૭	કોઈ જડતી અને જપ્તી કરવામાં આવી હોય તે ગેરકાનૂની હોય તે કારણે પુરાવો અગ્રાહય બનતો નથી. કાર્યવાહીનો ભંગ મલીન અને ખોટા ઈરાદાથી કરેલ હોય તો તે અદાલતે લક્ષમાં લેવુ જોઈએ.
૧૪	નાના કેશવ લગાડ વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર, (૨૦૧૩) ૧૨ એસ.સી.સી. પાન નં.૭૨૧	પંચ સાહેદ બીજા કેસમાં પંચ તરીકે રહેલો તે માત્રથી તેનો પુરાવો તે પોલીસનો કાયમી પંચ છે તેમ કહી તેનો પુરાવો રદ ના થાય. જો તે રીકવરીને પુરેપુરૂ સમર્થન કરતો હોય તો તેનો પુરાવો રદ કરવાનું કોઈ કારણ નથી.
૧૫	યાકુબ અબ્દુલ રજાક મેમણ વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર, (૨૦૧૩) ૧૩ એસ.સી.સી. પાન નં.૧	પંચ સાહેદ અગાઉ બીજા ગુનામાં પંચ સાહેદ તરીકે રહેલ હોય તે કારણ તે તૈયાર કરેલો સાહેદ છે તેવુ અનુમાન ના થાય, સિવાય કે તે ઘણા બધા કેસોમાં પંચ તરીકે રહયો હોય

આ કામે જે તે બનાવવાળી જગ્યાઓ ઉપરથી પંચનામાઓની વિગતે જે તે તપાસ કરનાર અધિકારીઓએ મુદ્દામાલ કબજે કરેલો તે મુદ્દામાલ કબજે કરવા માટે અને તે પહેલા સ્થળ ઉપર એફ.એસ.એલ. અધિકારીઓને પણ યાદીઓ લખીને સ્થળ નિરીક્ષણ માટે બોલાવવામાં આવેલા હતા. એફ.એસ. એલ. અધિકારીઓ દરેક સ્થળ ઉપર ગયેલા છે અને સ્થળ નિરીક્ષણો કરીને

પોતાના અહેવાલો આપેલા છે. બનાવોવાળી જગ્યા ઉપર બનાવોમાં ઉપયોગમાં લીધેલ સાઇકલો તેમજ બોમ્બમાં વપરાયેલ જુદી-જુદી સામગ્રી, મારૂતિ ગાડીઓના સ્પેરપાર્ટ, એન્જીન, ગેસના તુટેલા બોટલો વિગેરેનાઓને કબજે કરવાની સુચનાઓ આપેલી અને તે પ્રમાણે જે તે તપાસ કરનાર અધિકારીઓએ સ્થળ ઉપરથી તે તમામ વસ્તુઓ પંચનામાઓની વિગતે કબજે કરીને એફ.એસ.એલ. અધિકારીના માર્ગદર્શન અને સુચના મુજબ એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે તમામ મુદ્દામાલ જે તે અધિકારીઓએ પૃથક્કરણ અર્થે મોકલી આપેલ હતો. મુદ્દામાલ એફ.એસ.એલ.માં મળ્યો તે બાબતની પહોંચો રજૂ થયેલી છે અને એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે અલગ-અલગ વિભાગોમાં તમામ મુદ્દામાલનું પૃથક્કરણ થયેલુ છે. આ મુદ્દામાલનુ રાસાયણીક પૃથક્કરણ કરનાર અધિકારીઓએ રાસાયણીક પૃથક્કરણ કરેલુ છે, ભૌતિક પૃથક્કરણ કરનાર અધિકારીઓએ મુદ્દામાલનું ભૌતિક પૃથક્કરણ કરેલુ છે, સીરોલોજીકલ પૃથક્કરણ કરનાર અધિકારીઓએ સીરોલોજીકલ પૃથક્કરણ કરેલુ છે. જે મુદ્દામાલનો જે અધિકારીએ જે પૃથક્કરણ કરેલુ છે તેનો અહેવાલો જે તે પૃથક્કરણ કરનાર અધિકાકરીઓએ આપેલા છે અને તે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા છે. ફરિયાદપક્ષ તરફથી દલીલ અને રજૂઆત એવી છે કે આ તમામ અહેવાલો એફ.એસ.એલ. અધિકારીઓએ આપેલા હોવાથી પુરાવાના કાયદાની કલમ-૭૫ તથા ક્રિ.પ્રો.કોડની કલમ-૨૯૩ મુજબ આ તમામ અહેવાલો પુરાવામાં ગ્રાહય છે અને જે કંઈ સામગ્રી સ્થળો ઉપરથી કબજે કરવામાં આવેલી તે બોમ્બમાં વપરાયેલી સામગ્રી હતી. બચાવપક્ષ તરફથી દલીલ અને રજૂઆત એવી છે કે અમૂક એફ.એસ.એલ. અધિકારીઓએ જે તે મુદ્દામાલનું પૃથક્કરણ કરેલુ તે બાબતે તેઓ પાસે તે અંગેની કોઈ લાયકાત ન હતી જેથી તેમને આપેલ અહેવાલો કાયદા મુજબ ગ્રાહય રાખી શકાય નહીં અને તેના ઉપર આધાર રાખીને કોઈ નિર્ણય કરી શકાય નહીં. આ સબંધમાં ક્રિ.પ્રો.કોડની કલમ-૨૯૩ ની જોગવાઈ ધ્યાને લઈએ તો...

ક્રિ.પ્રો.કોડની કલમ–૨૯૩:– કેટલાંક સરકારી વૈજ્ઞાનિક નિષ્ણાતોના અહેવાલ:–

(૧) આ સંહિતા હેઠળની કોઈ પણ કાર્યવાહી દરમ્યાન તપાસ કે પૃથક્કરણ અથવા અહેવાલ માટે યોગ્ય રીતે સોંપાયેલી કોઈ બાબત કે વસ્તુ અંગે, જેને આ કલમ લાગુ પડતી હોય તેવા સરકારી વૈજ્ઞાનિક નિષ્ણાતની સહીવાળો અહેવાલ હોવાનું અભિપ્રેત હોય તેવા દસ્તાવેજનો, આ સંહિતા હેઠળની કોઈપણ તપાસ, ઈન્સાફી કાર્યવાહી કે કોઈ તપાસમાં પુરાવા તરીકે ઉપયોગ કરી શકાશે.

(૨) અદાલતને યોગ્ય જણાય તો એવા નિષ્ણાતને બોલાવી અહેવાલના વિષયવસ્તુ અંગે તેને તપાસી શકશે.

(૩) જયારે અદાલતે એવા નિષ્ણાતને બોલાવ્યા હોય અને તે જાતે હાજર રહી શકે તેમ ન હોય ત્યારે, અદાલતે તેમને જાતે હાજર રહેવા સ્પષ્ટ નિર્દેશ આપ્યો હોય તે સિવાય, પોતાની સાથે કામ કરતા કોઈ જવાબદાર અધિકારીને પોતાના વતી અદાલતમાં હાજર રહેવા મોકલી શકશે, જો આવા અધિકારી કેસની હકીકતોથી વાકેફ હોય તથા અદાલતમાં સંતોષકારક જુબાની આપી શકે તેમ હોય.

(૪) આ કલમ નીચેના સરકારી વૈજ્ઞાનિક નિષ્ણાતોને લાગુ પડે છે–

(ક) સરકારના કોઈ રાસાયણિક પરિક્ષક કે મદદનીશ રાસાયણિક પરિક્ષક,

(ખ) સ્ફોટક પદાર્થના મુખ્ય નિયંત્રક,

(ગ) ફીંગરપ્રિન્ટ બ્યુરોના નિયામક,

(ઘ) હાફકીન ઈન્સ્ટીટયુટ, મુંબઈના નિયામક,

(ચ) કેન્દ્રીય ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા કે રાજય ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળાના નિયામક, નાયબ નિયામક કે મદદનીશ નિયામક,

(છ) સરકારના સીરોલોજીસ્ટ,

(જ) આ હેતુ માટે કેન્દ્ર સરકાર જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેવા અન્ય કોઈ સરકારી વૈજ્ઞાનિક નિષ્ણાત.

આમ, ઉપરોકત જોગવાઈ પ્રમાણે આ કામમાં એફ.એસ.એલ. અધિકારીઓ તરફથી જે કંઈ અહેવાલો રજૂ થયેલા છે તે સરકારી, વૈજ્ઞાનિક નિષ્ણાંતોના અહેવાલો છે અને તેઓને તપાસ્યા વિના પણ તેમને આપેલા અહેવાલો પુરાવામાં ઉપયોગમાં લઈ શકાય છે. તેમ છતાં આ કામમાં ફરિયાદપક્ષ દ્વારા અહેવાલ આપનાર તમામ એફ.એસ.એલ. અધિકારીઓને તપાસવામાં આવેલા છે અને તમામ અધિકારીઓની આરોપીઓ તરફથી વિગતવાર ઊલટતપાસો થયેલી છે. સામાન્ય રીતે ઊલટતપાસોમાં આ અધિકારીઓએ અહેવાલો આપેલા નથી કે મુદ્દામાલનું પૃથક્કરણ કરેલુ નથી તેવી કોઈ હકીકત નીકળી આવતી નથી. એટલું જ નહીં અધિકારીઓએ મુદ્દામાલનું જે પૃથક્કરણ કરેલુ છે તે ગેરકાયદેસર છે અથવા તો ખોટુ કરેલુ છે તેવી પણ કોઈ હકીકત ઊલટતપાસોમાંથી નીકળી આવતી નથી. આ તમામ અહેવાલો મદદનીશ નિયામકના ફોરવર્ડીંગના પત્રથી આવેલા તે આ કામમાં રજૂ થયેલા છે. જેથી તમામ અહેવાલો પુરાવામાં ગ્રાહય છે અને પુરાવા તરીકે તેને વંચાણે લઈ શકાય. આ મુદ્દા સંબંધે નીચે મુજબના ચુકાદા ધ્યાને લીધા.

અ.નં.	**ચુકાદો**	**ચુકાદાઓમાં નિર્ણિત થયેલ મુદ્દા પૈકી એફ.એસ.એલ.ના અધિકારીના પુરાવા વિશે નિર્ણીત થયેલ મુદ્દો**
૧	અમ્મીના વિરૂધ્ધ કેરાલા રાજય ૧૯૯૮, ક્રિ.લો.જ. પાન નં.૪૮૧ સુપ્રિમ કોર્ટ	ન્યાય વિજ્ઞાન પ્રયોગશાળાના સંયુકત નિયામકે સહી કરીને આપેલો અહેવાલ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૯૩ હેઠળ ઔપચારિક પુરાવા વિના અને સહી ચકાસ્યા વિના પણ ગ્રાહય છે અને તે પુરાવામાં વંચાણે લઈ શકાય. તેમ છતાં આ કેસમાં ફરિયાદપક્ષ

		દ્વારા ન્યાય વિજ્ઞાન પ્રયોગશાળાના અધિકારીઓને સાહેદ તરીકે તપાસેલાં છે અને તેમને જે મુદ્દામાલનું પૃથક્કરણ કરેલું તેના અહેવાલો આપેલા તે તેઓની જુબાની દ્વારા રજૂ થયેલાં છે.
૨	રાજમણી વિરૂધ્ધ રાજય, ક્રિ.લો.જ. ૧૯૯૭ દિલ્હી પાન નં.૩૮૭૯	ક્રિ.પ્રો.કોડની કલમ–૨૯૩(૪) ના ખંડ (૩) માં રાસાયણિક પરિક્ષક કે મદદનીશ રાસાયણિક પરિક્ષકનો સમાવેશ કરવામાં આવ્યો છે. સીનીયર સાઈન્ટિફિક ઓફિસરનો સમાવેશ કરવામાં આવ્યો નથી માટે તેની જુબાની લીધા વિના પુરાવામાં વંચાણે લઈ શકાય નહીં.
૩	અમરજીતસિંહ વિરૂધ્ધ રાજય, ક્રિ.લો.જ. ૧૯૯૫ દિલ્હી, પાન નં.૧૬૨૩	મુદ્દામાલ સીનીયર સાઈન્ટીફીક ઓફિસરને મોકલવામાં આવેલો અને તેને પૃથક્કરણ કરી અહેવાલ આપેલો. ઠરાવવામાં આવ્યુ કે ક્રિ.પ્રો.કોડની કલમ–૨૯૩ મા આ અધિકારી આવશે નહીં પરંતુ તે વૈજ્ઞાનિક નિષ્ણાંત છે માટે પુરાવાના કાયદાની કલમ–૪૫ હેઠળ તેને આપેલો અભિપ્રાય પ્રસ્તુત છે.
૪	શત્રુઘ્ન વિરૂધ્ધ મધ્ય પ્રદેશ રાજય, ક્રિ.લો.જ. ૧૯૯૩ પાન નં.૧૨૦૩ એમ.પી.	રાસાયણિક પૃથક્કરણને અહેવાલ રજૂ થયો તેને આંક આપવામાં આવેલો નહીં કે તે સાબિત કરેલો નહીં. ઠરાવ્યુ કે ફરિયાદપક્ષ દ્વારા આ અહેવાલ અંગે ઔપચારીક પુરાવો આપવો જરૂરી નથી. કલમ–૨૯૩(૪) ખંડ (ક) મુજબ તે

		અહેવાલ આપોઆપ પુરાવા તરીકે વંચાણે લઈ શકાય. સામો પક્ષ તે સ્વીકાર કરે કે ન કરે તે મહત્વનું નથી. અહેવાલ પુરવાર કરવા અહેવાલ આપનારને તપાસવા જરૂરી નથી.
૫	વિશાલ મોતીસીંહ વસાવા વિરૂધ્ધ ગુજરાત રાજય, ક્રિ.લો.જ. ૨૦૦૪ પાન નં.૩૦૮૬, ગુજરાત	ડી.એન.એ. ટેસ્ટ કરાવવામાં આવ્યો હતો તેમ છતાં ફરી વખત ડી.એન.એ. ટેસ્ટ કરાવવાનો આદેશ આપવામાં આવેલો. ઠરાવવામાં આવ્યુ કે બીજી વખત આવો આદેશ આપી શકાય. આરોપી તરફથી દાદ માંગવામાં આવેલી કે આરોપીની પસંદગીની પ્રયોગશાળામાં ટેસ્ટ થાય જે માંગણી નામંજૂર કરવામાં આવેલી છે. આ કેસમાં બનાવમાં ઉપયોગમાં લીધેલ વેગન આર ગાડીની નંબર પ્લેટ બે વખત પૃથક્કરણ માટે એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે મોકલવામાં આવેલી છે. આ ચુકાદા મુજબ મુદ્દામાલ બીજી વખત પૃથક્કરણ માટે મોકલવામાં આવે તો તે ગેરકાયદેસર નથી.
૬	યેલચુરી મનોહર વિરૂધ્ધ આંધ્રપ્રદેશ રાજય, ક્રિ.લો.જ. ૨૦૦૫ પાન નં.૪૫૯૫ આંધ્રપ્રદેશ	નિષ્ણાંત અધિકારી પોતે સહાયક વિજ્ઞાન શાળાના નિર્દેષક હતા તેઓનો રીપોર્ટ રજૂ કરવા માટે તેઓને તપાસવા જરૂરી નથી તે અધિકારી કલમ–૨૯૩(૪) નાં ખંડ (ચ) માં પડે છે પરંતુ અદાલતને યોગ્ય જણાય તો સાહેદ તરીકે બોલાવી શકે.

		અવલોકન કરવામાં આવેલુ કે આ અહેવાલ મુખ્ય પુરાવો નથી તેને સમર્થન આપતો પુરાવો કહી શકાય.
૭	હિમાચલ પ્રદેશ એડમીનીસ્ટ્રેશન વિરૂધ્ધ ઓમ પ્રકાશ, એ.આઈ.આર. ૧૯૭૨ સુપ્રિમ કોર્ટ, પાન નં.૯૭૫	ફીંગર પ્રિન્ટ એક્ષપર્ટે પરિક્ષણ કરીને અહેવાલ આપેલો. અહેવાલમાં જણાવવામાં આવેલુ કે પરિક્ષણ વૈજ્ઞાનિક રીતે કરીને અહેવાલ આપેલો છે. આવા સંજોગોમાં પરિક્ષણ કરનારને તપાસવા જરૂરી નથી પરંતુ અહેવાલમાં કોઈક શંકા હોય તો અદાલત પુરાવો આપવા બોલાવી શકે.
૮	સ્ટેટ ઓફ કેરાલા વિરૂધ્ધ અરૂણ વેલન ચેરી, ક્રિ.લો.જ. ૨૦૦૨ પાન નં.૨૫૧૨, કેરાલા	એફ.એસ.એલ. અધિકારીને સાહેદ તરીકે તપાસવા કે કેમ તે દરેક કેસની હકીકત અને સંજોગો ઉપરથી અદાલત નકકી કરી શકે.
૯	ઈસ્માઈલ વિરૂધ્ધ સ્ટેટ ઓફ કેરાલા, ક્રિ.લો.જ. ૧૯૯૧, પાન નં.૨૯૪૫ કેરાલા	મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારીએ જે અહેવાલ આપ્યો હોય તે અહેવાલના પરિણામોની વિગતો આપવા જવાબદાર નથી. તે સાયન્ટિફિક એક્ષપર્ટ છે તેવા રીપોર્ટને તેની જુબાની લીધા વિના વંચાણે લઈ શકાય.
૧૦	ભગવાનદાસ વિરૂધ્ધ સ્ટેટ ઓફ પંજાબ, ક્રિ.લો.જ. ૧૯૮૨ પાન નં.૨૧૩૮	લેબોરેટરીમાં મુદ્દામાલ કેવી રીતે રાખવામાં આવેલા તે માટે ફરિયાદપક્ષે દરેક સંભવીત નિષ્ણાતોને તપાસવા જોઈએ તે માટે ફરિયાદપક્ષે સાબીત કરવુ જરૂરી નથી.

	પંજાબ અને હરીયાણા (ડીવીઝન બેન્ચ)	તેમ છતાં આ કેસમાં મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર તમામ અધિકારીઓને ફરિયાદપક્ષ દ્વારા તપાસવામાં આવેલાં છે અને મુદ્દામાલ કોણે સ્વિકારેલો, કયા વિભાગમાં ગયેલો અને કયા વિભાગમાં કયા મુદ્દામાલનું પૃથક્કરણ થયેલું તેનો વિગતવાર પુરાવો અધિકારીએ આપેલો છે.
૧૧	સ્ટેટ ઓફ એચ.પી. વિરૂધ્ધ મફત રામ, (૨૦૦૪)૮ એસ.સી.સી. પાન નં.૬૬૦	બેલાસ્ટીક એક્ષપર્ટનો રીપોર્ટ જુનીયર બેલાસ્ટીક એક્ષપર્ટની સહીથી રજૂ થયો. ઠરાવ્યુ કે આ કલમ હેઠળ પુરાવામાં ગ્રાહય છે.
૧૨	અમરજીતસીંગ વિરૂધ્ધ સ્ટેટ ઓફ દિલ્હી એડમીનીસ્ટ્રેશન, ક્રિ.લો.જ. ૧૯૯૫ પાન નં.૧૬૨૩ દિલ્હી (ડીવીઝન બેન્ચ)	કેમીસ્ટ્રી વિભાગના સીનીયર સાયન્ટિફિક ઓફિસર કલમ–૨૯૩(૪) માં સમાવેશ થતો નથી પરંતુ તેને આપેલો રીપોર્ટ પુરાવાના કાયદાની કલમ–૪૫ હેઠળ સુસંગત છે.
૧૩	રાજેશ રાય વિરૂધ્ધ સ્ટેટ ઓફ સીકકીમ, (૨૦૦૨) ક્રિ.લો.જ. પાન નં.૧૩૮૫ સિકિકમ (ડીવીઝન બેન્ચ)	સીરોલોજીસ્ટે આપેલા અહેવાલ કલમ–૨૯૩(૪) હેઠળ તેને તપાસ્યા વિના તે પુરાવામાં ગ્રાહય છે. તેમ છતાં આ કેસમાં ફરિયાદપક્ષ દ્વારા મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર તમામ સીરોલોજીકલ અધિકારીઓને તપાસવામાં આવેલાં છે અને તેમના અહેવાલ તેઓની જુબાનીઓ દ્વારા પુરવાર થયેલાં છે.

૧૪	શ્રી ચંદ વિરૂધ્ધ રાજય, એ.આઈ.આર.૧૯૭૪ એસ.સી. પાન નં.૬૩૪	વિશિષ્ટ તાલીમને શૈક્ષણિક લાયકાત સાથે સંબંધ નથી. પ્રવાહી દારૂ છે. તેવુ કહેનાર અધિકારી બે દાયકાથી ખાતામાં ફરજ બજાવતા હતા. બે દાયકામાં સેંકડો વખત પ્રવાહી જોયેલુ માટે અનુભવના આધારે આવી વ્યકિત નિષ્ણાંત કહિ શકાય. કલમ–૪૫માં વપરાયેલ શબ્દ "નિષ્ણાંત" સંતોષાય છે. "વિશિષ્ટ તાલીમ" શબ્દ શૈક્ષણિક યોગ્યતા સુચવતો નથી. સતત અભ્યાસ, લાંબો અનુભવ અથવા રોજબરોજના વિષય સાથે સતત સંપર્કથી માણસ નિષ્ણાંત બની જાય છે.
૧૫	એસ.સી.ખત્રી વિરૂધ્ધ ઉત્તરપ્રદેશ રાજય, એ.આઈ.આર. ૧૯૭૪ એસ.સી. પાન નં.૫૩૯	અભિપ્રાય કયા પ્રકારની વૈજ્ઞાનિક પધ્ધતિ ઉપરથી આવ્યો અને કયા પ્રકારની વૈજ્ઞાનિક પધ્ધતિ હોવી જોઈએ અથવા પરીક્ષણ કેવી રીતે કરાય વગેરે તમામ બાબતમાં ચુસ્ત નિયમો શકય નથી તથા ચુસ્ત નિયમો હોઈ શકે નહીં. આ અંગે અદાલતને સમગ્ર હકીકતો, પુરાવા તથા સંજોગો લક્ષમાં લઈ નિર્ણય કરવો જોઈએ.
૧૬	સ્ટેટ ઓફ એચ.પી. વિરૂધ્ધ જયલાલ, એ.આઈ.આર. ૧૯૯૯ સુપ્રિમ કોર્ટ પાન નં.૩૩૧૮	નિષ્ણાંત વ્યકિત તે સક્ષમ સાહેદ છે. વ્યાવસાયિક જ્ઞાન હોવુ તે જરૂરી નથી તેની પાસે ખાસ વિષયનો ખાસ અનુભવ હોય તો તે પુરતુ છે.

૧૭	રમેશચંદ્ર અગ્રવાલ વિરૂધ્ધ રેફન્સી હોસ્પિટલ લી. (૨૦૦૯)૯ એસ.સી.સી. પાન નં.૭૦૯	નિષ્ણાંત વ્યકિત કે જેને કોઈ ખાસ વિષય ઉપર જ્ઞાન મેળવ્યુ હોય અને તે વિષય ઉપર તેની પાસે પુરતુ જ્ઞાન હોય તેવી વ્યકિત.
૧૮	બાલારામ વિરૂધ્ધ રાજસ્થાન રાજય, ક્રિ.લો.જ. ૧૯૯૪ પાન નં.૨૪૫૧	ગુનામાં વપરાયેલ હથિયાર અગ્નિશામક નિષ્ણાંતે ચકાસીને અહેવાલ આપેલો અને તે નિષ્ણાંતને તપાસવામાં આવેલા નહીં તે અહેવાલને આંક આપવામાં આવેલો. બચાવ એવો લેવામાં આવેલો કે ક્રિ.પ્રો.કોડની કલમ–૨૯૩માં અહેવાલ આપનાર અધિકારી સમાવિષ્ટ નથી તથા તેને તપાસ્યા નથી. નામદાર કોર્ટે બચાવ રદ કરતા ઠરાવેલુ કે તે અધિકારીને તપાસ્યા વગર તેઓનો અહેવાલ આ કલમ હેઠળ વંચાણે લઈ શકાય.

આ કામે કુલ–૨૪ જેટલા બનાવોમાં કલોલ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ગુનાવાળા બનાવમાં એ.એમ.ટી.એસ. બસમાં મુકવામાં આવેલ બોમ્બ ફુટેલો નહીં તે જ રીતે રામોલ પોલીસ સ્ટેશન વિસ્તારના એક બનાવમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની કચરાપેટીમાં મુકેલ બોમ્બ ફુટેલો નહીં. શાહીબાગ પોલીસ સ્ટેશનવાળા બનાવમાં એટલે કે સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટર પાસે મારૂતિ ગાડીમાં ગેસના બોટલ મુકી બે બોમ્બ બ્લાસ્ટ થયેલા તથા મણીનગરમાં નોંધાયેલા બનાવો પૈકી એક બનાવ એલ.જી. હોસ્પિટલ મણીનગર ખાતે પાર્કીંગમાં મારૂતિ ગાડીમાં ગેસના બોટલ મુકી બ્લાસ્ટ કરવામાં આવેલો તથા સરખેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં એ.એમ.ટી.એસ. બસમાં બોમ્બ મુકીને બ્લાસ્ટ કરવામાં આવેલો. તે સિવાયના તમામ બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં

સાઇકલોનો ઉપયોગ કરવામાં આવેલ છે. ઉપરોકત વીસ બનાવોમાં કુલ–૫૬ જેટલા વ્યકિતઓ મરણ પામેલા છે તથા કુલ–૨૦૦ થી વધારે વ્યકિતઓને શરીરે વધતી–ઓછી ઈજાઓ થયેલી છે. ગાય, બળદ તથા કુતરૂ મરણ પામેલા છે. જે વ્યકિતઓ આ બનાવોમાં ગુજરી ગયેલા તેઓની લાશોના ઈન્કવેસ્ટ પંચનામાઓ પંચોની રૂબરૂ બનાવવામાં આવેલા છે જે તમામ પંચનામાઓ રજૂ થયેલા છે. પંચોને તપાસવામાં આવેલા છે. તે જ રીતે તેઓના શરીર ઉપરથી કપડાઓ પણ પંચોની હાજરીમાં કબજે કરવામાં આવેલા તે પંચનામાઓ રજૂ થયેલા છે અને ઈજા પામનારાઓના શરીરમાંથી ઓપરેશનો કરીને કાઢવામાં આવેલા છરા, લોખંડની કરચો તે પણ જે તે ડૉકટરો દ્વારા રજૂ કરવામાં આવતા તે પંચોની હાજરીમાં પંચનામાની વિગતે કબજે કરેલા છે અને તે પંચનામાનાં પંચોને પણ તપાસેલા છે. ગુજરનારાઓના શબ પરિક્ષણ કરનાર ડોકટરોને પણ તપાસવામાં આવેલા છે. શબ પરિક્ષણ અહેવાલો રજૂ થયેલા છે. તે જ રીતે બનાવોમાં ઈજા પામનાર વ્યકિતઓને તપાસવામાં આવેલા છે, તેમની સારવાર કરનાર ડોકટરોને તપાસવામાં આવેલા છે તથા સારવારના પ્રમાણપત્રો રજૂ થયેલા છે. આ તમામ પુરાવા ધ્યાને લેતા આ બનાવોમાં ઉપર જણાવ્યા પ્રમાણે વ્યકિતઓ મરણ પામેલા છે તથા ઈજા પામેલા છે. આરોપીઓ તરફથી તમામ સાહેદોની ઊલટતપાસો થયેલી છે. પરંતુ તેથી કરીને આ બનાવોમાં ગુજરનાર વ્યકિતઓ ગુજરી ગયેલા નથી કે ઈજા પામનારાઓને ઈજાઓ થયેલી નથી તેમજ ગુજરનાર વ્યકિતઓના શબ પરિક્ષણો થયેલા નથી કે ઈજા પામનારાઓની સારવાર કરવામાં આવેલી નથી એવી કોઈ હકીકતો ઊલટતપાસમાં નીકળી આવતી નથી. આ કામમાં રજૂ થયેલ ગુજરનાર વ્યકિતઓની શબ પરિક્ષણ નોટો ધ્યાને લેતા ગુજરનારાઓને બોમ્બ બ્લાસ્ટમાં ગંભીર ઈજાઓ થતા તેમજ દાઝી જવાથી તેઓ મરણ ગયેલા છે તેવા અભિપ્રાયો ડૉકટરોએ આપેલા છે. એ જ રીતે ઈજા પામનારાઓની સારવાર કરનાર ડૉકટરોએ પણ જે ઈજા પામનારાની સારવાર કરી તે ઈજા પામનારાઓને બોમ્બ બ્લાસ્ટમાં શરીરે છરાઓ, નટ–બોલ્ટ વાગવાથી ઈજાઓ થયેલાનું અભિપ્રાય આપેલા છે. ફરિયાદપક્ષ તરફથી રજૂ થયેલ શબ

પરિક્ષણ નોટો તથા ઈજા પામનારાઓના સારવાર પ્રમાણપત્રો પુરાવામાં ગ્રાહય છે અને તે માટે ક્રિ.પ્રો.કોડની કલમ–૨૯૪ ધ્યાને લેવી પડે.

ક્રિ.પ્રો.કોડની કલમ–૨૯૪:– કેટલાંક દસ્તાવેજો માટે ઔપચારિક સાબિતી આવશ્યક નથી:–

(૧) ફરિયાદપક્ષ કે આરોપી કોઈ અદાલત સમક્ષ કોઈ દસ્તાવેજ દાખલ કરે ત્યારે આવા પ્રત્યેક દસ્તાવેજની વિગતો યાદીમાં આપવાની રહેશે તથા ફરિયાદપક્ષ કે આરોપીને અથવા યથાપ્રસંગે , ફરિયાદપક્ષ કે આરોપીના ધારાશાસ્ત્રીને જો હોય તો, આવા દસ્તાવેજની સચ્ચાઈનો સ્વીકાર કે ઈન્કાર કરવા જણાવવામાં આવશે.

(૨) દસ્તાવેજની યાદી એવા નમૂનામાં હોવી જોઈએ જે રાજય સરકાર દ્વારા નિર્દિષ્ટ કરવામાં આવે.

(૩) કોઈ દસ્તાવેજની સચ્ચાઈ માટે વિવાદ ઉઠાવવામાં ન આવ્યો હોય તો જે વ્યકિતએ સહી કર્યાનું અભિપ્રેત હોય તેની સહીની સાબિતી વિના આ સંહિતા હેઠળની કોઈ પણ તપાસ, ઈન્સાફી કાર્યવાહી કે અન્ય કાર્યવાહીમાં પુરાવા તરીકે તેવા દસ્તાવેજ ઉપર આધાર રાખી શકાશે, પરંતુ અદાલત તેની મુનસફીથી, આવી સહીની સાબિતી માંગી શકશે.

આમ, ઉપરોકત જોગવાઈ મુજબ આ કામમાં ઘણા બધા ઈજા પામનારાઓના સારવાર પ્રમાણપત્રો બચાવપક્ષ દ્વારા કબૂલ કરવામાં આવેલા છે અને તેને આંક આપી પુરાવામાં સામેલ કરેલ છે. જયારે કેટલાક પ્રમાણપત્રો આપનાર ડૉકટરોને તપાસવામાં આવેલા છે અને ત્યારબાદ તેવા પ્રમાણપત્રોને આંક આપી પુરાવામાં સામેલ કરેલ છે. તે જ રીતે ગુજરનારની લાશોના શબ પરિક્ષણ કરનાર ડૉકટરોને તપાસવામાં આવેલા છે અને તેમને આપેલ શબ પરિક્ષણ નોટો પુરાવામાં ગ્રાહ્ય રાખી સામેલ કરેલ છે. આ તમામ સારવાનાર પ્રમાણપત્રો તેમજ શબ પરિક્ષણ નોટો સાબિત થયેલી છે તેમ કહી શકાય. આ મુદ્દા સબંધે નીચે મુજબના ચુકાદા ધ્યાને લીધા.

અ.નં.	ચુકાદો	ચુકાદાઓમાં નિર્ણિત થયેલ મુદ્દા પૈકી

		ડૉકટર સાહેદ માટે નિર્ણીત થયેલ મુદ્દો
૧	બાબુજી ઉર્ફે મુળસીંહ દુદાજી વિરૂધ્ધ ગુજરાત રાજય ૧૯૯૧(૨) જી.એલ.આર. પાન નં.૮૫૦ ગુજરાત	શબ પરિક્ષણ નોટ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૯૪ હેઠળ આંકે પાડી વંચાણે લઈ શકાય નહીં. નોટ તૈયાર કરનાર ડૉકટરને તપાસવા જોઈએ. આ કેસમાં અમદાવાદ શહેરના જુદા–જુદા બનાવોમાં કુલ–૫૬ વ્યકિતઓ મૃત્યુ પામેલી હતી. દરેક વ્યકિતઓના શબ પરીક્ષણો થયેલાં છે. શબ પરીક્ષણ કરનાર ડૉકટરોને ફરિયાદપક્ષ દ્વારા તપાસવામાં આવેલાં છે અને તેઓની જુબાની દ્વારા મૃત્યુ પામનારાઓની શબ પરીક્ષણ નોટો રજૂ થયેલી છે અને ફરિયાદપક્ષ દ્વારા પુરવાર થઇ છે.
૨	કાળુ રાઘવ વિરૂધ્ધ રાજય જી.એલ.આર. ૧૯૭૬ પાન નં.૯૮૮, ગુજરાત	સ્થાનિક જગ્યાનું પંચનામુ કે ગુનાવાળી જગ્યાનું પંચનામુ તે ખુબ જ અગત્યના પુરાવા છે. આ પંચનામાઓ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૯૪ હેઠળ સીધે સીધા પુરાવામાં દાખલ કરી શકાય નહીં. આ કેસમાં તમામ બનાવોના કામે ગુનાવાળી જગ્યાના પંચનામાઓ જે જે પંચ સાહેદોની હાજરીમાં થયેલાં તે તમામ પંચ સાહેદોને ફરિયાદપક્ષ દ્વારા તપાસવામાં આવેલાં છે અને પંચનામાઓ રજૂ થયેલાં છે.

૩	લક્ષ્મણ વિરૂધ્ધ કર્ણાટક રાજય, ક્રિ.લો.જ. ૧૯૯૭ પાન નં.૧૮૦૬ કર્ણાટક	શબ પરિક્ષણ કરનાર ડૉકટરને તપાસવામાં આવેલા નહીં પરંતુ તબીબી ક્ષેત્રે અનુભવ ધરાવતા બીજા નિષ્ણાંતને તપાસવામાં આવેલા તેને અક્ષરો, ઈજાઓ, ઈજાના પ્રકાર, ઈજાથી માનવ શરીર ઉપર શું અસર થાય તે તમામ હકીકત જુબાની જણાવેલી. ઠરાવવામાં આવ્યુ કે આ શબ પરિક્ષણ નોંધ પુરાવામાં વંચાણે લેવાય.
૪	શબ્બીર મહંમદ વિરૂધ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન, ક્રિ.લો.જ. ૧૯૯૬ પાન નં.૨૦૧૫ રાજસ્થાન (ફુલ બેન્ચ)	અસલ દસ્તાવેજ એક પક્ષકાર રજૂ કરે અને બીજો પક્ષકાર તે દસ્તાવેજને સ્વીકાર કરે ત્યારે તે દસ્તાવેજ મુખ્ય પુરાવા તરીકે ગ્રાહય રાખી વંચાણે લઈ શકાય.
૫	મહંમદ યાકુબ અલી વિરૂધ્ધ સ્ટેટ ઓફ ત્રિપુરા, ક્રિ.લો.જ. ૨૦૦૪ પાન નં.૩૩૧૫ ગૌહાટી (ડીવીઝન બેન્ચ)	ડૉકટરે શબ પરિક્ષણ નોટ કાર્બન કોપીમાં તૈયાર કરેલી, કાર્બન કોપી પર ડૉકટરની સહી અસલ હતી. ઠરાવવામાં આવ્યુ કે આ શબ પરિક્ષણ નોંધ પુરાવામાં ગ્રાહય છે.
૬	સીદ્દીકી વિરૂધ્ધ સ્ટેટ, ક્રિ.લો.જ. ૧૯૮૧ પાન નં.૩૭૯ અલ્હાબાદ (ફુલ બેન્ચ)	ફરિયાદપક્ષે ઈજા પામનારાના સારવાર સર્ટી. રજૂ કરેલા તે સાચા છે તેમ સ્વીકારીને બચાવ પક્ષના વકીલે તેનો સ્વીકાર કરેલો. ઠરાવવામાં આવ્યુ કે આ પ્રમાણપત્રો મુખ્ય પુરાવા તરીકે પુરાવામાં

		ગ્રાહ્ય રાખી વંચાણે લઈ શકાય.
૭	રામ સ્વરૂપ વિરૂધ્ધ યુ.પી., ક્રિ.લો.જ. ૨૦૦૦ સુપ્રિમ કોર્ટ પાન નં.૮૦૮	ડૉકટરે સારવાર શરૂ કરી તે પહેલા ઈજા કેટલા સમય પહેલા થઈ હશે તે ડૉકટરના પુરાવા ઉપરથી નકકી કરી શકાય નહીં.
૮	રોહિત યાદવ વિરૂધ્ધ સ્ટેટ ઓફ બિહાર, ક્રિ.લો.જ. ૨૦૦૭ (એન.ઓ.સી.) ૨૦૨ પટણા.	ઈન્કવેસ્ટ પંચનામા અને શબ પરિક્ષણ નોટમાં કેટલીક વિવિધતા હતી. ઠરાવવામાં આવ્યુ કે શબ પરિક્ષણ નોટ નિષ્ણાંતનો પુરાવો છે અને ઈન્કવેસ્ટ પંચનામુ તે સામાન્ય માણસનો પુરાવો છે માટે અદાલતે નિષ્ણાંતનો પુરાવો સ્વિકારવો જોઈએ.

(૪૯) <u>એમોનિયમ નાઈટ્રેટ વિશે</u>

આ કામે ઉપરોકત વીસ બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં દેશી બનાવટના હાથ બોમ્બ હતા જેમા એમોનિયમ નાઈટ્રેટ, છરા, નટ–બોલ્ટ, ફ્યુઅલ ઓઈલ, ડીટોનેટર, ઘડિયાળ અને બેટરી તે રીતે સામગ્રીનો બોમ્બ બનાવવામાં ઉપયોગ થયેલો છે જે એફ.એસ.એલ. અધિકારીઓના પરિક્ષણ ઉપરથી સ્પષ્ટ બને છે. અમદાવાદના ઉપરોકત વીસ બનાવોમાં કુલ–પચ્ચીસ બોમ્બનો ઉપયોગ કરવામાં આવેલો છે. જે પૈકી કલોલ અને રામોલ વિસ્તારના એક બનાવમાં બોમ્બ બ્લાસ્ટ થયેલા નથી. જયારે બાકીના તમામ બનાવોમાં બ્લાસ્ટ થયેલા છે. આ બ્લાસ્ટમાં એમોનિયમ નાઈટ્રેટનો મોટાપાયે ઉપયોગ થયેલો છે. ભારત સરકાર દ્વારા એમોનિયમ નાઈટ્રેટ રૂલ્સ ૨૦૧૧ જી.એસ.આર. ૬૯૪ (ઈ) તા.૧૬/૯/૨૦૧૧ નાં દિવસે પ્રસિધ્ધ થયેલ છે તે મુજબ...

ચેપ્ટર–૧, રૂલ–૨(બી)– એમોનિયમ નાઈટ્રેટ એટલે એક પ્રકારનું રાસાયણિક સંયોજન જે એનએચ૪ એનઓ૩ થી બનેલુ સ્ફટકીય અને પાણીમાં સહેલાઈથી

ઓગળીને મિક્ષ થઈ જાય તેવુ સંયોજન છે. ઈન્ટરનેટ ઉપરની માહિતી મુજબ સામાન્ય રીતે આ સંયોજન ખેતીમાં હાઈનાઈટ્રોજન ફર્ટીલાઈઝર તરીકે ઉપયોગમાં લેવાતુ હોય છે. તે ઉપરાંત માઈનીંગ, બાંધકામ, કવોરી તથા કોલસાની ખાણોમાં વિસ્ફોટક તરીકે પણ તેનો ઉપયોગ થાય છે. આ સંયોજનને ઉદ્યોગોમાં ફ્યુઅલ ઓઈલ તરીકે પણ ઉપયોગમાં લેવાય છે. સામાન્ય રીતે એમોનિયમ નાઈટ્રેટ કે જે ખુલ્લા બજારમાં વેચાય છે તે એટલા બધા સ્ફોટક હોતા નથી પરંતુ એમોનિયમ નાઈટ્રેટને અઝાઈડ અથવા ફ્યુઅલ ઓઈલ અથવા રોયલ ડીમોલીશન એક્ષપ્લોઝીવ (આર.ડી.એક્ષ.) અથવા ટ્રાયનાઈટ્રો ટોલ્યુઈન (ટી.એન.ટી.) સાથે મિશ્રિત કરવામાં આવે તો તે અતિ સ્ફોટક બને છે અને મોટાપાયે વિનાશ કરી શકે છે. એમોનિયમ નાઈટ્રેટને જવલનશીલ પદાર્થો સાથે રાખવાથી પણ વિનાશક બને છે. એમોનિયમ નાઈટ્રેટ ૯૪ ટકા અને ફ્યુઅલ ઓઈલ ૬ ટકા (એન.ફો.) નો જથ્થાબંધ સ્ટોક તરીકે ઉદ્યોગોમાં વપરાતુ હોય છે. સામાન્ય રીતે તેને વિસ્ફોટ કરવા માટે ડીટોનેટરની જરૂર પડે છે.

ચેપ્ટર–૨(૪)– માં એમોનિયમ નાઈટ્રેટના ઉત્પાદન, સંગ્રહ, રૂપાંતર, વેચાણ, આયાત, નિકાસ, પરિવહન અને તેના કબજે સબંધી જોગવાઈઓ કરેલી છે.

ચેપ્ટર–૨(૬)– માં એમોનિયમ નાઈટ્રેટ ઉપર સામાન્ય અંકુશ મુકવામાં આવેલો છે કે ઔદ્યોગિક ડેવલોપમેન્ટ અને રેગ્યુલેશન એકટ ૧૯૫૧ હેઠળ એમોનિયમ નાઈટ્રેટનું ઉત્પાદન, સંગ્રહ, રૂપાંતર, વેચાણ, આયાત, નિકાસ અને પરિવહન લાયસન્સ વિના કરવામાં આવે તો તે ગેરકાયદેસર છે. તેમ કરવા લાયસન્સની જરૂર પડે. સામાન્ય રીતે અતિ વસ્તી ધરાવતા વિસ્તારોમાં એમોનિયમ નાઈટ્રેટનો મોટાપાયે સંગ્રહ કરવો પણ ગેરકાયદેસર છે.

આ ઉપરાંત ઈન્ટરનેટ ઉપરની માહિતી મુજબ એમોનિયમ નાઈટ્રેટની સાથે બ્લાસ્ટ કરવા માટે ડીટોનેટરની જરૂર પડતી હોય છે અને ડીટોનેટર તે બ્લાસ્ટીંગ કેપ છે. વિસ્ફોટક માટે ઈલેકટ્રીકલી અને મેકેનીકલી ડીટોનેટરની જરૂર પડે જેને ટ્રીગર કરવા માટે વપરાય છે. આ કેસમાં જે બોમ્બ બ્લાસ્ટ થયેલા છે તેમાં ઉપરોકત વિગતે જણાવ્યા મુજબ એમોનિયમ નાઈટ્રેટનો

મોટાપાયે ઉપયોગ થયેલો છે અને તેને બ્લાસ્ટ કરવા માટે ટ્રીગર તરીકે ડીટોનેટરને ઉપયોગમાં લીધેલ છે. એમોનિયમ નાઈટ્રેટ તથા ડીટોનેટરને બેટરી દ્વારા વિદ્યુત ઉત્પન્ન કરી બ્લાસ્ટ કરેલા છે અને આ બ્લાસ્ટ થતા મોટાપાયે જાનમાલને નુકસાન થવા પામેલ છે.

(૫૦) સુરત શહેરમાં જુદી–જુદી ૨૯ (ઓગણત્રીસ)જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના ઈરાદે બોમ્બ પ્લાન્ટેશન તા.૨૬/૦૭/૦૮થી લઈને તા.૩૧/૦૭/૦૮ના સમય દરમ્યાન કરવામાં આવેલાં. તમામ જગ્યાઓ ઉપરથી જીવંત બોમ્બ મળી આવેલાં. પરંતુ એક પણ જગ્યા ઉપર બોમ્બ બ્લાસ્ટ થયેલો નહિ.જેની જુદા–જુદા પોલીસ સ્ટેશનોમાં કુલ–૧૫ ફરિયાદો નોંધાયેલી. ફરિયાદોના કામે બનાવોની તપાસ માટે તપાસ ટીમો નીમવામાં આવેલી અને તપાસ ટીમોએ બનાવોની તપાસ કરેલી. આ બનાવોમાં જે ફરિયાદીઓએ જે ફરિયાદો નોંધાવેલી તે ફરિયાદ લેનાર, ફરિયાદ નોંધનાર, બનાવવાળી જગ્યાના પંચ/સાહેદો, એફ.એસ.એલ.ના અધિકારીઓ બાબતે તપાસ ટીમોએ જે જે પુરાવા એકત્ર કરેલા અને ફરિયાદપક્ષ દ્વારા દરેક ગુના બાબતે મૌખિક તેમજ દસ્તાવેજી જે પુરાવા રજૂ કરવામાં આવેલાં છે તે પુરાવાઓની દરેક ગુના દીઠ વિગતવાર ચર્ચા નીચે મુજબ કરવામાં આવે છે.

(૫૦.૧) **<u>સુરત શહેરમાં ઉમરા પોલીસ સ્ટેશનની હકૂમતના વિસ્તારમાં બોમ્બ ધડાકા કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલ જેની તપાસ ડી.સી.બી. પોલીસ સ્ટેશન દ્વારા કરવામાં આવેલી તે બનાવ નં.૧ ના સંબંધમાં ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન.</u>**

– વિસ્તાર:– ઉમરા પોલીસ સ્ટેશનની હદમાં

– સ્થળ:– સીટીલાઈટ રોડ, નૂપૂર હોસ્પિટલની સામે આવેલ ડીવાઈડર ઉપર

– તારીખ:– ૨૭/૭/૨૦૦૮

– સમય:– કલાક ૧૧–૨૦

– સેકન્ડ ગુના રજીસ્ટર નં.૩૦૧૯/૨૦૦૮

– બનાવમાં વપરાયેલ વાહનઃ– નથી

તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ ઉમરા પોલીસ સ્ટેશનની હકૂમતમાં આવેલ વિસ્તાર સીટીલાઈટ રોડ, નૂપૂર હોસ્પિટલની સામે આવેલ ડીવાઈડર ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલો અને તે જગ્યાએથી બોમ્બ મળી આવેલો તેની ફરિયાદ રમેશભાઈ સોમાભાઈ પટેલ, પોલીસ ઈન્સ્પેકટરનાઓએ પોતાની રૂબરૂની ફરિયાદ લખાવેલી. આ ફરિયાદીને ફરિયાદપક્ષ દ્વારા સાહેદ નં.૪૯૯ તરીકે આંક–૨૯૩૦ થી તપાસવામાં આવેલા છે. તેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે સને–૨૦૦૮ના વર્ષમાં સુરત શહેર ઉમરા પોલીસ સ્ટેશનમાં પોલીસ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન તા.૨૭/૭/ ૨૦૦૮ ના રોજ આ સાહેદ પોલીસના માણસો સાથે પોલીસ સબઈન્સ્પેકટર ભગોરા તથા જગદીશભાઈ વિગેરેનાઓ સાથે પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન કલાક ૧૧–૧૫ ના સુમારે માહિતી મળેલી કે સીટીલાઈટ રોડ ઉપર નૂપૂર હોસ્પિટલની સામે પૂર્વ બાજુએ ડિવાઈડરમાં એક રેડીયા જેવુ બોક્ષ પડેલુ છે જે માહિતી આધારે આ સાહેદ તાત્કાલિક સ્થળ ઉપર ગયેલા ત્યાં જઈને જોયુ તો ડિવાઈડરના ઘાસમાં એક અર્ધ ચંદ્રાકાર પાર્સલ જેવુ પડેલુ હતુ જે સેલોટેપથી પેકીંગ કરેલુ હતુ. આ અગાઉ અમદાવાદ સીટીમાં થયેલ બોમ્બ વિસ્ફોટનું ટી.વી.માં પ્રસારણ થયેલુ જે આધારે આ સાહેદને લાગેલુ કે આ બોમ્બ છે જેથી સત્વરે પોલીસના એક માણસને કાતર લાવવા સુચના આપેલી, આજુબાજુની ટ્રાફિક લાઈટ બંધ કરાવેલી અને તાત્કાલિક સરકીટના વાયરો કાપી બોમ્બ ડીફ્યુઝ કરેલો. વધુમાં સાહેદની સરતપાસ મુજબ આ બનાવની તાત્કાલિક ઉચ્ચ અધિકારીઓને જાણ કરેલી. આ ડીફ્યુઝ કરેલ બોમ્બ ઉમરા

પોલીસ સ્ટેશનની બાજુમાં આવેલ ડોમની ખુલ્લી જગ્યામાં લઈ ગયેલ અને ત્યાં ઉચ્ચ અધિકારીઓ, એફ.એસ.એલ.ના અધિકારી એન.ડી.પટેલ તથા બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડના માણસો આવી ગયેલા. ત્યારબાદ બે પંચોને બોલાવી પંચનામુ કરવાની સમજ આપેલી. ત્યારબાદ જે સેલોટેપ ઈલેકટ્રોનીકસ ઈન્સ્ટ્રુમેન્ટ હતુ તે, ડીટોનેટર તથા સફેદ ચીકણો પદાર્થ જે ઓઈલ મિશ્રીત હતો તથા ગેલ્વેનાઈઝનું પતરૂ, ખીલ્લીઓ વિગેરે અલગ-અલગ સેમ્પલમાં પૃથક્કરણ અર્થે પ્લાસ્ટિકની ડબ્બીમાં તથા વુડન બોક્ષ સફેદ કાપડમાં વીંટાળી જુદા-જુદા નમૂના એફ.એસ.એલ. અધિકારી રૂબરૂ તેઓની સુચના મુજબ મુદ્દામાલ કબજે લેવામાં આવેલો. પંચો રૂબરૂ જે મુદ્દામાલ કબજે કરેલો તેને દોરી વડે બાંધી લાખનું સીલ પોલીસ ઈન્સ્પેકટર ઉમરા પોલીસ સ્ટેશનનું મારેલુ અને વિગતવાર પંચનામુ કરેલુ. આ બનાવની જે ફરિયાદ આપેલ તે આંક-૨૯૩૧ થી ૨જૂ છે જેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આ સાહેદે પંચોની હાજરીમાં સ્થળ ઉપરથી જે મુદ્દામાલ કબજે કરેલો તે અદાલત રૂબરૂ ખોલીને બતાવતા મુદ્દામાલ ઓળખી બતાવેલો છે.

વધુમાં આ સાહેદની સરતપાસ ધ્યાને લેતા તા.૩/૮/૨૦૦૮ નાં રોજ પોલીસ સ્ટેશનમાં હાજર હતા તે દરમ્યાન ટ્રાફિક એ.સી.પી.નો ફોન આવેલો કે ચોપાટી બસ સ્ટેન્ડ પાસે બસ સ્ટોપમાંથી એડવરટાઈઝીંગના હોર્ડીંગમાંથી એક બોમ્બ મળેલ છે તેવી માહિતી પોલીસ કોન્સ્ટેબલ બહાદુર રામાભાઈ વસાવાએ આપેલી જેથી આ સાહેદ પોલીસ સબઈન્સ્પેકટર ભગોરા તથા સર્વેલન્સના માણસો સાથે સ્થળ ઉપર પહોચી ગયેલા ત્યાં તપાસ કરતા એક લીલા રંગની કોથળીમાં બોમ્બ જે બસ સ્ટોપના હોર્ડીંગ્સની એંગલ સાથે બાંધેલો હતો જેથી સત્વરે ઉચ્ચ અધિકારીઓ તથા બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડ તથા એફ.એસ.એલ. એક્ષપર્ટને સ્થળ ઉપર પધારવા જાણ કરેલી. ટ્રાફિક અને પબ્લિકની સલામતી અંગે બંદોબસ્ત ગોઠવેલો. બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડના માણસો તથા એફ.એસ. એલ. અધિકારી પટેલ આવી ગયેલા અને બસ સ્ટોપ ઉપરથી બોમ્બનું પેકેટ પાછળ આવેલી ચોપાટી ગાર્ડનની ખુલ્લી જગ્યામાં લઈ ગયેલ અને પંચો રૂબરૂ

બોમ્બને બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડના માણસોએ એફ.એસ.એલ. અધિકારીની હાજરીમાં ડીફ્યુઝ કરેલો જેનુ વિગતવાર પંચનામુ કરવામાં આવેલુ. પંચનામા દરમ્યાન બોમ્બમાંથી મળી આવેલ સામગ્રી એક વુડન અર્ધ ચંદ્રાકાર પેકેટ લાકડાની ફ્રેમવાળુ, ફ્રેમ ઉપર લગાવેલ ગેલ્વેનાઈઝ પતરૂ તથા સેલોટેપ જે ઉપર લગાડેલ હતી તે ભુરા, કાળા અને લાલ કલરની હતી તેમજ ફ્યુઅલ ઓઈલ મીશ્રીત છરા, ખીલ્લીઓ તથા પીળો ચીકણો પદાર્થ, ડીટોનેટર નંગ–૨, ઈલેકટ્રીક સરકીટ, ડયુરોસેલ બેટલ બે વોલ્ટની તેમજ વડોદરા ગુજરાત સમાચારની આવૃત્તિ, આ તમામ વસ્તુઓ પંચનામાની વિગતે કબજે કરેલી. આ બનાવોની ફરિયાદ આપેલ જે આ કામે આંક–૨૯૩૨ થી ૨જૂ છે તેમાં પણ આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. જે પંચનામાથી મુદ્દામાલ કબજે કરવામાં આવેલો તે પંચનામુ આંક–૨૬૯૪ થી ૨જૂ છે તેમાં આ સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે. આ ઉપરાંત એફ.એસ.એલ. અધિકારી સુરતનાઓને સ્થળ ઉપર પધારવા જે યાદી લખેલી જે યાદી આ કામે આંક–૨૭૨૭ થી ૨જૂ કરેલી છે જેમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

આંક–૨૭૨૭ વાળી સ્થળ ઉપર પધારવાની યાદી આધારે એફ.એસ.એલ. અધિકારી સાહેદ નં.૪૪૩ નિતીનકુમાર દયારામ પટેલનાઓને આંક–૨૭૨૫ થી તપાસવામાં આવેલા છે. તેઓએ જે જગ્યાએથી બોમ્બ મળી આવેલ તે સ્થળ ઉપર જઈ સ્થળ ચકાસણી કરેલી અને સ્થળ ઉપરથી બોમ્બનું મટીરીયલ જેવુ કે અર્ધ ચંદ્રકાર લાકડાની ફ્રેમ, ગેલ્વેનાઈઝના પતરા અને ખીલ્લીથી ઝડેલી અને તેમાંથી લોખંડના છરા, ચીકણો પદાર્થ, ૯ વોલ્ટની બેટરી તથા ડીટોનેટર વિગેરે કબજે કરવાની સુચના આપેલી અને તપાસ કરનાર અધિકારીએ પંચોની રૂબરૂમાં આ સમગ્રી કબજે કરેલાનું આ સાહેદ જણાવે છે અને તે અંગેનો વિગતવાર પ્રાથમિક અહેવાલ આપેલો જે આંક–૨૭૨૮ મા આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પોલીસ વર્ધીની કોઈ નોંધ રાખેલી નથી તે કબૂલ કરે છે. બોમ્બ પોતાની હાજરીમાં ડીફ્યુઝ થયેલા નથી તો તે હકીકત નકારે છે. બોમ્બના સ્થળ ઉપર

ડીફ્યુઝ કરીને તેના ભાગો છુટા કરી પોલીસ સ્ટેશનમાં લાવેલાની હકીકત નકારી છે. બનાવના સ્થળ ઉપરની વીઝીટનો ઉલ્લેખ પ્રાથમિક અહેવાલમાં નથી તે કબૂલ કરે છે. બોમ્બ કેવી રીતે ડીફ્યુઝ કર્યો તેનો ઉલ્લેખ કરેલો નથી તે કબૂલ કરે છે. તમામ રીપોર્ટસમાં સ્થળ ઉપર જઈ ચકાસણી સબંધે ટેસ્ટ કર્યા હોય તેવો ઉલ્લેખ કરેલો નથી તો તે કબૂલ કરે છે. એમોનિયમ નાઈટ્રેટ સફેદ દાણાદાર પદાર્થના સ્વરુપે હોય છે મોટા ભાગે આ પદાર્થ ખેતીમાં વપરાય છે તે કબૂલ કરે છે. એમોનિયમ નાઈટ્રેટની ચીકાસ કેટલો સમય સુધી જળવાઈ શકે તે અંગે અભ્યાસ કરેલો નથી. પોલીસના કહેવાથી પ્રાથમિક અહેવાલ તૈયાર કરેલાની હકીકત નકારે છે. તપાસ કરનાર અધિકારીએ નિવેદન લીધુ નથી તે કબૂલ કરે છે. એક્ષપ્લોઝીવ સબસ્ટન્ટ સબંધે કોઈ ડીગ્રી ધરાવતા નથી તે કબૂલ કરે છે. વિસ્ફોટક પદાર્થના પરિક્ષણ માટે ફોરેન કીટ આપવામાં આવેલી પરંતુ તેનુ નામ યાદ નથી. મળી આવેલ તમામ પદાર્થોમાંથી ચાન્સ પ્રિન્ટ મળી આવવાની શકયતા હતી તે કબૂલ કરે છે. ફીંગર પ્રિન્ટ, ચાન્સ પ્રિન્ટ અને ફૂટ પ્રિન્ટની કાર્યવાહી કરેલી નથી તે કબૂલ કરે છે.

આમ, આ ફરિયાદ લીધા બાદ સાહેદ રમેશભાઈ સોમાભાઈ પટેલે ગુનો રજીસ્ટર કરવા માટે પી.એસ.ઓ. ડી.સી.બી. પોલીસ સ્ટેશનને મોકલી આપેલી અને પી.એસ.ઓ. ડી.સી.બી. પોલીસ સ્ટેશનનાઓએ આ ફરિયાદને સ્ટેશન ડાયરીમાં રજીસ્ટર કરેલી તે સ્ટેશન ડાયરીની નકલ આ કામે આંક–૧૬૭૩ થી રજૂ કરેલી છે તે રજીસ્ટર કરનાર સાહેદ રામસીંગભાઈ નાથુભાઈ ચૌધરીને સાહેદ નં.૩૨૪ તરીકે આંક–૧૬૭૨ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લેતા તેઓ બનાવના દિવસે પી.એસ.ઓ. તરીકે ડી.સી.બી. પોલીસ સ્ટેશનમાં ફરજ ઉપર હતા ત્યારે એક સૂચિપત્ર પટેલની સહીથી મોકલવામાં આવેલુ અને ગુનો નોંધેલો જેને સ્ટેશન ડાયરી એન્ટ્રી નં.૧૨ આપેલી તથા આ સાહેદે વધુ તપાસ અંગેનો શેરો કરેલો, આંક–૧૬૭૪ ના પાછળના ભાગે સાહેદ શેરાની નીચેના ભાગે પોતાની સહી ઓળખી બતાવે છે.

આ કામે ફરિયાદી રમેશભાઈ સોમાભાઈ પટેલની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલી છે તે ધ્યાને લેતા તા.૨૭/૭/૨૦૦૮ પહેલા કોઈ બોમ્બ મળેલ હોય અને તે ડીફ્યુઝ કરેલ હોય તેવુ બન્યુ નથી. નૂપૂર હોસ્પિટલ પાસે બોમ્બ મળ્યાનું પંચનામુ કરેલ નથી તે કબૂલ કરે છે. નૂપૂર હોસ્પિટલ પાસે મળેલ બોમ્બ સબંધે કોઈની પુછપરછ કરેલ નથી તે કબૂલ કરે છે. ચોપાટી ઉપર લોકોની અવર જવર હોય છે તે કબૂલ કરે છે. આંક–૨૬૯૪ નુ પંચનામુ કર્યું તે પહેલા એફ.એસ.એલ.ના અને બોમ્બ ડીફ્યુઝના માણસો આવી ગયેલાનું કબૂલ કરે છે. ચોપાટી આગળ અને નૂપૂર હોસ્પિટલના બનાવની ફરિયાદ ઉચ્ચ અધિકારીઓના કહેવાથી આપેલ હોવાની હકીકત નકારી છે. બનાવ સબંધે સમર્થન કરતા કોઈ મળેલ હોય તેવી કોઈ વ્યકિતઓના નિવેદનો લીધા નથી તો તે હકીકત નકારે છે. આંક–૨૬૯૪ તથા ૨૫૫૦ ના તૈયાર પંચનામા ઉપર પંચોની સહીઓ લીધાની હકીકત નકારે છે. સ્થળ ઉપર પહોચ્યા ત્યારે લોકો બોમ્બ જોતા હતા તે હકીકત નકારે છે. બોમ્બ ડીફ્યુઝ કરવામાં આવતો હતો ત્યારે આ સાહેદ નજીક ઉભેલા હતા. ડ્યુરાસેલ બેટરીનો ઉપયોગ રેડીયો અને ટોર્ચમાં થાય છે તે કબૂલ કરે છે. બોમ્બ ડીફ્યુઝની કાર્યવાહી દરમ્યાન પંચનામાની કાર્યવાહી ચાલતી હતી તેમ જણાવે છે. બોમ્બના ભાગોના નામ એફ.એસ.એલ.ના અધિકારીઓ બોલતા હતા તે કબૂલ કરે છે. આ પ્રશ્નનો અર્થ એવો થાય કે સ્થળ ઉપરથી બોમ્બ મળેલા છે અને તેના ભાગોના નામ એફ.એસ.એલ. અધિકારીઓ બોલતા હતા તે આરોપીઓ તરફથી કબૂલ કરવામાં આવેલ છે તેવુ કહી શકાય. ચોપાટીવાળા બનાવમાં પહેલા પંચનામુ થયેલુ અને પછી ફરિયાદ કરેલી તે કબૂલ કરે છે. આ સિવાય આરોપીઓને મદદ થાય તેવી હકીકત આ સાહેદની ઊલટતપાસ દરમ્યાન નીકળી આવતી નથી.

સાહેદ રમેશભાઈ સોમાભાઈ પટેલનાઓએ બે પંચોની હાજરીમાં આંક–૨૫૫૦ વાળુ ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરી જે મુદ્દામાલ કબજે કરેલો તે પંચનામાના પંચો પૈકીના પંચ ખેંગારભાઈ માલાભાઈ ભરવાડને સાહેદ નં.૪૩૪ તરીકે આંક–૨૫૪૯ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો

તા.૨૭/૭/૨૦૦૮નાં રોજ ઉમરા પોલીસ સ્ટેશન પાસેથી પસાર થતા હતા ત્યારે પોલીસે તેમને ઉમરા પોલીસ સ્ટેશનની બાજુમાં આવેલ કમ્પાઉન્ડમાં બોલાવેલા, આ વખતે તેમની સાથે બીજા અજયભાઈ પાંડેને પણ બોલાવેલા હતા. ત્યાં ઉમરા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર પટેલ હાજર હતા અને સમજ આપેલી કે સીટીલાઈટથી બોમ્બ મળેલો છે અને તેનુ પંચનામુ કરવાનું છે ત્યાં આગળ એક લાકડાના બોક્ષ જેવુ હતુ તે બતાવવામાં આવેલુ. આ વખતે બોમ્બ સ્કવોર્ડ તથા એફ.એસ.એલ.વાળા પણ હાજર હતા. તેઓએ પણ જણાવેલુ કે આ બોમ્બ સીટીલાઈટથી મળેલો છે અને કોઈ જાનહાની ન થાય તે માટે અહીંયા લાવવામાં આવેલો છે અને તેને ખોલીને જોવાનો છે. આ બોક્ષ હોડી આકારનું લાકડાનું બોક્ષ હતુ, તેની ઉપર બ્લ્યુ કલરની ટેપ મારેલ હતી. બોમ્બ સ્કવોર્ડના માણસોએ તે ખોલેલી, તેને ખીલ્લી તથા પતરા મારેલા હતા. આ બોક્ષમાં પ્લાસ્ટિકની થેલી હતી જેમા છરા હતા, બીજી પ્લાસ્ટિકની થેલીમાં ચીકાસ પડતો પાવડર હતો, એક સર્કીટ હતી તેની સાથે ત્રણ વાયર હતા, એક નવ વોલ્ટની બેટરી હતી તેની સાથે પણ વાયર જોડાયેલા હતા, બે લાંબા ટોટા જેવુ હતુ તેની સાથે પણ વાયર જોડાયેલા હતા, જે છરા હતા તે આશરે ૧.૨૦૦ કીગ્રા હશે, ચીકાસ પડતો પાવડર એક કીલો જેટલો હશે. આ વસ્તુઓનું ઈલેકટ્રીક કાટાથી વજન કરવામાં આવેલુ, છરા તથા પાવડર જેવો ચીકણો પદાર્થ હતો તેમાંથી આશરે ૫૦ ગ્રામ જેટલો કાઢવામાં આવેલો અને છરા પણ તેટલા જ કાઢેલા. ત્યારબાદ બંને અલગ–અલગ પ્લાસ્ટિકની ડબ્બીમાં મુકવામાં આવેલ અને બાકી વધેલા છરા તથા ચીકણા પદાર્થને અલગ–અલગ પ્લાસ્ટિકના ડબ્બામાં પેક કરવામાં આવેલ. સરકીટને પણ પ્લાસ્ટિકની ડબ્બીમાં પેક કરેલી, બેટરી, બે ટેટાને પણ પ્લાસ્ટિકની ડબ્બીમાં પેક કરવામાં આવેલ. પેપરના ત્રણ ડુચા હતા તેને કાપડની થેલીમાં સીલ કરવામાં આવેલા, બોક્ષને પણ કપડામાં પેક કરવામાં આવેલ. તમામ વસ્તુઓ ડબ્બીમાં મુકી દોરા વડે બાંધવામાં આવેલ અને પંચોની સહીઓ વાળી કાપલી મુકી લાખથી સીલ કરેલી. આ તમામ વસ્તુઓ આ સાહેદની હાજરીમાં કબજે કરવામાં આવેલી તેનુ પંચનામુ બનાવેલુ જે આંક–

૨૫૨૫ વાળા પંચનામામાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવી છે તથા આ સાહેદની હાજરીમાં જે કોઈ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ તે તમામ એક પછી એક કોર્ટમાં ખોલીને બતાવતા તમામ મુદ્દામાલ આ સાહેદે ઓળખી બતાવેલો છે અને મુદ્દામાલમાંથી નીકળેલી પંચ સ્લીપો આંક–૨૫૫૧ થી ૨૫૬૫ સુધી રજૂ કરેલી છે તે તમામ પંચ સ્લીપો ઉપર આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

હવે આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવી છે તે ધ્યાને લઈએ તો પોલીસ સ્ટેશનમાં આ સાહેદ ગયા ત્યારે બોમ્બના પાર્ટસ ખુલ્લા હતા તે હકીકત નકારે છે. આજરોજ બતાવવામાં આવેલ મુદ્દામાલ છરા કટાઈ ગયેલા છે તે કબૂલ કરે છે. મારા મત પ્રમાણે બનાવ ૨૦૦૮ની સાલમાં બનેલો છે જયારે આ સાહેદે જુબાની સાત વર્ષ પછી એટલે કે ૨૦૧૫ ની સાલમાં આપેલી છે જેથી લોખંડના છરા સ્વાભાવીકપણે કટાઈ ગયેલા હોય જ. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા મુદ્દામાલ સરકીટ ઉપર ઓળખ સબંધેના કોઈ નિશાન કે લખાણ લખેલ નથી તે કબૂલ કરે છે, પરંતુ મારા મત પ્રમાણે સરકીટ ઉપર ઓળખ સબંધેના કોઈ નિશાન કે લખાણ કરવા જરૂરી હોતા નથી, ઓળખ અને નિશાન સબંધેની હકીકત પંચનામામાં લખવાની હોય છે. ડયુરોસેલ બેટરી ઉપર મેન્યુફેકચરર કે એક્ષપાયરની કોઈ તારીખ જોવા મળતી નથી તે કબૂલ કરે છે. પચાસ ગ્રામ છરા અને પચાસ ગ્રામ ચીકણા પદાર્થનો નમૂનો લીધાની હકીકત પંચનામામાં લખેલી નથી તો તે હકીકત નકારેલી છે. આ સાહેદની હાજરીમાં પંચનામુ થયુ નથી તો તે હકીકત પણ નકારે છે. આ સાહેદ ગ્રાઉન્ડમાં પહોંચ્યા તે પહેલા પોલીસ અને અધિકારીઓએ શું કાર્યવાહી કરેલી તેની ખબર નથી. મારા મત પ્રમાણે ન જ હોય કારણ કે આ સાહેદ ગ્રાઉન્ડમાં પહોંચતા પહેલા શું કાર્યવાહી કરેલી તે જોયેલી નથી માટે આ સાહેદને ખબર ન હોય. વધુ ઊલટતપાસ ધ્યાને લેતાં મુદ્દામાલવાળી વસ્તુઓ પંચો કહેતા હતા તેમ સાહેદ લખતા હતા તે કબૂલ કરે છે. પંચનામાનો કયો ભાગ આ સાહેદે લખાવેલો અને કયો ભાગ અજયભાઈએ લખાવેલો તે કહી શકે તેમ નથી. આ સિવાય બીજી કોઈ

મહત્વની હકીકત આરોપીઓને મદદરૂપ થાય તેવી ઊલટતપાસમાં નીકળી આવતી નથી.

હવે તપાસ કરનાર અધિકારીએ ગુનાવાળી જગ્યા ઉપરથી જે મુદ્દામાલ આંક–૨૫૫૦ ના પંચનામાના આધારે કબજે કરેલો તે મુદ્દામાલ રવાનગી નોંધ સાથે એફ.એસ.એલ. ગાંધીનગરને પૃથક્કરણ માટે મોકલી આપેલો. આ રવાનગી નોંધ આ કામે આંક–૫૭૦૪ થી રજૂ કરેલી છે. આ રવાનગી નોંધમાં જણાવ્યા મુજબના કુલ–૧૦ નમૂના માર્ક–એ થી માર્ક–જે સુધીના એફ. એસ.એલ. ગાંધીનગરને તપાસ અર્થે મોકલેલા છે. આ રવાનગી નોંધ સાહેદ આર.એસ.પટેલનાઓએ બનાવેલી અને સત્તાના પ્રમાણપત્ર સાથે એફ.એસ. એલ. ગાંધીનગરને મોકલી આપેલી. હવે આ મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારી જાનમહમંદ ફકીરમહંમદ મન્સુરીને સાહેદ નં.૮૪૦ તરીકે આંક–૫૭૦૦ થી તપાસેલા છે. એફ.એસ.એલ. દ્વારા મુદ્દામાલ સ્વીકાર્યા અંગેની જે પહોંચ આપવામાં આવેલી તે પહોંચ આ કામે આંક–૫૭૦૭ થી રજૂ કરેલી છે, જેમાં મદદનીશ નિયામક એફ.એસ.એલ. ગાંધીનગરનાઓની સહી છે. આ સાહેદની આ ગુના પુરતી સરતપાસ ધ્યાને લઈએ તો તેમના વિભાગના મદદનીશ નિયામકશ્રી દ્વારા તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ ડી.સી.બી. પોલીસ સ્ટેશન, સુરત શહેરના સેકન્ડ ગુના રજીસ્ટર નં.૩૦૧૯/૨૦૦૮ અન્વયેના કેસનો સ્વિકારવામાં આવેલ મુદ્દામાલ તેમને પૃથક્કરણ અર્થે મળેલો અને તેની સાથે તેને લગતા કાગળોની ફાઈલ પણ આવેલ. સદરહું કામનો મુદ્દામાલ જેવો કે...

- માર્ક–એ સફેદ રંગનો ચીકણો પદાર્થ (એનફો)
- માર્ક–બી લોખંડના છરા જે ફ્યુઅલ ઓઈલ મીશ્રીત
- માર્ક–જી ભુરા લાલ સફેદ તથા પારદર્શક સેલોટેપના ટુકડા
- માર્ક–એચ કાલા રંગના ફાઈબર જેવા કાગળના બે ટુકડા
- માર્ક–આઈ લાકડાનું ગેલ્વેનાઈઝના પતરા સાથેનું સ્ટ્રકચર
- માર્ક–જે ન્યૂઝ પેપરના ડુચા

ઉપરોકત નમૂનાનું પૃથક્કરણ પ્રમાણિત રાસાયણિક અને ઉપકરણીય પધ્ધતિએ કરેલ હતું અને પૃથક્કરણના આધારે એવા પરિણામ પર આવેલ કે નમૂના માર્ક–એ માં એમોનિયમ, પોટેશીયમ, સોડીયમ અને નાઈટ્રેટ મુલકો તથા પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સ ઓઈલ (પેરાફીલ ઓઈલ પ્રકાર)ની હાજરી શોધાયેલ તથા નમૂના માર્ક–બી, જી, એચ, આઈ તથા જે માં એમોનિયમ, પોટેશીયમ, સોડીયમ અને નાઈટ્રેટ મૂલકોની હાજરી શોધાયેલ છે.

આમ ઉપરોકત પરિણામને આધારે સાહેદના અભિપ્રાય મુજબ...

૧. પૃથક્કરણના પરિણામમાં શોધાયેલ એમોનિયમ નાઈટ્રેટ અને પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન ઓઈલનું મિશ્રણ એ એમોનિયમ નાઈટ્રેટ બેઝ એમોનિયમ નાઈટ્રેટ–ફયુલ ઓઈલ (એનફો) હાઈ એક્ષપ્લોઝીવના ઘટકો છે. જેને ફોડવા માટે ડીટોનેટરનો ઉપયોગ થાય છે.

૨. નમૂનાઓમાંથી મળેલ ધાતુના છરાનો ઉપયોગ હાથ બનાવટના બોમ્બમાં મીસાઈલ્સ તરીકે થાય છે.

૩. પૃથક્કરણનું પરિણામ તથા નમૂનાઓમાંથી મળેલ બેટરી, ઈલેક્ટ્રોનીક સરકીટ, છરા તથા હોડી આકારના લાકડાના ધાતુના પતરાના સાથેના કન્ટેનરના આધારે એવું કહી શકાય કે હોડી આકારના લાકડાના ધાતુના પતરા ધરાવતા કન્ટેનરમાં એનફો એક્ષપ્લોઝીવ પદાર્થ ભરી, છરા ઉમેરી તથા ડીટોનેટરનો ઉપયોગ કરીને ટાઈમ ડીલે ડીવાઈસ પ્રકારનો આઈ.ઈ.ડી. બોમ્બ બનાવી શકાય.

આ પ્રમાણેનો આ સાહેદે અહેવાલ આપેલો જે આ કામે આંક–૫૭૦૮ થી રજૂ કરેલો છે તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ સાહેદની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી છે. અમદાવાદમાં થયેલ સીરીયલ બોમ્બ બ્લાસ્ટનાં ઘણા બનાવોવાળી જગ્યા ઉપરથી કબજે કરવામાં આવેલ ઘણા મુદ્દામાલનું પૃથક્કરણ તથા સુરત શહેરમાં થયેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં પણ જે તે સ્થળેથી કબજે કરવામાં આવેલ મુદ્દામાલનું પૃથક્કરણ આ સાહેદે કરેલુ છે. તેઓની ઊલટતપાસ

જનરલ અને સામાન્ય છે. જેની હકીકત અગાઉના ગુનાઓમાં પણ જણાવેલી છે. આરોપીઓ તરફથી કરવામાં આવેલ ઊલટતપાસ ધ્યાને લેતા એફ.એસ.એલ. કચેરી ગાંધીનગર ખાતે જે કંઈ કામગીરી કરવામાં આવે છે તે બાબતે તેમજ ઑફિસના વહીવટી સંબંધે પ્રશ્નો પુછવામાં આવેલા છે પરંતુ તેથી કરીને આ સાહેદે આ મુદ્દામાલનું પૃથક્કરણ કરેલ નથી તે હકીકત ફલિત થતી નથી.

ત્યારબાદ આ કામે રવાનગી નોંધ આંક–૫૭૦૪ પૈકીના કેટલાક મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારી હિતેશ જયંતિલાલ ત્રિવેદીને સાહેદ નં. ૮૩૫ તરીકે આંક–૫૬૩૧ થી તપાસેલ છે. તેઓની સરતપાસ ધ્યાને લઇએ તો તેઓ છેલ્લા ૧૮ વર્ષથી એફ.એસ.એલ. ગાંધીનગર તથા અમદાવાદ ખાતે ફરજ બજાવે છે. ૧૯૯૭ ના વર્ષમાં એફ.એસ.એલ. અમદાવાદ ખાતે લેબોરેટરી ટેક્નીશીયન તરીકે જોડાયેલા અને જાન્યુઆરી–૨૦૦૮થી જી.પી.એસ.સી. દ્વારા સિલેકશન થતાં સાયન્ટિફિક ઓફિસર તરીકે પ્રમોટ થયેલ. તેઓએ એમ.એસ. સી., બી.એડ. કરેલ છે. જેમાં એમ.એસ.સી. ભૌતિકશાસ્ત્ર વિષયમાં ઈલેક્ટ્રોનીક સ્પેશ્યલાઈઝેશન સાથે પાસ કરેલ છે. તેમના વિભાગના મદદનીશ નિયામકશ્રી દ્વારા ડી.સી.બી. પોલીસ સ્ટેશન, સુરત શહેરના સેકન્ડ ગુના રજીસ્ટર નં.૩૦૧૯/૨૦૦૮ અન્વયેના કેસનો સ્વીકારવામાં આવેલ મુદ્દામાલ પૈકીનો અમુક મુદ્દામાલ પૃથક્કરણ અર્થે મળેલો અને તેની સાથે તેને લગતા કાગળોની ફાઈલ પણ આવેલ. સદરહુ કામનો મુદ્દામાલ જેવો કે...

- માર્ક–ઈ પ્રીપેડ ઈલેકટ્રોનીક સરકીટ જેના સાથે લાલ, કાળો અને સફેદ વાયર જોડેલો હતો
- માર્ક–એફ ડ્યુરોસેલ કંપનીની નવ વોલ્ટની બેટરી નંગ–૧

ઉપરોકત નમૂનાનું પૃથક્કરણ વૈજ્ઞાનિક પધ્ધતિએ કરેલ હતું અને પૃથક્કરણ મુજબ...

– નમૂના–ઈ ઈલેકટ્રોનીક સરકીટમાં પીસીબીમાં જોવા મળતા કનેકશન અનુસાર ડાયાગ્રામ તૈયાર કરવામાં આવ્યો તથા સરકીટમાં રહેલ PIC16F628 એ માઈક્રો કન્ટ્રોલર આઈ.સી.નું હાર્ડવેર તથા સોફ્ટવેર પ્રોગ્રામના મદદથી તેમા

રહેલ પ્રોગ્રામ રીડ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો તથા સરકીટને બેટરી સાથે જોડાણ કરી તેના વિવિધ જોડાણો પાસે મળતા વોલ્ટેજ મલ્ટિમીટર વડે CSB સરકીટ દ્વારા મળતા પલ્સની ઓસીલોસ્કોપની મદદથી માપવામાં આવ્યા તથા ઈલેકટ્રોનીક સરકીટને બેટરી સાથે જોડી સરકીટનો ટ્રીગ રીંગ ટ્રાન્જીસ્ટર કેટલા સમય બાદ ટ્રીગર થાય છે તેનું પરીક્ષણ કરવામાં આવ્યુ અને તેના આધારે આ સાહેદ એવા અભિપ્રાય ઉપર આવેલા કે સરકીટમાં રહેલ PIEC16F628 એ ઈલેકટ્રીકલ ફલેશ પ્રકારની આઈસી, સીઓબી ટ્રીગરીંગ ટ્રાન્જીસ્ટર જેનર ડાયોડ, રેસીસ્ટન્ટ, કેપેસીટરસ વગેરેની બનેલ હતી તથા સરકીટમાં રહેલ PIEC16F 628 એ ઈલેકટ્રીકલ પ્રોગ્રામેબલ ફલેશ પ્રકારની આઈસીનું હાર્ડવેર તથા સોફટવેર પ્રોગ્રામની મદદથી રીડ કરતા સદર IC code પ્રોટેકટેડ હોવાનું જણાયેલ તથા સરકીટમાં રહેલ સીઓબી ૦.૫ હર્ટઝની ફ્રીકવન્સી જનરેટ કરે છે જે માઈક્રો કન્ટ્રોલરની પીન નં.૩ ઉપર આપે છે તથા ઈલેકટ્રોનીક સરકીટને બેટરી સાથે જોડી પ્રાયોગીક રીતે અવલોકન કરતા સદર સરકીટનું ટ્રીગરીંગ ટ્રાન્જીસ્ટર ટ્રીગર થતો ન હતો. જે સદરહુ નમૂના–ઈ ની સરકીટ ખામીયુકત હોવાનું નિર્દેશ કરે છે.

આ ઉપરાંત નમૂનો–એફ નું પરીક્ષણ કરતા બેટરીનું મલ્ટીમીટર વડે તેના વોલ્ટેજનું માપન કરવામાં આવ્યુ અને આ સાહેદ એવા અભિપ્રાય ઉપર આવેલા કે બેટરી ચાલુ સ્થિતિમાં હતી અને તેનો આઉટપુટ વોલ્ટેજ આશરે ૮.૭ વોલ્ટ હતો. આ પ્રમાણેનો આ સાહેદે અહેવાલ આપેલો જે આ કામે આંક–૫૬૬૪ થી રજૂ કરેલો છે તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ સાહેદની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી છે આ સાહેદે સુરત શહેરમાં બનેલા કુલ–૧૫ બનાવોમાં જે મુદ્દામાલ કબજે કરવામાં આવેલો તે તમામ બનાવોના મુદ્દામાલોનું આ સાહેદે પૃથક્કરણ કરેલુ છે અને આરોપીઓ તરફથી કોઈ ચોકકસ ગુના માટે ઊલટતપાસ કરવામાં આવેલી નથી પરંતુ જનરલ ઊલટતપાસ કરવામાં આવેલી છે. આ સાહેદે ઊલટતપાસમાં જણાવેલી હકીકતો મહિધરપુરા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૨૦૯/૨૦૦૮ ના કામના બનાવ સબંધે રજૂ કરેલ પુરાવામાં

વિગતવાર ચર્ચા કરેલી છે માટે ઊલટતપાસની હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષે આસેન્દ્રસીંગ બંસીધરસીંગને સાહેદ નં.૮૩૧ તરીકે આંક–૫૫૯૪ થી તપાસેલ છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો સને–૨૦૦૨ થી ૨૦૦૫ સુધી તથા ત્યારબાદ સને–૨૦૦૭ થી ૨૦૧૧ સુધી ડેપ્યુટી ચીફ કન્ટ્રોલર ઓફ એક્ષપ્લોઝીવ, ગવર્મેન્ટ ઓફ ઈન્ડિયાના ડેપ્યુટી કન્ટ્રોલર ઓફ એક્ષપ્લોઝીવ તરીકે ફરજ બજાવતા હતા, સને–૨૦૦૮ના અરસામાં તેમની ઑફિસ પહેલો માળ, શ્રધ્ધા કોમ્પલેક્ષ, આર.વી.દેસાઈ રોડ, નવાપુરા, બરોડા ખાતે હતી. તા.૨૮/૭/૨૦૦૮ ના રોજ પોલીસ ઈન્સ્પેકટર, ડી.સી.બી. પોલીસ સ્ટેશન તરફથી પોલીસ કન્ટ્રોલ રૂમ, સુરત શહેરનાઓનો એક ફેકસ મેસેજ તેમની ઑફિસમાં આવેલો અને ડી.સી.બી. પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૩૦૧૯/૨૦૦૮ના કામે મળેલ જેથી લાઈવ ડીટોનેટર કેપ ડીફ્યુઝ કરવાના હોય તેમની ઑફિસે સુરત પોલીસને જાણ કરેલ કે એક્ષપ્લોઝીવસને આઈસોલેટેડ રૂમમાં રાખવા અને ફાયર, ફ્રીકશન, હીટ અને હેઝાર્ડસથી તેનું પ્રિકોશન લેવાનું જણાવેલ. ત્યારબાદ સાહેદની ઑફિસ તરફ પોલીસ ઈન્સ્પેકટર, ડી.સી.બી. પોલીસ સ્ટેશનનાઓ તર્ફે મેળવવામાં આવેલ ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ સાહેબના હુકમની નકલ મોકલેલી અને તે આધારે તેઓ તા.૩૦/૭/૨૦૦૮ ના રોજ ડીસ્ટ્રીકટ ક્રાઈમ બ્રાન્ચ ટુ સુરતની ઑફિસમાં ગયેલા ત્યાં બે સીલબંધ હાલતમાં પ્લાસ્ટિક કન્ટેનર મેળવેલા હતા તે જોયેલા અને તે અંગે ત્યાં જઈને કામગીરી કરેલી. દરેક પ્લાસ્ટિક કન્ટેનરને ખોલ્યા પછી તેમાં એક મેટાલીક ટયુબ મળેલી તે દરેક મેટાલીક ટયુબ ૪૬ એમ.એમ. લંબાઈ અને ૬ એમ.એમ. વ્યાસ ધરાવતી હતી. તેનો એકભાગ બંધ હતો અને બીજા ભાગ ઉપર એક સફેદ કલરનો પ્લગ જેમાં ૭ સે.મી. લંબાઈના બે સફેદ વાયર હતા. આ ટયુબના નીચેના ભાગમાં ગ્રે કલરનું મટીરીયલ મળી આવેલ અને આ પ્લગ ઉપર RECL–6 માર્ક જોવા મળેલ. તેમની આ તપાસ ઉપરથી તેઓ એવા તારણ ઉપર આવેલ કે આ દરેક મેટાલીક ટયુબ જે હતી તે ઈલેક્ટ્રીક ડીટોનેટર

હતા. આ અંગેનો વિગતવારનો રીપોર્ટ તા.૪/૮/૨૦૦૮ ના રોજ તૈયાર કરીને પોલીસ કમિશનરશ્રી, સુરત શહેરને મોકલી આપેલ અને તે રીપોર્ટમાં જણાવ્યા મુજબની નકલો રવાના કરેલી. આ સાહેદને જે ફેકસ મેસેજ મળેલો તે આંક–૫૫૯૫ થી રજૂ રાખેલ છે અને તે ફેકસ મેસેજની આ સાહેદને તેમની ઑફિસ તરફથી જાણ કરવામાં આવેલી તે યાદી આંક–૫૫૯૬ થી રજૂ છે તથા ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ સાહેબનો હુકમ આંક–૫૫૯૭ થી રજૂ છે. આ ઉપરાંત ડી.સી.બી. પોલીસ સ્ટેશન તરફથી જે યાદી મોકલવામાં આવેલી તે યાદી આંક–૫૫૯૮ થી રજૂ છે જેમા ડેપ્યુટી કન્ટ્રોલર એક્ષપ્લોઝીવ, ડૉ. અનુજ કુમારે રીસીવ કરેલ જે સહી આ સાહેદ ઓળખી બતાવે છે. આ સાહેદે પોતાની કામગીરી અંગેનો જે રીપોર્ટ તૈયાર કરેલો જે આંક–૫૫૯૯ થી રજૂ રાખેલ છે જેમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા તેમની ઑફિસમાં જે કંઈ પત્ર વ્યવહાર થાય છે તે ચીફ કન્ટ્રોલર થકી થાય છે. આંક–૫૫૯૮ ના પત્ર ઉપર ઈન્વર્ડનો કોઈ સિક્કો નથી તેમ જણાવે છે. ડીટોનેટરનું પરીક્ષણ પોલીસ સ્ટેશનમાં કરવામાં આવે છે અને નાશની કાર્યવાહી ગામના છેવાડે કરવામાં આવે છે તેમ જણાવે છે. નાશ કરવાની કાર્યવાહી દરમ્યાન આ સાહેદ તથા પોલીસ સિવાય બીજુ કોઈ હાજર ન હતુ. ડીટોનેટર જીવીત છે કે મરણ પામેલ છે તે જાણવા માટે તેનો ઉપયોગ કરેલો નથી તો તે હકીકત નકારે છે. અભિપ્રાય સિવાય વિશેષ પરીક્ષણ કરેલુ નથી તે કબૂલ કરે છે. દરેક ઉત્પાદિત ડીટોનેટર ઉપર કોઈ આગવી ઓળખ હોતી નથી એમ જણાવે છે. કોર્ટના હુકમ સિવાય પણ પોલીસ કસ્ટડીના ડીટોનેટર નાશ કરી શકાય નહીં તો તે હકીકત નકારે છે. નાશની કાર્યવાહી કરતા પહેલા કોર્ટનો હુકમ મેળવેલો છે તેમ જણાવે છે. નાશની કાર્યવાહીનો રીપોર્ટ કોર્ટને મોકલેલો નથી. કોર્ટના હુકમમાં માત્ર ડીટોનેટરને ડીફ્યુઝ કરવાનો હુકમ કરેલો હતો તો તે કબૂલ કરેલ છે. આ પ્રશ્નનો અર્થ એવો થાય કે કોર્ટે ડીટોનેટર ડીફ્યુઝ કરવાનો હુકમ કરેલ હોવાની હકીકત આરોપીઓ તરફથી કબૂલ કરવામાં આવેલ છે તેમ કહી શકાય અને આ ડીટોનેટર ત્યારે જ

ડીફ્યુઝ કરવામાં આવ્યા હોય જો તે મળી આવ્યા હોય માટે આ ડીટોનેટર સ્થળ ઉપરથી મળેલા છે અને તેને ડીફ્યુઝ કરવામાં આવેલા છે.

ત્યારબાદ આ કામે તપાસ કરનાર અધિકારી શ્રી એન.બી.પરમાર મદદનીશ પોલીસ કમિશનરે બનાવવાળી જગ્યા ઉપર નકશો બનાવવા માટે મામલતદાર, સુરત શહેરને એક યાદી લખેલી જે યાદી આ કામે આંક–૭૫૫૮ થી રજૂ કરેલી છે અને નાયબ પોલીસ અધીક્ષક શ્રી એન.બી.પરમારને સાહેદ નં. ૧૧૫૪ તરીકે તપાસેલ છે તેઓએ તેઓની જુબાનીમાં તેમની સહી ઓળખી બતાવેલી છે.

આંક–૭૫૫૮ વાળી યાદીના આધારે સર્કલ ઑફિસર હિતેન્દ્રકુમાર ગુલાબભાઈ નાયકનાઓએ ગુનાવાળી જગ્યા ઉપર જઈ નકશો બનાવેલો તેઓને આ કામે સાહેદ નં.૧૦૮૭ તરીકે આંક–૭૫૫૭ થી તપાસેલા છે. તેમની સરતપાસ પ્રમાણે તેઓને તપાસ કરનાર અધિકારીશ્રી એન.બી.પરમાર દ્વારા ઉમરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સીટીલાઈટ રોડ, નૂપૂર હોસ્પિટલની સામે આવેલ ડિવાઈડર ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલો તે જગ્યા ઉપર જઈ નકશો બનાવવા માટેની યાદી મળેલી તે આંક–૭૫૫૮ ની યાદી મળ્યા બાબતે યાદી ઉપર તેમણએ પોતાની સહી ઓળખી બતાવી છે અને તે યાદીના આધારે સ્થળ ઉપર જઈ નકશો બનાવેલો તે નકશો આ કામે આંક–૭૫૫૯ થી રજૂ કરેલો છે જેમા આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. સદર નકશામાં જે જગ્યાએથી બોમ્બ મળી આવેલો તે જગ્યા લાલ કલરથી બતાવેલી છે.

આ સાહેદની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી છે તે ધ્યાને લેતા આ સાહેદે સુરત બોમ્બ પ્લાન્ટેશનના બનાવોવાળી જગ્યાઓનું નિરીક્ષણ કરીને નકશાઓ બનાવેલા છે. આ સાહેદની ઊલટતપાસ આરોપીઓ તરફથી કોઈ ચોકકસ ગુના સબંધે કરેલ નથી પરંતુ તમામ બનાવો સબંધે સંયુકત ઊલટતપાસ કરેલ છે. આ સાહેદે ઊલટતપાસમાં જણાવેલી હકીકતોની ચર્ચા સુરત શહેરના મહિધરપુરા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર

નં.૨૦૯/૨૦૦૮ નાં બનાવના કામે આ કામમાં જે પુરાવા રજૂ થયેલા છે તે દરમ્યાન વિગતવાર કરવામાં આવેલી છે જેથી ઊલટતપાસની હકીકતનું પુનરાવર્તન કરવામાં આવેલ નથી.

(૫૦.૦૨) <u>ડી.સી.બી. પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૩૦૧૯/૨૦૦૮ ના કામે બનાવ નં.૧ ના સમર્થન માટે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકનઃ–</u>

ઉમરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સીટીલાઈટ રોડ, નૂપૂર હોસ્પિટલની સામે આવેલ ડિવાઈડર ઉપર બોમ્બ બ્લાસ્ટના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલ છે તે માટે ફરિયાદપક્ષ દ્વારા ભરતભાઈ સુરેશભાઈ પાટીલને સાહેદ નં.૪૪૨ તરીકે આંક–૨૭૦૭ થી તપાસવામાં આવેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૮/૭/૨૦૦૮ ના રોજ સવારના આઠ વાગ્યાની આસપાસ પોલીસે સીટીલાઈટ રોડ પ્રેમ પ્રકાશ આશ્રમ રોડ ચોક પાસે બોલાવેલા ત્યાં બીજા એક યુવરાજને પણ બોલાવેલા હતા. પોલીસે ત્યાં પંચનામુ કરવાની સમજ આપેલી. આ જગ્યાએ એક લલ્લુભાઈ ઠાકોર પણ હાજર હતા અને તેમને જગ્યા બતાવેલી તે જગ્યા તેરાપંથ ભવન આગળ ઉત્તર બાજુ ન્યુ જનતા આઈસ્ક્રીમ તથા દક્ષિણે અશોક પાન હાઉસ તથા ઉધના મગદલ્લા તરફ જવાનો રસ્તો હતો. એકબાજુ વાસ્તુ પુજન એપાર્ટમેન્ટ તરફ જવાનો રોડ હતો ત્યાં હાજર લલ્લુભાઈએ પંચોને તથા પોલીસને જગ્યા બતાવેલી. આ જે જગ્યા જોઈ તે લખી લેવામાં આવેલી. આ બાબતનું જે પંચનામુ કરેલુ તે આંક–૨૭૦૮ થી રજૂ રાખેલ છે અને પંચનામામાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી શીવકુમાર રામપ્રસાદ વિજયવર્ગીયને સાહેદ નં.૫૫૫ તરીકે આંક–૩૦૨૧ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે જુલાઈ–૨૦૦૮ ના અરસામાં આ સાહેદ સીટીલાઈટ રોડ, ભગવતી આશીષ કોમ્પ્લેક્ષ વિભાગ–૨ માં ન્યુ જનતા આઈસ્ક્રીમ પાર્લરની દુકાન ધરાવતા હતા. તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ પોતાના ધંધા પર હતા ત્યારે બપોરના બે–અઢી વાગ્યાના સુમારે ટીવી ન્યૂઝ જોતા જાણવા મળેલુ કે સીટી

લાઈટ વિસ્તારમાં નૂપૂર હોસ્પિટલ પાસેથી જીવતો બોમ્બ મળી આવેલો છે. ત્યારબાદ પોલીસ આ સાહેદની દુકાન સામે સર્કલ ઉપર તપાસ કરવા આવેલી ત્યારે સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના દબાણ ખાતાના કર્મચારીઓ દ્વારા તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સવારના ૧૧–૦૦ વાગ્યાના સુમારે આ સાહેદની દુકાન સામે સર્કલ ઉપર લગાડેલ ધાર્મિક પ્રવચન અંગેના બેનરો કાઢવામાં આવતા હતા ત્યાં સર્કલમાંથી જીવતો બોમ્બ મળી આવેલ તે મ્યુનિસિપલ કર્મચારીઓ રેડીયો જેવુ સાધન સમજીને લઈ ગયેલા અને પાછળથી આ સાધન બોમ્બ હોવાનું જણાતા નૂપૂર હોસ્પિટલની સામે બાજુમાં આવેલ સર્કલ પાસેના ડિવાઈડરમાં આવેલ લીલા ઘાસમાં મુકી ગયેલાનું જાણવા મળેલાનું જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી ડોંગર મહાદુ બાંગલેને સાહેદ નં.૫૭૩ તરીકે આંક–૩૦૭૩ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે જુલાઈ–૨૦૦૮ ના અરસામાં સીટીલાઈટ રોડ ઉપર આવેલ ભગવતી આશીષ કોમ્પ્લેક્ષની પાસે મોચી કામનો ધંધો કરતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સુરત મ્યુનિસિપલ કર્મચારીએ સીટીલાઈટ સર્કલની અંદરથી કોઈક વસ્તુ જોતા તે રેડીયો જેવુ લાગેલુ અને તે સાથે લઈ ગયેલા ત્યારબાદ પાછળથી તે વસ્તુ નૂપૂર હોસ્પિટલ સામે નાખી આવેલા તેમ જણાવે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી રાજેશસીંગ સમશેરસીંગ રાજપુતને સાહેદ નં.૫૮૩ તરીકે આંક–૩૧૧૬ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે જુલાઈ–૨૦૦૮ ના અરસામાં સીટીલાઈટ રોડ ઉપર આવેલ ભગવતી આશીષ કોમ્પ્લેક્ષના ફુટપાથ ઉપર પાનનો ગલ્લો ચલાવતા હતા. તા. ૨૭/૭/૨૦૦૮ ના રોજ બપોરના સમયે જાણવા મળેલુ કે સીટીલાઈટ સર્કલ પાસેથી મળી આવેલ બોમ્બ ત્યાંથી લઈને તે સ્થળેથી નજીક આવેલ નુપુર હોસ્પિટલ સામે ફેકવામાં આવેલો. આ બનાવની જાણ પોલીસને થતા બોમ્બ સ્કવોર્ડના માણસો ત્યાં આવેલા અને સ્થળેથી મળી આવેલ બોમ્બ નિષ્ક્રીય કરેલાનું જણાવે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી સનીયા પુરષોત્તમ લીન્કાને સાહેદ નં.૬૧૪ તરીકે આંક–૩૨૫૦ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે જુલાઈ ૨૦૦૮ માં નૂપૂર હોસ્પિટલમાં વોચમેન તરીકે નોકરી કરતા હતા. તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ તેઓ હોસ્પિટલમાં ફરજ પર હતા ત્યારે લગભગ ૧૧–૪૫ વાગ્યાના સુમારે હોસ્પિટલની સામે લોકોનુ ટોળુ ભેગુ થયેલુ ત્યાં સર્કલની બાજુમાં આવેલ રોડની વચ્ચેના ભાગે ઘાસમાં કોઈક બોમ્બ મુકી ગયેલ હોવાનું જાણવા મળેલ ત્યારબાદ ત્યાં પોલીસ આવી ગયેલ. આ સાહેદ પાસે પોલીસે કાતર માંગેલી જે હોસ્પિટલમાંથી લાવીને આપેલાનું જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી કમલેશ ક્રિષ્ણકાંત મોદીને સાહેદ નં.૬૫૮ તરીકે આંક–૩૩૧૦ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે સને ૨૦૦૮ ના અરસામાં આ સાહેદ એસ.એમ.સી.માં દબાણ ખાતામાં ફરજ બજાવતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ તેમની ફરજ ઉધના મગદલ્લા રોડ ઉપર આવેલ એવરસાઈન માર્બલ રોડ ઉપર આવેલા ઝુપડા હટાવવાની કામગીરી હતી અને ત્યાં તે દિવસે ઝુપડા દુર કરેલા. ત્યારબાદ સીટીલાઈટ રોડ ઉપર આવીને બેનરો વિગેરે કાઢતા હતા. એક બેનર જનતા આઈસ્ક્રીમ પાસે સર્કલની ગ્રીલ ઉપર લગાવેલ હતુ તે દુર કરેલુ. આ બેનર દુર કરતી વખતે આ સાહેદના સાથી બેલદાર લલ્લુભાઈને એક પેકેટ મળેલુ જે આ સાહેદને બતાવેલુ. આ વસ્તુ કામની નહીં હોવાનું જણાવતા મુકી દેવાનું કહેલુ અને તેમણે આ પેકેટ નુપુર હોસ્પિટલના સર્કલ પાસે મુકી દીધેલુ. આ પેકેટ ગ્રીન કલરની પોલીથીન બેગમાં વીટેલુ હતુ. ત્યારબાદ કામગીરી પુરી કરીને આ સાહેદ ઘરે ગયેલા અને બીજા દિવસે તે બોમ્બ હોવાનું જાણવા મળેલુ તેમ જણાવે છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા કર્મચારીના અંગત સરસામાન અંગે કોઈ તપાસ કરતા નથી તે કબૂલ કરે છે. ટીવીમાં સમાચાર જોયેલા તે સમાચારના વાચક કોણ હતા તેની ખબર નથી. સર્કલ પાસેથી નુપુર હોસ્પિટલ ૫૦૦ મીટરની અંદર આવેલી છે તે કબૂલ કરે છે. આ સિવાય કોઈ બીજી હકીકત ઊલટતપાસમાં બહાર આવતી નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી જયરાજ માધુભા ગઢવીને સાહેદ નં.૬૫૫ તરીકે આંક–૩૩૧૮ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે જુલાઇ ૨૦૦૮ માં ઉમરા પોલીસ સ્ટેશન ખાતે કોન્સ્ટેબલના હોદ્દા પર ફરજ બજાવતા હતા. તા.૨૮/૭/૨૦૦૮ ના રોજ અમદાવાદમાં થયેલ બોમ્બ ધડાકાની તકેદારીના ભાગરૂપે પોલીસ સબઇન્સ્પેકટર ભગોરા તથા પોલીસ ઇન્સ્પેકટર પટેલનાઓ સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન પટેલનાઓને ૧૧–૧૫ કલાકે બાતમી મળેલી કે સીટીલાઈટમાં નુપુર હોસ્પિટલ પાસેના રોડના ડીવાઈડર પાસે એક રેડીયો જેવુ શંકાસ્પદ વસ્તુ પડેલ છે જેથી બધા ત્યાં પહોંચેલા. સાવચેતીપૂર્વક જોતા બહારના ભાગે વાયર જોઈન્ટ હતા અને અર્ધ ચંદ્રાકાર ભુરા કલરની સેલોટેપ લગાડેલ ટ્રાન્જીસ્ટર જેવી દેખાતી વસ્તુ બોમ્બ હોવાનું અનુમાન કરેલુ. ત્યારબાદ યુકિત વાપરી વાયરના છેડા છોડી ડીફ્યુઝ કરેલ અને લોકહિત જોખમાય નહીં તે માટે આ બોમ્બ પોલીસ સ્ટેશનની બાજુની ખુલ્લી જગ્યામાં લઈ ગયેલા. ત્યારબાદ બોમ્બ ડીસ્પોઝલ અધિકારીઓ, એફ.એસ.એલ. અધિકારીઓ આવેલા અને બોમ્બ ડીફ્યુઝ કરી તેમાંથી નીકળેલી વસ્તુઓ પંચનામાની વિગતે તપાસ અર્થે કબજે કરેલ તેમ જણાવે છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા બનાવના દિવસે કરેલ કાર્યવાહીની નોંધ રાખી નથી તે કબૂલ કરે છે. આ નોંધ પોતાની અંગત ડાયરીમાં પણ કરેલ નથી તે કબૂલ કરે છે. બાતમી મળી તે જગ્યાએથી ઉમરા પોલીસ સ્ટેશન અર્ધો કી.મી. દુર છે તેમ જણાવે છે. બાતમી મળ્યા પછી ઉપલા અધિકારીએ શું કાર્યવાહી કરી તે આ સાહેદ કહી શકે તેમ નથી તો તે હકીકત નકારી છે. નૂપૂર હોસ્પિટલ પાસે પંચનામુ થયુ નથી તે કબૂલ કરે છે. એફ.એસ.એલ. અને બોમ્બ ડીફ્યુઝ ટીમ નૂપૂર હોસ્પિટલ પાસે આવી નથી તે કબૂલ કરે છે. એફ.એસ.એલ. અધિકારીને કયા સમયે વર્ધી લખાવેલી તે આ સાહેદ કહી શકે તેમ નથી. બનાવ સબંધે આ સાહેદે જાતે ઉમરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલ નથી પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદના ઉપરી અધિકારીએ ફરિયાદ આપેલી હોય આ સાહેદ એક જ

બનાવની ફરિયાદ આપે નહીં તે સ્વાભાવિક છે. શંકાસ્પદ વસ્તુ સબંધે આ સાહેદની હાજરીમાં કોઈ કાર્યવાહી થયેલી નથી તો તે હકીકત નકારે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી આર.આર.ભગોરાને સાહેદ નં.૬૫૪ તરીકે આંક–૩૩૦૧ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે જુલાઇ ૨૦૦૮ માં આ સાહેદ ઉમરા પોલીસ સ્ટેશનમાં પોલીસ સબઇન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા. તે વખતે પોલીસ ઇન્સ્પેકટર પટેલ હતા. તા.૨૮/૭/૨૦૦૮ નાં રોજ આ સાહેદ, પોલીસ ઇન્સ્પેકટર તથા બીજા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે ૧૧–૧૫ કલાકે પોલીસ ઇન્સ્પેકટરને બાતમી મળેલી કે સીટીલાઈટમાં નૂપૂર હોસ્પિટલ પાસેના રોડના ડિવાઈડર પાસે એક રેડીયો જેવુ શંકાસ્પદ વસ્તુ પડેલ છે જેથી બધા ત્યાં પહોંચેલા. સાવચેતીપૂર્વક જોતા બહારના ભાગે વાયર જોઈન્ટ હતા અને અર્ધ ચંદ્રાકાર ભુરા કલરની સેલોટેપ લગાડેલ ટ્રાન્જીસ્ટર જેવી દેખાતી વસ્તુ બોમ્બ હોવાનું અનુમાન કરેલુ. ત્યારબાદ પોલીસ ઇન્સ્પેકટર પટેલે તેની ઉપર લગાડેલ સેલોટેપ તથા વાયરના છેડા છોડી ડીફ્યુઝ કરેલ અને લોકહીત જોખમાય નહીં તે માટે આ બોમ્બ પોલીસ સ્ટેશનની બાજુની ખુલ્લી જગ્યામાં લઈ ગયેલા. ત્યારબાદ બોમ્બ ડીસ્પોઝલ અધિકારીઓ, એફ.એસ.એલ. અધિકારીઓ આવેલા અને બોમ્બ ડીફ્યુઝ કરી તેમાંથી નીકળેલ છરા, બેટરી, ચીકણો પદાર્થ વિગેરે વસ્તુઓ પંચનામાની વિગતે તપાસ અર્થે કબજે કરેલ તેમ જણાવે છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા બોમ્બમાં કઈ–કઈ વસ્તુ વપરાતી હોય અને કયા પદાર્થનો સમાવેશ થાય છે તેની જાણકારી નથી. પ્રથમ ઘટનાની બાતમી કોને મળેલી તે યાદ નથી. બાતમી અંગેની નોંધ લોગબુકમાં પોલીસ ઇન્સ્પેકટર પટેલે કરી હોય તેવુ બન્યુ નથી. આ સાહેદ પોતાની દૈનિક ડાયરી રાખતા હતા તેમ જણાવે છે. ડાયરીની નોંધમાં ઉચ્ચ અધિકારીની સહી લેવામાં આવે છે તે કબૂલ કરે છે. પટેલે બોમ્બ સંબંધે કઈ–કઈ યુકિતઓ વાપરેલી તેની ખબર નથી. બનાવ સંબંધે કયા અધિકારીએ શું કામગીરી કરી તે ચોકકસ યાદ નથી. આ સિવાય કોઈ બીજી મહત્વની હકીકતો આરોપીઓને મદદરૂપ થાય તેવી નીકળી આવતી નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી લલ્લુભાઈ ઠાકોરભાઈ પટેલને સાહેદ નં.૬૬૮ તરીકે આંક–૩૩૨૧ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે ૨૦૦૮ના વર્ષમાં અઠવા ઝોનમાં દબાણ ખાતામાં કાયમી બેલદાર તરીકે નોકરી કરતા હતા. તેમની કામગીરીમાં દબાણ હટાવવાના, ગેરકાયદેસર લારી ગલ્લા હટાવવા, બેનરો તથા હોર્ડીંગ્સ હટાવવાની હતી. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ આ સાહેદ ઉધના મગદલ્લા રોડ ઉપર ઝુપડા કાઢવા ગયેલા અને ત્યાંથી સીટીલાઈટ વિસ્તારમાં જઈને બોર્ડ દુર કરેલા. જે જગ્યાએ બોર્ડ દુર કરેલુ ત્યાં જનતા આઈસ્ક્રીમવાળી જગ્યા હતી. આ જગ્યા પાસેના સર્કલ પાસેથી એક વસ્તુ મળેલી જેને આ સાહેદે એફએમ રેડીયો હશે તેમ માનીને ગાડીમાં મુકેલ જેથી તેમની સાથેના મોદી સાહેબ ખીજાયેલા અને કહેલુ કે આવી કોઈ વસ્તુ લેવાની નહીં ત્યારબાદ આ વસ્તુને નૂપૂર હોસ્પિટલના સર્કલ પાસે મુકી દીધેલાનું જણાવે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી જીતેન્દ્ર ઉર્ફે પપ્પુ રવિકાન્ત ભટ્ટને સાહેદ નં.૬૭૦ તરીકે આંક–૩૩૨૫ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે સને–૨૦૦૮ના વર્ષમાં સીડી કેસેટની લારી ઉપર ધંધો કરતા હતા. તેઓની બીજી લારી સીટીલાઈટ નૂપૂર હોસ્પિટલ પાસે પણ હતી. તા. ૨૭/૭/૨૦૦૮ ના રોજ એ.એમ.સી.ના દબાણ ખાતાના સાહેબ કમલેશનો સવારે ફોન આવેલો અને જણાવેલુ કે જનતા આઈસ્ક્રીમનુ સર્કલ છે ત્યાં સાફ સફાઈ કરતા બેલદારને એક પાર્સલ મળેલ છે તે પાર્સલ એફએમ રેડીયો સમજીને લઈ આવેલા છે ત્યારબાદ કમલેશે તે બેલદારને કહેલુ કે "આ એફએમ નથી કચરાના ડબ્બા જેવુ છે તેને ફેકી દો" જેથી તેને નૂપૂર હોસ્પિટલ સામે બેલદાર લલ્લુભાઈએ ફેકેલુ હતુ. ત્યારબાદ કમલેશે જણાવેલ કે તેમણે ટીવી ઉપર રાત્રે જોયેલુ કે અમદાવાદમાં બોમ્બ બ્લાસ્ટ થયેલા છે તેવુ પેકેટ લલ્લુભાઈને મળેલુ તે ફેકી દીધેલુ છે ત્યારબાદ પોલીસને જઈને તાત્કાલિક જાણ કરવાનું પણ કહેલુ જેથી આ સાહેદ પોલીસ સ્ટેશને ગયેલા અને જાણ કરેલી અને સાહેબને સ્થળ ઉપર લઈ ગયેલા સાહેબે ત્યાં તે પેકેટ ખોલેલુ ત્યારે લીલા કલરની પોલીથીન બેગમાં તે

પેક હતુ અને તે બોમ્બ હતો. પોલીસે ડીફ્યુઝ કરવાની કામગીરી કરેલાનું જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી જગદીશકુમાર ઈશ્વરલાલ પરમારને સાહેદ નં.૭૭૪ તરીકે આંક–૩૫૭૯ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ ઉમરા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા. અમદાવાદ શહેરમાં થયેલ બોમ્બ બ્લાસ્ટના અનુસંધાને બનાવના દિવસે પેટ્રોલીંગમાં હતા તે વખતે ૧૧–૧૫ ના અરસામાં બાતમી મળેલી કે સીટીલાઈટમાં નુપુર હોસ્પિટલ પાસેના રોડના ડીવાઈડર પાસે એક રેડીયો જેવુ શંકાસ્પદ વસ્તુ પડેલ છે જેથી બધા ત્યાં પહોંચેલા. સાવચેતીપૂર્વક જોતા બહારના ભાગે વાયર જોઈન્ટ હતા અને અર્ધ ચંદ્રાકાર ભુરા કલરની સેલોટેપ લગાડેલ ટ્રાન્જીસ્ટર જેવી દેખાતી વસ્તુ બોમ્બ હોવાનું અનુમાન કરેલુ. ત્યારબાદ યુકિત વાપરી વાયરના છેડા છોડી ડીફ્યુઝ કરેલ અને લોકહીત જોખમાય નહીં તે માટે આ બોમ્બ પોલીસ સ્ટેશનની બાજુની ખુલ્લી જગ્યામાં લઈ ગયેલા. ત્યારબાદ બોમ્બ ડીસ્પોઝલ અધિકારીઓ, એફ.એસ.એલ. અધિકારીઓને બોલાવવા તજવીજ કરેલી અને એન.ડી.પટેલ આવેલા અને તેમણે જગ્યાનુ નિરીક્ષણ કરેલુ અને તેમની સુચના મુજબ બોમ્બ ડીસ્પોઝલ ટીમે બોમ્બ ડીફ્યુઝ કરી તેમાંથી નીકળેલી વસ્તુઓ પંચનામાની વિગતે તપાસ અર્થે કબજે કરેલી તેમ જણાવે છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા મેદાનમાં કોઈ પબ્લીક ભેગી થયેલી નહીં પરંતુ પોલીસ અધિકારીઓ ભેગા થયેલા તેમ જણાવે છે. બોમ્બની સઘળી કાર્યવાહી ઉમરા પોલીસ સ્ટેશનના મેદાનમાં કરેલાનું જણાવે છે. આ સાહેદે જે કંઈ કામગીરી કરેલી તે પટેલ સાહેબની સુચના મુજબ કરેલાનું જણાવે છે. પટેલ સાથે આ સાહેદે જે કામગીરી કરેલી તેની નોંધ પોલીસ ડાયરીમાં કરેલી નથી તેમ જણાવે છે. પંચનામાના પંચોના નામ ખબર નથી. આ સાહેદ સ્થળ ઉપર ગયેલા નથી કે તેમની હાજરીમાં કોઈ કાર્યવાહી થયેલી નથી તો તે હકીકત નકારે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી હિતેન્દ્રસિંહ અમરસિંહ સોલંકીને સાહેદ નં.૭૭૬ તરીકે આંક–૩૫૮૨ થી તપાસેલા છે. આ સાહેદની

સરતપાસ પ્રમાણે ૨૦૦૮ ના વર્ષમાં ઉમરા પોલીસ સ્ટેશનમાં પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા. તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ પોલીસ ઇન્સ્પેકટર પટેલ, પોલીસ સબઇન્સ્પેકટર ભગોરા તથા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે ૧૧–૧૫ કલાકે પોલીસ ઇન્સ્પેકટરને બાતમી મળેલી કે સીટીલાઈટમાં નૂપૂર હોસ્પિટલ પાસેના રોડના ડીવાઈડર પાસેના ઘાસમાં તપાસ કરતા એક અર્ધ ચંદ્રાકાર ડબ્બા જેવી ચારેય તરફથી સેલોટેપ ફીટ કરેલ શંકાસ્પદ વસ્તુ જણાઇ આવેલી જેને પોલીસ ઇન્સ્પેકટર સાહેબે સલામત અને સાવચેતીપૂર્વક જોતા બહારના ભાગે વાયર જોઈન્ટ હતા અને આ ટ્રાન્જીસ્ટર જેવી દેખાતી વસ્તુ બોમ્બ હોવાનું અનુમાન કરેલુ. ત્યારબાદ પોલીસ ઇન્સ્પેકટરએ યુકિત વાપરી વાયરના છેડા છોડી ડીફયુઝ કરેલ અને લોકહીત જોખમાય નહીં તે માટે આ બોમ્બ પોલીસ સ્ટેશનની બાજુની ખુલ્લી જગ્યામાં લઈ ગયેલા. ત્યારબાદ બોમ્બ ડીસ્પોઝલ અધિકારીઓ, એફ.એસ.એલ. અધિકારીઓ આવેલા અને બોમ્બ ડીફયુઝ કરી તેમાંથી નીકળેલી વસ્તુઓ પંચનામાની વિગતે તપાસ અર્થે કબજે કરેલી તેમ જણાવે છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા બનાવની બાતમી કયા માધ્યમથી અને કોના થકી મળેલી તે બાબતે પટેલ સાથે વાતચીત થયેલી નથી તેમ જણાવે છે. બોમ્બના પ્રકાર અને બનાવટ સંબંધે આ સાહેદ કાંઈ જાણતા નથી. બોમ્બ ડીફયુઝ કર્યા પછી પોલીસ અધિકારીઓ સાથે બોમ્બ ઉપરની સેલોટેપ દુર કરી તેના પાર્ટસ, છરા, ચીકણો પદાર્થ, ડીટોનેટર વગેરેની સમજ આપી દુર કરતા હતા તેવી કામગીરી કરેલાનું જણાવે છે. આ સાહેદે પોતાની કામગીરી બાબતેની કોઈ ડાયરી કોઈ અધિકારી રૂબરૂ રજૂ કરી હોય કે જાહેર કરેલ હોય તેવુ બનેલુ નથી. બનાવ સંબંધે સ્થળ ઉપર ગયા નથી કે કોઈ કામગીરી કરી નથી તો તે હકીકત નકારી છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી જેસીંગભાઈ મોહનભાઈ પટેલને સાહેદ નં.૧૧૩૭ તરીકે આંક–૮૧૫૬ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે જુલાઇ–૨૦૦૮ ના અરસામાં તેઓ સુરત પોલીસ હેડકવાર્ટર ખાતે બોમ્બ ડિટેકશન એન્ડ બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડમાં ફરજ બજાવતા હતા.

આ અરસામાં તેમની સાથે એ.એસ.આઈ. સુમનભાઇ વનમાળી, મોહનભાઇ ભાયલાભાઇ અને અજયભાઇ માનાભાઇનાઓ પણ ફરજ બજાવતા હતાં. તેઓએ બોમ્બ ડિટેકશન અને બોમ્બ ડિસ્પોઝલ અંગેની તાલીમ સુરત ખાતે હેડ કવાર્ટરમાં તથા કરાઇ એકેડેમી, ગાંધીનગર કે જે પોલીસ તાલીમ શાળા છે ત્યાં મેળવેલી હતી. તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ તેમની ટીમ સાથે પોલીસ હેડ કવાર્ટર, સુરત મુકામે હાજર હતા તે દરમ્યાન કન્ટ્રોલ રૂમ તરફથી આશરે સવારના અગિયાર વાગ્યાની આસપાસ વર્ધી મળેલી કે નુપુર હોસ્પિટલ સામે ડિવાઇડરમાં બોમ્બ જેવી વસ્તુ પડેલી છે જેથી આ સાહેદ તેમની ટીમ સાથે તે જગ્યા ઉપર જવા રવાના થયેલાં. રવાના થયા તે દરમ્યાન રસ્તામાં હતા તે દરમ્યાન કન્ટ્રોલ તરફથી જાણ કરવામાં આવેલી કે આ નૂપૂર હોસ્પિટલની સામેથી મળી આવેલ બોમ્બ ઉમરા પોલીસ ઇન્સ્પેકટરશ્રીએ ડિફ્યુઝ કરેલ છે અને તે બોમ્બ ઉમરા પોલીસ સ્ટેશનની બાજુની ખુલ્લી જગ્યામાં લાવેલ છે જેથી ઉમરા પોલીસ સ્ટેશનની બાજુમાં આવેલ ખુલ્લી જગ્યામાં ગયેલાં અને ત્યાં કેટલાક અધિકારી હાજર હતાં અને ત્યાં જઇને જોયેલું તો બોમ્બના, ડીટોનેટરના અને બેટરીના છેડા કટ કરવામાં આવેલાં હતાં. ત્યારબાદ સાહેદે કટરથી બેટરી અને ઇલેકટ્રીક સર્કિટ છુટી પાડેલી અને ત્યારપછી ગેલ્વેનાઇઝડનુ પતરૂ કે જે અર્ધ ચંદ્રાકાર બોમ્બ ઉપર હતું તેને ખોલેલું ખોલ્યા પછી અંદર જોતાં અંદર પેપર હતું જેને બહાર કાઢતા નીચે પ્લાસ્ટિકની થેલીમાં પીળા રંગનો લુગ્દી જેવો પદાર્થ હતો જેમાં ડીટોનેટર નંગ–૨ લગાવેલાં હતા જેને ખુલ્લા કરેલ અને તેને બહાર કાઢેલ અને તેની નીચેના ભાગે પ્લાસ્ટિકની થેલીની અંદર છરા તથા નટ–બોલ્ટ હતા જે તમામ વસ્તુઓ ખુલ્લી કરી જે તે સ્થિતિમાં સ્થાનિક અધિકારીને સુપરત કરેલાનું જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા ગુજરાત પોલીસમાં ૧૯૯૪ થી જોડાયેલા છે. આર્મ્સ અને એમીનેશનનો કોઈ વિશેષ અભ્યાસ કરેલો નથી. હથિયારો કેમ ચલાવવા તેની ટ્રેનીંગ આપવામાં આવેલાનું કબૂલ કરે છે. બોમ્બના અનેક પ્રકાર હોય છે તે પણ કબૂલ કરે છે. આ સાહેદનો જવાબ કયા પોલીસ અધિકારીએ લીધેલો તે યાદ નથી. બોમ્બ ડિફ્યુઝલ બાબતે કોઈ અંગત ડાયરી

રાખેલી નથી. કઈ તારીખે, કેટલા વાગે, કયા ગયા તેની પણ ડાયરી રાખી નથી. પરંતુ મારા મત પ્રમાણે ડાયરી તપાસ કરનાર અધિકારીએ રાખવાની હોય છે આ સાહેદ તપાસ કરનાર અધિકારી નથી અને સામાન્ય રીતે કોઈ વ્યકિત તપાસ કરનાર અધિકારી સિવાયની હોય તે પોતાની રોજે રોજની કાર્યવાહીની ડાયરી રાખતા હોતા નથી, આ પ્રશ્ન પુછનાર એડવોકેટે પણ રોજેરોજની તેમની કામગીરીની ડાયરી રાખેલી નહીં હોય. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા કયા સ્થળે ચોકકસ કેટલા વાગે પહોંચ્યા તે જણાવેલુ નથી તો તે હકીકત નકારે છે, મેસેજ કયા સ્થળેથી આવ્યો, કોને મોકલ્યો અને કેટલા વાગે મોકલ્યો તેની નોંધ કરવામાં આવે છે તે કબૂલ કરે છે. મેસેજ મળતા તમામ સભ્યો એક સાથે સ્થળ ઉપર જાય છે તે કબૂલ કરે છે. પરંતુ સામાન્ય રીતે ટીમના ચાર સભ્યો જતા હોય છે તેમ જણાવે છે. વાહનમાં મેસેજવાળી જગ્યા ઉપર ગયેલા તે બતાવવા લોગબુક રજૂ કરેલી નથી તે કબૂલ કરેલ છે. મેસેજવાળી જગ્યા પર ગયા તે બતાવવા લેખિત પુરાવો નથી તે પણ કબૂલે છે. પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદ સરકારી વ્યકિત છે પોતાની ફરજના ભાગરૂપે કામગીરી કરે છે જેથી તેઓ સોંગદ ઉપર અદાલત રૂબરૂ જણાવતા હોય કે સ્થળ ઉપર જઈને કામગીરી કરેલી છે તો તે હકીકત નહીં માનવાને કોઈ કારણ નથી. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા જે જગ્યાએ પહોંચ્યા, ત્યાં પહોંચ્યા પછી બોમ્બ ડીફયુઝની કામગીરી શરૂ કરેલાની હકીકત કબૂલ કરે છે. આ પ્રશ્ન આરોપીઓ તરફથી પુછવામાં આવેલો છે તે ધ્યાને લેતા આ સાહેદે સ્થળ ઉપર જઈ બોમ્બ ડીફયુઝ કરવાની કામગીરી કરેલાનું આરોપીઓ તરફથી કબૂલ કરવામાં આવે છે તેમ કહી શકાય. બોમ્બ ડીફયુઝ કર્યા પછી જે મુદ્દામાલ પોલીસ અધિકારીઓને સોપેલો તેની પહોંચ લીધી છે તેમ જણાવે છે પરંતુ મારા મત પ્રમાણે પહોચ લેવી જોઈએ તેવો કોઈ આદેશાત્મક નિયમ નથી. આ સિવાય સમગ્ર ઊલટતપાસ ધ્યાને લેતા આ સાહેદે કયાં અભ્યાસ કરેલો છે તે તથા ટ્રેનીંગ કેટલા સમય લીધેલી તે તથા ઈલેકટ્રીક સરકીટ બનાવવાનો અભ્યાસ કરેલો છે કે નહીં તે તથા સરકીટો કયાં બનતી હોય છે અને કેટલા પ્રકારની હોય છે તે તથા લાયસન્સની જરૂર હોય છે કે કેમ વિગેરે

પ્રકારના પ્રશ્નો પુછેલા છે તેથી કરીને આ સાહેદે સ્થળ ઉપર જઈ બોમ્બ ડીફ્યુઝ કરેલા નથી તે હકીકત માની શકાય તેમ નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી પરબતસિંહ મંગળસિંહ પરમારને સાહેદ નં.૧૦૬૬ તરીકે આંક–૭૨૨૮ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ તેઓ સુરત શહેરના ડી.સી.બી. પોલીસ સ્ટેશનમાં પોલીસ ઇન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા તે દિવસે ઉમરા પોલીસ સ્ટેશનની હદમાં સીટીલાઇટ રોડ ઉપર નૂપૂર હોસ્પિટલ પાસે એક બોમ્બ મળેલ જે અંગે ઉમરા પોલીસ ઇન્સ્પેકટર આર.એસ.પટેલે કાયદેસરની કાર્યવાહી કરી સરકાર તર્ફે ફરિયાદ આપેલી જેનો ગુનો ડી.સી.બી. પોલીસ સ્ટેશનના સેકન્ડ ગુના રજીસ્ટર નં.૩૦૧૯/૨૦૦૮ થી નોંધાયેલો જે ગુનાની તપાસ આ સાહેદને સોંપવામાં આવેલી હતી. તપાસ દરમ્યાન આ બાબતે ગંભીરતા લઇ સુરત શહેરમાં કન્ટ્રોલ મારફતે પબ્લિકમાં જાગૃતિ લાવવા માટે પણ કાર્યવાહી કરેલી તથા આ ગુનાના કામે સાહેદોના નિવેદનો લીધેલાં. ગુનાવાળી જગ્યા સાહેદ લલ્લુભાઇએ બતાવેલી અને તે અંગેનું જગ્યાનું પંચનામું પંચોની રૂબરૂમાં કરેલું તેમજ એફ.એસ.એલ.માં મુદ્દામાલ ચકાસણી માટે રવાનગી ફોર્મ સાથે મોકલેલો તેમજ આ જગ્યાએથી મળી આવેલો બોમ્બ ડિફ્યુઝ કરવામાં આવેલો અને એફ.એસ. એલ. ના અધિકારીઓએ સ્થળ ઉપર પ્રાથમિક પ્રમાણપત્ર આપેલું. આ બોમ્બમાં જીવંત ડીટોનેટર મળી આવેલાં જેને ડિફ્યુઝ કરવા ચીફ કન્ટ્રોલર એક્ષપ્લોજીવ, વડોદરાને મેસેજ કરી યાદી લખેલી તથા મેજિસ્ટ્રેટની મંજૂરી લીધેલી. આ સાહેદની હાજરીમાં સાહેદ લલ્લુભાઈ પટેલે જગ્યા બતાવેલી તે જગ્યાનું પંચનામુ પંચો રૂબરૂ કરવામાં આવેલ તે આંક–૨૭૦૮ વાળા પંચનામાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. ત્યારબાદ આ બોક્ષમાંથી ડીટોનેટર નંગ–૨ કાઢવામાં આવેલા તે ડીફ્યુઝ કરવા માટે નામદાર ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ સાહેબને પત્ર લખેલો તે પત્ર આંક–૫૫૯૭ થી રજૂ છે તેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. જે પત્રની સાથે મેજિસ્ટ્રેટનો હુકમ પણ છે. ત્યારબાદ બોમ્બ ડીફ્યુઝ કર્યા પછી જે સામગ્રી બોમ્બમાથી નીકળેલી તે પંચનામાની વિગતે કબજે કર્યા

બાદ તેની રવાનગી નોંધ બનાવીને એફ.એસ.એલ.માં મોકલવામાં આવેલ તે રવાનગી નોંધ આંક–૫૭૦૪ થી રજૂ છે તેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આ સાહેદે ડેપ્યુટી ચીફ કન્ટ્રોલર ઓફ એક્ષપ્લોઝીવ વડોદરાને પત્ર લખેલો તે આંક–૫૫૯૮ થી રજૂ છે તેમાં પણ આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા ત્રણ ગુનાઓની તપાસ સુરત શહેર પોલીસ કમિશનરના હુકમથી આ સાહેદને સોંપવામાં આવેલાનું કબૂલ કરે છે. તપાસમાં ત્રણ ગુનાઓની ફરિયાદો તથા પંચનામાઓ સાથે મળેલાનું પણ જણાવે છે. આ સાહેદ પાસે જેટલા દિવસ તપાસ રહી તે દરમ્યાન દેશના અન્ય શહેરોમાં થયેલા બોમ્બ બ્લાસ્ટ અને તેમાં વપરાયેલ મટીરીયલ્સની સરખામણી આ કેસના મુદ્દામાલ સાથે કરેલી નથી તેમ જણાવે છે. આ કેસોની તપાસ ઉચ્ચ અધિકારીઓની સુચના તેમજ રાજકીય સુચનાઓ અને દબાણોના કારણે કરવામાં આવેલીની હકીકત નકારેલી છે. પંચનામાઓમાં બોમ્બ કયાંથી મળ્યો, બોમ્બ કેવો હતો, કયાં તેને ડીફ્યુઝ કરેલો તે તમામ હકીકતો જણાવેલી છે તે કબૂલ કરેલ છે. બનાવવાળી જગ્યાના પંચનામા કર્યા ન હોત તો આજુબાજુ કોણ સાહેદો મળે છે તે જાણી શકાયુ ન હોત તો તે હકીકત નકારે છે. નૂપૂર હોસ્પિટલ પાસે બીનવારસી વસ્તુ મુકી દીધેલી તે વ્યકિતએ ફરિયાદ કેમ ન આપી તે અંગે પુછપરછ કરેલી નથી. નુપુર હોસ્પિટલ પાસે જે વ્યકિતએ બીનવારસી વસ્તુ મુકી દીધેલી તેણે પોલીસ સમક્ષ જાહેરાત કરેલી નથી તો તે હકીકત નકારે છે. પરંતુ અગાઉ ચર્ચા કરી તેમ વસ્તુ મુકનાર બેલદાર લલ્લુભાઈએ પોલીસને જાણ કરેલી છે અને પોલીસને જગ્યા પણ બતાવેલી છે. વધુ ઊલટતપાસ ધ્યાને લઈએ તો તપાસના પેપરો મળ્યા ત્યારે ડીટોનેટર એકટીવ હતા તેવી હકીકત ખુલતી ન હતી તો તે નકારે છે. બોમ્બ ડીફ્યુઝ કરવા માટે કોર્ટ પાસે પરવાનગી માંગી ત્યારે કયા દસ્તાવેજો મોકલેલા તે યાદ નથી. આ સાહેદની સમગ્ર ઊલટતપાસ પ્રમાણે આ સાહેદે કુલ–ત્રણ ગુનાઓની તપાસ પોલીસ કમિશનરના હુકમથી સંભાળેલી હતી જેથી આરોપીઓ તરફે આ સાહેદની જનરલ ઊલટતપાસ કરવામાં આવેલી છે.

સમગ્ર ઊલટતપાસ ધ્યાને લેતા આ બનાવવાળી જગ્યા નુપુર હોસ્પિટલ સામે ડીવાઈડર પરથી જીવતો બોમ્બ મળેલો નથી તેવી કોઈ હકીકત નીકળી આવતી નથી.

આમ, ઉમરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સીટીલાઈટ રોડ, નુપુર હોસ્પિટલની સામે આવેલ ડીવાઈડર ઉપર તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ કલાક ૧૧–૨૦ વાગે બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલા અને તે જગ્યાઓ ઉપરથી બોમ્બ મળી આવેલા તે હકીકત ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા ઉપરોકત તમામ પુરાવા ઉપરથી સાબીત થાય છે તેમ હું માનુ છું.

(૫૧) **<u>સુરત શહેરમાં કાપોદ્રા પોલીસ સ્ટેશનની હકુમતના વિસ્તારમાં વેગન આર ગાડીમાં બોમ્બ ધડાકા કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલ તે પુરવાર કરવા બનાવ નં.૧ના સંબંધમાં ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન.</u>**

- વિસ્તાર:– કાપોદ્રા પોલીસ સ્ટેશનની હદમાં
- સ્થળ:– સીતાનગર ચોકડી, પુણા જનરલ હોસ્પિટલ સામે, અંબિકા પાર્ક, સૌરાષ્ટ્ર હાર્ડવેરની દુકાન સામે
- તારીખ:– ૨૭/૭/૨૦૦૮
- સમય:– કલાક ૨૦–૨૫ થી ૨૨–૦૫
- ગુના રજીસ્ટર નં. સેકન્ડ ૧૭૫/૨૦૦૮
- બનાવમાં વપરાયેલ વાહન:– વેગનઆર કાર નં.જીજે–૬–સીડી–૩૫૬૯

તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ કાપોદ્રા પોલીસ સ્ટેશનની હકૂમતમાં આવેલ વિસ્તાર સીતાનગર ચોકડી, પુણા જનરલ હોસ્પિટલ સામે, અંબિકા પાર્ક, સૌરાષ્ટ્ર હાર્ડવેરની દુકાન સામે વેગન આર કાર નં.જીજે–૬–સીડી–૩૫૬૯

માં બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલો અને તે કારમાંથી બોમ્બ મળી આવેલો તેની ફરિયાદ મહેન્દ્રસિંહ રતનસિંહ ચાવડા, પોલીસ ઇન્સ્પેકટર કાપોદ્રા પોલીસ સ્ટેશન નાઓએ પોતાની રૂબરૂની લખાવેલી. આ ફરિયાદીને ફરિયાદપક્ષ દ્વારા સાહેદ નં.૧૦૪૯ તરીકે આંક–૭૦૭૯ થી તપાસવામાં આવેલા છે. તેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે તેઓ ઓકટોબર– ૨૦૦૭ થી આશરે દોઢ વર્ષ સુધી કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં પોલીસ ઇન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા. તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન બાતમી મળેલી કે પુણા જનરલ હોસ્પિટલ સામે, સૌરાષ્ટ્ર હાર્ડવેરની દુકાન સામે, કાળા કલરની વેગન આર કે જેનો નં.GJ–6–CD–3569 મા બોમ્બ હોવાની હકીકત મળતા સ્ટાફના પોલીસ સબઇન્સ્પેકટર એસ.કે.રાય તથા હેડ કોન્સ્ટેબલ રાજેન્દ્ર, પોલીસ કોન્સ્ટેબલ રીતેષ નારાયણ વિગેરે સાથે સ્થળ ઉપર ગયેલા. સ્થળ ઉપર પોલીસ સબ ઇન્સ્પેકટરશ્રી સાંઇ તથા પોલીસ કોન્સ્ટેબલ સંદિપ વિગેરેનાઓ ત્યાં સ્થળ ઉપર હાજર હતા. બાતમી મુજબની વેગન આર કાર શંકાસ્પદ હાલતમાં ઉભેલી હતી જેથી કન્ટ્રોલ રૂમને બોમ્બ સ્કવોર્ડ મોકલી આપવા જાણ કરેલી તથા એફ.એસ. એલ.ના અધિકારીને પણ સ્થળ ઉપર મોકલી આપવા જાણ કરેલી.

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડના ચૌધરી સાહેબ સ્ટાફ સાથે સ્થળ ઉપર આવેલા અને તેમણે ગાડીનું નિરીક્ષણ કરેલું તે ગાડી બંધ હતી જેથી તેનો એક ગ્લાસ તોડી ગાડીના દરવાજા ખોલેલા અને અંદરની વસ્તુઓ ચેક કરવા માટે બહાર કાઢેલી. આ દરમ્યાન એફ.એસ. એલ.ના અધિકારીશ્રી એન.ડી.પટેલ સાહેબ પણ સ્થળ ઉપર આવી ગયેલા ત્યારબાદ એફ.એસ.એલ. તથા બોમ્બ સ્કવોર્ડના માણસોએ ગાડીમાં રહેલો સામાન ચેક કરેલો અને જણાવેલું કે આ બોમ્બ બનાવવાની વિસ્ફોટક સામગ્રી છે આથી બે પંચોના માણસો બોલાવેલા અને તેઓને હકીકતથી વાકેફ કરેલાં અને તેઓએ પંચમાં રહેવા સ્વખુશી બતાવેલી. ત્યારબાદ કારમાંથી મળેલ સામાન બહાર કાઢેલો જેમાં ખાખી પુઠાનું બોક્ષ હતું જેમાં સ્ટીલના ડબ્બા હતા, બેટરી,

ઇલેકટ્રોનીક ચીજ વસ્તુઓ, ઘડિયાળ, છરા તથા નટ બોલ્ટ, તથા ૯ વોલ્ટની બેટરીઓ વિગેરે જણાઇ આવેલાં. ત્યારબાદ ઉપરી અધિકારીઓની સુચના અને બોમ્બ સ્કવોર્ડ અને એફ.એસ.એલ.ના અધિકારીઓની સુચના મુજબ લોકહીતને ધ્યાનમાં રાખી કાર સલામત સ્થળે ખસેડવી જરૂરી હોય ક્રેન મંગાવી ગાડી તથા અંદર મળેલ મુદ્દામાલને ક્રેન વડે ટ્રો કરી ઉમરા પોલીસ સ્ટેશનના ખુલ્લા મેદાનમાં લઇ ગયેલાં. ત્યારબાદ ગાડીમાંથી મળેલો સામાન જેમાં ખાખી પુંઠાનું બોક્ષ જેમાં એક ડીટોનેટર કાળા કલરની પ્લાસ્ટિકની કોથળીમાંથી મળી આવેલ, ઇલેકટ્રીક વાયર, ડીટોનેટર કુલ–૧૧ કે જે પૈકી બે ડીટોનેટરમાં પાંચ કુટ વાયર જોડેલા હતા તે તથા સ્ટીલના ડબ્બા, વાયરોના ગુંચળા, ત્રણ પ્રિન્સ કંપનીની ઘડિયાળ, મલ્ટીમીટર, ૧૬ નંગ હાઇ વોલ્ટ બેટરી, ડયુરાસેલ કંપનીની બેટરી નંગ–૪, સેલો ટેપ, અલગ–અલગ સાઇઝની ઇન્સ્યુલીટીંગ ટેપ કે જે અલગ–અલગ કલરની હતી તે તથા પીળા ધાતુની વાડકીઓ, એક પ્લાસ્ટિકની કોથળીમાં પીળા કલરનો પેસ્ટ, અલગ–અલગ દૈનિક પત્રો, એક પ્લાસ્ટિકની કોથળીમાં કાળા અંગ્રેજી અક્ષરો તથા કાળા રેડીયમમાં લખેલ અંગ્રેજી અંકો, બેટરી જંકશનો, લાલ કલરની ટેપમાં પેક કરેલ વસ્તુઓ કે જેની સાથે ઇન્ટીગ્રેટર સર્કિટ હતી તે તથા એડેપ્ટર, ૨૪ નંગ સર્કિટ ઉપર લગાવવાના દાવડ, પેન્સિલ સેલ, નાયલોન દોરી, પતલા તારનું ગુંચળું, કથ્થઇ કલરનું કપડું, વાયર વાળા એડેપ્ટર તથા એક પ્લાસ્ટિકની બોટલમાં ૧૦૦ એમ.એલ.જેટલું પેટ્રોલ વિગેરે પંચનામાની વિગત અનુસાર મળી આવેલાં. જે પંચનામાની વિગત મુજબનો મુદ્દામાલ એફ.એસ. એલ.અધિકારીની સુચના મુજબ અલગ–અલગ પ્લાસ્ટિકની ડબ્બીઓમાં મુકવામાં આવેલ અને મુદ્દામાલમાં પંચોની સહીઓવાળી કાપલીઓ મુકી તેને દોરીથી બાંધીને સીલ કરવામાં આવેલો જયારે ગાડીમાંથી મળી આવેલ લોખંડના છરા, નટ બોલ્ટ, વિગેરે કે જેનું વજન ૯.૫૦૦ કિ.ગ્રા. જેટલું હતુ તે તથા નટ બોલ્ટનું વજન આશરે ૧૬ કિ.ગ્રા. જેટલું હતુ તથા તેમાંથી નમૂના રૂપે ૫૦૦ ગ્રામ અલગ કરી તેને દોરીથી બાંધી પંચોની સહીવાળી કાપલી મુકી સીલ કરવામાં આવેલ તેમજ ગાડીમાંથી મળેલ ગોળાકાર પતરાનો ડબ્બો કે જેમા બ્રાઉન કલરનું

પેસ્ટ હતું તે એફ.એસ.એલ. અધિકારીના જણાવ્યા મુજબ એમોનિયમ નાઈટ્રેટ તથા ફ્યુલ ઓઈલનું મિશ્રણ હતુ તે આશરે ૧૬ કિ.ગ્રા. વજનમાંથી ૫૦૦ ગ્રામ જેટલું નમૂના સ્વરૂપે કાઢી લઈ તેને ડબ્બીમાં મુકી પંચનામાની વિગતે તેને સીલ કરવામાં આવેલ. વધુમાં ગાડીમાંથી મળેલ અન્ય ચીજ વસ્તુઓ તથા ભુરા કલરનું કપડું પંચનામાની વિગતવાળું પંચનામાની વિગતે કબ્જે કરવામાં આવેલ. આ ગાડીનો એન્જીન નંબર તથા ચેસીસ નંબર તથા રજીસ્ટ્રેશન નંબર જે જણાતો હતો તે પંચનામામાં જણાવ્યા મુજબનો હતો. આ પંચનામું પંચોના જોયા લખાવ્યા મુજબ લખી લેવામાં આવેલું. આંક–૨૩૮૫ વાળા પંચનામામાં તથા આંક–૨૩૮૬ થી ૨૪૦૧ વાળી પંચ સ્લીપોમાં બે પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે.

વધુમાં સાહેદ જણાવે છે કે ત્યારબાદ આ અંગેની વિગતવાર ફરિયાદ સરકાર તર્ફે લખેલી અને તેમાં તેઓએ સહિ કરેલી . ત્યારબાદ રીપોર્ટ તૈયાર કરી તેમાં સહી કરી ફરિયાદ આધારે ગુનો નોંધી સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા સારૂ કાપોદ્રા પોલીસ સ્ટેશનના પી.એસ.ઓ. તરફ મોકલી આપેલ. જે રીપોર્ટ આ કામે આંક–૧૬૯૨ થી રજૂ કરેલો છે તેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે તેમજ આ સાહેદે પોતાની રૂબરૂની જે ફરિયાદ આપેલી તે આંક–૭૦૮૦ થી રજૂ છે જેમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

આ સાહેદે સ્થળ ઉપર એફ.એસ.એલ. અધિકારીને બોલાવવા રીપોર્ટ કરેલો જે આંક–૨૭૨૯ થી રજૂ છે તેમાં પોતાની સહી ઓળખી બતાવે છે તેમજ આ સાહેદે આંક–૨૩૮૫ ના પંચનામાથી જે મુદ્દામાલ કબજે કરેલો તે એક પછી એક તમામ મુદ્દામાલ કોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે.

આંક–૨૭૨૯ વાળી સ્થળ ઉપર પધારવાની યાદી આધારે એફ. એસ.એલ. અધિકારી સાહેદ નં.૪૪૩ નિતીનકુમાર દયારામ પટેલનાઓને આંક–૨૭૨૫ થી તપાસવામાં આવેલા છે. તેઓએ જે જગ્યાએથી બોમ્બ મળી આવેલ તે સ્થળ ઉપર જઈ સ્થળ ચકાસણી કરેલી અને સ્થળ ઉપરથી બોમ્બનું મટીરીયલ જેવુ કે અર્ધ ચંદ્રકાર લાકડાની ફ્રેમ, ગેલ્વેનાઈઝના પતરા અને ખીલ્લીથી ઝડેલી

અને તેમાંથી લોખંડના છરા, ચીકણો પદાર્થ, ૯ વોલ્ટની બેટરી તથા ડીટોનેટર વિગેરે કબજે કરવાની સુચના આપેલી અને તપાસ કરનાર અધિકારીએ પંચોની રૂબરૂમાં આ સમગ્રી કબજે કરેલાનું આ સાહેદ જણાવે છે અને તે અંગેનો વિગતવાર પ્રાથમિક અહેવાલ આપેલો જે આંક–૨૭૩૦ મા આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આ સાહેદની ઊલટતપાસની વિગતવાર ચર્ચા ડી.સી.બી. પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૩૦૧૯/૨૦૦૮ નાં કામે ફરિયાદપક્ષ દ્વારા જે પુરાવા રજૂ થયેલા છે તેમાં કરેલી છે. આરોપીઓ તરફથી થયેલી ઊલટતપાસ જનરલ ઊલટતપાસ છે, કોઈ ચોકકસ એક ગુના પુરતી નથી માટે ઊલટતપાસનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

આમ, આ ફરિયાદ લીધા બાદ સાહેદ મહેન્દ્રસિંહ રતનસિંહ ચાવડાએ ગુનો રજીસ્ટર કરવા માટે પી.એસ.ઓ. કાપોદ્રા પોલીસ સ્ટેશનને મોકલી આપેલી અને પી.એસ.ઓ. કાપોદ્રા પોલીસ સ્ટેશનનાઓએ આ ફરિયાદને સ્ટેશન ડાયરીમાં રજીસ્ટર કરેલી તે સ્ટેશન ડાયરીની નકલ આ કામે આંક–૧૬૯૧ થી રજૂ કરેલી છે. તે રજીસ્ટર કરનાર સાહેદ કરસનભાઈ નાડીયાભાઈ ચૌધરીનાઓને સાહેદ નં.૩૨૮ તરીકે આંક–૧૬૯૦ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લેતા તેઓ બનાવના દિવસે પી.એસ.ઓ. તરીકે કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં ફરજ ઉપર હતા ત્યારે એક સૂચિપત્ર ચાવડાની સહીથી મોકલવામાં આવેલુ અને ગુનો નોંધેલો અને સ્ટેશન ડાયરી એન્ટ્રી નં.૨૦ આપેલી જેમાં આ સાહેદે વધુ તપાસ અંગેનો શેરો આંક–૧૬૯૨ ના પાછળના ભાગે કરેલો જે શેરામાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

આ કામે ફરિયાદી મહેન્દ્રસિંહ રતનસિંહ ચાવડાની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલી છે તે ધ્યાને લેતા અમદાવાદમાં બોમ્બ બ્લાસ્ટ થયેલા અને તે સંબંધે પેટ્રોલીંગમાં હતા તે બતાવવા કોઈ લેખિત આધાર નથી તેમ જણાવે છે. સામે ચાલીને આ સાહેદે કોઈ અધિકારીને નિવેદન લખાવેલુ નથી તે કબૂલ કરે છે પરંતુ આ સાહેદે નિવેદન કોઈ અધિકારી સમક્ષ લખાવવુ જરૂરી નથી કારણ કે આ સાહેદ પોતે જ આ ગુનાની શરૂઆતની તપાસ કરનાર

અધિકારી હતા. આ સાહેદે નિવેદન એટલા માટે નથી આપેલુ કે તેઓ આ ગુનાની તપાસ સાથે સંકળાયેલા નથી તો તે હકીકત નકારી છે. માલેગાંવમાં થયેલા બોમ્બ બ્લાસ્ટની હકીકતથી આ સાહેદ વાકેફ છે તેમ જણાવે છે. તા.૮/૯/ ૨૦૦૬ નાં રોજ માલેગાંવમાં બ્લાસ્ટ થયા પછી ગુજરાતમાં એલર્ટ જાહેર કરવામાં આવેલુ તે કબૂલ કરે છે. હૈદરાબાદ ખાતે બ્લાસ્ટ થયા પછી તેમજ અજમેર અને સમજોતા એકસપ્રેસમાં બ્લાસ્ટ થયાનું આ સાહેદને જાણવા મળેલુ તેમ જણાવે છે. "અભિનવ ભારત" નામની સંસ્થાની શાખા સુરતમાં આવેલી હોય અને તેનુ સંચાલન પ્રજ્ઞાસિંહ ઠાકુર, અસીમાનંદ અને સુનીલ જોષી વિગેરે કરતા હતા તો તેની આ સાહેદને ખબર નથી. સુરત શહેરમાં બજરંગદળ અને આર.એસ.એસ. તેમજ વિશ્વ હિન્દુ પરીષદની સંસ્થાઓ ચાલે છે તે કબૂલ કરે છે. આ સંસ્થાઓ દ્વારા ત્રિશુળો, તલવારો વહેંચવામાં આવતી હોય અને તેમના દ્વારા શિબીરો યોજાતી હોય તો તેની પણ આ સાહેદને ખબર નથી. દરેક પોલીસ સ્ટેશનોમાં દરેક પ્રકારના સમાચાર પત્રો આવતા હોય છે અને ટીવી પણ હોય છે તે કબૂલ કરે છે. સુરત શહેરમાં વરાછા રોડ ઉપર સૌરાષ્ટ્રના લોકોની વસ્તી વધુ પડતી છે તે કબૂલ કરે છે. સુરત જિલ્લામાં અને તેની આજુબાજુ નાના મોટા ડુંગરા તેમજ પથ્થરોવાળી જમીન આવેલી છે તે તોડવા માટે ડીટોનેટરનો ઉપયોગ કરવામાં આવતો હોય તો તે આ સાહેદને ખબર નથી. સુરત શહેરમાં બિલ્ડરો બિલ્ડિંગ બનાવવા પથ્થરો તોડવા ડીટોનેટરનો ઉપયોગ કરતા હોય છે તો તે હકીકત નકારી છે. સુરત શહેરના દરેક પોલીસ સ્ટેશનોમાં હથિયારોના પરવાના આપ્યા અંગેનું રજીસ્ટર રાખવામાં આવે છે તે કબૂલ કરે છે. સ્ફોટક પદાર્થોનું સ્ટોકપત્રક જે તે વ્યકિતએ રાખવાનું હોય છે અને તેનો રીપોર્ટ પોલીસ સ્ટેશનમાં કરવાનો હોય છે તે કબૂલ કરે છે. હથિયારોના લાયસન્સો સુરત શહેરમાં ઘણા લોકોને આપવામાં આવેલા છે તે કબૂલ કરે છે. આ સાહેદને જે બાતમી મળેલી તે અંગત બાતમીદાર દ્વારા મળેલાનું જણાવેલ છે. આ બાતમી વેગન આર ગાડીમાં બોમ્બ મુકેલો છે તેવી હતી તેમ જણાવે છે. ગુનાની બાતમી મળે તો તે નોંધી લેવાની હોય છે તે કબૂલ કરે છે. બાતમી લેખિતમાં મળેલી નહી તેમ જણાવે છે. આ

બાતમી તેઓને પોતાના મોબાઈલ ફોન નં.૯૯૨૫૧૨૩૪૮૦ ઉપર મળેલાનું જણાવેલ છે. આ બાતમી મળી ત્યારે કયા સ્થળે હતા તે યાદ નથી. બાતમીની પોલીસ સ્ટેશનમાં સ્ટેશન ડાયરીમાં નોંધ કરેલી નહીં તેમ જણાવે છે. પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદે અગાઉ જણાવેલુ છે કે તેઓ પેટ્રોલીંગમાં હતા ત્યારે બાતમી મળેલી અને બાતમી મળતા સ્થળ ઉપર ગયેલા છે જેથી પોલીસ સ્ટેશનની સ્ટેશન ડાયરીમાં બાતમી નોંધેલી ન હોય તે સ્વાભાવિક છે અને તેનો અર્થ એવો ન થાય કે આ સાહેદને બાતમી મળેલી નથી. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા બાતમીનું વેરીફીકેશન કરવા બાતમીદારને બોલાવેલા નથી, પરંતુ મારા મત પ્રમાણે બાતમીનું વેરીફીકેશન કરવા બાતમીદારને બોલાવવો જોઈએ તેવો કોઈ નિયમ નથી કારણ કે જો તેમ કરવા જાય તો ગુનો કરવાવાળી વ્યકિત જે જગ્યાએ ગુનો કરવાનો હોય તે જગ્યાએ ઉભી પણ ન રહે અને જે ગુનો કરવા તે વ્યકિતએ ધારેલુ હોય તે ગુનો બની જાય તો જાનમાલને નુકસાન થાય અને તે ન થાય તે માટે પોલીસ અધિકારી પોતાની વિવેકબુધ્ધિ અનુસાર કાર્ય કરતા હોય છે અને વિવેકબુધ્ધ અનુસાર તેને કાર્ય કરવુ જ પડે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા સ્થળ ઉપર આ સાહેદે એફ.એસ.એલ. અધિકારી કે ફુટ પ્રિન્ટ એક્ષ્પર્ટને બોલાવવાનો પ્રયત્ન કરેલો નથી. કારણ કે આ સાહેદ પાસેથી તરત જ તપાસ ક્રાઈમ બ્રાન્ચના પોલીસ ઈન્સ્પેકટરને સોપવામાં આવેલી હતી તેથી આ સાહેદે આ અધિકારીઓને બોલાવેલા ન હોય. સ્થળ ઉપર ગયા પછી ગાડીની સ્થિતિ અંગે ફોટોગ્રાફસ કે વીડિયોગ્રાફી કરેલી નથી. આ સાહેદ સ્થળ ઉપર પહોંચ્યા તે પહેલા બીજા પોલીસ અધિકારી ત્યાં આવી ગયેલાનું કબૂલ કરે છે. આ સાહેદ સ્થળ ઉપર જતા પહેલા, પહેલાના અધિકારી અને કોન્સ્ટેબલ વેગન આર ગાડીની આજુબાજુ ઉભા હતા તેમ જણાવે છે. પંચનમામાં ડીટોનેટર મળી આવ્યાની હકીકત લખાવવામાં આવેલી કે કેમ તે યાદ નથી. ડીટોનેટર ઉપરના નંબર તથા લખાણ આ સાહેદની તપાસ દરમ્યાન જોવાનો પ્રસંગ બનેલા નું યાદ નથી. આ સાહેદના વિસ્તારમાં બીનવારસી વાહનો કેટલા વિસ્તારમાં મળી આવેલા તે ચોકકસ કહી શકે તેમ નથી. આ સાહેદના વિસ્તારમાં ટોળા ભેગા થઈ

ગયાની જાણ કોઈકે કરેલી કે કેમ તેની ખબર નથી. કોઈપણ બીનવારસી વસ્તુની જાહેરાત થાય તો તેની સાવચેતી અને સલામતી માટે તેનો ઓળખ અંગેની સૌપ્રથમ કાર્યવાહી કરવી પડે તે કબૂલ કરે છે. તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ જે બાતમી મળેલી તે બાતમી ગાડીમાં ચોકકસ બોમ્બ હોવા અંગેની હતી. બનાવવાળી જગ્યા પાસે સૌરાષ્ટ્ર હાર્ડવેર નામની દુકાન પણ છે અને તેમા લોખંડના છરા, નટ–બોલ્ટ વિગેરે મળે છે તે કબૂલ કરે છે. ગાડીની ઓળખ અંગે કોઈ વૈજ્ઞાનિક પધ્ધતિનો ઉપયોગ કરેલ નથી તેમ જણાવેલ છે, પરંતુ મારા મત પ્રમાણે કેવા પ્રકારની અને કઈ વૈજ્ઞાનિક પધ્ધતિનો ઉપયોગ કરવો તે ચોકકસ પ્રકાર અંગે સાહેદને પુછવુ જોઈએ તે પ્રમાણે સાહેદને પુછવામાં આવેલુ નથી અને ગાડીની ઓળખ માટે કોઈ વૈજ્ઞાનિક પધ્ધતિની જરૂર હોતી નથી કારણ કે કોઈ પણ ગાડી ઉપર ગાડીને ઉત્પાદીત કરનાર કંપનીનું તથા મોડલનું નામ હોય જ છે. ગાડીનું લોક ખોલવાનો સ્ટાફમાંથી કોઈએ પ્રયાસ કરેલો નહીં તેમ જણાવે છે અને ગાડીનુ લોક કોઈ મીકેનીકને બોલાવીને ખોલવામાં આવેલુ નહીં તેમ પણ જણાવે છે. પરંતુ મારા મત પ્રમાણે ગાડીનુ લોક ખોલાવવા માટે કોઈ મીકેનીકને બોલાવવામાં આવે તો ઘણો સમય લાગે અને ત્યાં સુધીમાં ગાડીમાં મુકેલો બોમ્બ ફુટે તો ઘણુ બધુ નુકસાન જાય માટે અગાઉ ચર્ચા કરી તેમ પોલીસે પોતાની વિવેકબુધ્ધિ અનુસાર જાનમાલની રક્ષા થાય તેવી કાર્યવાહી કરવી જોઈએ અને તે મુજબ પોલીસે કાર્યવાહી કરેલી છે. અધિકારીઓ આવતા સુધી ગાડીને ટચ કરવામાં આવેલી નહીં તો તે હકીકત નકારે છે. જો અધિકારી આવતા સુધી ગાડીને ટચ કરવામાં ન આવે તો અગાઉ ચર્ચા કરી તેમ ધડાકો થઈ જાય તો ઘણુ નુકસાન થાય માટે આવા સમયે જવાબદાર પોલીસ અધિકારીએ કોઈની રાહ જોવાની ન હોય અને ત્વરીત કાર્યવાહી કરીને સૌપ્રથમ બોમ્બને ડીફ્યુઝ કરવો જોઈએ કે જેથી કરીને કોઈ જાનમાલને નુકસાન ન થાય. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતાં ગાડીમાંથી કોઈ મુદ્દામાલ મળી આવેલો નહીં તો તે હકીકત નકારી છે. અધિકારીઓ આવતા પહેલા ગાડીમાં શું હતુ તેની જાણ થઈ ગયેલી તો તે કબૂલ કરે છે. આ સાહેદની સરતપાસમાં જણાવ્યા મુજબના બોમ્બ મળી આવેલા

નથી અને ખોટી જુબાની આપે છે તો તે હકીકત નકારે છે. આ સાહેદને જે બાતમી મળેલી તે ફકત ગુનો બન્યો છે તેટલી જ હતી. આ પ્રશ્નનો અર્થ એવો થાય કે આ કહેવાતો ગુનો બનેલો છે તે આરોપીઓ તરફથી કબૂલ કરવામાં આવેલો છે તેમ કહી શકાય. ગાડીઓની નંબર પ્લેટો અલગથી કબજે કરેલી નથી તો તે હકીકત કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે નંબર પ્લેટો અલગથી કબજે કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી કારણ કે ગાડીઓના કાચ તોડયા સિવાય ગાડીઓને બીજુ કોઈ નુકસાન થયેલુ નથી માટે નંબર પ્લેટો ઉખાડીને અલગથી કબજે કરવાનો કોઈ પ્રશ્ન નથી. વધુ ઊલટતપાસ ધ્યાને લેતાં તા.૨૭/૭/૨૦૦૮ નાં દિવસે અમદાવાદમાં થયેલા બોમ્બ બ્લાસ્ટના સંદર્ભમાં પેટ્રોલીંગ હતુ તે કબૂલ કરે છે. આ સાહેદની તપાસ દરમ્યાન માલેગાંવ, હૈદરાબાદ, સમજોતા એકસપ્રેસ અને અજમેરમાં થયેલ બ્લાસ્ટની માહિતી મેળવવાનો પ્રયત્ન કર્યો નથી પરંતુ અગાઉ જણાવ્યુ છે તેમ આ સાહેદ પાસે તપાસ ઘણો ઓછો સમય રહેલી છે માટે ઉપરોકત જગ્યાએ જઈ તપાસ કરવાની તક આ સાહેદને મળેલ નથી. સૌરાષ્ટ્ર હાર્ડવેરની દુકાન પાસેથી ગાડી ટો કરીને લઈ જવાની છે તેવી કોઈ જાહેરાત કરેલી નહીં પરંતુ મારા મત પ્રમાણે આવી કોઈ જાહેરાત કરવાની ન હોય માટે આવા બધા પ્રશ્નો પુછવાનો કોઈ અર્થ નથી. સરતપાસમાં જણાવ્યા પ્રમાણેની ખોટી ફરિયાદ આપેલી છે તો તે હકીકત નકારેલી છે. આ સાહેદે કાપોદ્રા પોલીસ સ્ટેશનના બીજા પણ ગુનાઓની તપાસ કરેલી છે અને આરોપીઓ તરફથી આ સંયુકત ઊલટતપાસ આ સાહેદની કરવામાં આવેલી છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા આરોપીઓ તરફથી આ બનાવને સુસંગત ન હોય તેવા પણ ઘણા પ્રશ્નો પુછવામાં આવેલા છે. જેવા કે આઈ.બી.નું અલગ મહેકમ છે તે બાબતે, આઈ.બી.ગુપ્ત માહિતી રાખે છે તે બાબતે , આઈ.બી.ની ગુપ્ત માહિતીમાં રાજકારણની પણ માહિતી હોય છે તે બાબતે, કેવા મેસેજો મળે છે, મેસેજોની તપાસ કરવા અલગ સેલ હોય છે તે બાબતે, એ.ટી.એસ. અને એસ.ઓ.જી.ની સત્તાઓ બાબતે, હૈદરાબાદ, માલેગાંવ, સમજોતા એકસપ્રેસમાં બ્લાસ્ટ થયેલા તે બાબતે, બજરંગદળ અને વી.એચ.પી.ની ઑફિસો સુરતમાં છે અને તે તલવાર

તથા ત્રિશુળો વહેંચે છે તે બાબતે, "અભિનવ ભારત" નામની સંસ્થા બાબતે, તાપી નદીના કિનારે આશારામ બાપુના આશ્રમ બાબતે, વરાછા રોડ ઉપર સૌરાષ્ટ્રના પટેલોની વસ્તી વધારે છે તે બાબતે, સુરત જિલ્લામાં ડુંગરાળ જમીન છે અને પથ્થરો તોડવા માટે ખેડતો અને બિલ્ડરો ડીટોનેટરનો ઉપયોગ કરે છે તે બાબતે, તેના લાયસન્સો બાબતે, સ્ફોટક પદાર્થના પત્રકો બાબતે, સુરતમાં કેટલો સમય પોલીસ ઇન્સ્પેકટર તરીકે રહેલા વિગેરે બાબતો ઉપર ઊલટતપાસ કરવામાં આવેલી છે, પરંતુ ઉપરોકત બાબતોએ પુછવામાં આવેલા પ્રશ્નો આ બનાવની સાથે સુસંગત નથી. આમ, આ સાહેદની સમગ્ર ઊલટતપાસ ધ્યાને લેતા કહેવાતો બનાવ બનેલો નથી અથવા ખોટો બનાવ બન્યો છે અને ખોટી ફરિયાદ આપી છે અથવા બિલ્ડરોએ કે ખેડૂતોએ ડીટોનેટરનો ઉપયોગ કરીને આ જગ્યાએ બોમ્બ મુકેલો છે તેવી હકીકત રેકર્ડ ઉપર લાવવાનો આરોપીઓ તરફથી પ્રયત્ન કરવામાં આવેલો છે. પરંતુ બનાવની સમગ્ર હકીકત અને સાહેદની જુબાની ધ્યાને લેતા આરોપીઓ તરફથી આ સાહેદની ઊલટતપાસમાં જે બચાવ મુકવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે તે માનવા યોગ્ય નથી તેમ હું માનુ છું. આ સાહેદે જે કાંઈ કાર્યવાહી કરેલી છે તે ફરજના ભાગરૂપે કરેલી છે જે નહીં માનવાને કોઈ કારણ નથી.

સાહેદ મહેન્દ્રસિંહ રતનસિંહ ચાવડાનાઓએ બે પંચોની હાજરીમાં આંક–૨૩૮૫ વાળુ ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરી જે મુદ્દામાલ કબજે કરેલો તે પંચનામાના પંચો પૈકીના પંચ રામવિનોદસિંહ રામવીરસિંહ રાજપુતને સાહેદ નં. ૪૨૨ તરીકે આંક–૨૩૮૪ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ સીતાનગર ચોકડી પાસે તેઓને ચાવડા સાહેબે ચાર વાગ્યાના અરસામાં બોલાવેલા અને ત્યાં બીજા એક ભરતભાઈને પણ બોલાવેલા. આ સીતાનગર ચોકડી, પુના બોમ્બે માર્કેટ રોડ, પુના જનરલ હોસ્પિટલ સામે, સૌરાષ્ટ્ર હાર્ડવેરની દુકાન સામે આવેલ છે અને સાહેદને સમજ કરેલી કે એક વેગનઆર ગાડીમાં બોમ્બનો સામાન મળેલો છે જેનુ પંચનામુ કરવાનું છે તેથી આ સાહેદે રાજી હોવાનું જણાવેલ. ત્યાં એક કાળા કલરની વેગન

આર ગાડી જેનો નં.જીજે–૬–સીડી–૩૫૬૯ હતો અને તે ગાડીનો કાચ તોડીને ગાડીના પાછળથી એક પુઠ્ઠાનું બોક્ષ કાઢેલ તે ખોલીને જોતા તેમા ડીટોનેટર વાયર વીંટાડેલા હતા તેમજ એક વાયરીંગ ચેક કરવાનું મીટર હતુ. ત્યાં સ્થળ ઉપર એફ.એસ.એલ. અધિકારી હતા તેમણે બધો સામાન બોમ્બ બનાવવાની સામગ્રી હોવાનું જણાવેલુ જેથી આ જગ્યાએથી સલામત જગ્યાએ લઈ જવાનું જણાવતા વેગન આર ગાડી તથા મળેલો મુદ્દામાલ ઉમરા પોલીસ સ્ટેશનની બાજુમાં આવેલ ડોમમાં લઈ ગયેલા અને આ ગાડીને ક્રેઈન દ્વારા લઈ જવામાં આવેલ. ત્યાં જઈને આ સાધન સામગ્રી કાઢવામાં આવેલી.

સાહેદ વધુમાં જણાવે છે કે આ પુઠ્ઠાના બોક્ષમાંથી મળી આવેલ સામગ્રી જોયેલી જેમાં ત્રણ ઘડિયાળ, ડીટોનેટર, બે ત્રણ જાતની નાની મોટી સેલોટેપ, નટ–બોલ્ટ તથા છરા, પિત્તળની ત્રણ વાડકી, એક સ્ટીલની વાડકી, નાના સ્ટીલના ડબ્બા દસ–અગિયાર જેટલા, ડબ્બા ઉપર કાંઈ લખેલુ અને સ્ટીકર મારેલુ હતુ તથા પ્લાસ્ટિકની નાની ડબ્બીઓ હતી. વાયરના ગુચ્છા, વાયર ચેક કરવાનું મલ્ટીમીટર તથા લુગદી જેવો પદાર્થ જે નાઈટ્રેટ હતુ. નવ વોલ્ટની બેટરી, એક બ્લ્યુ કલરની તેમજ એક બ્લેક અને ગોલ્ડ કલરની હતી. તેમજ પ્લાસ્ટિકની દોરી, રાજસ્થાન પત્રીકા તેમજ બીજા બે –ત્રણ જાતના સમાચાર પેપરો હતા. બે–ત્રણ જાતના કપડા બ્રાઉન કલરના હતા. ગાડીની પાછળથી એક બેલ્ટ નીકળેલો તથા ગાડીની શીટ ઉપરથી ગાદી ઢાંકવાનું કવર, એક મોટા ડબ્બામાંથી પંદર સોળ કીલો જેટલી લુગદી મળેલ હતી. કેટલોક મુદ્દામાલ વધારે હોવાથી પેસ્ટમાંથી થોડી પેસ્ટ અલગ કરવામાં આવેલો. નવ–દસ કીલો છરા જેમાંથી ૫૦૦ ગ્રામ છરા અલગ કરવામાં આવેલ તેમજ પંદર સોળ કીલો જેટલા નટ બોલ્ટ હતા તેમાંથી ૫૦૦ ગ્રામ નટ બોલ્ટ અલગ કરવામાં આવેલા. ડાયોડ સરકીટમાં લગાવવાથી તે કરન્ટ વધારવા ઘટાડવાનું કામ કરે છે તે હતા. મલ્ટિમીટરના વાયરો અલગ હતા. આ બધી વસ્તુઓ અલગ–અલગ ડબ્બામાં પેક કરી સીલ કરવામાં આવેલ અને બાકીનો મુદ્દામાલ પુઠ્ઠામાં પેક કરવામાં આવેલ હતો. છરા અને નટ–બોલ્ટ એક કોથળીમાં ભેગા કરેલા તેમજ

ગાડીનો એન્જીન તથા ચેસીસ નંબર જોયેલા અને પંચનામામાં લખેલા હતા. આ તમામ વસ્તુઓ આ સાહેદની હાજરીમાં કબજે કરવામાં આવેલી તેનુ પંચનામુ બનાવેલુ જે આંક–૨૩૮૫ વાળા પંચનામામાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવી છે તથા આ સાહેદની હાજરીમાં જે કોઈ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ તે તમામ એક પછી એક કોર્ટમાં ખોલીને બતાવતા તમામ મુદ્દામાલ આ સાહેદે ઓળખી બતાવેલો છે અને મુદ્દામાલમાંથી નીકળેલી પંચ સ્લીપો આંક–૨૩૮૬ થી ૨૪૦૧ સુધી રજૂ કરેલી છે તે તમામ પંચ સ્લીપો ઉપર આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

હવે આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવી છે તે ધ્યાને લઈએ તો તા.૩૧/૭/૨૦૦૮ ના રોજ આ સાહેદ પેસેન્જરોને પાણીની ટાંકી પાસે રીક્ષામાંથી ઉતારી નાના વરાછા તરફ ખાલી આવતા હતા ત્યારે મહારાણા પ્રતાપ ગાર્ડન પાસે દસેક માણસો હતા, પોલીસ પણ હતી, ત્યાં ૮ થી ૧૦ ખાણીપીણીની દુકાનો પણ હતી તેમ જણાવે છે. ત્યાં સમસ્યા ઘણી ગંભીર હતી અને ઘણા માણસો ભેગા થયેલા હતા તે કબૂલ કરે છે. આ સાહેદ ત્યાં પહોંચ્યા ત્યારે ગાડી પડેલી હોય અને બોક્ષ રોડ ઉપર બહાર પડેલુ હોય તેવુ બનેલુ નથી તેમ જણાવે છે. આ સાહેદના કહેવા પ્રમાણે પટેલ સાહેબે જણાવેલુ કે ઉભેલી મોટર કારમાં કાચ તોડી દરવાજો ખોલી બોમ્બ બનાવવાની સાધન સામગ્રી તેમા છે. બોક્ષ ઉચકીને વેગન આર કારમા લઈ જવામાં આવેલુ હોય તેવુ બનેલુ નથી તેમ જણાવે છે ત્યા મોટર કાર જોઈ ત્યારે ચારેય બાજુના કાચ તુટેલા હતા તો તે હકીકત નકારે છે. પરંતુ આ સાહેદે સ્વેચ્છાએ જણાવેલુ છે કે કારના કાચ તોડવામાં આવેલા, કારના કાચ આ સાહેદની હાજરીમાં તોડવામાં આવેલાની હકીકત પંચનામામાં લખવામાં આવેલી નથી તેમ કબૂલ કરે છે. આ સાહેદને બતાવવામાં આવેલી ઘડિયાળ પ્રિન્સ કંપનીની હોવા સબંધે કોઈ ઉલ્લેખ કરેલો નથી તે કબૂલ કરે છે. પરંતુ તેના ચંદા ઉપર પ્રિન્સ લખેલુ હતુ તેમ જણાવે છે. આ સાહેદને ઘડિયાળનું ખોખુ બતાવવામાં આવેલ તે જોઈને સાહેદે જણાવેલુ કે આ ખોખામાં ઘડિયાળ હતી તે કબૂલ કરે છે. આ પ્રશ્નનો અર્થ એવો થયો કે

ઘડિયાળનું ખોખુ સાહેદને બતાવીને પુછવામાં આવેલુ કે આ ખોખામાં ઘડિયાળ હતી તો સાહેદે હા પાડેલી છે જેથી આ ખોખામાં ઘડિયાળ હતી તે હકીકત આરોપીઓ તરફથી કબૂલ કરવામાં આવેલ છે તેમ કહી શકાય. વધુમાં ઘડિયાળ આ સાહેદની હાજરીમાં કબજે કરવામાં આવેલ તે પણ કબૂલ કરે છે જેથી આ પ્રશ્નનો પણ અર્થ એવો થાય કે આ સાહેદની હાજરીમાં તપાસ કરનાર અધિકારીએ ઘડિયાળ કબજે કરેલી તે હકીકત કબૂલ કરવામાં આવેલી છે તેમ કહી શકાય. આ સાહેદની હાજરીમાં કારમાંથી બોક્ષ અને બોક્ષમાંથી ઉપર જણાવેલ વિસ્ફોટક સામગ્રી મળી આવેલી નથી તો તે હકીકત નકારી છે. આ સાહેદે કેટલી સહીઓ કરેલી તે યાદ નથી. પરંતુ મારા મત પ્રમાણે બનાવ પછી આશરે સાત વર્ષ બાદ આ સાહેદે જુબાની આપેલી હોવાથી કેટલી સહીઓ કરેલી તે સ્વાભાવિકપણે યાદ ન હોય. પંચ સ્લીપ પોલીસે ખાખી કવરમાં મુકેલી તો તે કહીકત નકારી છે. આ સાહેદ ચાર વાગે બનાવ સ્થળે પહોચ્યા તે પહેલા પોલીસ ત્યાં કયારે આવેલી અને શું કાર્યવાહી કરેલી તેની આ સાહેદને ખબર નથી તેમ જણાવે છે.

આ સાહેદની ફરિયાદપક્ષ તરફથી ફેરતપાસ પણ કરવામાં આવેલી છે તે ધ્યાને લઈએ તો આંક–૨૩૮૫ વાળા પંચનામામાં એક મોટર કાર બતાવવામાં આવી છે તે મોટર કાર જોઈને સાહેદે જણાવેલુ છે કે એક કાળા કલરની વેગનઆર કાર છે જેની ઉપર રજીસ્ટ્રેશન નંબર વાંચતા જીજે–૬–સીડી–૩૫૬૯ વાંચવા મળેલો જેનો એન્જીન નં.એફ૧૦એએન૪૩૩૬૦૧૮ અને ચેસીસ નં.એમએ૩ઈઈડી–૮૧૫૦૦૫૧૨૦૬૪ઝેડસી વાંચવા મળેલ જેની ડ્રાઈવર સાઈડનો કાચ તુટેલો હતો તેમજ પાછળ ડાબી બાજુના દરવાજાનો કાચ પણ તુટેલ હતો, ડીક્કી ઉપરનો કાચ પણ તુટેલો હતો તેમ જણાવે છે.

આ સાહેદની આરોપીઓ તરફથી થયેલ ઊલટતપાસ ધ્યાને લેતા ગાડીને સ્ટીયરીંગ લોક છે તે કબૂલ કરે છે. સ્ટીયરીંગનું લોક તોડવાનો ઉલ્લેખ પંચનામામાં કરેલ નથી તે કબૂલ કરે છે. આ સાહેદની સમગ્ર ઊલટતપાસ ધ્યાને લેતા કેટલાક એવા પ્રશ્નો પુછવામાં આવેલા છે કે જે બનાવ સાથે સુસંગત નથી તેમ છતાં સમગ્ર ઊલટતપાસ જોતા આ સાહેદની હાજરીમાં આંક–૨૩૮૫ વાળા

પંચનામાના આધારે સ્થળ ઉપરથી મુદ્દામાલ કબજે કરવામાં આવેલો નથી તથા આ સાહેદે વેગન આર કાર જોયેલી નથી તો તે હકીકત આ સાહેદે નકારેલી છે. વધુમાં આ સાહેદ સ્વતંત્ર સાહેદ છે જેની જુબાની નહીં માનવાને કોઈ કારણ નથી.

હવે તપાસ કરનાર અધિકારીએ ગુનાવાળી જગ્યા ઉપરથી જે મુદ્દામાલ આંક–૨૩૮૫ ના પંચનામાના આધારે કબજે કરેલો તે મુદ્દામાલ રવાનગી નોંધ સાથે એફ.એસ.એલ. ગાંધીનગરને પૃથક્કરણ માટે મોકલી આપેલો. આ રવાનગી નોંધ આ કામે આંક–૫૭૧૨ થી રજૂ કરેલી છે. આ રવાનગી નોંધમાં જણાવ્યા મુજબના કુલ–૧૭ નમૂના માર્ક એ–૨ થી એ–૧૫ તથા બી–૧, બી–૨ અને સી–૧ સુધીના એફ.એસ.એલ. ગાંધીનગરને તપાસ અર્થે મોકલેલા છે. આ રવાનગી નોંધ સાહેદ પી.આર.પટેલ, પોલીસ ઇન્સ્પેકટર ડી.સી.બી. પોલીસ સ્ટેશને બનાવેલી અને સત્તાના પ્રમાણપત્ર સાથે એફ.એસ. એલ. ગાંધીનગરને મોકલી આપેલી. હવે આ મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારી જાનમહમંદ ફકીરમહંમદ મન્સુરીને સાહેદ નં.૮૪૦ તરીકે આંક–૫૭૦૦ થી તપાસેલા છે. એફ.એસ.એલ. દ્વારા મુદ્દામાલ સ્વીકાર્યા અંગેની જે પહોંચ આપવામાં આવેલી તે પહોંચ આ કામે આંક–૫૭૧૩ થી રજૂ કરેલી છે, જેમાં મદદનીશ નિયામક એફ.એસ.એલ. ગાંધીનગરની સહી છે. આ સાહેદની આ ગુના પુરતી સરતપાસ પ્રમાણે તેમના વિભાગના મદદનીશ નિયામકશ્રી દ્વારા તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ કાપોદ્રા પોલીસ સ્ટેશન સુરત શહેરના સેકન્ડ ગુના રજીસ્ટર નં.૧૭૫/૨૦૦૮ અન્વયેના કેસનો સ્વિકારવામાં આવેલ મુદ્દામાલ પૃથક્કરણ અર્થે મળેલો અને તેની સાથે તેને લગતા કાગળોની ફાઈલ સોંપવામાં આવેલ. આ નમૂનામાં...

- માર્ક એ–૨ સ્ટીલનો ડબ્બો
- માર્ક એ–૩ સફેદ વાયરનું ગુંચળુ
- માર્ક એ–૪ પ્રિન્સ કંપનીની ઘડિયાળ
- માર્ક એ–૫ વાયરીંગ ચેક કરવા માટેનું મલ્ટીમીટર

- માર્ક એ–૬ પ્લાસ્ટિકની ગોળ ડબ્બી
- માર્ક એ–૭ નવ વોલ્ટની બેટરી (સેલ)
- માર્ક એ–૮ પીળી ધાતુની વાટકી
- માર્ક એ–૯ એમોનીયા નાઈટ્રેટ પેસ્ટ ૫૦ ગ્રામ
- માર્ક એ–૧૦ બેટરી જંકશન એડેપ્ટર
- માર્ક એ–૧૧ ટાઈમર સાથેની આઈ.સી.
- માર્ક એ–૧૨ ઈલેકટ્રીક સરકીટ પર લગાડવાનું ડાવોડ
- માર્ક એ–૧૩ બીપીએલ કંપનીના પેન્સીલ સેલ નંગ–૨
- માર્ક એ–૧૪ તારનું ગુંચળુ
- માર્ક એ–૧૫ પેટ્રોલ ૧૦૦ મીલી
- માર્ક બી–૧ છરા ૫૦૦ ગ્રામ
- માર્ક બી–૨ લોખંડના નટ બોલ્ટ ૫૦૦ ગ્રામ
- માર્ક સી–૧ એમોનિયમ નાઈટ્રેટ અને ઓઈલનું મિશ્રણ ૫૦૦ ગ્રામ

ઉપરોકત નમૂનાઓનું પ્રમાણિત રાસાયણિક અને ઉપકરણીય પધ્ધતિથી પૃથક્કરણ કરેલ હતું અને પૃથક્કરણ મુજબ...

(૧) નમૂના માર્ક એ–૨, એ–૯, તથા સી–૧ માં એમોનિયમ અને નાઈટ્રેટ મુલકો તથા પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બનસ ઓઈલ (પેરાફીલ ઓઈલ પ્રકાર)ની હાજરી શોધાયેલ છે.

(૨) નમૂના માર્ક એ–૩, એ–૪, એ–૮, એ–૧૦, એ–૧૨, એ–૧૪, બી–૧ તથા બી–૨ માં વિસ્ફોટક ઘટકની હાજરી શોધાયેલ નથી.

(૩) નમૂના માર્ક એ–૧૫ નુ પ્રવાહી પેટ્રોલ હોવાનું શોધાયેલ છે.

(૪) નમૂના માર્ક એ–૭ મા પેટ્રોલીયમ હાઈડ્રો કાર્બન્સના અવશેષની હાજરી શોધાયેલ છે.

ઉપરોકત પૃથક્કરણ આધારે સાહેદના અભિપ્રાય મુજબ...

૧. પૃથક્કરણના પરિણામમાં શોધાયેલ એમોનિયમ નાઈટ્રેટ અને પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન ઓઈલનું મિશ્રણએ એમોનિયમ નાઈટ્રેટ બેઝ એમોનિયમ નાઈટ્રેટ–ફ્યુલ ઓઈલ (એનફો) હાઈ એક્ષપ્લોઝીવના ઘટકો છે જેને ફોડવા માટે ડીટોનેટરનો ઉપયોગ થાય છે.

૨. નમૂનાઓમાંથી મળેલ ધાતુના છરાનો ઉપયોગ હાથ બનાવટના બોમ્બમાં મીસાઈલ્સ તરીકે થાય છે.

૩. પૃથક્કરણનું પરિણામ તથા નમૂનાઓમાંથી મળેલ બેટરી, ઈલેક્ટ્રોનીક સરકીટ, છરા તથા હોડી આકારના લાકડાના ધાતુના પતરાના સાથેના કન્ટેનરના આધારે એવું કહી શકાય કે હોડી આકારના લાક્ડાના ધાતુના પતરા ધરાવતા કન્ટેનરમાં એનફો એક્ષપ્લોઝીવ પદાર્થ ભરી, છરા ઉમેરી તથા ડીટોનેટરનો ઉપયોગ કરીને ટાઈમ ડીલે ડીવાઈસ પ્રકારનો આઈ.ઈ.ડી. બોમ્બ બનાવી શકાય.

આ પ્રમાણેનો આ સાહેદે અહેવાલ આપેલો જે આ કામે આંક–૫૭૧૪ થી રજૂ કરેલો છે તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ સાહેદની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી છે. અમદાવાદમાં થયેલ સીરીયલ બોમ્બ બ્લાસ્ટના ઘણા બનાવોવાળી જગ્યા ઉપરથી કબજે કરવામાં આવેલ ઘણા મુદ્દામાલનું પૃથક્કરણ તથા સુરત શહેરમાં થયેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં પણ જે તે સ્થળો ઉપરથી કબજે કરવામાં આવેલ મુદ્દામાલનું પૃથક્કરણ આ સાહેદે કરેલુ છે. તેઓની ઊલટતપાસ જનરલ અને સામાન્ય છે. જેની હકીકત અગાઉના ગુનાઓમાં પણ જણાવેલી છે. આરોપીઓ તરફથી કરવામાં આવેલ ઊલટતપાસ ધ્યાને લેતા એફ.એસ.એલ. કચેરી ગાંધીનગર ખાતે જે કંઈ કામગીરી કરવામાં આવે છે તે બાબતે તેમજ ઑફિસના વહીવટ સંબંધે પ્રશ્નો પુછવામાં આવેલા છે પરંતુ તેથી કરીને આ સાહેદે આ મુદ્દામાલનું પૃથક્કરણ કરેલ નથી તે હકીકત સાબીત થતી નથી. વધુમાં આ સાહેદની વિગતવાર ઊલટતપાસની હકીકત અમદાવાદમાં થયેલ બોમ્બ બ્લાસ્ટના કેસોમાં ચર્ચા કરેલી છે અને આ જજમેન્ટના અન્ય પેરાઓમાં વિગતવાર છણાવટ કરેલી છે.

ત્યારબાદ આ કામે રવાનગી નોંધ આંક–૫૭૧૨ પૈકીના કેટલાક મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારી હિતેશ જયંતિલાલ ત્રિવેદીને સાહેદ નં.૮૩૫ તરીકે આંક–૫૬૩૧ થી તપાસેલ છે. તેઓની સરતપાસ પ્રમાણે તેઓ તેમના વિભાગના મદદનીશ નિયામકશ્રી દ્વારા કાપોદ્રા પોલીસ સ્ટેશન, સુરત શહેરના સેકન્ડ ગુના રજીસ્ટર નં.૧૭૫/૨૦૦૮ અન્વયેના કેસનો સ્વીકારવામાં આવેલ મુદ્દામાલ પૈકીનો અમુક મુદ્દામાલ પૃથક્કરણ અર્થે મળેલો અને તેની સાથે તેને લગતા કાગળોની ફાઈલ પણ આવેલ. સદરહું કામના મુદ્દામાલનું પૃથક્કરણ વૈજ્ઞાનીક પધ્ધતિએ કરેલ હતું અને પૃથક્કરણ મુજબ...

– નમૂના એ–૪ ઘડિયાળમાં નમૂના નં.એ–૧૩ ના સેલનો ઉપયોગ કરી જોતા ઘડિયાળ ચાલુ સ્થિતિમાં જણાય આવેલી. સદરહુ ઘડિયાળનો ઉપયોગ બોમ્બ બનાવવાની રચનામાં ટાઈમર ડીવાઈસ તરીકે કરી શકાય.

– નમૂનો એ–૪ એલાર્મ ઘડિયાળની એલાર્મ સ્વીચ બંધ સ્થિતિમાં હતી તથા એલાર્મનો કાંટો બાર વાગ્યાની સ્થિતિમાં હતો.

– નમૂનો એ–૫ ના મલ્ટીમીટરનો ઉપયોગ વીજ પ્રવાહ, વીજ સ્થિતિમાન વિગેરેના માપણ માટે થઈ શકે.

– નમૂનો એ–૭ ની બેટરી ચાલુ સ્થિતિમાં હતી તથા તેનો આઉટ પુટ વોલ્ટેજ અનુક્રમે આશરે ૯.૦૦ વોલ્ટ મળતા હતા.

– નમૂનો એ–૧૦ ના ટર્મીનલ કેપને ઘન તથા ઋણ વિજોગોના કનેકટરો તરીકે ઉપયોગમાં લઈ શકાય. સદર ટર્મીનલ કેપ નમૂના એ–૭ ની બેટરીના ટર્મીનલો પર બંધ બેસતા હતા.

– નમૂનો–એ/૧૧ ની સરકીટ મુખ્યત્વે PIC16F628 ૮એ પ્રોગ્રામેબલ ફલેસ પ્રકારની IC, COB (કલોક ઓન બોર્ડ) ટ્રીગરીંગ ટ્રાન્સીસ્ટ 2AC1161, ઝેનર ડાયોડ, રેસીસટન્સ, કેપેસીટર્સ વગેરેની બનેલી હતી.

– નમૂનો–એ/૧૧ ની સરકીટમાં રહેલ PIC16F628 એ પ્રોગ્રામેબલ ફલેસ પ્રકારની IC નું EPROM રીડર હાર્ડવેર અને સોફટવેર પ્રોગ્રામની મદદથી રીડ કરતાં સદર IC CODE પ્રોટેકટેડ હોવાનું જણાયેલ.

– નમૂનો એ–૧૧ ની સરકીટમાં રહેલ COB (કલોક ઓન બોર્ડ) ૦.૫ હર્ટઝની ફ્રીકવન્સી જનરેટ કરતી હતી જે માઈક્રો કન્ટ્રોલરની પીન નં.૩ ઉપર આપે છે.

– નમૂનો એ–૧૧ ની ઈલેકટ્રોનીક સરકીટને બેટરી સાથે જોડી ચકાસતા તેના દરેક ઈલેકટ્રોનીક કમ્પોનન્ટસ ચાલુ સ્થિતિમાં જણાયેલા.

– નમૂનો એ–૧૧ ની ઈલેકટ્રોનીક સરકીટને બેટરી સાથે જોડી પ્રાયોગીક રીતે અવલોકન કરતા સદર સરકીટને ટ્રીગરીંગ ટ્રાન્ઝીસ્ટ આશરે ૧૨ કલાકના સમયગાળા બાદ ટ્રીગર થતો જોવા મળેલ.

– નમૂનો એ–૧૨ નો LED નો વિજાગ્રો વચ્ચે વીજ સાતત્યતા ન હતી. સદર LED નો ઉપયોગ સામાન્ય રીતે લાઈટ ઈન્ડીકેટર તરીકે કરવામાં આવતો હોય છે.

– નમૂનો એ–૧૩ ના પેન્સીલ સેલ ચાલુ સ્થિતિમાં હતા તથા આઉટપુટ વોલ્ટેજનું માપન કરતા આશરે ૦.૫ વોલ્ટ માપી શકાતા હતા. સદરહુ સેલનો ઉપયોગ નમૂના એ–૪ ની ઘડિયાળમાં તથા નમૂના એ–૫ ના મલ્ટિમીટરમાં થઈ શકે.

– નમૂનો એ–૭ ની બેટરી, નમૂનો એ–૧૦ ની ટર્મીનલ કેપ તથા નમૂના એ–૧૧ ની ઈલેકટ્રોનીક સરકીટને યોગ્ય રીતે જોડી બનતી રચનાને બોમ્બ બનાવવામાં ટાઈમ ડીવાઈસ તરીકે ઉપયોગમાં લઈ શકાય.

ઉપરોકત પૃથક્કરણના આધારે આ સાહેદે જે અહેવાલ આપેલો તે આ કામે આંક–૫૬૫ થી રજૂ કરેલો છે તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ સાહેદની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી છે આ સાહેદે સુરત શહેરમાં બનેલા કુલ–૧૫ બનાવોમાં જે મુદ્દામાલ કબજે કરવામાં આવેલો તે તમામ બનાવોના મુદામાલોનું આ સાહેદે પૃથક્કરણ કરેલુ છે અને આરોપીઓ તરફથી કોઈ ચોકકસ ગુના માટે ઊલટતપાસ કરવામાં આવેલી નથી પરંતુ જનરલ ઊલટતપાસ કરવામાં આવેલી છે. આ સાહેદે ઊલટતપાસમાં જણાવેલી હકીકતો મહિધરપુરા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના

રજીસ્ટર નં.૨૦૯/૨૦૦૮ ના કામના બનાવ સબંધે રજૂ કરેલ પુરાવામાં વિગતવાર ચર્ચા કરેલી છે માટે ઊલટતપાસની હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષે ધર્મેશકુમાર ધીરજલાલ બકરાણીયાનાઓને સાહેદ નં.૪૪૮ તરીકે આંક–૨૭૭૪ થી તપાસેલ છે. તેઓની સરતપાસ પ્રમાણે સુરત ખાતે ૨૦૦૮ના સાલમાં સાયન્ટિફિક ઓફિસર તરીકે ફરજ બજાવતા હતા. તા.૨૮/૭/૨૦૦૮ ના રોજ ડી.સી.બી. પોલીસ સ્ટેશન સુરત તરફથી કાપોદ્રા સેકન્ડ ગુના રજીસ્ટર નં.૧૭૫/૨૦૦૮ના કામે આ સાહેદની કચેરીની વેગન આર મોટર ગાડી નં.જીજે–૬–સીડી–૩૫૬૯ કાળા કલરની હતી તે પોલીસ ઇન્સ્પેકટરના ફોરવર્ડીંગ પત્ર, રવાનગી નોંધ અને સત્તાના પ્રમાણપત્ર સાથે ચકાસણી માટે મળેલી. રવાનગી નોંધ આ કામે આંક–૨૭૭૫ થી રજૂ છે અને આ મુદ્દામાલ ગાડી મળી તે અંગેની પહોંચ આંક–૨૭૭૬ થી રજૂ છે જેમાં મદદનીશ નિયામકની સહી છે. સદર ગાડીનુ આ સાહેદે અવલોકન કરેલુ તથા તપાસ કરનાર અધિકારી તરફથી મળેલી પ્રશ્નોત્તરી સંદર્ભે કાળજીપૂર્વક પરીક્ષણ કરેલુ અને તે અંગેના તારણ તથા અભિપ્રાય મુજબ...

(૧) પ્રવાહી ઇંધણ ટાંકીમાંથી મળેલ પ્રવાહીનું કદ આશરે ૩૪ લીટર જણાયેલુ.

(૨) મોટર કારના સ્ટીયરીંગ લોકના કલેમ્પ, ચાપડા તથા આંતરિક ભાગો ઉપર વિશિષ્ઠ ઘસારાના ચિન્હો જણાયેલા નથી.

(૩) મોટર કારના આગળના બંને દરવાજા પર આવેલ ડોર લોકના આંતરિક ભાગો ઉપર વિશિષ્ઠ ઘસારાના ચિન્હો જણાયેલા નથી.

(૪) મોટર કારની પાછળની ડેક્કીનો દરવાજો અને લોકના સ્થાન પર બાહ્ય હળના ચિન્હો જણાયેલા.

(૫) નમૂનાની મોટર કારના હાજર એવા સર્વે લોકની આંતરિક મીકેનીજમનો પ્રકાર જોતા સદર લોકમાં અન્ય ડુપ્લીકેટ ચાવીનો તાજેતરમાં ઉપયોગ થયેલો છે કે કેમ? તે અંગે ચોકકસ અભિપ્રાય આપી શકાયેલ નહીં.

ઉપર મુજબનો આ સાહેદે જે અહેવાલ આપેલો તે આ કામે આંક–૨૭૭૯ થી ૨જૂ છે જેમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો કોઈ પણ પદાર્થ કે વાહન સીધેસીધુ આ સાહેદની ઑફિસમાં આવતુ નથી તે કબૂલ કરે છે. આ સાહેદ પાસે બે વાહનો સીધા આવેલા નથી તે કબૂલ કરે છે. વાહન કેટલા વાગે અને કયારે આવ્યુ તેનુ નોંધ રીપોર્ટમાં કરેલ નથી તે કબૂલ કરે છે. રવાનગી નોંધ સિવાય બીજા દસ્તાવેજી કાગળો સુપરત કરવામાં આવેલા નહીં તે કબૂલ કરે છે. એક્ષ્પર્ટ તરીકે અભિપ્રાય આપવા માટે આ સાહેદ સક્ષમ નથી તો તે હકીકત નકારી છે. આ સાહેદે આપેલ અભિપ્રાય સબંધે આધારભુત પુરાવા નથી તો તે હકીકત પણ નકારી છે. ગાડી ઉપરના ગોબા તાજા હતા કે જૂના તેનો ઉલ્લેખ કરેલો નથી તે કબૂલ કરે છે. વાહનના આંતરિક અને બાહ્ય નિરીક્ષણો કરેલાનું જણાવે છે. આ સિવાય આ સાહેદની ઊલટતપાસ દરમ્યાન આરોપીઓને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત નીકળી આવતી નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષે મહંમદકાસીમ ગુલામ મહીયુદ્દીન શેખનાઓને સાહેદ નં.૪૪૪ તરીકે આંક–૨૭૪૮ થી તપાસેલ છે. તેઓની સરતપાસ પ્રમાણે રવાનગી નોંધ આંક–૨૭૭૫મા જણાવ્યા મુજબની વેગન આર મોટર ગાડી નં.જીજે–૬–સીડી–૩૫૬૯ ભૌતિક પરીક્ષણ માટે ભૌતિક શાસ્ત્ર વિભાગને મળેલી હતી અને ત્યારબાદ તા.૩૦/૭/૨૦૦૮ નાં રોજ આ ગાડી બાયોલોજીકલ પરીક્ષણ અર્થે આ સાહેદના વિભાગને મળેલી. આ ગાડીનું બાયોલોજીકલ પરીક્ષણ આ સાહેદે તથા સાયન્ટિફિક ઓફિસર કે.એ. પટેલે સંયુકત રીતે કરેલુ. સદર ગાડી ચાર ચક્રીય વાહન, કાળા કલરની, જેની નંબર પ્લેટ ઉપર જીજે–૬–સીડી–૩૫૬૯ વંચાયેલ હતુ. ગાડીની અંદરની બાજુએ તુટેલી બારીના કાચના નાના ટુકડાઓ જુદી–જુદી જગ્યાએ વેરાયેલા હતા. આ કાર ઉપર લોહી, વાળ, નખ, પરસેવો તથા અન્ય કોઈ જૈવીક પદાર્થની હાજરી જોવા મળેલી નહીં. આ સાહેદે જે અહેવાલ આપેલો તે આ કામે આંક–૨૭૪૯ થી ૨જૂ છે જેમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષે આસેન્દ્રસીંગ બંસીધરસીંગનાઓને સાહેદ નં.૮૩૧ તરીકે આંક–૫૫૯૪ થી તપાસેલ છે. તેઓની સરતપાસ પ્રમાણે તેમની ઑફિસને પોલીસ ઈન્સ્પેકટર, ડી.સી.બી. પોલીસ સ્ટેશનનાઓએ કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં. ૧૭૫/૨૦૦૮ના કામે મેળવવામાં આવેલ ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ સાહેબના હુકમની નકલ મોકલવામાં આવેલી જેથી તા.૩૦/૭/૨૦૦૮ ના રોજ કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં પણ ગયેલા ત્યાં કાપોદ્રા પોલીસ સ્ટેશન, સુરત શહેરનું સીલબંધ હાલતમાં એક પ્લાસ્ટિક કન્ટેનર હતું તે પ્લાસ્ટિક કન્ટેનરને ખોલ્યા પછી તેમાં એક પારદર્શક પ્લાસ્ટિક બેગ મળી આવેલી જેને ખોલતા તેમાંથી ૩૦ નંગ મેટાલીક ટયુબ મળેલી તે દરેક મેટાલીક ટયુબ વાદળી રંગના પી.વી.સી. ટેપથી વીંટાળેલી હતી જે દરેક ઉપર બે વાયરવાળો સફેદ કલરનો ક્રિમ્પડ કરેલો પ્લગ હતો. જે પૈકી ૨૬ મેટાલીક ટયુબ ઉપરના વાયરની લંબાઈ આશરે ૩ સે.મી. હતી અને ૪ મેટાલીક ટયુબ ઉપરના વાયરની લંબાઈ અંદાજે ૧.૫ મીટર હતી અને તેનો બીજો ભાગ બંધ હતો. દરેક મેટાલીક ટયુબ આશરે ૪૬ એમ.એમ. લંબાઈ અને ૬ એમ.એમ. વ્યાસવાળી જેનું તળીયું સપાટ હતું અને તળીયાના ભાગે ગ્રે કલરનો પદાર્થ હતો અને આ પ્લગ ઉપર RECL–6 માર્ક જોવા મળેલ. તેમની આ તપાસ ઉપરથી એવા તારણ ઉપર આવેલ કે આ દરેક મેટાલીક ટયુબ જે હતી તે ઈલેક્ટ્રીક ડીટોનેટર હતા અને જે એક્ષપ્લોઝીવ સ્ફોટક પદાર્થ હતો. આ મળેલા ઈલેક્ટ્રીક ડીટોનેટર પૈકી ૪ ડીટોનેટર તપાસમાં વપરાઈ ગયેલ અને બાકીના ડીટોનેટર તપાસ પુરી થયા બાદ હેડ કોન્સ્ટેબલ બીપિનભાઈ, સતીષ પોલીસ કોન્સ્ટેબલ કાપોદ્રા પોલીસ સ્ટેશન તથા નરેશ બાલુભાઈ ચૌહાણ પોલીસ કોન્સટેબલની હાજરીમાં કાળજી રાખવા સંદર્ભે નાશ કરવામાં આવેલ. આ અંગેનો વિગતવારનો રીપોર્ટ તા.૪/૮/૨૦૦૮ ના રોજ તૈયાર કરીને પોલીસ કમિશનરશ્રી, સુરત શહેરનાઓને મોકલી આપેલ. આ કામે ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ સાહેબનો હુકમ આંક–૫૬૦૦ થી રજૂ છે. આ સાહેદે પોતાની કામગીરી

અંગેનો જે રીપોર્ટ તૈયાર કરેલો જે આંક–૫૬૦૧ થી રજૂ રાખેલ છે જેમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા આ સાહેદે સુરત શહેરના પંદર જેટલા બનાવોવાળી જગ્યા ઉપર જઈ કાર્યવાહી કરેલી છે અને સાહેદની ઊલટતપાસની વિગોતવાર હકીકતો આ ચુકાદામાં ડી.સી.બી. પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૩૦૧૯/૨૦૦૮ ના કામે જે પુરાવા રજૂ થયેલ છે તેમાં કરેલી છે જેથી આ ગુનાના કામે આ સાહેદની ઊલટતપાસની હકીકતોનું પુનરાવર્તન કરવાનું રહેતુ નથી.

ત્યારબાદ આ કામે તપાસ કરનાર અધિકારીશ્રી એન.બી.પરમાર મદદનીશ પોલીસ કમિશનરે બનાવવાળી જગ્યા ઉપર નકશો બનાવવા માટે મામલતદાર, સુરત શહેરને એક યાદી લખેલી જે યાદી આ કામે આંક–૭૫૭૩ થી રજૂ કરેલી છે અને નાયબ પોલીસ અધીક્ષક શ્રી એન.બી.પરમારનાઓને સાહેદ નં.૧૧૫૪ તરીકે તપાસેલ છે તેઓએ તેઓની જુબાનીમાં યાદીમાં તેમની સહી ઓળખી બતાવેલી છે.

આંક–૭૫૭૩ વાળી યાદીના આધારે સર્કલ ઓફિસર હિતેન્દ્રકુમાર ગુલાબભાઈ નાયકનાઓએ ગુનાવાળી જગ્યા ઉપર જઈ નકશો બનાવેલો તેઓને આ કામે સાહેદ નં.૧૦૮૭ તરીકે આંક–૭૫૫૭ થી તપાસેલા છે. તેમની સરતપાસ પ્રમાણે તેઓને તપાસ કરનાર અધિકારી શ્રી એન.બી.પરમાર દ્વારા કાપોદ્રા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સીતાનગર ચોકડી, પુણા જનરલ હોસ્પિટલ સામે, અંબિકા પાર્ક, સૌરાષ્ટ્ર હાર્ડવેરની દુકાન સામે વેગન આર કાર નં.જીજે–૬–સીડી–૩૫૬૯ મા બોમ્બ બ્લાસ્ટના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલો તે જગ્યા ઉપર જઈ નકશો બનાવવા માટેની યાદી મળેલી તે આંક–૭૫૭૩ ની યાદી મળ્યા બાબતે યાદી ઉપર તેમને પોતાની સહી ઓળખી બતાવી છે અને તે યાદીના આધારે સ્થળ ઉપર જઈ નકશો બનાવેલો તે નકશો આ કામે આંક–૭૫૭૪ થી રજૂ કરેલો છે. જેમા આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી

છે. સદર નકશાામાં જે જગ્યાએથી બોમ્બ મળી આવેલો તે જગ્યા લાલ કલરથી બતાવેલી છે.

આ સાહેદની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી છે તે ધ્યાને લેતા આ સાહેદે સુરત બોમ્બ પ્લાન્ટેશનના બનાવોવાળી જગ્યાઓનું નિરીક્ષણ કરીને નકશાઓ બનાવેલા છે. આ સાહેદની ઊલટતપાસ આરોપીઓ તરફથી કોઈ ચોકકસ ગુના સબંધે કરેલ નથી પરંતુ તમામ બનાવો સબંધે સંયુકત ઊલટતપાસ કરેલ છે. આ સાહેદે ઊલટતપાસમાં જણાવેલી હકીકતોની ચર્ચા સુરત શહેરના મહિધરપુરા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૨૦૯/૨૦૦૮ નાં બનાવના કામે આ ચુકાદામાં જે પુરાવા રજૂ થયેલા છે તે દરમ્યાન વિગતવાર કરવામાં આવેલી છે જેથી ઊલટતપાસની હકીકતનું પુનરાવર્તન કરવામાં આવેલ નથી.

(૫૧.૦૧) **<u>કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૧૭૫/૨૦૦૮ ના કામે બનાવ નં.૧ ને સમર્થન માટે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકનઃ–</u>**

કાપોદ્રા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સીતાનગર ચોકડી, પુણા જનરલ હોસ્પિટલ સામે, અંબિકા પાર્ક, સૌરાષ્ટ્ર હાર્ડવેરની દુકાન સામે વેગનઆર કાર નં.જીજે–૬–સીડી–૩૫૬૯ મા બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલ છે તે માટે ફરિયાદપક્ષ દ્વારા સાહેદ દિનેશભાઇ ભીમશીભાઇ ભાટુને સાહેદ નં.૪૨૩ તરીકે આંક–૨૪૦૫ થી તપાસેલાં છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ ગુનાના કામે સીતાનગર ચોકડી, પુણા જનરલ હોસ્પિટલ સામે, મેઇન રોડ પર અંબિકા પાર્ક શોપિંગ સેન્ટરમાં આવેલ સૌરાષ્ટ્ર હાર્ડવેરની દુકાન સામે કાળા રંગની વેગન આર કાર GJ–06–CD–3569 જે જગ્યાએથી મળી આવેલ તે જગ્યા સાહેદશ્રી લલીતભાઇ ભુરાભાઇનાઓએ તપાસ કરનાર અમલદારશ્રી પી.એન.પરમાર, પોલીસ ઇન્સ્પેકટર ડી.સી.બી. પોલીસ સ્ટેશન, સુરતનાઓ બતાવતા હોઇ તે અંગે જગ્યાનું પંચનામુ કરેલુ તે પંચનામું આંક–૨૪૦૭ થી રજૂ કરેલ છે જેમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી લલીત ભુરાભાઇ સાંઘાણીને સાહેદ નં.૫૪૭ તરીકે આંક–૩૦૦૭ થી તપાસેલાં છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદ અંબિકા એપાર્ટમેન્ટમાં ભાગીદારીમાં સૌરાષ્ટ્ર હાર્ડવેરના નામથી હાર્ડવેરનો વેપાર કરે છે. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ બપોરે જમીને પરત આવતા તેમની દુકાન પાસે કાળા કલરની વેગન આર પડેલી હતી તે ગાડીનો નં.GJ–06–CD–3569 હતો. આ ગાડી ઉપર ડૉકટરનું સ્ટીકર ચોંટાડેલું હતું. બીજા દિવસે ઉપર જણાવેલા નંબરવાળી ગાડી પડી રહેલી જોતાં શંકા જતાં આજુબાજુમા તે ગાડી સબંધે પુછપરછ કરતાં કાંઇ જાણવા મળેલ નહીં. ત્યારબાદ તેઓએ કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં ગાડી પડી રહ્યા સંબંધે જાણ કરતા પોલીસના માણસો આવેલાં અને સ્થળ ઉપર આવી ગાડીને જોઇને ગાડીનો કાચ તોડી તપાસ કરતા બોમ્બ બનાવવાની સામગ્રી મળી આવેલી. ત્યારબાદ આ ગાડી તથા તેમાંથી નીકળેલ બોમ્બ બનાવવાની સામગ્રી પોલીસના માણસો લઇ ગયેલાનું જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા પુના હોસ્પિટલને પોતાનું પાર્કીંગ છે તે કબૂલ કરે છે. આ સાહેદ જમવા ગયા ત્યારે ગાડી ન હતી તે કબૂલ કરે છે. ગાડી મુકવામાં આવી ત્યારે આ સાહેદની દુકાન બંધ હતી તે કબૂલ કરે છે. ગાડી અડચણરૂપ હોવા બાબતે કોઈને ફોન કરેલો નથી. ગાડીને ચારે બાજુ ફરીને જોયાની હકીકત નકારી છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા પોલીસે ડ્રાઈવર સાઈડનો આગળનો કાચ તોડીને જોયેલાનું જણાવે છે. પોલીસે ગાડીનું નિરીક્ષણ કર્યુ ત્યારે આ સાહેદ સાથે હતા તો તે હકીકત નકારી છે. પોલીસે મોટર કારનો કાચ તોડી જે કાર્યવાહી કરી તે વખતે આ સાહેદ દુર ઉભેલા હતા તે કબૂલ કરે છે. મારા મત પ્રમાણે પોલીસે કારનો કાચ તોડીને કાર્યવાહી કરેલાની હકીકત આરોપીઓ તરફથી સ્વીકારવામાં આવેલી છે તેમ કહી શકાય.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી મનસુખભાઇ ભુરાભાઇ સાંઘાણીને સાહેદ નં.૫૫૮ તરીકે આંક–૩૦૨૫ થી તપાસેલાં છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદ અંબિકા એપાર્ટમેન્ટમાં ભાગીદારીમાં સૌરાષ્ટ્ર હાર્ડવેરના નામથી હાર્ડવેરનો વેપાર કરે છે. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ બપોરે

જમીને પરત આવતા દુકાન પાસે કાળા કલરની વેગન આર ગાડી પડેલી હતી તે ગાડીનો નં જીજે–૬–સીડી–૩૫૬૯ હતો. આ ગાડી ઉપર ડૉકટરનુ સ્ટીકર ચોટાડેલુ હતુ. બીજા દિવસે ઉપર જણાવેલા નંબર વાળી ગાડી પડી રહેલી જોતાં શંકા જતાં આજુબાજુમાં તે ગાડી સબંધે પુછપરછ કરતા કંઇ જાણવા મળેલ નહી. ત્યારબાદ કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં ગાડી પડી રહ્યા સબંધે જાણ કરતા પોલીસના માણસો આવેલા અને પોલીસે ગાડીનો કાચ તોડી તપાસ કરતા બોમ્બ બનાવવાની સામગ્રી મળી આવેલી. ત્યારબાદ આ ગાડી તથા તેમાંથી નીકળેલ બોમ્બ બનાવવાની સામગ્રી પોલીસના માણસો લઇ ગયેલાનું જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા ગાડીનો કાચ પોલીસે તોડયો ત્યારે આ સાહેદને નજીકમાં જવા દીધેલા નહીં તે કબૂલ કરેલ છે. ગાડીનો કાચ તોડીને ગાડીમાંથી જે સાધન સામગ્રી મળેલી તે પોલીસે બતાવેલી નહીં તે પણ કબૂલ કરેલ છે. આ હકીકત ધ્યાને લેતા પોલીસે ગાડીનો કાચ તોડીને સામગ્રી કબજે લીધેલી હતી તેમ કહી શકાય માટે આ બનાવ બનેલો છે તે સ્પષ્ટ બને છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી શૈલેષ નાગજી ઢેબરીયા સાહેદ નં.૫૮૬ તરીકે આંક–૩૧૨૦ થી તપાસેલાં છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદ પુણાગામ જનરલ હોસ્પિટલ સામે મોનિકા ઈલેક્ટ્રોનીકસ નામની દુકાન ચલાવી ધંધો કરતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ તેઓ ધંધાના સ્થળે હતા અને ધંધાના સ્થળની નજીક સૌરાષ્ટ્ર હાર્ડવેર નામની દુકાન આવેલ છે તે સ્થળ પાસે સાંજના સમયે એક કાળા રંગની વેગન આર જેનો નંબર જીજે–૬–સીડી–૩૫૬૯ પડેલી જણાયેલ. રાતના સમયે દુકાન બંધ કરતી વખતે આ સાહેદનું ધ્યાન તે વાહન તરફ જતાં આ વાહન ત્યાં જ પડેલુ જણાયેલ. બીજા દિવસે સવારે દુકાને આવી જોતા આ વાહન ત્યાંજ પડેલુ હતુ આથી તે સબંધે શંકા જતા પોલીસને જાણ કરેલી જેથી પોલીસે વાહન ચેક કરતાં વાહનમાંથી વિસ્ફોટક પદાર્થ બોમ્બ બનાવવાની સાધન સામગ્રી મળી આવેલાનું જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી ધર્મેશભાઈ મગનભાઈ દેવાણીને સાહેદ નં.૬૧૬ તરીકે આંક–૩૨૫૨ થી તપાસેલાં છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદ પુણા સીતાનગર ચોકડી પાસે આવેલ પુણા જનરલ હોસ્પિટલની બિલ્ડિંગમાં નીચેના ભાગે પુણા મેડીકલ નામની દુકાન ધરાવી વેપાર કરતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ તેઓ ધંધા ઉપર હાજર હતા. તે દરમ્યાન રાતના આઠ વાગ્યાની આસપાસ તેમની દુકાનની સામેના ભાગે એટલે કે રોડની સામેના ભાગે એક કાળા કલરની ગાડી જોયેલી. જે ગાડી ઉપર ડૉકટરનુ સીમ્બોલ લગાવેલ હતુ. બીજા દિવસે સવારના પોણા દસેક વાગ્યાની આસપાસ તે ગાડી પડેલી ત્યાં આવેલ સૌરાષ્ટ્ર હાર્ડવેરવાળાની ગાડી અંગે પુછપરછ કરેલી તેમજ પુણા જનરલ હોસ્પિટલના ડૉકટરને આ ગાડી અંગે પુછપરછ કરેલી પરંતુ આવી કોઈની ગાડી ન હોવાનું જાણેલુ જેથી કાળી વેગનઆર ગાડી શંકાસ્પદ જણાતાં પોલીસમાં જાણ કરેલી ત્યાં પોલીસના અધિકારીઓએ તથા માણસો આવી ગયેલા અને આ ગાડીની અંદર તપાસ કરતા તેમાં વિસ્ફોટક બોમ્બની સામગ્રી મળી આવેલાનું જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી હર્ષદભાઇ નરભેશંકરભાઇ તૈરૈયાને સાહેદ નં.૬૨૨ તરીકે આંક–૩૨૬૩ થી તપાસેલાં છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદ પુણાગામ સીતાનગર ચોકડી પાસે આવેલ અંબિકા પાર્ક એપાર્ટમેન્ટમાં નીચેના ભાગે ક્રિષ્ના ઇલેકટ્રોનીકસ નામથી ધંધો કરતા હતા. તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ તેઓ તેમની દુકાને ગયેલ હતા ત્યારબાદ બપોરના જમીને પાછા આવેલા ત્યારે તેઓની નજર ત્યાં તેમના શોપિંગ સેન્ટરમાં આવેલ સૌરાષ્ટ્ર હાર્ડવેર સામે પડેલ એક વેગન આર કે જે કાળા કલરની હતી અને તેનો નંબર જીજે–૬–સીડી–૩૫૬૯ હતો. ત્યાં પોલીસ આવેલી હતી અને તે ગાડીમાંથી વિસ્ફોટક બોમ્બ બનાવવાની સાધન સામગ્રી મળી આવેલાનું જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા પોલીસે કાર્યવાહી કરી તે દરમ્યાન આ સાહેદ કોર્ડનથી દુર ઉભેલા હતા તે કબૂલ કરે છે. જેથી મારા મત પ્રમાણે પોલીસે જગ્યા કોર્ડન કરીને કાર્યવાહી કરેલી છે તે હકીકત આરોપીઓ

તરફથી કબૂલ કરવામાં આવે છે તેમ કહી શકાય. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા સ્થળ ઉપરથી આવી કોઈ ગાડી મળી આવી નથી તો તે હકીકત નકારે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી હરીશભાઇ દિપાજી પુરોહિતને સાહેદ નં.૬૩૭ તરીકે આંક–૩૨૮૧ થી તપાસેલાં છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદ પુણા જનરલ હોસ્પિટલના શોપિંગ સેન્ટરમાં હિમાલીયા મોબાઇલ વોચ એન્ડ ઇલેકટ્રોનીકમાં નોકરી કરતા હતા. તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ પોલીસે પુણાગામ જનરલ હોસ્પિટલ સામે શોપિંગ સેન્ટરની સૌરાષ્ટ્ર હાર્ડવેરની દુકાન આગળ તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ પાર્ક થયેલ એક કાળા રંગની મારૂતિ વેગન આર કાર નં.જીજે–૬–સીડી–૩૫૬૯ બાબતે પુંછેલુ જે ગાડી તેણે સૌરાષ્ટ્ર હાર્ડવેર દુકાન સામે પાર્ક થયેલી જોયેલી હતી અને તેના ઉપર ડૉકટરનો સીમ્બોલ હતો. તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ લોકોના ટોળાં ભેગા થયેલા અને ત્યાં જોવા ગયેલા ત્યારે કાળા રંગની ગાડીમાં વિસ્ફોટક હોવાનુ જાણવા મળેલાનું જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ સાંજના સમયે એક ગાડી જોયેલી તેમ જણાવે છે અને તે દિવસે કોઈ જાહેરાત કરેલી નથી. પરંતુ મારા મત પ્રમાણે કોઈ દુકાન પાસે કોઈ વ્યકિતએ ગાડી પાર્ક કરી હોય ત્યારે સામાન્ય રીતે કોઈને એવી શંકા જતી હોતી નથી કે આ ગાડીમાં બોમ્બ જેવી વસ્તુ હશે. સામાન્ય રીતે લોકો એમ જ સમજતા હોય કે કોઈ વ્યકિત ગાડી પાર્ક કરીને ખરીદી કરવા ગયા હશે અથવા કોઈના ઘરે ગયા હશે. આવા સંજોગોમાં તાત્કાલિક કોઈ વ્યકિતએ પોલીસને બીનવારસી ગાડી છે તેમ જાહેરાત કરતી હોતી નથી પરંતુ ઘણા બધા દિવસો સુધી તે ગાડી જો આમ ને આમ પડી રહે તો પોલીસને જાણ કરવામાં આવતી હોય છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી રાજુભાઈ રઘુનાથ સેલારને સાહેદ નં.૬૫૬ તરીકે આંક–૩૩૦૫ થી તપાસેલાં છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદ કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા. તા. ૨૭/૭/૨૦૦૮ ના રોજ અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટના અનુસંધાને પેટ્રોલીંગમાં હતા. ફરતા ફરતા પુણા ગામ સીતાનગર ચોકડી પાસે આવતા પુણા

જનરલ હોસ્પિટલની સામે અંબિકા શોપીંગ સેન્ટરમાં સૌરાષ્ટ્ર હાર્ડવેરની સામે એક કાળા કલરની વેગન આર કાર જેનો નંબર જીજે–૬–સીડી–૩૫૬૯ ની શંકાસ્પદ હોઇ પોલીસ ઇન્સ્પેકટર સાહેબ શ્રીએ બોમ્બ સ્કવોર્ડના અધિકારીઓને બોલાવવા તજવીજ કરેલ. તેઓ જગ્યા ઉપર આવેલા તેઓએ ગાડીનો કાચ તોડી ડીકીનો દરવાજો ખોલેલ આ દરમ્યાન એફ.એસ.એલ ના અધિકારી એન.ડી.પટેલ સાહેબ પણ આવી ગયેલા. તેઓની હાજરીમાં કારની ડીકીમાંથી એક પુંઠાનુ ખાખી કલરનુ બોક્ષ તથા બ્લયુ કલરનો પતરાનો ડબ્બો તેમજ કંતાનમાં નટ–બોલ્ટ અને નાના–મોટા છરા મળી આવેલા જે બોમ્બ બનાવવાની સામગ્રી હોઇ મળી આવેલ વસ્તુઓ સલામત સ્થળે ખસેડવાની સલાહ આપતા ગાડી ઉભરા પોલીસ સ્ટેશનની બાજુમાં સલામતી સ્થળે લઇ ગયેલા. પુઠાના બોક્ષમાંથી મળી આવેલ સામગ્રીમાં ડીટોનેટર નંગ–૧૧, સ્ટીલના ડબ્બા નંગ–૧૦, સફેદ વાયરના ગુંચળા નંગ–૮૩, પ્રિન્સ કંપનીની એલાર્મ ઘડિયાળ વિગેરે મળી આવેલ જે તમામ સામગ્રી અલગ–અલગ રીતે સીલ કરી કબ્જે કરેલનું જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા દિવસ દરમ્યાન કરેલ કામગીરીની નોંધ ડાયરીમાં રાખવાની હોય છે તે કબૂલ કરે છે. આ ડાયરીની નોંધ ઉપલા અધિકારીને આપેલી નથી તે કબૂલ કરે છે. બનાવ સ્થળ ઉપર હાજર હોવા સબંધેનો કોઈ દસ્તાવેજી પુરાવો નથી તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે કાપોદ્રો પોલીસ સ્ટેશનમાં આ સાહેદ પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા અને પોલસી સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર જે કોઈ કામગીરી સોંપે તે કરવાની હોય છે તે અંગેનો કોઈ દસ્તાવેજી પુરાવો સામાન્ય રીતે હોતો નથી. વધુમાં આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા બનાવ તારીખે કેટલા વાગ્યાથી કેટલા વાગ્યા સુધી પેટ્રોલીંગમાં હતા તે કહી શકે તેમ નથી. બનાવ સ્થળ ઉપર કઈ એજન્સી અને પોલીસ અધિકારીઓ કયા સમયે આવેલા તે કહી શકે તેમ નથી. મારા મત પ્રમાણે બનાવના ઘણા સમય પછી સાહેદે જુબાની આપેલી હોવાથી ચોકકસ સમય કહી શકે નહીં. વધુમાં આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા શંકાસ્પદ સામગ્રીને બનાવ સ્થળથી દોઢ થી બે કી.મી. દુર લઈ જવામાં

આવેલી તે કબૂલ કરે છે. આ પ્રશ્નનો અર્થ એવો થાય કે જગ્યા ઉપરથી બોમ્બની સામગ્રી મળેલી હતી તેમ કહી શકાય. બનાવ સ્થળ ઉપરની શંકાસ્પદ બોમ્બની ચીજવસ્તુઓની યાદી કોઈ કાગળમાં લખેલી નથી પરંતુ મારા મત પ્રમાણે જે વસ્તુઓ મળેલી તેનુ વિગતવાર પંચનામુ કરવામાં આવેલુ છે માટે અલગથી કાગળ ઉપર વસ્તુઓની યાદી કરવી જરૂરી નથી. વધુમાં આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા પંચો કયાંથી અને કેવી રીતે આવેલા તેની આ સાહેદને ખબર નથી. પંચનામાની કાર્યવાહી કરનાર પોલીસ અધિકારીનું નામ કહી શકે તેમ નથી. આ સાહેદની સમગ્ર ઊલટતપાસ ધ્યાને લેતા આરોપીઓને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત નીકળી આવતી નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી એમ.જી.સાંઇને સાહેદ નં. ૭૫૬ તરીકે આંક–૩૫૫૩ થી તપાસેલાં છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદ કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં પોલીસ સબ ઇન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ શહેર અમદાવાદમાં થયેલ શ્રેણીબધ્ધ બોમ્બ વિસ્ફોટના અનુસંધાને તેઓ તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ પુણા ગામ પોલીસ ચોકી વિસ્તારમાં તકેદારીના પગલારૂપે પેટ્રોલીંગમાં હતા. સીતાનગર ચોકડી પાસે આવતા પોલીસ ઇન્સ્પેકટરશ્રી ચાવડા સાહેબ તથા તેમના સ્ટાફના માણસો જગ્યાએ સાથે આવેલ તે વખતે તેઓની બાતમી મળેલી કે સીતાનગર ચોકડી પુણા જનરલ હોસ્પિટલની સામે એક કાળા રંગની વેગનઆર કારમાં બોમ્બ હોવાની હકિકત જાણવા મળેલ. આ બાતમીવાળી જગ્યાએ કલાક ૧૪–૦૦ વાગ્યાની આસપાસ ગયેલા. ત્યાં સૌરાષ્ટ્ર હાર્ડવેર દુકાન પાસે રોડની બાજુમાં વેગન આર કાર નં જીજે–૬–સીડી–૩૫૬૯ ની શંકાસ્પદ હાલતમાં જણાઇ આવેલ જેથી બોમ્બ ડીસ્પોઝલ ટીમના અધિકારીઓને બોલાવવામાં આવેલ. તેઓએ આવીને કારનો કાચ તોડી દરવાજો ખોલી કારની ડેકીના ભાગેથી મળી આવેલ ચીજવસ્તુ બહાર કાઢેલ. તે સમય દરમ્યાન એફ.એસ.એલ અધિકારી પણ આવેલ હતા. આ દરમ્યાન ગાડીમાંથી મળી આવેલ વિસ્ફોટક સામગ્રી તથા વેગન આર કાર ઉમરા પોલીસ સ્ટેશનની બાજુમાં આવેલ ખુલ્લી જગ્યામાં લઇ જઇને બે

પંચોના માણસોની હાજરીમાં કબ્જે લેવામાં આવેલાનું જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા બાતમી કયારે અને કેટલા વાગે મળેલી તે ચોકકસ કહી શકે તેમ નથી. મારા મત પ્રમાણે આ સાહેદ બાતમી કયારે મળેલી તે ન જ કહી શકે કારણ કે જે બાતમી મળેલી તે પોલીસ ઇન્સ્પેકટરને મળેલી હતી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી પરેશભાઇ છોટુભાઇને સાહેદ નં.૭૬૪ તરીકે આંક–૩૫૬૩ થી તપાસેલાં છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદ કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા. તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ તેઓ પોલીસ ઇન્સ્પેકટર શ્રી ચાવડા સાહેબ સાથે પેટ્રોલિંગમાં હતા. આ પેટ્રોલિંગ શહેર અમદાવાદમાં તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ થયેલ બોમ્બ બ્લાસ્ટના અનુસંધાને હતુ. દરમ્યાન પોલીસ ઇન્સ્પેકટર સાહેબને બાતમી મળેલ કે સીતાનગર ચોકડી, પુણા જનરલ હોસ્પિટલ સામે અંબિકા પાર્ક શોપિંગની સામે આવેલ સૌરાષ્ટ્ર હાર્ડવેર દુકાન સામે એક કાળા કલરની વેગન આર કાર નં.જીજે–૬–સીડી–૩૫૬૯ માં બોમ્બ છે આવી બાતમી હકિકત આધારે પોલીસ ઇન્સ્પેકટર સાહેબ તથા તેની સાથેના સ્ટાફ બાતમીવાળી જગ્યાએ ગયેલા. ત્યાં જઇને જોતા સૌરાષ્ટ્ર હાર્ડવેરની દુકાન પાસે રોડની બાજુમાં વેગનઆર કાર નં.જીજે–૬–સીડી–૩૫૬૯ શંકાસ્પદ જણાઇ આવેલી જેથી બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડના અધિકારીને સ્થળ ઉપર બોલાવવામાં આવેલ. તેઓએ વેગન આર કારનો કાચ તોડી દરવાજો ખોલી કાર્યવાહી શરૂ કરેલી. દરમ્યાન એફ.એસ.એલ. અધિકારી પણ આવેલા. બે પંચોને બોલાવવામાં આવેલાં અને કારમાંથી બહાર કાઢેલ ચીજવસ્તુઓ અને વિસ્ફોટક સામગ્રી લોકહિત જોખમાય નહી તે માટે સલામત સ્થળે લઇ જવી જરૂરી જણાઇ આવેલ હોવાથી વેગનઆર કાર તથા વિસ્ફોટક સામગ્રી ઉમરા પોલીસ સ્ટેશનની બાજુમાં આવેલ ખુલ્લી જગ્યામાં લઇ જવામાં આવેલ અને એફ.એસ.એલ. અધિકારી અને પંચોની રૂબરૂમાં પંચનામાની વિગતે કબ્જે કરવામાં આવેલાનું જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા બાતમી કેવા સ્વરૂપમા કઈ વ્યકિત દ્વારા મળેલી તેના જાણકારી આ સાહેદને નથી. મારા

મત પ્રમાણે આ સાહેદ બાતમી કેવા સ્વરૂપમાં મળેલી તે ન જ કહી શકે કારણ કે જે બાતમી મળેલી તે પોલીસ ઇન્સ્પેકટરને મળેલી હતી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી કુલસીંગ મકનજી ચૌધરીને સાહેદ નં.૧૦૨૦ તરીકે આંક–૭૦૨૧ થી તપાસેલાં છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદ સને ૨૦૦૮ માં કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં અનાર્મ હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા. તા.૨૯/૧૧/૨૦૦૮ ના રોજ મદદનીશ પોલીસ કમિશનર તરફની તેઓને "સી" ડિવીઝન તરફથી મળેલી ટેલીફોનીક સુચનાના આધારે તેઓને કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં. ૧૭૫/૨૦૦૮ ના કામે કબ્જે કરવામાં આવેલ પ્રોગ્રામેબલ આઇ.સી. સર્કિટ ચીપ્સ તથા પ્રિન્સ કંપનીની એલાર્મ ઘડિયાળ કે જે સીલબંધ હાલતમા હતી તે તેઓએ મદદનીશ પોલીસ કમિશનર રૂબરૂ રજૂ કરેલ અને ત્યાં કામગીરી પૂર્ણ કર્યા પછી તે તેઓને જે હાલતમાં સોપેલી તે હાલતમાં તેઓએ તેને પોલીસ સ્ટેશને લઇ ગયેલા અને પોલીસ સ્ટેશનમાં તે સામગ્રી જમા કરાવેલાનું જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા જે માહિતી મળેલી તે હળપતી સાહેબને મળેલી, તેમને આ માહિતી કેવી રીતે મળેલી તે આ સાહેદને ખબર નથી. ડૉકટર હાઉસ પાસે ઓફિશીયલ પાર્કીંગ નથી તે કબૂલ કરે છે. વેગનઆર ગાડી આ જગ્યા ઉપર કોણ મુકી ગયેલુ તે બાબતે હળપતી સાહેબે આજુબાજુના લોકોને પુછેલુ હોય તો તે આ સાહેદને ખબર નથી. ગાડીનો કાચ તોડતા પહેલા અંદર શું છે તેની માહિતી મેળવી નથી. મારા મત પ્રમાણે જયા સુધી ગાડીનો દરવાજો ખોલવામાં ન આવે અથવા કાચ તોડીને અંદર જોવામાં ન આવે ત્યાં સુધી ગાડીમાં શું છે તે જાણવા મળે નહીં. વધુમાં આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા કાચ તોડીને વસ્તુ કેવી રીતે બહાર કાઢવામાં આવેલી તેની આ સાહેદને ખબર નથી અને તે ન જ હોય કારણ કે તેની જાણકારી પોલીસ ઇન્સ્પેકટરને જ હોય. ગાડીનો કાચ કોણે તોડેલો તેની આ સાહેદને ખબર નથી. ગાડી આ સ્થળ ઉપર કેટલા સમયથી પડી હતી તે જાણવા મળેલ નહીં પરંતુ મારા મત પ્રમાણે આ ગુનાની તપાસ આ સાહેદ કરતા ન હતા માટે આ સાહેદને ખબર

ન હોય તે સ્વાભાવિક છે. ડબ્બાને સીલ કરેલુ તેવી હકીકત પોલીસ નિવેદનમાં લખાવી નથી તો તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે ડબ્બાને સીલ કરેલાની હકીકત પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલી ન હોય તેથી કરીને એવુ કહી શકાય નહીં કે વસ્તુઓ સીલ કરેલી ન હતી. હળપતી સાથે ચેકીંગમાં ન હતા અને બનાવવાળી જગ્યા ઉપરથી ગાડીનો કાચ તોડીને કોઈ વસ્તુઓ કે સામગ્રી કબજે કરેલી નથી તો તે હકીકત નકારી છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી સંજયકુમાર કમલાશંકર રાયને સાહેદ નં.૧૦૨૬ તરીકે આંક–૭૦૩૦ થી તપાસેલાં છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદ કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં પોલીસ સબ ઇન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા. તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ તેઓ તથા પોલીસ ઇન્સ્પેકટરશ્રી ચાવડાની સાથે અમદાવાદમાં થયેલા બોમ્બ બ્લાસ્ટના અનુસંધાને સુરત શહેરમાં તકેદારીના પગલારૂપે કાપોદ્રા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા. તે દરમ્યાન પોલીસ ઇન્સ્પેકટર ચાવડાને બાતમી મળેલી તે મુજબ સીતાનગર ચોકડી, પુણા જનરલ હોસ્પિટલ સામે સૌરાષ્ટ્ર હાર્ડવેરની દુકાન પાસે ગયેલા અને ત્યાં એક વેગન આર કાર શંકાસ્પદ હાલતમાં પડેલી હતી જેથી ત્યાં એફ.એસ.એલ.ના અધિકારીઓ તથા બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડના અધિકારીઓને બોલાવેલા અને ત્યાં પડેલી વેગન આર કારની ચકાસણી કરેલી અને ડેકીમાંથી વિસ્ફોટક પદાર્થો તથા અન્ય ચીજવસ્તુઓ પંચનામાની વિગતે કબજે કરેલાનું જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી નીતા પ્રદિપ માધવને સાહેદ નં.૧૦૪૫ તરીકે આંક–૭૦૬૬ થી તપાસેલાં છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદ સને–૨૦૦૮ના વર્ષમાં પંજાબ નેશનલ બેન્ક વાશી બ્રાન્ચ નવી મુંબઇ ખાતે નોકરી કરતા હતા. સને–૨૦૦૭ ના વર્ષમાં હરવા ફરવા માટે એક વેગન આર કાળા કલરની ગાડી ખરીદેલી હતી. જેનો આર.ટી.ઓ. રજીસ્ટર નં. MH–43–R–3569 હતો. આ ગાડી તા.૭/૭/ ના રાત્રિના સમયે ઘરની બહારના ભાગે એટલે કે રોડની સાઇડે કે જયાં બીજા વાહનો પાર્ક થતા હતા ત્યાં

પાર્ક કરેલી હતી. ૮ તારીખે આ ગાડી જયાં પાર્ક કરેલી હતી ત્યાં જોવા ના મળતા તે બાબતે પહેલા આજુબાજુ જોયેલુ પરંતુ ગાડી હતી નહીં તેથી તે દિવસે વાશી પોલીસ સ્ટેશને આ ગાડી અંગે ફરિયાદ આપવા માટે ગયેલા પરંતુ પોલીસે કહેલ કે આજુબાજુ તપાસ કરો અને મળી ના આવે તો પછી પોલીસ સ્ટેશને જાણ કરજો. તપાસ કરતા ગાડી મળી આવેલ નહી અને બીજા દિવસે એટલે કે તા.૯/૭/ ૨૦૦૮ ના રોજ પોલીસ સ્ટેશન ગયેલા અને ગાડી ચોરાય ગયેલી તે બાબતેની ફરિયાદ વાશી પોલીસ સ્ટેશનમાં આપેલાની હકીકત જણાવે છે. આ સાહેદે જે ફરિયાદ લખાવેલી તે ફરિયાદની નકલ આંક–૭૦૬૭ થી રજૂ કરેલી છે તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે તથા પોતાની ગાડીનું રજીસ્ટ્રેશન કરાવેલુ તે રજીસ્ટ્રેશન કાર્ડની નકલ અસલ ઉપરથી ખરાઈ કરીને આંક–૭૦૬૮ થી રજૂ કરેલી છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી કાળુભાઇ સરતાનભાઇ દેસાઇને સાહેદ નં.૧૦૪૮ તરીકે આંક–૭૦૭૫ થી તપાસેલાં છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદ સને–૨૦૦૮ના વર્ષમાં ડી.સી.બી. ક્રાઇમ, સુરત શહેર ખાતે પોલીસ સબ ઇન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા. કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટ્રેશન નં.૧૭૫/૨૦૦૮ના ગુનાની તપાસના કામે તપાસ કરનાર અમલદાર એન.બી.પરમાર તરફથી આ ગુનાના કામે ગુનાવાળી જગ્યાના આજુબાજુના સાહેદોના નિવેદનો લીધેલાનું જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી જેસીંગભાઇ મોહનભાઇ પટેલને સાહેદ નં.૧૧૩૭ તરીકે આંક–૮૧૫૬ થી તપાસેલાં છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદ જુલાઇ–૨૦૦૮ ના અરસામા પોલીસ હેડક્વાર્ટર ખાતે બોમ્બ ડિટેકશન એન્ડ બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડમા ફરજ બજાવતા હતા. આ અરસામા તેમની સાથે એ.એસ.આઇ. સુમનભાઇ વનમાળી, મોહનભાઇ ભાયલાભાઇ અને અજયભાઇ માનાભાઇનાઓ પણ ફરજ બજાવતા હતા. તેમની ફરજ પોલીસ હેડ ક્વાર્ટર ખાતે હોય છે અને સુચના મળે તે મુજબ જે તે જગ્યાએ જઇને કામગીરી કરતા હોય છે તેઓએ બોમ્બ ડિટેકશન અને બોમ્બ ડિસ્પોઝલ

અંગેની તાલીમ સુરત ખાતે હેડ ક્વાર્ટરમા તથા કરાઇ એકેડેમી, ગાંધીનગર ખાતે તાલીમ શાળા છે ત્યાં મેળવેલી હતી. તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ ટીમ સાથે પોલીસ હેડ ક્વાર્ટર, સુરત મુકામે હાજર હતા તે દરમ્યાન વર્ધી બપોરે આશરે ૧૪–૦૦ વગ્યાની આસપાસ મળેલી કે સીતાનગર ચોકડી પાસે પુણા જનરલ હોસ્પિટલની સામે સૌરાષ્ટ્ર હાર્ડવેરની સામે એક બીનવારસી વેગન આર કાળા કલરની મળેલ છે જેથી વર્ધીવાળી જગ્યાએ ગયેલા ત્યાં આગળ પોલીસ સ્ટાફના માણસો હતા અને તે સ્થળે કાળા રંગની વેગનઆર કાર પડેલી હતી. તેઓએ ગાડી ચેક કરતા તે ગાડી લોક હતી જેથી ડ્રાઇવર સાઇડનો કાચ તોડેલો અને ત્યારબાદ ગાડી ચેક કરતા તેમાં બોમ્બ બનાવવાનો સામાન હતો જે જોતા તેમાં એક ગાડીનુ કવર હતુ, કવરની નીચે નાની ડબ્બી જેવા ડબ્બા હતા, પેટ્રોલનો ડબ્બો હતો, વાયરનુ ગુંચળુ હતુ, સર્કિટ હતી અને જુના પેપરો, છરા, સેલ, ખાલી ડબ્બા, ડીટોનેટર તથા અન્ય વસ્તુઓ હતી. બાદમાં તે ગાડી ઉમરા પોલીસ સ્ટેશનની બાજુમા આવેલ ખુલ્લી જગ્યામા લઇ જવામા આવેલી જ્યાં ગાડીમાથી બોમ્બ બનાવવાની વસ્તુઓ ખુલ્લી પાડેલી અને તે સ્થાનીક પોલીસ અધિકારીઓને સોંપેલાનું જણાવેલ છે. આ સાહેદે ઊલટતપાસમાં જણાવેલી હકીકતો ડી.સી.બી. પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૩૦૧૯/૨૦૦૮ ના કામના બનાવ સંબંધે રજૂ કરેલ પુરાવામાં વિગતવાર ચર્ચા કરેલી છે માટે ઊલટતપાસની હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

આમ, કાપોદ્રા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સીતાનગર ચોકડી, પુણા જનરલ હોસ્પિટલ સામે, અંબિકા પાર્ક, સૌરાષ્ટ્ર હાર્ડવેરની દુકાન સામે વેગન આર કાર નં.જીજે–૬–સીડી–૩૫૬૯ માં તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ કલાક ૨૦–૨૫ થી ૨૨–૦૫ વાગે બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલો અને તે જગ્યાએથી ગાડીમાં બોમ્બ મળી આવેલો તે હકીકત ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા ઉપરોકત તમામ પુરાવા ઉપરથી સાબીત થાય છે તેમ હું માનુ છું.

(૫૨) **<u>સુરત શહેરમાં કાપોદ્રા પોલીસ સ્ટેશનની હકુમતના વિસ્તારમાં ગાડીમાં બોમ્બ ધડાકા કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલ તે પુરવાર કરવા માટે બનાવ નં.૨ના સબંધમાં ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન.</u>**

- વિસ્તાર:– કાપોદ્રા પોલીસ સ્ટેશનની હદમાં
- સ્થળ:– વરાછા રોડ, બરોડા પ્રિસ્ટેજ હાઉસ નીચે સોનલ ભેલ હાઉસની સામે પાર્કીંગમાંથી
- તારીખ:– ૨૭/૭/૨૦૦૮
- સમય:– કલાક ૨૨–૩૦
- સેકન્ડ ગુના રજીસ્ટર નં.૧૭૬/૨૦૦૮
- બનાવમાં વપરાયેલ વાહન:– વેગન આર કાર નં. જીજે–૬–સીડી–૨૯૦૮

તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ કાપોદ્રા પોલીસ સ્ટેશનની હકુમતમાં આવેલ વિસ્તાર વરાછા રોડ, બરોડા પ્રિસ્ટેજ હાઉસ નીચે સોનલ ભેલ હાઉસની સામે પાર્કીંગમાંથી વેગનઆર કાર નં.જીજે–૬–સીડી–૨૯૦૮ માં બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલો અને તે કારમાંથી બોમ્બ મળી આવેલો. તેની ફરિયાદ બાબુભાઈ રામભાઈ હળપતિ,પોલીસ સબઈન્સ્પેકટરનાઓએ પોલીસ ઈન્સ્પેકટર કાપોદ્રા પોલીસ સ્ટેશન રૂબરૂ ફરિયાદ લખાવેલી. આ ફરિયાદીને ફરિયાદપક્ષ દ્વારા સાહેદ નં.૪૬૨ તરીકે આંક–૨૮૪૦ થી તપાસવામાં આવેલા છે. તેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં ૨૦૦૭ થી ૨૦૧૦ દરમ્યાન પોલીસ સબઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા. તા. ૨૬/૭/૨૦૦૮ નાં રોજ અમદાવાદ મુકામે સીરીયલ બોમ્બ બ્લાસ્ટ થયેલા જેના અનુસંધાને આ સાહેદ તથા પોલીસ સબઈન્સ્પેકટર ઈશ્વરભાઈ વસંતભાઈ, કોન્સ્ટેબલ ઉમેશ પ્રભુનાથ તથા ઉત્તમ શંકરનાઓ સાથે ચોકી વિસ્તારમાં ચેકીંગની કામગીરીમાં હતા તે દરમ્યાન કલાક ૧૭–૦૦ વાગે માહિતી મળેલી કે બરોડા પ્રિસ્ટેજ હાઉસની નીચે સોનલ ભેળ હાઉસની દુકાન

સામે મારૂતી સુઝુકી ગાડી નં.જીજે–૬–સીડી–૨૯૦૮ બીનવારસી હાલતમાં પડેલી છે જેથી સ્ટાફના માણસો સાથે તાત્કાલિક ત્યાં પહોંચી ગયેલા. ત્યાં ગાડીના પાછળના કાચમાંથી જોયુ તો એક બોક્ષ તથા એક પોટલુ શંકાસ્પદ હાલતમાં જણાઇ આવેલુ જેથી આ ગાડીને કોર્ડન કરેલી અને તરત જ ઉપલા અધિકારીને જાણ કરેલી. બોમ્બ ડીફ્યુઝ સ્કવોર્ડના માણસોને જાણ કરતા તેઓ પણ સ્થળ ઉપર આવી ગયેલા. ત્યારબાદ કારની જમણી બાજુનો કાચ તોડી નાખેલો અને દરવાજો ખોલી જોતા તેમાંથી જીવતા ચાર બોમ્બ મળી આવેલા. ત્યારબાદ તરત જ બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડના માણસોએ સ્થળ ઉપર તે બોમ્બ નિષ્ક્રિય કરેલા. આ સમય દરમ્યાન એફ.એસ.એલ.ના અધિકારીઓને જાણ કરતા તેઓ પણ આવી ગયેલા. ત્યારબાદ પંચોના માણસોને બોલાવેલા અને આ સાહેદે પોતાની ઓળખાણ આપેલી. પંચોની હાજરીમાં ગાડી ચેક કરતા એક ભુરા કલરના પતરાનો ડબ્બો, પીળુ ક્રીમ કલરનું પેસ્ટ, નટબોલ્ટ તથા છરા, બે તારના બંડલ, પાંચ–પાંચ લીટરના ત્રણ કેરબા પેટ્રોલ તથા કેસ્ટ્રોલ ઓઈલની નાની ડબ્બી અને અન્ય વસ્તુઓ મળી આવેલી. બોમ્બ ડીફ્યુઝ ટીમે પંચોની રૂબરૂમાં તે બોમ્બ જોતા લાકડાના અર્ધ ચંદ્રાકાર ત્રણ ભુરા કલરના બોમ્બ તથા એક લાલ કલરનો બોમ્બ મળી આવેલા તેમાંથી આશરે એક કિલો છરા તથા એમોનિયમ નાઈટ્રેટ, બે–બે ડીટોનેટર, એક–એક સરકીટ, એક–એક ડયુરોસેલ કંપનીની બેટરી હતા અને આ બોમ્બ પતરાથી ફીટ કરવામાં આવેલા હતા. આ ઉપરાંત ગાડીમાંથી બરોડા સીટીના જૂના ન્યૂઝ પેપરો પણ મળી આવેલા. આ ઉપરાંત એક થેલો ટારઝન કંપનીનો તથા એક થેલો ઝાફરાની જર્દાનો તથા સાડીના ૪૮ મીટરના અલગ–અલગ કલરના ચાર નંગ મળી આવેલા. આ ઉપરાંત ન્યાય મંદિર હોટલ ભરૂચ ખાતેનો એક ખાલી ડબ્બો પણ મળી આવેલો, બોલપેન આકારની કટર મળી આવેલી. મહારાષ્ટ્ર રાજયના ટોલ જકાત નાકાની અલગ–અલગ તારીખની ટોલ પાવતીઓ મળી આવેલી. આ બોમ્બમાંથી મળી આવેલ મુદ્દામાલના અલગ–અલગ સેમ્પલ લઈ અલગ–અલગ માર્કા આપી એફ.એસ.એલ.માં મોકલવા તજવીજ કરેલી. અન્ય મુદ્દામાલ જુના પેપરોની

આવૃત્તિ તથા એક ડબ્બામાં પેસ્ટ ભરેલ તે તથા અલગ–અલગ બેટરી એક ગુણમાં પેક કરીને તપાસ અર્થે કબજે કરેલ. બિનવારસી કાર મળી આવેલ તેને પણ એફ.એસ.એલ.માં મોકલવાની તજવીજ કરેલી. આ કાર્યવાહીનુ પંચોની હાજરીમાં પંચનામુ કરેલુ જે આંક–૨૪૧૩ થી ૨જૂ છે તેમાં આ સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે. આ બનાવની આ સાહેદે જે ફરિયાદ આપેલી તે આંક–૨૮૪૧ થી ૨જૂ છે જેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. વધુમાં આ સાહેદની સરતપાસ પ્રમાણે એફ.એસ.એલ. અધિકારીને સ્થળ ઉપર બોલાવવા જે યાદી આપેલી તે યાદી પણ આંક–૨૮૪૨ થી ૨જૂ છે તેમાં પણ આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

આંક–૨૭૬૬ વાળી સ્થળ ઉપર પધારવાની યાદી આધારે એફ.એસ.એલ. અધિકારી સાહેદ નં.૪૪૩ નિતીનકુમાર દયારામ પટેલનાઓને આંક–૨૭૨૫ થી તપાસવામાં આવેલા છે. તેઓએ જે જગ્યાએથી બોમ્બ મળી આવેલ તે સ્થળ ઉપર જઈ સ્થળ ચકાસણી કરેલી અને સ્થળ ઉપરથી બોમ્બનું મટીરીયલ જેવુ કે અર્ધ ચંદ્રકાર લાકડાની ફ્રેમ, ગેલ્વેનાઈઝના પતરા અને ખીલ્લીથી ઝડેલી અને તેમાંથી લોખંડના છરા, ચીકણો પદાર્થ, ૯ વોલ્ટની બેટરી તથા ડીટોનેટર વિગેરે કબજે કરવાની સુચના આપેલી અને તપાસ કરનાર અધિકારીએ પંચોની રૂબરૂમાં આ સમગ્રી કબજે કરેલાનું આ સાહેદ જણાવે છે અને તે અંગેનો વિગતવાર પ્રાથમિક અહેવાલ આપેલો જે આંક–૨૭૬૭ મા આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આ સાહેદની ઊલટતપાસની વિગતવાર ચર્ચા ડી.સી.બી. પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૩૦૧૯/૨૦૦૮ નાં કામે ફરિયાદપક્ષ દ્વારા જે પુરાવા રજૂ થયેલા છે તેમાં કરેલી છે. આરોપીઓ તરફથી થયેલી ઊલટતપાસ જનરલ ઊલટતપાસ છે, કોઈ ચોકકસ એક ગુના પુરતી નથી માટે ઊલટતપાસનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદ લેનાર મહેન્દ્રસિંહ રતનસિંહ ચાવડાને સાહેદ નં.૧૦૪૯ તરીકે આંક–૭૦૭૯ થી તપાસેલ છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ તેમના પોલીસ સ્ટેશનની હદમાં આવેલ

વરાછા રોડ, બરોડા પ્રિસ્ટેજ, ડોકટર હાઉસની નીચેના ભાગે સોનલ ભેળ હાઉસની સામેના ભાગે એક લાલ કલરની મારૂતી વેગન આર કાર નં.GJ-06-CD-2908 વિસ્ફોટક પદાર્થ સાથે મળી આવેલી તે અંગેની ફરિયાદ પોલીસ સબ ઇન્સ્પેકટર બી.આર.હળપતીનાઓએ તેમની રૂબરૂ આપેલી જે ફરિયાદ તેઓના લખાવ્યા મુજબની લખી લેવામાં આવેલી અને ફરિયાદમાં તેમની સહી મેળવી તેમાં રૂબરૂ તરીકે સહી કરે, આંક-૨૮૪૧ વાળી ફરિયાદમાં ફરિયાદીની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે. ત્યારબાદ ફરિયાદીની ફરિયાદના આધારે ગુનો રજીસ્ટર કરી મુદ્દામાલ પાવતી ફાડવા બાબતે તથા સ્ટેશન ડાયરીમાં નોંધવા માટે રીપોર્ટ કરેલો તે રીપોર્ટ આ કામે આંક-૧૬૯૩ થી રજૂ છે જેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

આમ, આ ફરિયાદ લીધા બાદ સાહેદ મહેન્દ્રસિંહ રતનસિંહ ચાવડાએ ગુનો રજીસ્ટર કરવા માટે પી.એસ.ઓ. કાપોદ્રા પોલીસ સ્ટેશનને મોકલી આપેલી અને પી.એસ.ઓ. કાપોદ્રા પોલીસ સ્ટેશનનાઓએ આ ફરિયાદને સ્ટેશન ડાયરીમાં રજીસ્ટર કરેલી તે સ્ટેશન ડાયરીની નકલ આ કામે આંક-૧૬૯૪ થી રજૂ કરેલી છે. તે રજીસ્ટર કરનાર સાહેદ કરસનભાઈ નાડીયાભાઈ ચૌધરીનાઓને સાહેદ નં.૩૨૮ તરીકે આંક-૧૬૯૦ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લેતા તેઓ બનાવના દિવસે પી.એસ.ઓ. તરીકે કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં ફરજ ઉપર હતા ત્યારે એક સૂચિપત્ર ચાવડાની સહીથી મોકલવામાં આવેલુ અને ગુનો નોંધેલો અને સ્ટેશન ડાયરી એન્ટ્રી નં.૨૧ આપેલી જેમાં આ સાહેદે વધુ તપાસ અંગેનો શેરો આંક-૧૬૯૩ ના પાછળના ભાગે કરેલો તેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

આ કામે ફરિયાદી બાબુભાઈ રામભાઈ હળપતિની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલી છે તે ધ્યાને લેતા સરતપાસ વખતે જોયેલ મુદ્દામાલ મોટર કારના ચેસીસ તથા એન્જીન નંબર જોયેલા નથી કે વાંચેલા નથી તે કબૂલ કરે છે. તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ ગુજરાત રાજયમાં રેડ એલર્ટ હોવથી ફરજનો સમય ૨૪ કલાકનો હતો. ચેકીંગ સબંધે રજીસ્ટર રાખવામાં આવે છે તે કબૂલ કરે

છે. ફરજના ભાગરૂપે દૈનિક કામગીરીની નોંધ કરવામાં આવે છે તે કબૂલ કરે છે. તા.૨૭/૭/૨૦૦૮ ના દિવસની કામગીરીનું રેકર્ડ શ્રીચાવડાને સોંપેલ નથી તે કબૂલ કરે છે. પંચનામાની કાર્યવાહી દરમ્યાન અને ફરિયાદ આપી ત્યાં સુધી માહિતી આપનાર સાથે હતા તેમ જણાવે છે. કાર માટે જેને માહિતી આપી તે સામાન્ય પ્રજાજન હતા તે કબૂલ કરે છે. ફરિયાદમાં આ વ્યકિતનું પુરૂ નામ, સરનામુ આપેલુ નથી તે કબૂલ કરે છે. પંચનામુ તૈયાર કર્યા પછી ફરિયાદ આપેલાનું જણાવે છે. ઉપલા અધિકારીઓની સુચનાથી ફરિયાદી બનેલા તો તે હકીકત નકારે છે. આંક–૨૪૧૩ વાળા પંચનામા મુજબનો કોઈ મુદામાલ પંચોની હાજરીમાં કબજે કરેલો નથી તો તે હકીકત નકારે છે. ઉપલા અધિકારીના કહેવાથી પંચનામાને સમર્થન આપવા ખોટી ફરિયાદ કરેલાની હકીકત નકારે છે.

આ કામે ફરિયાદ લેનાર મહેન્દ્રસિંહ રતનસિંહ ચાવડાની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલી છે તે ધ્યાને લેતા આ સાહેદના કાપોદ્રા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આ બનાવ સિવાય બીજા ત્રણ બનાવો બનેલા હતા તે તમામ બનાવોની ફરિયાદ આ સાહેદ લીધેલી છે. કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૧૭૫/૨૦૦૮ ના બનાવના સંબંધમાં ફરિયાદપક્ષ દ્વારા જે પુરાવા રજૂ થયા છે તે પુરાવા દરમ્યાન આ સાહેદની ઊલટતપાસની હકીકતોનો વિગતવાર ઉલ્લેખ કરેલો છે. આરોપીઓ તરફથી આ સાહેદની કોમન ઊલટતપાસ કરવામાં આવેલી છે જેથી અગાઉ ઊલટતપાસનો વિગતવાર ઉલ્લેખ કરેલ હોવાથી આ બનાવ સંબંધે આ સાહેદની ઊલટતપાસનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

સાહેદ બાબુભાઈ રામભાઈ હળપતિનાઓએ બે પંચોની હાજરીમાં આંક–૨૪૧૩ વાળુ ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરી જે મુદ્દામાલ કબજે કરેલો તે પંચનામાના પંચો પૈકીના પંચ વિજયસિંહ શેરસિંહ ભદોરીયાને સાહેદ નં.૪૨૫ તરીકે આંક–૨૪૦૯ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ સાંજના છ વાગ્યાના અરસામાં કાપોદ્રા પોલીસ સ્ટેશનના પોલીસે હીરાબાગ ડૉકટર હાઉસ બિલ્ડિંગની નીચે સોનલ ભેળ નામની દુકાન સામે આવેલી પાર્કીંગવાળી જગ્યાએ બોલાવેલા. તે વખતે ત્યાં એક

ઈશ્વરભાઈ નામના વ્યકિત પણ હાજર હતા. પોલીસે જણાવેલુ કે ગાડી પડેલી છે અને તેમાં બોમ્બનો સામાન છે તે બાબતનું પંચનામુ કરવાનું છે તો પંચમા રહેશો? તો આ બંને પંચોએ હા પડેલી. ત્યારબાદ ત્યાં જોયુ તો એક મરૂન કલરની વેગન આર ગાડી હતી જેનો નં.જીજે–૬–સીડી–૨૯૦૮ હતો. આ ગાડી સોનલ ભેળ દુકાન તરફ પાર્કીંગવાળી જગ્યાએ હતી. આ વખતે પોલીસના સાહેબો તથા એક ચાંપાનેરીયા સાહેબ, બીજા એક ચૌધરી સાહેબ હતા. ત્યાં ત્રણ બોક્ષ જોયેલા તે બોક્ષ નાવડી ટાઈપના હતા. ચૌધરી સાહેબે જણાવેલુ કે આ બોમ્બ છે. આ સિવાાય ત્યાં તાર તથા બેટરી હતી. જેમાં ચાર એક કંપનીની હતી અને બીજી એક અલગ કંપનીની હતી. આ બેટરી ઉપર લાલ અને કાળા વાયરના છેડા હતા તેમા છરા હતા જેનું વજન લગભગ ૧૫ કિલો જેટલુ હતુ. એક ડબ્બો હતો તે ભરેલો હતો તેમાં પીળા કલર જેવો ચીકણો પદાર્થ હતો. ત્યાં નટ–બોલ્ટ, વાાયસર આશરે ૩૦ કીલો જેટલા હતા તેને ત્રીસેક નંગ વાયરો જોડેલા હતા, ગાડીમાં પેન, ડૉકટરનું બોક્ષ, કપડા હતા. આ બધી વસ્તુઓ એક કાગળમાં લખવામાં આવેલી. આ સાહેદે અદાલત રૂબરૂ મોટર કાર ઓળખી બતાવેલી છે.

વધુમાં સરતપાસ ધ્યાને લેતા ત્યાં ત્રણ કેરબા પેટ્રોલના જોયેલા જેમા આશરે પાંચ લીટર પેટ્રોલ હતુ, જુદા–જુદા ૮–૯ દૈનિક પેપરો હતા, ગાડીમાં લગાવે તેવી રેડીયમ પટ્ટી હતી, કાળી તથા બીજા કલરની ટેપ હતી, એક પ્લાસ્ટિકનું ન્યાયમંદિર જેવુ લખેલુ ડબલુ હતુ તેમાંથી વુડન બોક્ષ, છરા, બોલ્ટ, બેટરી તેમજ પેટ્રોલમાંથી નમૂનો લઈ બાટલી ભરેલી અને બધી વસ્તુઓ કબજે કરેલી. વધુમાં આ સાહેદના કહેવા પ્રમાણે આ સાહેદની હાજરીમાં નવ વસ્તુઓ સીલ કરેલી અને તમામ વસ્તુઓ ઉપર પંચોની સહીઓવાળી સ્લીપો મુકી દોરાથી બાંધી સીલ કરેલી. આ ગાડીમાં માણસોના ફોટા હતા, ગાડીમાં તેલની શીશી હતી, એક કાળો થેલો હતો તેમાં શું હતુ તે યાદ નથી. આ તમામ વસ્તુઓ આ સાહેદની હાજરીમાં કબજે કરવામાં આવેલી તેનુ પંચનામુ બનાવેલુ જે આંક–૨૪૧૩ વાળા પંચનામામાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવી છે તથા આ સાહેદની હાજરીમાં જે કોઈ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ તે તમામ એક પછી

એક કોર્ટમાં ખોલીને બતાવતા તમામ મુદ્દામાલ આ સાહેદે ઓળખી બતાવેલો છે અને મુદ્દામાલમાંથી નીકળેલી પંચ સ્લીપો આંક–૨૪૧૪ થી ૨૪૨૧ સુધી રજૂ કરેલી છે તે તમામ પંચ સ્લીપો ઉપર આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

હવે આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવી છે તે ધ્યાને લઈએ તો આ સાહેદ રોજની દિનચર્યા અંગેની ડાયરી રાખતા નથી તે કબૂલ કરે છે. પંચનામુ ઈલેકટ્રીકના અજવાળામાં કરવામાં આવેલુ તે પણ કબૂલે છે. પંચનામુ ઈલેકટ્રીકના થાંભલા નીચે કરેલાની હકીકત નકારે છે. પોલીસે હીરાબાગ પાસે રોકેલા અને પંચનામાવાળી જગ્યાએ લઈ ગયેલા. જે જગ્યા ઉપર લઈ ગયેલા તે જાહેર રોડ હતો. તે વખતે વાહન વ્યવહાર ચાલુ હતો તે હકીકત નકારી છે. આ જગ્યા ઉપર આ સાહેદ ગયા ત્યારે ઘણા માણસો ઉભેલા હતા તે હકીકત નકારે છે. ત્યાં જે લોકો હાજર હતા તેની સંખ્યા કહી શકે તેમ નથી. આ સાહેદ સ્થળ ઉપર પહોંચ્યા ત્યારે વેગન આરમાંથી મુદ્દામાલ કાઢીને ઢગલો કરેલો હતો તે કબૂલ કરે છે. બોમ્બ બનાવવામાં કઈ વસ્તુઓ વપરાય તેની ખબર નથી. અગાઉ કયારેય પંચનામામાં પંચ તરીકે રહયા નથી. આંક–૨૪૧૩ વાળા પંચનામામાં કોના હસ્તાક્ષરો છે અને કોને લખેલુ છે તેની ખબર નથી. સહી કરી ત્યારે પંચનામુ તૈયાર હતુ તો તે હકીકત નકારી છે. બીજા પંચ કિશોરભાઈ કયારે આવેલા અને કયાંથી આવેલા તેની ખબર નથી. પંચનામાના દિવસે પંદરેક કાગળો પર સહીઓ કરેલી જેમાં કાપલીઓનો પણ સમાવેશ થાય છે. મુદ્દામાલને કોઈ નંબરો આપવામાં આવેલા નથી. સ્થળ ઉપર ગયેલા નથી અને પોલીસે બોલાવેલા નથી તો તે હકીકત નકારેલી છે. સ્થળ પર ગયા નથી કે પંચનામાની કાર્યવાહીમાં ભાગ લીધેલો નથી તો તે હકીકત પણ નકારેલી છે.

હવે તપાસ કરનાર અધિકારીએ ગુનાવાળી જગ્યા ઉપરથી જે મુદ્દામાલ આંક–૨૪૧૩ ના પંચનામાના આધારે કબજે કરેલો તે મુદ્દામાલ રવાનગી નોંધ સાથે એફ.એસ.એલ. ગાંધીનગરને પૃથક્કરણ માટે મોકલી આપેલો. આ રવાનગી નોંધ આ કામે આંક–૫૮૪૫ થી રજૂ કરેલી છે. આ

રવાનગી નોંધમાં જણાવ્યા મુજબના કુલ–૮ નમૂના માર્ક–એ/૧ થી એ/૬, એ/૮ અને એ/૯ સુધીના એફ.એસ.એલ. ગાંધીનગરને તપાસ અર્થે મોકલેલા છે. આ રવાનગી નોંધ સાહેદ પી.આર.પટેલ, પોલીસ ઈન્સ્પેકટર ડી.સી.બી. પોલીસ સ્ટેશનનાઓએ બનાવેલી અને સત્તાના પ્રમાણપત્ર સાથે એફ.એસ.એલ. ગાંધીનગરને મોકલી આપેલી. હવે આ મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારી હેમંતકુમાર ભાલચંદ્ર ભટ્ટને સાહેદ નં. ૮૪૬ તરીકે આંક–૫૮૩૮ થી તપાસેલા છે. એફ.એસ.એલ. દ્વારા મુદ્દામાલ સ્વીકારાયા અંગેની જે પહોંચ આપવામાં આવેલી તે પહોંચ આ કામે આંક–૫૮૪૬ થી રજૂ કરેલી છે જેમાં મદદનીશ નિયામક એફ.એસ.એલ. ગાંધીનગરની સહી છે. આ સાહેદની આ ગુના પુરતી સરતપાસ પ્રમાણે તેમના વિભાગના મદદનીશ નિયામકશ્રી દ્વારા તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ કાપોદ્રા પોલીસ સ્ટેશન, સુરત શહેરના સેકન્ડ ગુના રજિસ્ટર નં.૧૭૬/૨૦૦૮ અન્વયેના કેસનો સ્વિકારવામાં આવેલ મુદ્દામાલ પૃથક્કરણ અર્થે મળેલો અને તેની સાથે તેને લગતા કાગળોની ફાઈલ સોંપવામાં આવેલ. આ નમૂનામાં...

– માર્ક–એ/૧ અર્ધ ચંદ્રાકાર વુડન બોક્ષ
– માર્ક–એ/૨ બેટરી સેલ જંકશન એડેપ્ટર
– માર્ક–એ/૩ ટાઈમર સાથે આઈસી પીસીબી બોર્ડ નંગ–૫
– માર્ક–એ/૪ એમોનિયમ નાઈટ્રેટ પેસ્ટ આશરે ૧ કીલો
– માર્ક–એ/૫ લોખંડના નાના મોટા છરા
– માર્ક–એ/૬ લોખંડના નાના મોટા નટબોલ્ટ એક કીલો
– માર્ક–એ/૮ પચાસ એમ.એલ. બ્રેક ઓઈલ
– માર્ક–એ/૯ ત્રણ કાચની બોટલમાં ૭૫૦ એમ.એલ. પ્રવાહી

ઉપરોકત નમૂનાઓનું પ્રમાણિત રાસાયણિક અને ઉપકરણીય પધ્ધતિથી પૃથક્કરણ કરેલ હતું અને પૃથક્કરણ મુજબ...

(૧) નમૂના માર્ક–એ/૪ માં એમોનિયમ નાઈટ્રેટ મુલકો તથા પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સ ઓઈલ (પેરાફીલ ઓઈલ પ્રકાર) ની હાજરી શોધાયેલ છે.

(૨) નમૂના માર્ક–એ/૯–એ, એ/૯–બી, એ/૯–સી નું પ્રવાહી પેટ્રોલ હોવાનું શોધાયેલ.

(૩) નમૂના માર્ક–એ/૮ નું પ્રવાહી પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બનસ ઓઈલ હોવાનું શોધાયેલ છે.

(૪) નમૂના માર્ક–એ/૧, એ/૫, એ/૬ વિસ્ફોટક ઘટકોની હાજરી શોધાયેલ છે.

ઉપરોકત પૃથક્કરણ આધારે સાહેદના અભિપ્રાય મુજબ...

૧. પૃથક્કરણના પરિણામમાં શોધાયેલ એમોનિયમ નાઈટ્રેટ અને પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન ઓઈલનું મિશ્રણએ એમોનિયમ નાઈટ્રેટ બેઝ એમોનિયમ નાઈટ્રેટ–ફયુલ ઓઈલ (એનફો) હાઈએક્ષપ્લોઝીવના ઘટકો છે જેને ફોડવા માટે ડીટોનેટરનો ઉપયોગ થાય છે.

૨. નમૂનાઓમાંથી મળેલ ધાતુના છરા તથા નટ બોલ્ટનો ઉપયોગ હાથ બનાવટના બોમ્બમાં મીસાઈલ્સ તરીકે થાય છે.

૩. પૃથક્કરણનું પરિણામ તથા નમૂનાઓમાંથી મળેલ બેટરી, ઈલેક્ટ્રોનીક સરકીટ, છરા તથા હોડી આકારના લાકડાના ધાતુના પતરાના સાથેના કન્ટેનરના આધારે એવું કહી શકાય કે હોડી આકારના લાકડાના ધાતુના પતરા ધરાવતા કન્ટેનરમાં એનફો એક્ષપ્લોઝીવ પદાર્થ ભરી, છરા, નટ–બોલ્ટ ઉમેરી તથા ડીટોનેટરનો ઉપયોગ કરીને ટાઈમ ડીલે ડીવાઈસ પ્રકારનો આઈ.ઈ.ડી. બોમ્બ બનાવી શકાય.

આ પ્રમાણેનો આ સાહેદે અહેવાલ આપેલો જે આ કામે આંક–૫૮૪૭ થી રજૂ કરેલો છે તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ સાહેદની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી છે તે ધ્યાને લેતાં અમદાવાદમાં થયેલ સીરીયલ બોમ્બ બ્લાસ્ટનાં ઘણા બનાવો વાળી જગ્યા ઉપરથી કબજે કરવામાં આવેલ ઘણા મુદ્દામાલનું પૃથક્કરણ તથા સુરત શહેરમાં થયેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં પણ જે તે સ્થળો ઉપરથી કબજે કરવામાં આવેલ મુદ્દામાલનું પૃથક્કરણ આ સાહેદે કરેલુ છે.

તેઓની ઊલટતપાસ જનરલ અને સામાન્ય છે. જેની હકીકત અગાઉના ગુનાઓમાં પણ જણાવેલી છે. આરોપીઓ તરફથી કરવામાં આવેલ ઊલટતપાસ ધ્યાને લેતા એફ.એસ.એલ. કચેરી ગાંધીનગર ખાતે જે કંઈ કામગીરી કરવામાં આવે છે તે બાબતે તેમજ ઑફિસના વહીવટ સબંધે પ્રશ્નો પુછવામાં આવેલા છે પરંતુ તેથી કરીને આ સાહેદે આ મુદ્દામાલનું પૃથક્કરણ કરેલ નથી તે હકીકત સાબીત થતી નથી. વધુમાં આ સાહેદની વિગતવાર ઊલટતપાસની હકીકત અમદાવાદમાં થયેલ બોમ્બ બ્લાસ્ટના બનાવો બાબતે રજૂ થયેલ પુરાવામાં ચર્ચા કરેલી છે અને આ જજમેન્ટના અન્ય પેરાઓમાં વિગતવાર છણાવટ કરેલી છે.

ત્યારબાદ આ કામે રવાનગી નોંધ આંક–૫૮૪૫ પૈકીના કેટલાક મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારી હિતેશ જયંતિલાલ ત્રિવેદીને સાહેદ નં. ૮૩૫ તરીકે આંક–૫૬૩૧ થી તપાસેલ છે. તેઓની સરતપાસ પ્રમાણે તેઓ તેમના વિભાગના મદદનીશ નિયામકશ્રી દ્વારા કાપોદ્રા પોલીસ સ્ટેશન, સુરત શહેરના સેકન્ડ ગુના રજીસ્ટર નં.૧૭૬/૨૦૦૮ અન્વયેના કેસનો સ્વીકારવામાં આવેલ મુદ્દામાલ પૈકીનો અમુક મુદ્દામાલ પૃથક્કરણ અર્થે મળેલો. જેમાં કુલ ચાર પાર્સલો હતા જે પૈકી માર્ક–એ/૨, માર્ક/૩ મૂળ સીલબંધ સાથે તથા માર્ક–એ/૫, એ/૬ કચેરીના વિભાગીય સીલ સાથે મળેલ. સદરહુ કામના મુદ્દામાલનું પૃથક્કરણ વૈજ્ઞાનિક પધ્ધતિએ કરેલ હતું અને પૃથક્કરણ મુજબ...

૧. નમૂના –એ/૨ ની બેટરીનુ મલ્ટિમીટર વડે તેના વોલ્ટેજનું માપન કરવામાં આવ્યુ.

૨. નમૂના – એ ૩/૧ થી નમૂના – એ૩/૫ ની ઇલેકટ્રોનીક સરકીટના PCB (printed circuit Board)મા જોવા મળતા કનેકશન અનુસાર Schematic Diagram તૈયાર કરવામાં આવ્યો.

૩. નમૂના –એ૩/૧ થી નમૂના –એ૩/૫ ની ઇલેકટ્રોનીક સરકીટમાં રહેલ PIC 16F628A માઇક્રોકન્ટ્રોલર IC નુ EPROM READER હાર્ડવેર તથા સોફ્ટવેર પ્રોગ્રામની મદદથી તેમાં રહેલ પ્રોગ્રામ રીડ કરવા માટે પ્રયત્ન કરવામાં આવ્યો.

૪. નમૂના– એ ૩/૧ થી નમૂના– એ૩/૫ ની ઇલેકટ્રોનીક સરકીટને બેટરી સાથે જોડાણ કરી તેનાં વિવિધ જોડાણો પાસે મળતા વોલ્ટેજ મલ્ટિમીટર વડે તથા COB (Clock on board) સરકીટ દ્વારા મળતા પલ્સની Frequency ઓસીલોસ્કોપની મદદથી માપવામાં આવ્યા.

૫. નમૂના. –એ૩/૧ થી નમૂના. –એ૩/૫ ની ઇલેકટ્રોનીક સરકીટને બેટરી સાથે યોગ્ય રીતે જોડી સદરહુ સરકીટોનો ટ્રાન્ઝીસ્ટર કેટલા સમયબાદ ટ્રીગર થાય છે. તે સ્ટોપવોચની મદદથી પ્રાયોગિક પધ્ધતિથી માપવામાં આવ્યુ.

ઉપરોકત પૃથક્કરણ આધારે સાહેદના અભિપ્રાય મુજબ...

૧. નમૂના– એ/૨ HW (HI–Watt) માર્કાની બેટરી ચાલુ સ્થિતિમાં હતી તથા તેનો આઉટપુટ વોલ્ટેજ આશરે ૯ વોલ્ટ હતા.

૨. નમૂનો– એ/૨ ની બેટરીને નમૂનો – એ૩/૧ થી નમૂનો – એ૩/૫ ની ઇલેકટ્રોનીકસ સર્કીટને વીજ પ્રવાહ પુરો પાડવા માટે ઉપયોગમાં લઇ શકાય.

૩. નમૂના– એ૩/૧ થી નમૂના. – એ૩/૫ ની સરકીટ મુખ્યત્વે PIC 16F628A પ્રોગ્રામેબલ ફલેશ પ્રકારની IC, COB (Clock on Board), ટ્રીગરીંગ ટ્રાન્સીસ્ટર 2SC1162, ઝેનર ડાયોડ, રેસીસટન્સ, કેપેસીટર્સ વગેરેની બનેલી હતી.

૪. નમૂના. – એ૩/૧ થી નમૂના. – એ૩/૫ ની સરકીટમાં રહેલ PIC 16F628A ઇલેકટ્રીકલ પ્રોગ્રામેબલ ફલેશ પ્રકારની IC નુ EPROM READER હાર્ડવેર અને સોફટવેર પ્રોગ્રામની મદદથી રીડ કરનાર સદર IC " કોડ પ્રોટેકટેડ" હોવાનુ જણાયેલ.

૫. નમૂના. – એ૩/૧ થી નમૂના. – એ૩/૫ ની સરકીટમાં રહેલ COB (Clock on Board) ૦.૫ હર્ટઝની ફીકવન્સી જનરેટ કરે છે જે માઇક્રો કંટ્રોલરની પીન નં.૩ ઉપર આપે છે.

૬. નમૂના. – એ૩/૧ થી નમૂના. – એ૩/૫ ની ઇલેકટ્રોનીક સરકીટને બેટરી સાથે જોડી ચકાસતા તેના દરેક ઇલેકટ્રોનીક કમ્પોનન્ટસ ચાલુ સ્થિતિમાં (Working Condition) મા જણાયા.

૭. નમૂના – એ૩/૧ થી નમૂના – એ૩/૫ ની ઇલેકટ્રોનીક સરકીટને બેટરી સાથે જોડી પ્રાયોગિક રીતે અવલોકન કરતા સદર સરકીટનો ટ્રીગરીંગ ટ્રાન્ઝીસ્ટર (2SC1162) આશરે ૧૨ કલાકના સમયગાળા બાદ ટ્રીગર થતો જોવા મળેલ.

૮. નમૂના – એ૩/૧ થી નમૂના – એ૩/૫ ની ઇલેકટ્રોનીક સરકીટોનો ઉપયોગ બોમ્બ બનાવવાની રચનામાં ટાઇમર ડીવાઇસ તરીકે થઇ શકે છે.

૯. નમૂના – એ૩/૧ થી નમૂના – એ૩/૫ ની ઇલેકટ્રોનીક સરકીટોને બેટરી સાથે જોડાયા બાદ, અગાઉથી પ્રોગ્રામ કરેલ સમયગાળો પુરો થતા ટ્રીગરીંગ ટ્રાન્ઝીસ્ટર (2SC1162) ના આઉટપુટ પર ડીટોનેટરોને ફુટવા માટે જરૂરી વીજપ્રવાહ મળતો ન હોવાથી ડીટોનેટરો એક્ષ્પ્લોઇડ થઇ શકેલ ન હતા તેવુ જણાયેલ છે.

ઉપરોકત પૃથક્કરણના આધારે આ સાહેદે જે અહેવાલ આપેલો તે આ કામે આંક–૫૬૫૫ થી રજૂ કરેલો છે તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ ઉપરાંત આ સાહેદે રવાનગી નોંધ આંક–૫૭૭૪ માં જણાવ્યા મુજબના મુદ્દામાલ પૈકીનો કેટલોક મુદ્દામાલ આ સાહેદે સ્વીકારેલો જેમાં કુલ–૭ પાર્સલો મળેલા જેમાં માર્ક–એ/૧ થી એ/૪, બી/૯, સી/૧, ડી/૧ વિભાગીય સીલ સાથે મળેલો જેનું પણ પૃથક્કરણ કરેલુ (સદર નમૂનાઓનુ વર્ણન જાનમહંમદ મન્સુરીના પુરાવામાં જણાવેલુ છે). આ સાહેદે તેમને મળેલા નમૂનાઓનું વૈજ્ઞાનિક પધ્ધતિથી પૃથક્કરણ કરેલ અને પૃથક્કરણ બાદ નીચે મુજબનો અભિપ્રાય આપેલ છે...

૧. નમૂનો–એ/૧ (છરા), બી/૯/૧ (બોલ્ટ), બી/૯/૨ (છરા), સી/૧ (બોલ્ટ) મા મુખ્ય ધાતુ આયર્નની હાજરી જોવા મળેલી.

૨. નમૂનો–એ/૧, બી/૯/૨, એ/૫ માં છરા ધાતુ તત્વોની હાજરીની દ્રષ્ટિએ સામ્યતા જોવા મળેલ.

૩. નમૂનો–એ/૧, બી/૯/૨ ના ધાતુના છરા તથા એ/૫ (૦.૬૨ સેમી વ્યાસના) છરાઓ વચ્ચે ભૌતિક સામ્યતા જોવા મળેલ.

૪. નમૂનો–બી/૯/૧, સી/૧, ડી/૧/૧, ડી/૧/૨, ડી/૧/૩ તથા એ/૬ ના બોલ્ટમાં ધાતુ તત્વની હાજરી દ્રષ્ટિએ સામ્યતા જોવા મળેલ.

૫. નમૂનો–બી/૯/૧, સી/૧, ડી/૧/૧, એ/૬ (૬૪.૯૨ સેમી લંબાઈ) બોલ્ટ ભૌતિક માપનની દ્રષ્ટિએ સામ્યતા ધરાવે છે.

૬. નમૂનો–ડી/૧/૩ તથા એ/૬ (૫.૫ સેમમી લંબાઈ) બોલ્ટ ભૌતિક માપનની દ્રષ્ટિએ સામ્યતા ધરાવે છે.

૭. નમૂનો–એ/૨ ની કાતર પર ચોંટેલ લાલ રંગની સેલોટેપનો ટુકડો તથા અગાઉ બોમ્બ ગુના સબંધિત મળેલ કેસના નમૂનામાં જોવા મળેલ સેલોપેટ વચ્ચે સામ્યતા ધરાવતા હતા.

ઉપરોકત પૃથક્કરણના આધારે આ સાહેદે જે અહેવાલ આપેલો તે આ કામે આંક–૫૮૩૪ થી રજૂ કરેલો છે તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ સાહેદની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી છે આ સાહેદે સુરત શહેરમાં બનેલા કુલ–૧૫ બનાવોમાં જે મુદ્દામાલ કબજે કરવામાં આવેલો તે તમામ બનાવોના મુદ્દામાલોનું આ સાહેદે પૃથક્કરણ કરેલુ છે અને આરોપીઓ તરફથી કોઈ ચોકકસ ગુના માટે ઊલટતપાસ કરવામાં આવેલી નથી પરંતુ જનરલ ઊલટતપાસ કરવામાં આવેલી છે. આ સાહેદે ઊલટતપાસમાં જણાવેલી હકીકતો મહિધરપુરા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૨૦૯/૨૦૦૮ ના કામના બનાવ સબંધે રજૂ કરેલ પુરાવામાં વિગતવાર ચર્ચા કરેલી છે માટે ઊલટતપાસની હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષે ધર્મેશકુમાર ધીરજલાલ બકરાણીયાને સાહેદ નં.૪૪૮ તરીકે આંક–૨૭૭૪ થી તપાસેલ છે. તેઓની સરતપાસ પ્રમાણે સુરત ખાતે ૨૦૦૮ ના સાલમાં સાયન્ટિફિક ઓફિસર તરીકે ફરજ બજાવતા હતા. તા.૨૮/૭/૨૦૦૮ નાં રોજ ડી.સી.બી. પોલીસ સ્ટેશન સુરતના પોલીસ તરફથી કાપોદ્રા સેકન્ડ ગુના રજીસ્ટર નં.૧૭૬/૨૦૦૮ ના કામે

આ સાહેદની કચેરીને વેગન આર મોટર ગાડી નં.જીજે–૬–સીડી–૨૯૦૮ મરૂણ કલરની હતી તે પોલીસ ઇન્સ્પેકટરના ફોરવર્ડીંગ પત્ર, રવાનગી નોંધ અને સત્તાના પ્રમાણપત્ર સાથે ચકાસણી માટે મળેલી. રવાનગી નોંધ આ કામે આંક–૨૭૭૭ થી રજૂ છે અને આ મુદ્દામાલ ગાડી મળી તે અંગેની પહોંચ આંક–૨૭૭૮ થી રજૂ છે જેમાં મદદનીશ નિયામકની સહી છે. સદર ગાડીનુ આ સાહેદે અવલોકન કરેલુ તથા તપાસ કરનાર અધિકારી તરફથી મળેલી પ્રશ્નોત્તરી સંદર્ભે કાળજીપૂર્વક પરીક્ષણ કરેલુ અને તે અંગેના તારણ તથા અભિપ્રાય મુજબ...

૧. L.P.G. / હાજર ગેસનો અંદાજીત જથ્થો આશરે ૧૮.૫ લીટર હોઇ શકે.

૨. પ્રવાહી ઇંધણ ટાંકીમાંથી મળેલ પ્રવાહીનુ કદ આશરે ૩૬.૨ લીટર જણાયુ.

૩. મોટરકારના સ્ટીયરીંગ લોકના કલેમ્પ/ચાપડા પર તાજા ટોચાની હાજરી હતી પરંતુ સ્ટીયરીંગ લોકના આંતરિક ભાગો પર વિશિષ્ટ ઘસારાના ચિન્હો જણાયેલ નથી.

૪. મોટરકારના આગળના બંને દરવાજા પર આવેલ ડોરલોકના આંતરીક ભાગો પર વિશિષ્ટ ઘસારાના ચિન્હો જણાયેલ નથી.

૫. મોટરકારની પાછળની ડેકીનો દરવાજો અને લોક હાઉસીંગ પર બાહ્ય બળના ચિન્હો જણાયા.

૬. નમૂનાની મોટરકારના હાજર એવા સર્વે લોકના આંતરિક મીકેનીઝમનો પ્રકાર જોતા સદર લોકમાં અન્ય ડુપ્લીકેટ ચાવીનો તાજેતરમાં ઉપયોગ થયેલ છે, કે કેમ? તે અંગે ચોકકસ અભિપ્રાય આપી શકાય તેમ નથી.

ઉપર મુજબનો આ સાહેદે જે અહેવાલ આપેલો તે આ કામે આંક–૨૭૮૫ થી રજૂ છે જેમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો કોઈ પણ પદાર્થ કે વાહન સીધે સીધુ આ સાહેદની ઑફિસમાં આવતુ નથી તે કબૂલ કરે છે. આ સાહેદ પાસે બે વાહનો સીધા આવેલા નથી તે કબૂલ કરે છે. વાહન કેટલા વાગે અને કયારે આવ્યુ તેનુ નોંધ રીપોર્ટમાં કરેલ નથી તે કબૂલ કરે છે. રવાનગી નોંધ સિવાય બીજા દસ્તાવેજી કાગળો સુપરત કરવામાં આવેલા નહીં તે કબૂલ કરે છે.

એક્ષ્પર્ટ તરીકે અભિપ્રાય આપવા માટે આ સાહેદ સક્ષમ નથી તો તે હકીકત નકારી છે. આ સાહેદે આપેલ અભિપ્રાય સંબંધે આધારભુત પુરાવા નથી તો તે હકીકત પણ નકારી છે. ગાડી ઉપરના ગોબા તાજા હતા કે જૂના હતા તેનો ઉલ્લેખ કરેલો નથી તે કબૂલ કરે છે. વાહનના આંતરિક અને બાહ્ય નિરીક્ષણો કરેલાનું જણાવે છે. આ સિવાય આ સાહેદની ઊલટતપાસ દરમ્યાન આરોપીઓને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત નીકળી આવતી નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષે મહંમદકાસીમ ગુલામમહીયુદ્દીન શેખને સાહેદ નં.૪૪૪ તરીકે આંક–૨૭૪૮ થી તપાસેલ છે. તેઓની સરતપાસ પ્રમાણે રવાનગી નોંધ આંક–૨૭૭૭ મા જણાવ્યા મુજબની વેગન આર મોટર ગાડી નં.જીજે–૬–સીડી–૨૯૦૮નુ ભૌતિક પરીક્ષણ માટે ભૌતિક શાસ્ત્ર વિભાગને મળેલી હતી અને ત્યારબાદ તા.૩૦/૭/૨૦૦૮ ના રોજ આ ગાડી બાયોલોજીકલ પરીક્ષણ અર્થે આ સાહેદના વિભાગને મળેલી . આ ગાડીનું બાયોલોજીકલ પરીક્ષણ આ સાહેદે તથા સાયન્ટિફિક ઓફિસર કે.એ.પટેલે સંયુકત રીતે કરેલુ. સદર ગાડી ચાર ચક્રીય વાહન, મરૂણ કલરની જેની નંબર પ્લેટ ઉપર જીજે–૬–સીડી–૨૯૦૮ વંચાયેલ હતુ. ગાડીની અંદરની બાજુએ તુટેલી બારીના કાચના નાના ટુકડાઓ જુદા–જુદી જગ્યાએ વેરાયેલા હતા. આ કાર ઉપર લોહી, વાળ, નખ, પરસેવો તથા અન્ય કોઈ જૈવીક પદાર્થની હાજરી જોવા મળેલી નહીં. આ સાહેદે જે અહેવાલ આપેલો તે આ કામે આંક–૨૭૫૦ થી રજૂ છે જેમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષે આસેન્દ્રસીંગ બંસીધરસીંગને સાહેદ નં.૮૩૧ તરીકે આંક–૫૫૯૪ થી તપાસેલ છે. તેઓની સરતપાસ પ્રમાણે તેમની ઑફિસને પોલીસ ઈન્સ્પેકટર, ડી.સી.બી. પોલીસ સ્ટેશનનાઓએ કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૧૭૬/૨૦૦૮ ના કામે મેળવવામાં આવેલ ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ સાહેબના હુકમની નકલ મોકલવામાં આવેલી જે હુકમ આંક–૫૬૦૦ થી રજૂ રાખેલ છે જેથી તા. ૩૦/૭/૨૦૦૮ ના રોજ કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં પણ ગયેલા ત્યાં કાપોદ્રા પોલીસ સ્ટેશન, સુરત

શહેરના સીલબંધ હાલતમાં એક પ્લાસ્ટિક કન્ટેનર હતું તે જોયેલ અને તે અંગે ત્યાં જઈને કામગીરી કરેલી. તે પ્લાસ્ટિક કન્ટેનરને ખોલ્યા પછી તેમાં બીજા ૧૧ નાના પ્લાસ્ટિક કન્ટેનર હતા જે દરેકમાં એક મેટાલીક ટયુબ મળેલી તે દરેક મેટાલીક ટયુબ વાદળી રંગની પી.વી.સી. ટેપથી વીંટાળેલી હતી જે દરેક ઉપર બે સફેદ કલરના વાયરવાળો સફેદ કલરનો ક્રિમ્પડ કરેલો પ્લગ હતો. દરેક મેટાલીક ટયુબ આશરે ૪૬ એમ.એમ. લંબાઈ અને ૬ એમ.એમ. વ્યાસવાળી જેનું તળીયું સપાટ હતું અને તળીયાના ભાગે ગ્રે કલરનો પદાર્થ હતો. અને આ પ્લગ ઉપર RECL–6 માર્ક જોવા મળેલ. આ તપાસ ઉપરથી આ સાહેદ એવા તારણ ઉપર આવેલ કે આ દરેક મેટાલીક ટયુબ જે હતી તે ઈલેક્ટ્રીક ડીટોનેટર હતા. આ મળેલા ઈલેક્ટ્રીક ડીટોનેટર પૈકી ૪ ડીટોનેટર તપાસમાં વપરાઈ ગયેલ અને બાકીના ડીટોનેટર તપાસ પુરી થયા બાદ નાશ કરવામાં આવેલ. આ અંગેનો વિગતવારનો રીપોર્ટ તા.૪/૮/૨૦૦૮ ના રોજ તૈયાર કરીને પોલીસ કમિશનરશ્રી, સુરત શહેરનાઓને મોકલી આપેલ જે રીપોર્ટ આંક–૫૬૦૨ મા આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા આ સાહેદે સુરત શહેરના પંદર જેટલા બનાવોવાળી જગ્યા ઉપર જઈ કાર્યવાહી કરેલી છે અને સાહેદની ઊલટતપાસની વિગતવાર હકીકતો આ ચુકાદામાં ડી.સી.બી. પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૩૦૧૯/૨૦૦૮ ના કામે જે પુરાવા રજૂ થયેલ છે તેમાં કરેલી છે જેથી આ ગુનાના કામે આ સાહેદની ઊલટતપાસની હકીકતોનું પુનરાવર્તન કરવાનું રહેતુ નથી.

ત્યારબાદ ગુનાવાળી જગ્યા ઉપરથી જે મુદ્દામાલ કબજે કરેલો તે મુદ્દામાલ રવાનગી નોંધ સાથે એફ.એસ.એલ. ગાંધીનગરને પૃથક્કરણ માટે મોકલી આપેલો. આ રવાનગી નોંધ આ કામે આંક–૫૭૭૪ થી રજૂ કરેલી છે. આ રવાનગી નોંધમાં જણાવ્યા મુજબના કુલ–૨૮ નમૂના માર્ક–એ/૧ થી એ/૧૯ તથા બી/૧ થી બી/૫ તથા બી/૯, બી/૧૧, બી/૧૨ તથા સી/૧, સી/૨, ડી/૧ સુધીના એફ.એસ.એલ. ગાંધીનગરને તપાસ અર્થે મોકલેલા છે. આ

રવાનગી નોંધમાં સાહેદ એન.બી.પરમાર, મદદનીશ પોલીસ કમિશનરનાઓએ બનાવેલી અને પોતાના સત્તાના પ્રમાણપત્ર સાથે એફ.એસ.એલ. ગાંધીનગરને મોકલી આપેલી. હવે આ મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારી જાનમહંમદ ફકીર મહંમદ મન્સુરીને સાહેદ નં.૮૪૦ તરીકે આંક–૫૭૦૦ થી તપાસેલા છે. એફ.એસ.એલ. દ્વારા મુદ્દામાલ સ્વીકાર્યા અંગેની જે પહોંચ આપવામાં આવેલી તે પહોંચ આ કામે આંક–૫૭૭૫ થી રજૂ કરેલી છે જેમાં મદદનીશ નિયામક એફ.એસ.એલ. ગાંધીનગરની સહી છે. આ સાહેદની આ ગુના પુરતી સરતપાસ પ્રમાણે તેમના વિભાગના મદદનીશ નિયામકશ્રી દ્વારા તા.૨/૯/૨૦૦૮ના રોજ કાપોદ્રા પોલીસ સ્ટેશન, સુરત શહેરના સેકન્ડ ગુના રજિસ્ટર નં.૧૭૬/ ૨૦૦૮ અન્વયેના કેસનો સ્વીકારવામાં આવેલ મુદ્દામાલ પૃથક્કરણ અર્થે મળેલો અને તેની સાથે તેને લગતા કાગળોની ફાઈલ સોંપવામાં આવેલ. આ નમૂનામાં...

– માર્ક–એ/૧ છરા નંગ–૫
– માર્ક–એ/૨ એક કાતર જેની ઉપર બે તારાના નિશાન
– માર્ક–એ/૩ સ્ટીલનું એક પેપર કટર
– માર્ક–એ/૪ હેકસો બ્લેડવાળી છરી
– માર્ક–એ/૫ ત્રણ થાળીઓ અંદરના ભાગે ડીલક્ષ ડીપ સ્ટીકરવાળી
– માર્ક–એ/૬ સ્ટીલનો એક ચમચો
– માર્ક–એ/૭ સફેદ રંગના કેરબા નંગ–૩
– માર્ક–એ/૮ જાંબલી રંગની બાલડી
– માર્ક–એ/૯ પ્લાસ્ટિકની એક શીટ જેની ઉપર સેલોટેપ લાગેલી તથા ચીકણા પદાર્થના અવશેષો
– માર્ક–એ/૧૦ નારંગી રંગની પોલીથીન બેગ
– માર્ક–એ/૧૧ કાળા રંગની પોલીથીન બેગ નંગ–૭
– માર્ક–એ/૧૨ ભુરા રંગની પોલીથીન બેગ નંગ–૧૦
– માર્ક–એ/૧૩ બાંધણી જેવી ડીઝાઈનવાળી ચાદર નંગ–૧
– માર્ક–એ/૧૪ ગુલાબી અને વાદળી રંગના મગ (બીકર)

– માર્ક–એ/૧૭ સફેદ ચળકતા જેવા રગંનુ રેકઝીનવાળુ જેકેટ
– માર્ક–એ/૧૮ લીલા રંગનુ ઉનવાળુ જેકેટ
– માર્ક–એ/૧૯ રસોડાના રૂમની ધુળ
– માર્ક–બી/૧ પ્લાસ્ટિકની ચટાઈ નંગ–૨
– માર્ક–બી/૨ કથ્થાઈ રંગની ચાદર નંગ–૧
– માર્ક–બી/૩ ભુરા સફેદ રંગની ચાદર નંગ–૧
– માર્ક–બી/૪ લીલા સફેદ રંગના ઓશીકા નંગ–૨
– માર્ક–બી/૫ ગુલાબી રંગનુ ચોરસ ઓશીકુ
– માર્ક–બી/૯ છરા નંગ–૩ અને એક બોલ્ટ
– માર્ક–બી/૧૧ ઈલેકટ્રીક સ્વીચ બોર્ડ
– માર્ક–બી/૧૨ રૂમમાંથી લીધેલી ધૂળ
– માર્ક–સી/૧ બોલ્ટ નંગ–૧
– માર્ક–સી/૨ રૂમમાંથી એકઠી કરેલી ધૂળ
– માર્ક–ડી/૧ નાની મોટી સાઈઝના નટ–બોલ્ટ

ઉપરોકત નમૂનાઓનું પ્રમાણિત રાસાયણિક અને ઉપકરણીય પધ્ધતિથી પૃથક્કરણ કરેલ હતું અને પૃથક્કરણ મુજબ...

(૧) નમૂના માર્ક – એ/૯ તથા સી/૨ માં એમોનિયમ તથા નાઈટ્રેટ મૂલકો અને પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સ ઓઈલની હાજરી શોધાયેલ છે.

(૨) નમૂના માર્ક – એ–૧, એ–૨, એ–૩, એ–૪, એ–૫/૧ થી એ–૫/૩, એ–૬, એ–૭/૧ , એ–૭/૩, એ–૮, એ–૧૦, એ–૧૧, એ–૧૨/૧ થી એ–૧૨/૫૦, એ–૧૩, એ–૧૪, એ–૧૭, એ–૧૮, એ–૧૯, બી–૧, બી–૨, બી–૩, બી–૪, બી–૫, બી–૯, બી–૧૨, સી–૧, સી–૨, અને ડી–૧/૧થી ડી–૧/૩ મા વિસ્ફોટક ઘટકની હાજરી શોધાયેલ નથી.

ઉપરોકત પૃથક્કરણ આધારે સાહેદના અભિપ્રાય મુજબ...

૧. પૃથક્કરણના પરિણામમાં શોધાયેલ એમોનિયમ નાઈટ્રેટ અને પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન ઓઈલનું મિશ્રણએ એમોનિયમ નાઈટ્રેટ બેઝ એમોનિયમ નાઈટ્રેટ–ફ્યુઅલ ઓઈલ (એનફો) હાઈએક્ષપ્લોઝીવના ઘટકો છે.

આ પ્રમાણેનો આ સાહેદે અહેવાલ આપેલો જે આ કામે આંક–૫૭૭૬ થી રજૂ કરેલો છે તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ સાહેદની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી છે. અમદાવાદમાં થયેલ સીરીયલ બોમ્બ બ્લાસ્ટનાં ઘણા બનાવોવાળી જગ્યા ઉપરથી કબજે કરવામાં આવેલ ઘણા મુદ્દામાલનું પૃથક્કરણ તથા સુરત શહેરમાં થયેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં પણ જે તે સ્થળો ઉપરથી કબજે કરવામાં આવેલ મુદ્દામાલનું પૃથક્કરણ આ સાહેદે કરેલુ છે. તેઓની ઊલટતપાસ જનરલ અને સામાન્ય છે. જેની હકીકત અગાઉના ગુનાઓમાં પણ જણાવેલી છે. આરોપીઓ તરફથી કરવામાં આવેલ ઊલટતપાસ ધ્યાને લેતા એફ.એસ.એલ. કચેરી ગાંધીનગર ખાતે જે કંઈ કામગીરી કરવામાં આવે છે તે બાબતે તેમજ ઑફિસના વહીવટ સબંધે પ્રશ્નો પુછવામાં આવેલા છે પરંતુ તેથી કરીને આ સાહેદે આ મુદ્દામાલનું પૃથક્કરણ કરેલ નથી તે હકીકત સાબીત થતી નથી. વધુમાં આ સાહેદની વિગતવાર ઊલટતપાસની હકીકત અમદાવાદમાં થયેલ બોમ્બ બ્લાસ્ટના કેસોમાં ચર્ચા કરેલી છે અને આ જજમેન્ટના અન્ય પેરાઓમાં વિગતવાર છણાવટ કરેલી છે.

ત્યારબાદ આંક–૫૭૭૪ વાળી રવાનગી નોંધના અમુક મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારી તેજલબેન દિલીપભાઈ શાહને સાહેદ નં. ૮૪૪ તરીકે આંક–૫૮૧૯ થી તપાસેલા છે. આ સાહેદની આ ગુના પુરતી સરતપાસ પ્રમાણે કાપોદ્રા પોલીસ સ્ટેશન, સુરત શહેરના સેકન્ડ ગુના રજિસ્ટર નં. ૧૭૬/૨૦૦૮ અન્વયેના કેસનો સ્વીકારવામાં આવેલ મુદ્દામાલ પૃથક્કરણ અર્થે મળેલો અને તેની સાથે તેને લગતા કાગળોની ફાઈલ સોંપવામાં આવેલ. તેઓએ ઉપરોકત નમૂનાઓનું બાયોલોજીકલ અને ડીએનએ પૃથક્કરણ કરેલ હતું અને પૃથક્કરણના પરિણામ મુજબ...

૧. નમૂનો–એ/૧૭ પર રૂધીરની હાજરી મળી શકેલ ન હતી પરંતુ પરસેવાની હાજરી મળેલી હતી.

૨. નમૂનો–બી/૧, બી/૨, બી/૩, બી/૪, બી/૫ પર રૂધીર કે પરસેવાની હાજરી મળી શકેલી ન હતી.

આ પ્રમાણેનો આ સાહેદે અહેવાલ આપેલો જે આ કામે આંક–૫૮૨૬ થી રજૂ કરેલો છે તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

ત્યારબાદ આ કામે તપાસ કરનાર અધિકારીશ્રી એન.બી.પરમાર મદદનીશ પોલીસ કમિશનરે બનાવવાળી જગ્યા ઉપર નકશો બનાવવા માટે મામલતદાર, સુરત શહેરને એક યાદી લખેલી જે યાદી આ કામે આંક–૭૫૭૧ થી રજૂ કરેલી છે અને નાયબ પોલીસ અધીક્ષકશ્રી એન.બી.પરમારનાઓને સાહેદ નં.૧૧૫૪ તરીકે તપાસેલ છે તેઓએ તેઓની જુબાનીમાં યાદીમાં તેમની સહી ઓળખી બતાવેલી છે.

આંક–૭૫૭૧ વાળી યાદીના આધારે સર્કલ ઓફિસર હિતેન્દ્રકુમાર ગુલાબભાઈ નાયકનાઓએ ગુનાવાળી જગ્યા ઉપર જઈ નકશો બનાવેલો તેઓને આ કામે સાહેદ નં.૧૦૮૭ તરીકે આંક–૭૫૫૭ થી તપાસેલા છે. તેમની સરતપાસ પ્રમાણે તેઓને તપાસ કરનાર અધિકારીશ્રી એન.બી.પરમાર દ્વારા કાપોદ્રા પોલીસ સ્ટેશન વિસ્તારમાં વરાછા રોડ, બરોડા પ્રિસ્ટેજ હાઉસ નીચે સોનલ ભેળ હાઉસની સામે પાર્કીંગમાંથી વેગનઆર કાર નં.જીજે–૫–સીડી–૨૯૦૮મા બોમ્બ બ્લાસ્ટના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલો તે જગ્યા ઉપર જઈ નકશો બનાવવા માટેની યાદી મળેલી તે આંક–૭૫૭૧ ની યાદી મળ્યા બાબતે યાદી ઉપર તેમણે પોતાની સહી ઓળખી બતાવી છે અને તે યાદીના આધારે સ્થળ ઉપર જઈ નકશો બનાવેલો તે નકશો આ કામે આંક–૭૫૭૨ થી રજૂ કરેલો છે જેમા આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. સદર નકશામાં જે જગ્યાએથી બોમ્બ મળી આવેલો તે જગ્યા લાલ કલરથી બતાવેલી છે.

આ સાહેદની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી છે તે ધ્યાને લેતા આ સાહેદે સુરત બોમ્બ પ્લાન્ટેશનના બનાવોવાળી

જગ્યાઓનું નિરીક્ષણ કરીને નકશાઓ બનાવેલા છે. આ સાહેદની ઊલટતપાસ આરોપીઓ તરફથી કોઈ ચોકકસ ગુના સબંધે કરેલ નથી પરંતુ તમામ બનાવો સબંધે સંયુકત ઊલટતપાસ કરેલ છે. આ સાહેદે ઊલટતપાસમાં જણાવેલી હકીકતોની ચર્ચા સુરત શહેરના મહિધરપુરા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૨૦૯/૨૦૦૮ ના બનાવના કામે આ ચુકાદામાં જે પુરાવા રજૂ થયેલા છે તે દરમ્યાન વિગતવાર કરવામાં આવેલી છે જેથી ઊલટતપાસની હકીકતનું પુનરાવર્તન કરવામાં આવેલ નથી.

(૫૨.૦૧) <u>કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૧૭૬/૨૦૦૮ ના કામે બનાવ નં.૨ ને સમર્થન માટે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકનઃ–</u>

કાપોદ્રા પોલીસ સ્ટેશન વિસ્તારમાં વરાછા રોડ, બરોડા પ્રિસ્ટેજ હાઉસ નીચે સોનલ ભેલ હાઉસની સામે પાર્કીંગમાંથી વેગનઆર કાર નં.જીજે–૬–સીડી–૨૯૦૮મા બોમ્બ બ્લાસ્ટના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલ છે તે માટે ફરિયાદપક્ષ દ્વારા સાહેદ નરેન્દ્રકુમાર વાસુદેવને સાહેદ નં.૪૨૪ તરીકે આંક–૨૪૦૭ થી તપાસેલાં છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તા.૨૮/૦૭/૨૦૦૮ ના રોજ પોલીસે વરાછા રોડ બરોડા પ્રિસ્ટેજ ચોકીની પાસે ડૉકટર હાઉસ સરગમ કોમ્પ્લેક્ષની નીચે બોલાવેલા ત્યાં એક બીજા સાવરભાઈ પણ હતા. પોલીસે ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરવાનું છે તેમ જણાવેલુ. ત્યાં પોલીસ સબઇન્સ્પેકટર હળપતિ હાજર હતા તેમણે જગ્યા બતાવેલી. તે જગ્યા સરગમ કોમ્પ્લેક્ષના નીચેના ભાગે આવેલ શોપીંગ સેન્ટરની દુકાન નં.૫ ની સામે પાર્કીંગમાં હતી. આ જગ્યાએથી એક રસ્તો સુરત રેલવે સ્ટેશનથી કામરેજ જાય છે. ત્યાં વરાછા રોડનો મુખ્ય ઓવરબ્રીજ આવેલો છે. ઓવરબ્રીજની નીચે વચ્ચેના ભાગે બરોડા પ્રિસ્ટેજ પોલીસ ચોકી છે. ત્યાંથી હીરાબાગ સર્કલ જવાય છે. આ જગ્યાએ ડામરનો રોડ આવેલો છે અને પાર્કીંગવાળી જગ્યા આર.સી.સી.ની બનાવેલી છે. ડૉકટર હાઉસની એક તરફ જલારામ બિલ્ડિંગ લક્ષ્મી ઈન્ડસ્ટ્રીયલ

એસ્ટેટ આવેલુ છે. આ મુજબનુ જે પંચનામુ કરેલુ તે પંચનામું આંક–૨૪૦૮થી રજૂ કરેલ છે જેમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી જયદીપભાઈ નરોતમભાઈ પટેલને સાહેદ નં.૫૫૭ તરીકે આંક–૩૦૨૩ થી તપાસેલાં છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદ કાપોદ્રા હીરાબાગ, ડૉકટર હાઉસ ખાતે અમુલ આઇસ્ક્રીમના નામે દુકાન ધરાવી ધંધો કરતા હતા. આજુબાજુના દુકાનદારોના ધ્યાન ઉપર આવેલ કે સોનલ ભેલની દુકાન સામે મરૂન કલરની વેગનઆર કાર ગઇકાલથી પડી રહેલ છે. જે કાર બાબતે ખાતરી કરાવતાં કાંઇ જાણવા મળેલ નહીં અને વોચમેનને પણ પુછપરછ કરતાં આ ગાડી તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સાંજના પાંચ વાગ્યાના સમયે કોઇ અજાણ્યો છોકરો મુકી ગયેલ હોવાનુ જણાવેલ. કોઇકે આ મુકી ગયેલ કાર બાબતે પોલીસને જાણ કરતાં પોલીસ સ્થળ ઉપર આવી કારની ચકાસણી કરતાં તેમાંથી જીવતા બોમ્બ અને વિસ્ફોટક સામગ્રી મોટા જથ્થામાં મળી આવેલ હતી તેમ જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા મરૂન કલરની કાર કોણ અને કયારે મુકી ગયેલા તેની જાત માહિતી નથી. કાર બાબતે સ્વેચ્છાએ પોલીસને જાણ કરેલી નથી તે કબૂલ કરે છે. પોલીસના કહેવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી વિનોદ ગોરધનભાઈ કપુરીયાને સાહેદ નં.૫૮૫ તરીકે આંક–૩૧૧૯ થી તપાસેલાં છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદ ૨૦૦૮ માં બરોડા પ્રિસ્ટેજ, ડૉકટર હાઉસ શોપીંગ સેન્ટરમાં સોનલ ભેળ હાઉસ નામની દુકાન ચલાવતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ સાંજના સમયે દુકાનવાળા વિસ્તારમાં એક અજાણ્યા ઇસમે લાલ કલરની મારૂતિ વેગન આર જેનો નં.જીજે–૬–સીડી–૨૯૦૮ નો હતો તે પાર્ક કરવા પ્રયત્ન કરતાં તેમને પાર્ક ન કરવા જણાવેલ પરંતુ છેવટે ત્યાં જગ્યા શોધી આ વાહન આ સ્થળે પાર્ક કરેલ. બીજા દિવસે તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ પણ આ વાહન તે જ જગ્યાએ પડેલ. રાતના સમયે આ વાહનમાં જોતાં તેમાં સ્ફોટક પદાર્થ જણાતાં પોલીસને તે સંબંધે જાણ કરતાં પોલીસ તથા અન્ય માણસો ત્યાં

આવતાં આ વાહનમાંથી આ સ્ફોટક પદાર્થ કાઢી કાર્યવાહી કરેલી તેમ જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા કાર મુકવામાં આવેલી તેનુ જાત નિરીક્ષણ કરેલુ નથી અને તે સબંધે ૨૭ મી તારીખ પહેલા કોઈ જાણકારી આપેલી નહીં.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી નરેન્દ્ર અરજણ માણીયાને સાહેદ નં.૬૨૧ તરીકે આંક–૩૨૬૨ થી તપાસેલાં છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદ વરાછા રોડ બરોડા પ્રિસ્ટેજ પાસે આવેલ સરગમ કોમ્પલેક્ષ ડૉકટર હાઉસ બિલ્ડિંગમાં નવરંગ આઇસ્ક્રીમ નામની દુકાન પર કામ કરતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ અમદાવાદ શહેરમાં થયેલ બ્લાસ્ટના કારણે પોલીસ તરફથી બધાને સાવધ રહેવા જણાવવામાં આવેલ અને પોલીસ આ બાબતની જાણ માધ્યમોથી કરતી હતી. તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ દુકાન ઉપર આવેલ ન હતા પરંતુ ટીવી ઉપર સમાચારથી જાણવા મળેલું કે ડૉકટર હાઉસ બિલ્ડિંગના પાર્કિંગમાંથી એક મરૂન કલરની વેગન આર વિસ્ફોટક ભરેલી મળેલ છે. બીજા દિવસે નવરંગ આઇસ્ક્રીમની દુકાન ઉપર ગયેલા ત્યારે વોચમેન તરફથી આ વેગન આર કાર બાબતે જાણવા મળેલ કે કોઇ અજાણ્યો છોકરો ગાડી મુકી ગયેલ હતો તેમ જણાવે છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા બનાવની ફરિયાદ આપેલી નથી તે કબૂલ કરે છે. બનાવની સ્વેચ્છાએ જાહેરાત કરી નથી તે પણ કબૂલ કરે છે. ૨૭મી તારીખથી ૩૦મી તારીખ સુધી પોતે બહાર હતા તો તે હકીકત નકારી છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી અશ્વિન રણછોડ બારીયાને સાહેદ નં.૬૨૪ તરીકે આંક–૩૨૬૫ થી તપાસેલાં છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદ બરોડા પ્રિસ્ટેજ પાસે આવેલ ડૉકટર હાઉસ કોમ્પલેક્ષમાં સોનલ ભેળ હાઉસ નામની દુકાનમાં નોકરી કરતા હતા. તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ ગ્રાહકોની ત્યાં ખૂબ જ ભીડ હોવાથી ભેળ બનાવવાનુ કામ કરતા હતા. સોનલ ભેળ હાઉસના દુકાનના પાર્કિંગમાં એક મારૂતિ વેગન આર નં.જીજે–૬–

સીડી–૨૯૦૮ વાળી ગાડી સ્ફોટક પદાર્થો સાથેની મળી આવેલી તેમ જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી ભુપતભાઈ નારણભાઈ લાખાણીને સાહેદ નં.૬૩૫ તરીકે આંક–૩૨૭૯ થી તપાસેલાં છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદ વરાછા રોડ બરોડા પ્રિસ્ટેજ પાસે ડૉકટર હાઉસ બિલ્ડિંગમાં દુકાન નં.૮ અને ૯ નવરંગ આઈસ્ક્રીમના નામે આઈસ્ક્રીમ વેચવાનો ધંધો કરતા હતા. તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ ધંધા પર હાજર હતા. આ દિવસના આગળના દિવસે અમદાવાદ શહેરમાં થયેલ બોમ્બ ધડાકાના કારણે પોલીસે લોકોને સાવધ રહેવા જણાવેલુ હતુ અને કોઈપણ જગ્યાએ બીનવારસી ચીજવસ્તુ તથા વાહન હોય તો તેની જાણ પોલીસને કરવા સમાચારોમાં જણાવવામાં આવેલ. તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ જાણવા મળેલુ કે ડૉકટર હાઉસ બિલ્ડિંગમાં આવેલ સોનલ ભેળની સામે એક મરૂન કલરની વેગન આર ગાડી નં.જીજે–૬–સીડી–૨૯૦૮ ની કોઇ મુકી ગયેલ છે વોચમેન ઉદયભાઈએ જાણ કરેલી. આ ગાડી ત્યાં સોનલ ભેળ સામે પડેલી જોયેલી અને પોલીસને કોઇએ જાણ કરતાં પોલીસ સ્થળ ઉપર આવેલી અને કાર બાબતે પોલીસે કાર્યવાહી કરેલી અને તેમાં વિસ્ફોટક સામગ્રી મળી આવેલ હતી તેમ જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા આ સાહેદની દુકાનેથી મોટરકાર અંદાજે ૧૦૦ ફુટ દુર હતી. આ સાહેદની દુકાનેથી મોટરકાર જોઈ શકાય નહીં તે કબૂલ કરે છે. ઉદયભાઈએ કાર મુકનાર છોકરાનું કોઈ શારીરિક વર્ણન કહેલુ નથી. ડૉકટર હાઉસ બિલ્ડીંગમાંથી પોલીસને શંકાસ્પદ વસ્તુ અંગેની જાહેરાત કરેલી નથી તો તે હકીકત નકારે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી ઉમેશ પ્રભુનાથને સાહેદ નં. ૬૫૩ તરીકે આંક–૩૩૦૦ થી તપાસેલાં છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તા. ૨૭/૭/૨૦૦૮ ના રોજ અમદાવાદમાં બનેલ સીરીયલ બોમ્બ બ્લાસ્ટ અન્વયે બરોડા પ્રિસ્ટેજ ચોકી વિસ્તારમાં શંકાસ્પદ વાહનો તેમજ પેટ્રોલિંગ હતા. તે દરમ્યાન સાંજના પાંચેક વાગ્યાના અરસામાં બી.આર.હળપતિ સાહેબનાને

માહિતી મળેલ કે હીરાબાગ ડૉકટર હાઉસની નીચે આવેલ સોનલ ભેળ સેન્ટરની સામે બિનવારસી વેગન આર કાર પડેલ છે. તે શંકાસ્પદ લાગતાં તરત કાર પાસે આવીને જોયું તો કારની અંદર પાછળના ભાગે એક પોટલું તથા બોક્ષ શંકાસ્પદ દેખાઇ આવેલ જેથી તરત જ ઉપર અધિકારીઓને જાણ કરતાં ઉપરી અધિકારી તથા બોમ્બ ડીફ્યુઝ ટીમ જગ્યા ઉપર આવી જતાં સદર કારનો કાચ તોડી પાછળ રાખેલ શંકાસ્પદ વસ્તુ બહાર કાઢી જોતાં તેમાં ચાર જીવતાં બોમ્બ અને બોમ્બને લગતી સાધન સામગ્રીઓ જેવી કે પતરાનુ ડબ્બુ, નટ–બોલ્ટ, તારના ગુંચરા, સેલોટેપ, ટાઇમર સર્કીટ, વર્તમાન પેપરો વિગેરે વસ્તુઓ જણાઇ આવતાં બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડના અધિકારીઓ હાજર હોઇ તેઓએ જરૂરી કાર્યવાહી કરેલ. સદર કારનો નં.જીજે–૬–સીડી–૨૯૦૮ હતો તેમ જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા મોબાઈલ કે વન ગાડીમાં પેટ્રોલીંગ સબંધે કોઈ કાર્યવાહી કરી નથી તે કબૂલ કરે છે. સવાર તથા રાતના ચોકકસ કેટલા સમયથી ફરજ બજાવેલી તે કહી શકે તેમ નથી. નોકરીનો સમય સામાન્ય રીતે આઠ કલાકનો હોય છે તો તે હકીકત નકારી છે. કરેલી કામગીરીની વિગતો ડાયરીમાં લખવાની હોય છે તે કબૂલ કરે છે. આ ડાયરી જવાબ લેનાર અધિકારીને આપેલ નથી તે કબૂલ કરે છે. હીરાબાગ સર્કલ ઉપર જે ફરજ બજાવેલી તે બતાવવા લેખિત પુરાવો નથી. બોમ્બ ડીફ્યુઝલ ટીમ કયારે આવેલી તેનો સમય કહી શકે તેમ નથી. પંચનામુ કયારે થયેલુ તે સમય કહી શકે તેમ નથી. બનાવ સબંધે કંઈ જાણતા નથી અને ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી અશોક ગોરધનભાઈ અકબરીને સાહેદ નં.૬૫૯ તરીકે આંક–૩૩૧૧ થી તપાસેલાં છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદ સને–૨૦૦૮ ના વર્ષમાં સરગમ શોપીંગ સેન્ટરમાં આવેલ રાહત મેડીકલ સ્ટોર્સમાં નોકરી કરતા હતા. આ કોમ્પલેક્ષ બરોડા પ્રિસ્ટેજ વરાછા રોડ ખાતે આવેલ છે. મેડીકલ સ્ટોર ઉપર હતા ત્યારે વોચમેને કહેલું કે સોનલ ભેળની સામે કોઇ માણસ ગાડી મુકી ગયેલ છે તેમ જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી ઈશ્વરભાઈ વસંતભાઈને સાહેદ નં.૬૬૧ તરીકે આંક–૩૩૧૩ થી તપાસેલાં છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદ ૨૦૦૮ ના વર્ષમાં કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં અનાર્મ હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા. તા.૨૭/૭/૨૦૦૭ ના રોજ બરોડા પ્રિસ્ટેજ પોલીસ ચોકી વિસ્તારમાં અમદાવાદમાં તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ બનાવ બનેલા તેના અનુસંધાને ચોકી વિસ્તારમાં શકમંદ ઈસમો તેમજ વાહન ચેકિંગમાં ફરજ ઉપર હાજર હતા. દરમ્યાન ૧૭–૦૦ કલાકે હળપતિ સાહેબને માહિતી મળેલ કે ડૉકટર હાઉસ પાસે પાર્કિંગમાં એક વેગન આર ગાડી ઉભી છે જેથી હળપતિ સાહેબ સાથે ત્યાં ગયેલા અને ત્યાં જઈને જોયું તો એક બોક્ષ અને એક પોટલું ગાડીમાં હતું. ત્યારબાદ બોમ્બ સ્કવોર્ડવાળા આવેલાં અને દરવાજાનો કાચ તોડીને અંદરથી પોટલું મળેલુ અને તેમાં ચાર જીવતા બોમ્બ મળી આવેલાં તેમજ બોમ્બ બનાવવાની સામગ્રી મળી આવેલી અને તારનો ગુચ્છો તેમજ એક બેટરી, ચાર સરકીટ મળી આવેલ. આ ચારેય બોમ્બ ડીસ્પોઝ કરેલા તેમ જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા પેટ્રોલીંગમાં નીકળતી વખતે તેની નોંધ તમામ વિગતો સાથે ડાયરીમાં કરવામાં આવે તો તે હકીકત નકારી છે. સવારે કેટલા વાગે પેટ્રોલીંગમાં નીકળેલા તે ચોકકસ સમય યાદ નથી. લોકોને કોર્ડન કરવામાં આવેલા તે વખતે હાજર હતા. કેટલા વાગ્યા સુધી પેટ્રોલીંગ કરેલુ તે ચોકકસ સમય યાદ નથી. કેટલા વાગે ફરજ પર હાજર થયા તે સમય લખવામાં આવે છે તે કબૂલ કરે છે. બરોડા પ્રિસ્ટેજ ગયા ત્યારે વાહનની માહિતી મળેલી નહીં. સ્થળ ઉપરથી શંકાસ્પદ કાર મળી આવેલી નથી તે હકીકત નકારે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી મનોજ રાધેશ્યામ શાહને સાહેદ નં.૬૬૪ તરીકે આંક–૩૩૧૭ થી તપાસેલાં છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદની સને–૨૦૦૮ના વર્ષમાં સરગમ કોમ્પલેક્ષમાં ડૉકટર હાઉસની બિલ્ડિંગમાં આઇસ્ક્રીમની દુકાન હતી. બનાવની હકીકત ચોકીદાર ઉદયપ્રતાપ થકી જાણેલી. વોચમેન ઉદયપ્રતાપે કહેલું કે કોઇ માણસ ત્યાં ગાડી મુકીને ગયેલું છે. ગાડી ડૉકટર હાઉસના પાર્કિંગમાં મુકેલી હતી તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા બનાવ સંબંધે કોઈ જાત માહિતી નથી. બનાવની જાણ પોલીસ સમક્ષ જાહેર કરેલી નથી. પોલીસે આવીને જાહેરાત કરી ત્યારે બનાવની જાણ થયેલી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી ઉત્તમ શંકરને સાહેદ નં.૬૬૬ તરીકે આંક–૩૩૧૯ થી તપાસેલાં છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તા. ૨૬/૭/૨૦૦૮ અમદાવાદમાં બોમ્બ બ્લાસ્ટ થયેલ તે અનુસંધાને પોલીસ સબઈન્સ્પેકટર શ્રી બી.આર.હળપતિ સાહેબ તથા સ્ટાફ સાથે બરોડા પ્રિસ્ટેજ ચોકી વિસ્તારમાં શકમંદ વાહનો અને વ્યકિતઓની તપાસમાં હતા. તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ ૧૭–૦૦ વાગ્યે પોલીસ સબઈન્સ્પેકટરશ્રી બી.આર.હળપતિ સાહેબને માહિતી મળેલી કે હીરાબાગ સર્કલ, ડૉકટર હાઉસ સોનલ ભેળની સામે એક મરૂન કલરની વેગન આર શંકાસ્પદ હાલતમાં પડેલી છે જેથી પોલીસ સ્ટાફ સાથે જઇ તપાસ કરતાં એક મરૂન કલરની વેગન આર જીજે–૬–સીડી–૨૯૦૮ ની હતી અને ગાડીમાં જોતાં એક પોટલુ અને બોક્ષ હતા. જેથી પોલીસ સબ ઇન્સ્પેકટરશ્રી બી.આર.હળપતિ સાહેબે બોમ્બ ડીફ્યુઝ ટીમને બોલાવતા તેઓ આવી ગયેલ અને ગાડીનો કાચ તોડી તેમાં અંદર મુકેલી સામગ્રીઓ જોતાં તેમાંથી તારનું ગુંચળુ, ચાર જીવતા બોમ્બ, ઇલેકટ્રીક ટાઇમર, ડીટોનેટર, દૈનિક પેપર, સેલોટેપ, નટ–બોલ્ટ, ૩ પ્લાસ્ટિકના કેનમાં પેટ્રોલ, એક ડબ્બામાં ચીંકણો પદાર્થ જેવી વસ્તુઓ હતી અને બોમ્બ ડીફ્યુઝ ટીમે આ બોમ્બ ડીફ્યુઝ કરેલો તેમ જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા બનાવ બાબતે કોઈ ખાસ કામગીરી કરેલી નથી તે કબૂલ કરે છે. એફ.એસ.એલ.ની ટીમ કે બોમ્બ ડીફ્યુઝલની ટીમને મદદ કરી નથી. ઘટના બાબતે કોઈ અંગત ડાયરીમાં નોંધ કરેલ નથી. ઘટના સ્થળે હાજર હતા તે બાબતે કોઈ દસ્તાવેજી પુરાવો રજૂ કરેલો નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી ભુપેન્દ્ર રમેશ મિસ્ત્રીને સાહેદ નં. ૮૫૨ તરીકે આંક–૬૦૦૬ થી તપાસેલાં છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદ સને–૨૦૦૮ના વર્ષમાં કિરણ મોટર્સ કે જે મારૂતિ કારનો શો

રૂમ છે તેમાં સેલ્સ મેનેજર તરીકે નોકરી કરતા હતા. પોલીસ તેમની પાસે બે વેગન આર ગાડીની વિગત લઇને આવેલ હતી. આ વેગન આર ગાડી એક મરૂન કલરની હોવાનુ અને બીજી કાળા કલરની હોવાનું પોલીસે જણાવેલું. પોલીસે એવું જણાવેલ કે આ ગાડીમાંથી બોમ્બ પકડાયેલ હોય ગાડીના માલિકની વિગતો માંગેલી અને પોલીસે ગાડી નંબર આપેલ પરંતુ ગાડી નંબર પરથી કંઇ વિગત મળેલ નહીં. પોલીસે બંને ગાડીના ચેસીસ અને એન્જીન નંબર આપેલા. જેના પરથી મારૂતિ ઉદ્યોગના ઓફિસરને ફોન કરીને તેમની પાસે ડીસ્પેચ ડીલરની વિગત મંગાવેલી અને ત્યાંથી ડીલરના નામ મળેલાં જેમાં ડીલરનું નામ ઓટોમેટીવ મેન્યુફેકચર મુંબઇનું હતું. આ વિગત પોલીસને આપેલી. બંને ગાડીઓ GJ6 સીરીઝની હતી જેમાંની એક ૨૯૦૮ તથા બીજી ૩૫૬૯ સીરીઝની હતી તેમ જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા જેની પાસેથી કાર નંબર અને માહિતી મેળવેલી તે મારૂતીના અધિકારી સુરતના છે તેમની ઑફિસે જવાનું થયેલ નથી. પોલીસે બંને મોટર કારનું વર્ણન આપેલુ. મારૂતિ કાર કંપનીમાંથી મળેલી માહિતી મૌખિક હતી. મોટર કારનું વેચાણ માત્ર સુરત પુરતુ છે તો તે હકીકત નકારે છે. મારૂતિ ઉદ્યોગના અધિકારીનો સંપર્ક કરી ગાડીઓના એન્જીન અને ચેસીસ નંબર મેળવવામાં આવેલા હોય તેવુ બન્યુ નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી ઉમેશ જયંતીલાલ માસ્ટરને સાહેદ નં.૮૫૩ તરીકે આંક–૬૦૦૭ થી તપાસેલાં છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદ વાયરમેનનુ કામ કરતા હતા. પંડોલ એરીયામાં એક પોલીસવાળા ભાઇએ બોલાવેલા. ત્યારબાદ એક ઘરમાં લઈ ગયેલા અને એક સ્વીચ બોર્ડનુ કામ છે તેવું કહેલું. એક મકાનના એક વચ્ચેના રૂમમાં ગયેલાં. ત્યાં બોર્ડ ખોલીને આપવાનું હોય એક ઇલેકટ્રીક સ્વીચબોર્ડ કાઢીને પોલીસને આપેલું અને તે વખતે જે વાયર હતા તેનો પાવર બંધ કરી તે વાયર ઉપર ટેપ મારી સ્વીચબોર્ડ પોલીસને આપેલું. જે પોલીસે જમા લીધેલું. તેમાં એક પ્લગ, ફયુઝ અને ચાર સ્વીચ જેવું હતું તેમ જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા પોલીસે ફોન કરીને બોલાવેલા તે રમેશભાઈ હતા. ઘણા પોલીસ આ

સાહેદને ઓળખે છે. આ સાહેદના ઘરથી નિવેદન મુજબનું મકાન પાંચ કી.મી.ના અંતરે છે. આ મકાન ઉપર ગયા ત્યારે રમેશભાઈ અને બીજા પોલીસવાળા સાથે હતા. પોલીસને સ્વીચબોર્ડ કાઢી આપ્યા પછી આ સાહેદ ત્યાંથી જતા રહેલા. આ સાહેદની હાજરીમાં પોલીસે કોઈ લખાણ કરેલુ નહીં. સ્વીચબોર્ડનું પોલીસે શું કરેલુ તેની ખબર નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી અદનાન મોહંમદ ખાલીદ ગુજરાતીને સાહેદ નં.૮૮૧ તરીકે આંક–૬૨૯૯ થી તપાસેલાં છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદ સુરતમાં રહી પેટીકોટ મેન્યુફેકચરીંગનો ધંધો ૨૦૦૭–૨૦૦૮ ની સાલમાં કરતા હતા. તેમના દોસ્તારોમાં રફીક વલી પટેલ, નદીમ રાંદેરી, ઈસ્માઈલ શેખનાઓ હતા. તેમને એક ખીદમત ગ્રુપ નામની સંસ્થા બનાવેલી જે ચેરીટેબલ ટ્રસ્ટ હતુ. આ ટ્રસ્ટમાં તન્વીર પઠાણ જોડાયેલા જે કુલવાડી એરીયામાં રહેતા હતા તેઓ એ.સી.નું કામ કરતા હતા અને ત્રણેક વર્ષથી તેઓની સાથે ઓળખાણ થયેલી હતી. વધુમાં આ સાહેદના કહેવા પ્રમાણે તન્વીર દ્વારા કોઈને મળેલા નથી. પોલીસે તેમને ચોકબજાર કિલ્લામાં બોલાવેલા અને ત્યાં એક ભાઈનો ફોટો બતાવેલો જે કયામુદ્દીન હતો તે ઓળખી બતાવે છે. આ સાહેદે ફરિયાદપક્ષની હકીકતને સમર્થન કરેલુ નથી અને સરકારી વકીલની વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરેલા છે અને ત્યારબાદ અદાલતની પરવાનગીથી તેઓને ઊલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછેલા છે પરંતુ ફરિયાદપક્ષની હકીકતને સમર્થન કરેલુ નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી કુલસીંગ મકનજીભાઈ ચૌધરીને સાહેદ નં.૧૦૨૦ તરીકે આંક–૭૦૨૧ થી તપાસેલાં છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદ સને–૨૦૦૮ મા કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં અનાર્મ હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા. નવેમ્બર–૨૦૦૮ના અરસામાં તેની ફરજ કાઈમ રાઈટર હેડ તરીકેની હતી. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ અમદાવાદ શહેરમાં થયેલા બોમ્બ ધડાકા અનુસંધાને સુરતમાં એલર્ટ જાહેર કરવામાં આવેલુ. તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ તેઓ તથા પોલીસ સબઈન્સપેકટર બી.આર.

હળપતી તથા અન્ય પોલીસ કર્મચારીઓ સાથે પેટ્રોલીંગમાં હતા. જે દરમ્યાન પોલીસ સબ ઇન્સ્પેકટર હળપતિને માહિતી મળેલી કે બરોડા પ્રિસ્ટેજ, ડોકટર હાઉસ નીચે પાર્કિંગમાં એક મારૂતિ વેગન આર નં.જી.જે૬–સીડી–૨૯૦૮ શંકાસ્પદ હાલતમાં છે જેથી શ્રીહળપતી સાથે તેઓ તથા તમામ સ્ટાફ ત્યાં પહોચી ગયેલા. જે કારની પાછળ અંદરના ભાગે શંકાસ્પદ વસ્તુ જણાતા તે કારનો કાચ તોડીને અંદર જોતા બોમ્બ તથા અન્ય વિસ્ફોટક સામગ્રી મળી આવેલી. તે સમયે બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડ ત્યાં આવેલી હતી તથા એફ .એસ.એલ.ના અધિકારીઓ ત્યાં આવેલા હતા અને કારમાંથી મળી આવેલ વિસ્ફોટક સામગ્રી શ્રી હળપતિએ પંચનામુ કરી કબ્જે કરેલી તેમ જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા હળપતિ સાહેબને માહિતી મળેલી તે માહિતી તેમને કયાંથી મળેલી અને કેવી રીતે મળેલી તેની ખબર નથી. ડૉકટર હાઉસની નીચે ઘણી બધી લારીઓ ઉભી રહે છે તે કબૂલ કરે છે. વેગન આર ગાડી જગ્યા ઉપર કોન મુકી ગયેલુ તે બાબતે હળપતિ સાહેબે આજુબાજુના લોકોની પુછપરછ કરેલી હોય તો ખબર નથી. હળપતિ સાહેબે શું કરેલુ તેની ખબર નથી. ગાડીમાંથી તે વખતે શું કાઢેલુ તેની માહિતી નથી તે કબૂલ કરે છે. ગાડીનો કાચ કોણે તોડેલો તેની ખબર નથી. ગાડીના રજીસ્ટ્રેશનના કાગળોની તપાસ આ સાહેદની રૂબરૂમાં કરવામાં આવેલી નથી. વસ્તુઓ પેક કરનારે પેકીંગ કરતી વખતે શું શુ કાર્યવાહી કરેલી તેની ખબર નથી. ૨૯મી તારીખે જે વસ્તુઓ સોપવામાં આવેલી તે તપાસ કરનાર અધિકારીએ સોંપેલી. બનાવ વખતે આ સાહેદ ક્રાઈમ રાઈટર તરીકે ફરજ બજાવતા હતા જેથી મુદ્દામાલની સોપણી તેમને કરેલી. મુદ્દામાલ વસ્તુઓ કયારે રજૂ થયેલી તે અત્યારે કહી શકે તેમ નથી. શંકાસ્પદ વસ્તુઓ ગાડીમાં હતી નહીં અને ગાડીના કાચ તોડીને કોઈ વસ્તુઓ કાઢેલી નથી તો તે હકીકત નકારે છે. ઉપરી અધિકારીના કહેવાથી જુબાની આપતા હોવાની હકીકત પણ નકારે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી તાલીબ અબ્દુલગફાર મણીયારને સાહેદ નં.૧૦૪૧ તરીકે આંક–૭૦૫૬ થી તપાસેલાં છે પરંતુ આ સાહેદે ફરિયાદપક્ષની હકીકતને સમર્થન કરેલુ નથી અને સરકારી વકીલની

વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરેલા છે અને ત્યારબાદ અદાલતની પરવાનગીથી તેઓને ઊલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછેલા છે પરંતુ ફરિયાદપક્ષની હકીકતને સમર્થન કરેલુ નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી પ્રદિપ શાંતારામ વેલ્હારને સાહેદ નં.૧૦૪૬ તરીકે આંક–૭૦૬૯ થી તપાસેલાં છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદ સને–૨૦૦૮ ના વર્ષમાં પનવેલ, નવી મુંબઈ ખાતે આવેલ પનવેલ કો.ઓપરેટીવ અર્બન બેન્કમાં ડેઈલી ડિપોઝીટ કલેકશન કરવાનું કામ કરતા હતા. જાન્યુઆરી–૨૦૦૭ના વર્ષમાં મારૂતિ વેગન આર કાર રેડ કલરની ખરીદેલી હતી. જેનો રજીસ્ટ્રેશન નં.MH–06AF–8294 હતો. તે ગાડી આર.ટી. ઓ.મા રજીસ્ટર્ડ થયેલી હતી. આ ગાડી તા.૧૪–જુલાઈ તથા ૧૫–જુલાઈ–૨૦૦૮ ની રાત્રે પાયોનીયર કો.ઓપરેટીવ હાઉસીંગ સોસાયટીથી ચોરી થઈ ગયેલી તેથી પોલીસ સ્ટેશન ગયેલા ત્યાં તેઓએ તેમના રજીસ્ટરમાં એન્ટ્રી લખેલી અને તેમને કહેલું કે થોડા દિવસ તમે તપાસ કરો કે ગાડી મળે છે કે નહી પરંતુ કાર મળેલી નહી જેથી ગાડી ચોરાયા બાબતે તા.૨૩/૭/૨૦૦૮ ના રોજ પનવેલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવેલી. જે આંક–૭૦૭૦ વાળી ફરિયાદમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે તેમજ આંક–૭૦૭૧ થી વેગન આર ગાડી નં. MH–06AF–8294 ની આર.ટી.ઓ. બુક તથા ઈન્સ્યોરન્સની ઝેરોક્ષ રજૂ રાખેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા મુંબઈ મુકામે પોલીસ કયારે આવેલી તે તારીખ યાદ નથી. પોલીસ મુંબઈ આવી ત્યારે તેઓ મુંબઈમાં હતા. સુરત મુકામે પોલીસ સ્ટેશનમાં આવેલા પરંતુ કઈ જગ્યાએ આવેલા તે યાદ નથી. પોલીસે નિવેદન લીધુ તે પહેલા ગાડી બતાવેલી નહીં. ગાડીમાંથી જે વસ્તુઓ નીકળેલી તે પોલીસે બતાવેલી નહીં. ગાડી ચોરાયા બાબતે કોર્ટમાં જુબાની આપવા એક વખત ગયેલા છે તે કેસમાં ચુકાદો આવી ગયાની ખબર નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી નંદકિશોર શ્રવણ ચૌધરીને સાહેદ નં.૧૦૪૭ તરીકે આંક–૭૦૭૪ થી તપાસેલાં છે. આ સાહેદની સરતપાસ

પ્રમાણે આ સાહેદ સને–૨૦૦૮ના વર્ષમાં સુરત શહેર ક્રાઈમ બ્રાન્ચમાં પોલીસ સબઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા. તે વખતે જુલાઈ માસમાં સુરત શહેરમાંથી એક્ષપ્લોજીવ સાથે બે મારૂતિ કારો કબ્જે કરવામાં આવેલી અને તે કારો બાબતે વાશી તથા પનવેલ પોલીસ સ્ટેશનમાં ચોરીના ગુનાઓ દાખલ થયેલા હોય તે બાબતે ખરાઈ કરવા તથા એફ.આઈ.આર., પંચનામા તથા ગાડીના કાગળો મેળવવા માટે ડી.સી.બી. પી.આર.પરમાર સાહેબે હુકમ આપેલ જે આધારે વાશી પોલીસ સ્ટેશન તથા પનવેલ પોલીસ સ્ટેશન જઈ રીપોર્ટ આપી એફ.આઈ.આર., પંચનામું તથા ગાડીના કાગળો મેળવેલાં. વાશી પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ગુનાના ફરિયાદી શ્રીમતી નીતાબેન જાદવ કે માધવનાઓનું નિવેદન લીધેલ તથા પનવેલ પોલીસ સ્ટેશનના ગુનાના ફરિયાદીનો સંપર્ક કરતા તેઓ મળી આવેલ નહી અને તેઓ આવ્યેથી સુરત શહેર ડી.સી.બી. પોલીસ સ્ટેશનમાં સંપર્ક કરવા સમજ કરેલ અને આ તમામ કાગળો સાથે ડી.સી.બી. પોલીસ ઇન્સ્પેકટરને રીપોર્ટ સાથે કાગળો સોંપી દીધેલાં અને સપ્ટેમ્બર મહિનામાં પનવેલ પોલીસ સ્ટેશનના ફરિયાદી પ્રદિપનાઓ સુરત આવતાં તેઓનુ નિવેદન લીધેલ તેમ જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા બંને સાહેદો પાસેથી ગાડીના કોઈ દસ્તાવેજો લીધેલા નથી. ગાડીઓના દસ્તાવેજો જોયા નથી તો તે હકીકત નકારેલી છે. મુંબઈ મુકામે ગાડીઓની તપાસ કરવા એક વખત ગયેલા, કઈ તારીખે ગયેલા તો તે યાદ નથી. મુંબઈ મુકામે કારોની તપાસ કરવા ગયા ત્યારે બંને કાર હેડ કવાર્ટરમાં મુકેલી તે જોયેલી. કારોની અંદર જઈને તપાસ કરેલી નથી. કારોની તપાસ કરવા મુંબઈ મુકામે ગયા નથી તે હકીકત નકારી છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી પરબતસિંહ મંગળસિંહ પરમારને સાહેદ નં.૧૦૬૬ તરીકે આંક–૭૨૨૮ થી તપાસેલાં છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદ સુરત ડી.સી.બી. પોલીસ સ્ટેશનમાં પોલીસ ઇન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા. કાપોદ્રા સેકન્ડ ગુન્હા રજી.નં. ૧૭૬/૨૦૦૮ વરાછા રોડ બરોડા પ્રિસ્ટેજ ડૉકટર હાઉસ ના નીચેના ભાગે

સોનલ ભેળ હાઉસની સામે વિસ્ફોટક હાથ બોમ્બ બનાવવાની સામગ્રી સાથે મળી આવેલ વેગન આર કાર નં. GJ-06-CD-2908 ની વધુ તપાસ કાપોદ્રા પોલીસ ઇન્સ્પેકટરશ્રી એમ.આર.ચાવડા સાહેબ પાસેથી સંભાળી લીધેલી તેમ જણાવે છે. આ સાહેદે આંક-૨૮૪૧ વાળી ફરિયાદ, આંક-૨૪૦૮ વાળુ ગુનાવાળી જગ્યાનું પંચનામુ, આંક-૫૬૦૦ વાળો ડીટોનેટર ડીફયુઝ કરવા માટે નામદાર કોર્ટમાં માંગેલ પરવાનગી પત્ર તથા મંજૂરી , આંક-૫૮૪૨ વાળી મુદ્દામાલ FSL ગાંધીનગર ખાતે પરીક્ષણ કરવા સારૂ તૈયાર કરવામાં આવેલ પત્ર તથા આંક-૫૮૪૫ વાળી રવાનગી નોંધ તેમજ આંક-૫૮૪૬વાળો મુદ્દામાલ સ્વીકાર્યા અંગેની પહોંચ તથા આંક-૨૭૭૭ વેગન આર કાર નં. GJ-06-CD-2908 ની ચકાસણી કરવા માટે નાયબ નિયામકશ્રી FSL સુરતને લખેલ રવાનગી નોંધ તથા આંક-૨૭૭૮ FSL સુરત તરફથી મુદ્દામાલ સ્વીકાર્યા અંગેની પહોંચ વિગેરે કામમાં સામેલ રાખેલ તેમ જણાવેલ છે. આ સાહેદે ઊલટતપાસમાં જણાવેલી હકીકતો ડી.સી.બી. પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં. ૩૦૧૯/૨૦૦૮ ના કામના બનાવ સબંધે રજૂ કરેલ પુરાવામાં વિગતવાર ચર્ચા કરેલી છે માટે ઊલટતપાસની હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી મો.સોયેબ ઉર્ફે મો.સલીમ બાબાને સાહેદ નં.૧૦૯૯ તરીકે આંક-૭૭૭૪ થી તપાસેલાં છે પરંતુ આ સાહેદે ફરિયાદપક્ષની હકીકતને સમર્થન કરેલુ નથી અને સરકારી વકીલની વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરેલા છે અને ત્યારબાદ અદાલતની પરવાનગીથી તેઓને ઊલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછેલા છે પરંતુ ફરિયાદપક્ષની હકીકતને સમર્થન કરેલુ નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી ફારૂક ઉર્ફે ફાઅબ્દુલ રસીદ મોહમદ હનીફ માસ્ટરને સાહેદ નં.૧૧૦૩ તરીકે આંક-૭૭૯૯થી તપાસેલાં પરંતુ આ સાહેદે ફરિયાદપક્ષની હકીકતને સમર્થન કરેલુ નથી અને સરકારી વકીલની વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરેલા છે અને ત્યારબાદ અદાલતની

પરવાનગીથી તેઓને ઊલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછેલા છે પરંતુ ફરિયાદપક્ષની હકીકતને સમર્થન કરેલુ નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી જેસીંગભાઈ મોહનભાઈ પટેલને સાહેદ નં.૧૧૩૭ તરીકે આંક–૮૧૫૬ થી તપાસેલાં છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદ જુલાઈ–૨૦૦૮ના અરસામા પોલીસ હેડક્વાર્ટર ખાતે બોમ્બ ડિટેકશન એન્ડ બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડમા ફરજ બજાવતા હતા. આ અરસામા તેમની સાથે એ.એસ.આઈ. સુમનભાઈ વનમાળી, મોહનભાઈ ભાયલાલભાઈ અને અજયભાઈ માનાભાઈનાઓ પણ ફરજ બજાવતા હતા. તેમની ફરજ પોલીસ હેડ ક્વાર્ટર ખાતે હોય છે અને સુચના મળે તે મુજબ જે તે જગ્યાએ જઈને કામગીરી કરતા હોય છે તેઓએ બોમ્બ ડિટેકશન અને બોમ્બ ડિસ્પોઝલ અંગેની તાલીમ સુરત ખાતે હેડ ક્વાર્ટરમા તથા કરાઈ એકેડેમી, ગાંધીનગર ખાતે તાલીમ શાળા છે ત્યાં મેળવેલી હતી. તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ સ્થાનીક પોલીસ અધિકારીઓ દ્વારા કલાક ૧૬–૪૫ વાગ્યાની આસપાસ જાણ કરવામાં આવેલી કે હીરાબાગ સર્કલની બાજુમા આવેલ ડૉકટર હાઉસ પાર્કીંગમા મરૂન કલરની બીનવારસી ગાડી છે જેથી તેઓ ત્યાં સ્થળ ઉપર પહોચેલા ત્યાં ડૉકટર હાઉસ પાસે પાર્કીંગમા મરૂન કલરની ગાડી હતી, જે લોક હતી. જેથી ડ્રાઇવર સાઇડનો કાચ તોડી અંદર જોતા બોમ્બ બનાવવાનો છુટો સામાન તથા ચાર બોમ્બ હતા જે નૂપૂર હોસ્પિટલ ખાતેથી મળેલા તેવા હતા. જે ચારેય બોમ્બ તે સ્થળે ડિફ્યુઝ કરેલા અને તે ગાડીમા બીજો સામાન હતો તેમાં ત્રણ કેરબા પેટ્રોલ, છરા અને નટ–બોલ્ટ હતા, સાડીના કપડા હતા, નાસ્તાના ડબ્બા હતા, જુના પેપર હતા, ડીટોનેટર હતા તથા અન્ય વસ્તુઓ હતી. જે ચારેય બોમ્બ ડિફ્યુઝ કરી તમામ મટીરીયલ્સ અલગ–અલગ કરેલ. આ ચારેય બોમ્બમાંથી મળેલ બધી વસ્તુઓ તથા વેગન આર કાર તથા અન્ય ચીજ વસ્તુઓ ત્યાંના ઇન્ચાર્જ પોલીસ અધિકારીને સોંપેલી તેમ જણાવેલ છે. આ સાહેદે ઊલટતપાસમાં જણાવેલી હકીકતો ડી.સી.બી. પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૩૦૧૯/૨૦૦૮ ના કામના બનાવ સંબંધે રજૂ કરેલ પુરાવામાં

વિગતવાર ચર્ચા કરેલી છે માટે ઊલટતપાસની હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

આમ, કાપોદ્રા પોલીસ સ્ટેશન વિસ્તારમાં વરાછા રોડ, બરોડા પ્રિસ્ટેજ હાઉસ નીચે સોનલ ભેળ હાઉસની સામે પાર્કીંગમાંથી વેગનઆર કાર નં. જીજે-૬-સીડી-૨૯૦૮ માં તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ કલાક ૨૨-૩૦ થી ૨૨-૦૫ વાગે બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલો અને તે જગ્યાએથી ગાડીમાં કુલ-૪ બોમ્બ મળી આવેલા તે હકીકત ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા ઉપરોકત તમામ પુરાવા ઉપરથી સાબીત થાય છે તેમ હું માનુ છું.

(૫૩) **<u>સુરત શહેરમાં વરાછા પોલીસ સ્ટેશનની હકૂમતના વિસ્તારમાં બોમ્બ ધડાકા કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલ તે પુરવાર કરવા બનાવ નં.૧ના સંબંધમાં ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન.</u>**

- વિસ્તાર:- વરાછા પોલીસ સ્ટેશનની હદમાં
- સ્થળ:- વરાછા એલ.એચ.રોડ, જુની શકિત વિજય સોસાયટીના નાકે, ટોરેન્ટ પાવર કંપનીના નાના સબ સ્ટેશનનાં ટ્રાન્સફોર્મર નીચે
- તારીખ:- ૨૮/૭/૨૦૦૮
- સમય:- કલાક ૨૦.૩૦
- ગુના રજીસ્ટર નં. સેકન્ડ ૩૬૩/૨૦૦૮
- બનાવમાં વપરાયેલ વાહન:- નથી

તા.૨૮/૭/૨૦૦૮ ના રોજ વરાછા પોલીસ સ્ટેશનની હકૂમતમાં આવેલ વિસ્તાર વરાછા એલ.એચ.રોડ, જુની શકિતવિજય સોસાયટીના નાકે, ટોરેન્ટ પાવર કંપનીના નાના સબ સ્ટેશનનાં ટ્રાન્સફોર્મર નીચે બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલો અને તે બોમ્બ મળી આવેલો. તેની ફરિયાદ ભરતભાઈ મંજીભાઈ પટેલ, પોલીસ સબઇન્સ્પેકટર વરાછાનાઓએ

પોલીસ ઇન્સ્પેકટર વી.બી.પટેલ રૂબરૂ ફરિયાદ લખાવેલી તેઓને ફરિયાદપક્ષ દ્વારા સાહેદ નં.૪૪૫ તરીકે આંક–૨૭૫૧ થી તપસાવામાં આવેલા છે તેઓ પોતાની સર તપાસમાં જણાવે છે કે તા.૩૦/૧૦/૨૦૦૭ થી વરાછા પોલીસ સ્ટેશનમાં પોલીસ સબઇન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન તા.૨૮/૭/૨૦૦૮ ના રોજ અમદાવાદ સીટીમાં થયેલ બ્લાસ્ટ અનુસંધાને તકેદારીના પગલા રૂપે પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન વરાછા એલ.એચ.રોડ, જૂની શકિતવિજય સોસાયટીના નાકે, ટોરેન્ટ પાવર કંપનીના નાના સબ સ્ટેશનનાં ટ્રાન્સફોર્મર પાસે ટોળુ ભેગુ થયેલુ હતુ ત્યાં જઈને જોયુ તો એક લીલા કલરની બેગમાં કોઈ પેકીંગ કરેલી વસ્તુ પડેલી હતી જેથી આ સંબંધે પોલીસ ઇન્સ્પેકટર સાહેબને જાણ કરેલી તેઓ તેમના સ્ટાફ તથા એફ.એસ.એલ. અધિકારી અને બોમ્બ ડીફ્યુઝ સ્કવોર્ડ સાથે જગ્યા ઉપર આવેલા.બોમ્બ ડીફ્યુઝ અધિકારીઓએ આ વિસ્ફોટક વસ્તુ જોતા તે દેશી બનાવટનો બોમ્બ હતો અને ત્યારબાદ એફ.એસ.એલ. અધિકારીઓની હાજરીમાં આ બોમ્બ ડીફ્યુઝ કરેલો તેમાંથી નીકળેલી વસ્તુઓ જોતા લાકડાની ફ્રેમ ભુરા કલરની સેલોટેપવાળી, પતરાની પ્લેટવાળો અર્ધચંદ્રાકાર બોક્ષ અને તેમાંથી નીકળેલ પારદર્શક પ્લાસ્ટિકની થેલીમાં એમોનિયમ નાઈટ્રેટ ઓઈલ મિશ્રિતવાળુ આશરે ૧૧૦૦ ગ્રામ જેટલુ, એક કીલો જેટલા લોખંડના છરા, ડયુરોસેલ કંપનીની ગોલ્ડ અને બ્લેક કલરની રેડ કેપવાળી બેટરી, વાયર સાથેના બે ડીટોનેટર, ઈલેકટ્રીક સરકીટ તથા દિવ્ય ભાસ્કર વડોદરા ખાતેના પેપર હતા. આ વસ્તુઓમાંથી આશરે ૫૦ ગ્રામ એમોનિયમ નાઈટ્રેટ અને દસ છરા તથા ઈલેકટ્રીક સરકીટ અને બેટરી તપાસ અર્થે કબજે કરેલા બાકીનો મુદ્દામાલ પંચો રૂબરૂ સીલ કરેલો. આ બનાવની આ સાહેદે ફરિયાદ આપેલી તે આ કામે આંક–૨૭૫૨ થી ૨જૂ છે. જેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આ સાહેદની રૂબરૂમાં પોલીસ ઇન્સ્પેકટર વી.બી. પટેલનાઓએ પંચનામાની વિગતે જે મુદ્દામાલ કબજે કરેલો તે તમામ મુદ્દામાલ પણ અદાલત રૂબરૂ વારાફરતી બતાવતા ઓળખી બતાવે છે.

આ ફરિયાદ લીધા બાદ પોલીસ ઇન્સ્પેકટર વી.બી.પટેલે ગુનો રજીસ્ટર કરવા માટે પી.એસ.ઓ. વરાછા પોલીસ સ્ટેશનને મોકલી આપેલી અને પી.એસ.ઓ. વરાછા પોલીસ સ્ટેશનનાઓએ આ ફરિયાદને સ્ટેશન ડાયરીમાં રજીસ્ટર કરેલી, તે સ્ટેશન ડાયરીની નકલ આ કામે આંક–૧૬૮૪ થી રજૂ કરેલી છે તે રજીસ્ટર કરનાર સાહેદ શાંતારામ દીનકરનાઓને સાહેદ નં.૩૨૭ તરીકે આંક–૧૬૮૩ થી તપાસેલા છે તેઓની સરતપાસ ધ્યાને લેતા તેઓ બનાવના દિવસે પી.એસ.ઓ. તરીકે વરાછા પોલીસ સ્ટેશનમાં ફરજ ઉપર હતા ત્યારે એક સૂચિપત્ર પટેલની સહીથી મોકલવામાં આવેલુ જે સૂચિપત્ર આંક–૧૬૮૫ થી રજૂ છે તેમાં પોલીસ ઇન્સ્પેકટર પટેલની સહી છે અને આ સૂચિપત્ર આધારે ગુનો સ્ટેશન ડાયરીમાં એન્ટ્રી નં.૨૨ થી નોંધેલો. જેમાં આ સાહેદે વધુ તપાસ અંગેનો શેરો આંક–૧૬૮૫ ના પાછળના ભાગે સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

આ કામે સાહેદ ભરતભાઈ મંજીભાઈ પટેલની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલી છે તે ધ્યાને લેતા બનાવના સ્થળ ઉપર ૫૦ થી ૧૦૦ માણસો ભેગા થયેલા હતા. શકિતવિજય સોસાયટીમાં ઘણા માણસો રહે છે તે કબૂલ કરે છે. જે તે વખતે ફરિયાદમાં જણાવેલી વસ્તુઓ પ્રત્યક્ષ રીતે જોવાની કોશીશ કરેલી નથી. પોલીસ ઇન્સ્પેકટર વરાછાનાઓ કેટલો સમય પછી ત્યાં આવેલા તે કહી શકે તેમ નથી. બોમ્બ ડીફ્યુઝલ ટીમના કેટલા અધિકારીઓ હતા તે પણ કહી શકે તેમ નથી. બનાવવાળુ સ્થળ પોલીસ સ્ટેશન તથા એફ.એસ. એલ. કચેરીથી કેટલા અંતરે હશે તેની ખબર નથી. સુરતની ભૌગોલિક સ્થિતિથી પરીચીત છે તે કબૂલ કરે છે. બોમ્બ મળ્યો તે પહેલા આવી કોઈ વસ્તુ કબજે કરેલી હોય તેવુ બન્યુ નથી. એફ.એસ.એલ.નાં અધિકારીઓએ પોતાની ઓળખ આપેલી કે કેમ તે યાદ નથી. બોક્ષ ચોરસ, લંબચોરસ કે ત્રિકોણ આકારનું હોઈ શકે તે કબૂલ કરે છે. અદાલત રૂબરૂ બતાવવામાં આવેલી ઘડિયાળ ગોળ છે અને તે અર્ધી જોવામાં આવે તો અર્ધચંદ્રાકાર કહી શકાય તે કબૂલ કરે છે. તોલમાપનું કોઈ સાધન લાવેલા કે કેમ તે યાદ નથી. આ સાહેદની હાજરીમાં કોઈ વસ્તુનું વજન કરવામાં આવેલુ નહીં તો તે હકીકત નકારે છે. ઈલેકટ્રોનીક સરકીટ ઉપર જે

તે વખતે કોઈ નંબર વાંચેલો નહીં. આ ફરિયાદના કામે આ સાહેદની હાજરીમાં કોઈ વસ્તુઓ કબજે કરવામાં આવેલી નથી તો તે હકીકત નકારે છે. આ બનાવની માહિતી પેટ્રોલીંગ દરમ્યાન મળેલાનું કબૂલ કરે છે. પોલીસ સ્ટેશનમાં જે માહિતી મળેલી તે જગ્યા ઉપર શંકાસ્પદ વસ્તુ છે તેવી માહિતી ન હતી. ટોળામાં ઉભેલા માણસોની પુછપરછ કરેલી નથી. ભેગા થયેલા માણસોમાં કઈ વ્યકિતઓ હતા તે જાણવાનો પ્રયત્ન કર્યો નથી. બનાવ સ્થળ ઉપર ગયા પછી પોલીસ ઈન્સ્પેકટરને જાણ કરેલી. પોલીસ સ્ટેશનમાં ગુના સબંધેની સઘળી માહિતી રજીસ્ટરમાં નોંધવામાં આવે છે તે કબૂલ કરે છે. પોલીસ ઈન્સ્પેકટરને જાણ કર્યા બાદ સ્થળ ઉપર ૫–૭ મિનિટમાં આવી ગયેલાનું જણાવે છે. આ સાહેદને મેસેજ મળેલો નથી અને તે આધારે સ્થળ ઉપર ગયેલા નથી કે ત્યાં કોઈ ચીજવસ્તુઓ જોયેલી નથી તો તે હકીકત નકારે છે.

ત્યારબાદ આ કામે પોલીસ ઈન્સ્પેકટર વરાછા વી.બી. પટેલનાઓને ફરિયાદપક્ષ દ્વારા સાહેદ નં.૧૦૫૩ તરીકે આંક–૭૦૯૭ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદે બનાવવાળી જગ્યા ઉપર બે પંચોની હાજરીમાં પંચનામુ બનાવી મુદ્દામાલ કબજે કરેલો તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૮/૭/૨૦૦૮ ના રોજ તેઓ વરાછા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ અમદાવાદ શહેરમાં શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકા થતા કેટલાક માણસો મૃત્યુ પામેલા અને ઘાયલ થયેલા તે અનુસંધાને સુરત શહેરમાં પેટ્રોલીંગ ગોઠવવામાં આવેલુ અને તેમની સાથેના પોલીસ સબઈન્સ્પેકટરો પણ પોતાની પોલીસ ચોકી વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં. તે દરમ્યાન પોલીસ સબઈન્સ્પેકટર બી.એમ.પટેલ પણ પોતાની લાભેશ્વર ચોકી વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન તેઓને એલ.એચ. રોડ પર આવેલ જૂની શકિત વિજય સોસાયટી પાસે એક ટ્રાન્સફોર્મરની અંદર એક શંકાસ્પદ આછા લીલા કલરની કોથળીમાં વસ્તુ જણાયેલી અને ત્યાં માણસો ભેગા થઇ ગયેલા જેથી પેટ્રોલીંગમાં ફરતા ફરતા ત્યાં પહોંચેલા. આ વખતે આ સાહેદે એફ.એસ.એલ. અને બોમ્બ ડિસ્પોઝલ

સ્કવોર્ડના માણસોને પણ આ અંગે જાણ કરેલી અને તેઓએ આવીને બોમ્બ ડિફ્યુઝ કરેલા તે દરમ્યાન એફ.એસ.એલ.ના માણસો પણ આવી ગયેલાં અને ડિફ્યુઝ કરેલ બોમ્બ અંગે પંચનામુ કરવાનું હોય બે પંચોના માણસોને બોલાવેલા અને પંચો રૂબરૂ જે શંકાસ્પદ આછા લીલા કલરની કોથળીમાંથી જે વસ્તુઓ મળેલી તે પંચનામા વિગતે કબ્જે કરવામાં આવેલી. તે વસ્તુઓમાં અર્ધચંદ્રાકાર આકારની લાકડાની આજુબાજુ પતરાનું બોક્ષ, બોક્ષની અંદરથી આછા પીળા કલરના પાવડર એમોનીયમ નાઈટ્રેટ અને ફ્યુઅલ ઓઈલ, એક પારદર્શક થેલીમાં છરા, બે ડીટોનેટર, સર્કિટ, બેટરી, વાયરના ટુકડા અને વડોદરાનુ દિવ્ય ભાસ્કર નામનું પેપર મળી આવેલ. ત્યારબાદ એફ.એસ.એલ. અધિકારીએ આ પીળા કલરનો પદાર્થ મળેલ તે એમોનિયમ નાઈટ્રેટ છે અને ૫૦ ગ્રામ એમોનિયમ નાઈટ્રેટ અને ૧૦ છરાઓ અલગ નમૂના તરીકે પેક કરેલાં. તમામ ચીજવસ્તુઓ પંચોની હાજરીમાં પંચોની સહીઓવાળી સ્લીપો લગાવી સીલ કરવામાં આવેલ. આ કાર્યવાહીની જે પંચનામુ બનાવવામાં આવેલુ તે પંચનામુ આંક–૨૬૮૧ થી ૨જૂ છે તથા પંચોની સહીઓવાળી સ્લીપો આંક–૨૬૮૨ થી ૨૬૯૧ સુધી ૨જૂ કરેલ છે. આ પંચનામામાં તથા પંચ સ્લીપોમાં આ સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે. વધુમાં આ સાહેદની સરતપાસ પ્રમાણે સ્થળ ઉપર એફ.એસ.એલ. અધિકારીને પધારવા માટે યાદી લખેલી જે યાદી આ કામે આંક–૨૭૩૨ થી ૨જૂ છે તેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે તેમજ યાદી રીસીવ કર્યા બાબતે એફ.એસ.એલ. અધિકારીની સહી છે.

વધુમાં આ સાહેદ જણાવે છે કે ઉપરોકત પંચનામું કર્યા બાદ પોલીસ સબઇન્સ્પેકટર બી.એમ.પટેલે તેમની રૂબરૂની ફરિયાદ આપતા તે નોંધી લીધેલી. આંક–૨૭૫૨ વાળી ફરિયાદમાં આ સાહેદ ફરિયાદીની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે. ત્યારબાદ આ ફરિયાદ પોતાના રીપોર્ટ સાથે ગુનો દાખલ કરવા માટે પી.એસ.ઓ. વરાછા પોલીસ સ્ટેશનને મોકલી આપેલો. આ રીપોર્ટ આ કામે આંક–૧૬૮૫ થી ૨જૂ કરેલો છે જેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. ત્યારબાદ આ ફરિયાદના આધારે વરાછા પોલીસ

સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૩૬૩/૨૦૦૮ થી એક્ષપ્લોજીવ એકટ તથા એક્ષપ્લોજીવ સબસ્ટન્સ એકટની જોગવાઇઓ હેઠળ તથા આઇ.પી.સી. એકટની કલમ–૧૨૦(બી) વિગેરે હેઠળ ગુનો નોંધવામાં આવેલ અને ત્યારબાદ પી. એસ.ઓ.એ આ ગુનાની આગળની વધુ તપાસ આ સાહેદ તરફ મોકલવામાં આવલી અને તે અંગેનો શેરો રીપોર્ટના પાછળના ભાગે કરવામાં આવેલો છે.

વધુમાં આ સાહેદ જણાવે છે કે આ ગુનાના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. તા.૨૮/૭/૨૦૦૮ ના રોજ આ જગ્યા ઉપરથી મળી આવેલા બોમ્બમાંથી નીકળેલી અમુક વસ્તુઓ એફ.એસ.એલ. અધિકારી સી.સી. પટેલનાઓ લઈ ગયેલા અને તેઓએ તા.૩૧/૭/૨૦૦૮ ના રોજ આ સાહેદ સમક્ષ રજૂ કરેલી. તે વસ્તુઓમાં નાની બેટરી તથા ઇલેકટ્રોનીક સર્કીટ રજૂ કરતા બે પંચોની હાજરીમાં પંચનામાની વિગતે પંચોની સહીઓવાળી કાપલી મુકી સીલ કરી કબજે કરેલ. આ કાર્યવાહીનુ જે પંચનામુ બનાવેલ તે આંક–૨૬૯૨ થી રજૂ કરવામાં આવેલ છે જેમા આ સાહેદ બે પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે.

વધુમાં આ સાહેદની સરતપાસ પ્રમાણે તા.૧/૮/૨૦૦૮ ના રોજ ઉપરોકત જણાવેલ ગુનાવાળી જગ્યાએથી મળી આવેલ અને ડિફ્યુઝ કરેલ બોમ્બમાંથી કબ્જે લેવામાં આવેલ ડીટોનેટર નંગ–૨ ને એફ.એસ.એલ. અધિકારીશ્રીએ ડિફ્યુઝ કરવા સુચના આપેલી હોવાથી તેમજ પોલીસ સ્ટેશનમાં રાખવા જોખમકારક હોવાથી તેને ડિફ્યુઝ કરવા પરવાનગી મેળવવા માટે મે. એડિશ્નલ સિવિલ જજ તથા જયુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબને રીપોર્ટ કરેલો જે રીપોર્ટ આ કામે આંક–૭૦૯૮ થી રજૂ કરેલો છે તેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

ત્યારબાદ તા.૨/૮/૨૦૦૮ ના રોજ મેજિસ્ટ્રેટ સાહેબ દ્વારા ડીટોનેટર ડિફ્યુઝ કરવા સારૂ પરવાનગી આપવામાં આવેલી જે પરવાનગી આંક–૭૦૯૯ થી રજૂ છે.

ત્યારબાદ તા.૪/૮/૨૦૦૮ ના રોજ એફ.એસ.એલ., સુરતના સાયન્ટિફિક અધિકારી એન.ડી.પટેલ તરફ રીપોર્ટ મોકલી જાણ કરેલી કે મુદ્દામાલ ડીટોનેટર જે તે અવસ્થામાં ડિફ્યુઝ કર્યા વગર ગાંધીનગર ખાતે મોકલી આપવા જણાવેલ. આ રીપોર્ટ આંક–૭૧૦૦ થી રજૂ કરવામાં આવેલો છે જેમાં એફ.એસ.એલ. અધિકારી એન.ડી.પટેલની સહી છે.

ત્યારબાદ તા.૫/૮/૨૦૦૮ ના રોજ આ ગુના કામના મુદ્દામાલ એફ.એસ.એલ.ને મોકલવા સારૂ રવાનગી નોંધ તૈયાર કરેલ અને ગુનાના કામનો તમામ મુદ્દામાલ તે રવાનગી નોંધ સાથે પોલીસ કોન્સ્ટેબલ ઈફ્તેખાર મુશીરઅલી મારફત એફ.એસ.એલ. કચેરી, ગાંધીનગરને મોકલી આપેલો તે રવાનગી નોંધ આંક–પ૯૨૭ થી રજૂ છે જેમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. જે મુદ્દામાલ એફ.એસ.એલ.ને મળ્યા અંગેની પહોંચ આપવામાં આવેલી તે પહોંચ આંક–પ૯૨૮ થી રજૂ કરવામાં આવેલી છે.

આ કામના આરોપીઓ તરફે થયેલ ઊલટતપાસ ધ્યાને લઈએ તો વરાછા પોલીસ સ્ટેશન વિસ્તારમાં બોમ્બ પ્લાન્ટેશનના કુલ–પાંચ બનાવો બનેલા અને આ સાહેદની જે ઊલટતપાસ કરવામાં આવેલી છે તેમાં પાંચેય ગુનાઓની હકીકત બાબતે પ્રશ્ન પુછવામાં આવેલા છે અને સાહેદની ઊલટતપાસ જનરલ ઊલટતપાસ છે. તમામ પાંચેય ગુનાઓની બનાવવાળી જગ્યા ઉપર પંચનામા બનાવ્યા પછી ફરિયાદો આપવામાં આવેલી છે તે કબૂલ કરેલ છે. તા.૨૬/૭/૨૦૦૮ થી તા.૨૭/૭/૨૦૦૮ દરમ્યાન પેટ્રોલીંગમાં કાંઈ મળેલુ નહીં તે કબૂલ કરેલુ છે. પેટ્રોલીંગ દરમ્યાન પોતાના પોલીસ સ્ટેશન વિસ્તારમાં ફરેલા તે કબૂલ કરે છે. લીલા કલરનું પ્લાસ્ટિકનું બોક્ષ શંકાશીલ દેખાયેલુ તો શંકાશીલ દેખાવવાનું કારણ શું ? તેના જવાબમાં સાહેદે જણાવેલુ છે કે અમદાવાદની અંદર બોમ્બ બ્લાસ્ટ થયેલા અને લોકોની જાનહાની થયેલી જેથી આ બોક્ષ શંકાશીલ જણાયેલુ. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા એફ.એસ.એલ. અધિકારીઓને વાયરલેસ મેસેજ દ્વારા બોલાવેલા તેની નોંધ કરેલી કે કેમ? તે યાદ નથી. એફ.એસ.એલ. અધિકારી અને બોમ્બ સ્કવોર્ડના અધિકારીઓ સ્થળ

ઉપર આવ્યા બાદ તેમને યાદીઓ આપેલાનું કબૂલ કરે છે. બોમ્બ ડીફ્યુઝ કરવા અને ડીટોનેટર ડીફ્યુઝ કરવા વચ્ચેના તફાવતનો ખ્યાલ નથી. બોમ્બ ડીફ્યુઝ કર્યા પછી દરેક ગુનામાં પંચોને બોલાવેલા તે કબૂલ કરે છે. સાહેદના મત પ્રમાણે પંચોને આવતા સુધી જીવંત બોમ્બ રાખી મુકી શકાય નહીં કારણ કે જો બોમ્બમાં ટાઈમ સેટ કરેલો હોય તો ગમે ત્યારે તે બ્લાસ્ટ થઈ શકે માટે સૌપ્રથમ પોલીસની ફરજ છે કે કોઈની પણ રાહ જોયા વીના તેને ડીફ્યુઝ કરવો પડે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા એફ.એસ.એલ.વાળાઓએ કોઈ રસીદ આપી નથી તે કબૂલ કરે છે. એફ.એસ.એલ. અને બોમ્બ ડીફ્યુઝ ટીમના અધિકારીઓની હાજરી બતાવવા તેઓની સહીઓ પંચનામામાં લીધેલી નથી તે કબૂલ કરે છે. એફ.એસ. એલ. અધિકારીએ ડીટોનેટર ડીફ્યુઝ કરવાની સુચના આપી તે દિવસે તાત્કાલિક મેજિસ્ટ્રેટને રીપોર્ટ કરેલો નથી . આંક–૭૦૯૯ વાળા પરવાનગી પત્રમાં મેજિસ્ટ્રેટની સહી નથી પરંતુ સુપરિન્ટેન્ડન્ટની સહી છે. ગુનો રજીસ્ટર કર્યા પછી તમામ કાગળો ડી.સી.બી. પોલીસ ઇન્સ્પેકટરને મોકલી આપેલાની હકીકત નકારેલી છે. ડી.સી.બી. ક્રાઈમના પોલીસ ઇન્સ્પેકટરને તપાસ સોપવાનું પી.એસ.ઓ.એ યાદી ઉપર લખેલુ તેમ છતાં ગુનાની તપાસ કરેલાની હકીકત કબૂલ કરી છે. વરાછા પોલીસ સ્ટેશન વિસ્તારના પાંચેય ગુનાઓમાં કુલ–૧૪ બોમ્બ મળેલા, આ બોમ્બ કેમ ફુટેલા નહીં તેની તપાસ કરેલી નથી તે કબૂલ કરે છે પરંતુ સાહેદના મત પ્રમાણે આ બોમ્બ કેમ ફુટયા નથી તેની તપાસ એફ.એસ.એલ. અધિકારી દ્વારા થઈ શકે કારણકે આ સાહેદ બોમ્બના નિષ્ણાંત નથી જેથી આ સાહેદે બોમ્બ નહીં ફુટવાની તપાસ કરી ન હોય.

વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા જે સાહેદોના નિવેદનો સ્થળ ઉપર લીધેલા તેમની ફરિયાદ લીધેલી નથી. સરકાર દ્વારા સીમી ઉપર બાન મુકવામાં આવેલ તે અંગે જે કેસો થયેલા તેની માહિતી નથી. જે દિવસે તપાસ સંભાળી તે દિવસે અમદાવાદમાં થયેલા બોમ્બ વિસ્ફોટના બનાવોની માહિતી હતી. અમદાવાદમાં થયેલા બોમ્બ બ્લાસ્ટના કેસો તેમજ સીમીના કેસોને મજબુત બનાવવા ખોટા કેસો બનાવેલાની હકીકત નકારેલી છે. આ ગુનાઓની તપાસ

ડી.સી.બી. ક્રાઈમે કરવાની હતી તેમ છતાં ખોટી રીતે તપાસ સંભાળેલાની હકીકત નકારેલી છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા એફ.એસ.એલ. અધિકારીઓ સ્થળ ઉપર કેટલા વાગે આવેલા તેનો ઉલ્લેખ પંચનામા નથી તે કબૂલ કરે છે. આવા જ પ્રકારના ગુનાઓની તપાસ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા થતી હતી તે કબૂલ કરે છે. આ ગુનાઓ સંબંધી રાજય સરકાર અને કેન્દ્ર સરકારની બીજી એજન્સીઓ પણ મુલાકાતે આવેલાની હકીકત નકારેલી છે. બોમ્બ વિસ્ફોટના બનાવો ભારતમાં ઘણી જગ્યાઓએ બનેલાનું કબૂલ કરે છે. વિસ્ફોટ દરમ્યાન તેમાં કઈ કઈ વસ્તુઓ વપરાયેલી તથા કોણ કોણ સંડોવાયેલા તેની તપાસ કરી નથી. સાહેદના મત પ્રમાણે આ સાહેદ પાસે આ બનાવની તપાસ ફકત એક જ દિવસ રહેલી છે જેથી આ બનાવના કયા માણસો સંડોવાયેલા છે તેની તપાસ કરવાની તક મળેલી નથી. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા પંચનામાઓ પંચોની હાજરીમાં પંચોના કહેવા અને લખાવ્યા મુજબ લખેલા નથી તો તે હકીકત નકારેલી છે. બનાવવાળી જગ્યા ઉપર કોથળીઓ ખોલતા પહેલા તેની અંદર શું છે તેની ખબર પડેલી નહીં પરંતુ સ્વાભાવિક છે કે જયાં સુધી કોથળી ખોલવામાં ન આવે ત્યાં સુધી અંદર શું વસ્તુ છે તેની ખબર પડે નહીં માટે આવા પ્રશ્ન પુછવાનો કોઈ અર્થ નથી. આ સાહેદે કોથળીમાંથી શંકાસ્પદ વસ્તુ બહાર કાઢેલી નથી. આ બોમ્બ જીવીત છે તેવી તમોને જાણ કેવી રીતે થયેલી તેના જવાબમાં સાહેદે જણાવેલુ છે કે બોમ્બ સ્કવોર્ડના માણસો આવેલા ત્યારે ખબર પડેલી. બોમ્બ જીવીત છે તે જાણવા ટેસ્ટ કરેલો નહીં, પરંતુ મારા મત પ્રમાણે બોમ્બ જીવીત છે કે મૃત છે તેનો ટેસ્ટ કરવાનો હોતો નથી પરંતુ બોમ્બ ડીસ્પોઝલ ટીમના માણસો કે જે નિષ્ણાંત હોય છે તેઓ બોમ્બ જોઈને તરત જ જણાવી શકે કે તે બોમ્બ જીવીત છે કે મૃત છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા બોમ્બ ડીફ્યુઝલ ટીમના માણસો આવેલા નહીં ત્યાં સુધી પબ્લીકના માણસોને દુર રાખવામાં આવેલા. લાયસન્સ ધરાવતી વ્યકિતઓ સ્ફોટક પદાર્થ વેચતી હોય છે તે કબૂલ કરે છે. જીવીત ડીટોનેટરને સાચવી રાખી શકાય છે તો તે હકીકત નકારે છે પરંતુ જો જીવીત ડીટોનેટર સાચવીને રાખી શકાય તેમ હોય તો તે જોખમકારક છે કારણ કે તે ગમે

ત્યારે બ્લાસ્ટ થઈ શકે. મેજિસ્ટ્રેટ સાહેબ પાસે પત્રો રજૂ કર્યા ત્યારે ડીટોનેટર જીવીત છે તેવો કોઈ પુરાવો રજૂ કરેલો નહીં. એફ.એસ.એલ.ના અધિકારીઓએ ડીટોનેટર ડીફ્યુઝ કરવાની સુચના આપેલી તે બાબતનો દસ્તાવેજી પુરાવો નથી. તપાસને અનુકુળ થાય તે પ્રમાણે સાહેદોના નિવેદનો લખી લીધેલાની હકીકત નકારેલી છે. ડીટોનેટર કઈ કંપનીના હતા તે અંગેનો ઉલ્લેખ કરેલો કે કેમ તે યાદ નથી. કુલ–૧૪ બોમ્બ પકડાયેલા તેમાંથી એક બોમ્બમાંથી બેટરી તથા સરકીટ એફ.એસ.એલ.ના માણસો સ્થળ ઉપરથી લઈ ગયેલા. સ્થળ ઉપરથી બોમ્બ કોણે ઉતારેલા તે યાદ નથી.

આંક–૨૭૩૨વાળી સ્થળ ઉપર પધારવાની યાદી આધારે એફ.એસ.એલ. અધિકારી સાહેદ નં.૪૪૩ નિતીનકુમાર દયારામ પટેલનાઓને આંક–૨૭૨૫ થી તપાસવામાં આવેલા છે. તેઓએ જે જગ્યાએથી બોમ્બ મળી આવેલ તે સ્થળ ઉપર જઈ સ્થળ ચકાસણી કરેલી અને સ્થળ ઉપરથી બોમ્બનું મટીરીયલ જેવુ કે અર્ધ ચંદ્રકાર લાકડાની ફ્રેમ, ગેલ્વેનાઈઝના પતરા અને ખીલ્લીથી જડેલી અને તેમાંથી લોખંડના છરા, ચીકણો પદાર્થ, ૯ વોલ્ટની બેટરી તથા ડીટોનેટર વિગેરે કબજે કરવાની સુચના આપેલી અને તપાસ કરનાર અધિકારીએ પંચોની રૂબરૂમાં આ સમગ્રી કબજે કરેલાનું આ સાહેદ જણાવે છે અને તે અંગેનો વિગતવાર પ્રાથમિક અહેવાલ આપેલો જે આંક–૨૭૩૧ મા આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આ સાહેદની ઊલટતપાસની વિગતવાર ચર્ચા ડી.સી.બી. પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૩૦૧૯/૨૦૦૮ ના કામે ફરિયાદપક્ષ દ્વારા જે પુરાવા રજૂ થયેલા છે તેમાં કરેલી છે. આરોપીઓ તરફથી થયેલી ઊલટતપાસ જનરલ ઊલટતપાસ છે, કોઈ ચોકકસ એક ગુના પુરતી નથી માટે ઊલટતપાસનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

સાહેદ વી.બી.પટેલનાઓએ બે પંચોની હાજરીમાં આંક–૨૬૮૧ વાળુ ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરી જે મુદ્દામાલ કબજે કરેલો તે પંચનામાના પંચો પૈકીના પંચ કૃષ્ણકાંત ચતુરભાઈ પ્રજાપતિને સાહેદ નં.૪૪૦ તરીકે આંક–૨૬૮૦ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૮/૭/

૨૦૦૮ ના રોજ વરાછા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર વી.બી. પટેલે શકિતવિજય સોસાયટીના નાકે વરાછા મુકામે બોલાવેલા. તે વખતે પાંચ વાગ્યાનો સમય હતો. ત્યાં બીજા નિકુંજભાઈ નામના વ્યકિતને પણ બોલાવેલા હતા. પોલીસે જણાવેલુ કે એફ.એસ.એલ. અને બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડ વાળાઓએ લીલા કલરની પ્લાસ્ટિકની કોથળીમાંથી મળી આવેલા બોમ્બ ડીફ્યુઝ કરેલા છે અને તે સબંધે પંચનામુ કરવાનુ છે. જેથી આ સાહેદે હા પાડેલી. ત્યારબાદ જૂની શકિતવિજય સોસાયટીના નાકે આવેલ સબસ્ટેશનના ટ્રાન્સફોર્મર પાસે લઈ ગયેલા અને ત્યાં એક અર્ધચંદ્રાકાર આકારની લાકડાની ફ્રેમ હતી જેને પતરાની પ્લેટ લગાવેલી હતી અને ચારેય તરફ બ્લ્યુ કલરની સેલોટેપ વીંટાળેલી હતી. આ બોક્ષને ખોલતા તેમાંથી પારદર્શક કોથળી નીકળેલી જેમાં પીળા કલરનો ચીકણો પ્રવાહી પદાર્થ હતો. એફ.એસ.એલ. અધિકારીઓ કહેલુ કે એમોનિયમ નાઈટ્રેટ છે. તે પદાર્થનું વજન આશરે એકાદ કીલો હતુ. આ ઉપરાંત પ્લાસ્ટિકની કોથળીમાં એક કીલો વજન જેટલા છરા હતા તથા લાલ સેલોટેપથી વીંટાળેલી નવ વોલ્ટની બેટરી જે ડયુરોસેલ કંપનીની હતી તથા એક સરકીટ જેને બે લાલ રંગના, એક કાલા રંગનો અને એક સફેદ રંગનો વાયર જોડેલો હતો. આ ઉપરાંત બે ડીટોનેટર તથા દિવ્ય ભાસ્કરનું પેપર વીંટાળેલુ હતુ. આ વસ્તુઓમાંથી એમોનિયમ નાઈટ્રેટ તથા છરાઓ ચકાસણી માટે એફ.એસ.એલ.વાળાઓ લઈ ગયેલા અને બાકીની વસ્તુઓ પ્લાસ્ટિકના ડબ્બામા મુકી પંચોની સહીઓવાળી સ્લીપો મુકી દોરી વડે બાંધી સીલ કરેલો. આ તમામ વસ્તુઓ આ સાહેદની હાજરીમાં કબજે કરવામાં આવેલી તેનુ પંચનામુ બનાવેલુ જે આંક–૨૬૮૧ વાળા પંચનામામાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવી છે તથા આ સાહેદની હાજરીમાં જે કોઈ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ તે તમામ એકપછી એક કોર્ટમાં ખોલીને બતાવતા તમામ મુદ્દામાલ આ સાહેદે ઓળખી બતાવેલો છે અને મુદ્દામાલમાંથી નીકળેલી પંચ સ્લીપો આંક–૨૬૮૨ થી ૨૬૯૧ સુધી રજૂ કરેલી છે તે તમામ પંચ સ્લીપો ઉપર આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

આ ઉપરાંત આંક–૨૬૯૨ વાળા પંચનામામાં પણ આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

હવે આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવી છે તે ધ્યાને લઈએ તો સ્થળ ઉપર ગયા ત્યારે બોમ્બને આઈટમો વાઈઝ છુટો કરવામાં આવેલો હતો તો તે હકીકત નકારે છે. બોમ્બના ભાગ છુટા કરવા તેને ડીફ્યુઝ કહેવાય કે કેમ તેની ખબર નથી. બોમ્બની સામગ્રી કયાંથી લાવેલા તેની ખબર નથી. અદાલત રૂબરૂ બતાવવામાં આવેલ મુદ્દામાલમાં લાકડાનું કે પતરાનું બોક્ષ નથી. બેટરી અને સરકીટ પ્લાસ્ટિકની ડબ્બીમાં મુકી સીલ કરવામાં આવેલ નથી તો તે હકીકત નકારે છે. બેટરી તથા સરકીટને બારોબાર એફ.એસ.એલ. અધિકારીને આપી દીધાની હકીકત નકારી છે. એફ.એસ.એલ. અધિકારીઓ આ બંને આઈટમો લઈ ગયા તે અંગે પંચનામુ કરેલુ નથી. બેટરી અને સરકીટ સબંધેનો કોઈ રીપોર્ટ એફ.એસ.એલ. અધિકારીઓએ આ સાહેદની હાજરીમાં સોંપેલો નથી તે કબૂલ કરે છે. પંચનામા તેમજ પંચ સ્લીપો ઉપર પોલીસ સ્ટેશનમાં સહીઓ કરેલાની હકીકત નકારેલી છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા પંચનામામાં આઈટમ ખોટી લખેલાની હકીકત નકારેલી છે. એમોનિયમ નાઈટ્રેટ અંગે અંગત કોઈ જાણકારી નથી તે કબૂલ કરે છે પરંતુ આ સાહેદ એ સામાન્ય વ્યકિત છે એમોનિયમ નાઈટ્રેટ શું છે તેની જાણકારી ન હોય પરંતુ તેની જાણકારી આ સાહેદને એફ.એસ.એલ.ના અધિકારીઓએ આપેલી હતી માટે સાહેદે પોતાની સરતપાસમાં એમોનિયમ નાઈટ્રેટ જણાવેલુ છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા બોમ્બ ડીફ્યુઝ કરેલાની હકીકત પંચનામામાં ખોટી લખાવેલી છે તે હકીકત નકારે છે.

હવે તપાસ કરનાર અધિકારીએ ગુનાવાળી જગ્યા ઉપરથી જે મુદ્દામાલ આંક–૨૬૮૧ ના પંચનામાના આધારે કબજે કરેલો તે મુદ્દામાલ રવાનગી નોંધ સાથે એફ.એસ.એલ. ગાંધીનગરને પૃથક્કરણ માટે મોકલી આપેલો. આ રવાનગી નોંધ આ કામે આંક–૫૯૨૭ થી રજૂ કરેલી છે. આ રવાનગી નોંધમાં જણાવ્યા મુજબના કુલ–૮ નમૂના માર્ક–એ, બી, બી–૧,

સી–૧, ડી–૧, ઈ, એફ અને જી સુધીના એફ.એસ.એલ. ગાંધીનગરને તપાસ અર્થે મોકલેલા છે. આ રવાનગી નોંધ પોલીસ ઇન્સ્પેકટર વરાછાનાઓએ બનાવેલી અને પોતાના સત્તાના પ્રમાણપત્ર સાથે એફ.એસ.એલ. ગાંધીનગરને મોકલી આપેલી. હવે આ મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારી ગૌરીદત્ત દયાનિધિ શર્માને સાહેદ નં.૮૪૯ તરીકે આંક–૫૯૦૮ થી તપાસેલા છે. એફ.એસ.એલ. દ્વારા મુદ્દામાલ સ્વીકારાયા અંગેની જે પહોંચ આપવામાં આવેલી તે પહોંચ આ કામે આંક–૫૯૨૮ થી રજૂ કરેલી છે, જેમાં મદદનીશ નિયામક એફ.એસ.એલ. ગાંધીનગરની સહી છે. આ સાહેદની આ ગુના પુરતી સરતપાસ પ્રમાણે તા.૭/૮/૨૦૦૮ ના રોજ તેમના વિભાગના મદદનીશ નિયામકશ્રી દ્વારા વરાછા પોલીસ સ્ટેશન, સુરત શહેરના સેકન્ડ ગુના રજિસ્ટર નં.૩૬૩/૨૦૦૮ ના કેસનો સ્વીકારવામાં આવેલ મુદ્દામાલ પૃથક્કરણ અર્થે મળેલો તે મુજબ...

- માર્ક–એ લાકડાની ફ્રેમ તથા પતરાની પ્લેટવાળુ અર્ધચંદ્રાકાર બોક્ષ
- માર્ક–બી, બી–૧ ધાતુના પેન્સિલ સેલ આકારનું એક ડીટોનેટર
- માર્ક–સી–૧ આછા પીળા કલરનો ચીકણો પદાર્થ ૫૦ ગ્રામ
- માર્ક–ડી–૧ છરા નંગ–૧૦
- માર્ક–ઈ દિવ્ય ભાસ્કર દૈનિક પેપર
- માર્ક–એફ કાળા તથા ગોલ્ડન કલરની નાની બેટરી
- માર્ક–જી ઈલેકટ્રીક સરકીટ

ઉપરોકત નમૂનાઓનું પ્રમાણિત રાસાયણિક અને ઉપકરણીય પધ્ધતિથી પૃથક્કરણ કરેલ હતું અને પૃથક્કરણના રીપોર્ટ મુજબ...

(૧) નમૂના માર્ક–એ, બી, બી–૧, સી–૧, ડી–૧, તથા ઈ માંથી એમોનિયમ નાઇટ્રેટ, મૂલકો તથા પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન ઓઈલ (પેરાફીન ઓઈલ પ્રકાર) ની હાજરી શોધાયેલ છે.

(૨) નમૂના માર્ક–બી તથા માર્ક બી–૧ માંથી લેડ એઝાઈડ મૂલકો તથા પી.ઈ.ટી.એન. (હાઈએક્ષપ્લોઝીવ)ની હાજરી શોધાયેલ છે.

ઉપરોકત પૃથક્કરણ આધારે સાહેદના અભિપ્રાય મુજબ...

૧. પૃથક્કરણના પરિણામમાં શોધાયેલ એમોનિયમ નાઈટ્રેટ અને પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સ ઓઈલનું મિશ્રણ એ એમોનિયમ નાઈટ્રેટ બેઝ એમોનિયમ નાઈટ્રેટ–ફયુઅલ ઓઈલ (એનફો) હાઈએક્ષપ્લોસીવના ઘટકો છે જેને ફોડવા માટે ડીટોનેટરનો ઉપયોગ થાય છે.

૨. નમૂનાઓમાંથી મળેલ ધાતુના છરાનો ઉપયોગ હાથ બનાવટના બોમ્બમાં મીસાઈલ્સ તરીકે થાય છે.

૩. પૃથક્કરણના પરિણામ તથા નમૂનાઓમાંથી મળેલ બેટરી, ઈલેક્ટ્રોનિક સરકીટ, છરા તથા હોડી આકારના લાકડાના ધાતુના પતરા સાથેના ધરાવતા કન્ટેનરના આધારે એવું કહી શકાય કે હોડી આકારના લાકડાના ધાતુના પતરા ધરાવતા કન્ટેનરમાં એનફો એક્ષપ્લોજીવ પદાર્થ ભરી છરા ઉમેરી તથા ડીટોનેટરનો ઉપયોગ કરીને ટાઈમ ડીલે ડીવાઈસ પ્રકારનો આઈ.ઈ.ડી. બોમ્બ છે.

આ પ્રમાણેનો આ સાહેદે અહેવાલ આપેલો જે આ કામે આંક–૫૯૨૯ થી રજૂ કરેલો છે તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ સાહેદની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી છે તે ધ્યાને લેતા આ સાહેદે સુરત બોમ્બ પ્લાન્ટેશનના બનાવોવાળી જગ્યાઓનું નિરીક્ષણ કરેલુ છે તથા કેટલાક મુદ્દામાલનું પૃથક્કરણ પણ કરેલુ છે અને તે જ રીતે અમદાવાદ ખાતે થયેલ બોમ્બ બ્લાસ્ટના બનાવોવાળી જગ્યાઓનું નિરીક્ષણ કરેલુ છે તથા કેટલાક મુદ્દામાલનું પૃથક્કરણ પણ કરેલુ છે. આ સાહેદની ઊલટતપાસ આરોપીઓ તરફથી કોઈ ચોકકસ ગુના સબંધે કરેલ નથી પરંતુ તમામ બનાવો સંબંધે સંયુકત ઊલટતપાસ કરેલ છે. આ સાહેદે ઊલટતપાસમાં જણાવેલી હકીકતોની ચર્ચા અમદાવાદના શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ ના બનાવના કામે આ ચુકાદામાં જે

પુરાવા રજૂ થયેલા છે તે દરમ્યાન વિગતવાર કરવામાં આવેલી છે જેથી ઊલટતપાસની હકીકતનું પુનરાવર્તન કરવામાં આવેલ નથી.

ત્યારબાદ આ કામે રવાનગી નોંધ આંક–૫૯૨૭ પૈકીના કેટલાક મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારી હિતેશ જયંતિલાલ ત્રિવેદીનાઓને સાહેદ નં.૮૩૫ તરીકે આંક–૫૬૩૧ થી તપાસેલ છે. તેઓની સરતપાસ પ્રમાણે તેઓ તેમના વિભાગના મદદનીશ નિયામકશ્રી દ્વારા વરાછા પોલીસ સ્ટેશન, સુરત શહેરના સેકન્ડ ગુના રજીસ્ટર નં.૩૬૩/૨૦૦૮ અન્વયેનો કેસ સ્વીકારવામાં આવેલ મુદ્દામાલ પૈકીનો અમુક મુદ્દામાલ પૃથક્કરણ અર્થે મળેલો તે પૈકી પાંચ પાર્સલો પૈકી માર્ક–બી, બી–૧, એફ, ડી કચેરીના વિભાગીય સીલબંધ સાથે તથા માર્ક–જી મુળ સીલ લાથે ઈન્ટર ફોરવર્ડીંગ પત્રથી મળેલો. સદરહુ કામનો મુદ્દામાલનું પૃથક્કરણ વૈજ્ઞાનિક પધ્ધતિએ કરેલ હતું અને પૃથક્કરણ મુજબ...

૧. નમૂના –બી ના ડીટોનેટરના બે વિજાગ્રો વચ્ચે વીજ સાતત્યતા અંગેની ચકાસણી કરવામાં આવી.

૨. નમૂના –બી તથા નમૂના– બી/૧ ના ડીટોનેટરના બે વિજાગ્રો વચ્ચે વીજ સાતત્યતા અંગેની ચકાસણી કરવામાં આવી.

૩. નમૂના –ડી/૧ નાં ધાતુના છરાનુ ભૌતિકીય તથા EDXRF યંત્રમાં ધાતુ તત્વોની હાજરી અંગેનુ પરિક્ષણો કરેલ.

૪. નમૂના –એફ ની બેટરીનુ મલ્ટીમીટર વડે તેના વોલ્ટેજનું માપન કરવામાં આવ્યુ.

૫. નમૂના –જી ની ઈલેકટ્રોનીક સરકીટના PCB (Printed Circuit Board) માં જોવા મળતા કનેકશન અનુસાર Schematic Diagram તૈયાર કરવામાં આવ્યો.

૬. નમૂના–જી ની સરકીટમાં રહેલ PIC 16F628A માઇક્રોકન્ટ્રોલર IC નું EPROM READER હાર્ડવેર તથા સોફટવેર પ્રોગ્રામની મદદથી તેમાં રહેલ પ્રોગ્રામ રીડ કરવા માટે પ્રયત્ન કરવામાં આવ્યો.

૭. નમૂના–જી સરકીટને બેટરી સાથે જોડાણ કરી તેનાં વિવિધ જોડાણો પાસે મળતા વોલ્ટેજ મલ્ટિમીટર વડે તથા COB (Clock On Board) સરકીટ દ્વારા મળતા પલ્સની Frequency ઓસીલોસ્કોપની મદદથી માપવામાં આવ્યા.

૮. નમૂના–જી ની ઈલેકટ્રોનીક સરકીટને બેટરી સાથે જોડી સદર સરકીટનો ટ્રીગરીંગ ટ્રાન્ઝીસ્ટર કેટલા સમયબાદ ટ્રીગર થાય છે તે સ્ટોપવોચની મદદથી તે પ્રાયોગિક પધ્ધતિથી માપવામાં આવ્યુ.

ઉપરોકત પૃથક્કરણ આધારે સાહેદના અભિપ્રાય મુજબ...

૧. નમૂના–બી ના ડીટોનેટરના બે વિજાગ્રો વચ્ચે વીજ સાતત્યતા જોવા મળેલ.

૨. નમૂના–બી ના ડીટોનેટરના નળાકાર કન્ટેનરની મુખ્ય ધાતુ એલ્યુમિનિયમ હોવાનુ જણાયુ.

૩. નમૂના–બી/૧ ના ડીટોનેટરના બે વિજાગ્રો વચ્ચે વિજ સાતત્યતા જોવા મળેલ.

૪. નમૂના–બી/૧ ના ડીટોનેટરના નળાકાર કન્ટેનરની મુખ્ય ધાતુ એલ્યુમિનિયમ હોવાનુ જણાયુ.

૫. નમૂના–ડી/૧ ના છરામાં મુખ્ય ધાતુ તરીકે આર્યન (Iron) ની હાજરી જોવા મળેલ.

૬. નમૂના–ડી/૧ ના ધાતુના છરાનો ઉપયોગ બોમ્બ બનાવવાની રચનામાં પ્રોજેકટાઇલ તરીકે થઇ શકે.

૭. નમૂના–એફની બેટરી ચાલુ સ્થિતિમાં હતી તથા તેનો આઉટપુટ વોલ્ટેજ આશરે 5.20 વોલ્ટ હતા.

૮. નમૂના–જી ની સરકીટ મુખ્યત્વે PIC 16F628A પ્રોગ્રામેબલ ફલેશ પ્રકારની IC, COB (Clock On Board), ટ્રીગરીંગ ટ્રાન્સીસ્ટર 2SC1162, ઝેનર ડાયોડ, રેસીસટન્સ, કેપેસીટર્સ વગેરેની બનેલી હતી.

૯. નમૂના–જી ની સરકીટમાં રહેલ PIC 16F628A ઈલેકટ્રીકલ પ્રોગ્રામેબલ ફ્લેશ પ્રકારની IC નું EPROM READER હાર્ડવેર તથા સોફ્ટવેર પ્રોગ્રામની મદદથી રીડ કરતા સદર IC "કોડ પ્રોટેકટેડ" હોવાનુ જણાયેલ.

૧૦. નમૂના–જી ની સરકીટમાં રહેલ COB (Clock On Board) ૦.૫ હર્ટઝની ફ્રીકવન્સી જનરેટ કરે છે જે માઈક્રોકંટ્રોલરની પીન નં.૩ ઉપર આપે છે.

૧૧. નમૂના–જી ની ઈલેકટ્રોનિક સરકીટને બેટરી સાથે જોડી પ્રાયોગીક રીતે અવલોકન કરતા સદર સર્કીટનો ટ્રીગરીંગ ટ્રાન્ઝીસ્ટર (2SC1162) ટ્રીગર થતો ન હતો જે સદરહુ નમૂના જીની સર્કીટ ખામીયુકત હોવાનો નિર્દેશ કરે છે.

૧૨. નમૂના–જી ની સર્કીટનો ઉપયોગ બોમ્બ બનાવવાની રચનામાં ટાઈમર ડીવાઇસ તરીકે થઇ શકે.

ઉપરોકત પૃથક્કરણના આધારે આ સાહેદે જે અહેવાલ આપેલો તે આ કામે આંક–૫૬૫૮ થી રજૂ કરેલો છે તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ સાહેદની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી છે આ સાહેદે સુરત શહેરમાં બનેલા કુલ–૧૫ બનાવોમાં જે મુદ્દામાલ કબજે કરવામાં આવેલો તે તમામ બનાવોના મુદ્દામાલોનું આ સાહેદ પૃથક્કરણ કરેલુ છે અને આરોપીઓ તરફથી કોઈ ચોકકસ ગુના માટે ઊલટતપાસ કરવામાં આવેલી નથી પરંતુ જનરલ ઊલટતપાસ કરવામાં આવેલી છે. આ સાહેદે ઊલટતપાસમાં જણાવેલી હકીકતો મહિધરપુરા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં. ૨૦૯/ ૨૦૦૮ ના કામના બનાવ સંબંધે રજૂ કરેલ પુરાવામાં વિગતવાર ચર્ચા કરેલી છે માટે ઊલટતપાસની હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

ત્યારબાદ આ કામે તપાસ કરનાર અધિકારીશ્રી એન.બી.પરમારે મદદનીશ પોલીસ કમિશનરે બનાવવાળી જગ્યા ઉપર નકશો બનાવવા માટે

મામલતદાર, સુરત શહેરને એક યાદી લખેલી જે યાદી આ કામે આંક–૭૫૮૮ થી રજૂ કરેલી છે અને નાયબ પોલીસ અધીક્ષકશ્રી એન.બી.પરમારનાઓને સાહેદ નં.૧૧૫૪ તરીકે તપાસેલ છે તેઓએ તેઓની જુબાનીમાં તેમની સહી ઓળખી બતાવેલી છે.

આંક–૭૫૮૮ વાળી યાદીના આધારે સર્કલ ઓફિસર હિતેન્દ્રકુમાર ગુલાબભાઈ નાયકનાઓએ ગુનાવાળી જગ્યા ઉપર જઈ નકશો બનાવેલો તેઓને આ કામે સાહેદ નં.૧૦૮૭ તરીકે આંક–૭૫૫૭ થી તપાસેલા છે. તેમની સરતપાસ પ્રમાણે તેઓને તપાસ કરનાર અધિકારી શ્રી એન.બી.પરમાર દ્વારા વરાછા એલ.એચ.રોડ, જૂની શકિતવિજય સોસાયટીના નાકે, ટોરેન્ટ પાવર કંપનીના નાના સબ સ્ટેશનનાં ટ્રાન્સફોર્મર નીચે બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલો તે જગ્યા ઉપર જઈ નકશો બનાવવા માટેની યાદી મળેલી તે આંક–૭૫૮૮ ની યાદી મળ્યા બાબતે યાદી ઉપર તેમને પોતાની સહી ઓળખી બતાવી છે અને તે યાદીના આધારે સ્થળ ઉપર જઈ નકશો બનાવેલો તે નકશો આ કામે આંક–૭૫૮૯ થી રજૂ કરેલો છે. જેમા આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. સદર નકશામાં જે જગ્યાએથી બોમ્બ મળી આવેલો તે જગ્યા લાલ કલરથી બતાવેલી છે.

આ સાહેદની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી છે તે ધ્યાને લેતા આ સાહેદે સુરત બોમ્બ પ્લાન્ટેશનના બનાવોવાળી જગ્યાઓનું નિરીક્ષણ કરીને નકશાઓ બનાવેલા છે. આ સાહેદની ઊલટતપાસ આરોપીઓ તરફથી કોઈ ચોકકસ ગુના સબંધે કરેલ નથી પરંતુ તમામ બનાવો સંબંધે સંયુકત ઊલટતપાસ કરેલ છે. આ સાહેદે ઊલટતપાસમાં જણાવેલી હકીકતોની ચર્ચા સુરત શહેરના મહિધરપુરા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૨૦૯/૨૦૦૮ ના બનાવના કામે આ ચુકાદામાં જે પુરાવા રજૂ થયેલા છે તે દરમ્યાન વિગતવાર કરવામાં આવેલી છે જેથી ઊલટતપાસની હકીકતનું પુનરાવર્તન કરવામાં આવેલ નથી.

(૫૩.૦૧) <u>વરાછા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૩૬૩/૨૦૦૮ ના કામે બનાવ નં.૧ ને સમર્થન માટે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકનઃ–</u>

આમ, વરાછા પોલીસ સ્ટેશન વિસ્તારમાં વરાછા એલ.એચ.રોડ, જુની શકિતવિજય સોસાયટીના નાકે, ટોરેન્ટ પાવર કંપનીના નાના સબ સ્ટેશનનાં ટ્રાન્સફોર્મર નીચે બોમ્બ બ્લાસ્ટના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલ છે તે માટે ફરિયાદપક્ષ દ્વારા ભાવેશ વાલજીભાઈ પટેલને સાહેદ નં.પ૪૯ તરીકે આંક–૩૦૦૯થી તપાસવામાં આવેલા છે. તેમની સરતપાસ પ્રમાણે જુલાઇ–૨૦૦૮ ના અરસામાં ઉમીયા ઓટો ગેરેજ ચલાવતા હતા. તા.૨૮/૭/૨૦૦૮ ના રોજ બપોરના ચાર વાગ્યાના અરસામાં બે છોકરાઓ પાવર સબ સ્ટેશન પાસે રમતા હતા. આ છોકરાઓ પૈકી એક છોરાએ આ સાહેદને જણાવેલ કે અહી એક પ્લાસ્ટિકની કોથળી જેવું પડેલું છે. જેથી જોયું તો લીલા કલરની પ્લાસ્ટિકની થેલીમાં પેક બોમ્બ હતો. એટલે ૧૦૦ નંબર ઉપર ફોન ઉપરથી ડાયલ કરેલ અને ગેરેજનુ સરનામું જણાવેલ. ફોનમાં બોમ્બ અંગેની જાહેરાત કરીને પોલીસને બોલવેલ અને પોલીસ પંદરથી વીસ મિનિટમાં ગેરેજ ઉપર આવેલી અને આ સાહેદે પોલીસને બોમ્બ બતાવેલ અને પોલીસે તેમની કાર્યવાહી શરૂ કરેલી. પોલીસ સાથે બોમ્બ ડીફ્યુઝ ટીમ આવેલી જે ત્રણ સભ્યોની બનેલી હતી. ત્યારબાદ બોમ્બને પોલીસવાળા લઇને જતા રહેલાં તેમ જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા કોઈપણ પેક વસ્તુને ખોલ્યા વગર તેમાં શું છે તે કહી શકાય નહીં. આ સાહેદની ગેરેજનો વેસ્ટ માલ કોઈ બોક્ષમાં મુકીને કચરા પેટામાં ફેકી દેવામાં આવે છે તે કબૂલ કરે છે. ટીવી અને ન્યૂઝમાં બોમ્બ મળી આવ્યાની હકીકતથી માહિતગાર હતા તે કબૂલ કરે છે. બોમ્બ સબંધેની સ્વૈચ્છિક જાહેરાત કરતો ફોન પોલીસમાં કરેલો તે કબૂલ કરે છે. બોમ્બ જોઈને ઘણા માણસોના ટોળા ભેગા થઈ ગયેલા તે હકીકત નકારે છે. પોલીસ કાર્યવાહી કરીને જતી રહેલી તે કબૂલ કરે છે. આવો કોઈ બોમ્બ મળી આવેલો નથી તો તે હકીકત નકારે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી નિકુંજ મગનભાઈ કોટડીયાને સાહેદ નં.૫૬૯ તરીકે આંક–૩૦૪૨ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદ વરાછા એલ.એચ.રોડ, જૂની શકિત વિજય સોસાયટીના નાકે ઉમિયા ઓટો ગેરેજ નામનુ તેમના કુવા ભાવેશ વાલજીભાઇ પટેલનાઓ સાથે ચલાવતા હતા. તા.૨૮/૭/૨૦૦૮ ના રોજ ભાવેશભાઈ સાથે ગેરેજ ઉપર હાજર હતા તે વખતે સાંજના સાડા ચારેક વાગ્યાનાં સુમારે નાના છોકરાઓના કહેવાથી જાણવા મળેલ કે ગેરેજની સામે ટોરેન્ટ પાવર કંપનીના ટ્રાન્સફોર્મર નીચે એક લીલા કલરની પ્લાસ્ટિકની કોથળીમાં વીંટાળેલ કોઇ શંકાસ્પદ વસ્તુ પડેલ છે. જેથી ટોરેન્ટ પાવર કંપનીના ટ્રાન્સફોર્મર તરફ જોતાં ત્યાં લોકોનું ટોળું ભેગુ થયેલ હતુ ત્યાં જઇને જોતા ટ્રાન્સફોર્મર નીચે એક લીલા કલરની પ્લાસ્ટિકની કોથળીમાં વીંટાળેલ કંઇક શંકાસ્પદ વસ્તુ પડેલી હતી જેથી ભાવેશભાઈએ મોબાઇલ ફોનથી ૧૦૦ નંબર ઉપર પોલીસ કંન્ટ્રોલમાં જાણ કરેલ. થોડીવારમાં પોલીસના અધિકારી પોલીસના માણસો સાથે આવી ગયેલ અને શંકાસ્પદ વસ્તુ બાબતે તપાસ કરેલી તે પોલીસનાં અધિકારીએ બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડ તથા એફ.એસ. એલ. અધિકારીને જાણ કરેલ તપાસ કરતા વિસ્ફોટક હાથ બનાવટનો બોમ્બ હોઇ બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડનાં માણસોએ નિષ્ક્રીય કરી નાખેલો અને કાર્યવાહી કરી તેને કબ્જે કરેલ તેમ જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા નાના છોકરાઓ કુવાને બોમ્બ વિશે જાણ કરવા આવેલા તે વખતે હાજર હતા. તે છોકરાઓની ઉંમર દસ થી બાર વર્ષની હશે. બનાવ સ્થળે પહોચ્યા ત્યારે લોકો ભેગા થઈ ગયેલા હતા. ભાવેશભાઈએ શંકાસ્પદ વસ્તુ જોયા બાદ પોલીસને ફોન કરેલો. બોમ્બ કે કોઈ શંકાસ્પદ વસ્તુ મળી આવેલ નથી તો તે હકીકત નકારે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી સતીષ ચુનીલાલ મીસ્ત્રીને સાહેદ નં.૫૭૦ તરીકે આંક–૩૦૪૩ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદ જુલાઇ–૨૦૦૮ની સાલમાં વરાછા એલ.એચ.રોડ, જૂની શકિત વિજય સોસાયટી ચાર રસ્તા ઉપર ગ્રેટ પેર નામની દુકાન ચલાવી કપડા

વેચવાનો ધંધો કરતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ નાં રોજ અમદાવાદ શહેરમાં જુદી–જુદી જગ્યાઓએ સીરીયલ બોમ્બ બ્લાસ્ટ થયેલાનાં સમાચાર જાણેલા. તા.૨૮/૭/૨૦૦૮ ના રોજ દુકાનમાં હાજર હતા તે વખતે બપોરના આશરે સાડા ચારેક વાગ્યાના સુમારે વરાછા એલ.એચ. રોડ ઉપર જૂની શકિત વિજય સોસાયટીના નાકે ટોરેન્ટ પાવર કંપનીના નાના સબ સ્ટેશનના ટ્રાન્સફોર્મર પાસે લોકોનું ટોળું ભેગું થયેલ હોઇ ત્યાં ગયેલ અને જઇને જોયું તો ટોરેન્ટ પાવર કંપનીનાં ટ્રાન્સફોર્મર નીચે એક લીલા કલરની પ્લાસ્ટિકની કોથળીમાં વીંટાળેલ કંઇક શંકાસ્પદ વસ્તુ પડેલી હતી જેથી કોઇએ પોલીસમાં ફોન કરી જાણ કરતાં પોલીસ અધિકારી સ્ટાફના પોલીસનાં માણસો સાથે આવી ગયેલા અને શંકાસ્પદ વસ્તુ બાબતે તપાસ કરી તેમણે બોમ્બ ડીસ્પોઝલ સ્કવોડ તથા એફ.એસ.એલ અધિકારીઓને જાણ કરેલ તેઓ પણ સ્થળ ઉપર આવી ગયેલા અને શંકાસ્પદ વસ્તુની તપાસ કરતાં વિસ્ફોટક હાથ બનાવટનો જીવતો બોમ્બ હોય તે ડીફ્યુઝ કરી નાખેલો અને ત્યાં તે બાબતે કાર્યવાહી કરેલી તેમ જણાવે છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા બનાવ સબંધેની કોઈ સ્વૈચ્છિક જાહેરાત પોલીસ સ્ટેશને જઇને કરેલ નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી નિલેશભાઈ લાલજીભાઈ પટેલને સાહેદ નં.૬૦૫ તરીકે આંક–૩૨૪૧ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદ જુલાઇ–૨૦૦૮ના અરસામાં સુરત વરાછા ખાતે આવેલ લંબે હનુમાન રોડ, જૂની શકિત વિજય સોસાયટીમા શ્રી ફેશન નામની દુકાન ધરાવતા હતા. તા.૨૮/૭/૨૦૦૮ ના રોજ દુકાન ઉપર હતા તે વખતે લગભગ સાંજના સાડાચાર વાગ્યાની આસપાસ દુકાનની સામે લોકોનું ટોળું ભેગું થવા લાગેલું જેથી તેઓ ત્યાં ગયેલા અને જોયું તો ટોરેન્ટ પાવર કંપનીના ટ્રાન્સફરની નીચે એક લીલા કલરની પ્લાસ્ટિકની કોથળીમાં વીંટળાયેલ કાંઇક શંકાસ્પદ વસ્તુ પડેલી હતી. કોઇકે તે વખતે પોલીસમાં ફોન કરેલો. પોલીસ ત્યાં આવી ગઇ હતી. પોલીસે શંકાસ્પદ વસ્તુની તપાસ ચાલુ કરેલી અને બોમ્બ નિષ્ક્રિય કરવાવાળા માણસોને બોલાવેલાં ત્યાં બધી કાર્યવાહી કરવામાં આવેલી

અને બોમ્બને તે વખતે નિષ્ક્રીય બનાવવામાં આવેલાનું જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા બનાવની જાણ કોણે કરેલી તેની ખબર નથી તે કબૂલ કરે છે. બનાવવાળુ સ્થળ પોલીસે કોર્ડન કરેલુ અને આ સાહેદ વીસ ફુટ દુર ઉભેલા તે કબૂલ કરે છે. પોલીસ તથા અન્ય અધિકારીઓ સ્થળ ઉપર આવેલા અને બોમ્બ કબજે કરેલો તે સિવાય બીજુ કાંઈ જાણતા નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી અલ્કેશ બાવચંદભાઈ પેથાણીને સાહેદ નં.૬૩૦ તરીકે આંક–૩૨૭૨ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદ સને–૨૦૦૮ના વર્ષમાં નવી શકિત વિજય સોસાયટી, લંબે હનુમાન રોડ ખાતે પ્લોટ નં.૨૨૯ ડોમેનીક ફેશનના નામે રેડીમેઇડ ગારમેન્ટનો ધંધો કરતા હતા. તા.૨૮/૭/૨૦૦૮ ના રોજ આશરે સાડા ચારેક વાગ્યાની આસપાસ લંબે હનુમાન રોડ જૂની શકિત વિજય સોસાયટીના નાકે ટોરેન્ટ પાવર કંપનીના નાના સબ સ્ટેશનના ટ્રાન્સફોર્મર પાસે લોકો ભેગા થયેલા હતાં. શું થયું છે તે જાણવા માટે ત્યાં ગયેલા ત્યાં જઇને જોયું તો આ ટોરેન્ટ પાવર કંપનીના ટ્રાન્સફોર્મરની નીચે એક લીલા કલરની પ્લાસ્ટિકની કોથળીમાં વીંટળાયેલ એક શંકાસ્પદ વસ્તુ હતી. તે વખતે કોઇએ પોલીસને ફોન કરીને જાણ કરેલી અને પોલીસ આવી ગયેલી. પોલીસે આ શંકાસ્પદ વસ્તુ માટે તપાસ કરેલી. પોલીસે બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડના માણસોને પણ બોલાવેલા અને બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડે બોમ્બ નિષ્ક્રીય કરેલ હતો તેમ જણાવે છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા પોલીસે જવાબ લીધો તે પહેલા ટ્રાન્સફોર્મર ઉપર કોઈ વસ્તુ ચઢી હોય કે ઉતરી હોય તે જોયેલુ નથી. બનાવના દિવસે પોલીસમાં કોઈ ફરિયાદ કે નિવેદન આપેલુ નથી તો તે કબૂલ કરે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી બાબુભાઈ અર્જુનભાઈ પાટીલને સાહેદ નં.૬૪૧ તરીકે આંક–૩૨૮૯ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદ સને–૨૦૦૮ ના અરસામાં શકિત વિજય સોસાયટીના નાકા, ઘનશ્યામનગરની સામે, સેન્ડવીચનો ધંધો કરતા હતા.

તા.૨૮/૭/૨૦૦૮ ના રોજ ઘરેથી ભરતનગર ધંધા ઉપર આવતા હતા ત્યાં લોકોની ભીડ હતી. લોકો સબ સ્ટેશનની પેટીની નીચે જોતાં હતાં. તે વખતે ગ્રીન પ્લાસ્ટિકની કોથળીમાં એક પેકીંગ હતું. તે જોઇને કોઇએ પોલીસને ફોન કરેલો. ત્યારબાદ પોલીસ અને બોમ્બ ડીફ્યુઝલ ટીમ આવેલી અને ત્યાંથી બોમ્બ લઇને જતાં રહેલા તેમ જણાવે છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા બનાવ સબંધે પોલીસને ફોન કરેલો નથી કે જાહેરાત કરેલી નથી. ત્રીસમી તારીખે પોલીસ સરનામુ લઈને જતી રહેલી તો તે હકીકત નકારે છે. સ્થળ ઉપર ગયા નથી અને પોલીસને મદદ કરવા ખોટી જુબાની આપે છે તો તે હકીકત નકારે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી મુકેશભાઈ વીનુભાઈ જેઠવાને સાહેદ નં.૬૫૦ તરીકે આંક–૩૨૯૭ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદ રોમન ફેશન્સના નામથી જૂની શકિત વિજય સોસાયટીના નાકે ધંધો કરતા હતા. તા.૨૮/૭/૨૦૦૮ ના રોજ બપોરના ચારેક વાગ્યાના અરસામાં જોયું તો લોકોના રોડ ઉપર ટોળા ભેગા થવા લાગેલાં જેથી દુકાનની બહાર નીકળી સબ સ્ટેશન બાજુ ગયેલા. ટોરેન્ટ પાવરના સબ સ્ટેશનમાં જોયું તો લીલા કલરની કોથળીમાં કાંઇક શંકાસ્પદ વસ્તુ બાંધેલું હતું. ટોળામાંથી કોઇએ પોલીસને ફોન કરેલો અને પોલીસ આવી ગયેલી. ત્યારબાદ બોમ્બ ડીફ્યુઝલ ટીમ પણ આવેલી. આ ટીમે કાંઇક બોમ્બ જેવું ઉતારેલું અને પોલીસે ઘટતી કાર્યવાહી કરેલી તેમ જણાવે છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા ટ્રાન્સફોર્મર ઉપર શંકાસ્પદ વસ્તુ કોણ મુકી ગયેલુ તેની માહિતી નથી. તા.૨૮/૭/૨૦૦૮ ના રોજ પોલીસ સાથે વાતચીત કરવાનો પ્રસંગ બનેલ નથી. પોલીસ સિવાયના અધિકારીઓ સ્થળ ઉપર કયારે આવેલા તે સમય યાદ નથી. બનાવ બાબતે કંઈ જાણતા નથી અને પોલીસને મદદ કરવા ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારેલી છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી મહંમદ હનીફ ઝહીર હુસેનને સાહેદ નં.૭૭૧ તરીકે આંક–૩૫૭૬ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદ જુલાઇ માસમાં વરાછા પોલીસ સ્ટેશનમાં અનાર્મ

હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ શહેર અમદાવાદમાં થયેલ શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકાના અનુસંધાને વરાછા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પણ તકેદારીના પગલા ભરવામાં આવેલાં. આ પગલાના ભાગરૂપે પોલીસ ઇન્સ્પેકટર સાહેબ તથા સર્વેલન્સ સ્ટાફ સાથે તા.૨૮/૭/ ૨૦૦૮ ના રોજ સવારથી પેટ્રોલીંગમાં હતા તે દિવસે બપોરે આશરે સાડા ચાર વાગ્યાના આસપાસ વરાછા એલ.એચ. રોડ ખાતે આવેલ જૂની શકિત વિજય સોસાયટીના નાકે આવતાં ત્યાં ટોરેન્ટ પાવર કંપનીનું એક નાનું સબ સ્ટેશન આવેલ છે તેની પાસે કેટલાંક માણસો ભેગા થયેલા હતાં ત્યાં લાભેશ્વર ચોકીના પોલીસ સબઇન્સ્પેકટરશ્રી ડી.એમ.પટેલ તથા તેમની સાથેના પોલીસ કોન્સ્ટેબલો ત્યાં હાજર હતાં. ત્યાં તપાસ કરતાં માલુમ પડેલ કે આ સબ સ્ટેશનના ટ્રાન્સફોર્મરની નીચે એક લીલા કલરની પ્લાસ્ટિકની કોથળીમાં વીંટાળાયેલ કાંઇક શંકાસ્પદ વસ્તુ હતી જેથી પોલીસ ઇન્સ્પેકટર સાહેબે બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડ અને એફ.એસ.એલ.ને જાણ કરેલી. બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડના માણસો ત્યારબાદ આવી ગયેલા અને શંકાસ્પદ વસ્તુની તપાસ કરતાં તે હાથ બનાવટનો જીવતો બોમ્બ હોવાથી બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડે ડીફયુઝ કરેલ. આ બોમ્બમાંથી મળેલ વસ્તુ અને પાર્ટસ પંચો રૂબરૂ પંચનામાની વિગતે કબ્જે લેવામાં આવેલ તેમ જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા બનાવની જાણ થયા બાદ સ્થળ ઉપર કેટલા વાગે પહોંચેલા તેની ખબર નથી. ઉપરી અધિકારીના ફરમાન મુજબ કાર્યવાહી કરેલી પરંતુ શું કાર્યવાહી કરેલી તે યાદ નથી. પોલીસને સમર્થન આપવા ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી અશોક મોતીરામને સાહેદ નં. ૭૭૭ તરીકે આંક–૩૫૮૬ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદ સને–૨૦૦૬ થી ૨૦૧૧ દરમ્યાન વરાછા પોલીસ સ્ટેશનમાં અનાર્મ હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ અમદાવાદ શહેરમાં બનેલ બોમ્બ ધડાકાના અનુસંધાને સુરત શહેરમાં તકેદારીના

પગલા લેવામાં આવેલ. વરાછા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પોલીસ ઇન્સ્પેકટર સાહેબ તથા સર્વેલન્સ સ્ટાફ સાથે તા.૨૮/૭/૨૦૦૮ ના રોજ સવારથી પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન બપોરનાં સાડા ચાર વાગ્યાના સુમારે વરાછા એલ. એચ.રોડ ખાતે આવેલ જૂની શકિત વિજય સોસાયટીના નાકે આવતાં ત્યાં ટોરેન્ટ પાવર કંપનીનું એક નાનું સબ સ્ટેશન પાસે કેટલાંક માણસો ભેગા થયેલા હતાં. ત્યાં લાભેશ્વર ચોકીના પોલીસ સબઇન્સ્પેકટરશ્રી ડી.એમ.પટેલ તથા તેમની સાથેના પોલીસ કોન્સ્ટેબલો ત્યાં હાજર હતાં ત્યાં તપાસ કરતાં માલુમ પડેલ કે આ સબ સ્ટેશનના ટ્રાન્સફોર્મરની નીચે એક લીલા કલરની પ્લાસ્ટિકની કોથળીમાં વીંટળાયેલ કાંઇક શંકાસ્પદ વસ્તુ હતી. જેથી પોલીસ ઇન્સ્પેકટર સાહેબે બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડ અને એફ.એસ.એલ.ને જાણ કરેલી. બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડના માણસો ત્યારબાદ આવી ગયેલાં અને શંકાસ્પદ વસ્તુની તપાસ કરતાં તે હાથ બનાવટનો જીવતો બોમ્બ હોવાથી બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડે ડીફ્યુઝ કરેલ. આ બોમ્બમાંથી મળેલ વસ્તુ અને પાર્ટસ પંચો રૂબરૂ પંચનામાની વિગતે કબ્જે લેવામાં આવેલાનું જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા બનાવના દિવસનો ઓવરટાઈમ કલેઈમ કરેલો નથી. વરાછા પોલીસ સ્ટેશન દ્વારા જુદા-જુદા બનાવો બાબતે અલગ-અલગ નિવેદનો લીધા હોય તેવુ બન્યુ નથી. જુદી-જુદી ઘટના સબંધેની ફરિયાદ પોલીસ અધિકારીએ કયા સમયે આપેલી તેની ખબર નથી. ઉપરી અધિકારી સમક્ષ પોલીસ ડાયરી રજૂ કરેલ નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી રવિન્દ્ર પ્રભાકરને સાહેદ નં. ૭૭૮ તરીકે આંક-૩૫૮૯ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદ જુલાઇ-૨૦૦૮ ના સમયમાં વરાછા પોલીસ સ્ટેશનમા અનાર્મ પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ અમદાવાદ શહેરમાં જુદી-જુદી જગ્યાએ થયેલા બોમ્બ ધડાકાના કારણે વરાછા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટરશ્રી વી.બી.પટેલ તથા અન્ય પોલીસ અધિકારીઓ તથા અન્ય પોલીસો સાથે તા.૨૮/૭/૨૦૦૮ ના રોજ સવારથી પેટ્રોલીંગની

કામગીરી કરતાં હતાં. બપોરના આશરે સાડાચાર વાગ્યાના સુમારે વરાછા એલ. એચ.રોડ, જૂની શકિત વિજય સોસાયટીના નાકે આવતાં ટોરેન્ટ પાવર કંપનીના નાના સબ સ્ટેશન પાસે કેટલાંક માણસો ભેગા થયેલાં તેમજ લાભેશ્વર ચોકીના પોલીસ સબ ઇન્સ્પેકટરશ્રી પટેલ તથા અન્ય પોલીસ ત્યાં હાજર હતાં ત્યાં તપાસ કરતાં સબ સ્ટેશનના ટ્રાન્સફર નીચે એક એક લીલા કલરની પ્લાસ્ટિકની કોથળીમાં વીંટાળેલ શંકાસ્પદ વસ્તુ પડેલ હોઇ પોલીસ ઇન્સ્પેકટરશ્રીએ બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડ તથા એફ.એસ.એલ.ને સ્થળ ઉપર આવવા જણાવતાં તે આવી જતાં સ્થળ ઉપર ચકાસણી કરતાં તે જીવતો વિસ્ફોટક બોમ્બ જણાયેલ આથી તેને ડીફયુઝ કરવામાં આવેલો અને તે સબંધે પંચોની તેમજ એફ.એસ. એલ.ના અધિકારીઓની હાજરીમાં પંચનામું કરવામાં આવેલાનું જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા વરાછા પોલીસ સ્ટેશનના માણસો સતત પેટ્રોલીંગમાં હતા પરંતુ કોન કયા વાહનમાં હતા તે કહી શકે તેમ નથી. પેટ્રોલીંગ દરમ્યાન વાહનો ચેક કરવામાં આવતા હતા તે કબૂલ કરે છે. વાહન ચેકીંગનુ રજીસ્ટર રાખવામાં આવે છે તો તે હકીકત નકારી છે. તા.૨૬ થી ૩૧ સુધી જે કામગીરી બજાવી તેનો દસ્તાવેજી પુરાવો નથી. જુદા–જુદા બનાવ સબંધે જુદી–જુદી તારીખે નિવેદનો લખાવેલાની હકીકત નકારેલી છે. જુદા–જુદા બનાવ સંબંધે પોલીસ અધિકારીઓ દ્વારા બનાવની ફરિયાદો કયારે આપેલી તે કહી શકે તેમ નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી જેસીંગભાઈ મોહનભાઈ પટેલને સાહેદ નં.૧૧૩૭ તરીકે આંક–૮૧૫૬ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદ જુલાઇ–૨૦૦૮ના અરસામા પોલીસ હેડક્વાર્ટર ખાતે બોમ્બ ડિટેકશન એન્ડ બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડમા ફરજ બજાવતા હતા. આ અરસામા તેમની સાથે એ.એસ.આઇ. સુમનભાઇ વનમાળી, મોહનભાઇ ભાયલાભાઇ અને અજયભાઇ માનાભાઇનાઓ પણ ફરજ બજાવતા હતા. તેમની ફરજ પોલીસ હેડ ક્વાર્ટર ખાતે હોય છે અને સુચના મળે તે મુજબ જે તે જગ્યાએ જઇને કામગીરી કરવાની હોય છે. તેઓને બોમ્બ ડિટેકશન અને બોમ્બ

ડિસ્પોઝલ અંગેની તાલીમ સુરત ખાતે હેડ ક્વાર્ટરમા તથા કરાઇ એકેડેમી, ગાંધીનગર કે જે પોલીસ તાલીમ શાળા છે ત્યા મેળવેલી હતી. તા.૨૮/૭/૦૮ ના રોજ તેઓ તેમની ઑફિસે હાજર હતા ત્યારે કલાક ૧૬–૦૦ વાગ્યાની આસપાસ વર્ધી મળેલી કે જૂની શકિતવિજય સોસાયટી, વરાછા ટોરેન્ટ પાવરના સબસ્ટેશનની નીચે બોમ્બ જેવુ પડેલુ છે જેથી આ સાહેદ ત્યા સ્થળ ઉપર ગયેલા અને દુરથી જોયેલુ તો ત્યા લીલા રંગના કપડામા વીંટાળેલુ કાંઇક બોમ્બ જેવુ હતુ. નજીક જઇને ચેક કરેલુ તો નૂપૂર હોસ્પિટલ સામેથી જે બોમ્બ મળી આવેલો તેવો જ બોમ્બ હતો. બોમ્બનુ નાવડી આકારનુ સ્ટ્રકચર હતુ, અંદરના ડીટોનેટર અને બેટરીના છેડા કટ કરેલા અને બાદ બોમ્બને આખો ખુલ્લો કરેલો જેમાંથી બેટરી અને ઇલેકટ્રીક સર્કીટ જુદી પાડેલી. ત્યારપછી ગેલ્વેનાઇઝનુ પતરૂ ખુલ્લુ કરેલુ. તેની અંદરથી પેપર કાઢેલુ અને પ્લાસ્ટિકની થેલીમા જે લુગ્દી જેવો પદાર્થ હતો તે પણ બહાર કાઢેલો અને તેની નીચેના બે ડીટોનેટર ખુલ્લા કરેલા અને તેની નીચે છરા અને નટ–બોલ્ટ જે પ્લાસ્ટિકની થેલીમા હતા તે જુદા કરેલા તે રીતે બોમ્બ ડિફ્યુઝ કરેલો તેમાથી મળી આવેલ ચીજવસ્તુઓ ડીટોનેટર, બેટરી, ઇલેકટ્રીક સરકીટ, લુગ્દી જેવો પદાર્થ, પેપર, છરા તથા નટ–બોલ્ટ વિગેરે ચીજવસ્તુઓ ચાર્જમા હાજર પોલીસ અધિકારીને સોપેલાનું જણાવેલ છે. આ સાહેદે ઊલટતપાસમાં જણાવેલી હકીકતો ડી.સી.બી. પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં. ૩૦૧૯/૨૦૦૮ ના કામના બનાવ સબંધે રજૂ કરેલ પુરાવામાં વિગતવાર ચર્ચા કરેલી છે માટે ઊલટતપાસની હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

આમ, વરાછા પોલીસ સ્ટેશન વિસ્તારમાં વરાછા એલ.એચ.રોડ, જૂની શકિતવિજય સોસાયટીના નાંકે, ટોરેન્ટ પાવર કંપનીના નાના સબ સ્ટેશનનાં ટ્રાન્સફોર્મર નીચે તા.૯/૮/૨૦૦૮ નાં રોજ કલાક ૨૦–૩૦ વાગે બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલો અને તે જગ્યાએથી બોમ્બ મળી આવેલો તે હકીકત ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા ઉપરોકત તમામ પુરાવા ઉપરથી સાબીત થાય છે તેમ હું માનુ છું.

(૫૪) **<u>સુરત શહેરમાં વરાછા પોલીસ સ્ટેશનની હકુમતના વિસ્તારમાં બોમ્બ ધડાકા કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલ તે પુરવાર કરવા બનાવ નંબર–૨ના સંબંધમાં ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન.</u>**

– વિસ્તાર:– વરાછા પોલીસ સ્ટેશનની હદમાં

– સ્થળ:– (૧) બરોડા પ્રિસ્ટેજ બજાર,સમર્પણ કાપડ કેન્દ્ર પાસે

(૨) બરોડા પ્રિસ્ટેજ બજાર પ્લોટ નં.૧૩૨, રમઝાન અલી બીલ્ડીંગ પાસે

(૩) માતાવાડી જે.બી.શોપીંગ નં.૧ માં આવેલ બંસરી પાન સેન્ટર નામની દુકાન પાસે રોડની કિનારીએ આવેલ પીપળાના ઝાડ ઉપર

– તારીખ:– ૨૯/૭/૨૦૦૮

– સમય:– કલાક ૧૩–૩૦

– ગુના રજીસ્ટર નં. સેકન્ડ ૩૬૪/૨૦૦૮

– બનાવમાં વપરાયેલ વાહનઃ– નથી

તા.૨૯/૭/૨૦૦૮ નાં રોજ વરાછા પોલીસ સ્ટેશનની હકુમતમાં આવેલ વિસ્તાર (૧) બરોડા પ્રિસ્ટેજ બજાર, સમર્પણ કાપડ કેન્દ્ર પાસે, (૨) બરોડા પ્રિસ્ટેજ બજાર પ્લોટ નં.૧૩૨, રમઝાન અલી બિલ્ડિંગ પાસે તથા (૩) માતાવાડી જે.બી.શોપીંગ નં.૧ મા આવેલ બંસરી પાન સેન્ટર નામની દુકાન પાસે રોડની કિનારીએ આવેલ પીપળાના ઝાડ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલા અને તે જગ્યાઓ ઉપરથી બોમ્બ મળી આવેલ તેની ફરિયાદ ભરતભાઈ મંજીભાઈ પટેલ, પોલીસ સબઇન્સ્પેકટર વરાછાનાઓએ પોલીસ ઇન્સ્પેકટર વી.બી.પટેલ રૂબરૂ ફરિયાદ લખાવેલી તેઓને ફરિયાદપક્ષ દ્વારા સાહેદ નં.૪૪પ તરીકે આંક–૨૭પ૧ થી તપાસવામાં આવેલા

છે તેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે તા.૩૦/૧૦/૨૦૦૭ થી વરાછા પોલીસ સ્ટેશનમાં પોલીસ સબઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ પોલીસ કોન્સ્ટેબલ હરીભાઈ દત્તુ તથા તુષારભાઈ સાથે બરોડા પ્રિસ્ટેજ વિસ્તારમાં લોકોને સાવચેત કરવા માટે પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન રમઝાન અલી પ્લોટ નં.૧૩૨ ખાતે તેમજ સમર્પણ શોપીંગ સેન્ટરની દુકાન ખાતે આછા લીલા કલરની થેલીમાં કોઈ વિસ્ફોટક સામગ્રી હોય તે અંગેની જાણ પોલીસ ઇન્સ્પેકટરને કરેલી તેઓ તેમના સ્ટાફ સાથે તેમજ બોમ્બ ડીફ્યુઝલ અને એફ.એસ.એલ.ના અધિકારીઓ સાથે સ્થળ ઉપર આવેલા બોમ્બ ડીસ્પોઝલ અધિકારીએ જોતા જ જણાવેલુ કે આ દેશી બનાવટનો હાથ બોમ્બ છે જેથી તેને ડીફ્યુઝ કરેલો. આ બોમ્બમાંથી નીકળેલી વસ્તુઓ જોતા બ્લ્યુ કલરની સેલોટેપવાળુ લાકડાનું અને બંને બાજુ પતરાના પ્લેટવાળી અર્ધ ચંદ્રાકાર બોક્ષ હતુ જેનુ વજન ૩૪૪ ગ્રામ હતુ. આ બોક્ષમાંથી નીકળેલ પ્લાસ્ટિકની બેગમાં એમોનિયમ નાઈટ્રેટ ઓઈલ જેનું વજન આશરે એક કીલો હતુ તથા પ્લાસ્ટિકની બેગમાંથી નીકળેલ લોખંડના છરા જેનું વજન આશરે ૧૧૦૦ ગ્રામ હતુ તથા લાલ સેલોટેપ લગાડેલ ડયુરો સેલની બેટરી ગોલ્ડન અને બ્લેક કલરની લાલ કેપવાળી હતી. આ ઉપરાંત સફેદ વાયર પેન્સિલ આકારના ડીટોનેટર નંગ–૨ તેમજ ઈલેકટ્રીક સરકીટ પણ હતી. આ ઉપરાંત આ બધાને વીંટળાયેલ ગુજરાત સમાચાર વડોદરા આવૃત્તિનું પેપર પણ હતુ. આ વસ્તુઓમાંથી એફ.એસ.એલ. અધિકારીએ ૫૦ ગ્રામ એમોનિયમ નાઈટ્રેટ અને ૧૦ નંગ લોખંડના છરા તપાસ અર્થે લીધેલા બાકીનો મુદ્દામાલ તપાસ અર્થે કબજે કરેલો તેમ જણાવે છે.

વધુમાં આ સાહેદની સરતપાસ પ્રમાણે સમર્પણ ખાતે મળેલ બોમ્બને ડીફ્યુઝ કરતા તેમાંથી લાલ અને બ્લ્યુ કલરની ટેપવાળુ લાકડાનું અને બંને બાજુ પતરાના પ્લેટવાળી અર્ધ ચંદ્રાકાર બોક્ષ હતુ જેનુ વજન ૩૯૦ ગ્રામ હતુ. આ બોક્ષમાંથી નીકળેલ પ્લાસ્ટિકની બેગમાં એમોનિયમ નાઈટ્રેટ ઓઈલ જેનું વજન આશરે એક કિલો હતુ તથા પ્લાસ્ટિકની બેગમાંથી નીકળેલ લોખંડના છરા જેનું વજન આશરે ૧૧૦૦ ગ્રામ હતુ તથા લાલ સેલોટેપ લગાડેલ

ડ્યુરોસેલની બેટરી ગોલ્ડન અને બ્લેક કલરની લાલ કેપવાળી હતી. આ ઉપરાંત સફેદ વાયર પેન્સિલ આકારના ડીટોનેટર નંગ–૨ તેમજ ઈલેકટ્રીક સરકીટ પણ હતી. આ ઉપરાંત આ બધાને વીંટળાયેલ ગુજરાત સમાચાર વડોદરા આવૃત્તિનું પેપર પણ હતુ. આ વસ્તુઓમાંથી એફ.એસ.એલ. અધિકારીએ ૫૦ ગ્રામ એમોનિયમ નાઈટ્રેટ અને ૧૦ નંગ લોખંડના છરા તપાસ અર્થે લીધેલા બાકીનો મુદ્દામાલ તપાસ અર્થે કબજે કરેલો તેમ જણાવે છે.

વધુમાં આ સાહેદની સરતપાસ પ્રમાણે જે.બી. શોપીંગ સેન્ટર દુકાન નં.૧ અને ૨ સામે બંસરી પાન સેન્ટરની સામે પીપળાના ઝાડ ઉપર તારથી બાંધેલ કોઈ વિસ્ફોટક સામગ્રી હતી જે બાબતે પોલીસ ઈન્સ્પેકટર સાહેબને જાણ કરતા તેઓ સ્ટાફ તથા બોમ્બ ડીફ્યુઝલ અને એફ.એસ.એલ.ના અધિકારીઓ સાથે સ્થળ ઉપર આવેલા. તે ઝાડ ઉપરથી બોમ્બ ડીફ્યુઝલ અધિકારીએ બોમ્બ નીચે ઉતારીને ડીફ્યુઝ કરેલો અને તેમાંથી નીકળેલી વસ્તુઓ જોતા બ્લ્યુ કલરની ટેપવાળુ લાકડાનું અને બંને બાજુ પતરાના પ્લેટવાળુ બોક્ષ હતુ જેનુ વજન ૩૫૦ થી ૪૦૦ ગ્રામ હતુ. આ બોક્ષમાંથી નીકળેલ પ્લાસ્ટિકની બેગમાં એમોનિયમ નાઈટ્રેટ ઓઈલ જેનું વજન આશરે એક કિલો હતુ તથા પ્લાસ્ટિકની બેગમાંથી નીકળેલ લોખંડના ગોળ છરા જેનું વજન આશરે એક કિલો થી અગિયારસો ગ્રામ હતુ તથા લાલ સેલોટેપ લગાડેલ ડ્યુરોસેલની બેટરી ગોલ્ડન અને બ્લેક કલરની લાલ કેપવાળી હતી. આ ઉપરાંત સફેદ વાયર પેન્સિલ આકારના ડીટોનેટર નંગ–૨ તેમજ ઈલેકટ્રીક સરકીટ પણ હતી. આ ઉપરાંત આ બધાને વીંટળાયેલ ગુજરાત સમાચાર વડોદરા આવૃત્તિનું પેપર પણ હતુ. આ વસ્તુઓમાંથી એફ.એસ.એલ. અધિકારીએ ૫૦ ગ્રામ એમોનિયમ નાઈટ્રેટ અને ૧૦ નંગ લોખંડના છરા તપાસ અર્થે લીધેલા બાકીનો મુદ્દામાલ તપાસ અર્થે કબજે કરેલો તેમ જણાવે છે. આ બનાવની આ સાહેદે ફરિયાદ આપેલી તે આ કામે આંક–૨૭૫૩ થી ૨જૂ છે જેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આ સાહેદની રૂબરૂમાં પોલીસ ઈન્સ્પેકટર વી.બી.

પટેલનાઓએ પંચનામાની વિગતે જે મુદ્દામાલ કબજે કરેલો તે તમામ મુદ્દામાલ પણ અદાલત રૂબરૂ વારાફરતી બતાવતા ઓળખી બતાવે છે.

ટેલીફોનિક મેસેજના આધારે એફ.એસ.એલ. બોમ્બવાળી જગ્યા ઉપર ગયેલા. આ એફ.એસ.એલ. અધિકારી સાહેદ નં.૪૪૩ નિતીનકુમાર દયારામ પટેલનાઓને આંક–૨૭૨૫ થી તપાસવામાં આવેલા છે. તેઓએ જે જગ્યાએથી બોમ્બ મળી આવેલ તે સ્થળ ઉપર જઈ સ્થળ ચકાસણી કરેલી અને સ્થળ ઉપરથી બોમ્બનું મટીરીયલ જેવુ કે અર્ધ ચંદ્રકાર લાકડાની ફ્રેમ, ગેલ્વેનાઈઝના પતરા અને ખીલ્લીથી ઝડેલી અને તેમાંથી લોખંડના છરા, ચીકણો પદાર્થ, ૯ વોલ્ટની બેટરી તથા ડીટોનેટર વિગેરે કબજે કરવાની સુચના આપેલી અને તપાસ કરનાર અધિકારીએ પંચોની રૂબરૂમાં આ સમગ્રી કબજે કરેલાનું આ સાહેદ જણાવે છે અને તે અંગેનો વિગતવાર પ્રાથમિક અહેવાલ આપેલો જે આંક–૨૭૩૫ આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.આ સાહેદની ઊલટતપાસની વિગતવાર ચર્ચા ડી .સી.બી. પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૩૦૧૯/૨૦૦૮ નાં કામે ફરિયાદપક્ષ દ્વારા જે પુરાવા રજૂ થયેલા છે તેમાં કરેલી છે. આરોપીઓ તરફથી થયેલી ઊલટતપાસ જનરલ ઊલટતપાસ છે, કોઈ ચોકકસ એક ગુના પુરતી નથી માટે ઊલટતપાસનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

આ ફરિયાદ લીધા બાદ પોલીસ ઈન્સ્પેકટર વી.બી.પટેલે ગુનો રજીસ્ટર કરવા માટે પી.એસ.ઓ. વરાછા પોલીસ સ્ટેશનને મોકલી આપેલી અને પી.એસ.ઓ. વરાછા પોલીસ સ્ટેશનનાઓએ આ ફરિયાદને સ્ટેશન ડાયરીમાં રજીસ્ટર કરેલી તે સ્ટેશન ડાયરીની નકલ આ કામે આંક–૧૬૮૬ થી રજૂ કરેલી છે તે રજીસ્ટર કરનાર સાહેદ શાંતારામ દીનકરનાઓને સાહેદ નં.૩૨૭ તરીકે આંક–૧૬૮૩ થી તપાસેલા છે તેઓની સરતપાસ ધ્યાને લેતા તેઓ બનાવના દિવસે પી.એસ.ઓ. તરીકે વરાછા પોલીસ સ્ટેશનમાં ફરજ ઉપર હતા ત્યારે એક સૂચિ પત્ર પટેલની સહીથી મોકલવામાં આવેલુ જે સૂચિપત્ર આંક–૧૬૮૭ થી રજૂ છે તેમાં પોલીસ ઈન્સ્પેકટર પટેલની સહી છે અને આ સૂચિપત્ર આધારે ગુનો સ્ટેશન

ડાયરીમાં એન્ટ્રી નં.૧૯ થી નોંધેલો જેમાં આ સાહેદે વધુ તપાસ અંગેનો શેરો આંક–૧૬૮૭ ના પાછળના ભાગે સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

આ કામે સાહેદ ભરતભાઈ મંજીભાઈ પટેલની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલી છે તે આ ગુના પુરતી ધ્યાને લઈએ તો સ્થળ ઉપર એફ.એસ.એલ. અધિકારી, બોમ્બ ડીફ્યુઝલ સ્કવોર્ડના માણસો અને પોલીસ અધિકારીઓ સિવાય સ્થળ ઉપર પંચો હશે તેમ જણાવે છે. પોલીસ ઈન્સ્પેકટર વી.બી.પટેલે જે વસ્તુઓ મેળવેલી તે બાબતનું લખાણ કરવાનું કહેલુ. બોક્ષના માથે ઢાંકણ હોય છે તે કબૂલ કરે છે. ઈલેકટ્રોનીક સરકીટ ઉપર જે તે વખતે કોઈ નંબર વાંચેલો નહીં. બંસરી પાન સેન્ટર પાસે પીપળાના ઝાડ ઉપર બોમ્બ લટકે છે તેવી માહિતી આપવામાં આવેલી, આ માહિતી પોલીસ સ્ટેશનમાં આપેલી તે કબૂલ કરે છે. બરોડા પ્રિસ્ટેજ વરાછા પોલીસ સ્ટેશનથી ૧૫૦ મીટરના અંતરે છે તેમ જણાવે છે. પીપળાના ઝાડ પાસે બોમ્બ છે આવી માહિતી લખેલી નથી, માહિતી આપનારની પુછપરછ કરી નથી. રમઝાન અલી બિલ્ડિંગ પાસે બોમ્બની માહિતી દુકાનદારે આપેલી. ત્રણેય સ્થળોએ પહોંચ્યા પછી તપાસ કરીને બનાવની જાણ પોલીસ ઈન્સ્પેકટરને કરેલી.

ત્યારબાદ આ કામે પોલીસ ઈન્સ્પેકટર વરાછા વી.બી. પટેલનાઓને ફરિયાદપક્ષ દ્વારા સાહેદ નં.૧૦૫૩ તરીકે આંક–૭૦૯૭ થી તપાસવામાં આવેલા છે આ સાહેદે બનાવવાળી જગ્યા ઉપર બે પંચોની હાજરીમાં પંચનામુ બનાવી મુદ્દામાલ કબજે કરેલો. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તા. ૨૯/૭/૨૦૦૮ ના રોજ તેઓ વરાછા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ અમદાવાદ શહેરમાં શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકા થતા કેટલાક માણસો મૃત્યુ પામેલા અને ઘાયલ થયેલા તે અનુસંધાને સુરત શહેરમાં પેટ્રોલીંગ ગોઠવવામાં આવેલુ અને તેમની સાથેના પોલીસ સબઈન્સ્પેકટરો પણ પોતાની પોલીસ ચોકી વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં તે દરમ્યાન વરાછા, એલ.એચ.રોડ, બરોડા પ્રિસ્ટેજ મેઈન બજારમાં આવેલ સમર્પણ કાપડ કેન્દ્ર પાસે આવતાં માણસોના ટોળા ભેગા

થયેલા હતા અને ત્યાં પોલીસ સબ ઇન્સ્પેકટર બી.એમ.પટેલ તથા પોલીસ કોન્સ્ટેબલ તુષાર રાજારામ તેમજ પોલીસ કોન્સ્ટેબલ હરીભાઇ વિગેરેનાઓ હાજર હતા અને ત્યાં એક શંકાસ્પદ આછા લીલા કલરની કોથળીમાં જીવતો બોમ્બ મળી આવેલ હતો જેથી પેટ્રોલીંગમાં ફરતા–ફરતા ત્યાં પહોંચેલા તે વખતે બરોડા પ્રિસ્ટેજ બજાર પ્લોટ નં. ૧૩૨ ખાતે આવેલ રમઝાનઅલી બિલ્ડિંગ પાસેથી પણ જીવતો બોમ્બ મળી આવેલ હતો જેથી આ સાહેદે એફ.એસ.એલ. અને બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડના માણસોને જાણ કરેલી. તે જગ્યાએ બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડના માણસોએ આવીને તે બંને બોમ્બ ડિફ્યુઝ કરેલા તે દરમ્યાન એફ.એસ.એલ. કચેરીના અધિકારી પણ આવી ગયેલાં. વધુમાં ડિફ્યુઝ કરેલ બંને બોમ્બ અંગે પંચનામું કરવાનું હોય બે પંચોના માણસોને બોલાવેલા અને તેઓને પંચમાં રહેવા સમજ કરેલી અને તેઓએ સ્વખુશી દર્શાવતાં તે અંગેનું પંચનામું પંચો રૂબરૂ કરવામાં આવેલું જે દરમ્યાન સૌપ્રથમ સમર્પણ કાપડ કેન્દ્ર દુકાનની દિવાલ પાસે મળેલ જીવતો બોમ્બ ડિફ્યુઝ કરવામાં આવેલ જેમાંની મળી આવેલ વસ્તુઓ વસ્તુઓમાં બ્લ્યુ કલરની સેલોટેપ વીંટાળેલ લાકડાની ફ્રેમ તથા પતરાની પ્લેટવાળું અર્ધચંદ્રાકાર બોક્ષ, બોક્ષમાંથી નીકળેલ પ્લાસ્ટિકની કોથળીમાં ત્રણ ભાગમાં આછા પીળા કલરનો ચીકણો પદાર્થ કે જે એમોનીયમ નાઇટ્રેટ ફ્યુઅલ ઓઇલ ભેળવેલો મળી આવેલ, બોક્ષમાંથી પ્લાસ્ટિકની કોથળીમાં નીકળેલા છરાઓ, સફેદ ધાતુના પેન્સીલ સેલ આકારના વાયર સાથેના બે નંગ ડીટોનેટર, ડ્યુરાસેલ બેટરી, ઇલેકટ્રોનિક સરકીટ, વિસ્ફોટક બોમ્બ કે જે આછા લીલા કલરની પ્લાસ્ટિકની કોથળીમાં હતો તે તથા કાળા કલરની કોથળી, દૈનિક વર્તમાનપત્ર વિગેરે મળી આવેલ ત્યાં હાજર એફ.એસ.એલ. અધિકારીએ આ પીળા કલરનો પદાર્થ એમોનિયમ નાઇટ્રેટ હોવાનું જણાવેલું. એફ.એસ.એલ. અધિકારીના જણાવ્યા મુજબ એમોનિયમ નાઇટ્રેટમાંથી ૫૦ ગ્રામ જેટલો એમોનિયમ નાઇટ્રેટ તથા છરાઓમાંથી ૧૦ છરાઓ અલગ નમૂના તરીકે પેક કરેલાં અને પંચનામાની વિગતે તપાસ અર્થે કબ્જે

લીધેલ અને તેની ઉપર પંચોની અને રૂબરૂ તરીકે આ સાહેદે પોતાની સહીઓવાળી કાપલીઓ મુકી સીલ કરેલ.

વધુમાં આ સાહેદની સરતપાસ પ્રમાણે ઉપરોકત પંચનામા દરમ્યાન બરોડા પ્રિસ્ટેજ બજાર પ્લોટ નં.૧૩૨, રમઝાનઅલી બિલ્ડિંગ પાસેથી મળેલ જીવતો બોમ્બ ડિફયુઝ કરવામાં આવેલ હતો તેમાંથી જે વસ્તુઓ મળેલી તેમાં લાલ કલરની સેલોટેપ વીંટાળેલ લાકડાની ફ્રેમ તથા પતરાની પ્લેટવાળું અર્ધ ચંદ્રાકાર બોક્ષ, બોક્ષમાંથી નીકળેલ પ્લાસ્ટિકની કોથળીમાં ત્રણ ભાગમાં આછા પીળા કલરનો ચીકણો પદાર્થ કે જે એમોનીયમ નાઈટ્રેટ ફયુઅલ ઓઈલ ભેળવેલો મળી આવેલ, બોક્ષમાંથી પ્લાસ્ટિકની કોથળીમાં નીકળેલા છરાઓ, સફેદ ધાતુના પેન્સિલ સેલ આકારના વાયર સાથેના બે નંગ ડીટોનેટર, ડયુરાસેલ બેટરી, ઈલેકટ્રોનિક સર્કિટ, વિસ્ફોટક બોમ્બ કે જે આછા લીલા કલરની પ્લાસ્ટિકની કોથળીમાં હતો તે તથા દૈનિક પત્ર તથા પ્લાસ્ટિકની કોથળી વિગેરે મળી આવેલ ત્યાં હાજર એફ.એસ.એલ. અધિકારીએ આ પીળા કલરનો પદાર્થ એમોનિયમ નાઈટ્રેટ હોવાનું જણાવેલું. એફ.એસ.એલ. અધિકારીના જણાવ્યા મુજબ એમોનિયમ નાઈટ્રેટમાંથી ૫૦ ગ્રામ જેટલો એમોનિયમ નાઈટ્રેટ તથા છરાઓમાંથી ૧૦ છરાઓ અલગ નમૂના તરીકે પેક કરેલાં અને પંચનામાની વિગતે તપાસ અર્થે કબ્જે લીધેલ અને તેની ઉપર પંચોની અને રૂબરૂ તરીકે આ સાહેદે પોતાની સહીઓવાળી કાપલીઓ મુકી સીલ કરેલ.

વધુમાં આ સાહેદની સરતપાસ પ્રમાણે માતાવાડી એલ.એચ.રોડ જે.બી. શોપીંગ પાસે જીવતો બોમ્બ હોવાના સમાચાર મળતા તેઓ તથા બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડ તથા એફ.એસ.એલ. અધિકારી સાથે તે સ્થળે ગયેલા ત્યાં જતા જે.બી.શોપીંગમાં આવેલ બંસરી પાન સેન્ટરની સામે પીપળાના ઝાડ ઉપર આછા લીલા કલરની કોથળીમાં કંઈક તાર વડે બાંધેલ હોવાથી બોમ્બ સ્કવોર્ડના માણસોએ ચેક કરેલ અને તે વિસ્ફોટક બોમ્બ હોવાથી તેને ડિફયુઝ કરેલ અને આ બોમ્બની વસ્તુ તથા પાર્ટસ છુટા પાડેલ તેમાંથી નીચે વસ્તુઓ તથા મળેલા પાર્ટસ પંચનામા વિગતે કબ્જે કરવામાં આવેલ. જે વસ્તુઓમાં ભુરા તથા લાલ

કલરની સેલોટેપ વીંટાળેલ લાકડાની ફ્રેમ તથા પતરાની પ્લેટવાળું અર્ધચંદ્રાકાર બોક્ષ, બોક્ષમાંથી નીકળેલ પ્લાસ્ટિકની કોથળીમાં આછા પીળા કલરનો ચીકણો પદાર્થ કે જે એમોનિયમ નાઈટ્રેટ ફ્યુઅલ ઓઈલ ભેળવેલો મળી આવેલ, બોક્ષમાંથી પ્લાસ્ટિકની કોથળીમાં નીકળેલા છરાઓ, સફેદ ધાતુના પેન્સિલ સેલ આકારના વાયર સાથેના બે નંગ ડીટોનેટર, ડ્યુરાસેલ બેટરી, ઈલેકટ્રોનિક સર્કિટ, વાયરના ટુકડા, વિસ્ફોટક બોમ્બ કે જે આછા લીલા કલરની પ્લાસ્ટિકની કોથળીમાં હતો તે તથા દૈનિક પત્ર તથા કાળા કલરની કોથળી વિગેરે મળી આવેલ. ત્યાં હાજર એફ.એસ.એલ. અધિકારીએ આ પીળા કલરનો પદાર્થ એમોનિયમ નાઈટ્રેટ હોવાનું જણાવેલું. એફ.એસ.એલ. અધિકારીના જણાવ્યા મુજબ એમોનિયમ નાઈટ્રેટમાંથી ૫૦ ગ્રામ જેટલો એમોનિયમ નાઈટ્રેટ તથા છરાઓમાંથી ૧૦ છરાઓ અલગ નમૂના તરીકે પેક કરેલાં અને પંચનામાની વિગતે તપાસ અર્થે કબ્જે લીધેલ અને તેની ઉપર પંચોની અને રૂબરૂ તરીકે આ સાહેદે પોતાની સહિઓવાળી કાપલીઓ મુકી સીલ કરેલ. ઉપરોકત તમામ કાર્યવાહીનું જે પંચનામુ બનાવવામાં આવેલુ તે પંચનામુ આંક–૨૪૫૩ થી ૨જૂ છે તથા પંચોની સહીઓવાળી સ્લીપો આંક–૨૪૫૪ થી ૨૪૮૨ સુધી ૨જૂ કરેલ છે. આ પંચનામામાં તથા પંચ સ્લીપોમાં આ સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે. વધુમાં આ સાહેદની સરતપાસ પ્રમાણે સ્થળ ઉપર એફ.એસ.એલ. અધિકારીને પધારવા માટે યાદી લખેલી જે યાદી આ કામે આંક–૭૧૦૨ થી ૨જૂ છે તેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે તેમજ યાદી રીસીવ કર્યા બાબતે એફ.એસ.એલ. અધિકારીની સહી છે.

ત્યારબાદ પોલીસ સબ ઈન્સ્પેકટર બી.એમ.પટેલે આ સાહેદની રૂબરૂ તેમની ફરિયાદ હકીકત જાહેર કરતા તે ફરિયાદ પોલીસ સ્ટેશનમાં લીધેલી આ ફરિયાદ આંક–૨૭૫૩ થી ૨જૂ છે તેમાં આ સાહેદે ફરિયાદીની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવેલી છે ત્યારબાદ ગુનો દાખલ કરવા સારૂ આ સાહેદે રીપોર્ટ તૈયાર કરેલ તે રીપોર્ટ આ કામે આંક–૧૬૮૬ થી ૨જૂ કરેલ છે તેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે ત્યારબાદ ફરિયાદ તેમના રીપોર્ટ

સાથે પી.એસ.ઓ.ને મોકલી આપતા ફરિયાદના આધારે વરાછા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૩૬૪/૨૦૦૮ થી એક્ષપ્લોજીવ એકટ તથા એક્ષપ્લોજીવ સબસ્ટન્સ એકટની જોગવાઇઓ હેઠળ તથા આઇ.પી.સી. એકટની કલમ–૧૨૦ (બી) વિગેરે હેઠળ ગુનો નોંધવામાં આવેલ અને ત્યારબાદ તે રીપોર્ટ અને ફરિયાદ પી.એસ.ઓ. તરફથી આ સાહેદને ગુનાની વધુ તપાસ સોંપવામાં આવતા તે સંભાળેલી.

વધુમાં સરતપાસ પ્રમાણે આ સાહેદે આ બનાવ સબંધે અલગ–અલગ સાક્ષીઓના નિવેદનો નોંધેલા. ત્યારબાદ તા.૧/૮/૨૦૦૮ ના રોજ ઉપરોકત જણાવેલ ગુનાવાળી જગ્યાઓએથી મળી આવેલા ડિફયુઝ કરેલા ત્રણ બોમ્બમાંથી કબ્જે લેવામાં આવેલાં ડીટોનેટર નંગ–૬ એફ.એસ.એલ. અધિકારીશ્રીએ ડિફયુઝ કરવા સુચના આપેલી હોવાથી તેને ડિફયુઝ કરવા પરવાનગી આપવા સારૂ મે.એડી.સિવિલ જજ તથા જયુડીશીયલ મેજી.ફર્સ્ટ કલાસ સાહેબને રીપોર્ટ કરેલો જે રીપોર્ટ આંક –૭૧૦૩ થી રજૂ છે જેમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આંક–૭૧૦૩ ના રીપોર્ટ આધારે મેજિસ્ટ્રેટ સાહેબે જે પરવાનગી આપેલી તે આંક–૭૦૯૯ થી રજૂ છે.

ત્યારબાદ તા.૪/૮/૨૦૦૮ ના રોજ એફ.એસ.એલ., સુરતના સાયન્ટિફિક અધિકારી એન.ડી.પટેલ તરફ રીપોર્ટ મોકલી જાણ કરેલી કે મુદ્દામાલ ડીટોનેટર જે તે અવસ્થામાં ડિફયુઝ કર્યા વગર ગાંધીનગર ખાતે મોકલી આપવા જણાવેલ આ રીપોર્ટ આંક–૭૧૦૪ થી રજૂ કરવામાં આવેલો છે.

ત્યારબાદ આ ગુના કામના મુદ્દામાલ એફ.એસ.એલ.ને મોકલવા સારૂ રવાનગી નોંધ તૈયાર કરેલ અને ગુના કામનો તમામ મુદ્દામાલ તે રવાનગી નોંધ સાથે પોલીસ કોન્સ્ટેબલ ઇફતેખાર મુશીરઅલી મારફત એફ.એસ.એલ. કચેરી, ગાંધીનગરને મોકલી આપેલો તે રવાનગી નોંધ આંક–૫૯૫૮ થી રજૂ છે જેમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે જે મુદ્દામાલ એફ.એસ.એલ.ને મળ્યા અંગેની પહોંચ આપવામાં આવેલી તે પહોંચ આંક–૫૯૫૯ થી રજૂ કરવામાં આવેલી છે.

આ કામની આરોપીઓ તરફે થયેલ ઊલટતપાસ ધ્યાને લઈએ તો વરાછા પોલીસ સ્ટેશન વિસ્તારમાં બોમ્બ પ્લાન્ટેશનના કુલ–પાંચ બનાવો બનેલા અને આ સાહેદની જે ઊલટતપાસ કરવામાં આવેલી છે તેમાં પાંચેય ગુનાઓની હકીકત બાબતે પ્રશ્ન પુછવામાં આવેલા છે અને સાહેદની ઊલટતપાસ જનરલ ઊલટતપાસ છે જેથી આ સાહેદની વિગતવાર ઊલટતપાસનો ઉલ્લેખ વરાછા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૩૬૩/૨૦૦૮ નાં કામે કરવામાં આવેલ છે જેથી પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

સાહેદ વી.બી.પટેલનાઓએ બે પંચોની હાજરીમાં આંક–૨૪૫૩ વાળુ ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરી જે મુદ્દામાલ કબજે કરેલો તે પંચનામાના પંચો પૈકીના પંચ સંજયભાઈ રતીલાલ કપુરીયાને સાહેદ નં.૪૨૯ તરીકે આંક–૨૪૫૨ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૯/૭/૨૦૦૮ નાં રોજ ૧૧–૧૫ કલાકે બરોડા પ્રિસ્ટેજ ખાતે પોલીસ ઈન્સ્પેકટરે બોલાવેલા તેમની સાથે બીજા પંચ જયેશભાઈ પણ હતા. ત્યાં સાહેબે જણાવેલુ કે પંચનામુ કરવાનું છે જેથી આ સાહેદે હા પાડેલી. આ સ્થળ ઉપર એફ.એસ.એલ.ના અધિકારી પણ હતા ત્યાં એક બોમ્બ આખો ખોલેલો હતો અને ત્યાં જોયુ તો લાકડાની અર્ધ ચંદ્રાકાર હોડી આકારની ફ્રેમ હતી જે એકાદ ફુટ લાંબી અને અર્ધો ફુટ પહોળી હતી. બીજા ટેટા જેવા સીલ્વર કલરના એક આંગળી ટાઈપના બે લાકડાની ફ્રેમમાં ભરાવેલા હતા. આછા પીળા કલરનો ચીકણો પદાર્થ એક થી સવા કીલો પ્લાસ્ટિકની થેલીમાં હતો. એક બેટરી ગોલ્ડન અને કાળા કલરની, એકાદ કીલો જેટલા છરા પ્લાસ્ટિકની બેગમાં હતા, એક સરકીટ, સરકીટમાં ત્રણ કલરના વાયરો હતા, એક ડબ્બામાં જુનુ ગુજરાત સમાચારનું પેપર હતુ કુલ–સાત વસ્તુઓ ત્યાં હતી. ચીકણા પદાર્થમાંથી આશરે ૫૦ ગ્રામ સેમ્પલ લીધેલુ તથા દસ નંગ છરા લીધેલા બંને ટોટાને અલગ કરી કબજે કરેલા. આ બધા સેમ્પલને અલગ–અલગ પ્લાસ્ટિકની ડબ્બીમાં મુકીને ઢાંકણ બંધ કરી પંચોની તથા સાહેબોની સહીવાળો કાગળ મુકી તે ડબ્બાને દોરીથી બાંધી લાખથી સીલ કરેલ.

વધુમાં આ સાહેદની સરતપાસ પ્રમાણે ત્યાં આગળના શોપીંગ સેન્ટરમાંથી પણ બોમ્બ મળેલો હતો અને તે પણ ખોલાવમાં આવેલો. આ બોમ્બમાંથી પણ ઉપર જણાવ્યા મુજબની કુલ–સાત વસ્તુઓ મળેલી અને તેને પણ પહેલાની જેમ સીલીંગ અને પેકીંગની કાર્યવાહી કરેલી અને આ જગ્યાએથી પણ ચીકણા પદાર્થમાંથી આશરે ૫૦ ગ્રામ સેમ્પલ લીધેલુ તથા દસ નંગ છરા લીધેલા. બંને ટોટાને અલગ કરી કબજે કરેલા. આ બધા સેમ્પલને અલગ–અલગ પ્લાસ્ટિકની ડબ્બીમાં મુકીને ઢાંકણ બંધ કરી પંચોની તથા સાહેબોની સહીવાળો કાગળ મુકી તે ડબ્બાને દોરીથી બાંધી લાખથી સીલ કરેલ.

વધુમાં આ સાહેદની સરતપાસ પ્રમાણે આ ગુનાના સ્થળની ઉત્તરે મેઈન રોડ તથા દક્ષિણ એલ.એચ. રોડ એટલે કે લંબે હનુમાન રોડ આવેલો છે, પૂર્વે પ્રેમ ગલી આપેલી છે, પશ્ચિમે બરોડા પ્રિસ્ટેજવાળુ બજાર આવેલુ છે. આ કાર્યવાહી દરમ્યાન પોલીસ ઇન્સ્પેકટર ઉપર મેસેજ આવેલો કે માતાવાડી ખાતે બંસરી પાનના ગલ્લા પાસે પીપળા ઉપર પ્લાસ્ટિકની થેલીમાં બોમ્બ લટકાવેલ છે. જેથી આ સાહેદ બધા અધિકારીઓ સાથે ત્યાં ગયેલા. ત્યાં જઈને પીપળા ઝાડ ઉપર જોયુ તો થેલી લટકતી હતી અને તેમા બોમ્બ હતો. બોમ્બ ડીફ્યુઝ ટુકડીના સાહેબ ઝાડ ઉપર ચઢેલા અને બોમ્બ ઉતારેલો. ત્યારબાદ તેને નીચે લાવીને વાયરો કાપેલા અને તેમાંથી કુલ સાત વસ્તુઓ મળેલી અને તેને પણ પહેલાની જેમ સીલીંગ અને પેકીંગની કાર્યવાહી કરેલી અને આ જગ્યાએથી પણ ચીકણા પદાર્થમાંથી આશરે ૫૦ ગ્રામ સેમ્પલ લીધેલુ તથા દસ નંગ છરા લીધેલા. બંને ટોટાને અલગ કરી કબજે કરેલા. આ બધા સેમ્પલને અલગ–અલગ પ્લાસ્ટિકની ડબ્બીમાં મુકીને ઢાંકણ બંધ કરી પંચોની તથા સાહેબોની સહીવાળો કાગળ મુકી તે ડબ્બાને દોરીથી બાંધી લાખથી સીલ કરેલ. આ તમામ વસ્તુઓ આ સાહેદની હાજરીમાં કબજે કરવામાં આવેલી તેનુ પંચનામુ બનાવેલુ જે આંક–૨૪૫૩ વાળા પંચનામામાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવી છે તથા આ સાહેદની હાજરીમાં જે કોઈ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ તે તમામ એક પછી એક કોર્ટમાં ખોલીને બતાવતા તમામ મુદ્દામાલ આ સાહેદે ઓળખી બતાવેલો છે

અને મુદ્દામાલમાંથી નીકળેલી પંચ સ્લીપો આંક–૨૪૫૪ થી ૨૪૮૨ સુધી રજૂ કરેલી છે તે તમામ પંચ સ્લીપો ઉપર આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

હવે આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવી છે તે ધ્યાને લઈએ તો આ સાહેદ પબ્લીકના ટોળામાં ઉભેલા હતા અને પોલીસે તેમને બોલાવેલા. સ્થળ ઉપર અંદાજે ૧૦૦ જેટલા પબ્લિકના માણસો હતા. બીજા પંચ જયેશભાઈને ઓળખે છે અને માર્કેટમાં તેઓ સાથે ધંધો કરે છે. પબ્લીક અને પોલીસ વચ્ચે કોઈ વાર્તાલાપ થયો હોય તો તે સાંભળ્યો નથી. બનાવ સ્થળથી પબ્લિક આશરે ૮–૧૦ ફૂટ દુર હતી. પંચનામામાં કેટલા માણસો જોઈએ તે અંગે અગાઉ કોઈ જાણકારી ન હતી. એફ.એસ.એલ. અધિકારીઓએ બોમ્બને ડાયરેકટ ખોલેલો. બોમ્બ ખોલ્યા પછી મટીરીયલ અલગ કરવાની કામગીરી દોઢ થી બે કલાક ચાલેલી. રાસાયણિક વસ્તુઓ અંગે જાણકારી નથી. છરાઓનો ઉપયોગ વાહનોમાં અને બોમ્બ બનાવવામાં થાય છે તેની જાણકારી છે. મુદ્દામાલ ડીટોનેટર ઉપર કોઈ લખાણ નથી. પંચનામામાં ડીટોનેટરનું વર્ણન લખાવેલુ નથી. મુદ્દામાલ સરકીટ પંચનામુ થયુ તે અગાઉ જોયેલ નથી. આ સરકીટ રેડિયોમાં વપરાતી હોવાનું જાણે છે. સરકીટ ઉપર કોઈ નંબરનો ઉલ્લેખ નથી. ડીટોનેટર ઉપર ઓળખ અંગેના કોઈ ચીન્હો કરેલા નથી. આંક–૨૪૫૩ વાળુ પંચનામુ સ્થળ ઉપર લખાવેલુ અને પંચનામા દરમ્યાન કયાંય ગયેલા નથી. ઝાડ ઉપર લટકતી વસ્તુ શું છે તે ઓળખી શકો નહીં તો તે હકીકત નકારી છે. ઝાડ ઉપર ચઢનાર અધિકારીએ સામાન્ય કપડા પહેરેલા હતા. પંચનામા અંગે કોઈ માહિતી નથી તો તે હકીકત નકારેલી છે. પંચનામુ તેમની હાજરીમાં લખવામાં આવેલુ નથી તો તે હકીકત પણ નકારી છે. આ સાહેદની રૂબરૂમાં મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામુ બનાવેલુ નથી કે કોઈ મુદ્દામાલ કબજે કરવામાં આવેલો નથી તો તે હકીકત નકારી છે.

આ સાહેદની ફરિયાદપક્ષ તરફથી ફેરતપાસ પણ થયેલી છે અને અદાલતમાં સરકીટને લાઈટના પ્રકાશમાં બતાવવામાં આવેલી છે સરકીટ ઉપર જે

લખાણ હતુ તે વાંચી બતાવેલુ છે. આ સાહેદની સમગ્ર ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ એક સામાન્ય વ્યકિત છે અને તેઓને ઊલટતપાસ દરમ્યાન ઘણા બધા ટેકનીકલ પ્રશ્નો પુછેલા છે તેના જવાબો આ સાહેદને ન આવડે. પરંતુ હકીકત સ્પષ્ટ છે કે આ સાહેદની હાજરીમાં ત્રણેય જગ્યાઓ ઉપરથી બોમ્બની સામગ્રી કબજે કરવામાં આવેલી છે. આ સમગ્રી શું છે તે આ સાહેદને ખબર ન હોય પરંતુ બોમ્બ ડીફ્યુઝલ ટીમ અને એફ.એસ.એલ.ના અધિકારીઓએ વસ્તુઓના નામ જણાવ્યા હોય માટે આ સાહેદ વસ્તુઓના નામ સહેલાઈથી જણાવી શકે. સ્થળ ઉપર આ સાહેદની હાજરીમાં ત્રણેય જગ્યાઓ ઉપરથી સાત–સાત મળીને કુલ–૨૧ નમૂનાનો મુદ્દામાલ તરીકે કબજે કરેલા છે સ્થળ ઉપર આ મુદ્દામાલ આ સાહેદે જોયેલો છે જેથી કરીને પણ અદાલત રૂબરૂ આ સાહેદ મુદ્દામાલ ઓળખી શકે. સરકીટ કે ડીટોનેટર ઉપર નંબર લખેલો ન હોય અથવા તો આ સાહેદે ખોટો નંબર લખાવેલો હોય તેથી કરીને આ મુદ્દામાલ સરકીટો મળેલી નથી તે હકીકત માની શકાય તેમ નથી. અગાઉ ચર્ચા કરી તેમ આ સાહેદ સામાન્ય વ્યકિત છે, બનાવ બાદ આશરે સાતેક વર્ષ પછી જુબાની આપેલી હોવાથી સરકીટ ઉપરનો નંબર યાદ પણ ન હોય જેથી નંબરમાં ભુલ થવાની સંભાવના થઈ શકે છે.

હવે તપાસ કરનાર અધિકારીએ ગુનાવાળી જગ્યા ઉપરથી જે મુદ્દામાલ આંક–૨૪૫૩ ના પંચનામાના આધારે કબજે કરેલો તે મુદ્દામાલ રવાનગી નોંધ સાથે એફ.એસ.એલ. ગાંધીનગરને પૃથક્કરણ માટે મોકલી આપેલો. આ રવાનગી નોંધ આ કામે આંક–૫૯૫૮થી રજૂ કરેલી છે. આ રવાનગી નોંધમાં જણાવ્યા મુજબના કુલ–૭ નમૂના માર્ક એ–૧, બી–૧, સી–૧, એ–૪, એ–૫, બી–૪, બી–૫, સી–૪, સી–૫, એ–૯, બી–૯, સી–૯, એ–૧૦, બી–૧૦, સી–૧૦, એ–૬, બી–૬, સી–૬, એ–૭, બી–૭, સી–૭, એ–૮, બી–૮, સી–૮ સુધીના એફ.એસ.એલ. ગાંધીનગરને તપાસ અર્થે મોકલેલા છે. આ રવાનગી નોંધ પોલીસ ઇન્સ્પેકટર વરાછાએ બનાવેલી અને પોતાના સત્તાના પ્રમાણપત્ર સાથે એફ.એસ.એલ. ગાંધીનગરને મોકલી આપેલી.

હવે આ મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારી ગૌરીદત્ત દયાનિધિ શર્માને સાહેદ નં.૮૪૯ તરીકે આંક–૫૯૦૮ થી તપાસેલા છે. એફ.એસ.એલ. દ્વારા મુદ્દામાલ સ્વીકારાયા અંગેની જે પહોંચ આપવામાં આવેલી તે પહોંચ આ કામે આંક–૫૯૫૯ થી રજૂ કરેલી છે, જેમાં મદદનીશ નિયામક એફ.એસ.એલ. ગાંધીનગરની સહી છે. આ સાહેદની આ ગુના પુરતી સરતપાસ પ્રમાણે તા.૭/૮/૨૦૦૮ ના રોજ તેમના વિભાગના મદદનીશ નિયામકશ્રી દ્વારા વરાછા પોલીસ સ્ટેશન, સુરત શહેરના સેકન્ડ ગુના રજિસ્ટર નં.૩૬૪/૨૦૦૮ ના કેસનો સ્વીકારવામાં આવેલ મુદ્દામાલ પૃથક્કરણ અર્થે મળેલો તે મુજબ...

– માર્ક એ–૧, બી–૧, સી–૧ લાકડાની ફ્રેમ તથા પતરાની પ્લેટવાળુ અર્ધચંદ્રાકાર બોક્ષ નંગ–૩

– માર્ક એ–૪, એ–૫, બી–૪, બી–૫, સી–૪, સી–૫ ધાતુના પેન્સીલ સેલ આકારના ડીટોનેટર નંગ–૬

– માર્ક એ–૯, બી–૯, સી–૯ આછા પીળા કલરનો ચીકણો પદાર્થ ૫૦–૫૦ ગ્રામ જેટલો ત્રણ અલગ–અલગ પ્લાસ્ટિકની ડબ્બીમાં

– માર્ક એ–૧૦, બી–૧૦, સી–૧૦ છરા નંગ૧૦–૧૦ અલગ–અલગ ત્રણ પ્લાસ્ટિકની ડબ્બીમાં ૧૦–૧૦ નંગ છરા

– માર્ક એ–૬, બી–૬, સી–૬ કાળા તથા ગોલ્ડન કલરની નાની બેટરી નંગ–૩ પ્લાસ્ટિકની અલગ–અલગ ડબ્બીમાં

– માર્ક એ–૭, બી–૭, સી–૭ ઈલેકટ્રીક સરકીટ નંગ–૩ પ્લાસ્ટિકની અલગ–અલગ ડબ્બીમાં

– માર્ક એ–૮, બી–૮, સી–૮ દૈનિક પેપર ત્રણ અલગ–અલગ ડબ્બીમાં

ઉપરોકત નમૂનાઓનું પ્રમાણિત રાસાયણિક અને ઉપકરણીય પધ્ધતિથી પૃથક્કરણ કરેલ હતું અને પૃથક્કરણના રીપોર્ટ મુજબ...

(૧) નમૂના માર્ક એ–૧, બી–૧, સી–૧, એ–૮, બી–૮, સી–૮, એ–૯, બી–૯, સી–૯ તથા એ–૧૦, બી–૧૦, સી–૧૦ ના નમૂનાઓમાં એમોનિયમ

તથા નાઈટ્રેટ, મૂલકો તેમજ પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સ ઓઈલ (પેરાફીન ઓઈલ પ્રકાર) ની હાજરી શોધી શકાયેલ છે.

(૨) નમૂના એ–૪, બી–૪, સી–૪, એ–૫, બી–૫ અને સી–૫ માંથી લેડ એઝાઈડ એમોનિયમ નાઈટ્રેટ મુલકોની હાજરી તથા પેટ્રોલીયમ હાઈડ્રો કાર્બન્સ ઓઈલ (પેરાફીન જેલી પ્રકાર)ની હાજરી તથા પી ઈ ટી એન ની હાજરી શોધી શકાયેલ છે.

(૩) નમૂના માર્ક એ–૬, બી–૬, તથા સી માં સ્ફોટક પદાર્થની હાજરી શોધી શકાયેલ નથી.

ઉપરોકત પૃથક્કરણ આધારે સાહેદના અભિપ્રાય મુજબ...

૧. પૃથક્કરણના પરિણામમાં શોધાયેલ એમોનિયમ નાઈટ્રેટ તથા પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સ ઓઈલનું મિશ્રણએ એમોનિયમ નાઈટ્રેટ બેઝ એમોનિયમ નાઈટ્રેટ–ફ્યુઅલ ઓઈલ (એનફો) હાઈએક્ષપ્લોજીવના ઘટકો છે જેને ફોડવા માટે ડીટોનેટરનો ઉપયોગ થાય છે.

૨. નમૂનાઓમાંથી મળેલ ધાતુના છરાનો ઉપયોગ હાથ બનાવટના બોમ્બમાં મીસાઈલ્સ તરીકે થાય છે.

૩. પૃથક્કરણના પરિણામ તથા નમૂનાઓમાંથી મળેલ બેટરી, ઈલેકટ્રોનિક સરકીટ, છરા તથા હોડી આકારના લાકડાના ધાતુના પતરા સાથેના ધરાવતા કન્ટેનરના આધારે એવું કહી શકાય કે હોડી આકારના લાકડાના ધાતુના પતરા ધરાવતા કન્ટેનરમાં એનફો એક્ષપ્લોજીવ પદાર્થ ભરી છરા ઉમેરી તથા ડીટોનેટરનો ઉપયોગ કરીને ટાઈમ ડીલે ડીવાઈસ પ્રકારનો આઈ.ઈ.ડી. બોમ્બ છે.

આ પ્રમાણેનો આ સાહેદે અહેવાલ આપેલો જે આ કામે આંક–૫૯૬૦ થી રજૂ કરેલો છે તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ સાહેદની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી છે તે ધ્યાને લેતા આ સાહેદે સુરત બોમ્બ પ્લાન્ટેશનના બનાવોવાળી જગ્યાઓનું નિરીક્ષણ કરેલુ છે તથા કેટલાક મુદ્દામાલનું પૃથક્કરણ પણ કરેલુ છે

અને તે જ રીતે અમદાવાદ ખાતે થયેલ બોમ્બ બ્લાસ્ટના બનાવોવાળી જગ્યાઓનું નિરીક્ષણ કરેલુ છે તથા કેટલાક મુદ્દામાલનું પૃથક્કરણ પણ કરેલુ છે. આ સાહેદની ઊલટતપાસ આરોપીઓ તરફથી કોઈ ચોકકસ ગુના સબંધે કરેલ નથી પરંતુ તમામ બનાવો સંબંધે સંયુકત ઊલટતપાસ કરેલ છે. આ સાહેદે ઊલટતપાસમાં જણાવેલી હકીકતોની ચર્ચા અમદાવાદના શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ ના બનાવના કામે આ ચુકાદામાં જે પુરાવા રજૂ થયેલા છે તે દરમ્યાન વિગતવાર કરવામાં આવેલી છે જેથી ઊલટતપાસની હકીકતનું પુનરાવર્તન કરવામાં આવેલ નથી.

ત્યારબાદ આ કામે રવાનગી નોંધ આંક–૫૯૫૮પૈકીના કેટલાક મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારી હિતેશ જયંતિલાલ ત્રિવેદીને સાહેદ નં. ૮૩૫ તરીકે આંક–૫૬૩૧ થી તપાસેલ છે તેઓની સરતપાસ પ્રમાણે તેઓ તેમના વિભાગના મદદનીશ નિયામકશ્રી દ્વારા વરાછા પોલીસ સ્ટેશન, સુરત શહેરના સેકન્ડ ગુના રજીસ્ટર નં.૩૬૪/૨૦૦૮ અન્વયેના કેસનો સ્વિકારવામાં આવેલ મુદ્દામાલ પૈકીનો અમુક મુદ્દામાલ પૃથક્કરણ અર્થે મળેલો તે પૈકી પંદર પાર્સલો પૈકી માર્ક એ–૪, એ–૫, બી–૪, બી–૫, સી–૪, સી–૫, એ–૧૦, બી–૧૦, સી–૧૦, એ–૬, બી–૬, સી–૬ કચેરીના વિભાગીય સીલબંધ સાથે તથા માર્ક એ–૭, બી–૭, સી–૭ મૂળ સીલ લાથે ઈન્ટર ફોરવર્ડીંગ પત્રથી મળેલો સદરહુ કામના મુદ્દામાલનું પૃથક્કરણ વૈજ્ઞાનિક પધ્ધતિએ કરેલ હતું અને પૃથક્કરણ મુજબ...

૧. નમૂનો એ–૪, એ–૫,બી–૪, બી–૫, સી–૪, સી–૫ ના ડીટોનેટરોના બે વિજાગ્રો વચ્ચે વીજ સાતત્યતા અંગેની ચકાસણી કરવામાં આવી.

૨. નમૂના માર્ક એ–૯, બી–૯, સી–૯ ના નમૂનાઓમાં એમોનિયમ તથા નાઈટ્રેટ, મૂલકો તેમજ પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સ ઓઈલ (પેરાફીન ઓઈલ પ્રકાર) ની હાજરી શોધાયેલ છે.

૩. નમૂના માર્ક એ–૧૦,બી–૧૦, સી–૧૦ ના નમૂનાઓમાં એમોનિયમ તથા નાઇટ્રેટ, મૂલકો તેમજ પેટ્રોલીયમ હાઇડ્રોકાર્બન્સ ઓઇલ (પેરાફીન ઓઇલ પ્રકાર) ની હાજરી શોધાયેલ છે.

૪. નમૂનો એ–૧૦, બી–૧૦, સી–૧૦ ના ધાતુના છરાનુ ભૌતિકીય તથા EDXRF યંત્રમાં ધાતુ તત્વોની હાજરી અંગેનુ પરીક્ષણો કરેલ.

૫. નમૂનો એ–૬, બી–૬, સી–૬ ની બેટરીનુ મલ્ટીમીટર વડે તેના વોલ્ટેજનું માપન કરવામાં આવ્યુ.

૬. નમૂનો એ–૭, બી–૭, સી–૭ ની ઇલેકટ્રોનીક સરકીટના PCB (Printed Circuit Board) મા જોવા મળતા કનેકશન અનુસાર Schematic Diagram તૈયાર કરવામાં આવ્યો.

૭. નમૂનો એ–૭, બી–૭, સી–૭ ની સરકીટમાં રહેલ PIC 16F628A માઇક્રોકન્ટ્રોલર IC નું EPROM READER હાર્ડવેર તથા સોફટવેર પ્રોગ્રામની મદદથી તેમાં રહેલ પ્રોગ્રામ રીડ કરવા માટે પ્રયત્ન કરવામાં આવ્યો.

૮. નમૂનો એ–૭, બી–૭, સી–૭ ઇલેકટ્રોનીક સરકીટને બેટરી સાથે જોડાણ કરી તેનાં વિવિધ જોડાણો પાસે મળતા વોલ્ટેજ મલ્ટીમીટર વડે તથા COB (Clock On Board) સરકીટ દ્વારા મળતા પલ્સની Frequency ઓસીલોસ્કોપની મદદથી માપવામાં આવ્યા.

૯. નમૂના એ–૭, બી–૭, સી–૭ ની ઇલેકટ્રોનીક સરકીટને બેટરી સાથે જોડી સદર સરકીટનો ટ્રીગરીંગ ટ્રાન્ઝીસ્ટર કેટલા સમયબાદ ટ્રીગર થાય છે તે સ્ટોપવોચની મદદથી તે પ્રાયોગીક પધ્ધતિથી માપવામાં આવ્યુ.

ઉપરોકત પૃથક્કરણ આધારે સાહેદના અભિપ્રાય મુજબ...

૧. નમૂનો એ–૪, એ–૫, બી–૪, બી–૫, સી–૪, સી–૫ ના ડીટોનેટરના બે વિજાગ્રો વચ્ચે વીજ સાતત્યતા જોવા મળેલ.

૨. નમૂનો એ–૪, એ–૫, બી–૪, બી–૫, સી–૪, સી–૫ ના ડીટોનેટરના નળાકાર કન્ટેનરની મુખ્ય ધાતુ એલ્યુમિનિયમ હોવાનુ જણાયુ.

૩. નમૂનો એ–૬, બી–૬, સી–૬ ની બેટરી ચાલુ સ્થિતિમાં હતી તથા તેનો આઉટપુટ વોલ્ટેજ આશરે ૮ વોલ્ટ હતા.

૪. પૃથક્કરણના પરિણામમાં શોધાયેલ એમોનિયમ નાઈટ્રેટ તથા પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સ ઓઈલનું મિશ્રણએ એમોનિયમ નાઈટ્રેટ બેઝ એમોનિયમ નાઈટ્રેટ– ફ્યુઅલ ઓઈલ (એનફો) હાઈ એક્ષપ્લોસીવના ઘટકો છે જેને ફોડવા માટે ડીટોનેટરનો ઉપયોગ થાય છે.

૫. પૃથક્કરણના પરિણામ તથા નમૂનાઓમાંથી મળેલ બેટરી, ઈલેકટ્રોનીક સરકીટ, છરા તથા હોડી આકારના ધાતુના પતરા સાથે કન્ટેનરના આધારે એવું કહી શકાય કે હોડી આકારના ધાતુના પતરા ધરાવતા કન્ટેનરમાં એનફો એક્ષપ્લોસીવ પદાર્થ ભરી છરા ઉમેરી તથા ડીટોનેટરનો ઉપયોગ કરીને ટાઈમ ડીલે ડીવાઈસ પ્રકારનો આઈ.ઈ.ડી. બોમ્બ બનાવી શકાય.

૬. પૃથક્કરણના પરિણામમાં મળેલ ધાતુના છરાનો ઉપયોગ હાથ બનાવટના બોમ્બમાં મીસાઈલ્સ તરીકે થાય છે.

૭. નમૂનો એ–૧૦, બી–૧૦, સી–૧૦ ના છરામાં મુખ્ય ધાતુ તરીકે આર્યન (Iron) ની હાજરી જોવા મળેલ.

૮. નમૂનો એ–૧૦, બી–૧૦, સી–૧૦ ના ધાતુના છરાનો ઉપયોગ બોમ્બ બનાવવાની રચનામાં પ્રોજેકટાઈલ તરીકે ઉપયોગમાં લઈ શકાય.

૯. નમૂનો એ–૭, બી–૭, સી–૭ ની સરકીટ મુખ્યત્વે PIC 16F628A પ્રોગ્રામેબલ ફલેશ પ્રકારની IC, COB (Clock On Board), ટ્રીગરીંગ ટ્રાન્સીસ્ટર 2SC1162, ઝેનર ડાયોડ, રેસીસટન્સ, કેપેસીટર્સ વગેરેની બનેલી હતી.

૧૦. નમૂનો એ–૭, બી–૭, સી–૭ ની સરકીટમાં રહેલ PIC 16F628A ઈલેકટ્રીકલ પ્રોગ્રામેબલ ફલેશ પ્રકારની IC નું EPROM READER હાર્ડવેર તથા સોફટવેર પ્રોગ્રામની મદદથી રીડ કરતા સદર IC " કોડ પ્રોટેકટેડ" હોવાનુ જણાયેલ.

૧૧. નમૂનો એ–૭, બી–૭, સી–૭ ની સરકીટમાં રહેલ COB (Clock On Board) ૦.૫ હર્ટઝની ફીકવન્સી જનરેટ કરે છે જે માઇક્રો કંટ્રોલરની પીન નં.૩ ઉપર આપે છે.

૧૨. નમૂનો એ–૭ ની ઇલેકટ્રોનિક સરકીટને બેટરી સાથે જોડયા બાદ અગાઉ થી પ્રોગ્રામ કરેલ સમયગાળો પુરો થયા ટ્રીગરીંગ ટ્રાન્ઝીસ્ટર (2SC1162) ના આઉટપુટ ઉપર ડીટોનેટરોને ફુટવા માટે જરૂરી વીજપ્રવાહ મળતો ન હોવાથી ડીટોનેટરો એક્ષપ્લોડ થઇ શકેલ ન હતા તેવુ જણાયેલ છે.

૧૩. નમૂનો એ–૭ ની ઇલેકટ્રોનિક સરકીટને બેટરી સાથે જોડી પ્રાયોગીક રીતે અવલોકન કરતા સદર સર્કીટનો ટ્રીગરીંગ ટ્રાન્ઝીસ્ટર (2SC1162) આશરે ૨૪ કલાક ના સમયગાળા બાદ ટ્રીગર થતો જોવા મળેલ.

૧૪. નમૂના બી–૭, સી–૭ ની ઇલેકટ્રોનિક સરકીટને બેટરી સાથે જોડી પ્રાયોગીક રીતે અવલોકન કરતા સદર સર્કીટનો ટ્રીગરીંગ ટ્રાન્ઝીસ્ટર (2SC1162) ટ્રીગર થતો ન હતો જે સદરહુ ઇલેકટ્રોનીક સર્કીટ ખામીયુકત હોવાનો નિર્દેશ કરે છે.

ઉપરોકત પૃથક્કરણના આધારે આ સાહેદે જે અહેવાલ આપેલો તે આ કામે આંક–૫૬૬૦ થી રજૂ કરેલો છે તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ સાહેદની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી છે આ સાહેદે સુરત શહેરમાં બનેલા કુલ–૧૫ બનાવોમાં જે મુદ્દામાલ કબજે કરવામાં આવેલો તે તમામ બનાવોના મુદ્દામાલોનું આ સાહેદે પૃથક્કરણ કરેલુ છે અને આરોપીઓ તરફથી કોઈ ચોકકસ ગુના માટે ઊલટતપાસ કરવામાં આવેલી નથી પરંતુ જનરલ ઊલટતપાસ કરવામાં આવેલી છે. આ સાહેદે ઊલટતપાસમાં જણાવેલી હકીકતો મહિધરપુરા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૨૦૯/ ૨૦૦૮ ના કામના બનાવ સંબંધે રજૂ કરેલ પુરાવામાં વિગતવાર ચર્ચા કરેલી છે માટે ઊલટતપાસની હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

ત્યારબાદ આ કામે તપાસ કરનાર અધિકારી શ્રી એન.બી.પરમાર મદદનીશ પોલીસ કમિશનરે બનાવવાળી ત્રણેય જગ્યાઓ ઉપર નકશો બનાવવા માટે મામલતદાર, સુરત શહેરને એક યાદી લખેલી જે યાદી આ કામે આંક–૭૫૮૨ થી ૨જૂ કરેલી છે અને નાયબ પોલીસ અધીક્ષકશ્રી એન.બી.પરમારના ઓને સાહેદ નં.૧૧૫૪ તરીકે તપાસેલ છે તેઓએ તેઓની જુબાનીમાં તેમની સહી ઓળખી બતાવેલી છે.

આંક–૭૫૮૨ વાળી યાદીના આધારે સર્કલ ઓફિસર હિતેન્દ્રકુમાર ગુલાબભાઈ નાયકનાઓએ ગુનાવાળી ત્રણેય જગ્યાઓ ઉપર જઈ નકશાઓ બનાવેલા તેઓને આ કામે સાહેદ નં.૧૦૮૭ તરીકે આંક–૭૫૫૭ થી તપાસેલા છે. તેમની સરતપાસ પ્રમાણે તેઓને તપાસ કરનાર અધિકારી શ્રી એન.બી. પરમાર દ્વારા (૧) બરોડા પ્રિસ્ટેજ બજાર, સમર્પણ કાપડ કેન્દ્ર પાસે, (૨) બરોડા પ્રિસ્ટેજ બજાર પ્લોટ નં.૧૩૨, રમઝાન અલી બિલ્ડિંગ પાસે તથા (૩) માતાવાડી જે.બી.શોપીંગ નં.૧ માં આવેલ બંસરી પાન સેન્ટર નામની દુકાન પાસે રોડની કિનારીએ આવેલ પીપળાના ઝાડ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલા તે જગ્યા ઉપર જઈ નકશો બનાવવા માટેની યાદી મળેલી તે આંક–૭૫૮૨ ની યાદી મળ્યા બાબતે યાદી ઉપર તેમને પોતાની સહી ઓળખી બતાવી છે અને તે યાદીના આધારે ત્રણેય સ્થળો ઉપર જઈ નકશાઓ બનાવેલા તે નકશાઓ આ કામે અનુક્રમે આંક–૭૫૮૩, ૭૫૮૪, ૭૫૮૫ થી ૨જૂ કરેલા છે જેમા આ સાહેદે પોતાની સહીઓ ઓળખી બતાવેલી છે. સદર નકશાઓમાં જે જગ્યાએથી બોમ્બ મળી આવેલા તે જગ્યાઓ લાલ કલરથી બતાવેલી છે.

આ સાહેદની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી છે તે ધ્યાને લેતા આ સાહેદે સુરત બોમ્બ પ્લાન્ટેશનના બનાવોવાળી જગ્યાઓનું નિરીક્ષણ કરીને નકશાઓ બનાવેલા છે. આ સાહેદની ઊલટતપાસ આરોપીઓ તરફથી કોઈ ચોકકસ ગુના સબંધે કરેલ નથી પરંતુ તમામ બનાવો સબંધે સંયુકત ઊલટતપાસ કરેલ છે. આ સાહેદે ઊલટતપાસમાં જણાવેલી

હકીકતોની ચર્ચા સુરત શહેરના મહિધરપુરા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૨૦૯/૨૦૦૮ નાં બનાવના કામે આ ચુકાદામાં જે પુરાવા રજૂ થયેલા છે તે દરમ્યાન વિગતવાર કરવામાં આવેલી છે જેથી ઊલટતપાસની હકીકતનું પુનરાવર્તન કરવામાં આવેલ નથી.

(૫૪.૦૧) <u>વરાછા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૩૬૪/૨૦૦૮ ના કામે બનાવ નં.૨ ના સમર્થન માટે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકન.</u>

આમ, વરાછા પોલીસ સ્ટેશન વિસ્તારમાં(૧) બરોડા પ્રિસ્ટેજ બજાર, સમર્પણ કાપડ કેન્દ્ર પાસે, (૨) બરોડા પ્રિસ્ટેજ બજાર પ્લોટ નં.૧૩૨, રમઝાનઅલી બિલ્ડિંગ પાસે તથા (૩) માતાવાડી જે.બી.શોપીંગ નં.૧ માં આવેલ બંસરી પાન સેન્ટર નામની દુકાન પાસે રોડની કિનારીએ આવેલ પીપળાના ઝાડ ઉપર બોમ્બ બ્લાસ્ટના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલ છે તે માટે ફરિયાદપક્ષ દ્વારા જનકભાઈ રતીભાઈ ગોહીલને સાહેદ નં.૫૫૦ તરીકે આંક–૩૦૧૦ થી તપાસવામાં આવેલા છે તેઓની સરતપાસ પ્રમાણે જુલાઇ–૨૦૦૮ના અરસામાં મહાવીર ફેશનના નામે શોરૂમ ચલાવી રેડીમેડ કાપડનો ધંધો કરતા હતા. તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ દિવસે પોણા દસ વાગ્યાની આજુબાજુ ઓમકાર જવેલર્સ પાસે લોકોનું ટોળું ભેગું થયેલું ત્યાં શટર ઉપર તે જવેલર્સવાળા ભાઇએ બોમ્બ જોતાં પોલીસને જાણ કરેલી. દુકાનની બાજુમાં સમર્પણ કાપડ કેન્દ્રની દુકાન આવેલી છે. આ દુકાનની ઇલેકટ્રીક મીટરની પેટીમાં મોહનભાઇ માળી જે ફેરીયા છે તેઓએ બોમ્બ જોયેલો તેઓએ પોલીસને ખબર આપેલી અને દસેક મિનિટમાં પોલીસ આવી ગયેલી. આ પોલીસ સાથે બોમ્બ ડીફ્યુઝ ટીમ હતી ત્યારબાદ આ ટીમે બંને જગ્યાએથી બોમ્બ કાઢી લીધેલાં અને બધાંને પોલીસે દુર કાઢેલાં ત્યારબાદ આ બોમ્બને બોમ્બવાળા સાથે લઇ ગયેલાંનું જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદની દુકાન લાઈનમાં આવેલી છે. દુકાનદારોનું એસોસીએશન છે તે કબૂલ કરે છે. બનાવ

વખતે આ વિસ્તારના પોચમેન કોણ હતા તેની ખબર નથી. સુરત શહેરમાં રાતના બાર વાગ્યા પછી સફાઈ કામગીરી થતી હોય છે તે કબૂલ કરે છે. શટર ઉપર ખેંચવાથી પતરા ઉપર રહેલી વસ્તુઓ પડી જાય તે કબૂલ કરે છે. સુરત સીટીમાં પ્રજ્ઞા ઠાકુર, કર્નલ પુરોહીત અને બીજા લોકો પાસેથી બોમ્બ મળી આવેલાની હકીકત જાણતા નથી. પોલીસ નિવેદનમાં ખોટી હકીકત લખાવેલાનું નકારે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી કૈલાસભાઈ હીંગબાઝભાઈ સારકણને સાહેદ નં.૫૬૩ તરીકે આંક–૩૦૩૨ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે જુલાઈ–૨૦૦૮ના અરસામાં બરોડા પ્રિસ્ટેજ ખાતે મેવાડા વાસણ ભંડાર પાસે બાકડા ઉપર કટલરીનો ધંધો કરતા હતા. તા.૨૯/૭/૨૦૦૮ના રોજ સવારના દસેક વાગ્યાના સુમારે બજારમાં ઓમકાર ફેશન દુકાનમાં બોમ્બ હોવાનું જાણી ત્યાં લોકોનું ટોળું ભેગું થયેલ અને ત્યાં પોલીસ તથા બોમ્બ સ્કવોર્ડ આવી બોમ્બ નિષ્ક્રીય કરેલ. તેવામાં બાકડાની પાસે આવતાં બાકડાની સામે આવેલ સમર્પણ કાપડ કેન્દ્રની દુકાન આગળ ઈલેકટ્રીક મીટર પેટીમાં બોમ્બ હોવાનું ત્યાં હાજર મોહનરામ માળીનાએ શોધી કાઢેલ બાદ તેણે તે બાબતે પોલીસને જાણ કરતાં પોલીસ તથા બોમ્બ સ્કવોર્ડના માણસો આવી ગયેલાં અને બોમ્બને ઈલેકટ્રીક મીટર પેટીમાંથી બહાર કાઢી નિષ્ક્રીય કરી નાંખેલો તેમ જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો બનાવ વખતે માર્કેટમાં લોકોની ભીડની સંખ્યા કેટલી હતી તે યાદ નથી. મોહનરામ માલીએ બોમ્બ શોધી કાઢેલો હોય તેવુ બન્યુ નથી. પોલીસના કેટલા માણસો આવેલા તેની ખબર નથી. મોહનરામ માલીએ શું શોધી કાઢેલુ તેની ખબર નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી મીલન ચંદુલાલ રૂપારેલીયાને સાહેદ નં.૬૦૬ તરીકે આંક–૩૨૪૨ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે જુલાઈ–૨૦૦૮ ના અરસામાં બરોડા પ્રિસ્ટેજ બજાર કે જે વરાછા, સુરત મુકામે આવેલ છે ત્યાં મહાવીર ફેશન દુકાનની આગળ કટલરીનો બાકડો મુકીને કટલરીનો સામાન વેચવાનો ધંધો કરતા હતા. તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ લગભગ પોણા દસ વાગ્યાના સુમારે ઓમ જવેલરી દુકાન આગળ

બોમ્બ હોવાની વાત જાણવા મળતાં જોવા ગયેલા અને બોમ્બ હોવાનું જાણેલુ. ત્યારબાદ લગભગ સાડા દસ વાગ્યાના સુમારે બાજુમાં બાકડો ચલાવતાં મોહનરામ માલીનાએ સમર્પણ કાપડ સેન્ટરની દુકાન આગળ ટોરન્ટ પાવરની મીટર પેટીમાં બોમ્બ હોવાનું જોતાં તેણે બોલાવીને બતાવેલ. જેથી પોલીસને જાણ કરતાં પોલીસ આવી ગયેલી. ત્યારપછી બોમ્બ નિષ્ક્રીય કરવાવાળા માણસો આવી ગયેલાં. આ બોમ્બને નિષ્ક્રીય કરવામાં આવેલાનું જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો બોમ્બના પ્રકારો વિશે જાણતા નથી. મોહન રામ માલીએ ટોરેન્ટ પાવર પાસે મળેલી શંકાસ્પદ વસ્તુઓની જાણ કરેલી પરંતુ ઓમકાર જવેલર્સ પાસેની જાહેરાત કરેલી નથી. ઓમકાર જવેલર્સ પાસેની શંકાસ્પદ વસ્તુની જાણ પોલીસને કોણે કરેલી તેની માહિતી નથી. શંકાસ્પદ વસ્તુને ટોરેન્ટ પાવરના મીટરમાંથી બહાર કાઢી રસ્તા ઉપર મુકયા બાદ શું કાર્યવાહી કરેલી તેની ખબર નથી. પોલીસ તથા બોમ્બ ડીફ્યુઝ ટીમ બોમ્બ ડીફ્યુઝ કરીને સામગ્રી સાથે પાંચ થી દસ મિનિટમાં ત્યાંથી જતા રહેલાનું કબૂલ કરે છે. કોઈ જગ્યાએથી શંકાસ્પદ વસ્તુ મળી નથી તો તે હકીકત નકારેલી છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી વિઠ્ઠલભાઈ આનંદભાઈ ડાખરાને સાહેદ નં.૬૩૧ તરીકે આંક–૩૨૭૩ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ ઘણા વર્ષોથી વરાછા રોડ મોહનની ચાલમાં આવેલ મીનીબજારમાં હીરાની લે–વેચ તથા દલાલીનું કામ કરતા હતા. તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ બપોરના આશરે પોણા બે વાગ્યાની આસપાસ બંસરી પાન સેન્ટર ઉપર પાનના ગલ્લા ઉપર માવો ખાવા ગયેલા. આ બંસરી પાન સેન્ટર માતાવાડી જે.બી.શોપીંગ સેન્ટર–૧ મા આવેલ છે. પાનના ગલ્લે ગયા અને માવો ખાતા ઉભેલ હતા તે સમયે પાનના ગલ્લાની એક બાજુએ આવેલ પીપળાના ઝાડ ઉપર નજર જતાં ઝાડની ડાળી સાથે એક લીલા કલરની કોથળીમાં એક બોક્ષ લટકતું હતું જેથી નજીકમાં ઉભેલી ટ્રાફિક પોલીસની ક્રેનની પાસે ઉભેલા પોલીસવાળાને આ અંગે જાણ કરેલી. આ વખતે પોલીસ કંટ્રોલ રૂમમાં ૧૦૦ નંબર ઉપર ફોન જોડેલો પરંતુ તે વ્યસ્ત આવતો હતો. થોડીવારમાં પોલીસ આવી

ગયેલી ત્યાં બોમ્બને નિષ્ક્રીય કરવાવાળા માણસો પણ આવેલાં. આ બોક્ષને ચેક કરવામાં આવેલું અને બોમ્બ હોવાનું જાણવા મળેલુ તેમ જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પીપળાનું ઝાડ ઘણુ મોટુ છે તે હકીકત નકારી છે. બનાવના દિવસે પોલીસે મોબાઈલ નંબર માંગેલો નથી તે કબૂલ કરે છે. બોક્ષમાં કેવી વસ્તુઓ હતી તેના સ્વરૂપનું વર્ણન કરી શકે તેમ નથી. બનાવના દિવસે સ્થળ ઉપર હાજર ન હતા અને ત્યાં કોઈ કાર્યવાહી થયેલી નથી તો તે હકીકત નકારે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી ધર્મેશભાઈ નરસિંહભાઈ દેલવાડીયાને સાહેદ નં.૬૪૨ તરીકે આંક–૩૨૮૭ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે સને–૨૦૦૮ ના અરસામાં લંબે હનુમાન રોડ ઉપર માતાવાડી સર્કલ શીવનગર નાકા પાસે જે.બી.શોપીંગ માં બંસરી પાનનો ગલ્લો ચલાવતા હતા. જુલાઈ–૨૦૦૮ના વર્ષમાં બપોરના બાર સાડાબાર વાગ્યાની આસપાસ હીરાબજાર ભરાય છે અને ત્યાં પબ્લિક હોય છે અને પબ્લિક "બોમ્બ છે" "બોમ્બ છે" તેવું બુમો પાડવા લાગેલ તેથી દુકાનેથી દુર જતા રહેલ અને ત્યાં પોલીસ પેટ્રોલીંગ ચાલું હતું અને પોલીસ આવી ગયેલ. દુકાનની બાજુમાં આવેલ પીપળાના ઝાડ ઉપર બોમ્બ હતો તેમ જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી રમણભાઈ ગીગાભાઈ પટેલને સાહેદ નં.૬૫૧ તરીકે આંક–૩૨૯૮ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે સને–૨૦૦૮ ના અરસામાં સમર્પણ કાપડ સેન્ટરના નામથી બરોડા પ્રિસ્ટેજ બજાર વરાછા ખાતે ધંધો કરતા હતા. અમદાવાદમાં બોમ્બ ધડાકા થતાં પોલીસે એવું જણાવેલું કે આજુબાજુ કોઈ શંકાસ્પદ વસ્તુ જણાય તો જણાવશો. તા.૨૭ ના રોજ પણ પોલીસ દુકાન આવેલી ત્યાં લોકો "બોમ્બ છે" "બોમ્બ છે" તેવું બોલતાં હતાં આથી ત્યાં જોવા ગયેલાં જયારે બનાવના સ્થળે ગયા ત્યારે સંજયભાઈ કપુરીયા નામની વ્યકિત હાથમાં બોમ્બ પકડીને પોલીસ સ્ટેશને જતાં રહયા હતાં. ત્યાંથી પાછા દુકાને આવ્યા ત્યારે મોહનભાઈ નામની વ્યકિતએ જયાં કટલરીનો બાકડો લગાવેલો હતો ત્યાં મીટર પેટી ખુલ્લી છે તે ચેક

કરી લો તેમ જણાવેલુ, મીટર પેટી ચેક કરતાં તેમાં શંકાસ્પદ વસ્તુ જોવા મળેલ. જેમાં પ્લાસ્ટિકની કોથળીમાં વીંટાળેલું બોક્ષ જોયેલું. આથી પોલીસને જાણ કરેલી. પોલીસે આવીને મીટર પેટી ખોલીને બોમ્બ બહાર કાઢેલો. ત્યારબાદ બોમ્બ ડીફ્યુઝ સ્કવોર્ડવાળા આવી ગયેલાં અને તેમણે બોમ્બને ડીફ્યુઝ કરેલાનું જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો દુકાનથી પોતાનું ઘર એક કી.મી. દુર છે તેમ જણાવે છે. તા.૨૯ થી લઈને તા.૩૧ સુધીમાં પોલીસને બનાવ સંબંધે સ્વેચ્છાએ જાહેરાત કરેલી નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી મોહનભાઈ નાદરમલ જૈનને સાહેદ નં.૬૫૭ તરીકે આંક–૩૩૦૯ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે છેલ્લા ચોવીસ વર્ષથી બરોડા પ્રિસ્ટેજ બજારમાં મેવાડ વાસણ વેચવાનો ધંધો કરતા હતા. તા.૨૯/૭/૨૦૦૮ના રોજ પોણા દસ વાગ્યે જાણવા મળેલ કે ઓમકાર જવેલર્સમાં બોમ્બ હતો અને લોકો દોડાદોડ કરતાં હતાં પછી બનાવના સ્થળે જોઈને પરત ફરેલા. દુકાનની સામે આવેલ સમર્પણ કાપડ કેન્દ્રના બોક્ષમાં મોહનલાલ માળીએ બોમ્બ જોયેલો અને ત્યાં બુમાબુમ કરેલી. મોહનલાલ માળીએ પોલીસને જાણ કરેલી અને તુરંત પોલીસ આવી ગયેલાનું જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી મોહન ખાનારામજી માલીને સાહેદ નં.૬૬૨ તરીકે આંક–૩૩૧૫ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદ સમર્પણ કાપડ કેન્દ્રની બાજુમાં કટલરીનો ધંધો કરતા હતા. સમર્પણ કાપડ કેન્દ્ર બરોડા પ્રિસ્ટેજ બજાર ખાતે આવેલ છે. તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ ધંધા ઉપર નવ વાગ્યે આવેલા અને બાકડા ઉપર કટલરીનો સામાન મુકેલો તેવામાં ઓમકાર ફેશન નામની દુકાનના શટરની ઉપર બોમ્બ હોવાનું લોકો બુમો પાડતાં હતા જેથી ત્યાં જોવા ગયેલા ત્યાં પોપટી કલરની થેલીમાં વીંટાળાયેલો બોમ્બ જોયેલો પછી પાછા ધંધા પર આવી ગયેલા અને પોલીસે એવી જાહેરાત કરેલી કે આજુબાજુ કોઇ શંકાસ્પદ વસ્તુ જણાય તો જાણ કરશો. ત્યારબાદ આજુબાજુ જોયું તો પાછળ આવેલી મીટરની પેટીમાં એક પોપટી

કલરના રેપરમાં વીંટાળાયેલ બોમ્બ જેવું હતું. ત્યાં પોલીસ તપાસમાં હોઇ પોલીસને જાણ કરેલી અને ત્યાં પોલીસ આવી ગયેલી, પોલીસે બધાને દુર કરી દીધેલાં અને ત્યાં બોમ્બ ડીફ્યુઝ ટીમ આવી ગયેલી અને બોમ્બના વાયર કાપેલાં તેમ જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો બોમ્બની જાણકારી પોલીસને આપેલી નથી. શંકાસ્પદ વસ્તુને પોલીસ કેવી રીતે અને કયાં લઈ ગઈ તેની માહિતી નથી. પોલીસે બોક્ષને તેમની હાજરીમાં ખોલેલુ નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી મહંમદ હનીફ ઝહીર હુસેનને સાહેદ નં.૭૭૧ તરીકે આંક–૩૫૭૬ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે જુલાઇ માસમાં વરાછા પોલીસ સ્ટેશનમાં અનાઆર્મ હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ શહેર અમદાવાદમાં થયેલ શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકાના અનુસંધાને વરાછા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પણ તકેદારીના પગલા ભરવામાં આવેલાં. આ પગલાના ભાગરૂપે પોલીસ ઇન્સ્પેકટર સાહેબ તથા સર્વેલન્સ સ્ટાફ સાથે પેટ્રોલીંગમાં હતા, તા.૨૯/૭/૨૦૦૮ ના સવારના આશરે દસેક વાગ્યાના અરસામાં લાભેશ્વર ચોકીના પોલીસ સબઇન્સ્પેકટરશ્રી બી.એમ. પટેલે પોલીસ ઇન્સ્પેકટર સાહેબને ફોનથી જાણ કરેલી કે બરોડા પ્રિસ્ટેજ બજારમાં શંકાસ્પદ વસ્તુ છે જેથી પોલીસ ઇન્સ્પેકટર તથા સ્ટાફના માણસો બરોડા પ્રિસ્ટેજ બજારમાં આવેલ રમજાન અલી બિલ્ડિંગ પાસે તથા સમર્પણ કાપડ કેન્દ્ર પાસે ગયેલાં ત્યારે આ બંને જગ્યાએ કાંઇક શંકાસ્પદ વસ્તુ જણાઇ આવેલી. પોલીસ ઇન્સ્પેકટર સાહેબે બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડને જાણ કરતા તેઓએ આવીને આ બંને જગ્યાએથી શંકાસ્પદ વસ્તુ અંગે તપાસ કરતાં તે બોમ્બ હોવાનું જણાઇ આવતાં તેને ડીફ્યુઝ કરેલ. ત્યારબાદ આ બંને જગ્યાએથી મળેલ બોમ્બના પાર્ટસ પોલીસ ઇન્સ્પેકટર શ્રીએ પંચનામાની વિગતે કબ્જે કરેલ તે દરમ્યાન એફ.એસ.એલ. અધિકારી ત્યાં આવેલાં અને કાર્યવાહી કરેલી. દરમ્યાન માતાવાડી એલ.એચ.રોડ, જે.બી. શોપીંગ સેન્ટર પાસે બોમ્બ હોવાના સમાચાર મળતાં બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડ બોલાવવામાં આવેલ, પોલીસ સ્ટાફના માણસો એફ.એસ.એલ. અધિકારી તથા

પંચો તે જગ્યાએ ગયેલાં અને ત્યાં જે.બી. શોપીંગ નં.૧ મા આગળ બંસરી પાન સેન્ટર નામની દુકાન સામે પીપળાના ઝાડ ઉપર આછા લીલા કલરની કોથળી તાર વડે બાંધેલ હતી જેમાં બોમ્બ મળી આવેલ જેને પણ બોમ્બ ડીસ્પોઝલ સ્કવોડે ડીફ્યુઝ કરેલો અને પંચનામાની વિગતે મુદ્દામાલ કબ્જે કરેલાનું જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા બનાવની જાણ થયા બાદ સ્થળ ઉપર કેટલા વાગે પહોંચેલા તેની ખબર નથી. ઉપરી અધિકારીના ફરમાન મુજબ કાર્યવાહી કરેલી પરંતુ શું કાર્યવાહી કરેલી તે યાદ નથી. પોલીસને સમર્થન આપવા ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી અશોક મોતીરામને સાહેદ નં. ૭૭૭ તરીકે આંક–૩૫૮૬ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે સને–૨૦૦૬ થી ૨૦૧૧ દરમ્યાન વરાછા પોલીસ સ્ટેશનમાં અનાર્મ હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ શહેર બોમ્બ ધડાકાના અનુસંધાને સુરત શહેરમાં તકેદારીના પગલા લેવામાં આવેલ. વરાછા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પોલીસ ઇન્સ્પેકટર સાહેબ તથા સર્વેલન્સ સ્ટાફ સાથે પેટ્રોલીંગમાં હતા, તા.૨૯/૭/૨૦૦૮ ના સવારના આશરે દસેક વાગ્યાના અરસામાં લાંભેશ્વર ચોકીના પોલીસ સબઇન્સ્પેકટરશ્રી બી.એમ.પટેલનાઓએ પોલીસ ઇન્સ્પેકટર સાહેબને ફોનથી જાણ કરેલી કે બરોડા પ્રિસ્ટેજ બજારમાં શંકાસ્પદ વસ્તુ છે જેથી પોલીસ ઇન્સ્પેકટર તથા સ્ટાફના માણસો બરોડા પ્રિસ્ટેજ બજારમાં આવેલ રમજાનઅલી બિલ્ડિંગ પાસે તથા સમર્પણ કાપડ કેન્દ્ર પાસે ગયેલાં ત્યારે આ બંને જગ્યાએ કાંઇક શંકાસ્પદ વસ્તુ જણાઇ આવેલી. પોલીસ ઇન્સ્પેકટર સાહેબે બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડને જાણ કરતા તેઓએ આવીને આ બંને જગ્યાએથી શંકાસ્પદ વસ્તુ અંગે તપાસ કરતાં તે બોમ્બ હોવાનું જણાઇ આવતાં તેને ડીફ્યુઝ કરેલ. ત્યારબાદ આ બંને જગ્યાએથી મળેલ બોમ્બના પાર્ટસ પોલીસ ઇન્સ્પેકટરશ્રીએ પંચનામાની વિગતે કબ્જે કરેલ. તે દરમ્યાન એફ.એસ.એલ. અધિકારી ત્યાં આવેલાં અને કાર્યવાહી કરેલી દરમ્યાન માતાવાડી એલ.એચ. રોડ, જે.બી.શોપીંગ સેન્ટર પાસે બોમ્બ હોવાના સમાચાર

મળતાં બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડ બોલાવવામાં આવેલ. પોલીસ સ્ટાફના માણસો એફ.એસ.એલ. અધિકારી તથા પંચો તે જગ્યાએ ગયેલાં અને ત્યાં જે.બી. શોપીંગ નં.૧ મા આગળ બંસરી પાન સેન્ટર નામની દુકાન સામે પીપળાના ઝાડ ઉપર આછા લીલા કલરની કોથળી તાર વડે બાંધેલ બોમ્બ મળી આવેલ જેને પણ બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડે ડીફ્યુઝ કરેલો અને પંચનામાની વિગતે મુદ્દામાલ કબ્જે કરેલાનું જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા બનાવના દિવસનો ઓવરટાઈમ કલેઈમ કરેલો નથી. વરાછા પોલીસ સ્ટેશન દ્વારા જુદા-જુદા બનાવો બાબતે અલગ-અલગ નિવેદનો લીધા હોય તેવુ બન્યુ નથી. જુદી-જુદી ઘટના સંબંધેની ફરિયાદ પોલીસ અધિકારીએ કયા સમયે આપેલી તેની ખબર નથી. ઉપરી અધિકારી સમક્ષ પોલીસ ડાયરી રજૂ કરેલ નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી રવિન્દ્ર પ્રભાકરને સાહેદ નં.૭૭૮ તરીકે આંક-૩૫૮૯ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે જુલાઇ-૨૦૦૮ના સમયમાં વરાછા પોલીસ સ્ટેશનમાં અનાર્મ પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ અમદાવાદ શહેરમાં જુદી-જુદી જગ્યાએ થયેલા બોમ્બ ધડાકાના કારણે વરાછા પો.સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટરશ્રી વી.બી.પટેલ તથા અન્ય પોલીસ અધિકારીઓ તથા પોલીસ ઇસમો સાથે પેટ્રોલીંગમાં હતા તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ સવારથી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં અન્ય પોલીસ અધિકારીઓ સાથે હતાં દરમ્યાન સવારે દસેક વાગ્યાના સુમારે લાંભેશ્વર ચોકીના પોલીસ સબઇન્સ્પેકટરશ્રી પટેલનાએ વરાછા બરોડા પ્રિસ્ટેજ બજારમાં કાંઇક શંકાસ્પદ વસ્તુ હોવા બાબતે પોલીસ ઇન્સ્પેકટરને જાણ કરતાં બધા બરોડા પ્રિસ્ટેજ બજારમાં આવેલ રમજાન અલી બીલ્ડીંગ પાસે તથા તે સ્થળથી નજીક આવેલ સમર્પણ કાપડ કેન્દ્રની દુકાનવાળા સ્થળે જોતાં તે બંને સ્થળે શંકાસ્પદ વસ્તુ જણાતાં પોલીસ ઇન્સ્પેકટરશ્રીએ બી.ડી.એસ. તથા એફ.એસ.એલ. ટીમને બોલાવતાં તે આવતાં આ શંકાસ્પદ વસ્તુ જીવતો બોમ્બ જણાતાં બી.ડી.એસ. ટીમે આ બંને બોમ્બ ડીફ્યુઝ કરતાં તેમાંથી નીકળેલ પાર્ટસ વગેરે બધાની હાજરીમાં પંચનામાની

વિગતે કબ્જે કરવામાં આવેલ. તે દરમ્યાન માતાવાડી એલ.એચ.રોડ, જે.બી. શોપીંગ પાસે જીવતો બોમ્બ હોવાના સમાચાર મળતાં બધાં તે સ્થળે પહોંચી જે.બી.શોપીંગ નં.૧ માં આવેલ બંસરી પાન સેન્ટર નામની દુકાન સામે રોડની કીનારીએ આવેલ પીપળાના ઝાડ ઉપર આછા લીલા કલરની પ્લાસ્ટિકની કોથળીમાં તાર વડે બાંધેલ હાથ બનાવટનો જીવતો બોમ્બ મળી આવેલ જે બી.ડી.એસ. ટીમના માણસોએ ડીફ્યુઝ કરતાં મળી આવેલ ચીજ વસ્તુઓ પંચનામાની વિગતે કબ્જે કરવામાં આવેલ અને આ ત્રણેય બોમ્બ મળી આવ્યા સંબંધે લાભેશ્વર ચોકીના પોલીસ સબઇન્સ્પેકટર બી.એમ. પટેલનાઓએ ફરિયાદ આપેલાનું જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા વરાછા પોલીસ સ્ટેશનના માણસો સતત પેટ્રોલીંગમાં હતા પરંતુ કોણ કયા વાહનમાં હતા તે કહી શકે તેમ નથી. પેટ્રોલીંગ દરમ્યાન વાહનો ચેક કરવામાં આવતા હતા તે કબૂલ કરે છે. વાહન ચેકીંગનુ રજીસ્ટર રાખવામાં આવે છે તો તે હકીકત નકારી છે. તા.૨૬ થી ૩૧ સુધી જે કામગીરી બજાવી તેનો દસ્તાવેજી પુરાવો નથી. જુદા–જુદા બનાવ સબંધે જુદી–જુદી તારીખે નિવેદનો લખાવેલાની હકીકત નકારેલી છે. જુદા–જુદા બનાવ સબંધે પોલીસ અધિકારીઓ દ્વારા બનાવની ફરિયાદો કયારે આપેલી તે કહી શકે તેમ નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી જેસીંગભાઈ મોહનભાઈ પટેલને સાહેદ નં.૧૧૩૭ તરીકે આંક–૮૧૫૬ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે જુલાઇ–૨૦૦૮ના અરસામા તેઓ પોલીસ હેડક્વાર્ટર ખાતે બોમ્બ ડિટેકશન એન્ડ બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડમા ફરજ બજાવતા હતા. આ અરસામા તેમની સાથે એ.એસ.આઇ. સુમનભાઇ વનમાળી, મોહનભાઇ ભાયલાભાઇ અને અજયભાઇ માનાભાઇનાઓ પણ ફરજ બજાવતા હતા તેમની ફરજ પોલીસ હેડ ક્વાર્ટર ખાતે હોય છે અને તેઓને સુચના મળે તે મુજબ જે તે જગ્યાએ જઇને કામગીરી કરતા હોઇએ છીએ તેઓને બોમ્બ ડિટેકશન અને બોમ્બ ડિસ્પોઝલ અંગેની તાલીમ સુરત ખાતે હેડ ક્વાર્ટરમા તથા કરાઇ એકેડેમી, ગાંધીનગર પોલીસ તાલીમ શાળા ખાતે ત્યા મેળવેલી હતી. તા.૨૯/૭/૨૦૦૮

ના રોજ તેઓ ઑફિસે ફરજ ઉપર હાજર હતા ત્યારે સવારના લગભગ દસેક વાગ્યાની આસપાસ વર્ધી મળેલી કે બરોડા પ્રિસ્ટેજ પાસે સમર્પણ કાપડ કેન્દ્ર પાસે બોમ્બ છે જેથી આશરે સાડા દશ વાગ્યાની આસપાસ બરોડા પ્રિસ્ટેજ ખાતે સમર્પણ કાપડ કેંદ્ર પાસે પહોચી ત્યાથી મળેલ એક બોમ્બને ડિફ્યુઝ કરેલ ત્યારબાદ તેની બાજુમા આવેલ રમઝાનઅલી બિલ્ડિંગ પાસેથી મળેલ એક બોમ્બને ડિફ્યુઝ કરેલ ત્યારબાદ તેની બાજુમા બંસરી પાન સેન્ટરની સામે ઝાડ ઉપર એક બોમ્બ મળેલો તેને પણ ડિફ્યુઝ કરેલાનું જણાવેલ છે. આ સાહેદે ઊલટતપાસમાં જણાવેલી હકીકતો ડી.સી.બી. પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૩૦૧૯/૨૦૦૮ના કામના બનાવ સંબંધે રજૂ કરેલ પુરાવામાં વિગતવાર ચર્ચા કરેલી છે માટે ઊલટતપાસની હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

આમ, વરાછા પોલીસ સ્ટેશન વિસ્તારમાં (૧) બરોડા પ્રિસ્ટેજ બજાર, સમર્પણ કાપડ કેન્દ્ર પાસે (૨)બરોડા પ્રિસ્ટેજ બજાર પ્લોટ નં.૧૩૨, રમઝાનઅલી બિલ્ડિંગ પાસે તથા (૩)માતાવાડી જે.બી.શોપીંગ નં.૧ માં આવેલ બંસરી પાન સેન્ટર નામની દુકાન પાસે રોડની કિનારીએ આવેલ પીપળાના ઝાડ ઉપર તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ કલાક ૧૩–૩૦ વાગે બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલા અને તે જગ્યાઓએથી બોમ્બ મળી આવેલા તે હકીકત ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા ઉપરોકત તમામ પુરાવા ઉપરથી સાબીત થાય છે તેમ હું માનુ છું.

(૫૫) **<u>સુરત શહેરમાં મહિધરપુરા પોલીસ સ્ટેશનની હકુમતના વિસ્તારમાં બોમ્બ ધડાકા કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલ તે બનાવ નં.૧ ના સબંધમાં ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન.</u>**

– વિસ્તાર:– મહિધરપુરા પોલીસ સ્ટેશનની હદમાં

– સ્થળ:– મહીધરપુરા હીરાબજાર મયંક મેટલર શટરના ઉપરના ભાગે બાકોરામાં

– તારીખ:– ૨૯/૭/૨૦૦૮

– સમય:– કલાક ૧૬–૩૦

– સેકન્ડ ગુના રજીસ્ટર નં.૨૦૮/૨૦૦૮

– બનાવમાં વપરાયેલ વાહનઃ– નથી

તા.૨૯/૭/૨૦૦૮ના રોજ મહિધરપુરા પોલીસ સ્ટેશનની હકુમતમાં આવેલ વિસ્તાર મહીધરપુરા હીરાબજાર મયંક મેટલર શટરના ઉપરના ભાગે બાકોરામાં બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલો અને તે કારમાંથી બોમ્બ મળી આવેલો તેની ફરિયાદ એ.આર.દેસાઈ, પોલીસ ઈન્સ્પેકટરનાઓએ પોતાની રૂબરૂની ફરિયાદ લખાવેલી. આ ફરિયાદીને ફરિયાદપક્ષ દ્વારા સાહેદ નં.૧૦૬૧ તરીકે આંક–૭૨૧૦૯ થી તપાસવામાં આવેલા છે. તેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે તેઓ તા.૩૧/૮/૨૦૦૭ થી તા. ૩૧/૧૨/૨૦૦૮ ના સમયગાળા દરમ્યાન મહિધરપુરા પોલીસ સ્ટેશન, સુરત શહેરમાં પોલીસ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ અમદાવાદ શહેરમાં થયેલા બોમ્બ બ્લાસ્ટના અનુસંધાને સુરત શહેરમાં પણ દરેક પોલીસ સ્ટેશન વિસ્તારમાં તકેદારીના પગલા રૂપે પેટ્રોલીંગ ચાલુ હતું.

સાહેદ વધુમાં જણાવે છે કે તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ તેઓ તથા હેડ કોન્સ્ટેબલ દામુ ખોસલીયા તથા અન્ય પોલીસ સ્ટાફના માણસો મહિધરપુરા પોલીસ સ્ટેશન વન જીપમાં બંદોબસ્ત પેટ્રોલીંગમાં હતાં તે દરમ્યાન હીરાબજાર પોલીસ ચોકીના એ.એસ.આઈ. તરફથી જાણ કરવામાં આવેલી કે હીરાબજાર પોલીસ ચોકીથી થોડે દુર મયંક મેટલરના ઉપરના ભાગે બકોરામાં શંકાસ્પદ વસ્તુ પડેલ છે. આ હકીકત મળતા તે જગ્યાએ ગયેલાં અને ત્યાં આગળ આજુબાજુના માણસો ભેગા થયેલા હતા અને એક અજય સુમતિલાલ નામના વ્યકિત પાસેથી જાણ થયેલી કે પ્રથમ આ શંકાસ્પદ વસ્તુ કે જે થેલીમાં હતી તે મયંક મેટલર

નામની દુકાનના શટર ઉપરના ભાગથી શંકા જણાતા બહાર કાઢેલ અને વાયર જેવું જણાતા ફેંકી દિધેલ અને પોલીસને જાણ કરેલી ત્યારબાદ કન્ટ્રોલ રૂમમાં બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડને મોકલી આપવા જાણ કરેલી. થોડીવારમાં બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડના માણસોએ આવીને શંકાસ્પદ વસ્તુ બાબતે તપાસ કરી તે બોમ્બ હોવાનું જણાઇ આવતાં તેને ડિફ્યુઝ કરેલ. આ ડિફ્યુઝ કરેલ બોમ્બમાંથી મળેલ વસ્તુઓ તથા પાર્ટસ કબ્જે લેવા સારૂનું પંચનામું કરવા બે પંચોના માણસોને બોલાવેલા હતા અને તેઓને સમજ કરેલ અને પંચોએ પંચમાં રહેવા ખુશી બતાવતા બે પંચોની હાજરીમાં ડિફ્યુઝ કરેલ બોમ્બની વસ્તુઓ કબજે કરેલી જેમાં (૧) લાકડાની ફ્રેમ તથા પતરાની પ્લેટવાળું અર્ધચંદ્રાકાર બોક્ષ (૨) બોક્ષમાંથી નીકળેલ પારદર્શક કોથળીમાંથી નીકળેલ સફેદ કલરનો ચીકણો પદાર્થ (૩) પ્લાસ્ટિકની પારદર્શક કોથળી સાથેના ગોઠવેલ ચીકણાં છરા (૪) સેલોટેપ વીંટાળેલ ડ્યુરાસેલ કંપનીની બેટરી (૫) સફેદ ધાતુના પેન્સીલ સેલ આકારના ડીટોનેટર નંગ–૨ કે જેના ઉપર લખાણ હતું તેની નોંધ કરવામા આવેલી (૬) બોક્ષમાંથી નીકળેલ લાલ કલરની સેલોટેપ વીંટાળેલી સર્કિટ વાયરો સાથેની (૭) બોક્ષમાંની વસ્તુઓ વીંટાળેલ દૈનિકપત્ર (૮) વસ્તુઓ તથા પાર્ટસ વાળો બોમ્બ જે લીલા કલરની પ્લાસ્ટિકની કોથળીમાં પેક કરેલો હતો તે કોથળી તથા કાળા કલરની તથા કથ્થઇ કલરની કોથળી તથા તેની ઉપર બાંધેલ તાર હતા.

વધુમાં સાહેદ જણાવે છે કે બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડના માણસોએ બોમ્બ ડિફ્યુઝ કર્યા બાદ લોકહિત જોખમાય નહિ તે હેતુથી બોમ્બની ડિફ્યુઝ થયેલ વસ્તુઓ તથા પાર્ટસને મહિધરપુરા પોલીસ સ્ટેશનના ખુલ્લા કમ્પાઉન્ડમાં પંચનામા દરમ્યાન લઇ જવામાં આવેલ અને તે દરમ્યાન એફ.એસ.એલ. અધિકારીએ આવીને ચકાસણી કરેલી તો પારદર્શક કોથળીમાંનો ચીકણો પદાર્થ એમોનિયમ નાઇટ્રેટ હોવાનું જણાવેલ અને તેઓની સુચના મુજબ તેમાંથી ૫૦ ગ્રામ જેટલો એમોનિયમ નાઇટ્રેટ એક પ્લાસ્ટિકની ડબ્બીમાં કાઢી તેમજ છરાઓમાંથી નમૂનાના દસ છરા એમ તે બંને નમૂના અલગ–અલગ ડબ્બીમાં

મુકવામાં આવેલાં. વધુમાં ઉપરોકત જણાવેલ વસ્તુઓ તથા નમૂના અલગ–અલગ પંચનામાની વિગતે સીલ કરેલ અને તે સમયે પંચોની સહીઓવાળી સ્લીપો સાથે રાખવામાં આવેલી ત્યારબાદ આ અંગેનું પંચનામું કરતા સમયે પંચનામાની વિગતે અર્ધચંદ્રાકાર બોક્ષ, બોક્ષમાંથી નીકળેલો ચીકણો પદાર્થ અને છરાનું વજન કરવામાં આવેલું અને પંચનામામાં બે પંચોની અને રૂબરૂ તરીકે સાહેદે સહીઓ કરેલી.

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ ઉપરોકત હકિકત અંગે સરકાર તરફે વિગતવાર ફરિયાદ હકિકત જાહેર કરેલી જે ફરિયાદ આંક–૭૨૧૧ થી રજૂ છે અને ફરિયાદમાં સાહેદે પોતાની સહી કરી તેમજ રૂબરૂ તરીકે પણ પોલીસ ઇન્સ્પેકટર મહીધરપુરા પોલીસ સ્ટેશન તરીકે સહિ કરેલી જે સહી સાહેદ ઓળખી બતાવે છે તેમજ આ અંગેનો જે રીપોર્ટ કરેલો તે આંક–૧૬૭૭ થી રજૂ કરેલો છે તેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

વધુમાં આ સાહેદે નાયબ નિયામકશ્રી, એફ.એસ.એલ. સુરત શહેરને સ્થળ નિરીક્ષણ કરવા માટે જે યાદી કરેલી તે આંક–૭૨૧૨ થી રજૂ છે તથા મહેરબાન ૧૦ મા એડીશ્નલ સીનીયર સિવિલ જજ સાહેબને ડીટોનેટર નંગ બે ડીફયુઝ કરવા માટે મંજૂરી મેળવવા જે પત્ર લખેલો તે આંક–૭૨૧૩ થી રજૂ છે તથા બોમ્બ ડીફયુઝ કરવા માટે ડેપ્યુટી ચીફ કન્ટ્રોલર ઓફ એક્ષપ્લોઝીવનાઓને કરેલી યાદી આંક–૭૨૧૪ થી રજૂ છે આ તમામ દસ્તાવેજોમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે. આ ઉપરાંત આંક–૨૬૬૬ ના પંચનામાના આધારે સ્થળ ઉપરથી જે મુદ્દામાલ કબજે કરેલો તે પંચનામામાં તથા આંક–૨૬૬૭ થી ૨૬૭૭ સુધીની પંચ સ્લીપોમાં આ સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

આમ, આ ફરિયાદ લીધા બાદ સાહેદ એ.આર.દેસાઈએ ગુનો રજીસ્ટર કરવા માટે પી.એસ.ઓ. મહિધરપુરા પોલીસ સ્ટેશનને મોકલી આપેલી અને પી.એસ.ઓ. મહિધરપુરા પોલીસ સ્ટેશનનાઓએ આ ફરિયાદને સ્ટેશન ડાયરીમાં રજીસ્ટર કરેલી તે સ્ટેશન ડાયરીની નકલ આ કામે આંક–૧૬૭૬ થી

રજૂ કરેલી છે તે રજીસ્ટર કરનાર સાહેદ મધુકર યાદવરાવનાઓને સાહેદ નં.૩૨૫ તરીકે આંક–૧૬૭૫ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લેતા તેઓ બનાવના દિવસે પી.એસ.ઓ. તરીકે મહિધરપુરા પોલીસ સ્ટેશનમાં ફરજ ઉપર હતા ત્યારે એક સૂચિપત્ર દેસાઈની સહીથી મોકલવામાં આવેલુ અને ગુનો નોંધેલો અને સ્ટેશન ડાયરી એન્ટ્રી નં.૨૫ આપેલી જેમાં આ સાહેદે વધુ તપાસ અંગેનો શેરો આંક–૧૬૭૭ ના પાછળના ભાગે કરેલો જે લેખિત શેરામાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

આ કામે ફરિયાદી એ.આર.દેસાઈની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલી છે તે ધ્યાને લેતા આ સાહેદે મહિધરપુરા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૨૦૯/૨૦૦૮ તથા આ ગુનાની ફરિયાદ તેમણે આપેલી છે અને શરૂઆતની તપાસ કરેલી અને તપાસ દરમ્યાન ગુનાવાળી જગ્યાના પંચનામા પણ આ સાહેદે કરેલા છે. આ સાહેદે ઊલટતપાસમાં જણાવેલી હકીકતો મહિધરપુરા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૨૦૯/૨૦૦૮ ના કામના બનાવ સંબંધે રજૂ કરેલ પુરાવામાં વિગતવાર ચર્ચા કરેલી છે માટે ઊલટતપાસની હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

સાહેદ એ.આર.દેસાઈનાઓએ બે પંચોની હાજરીમાં આંક–૨૬૬૬ વાળુ ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરી જે મુદ્દામાલ કબજે કરેલો તે પંચનામાના પંચો પૈકીના પંચ જીતેન્દ્ર ચંદ્રકાન્ત સાડીવાલાને સાહેદ નં.૪૩૯ તરીકે આંક–૨૬૬૫ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ આ સાહેદને મહિધરપુરા પોલીસ સ્ટેશન નજીક આવેલ બોમ્બે પાનના ગલ્લા પાસે બોલાવેલા ત્યાં બીજા ગણેશભાઈને પણ બોલાવેલા હતા, પોલીસ ઈન્સ્પેકટર પણ હાજર હતા ત્યાં સાહેબે જણાવેલુ કે મયંક મેટલર તરીકે દુકાન છે તેના બોર્ડમાંથી બોમ્બ મળેલો છે તે બોમ્બ ડીસ્પોઝલ કરી દીધેલો છે જેથી તેની કાર્યવાહીની પંચનામુ કરવાનું છે તો આ બંને જણાએ હા પાડેલી. ત્યારબાદ ત્યાં બધી વસ્તુઓ ખોલવામાં આવેલી તેમાં એક લાકડાનું અર્ધચંદ્રાકાર બોક્ષ બનાવેલુ હતુ જે બોમ્બ હતો તેમાં નીચેની સાઈડે પતરૂ

લગાવેલુ હતુ તેની ઉપર લાલ કલરની સેલોટેપ હતી જે બોમ્બ ઉપર વીંટાળેલી હતી તેને કાઢી નાખવામાં આવેલી. જે બોમ્બ હતો તેમાં એક કીલો જેટલા છરા હતા તથા પ્લાસ્ટિકની કોથળીમાં ચીકણો પદાર્થ હતો તે પણ આશરે એક કીલો જેટલો હતો. બે ડીટોનેટર હતા તેને એક સેલોટેપ બેટરી વીંટાળેલી હતી અને લાલ કલરની ટેપ ચોટાડેલી હતી તે ખોલીને જોતા ડ્યુરાસેલ કંપનીની ગોલ્ડન અને બ્લેક કલરની નવ વોલ્ટની બેટરી હતી જેમાં અંગ્રેજીમાં અલ્કા લાઈન જેવુ લખાણ હતુ, ગુજરાત સમાચારના પેપર હતા, તારનું ગુંચળા જેવુ હતુ. જે છરા હતા તે ઓઈલવાળા હતા. આ બોમ્બ પીળા અને ઓરેન્જ કલરની થેલીમાં હતો, એક સરકીટ પણ હતી તેની સાથે ત્રણ વાયરો લાલ, સફેદ અને કાળા કલરના હતા. આ બધી વસ્તુઓ કોઈ નુકસાન ન થાય તે માટે તે જગ્યાએથી લઈ મહિધરપુરા પોલીસ સ્ટેશનના ખુલ્લા કમ્પાઉન્ડમાં ગયેલા ત્યાં એફ.એસ.એલ.ના બે સાહેબ હતા અને તેમણે ચીકણો પદાર્થ ૫૦ ગ્રામ જેટલો ડબ્બીમાં લીધેલો અને કહેલુ કે આ એમોનિયમ નાઈટ્રેટ છે તે ડબ્બીને પોલીસે પેક કરેલી અને આ સાહેદની સહીવાળો કાગળ લગાવી દોરીથી બાંધી સીલ કરેલો. બાકીનો પદાર્થ પારદર્શક ડબ્બામાં મુકેલો અને ચારેય તરફથી દોરીથી બાંધી લાખથી સીલ કરી પંચોની સહીઓવાળી સ્લીપ લગાવેલી. ત્યારબાદ જે છરા હતા તેમાંથી ૧૦ છરાનું સેમ્પલ લેવામાં આવેલુ, આ સેમ્પલના છરા ડબ્બીમાં મુકી પંચોની સહીઓવાળી સ્લીપો મુકી દોરીથી બાંધી સીલ કરેલ અને બાકીના છરા પ્લાસ્ટિકના ડબ્બામાં મુકી પંચોની સહીઓવાળી સ્લીપ લગાવી સીલ કરેલા. બે ડીટોનેટર જે હતા તે અલગ–અલગ ડબ્બીમાં મુકી પંચોની સહીઓવાળી કાપલી મુકીને દોરીથી બાંધીને સીલ કરેલા. આ જ રીતે ડ્યુરોસેલ બેટરીને પણ અલગ–અલગ ડબ્બીમાં બંધ કરી પંચોની સહીઓવાળી કાપલી મુકીને દોરીથી બાંધીને સીલ કરેલા. તે જ રીતે સરકીટને પણ અલગ ડબ્બીમાં મુકી પંચોની સહીઓવાળી કાપલી મુકીને દોરીથી બાંધીને સીલ કરેલા. આ ઉપરાંત બોમ્બનુ લાકડાનું અર્ધચંદ્રાકાર બોક્ષ, પેપર, સેલોટેપના ટુકડા, વાયરના ટુકડા વિગેરે એક થેલીમાં મુકી તેને સીવીને પંચોની સહીઓવાળી કાપલી મુકીને સીલ કરેલ. આ તમામ વસ્તુઓ આ

સાહેદની હાજરીમાં કબજે કરવામાં આવેલી તેનુ પંચનામુ બનાવેલુ જે આંક–૨૬૬૬ વાળા પંચનામામાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવી છે તથા આ સાહેદની હાજરીમાં જે કોઈ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ તે તમામ એક પછી એક કોર્ટમાં ખોલીને બતાવતા તમામ મુદ્દામાલ આ સાહેદે ઓળખી બતાવેલો છે અને મુદ્દામાલમાંથી નીકળેલી પંચ સ્લીપો આંક–૨૬૬૭ થી ૨૬૭૭ સુધી રજૂ કરેલી છે તે તમામ પંચ સ્લીપો ઉપર આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

હવે આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવી છે તે ધ્યાને લઈએ તો અજયભાઈને આ સાહેદ ઓળખે છે અને તે મયંક મેટલરમાં બેસીને ધંધો કરે છે તેમ જણાવે છે. સરતપાસમાં જે હકીકત જણાવી તે સિવાય બીજી કોઈ હકીકત પોલીસ ઇન્સ્પેકટરને જણાવેલી કે કેમ તે યાદ નથી. બેટરી ઉપર કોઈક નંબર લખેલો હતો પરંતુ તે યાદ નથી. બેટરી ઉપર બીજી કોઈ હકીકત લખેલાનું યાદ નથી. બોમ્બની નિષ્ક્રીયતામાં શું કાર્યવાહી કરેલી તે યાદ નથી. બોમ્બ ડીસ્પોઝલ કરતી વખતે કેટલા દુર ઉભેલા તે કહી શકે તેમ નથી. આ સાહેદ સ્થળ ઉપર ગયા ત્યારે બોમ્બના દરેક ભાગ છુટા કરેલા હતા તેમ જણાવે છે. આ સાહેદની હાજરીમાં કોઈ કાર્યવાહી થયેલી નથી તો તે હકીકત નકારે છે. પંચ સ્લીપોને બાંધવામાં આવેલી નહીં પરંતુ બોક્ષ ઉપર મુકીને તેને બાંધીને સીલ કરેલાનું જણાવે છે. આ સાહેદ મયંક મેટલરવાળી જગ્યા ઉપર ગયા નથી કે પોલીસે તેમની હાજરીમાં કોઈ કાર્યવાહી કરેલી નથી તો તે હકીકત નકારે છે.

હવે તપાસ કરનાર અધિકારીએ ગુનાવાળી જગ્યા ઉપરથી જે મુદ્દામાલ આંક–૨૬૬૬ ના પંચનામાના આધારે કબજે કરેલો તે મુદ્દામાલ રવાનગી નોંધ સાથે એફ.એસ.એલ. ગાંધીનગરને પૃથક્કરણ માટે મોકલી આપેલો. આ રવાનગી નોંધ આ કામે આંક–૫૭૪૧ થી રજૂ કરેલી છે. આ રવાનગી નોંધમાં જણાવ્યા મુજબના કુલ–૭ નમૂના માર્ક–એ થી જી સુધીના એફ.એસ.એલ. ગાંધીનગરને તપાસ અર્થે મોકલેલા છે. આ રવાનગી નોંધમાં સાહેદ એન.બી.પરમાર, મદદનીશ પોલીસ કમિશનરે બનાવેલી અને પોતાના

સત્તાના પ્રમાણપત્ર સાથે એફ.એસ.એલ. ગાંધીનગરને મોકલી આપેલી. હવે આ મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારી જાનમહમંદ ફકીરમહંમદ મન્સુરીને સાહેદ નં.૮૪૦ તરીકે આંક–૫૭૦૦ થી તપાસેલા છે. એફ.એસ.એલ. દ્વારા મુદ્દામાલ સ્વીકાર્યા અંગેની જે પહોંચ આપવામાં આવેલી તે પહોંચ આ કામે આંક –૫૭૪૨ થી રજૂ કરેલી છે, જેમાં મદદનીશ નિયામક એફ.એસ.એલ. ગાંધીનગરની સહી છે. આ સાહેદની આ ગુના પુરતી સરતપાસ મુજબ તેમના વિભાગના મદદનીશ નિયામકશ્રી દ્વારા તા.૧૨/૮/૨૦૦૮ ના રોજ મહિધરપુરા પોલીસ સ્ટેશન, સુરત શહેરના સેકન્ડ ગુના રજિસ્ટર નં.૨૦૮/૨૦૦૮ અન્વયેના કેસનો સ્વીકારવામાં આવેલ મુદ્દામાલ પૃથક્કરણ અર્થે મળેલો અને તેની સાથે તેને લગતા કાગળોની ફાઈલ સોંપવામાં આવેલ. આ નમૂનામાં...

- માર્ક–એ લાકડાની ફ્રેમવાળુ અર્ધચંદ્રાકાર બોક્ષ
- માર્ક–બી ડયુરોસેલ કંપનીની કાળા તથા ગોલ્ડન કલરની બેટરી વાયર સાથેની
- માર્ક–સી ઈલેકટ્રોનીક સરકીટ વાયરો સાથે
- માર્ક–ડી ગુજરાત સમાચાર પેપર તા.૨૫/૫/૨૦૦૮ ના રોજનુ
- માર્ક–ઈ પીળા તથા ઓરેન્જ કલરની થેલી અને તેની સાથે લીલા રંગની કોથળી તથા લોખંડના તારના ગુંચળું
- માર્ક–એફ પ્લાસ્ટિકની ડબ્બીમાં ૫૦ ગ્રામ ચીકણો પદાર્થ
- માર્ક–જી પ્લાસ્ટિકની ડબ્બીમાં ૧૦ નંગ ગ્રીસવાળા છરા

ઉપરોકત નમૂનાઓનું પ્રમાણિત રાસાયણિક અને ઉપકરણીય પધ્ધતિથી પૃથક્કરણ કરેલ હતું અને પૃથક્કરણના રીપોર્ટ મુજબ...

(૧) નમૂના માર્ક–એ, ડી, ઈ/૧, ઈ/૨, ઈ/૩, એફ તથા જી માં એમોનિયમ, નાઈટ્રાઈટ તથા નાઈટ્રેટ મુલકો અને પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સ ઓઈલ (પેરાફીલ ઓઈલ પ્રકાર) ની હાજરી શોધાયેલ છે.

(૨) નમૂના માર્ક–બી માં વિસ્ફોટક ઘટકની હાજરી શોધાયેલ નથી.

ઉપરોકત પૃથક્કરણ આધારે સાહેદના અભિપ્રાય મુજબ...

૧. પૃથક્કરણના પરિણામમાં શોધાયેલ એમોનિયમ નાઈટ્રેટ અને પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન ઓઈલનું મિશ્રણએ એમોનિયમ નાઈટ્રેટ બેઝ એમોનિયમ નાઈટ્રેટ–ફ્યુલ ઓઈલ (એનફો) હાઈએક્ષપ્લોઝીવના ઘટકો છે જેને ફોડવા માટે ડીટોનેટરનો ઉપયોગ થાય છે.

૨. નમૂનાઓમાંથી મળેલ ધાતુના છરાનો ઉપયોગ હાથ બનાવટના બોમ્બમાં મીસાઈલ્સ તરીકે થાય છે.

૩. પૃથક્કરણનું પરિણામ તથા નમૂનાઓમાંથી મળેલ બેટરી, ઈલેક્ટ્રોનિક સરકીટ, છરા તથા હોડી આકારના લાકડાના ધાતુના પતરા સાથેના કન્ટેનરના આધારે એવું કહી શકાય કે હોડી આકારના લાક્ડાના ધાતુના પતરા સાથેના કન્ટેનરમાં એનફો એક્ષપ્લોઝીવ પદાર્થ ભરી, છરા ઉમેરી તથા ડીટોનેટરનો ઉપયોગ કરીને ટાઈમ ડીલે ડીવાઈસ પ્રકારનો આઈ.ઈ.ડી. બોમ્બ બનાવી શકાય.

આ પ્રમાણેનો આ સાહેદે અહેવાલ આપેલો જે આ કામે આંક–૫૭૪૩ થી ૨જૂ કરેલો છે તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ સાહેદની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી છે. અમદાવાદમાં થયેલ સીરીયલ બોમ્બ બ્લાસ્ટનાં ઘણા બનાવોવાળી જગ્યા ઉપરથી કબજે કરવામાં આવેલ ઘણા મુદ્દામાલનું પૃથક્કરણ તથા સુરત શહેરમાં થયેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં પણ જે તે સ્થળો ઉપરથી કબજે કરવામાં આવેલ મુદ્દામાલનું પૃથક્કરણ આ સાહેદે કરેલુ છે. તેઓની ઊલટતપાસ જનરલ અને સામાન્ય છે જેની હકીકત અગાઉના ગુનાઓમાં પણ જણાવેલી છે. આરોપીઓ તરફથી કરવામાં આવેલ ઊલટતપાસ ધ્યાને લેતા એફ.એસ.એલ. કચેરી ગાંધીનગર ખાતે જે કંઈ કામગીરી કરવામાં આવે છે તે બાબતે તેમજ ઑફિસના વહીવટ સબંધે પ્રશ્નો પુછવામાં આવેલા છે પરંતુ તેથી કરીને આ સાહેદે આ મુદ્દામાલનું પૃથક્કરણ કરેલ નથી તે હકીકત સાબીત થતી નથી. વધુમાં આ સાહેદની વિગતવાર ઊલટતપાસની હકીકત અમદાવાદમાં થયેલ બોમ્બ

બ્લાસ્ટના કેસોમાં ચર્ચા કરેલી છે અને આ જજમેન્ટના અન્ય પેરાઓમાં વિગતવાર છણાવટ કરેલી છે.

ત્યારબાદ આ કામે રવાનગી નોંધ આંક–૫૭૪૧ પૈકીના કેટલાક મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારી હિતેશ જયંતિલાલ ત્રિવેદીને સાહેદ નં. ૮૩૫ તરીકે આંક–૫૬૩૧ થી તપાસેલ છે. તેઓની સરતપાસ પ્રમાણે તેઓ તેમના વિભાગના મદદનીશ નિયામકશ્રી દ્વારા મહીધરપુરા પોલીસ સ્ટેશન, સુરત શહેરના સેકન્ડ ગુના રજીસ્ટર નં.૨૦૮/૨૦૦૮ અન્વયેના કેસનો સ્વીકારવામાં આવેલ મુદ્દામાલ પૈકીનો અમુક મુદ્દામાલ પૃથક્કરણ અર્થે મળેલો તે પૈકી ત્રણ પાર્સલ માર્ક–બી, જી વિભાગીય સીલબંધ સાથે તથા માર્ક–સી મૂળ સીલબંધ સાથે ઈન્ટર ફોરવર્ડીંગ પત્રથી મળેલો. સદરહુ કામના મુદ્દામાલનું પૃથક્કરણ વૈજ્ઞાનિક પધ્ધતિએ કરેલ હતું અને પૃથક્કરણ મુજબ...

– નમૂના–બી બેટરીનું મલ્ટિમીટર વડે તેના વોલ્ટેજનુ માપન કર્યું અને એવા અભિપ્રાય ઉપર આવ્યા કે આ બેટરી ચાલુ સ્થિતિમાં હતી તથા તેનો આઉટપુટ વોલ્ટેજ આશરે ૮.૪ હતો.

– નમૂનો–સી ની ઈલેકટ્રોનીક સરકીટના પીસીબીમાં જોવા મળતા કનેકશન અનુસાર ડાયાગ્રામ તૈયાર કરવામાં આવ્યો અને સરકીટમાં રહેલ પી.આઇ.સી ૧૬એફ૬૨૮એ માઈક્રોકન્ટ્રોલર આઈ.સી.નું હીડર હાર્ડવેર થતા સોફટવેર પ્રોગ્રામની મદદથી તેમાં રહેલ પ્રોગ્રામ રીડ કરવા માટે પ્રયત્ન કરવામાં આવ્યો તથા સરકીટને બેટરી સાથે જોડાણ કરી તેના વિવિધ જોડાણો પાસે મળતા વોલ્ટેજ મલ્ટિમીટર વડે તથા COB સરકીટ દ્વારા મળતા પલ્સની ફ્રીકવન્સી ઓસીલોસ્કોપની મદદથી માપવામાં આવી તથા નમૂનાની સરકીટનું ટ્રીગરીંગ ટ્રાન્જીસ્ટર કેટલા સમય બાદ ટ્રીગર થાય છે તે સ્ટોપ વોચની મદદથી પ્રાયોગીક પધ્ધતિથી મારવામાં આવી અને એવા અભિપ્રાય ઉપર આવ્યા કે નમૂના–સી ની ઈલેકટ્રીક સરકીટમાં મુખ્યત્વે PIC16F628 એ ઈલેકટ્રીકલ ફલેશ પ્રકારની આઈ.સી., સીઓબી ટ્રીગરીંગ ટ્રાન્જીસ્ટર જેનર ડાયોડ, રેસીસ્ટન્ટ, કેપેસીટરસ વગેરેની બનેલ હતી તથા સરકીટમાં રહેલ PIC16F628 એ ઈલેકટ્રીકલ

પ્રોગ્રામેબલ ફલેશ પ્રકારની આઈ.સી.નું હાર્ડવેર તથા સોફ્ટવેર પ્રોગ્રામની મદદથી રીડ કરતા સદર IC Code પ્રોટેકટેડ હોવાનું જણાયેલ તથા સરકીટમાં રહેલ સીઓબી ૦.૫ હર્ટઝની ફ્રીકવન્સી જનરેટ કરે છે જે માઈક્રો કન્ટ્રોલરની પીન નં.૩ ઉપર આપે છે. ઈલેકટ્રીક સરકીટને બેટરી સાથે જોડી ચકાસતા તેના દરેક ઈલેકટ્રોનીક કમ્પોનન્ટસ ચાલુ સ્થિતિમાં જણાયેલા અને ઈલેકટ્રોનીક સરકીટને બેટરી સાથે જોડી પ્રાયોગીક રીતે અવલોકન કરતા સદર સરકીટનું ટ્રીગરીંગ ટ્રાન્જીસ્ટર આશરે ૩૬ કલાકના સમયગાળા બાદ ટ્રીગર થતો જોવા મળેલ તથા ઈલેકટ્રોનીક સરકીટનો ઉપયોગ બોમ્બ બનાવવાની રચનામાં ટાઈમર ડીવાઈસ તરીકે થઈ શકે તથા ઈલેકટ્રોનીક સરકીટ બેટરી સાથે જોડયા બાદ અગાઉથી પ્રોગ્રામ કરેલ સમયગાળો પુરો તથા ટ્રીગરીંગ ટ્રાન્જીસ્ટરના આઉટપુટ પર ડીટોનેટરને ફુટવા માટે જરૂરી વીજ પ્રવાહ મળતો ન હોવાથી ડીટોનેટરનો એક્ષપ્લોડ થઈ શકેલ ન હતો તેમ જણાયેલ.

ઉપરોકત પૃથક્કરણના આધારે આ સાહેદે જે અહેવાલ આપેલો તે આ કામે આંક–૫૬૬૨ થી રજૂ કરેલો છે તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ સાહેદની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી છે. આ સાહેદે સુરત શહેરમાં બનેલા કુલ–૧૫ બનાવોમાં જે મુદ્દામાલ કબજે કરવામાં આવેલો તે તમામ બનાવોના મુદામાલોનું પૃથક્કરણ કરેલુ છે અને આરોપીઓ તરફથી કોઈ ચોકકસ ગુના માટે ઊલટતપાસ કરવામાં આવેલી નથી પરંતુ જનરલ ઊલટતપાસ કરવામાં આવેલી છે. આ સાહેદે ઊલટતપાસમાં જણાવેલી હકીકતો મહિધરપુરા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૨૦૯/૨૦૦૮ ના કામના બનાવ સબંધે રજૂ કરેલ પુરાવામાં વિગતવાર ચર્ચા કરેલી છે માટે ઊલટતપાસની હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

ત્યારબાદ આ કામે રવાનગી નોંધ આંક–૫૯૪૫ મા જણાવ્યા મુજબનો મુદ્દામાલ જેવો કે બે પ્લાસ્ટિકની ડબ્બીમાં ડીફ્યુઝ કર્યા વગરના ડીટોનેટર તથા વાયરના બે ટુકડાનું પૃથક્કરણ કરનાર અધિકારી ગૌરીદત્ત

દયાનિધી શર્માનાઓને ફરિયાદપક્ષે સાહેદ નં.૮૪૯ તરીકે આંક–૫૯૦૮ થી તપાસેલ છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૫/૮/૨૦૦૮ ના રોજ મહિધરપુરા પોલીસ સ્ટેશનના સેકન્ડ ગુના રજીસ્ટર નં.૨૦૮/૨૦૦૮ ના કામનો મુદ્દામાલ રવાનગી નોંધ સાથે તેઓને સોંપવામાં આવેલો. સાહેદને મળેલ આ પાર્સલના નમૂનાઓનું પૃથક્કરણ પ્રમાણિત રાસાયણિક પધ્ધતિઓ દ્વારા કરેલું અને પૃથક્કરણના પરિણામ મુજબ...

(૧) નમૂના માર્ક–૧ તથા માર્ક–૨ માંથી લેડ એઝાઈડ, એમોનિયમ નાઈટ્રેટ, પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સ (પેરાફીન પ્રકાર) ઓઈલ તથા પી.ઈ.ટી.એન. ની હાજરી શોધી શકાયેલ.

ઉપરોકત પૃથક્કરણ આધારે સાહેદના અભિપ્રાય મુજબ...

૧. રાસાયણિક પૃથક્કરણના પરિણામમાં શોધાયેલ લેડ એઝાઈડ અને પી.ઈ.ટી.એન. (હાઈએક્ષપ્લોજીવ) નો ઉપયોગ બ્લાસ્ટીંગ કેપ (ડીટોનેટર) મા થાય છે.

સદર મુદ્દામાલ મળ્યા અંગેની પહોચ આંક–૫૯૪૬ થી રજૂ રાખેલ છે જેમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. ઉપરોકત પૃથક્કરણના આધારે આ સાહેદે જે અહેવાલ આપેલો તે આ કામે આંક–૫૯૪૭ થી રજૂ કરેલો છે તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ સાહેદની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી છે તે ધ્યાને લેતા આ સાહેદે સુરત બોમ્બ પ્લાન્ટેશનના બનાવોવાળી જગ્યાઓનું નિરીક્ષણ કરેલુ છે તથા કેટલાક મુદ્દામાલનું પૃથક્કરણ પણ કરેલુ છે અને તે જ રીતે અમદાવાદ ખાતે થયેલ બોમ્બ બ્લાસ્ટના બનાવોવાળી જગ્યાઓનું નિરીક્ષણ કરેલુ છે તથા કેટલાક મુદ્દામાલનું પૃથક્કરણ પણ કરેલુ છે. આ સાહેદની ઊલટતપાસ આરોપીઓ તરફથી કોઈ ચોકકસ ગુના સબંધે કરેલ નથી પરંતુ તમામ બનાવો સબંધે સંયુકત ઊલટતપાસ કરેલ છે. આ સાહેદે ઊલટતપાસમાં જણાવેલી હકીકતોની ચર્ચા અમદાવાદના શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ ના બનાવના કામે આ ચુકાદામાં જે

પુરાવા રજૂ થયેલા છે તે દરમ્યાન વિગતવાર કરવામાં આવેલી છે જેથી ઊલટતપાસની હકીકતનું પુનરાવર્તન કરવામાં આવેલ નથી.

ત્યારબાદ આ કામે તપાસ કરનાર અધિકારીશ્રી એન.બી.પરમાર મદદનીશ પોલીસ કમિશનરે બનાવવાળી જગ્યા ઉપર નકશો બનાવવા માટે મામલતદાર, સુરત શહેરને એક યાદી લખેલી જે યાદી આ કામે આંક–૭૫૬૩ થી રજૂ કરેલી છે અને નાયબ પોલીસ અધીક્ષકશ્રી એન.બી.પરમારને સાહેદ નં. ૧૧૫૪ તરીકે તપાસેલ છે તેઓએ તેઓની જુબાનીમાં યાદીમાં તેમની સહી ઓળખી બતાવેલી છે.

આંક–૭૫૬૩ વાળી યાદીના આધારે સર્કલ ઓફિસર હિતેન્દ્રકુમાર ગુલાબભાઈ નાયકનાઓએ ગુનાવાળી જગ્યા ઉપર જઈ નકશો બનાવેલો. તેઓને આ કામે સાહેદ નં.૧૦૮૭ તરીકે આંક–૭૫૫૭ થી તપાસેલા છે. તેમની સરતપાસ પ્રમાણે તેઓને તપાસ કરનાર અધિકારીશ્રી એન.બી.પરમાર દ્વારા મહિધરપુરા હીરાબજાર મચંક મેટલર શટરના ઉપરના ભાગે બાકોરામાં બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલો તે જગ્યા ઉપર જઈ નકશો બનાવવા માટેની યાદી મળેલી તે આંક–૭૫૬૩ ની યાદી મળ્યા બાબતે યાદી ઉપર તેમણે પોતાની સહી ઓળખી બતાવી છે અને તે યાદીના આધારે સ્થળ ઉપર જઈ નકશો બનાવેલો તે નકશો આ કામે આંક–૭૫૭૬ થી રજૂ કરેલો છે જેમા આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. સદર નકશામાં જે જગ્યાએથી બોમ્બ મળી આવેલો તે જગ્યા લાલ કલરથી બતાવેલી છે.

આ સાહેદની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી છે તે ધ્યાને લેતા આ સાહેદે સુરત બોમ્બ પ્લાન્ટેશનના બનાવોવાળી જગ્યાઓનું નિરીક્ષણ કરીને નકશાઓ બનાવેલા છે. આ સાહેદની ઊલટતપાસ આરોપીઓ તરફથી કોઈ ચોકકસ ગુના સબંધે કરેલ નથી પરંતુ તમામ બનાવો સંબંધે સંયુકત ઊલટતપાસ કરેલ છે. આ સાહેદે ઊલટતપાસમાં જણાવેલી હકીકતોની ચર્ચા સુરત શહેરના મહીધરપુરા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૨૦૯/૨૦૦૮ ના બનાવના કામે આ ચુકાદામાં જે પુરાવા રજૂ થયેલા છે તે

દરમ્યાન વિગતવાર કરવામાં આવેલી છે જેથી ઊલટતપાસની હકીકતનું પુનરાવર્તન કરવામાં આવેલ નથી.

(૫૫.૦૧) **<u>મહિધરપુરા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૨૦૮/૨૦૦૮ ના કામે બનાવ નં.૧ ને સમર્થન માટે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકનઃ–</u>**

મહિધરપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં મહિધરપુરા હીરાબજાર મયંક મેટલર શટરના ઉપરના ભાગે બકોરામાં બોમ્બ બ્લાસ્ટના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલ છે તે માટે ફરિયાદપક્ષ દ્વારા અજયકુમાર સુમંતીલાલ શાહને સાહેદ નં.૫૫૧ તરીકે આંક–૩૦૧૫ થી તપાસવામાં આવેલા છે. તેમની સરતપાસ પ્રમાણે તેઓ વર્ષોથી સુરતમા રહે છે અને ઘણા વર્ષોથી મહિધરપુરા હીરાબજારમા હીરાની દલાલીનુ કામ કરે છે. તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ કાયમની જેમ વેપારના સ્થળે આવેલ અને તેમની જેમ બીજા ઈસમો નામે ઈશ્વરભાઇ કંસારા, અશોકભાઇ કોઠારી વિગેરે પણ વેપાર કરવા માટે આવી ગયેલા. તે દિવસે બપોરના સમયે આશરે બે અઢી વાગ્યાના અરસામા તેઓ તથા આ સ્થળે કામ કરતા બીજા ઇશ્વરભાઇ કંસારા, અશોકભાઇ કોઠારીનાઓ ઓટલા ઉપર હાજર હતા. પી.પ્રતાપ મેટલર દુકાનની બાજુમા આવેલ દુકાન નામે મયંક મેટલરની જગ્યાએ બેસી ભાડે કામ કરનાર ઘનશ્યામભાઇને તેમની દુકાનનુ શટર બંધ કરતા આ સાહેદે જોયેલા તે વખતે તેમની નજર દુકાનના શટરના ભાગે પડેલ બાખોરામા ગયેલ. તે બાખોરામા જોતા તેમને કપડાની થેલી જોયેલ જેથી તે અંગે શંકા જતા ઘનશ્યામભાઇને બાખોરામા આ શું છે તેમ પુછતા તેઓ બંનેએ તે થેલી જોતા કોઇકે ત્યા મુકી હશે તેમ લાગેલ. ત્યારબાદ તેઓ બંને તે થેલી જોઇ લેવી જોઇએ તેમ કરી જોતા તે થેલી પીળા તથા કથ્થઇ કલરની હતી. થેલીમા અંદર જોતા પેકીંગ જેવુ જણાયેલ જેથી શંકા ગયેલી. તેઓ તરત હીરાબજાર પોલીસ ચોકી તરફ થેલી સાથે જતા હતા રસ્તામા બોમ્બે પાન સેન્ટર પાસે પોલીસવાળા ભાઇને ઉભેલા જોયેલા તેમને થેલી બતાવી આમા કાંઇક છે તેમ કહેલ તેમણે આ સાહેદને તે થેલી નીચે મુકી દેવા કહેતા આ થેલી ગભરાઇને ફેકી દીધેલ. થોડીક

વારમાં પોલીસ તથા બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડના માણસો આવતા તે લોકોએ થેલીમાંના પેકીંગની તપાસ કરતા તેમાં હાથ બનાવટનો વિસ્ફોટક બોમ્બ હોવાનુ જણાયેલ અને તે વિસ્ફોટક પદાર્થ ડીફ્યુઝ કરી પોલીસ કાર્યવાહી કરવામા આવેલાનું જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા ઘનશ્યામભાઈની દુકાનના શટરના બકોરામાં જે થેલી જોયેલી તે એક વ્યકિત મુકી ગયેલી તે કબૂલ કરે છે. આ પ્રશ્નનો અર્થ એવો થાય કે આ થેલી કોઈ વ્યકિતએ મુકેલી હતી જે આરોપીઓ તરફથી સ્વિકારવામાં આવે છે તેમ કહી શકાય. ટી.વી. સમાચારથી આ સાહેદ વાકેફ હતા કે સુરતમાં ઘણા બોમ્બ મળી આવ્યા છે તે કબૂલ કરે છે. આ પ્રશ્નનો અર્થ એવો થાય કે સુરત શહેરમાં ઘણા બોમ્બ મળી આવ્યાની હકીકત આરોપીઓ તરફથી સ્વીકારવામાં આવે છે તેમ કહી શકાય. વધુમાં આ સાહેદની ઉલટ તપાસ ધ્યાને લેતા પોલીસ રૂબરૂ બોમ્બ રજૂ કર્યો તે અગાઉ બીજા કોઈ પોલીસને જાણ કરેલ નહીં તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે જયારે આ સાહેદે પોલીસને થેલી આપી ત્યારે તેને પોતાને જ ખબર ન હતી કે થેલીમાં બોમ્બ છે જેથી બીજા કોઈને જાણ કરવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી નારાયણ નટવરલાલ ગીલીટવાલાને સાહેદ નં.૫૬૨ તરીકે આંક–૩૦૩૧ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે જુલાઈ–૨૦૦૮ના અરસામા તેઓ મહિધરપુરા, હીરાબજારમા જલારામ મેટલરના નામથી ભાગીદારીના હીરાની લે વેચનો ધંધો કરતા હતા. તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ તેઓ તથા તેમના ભાગીદારો ધંધાની જગ્યા ઉપર હતા ત્યારે આજુબાજુના બધા જ મેટલર તથા અન્ય ધંધાર્થીઓ પણ આવી ગયેલા હતા. રાબેતા મુજબ ધંધાના સ્થળે હાજર હતા ત્યારે બપોરના આશરે દોઢ થી પોણા બે વાગ્યાના સમયે તેમના મેટલર પાસેના પી.પ્રતાપ નામની મેટલરના ઓટલા ઉપર બેસી હીરાનો ધંધો કરતા અજયે એક કપડાની પીળા તથા ઓરેન્જ કલરની થેલી જેમા કાઇક ભરેલ હાલતમા હતુ તે જોઇ તે ગભરાઇને બોમ્બ બોમ્બ કરીને બોમ્બે પાન સેન્ટરના પાનના ગલ્લા સામે રોડ

ઉપર તે થેલીને ફેંકી દેતા બધા તેની આજુબાજુના દલાલો વેપારીઓ ભેગા થયેલા જેથી આ સાહેદ પણ તેમના પાર્ટનરો સાથે ત્યાં ગયેલ. અજય તથા ભેગા થયેલા માણસોથી જાણવા મળેલ કે મયંક મેટલર નામની દુકાનના શટરના ઉપરના ભાગે બાખોરામા આ થેલી પડેલી હતી. જેની ઉપર અજયની નજર જતા તેને બહાર કાઢી જોતા તેમા લીલા કલરનુ પાર્સલ તથા તેમા વાયર જેવુ જણાતા બોમ્બ હોવાની શંકા જતા આ રીતે ફેકી દીધેલ હોવાનુ જાણવા મળેલ અને તરત જ ત્યા હાજર પોલીસને જાણ કરતા બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડના માણસો આવતા તપાસ કરી ખાતરી કરતા વિસ્ફોટક હાથ બનાવટનો બોમ્બ હતો અને તે ડીફયુઝ કરેલાનું જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી ઈશ્વરલાલ ઉગાજીભાઈ કંસારાને સાહેદ નં.૫૭૭ તરીકે આંક–૩૧૦૪ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે સને–૨૦૦૮ ના અગાઉના સમયથી તેઓ સુરત મુકામે રહે છે અને મહિધરપુરા વિસ્તારમા મયંક મેટલરની બાજુમા પી.પ્રતાપ મેટલર નામની દુકાનના ઓટલા ઉપર બેસી હીરાની દલાલીનુ કામકાજ કરે છે. તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ તેઓ તથા અજયભાઇ આ ઓટલાવાળી જગ્યાએ હતા અને રોજીંદુ કામકાજ કરતા હતા બપોરના સમયે તેમની સાથેના અજયભાઈની નજર મયંક મેટલર નામની દુકાનના શટરના ઉપરના ભાગે બાખોરામા જતા તે બાખોરાવાળી જગ્યાએ એક પીળા તથા ઓરેન્જ કલરની થેલી જણાયેલ. તે જોતા તેમા લીલા કલરના પાર્સલમા વાયર જેવુ જણાયેલ અને તે વસ્તુ બોમ્બ જેવુ લાગતા બાજુમા આવેલ પાનના ગલ્લાવાળી જગ્યાએ ઓટલા પાસે લોકો ભેગા થયેલા અને ત્યાં પોલીસને જાણ કરતા પોલીસ તથા બોમ્બ ડીસ્પોઝલ ટીમના માણસો આવેલા અને તેઓએ આ જગ્યાએથી મળેલ બોમ્બ નિષ્ક્રિય કરેલ અને બાદમાં આ વસ્તુઓ લઇ પોલીસ અને બોમ્બ ડીસ્પોઝલના માણસો ત્યાથી નીકળી ગયેલાનું જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી અશોકભાઈ ઠાકરશીભાઈ શાહને સાહેદ નં.૬૦૯ તરીકે આંક–૩૨૪૫ થી તપાસેલા છે. આ સાહેદની

સરતપાસ પ્રમાણે તેઓ હીરાની દલાલી તથા લે–વેચ કરે છે. જુલાઇ–૨૦૦૮ના અરસામા મહિધરપુરા હીરાબજારમા મયંક મેટલરની બાજુમા આવેલ પી.પ્રતાપ મેટલરના ઓટલા ઉપર બેસી અજયભાઇ ઇશ્વરભાઇની સાથે ધંધો કરતા હતા. તા.૨૯/૭/૨૦૦૮ના રોજ ધંધા ઉપર આવેલા. તે વખતે તેમની સાથે અજયભાઇ પણ હતા. અજયભાઇની નજર અચાનક બાજુમા આવેલા મયંક મેટલર નામની દુકાનના શટરના ઉપરના ભાગે બાખોરામા ગયેલી. તેઓએ ત્યા જઇને તેના હાથથી તે થેલી ઉતારી જોતા તેમા એક લીલા કલરના પાર્સલમા બોમ્બ જેવુ જણાતા તેઓએ ગભરાઇને બોમ્બ,બોમ્બ બોલી તેને ફેંકી દીધેલ. તેઓએ આ જ્યા ફેકયુ તે જગ્યા બોમ્બે પાન સેન્ટરનો ગલ્લો આવેલ છે ત્યાં પડેલી. જેથી ત્યા આગળ વેપારીઓ તથા દલાલો ભેગા થઇ ગયેલા. તેથી તરત જ ત્યા હાજર પોલીસને જાણ કરવામા આવેલ અને ત્યાં આગળની કાર્યવાહી કરવામા આવેલાનું જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી મીહિર સતીષભાઈ રાજપરાને સાહેદ નં.૬૩૪ તરીકે આંક–૩૨૭૬ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે સને–૨૦૦૮ ના વર્ષમા તેઓ સુમુલ ડેરી રોડ, ગુણાતીત નગરમા રહેતા હતા અને મહિધરપુરા હિરાબજારમા જલારામ મેટલરના નામે હીરાની લે–વેચ કરતા હતા. તા.૨૯/૭/૨૦૦૮ના રોજ તેઓ તથા તેમના ભાગીદારો ધંધાની જગ્યાએ હતા ત્યાં જલારામ મેટલરની બાજુમા મયંક મેટલર નામની પણ એક દુકાન આવેલી છે. તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ બપોરના બાર વાગ્યાની આસપાસ હીરાબજાર ભરચક હતુ અને તે વખતે તેમની મેટલરની પાસે આવેલ પી.પ્રતાપ નામની મેટલરના ઓટલા ઉપર બેસીને હીરાનો ધંધો કરતા હતા તે વખતે ત્યા અજયભાઇ કે જે તેમની બાજુમા બેસતા હતા તેઓએ મયંક મેટલરના શટરના ઉપરના ભાગે બાખોરામા એક થેલી પડેલી જોયેલી તે તેઓએ બહાર કાઢી જોતા તેમા કાઇક ભરેલુ હતુ જેથી તેમણે ગભરાઇને બોમ્બ બોમ્બ કરીને તેને બોમ્બે પાન સેન્ટર નામના પાનના ગલ્લા સામે રોડ ઉપર ફેકી દેતા ત્યા આજુબાજુના હીરાના દલાલો તથા વેપારીઓ ભેગા થઇ ગયેલા. તે થેલી જોતા

એક લીલા કલરનુ પાર્સલ અને તેમા વાયર જેવુ હતુ. ત્યા આગળ કોઇએ ત્યા હાજર પોલીસને જાણ કરતા બીજી પોલીસ પણ આવી ગયેલી અને પોલીસે કાર્યવાહી શરૂ કરેલી અને તે વખતે બોમ્બ નિષ્ક્રિય કરવાવાળા માણસો પણ આવેલા અને તેઓએ કાર્યવાહી કરેલાનું જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી ચંદ્રકાન્તભાઈ ચીમનલાલ મોરખીયાને સાહેદ નં.૬૪૫ તરીકે આંક–૩૨૯૦ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ મહિધરપુરા વિસ્તારમાં ડાયમંડ બજારમા જય જલારામ મેટલરના નામે ધંધો કરતા હતા. તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ ધંધા ઉપર તેમની કેબીનમાં હતા ત્યારે તેમની સાથે મીહિરભાઇ તથા નારણભાઇ પણ હતા. દોઢ વાગ્યાની આસપાસ તેઓ જ્યા બેસતા હતા તેની સામે રોડ ઉપર પબ્લીક ભેગી થઇ ગયેલી અને બધા "બોમ્બ મળ્યો" "બોમ્બ મળ્યો" તેવુ બોલબોલ કરતા હતા. તે વખતે પોલીસ અને બીજા માણસો આવી ગયેલા અને બોમ્બને ડીફ્યુઝ કરેલાનું જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા પોલીસે ત્યાં આવીને પબ્લિકને દુર કરેલી, આ સાહેદ પણ દુર ઉભા રહેલા, પોલીસે બોમ્બ ડીફ્યુઝ બાબતે શું કાર્યવાહી કરેલી તેની જાણ નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી સુનીલપ્રત નારાયણ પાંડેને સાહેદ નં.૬૬૩ તરીકે આંક–૩૩૧૬ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે સને–૨૦૦૮ ના વર્ષમા તેઓ બોમ્બે પાન સેન્ટર નામથી પાનનો ગલ્લો ચલાવે છે. તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ ગલ્લા ઉપર આવેલા અને તેમનો ગલ્લો હીરાબજાર, મહિધરપુરામા આવેલો છે. તે દિવસે બપોરના સમયે તેમના ગલ્લાથી ત્રીજી દુકાન કે જે તેમના ગલ્લાથી દસ બાર ફુટ દુર છે તે દુકાનના બોર્ડ ઉપરથી કે જેનુ નામ મયંક મેટલર હતુ ત્યાંથી બોમ્બ કાઢેલો અને નીચે ફેંકી દીધેલો અને તે સમયે માણસો ભેગા થઇ ગયેલા. તે વખતે ત્યાં પોલીસ આવી ગયેલી અને બધાને હટાવી દીધેલા. ત્યારબાદ પોલીસે બધી કામગીરી કરી હતી તેમ જણાવે છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા વાંધાજનક વસ્તુ એટલે કે બોમ્બ સબંધે કોઈ ડાયરીમાં નોંધ લખેલ નથી તે કબૂલ કરે છે પરંતુ મારા મત પ્રમાણે

આ સાહેદ પાનનો ગલ્લો ધરાવતા હતા અને તેમની પાસે ડાયરી ના હોય અને તેની નોંધ પણ કરી ન હોય, આ પ્રશ્ન પુછનાર વકીલે પણ તેમણે કેટલા કેસોમાં ઊલટતપાસ કરેલી છે તેની પણ ડાયરી રાખી ન હોય માટે આવા પ્રશ્નો પુછવાનો કોઈ અર્થ નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી વિજયભાઈ નટવરભાઈને સાહેદ નં.૬૬૭ તરીકે આંક–૩૩૨૦ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ તેઓ તથા પોલીસ ઈન્સ્પેકટર સાહેબ તથા હેડ કોન્સ્ટેબલ દામુભાઇ કોશલીયા તથા પોલીસ કોન્સ્ટેબલ વજુભાઇ છનાભાઇ વન જીપ ગાડીમા પેટ્રોલીંગમા હતા. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ અમદાવાદમા બ્લાસ્ટ થયેલ તેના અનુસંધાનમા ગુજરાત એલર્ટ હતુ. સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા હતા જે દરમ્યાન આયુર્વેદીક ગરનાળાથી દિલ્હી ગેટ ચોકી તરફ આવતા હીરાબજાર ચોકીના એ.એસ.આઇ. અશોકભાઇ દેવરામભાઇએ પોલીસ ઇન્સ્પેકટર સાહેબને ફોન ઉપર જાણ કરેલી કે હીરાબજાર પોલીસ ચોકીની સામે કોઇ શંકાસ્પદ થેલીમા ચીજવસ્તુઓ પડેલી છે જે બાબતની જાણ થતા હીરાબજાર ચોકી સામે પહોંચી ગયેલ અને ત્યાં આગળ જોતા એક થેલીમા શંકાસ્પદ વસ્તુ પડેલ છે. જે જોતા જે અંગે વિસ્ફોટક પદાર્થ હોવાની શંકા જતા સાહેબશ્રીએ કન્ટ્રોલને જાણ કરી. બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડના માણસોને બોલાવેલ. થોડીવારમા બોમ્બ સ્કવોર્ડના માણસો આવેલા અને ચેક કરતા વિસ્ફોટક પદાર્થ જેવુ લાકડાની ફ્રેમ અર્ધ ગોળાકાર જેમા પારદર્શક થેલીમા ગ્રીસવાળા છરા તથા પેન્સિલ આકારના ડીટોનેટર નંગ–૨ તથા સેલ નંગ–૨ મળી આવેલ. જે ડીફ્યુઝ કરી લોકોમા ભય ઉત્પન્ન ન થાય તેથી આ સામાન પંચનામાની વિગતે કબ્જે કરી પોલીસ સ્ટેશન ખાતે લઇ ગયેલા તેમ જણાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો બનાવ સબંધે તેઓ જાણકારી ધરાવે છે તે બાબતે પોલીસે જવાબ લીધો નથી. એફ.એસ.એલ. અને બોમ્બ ડીફ્યુઝ ટીમે પંચનામુ કર્યા બાદ સામાન મહિધરપુરા પોલીસ સ્ટેશને લઈ ગયેલાનું કબૂલ કરે છે, પંચો કોણ હતા અને કયાંથી લાવવામાં આવેલા તે યાદ

નથી. પરંતુ મારા મત પ્રમાણે પંચો કયાંથી લાવવા અને કોણ હતા તે પંચનામુ કરનાર કહી શકે આ સાહેદે પંચનામુ કર્યુ નથી માટે આ સાહેદ કહી શકે નહીં. મહિધરપુરા પોલીસ સ્ટેશનમાં પંચનામા સંબંધે કરવામાં આવેલી કાર્યવાહી બાબતે આ સાહેદ માહિતગાર નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી કરસનભાઈ દેવસીભાઈ પટેલને સાહેદ નં.૬૬૯ તરીકે આંક–૩૩૨૪ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ હીરાની દલાલી કરે છે. સને–૨૦૦૮ના વર્ષમા હીરાબજાર પોલીસ ચોકીની બાજુમા બેસીને દલાલીનુ કામકાજ કરતા હતા. ત્યાં મયંક મેટલર નામનો હિરાના વજનનો કાંટો આવેલ છે. ૨૯ મી તારીખ અને ૨૦૦૮ વર્ષ હતુ તે દિવસે બીજા દલાલો ત્યા આગળ હીરા બજારમા બેઠા હતા. ત્યારે મેટલરની દુકાને કાંઇક ટીંગાતુ હતુ અને ત્યાં પબ્લિક વધારે ભેગુ થઇ ગયેલુ અને કોઇએ તે ઉતારીને ફેંકી દીધેલાનું જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી અશોક દેવરામ કીલેકરને સાહેદ નં.૭૬૭ તરીકે આંક–૩૫૬૯ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ મહીધરપુરા પોલીસ સ્ટેશનમાં ૨૦૦૫ થી ૨૦૧૧ સુધી આસીસ્ટન્ટ સબ ઇન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા. જુલાઇ–૨૦૦૮ના સમયગાળામા તેમની ફરજ હીરાબજાર પોલીસ ચોકીમા હતી. અમદાવાદ શહેરમા થયેલ બોમ્બ વિસ્ફોટ તથા સુરત શહેરમા જુદા–જુદા વિસ્તારોમા વિસ્ફોટક કાર તથા બોમ્બ મળી આવેલા હોવાથી તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ તેમને મળેલ સુચના મુજબ બંદોબસ્ત પેટ્રોલીંગમા હતા. હીરાબજાર પોલીસ ચોકીમા બંદોબસ્તમા તેમની સાથે પોલીસ કોન્સ્ટેબલ કિરણભાઇ, પોલીસ કોન્સ્ટેબલ નરેન્દ્ર રાજારામ પણ હતા. તે દિવસે બપોરના આશરે પોણા બે વાગ્યાના સુમારે એક વ્યક્તિ નામે અજયભાઇ સુમતીલાલ શાહનાઓ તેમની પાસે આવેલા અને જણાવેલ કે "તેઓ હીરા દલાલીના ધંધા ઉપર પી.પ્રતાપ નામની કાંટાની દુકાનના ઓટલા ઉપર બીજા વ્યાપારી દલાલો સાથે હાજર હતા તે વખતે બપોરના ૧–૪૦ વાગ્યે તેમની નજર તેમના ધંધાની જગ્યાની બાજુમા આવેલ મયંક મેટલર નામની દુકાનના

શટર ઉપર બાકોરામા ગયેલ અને ત્યા પીળા ઓરેન્જ કલરની થેલીમા કાંઇક ભરેલ હાલતમા જણાતા તે બહાર કાઢી લઇ તેમા લીલા કલરના પ્લાસ્ટિકના પાર્સલમા વાયરો જેવુ જણાતા ગભરાઇને રોડ ઉપર ફેંકી દીધેલ છે". આથી આ સાહેદે ત્યાં જઇને શંકાસ્પદ વસ્તુઓ જોયેલી અને તાત્કાલિક પોલીસ ઇન્સ્પેકટર સાહેબના મોબાઇલ ઉપર ફોન પર જાણ કરેલી. આથી પોલીસ ઇન્સ્પેકટર સ્ટાફના માણસો સાથે આવી ગયેલ. ત્યાં ભેગા થયેલ ટોળાને દુર કરવામા આવેલા અને કોર્ડન કરવામા આવેલ. પોલીસ ઇન્સ્પેકટર સાહેબે બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડને જાણ કરવા માટે કન્ટ્રોલને ફોન કરેલો જેથી બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડના માણસ આવેલા અને તેઓએ આ જીવતા બોમ્બને ડીફયુઝ કરેલો અને ત્યારબાદ પોલીસ ઇન્સ્પેકટરશ્રીએ આગળની કાર્યવાહી કરેલી અને આ સાહેદ બંદોબસ્તમા રોકાયેલાનું જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પોલીસ અધિકારી સાથે સ્થળ ઉપર શું વાતચીત થયેલી તેની કોઈ નોંધ રાખેલી નથી. બોમ્બ ડીસ્પોઝલ ટીમના તથા એફ.એસ.એલ. ટીમના અધિકારીઓ કોણ આવેલા તે કહી શકે તેમ નથી. બનાવના દિવસે આ સાહેદે બંદોબસ્તની કામગીરી કરેલી તે કબૂલ કરે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી નરેન્દ્ર રાજારામ પવારને સાહેદ નં.૭૬૯ તરીકે આંક–૩૫૭૩ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે જુલાઇ–૨૦૦૮ના અરસામા તેઓ અનાર્મ પોલીસ કોન્સ્ટેબલ તરીકે મહિધરપુરા પોલીસ સ્ટેશનમા ફરજ બજાવતા હતા. તે અરસામા તેઓ હીરાબજાર પોલીસ ચોકીમા રાઇટર તરીકે ફરજ બજાવતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ અમદાવાદમા બોમ્બ ધડાકા થયેલા અને સુરત શહેરમા પણ જીવતા બોમ્બ મળી આવેલા તેથી તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ તેઓ તથા તેમની સાથે બીજા પોલીસ ઇસમો બધા હીરાબજાર પોલીસ ચોકી વિસ્તારમા પેટ્રોલીંગનુ કામકાજ કરતા હતા. તે અરસામા બપોરના સમયે એક ઇસમ નામે અજયભાઇ સુમતીલાલ શાહ નામના ઇસમે આવીને જણાવેલ કે "તેઓ હીરાદલાલીના તેમના કામ અર્થે તે સ્થળે આવેલ પી.પ્રતાપ નામની દુકાન પાસે બીજા હીરાના દલાલો તથા

વેપારીઓ સાથે હતા તે વખતે બપોરના આશરે પોણા બે વાગ્યાના સુમારે તે સ્થળે આવેલ મયંક મેટલર નામની દુકાનના શટરના ઉપરના ભાગે બાકોરામા પીળા ઓરેન્જ કલરની કાપડની થેલીમા કાઇક મળેલ હાલતમા જોયેલ અને તેમણે તે સ્થળેથી આ વસ્તુ કાઢીને જોતા તેમા લીલા કલરના પ્લાસ્ટિકના પાર્સલમા વાયરો જેવુ જણાતા ગભરાઇને તેમણે રોડ ઉપર ફેંકી દીધેલ". આથી તેઓ બધા આ સ્થળે ગયેલા અને મહિધરપુરા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર પણ ત્યાં હતા. તેઓ બધાએ આ વસ્તુ જોયેલી અને તે શંકાસ્પદ જણાયેલ. આથી પોલીસ ઇન્સ્પેકટરશ્રીએ બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડને બોલાવતા બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડના માણસો આવી ગયેલા અને આ સ્થળેથી મળી આવેલ બોમ્બ ડીફ્યુઝ કરવાની કામગીરી કરેલાનું જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો બનાવ સ્થળે ગયા ત્યારે શંકાસ્પદ વસ્તુ રોડ ઉપર પડેલી હતી. અજયભાઈએ જે બકોરામાંથી શંકાસ્પદ વસ્તુને ફેકેલી તે જગ્યાએ બોમ્બ પંદર ફૂટના અંતરે પડેલો. પોલીસ ઇન્સ્પેકટરને ફોન ઉપર જાણ કરતા તેઓ ૨–૫ મિનિટમાં આવી ગયેલા. પોલીસ ઇન્સ્પેકટરએ પટ્ટી લગાવીને જગ્યા કોર્ડન કરાવેલી ત્યાં પોલીસવાળાઓને ઉભા રાખેલા. આ સાહેદ પેટ્રોલીંગમાં હતા તે બતાવવા દસ્તાવેજી પુરાવા રજૂ કરેલો નથી. આ સિવાય આ સાહેદની જુબાનીમાંથી આરોપીઓને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત માલુમ પડતી નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી કિરણભાઈ અશોકભાઈ પાટીલને સાહેદ નં.૭૭૫ તરીકે આંક–૩૫૮૧ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ જુલાઇ–૨૦૦૮ ના વર્ષમા મહિધરપુરા પોલીસ સ્ટેશનમા અનાર્મ પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા તેમની ફરજ હીરાબજાર પોલીસ ચોકીમા હતી. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ અમદાવાદ શહેરમા થયેલ શ્રેણીબધ્ધ બોમ્બ વિસ્ફોટના અનુસંધાને તેમજ સુરત મુકામે પણ વિસ્ફોટક ભરેલી વેગન આર કારો તથા જીવતા બોમ્બ મળી આવેલ હોવાથી તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ તેઓ તથા એ.એસ.આઇ. અશોકભાઇ તથા પોલીસ કોન્સ્ટેબલ

નરેન્દ્રભાઇનાઓ સાથે હીરાબજાર પોલીસ ચોકી વિસ્તારમા બંદોબસ્ત અને પેટ્રોલીંગમા હતા. આ દિવસે બપોરે આશરે પોણા બે વાગ્યાના આસપાસ અજયભાઇ સુમતીલાલ શાહ નામના વ્યકિતએ જણાવેલ કે, "હુ મારા ધંધા ઉપર પી. પ્રતાપ નામની દુકાનના ઓટલા ઉપર બીજા વેપારીઓ સાથે હતો ત્યારે મારી નજર મયંક મેટલર નામની દુકાનના શટરના ઉપરના ભાગે જતા ત્યા એક પીળા ઓરેંજ કલરની થેલીમા કાઇક ભરેલ હાલતમા જણાતા મે તેને કાઢી લીધેલ અને તેમા જોતા લીલા કલરના પ્લાસ્ટિકનુ પાર્સલમા વાયર જેવુ જણાતા મે તેને રોડ ઉપર ફેકી દીધેલ છે". આવી હકીકતની જાણ થતા તેમના ઇન્ચાર્જશ્રી અશોકભાઇએ પોલીસ ઇન્સ્પેકટર સાહેબને મોબાઇલ ઉપર જાણ કરેલી અને તેઓ થોડીવારમા સ્ટાફના માણસો સાથે આવી ગયેલા અને બોમ્બ હોવાની શંકા જતા બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડને બોલાવવામા આવેલ અને ત્યાં ભેગા થયેલ માણસોને દુર ખસેડવામા આવેલા. બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડના માણસોએ આવીને તે શંકાસ્પદ વસ્તુને ચેક કરતા તે જીવતો બોમ્બ હોવાનુ જણાતા તેને ડીફ્યુઝ કરેલાનું જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો બનાવના દિવસે સ્થળ ઉપર કોઈ કામગીરી કરેલી નથી અને ઉપલા અધિકારીના કહેવાથી ખોટો પુરાવો આપેલા હોવાની હકીકત નકારેલી છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી જેસીંગભાઈ મોહનભાઈ પટેલને સાહેદ નં.૧૧૩૭ તરીકે આંક–૮૧૫૬ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે જુલાઇ ૨૦૦૮ ના અરસામા તેઓ પોલીસ હેડક્વાર્ટર ખાતે બોમ્બ ડિટેકશન એન્ડ બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડમા ફરજ બજાવતા હતા. આ અરસામા તેમની સાથે એ.એસ.આઇ. સુમનભાઇ વનમાળી, મોહનભાઇ ભાયલાભાઇ અને અજયભાઇ માનાભાઇનાઓ પણ ફરજ બજાવતા હતા. તેમની ફરજ પોલીસ હેડ ક્વાર્ટર ખાતે હોય છે અને સુચના મળે તે મુજબ જે તે જગ્યાએ જઇને કામગીરી કરવાની હોય છે. આ સાહેદે બોમ્બ ડિટેકશન અને બોમ્બ ડિસ્પોઝલ અંગેની તાલીમ સુરત ખાતે હેડ ક્વાર્ટરમા તથા કરાઇ એકેડેમી, ગાંધીનગર કે જે પોલીસ તાલીમ શાળા છે ત્યાં મેળવેલી હતી. તા.૨૯/૭/

૨૦૦૮ ના રોજ વર્ધી મળેલી કે મહિધરપુરા હીરાબજાર ખાતે મયંક મેટલરના શટરના ઉપરના ભાગે એક જીવંત બોમ્બ છે જેથી આ સાહેદ તે જગ્યાએ પહોચેલા અને તે બોમ્બને ડિફ્યુઝ કરવા અંગેની કામગીરી કરેલી. આ મળી આવેલ બોમ્બ ડિફ્યુઝ કરી તેમાથી મળી આવેલ ચીજવસ્તુઓ ડીટોનેટર, બેટરી, ઇલેકટ્રીક સરકીટ, લુગ્દી જેવો પદાર્થ, પેપર, છરા તથા નટ–બોલ્ટ વિગેરે ચીજવસ્તુઓ આ સાહેદે અલગ કરેલા અને તેને પણ જે તે સ્થળે ચાર્જમા હાજર પોલીસ અધિકારીને ચાર્જમા સોપેલ. ઉપરોકત જણાવેલી જે જગ્યાએ બોમ્બ ડીફ્યુઝ કરવાની કામગીરી કરેલ તે સમયે જરૂરી સેફટી ડ્રેસ તથા હેલ્મેટ પહેરેલ અને બોમ્બ ડિફ્યુઝ કરવા જરૂરી કાળજી રાખેલી. બોમ્બ જીવંત હતો. બોમ્બ ડિફ્યુઝ કરવા માટે સૌપ્રથમ બોમ્બ ઉપરની સેલોટેપ કટરથી કાપેલી ત્યારબાદ ડીટોનેટર, ઇલેકટ્રીક સર્કીટ અને બેટરીના છેડા કટ કરીને અલગ કરેલા. ત્યારબાદ બેટરી અને ઇલેકટ્રીક સર્કીટને અલગ કરેલ. ત્યારબાદ ગેલ્વેનાઇઝનુ પતરૂ ખોલેલુ અને તેમાથી પેપર અલગ કરેલ અને ત્યારબાદ પ્લાસ્ટિકની થેલીમા પીળા કલરનો ચીકણો પદાર્થ હતો તેમાથી ડીટોનેટર અલગ કરેલા. બાદ તેની નીચેના ભાગમા પ્લાસ્ટિકની થેલીમા જે છરા અને નટ–બોલ્ટ હતા તે થેલીને અલગ કરેલી. બોમ્બમા જે પીળો ચીકણો પદાર્થ પ્લાસ્ટિકની થેલીમા હતો તે આશરે એકાદ કિલોગ્રામના વજનમા હતો તથા નટ–બોલ્ટ અને છરા પણ આશરે એકાદ કિલોગ્રામ વજનમા હતા. બોમ્બનુ સ્ટ્રકચર નાવડી આકારનુ તેમજ અર્ધચંદ્રાકાર હતુ. જે લાકડાની ફ્રેમનુ હતુ અને ઉપર નીચે ગેલ્વેનાઇઝનુ પતરૂ લગાવીને બનાવેલુ હતુ તેમ જણાવેલ છે. આ સાહેદે ઊલટતપાસમાં જણાવેલી હકીકતો ડી.સી.બી. પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૩૦૧૯/૨૦૦૮ ના કામના બનાવ સંબંધે રજૂ કરેલ પુરાવામાં વિગતવાર ચર્ચા કરેલી છે માટે ઊલટતપાસની હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

આમ, મહિધરપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં મહિધરપુરા હીરાબજાર મયંક મેટલર શટરના ઉપરના ભાગે બાકોરામાં તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ કલાક ૧૬–૩૦ વાગે બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન

કરવામાં આવેલો અને તે જગ્યાએથી બોમ્બ મળી આવેલો તે હકીકત ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા ઉપરોકત તમામ પુરાવા ઉપરથી સાબીત થાય છે તેમ હું માનુ છું.

(૫૬) **<u>સુરત શહેરમાં કતારગામ પોલીસ સ્ટેશનની હકુમતના વિસ્તારમાં બોમ્બ ધડાકા કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલ તે પુરવાર કરવા બનાવ નં.૧ના સંબંધમાં ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન.</u>**

- વિસ્તાર:- કતારગામ પોલીસ સ્ટેશનની હદમાં
- સ્થળ:- કતારગામ ગજેરા સર્કલની અંદરના ભાગે
- તારીખ:- ૨૯/૭/૨૦૦૮
- સમય:- કલાક ૧૪-૫૫ પહેલા કોઈ પણ વખત
- ગુના રજીસ્ટર નં. સેકન્ડ ૨૦૩/૨૦૦૮
- બનાવમાં વપરાયેલ વાહનઃ- નથી

તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ કતારગામ પોલીસ સ્ટેશનની હકુમતમાં આવેલ વિસ્તાર કતારગામ ગજેરા સર્કલની અંદરના ભાગે બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલો અને તે બોમ્બ મળી આવેલો તેની ફરિયાદ કે.એસ.પટેલ, પોલીસ ઈન્સ્પેકટરનાઓએ પોતાની રૂબરૂની ફરિયાદ લખાવેલી પરંતુ તેઓ મરણ ગયેલા હોવાથી તેઓને ફરિયાદપક્ષે તપાસેલા નથી જેથી ફરિયાદપક્ષ દ્વારા સાહેદ કનુભાઈ છગનભાઈ પટેલને સાહેદ નં.૧૦૧૯ તરીકે આંક-૭૦૧૩ થી તપાસવામાં આવેલા છે. તેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે તેઓ સને-૨૦૦૮ના જુલાઈ માસમાં કતારગામ પોલીસ સ્ટેશનમાં પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા તેમની ફરજ સર્વેલન્સ સ્કવોર્ડમાં હતી આ સમય દરમ્યાન તેમના પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટર તરીકે શ્રી કે.એસ.પટેલનાઓ ફરજ બજાવતા હતા જેઓ મરણ ગયેલા છે. સાહેદ વધુમાં જણાવે છે કે તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ તેઓ તેમના પોલીસ

સ્ટેશનના પોલીસ સબઇન્સ્પેક્ટર વી.જે.રાઠોડ સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં અન્ય પોલીસ કર્મચારી સાથે પેટ્રોલીંગમાં હતા. અગાઉ અમદાવાદ શહેરમાં થયેલ બોમ્બ બ્લાસ્ટ તથા સુરત શહેરમાં વરાછા પોલીસ સ્ટેશન તથા કાપોદ્રા પોલીસ સ્ટેશનની હદમા બોમ્બ મળી આવેલ હોવાથી તે અંગેની તકેદારીના પગલા રૂપે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પોલીસ સ્ટેશનના ચાર્જ અમલદારને વર્ધી મળેલ કે ગજેરા સર્કલ પાસે બોમ્બ મુકાયેલ છે જેથી તેઓ તથા કર્મચારીઓ ગજેરા સર્કલ પાસે ગયેલા ત્યાં આગળ બીજા પેટ્રોલીંગના માણસો પણ આવી ગયેલા. ત્યાં ગજેરા સર્કલને કોર્ડન કરવામાં આવેલ ત્યાં પોલીસ ઇન્સ્પેકટર કે.એસ.પટેલે બે પંચોના માણસોને બોલાવીને કામગીરી કરેલી હતી. તે જગ્યાએ ગજેરા સર્કલની અંદર મધ્ય ભાગે આવેલ લાઇટના થાંભલાની પૂર્વના ભાગે આવેલ સર્કલની રેલીંગની કુલઝાડની રોલીંગની નીચે એક પોપ્ટી કલરની પ્લાસ્ટિકની થેલીમાં અર્ધચંદ્રાકાર ડબ્બા જેવુ પેકિંગ જણાઇ આવેલ તથા રેલીંગના પશ્ચિમ ભાગે કુલઝાડની નીચે તેવા જ પ્રકારનું પેકિંગવાળુ શંકાસ્પદ પાર્સલ જણાઇ આવેલું તેમજ રેલીંગના કુલઝાડની વચ્ચે તેવા જ પ્રકારનું કાળા રંગના પેકિંગવાળી શંકાસ્પદ વસ્તુ જણાઇ આવેલી. ત્યા સ્થળ ઉપર એફ.એસ.એલના અધિકારીઓ તથા બોમ્બ સ્કવોર્ડના માણસો પણ આવેલા અને પંચો રૂબરૂ તે શંકાસ્પદ વસ્તુઓને તપાસતા બોમ્બ હોવાનુ માલુમ પડતા તેને ડીફ્યુઝ કરવામાં આવેલા. તે દરેક બોમ્બમાં અર્ધચંદ્રાકાર લાકડાની ફ્રેમનું સ્ટ્રક્ચર, જેની ઉપર અને નીચે પતરૂ ફિટ કરેલુ હતુ અને જેમા ડીટોનેટર વાયર સહિતના હતા તથા ડ્યુરોસેલ બેટરી તથા આછા પીળા રંગનું પેસ્ટ જે એમોનિયમ નાઇટ્રેટ હતો તે તથા લોખંડના છરા તથા ઇલેકટ્રીક સર્કિટ મળેલ તે મુદ્દામાલ પંચોની રૂબરૂમા કબ્જે કરવામા આવેલો હતો જે અંગેની ફરિયાદ કે.એસ.પટેલ સાહેબે આપેલી હતી જે ફરિયાદ આંક–૭૦૧૪ થી રજૂ કરેલ છે તેમાં આ સાહેદ કે.એસ.પટેલની સહી ઓળખી બતાવે છે. વધુમાં કે.એસ.પટેલે ગુનાવાળી જગ્યા ઉપર જે પંચનામુ કરેલુ તે આંક–૨૫૦૨ થી રજૂ કરેલુ છે તેમાં તથા નાયબ નિયામક એફ.એસ. એલ. સુરતને સ્થળ ઉપર પધારવા લખેલ પત્ર આંક–૨૭૩૩ થી રજૂ છે તેમાં

પણ આ સાહેદ કે.એસ.પટેલની સહીઓ ઓળખી બતાવે છે. આ ઉપરાંત કે.એસ.પટેલે જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબને ડીટોનેટર ડીફ્યૂજ કરવા પરવાનગી આપવા માટે પત્ર લખેલો હતો તે આંક–૭૦૧૫ વાળા પત્રમાં આ સાહેદ કે.એસ.પટેલની સહી ઓળખી બતાવે છે. સદર આંક–૭૦૧૫ વાળા પત્ર આધારે જે.એમ.એફ.સી. સુરતનાઓએ ડીટોનેટર ડીફ્યૂઝ કરવા માટે પરવાનગી આપેલ તે દસ્તાવેજ આંક–૭૦૧૬ થી રજૂ રાખેલ છે. આ ઉપરાંત કે. એસ.પટેલે ચીફ કન્ટ્રોલર ઓફ એક્સપ્લોજીવ વડોદરાને ડીટોનેટર ડિફ્યૂજ કરવા માટે પત્ર લખેલો તે પત્ર આંક –૭૦૧૭ થી રજૂ છે તેમાં પણ આ સાહેદ કે.એસ.પટેલની સહી ઓળખી બતાવે છે. કે.એસ.પટેલે એફ.એસ.એલ. ના ડાયરેક્ટરને મુદ્દામાલ પૃથક્કરણ કરવા માટે મોકલેલ તે રવાનગી નોંધ આંક–૭૦૧૮ થી રજૂ છે જેમાં આ સાહેદ કે.એસ.પટેલની સહી ઓળખી બતાવે છે તેમજ સદર મુદ્દામાલ કબજે કરતી વખતે પંચોની સહીવાળી સ્લીપો બનાવી રૂબરૂ તરીકે કે.એસ.પટેલે સહીઓ કરેલી તે પંચ સ્લીપો આંક–૨૫૦૩ થી ૨૫૨૯માં આ સાહેદ કે.એસ.પટેલની સહીઓ ઓળખી બતાવે છે.

આંક–૨૭૩૩ વાળી સ્થળ ઉપર પધારવાની યાદી આધારે એફ. એસ.એલ. અધિકારી સાહેદ નં.૪૪૩ નિતીનકુમાર દયારામ પટેલનાઓને આંક–૨૭૨૫ થી તપાસવામાં આવેલા છે. તેઓએ જે જગ્યાએથી બોમ્બ મળી આવેલ તે સ્થળ ઉપર જઈ સ્થળ ચકાસણી કરેલી અને સ્થળ ઉપરથી બોમ્બનું મટીરીયલ જેવુ કે અર્ધ ચંદ્રકાર લાકડાની ફ્રેમ, ગેલ્વેનાઈઝના પતરા અને ખીલ્લીથી ઝડેલી અને તેમાંથી લોખંડના છરા, ચીકણો પદાર્થ, ૯ વોલ્ટની બેટરી તથા ડીટોનેટર વિગેરે કબજે કરવાની સુચના આપેલી અને તપાસ કરનાર અધિકારીએ પંચોની રૂબરૂમાં આ સમગ્રી કબજે કરેલાનું આ સાહેદ જણાવે છે અને તે અંગેનો વિગતવાર પ્રાથમિક અહેવાલ આપેલો જે આંક–૨૭૩૪ મા આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આ સાહેદની ઊલટતપાસની વિગતવાર ચર્ચા ડી.સી. બી. પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૩૦૧૯/૨૦૦૮ના કામે ફરિયાદપક્ષ દ્વારા જે પુરાવા રજૂ થયેલા છે તેમાં કરેલી છે.આરોપીઓ તરફથી

થયેલી ઊલટતપાસ જનરલ ઊલટતપાસ છે, કોઈ ચોકકસ એક ગુના પુરતી નથી માટે ઊલટતપાસનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

આ ફરિયાદ લીધા બાદ સાહેદ કે.એસ.પટેલે ગુનો રજીસ્ટર કરવા માટે પી.એસ.ઓ. કતારગામ પોલીસ સ્ટેશનને મોકલી આપેલી અને પી.એસ.ઓ. કતારગામ પોલીસ સ્ટેશને આ ફરિયાદને સ્ટેશન ડાયરીમાં રજીસ્ટર કરેલી તે સ્ટેશન ડાયરીની નકલ આ કામે આંક–૧૬૮૧ થી રજૂ કરેલી છે. તે રજીસ્ટર કરનાર સાહેદ બાબુભાઈ ગોપાલભાઈને સાહેદ નં.૩૨૬ તરીકે આંક–૧૬૮૦ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લેતા તેઓ બનાવના દિવસે પી.એસ.ઓ. તરીકે કતારગામ પોલીસ સ્ટેશનમાં ફરજ ઉપર હતા ત્યારે એક સૂચિ પત્ર પટેલની સહીથી મોકલવામાં આવેલુ અને ગુનો નોંધેલો અને સ્ટેશન ડાયરી એન્ટ્રી નં.૧૧ આપેલી જેમાં આ સાહેદે વધુ તપાસ અંગેનો શેરો આંક–૧૬૮૨ ના પાછળના ભાગે કરેલો જે શેરામાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

આ કામે સાહેદ કનુભાઈ છગનભાઈ પટેલની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલી છે તે ધ્યાને લેતા કતારગામ પોલીસ સ્ટેશનમાં વી.જે.રાઠોડે બનાવના એકાદ વર્ષ પહેલાથી કામગીરી કરેલી હતી. વી.જે.રાઠોડ સાથે પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન કન્ટ્રોલ રૂમમાંથી વર્ધી મળેલી હતી. ચોકકસ કઈ જગ્યાએ પેટ્રોલીંગમાં હતા તે યાદ નથી. વી.જે.રાઠોડને મળેલી વર્ધી વાંચેલી નથી. ગજેરા સર્કલ પાસે પહોંચ્યા ત્યારે કેટલો સમય થયેલો તે યાદ નથી ત્યાં બીજા કોઈ માણસો કે અધિકારીઓ હતા કે કેમ તે પણ યાદ નથી. ગજેરા સર્કલમાં માણસોને બેસવા માટે કોઈ વ્યવસ્થા નથી તે કબૂલ કરે છે. ગજેરા સર્કલ મોટુ છે તે કબૂલ કરે છે પરંતુ તેનો વિસ્તાર કેટલો છે તેનો ખ્યાલ નથી. સર્કલ ઉપર ગયા પછી રાઠોડ સાહેબે સર્કલ કોર્ડન કરવાની સુચના આપેલી. ત્યારબાદ ભેગા થયેલા પબ્લિકના માણસોને દુર કરવાની કામગીરી કરેલી. પોલીસ સ્ટેશનમાં બાતમી કોણે આપેલી તેની જાણકારી મળેલી નથી. પેટ્રોલીંગમાં જે માણસો હતા તેઓના નામ અત્યારે યાદ નથી. સર્કલ ઉપર પહોંચ્યા પછી શંકાસ્પદ વસ્તુ કોઈએ બતાવેલી નહીં પરંતુ જાતે જોયેલી. તમામ વસ્તુઓ

પ્લાસ્ટિકની થેલીમાં હતી તે કબૂલ કરે છે. આ પ્લાસ્ટિકની થેલી બંધ હતી કે ખુલ્લી હતી તેનો ખ્યાલ નથી. સર્કલની અંદર જે કાર્યવાહી થતી હતી તેની જાણકારી કોર્ડન કરવાવાળા માણસોને ન હતી તે કબૂલ કરે છે. બોમ્બ ડીફ્યુઝ કર્યા પછી સ્પેરપાર્ટ અલગ કરવાની અને કબજે લેવાની કામગીરી સર્કલની અંદર થયેલી તે કબૂલ કરે છે. બોમ્બ ડીફ્યુઝ કર્યા પછી કેટલા પાર્ટસ નીકળેલા તેની માહિતી નથી. કે.એસ.પટેલ સાથે ફરજ બજાવવાનો પ્રસંગ બનેલો નથી તે હકીકત નકારે છે. બનાવના દિવસે વી.જે.રાઠોડ સાથે પેટ્રોલીંગમા ન હતા અને ગજેરા સર્કલ ગયેલા નથી તે હકીકત નકારે છે. આ સાહેદની સમગ્ર ઊલટતપાસ ધ્યાને લેતા ગજેરા સર્કલ ખાતેથી બોમ્બ મળી આવેલો છે અને તેને સર્કલની અંદર ડીફ્યુઝ કરીને તેમાંથી નીકળેલા પાર્ટસ કબજે કરેલા છે તેવુ તારણ નીકળી આવે છે.

સાહેદ કે.એસ.પટેલનાઓએ બે પંચોની હાજરીમાં આંક–૨૫૦૨ વાળુ ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરી જે મુદ્દામાલ કબજે કરેલો તે પંચનામાના પંચો પૈકીના પંચ રાજેશકુમાર સોમચંદ શાહને સાહેદ નં.૪૩૧ તરીકે આંક–૨૫૦૧ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ આ સાહેદ કતારગામ થી અમરોલી જતા હતા ત્યારે ગજેરા સર્કલ પાસે આવેલી રેલીંગ નજીક પોલીસે ઉભા રાખેલા તે વખતે બપોરના ત્રણ વાગ્યાનો સમય હતો ત્યાં હાજર કે.એસ.પટેલે પોતાની ઓળખાણ આપેલી અને જણાવેલુ કે ગજેરા સર્કલ રેલીંગ પાસે બોમ્બ મળી આવેલ છે અને તે ડીફ્યુઝ કરેલો છે અને તે સંબંધે પંચનામુ કરવાનું છે. આ વખતે બીજા પંચ તરીકે હસમુખભાઈ હાજર હતા ત્યાં મળી આવેલ બોમ્બની સંખ્યા ત્રણ હતી. વધુમાં આ સાહેદ જણાવે છે કે પબ્લિકને કોઈ ઈજા ન થાય તે માટે આ બોમ્બ મેદાનમાં લઈ જઈ સામગ્રી છુટી પાડવામાં આવેલાનું હાજર અધિકારીએ જણાવેલુ. આ બોમ્બ એસ.એમ.સી.ના મેદાનમાં ખોલવામાં આવેલો અને એફ.એસ.એલ.ના અધિકારીઓ હાજર હતા ત્યાં લાકડાનું બોક્ષ બતાવેલુ તે લગભગ એક ફુટ લંબાઈનું હતુ આ બોક્ષ ઉપર કોથળી લાગેલી હતી તેમાં છરા હતા, લાકડાના

બોક્ષ ઉપર સેલોટેપ અને એક લોખંડની પટ્ટી હતી. આ બોક્ષ ખોલવામાં આવેલુ જેમાં ચીકણો પદાર્થ હતો તે એમોનિયમ નાઈટ્રેટ હોવાનું એફ.એસ.એલ.ના અધિકારીએ જણાવેલુ. આ પદાર્થ અંદાજે એક થી સવા કીલો જેટલો હતો. આ ઉપરાંત ડયુરોસેલ કંપનીની વાયર સાથે જોડાયેલ બેટરી, વાયર સાથે જોડાયેલ સરકીટ, ગુજરાત સમાચાર વડોદરા આવૃત્તિનું સમાચાર પત્ર, બે વાયર સાથેના બે ડીટોનેટર નીકળેલા. આ વસ્તુઓમાંથી અમુક-અમુક સેમ્પલો લીધેલા. પીળો પદાર્થ તથા છરાના સેમ્પલો પણ લીધેલા. બે ડીટોનેટર તથા સરકીટને અલગ-અલગ પેક કરવામાં આવેલા. આ વસ્તુઓને પ્લાસ્ટિકની ડબ્બીઓમાં મુકી દોરી વડે બાંધી સીલ કરેલા. આ વસ્તુઓ કુલ સાત વસ્તુઓ હતી. બીજા બે બોમ્બમાં ઉપર જણાવ્યા મુજબની સાત વસ્તુઓ હતી. વધુમાં આ સાહેદના કહેવા પ્રમાણે બંને બોમ્બમાં સાત વસ્તુઓ હતી જે અનુક્રમે નાવડી આકારનું લાકડાનું બોક્ષ, પીળો પદાર્થ, છરા, સરકીટ, ટોટા અને ગુજરાત સમાચારની આવૃત્તિ. આ વસ્તુઓ પણ પ્રથમ બોમ્બ વખતે સીલીંગની જે કાર્યવાહી કરેલી તે અનુસરવામાં આવેલી.

વધુમાં આ સાહેદના કહેવા પ્રમાણે ત્રીજા બોમ્બમાં ઉપર જણાવેલી વસ્તુઓ હતી તે વસ્તુઓ પણ એફ.એસ.એલ. અધિકારીએ અલગ-અલગ પ્લાસ્ટિકની ડબ્બીમાં મુકી પંચનામાની વિગતે કબજે કરીને સીલ કરવામાં આવેલી. તમામ વસ્તુઓ ઉપર પંચોની સહીઓવાળી સ્લીપો મુકવામાં આવેલી અને પોલીસ ઇન્સ્પેકટર પટેલે પણ સહીઓ કરેલી. આ તમામ વસ્તુઓ આ સાહેદની હાજરીમાં કબજે કરવામાં આવેલી તેનુ પંચનામુ બનાવેલુ જે આંક-૨૫૦૨ વાળા પંચનામામાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવી છે તથા આ સાહેદની હાજરીમાં જે કોઈ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ તે તમામ એક પછી એક કોર્ટમાં ખોલીને બતાવતા તમામ મુદ્દામાલ આ સાહેદે ઓળખી બતાવેલો છે અને મુદ્દામાલમાંથી નીકળેલી પંચ સ્લીપો આંક-૨૫૦૩ થી ૨૫૨૯ સુધી રજૂ કરેલી છે તે તમામ પંચ સ્લીપો ઉપર આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

હવે આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવી છે તે ધ્યાને લઈએ તો ગજેરા સર્કલ આ સાહેદના ઘરથી ૧૦ મિનિટ દુર છે. આ સાહેદની દુકાન કતારગામ બસ સ્ટેન્ડ ઉપર છે. સર્કલ ઉપર ઉભા રાખ્યા ત્યારે બીજા ૩૦–૩૫ માણસો ત્યાં હતા. પબ્લીકના માણસોને ઓળખતા ન હતા. બીજા પંચે કઈ રીતે સહી કરેલી તેની ખબર નથી. છરાનો ઉપયોગ મશીન અને વાહનોની બેરીંગમાં થાય છે. અદાલતમાં બતાવવામાં આવેલા છરા કોરા છે તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે બનાવ પછી સાત વર્ષ બાદ આ સાહેદે જુબાની આપેલી હોવાથી છરાઓ કોરા હોય તે સ્વાભાવિક છે. ડયુરોસેલ બેટરીના ઉપયોગ અંગે જાણકારી નથી. આ સાહેદ ગજેરા સર્કલ ઉપર ગયેલા નથી કે તેમની હાજરીમાં જુદા–જુદા ત્રણ બોમ્બની સામગ્રી પંચનામાની વિગતે કબજે કરેલી નથી તો તે હકીકત નકારેલી છે.

હવે તપાસ કરનાર અધિકારીએ ગુનાવાળી જગ્યા ઉપરથી જે મુદ્દામાલ આંક–૨૫૦૨ ના પંચનામાના આધારે કબજે કરેલો તે મુદ્દામાલ રવાનગી નોંધ સાથે એફ.એસ.એલ. ગાંધીનગરને પૃથક્કરણ માટે મોકલી આપેલો આ રવાનગી નોંધ આ કામે આંક–૭૦૧૮ થી રજૂ કરેલી છે. આ રવાનગી નોંધમાં જણાવ્યા મુજબના કુલ ૧૫ નમૂના માર્ક એ–૧, સી–૧, ઈ–૧, એચ–૧, આઈ–૧, એ–૨, સી–૨, ઈ–૨, એચ–૨, આઈ–૨, એ–૩, સી–૩, ઈ–૩, એચ–૩, આઈ–૩ સુધીના એફ.એસ.એલ. ગાંધીનગરને તપાસ અર્થે મોકલેલા છે. આ રવાનગી નોંધમાં સાહેદ કે.એસ.પટેલ,પોલીસ ઇન્સ્પેકટર કતારગામે બનાવેલી અને પોતાના સત્તાના પ્રમાણપત્ર સાથે એફ.એસ.એલ. ગાંધીનગરને મોકલી આપેલી. હવે આ મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારી જાનમહમંદ ફકીરમહંમદ મન્સુરીને સાહેદ નં.૮૪૦ તરીકે આંક–૫૭૦૦ થી તપાસેલા છે. એફ.એસ.એલ. દ્વારા મુદ્દામાલ સ્વીકાર્યા અંગેની જે પહોંચ આપવામાં આવેલી તે પહોંચ આ કામે આંક–૫૭૨૭ થી રજૂ કરેલી છે જેમાં મદદનીશ નિયામક એફ.એસ.એલ. ગાંધીનગરની સહી છે. આ સાહેદની આ ગુના પુરતી સરતપાસ મુજબ તેમના વિભાગના મદદનીશ નિયામકશ્રી દ્વારા

તા.૨૫/૮/૨૦૦૮ ના રોજ કતારગામ પોલીસ સ્ટેશન, સુરત શહેરના સેકન્ડ ગુના રજિસ્ટર નં.૨૦૩/૨૦૦૮ અન્વયેના કેસનો સ્વીકારવામાં આવેલ મુદ્દામાલ પૃથક્કરણ અર્થે મળેલો અને તેની સાથે તેને લગતા કાગળોની ફાઈલ સોંપવામાં આવેલ. આ નમૂનામાં...

- માર્ક એ–૧ પીળા કલરની સેલોટેપ ચોંટાડેલ સ્ટ્રકચર પતરૂ ફીટ કરેલ
- માર્ક સી–૧ પીળા રંગનો ચીકણો પદાર્થ
- માર્ક ઈ–૧ ઓઈલ મીશ્રીત છરા નંગ–૧૦
- માર્ક એચ–૧ ઈલેકટ્રીક સરકીટના વાયર
- માર્ક આઈ–૧ ડયુરોસેલ કંપનીની બેટરી
- માર્ક એ–૨ પીળા કલરની સેલોટેપ ચોટાડેલ સ્ટ્રકચર પતરૂ ફીટ કરેલ
- માર્ક સી–૨ પીળા રંગનો ચીકણો પદાર્થ
- માર્ક ઈ–૨ ઓઈલ મિશ્રીત છરા નંગ–૧૦
- માર્ક એચ–૨ ઈલેકટ્રીક સરકીટના વાયર
- માર્ક આઈ–૨ ડયુરોસેલ કંપનીની બેટરી
- માર્ક એ–૩ પીળા કલરની સેલોટેપ ચોટાડેલ સ્ટ્રકચર પતરૂ ફીટ કરેલ
- માર્ક સી–૩ પીળા રંગનો ચીકણો પદાર્થ
- માર્ક ઈ–૩ ઓઈલ મિશ્રીત છરા નંગ–૧૦
- માર્ક એચ–૩ ઈલેકટ્રીક સરકીટના વાયર
- માર્ક આઈ–૩ ડયુરોસેલ કંપનીની બેટરી

ઉપરોકત નમૂનાઓનું પ્રમાણિત રાસાયણિક અને ઉપકરણીય પધ્ધતિથી પૃથક્કરણ કરેલ હતું અને પૃથક્કરણના રીપોર્ટ મુજબ...

(૧) નમૂના માર્ક એ–૧, સી–૧, ઈ–૧, એ–૨, સી–૨, ઈ–૨, એ–૩, સી–૩, ઈ–૩ માં એમોનિયમ અને નાઈટ્રેટ મુલકો તથા પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સ ઓઈલ (પેરાફીલ ઓઈલ પ્રકાર) ની હાજરી શોધાયેલ છે.

(૨) નમૂના માર્ક આઈ–૧, આઈ–૨ તથા આઈ–૩માં વિસ્ફોટક ઘટકની હાજરી શોધાયેલ નથી.

ઉપરોકત પૃથક્કરણ આધારે સાહેદના અભિપ્રાય મુજબ...

૧. પૃથક્કરણના પરિણામમાં શોધાયેલ એમોનિયમ નાઈટ્રેટ અને પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન ઓઈલનું મિશ્રણએ એમોનિયમ નાઈટ્રેટ બેઝ એમોનિયમ નાઈટ્રેટ–ફ્યુલ ઓઈલ (એનફો) હાઈએક્ષપ્લોઝીવના ઘટકો છે જેને ફોડવા માટે ડીટોનેટરનો ઉપયોગ થાય છે.

૨. નમૂનાઓમાંથી મળેલ ધાતુના છરાનો ઉપયોગ હાથ બનાવટના બોમ્બમાં મીસાઈલ્સ તરીકે થાય છે.

૩. પૃથક્કરણનું પરિણામ તથા નમૂનાઓમાંથી મળેલ બેટરી, ઈલેકટ્રોનીક સરકીટ, છરા તથા હોડી આકારના લાકડાના ધાતુના પતરાના સાથેના કન્ટેનરના આધારે એવું કહી શકાય કે હોડી આકારના લાક્ડાના ધાતુના પતરા ધરાવતા કન્ટેનરમાં એનફો એક્ષપ્લોઝીવ પદાર્થ ભરી છરા ઉમેરી તથા ડીટોનેટરનો ઉપયોગ કરીને ટાઈમ ડીલે ડીવાઈસ પ્રકારનો આઈ.ઈ.ડી. બોમ્બ બનાવી શકાય.

આ પ્રમાણેનો આ સાહેદે અહેવાલ આપેલો જે આ કામે આંક–૫૭૨૬ થી ૨જૂ કરેલો છે તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ સાહેદની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી છે. અમદાવાદમાં થયેલ સીરીયલ બોમ્બ બ્લાસ્ટના ઘણા બનાવોવાળી જગ્યા ઉપરથી કબજે કરવામાં આવેલ ઘણા મુદ્દામાલનું પૃથક્કરણ તથા સુરત શહેરમાં થયેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં પણ જે તે સ્થળો ઉપરથી કબજે કરવામાં આવેલ મુદ્દામાલનું પૃથક્કરણ આ સાહેદે કરેલુ છે. તેઓની ઊલટતપાસ જનરલ અને સામાન્ય છે જેની હકીકત અગાઉના ગુનાઓમાં પણ જણાવેલી છે. આરોપીઓ તરફથી કરવામાં આવેલ ઊલટતપાસ ધ્યાને લેતા એફ.એસ.એલ. કચેરી ગાંધીનગર ખાતે જે કાંઈ કામગીરી કરવામાં આવે છે તે બાબતે તેમજ ઑફિસના વહીવટ સબંધે પ્રશ્નો પુછવામાં આવેલા છે પરંતુ તેથી કરીને આ સાહેદે આ મુદ્દામાલનું પૃથક્કરણ કરેલ નથી તે હકીકત સાબીત થતી નથી. વધુમાં આ સાહેદની વિગતવાર ઊલટતપાસની હકીકત અમદાવાદમાં થયેલ બોમ્બ

બ્લાસ્ટના કેસોમાં ચર્ચા કરેલી છે અને આ જજમેન્ટના અન્ય પેરાઓમાં વિગતવાર છણાવટ કરેલી છે.

ત્યારબાદ આ કામે રવાનગી નોંધ આંક–૭૦૧૮ પૈકીના કેટલાક મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારી હિતેશ જયંતિલાલ ત્રિવેદીને સાહેદ નં. ૮૩૫ તરીકે આંક–૫૬૩૧ થી તપાસેલ છે. તેઓની સરતપાસ પ્રમાણે તેઓ તેમના વિભાગના મદદનીશ નિયામકશ્રી દ્વારા કતારગામ પોલીસ સ્ટેશન, સુરત શહેરના સેકન્ડ ગુના રજીસ્ટર નં.૨૦૩/૨૦૦૮ અન્વયેના કેસનો સ્વીકારવામાં આવેલ મુદ્દામાલ પૈકીનો અમુક મુદ્દામાલ પૃથક્કરણ અર્થે મળેલો તે પૈકી નવ પાર્સલો પૈકી માર્ક એચ–૧, એચ–૨, એચ–૩ મુળ સીલ તથા માર્ક આઈ–૧, આઈ–૨, આઈ–૩, ઈ–૧, ઈ–૨, ઈ–૩ વિભાગીય સીલબંધ સાથે ઈન્ટર ફોરવર્ડીંગ પત્રથી મળેલો. સદરહું કામના મુદ્દામાલનું પૃથક્કરણ વૈજ્ઞાનિક પધ્ધતિએ કરેલ હતું અને પૃથક્કરણ મુજબ...

૧. નમૂના માર્ક ઈ–૧ ના ધાતુના છરાનો ભૌતિકીય તથા EDXRF યંત્રમાં ધાતુ તત્વોની હાજરી અંગેનુ પરીક્ષણ કરવામાં આવ્યુ.

૨. નમૂના માર્ક એચ–૧ ની ઈલેકટ્રોનીક સરકીટના PCB (Printed Circuit Board)મા જોવા મળતા કનેકશન અનુસાર Schematic Diagram તૈયાર કરવામાં આવ્યો

૩. નમૂના માર્ક એચ–૧ ની સરકીટમાં રહેલ PIC 16F628A માઈક્રોકન્ટ્રોલર IC નું EPROM READER હાર્ડવેર તથા સોફ્ટવેર પ્રોગ્રામની મદદથી તેમાં રહેલ પ્રોગ્રામ રીડ કરવા માટે પ્રયત્ન કરવામાં આવ્યો.

૪. નમૂના માર્કએચ–૧ સરકીટને બેટરી સાથે જોડાણ કરી તેનાં વિવિધ જોડાણો પાસે મળતા વોલ્ટેજ મલ્ટિમીટર વડે તથા COB (Clock On Board) સરકીટ દ્વારા મળતા પલ્સની Frequency ઓસીલોસ્કોપની મદદથી માપવામાં આવ્યા.

૫. નમૂના માર્ક એચ–૧ નમૂનાની સરકીટનો ટ્રીગરીંગ ટ્રાન્ઝીસ્ટર કેટલા સમયબાદ ટ્રીગર થાય છે તે સ્ટોપવોચની મદદથી તે પ્રાયોગીક પધ્ધતિથી માપવામાં આવ્યુ.

૬. નમૂના માર્ક આઇ–૧ ની બેટરીનુ મલ્ટિમીટર વડે તેના વોલ્ટેજનુ માપન કરવામાં આવ્યુ

૭. નમૂના માર્ક ઇ–૨ ના ધાતુના છરાનો ભૌતિકીય તથા EDXRF યંત્રમાં ધાતુ તત્વોની હાજરી અંગેનુ પરીક્ષણ કરવામાં આવ્યુ.

૮. નમૂના માર્ક એચ–૨ ની ઇલેકટ્રોનીક સરકીટના PCB (Printed Circuit Board) માં જોવા મળતા કનેકશન અનુસાર Schematic Diagram તૈયાર કરવામાં આવ્યો

૯. નમૂના માર્ક એચ–૨ ની સરકીટમાં રહેલ PIC 16F628A માઇક્રોકન્ટ્રોલર IC નું EPROM READER હાર્ડવેર તથા સોફ્ટવેર પ્રોગ્રામની મદદથી તેમાં રહેલ પ્રોગ્રામ રીડ કરવા માટે પ્રયત્ન કરવામાં આવ્યો.

૧૦. નમૂના માર્ક એચ–૨ સરકીટને બેટરી સાથે જોડાણ કરી તેનાં વિવિધ જોડાણો પાસે મળતા વોલ્ટેજ મલ્ટિમીટર વડે તથા COB (Clock On Board) સરકીટ દ્વારા મળતા પલ્સની Frequency ઓસીલોસ્કોપની મદદથી માપવામાં આવ્યા.

૧૧. નમૂના માર્ક એચ–૨ નમૂનાની સરકીટનો ટ્રીગરીંગ ટ્રાન્ઝીસ્ટર કેટલા સમયબાદ ટ્રીગર થાય છે તે સ્ટોપવોચની મદદથી તે પ્રાયોગીક પધ્ધતિથી માપવામાં આવ્યુ.

૧૨. નમૂના માર્ક આઇ–૨ ની બેટરીનુ મલ્ટિમીટર વડે તેના વોલ્ટેજનુ માપન કરવામાં આવ્યુ

૧૩. નમૂના માર્ક ઇ–૩ ના ધાતુના છરાનો ભૌતિકીય તથા EDXRF યંત્રમાં ધાતુતત્વોની હાજરી અંગેનુ પરીક્ષણ કરવામાં આવ્યુ.

૧૪. નમૂના માર્ક એચ–૩ ની ઇલેકટ્રોનીક સરકીટના PCB (Printed Circuit Board)મા જોવા મળતા કનેકશન અનુસાર Schematic Diagram તૈયાર કરવામાં આવ્યો

૧૫. નમૂના માર્ક એચ–૩ ની સરકીટમાં રહેલ PIC 16F628A માઇક્રોકન્ટ્રોલર IC નું EPROM READER હાર્ડવેર તથા સોફ્ટવેર પ્રોગ્રામની મદદથી તેમાં રહેલ પ્રોગ્રામ રીડ કરવા માટે પ્રયત્ન કરવામાં આવ્યો.

૧૬. નમૂના માર્ક એચ–૩ સરકીટને બેટરી સાથે જોડાણ કરી તેનાં વિવિધ જોડાણો પાસે મળતા વોલ્ટેજ મલ્ટિમીટર વડે તથા COB (Clock On Board) સરકીટ દ્વારા મળતા પલ્સની Frequency ઓસીલોસ્કોપની મદદથી માપવામાં આવ્યા.

૧૭. નમૂના માર્ક એચ–૩ નમૂનાની સરકીટનો ટ્રીગરીંગ ટ્રાન્ઝીસ્ટર કેટલા સમયબાદ ટ્રીગર થાય છે તે સ્ટોપવોચની મદદથી તે પ્રાયોગીક પધ્ધતિથી માપવામાં આવ્યુ.

૧૮. નમૂના માર્ક આઇ–૩ ની બેટરીનુ મલ્ટિમીટર વડે તેના વોલ્ટેજનુ માપન કરવામાં આવ્યુ

ઉપરોકત પૃથક્કરણ આધારે સાહેદના અભિપ્રાય મુજબ...

૧. નમૂના માર્ક ઇ–૧ ના છરામાં મુખ્ય ધાતુ તરીકે આર્યન (Iron) ની હાજરી જોવા મળેલ.

૨. નમૂના માર્ક ઇ–૧ ના ધાતુના છરાનો ઉપયોગ બોમ્બ બનાવવાની રચનામાં પ્રોજેકટાઇલ તરીકે થઇ શકે

૩. નમૂના માર્ક એચ–૧ ની સરકીટ મુખ્યત્વે PIC 16F628A પ્રોગ્રામેબલ ફલેશ પ્રકારની IC, COB (Clock On Board), ટ્રીગરીંગ ટ્રાન્સીસ્ટર 2SC1162, ઝેનર ડાયોડ, રેસીસટન્સ, કેપેસીટર્સ વગેરેની બનેલી હતી.

૪. નમૂના માર્ક એચ–૧ ની સર્કીટમાં રહેલ PIC 16F628A ઇલેકટ્રીકલ પ્રોગ્રામેબલ ફલેશ પ્રકારની IC નુ EPROM READER હાર્ડવેર અને સોફ્ટવેર પ્રોગ્રામની મદદથી રીડ કરતા સદર IC કોડ પ્રોટેકટેડ હોવાનુ જણાયેલ.

૫. નમૂના માર્ક એચ–૧ ની સરકીટમાં રહેલ COB (Clock On Board) ૦.૫ હર્ટઝની ફીકવન્સી જનરેટ કરે છે જે માઇક્રો કન્ટ્રોલરની પીન નં.૩ ઉપર આપે છે.

૬. નમૂના માર્ક એચ–૧ ની ઇલેકટ્રોનિક સરકીટને બેટરી સાથે જોડી ચકાસતા તેના દરેક ઇલેકટ્રોનીક કમ્પાઉન્ટસ ચાલુ સ્થિતિમાં (Working Condition) માં જણાયા.

૭. નમૂના માર્ક એચ–૧ ની ઇલેકટ્રોનિક સરકીટને બેટરી સાથે જોડયા બાદ અગાઉથી પ્રોગ્રામ કરેલ સમયગાળો પુરો થતા ટ્રીગરીંગ ટ્રાન્ઝીસ્ટર (2SC1162) ના આઉટપુટ પર ડીટોનેટરોને ફુટવા માટે જરૂરી વીજપ્રવાહ મળતો નહી હોવાથી ડીટોનેટરો એક્ષપ્લોડ થઇ શકેલ ન હતા તેવુ જણાયેલ છે

૮. નમૂના માર્ક એચ–૧ની ઇલેકટ્રોનિક સરકીટને બેટરી સાથે જોડી પ્રાયોગીક રીતે અવલોકન કરતા સદરહુ નમૂનાની સર્કીટના ટ્રીગરીંગ ટ્રાન્ઝીસ્ટર (2SC1162) આશરે ૨૪ કલાક ના સમયગાળા બાદ ટ્રીગર થતો જોવા મળેલ.

૯. નમૂના માર્ક એચ –૧ની ઇલેકટ્રોનિક સરકીટનો ઉપયોગ બોમ્બ બનાવવાની રચનામાં ટાઇમર ડીવાઇસ તરીકે થઇ શકે

૧૦. નમૂના માર્ક આઇ–૧ નો ઉપયોગ નમૂનો એચ–૧ ની સર્કીટને વીજપ્રવાહ પુરો પાડવા થઇ શકે.

૧૧. નમૂના માર્ક આઇ–૧ ની બેટરી ચાલુ સ્થિતિમાં હતી તથા તેનો આઉટપુટ વોલ્ટેજ આશરે ૮.૫ વોલ્ટ હતા.

૧૨. નમૂના માર્ક ઇ–૨ ના છરામાં મુખ્ય ધાતુ તરીકે આર્યન (Iron) ની હાજરી જોવા મળેલ.

૧૩. નમૂના માર્ક ઇ –૨ ના ધાતુના છરાનો ઉપયોગ બોમ્બ બનાવવાની રચનામાં પ્રોજેકટાઇલ તરીકે થઇ શકે

૧૪. નમૂના માર્ક એચ–૨ ની સરકીટ મુખ્યત્વે PIC 16F628A પ્રોગ્રામેબલ ફલેશ પ્રકારની IC, COB (Clock On Board) ટ્રીગરીંગ ટ્રાન્સીસ્ટર 2SC1162, ઝેનર ડાયોડ, રેસીસટન્સ, કેપેસીટર્સ વગેરેની બનેલી હતી.

૧૫. નમૂના માર્ક એચ–૨ ની સર્કીટમાં રહેલ PIC 16F628A ઈલેકટ્રીકલ પ્રોગ્રામેબલ ફલેશ પ્રકારની IC નુ EPROM READER હાર્ડવેર અને સોફટવેર પ્રોગ્રામની મદદથી રીડ કરતા સદર IC કોડ પ્રોટેકટેડ હોવાનુ જણાયેલ.

૧૬. નમૂના માર્ક એચ–૨ ની સરકીટમાં રહેલ COB (Clock On Board) ૦.૫ હર્ટઝની ફ્રિકવન્સી જનરેટ કરે છે જે માઈક્રોકન્ટ્રોલરની પીન નં.૩ ઉપર આપે છે.

૧૭. નમૂના માર્ક એચ–૨ ની ઈલેકટ્રોનિક સરકીટને બેટરી સાથે જોડી ચકાસતા તેના દરેક ઈલેકટ્રોનિક કમ્પાઉન્ટસ ચાલુ સ્થિતિમાં (Working Condition) માં જણાયા.

૧૮. નમૂના માર્ક એચ–૨ ની ઈલેકટ્રોનિક સરકીટને બેટરી સાથે જોડયા બાદ અગાઉથી પ્રોગ્રામ કરેલ સમયગાળો પુરો થતા ટ્રીગરીંગ ટ્રાન્ઝીસ્ટર (2SC1162) ના આઉટપુટ પર ડીટોનેટરોને ફુટવા માટે જરૂરી વીજપ્રવાહ મળતો નહીં હોવાથી ડીટોનેટરો એક્ષપ્લોડ થઈ શકેલ ન હતા તેવુ જણાયેલ છે.

૧૯. નમૂના માર્ક એચ –૨ ની ઈલેકટ્રોનિક સરકીટને બેટરી સાથે જોડી પ્રાયોગીક રીતે અવલોકન કરતા સદરહુ નમૂનાની સર્કીટના ટ્રીગરીંગ ટ્રાન્ઝીસ્ટર (2SC1162) આશરે ૨૪ કલાક ના સમયગાળા બાદ ટ્રીગર થતો જોવા મળેલ.

૨૦. નમૂના માર્ક એચ –૨ ની ઈલેકટ્રોનિક સરકીટનો ઉપયોગ બોમ્બ બનાવવાની રચનામાં ટાઈમર ડીવાઈસ તરીકે થઈ શકે.

૨૧. નમૂના માર્ક આઈ–૨ નો ઉપયોગ નમૂનો એચ–૨ ની સર્કીટને વિજપ્રવાહ પુરો પાડવા થઈ શકે.

૨૨. નમૂના માર્ક આઈ–૨ ની બેટરી ચાલુ સ્થિતિમાં હતી તથા તેનો આઉટપુટ વોલ્ટેજ આશરે ૮.૫ વોલ્ટ હતા.

૨૩. નમૂના માર્ક ઈ–૩ ના છરામાં મુખ્ય ધાતુ તરીકે આર્યન (Iron) ની હાજરી જોવા મળેલ.

૨૪. નમૂના માર્ક ઈ –૩ ના ધાતુના છરાનો ઉપયોગ બોમ્બ બનાવવાની રચનામાં પ્રોજેકટાઈલ તરીકે થઈ શકે.

૨૫. નમૂના માર્ક એચ–૩ ની સરકીટ મુખ્યત્વે PIC 16F628A પ્રોગ્રામેબલ ફલેશ પ્રકારની IC, COB (Clock On Board), ટ્રીગરીંગ ટ્રાન્સીસ્ટર 2SC1162 ઝેનર ડાયોડ, રેસીસટન્સ, કેપેસીટર્સ વગેરેની બનેલી હતી.

૨૬. નમૂના માર્ક એચ–૩ ની સર્કીટમાં રહેલ PIC 16F628A ઈલેકટ્રીકલ પ્રોગ્રામેબલ ફલેશ પ્રકારની IC નુ EPROM READER હાર્ડવેર અને સોફટવેર પ્રોગ્રામની મદદથી રીડ કરતા સદર IC કોડ પ્રોટેકટેડ હોવાનુ જણાયેલ.

૨૭. નમૂના માર્ક એચ–૩ ની સરકીટમાં રહેલ COB (Clock On Board) ૦.૫ હર્ટઝની ફીકવન્સી જનરેટ કરે છે.જે માઈક્રોકન્ટ્રોલરની પીન નં.૩ ઉપર આપે છે.

૨૮. નમૂના માર્ક એચ–૩ ની ઈલેકટ્રોનિક સરકીટને બેટરી સાથે જોડી ચકાસતા તેના દરેક ઈલેકટ્રોનીક કમ્પોન્ટસ ચાલુ સ્થિતિમાં (Working Condition) માં જણાયા.

૨૯. નમૂના માર્ક એચ–૩ ની ઈલેકટ્રોનિક સરકીટને બેટરી સાથે જોડયા બાદ અગાઉથી પ્રોગ્રામ કરેલ સમયગાળો પુરો થતા ટ્રીગરીંગ ટ્રાન્ઝીસ્ટર (2SC1162) ના આઉટપુટ પર ડીટોનેટરોને ફુટવા માટે જરૂરી વીજપ્રવાહ મળતો નહી હોવાથી ડીટોનેટરો એક્ષપ્લોડ થઈ શકેલ ન હતા તેવુ જણાયેલ છે.

૩૦. નમૂના માર્ક એચ –૩ ની ઈલેકટ્રોનિક સરકીટને બેટરી સાથે જોડી પ્રાયોગીક રીતે અવલોકન કરતા સદરહુ નમૂનાની સર્કીટના ટ્રીગરીંગ ટ્રાન્ઝીસ્ટર (2SC1162) આશરે ૨૪ કલાક ના સમયગાળા બાદ ટ્રીગર થતો જોવા મળેલ.

૩૧. નમૂના માર્ક એચ –૩ ની ઈલેકટ્રોનિક સરકીટનો ઉપયોગ બોમ્બ બનાવવાની રચનામાં ટાઈમર ડીવાઈસ તરીકે થઈ શકે.

૩૨. નમૂના માર્ક આઈ–૩ નો ઉપયોગ નમૂનો એચ–૩ ની સર્કીટને વીજપ્રવાહ પુરો પાડવા થઈ શકે.

૩૩. નમૂના માર્ક આઈ–૩ ની બેટરી ચાલુ સ્થિતિમાં હતી તથા તેનો આઉટપુટ વોલ્ટેજ આશરે ૮.૫ વોલ્ટ હતા.

ઉપરોકત પૃથક્કરણના આધારે આ સાહેદે જે અહેવાલ આપેલો તે આ કામે આંક–૫૬૬૧ થી રજૂ કરેલો છે તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ સાહેદની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી છે આ સાહેદે સુરત શહેરમાં બનેલા કુલ–૧૫ બનાવોમાં જે મુદ્દામાલ કબજે કરવામાં આવેલો તે તમામ બનાવોના મુદામાલોનું આ સાહેદે પૃથક્કરણ કરેલુ છે અને આરોપીઓ તરફથી કોઈ ચોકકસ ગુના માટે ઊલટતપાસ કરવામાં આવેલી નથી પરંતુ જનરલ ઊલટતપાસ કરવામાં આવેલી છે. આ સાહેદે ઊલટતપાસમાં જણાવેલી હકીકતો મહિધરપુરા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૨૦૯/૨૦૦૮ ના કામના બનાવ સંબંધે રજૂ કરેલ પુરાવામાં વિગતવાર ચર્ચા કરેલી છે માટે ઊલટતપાસની હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

ત્યારબાદ આ કામે બનાવવાળી જગ્યા ઉપરથી કબજે કરવામાં આવેલ મુદ્દામાલ પૈકીનો અમુક મુદ્દામાલ બીજી રવાનગી નોંધથી પૃથક્કરણ અર્થ એફ.એસ.એલ. ગાંધીનગરને મોકલેલો તે રવાનગી નોંધ આંક–૫૭૨૫ થી રજૂ કરેલ છે જેમાં પોલીસ ઈન્સ્પેકટર કતારગામની સહી છે. આ રવાનગી નોંધમાં જણાવ્યા મુજબના મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારી હેમંતકુમાર ભાલચંદ્ર ભટ્ટને ફરિયાદપક્ષે સાહેદ નં.૮૪૬ તરીકે આંક–૫૮૩૮ થી તપાસેલ છે. તેઓની સરતપાસ મુજબ તા.૧૪/૮/૨૦૦૮ ના રોજ કતારગામ પોલીસ સ્ટેશનના સેકન્ડ ગુના રજીસ્ટર નં.૨૦૩/૨૦૦૮ ના કામનો મુદ્દામાલ રવાનગી નોંધ સાથે તેઓને સોંપવામાં આવેલો. સાહેદને કુલ પાંચ માર્સેલ મળેલ તે મુજબ...

– એફ/૧, જી/૧, એફ/૨, જી/૨ અને એફ/૩ પ્લાસ્ટિકની એક નાની ડબ્બીમાં રૂથી વીંટાળેલ એક સફેદ ચળકતી ધાતુનો ઉપર રબ્બરની કેપ લગાડેલ સફેદ રંગના બે વાયર ધરાવતો ડીટોનેટર જે ચીકાસયુકત પદાર્થ સાથે હતો.

ઉપરોકત નમૂનાઓનું પૃથક્કરણ પ્રમાણિત રાસાયણિક પધ્ધતિઓ દ્વારા કરેલું અને પૃથક્કરણના પરિણામ મુજબ...

(૧) નમૂના માર્ક–એફ/૧, જી/૧, એફ/૨, જી/૨ તથા એફ/૩ માં એમોનિયમ નાઈટ્રેટ, નાઈટ્રેટ લેડ તથા એઝાઈડ મુલકો પી.ઈ.ટી.એન (હાઈએક્ષપ્લોજીવ) તેમજ પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સ ઓઈલ (પેરાફીન પ્રકાર) ની હાજરી શોધાયેલ છે.

ઉપરોકત પૃથક્કરણ આધારે સાહેદના અભિપ્રાય મુજબ...

૧. રાસાયણિક પૃથક્કરણના પરિણામમાં શોધાયેલ એમોનિયમ નાઈટ્રેટ તથા પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સ ઓઈલનું મિશ્રણએ એમોનિયમ નાઈટ્રેટ બેઝ–એમોનિયમ નાઈટ્રેટ–ફ્યુઅલ ઓઈલ (એનફો) હાઈએક્ષપ્લોજીવના ઘટકો છે જેને ફોડવા માટે ડીટોનેટરનો ઉપયોગ થાય છે.

૨. પૃથક્કરણના પરિણામમાં શોધાયેલ લેડ એઝાઈડ અને પી.ઈ.ટી.એન (હાઈએક્ષપ્લોજીવ) નો ઉપયોગ બ્લાસ્ટીંગ કેપ (ડીટોનેટર)મા થાય છે.

ઉપરોકત પૃથક્કરણના આધારે આ સાહેદે જે અહેવાલ આપેલો તે આ કામે આંક–૫૮૬૪ થી રજૂ કરેલો છે તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ સાહેદની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી છે તે ધ્યાને લેતા આ સાહેદે સુરત બોમ્બ પ્લાન્ટેશનના બનાવોવાળી જગ્યાઓનું નિરીક્ષણ કરેલુ છે તથા કેટલાક મુદ્દામાલનું પૃથક્કરણ પણ કરેલુ છે અને તે જ રીતે અમદાવાદ ખાતે થયેલ બોમ્બ બ્લાસ્ટના બનાવોવાળી જગ્યાઓનું નિરીક્ષણ કરેલુ છે તથા કેટલાક મુદ્દામાલનું પૃથક્કરણ પણ કરેલુ છે. આ સાહેદની ઊલટતપાસ આરોપીઓ તરફથી કોઈ ચોકકસ ગુના સબંધે કરેલ નથી પરંતુ તમામ બનાવો સબંધે સંયુકત ઊલટતપાસ કરેલ છે. આ સાહેદે ઊલટતપાસમાં જણાવેલી હકીકતોની ચર્ચા અમદાવાદના શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ ના બનાવના કામે આ ચુકાદામાં જે પુરાવા રજૂ થયેલા છે તે દરમ્યાન વિગતવાર કરવામાં આવેલી છે જેથી ઊલટતપાસની હકીકતનું પુનરાવર્તન કરવામાં આવેલ નથી.

ત્યારબાદ આ કામે તપાસ કરનાર અધિકારીશ્રી એન.બી.પરમાર મદદનીશ પોલીસ કમિશનરે બનાવવાળી જગ્યા ઉપર નકશો બનાવવા માટે મામલતદાર, સુરત શહેરને એક યાદી લખેલી જે યાદી આ કામે આંક–૭૫૭૭ થી રજૂ કરેલી છે અને નાયબ પોલીસ અધીક્ષકશ્રી એન.બી.પરમારનાઓને સાહેદ નં.૧૧૫૪ તરીકે તપાસેલ છે તેઓએ તેઓની જુબાનીમાં તેમની સહી ઓળખી બતાવેલી છે.

આંક–૭૫૭૭ વાળી યાદીના આધારે સર્કલ ઓફિસર હિતેન્દ્રકુમાર ગુલાબભાઈ નાયકનાઓએ ગુનાવાળી જગ્યા ઉપર જઈ નકશો બનાવેલો તેઓને આ કામે સાહેદ નં.૧૦૮૭ તરીકે આંક–૭૫૫૭ થી તપાસેલા છે. તેમની સરતપાસ પ્રમાણે તેઓને તપાસ કરનાર અધિકારીશ્રી એન.બી.પરમાર દ્વારા કતારગામ ગજેરા સર્કલની અંદરના ભાગે બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલો તે જગ્યા ઉપર જઈ નકશો બનાવવા માટેની યાદી મળેલી તે આંક–૭૫૭૭ ની યાદી મળ્યા બાબતે યાદી ઉપર તેમણે પોતાની સહી ઓળખી બતાવી છે અને તે યાદીના આધારે સ્થળ ઉપર જઈ નકશો બનાવેલો તે નકશો આ કામે આંક–૭૫૭૮ થી રજૂ કરેલો છે જેમા આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. સદર નકશામાં જે જગ્યાએથી બોમ્બ મળી આવેલો તે જગ્યા લાલ કલરથી બતાવેલી છે.

આ સાહેદની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી છે તે ધ્યાને લેતા આ સાહેદે સુરત બોમ્બ પ્લાન્ટેશનના બનાવોવાળી જગ્યાઓનું નિરીક્ષણ કરીને નકશાઓ બનાવેલા છે. આ સાહેદની ઊલટતપાસ આરોપીઓ તરફથી કોઈ ચોકકસ ગુના સંબંધે કરેલ નથી પરંતુ તમામ બનાવો સબંધે સંયુકત ઊલટતપાસ કરેલ છે. આ સાહેદે ઊલટતપાસમાં જણાવેલી હકીકતોની ચર્ચા સુરત શહેરના મહિધરપુરા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૨૦૯/૨૦૦૮ ના બનાવના કામે આ ચુકાદામાં જે પુરાવા રજૂ થયેલા છે તે દરમ્યાન વિગતવાર કરવામાં આવેલી છે જેથી ઊલટતપાસની હકીકતનું પુનરાવર્તન કરવામાં આવેલ નથી.

(૫૬.૦૧) **<u>કતારગામ પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૨૦૩/૨૦૦૮ ના કામે બનાવ નં.૧ ને સમર્થન માટે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકનઃ–</u>**

આમ, કતારગામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કતારગામ ગજેરા સર્કલની અંદરના ભાગે બોમ્બ બ્લાસ્ટના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલ છે તે માટે ફરિયાદપક્ષ દ્વારા ભરત અંબાલાલ પટેલને સાહેદ નં.૫૫૨ તરીકે આંક–૩૦૧૬ થી તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે તેઓ કતારગામ વિસ્તારમાં ગીતા ટ્રેડર્સ નામથી દુકાન રાખી વેપાર કરે છે. તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ તેઓ દુકાને આવેલા બપોરે આશરે ત્રણેક વાગ્યાના સુમારે તેમના મિત્ર રસીકભાઇ તેમની દુકાને આવેલા તે વખતે ગજેરા સર્કલ રેલીંગની અંદરના ભાગે ઘાસ કાપતા માણસોમાથી આશરે પચ્ચીસેક વર્ષની ઉંમરના એક માણસે જણાવેલ કે ગજેરા સર્કલ જ્યાં ઘાસ છે ત્યાં બોમ્બ જેવુ કાંઇ દેખાય છે જેથી આ સાહેદે પોલીસ કન્ટ્રોલ રૂમમા તે અંગે જાણ કરતા થોડીવારમાં પોલીસના તથા બોમ્બ સ્કવોર્ડના માણસો આ સ્થળે આવેલા અને આ જગ્યાએ થતી અવર–જવર અટકાવેલ અને જગ્યા કોર્ડન કરેલી અને તે સ્થળેથી જુદા–જુદા કલરના ત્રણ બોમ્બ મળી આવેલા જેને ત્યાં હાજર બોમ્બ સ્કવોર્ડના માણસોએ નિષ્ક્રિય કરેલા અને તેને જતી વખતે પોલીસ લઇ ગયેલા તેમ જણાવે છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો જયાં સુધી વસ્તુને ચોકકસ વાસ્તવિક રૂપમાં ના જોઈએ ત્યાં સુધી તે વસ્તુ શું છે તે કહી શકાય નહીં તે કબૂલ કરે છે. પોલીસ સ્થળ ઉપર આવીને જતી રહી તે વચ્ચેનો સમયગાળો એક કલાકનો હતો. આ સમયગાળા દરમ્યાન દુકાન ઉપર હતા તેમ જણાવે છે. પોલીસના કહેવાથી ખોટી જુબાની આપે છે તે હકીકત નકારેલી છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી વિઠ્ઠલભાઈ દેવરાજભાઈ બોદરાને સાહેદ નં.૫૮૧ તરીકે આંક–૩૧૧૪ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે જુલાઇ ૨૦૦૮ ના અરસામા તેઓ પુણાગામવાળા સ્થળે રહેતા અને મધુબેન કાર ડેપોમા કામ કરતા હતા. તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ ગજેરા

સર્કલ પાસે રહેતા તેમના મિત્ર ભરતભાઇને મળવા તેમની દુકાને ગયેલા અને તેમની દુકાને હતા તે અરસામા પચ્ચીસેક વર્ષની ઉંમરના એક ઇસમે જણાવેલ કે ગજેરા સર્કલ પાસે બોમ્બ મુકેલ હોવાનુ જણાય છે આથી આ સાહેદના મિત્ર ભરતભાઇએ ૧૦૦ નંબર ઉપર ફોન કરતા ત્યાં પોલીસ અને બોમ્બ સ્કવોર્ડના માણસો આવેલા અને ત્યા ભેગા થયેલા લોકોના ટોળાના માણસોને દુર કરેલા તે જગ્યાએથી ત્રણ બોમ્બ મળી આવતા બોમ્બ સ્કવોર્ડના માણસોએ તે બોમ્બ નિષ્ક્રિય કરવાની કાર્યવાહી કરેલ અને તે બાદ ત્યાંથી મળેલ ચીજવસ્તુઓ લઇ ત્યાથી નીકળી ગયેલાં તેમ જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી અશ્વિન પ્રાગજી પટેલને સાહેદ નં.૬૧૫ તરીકે આંક–૩૨૫૧ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે ૨૦૦૮ ના જુલાઇ માસમા સુરત મહાનગરપાલિકા, નોર્થ ઝોન, આરોગ્ય વિભાગની કચેરીમા મદદનીશ આરોગ્ય નિરીક્ષક તરીકે ફરજ બજાવતા હતા. તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ તેમના તાબા હેઠળની વોર્ડ કચેરીએથી સવારે ગજેરા સર્કલની આજુબાજુ બહારના ભાગે ઘાસ કાઢવા માટે કામદારો મુકવામા આવેલા તથા સર્કલની અંદર તેની જાળવણી કરતા સ્પોન્સરના માણસો ઘાસ કાપવાની કામગીરી પણ કરતા હતા. તેઓ સવારના લગભગ સાડા અગિયાર વાગે ઘરે જમવા ગયેલા પછી પાછા આશરે બે વાગ્યાની આસપાસ ગજેરા સર્કલ પાસે આવેલા તે વખતે બીજા માણસો પણ કામ પર આવી ગયેલા. આ વખતે સર્કલ ફરતે તેમના માણસો જયેશ ભીખાભાઇ રાઠોડ, દિનેશ રામજીભાઇ ડાભી, દિનેશ કરશન જોગડિયાનાઓ સર્કલની બહાર રેલીંગને અડીને આવેલ કચરો સાફ સફાઇ તથા ઘાસ કાપતા હતા તે વખતે આશરે પોણા ત્રણેકના સુમારે કામ કરતા મજુરોને અલગ–અલગ જગ્યાએ પાર્સલ જેવુ પેકીંગ જોવા મળેલુ ત્યાં અંદરના ભાગે કામ કરતા લાલુભાઇ શાંતુભાઇ ડામોરનાઓએ આ સાહેદને આવી જણાવેલ અને તેમના મજુરોએ પણ આવી જણાવેલ અને વાત કરેલી. આ સાહેદે જોયેલ તો વરાછા વિસ્તારમાથી મળી આવેલ બોમ્બ જે ટી.વી.મા બતાવતા હતા તેવુ લાગતા આ પડેલ પાર્સલો બોમ્બ છે તેવુ માનેલ. આ સાહેદના મોબાઇલમા

બેલેન્સ ઓછુ હોવાથી ગજેરા સર્કલની બાજુમા આવેલ ભરતભાઇની દુકાને ગયેલા અને તેમને ત્યાથી કન્ટ્રોલ રૂમને ફોન કરેલો અને મજૂરોને ત્યાથી હટાવી લીધેલા. થોડીવારમા ત્યાં પોલીસે આવીને ગજેરા સર્કલને કોર્ડન કરી બોમ્બ નિષ્ક્રિય કરવાવાળા અને અધિકારીને બોલાવી લીધેલ ત્યાં પોલીસે જરૂરી કામગીરી કરી બોમ્બ નિષ્ક્રિય કરેલ અને પછી કબ્જે કરેલા તેમ જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો તેઓ કામ પુરતા ગજેરા સર્કલ જાય છે તો તે હકીકત નકારી છે. અગાઉ બોમ્બ જોયેલો નથી અને તેના પ્રકાર વિશે કહી શકે તેમ નથી. પોલીસે બનાવવાળી જગ્યાને કોર્ડન કરેલી અને તેઓ વીસ ફુટ દુર ઉભા રહેલાનું જણાવે છે. તા.૨૮/૭/૨૦૦૮ ના રોજ સુરતની બહાર હતા તો તે હકીકત નકારે છે. બનાવવાળા સ્થળે કોઈ શંકાસ્પદ વસ્તુ જોયેલી નથી તો તે હકીકત નકારે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી દીનેશભાઈ જેતાજીભાઈ પ્રજાપતિને સાહેદ નં.૬૧૯ તરીકે આંક–૩૨૬૦થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ સને ૨૦૦૮ ના છ વર્ષ અગાઉથી કતારગામ વિસ્તારમા આવેલ ગજેરા સર્કલની બાજુમા મહાલક્ષ્મી પાન એન્ડ કોલ્ડ્રીંકસ સેન્ટર નામે ધંધો કરતા આવેલા. તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ તેઓ ગલ્લે આવેલા બપોરના લગભગ અઢી પોણા ત્રણેક વાગ્યાની આસપાસ તેમના ગલ્લાની સામે આવેલ ગજેરા સર્કલના અંદર ઘાસ કાપતા મજૂરોને બોમ્બ જોવા મળેલા તેને નિષ્ક્રિય બનાવવામા આવેલા. પોલીસ બીજી કામગીરી કરતી હતી તેમ જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી રસીકભાઈ ખોડાભાઈ પટેલને સાહેદ નં.૬૪૬ તરીકે આંક–૩૨૯૧ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે સને–૨૦૦૮ના વર્ષમા પીનાલી ઈલેક્ટ્રીકલ નામની ઈલેક્ટ્રીક રીપેરીંગની દુકાન હતી. ગજેરા સર્કલ પાસે તેમના મિત્ર ભરતભાઇ અંબાલાલ પટેલની પ્લાસ્ટિકની દુકાન આવેલ છે. તા.૨૯/૭/૨૦૦૮ ના દિવસે તેમના મિત્ર ભરતભાઇની દુકાને ગયેલ ત્યાં હતા ત્યારે એક છોકરો દોડતો દોડતો આવેલો અને કહેલ કે આ સર્કલ ઉપર મહેંદીની વાડ છે ત્યાં આગળ બોમ્બ છે

તેવી જાણ થતા આ સાહેદ ત્યાં જોવા ગયેલા ત્યાં જોયુ તો બોમ્બ હતો. આ સાહેદે ભરતભાઇને જાણ કરેલી કારણ કે ત્યાં આગળ વધુ અવર જવરવાળો પબ્લીકનો રસ્તો હતો આગળના દિવસે ટી.વી. માધ્યમોમાં પોલીસ ચેતવણીની જાહેરાત હતી તેથી પોલીસની મદદરૂપે ભરતભાઇએ પોલીસને ફોન કરેલો પછી પોલીસ આવી ગયેલી અને બીજા સ્કવોર્ડના માણસો આવી ગયેલા ત્યાં પબ્લીક ભેગી થયેલી હતી તેને પોલીસે દુર કરેલી તેમ જણાવે છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા બોમ્બ અંગે કોને જાણ કરવી જોઇએ તેવુ છોકરાઓને પુછેલુ નથી. છોકરાએ વાત કર્યા પછી ભરતભાઇએ પોલીસને ફોન કરેલો નથી. ભરતભાઇએ વાત કરેલી કે ગજેરા સર્કલના અંદરના ઘાસમાં બોમ્બ છે. ટીવીના માધ્યમોમા પોલીસે આપેલ ચેતવણીની જાહેરાત હતી તેથી પોલીસને મદદરૂપ થવા ભરતભાઇએ પોલીસને ફોન કરેલો તે હકીકત પોલીસ જવાબમાં લખાવેલ નથી. દુરથી જોયુ તો પોલીસ વાયરો કાપતી હતી, વાયરો કાપનાર ડ્રેસમાં હતા. આ સિવાય બીજી કોઈ હકીકત ઊલટતપાસમાં નીકળી આવતી નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી દીનેશભાઈ કરસનભાઈ જોગડીયાને સાહેદ નં.૬૪૮ તરીકે આંક–૩૨૯૪ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ નગરપાલીકામાં સફાઇ કામદાર તરીકે છેલ્લા નવ વર્ષથી ફરજ બજાવે છે. ૨૦૦૮ના અરસામા તેઓ ગજેરા સર્કલ ખાતે નોકરી કરતા હતા, તેમના અધિકારીનુ નામ અશ્વિનભાઇ પટેલ હતુ. આ સાહેદ ગજેરા સર્કલ પાસે બોમ્બ જોયેલા ત્યારે સફાઇ કરતા હતા. આ બાબતે આ સાહેદે તેમના સાહેબને જાણ કરેલી અને તે વખતે તેમની સાથે જયેશભાઇ ભીખુભાઇ તથા બીજા હતા. તેઓએ થેલીમા બોમ્બ હોવાનુ જોતા તેમના સાહેબને જાણ કરતા તેમણે કતારગામ પોલીસ કન્ટ્રોલમાં ફોનથી જાણ કરેલી તેમ જણાવે છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઇએ તો આ સાહેદ સર્કલની બહાર કામ કરતા હતા અને જયેશભાઇ, ભીખુભાઇ સર્કલની અંદર કામ કરતા હતા તે હકીકત પોલીસ જવાબમાં લખાવેલી નથી. બોમ્બ હોવાની વાત જયેશભાઇએ કરેલાની હકીકત

નકારેલી છે. આ સિવાય બીજી કોઈ હકીકત ઊલટતપાસમાં નીકળી આવતી નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી વી.જે.રાઠોડને સાહેદ નં.૭૬૮ તરીકે આંક–૩૫૭૨ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે જુલાઇ–૨૦૦૮ના અરસામા તેઓ કતારગામ પોલીસ સ્ટેશનમાં પોલીસ સબઇન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા. તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ પોલીસ ઇન્સ્પેકટરશ્રી કે.એસ.પટેલ તથા બીજા પોલીસ ઇસમો સાથે પેટ્રોલીંગમા હતા દિવસ દરમ્યાન આ દિવસ અગાઉ અમદાવાદમાં બોમ્બ બ્લાસ્ટની ઘટના બનેલ તથા વરાછા, કાપોદ્રા વિસ્તારમા બોમ્બ મળી આવવાની ઘટના બનેલ તે કારણોસર તકેદારીના ભાગરૂપે તે દિવસે પેટ્રોલીંગમા હતા દરમ્યાન બપોરે ૨–૫૫ વાગ્યાના અરસામા પોલીસ ઇન્સ્પેકટરશ્રીને કન્ટ્રોલ રૂમમાથી વર્ધી મળેલ અને તે સમાચાર પ્રમાણે કતારગામ ગજેરા સર્કલમા બોમ્બ મુકાયેલ હોવાની વિગત મળતા તેઓ બધા તે જગ્યાએ પહોચી તે વિસ્તાર કોર્ડન કરી અને તે જગ્યાએ લોકોના ટોળાંને દુર હટાવવાની કામગીરી કરેલ. તેમજ પોલીસ ઇન્સ્પેકટરશ્રીએ બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડ તથા એફ.એસ.એલ.ના માણસો તથા પંચોના માણસોને બોલાવવાની કામગીરી આદરતા આ લોકો સ્થળ ઉપર આવેલા. આ જગ્યાએ આવેલ બગીચાની મધ્યમા લાઇટના થાંભલાથી થોડે દુર સર્કલની રેલીંગના ફુલઝાડની વચ્ચે એક પોપટી કલરની પ્લાસ્ટિકની કોથળીમા અર્ધ ચંદ્રાકારના ડબ્બા જેવુ પેકીંગ કરેલ વસ્તુ મળેલ જે શંકાસ્પદ જણાયેલ, એવી જ વસ્તુ વરાછા, કાપોદ્રા વિસ્તારમાથી અગાઉ મળેલ. બાદ તે સ્થળથી નજીક પશ્ચિમ છેડે ફુલઝાડમા નીચે બીજુ પેકીંગવાળુ પાર્સલ જોવા મળેલ અને ત્યાં સર્કલમા રેલીંગની ઉત્તરે ફુલઝાડમા તેજ પ્રકારના આકારનુ બીજુ એક કાળા કલરનુ પેકીંગવાળુ પાર્સલ જણાયેલ. આ ત્રણેય વસ્તુઓ શંકાસ્પદ જણાયેલ, જે ત્રણેય વસ્તુઓ પંચોની હાજરીમા બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડ તથા એફ.એસ. એલ. ના અધિકારીઓએ જોયેલ અને તેમાથી મળેલ બોમ્બ ડીફયુઝ કરેલ. સાહેદ વધુમાં જણાવે છે કે આ મળેલ વસ્તુઓમાથી એફ.એસ.એલ. અધિકારીશ્રી

પટેલની સુચના મુજબ દરેક વસ્તુમાથી એક એક ડીફ્યુઝ ડીટોનેટર તેમજ કુલ ૧૦ નંગ છરા તેમજ વુડન ફ્રેમ, ઈલેકટ્રીક સર્કીટ, બેટરી અને એમોનિયમ નાઈટ્રેટનો કેટલોક પદાર્થ મુદ્દામાલ તરીકે પંચનામાની વિગતે કબ્જે લેવામા આવેલો અને સીલ કરવામા આવેલો તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો ફરજની વહેંચણી પોલીસ ઇન્સ્પેકટર સાહેબ કરે છે. ડયુટી વહેંચણીનું રજીસ્ટર હોય છે તે કબૂલ કરે છે. બનાવના દિવસે પેટ્રોલીંગમાં હોવાનો કોઈ આધાર નથી તેમ જણાવે છે. બનાવની જાણ પોલીસ ઇન્સ્પેકટરને થઈ ત્યારે તેમની સાથે પેટ્રોલીંગમાં હતા, ચોકકસ કયા સ્થળે હતા તે કહી શકે તેમ નથી. જે વ્યકિતને મેસેજ મળે તેની નોંધ લોગબુકમાં કરવામાં આવે છે. મેસેજ મળ્યા પછી પાંચ થી દસ મિનિટમાં બનાવવાળા સ્થળે પહોંચેલા. બનાવની જાણ કન્ટ્રોલમાં કોને અને કેવી રીતે કરેલી તે જાણતા નથી. સર્કલની એક બાજુએ ગાર્ડન અને બીજી બાજુએ રેસીડન્સ છે. બનાવ વાળા સ્થળે શંકાસ્પદ વસ્તુ સંબંધે અન્ય કોઈની મદદ મેળવેલી નથી. મારા મત પ્રમાણે મદદ મેળવવાની પણ ન હોય આવી કોઈ શંકાસ્પદ વસ્તુ મળે ત્યારે પોલીસે કામગીરી કરવાની હોય છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા સ્થળ ઉપર વીડિયોગ્રાફી કે ફોટોગ્રાફી કરાવવામાં આવેલી નથી. બી.ડી.એસ. ટીમ અને એફ.એસ.એલ. ટીમના માણસો આગળ પાછળ આવેલા કે કેમ તે યાદ નથી. બી.ડી.એસ. ટીમ અને એફ.એસ.એલ. ટીમે કાર્યવાહી કરી તે વખતે ત્યાં પોલીસ અધિકારી હાજર ન હતા. બોમ્બ ડીફ્યુઝલમાં શું પ્રોસેસ કરેલો તેનો ખ્યાલ નથી. બોમ્બ ડીફ્યુઝ થતા પહેલા બોમ્બ જોયેલા હતા. બનાવવાળા સ્થળ ઉપર ફરજ બજાવતા ન હતા કે તેમની હાજરીમાં આવી કોઈ કાર્યવાહી થયેલી નથી તો તે હકીકત નકારે છે. આમ આ સાહેદની સમગ્ર ઊલટતપાસ ધ્યાને લેતા આરોપીઓને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત નીકળી આવતી નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી પ્રતાપ ભીમબહાદુરને સાહેદ નં.૭૭૨ તરીકે આંક–૩૫૭૭ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ

પ્રમાણે જુલાઇ–૨૦૦૮ના અરસામા કતારગામ પોલીસ સ્ટેશનમાં અનાર્મ પોલીસ કોન્સ્ટેબલ તરીકે સર્વેલન્સ સ્કવોર્ડમાં ફરજ બજાવતા હતા. તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ પોલીસ ઇન્સ્પેકટર સાહેબની સુચના મુજબ તકેદારીના ભાગ રૂપે તેઓ તથા અન્ય કર્મચારીઓ પેટ્રોલીંગમા હતા દરમ્યાન બપોરે ત્રણેક વાગે પી.એસ.ઓ. તરફથી જાણ કરવામા આવેલી કે કન્ટ્રોલ રૂમમાથી વર્ધી આવેલ છે કે કતારગામ ગજેરા સર્કલમા બોમ્બ છે આવી જાણ પોલીસ ઇન્સ્પેકટરશ્રીને થતા પેટ્રોલીંગના માણસોને ગજેરા સર્કલ મોકલવાનુ જણાવેલ આથી તેઓ તથા અન્ય કર્મચારીઓ ત્યાં ગયેલા. તેઓ તથા અન્ય પોલીસ કર્મચારીઓએ પોલીસ ઇન્સ્પેકટરની સુચના મુજબ ગજેરા સર્કલ કોર્ડન કરેલ અને લોકોના ટોળાને ખસેડેલ. બી.ડી.એસ. સ્કવોર્ડ તથા એફ.એસ.એલ.ને બોલાવવા તજવીજ કરવામા આવેલી. ત્યાં ગજેરા સર્કલની અંદર બગીચામા એક પોપટી કલરની પ્લાસ્ટિકની કોથળીમા શંકાસ્પદ વસ્તુ જણાયેલ. બાદ સર્કલના રેલીંગમા પણ પોલીસ ઇન્સ્પેકટર સાહેબે પોલીસના માણસો મારફતે તપાસ કરાવતા બીજી બે આવા જ પ્રકારની શંકાસ્પદ વસ્તુઓ મળી આવેલ. બી.ડી. એસ. ટીમના અધિકારીએ આવીને આ વસ્તુઓની ખાતરી કરતા તે બોમ્બ હોવાનુ જણાઇ આવેલ. જે ત્રણેય બોમ્બ ડીફ્યુઝ કરવામા આવેલા. દરમ્યાન એફ.એસ. એલ.ના અધિકારીએ પણ આવીને તપાસ કરેલી તેમ જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો ગજેરા સર્કલ આશરે ૧૦૦ મીટરના ઘેરાવામાં છે. પબ્લીકના માણસો અંદાજે કેટલા કુટ દુર ઉભેલા તે કહી શકે તેમ નથી. બનાવવાળા સ્થળ ઉપર કેટલો સમય રોકાયેલા તે યાદ નથી. જે વસ્તુ જોયેલી તે પેકીંગના સ્વરૂપમાં હતી જેથી તે શંકાસ્પદ વસ્તુ લાગેલી. આ સાહેદ બનાવવાળા સ્થળે ગયા ત્યારે પોલીસ ઇન્સ્પેકટર હાજર હતા. બનાવવાળા આ સાહેદ ગયેલા નથી કે ત્યાં કોઈ કાર્યવાહી કરેલી નથી તો તે હકીકત નકારેલી છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી ચંદ્રકાંત છગનલાલ રાવલને સાહેદ નં.૧૦૪૨ તરીકે આંક–૭૦૫૭ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ સુરત શહેરમા એ.સી.પી. (એસ.સી.એસ.ટી.સેલ) તરીકે

તા.૨૧/૫/૨૦૦૮ થી તા.૩૧/૩/૨૦૧૦ સુધી ફરજ ઉપર હતા. તે દરમ્યાન પોલીસ કમિશનર તરફથી તેમના ચાર્જ ઉપરાંત સુરત શહેરના એ.સી.પી. ડી–ડિવીઝન તરીકેનો વધારાનો ચાર્જ સોપેલો હતો જે તા.૨૧/૫/૨૦૦૮ થી તા.૨૬/૨/૨૦૦૯ સુધી સંભાળેલો. તે દરમ્યાન પોલીસ કમિશનરશ્રી, સુરત તરફથી કતારગામ પોલીસ સ્ટેશન સેકન્ડ ગુ.ર.નં.૨૦૩/૨૦૦૮ ના કામની તપાસ સોંપેલી જે તપાસ તેઓએ કતારગામ પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર કે.એસ.પટેલ સાહેબ પાસેથી તા.૪/૮/૨૦૦૮ ના રોજ સંભાળેલી અને આ ગુનાના તપાસના કાગળોમા કે.એસ.પટેલની ફરિયાદ, બનાવવાળી જગ્યાનુ પંચનામુ તથા કે.એસ.પટેલે જે સાહેદોના નિવેદનો લીધા હતા તે તમામ નિવેદનો મળેલા. તપાસ સંભાળ્યા બાદ બનાવના દિવસોના સુરત કોર્પોરેશનના નોર્થ ઝોનના રાત્રીના સમયના સફાઇ કર્મચારીઓ કે જેઓની નોકરી આ બોમ્બ મળ્યા તે વિસ્તારોમા હતી તેમની પુછપરછ કરેલી તથા બીજા શકદારો તથા બોમ્બમાથી મળી આવેલ તમામ ચીજવસ્તુઓની તપાસ કરવા તાબાના કર્મચારીઓને સુચના આપી તપાસ કરાવેલી અને આ ગુનામા બોમ્બ ડિફ્યુઝ વખતે મળી આવેલ ડીટોનેટર નંગ–પની તપાસણી, પૃથક્કરણ કરી અહેવાલ મેળવવા માટે રવાનગી નોંધ તૈયાર કરી આ મુદ્દામાલ એફ.એસ.એલ. ગાંધીનગર તરફ મોકલી આપેલો તેમ જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો બેટરી, છરા, ડીટોનેટર વિગેરે મુદ્દામાલ બાબતે તપાસ કરી રીપોર્ટ કરવા જણાવેલુ તે રીપોર્ટમાં કોઈ ફળદાયક હકીકત મળેલી નહીં. કચેરીમાંથી કોઈ પત્ર મોકલવામાં આવે તો તેની નોંધ જાવક રજીસ્ટરમાં થાય છે તે કબૂલ કરે છે. રવાનગી નોંધ તૈયાર થયા પછી રાઈટર હેડે મુદ્દામાલ લઈ જનારને સુપરત કરેલો તે કબૂલ કરે છે. મુદ્દામાલ રાઈટર હેડે પોતાની પાસે કેવી રીતે સાચવેલો તે અંગે રાઈટર હેડનું નિવેદન લીધુ નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી જેસીંગભાઈ મોહનભાઈ પટેલને સાહેદ નં.૧૧૩૭ તરીકે આંક–૮૧૫૬ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે જુલાઈ–૨૦૦૮ના અરસામા તેઓ પોલીસ હેડક્વાર્ટર ખાતે

બોમ્બ ડિટેકશન એન્ડ બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડમા ફરજ બજાવતા હતા. આ અરસામા તેમની સાથે એ.એસ.આઇ. સુમનભાઇ વનમાળી, મોહનભાઇ ભાયલાભાઇ અને અજયભાઇ માનાભાઇનાઓ પણ ફરજ બજાવતા હતા. તેમની ફરજ પોલીસ હેડ ક્વાર્ટર ખાતે હોય છે અને સુચના મળે તે મુજબ જે તે જગ્યાએ જઇને કામગીરી કરવાની હોય છે. આ સાહેદે બોમ્બ ડિટેકશન અને બોમ્બ ડિસ્પોઝલ અંગેની તાલીમ સુરત ખાતે હેડ ક્વાર્ટરમા તથા કરાઇ એકેડેમી, ગાંધીનગર કે જે પોલીસ તાલીમ શાળા છે ત્યાંથી મેળવેલી હતી. તા.૨૯/૭/ ૨૦૦૮ ના રોજ તેમની ઑફિસે ફરજ ઉપર હાજર હતા દરમ્યાન કતારગામ ગજેરા સર્કલ ખાતે ત્રણ બોમ્બ છે તેવી માહિતી મળતા તે જગ્યાએ ગયેલા અને ત્યા ગજેરા સર્કલની અંદર ત્રણ જુદી–જુદી જગ્યાએ ત્રણ બોમ્બ મળેલા તે ડિફ્યુઝ કરેલા. આ મળી આવેલ તમામ બોમ્બ ડિફ્યુઝ કરી તેમાથી મળી આવેલ ચીજ વસ્તુઓ ડીટોનેટર, બેટરી, ઇલેકટ્રીક સરકીટ, લુગ્દી જેવો પદાર્થ, પેપર, છરા તથા નટ–બોલ્ટ વિગેરે ચીજ વસ્તુઓ અલગ કરેલી અને તેને પણ જે તે સ્થળે ચાર્જમા હાજર પોલીસ અધિકારીને ચાર્જમા સોંપેલ. ઉપરોકત જણાવેલી જે જે જગ્યાઓએ બોમ્બ ડીફ્યુઝ કરવાની કામગીરી કરેલ તે સમયે જરૂરી સેફટી ડ્રેસ તથા હેલ્મેટ પહેરેલ અને બોમ્બ ડિફ્યુઝ કરવા જરૂરી કાળજી રાખેલી, બોમ્બ જીવંત હતા, બોમ્બ ડિફ્યુઝ કરવા માટે સૌપ્રથમ બોમ્બ ઉપરની સેલોટેપ કટરથી કાપેલી ત્યારબાદ ડીટોનેટર, ઇલેકટ્રીક સર્કીટ અને બેટરીના છેડા કટ કરીને અલગ કરેલા. ત્યારબાદ બેટરી અને ઇલેકટ્રીક સર્કીટને અલગ કરેલ. ત્યારબાદ ગેલ્વેનાઇઝનુ પતરૂ ખોલેલુ અને તેમાથી પેપર અલગ કરેલ અને ત્યારબાદ પ્લાસ્ટિકની થેલીમા પીળા કલરનો ચીકણો પદાર્થ હતો તેમાથી ડીટોનેટર અલગ કરેલા બાદમાં તેની નીચેના ભાગમા પ્લાસ્ટિકની થેલીમા જે છરા અને નટ–બોલ્ટ હતા તે થેલીને અલગ કરેલી. બોમ્બમા જે પીળો ચીકણો પદાર્થ પ્લાસ્ટિકની થેલીમા હતો તે આશરે એકાદ કિલોગ્રામના વજનમા હતો તથા નટ–બોલ્ટ અને છરા પણ આશરે એકાદ કિલોગ્રામ વજનમા હતા. બોમ્બનુ સ્ટ્રકચર નાવડી આકારનુ તેમજ અર્ધચંદ્રાકાર હતુ. જે લાકડાની ફ્રેમનુ હતુ અને ઉપર નીચે

ગેલ્વેનાઈઝનુ પતરૂ લગાવીને બનાવેલુ હતુ તેમ જણાવેલ છે. આ સાહેદે ઊલટતપાસમાં જણાવેલી હકીકતો ડી.સી.બી. પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૩૦૧૯/૨૦૦૮ ના કામના બનાવ સંબંધે રજૂ કરેલ પુરાવામાં વિગતવાર ચર્ચા કરેલી છે માટે ઊલટતપાસની હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

આમ, કતારગામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કતારગામ ગજેરા સર્કલની અંદરના ભાગે તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ કલાક ૧૪–૫૫ પહેલા કોઈક વખત બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી કુલ–ત્રણ જગ્યાઓ ઉપર ત્રણ બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલા અને તે જગ્યાઓ ઉપરથી બોમ્બ મળી આવેલા તે હકીકત ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા ઉપરોકત તમામ પુરાવા ઉપરથી સાબીત થાય છે તેમ હું માનુ છું.

(૫૭) **<u>સુરત શહેરમાં વરાછા પોલીસ સ્ટેશનની હકુમતના વિસ્તારમાં બોમ્બ ધડાકા કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલ તે બનાવ નં.૩ ના સંબંધમાં ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન.</u>**

– વિસ્તાર:–વરાછા પોલીસ સ્ટેશનની હદમાં

– સ્થળ:–(૧) વરાછા ઓવરબ્રીજના પોલ નં.૯૮ ઉપર લગાડેલ હોર્ડીંગના લોખંડના એન્ગલ ઉપર

(૨)વરાછા મીનીબજાર મોહનની ચાલમાં અનિલભાઈ ચોકસીના કાંટા પાસે આવેલ વડના ઝાડ ઉપર

(૩)વરાછા મીનીબજાર મોહનની ચાલમાં અનિલ ચોકસીના કાંટા સામે પતરા ઉપર

(૪)મોહનની ચાલીની ઉત્તરે ઓવરબ્રીજ ઉપર
આવેલ હોર્ડીંગમાં
(૫) ભાવના ફોર્ડની ઉત્તરે આવેલ ઓવરબ્રીજ
ઉપર આવેલ હોર્ડીંગમાં

– સમય:– કલાક ૧૭–૩૦
– સેકન્ડ ગુના રજીસ્ટર નં.૩૬૫/૨૦૦૮
– બનાવમાં વપરાયેલ વાહનઃ– નથી

તા.૨૯/૭/૨૦૦૮ નાં રોજ વરાછા પોલીસ સ્ટેશનની હકુમતમાં આવેલ વિસ્તાર (૧) વરાછા ઓવરબ્રિજના પોલ નં.૯૮ ઉપર લગાડેલ હોર્ડીંગના લોખંડના એન્ગલ ઉપર (૨) વરાછા મીનીબજાર મોહનની ચાલમાં અનિલભાઈ ચોકસીના કાંટા પાસે આવેલ વડના ઝાડ ઉપર (૩) વરાછા મીનીબજાર મોહનની ચાલમાં અનિલ ચોકસીના કાંટા પાસે આવેલ વડના ઝાડ સામે પતરા ઉપર (૪) મોહનની ચાલીની ઉત્તરે ઓવરબ્રીજ ઉપર આવેલ હોર્ડીંગમાં તથા (૫) ભાવના ફોર્ડની ઉત્તરે આવેલ ઓવરબ્રીજ ઉપર આવેલ હોર્ડીંગમાં બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલા અને તે જગ્યાઓ ઉપરથી બોમ્બ મળી આવેલ તેની ફરિયાદ રામનાત રામમંગલ આહીર, પોલીસ સબઇન્સ્પેકટર વરાછાએ પોલીસ ઇન્સ્પેકટર વી.બી.પટેલ રૂબરૂ લખાવેલી તેઓને ફરિયાદપક્ષ દ્વારા સાહેદ નં.૫૪૩ તરીકે આંક–૨૭૯૭ થી તપસાવમાં આવેલા છે તેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ અમદાવાદમાં થયેલ બોમ્બ ધડાકા અન્વયે તકેદારીના પગલા રૂપે તેમના રાઈટર મુકેશ ઈશ્વર સાથે માતાવાડી પોલીસ ચોકીના ઈન્ચાર્જ તરીકે પેટ્રોલીંગમાં હતા ત્યાં રહેવાસીઓ તથા દુકાનદારોને સુચના આપવામાં આવેલી હતી કે કોઈ શંકાસ્પદ વસ્તુ જણાય તો પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવો તે દરમ્યાન માહિતી મળેલી કે જે.ડી. રેસ્ટોરન્ટની સામે વરાછા ઓવરબ્રીજ પોલ નં.૯૮ નાં હોર્ડીંગ્સની લોખંડની એન્ગલમાં એક જીવતો બોમ્બ મળેલો છે જેથી તાત્કાલિક આ જગ્યા પર જવા નીકળેલા અને આ અંગેની જાણ પોલીસ ઇન્સ્પેકટર પટેલને

કરેલી તેઓ પણ સ્ટાફ સાથે તરત જ જગ્યા ઉપર આવી ગયેલા સદર જગ્યા ઉપર પબ્લીકના માણસો ભેગા થયેલા તેમને દુર કરેલા. ત્યારબાદ પોલીસ ઈન્સ્પેકટર સાહેબે એફ.એસ.એલ. તથા બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડના માણસોને જાણ કરતા તેઓ પણ આવી ગયેલા. બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડના માણસોએ બોમ્બ ડીફ્યુઝ કરેલો અને તેમાં જે વસ્તુઓ હતી તેમાં એક લાકડાની ફ્રેમ જેની ઉપર–નીચે પતરાની પ્લેટો બેસાડેલી હતી અને તે અર્ધ ચંદ્રાકાર આકારનું બોક્ષ હતુ, એક પ્લાસ્ટિકની પારદર્શક કોથળીમાં એમોનિયમ નાઈટ્રેટ વીથ ફ્યુઅલ હતુ જેનું વજન આશરે એક કિલોથી વધુ હતુ. એક પ્લાસ્ટિકની કોથળીમાં લોખંડના છરા જેનુ વજન એક કિલો ઉપર હતુ, બોક્ષમાંથી પેન્સિલ આકારના વાયર સાથેના બે ડીટોનેટર નીકળેલા, બોક્ષમાંથી સેલોટેપ વીંટાડેલ ગોલ્ડન અને કાળા કલરની ઉપર લાલ કેપવાળી ડ્યુરોસેલ કંપનીની બેટરી હતી, સેલોટેપ વીંટાડેલ એક ઈલેકટ્રોનીક સરકીટ હતી. આ તમામ વસ્તુઓ આછા લીલા કલરની કોથળીમાં પેક કરેલ હતી. આ ઉપરાંત તા.૧૫/૬/૨૦૦૮ ના રોજનુ વડોદરા આવૃત્તિનું ગુજરાત સમાચારનું પેપર હતુ. આ વસ્તુઓમાંથી એફ.એસ.એલ. અધિકારીની સુચના મુજબ ૫૦ ગ્રામ એમોનિયમ નાઈટ્રેટ તથા લોખંડના છરા નંગ–૧૦ અલગ કરેલા અને પંચનામાની વિગતે કબજે કરેલા.

વધુમાં આ સાહેદની સરતપાસ પ્રમાણે ઉપરોકત જગ્યાએથી દક્ષિણે મોહનલાલની ચાલ, અનિલભાઈ ચોકસીના કાંટા સામે આવેલ વડના ઝાડ ઉપર જીવતા બોમ્બની માહિતી મળતા આ સાહેદ ત્યાં પહોંચેલા અને બોમ્બ ડીસ્પોઝલ ટીમે ત્યાંથી પણ એક બોમ્બ ડીફ્યુઝ કરેલો અને તેમાં જે વસ્તુઓ હતી તેમાં એક લાકડાની ફ્રેમ જેની ઉપર–નીચે પતરાની પ્લેટો બેસાડેલી હતી અને તે અર્ધ ચંદ્રાકાર આકારનું બોક્ષ હતુ, એક પ્લાસ્ટિકની પારદર્શક કોથળીમાં એમોનિયમ નાઈટ્રેટ વીથ ફ્યુઅલ હતુ જેનું વજન આશરે એક કિલોથી વધુ હતુ. એક પ્લાસ્ટિકની કોથળીમાં લોખંડના છરા જેનુ વજન એક કિલો ઉપર હતુ, બોક્ષમાંથી પેન્સીલ આકારના વાયર સાથેના બે ડીટોનેટર નીકળેલા, બોક્ષમાંથી સેલોટેપ વીંટાડેલ ગોલ્ડન અને કાળા કલરની ઉપર લાલ કેપવાળી ડ્યુરોસેલ

કંપનીની બેટરી હતી, સેલોટેપ વીંટાડેલ એક ઈલેકટ્રોનિક સરકીટ હતી. આ તમામ વસ્તુઓ આછા લીલા કલરની કોથળીમાં પેક કરેલ હતી. આ ઉપરાંત ગુજરાત સમાચારનું પેપર હતુ. આ વસ્તુઓમાંથી એફ.એસ.એલ. અધિકારીની સુચના મુજબ પ૦ ગ્રામ એમોનિયમ નાઈટ્રેટ તથા લોખંડના છરા નંગ–૧૦ અલગ કરેલા અને પંચનામાની વિગતે કબજે કરેલા.

વધુમાં આ સાહેદની સરતપાસ પ્રમાણે ઉપરોકત જગ્યાએથી અનિલભાઈ ચોકસીના કાંટાની સામે પતરા ઉપર એક બોક્ષ હતુ તે બોક્ષ ઉપર જીવતો બોમ્બ મળ્યાના સમાચાર મળતા આ સાહેદ ત્યાં પહોંચેલા અને બોમ્બ ડીસ્પોઝલ ટીમે ત્યાંથી પણ એક બોમ્બ ડીફયુઝ કરેલો અને તેમાં જે વસ્તુઓ હતી તેમાં એક લાકડાની ફ્રેમ જેની ઉપર–નીચે પતરાની પ્લેટો બેસાડેલી હતી અને તે અર્ધ ચંદ્રાકાર આકારનું બોક્ષ હતુ, એક પ્લાસ્ટિકની પારદર્શક કોથળીમાં એમોનિયમ નાઈટ્રેટ વીથ ફયુઅલ હતુ જેનું વજન આશરે એક કિલોથી વધુ હતુ. એક પ્લાસ્ટિકની કોથળીમાં લોખંડના છરા જેનુ વજન એક કિલો ઉપર હતુ, બોક્ષમાંથી પેન્સીલ આકારના વાયર સાથેના બે ડીટોનેટર નીકળેલા, બોક્ષમાંથી સેલોટેપ વીંટાડેલ ગોલ્ડન અને કાળા કલરની ઉપર લાલ કેપવાળી ડયુરોસેલ કંપનીની બેટરી હતી, સેલોટેપ વીંટાડેલ એક ઈલેકટ્રોનીક સરકીટ હતી. આ તમામ વસ્તુઓ આછા લીલા કલરની કોથળીમાં પેક કરેલ હતી. આ ઉપરાંત ગુજરાત સમાચારનું પેપર હતુ. આ વસ્તુઓમાંથી એફ.એસ.એલ. અધિકારીની સુચના મુજબ પ૦ ગ્રામ એમોનિયમ નાઈટ્રેટ તથા લોખંડના છરા નંગ–૧૦ અલગ કરેલા અને પંચનામાની વિગતે કબજે કરેલા.

વધુમાં આ સાહેદની સરતપાસ પ્રમાણે ઉપરોકત જગ્યાએથી મોહનની ચાલીથી ઉત્તરે ઓવરબ્રિજના સ્ટ્રીટ લાઈટના થાંભલા નં.૩૧ પાસે હોર્ડીંગ્સ ઉપર બે જીવતા બોમ્બ મળેલ તે જગ્યાએ એફ.એસ.એલ. અધિકારી તથા બોમ્બ ડીસ્પોઝલ ટીમે ત્યાંથી પણ બોમ્બ ડીફયુઝ કરેલા અને તેમાં જે વસ્તુઓ હતી તેમાં એક લાકડાની ફ્રેમ જેની ઉપર–નીચે પતરાની પ્લેટો બેસાડેલી હતી અને તે અર્ધ ચંદ્રાકાર આકારનું બોક્ષ હતુ , એક પ્લાસ્ટિકની

પારદર્શક કોથળીમાં એમોનિયમ નાઈટ્રેટ વીથ ફ્યુઅલ હતુ જેનું વજન આશરે એક કીલોથી વધુ હતુ. એક પ્લાસ્ટિકની કોથળીમાં લોખંડના છરા જેનુ વજન એક કીલો ઉપર હતુ, બોક્ષમાંથી પેન્સિલ આકારના વાયર સાથેના બે ડીટોનેટર નીકળેલા, બોક્ષમાંથી સેલોટેપ વીંટાડેલ ગોલ્ડન અને કાળા કલરની ઉપર લાલ કેપવાળી ડ્યુરોસેલ કંપનીની બેટરી હતી, સેલોટેપ વીંટાડેલ એક ઈલેકટ્રોનીક સરકીટ હતી. આ તમામ વસ્તુઓ આછા લીલા કલરની કોથળીમાં પેક કરેલ હતી. આ ઉપરાંત ગુજરાત સમાચારનું પેપર હતુ. આ વસ્તુઓમાંથી એફ.એસ.એલ. અધિકારીની સુચના મુજબ ૫૦ ગ્રામ એમોનિયમ નાઈટ્રેટ તથા લોખંડના છરા નંગ–૧૦ અલગ કરેલા અને પંચનામાની વિગતે કબજે કરેલા.

વધુમાં આ સાહેદની સરતપાસ પ્રમાણે ઉપરોકત જગ્યાએથી હોર્ડીંગ્સની બીજી બાજુએથી બીજો એક બોમ્બ મળેલો તે પણ બોમ્બ ડીસ્પોઝલ ટીમના માણસોએ ડીફ્યુઝ કરેલો અને તેમાં જે વસ્તુઓ હતી તેમાં એક લાકડાની ફ્રેમ જેની ઉપર–નીચે પતરાની પ્લેટો બેસાડેલી હતી અને તે અર્ધ ચંદ્રાકાર આકારનું બોક્ષ હતુ, એક પ્લાસ્ટિકની પારદર્શક કોથળીમાં એમોનિયમ નાઈટ્રેટ વીથ ફ્યુઅલ હતુ જેનું વજન આશરે એક કિલોથી વધુ હતુ. એક પ્લાસ્ટિકની કોથળીમાં લોખંડના છરા જેનુ વજન એક કિલો ઉપર હતુ, બોક્ષમાંથી પેન્સીલ આકારના વાયર સાથેના બે ડીટોનેટર નીકળેલા, બોક્ષમાંથી સેલોટેપ વીંટાડેલ ગોલ્ડન અને કાળા કલરની ઉપર લાલ કેપવાળી ડ્યુરોસેલ કંપનીની બેટરી હતી, સેલોટેપ વીંટાડેલ એક ઈલેકટ્રોનીક સરકીટ હતી. આ તમામ વસ્તુઓ આછા લીલા કલરની કોથળીમાં પેક કરેલ હતી. આ ઉપરાંત ગુજરાત સમાચારનું પેપર હતુ. આ વસ્તુઓમાંથી એફ.એસ.એલ. અધિકારીની સુચના મુજબ ૫૦ ગ્રામ એમોનિયમ નાઈટ્રેટ તથા લોખંડના છરા નંગ–૧૦ અલગ કરેલા અને પંચનામાની વિગતે કબજે કરેલા.

વધુમાં આ સાહેદની સરતપાસ પ્રમાણે ભાવના ફોર્ડની સામે આવેલ ઓવરબ્રીજના હોર્ડીંગ ઉપર લોખંડની એન્ગલમાં એક જીવતો બોમ્બ મળ્યાના સમાચાર મળતા આ સાહેદ ત્યાં પહોંચેલા અને બોમ્બ ડીસ્પોઝલ ટીમે ત્યાંથી

પણ એક બોમ્બ ડીફ્યુઝ કરેલો અને તેમાં જે વસ્તુઓ હતી તેમાં એક લાકડાની ફ્રેમ જેની ઉપર–નીચે પતરાની પ્લેટો બેસાડેલી હતી અને તે અર્ધ ચંદ્રાકાર આકારનું બોક્ષ હતુ, એક પ્લાસ્ટિકની પારદર્શક કોથળીમાં એમોનિયમ નાઈટ્રેટ વીથ ફ્યુઅલ હતુ જેનું વજન આશરે એક કીલોથી વધુ હતુ. એક પ્લાસ્ટિકની કોથળીમાં લોખંડના છરા જેનુ વજન એક કીલો ઉપર હતુ, બોક્ષમાંથી પેન્સીલ આકારના વાયર સાથેના બે ડીટોનેટર નીકળેલા, બોક્ષમાંથી સેલોટેપ વીંટાડેલ ગોલ્ડન અને કાળા કલરની ઉપર લાલ કેપવાળી ડ્યુરોસેલ કંપનીની બેટરી હતી, સેલોટેપ વીંટાળેલ એક ઈલેકટ્રોનીક સરકીટ હતી. આ તમામ વસ્તુઓ આછા લીલા કલરની કોથળીમાં પેક કરેલ હતી. આ ઉપરાંત ગુજરાત સમાચારનું પેપર હતુ. આ વસ્તુઓમાંથી એફ.એસ.એલ. અધિકારીની સુચના મુજબ ૫૦ ગ્રામ એમોનિયમ નાઈટ્રેટ તથા લોખંડના છરા નંગ–૧૦ અલગ કરેલા અને પંચનામાની વિગતે કબજે કરેલા.

આ બનાવોની આ સાહેદે સંયુકત ફરિયાદ આપેલી તે આ કામે આંક–૨૭૯૮ થી રજૂ છે જેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આ સાહેદની રૂબરૂમાં પોલીસ ઈન્સ્પેકટર વી.બી.પટેલે પંચનામાની વિગતે જે મુદ્દામાલ કબજે કરેલો તે તમામ મુદ્દામાલ પણ અદાલત રૂબરૂ વારાફરતી બતાવતા ઓળખી બતાવે છે.

આમ આ ફરિયાદ લીધા બાદ પોલીસ ઈન્સ્પેકટર વી.બી.પટેલે ગુનો રજીસ્ટર કરવા માટે પી.એસ.ઓ. વરાછા પોલીસ સ્ટેશનને મોકલી આપેલ અને પી.એસ.ઓ. વરાછા પોલીસ સ્ટેશનનાઓએ આ ફરિયાદને સ્ટેશન ડાયરીમાં રજીસ્ટર કરેલી તે સ્ટેશન ડાયરીની નકલ આ કામે આંક–૧૬૮૯ થી રજૂ કરેલી છે. તે રજીસ્ટર કરનાર સાહેદ શાંતારામ દીનકરનાઓને સાહેદ નં.૩૨૭ તરીકે આંક–૧૬૮૩ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લેતા તેઓ બનાવના દિવસે પી.એસ.ઓ. તરીકે વરાછા પોલીસ સ્ટેશનમાં ફરજ ઉપર હતા ત્યારે એક સૂચિપત્ર પટેલની સહીથી મોકલવામાં આવેલુ જે સૂચિપત્ર આંક – ૧૬૮૮ થી રજૂ છે તેમાં પોલીસ ઈન્સ્પેકટર પટેલની સહી છે અને આ સૂચિપત્ર

આધારે ગુનો સ્ટેશન ડાયરીમાં એન્ટ્રી નં.૨૦ થી નોંધેલો જેમાં આ સાહેદે વધુ તપાસ અંગેનો શેરો આંક–૧૬૮૮ ના પાછળના ભાગે સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

આ કામે ફરિયાદી રામનાથ રાજમંગલ આહીરની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલી છે તે ધ્યાને લઈએ તો પ્રથમ બોમ્બ સબંધેની માહિતી ટેલીફોનીક વર્ધીથી વરાછા પોલીસ સ્ટેશનના પી.એસ.ઓ.એ આપેલી. બોમ્બ મળેલા તે જગ્યાઓ ઉપર પબ્લિકના માણસોની સંખ્યા કેટલી હતી તે કહી શકે તેમ નથી. ત્યાં પબ્લીકના માણસોની પુછપરછ કરેલી નથી. બોમ્બ જોયા પછી લાગેલુ કે તે જીવતો બોમ્બ છે. પોલીસ ચોકીથી બનાવાળી જગ્યા ૧૦૦ મીટરના અંતરે હતી. બનાવ સ્થળની આજુબાજુ દુકાનો આવેલી છે. બનાવવાળી જગ્યાએ કેટલો સમય રોકાયેલા તે યાદ નથી. પોલીસ ઇન્સ્પેકટર પટેલે પંચોને બોલાવી પંચનામુ કરેલુ. આ પંચનામુ કેટલો સમય ચાલેલુ તે યાદ નથી. પંચનામુ થયુ ત્યારે પબ્લીકના માણસો ન હતા. પંચનામુ કોને લખાવેલુ તે અત્યારે કહી શકે તેમ નથી. કોઈપણ વસ્તુની ચકાસણી કર્યા સિવાય તેનુ નામ આપી શકાય નહીં તે કબૂલ કરે છે. ફરિયાદમાં એમોનિયમ નાઇટ્રેટ શબ્દ એફ.એસ.એલ. અધિકારીના કહેવાથી જાણ્યા બાદ લખાવેલો છે. પોલીસ ઇન્સ્પેકટર વરાછાએ કાર્યવાહી દરમ્યાન ઉપલા અધિકારીને બોલાવેલા તે કોણ હતા તે કહી શકે તેમ નથી. ફરિયાદ લખતા આશરે એકાદ કલાકનો સમય થયો હશે. સ્થળ ઉપર જાહેર જનતાની હાજરી મળી આવેલી તેમ છતાં તેમાંથી કોઈને ફરિયાદી તરીકે જાણીબુજીને લીધેલા નથી તો તે હકીકત નકારી છે ઉપલી અધિકારીના કહેવાથી ખોટી ફરિયાદ આપેલાની હકીકત નકારેલી છે.

ત્યારબાદ આ કામે પોલીસ ઇન્સ્પેકટર વરાછા વી.બી.પટેલને ફરિયાદપક્ષ દ્વારા સાહેદ નં.૧૦૫૩ તરીકે આંક–૭૦૯૭ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદે બનાવવાળી જગ્યા ઉપર બે પંચોની હાજરીમાં પંચનામુ બનાવી મુદ્દામાલ કબજે કરેલો. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ તેઓ વરાછા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સ્ટાફના માણસો સાથે

પેટ્રોલીંગમાં હતા. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ અમદાવાદ શહેરમાં શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકા થતા કેટલાક માણસો મૃત્યુ પામેલા અને ઘાયલ થયેલા તે અનુસંધાને સુરત શહેરમાં પેટ્રોલીંગ ગોઠવવામાં આવેલુ અને તેમની સાથેના પોલીસ સબ ઇન્સ્પેકટરો પણ પોતાની પોલીસ ચોકી વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં. તે દરમ્યાન વરાછા ઓવર બ્રિજના પોલ નં.૯૮ ઉપર લગાડેલ હોર્ડિંગ્સમાં લોખંડના એંગલ ઉપર બોમ્બ હોવાની પોલીસ સબઇન્સ્પેકટર આર.આર.આહિરે જાણ કરેલી. જેથી તેઓ તથા સ્ટાફના માણસો ત્યાં પહોંચી ગયેલાં. તે સમયે પોલીસ સબઇન્સ્પેકટર આર.આર.આહીર તથા તેમનો સ્ટાફ ત્યાં હાજર હતા. તે જગ્યા ઉપર એક શંકાસ્પદ આછા લીલા કલરની પ્લાસ્ટિકની કોથળીમાં પેક કરેલ જીવતો બોમ્બ મળી આવેલો. આ વખતે તેઓએ એફ.એસ.એલ. અને બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડના માણસોને જાણ કરેલી. ત્યારબાદ તે જગ્યાએ બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડના માણસોએ આવીને બોમ્બ ડિફ્યુઝ કરેલ તે દરમ્યાન એફ.એસ.એલ. કચેરીના અધિકારી પણ આવી ગયેલાં. ડિફ્યુઝ કરેલ બોમ્બ અંગે પંચનામું કરવાનું હોય બે પંચોના માણસોને બોલાવેલા અને તેઓને પંચમાં રહેવા સમજ કરતા તેઓએ સ્વખુશી દર્શાવતાં તે અંગેનું પંચનામું પંચો રૂબરૂ શરૂ કરવામાં આવેલ. વરાછા ઓવરબ્રિજના પોલ નં. ૯૮ ઉપર લગાવેલ લોખંડના હોર્ડિંગ્સમાંથી મળેલ તથા ડિફ્યુઝ કરેલ બોમ્બ માંથી જે વસ્તુઓ મળેલી તેમાં પીળા કલરની સેલોટેપ વીંટાળેલ લાકડાની ફ્રેમ તથા પતરાની પ્લેટવાળું અર્ધચંદ્રાકાર બોક્ષ, બોક્ષમાંથી નીકળેલ પ્લાસ્ટિકની કોથળીમાં ત્રણ ભાગમાં આછા પીળા કલરનો ચીકણો પદાર્થ કે જે એમોનીયમ નાઇટ્રેટ હતો તે ફ્યુઅલ ઓઇલ ભેળવેલ, બોક્ષમાંથી નીકળેલ પ્લાસ્ટિકની કોથળીમાં નીકળેલા છરાઓ, સફેદ ધાતુના પેન્સીલ સેલ આકારના વાયર સાથેના બે નંગ ડીટોનેટર, ડ્યુરાસેલ બેટરી, ઇલેકટ્રોનિક સર્કિટ, વિસ્ફોટક બોમ્બ કે જે આછા લીલા કલરની પ્લાસ્ટિકની કોથળીમાં હતો તે તથા કાળા કલરની કોથળી તથા દૈનિકપત્ર વિગેરે મળી આવેલ. એફ.એસ.એલ. અધિકારીએ આ પીળા કલરનો પદાર્થ એમોનિયમ નાઇટ્રેટ હોવાનું જણાવેલું અને એફ.એસ.એલ. અધિકારીના જણાવ્યા મુજબ

એમોનિયમ નાઇટ્રેટ ૫૦ ગ્રામ તથા ૧૦ નંગ છરાઓ અલગ નમૂના તરીકે પેક કરેલાં. એમોનિયમ નાઇટ્રેટનું વજન કરેલું અને છરાઓનું પણ વજન કરવામાં આવેલું અને પંચનામાની વિગતે તપાસ અર્થે કબ્જે લીધેલ અને પંચોની અને આ સાહેદની સહીઓવાળી કાપલીઓ મુકી સીલ કરવામાં આવેલ.

સાહેદ વધુમાં સરતપાસમાં જણાવે છે કે ઉપરોકત પંચનામાની કાર્યવાહી દરમ્યાન વરાછા મીની બજાર મોહનની ચાલમાં અનીલભાઇ ચોકસીના કાંટા પાસે આવેલ વડના ઝાડ ઉપર તથા તેની સામે પતરાના બોર્ડ ઉપર વિસ્ફોટક બોમ્બ હોવાના સમાચાર મળતા બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડના માણસોને તે સ્થળે જવા રવાના કરેલાં. ત્યારબાદ આ સાહેદ તથા પંચો અને પોલીસના માણસો તથા એફ.એસ.એલ.ના માણસો મીનીબજાર, મોહનની ચાલ, અનીલ ચોકસીના કાંટા પાસે પહોંચેલા ત્યારે બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડના માણસોએ બે જીવતા બોમ્બ ડિફ્યુઝ કરેલા હતાં. ઉપરોકત પૈકી વડના ઝાડ ઉપરથી મળેલ જીવતો બોમ્બ ડિફ્યુઝ કરવામાં આવેલ હતો તેમાંથી વસ્તુઓ તથા પાર્ટસ પંચનામાની વિગતે કબ્જે કરવામાં આવેલ. જે વસ્તુઓમાં પીળા કલરની સેલોટેપ વીંટાળેલ લાકડાની ફ્રેમ તથા પતરાની પ્લેટવાળું અર્ધચંદ્રાકાર બોક્ષ , બોક્ષમાંથી નીકળેલ પ્લાસ્ટિકની કોથળીમાં ત્રણ ભાગમાં આછા પીળા કલરનો ચીકણો પદાર્થ કે જે એમોનીયમ નાઇટ્રેટ હતો તે ફયુઅલ ઓઇલ ભેળવેલ, બોક્ષમાંથી નીકળેલ પ્લાસ્ટિકની કોથળીમાં નીકળેલા છરાઓ, સફેદ ધાતુના પેન્સિલ સેલ આકારના વાયર સાથેના બે નંગ ડીટોનેટર, ડયુરાસેલ બેટરી, ઇલેકટ્રોનિક સર્કિટ, વિસ્ફોટક બોમ્બ કે જે આછા લીલા કલરની પ્લાસ્ટિકની કોથળીમાં હતો તે તથા કાળા કલરની કોથળી તથા દૈનિકપત્ર વિગેરે મળી આવેલ. એફ.એસ.એલ. અધિકારીએ આ પીળા કલરનો પદાર્થ એમોનિયમ નાઇટ્રેટ હોવાનું જણાવેલું અને એફ.એસ.એલ. અધિકારીના જણાવ્યા મુજબ એમોનિયમ નાઇટ્રેટ ૫૦ ગ્રામ તથા ૧૦ નંગ છરાઓ અલગ નમૂના તરીકે પેક કરેલાં. એમોનિયમ નાઇટ્રેટનું વજન કરેલું અને છરાઓનું પણ વજન કરવામાં

આવેલું અને પંચનામાની વિગતે તપાસ અર્થે કબ્જે લીધેલ અને પંચોની અને આ સાહેદની સહિઓવાળી કાપલીઓ મુકી સીલ કરવામાં આવેલ.

ત્યારબાદ ઉપરોકત પૈકી વડના ઝાડ સામેના ભાગેથી પતરા ઉપરથી મળેલ જીવતો બોમ્બ ડિફ્યુઝ કરવામાં આવેલ હતો તેમાંથી વસ્તુઓ તથા પાર્ટસ પંચનામાની વિગતે કબ્જે કરવામાં આવેલ. જે વસ્તુઓમાં પીળા કલરની સેલોટેપ વીંટાળેલ લાકડાની ફ્રેમ તથા પતરાની પ્લેટવાળું અર્ધચંદ્રાકાર બોક્ષ, બોક્ષમાંથી નીકળેલ પ્લાસ્ટિકની કોથળીમાં ત્રણ ભાગમાં આછા પીળા કલરનો ચીકણો પદાર્થ કે જે એમોનીયમ નાઈટ્રેટ હતો તે ફ્યુઅલ ઓઈલ ભેળવેલ, બોક્ષમાંથી નીકળેલ પ્લાસ્ટિકની કોથળીમાં નીકળેલા છરાઓ, સફેદ ધાતુના પેન્સીલ સેલ આકારના વાયર સાથેના બે નંગ ડીટોનેટર, ડ્યુરાસેલ બેટરી, ઇલેકટ્રોનિક સર્કિટ તથા દૈનિકપત્ર વિગેરે મળી આવેલ. એફ.એસ.એલ. અધિકારીએ આ પીળા કલરનો પદાર્થ એમોનિયમ નાઈટ્રેટ હોવાનું જણાવેલું અને એફ.એસ.એલ. અધિકારીના જણાવ્યા મુજબ એમોનિયમ નાઈટ્રેટ ૫૦ ગ્રામ તથા ૧૦ નંગ છરાઓ અલગ નમૂના તરીકે પેક કરેલાં. એમોનિયમ નાઈટ્રેટનું વજન કરેલું અને છરાઓનું પણ વજન કરવામાં આવેલું અને પંચનામાની વિગતે તપાસઅર્થે કબ્જે લીધેલ અને પંચોની અને આ સાહેદની સહિઓવાળી કાપલીઓ મુકી સીલ કરવામાં આવેલ.

સાહેદ વધુમાં જણાવે છે કે પંચનામું ચાલુ હતું તે દરમ્યાન તે જગ્યાએથી આગળ આવેલ ઓવરબ્રિજ ઉપર લગાડેલા હોર્ડિંગ્સમાં બોમ્બ હોવાની હકિકત જાણવા મળેલી જેથી બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડને તે સ્થળે રવાના કરેલા. ત્યારબાદ આ સાહેદ તથા અન્ય પોલીસના માણસો તથા પંચો વરાછા ઓવરબ્રિજ ગયેલાં. જયાં થાંભલા નંબર ૩૧ પાસેના હોર્ડિંગમાંથી મળેલા બે વિસ્ફોટક બોમ્બ, બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડના માણસોએ છુટા કરેલા હતા તે પૈકી એક બોમ્બમાંથી મળેલ વસ્તુઓમાં પીળા કલરની સેલોટેપ વીંટાળેલ લાકડાની ફ્રેમ તથા પતરાની પ્લેટવાળુ અર્ધચંદ્રાકાર બોક્ષ, બોક્ષમાંથી નીકળેલ પ્લાસ્ટિકની કોથળીમાં ત્રણ ભાગમાં આછા પીળા કલરનો ચીકણો પદાર્થ કે જે

એમોનીયમ નાઈટ્રેટ હતો તે ફ્યુઅલ ઓઈલ ભેળવેલ, બોક્ષમાંથી નીકળેલ પ્લાસ્ટિકની કોથળીમાં નીકળેલા છરાઓ, સફેદ ધાતુના પેન્સિલ સેલ આકારના વાયર સાથેના બે નંગ ડીટોનેટર, ડ્યુરાસેલ બેટરી, ઈલેકટ્રોનિક સર્કિટ, વિસ્ફોટક બોમ્બ કે જે આછા લીલા કલરની પ્લાસ્ટિકની કોથળીમાં હતો તે તથા કાળા કલરની કોથળી તથા દૈનિકપત્ર વિગેરે મળી આવેલ. એફ.એસ.એલ. અધિકારીએ આ પીળા કલરનો પદાર્થ એમોનિયમ નાઈટ્રેટ હોવાનું જણાવેલું અને એફ.એસ. એલ. અધિકારીના જણાવ્યા મુજબ એમોનિયમ નાઈટ્રેટ ૫૦ ગ્રામ તથા ૧૦ નંગ છરાઓ અલગ નમૂના તરીકે પેક કરેલાં. એમોનિયમ નાઈટ્રેટનું વજન કરેલું અને છરાઓનું પણ વજન કરવામાં આવેલું અને પંચનામાની વિગતે તપાસ અર્થે કબ્જે લીધેલ અને પંચોની અને આ સાહેદની સહીઓવાળી કાપલીઓ મુકી સીલ કરવામાં આવેલ.

ઉપરોકત જગ્યાએથી મળેલ બીજો વિસ્ફોટક બોમ્બ મળી આવેલ તે બોમ્બમાંથી મળેલ વસ્તુઓમાં ભુરા કલરની સેલોટેપ વીંટાળેલ લાકડાની ફ્રેમ તથા પતરાની પ્લેટવાળું અર્ધચંદ્રાકાર બોક્ષ, બોક્ષમાંથી નીકળેલ પ્લાસ્ટિકની કોથળીમાં ત્રણ ભાગમાં આછા પીળા કલરનો ચીકણો પદાર્થ કે જે એમોનીયમ નાઈટ્રેટ હતો તે ફ્યુઅલ ઓઈલ ભેળવેલ, બોક્ષમાંથી નીકળેલ પ્લાસ્ટિકની કોથળીમાં નીકળેલા છરાઓ, સફેદ ધાતુના પેન્સીલ સેલ આકારના વાયર સાથેના બે નંગ ડીટોનેટર, ડ્યુરાસેલ બેટરી, ઈલેકટ્રોનિક સર્કિટ, વિસ્ફોટક બોમ્બ કે જે આછા લીલા કલરની પ્લાસ્ટિકની કોથળીમાં હતો તે તથા કાળા કલરની કોથળી તથા દૈનિકપત્ર વિગેરે મળી આવેલ. એફ.એસ.એલ. અધિકારીએ આ પીળા કલરનો પદાર્થ એમોનિયમ નાઈટ્રેટ હોવાનું જણાવેલું અને એફ.એસ. એલ. અધિકારીના જણાવ્યા મુજબ એમોનિયમ નાઈટ્રેટ ૫૦ ગ્રામ તથા ૧૦ નંગ છરાઓ અલગ નમૂના તરીકે પેક કરેલાં. એમોનિયમ નાઈટ્રેટનું વજન કરેલું અને છરાઓનું પણ વજન કરવામાં આવેલું અને પંચનામાની વિગતે તપાસઅર્થે કબ્જે લીધેલ અને પંચોની અને આ સાહેદની સહીઓવાળી કાપલીઓ મુકી સીલ કરવામાં આવેલ.

સાહેદ વધુમાં જણાવે છે કે ઉપરોકત પંચનામાની કાર્યવાહી ચાલુ હતી તે દરમ્યાન ભાવના ફોર્ડ સામે લગાવેલ હોર્ડિંગ્સમાં વિસ્ફોટક બોમ્બ હોવાની માહિતી મળેલી. બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડના માણસોને ત્યાં જવા રવાના કરેલા. થોડીવાર બાદ આ સાહેદ તથા પંચો તથા સ્ટાફના માણસો વરાછા ઓવરબ્રિજ ભાવના ફોર્ડ પાસે ગયેલાં તે સમયે ઓવરબ્રિજની દિવાલ પર બહારની સાઈડે લગાવેલ પ્રમોદ હોર્ડિંગ્સમાં મળી આવેલો વિસ્ફોટક બોમ્બને પણ બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડના માણસોએ ડિફયુઝ કરેલો હતો. તે ડિફયુઝ કરેલ બોમ્બની વસ્તુઓ અને પાર્ટસમાં પીળા કલરની સેલોટેપ વીંટાળેલ લાકડાની ફ્રેમ તથા પતરાની પ્લેટવાળું અર્ધચંદ્રાકાર બોક્ષ, બોક્ષમાંથી નીકળેલ પ્લાસ્ટિકની કોથળીમાં ત્રણ ભાગમાં આછા પીળા કલરનો ચીકણો પદાર્થ કે જે એમોનીયમ નાઈટ્રેટ હતો તે ફયુઅલ ઓઈલ ભેળવેલ, બોક્ષમાંથી નીકળેલ પ્લાસ્ટિકની કોથળીમાં નીકળેલા છરાઓ, સફેદ ધાતુના પેન્સીલ સેલ આકારના વાયર સાથેના બે નંગ ડીટોનેટર, ડયુરાસેલ બેટરી, ઈલેકટ્રોનિક સર્કિટ, વિસ્ફોટક બોમ્બ કે જે આછા લીલા કલરની પ્લાસ્ટિકની કોથળીમાં હતો તે તથા કાળા કલરની કોથળી તથા દૈનિકપત્ર વિગેરે મળી આવેલ. એફ.એસ.એલ. અધિકારીએ આ પીળા કલરનો પદાર્થ એમોનિયમ નાઈટ્રેટ હોવાનું જણાવેલું અને એફ.એસ.એલ. અધિકારીના જણાવ્યા મુજબ એમોનિયમ નાઈટ્રેટ ૫૦ ગ્રામ તથા ૧૦ નંગ છરાઓ અલગ નમૂના તરીકે પેક કરેલાં. એમોનિયમ નાઈટ્રેટનું વજન કરેલું અને છરાઓનું પણ વજન કરવામાં આવેલું અને પંચનામાની વિગતે તપાસ અર્થે કબ્જે લીધેલ અને પંચોની અને આ સાહેદની સહીઓવાળી કાપલીઓ મુકી સીલ કરવામાં આવેલ.

ઉપરોકત તમામ કાર્યવાહીઓનું જે પંચનામુ બનાવવામાં આવેલુ તે પંચનામુ આંક–૨૫૬૬ થી ૨જૂ છે તથા પંચોની સહીઓવાળી સ્લીપો આંક–૨૫૬૮ થી ૨૬૨૬ સુધી ૨જૂ કરેલ છે. આ પંચનામામાં તથા પંચ સ્લીપોમાં આ સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે. વધુમાં આ

સાહેદની સરતપાસ પ્રમાણે સ્થળ ઉપર એફ.એસ.એલ. અધિકારીને પધારવા માટે યાદી લખેલી જે યાદી આ કામે માર્ક–એ થી રજૂ છે.

ત્યારબાદ પોલીસ સબ ઇન્સ્પેકટર આર.આર. આહીરનાઓએ આ સાહેદની રૂબરૂ તેમની ફરિયાદ હકીકત જાહેર કરતા તે ફરિયાદ પોલીસ સ્ટેશનમાં લીધેલી આ ફરિયાદ આંક–૨૭૯૮ થી રજૂ છે તેમાં આ સાહેદે ફરિયાદીની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવેલી છે. ત્યારબાદ ગુનો દાખલ કરવા સારૂ આ સાહેદે રીપોર્ટ તૈયાર કરેલ તે રીપોર્ટ આ કામે આંક–૧૬૮૮ થી રજૂ કરેલ છે તેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. ત્યારબાદ ફરિયાદ તેમના રીપોર્ટ સાથે પી.એસ.ઓ.ને મોકલી આપતા ફરિયાદના આધારે વરાછા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૩૬૫/૨૦૦૮ થી એક્ષપ્લોજીવ એકટ તથા એક્ષપ્લોજીવ સબસ્ટન્સ એકટની જોગવાઇઓ હેઠળ તથા આઇ.પી.સી. એકટની કલમ–૧૨૦ (બી) વિગેરે હેઠળ ગુનો નોંધવામાં આવેલ અને ત્યારબાદ તે રીપોર્ટ અને ફરિયાદ પી.એસ.ઓ. તરફથી આ સાહેદને ગુનાની વધુ તપાસ સોંપવામાં આવતા તે સંભાળેલી.

વધુમાં સરતપાસ પ્રમાણે આ સાહેદે આ બનાવ સબંધે અલગ–અલગ સાક્ષીઓના નિવેદનો નોંધેલા. ત્યારબાદ તા.૧/૮/૨૦૦૮ ના રોજ ઉપરોકત જણાવેલ ગુનાવાળી જગ્યાઓએથી મળી આવેલા ડિફયુઝ કરેલા છ બોમ્બમાંથી કબ્જે લેવામાં આવેલાં ડીટોનેટરો નંગ–૧૨ એફ.એસ.એલ. અધિકારીશ્રીનાઓએ ડિફયુઝ કરવા સુચના આપેલી હોવાથી તેને ડિફયુઝ કરવા પરવાનગી આપવા સારૂ મે.એડી.સિવિલ જજ તથા જયુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબનાઓને રીપોર્ટ કરેલો જે રીપોર્ટ આંક –૭૧૦૬ થી રજૂ છે જેમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આંક–૭૧૦૬ ના રીપોર્ટ આધારે મેજિસ્ટ્રેટ સાહેબે જે પરવાનગી આપેલી તે આંક–૭૦૯૯ થી રજૂ છે.

ત્યારબાદ તા.૪/૮/૨૦૦૮ ના રોજ એફ.એસ.એલ., સુરતના સાયન્ટિફિક અધિકારી એન.ડી.પટેલ તરફ રીપોર્ટ મોકલી જાણ કરેલી કે

મુદ્દામાલ ડીટોનેટર જે તે અવસ્થામાં ડિફ્યુઝ કર્યા વગર ગાંધીનગર ખાતે મોકલી આપવા જણાવેલ. આ રીપોર્ટ આંક–૭૧૦૭ થી રજૂ કરવામાં આવેલો છે.

ત્યારબાદ આ ગુના કામના મુદ્દામાલ એફ.એસ.એલ.ને મોકલવા સારૂ રવાનગી નોંધ તૈયાર કરેલ અને ગુના કામનો તમામ મુદ્દામાલ તે રવાનગી નોંધ સાથે પોલીસ કોન્સ્ટેબલ ઈફ્તેખાર મુશીરઅલી મારફત એફ.એસ.એલ. કચેરી, ગાંધીનગરને મોકલી આપેલો. તે રવાનગી નોંધ આંક–૫૮૭૮ થી રજૂ છે જેમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. જે મુદ્દામાલ એફ.એસ.એલ.ને મળ્યા અંગેની પહોંચ આપવામાં આવેલી તે પહોંચ આંક–૫૮૫૯ થી રજૂ કરવામાં આવેલી છે.

આ કામના આરોપીઓ તરફે થયેલ ઊલટતપાસ ધ્યાને લઈએ તો વરાછા પોલીસ સ્ટેશન વિસ્તારમાં બોમ્બ પ્લાન્ટેશનના કુલ પાંચ બનાવો બનેલા અને આ સાહેદની જે ઊલટતપાસ કરવામાં આવેલી છે તેમાં પાંચેય ગુનાઓની હકીકત બાબતે પ્રશ્ન પુછવામાં આવેલા છે અને સાહેદની ઊલટતપાસ જનરલ ઊલટતપાસ છે. જેથી આ સાહેદની વિગતવાર ઊલટતપાસનો ઉલ્લખ વરાછા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૩૬૩/૨૦૦૮ ના કામે કરવામાં આવેલ છે જેથી પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

સાહેદ વી.બી.પટેલનાઓએ બે પંચોની હાજરીમાં આંક–૨૫૬૬ વાળુ ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરી જે મુદ્દામાલ કબજે કરેલો તે પંચનામાના પંચો પૈકીના પંચ ભીમજીભાઈ વીરજીભાઈ ઘામેલીયાને સાહેદ નં.૪૩૫ તરીકે આંક–૨૫૬૫ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તા. ૨૯/૭/૨૦૦૮ ના રોજ બપોરના ૩–૩૦ વાગ્યાના અરસામાં પોલીસે મીની બજાર વરાછા મેઈન રોડ પાસે આવેલ ઓવરબ્રિજની નીચે પીલર નં.૯૮ પાસે બોલાવેલા ત્યાં બીજા ઘનશ્યામભાઈ નાથવાણીને પણ બોલાવેલા હતા. ત્યાં વરાછા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર પટેલ પણ હાજર હતા તેઓએ જણાવેલુ કે એક બોમ્બ મળેલ છે જેને ડીફ્યુઝ કરેલો છે અને તેના પાર્ટસ કબજે લેવાના છે તો પંચમા રહેવાનું પુછતા આ સાહેદે તથા ઘનશ્યામભાઈએ હા

પાડેલી. આ સ્થળ ઉપર એફ.એસ.એલ.ના અધિકારી પણ હતા. ત્યાં ડીફ્યુઝ કરેલ બોમ્બ તથા તેના ભાગો બતાવવામાં આવેલા તે પૈકી હોડી જેવા આકારની લાકડાની ફ્રેમ જેમાં પતરા લાગેલા હતા. જે પૈકી એક પતરૂ ઉપરની એક બાજુથી ખોલેલુ હતુ, લાકડાની ફ્રેમને બે કાણા હતા, તે ફ્રેમ પીળી સેલોટેપમાં વીંટાળેલી હતી, પીળો પદાર્થ હતો જેને પટેલ સાહેબે તપાસમાં એમોનિયમ નાઈટ્રેટ હોવાનું જણાયેલ તે લગભગ એક કિલો હતો. પ્લાસ્ટિકની છરા ભરેલી કોથળી જેનું વજન ૧૧૦૦ ગ્રામ હતુ, પેન્સિલ આકારના બે ડીટોનેટર, ભુરા કલરની સેલોટેપમાં વીંટાળેલી બેટરી જેની ઉપર ડ્યુરોસેલ માર્ચ–૨૦૧૨ લખેલુ હતુ અને તે નવ વોલ્ટની હતી. એક ઈલેકટ્રોનીક સરકીટ હતી તથા વડોદરા આવૃત્તિનું ગુજરાત સમાચારનું પેપર હતુ. ચીકણા પદાર્થમાંથી આશરે ૫૦ ગ્રામ સેમ્પલ લીધેલુ તથા દસ નંગ છરા લીધેલા. આ બધા સેમ્પલને અલગ–અલગ પ્લાસ્ટિકની ડબ્બીમાં મુકીને ઢાંકણ બંધ કરી પંચોની તથા સાહેબોની સહીવાળો કાગળ મુકી તે ડબ્બાને દોરીથી બાંધી લાખથી સીલ કરેલ. બે ડીટોનેટરને અલગ–અલગ બોક્ષમાં પેક કરી ડી–૪ અને ડી–૫ નંબર આપેલા. બેટરીને પણ બોક્ષમાં પેક કરી તેને ડી–૬ નંબર આપવામાં આવેલા, સરકીટને બોક્ષમાં પેક કરી તેને ડી–૭ નંબર આપેલો, ગુજરાત સમાચાર પેપરને પેક કરી તેને ડી–૮ નંબર આપવામાં આવેલો. ૫૦ ગ્રામ એમોનિયમ નાઈટ્રેટ જે લીધેલુ તેને ડી–૯ નંબર આપવામાં આવેલો અને તે જ પ્રક્રિયા પ્રમાણે છરા પણ પેક કરવામાં આવેલા.

ઉપરોકત પ્રક્રિયા ચાલુ હતી તે દરમ્યાન અનીલભાઈ ચોકસીનો કાંટો છે તે રોડ ઉપર બે બોમ્બની ખબર મળેલી જેથી બોમ્બ ડીસ્પોઝલ ટીમને પોલીસ ઈન્સ્પેકટરએ ત્યાં રવાના કરેલી. ત્યારબાદ પંચો, એફ.એસ.એલ. અધિકારીઓ અને પોલીસ અનીલભાઈ ચોકસીનો કાંટો છે ત્યાં વડના ઝાડ પાસે પહોંચેલા. ત્યાં બે બોમ્બ મળેલા હતા જેમાં એક વડ ઉપર હતો અને બીજો તેની સામે આવેલ હોડીંગ પર હતો. બોમ્બ ડીસ્પોઝલ સ્કોડે તે બંને બોમ્બમાંથી સ્પેરપાર્ટ છુટા કરેલા. વડના ઝાડ ઉપરથી મળેલ બોમ્બની વસ્તુઓ અને પાર્ટ જોતા હોડી જેવા આકારની લાકડાની ફ્રેમ જેમાં પતરા લાગેલા હતા. જે પૈકી એક

પતરૂ ઉપરની એક બાજુથી ખોલેલુ હતુ, લાકડાની ફ્રેમને બે કાણા હતા, તે ફ્રેમ પીળી સેલોટેપમાં વીંટાળેલી હતી, પીળો પદાર્થ હતો જેને પટેલ સાહેબે તપાસમાં એમોનિયમ નાઇટ્રેટ હોવાનું જણાયેલ તે લગભગ એક કીલો હતો. પ્લાસ્ટિકની છરા ભરેલી કોથળી જેનું વજન ૧૧૦૦–૧૨૦૦ ગ્રામ હતુ, પેન્સીલ આકારના બે ડીટોનેટર, ભુરા કલરની સેલોટેપમાં વીંટાળેલી બેટરી જેની ઉપર ડ્યુરોસેલ માર્ચ–૨૦૧૨ લખેલુ હતુ અને તે નવ વોલ્ટની હતી. એક ઈલેકટ્રોનીક સરકીટ હતી તથા વડોદરા આવૃત્તિનું ગુજરાત સમાચારનું પેપર હતુ. ત્યારબાદ લાકડાની ફ્રેમ જેવુ વિવરણ લખાવેલુ તે બોક્ષમાં પેક કરવામાં આવેલુ જેની ઉપર આ સાહેદની તથા ઘનશ્યામભાઈની તથા પોલીસ ઇન્સ્પેકટરની સહીવાળી કાપલી મુકેલી તેને દોરીથી બાંધી સીલ કરેલુ અને ઈ–૧ નંબર આપેલો. એમોનિયમ નાઇટ્રેટ ૫૦ ગ્રામ સેમ્પલ લીધેલુ અને બોક્ષ બનાવેલુ તેને ઈ–૨ નંબર આપેલો. દશ નંગ છરા લીધેલા જેનું બોક્ષ બનાવેલુ તેને ઈ–૩ નંબર આપેલો. બે ડીટોનેટરને અલગ–અલગ બોક્ષમાં પેક કરી ઈ–૪ તથા ઈ–૫ નંબર આપેલા. બેટરીને પણ બોક્ષમાં પેક કરી તેને ઈ–૬ નંબર આપવામાં આવેલા, સરકીટને બોક્ષમાં પેક કરી તેને ઈ–૭ નંબર આપેલો, ગુજરાત સમાચાર પેપરને પેક કરી તેને ઈ–૮ નંબર આપવામાં આવેલો. ૫૦ ગ્રામ એમોનિયમ નાઇટ્રેટ જે લીધેલુ તેને ઈ–૯ નંબર આપવામાં આવેલો અને તે જ પ્રક્રિયા પ્રમાણે છરા પણ પેક કરવામાં આવેલા તેને ઈ–૧૦ નંબર આપવામાં આવેલો.

જયારે વડના ઝાડની સામે હોર્ડીંગ્સમાંથી મળેલ બોમ્બ ડીફ્યુઝ કરવામાં આવેલો અને તેના પાર્ટસ અલગ કરવામાં આવેલા જે પાર્ટસમાં હોડી જેવા આકારની લાકડાની ફ્રેમ જેમાં પતરા લાગેલા હતા. જે પૈકી એક પતરૂ ઉપરની એક બાજુથી ખોલેલુ હતુ, લાકડાની ફ્રેમને બે કાણા હતા, તે ફ્રેમ પીળી સેલોટેપમાં વીંટાળેલી હતી, પીળો પદાર્થ હતો જેને પટેલ સાહેબે તપાસમાં એમોનિયમ નાઇટ્રેટ હોવાનું જણાયેલ તે લગભગ એક કીલો હતો. પ્લાસ્ટિકની છરા ભરેલી કોથળી જેનું વજન ૧૨૦૦ ગ્રામ હતુ, પેન્સીલ આકારના બે ડીટોનેટર, ભુરા કલરની સેલોટેપમાં વીંટાળેલી બેટરી જેની ઉપર ડ્યુરોસેલ

માર્ચ–૨૦૧૨ લખેલુ હતુ અને તે નવ વોલ્ટની હતી. એક ઈલેકટ્રોનીક સરકીટ હતી તથા વડોદરા આવૃત્તિનું ગુજરાત સમાચારનું પેપર હતુ. ત્યારબાદ લાકડાની ફ્રેમ જેવુ વિવરણ લખાવેલુ તે બોક્ષમાં પેક કરવામાં આવેલુ જેની ઉપર આ સાહેદની તથા ઘનશ્યામભાઈની તથા પોલીસ ઈન્સ્પેકટરની સહીવાળી કાપલી મુકેલી તેને દોરીથી બાંધી સીલ કરેલુ અને એફ–૧ નંબર આપેલો. એમોનિયમ નાઈટ્રેટ ૫૦ ગ્રામ સેમ્પલ લીધેલુ અને બોક્ષ બનાવેલુ તેને એફ–૨ નંબર આપેલો. દસ નંગ છરા લીધેલા જેનું બોક્ષ બનાવેલુ તેને એફ–૩ નંબર આપેલો. બે ડીટોનેટરને અલગ–અલગ બોક્ષમાં પેક કરી એફ–૪ તથા એફ–૫ નંબર આપેલા. બેટરીને પણ બોક્ષમાં પેક કરી તેને એફ–૬ નંબર આપવામાં આવેલા, સરકીટને બોક્ષમાં પેક કરી તેને એફ–૭ નંબર આપેલો, ગુજરાત સમાચાર પેપરને પેક કરી તેને એફ–૮ નંબર આપવામાં આવેલો. ૫૦ ગ્રામ એમોનિયમ નાઈટ્રેટ જે લીધેલુ તેને એફ–૯ નંબર આપવામાં આવેલો અને તે જ પ્રક્રિયા પ્રમાણે છરા પણ પેક કરવામાં આવેલા તેને એફ–૧૦ નંબર આપવામાં આવેલો.

ઉપરોકત પ્રક્રિયા ચાલુ હતી તે દરમ્યાન બીજા બે બોમ્બ વરાછા બ્રીજ ઉપર ઉત્તર તરફે પોલ નં.૩૧ ની બાજુમાં આવેલ કેબ્સના હોડીંગમાં મુકેલા છે તેવો સંદેશો મળેલો જેથી બોમ્બ ડીસ્પોઝલના માણસોને ત્યાં મોકલી આપવામાં આવેલા અને ચાલુ પ્રક્રિયા પુરી કર્યા પછી પંચો, એફ.એસ.એલ. અધિકારીઓ અને પોલીસ બ્રિજ ઉપર એસએમસી પોલ નં.૩૧ વાળા થાંભલાની બાજુમાં આવેલ કેબ્સના હોર્ડીંગવાળી જગ્યા પાસે પહોંચેલા ત્યાં એક બોમ્બને બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડે ડીફયુઝ કરેલો અને તેના સ્પેરપાર્ટ છુટા કરેલા તે મળેલ બોમ્બની વસ્તુઓ અને પાર્ટ જોતા હોડી જેવા આકારની લાકડાની ફ્રેમ જેમાં પતરા લાગેલા હતા. જે પૈકી એક પતરૂ ઉપરની એક બાજુથી ખોલેલુ હતુ, લાકડાની ફ્રેમને બે કાણાં હતા, તે ફ્રેમ પીળી સેલોટેપમાં વીંટાળેલી હતી, પીળો પદાર્થ હતો જેને પટેલ સાહેબે તપાસમાં એમોનિયમ નાઈટ્રેટ હોવાનું જણાચેલ તે લગભગ એક કીલો હતો. પ્લાસ્ટિકની છરા ભરેલી કોથળી જેનું વજન ૧૨૦૦ ગ્રામ હતુ, પેન્સિલ આકારના બે ડીટોનેટર, ભુરા કલરની સેલોટેપમાં વીંટાળેલી

બેટરી જેની ઉપર ડ્યુરોસેલ માર્ચ–૨૦૧૨ લખેલુ હતુ અને તે નવ વોલ્ટની હતી. એક ઈલેકટ્રોનીક સરકીટ હતી તથા વડોદરા આવૃત્તિનું ગુજરાત સમાચારનું પેપર હતુ. ત્યારબાદ લાકડાની ફ્રેમ જેવુ વિવરણ લખાવેલુ તે બોક્ષમાં પેક કરવામાં આવેલુ જેની ઉપર આ સાહેદની તથા ઘનશ્યામભાઈની તથા પોલીસ ઈન્સ્પેકટરની સહીવાળી કાપલી મુકેલી તેને દોરીથી બાંધી સીલ કરેલુ અને જી–૧ નંબર આપેલો. એમોનિયમ નાઈટ્રેટ ૫૦ ગ્રામ સેમ્પલ લીધેલુ અને બોક્ષ બનાવેલુ તેને જી–૨ નંબર આપેલો. દશ નંગ છરા લીધેલા જેનું બોક્ષ બનાવેલુ તેને જી–૩ નંબર આપેલો. બે ડીટોનેટરને અલગ–અલગ બોક્ષમાં પેક કરી જી–૪ તથા જી–૫ નંબર આપેલા. બેટરીને પણ બોક્ષમાં પેક કરી તેને જી–૬ નંબર આપવામાં આવેલા, સરકીટને બોક્ષમાં પેક કરી તેને જી–૭ નંબર આપેલો, ગુજરાત સમાચાર પેપરને પેક કરી તેને જી–૮ નંબર આપવામાં આવેલો. ૫૦ ગ્રામ એમોનિયમ નાઈટ્રેટ જે લીધેલુ તેને જી–૯ નંબર આપવામાં આવેલો અને તે જ પ્રક્રિયા પ્રમાણે છરા પણ પેક કરવામાં આવેલા તેને જી–૧૦ નંબર આપવામાં આવેલો.

સાહેદ વધુમાં જણાવે છે કે આ જગ્યાએથી બીજો પણ બોમ્બ મળેલો જે બોમ્બને બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડે ડીફ્યુઝ કરેલો અને તેના સ્પેરપાર્ટ છુટા કરેલા. તે બોમ્બની વસ્તુઓ અને પાર્ટ જોતા હોડી જેવા આકારની લાકડાની ફ્રેમ જેમાં પતરા લાગેલા હતા. જે પૈકી એક પતરૂ ઉપરની એક બાજુથી ખોલેલુ હતુ, લાકડાની ફ્રેમને બે કાણા હતા, તે ફ્રેમ ભુરા સેલોટેપમાં વીંટાળેલી હતી, પીળો પદાર્થ હતો જેને પટેલ સાહેબે તપાસમાં એમોનિયમ નાઈટ્રેટ હોવાનું જણાયેલ તે લગભગ એક કીલો હતો. પ્લાસ્ટિકની છરા ભરેલી કોથળી જેનું વજન ૧૨૦૦ ગ્રામ હતુ, પેન્સિલ આકારના બે ડીટોનેટર, ભુરા કલરની સેલોટેપમાં વીંટાળેલી બેટરી જેની ઉપર ડ્યુરોસેલ માર્ચ–૨૦૧૨ લખેલુ હતુ અને તે નવ વોલ્ટની હતી. એક ઈલેકટ્રોનીક સરકીટ હતી તથા વડોદરા આવૃત્તિનું ગુજરાત સમાચારનું પેપર હતુ. ત્યારબાદ લાકડાની ફ્રેમ જેવુ વિવરણ લખાવેલુ તે બોક્ષમાં પેક કરવામાં આવેલુ જેની ઉપર આ સાહેદની તથા ઘનશ્યામભાઈની તથા

પોલીસ ઇન્સ્પેકટરની સહીવાળી કાપલી મુકેલી તેને દોરીથી બાંધી સીલ કરેલુ અને એચ–૧ નંબર આપેલો. એમોનિયમ નાઇટ્રેટ ૫૦ ગ્રામ સેમ્પલ લીધેલુ અને બોક્ષ બનાવેલુ તેને એચ–૨ નંબર આપેલો. દશ નંગ છરા લીધેલા જેનું બોક્ષ બનાવેલુ તેને એચ–૩ નંબર આપેલો. બે ડીટોનેટરને અલગ–અલગ બોક્ષમાં પેક કરી એચ–૪ તથા એચ–૫ નંબર આપેલા. બેટરીને પણ બોક્ષમાં પેક કરી તેને એચ–૬ નંબર આપવામાં આવેલા, સરકીટને બોક્ષમાં પેક કરી તેને એચ–૭ નંબર આપેલો, ગુજરાત સમાચાર પેપરને પેક કરી તેને એચ–૮ નંબર આપવામાં આવેલો. ૫૦ ગ્રામ એમોનિયમ નાઇટ્રેટ જે લીધેલુ તેને એચ–૯ નંબર આપવામાં આવેલો અને તે જ પ્રક્રિયા પ્રમાણે છરા પણ પેક કરવામાં આવેલા તેને એચ–૧૦ નંબર આપવામાં આવેલો.

આ કાર્યવાહી ચાલુ હતી તે દરમ્યાન મેસેજ આવેલો કે બ્રીજની પશ્ચિમ બાજુના છેડા પાસે ભાવના ફોર્ડ કરીને શોરૂમ છે તેની સામે ઓવરબ્રીજ ઉપર પ્રમોદ કરીને એજન્સી છે તેના બોર્ડમાં બોમ્બ મળી આવેલ છે જેથી બોમ્બ ડીસ્પોઝલ ટીમને ત્યાં રવાના કરવામાં આવેલી અને આ સાહેદ પાછળથી ચાલતા ચાલતા ૧૦૦ મીટર દુર ગયેલા ત્યાં પ્રમોદ–૨૩૦૦૨૧ વાળુ બોર્ડ હતુ ત્યાં બોમ્બ મળેલો જે બોમ્બને બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડે ડીફ્યુઝ કરેલો અને તેના સ્પેર પાર્ટ છુટા કરેલા. તે બોમ્બની વસ્તુઓ અને પાર્ટ જોતા હોડી જેવા આકારની લાકડાની ફ્રેમ જેમાં પતરા લાગેલા હતા. જે પૈકી એક પતરૂ ઉપરની એક બાજુથી ખોલેલુ હતુ, લાકડાની ફ્રેમને બે કાણાં હતા, તે ફ્રેમ પીળી સેલોટેપમાં વીંટાળેલી હતી, પીળો પદાર્થ હતો જેને પટેલ સાહેબે તપાસમાં એમોનિયમ નાઇટ્રેટ હોવાનું જણાયેલ તે લગભગ એક કીલો હતો. પ્લાસ્ટિકની છરા ભરેલી કોથળી જેનું વજન ૧૨૦૦ ગ્રામ હતુ, પેન્સિલ આકારના બે ડીટોનેટર, ભુરા કલરની સેલોટેપમાં વીંટાળેલી બેટરી જેની ઉપર ડ્યુરોસેલ માર્ચ–૨૦૧૨ લખેલુ હતુ અને તે નવ વોલ્ટની હતી. એક ઈલેકટ્રોનિક સરકીટ હતી તથા વડોદરા આવૃત્તિનું ગુજરાત સમાચારનું પેપર હતુ. ત્યારબાદ લાકડાની ફ્રેમ જેવુ વિવરણ લખાવેલુ તે બોક્ષમાં પેક કરવામાં આવેલુ જેની ઉપર આ સાહેદની તથા ઘનશ્યામભાઈની તથા

પોલીસ ઇન્સ્પેકટરની સહીવાળી કાપલી મુકેલી તેને દોરીથી બાંધી સીલ કરેલુ અને આઈ–૧ નંબર આપેલો. એમોનિયમ નાઈટ્રેટ ૫૦ ગ્રામ સેમ્પલ લીધેલુ અને બોક્ષ બનાવેલુ તેને આઈ–૨ નંબર આપેલો. દસ નંગ છરા લીધેલા જેનું બોક્ષ બનાવેલુ તેને આઈ–૩ નંબર આપેલો. બે ડીટોનેટરને અલગ–અલગ બોક્ષમાં પેક કરી આઈ–૪ તથા આઈ–૫ નંબર આપેલા. બેટરીને પણ બોક્ષમાં પેક કરી તેને આઈ–૬ નંબર આપવામાં આવેલા, સરકીટને બોક્ષમાં પેક કરી તેને આઈ–૭ નંબર આપેલો, ગુજરાત સમાચાર પેપરને પેક કરી તેને આઈ–૮ નંબર આપવામાં આવેલો. ૫૦ ગ્રામ એમોનિયમ નાઈટ્રેટ જે લીધેલુ તેને આઈ–૯ નંબર આપવામાં આવેલો અને તે જ પ્રક્રિયા પ્રમાણે છરા પણ પેક કરવામાં આવેલા તેને આઈ–૧૦ નંબર આપવામાં આવેલો.

આ તમામ વસ્તુઓ આ સાહેદની હાજરીમાં કબજે કરવામાં આવેલી તેનુ પંચનામુ બનાવેલુ જે આંક–૨૫૬૬ વાળા પંચનામામાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવી છે તથા આ સાહેદની હાજરીમાં જે કોઈ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ તે તમામ એક પછી એક કોર્ટમાં ખોલીને બતાવતા તમામ મુદ્દામાલ આ સાહેદે ઓળખી બતાવેલો છે અને મુદ્દામાલમાંથી નીકળેલી પંચ સ્લીપો આંક–૨૫૬૮ થી ૨૬૨૬ સુધી રજૂ કરેલી છે તે તમામ પંચ સ્લીપો ઉપર આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

હવે આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવી છે તે ધ્યાને લઈએ તો આ સાહેદ ખેતીનો ધંધો કરે છે. દરેક મુદ્દામાલ બોક્ષમાં મુકવામાં આવેલો તે કબૂલ કરે છે. જગ્યા ઉપર જે કાર્યવાહી કરેલી તેનુ લખાણ લખવામાં આવેલુ અને સહી કરેલી. પ્રથમ સ્થળ ઉપર કાર્યવાહી કેટલા વાગે પુરી થયેલી તે કહી શકે તેમ નથી. ભાવના ફોર્ડ અને બ્રીજના ઉત્તર તરફના થાંભલા નં.૩૧ પર જે કાર્યવાહી થતી હતી તે સબંધે કયા તબકકે માહિતી મળેલી તેનો ઉલ્લેખ પંચનામામાં નથી તે કબૂલ કરે છે. દરેક સ્થળનું અંતર કેટલુ હતુ તે પંચનામામાં લખેલુ નથી તે કબૂલ કરે છે. બોમ્બ ડીફ્યુઝ કરવા અંગે શું કાર્યવાહી કરેલી તેની જાણકારી નથી. સ્થળ ઉપર બોમ્બ કયા હતા તેની માહિતી નથી.

પંચનામાની વિગત સિવાયના સુરતમાં અગાઉ કેટલા બોમ્બ પકડાયેલા તેની માહિતી નથી. મુદ્દામાલનું વર્ણન જોતા ગયા તે પ્રમાણે પંચનામુ લખાવતા ગયા. મુદ્દામાલની ઓળખ અંગે કોઈ નિશાની કરવામાં આવેલી નથી. પરંતુ મારા મત પ્રમાણે જયારે પંચનામુ વિગતવાર લખાતુ હોય ત્યારે અલગથી કોઈ નિશાની મુદ્દામાલ ઉપર કરવી જરૂરી નથી. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા ચીકણો પદાર્થ એમોનિયમ નાઈટ્રેટ છે તેવુ એફ.એસ.એલ. અધિકારીએ કહેલુ તે કબૂલ કરે છે. ડીટોનેટર બજારમાં ખુલ્લા મળે છે તેની માહિતી નથી. મુદ્દામાલ સરકીટ ઉપર ઓળખ સબંધેના કોઈ નિશાન કરેલ નથી તે કબૂલ કરે છે. પંચનામુ પોલીસે લખાવેલુ છે તો તે હકીકત નકારે છે.

હવે તપાસ કરનાર અધિકારીએ ગુનાવાળી જગ્યા ઉપરથી જે મુદ્દામાલ આંક–૨૫૬૬ ના પંચનામાના આધારે જે મુદ્દામાલ કબજે કરેલો તે મુદ્દામાલ રવાનગી નોંધ સાથે એફ.એસ.એલ. ગાંધીનગરને પૃથક્કરણ માટે મોકલી આપેલો. આ રવાનગી નોંધ આ કામે આંક–૫૮૭૮ થી રજૂ કરેલી છે. આ રવાનગી નોંધમાં જણાવ્યા મુજબના કુલ–૭ નમૂના માર્ક ડી–૧, ઈ–૧, એફ–૧, જી–૧, એચ–૧, આઈ–૧, ડી–૪, ડી–૫, ઈ–૪, ઈ–૫, એફ–૪, એફ–૫, જી–૪, જી–૫, એચ–૪, એચ–૫, આઈ–૪, આઈ–૫, ડી–૯, ઈ–૯, એફ–૯, જી–૯, એચ–૯, આઈ–૯, ડી–૧૦, ઈ–૧૦, એફ–૧૦, જી–૧૦, એચ–૧૦, આઈ–૧૦, ડી–૬, ઈ–૬, એફ–૬, જી–૬, એચ–૬, આઈ–૬, ડી–૭, ઈ–૭, એફ–૭, જી–૭, એચ–૭, આઈ–૭, ડી–૮, ઈ–૮, એફ–૮, જી–૮, એચ–૮, આઈ–૮ સુધીના એફ.એસ.એલ. ગાંધીનગરને તપાસ અર્થે મોકલેલા છે. આ રવાનગી નોંધમાં પોલીસ ઇન્સ્પેકટર વરાછાનાઓએ બનાવેલી અને પોતાના સત્તાના પ્રમાણપત્ર સાથે એફ.એસ.એલ. ગાંધીનગરને મોકલી આપેલી. હવે આ મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારી હેમંત ભાલચંદ્ર ભટ્ટને સાહેદ નં.૮૪૬ તરીકે આંક–૫૮૩૮ થી તપાસેલા છે. એફ.એસ.એલ. દ્વારા મુદ્દામાલ સ્વીકાર્યા અંગેની જે પહોંચ આપવામાં આવેલી તે પહોંચ આ કામે આંક–૫૮૭૯ થી રજૂ કરેલી છે જેમાં મદદનીશ નિયામક એફ.એસ.એલ.

ગાંધીનગરનાઓની સહી છે. આ સાહેદની આ ગુના પુરતી સરતપાસ મુજબ તા.૭/૮/૨૦૦૮ ના રોજ તેમના વિભાગના મદદનીશ નિયામકશ્રી દ્વારા વરાછા પોલીસ સ્ટેશન, સુરત શહેરના સેકન્ડ ગુના રજિસ્ટર નં.૩૬૫/૨૦૦૮ ના કેસનો સ્વીકારવામાં આવેલ મુદ્દામાલ પૃથક્કરણ અર્થે મળેલો તે મુજબ...

– માર્ક ડી–૧, ઈ–૧, એફ–૧, જી–૧, એચ–૧, આઈ–૧ લાકડાની ફ્રેમ તથા પતરાની પ્લેટવાળા અર્ધચંદ્રાકાર બોક્ષ નંગ–૬

– માર્ક ડી–૪, ઈ–૪, ઈ–૫, એફ–૪, એફ–૫, જી–૪, જી–૫, એચ–૪, એચ–૫, આઈ–૪, આઈ–૫ ધાતુના પેન્સિલ સેલ આકારના ડીટોનેટર નંગ–૧૨

– માર્ક ડી–૯, ઈ–૯, એફ–૯, જી–૯, એચ–૯, આઈ–૯ આછા પીળા કલરનો ચીકણો પદાર્થ ૫૦–૫૦ ગ્રામ જેટલો છ અલગ–અલગ પ્લાસ્ટિકની ડબ્બીમાં

– માર્ક ડી–૧૦, ઈ–૧૦, એફ–૧૦, જી–૧૦, એચ–૧૦, આઈ–૧૦ અલગ–અલગ છ પ્લાસ્ટિકની અલગ–અલગ ડબ્બીમાં ૧૦–૧૦ નંગ છરા

– માર્ક ડી–૬, ઈ–૬, એફ–૬, જી–૬, એચ–૬, આઈ–૬ કાળા તથા ગોલ્ડન કલરની નાની બેટરી નંગ–૬ પ્લાસ્ટિકની અલગ–અલગ ડબ્બીમાં

– માર્ક ડી–૭, ઈ–૭, એફ–૭, જી–૭, એચ–૭, આઈ–૭ ઈલેકટ્રીક સરકીટ નંગ–૬ પ્લાસ્ટિકની અલગ–અલગ ડબ્બીમાં

– માર્ક ડી–૮, ઈ–૮, એફ–૮, જી–૮, એચ–૮, આઈ–૮ દૈનિક પેપર છ અલગ–અલગ ડબ્બીમાં

ઉપરોકત નમૂનાઓનું પ્રમાણિત રાસાયણિક અને ઉપકરણીય પધ્ધતિથી પૃથક્કરણ કરેલ હતું અને પૃથક્કરણના રીપોર્ટ મુજબ...

(૧) નમૂના માર્ક ડી–૧, ઈ–૧, એફ–૧, જી–૧, એચ–૧, આઈ–૧, ડી–૮, ઈ–૮, એફ–૮, જી–૮, એચ–૮, આઈ–૮, ડી–૯, ઈ–૯, એફ–૯, જી–૯, એચ–૯, આઈ–૯, ડી–૧૦, ઈ–૧૦, એફ–૧૦, જી–૧૦, એચ–૧૦,

આઈ–૧૦ ના નમૂનાઓમાં એમોનિયમ તથા નાઈટ્રેટ, મૂલકો તેમજ પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સ ઓઇલ (પેરાફીન ઓઇલ પ્રકાર)ની હાજરી શોધી શકાયેલ છે.

(૨) નમૂના ડી–૪, ડી–૫, ઈ–૪, ઈ–૫, એફ–૪, એફ–૫, જી–૪, જી–૫, એચ–૪, એચ–૫, આઈ–૪, આઈ–૫ માં એમોનિયમ નાઈટ્રેટ લેડ તથા એઝાઈડ મુલકો પી.ઈ.ટી.એન.(હાઈએક્ષપ્લોઝીવ) તથા પેટ્રોલીયમ હાઈડ્રો કાર્બન્સ ઓઇલ(પેરાફીન જેલી પ્રકાર) ની હાજરી શોધી શકાયેલ છે.

(૩) નમૂના માર્ક ડી–૬, ઈ–૬, એફ–૬, જી–૬, એચ–૬, આઈ–૬ માં સ્ફોટક પદાર્થની હાજરી શોધી શકાયેલ નથી.

ઉપરોકત પૃથક્કરણ આધારે સાહેદના અભિપ્રાય મુજબ...

૧. પૃથક્કરણના પરિણામમાં શોધાયેલ એમોનિયમ નાઈટ્રેટ તથા પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સ ઓઈલનું મિશ્રણ એ એમોનિયમ નાઈટ્રેટ બેઝ એમોનિયમ નાઈટ્રેટ–ફ્યુઅલ ઓઈલ (એનફો) હાઈએક્ષપ્લોજીવના ઘટકો છે જેને ફોડવા માટે ડીટોનેટરનો ઉપયોગ થાય છે.

૨. પૃથક્કરણના પરિણામમાં શોધાયેલ લેડ એઝાઈડ અને પી.ઈ.ટી. એન. (હાઈએક્ષપ્લોઝીવ) નો ઉપયોગ બ્લાસ્ટીંગ કેપ (ડીટોનેટર) માં થાય છે.

૩. નમૂનાઓમાંથી મળેલ ધાતુના છરાનો ઉપયોગ હાથ બનાવટના બોમ્બમાં મીસાઈલ્સ તરીકે થાય છે.

૩. પૃથક્કરણના પરિણામ તથા નમૂનાઓમાંથી મળેલ બેટરી, ઈલેક્ટ્રોનિક સરકીટ, છરા તથા હોડી આકારના લાકડાના ધાતુના પતરા, પ્લાસ્ટિકની શીટ સાથેના કન્ટેનરના આધારે એવું કહી શકાય કે હોડી આકારના લાકડાના ધાતુના પતરા ધરાવતા કન્ટેનરમાં એનફો એક્ષપ્લોજીવ પદાર્થ ભરી છરા ઉમેરી તથા ડીટોનેટરનો ઉપયોગ કરીને ટાઈમ ડીલે ડીવાઈસ પ્રકારનો આઈ.ઈ.ડી. બોમ્બ છે.

આ પ્રમાણેનો આ સાહેદે અહેવાલ આપેલો જે આ કામે આંક–૫૮૮૦ થી રજૂ કરેલો છે તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ સાહેદની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી છે તે ધ્યાને લેતા આ સાહેદે સુરત બોમ્બ પ્લાન્ટેશનના બનાવોવાળી

જગ્યાઓનું નિરીક્ષણ કરેલુ છે તથા કેટલાક મુદ્દામાલનું પૃથક્કરણ પણ કરેલુ છે અને તે જ રીતે અમદાવાદ ખાતે થયેલ બોમ્બ બ્લાસ્ટના બનાવોવાળી જગ્યાઓનું નિરીક્ષણ કરેલુ છે તથા કેટલાક મુદ્દામાલનું પૃથક્કરણ પણ કરેલુ છે. આ સાહેદની ઊલટતપાસ આરોપીઓ તરફથી કોઈ ચોકકસ ગુના સબંધે કરેલ નથી પરંતુ તમામ બનાવો સંબંધે સંયુકત ઊલટતપાસ કરેલ છે. આ સાહેદે ઊલટતપાસમાં જણાવેલી હકીકતોની ચર્ચા અમદાવાદના શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ ના બનાવના કામે આ ચુકાદામાં જે પુરાવા રજૂ થયેલા છે તે દરમ્યાન વિગતવાર કરવામાં આવેલી છે જેથી ઊલટતપાસની હકીકતનું પુનરાવર્તન કરવામાં આવેલ નથી.

ત્યારબાદ આ કામે રવાનગી નોંધ આંક–૫૮૭૮ પૈકીના કેટલાક મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારી હિતેશ જયંતિલાલ ત્રિવેદીનાઓને સાહેદ નં.૮૩૫ તરીકે આંક–૫૬૩૧ થી તપાસેલ છે તેઓની સરતપાસ મુજબ તેઓ તેમના વિભાગના મદદનીશ નિયામકશ્રી દ્વારા વરાછા પોલીસ સ્ટેશન, સુરત શહેરના સેકન્ડ ગુના રજીસ્ટર નં.૩૬૫/૨૦૦૮ અન્વયેનો કેસ સ્વીકારવામાં આવેલ મુદ્દામાલ પૈકીનો અમુક મુદ્દામાલ પૃથક્કરણ અર્થે મળેલો તે પૈકી ૩૦ પાર્સલો પૈકી માર્ક ડી–૪, ડી–૫, ઈ–૪, ઈ–૫, એફ–૪, એફ–૫, જી–૪, જી–૫, એચ–૪, એચ–૫, આઈ–૪, આઈ–૫, ડી–૧૦, ઈ–૧૦, એફ–૧૦, જી–૧૦, એચ–૧૦, આઈ–૧૦, ડી–૬, ઈ–૬, એફ–૬, જી–૬, એચ–૬, આઈ–૬ કચેરીના વિભાગીય સીલબંધ સાથે તથા માર્ક ડી–૭, ઈ–૭, એફ–૭, જી–૭, એચ–૭, આઈ–૭ મૂળ સીલ લાથે ઈન્ટર ફોરવર્ડીંગ પત્રથી મળેલો. સદરહું કામનો મુદ્દામાલનું પૃથક્કરણ વૈજ્ઞાનિક પધ્ધતિએ કરેલ હતું અને પૃથક્કરણ મુજબ...

૧. માર્ક ડી–૪, માર્ક ઈ–૪, માર્ક એફ–૪, માર્ક જી–૪, માર્ક એચ–૪, માર્ક આઈ–૪, માર્ક ડી–૫, માર્ક ઈ–૫, માર્ક એફ–૫, માર્ક જી–૫, માર્ક એચ–૫, માર્ક આઈ–૫, ડીટોનેટરોના બે વિજાગ્રો વચ્ચે વીજ સાતત્યતા અંગેની ચકાસણી કરવામાં આવી.

૨. માર્ક ડી–૧૦, માર્ક ઇ–૧૦, માર્ક એફ–૧૦, માર્ક જી–૧૦, માર્ક એચ–૧૦, માર્ક આઇ–૧૦ ના ધાતુના છરાનો ભૌતિકીય તથા EDXRF યંત્રમાં ધાતુ તત્વોની હાજરી અંગેનુ પરીક્ષણ કરેલ.

૩. માર્ક ડી–૬, માર્ક ઇ–૬, માર્ક એફ–૬, માર્ક જી–૬, માર્ક એચ–૬, માર્ક આઇ–૬ ની બેટરીનુ મલ્ટિમીટર વડે તેના વોલ્ટેજનુ માપન કરવામાં આવ્યુ.

૪. માર્ક ડી–૭, માર્ક ઇ–૭, માર્ક એફ–૭, માર્ક જી–૭, માર્ક એચ–૭, માર્ક આઇ–૭ ની ઇલેકટ્રોનીક સરકીટના PCB (Printed Circuit Board) માં જોવા મળતા કનેકશન અનુસાર Schematic Diagram તૈયાર કરવામાં આવ્યો.

૫. માર્ક ડી–૭, માર્ક ઇ–૭, માર્ક એફ–૭, માર્ક જી–૭, માર્ક એચ–૭, માર્ક આઇ–૭ ની સરકીટમાં રહેલ PIC 16F628A માઇક્રોકન્ટ્રોલર IC નું EPROM READER હાર્ડવેર તથા સોફટવેર પ્રોગ્રામની મદદથી તેમાં રહેલ પ્રોગારમ રીડ કરવા માટે પ્રયત્ન કરવામાં આવ્યો.

૬. માર્ક ડી–૭, માર્ક ઇ–૭, માર્ક એફ–૭, માર્ક જી–૭, માર્ક એચ–૭, માર્ક આઇ–૭ સરકીટને બેટરી સાથે જોડાણ કરી તેનાં વિવિધ જોડાણો પાસે મળતા વોલ્ટેજ મલ્ટિમીટર વડે તથા COB (Clock On Board) સરકીટ દ્વારા મળતા પલ્સની Frequency ઓસીલોસ્કોપની મદદથી માપવામાં આવ્યા. સદરહુ નમૂનાની સરકીટનો ટ્રીગરીંગ ટ્રાન્ઝીસ્ટર કેટલા સમયબાદ ટ્રીગર થાય છે તે સ્ટોપવોચની મદદથી તે પ્રાયોગીક પધ્ધતિથી માપવામાં આવ્યુ.

ઉપરોકત પૃથક્કરણ આધારે સાહેદના અભિપ્રાય મુજબ...

૧. માર્ક ડી–૪, માર્ક ઇ–૪, માર્ક એફ–૪, માર્ક જી–૪, માર્ક એચ–૪, માર્ક આઇ–૪, માર્ક ડી–૫, માર્ક ઇ–૫, માર્ક એફ–૫, માર્ક જી–૫, માર્ક એચ–૫, માર્ક આઇ–૫ ના ડીટોનેટરના નળાકાર કન્ટેનરની મુખ્ય ધાતુ એલ્યુમિનિયમ હોવાનુ જણાયુ.

૨. માર્ક ડી–૧૦, માર્ક ઇ–૧૦, માર્ક એફ–૧૦, માર્ક જી–૧૦, માર્ક એચ–૧૦, માર્ક આઇ–૧૦ ના છરામાં મુખ્ય ધાતુ તરીકે આર્યન (Iron) ની હાજરી જોવા મળેલ.

૩. માર્ક ડી–૧૦, માર્ક ઇ–૧૦, માર્ક એફ–૧૦, માર્ક જી–૧૦, માર્ક એચ–૧૦, માર્ક આઇ–૧૦ ના ધાતુના છરાનો ઉપયોગ બોમ્બ બનાવવાની રચનામાં પ્રોજેકટાઇલ તરીકે થઇ શકે

૪. માર્ક ડી–૬, માર્ક ઇ–૬, માર્ક એફ–૬, માર્ક જી–૬, માર્ક એચ–૬, માર્ક આઇ–૬ ની બેટરી ચાલુ સ્થિતિમાં હતી તથા તેનો આઉટપુટ વોલ્ટેજ આશરે 8.3 વોલ્ટ હતા.

૫. માર્ક ડી–૭, માર્ક ઇ–૭, માર્ક એફ–૭, માર્ક જી–૭, માર્ક એચ–૭, માર્ક આઇ–૭ ની સરકીટ મુખ્યત્વે PIC 16F628A પ્રોગ્રામેબલ ફલેશ પ્રકારની IC, COB (Clock On Board), ટ્રીગરીંગ ટ્રાન્સીસ્ટર 2SC1162, ઝેનર ડાયોડ, રેસીસટન્સ, કેપેસીટર્સ વગેરેની બનેલી હતી.

૬. માર્ક ડી–૭, માર્ક ઇ–૭, માર્ક એફ–૭, માર્ક જી–૭, માર્ક એચ–૭, માર્ક આઇ–૭ ની સરકીટમાં રહેલ COB (Clock On Board) ૦.૫ હર્ટઝની ફીકવન્સી જનરેટ કરે છે.જે માઇક્રોકન્ટ્રોલરની પીન નં.૩ ઉપર આપે છે.

૭. માર્ક ડી–૭, માર્ક ઇ–૭, માર્ક એફ–૭, માર્ક જી–૭, માર્ક એચ–૭, માર્ક આઇ–૭ ની ઇલેકટ્રોનિક સરકીટને બેટરી સાથે જોડી ચકાસતા તેના દરેક ઇલેકટ્રોનીક કંપાઉન્ટસ ચાલુ સ્થિતિમાં (Working Condition) માં જણાયા.

૮. માર્ક ડી–૭, માર્ક ઇ–૭, માર્ક એફ–૭, માર્ક જી–૭, માર્ક એચ–૭, માર્ક આઇ–૭ ની ઇલેકટ્રોનિક સરકીટને યોગ્ય રીતે બેટરી સાથે જોડી પ્રાયોગીક રીતે અવલોકન કરતા સદરહુ નમૂનાની સર્કીટના ટ્રીગરીંગ ટ્રાન્ઝીસ્ટર (2SC1162) અનુક્રમે ૨૪ કલાક, ૪૫ કલાક, ૨૪ કલાક, ૨૪ કલાક, ૩૬ કલાક ના સમયગાળા બાદ ટ્રીગર થતો જોવા મળેલ.

૯. માર્ક એફ–૭ ની ઈલેકટ્રોનિક સરકીટને બેટરી સાથે જોડી પ્રાયોગીક રીતે અવલોકન કરતા સદર સર્કીટનો ટ્રીગરીંગ ટ્રાન્ઝીસ્ટર (2SC1162) ટ્રીગર થતો ન હતો જે સદરહુ સર્કીટ ક્ષતીયુકત હોવાનો નિર્દેશ કરે છે.

૧૦. માર્ક ડી–૭, માર્ક ઈ–૭, માર્ક જી–૭, માર્ક એચ–૭, માર્ક આઈ–૭ ની ઈલેકટ્રોનિક સરકીટને બેટરી સાથે જોડયા બાદ અગાઉથી પ્રોગ્રામ કરેલ સમય ગાળો પુરો થતા ટ્રીગરીંગ ટ્રાન્ઝીસ્ટર (2SC1162) ના આઉટપુટ પર ડીટોનેટરોને ફુટવા માટે જરૂરી વિજપ્રવાહ મળતો નહી હોવાથી ડીટોનેટરો એક્ષપ્લોડ થઈ શકેલ ન હતા તેવુ જણાયેલ છે

ઉપરોકત પૃથક્કરણના આધારે આ સાહેદે જે અહેવાલ આપેલો તે આ કામે આંક–૫૬૫૪ થી રજૂ કરેલો છે તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ સાહેદની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી છે આ સાહેદે સુરત શહેરમાં બનેલા કુલ ૧૫ બનાવોમાં જે મુદ્દામાલ કબજે કરવામાં આવેલો તે તમામ બનાવોના મુદ્દામાલોનું આ સાહેદ પૃથક્કરણ કરેલુ છે અને આરોપીઓ તરફથી કોઈ ચોકકસ ગુના માટે ઊલટતપાસ કરવામાં આવેલી નથી પરંતુ જનરલ ઊલટતપાસ કરવામાં આવેલી છે. આ સાહેદે ઊલટતપાસમાં જણાવેલી હકીકતો મહિધરપુરા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં. ૨૦૯/ ૨૦૦૮ ના કામના બનાવ સંબંધે રજૂ કરેલ પુરાવામાં વિગતવાર ચર્ચા કરેલી છે માટે ઊલટતપાસની હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

ત્યારબાદ આ કામે તપાસ કરનાર અધિકારી શ્રી એન.બી.પરમારે મદદનીશ પોલીસ કમિશનરે બનાવવાળી પાંચ જગ્યાઓ ઉપર નકશો બનાવવા માટે મામલતદાર સુરત શહેરને એક યાદી લખેલી જે યાદી આ કામે આંક–૭૫૯૦ થી રજૂ કરેલી છે અને નાયબ પોલીસ અધીક્ષકશ્રી એન.બી. પરમારને સાહેદ નં. ૧૧૫૪ તરીકે તપાસેલ છે તેઓએ તેઓની જુબાનીમાં યાદીમાં તેમની સહી ઓળખી બતાવેલી છે.

આંક–૭૫૯૦ વાળી યાદીના આધારે સર્કલ ઓફિસર હિતેન્દ્રકુમાર ગુલાબભાઈ નાયકનાઓએ ગુનાવાળી પાંચેય જગ્યાઓ ઉપર જઈ નકશાઓ બનાવેલા તેઓને આ કામે સાહેદ નં.૧૦૮૭ તરીકે આંક–૭૫૫૭ થી તપાસેલા છે તેમની સરતપાસ પ્રમાણે તેઓને તપાસ કરનાર અધિકારીશ્રી એન.બી.પરમાર દ્વારા (૧) વરાછા ઓવરબ્રિજના પોલ નં.૯૮ ઉપર લગાડેલ હોર્ડીંગના લોખંડના એન્ગલ ઉપર (૨) વરાછા મીનીબજાર મોહનની ચાલમાં અનિલભાઈ ચોકસીના કાંટા પાસે આવેલ વડના ઝાડ ઉપર (૩) વરાછા મીનીબજાર મોહનની ચાલમાં અનિલ ચોકસીના કાંટા પાસે આવેલ વડના ઝાડ સામે પતરા ઉપર (૪) મોહનની ચાલીની ઉત્તરે ઓવરબ્રિજ ઉપર આવેલ હોર્ડીંગમાં તથા (૫) ભાવના ફોર્ડની ઉત્તરે આવેલ ઓવરબ્રિજ ઉપર આવેલ હોર્ડીંગમાં બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલા તે જગ્યા ઉપર જઈ નકશો બનાવવા માટેની યાદી મળેલી તે આંક–૭૫૯૦ ની યાદી મળ્યા બાબતે યાદી ઉપર તેમણે પોતાની સહી ઓળખી બતાવી છે અને તે યાદીના આધારે પાંચેય સ્થળો ઉપર જે નકશાઓ બનાવેલા તે પૈકી અનુક્રમ નં.૧ અને ૨ વાળી જગ્યાઓનો નકશો આંક–૭૫૯૧ થી ૨જૂ છે તથા અનુક્રમ નં.૩ થી ૫ વાળી જગ્યાનો નકશો આંક–૭૫૯૨ થી ૨જૂ છે જેમા આ સાહેદે પોતાની સહીઓ ઓળખી બતાવેલી છે. સદર નકશાઓમાં જે જગ્યાએથી બોમ્બ મળી આવેલા તે જગ્યાઓ લાલ કલરથી બતાવેલી છે.

આ સાહેદની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી છે તે ધ્યાને લેતા આ સાહેદે સુરત બોમ્બ પ્લાન્ટેશનના બનાવોવાળી જગ્યાઓનું નિરીક્ષણ કરીને નકશાઓ બનાવેલા છે. આ સાહેદની ઊલટતપાસ આરોપીઓ તરફથી કોઈ ચોકકસ ગુના સબંધે કરેલ નથી પરંતુ તમામ બનાવો સબંધે સંયુકત ઊલટતપાસ કરેલ છે. આ સાહેદે ઊલટતપાસમાં જણાવેલી હકીકતોની ચર્ચા સુરત શહેરના મહીધરપુરા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૨૦૯/૨૦૦૮ ના બનાવના કામે આ ચુકાદામાં જે પુરાવા રજૂ થયેલા છે તે

દરમ્યાન વિગતવાર કરવામાં આવેલી છે જેથી ઊલટતપાસની હકીકતનું પુનરાવર્તન કરવામાં આવેલ નથી.

(૫૭.૦૧) <u>વરાછા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૩૬૫/૨૦૦૮ ના કામે બનાવ નં.૩ને સમર્થન માટે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકનઃ–</u>

આમ, વરાછા પોલીસ સ્ટેશન વિસ્તારમાં (૧) વરાછા ઓવરબ્રિજના પોલ નં.૯૮ ઉપર લગાડેલ હોર્ડીંગના લોખંડના એન્ગલ ઉપર (૨) વરાછા મીની બજાર મોહનની ચાલમાં અનિલભાઈ ચોકસીના કાંટા પાસે આવેલ વડના ઝાડ ઉપર (૩) વરાછા મીનીબજાર મોહનની ચાલમાં અનિલ ચોકસીના કાંટા પાસે આવેલ વડના ઝાડ સામે પતરા ઉપર (૪) મોહનની ચાલીની ઉત્તરે ઓવરબ્રીજ ઉપર આવેલ હોર્ડીંગમાં તથા (૫) ભાવના ફોર્ડની ઉત્તરે આવેલ ઓવરબ્રિજ ઉપર આવેલ હોર્ડીંગમાં બોમ્બ બ્લાસ્ટના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલ છે તે માટે ફરિયાદપક્ષ દ્વારા જયેશભાઈ લક્ષ્મણભાઈ ભાટુને સાહેદ નં.૫૫૩ તરીકે આંક–૩૦૧૭ થી તપાસવામાં આવેલા છે. તેમની સરતપાસ પ્રમાણે ૧૯૯૫ થી ૨૦૦૯ દરમ્યાન વરાછા મીની બજાર, કોહિનૂર સોસાયટી સામે ક્રિસટલ ચેમ્બરમાં દુકાન નં.૫ માં અક્ષર ટ્રાવેલ્સની ઑફિસ ધરાવી ટ્રાવેલ એજન્ટનું કામકાજ કરતા હતા. તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ ઑફિસેથી માતાવાડી વિસ્તારમાં જવા નીકળેલા અને પરત આવતા સરદાર બ્રિજના હોર્ડીંગ નં.૯૮ ઉપર એક લીલા કલરનું બોક્ષ જોયેલું આ જોતાં ગાડી બાજુ ઉપર ઉભી રાખી પોલીસને ૧૦૦ નંબર ઉપર જાણ કરેલી. આ મુજબની જાણ જે.ડી. રેસ્ટોરન્ટ વાળી જગ્યાએથી કોઇન બોક્ષવાળા ફોનમાંથી કરેલી ત્યારબાદ પોલીસ તથા બોમ્બ ડીફ્યુઝ ટીમ ત્યાં સ્થળ ઉપર આવી ગયેલી. આ ટીમે હોર્ડિગસ ઉતારેલાં અને બોક્ષવાળી વસ્તુ પણ ઉતારેલી અને આ વસ્તુને ડીફ્યુઝ કરવામાં આવેલ. ત્યારબાદ પોલીસ તે લીલા કલરના બોક્ષવાળી વસ્તુ લઇ ગયેલી. આ લીલા કલરવાળા બોક્ષમાંથી બોમ્બ મળી આવેલો તેમ જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો બ્રિજ ઉપર આવન જાવનનો ટ્રાફિક

ચાલુ હતો. હોર્ડીંગ્સ બ્રિજની નીચે હતુ તો તે હકીકત નકારેલી છે. હોર્ડીંગ્સ ૧૫–૨૦ ફુટની ઉંચાઈએ હતુ અને તે કોલમ બીમની સાઈડમાં લગાવેલુ હતુ. બોમ્બ ચોકકસ કયાં હતો તે ખબર નથી તો તે હકીકત નકારી છે. સરતપાસમાં જણાવ્યા મુજબ સ્થળ ઉપર આવી કોઈ કાર્યવાહી જોયેલી નથી તો તે હકીકત નકારેલી છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી નરેશભાઈ પરશુરામ રાજગોરને સાહેદ નં.પ૬૪ તરીકે આંક–૩૦૩૩ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે જુલાઈ–૨૦૦૮ ના અરસામાં વરાછા મીની હીરાબજાર સાંઈ મેટલર વાળાને ત્યાં હીરા લે–વેચ કરવાની નોકરી કરતા હતા. તા. ૨૯/૭/૨૦૦૮ ના રોજ બપોરના આશરે સવા ત્રણેક વાગ્યાના સુમારે વરાછા જેડી રેસ્ટોરન્ટ સામે ઓવર બ્રિજ પાસે ઘણા લોકોને ભેગા થયેલ જોયેલા તેથી ત્યાં ગયેલા તે વખતે ઓવરબ્રિજના પોલ નં.૯૮ ઉપર લગાડેલ હોર્ડિંગ્સમાંથી એક બોમ્બ મળી આવેલો હતો. જે બોમ્બ નજરે જોયેલ અને થોડીવાર બાદ વરાછા મીની બજાર, મોહનની ચાલમાં અનિલભાઈ ચોકસીના કાંટા પાસે વડના ઝાડ ઉપરથી તેમજ તેની સામે પતરા ઉપરથી એક એક બોમ્બ મળી આવેલ. ત્યારબાદ વરાછા મેઈન રોડ, મોહનલાલની ચાલીની ઉત્તરે ઓવરબ્રિજ ઉપર લગાડેલ હોર્ડિંગ્સમાંથી બે જીવતા બોમ્બ મળી આવેલ આ તમામ બોમ્બ જોયેલાં અને સદર તમામ બોમ્બ પોલીસ તથા બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડના માણસો આવી નિષ્ક્રીય કરી તેમની સાથે લઈ ગયેલાં તેમ જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ બનાવ અગાઉ કયારેય બોમ્બ જોયેલો નથી. જે બોમ્બ જોયેલા હતા તે લટકતા હતા. લટકતી વસ્તુ શું છે તે જોયા વીના કહી શકાય નહીં તે કબૂલ કરે છે. સ્થળ ઉપર બોમ્બ જોયેલા નથી કે પોલીસ દ્વારા આવી કોઈ વસ્તુ કબજે કરવામાં આવેલ નથી તો તે નકારે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી પરેશભાઈ બટુકભાઈ ઠકકરને સાહેદ નં.પ૬૮ તરીકે આંક–૩૦૪૧ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે જુલાઈ–૨૦૦૮ ના અરસામાં વરાછા રોડ ઉપર આવેલ પકવાન ગેસ્ટ હાઉસમાં મેનેજર તરીકે નોકરી કરતા હતા. તા.૨૯/૭/૨૦૦૮ ના

રોજ બપોરનાં આશરે બે એક વાગ્યાના સુમારે ગેસ્ટ હાઉસની સામે ઓવરબ્રિજની નીચે રોડ ઉપર લોકો ભેગા થયેલા જેથી ત્યાં જઇ ઓવરબ્રિજ ઉપર લગાડેલ હોર્ડીંગ્સમાં કંઇક વસ્તુ મુકેલાનું જણાઇ આવેલ તે દરમ્યાન પોલીસ આવી જતા હકીકત જાણવા મળેલ કે ઓવરબ્રીજના હોર્ડિંગ્સમાં બોમ્બ મુકેલ છે અને પોલીસે કાર્યવાહી કરેલાનું જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી મનસુખભાઈ હીરજીભાઈ ધામેલીયાને સાહેદ નં.૬૦૭ તરીકે આંક–૩૨૪૩ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે જુલાઇ–૨૦૦૮ના અરસામાં વરાછા મેઇન રોડ, સુરત ખાતે લીંબુ સરબતની લારી ઉભી રાખતા હતા અને ધંધો કરતા હતા. તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ સમય અનુસાર બપોરે બે સવા બે વાગ્યાની આસપાસ લારી સામે આવેલ ઓવર બ્રિજની નીચે રોડ ઉપર પબ્લિકના માણસો ભેગા થયેલાં હતા અને ઓવર બ્રિજ ઉપર લગાવેલ હોર્ડીંગ્સમાં કાંઇક હોવાની વાતો કરતાં હતાં. આ દરમ્યાન પોલીસ આવી ગઇ હતી અને જાણવા મળેલ કે ઓવર બ્રિજના હોર્ડીંગ્સમાં બોમ્બ મળી આવેલ અને પોલીસે ત્યાં આવીને પબ્લીકના માણસોને ખસેડેલા હતાં તેમ જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પોલીસે જગ્યાને કોર્ડન કરી તે વખતે સ્થળ છોડીને જતા રહેલા તો તે હકીકત કબૂલ કરે છે. બનાવ સબંધેની કોઈ કાર્યવાહી જોયેલી નથી તો તે હકીકત નકારે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી ઘનશ્યામભાઈ રવજીભાઈ ગજેરાને સાહેદ નં.૬૩૮ તરીકે આંક–૩૨૮૨ થી તપાસેલા છે. આ સાહેદની સર તપાસ પ્રમાણે તેઓ વરાછા રોડ પકવાન હોટલની પાસે રીના પાન હાઉસ નામની દુકાન ચલાવતા હતા. તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ બપોરે અઢી વાગ્યાની આસપાસ તેમની દુકાને સામે આવેલ ઓવર બ્રિજની નીચે રોડ ઉપર લોકો ભેગા થયેલાં જેથી ત્યાં ગયેલા અને જોયેલ તો ઓવરબ્રિજ ઉપર લગાવેલ હોર્ડિંગ્સમાં બોમ્બ હોવાનું જણાયેલું. આ દરમ્યાન પોલીસ આવી ગઇ હતી. ત્યાં હોર્ડિંગ્સમાંથી બોમ્બ પોલીસે કાઢેલાનું જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ

ધ્યાને લઈએ તો બનાવ સ્થળે પહોંચ્યા ત્યારે પોલીસ આવી ગયેલી હતી અને ટોળાને વીખેરતા હતા. લોકો દ્વારા જાણવા મળેલુ કે હોર્ડીંગ્સની પાછળ બોમ્બ છે તો તેવુ બનેલુ નથી. બોમ્બ કેવા હોય છે તો તેની જાણકારી નથી. સ્થળ ઉપરથી પોતાની દુકાને જતા રહ્યા બાદ પોલીસે શું કાર્યવાહી કરેલી તેની ખબર નથી. બોમ્બનું વાતાવરણ હોવાથી બીજા દિવસે દુકાન બંધ રાખેલી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી મહેશભાઈ નાઝાભાઈ મકવાણાને સાહેદ નં.૬૧૨ તરીકે આંક–૩૨૪૮ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે જુલાઇ ૨૦૦૮ ના અરસામાં વરાછા મીનીબજાર, મોહનની ચાલ ખાતે બેસીને હીરા લે વેચનો ધંધો કરતા હતા. તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ બપોરના આશરે સવાત્રણ વાગ્યાના સુમારે વરાછા મેઇન રોડ જે.ડી. રેસ્ટોરન્ટ સામે આવેલ ઓવરબ્રિજ પાસે ઘણાં લોકો ભેગા થયેલ હોવાથી ત્યાં ગયેલા ત્યારે ઓવર બ્રિજના થાંભલા ઉપર હોર્ડીંગમાંથી એક જીવતો બોમ્બ મળી આવેલો. ત્યારબાદ થોડીવાર પછી મોહનની ચાલમાં અનિલભાઇ ચોકસીના કાંટા પાસે વડના ઝાડ ઉપરથી તથા તેની સામે બનાવેલ પતરાની દિવાલ ઉપર થી એક એક બોમ્બ મળી આવેલ. વરાછા ઓવરબ્રિજ મોહનની ચાલની ઉત્તર બાજુએ આવેલ અલ્પા રેસ્ટોરન્ટ સામે હોર્ડીંગમાંથી બે જીવતા બોમ્બ મળી આવેલાં. પોલીસે આ બોમ્બ અંગેની કાર્યવાહી કરેલી તેમ જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી પ્રિતેશ અનીલભાઈ ચોકસીને સાહેદ નં.૬૪૩ તરીકે આંક–૩૨૮૮ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે સને ૨૦૦૮ ના વર્ષમાં ચોકસી વેઇટ સેન્ટરના નામે ધંધો કરતા હતા. તા.૨૮/૭/૨૦૦૮ ના રોજ દુકાનની બહારના ભાગમાં ઓવર બ્રિજ પાસે પબ્લિક આશરે ત્રણ સાડા ત્રણ વાગ્યે ભેગી થયેલી જેથી જોયું તો ઓવર બ્રિજ ઉપર એક જાહેરાતનું હોર્ડિંગ્સમાંથી પોલીસ એક બોમ્બ ઉતારતાં હતાં. ત્યારપછી અડધો કલાક રહીને દુકાન પાસે વડના ઝાડ ઉપરથી એક બોમ્બ મળી આવેલ ત્યારપછી વડના ઝાડની સામે આવેલ એક દુકાને જાહેરાતના હોર્ડીંગ્સમાંથી એક બોમ્બ મળી આવેલ. ત્યારબાદ થોડા સમય પછી અલ્પા

રેસ્ટોરન્ટ નામની હોટલ પાસેથી બે બોમ્બ મળી આવેલ ત્યાં ભાવના ફોર્ડ કરીને મોટરનો શોરૂમ છે ત્યાંથી પણ બોમ્બ મળી આવેલ. આ વિસ્તારમાં હીરાબજાર ભરાય છે તેમ જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો તા.૩૧/૮/૨૦૦૮ પહેલા બોમ્બ સંબંધેની જાણકારી હતી તેવી વાત અન્ય કોઈ વ્યકિતને કરેલી નથી. બોમ્બ જમીનના લેવલથી ૩૫ ફુટ ઉપર અને બ્રિજના લેવલથી ૧૦ ફુટ ઉપર હતા. જાહેરાતનું હોર્ડીંગ્સ અઢી બાય અઢીનું હતુ, પોલીસ ટોળાને કન્ટ્રોલ કરતી હતી ત્યારે આ સાહેદ જતા રહેલા. અલ્પા રેસ્ટોરન્ટથી આ સાહેદની દુકાન ઉપર આવતા સામે બોર્ડ દેખાય છે. બ્રિજ ઉપરના બોમ્બની પોલીસે શું કાર્યવાહી કરેલી તેની ખબર નથી. બનાવના દિવસે દુકાન ઉપર હોવા સંબંધે કોઈ પુરાવો નથી. દુકાન ઉપર બોમ્બ મુકેલાની તપાસ પોલીસે કરી નથી તો તે હકીકત નકારે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી મુકેશ ઈશ્વરભાઈને સાહેદ નં. ૭૫૯ તરીકે આંક–૩૫૫૬ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે જુલાઈ–૨૦૦૮ના અરસામાં વરાછા પોલીસ સ્ટેશનમાં અનઆર્મ પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ શહેર અમદાવાદમાં થયેલ બોમ્બ ધડાકાના અનુસંધાને વરાછા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પણ રહેવાસીઓ અને દુકાનદારોને કોઇ શંકાસ્પદ વસ્તુ કે બીનવારસી વસ્તુ બાબતે તકેદારી રાખવા તથા શંકાસ્પદ ચીજવસ્તુ મળી આવે તો પોલીસને જાણ કરવા સુચના આપવામાં આવેલ. તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ પોલીસ સબ ઇન્સ્પેકટર આહીરનાઓ સાથે માતાવાડી પોલીસ ચોકી વિસ્તારમાં પેટ્રોલિંગમા હતા આ દરમ્યાન કલાક ૧૦–૪૫ વાગ્યના અરસામાં વરાછા મેઇન રોડ ઉપર જે.ડી. રેસ્ટોરન્ટ પાસે ઓવરબ્રિજના પુલ ઉપર લગાવેલા હોર્ડીગના એંગલ ઉપર એક બોમ્બ મળી આવેલ તેવા સમાચાર મળતા પી.એસ.આઇ. આહીર સાથે તે જગ્યાએ ગયેલા ત્યાં જઇ જોતાં તે હોર્ડીગના એંગલ ઉપર એક આછા લીલા કલરની કોથળીમાં કંઇક શંકાસ્પદ વસ્તુ જણાતાં તે બાબતે પોલીસ ઇન્સ્પેકટરશ્રીને જાણ કરવામાં આવેલી ત્યાં પોલીસ ઇન્સ્પેકટર તથા તેમના

સ્ટાફના માણસો આવી ગયેલાં. બી.ડી.એસ. ટીમ તથા એફ.એસ.એલ. ટીમને જાણ કરવામાં આવતા બી.ડી.એસ. ટીમના માણસોએ આવીને આ શંકાસ્પદ વસ્તુની તપાસ કરતાં વિસ્ફોટક બોમ્બ હોવાનું જણાઇ આવતાં તેને ડીફ્યુઝ કરેલ. ત્યાર બાદ બોમ્બમાંથી મળી આવેલ સામગ્રી પંચનામાની વિગતે કબ્જે કરવામાં આવેલી. ઉપરોકત જગ્યાની દક્ષિણ તરફે આવેલ વરાછા મીની બજાર મોહનની ચાલમાં અનિલભાઇ ચોકસીના કાંટા પાસે આવેલ વડના ઝાડ ઉપર તથા તેની સામે આવેલ એક પતરાંના બોર્ડ ઉપર પણ વિસ્ફોટક જીવંત બોમ્બ મળેલ. તેને પણ બી.ડી.એસ. ટીમના માણસોએ તેને પણ ડીફ્યુઝ કરેલાં અને પંચનામાની વિગતે કબ્જે કરેલ. આ દરમ્યાન મોહનની ચાલથી ઉત્તર તરફ ઓવર બ્રિજમાં લગાડેલ હોર્ડીંગમાં પણ જીવતાં બોમ્બ મળી આવેલ હોવાની વિગત મળતાં પોલીસ ઇન્સ્પેકટર સાહેબે બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડના માણસોને ત્યાં રવાના કરેલ અને પછી પોલીસ સબઇન્સ્પેકટર આહીર તથા પોલીસ ઇન્સ્પેકટર સાહેબ તથા એફ.એસ.એલ અધિકારી તથા પંચો આ સ્થળે ગયેલાં અને ત્યાં સ્ટ્રીટ લાઇટના થાંભલા નં.૩૧ પાસે લગાડેલ બે જીવતાં બોમ્બ મળી આવેલાં તેને પણ બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડે ડીફ્યુઝ કરેલ અને ચીજવસ્તુઓ પંચનામાની વિગતે કબ્જે કરવામાં આવેલ. આ દરમ્યાન પકવાન હોટલ પાસે ભાવના ફોર્ડ સામે ઓવરબ્રિજ ઉપર હોર્ડિંગમાં બોમ્બ હોવાના સમાચાર મળતાં ત્યાં બોમ્બ ડીસ્પોઝલ સ્કવોડને મોકલવામાં આવેલ અને ત્યારબાદ પોલીસ ઇન્સ્પેકટર સાહેબ, એફ.એસ.એલ. અધિકારી, તેમના સ્ટાફના માણસો અને પંચના માણસો તે જગ્યાએ જવા રવાના થયેલા અને બોમ્બ ડીસ્પોઝલ ટીમે ડીફ્યુઝ કરેલ બોમ્બની સામગ્રી પંચનામાની વિગતે કબ્જે કરેલ તેમ જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો કામગીરીની દૈનિક ડાયરીમાં નોંધ થાય છે તે કબૂલ કરે છે. પોતાનો જવાબ લખાવતી વખતે ડાયરી રજૂ કરેલી નથી તે કબૂલ કરે છે. બનાવના દિવસે કઈ કામગીરીમાં કયા સમયે રોકાયેલા તે ચોકકસ કહી શકે તેમ નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી મહંમદ હનીફ ઝહીર હુસેનને સાહેદ નં.૭૭૧ તરીકે આંક–૩૫૭૬ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે જુલાઇ માસમાં વરાછા પોલીસ સ્ટેશનમાં અનાર્મ હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ શહેર અમદાવાદમાં થયેલ શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકાના અનુસંધાને વરાછા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પણ તકેદારીના પગલા ભરવામાં આવેલાં. આ પગલાના ભાગરૂપે પોલીસ ઇન્સ્પેકટર સાહેબ તથા સર્વેલન્સ સ્ટાફ સાથે તા.૨૮/૭/ ૨૦૦૮ ના રોજ બપોરના સવા ત્રણેક વાગ્યાના સુમારે માતાવાડી પોલીસ ચોકીના પોલીસ સબઇન્સ્પેકટર આર.આર.આહિરનાઓએ વરાછા મેઇન રોડ પાસે ઓવરબ્રિજના પોલ નં.૯૮ ઉપર લગાવેલ હોર્ડીંગના લોખંડના એન્ગલ ઉપર શંકાસ્પદ વસ્તુ હોવાની પોલીસ ઇન્સ્પેકટરશ્રીને જાણ કરતાં પોલીસ ઇન્સ્પેકટર સાથે ત્યાં પહોંચી ગયેલાં. બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડ તથા એફ.એસ. એલ. અધિકારીને બોલાવવા તજવીજ કરવામાં આવેલી. બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડના માણસોએ આવીને આ શંકાસ્પદ વસ્તુ જોઇ તે બોમ્બ હોવાનું જણાઇ આવતાં તેને ડીફ્યુઝ કરેલો. જેને પંચનામાની વિગતે કબ્જે કરવામાં આવેલ. તે દરમ્યાન વરાછા મીનીબજાર, મોહનની ચાલમાં અનિલભાઇ ચોકસીના કાંટા પાસે આવેલ વડના ઝાડ ઉપર તથા તે ઝાડની સામે પતરાની દિવાલ ઉપર બોર્ડની પાછળ એમ બે જગ્યાએ જીવતા વિસ્ફોટક બોમ્બ મળી આવેલ હોવાથી બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડના માણસોએ આ બંને બોમ્બને પણ ડીફ્યુઝ કરેલાં અને તેના પાર્ટસ પંચનામાની વિગતે કબ્જે કરવામાં આવેલાં. દરમ્યાન મોહનની ચાલથી ઉત્તર તરફ ઓવર બ્રિજ ઉપર લગાવેલ હોર્ડીંગમાં બે જીવતાં બોમ્બ મળી આવેલ હોવાની હકિકત મળતાં પોલીસ ઇન્સ્પેકટર સાહેબે બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડના માણસો તથા સ્ટાફ અને એફ.એસ.એલ. અધિકારીને રવાના કરેલાં. ત્યારબાદ પોલીસ સ્ટાફ તથા પંચો સાથે ત્યાં પહોંચી મળી આવેલ આ બંને જીવતા બોમ્બને બોમ્બ ડીસ્પોઝલ સ્કવોડના માણસોએ ડીફ્યુઝ કર્યા બાદ પંચનામાની વિગતે પાર્ટસ કબ્જે કરવામાં આવેલ. દરમ્યાન ભાવના ફોર્ડ સામે

આવેલ ઓવરબ્રિજ ઉપરના હોર્ડીંગમાં બોમ્બ હોવાની વિગત મળતાં પોલીસ ઇન્સ્પેકટર સાહેબે બોમ્બ ડિસ્પોઝલ માણસોને ત્યાં રવાના કરેલાં અને તેઓએ બોમ્બ ડીફ્યુઝ કર્યા બાદ પંચનામાની વિગતે પાર્ટસ કબ્જે કરવામાં આવેલ તેમ જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા બનાવની જાણ થયા બાદ સ્થળ ઉપર કેટલા વાગે પહોંચેલા તેની ખબર નથી. ઉપરી અધિકારીના ફરમાન મુજબ કાર્યવાહી કરેલી પરંતુ શું કાર્યવાહી કરેલી તે યાદ નથી. પોલીસને સમર્થન આપવા ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી અશોક મોતીરામને સાહેદ નં. ૭૭૭ તરીકે આંક–૩૫૮૬ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે સને–૨૦૦૬ થી ૨૦૧૧ દરમ્યાન વરાછા પોલીસ સ્ટેશનમાં અનાર્મ હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ અમદાવાદ શહેરમાં થયેલ બોમ્બ ધડાકાના અનુસંધાને સુરત શહેરમાં તકેદારીના પગલા લેવામાં આવેલ. વરાછા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પોલીસ ઇન્સ્પેકટર સાહેબ તથા સર્વેલન્સ સ્ટાફ સાથે તા.૨૮/૭/૨૦૦૮ ના રોજ બપોરના સવા ત્રણેક વાગ્યાના સુમારે માતાવાડી પોલીસ ચોકીના પોલીસ સબઇન્સ્પેકટર આર. આર. આહીર નાઓએ વરાછા મેઇન રોડ પાસે ઓવરબ્રિજના પોલ નં.૯૮ ઉપર લગાવેલ હોર્ડીંગના લોખંડના એન્ગલ ઉપર શંકાસ્પદ વસ્તુ હોવાની પોલીસ ઇન્સ્પેકટરશ્રીને જાણ કરતાં પોલીસ ઇન્સ્પેકટર સાથે ત્યાં પહોંચી ગયેલાં. બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડ તથા એફ .એસ.એલ. અધિકારીને બોલાવવા તજવીજ કરવામાં આવેલી. બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડના માણસોએ આવીને આ શંકાસ્પદ વસ્તુ જોઇ તો બોમ્બ હોવાનું જણાઇ આવતાં તેને ડીફ્યુઝ કરેલો. તે દરમ્યાન વરાછા મીનીબજાર, મોહનની ચાલમાં અનિલભાઇ ચોકસીના કાંટા પાસે આવેલ વડના ઝાડ ઉપર તથા તે ઝાડની સામે પતરાની દિવાલ ઉપર બોર્ડની પાછળ એમ બે જગ્યાએ જીવતા વિસ્ફોટક બોમ્બ મળી આવેલ હોવાથી બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડના માણસોએ આ બંને બોમ્બને પણ ડીફ્યુઝ કરેલાં અને તેના પાર્ટસ પંચનામાની વિગતે કબ્જે કરવામાં આવેલાં. દરમ્યાન મોહનની ચાલથી

ઉત્તર તરફ ઓવર બ્રિજ ઉપર લગાવેલ હોર્ડીંગમાં બે જીવતાં બોમ્બ મળી આવેલ હોવાની હકિકત મળતાં પોલીસ ઇન્સ્પેકટર સાહેબે બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડના માણસો તથા સ્ટાફ અને એફ.એસ.એલ. અધિકારીને રવાના કરેલાં. ત્યારબાદ પોલીસ સ્ટાફ તથા પંચો સાથે ત્યાં પહોચી મળી આવેલ આ બંને જીવતા બોમ્બને બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડના માણસોએ ડીફ્યુઝ કર્યા બાદ પંચનામાની વિગતે પાર્ટસ કબ્જે કરવામાં આવેલ. દરમ્યાન ભાવના ફોર્ડ સામે આવેલ ઓવરબ્રિજ ઉપરના હોર્ડીંગમાં બોમ્બ હોવાની વિગત મળતાં પોલીસ ઇન્સ્પેકટર સાહેબે બોમ્બ ડિસ્પોઝલ માણસોને ત્યાં રવાના કરેલાં અને તેઓએ બોમ્બ ડીફ્યુઝ કર્યા બાદ પંચનામાની વિગતે પાર્ટસ કબ્જે કરવામાં આવેલ તેમ જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા બનાવના દિવસનો ઓવરટાઇમ કલેઇમ કરેલો નથી. વરાછા પોલીસ સ્ટેશન દ્વારા જુદા–જુદા બનાવો બાબતે અલગ–અલગ નિવેદનો લીધા હોય તેવુ બન્યુ નથી. જુદી–જુદી ઘટના સબંધેની ફરિયાદ પોલીસ અધિકારીએ કયા સમયે આપેલી તેની ખબર નથી. ઉપરી અધિકારી સમક્ષ પોલીસ ડાયરી રજૂ કરેલ નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી રવિન્દ્ર પ્રભાકરને સાહેદ નં. ૭૭૮ તરીકે આંક–૩૫૮૯ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે જુલાઇ ૨૦૦૮ ના સમયમાં વરાછા પોલીસ સ્ટેશનમાં અનાર્મ પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ અમદાવાદ શહેરમાં જુદી–જુદી જગ્યાએ થયેલા બોમ્બ ધડાકાના કારણે વરાછા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટરશ્રી વી.બી.પટેલ તથા અન્ય પોલીસ અધિકારીઓ તથા પોલીસ ઇસમો સાથે પેટ્રોલીંગની કામગીરીમાં હતાં ત્યારે આશરે બપોરે ત્રણેક વાગ્યાના સુમારે માતાવાડી પોલીસ ચોકીના પોલીસ ઇન્સ્પેકટર આર.આર. આહીરનાએ વરાછા મેઇન રોડ જે.ડી. રેસ્ટોરન્ટ પાસે આવેલ ઓવર બ્રિજના પોલ નં.૯૮ ઉપર લગાવેલ હોર્ડિંગના એન્ગલ ઉપર કાંઇક શંકાસ્પદ વસ્તુ હોવા બાબતે પોલીસ ઇન્સ્પેકટરને જાણ કરતાં બધાં તે સ્થળે પહોચેલાં અને બી.ડી. એસ. ટીમના માણસોએ તે સ્થળેથી મળી આવેલ જીવતા વિસ્ફોટક બોમ્બને

ડીફ્યુઝ કરેલ અને મળી આવેલ ચીજવસ્તુઓ પંચનામું કરી કબ્જે કરવામાં આવેલ. દરમ્યાન આજ પોલ નં.૯૮ થી દક્ષિણ તરફ આવેલ વરાછા મીનીબજાર મોહનની ચાલમાં અનિલભાઇ ચોકસીના કાંટા પાસે આવેલ વડના ઝાડ ઉપર તથા સદર ઝાડની સામે પશ્ચિમ તરફ પતરાની દિવાલ ઉપર બોર્ડની પાછળ એમ બે જગ્યાએ હાથ બનાવટના જીવતાં વિસ્ફોટક બોમ્બ મળી આવેલ હોઇ સદર સ્થળે પણ બી.ડી.એસ. ટીમના માણસોએ આ બંને બોમ્બ ડીફ્યુઝ કરતાં મળી આવેલ ચીજવસ્તુઓ પંચનામાની વિગતે કબ્જે કરવામાં આવેલ. દરમ્યાન મોહનની ચાલની ઉપરની તરફ ઓવરબ્રિજ ઉપર લગાડેલ હોર્ડિંગમાં બે જીવતા બોમ્બ મળી આવ્યાની વિગત પોલીસ ઇન્સ્પેકટરને મળતાં બધાં તે સ્થળે પહોંચતા બંને જીવતા બોમ્બ બી.ડી.એસ ટીમના માણસોએ ડીફ્યુઝ કરેલ અને તે સંબંધે પણ પંચનામાની વિગત ચીજ વસ્તુઓ કબ્જે કરવામાં આવેલ. દરમ્યાન પેટ્રોલીંગમાં હતાં તે વખતે પકવાન હોટલ સામે ભાવના ફોર્ડ સામે આવેલ ઓવરબ્રિજ ઉપર લગાડેલ હોર્ડીંગમાં બોમ્બ હોવાની વિગત મળતાં પોલીસ ઇન્સ્પેકટર આ સ્થળે બી.ડી.એસ. ના માણસોને રવાના કરેલાં અને તે સ્થળેથી મળી આવેલ બોમ્બને ડીફ્યુઝ કરી મળી આવેલ ચીજવસ્તુઓ સબંધે પંચનામું કરવામાં આવેલ તેમ જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા વરાછા પોલીસ સ્ટેશનના માણસો સતત પેટ્રોલીંગમાં હતા પરંતુ કોણ કયા વાહનમાં હતા તે કહી શકે તેમ નથી. પેટ્રોલીંગ દરમ્યાન વાહનો ચેક કરવામાં આવતા હતા તે કબૂલ કરે છે. વાહન ચેકીંગનુ રજીસ્ટર રાખવામાં આવે છે તો તે હકીકત નકારી છે. તા.૨૬ થી ૩૧ સુધી જે કામગીરી બજાવી તેનો દસ્તાવેજી પુરાવો નથી. જુદા–જુદા બનાવ સંબંધે જુદી– જુદી તારીખે નિવેદનો લખાવેલાની હકીકત નકારેલી છે. જુદા–જુદા બનાવ સબંધે પોલીસ અધિકારીઓ દ્વારા બનાવની ફરિયાદો કયારે આપેલી તે કહી શકે તેમ નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી જેસીંગભાઈ મોહનભાઈ પટેલને સાહેદ નં.૧૧૩૭ તરીકે આંક–૮૧૫૬ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે જુલાઇ–૨૦૦૮ના અરસામા તેઓ પોલીસ હેડક્વાર્ટર ખાતે

બોમ્બ ડિટેકશન એન્ડ બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડમા ફરજ બજાવતા હતા. આ અરસામા તેમની સાથે એ.એસ.આઇ. સુમનભાઇ વનમાળી, મોહનભાઇ ભાયલા ભાઇ અને અજયભાઇ માનાભાઇનાઓ પણ ફરજ બજાવતા હતા તેમની ફરજ પોલીસ હેડ ક્વાર્ટર ખાતે હોય છે અને સુચના મળે તે મુજબ જે તે જગ્યાએ જઇને કામગીરી કરતા હોય છે તેઓએ બોમ્બ ડિટેકશન અને બોમ્બ ડિસ્પોઝલ અંગેની તાલીમ સુરત ખાતે હેડ ક્વાર્ટરમા તથા કરાઇ એકેડેમી, ગાંધીનગર પોલીસ તાલીમ શાળા ખાતે મેળવેલી હતી. તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ મળેલ વર્ધીના આધારે વરાછા ખાતે ઓવરબ્રીજ ગયેલા અને તે જગ્યાએ ઓવરબ્રીજના પોલ નં. ૯૮ ઉપર લગાવેલ હોર્ડિંગ્સ ઉપરથી મળેલ એક બોમ્બ ડિફ્યુઝ કરેલ. ત્યારબાદ મોહનની ચાલ વડના ઝાડ ઉપરથી એક બોમ્બ મળેલો તે ડિફ્યુઝ કરેલો હતો. ત્યારબાદ મોહનની ચાલની સામે ઝાડ ઉપર પતરા ઉપરથી મળેલ એક બોમ્બ ડિફ્યુઝ કરેલો. ત્યારબાદ મોહનની ચાલની સામે ઉત્તરે આવેલ એક હોર્ડિંગ્સ માંથી મળેલ એક બોમ્બ પણ ડિફ્યુઝ કરેલ. ત્યારબાદ ભાવના ફોર્ડ પાસેના હોર્ડિંગ્સમાંથી મળેલ એક બોમ્બ ડિફ્યુઝ કરેલો. ત્યારબાદ અલ્પા રેસ્ટોરન્ટની સામેથી એક બોમ્બ મળેલો જે પણ ડિફ્યુઝ કરેલો. આ તમામ મળી આવેલ બોમ્બ તેઓએ ડિફ્યુઝ કરી તેમાથી મળી આવેલ ચીજવસ્તુઓ ડીટોનેટર, બેટરી, ઇલેકટ્રીક સરકીટ, લુગ્દી જેવો પદાર્થ, પેપર, છરા તથા નટ બોલ્ટ વિગેરે ચીજ વસ્તુઓ અલગ કરેલા અને તેને પણ જે તે સ્થળે ચાર્જમા હાજર પોલીસ અધિકારીને ચાર્જમા સોપેલ તેમ જણાવેલ છે. આ સાહેદે ઊલટતપાસમાં જણાવેલી હકીકતો ડી.સી.બી. પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૩૦૧૯/ ૨૦૦૮ ના કામના બનાવ સંબંધે રજૂ કરેલ પુરાવામાં વિગતવાર ચર્ચા કરેલી છે માટે ઊલટતપાસની હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

આમ, વરાછા પોલીસ સ્ટેશન વિસ્તારમાં (૧)વરાછા ઓવર બ્રિજના પોલ નં.૯૮ ઉપર લગાડેલ હોડીંગના લોખંડના એન્ગલ ઉપર (૨) વરાછા મીનીબજાર મોહનની ચાલમાં અનિલભાઈ ચોકસીના કાંટા પાસે આવેલ વડના ઝાડ ઉપર (૩) વરાછા મીનીબજાર મોહનની ચાલમાં અનિલ ચોકસીના

કાંટા પાસે આવેલ વડના ઝાડ સામે પતરા ઉપર (૪) મોહનની ચાલીની ઉત્તરે ઓવરબ્રીજ ઉપર આવેલ હોર્ડીંગમાં તથા (૫) ભાવના ફોર્ડની ઉત્તરે આવેલ ઓવરબ્રીજ ઉપર આવેલ હોર્ડીંગમાં તા.૨૯/૭/૨૦૦૮ નાં રોજ કલાક ૧૭–૩૦ વાગે બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલા અને તે જગ્યાઓએથી બોમ્બ મળી આવેલા તે હકીકત ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા ઉપરોકત તમામ પુરાવા ઉપરથી સાબીત થાય છે તેમ હું માનુ છું.

(૫૮) **<u>સુરત શહેરમાં કાપોદ્રા પોલીસ સ્ટેશનની હકુમતના વિસ્તારમાં બોમ્બ ધડાકા કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલ તે પુરવાર કરવા બનાવ નં.૩ ના સંબંધમાં ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન.</u>**

- વિસ્તાર:– કાપોદ્રા પોલીસ સ્ટેશનની હદમાં
- સ્થળ:– હીરાબાગ સર્કલ ઉપર આવેલ ઓવરબ્રીજની ઉત્તર તરફની દિવાલને અડીને લગાવેલ પ્રમોદ–૨૩૨૦૦૨૮ નાં જાહેરાતના બોર્ડની પાછળના ભાગે લોખંડની એન્ગલમાં
- તારીખ:– ૨૯/૭/૨૦૦૮
- સમય:– કલાક ૧૩–૧૫ થી ૨૧–૩૦
- ગુના રજીસ્ટર નં. સેકન્ડ ૧૭૯/૨૦૦૮
- બનાવમાં વપરાયેલ વાહનઃ– નથી

તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ કાપોદ્રા પોલીસ સ્ટેશનની હકુમતમાં આવેલ વિસ્તાર હીરાબાગ સર્કલ ઉપર આવેલ ઓવર બ્રિજની ઉત્તર તરફની દિવાલને અડીને લગાવેલ પ્રમોદ–૨૩૨૦૦૨૮ નાં જાહેરાતના બોર્ડની પાછળના ભાગે લોખંડની એન્ગલમાં બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલા અને તે જગ્યાએથી બોમ્બ મળી આવેલા તેની ફરિયાદ બાબુભાઈ રામભાઈ હળપતિ, પોલીસ સબઇન્સ્પેકટરનાઓએ પોલીસ ઇન્સ્પેકટર કાપોદ્રા પોલીસ સ્ટેશન રૂબરૂ ફરિયાદ લખાવેલી. આ ફરિયાદીને

ફરિયાદપક્ષ દ્વારા સાહેદ નં.૪૬૨ તરીકે આંક–૨૮૪૦ થી તપાસવામાં આવેલા છે. તેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે તેઓ કાપોદ્રા સુરત પોલીસ સ્ટેશનમાં ૨૦૦૭ થી ૨૦૧૦ દરમ્યાન પોલીસ સબઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા. તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ તેઓ પોતાની ફરજ પર હતા. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ અમદાવાદ મુકામે સીરીયલ બોમ્બ બ્લાસ્ટ થયેલા જેના અનુસંધાને આ સાહેદ તથા પોલીસ સબઈન્સ્પેકટર ઈશ્વરભાઈ વસંતભાઈ, કોન્સ્ટેબલ ઉમેશ પ્રભુનાથ તથા ઉત્તમ શંકરનાઓ સાથે ચોકી વિસ્તારમાં ચેકીંગની કામગીરીમાં હતા તે દરમ્યાન કલાક ૧૭–૦૦ વાગે માહિતી મળેલી કે બરોડા પ્રિસ્ટેજ હીરાબાગ સર્કલ પાસે લોકોનું ટોળુ ભેગુ થયેલુ હતુ અને બ્રિજના પીલર સાથે પ્રમોદ જાહેરાતના એડવર્ટાઈઝના બોર્ડ પાછળ જોતા હતા જેથી આ સાહેદ ત્યાં રોકાઇ ગયેલા અને બ્રિજના એન્ગલ સાથે બે પોપટી કલરની કોથળીમાં બોમ્બ જેવુ લટકતુ હતુ જેથી તાત્કાલિક ઉપરી અધિકારીને જાણ કરેલી તથા ફાયર બ્રીગેડ અને બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડને જાણ કરેલી. થોડીવાર પછી બમ્બાવાળા અને બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડના માણસો આવી ગયેલા ત્યાં પબ્લિકના માણસોને દુર કરેલા. ત્યારબાદ બમ્બા વાળાઓ અને બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડનાઓએ તે થેલી નીચે ઉતારેલી અને તેમાંથી નીકળેલા બોમ્બ ડીસ્પોઝ કરી નાખેલા. આ જગ્યાએ પબ્લીકના માણસો વધી જતા બોમ્બને કાપોદ્રા પોલીસ સ્ટેશને લઈ ગયેલા. ત્યારપછી એફ.એસ.એલ. અધિકારીઓને પણ બોલાવેલા, બે પંચોના માણસોને બોલાવેલા અને પંચોને સમજ કરવામાં આવેલી. પંચોને પોલીસ સ્ટેશનના અલગ રૂમમાં બોમ્બ માટેની જાણકારી આપેલી. જે બોમ્બ ડીફ્યુઝ કરેલો તે લાકડાના અર્ધ ચંદ્રાકાર ગેલ્વેનાઈઝના પતરા સાથે ફીટ કરેલ હતો તેમાં આશરે એક કીલો છરા તથા એક કીલો એમોનિયમ નાઇટ્રેટ હતુ, બે ડીટોનેટર, ડ્યુરોસેલ કંપનીની બેટરી, સરકીટ તથા ન્યૂઝ પેપરના કાગળો મળી આવેલા. બોમ્બમાંથી મળેલ છરા પચાસ ગ્રામ જેટલા તથા એમોનિયમ નાઇટ્રેટ પચાસ ગ્રામ જેટલો કાઢી લઈને પંચોની સહીઓવાળી કાપલી મુકીને લાખથી સીલ કરેલ અને તે મુદ્દામાલને માર્ક એ–૧ અને એ–૨

આપેલ, ડીટોનેટર પણ કબજે કરેલા જેને માર્ક એ–૩, ડ્યુરોસેલ બેટરની માર્ક એ–૪ આપી એફ.એસ.એલ.માં મોકલવા તજવીજ કરેલી. તેવી જ રીતે બીજા બોમ્બમાંથી સેમ્પલો કાઢી લઈ ઉપર પ્રમાણે માર્ક આપવામાં આવેલા. આ કાર્યવાહીનુ પંચનામુ બનાવવામાં આવેલુ જે પંચનામુ આંક–૨૪૨૯ થી ૨જૂ છે અને આ બનાવની આ સાહેદે ફરિયાદ લખાવેલી જે ફરિયાદ આ કામે આંક–૨૮૪૩ થી ૨જૂ છે જે પંચનામુ તથા ફરિયાદમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે તેમજ આંક–૨૪૩૦ થી ૨૪૩૯ સુધી પંચ સ્લીપો ૨જૂ રાખેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદ લેનાર મહેન્દ્રસિંહ રતનસિંહ ચાવડાને સાહેદ નં.૧૦૪૯ તરીકે આંક–૭૦૭૯ થી તપાસેલ છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ તેમના પોલીસ સ્ટેશનની હદમાં આવેલ હિરાબાગ સર્કલ ઉપર આવેલ ઓવરબ્રિજની ઉત્તર તરફની દિવાલને અડીને લગાવેલ પ્રમોદ–૨૩૨૦૦૨૮ ના જાહેરાતના બોર્ડની પાછળના ભાગે લોખંડના એન્ગલના અંદરના ભાગે બે પોપટી કલરના બોક્ષ કે જેમાં વિસ્ફોટક જીવતા બોમ્બ હોવાનું જણાઇ આવેલ તે વિગેરે બાબતની ફરિયાદ પોલીસ સબ ઇન્સ્પેકટર બી.આર. હળપતીનાઓએ આ સાહેદ રૂબરૂ આપેલી જે ફરિયાદ ફરિયાદીના લખાવ્યા મુજબની લખી લેવામાં આવેલી અને ફરિયાદમાં તેમની સહિ કરાવેલી અને રૂબરૂ તરીકે આ સાહેદે સહિ કરેલી .ત્યારબાદ શ્રીહળપતીની ફરિયાદના આધારે ગુનો રજીસ્ટર કરી મુદ્દામાલ પાવતી ફાડવા બાબતે તથા સ્ટેશન ડાયરીમાં નોંધ કરી ગુનાનો રીપોર્ટ જાહેર કરવા સારૂ પી.એસ.ઓ.નાઓને રીપોર્ટ કરેલો. આ રીપોર્ટ આ કામે આંક–૧૬૯૬ થી ૨જૂ કરેલો છે જેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે તેમજ આંક–૨૮૪૩ વાળી ફરિયાદમાં પોલીસ સબઇન્સ્પેકટર બી.આર. હળપતીની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે.

આ ફરિયાદ લીધા બાદ સાહેદ મહેન્દ્રસિંહ રતનસિંહ ચાવડાએ ગુનો રજીસ્ટર કરવા માટે પી.એસ.ઓ. કાપોદ્રા પોલીસ સ્ટેશનને મોકલી આપેલી અને પી.એસ.ઓ. કાપોદ્રા પોલીસ સ્ટેશનનાઓએ આ ફરિયાદને સ્ટેશન

ડાયરીમાં રજીસ્ટર કરેલી તે સ્ટેશન ડાયરીની નકલ આ કામે આંક–૧૬૯૫ થી રજૂ કરેલી છે તે રજીસ્ટર કરનાર સાહેદ કરસનભાઈ નાડીયાભાઈ ચૌધરીનાઓને સાહેદ નં. ૩૨૮ તરીકે આંક–૧૬૯૦ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લેતા તેઓ બનાવના દિવસે પી.એસ.ઓ. તરીકે કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં ફરજ ઉપર હતા ત્યારે એક સુચી પત્ર ચાવડાની સહીથી મોકલવામાં આવેલુ અને ગુનો નોંધેલો અને સ્ટેશન ડાયરી એન્ટ્રી નં.૧૩ આપેલી.

આ કામે ફરિયાદી બાબુભાઈ રામભાઈ હળપતિની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલી છે તે ધ્યાને લેતા જુબાની આપી તે દિવસે મુદ્દામાલ મોટર કારના ચેસીસ કે એન્જીન નંબર જોયેલા નથી કે વાંચેલા નથી. તા.૨૭/૭/૨૦૦૮ નાં રોજ ગુજરાત રાજયમાં રેડ એલર્ટ હોવાથી ફરજનો સમય ૨૪ કલાકનો હતો. તા.૨૮/૭/૨૦૦૮ના રોજ બરોડા પ્રિસ્ટેજ ચોકી વિસ્તારમાં સવારથી ફરજ પર હતા. દૈનિક કામગીરીની નોંધ ડાયરીમાં કરવામાં આવે છે તે કબૂલ કરે છે. આ નોંધ ઉપરી અધિકારી ચાવડાને સોંપેલી નથી તે કબૂલ કરે છે. માહિતી આપનાર વ્યકિત કેસના અગત્યના સાહેદ હતા તે કબૂલ કરે છે. પંચનામાની કાર્યવાહી દરમ્યાન અને ફરિયાદ આપી ત્યાં સુધી આ વ્યકિત તેમની સાથે હતા તે કબૂલ કરે છે. કાર અંગેની જે માહિતી આપેલી તે સામાન્ય પ્રજાજન હતા તે કબૂલ કરે છે. ફરિયાદમાં આ વ્યકિતનું નામ સરનામુ આપેલુ નથી તે કબૂલ કરે છે. પંચનામુ પહેલા તૈયાર કરેલુ અને પછી ફરિયાદ આપવામાં આવેલી. બનાવના દિવસે પોલીસ સ્ટેશનમાં તમામ ઉપરી અધિકારીઓ ભેગા થઈ ગયેલા તે કબૂલ કરે છે. ઉપરી અધિકારીઓની સુચનાથી ફરિયાદ આપેલાની હકીકત નકારે છે. વિસ્ફોટક સામગ્રી અને તેના પ્રકાર તથા તેના નામોની જાણકારી મળેલાનું જણાવે છે. બનાવ પહેલા તે જાણકારી ન હતી. ફરિયાદ અને પંચનામામાં ઉચ્ચ પોલીસ અધિકારીઓ, બોમ્બ સ્કવોર્ડના માણસો, એફ.એસ. એલ.ના અધિકારીઓ સ્થળ ઉપર આવ્યાનો ઉલ્લેખ નથી તે કબૂલ કરે છે. બોમ્બ સ્કોવોર્ડે તથા એફ.એસ.એલ. અધિકારીઓએ કરેલી કાર્યવાહીનો રીપોર્ટ મેળવેલો નથી. ફરિયાદ અને પંચનામા મુજબ કોઈ કાર્યવાહી થયેલી નથી તો તે હકીકત

નકારે છે. આંક–૨૪૨૯ વાળુ પંચનામુ ખોટી રીતે ઉભુ કરેલુ છે તે હકીકત નકારે છે. પંચનામા મુજબનો મુદ્દામાલ પંચોની હાજરીમાં કબજે કરેલો નથી તો તે હકીકત પણ નકારે છે. ઉપરી અધિકારીઓએ કરેલા પંચનામાને સમર્થન આપવા ખોટી ફરિયાદ કરેલાની હકીકત નકારે છે. પંચનામાની કાર્યવાહી વખતે તેઓ નજીકમાં ન હતા તે હકીકત નકારે છે.

આ કામે ફરિયાદ લેનાર મહેન્દ્રસિંહ રતનસિંહ ચાવડાની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલી છે તે ધ્યાને લેતા આ સાહેદે કાપોદ્રા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આ બનાવ સિવાય બીજા ત્રણ બનાવો બનેલા હતા. તે તમામ બનાવોની ફરિયાદ આ સાહેદ લીધેલી છે. કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૧૭૫/૨૦૦૮ના બનાવ સંબંધમાં ફરિયાદપક્ષ દ્વારા જે પુરાવા રજૂ થયા છે તે પુરાવા દરમ્યાન આ સાહેદની ઊલટતપાસની હકીકતોનો વિગતવાર ઉલ્લેખ કરેલો છે. આરોપીઓ તરફથી આ સાહેદની કોમન ઊલટતપાસ કરવામાં આવેલી છે જેથી અગાઉ ઊલટતપાસનો વિગતવાર ઉલ્લેખ કરેલ હોવાથી આ બનાવ સંબંધે આ સાહેદની ઊલટતપાસનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

સાહેદ બાબુભાઈ રામભાઈ હળપતિનાઓએ બે પંચોની હાજરીમાં આંક–૨૪૨૯ વાળુ ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરી જે મુદ્દામાલ કબજે કરેલો તે પંચનામાના પંચો પૈકીના પંચ અમરતભાઈ સોમાભાઈ દેસાાઈને સાહેદ નં.૪૨૭ તરીકે આંક–૨૪૨૮ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ બપોરે સાડા ચાર વાગ્યાના અરસામાં કાપોદ્રા પોલીસ સ્ટેશન બાજુથી નીકળતા હતા ત્યારે પોલીસે તેઓને પોલીસ સ્ટેશન બોલાવેલા ત્યારે ત્યાં એક મોહનભાઈને પણ બોલાવેલા. તે વખતે હળપતિ સાહેબે જણાવેલ કે હીરાબાગ સર્કલ ઓવરબ્રિજ નીચે પીલ્લરના બોર્ડમાંથી બોમ્બ કબજે કરેલા છે જે નિષ્ક્રિય કરી પોલીસ સ્ટેશનમાં લાવવામાં આવેલા છે જે અંગેનું પંચનામુ કરવાનું હોય જેથી આ સાહેદને પંચમાં રહેવાનું પુછતા સાહેદે હા પાડેલી. ત્યાં એફ.એસ.એલ.ના બે અધિકારીઓ હતા તેમને વસ્તુઓ ઓળખાવેલી અને બતાવેલી. જે વસ્તુઓમાં એક લાકડાની ફ્રેમમાં આગળ પાછળ પતરૂ લગાવેલુ

અર્ધ ચંદ્રાકાર બોક્ષ હતુ જેની ઉપર ટેપ મારેલી, એક સરકીટ જેના છેડે વાયર હતા, લોખંડના છરા એક કીલો જેટલા, પ્લાસ્ટિકની થેલીમાં ચીકણો પદાર્થ હતો જે સાહેબના કહેવા પ્રમાણે એમોનિયમ નાઈટ્રેટ હતો, લંબચોરસ આકારની બેટરી જેની ઉપર અંગ્રેજીમાં કાંઈક લખેલ હતુ, એક ટોટા જેવુ હતુ જેની સાથે વાયર જોઈન્ટ કરેલા હતા, એક અંગ્રેજી છાપુ હતુ, એક ગુજરાત સમાચારનું પેપર હતુ. આ વસ્તુઓમાંથી વજન કાંટા દ્વારા વજન કરી ૫૦ ગ્રામ જેટલો ચીકણો પદાર્થ ચેક કરવા મોકલવાનો છે તેમ કહી પ્લાસ્ટિકની ડબ્બીમાં મુકી દોરીથી બાંધી બંને પંચોની સહીઓવાળી ચીઠ્ઠી લગાવી સીલ કરેલો. આ ઉપરાંત અર્ધ ચંદ્રાકાર લાકડાની ફ્રેમવાળા બોક્ષને કપડુ બાંધી પંચોની સહીઓવાળી સ્લીપ મુકી દોરી બાંધી સીલ કરેલ. બે ટેટા જેવુ હતુ તેને પણ કપડામાં વીટાળી પેક કરવામાં આવેલુ તથા છરા કે જે ઓઈલવાળા હતા તેમાંથી પચાસ ગ્રામ જેટલા કાઢી પ્લાસ્ટિકની ડબ્બીમાં મુકી પંચોની સહીઓવાળી ચીઠ્ઠી મુકીને દોરીથી બાંધી સીલ કરેલુ. આ બધુ આ સાહેદે જોયેલુ. વધુમાં આ સાહેદની સરતપાસ પ્રમાણે ત્યાં એક બીજો બોમ્બ પણ હતો તે પણ જોયેલો. તે બોમ્બમાં લાકડાની ફ્રેમવાળુ અર્ધ ચંદ્રાકાર બોક્ષ, ચીકણા પદાર્થની પ્લાસ્ટિકની થેલી, એક થેલીમાં છરા, સરકીટ, બે ટેટા, બેટરી, ગુજરાત સમાચાર પેપર જોયેલા. આ વસ્તુઓનું ઉપર મુજબની વિગતે પંચોની સહીઓવાળી ચીઠ્ઠીઓ મુકી દોરીથી બાંધી સીલ કરેલ. આ તમામ વસ્તુઓ આ સાહેદની હાજરીમાં કબજે કરવામાં આવેલી તેનુ પંચનામુ બનાવેલુ જે આંક–૨૪૨૯ વાળા પંચનામામાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવી છે તથા આ સાહેદની હાજરીમાં જે કોઈ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ તે તમામ એક પછી એક કોર્ટમાં ખોલીને બતાવતા તમામ મુદ્દામાલ આ સાહેદે ઓળખી બતાવેલો છે અને મુદ્દામાલમાંથી નીકળેલી પંચ સ્લીપો આંક–૨૪૩૦ થી ૨૪૩૯ સુધી રજૂ કરેલી છે તે તમામ પંચ સ્લીપો ઉપર આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

હવે આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવી છે તે ધ્યાને લઈએ તો પોલીસ સ્ટેશનમાં ગયા ત્યારે જે મુદ્દામાલ બતાવવામાં

આવેલો તે ટેબલ ઉપર પડેલો તે કબૂલ કરેલ છે. બોમ્બ નિષ્ક્રિય હતા તે પણ કબૂલ કરે છે. પોલીસે જગ્યા બતાવેલી નથી તે કબૂલ કરે છે. બોમ્બ જોયેલા નથી તો તે હકીકત નકારે છે. પંચનામામાં નિષ્ક્રિય કરેલ બોમ્બ વિશે લખવામાં આવ્યુ હોય તો તે હકીકત ખરી છે તેમ જણાવે છે, છુટા બોમ્બની સામગ્રીને બોમ્બ કહી શકાય નહીં તે હકીકત નકારે છે. પરંતુ આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો મળી આવેલા બોમ્બને બોમ્બ ડીસ્પોઝલ ટીમે નિષ્ક્રિય કરી છુટા પાડેલા હતા અને તેમાંથી નીકળેલી સામગ્રી તે બોમ્બની જ સામગ્રી કહી શકાય. આ સાહેદની ઊલટતપાસ દરમ્યાન સાહેદને બોક્ષ તથા છરા બતાવવામાં આવે છે તે જોઈને સાહેદ કહે છે કે આ બોમ્બ નથી પરંતુ અગાઉ ચર્ચા કરી તેમ બોમ્બ નિષ્ક્રિય કર્યા પછી તેનો છુટો પાડેલો અને તેની આ સામગ્રી છે. વધુમાં આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા મુદ્દામાલ સબંધે વીડિયોગ્રાફી કે ફોટોગ્રાફી કરવામાં આવેલ નથી તે કબૂલ કરે છે. મુદ્દામાલમાંથી ટાઈમર મળી આવેલુ નથી તે કબૂલ કરે છે. આ સાહેદને બતાવવામાં આવેલ મુદ્દામાલ છરાને કાટ લાગેલો છે તે કબૂલ કરે છે, પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદે બનાવ પછી સાત વર્ષ બાદ જુબાની આપેલી હોવાથી લોખંડના છરા સ્વાભાવિકપણે કટાઈ ગયેલા હોય. આ સાહેદે મુદ્દામાલ સામગ્રી જોયેલી નથી તો તે હકીકત નકારે છે. આ સાહેદને બતાવવામાં આવેલ મુદ્દામાલ અર્ધ ચંદ્રાકાર બોક્ષ નથી તો તે હકીકત નકારે છે . જે પોલીસવાળાઓએ બોલાવેલા તેના નામની ખબર નથી. બોમ્બની સામગ્રીના નામ પોલીસ અધિકારી બોલતા હતા તે કબૂલ કરે છે. પંચનામા વખતે બે પોલીસ અધિકારી, બે પંચો, બે કોન્સ્ટેબલો તેમજ એફ.એસ.એલ. અધિકારી હાજર હતા તે કબૂલ કરે છે. પંચનામામાં લખવામાં આવેલા શબ્દો કોઈ અધિકારીએ કે પંચોએ લખાવેલાનું યાદ નથી. પંચનામામાં "બોમ્બ જેવી શંકાસ્પદ" તેવા શબ્દોનો ઉલ્લેખ થયો હોય અને તે હકીકત લખાવી હોય તો તે સાચી છે તે કબૂલ કરે છે. ડીટોનેટર બોમ્બમાં વપરાતો હોવાનું પોલીસ અધિકારીઓના કહેવાથી જણાવે છે. છરા વાહનોમાં વપરાય છે તે કબૂલ કરે છે. આ સાહેદની સમગ્ર ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ સામાન્ય વ્યકિત છે, રસ્તેથી પસાર

થતા હતા અને પોલીસે તેમને પંચનામાની કાર્યવાહીમાં પંચ તરીકે રહેવા બોલાવેલા હતા. બોમ્બ શું છે, તેમાં કઈ સામગ્રી વપરાય, તે સામગ્રીના નામો આ સાહેદને ખબર ન હોય કારણ કે આ સાહેદ કોઈ નિષ્ણાંત વ્યકિત નથી, જે સામગ્રીના નામો સાહેદે જણાવેલ છે તે સ્વભાવિક છે કે પોલીસે જ જણાવેલા હોય જેથી આ સાહેદને ઊલટતપાસ દરમ્યાન ઘણા બધા એવા ટેકનીકલ પ્રશ્નો પુછેલા છે કે જે આ સાહેદને ખબર ન હોય, પંરતુ એક હકીકત સ્પષ્ટ છે કે આ સાહેદે સ્વતંત્ર સાહેદ તરીકે જુબાની આપેલી છે અને તેમની હાજરીમાં કહેવાતો મુદ્દામાલ પંચનામાની વિગતે કબજે કરી સીલ કરેલો છે.

હવે તપાસ કરનાર અધિકારીએ ગુનાવાળી જગ્યા ઉપરથી જે મુદ્દામાલ આંક–૨૪૨૯ ના પંચનામાના આધારે કબજે કરેલો તે મુદ્દામાલ રવાનગી નોંધ સાથે એફ.એસ.એલ. ગાંધીનગરને પૃથક્કરણ માટે મોકલી આપેલો. આ રવાનગી નોંધ આ કામે આંક–૫૭૩૮ થી રજૂ કરેલી છે. આ રવાનગી નોંધમાં જણાવ્યા મુજબના કુલ ૧૦ નમૂના માર્ક એ–૧, એ–૩, એ–૫, એ–૬, બી–૧, બી–૨, બી–૩, બી–૫, બી–૬ સુધીના એફ.એસ.એલ. ગાંધીનગરને તપાસ અર્થે મોકલેલા છે. આ રવાનગી નોંધ સાહેદ એમ.આર. ચાવડા, પોલીસ ઈન્સ્પેકટર, કાપોદ્રા પોલીસ સ્ટેશનનાઓએ બનાવેલી અને મદદનીશ પોલીસ કમિશનર એ–ડીવીઝન સુરત શહેરનાઓના સત્તાના પ્રમાણપત્ર સાથે એફ .એસ. એલ. ગાંધીનગરને મોકલી આપેલી. હવે આ મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારી જાનમહમંદ ફકીરમહંમદ મન્સુરીને સાહેદ નં.૮૪૦ તરીકે આંક–૫૭૦૦ થી તપાસેલા છે. એફ.એસ.એલ. દ્વારા મુદ્દામાલ સ્વીકાર્યા અંગેની જે પહોંચ આપવામાં આવેલી તે પહોંચ આ કામે આંક–૫૭૩૯ થી રજૂ કરેલી છે જેમાં મદદનીશ નિયામક એફ.એસ.એલ. ગાંધીનગરની સહી છે. આ સાહેદની આ ગુના પુરતી સરતપાસ પ્રમાણે તેમના વિભાગના મદદનીશ નિયામકશ્રી દ્વારા તા.૬/૮/૨૦૦૮ ના રોજ કાપોદ્રા પોલીસ સ્ટેશન, સુરત શહેરના સેકન્ડ ગુના રજિસ્ટર નં.૧૭૯/૨૦૦૮

અન્વયેના કેસનો સ્વીકારવામાં આવેલ મુદ્દામાલ પૃથક્કરણ અર્થે મળેલો અને તેની સાથે તેને લગતા કાગળોની ફાઈલ સોંપવામાં આવેલ. આ નમૂનામાં...

- માર્ક એ–૧ અર્ધ ચંદ્રાકાર લાકડાની ફ્રેમવાળુ બોક્ષ
- માર્ક એ–૨ એમોનિયમ નાઈટ્રેટ ૫૦ ગ્રામ
- માર્ક એ–૩ લોખંડના છરા ૫૦ ગ્રામ
- માર્ક એ–૫ ટાઈમર સાથેની આઈસી
- માર્ક એ–૬ નવ વોલ્ટની બેટરી
- માર્ક બી–૧ અર્ધ ચંદ્રાકાર લાકડાની ફ્રેમવાળુ બોક્ષ
- માર્ક બી–૨ એમોનીયા નાઈટ્રેટ ૫૦ ગ્રામ
- માર્ક બી–૩ લોખંડના છરા ૫૦ ગ્રામ
- માર્ક બી–૫ ટાઈમર સાથેની આઈસી
- માર્ક બી–૬ નવ વોલ્ટની બેટરી

ઉપરોકત નમૂનાઓનું પ્રમાણિત રાસાયણિક અને ઉપકરણીય પધ્ધતિથી પૃથક્કરણ કરેલ હતું અને પૃથક્કરણના મુજબ...

(૧) નમૂના માર્ક એ/૧, એ/૨, એ/૩, બી/૧, બી/૨ તથા બી/૩ માં એમોનિયમ અને નાઈટ્રેટ મૂલકો તથા પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સ ઓઈલ (પેરાફીલ ઓઈલ પ્રકાર) ની હાજરી શોધાયેલ છે.

(૨) નમૂના માર્ક એ/૬ તથા બી/૬ મા વિસ્ફોટક ઘટકની હાજરી શોધાયેલ નથી.

ઉપરોકત પૃથક્કરણ આધારે સાહેદના અભિપ્રાય મુજબ...

૧. પૃથક્કરણના પરિણામમાં શોધાયેલ એમોનિયમ નાઈટ્રેટ અને પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન ઓઈલનું મિશ્રણએ એમોનિયમ નાઈટ્રેટ બેઝ એમોનિયમ નાઈટ્રેટ–ફ્યુલ ઓઈલ (એનફો) હાઈએક્ષપ્લોઝીવના ઘટકો છે જેને ફોડવા માટે ડીટોનેટરનો ઉપયોગ થાય છે.

૨. નમૂનાઓમાંથી મળેલ ધાતુના છરાનો ઉપયોગ હાથ બનાવટના બોમ્બમાં મીસાઈલ્સ તરીકે થાય છે.

૩. પૃથક્કરણનું પરિણામ તથા નમૂનાઓમાંથી મળેલ બેટરી, ઈલેક્ટ્રોનીક સરકીટ, છરા તથા હોડી આકારના લાકડાના ધાતુના પતરાના સાથેના કન્ટેનરના આધારે એવું કહી શકાય કે હોડી આકારના લાક્ડાના ધાતુના પતરા ધરાવતા કન્ટેનરમાં એનફો એક્ષપ્લોઝીવ પદાર્થ ભરી, છરા ઉમેરી તથા ડીટોનેટરનો ઉપયોગ કરીને ટાઈમ ડીલે ડીવાઈસ પ્રકારનો આઈ.ઈ.ડી. બોમ્બ બનાવી શકાય.

આ પ્રમાણેનો આ સાહેદે અહેવાલ આપેલો જે આ કામે આંક–૫૭૪૦ થી રજૂ કરેલો છે તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ સાહેદની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી છે. અમદાવાદમાં થયેલ સીરીયલ બોમ્બ બ્લાસ્ટનાં ઘણા બનાવોવાળી જગ્યા ઉપરથી કબજે કરવામાં આવેલ ઘણા મુદ્દામાલનું પૃથક્કરણ તથા સુરત શહેરમાં થયેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં પણ જે તે સ્થળો ઉપરથી કબજે કરવામાં આવેલ મુદ્દામાલનું પૃથક્કરણ આ સાહેદે કરેલુ છે. તેઓની ઊલટતપાસ જનરલ અને સામાન્ય છે જેની હકીકત અગાઉના ગુનાઓમાં પણ જણાવેલી છે. આરોપીઓ તરફથી કરવામાં આવેલ ઊલટતપાસ ધ્યાને લેતા એફ.એસ.એલ. કચેરી ગાંધીનગર ખાતે જે કંઈ કામગીરી કરવામાં આવે છે તે બાબતે તેમજ ઑફિસના વહીવટ સબંધે પ્રશ્નો પુછવામાં આવેલા છે પરંતુ તેથી કરીને આ સાહેદે આ મુદ્દામાલનું પૃથક્કરણ કરેલ નથી તે હકીકત સાબીત થતી નથી. વધુમાં આ સાહેદની વિગતવાર ઊલટતપાસની હકીકત અમદાવાદમાં થયેલ બોમ્બ બ્લાસ્ટના કેસોમાં ચર્ચા કરેલી છે અને આ જજમેન્ટના અન્ય પેરાઓમાં વિગતવાર છણાવટ કરેલી છે.

ત્યારબાદ આ કામે રવાનગી નોંધ આંક–૫૭૩૮ પૈકીના કેટલાક મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારી હિતેશ જયંતિલાલ ત્રિવેદીનાઓને સાહેદ નં.૮૩૫ તરીકે આંક–૫૬૩૧ થી તપાસેલ છે. તેઓની સરતપાસ પ્રમાણે તેઓ તેમના વિભાગના મદદનીશ નિયામકશ્રી દ્વારા કાપોદ્રા પોલીસ સ્ટેશન, સુરત શહેરના સેકન્ડ ગુના રજીસ્ટર નં.૧૭૯/૨૦૦૮ અન્વયેના કેસનો સ્વીકારવામાં આવેલ મુદ્દામાલ પૈકીનો અમુક મુદ્દામાલ પૃથક્કરણ અર્થે મળેલો જે મુદ્દામાલ

મળેલો તે પૈકી કુલ–છ પાર્સલો માર્ક એ–૩, એ–૬, બી–૩, બી–૬ વિભાગીય સીલબંધ સાથે તથા માર્ક એ–૫, બી–૫ મૂળ સીલ સાથે આ સાહેદના ભૌતિક શાસ્ત્ર વિભાગને ઈન્ટર ફોરવર્ડીંગ પત્ર સાથે મળેલો. સદરહુ કામના મુદ્દામાલનું પૃથક્કરણ વૈજ્ઞાનિક પધ્ધતિએ કરેલ હતું અને પૃથક્કરણ મુજબ...

૧. નમૂના –એ/૩ ના ધાતુના છરાનુ ભૌતિકીય તથા EDXRF યંત્રમાં ધાતુ તત્વોની હાજરી અંગેનુ પરીક્ષણો કરેલ.

૨. નમૂના –એ/૫ અને નમૂના–બી/૫ ની ઇલેકટ્રોનીક સરકીટના PCB (Printed Circuit Board) માં જોવા મળતા કનેકશન અનુસાર Schematic Diagram તૈયાર કરવામાં આવ્યો.

૩. નમૂના –એ/૫ અને નમૂના –બી/૫ ની સરકીટમાં રહેલ PIC 16F628A માઇક્રોકન્ટ્રોલર IC નું EPROM READER હાર્ડવેર તથા સોફ્ટવેર પ્રોગ્રામની મદદથી તેમાં રહેલ પ્રોગારમ રીડ કરવા માટે પ્રયત્ન કરવામાં આવ્યો.

૪. નમૂના–એ/૫ અને નમૂના–બી/૫ ની સરકીટને બેટરી સાથે જોડાણ કરી તેનાં વિવિધ જોડાણો પાસે મળતા વોલ્ટેજ મલ્ટિમીટર વડે તથા COB (Clock On Board) સરકીટ દ્વારા મળતા પલ્સની Frequency ઓસીલોસ્કોપની મદદથી માપવામાં આવ્યા.

૫. નમૂના–એ/૫ અને નમૂના–બી/૫ ની ઇલેકટ્રોનીક સરકીટને બેટરી સાથે જોડી સદર સરકીટનો ટ્રીગરીંગ ટ્રાન્ઝીસ્ટર કેટલા સમયબાદ ટ્રીગર થાય છે તે સ્ટોપવોચની મદદથી તે પ્રાયોગીક પધ્ધતિથી માપવામાં આવ્યુ.

૬. નમૂના –એ/૬ ની બેટરીનુ મલ્ટિમીટર વડે તેના વોલ્ટેજનું માપન કરવામાં આવ્યુ.

૭. નમૂના –બી/૩ ના ધાતુના છરાનુ ભૌતિકીય તથા EDXRF યંત્રમાં ધાતુ તત્વોની હાજરી અંગેનુ પરીક્ષણ કરેલ.

૮. નમૂના –એ/૫ અને નમૂના–બી/૫ ની ઇલેકટ્રોનીક સરકીટના PCB (Printed Circuit Board)મા જોવા મળતા કનેકશન અનુસાર Schematic Diagram તૈયાર કરવામાં આવ્યો.

૯. નમૂના –એ/૫ અને નમૂના –બી/૫ ની સરકીટમાં રહેલ PIC 16F628A માઇક્રોકન્ટ્રોલર IC નું EPROM READER હાર્ડવેર તથા સોફ્ટવેર પ્રોગ્રામની મદદથી તેમાં રહેલ પ્રોગારમ રીડ કરવા માટે પ્રયત્ન કરવામાં આવ્યો.

૧૦. નમૂના–એ/૫ અને નમૂના–બી/૫ ની સરકીટને બેટરી સાથે જોડાણ કરી તેનાં વિવિધ જોડાણો પાસે મળતા વોલ્ટેજ મલ્ટિમીટર વડે તથા COB (Clock On Board) સરકીટ દ્વારા મળતા પલ્સની Frequency ઓસીલોસ્કોપની મદદથી માપવામાં આવ્યા.

૧૧. નમૂના–એ/૫ અને નમૂના–બી/૫ ની ઇલેકટ્રોનીક સરકીટને બેટરી સાથે જોડી સદર સરકીટનો ટ્રીગરીંગ ટ્રાન્ઝીસ્ટર કેટલા સમયબાદ ટ્રીગર થાય છે તે સ્ટોપવોચની મદદથી તે પ્રાયોગીક પધ્ધતિથી માપવામાં આવ્યુ.

૧૨. નમૂના –બી/૬ ની બેટરીનુ મલ્ટિમીટર વડે તેના વોલ્ટેજનું માપન કરવામાં આવ્યુ.

ઉપરોકત પૃથક્કરણ આધારે સાહેદના અભિપ્રાય મુજબ....

૧. નમૂના – એ/૩ ના છરામાં મુખ્ય ધાતુ તરીકે આર્યન (Iron) ની હાજરી જોવા મળેલ.

૨. નમૂના–એ/૩ ધાતુના છરાને બોમ્બ બનાવવાની રચનામાં પ્રોજેકટાઇલ તરીકે ઉપયોગમાં લઇ શકાય.

૩. નમૂના–એ/૫ અને નમૂના–બી/૫ ની સરકીટ મુખ્યત્વે PIC 16F628A પ્રોગ્રામેબલ ફલેશ પ્રકારની IC, COB (Clock On Board), ટ્રીગરીંગ ટ્રાન્સીસ્ટર 2SC1162, ઝેનર ડાયોડ, રેસીસટન્સ, કેપેસીટર્સ વગેરેની બનેલી હતી.

૪. નમૂના–એ/૫ અને નમૂના–બી/૫ ની સરકીટમા રહેલ PIC 16F628A ઇલેકટ્રીકલ પ્રોગ્રામેબલ ફલેશ પ્રકારની IC નું EPROM READER હાર્ડવેર તથા સોફ્ટવેર પ્રોગ્રામની મદદથી રીડ કરતા સદર IC "કોડ પ્રોટેકટેડ" હોવાનુ જણાયેલ.

૫. નમૂના–એ/૫ અને નમૂના–બી/૫ ની સરકીટમાં રહેલ COB (Clock On Board) ૦.૫ હર્ટઝની ફ્રીકવન્સી જનરેટ કરે છે જે માઇક્રોકન્ટ્રોલરની પીન નં.૩ ઉપર આપે છે.

૬. નમૂના–એ/૫ અને નમૂના–બી/૫ ની ઇલેકટ્રોનિક સરકીટને બેટરી સાથે જોડી ચકાસતા તેના દરેક ઇલેકટ્રોનીક કમ્પોનન્ટસ ચાલુ સ્થિતિમાં (Working Condition) માં જણાયા.

૭. નમૂના–એ/૫ અને નમૂના–બી/૫ ની ઇલેકટ્રોનીક સરકીટને બેટરી સાથે જોડી પ્રાયોગીક રીતે અવલોકન કરતા સદર સરકીટનો ટ્રીગરીંગ ટ્રાન્ઝીસ્ટર (2SC1162) આશરે ૪૪ કલાકના સમયગાળા બાદ ટ્રીફર થતો જોવા મળેલ.

૮. નમૂના–એ/૫ અને નમૂના–બી/૫ ની ઇલેકટ્રોનીક સરકીટને બેટરી સાથે જોડાયા બાદ અગાઉથી પ્રોગ્રામ કરેલ સમયગાળો પુરો થતા ટ્રીગરીંગ ટ્રાન્ઝીસ્ટર(2SC1162) ના આઉટપુટ પર ડીટોનેટરોને ફુટવા માટે જરૂરી વીજ પ્રવાહ મળતો ન હોવાથી ડીટોનેટર એક્ષપ્લોડ થઇ શકેલ ન હતા તેવુ જણાયેલ છે.

૯. નમૂના–એ/૫ અને નમૂના–બી/૫ ની ઇલેકટ્રોનીકસ સરકીટનો ઉપયોગ બોમ્બ બનાવવાની રચનામાં ટાઇમર ડીવાઇસ તરીકે થઇ શકે છે.

૧૦. નમૂના–એ/૬ ની બેટરી ચાલુ સ્થિતિમાં હતી તથા તેનો આઉટપુટ વોલ્ટેજ અનુક્રમે આશરે ૮.૨૯ વોલ્ટ અને ૮.૨૭ વોલ્ટ હતા.

૧૧. નમૂના–એ/૬ ની બેટરીનો, નમૂના–એ/૫ અને નમૂના–બી/૫ ની સરકીટને વોલ્ટેજ પુરા પાડવા માટે ઉપયોગ લઇ શકાય.

૧૨. નમૂના – બી/૩ ના છરામાં મુખ્ય ધાતુ તરીકે આર્યન (Iron) ની હાજરી જોવા મળેલ.

૧૩. નમૂના–બી/૩ ધાતુના છરાને બોમ્બ બનાવવાની રચનામાં પ્રોજેકટાઇલ તરીકે ઉપયોગમાં લઇ શકાય.

૧૪. નમૂના–એ/૫ અને નમૂના–બી/૫ ની સરકીટ મુખ્યત્વે PIC 16F628A પ્રોગ્રામેબલ ફલેશ પ્રકારની IC, COB (Clock On Board), ટ્રીગરીંગ

ટ્રાન્સીસ્ટર 2SC1162, ઝેનર ડાયોડ, રેસીસટન્સ, કેપેસીટર્સ વગેરેની બનેલી હતી.

૧૫. નમૂના–એ/૫ અને નમૂના–બી/૫ ની સરકીટમાં રહેલ PIC 16F628A ઇલેકટ્રીકલ પ્રોગ્રામેબલ ફલેશ પ્રકારની IC નું EPROM READER હાર્ડવેર તથા સોફટવેર પ્રોગ્રામની મદદથી રીડ કરતા સદર IC " કોડ પ્રોટેકટેડ" હોવાનુ જણાયેલ.

૧૬. નમૂના–એ/૫ અને નમૂના–બી/૫ ની સરકીટમાં રહેલ COB (Clock On Board) ૦.૫ હર્ટઝની ફીકવન્સી જનરેટ કરે છે. જે માઇક્રો કંટ્રોલરની પીન નં.૩ ઉપર આપે છે.

૧૭. નમૂના–એ/૫ અને નમૂના–બી/૫ ની ઇલેકટ્રોનિક સરકીટને બેટરી સાથે જોડી ચકાસતા તેના દરેક ઇલેકટ્રોનીક કમ્પોનન્ટસ ચાલુ સ્થિતિમાં (Working Condition) માં જણાયા.

૧૮. નમૂના–એ/૫ અને નમૂના–બી/૫ ની ઇલેકટ્રોનીક સરકીટને બેટરી સાથે જોડી પ્રાયોગીક રીતે અવલોકન કરતા સદર સરકીટનો ટ્રીગરીંગ ટ્રાન્ઝીસ્ટર (2SC1162) આશરે ૪૪ કલાકના સમયગાળા બાદ ટ્રીફર થતો જોવા મળેલ.

૧૯. નમૂના–એ/૫ અને નમૂન–બી/૫ ની ઇલેકટ્રોનીક સરકીટને બેટરી સાથે જોડાયા બાદ અગાઉથી પ્રોગ્રામ કરેલ સમયગાળો પુરો થતા ટ્રીગરીંગ ટ્રાન્ઝીસ્ટર (2SC1162) ના આઉટપુટ પર ડીટોનેટરોને ફુટવા માટે જરૂરી વીજપ્રવાહ મળતો ન હોવાથી ડીટોનેટર એક્ષ્પ્લોડ થઇ શકેલ ન હતા તેવુ જણાયેલ છે.

૨૦. નમૂના–એ/૫ અને નમૂના–બી/૫ ની ઇલેકટ્રોનીકસ સરકીટનો ઉપયોગ બોમ્બ બનાવવાની રચનામાં ટાઇમર ડીવાઇસ તરીકે થઇ શકે છે.

૨૧. નમૂના–બી/૬ ની બેટરી ચાલુ સ્થિતિમાં હતી તથા તેનો આઉટપુટ વોલ્ટેજ અનુક્રમે આશરે ૮.૨૯ વોલ્ટ અને ૮.૨૭ વોલ્ટ હતા.

૨૨. નમૂના–બી/૬ ની બેટરીનો, નમૂના–એ/૫ અને નમૂના–બી/૫ ની સરકીટને વોલ્ટેજ પુરા પાડવા માટે ઉપયોગ લઇ શકાય.

ઉપરોકત પૃથક્કરણના આધારે આ સાહેદે જે અહેવાલ આપેલો તે આ કામે આંક–૫૬૫૬ થી રજૂ કરેલો છે તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ સાહેદની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી છે આ સાહેદે સુરત શહેરમાં બનેલા કુલ–૧૫ બનાવોમાં જે મુદ્દામાલ કબજે કરવામાં આવેલો તે તમામ બનાવોના મુદામાલોનું પૃથક્કરણ કરેલુ છે અને આરોપીઓ તરફથી કોઈ ચોકકસ ગુના માટે ઊલટતપાસ કરવામાં આવેલી નથી પરંતુ જનરલ ઊલટતપાસ કરવામાં આવેલી છે. આ સાહેદે ઊલટતપાસમાં જણાવેલી હકીકતો મહિધરપુરા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૨૦૯/૨૦૦૮ ના કામના બનાવ સંબંધે રજૂ કરેલ પુરાવામાં વિગતવાર ચર્ચા કરેલી છે માટે ઊલટતપાસની હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષે આસેન્દ્રસીંગ બંસીધરસીંગનાઓને સાહેદ નં.૮૩૧ તરીકે આંક–૫૫૯૪ થી તપાસેલ છે. તેઓની સરતપાસ પ્રમાણે તેઓ સને–૨૦૦૨ થી ૨૦૦૫ સુધી તથા ત્યારબાદ સને–૨૦૦૭ થી ૨૦૧૧ સુધી ડેપ્યુટી ચીફ કન્ટ્રોલર ઓફ એક્ષપ્લોઝીવ, ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયાના ડેપ્યુટી કન્ટ્રોલર ઓફ એક્ષપ્લોઝીવ તરીકે ફરજ બજાવતા હતા. સને ૨૦૦૮ ના અરસામાં તેમની ઑફિસ પહેલો માળ, શ્રધ્ધા કોમ્પલેક્ષ, આર. વી. દેસાઈ રોડ, નવાપુરા, બરોડા ખાતે હતી. તા.૩૦/૭/૨૦૦૮ના રોજ પોલીસ સબ ઈન્સ્પેકટર, કાપોદ્રા પોલીસ સ્ટેશન, સુરતનાઓએ ડેપ્યુટી ચીફ કન્ટ્રોલર ઓફ એક્ષપ્લોઝીવનાઓને તેમના સુરત કેમ્પ ખાતે એક યાદી સેકન્ડ ગુન્હા રજી. નં.૧૭૯/૨૦૦૮ ના કામે કબજે કરવામાં આવેલ ડીટોનેટર ડીફયુઝ કરવા આપેલી જે યાદી ડેપ્યુટી કન્ટ્રોલર ઓફ એક્ષપ્લોઝીવશ્રી અનુજ કુમારે રીસીવ કરેલી આ યાદી આ કામે આંક–૫૬૦૩ થી રજૂ કરેલી છે અને તેમાં રીસીવ કર્યા બાબતે અનુજ કુમારની સહી છે જે સહી આ સાહેદ ઓળખી બતાવે છે. આ યાદી સાથે નામ. એડી. સીવીલ જજ એન્ડ જે.એમ.એફ.સી. સુરત શહેરનાઓનો મેળવેલ હુકમ પણ આપેલ હતો. આ દરમ્યાન તેઓ કાપોદ્રા પોલીસ સ્ટેશનની

અન્ય કામની તપાસ માટે સુરતમાં જ હોવાથી તેઓ સમક્ષ તા.૩૦/૭/૨૦૦૮ ના રોજ કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં કાપોદ્રા પોલીસ સ્ટેશન ગુન્હા રજી. નં. ૧૭૯/૨૦૦૮ના કામે કાપોદ્રા પોલીસ સ્ટેશન, સુરત શહેરનાઓના મહેન્દ્રસીંગ ચાવડા પોલીસ ઈન્સ્પેકટર તથા પોલીસ સબ ઈન્સ્પેકટરનાઓએ સીલબંધ હાલતમાં બે પ્લાસ્ટિક કન્ટેનર રજૂ કરેલ અને નામદાર કોર્ટનો ઓર્ડર પણ આપેલ. તે બંને પ્લાસ્ટિક કન્ટેનરને ખોલતા તેમાંથી પ્લાસ્ટિક બેગ મળી આવેલ તે ખોલતા દરેક બેગમાંથી બે મેટાલીક ટયુબ મળેલ. મળી આવેલ ચારેય મેટાલીક ટયુબ ઉપર બે સફેદ કલરના વાયરવાળો સફેદ કલરનો ક્રિમ્પડ કરેલો પ્લગ હતો. દરેક મેટાલીક ટયુબ આશરે ૪૬ એમ.એમ. લંબાઈ અને ૬ એમ.એમ. વ્યાસવાળી જેનું તળીયું સપાટ હતું અને તળીયાના ભાગે ગ્રે કલરનો પદાર્થ હતો અને આ પ્લગ ઉપર RECL-6 માર્ક જોવા મળેલ. આ દરેક મેટાલીક ટયુબ જે હતી તે ઈલેક્ટ્રીક ડીટોનેટર હતા જેનો નાશ કરવામાં આવેલ. આ અંગેનો વિગતવારનો રીપોર્ટ તા.૪/૮/૨૦૦૮ ના રોજ તૈયાર કરીને પોલીસ કમિશનરશ્રી, સુરત શહેરનાઓને મોકલી આપેલ. આ કામે ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ સાહેબનો હુકમ આંક-૫૬૦૪ થી રજૂ છે. આ સાહેદે પોતાની કામગીરી અંગેનો જે રીપોર્ટ તૈયાર કરેલો જે આંક-૫૬૦૫ થી રજૂ રાખેલ છે જેમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા આ સાહેદે સુરત શહેરના પંદર જેટલા બનાવોવાળી જગ્યા ઉપર જઈ કાર્યવાહી કરેલી છે અને સાહેદની ઊલટતપાસની વિગોતવાર હકીકતો આ ચુકાદામાં ડી.સી.બી. પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૩૦૧૯/૨૦૦૮ ના કામે જે પુરાવા રજૂ થયેલ છે તેમાં કરેલી છે જેથી આ ગુનાના કામે આ સાહેદની ઊલટતપાસની હકીકતોનું પુનરાવર્તન કરવાનું રહેતુ નથી.

ત્યારબાદ આ કામે તપાસ કરનાર અધિકારી શ્રી એન.બી.પરમાર મદદનીશ પોલીસ કમિશનરે બનાવવાળી જગ્યા ઉપર નકશો બનાવવા માટે મામલતદાર, સુરત શહેરને એક યાદી લખેલી જે યાદી આ કામે આંક-૭૫૬૯ થી

રજૂ કરેલી છે અને નાયબ પોલીસ અધીક્ષક શ્રી એન.બી.પરમારનાઓને સાહેદ નં.૧૧૫૪ તરીકે તપાસેલ છે તેઓએ તેઓની જુબાનીમાં આ યાદીમાં તેમની સહી ઓળખી બતાવેલી છે.

આંક–૭૫૬૯ વાળી યાદીના આધારે સર્કલ ઓફિસર હિતેન્દ્રકુમાર ગુલાબભાઈ નાયકનાઓએ ગુનાવાળી જગ્યા ઉપર જઈ નકશો બનાવેલો તેઓને આ કામે સાહેદ નં.૧૦૮૭ તરીકે આંક–૭૫૫૭ થી તપાસેલા છે. તેમની સરતપાસ પ્રમાણે તેઓને તપાસ કરનાર અધિકારી શ્રી એન.બી.પરમાર દ્વારા કાપોદ્રા પોલીસ સ્ટેશન વિસ્તારમાં હીરાબાગ સર્કલ ઉપર આવેલ ઓવરબ્રીજની ઉત્તર તરફની દિવાલને અડીને લગાવેલ પ્રમોદ–૨૩૨૦૦૨૮ના જાહેરાતના બોર્ડની પાછળના ભાગે લોખંડની એન્ગલમાં બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલો તે જગ્યા ઉપર જઈ નકશો બનાવવા માટેની યાદી મળેલી તે આંક–૭૫૬૯ ની યાદી મબ્યા બાબતે યાદી ઉપર તેમણે પોતાની સહી ઓળખી બતાવી છે અને તે યાદીના આધારે સ્થળ ઉપર જઈ નકશો બનાવેલો તે નકશો આ કામે આંક–૭૫૭૦ થી રજૂ કરેલો છે. જેમા આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. સદર નકશામાં જે જગ્યાએથી બોમ્બ મળી આવેલો તે જગ્યા લાલ કલરથી બતાવેલી છે.

આ સાહેદની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી છે તે ધ્યાને લેતા આ સાહેદે સુરત બોમ્બ પ્લાન્ટેશનના બનાવોવાળી જગ્યાઓનું નિરીક્ષણ કરીને નકશાઓ બનાવેલા છે. આ સાહેદની ઊલટતપાસ આરોપીઓ તરફથી કોઈ ચોકકસ ગુના સંબંધે કરેલ નથી પરંતુ તમામ બનાવો સબંધે સંયુકત ઊલટતપાસ કરેલ છે. આ સાહેદે ઊલટતપાસમાં જણાવેલી હકીકતોની ચર્ચા સુરત શહેરના મહીધરપુરા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૨૦૯/૨૦૦૮ નાં બનાવના કામે આ ચુકાદામાં જે પુરાવા રજૂ થયેલા છે તે દરમ્યાન વિગતવાર કરવામાં આવેલી છે જેથી ઊલટતપાસની હકીકતનું પુનરાવર્તન કરવામાં આવેલ નથી.

(૫૮.૦૧) **<u>કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૧૭૯/૨૦૦૮ ના કામે બનાવ નં.૩ ને સમર્થન માટે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકનઃ–</u>**

આમ, કાપોદ્રા પોલીસ સ્ટેશન વિસ્તારમાં હીરાબાગ સર્કલ ઉપર આવેલ ઓવરબ્રિજની ઉત્તર તરફની દિવાલને અડીને લગાવેલ પ્રમોદ–૨૩૨૦૦ ૨૮ ના જાહેરાતના બોર્ડની પાછળના ભાગે લોખંડની એન્ગલમાં બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલ છે તે માટે ફરિયાદપક્ષ દ્વારા સાહેદ સુજાનસિંહ રઘુવીરસિંહ યાદવને સાહેદ નં.૪૨૬ તરીકે આંક–૨૪૨૩ થી તપાસેલાં છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તા.૩૦/૭/૨૦૦૮ ના રોજ સવારે સાડા આઠ–પોણા નવ વાગ્યાની આસપાસ કાપોદ્રા પોલીસ સ્ટેશનના પોલીસે વરાછા ઓવરબ્રિજ હીરાબાગ સર્કલના બ્રિજ ઉપર બોલાવેલા તે વખતે પોલીસે બીજા એક અભેસિંહ ભોઈને બોલાવેલા ત્યાં ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરવાનું હતુ અને પોલીસે પંચમાં રહેવાનું પુછતા બંને જણાઓએ હા પાડેલી. આ સ્થળ ઉપર આ બનાવના ફરિયાદી હળપતી હાજર હતા તેમણે જગ્યા બતાવેલી. આ જગ્યા વરાછા ઓવરબ્રિજ સુરત થી કામરેજ તરફ જવાના ઓવરબ્રિજના મેઈન રોડ ઉપરની અને હીરાબાગ સર્કલની ઉપરના ભાગ વાલી હતી. આ જગ્યાએ ઓવરબ્રિજની દિવાલને અડીને લોખંડનો જાહેરાત માટેનો એન્ગલ હતો. તે એન્ગલમાં પ્રમોદ–૨૩૨૦૦૨૮ લખેલ બોર્ડની અંદરના ભાગે આવેલી જગ્યા હતી. આ ઓવરબ્રિજની એક બાજુની દિવાલ આશરે ત્રણ ફુટના અંતરે હતી. દિવાલને જોઈન્ટમાં ત્રણ ભાગમાં લોખંડના એન્ગલ ફીટ કરી જાહેરાતનું બોર્ડ લગાવેલુ હતુ. આ બોર્ડની પૂર્વ દિવાલે ઈલેકટ્રીક થાંભલો હતો જેનો નંબર પંચનામામાં લખાવેલો છે. આ થાંભલા ઉપર કોન્ટેકટ શાહ લખીને નંબર લખેલો હતો. ઓવરબ્રિજની નીચેના ભાગે અર્ધ ચંદ્રાકાર સર્કલ તરફ લાઈટ ફેકતો થાંભલો હતો જેની ઉપર પણ નંબર લખેલ હતો. લોખંડની એન્ગલથી ઓવર બ્રિજની દિવાલ ઉપર એક થાંભલો હતો. આ પ્રમોદ લખેલ બોર્ડના એન્ગલના ભાગે બોમ્બ મુકેલો હોવાનું ફરિયાદીએ જણાવેલુ. ઓવરબ્રિજના પીલ્લરના નંબરો

પણ જોયેલા અને લખાવેલા. ઓવરબ્રીજની એક બાજુ સુરતથી કામરેજ જતો પાકો રોડ આવેલો છે, એક બાજુ કામરેજ સુરત જતો રસ્તો છે. આ જગ્યાએથી નીચે જુદા-જુદા કોમ્પ્લેક્ષ અને રેસ્ટોરન્ટો આવેલા છે. આ સ્થળનું જે પંચનામુ બનાવેલુ તે આંક-૨૪૨૪ થી રજૂ છે જેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા પોલીસે ઓવરબ્રીજ ઉપર જતા રોકેલા તો તે હકીકત નકારે છે. પુલની ઉપરની બાજુની દિવાલ ઉપર ૭૫ x ૩૦ ફુટનો બોર્ડ લાગેલુ હતુ તે કબૂલ કરે છે. ઓવરબ્રિજની નીચે સર્કલ છે તે કબૂલ કરે છે. ઉપર જણાવેલુ બોર્ડ બ્રિજની નીચેથી જોઈ શકાય તે કબૂલ કરે છે. બોર્ડ વાંચવા માટે પુલ ઉપરથી જુકવુ પડે તે કબૂલ કરે છે. પોલીસે આ સ્થળે બોલાવેલા નથી કે સ્થળ ઉપર પંચનામુ કરેલ નથી તો તે હકીકત નકારેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી દેવરાજભાઈ ધનજીભાઈ કંથારીયાને સાહેદ નં.પ૬૧ તરીકે આંક-૩૦૨૯ થી તપાસેલાં છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદ ડ્રાઈવીંગ કરવાનુ કામ કરે છે. તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ હીરાબાગ સર્કલ પાસે, પ્રમોદ નામની જાહેરાતના બોર્ડ ઉપર બે વિસ્ફોટક બોમ્બ મુકવામાં આવેલા તેવું જાણેલું તે સ્થળે ટેમ્પો ગાડી ઉભી રાખતા હતા. બીજા દિવસે તા.૩૦/૭/૨૦૦૮ ના રોજ આ ઓવરબ્રિજ પાસે જે બોમ્બ જાહેરાતના બોર્ડ પાછળ લોખંડના એન્ગલ ઉપર મુકવામાં આવેલ તે સંબંધે કાપોદ્રા પોલીસે પુછપરછ કરેલી તેમ જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી અશોકભાઈ ગોબરભાઈ ઢોલરીયાને સાહેદ નં.પ૬૫ તરીકે આંક-૩૦૩૭ થી તપાસેલાં છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદ હીરાબાગ સર્કલ પાસે ક્રિષ્ના કોમ્પલેક્ષમાં પહેલા માળે દુકાનમાં વેપાર કરતા હતા. તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ બપોરના સમયે આશરે અઢી એક વાગ્યાના સુમારે હીરાબાગ સર્કલ પાસે લોકોનું ટોળું ભેગું થતાં ત્યાં ગયેલા. તે સ્થળ પાસે વરાછા ઓવરબ્રિજની ઉત્તર તરફની બ્રિજની દીવાલને અડીને આવેલ જાહેરાતનું બોર્ડ નામે પ્રમોદ ૨૩૨૦૦૨૮ના બોર્ડ પાછળનાં ભાગે લોખંડની એન્ગલમાં અલગ-અલગ જગ્યાએ કુલ બે જીવતાં બોમ્બ મળી

આવેલા. તે પોલીસ અને બોમ્બ સ્કવોર્ડના માણસોએ ઉતારી આ બંને બોમ્બ નિષ્ક્રીય કરેલા તેમ જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા જાહેરાતનું હોર્ડીંગ્સ બ્રિજની ઉપર આવેલુ છે તે કબૂલ કરે છે. આ સાહેદની દુકાનમાં બેસીને હોર્ડીંગ્સ દેખાય નહીં અને તેની અંદર બહાર શું છે તે પણ દેખાય નહીં તો તે કબૂલ કરે છે. હોર્ડીંગ્સમાં કોઈ કાર્યવાહી કરવામાં આવે તો દુકાનમાં બેસીને જોઈ શકાય નહીં તો તે કબૂલ કરે છે. સ્થળ ઉપર પોલીસના સાત–આઠ માણસો આવેલા. બનાવવાળા સ્થળથી આ સાહેદ દુર ઉભા રહેલા. પોલીસે બધાને દુર કરી દીધેલા તે કબૂલ કરે છે. પોલીસે બનાવનું સ્થળ કોર્ડન કરી દીધેલુ તે કબૂલ કરે છે. બનાવ સ્થળે ગયેલા નથી કે કોઈ વસ્તુ જોયેલી નથી તો તે હકીકત નકારે છે. પોલીસના કહેવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત પણ નકારે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી અશોકભાઈ બાબુભાઈ ભીમાણીને સાહેદ નં.૫૮૭ તરીકે આંક–૩૧૨૧ થી તપાસેલાં છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદ ૨૦૦૮માં હીરાબાગ સર્કલ પાસે આવેલ ક્રિષ્ના કોમ્પલેક્ષમાં કોલેજીયન હેર કટીંગ સલુન નામની દુકાન ચલાવતા હતા. હીરાબાગ સર્કલ પાસે વરાછા ઓવરબ્રિજની દિવાલને અડીને જાહેરાતના બોર્ડ મુકાયેલા આ પૈકીનું એક જાહેરાતનું બોર્ડ પ્રમોદ ૨૩૮૦૦૨૮વાળુ જાહેરાતનું બોર્ડ લોખંડની એન્ગલ ઉપર મુકવામાં આવેલુ. તા.૨૯/૦૭/૨૦૦૮ ના રોજ સવારના સમયે સદર જાહેરાતનાં બોર્ડના એન્ગલો વાળી જગ્યાએ અલગ–અલગ કુલ બે બોમ્બ મુકાયેલાં આ સ્થળે પોલીસને બોલાવતાં પોલીસના માણસો ત્યાં આવતાં સાથે બીજા પણ માણસો ત્યાં આવતાં આ જણાવેલ સ્થળેથી બે બોમ્બ કાઢેલાં અને તેમાં જણાયેલ વાયરો વિગેરે છુટા કરી આ બોમ્બ નિષ્ક્રીય કરવામાં આવેલાં તેમ જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી હેમંતભાઈ અમરસીંહ ટાટમીયાને સાહેદ નં.૬૧૩ તરીકે આંક–૩૨૪૯ થી તપાસેલાં છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે જુલાઈ–૨૦૦૮ના અરસામાં હીરાબાગ સર્કલ, વરાછા રોડ

ખાતે ક્રિષ્ના કોમ્પલેક્ષમાં હેર કટીંગનો ધંધો કરતા હતા. તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ દુકાન ઉપર ગયેલા અને બપોરના સાડાબાર એક વાગ્યાના અરસામાં હીરાબાગ પાસે લોકો ભેગા થયેલાં હતાં અને ઓવરબ્રિજ ઉપર જોતાં હતાં જેથી ત્યાં ગયેલા ત્યાં કોઈકે પોલીસ સ્ટેશનમાં ફોન કરીને જાણ કરેલી. પોલીસની ગાડીઓ ત્યાં આવેલી. ત્યાં પોલીસે બોમ્બ ઉતારી ત્યાંથી મળેલાં બોમ્બને ડીફ્યુઝ કરવામાં આવેલા તેમ જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા પોલીસ સમક્ષ કોઈ સ્વૈચ્છિક જાહેરાત કરેલી નથી. પોલીસવાળા અને બીજા કોઈ બોમ્બ લઈને જતા રહેલા. આ બનાવ જોયેલો નથી પરંતુ પોલીસના કહેવાથી જુબાની આપતા હોવાની હકીકત નકારેલી છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી નવીન ઓધવજી ઠક્કરને સાહેદ નં.૬૨૯ તરીકે આંક-૩૨૭૧થી તપાસેલાં છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે ૨૦૦૮ ના વર્ષમાં ક્રિષ્ના કોમ્પલેક્ષ હિરાબાગ સર્કલ, સુરત ખાતે વનલુક ફેશન નામની રેડીમેઈડ કપડાની દુકાન ચલાવતા હતા. તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ દુકાન ઉપર ગયેલા તે દિવસે બપોરે આશરે દોઢેક વાગ્યાના સુમારે હીરાબાગ સર્કલ પાસે લોકોનું ટોળું ભેગું થયેલું હતું ત્યાં પોલીસ તથા ફાયર બ્રિગેડના માણસો પણ આવી ગયેલા હતાં. ત્યાં હીરાબાગ ઓવરબ્રિજની દિવાલ ઉપર પ્રમોદના જાહેરાતના બોર્ડની પાછળ અલગ-અલગ જગ્યાએથી બે બોમ્બ અધિકારીઓએ બહાર કાઢેલાં તેને નિષ્ક્રિય બનાવવામાં આવેલાં તેમ જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા હીરાબાગ સર્કલ આ સાહેદના કોમ્પલેક્ષથી ત્રણ-ચાર મિનિટના અંતરે આવેલુ છે તે કબૂલ કરેલ છે. બનાવ અંગે અંગત જાણકારી નથી પરંતુ લોકોના કહેવાથી જાણેલાનું કબૂલ કરે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી જયેશ મનસુખભાઈ રજોડીયાને સાહેદ નં.૬૩૬ તરીકે આંક-૩૨૮૦ થી તપાસેલાં છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે ૨૦૦૮ ના ચારેક વર્ષ અગાઉથી હીરાબાગ સર્કલ, વરાછા વિસ્તારમાં રીયલ રેસ્ટોરન્ટના નામથી ધંધો કરતા હતા. તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ હીરાબાગ સર્કલ પાસે લોકોનું ટોળું ભેગું થયેલું હતું અને જાણવા મળેલ કે

હીરાબાગ સર્કલની ઉપર આવેલ ઓવરબ્રિજ ઉપર બે બોમ્બ છે જેથી ત્યાં ગયેલા ત્યાં ઘણા માણસો ભેગા થયેલાં. પોલીસ આવી ગઇ હતી. તે વખતે બ્રિજ પરની દિવાલ ઉપર પ્રમોદ જાહેરાતના બોર્ડની પાછળ અલગ–અલગ જગ્યાએ મુકેલા બે બોમ્બ કાઢવામાં આવેલાં. પોલીસે બોલાવેલ બીજા અધિકારીઓએ બોમ્બ નિષ્ક્રીય કરેલ તેમ જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા બનાવ અંગે અંગત જાણકારી નથી. બોમ્બને ૩૦–૪૦ ફુટ દુરથી જોયેલો. બોમ્બ સબંધે આ સાહેદે કોઈ કાર્યવાહી કરેલી નથી. સ્થળ ઉપર ગયેલા નથી, કોઈ કાર્યવાહી જોયેલી નથી, પોલીસના કહેવાથી જુબાની આપતા હોવાની હકીકત નકારે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી વાલારામ ખેતારામજી જાટને સાહેદ નં.૬૪૭ તરીકે આંક–૩૨૯૩ થી તપાસેલાં છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે સને–૨૦૦૮ના અરસામાં હીરાબાગ સર્કલ નીચે ડાવરીયા બિલ્ડિંગમાં સોમનાથ ટી હાઉસના નામે ધંધો કરતા હતા. તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ હીરાબાગ સર્કલ પાસે પુલમાં પ્રમોદનું બોર્ડ હતું ત્યાં એન્ગલમાં અલગ–અલગ જગ્યાએ બે બોમ્બ જેવું કાંઇક હતું ત્યાં માણસોનું ટોળું ભેગું થઇ ગયેલ આથી સ્થળ ઉપર જોવા ગયેલા અને ત્યાં જોયું તો એન્ગલ પાછળ કાંઇક લાગતું હતું. ત્યારે ત્યાં પોલીસ આવી ગયેલી અને પોલીસે પોતાની કાર્યવાહી શરૂ કરેલી તેમ જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા આ સાહેદની દુકાનેથી બનાવનું સ્થળ પાંચ મિનિટના અંતરે આવેલુ છે તે હકીકત નકારે છે. બોર્ડની પાછળ શંકાસ્પદ વસ્તુ હોવાનું જાણવા મળેલાનું કબૂલ કરે છે. તા.૨૯/૭/૨૦૦૮ થી લઇને તા.૧/૮/૨૦૦૮ સુધી પોલીસ સમક્ષ જઈ સ્વેચ્છાએ જાહેરાત કરી નથી તે કબૂલ કરે છે. પોલીસે અન્ય કોઈ કાર્યવાહી કરી નથી તો તે હકીકત નકારી છે. પોલીસને મદદ કરવા ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારે છે. પોલીસે જગ્યા કોર્ડન કરી તે પછી આ સાહેદ જતા રહેલા.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી પરેશનાથ અરજણભાઈ વાઘેલાને સાહેદ નં.૬૫૨ તરીકે આંક–૩૨૯૯ થી તપાસેલાં છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદ વરાછા મેઇન રોડ ઉપર, હીરાબાગ સર્કલ પાસે

શિવમ પાન એન્ડ કોલ્ડ્રીંકસના નામે ધંધો કરતા હતા. તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ હીરાબાગ સર્કલ પાસે પબ્લિક ભેગું થયેલું અને પાન ખાવા આવેલ ઘરાકો દ્વારા જાણવા મળેલ કે ઓવર બ્રિજની નીચે બોમ્બ મુકેલા છે અને પોલીસવાળા આવેલાં. તેઓ સ્થળ ઉપર ગયેલા અને ત્યાં પ્રમોદના જાહેરાતના બોર્ડ નીચે બોમ્બ જોયેલો તેમ જણાવે છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા હીરાબાગ સર્કલ બહુ મોટુ છે તે કબૂલ કરે છે. આ સાહેદના પાનના ગલ્લાથી બનાવવાળુ સ્થળ ૫૦–૬૦ મીટરના અંતરે આવેલુ છે. બનાવ વિશે કાંઈ જાણતા નથી અને પોલીસને મદદ કરવા ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી ઉમેશ પ્રભુનાથને સાહેદ નં.૬૫૩ તરીકે આંક–૩૩૦૦ થી તપાસેલાં છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદ કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં નોકરી કરતા હતા. તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ બરોડા પ્રિસ્ટેજ ચોકી વિસ્તારમાં પેટ્રોલિંગ ફરતાં–ફરતાં બપોરના પોણા બે વાગ્યાના અરસામાં હીરાબાગ સર્કલ પાસે આવતાં જોયું તો લોકો ભેગા થયેલાં હતાં અને ઓવરબ્રિજ ઉપર જોતાં હોઇ જેથી તે તરફ જોતાં ઓવર બ્રિજની ઉત્તર તરફની દિવાલ પાસે એક પ્રમોદના નામનું જાહેરાત બોર્ડ મારેલું તે બોર્ડની એન્ગલ ઉપર બે પોપટી કલરના બોક્ષ શંકાસ્પદ રીતે જણાઇ આવતાં તરત જ ઉપર અધિકારીને આ વાતની જાણ કરતાં ઉપરી અધિકારીશ્રી તથા બોમ્બ ડીફ્યુઝ ટીમ આવી જતાં તેમણે ફાયર બ્રિગેડની મદદથી પોપટી કલરના બોક્ષનું પરિક્ષણ કરતાં તેમાં બે જીવતાં બોમ્બ હોઇ ડીફ્યુઝ કરેલ અને તે વખતે એફ.એસ.એલ. અધિકારીઓ આવી જતાં જરૂરી સામગ્રી લઇ પોલીસ સ્ટેશને જતા રહેલા તેમ જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા મોબાઈલ કે વન ગાડીમાં પેટ્રોલીંગ સબંધે કોઈ કાર્યવાહી કરી નથી તે કબૂલ કરે છે. સવાર તથા રાતના ચોકકસ કેટલા સમયથી ફરજ બજાવેલી તે કહી શકે તેમ નથી. નોકરીનો સમય સામાન્ય રીતે આઠ કલાકનો હોય છે તો તે હકીકત નકારી છે. કરેલી કામગીરીની વિગતો ડાયરીમાં લખવાની હોય છે તે કબૂલ કરે છે. આ ડાયરી જવાબ લેનાર અધિકારીને આપેલ નથી તે કબૂલ કરે છે. હિરાબાગ સર્કલ ઉપર જે

ફરજ બજાવેલી તે બતાવવા લેખિત પુરાવો નથી. બોમ્બ ડીફ્યુઝલ ટીમ કયારે આવેલી તેનો સમય કહી શકે તેમ નથી. પંચનામુ કયારે થયેલુ તે સમય કહી શકે તેમ નથી. બનાવ સંબંધે કંઈ જાણતા નથી અને ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી રમેશ ચંદુભાઈને સાહેદ નં. ૭૫૭ તરીકે આંક–૩૫૫૪ થી તપાસેલાં છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદ સુરત શહેરના કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં વર્ષ–૨૦૦૭ થી ૨૦૧૩ સુધી અન આર્મ્ડ પોલીસ કોન્સ્ટેબલ તરીકે નોકરી કરતા હતા. તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ ફરજ કાપોદ્રા પોલીસ સ્ટેશનની વન જીપ વાહનમાં હતી. અમદાવાદ શહેરમાં થયેલ સીરીયલ બોમ્બ વિસ્ફોટ તેમજ સુરત શહેરમાં જીવંત બોમ્બ મળી આવવાના બનાવ બનેલાં હોવાથી ફરજ ઉપર હાજર હતા. તે દરમ્યાન કલાક ૧૩–૪૦ આસપાસ હીરાબાગ સર્કલ ઉપર આવેલ ઓવર ઓવર બ્રિજ પર લાગેલ પ્રમોદ જાહેરાતના બોર્ડની પાછળ આવેલ લોખંડની એંગલામાં અલગ–અલગ જગ્યાએ શંકાસ્પદ બે બોક્ષ જણાઇ આવેલ. આ વખતે ત્યાં આગળ પોલીસ સબ ઇન્સ્પેકટરશ્રી બી.આર.હળપતી તથા અન્ય સ્ટાફ ના માણસો પણ આવી ગયેલ અને ત્યાં ભેગા થયેલ લોકોના ટોળાને દુર રાખવા તેમજ કાયદો અને વ્યવસ્થા જાણવવા બંદોબસ્ત રાખેલ તેમજ બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડ તથા બંબાવાળા ઓને જાણ કરવામાં આવેલ. બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડના માણસોએ આ બંને શંકાસ્પદ બોક્ષ બોમ્બ જણાઇ આવતાં તેને નિષ્ક્રિય કરેલ. ત્યારબાદ આ વિસ્ફોટક સામગ્રી પોલીસ સ્ટેશને લઇ જઇ ત્યાં આગળની કાર્યવાહી કરવામાં આવેલ તેમ જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી સુભાષ કાશીનાથને સાહેદ નં.૭૬૫ તરીકે આંક–૩૫૬૭ થી તપાસેલાં છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદ જુલાઇ–૨૦૦૭ના સમયગાળામાં આસીસ્ટન્ટ સબઇન્સ્પેકટર તરીકે કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા. અમદાવાદ શહેરમાં તા. ૨૬/૭/૨૦૦૮ ના રોજ બોમ્બ ધડાકા થયેલાં અને ત્યારબાદના દિવસોએ સુરત

શહેરમાં બોમ્બ મળી આવતાં હોવાથી ફરજના ભાગરૂપે બંદોબસ્તમાં રોકાયેલા. તેઓની ફરજમાં શકમંદ ઈસમોનું ચેકીંગ તેમજ બજાર વિસ્તારમાં ફેરીયાવાળાઓને બેસવા નહીં દેવા વિગેરે હતુ તેમ જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા જવાબ લખનાર અધિકારીને ફરજ બજાવ્યા અંગે કોઈ દસ્તાવેજી પુરાવો રજૂ કરેલો નથી. બનાવના દિવસે ટ્રાફિક નિયમન અને બંદોબસ્તની કામગીરી સિવાય બીજી કોઈ ખાસ કામગીરી કરેલી નથી તે કબૂલ કરે છે. આ હકીકત ધ્યાને લેતા આ સાહેદે સ્થળ ઉપર કામગીરી કરેલી હોવાની હકીકત આરોપીઓ તરફથી કબૂલ કરવામાં આવી છે તેમ કહી શકાય માટે સ્થળ ઉપર ફરજ બજાવ્યા અંગેનો કોઈ દસ્તાવેજી પુરાવો જરૂરી નથી. ઉપરી અધિકારીના કહેવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી જેસીંગભાઇ મોહનભાઇ પટેલને સાહેદ નં.૧૧૩૭ તરીકે આંક–૮૧૫૬ થી તપાસેલાં છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદ જુલાઇ–૨૦૦૮ના અરસામા પોલીસ હેડક્વાર્ટર ખાતે બોમ્બ ડિટેકશન એન્ડ બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડમા ફરજ બજાવતા હતા. આ અરસામા તેમની સાથે એ.એસ.આઇ. સુમનભાઇ વનમાળી, મોહનભાઇ ભાયલાભાઇ અને અજયભાઇ માનાભાઇનાઓ પણ ફરજ બજાવતા હતા. તેમની ફરજ પોલીસ હેડ ક્વાર્ટર ખાતે અને સુચના મળે તે મુજબ જે તે જગ્યાએ જઇને કામગીરી કરવાની હોય છે. તેઓએ બોમ્બ ડિટેકશન અને બોમ્બ ડિસ્પોઝલ અંગેની તાલીમ સુરત ખાતે હેડ ક્વાર્ટરમા તથા કરાઇ એકેડેમી, ગાંધીનગર પોલીસ તાલીમ શાળા ખાતે મેળવેલી હતી. તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ કાપોદ્રા પોલીસ સ્ટેશનની હદમા હિરાબાગ સર્કલ ઉપર આવેલા ત્યા ઓવરબ્રીજની ઉત્તરે જાહેરાત બોર્ડના લોખંડના એન્ગલમા બે બોમ્બ મળી આવેલા હોવાથી તેને જાહેરાતના બોર્ડમાથી ઉતારીને ડિફ્યુઝ કરેલાનું જણાવેલ છે. આ સાહેદે ઊલટતપાસમાં જણાવેલી હકીકતો ડી.સી.બી. પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૩૦૧૯/૨૦૦૮ ના કામના બનાવ સંબંધે રજૂ કરેલ પુરાવામાં

વિગતવાર ચર્ચા કરેલી છે માટે ઊલટતપાસની હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

કાપોદ્રા પોલીસ સ્ટેશન વિસ્તારમાં હીરાબાગ સર્કલ ઉપર આવેલ ઓવરબ્રીજની ઉત્તર તરફની દિવાલને અડીને લગાવેલ પ્રમોદ–૨૩૨૦૦૨૮ નાં જાહેરાતના બોર્ડની પાછળના ભાગે લોખંડની એન્ગલમાં તા.૨૯/૭/૨૦૦૮ નાં રોજ કલાક ૧૩–૧૫ થી ૨૧–૩૦ વાગ્યે બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બે બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલા અને તે જગ્યાએથી બોમ્બ મળી આવેલા તે હકીકત ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા ઉપરોકત તમામ પુરાવા ઉપરથી સાબીત થાય છે તેમ હું માનુ છું.

(૫૯) **<u>સુરત શહેરમાં વરાછા પોલીસ સ્ટેશનની હકુમતના વિસ્તારમાં બોમ્બ ધડાકા કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલ તે બનાવ પુરવાર કરવા નં.૪ ના સંબંધમાં ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન.</u>**

– વિસ્તાર:– વરાછા પોલીસ સ્ટેશનની હદમાં

– સ્થળ:– (૧) વરાછા અશ્વનીકુમાર રોડ ભવાની જેમ્સ સર્કલની ઉત્તરે આવેલ ડિવાઈડરમાં ઘાસ વચ્ચે

(૨) ભવાની જેમ્સ સર્કલની પુર્વ તરફ આવેલ ડીવાઈડરમાં છોડવા અને ઘાસ વચ્ચે

(૩) સરદાર પોલીસ ચોકીની પાછળ આવેલ ક્રાંતિ મેદાનમાં પૂર્વ–દક્ષિણ ખુણે ઘાસમાં

– સમય:– કલાક ૨૧–૦૦

– ગુના રજીસ્ટર નં. સેકન્ડ ૩૬૬/૨૦૦૮

– બનાવમાં વપરાયેલ વાહન:– નથી

તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ વરાછા પોલીસ સ્ટેશનની હકૂમતમાં આવેલ વિસ્તાર (૧) વરાછા અશ્વનીકુમાર રોડ ભવાની જેમ્સ સર્કલની ઉત્તરે આવેલ ડિવાઈડરમાં ઘાસ વચ્ચે (૨) ભવાની જેમ્સ સર્કલની પૂર્વ તરફ આવેલ ડિવાઈડરમાં છોડવા અને ઘાસ વચ્ચે તથા (૩) સરદાર પોલીસ ચોકીની પાછળ આવેલ ક્રાંતિ મેદાનમાં પૂર્વ–દક્ષિણ ખુણે ઘાસમાં બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલા અને તે જગ્યાઓ ઉપરથી બોમ્બ મળી આવેલ તેની ફરિયાદ છગનભાઈ જીવાજી ડામોર, પોલીસ સબઈન્સ્પેકટર વરાછાનાઓએ પોલીસ ઈન્સ્પેકટર વી.બી.પટેલ રૂબરૂ લખાવેલી તેઓને ફરિયાદપક્ષ દ્વારા સાહેદ નં.૪૪૭ તરીકે આંક–૨૭૭૦ થી તપસાવમાં આવેલા છે તેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે તા.૨૯/૭/૨૦૦૮ નાં રોજ સ્ટાફના માણસો અરૂણભાઈ આનંદરાવ તથા પોલીસ કોન્સ્ટેબલ વિનોદભાઈ સાથે લંબે હનુમાન પોલીસ ચોકી તેમજ અશ્વિનીકુમાર ચોકી વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. અમદાવાદમાં થયેલ શ્રેણીબધ્ધ બોમ્બ બ્લાસ્ટના અનુસંધાને પબ્લીકમાં તથા વેપારીઓને શંકાશીલ વસ્તુ મળે તો પોલીસને જાણ કરવાની સુચના આપેલી આ વખતે કલાક ૧૫–૧૦ વાગે એ.કે.રોડ, ભવાની જેમ્સ સર્કલ પાસે આવતા ઉત્તર તરફના રોડ ડીવાઈડર લાઈન વચ્ચે આવેલ કુલ છોડવા તથા ઘાસમાં કંઈક શંકાસ્પદ વસ્તુ જણાયેલી તથા પૂર્વ તરફની રોડ ડીવાઈડર લાઈન વચ્ચે કુલછોડ તથા ઘાસમાં શંકાસ્પદ વસ્તુ જણાતા પોલીસ ઈન્સ્પેકટરને જાણ કરેલી જેથી સાહેબ સ્ટાફના માણસો સાથે આવી ગયેલા, બોમ્બ સ્કવોર્ડ તથા એફ.એસ. એલ.ને જાણ કરતા તેઓ પણ ઘટના સ્થળે આવેલા. બોમ્બ સ્કવોર્ડના માણસોએ શંકાસ્પદ વસ્તુ જોતા તે હાથ બનાવટનો બોમ્બ હોય જગ્યાને કોર્ડન કરી તેને ડીફ્યુઝ કરેલો જેમાં વસ્તુઓ જોતા પીળા કલરની પ્લાસ્ટિકની સેલોટેપ મારેલ લાકડાની ફ્રેમવાળુ અર્ધ ચંદ્રાકાર બોક્ષ, પારદર્શક થેલીમાંથી એમોનિયમ નાઈટ્રેટ આશરે એક કીલો વજન, લોખંડના છરા આશરે એક કીલો, બે પેન્સિલ આકારના ડીટોનેટર, એક ઈલેકટ્રોનીક સરકીટ, ગુજરાત સમાચારની પ્રત વિગેરે

વસ્તુઓ પૈકી એમોનિયમ નાઈટ્રેટ ૫૦ ગ્રામ તથા છરા નંગ–૧૦ એફ.એસ.એલ. અધિકારીએ કબજે કરેલા.

ત્યારબાદ ભવાની જેમ્સ સર્કલના પૂર્વ તરફના રોડ ડીવાઈડર લાઈન વચ્ચે કુલઝાડ તથા છોડવા અને ઘાસમાં પડેલ શંકાસ્પદ વસ્તુ જોતા તે દેશી બનાવટનો બોમ્બ હોય જગ્યાને કોર્ડન કરી તેને ડીફ્યુઝ કરેલો જેમાં વસ્તુઓ જોતા લાલ કલરની પ્લાસ્ટિકની સેલોટેપ મારેલ લાકડાની ફ્રેમવાળુ અર્ધ ચંદ્રાકાર બોક્ષ, પારદર્શક થેલીમાંથી એમોનિયમ નાઈટ્રેટ આશરે એક કીલો વજન, લોખંડના છરા આશરે એક કિલો, બે પેન્સિલ આકારના ડીટોનેટર, એક ઈલેકટ્રોનીક સરકીટ, ગુજરાત સમાચારની પ્રત વિગેરે વસ્તુઓ પૈકી એમોનિયમ નાઈટ્રેટ ૫૦ ગ્રામ તથા છરા નંગ–૧૦ એફએસએલ અધિકારીએ કબજે કરેલા.

ત્યારબાદ આ બંને જગ્યાઓ ઉપરથી મળી આવેલ બોમ્બની સામગ્રી પોલીસ ઈન્સ્પેકટરએ પંચનામુ કરી કબજે કરેલી. આ દરમ્યાન હકીકત મળેલી કે પોલીસ ચોકી પાછળ આવેલ ક્રાંતિ મેદનમાં પણ શંકાસ્પદ વસ્તુ પડેલી છે જેથી પોલીસ ઈન્સ્પેકટર તથા સ્ટાફના માણસો તે જગ્યા ઉપર ગયેલા આ જગ્યા ક્રાંતિ મેદાનના દક્ષિણ પૂર્વ ખુણે આવેલી હતી ત્યાં એક પ્લાસ્ટિકની કોથળીમાં દેશી બનાવટનો બોમ્બ હોય જગ્યાને કોર્ડન કરી તેને ડીફ્યુઝ કરેલો. જેમાં વસ્તુઓ જોતા પીળા કલરની પ્લાસ્ટિકની સેલોટેપ મારેલ લાકડાની ફ્રેમવાળુ અર્ધ ચંદ્રાકાર બોક્ષ, પારદર્શક થેલીમાંથી એમોનિયમ નાઈટ્રેટ આશરે એક કીલો વજન, લોખંડના છરા આશરે એક કીલો, બે પેન્સીલ આકારના ડીટોનેટર, એક ઈલેકટ્રોનીક સરકીટ, ગુજરાત સમાચારની પ્રત તથા ડયુરોસેલ કંપનીની બેટરી વિગેરે વસ્તુઓ પૈકી એમોનિયમ નાઈટ્રેટ ૫૦ ગ્રામ તથા છરા નંગ–૧૦ એફ.એસ.એલ. અધિકારીએ કબજે કરેલા. આ ઉપરાંત ઉપરોકત જગ્યાઓએથી ડયુરોસેલ કંપનીની બેટરીઓ પણ મળી આવેલી. સ્થળ ઉપર એમોનિયમ નાઈટ્રેટ તથા લોખંડના છરા એફએસએલ અધિકારીની સુચના મુજબ પોલીસ ઈન્સ્પેકટરએ પંચનામાની વિગતે કબજે કરેલા. આ બનાવોની આ સાહેદે સંયુકત ફરિયાદ આપેલી તે આ કામે આંક–૨૭૭૧ થી ૨જૂ છે જેમાં આ સાહેદ

પોતાની સહી ઓળખી બતાવે છે. આ સાહેદની રૂબરૂમાં પોલીસ ઇન્સ્પેકટર વી.બી.પટેલનાઓએ પંચનામાની વિગતે જે મુદ્દામાલ કબજે કરેલો તે તમામ મુદ્દામાલ પણ અદાલત રૂબરૂ વારાફરથી બતાવતા ઓળખી બતાવે છે.

આ ફરિયાદ લીધા બાદ પોલીસ ઇન્સ્પેકટર વી.બી.પટેલે ગુનો રજીસ્ટર કરવા માટે પી.એસ.ઓ. વરાછા પોલીસ સ્ટેશનને મોકલી આપેલી અને પી.એસ.ઓ. વરાછા પોલીસ સ્ટેશનનાઓએ આ ફરિયાદને સ્ટેશન ડાયરીમાં રજીસ્ટર કરેલી તે સ્ટેશન ડાયરીની નકલ આ કામે આંક–૧૭૦૪થી રજૂ કરેલી છે તે રજીસ્ટર કરનાર સાહેદ ગણપતભાઈ શંકરભાઈ બારીયાને સાહેદ નં.૩૩૦ તરીકે આંક–૧૭૦૧ થી તપાસેલા છે તેઓની સરતપાસ પ્રમાણે તેઓ બનાવના દિવસે પી.એસ.ઓ. તરીકે વરાછા પોલીસ સ્ટેશનમાં ફરજ ઉપર હતા ત્યારે એક સૂચિ પત્ર પટેલની સહીથી મોકલવામાં આવેલુ જે સુચી પત્ર આંક–૧૭૦૫ થી રજૂ છે તેમાં પોલીસ ઇન્સ્પેકટર પટેલની સહી છે અને આ સુચીપત્ર આધારે ગુનો સ્ટેશન ડાયરીમાં એન્ટ્રી નં.૧૭ થી નોંધેલો જેમાં આ સાહેદે વધુ તપાસ અંગેનો શેરો કરેલો, આંક–૧૭૦૫ ના પાછળના ભાગે કરેલા શેરામાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

આ કામે ફરિયાદી છગનભાઈ જીવાભાઈ ડામોરની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલી છે. તે ધ્યાને લઈએ તો ક્રાંતિ મેદાનમાં મળી આવેલ શંકાસ્પદ બોમ્બ સબંધેના સમાચાર પોલીસ ઇન્સ્પેકટરને મળેલા.પોલીસ ઇન્સ્પેકટર મારફતે બોમ્બની માહિતી જાણવા મળેલી. ત્રીજો બોમ્બ વરાછા સરદાર પોલીસ ચોકી પાસે આવેલ ક્રાંતિ મેદાનમાં જીવતો બોમ્બ હોવાના સમાચાર મળેલા તે હકીકત સાચી છે તે કબૂલ કરે છે. ફરજ સોંપણીનો લેખિતમાં હુકમ થતો નથી. ફરજની સોપણી પોલીસ ઇન્સ્પેકટર કરે છે. પેટ્રોલીંગમાં હતા તે બતાવવા કોઈ પુરાવો નથી. પેટ્રોલીંગ ડાયરી કયાં છે તેની ખબર નથી. પોલીસ ઇન્સ્પેકટરને બનાવની જાણ કેટલા વાગે કરેલી તેનો દસ્તાવેજી પુરાવો નથી. પોલીસના માણસો સાથે પેટ્રોલીંગમાં ગયેલા નથી કે આવી કોઈ શંકાસ્પદ વસ્તુ

મળી આવેલી નથી તો તે હકીકત નકારે છે. ફરિયાદ આપી તે પહેલા સ્થળ ઉપર પંચનામુ થઈ ગયેલુ તે કબૂલ કરે છે.

ત્યારબાદ આ કામે પોલીસ ઈન્સ્પેકટર વરાછા વી.બી.પટેલનાઓને ફરિયાદપક્ષ દ્વારા સાહેદ નં.૧૦૫૩ તરીકે આંક–૭૦૯૭ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદે બનાવવાળી જગ્યા ઉપર બે પંચોની હાજરીમાં પંચનામુ બનાવી મુદ્દામાલ કબજે કરેલો. તેઓની સરતપાસ પ્રમાણે સુરત ખાતે અલગ–અલગ વિસ્તારમાં બોમ્બ મળી આવેલ હોવાથી તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ બપોરના સમયે તેમના સ્ટાફના પોલીસ સબઈન્સ્પેકટર તરફથી માહિતી મળેલ કે અશ્વનીકુમાર રોડ ભવાની જેમ્સ સર્કલ પાસે રોડ વચ્ચેના ડિવાઈડરમાં ઉગેલા છોડવા તથા ઘાસ વચ્ચે શંકાસ્પદ વસ્તુ મળેલ છે આ વખતે આ સાહેદ અન્ય પંચનામાના કામમાં રોકાયેલા હતા અને તે પંચનામું પૂર્ણ કર્યા બાદ સાંજના સમયે ભવાની જેમ્સ સર્કલ ખાતે ગયેલાં અને ત્યાં બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડના માણસોએ ડિફ્યુઝ કરેલાં બોમ્બના પાર્ટસ તપાસ અર્થે કબ્જે લેવાના હોવાથી બે પંચોના માણસોને બોલાવેલાં અને પંચમાં રહેવા બાબતે સમજ કરેલી અને પંચમાં રહેવા બાબતે સ્વખુશી બતાવેલ. તે જગ્યા ઉપર એક શંકાસ્પદ આછા લીલા કલરની પ્લાસ્ટિકની કોથળીમાં પેક કરેલ જીવતો બોમ્બ મળી આવેલ હતો. તે જગ્યાએ બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડના માણસોએ તે બોમ્બ ડિફ્યુઝ કરેલ હતો તે દરમ્યાન એફ.એસ.એલ. કચેરીના અધિકારી પણ આવી ગયેલાં. ભવાની જેમ્સ સર્કલથી ઉત્તર તરફ આવેલ રોડ ડિવાઈડરમાં ઉગેલ છોડવા અને ઘાસમાંથી મળેલ બોમ્બ જે ડિફ્યુઝ કરેલ તે બોમ્બની વસ્તુઓ તથા પાર્ટસ પંચનામાની વિગતે કબ્જે કરવામાં આવેલ. તે વસ્તુઓમાં પીળા કલરની સેલોટેપ વીંટાળેલ લાકડાની ફ્રેમ તથા પતરાની પ્લેટવાળું અર્ધચંદ્રાકાર બોક્ષ, બોક્ષમાંથી નીકળેલ પ્લાસ્ટિકની કોથળીમાં ત્રણ ભાગમાં આછા પીળા કલરનો ચીકણો પદાર્થ જે એમોનીયમ નાઈટ્રેટ જે ફ્યુઅલ ઓઈલ ભેળવેલ, બોક્ષમાંથી નીકળેલ પ્લાસ્ટિકની કોથળીમાં નીકળેલા છરાઓ, સફેદ ધાતુના પેન્સિલ સેલ આકારના વાયર સાથેના બે નંગ ડીટોનેટર, ડ્યુરાસેલ બેટરી, ઈલેકટ્રોનિક સર્કિટ, વિસ્ફોટક

બોમ્બ કે જે આછા લીલા કલરની પ્લાસ્ટિકની કોથળીમાં હતો તે તથા કાળા કલરની કોથળી તથા દૈનિકપત્ર વિગેરે મળી આવેલ. એફ.એસ.એલ. અધિકારીએ આ પીળા કલરનો પદાર્થ એમોનિયમ નાઈટ્રેટ છે તેવું જણાવેલું. એફ.એસ.એલ. અધિકારીના જણાવ્યા મુજબ એમોનિયમ નાઈટ્રેટ ૫૦ ગ્રામ તથા ૧૦ નંગ છરાઓ અલગ નમૂના તરીકે પેક કરેલાં. એમોનિયમ નાઈટ્રેટનું વજન કરેલું અને છરાઓનું પણ વજન કરવામાં આવેલું અને પંચનામાની વિગતે તપાસ અર્થે કબ્જે લીધેલ અને પંચોની અને આ સાહેદની સહીઓવાળી કાપલીઓ મુકી સીલ કરવામાં આવેલ.

ત્યારબાદ ભવાની જેમ્સ સર્કલથી પૂર્વ તરફ આવેલ રોડ ડિવાઇડર માંથી મળેલ બોમ્બ કે જે ડિફ્યુઝ કરેલ તે બોમ્બમાંથી વસ્તુઓ તથા મળેલા પાર્ટસ પંચનામા વિગતે કબ્જે કરવામાં આવેલ તે વસ્તુઓમાં લાલ કલરની સેલોટેપ વીંટાળેલ લાકડાની ફ્રેમ તથા પતરાની પ્લેટવાળું અર્ધચંદ્રાકાર બોક્ષ, બોક્ષમાંથી નીકળેલ પ્લાસ્ટિકની કોથળીમાં ત્રણ ભાગમાં આછા પીળા કલરનો ચીકણો પદાર્થ જે એમોનિયમ નાઈટ્રેટ જે ફ્યુઅલ ઓઈલ ભેળવેલ, બોક્ષમાંથી નીકળેલ પ્લાસ્ટિકની કોથળીમાં નીકળેલા છરાઓ, સફેદ ધાતુના પેન્સિલ સેલ આકારના વાયર સાથેના બે નંગ ડીટોનેટર, ડ્યુરાસેલ બેટરી, ઈલેકટ્રોનિક સર્કિટ, વિસ્ફોટક બોમ્બ કે જે આછા લીલા કલરની પ્લાસ્ટિકની કોથળીમાં હતો તે તથા કાળા કલરની કોથળી તથા દૈનિકપત્ર વિગેરે મળી આવેલ એફ.એસ. એલ. અધિકારીએ આ પીળા કલરનો પદાર્થ એમોનિયમ નાઈટ્રેટ છે તેવું જણાવેલું. એફ.એસ.એલ. અધિકારીના જણાવ્યા મુજબ એમોનિયમ નાઈટ્રેટ ૫૦ ગ્રામ તથા ૧૦ નંગ છરાઓ અલગ નમૂના તરીકે પેક કરેલાં. એમોનિયમ નાઈટ્રેટનું વજન કરેલું અને છરાઓનું પણ વજન કરવામાં આવેલું અને પંચનામાની વિગતે તપાસઅર્થે કબ્જે લીધેલ અને પંચોની અને આ સાહેદની સહીઓવાળી કાપલીઓ મુકી સીલ કરવામાં આવેલ.

સાહેદ વધુમાં જણાવે છે કે પંચનામું ચાલુ હતું તે દરમ્યાન સરદાર પોલીસ ચોકીની પાછળ આવેલ ક્રાંતિ મેદાનમાં જીવતો બોમ્બ મળેલ હોવાના

સમાચાર મળેલાં. તે જગ્યાએ બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડને રવાના કરેલ. ત્યારબાદ આ સાહેદ તથા અન્ય પોલીસના માણસો તથા પંચો તે જગ્યાએ ગયેલાં જયાં ક્રાંતિ મેદાનના પૂર્વ–દક્ષિણ ખૂણે ઘાસમાં વિસ્ફોટક બોમ્બ આછા લીલા કલરની કોથળીમાં પેક કરેલ મળેલ જેને બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડના માણસોએ તપાસીને ડિફયુઝ કરેલો. તે બોમ્બમાંથી વસ્તુઓ તથા મળેલા પાર્ટસ પંચનામા વિગતે કબ્જે કરવામાં આવેલ. તે વસ્તુઓમાં પીળા કલરની સેલોટેપ વીંટાળેલ લાકડાની ફ્રેમ તથા પતરાની પ્લેટવાળું અર્ધચંદ્રાકાર બોક્ષ, બોક્ષમાંથી નીકળેલ પ્લાસ્ટિકની કોથળીમાં ત્રણ ભાગમાં આછા પીળા કલરનો ચીકણો પદાર્થ જે એમોનીયમ નાઈટ્રેટ જે ફયુઅલ ઓઈલ ભેળવેલ, બોક્ષમાંથી નીકળેલ પ્લાસ્ટિકની કોથળીમાં નીકળેલા છરાઓ, સફેદ ધાતુના પેન્સિલ સેલ આકારના વાયર સાથેના બે નંગ ડીટોનેટર, ડયુરાસેલ બેટરી, ઈલેકટ્રોનિક સર્કિટ, વિસ્ફોટક બોમ્બ કે જે આછા લીલા કલરની પ્લાસ્ટિકની કોથળીમાં હતો તે તથા કાળા કલરની કોથળી તથા દૈનિકપત્ર વિગેરે મળી આવેલ. એફ.એસ.એલ. અધિકારીએ આ પીળા કલરનો પદાર્થ એમોનિયમ નાઈટ્રેટ છે તેવું જણાવેલું. એફ.એસ.એલ. અધિકારીના જણાવ્યા મુજબ એમોનિયમ નાઈટ્રેટ ૫૦ ગ્રામ તથા ૧૦ નંગ છરાઓ અલગ નમૂના તરીકે પેક કરેલાં. એમોનિયમ નાઈટ્રેટનું વજન કરેલું અને છરાઓનું પણ વજન કરવામાં આવેલું અને પંચનામાની વિગતે તપાસ અર્થે કબ્જે લીધેલ અને પંચોની અને આ સાહેદની સહીઓવાળી કાપલીઓ મુકી સીલ કરવામાં આવેલ.

ઉપરોકત તમામ કાર્યવાહીઓનું જે પંચનામુ બનાવવામાં આવેલુ તે પંચનામુ આંક–૨૬૩૧ થી ૨જૂ છે તથા પંચોની સહીઓવાળી સ્લીપો આંક–૨૬૩૨ થી ૨૬૬૧ સુધી ૨જૂ કરેલ છે. આ પંચનામામાં તથા પંચ સ્લીપોમાં આ સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે. વધુમાં આ સાહેદની સરતપાસ પ્રમાણે સ્થળ ઉપર એફ.એસ.એલ. અધિકારીને પધારવા માટે યાદી લખેલી.

ત્યારબાદ પોલીસ સબ ઇન્સ્પેકટ સી.જે.ડામોરનાઓએ આ સાહેદની રૂબરૂ તેમની ફરિયાદ હકીકત જાહેર કરતા તે ફરિયાદ પોલીસ સ્ટેશનમાં લીધેલી આ ફરિયાદ આંક–૨૭૭૧ થી રજૂ છે તેમાં આ સાહેદે ફરિયાદીની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવેલી છે. ત્યારબાદ ગુનો દાખલ કરવા સારૂ આ સાહેદે રીપોર્ટ તૈયાર કરેલ તે રીપોર્ટ આ કામે આંક–૧૭૦૨ થી રજૂ કરેલ છે તેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. ત્યારબાદ ફરિયાદ તેમના રીપોર્ટ સાથે પી.એસ.ઓ.ને મોકલી આપતા ફરિયાદના આધારે વરાછા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૩૬૬/૨૦૦૮થી એક્ષપ્લોજીવ સબસ્ટન્સ એકટની જોગવાઇઓ હેઠળ તથા આઇ.પી.સી. એકટની કલમ–૧૨૦(બી) વિગેરે હેઠળ ગુનો નોંધવામાં આવેલ અને ત્યારબાદ તે રીપોર્ટ અને ફરિયાદ પી.એસ.ઓ. તરફથી આ સાહેદને ગુનાની વધુ તપાસ સોંપવામાં આવતા તે સંભાળેલી.

વધુમાં સરતપાસ પ્રમાણે આ સાહેદે આ બનાવ સબંધે અલગ–અલગ સાક્ષીઓના નિવેદનો નોંધેલા. ત્યારબાદ તા.૧/૮/૨૦૦૮ ના રોજ ઉપરોકત જણાવેલ ગુનાવાળી જગ્યાઓએથી મળી આવેલા ડિફયુઝ કરેલા ત્રણ બોમ્બમાંથી કબ્જે લેવામાં આવેલાં ડીટોનેટરો નંગ–છ એફ.એસ.એલ. અધિકારીશ્રીએ ડિફયુઝ કરવા સુચના આપેલી હોવાથી તેને ડિફયુઝ કરવા પરવાનગી આપવા સારૂ મે.એડી.સિવિલ જજ તથા જયુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબનાઓને રીપોર્ટ કરેલો જે રીપોર્ટ આંક –૭૧૦૮ થી રજૂ છે જેમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આંક–૭૧૦૮ ના રીપોર્ટ આધારે મેજિસ્ટ્રેટ સાહેબે જે પરવાનગી આપેલી તે આંક–૭૦૯૯ થી રજૂ છે.

ત્યારબાદ તા.૪/૮/૨૦૦૮ ના રોજ એફ.એસ.એલ., સુરતના સાયન્ટિફિક અધિકારી એન.ડી.પટેલ તરફ રીપોર્ટ મોકલી જાણ કરેલી કે મુદ્દામાલ ડીટોનેટર જે તે અવસ્થામાં ડિફયુઝ કર્યા વગર ગાંધીનગર ખાતે મોકલી આપવા જણાવેલ. આ રીપોર્ટ આંક–૭૧૦૯ થી રજૂ કરવામાં આવેલો છે.

ત્યારબાદ આ ગુના કામના મુદ્દામાલ એફ.એસ.એલ.ને મોકલવા સારૂ રવાનગી નોંધ તૈયાર કરેલ અને ગુના કામનો તમામ મુદ્દામાલ તે રવાનગી નોંધ સાથે પોલીસ કોન્સ્ટેબલ ઈફતેખાર મુશીરઅલી મારફત એફ.એસ.એલ. કચેરી, ગાંધીનગરને મોકલી આપેલો તે રવાનગી નોંધ આંક–૫૮૬૬ થી રજૂ છે જેમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. જે મુદ્દામાલ એફ.એસ.એલ.ને મળ્યા અંગેની પહોંચ આપવામાં આવેલી તે પહોંચ આંક–૫૮૬૭ થી રજૂ કરવામાં આવેલી છે.

આ કામના આરોપીઓ તરફે થયેલ ઊલટતપાસ ધ્યાને લઈએ તો વરાછા પોલીસ સ્ટેશન વિસ્તારમાં બોમ્બ પ્લાન્ટેશનના કુલ પાંચ બનાવો બનેલા અને આ સાહેદની જે ઊલટતપાસ કરવામાં આવેલી છે તેમાં પાંચેય ગુનાઓની હકીકત બાબતે પ્રશ્ન પુછવામાં આવેલા છે અને સાહેદની ઊલટતપાસ જનરલ ઊલટતપાસ છે જેથી આ સાહેદની વિગતવાર ઊલટતપાસનો ઉલ્લેખ વરાછા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૩૬૩/૨૦૦૮ નાં કામે કરવામાં આવેલ છે જેથી પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

સાહેદ વી.બી.પટેલનાઓએ બે પંચોની હાજરીમાં આંક–૨૬૩૧ વાળુ ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરી જે મુદ્દામાલ કબજે કરેલો તે પંચનામાના પંચો પૈકીના પંચ અનિલભાઈ મગનભાઈ સોજીત્રાને સાહેદ નં.૪૩૭ તરીકે આંક–૨૬૩૦ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ સાંજના સાતેક વાગ્યાના સુમારે અશ્વિનકુમાર રોડથી કતારગામ જતા હતા ત્યારે પોલીસે ભવાની સર્કલ પાસે રોકેલા અને સર્કલથી ડીવાઈડર પાસે લઈ ગયેલા ત્યાં સાહેબ હાજર હતા તેમણે પોતાની ઓળખાણ પોલીસ ઈન્સ્પેકટર તરીકે આપેલી તેમણે જણાવેલુ કે ભવાની સર્કલથી ઉત્તર અને પુર્વ તરફ જીવતા બોમ્બ મળેલા છે અને તે બોમ્બ ડીફયુઝ કરેલા છે તેનુ પંચનામુ કરવાનું છે જેથી આ સાહેદે હા પાડેલી, આ વખતે બીજા સુરેશભાઈ દોશીને પણ પોલીસે બોલાવેલા હતા અને તેમણે પણ પંચમાં રહેવાની હા પાડેલી. સ્થળ ઉપર બોમ્બ સ્કવોર્ડ તેમજ એફ.એસ.એલ.ના અધિકારી સી.સી.

પટેલ હાજર હતા. ડિવાઈડર ઉપરથી બધી વસ્તુઓ અલગ–અલગ ખોલીને મુકેલી હતી. તેમાં એક લાકડાની ફ્રેમનું અર્ધ ચંદ્રાકાર બોક્ષ હતુ જેમાં નીચે પતરાની પ્લેટ જેવુ હતુ. આ ઉપરાંત તેમા પ્લાસ્ટિકની પારદર્શક કોથળીમાં ચીકણો પદાર્થ હતો, સી.સી.પટેલ સાહેબે જણાવેલુ કે આ એમોનિયમ નાઈટ્રેટ છે. બીજી એક પ્લાસ્ટિકની કોથળીમાં છરા ભરેલા હતા, બે ડીટોનેટર હતા, એક ઈલેકટ્રોનીક સરકીટ હતી, એક બેટરી ડયુરોસેલની હતી અને તે પેન્સીલ જેવી જાડી હતી. ગુજરાત સમાચાર બરોડા આવૃત્તિનું પેપર હતુ, લાકડાની ફ્રેમવાળુ બોક્ષ હતુ તેના પર સેલોટેપ લાગેલી હતી. દસ નંગ છરા તથા પચાસ ગ્રામ જેટલો એમોનીયર નાઈટ્રેટ અલગ કરીને પ્લાસ્ટિકની ડબ્બીઓમાં અલગ–અલગ પેક કરેલો તેને જે–૧ થી જે–૧૦ નંબર આપવામાં આવેલા અને પંચોની તથા પોલીસ ઈન્સ્પેકટરની સહીઓવાળી કાપલીઓ લગાવી દોરીથી બાંધી લાખ વડે સીલ કરેલ.

વધુમાં સરતપાસ ધ્યાને લેતા બીજો બોમ્બ ભવાની સર્કલથી પૂર્વ તરફ ડિવાઈડર ઉપરથી મળેલ બોમ્બને ડીફયુઝ કરેલ હતો. તેમાં એક લાકડાની ફ્રેમનું અર્ધ ચંદ્રાકાર બોક્ષ હતુ જેમાં નીચે પતરાની પ્લેટ જેવુ હતુ. આ ઉપરાંત તેમા પ્લાસ્ટિકની પારદર્શક કોથળીમાં ચીકણો પદાર્થ હતો તે એમોનિયમ નાઈટ્રેટ છે તેવુ એફ.એસ.એલ. અધિકારીએ જણાવેલુ બીજી એક પ્લાસ્ટિકની કોથળીમાં છરા ભરેલા હતા, બે ડીટોનેટર હતા, એક ઈલેકટ્રોનિક સરકીટ હતી, એક બેટરી ડયુરોસેલની હતી અને તે પેન્સિલ જેવી જાડી હતી. ગુજરાત સમાચાર બરોડા આવૃત્તિનું પેપર હતુ, લાકડાની ફ્રેમવાળુ બોક્ષ હતુ તેના પર સેલોટેપ લાગેલી હતી. દસ નંગ છરા તથા પચાસ ગ્રામ જેટલો એમોનિયમ નાઈટ્રેટ અલગ કરીને પ્લાસ્ટિકની ડબ્બીઓમાં અલગ–અલગ પેક કરેલો તેને કે–૧ થી કે–૧૦ નંબર આપવામાં આવેલા અને પંચોની તથા પોલીસ ઈન્સ્પેકટરની સહીઓવાળી કપાલીઓ લગાવી દોરીથી બાંધી લાખ વડે સીલ કરેલ.

આ જગ્યા ઉપર પંચનામાની કાર્યવાહી ચાલતી હતી અને સીલ કરવાની કામગીરી પતી ગયેલી ત્યારે સાહેબ ઉપર એક બીજો ફોન આવેલો કે

ક્રાંતિ મેદાન ઉપર એક બોમ્બ મળેલો છે જેથી આ જગ્યા દસ મિનીટના અંતરે હતી. એફ.એસ.એલ.વાળા, પોલીસ ઇન્સ્પેકટર, બોમ્બ સ્કવોર્ડવાળા અને પંચો તે જગ્યાએ ગયેલા અને બોમ્બ ડીફ્યુઝ કર્યા પછી પંચનામાની કાર્યવાહી કરેલી તે બોમ્બમાંથી જે વસ્તુઓ મળેલી તેમાં એક લાકડાની ફ્રેમનું અર્ધ ચંદ્રાકાર બોક્ષ હતુ જેમાં નીચે પતરાની પ્લેટ જેવુ હતુ. આ ઉપરાંત તેમા પ્લાસ્ટિકની પારદર્શક કોથળીમાં ચીકણો પદાર્થ હતો, બીજી એક પ્લાસ્ટિકની કોથળીમાં છરા ભરેલા હતા, બે ડીટોનેટર હતા, એક ઈલેકટ્રોનીક સરકીટ હતી, એક બેટરી ડયુરોસેલની હતી અને તે પેન્સીલ જેવી જાડી હતી, ગુજરાત સમાચાર બરોડા આવૃત્તિનું પેપર હતુ, લાકડાની ફ્રેમવાળુ બોક્ષ હતુ તેના પર સેલોટેપ લાગેલી હતી, દશ નંગ છરા તથા પચાસ ગ્રામ જેટલો એમોનીયર નાઈટ્રેટ અલગ કરીને પ્લાસ્ટિકની ડબ્બીમાં અલગ–અલગ પેક કરેલો તેને એલ–૧ થી એલ–૧૦ નંબર આપવામાં આવેલા અને પંચોની તથા પોલીસ ઇન્સ્પેકટરની સહીઓવાળી કાપલીઓ લગાવી દોરીથી બાંધી લાખ વડે સીલ કરેલ.

આ તમામ વસ્તુઓ આ સાહેદની હાજરીમાં કબજે કરવામાં આવેલી તેનુ પંચનામુ બનાવેલુ જે આંક–૨૬૩૧ વાળા પંચનામામાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવી છે તથા આ સાહેદની હાજરીમાં જે કોઈ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ તે તમામ એક પછી એક કોર્ટમાં ખોલીને બતાવતા તમામ મુદ્દામાલ આ સાહેદે ઓળખી બતાવેલો છે અને મુદ્દામાલમાંથી નીકળેલી પંચ સ્લીપો આંક–૨૬૩૨ થી ૨૬૬૧ સુધી રજૂ કરેલી છે તે તમામ પંચ સ્લીપો ઉપર આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

હવે આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવી છે તે ધ્યાને લઈએ તો બધો મુદ્દામાલ એક જગ્યાએ ભેગો કર્યા બાદ પંચનામુ લખવામાં આવેલુ તે કબૂલ કરેલ છે, મુદ્દામાલ કબજે કરી પોલીસ પાસે રાખવામાં આવેલો, આ મુદ્દામાલ પોલીસે કોને આપેલો તેની ખબર નથી. ત્રીજી જગ્યાએ પહોચ્યા ત્યારે બોમ્બ પેક હતો અને થોડા અંતરે લઈ જઈ ડીફ્યુઝ કરેલો. બેટરી બજારમાં પ્રાપ્ત છે તે કબૂલ કરે છે. મુદ્દામાલ ઈલેકટ્રોનીક સરકીટ બતાવવામાં

આવતા તે જોઈને સાહેદે જણાવેલ છે કે તેની ઉપર આઈ.સી. ફીટ કરેલી છે. ત્રણેય ડીફ્યુઝ કરેલા બોમ્બ પૈકી બે બોમ્બ નજીકમાં હતા અને એક બોમ્બ દુર હતો. ત્રીજો બોમ્બ અગાઉના બોમ્બથી ૩૦૦–૪૦૦ મીટર દુર હશે. પ્રથમ બે બોમ્બના સ્થળથી ત્રીજા બોમ્બના સ્થળ સુધી શું કાર્યવાહી કરી તે જોઈ શકાય નહીં. પંચનામાની કાર્યવાહી દરમ્યાન પંચો સિવાય ત્રીજી કોઈ વ્યકિત બોલતી ન હતી. મુદ્દામાલ આર્ટીકલ ઉપર ઓળખ સંબંધે કોઈ નિશાની કરેલી નથી.

હવે તપાસ કરનાર અધિકારીએ ગુનાવાળી જગ્યા ઉપરથી જે મુદ્દામાલ આંક–૨૬૩૧ ના પંચનામાના આધારે જે મુદ્દામાલ કબજે કરેલો તે મુદ્દામાલ રવાનગી નોંધ સાથે એફ.એસ.એલ. ગાંધીનગરને પૃથક્કરણ માટે મોકલી આપેલો આ રવાનગી નોંધ આ કામે આંક–૫૮૬૬ થી રજૂ કરેલી છે. આ રવાનગી નોંધમાં જણાવ્યા મુજબના કુલ–૭ નમૂના માર્ક જે–૧, કે–૧, એલ–૧, જે–૪, જે–૫, કે–૪, કે–૫, એલ–૪, એલ–૫, જે–૯, કે–૯, એલ–૯, જે–૧૦, કે–૧૦, એલ–૧૦, જે–૬, કે–૬, એલ–૬, જે–૭, કે–૭, એલ–૭, જે–૮, કે–૮, એલ–૮ સુધીના એફ.એસ.એલ. ગાંધીનગરને તપાસ અર્થે મોકલેલા છે. આ રવાનગી નોંધ પોલીસ ઇન્સ્પેકટર વરાછાનાઓએ બનાવેલી અને પોતાના સત્તાના પ્રમાણપત્ર સાથે એફ.એસ.એલ. ગાંધીનગરને મોકલી આપેલી. હવે આ મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારી હેમંત ભાલચંદ્ર ભટ્ટને સાહેદ નં.૮૪૬ તરીકે આંક–૫૮૩૮ થી તપાસેલા છે. એફ.એસ.એલ. દ્વારા મુદ્દામાલ સ્વીકાર્યા અંગેની જે પહોંચ આપવામાં આવેલી તે પહોંચ આ કામે આંક–૫૮૬૭થી રજૂ કરેલી છે જેમાં મદદનીશ નિયામક એફ.એસ.એલ. ગાંધીનગરની સહી છે. આ સાહેદની આ ગુના પુરતી સરતપાસ મુજબ તા.૭/૮/૨૦૦૮ ના રોજ તેમના વિભાગના મદદનીશ નિયામકશ્રી દ્વારા વરાછા પોલીસ સ્ટેશન, સુરત શહેરના સેકન્ડ ગુના રજિસ્ટર નં.૩૬૬/૨૦૦૮ ના કેસનો સ્વીકારવામાં આવેલ મુદ્દામાલ પૃથક્કરણ અર્થે મળેલો તે મુજબ...

– માર્ક જે–૧, કે–૧, એલ–૧ લાકડાની ફ્રેમ તથા પતરાની પ્લેટવાળા અર્ધચંદ્રાકાર બોક્ષ નંગ–૩

– માર્ક જે–૪, જે–૫, કે–૪, કે–૫, એલ–૪, એલ–૫ ધાતુના પેન્સિલ સેલ આકારના ડીટોનેટર નંગ–૬

– માર્ક જે–૯, કે–૯, એલ–૯ આછા પીળા કલરનો ચીકણો પદાર્થ ૫૦–૫૦ ગ્રામ જેટલો ત્રણ અલગ–અલગ પ્લાસ્ટિકની ડબ્બીમાં

– માર્ક જે–૧૦, કે–૧૦, એલ–૧૦ અલગ–અલગ ત્રણ પ્લાસ્ટિકની અલગ–અલગ ડબ્બીમાં ૧૦–૧૦ નંગ છરા

– માર્ક જે–૬, કે–૬, એલ–૬ કાળા તથા ગોલ્ડન કલરની નાની બેટરી નંગ–૩ પ્લાસ્ટિકની અલગ–અલગ ડબ્બીમાં

– માર્ક જે–૭, કે–૭, એલ–૭ ઈલેકટ્રીક સરકીટ નંગ–૩ પ્લાસ્ટિકની અલગ–અલગ ડબ્બીમાં

– માર્ક જે–૮, કે–૮, એલ–૮ દૈનિક પેપર છ અલગ–અલગ ડબ્બીમાં

ઉપરોકત નમૂનાઓનું પ્રમાણિત રાસાયણિક અને ઉપકરણીય પધ્ધતિથી પૃથક્કરણ કરેલ હતું અને પૃથક્કરણના રીપોર્ટ મુજબ...

(૧) નમૂના માર્ક જે–૧, કે–૧, એલ–૧, જે–૮, કે–૮, એલ–૮, જે–૯, કે–૯, એલ–૯, જે–૧૦, કે–૧૦, એલ–૧૦ ના નમૂનાઓમાં એમોનિયમ નાઈટ્રાઈટ તથા નાઈટ્રેટ, મૂલકો તેમજ પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સ ઓઈલ (પેરાફીન પ્રકાર) ની હાજરી શોધી શકાયેલ છે.

(૨) નમૂના માર્ક જે–૪, જે–૫, કે–૪, કે–૫, એલ–૪, એલ–૫ માં એમોનિયમ નાઈટ્રાઈટ, નાઈટ્રેટ લેડ તથા એઝાઈડ મૂલકો પી.ઈ.ટી.એન. (હાઈએક્ષપ્લોઝીવ) તથા પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સ ઓઈલ (પેરાફીન જેલી પ્રકાર) ની હાજરી શોધી શકાયેલ છે.

(૩) નમૂના માર્ક જે–૬, કે–૬, એલ–૬, જે–૭, કે–૭, એલ–૭ માં સ્ફોટક પદાર્થની હાજરી શોધી શકાયેલ નથી.

ઉપરોકત પૃથક્કરણ આધારે સાહેદના અભિપ્રાય મુજબ...

૧. પૃથક્કરણના પરિણામમાં શોધાયેલ એમોનિયમ નાઈટ્રેટ તથા પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સ ઓઈલનું મિશ્રણ એ એમોનિયમ નાઈટ્રેટ બેઝ એમોનિયમ

નાઇટ્રેટ–ફ્યુઅલ ઓઈલ (એનફો) હાઈએક્ષપ્લોજીવના ઘટકો છે જેને ફોડવા માટે ડીટોનેટરનો ઉપયોગ થાય છે.

૨. પૃથક્કરણના પરિણામમાં શોધાયેલ લેડ એઝાઈડ અને પી.ઈ.ટી.એન. (હાઈએક્ષપ્લોજીવ) નો ઉપયોગ બ્લાસ્ટીંગ કેપ (ડીટોનેટર)માં થાય છે.

૩. નમૂનાઓમાંથી મળેલ ધાતુના છરાનો ઉપયોગ હાથ બનાવટના બોમ્બમાં મીસાઈલ્સ તરીકે થાય છે.

૩. પૃથક્કરણના પરિણામ તથા નમૂનાઓમાંથી મળેલ બેટરી, ઈલેક્ટ્રોનિક સરકીટ, છરા તથા હોડી આકારના લાકડાના ધાતુના પતરા, પ્લાસ્ટિકની શીટ સાથેના કન્ટેનરના આધારે એવું કહી શકાય કે હોડી આકારના લાકડાના ધાતુના પતરા ધરાવતા કન્ટેનરમાં એનફો એક્ષપ્લોજીવ પદાર્થ ભરી છરા ઉમેરી તથા ડીટોનેટરનો ઉપયોગ કરીને ટાઈમ ડીલે ડીવાઈસ પ્રકારનો આઈ.ઈ.ડી. બોમ્બ છે.

આ પ્રમાણેનો આ સાહેદે અહેવાલ આપેલો જે આ કામે આંક–૫૮૬૮ થી રજૂ કરેલો છે તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ સાહેદની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી છે તે ધ્યાને લેતા આ સાહેદે સુરત બોમ્બ પ્લાન્ટેશનના બનાવોવાળી જગ્યાઓનું નિરીક્ષણ કરેલુ છે તથા કેટલાક મુદ્દામાલનું પૃથક્કરણ પણ કરેલુ છે અને તે જ રીતે અમદાવાદ ખાતે થયેલ બોમ્બ બ્લાસ્ટના બનાવોવાળી જગ્યાઓનું નિરીક્ષણ કરેલુ છે તથા કેટલાક મુદ્દામાલનું પૃથક્કરણ પણ કરેલુ છે. આ સાહેદની ઊલટતપાસ આરોપીઓ તરફથી કોઈ ચોકકસ ગુના સબંધે કરેલ નથી પરંતુ તમામ બનાવો સંબંધે સંયુકત ઊલટતપાસ કરેલ છે. આ સાહેદે ઊલટતપાસમાં જણાવેલી હકીકતોની ચર્ચા અમદાવાદના શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ નાં બનાવના કામે આ ચુકાદામાં જે પુરાવા રજૂ થયેલા છે તે દરમ્યાન વિગતવાર કરવામાં આવેલી છે જેથી ઊલટતપાસની હકીકતનું પુનરાવર્તન કરવામાં આવેલ નથી.

ત્યારબાદ આ કામે રવાનગી નોંધ આંક–૫૮૬૬ પૈકીના કેટલાક મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારી હિતેશ જયંતિલાલ ત્રિવેદીનાઓને સાહેદ

નં. ૮૩૫ તરીકે આંક–૫૬૩૧ થી તપાસેલ છે તેઓની સરતપાસ મુજબ તેઓ તેમના વિભાગના મદદનીશ નિયામકશ્રી દ્વારા વરાછા પોલીસ સ્ટેશન, સુરત શહેરના સેકન્ડ ગુના રજીસ્ટર નં.૩૬૬/૨૦૦૮ અન્વયેનો કેસ સ્વીકારવામાં આવેલ અને મુદ્દામાલ પૈકીનો અમુક મુદ્દામાલ પૃથક્કરણ અર્થે મળેલો તે પૈકી ૧૫ પાર્સલો પૈકી જે–૪, કે–૪, એલ–૪, જે–૫, કે–૫, એલ–૫, જે–૬, કે–૬, એલ–૬, જે–૧૦, કે–૧૦, એલ–૧૦ કચેરીના વિભાગીય સીલબંધ સાથે તથા માર્ક જે–૭, કે–૭, એલ–૭ મૂળ સીલ લાથે ઈન્ટર ફોરવર્ડીંગ પત્રથી મળેલો સદરહુ કામના મુદ્દામાલનું પૃથક્કરણ વૈજ્ઞાનિક પધ્ધતિએ કરેલ હતું અને પૃથક્કરણ મુજબ...

૧. નમૂના માર્ક જે –૪, જે–૫, કે–૪, કે–૫, એલ–૪, એલ–૫ ડીટોનેટરોના બે વિજાગ્રો વચ્ચે વીજ સાતત્યતા અંગેની ચકાસણી કરવામાં આવી.

૨. નમૂના જે–૧૦, કે–૧૦, એલ–૧૦ ના ધાતુના છરાનો ભૌતિકીય તથા EDXRF યંત્રમાં ધાતુ તત્વોની હાજરી અંગેનુ પરીક્ષણ કરેલ.

૩. નમૂના જે–૬, કે–૬, એલ–૬ ની બેટરીનુ મલ્ટિમીટર વડે તેના વોલ્ટેજનુ માપન કરવામાં આવ્યુ.

૪. નમૂના જે–૭, કે–૭, એલ–૭ ની ઇલેકટ્રોનીક સરકીટના PCB (Printed Circuit Board) માં જોવા મળતા કનેકશન અનુસાર Schematic Diagram તૈયાર કરવામાં આવ્યો.

૫. નમૂના જે–૭, કે–૭, એલ–૭ ની સરકીટમાં રહેલ PIC 16F628A માઇક્રોકન્ટ્રોલર IC નું EPROM READER હાર્ડવેર તથા સોફટવેર પ્રોગ્રામની મદદથી તેમાં રહેલ પ્રોગ્રામ રીડ કરવા માટે પ્રયત્ન કરવામાં આવ્યો.

૬. નમૂના જે–૭, કે–૭, એલ–૭ સરકીટને બેટરી સાથે જોડાણ કરી તેનાં વિવિધ જોડાણો પાસે મળતા વોલ્ટેજ મલ્ટિમીટર વડે તથા COB (Clock On Board) સરકીટ દ્વારા મળતા પલ્સની Frequency ઓસીલોસ્કોપની મદદથી માપવામાં આવ્યા. સદરહુ નમૂનાની સરકીટનો ટ્રીગરીંગ ટ્રાન્ઝીસ્ટર કેટલા

સમયબાદ ટ્રીગર થાય છે તે સ્ટોપવોચની મદદથી તે પ્રાયોગીક પધ્ધતિથી માપવામાં આવ્યુ.

ઉપરોકત પૃથક્કરણ આધારે સાહેદના અભિપ્રાય મુજબ...

૧. નમૂના માર્ક જે –૪, જે–૫, કે–૪, કે–૫, એલ–૪, એલ–૫ ડીટોનેટરોના બે વિજાગ્રો વચ્ચે વિજ સાતત્યતા જોવા મળેલ.

૨. નમૂના માર્ક જે –૪, જે–૫, કે–૪, કે–૫, એલ–૪, એલ–૫ ના ડીટોનેટરના નળાકાર કન્ટેનરની મુખ્ય ધાતુ એલ્યુમિનિયમ હોવાનુ જણાયુ.

૩. નમૂના જે–૧૦, કે–૧૦, એલ–૧૦ ના છરામાં મુખ્ય ધાતુ તરીકે આર્યન (Iron) ની હાજરી જોવા મળેલ.

૪. નમૂના જે–૧૦, કે–૧૦, એલ–૧૦ ના ધાતુના છરાનો ઉપયોગ બોમ્બ બનાવવાની રચનામાં પ્રોજેકટાઇલ તરીકે થઇ શકે.

૫. નમૂના જે–૬, કે–૬, એલ–૬ ની બેટરી ચાલુ સ્થિતિમાં હતી તથા તેના આઉટપુટ વોલ્ટેજ આશરે 8.2 વોલ્ટ હતા.

૬. નમૂના જે–૭, કે–૭, એલ–૭ ની સરકીટ મુખ્યત્વે PIC 16F628A પ્રોગ્રામેબલ ફલેશ પ્રકારની IC, COB (Clock On Board), ટ્રીગરીંગ ટ્રાન્સીસ્ટર 2SC1162, ઝેનર ડાયોડ, રેસીસટન્સ, કેપેસીટર્સ વગેરેની બનેલી હતી.

૭. નમૂના જે–૭, કે–૭, એલ–૭ ની સર્કીટમાં રહેલ PIC 16F628A ઇલેકટ્રીકલ પ્રોગ્રામેબલ ફલેશ પ્રકારની IC નુ EPROM READER હાર્ડવેર અને સોફટવેર પ્રોગ્રામની મદદથી રીડ કરતા સદર IC કોડ પ્રોટેકટેડ હોવાનુ જણાયેલ.

૮. નમૂના જે–૭, કે–૭, એલ–૭ ની સરકીટમાં રહેલ COB (Clock On Board) ૦.૫ હર્ટઝની ફીકવન્સી જનરેટ કરે છે જે માઇક્રોકન્ટ્રોલરની પીન નં.૩ ઉપર આપે છે.

૯. નમૂના કે–૭, એલ–૭ ની ઇલેકટ્રોનિક સરકીટને બેટરી સાથે જોડી ચકાસતા તેના દરેક ઇલેકટ્રોનીક કંપાઉન્ટસ ચાલુ સ્થિતિમાં (Working Condition) મા જણાયા.

૧૦. નમૂના કે–૭, એલ–૭ ની ઈલેકટ્રોનિક સરકીટને બેટરી સાથે જોડી પ્રાયોગીક રીતે અવલોકન કરતા સદરહુ નમૂનાની સર્કીટના ટ્રીગરીંગ ટ્રાન્ઝીસ્ટર (2SC1162) આશરે ૩૬ કલાક ના સમયગાળા બાદ ટ્રીગર થતો જોવા મળેલ.
૧૧. નમૂના જે–૭ ની ઈલેકટ્રોનિક સરકીટને બેટરી સાથે જોડી પ્રાયોગીક રીતે અવલોકન કરતા સદરહુ નમૂનાની સર્કીટના ટ્રીગરીંગ ટ્રાન્ઝીસ્ટર (2SC1162) ટ્રીગર થતો ન હતો જે સદરહુ સર્કીટ ક્ષતીયુકત હોવાનો નિર્દેશ કરે છે.
૧૨. નમૂના કે–૭, એલ–૭ ની ઈલેકટ્રોનિક સરકીટને બેટરી સાથે જોડયા બાદ અગાઉથી પ્રોગ્રામ કરેલ સમયગાળો પુરો થતા ટ્રીગરીંગ ટ્રાન્ઝીસ્ટર (2SC1162) ના આઉટપુટ પર ડીટોનેટરોને ફુટવા માટે જરૂરી વીજપ્રવાહ મળતો નહી હોવાથી ડીટોનેટરો એક્ષપ્લોડ થઇ શકેલ ન હતા તેવુ જણાયેલ છે.

ઉપરોકત પૃથક્કરણના આધારે આ સાહેદે જે અહેવાલ આપેલો તે આ કામે આંક–૫૬૫૨ થી રજૂ કરેલો છે તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ સાહેદની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી છે આ સાહેદે સુરત શહેરમાં બનેલા કુલ–૧૫ બનાવોમાં જે મુદ્દામાલ કબજે કરવામાં આવેલો તે તમામ બનાવોના મુદ્દામાલોનું આ સાહેદ પૃથક્કરણ કરેલુ છે અને આરોપીઓ તરફથી કોઈ ચોકકસ ગુના માટે ઊલટતપાસ કરવામાં આવેલી નથી પરંતુ જનરલ ઊલટતપાસ કરવામાં આવેલી છે. આ સાહેદે ઊલટતપાસમાં જણાવેલી હકીકતો મહિધરપુરા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં. ૨૦૯/૨૦૦૮ ના કામના બનાવ સંબંધે રજૂ કરેલ પુરાવામાં વિગતવાર ચર્ચા કરેલી છે માટે ઊલટતપાસની હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

ત્યારબાદ આ કામે તપાસ કરનાર અધિકારીશ્રી એન.બી.પરમારે મદદનીશ પોલીસ કમિશનરે બનાવવાળી ત્રણ જગ્યાઓ ઉપર નકશો બનાવવા માટે મામલતદાર, સુરત શહેરને એક યાદી લખેલી જે યાદી આ કામે આંક–૭૫૭૯ થી રજૂ કરેલી છે અને નાયબ પોલીસ અધીક્ષકશ્રી એન.બી.

પરમારનાઓને સાહેદ નં.૧૧૫૪ તરીકે તપાસેલ છે તેઓએ તેઓની જુબાનીમાં તેમની સહી ઓળખી બતાવેલી છે.

આંક–૭૫૭૯ વાળી યાદીના આધારે સર્કલ ઓફિસર હિતેન્દ્રકુમાર ગુલાબભાઈ નાયકનાઓએ ગુનાવાળી ત્રણેય જગ્યાઓ ઉપર જઈ નકશાઓ બનાવેલા તેઓને આ કામે સાહેદ નં.૧૦૮૭ તરીકે આંક–૭૫૫૭ થી તપાસેલા છે તેમની સરતપાસ પ્રમાણે તેઓને તપાસ કરનાર અધિકારીશ્રી એન.બી.પરમાર દ્વારા (૧) વરાછા અશ્વનીકુમાર રોડ ભવાની જેમ્સ સર્કલની ઉત્તરે આવેલ ડિવાઈડરમાં ઘાસ વચ્ચે (૨) ભવાની જેમ્સ સર્કલની પુર્વ તરફ આવેલ ડિવાઈડરમાં છોડવા અને ઘાસ વચ્ચે તથા (૩) સરદાર પોલીસ ચોકીની પાછળ આવેલ ક્રાંતિ મેદાનમાં પૂર્વ દક્ષિણ ખુણે ઘાસમાં બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલા તે જગ્યા ઉપર જઈ નકશો બનાવવા માટેની યાદી મળેલી તે આંક–૭૫૭૯ ની યાદી મળ્યા બાબતે યાદી ઉપર તેમને પોતાની સહી ઓળખી બતાવી છે અને તે યાદીના આધારે ત્રણેય સ્થળો ઉપર જે નકશાઓ બનાવેલા તે પૈકી અનુક્રમ નં.૧ અને ૨ વાળી જગ્યાઓનો નકશો આંક–૭૫૮૦ થી રજૂ છે તથા અનુક્રમ નં.૩ વાળી જગ્યાનો નકશો આંક–૭૫૮૧ થી રજૂ છે જેમા આ સાહેદે પોતાની સહીઓ ઓળખી બતાવેલી છે. સદર નકશાઓમાં જે જગ્યાએથી બોમ્બ મળી આવેલા તે જગ્યાઓ લાલ કલરથી બતાવેલી છે.

આ સાહેદની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી છે તે ધ્યાને લેતા આ સાહેદે સુરત બોમ્બ પ્લાન્ટેશનના બનાવોવાળી જગ્યાઓનું નિરીક્ષણ કરીને નકશાઓ બનાવેલા છે. આ સાહેદની ઊલટતપાસ આરોપીઓ તરફથી કોઈ ચોકકસ ગુના સબંધે કરેલ નથી પરંતુ તમામ બનાવો સબંધે સંયુકત ઊલટતપાસ કરેલ છે. આ સાહેદે ઊલટતપાસમાં જણાવેલી હકીકતોની ચર્ચા સુરત શહેરના મહિધરપુરા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૨૦૯/૨૦૦૮ નાં બનાવના કામે આ ચુકાદામાં જે પુરાવા રજૂ થયેલા છે તે

દરમ્યાન વિગતવાર કરવામાં આવેલી છે જેથી ઊલટતપાસની હકીકતનું પુનરાવર્તન કરવામાં આવેલ નથી.

(૫૯.૦૧) વરાછા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૩૬૬/૨૦૦૮ ના કામે બનાવ નં.૪ ના સમર્થન માટે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકનઃ–

આમ, વરાછા પોલીસ સ્ટેશન વિસ્તારમાં (૧) વરાછા અશ્વનીકુમાર રોડ ભવાની જેમ્સ સર્કલની ઉત્તરે આવેલ ડિવાઈડરમાં ઘાસ વચ્ચે (૨) ભવાની જેમ્સ સર્કલની પૂર્વ તરફ આવેલ ડિવાઈડરમાં છોડવા અને ઘાસ વચ્ચે તથા (૩) સરદાર પોલીસ ચોકીની પાછળ આવેલ ક્રાંતિ મેદાનમાં પૂર્વ–દક્ષિણ ખુણે ઘાસમાં બોમ્બ બ્લાસ્ટના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલ છે તે માટે ફરિયાદપક્ષ દ્વારા હર્ષદભાઈ મકનભાઈ પટેલને સાહેદ નં.૪૩૬ તરીકે આંક–૨૬૨૮ થી તપાસવામાં આવેલા છે તેઓ તેમની સરતપાસ જણાવેલ છે કે તા.૩૦/૭/૨૦૦૮ ના રોજ સાંજના આશરે પોણા પાંચ–પાંચ વાગે પોલીસે તેઓ મીની બજાર પાસેથી જતા હતા ત્યારે બોલાવેલા આ સાહેદને પોલીસ મીનીબજાર ત્રણ રસ્તાથી અંકુર ચોકડી તરફના રોડ ઉપરથી સૌરાષ્ટ્ર પાટીદાર સોશીયલ ટ્રસ્ટ, સૌરાષ્ટ્ર ભવન વાડીના મેઈન ગેટ પાસે લઈ ગયેલા અને ત્યાં વી. બી.પટેલ પોલીસ ઈન્સ્પેકટર સાહેબે તેમનો પરિચય આપેલો અને તે વખતે એક પ્રફુલભાઈ પટેલ હાજર હતા અને બીજા એક સંતોષભાઈને પણ પોલીસે બોલાવેલા સાહેબે કહેલુ કે અહીંયા બોમ્બ મળેલો છે અને પંચનામુ બનાવવાનું છે ત્યાં પ્રફુલભાઈએ જગ્યા બતાવેલી, તે બોમ્બ પહેલા સૌરાષ્ટ્ર પાટીદાર વાડી પાસે હતો અને પછી ત્યાં ભુવા પરિવારનું સંમેલન તથા મંડપ બાંધેલો હતો તે લોકોને અજુગતુ લાગતા તે બોમ્બ ક્રાંતિ મેદાનમાં ફેંકી દીધેલો તે જગ્યાનું પંચનામુ કરેલુ. આ પંચનામુ આંક–૨૬૨૯ થી રજૂ કરેલુ છે તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પંચનામાના સ્થળ ઉપર પંદરેક માણસો ભેગા થઈ ગયેલા. પોલીસ સિવાય બીજા કોઈ અધિકારીઓ હાજર ન હતા. પંચનામા વખતે સ્થળ ઉપર હાજર હતા નહીં અને

પ્રફુલભાઈએ પંચનામાવાળી જગ્યા બતાવી નથી તે હકીકત નકારે છે. પોલીસના કહેવાથી પંચનામા ઉપર સહી કરેલાની હકીકત પણ નકારે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી ભાવેશ ઘનશ્યામભાઈ ઝાલાવાડીયાને સાહેદ નં.૬૦૮ તરીકે આંક–૩૨૪૪ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે જુલાઈ–ઓગસ્ટ–૨૦૦૮ ના અરસામાં વરાછા સવાણી સૌરાષ્ટ્ર સોસાયટીમાં જે.બી. ડાયમંડમાં ઘાટના કારીગર તરીકે કામ કરતા હતા. તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ હીરાના કારખાનામાં પાવરકાપ હોવાથી રજા હતી. સુરત શહેરમાં તેમજ વરાછા વિસ્તારમાં બોમ્બ મુકેલાના સમાચાર જાણેલા હતા. સાહેદ તેમના ભાઈની દીકરી નિશા કે જે જુનીયર કે.જી માં અભ્યાસ કરતી હતી તેની સ્કૂલમાંથી બાળકોને લઈ જવા માટે ફોન કરીને જાણ કરવામાં આવેલી. આ જાણ બોમ્બ મળવાના કારણે કરવામાં આવેલી. જેથી કતારગામ ગજેરા સ્કૂલમાં ગયેલા. દરમ્યાન એ.કે.રોડ ભવાની સર્કલ પાસેથી પસાર થતા હતા ત્યારે ભવાની સર્કલના ઉત્તર તરફના ડિવાઈડરમાં શંકાસ્પદ વસ્તુ બોમ્બ જેવી જણાતાં મોટર સાઈકલ સાઈડમાં ઉભી રાખી જોવા ગયેલા. જોયેલું તો ત્યાં ટી.વી.મા મળી આવેલ જે બોમ્બ બતાવતાં હતા તેના જેવો જ હતો તેથી ત્યાં નજીકમાં ફરજ ઉપરના પોલીસના માણસને આ બાબતે વાત કરેલી જેથી પોલીસના માણસો ત્યાં સ્થળ ઉપર આવી ગયેલા. તે દરમ્યાન નજીકના ડીવાઈડરવાળા ભાગે કે જે રોડ હીરાનગર તરફ જાય છે ત્યાં લીલા જેવા કલરનો બોમ્બ જેવા મળેલો. આ બાબતે પોલીસના માણસોને જાણ કરતા ત્યાં પોલીસ આવી ગયેલી. બોમ્બ નિષ્ક્રિય કરવાની કામગીરી કરવામાં આવેલી તેમ જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ બનાવ બાબતે પોલીસે ફરિયાદ કે નિવેદન લીધેલુ નથી તે કબૂલ કરે છે. પોલીસે તા.૨૯/૭/૨૦૦૮ના રોજ પુછપરછ કરી મોબાઈલ નંબર લીધેલો. પોલીસે નિવેદન લીધેલુ નથી અને આ બનાવ નજરે જોયો નથી તે હકીકત નકારી છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી સંજય નંદલાલ મીસ્ત્રીને સાહેદ નં.૬૨૫ તરીકે આંક–૩૨૬૬ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે વરાછા અશ્વીનીકુમાર રોડ પાસે આવેલ ભવાની જેમ્સ સર્કલની બાજુમાં ફુટપાથ ઉપર સાઇકલ રીપેરીંગનું કામ કરે છે. તા.૨૯/૭/૨૦૦૮ નાં રોજ સાંજના સાતેક વાગ્યાની આસપાસ અશ્વિની કુમાર રોડ ઉપર ભવાની જેમ્સ સર્કલ પાસે લોકોનાં ટોળાં ભેગા થવા લાગેલાં. ત્યાં ભવાની સર્કલના ડિવાઇડરમાં નાના છોડવા અને ઘાસમાંથી બે લીલા કલરના પેકેટમાંથી બોમ્બ મળી આવેલાં તેમ જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી અરૂણ આનંદરાવ પાટીલને સાહેદ નં.૭૬૦ તરીકે આંક–૩૫૫૭ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે સને–૨૦૦૭ થી ૨૦૧૨ સુધી વરાછા પોલીસ સ્ટેશનમાં અન આર્મ્ડ પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા. જુલાઇ–૨૦૦૮ના અરસામાં લંબે હનુમાન પોલીસ ચોકી ખાતે ફરજ હતી. શહેર અમદાવાદમાં તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ થયેલ શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકાના કારણે વરાછા પોલીસ સ્ટેશન વિસ્તારમાં તકેદારીના ભાગરૂપે તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ સવારથી પેટ્રોલીંગમા હતા. આ વખતે પોલીસ સબઇન્સ્પેકટર શ્રી સી.જે.ડામોર સાથે પેટ્રોલીંગમાં ફરતાં ફરતાં અશ્વિનીકુમાર રોડ ભવાની જેમ્સ સર્કલ પાસે આવેલાં ત્યારે આ સર્કલથી ઉત્તરે આવેલ રોડ ડિવાઇડર તથા પૂર્વે રોડ ડિવાઇડરમાં છોડવા અને ઘાસ વચ્ચે કંઇક શંકાસ્પદ વસ્તુ હોવાથી ડામોર સાહેબે પોલીસ ઇન્સ્પેકટર સાહેબને જાણ કરેલી. જેથી પોલીસ ઇન્સ્પેકટર તથા અન્ય સ્ટાફના માણસો ત્યાં આવી ગયેલાં. બોમ્બ ડીસ્પોઝલ ટીમ તેમજ એફ.એસ. એલ.ને જાણ કરવામાં આવેલી. બી.ડી.એસ. ટીમના માણસોએ આ ડીવાઇડરમાં આવેલ ઘાસ અને છોડવામાં પડેલ બંને શંકાસ્પદ વસ્તુ બોમ્બ હોવાથી તેને ડીફ્યુઝ કરેલ અને તેના ભાગ છુટા કરેલ જે પંચનામાની વિગતે કબ્જે કરવામાં આવેલ. જે સમયે એફ.એસ.એલ. અધિકારી પણ આવેલાં હતા. આ કાર્યવાહી ચાલુ હતી તે દરમ્યાન પબ્લીકના ટોળા ભેગા ન થાય તે સારૂ તકેદારી રાખેલી

અને બંદોબસ્ત રાખેલો. દરમ્યાનમાં સરદાર ચોકીની પાછળ ક્રાંતિ મેદાનમાં બોમ્બ હોવાના સમાચાર મળતાં બોમ્બ ડીસ્પોઝલ માણસો તેમજ પોલીસના માણસો તેમજ પોલીસ ઇન્સ્પેકટર સાહેબ તથા અન્ય અધિકારીઓ તથા પંચો સાથે ક્રાંતિ મેદાન ખાતે ગયેલાં ત્યાં પણ મળી આવેલ બોમ્બને ડીફ્યુઝ કરવામાં આવેલ અને ત્યારે પણ એફ.એસ.એલ. અધિકારી હાજર હતાં. આ દરમ્યાન બંદોબસ્તની કાર્યવાહી કરેલી તેમ જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી વિનોદચંદ્ર સનાભાઈ પરમારને સાહેદ નં.૭૬૨ તરીકે આંક–૩૫૬૧ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે સને–૨૦૦૮ ના વર્ષમાં વરાછા પોલીસ સ્ટેશનમાં અનઆર્મ્ડ પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા. તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ વરાછા પોલીસ સ્ટેશન વિસ્તારમાં તકેદારીના ભાગરૂપે પોલીસ સબઇન્સ્પેકટર સી.જે.ડામોર સાથે લંબે હનુમાન પોલીસ ચોકી વિસ્તારમા તથા અશ્વિનીકુમાર પોલીસ ચોકી વિસ્તારમા પેટ્રોલીંગમાં હતા અને ફરતાં ફરતાં અશ્વિનીકુમાર ભવાની જેમ્સ સર્કલ પાસે આવેલાં ત્યાં સર્કલથી ઉત્તરે રોડ ડિવાઇડર તથા પૂર્વે રોડ ડિવાઇડરમાં છોડવા અને ઘાસ વચ્ચે શંકાસ્પદ વસ્તુ જણાઇ આવતા પોલીસ સબઇન્સ્પેકટર ડામોરે પોલીસ ઇન્સ્પેકટર સાહેબને જાણ કરેલી તે સમયે પોલીસ સ્ટાફ સાથે પોલીસ ઇન્સ્પેકટર સાહેબ આવી ગયેલાં તેઓએ બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડ તેમજ એફ.એસ.એલ. અધિકારીને જાણ કરેલી. ત્યારબાદ બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડના માણસો આવી ગયેલા અને બંને શંકાસ્પદ વસ્તુ બોમ્બ હોવાનું જણાઇ આવતાં બંને બોમ્બ ડીફ્યુઝ કરેલા. ત્યારબાદ પંચનામાની કાર્યવાહી કરીને આ બોમ્બના પાર્ટસ કબ્જે કરવામાં આવેલા અને તે દરમ્યાન એફ.એસ.એલ. અધિકારી પણ આવેલાં હતા. પોલીસ સ્ટાફના માણસોએ આ જગ્યાએ લોકોના ટોળા ભેગા ન થાય તેની તકેદારી રાખી બંદોબસ્ત જાળવેલો. દરમ્યાનમાં સરદાર ચોકીની પાછળ ક્રાંતિ મેદાનમાં બોમ્બ હોવાના સમાચાર જાણવા મળતાં પોલીસ ઇન્સ્પેકટર સાહેબ તથા અન્ય સ્ટાફના માણસો તથા બી.ડી.એસ. ટીમના અધિકારી ક્રાંતિ ખાતે મેદાન ગયેલાં. ત્યાં પણ જીવતો

બોમ્બ હોવાનું માલુમ પડતાં બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડે તેને ડીફ્યુઝ કરેલ અને તેના ભાગ છુટા કરેલા. ત્યારબાદ પંચો રૂબરૂ પંચનામું કરી એફ.એસ.એલ. અધિકારીની સુચના મુજબ છુટા પાડેલ બોમ્બના પાર્ટસને પંચનામાની વિગતે કબ્જે કરવામાં આવેલાં. તે વખતે પણ અન્ય સ્ટાફના માણસોએ બંદોબસ્ત જાળવેલો તેમ જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો બનાવના દિવસે કામગીરીનો લેખિત પુરાવો પેટ્રોલીંગ બુકમાં છે. આ પુરાવો તપાસ કરનારને આપેલો નથી. બનાવના દિવસે સ્થળ ઉપર કેટલા વાગે ગયેલા તે ચોકકસ યાદ નથી. પંચનામાની કાર્યવાહી કયારે શરૂ કરી અને કયારે પુરી કરી તે ચોકકસ સમય કહી શકે તેમ નથી. બનાવના સ્થળ ઉપર ગયા નથી કે કામગીરી જોયેલી નથી તે હકીકત નકારેલી છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી મહંમદ હનીફ ઝહીર હુસેનને સાહેદ નં.૭૭૧ તરીકે આંક–૩૫૭૬ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે જુલાઇ માસમાં વરાછા પોલીસ સ્ટેશનમાં અનાર્મ હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ શહેર અમદાવાદમાં થયેલ શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકાના અનુસંધાને વરાછા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પણ તકેદારીના પગલા ભરવામાં આવેલાં. આ પગલાના ભાગરૂપે તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ પોલીસ ઇન્સ્પેકટર સાહેબ તથા સર્વેલન્સ સ્ટાફ સાથે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાંજના આશરે સાતેક વાગ્યાના સુમારે વરાછા એ.કે.રોડ. ભવાની જેમ્સ સર્કલ પાસે શંકાસ્પદ વસ્તુ હોવા બાબતે પોલીસ સબઇન્સ્પેકટરશ્રી સી.જે.ડામોરનાઓએ પોલીસ ઇન્સ્પેકટરશ્રીને જાણ કરતાં પોલીસ ઇન્સ્પેકટર સાથે સ્ટાફના કર્મચારીઓ ભવાની જેમ્સ સર્કલ પહોંચી ગયેલાં અને ત્યાં જઇને જોતાં આ સર્કલની ઉત્તર તરફના રોડ ઉપર આવેલ ડિવાઇડરમાં છોડ તથા ઘાસ વચ્ચે તેમજ સર્કલથી પૂર્વ તરફ આવેલ ડિવાઇડરમાં ઉગેલ છોડ તથા ઘાસ વચ્ચે એમ બંને જગ્યાએ શંકાસ્પદ વસ્તુઓ હોવાનું જણાઇ આવતાં બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડ તથા એફ.એસ.એલ. અધિકારીને બોલાવવા તજવીજ કરવામાં આવેલી. ત્યારબાદ બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડના

માણસો આવી ગયા બાદ તેઓએ બોમ્બ ડીફ્યુઝ કર્યા બાદ બોમ્બના પાર્ટસ વસ્તુઓ પંચનામાની વિગતે કબ્જે કરવામાં આવેલ. તે દરમ્યાન વરાછા સર્કલ પોલીસ ચોકીની પાછળ આવેલ ક્રાંતિ મેદાનમાં જીવતો બોમ્બ હોવાના સમાચાર મળેલાં જેથી બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડ, એફ.એસ.એલ. અધિકારી, પંચો તથા પોલીસ સ્ટાફના માણસો ક્રાંતિ મેદાન ખાતે ગયેલાં અને ત્યાં મેદાનના પૂર્વ દક્ષિણ ખુણે ઘાસમાં બોમ્બ હોવાનું જણાઇ આવતાં તેને પણ બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડના માણસોએ ડીફ્યુઝ કરેલ અને તેના પાર્ટસ પંચનામાની વિગતે કબ્જે લેવામાં આવેલાં તેમ જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા બનાવની જાણ થયા બાદ સ્થળ ઉપર કેટલા વાગે પહોંચેલા તેની ખબર નથી. ઉપરી અધિકારીના ફરમાન મુજબ કાર્યવાહી કરેલી પરંતુ શું કાર્યવાહી કરેલી તે યાદ નથી. પોલીસને સમર્થન આપવા ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી અશોક મોતીરામને સાહેદ નં.૭૭૭ તરીકે આંક–૩૫૮૬ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે જુલાઇ માસમાં વરાછા પોલીસ સ્ટેશનમાં અનાર્મ હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ શહેર અમદાવાદમાં થયેલ શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકાના અનુસંધાને વરાછા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પણ તકેદારીના પગલા ભરવામાં આવેલાં. આ પગલાના ભાગરૂપે તા.૨૯/૭/૨૦૦૮ પોલીસ ઇન્સ્પેકટર સાહેબ તથા સર્વેલન્સ સ્ટાફ સાથે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાંજના આશરે સાતેક વાગ્યાના સુમારે વરાછા એ.કે.રોડ. ભવાની જેમ્સ સર્કલ પાસે શંકાસ્પદ વસ્તુ હોવા બાબતે પોલીસ સબઇન્સ્પેકટરશ્રી સી.જે. ડામોરનાઓએ પોલીસ ઇન્સ્પેકટરશ્રીને જાણ કરતાં પોલીસ ઇન્સ્પેકટર સાથે સ્ટાફના કર્મચારીઓ ભવાની જેમ્સ સર્કલ પહોંચી ગયેલાં અને ત્યાં જઇને જોતાં આ સર્કલની ઉત્તર તરફના રોડ ઉપર આવેલ ડિવાઇડરમાં છોડ તથા ઘાસ વચ્ચે તેમજ સર્કલથી પૂર્વ તરફ આવેલ ડિવાઇડરમાં ઉગેલ છોડ તથા ઘાસ વચ્ચે એમ બંને જગ્યાએ શંકાસ્પદ વસ્તુઓ હોવાનું જણાઇ આવતાં બોમ્બ ડીસ્પોઝલ

સ્કવોર્ડ તથા એફ.એસ.એલ. અધિકારીને બોલાવવા તજવીજ કરવામાં આવેલી. ત્યારબાદ બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડના માણસો આવી ગયા બાદ તેઓએ બોમ્બ ડીફ્યુઝ કર્યા બાદ બોમ્બના પાર્ટસ વસ્તુઓ પંચનામાની વિગતે કબ્જે કરવામાં આવેલ. તે દરમ્યાન વરાછા સર્કલ પોલીસ ચોકીની પાછળ આવેલ ક્રાંતિ મેદાનમાં જીવતો બોબ્મ હોવાના સમાચાર મળેલાં જેથી બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડ, એફ.એસ.એલ. અધિકારી, પંચો તથા પોલીસ સ્ટાફના માણસો ક્રાંતિ મેદાન ગયેલાં અને ત્યાં મેદાનના પૂર્વ–દક્ષિણ ખુણે ઘાસમાં બોમ્બ હોવાનું જણાઇ આવતાં તેને પણ બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડના માણસોએ ડીફ્યુઝ કરેલ અને તેના પાર્ટસ પંચનામાની વિગતે કબ્જે લેવામાં આવેલાં તેમ જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા બનાવના દિવસનો ઓવરટાઇમ કલેઇમ કરેલો નથી. વરાછા પોલીસ સ્ટેશન દ્વારા જુદા–જુદા બનાવો બાબતે અલગ–અલગ નિવેદનો લીધા હોય તેવુ બન્યુ નથી. જુદી–જુદી ઘટના સંબંધેની ફરિયાદ પોલીસ અધિકારીએ કયા સમયે આપેલી તેની ખબર નથી. ઉપરી અધિકારી સમક્ષ પોલીસ ડાયરી રજૂ કરેલ નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી રવિન્દ્ર પ્રભાકરને સાહેદ નં. ૭૭૮ તરીકે આંક–૩૫૮૯ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે જુલાઇ માસમાં વરાછા પોલીસ સ્ટેશનમાં અનાર્મ હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ શહેર અમદાવાદમાં થયેલ શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકાના અનુસંધાને વરાછા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પણ તકેદારીના પગલા ભરવામાં આવેલાં. આ પગલાના ભાગરૂપે તા.૨૯/૭/૨૦૦૮ પોલીસ ઇન્સ્પેકટર સાહેબ તથા સર્વેલન્સ સ્ટાફ સાથે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાંજના આશરે સાતેક વાગ્યાના સુમારે વરાછા એ.કે.રોડ ભવાની જેમ્સ સર્કલ પાસે, શંકાસ્પદ વસ્તુ હોવા બાબતે પોલીસ સબઇન્સ્પેકટરશ્રી સી.જે. ડામોરે પોલીસ ઇન્સ્પેકટર વી.બી.પટેલને જાણ કરતાં બધાં ત્યાં પહોંચતાં ભવાની જેમ્સ સર્કલથી ઉત્તર તરફ આવેલ રોડ ડિવાઇડરમાં ઉગેલ છોડ તથા ઘાસ વચ્ચે તેમજ સર્કલથી પૂર્વ તરફ આવેલ રોડ ડિવાઇડરમાં ઉગેલ છોડવા તથા ઘાસ વચ્ચે એમ

બે જગ્યાએથી શંકાસ્પદ વસ્તુ મળેલ. જે બોમ્બ બી.ડી.એસ. ના માણસો અને એફ.એસ.એલ. અધિકારીઓની હાજરીમાં ડીફ્યુઝ કરવામાં આવેલ અને મળી આવેલ ચીજ વસ્તુઓ સંબંધે પંચનામું કરવામાં આવેલ. દરમ્યાન વરાછા સરદાર પોલીસ ચોકીની પાછળ આવેલ ક્રાન્તિ મેદાનમાં જીવતો બોમ્બ મળેલ હોવાના સમાચાર મળેલ હોઇ બધાં તે સ્થળ જતાં ક્રાન્તિ મેદાનના પૂર્વ–દક્ષિણ ખુણે ઘાસમાં હાથ બનાવટનો જીવતો વિસ્ફોટક બોમ્બ હોઇ બી.ડી.એસ. ટીમના માણસોએ ડીફ્યુઝ કરતાં મળી આવેલ ચીજવસ્તુ સંબંધે પંચનામું કરવામાં આવેલ તેમ જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા વરાછા પોલીસ સ્ટેશનના માણસો સતત પેટ્રોલીંગમાં હતા પરંતુ કોણ કયા વાહનમાં હતા તે કહી શકે તેમ નથી. પેટ્રોલીંગ દરમ્યાન વાહનો ચેક કરવામાં આવતા હતા તે કબૂલ કરે છે. વાહન ચેકીંગનુ રજીસ્ટર રાખવામાં આવે છે તો તે હકીકત નકારી છે. તા.૨૬ થી ૩૧ સુધી જે કામગીરી બજાવી તેનો દસ્તાવેજી પુરાવો નથી. જુદા–જુદા બનાવ સંબંધે જુદી–જુદી તારીખે નિવેદનો લખાવેલાની હકીકત નકારેલી છે. જુદા–જુદા બનાવ સંબંધે પોલીસ અધિકારીઓ દ્વારા બનાવની ફરિયાદો કયારે આપેલી તે કહી શકે તેમ નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી જેસીંગભાઈ મોહનભાઈ પટેલને સાહેદ નં.૧૧૩૭ તરીકે આંક–૮૧૫૬ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે જુલાઇ–૨૦૦૮ના અરસામા તેઓ પોલીસ હેડક્વાર્ટર ખાતે બોમ્બ ડિટેકશન એન્ડ બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડમા ફરજ બજાવતા હતા. આ અરસામા તેમની સાથે એ.એસ.આઇ. સુમનભાઇ વનમાળી, મોહનભાઇ ભાયલાભાઇ અને અજયભાઇ માનાભાઇનાઓ પણ ફરજ બજાવતા હતા. તેમની ફરજ પોલીસ હેડ ક્વાર્ટર ખાતે હોય છે અને તેમને સુચના મળે તે મુજબ જે તે જગ્યાએ જઇને કામગીરી કરવાની હોય છે. તેઓએ બોમ્બ ડિટેકશન અને બોમ્બ ડિસ્પોઝલ અંગેની તાલીમ સુરત ખાતે હેડ ક્વાર્ટરમા તથા કરાઇ એકેડેમી, ગાંધીનગર પોલીસ તાલીમ શાળા ખાતે મેળવેલી હતી. તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ વરાછા પોલીસ સ્ટેશન વિસ્તારમા હતા તે દરમ્યાન સાંજના છ એક

વાગ્યાના અરસામા વર્ધી મળેલી કે વરાછા પોલીસ સ્ટેશનની હદમા એ.કે.રોડ ભવાની જેમ્સ સર્કલમાંથી બે બોમ્બ તથા તેની નજીકમા સરદાર ચોકીની પાછળ ક્રાંતિ મેદાનમાંથી એક બોમ્બ મળી આવેલ છે જેથી તે જગ્યાએ સાંજના સાડા છ વાગ્યે પહોંચી ગયેલા અને ભવાની જેમ્સ સર્કલમાથી મળેલા બે બોમ્બ ડિફ્યુઝ કરેલા તેમજ ક્રાંતિ મેદાનથી મળેલ એક બોમ્બ પણ ડિફ્યુઝ કરેલો અને બોમ્બમાથી મળેલ ચીજ વસ્તુઓ ડીટોનેટર, બેટરી, ઈલેકટ્રીક સરકીટ, લુગ્દી જેવો પદાર્થ, પેપર, છરા તથા નટ–બોલ્ટ વિગેરે ચીજ વસ્તુઓ અલગ કરેલા અને તેને જે તે સ્થળે ચાર્જમા હાજર પોલીસ અધિકારીને સોંપેલ તેમ જણાવેલ છે. આ સાહેદે ઊલટતપાસમાં જણાવેલી હકીકતો ડી.સી.બી. પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૩૦૧૯/૨૦૦૮ ના કામના બનાવ સબંધે રજૂ કરેલ પુરાવામાં વિગતવાર ચર્ચા કરેલી છે માટે ઊલટતપાસની હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

આમ, વરાછા પોલીસ સ્ટેશન વિસ્તારમાં (૧)વરાછા અશ્વનીકુમાર રોડ ભવાની જેમ્સ સર્કલની ઉત્તરે આવેલ ડીવાઈડરમાં ઘાસ વચ્ચે (૨)ભવાની જેમ્સ સર્કલની પૂર્વ તરફ આવેલ ડિવાઈડરમાં છોડવા અને ઘાસ વચ્ચે તથા (૩) સરદાર પોલીસ ચોકીની પાછળ આવેલ ક્રાંતિ મેદાનમાં પૂર્વ દક્ષિણ ખુણે ઘાસમાં તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ કલાક ૨૧–૦૦ વાગે બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલા અને તે જગ્યાઓએથી બોમ્બ મળી આવેલા તે હકીકત ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા ઉપરોકત તમામ પુરાવા ઉપરથી સાબીત થાય છે તેમ હું માનુ છું.

(૬૦) **<u>સુરત શહેરમાં વરાછા પોલીસ સ્ટેશનની હકુમતના વિસ્તારમાં બોમ્બ ધડાકા કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલ તે પુરવાર કરવા બનાવના સંબંધમાં ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન.</u>**

– વિસ્તાર:– વરાછા પોલીસ સ્ટેશનની હદમાં

– સ્થળ:– વરાછા પ્રિસ્ટેજ પ્રેમગલીમાં શ્રી કિશન કોમ્પલેક્ષના પહેલા માળે રાધે ફેશન પાસે ડ્રેનેજના પ્લાસ્ટિકના પાઈપ અને દિવાલ વચ્ચે

– તારીખ:– ૩૦/૭/૨૦૦૮

– સમય:– કલાક ૧૩.૧૫

– સેકન્ડ ગુના રજીસ્ટર નં.૩૬૭/૨૦૦૮

– બનાવમાં વપરાયેલ વાહનઃ– નથી

તા.૩૦/૭/૨૦૦૮ નાં રોજ વરાછા પોલીસ સ્ટેશનની હકુમતમાં આવેલ વિસ્તાર વરાછા પ્રિસ્ટેજ પ્રેમગલીમાં શ્રી કિશન કોમ્પલેક્ષના પહેલા માળે રાધે ફેશન પાસે ડ્રેનેજના પ્લાસ્ટિકના પાઈપ અને દિવાલ વચ્ચે બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલો અને તે બોમ્બ મળી આવેલો તેની ફરિયાદ ભરતભાઈ મનજીભાઈ પટેલ, પોલીસ સબઈન્સ્પેકટર વરાછાએ પોલીસ ઈન્સ્પેકટર વી.બી.પટેલ રૂબરૂ લખાવેલી તેઓને ફરિયાદપક્ષ દ્વારા સાહેદ નં.૪૪૫ તરીકે આંક–૨૭૫૧ થી તપસાવમાં આવેલા છે તેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે તા.૩૦/૧૦/૨૦૦૭ થી વરાછા પોલીસ સ્ટેશનમાં પોલીસ સબઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન તા.૨૮/૭/૨૦૦૮ ના રોજ અમદાવાદ સીટીમાં થયેલ બ્લાસ્ટ અનુસંધાને તકેદારીના પગલા રૂપે પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન તા.૩૦/૭/૨૦૦૮ ના રોજ જાણ થયેલી કે બરોડા પ્રિસ્ટેજમાં કિશન શોપીંગ સેન્ટર ખાતે ટોળુ એકઠુ થયેલુ છે જેથી ત્યાં જઈને તપાસ કરતા રાધે શોપીંગ સેન્ટરની ડ્રેનેજની પાઈપ અને દિવાલ વચ્ચે લીલા કલરની બેગમાં કાંઈક લટકે છે જે બાબતે પોલીસ ઈન્સ્પેકટરને જાણ કરેલી. જેથી પોલીસ ઈન્સ્પેકટર સ્ટાફ સાથે તથા એફ.એસ.એલ. અધિકારી અને બોમ્બ ડીફ્યુઝ સ્કવોર્ડ સાથે આવી ગયેલા. ત્યારબાદ લટકતી શંકાસ્પદ વસ્તુને નીચે ઉતારેલી. બોમ્બ ડીફ્યુઝ ટીમે તેની ચકાસણી કરતા તે દેશી બનાવટનો બોમ્બ હોવાનું માલુમ પડેલુ જેથી તેને ડીફ્યુઝ કરેલો અને તેમાંથી પીળા કલરની

સેલોટેપવાળુ લાકડાની ફ્રેમવાળુ અર્ધ ચંદ્રાકાર બંને બાજુ પતરાની પ્લેટવાળુ બોક્ષ હતુ. જેનુ વજન આશરે ૩૪૦ ગ્રામ હતુ તેમાં એક પારદર્શક પ્લાસ્ટિકની થેલીમાં એમોનિયમ નાઇટ્રેટ ઓઈલ મિશ્રિત વાળુ આશરે એક કીલો જેટલુ હતુ, ૧૧૦૦ ગ્રામ જેટલા લોખંડના છરા, ડ્યુરોસેલ કંપનીની ગોલ્ડ અને બ્લેક કલરની બેટરી, વાયર સાથેના પેન્સિલ આકારના બે ડીટોનેટર, ઈલેકટ્રીક સરકીટ આ તમામ સામગ્રીને વીંટાળવા માટે ગુજરાત સમાચારનું દૈનિક પેપર હતુ, આ વસ્તુઓમાંથી આશરે ૫૦ ગ્રામ એમોનિયમ નાઇટ્રેટ અને દસ છરા તપાસ અર્થે કબજે કરેલા. બાકીનો મુદ્દામાલ પંચો રૂબરૂ સીલ કરેલો. આ બનાવની આ સાહેદે ફરિયાદ આપેલી તે આ કામે આંક–૨૭૫૪ થી ૨જૂ છે જેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આ સાહેદની રૂબરૂમાં પોલીસ ઇન્સ્પેકટર વી.બી.પટેલે પંચનામાની વિગતે જે મુદ્દામાલ કબજે કરેલો તે તમામ મુદ્દામાલ પણ અદાલત રૂબરૂ વારાફરતી બતાવતા ઓળખી બતાવે છે.

આમ, આ ફરિયાદ લીધા બાદ પોલીસ ઇન્સ્પેકટર વી.બી.પટેલે ગુનો રજીસ્ટર કરવા માટે પી.એસ.ઓ. વરાછા પોલીસ સ્ટેશનને મોકલી આપેલી અને પી.એસ.ઓ. વરાછા પોલીસ સ્ટેશનનાઓએ આ ફરિયાદને સ્ટેશન ડાયરીમાં રજીસ્ટર કરેલી તે સ્ટેશન ડાયરીની નકલ આ કામે આંક–૧૭૦૩ થી રજૂ કરેલી છે તે રજીસ્ટર કરનાર સાહેદ ગણપતભાઈ શંકરભાઈને સાહેદ નં.૩૩૦ તરીકે આંક–૧૭૦૧ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લેતા તેઓ બનાવના દિવસે પી.એસ.ઓ. તરીકે વરાછા પોલીસ સ્ટેશનમાં ફરજ ઉપર હતા ત્યારે એક સૂચિપત્ર પટેલની સહીથી મોકલવામાં આવેલુ જે સૂચિપત્ર આંક – ૧૭૦૨ થી ૨જૂ છે તેમાં પોલીસ ઇન્સ્પેકટર પટેલની સહી છે અને આ સૂચિપત્ર આધારે ગુનો સ્ટેશન ડાયરીમાં એન્ટ્રી નં.૨૪ થી નોંધેલો જેમાં આ સાહેદે વધુ તપાસ અંગેનો શેરો આંક–૧૭૦૨ ના પાછળના ભાગે કરેલો જેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

આ કામે સાહેદ ભરતભાઈ મનજીભાઈ પટેલની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલી છે તેઓની આ ગુના પુરતી ઊલટતપાસ ધ્યાને લેતા આંક–

૨૭૫૪ વાળી ફરિયાદ સબંધે બરોડા પ્રિસ્ટેજ ગલીમાં કિશન શોપીંગ સેન્ટર, રાધે સીલેકશન પાસે આવેલા, સ્થળ ઉપર વી.બી.પટેલે ઓળખાણ આપેલી કે કેમ? તે યાદ નથી. એફ.એસ.એલ.ના અધિકારીઓએ સ્થળ ઉપર પોતાની ઓળખાણ આપેલી કેમ તે યાદ નથી. પંચો રૂબરૂ બોમ્બ ડીફ્યુઝ કરેલાનું યાદ છે. બોમ્બ ડીફ્યુઝની કાર્યવાહી દરમ્યાન કેટલા દુર ઉભેલા હતા તે યાદ નથી. બોમ્બ ડીફ્યુઝની કાર્યવાહી વખતે કોઈ ખાસ પોશાક પહેરેલો નહીં. નોકરી દરમ્યાન એમોનિયમ નાઈટ્રેટના ઉપયોગ સબંધે કામગીરી આવેલી હોય તેવુ બન્યુ નથી.

ત્યારબાદ આ કામે પોલીસ ઈન્સ્પેકટર વરાછા વી.બી. પટેલને ફરિયાદપક્ષ દ્વારા સાહેદ નં.૧૦૫૩ તરીકે આંક–૭૦૯૭ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદે બનાવવાળી જગ્યા ઉપર બે પંચોની હાજરીમાં પંચનામુ બનાવી મુદ્દામાલ કબજે કરેલો. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો સુરત ખાતે વરાછા પોલીસ સ્ટેશનની હદમાં તથા અન્ય વિસ્તારોમાં બોમ્બ મળી આવેલ હોવાથી પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેવાસીઓ તથા દુકાનદારોને શંકાસ્પદ ચીજવસ્તુઓ બાબતે તકેદારી રાખવા તથા આ અંગે પોલીસને જાણ કરવા અવાર નવાર મૌખિક સુચનાઓ આપવામાં આવેલી. તા.૩૦/૭/૨૦૦૮ ના રોજ તકેદારીના ભાગરૂપે પોલીસ સબઈન્સ્પેકટર બી.એમ.પટેલ તથા અન્ય સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન બરોડા પ્રિસ્ટેજ, પ્રેમગલીમાં આવેલ કિશન કોમ્પલેક્ષ ખાતે શંકાસ્પદ વસ્તુ હોવાની જાણ કરવામાં આવેલી તેથી આ સાહેદ પણ તે જગ્યાએ ગયેલાં ત્યાં કિશન કોમ્પલેક્ષના પહેલા માળે રાધે ફેશન પાસે ડ્રેનેજની પ્લાસ્ટિકની પાઇપ વચ્ચે દિવાલ સાથે લોખંડના તારથી બાંધેલ શંકાસ્પદ વસ્તુ જણાઇ આવેલી જેથી બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડના માણસોને બોલાવેલાં અને તેઓએ બોમ્બ ઉતારી ડિફ્યુઝ કરેલ. આ બોમ્બના પાર્ટસ તપાસ અર્થે કબ્જે લેવાના હોવાથી બે પંચોના માણસોને બોલાવેલાં તે દરમ્યાન એફ.એસ.એલ. કચેરીના અધિકારી પણ આવી ગયેલાં, ડિફ્યુઝ કરેલ બોમ્બમાંથી વસ્તુઓ તથા પાર્ટસ પંચનામા વિગતે કબ્જે કરવામાં આવેલ જે વસ્તુઓમાં પીળા કલરની સેલોટેપ વીંટાળેલ લાકડાની ફ્રેમ તથા પતરાની પ્લેટવાળુ અર્ધચંદ્રાકાર બોક્ષ,

બોક્ષમાંથી નીકળેલ પ્લાસ્ટિકની કોથળીમાં ત્રણ ભાગમાં આછા પીળા કલરનો ચીકણો પદાર્થ જે એમોનીયમ નાઈટ્રેટ ફ્યુઅલ ઓઈલ ભેળવેલ, બોક્ષમાંથી નીકળેલ પ્લાસ્ટિકની કોથળીમાં નીકળેલા છરાઓ, સફેદ ધાતુના પેન્સિલ સેલ આકારના વાયર સાથેના બે નંગ ડીટોનેટર, ડ્યુરાસેલ બેટરી, ઈલેકટ્રોનિક સર્કિટ, વિસ્ફોટક બોમ્બ કે જે આછા લીલા કલરની પ્લાસ્ટિકની કોથળીમાં હતો તે તથા કાળા કલરની કોથળી તથા દૈનિકપત્ર વિગેરે મળી આવેલ. એફ.એસ. એલ. અધિકારીએ આ પીળા કલરનો પદાર્થ એમોનિયમ નાઈટ્રેટ છે તેવું જણાવેલું. એફ.એસ.એલ. અધિકારીના જણાવ્યા મુજબ એમોનિયમ નાઈટ્રેટ ૫૦ ગ્રામ ૧૦ નંગ છરાઓ અલગ નમૂના તરીકે પેક કરેલાં. એમોનિયમ નાઈટ્રેટનું વજન કરેલું અને છરાઓનું પણ વજન કરવામાં આવેલું અને પંચનામાની વિગતે તપાસ અર્થે કબ્જે લીધેલ. તમામ ચીજવસ્તુઓ પંચોની હાજરીમાં પંચોની સહીઓ વાળી સ્લીપો લગાવી સીલ કરવામાં આવેલ. આ કાર્યવાહીનુ જે પંચનામુ બનાવવામાં આવેલુ તે પંચનામુ આંક–૨૪૪૧ થી ૨જૂ છે તથા પંચોની સહીઓવાળી સ્લીપો આંક–૨૪૪૨ થી ૨૪૫૦ સુધી ૨જૂ કરેલ છે. આ પંચનામામાં તથા પંચ સ્લીપોમાં આ સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે. વધુમાં આ સાહેદની સરતપાસ પ્રમાણે સ્થળ ઉપર એફ.એસ.એલ. અધિકારીને પધારવા માટે યાદી લખેલી.

વધુમાં આ સાહેદ જણાવે છે કે ઉપરોકત પંચનામું કર્યા બાદ પોલીસ સબઇન્સ્પેકટર બી.એમ.પટેલે તેમની રૂબરૂની ફરિયાદ આપતા તે નોંધી લીધેલી. આંક–૨૭૫૪ વાળી ફરિયાદમાં આ સાહેદ ફરિયાદીની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે. ત્યારબાદ આ ફરિયાદ પોતાના રીપોર્ટ સાથે ગુનો દાખલ કરવા માટે પી.એસ.ઓ. વરાછા પોલીસ સ્ટેશનને મોકલી આપેલો. આ રીપોર્ટ આ કામે આંક–૧૭૦૨ થી ૨જૂ કરેલો છે જેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. ત્યારબાદ આ ફરિયાદના આધારે વરાછા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૩૬૭/૨૦૦૮ થી એક્ષપ્લોજીવ એકટ તથા એક્ષપ્લોજીવ સબસ્ટન્સ એકટની જોગવાઇઓ હેઠળ તથા આઇ.પી.સી. એકટની

કલમ–૧૨૦(બી) વિગેરે હેઠળ ગુનો નોંધવામાં આવેલ અને ત્યારબાદ પી.એસ.ઓ.એ આ ગુનાની આગળની વધુ તપાસ આ સાહેદ તરફ મોકલવામાં આવલી અને તે અંગેનો શેરો રીપોર્ટના પાછળના ભાગે કરવામાં આવેલો છે.

વધુમાં આ સાહેદ જણાવે છે કે આ ગુના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. તા.૧/૮/૨૦૦૮ના રોજ ઉપરોકત જણાવેલ ગુનાવાળી જગ્યાએથી મળી આવેલ અને ડિફયુઝ કરેલ બોમ્બમાંથી કબ્જે લેવામાં આવેલ ડીટોનેટર નંગ–૨ને એફ.એસ.એલ. અધિકારીશ્રીએ ડિફયુઝ કરવા સુચના આપેલી હોવાથી તેમજ પોલીસ સ્ટેશનમાં રાખવા જોખમ કારક હોવાથી તેને ડિફયુઝ કરવા પરવાનગી મેળવવા માટે મે. એડી. સિવિલ જજ તથા જયુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબને રીપોર્ટ કરેલો જે રીપોર્ટ આ કામે આંક–૭૧૧૦ થી રજૂ કરેલો છે તેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

ત્યારબાદ તા.૪/૮/૨૦૦૮ ના રોજ એફ.એસ.એલ. સુરતના સાયન્ટિફિક અધિકારી એન.ડી.પટેલ તરફ રીપોર્ટ મોકલી જાણ કરેલી કે મુદ્દામાલ ડીટોનેટર જે તે અવસ્થામાં ડિફયુઝ કર્યા વગર ગાંધીનગર ખાતે મોકલી આપવા જણાવેલ. આ રીપોર્ટ આંક–૭૧૧૧ થી રજૂ કરવામાં આવેલો છે.

ત્યારબાદ તા.૫/૮/૨૦૦૮ ના રોજ આ ગુના કામના મુદ્દામાલ એફ.એસ.એલ.ને મોકલવા સારૂ રવાનગી નોંધ તૈયાર કરેલ અને ગુનાના કામનો તમામ મુદ્દામાલ તે રવાનગી નોંધ સાથે પોલીસ કોન્સ્ટેબલ ઈફતેખાર મુશીરઅલી મારફત એફ.એસ.એલ. કચેરી, ગાંધીનગરને મોકલી આપેલો. તે રવાનગી નોંધ આંક–૫૯૪૨ થી રજૂ છે જેમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. જે મુદ્દામાલ એફ.એસ.એલ.ને મળ્યા અંગેની પહોંચ આપવામાં આવેલી તે પહોંચ આંક–૫૯૪૩ થી રજૂ કરવામાં આવેલી છે.

આ કામના આરોપીઓ તરફે થયેલ ઊલટતપાસ ધ્યાને લઈએ તો વરાછા પોલીસ સ્ટેશન વિસ્તારમાં બોમ્બ પ્લાન્ટેશનના કુલ–પાંચ બનાવો બનેલા અને આ સાહેદની જે ઊલટતપાસ કરવામાં આવેલી છે તેમાં પાંચેય ગુનાઓની હકીકત બાબતે પ્રશ્ન પુછવામાં આવેલા છે અને સાહેદની ઊલટતપાસ

જનરલ ઊલટતપાસ છે જેથી આ સાહેદની વિગતવાર ઊલટતપાસનો ઉલ્લેખ વરાછા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૩૬૩/૨૦૦૮ ના કામે કરવામાં આવેલ છે જેથી તેનુ પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

સાહેદ વી.બી.પટેલે બે પંચોની હાજરીમાં આંક–૨૪૪૧ વાળુ ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરી જે મુદ્દામાલ કબજે કરેલો તે પંચનામાના પંચો પૈકીના પંચ કિરીટભાઈ રવજીભાઈ ઠકકરને સાહેદ નં.૪૨૮ તરીકે આંક–૨૪૪૦ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૩૦/૭/૨૦૦૮ ના રોજ વરાછા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર વી.બી.પટેલે પ્રેમગલી બરોડા પ્રિસ્ટેજ કિશન કોમ્પલેક્ષની સામે બોલાવેલા તે જગ્યાની સામે આ સાહેદની દુકાન આવેલી છે. આ જગ્યા ઉપર એક ધનજીભાઈ વેપારીને પણ બોલાવેલા. પોલીસે જણાવેલુ કે તમોને પંચનામા માટે બોલાવેલા છે જેથી પંચમાં રહેવાની હા પાડેલી. પોલીસે એમ પણ કહેલુ કે રાધે ફેશન દુકાન પાસે ડ્રેનેજ ઉપર તાર વડે બોમ્બ બાંધેલો હતો તે બોમ્બ, બોમ્બ ડીસ્પોઝલના અધિકારીએ બોમ્બના તાર કાપેલા તેનુ પંચનામુ કરવાનું હતુ. પોલીસ ઈન્સ્પેકટર સાહેબે તેમની ઓળખાણ આપેલી. ત્યાં બીજા એક એફ.એસ.એલ. અધિકારી એન.ડી.પટેલ પણ હતા. બોમ્બનું ઓપરેશન કરી કાઢવામાં આવેલા છરા, પીળા કલરનો પેસ્ટ ટાઈપ પદાર્થ જે એમોનિયમ હતો તેવુ તેઓ કહેતા હતા, બોમ્બમાંથી બે ડીટોનેટર જેના ઉપર સફેદ તાર હતા. માચીસ જેટલી સાઈઝની બેટરી જેની ઉપર અંગ્રેજીમાં ડયુરા લખેલુ હતુ, એક સરકીટ હતી, એક અર્ધ ચંદ્રાકાર બોક્ષ જે લાકડાની ફ્રેમવાળુ હતુ તેના ઉપર એલ્યુમિનીયમનું પતરૂ હતુ તેને પીળા કલરની ટેપ મારેલ હતી તથા તા.૧૬/૭/૨૦૦૮નુ ગુજરાત સમાચારનું પેપર હતુ. આ બધી વસ્તુઓ જોયેલી. ૧૦ નંગ છરા તથા ૫૦ ગ્રામ પેસ્ટ પ્લાસ્ટિકની અલગ–અલગ ડબ્બીમાં મુકીને દોરી બાંધી સહીઓવાળી સ્લીપ મુકી વરાછા પોલીસ સ્ટેશનનું લાખથી સીલ કરેલુ. ડીટોનેટર પણ પેક કરેલા, બેટરી, સરકીટ અલગ–અલગ પેક કરવામાં આવેલી જેને માર્ક એમ–૧ થી એમ–૧૦ સુધી આપવામાં આવેલા. આ તમામ મુદ્દામાલ ઉપર પંચોની તથા પોલીસ ઈન્સ્પેકટરની સહીઓવાળી સ્લીપો મુકી

દોરી વડે બાંધી સીલ કરેલો. આ તમામ વસ્તુઓ આ સાહેદની હાજરીમાં કબજે કરવામાં આવેલી તેનુ પંચનામુ બનાવેલુ જે આંક–૨૪૪૧ વાળા પંચનામામાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવી છે તથા આ સાહેદની હાજરીમાં જે કોઈ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ તે તમામ એક પછી એક કોર્ટમાં ખોલીને બતાવતા તમામ મુદ્દામાલ આ સાહેદે ઓળખી બતાવેલો છે અને મુદ્દામાલમાંથી નીકળેલી પંચ સ્લીપો આંક–૨૪૪૨ થી ૨૪૫૦ સુધી રજૂ કરેલી છે તે તમામ પંચ સ્લીપો ઉપર આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

હવે આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવી છે તે ધ્યાને લઈએ તો બોમ્બ આ સાહેદની હાજરીમાં ખોલવામાં આવેલો અને બધી વસ્તુઓ હાજરીમાં ડીફ્યુઝ કરેલી આ વખતે એક ફૂટ અંતરે ઉભેલા હતા. લખાવેલી વસ્તુઓ હાથમાં લઈને જોયેલી. મુદ્દામાલ ઉપર કોઈ નિશાન કરવામાં આવેલા નહીં. બેટરી કયારની અને કઈ બનાવટની હતી તે જોયેલુ નહીં. સરકીટ ઈલેકટ્રોનિક વસ્તુઓમાં આવે છે તે કબૂલ કરે છે. સરકીટનો કોઈ નંબર જોયેલો નહીં. સરકીટ ઉપર કોઈ નિશાન કરવામાં આવેલા ન હતા. અગાઉ પંચનામામાં રહેલા નથી. બોમ્બ ડીફ્યુઝ કર્યો ત્યારે તેમની સાથે ધનજીભાઈ હાજર હતા. સમગ્ર કાર્યવાહીની વીડિયોગ્રાફી કે ફોટોગ્રાફી થઈ હોય તો તે ખબર નથી. બનાવ સ્થળેથી પોતાનુ ઘર ૪૦ મીટરને અંતરે છે. પંચનામાની તારીખ પહેલા કોઈ દિવસે બોમ્બને લટકતો જોયેલો નથી. અદાલત રૂબરૂ ઓળખી બતાવેલો મુદ્દામાલ હાજરીમાં કબજે કરેલો નથી તો તે હકીકત નકારે છે. પોલીસે સ્થળ ઉપર બોલાવેલા નથી કે તેમની હાજરીમાં કાર્યવાહી કરેલ નથી તો તે નકારે છે.

હવે તપાસ કરનાર અધિકારીએ ગુનાવાળી જગ્યા ઉપરથી જે મુદ્દામાલ આંક–૨૪૪૧ ના પંચનામા આધારે કબજે કરેલો તે મુદ્દામાલ રવાનગી નોંધ સાથે એફ.એસ.એલ. ગાંધીનગરને પૃથક્કરણ માટે મોકલી આપેલો. આ રવાનગી નોંધ આ કામે આંક–૫૫૪૨ થી રજૂ કરેલી છે. આ રવાનગી નોંધમાં જણાવ્યા મુજબના કુલ–૮ નમૂના માર્ક એમ–૧, એમ–૪, એમ–૫, એમ–૬, એમ–૭, એમ–૮, એમ–૯, એમ–૧૦ સુધીના એફ.એસ.એલ. ગાંધીનગરને

તપાસ અર્થે મોકલેલા છે. આ રવાનગી નોંધ પોલીસ ઈન્સ્પેકટર વરાછાનાઓએ બનાવેલી અને પોતાના સત્તાના પ્રમાણપત્ર સાથે એફ.એસ.એલ. ગાંધીનગરને મોકલી આપેલી. હવે આ મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારી ગૌરીદત્ત દયાનિધિ શર્માને સાહેદ નં.૮૪૯ તરીકે આંક–૫૯૦૮ થી તપાસેલા છે. એફ. એસ.એલ. દ્વારા મુદ્દામાલ સ્વીકારાયા અંગેની જે પહોંચ આપવામાં આવેલી તે પહોંચ આ કામે આંક–૫૯૪૩ થી રજૂ કરેલી છે જેમાં મદદનીશ નિયામક એફ. એસ.એલ. ગાંધીનગરની સહી છે. આ સાહેદની આ ગુના પુરતી સરતપાસ મુજબ તા.૭/૮/૨૦૦૮ ના રોજ તેમના વિભાગના મદદનીશ નિયામકશ્રી દ્વારા વરાછા પોલીસ સ્ટેશન, સુરત શહેરના સેકન્ડ ગુના રજિસ્ટર નં.૩૬૭/૨૦૦૮ ના કેસનો સ્વિકારવામાં આવેલ મુદ્દામાલ પૃથક્કરણ અર્થે મળેલો તે મુજબ...

– માર્ક એમ–૧ લાકડાની ફ્રેમ તથા પતરાની પ્લેટવાળુ અર્ધચંદ્રાકાર બોક્ષ
– માર્ક એમ–૪, એમ–૫ ધાતુના પેન્સિલ સેલ આકારનું એક ડીટોનેટર
– માર્ક એમ–૬ કાળા તથા ગોલ્ડન કલરની નાની બેટરી
– માર્ક એમ–૭ ઈલેકટ્રીક સરકીટ
– માર્ક એમ–૮ દૈનિક પેપર, તાર વિગેરે
– માર્ક એમ–૯ આછા પીળા કલરનો ચીકણો પદાર્થ ૫૦ ગ્રામ
– માર્ક એમ–૧૦ છરા નંગ–૧૦

ઉપરોકત નમૂનાઓનું પ્રમાણિત રાસાયણિક અને ઉપકરણીય પધ્ધતિથી પૃથક્કરણ કરેલ હતું અને પૃથક્કરણના રીપોર્ટ મુજબ...

૧. નમૂના માર્ક એમ –૧, એમ–૮, એમ–૯ તથા એમ–૧૦ ના નમૂનાઓમાંથી એમોનિયમ અને નાઈટ્રેટ (N03) મૂલકો તથા પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સ (પેરાફીન જેલી)ની હાજરી શોધાયેલ છે.

૨. નમૂના એમ–૪ તથા એમ–૫ માંથી લેડ એઝાઈડ, પી.ઈ.ટી.એન. તથા એમોનિયમ તથા નાઈટ્રેટ તથા પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સ (પેરાફીન જેલી પ્રકાર) ની હાજરી શોધાયેલ છે.

૩. નમૂના માર્ક એમ–૬ માંથી કોઈપણ પ્રકારના સ્ફોટક પદાર્થની હાજરી શોધી શકાયેલ નથી.

ઉપરોકત પૃથક્કરણ આધારે સાહેદના અભિપ્રાય મુજબ...

૧. પૃથક્કરણના પરિણામમાં શોધાયેલ એમોનિયમ નાઈટ્રેટ અને પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સ ઓઈલનું મિશ્રણએ એમોનિયમ નાઈટ્રેટ બેઝ એમોનિયમ નાઈટ્રેટ–ફ્યુઅલ ઓઈલ (એનફો) હાઈએક્ષપ્લોજીવના ઘટકો છે જેને ફોડવા માટે ડીટોનેટરનો ઉપયોગ થાય છે.

૨. પૃથક્કરણમાં શોધાયેલ લેડ એઝાઈડ અને પી.ટી.ઈ.એન.(હાઈ એક્ષપ્લોજીવ) નો ઉપયોગ બ્લાસ્ટીંગ કેપ (ડીટોનેટર) મા થાય છે.

૩. નમૂનાઓમાંથી મળેલ ધાતુના છરાનો ઉપયોગ હાથ બનાવટના બોમ્બમાં મિસાઈલ્સ તરીકે ઉપયોગ કરવામાં આવે છે.

૪. પૃથક્કરણના પરિણામ તથા નમૂનાઓમાંથી મળેલ બેટરી, ઈલેક્ટ્રોનિક સરકીટ ડીટોનેટર, ધાતુના છરા તથા હોડી આકારના લાકડાના ધાતુના પતરા સાથેના કન્ટેનરના આધારે એવું કહી શકાય કે હોડી આકારના ધાતુના પતરા ધરાવતા કન્ટેનરમાં એનફો એક્ષપ્લોજીવ પદાર્થ ભરી છરા ઉમેરી તથા ડીટોનેટરનો ઉપયોગ કરીને ટાઈમ ડીલે ડીવાઈસ પ્રકારનો આઈ.ઈ.ડી. બોમ્બ બનાવી શકાય.

આ પ્રમાણેનો આ સાહેદે અહેવાલ આપેલો જે આ કામે આંક–૫૯૪૪ થી રજૂ કરેલો છે તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ સાહેદની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી છે તે ધ્યાને લેતા આ સાહેદે સુરત બોમ્બ પ્લાન્ટેશનના બનાવોવાળી જગ્યાઓનું નિરીક્ષણ કરેલુ છે તથા કેટલાક મુદ્દામાલનું પૃથક્કરણ પણ કરેલુ છે અને તે જ રીતે અમદાવાદ ખાતે થયેલ બોમ્બ બ્લાસ્ટના બનાવોવાળી જગ્યાઓનું નિરીક્ષણ કરેલુ છે તથા કેટલાક મુદ્દામાલનું પૃથક્કરણ પણ કરેલુ છે. આ સાહેદની ઊલટતપાસ આરોપીઓ તરફથી કોઈ ચોકકસ ગુના સંબંધે કરેલ નથી પરંતુ તમામ બનાવો સબંધે સંયુકત ઊલટતપાસ કરેલ છે. આ સાહેદે

ઊલટતપાસમાં જણાવેલી હકીકતોની ચર્ચા અમદાવાદના શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ ના બનાવના કામે આ ચુકાદામાં જે પુરાવા રજૂ થયેલા છે તે દરમ્યાન વિગતવાર કરવામાં આવેલી છે જેથી ઊલટતપાસની હકીકતનું પુનરાવર્તન કરવામાં આવેલ નથી.

ત્યારબાદ આ કામે રવાનગી નોંધ આંક–૫૯૪૨ પૈકીના કેટલાક મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારી હિતેશ જયંતિલાલ ત્રિવેદીને સાહેદ નં. ૮૩૫ તરીકે આંક–૫૬૩૧ થી તપાસેલ છે. તેઓની સરતપાસ મુજબ તેઓ તેમના વિભાગના મદદનીશ નિયામકશ્રી દ્વારા વરાછા પોલીસ સ્ટેશન, સુરત શહેરના સેકન્ડ ગુના રજીસ્ટર નં.૩૬૭/૨૦૦૮ અન્વયેના કેસના સ્વીકારવામાં આવેલ મુદ્દામાલ પૈકીનો અમુક મુદ્દામાલ પૃથક્કરણ અર્થે મળેલો તે પૈકી પાંચ પાર્સલો પૈકી માર્ક એમ–૪, એમ–૫, એમ–૬, એમ–૧૦ કચેરીના વિભાગીય સીલબંધ સાથે તથા માર્ક એમ–૭ મૂળ સીલ સાથે ઈન્ટર ફોરવર્ડીંગ પત્રથી મળેલો. સદરહુ કામના મુદ્દામાલનું પૃથક્કરણ વૈજ્ઞાનિક પધ્ધતિએ કરેલ હતું અને પૃથક્કરણ મુજબ...

૧. નમૂના એમ–૪ ના ડીટોનેટરના બે વિજાગ્રો વચ્ચે વીજ સાતત્યતા અંગેની ચકાસણી કરવામાં આવી.

૨. નમૂના એમ–૪ ના ડીટોનેટરના બે વિજાગ્રો વચ્ચે વીજ સાતત્યતા અંગેની ચકાસણી કરવામાં આવી.

૩. નમૂના એમ–૬ ની બેટરીનુ મલ્ટિમીટર વડે તેના વોલ્ટેજનું માપન કરવામાં આવ્યુ.

૪. નમૂના એમ–૭ ની ઈલેકટ્રોનીક સરકીટના PCB (Printed Circuit Board) મા જોવા મળતા કનેકશન અનુસાર Schematic Diagram તૈયાર કરવામાં આવ્યો.

૫. નમૂના એમ–૭ ની સરકીટમાં રહેલ PIC 16F628A માઈક્રોકન્ટ્રોલર IC નું EPROM READER હાર્ડવેર તથા સોફ્ટવેર પ્રોગ્રામની મદદથી તેમાં રહેલ પ્રોગ્રામ રીડ કરવા માટે પ્રયત્ન કરવામાં આવ્યો.

૬. નમૂના એમ–૭ સરકીટને બેટરી સાથે જોડાણ કરી તેનાં વિવિધ જોડાણો પાસે મળતા વોલ્ટેજ મલ્ટિમીટર વડે તથા COB (Clock On Board) સરકીટ દ્વારા મળતા પલ્સની Frequency ઓસીલોસ્કોપની મદદથી માપવામાં આવ્યા.

૭. નમૂના એમ–૭ની ઈલેકટ્રોનીક સરકીટને બેટરી સાથે જોડી સદર સરકીટનો ટ્રીગરીંગ ટ્રાન્ઝીસ્ટર કેટલા સમયબાદ ટ્રીગર થાય છે તે સ્ટોપવોચની મદદથી તે પ્રાયોગીક પધ્ધતિથી માપવામાં આવ્યુ.

ઉપરોકત પૃથક્કરણ આધારે સાહેદના અભિપ્રાય મુજબ...

૧. નમૂના એમ–૪ ના ડીટોનેટરના બે વિજાગ્રો વચ્ચે વીજ સાતત્યતા જોવા મળેલ.

૨. નમૂના એમ–૪ ના ડીટોનેટરના નળાકાર કન્ટેનરની મુખ્ય ધાતુ એલ્યુમિનિયમ હોવાનુ જણાયુ.

૩. નમૂના એમ–૫ ના ડીટોનેટરના બે વિજાગ્રો વચ્ચે વીજ સાતત્યતા જોવા મળેલ.

૪. નમૂના એમ–૫ ના ડીટોનેટરના નળાકાર કન્ટેનરની મુખ્ય ધાતુ એલ્યુમિનિયમ હોવાનુ જણાયુ.

૫. નમૂના એમ–૬ ની બેટરી ચાલુ સ્થિતિમાં હતી તથા તેના આઉટપુટ વોલ્ટેજ આશરે ૮.૫ વોલ્ટ હતા.

૬. નમૂના એમ–૭ ની સરકીટ મુખ્યત્વે PIC 16F628A પ્રોગ્રામેબલ ફલેશ પ્રકારની IC, COB (Clock On Board), ટ્રીગરીંગ ટ્રાન્સીસ્ટર 2SC1162, ઝેનર ડાયોડ, રેસીસટન્સ, કેપેસીટર્સ વગેરેની બનેલી હતી.

૭. નમૂના એમ–૭ ની સરકીટમાં રહેલ PIC 16F628A ઈલેકટ્રીકલ પ્રોગ્રામેબલ ફલેશ પ્રકારની IC નું EPROM READER હાર્ડવેર તથા સોફટવેર પ્રોગ્રામની મદદથી રીડ કરતા સદર IC "કોડ પ્રોટેકટેડ" હોવાનુ જણાયેલ.

૮. નમૂના એમ–૭ની સરકીટમાં રહેલ COB (Clock On Board) ૦.૫ હર્ટઝની ફ્રીકવન્સી જનરેટ કરે છે જે માઇક્રો કન્ટ્રોલરની પીન નં.૩ ઉપર આપે છે.

૯. નમૂના એમ–૭ ની ઈલેકટ્રોનિક સરકીટને બેટરી સાથે જોડી ચકાસતા તેના દરેક ઈલેકટ્રીકલ કંપાઉન્ટસ ચાલુ સ્થિતિમાં જણાયા.

૧૦. નમૂના એમ–૭ ઈલેકટ્રોનિક સરકીટને બેટરી સાથે જોડી પ્રાયોગીક રીતે અવલોકન કરતા સદર સર્કીટનો ટ્રીગરીંગ ટ્રાન્ઝીસ્ટર (2SC1162) આશરે ૩૬૪ કલાકના સમયગાળા બાદ ટ્રીગર થતો જોવા મળેલ.

૧૧. નમૂના એમ–૭ ની ઈલેકટ્રોનિક સરકીટને બેટરી સાથે જોડયા બાદ અગાઉથી પ્રોગ્રામ કરેલ સમયગાળો પુરો થયા ટ્રીગરીંગ ટ્રાન્ઝીસ્ટર (2SC1162) ના આઉટપુટ ઉપર ડીટોનેટરને ફુટવા માટે જરૂરી વીજપ્રવાહ મળતો ન હોવાથી ડીટોનેટર એક્ષપ્લોડ થઈ શકેલ ન હતો.

ઉપરોકત પૃથક્કરણના આધારે આ સાહેદે જે અહેવાલ આપેલો તે આ કામે આંક–૫૬૫૧ થી રજૂ કરેલો છે તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ સાહેદની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી છે આ સાહેદે સુરત શહેરમાં બનેલા કુલ–૧૫ બનાવોમાં જે મુદ્દામાલ કબજે કરવામાં આવેલો તે તમામ બનાવોના મુદામાલોનું આ સાહેદે પૃથક્કરણ કરેલુ છે અને આરોપીઓ તરફથી કોઈ ચોકકસ ગુના માટે ઊલટતપાસ કરવામાં આવેલી નથી પરંતુ જનરલ ઊલટતપાસ કરવામાં આવેલી છે. આ સાહેદે ઊલટતપાસમાં જણાવેલી હકીકતો મહિધરપુરા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૨૦૯/૨૦૦૮ના કામના બનાવ સંબંધે રજૂ કરેલ પુરાવામાં વિગતવાર ચર્ચા કરેલી છે માટે ઊલટતપાસની હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

ત્યારબાદ આ કામે તપાસ કરનાર અધિકારીશ્રી એન.બી.પરમાર મદદનીશ પોલીસ કમિશનરે બનાવવાળી જગ્યા ઉપર નકશો બનાવવા માટે મામલતદાર, સુરત શહેરને એક યાદી લખેલી જે યાદી આ કામે આંક–૭૫૮૬ થી રજૂ કરેલી છે અને નાયબ પોલીસ અધીક્ષકશ્રી એન.બી.પરમારને સાહેદ નં.

૧૧૫૪ તરીકે તપાસેલ છે તેઓએ તેઓની જુબાનીમાં તેમની સહી ઓળખી બતાવેલી છે.

આંક–૭૫૮૬ વાળી યાદીના આધારે સર્કલ ઓફિસર હિતેન્દ્રકુમાર ગુલાબભાઈ નાયકે ગુનાવાળી જગ્યા ઉપર જઈ નકશો બનાવેલો તેઓને આ કામે સાહેદ નં.૧૦૮૭ તરીકે આંક–૭૫૫૭ થી તપાસેલા છે તેમની સરતપાસ પ્રમાણે તેઓને તપાસ કરનાર અધિકારીશ્રી એન.બી.પરમાર દ્વારા વરાછા પ્રિસ્ટેજ પ્રેમગલીમાં શ્રી કિશન કોમ્પલેક્ષના પહેલા માળે રાધે ફેશન પાસે ડ્રેનેજના પ્લાસ્ટિકના પાઈપ અને દિવાલ વચ્ચે બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલો તે જગ્યા ઉપર જઈ નકશો બનાવવા માટેની યાદી મળેલી તે આંક–૭૫૮૬ ની યાદી મળ્યા બાબતે યાદી ઉપર તેમણે પોતાની સહી ઓળખી બતાવી છે અને તે યાદીના આધારે સ્થળ ઉપર જઈ નકશો બનાવેલો તે નકશો આ કામે આંક–૭૫૮૭ થી રજૂ કરેલો છે. જેમા આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે સદર નકશામાં જે જગ્યાએથી બોમ્બ મળી આવેલો તે જગ્યા લાલ કલરથી બતાવેલી છે.

આ સાહેદની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી છે તે ધ્યાને લેતા આ સાહેદે સુરત બોમ્બ પ્લાન્ટેશનના બનાવોવાળી જગ્યાઓનું નિરીક્ષણ કરીને નકશાઓ બનાવેલા છે. આ સાહેદની ઊલટતપાસ આરોપીઓ તરફથી કોઈ ચોકકસ ગુના સંબંધે કરેલ નથી પરંતુ તમામ બનાવો સબંધે સંયુકત ઊલટતપાસ કરેલ છે. આ સાહેદે ઊલટતપાસમાં જણાવેલી હકીકતોની ચર્ચા સુરત શહેરના મહીધરપુરા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૨૦૯/૨૦૦૮ ના બનાવના કામે આ ચુકાદામાં જે પુરાવા રજૂ થયેલા છે તે દરમ્યાન વિગતવાર કરવામાં આવેલી છે જેથી ઊલટતપાસની હકીકતનું પુનરાવર્તન કરવામાં આવેલ નથી.

(૬૦.૦૧) **<u>વરાછા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૩૬૭/૨૦૦૮ ના કામે બનાવ નં.૫ ને સમર્થન માટે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકનઃ–</u>**

આમ, વરાછા પોલીસ સ્ટેશન વિસ્તારમાં વરાછા પ્રિસ્ટેજ પ્રેમગલીમાં શ્રી કિશન કોમ્પલેક્ષના પહેલા માળે રાધે ફેશન પાસે ડ્રેનેજના પ્લાસ્ટિકના પાઈપ અને દિવાલ વચ્ચે બોમ્બ બ્લાસ્ટના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલ છે તે માટે ફરિયાદપક્ષ દ્વારા રણછોડભાઈ જીવાભાઈ મકવાણાને સાહેદ નં.૫૬૦ તરીકે આંક–૩૦૨૭ થી તપાસવામાં આવેલા છે તેમની સરતપાસ પ્રમાણે તેઓ રીક્ષા ડ્રાઇવીંગનું કામ કરતા હતા તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ અમદાવાદમાં બોમ્બ વિસ્ફોટનો બનાવ બનેલાનું જાણેલ તથા તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ સુરત મુકામે બોમ્બ મુકવાના બનાવોની હકીકત જાણેલ. તેમના ભત્રીજાની દુકાનની નજીકમાં કિશન કોમ્પલેક્ષ નામનું મકાન આવેલ છે તે મકાનના બીજા માળે તપાસ કરતાં દિવાલને અડીને એક બોમ્બ જેવી વસ્તુ જોવા મળતા ત્યાં હાજર એક વ્યકિતની મદદથી તે સબંધે પોલીસને જાણ કરતાં પોલીસ તથા બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડના માણસો તે સ્થળે આવેલાં અને તે લોકોએ બોમ્બને નિષ્ક્રીય કરી મળી આવેલ સાધન સામગ્રી ત્યાંથી મેળવી જતા રહેલાનું જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદની દુકાનની નીચે આવેલ બોક્ષને જોતા બોમ્બ દેખાયેલો, આશરે પાંચ ફુટની ઉંચાઈએ હતો. પબ્લિકની પાસેથી ફોન લઈને પોલીસને જાણ કરેલી નીચે જોયુ ત્યારે વસ્તુ શું છે તેની ખબર પડેલ હતી તો તે હકીકત નકારે છે. આ જગ્યાએથી કોઈ વસ્તુ મળેલી નથી અને પોલીસના કહેવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી બીપીનભાઈ ધીરજલાલ જોબનપુત્રાને સાહેદ નં.૫૭૬ તરીકે આંક–૩૧૦૩ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે સને–૨૦૦૮ મા બરોડા પ્રિસ્ટેજ બજારમાં ખોડીયાર શોપીંગ સેન્ટરમાં શ્રીનાથ નોવેલ્ટીના નામથી કટલરીનો સામાન વેચવાની દુકાનમાં વેપાર કરતા હતા. તા.૩૦/૭/૨૦૦૮ અગિયાર વાગ્યાના અરસામાં દુકાન આગળ ટોળું ભેગું થયેલું અને ઉપર જોયા કરતું હતું જેથી આ સાહેદે તે જોતાં બોમ્બ હોવાનું જણાયેલ બાદ આ સ્થળે પોલીસ તથા બોમ્બ નિષ્ક્રીય કરનારની

ટીમ આવતાં બોમ્બ ઉતારી તેને નિષ્ક્રીય કરવામાં આવેલો. તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ આ બજારમાં બે બોમ્બ મળી આવેલાં. આ મળી આવેલાં બોમ્બ અને તા. ૩૦/૭/૨૦૦૮ ના રોજ મળી આવેલાં બોમ્બ સરખા દેખાતાં હતા તેમ જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી લક્ષ્મીકાંત મોહનભાઈ ઠક્કરને સાહેદ નં.પ૭૮ તરીકે આંક–૩૧૦૫ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે સને–૨૦૦૮ના અરસામાં બરોડા પ્રિસ્ટેજ બજારમાં આવેલ ખોડીયાર શોપીંગ સેન્ટરમાં રેડીમેડ કાપડનો વેપાર કરતા હતા. તા.૨૯/૭/ ૨૦૦૮ ના રોજ આ રણછોડભાઈ મકવાણાએ વેપારના સ્થળ પાસે આવેલ કિશન કોમ્પલેક્ષ તથા ખોડીયાર શોપીંગને અડીને આવેલ કોલમની ઉપર બોમ્બ મુકેલ હોવાનું શોધેલ આથી પોલીસ તથા બોમ્બ સ્કવોર્ડના માણસોને જાણ થતાં તેઓ આ સ્થળે આવેલાં અને બોમ્બ સ્કવોર્ડના માણસોએ આ સ્થળેથી બોમ્બ ઉતારી નિષ્ક્રીય કરેલ તેમ જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી રાજુભાઈ લાખાભાઈ મકવાણાને સાહેદ નં.૬૧૦ તરીકે આંક–૩૨૪૬ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે જુલાઈ–૨૦૦૮ના અરસામાં બરોડા પ્રિસ્ટેજ માર્કેટમાં સોહમ નોવેલ્ટીઝ સ્ટોરના નામે કટલરીનો ધંધો કરતા હતા. તા.૩૦/૭/૨૦૦૮ ના રોજ સવારના સાડા દસેક વાગ્યાના સુમારે કિશન કોમ્પલેક્ષ આગળ લોકોનું ટોળું ભેગું થવા લાગેલું અને પહેલાં માળે બોમ્બ હોવાની વાતો કરતાં હતાં. જેથી દુકાનની બહાર જઈને જોયેલું તો આ કોમ્પલેક્ષના પહેલાં માળે બીજા કોલમ પાસે બોમ્બ હતો. તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ પણ બજારમાં ઓમકાર નામની દુકાન તથા સમર્પણ કાપડ કેન્દ્રની દુકાન પાસે બોમ્બ મળેલ હતાં તેના જેવો આ બોમ્બ હતો. બજારમાંથી કોઈકે પોલીસને જાણ કરેલી. ત્યાં આગળ બોમ્બ નિષ્ક્રીય કરવાવાળા સાહેબો પણ ત્યાં આવેલાં અને પોલીસે આ બાબતે આગળની કાર્યવાહી કરેલી તેમ જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો શંકાસ્પદ વસ્તુ જોવા ગયેલા નથી અને શંકાસ્પદ વસ્તુની શું કાર્યવાહી થયેલી

તેની ખબર નથી આવો કોઈ બનાવ બનેલો નથી અને પોલીસના કહેવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી ભદ્રેશ મગનભાઈ રાયમાને સાહેદ નં.૬૧૧ તરીકે આંક–૩૨૪૭ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે સને–૨૦૦૮ના જુલાઈ માસમાં બરોડા પ્રિસ્ટેજ વિસ્તાર, વરાછા વિસ્તારમાં ખોડીયાર શોપીંગ સેન્ટરની નીચે બાકડા ઉપર રેડીમેડ કપડાં વેચવાનો ધંધો કરતા હતા. તા.૩૦/૭/૨૦૦૮ ના રોજ સવારના સાડા દસ વાગ્યાની આસપાસ ધંધાની બાજુમાં આવેલ સોહમ નોવેલ્ટી સ્ટોરવાળા લાખાભાઇના કાકાએ જણાવેલુ કે કિશન કોમ્પલેક્ષના પહેલાં માળે બહાર બોમ્બ દેખાય છે ત્યાં થોડી જ વારમાં લોકોનું ટોળું ભેગું થઇ ગયેલું. થોડીવારમાં પોલીસ પણ ત્યાં આવી ગયેલી ત્યાં બોમ્બ નિષ્ક્રીય કરવાવાળા આવેલાં, બોમ્બને નીચે ઉતારવામાં આવેલો તેમ જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો બનાવની તારીખ અગાઉ બોમ્બ જોયેલ નથી, બોમ્બના પ્રકારોની ખબર નથી. જે વસ્તુને દીવેટ લાગેલી હોય તેને બોમ્બ કહેવાય. બીજાના કહેવાથી તે બોમ્બ હતો તેવુ કહેલાની હકીકત નકારી છે, પોલીસને મદદ કરવા ખોટી જુબાની આપે છે તો તે હકીકત પણ નકારી છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી ભરતભાઈ રમણીકભાઈ મઠીયાને સાહેદ નં.૬૩૩ તરીકે આંક–૩૨૭૫ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ બરોડા પ્રિસ્ટેજ માર્કેટમાં આવેલ ખોડીયાર શોપીંગ સેન્ટરમાં દુકાન નં.૧૦ બંસરી સ્ટોર્સના નામથી રેડીમેડ કપડાનો ધંધો કરતા હતા, તા.૩૦/૭/૨૦૦૮ ના રોજ આશરે સાડા દસેક વાગ્યાના સુમારે બાજુમાં આવેલ કિશન કોમ્પલેક્ષ આગળ લોકો ભેગા થયેલાં. દુકાનની બહાર આવી જોયું તો ત્યાં બોમ્બ હતો. તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ આજુબાજુના વિસ્તારમાં બે બોમ્બ મળેલાં જેના સમાચાર ટી.વી. ઉપર આવેલાં હતાં. આ બોમ્બને પ્રથમ જોનાર વ્યકિત દુકાનની સામે આવેલ સોહમ નોવેલ્ટી સ્ટોરના લાખાભાઇ મકવાણાના કાકા રણછોડભાઈ મકવાણા હતા. તે વખતે કોઈ વેપારીએ પોલીસને

ફોન કરેલો હતો અને પોલીસે ત્યાં આવીને કાર્યવાહી કરેલી તેમ જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો શંકાસ્પદ વસ્તુ જોયેલી નથી તો તે કબૂલ કરે છે. બનાવ સ્થળે ગયેલા નથી કે કાર્યવાહી જોયેલી નથી તો તે હકીકત નકારે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી દેવેન્દ્રભાઈ બાબુભાઈ લાઈટવાલાને સાહેદ નં.૬૪૪ તરીકે આંક–૩૨૮૯ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે સને–૨૦૦૮માં બરોડા પ્રિસ્ટેજ વિસ્તારમાં આવેલ ખોડીયાર શોપીંગ સેન્ટરમાં દુકાન નં.૧૦૫ માં રેડીમેઇડ ગારમેન્ટનો હોલસેલ વેપાર કરતા હતા. તા.૨૯/૮/૨૦૦૮ નાં રોજ એક કામદાર છોકરાને પાણીની બોટલ લેવા બીજી દુકાને મોકલેલ. ત્રણથી ચાર મિનિટમાં તે છોકરો દોડતો આવેલો અને કહેલુ કે પાણીની ડ્રેનેજ લાઇનની પાઇપ અને દિવાલ વચ્ચે એક બેગમાં બોમ્બ છે અને લોકો ભેગા થઇ ગયેલ છે. છોકરાએ કહ્યુ ત્યારપછી કંન્ટ્રોલ રૂમમાં ફોન મોબાઇલ ઉપરથી કરેલો અને જે તે વખતે મોબાઇલ નં.૯૯૧૭૮૯૭૩૮ હતો. દુકાન પહેલા માળે હોવાથી નીચે આવેલા અને તેની પાંચ સાત મિનીટ પછી પોલીસ આવેલી. પોલીસે આ પેકીંગ ઉતારેલું ત્યાં ગીરદી ઘણી થઇ ગયેલી તેમ જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પોલીસને ફોન કર્યા તે પહેલા બનાવના સ્થળે શંકાસ્પદ વસ્તુ જોયેલી નહીં તે કબૂલ કરે છે. બોમ્બ મળ્યા પછી પોલીસે શું કાર્યવાહી કરેલી તે સબંધે જાણ કરેલી નથી તો તે કબૂલે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી પીન્ટુભાઈ અરવિંદભાઈ ભુપતાનીને સાહેદ નં.૬૬૦ તરીકે આંક–૩૩૧૨ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ વરાછા ખાતે આવેલ બરોડા પ્રિસ્ટેજ કિશન કોમ્પલેક્ષમાં રેડીમેઇડ કપડાંનો ધંધો કરતા હતા. તા.૩૦/૭/૨૦૦૮ ના રોજ સાડા દસ વાગ્યે બાજુવાળા સોહમ કટલરીવાળા લાખાભાઇએ જોયું તો ખોડીયાર શોપીંગના ખુણા ઉપર એક બોમ્બ બાંધેલો છે અને તેણે બધાને જાણ કરતા આ સાહેદને

જાણ થયેલી ત્યારપછી પોલીસ આવી ગયેલી અને કાર્યવાહી કરેલી તેમ જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી મનહરસિંહ કરણસિંહને સાહેદ નં.૭૬૧ તરીકે આંક–૩૫૬૦ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે વર્ષ–૨૦૦૪ થી વરાછા પોલીસ સ્ટેશનમાં વર્ષ–૨૦૧૧ સુધી અનાર્મ્ડ પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા. અમદાવાદ શહેરમાં તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ બોમ્બ ધડાકા થયેલા હોવાથી તકેદારીના પગલાં રૂપે સોપવામાં આવેલ બંદોબસ્ત અનુસંધાને તા.૩૦/૭/૨૦૦૮ ના રોજ સર્વેલન્સના માણસો સવારથી પેટ્રોલિંગમાં તથા બંદોબસ્તમાં હતાં તે દિવસ સવારના પોણા અગિયાર વાગ્યાના આસપાસ પોલીસ સ્ટેશન વિસ્તારની લાભેશ્વર પોલીસ ચોકીના પોલીસ સબઇન્સ્પેકટર બી.એમ.પટેલે પોલીસ ઇન્સ્પેકટર સાહેબને જાણ કરેલી કે બરોડા પ્રિસ્ટેજ શ્રી કિશન કોમ્પલેક્ષના પહેલા માળે રાધે ફેશન પાસે કંઇક શંકાસ્પદ વસ્તુ છે જેથી પોલીસ ઇન્સ્પેકટર સાહેબ તથા અન્ય સ્ટાફના માણસો તે સ્થળે પહોચેલાં ત્યાં જઇને જોતા ડ્રેનેજના પાઇપ તથા દિવાલ વચ્ચે આછા લીલા કલરની કોથળીમાં શંકાસ્પદ વસ્તુ હોવાથી બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડને બોલાવવામાં આવેલ તેઓએ આ શંકાસ્પદ વસ્તુ હાથ બનાવટનો જીવતો બોમ્બ હોવાથી તેને ડીફયુઝ કરેલ એફ.એસ.એલ. અધિકારીને પણ બોલાવવામાં આવેલ દરમ્યાન આ ડીફયુઝ કરેલ બોમ્બની સામગ્રી પંચનામાની કાર્યવાહી દરમ્યાન પંચનામાની વિગતે કબ્જે કરેલ તેમ જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો બનાવ સ્થળ ઉપર એફ.એસ.એલ. અધિકારી અને બી.ડી.એસ. ટીમ કયારે આવેલી તેની ખબર નથી. પંચનામા સબંધે કોઈ જાત માહિતી નથી. ઉપલા અધિકારીના કહેવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારી છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી રમણ ચીમનભાઈને સાહેદ નં.૭૬૬ તરીકે આંક–૩૫૬૮ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે વર્ષ–૨૦૦૭ થી ૨૦૧૨ સુધી વરાછા પોલીસ સ્ટેશનમાં આસીસ્ટન્ટ સબ

ઇન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા. તા.૩૦/૭/૨૦૦૮ ના રોજ સર્વેલન્સના માણસો સાથે સવારથી પેટ્રોલિંગમાં તથા બંદોબસ્તમાં હતાં. તે દિવસે સવારના પોણા અગિયાર વાગ્યાના આસપાસ પોલીસ સ્ટેશન વિસ્તારની લાભેશ્વર પોલીસ ચોકીના પોલીસ સબઇન્સ્પેકટર બી.એમ.પટેલે પોલીસ ઇન્સ્પેકટર સાહેબને જાણ કરેલી કે બરોડા પ્રિસ્ટેજ શ્રી કિશન કોમ્પલેક્ષના પહેલા માળે રાધે ફેશન પાસે કંઇક શંકાસ્પદ વસ્તુ છે જેથી પોલીસ ઇન્સ્પેકટર સાહેબ તથા અન્ય સ્ટાફના માણસો તે સ્થળે પહોચેલાં ત્યાં જઇને જોતા ડ્રેનેજના પાઇપ તથા દિવાલ વચ્ચે આછા લીલા કલરની કોથળીમાં શંકાસ્પદ વસ્તુ હોવાથી બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડને બોલાવવામાં આવેલ તેઓએ આ શંકાસ્પદ વસ્તુ હાથ બનાવટનો જીવતો બોમ્બ હોવાથી તેને ડીફ્યુઝ કરેલ એફ.એસ.એલ. અધિકારીને પણ બોલાવવામાં આવેલ દરમ્યાન આ ડીફ્યુઝ કરેલ બોમ્બની સામગ્રી પંચનામાની કાર્યવાહી દરમ્યાન પંચનામાની વિગતે કબ્જે કરેલ તેમ જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો બનાવ સ્થળે અંદાજે બારેક વાગે પહોચેલા. જે જગ્યાએ બનાવની જાણ થઈ તે જગ્યાએથી બનાવનું સ્થળ બે કી.મી.ના અંતરે હતુ. બનાવ સ્થળ ઉપર એફ.એસ.એલ. અને બી.ડી. એસ. ટીમ કયા સમયે આવેલી તે કહી શકે તેમ નથી. પંચનામા સબંધે કોઈ જાત માહિતી નથી. બનાવ સ્થળે ગયેલા નથી કે કાર્યવાહી જોયેલી નથી તો તે હકીકત નકારી છે. ઉપરી અધિકારીના કહેવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારી છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી મહંમદ હનીફ ઝહીર હુસેનને સાહેદ નં.૭૭૧ તરીકે આંક–૩૫૭૬ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે જુલાઇ માસમાં વરાછા પોલીસ સ્ટેશનમાં અનાર્મ હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ શહેર અમદાવાદમાં થયેલ શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકાના અનુસંધાને વરાછા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પણ તકેદારીના પગલા ભરવામાં આવેલાં. આ પગલાના ભાગરૂપે તા.૩૦/૭/૨૦૦૮ ના રોજ પોલીસ ઇન્સ્પેકટર તથા સ્ટાફ સાથે

પોલીસ સ્ટેશન વિસ્તારમાં બંદોબસ્ત તથા પેટ્રોલિંગમાં હતાં તે દરમ્યાન લગભગ પોણા અગિયાર વાગ્યાની આસપાસ લાભેશ્વર ચોકીના પોલીસ ઇન્સ્પેકટરશ્રી બી.એમ.પટેલે બરોડા પ્રિસ્ટેજ શ્રી કિશન કોમ્પલેક્ષના પહેલા માળે રાધે ફેશન પાસે કાંઇક શંકાસ્પદ વસ્તુ હોવાની ફોનથી જાણ કરતાં પોલીસ ઇન્સ્પેકટર તથા સ્ટાફના માણસો તે જગ્યાએ પહોંચી ગયેલાં ત્યાં જઇને જોતાં ડ્રેનેજની પાઇપ અને દિવાલ વચ્ચે આછા લીલા રંગની પ્લાસ્ટિકની કોથળીમાં શંકાસ્પદ વસ્તુ હોવાનું જણાઇ આવતાં બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડ તથા એફ.એસ.એલ.ને બોલાવવા તજવીજ કરવામાં આવેલ. બી.ડી.એસ.ના માણસોએ બોમ્બ ડીફ્યુઝ કરેલો ત્યારબાદ પંચનામાની વિગતે બોમ્બના પાર્ટસ અને ચીજવસ્તુઓ કબ્જે કરવામાં આવેલ તેમ જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા બનાવની જાણ થયા બાદ સ્થળ ઉપર કેટલા વાગે પહોંચેલા તેની ખબર નથી. ઉપરી અધિકારીના ફરમાન મુજબ કાર્યવાહી કરેલી પરંતુ શું કાર્યવાહી કરેલી તે યાદ નથી. પોલીસને સમર્થન આપવા ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી અશોક મોતીરામને સાહેદ નં.૭૭૭ તરીકે આંક–૩૫૮૬ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે જુલાઇ માસમાં વરાછા પોલીસ સ્ટેશનમાં અનાર્મ પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ શહેર અમદાવાદમાં થયેલ શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકાના અનુસંધાને વરાછા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પણ તકેદારીના પગલા ભરવામાં આવેલાં. આ પગલાના ભાગરૂપે તા.૩૦/૭/૨૦૦૮ ના રોજ પોલીસ ઇન્સ્પેકટર તથા સ્ટાફ સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં બંદોબસ્ત તથા પેટ્રોલિંગમાં હતાં તે દરમ્યાન લગભગ પોણા અગિયાર વાગ્યાની આસપાસ લાભેશ્વર ચોકીના પોલીસ ઇન્સ્પેકટરશ્રી બી.એમ.પટેલે બરોડા પ્રિસ્ટેજ શ્રી કિશન કોમ્પલેક્ષના પહેલા માળે રાધે ફેશન પાસે કાંઇક શંકાસ્પદ વસ્તુ હોવાની ફોનથી જાણ કરતાં પોલીસ ઇન્સ્પેકટર તથા સ્ટાફના માણસો તે જગ્યાએ પહોંચી ગયેલાં ત્યાં જઇને જોતાં ડ્રેનેજની પાઇપ અને દિવાલ વચ્ચે

આછા લીલા રંગની પ્લાસ્ટિકની કોથળીમાં શંકાસ્પદ વસ્તુ હોવાનું જણાઇ આવતાં બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડ તથા એફ.એસ.એલ.ને બોલાવવા તજવીજ કરવામાં આવેલ. બી.ડી.એસ.ના માણસોએ બોમ્બ ડીફ્યુઝ કરેલો ત્યારબાદ પંચનામાની વિગતે બોમ્બના પાર્ટસ અને ચીજવસ્તુઓ કબ્જે કરવામાં આવેલ તેમ જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા બનાવના દિવસનો ઓવરટાઈમ કલેઈમ કરેલો નથી. વરાછા પોલીસ સ્ટેશન દ્વારા જુદા-જુદા બનાવો બાબતે અલગ-અલગ નિવેદનો લીધા હોય તેવુ બન્યુ નથી. જુદી-જુદી ઘટના સબંધેની ફરિયાદ પોલીસ અધિકારીએ કયા સમયે આપેલી તેની ખબર નથી. ઉપરી અધિકારી સમક્ષ પોલીસ ડાયરી રજૂ કરેલ નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી જેસીંગભાઈ મોહનભાઈ પટેલને સાહેદ નં.૧૧૩૭ તરીકે આંક-૮૧૫૬ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે જુલાઇ ૨૦૦૮ ના અરસામા તેઓ પોલીસ હેડક્વાર્ટર ખાતે બોમ્બ ડિટેકશન એન્ડ બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડમા ફરજ બજાવતા હતા. આ અરસામા તેમની સાથે એ.એસ.આઇ. સુમનભાઇ વનમાળી, મોહનભાઇ ભાયલાભાઇ અને અજયભાઇ માનાભાઇનાઓ પણ ફરજ બજાવતા હતા તેમની ફરજ પોલીસ હેડ ક્વાર્ટર ખાતે હોય છે અને સુચના મળે તે મુજબ જે તે જગ્યાએ જઇને કામગીરી કરવાની હોય છે. તેઓએ બોમ્બ ડિટેકશન અને બોમ્બ ડિસ્પોઝલ અંગેની તાલીમ સુરત ખાતે હેડ ક્વાર્ટરમા તથા કરાઇ એકેડેમી, ગાંધીનગર પોલીસ તાલીમ શાળા ખાતે મેળવેલી હતી. તા.૩૦/૭/૨૦૦૮ ના રોજ તેઓ હેડ ક્વાર્ટર ખાતે હાજર હતા દરમ્યાન બપોરે આશરે અગીયાર વાગ્યાની આસપાસ વર્ધી મળેલી તે આધારે બપોરે પોણા બારેકના અરસામા વરાછા પોલીસ સ્ટેશન વિસ્તારમા બરોડા પ્રિસ્ટેજ પ્રેમ ગલીમા શ્રીકિશન કોમ્પલેક્ષ ખાતે પહોચેલા અને ત્યા એક બોમ્બ મળી આવેલ તેને ડિફ્યુઝ કરેલાનું જણાવેલ છે. આ સાહેદે ઊલટતપાસમાં જણાવેલી હકીકતો ડી.સી.બી. પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૩૦૧૯/૨૦૦૮ ના કામના બનાવ સંબંધે રજૂ કરેલ પુરાવામાં

વિગતવાર ચર્ચા કરેલી છે માટે ઊલટતપાસની હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

આમ, વરાછા પોલીસ સ્ટેશન વિસ્તારમાં વરાછા પ્રિસ્ટેજ પ્રેમગલીમાં શ્રીકિશન કોમ્પલેક્ષના પહેલા માળે રાધે ફેશન પાસે ડ્રેનેજના પ્લાસ્ટિકના પાઈપ અને દિવાલ વચ્ચે તા.૩૦/૭/૨૦૦૮ નાં રોજ કલાક ૧૩–૧૫ વાગે બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલો અને તે જગ્યાએથી બોમ્બ મળી આવેલો તે હકીકત ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા ઉપરોકત તમામ પુરાવા ઉપરથી સાબીત થાય છે તેમ હું માનુ છું.

(૬૧) **<u>સુરત શહેરમાં કાપોદ્રા પોલીસ સ્ટેશનની હકુમતના વિસ્તારમાં બોમ્બ ધડાકા કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલ તે પુરવાર કરવા માટે બનાવ નં.૪ ના સંબંધમાં ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન.</u>**

- વિસ્તાર:– કાપોદ્રા પોલીસ સ્ટેશનની હદમાં
- સ્થળ:– નાના વરાછા મહારાણા પ્રતાપ ઉધાનમાં આવેલ તરણકુંડના ગેટ પાસેના ફુટપાથ પરના આંબાના ઝાડ ઉપર
- તારીખ:– ૩૦/૭/૨૦૦૮
- સમય:– કલાક ૧૭–૪૦ પહેલા
- સેકન્ડ ગુના રજીસ્ટર નં.૧૮૦/૨૦૦૮
- બનાવમાં વપરાયેલ વાહનઃ– નથી

તા.૩૦/૭/૨૦૦૮ ના રોજ કાપોદ્રા પોલીસ સ્ટેશનની હકૂમતમાં આવેલ વિસ્તાર નાના વરાછા મહારાણા પ્રતાપ ઉધાનમાં આવેલ તરણકુંડના ગેટ પાસેના ફુટપાથ પરના આંબાના ઝાડ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલા અને તે જગ્યાએથી બોમ્બ મળી આવેલા તેની ફરિયાદ નાગસિંહ મોતીભાઈ ડામોર, પોલીસ સબઈન્સ્પેકટરનાઓએ પોલીસ ઈન્સ્પેકટર કાપોદ્રા પોલીસ સ્ટેશન રૂબરૂ લખાવેલી. આ ફરિયાદીને ફરિયાદપક્ષ

દ્વારા સાહેદ નં.૪૬૫ તરીકે આંક–૨૮૫૨ થી તપાસવામાં આવેલા છે. તેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે તા.૩૦/૭/૨૦૦૮ નાં રોજ કાપોદ્રા પોલીસ સ્ટેશનના નાના વરાછા ચોકી ઉપર પોલીસ સબઇન્સ્પેકટર તરીકે ઈન્ચાર્જમાં હતા તે દરમ્યાન સુરત શહેરમાં દેશી હાથ બનાવટના જીવીત બોમ્બ રોજે રોજ મળી આવેલા હતા જેથી કાયદો અને વ્યવસ્થા જાળવવા ચોકી વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે વખતે સાંજના ૧૭–૪૫ વાગે પી.એસ.ઓ. કરશનભાઈ નાડીયાઓએ ટેલીફોનથી જણાવેલુ કે પોલીસ કન્ટ્રોલ રૂમમાંથી હેડ કોન્સ્ટેબલ દિનેશભાઈએ વર્ધી આપેલી છે કે નાના વરાછા ચોપાટી પાસે આવેલ તરણકુંડની પાસે ઝાડ ઉપર એક બોમ્બ છે તેવી વર્ધી મળતા તાત્કાલિક નાના વરાછા ચોપાટી મહારાણા ઉધાનના તરણકુંડની સામે ફુટપાથ ઉપર આવેલા ત્યાં આંબાના ઝાડ ઉપર એક ડાળી સાથે એક પોપટી કલરનું બોક્ષ લટકાવેલુ હતુ તે જીવંત બોમ્બ હોવાનું શંકાસ્પદ જણાતા પોલીસ ઇન્સ્પેકટર ચાવડાને જાણ કરેલી જેથી તેઓ સ્ટાફના માણસો સાથે આવી ગયેલા તેમણે બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડ તથા એફ.એસ.એલ. અધિકારીઓને જાણ કરીને તેઓને પણ બોલાવી લીધેલા. બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડના ચૌધરી સાહેબ અને એફ.એસ.એલ.ના અધિકારી સી.સી.પટેલ પોતાની ટીમો સાથે આવેલા અને પંચોની હાજરીમાં બોમ્બ નિષ્ક્રિય કરેલ. આ બોમ્બ એક અર્ધ ચંદ્રાકાર બોક્ષમાં હતો, એક છેડે પ્લાસ્ટિકના ખોખાનું પેકેટ તથા બીજા છેડે એલ્યુમિનીયમ પતરાનું જેને લોખંડની ખીલ્લી મારેલી હતી. આ બોક્ષની અંદરથી એક પારદર્શક થેલી નીકળતા તેમાં ઓઈલ મિશ્રિત આશરે એક કીલો વજનના છરા હતા બીજી પ્લાસ્ટિકની કોથળીમાં ચીકણો પદાર્થ મળી આવેલો, એફ.એસ.એલ. ના અધિકારીઓએ ચકાસણી કરતા તે એમોનિયમ નાઈટ્રેટ છે તેમ જણાવેલુ. આ ઉપરાંત એક ઈલેકટ્રીક સરકીટ હતી તેને કાળો અને સફેદ વાયર જોઈન્ટ કરેલ હતો, બે ડીટોનેટર ચીપ તથા નવ વોલ્ટની બેટરી, તા. ૧૧/૬/૨૦૦૮નું ગુજરાત સમાચારનું પેપર, ત્રણ લોખંડના તાર આશરે પંદર ઈંચ જેટલા લાંબા તથા ત્રણ સફેદ વાયરના ટુકડા જે સેલોટેપથી બાંધેલા હતા. આ તમામ મુદ્દામાલ પૃથક્કરણ કરવા સારૂ અલગ–અલગ ડબ્બીઓમાં પેક કરી

પંચનામાની વિગતે કબજે કરવામાં આવેલો. આ સાહેદની રૂબરૂમાં જે પંચનામુ બનાવેલ તે આંક–૨૪૯૧ થી રજૂ છે તેમાં આ સાહેદે બે પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવેલી છે. વધુમાં આ સાહેદે આ બનાવની જે ફરિયાદ આપેલી તે આંક–૨૮૫૩ થી રજૂ છે જેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આ સાહેદે પંચોની હાજરીમાં જે મુદ્દામાલ કબજે કરેલો તે તમામ મુદ્દામાલ અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે. આ સાહેદે એફ.એસ.એલ. અધિકારીને બોલાવવા માટે જે યાદી કરેલી તે આંક–૨૮૫૪ થી રજૂ છે તેમાં પણ આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદ લેનાર મહેન્દ્રસિંહ રતનસિંહ ચાવડાને સાહેદ નં.૧૦૪૯ તરીકે આંક–૭૦૭૯ થી તપાસેલ છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૩૦/૭/૨૦૦૮ ના રોજ તેમના પોલીસ સ્ટેશનની હદમાં આવેલ નાના વરાછા મહારાણા પ્રતાપ ઉધાનમાં આવેલ તરણકુંડના ગેટ પાસેના ફુટપાથ પરના આંબાના ઝાડ ઉપર એક લટકાવેલ બોમ્બ મળી આવેલ તે બાબતની ફરિયાદ પોલીસ સબ ઇન્સ્પેકટર એન.એમ.ડામોરનાઓએ તેમની રૂબરૂ આપેલી જે ફરિયાદ તેઓના લખાવ્યા મુજબની લખી લેવામાં આવેલી અને ફરિયાદમાં ફરિયાદીએ સહી કરેલ રૂબરૂ તરીકે આ સાહેદે સહિ કરેલી, આંક–૨૮૫૩ વાળી ફરિયાદમાં ફરિયાદીની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે. ત્યારબાદ શ્રી એન.એમ.ડામોરની ફરિયાદના આધારે ગુનો રજીસ્ટર કરી મુદ્દામાલ પાવતી ફાડવા બાબતે તથા સ્ટેશન ડાયરીમાં નોંધવા માટે રીપોર્ટ કરેલો તે રીપોર્ટ આ કામે આંક–૧૭૦૦ થી રજૂ છે જેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

વધુમાં આ સાહેદની સરતપાસ પ્રમાણે તા.૩૧/૭/૨૦૦૮ ના રોજ આ ગુનાના કામના ફરિયાદી એન.એમ.ડામોરનાઓ ગુનાવાળી જગ્યા આગળ ચાલી બતાવવા માંગતા હોવાથી બે પંચોને મહારાણા પ્રતાપ ઉધાન પાસે તરણકુંડના ગેટ પાસે બોલાવેલા અને પંચોને હકિકતથી વાકેફ કરેલ અને જેથી પંચ તરીકે રહેવા હા પાડેલી. ત્યારબાદ એન.એમ.ડામોરનાઓએ બતાવેલ

જગ્યાનું પંચનામું પંચનામાની વિગતે કરેલું અને પંચનામું પંચોના જોયા લખાવ્યા મુજબનું લખી લીધેલું અને ત્યારબાદ પંચનામામાં બે પંચોની સહિઓ લીધેલી અને રૂબરૂમાં આ સાહેદે સહિ કરેલી જે પંચનામુ આંક–૨૪૦૨ થી રજૂ છે જેમાં આ સાહેદ બે પંચોની તથા રૂબરૂ તરીકે તેમની સહિઓ ઓળખી બતાવે છે તેમજ આ સાહેદે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલાનું જણાવેલ છે. વધુમાં તા.૪/૮/૨૦૦૮ ના રોજ આ ગુનાના કામે કબ્જે લેવામાં આવેલ વિસ્ફોટક ડીટોનેટર નંગ–૨ ડિફ્યુઝ કરવા માટે પરવાનગી માટે એડી.સિવિલ જજ અને જયુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસનાઓને રીપોર્ટ કરેલો અને ડીટોનેટર ડિફ્યુઝ કરવા વિનંતી કરેલી જે આંક–૫૬૯૬ વાળા રીપોર્ટમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે તેમજ આ ગુનાની તપાસના કામે કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ એફ.એસ.એલ.માં મોકલવા સારૂ રવાનગી નોંધ તૈયાર કરેલ અને તે રવાનગી નોંધમાં જણાવ્યા મુજબનો મુદ્દામાલ સત્તા અંગેનું પ્રમાણપત્ર મેળવી રવાનગી નોંધમાં સીલની લગાવી એફ.એસ.એલ.માં પોલીસ કોન્સ્ટેબલ વિક્રમસિંહ ચંદ્રસિંહ મારફત રવાનગી નોંધની વિગતે મોકલી આપેલ. જે આંક–૫૭૭૧ વાળી રવાનગી નોંધમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે અને એફ.એસ.એલ. દ્વારા આપવામાં આવેલી પહોંચ આંક–૫૭૭૨ થી રજૂ રાખેલ છે.

આમ, આ ફરિયાદ લીધા બાદ સાહેદ મહેન્દ્રસિંહ રતનસિંહ ચાવડાએ ગુનો રજીસ્ટર કરવા માટે પી.એસ.ઓ. કાપોદ્રા પોલીસ સ્ટેશનને મોકલી આપેલી અને પી.એસ.ઓ. કાપોદ્રા પોલીસ સ્ટેશનનાઓએ આ ફરિયાદને સ્ટેશન ડાયરીમાં રજીસ્ટર કરેલી તે સ્ટેશન ડાયરીની નકલ આ કામે આંક–૧૬૯૯ થી રજૂ કરેલી છે તે રજીસ્ટર કરનાર સાહેદ લક્ષ્મણભાઈ હીરાભાઈનાઓને સાહેદ નં. ૩૨૯ તરીકે આંક–૧૬૯૮ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લેતા તેઓ બનાવના દિવસે પી.એસ.ઓ. તરીકે કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં ફરજ ઉપર હતા ત્યારે એક સૂચિપત્ર ચાવડાની સહીથી મોકલવામાં આવેલુ અને ગુનો નોંધેલો અને સ્ટેશન ડાયરી એન્ટ્રી નં.૧૭

આપેલી. આ સાહેદ આંક–૧૭૦૦વાળા સૂચિપત્રમાં ચાવડાની સહી ઓળખી બતાવે છે.

આ કામે ફરિયાદી નાગસિંહ મોતીભાઈ ડામોરની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલી છે તે ધ્યાને લેતા આંક–૨૪૯૧ વાળુ પંચનામુ કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં કરવામાં આવેલાનું કબૂલ કરે છે. ફરિયાદ આપી તે પહેલા જાણતા હતા કે આ બોમ્બ અંગેની જાણકારી તુલશીભાઈ સવાણીએ મોબાઈલ ફોન નં.૯૮૨૪૪૪૧૧૧૬ દ્વારા આપેલાનું કબૂલ કરે છે. જે જાણ કરવામાં આવેલી તેની માહિતી કોગ્નીઝેબલ ગુના સંબંધે હતી તે કબૂલ કરે છે. પંચનામુ થયા બાદ ફરિયાદ લખાવેલાનું કબૂલ કરે છે. ફરિયાદ આપતા પહેલા તમામ ઉચ્ચ અધિકારીઓ ઑફિસમાં હાજર હતા તો તે હકીકત નકારે છે. પેટ્રોલીંગમાં હોવાનો ફરિયાદ સિવાય બીજો કોઈ પુરાવો નથી તે હકીકત નકારે છે. ઉપરી અધિકારીઓના કહેવાથી ફરિયાદ લખાવેલાની હકીકત નકારે છે.

આ કામે ફરિયાદ લેનાર મહેન્દ્રસિંહ રતનસિંહ ચાવડાની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલી છે તે ધ્યાને લેતા આ સાહેદે કાપોદ્રા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આ બનાવ સિવાય બીજા ત્રણ બનાવો બનેલા હતા તે તમામ બનાવોની ફરિયાદ આ સાહેદ લીધેલી છે. કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૧૭૫/૨૦૦૮ના બનાવના સબંધમાં ફરિયાદપક્ષ દ્વારા જે પુરાવા રજૂ થયા છે તે પુરાવા દરમ્યાન આ સાહેદની ઊલટતપાસની હકીકતોનો વિગતવાર ઉલ્લેખ કરેલો છે. આરોપીઓ તરફથી આ સાહેદની કોમન ઊલટતપાસ કરવામાં આવેલી છે જેથી અગાઉ ઊલટતપાસનો વિગતવાર ઉલ્લેખ કરેલ હોવાથી આ બનાવ સંબંધે આ સાહેદની ઊલટતપાસનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

સાહેદ નાગસિંહ મોતીભાઈ ડામોરનાઓએ બે પંચોની હાજરીમાં આંક– ૨૪૯૧ વાળુ ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરી જે મુદ્દામાલ કબજે કરેલો તે પંચનામાના પંચો પૈકીના પંચ લક્ષ્મણભાઈ શામજીભાઈ રફાડીયાને સાહેદ નં. ૪૩૦ તરીકે આંક–૨૪૯૦ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૩૦/૭/૨૦૦૮ નાં રોજ આ સાહેદ પોતાના ઘરે જતા હતા ત્યારે રસ્તામાં

પબ્લીકની સાથે ઉભા રહેલા તે વખતે પોલીસ અધિકારી ડામોર સાહેબે તેઓને બોલાવેલા જેથી આ સાહેદ પોલીસ સ્ટેશનની અંદર ગયેલા ત્યાં બે સાહેબો જાકીટ પહેરીને બેઠેલા હતા. પોલીસ સ્ટેશનમાં બીજા એક પંચ દિનેશભાઈ બેઠેલા હતા. બંને પોલીસે સમજાવેલુ કે તરણકુંડ પાસેના ઝાડ ઉપરથી બોમ્બ મળી આવેલો છે અને તેનુ પંચનામુ કરવાનુ છે. શરૂઆતમાં આ સાહેદે ના પાડેલી પરંતુ ધકકા ખાવા નહીં પડે તેમ પોલીસે જણાવતા પંચમાં રહેવાની હા પાડેલી ત્યાં બે સાહેબોમાં એક પટેલ સાહેબ હતા તેમણે એક અર્ધી હોડી આકારનું લાકડાનું બોક્ષ જે પતરા મારેલુ હતુ તે બતાવેલુ તેને બ્લ્યુ ટેપ પણ મારેલી હતી. પ્લાસ્ટિકની થેલીમાં છરા હતા જે આશરે સવા કીલો હતા. બીજી એક પ્લાસ્ટિકની થેલીમાં ચીકણો પદાર્થ હતો, એક સરકીટ હતી જેને ચાર વાયરો જોડેલા હતા. આ સરકીટ રેડિયોમાં આવે તેવા પ્રકારની હતી તેની ઉપર અંગ્રેજીમાં લખાણ લખેલુ હતુ. અધિકારી સાહેબે નંબરો જોઈને લખેલા. આ ઉપરાંત બે વાયરવાળા ટોટા હતા જેની સાથે છેડા હતા. એક બેટરી જે બે કલરની હતી તેના ઉપર પણ વાયર હતા. એક ગુજરાત સમાચારનું અખબાર હતુ તેમજ વાયરના તાર જીણા જેવા હતા. ટેપના ટુકડા હતા, કાળી પ્લાસ્ટિકની થેલી હતી જેની ઉપર ટેપના કટકા ચોટેલા હતા. આ સામગ્રીમાંથી વજન કરીને લગભગ ૫૦ ગ્રામ જેટલા છરા અને ૫૦ ગ્રામ જેટલો ચીકણો પદાર્થ સેમ્પલ તરીકે અલગ કરેલો, તે બંનેના પેકેટ બનાવી ડબ્બીમાં મુકેલા. બાકીની તમામ વસ્તુઓ પણ કબજે લઈને સીલ કરેલી. લાકડાના બોક્ષને સફેદ કપડામાં વીટી સીલ કરેલુ ત્યારબાદ આઠ થી દસ સહીઓ કરાવી તે ચીઠ્ઠીઓ ચોટાડીને સીલ કરવામાં આવેલ. આ તમામ વસ્તુઓ આ સાહેદની હાજરીમાં કબજે કરવામાં આવેલી તેનુ પંચનામુ બનાવેલુ, જે આંક–૨૪૯૧ વાળા પંચનામામાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવી છે તથા આ સાહેદની હાજરીમાં જે કોઈ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ તે તમામ એક પછી એક કોર્ટમાં ખોલીને બતાવતા તમામ મુદ્દામાલ આ સાહેદે ઓળખી બતાવેલો છે અને મુદ્દામાલમાંથી નીકળેલી પંચ સ્લીપો આંક–૨૪૯૨ થી ૨૪૯૬ સુધી રજૂ

કરેલી છે તે તમામ પંચ સ્લીપો ઉપર આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

હવે આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવી છે તે ધ્યાને લઈએ તો આ સાહેદને ટેલિફોન કરીને બોલાવવામાં આવેલા હોય તેવુ બનેલ નથી. પોલીસ અધિકારીએ સરકીટ ઉપરના નંબર નરી આંખે જોઈને લખાવેલા તે હકીકતનો ઉલ્લેખ પંચનામામાં નથી તે કબૂલ કરે છે. ચીકણો પદાર્થ તથા છરા હાથમાં લઈને જોયેલા. છરા નવા હતા કે જુના તે ચીકાસવાળા હતા કે નહીં તેનો ખ્યાલ આવેલો નહીં. અદાલતમાં બતાવવામાં આવેલા છરા કાટ ખાઈ ગયેલા હતા તે કબૂલ કરે છે. બતાવવામાં આવેલા છરા ખુલ્લા બજારમાં મળે છે તે કબૂલ કરે છે. પંચનામાનો કેટલો ભાગ આ સાહેદને લખાવેલો અને કેટલો ભાગ બીજા પંચ દિનેશભાઈએ લખાવેલો તે ખ્યાલ નથી. કુવામાં ડાર કરવા માટે ટોટો ફોડવામાં આવે છે. ટોટાને કોલસાની ખાણોમાં ફોડવામાં આવે છે. અદાલતમાં બતાવવામાં આવેલા ટોટા બજારમાં મળે છે તો તે હકીકત નકારી છે. આ સાહેદની સમગ્ર ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ અમરેલી જિલ્લામાં રહે છે, અમરેલી જિલ્લામાં પથરાળ જમીન છે, સુરત જિલ્લામાં ખેતી થાય છે, ટીવી અને અખબાર જોવે છે તથા વાંચે છે. પ્રજ્ઞા ઠાકુર અને સ્વામી સચ્ચીદાનંદ બોમ્બ પ્રકરણ સંબંધે પકડાયેલા છે વિગેરે બાબતોના પ્રશ્નો પુછવામાં આવેલા છે પરંતુ તેવા પ્રશ્ન બનાવ સાથે સુસંગત નથી.

હવે તપાસ કરનાર અધિકારીએ ગુનાવાળી જગ્યા ઉપરથી જે મુદ્દામાલ આંક–૨૪૯૧ ના પંચનામાના આધારે કબજે કરેલો તે મુદ્દામાલ રવાનગી નોંધ સાથે એફ.એસ.એલ. ગાંધીનગરને પૃથક્કરણ માટે મોકલી આપેલો. આ રવાનગી નોંધ આ કામે આંક–૫૭૭૧ થી રજૂ કરેલી છે. આ રવાનગી નોંધમાં જણાવ્યા મુજબના કુલ–૫ નમૂના માર્ક એ–૧ થી એ–૪, એ–૬ સુધીના એફ.એસ.એલ. ગાંધીનગરને તપાસ અર્થે મોકલેલા છે. આ રવાનગી નોંધ સાહેદ એમ.આર.ચાવડા, પોલીસ ઇન્સ્પેકટર, કાપોદ્રા પોલીસ સ્ટેશનનાઓએ બનાવેલી અને મદદનીશ પોલીસ કમિશનર એ–ડીવીઝન સુરત

શહેરનાઓના સત્તાના પ્રમાણપત્ર સાથે એફ.એસ.એલ. ગાંધીનગરને મોકલી આપેલી. હવે આ મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારી જાનમહમંદ ફકીર મહંમદ મન્સુરીને સાહેદ નં.૮૪૦ તરીકે આંક–૫૭૦૦થી તપાસેલા છે. એફ.એસ.એલ. દ્વારા મુદ્દામાલ સ્વીકાર્યા અંગેની જે પહોંચ આપવામાં આવેલી તે પહોંચ આ કામે આંક–૫૭૭૨ થી રજૂ કરેલી છે જેમાં મદદનીશ નિયામક એફ.એસ.એલ. ગાંધીનગરનાઓની સહી છે. આ સાહેદની આ ગુના પુરતી સરતપાસ પ્રમાણે તેમના વિભાગના મદદનીશ નિયામકશ્રી દ્વારા તા.૬/૮/૨૦૦૮ ના રોજ કાપોદ્રા પોલીસ સ્ટેશન, સુરત શહેરના સેકન્ડ ગુના રજિસ્ટર નં.૧૮૦/૨૦૦૮ અન્વયેના કેસનો સ્વીકારવામાં આવેલ મુદ્દામાલ પૃથક્કરણ અર્થે મળેલો અને તેની સાથે તેને લગતા કાગળોની ફાઈલ સોંપવામાં આવેલ. આ નમૂનામાં...

– માર્ક એ–૧ અર્ધ ચંદ્રાકાર લાકડાની ફ્રેમવાળુ બોક્ષ
– માર્ક એ–૨ એમોનીયા નાઈટ્રેટ ૫૦ ગ્રામ
– માર્ક એ–૩ લોખંડના છરા ૫૦ ગ્રામ
– માર્ક એ–૪ ટાઈમર સાથેની આઈ.સી.
– માર્ક એ–૬ નવ વોલ્ટની બેટરી

ઉપરોકત નમૂનાઓનું પ્રમાણિત રાસાયણિક અને ઉપકરણીય પધ્ધતિથી પૃથક્કરણ કરેલ હતું અને પૃથક્કરણ મુજબ...

(૧) નમૂના માર્ક એ–૧, એ–૨, એ–૩ માં એમોનિયમ તથા નાઈટ્રેટ મૂલકો અને પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સ ઓઈલ (પેરાફીલ ઓઈલ પ્રકાર)ની હાજરી શોધાયેલ છે.

(૨) નમૂના માર્ક એ–૬ વિસ્ફોટક ઘટકની હાજરી શોધાયેલ નથી.

ઉપરોકત પૃથક્કરણ આધારે સાહેદના અભિપ્રાય મુજબ...

૧. પૃથક્કરણના પરિણામમાં શોધાયેલ એમોનિયમ નાઈટ્રેટ અને પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન ઓઈલનું મિશ્રણએ એમોનિયમ નાઈટ્રેટ બેઝ એમોનિયમ નાઈટ્રેટ–

ફ્યુઅલ ઓઈલ (એનફો) હાઈએક્ષપ્લોઝીવના ઘટકો છે. જેને ફોડવા માટે ડીટોનેટરનો ઉપયોગ થાય છે.

૨. નમૂનાઓમાંથી મળેલ ધાતુના છરાનો ઉપયોગ હાથ બનાવટના બોમ્બમાં મીસાઈલ્સ તરીકે થાય છે.

૩. પૃથક્કરણનું પરિણામ તથા નમૂનાઓમાંથી મળેલ બેટરી, ઈલેક્ટ્રોનીક સરકીટ, છરા તથા હોડી આકારના લાકડાના ધાતુના પતરા તથા પ્લાસ્ટિકની શીટ સાથેના કન્ટેનરના આધારે એવું કહી શકાય કે હોડી આકારના લાક્ડાના ધાતુના પતરા તથા પ્લાસ્ટિકની શીટ ધરાવતા કન્ટેનરમાં એનફો એક્ષપ્લોઝીવ પદાર્થ ભરી, છરા ઉમેરી તથા ડીટોનેટરનો ઉપયોગ કરીને ટાઈમ ડીલે ડીવાઈસ પ્રકારનો આઈ.ઈ.ડી. બોમ્બ બનાવી શકાય.

આ પ્રમાણેનો આ સાહેદે અહેવાલ આપેલો જે આ કામે આંક–૫૭૭૩ થી રજૂ કરેલો છે તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ સાહેદની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી છે. અમદાવાદમાં થયેલ સીરીયલ બોમ્બ બ્લાસ્ટનાં ઘણા બનાવોવાળી જગ્યા ઉપરથી કબજે કરવામાં આવેલ ઘણા મુદ્દામાલનું પૃથક્કરણ તથા સુરત શહેરમાં થયેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં પણ જે તે સ્થળઓ ઉપરથી કબજે કરવામાં આવેલ મુદ્દામાલનું પૃથક્કરણ આ સાહેદે કરેલુ છે. તેઓની ઊલટતપાસ જનરલ અને સામાન્ય છે જેની હકીકત અગાઉના ગુનાઓમાં પણ જણાવેલી છે. આરોપીઓ તરફથી કરવામાં આવેલ ઊલટતપાસ ધ્યાને લેતા એફ.એસ.એલ. કચેરી ગાંધીનગર ખાતે જે કંઈ કામગીરી કરવામાં આવે છે તે બાબતે તેમજ ઑફિસના વહીવટ સંબંધે પ્રશ્નો પુછવામાં આવેલા છે પરંતુ તેથી કરીને આ સાહેદે આ મુદ્દામાલનું પૃથક્કરણ કરેલ નથી તે હકીકત સાબીત થતી નથી. વધુમાં આ સાહેદની વિગતવાર ઊલટતપાસની હકીકત અમદાવાદમાં થયેલ બોમ્બ બ્લાસ્ટના કેસોમાં ચર્ચા કરેલી છે અને આ જજમેન્ટના અન્ય પેરાઓમાં વિગતવાર છણાવટ કરેલી છે.

ત્યારબાદ આ કામે રવાનગી નોંધ આંક–૫૭૭૧ પૈકીના કેટલાક મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારી હિતેશ જયંતિલાલ ત્રિવેદીને સાહેદ નં. ૮૩૫ તરીકે આંક–૫૬૩૧ થી તપાસેલ છે. તેઓની સરતપાસ પ્રમાણે તેઓને તેમના વિભાગના મદદનીશ નિયામકશ્રી દ્વારા કાપોદ્રા પોલીસ સ્ટેશન, સુરત શહેરના સેકન્ડ ગુના રજીસ્ટર નં.૧૮૦/૨૦૦૮ અન્વયેના કેસનો સ્વીકારવામાં આવેલ મુદ્દામાલ પૈકીનો અમુક મુદ્દામાલ પૃથક્કરણ અર્થે મળેલો જે મુદ્દામાલ મળેલો તે પૈકી કુલ–ત્રણ પાર્સલો માર્ક એ–૩, એ–૬ વિભાગીય સીલબંધ સાથે તથા માર્ક એ–૪ મૂળ સીલ સાથે આ સાહેદના ભૌતિક શાસ્ત્ર વિભાગને ઈન્ટર ફોરવર્ડીંગ પત્ર સાથે મળેલો. સદરહુ કામના મુદ્દામાલનું પૃથક્કરણ વૈજ્ઞાનિક પધ્ધતિએ કરેલ હતું અને પૃથક્કરણ મુજબ...

૧. નમૂના એ/૩ ના ધાતુના છરાનુ ભૌતિકીય તથા EDXRF યંત્રમાં ધાતુ તત્વોની હાજરી અંગેનુ પરીક્ષણો કરેલ.

૨. નમૂના એ/૪ ની ઇલેકટ્રોનીક સરકીટના PCB (Printed Circuit Board) મા જોવા મળતા કનેકશન અનુસાર Schematic Diagram તૈયાર કરવામાં આવ્યો.

૩. નમૂના એ/૪ ની સરકીટમાં રહેલ PIC 16F628A માઇક્રોકન્ટ્રોલર IC નું EPROM READER હાર્ડવેર તથા સોફ્ટવેર પ્રોગ્રામની મદદથી તેમાં રહેલ પ્રોગ્રામ રીડ કરવા માટે પ્રયત્ન કરવામાં આવ્યો.

૪. નમૂના એ/૪ ની સરકીટને બેટરી સાથે જોડાણ કરી તેનાં વિવિધ જોડાણો પાસે મળતા વોલ્ટેજ મલ્ટિમીટર વડે તથા COB (Clock On Board) સરકીટ દ્વારા મળતા પલ્સની Frequency ઓસીલોસ્કોપની મદદથી માપવામાં આવ્યા.

૫. નમૂના એ/૪ ની ઇલેકટ્રોનીક સરકીટને બેટરી સાથે જોડી સદર સરકીટનો ટ્રીગરીંગ ટ્રાન્ઝીસ્ટર કેટલા સમયબાદ ટ્રીગર થાય છે તે સ્ટોપવોચની મદદથી તે પ્રાયોગીક પધ્ધતિથી માપવામાં આવ્યુ.

૬. નમૂના એ/૬ ની બેટરીનુ મલ્ટિમીટર વડે તેના વોલ્ટેજનું માપન કરવામાં આવ્યુ.

ઉપરોકત પૃથક્કરણ આધારે સાહેદના અભિપ્રાય મુજબ...

૧. નમૂના એ/૩ ના છરામાં મુખ્ય ધાતુ તરીકે આર્યન (Iron) ની હાજરી જોવા મળેલ.

૨. નમૂના એ/૩ છરાને બોમ્બ બનાવવાની રચનામાં પ્રોજેકટાઇલ તરીકે ઉપયોગમાં લઇ શકાય.

૩. નમૂના એ/૪ ની સરકીટ મુખ્યત્વે PIC 16F628A પ્રોગ્રામેબલ ફલેશ પ્રકારની IC, COB (Clock On Board), ટ્રીગરીંગ ટ્રાન્સીસ્ટર 2SC1162, ઝેનર ડાયોડ, રેસીસટન્સ, કેપેસીટર્સ વગેરેની બનેલી હતી.

૪. નમૂના એ/૪ ની સરકીટમાં રહેલ PIC 16F628A ઇલેકટ્રીકલ પ્રોગ્રામેબલ ફલેશ પ્રકારની IC નું EPROM READER હાર્ડવેર તથા સોફટવેર પ્રોગ્રામની મદદથી રીડ કરતા સદર IC "કોડ પ્રોટેકટેડ" હોવાનુ જણાયેલ.

૫. નમૂના એ/૪ ની સરકીટમાં રહેલ COB (Clock On Board) ૦.૫ હર્ટઝની ફ્રીકવન્સી જનરેટ કરે છે જે માઇક્રોકન્ટ્રોલરની પીન નં.૩ ઉપર આપે છે.

૬. નમૂના એ/૪ ની ઇલેકટ્રોનિક સરકીટને બેટરી સાથે જોડી ચકાસતા તેના દરેક ઇલેકટ્રોનીક કમ્પોનન્ટસ ચાલુ સ્થિતિમાં (Working Condition)મા જણાયા.

૭. નમૂના એ/૪ ની ઇલેકટ્રોનીક સરકીટને બેટરી સાથે જોડી પ્રાયોગીક રીતે અવલોકન કરતા સદર સરકીટનો ટ્રીગરીંગ ટ્રાન્ઝીસ્ટર (2SC1162) ના આઉટપુટ પર વીજપ્રવાહ મળતો હોવાનું જણાયેલ. સદર સરકીટનો ઉપયોગ બોમ્બ બનાવવાની રચનામાં ટાઇમર ડીવાઇસ તરીકે કરી શકાય.

૮. નમૂના એ/૪ ની ઇલેકટ્રોનીક સરકીટને બેટરી સાથે જોડાયા બાદ પ્રાયોગીક રીતે અવલોકન કરતા સદર સરકીટનો ટ્રીગરીંગ ટ્રાન્ઝીસ્ટર (2SC1162) આશરે ૨૪ કલાકના સમયગાળા બાદ ટ્રીફર થતો જોવા મળેલ.

૧૦. નમૂના એ/૬ ની બેટરી આઉટપુટ વોલ્ટેજ અનુક્રમે આશરે ૮.૩ વોલ્ટ હતા. સદર બેટરીનો નમૂના એ/૪ ની ઈલેકટ્રોનીક સરકીટને વીજપ્રવાહ પુરો પાડવા માટે ઉપયોગમાં લઈ શકાય.

ઉપરોકત પૃથક્કરણના આધારે આ સાહેદે જે અહેવાલ આપેલો તે આ કામે આંક–૫૬૫૭ થી રજૂ કરેલો છે તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ સાહેદની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી છે આ સાહેદે સુરત શહેરમાં બનેલા કુલ–૧૫ બનાવોમાં જે મુદ્દામાલ કબજે કરવામાં આવેલો તે તમામ બનાવોના મુદ્દામાલોનું પૃથક્કરણ કરેલુ છે અને આરોપીઓ તરફથી કોઈ ચોકકસ ગુના માટે ઊલટતપાસ કરવામાં આવેલી નથી પરંતુ જનરલ ઊલટતપાસ કરવામાં આવેલી છે. આ સાહેદે ઊલટતપાસમાં જણાવેલી હકીકતો મહિધરપુરા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૨૦૯/૨૦૦૮ ના કામના બનાવ સંબંધે રજૂ કરેલ પુરાવામાં વિગતવાર ચર્ચા કરેલી છે માટે ઊલટતપાસની હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષે ડૉ.અનુજકુમાર શિવપ્રસાદ શ્રીવાસ્તવનાઓને સાહેદ નં.૮૩૯ તરીકે આંક–૫૬૯૨ થી તપાસેલ છે. તેઓની સરતપાસ પ્રમાણે તેઓ સને–૨૦૦૭ થી ૨૦૧૦ સુધી ડેપ્યુટી ચીફ કન્ટ્રોલર ઓફ એક્ષપ્લોઝીવની ઑફિસમાં ડેપ્યુટી કન્ટ્રોલર ઓફ એક્ષપ્લોઝીવ તરીકે ફરજ બજાવતા હતા. આ અરસામાં તેમની ઑફિસ બરોડા ખાતે હતી. તા.૧/૧/૨૦૦૯ નો મદદનીશ પોલીસ કમિશનર, સી–ડીવીઝન, સુરત શહેર તરફથી તેમની ઑફિસમાં એક પત્ર કે જે જીવતા ડીટોનેટરને ડીફ્યુસ કરવા માટે હતો તે તેમની ઑફિસને તા.૨/૧/૨૦૦૯ ના રોજ મળેલ અને તે ડેપ્યુટી ચીફ કન્ટ્રોલર એમ.આઈ.એઝ.અન્સારીનાઓએ સ્વીકારેલો જે આંક–૫૬૯૩ થી રજૂ છે તેમાં આ સાહેદ અન્સારીની સહી ઓળખી બતાવે છે. આ ફેકસ મેસેજ મળ્યા પછી તેમની ઑફિસના ડેપ્યુટી ચીફ કન્ટ્રોલર ઓફ એક્ષપ્લોઝીવ, શ્રી આર. સી. કૌલ નાઓએ મદદનીશ પોલીસ કમિશનર, સી–ડીવીઝન, સુરતનાઓને પત્ર લખી

જાણ કરેલ કે કબજે કરવામાં આવેલ એક્ષપ્લોઝીવસને આઈસોલેટેડ રૂમમાં રાખવામાં આવે વિગેરે સુચના આપવામાં આવેલી તે મુજબનો જે પત્ર લખેલો તે આંક–૫૬૯૪ થી રજૂ છે. સાહેદ વધુમાં જણાવે છે કે મદદનીશ પોલીસ કમિશનર, સી–ડીવીઝન, સુરત શહેર તરફથી મેળવવામાં આવેલ એડીશ્નલ સીવીલ જજ અને જે.એમ.એફ.સી.સાહેબના હુકમની નકલ મોકલવામાં આવેલી જે આંક–૫૬૯૬ થી રજૂ છે. ત્યારબાદ તા.૬/૨/૨૦૦૯ ના રોજ કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં ગયેલા ત્યાં તેમની સમક્ષ એક અનસીલ પ્લાસ્ટિક કન્ટેનર બી.એમ. દેસાઈ, પોલીસ ઈન્સ્પેક્ટર, કાપોદ્રા, સુરતનાઓએ તપાસણી માટે રજૂ કરેલા. આ પ્લાસ્ટિક કન્ટેનરમાં બે મેટાલીક ટયુબ હતી તે દરેક મેટાલીક ટયુબ ૪૮ એમ. એમ. લંબાઈ અને ૬ એમ. એમ. વ્યાસ ધરાવતી હતી તેનો એક ભાગ બંધ હતો અને તેનું તળીયુ સપાટ હતું જેની નીચેના ભાગમાં ગ્રે કલરનું મટીરીયલ ભરેલું હતું. આ દરેક મેટાલીક ટયુબના ભાગ ઉપર સફેદ કલરનો પ્લગ હતો જેમાં બે સફેદ વાયર આશરે ૦૫ સે.મી.ના હતા. જે દરેક વાયરનો એક છેડો બહાર નીકળતો હતો અને ટયુબનો બીજો ભાગ બંધ હતો. આ પ્લગ ઉપર RECL–6 માર્ક જોવા મળેલ હતાં. તેમની આ તપાસ ઉપરથી એવા તારણ ઉપર આવેલ કે આ દરેક મેટાલીક ટયુબ જે હતી તે ઈલેક્ટ્રીક ડીટોનેટર હતો જેથી તેનો નાશ કરવામાં આવેલો. આ અંગેના વિગતવારના રીપોર્ટ આંક–૫૬૯૭ મા આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આ ઉપરાંત આ સાહેદની ઑફિસમા પત્ર તથા એફ.આઈ.આર.ની નકલ જે મળેલી તે આ કામે આંક–૫૬૯૫ થી રજૂ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા પોલીસ સ્ટેશને ગયા ત્યારે ડીટોનેટરને કઈ સ્થિતિમાં રાખવામાં આવેલા તેની નોંધ કરેલી ન હતી. કચેરીમાં ઈનવર્ડ આઉટવર્ડ પત્રની કાર્યવાહી અનુસરવામાં આવે છે . આંક–૫૬૯૩, ૫૬૯૫ વાળા પત્રોમાં ઈનવર્ડ નંબર નથી તે કબૂલ કરે છે. ડીટોનેટરની તપાસ અને નાશ કરવાની કાર્યવાહી પોલીસ સ્ટેશનમાં નહીં પરંતુ બહાર કરવામાં આવેલી તે કબૂલ કરે છે. આ કાર્યવાહી વખતે આ સાહેદ તથા પોલીસ સિવાય બીજુ કોઈ હાજર હતુ નહીં. ડીટોનેટરને નાશ કર્યા પછી તેનો કોઈ ભાગ લઈ

ગયેલા નથી. ડીટોનેટર સંબંધે આ સાહેદની ઑફિસ દ્વારા નાશ થયા બાદ વધુ કોઈ તપાસ કરવામાં આવેલી નથી.

ત્યારબાદ આ કામે તપાસ કરનાર અધિકારીશ્રી એન.બી.પરમાર મદદનીશ પોલીસ કમિશનરે બનાવવાળી જગ્યા ઉપર નકશો બનાવવા માટે મામલતદાર, સુરત શહેરને એક યાદી લખેલી જે યાદી આ કામે આંક–૭૫૬૭ થી રજૂ કરેલી છે અને નાયબ પોલીસ અધીક્ષકશ્રી એન.બી.પરમારનાઓને સાહેદ નં.૧૧૫૪ તરીકે તપાસેલ છે તેઓએ તેઓની જુબાનીમાં યાદીમાં તેમની સહી ઓળખી બતાવેલી છે.

આંક–૭૫૬૭ વાળી યાદીના આધારે સર્કલ ઓફિસર હિતેન્દ્રકુમાર ગુલાબભાઈ નાયકનાઓએ ગુનાવાળી જગ્યા ઉપર જઈ નકશો બનાવેલો તેઓને આ કામે સાહેદ નં.૧૦૮૭ તરીકે આંક–૭૫૫૭ થી તપાસેલા છે. તેમની સરતપાસ પ્રમાણે તેઓને તપાસ કરનાર અધિકારીશ્રી એન.બી.પરમાર દ્વારા કાપોદ્રા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાના વરાછા મહારાણા પ્રતાપ ઉધાનમાં આવેલ તરણકુંડના ગેટ પાસેના ફુટપાથ પરના આંબાના ઝાડ ઉપર બોમ્બ બ્લાસ્ટના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલો તે જગ્યા ઉપર જઈ નકશો બનાવવા માટેની યાદી મળેલી તે આંક–૭૫૬૭ ની યાદી મળ્યા બાબતે યાદી ઉપર તેમણે પોતાની સહી ઓળખી બતાવી છે અને તે યાદીના આધારે સ્થળ ઉપર જઈ નકશો બનાવેલો તે નકશો આ કામે આંક–૭૫૬૮ થી રજૂ કરેલો છે. જેમા આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. સદર નકશામાં જે જગ્યાએથી બોમ્બ મળી આવેલો તે જગ્યા લાલ કલરથી બતાવેલી છે.

આ સાહેદની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી છે તે ધ્યાને લેતા આ સાહેદે સુરત બોમ્બ પ્લાન્ટેશનના બનાવોવાળી જગ્યાઓનું નિરીક્ષણ કરીને નકશાઓ બનાવેલા છે. આ સાહેદની ઊલટતપાસ આરોપીઓ તરફથી કોઈ ચોકકસ ગુના સબંધે કરેલ નથી પરંતુ તમામ બનાવો સંબંધે સંયુકત ઊલટતપાસ કરેલ છે. આ સાહેદે ઊલટતપાસમાં જણાવેલી હકીકતોની ચર્ચા સુરત શહેરના મહિધરપુરા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર

નં.૨૦૯/૨૦૦૮ ના બનાવના કામે આ ચુકાદામાં જે પુરાવા રજૂ થયેલા છે તે દરમ્યાન વિગતવાર કરવામાં આવેલી છે જેથી ઊલટતપાસની હકીકતનું પુનરાવર્તન કરવામાં આવેલ નથી.

(૬૧.૦૧) **<u>કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૧૮૦/૨૦૦૮ ના કામે બનાવ નં.૪ ને સમર્થન માટે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકનઃ–</u>**

કાપોદ્રા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાના વરાછા મહારાણા પ્રતાપ ઉદ્યાનમાં આવેલ તરણકુંડના ગેટ પાસેના ફુટપાથ પરના આંબાના ઝાડ ઉપર બોમ્બ બ્લાસ્ટના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલ છે તે માટે ફરિયાદપક્ષ દ્વારા સાહેદ રામવિનોદસિંહ રામવિરસિંહ રાજપુતને સાહેદ નં.૪૨૨ તરીકે આંક–૨૩૮૪ થી તપાસેલાં છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તા.૩૧/૭/૨૦૦૮ ના રોજ કાપોદ્રા પોલીસ સ્ટેશનના પોલીસે ફરીથી બોલાવેલા. તેઓને નાના વરાછા મહારાણા પ્રતાપ ઉદ્યાન પાસે મહાનગરપાલિકા વરાછાના તરણકુંડ ગેટ પાસે બોલાવેલા. તે વખતે એક જીતેન્દ્રસિંહ રાજપુતને પણ પોલીસે બોલાવેલા હતા ત્યાં હાજર ચાવડા સાહેબે પોતાની ઓળખાણ આપેલી અને જણાવેલુ કે પંચનામુ કરવાનું છે તો તમે પંચમાં રહેશો ? તો આ સાહેદ તથા જીતેન્દ્રસિંહે હા પાડેલી. આ જગ્યા ઉપર ફરિયાદ આપનાર ડામોર પણ હતા તેમણે જગ્યા બતાવેલી. આ જગ્યા તરણકુંડના મેઈન ગેટને અડીને આવેલ ફૂટપાથ ઉપર એક આંબાનું ઝાડ આવેલ છે તે હતી. આ ઝાડને ચાર થડ હતા તે પાંચ ફૂટની ઉંચાઈએથી કાપેલા હતા. આ ઝાડ ઉપર વીસ ફૂટની ઉંચાઈએ બોમ્બ બાંધેલો હોવાનું પોલીસ અધિકારીએ જણાવેલુ. આંબાના ઝાડથી બે ફૂટના અંતરે તરણકુંડના કમ્પાઉન્ડની દિવાલ હતી ત્યાંથી વીસેક ફૂટના અંતરે વોચમેનનો રૂમ હતો, વોચમેનના રૂમની બાજુમાં એસ.એમ.સી.ની ખાણીપીણીની દુકાનો આવેલી છે. આ જગ્યાનું પંચનામુ બનાવેલુ જે આંક–૨૪૦૨ વાળા પંચનામામાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા બનાવના દિવસે આ સાહેદ રીક્ષા લઈને નીકળેલા હતા. પેસેન્જરને પાણીની

ટાંકી પાસે ઉતારેલા અને નાના વરાછા તરફ ખાલી રીક્ષા લઈ જતા હતા ત્યાં દશેક માણસો હતા તે પૈકી પાંચેક માણસો પોલીસના હતા. ગાર્ડન પાાસે ખાણીપીણીની આંઠેક દુકાનો હતી તે બંધ હતી. આ સાહેદના રહેણાંકના મકાનથી મહારાણા પ્રતાપ ગાર્ડન બે–અઢી કી.મી.ના અંતરે છે. આ ચાવડા સાહેબે સત્તાવીસમી તારીખે તૈયાર કરેલા પંચનામામાં પણ પંચ તરીકે રાખેલા હતા. જે જગ્યાએ બોમ્બ લટકાવેલો હતો ત્યાં બીજી કોઈ નિશાની જોવા મળેલી નહીં. બાતમી એટલે શું તે જાણતા નથી તો તે હકીકત નકારી છે. ઘાતક શસ્ત્રો સંબંધે કોઈ અભ્યાસ કરેલો નથી. અગાઉ કયારેય બોમ્બ જોયેલા નથી. આ સાહેદની સમગ્ર ઊલટતપાસ ધ્યાને લેતા સુરત ખાતે બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બીજા બનાવોમાં પણ આ સાહેદ પંચ તરીકે રહેલા છે જેથી આરોપીઓ તરફથી આ સાહેદની જનરલ ઊલટતપાસ થયેલી છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી જગદીશભાઈ રમણભાઈ પટેલને સાહેદ નં.૫૪૮ તરીકે આંક–૩૦૦૮ થી તપાસેલાં છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદ જુલાઈ–૨૦૦૮ના અરસામાં નાના વરાછા તરણ કુંડના ગેટ પાસે સતાધાર પાનના ગલ્લાની પાસે આંબાના ઝાડ પાસે સીંગની લારી રાખીને સીંગનો ધંધો કરતા હતા. તા.૩૦/૭/૨૦૦૮ ના રોજ લારી ઉપર આશરે બે અઢી વાગ્યાની આસપાસ એક વ્યકિત તેમની લારીએ સીંગ લેવા માટે આવેલાં ત્યારબાદ તે આંબા પાસે બેસતાં તેણે ઉપર જોયું તો બોમ્બ હતો. આ બોમ્બ આંબાના ઝાડ ઉપર બાંધેલો હતો. ત્યારબાદ તે વ્યકિતએ ૧૦૦ નંબર ઉપર ફોન કરેલો. ત્યારબાદ અડધો કલાકમાં પોલીસવાળા આવ્યાં અને પબ્લિકના માણસો ભેગા થઇ ગયેલાં, પોલીસે આવીને ત્યાં પબ્લિકને હટાવેલી અને બોમ્બ ફેઇલ કરવા માટે ભાઇઓ આવેલાં. બોમ્બ ફેઇલ કરવાવાળા સ્થળ ઉપર આવી ઝાડ ઉપરથી બોમ્બ ઉતાર્યા બાદ તેને સ્થળ ઉપર ખોલવામાં આવેલો અને આ ખુલેલી વસ્તુઓ લઇને ત્યાંથી નીકળી ગયેલાં તેમ જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા જે બોમ્બ જોયેલો તે અગાઉ કયારેય જોયેલો નથી. આ બોમ્બ આ સાહેદની લારીથી આશરે પંદરેક ફુટની ઉંચાઈએ હતો. ઝાડ નીચે

બેઠેલા માણસે બોમ્બ લટકતો હતો તેવુ કહેલુ. બોમ્બ ઉતારવાની કાર્યવાહી વખતે દુર ઉભેલા હતા. બોમ્બ ખોલવા સબંધે કરવામાં આવેલી કાર્યવાહી અને ચીજવસ્તુઓ જોયેલી નહીં તો તે હકીકત કબૂલે છે. સ્થળ ઉપર ઉભેલી પબ્લીકના માણસો સાથે પોલીસે પુછપરછ કરેલી નહીં. બનાવના દિવસે પોલીસ આવેલી નથી તે હકીકત નકારે છે. લારી પાસે કોઈ બોમ્બ મળી આવેલો નથી કે સ્થળ ઉપર કોઈ કાર્યવાહી થયેલી નથી તો તે હકીકત નકારે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી કાનજીભાઈ ઝવેરભાઈ બેલડીયાને સાહેદ નં.૫૫૯ તરીકે આંક–૩૦૨૬ થી તપાસેલાં છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદ જુલાઈ–૨૦૦૮ના અરસામાં વરાછા વિસ્તારમાં એવરેસ્ટ ફાસ્ટ ફુડના નામે મહારાણા શોપીંગ સેન્ટરમાં ખાણીપીણીની દુકાન ચલાવતા હતા. તા.૩૦/૭/૨૦૦૮ના રોજ સાંજના છએક વાગ્યાના સમયે દુકાન પાસે હાજર હતા ત્યારે દુકાન પાસે તરણકુંડના ગેટની બાજુમાં આવેલ આંબાના ઝાડ પાસે લોકો ભેગા થયેલાં અને જોતાં હતા જેથી ત્યાં ગયેલા ત્યાં પોલીસ પણ જોયેલ. આ આંબાના ઝાડની ડાળ ઉપર એક પોપટી કલરનું બોક્ષ બાંધેલું જોયેલું. ત્યાં હાજર પોલીસના માણસોએ વિસ્તાર કોર્ડન કરેલ. આ સ્થળે બોમ્બ ડિસ્પોઝના માણસો પણ આવી ગયેલાં તેઓએ આ પોપટી કલરનું બોક્ષ નીચે ઉતારતાં તે બોક્ષમાં બોમ્બ વિસ્ફોટક પદાર્થ મળતાં તે આ લોકોએ નિષ્ક્રીય કરેલ અને તે પછી આ લોકો આ ચીજવસ્તુઓ લઇને તે સ્થળેથી નીકળી ગયેલાં તેમ જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા આ સાહેદની દુકાન તરણકુંડથી આશરે ૬૦–૭૦ ફુટ દુર છે. સ્થળ ઉપર પહોચ્યા તે પહેલા ઘણા લોકો ભેગા થયેલા હતા. ઝાડની ડાળી ઉપર પ્લાસ્ટિકની થેલી આ સાહેદે જોયેલી નથી, પરંતુ સાહેદ જણાવે છે કે પોપટી કલરનું બોક્ષ હતુ. પોલીસ આવ્યા બાદ બધાને દુર હટાવેલા. પોલીસે બોમ્બને નીચે ઉતારી તેના વાયરો કાપેલા ત્યારપછી શું કાર્યવાહી થઈ તે આ સાહેદ જાણતા નથી. આંબાના ઝાડ ઉપર આવી કોઈ વસ્તુ હતી નહીં તો તે હકીકત નકારે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી કુલદીપ રામસેવક રાવતને સાહેદ નં.૫૬૬ તરીકે આંક–૩૦૩૮ થી તપાસેલાં છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદ જુલાઈ–૨૦૦૮મા કાનજીભાઈની એવરેસ્ટ ફાસ્ટફુડની દુકાનમાં કારીગર તરીકે નોકરી કરતા હતા. તા.૩૦/૭/૨૦૦૮ નાં રોજ સાંજના સમયે બીજા કારીગરો સાથે દુકાને કામ કરતા હતા ત્યારે દુકાન પાસે તરણકુંડના ગેટની બાજુમાં આવેલ આંબાના ઝાડ પાસે લોકો ભેગા થયેલા હોય તેથી બધા તે આંબાના ઝાડ પાસે ગયેલાં. આ આંબાની ઝાડની ડાળ સાથે એક પોપટી કલરનું બોક્ષ બાંધેલું જે બોમ્બ જેવું દેખાતું જોયેલું. આ સ્થળે પોલીસ આવેલી અને આ જગ્યાએથી લોકોને દુર કરી જગ્યા કોર્ડન કરેલી થોડીવારમાં બોમ્બ ડીસ્પોઝલનાં માણસો પણ આવેલાં તે લોકોએ આ પોપટી કલરનું બોક્ષ નીચે ઉતારી તેમાંથી મળેલ બોમ્બ નિષ્ક્રીય કરેલ અને પોલીસના માણસો આ બધી ચીજવસ્તુઓ લઇ ગયેલાનું જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા બોમ્બ કેવી રીતે બને છે અને તેના કેવા પ્રકાર હોય છે તેની ખબર નથી. બોમ્બ હોવાની જાહેરાત આ સાહેદે કરેલી નથી તે કબૂલ કરે છે. બનાવ સ્થળથી આશરે ૪૦ ફુટ દુર આ સાહેદ ઉભેલા હતા. પોલીસ આવ્યા બાદ ૨૦–૨૫ મિનિટ પછી બોમ્બ ડીફ્યુઝ ટીમ આવેલી. પોલીસે આવીને લોકોને દુર કરેલા અને જગ્યા કોર્ડન કરેલી તે હકીકત કબૂલ કરે છે. બનાવ સ્થળે ગયેલા નથી કે ત્યાં આવી કોઈ કાર્યવાહી થતી જોયેલી નથી તો તે હકીકત નકારે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી રાઘવભાઈ રામજીભાઈ સોજીત્રાને સાહેદ નં.૬૦૪ તરીકે આંક–૩૨૪૦ થી તપાસેલાં છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદ મહારાણા પ્રતાપ ઉધાન, નાના વરાછા, સુરત મુકામે આવેલ તરણકુંડની સામેના રોડની સાઇડ ઉપર મોણપરા પંજાબી ઢાબા ચલાવતા હતા. તા.૩૦/૭/૨૦૦૮ ના રોજ ધંધા ઉપર હતા ત્યારે સાંજના આશરે સાડા પાંચ વાગ્યાની આસપાસ ઢાબાની સામે આવેલ તરણકુંડના ગેટ પાસે લોકો ભેગા થયેલા હતાં ત્યાં પોલીસ પણ આવી ગયેલી ત્યાં જોવા માટે ગયેલા. તરણકુંડની ગેટની બાજુમાં ફુટપાથ ઉપર આવેલા આંબાના ઝાડ ઉપર

એક પોપટી કલરની કોથળીમાં બાંધેલ બોમ્બ હતો ત્યાં ઘણા માણસો ભેગા થઇ ગયેલા હતાં તેમને પોલીસે દુર કરેલાં. પોલીસે ત્યાં બીજા અધિકારીઓને બોલાવેલા તેઓએ આ બોમ્બ ઉતારવાની કામગીરી કરેલી અને બીજી કામગીરી થયેલી તે જોયેલી અને પોલીસે બોમ્બને નિષ્ક્રિય કરેલો તેમ જણાવે છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા બોમ્બ સંબંધે સ્વેચ્છાએ પોલીસમાં કોઈ જાહેરાત કરેલી નથી. બનાવ સ્થળથી કેટલા દુર આ સાહેદ ઉભા રહેલા તે કહી શકે તેમ નથી. બોમ્બ સંબંધે પોલીસ શું કાર્યવાહી કરતી હતી તેની જાત માહિતી નથી. બોમ્બ સંબંધે કોઈ કાર્યવાહી જોયેલી નથી અને ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી મુન્નાભાઈ બંસીધર મિશ્રાને સાહેદ નં.૬૨૩ તરીકે આંક–૩૨૬૪ થી તપાસેલાં છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદ જુલાઇ–૨૦૦૮ના આઠેક માસ પહેલાંથી ક્રિષ્ના સિકયોરીટી સર્વિસ નામની સીકયોરીટી ચલાવતી એજન્સીમાં વોચમેન તરીકે કામ કરતા હતા. તે સમય દરમ્યાન નાના વરાછા વિસ્તારમાં આવેલ મહારાણા પ્રતાપ ઉધાન પર ફરજ ઉપર મુકવામાં આવેલ હતા. તા.૩૦/૭/૨૦૦૮ ના રોજ સાથેના વોચમેન રીબુદામનસીંગનાઓ સાથે નોકરી પર આવેલા. આશરે સાડા પાંચ પોણા છ વાગ્યાની આસપાસ મહારાણા પ્રતાપ ઉધાનની બાજુમાં આવેલ તરણકુંડ પાસેના આંબાના ઝાડ પાસે લોકો ભેગા થયેલાં જેથી તેઓ ત્યાં ગયેલાં, પબ્લિકના માણસોને પુછતાં આંબાના ઝાડ ઉપર બોમ્બ હોવાનું જાણેલું ત્યારબાદ ત્યાં જોયેલું તો આંબાના ઝાડની ડાળ સાથે પોપટી કલરના પ્લાસ્ટિકમાં બોમ્બ બાંધેલો હતો. ત્યાં ટોળામાંથી કોઇએ પોલીસને ફોન કરેલો હતો જેથી પોલીસ આવી ગયેલ. પોલીસ આવ્યા પછી ત્યાં આંબાના ઝાડને કોર્ડન કરી દીધેલ. પોલીસે બોમ્બને નિષ્ક્રીય કરવાવાળા સાહેબોને પણ બોલાવેલાં. ઝાડ ઉપરથી બોમ્બ ઉતારવામાં આવેલો અને બોમ્બને નિષ્ક્રીય કરવામાં આવેલો અને બોમ્બ નિષ્ક્રીય કર્યા પછી તે સામગ્રી સાથે લઇ ગયેલ તેમ જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી તુલસીભાઈ સવજીભાઈ સવાણીને સાહેદ નં.૬૨૭ તરીકે આંક–૩૨૬૯ થી તપાસેલાં છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદ જુલાઈ–૨૦૦૮ના અરસામાં મીની બજાર, વરાછા રોડ ખાતે હીરાની દલાલી કરતા હતા. તે સમયે મોબાઈલ નં.૯૮૨૪૪૪૧૧૧૬ હતો. તા.૩૦/૭/૨૦૦૮ ના રોજ નવો ફલેટ કે જે વ્રજભુમિ ટાઉનશીપમાં આવેલ હતો તેનું કામ ચાલતું હોવાથી સાંજના આશરે સવા પાંચેક વાગ્યાની આસપાસ મોટર સાઈકલ લઈને ત્યાં જવા નીકળેલા. આ દરમ્યાન ત્યાં વચ્ચે તરણકુંડ કે જે મહારાણા પ્રતાપ ઉધાનનું બોર્ડ વાંચતા ત્યાં તરણકુંડમાં જવા અંગેનું માહિતી પત્રક લેવા ગયેલા ત્યાં તરણકુંડના વોચમેન હાજર હતાં. તેઓને ટાઈમ ટેબલ બાબતે પુછતાં તેઓએ જણાવેલ કે અત્યારે ઑફિસ બંધ થઈ ગઈ છે. સવારે આવજો તેથી ગેટ પરથી પાછા વળેલા. તે વખતે વરસાદના છાંટા શરૂ હતાં. ત્યાં નજીકમાં આવેલ ઝાડ નીચે ગયેલા ત્યાં એક સીંગવાળો હતો. મોબાઈલ પ્લાસ્ટિકની કોથળીમાં મુકવા બહાર કાઢેલો અને કેવા છાંટા આવે છે તેવું જોવા નજર ઉંચે કરતાં તે આંબાના ઝાડ ઉપર કાંઈક લટકાવેલું જોવા મળેલું તેથી ફરીથી ધ્યાનપૂર્વક જોતાં એક પોપટી કલરના ઝભલા જેવું દેખાયેલું. ત્યારપછી વિચાર આવેલો કે આવા કલરના બોમ્બ સુરતમાંથી મળ્યાનું ટી.વી.માં બતાવતાં હતાં તેથી આ બોમ્બ હશે તેવું વિચારી સાંજના આશરે સાડા પાંચની આસપાસ સો નંબર ઉપર પોલીસ કન્ટ્રોલમાં ફોન કરેલો અને જાણ કરેલી જેથી ત્યાં પોલીસ આવી ગયેલી. ઝાડ ફરતે પોલીસે કોર્ડન કરી દીધેલ. આ વખતે લોકોના માણસો ભેગા થઈ ગયેલા હતાં. પોલીસ અને મીડીયાના માણસો પણ આવી ગયેલાં ત્યાં બોમ્બ નિષ્ક્રીય કરવાવાળા માણસો આવેલાં અને પોલીસે આગળની કાર્યવાહી કરેલી તેમ જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા સુરત શહેરમાં બીજા બોમ્બ મળી આવ્યા સબંધે કોઈની સાથે વાતચીત થયેલી નથી. બોમ્બ કેવા હતા તેની જાણકારી નથી તે કબૂલ કરે છે. ઝાડને પોલીસે કોર્ડન કરેલુ, બનાવ સ્થળે એકાદ કલાક રોકાયેલાનું જણાવે છે. પોલીસે જે કાર્યવાહી કરેલી તે બધા લોકોએ જોયેલી. પોલીસે બોમ્બને નીચે ઉતારી

ડીસમીસથી કાંઈક કરેલુ અને તરત જ સામગ્રી લઈ ગયેલા. સ્થળ ઉપરથી બોમ્બ મળી આવેલ નથી કે કોઈ કામગીરી જોયેલ નથી તો તે હકીકત નકારે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી મુકેશ દશરથપ્રતાપ દહીંયાને સાહેદ નં.૬૪૦ તરીકે આંક–૩૨૮૫ થી તપાસેલાં છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદ સને–૨૦૦૮ના અરસામાં સુરત તરણકુંડ ખાતે વોચમેન તરીકે નોકરી કરતા હતા. તરણકુંડની બહાર મહારાણા પ્રતાપ ગાર્ડન કે જે બાજુમાં આવેલ છે ત્યાં આંબાના ઝાડ ઉપર બોમ્બ હતો. તે વખતે ત્યાં માણસો ભેગા થવા લાગેલાં અને પોલીસ પણ આવી ગયેલી અને પછી બોમ્બ કાઢવાવાળા આવેલાં અને બોમ્બને ઉતારીને લઈ ગયેલાં પોલીસ પબ્લિકના માણસોને હટાવતી હતી તેમ જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી રમેશભાઈ ભીમજીભાઈ ડોબરીયાને સાહેદ નં.૬૫૫ તરીકે આંક–૩૩૦૪ થી તપાસેલાં છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદ સને–૨૦૦૬ના વર્ષથી નાના વરાછા ચોપાટીની બાજુમાં અમીરસ પાન એન્ડ ટ્રાવેલ્સના નામે ધંધો કરતા હતા. તા.૩૦/૭/૨૦૦૮ ના રોજ ગલ્લે હતા અને સાડા પાંચની આસપાસનો સમય હશે. તે વખતે ગલ્લેથી દોઢસો મીટર દુર આંબાના ઝાડ પાસે પબ્લિક ભેગી થવા લાગેલી જેથી ત્યાં જોવા ગયેલા. ત્યાં આંબાની ડાળ ઉપર એક પોપટી કલરનું બોક્ષ જોયું. ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલ હતાં અને પોલીસ આવેલી અને દુર ખસેડેલાં તેમ જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા બનાવના દિવસે આ સાહેદ પોતાના પાનના ગલ્લા ઉપર બેઠેલા હતા તે કબૂલ કરે છે. બનાવનું સ્થળ પાનના ગલ્લાથી પાંચેક મિનિટના અંતરે આવેલુ છે તે કબૂલ કરે છે. પોલીસે લોકોને દુર કર્યા ત્યારે આ સાહેદ પાછા પોતાના ગલ્લા પર આવી ગયેલાનું જણાવે છે. બનાવ સ્થળે ગયેલા નથી અને ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી વિક્રમસિંહ લક્ષ્મણસિંહને સાહેદ નં.૭૫૮ તરીકે આંક–૩૫૫૫ થી તપાસેલાં છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદ વર્ષ–૨૦૦૫ થી ૨૦૧૧ સુધી કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં

આસીસ્ટન્ટ સબ ઇન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા. સને–૨૦૦૭ના વર્ષથી ફરજ નાના વરાછા પોલીસ ચોકી ઉપર હતી. સુરત શહેરમાં વિસ્ફોટક જીવંત બોમ્બ મળી આવેલ હોવાથી તા.૩૦/૭/૨૦૦૮ ના રોજ કલાક ૧૪–૦૦ થી ૨૧–૦૦ સુધી ફરજ નાના વરાછા મહારાણા પ્રતાપ ઉધાનના મુખ્ય ગેટ પાસે હતી અને આ ફરજના ભાગરૂપે વાહન ચેકિંગ, શંકાસ્પદ ઇસમોનું ચેકીંગ, સાઇકલ સવારોના ટિફિનનું ચેકિંગ વિગેરે કામગીરી કરી રહ્યા હતા. આ દરમ્યાન સાંજના પોણા છ વાગ્યાના અરસામાં એક મોટર સાઇકલવાળાએ જણાવેલ કે તરણકુંડ પાસેના આંબાના ઝાડ ઉપર બોમ્બ છે જેથી તરત જ મોટર સાઇકલ ઉપર મહારાણા ઉધાનના બીજા ગેટની બાજુમાં ગેટ પાસે ગયેલાં ત્યાં પબ્લિકના માણસો ભેગા થયેલાં તે વખતે પોલીસ ઇન્સ્પેકટર તથા સ્ટાફના માણસો પણ આવી ગયેલાં હતાં, તરણકુંડના ગેટની બાજુમાં ફુટપાથ ઉપર આવેલ આંબાનાં ઝાડ ઉપર એક પોપટી કલરનું બોક્ષ જોયેલું. જે શંકાસ્પદ જણાયેલું હોવાથી બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડને બોલાવવામાં આવેલ. પોલીસ ઇન્સ્પેકટર સાહેબની સુચના મુજબ માણસોને દુર ખસેડવામાં આવેલાં અને વધુ પોલીસ આવી જતાં આંબાના ઝાડ ફરતે કોર્ડન કરવામાં આવેલ. બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડના માણસો આવી જતાં આંબાના ઝાડ ઉપરથી શંકાસ્પદ બોક્ષ ઉતારવામાં આવેલ અને તે જીવંત વિસ્ફોટક બોમ્બ હોવાનું જણાઇ આવતાં સ્થળ ઉપર તેને નિષ્ક્રીય કરવામાં આવેલ તેમ જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા વાહન ચેકીંગનું રજીસ્ટર રાખવામાં આવે છે તે કબૂલ કરે છે. બોમ્બ સબંધેની માહિતી આપનાર મોટર સાઇકલનો નંબર અને નામ રજીસ્ટરમાં લખાવેલા નથી તે કબૂલ કરે છે. બનાવની તારીખે ફરજ સબંધેનો કોઈ દસ્તાવેજી પુરાવો તપાસ કરનાર અધિકારીને આપેલો નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી સતીષ મનોહરને સાહેદ નં.૭૬૩ તરીકે આંક–૩૫૬૨ થી તપાસેલાં છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદ જુલાઇ–૨૦૦૮ના સમયગાળામાં કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં સર્વેલન્સ સ્ટાફમાં અનઆર્મ્ડ પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા. સુરત શહેરમાં

મળી આવેલ વિસ્ફોટક બોમ્બના બનાવોને કારણે તા.૩૦/૭/૦૮ ના રોજ સ્ટાફ સાથે પોલીસ સ્ટેશન વિસ્તારના ધાર્મિક સ્થળો, બજાર, થિયેટર, ગેસ્ટ હાઉસ, શંકાસ્પદ વ્યકિતઓ, ટિફિનવાળા સાઇકલ સવારો વિગેરેના ચેકિંગમાં હતાં. દરમ્યાનમાં સાથેના હેડ કોન્સ્ટેબલ વિપીનભાઇનાઓને પોલીસ સબ ઇન્સ્પેકટર એસ.કે.રાય સાહેબે ટેલિફોનથી જાણ કરેલી કે નાના વરાછા મહારાણા પ્રતાપ ઉદ્યાનની બાજુમાં આવેલ તરણકુંડની બાજુમાં આવેલ આંબાના ઝાડ ઉપર બોમ્બ લટકાવેલ હોવાની પોલીસ કન્ટ્રોલ રૂમ તરફથી વર્ધી આવેલ હોવાથી તાત્કાલિક તરણકુંડના ગેટ પાસે ગયેલાં ત્યાં પોલીસ ઇન્સ્પેકટર તથા પોલીસ સબ ઇન્સ્પેકટર રાય તથા સ્ટાફના માણસો આવી ગયેલાં હતાં. ત્યાં પોલીસ સબ ઇન્સ્પેકટર ડામોર પણ હાજર હતાં. તરણકુંડના ગેટની બાજુમાં આવેલ આંબાના ઝાડ ઉપર એક પોપટી કલરના બોક્ષમાં શંકાસ્પદ વસ્તુ હતી. બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડને બોલાવવામાં આવેલ હોવાથી તેઓ આવ્યા બાદ તેઓએ આંબાના ઝાડ ઉપરથી આ બોક્ષને ઉતારેલ જે બોમ્બ હોવાનું માલુમ પડતાં તેને નિષ્ક્રીય કરવામાં આવેલ. ત્યાં ઘણાં માણસો એકત્રિત થયેલા હોવાથી કોર્ડન કરવામાં આવેલ. બોમ્બની વિસ્ફોટક સામગ્રી લોકહિત જોખમાય નહી તે સારૂ પોલીસ સબ ઇન્સ્પેકટર ડામોર સાથે પોલીસ સ્ટેશન મોકલવામાં આવેલ તેમ જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા વાહન ચેકીંગ સબંધેનો કોઈ દસ્તાવેજી પુરાવો નથી. કામગીરી બતાવવા આવો કોઈ પુરાવો આપતા નથી તો તે કબૂલ કરે છે. બીજા અધિકારીઓ સ્થળ ઉપર કયારે આવ્યા તે કહી શકે તેમ નથી. બનાવ સ્થળે ગયેલા નથી કે કામગીરી કરેલી નથી તો તે હકીકત નકારે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી જેસીંગભાઇ મોહનભાઇ પટેલને સાહેદ નં.૧૧૩૭ તરીકે આંક–૮૧૫૬ થી તપાસેલાં છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે આ સાહેદ જુલાઇ–૨૦૦૮ ના અરસામા પોલીસ હેડકવાર્ટર ખાતે બોમ્બ ડિટેકશન એન્ડ બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડમા ફરજ બજાવતા હતા. આ અરસામા તેમની સાથે એ.એસ.આઇ. સુમનભાઇ વનમાળી, મોહનભાઇ ભાયલાભાઇ અને અજયભાઇ માનાભાઇનાઓ પણ ફરજ બજાવતા હતા. તેમની

ફરજ પોલીસ હેડ ક્વાર્ટર ખાતે અને સુચના મળે તે મુજબ જે તે જગ્યાએ જઇને કામગીરી કરવાની હોય છે. તેઓએ બોમ્બ ડિટેકશન અને બોમ્બ ડિસ્પોઝલ અંગેની તાલીમ સુરત ખાતે હેડ ક્વાર્ટરમા તથા કરાઇ એકેડેમી, ગાંધીનગર પોલીસ તાલીમ શાળા ખાતે મેળવેલી હતી. તા.૩૦/૭/૨૦૦૮ ના રોજ સાંજના આશરે પોણા પાંચેક વાગ્યે વર્ધી મળેલી કે કાપોદ્રા પોલીસ સ્ટેશન વિસ્તારના નાના વરાછા વિસ્તારના મહારાણા પ્રતાપ ઉધાન, તરણકુંડ પાસેના ઝાડ ઉપર એક બોમ્બ મળેલ છે જેથી ત્યાં આશરે સવા પાંચેક વાગ્યાના સુમારે પહોંચી અને તે જગ્યાએ ઝાડ ઉપરથી બોમ્બ ઉતારીને ડિફ્યુઝની કામગીરી કરેલાનું જણાવેલ છે. આ સાહેદે ઊલટતપાસમાં જણાવેલી હકીકતો ડી.સી.બી. પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૩૦૧૯/૨૦૦૮ ના કામના બનાવ સબંધે રજૂ કરેલ પુરાવામાં વિગતવાર ચર્ચા કરેલી છે માટે ઊલટતપાસની હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

આમ, કાપોદ્રા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાના વરાછા મહારાણા પ્રતાપ ઉધાનમાં આવેલ તરણકુંડના ગેટ પાસેના ફુટપાથ પરના આંબાના ઝાડ ઉપર તા.૩૦/૭/૨૦૦૮ ના રોજ કલાક ૧૭–૪૦ પહેલા બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલો અને તે જગ્યાએથી બોમ્બ મળી આવેલા તે હકીકત ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા ઉપરોકત તમામ પુરાવા ઉપરથી સાબીત થાય છે તેમ હું માનુ છું.

(૬૨) **<u>સુરત શહેરમાં મહિધરપુરા પોલીસ સ્ટેશનની હકુમતના વિસ્તારમાં બોમ્બ ધડાકા કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલ તે પુરવાર કરવા માટે બનાવ નં.૨ ના સંબંધમાં ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન.</u>**

– વિસ્તાર:– મહિધરપુરા પોલીસ સ્ટેશનની હદમાં

– સ્થળ:– મહિધરપુરા હીરાબજાર જદ્દાખાડી કામનાથ રોડ, શ્રીનિવાસ મકાનની નીચે, જીનીયસ ઈન્સ્ટ્રુમેન્ટ નામની દુકાનના બોર્ડની પાછળ

– તારીખ:– ૩૦/૭/૨૦૦૮

– સમય:– કલાક ૨૩–૪૫

– સેકન્ડ ગુના રજીસ્ટર નં.૨૦૯/૨૦૦૮

– બનાવમાં વપરાયેલ વાહનઃ– નથી

તા.૩૦/૭/૨૦૦૮ ના રોજ મહિધરપુરા પોલીસ સ્ટેશનની હકુમતમાં આવેલ વિસ્તાર મહિધરપુરા હિરાબજાર જદ્દાખાડી કામનાથ રોડ, શ્રી નિવાસ મકાનની નીચે, જીનીયસ ઈન્સ્ટ્રુમેન્ટ નામની દુકાનના બોર્ડની પાછળ બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલો અને તે બોમ્બ મળી આવેલો તેની ફરિયાદ એ.આર.દેસાઈ, પોલીસ ઈન્સ્પેકટરએ પોતાની રૂબરૂની લખાવેલી. આ ફરિયાદીને ફરિયાદપક્ષ દ્વારા સાહેદ નં.૧૦૬૧ તરીકે આંક–૭૨૧૦ થી તપાસવામાં આવેલા છે. તેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે તેઓ તા.૩૧/૮/૨૦૦૭ થી તા.૩૧/૧૨/૨૦૦૮ ના સમયગાળા દરમ્યાન મહિધરપુરા પોલીસ સ્ટેશન, સુરત શહેરમાં પોલીસ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ અમદાવાદ શહેરમાં થયેલા બોમ્બ બ્લાસ્ટના અનુસંધાને સુરત શહેરમાં પણ દરેક પોલીસ સ્ટેશન વિસ્તારમાં તકેદારીના પગલા રૂપે પેટ્રોલીંગ ચાલુ હતું.

સાહેદ વધુમાં જણાવે છે કે તા.૩૦/૭/૨૦૦૮ના રોજ પોલીસ સ્ટેશનમાં હાજર હતા તે વખતે પોલીસ કન્ટ્રોલ રૂમમાંથી મળેલ વર્ધીના આધારે જાણ થયેલી કે મહિધરપુરા જદાખાડીમાં શંકાસ્પદ વસ્તુ છે અને ત્યાં લોકો ભેગા થયેલાં છે અને પોલીસ મોકલી આપશો વિગેરે જાણ થતાં આ સાહેદ તથા સ્ટાફના માણસો જદાખાડીમાં આવતાં ત્યાં આગળ જીનીયસ ઈન્સ્ટ્રુમેન્ટના વજન કાંટા પાસે લોકો ભેગા થયેલા હતા ત્યાં આ દુકાનના બોર્ડની પાછળ શંકાસ્પદ વસ્તુ હોવાની જાણ થતાં પોલીસના માણસોથી કોર્ડન કરાવેલ અને નિરીક્ષણ કરતાં બોમ્બ હોવાની શંકા જતાં બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડને જાણ કરવામાં આવેલી અને તેઓએ આવીને તે પાર્સલ ઉતારેલું અને તે જીવતો બોમ્બ હોવાનું જણાઇ આવેલું તે સમયે બે પંચોના માણસોને હાજર રાખવામાં આવેલાં અને

તેઓએ પંચમાં રહેવા સ્વખુશી દર્શાવેલી ત્યારબાદ પંચોની હાજરીમાં બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડના અધિકારીએ કાર્યવાહી કરેલી. બી.ડી.એસ. ટીમે તે જીવતો બોમ્બ ડિફ્યુઝ કરેલો. એફ.એસ.એલ. અધિકારીએ પણ તે સમયે જરૂરી તપાસ કરેલી. આ ડિફ્યુઝ કરેલ બોમ્બમાંથી જે વસ્તુઓ તથા પાર્ટસ મળી આવેલાં તે મુજબ (૧)લાકડાની ફ્રેમ તથા પતરાની પ્લેટવાળું અર્ધચંદ્રાકાર બોક્ષ (૨) બોક્ષમાંથી નીકળેલ પારદર્શક કોથળીમાંથી નીકળેલ આછા પીળા કલરનો ચીકણો પદાર્થ (૩) પ્લાસ્ટિકની પારદર્શક કોથળી સાથેના ગોઠવેલ ચીકણાં ગ્રીસવાળા છરા (૪) સેલોટેપ વીંટાળેલ ડ્યુરાસેલ કંપનીની બેટરી (૫) સફેદ ધાતુના પેન્સિલ સેલ આકારના ડીટોનેટર નંગ–૨ કે જેના ઉપર લખાણ હતું તેની નોંધ કરવામા આવેલી (૬) ઇલેકટ્રોનીક સર્કિટ વાયરો સાથેની (૭) બોક્ષમાંની વસ્તુઓ વીંટાળેલ દૈનિકપત્ર.

સાહેદ વધુમાં જણાવે છે કે એફ.એસ.એલ. અધિકારીની સુચના મુજબ પ્લાસ્ટિકની કોથળીમાંનો ચીકણો પદાર્થ એમોનિયમ નાઇટ્રેટ હોવાનું જણાવેલ અને તેઓની સુચના મુજબ તેમાંથી ૫૦ ગ્રામ જેટલો એમોનિયમ નાઇટ્રેટ એક પ્લાસ્ટિકની ડબ્બીમાં કાઢી તેમજ છરાઓમાંથી નમૂનાના દસ છરા એમ તે બંને નમૂના અલગ–અલગ ડબ્બીમાં મુકવામાં આવેલાં. ઉપરોકત જણાવેલ મળી આવેલ વસ્તુઓ તથા નમૂના અલગ–અલગ, પંચનામાની વિગતે સીલ કરેલ અને સીલ સાથે તે સમયે પંચોની સહીઓવાળી સ્લીપો સાથે રાખવામાં આવેલી તેમજ પંચનામાની વિગતે અર્ધચંદ્રાકાર બોક્ષ, બોક્ષમાંથી નીકળેલો ચીકણો પદાર્થ અને છરાનું વજન કરવામાં આવેલું અને પંચનામામાં બે પંચોની અને રૂબરૂ તરીકે સાહેદે સહીઓ કરેલી.

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ ઉપરોકત હકીકત અંગે સરકાર તર્ફે વિગતવાર ફરિયાદ હકીકત જાહેર કરેલી જે ફરિયાદ આંક–૭૨૧૫ થી રજૂ છે અને ફરિયાદમાં સાહેદે પોતાની સહી કરી તેમજ રૂબરૂ તરીકે પણ પોલીસ ઇન્સ્પેકટર મહિધરપુરા પોલીસ સ્ટેશન તરીકે સહિ કરેલી જે સહી સાહેદ ઓળખી

બતાવે છે તેમજ આ અંગેનો જે રીપોર્ટ કરેલો તે આંક–૧૬૭૯ થી રજૂ કરેલો છે તેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

વધુમાં આ સાહેદે નાયબ નિયામકશ્રી, એફ.એસ.એલ.સુરત શહેરને સ્થળ નિરીક્ષણ કરવા માટે જે યાદી કરેલી તથા મહે. ૧૦ માં એડીશ્નલ સીનીયર સિવિલ જજ સાહેબને ડીટોનેટર નંગ–બે ડીફયુઝ કરવા માટે મંજૂરી મેળવવા જે પત્ર લખેલો તે આંક–૭૨૧૬ થી રજૂ છે તથા બોમ્બ ડીફયુઝ કરવા માટે ડેપ્યુટી ચીફ કન્ટ્રોલર ઓફ એક્ષપ્લોઝીવનાઓને કરેલી યાદી આંક–૭૨૧૭ થી રજૂ છે, આ તમામ દસ્તાવેજોમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે. આ ઉપરાંત આંક–૨૬૬૬ ના પંચનામાના આધારે સ્થળ ઉપરથી જે મુદ્દામાલ કબજે કરેલો તે પંચનામામાં તથા આંક–૨૫૩૯ થી ૨૫૪૭ સુધીની પંચ સ્લીપોમાં આ સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

આંક–૨૭૩૬ વાળી સ્થળ ઉપર પધારવાની યાદી આધારે એફ.એસ.એલ. અધિકારી સાહેદ નં.૪૪૩ નિતીનકુમાર દયારામ પટેલનાઓને આંક–૨૭૨૫ થી તપાસવામાં આવેલા છે. તેઓએ જે જગ્યાએથી બોમ્બ મળી આવેલ તે સ્થળ ઉપર જઈ સ્થળ ચકાસણી કરેલી અને સ્થળ ઉપરથી બોમ્બનું મટીરીયલ જેવુ કે અર્ધ ચંદ્રકાર લાકડાની ફ્રેમ, ગેલ્વેનાઈઝના પતરા અને ખીલ્લીથી ઝડેલી અને તેમાંથી લોખંડના છરા, ચીકણો પદાર્થ, ૯ વોલ્ટની બેટરી તથા ડીટોનેટર વિગેરે કબજે કરવાની સુચના આપેલી અને તપાસ કરનાર અધિકારીએ પંચોની રૂબરૂમાં આ સમગ્રી કબજે કરેલાનું આ સાહેદ જણાવે છે અને તે અંગેનો વિગતવાર પ્રાથમિક અહેવાલ આપેલો જે આંક–૨૭૩૭ મા આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આ સાહેદની ઊલટતપાસની વિગતવાર ચર્ચા ડી.સી.બી. પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૩૦૧૯/૨૦૦૮ ના કામે ફરિયાદપક્ષ દ્વારા જે પુરાવા રજૂ થયેલા છે તેમાં કરેલી છે. આરોપીઓ તરફથી થયેલી ઊલટતપાસ જનરલ ઊલટતપાસ છે, કોઈ ચોકકસ એક ગુના પુરતી નથી માટે ઊલટતપાસનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

આમ, આ ફરિયાદ લીધા બાદ સાહેદ એ.આર.દેસાઈએ ગુનો રજીસ્ટર કરવા માટે પી.એસ.ઓ. મહિધરપુરા પોલીસ સ્ટેશનને મોકલી આપેલી અને પી.એસ.ઓ. મહિધરપુરા પોલીસ સ્ટેશને આ ફરિયાદને સ્ટેશન ડાયરીમાં રજીસ્ટર કરેલી તે સ્ટેશન ડાયરીની નકલ આ કામે આંક–૧૬૭૮ થી રજૂ કરેલી છે તે રજીસ્ટર કરનાર સાહેદ મધુકર યાદવરાવને સાહેદ નં.૩૨૫ તરીકે આંક–૧૬૭૫ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લેતા તેઓ બનાવના દિવસે પી.એસ.ઓ. તરીકે મહિધરપુરા પોલીસ સ્ટેશનમાં ફરજ ઉપર હતા ત્યારે એક સૂચિપત્ર દેસાઈની સહીથી મોકલવામાં આવેલુ અને ગુનો નોંધેલો અને સ્ટેશન ડાયરી એન્ટ્રી નં.૩૨ આપેલી જેમાં આ સાહેદે વધુ તપાસ અંગેનો શેરો આંક–૧૬૭૯ ના પાછળના ભાગે કરેલો જે શેરામાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

આ કામે ફરિયાદી એ.આર.દેસાઈની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલી છે તે ધ્યાને લેતા બોમ્બના પ્રકારો તથા બોમ્બમાં કયા કયા પદાર્થ વપરાય છે તેની માહિતી નથી. આ સાહેદે આ ગુના ઉપરાંત મહીધરપુરા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૨૦૮/૨૦૦૮ ના ગુનાના કામે પણ એટલે કે બંને ગુનાની ફરિયાદો પંચનામા બન્યા પછી આપેલી હોવાનું કબૂલ કરેલ છે. બીજી કોઈ વ્યકિતઓ પાસેથી ફરિયાદો લેવાનો પ્રયત્ન કરેલ નથી તે કબૂલ કરે છે. બોમ્બ સ્કવોર્ડ તથા એફ.એસ.એલ.ના માણસોને કેટલા વાગે જાણ કરી અને તેઓ સ્થળ ઉપર કેટલા વાગે આવ્યા તે અંગેની નોંધ પંચનામામાં કે ફરિયાદમાં નથી તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે આ નોંધ કરવી જોઈએ તેવો કોઈ નિયમ નથી કે તેવી કોઈ આદેશાત્મક જોગવાઈ નથી. પરંતુ સ્થળ ઉપર બોમ્બ સ્કવોર્ડ તથા એફ.એસ.એલ.ના માણસોને બોલાવેલા તેટલુ લખવુ પુરતુ છે. આ ઉપરાંત વધુ ઊલટતપાસ ધ્યાને લેતા આ અધિકારીઓએ પંચનામામાં સહીઓ કરેલી નથી તેમ જણાવે છે પરંતુ આ અધિકારીઓની સહીઓ કરાવવી પણ આદેશાત્મક નથી. આ સાહેદે બંને ગુનાઓના કામે જે પંચનામા કર્યા અને બોમ્બ ડીફયુઝ કર્યા તે પછી પંચોને બોલાવેલાનું કબૂલ કરે છે. પરંતુ મારા મત

પ્રમાણે બંને જગ્યાઓ ઉપરથી જીવંત બોમ્બ મળેલા છે, પંચોને બોલાવીને કાર્યવાહી કરવામાં જો સમય લાગે તો બોમ્બ ફુટવાની શકયતા પુરેપુરી રહેલી હોય છે માટે પંચોને બોલાવતા પહેલા લોકોના જાનમાલના રક્ષણ માટે પણ બોમ્બ ડીફ્યુઝ કરવા પડે. બોમ્બ ડીફ્યુઝ કર્યા અંગેની કાર્યવાહીમાં અલગ પંચનામુ કરેલ નથી તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે તેનુ અલગ પંચનામુ કરવુ જરૂરી નથી કે આદેશાત્મક નથી. આ ઉપરાંત વધુ ઊલટતપાસ ધ્યાને લેતા બોમ્બ સ્કવોર્ડના અને એફ.એસ.એલ.ના અધિકારીઓએ કેટલા વાગે કામગીરી શરૂ કરેલી તે પંચનામામાં દર્શાવેલ નથી તો તે હકીકત નકારે છે. તા.૨૭/૭/૨૦૦૮ થી તા.૨૯/૭/૨૦૦૮ દરમ્યાન સુરત શહેરમાં જુદી–જુદી જગ્યાએથી બોમ્બ મળી આવ્યાના બનાવ બનેલાની હકીકત કબૂલ કરે છે. આ પ્રશ્નનો અર્થ એવો થાય કે આ ત્રણ દિવસની અંદર સુરત શહેરમાં અલગ–અલગ જગ્યાએથી બોમ્બ મળી આવ્યાની હકીકત આરોપીઓ તરફથી કબૂલ કરવામાં આવી છે તેમ કહી શકાય. વધુ ઊલટતપાસ ધ્યાને લેતા મોટા ભાગે આ તમામ બોમ્બ ઉંચી જગ્યાએ લટકાવેલા મળી આવેલા તે કબૂલ કરે છે. આ પ્રશ્નનો અર્થ પણ એવો થાય કે આ બોમ્બ ઉંચી જગ્યાએ લટકાવેલા હતા તે પણ કબૂલ કરવામાં આવે છે તેમ કહી શકાય. આ સાહેદની તપાસ દરમ્યાન શંકાસ્પદ વસ્તુ મુકનારાઓના નામ, સરનામા કે વર્ણન મળેલા નહીં તે કબૂલ કરે છે. અમદાવાદમાં જે બોમ્બ વિસ્ફોટ થયેલા તે ગુનાઓની તપાસ કરનાર અધિકારીઓ સાથે મુલાકાત થયેલી નથી તેમ જણાવે છે. ગુજરાત કે દેશમાં અન્ય જગ્યાઓ ઉપર બોમ્બ વિસ્ફોટ થયેલા તે જગ્યાઓ ઉપર જઈ તપાસ કરેલી નથી તેમ જણાવે છે. આ સાહેદની તપાસ દરમ્યાન લોકોની સંડોવણી બાબતે તપાસ કરી નથી તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે તે તપાસ કરવાની તક આ સાહેદને મળેલી નથી કારણ કે તપાસ અન્ય અધિકારીને સોંપવામાં આવેલી હતી. આ સાહેદે પંચોની હાજરીમાં તેમના કહેવા અને લખાવ્યા પ્રમાણે પંચનામા લખ્યા નથી તો તે હકીકત નકારી છે. પંચનામાઓ ઉપર પંચોની સહીઓ પાછળથી લેવામાં આવેલાની હકીકત પણ નકારી છે. રાજય સરકારની સુચના મુજબ અને રાજકીય દબાણ હેઠળ ખોટી

ફરિયાદ આપેલીની હકીકત પણ નકારેલી છે. બનાવ સ્થળેથી કેટલા વાગે નીકળ્યા અને પોલીસ સ્ટેશને કેટલા વાગે પહોંચ્યા તે પંચનામામાં જણાવેલુ નથી તે કબૂલ કરે છે. વસ્તુઓ જે કબજે કરેલી તે સ્થળ ઉપર સીલ કરેલી નથી તે કબૂલ કરે છે પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદને બાતમી મળતા તરત જ સ્થળ ઉપર ગયેલા છે તેઓને ખબર ન હતી કે આવી બોમ્બ જેવી વસ્તુ ત્યાં મળી આવી છે જેથી સ્વભાવિક છે કે સીલ કરવાની વસ્તુ અને સામગ્રી સાથે લઈ ગયા ન હોય માટે સ્થળ ઉપર બોમ્બ ડીફ્યુઝ કરીને તેમાંથી નીકળેલી સામગ્રી પોલીસ સ્ટેશન લાવીને સીલ કરેલી હોય અને આ જ પ્રમાણે કાર્યવાહી થઈ શકે. એ.એસ.આઈ. અશોકભાઈએ જે માહિતી આપી તે અજયભાઈએ આપેલી તેવુ જણાવેલુ નહીં. પંચનામુ પુરૂ કર્યા પછી અજયકુમારની ફરિયાદ લેવાનું યોગ્ય જણાયેલુ નહીં. આ અજયકુમારની ફરિયાદ એટલા માટે નથી લીધી કે ફરિયાદ ઉપજાવી કાઢવાની હતી તો તે હકીકત નકારેલી છે. ગુનાઓની તપાસ આ સાહેદે જાતે રાખેલાનું કબૂલ કરે છે. આ સાહેદ મહિધરપુરા પોલીસ સ્ટેશનમાં પોલીસ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા અને આ જીવંત બોમ્બ મળી આવેલા હોવાથી તે ગંભીર બનાવો હતા અને ગંભીર બનાવોની તપાસ પોલીસ ઈન્સ્પેકટરે જાતે જ કરવી જોઈએ જેથી આ સાહેદે તપાસ જાતે શરૂ કરેલી હતી અને તેમ કરવામાં આ સાહેદે કાંઈ ખોટુ કર્યુ છે તેમ કહેવાય નહીં. બંને કિસ્સામાં બોમ્બ ડીફ્યુઝ કર્યા પછી તેના પાર્ટસ છુટા કરતા પહેલાની પરિસ્થિતિનું પંચનામુ કરેલ નથી તે કબૂલ કરેલ છે. પરંતુ દરેક વખતે દરેક બાબતોનું પંચનામુ કરવુ જ જોઈએ તેવો કોઈ નિયમ નથી. જે.એમ.એફ.સી. સાહેબ પાસે ડીટોનેટર ડીફ્યુઝ કરવાની પરવાનગી માંગતો પત્ર લખેલો તેની સાથે કોઈ દસ્તાવેજો રજૂ કરેલા નહીં. આ સાહેદની તપાસ દરમ્યાન એફ.એસ.એલ.નો કોઈ રીપોર્ટ મળેલો નથી. મારા મત પ્રમાણે રીપોર્ટ ન જ મળે કારણ કે આ સાહેદ પાસે તપાસ રહેલી ન હતી. પ્લાસ્ટિકની થેલીનો કલર કેવો હતો તે કહી શકે તેમ નથી. કન્ટ્રોલ રૂમને માહિતી આપનાર કોઈ કીર્તિભાઈ કરીને હતા તેમનુ નિવેદન લીધુ નથી. આમ આ સાહેદની સમગ્ર ઊલટતપાસ ધ્યાને લેતા મહિધરપુરા પોલીસ સ્ટેશન વિસ્તારની બે અલગ–

અલગ જગ્યાઓ ઉપરથી જીવંત બોમ્બ મળેલા નથી અને આવા કોઈ બનાવ બન્યા નથી તે હકીકત માની શકાય તેમ નથી. બે જુદી–જુદી જગ્યાઓ ઉપરથી જીવંત બોમ્બ મળેલા છે અને જાનમાલનુ નુકસાન ન થાય તે માટે આ સાહેદે તેને તાત્કાલિક ડીફ્યુઝ કરવાની કામગીરી કરીને બોમ્બ ડીફ્યુઝ કરેલા છે અને બોમ્બમાંથી નીકળેલ સામગ્રી પોલીસ સ્ટેશનને જઈ કબજે કરી સીલ કરવામાં આવેલી છે અને તેના વિગતવાર પંચનામા બનાવેલા છે. આ તમામ કામગીરી એકસાથે ન થાય તે સ્વાભાવિક છે અને તમામ કામગીરી વારફરતી થાય અને ત્યારબાદ સાહેદે ફરિયાદો આપેલી. આ તમામ કામગીરી સાહેદે પોતાની ફરજના ભાગરૂપે જાહેરહિતમાં કરેલી છે જેથી ખોટી કામગીરી કરી છે કે ગેરકાયદેસર કામગીરી કરી છે તેવુ અનુમાન કરી શકાય નહીં.

સાહેદ એ.આર.દેસાઈએ બે પંચોની હાજરીમાં આંક–૨૬૬૬ વાળુ ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરી જે મુદ્દામાલ કબજે કરેલો તે પંચનામાના પંચો પૈકીના પંચ જીતેન્દ્ર ચંદ્રકાન્ત સાડીવાલાને સાહેદ નં.૪૩૯ તરીકે આંક–૨૬૬૫ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૨૯/૭/૨૦૦૮ નાં રોજ આ સાહેદને મહિધરપુરા પોલીસે નજીક આવેલ બોમ્બે પાનના ગલ્લા પાસે બોલાવેલા ત્યાં બીજા ગણેશભાઈને પણ બોલાવેલા હતા, પોલીસ ઈન્સ્પેકટર પણ હાજર હતા ત્યા સાહેબે જણાવેલુ કે મયંક મેટલર તરીકે દુકાન છે તેના બોર્ડમાંથી બોમ્બ મળેલો છે તે બોમ્બ ડિસ્પોઝલ કરી દીધેલો છે જેથી તેની કાર્યવાહીની પંચનામુ કરવાનું છે તો આ બંનેજણાઓએ હા પાડેલી. ત્યારબાદ ત્યાં બધી વસ્તુઓ ખોલવામાં આવેલી તેમા એક લાકડાનું અર્ધચંદ્રાકાર બોક્ષ બનાવેલુ હતુ જે બોમ્બ હતો તેમા નીચેની સાઈડે પતરૂ લગાવેલુ હતુ તેની ઉપર લાલ કલરની સેલોટેપ હતી જે બોમ્બ ઉપર વીંટાળેલી હતી તેને કાઢી નાખવામાં આવેલી. જે બોમ્બ હતો તેમાં એક કીલો જેટલા છરા હતા તથા પ્લાસ્ટિકની કોથળીમાં ચીકણો પદાર્થ હતો તે પણ આશરે એક કીલો જેટલો હતો. બે ડીટોનેટર હતા તેને એક સેલોટેપ બેટરી વીંટાળેલી હતી અને લાલ કલરની ટેપ ચોટાડેલી હતી. તે ખોલીને જોતા ડયુરોસેલ કંપનીની ગોલ્ડન અને બ્લેક કલરની

નવ વોલ્ટની બેટરી હતી જેમાં અંગ્રેજીમાં અલ્કાલાઈન જેવુ લખાણ હતુ. ગુજરાત સમાચારના પેપર હતા, તારનું ગુંચળા જેવુ હતુ. જે છરા હતા તે ઓઈલવાળા હતા. આ બોમ્બ પીળા અને ઓરેન્જ કલરની થેલીમાં હતો, એક સરકીટ પણ હતી તેની સાથે ત્રણ વાયરો લાલ, સફેદ અને કાળા કલરના હતા. આ બધી વસ્તુઓ કોઈ નુકસાન ન થાય તે માટે તે જગ્યાએથી લઈ મહિધરપુરા પોલીસ સ્ટેશનના ખુલ્લા કમ્પાઉન્ડમાં ગયેલા ત્યાં એફ.એસ.એલ.ના બે સાહેબ હતા અને તેમને ચીકણો પદાર્થ ૫૦ ગ્રામ જેવો ડબ્બીમાં લીધેલો અને કહેલુ કે આ એમોનિયમ નાઈટ્રેટ છે તે ડબ્બીને પોલીસે પેક કરેલી અને આ સાહેદની સહીવાળો કાગળ લગાવી દોરીથી બાંધી સીલ કરેલો. બાકીનો પદાર્થ પારદર્શક ડબ્બામાં મુકેલો અને ચારેય તરફથી દોરીથી બાંધી લાખથી સીલ કરી પંચોની સહીઓવાળી સ્લીપ લગાવેલી. ત્યારબાદ જે છરા હતા તેમાંથી ૧૦ છરાનું સેમ્પલ લેવામાં આવેલુ, આ સેમ્પલના છરા ડબ્બીમાં મુકી પંચોની સહીઓવાળી સ્લીપો મુકી દોરીથી બાંધી સીલ કરેલ અને બાકીના છરા પ્લાસ્ટિકના ડબ્બામાં મુકી પંચોની સહીઓવાળી સ્લીપ લગાવી સીલ કરેલા. બે ડીટોનેટર જે હતા તે અલગ–અલગ ડબ્બીમાં મુકી પંચોની સહીઓવાળી કાપલી મુકીને દોરીથી બાંધીને સીલ કરેલા. આ જ રીતે ડયુરોસેલ બેટરીને પણ અલગ–અલગ ડબ્બીમાં બંધ કરી પંચોની સહીઓવાળી કાપલી મુકીને દોરીથી બાંધીને સીલ કરેલા. તે જ રીતે સરકીટને પણ અલગ ડબ્બીમાં મુકી પંચોની સહીઓવાળી કાપલી મુકીને દોરીથી બાંધીને સીલ કરેલા. આ ઉપરાંત બોમ્બનુ લાકડાનું અર્ધચંદ્રાકાર બોક્ષ, પેપર, સેલોટેપના ટુકડા, વાયરના ટુકડા વિગેરે એક થેલીમાં મુકી તેને સીવીને પંચોની સહીઓવાળી કાપલી મુકીને સીલ કરેલ. આ તમામ વસ્તુઓ આ સાહેદની હાજરીમાં કબજે કરવામાં આવેલી તેનુ પંચનામુ બનાવેલુ, જે આંક–૨૬૬૬ વાળા પંચનામામાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવી છે તથા આ સાહેદની હાજરીમાં જે કોઈ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ તે તમામ એકપછી એક કોર્ટમાં ખોલીને બતાવતા તમામ મુદ્દામાલ આ સાહેદે ઓળખી બતાવેલો છે અને મુદ્દામાલમાંથી નીકળેલી પંચ સ્લીપો આંક–૨૫૩૯ થી ૨૫૪૭ સુધી રજૂ

કરેલી છે તે તમામ પંચ સ્લીપો ઉપર આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

હવે આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવી છે તે ધ્યાને લઈએ તો અજયભાઈને આ સાહેદ ઓળખે છે અને તે મયંક મેટલરમાં બેસીને ધંધો કરે છે તેમ જણાવે છે. સરતપાસમાં જે હકીકત જણાવી તે સિવાય બીજી કોઈ હકીકત પોલીસ ઇન્સ્પેકટરને જણાવેલી કે કેમ? તે યાદ નથી. બેટરી ઉપર કોઈ નંબર લખેલો હતો પરંતુ તે યાદ નથી. બેટરી ઉપર બીજી કોઈ હકીકત લખેલાનું યાદ નથી. બોમ્બની નિષ્ક્રિયતામાં શું કાર્યવાહી કરેલી તે યાદ નથી. બોમ્બ ડીસ્પોઝલ કરતી વખતે કેટલા દુર ઉભેલા તે કહી શકે તેમ નથી. આ સાહેદ સ્થળ ઉપર ગયા ત્યારે બોમ્બના દરેક ભાગ છુટા કરેલા હતા તેમ જણાવે છે. આ સાહેદની હાજરીમાં કોઈ કાર્યવાહી થયેલી નથી તો તે હકીકત નકારે છે. પંચ સ્લીપોને બાંધવામાં આવેલી નહીં પરંતુ બોક્ષ ઉપર મુકીને તેને બાંધીને સીલ કરેલાનું જણાવે છે. આ સાહેદ મયંક મેટલરવાળી જગ્યા ઉપર ગયા નથી કે પોલીસે તેમની હાજરીમાં કોઈ કાર્યવાહી કરેલી નથી તો તે હકીકત નકારે છે.

હવે તપાસ કરનાર અધિકારીએ ગુનાવાળી જગ્યા ઉપરથી જે મુદ્દામાલ આંક–૨૬૬૬ ના પંચનામાના આધારે જે મુદ્દામાલ કબજે કરેલો તે મુદ્દામાલ રવાનગી નોંધ સાથે એફ.એસ.એલ. ગાંધીનગરને પૃથક્કરણ માટે મોકલી આપેલો. આ રવાનગી નોંધ આ કામે આંક–૫૭૪૪ થી રજૂ કરેલી છે. આ રવાનગી નોંધમાં જણાવ્યા મુજબના કુલ–૬ નમૂના માર્ક–એ થી એફ સુધીના એફ.એસ.એલ. ગાંધીનગરને તપાસ અર્થે મોકલેલા છે. આ રવાનગી નોંધ સાહેદ એન.બી.પરમાર, મદદનીશ પોલીસ કમિશનરનાઓએ બનાવેલી અને પોતાના સત્તાના પ્રમાણપત્ર સાથે એફ.એસ.એલ. ગાંધીનગરને મોકલી આપેલી. હવે આ મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારી જાનમહમંદ ફકીરમહંમદ મન્સુરીને સાહેદ નં.૮૪૦ તરીકે આંક–૫૭૦૦ થી તપાસેલા છે. એફ.એસ.એલ. દ્વારા મુદ્દામાલ સ્વીકારાયા અંગેની જે પહોંચ આપવામાં આવેલી તે પહોંચ આ કામે આંક–૫૭૪૫ થી રજૂ કરેલી છે જેમાં મદદનીશ નિયામક એફ.એસ.એલ.

ગાંધીનગરની સહી છે. આ સાહેદની આ ગુના પુરતી સરતપાસ પ્રમાણે તેમના વિભાગના મદદનીશ નિયામક શ્રી દ્વારા તા.૧૨/૮/૨૦૦૮ ના રોજ મહિધરપુરા પોલીસ સ્ટેશન, સુરત શહેરના સેકન્ડ ગુના રજિસ્ટર નં.૨૦૯/૨૦૦૮ અન્વયેના કેસનો સ્વીકારવામાં આવેલ મુદ્દામાલ પૃથક્કરણ અર્થે મળેલો અને તેની સાથે તેને લગતા કાગળોની ફાઈલ સોંપવામાં આવેલ. આ નમૂનામા...

- માર્ક–એ લાકડાની ફ્રેમવાળુ અર્ધચંદ્રાકાર બોક્ષ
- માર્ક–બી ડયુરોસેલ કંપનીની લાલ તથા ગોલ્ડન કલરની બેટરી વાયર સાથેની
- માર્ક–સી ઈલેકટ્રોનીક સરકીટ વાયરો સાથે
- માર્ક–ડી ગુજરાત સમાચાર પેપર તા.૮/૫/૨૦૦૮ ના રોજનુ
- માર્ક–ઈ પ્લાસ્ટિકની ડબ્બીમાં ૫૦ ગ્રામ પદાર્થ
- માર્ક–એફ પ્લાસ્ટિકની ડબ્બીમાં ૧૦ નંગ છરા

ઉપરોકત નમૂનાઓનું પ્રમાણિત રાસાયણિક અને ઉપકરણીય પધ્ધતિથી પૃથક્કરણ કરેલ હતું અને પૃથક્કરણ મુજબ...

(૧) નમૂના માર્ક–એ/૧, એ/૨, ડી, ઈ તથા એફ માં એમોનિયમ, નાઈટ્રાઈટ તથા નાઈટ્રેટ મુલકો અને પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સ ઓઈલ (પેરાફીલ ઓઈલ પ્રકાર) ની હાજરી શોધાયેલ છે.

(૨) નમૂના માર્ક–બી/૧ અને બી/૨ માં વિસ્ફોટક ઘટકની હાજરી શોધાયેલ નથી.

ઉપરોકત પૃથક્કરણ આધારે સાહેદના અભિપ્રાય મુજબ...

૧. પૃથક્કરણના પરિણામમાં શોધાયેલ એમોનિયમ નાઈટ્રેટ અને પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન ઓઈલનું મિશ્રણએ એમોનિયમ નાઈટ્રેટ બેઝ એમોનિયમ નાઈટ્રેટ–ફયુલ ઓઈલ (એનફો) હાઈએક્ષપ્લોઝીવના ઘટકો છે જેને ફોડવા માટે ડીટોનેટરનો ઉપયોગ થાય છે.

૨. નમૂનાઓમાંથી મળેલ ધાતુના છરાનો ઉપયોગ હાથ બનાવટના બોમ્બમાં મીસાઈલ્સ તરીકે થાય છે.

૩. પૃથક્કરણનું પરિણામ તથા નમૂનાઓમાંથી મળેલ બેટરી, ઈલેક્ટ્રોનીક સરકીટ, છરા તથા હોડી આકારના લાકડાના ધાતુના પતરા સાથેના કન્ટેનરના આધારે એવું કહી શકાય કે હોડી આકારના લાકડાના ધાતુના પતરા સાથેના કન્ટેનરમાં એનફો એક્ષપ્લોઝીવ પદાર્થ ભરી, છરા ઉમેરી તથા ડીટોનેટરનો ઉપયોગ કરીને ટાઈમ ડીલે ડીવાઈસ પ્રકારનો આઈ.ઈ.ડી. બોમ્બ બનાવી શકાય.

આ પ્રમાણેનો આ સાહેદે અહેવાલ આપેલો જે આ કામે આંક–૫૭૪૬ થી રજૂ કરેલો છે તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ સાહેદની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી છે. અમદાવાદમાં થયેલ સીરીયલ બોમ્બ બ્લાસ્ટનાં ઘણા બનાવોવાળી જગ્યા ઉપરથી કબજે કરવામાં આવેલ ઘણા મુદ્દામાલનું પૃથક્કરણ તથા સુરત શહેરમાં થયેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં પણ જે તે સ્થળઓ ઉપરથી કબજે કરવામાં આવેલ મુદ્દામાલનું પૃથક્કરણ આ સાહેદે કરેલુ છે. તેઓની ઊલટતપાસ જનરલ અને સામાન્ય છે. જેની હકીકત અગાઉના ગુનાઓમાં પણ જણાવેલી છે. આરોપીઓ તરફથી કરવામાં આવેલ ઊલટતપાસ ધ્યાને લેતા એફ.એસ.એલ. કચેરી ગાંધીનગર ખાતે જે કંઈ કામગીરી કરવામાં આવે છે તે બાબતે તેમજ ઑફિસના વહીવટ સંબંધે પ્રશ્નો પુછવામાં આવેલા છે પરંતુ તેથી કરીને આ સાહેદે આ મુદ્દામાલનું પૃથક્કરણ કરેલ નથી તે હકીકત સાબીત થતી નથી. વધુમાં આ સાહેદની વિગતવાર ઊલટતપાસની હકીકત અમદાવાદમાં થયેલ બોમ્બ બ્લાસ્ટના કેસોમાં ચર્ચા કરેલી છે અને આ જજમેન્ટના અન્ય પેરાઓમાં વિગતવાર છણાવટ કરેલી છે.

ત્યારબાદ આ કામે રવાનગી નોંધ આંક–૫૭૪૪ પૈકીના કેટલાક મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારી હિતેશ જયંતિલાલ ત્રિવેદીને સાહેદ નં. ૮૩૫ તરીકે આંક–૫૬૩૧ થી તપાસેલ છે. તેઓની સરતપાસ પ્રમાણે તેઓ તેમના વિભાગના મદદનીશ નિયામકશ્રી દ્વારા મહિધરપુરા પોલીસ સ્ટેશન, સુરત શહેરના સેકન્ડ ગુના રજીસ્ટર નં.૨૦૯/૨૦૦૮ અન્વયેના કેસનો સ્વિકારવામાં

આવેલ મુદ્દામાલ પૈકીનો અમુક મુદ્દામાલ પૃથક્કરણ અર્થે મળેલો તે પૈકી ત્રણ પાર્સલ માર્ક–બી, એફ વિભાગીય સીલબંધ સાથે તથા માર્ક–સી મૂળ સીલબંધ સાથે ઈન્ટર ફોરવર્ડીંગ પત્રથી મળેલો. સદરહુ કામના મુદ્દામાલનું પૃથક્કરણ વૈજ્ઞાનિક પધ્ધતિએ કરેલ હતું અને પૃથક્કરણ મુજબ...

– નમૂના–બી બેટરીનું મલ્ટિમીટર વડે તેના વોલ્ટેજનુ માપન કર્યુ અને એવા અભિપ્રાય ઉપર આવ્યા કે આ બેટરી ચાલુ સ્થિતિમાં હતી તથા તેનો આઉટપુટ વોલ્ટેજ આશરે ૮.૪ હતો.

– નમૂનો–સી ની ઈલેકટ્રોનીક સરકીટના પીસીબીમાં જોવા મળતા કનેકશન અનુસાર ડાયાગ્રામ તૈયાર કરવામાં આવ્યો અને સરકીટમાં રહેલ PIC16F628 એ માઈક્રો કન્ટ્રોલર I.C. નું હીડર હાર્ડવેર થતા સોફટવેર પ્રોગ્રામની મદદથી તેમાં રહેલ પ્રોગ્રામ રીડ કરવા માટે પ્રયત્ન કરવામાં આવ્યો તથા સરકીટને બેટરી સાથે જોડાણ કરી તેના વિવિધ જોડાણો પાસે મળતા વોલ્ટેજ મલ્ટિમીટર વડે તથા સીઓબી સરકીટ દ્વારા મળતા પલ્સની ફ્રીકવન્સી ઓસીલોસ્કોપની મદદથી માપવામાં આવી તથા નમૂનાની સરકીટનું ટ્રીગરીંગ ટ્રાન્જીસ્ટર કેટલા સમય બાદ ટ્રીગર થાય છે તે સ્ટોપ વોચની મદદથી પ્રાયોગિક પધ્ધતિથી માપવામાં આવી અને એવા અભિપ્રાય ઉપર આવ્યા કે નમૂના–સી ની ઈલેકટ્રીક સરકીટમાં મુખ્યત્વે PIC16F628 એ ઈલેકટ્રીકલ ફલેશ પ્રકારની આઈસી, COB ટ્રીગરીંગ ટ્રાન્જીસ્ટર જેનર ડાયોડ, રેસીસ્ટન્ટ, કેપેસીટરસ વગેરેની બનેલ હતી તથા સરકીટમાં રહેલ PIC16F628 એ ઈલેકટ્રીકલ પ્રોગ્રામેબલ ફલેશ પ્રકારની I.C. નું હાર્ડવેર તથા સોફટવેર પ્રોગ્રામની મદદથી રીડ કરતા સદર I.C. Code પ્રોટેકટેડ હોવાનું જણાયેલ તથા સરકીટમાં રહેલ COB ૦.૫ હર્ટઝની ફ્રીકવન્સી જનરેટ કરે છે જે માઈક્રો કન્ટ્રોલરની પીન નં.૩ ઉપર આપે છે. ઈલેકટ્રીક સરકીટને બેટરી સાથે જોડી ચકાસતા તેના દરેક ઈલેકટ્રોનીક કમ્પોનન્ટસ ચાલુ સ્થિતિમાં જણાયેલા અને ઈલેકટ્રોનીક સરકીટને બેટરી સાથે જોડી પ્રાયોગીક રીતે અવલોકન કરતા સદર સરકીટનું ટ્રીગરીંગ ટ્રાન્જીસ્ટર આશરે ૩૬ કલાકના સમયગાળા બાદ ટ્રીગર થતો જોવા મળેલ તથા ઈલેકટ્રોનિક સરકીટનો ઉપયોગ

બોમ્બ બનાવવાની રચનામાં ટાઇમર ડીવાઇસ તરીકે થઈ શકે તથા ઈલેકટ્રોનીક સરકીટ બેટરી સાથે જોડયા બાદ અગાઉથી પ્રોગ્રામ કરેલ સમયગાળો પુરો થતાં તથા ટ્રીગરીંગ ટ્રાન્જીસ્ટરના આઉટપુટ પર ડીટોનેટરને ફુટવા માટે જરૂરી વીજ પ્રવાહ મળતો ન હોવાથી ડીટોનેટરનો એક્ષપ્લોડ થઈ શકેલ ન હતો તેમ જણાયેલ.

ઉપરોકત પૃથક્કરણના આધારે આ સાહેદે જે અહેવાલ આપેલો તે આ કામે આંક–પક૫૯ થી રજૂ કરેલો છે તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ સાહેદની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી છે તે ધ્યાને લેતા હાર્ડડિસ્ક ડેટા સાથે ટેમ્પરીંગ થઈ શકે છે તે કબૂલ કરે છે. કેટલુક ટેમ્પરીંગ શોધવુ તે મુશ્કેલ છે તે કબૂલ કરે છે. હાર્ડડિસ્કના ટેમ્પરીંગ સબંધે કોઈ અભિપ્રાય આપેલો નથી તે કબૂલ કરે છે. પોતાના પૃથક્કરણ અહેવાલમાં ડેટા કઈ તારીખે અને કયા સમયે સ્ટોર થયેલ છે તે જણાવેલુ નથી તે કબૂલ કરે છે. તપાસેલ એલારામ કલોક આઈસી પ્રકારના કે મેકેનીકલ પ્રોસેસ પ્રકારના હોવાની હકીકત રીપોર્ટમાં દર્શાવી નથી તે કબૂલ કરે છે. સુરતના કેસોના મુદ્દામાલની આઈ.સી.ઓ તપાસેલી તે તમામ "કોડ" પ્રોટેકટ હતી તેમ જણાવે છે. આ સાહેદે જોયેલી આઈ.સી. ખુલ્લા બજારમાં જોવા મળે છે તે કબૂલ કરે છે. આ સાહેદે ડેટા શીટ તપાસેલી પરંતુ તેની કોઈ વિગતો રીપોર્ટમાં જણાવેલી નથી તેમ જણાવે છે. ટ્રીગરીંગ ટ્રાન્જીસ્ટરને એકટીવેટ કરવા માટે કેટલા પાવરની જરૂર પડે તે રીપોર્ટમાં જણાવેલુ નથી તે કબૂલ કરે છે. ઉપરોકત માહિતીના અભાવે દર્શાવેલ પદાર્થ એકટીવેટ છે કે કેમ? તે કહી શકાય નહીં તો તે હકીકત નકારે છે. આમ આ સાહેદની સમગ્ર ઊલટતપાસ ધ્યાને લેતા આ સાહેદે અમદાવાદ ખાતે થયેલ બોમ્બ બ્લાસ્ટના બનાવો તેમજ સુરત ખાતે થયેલ બોમ્બ પ્લાન્ટેશનના બનાવોના કેટલાક સ્થળોની મુલાકાત લીધેલી તથા કેટલાક મુદ્દામાલનું પૃથક્કરણ કરેલુ છે. આરોપીઓ તરફથી કોઈ ચોકકસ ગુના માટે ચોકકસ ઊલટતપાસ કરવામાં આવેલી નથી પરંતુ જનરલ ઊલટતપાસ કરેલી છે. આ

ઉપરાંત આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા આ સાહેદની ઑફિસના આંતર વિભાગો બાબતે, વિભાગોમાં રજીસ્ટરો રાખવામાં આવતા હોવા બાબતે, આ સાહેદની સાથે અન્ય કેટલા અધિકારીઓ છે તે બાબતે, અન્ય અધિકારીઓ સાથે ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે તેમજ વડોદરા મુકામે કેટલી વખત ગયેલા, કયા અધિકારીઓએ સુચના આપેલી, કચેરીમાં બેસવા માટેની જગ્યા બાબતે પ્રશ્નો પુછવામાં આવેલા છે. પરંતુ તેથી કરીને આ સાહેદે પોતાની સરતપાસમાં જણાવ્યા મુજબના મુદ્દામાલનું પૃથક્કરણ કરેલુ નથી કે જે પૃથક્કરણ કરેલુ છે તે પૃથક્કરણ ગેરકાયદેસર છે કે ખોટુ છે તેવુ કહી શકાય તેમ નથી.

ત્યારબાદ આ કામે રવાનગી નોંધ આંક–પ૭૪૪ પૈકીના કેટલાક મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારી ગૌરીદત્ત દયાનિધી શર્માનાઓને ફરિયાદપક્ષે સાહેદ નં.૮૪૯ તરીકે આંક–પ૯૦૮ થી તપાસેલ છે. તેઓની સરતપાસ મુજબ તા.૨૫/૮/૨૦૦૮ ના રોજ મહિધરપુરા પોલીસ સ્ટેશનના સેકન્ડ ગુના રજીસ્ટર નં.૨૦૯/૨૦૦૮ ના કામનો મુદ્દામાલ રવાનગી નોંધ સાથે તેઓને સોંપવામાં આવેલો. સાહેદને મળેલ આ પાર્સલના નમૂનાઓનું પૃથક્કરણ પ્રમાણિત રાસાયણિક પધ્ધતિઓ દ્વારા કરેલું અને પૃથક્કરણના પરિણામ મુજબ...

(૧) નમૂના માર્ક–૧ તથા માર્ક–૨ માંથી પી.ઈ.ટી.એન. (હાઈએક્ષપ્લોજીવ) તથા લેડ એઝાઈડ મૂલકોની હાજરી શોધી શકાયેલ.

ઉપરોકત પૃથક્કરણ આધારે સાહેદના અભિપ્રાય મુજબ...

૧. રાસાયણિક પૃથક્કરણના પરિણામમાં શોધાયેલ પી.ઈ.ટી.એન. (હાઈએક્ષપ્લોસીવ) તથા લેડ એઝાઈડ નો ઉપયોગ બ્લાસ્ટીંગ કેપ (ડીટોનેટર)માં થાય છે.

આંક–પ૭૪૪ વાળી રવાનગી નોંધ સાથે રજૂ થયેલ સત્તાના પ્રમાણપત્રમાં મદદનીશ પોલીસ કમિશનર,'સી' ડીવીઝન સુરતનાઓની સહી છે જે આંક–પ૯૪૮ થી રજૂ રાખેલ છે. સદર મુદ્દામાલ મળ્યા અંગેની પહોચ આંક–પ૯૪૯ થી રજૂ રાખેલ છે જેમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. ઉપરોકત

પૃથક્કરણના આધારે આ સાહેદે જે અહેવાલ આપેલો તે આ કામે આંક–૫૯૫૦ થી રજૂ કરેલો છે તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ સાહેદની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી છે તે ધ્યાને લેતા આ સાહેદે સુરત બોમ્બ પ્લાન્ટેશનના બનાવોવાળી જગ્યાઓનું નિરીક્ષણ કરેલુ છે તથા કેટલાક મુદ્દામાલનું પૃથક્કરણ પણ કરેલુ છે અને તે જ રીતે અમદાવાદ ખાતે થયેલ બોમ્બ બ્લાસ્ટના બનાવોવાળી જગ્યાઓનું નિરીક્ષણ કરેલુ છે તથા કેટલાક મુદ્દામાલનું પૃથક્કરણ પણ કરેલુ છે. આ સાહેદની ઊલટતપાસ આરોપીઓ તરફથી કોઈ ચોકકસ ગુના સબંધે કરેલ નથી પરંતુ તમામ બનાવો સંબંધે સંયુકત ઊલટતપાસ કરેલ છે. આ સાહેદે ઊલટતપાસમાં જણાવેલી હકીકતોની ચર્ચા અમદાવાદના શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ ના બનાવના કામે આ ચુકાદામાં જે પુરાવા રજૂ થયેલા છે તે દરમ્યાન વિગતવાર કરવામાં આવેલી છે જેથી ઊલટતપાસની હકીકતનું પુનરાવર્તન કરવામાં આવેલ નથી.

ત્યારબાદ આ કામે તપાસ કરનાર અધિકારી શ્રી એન.બી.પરમાર મદદનીશ પોલીસ કમિશનરે બનાવવાળી જગ્યા ઉપર નકશો બનાવવા માટે મામલતદાર, સુરત શહેરને એક યાદી લખેલી જે યાદી આ કામે આંક–૭૫૬૫ થી રજૂ કરેલી છે અને નાયબ પોલીસ અધીક્ષકશ્રી એન.બી.પરમારનાઓને સાહેદ નં.૧૧૫૪ તરીકે તપાસેલ છે તેઓએ તેઓની જુબાનીમાં યાદીમાં તેમની સહી ઓળખી બતાવેલી છે.

આંક–૭૫૬૫ વાળી યાદીના આધારે સર્કલ ઓફિસર હિતેન્દ્રકુમાર ગુલાબભાઈ નાયકનાઓએ ગુનાવાળી જગ્યા ઉપર જઈ નકશો બનાવેલો તેઓને આ કામે સાહેદ નં.૧૦૮૭ તરીકે આંક–૭૫૫૭ થી તપાસેલા છે. તેમની સરતપાસ પ્રમાણે તેઓને તપાસ કરનાર અધિકારીશ્રી એન.બી.પરમાર દ્વારા મહિધરપુરા હીરાબજાર જદ્દાખાડી કામનાથ રોડ, શ્રીનિવાસ મકાનની નીચે, જીનીયસ ઈન્સ્ટ્રુમેન્ટ નામની દુકાનના બોર્ડની પાછળ બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલો તે જગ્યા ઉપર જઈ નકશો બનાવવા

માટેની યાદી મળેલી તે આંક–૭૫૬૫ ની યાદી મળ્યા બાબતે યાદી ઉપર તેમને પોતાની સહી ઓળખી બતાવી છે અને તે યાદીના આધારે સ્થળ ઉપર જઈ નકશો બનાવેલો તે નકશો આ કામે આંક–૭૫૬૬ થી રજૂ કરેલો છે. જેમા આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. સદર નકશામાં જે જગ્યાએથી બોમ્બ મળી આવેલો તે જગ્યા લાલ કલરથી બતાવેલી છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા યાદીઓ મળ્યા પછી ત્રણ સર્કલ ઓફિસરો તથા ઑફિસ કલાર્ક તે સિવાય બીજી કોઈ વ્યકિતઓ સ્થળ ઉપર આવેલી નહીં. પંચનામાઓમાં ગુનાઓની જગ્યાઓ બતાવનારના નામો તથા સરનામાનો ઉલ્લેખ કરેલ છે તે કબૂલ કરેલ છે. નકશો બનાવવા ગયા ત્યારે પંચનામાઓમાં રૂબરૂ તરીકે સહી કરનાર અધિકારી તથા પંચના માણસોનો સંપર્ક કરેલો નહીં તે કબૂલ કરેલ છે. સ્થળ ઉપર માપપટ્ટી લઈને ગયા હોય અને માપ લઈ નકશામાં બતાવ્યુ હોય તેવુ નકશામાં નથી તે કબૂલ કરેલ છે. પરંતુ મારા મત પ્રમાણે આવા બનાવમાં નકશો બનાવતી વખતે માપપટ્ટીથી ચોકકસ માપ લેવુ જ જોઈએ તેવો કોઈ આદેશાત્મક નિયમ નથી. વધુમાં આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા નકશા સિવાય સ્થળ ઉપર ગયા અંગેના બીજા કોઈ દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા નથી તે કબૂલ કરે છે. સ્થળ ઉપર જઈ કરેલા કાચા કામની નકલ જે તે વખતે તપાસ કરનાર અધિકારીને આપેલ નથી તે કબૂલ કરે છે. પરંતુ આ સાહેદની સરતપાસ ધ્યાને લેતા સ્થળ ઉપર તેમને કામની કાચી નકલ બનાવી હોય તેવી કોઈ હકીકત જણાવતા નથી અને મારા મત પ્રમાણે જો આવી કાચી નોંધો બનાવી હોય તો તે નકશો બનાવનારને પોતાનો નકશો બનાવતી વખતે મદદરૂપ થાય તે માટે આવી નોંધ બનાવી હોય. આવી કાચી નોંધ તપાસ કરનાર અધિકારીને આપવી જરૂરી પણ નથી. આ સાહેદની વધુ ઊલટતપાસ ધ્યાને લેતાં હોર્ડીંગ્સવાળી જગ્યા ૬૦ થી ૭૦ ફુટ ઉંચે આવેલી હશે તેમ જણાવે છે. ઓવરબ્રીજ ઉપર વાહનોની અવર જવર રહેતી હોય છે તે કબૂલ કરે છે. પોલીસે આ નકશાઓ અન્ય કોઈ વ્યકિતઓ પાસે તૈયાર કરાવડાવેલા અને આ સાહેદે ફકત સહી કરેલી છે તો તે હકીકત નકારે છે. સરતપાસમાં જણાવ્યા મુજબની કોઈ

કાર્યવાહી કરેલી નથી તો તે હકીકત પણ નકારે છે. વધુમાં આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા તેઓને કામગીરી સોંપી તે અંગેનો લેખિત હુકમ થયેલો નથી. કયા બનાવ સ્થળ ઉપર કામગીરી માટે કેટલો સમય રોકાયેલા તે રેકર્ડ જોયા વગર કહી શકે તેમ નથી. ફરિયાદ તથા પંચનામાની નકલો મળ્યાનું સરતપાસમાં ખોટુ જણાવેલુ છે તો તે હકીકત નકારી છે. નકશાામાં બોર્ડ પાસે બોમ્બ મુકેલાનું જે જણાવેલુ છે તે બોર્ડનું માપ નકશાામાં દર્શાવેલુ નથી તે કબૂલ કરે છે. નકશાાઓમાં ચોકકસ કઈ જગ્યાએ બોમ્બ મુકેલો તે જગ્યા બતાવેલી નથી તો તે હકીકત નકારી છે. નકશાાઓ ઉપરથી બનાવવાળી જગ્યાની આજુબાજુ મકાનો, દુકાનો કે લારીઓ કેટલી દુર હતી તે કહી શકાય નહીં તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદે બનાવવાળી જગ્યાની આજુબાજુ કેટલે દુર મકાનો, દુકાનો કે લારીઓ હતી તેનો નકશો બનાવવાનો ન હતો પરંતુ જે જગ્યાએ બોમ્બ મુકવામાં આવેલા હતા તે જ જગ્યાના નકશાાઓ બનાવવાના હતા અને તે નકશાાઓ આ સાહેદે બનાવેલા છે. આ ઉપરાંત આ સાહેદની સમગ્ર ઊલટતપાસ ધ્યાને લઈએ તો આરોપીઓ તરફથી ઘણા બધા એવા પ્રશ્નો આ સાહેદને પુછવામાં આવેલા છે કે જે બનાવની હકીકત સાથે સુસંગત નથી પરંતુ આ સાહેદે સુરત ખાતે બનેલા બોમ્બ પ્લાન્ટેશનની જગ્યાઓ ઉપર જઈ નકશાાઓ બનાવેલા નથી અથવા નકશાાઓ ખોટા બનાવેલા છે તેઓએ જરૂરી લાયકાત વગર નકશાાઓ બનાવેલા છે વિગેરે હકીકતો માની શકાય તેમ નથી પરંતુ આ સાહેદે દરેક જગ્યાઓ ઉપર જઈ નકશાાઓ બનાવેલા છે તે સ્પષ્ટ છે.

(૬૨.૦૧) <u>મહિધરપુરા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૨૦૯/૨૦૦૮ ના કામે બનાવ નં.૨ ને સમર્થન માટે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકનઃ–</u>

મહિધરપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં મહિધરપુરા હીરાબજાર જદ્ધાખાડી કામનાથ રોડ, શ્રીનિવાસ મકાનની નીચે, જીનીયસ ઈન્સ્ટ્રુમેન્ટ નામની દુકાનના બોર્ડની પાછળ બોમ્બ બ્લાસ્ટના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલ છે તે માટે ફરિયાદપક્ષ દ્વારા ધર્મેન્દ્ર ચીમનલાલ ગાંધીને સાહેદ

નં.૪૩૩ તરીકે આંક–૨૫૩૭ થી તપાસવામાં આવેલા છે. તેઓ તેમની સરતપાસ જણાવેલ છે કે તા.૩૦/૭/૨૦૦૮ ના રોજ રાત્રીના નવ વાગ્યાના અરસામાં આ સાહેદને રામનિવાસ મકાન પાસે પોલીસે બોલાવેલા જે મહિધરપુરામાં આવેલ છે. આ સાહેદની સાથે બીજા તેમના પડોશી મુયરભાઈ પણ આવેલા હતા ત્યાં પોલીસે જણાવેલુ કે અહીંયા બોમ્બ નીકળેલો છે અને તેનુ પંચનામુ કરવાનુ છે. રામનિવાસ મકાન કે જે જીનીયસ કાટો છે તે દુકાનના બોર્ડની પાછળના ભાગે બોમ્બ હતો. તે બોમ્બ, બોમ્બ સ્કવોર્ડવાળા, પોલીસવાળા અને એફ.એસ.એલ. વાળાઓએ ટેબલ ઉપર ચઢીને નીચે ઉતારેલો અને તે પછી જે બોમ્બ બોક્ષમાં હતો તે બોક્ષ કાપેલુ અને બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડ વાળાએ છુટુ પાડેલુ જેમાંથી છરા તથા ચીકણો પદાર્થ નીકળેલો . આ ઉપરાંત બે પેન્સીલ જેવા આકારના ડ્યુટલ જેવા બે વાયર હતા, એક સરકીટ હતી અને તેની સાથે વાયર જોડાયેલ હતા, આ સિવાય ગુજરાત સમાચારનું પેપર પણ હતુ. વધુમાં આ સાહેદના કહેવા પ્રમાણે તે છરા એકાદ કિલો જેટલા હશે, ચીકણો પદાર્થ પણ એકાદ કીલો જેટલો હતો. ઓ બોમ્બ નિષ્ક્રીય કરવામાં આવેલો અને બોમ્બમાંથી નીકળેલી વસ્તુઓ આ સાહેદને બતાવેલી અને બતાવી, બતાવીને પ્લાસ્ટિકની ડબ્બીમાં મુકતા ગયેલા. ત્યારબાદ પંચોની સહીઓ વાળી કાપલીઓ મુકીને લાખથી સીલ કરેલ, આ બોમ્બમાંથી જે છરા નીકળેલા તેમાંથી દશેક નંગ છરા પ્લાસ્ટિકની ડબ્બીમાં મુકીને લાખથી સીલ કરેલા. તે જ રીતે ચીકણો પદાર્થ પણ પ્લાસ્ટિકની ડબ્બીમાં મુકીને સીલ કરેલો. અર્ધ ચંદ્રાકર જેવુ બોક્ષ કાપડની થેલીમાં મુકીને સીવેલુ અને સીલ કરેલુ. ત્યારબાદ બે પંચોની સહીઓ કરવાની પંચોની સ્લીપો મુકેલી. આ કાર્યવાહીનું જે પંચનામુ બનાવેલુ તે આંક–૨૫૩૮ થી ૨જૂ છે તેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આ સાહેદની હાજરીમાં જે જે મુદ્દામાલ સીલ કરવામાં આવેલો તે તમામ મુદ્દામાલ અદાલત રૂબરૂ એક પછી એક ઓળખી બતાવેલો છે અને મુદ્દામાલ સીલ કરતી વખતે જે પંચ સ્લીપો મુકવામાં આવેલી તે સ્લીપો આંક–૨૫૩૯ થી ૨૫૪૭ સુધી રજૂ કરેલી છે તે તમામ સ્લીપોમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

આ સાહેદની આરોપીઓ તરફથી કરવામાં આવેલ ઊલટતપાસ ધ્યાને લેતા આ સાહેદ સ્વૈચ્છાએ સ્થળ ઉપર ગયેલા હતા. સ્થળ ઉપર ગયા ત્યારે કેટલા પોલીસના માણસો હતા તે યાદ નથી. બોમ્બ ડિસ્પોઝલ કરનાર માણસોએ ખાસ પોષાક પહેરેલો હતો તેમ જણાવે છે. આ બોમ્બ જમીનથી આઠેક ફુટની ઉંચાઈએ હતો. પંચનામામાં લખવામાં આવેલા શબ્દો એફ.એસ. એલ. અધિકારીના કહેવાથી લખેલા છે તે કબૂલ કરે છે. અદાલત રૂબરૂ ઓળખી બતાવેલા છરા કાટ ખાઈ ગયેલા છે તે કબૂલ કરે છે. ગ્રીસ કરેલા છરાને કાટ લાગે નહીં તે હકીકત સાથે આ સાહેદ સંમત નથી. પરંતુ મારા મત પ્રમાણે બનાવ બન્યા બાદ આ સાહેદે આશરે સાત વર્ષ પછી જુબાની આપેલી છે. જયારે છરા ડબ્બીમાં પેક કર્યા ત્યારે ગ્રીસવાળા હતા અને સ્વાભાવિક છે કે સાત વર્ષ પડી રહે તો ગ્રીસ સુકાઈ પણ જાય અને છરાઓને કાટ લાગી જાય માટે જયારે આ સાહેદે છરા જોયા ત્યારે કાટવાળા જ છરા જોયેલા હોય તેવુ કહી શકાય. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો બોમ્બ ડીફ્યુઝ કર્યો ત્યારે આ સાહેદ ૧૫ ફુટ દુર ઉભેલા હતા તેમ જણાવે છે. આ સાહેદ સ્થળ ઉપર ગયા ત્યારે જગ્યા કોર્ડન કરેલી હતી તે કબૂલ કરે છે. આ હકીકત ધ્યાને લેતા સ્થળ ઉપર બોમ્બ ડીફ્યુઝ કરવામાં આવેલો છે અને તેની કામગીરી થતી હતી માટે તે જગ્યા કોર્ડન કરવામાં આવેલાની હકીકત માની શકાય તેમ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી જવાહર હરીભાઈ ચાવલાને સાહેદ નં.૫૭૪ તરીકે આંક–૩૦૭૪ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે જુલાઇ–ઓગસ્ટ–૨૦૦૮ ના અરસામા તેઓ નટરાજ એપાર્ટમેન્ટ જી–બ્લોકમા ત્રીજા માળે, ભાગા તળાવ, સુરત મુકામે રહેતા હતા. તે સમયે તેઓ ટેલરીંગનો ધંધો મેનેજમેન્ટ ટેલર હીરાબજાર, જદાખાડી, ચકાવાલા હાઉસ મુકામે કરતા હતા. તા.૩૦/૭/૨૦૦૮ ના રોજ તેઓ તેમના ઘરે હતા તે વખતે તેમના મિત્ર કિશોરભાઇ પ્રવિણકાંત જોષીનો આ સાહેદના મોબાઇલ ઉપર પોણા નવેક વાગ્યાના સુમારે ફોન આવેલ અને જણાવેલ કે આ સાહેદના મકાનની દુકાનના જીનીયસ ઇન્સ્ટ્રુમેન્ટના બોર્ડની પાછળ બોમ્બ હોવાનુ જણાવેલ આથી તેઓ

જગ્યા પર આવેલા ત્યારે પોલીસ અને બીજા ઘણા માણસો ભેગા થયેલા હતા. બોમ્બ ડિસ્પોઝલની ટીમે બોમ્બ ડીફ્યુસ કરેલો અને પોલીસે કાયદેસરની કાર્યવાહી કરેલી ત્યારપછી તેઓ તેમના ઘરે જતા રહેલાનું જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી ઉત્તમદાસ ચેતનદાસ સંતને સાહેદ નં.૫૮૦ તરીકે આંક–૩૧૧૩ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે માહે જુલાઈ–૨૦૦૮ના સમય અગાઉથી તેઓ સુરત મુકામે રહેતા હતા. સુરતના મહિધરપુરા વિસ્તારમા આ સાહેદ ચાની લારી ચલાવી ચા વેચવાનુ કામ કરતા હતા. તા.૩૦/૭/૨૦૦૮ ના રોજ સવારના સમયે ચાની લારીએ ચા વેચવાના કામકાજ સંબંધે ગયેલા તેમની ચાની લારી નજીક કેટલાક છોકરાઓ ક્રિકેટ રમતા હતા. ચાની લારીની સામે રહેતા લાલુ જેનુ બીજુ નામ કાર્તિકભાઇ છે તેણે આ સાહેદને સાંજના સમયે આવીને જણાવેલ કે તેમની લારી પાસે આવેલ જીનીયસ ઇન્સ્ટ્રુમેન્ટ નામની દુકાનના સાઇન બોર્ડની અંદર પોપટી કલરના કાગળમા બોમ્બ જેવુ કાઇક દેખાય છે જેથી લગભગ રાતના સમયે તે વસ્તુ ખોલી જોતા બોમ્બ જેવુ જણાતા ત્યા હાજર માણસો પૈકી કોઇકે પોલીસને જાણ કરતા પોલીસ ત્યા આવેલી અને સાથે બોમ્બ સ્કવોર્ડના માણસો પણ હતા. તે લોકોએ તપાસ કરતા તે વસ્તુ બોમ્બ હોવાનુ જણાયેલ. આવેલ પોલીસના માણસોએ આ સ્થળે કામગીરી કરી તે વસ્તુ લઇને ત્યાથી નીકળી ગયેલાનું જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી મયુરભાઈ ભરતભાઈ પટેલને સાહેદ નં.૬૧૮ તરીકે આંક–૩૨૫૯ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ જન્મથી સુરત ખાતે મહિધરપુરા વિસ્તારમા રહે છે. જુલાઇ–૨૦૦૮ ના ગાળામા વરાછા રોડ ઉપર આવેલ જે.બી.ધારૂકાવાલા નામની કંપનીમા હીરા ઘસવાની મજૂરી કરતા હતા. તા.૩૦/૭/૨૦૦૮ ના રોજ હીરાના કારખાનામા રજા હતી અને તેઓ ઘરે રોકાયેલા રાત્રીના લગભગ આઠેક વાગ્યાના સુમારે ઘરેથી મહોલ્લામા બીજા છોકરાઓ ક્રિકેટ રમતા હોવાથી ગયેલ ત્યારે તેમના મિત્ર કાર્તિક પણ હતા, કાર્તિકની સાથે હીરાબજાર વિસ્તારમા

આવેલ જીનીયસ ઇન્સ્ટ્રુમેન્ટ એન્ડ ઇલેકટ્રોનિકસની નીચે બેઠેલા હતા. તે વખતે આ સાહેદના મિત્ર કાર્તિક જોષીનુ ધ્યાન સાઇન બોર્ડ ઉપર ગયેલુ. તેણે એક પોપટી કલરની થેલી જેવી વસ્તુ દેખાતા તેણે આ સાહેદને બતાવેલ. તેઓને આ વસ્તુ બાબતે શંકા ગયેલી. તે દિવસે સવારથી ટી.વી.મા બોમ્બ અંગેના સમાચાર આવતા હતા ત્યાં તે વખતે ચાની લારી ચલાવતા ચેતનદાસ અને અન્ય લોકો ત્યાં ભેગા થયેલા. આ ભેગા થયેલા લોકો તથા આ સાહેદને આ પોપટી કલરની વસ્તુ અંગે શંકા જતા અને બોમ્બ જેવુ લાગતા આ ટોળામાથી કોઇએ પોલીસને ફોન કરી દીધેલો. ત્યા પોલીસ આવેલી. પોલીસે બીજા અધિકારીઓને પણ બોલાવેલા ત્યાં આગળ બોમ્બને નિષ્ક્રિય બનાવવામા આવેલો. પોલીસે આગળની કાર્યવાહી કરેલાનું જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી કનૈયાલાલ હસ્તીમલ નાગરને સાહેદ નં.પ૭૨ તરીકે આંક–૩૦૭૨થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે જુલાઇ–૨૦૦૮ના અરસામા તેઓ શીવમ એપાર્ટમેન્ટ, ફલેટ નં.૪, સૂર્યનગર સોસાયટીની બાજુમા, ઉમરવાડા, સહારા દરવાજા, સુરત મુકામે રહેતા હતા. તે અરસામા મહિધરપુરા, જદાખાડીના નાકે, કામનાથ મહાદેવ રોડ ઉપર આવેલ એ.રંગરેજ બિલ્ડિંગમા ગ્રાઉન્ડ ફલોરમા દુકાન નં.૧ મા અન્નપૂર્ણા ચવાણા અને ફરસાણ માર્ટના નામથી ધંધો કરતા હતા. તા.૩૦/૭/૨૦૦૮ ના રોજ તેમની દુકાન બંધ કરતા હતા ત્યારે સાંજના છ સાત વાગ્યે એક ગ્રાહક આવેલો. આ વખતે શ્રીરામ નિવાસ મકાનની નજીકમા એક માણસ ઉભો હતો. તે માણસને બતાવીને ચવાણુ લેવા આવનાર માણસે આ સાહેદને કહેલ કે સામે જે માણસ ઉભો છે તેને કોઇ વખત અહી બજારમા જોયો છે તો આ સાહેદે જણાવેલ કે આવા માણસને અહીં હીરાબજારમા કોઇ દિવસ જોયો નથી. તેમની દુકાનની સામે શ્રીરામ નિવાસના મકાન નીચે જે માણસ ઉભો હતો તે આશરે સાડા છ સાત ફુટની ઉંચાઇનો માણસ હતો. તેનો ચહેરો ચપટો અને લાંબો હતો. સાધારણ દાઢી મુછવાળો હતો. તેણે લાઇટ બ્લ્યુ કલરનુ જીન્સ પહેરેલ હતુ. ગ્રીન કલરનુ લાંબી બાયવાળુ શર્ટ પહેરેલ હતુ. ચંપલ પહેરેલ હતા. માથાના વાળ નાના

હતા. આ માણસ અર્ધો એક કલાકથી ઉભો હતો અને જીનીયસ ઇન્સ્ટ્રુમેન્ટની દુકાનના બોર્ડ તરફ જોતો હતો. આ સાહેદે તેને જોતા તે અંબિકા ફરસાણ માર્ટ તરફ જતો રહેલો અને તે એકલો જ હતો. તેના હાથમા કાઇ ન હતુ. ફરસાણ લેવા આવેલ માણસે જણાવેલ કે આ માણસથી સાવચેત રહેજો. આ સાહેદ દુકાન બંધ કરી ત્યારબાદ ઘેર જતા રહેલા. તે વખતે જોતા પેલો લાંબો માણસ અંબિકા ફરસાણ પાસે ઉભો હતો. બાદ સવારના નવ વાગ્યે આ સાહેદે તેમની દુકાન ખોલેલી અને સાંજના સાતેક વાગ્યે દુકાન બંધ કરતા હતા તે વખતે મહોલ્લાના છોરા ક્રિકેટ બોલ રમતા હતા. તેમનો બોલ જીનીયસ ઇન્સ્ટ્રુમેન્ટના બોર્ડ પાછળ ગયેલો. તે બોલ લેવા માટે એક છોકરો સીડી ઉપર ચઢેલો તેણે બુમ પાડેલી કે "બોમ્બ છે" "બોમ્બ છે". મહોલ્લાના લોકો ભેગા થઇ ગયેલા અને દોડાદોડી કરવા લાગેલા. બોમ્બ હોવાનુ જણાતા કોઇએ પોલીસને ફોન કરીને જાણ કરેલી. થોડીવારમા પોલીસ આવી ગયેલ. બોમ્બ ડિસ્પોઝ કરવાવાળા માણસો પણ આવી ગયેલા અને ઘણા અધિકારીઓ પણ આવી ગયેલા અને તેમણે ત્યા કાર્યવાહી શરૂ કરેલાનું જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા શકમંદ વ્યકિતની વર્તણૂક અને વ્યવહાર અંગે સામે ચાલીને પોલીસને કોઈ ફોન કે જાહેરાત કરેલ નથી તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે જે શકમંદ વ્યકિત હતો તે ગુનો કરવાના જ ઈરાદે આવેલો તેવી માહિતી આ સાહેદને ન હોય માટે પોલીસને જાહેરાત કરેલી ન હોય. સામાન્ય રીતે સમાજમાં શંકાસ્પદ વ્યકિતઓ ઘણી બધી ફરતી હોય પરંતુ સમાજની કોઈ વ્યકિત પોલીસને જાણ કરતા હોતા નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી કાર્તિક રશ્મીકાંત જોષીને સાહેદ નં.૬૨૮ તરીકે આંક–૩૨૭૦ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ મહીધરપુરા, કામનાથ રોડ ખાતે રહે છે. સને–૨૦૦૮ ના અરસામા તેઓ અભ્યાસ કરતા હતા. તા.૩૦/૭/૨૦૦૮ ના રોજ તેઓ રાતના આશરે આઠ વાગ્યાના સુમારે તેમના મિત્ર નિશિતભાઇ કંસારા તથા તેમના કાકા કિશોરભાઇની સાથે ઘરમા ચેનલ ઉપર સમાચાર જોતા હતા, તે વખતે સુરત

શહેરમા પકડાયેલ બોમ્બના સમાચાર ચાલતા હતા. પોલીસે તેમના વિસ્તારમા જાહેર કરેલુ હતુ કે ઘરની આગળ પાછળ આજુબાજુમા દુકાનોના બોર્ડ કે કોઇપણ જગ્યાએ કાઇ શંકાસ્પદ વસ્તુ જણાઇ આવે તો પોલીસમા જાણ કરવી. ત્યારપછી આ સાહેદ ઘરની બહાર નીકળી તેમના મિત્ર સાગર પાંડે સાથે રોજ રાત્રે બેસતા હતા તે જીનીયસ ઇન્સ્ટ્રુમેન્ટની દુકાનની બાજુમા દાદર પાસે ગયેલા. તે વખતે બોમ્બની ચર્ચા કરતા હતા ત્યારે આ સાહેદની નજર આ જીનીયસ ઇન્સ્ટ્રુમેન્ટના બોર્ડ ઉપર ગયેલી. તે બોર્ડ થોડુ ઉપસેલુ જણાતા આ સાહેદે તેમના મોબાઇલ ફોનની લાઇટથી જોયેલુ તો એક લીલા કલરનુ પાર્સલ જેવુ દેખવા મળેલુ તેથી તેમના કાકાના દિકરા તથા તેમના મિત્રને પણ આ બતાવેલુ અને આજુબાજુના લોકોને પણ જાણ કરેલી. આ સાહેદને તથા લોકોને આ બોમ્બ હોવાની શંકા ગયેલી. થોડી જ વારમા પોલીસ ત્યા આવી ગયેલી ત્યાં પોલીસે આ દુકાનની આજુબાજુનો વિસ્તાર કોર્ડન કરી દીધેલો. ત્યાં બીજા અધિકારીઓ પણ આવેલા તે બોમ્બને નિષ્ક્રિય બનાવવામા આવેલાનું જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી દીપકભાઈ અમરતભાઈ પટેલને સાહેદ નં.૬૩૨ તરીકે આંક–૩૨૭૪ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ સને–૨૦૦૮ના વર્ષમાં સુરત ખાતે મહિધરપુરા વિસ્તારમા આવેલ ગોશેરીમા રહેતા હતા જે તે વખતે તરૂણભાઇ રાવલ કે જેમની સાઇટ પલસાણા મુકામે ચાલતી હતી ત્યા બાંધકામ સુપરવાઇઝર તરીકે નોકરી કરતા હતા. તા.૩૦/૭/૨૦૦૮ ના રોજ તેઓ કામ માટે હીરાબજાર લંબે હનુમાન રોડ ખાતે તેમના એકાઉન્ટન્ટ મહેશભાઇ મુકાતીવાલાને ત્યા રાત્રે સાડા સાતેક વાગ્યાના અરસામા ગયેલા ત્યાંથી સવા આઠ વાગ્યાની આસપાસ ઘરે પરત જતા હતા તે વખતે જદાખાડી, કામનાથ રોડ ઉપર આવેલ જીનીયસ ઇન્સ્ટ્રુમેન્ટ નામની દુકાન પાસે બધા છોકરાઓ ભેગા થયેલ હતા અને બોમ્બની વાતો કરતા હતા અને ત્યા દુકાનના બોર્ડ પાછળ જોતા એક ગ્રીન કલરનુ પાર્સલ જોયેલુ. આ સાહેદને પણ બોમ્બ હોવાની શંકા જતા તેમણે તેમના મોબાઇલ ઉપરથી પોલીસ કન્ટ્રોલ રૂમમા ૧૦૦ નંબર ઉપર ફોન કરેલો અને આ બાબતે

જાણ કરેલાનું જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા શંકાસ્પદ વસ્તુ હોવાની જાહેરાત છોકરાઓ દ્વારા થયેલી તે કબૂલ કરે છે. શંકાસ્પદ વસ્તુની જાતે ખાતરી કરેલી નથી તે પણ કબૂલે છે. પરંતુ સામાન્ય રીતે શંકાસ્પદ વસ્તુ જણાય તો કોઈ સામાન્ય વ્યકિત તેને સ્પર્શ કરીને ખાતરી ન કરે પરંતુ પોલીસને જ જાણ કરે માટે મારા મત પ્રમાણે શંકાસ્પદ વસ્તુની ખાતરી કરવાની ન હોય.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી કિશોરભાઈ પ્રવિણકાંત જોષીને સાહેદ નં.૬૪૯ તરીકે આંક–૩૨૯૫ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ સને–૨૦૦૮મા ભરતભાઇ પટેલ નામની વ્યકિતને ત્યા હીરાબજારમા નોકરી કરતા હતા તેમની નોકરીનુ સ્થળ હીરાબજાર, પ્રશાંત ચેમ્બર ખાતે આવેલ હતુ. તા.૩૦/૭/૨૦૦૮ ના રોજ ઘરે ટી.વી. જોતા હતા. તે વખતે તેમની સાથે તેમનો ભાઇ તથા ફેમીલી તથા મિત્રો હતા જેમા સાગર અને નિશિત પણ હતા. ટી.વી.મા બોમ્બ સંબંધેની હેડલાઇન આવતી હતી અને પોલીસની સુચના હતી કે, કોઇ શંકાસ્પદ વસ્તુ હોય તો નજીકના પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવો. ટી.વી. જોયા બાદ બહાર બેઠેલા ત્યારે આ સાહેદના ભાઇની નજર જીનીયસ કાંટાની દુકાન છે ત્યા ગયેલા ત્યારે બોર્ડ ઉપસેલુ દેખાયેલુ જેથી અહીં કાંઇક હોવાનુ જણાવેલુ અને આથી મોબાઇલ ટોર્ચ દ્વારા જોતા શંકાસ્પદ જણાતા પોલીસને ફોન કરેલો અને પોલીસ ચોકી નજીક હોવાથી આ સાહેદ પોલીસમા જાણ કરવા ગયેલા અને ત્યારબાદ સાહેબો આવી ગયેલા અને બધાને દુર કરેલા. બોર્ડ ઉપર પાર્સલ જેવુ હતુ તે નીચે ઉતારેલાનું જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી કુતબુદ્દીન ગુલામ રસુલને સાહેદ નં.૭૭૦ તરીકે આંક–૩૫૭૪ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે માહે જુલાઇ–૨૦૦૮ના સમયે તેઓ અનાર્મ પોલીસ કોન્સ્ટેબલ તરીકે મહિધરપુરા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા. તા.૩૦/૭/૨૦૦૮ ના રોજ રાત્રે આશરે સાડા આઠ વાગ્યે પી.એસ.ઓ.એ જાણ કરેલ કે પોલીસ કન્ટ્રોલ રૂમમાથી એ.એસ.આઇ. મંગાભાઇએ ટેલીફોનથી વર્ધી લખાવી જણાવેલ કે, મહિધરપુરા જદાખાડીમાથી દિપકભાઇ નામના ઇસમે તેમના મોબાઇલ નંબર

ઉપરથી જણાવેલ છે કે જદાખાડી અંબિકા ફરસાણની બાજુમા એક શંકાસ્પદ પોટલા જેવુ પડેલ છે અને લોકો ત્યાં ભેગા થયેલ છે તો પોલીસ મોકલો. આથી મહિધરપુરા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટરશ્રી તથા હેડ કોન્સ્ટેબલ શનાભાઇ વિગેરેનાઓ મહિધરપુરા જવા નીકળેલા ત્યા જીનીયસ ઇન્સ્ટ્રુમેન્ટ નામની વજનકાંટાની દુકાન પાસે લોકો ભેગા થયેલા હતા. તે સ્થળે લોકો ભેગા થયેલા તેઓને તે સ્થળેથી દુર કરવાની અને સ્થળને કોર્ડન કરવાની કામગીરી કરેલી. પોલીસ ઇન્સ્પેકટરશ્રીએ તે જીનીયસ ઇન્સ્ટ્રુમેન્ટ નામની દુકાનના બોર્ડની પાછળના ભાગેથી મળેલ શંકાસ્પદ વસ્તુનુ નિરીક્ષણ કરેલ. તે લીલા કલરનુ પાર્સલ જણાયેલ અને પોલીસ ઇન્સ્પેકટરશ્રીએ આ સંબંધે પોલીસ કન્ટ્રોલ રૂમને જાણ કરેલ અને બી.ડી.એસ. ટીમના માણસોને બોલાવેલ. આ સ્થળેથી બી.ડી.એસ. ટીમના માણસોએ આ લીલા કલરના બોક્ષમાથી મળી આવેલ બોમ્બ ડીફ્યુઅઝ કરેલ. એફ.એસ.એલ. તથા પંચોના માણસો પણ ત્યા હાજર હોવાનું જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા આ સાહેદ બનાવ સ્થળે હાજર ન હતા તો તે હકીકત નકારે છે. ઉપલા અધિકારીના કહેવાથી મદદ કરવા ખોટી જુબાની આપતા હોવાની હકીકત પણ નકારે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી જેસીંગભાઈ મોહનભાઈ પટેલને સાહેદ નં.૧૧૩૭ તરીકે આંક–૮૧૫૬ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે જુલાઇ–૨૦૦૮ના અરસામા તેઓ પોલીસ હેડક્વાર્ટર ખાતે બોમ્બ ડિટેકશન એન્ડ બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડમા ફરજ બજાવતા હતા. આ અરસામા તેમની સાથે એ.એસ.આઇ. સુમનભાઇ વનમાળી, મોહનભાઇ ભાયલાભાઇ અને અજયભાઇ માનાભાઇનાઓ પણ ફરજ બજાવતા હતા. તેમની ફરજ પોલીસ હેડ ક્વાર્ટર ખાતે હોય છે અને સુચના મળે તે મુજબ જે તે જગ્યાએ જઇને કામગીરી કરવાની હોય છે. આ સાહેદે બોમ્બ ડિટેકશન અને બોમ્બ ડિસ્પોઝલ અંગેની તાલીમ સુરત ખાતે હેડ ક્વાર્ટરમા તથા કરાઇ એકેડેમી, ગાંધીનગર કે જે પોલીસ તાલીમ શાળા છે ત્યાંથી મેળવેલી હતી. તા. ૩૦/૭/૨૦૦૮ ના રોજ હેડ ક્વાર્ટર ખાતે હાજર હતા દરમ્યાન રાત્રે સાડા આઠેક વાગ્યાના

અરસામા વર્ધી મળેલી કે મહિધરપુરા જદાખાડી, કામનાથ મહાદેવ રોડ, જીનીયસ ઈન્સ્ટ્રુમેન્ટ નામની દુકાનના બોર્ડ પાછળ એક જીવંત બોમ્બ છે જેથી આ સાહેદ તે જગ્યાએ પહોચેલા અને તે બોમ્બને ડિફ્યુઝ કરવા અંગેની કામગીરી કરેલી. આ મળી આવેલ બોમ્બ ડિફ્યુઝ કરી તેમાથી મળી આવેલ ચીજ વસ્તુઓ ડીટોનેટર, બેટરી, ઈલેકટ્રીક સરકીટ, લુગ્દી જેવો પદાર્થ, પેપર, છરા તથા નટ બોલ્ટ વિગેરે ચીજવસ્તુઓ અલગ કરેલ અને તેને પણ જે તે સ્થળે ચાર્જમા હાજર પોલીસ અધિકારીને ચાર્જમા સોંપેલ. ઉપરોકત જણાવેલી જે જગ્યાએ બોમ્બ ડિફ્યુઝ કરવાની કામગીરી કરેલ તે સમયે જરૂરી સેફટી ડ્રેસ તથા હેલ્મેટ પહેરેલ અને બોમ્બ ડિફ્યુઝ કરવા જરૂરી કાળજી રાખેલી. બોમ્બ જીવંત હતો. બોમ્બ ડિફ્યુઝ કરવા માટે સૌપ્રથમ બોમ્બ ઉપરની સેલોટેપ કટરથી કાપેલી ત્યારબાદ ડીટોનેટર, ઈલેકટ્રીક સર્કીટ અને બેટરીના છેડા કટ કરીને અલગ કરેલા. ત્યારબાદ બેટરી અને ઈલેકટ્રીક સર્કીટને અલગ કરેલ. ત્યારબાદ ગેલ્વેનાઈઝનુ પતરૂ ખોલેલુ અને તેમાથી પેપર અલગ કરેલ અને ત્યારબાદ પ્લાસ્ટિકની થેલીમા પીળા કલરનો ચીકણો પદાર્થ હતો તેમાથી ડીટોનેટર અલગ કરેલા. બાદ તેની નીચેના ભાગમા પ્લાસ્ટિકની થેલીમા જે છરા અને નટ બોલ્ટ હતા તે થેલીને અલગ કરેલી. બોમ્બમા જે પીળો ચીકણો પદાર્થ પ્લાસ્ટિકની થેલીમા હતો તે આશરે એકાદ કિલોગ્રામના વજનમા હતો તથા નટ–બોલ્ટ અને છરા પણ આશરે એકાદ કિલોગ્રામ વજનમા હતા. બોમ્બનુ સ્ટ્રકચર નાવડી આકારનુ તેમજ અર્ધચંદ્રાકાર હતુ. જે લાકડાની ફ્રેમનુ હતુ અને ઉપર નીચે ગેલ્વેનાઈઝનુ પતરૂ લગાવીને બનાવેલુ હતુ તેમ જણાવેલ છે. આ સાહેદે ઊલટતપાસમાં જણાવેલી હકીકતો ડી.સી.બી. પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં. ૩૦૧૯/૨૦૦૮ ના કામના બનાવ સંબંધે રજૂ કરેલ પુરાવામાં વિગતવાર ચર્ચા કરેલી છે માટે ઊલટતપાસની હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

આમ, મહિધરપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં મહિધરપુરા હીરાબજાર જદ્દાખાડી કામનાથ રોડ, શ્રીનિવાસ મકાનની નીચે, જીનીયસ ઈન્સ્ટ્રુમેન્ટ નામની દુકાનની બોર્ડની પાછળ તા.૩૦/૭/૨૦૦૮ ના રોજ કલાક

૨૩–૪૫ વાગ્યે બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલો અને તે જગ્યાએથી બોમ્બ મળી આવેલો તે હકીકત ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા ઉપરોકત તમામ પુરાવા ઉપરથી સાબીત થાય છે તેમ હું માનુ છું.

(૬૩) **<u>સુરત શહેરમાં ઉમરા પોલીસ સ્ટેશનની હકુમતના વિસ્તારમાં બોમ્બ ધડાકા કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલ તે પુરવાર કરવા બનાવ નં.૨ ના સંબંધમાં ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન.</u>**

- વિસ્તાર:– ઉમરા પોલીસ સ્ટેશનની હદમાં
- સ્થળ:– ચોપાટી ગાર્ડન આગળ સીટી બસ સ્ટોપમાં આવેલ એડર્વટાઈઝના હોર્ડીંગમાંથી મળી આવેલ
- તારીખ:– ૩/૮/૨૦૦૮
- સમય:– કલાક ૧૨–૫૦ પહેલા કોઈ વખતે
- સેકન્ડ ગુના રજીસ્ટર નં.૬૫૧/૨૦૦૮
- બનાવમાં વપરાયેલ વાહનઃ– નથી

તા.૩/૮/૨૦૦૮ ના રોજ ઉમરા પોલીસ સ્ટેશનની હકુમતમાં આવેલ વિસ્તાર ચોપાટી ગાર્ડન આગળ સીટી બસ સ્ટોપમાં આવેલ એડર્વટાઈઝના હોર્ડીંગમાં બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલો અને તે જગ્યાએથી બોમ્બ મળી આવેલો. તેની ફરિયાદ રમેશભાઈ સોમાભાઈ પટેલ, પોલીસ ઈન્સ્પેકટરે પોતાની રૂબરૂની ફરિયાદ લખાવેલી. આ ફરિયાદીને ફરિયાદપક્ષ દ્વારા સાહેદ નં.૪૯૯ તરીકે આંક–૨૯૩૦ થી તપાસવામાં આવેલા છે. તેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે સને–૨૦૦૮ ના વર્ષમાં સુરત શહેર ઉમરા પોલીસ સ્ટેશનમાં પોલીસ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન તા.૩/૮/૨૦૦૮ ના રોજ આ સાહેદ પોલીસ સ્ટેશનમાં હાજર હતા તે દરમ્યાન ટ્રાફિક એસ.પી.નો ફોન આવેલો કે ચોપાટી બસ સ્ટેન્ડ પાસે બસ સ્ટોપના એડર્વટાઈઝીંગના હોર્ડીંગમાંથી એક બોમ્બ મળેલો

છે તેવી માહિતી પોલીસ કોન્સ્ટેબલ બહાદુરભાઈ રામાભાઈ વસાવાએ આપેલી છે જેથી સત્વરે તપાસ કરવાનું જણાવેલુ જેથી આ સાહેદ કલાક ૧૨–૫૦ વાગે પોલીસ સબઇન્સ્પેકટર ભગોરા તથા સર્વેલન્સના બીજા માણસો સાથે ચોપાટી આગળ બસ સ્ટેન્ડની બાજુમાં ગયેલા ત્યાં જઈને જોયુ તો એક લીલા રંગની કોથળીમાં બોમ્બ હતો જે બસ સ્ટોપના હોર્ડીંગ્સની એંગલ સાથે બાંધેલો હતો જેથી ઉચ્ચ અધિકારીઓ, બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડ તથા એફ.એસ.એલ. એક્ષપર્ટને સ્થળ ઉપર પધારવા જાણ કરેલી ત્યારબાદ ટ્રાફિક અને પબ્લિકની સલામતી માટે બંદોબસ્ત ગોઠવેલો થોડીવારમાં બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડના માણસો તથા એફ.એસ.એલ. અધિકારી પટેલનાઓ આવેલા અને બસ સ્ટોપ પરથી બોમ્બનું પેકેટ ઉતારી ચોપાટી ગાર્ડનની ખુલ્લી જગ્યામાં લઈ ગયેલા અને આ અધિકારીઓએ પંચો રૂબરૂ બોમ્બને ડીફ્યુઝ કરેલો. સદર બોમ્બમાંથી નીકળેલી સામગ્રીમાં એક વુડન અર્ધ ચંદ્રાકાર પેકેટ લાકડાની ફ્રેમવાળુ અને તે ફ્રેમ ઉપર ગેલ્વેનાઈઝનુ પતરૂ લગાવી સેલોટેપ લગાવેલી હતી. આ સેલોટેપ ભુરા, કાળા અને લાલ કલરની હતી. આ ઉપરાંત ફ્યુઅલ ઓઈલ મીશ્રિત છરા, ખીલ્લીઓ તથા પીળા જેવો ચીકણો પદાર્થ, ડીટોનેટર નંગ–૨, ઈલેકટ્રોનીક સરકીટ, નવ વોલ્ટની ડ્યુરોસેલ બેટરી તેમજ ગુજરાત સમાચારની વડોદરા આવૃત્તિનું પેપર નીકળેલા તે તમામ સામગ્રી પંચોની હાજરીમાં પંચનામાની વિગતે કબજે કરેલી તથા પંચોની અને આ સાહેદની સહીવાળી સ્લીપો લગાવી લાખથી સીલ કરેલુ. આ બનાવની આ સાહેદે ફરિયાદ આપેલી અને આગળની તપાસ ડી.સી.બી. ક્રાઈમ બ્રાન્ચે કરેલી તેમ જણાવે છે. આ સાહેદે જે ફરિયાદ લખાવેલી તે આંક–૨૯૩૨ થી ૨જૂ છે જેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આ સાહેદે બનાવવાળી જગ્યા ઉપર મુદ્દામાલ કબજે કર્યાનું જે પંચનામુ બનાવેલુ તે આંક–૨૬૯૪ વાળા પંચનામામાં પંચોની તથા રૂબરૂ તરીકે આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આ ઉપરાંત સાયન્ટિફિક ઓફિસર એફ.એસ.એલ. સુરતને ગુનાવાળી જગ્યાએ પધારવા યાદી કરેલી તે આંક–૨૭૩૮ વાળી યાદીમાં પણ આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આ

સાહેદે આંક–૨૬૯૪ વાળા પંચનામાથી જે મુદ્દામાલ કબજે કરેલો તે તમામ મુદ્દામાલ આ સાહેદ અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે.

આંક–૨૭૩૮ વાળી સ્થળ ઉપર પધારવાની યાદી આધારે એફ. એસ.એલ. અધિકારી સાહેદ નં.૪૪૩ નીતિનકુમાર દયારામ પટેલનાઓને આંક–૨૭૨૫ થી તપાસવામાં આવેલા છે. તેઓએ જે જગ્યાએથી બોમ્બ મળી આવેલ તે સ્થળ ઉપર જઈ સ્થળ ચકાસણી કરેલી અને સ્થળ ઉપરથી બોમ્બનું મટીરીયલ જેવુ કે અર્ધ ચંદ્રકાર લાકડાની ફ્રેમ, ગેલ્વેનાઈઝના પતરા અને ખીલ્લીથી ઝડેલી અને તેમાંથી લોખંડના છરા, ચીકણો પદાર્થ, ૯ વોલ્ટની બેટરી તથા ડીટોનેટર વિગેરે કબજે કરવાની સુચના આપેલી અને તપાસ કરનાર અધિકારીએ પંચોની રૂબરૂમાં આ સમગ્રી કબજે કરેલાનું આ સાહેદ જણાવે છે અને તે અંગેનો વિગતવાર પ્રાથમિક અહેવાલ આપેલો જે આંક–૨૭૩૯ મા આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આ સાહેદની ઊલટતપાસની વિગતવાર ચર્ચા ડી.સી. બી. પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૩૦૧૯/૨૦૦૮ ના કામે ફરિયાદપક્ષ દ્વારા જે પુરાવા રજૂ થયેલા છે તેમાં કરેલી છે. આરોપીઓ તરફથી થયેલી ઊલટતપાસ જનરલ ઊલટતપાસ છે, કોઈ ચોકકસ એક ગુના પુરતી નથી માટે ઊલટતપાસનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

આમ, આ ફરિયાદ લીધા બાદ સાહેદ રમેશભાઈ સોમાભાઈ પટેલે ગુનો રજીસ્ટર કરવા માટે પી.એસ.ઓ. ઉમરા પોલીસ સ્ટેશનને મોકલી આપેલી અને પી.એસ.ઓ. ઉમરા પોલીસ સ્ટેશનનાઓએ આ ફરિયાદને સ્ટેશન ડાયરીમાં રજીસ્ટર કરેલી તે સ્ટેશન ડાયરીની નકલ આ કામે આંક–૧૭૧૩ થી રજૂ કરેલી છે. તે રજીસ્ટર કરનાર સાહેદ કુસુમબેન વસંતલાલ પટેલને સાહેદ નં.૩૩૨ તરીકે આંક–૧૭૦૯ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લેતા તેઓ બનાવના દિવસે પી.એસ.ઓ. તરીકે ઉમરા પોલીસ સ્ટેશનમાં ફરજ ઉપર હતા ત્યારે એક સૂચિપત્ર પટેલની સહીથી મોકલવામાં આવેલુ અને ગુનો નોંધેલો અને સ્ટેશન ડાયરી એન્ટ્રી નં.૧૯ આપેલી. જેમાં આ સાહેદે વધુ તપાસ અંગેનો શેરો આંક–૧૭૧૦ ના પાછળના ભાગે કરેલો તેમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

આ કામે ફરિયાદી રમેશભાઈ સોમાભાઈ પટેલની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલી છે તે ધ્યાને લેતા તા.૩/૮/૨૦૦૮ ના રોજ આ સાહેદ સ્થળ ઉપર પહોંચ્યા ત્યારે બનાવની જાણ કરનાર એસ.પી. ટ્રાફિકના અધિકારી સ્થળ ઉપર હાજર હતા નહીં. ચોપાટી ઉપર લોકોની અવરજવર હોય છે તે કબૂલ કરે છે. આંક–૨૬૯૪ ના પંચનામા પહેલા એફ.એસ.એલ.ના તથા બોમ્બ ડીફ્યુઝના માણસો ત્યાં આવી ગયેલાનું કબૂલ કરે છે. આંક–૨૬૯૪ ના તૈયાર પંચનામા ઉપર પંચોની સહી લીધાનું નકારે છે. ચોપાટી આગળ બનેલ બનાવની ફરિયાદ ઉચ્ચ અધિકારીઓના કહેવાથી આપેલાની હકીકત નકારે છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા બોમ્બ ડીફ્યુઝ ટીમ બોમ્બ ડીફ્યુઝ કરતી હતી ત્યારે આ સાહેદ ૨૫ થી ૩૦ ફુટ દુર ઉભા હતા. ડ્યુરોસેલ બેટરીનો ઉપયોગ રેડીયો અને ટોર્ચમાં થાય છે તે કબૂલ કરે છે. આ બનાવમાં પંચનામુ પહેલા કરવામાં આવેલુ છે અને ફરિયાદ પાછળથી થયેલી છે તે કબૂલ કરે છે. આ સાહેદને આરોપીઓ તરફથી એવો પ્રશ્ન પુછેલો છે કે "તમે બોમ્બ ખોલેલો" તેમાં આ સાહેદે ના કહેલુ છે. મારા મત પ્રમાણે જયારે આવો બોમ્બ મળી આવે ત્યારે બોમ્બ ખોલવા અને બોમ્બ ડીફ્યુઝ કરવાના એક્ષપર્ટ માણસો સરકાર પાસે હોય છે માટે આ સાહેદે બોમ્બ ખોલવાનો કોઈ પ્રશ્ન નથી. આ સિવાય આરોપીઓને મદદ થાય તેવી કોઇ હકીકત આ સાહેદની ઊલટતપાસ દરમ્યાન નીકળી આવતી નથી.

સાહેદ રમેશભાઈ સોમાભાઈ પટેલનાઓએ બે પંચોની હાજરીમાં આંક–૨૬૯૪ વાળુ ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરી જે મુદ્દામાલ કબજે કરેલો તે પંચનામાના પંચો પૈકીના પંચ નરશીભાઈ કરમનભાઈ પટેલને સાહેદ નં.૭૭૧ તરીકે આંક–૨૬૯૩ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૩/૮/૨૦૦૮ ના રોજ આ સાહેદ પોતાની મોટર સાઇકલ લઈને અઠવાલાઈન્સ તરફ પેટ્રોલ ભરાવવા જતા હતા ત્યારે પોલીસે રોકેલા અને તેમની સાથે એક રીક્ષાવાળા કૈલાશભાઈને પણ રોકેલા. ત્યારબાદ બંનેને પોલીસ ઇન્સ્પેકટર પટેલ પાસે લઈ ગયેલા અને ત્યાં પોલીસ ઇન્સ્પેકટરે પોતાની

ઓળખાણ આપેલી અને ત્યારબાદ અઠવા લાઈન્સ ઉપર આવેલ બસ સ્ટોપ પાસે લઈ ગયેલા અને જણાવેલુ કે એડર્વટાઈઝીંગના બોર્ડમાં એક લીલા કલરની લટકાવેલ થેલીમાં બોમ્બ છે અને તેનુ પંચનામુ કરવાનું છે જેથી આ સાહેદે પંચમાં રહેવાની હા પાડેલી ત્યારબાદ બસ સ્ટોપથી ૨૦–૨૫ ફુટ દુર ઉભા રહીને જોયુ તો ત્યાં એક એડર્વટાઈઝીંગનું બોર્ડ હતુ તેના આગળના ભાગે ટયુબ લાઈટ હતી અને બાજુમાં એક એંગલ ઉપર લીલા કલરની થેલી જે ડબ્બા જેવી લાગતી હતી તે તારથી બાંધેલી હતી ત્યાં પાંચ વ્યકિતઓ પોલીસ જેવા લગતા હતા તે બોમ્બને નિષ્ક્રિય કરતા હતા. આ સ્થળ ઉપર એફ.એસ.એલ. અધિકારી પણ હાજર હતા. બોમ્બ નિષ્ક્રિય કરનાર વ્યકિતઓએ બોમ્બના તાર કાપેલા અને તેને ઉતારીને બસ સ્ટોપની પાછળ આવેલ બગીચામાં લઈ ગયેલા ત્યાં પંચો, પોલીસ અધિકારી તથા બીજા અધિકારીઓ હાજર હતા ઉતારીને લાવવામાં આવેલી થેલીમાં જોયુ તો એક અર્ધ ચંદ્રાકાર આકારનું હોડી જેવુ લાકડાનું બોક્ષ હતુ તેના ઉપર લાલ અને કાળા કલરની સેલોટેપ વીંટાળેલી હતી તે સેલોટેપને ઉખાડતા એક પતરૂ હતુ તેને ખોલતા પ્લાસ્ટિકની થેલી નીકળેલી જેમાં ઓઈલ મીશ્રિત છરા હતા, બીજી પણ એક પ્લાસ્ટિકની પારદર્શક થેલી નીકળેલી તેમાં પીળા રંગનો ચીકણો પદાર્થ હતો તેમાંથી બે ટેટા, સરકીટ વાયર સાથેની, નવ વોલ્ટની બેટરી ડુયરા કંપનીની, સાદા સમાચાર પત્રો, લાલ તથા કાળા કલરની ટેપ તથા એક નાના વાયરનું ગુંચળું નીકળેલુ. આ વસ્તુઓ એક પ્લાસ્ટિકના બોક્ષમાં મુકી દોરી વડે બાંધી તેની ઉપર પંચોની તથા સાહેબની સહીવાળી સ્લીપો મુકીને સીલ કરેલ. આ મુદ્દામાલ મળી આવેલ તેમાંથી ૫૦ ગ્રામ છરા એક પ્લાસ્ટિકની ડબ્બીમાં લઈને પેક કરેલા, એક ચીકણો પદાર્થ ૫૦ ગ્રામ જેટલો નમૂના તરીકે લઈ પ્લાસ્ટિકની ડબ્બીમાં મુકી સીલ કરેલો. આ તમામ વસ્તુઓ આ સાહેદની હાજરીમાં કબજે કરવામાં આવેલી તેનુ પંચનામુ બનાવેલુ જે આંક–૨૬૯૪ વાળા પંચનામામાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવી છે તથા આ સાહેદની હાજરીમાં જે કોઈ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ તે તમામ એક પછી એક કોર્ટમાં ખોલીને બતાવતા તમામ મુદ્દામાલ આ સાહેદે ઓળખી બતાવેલો છે અને

મુદ્દામાલમાંથી નીકળેલી પંચ સ્લીપો આંક–૨૬૯૫ થી ૨૭૦૬ સુધી રજૂ કરેલી છે તે તમામ પંચ સ્લીપો ઉપર આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

હવે આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવી છે તે ધ્યાને લઈએ તો આ બોમ્બ જમીનથી પાંચેક ફૂટની ઉંચાઈએ હતો અને તે જોયો ત્યારે પ્લાસ્ટિકની થેલીમાં પેક હતો. બનાવ સ્થળે પહોચ્યા ત્યારે બે પોલીસ વાળા ત્યાં હાજર હતા, પબ્લિકના કોઈ માણસો ત્યાં હાજર ન હતા. અગાઉ આ મુદ્દામાલ જોયેલો નથી તે કબૂલ કરે છે. મુદ્દામાલ ચીજવસ્તુઓના નામ પોલીસે લખાવેલાની હકીકત નકારે છે. પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદની રૂબરૂમાં બોમ્બ ડીફ્યુઝ કરવામાં આવેલો છે અને તેમાંથી નીકળેલી વસ્તુઓ આ સાહેદે જોયેલી છે જે પણ વસ્તુઓ નીકળેલી તે સહેલાઈથી ઓળખી શકાય તેવી વસ્તુઓ હતી અને આ વસ્તુઓ એવી હતી કે તેના નામ પણ સહેલાઈથી કહી શકાય માટે આ સાહેદે જે વસ્તુઓ જોયેલી તે તમામ વસ્તુઓના નામ લખાવેલા છે તેમ કહી શકાય. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા બોમ્બને ગાર્ડનમાં લઈ ગયા ત્યારે કોઈ પબ્લિક ન હતી. બગીચામાં જઈ ૭૦ ફૂટના અંતરે બોમ્બ ખોલેલો. એફ.એસ.એલ. અધિકારી પટેલે આ હાથ બનાવટનો જીવતો બોમ્બ છે તેવુ જણાવેલુ. મુદ્દામાલવાળા છરા આ સાહેદે પોતાની જુબાની વખતે જોયા ત્યારે કટાઈ ગયેલા હતા. મારા મત પ્રમાણે બનાવ પછી સાત વર્ષ બાદ આ સાહેદે જુબાની આપેલ હોવાથી લોખંડના છરા કટાઈ ગયેલા જ હોય અને તે છરા આ સાહેદે જોયેલા છે. આ સિવાય બીજી કોઈ મહત્વની હકીકત આરોપીઓને મદદરૂપ થાય તેવી ઊલટતપાસમાં નીકળી આવતી નથી.

હવે તપાસ કરનાર અધિકારીએ ગુનાવાળી જગ્યા ઉપરથી જે મુદ્દામાલ આંક–૨૬૯૪ ના પંચનામાના આધારે કબજે કરેલો તે મુદ્દામાલ રવાનગી નોંધ સાથે એફ.એસ.એલ. ગાંધીનગરને પૃથક્કરણ માટે મોકલી આપેલો. આ રવાનગી નોંધ આ કામે આંક–૫૭૬૧ થી રજૂ કરેલી છે. આ રવાનગી નોંધમાં જણાવ્યા મુજબના કુલ–૮ નમૂના માર્ક–એ થી માર્ક–જી, જે સુધીના એફ.એસ.એલ. ગાંધીનગરને તપાસ અર્થે મોકલેલા છે. આ રવાનગી

નોંધમાં સાહેદ સુજાતા મજમુદાર મદદનીશ પોલીસ કમિશનર સુરત શહેરનાઓની સહી છે અને તેમણે પોતાની સત્તાના પ્રમાણપત્ર સાથે એફ.એસ.એલ. ગાંધીનગરને મુદ્દામાલ મોકલી આપેલો અને તેમણે આંક–૮૧૪૯ વાળી પોતાની જુબાનીમાં સહી ઓળખી બતાવી છે. હવે આ મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારી જાનમહમંદ ફકીરમહંમદ મન્સુરીને સાહેદ નં.૮૪૦ તરીકે આંક–૫૭૦૦થી તપાસેલા છે. એફ.એસ.એલ. દ્વારા મુદ્દામાલ સ્વીકાર્યા અંગેની જે પહોંચ આપવામાં આવેલી તે પહોંચ આ કામે આંક–૫૭૬૨ થી રજૂ કરેલી છે જેમાં મદદનીશ નિયામક એફ.એસ.એલ. ગાંધીનગરની સહી છે. આ સાહેદની આ ગુના પુરતી સરતપાસ મુજબ તેમના વિભાગના મદદનીશ નિયામકશ્રી દ્વારા તા.૧૨/૮/૨૦૦૮ ના રોજ ઉમરા પોલીસ સ્ટેશન, સુરત શહેરના સેકન્ડ ગુના રજીસ્ટર નં.૬૫૧/૨૦૦૮ અન્વયેના કેસનો સ્વીકારવામાં આવેલ મુદ્દામાલ તેમને પૃથક્કરણ અર્થે મળેલો અને તેની સાથે તેને લગતા કાગળોની ફાઈલ પણ આવેલ. સદરહુ કામનો મુદ્દામાલ જેવો કે...

- માર્ક–એ લીલા રંગની પ્લાસ્ટિકની કોથળી જે નાની પારદર્શક ડબ્બીમાં સીલબંધ
- માર્ક–બી અર્ધ ચંદ્રાકાર વુડન ફ્રેમ, ગેલ્વેનાઈઝ પતરા સાથેનું સ્ટ્રકચર લાલ રંગની સેલોટેપવાળુ
- માર્ક–સી પ્લાસ્ટિકની ડબ્બીમાં ઓઈલ મીશ્રિત છરા
- માર્ક–ડી પ્લાસ્ટિકની ડબ્બીમાં પીળા રંગનો ચીકણો પદાર્થ
- માર્ક–ઈ અને ઈ–૧ ડીટોનેટર નંગ–૨ (ડીફ્યુઝ કર્યા વગરના)
- માર્ક–એફ પ્લાસ્ટિકની ડબ્બીમાં ઈલેકટ્રોનીક સરકીટ
- માર્ક–જી પ્લાસ્ટિકની ડબ્બીમાં ડ્યુરોસેલ બેટરી
- માર્ક–જે ગેલ્વેનાઈઝ તારના ટુકડા નંગ–૪

ઉપરોકત નમૂનાનું પૃથક્કરણ પ્રમાણિત રાસાયણિક અને ઉપરકરણીય પધ્ધતિએ કરેલ હતું અને પૃથક્કરણના આધારે એવા પરિણામ પર આવેલ કે...

(૧) નમૂના માર્ક એ, બી, સી તથા ડી માં એમોનિયમ, નાઈટ્રાઈટ તથા નાઈટ્રેટ મુલકો અને પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સ ઓઈલ (પેરાફીલ ઓઈલ પ્રકાર)ની હાજરી શોધાયેલ છે.

(૨) નમૂના માર્ક–ઈ તથા ઈ–૧ માં એમોનિયમ, નાઈટ્રાઈટ , નાઈટ્રેટ અને લેડ તથા એઝાઈડ મુલકો, પી.ઈ.ટી.એન. અને પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સ ઓઈલ (પેરાફીલ ઓઈલ પ્રકાર) ની હાજરી શોધાયેલ છે.

(૩) નમૂના માર્ક–જી, જે–૧ થી જે–૪ વિસ્ફોટક ઘટકની હાજરી શોધાયેલ નથી.

આમ ઉપરોકત પરિણામને આધારે સાહેદના અભિપ્રાય મુજબ...

૧. પૃથક્કરણના પરિણામમાં શોધાયેલ એમોનિયમ નાઈટ્રેટ અને પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન ઓઈલનું મિશ્રણ એ એમોનિયમ નાઈટ્રેટ બેઝ એમોનિયમ નાઈટ્રેટ–ફ્યુઅલ ઓઈલ (એનફો) હાઈએક્ષપ્લોઝીવના ઘટકો છે જેને ફોડવા માટે ડીટોનેટરનો ઉપયોગ થાય છે.

૨. પૃથક્કરણના પરિણામમાં શોધાયેલ લેડ એઝાઈડ અને પી.ઈ.ટી.એન. (હાઇ એક્ષપ્લોજીવ) નો ઉપયોગ બ્લાસ્ટિંગ કેપ (ડીટોનેટર) માં થાય છે.

૩. નમૂનાઓમાંથી મળેલ ધાતુના છરાનો ઉપયોગ હાથ બનાવટના બોમ્બમાં મીસાઈલ્સ તરીકે થાય છે.

૪. પૃથક્કરણનું પરિણામ તથા નમૂનાઓમાંથી મળેલ બેટરી, ઈલેક્ટ્રોનીક સરકીટ, ડીટોનેટર, છરા તથા હોડી આકારના લાકડાના ધાતુના પતરા સાથેના કન્ટેનરના આધારે એવું કહી શકાય કે હોડી આકારના લાક્ડાના ધાતુના પતરા સાથેના કન્ટેનરમાં એનફો એક્ષપ્લોઝીવ પદાર્થ ભરી , છરા ઉમેરી તથા ડીટોનેટરનો ઉપયોગ કરીને ટાઈમ ડીલે ડીવાઈસ પ્રકારનો આઈ.ઈ.ડી. બોમ્બ બનાવી શકાય.

આ પ્રમાણેનો આ સાહેદે અહેવાલ આપેલો જે આ કામે આંક–૫૭૬૩ થી ૨જૂ કરેલો છે તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ સાહેદની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી છે. અમદાવાદમાં થયેલ સીરીયલ બોમ્બ બ્લાસ્ટના ઘણા બનાવોવાળી જગ્યા ઉપરથી કબજે કરવામાં આવેલ ઘણા મુદ્દામાલનું પૃથક્કરણ તથા સુરત શહેરમાં થયેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં પણ જે તે સ્થળો ઉપરથી કબજે કરવામાં આવેલ મુદ્દામાલનું પૃથક્કરણ આ સાહેદે કરેલુ છે. તેઓની ઊલટતપાસ જનરલ અને સામાન્ય છે. જેની હકીકત અગાઉના ગુનાઓમાં પણ જણાવેલી છે. આરોપીઓ તરફથી કરવામાં આવેલ ઊલટતપાસ ધ્યાને લેતા એફ.એસ.એલ. કચેરી ગાંધીનગર ખાતે જે કંઈ કામગીરી કરવામાં આવે છે તે બાબતે તેમજ ઑફિસના વહીવટ સબંધે પ્રશ્નો પુછવામાં આવેલા છે પરંતુ તેથી કરીને આ સાહેદે આ મુદ્દામાલનું પૃથક્કરણ કરેલ નથી તે હકીકત ફલિત થતી નથી.

ત્યારબાદ આ કામે રવાનગી નોંધ આંક–૫૭૬૧ પૈકીના કેટલાક મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારી હિતેશ જયંતિલાલ ત્રિવેદીને સાહેદ નં. ૮૩૫ તરીકે આંક–૫૬૩૧ થી તપાસેલ છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તેઓ છેલ્લા ૧૮ વર્ષથી એફ.એસ.એલ. ગાંધીનગર તથા અમદાવાદ ખાતે ફરજ બજાવે છે. ૧૯૯૭ના વર્ષમાં એફ.એસ.એલ. અમદાવાદ ખાતે લેબોરેટરી ટેક્નીશીયન તરીકે જોડાયેલા અને જાન્યુઆરી–૨૦૦૮ થી જી.પી.એસ.સી. દ્વારા સિલેકશન થતાં સાયન્ટિફિક ઓફિસર તરીકે પ્રમોટ થયેલ. તેઓએ એમ.એસ.સી., બી.એડ. કરેલ છે જેમાં એમ.એસ.સી. ભૌતિકશાસ્ત્ર વિષયમાં ઈલેક્ટ્રોનીક સ્પેશ્યલાઇઝેશન સાથે પાસ કરેલ છે તેમના વિભાગના મદદનીશ નિયામકશ્રી દ્વારા ઉમરા પોલીસ સ્ટેશન, સુરત શહેરના સેકન્ડ ગુના રજીસ્ટર નં.૬૫૧/૨૦૦૮ અન્વયેના કેસનો સ્વિકારવામાં આવેલ મુદ્દામાલ પૈકીનો અમુક મુદ્દામાલ પૃથક્કરણ અર્થે મળેલો અને તેનુ પૃથક્કરણ કરતા...

– નમૂના–એફ ઈલેકટ્રોનીક સરકીટમાં પીસીબીમાં જોવા મળતા કનેકશન અનુસાર ડાયોગ્રામ તૈયાર કરવામાં આવ્યો તથા સરકીટમાં રહેલ PIC16F28 એ માઈક્રો કન્ટ્રોલર આઈ.સી.નું હાર્ડવેર તથા સોફટવેર પ્રોગ્રામની મદદથી તેમા રહેલ પ્રોગ્રામ રીડ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો તથા સરકીટને બેટરી સાથે જોડાણ

કરી તેના વિવિધ જોડાણો પાસે મળતા વોલ્ટેજ મલ્ટિમીટર વડે સીઓબી સરકીટ દ્વારા મળતા પલ્સની ફ્રીકવન્સી ઓસીલોસ્કોપની મદદથી માપવામાં આવ્યા તથા ઈલેકટ્રોનીક સરકીટને બેટરી સાથે જોડી સરકીટનો ભાગ ટ્રીગરીંગ ટ્રાન્જીસ્ટર કેટલા સમય બાદ ટ્રીગર થાય છે તેનું પરીક્ષણ કરવામાં આવ્યુ અને તેના આધારે આ સાહેદ એવા અભિપ્રાય ઉપર આવેલા કે સરકીટમાં રહેલ PIC16F28 એ ઈલેકટ્રીકલ ફલેશ પ્રકારની આઈ.સી., COB ટ્રીગરીંગ ટ્રાન્જીસ્ટર જેનર ડાયોડ, રેસીસ્ટન્ટ, કેપેસીટરસ વગેરેની બનેલ હતી તથા સરકીટમાં રહેલ PIC16F28 એ ઈલેકટ્રીકલ પ્રોગ્રામેબલ ફલેશ પ્રકારની આઈ.સી.નું હાર્ડવેર તથા સોફટવેર પ્રોગ્રામની મદદથી રીડ કરતા સદર આઈ.સી. કોડ પ્રોટેકટેડ હોવાનું જણાયેલ તથા સરકીટમાં રહેલ COB ૦.૫ હર્ટઝની ફ્રીકવન્સી જનરેટ કરે છે જે માઈક્રો કન્ટ્રોલરની પીન નં.૩ ઉપર આપે છે તથા ઈલેકટ્રોનીક સરકીટને બેટરી સાથે જોડી પ્રાયોગીક રીતે અવલોકન કરતા સદર સરકીટનું ટ્રીગરીંગ ટ્રાન્જીસ્ટર ટ્રીગર થતો ન હતો જે સદરહુ નમૂના–એફ ની સરકીટ ખામીયુકત હોવાનું નિર્દેશ કરે છે તથા ઈલેકટ્રોનીક સરકીટનો ઉપયોગ બોમ્બ બનાવવાની રચનામાં ટાઈમર ડીવાઈસ તરીકે થઈ શકે તેમ જણાવે છે.

આ ઉપરાંત નમૂનો–જી નું પરીક્ષણ કરતા બેટરીનું મલ્ટિમીટર વડે તેના વોલ્ટેજનું માપન કરવામાં આવ્યુ અને આ સાહેદ એવા અભિપ્રાય ઉપર આવેલા કે બેટરી ચાલુ સ્થિતિમાં હતી અને તેનો આઉટપુટ વોલ્ટેજ આશરે ૮.૧ વોલ્ટ હતો તથા નમૂના–જી બેટરીની નમૂના–એફ પ્રકારની ઈલેકટ્રોનીક સરકીટ માટે ઉપયોગમાં લઈ શકાય. આ પ્રમાણેનો આ સાહેદે અહેવાલ આપેલો જે આ કામે આંક–૫૭૬૩ થી રજૂ કરેલો છે તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ સાહેદની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી છે. આ સાહેદે સુરત શહેરમાં બનેલા કુલ–૧૫ બનાવોમાં જે મુદ્દામાલ કબજે કરવામાં આવેલો તે તમામ બનાવોના મુદામાલોનું પૃથક્કરણ કરેલુ છે અને આરોપીઓ તરફથી કોઈ ચોકકસ ગુના માટે ઊલટતપાસ કરવામાં આવેલી નથી

પરંતુ જનરલ ઊલટતપાસ કરવામાં આવેલી છે. આ સાહેદે ઊલટતપાસમાં જણાવેલી હકીકતો મહિધરપુરા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૨૦૯/૨૦૦૮ ના કામના બનાવ સબંધે રજૂ કરેલ પુરાવામાં વિગતવાર ચર્ચા કરેલી છે માટે ઊલટતપાસની હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષે મનોજ મહાવીરપ્રસાદ જૈનને સાહેદ નં.૧૧૩૦ તરીકે આંક–૮૦૯૭ થી તપાસેલ છે. તેઓની સરતપાસ પ્રમાણે તેઓ સને–૨૦૦૮ ની સાલમાં સેન્ટ્રલ રીચર્સ લેબોરેટરી, ભારત ઈલેકટ્રોનીકસ લી.માં બેંગ્લોર ખાતે મેમ્બર સીનીયર રીચર્સ સ્ટાફ તરીકે ફરજ બજાવતા હતા. તા.૯/૮/૨૦૦૮ ના રોજ ડૉ.એ.ટી.કાલઘાટગી, ચીફ સાયન્ટીસ્ટને ઉદ્દેશેલ એક પત્ર કે જે સુજાતા મજમુદાર એ.સી.પી. ઈ–ડિવિઝન, સુરત સીટી, ગુજરાત રાજયનાઓ તરફથી તેમની લેબોરેટરીને મળેલો જે તે સમયે તે પત્ર સાહેદે સ્વીકારેલ અને તે બાબતેનો શેરો તે પત્ર ઉપર કરેલો અને ત્યાં સહી કરેલી. આ પત્રની સાથે એક PCB (પ્રિન્ટેડ સર્કિટ બોર્ડ) જેમાં માઈક્રોચીપ તેમજ તેની સાથેની બીજી એસેસરીઝ તથા એક ડાયાગ્રામ પણ સામેલ હતાં. આ તમામ દસ્તાવેજને સંયુકત રીતે આંક–૮૦૯૮ આપવામાં આવેલ છે. તેઓએ આ PCB નું ઈન્વેસ્ટીગેશન કરતા આવી જ બીજી તેના જેવી જ સર્કિટ આ સાહેદે બેંગ્લોર બોમ્બ બ્લાસ્ટ કેસમાં પણ એનાલીસીસ કરેલી હતી. આ સાહેદના અભિપ્રાય મુજબ જે સર્કિટનું તેમણે એનાલીસીસ કરેલું તે સર્કિટ ચાલુ હાલતમાં હતી અને આ સર્કિટમાં ૨૪–૧૫ કલાકનો સમય સેટ કરેલો હતો અને જે PCB બોર્ડ તથા તેની સાથેની અન્ય એસેસરીઝ એનાલીસીસ માટે મોકલેલી તે કોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે. આ સાહેદે જે અહેવાલ આપેલો તે આંક–૮૦૯૯ થી રજૂ રાખેલ છે જેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા સને–૧૯૯૧ ની સાલમાં ડેપ્યુટી એન્જીનીયર તરીકે ભારત ઈલેકટ્રોનીક કંપનીમાં નિમણૂક પામેલા હતા. આ કંપની પબ્લીક લીમીટેડ કંપની છે તે કબૂલ કરે છે. માઈક્રોચીપ બાબતે એ.સી.પી. સુજાતા મજમુદારે વાતચીત કરેલી તે કબૂલ કરે છે પરંતુ વાતચીત

કેટલા વખત કરેલી તે આ સાહેદને યાદ નથી. માઈક્રોચીપનું નિરીક્ષણ ત્રણ વ્યકિતઓએ કરવાનું હતુ તે બાબતે કોઈ દસ્તાવેજ નથી. આંક–૮૦૯૮ વાળા દસ્તાવેજની સાથે રજૂ કરેલ ડાયાગ્રામમાં કોઈની સહી નથી તે કબૂલ કરે છે. ડાયાગ્રામમાં PCB સરકીટ બતાવેલી છે, ડાયાગ્રામમાં જણાવ્યા મુજબ ડીટોનેટર, એમોનિયમ નાઈટ્રેટ વિગેરે મળેલા નહીં તેમ જણાવે છે. PCB અલગ–અલગ કંપનીઓની બજારમાં મળે છે તે કબૂલ કરે છે. જે માઈક્રોચીપનું એનાલીસીસ કરેલુ તેની ઉપર મેન્યુફેકચરીંગ નંબર કે સીરીયલ નંબર લખેલો નથી. ત્રણ વ્યકિતઓએ PCB નું એનાલીસીસ કરેલુ નથી તો તે હકીકત નકારેલી છે. આ સાહેદની જુબાની ધ્યાને લેતા આ સાહેદ તથા તેમની સાથે બીજા બે મળીને કુલ ત્રણ વ્યકિતઓએ માઈક્રોચીપનું એનાલીસીસ કરેલાની હકીકત માલુમ પડે છે.

ત્યારબાદ આ કામે તપાસ કરનાર અધિકારી શ્રી એન.બી.પરમારે મદદનીશ પોલીસ કમિશનરે બનાવવાળી જગ્યા ઉપર નકશો બનાવવા માટે મામલતદાર, સુરત શહેરને એક યાદી લખેલી જે યાદી આ કામે આંક–૭૫૬૧ થી રજૂ કરેલી છે અને નાયબ પોલીસ અધીક્ષકશ્રી એન.બી.પરમારને સાહેદ નં.૧૧૫૪ તરીકે તપાસેલ છે તેઓએ તેઓની જુબાનીમાં યાદીમાં તેમની સહી ઓળખી બતાવેલી છે.

આંક–૭૫૬૧ વાળી યાદીના આધારે સર્કલ ઓફિસર હિતેન્દ્રકુમાર ગુલાબભાઈ નાયકે ગુનાવાળી જગ્યા ઉપર જઈ નકશો બનાવેલો તેઓને આ કામે સાહેદ નં.૧૦૮૭ તરીકે આંક–૭૫૫૭ થી તપાસેલા છે. તેમની સરતપાસ પ્રમાણે તેઓને તપાસ કરનાર અધિકારીશ્રી એન.બી.પરમાર દ્વારા ઉમરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચોપાટી ગાર્ડન આગળ સીટી બસ સ્ટોપમાં આવેલ એડર્વટાઇઝ હોર્ડીંગમાં બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલો તે જગ્યા ઉપર જઈ નકશો બનાવવા માટેની યાદી મળેલી તે આંક–૭૫૬૧ ની યાદી મળ્યા બાબતે યાદી ઉપર તેમણે પોતાની સહી ઓળખી બતાવી છે અને તે યાદીના આધારે સ્થળ ઉપર જઈ નકશો બનાવેલો તે નકશો આ કામે આંક–

૭પ૬૫ થી રજૂ કરેલો છે જેમા આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. સદર નકશામાં જે જગ્યાએથી બોમ્બ મળી આવેલો તે જગ્યા લાલ કલરથી બતાવેલી છે.

આ સાહેદની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી છે તે ધ્યાને લેતા આ સાહેદે સુરત બોમ્બ પ્લાન્ટેશનના બનાવોવાળી જગ્યાઓનું નિરીક્ષણ કરીને નકશાઓ બનાવેલા છે. આ સાહેદની ઊલટતપાસ આરોપીઓ તરફથી કોઈ ચોકકસ ગુના સબંધે કરેલ નથી પરંતુ તમામ બનાવો સંબંધે સંયુકત ઊલટતપાસ કરેલ છે. આ સાહેદે ઊલટતપાસમાં જણાવેલી હકીકતોની ચર્ચા સુરત શહેરના મહિધરપુરા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૨૦૯/૨૦૦૮ ના બનાવના કામે આ કેસમાં જે પુરાવા રજૂ થયેલા છે તે દરમ્યાન વિગતવાર કરવામાં આવેલી છે જેથી ઊલટતપાસની હકીકતનું પુનરાવર્તન કરવામાં આવેલ નથી.

(૬૩.૦૧) <u>ઉમરા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૬૫૧/૨૦૦૮ ના કામે બનાવ નં.૨ ને સમર્થન માટે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકનઃ–</u>

આમ, ઉમરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચોપાટી ગાર્ડન આગળ સીટી બસ સ્ટોપમાં આવેલ એડર્વટીઈઝના હોર્ડીંગમાં બોમ્બ બ્લાસ્ટના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલ છે તે માટે ફરિયાદપક્ષ દ્વારા ચંદનસિંહ જગદીશસિંહ ઠાકોરને સાહેદ નં.૪૩૮ તરીકે આંક–૨૬૬૩ થી તપાસવામાં આવેલા છે. તેમની સરતપાસ પ્રમાણે તા.૩/૮/૨૦૦૮ નાં રોજ ૫–૩૦ વાગ્યાના અરસામાં પોલીસે સીટી બસ સ્ટેન્ડ ચોપાટી અઠવાલાઈન ખાતે બોલાવેલા ત્યાં એક બીજા વિક્રમસિંહને પણ બોલાવેલા હતા. આ જગ્યા ઉપર ડી.સી.બી. પોલીસ સ્ટેશનના પરમાર સાહેબ હતા અને તેમણે સમજ આપેલી કે આ જગ્યા ઉપરથી બોમ્બ મળેલો છે તેનુ પંચનામુ કરવાનુ છે. ત્યારબાદ પરમાર સાહેબે બસ સ્ટેન્ડ પાસે આવેલ એડર્વટાઈઝીંગનું બોર્ડ બતાવેલુ જે લગભગ

બાવીસ બાય ચાર ફુટનું હતુ જે કાઢી નાખવામાં આવેલુ, આ જગ્યાએ લગભગ પશ્ચિમ દિશાએ બીજુ બસ સ્ટેન્ડ હતુ ત્યાં ૨૧ જેટલી ખુરશીઓ હતી, ઉત્તર દિશા તરફ ચોપાટી ગાર્ડન હતુ અને દક્ષિણે મેઈન રોડ છોડીને એમ.ટી.બી. કૉલેજનો મેઈન ગેટ હતો. આ મુજબનું પંચનામુ કરવામાં આવેલુ જે આંક–૨૬૬૪ થી ૨જૂ કરેલુ છે તેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી આર.આર.ભગોરાને સાહેદ નં. પપપ તરીકે આંક–૩૦૨૧ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે સને–૨૦૦૮ ના જુલાઇ મહિનામા ઉમરા પોલીસ સ્ટેશનમા ડી–સ્ટાફ પોલીસ સબ ઇન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા. તા.૩/૮/૨૦૦૮ ના રોજ તેઓ સ્ટાફના માણસો સાથે ફરજ ઉપર હતા ત્યારે પોલીસ ઇન્સ્પેકટર સાહેબે જણાવેલ કે એમ.ટી.બી. કોલેજ પાસે, ચોપાટી પાસે આવેલ બસ સ્ટેન્ડ ઉપર જે એડર્વટાઇઝનુ બોર્ડ લગાવેલ હતુ ત્યા બોમ્બ મુકેલ છે તેવી માહિતી મળતા સ્થળ ઉપર ગયેલા અને ત્યાંથી પોલીસ ઇન્સ્પેકટરે ઉપરી અધિકારીને જાણ કરેલી તેથી તે જગ્યાએ જે બોમ્બ હતો તેને ઉપાડીને સેઇફ જગ્યાએ ચોપાટીમા લઇ ગયેલા ત્યાં બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડ તથા એફ.એસ.એલ. ટીમ બોલાવવામા આવેલ અને બોમ્બમાં તપાસ કરતા તેમાંથી બેટરી, છરા, સફેદ કલરનો ચીકણો પદાર્થ તથા બરોડા આવૃત્તિનુ ન્યૂઝ પેપર વગેરે મળી આવેલાનું જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા બોમ્બમા કઈ–કઈ વસ્તુ વપરાતી હોય અને કયા પદાર્થનો સમાવેશ થાય છે તેની જાણકારી નથી. પ્રથમ ઘટનાની બાતમી કોને મળેલી તે યાદ નથી. બાતમી અંગેની નોંધ લોગબુકમાં પોલીસ ઇન્સ્પેકટર પટેલે કરી હોય તેવુ બન્યુ નથી. આ સાહેદ પોતાની દૈનિક ડાયરી રાખતા હતા તેમ જણાવે છે. ડાયરીની નોંધમાં ઉચ્ચ અધિકારીની સહી લેવામાં આવે છે તે કબૂલ કરે છે. પટેલે બોમ્બ સંબંધે કઈ–કઈ યુકિતઓ વાપરેલી તેની ખબર નથી. બનાવ સંબંધે કયા અધિકારીએ શું કામગીરી કરી તે ચોકકસ યાદ નથી. આ સિવાય કોઈ બીજી મહત્વની હકીકતો આરોપીઓને મદદરૂપ થાય તેવી નીકળી આવતી નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી ભાગવત રામદાસ પાટીલને સાહેદ નં.૫૫૬ તરીકે આંક–૩૦૨૨ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે ઓગસ્ટ–૨૦૦૮ના વર્ષમાં પ્લોટ નં. ૧૭૬, ત્રિકમનગર, નીલગીરી લીંબાયત મુકામે રહેતા હતા તે સમયે તેઓ જાહેરાતના બોર્ડ ફીટીંગ કરવાનુ તથા બોર્ડ કાઢવાનુ મજૂરીકામ કરતા હતા અને તેમના શેઠ અનીલભાઇ સોની હતા. તા.૩/૮/૨૦૦૮ ના રોજ સવારના અગીયાર વાગ્યાના સુમારે તેમના શેઠ અનીલભાઇએ કહેલુ કે ચોપાટીવાળા બસસ્ટોપ ઉપરના ભાવરી સેલ ફલેકસનો કોન્ટ્રાકટ પુરો થયેલ છે તે કાઢીને આપણા કોન્ટ્રાકટના ફલેકસના બોર્ડ લગાવી દો આથી આ સાહેદ બીજા ચાર મજૂરો સાથે ચોપાટી બસ સ્ટોપ ખાતે આવેલા અને ઉપરના ભાગે લગાવેલ બોર્ડ કાઢી નાંખી તેમનુ સોની પબ્લીસીટીનુ ફલેકસ બોર્ડ લગાડેલ અને ત્યારપછી બસસ્ટોપના અંદરના બેકસીટના ભાગે લગાડેલ ફલેકસને ઉપાડતા તેની અંદર ડાબી તરફના ખુણામા એક ગ્રીન કલરનુ પેકેટ દેખાયેલુ તેમા અંદરના ભાગેથી બે વાયર દેખાતા આ સાહેદે તરત જ તેમના શેઠને મોબાઇલ ફોન ઉપરથી જાણ કરેલી આથી તેમના શેઠે કહેલુ કે તુ કોઇ વસ્તુને અડકતો નહી હું ત્યા આવુ છું તેમના શેઠે આવીને જોયા પછી તેમને કહેલુ કે ૧૦૦ નંબર ઉપર ફોન કરો આથી ૧૦૦ નંબર ઉપર ફોન કરેલો. આ વખતે ત્યાંથી ટ્રાફિક પોલીસની જીપ જતી હતી તેને સાહેદે હાથ કરીને બોલાવેલા અને પોલીસ ત્યાં આવેલી ત્યાં ઘણા બધા પોલીસો આવી ગયેલા અને ત્યારબાદ બીજા બસ સ્ટોપના ફલેકસ ખોલીને ચેક કરવામા લાગી ગયેલાનું જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પ્લાસ્ટિકની ભુરા કલરની થેલી કોણ કયારે મુકી ગયેલુ તેની ખબર નથી. ગુનાવાળા સ્થળની નીચે સીટી બસ સ્ટેન્ડ આવેલુ છે અને લોકોની અવર જવર રહે છે તે કબૂલ કરે છે. આ સાહેદે સ્વૈચ્છાએ ગુનાની જાહેરાત કરેલ નથી તે કબૂલ કરે છે. આ સિવાય આરોપીઓને મદદરૂપ થાયે તેવી બીજી કોઈ મહત્વની હકીકતો ઊલટતપાસમાં નીકળી આવતી નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી રમેશ રવિન્દ્ર સાહુને સાહેદ નં.૫૬૭ તરીકે આંક–૩૦૩૯ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે સને–૨૦૦૭–૨૦૦૮ના વર્ષમા તેઓ સુરત ચોપાટી વિસ્તારમા આવેલ સુગર એન્ડ સ્પાઇસ નામના સ્ટોલમા મેનેજર તરીકે નોકરી કરતા હતા. તા.૩/૮/૨૦૦૮ ના રોજ સવારના સમયે તેમના સ્ટોલ ઉપર એક ગ્રાહકે આવીને જણાવેલ કે તેમની સ્ટોલની નજીકમા આવેલ બસ સ્ટેન્ડમા બોમ્બ છે તેથી તેઓ તે સ્થળે ગયેલા, ત્યાં પોલીસ હતી પોલીસ બસ સ્ટેન્ડમાંથી મળેલ બોમ્બ લઇ ત્યાંથી નજીકમા આવેલ ચોપાટી ગાર્ડનમા અંદર ગયેલ અને ત્યાં આ બોમ્બને ડીસ્પોઝ કરેલાનું જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પોલીસે કાર્યવાહી કરેલી તે જોયેલી નથી તો તે હકીકત નકારે છે. બોમ્બ ઉપર શું કાર્યવાહી થઈ તેની ખબર નથી તે કબૂલ કરે છે. આ સાહેદ સામાન્ય નાગરિક છે અને સ્થળ ઉપર પોલીસના માણસો જે કાર્યવાહી કરતા હતા તે જોયેલી છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી અનીલભાઈ બળવંતભાઈ સોનીને સાહેદ નં.૫૮૪ તરીકે આંક–૩૧૧૮ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે માહે ઓગસ્ટ–૨૦૦૮ના સમય અગાઉથી તેઓ સુરતમા રહે છે અને વર્ષોથી જાહેરાત બોર્ડ ભાડે આપવાનુ કામકાજ કરે છે. સુરત શહેરમાં ઠેક ઠેકાણે જાહેરાતના બોર્ડ તેમના હસ્તક ભાડે અપાયેલા. સુરતમા આવેલ ચોપાટી બસ સ્ટોપ વિસ્તારમાં માહે ઓગસ્ટ–૨૦૦૮ ના અરસામા બાવરી સેલ જે ડ્રેસ મટીરીયલનો વેપાર કરે છે તેની જાહેરાતનુ બોર્ડ આ ચોપાટી બસ સ્ટોપ વિસ્તારમાં તેમના હસ્તક ભાડે અપાયેલ. તા.૩/૮/૨૦૦૮ ના રોજ તેમના કારીગર નામે ભાગવત રામદાસ પાટીલને સવારના સમયે આ બાવરી સેલનુ બોર્ડ ભાડાનો સમય પુરો થઇ જતા ઉતારી લેવા સંબંધે સુચના આપેલ આથી ભાગવત ભાઇ ત્યાં ગયેલા અને ત્યાંથી ભાગવત રામદાસે તેમને ફોનથી જણાવેલ કે ચોપાટી બસ સ્ટોપના બેકસીટ બાજુ જ્યાં બોર્ડ લગાવેલ છે ત્યાં બોમ્બ જેવુ દેખાય છે આથી આ સાહેદ પણ આ સ્થળે ગયેલા અને આ જણાયેલ વસ્તુને અડકવી નહી વિગેરે સુચના આપેલી. સાહેદ ત્યાં પહોંચતા આ બોર્ડની બાજુમા

આવેલ ફલેકસ નામનુ બોર્ડ જે ઉખાડી નાંખેલ હતુ ત્યાં જોતા આ વસ્તુ આછા લીલા રંગની પ્લાસ્ટિકની કોથળીમા વીંટાળેલ જણાયેલ. આથી આ સંબંધે તેમના કારીગર ભાગવતભાઈએ ૧૦૦ નંબર ઉપર પોલીસને જાણ કરેલ અને પોલીસ આવતા તેમજ સાથે બોમ્બ સ્કવોર્ડના માણસો પણ આવતા તેમણે આ કોથળી કાઢી વસ્તુ કાઢેલ અને તે સંબંધે તેમની કાર્યવાહી કરેલાનું જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી બહાદુર રામાભાઈ વસાવાને સાહેદ નં.૬૩૯ તરીકે આંક–૩૨૮૩ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ સને ૨૦૦૮ ના વર્ષમા પોલીસ હેડ કવાર્ટર ખાતે પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા, તે વખતે તેમની ફરજ મદદનીશ પોલીસ કમિશનર સાહેબ, ટ્રાફિક, સુરતની ગાડીમા ગનમેન તરીકેની હતી. તા.૩/૮/ ૨૦૦૮ ના રોજ સવારના આઠ કલાકે ફરજ ઉપર ગયેલા અને તેમની ટ્રાફિક ઑફિસ ચોપાટી બસ સ્ટેન્ડ પાસે હતી. ચોપાટી બસ સ્ટોપ પાસે આવેલા ત્યાં મજૂર મારફતે એવી જાણ થયેલી કે ચોપાટી બસ સ્ટોપના હોર્ડીંગ્સમા એંગલ સાથે બોમ્બ હતો. તેથી આ સાહેદ તરત જ ટ્રાફિક ઑફિસે આવેલા અને મદદનીશ પોલીસ કમિશનર સાહેબ ટ્રાફિકનાઓને જાણ કરેલ જેથી સાહેબે પોલીસ ઇન્સ્પેકટર ઉમરા પોલીસ સ્ટેશનનાઓને જાણ કરેલ. આ વખતે બપોરે ૧૨–૫૦ ની આસપાસનો સમય થયેલો ત્યારે આ સાહેદ તથા એ.સી.પી. ટ્રાફિક સાહેબનાઓ ચોપાટી બસ સ્ટોપ ઉપર ગયેલા તે દરમ્યાન ઉમરા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર સાહેબ તેમના સ્ટાફના માણસો સાથે આવી ગયેલા અને તેઓએ એમ.ટી.બી. કોલેજના મેઇન ગેટ સામે આવેલ સીટી બસ સ્ટોપ આગળ તપાસ કરતા તેમાં આવેલ એડર્વટાઈઝના વચ્ચેના એંગલ પાસે પ્લાસ્ટિકની આછા લીલા કલરની થેલીમા બોમ્બ હોવાનુ જણાતા તરત જ બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડને તથા સાઈન્ટીફીક ઓફિસર, એફ.એસ.એલ, સુરતનાઓને સ્થળ ઉપર હાજર રહેવા કન્ટ્રોલ મારફતે જાણ કરેલી. વધુમાં સાહેદ જણાવે છે કે જાહેર જનતાને નુકસાન ન થાય તે અંગેના પગલા લેવામા આવેલા. તે વખતે બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડના અને એફ.એસ.એલ.ના સાહેબ પણ આવી ગયેલા.

બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડની ટીમે હોર્ડીંગ્સમાથી કાળજીપૂર્વક બોમ્બ બહાર કાઢી બસસ્ટોપના પાછળના ભાગમા આવેલ ચોપાટી આગળ પહોચી ખુલ્લી જગ્યાએ બોમ્બ ડિફ્યુઝ કરેલ. ત્યા પોલીસે પંચનામાની કાર્યવાહી કરેલી અને મળેલો બોમ્બ અર્ધચંદ્રાકાર આકારનો કે જે ગેલ્વેનાઈઝના પતરાથી ફીટ કરેલો હતો અને તારથી બાંધેલ હતો તેના ઉપર આછા લીલા કલરની કોથળી કાઢવામા આવેલાનું જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો અકસ્માત થયો હશે તેથી ટ્રાફિક જામ થયો છે તેમ વિચારીને ત્યાં ગયેલા અને બોમ્બ છે તેવી માહિતી મજૂરો દ્વારા મળેલી અને તે અંગેની જાણ જાદવ સાહેબને કરેલી. આ સિવાય બીજી કોઈ હકીકત ઊલટતપાસમાં નીકળી આવતી નથી.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી કનૈયાલાલ પ્રવિણચંદ્ર સોરઠીયાને સાહેદ નં.૧૦૫૪ તરીકે આંક–૭૧૧૬ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓને તા.૧૬/૮/૨૦૦૮ ના રોજ પાંચ વાગ્યે પોલીસે કુરજા રોડ, ચોકબજાર, ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે બોલાવેલા અને તે વખતે તેમની સાથે બીજા તેમના મિત્ર જીતેશ ગોવિંદભાઈ મહેતાને પણ બોલાવેલા . તેઓ ઑફિસે પહોંચ્યા ત્યારે ત્યાં એક મેડમ હતા અને એક હેડ કોન્સ્ટેબલ હતા મેડમે તેમને જણાવેલુ કે તેઓ એ.સી.પી. છે અને તેમણે તેમનુ નામ સુજાતા મજમુદાર જણાવેલુ અને બોમ્બ કેસની તપાસ કરે છે ત્યાં સાહેદને જણાવેલુ કે એક માઇક્રોચીપ બેંગ્લોરથી આવેલી છે તેને કબ્જે કરવાની છે અને તેનુ પંચનામુ કરવાનુ છે તેથી તેમાં પંચમા રહેવાનું પુછતા સાહેદે હા પાડેલી. ત્યારબાદ તે માઇક્રોચીપ બતાવેલી અને તેની સાથે કાગળો હતા તે પણ બતાવેલા. આ માઇક્રોચીપની સાથે પુંછડા જેવા વાયરો હતા અને તેમા લાલ, કાળા અને સફેદ વાયરો હતા ત્યારબાદ આ માઇક્રોચીપ એક પ્લાસ્ટિકની નાની ડબ્બીમા મુકેલી અને તેની ઉપર ઢાંકણ ઢાંકીને સહીઓવાળી કાપલી મુકી તેને સીલ કરેલુ. આ કાર્યવાહીનું જે પંચનામુ કરેલુ તે આંક–૭૧૧૭ થી રજૂ રાખેલ છે જેમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે અને મુદ્દામાલ કોર્ટ રૂબરૂ પણ ઓળખી બતાવે છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા માઈક્રોચીપ કેટલા પ્રકારની હોય છે

તેની ખબર નથી. આ સાહેદ પોલીસ સ્ટેશનમાં ગયા ત્યારે માઈક્રો ચીપ્સ પ્લાસ્ટિકની ડબ્બીમાં પેક કરેલ ન હતી. આ ચીપ ઉપર કોઈ નિશાન કરેલુ નહીં. આ સાહેદ કોઈ જગ્યાએ ગયા નથી કે માઈક્રોચીપ કબજે લીધાનું પંચનામુ તેમની હાજરીમાં કરેલુ નથી તો તે હકીકત નકારી છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી જેસીંગભાઈ મોહનભાઈ પટેલને સાહેદ નં.૧૧૩૭ તરીકે આંક–૮૧૫૬ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે જુલાઇ–૨૦૦૮ ના અરસામાં તેઓ સુરત પોલીસ હેડકવાર્ટર ખાતે બોમ્બ ડિટેકશન એન્ડ બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડમાં ફરજ બજાવતા હતા. આ અરસામાં તેમની સાથે એ.એસ.આઇ. સુમનભાઇ વનમાળી, મોહનભાઇ ભાયલાભાઇ અને અજયભાઇ માનાભાઇનાઓ પણ ફરજ બજાવતા હતાં. તેઓને બોમ્બ ડિટેકશન અને બોમ્બ ડિસ્પોઝલ અંગેની તાલીમ સુરત ખાતે હેડ કવાર્ટરમાં તથા કરાઇ એકેડેમી, ગાંધીનગર કે જે પોલીસ તાલીમ શાળા છે ત્યાં મેળવેલી હતી. તા.૩/૮/૨૦૦૮ ના રોજ તેમની ટીમ સાથે હેડ કવાર્ટર ખાતે હાજર હતા તે દરમ્યાન બપોરના સાડા બારેક વાગ્યે વર્ધી મળેલી કે ઉમરા પોલીસ સ્ટેશનની હદમાં આવેલ ચોપાટી ગાર્ડન આગળ સીટી બસ સ્ટોપમાં આવેલ એડર્વટાઇઝીંગના બોર્ડમાંથી એક બોમ્બ મળી આવેલ છે જે વર્ધી મળતાં આશરે પોણા એક વાગ્યાના સુમારે તે જગ્યાએ પહોંચેલા અને બસ સ્ટોપના એડર્વટાઇઝીંગના હોર્ડિંગ્સમાંથી એક બોમ્બ મળેલ તે સમયે લોકહિત જોખમાય નહી તે હેતુથી તે બોમ્બને ચોપાટી બાગની ખુલ્લી ઘાસવાળી જગ્યાએ લઇ જઇ તે જગ્યાએ બોમ્બ ડિફયુઝ કરવા અંગેની કામગીરી કરેલી. આ ડિફયુઝ કરેલ બોમ્બમાંથી મળી આવેલ બે ડીટોનેટર, ઇલેકટ્રીક સર્કિટ, બેટરી, પીળાશ પડતો ચીકણો પદાર્થ કે જે પ્લાસ્ટિકની કોથળીમાં હતો તે, લોખંડના છરા તથા નટ–બોલ્ટ તથા લાકડાની ફ્રેમનું અર્ધચંદ્રાકાર નાવડી જેવા આકારનું સ્ટ્રકચર તથા ઉખાડેલી સેલો ટેપ વિગેરે ચાર્જ ઉપરના અમલદારને જે તે જગ્યાએ સુપરત કરેલાનું જણાવેલ છે. આ સાહેદે ઊલટતપાસમાં જણાવેલી હકીકતો ડી.સી.બી. પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૩૦૧૯/૨૦૦૮ ના કામના બનાવ

સંબંધે રજૂ કરેલ પુરાવામાં વિગતવાર ચર્ચા કરેલી છે માટે ઊલટતપાસની હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

આમ ઉમરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચોપાટી ગાર્ડન આગળ સીટી બસ સ્ટોપમાં આવેલ એડર્વટાઈઝના હોર્ડીંગમાં તા.૩/૮/૨૦૦૮ ના રોજ કલાક ૧૨–૫૦ પહેલા કોઈ વખતે બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલો અને તે જગ્યાએથી બોમ્બ મળી આવેલો તે હકીકત ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા ઉપરોકત તમામ પુરાવા ઉપરથી સાબીત થાય છે તેમ હું માનુ છું.

(૬૪) **<u>સુરત શહેરમાં કતારગામ પોલીસ સ્ટેશનની હકુમતના વિસ્તારમાં બોમ્બ ધડાકા કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલ તે પુરવાર કરવા બનાવ નં.૨ ના સંબંધમાં ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન.</u>**

- વિસ્તાર:– કતારગામ પોલીસ સ્ટેશનની હદમાં
- સ્થળ:– કતારગામ અમરોલી પુલના દક્ષિણ તરફના છેડે રોડની પશ્ચિમ સાઈડે
- તારીખ:– ૯/૮/૨૦૦૮
- સમય:– કલાક ૧૬–૪૬ પહેલા કોઈપણ વખત
- સેકન્ડ ગુના રજીસ્ટર નં.૨૦૮/૨૦૦૮
- બનાવમાં વપરાયેલ વાહનઃ– નથી

તા.૯/૮/૨૦૦૮ ના રોજ કતારગામ પોલીસ સ્ટેશનની હકુમતમાં આવેલ વિસ્તાર કતારગામ અમરોલી પુલના દક્ષિણ તરફના છેડે રોડની પશ્ચિમ સાઈડે બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલો અને તે બોમ્બ મળી આવેલો તેની ફરિયાદ વિનાયક ગોરધનભાઈ પટેલ,પોલીસ ઈન્સ્પેકટર કતારગામે પોતાની રૂબરૂ લખાવેલી તેઓને ફરિયાદપક્ષ દ્વારા સાહેદ નં.૫૧૦ તરીકે આંક–૨૯૪૫ થી તપસાવમાં આવેલા છે. તેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે તા.૧–૮–૨૦૦૮ ના રોજથી તા.૯–૮–૨૦૦૮ સુધી

પોલીસ સ્ટેશનમાં ફરજ પર હતા તે દરમ્યાન કલાક ૧૬–૪૫ વાગે પોલીસ કન્ટ્રોલ તરફથી વર્ધી મળેલી કે અમરોલી લંકાવિજય હનુમાન મંદિર પાસે એક બોમ્બ જેવી વસ્તુ પડેલી છે અને તાત્કાલિક ત્યાં પહોંચો જેથી આ સાહેદ તેમની સાથે પોલીસ સબઇન્સ્પેકટર પરમાર તથા બીજા પોલીસના માણસો સાથે સરકારી તથા ખાનગી વાહનમાં વર્ધીવાળી જગ્યાએ ગયેલા ત્યાં જઈને જોયુ તો લોકોનું ટોળુ ભેગુ થયેલુ હતુ અને તેને દુર કરેલુ તે દરમ્યાન બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડના માણસો આવી ગયેલા અને ટીમના ઈન્ચાર્જ સુમનભાઈ ચૌધરીએ ત્યાં પડેલી વસ્તુ ચેક કરતા બોમ્બ હોવાનું જણાય આવેલુ જેથી તેને ડીફ્યુઝ કરેલો. ત્યારબાદ પંચોના માણસો બોલાવી તેમને સમજ કરેલી અને બોમ્બમાંથી નીકળેલી સામગ્રી થોડે દુર અમરોલી જકાતનાકા પાસે પંચો, એફ.એસ.એલ. અધિકારી વિગેરેનાઓની હાજરીમાં અને માર્ગદર્શન મુજબ પંચનામાની વિગતે કબજે કરેલી જેમાં એક વુડ સ્ટ્રકચર હતુ તેને બે કાણાં પડેલા હતા તે, બે ડીટોનેટર, એક નવ વોલ્ટની ડયુરોસેલની બટેરી, ૧૧૦૦ ગ્રામ લોખંડના છરા, એક કીલો જેટલો પીળો પદાર્થ અને જૂનુ ગુજરાત સમાચારનું તા.૨૯–૬–૨૦૦૮ નું પેપર હતુ. આ બધી વસ્તુઓ પંચનામાની વિગતે કબજે કરેલી. આ વસ્તુઓમાંથી ૧૦ નંગ છરા અને ૫૦ ગ્રામ જેટલો પદાર્થ નમૂના તરીકે કબજે લઈ સીલ કરેલો. આ બનાવની પોતાના રૂબરૂની ફરિયાદ લખાવેલી જે આ કામે આંક–૨૯૪૬ થી ૨જૂ છે તેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આ ઉપરાંત આ સાહેદે પંચો તથા એફ.એસ.એલ. અધિકારીની હાજરીમાં જે પંચનામુ બનાવેલુ તે આંક–૨૫૩૧ થી ૨જૂ છે તેમાં પણ આ સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે. આ ઉપરાંત જે પંચનામામા આધારે મુદ્દામાલ કબજે કરીને સીલ કરવામાં આવેલો તે મુદ્દામાલ ઉપર પંચોની સહીઓવાળી સ્લીપો લગાવેલી તે સ્લીપો આ કામે આંક–૨૫૩૨ થી ૨૫૩૫ સુધી ૨જૂ કરેલી છે તેમાં પણ આ સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે. આ ઉપરાંત આ સાહેદે સ્થળ ઉપર એફ.એસ.એલ. અધિકારીને બોલાવવા માટે યાદી કરેલી તે યાદી આંક–૨૭૪૦ થી ૨જૂ છે તેમાં

પોતાની સહી ઓળખી બતાવે છે. આ સાહેદે પંચનામાની વિગતે જે મુદ્દામાલ કબજે કરેલો તે તમામ મુદ્દામાલ પણ અદાલત રૂબરૂ વારાફરતી બતાવતા ઓળખી બતાવે છે.

આંક–૨૭૪૦ વાળી સ્થળ ઉપર પધારવાની યાદી આધારે એફ. એસ.એલ. અધિકારી સાહેદ નં.૪૪૩ નિતીનકુમાર દયારામ પટેલનાઓને આંક–૨૭૨૫ થી તપાસવામાં આવેલા છે. તેઓએ જે જગ્યાએથી બોમ્બ મળી આવેલ તે સ્થળ ઉપર જઈ સ્થળ ચકાસણી કરેલી અને સ્થળ ઉપરથી બોમ્બનું મટીરીયલ જેવુ કે અર્ધ ચંદ્રકાર લાકડાની ફ્રેમ, ગેલ્વેનાઈઝના પતરા અને ખીલ્લીથી જડેલી અને તેમાંથી લોખંડના છરા, ચીકણો પદાર્થ, ૯ વોલ્ટની બેટરી તથા ડીટોનેટર વિગેરે કબજે કરવાની સુચના આપેલી અને તપાસ કરનાર અધિકારીએ પંચોની રુબરુમાં આ સમગ્રી કબજે કરેલાનું આ સાહેદ જણાવે છે અને તે અંગેનો વિગતવાર પ્રાથમિક અહેવાલ આપેલો જે આંક–૨૭૪૧ મા આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આ સાહેદની ઊલટતપાસની વિગતવાર ચર્ચા ડી.સી.બી. પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૩૦૧૯/૨૦૦૮ ના કામે ફરિયાદપક્ષ દ્વારા જે પુરાવા રજૂ થયેલા છે તેમાં કરેલી છે. આરોપીઓ તરફથી થયેલી ઊલટતપાસ જનરલ ઊલટતપાસ છે, કોઈ ચોકકસ એક ગુના પુરતી નથી માટે ઊલટતપાસનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

આ ફરિયાદ લીધા બાદ સાહેદ વિનાયક ગોરધનભાઈ પટેલે ગુનો રજીસ્ટર કરવા માટે પી.એસ.ઓ. કતારગામ પોલીસ સ્ટેશનને મોકલી આપેલી અને પી.એસ.ઓ. કતારગામ પોલીસ સ્ટેશનનાઓએ આ ફરિયાદને સ્ટેશન ડાયરીમાં રજીસ્ટર કરેલી તે સ્ટેશન ડાયરીની નકલ આ કામે આંક–૧૭૦૭ થી રજૂ કરેલી છે. તે રજીસ્ટર કરનાર સાહેદ દિનુભાઈ મનછુભાઈ ચૌધરીનાઓને સાહેદ નં.૩૩૧ તરીકે આંક–૧૭૦૬ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લેતા તેઓ બનાવના દિવસે પી.એસ.ઓ. તરીકે કતારગામ પોલીસ સ્ટેશનમાં ફરજ ઉપર હતા ત્યારે એક સૂચિપત્ર પટેલની સહીથી મોકલવામાં આવેલુ જે સૂચિ

પત્ર આંક–૧૭૦૮ થી રજૂ છે તેમાં પોલીસ ઇન્સ્પેકટર પટેલની સહી છે અને આ સૂચિપત્ર આધારે ગુનો સ્ટેશન ડાયરીમાં એન્ટ્રી નં.૧૪ થી નોંધેલો.

આ કામે સાહેદ વિનાયક ગોરધનભાઈ પટેલની આરોપીઓ તરફથી ઊલટતપાસ થયેલી છે તે ધ્યાને લેતા ગુનો બન્યો તે પહેલા ૧૧ માસ પહેલાથી સુરત સીટીમાં પોલીસ ઇન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા. સુરત સીટીમાં હથિયાર, સ્ફોટક પદાર્થ, ડીટોનેટર વિગેરેના પરવાના આપવામાં આવે છે તે કબૂલ કરે છે. આપવામાં આવેલા પરવાનાઓનું રજીસ્ટર રાખવામાં આવે છે તે પણ કબૂલ કરે છે. પરવાનેદાર નિયમીત રીતે પોતાના જથ્થાની અને સ્ટોક સબંધેની માહિતી મોકલે છે તો તે હકીકત નકારે છે. ડીટોનેટર ચેકીંગ કરવાનો પ્રસંગ બનેલો નથી. વર્ધી કોના તરફથી અને કયા અધિકારીએ આપેલી તેની માહિતી નથી. પંચનામુ થયુ ત્યાં સુધી કોઈ અધિકારીએ ફરિયાદ લખાવેલી નથી તે કબૂલ કરે છે. જે ફરિયાદ આપવામાં આવેલી તે પંચનામુ કર્યા પછી આપવામાં આવેલી તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે સ્થળ ઉપર જીવંત બોમ્બ મળેલો હતો અને બોમ્બ ડિસ્પોઝલ ટીમ આવીને તે બોમ્બને ડીફ્યુઝ ન કરે ત્યાં સુધી આ સાહેદ સ્થળ છોડીને જઈ શકે નહીં કારણ કે જાનમાલનું રક્ષણ કરવાનું હોય છે. બોમ્બ ડિસ્પોઝલ ટીમ સ્થળ ઉપર આવી તેને ડીફ્યુઝ ન કરે ત્યાં સુધી આ સાહેદે સ્થળ ઉપર જ રહેવાનું હોય અને ત્યારબાદ પોલીસ સ્ટેશને જઈ પોતાની રૂબરૂની ફરિયાદ લખાવેલી છે જેથી સ્વાભાવિક છે કે ફરિયાદ મોડી લખાયેલી હોય. આ ફરિયાદ મોડી લખી છે તેનો અર્થ એવો ન થાય કે આ જગ્યા ઉપરથી બોમ્બ મળેલો નથી. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો બોમ્બ સબંધેના કે ગંભીર ગુનાઓ સબંધે પોલીસ કન્ટ્રોલ તરફથી મેસેજ આપવામાં આવે છે તે કબૂલ કરે છે. બોમ્બ અંગેની માહિતી ચોકકસ વ્યકિત કે સંગઠન તરફથી આપવામાં આવેલી હતી કે કેમ તે કહી શકે તેમ નથી. અર્પીત પટેલ નામની વ્યકિત અંગે કોઈ તપાસ કરેલી નથી. આ અર્પીત પટેલ નામની વ્યકિત વી.એચ.પી.ના આગળ પડતા સભ્ય છે તો તે હકીકત નકારી છે. પોલીસ આવી વ્યકિતઓના સંપર્કમાં હોય છે તો તે હકીકત પણ નકારી છે. મોબાઈલ ફોનમાં

વીડિયોગ્રાફી અને રેકોર્ડીંગ કરવાની સુવિધા છે તો તે હકીકત કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે આ બનાવ વખતે આ સાહેદે પોતાના મોબાઈલ ફોનથી વીડિયોગ્રાફી કરવી જ જોઈએ તેવુ કાંઈ ફરજિયાત નથી. વીડિયોગ્રાફી કે ફોટોગ્રાફી ન કરવાથી આ બનાવ બન્યો નથી તેમ ન કહી શકાય. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા આવા પ્રકારના ગંભીર ગુનામાં આધુનિક પધ્ધતિએ તપાસ કરવાની હોય છે તે કબૂલ કરે છે. પરંતુ આરોપીઓ તરફથી એવુ જણાવવામાં આવતુ નથી કે કઈ પધ્ધતિઓ અને કેવા પ્રકારની પધ્ધતિઓનો ઉપયોગ કરવો જોઈએ. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા પબ્લિકને કન્ટ્રોલ કરવા માટે વધુ પોલીસની મદદ માંગેલી નથી ત્યારે આ સાહેદે જણાવેલુ છે કે મારી પાસે પુરતો સ્ટાફ હતો. એફ.એસ.એલ. અધિકારી સ્થળ ઉપર આવ્યા પછી તેમને રીપોર્ટ આપેલાનું જણાવેલ છે. એફ.એસ.એલ. અધિકારીને સ્થળ ઉપર બોલાવવા માટે પોલીસ મોકલેલી નથી તે કબૂલ કરે છે. પંચનામુ પૂર્ણ થયા પછી તેઓ બનાવનું સ્થળ છોડીને કયાંય ગયેલા નથી તે કબૂલ કરે છે. બનાવ સ્થળ ઉપરથી પંચનામાની વિગતે કોઈ મુદ્દામાલ મળ્યો નથી અને પંચનામુ સ્થળ ઉપર કર્યું નથી તો તે હકીકત નકારેલી છે. આ ઉપરાંત સમગ્ર ઊલટતપાસ ધ્યાને લઈએ તો ઘણા બધા એવા પ્રશ્નો આરોપીઓ તરફથી પુછવામાં આવેલા છે કે જે બનાવ સાથે સુસંગત નથી. આ સાહદેની ઊલટતપાસ ઉપરથી સ્પષ્ટ બને છે કે બનાવવાળી જગ્યાએથી કહેવાતો બોમ્બ મળેલો છે.

સાહેદ વી.જી.પટેલનાઓએ બે પંચોની હાજરીમાં આંક–૨૫૩૧ વાળુ ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરી જે મુદ્દામાલ કબજે કરેલો તે પંચનામાના પંચો પૈકીના પંચ ભરતભાઈ જાદવભાઈ ટાંકને સાહેદ નં.૪૩૨ તરીકે આંક–૨૫૩૦ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તા.૯/૮/૨૦૦૮ નાં રોજ આ સાહેદ તેમની દીકરીને ત્યાં અમરોલી તરફ જઈ રહ્યા હતા ત્યારે લગભગ છ વાગ્યાનો સમય હતો તે વખતે અમરોલી પુલ પાસે કતારગામ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર પટેલ સાહેબે તેમને બોલાવેલા તેમની સાથે એક બીજા જીતુભાઈને પણ બોલાવેલા ત્યાં પટેલ સાહેબે જણાવેલુ કે પુલ નીચે મંદિર

પાસેથી બોમ્બ મળેલો છે અને તે બોમ્બ, બોમ્બ સ્કવોર્ડવાળા સાહેબોએ ખોલી નાખેલો છે અને તેનુ પંચનામુ કરવાનું છે જેથી આ સાહેદે હા પાડેલી. ત્યારબાદ આ સાહેદને અમરોલી જૂના જકાતનાકા પાસે લઈ ગયેલા ત્યાં એફ.એસ.એલ.ના પટેલ સાહેબ હાજર હતા તેમણે એક નાવડી આકારનું લાકડાનું ફ્રેમવાળુ ખોખુ બતાવેલુ તેમાં આછા પીળા કલરનો પદાર્થ, છરા આશરે સવા કીલો જેટલા, બે ટોટીઓ, એક સરકીટ, એક બેટરી ગોલ્ડન અને નીચે બ્લેક કલરવાળી, પેપર, ચીકણો પદાર્થ આશરે એક કીલો જેટલો. આ બધી વસ્તુઓ અલગ કરેલ હતી જેને અલગ–અલગ ડબ્બીમાં મુકવામાં આવેલી અને સફેદ કપડામાં સીવીને સીલ કરેલુ. ત્યારબાદ તેને દોરીથી બાંધી લાખથી સુલ કરેલુ. આ તમામ વસ્તુઓ આ સાહેદની હાજરીમાં કબજે કરવામાં આવેલી તેનુ પંચનામુ બનાવેલુ જે આંક–૨૫૩૧ વાળા પંચનામામાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવી છે તથા આ સાહેદની હાજરીમાં જે કોઈ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ તે તમામ એક પછી એક કોર્ટમાં ખોલીને બતાવતા તમામ મુદ્દામાલ આ સાહેદે ઓળખી બતાવેલો છે અને મુદ્દામાલમાંથી નીકળેલી પંચ સ્લીપો આંક–૨૫૩૨ થી ૨૫૩૫ સુધી રજૂ કરેલી છે તે તમામ પંચ સ્લીપો ઉપર પણ આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

હવે આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવી છે તે ધ્યાને લઈએ તો આ સાહેદના ઘરથી અમરોલી બ્રીજ એકાદ કી.મી. દુર છે. સ્થળ ઉપર પંચો, પોલીસ અને એફ.એસ.એલ.ના અધિકારીઓ મળીને કુલ–૧૫ થી ૨૦ માણસો હતા. આ જગ્યા ઉપરથી બીજી જગ્યા ઉપર પણ લઈ ગયેલા. બીજી જગ્યા જકાતનાકા ઉપર હતી. પેકીંગની કાર્યવાહી જકાતનાકા ઉપર કરેલી.આ સાહેદ સ્થળ ઉપર ગયા નથી કે તેમની હાજરીમાં પંચનામાની કાર્યવાહી થયેલી નથી તો તે હકીકત નકારે છે.

હવે તપાસ કરનાર અધિકારીએ ગુનાવાળી જગ્યા ઉપરથી જે મુદ્દામાલ આંક–૨૫૩૧ ના પંચનામાના આધારે કબજે કરેલો તે મુદ્દામાલ રવાનગી નોંધ સાથે એફ.એસ.એલ. ગાંધીનગરને પૃથક્કરણ માટે મોકલી

આપેલો આ રવાનગી નોંધ આ કામે આંક–૫૮૬૯ થી રજૂ કરેલી છે. આ રવાનગી નોંધમાં જણાવ્યા મુજબના કુલ–૭ નમૂના માર્ક–એ થી એફ, એફ–૧ સુધીના એફ.એસ.એલ. ગાંધીનગરને તપાસ અર્થે મોકલેલા છે. આ રવાનગી નોંધ સી. સી.રાવલ, મદદનીશ પોલીસ કમિશનર, ડી–ડીવીઝન, સુરતનાઓએ બનાવેલી અને પોતાના સત્તાના પ્રમાણપત્ર સાથે એફ.એસ.એલ. ગાંધીનગરને મોકલી આપેલી. હવે આ મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારી હેમંતકુમાર ભાલચંદ્ર ભટ્ટને સાહેદ નં.૮૪૬ તરીકે આંક–૫૮૩૮ થી તપાસેલા છે. એફ.એસ.એલ. દ્વારા મુદ્દામાલ સ્વીકાર્યા અંગેની જે પહોંચ આપવામાં આવેલી તે પહોંચ આ કામે આંક–૫૮૭૦ થી રજૂ કરેલી છે જેમાં મદદનીશ નિયામક એફ.એસ.એલ. ગાંધીનગરની સહી છે. આ સાહેદની આ ગુના પુરતી સરતપાસ મુજબ તા.૧૪/૮/૨૦૦૮ ના રોજ તેમના વિભાગના મદદનીશ નિયામકશ્રી દ્વારા કતારગામ પોલીસ સ્ટેશન, સુરત શહેરના સેકન્ડ ગુના રજિસ્ટર નં.૨૦૮/૨૦૦૮ ના કેસનો સ્વીકારવામાં આવેલ મુદ્દામાલ પૃથક્કરણ અર્થે મળેલો તે મુજબ...

- માર્ક–એ લાકડાની બનાવટનું સ્ટ્રકચર જેની ઉપર લાલ કલરની સેલોટેપ તથા નીચે પતરૂ લગાવેલ હતુ.
- માર્ક–બી પ્લાસ્ટિકની ડબ્બીમાં આછા પીળા રંગનો ચીકણો પદાર્થ
- માર્ક–સી પ્લાસ્ટિકની ડબ્બીમાં ઓઈલ મિશ્રિત છરા નંગ–૧૦
- માર્ક–ડી પ્લાસ્ટિકની ડબ્બીમાં ઈલેકટ્રીક સરકીટના વાયર
- માર્ક–ઈ પ્લાસ્ટિકની ડબ્બીમાં ડયુરોસેલ કંપનીની ૯ વોલ્ટની બેટરી
- માર્ક–એફ, એફ–૧ પ્લાસ્ટિકની ડબ્બીમાં મુકેલા ડીટોનેટર

ઉપરોકત નમૂનાઓનું પ્રમાણિત રાસાયણિક અને ઉપકરણીય પધ્ધતિથી પૃથક્કરણ કરેલ હતું અને પૃથક્કરણના રીપોર્ટ મુજબ...

(૧) નમૂના માર્ક–એ,બી,સી માં એમોનિયમ નાઈટ્રાઈટ તથા નાઈટ્રેટ મૂલકો તથા પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સ ઓઈલ (પેરાફીન પ્રકાર)ની હાજરી શોધાયેલ છે.

(૨) નમૂના માર્ક–એફ તથા એફ–૧ માં એમોનિયમ નાઈટ્રાઈટ તથા નાઈટ્રેટ લેડ તથા એઝાઈડ મૂલકો પી.ઈ.ટી.એન. (હાઈએક્ષપ્લોજીવ) તેમજ પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સ ઓઈલ (પેરાફીન પ્રકાર)ની હાજરી શોધાયેલ છે

ઉપરોકત પૃથક્કરણ આધારે સાહેદના અભિપ્રાય મુજબ...

૧. પૃથક્કરણના પરિણામમાં શોધાયેલ એમોનિયમ નાઈટ્રેટ તથા પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બન્સ ઓઈલનું મિશ્રણએ એમોનિયમ નાઈટ્રેટ બેઝ એમોનિયમ નાઈટ્રેટ–ફ્યુઅલ ઓઈલ (એનફો) હાઈએક્ષપ્લોજીવના ઘટકો છે જેને ફોડવા માટે ડીટોનેટરનો ઉપયોગ થાય છે.

૨. પૃથક્કરણના પરિણામમાં શોધાયેલ લેડ એઝાઈડ અને પી.ઈ.ટી.એન. (હાઈએક્ષપ્લોજીવ) નો ઉપયોગ બ્લાસ્ટીંગ કેપ(ડીટોનેટર)મા થાય છે.

૩. નમૂનાઓમાંથી મળેલ ધાતુના છરાનો ઉપયોગ હાથ બનાવટના બોમ્બમાં મીસાઈલ્સ તરીકે થાય છે.

૪. પૃથક્કરણના પરિણામ તથા નમૂનાઓમાંથી મળેલ બેટરી, ઈલેકટ્રોનિક સરકીટ, ડીટોનેટર, ધાતુના છરા તથા હોડી આકારના લાકડાના ધાતુના પતરા, રેકઝીન સાથેના કન્ટેનરના આધારે એવી કહી શકાય કે હોડી આકારના કન્ટેનરમાં એનફો એક્ષપ્લોઝીવ પદાર્થ ભરી છરા ઉમેરી તથા ડીટોનેટરનો ઉપયોગ કરીને ટાઈમ ડીલે ડીવાઈસ પ્રકારનો આઈ.ઈ.ડી. બોમ્બ બનાવી શકાય.

આ પ્રમાણેનો આ સાહેદે અહેવાલ આપેલો જે આ કામે આંક–૫૮૭૧ થી રજૂ કરેલો છે તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ સાહેદની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી છે તે ધ્યાને લેતા આ સાહેદે સુરત બોમ્બ પ્લાન્ટેશનના બનાવોવાળી જગ્યાઓનું નિરીક્ષણ કરેલુ છે તથા કેટલાક મુદ્દામાલનું પૃથક્કરણ પણ કરેલુ છે અને તે જ રીતે અમદાવાદ ખાતે થયેલ બોમ્બ બ્લાસ્ટના બનાવોવાળી જગ્યાઓનું નિરીક્ષણ કરેલુ છે તથા કેટલાક મુદ્દામાલનું પૃથક્કરણ પણ કરેલુ છે. આ સાહેદની ઊલટતપાસ આરોપીઓ તરફથી કોઈ ચોકકસ ગુના સંબંધે કરેલ નથી પરંતુ તમામ બનાવો સંબંધે સંયુકત ઊલટતપાસ કરેલ છે. આ સાહેદે

ઊલટતપાસમાં જણાવેલી હકીકતોની ચર્ચા અમદાવાદના શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ નાં બનાવના કામે આ કેસોમાં જે પુરાવા રજૂ થયેલા છે તે દરમ્યાન વિગતવાર કરવામાં આવેલી છે જેથી ઊલટતપાસની હકીકતનું પુનરાવર્તન કરવામાં આવેલ નથી.

ત્યારબાદ આ કામે રવાનગી નોંધ આંક–૫૮૬૯ પૈકીના કેટલાક મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર અધિકારી હિતેશ જયંતિલાલ ત્રિવેદીને સાહેદ નં. ૮૩૫ તરીકે આંક–૫૬૩૧ થી તપાસેલ છે. તેઓની સરતપાસ પ્રમાણે તેમના વિભાગના મદદનીશ નિયામકશ્રી દ્વારા કતારગામ પોલીસ સ્ટેશન, સુરત શહેરના સેકન્ડ ગુના રજીસ્ટર નં.૨૦૮/૨૦૦૮ અન્વયેના કેસનો સ્વીકારવામાં આવેલ મુદ્દામાલ પૈકીનો અમુક મુદ્દામાલ પૃથક્કરણ અર્થે મળેલો તે પૈકી પાંચ પાર્સલો પૈકી માર્ક–સી,ઈ,એફ,એફ–૧ કચેરીના વિભાગીય સીલબંધ સાથે તથા માર્ક–ડી મૂળ સીલ લાથે ઈન્ટર ફોરવર્ડીંગ પત્રથી મળેલો. સદરહુ કામના મુદ્દામાલનું પૃથક્કરણ વૈજ્ઞાનિક પધ્ધતિએ કરેલ હતું અને પૃથક્કરણ મુજબ...

૧. નમૂના માર્ક –સી ના ધાતુના છરાનો ભૌતિકીય તથા EDXRF યંત્રમાં ધાતુ તત્વોની હાજરી અંગેનુ પરીક્ષણ કરવામાં આવ્યુ.

૨. નમૂના માર્ક –ડી ની ઈલેકટ્રોનીક સરકીટના PCB (Printed Circuit Board) માં જોવા મળતા કનેકશન અનુસાર Schematic Diagram તૈયાર કરવામાં આવ્યો.

૩. નમૂના માર્ક – ડી ની સરકીટમાં રહેલ PIC 16F628A માઇક્રોકન્ટ્રોલર IC નું EPROM READER હાર્ડવેર તથા સોફટવેર પ્રોગ્રામની મદદથી તેમાં રહેલ પ્રોગ્રામ રીડ કરવા માટે પ્રયત્ન કરવામાં આવ્યો.

૪. નમૂના માર્ક – ડી સરકીટને બેટરી સાથે જોડાણ કરી તેનાં વિવિધ જોડાણો પાસે મળતા વોલ્ટેજ મલ્ટિમીટર વડે તથા COB (Clock On Board) સરકીટ દ્વારા મળતા પલ્સની Frequency ઓસીલોસ્કોપની મદદથી માપવામાં આવ્યા.

૫. નમૂના માર્ક –એફ ડીટોનેટરનો બે વિજાગ્રો વચ્ચે વીજ સાતત્યતા અંગેની ચકાસણી કરવામાં આવી.

૬. નમૂના માર્ક એફ–૧ ડીટોનેટરનો બે વિજાગ્રો વચ્ચે વીજ સાતત્યતા અંગેની ચકાસણી કરવામાં આવી.

ઉપરોકત પૃથક્કરણ આધારે સાહેદના અભિપ્રાય મુજબ...

૧. નમૂના માર્ક –સી ના છરામાં મુખ્ય ધાતુ તરીકે આર્યન (Iron) ની હાજરી જોવા મળેલ.

૨. નમૂના માર્ક –સી ના ધાતુના છરાનો ઉપયોગ બોમ્બ બનાવવાની રચનામાં પ્રોજેકટાઇલ તરીકે થઇ શકે

૩. નમૂના માર્ક – ડી ની સરકીટ મુખ્યત્વે PIC 16F628A પ્રોગ્રામેબલ ફલેશ પ્રકારની IC, COB (Clock On Board), ટ્રીગરીંગ ટ્રાન્સીસ્ટર 2SC1162, ઝેનર ડાયોડ, રેસીસટન્સ, કેપેસીટર્સ વગેરેની બનેલી હતી.

૪. નમૂના માર્ક –ડી ની સર્કીટમાં રહેલ PIC 16F628A ઇલેકટ્રીકલ પ્રોગ્રામેબલ ફલેશ પ્રકારની IC નુ EPROM READER હાર્ડવેર અને સોફટવેર પ્રોગ્રામની મદદથી રીડ કરતા સદર IC કોડ પ્રોટેકટેડ હોવાનુ જણાયેલ.

૫. નમૂના માર્ક – ડી ની સરકીટમાં રહેલ COB (Clock On Board) ૦.૫ હર્ટઝની ફ્રીકવન્સી જનરેટ કરે છે.જે માઇક્રોકન્ટ્રોલરની પીન નં.૩ ઉપર આપે છે.

૬. નમૂના માર્ક –ડી ની ઇલેકટ્રોનિક સરકીટને બેટરી સાથે જોડી ચકાસતા તેના દરેક ઇલેકટ્રોનીક કમ્પાઉન્ટસ ચાલુ સ્થિતિમાં (Working Condition) માં જણાયા.

૭. નમૂના માર્ક – ડી ની ઇલેકટ્રોનિક સરકીટને બેટરી સાથે જોડયા બાદ અગાઉથી પ્રોગ્રામ કરેલ સમયગાળો પુરો થતા ટ્રીગરીંગ ટ્રાન્ઝીસ્ટર (2SC1162) ના આઉટપુટ પર ડીટોનેટરોને ફુટવા માટે જરૂરી વીજપ્રવાહ મળતો નહી હોવાથી ડીટોનેટરો એક્ષપ્લોડ થઇ શકેલ ન હતા તેવુ જણાયેલ છે.

૮. નમૂના માર્ક –ડી ની ઇલેકટ્રોનિક સરકીટને બેટરી સાથે જોડી પ્રાયોગીક રીતે અવલોકન કરતા સદરહુ નમૂનાની સર્કીટના ટ્રીગરીંગ ટ્રાન્ઝીસ્ટર (2SC1162) આશરે ૨૪ કલાક ના સમયગાળા બાદ ટ્રીગર થતો જોવા મળેલ.

૯. નમૂના માર્ક –એફ ડીટોનેટરના બે વિજાગ્રો વચ્ચે વીજ સાતત્યતા જોવા મળેલ.

૧૦. નમૂના માર્ક એફ–૧ ડીટોનેટરના બે વિજાગ્રો વચ્ચે વીજ સાતત્યતા જોવા મળેલ.

ઉપરોકત પૃથક્કરણના આધારે આ સાહેદે જે અભિપ્રાય આપેલો તે આ કામે આંક–૫૬૫૩ થી રજૂ કરેલો છે તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ સાહેદની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી છે આ સાહેદે સુરત શહેરમાં બનેલા કુલ–૧૫ બનાવોમાં જે મુદ્દામાલ કબજે કરવામાં આવેલો તે તમામ બનાવોના મુદામાલોનું આ સાહેદે પૃથક્કરણ કરેલુ છે અને આરોપીઓ તરફથી કોઈ ચોકકસ ગુના માટે ઊલટતપાસ કરવામાં આવેલી નથી પરંતુ જનરલ ઊલટતપાસ કરવામાં આવેલી છે. આ સાહેદે ઊલટતપાસમાં જણાવેલી હકીકતો મહિધરપુરા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૨૦૯/૨૦૦૮ ના કામના બનાવ સંબંધે રજૂ કરેલ પુરાવામાં વિગતવાર ચર્ચા કરેલી છે માટે ઊલટતપાસની હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

ત્યારબાદ આ કામે તપાસ કરનાર અધિકારી શ્રી એન.બી.પરમાર મદદનીશ પોલીસ કમિશનરે બનાવવાળી જગ્યા ઉપર નકશો બનાવવા માટે મામલતદાર, સુરત શહેરને એક યાદી લખેલી જે યાદી આ કામે આંક–૭૫૭૫ થી રજૂ કરેલી છે અને નાયબ પોલીસ અધીક્ષકશ્રી એન.બી.પરમારને સાહેદ નં.૧૧૫૪ તરીકે તપાસેલ છે તેઓએ તેઓની જુબાનીમાં તેમની સહી ઓળખી બતાવેલી છે.

આંક–૭૫૭૫ વાળી યાદીના આધારે સર્કલ ઓફિસર હિતેન્દ્રકુમાર ગુલાબભાઈ નાયકે ગુનાવાળી જગ્યા ઉપર જઈ નકશો બનાવેલો તેઓને આ કામે સાહેદ નં.૧૦૮૭ તરીકે આંક–૭૫૫૭ થી તપાસેલા છે. તેમની સરતપાસ પ્રમાણે તેઓને તપાસ કરનાર અધિકારીશ્રી એન.બી.પરમાર દ્વારા કતારગામ અમરોલી પુલના દક્ષિણ તરફના છેડે રોડની પશ્ચિમ સાઈડે બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલો તે જગ્યા ઉપર જઈ નકશો બનાવવા માટેની યાદી મળેલી તે આંક–૭૫૭૫ ની યાદી મળ્યા બાબતે યાદી ઉપર તેમણે પોતાની સહી ઓળખી બતાવી છે અને તે યાદીના આધારે સ્થળ ઉપર જઈ નકશો બનાવેલો તે નકશો આ કામે આંક–૭૫૭૬ થી રજૂ કરેલો છે જેમા આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. સદર નકશામાં જે જગ્યાએથી બોમ્બ મળી આવેલો તે જગ્યા લાલ કલરથી બતાવેલી છે.

આ સાહેદની પણ આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી છે તે ધ્યાને લેતા આ સાહેદે સુરત બોમ્બ પ્લાન્ટેશનના બનાવોવાળી જગ્યાઓનું નિરીક્ષણ કરીને નકશાઓ બનાવેલા છે. આ સાહેદની ઊલટતપાસ આરોપીઓ તરફથી કોઈ ચોકકસ ગુના સંબંધે કરેલ નથી પરંતુ તમામ બનાવો સબંધે સંયુકત ઊલટતપાસ કરેલ છે. આ સાહેદે ઊલટતપાસમાં જણાવેલી હકીકતોની ચર્ચા સુરત શહેરના મહિધરપુરા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં. ૨૦૯/૨૦૦૮ ના બનાવના કામે આ કેસોમાં જે પુરાવા રજૂ થયેલા છે તે દરમ્યાન વિગતવાર કરવામાં આવેલી છે જેથી ઊલટતપાસની હકીકતનું પુનરાવર્તન કરવામાં આવેલ નથી.

(૬૪.૦૧) <u>કતારગામ પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૨૦૮/૨૦૦૮ ના કામે બનાવ નં.૨ ને સમર્થન માટે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકનઃ–</u>

કતારગામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કતારગામ અમરોલી પુલના દક્ષિણ તરફના છેડે રોડની પશ્ચિમ સાઈડે બોમ્બ બ્લાસ્ટના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલ છે તે માટે ફરિયાદપક્ષ દ્વારા અર્પીત કનકભાઈ

પટેલને સાહેદ નં.૫૫૪ તરીકે આંક–૩૦૨૦ થી તપાસવામાં આવેલા છે. તેમની સરતપાસ પ્રમાણે ઓગસ્ટ–૨૦૦૮ ના અરસામા તેઓ અમરોલી, સુરત મુકામે રહેતા હતા તે સમયે ફાઇનાન્સનો ધંધો કરતા હતા. તા.૯/૮/૨૦૦૮ ના રોજ બપોરના એકાદ વાગે કતારગામ રોડ ઉપર તેમના મિત્ર નામે રતીલાલને ત્યાં નોકરીના કામે મળવા ગયેલા અને ત્યાંથી નીકળી મોટર સાઇકલ ઉપર અમરોલી જતા હતા તે વખતે અમરોલી પુલના છેડે લંકાવિજય હનુમાનજીના મંદિર પાસે રોડની સાઇડ પાસે બે–ચાર માણસો ઉભા રહી કયાંક જોતા હતા તે વખતે રોડની બાજુમા ઝાડ તથા કચરા પાસે એક લાલ કલરનુ બોમ્બ જેવા આકારનુ પાર્સલ જોયેલુ આવુ પાર્સલ અગાઉ પણ ટી.વી.મા જોયેલુ અને તે બોમ્બ જેવુ લાગતા મોબાઇલ ઉપરથી ૧૬–૩૫ મિનિટે સુરત શહેર કન્ટ્રોલ રૂમ ૧૦૦ નંબર ઉપર આ બાબતે જાણ કરેલી. ત્યારબાદ થોડીવારમા ત્યાં પોલીસના માણસો આવી ગયેલા અને ત્યાં ભેગા થયેલ માણસોને દુર હટાવેલા અને ત્યાં થોડીવારમા બોમ્બ સ્કવોર્ડના માણસો પણ આવી ગયેલા અને ત્યાં આગળ પડેલ બોમ્બને ડિસ્પોઝલ કરેલ તેમ જણાવે છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા બોમ્બ ડીફ્યુઝ કરતા શું સામગ્રી નીકળેલી તે જોયેલી નથી. બોમ્બ ડિસ્પોઝલની કાર્યવાહી વખતે દુર ઉભેલા હતા તે કબૂલ કરે છે. પોલીસને સમર્થન આપવા ખોટી જુબાની આપે છે તો તે હકીકત નકારે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી યોગેશ રમેશભાઈ પટેલને સાહેદ નં.૫૮૨ તરીકે આંક–૩૧૧૫ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે ઓગસ્ટ–૨૦૦૮ના અરસામા અમરોલી જૂના જકાતનાકા પાસે આવેલ ત્રણ રસ્તા પાસે ચાની લારી ચલાવી ચા વેચવાનુ કામકાજ કરતા હતા. તા. ૯/૮/૨૦૦૮ના રોજ સાંજના સમયે તેમની ચાની લારીથી થોડેક આગળ હનુમાનજીના મંદિર સામે અમરોલી પુલ તરફ રોડ ઉપર કેટલાક માણસો ભેગા થયેલા આથી તેઓએ ત્યાં જઇ જોયેલ તો જણાયેલ કે ત્યાં કચરાના ઢગલામા બોમ્બ જેવુ કાઇક પડેલ છે બાદમાં તે સ્થળે પોલીસ તથા બોમ્બ સ્કવોર્ડના

માણસો આવેલા અને કચરામાથી મળી આવેલ બોમ્બ નિષ્ક્રિય કરેલ તેમ જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી સંદિપ ઉર્ફે બબલુભાઈ ગાલાભાઈ પટેલને સાહેદ નં.૬૨૦ તરીકે આંક–૩૨૬૧ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે સુરતના અમરોલી પુલના છેડે તેઓ તથા તેમના પિતા છેલ્લા આશરે દસેક વર્ષથી શેરડીના રસની લારી ખોલી ધંધો કરે છે. ઓગષ્ટ ૨૦૦૮ ની નવમી તારીખે રસની લારી નિયમ મુજબ ખોલેલી ત્યારે સાંજના પોણા પાંચ વાગ્યાની આસપાસ તેમની લારીથી થોડે દુર અમરોલી પુલના છેડે કે જેની સામે લંકાવિજય હનુમાનજીનુ મંદિર આવેલ છે ત્યાં માણસો ભેગા થયેલા ત્યાં શુ થયેલ છે તે જોતા હતા તે વખતે જાણવા મળેલુ કે ત્યાં બોમ્બ જેવુ કાંઇક પડેલ છે ત્યાં પોલીસ આવી ગયેલી અને પોલીસે ત્યાં બધી કાર્યવાહી કરેલી તેમ જણાવે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી સુખદેવ મીઠાલાલ પ્રજાપતીને સાહેદ નં.૬૨૬ તરીકે આંક–૩૨૬૭ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ ૨૦૦૬ના વર્ષથી અમરોલી જૂના જકાતનાકા સામે જલેબીની લારી ચલાવે છે. તા.૯/૮/૨૦૦૮ ના રોજ તેઓ તેમની જલેબીની લારી ઉપર ધંધો કરતા હતા તેમની જલેબીની લારીથી થોડે દુર અમરોલી પુલ આવેલ છે ત્યાં લંકાવિજય હનુમાનજીનુ મંદિર પણ આવેલુ છે ત્યાં તેમની લારી ઉપર આવેલ લોકોથી જાણવા મળેલ કે અમરોલી પુલના છેડે લંકાવિજય હનુમાનજી મંદિરની સામે રોડ ઉપર બોમ્બ છે તેથી તેમણે તેમની લારીએથી જોયેલ તો ત્યાં ટોળુ ભેગુ થયેલ હતુ. થોડીવારમા પોલીસ આવેલી. પોલીસે લોકોને દુર હટાવેલા. પોલીસે બધી કામગીરી કરેલી તેમ જણાવે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી એમ.બી.પરમારને સાહેદ નં.૭૭૩ તરીકે આંક–૩૫૭૮ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓ નવેમ્બર–૨૦૦૬ થી ૨૦૧૦ દરમ્યાન કતારગામ પોલીસ સ્ટેશનમાં પોલીસ સબઇન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા. તા.૯/૮/૨૦૦૮ ના રોજ

પોલીસ સ્ટેશનમાં હાજર હતા દરમ્યાન લગભગ ૧૬–૪૬ વાગ્યાના અરસામા કન્ટ્રોલ રૂમ તરફથી પોલીસ સ્ટેશનમાં વર્ધી મળેલી કે અમરોલી લંકાવિજય હનુમાનજી મંદિર પાસે બોમ્બ જેવી વસ્તુ પડેલી છે આ વર્ધીના આધારે પોલીસ ઇન્સ્પેકટરશ્રી વી.જી. પટેલની સાથે તેઓ તથા હેડ કોન્સ્ટેબલ સુરેન્દ્રસિંહ, પોલીસ કોન્સ્ટેબલ મેજર બાલુ, ઘનશ્યામ રામજીભાઇ, મોહમદ સીદ્દીક ગુલામ મહંમદ તથા અન્ય પોલીસ કર્મચારીઓ ખાનગી તથા સરકારી વાહનમા પોલીસ સ્ટેશનથી અમરોલી પુલના છેડે પહોંચેલા અને ત્યાં જઇ લોકોના ટોળા ભેગા થયેલા હતા તેમને દુર ખસેડેલા તે જગ્યએ તપાસ કરતા રોડની સાઇડમા લાલ કલરની સેલોટેપ મારેલ અર્ધચંદ્રાકાર ડબા જેવુ પેકીંગ કરેલ બોક્ષ પડેલ હતુ. પોલીસ ઇન્સ્પેકટર સાહેબે, બી.ડી.એસ. ટીમ તથા એફ.એસ.એલ. અધિકારીને સ્થળ ઉપર પધારવા જાણ કરેલી. બી.ડી.એસ. ટીમના કર્મચારીઓ સ્થળ ઉપર આવેલા અને તેઓએ પડેલ આ બોક્ષ બોમ્બ હોવાથી તેને ડીફ્યુઝ કરેલ. બે પંચને બોલાવીને આ ડીફ્યુઝ કરેલ બોમ્બની સામગ્રી કબ્જે કરવામા આવેલી. દરમ્યાન એફ.એસ.એલ.ના અધિકારીશ્રી એન.ડી.પટેલ સાહેબે પણ તપાસ કરેલી. આ ડીફ્યુઝ કરેલ બોમ્બની સામગ્રી પંચનામાની વિગતે કબ્જે કરવામા આવેલી હતી. પોલીસ ઇન્સ્પેકટરશ્રી વી.જી.પટેલે ત્યારબાદ આ બાબતે ફરિયાદ આપેલી તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા બનાવના સ્થળે પબ્લીકના ઘણા માણસો ભેગા થઈ ગયેલા હતા. બનાવ બાબતે લોકોની પુછપરછ કરેલી તેની સંખ્યા કહી શકે તેમ નથી. બનાવના સ્થળે કેટલો સમય રોકાયેલા તે કહી શકે તેમ નથી. બનાવના સ્થળેથી માણસોને ૫૦–૬૦ ફુટ દુર ખસેડેલા. શંકાસ્પદ વસ્તુ સબંધે પોલીસ અધિકારીઓ દ્વારા જે કાર્યવાહી થતી હતી તે વખતે દુર ઉભેલા હતા તો તે હકીકત નકારી છે. બોમ્બ સંબંધેની જાણકારી અંગે ટ્રેનીંગ લીધેલી નથી. બી.ડી.એસ. અને એફ.એસ.એલ.ની ટીમે જે કાર્યવાહી કરી તે દરમ્યાન પબ્લિકના માણસો ત્યાં ન હતા. બનાવ સ્થળે ગયા સંબંધે કોઈ

દસ્તાવેજી પુરાવો નથી તે કબૂલ કરે છે. બનાવ સ્થળે ગયા નથી કે કોઈ કાર્યવાહી જોયેલી નથી તો તે હકીકત નકારે છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી ઘનશ્યામ રામજીભાઈ પુરાણીને સાહેદ નં.૭૭૯ તરીકે આંક–૩૫૯૦ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે ઓગસ્ટ–૨૦૦૮ના સમયમા તેઓ કતારગામ પોલીસ સ્ટેશનમાં અનાર્મ પોલીસ કોન્સ્ટેબલ તરીકે સર્વેલન્સ સ્ટાફમા ફરજ બજાવતા હતા. તા.૯/૮/૨૦૦૮ ના રોજ પોલીસ ઈન્સ્પેકટર વી.જી.પટેલ તથા અન્ય અધિકારીઓ તથા અન્ય પોલીસ ઈસમો પોલીસ સ્ટેશનમાં હાજર હતા દરમ્યાન બપોરના ૪–૪૬ જેટલા વાગ્યે પોલીસ કન્ટ્રોલ રૂમમાથી વર્ધી મળેલ કે અમરોલી લંકાવિજય હનુમાનજી મંદિર પાસે બોમ્બ જેવી વસ્તુ પડેલ છે આથી તેઓ બધા તે સ્થળે પહોચેલા અને પોલીસ ઈન્સ્પેકટરની સુચનાથી ત્યાં ભેગા થયેલા લોકોના ટોળાને દુર કરવામા આવેલા અને ત્યાં બધાએ તપાસ કરતા રોડની સાઈડમાં લાલ કલરની સેલોટેપ મારેલ અર્ધચંદ્રાકાર આકારનુ ડબ્બા જેવુ પેકીંગ કરેલ બોક્ષ પડેલુ હતુ. એવી વસ્તુ અગાઉ પણ સુરત શહેરમાથી મળેલ તે વસ્તુ જોતા બાજુમા પોપટી કલરની તથા કાળા કલરની પ્લાસ્ટિકની કોથળીઓ પડેલ હતી જેથી પોલીસ ઈન્સ્પેકટરએ બી.ડી.એસ. ટીમ તથા એફ.એસ.એલ. અધિકારીઓને સ્થળ ઉપર આવવા જાણકારી આપતા તેઓ આવતા મળેલ શંકાસ્પદ વસ્તુની ચકાસણી કરતા તે બોમ્બ જણાતા બી.ડી.એસ. ટીમે તે ડિફ્યુઝ કરેલ અને તે સંબંધે પંચોને બોલાવી પંચોની હાજરીમા મળી આવેલ ચીજવસ્તુઓનુ પંચનામુ કરવામા આવેલાનું જણાવેલ છે.

ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી ચંદ્રકાંત છગનલાલ રાવલને સાહેદ નં.૧૦૪૨ તરીકે આંક–૭૦૫૭ થી તપાસેલા છે. આ સાહેદની સરતપાસ પ્રમાણે તેઓએ કતારગામ પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં. ૨૦૮/૨૦૦૮ ના કામની તપાસ તા.૯/૮/૨૦૦૮ ના રોજ ગુનો દાખલ થયો ત્યારથી જ સંભાળેલી હતી અને તપાસ દરમ્યાન બનાવ વખતે ફરજ ઉપરના પોલીસ કર્મચારીઓ તેમજ બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડ, સુરત શહેરનાઓ કે

જેઓએ મળી આવેલ બોમ્બ ડિફ્યુઝ કરેલ તેઓના નિવેદનો લીધેલા તેમજ તપાસ દરમ્યાન બનાવવાળી જગ્યાના આજુબાજુના સાહેદોના નિવેદનો લીધેલા તથા આ બનાવમાં બોમ્બ સંબંધેની માહિતી પોલીસ કન્ટ્રોલ રૂમમા આપેલ તે અર્પિતભાઇનુ નિવેદન લીધેલુ તથા આ ગુનામાં તપાસ દરમ્યાન બોમ્બ ડિફ્યુઝ કર્યા પછી જે મુદ્દામાલ પોલીસ ઇન્સ્પેકટરશ્રી વી.જી.પટેલે તપાસ દરમ્યાન કબ્જે લીધેલા તે તમામ મુદ્દામાલનુ પૃથક્કરણ કરી અહેવાલ મેળવવા સારૂ રવાનગી નોંધમા જણાવ્યા મુજબનો મુદ્દામાલ એફ.એસ.એલ., ગાંધીનગર ખાતે પોલીસ કોન્સ્ટેબલ રમેશભાઇ પરમાર મારફતે મોકલી આપેલ તે રવાનગી નોંધ આંક–૫૮૬૯ મા સાહેદ તેમની સહી ઓળખી બતાવે છે.

૭. સેમસંગ મેકની નોડલ નં.SP0411N જનો સીરીયલ નં.SOJJ1CL620691 કેપેસીટી 40GB માર્ક–૭

આંક–૫૬૩૯ વાળો મુદામાલ મળ્યો તે અંગેની પહોંચ આપેલી જે આંક–૫૬૪૦ થી રજૂ છે અને પોતાનો અહેવાલ આપેલો તે આંક–૫૬૪૧ થી રજૂ છે. આ અહેવાલ મુજબ On thorough and careful forensic analysis of the suspected storage media Hard Disk Mark–H1, Mark–H2, Mark–H3, Mark–H4, Mark–H5, Mark–H6 and Mark–H7 data related to asked query was not found. આ ઉપરાંત સાહેદ નં.૮૨૦ હિતેષ પ્રમોદકુમાર સંઘવીનાઓએ પણ તેઓની જુબાની આંક–૫૯૮૫ માં પેરા નં.૩, પાન નં.૫ અને ૬ માં સાયબર કાફે ઉપર વિઝીટ કરીને કમ્પ્યુટરોમાંથી હાર્ડ ડીસ્ક કુલ સાત કબજે કરેલાની હકીકત જણાવેલી છે. પંચ સાહેદ વિક્રમ મણાજી સ્વતંત્ર સાહેદ છે તેમની હાજરીમાં આ તમામ કાર્યવાહી થયેલી છે. આ સાયબર કાફેમાંથી આરોપી નં.૧ નાએ જે જે જગ્યા ઉપર જે ઈ–મેઈલ કરેલા તે હકીકત રેકર્ડ ઉપર આવેલ છે જે નહીં માનવાને કોઈ કારણ નથી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે દિપકકુમાર જીવણલાલ દલવાડીને સાહેદ નં.૯૦૪ તરીકે આંક–૬૪૭૯ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૨૭/૮/૨૦૦૮ ના રોજ સવારે સાડા આઠેક વાગ્યે હાલોલ તાલુકાના ટીંબી ગામના ત્રણ રસ્તા પાસે ટોળીયા સાહેબે તેઓને બોલાવેલા. તેમની સાથે બીજા કેસરીસિંહ કરીને હતા તેમને પણ બોલાવેલા. ત્યાં ટોળીયા સાહેબે આ સાહેદને તથા કેસરીસિંહને કહેલુ કે આ આરોપી છે તે અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટમાં આરોપી છે અને તેણે પાવાગઢના જંગલોમાં ટ્રેનીંગ લીધી છે તે જગ્યા બતાવવા માંગે છે તો તમે પંચમાં રહેશો ? જેથી પંચમાં રહેવાની "હા" પાડેલી. ત્યારબાદ હાજર આરોપીનુ નામ પુછેલુ તો તેણે તેનુ નામ જાહીદ કુત્બુદ્દીન શેખ, રહે. જુહાપુરા, અમદાવાદ હોવાનું જણાવેલુ. ત્યારબાદ આરોપીએ જણાવેલુ કે "મારી સાથે અમદાવાદના, વડોદરાના, રાજસ્થાનના અને એમ.પી.ના બીજા માણસો પણ હતા અને અમે

લોકોએ પાવાગઢમાં જે જગ્યાએ ટ્રેનીંગ લીધી હતી તે જગ્યા બતાવવા માંગુ છું". આ વખતે ત્યાં એફ.એસ.એલ. ના અધિકારીઓ હાજર હતા તથા વીડિયોગ્રાફીના માણસો હાજર હતા. ત્યાં સાહેબનું નામ પુછેલુ તો તે સાહેબે પટેલ કરીને હતા. પછી સાહેબે કહેલુ કે ગાડીમાં બેસી જાઓ અને ડ્રાઈવરને સુચના આપેલી કે આરોપી જયાં વાહન કહે ત્યાં લઈ જાઓ અને જયા ઉભુ રાખવાનું કહે ત્યાં ઉભુ રાખજો. ત્યાં પોલીસે લખાણ કરેલુ. ગાડીમાં બેસતા પહેલા બીજુ કંઈ કરેલુ નહીં અને લખાણ કર્યા પછી આ સાહેદે તથા કેસરીસિંહે સહીઓ કરેલી, આરોપીએ સહી કરેલી અને ટોળીયા સાહેબે સહી કરેલી.

વધુમાં સાહેદ જણાવે છે કે ત્યારપછી તેઓ પાવાગઢ તરફ ગયેલા અને એકાદ દોઢ કી.મી. આગળ ગયેલા ત્યાં હેલીકૈલ વાવ આવેલી ત્યાં બોર્ડ હતુ ત્યાંથી અંદર જવાનો ૧૦૦ થી ૧૫૦ મીટર કાચો રસ્તો હતો અને તે રસ્તે ગાડી લીધેલી. ત્યાં હેલીકૈલ વાવ આવેલી હતી ત્યાં બધા નીચે ઉતર્યા હતા. નીચે ઉતર્યા પછી આરોપી આગળ ચાલતો હતો. આરોપીની સાથે આ સાહેદ તથા કેસરીસિંહ, પોલીસના સાહેબ તથા એફ.એસ.એલ. ના સાહેબ અને વીડિયો ગ્રાફીવાળા હતા. ત્યારબાદ ઝાંપો ખોલીને અંદર ગયેલા. ત્યાં અંદર ગયા પછી જમણી સાઈડ વળેલા ત્યાં આગળ ફેન્સીંગની તારની વાડ હતી. ત્યાં ફેન્સીંગની તારની વાડ હતી તે તાર ઉંચા કરી બહાર નીકળેલા અને ત્યાંથી ૧૫૦ મીટર વાળો પગદંડી વાળો કાચો રસ્તો હતો તે રસ્તે બધા સાથે ગયેલા. ત્યાં ગયા પછી આરોપીએ જગ્યા બતાવીને કહેલુ કે "આ જગ્યાએ અમે ટેન્ટ બનાવેલો હતો અને અમે અહિંયા રહેતા હતા અને ટ્રેનીંગ લેતા હતા." ત્યાં જગ્યા ઉપર આજુબાજુ પથ્થર પડેલા હતા ત્યાં પડેલા પથ્થર પડેલા તે હટાવેલા તો ત્યાંથી આંટાવાળો બુચ મળી આવેલો. આ આંટોવાળો બુચ નળની પાઈપને લગાવીએ છીએ તે હતો. ત્યાં આજુબાજુ ઘાસમાં પણ તપાસ કરેલી અને ત્યાંથી પણ બીજા થોડા બુચ મળેલા. આ જે જગ્યા હતી તે ૩૦–૪૦ ફૂટના ઘેરાવામાં પહોળી હતી. ત્યાં આજુબાજુ તપાસ કરતા એર ગનની અંદર વપરાતા છરા મળી આવેલા. ત્યાં બાજુ ઉપર એક સુકુ ઝાડ હતુ. તે ઝાડની આજુબાજુ ઘાસ હતુ ત્યાંથી કુટેલા કુગ્ગા મળી

આવેલા. તે ઝાડની બાજુમાંથી ચારેક જેટલા બીજા છરા મળી આવેલા. આ સુકા ઝાડ ઉપર એક ખીલ્લો મારેલો હતો અને ઝાડ ઉપર કાણા કાણા હતા. તે ખીલ્લો એફ.એસ.એલ.ના અધિકારીએ ખોતરીને બહાર કાઢેલો. ત્યારબાદ એફ.એસ. એલ.ના અધિકારીએ આંટાવાળા બુચ એક થેલીમાં મુકીને પેક કરેલા અને કાગળમાં પડીકુવાળી બોક્ષમાં મુકેલા અને છરાનુ પણ તે જ રીતે પેકીંગ કરી તે જ બોક્ષમાં મુકેલા. તે જ રીતે ખીલો અને કુટેલા કુગ્ગા પણ અલગ અલગ પેક કરી તે જ બોક્ષમાં મુકેલા. ત્યારબાદ તે ઝાડમાંથી થોડા ટુકડા લીધેલા અને તે ટુકડા પણ તે જ રીતે પેકીંગ કરી તે જ બોક્ષમાં મુકેલા. તે જ રીતે ચારે છરા જે મળેલા તે પણ તે જ પ્રમાણે પેકીંગ કરીને બોક્ષમાં મુકેલા. ત્યારબાદ ઝાડની આજુબાજુથી થોડી માટી લીધેલી અને તે પણ તે જ રીતે પકે કરીને તે જ બોક્ષમાં મુકેલી. આ બધી વસ્તુઓ બોક્ષમાં મુકયા પછી બોક્ષને પેક કરી તેની ઉપર સીવી લીધેલુ. બોક્ષ ઉપર તેઓની સહીઓ કરાવેલી અને પછી લાખથી સીલ કરેલા. સાહેદ જણાવે છે કે સહીવાળી કાપલી બોક્ષ પર મુકી પેક કરાવેલી. તે જગ્યા પાસે થોડુ ઉપર ચડવા જેવુ હતુ જે ૧૦૦ થી ૧૫૦ મીટર જેટલુ હતુ ત્યાં આરોપી લઈ ગયેલો. ત્યાં આગળ પહેલાની કવોરી આવેલી હતી અને ત્યાં પાણી ભરાયેલુ હતુ. ત્યાં આરોપીએ કહેલુ કે "આ જગ્યાએ અમે સ્વીમીંગ કરતા હતા". ત્યાં આગળ આ બધુ લખાવેલુ અને ત્યાં આગળ લખાણ આ સાહેદે તથા કેસરીસિંહ તથા આરોપીએ તથા ટોળીયા સાહેબે પણ સહી કરેલી.

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ તે જગ્યાએથી પાછા નીચે આવેલા અને ત્યાં આવીને ગાડીમાં બેસેલા અને ગાડી મેઈન રોડ ઉપર આવેલા અને ત્યાંથી હાલોલ જવાના રસ્તે પાછા વળેલા અને એકાદ કિ.મી. જઈ આરોપીએ ગાડી જમણી સાઈડ ઉપર લેવડાવેલી. ત્યાં આગળ એક મીનારવાળી મસ્જિદનું બોર્ડ આવેલુ ત્યાં અંદર જવાનો રસ્તો હતો અને ત્યાં અંદર ગયેલા. ત્યાં એક હિન્દી, અંગ્રેજી અને ગુજરાતી ભાષામાં લખેલુ બોર્ડ હતુ અને એક બોર્ડ અંગ્રેજીમાં લખેલુ હતુ. ત્યાં જાહીદ એક મીનારવાળી મસ્જિદમાં લઈ ગયેલો. ત્યાં આરોપીએ કહેલુ કે "આ જગ્યાએ અમે નમાજ પઢતા હતા અને ત્યાં કુવો છે

તેમાંથી પાણી કાઢી હાથ–મોં ધોતા હતા". ત્યાં બીજુ કંઈ હતુ નહીં. આ એક મીનારવાળી મસ્જિદ પાંચ માળ જેવી ઉંચી હતી. ત્યાં આગળ એક મોટો ઓટલો હતો અને આરોપી ત્યાં એવુ જણાવેલુ કે "આ જગ્યાએ અમે બેસીને ભાષણો કરતા હતા". ત્યાં આગળ બધુ લખી લીધેલુ. ત્યાંથી બધા પાછા ગાડીમાં બેસી મેઈન રોડ ઉપર આવેલા. ત્યાંથી અડધો એક કિ.મી. દુર આવેલા ત્યાં એક દરગાહ આવેલી. આ દરગાહનું નામ ખુંદપીરની દરગાહ હતી. આરોપી તે દરગાહ ઉપર લઈ ગયેલો. ત્યાં અંદર ગયા ત્યારે અંદર એક માણસ હતો. જે ફકીર હતા અને બે અઢી વર્ષથી ત્યાં રહેતા હતા. ત્યાં આરોપીને આ ફકીરે જોયેલો આ ફકીર આરોપીને ઓળખતો હતો. ફકીરે એવુ કહેલુ કે "આ આરોપી જાન્યુઆરી મહીનાની ૧૩–૧૪ તારીખે રોકાયેલો હતો." સાહેબે ત્યાં ફકીર પાસે રજીસ્ટર માંગેલુ તો ફકીરે કહેલુ કે "અમે રજીસ્ટર રાખતા નથી". ત્યાં એક રૂમ આવેલો હતો તે રૂમમાં ફકીર રહેતા હતા અને ત્યાં ધર્મશાળા આવેલી હતી. ત્યાં જઈને ચેક કરેલુ પરંતુ ત્યાંથી કોઈ વસ્તુ મળી આવેલી નહીં. ત્યાં પંચનામુ પુરૂ કરેલુ. આંક–૬૪૮૦ વાળા પંચનામામાં સાહેદ પોતાની તથા બીજા પંચની તેમજ ટોળીયા સાહેબની સહીઓ ઓળખી બતાવે છે તેમજ જે મુદ્દમાલ કબજે કરવામાં આવેલો તે કોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે.

આ તબકકે આ પંચનામામાં જણાવેલી ઘણી હકીકત આ સાહેદે સરતપાસમાં જણાવેલ ન હોય જેથી તેવી પંચનામાની હકીકત આ સાહેદને વાંચી સંભળાવવામાં આવેલી જેમા લખેલી હકીકત જેવી કે "આ વખતે તમો પોલીસ રૂબરૂ અમો પંચો તથા પોલીસની અને વાહનોની જડતી તપાસ અંગે હાજર આરોપી જાહીદ કુત્બુદ્દીન શેખને આપતા પોતે જડતી તપાસ લેવાની ના પાડે છે તેમ છતાં અમો પંચો તથા તમો પોલીસે અરસ–પરસ જડતી તપાસ કરતા તેમજ વાહનોની જડતી તપાસ કરતાં કઈ ગુનાહિત મળી આવેલ નહીં" લખેલી હકીકત સાચી છે તેમ જણાવેલ છે.

વધુમાં પંચનામા લખેલી હકીકત જેવી કે "જાહીદે અમો પંચો રૂબરૂ એવુ જણાવેલુ કે જાન્યુઆરી ૧૪ મી પાવાગઢની તળેટીમાં તેઓએ જેહાદી કેમ્પનું

આયોજન કરેલુ..... જે જગ્યાએ જેહાદી ભાષણો તથા ઉશ્કેરણીજનક ભાષણો તોકીર ઉર્ફે અબ્દુલ શુભાન, અબ્દુલ્લાભાઈ ઉર્ફે કમરૂદ્દીન નાગોરી, નદવી કેરાલાવાળો, સીકંદરલાલ ઉર્ફે આમીર પરવેઝ, હુસેન ઉર્ફે સફદર નાગોરી અને આરીફ કાગઝીએ આપેલા" લખેલી હકીકત સાચી છે તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો જયાં જયાં ગયેલા તે તમામ કાર્યવાહીનું વીડિયોગ્રાફી કરવામાં આવેલુ તે કબૂલ કરે છે. ફોટોગ્રાફરની હાજરી હોવાની હકીકત નકારી છે. બતાવવામાં આવેલા બોક્ષ ઉપર સહીઓ કરેલી તે બોક્ષ નથી તો તે હકીકત નકારી છે. સ્લીપ ઉપર સહીઓ કરેલી નહીં તો તે હકીકત પણ નકારેલી છે. જે જગ્યા ઉપર ગયેલા તે જગ્યા ખુલ્લી હતી તો તે હકીકત નકારેલી છે. જે દરગાહની વાત કરી તે રજીસ્ટર્ડ થયેલી હોય તો તે ખબર નથી. દરગાહનો કોઈ દાખલો જોવા મળેલો નહીં, એરગન જોવા મળેલી નહીં તે કબૂલ કરે છે. જે વાવ ઉપર ગયેલા ત્યાં કોઈ માણસો હતા નહીં, આવી કોઈ જગ્યાએ આરોપી લઈ ગયેલા નથી તો તે હકીકત નકારી છે.

વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ જન્મથી કયાં રહે છે તે બાબતે, ટીંબી પાટીયા કેટલુ દુર છે તે બાબતે, આ સાહેદની નોકરી બાબતે, ફેબ્રીકેશનના કારખાનામાં શું કામ કરે છે તે બાબતે, ફોઈના દીકરાએ સામાન કયા પડેલો છે તે લેવા મોકેલેલો હોવા બાબતે, સામાન કયા પડેલો હતો તે બાબતે, સામાનમાં કઈ વસ્તુઓ હતી તે બાબતે, કેસરીસિંહ કયાં મળેલા તે બાબતે, હાલોલ થી પાવાગઢ કેટલુ દુર છે તે બાબતે, દિશાઓ બાબતે, હાલોલથી પાવાગઢ કેટલી વખત ગયેલા તે બાબતે, એક મીનાર મસ્જિદ કેટલી ઉંચી છે તે બાબતે, વાવ ઉપર ઘણા બધા માણસો આવતા હોવા બાબતે, ઉર્સ ભરાય છે તે બાબતે, વાવની ફેન્સીંગની વાડથી અંદર રસ્તો કયાં સુધી જાય છે તે બાબતે, કવોરી બાબતે, કવોરીના મજૂરો બાબતે ઘણા બધા નિરર્થક પ્રશ્નો પુછવામાં આવેલા છે જે સુસંગત નથી.

વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો કવોરી પાસે ખાડામાં પાણી ભરેલુ હતુ તે ખાડો કેટલો હશે તે પુછવામાં આવેલુ છે પરંતુ સાહેદે ૩૦ બાય ૨૦

કુટ જણાવેલુ છે. મારા મત પ્રમાણે આ સાહેદે બનાવ પછી દસ વર્ષ બાદ જુબાની આપેલી છે માટે ખાડો કેટલો ઉંડો, પહોળો હતો તેમાં પાણી કેટલુ ઉંડુ હતુ તે કહી શકે નહીં. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો પંચનામા લખવાનો અનુભવ નથી, સીલીંગ અને પેકીંગની વિધિની ખબર નથી. પંચનામામાં સહીઓ કરી તે દિવસે એફ.એસ.એલ.ના અધિકારીઓ સાથે વાતચીત કરેલી નથી તેમને કોઈ પરિચય આપેલો નથી. મુદ્દામાલ છરા કે નટ–બોલ્ટ શોધેલા નથી. આ બધી વસ્તુઓ શોધતા અર્ધો પોણો કલાક થયેલાનું જણાવે છે. આ બધી વસ્તુ એફ. એસ.એલ.ના અધિકારીઓએ શોધેલી. સરતપાસમાં જણાવ્યા મુજબ કાર્યવાહીમાં ભાગ લીધેલો નથી તો તે હકીકત નકારેલી છે. તૈયાર પંચનામા ઉપર સહીઓ કરેલાની હકીકત નકારી છે. પોલીસના કહેવાથી અને સમજાવવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારેલી છે. બોક્ષ સીવીને પેક કર્યા પછી તેની ઉપર સીલ લગાડેલુ તે કબૂલ કરે છે. આમ આ કબૂલાત્મક પ્રશ્ન પુછવામાં આવેલો છે માટે એવુ કહી શકાય કે આ સાહેદની હાજરીમાં બોક્ષ તૈયાર કરીને સીવવામાં આવેલુ અને તેની ઉપર સીલ કરેલુ. જેની ઉપર સીલ લગાડેલુ તે કપડુ હતુ તે કબૂલ કરે છે. હેલીકૈલ વાવ જતા પહેલા રસ્તામાં એકમીનાર મસ્જિદ આવે તે કબૂલ કરે છે. જયાંથી નીકળ્યા ત્યાંથી હેલીકૈલ વાવ પહોંચ્યા ત્યાં સુધી વચ્ચે કયાંય રોકાયેલા નહીં તે કબૂલ કરે છે. હેલીકૈલ વાવ જતા રસ્તામાં એકમીનાર મસ્જિદ દેખાય તે કબૂલ કરે છે. વાવની ફેન્સીંગની લંબાઈ પહોળાઈ કહી શકે તેમ નથી. એકમીનાર મસ્જિદ પાસે આવેલ કુવામાંથી પાણી કાઢવાનો પ્રયત્ન કરેલ નહીં. જગ્યા ઉપર જતા પહેલા તે જગ્યા ઉપર કઈ જાતની ટ્રેઈનીંગ લીધેલી તે આરોપીએ જણાવેલુ નહીં. રાતવાસો કરેલાનું પણ આરોપીએ જણાવેલુ નહીં. ટેન્ટવાળી જગ્યા પાસે બાંધકામ માટે કોઈ ખાડા કર્યા હોય તેવુ જોવામાં આવેલુ નહીં. પરંતુ મારા મત પ્રમાણે આ જગ્યા ઉપર ફકત ટેન્ટ બાંધેલો હતો, આ જગ્યા જંગલની જગ્યા હતી ત્યાં બાંધકામ ખાડા ખોદવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. વધુ ઊલટતપાસ ધ્યાને લઈએ તો ટેન્ટવાળી જગ્યાથી કવોરીવાળી જગ્યા આશરે ૧૦૦ થી ૧૫૦ મીટર ઉંચી છે. ત્યાં પહોંચવામાં દસેક મીનીટનો સમય

લાગેલો. તારની વાડ ઉંચી કરીને રસ્તો બનાવેલો તે કોને બનાવેલો તેવુ કોઈએ કહેલુ નહીં. ટેન્ટથી સુકા ઝાડનું અંતર ૧૦૦ ફૂટ જેટલુ હશે. એફ.એસ.એલ.ના બંને અધિકારીઓ સાથે તપાસ કરતા હતા, કયા અધિકારી કઈ વસ્તુ શોધીને લાવેલા તે પંચનામામાં લખાવેલુ નથી.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદની હાજરીમાં તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયાએ આ સાહેદ તથા બીજા પંચ તરીકે કેસરીસિંહ રતનસિંહ તડવીને પોલીસ સ્ટેશનમાં બોલાવેલા તથા એફ.એસ. એલ.અધિકારી સાહેદ નં.૮૩૦ અમૃતલાલ હિંગરાજીયાને પણ બોલાવેલા. પોલીસ સ્ટેશનમાં આરોપી નં.૧ જાહીદ કુત્બુદ્દીન શેખ હતા અને તેમણે પંચો તથા એફ.એસ.એલ. અધિકારીની હાજરીમાં માહિતી આપેલી કે પાવાગઢની જે જગ્યાએ પોતે તથા વડોદરા, રાજસ્થાન અને એમ.પી.ના જે લોકોએ ટ્રેનીંગ લીધેલી તે જગ્યા બતાવવા માંગે છે માટે તપાસ કરનાર અધિકારીએ એકબીજાની જડતી કરી સરકારી વાહનમાં પંચો, એફ.એસ.એલ. અધિકારી અને આરોપી તથા સ્ટાફના માણસોને લઈ હાલોલ પાવાગઢ રોડ ઉપર આવેલ હેલિકૈલ વાવ તથા તેની નજીક જંગલમાં ટેન્ટ બાંધીને જે તાલીમ લીધેલી તે જગ્યા બતાવેલી છે તથા તે જગ્યાનું એફ.એસ.એલ. અધિકારીએ નિરીક્ષણ કરેલુ અને છરા, કુટેલા કુગ્ગા મળી આવેલા તે એફ.એસ.એલ. અધિકારીએ તેમની સુચના મુજબ કબજે કરાવેલા. ત્યારબાદ કમલેશ કવોરી પાસે આવેલ નાનું તળાવ (ખાડા)મા સ્વીમીંગની ટ્રેઈનીંગ લીધેલી તે જગ્યા પણ બતાવેલી. ત્યારબાદ એકમીનાર મસ્જિદ પાસે તેઓ નમાજ પઢતા હતા તથા જેહાદી ભાષણો કરતા હતા તે જગ્યા બતાવેલી છે. આ ઉપરાંત ખુંદપીરની દરગાહ કે જયાં ધર્મશાળા આવેલી છે જેમાં તમામ લોકો રોકાયેલા તે ધર્મશાળા પણ બતાવેલી છે. આ અંગેનુ આ સાહેદની હાજરીમાં વિગતવાર પંચનામુ બનાવવામાં આવેલુ છે. પંચનામુ કરનાર અધિકારી વી.આર.ટોળીયાએ આ પંચનામુ બનાવેલુ છે તેઓ મરણ ગયેલા છે માટે તપાસ ટીમના બીજા અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાએ આ અંગે પોતાની જુબાનીના પાન નં.૩૨૨ ઉપર જણાવેલુ છે તથા વી.આર.ટોળીયાની સહી પણ

ઓળખી બતાવી છે. આ ઉપરાંત એફ.એસ.એલ. અધિકારી સાહેદ નં.૮૩૦ અમૃતલાલ હીંગરાજીયાએ પણ પોતાની જુબાની આંક–૫૫૬૬માં હાલોલ પાવાગઢ રોડ ઉપર હેલીકૈલ વાવ, કમલેશ કવોરીવાળી જગ્યા કે જયાં ટેન્ટ બાંધેલા હતા તે તથા ખુંદપીર દરગાહવાળી જગ્યાની વિઝીટ કરેલાની હકીકત પેરા નં.૧૮, પાન નં.૨૯,૩૦ મા જણાવેલી છે. આ પંચ સાહેદ હાલોલ ખાતે રહે છે તેમને ફરિયાદપક્ષ કે આરોપીઓ સાથે કોઈ દુશ્મનાવટ કે મિત્રતા નથી, સ્વતંત્ર સાહેદ છે અને ઊલટતપાસ દરમ્યાન આરોપીઓને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત નીકળી આવતી નથી માટે આ સાહેદની જુબાની નહીં માનવાને કોઈ કારણ રહેતુ નથી.

આંક–૬૪૮૦ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "સદર જગ્યાએ કુવામાંથી પાણી કાઢીને તાલીમ લેનારાઓ તથા જાહીદ પોતે ઉપયોગ કરતા હોવાનું" આરોપી વિરૂધ્ધ પુરાવામાં ઉપયોગમાં લઈ શકાય નહીં. આ ઉપરાંત "ઝાંપેથી જાહીદ પોતે બહાર જતો હોવાનું જણાવે છે" વિગેરે પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે કુવામાંથી પાણી કાઢીને તાલીમ લેનારાઓ તથા જાહીદ તેનો ઉપયોગ કરતા હતા તે પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં પરંતુ આરોપીએ જણાવેલી જગ્યાએ કુવો હતો તો તેટલા પુરતી હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય. તે જ રીતે ઝાંપેથી જાહીદ પોતે બહાર જતો હતો તે પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં પરંતુ ત્યાં ઝાંપો છે તો તે હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે બળદેવભાઈ કસ્તુરચંદ પ્રજાપતિને સાહેદ નં.૯૫૩ તરીકે આંક–૬૬૫૫ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ સને–૨૦૦૮ ના અરસામાં તેઓ લુહાર શેરી, સરસપુર, અમદાવાદ ખાતે રહેતા હતા. તા.૧૯.૯.૨૦૦૮ ના રોજ પોલીસે ક્રાઇમ બ્રાન્ચની ઑફિસે સાડા ત્રણથી પોણા ચાર વાગે બોલાવેલા. પોલીસે બીજા કોઇ એક

ભાઇને પણ ત્યાં બોલાવેલા હતા. તેઓ પોલીસ સ્ટેશનમાં ગયા ત્યારે પોલીસના એક લેડીઝ સાહેબ હતા જેનું નામ ઉષા રાડા હતું. સાહેબે પુછેલું કે, આ ખાડીયામાં થયેલ બોમ્બ બ્લાસ્ટ કેસનો આરોપી છે અને તમે પંચમાં રહેશો? તો "હા" પાડેલી. ત્યારબાદ તેઓએ આરોપીનું નામ, સરનામું પુછતા તેણે પોતાનું નામ "જાહીદ કુત્બુદ્ધીન શેખ" જણાવેલું અને તેણે પોતાનું સરનામું "વિશાલા હોટેલ, જુહાપુરા" હોવાનું જણાવેલું. પછી તેને પુછેલું કે, "તમે શું કહેવા અને બતાવવા માંગો છો?" તો તેણે કહેલું કે, "તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ અમદાવાદ શહેરમાં બોમ્બ વિસ્ફોટ થયેલો તે સંબંધે કંઇક કહેવા તથા બતાવવા માંગું છું." આ વખતે ત્યાં એફ.એસ.એલ.ના પાંચેક સાહેબો આવેલા હતા. તેઓના નામમાં બે શર્મા સાહેબ હતા. બીજા ફોટોગ્રાફર હતા અને ફિંગર પ્રિન્ટના પણ સાહેબ હતા. ત્યારબાદ આરોપીને પુછેલું કે જડતી, તપાસ કરવી છે? તો આરોપીએ ના પાડેલી. ત્યારબાદ બધા એટલે કે રાડા સાહેબ, એફ.એસ.એલ.ના સાહેબો, બે–ત્રણ પોલીસના માણસો, બંને આરોપી, પંચો અને તેઓ ક્રાઇમ બ્રાન્ચની ઑફિસમાંથી નીચે ઉતરેલ અને એક વાહન પડેલું હતું જેમાં રાડા સાહેબ, પોલીસના બે માણસો, આરોપી, પંચો તથા એફ.એસ.એલ.ના સાહેબો વાહનમાં બેઠેલા. એફ.એસ.એલ.ના માણસો પાસે ગાડી હતી અને રાડા સાહેબે તેને સુચના આપેલી કે તેમની પાછળ પાછળ ગાડી આવવા દો. આ સાહેદ જે ગાડીમાં બેઠેલા હતા તે ગાડીના ડ્રાઇવરને રાડા સાહેબે સૂચના આપેલી કે આરોપી જાહીદ જે રસ્તો બતાવે તે રસ્તે ગાડી જવા દો. આ જે કંઇ હકીકત બનેલી તે બાબતે લખાવેલું અને લખ્યા પછી સહી કરેલી અને રાડા સાહેબે પણ સહી કરેલી.

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ ગાડીમાં બેસી ત્યાંથી રવાના થયેલા. જાહીદે રસ્તો બતાવતાં ક્રાઇમ બ્રાન્ચની ઑફિસથી નીકળી જમણી તરફ ગાડી લેવડાવેલી. ત્યારપછી જમાલપુર, બહેરામપુરા, દાણીલીમડા થઇ આગળ બેરલ માર્કેટ આવતાં જાહીદ કુત્બુદ્ધીને બેરલ માર્કેટ તરફ ઢાળમાં ગાડી ઉતરાવેલી. ત્યાં આગળ "આર.એમ." પાનનો ગલ્લો આવેલો અને આર.એમ. પાનના ગલ્લેથી જાહીદે કહેલું કે, ગાડી જમણી તરફ વાળી દો. અંદર સાસોયટીમાં

જમણી તરફ ગાડી વળાવતાં થોડે આગળ મેદાનમાં ગાડી ઉભી રખાવેલી. તે સોસાયટી અલમહમદ સોસાયટી હતી. ગાડી ઉભી રખાવ્યા પછી ગાડીમાંથી નીચે ઉતરેલા. "પછી જાહીદે આંગળી ચીંધી મકાન બતાવેલું." તે મકાન પાસે જતાં મકાનને તાળું હતું. પછી જાહીદે કહેલું કે, "તાળું તોડી નાંખો." જેથી રાડા સાહેબે ડ્રાઇવરને કહેલું કે ટોમી લેતાં આવો પછી ડ્રાઇવર ટોમી લઇ આવેલો અને તાળું તોડી નાંખેલું. આ તાળું જલારામ કંપનીનું ગોળ આકારનું હતું. પોલીસે આ તાળું કબ્જે લીધેલું. ત્યારબાદ બધા મકાનમાં પ્રવેશેલા. મકાનમાં અંદર પ્રવેશ કર્યા પછી જાહીદે કહેલું કે, "મેં અને કયામુદ્દીન તથા અમારા માણસોએ તા.૨૬.૭. ૨૦૦૮ ના અમદાવાદ શહેરમાં બોમ્બ વિસ્ફોટ થયેલ તે બોમ્બ અહીંયા બનાવવામાં આવેલા."

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારપછી પોલીસે અને એફ.એસ.એલ. ના સાહેબોએ તપાસ શરૂ કરેલી તે દરમ્યાન મકાનની બારીની પાળી ઉપરથી લાલ કાળા રંગના વાયરોનું ગુંચડું મળી આવેલું. ત્યાં રૂમમાં નીચેના ભાગેથી એક ડાયરી મળી આવેલી. એક સીડી મળી આવેલી. બે ઓશીકા, બે ચાદર, ચોરસા, બે બુશર્ટ, છ આની બોલ્ટ, એક કાતર, એક પક્કડ, ટેપ પટ્ટીના રોલ નંગ–૬, ડોલચું તથા તુટેલી એક સીડી તેની ઉપર આઇલેન્ડ જેવું લખેલું હતું જે અંગ્રેજીમાં લખેલું હતું. ત્યારબાદ રસોડામાંથી નાના–મોટા વાસણો મળેલાં. આ ડોલચું અને સીડીને સીલ કરેલ હતું. ડોલચા અને સીડી ઉપરથી ફિંગર પ્રિન્ટ મળી આવતાં તેને સીલ કરેલ. રસોડાની છાજલી ઉપરથી વોલ્યુમ ચેક કરવાનું મશીન મળી આવેલું. બેટરી ચેક કરવાનું મશીન તેમજ બાજુના માળીયા ઉપરથી સાઇકલનું કેરીયર મળેલું. પ્લાસ્ટિકની પાઇપો મળેલી. દરવાજા પાછળ ખુણામાંથી એક ચિત્ર મળી આવેલું અને તે ચિત્રના ફોટા પાડેલા. ત્યારબાદ, આરોપી જાહીદે "આઇ.એમ." લખેલું હતું (ઇન્ડિયન મુજાહિદ્દીન) ઓળખ આપેલી. ત્યાં રસોડાની બાજુમાં સીડી આવેલી હતી ત્યાં આગળ બે ગોદડા મળી આવેલા. છ નંગ ટ્રેક શુટ મળેલા. એક બીજો બોલ્ટ મળી આવેલો. એક સોનીની સીડી મળી આવેલી. ત્યારબાદ ધાબા ઉપર જતી સીડી ઉપર ચઢેલા અને ઉપર ગયેલા. ત્યાં

૩૦ નંગ પેન્સિલ પાવર મળી આવેલા અને આ પેન્સિલ પાવર ખોખામાં હતા. આ પેન્સિલ પાવર શક્તિ કંપનીના હતા. ત્યારબાદ ૨૪ બેટરીઓ ડ્યુરાસેલ તેવી કોઇ કંપનીની મળી આવેલી. એક મ્યુનિસિપલની ડાયરી મળી આવેલી. આઠ છરા મળી આવેલા. ત્યારબાદ રખીયા (રાખ જેવો પાવડર) મળી આવેલી. પાવરનું એક ખાલી ખોખું મળી આવેલું. જે શક્તિ કંપનીનું હતું. ત્યારબાદ બાથરૂમની બારીમાંથી પ્લાસ્ટિકની ખાલી તાડપત્રીની થેલીઓ અને બીજી પ્લાસ્ટિકની થેલીઓ મળી આવેલી. એક શોલ્ડર કરવાનું મશીન મળી આવેલું. આ પૈકી અમુક વસ્તુઓ પોલીસે કબ્જે કરેલી અને અમુક વસ્તુઓ સીલ કરેલી. સીલ કરેલી વસ્તુઓ કોથળીમાં મુકી, ખોખામાં મુકી લાખ અને મશીનથી સીલ કરેલી અને તેઓની તથા રાડા સાહેબની સહીઓવાળી સ્લીપ મુકી સીલ કરેલી. આ કાર્યવાહી લગભગ રાતના સાડા અગિયારથી પોણા બાર વાગ્યા સુધી ચાલેલી. કાર્યવાહી પુરી થયા પછી મકાનને લોક મારી સીલ કરેલું. આ જે કાર્યવાહી કરેલ તે અંગેનું પંચનામુ આંક–૬૬પ૬ થી રજૂ રાખેલ છે જેમાં સાહેદ પોતાની તથા બીજા પંચની તથા રૂબરૂ તરીકે ઉષા રાડાની સહી ઓળખી બતાવે છે અને પંચનામામાં લખેલી હકીકત સાચી હોવાનું જણાવેલ છે.

વધુમાં સાહેદે પંચનામાની અમુક હકીકત સરતપાસમાં જણાવેલ ન હોય જેથી સાહેદને પંચનામામાં લખેલ હકીકત જેવી કે, બે ડિજીટલ કાંડા ઘળીયાળ જેના પટ્ટા ઉપર અંગ્રેજીમાં એડીડાસ લખેલ છે... અને તે કબ્જે લીધેલ છે.... તે હકીકત સાચી છે? તેવુ પુછતા સાહેદ તે હકીકત સાચી હોવાનું જણાવેલ છે તેમજ પંચનામામાં લખેલ હકીકત જેવી કે, રૂમમાં ફર્શ ઉપર એક તુટેલી સીડી જેના ઉપર અંગ્રેજીમાં .....૭૦૦ એમ.બી. એમ.આઇ.એન. લખેલ છે જેના ઉપર ફિંગર પ્રિન્ટ જણાતાં ફિંગર પ્રિન્ટ એક્ષ્પર્ટે ફિંગર ઉપસાવેલ છે તથા ડોલચું સ્ટીલના નવા જેવા ઢાંકણા સહીતના જેના ઉપર ફિંગર પ્રિન્ટ જણાતાં ફિંગર પ્રિન્ટ ઉપસાવેલ છે.... તપાસ અર્થે કબ્જે લીધેલ છે તે હકીકત સાચી છે? તેવુ પુછતા સાહેદ તે હકીકત સાચી હોવાનું જણાવેલ છે. વધુમાં પંચનામામાં લખેલી હકીકત જેવી કે, છાજલીમાં બેટરીના વોલ્ટેજ ચેક કરવાનું તેમજ સર્કીટ ચેક

કરવાનું મશીન છે... તપાસ અર્થે કબ્જે લીધેલ છે તે હકીકત સાચી છે? તેવુ પુછતા સાહેદે તે હકીકત સાચી હોવાનું જણાવેલ છે. તેમજ પંચનામામાં લખેલ હકીકત જેવી કે, સેલોટેપના ગુંચડા તથા સેલોટેપના રોલ ભરેલ છે જે કોથળી ખાલી કરી જોતાં મોટી સેલોટેપના વપરાયેલા બે રોલ તથા છ નાની ટેપના ખાલી રોલ તથા એક વાદળી રંગની નાની ટેપ તથા બે લાલ રંગની નાની ટેપ થોડી વપરાયેલ છે તે રોલ તથા નંગ–૬ નાના સ્ક્રુ ડાઈવર તથા લાલ તથા વાદળી રંગના નાની ટેપના ગુંચણા તથા છ આની બોલ્ટ જેના ઉપર ત્રિકોણ માર્કો છે... તપાસ અર્થે કબ્જે લીધેલ છે તે હકીકત સાચી છે? તેવુ પુંછતા સાહેદે તે હકીકત સાચી હોવાનું જણાવેલ છે. તેમજ પંચનામામાં લખેલ હકીકત જેવી કે, જુદા જુદા કપડાની હેન્ડલવાળી જુદા–જુદા રંગની થેલી નંગ–૩ તેમજ ટિફિન મુકવાની તાડપત્રીના કાપડની થેલી નંગ–૬ એમ મળી કુલ ૯ નંગ થેલી... તપાસ અર્થે કબ્જે લીધેલ છે તે હકીકત સાચી છે? તેવુ પુંછતા સાહેદે તે હકીકત સાચી હોવાનું જણાવેલ છે. વધુમાં પંચનામામાં લખેલ હકીકત જેવી કે, પ્લાસ્ટિકની વાદળી રંગી થેલીઓ નંગ–૨૨ થાય છે.... તપાસ અર્થે કબ્જે લીધેલ છે તે હકીકત સાચી છે? તેવુ પુછતા સાહેદે તે હકીકત સાચી હોવાનું જણાવેલ છે. તેમજ પંચનામામાં લખેલ હકીકત જેવી કે, પ્લાસ્ટિકની એક થેલીમાં લાલ કલરનો એક ડબ્બો... તથા જે લાલ કલરના ડબ્બાના પેટાણના ભાગે અંગ્રેજીમાં સ્ટાર ફીક્સ નીચે સિન્થેટીક રબર એડેસીવ એસ.આર.૧૦૦ લખેલ છે... જે એક લીટર વજનનું પ્રવાહી તથા અંગ્રેજીમાં ન્યુ લાઇન સોલ્વન્ટ લખેલ ૨૫ એમ.એલ. તપાસ અર્થે કબ્જે લીધેલ છે તે હકીકત સાચી છે? તેવુ પુછતા સાહેદે તે હકીકત સાચી હોવાનું જણાવેલ છે. વધુમાં પંચનામામાં લખેલ હકીકત જેવી કે, હિન્દી ભાષાનું એક "ગુજરાત વૈભવ" નામનું તા.૨૬.૭.૨૦૦૮ નું દૈનિક વર્તમાનપત્ર તથા બીજું એક ગુજરાતી ભાષામાં "સંભવ" મેટ્રો વર્તમાનપત્ર તા.૨૪ જુલાઇનું છે તથા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વર્ષ ૨૦૦૮–૦૯ ની ડાયરી છે... તપાસ અર્થે કબ્જે લીધેલ છે તે હકીકત સાચી છે? તેવુ પુંછતા સાહેદે તે હકીકત સાચી હોવાનું જણાવેલ છે. તેમજ પંચનામામાં લખેલ હકીકત જેવી કે, એક પ્લાસ્ટિકના

સીડી કવરમાં સીડી છે જેના ઉપર જોતાં અંગ્રેજીમાં કોલંબીયા એરોસ્મીથ ગ્રેટેસ્ટ હિટર્સ ૧૯૭૩/૧૯૭૮ લખેલ છે અને બાજુના કાગળના ફોલ્ડરમાં હેટ આઇ.એમ. હેડીંગ.... તપાસ અર્થે કબ્જે લીધેલ છે તે હકીકત સાચી છે? તેવુ પુછતા સાહેદે તે હકીકત સાચી હોવાનું જણાવેલ છે. વધુમાં પંચનામામાં લખેલ હકીકત જેવી કે, સીડી વાટે ઉપર જતાં ત્યાં પેસેજ આવેલ છે અને ત્યાં એક થેલી છે જેની ઉપર અંગ્રેજીમાં વીન ફેશન, વડોદરા લખેલ છે જે ખોલીને જોતાં વસ્તુઓ મળેલ છે... તપાસ અર્થે કબ્જે લીધેલ છે તે હકીકત સાચી છે? તેવુ પુછતા સાહેદે તે હકીકત સાચી હોવાનું જણાવેલ છે. તેમજ પંચનામામાં લખેલ હકીકત જેવી કે, મકાનના ઇલેક્ટ્રીક મીટર જોતાં કમ્પાઉન્ડ વોલની બહારની બાજુએ છે જેમાં ગ્રાહક નં.જોતાં ૨૪૩૭૧૨૭ છે અને હાલનું રીડીંગ જોતાં ૦૦૧૯૬૭૩ છે.... તપાસ અર્થે કબ્જે લીધેલ છે તે હકીકત સાચી છે? તેવુ પુછતા સાહેદે તે હકીકત સાચી હોવાનું જણાવેલ છે.

આ સાહેદની રૂબરૂમાં જે જે મુદ્દામાલ કબજે કરવામાં આવેલ તે તમામ મુદ્દામાલ આ સાહેદને એક–એક કરીને બતાવતા તે તમામ મુદ્દામાલ ઓળખી બતાવે છે તેમજ આંક–૬૬૬૩ વાળી પંચ સ્લીપોમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે તેમજ આંક–૬૬૫૨ ની સાથે રજૂ કરવામાં આવેલ એક કવરમાંના ફોટા બતાવવામાં આવે છે તે જોઇને કહે છે કે આ ફોટા તેઓ જે મકાનમાં ગયેલા તેના બારણા પાછળ નિશાન હતું તેના છે તેમાં એક નિશાન છે જે નિશાન બતાવવામાં આવે છે "જે નિશાન અંગે આરોપીએ અમોને જણાવેલું." જે ફોટાને "માર્ક–એ" આપવામાં આવે છે. આ સાહેદ આરોપી જાહીદ કુત્બુદ્દીન શેખને વીડિયો કોન્ફરન્સ ટી.વી. સ્ક્રીન થકી બતાવતા ઓળખી શકતા નથી કારણ કે નવેક વર્ષ થયેલ હોવાથી ચહેરો બદલાય ગયેલ હોવાથી ઓળખી શકતા નથી.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઇએ તો પોલીસે મકાનની આજુબાજુ રહેતા કોઈ લોકોની પુછપરછ આ સાહેદની હાજરીમાં કરેલી નહીં તેમ જણાવે છે. મકાનને તાળુ જોયા પછી મકાન માલિકની ભાળ મેળવવા માટે

પોલીસે આ સાહેદની હાજરીમાં પ્રયત્ન કરેલો નહીં તેમ જણાવે છે. તાળુ તોડવા અંગે શું કરવુ તે અંગેની કોઈ વાતચીત આ સાહેદની હાજરીમાં તાળુ તોડતા પહેલા થયેલી નહીં તેમ જણાવે છે. મકાનનું તાળુ તોડયુ ત્યારે આ સાહેદ, પોલીસના માણસો, આરોપી અને એફ.એસ.એલ.ના અધિકારીઓ સિવાય બહારની કોઈ વ્યકિત હતી નહીં તેમ જણાવે છે. સોસાયટીના ઝાંપાની બહાર પાનનો ગલ્લો છે ત્યાં કોઈ માણસ હાજર હતો નહીં. પાનના ગલ્લાની બાજુમાં અસંખ્ય બેરલ વાળાઓના ગોડાઉનો છે તે કબૂલ કરે છે. સોસાયટીમાં ગયા ત્યારે સોસાયટીના નામનુ બોર્ડ મારેલુ હતુ. તાળુ તોડવાનું સાધન ગાડીમાં લાવ્યા હતા અને તાળુ તોડવામાં ૨–૫ મિનિટનો સમય થયેલાનું જણાવે છે. તાળુ તોડતા પહેલા તેના ફોટા પાડવામાં આવેલા કે કેમ તે યાદ નથી. તાળુ તોડતા પહેલા નકુચો તોડવાનો પ્રયત્ન કરેલો નહીં. નકુચાનું વર્ણન આપી શકે તેમ નથી. મકાનમાંથી જે વસ્તુઓ કબજે કરેલી તે તમામ ઉપર પંચોની સહીઓ કે નિશાનીઓ કરેલી નહીં. આ વસ્તુઓ સીલ કર્યા વગર કબજે લીધેલી કે કેમ તે યાદ નથી. વાયરનું ગુંચળું મકાનમાં એન્ટર થતા બારી ઉપરથી મળેલાનું જણાવે છે. વીજળીનુ મીટર જોયેલુ નહીં. મકાન બંધ કર્યા પછી તાળુ મારીને ફોટા પાડેલા કે કેમ તે યાદ નથી. મકાન ઉપર સાથે આવનાર વ્યકિત કેટલા સમયથી કેટલા સમય રોકાયેલો તે જાણવા મળેલુ નહીં. સાહેદ જણાવે છે કે તે વ્યકિતએ જયાં બોમ્બ બનાવેલા હતા તે જગ્યા બતાવવાનું કહેલુ. જે બેટરીઓ કબજે કરેલી તે ચાલુ છે કે કેમ તેની ખાતરી કરેલી નહીં. આ પ્રશ્નની હકીકત ધ્યાને લેતા મકાનમાંથી બેટરીઓ મળેલી હતી તેવુ માલુમ પડે છે અને તે આરોપીઓ તરફથી સ્વીકારવામાં આવે છે તેમ કહી શકાય. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા ત્યાં જે ફોટા પાડવામાં આવેલા તે ફોટા ઉપર આરોપીની સહી લેવામાં આવેલી નહીં. પંચોએ પણ સહીઓ કરેલી નહીં તે કબૂલ કરે છે. આ તમામ સામાન કબજે કર્યા પછી વીસેક મિનિટ ત્યાં રોકાયેલાનું જણાવે છે. મકાનમાંથી પહેરવાના જે કપડા મળી આવેલા તે કઈ સાઈઝના હતા તેની નોંધ કરેલી નહીં પરંતુ મારા મત પ્રમાણે સાઈઝ નોંધ કરવી જોઈએ તેવી કોઈ આદેશાત્મક જોગવાઈ નથી. મકાનમાંથી કપડા મળેલા છે

તેટલી હકીકત પુરતી છે. પોલીસ અને આરોપી સાથે મકાન ઉપર ગયેલા અને ત્યાં તાળુ હતુ તે તોડીને તેમાંથી મુદ્દામાલ કબજે કરેલો નહીં તો તે હકીકત નકારે છે.

વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા કોઈ વસ્તુ લખવાની રહી ગઈ હોય અને પાછળથી પંચનામામાં લખાવી હોય તેવુ બન્યુ નથી. એફ.એસ.એલ. અધિકારીઓની સુચનાથી પંચનામુ લખવામાં આવેલાની હકીકત નકારેલી છે. પંચનામુ લખાવતા હતા ત્યારે એફ.એસ.એલ. અધિકારીઓ સાથે હતા. મકાનમાં કઈ વસ્તુ શું છે તે બાબતે એફ.એસ.એલ. અધિકારીઓનો અભિપ્રાય મેળવવામાં આવેલો. એફ.એસ.એલ. ના અધિકારીઓ જે જે કામગીરી કરતા હતા તેની માહિતી પંચોને આપતા હતા તે કબૂલ કરે છે. એફ.એસ.એલ.ના પાંચેય અધિકારીઓએ તેમની ઓળખાણ આપેલાનું જણાવે છે. આ સાહેદની હાજરીમાં એફ.એસ.એલ.ના અધિકારીને લેખિતમાં પત્ર આપવામાં આવેલો કે કેમ? તેનો ખ્યાલ નથી. ફીંગર પ્રિન્ટના ફોટોગ્રાફર અને ફીંગર પ્રિન્ટના અધિકારી હાજર હતા જ નહીં તો તે હકીકત નકારે છે. મકાનનું તાળુ તોડીને અંદર પ્રવેશ્યા ત્યારે અંધારૂ ન હતુ તે કબૂલ કરે છે. મકાનમાં પ્રવેશ કરતા પહેલા મકાનમાં કઈ રીતે રહેવુ તેની ચોકસાઈ અંગે કોઈ સુચના આપવામાં આવેલી નહીં. મકાન ખોલ્યા પછી મકાનમાં પહેલુ કોણ ગયેલુ તેનો ખ્યાલ નથી. એફ.એસ.એલ.ના અધિકારીઓએ મકાનમાં પરીક્ષણ, નિરીક્ષણ કર્યા પછી પંચનામુ લખાવવામાં આવેલાનું જણાવેલ છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૨૮ વાળી ડાયરી કબજે લેવાનું સુચન એફ.એસ.એલ. અધિકારીઓએ કરેલુ નહીં તો તે હકીકત નકારેલી છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૩૧, ૩૩ થી ૩૮, ૪૦, ૪૨ થી ૪૪, ૪૬, ૪૭, ૫૧ અને ૫૩ આ વસ્તુઓ મકાનમાંથી કબજે લીધેલી તે એફ.એસ.એલ. અધિકારીઓના કહેવાથી કબજે લીધેલાનું જણાવે છે. આ હકીકત ધ્યાને લેતા આ વસ્તુઓ મકાનમાંથી કબજે લેવામાં આવેલી છે તે હકીકત છે.

વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો જે વસ્તુઓ આ સાહેદની હાજરીમાં કબજે કરેલી તે વસ્તુઓને પેક કરી પંચો તથા તપાસ અધિકારીની

સહીવાળી કાપલી મુકી દોરી બાંધી લાખ વડે સીલ કરવામાં આવેલી? તેવા પ્રશ્નના જવાબમાં સાહેદ જણાવે છે કે અર્ધી વસ્તુ પોલીસે સીલ કરી અને અર્ધી વસ્તુ કબજે લીધેલી. મુદ્દામાલ આર્ટીકલ નં.૩૮ વાળી સીડી તુટેલી હાલતમાં મળેલી તો તે હકીકત નકારી છે. આર્ટીકલ નં.૩૮વાળી સીડી અને સ્ટીલના ડોલચા ઉપર ફીંગર પ્રિન્ટ મળેલી નહીં તો તે હકીકત નકારેલી છે. આ સાહેદ સ્થળ ઉપર જતા પહેલા એફ.એસ.એલ.ના નિષ્ણાંતો પોતાની કામગીરી અંગે પોલીસ અધિકારીઓ જોડે ચર્ચા કરતા હતા તો તે હકીકત નકારે છે. તૈયાર પંચનામા ઉપર પોલીસના કહેવાથી સહીઓ કરેલાની હકીકત પણ નકારી છે.

વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા પંચનામા દરમ્યાન થયેલી કાર્યવાહીની વીડિયોગ્રાફી કરેલી નથી તે કબૂલ કરે છે. ફોટા પાડવામાં આવતા હતા તે કઈ જગ્યાએ પાડેલા તેનો ખ્યાલ નથી. તાળુ તોડવા બાબતે પોલીસે કોઈ ઠરાવ કરેલો કે કેમ તે યાદ નથી. બોમ્બ બનાવવાનો કોઈ પુરાવો મળેલો નહીં તો તે હકીકત નકારે છે. તાળુ તોડી નાખો તેવુ જાહીદ કુત્બુદ્દીને કહેલુ નથી તો તે હકીકત પણ નકારે છે. મકાનમાં બોમ્બ બનાવતા હતા તેવુ પણ જાહીદે કહેલુ નથી તો તે હકીકત નકારે છે. આરોપીનું નામ પોલીસે જણાવેલુ તો તે હકીકત પણ નકારે છે.

વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો પંચનામામાં સહી કરી તે પહેલા બોમ્બ કઈ રીતે બનાવવા, તેમાં કઈ સામગ્રી વપરાય, તે વિશે કોઈ જાણકારી હતી નહીં. પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદ સામાન્ય વ્યકિત છે, રીક્ષા ડ્રાઈવીંગ કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. બોમ્બમાં કઈ સામગ્રી વપરાય તેની જાણ આ સાહેદને ન હોય તે સ્વાભાવિક છે માટે આવા પ્રશ્નો પુછવાનો કોઈ અર્થ નથી. સરતપાસ વખતે વાસણો બતાવેલા તે કબૂલ કરે છે તેની પરિસ્થિતિ વિશે આજે કહી શકે તેમ નથી તે કબૂલ કરે છે. પંચનામુ લખનારનું નામ અને વર્ણન આપી શકે તેમ નથી. પંચનામામાં સહી કરી તે પહેલા જાહીદ કુત્બુદ્દીન શેખને કયારેય જોયો ન હતો. આંક–૬૬૫૬ વાળા પંચનામામાં જણાવ્યા મુજબની કોઈ કામગીરીમાં હાજર રહેલા નથી તો તે હકીકત પણ નકારી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી ઉષા રાડાનાઓએ આ સાહેદની સાથે બીજા પંચ મહંમદ સલીમ મહંમદ રફીક પઠાણ તથા એફ.એસ.એલ. અધિકારીઓ તથા આરોપીને લઈને તા. ૧૯.૯.૨૦૦૮ નાં રોજ આરોપી જાહીદ કુત્બુદ્દીન શેખનાઓએ આપેલ માહિતીના આધારે ક્રાઈમ બ્રાન્ચ પોલીસ સ્ટેશન, અમદાવાદથી સરકારી ગાડીમાં બેસીને આરોપી તથા અન્ય બીજા આરોપીઓએ અલમહમદી સોસાયટી મકાન નં.૧૦ જે ભાડે રાખેલુ અને તેમાં બોમ્બ બનાવતા હતા તે જગ્યા ઉપર ગયેલા. આ જગ્યા ઉપર જવા માટેનો રસ્તો આરોપીએ બતાવેલો છે. જગ્યા ઉપર ગયા પછી મકાનને તાળુ હતુ તે આ બધાની હાજરીમાં તોડવામાં આવેલુ છે. મકાનનું તાળુ તોડવાનું આરોપી જાહીદ કુત્બુદ્દીન શેખે જણાવેલુ હતુ અને મકાનમાં તપાસ કરનાર અધિકારીએ પંચો, એફ.એસ.એલ. અધિકારીઓ અને આરોપીની હાજરીમાં તપાસ કરેલી. તપાસ દરમ્યાન એફ.એસ.એલ. અધિકારી સાહેદ નં.૮૪૯ ગૌરીદત્ત દયાનિધિ શર્માની આંક–૫૯૦૮ ની જુબાનીના પેરા નં.૭, પાન નં.૧૨ થી ૧૪ માં તથા સાહેદ નં.૯૫૮ અનિલ ચતુરભાઈ પ્રજાપતિની આંક–૬૭૨૦ ની જુબાનીના પેરા નં.૩, પાન નં.૨, ૩ ઉપર આ જગ્યાની વીઝીટ કરેલાની હકીકતો જણાવેલી છે. આ મકાનમાંથી લાલ,કાળા રંગના વાયરનું ગુંચળું, ડાયરી, સીડી, છ આની બોલ્ટ, કાતર, પકડ, ટેપ પટ્ટીના રોલ, ડોલચુ, તુટેલી સીડી, બેટરી ચેક કરવાનું મશીન, વોલ્ચુમ ચેક કરવાનું મશીન, સાઇકલનું કેરીયર, ટ્રેક શુટ, પેન્સિલ પાવર વિગેરે વસ્તુઓ મળી આવેલી જે આંક–૬૬૫૬ ના પંચનામા આધારે કબજે કરવામાં આવેલી હતી.

વધુમાં મકાનમાંથી મળી આવેલી સીડી ઉપરથી ચાન્સ પ્રિન્ટ મળેલી જે ચાન્સ પ્રિન્ટ ઉપર આરોપી નં.૩૮ મહંમદ સેફ ઉર્ફે રાહુલ શર્મા સન ઓફ સાદાબ અહેમદ શેખના જમણા હાથના અંગુઠાની છાપ સાથે મળતી આવેલી હતી. આ બાબતે સાહેદ નં.૯૫૮ અનિલ ચતુરભાઈ પ્રજાપતિનાને ફરિયાદપક્ષે આંક–૬૭૨૦ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તેઓ ફીંગર પ્રિન્ટ વિભાગમાં ગાંધીનગર એફ.એસ.એલ. ખાતે સપ્ટેમ્બર–૧૯૯૬

થી ફરજ બજાવે છે તેમની કામગીરીમાં આંગળાની છાપોનું વર્ગીકરણ, પરિક્ષણ અને સરખામણી કરી અભિપ્રાય આપવાનો છે. તા.૧૯.૯.૨૦૦૮ ના રોજ ખાડીયા પોલીસ સ્ટેશન અમદાવાદ ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૭૧/૨૦૦૮ ના કામે એસ.એમ.જોષી સાહેબે તેમની સાથે જવા સુચના આપેલી જેથી ફીંગર પ્રિન્ટના ફોટોગ્રાફર નિલેશ પટેલ તથા અન્ય અધિકારીઓ અમદાવાદ ખાતે ક્રાઇમ બ્રાન્ચની કચેરીએ ગયેલા. તપાસ કરનાર અધિકારીએ વિનંતી રીપોર્ટ આપેલો ત્યાંથી સરકારી વાહનમાં દાણીલીમડા અલમહમદી સોસાયટી, મકાન નં.૧૦ ઉપર ગયેલા. ત્યાં સંયુકતપણે તપાસ કરેલી અને મકાનમાંથી પ્લાસ્ટિકની બેગો, સીડી, સ્ટીલના વાસણો વિગેરે મળેલ, સ્ટીલનું ડોલચુ મળેલુ જેની ઉપરથી ચાન્સ પ્રિન્ટોના ફોટા પાડેલા અને તેની ફોટોગ્રાફસ વિભાગના રજીસ્ટરમાં નોંધ કરેલી. શકદારો કે તહોમતદારો પકડાયા હોય તો તેમની હથેળીના છાપો બે નકલમાં મોકલી આપવા જણાવવામાં આવેલુ. આ કામે કુલ ૪૭ આરોપીઓની સર્ચ સ્લીપો તા.૩.૩.૨૦૦૯ ના રોજ મળેલી તેની સરખામણી કરતા આરોપી નં.૩૮ મહંમદ સેફ ઉર્ફે રાહુલ શર્મા ઉર્ફે કેરીએવા સન ઓફ સાદાબ અહેમદ શેખના જમણા હાથના અંગુઠાની છાપ મળી આવેલ હતી. તપાસ કરનાર અધિકારીએ જે વિનંતી પત્ર આપેલો તે આંક–૬૭૨૧ થી રજૂ છે. એનલાર્જ ફોટોગ્રાફ આંક–૬૭૨૨ થી રજૂ છે, ફોટાના નેગેટીવ આંક–૬૭૨૩ થી રજૂ છે. આંગળાની છાપો મોકલવા અંગેનો પત્ર જોષી સાહેબે મોકલેલો તે આંક–૬૭૨૪ થી રજૂ છે. આરોપીઓના આંગળાના છાપોનું લીસ્ટ મળેલુ જે સંયુકત રીતે આંક–૬૭૨૫ થી રજૂ છે. એનલાર્જ ફોટો તથા ફોટાની નેગેટીવ આંક–૬૭૨૬થી રજૂ છે. હસ્તલેખિત અભિપ્રાય જોષી સાહેબની સહીવાળો આંક–૬૭૨૭થી રજૂ છે તથા ફોરવર્ડીંગ પત્ર આંક–૬૭૨૮ થી રજૂ છે. સાહેદને મુદ્દામાલ ડોલચુ બતાવવામાં આવેલુ છે તે જોઈને જણાવેલુ છે કે તેનો ફોટો ફોટોગ્રાફર નિલેષ પટેલે પાડેલ હતો. ક્રાઇમ સીન વિઝીટેશન રજીસ્ટરની નકલ આંક–૬૭૨૯ થી રજૂ છે. રજીસ્ટર રજૂ કરવા અંગેનો હુકમ આંક–૬૭૩૧ થી રજૂ છે. અસલ રજીસ્ટર સાથે કમ્પેર કરી તેની નકલ રજૂ કરેલી જે આંક–૬૭૩૨ થી રજૂ છે. એન્ટ્રી નં.૬૯

ના બંન્ને પાનાની નકલ આંક–૬૭૩૩ થી રજૂ છે. હવે આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ તપાસ કરનાર અધિકારી તથા અન્ય એફ.એસ.એલ. અધિકારીઓ સાથે સ્થળ ઉપર ગયેલા નથી, સ્થળની વીઝીટ કરેલી નથી કે ત્યાંથી કોઈ મુદ્દામાલ કબજે કરવામાં આવેલો નથી તેવી કોઈ હકીકત નીકળી આવતી નથી. આ ઉપરાંત મુદ્દામાલ ડોલચુ કે જેના ઉપર ચાન્સ પ્રિન્ટ હતી તે આરોપી નં.૩૮ ની ફીંગર પ્રિન્ટ સાથે મળતી આવતી નથી તેવી પણ કોઈ હકીકત નીકળી આવતી નથી. ઊલટતપાસ દરમ્યાન જનરલ પ્રશ્નો પુછવામાં આવેલા છે. આરોપીઓને ફળદાયી થાય તેવી કોઈ હકીકત નીકળી આવતી નથી.

આંક– ૬૬૫૬ નુ પંચનામુ બનાવનાર અધિકારી સુ.શ્રી ઉષા રાડા આ પંચનામાની હકિકત બાબતે પોતાની જુબાનીના પેરા નં.૨(૨૩) માં જણાવે છે. પંચ સાહેદ બળદેવ કસ્તુરચંદ પ્રજાપતિ પોતાની જુબાનીમાં આંક–૬૬૫૬ ના પંચનામાની તમામ હકીકત જણાવે છે જેથી આ પંચનામાની હકિકત વિશે સુ.શ્રી ઉષા રાડાની જુબાનીનુ પુનરાવર્તન કરવામાં આવતુ નથી પરંતુ તેઓએ પંચો તથા એફ.એસ.એલ.અધિકારીની હાજરીમાં આંક–૬૬૫૬ ના પંચનામાની વિગતે મુદ્દામાલ કબજે કર્યાનુ તેમજ આ મકાન આરોપી નં.૧ જાહીદ કુત્બુદ્દીન શેખ દોરી જઈને બતાવેલાનુ જણાવેલુ છે, આંક–૬૬૫૬ ના પંચનામામાં સુ.શ્રી ઉષા રાડા પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

આરોપીઓ તરફથી આંક–૬૬૫૬ વાળા પંચનામા બાબતે એવી પણ દલીલ અને રજુઆત છે કે પંચનામા દરમ્યાન આરોપીએ કબૂલાત્મક હકીકતો જે જણાવેલી છે તે આરોપી વિરૂધ્ધ પુરાવામાં વિચારણા હેઠળ લઈ શકાય નહીં. જેવી કે "આરોપીએ વાહન જમણી બાજુ ઢાળ ઉતરાવેલ ત્યાંથી નલીનનગર સામે આવેલ આર.એમ. પાન પાર્લરથી વાહન જમણી બાજુ લેવડાવેલ અને અલમહમદી સોસાયટીની પહેલી ગલી પાસે આવતા વાહન જમણી બાજુ લેવડાવેલ અને છેલ્લે ખુલ્લી જગ્યા પાસે વાહન ઉભુ રખાવેલ". પરંતુ મારા મત પ્રમાણે આરોપીએ વાહન લેવડાવેલાની હકીકત આરોપી વિરૂધ્ધ વિચારણા હેઠળ લઈ શકાય નહીં પરંતુ વાહન ઉભુ રખાવેલુ ત્યાં ખુલ્લી જગ્યા હતી

તો તે વિચારણા હેઠળ લઈ શકાય. તે જ રીતે એવી પણ દલીલ અને રજુઆત છે કે "જાહીદ શેખે પૂર્વ દિશામાં આવેલ મકાન બતાવેલ". જાહીદ શેખે મકાન બતાવેલુ તે હકીકત આરોપી વિરૂધ્ધ વિચારણામાં લઈ શકાય નહીં પરંતુ મકાન હતુ તે હકીકત વિચારણામાં લઈ શકાય.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે લક્ષ્મણભાઇ પોપટભાઇ ભરવાડને સાહેદ નં.૧૦૩૯ તરીકે આંક–૭૦૫૨ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૨૮/૯/૨૦૦૮ ના રોજ પોલીસે તેમને ક્રાઇમ બ્રાન્ચની ઑફિસે બોલાવેલા તે વખતે તેમની સાથે તેમનો મિત્ર મહેશભાઇ પણ હતા. પોલીસે ત્યાં પંચ માટે બોલાવેલાં. સાહેબે કહેલું કે એક આરોપી પકડેલો છે અને તે કાંઇક કહેવા માંગે છે તો તેને પુછો અને પંચ તરીકે રહેશો? જેથી સાહેદે "હા" પાડેલી. ત્યારબાદ આ સાહેદે તેનું નામ પુછેલું તો તેણે તેનું નામ "અબ્બાસ ઉમર ઉમેજા" અને "ભૂજ"નો હોવાનું જણાવેલું. તેઓએ તેને પુંછેલું કે તું શું કહેવા માંગે છે તો તેણે જણાવેલું કે "બોમ્બ બ્લાસ્ટમાં પકડાયેલો છું" અને "જયાં જયાં ગયેલો છું" તે જગ્યા બતાવવા માંગુ છું. તે તા.૧૪,૧૫,૧૬, પ્રથમ માસની જણાવેલી. તેઓ ટ્રેનીંગ માટે ગયેલા હોવાનું જણાવેલું. આ સાહેદે જે પુંછેલું તે બોલતા ગયા અને બાજુમાં કોન્સ્ટેબલ લખતા હતાં. ત્યારપછી તેઓ નીચે ઉતરેલા. આ બધી કામગીરી કરવામાં અડધો,પોણો કલાક થયેલો. સાહેદ વધુમાં જણાવે છે કે નીચે ઉતરવામાં સાહેબ તથા અબ્બાસ તથા બીજા બે વર્દીવાળા કોન્સ્ટેબલ અને બીજા બે સાદા ડ્રેસમાં હતા અને તેઓ બે હતાં.

વધુમાં સાહેદ જણાવે છે કે ત્યારબાદ સાહેબે ડ્રાઇવરને કહેલું કે આ અબ્બાસ છે જયાં કહે ત્યાં ગાડી લઇ લ્યો. ત્યારબાદ ત્યાંથી ગાડી કાઢેલી અને જમણી તરફ ગાડી લેવડાવેલી. ત્યાંથી પાલડી બ્રિજ ઉતરીને ડાબી તરફ સીધા વિશાલા તરફ ગયેલાં. ત્યાં અબ્બાસે ડ્રાઇવરને કહેલું કે "ગાડી ઉભી રાખો" જેથી ગાડી ઉભી રાખેલી ત્યાં બધા નીચે ઉતરેલાં. ત્યાં અબ્બાસે કહેલું કે "મારો મિત્ર મને અહિંયા વહેલી સવારે લેવા આવેલો." તેણે એવું પણ કહેલું કે "અહિંયાથી અમે બાઇક ઉપર બેસીને વડોદરા તરફ નીકળેલાં અને તે બતાવવા માંગું છું."

ત્યારપછી બધા સુમો ગાડીમાં બેસી નારોલ અને નારોલથી સીધા ખેડા ગયેલા. ત્યાં આગળ તેણે "એક શાલીમાર હોટલ બતાવેલી અને ગાડી ઉભી રખાવેલી." ત્યારબાદ ગાડી ઉભી રાખીને બધા નીચે ઉતરેલાં અને ત્યાં અબ્બાસે કહેલું કે, "અહિંયા અમે ચા પીધેલી." ત્યારબાદ બધા ગાડીમાં બેઠેલાં. ત્યારબાદ ગાડી વડોદરા તરફ લીધેલી અને નદી પાર કરીને ગાડી ઉભી રખાવેલી અને ત્યાં નીચે ઉતરેલાં. નીચે ઉતર્યા પછી અબ્બાસે કહેલું કે, "અમે અહિંયા પેટ્રોલ પુરાવેલું" ત્યારબાદ બધા ગાડીમાં બેઠેલા અને સીધા વડોદરા સીટીમાં ગયેલાં. ત્યાં કોલોની હતી ત્યાં ગાડી ઉભી રખાવેલી અને અબ્બાસે કહેલું કે "હું અહિંયા ઉતરેલો અને અહિંયા આઠ–નવ જણા સુમોમાં બેઠેલા હતા અને હું પણ સુમોમાં બેસી ગયેલો અને મારો મિત્ર જે બાઇક ચલાવીને આવેલો હતો તે સુમો ચલાવવા બેઠેલો." ત્યારબાદ ગાડીમાં બેસીને પાવાગઢના જંગલ તરફ ગયેલા. ત્યાં એક મસ્જિદ હતી અને મસ્જિદ પાસે ગાડી ઉભી રખાવેલી. ત્યારબાદ બધા ગાડીમાંથી નીચે ઉતરેલાં. ત્યાં અબ્બાસે કહેલું કે "અમે અહિંયા નમાજ પઢેલાં અને ત્યાં અબ્બાસે એવું કહેલું કે બાજુમાં મોટો ગેટ છે અને અહિંયાથી અમે સુમોમાં અવર જવર કરતા હતાં." ત્યારબાદ બધા ગાડીમાં બેઠેલાં. ત્યારબાદ અબ્બાસે કહેલું કે "હવે થોડા આગળ એક કિલોમીટર લઇ લ્યો" ત્યારબાદ એક કિલોમીટર આગળ ગયેલાં ત્યારે એક કાચા રસ્તાવાળું જંગલ આવેલું ત્યાં બધા ગાડીમાંથી નીચે ઉતરેલા અને ત્યાં અબ્બાસે એવું કહેલું કે "આગળ ચાલતા જઇ ટ્રેનીંગવાળી જગ્યા બતાવું" આ જગ્યા પાસે તારની ફેન્સીંગવાળી એક વાવ હતી તે વાવનું નામ અત્યારે યાદ નથી. ત્યાં કોઇ વ્યકિત હતી નહિ. ત્યારપછી અબ્બાસે ત્યાં એવું કહેલું કે "અમે તારની વાડ ઉંચી કરીને ૪૦૦–૫૦૦ મીટર આગળ ગયેલાં." ત્યારબાદ બધા તારની વાડ ઉંચી કરીને આગળ ગયેલાં ત્યાં આગળ અબ્બાસ ચાલતો હતો અને પાછળ બીજા બધા ચાલતા હતા. ત્યાં ૪૦૦,૫૦૦ ફુટ જેટલી ખુલ્લી જગ્યા હતી. ત્યાં અબ્બાસે કહેલું કે "અહિંયા ખુલ્લી જગ્યામાં અમે ટ્રેનીંગ કરતા હતાં." ત્યાં તેણે એવું પણ જણાવેલું કે "અમે કોણી ઉપર ચાલતા હતા અને ઢુગ્ગા ફોડતા હતાં." ત્યાં પથરા હતાં, લાકડાવાળા મોટા મોટા ઝાડ હતા

અને જગ્યા થોડી કલીન હતી અને ૪૦૦,૫૦૦ ફૂટ પથરાવાળી જગ્યા હતી. ત્યારબાદ ત્યાંથી અડધો કિલોમીટર આગળ ચાલતા ગયેલા અને ત્યાં ઉંચા,નીચા રસ્તા હતા અને એક તળાવ હતું અને ત્યાં પાણીનું એક ઝરણું પણ હતું. ત્યાં અબ્બાસે એવું કહેલું કે "અમે અહિંયા સ્વીમીંગ કરતા હતા તેમજ નાસ્તો કરીને નમાજ પઢતા હતાં." અને ત્યાંથી કહેલું કે "ચાલો હવે પાછા." ત્યારબાદ અબ્બાસે કહ્યું તેમ ગાડીમાં પાછા બેઠા અને અબ્બાસે કહેલું કે "ચાલો બીજી જગ્યા બતાવું." ત્યારબાદ એક દરગાહ ઉપર ગયેલા અને ત્યાં અબ્બાસે કહેલું કે "અમે અહિંયા ત્રણ દિવસ રહ્યા હતાં." ત્યાં એક વ્યકિત હતી તેને સાહેબે પુંછેલું કે અહિયા આ લોકો આઠ–નવ જણા ત્રણ દિવસ રહેલા તો તેની તમે એન્ટ્રી લીધેલી? તો તે ભાઈએ ના પાડેલી કે તેની એન્ટ્રી લીધી નથી કે લેતા નથી. ત્યાં અબ્બાસે "જગ્યા બતાવેલી અને હેન્ડ પમ્પ બતાવેલો અને કહેલું કે અમે અહિયા ન્હાતા હતાં." ત્યાં અબ્બાસે એવું કહેલું કે "અમે પાંચ–છ કિલોમીટર દુર રસ્સી બાંધીને પ્રેકટીસ કરતા હતા તે જગ્યા હું બતાવું." ત્યાંથી પાકા રસ્તા ઉપર લઇ આવેલો અને ત્યાંથી બાઇકવાળી જગ્યા કે જે પાવાગઢથી અંદર હતી ત્યાં લઇ ગયેલો. ત્યાં એક તરફ તળાવ હતું અને દરગાહ જેવી મસ્જિદ હતી અને વચ્ચે પાકો રસ્તો હતો. ત્યારબાદ અબ્બાસે કહેલું કે "હવે ગાડી પાછી લઇ લ્યો." ત્યારબાદ પાછા વળતા હતા તે વખતે અબ્બાસે કહેલું કે "ત્યારબાદ તે વખતે મને વડોદરા રેલ્વે સ્ટેશન ઉતારી દિધેલો અને હું મારા વતન જતો રહેલો." આ મુજબનુ પંચનામુ આંક–૭૦૫૩ થી બનાવેલુ જેમાં સાહેદ પોતાની તેમજ પંચોની અને રૂબરૂ તરીકે સાહેબની સહીઓ ઓળખી બતાવે છે.

વધુમાં આ સાહેદને ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીને વીડિયો કોન્ફરન્સ ટી.વી.સ્ક્રીન થકી તથા અમદાવાદ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીને વીડિયો કોન્ફરન્સ ટી.વી. સ્ક્રીન થકી બતાવવામાં આવતા આરોપીને ઓળખી બતાવે છે જેથી સદર આરોપીનું નામ પુછતા મહમદ યુનુસ મહમદ સાબીર મણીયાર હોવાનું જણાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો બનાવના અરસામાં આ સાહેદ ટેન્કરથી પાણી આપવાનો ધંધો કરતા હતા. બનાવના દિવસે જગન્નાથ મંદિરે દર્શન કરવા ગયેલા હતા. જગન્નાથ મંદિર તથા ક્રાઈમ બ્રાન્ચની ઑફિસ વચ્ચે અર્ધા કિલોમીટરનું અંતર છે તેમ જણાવે છે. પોલીસ સ્ટેશનમાં બોલાવ્યા પછી અર્ધી કાર્યવાહી પોલીસ સ્ટેશનમાં કરેલી અને અર્ધી કાર્યવાહી બહાર રસ્તા પર કરેલી તેમ જણાવે છે. આરોપી કઈ–કઈ જગ્યાએ લઈ જવા માંગે છે અને શું બતાવવા માંગે છે તેની માહિતી આરોપીએ આપેલાનું જણાવેલ છે. આરોપી અબ્બાસ ઉંમર સમેજાએ પોતાના સાથીદારો સાથે પાવાગઢ હાલોલ મુકામે કેમ્પમાં હાજરી આપી ટ્રેનીંગ લીધેલી તે બાબતે કંઈ કહેવા માંગે છે તેવી સમજ આપેલાનું જણાવે છે. બીજા પંચ કેટલુ ભણેલા છે તે બાબતે, તેઓ કયા નોકરી કરે છે તે બાબતે, તેમના સરનામા બાબતે નિરર્થક પ્રશ્નો પુછવામાં આવેલા છે જે મૂળ હકીકત સાથે સુસંગત નથી.

વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા ટ્રેનીંગવાળી જગ્યાએથી પોલીસે કોઈ ચીજવસ્તુ કબજે કરેલી નહીં. તંબુ બાંધીને રહેલા હોય તેવા કોઈ નિશાન જોવા મળેલા નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપી અબ્બાસ ઉંમર સમેજા તથા તેના સાથીદારોએ ૧૩ થી ૧૬ જાન્યુઆરી ૨૦૦૮ દરમ્યાન ટ્રેનીંગ લીધેલી તેવી હકીકત છે જયારે આ કહેવાતુ પંચનામુ તા.૨૮.૯.૨૦૦૮ નાં રોજ એટલે કે નવ માસ પછી બનાવેલુ છે જેથી સ્વાભાવિક છે કે પંચનામુ કર્યુ ત્યારે સ્થળ ઉપર ટેન્ટ બાંધેલાના નિશાન ન હોય. જે ઝાડ બતાવવામાં આવેલુ તેની ઉપર નિશાન હતા કે કેમ? તે યાદ નથી. તળાવમાં કેટલુ પાણી છે તે જાણવાનો પ્રયત્ન કરેલો નહીં, પાણી કેટલા વિસ્તારમાં આવેલુ છે તે અંદાજે માપ લખવામાં આવેલુ. આ સાહેદ પંચ તરીકે રહેલા હતા કેટલુ પાણી છે તે માપવાનું આ સાહેદને ન હતુ જેથી આવા પ્રશ્નો પુછવાનો પણ કોઈ અર્થ નથી અને તે મૂળ હકીકત સાથે પણ સુસંગત નથી.

વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો તારની વાડ ઉંચી કરીને ગયેલા તે જગ્યાએ વાવ હતી. વાડ ઉંચી કરીને ગયેલાની હકીકત પંચનામામાં

લખાવેલી તેમ જણાવે છે. વાવ કમ્પાઉન્ડથી ૧૫૦/૨૦૦ ફૂટ દુર હશે. આ જગ્યા સિવાય પણ બીજી જગ્યાઓ ઉપર ગયેલાનું જણાવે છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા સરતપાસમાં જણાવ્યા પ્રમાણે પંચનામામાં સહી કરી તે દિવસે કોઈ પણ સ્થળ ઉપર આરોપીના કહેવાથી અને બતાવવાથી ગયેલા નથી તો તે હકીકત નકારેલી છે. તૈયાર પંચનામામાં પોલીસના કહેવાથી સહીઓ કરેલાની હકીકત નકારેલી છે.

આમ આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લેતા તપાસ કરનાર અધિકારી એમ.જે.ચાવડાનાઓએ મણીનગર ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૩/૨૦૦૮ ના કામે આ સાહેદ તથા બીજા પંચ મહેશભાઈ સોલંકી, પોલીસ સ્ટાફના માણસો તથા આરોપી નં.૧૬ અબ્બાસ ઉંમર સમેજાના કહેવા અને બતાવ્યા પ્રમાણે તા.૧૪ થી ૧૬ જાન્યુઆરી ૨૦૦૮ ના રોજ હાલોલ પાવાગઢ ખાતે જે જગ્યા ઉપર ટ્રેનીંગમાં ગયેલાનું જણાવેલ તે જગ્યા ઉપર ગયેલા હતા અને આરોપી નં.૧૬ તથા તેના સાથીદારો તા.૧૪.૧.૨૦૦૮ નાં રોજ વહેલી સવારે તેમના મિત્ર આરોપી નં.૧ જાહીદ શેખની મોટર સાઇકલ ઉપર બેસાડીને કેમ્પમાં લઈ ગયેલા તે તથા વડોદરા મેમણ કોલોની ચાર રસ્તા જે જગ્યાએથી સફેદ કલરની ટાટા સુમો ગાડીમાં ગયેલા તે તથા પાવાગઢ રોડ ઉપર આવેલ ખુંદપીરની દરગાહ તથા ધર્મશાળામાં જે જગ્યાએ આરોપીઓ રોકાયેલા તે તથા હેલીકૈલ વાવ પાસે જંગલમાં આવેલ ખુલ્લી જગ્યામાં શુટીંગ કરતા હતા તે અને નજીકમાં આવેલ તળાવમાં સ્વીમીંગ કરતા હતા તે તથા પાવાગઢ મેઈન ગેટ પાસે આવેલ સકરખાન દરગાહ પાસે આવેલ બે ઝાડ વચ્ચે દોરડુ બાંધી તાલીમ લીધેલી તે તથા ફોરેસ્ટ ચેકપોસ્ટથી આગળ આવેલ કેવળા મસ્જિદ કે જયાં નમાજ પઢતા હતા તે તથા એક મોટુ તળાવ આવેલુ છે જયાં રોડ ઉપર બાઈક ચલાવવાની તાલીમ લીધેલી તે જગ્યાઓ આરોપી નં.૧૬ અબ્બાસ ઉંમર સમેજાએ પંચોની હાજરીમાં બતાવેલી હતી. આ હકીકત સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ પણ તેમની જુબાનીના પેરા નં.૩(૧૭) માં જણાવેલી છે, આંક–૭૦૫૩ વાળા પંચનામાની તમામ હકિકત પંચ સાહેદ લક્ષ્મણભાઇ તેમની જુબાનીમાં જણાવે છે

માટે તે હકિકતનુ પુનરાવર્તન કરવામાં આવતુ નથી પરંતુ આંક–૭૦૫૩ વાળુ પંચનામુ તપાસ કરનાર અધિકારી મયુર ચાવડાએ આરોપી અબ્બાસ ઉમર સમેજા (આરોપી નં.૧૬) ના દોરી ગયા મુજબ બનાવેલુ છે જે આંક–૭૩૫૩ ના પંચનામામાં પંચોની તથા રૂબરૂ તરીકે મયુર ચાવડા પોતાની સહી ઓળખી બતાવે છે. આ પંચ સાહેદ લક્ષ્મણભાઈ પોપટભાઈ ભરવાડ કે જેઓ અમદાવાદ મુકામે રહે છે. ફરિયાદપક્ષ સાથે કોઈ મિત્રતા નથી કે આરોપીઓ સાથે કોઈ દુશ્મનાવટ નથી, તે સ્વતંત્ર સાહેદ છે અને વેપાર ધંધો કરી પોતાનું ગુજરનાર ચલાવે છે અને તેઓની જુબાની નહીં માનવાનું કોઈ કારણ રહેતુ નથી. આમ સાહેદ લક્ષ્મણભાઇની જુબાની તથા આંક–૭૦૫૩ વાળા પંચનામાની હકિકત ધ્યાને લેતાં આરોપી નં.૧ જાહીદ શેખ ટાટા સુમોમાં બીજા લોકોને બેસાડી પાવાગઢ ખાતે તાલીમમાં ગયેલા હતા અને ટાટા સુમો આરોપી નં.૧ જાહીદ શેખે ચલાવેલી હતી.

આરોપી તરફથી દલીલ અને રજુઆત એવી છે કે આંક–૭૦૫૩ વાળા પંચનામામાં આરોપીએ કરેલી કબૂલાત્મક હકીકતો આરોપી વિરૂધ્ધ વિચારણામાં લઈ શકાય નહીં. જેવી કે "આરોપી અબ્બાસે ટેન્ટ બાંધેલી જગ્યા બતાવેલી, ઈશારો કરી બોર્ડ બતાવેલુ, તે જગ્યાએ હેલીકૈલ વાવનું બોર્ડ ડાબી બાજુ છે, વાવની પાસે કાંટા તારની વાડ છે તેમજ ઝાડીઓમાં ૧૫૦ મીટરના અંતરે ૩૦ થી ૪૦ મીટર જેટલી ખુલ્લી જગ્યા હતી અને ત્યાં ટેન્ટ બાંધેલો તે જગ્યાએથી ૨૦૦ ફુટના અંતરે તળાવ બતાવેલુ જેમાં સ્વીમીંગ કરતા હોવાનું જણાવે છે" વિગેરે હકીકતો આરોપી વિરૂધ્ધ વિચારણા હેઠળ લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે હેલીકૈલ વાવનું બોર્ડ હતુ તે તથા તેની બાજુમાં કાંટાની વાડ તે તથા ઝાડી જાંખરામાં આશરે ૧૫૦ મીટરના અંતરે ૩૦,૪૦ મીટર જેટલી ખુલ્લી જગ્યા તથા ત્યાંથી આશરે ૨૦૦ ફૂટના અંતરે તળાવ છે તો તે જગ્યાઓનુ ત્યાં અસ્તિત્વ હોવાની હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય કારણ કે આ જગ્યાની માહિતી આરોપી જાહીદ શેખ તથા આરોપી અબ્બાસને જ હતી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે સુરેશભાઇ ગણેશભાઇ લોધીને સાહેદ નં. ૫૯૦ તરીકે આંક–૩૧૮૭ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૩૦/૮/૨૦૦૮ ના રોજ ક્રાઇમ બ્રાન્ચ પોલીસે સાંજના આશરે સાતેક વાગ્યાના સુમારે આ સાહેદ તથા તેમની સાથેના બીજા એક ભાઇ પ્રવિણભાઇ શાંતિલાલ સુમરાને બોલાવેલા અને પોલીસે પંચમાં રહેવા સ્વખુશી વિશે પુંછતાં "હા" પાડતાં તેઓ બંનેને ક્રાઇમ બ્રાન્ચ પોલીસની ઑફિસે લઇ જવામાં આવેલાં. ત્યાં પહોચતાં ત્યાં એક ઇસમ હાજર હતાં જેમનું નામ,ઠામ પુછતાં તેણે તેનું નામ "કુત્બુદ્દીન ચાંદમીયા શેખ", રહે. સંધી એવન્યુ, જુહાપુરા, અમદાવાદ હોવાનું જણાવેલું અને તે ઇસમ જાહીદ કુત્બુદ્દીન શેખના પિતા હોવાનું જણાવેલું. હાજર ઇસમ કુત્બુદ્દીન શેખે કુલ ત્રણ નોકીયા કંપનીના મોબાઇલ ટેલીફોન રજૂ કરેલાં આ ત્રણેય મોબાઇલ તેઓની હાજરીમાં જીણવટભરી રીતે જોતાં આ ત્રણેય મોબાઇલ નંબર ઉપર ઇએમઇઆઇ નંબરો સીમકાર્ડની સંખ્યા અને સર્વિસ નંબરો વિગેરે મોબાઇલ ટેલીફોન લગતની સઘળી વિગતો આ ત્રણેય મોબાઇલ જોતાં જણાયેલ તે સઘળી વિગતો પંચનામામાં નોંધવામાં આવેલી અને આ ત્રણેય મોબાઇલ પોલીસે કબ્જે કરેલાં. સદર આંક–૩૧૮૮ વાળા પંચનામામાં સાહેદે પોતાની તથા બીજા પંચ તેમજ પોલીસ અધિકારીની રૂબરૂ તરીકે સહી ઓળખી બતાવેલી છે તેમજ કબજે કરવામાં આવેલ મોબાઈલ ફોનો કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પોલીસ સ્ટેશનમાં ગયા ત્યારે કુત્બુદ્દીન શેખ અગાઉથી હાજર હતા, આ વ્યકિતને અગાઉ કયારેય જોયેલા નથી, શું કામ–ધંધો કરે છે? તેની ખબર નથી તેમની સાથે કોઈ વાતચીત કરેલી નથી. તે વ્યકિત કુત્બુદ્દીન શેખ હોવા બાબતે કોઈ ખરાઈ કરેલી નથી પરંતુ મારા મત પ્રમાણે તે અંગે ખરાઈ આ સાહેદે કરવાની હતી નહીં. પોલીસે આ સાહેદને પંચમાં રહેવા માટે બોલાવેલા હતા અને પોલીસ સ્ટેશનમાં પોલીસની ઉપરવટ જઈ આ સાહેદ કોઈ કામગીરી કરે નહીં. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા મુદ્દામાલ ત્રણેય ફોન ચાલુ હતા કે બંધ હતા તે આ સાહેદ કહી શકે તેમ નથી. મુદ્દામાલ

ત્રણેય ફોન કાગળમાં લપેટી સીલ કરીને પંચોની સહીઓ લીધી હોય તેવુ બન્યુ નથી. આ સાહેદ પોલીસના પંચ છે અને વારંવાર પંચનામામાં સહીઓ કરે છે તે હકીકત નકારેલી છે. તૈયાર પંચનામા ઉપર પંચોની સહી કરેલાની હકીકત પણ નકારેલી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ ના કામે તપાસ કરનાર અધિકારીની સાથે મદદમાં રહેનાર સાહેદ નં.૧૧૪૯ તરૂણ બારોટનાઓએ આ પંચ તથા બીજા પંચ પ્રવિણભાઈ સુમરાનાઓની હાજરીમાં તા.૩૦.૮.૨૦૦૮ ના રોજ આરોપીના પિતા કુત્બુદ્દીન શેખનાઓએ નોકીયા કંપનીના ત્રણ મોબાઈલ ફોન રજૂ કરેલા તે ફોન આ પંચ સાહેદ તથા બીજા પંચ પ્રવિણભાઈ સુમરાની હાજરીમાં તપાસ અર્થે કબજે કરેલા છે. આ ફોન કબજે કરનાર સાહેદ નં.૧૧૪૯ તરૂણ બારોટે પોતાની આંક–૮૨૫૬ ની જુબાનીના પાના નં.૨ ઉપર આ હકીકત જણાવેલી છે અને પંચોની તથા પોતાની સહીઓ આંક–૩૧૮૮વાળા પંચનામામાં ઓળખી બતાવી છે. આમ આરોપી નં.૧ જાહીદ શેખના પિતાજી કુત્બુદ્દીન શેખે જે મોબાઇલ ફોનનો ઉપયોગ કરેલો તે મોબાઇલ ફોન પોલીસ સમક્ષ રજૂ કરેલા છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે દેવીસિંહ અમરસિંહ રાજપૂતને સાહેદ નં.૫૯૨ તરીકે આંક–૩૧૯૨ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૯/૧૦/૨૦૦૮ ના રોજ બપોરના આશરે સાડાબાર વાગે આ સાહેદને તથા બીજા એક ઈસમ ઉદેસિંહ સરદારસિંહ રાજપૂતને ક્રાઇમ બ્રાન્ચ પોલીસે પંચમાં રહેવા જણાવતાં તેઓએ સ્વખુશી બતાવતાં બંને ક્રાઇમ બ્રાન્ચ પોલીસ સ્ટેશને ગયેલાં ત્યાં જતાં ત્યાં હાજર ઈસમ જેનું નામ,ઠામ પુછતાં તેઓનું નામ "કુત્બુદ્દીન ચાંદમીયા શેખ", જુહાપુરા, અમદાવાદના રહીશ હોવાનું તેમણે જણાવ્યું. તેઓએ એક બજાજ કંપનીનું કાળા કલરનું મોટર સાઇકલ જેનો રજીસ્ટર નંબર તથા ચેસીસ નંબર વિગેરે જોયેલ અને પોલીસે તે સંબંધે પંચનામામાં વિગતવાર નોંધ કરેલી. આ ઈસમે આ મોટર સાઇકલ રજૂ કરતાં ક્રાઇમ બ્રાન્ચ

પોલીસે આ મોટર સાઇકલ તપાસના કામે કબ્જે કરેલ. આ મોટર સાઇકલ ક્રાઇમ બ્રાન્ચ પોલીસ સ્ટેશનવાળા સ્થળે જોયેલ છે. આ સઘળી ઘટના સબંધેનું પંચનામું તૈયાર કરવામાં આવેલ જે આંક–૩૧૯૩ વાળા પંચનામામાં સાહેદ પોતાની તથા રૂબરૂ તરીકે પોલીસ અધિકારીની સહીઓ ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ શાકમાર્કેટથી નીકળ્યા ત્યારે પોલીસે રસ્તામાં રોકીને પંચનામામાં સહી કરવાનું કહેતા પોલીસ સ્ટેશનમાં ગયેલા તેમ જણાવે છે. પંચનામા અગાઉ કુત્બુદ્દીન શેખ નામની વ્યકિતને મળેલા નથી અને તેમની સાથે વાતચીત કરેલી નથી. મુદ્દામાલ મોટર સાઇકલને કપડામાં સીવી સીલ કરી હોય તેવુ બન્યુ નથી. મોટર સાઇકલ ક્રાઇમ બ્રાન્ચના કમ્પાઉન્ડમાં બહાર પડેલી હતી તે કબૂલ કરે છે. પોલીસે મોટર સાઇકલના કોઈ દસ્તાવેજો બતાવેલા નથી. તૈયાર પંચનામા ઉપર સહી કરેલાની હકીકત નકારેલી છે. મુદ્દામાલ મોટર સાઇકલ ઉપર ઓળખ સંબંધે કોઈ નિશાન કરવામાં આવેલા નહીં તેમ જણાવે છે. મોટર સાઇકલની કેટલી વિગતો લખવામાં આવેલી તેની જાણકારી નથી.

આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી એ.એફ.સીંધી પોલીસ ઇન્સ્પેકટર ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદનાઓએ મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૩/૨૦૦૮ ના કામે આ પંચ સાહેદ તથા બીજા પંચ ઉદેસિંહ રાજપુતનાઓની હાજરીમાં તા.૯.૧૦.૨૦૦૮ ના રોજ આરોપી નં.૧ ના પિતા કુતબુદ્દીન શેખનાઓ પાસેથી તેમણે રજૂ કરેલુ બજાજ કંપનીનું કાળા કલરનું મોટર સાઇકલ આંક–૩૧૯૩ ના પંચનામાની વિગતે કબજે કરેલુ છે. પુરાવો ધ્યાને લેતા આરોપી નં.૧ જાહીદ કુતબુદ્દીન શેખનાઓએ હાલોલ મુકામે જવા,આવવા માટે આ મોટર સાઇકલ બજાજ સીટી–૧૦૦ જેનો નં. જીજે–૦૧–ઈકે–૪૫૨૪ હતો તેનો ઉપયોગ કરેલો હતો. આ હકીકત પંચનામુ કરનાર સાહેદ નં.૧૦૭૭ અજીજ અહેમદખાન ફીરોજખાન સીંધી પોતાની જુબાનીના પાના નં.૧૫ ઉપર જણાવે છે. આ પંચ સાહેદ અમદાવાદ અસારવાના રહેવાસી છે, વેપાર,ધંધો કરી પોતાનું ગુજરાન ચલાવે છે.

ફરિયાદપક્ષ સાથે તેઓને કોઈ મિત્રતા નથી કે આરોપીઓ સાથે તેઓને કોઈ દુશ્મનાવટ નથી માટે આ સાહેદ સ્વતંત્ર સાહેદ હોય તેઓની જુબાની નહીં માનવાને કોઈ કારણ નથી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે અશોકભાઇ મણીલાલ ઠાકોરને સાહેદ નં. પ૯૫ તરીકે આંક–૩૨૦૬ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૨/૯/૨૦૦૮ ના રોજ સવારના આ સાહેદને ક્રાઇમ બ્રાન્ચ કચેરીએ પોલીસે બોલાવેલા. તેમની સાથે કાળુભાઇ ઠાકોરને પણ બોલાવેલા. પોલીસે એક રજીસ્ટર કબ્જે કરવાનું હોવાથી પંચમાં રહેવા માટે બોલાવેલા તેથી પંચમાં રહેવા માટે "હા" પાડેલી. તે રજીસ્ટર જાંબલી કલરનું હતું જેમાં લગભગ ૨૭૦ જેટલા પાના હતા. જે રજીસ્ટરના પાના ઉપર તેઓને સહી કરવાની હતી જેથી સહી કરેલી. જે પાનાનો કાંઇક "૮૩" નંબર જોયેલ. તેઓએ જે જોયું તે તેમની સાથે હતાં તે ભાઇએ લખાવેલ અને પછી સહીઓ કરેલી. સદર આંક–૩૨૦૭ વાળા પંચનામામાં સાહેદ તેમની તથા બીજા પંચ કાળુભાઈની તથા રૂબરૂ તરીકેની પોલીસની સહી ઓળખી બતાવેલ છે તેમજ કબજે કરવામાં આવેલ મુદ્દામાલ રજીસ્ટરના પાન નં.૮૩ માં પોતાની સહી ઓળખી બતાવેલ છે જે આંક–૩૨૦૮ થી રજૂ રાખેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો મુદ્દામાલ રજીસ્ટરમાં લખેલી વિગતો શું છે તે કહી શકે તેમ નથી. પોલીસે પંચનામામાં સહી કરવા બોલાવતા પોલીસ સ્ટેશનમાં ગયેલા હતા. મુદ્દામાલ રજીસ્ટર કયાંથી અને કેવી રીતે આવેલુ તે કહી શકે તેમ નથી.

આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૨/૨૦૦૮ ના કામે તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૦૭૦ વિનય શુકલે આ સાહેદ તથા બીજા પંચ કાળુભાઈ ઠાકોરની હાજરીમાં આ કામના આરોપી નં.૩૭ કયામુદ્દીન સરફુદ્દીન કાપડીયાનાઓએ પાલડી એન.આઈ.ડી. આઈનેટ સાયબર કાફેમાંથી સરફીંગ કરેલુ તે સાયબર કાફેનું રજીસ્ટર તેના સંચાલક સાહેદ નં.૧૦૬૨ અબ્દુલ અજીમ અબ્દુલ હમીદ

સોદાગરનાઓએ રજૂ કરેલુ અને તે રજીસ્ટર આંક–૩૨૦૭ ના પંચનામાની વિગતે કબજે કરેલુ છે. આ રજીસ્ટરના પાના નં.૮૩ ને આંક–૩૨૦૮ થી રજૂ કરેલુ છે. તે ધ્યાને લેતા રજીસ્ટરમાં તા.૨૪.૪.૨૦૦૮ નાં રોજની કમ્પ્યુટર નં.૪ વાળી એન્ટ્રીમાં આરોપી નં.૩૭ કયામુદ્દીન સરફુદ્દીન કાપડીયાનું નામ લખેલુ છે. આ સાયબર કાફેવાળી જગ્યા આરોપી નં.૧ જાહીદ કુતબુદ્દીન શેખનાઓએ બતાવેલી અને તેનુ જે પંચનામુ બનાવવામાં આવેલુ તે આંક–૫૫૧૭ થી રજૂ છે. આ હકીકત પંચનામુ કરનાર અધિકારી સાહેદ નં.૧૦૭૦ વિનય શુકલનાઓએ પોતાની જુબાની આંક–૭૨૬૪ ના પાના નં.૧૯ પર જણાવેલી છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે સાહેદ નં.૧૦૬૨ તરીકે અબ્દુલ અજીમ અબ્દુલ હમીદ સોદાગરનાઓને આંક–૭૨૧૯ થી તપાસવામાં આવેલા છે. તેમની સરતપાસ મુજબ તેઓ અમદાવાદ ખાતે પાલડી, કાગદીવાડમાં રહે છે. સને–૨૦૦૮ ના વર્ષમાં આઇનેટ સાયબર કાફેમાં નોકરી કરતા હતા. આ સાયબર કાફે એન.આઇ.ડી. સામે મ્યુનિસિપલ માર્કેટની દુકાન નં.૪ મા હતું. આ સાયબર કાફે આ સાહેદના માસીના દિકરા આદીલ મલેકનું હતું. આ સાહેદનો નોકરીનો સમય સવારના સાડા નવ થી રાત્રીના સાડા અગ્યાર સુધીનો હતો. આ સાહેદ વડોદરા મુકામે ભણેલા હતા અને તેમના પિતા વાડી, તાઇવાડા, વડોદરા મુકામે રહેતા હતાં. આ સાહેદે "આફમી" કમ્પ્યુટર સેન્ટરમાં બેઝીક કોર્સ કર્યા બાદ ત્યાંજ કમ્પ્યુટર ટીચર તરીકે રહેલો અને ત્યારબાદ "શ્રધ્ધા કોમ્યુનિકેશન" નામના સાયબર કાફેમાં નોકરી કરેલી. ત્યારબાદ ઘરે કમ્પ્યુટર લઇને કમ્પ્યુટર શીખવાડતા હતા. આ સાહેદને ત્યાં ઘણા બધા લોકો શીખવા માટે આવતા હતા તે પૈકી કયામુદ્દિન કાપડીયા પણ કમ્પ્યુટરનો બેઝિક અને ડીટીપીનો કોર્સ શીખવા માટે આવતા હતા અને તેમને ત્યાં છ–સાત મહિના સુધી શીખેલાં. કયામુદ્દિને કમ્પ્યુટર લીધેલું ત્યારબાદ તેના ઘરે કમ્પ્યુટરમાં કાંઇક પ્રોબ્લેમ આવે કે સોફટવેર માટે તેમના ઘરે આ સાહેદ જતા હતા. આ ઉપરાંત ત્યાં "ઇમરાન શેખે" (આરોપી નં.૨ નાએ) પણ કમ્પ્યુટરનો કોર્સ કરેલો. તેણે એક મહિના જેટલો સમય કોર્સ કરેલો. તેની સાથે "ઉસ્માન અગરબતીવાળા" (આરોપી નં.૭)

પણ આવતા હતા. આ ઉસ્માન અગરબતીવાળા વાડી, તાઈવાડીમાં રહેતો હતો. આ ઉસ્માન અગરબતીવાળાએ ટેલીનો કોર્સ કરેલો. તેમણે આ કોર્સ એક–બે દિવસ માટે કરેલો. ત્યારબાદ આ સાહેદ અમદાવાદ મુકામે આવી ગયેલા.

સાહેદ વધુમાં જણાવે છે કે અમદાવાદ આવ્યા પછી કયામુદ્દિન તથા તેના ભાઇ રફિયુદ્દિન સાથે વાતો થતી હતી અને તેમના ઘરે કમ્પ્યુટર કે સોફટવેરમાં કંઇક પ્રોબલેમ આવે ત્યારે વાત થતી હતી. ત્યારબાદ માર્ચ–૨૦૦૮ ના અંતે કયામુદ્દિન તથા કોઇ દાઢીવાળો માણસ પાતળા જેવો હતો તે બંને આ સાહેદને ત્યાં સાયબર કાફે ચાલતુ હતું ત્યાં સરફિંગ માટે આવેલા હતા. તેમની પાસે ફોટો આઇ.ડી. માંગેલું પરંતુ તેમની પાસે ન હતું પરંતુ કયામુદ્દિનને ઓળખતો હતો જેથી ત્રણ નંબરના પીસી ઉપર બેસવા દીધેલાં. તેમણે વીસ, પચ્ચીસ મિનિટ સુધી ન્યૂઝની વેબસાઇટ સર્ચ કરેલી. ત્યારબાદ તા.૨૪/૪/૨૦૦૮ ના રોજ કયામુદ્દિન તથા તે દાઢીવાળા માણસ આ સાહેદના સાયબર કાફે ઉપર આવેલાં. તે દિવસે પણ તેઓએ ચાર નંબરના પીસી ઉપર બેસીને ન્યુઝની વેબસાઇટ સર્ચ કરેલી તેની એન્ટ્રી રજીસ્ટરમાં કરેલી. આ બંને દિવસે આ લોકો કયાંથી આવેલા તેની ખબર નથી. ત્યારબાદ દસ,પંદર દિવસ પછી તે દાઢીવાળો માણસ એકલો આવેલો. તેની પાસે ફોટો આઇ.ડી. માંગેલુ પરંતુ તેની પાસે કોઇ આઇ.ડી. પ્રુફ ન હતું. આ સાહેદ તેને ઓળખતા ન હતા માટે તેને બેસવા દીધેલો નહિ. ત્યારબાદ તા.૨૧/૫/૨૦૦૮ અથવા તો તા.૨૧/૦૬/૨૦૦૮ ના રોજ કયામુદ્દિન "પેઇઝમેકર" શીખવા માટે આ સાહેદના સાયબર કાફે ઉપર આવેલો. આ સાહેદને કયામુદ્દીને કહેલું કે, "મારે પેઇઝ મેકર શીખવું છે". આ સાહેદ પાસે પેઇઝ મેકરનું સોફટવેર હતું નહિ માટે તેને સલાહ આપેલી કે યુ ટયુબ ઉપર સર્ચ કરીને પેઇઝમેકર શીખી લે. ત્યારબાદ તે એક અથવા સાત નંબરના પીસી ઉપર બેસીને યુ ટયુબ ઉપર પેઇઝમેકર શીખેલો. ત્યારબાદ જુન કે જુલાઇ માસમાં કયામુદ્દિન ફરી પેઇઝમેકર શીખવા આવેલો. તે છ, સાત નંબરના પીસી ઉપર બેસીને પેઇઝમેકર શીખેલો. ત્યારબાદ તા.૧/૯/૨૦૦૮ ના રોજ રાત્રીના સાડા નવ વાગ્યે ક્રાઇમ બ્રાન્ચ પોલીસ ઓફિસર, એફ.એસ.એલ.ના માણસો આવેલા

અને સાથે એક આરોપીને લઇને આવેલાં. તે આરોપીનું નામ જાહીદ શેખ હતું. આ લોકોએ આવીને કહેલું કે બોમ્બ બ્લાસ્ટ એવું કંઇક કર્યું છે અને તેની તપાસ માટે આવેલા છીએ. આ જાહીદ શેખ અગાઉ દાઢીવાળો માણસ હતો તે જ હતો. ત્યારબાદ એફ.એસ.એલ.ના માણસોએ આ સાહેદની બધી સીસ્ટમ હતી તે ચેક કરેલી અને સીસ્ટમ એટલે કમ્પ્યુટર અને તે બધા ચેક કરેલાં. આ બધા કમ્પ્યુટરમાંથી હાર્ડ ડિસ્ક કાઢેલી અને પોલીસને સોંપેલી. આ ઉપરાંત પોલીસે લાઇટબીલ પણ લીધેલું. આ લાઇટબીલ સાયબર કાફેના એડ્રેસ પ્રુફ માટે લીધેલું. ત્યારબાદ બીજા દિવસે સાહેબનો ફોન આવેલો અને કહેલું કે પહેલું રજીસ્ટર આપી જાઓ જેમાં આ સાહેદ સાયબર કાફેના એન્ટ્રીઓ કરતા હતા. ત્યારબાદ તે જ દિવસે આ સાહેદ તેના સાયબર કાફેનું રજીસ્ટર ક્રાઇમ બ્રાન્ચના સાહેબને આપેલુ. આંક–૩૨૦૮ વાળુ રજીસ્ટર જોઈને સાહેદ જણાવે છે કે તા.૨૪/૪/૨૦૦૮ ના રોજની કમ્પ્યુટર નં.૪ વાળી એન્ટ્રીમાં કયામુદ્દિનભાઇ નામ લખેલ છે. આ સાહેદને વીડિયોમાં તમામ આરોપીઓ બતાવતા ઘણો સમય થયેલો હોવાથી તેમજ દાઢીઓ વધી ગયેલ હોવાથી સરતપાસમાં જણાવેલ નામોવાળા કોઈ આરોપીઓને ઓળખી બતાવેલા નથી અને સ્વાભાવિક છે કે બનાવ બાદ દસ વર્ષ પછી સાહેદે જુબાની આપેલી છે અને દસ વર્ષના સમયમાં આ સાહેદે સરતપાસમાં જણાવેલા નામવાળા આરોપીઓને જોયેલા નથી માટે સહેલાઈથી ઓળખી શકે નહીં.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ આઈનેટ સાયબર કાફેમાં નોકરી કરતા હતા તે બતાવવા પોલીસને પુરાવો આપેલો નહીં તે કબૂલ કરે છે. હાર્ડ ડીસ્ક અને રજીસ્ટર પોલીસને મળ્યુ છે તે બાબતે પોલીસે કોઈ પહોંચ આપેલી નથી. સાયબર કાફેમાં દિવસ દરમ્યાન ઘણા બધા માણસો આવતા હતા તે કબૂલ કરે છે. સાયબર કાફેમાં ગ્રાહક આઈ.ડી. કાર્ડ બતાવે ત્યારબાદ મનપસંદ ટેબલ ઉપર તે બેસે તો તે હકીકત નકારી છે. કઈ વ્યકિત કમ્પ્યુટર ઉપર શું કરે છે તેની નોંધ આ સાહેદ કરતા ન હતા. એફ.એસ.એલ.ના અધિકારીઓએ શું કામગીરી કરેલી તેની આ સાહેદની ખબર નથી. કયામુદ્દીન

કાપડીયા કે જાહીદ કુત્બુદ્ધીન શેખ નામની વ્યકિતઓને ઓળખતા નથી તો તે હકીકત નકારી છે. પોલીસના કહેવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારી છે. એક જ હાર્ડ ડીસ્ક કયા કયા કમ્પ્યુટર ઉપર ફરી છે તે કહી શકે તેમ નથી. પરંતુ મારા મત પ્રમાણે દરેક કમ્પ્યુટરમાં હાર્ડ ડીસ્ક હોય છે જ માટે કોઈ પણ હાર્ડ ડીસ્ક અલગ–અલગ કમ્પ્યુટરમાં ફેરવવાની હોતી નથી. તા.૨૪.૪. ૨૦૦૮ નાં રોજ કમ્પ્યુટર નં.૩ ની એન્ટ્રીમાં ગ્રાહકનો આઈડેન્ટીટી નંબર, નામ સરનામુ કે ફોન નંબર લખેલો નથી તો તે કબૂલ કરે છે. તા.૨૪.૪.૨૦૦૮ નાં રોજ કયામુદ્ધીન નામની વ્યકિત આવેલી તે વડોદરાની છે તે જાણતા હતા. આ વ્યકિતને તે જાણતા હોવાથી તે અંગેની એન્ટ્રી રજીસ્ટરમાં કરેલી નહીં તેમ જણાવે છે. કયામુદ્ધીન નામની જે એન્ટ્રી છે તેમાં તે કમ્પ્યુટર કેટલો સમય ચાલેલુ અને તેનો શું ચાર્જ થયો તે દર્શાવેલુ નથી. કબજે કરેલુ લાઈટ બીલ મકાન માલીકના નામનુ હતુ તે કબૂલ કરે છે.

આમ આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ આઈનેટ સાયબર કાફેમાં નોકરી કરતા હતા અને આરોપી નં.૧ સાથે આરોપી નં.૨ અને ૩૭ નાઓ આ સાહેદના સાયબર કાફે ઉપર કામ કરતા હતા. જયારે આ સાયબર કાફે ઉપર આરોપી નં.૭ અને ૩૫ નાઓ પણ આવતા હતા. આરોપી નં.૩૭ નુ નામ કમ્પ્યુટર નં.૪ ની એન્ટ્રી આ સાહેદે પોતાના હસ્તાક્ષરમાં કરેલી છે જેથી સ્પષ્ટ બને છે કે આરોપી નં.૧,૨,૭,૩૫ અને ૩૭ નાઓ કમ્પ્યુટર ઉપર સરફીંગ બાબતે એકબીજાથી માહિતગાર હતા.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે ભાવિન શૈલેષકુમાર ઓઝાને સાહેદ નં.૮૨૩ તરીકે આંક–૫૫૩૭ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૨૧/૯/૨૦૦૮ના રોજ બપોરના દોઢ થી પોણા બે વાગ્યાની આસપાસ તેઓ અને તેમના મિત્ર ઉપેન્દ્ર જયસ્વાલ રાયપુરથી જમાલપુર તેમના મામાના ત્યાં કામ હતું તો ત્યાં જવા નીકળેલાં તે વખતે રસ્તામાં ગાયકવાડ હવેલી પાસે બે પોલીસવાળાએ તેઓને ઉભા રાખેલા અને કહેલ કે અંદર ઉપર સાહેબ બોલાવે છે તો આ સાહેદ અને તેના મિત્ર અંદર ગાયકવાડ

હવેલીમાં ગયેલાં અને જમણીબાજુ પાર્કીંગમાં સ્કૂટર પાર્ક કરી ક્રાઈમ બ્રાન્ચની પહેલાં માળની ઑફિસમાં ગયેલાં ત્યાં બે પોલીસવાળાએ જે મોટા રાડા મેડમ હતાં તેમની સાથે પરિચય કરાવેલો અને પછી રાડા મેડમે જણાવેલ કે આવી રીતે એક પાર્ટીના ત્યાંથી વાસણો લીધેલ છે તેનું પંચનામું કરવાનું છે તો પંચમાં રહેશો આથી તેઓએ "હા" પાડેલી અને ત્યાં પોલીસ અધિકારી, બીજા ચાર પોલીસમેન અને બે પંચો અને ફારૂકભાઈ મેમણ હતાં. ઉષા મેડમે ફારૂક મેમણનું ઓળખપત્ર જોયેલું પછી તેમણે બે પોલીસ કર્મીઓને બાજુના રૂમમાંથી કશું લાવવાનું કહેલું. બે–પાંચ મિનિટમાં તે પોલીસવાળા અમુક–અમુક વાસણો લાવેલાં અને ફારૂકભાઈ મેમણને પુછેલું કે આ વાસણો તમારી દુકાનના છે ત્યારે ફારૂકભાઈએ કહેલ કે, "આ બધા વાસણ મારી દુકાનેથી યુનુસભાઈએ (આરોપી નં.૮ નાએ) ખરીદેલ છે." ફારૂકભાઈએ આ બધા વાસણો થાળી, વાડકા, ગળણી, ચીપીયો, તપેલીઓ ઓળખી બતાવેલ હતી. આ બાબતે પંચનામું કરવામાં આવેલું. સદર બાબતના આંક–૫૫૩૮ વાળા પંચનામામાં સાહેદ તેમની પોતાની તથા બીજા પંચની તેમજ સાહેબની સહીઓ ઓળખી બતાવે છે.

સાહેદ વધુમાં જણાવે છે કે આંક–૫૫૩૮ વાળુ પંચનામું પુરૂ થયું ત્યારે મેડમે કહેલ કે બીજુ પણ એક પંચનામું કરવાનું છે તો આવશો જેથી તેઓએ "હા" પાડેલી અને ત્યાં સાઇકલનું કેરીયર લાવીને મુકેલ અને જે ગુનેગાર જાહીદ શેખે જે મકાન રાખેલું તેમાં જે મુદ્દામાલ જપ્ત કરેલો તેમાંથી એક સાઈડમાં હેન્ડલવાળું સાઇકલનું કેરીયર લેબોરેટરીમાં તપાસમાં મોકલવાનું છે તો તેના પંચમાં રહેશો તો "હા" પાડેલી તેમણે એ સાઇકલનું કેરીયર તેઓની સામે કોથળામાં નાખેલું. કેરીયર કોથળામાં નાંખતા જોયેલું અને તે કોથળાને દોરીથી સીવેલો અને તેઓની સહીવાળી સ્લીપો એટેચ કરી તેના ઉપર દોરી વીંટાળી તેના ઉપર લાલ કલરનું મીણબત્તીથી લાખનું સીલ કરેલ. સદર આંક–૫૫૩૯ વાળા પંચનામામાં તેમજ આંક–૫૫૪૦ વાળી પંચ સ્લીપમાં સાહેદ તેમની તથા બીજા પંચની તેમજ સાહેબની સહીઓ ઓળખી બતાવે છે. ઉપરોકત પંચનામા દરમ્યાન

કબજે કરવામાં આવેલ તમામ મુદ્દામાલને એક પછી એક કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો સૌપ્રથમ પોલીસ સ્ટેશનમાં વાસણો જોયા ત્યારે તે સીલબંધ હાલતમાં ન હતા અને તે વાસણો કોઈ પોટલામાં કે થેલામાં ન હતા. પોલીસ સ્ટેશનમાં જે સાઈકલનું સ્ટેન્ડ જોયેલુ તે પણ સીલબંધ હાલતમાં જોયેલુ નહીં તે કબૂલ કરે છે. આ સ્ટેન્ડ કોઈ પોટલામાં કે થેલામાં મુકેલુ ન હતુ તે પણ કબૂલ કરે છે. જોયેલા વાસણ નવા અને બીન વપરાયેલા છે તે હકીકત કબૂલ કરે છે. મુદ્દામાલ વાસણ ઉપર કોઈ પણ પ્રકારનું લખાણ નથી તે કબૂલ કરે છે. મુદ્દામાલ વાસણ ઉપર કોઈ સહી કે નિશાની કરેલ નથી તે કબૂલ કરે છે. મુદ્દામાલ વાસણ અને સાઈકલનું સ્ટેન્ડ પોલીસ કયાંથી લાવેલી તેની પણ ખબર નથી. તૈયાર પંચનામામાં સહીઓ કરેલાની હકીકત નકારે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો ખાડીયા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૭૧/૨૦૦૮ નાં કામે તપાસ કરનાર અધીકારી ઉષા રાડાએ આ પંચ તથા બીજા એક પંચ ઉપેન્દ્ર જયસ્વાલને પંચમાં રહેવા તા.૨૧.૮.૨૦૦૮ ના રોજ ખાડીયા પોલીસ સ્ટેશનમાં બોલાવેલા અને ત્યાં આરોપી નં.૧ જાહીદ કુતબુદ્દીન શેખનાઓ હાજર હતા આ જાહીદ કુતબુદ્દીન શેખ તથા આરોપી નં.૩૭ કયામુદ્દીન સરફુદ્દીન કાપડીયાનાઓએ અલમહમદી સોસાયટી મકાન નં.૧૦ ભાડે રાખેલુ હતુ અને તે મકાનમાંથી કબજે લીધેલા વાસણો ઓળખવાના હતા. ત્યાં વાસણ ઓળખવા માટે મહમદફારૂક અજીજભાઈ મેમણ હાજર હતા અને તેમણે વાસણો જેવા કે સ્ટીલનો ડોયો, સ્ટીલની થાળી નંગ–૨, સ્ટીલની ખાડાવાળી પ્લેટો નંગ–૨, સ્ટીલના ઢાંકણા નંગ–૨, સ્ટીલનું કાણાવાળુ ઢાંકણ નંગ–૧, સ્ટીલના ગ્લાસ નંગ–૩, સ્ટીલનુ ભાતીયુ નંગ–૧, સ્ટીલનો ચમચો નંગ–૧, સ્ટીલનું ઢાંકણ નાનુ નંગ–૧, સ્ટીલનો ચીપીયો નંગ–૧, ચા ગાળવાના ગરણી નંગ–૧, સ્ટીલની ચમચી નંગ–૨ અને એલ્યુમીનીયમ ની તપેલી જુદી,જુદી સાઈઝની નંગ–૩ આ રીતેનો સામાન આ સાહેદે ઓળખી

બતાવેલો અને તેમના કહેવા પ્રમાણે આ વાસણો યુનુસ મહમદ મન્સુરી (આરોપી નં.૮) નાઓ લઈ ગયેલા હતા તેમ જણાવેલુ છે. આ પંચનામુ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડાનાઓએ પોતાની આંક–૮૩૪૦ ની જુબાનીના પેરા નં.૨.૨૬ પાના નં.૧૩,૧૪ ધ્યાને લઈએ તો અલમહમદી સોસાયટીના મકાન નં.૧૦ માંથી મળી આવેલાં વાસણોની સાહેદ મહમદફારૂક અજીજભાઇ મેમણ કે જેઓ પાસેથી વાસણો ખરીદયાની હકીકત તપાસ દ્વારા બહાર આવેલી હતી તે સાહેદ મારફત ઓળખ કરાવવા સારૂ સાહેદ નં.૯૩૮ મહંમદ ફારૂક અજીજભાઈ મેમણને ક્રાઇમ બ્રાન્ચ કચેરીએ હાજર રાખેલ અને તે અંગેનું પંચનામુ કરવા સારૂ બે પંચોને ક્રાઇમ બ્રાન્ચની કચેરીએ બોલાવેલા અને તેઓને વાસણોની ઓળખ કરવા બાબતેની સમજ કરેલી અને તેઓએ પંચમાં રહેવા સ્વખુશી બતાવતાં આ વાસણોની ઓળખ બે પંચો રૂબરૂ સાહેદ મહમદફારૂક અજીજભાઇ મેમણનાઓએ પંચનામાની વિગતે કરેલી હતી અને આ પંચનામું પંચોના લખાવ્યા મુજબનું લખી લેવામાં આવેલું અને તે પંચનામામાં પંચોની સહીઓ મેળવવામાં આવેલી અને રૂબરૂમાં આ સાહેદે સહીઓ કરેલી અને આંક–૫૫૩૮ વાળા પંચનામામાં બે પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે. વધુમાં સરતપાસ ધ્યાને લઈએ તો અલમહમદી સોસાયટી મકાન નં.૧૦ માંથી મળી આવેલ સાઇકલનું એક લોખંડનું કેરીયર જે કબ્જે લેવામાં આવેલું તે એફ.એસ.એલ.માં તપાસણી સારૂ મોકલવાનું હોવાથી સીલ કરવાની જરૂરીયાત હોવાથી તે અંગે આ દિવસે અગાઉ બોલાવેલા બે પંચોને હાજર રાખેલા હતાં અને તેઓને આ પંચનામા બાબતેની પણ સમજ કરેલી અને તેઓની રૂબરૂમાં આ સાઇકલનું કેરીયર કંતાનમાં સીવી, બાંધી પંચો રૂબરૂ પંચોની સહીઓ વાળી સ્લીપ મુકી સીલ કરી કબ્જે લેવામાં આવેલું અને આ અંગેનું પંચનામું પંચોના જોયા લખાવ્યા મુજબનું લખી લેવામાં આવેલું. આંક–૫૫૩૯ વાળા પંચનામામાં બે પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે તેમજ આંક–૫૫૪૦ વાળી પંચ સ્લીપમાં પણ સહીઓ ઓળખી બતાવે છે. સાહદે ઉષા રાડાની ઉલટ તપાસના પેરા નં.૧૬ ધ્યાને લઈએ તો આંક–૬૬૫૬ વાળુ પંચનામુ દાણીલીમડાની

અલમહમદી સોસાયટીના મકાન નં.૧૦ અંગે બનાવ્યુ તે બનાવતા પહેલા એફ. એસ.એલ. અધિકારીઓ, ચાન્સ પ્રિન્ટ ફોટોગ્રાફરને હાજર રાખેલાનુ જણાવે છે. આ અધિકારીઓને યાદી લખી બોલાવ્યા હોય તેવુ બનેલુ નથી તો તે કબૂલ કરે છે. આંક–૬૬૫૬ વાળુ પંચનામુ બનાવ્યુ તે પહેલા અન્ય તપાસનીશ અધિકારીઓએ સ્થળની મુલાકાત લઈ પંચનામુ બનાવેલુ તો તે હકીકત નકારે છે. આરોપી જાહીદ કુત્બુદ્દીન શેખની અટક સૌપ્રથમ કયા તપાસનીશ અધિકારીએ કઈ તારીખે કરી તે કહી શકે તેમ નથી. આ આરોપીની સૌપ્રથમ અટક આ સાહેદે કરેલી નથી તો તે હકીકત કબૂલ કરે છે. જાહીદ કુત્બુદ્દીન શેખનો કબજો ટ્રાન્સફર વોરન્ટના આધારે મેળવેલાનુ કબૂલ કરે છે. અલમહમદી સોસાયટીના મકાન નં.૧૦ ઉપર ગયા ત્યારે મકાનમાં પ્રવેશ કરવાનું કોઈ સર્ચ વોરન્ટ ન હતુ તે કબૂલ કરે છે. મકાન નં.૧૦ ઉપર ગયા ત્યારે તેના માલીક કોણ છે તેની તે વખતે માહિતી મળેલી નહીં. મકાનના માલીક અંગેની માહિતી આરોપી પાસેથી પણ મળેલી નહીં. પંચનામુ શરૂ કર્યુ અને પુરૂ કર્યુ ત્યાં સુધી મકાનના માલીકની માહિતી મળેલી નહીં. મકાનમાં ઘરવખરીનો સામાન હતો તે કબૂલ કરે છે. ઘરમાં જે સામાન હતો તેના ઉપરથી એવુ લાગેલુ કે ઘરમાં વ્યકિતઓ રહેતી નથી. પરંતુ સાહેદે જણાવેલુ છે કે ઘર ચાલુ હતુ કે કેમ? તે કહી શકે તેમ નથી. મકાનના દરવાજા ઉપર લોક જે તોડેલુ તેને કપડામાં લપેટી સીલ કરી કબજે લીધાનું યાદ નથી. આંક–૬૬૫૬ વાળા પંચનામામાં તાળાને કપડામાં લપેટી સીલ કર્યાનો ઉલ્લેખ નથી. કબજે કરેલા દરેક વાસણો ઉપર પંચોની સહીઓવાળી સ્લીપ લગાવેલી નથી તે કબૂલ કરે છે.

સાહેદ ઉષા રાડાની ઊલટતપાસ પેરા નં.૩૫ ધ્યાને લેતા મકાન નં.૧૦ ઉપર વીજળીના મીટર ઉપર ગ્રાહક નં.૨૪૩૭૧૨૭ જે પંચનામામાં દર્શાવેલો છે તથા તેના માલીકે જે લાઈટબીલ રજૂ કરેલુ તેમાં ગ્રાહક નં. ૨૦૩૩૪૦૬ બતાવેલુ તે બાબતે તપાસ કરેલાનું કહી શકે તેમ નથી. મકાનના માલીકનું નિવેદન લીધેલાનું કબૂલ કરે છે. જુલાઈ–૨૦૦૮નુ બીલ એટલા માટે કબજે કરેલુ નથી કે મકાન જુલાઈ–૨૦૦૮ મા બીનવપરાશી પડી રહેલુ હતુ.

મકાનમાંથી મળેલા વાસણો કઈ તારીખે ખરીદ કરવામાં આવેલા તે કહી શકે નહીં તે કબૂલ કરે છે. મકાનમાં સાઇકલ સ્ટેન્ડ કયાંથી આવેલુ તે પણ કહી શકે નહીં. મારા મત પ્રમાણે વાસણો તથા સાઇકલનું સ્ટેન્ડ કયાંથી લાવેલા અને કોણ લાવેલા તે આ સાહેદ ચોકકસપણે સહી શકે નહીં કારણ કે આ સાહેદ લાવેલા નથી. વધુમાં ઉલટ તપાસના પેરા નં.૫૯ ધ્યાને લઈએ તો મકાનનું તાળુ ગાડીના ડ્રાઈવર પાસેથી ટોમી મંગાવીને ડ્રાઈવરે તોડેલુ. ઘરનો વપરાશ ચાલુ છે કે બંધ તે અંગેના પુરાવા ભેગા કરેલાનો પ્રયત્ન કરેલાનું કહી શકે તેમ નથી. મકાનમાં જે કોઈ રહેતા હતા તે છેલ્લે કયાં સુધી અને કયા સમય સુધી રહેલા તે અંગેનો પુરાવો મેળવેલો અને ચાર્જશીટ સાથે રજૂ કરેલો છે. આંક–૫૫૩૯ વાળા પંચનામામાં વાસણો પંચો રૂબરૂ સીલ તોડીને બતાવેલાનો ઉલ્લેખ નથી તે કબૂલ કરે છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે મુનાફઅલી અફજલ દુરાનીને સાહેદ નં.૧૦૬૩ તરીકે આંક–૭૨૨૨ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૧૩/૯/૨૦૦૮ ના રોજ ભૂજમાં એક સાયબર કાફે ઉપર સર્ફિંગ માટે ગયા હતા. તેઓ જે સાયબર કાફે ઉપર ગયા હતા તે સાયબર કાફેનું નામ "ઇન્ફિનીટી" હતું અને આ સાયબર કાફે હોસ્પિટલ રોડ ઉપર હતું. આ સાહેદ ત્યાં ગયા ત્યારે ત્યાં પોલીસ હતી. આ પોલીસ સિવિલ ડ્રેસમાં હતી પછી ખબર પડેલી કે આ પોલીસ છે. પોલીસે આ સાહેદને પંચમાં સહી કરવાનું કહેલું. તેઓ ત્યાં બે કલાક જેટલો સમય રોકાયેલા અને રજીસ્ટર પોલીસે લીધેલું. આ ઇન્ફિનીટી સાયબર કાફેમાં જુદી–જુદી કેબીનો હતી. ત્યાં જુદી–જુદી કેબીનોમાં કમ્પ્યુટરો હતા તથા સી.પી.યુ. હતાં. જે સર્ફિંગ કરવા માટે હતાં. પોલીસે જે રજીસ્ટર લીધેલું તેમાં આ સાહેદની સહી લીધેલી. આ સાહેદ આંક–૭૨૨૩ વાળા રજીસ્ટરમાં પોતાની તથા બીજા પંચની સહીઓ ઓળખી બતાવે છે તેમજ આંક–૭૨૨૪ વાળા પંચનામામાં પણ સાહેદ પોતાની તથા બીજા પંચની સહી ઓળખી બતાવે છે અને તેમાં લખેલી હકીકત સાચી હોવાનું જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ ચોકકસ કેટલા સમયે ત્યાં ગયેલા તે યાદ નથી. પોલીસના માણસો સાયબર કાફે ઉપર

કેટલા સમય પહેલાથી આવેલા તેની ખબર નથી. પોલીસે તેઓના ઓળખપત્રો બતાવેલા નહીં. મારા મત પ્રમાણે પોલીસના ઓળખપત્ર આ સાહેદ માંગે પણ નહીં. પોલીસના માણસો સાથે વાતચીત કરેલી કે કેમ? તે યાદ નથી. તે દિવસે કઈ વ્યકિતઓ સાથે શું–શું વાતચીત કરેલી તે કહી શકે તેમ નથી. આ સાહેદ સ્થળ ઉપર ગયા ત્યારે પંચનામુ તૈયાર હતુ અને તેમાં સહી કરેલી તો તે હકીકત નકારેલી છે. સાયબર કાફેની અંદરની પરિસ્થિતિ શું હતી તેનાથી આ સાહેદ વાકેફ હતા તે કબૂલ કરે છે. તા.૩૦.૪.૨૦૦૮ પછી રજીસ્ટરમાં કોઈ એન્ટ્રી નોંધેલી ન હોય તે બાબતે પુછપરછ કરેલી હોય તો તે યાદ નથી. તા.૭.૨.૨૦૦૮ નાં રોજ કાફે ઉપર દેખરેખ માટે કઈ વ્યકિત કેટલો સમય રોકાયેલી તેવી કોઈ હકીકત જાણવા મળેલી નથી. પંચનામામાં જણાવેલ કાર્યવાહીની વીડિયોગ્રાફી કે ફોટોગ્રાફી કરેલાનું યાદ નથી.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ ના કામે તપાસ કરનાર અધિકારીને મદદ કરનાર અધિકારી જગુભાઈ માલાભાઈ ભરવાડનાઓએ આ પંચ સાહેદ તથા બીજા પંચ સાહેદની હાજરીમાં તા.૧૩.૯.૨૦૦૮ ના રોજ ભુજ ખાતે "ઈન્ફીનીટી" સાયબર કાફે ઉપર જઈને સાયબર કાફેનું રજીસ્ટર આંક–૭૨૨૪ વાળા પંચનામાના આધારે કબજે કરેલુ હતુ અને તે સાયબર કાફેના રજીસ્ટર આંક–૭૨૨૩ મા આરોપી નં.૩૭ નું નામ લખેલુ છે. તા.૭.૨.૨૦૦૮ નાં રોજ આરોપી નં.૧, ૧૨ અને ૧૬ નાઓએ આ સાયબર કાફે ઉપર સરફીંગ કરેલુ હતુ તે હકીકત સ્પષ્ટ બને છે અને આંક–૭૨૨૪ ના પંચનામાની વિગતે આંક–૭૨૨૩ વાળુ રજીસ્ટર કબજે કરનાર સાહેદ નં.૧૦૬૯ જગુભાઈ માલાભાઈ ભરવાડ પોતાની જુબાનીના પાન નં.૩ ઉપર આ હકીકત જણાવે છે અને આંક–૭૨૨૪ વાળા પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે. આ સાહેદ નં.૧૦૬૯ જગુભાઈ ભરવાડની ઊલટતપાસ ધ્યાને લઈએ તો ભુજ ખાતે તેઓ સરકારી વાહનમાં ગયેલા, કયા વાહનમાં ગયેલા તે યાદ નથી. સરકારી વાહન કઈ જગ્યાએ ગયુ તેની નોંધ લોગબુકમાં કરવામાં આવે છે. પોતાનુ નિવેદન તપાસ કરનાર

અધિકારીએ લીધેલુ કે કેમ તે યાદ નથી. વી.આર.ટોળીયાએ જે સુચના આપેલી તેનો દસ્તાવેજી પુરાવો નથી તે કબૂલ કરે છે. અમદાવાદ થી ભૂજ અને ભૂજથી અમદાવાદ આવ્યા તે અંગેનો દસ્તાવેજી પુરાવો નથી તે કબૂલ કરે છે. પંચનામાની કાર્યવાહી કરી તે બાબતે નજીકના પોલીસ સ્ટેશને જઈ રીપોર્ટ કર્યો હોય તેવુ બનેલુ નથી. ઈન્ફિનીટી ટેકનોલોજી એન્ડ સાયબર કાફેના માલીક ખાલીદભાઈ નવસાદભાઈ બુખારી તથા મહંમદ લતીફ સુમરા હોય અને તેઓ ભાગીદાર હોય તેવો કોઈ દસ્તાવેજી પુરાવો મેળવેલો નથી. સાયબર કાફેવાળુ મકાન કોના નામે છે તે બાબતે મ્યુનિસિપાલિટીનું ટેક્ષ બીલ કે ઈલેકટ્રીક બીલ કબજે કરેલ નથી. ભૂજ મુકામે જતા પહેલા આરોપી સફદર નાગોરી કેટલા સમયથી કસ્ટડીમાં છે તેની કોઈ માહિતી શ્રી વી.આર.ટોળીયાએ આપેલી નહીં. મુદ્દામાલ રજીસ્ટર આંક–૭૨૨૩ ઉપર ઈન્ફીનીટી ટેકનોલોજી એન્ડ સાયબર કાફે છાપેલુ નથી તે કબૂલ કરે છે. મારા મત પ્રમાણે છાપેલુ ન હોય તો તેનો અર્થ એવો નથી કે આ રજીસ્ટર સાયબર કાફેનું નથી. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો રજીસ્ટર ઉપર સાયબર કાફેનું સરનામુ લખેલુ નથી તે કબૂલ કરે છે. રજીસ્ટરના પાના ઉપર તા.૭.૨.૨૦૦૮ નાં રોજ કોઈ વ્યકિતનું આઈ.ડી. પ્રુફ કે આઈ.ડી. નંબર લખેલો હોય તેવુ નથી તે કબૂલ કરે છે. રજીસ્ટરના પાના ઉપર એન્ટ્રી નં.સી/૧૧, સી/૫ તથા સી/૬ ની એન્ટ્રીઓમાં નામો લખેલા નથી. મારા મત પ્રમાણે આ સાહેદ મુનાફઅલી અફઝલ દુરાની ભૂજના રહેવાસી છે, સ્વતંત્ર સાહેદ છે. ફરિયાદપક્ષ સાથે મિત્રતા નથી કે આરોપીઓ સાથે કોઈ દુશ્મનાવટ નથી માટે તેમની હાજરીમાં આ રજીસ્ટર કબજે કરેલાની હકીકત નકારી શકાય તેમ નથી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે ઓસ્માન અબ્દુલ સીદીને સાહેદ નં. ૧૦૭૪ તરીકે આંક–૭૩૦૦ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ રીક્ષા લઈને હોસ્પિટલ રોડ ભૂજ ખાતેથી પસાર થતા હતા ત્યારે પોલીસે રાજારામ કોમ્પલેક્ષ પાસે ઉભા રાખેલા અને પુછેલું કે પંચમા રહેશો જેથી પંચમા રહેવાની "હા" પાડેલી ત્યારબાદ તેઓ દુકાને ગયેલા તેમની સાથે એકબીજા કિશોરસિંહ કરીને હતા. તેઓ દુકાને ગયેલા તે દુકાન કોમ્પ્યુટરની હતી.

ત્યા દુકાનના માલિક હતા. ત્યાં એક ડિશમાંથી કેસેટ લઇને સાહેબને આપેલી. આ કેસટ કમ્પ્યુટરની ડીશમાંથી કાઢીને આપેલી. આ કેસેટને સાહેબે બોક્ષમા મુકિને બોક્ષને સીલ કરેલ. સીલની જોડે પંચ મારીને સીલ કરેલ. પોલીસે ત્યાં આ બાબતે લખાણ કરેલું. સદર કાર્યવાહીનું જે પંચનામુ કરેલુ તે આંક–૭૩૦૧ મા સાહેદ પોતાની તથા બીજા પંચની સહીઓ ઓળખી બતાવે છે તેમજ આંક–૭૩૦૨, ૭૩૦૩ વાળી પંચ સ્લીપોમાં પણ સાહેદ પોતાની તથા બીજા પંચની સહીઓ ઓળખી બતાવે છે તથા કબજે કરવામાં આવેલ મુદ્દામાલ પણ અદાલત રૂબરૂ આ સાહેદ ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો હાથથી લખેલુ ગુજરાતી વાંચતા આવડતુ નથી તે કબૂલ કરે છે. પોલીસવાળા મળેલા અને પંચનામામાં સહી કરવાની છે માટે તમે ચાલો તેવુ કહેલુ તો તે હકીકત નકારી છે. પોતાના ઘરની પાસે પોલીસ સ્ટેશન છે તો તે હકીકત નકારી છે. કમ્પ્યુટરની દુકાને આ સાહેદને લઈ ગયા ત્યારે પોલીસના બીજા માણસો પણ હાજર હતા તે કબૂલ કરે છે. આ માણસો કેટલા સમય પહેલાથી ત્યાં હાજર હતા તેનો ખ્યાલ નથી. કમ્પ્યુટરના સ્પેરપાર્ટ વિશે માહિતી નથી. દુકાન ઉપર ૪–૫ પોલીસના માણસો સિવાય બીજા કોઈ માણસો હાજર ન હતા. સ્થળ ઉપર બોલાવ્યા ત્યારે લખાણ તૈયાર હતુ અને તૈયાર લખાણ ઉપર સહીઓ કરેલી તો તે હકીકત નકારી છે. સરતપાસમાં જણાવ્યા મુજબ પોલીસે હાર્ડ ડીસ્કમાંથી કેસેટ કાઢીને કબજે કરી સીલ કરી નથી તો તે હકીકત નકારી છે. પોલીસના કહેવા અને સમજાવવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારી છે.

આમ આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ ના કામે તપાસ કરનાર અધિકારીને મદદ કરનાર અધિકારી પી.જી.વાઘેલાનાઓએ આ સાહેદ તથા બીજા પંચ કિશોરસિંહ રમુભા જાડેજાની હાજરીમાં તા.૬.૧૨.૨૦૦૮ નાં રોજ ભુજ ખાતે ઈન્ફીનીટી ટેકનોલોજી એન્ડ સાયબર કાફેનુ સીલ ખોલી સાયબર કાફેમાં આવેલ કમ્પ્યુટર અને સી.પી.યુ.માંથી હાર્ડ ડીસ્ક કાઢીને કબજે લીધેલી છે. આ સયાબર

કાફે ઉપર તેના માલીક મહંમદયુનુસ અબ્દુલલતીફ સુમરા હાજર હતા અને તેમણે કાફેનું તાળુ ખોલેલુ અને ત્યારબાદ સી.પી.યુ.માંથી હાર્ડ ડીસ્ક કબજે કરેલી છે. આ પંચનામાની હકીકત પ્રમાણે તા.૭.૨.૨૦૦૮ ના રોજ આરોપી નં.૧, ૧૨ અને ૧૬ નાઓએ આ સાયબર કાફેમાં સરફીંગ કરેલુ હતુ. હાર્ડ ડીસ્ક કબજે કરેલાની હકીકત સાહેદ નં.૧૦૮૯ પી.જી.વાઘેલાએ પોતાની આંક–૭૫૨૬ ની જુબાનીના પાના નં.૫ થી ૭ ઉપર જણાવેલી છે તથા આંક–૭૩૦૧ વાળા પંચનામામાં તેમજ આંક–૭૩૦૨ અને ૭૩૦૩ વાળી પંચ સ્લીપોમાં સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે. સાહેદ નં.૧૦૮૯ પી.જી.વાઘેલાની ઉલટ તપાસના પેરા નં.૧૬, ૧૭, ૨૮, ૩૦ ધ્યાને લઈએ તો ભૂજ મુકામે ઈન્ફીનીટી સાયબર કાફે ઉપર કોના હુકમથી સીલ મારેલુ તે કહી શકે તેમ નથી. સીલ તોડવા માટે ઉપરી અધિકારી કે મેજિસ્ટ્રેટ સાહેબનો હુકમ મેળવેલો નથી. સાયબર કાફે ઉપર કોઈ નિષ્ણાંતને હાજર રાખેલા નહીં. એક કમ્પ્યુટરમાંથી હાર્ડ ડીસ્ક કબજે કરેલી, બીજા કમ્પ્યુટરોમાંથી હાર્ડ ડીસ્ક કબજે કરેલી નથી. ભૂજ મુકામે યુનુસ સુમરાનું નિવેદન લીધેલુ નથી. યુનુસ સુમરા હાજર ન હતા તો તે હકીકત નકારી છે. ભૂજ મુકામે તપાસ કરી તે વખતે એસ.ઓ.જી.ના પોલીસ ઈન્સ્પેકટર કોણ હતા તે યાદ નથી. સીલ કયા અધિકારીના કબજામાં રહે છે તેની જાણકારી નથી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે જગુભાઈ માલાભાઈ ભરવાડને સાહેદ નં. ૧૦૬૯ તરીકે આંક–૭૨૫૬ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ સને–૨૦૦૮ ના વર્ષમાં એસ.ઓ.જી. ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ ખાતે પોલીસ સબઇન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા. શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ ના કામે મુખ્ય તપાસ કરનાર અધિકારી વી.આર. ટોળીયાની સુચના મુજબ આ સાહેદ તા.૧૩.૯.૨૦૦૮ નાં રોજ ભુજ મુકામે ઈન્ફીનીટી સાયબર કાફે ઉપર ગયેલા અને પંચોને બોલાવેલા અને કાઉન્ટર ઉપર બેઠેલા ખાલીદ બુખારીને ઓળખાણ આપી સમજ આપેલી. ત્યારબાદ કાફેના માલીકોની હાજરીમાં ભુરા કલરનું રજીસ્ટર પંચોની હાજરીમાં

કબજે કરેલુ. આ રજીસ્ટર મુજબ તા.૭.૨.૨૦૦૮ ના રોજ આ સાયબર કાફે પરથી આરોપી નં.૧, ૧૨ અને ૧૬ નાઓએ સર્ફીંગ કરેલાની હકીકત જણાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો વી.આર.ટોળીયાએ સુચના આપ્યા અંગેનો કોઈ દસ્તાવેજી પુરાવો નથી તે કબૂલ કરે છે. સાયબર કાફેના માલીકો અને ભાગીદારોનો પણ કોઈ દસ્તાવેજી પુરાવો માંગેલો નથી. આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લેતા આ સાહેદ ભૂજ મુકામે ગયેલા નથી અને ઈન્ફિનીટી સાયબર કાફેનું રજીસ્ટર કબજે કરીને લઈ આવેલા નથી તેવી કોઈ હકીકત ઊલટતપાસ દરમ્યાન નીકળી આવતી નથી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે વિનય શુકલાને સાહેદ નં.૧૦૭૦ તરીકે આંક-૭૨૬૪ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ સને-૨૦૦૮ના વર્ષમાં આ સાહેદ પણ એસ.ઓ.જી. ક્રાઈમ બ્રાન્ચમાં પોલીસ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા. આ સાહેદની સરતપાસના પાન નં.૨૧, પેરા નં.૫.૨ મુજબ આ સાહેદે મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૩/૨૦૦૮ ના કામે આરોપી નં.૧ ને સાથે રાખી પંચો તથા એફ.એસ.એલ. અધિકારીઓને લઈ જાહીદ શેખ (આરોપી નં.૧)ના કહેવા અને બતાવ્યા મુજબ પાલડી ખાતે આઈનેટ સાયબર કાફે ઉપર ગયેલા કે જયાંથી આરોપી નં.૧ નાએ ઈ-મેઇલ કરેલા હતા અને તે સાયબર કાફેના કમ્પ્યુટરમાંથી એફ.એસ.એલ. અધિકારીઓની સુચના મુજબ કુલ-૭ નંગ હાર્ડ ડીસ્ક આંક-૫૫૧૭ વાળા પંચનામાની હકીકતે કબજે કરી સીલ કરેલી. આંક-૫૫૧૭ ના પંચનામામાં તથા આંક-૫૫૧૮ ની પંચ સ્લીપમાં આ સાહેદ સહી ઓળખી બતાવેલી છે. આ ઉપરાંત સાયબર કાફેનું લાઈટ બીલ કબજે કરેલુ જે આંક-૫૫૧૯ થી રજૂ છે. આ ઉપરાંત આ સાહેદે તા.૨.૯.૨૦૦૮ ના રોજ બે પંચોની હાજરીમાં આઈનેટ સાયબર કાફે ઉપર જઈ આઈનેટ સાયબર કાફેનું રજીસ્ટર આંક-૩૨૦૭ ના પંચનામાની વિગતે કબજે કરેલુ જે પંચનામામાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવી છે. જે રજીસ્ટર કબજે કરેલુ તેના પાના નં.૮૩

ઉપર કયામુદ્દીનના નામની એન્ટ્રી હતી તે રજીસ્ટરનુ પાનુ આંક–૩૨૦૮ થી રજૂ છે.

આ સાહેદની ઉલટ તપાસના પેરા નં.૧૬ ધ્યાને લઈએ તો સાયબર કાફેમાંથી શું ઈ–મેઇલ થયેલો તેની ખબર પડેલી નહીં. મારા મત પ્રમાણે આ સાહેદે હાર્ડ ડિસ્કો કબજે કરવાની હતી તેમા શું ઈ–મેઇલ થયેલો તેની તપાસ આ સાહેદે કરવાની ન હતી પરંતુ એફ.એસ.એલ. અધિકારીઓએ કરવાની હતી. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો જે હાર્ડ ડીસ્કો કબજે કરેલી તે ઓપરેટ કરી જોયેલી નહીં તે કબૂલ કરે છે. હાર્ડ ડીસ્કો કબજે કરતી વખતે ઉપલા અધિકારીઓ કોઈ હાજર ન હતા તે કબૂલ કરે છે. હાર્ડ ડીસ્કો કબજે કરી ત્યારે સાયબર કાફેના માલીક હાજર હતા નહીં તે કબૂલ કરે છે. અબ્દુલ અજીમે આ સાહેદની હાજરીમાં રજીસ્ટર રજૂ કરેલુ નહીં તો તે હકીકત નકારી છે. આમ આ સાહેદે આંક–૫૫૧૭ વાળા પંચનામાની વિગતે જાહીદ શેખ (આરોપી નં.૧) ના કહેવા અને બતાવ્યા પ્રમાણે આઈનેટ સાયબર કાફે ઉપર જઈ પંચો તથા એફ.એસ.એલ. અધિકારીની હાજરીમાં કુલ–૭ હાર્ડ ડીસ્ક કબજે કરીને સીલ કરેલી છે. ઊલટ તપાસમાં આ મુજબની કોઈ કાર્યવાહી આ સાહેદે કરેલી નથી તેવી કોઈ હકીકત નીકળી આવતી નથી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે અજીજખાન અહેમદખાન સીંધીને સાહેદ નં.૧૦૭૭ તરીકે આંક–૭૩૫૨ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ સને–૨૦૦૮ના વર્ષમાં આ સાહેદ ક્રાઈમ બ્રાન્ચમાં પોલીસ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા. આ સાહેદની સરતપાસના પાન નં.૧૯, પેરા નં.૬.૯ મુજબ આ સાહેદે મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૩/૨૦૦૮ ના કામે આરોપી નં.૧ નાઓએ હાલોલ મુકામે જેહાદી કેમ્પમાં જવા આવવા માટે વાપરેલ મોટર સાઇકલ તેના પિતાશ્રી કુત્બુદ્દીન શેખનાઓએ રજૂ કરેલી તે મોટર સાઇકલ બજાજ સીટી ૧૦૦ નો નં.જીજે–૦૧–ઇકે–૪૫૨૪ આંક–૩૧૯૩ વાળા પંચનામાની વિગતે કબજે કરેલુ. આ પંચનામામાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. આ સાહેદે પોતાની

જુબાની દરમ્યાન વીડિયો કોન્ફરન્સ દ્વારા ટી.વી. સ્ક્રીન ઉપર તમામ આરોપીઓને બતાવતા આરોપી નં.૭ અને ૩૭ ને ઓળખી બતાવેલા છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા આ કહેવાતી મોટર સાઇકલ આરોપી નં.૧ ના પિતાએ રજૂ કરેલી નથી કે આ સાહેદે આંક–૩૧૯૩ ના પંચનામા આધારે કબજે કરેલી નથી તે હકીકત નીકળી આવતી નથી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે પ્રવિણસિંહ ગટોરસિંહ વાઘેલાને સાહેદ નં.૧૦૮૯ તરીકે આંક–૭૫૨૬ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ સને–૨૦૦૮ના વર્ષમાં આ સાહેદ સ્ટેટ વીજીલન્સ સ્કવોર્ડમાં પોલીસ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા અને તા.૨૬.૭.૨૦૦૮ નાં રોજ અમદાવાદ શહેરમાં સીરીયલ બોમ્બ બ્લાસ્ટ થયેલ તેની તપાસ ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદને સોંપેલી તે તપાસોની ટીમોમાં આ સાહેદ તા.૩૦.૭.૨૦૦૮ નાં રોજ હાજર થયેલા. શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ ની તપાસ મદદનીશ પોલીસ કમિશનર એચ.આર.મુલીયાણા કરતા હતા. આ સાહેદની સરતપાસના પેરા નં.૩ મુજબ તા.૬.૧૨.૨૦૦૮ ના રોજ મદદનીશ પોલીસ કમિશનર વી.આર.ટોળીયાની સુચના મુજબ ભૂજ મુકામે ઈન્ફીનીટી ટેકનોલોજી એન્ડ સાયબર કાફે અગાઉ સીલ કરેલુ હતુ તે ખોલીને કમ્પ્યુટરમાંથી હાર્ડ ડીસ્ક કબજે કરવાની હતી માટે આ સાહેદ તા.૬.૧૨.૨૦૦૮ ના રોજ ભૂજ મુકામે ગયેલા અને ઈન્ફીનીટી સાયબર કાફે ઉપર બે પંચોને બોલાવેલા. સાયબર કાફેના માલીક યુનુસ અબ્દુલલતીફ સુમરા હાજર હતા અને તેમની હાજરીમાં કેબીન નં.૮ ઉપર સફદર નાગોરી (આરોપી નં.૧૨) નાઓ તા.૭.૨.૨૦૦૮ નાં રોજ સરફીંગ કરવા બેઠેલા હતા તે કમ્પ્યુટરની હાર્ડ ડીસ્ક કાઢીને આંક–૭૩૦૧ વાળા પંચનામાની વિગતે કબજે કરી સીલ કરેલ જે પંચનામામાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે તથા આંક–૭૩૦૨ અને ૭૩૦૩ વાળી પંચ સ્લીપમાં પણ આ સાહેદે પોતાની સહીઓ ઓળખી બતાવેલી છે.

આ સાહેદની ઊલટતપાસના પેરા નં.૧૬ ધ્યાને લઈએ તો સાયબર કાફે ઉપર કોના હુકમથી સીલ મારેલ હતુ તે કહી શકે તેમ નથી. સીલ તોડવા માટે

ઉપરી અધિકારી કે મેજિસ્ટ્રેટનો હુકમ મેળવેલો નહીં. સાયબર કાફે ઉપર કોઈ નિષ્ણાંતને હાજર રાખેલા નહીં. મારા મત મુજબ સી.પી.યુ.માંથી હાર્ડડીસ્ક કબજે કરવા માટે કોઈ નિષ્ણાંતની જરૂર હોતી નથી પરંતુ હાર્ડ ડીસ્ક તેના માલીકે સી.પી.યુ. ખોલીને રજૂ કરી હતી. વધુ ઊલટતપાસ ધ્યાને લઈએ તો એક કમ્પ્યુટરમાંથી હાર્ડ ડીસ્ક કબજે કરેલી અને બીજા કમ્પ્યુટરમાંથી હાર્ડડીસ્ક કબજે કરેલી નહીં. આરોપીઓ તરફથી આ કબૂલાત્મક પ્રશ્ન પુછવામાં આવેલો છે જેથી આ સાહેદની સરતપાસ મુજબ તેમને એક હાર્ડડીસ્ક કબજે કરેલી તે આરોપીઓ તરફથી સ્વીકારવામાં આવેલુ છે તેમ સહી શકાય. આ ઉપરાંત ઊલટતપાસના પેરા નં.૨૩ ધ્યાને લઈએ તો સાયબર કાફેનુ પંચનામુ કર્યું ત્યારે આરોપી નં.૧૨ સફદર નાગોરીએ ત્યાં કોઈ કામગીરી કરેલી હોય તેવો કોઈ દસ્તાવેજી પુરાવો મળેલો નહીં. તે જ રીતે આરોપી નં.૧ જાહીદ શેખનાઓએ પણ સાયબર કાફેમાં કામગીરી કરી હોય તેવો કોઈ દસ્તાવેજી પુરાવો મળેલો નહીં. મારા મત પ્રમાણે આ આરોપીઓએ કમ્પ્યુટરોમાં સર્ફીંગ કરેલુ હતુ તેનો કોઈ દસ્તાવેજી પુરાવો ન હોય અને એટલા માટે જ આ હાર્ડ ડીસ્ક કબજે કરેલી હતી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે તરૂણકુમાર અમૃતલાલ બારોટને સાહેદ નં.૧૦૪૯ તરીકે આંક–૮૨૫૬ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ સને–૨૦૦૮ ના વર્ષમાં આ સાહેદ પણ એસ.ઓ.જી. ક્રાઈમ બ્રાન્ચમાં પોલીસ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા. આ સાહેદની સરતપાસના પાન નં.૨, પેરા નં.૪ મુજબ શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/ ૨૦૦૮ ના કામે તપાસ કરનાર અધિકારી વી.આર. ટોળીયાનાઓની સુચના મુજબ આરોપી નં.૧ જાહીદ કુત્બુદ્દીન શેખના પિતા કુતબુદ્દીન ચાંદમીંયા શેખનાઓએ આ આરોપીના ત્રણ નોકીયા કંપનીના મોબાઈલ ફોન રજૂ કરેલા અને તે ફોન આ સાહેદે બે પંચોની હાજરીમાં આંક–૩૧૮૮ વાળા પંચનામાની વિગતે કબજે કરેલા હતા. આ પંચનામામાં આ સાહેદ પોતાની અને પંચોની સહીઓ ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસના પેરા નં.૨૦, પાન નં.૧૧ ધ્યાને લઈએ તો જાહીદના પિતા પાસેથી જે ત્રણ મોબાઈલ ફોન કબજે લીધેલા તે કબજે લીધા પછી તેની કસ્ટડી ઉપરી અધિકારીને આપેલી કે કોઈ અન્ય અધિકારીને આપેલી તે યાદ નથી. ફોનની કસ્ટડી સીઝ કર્યા પછી કોઈને સોંપેલી હોય તેવુ પણ યાદ નથી. આમ આ સાહેદે મુખ્ય તપાસ કરનાર અધિકારીઓને તપાસમાં મદદો કરેલી છે અને અલગ-અલગ ઘણી કામગીરી બજાવેલી છે અને આ સાહેદની ઊલટતપાસ આરોપીઓ તરફથી સહીયારી થયેલી છે પણ કોઈ ચોકકસ આરોપીઓ પુરતી ચોકકસ હકીકત બાબતે ઊલટતપાસ થયેલી નથી.

તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડાનાઓએ ખાડીયા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં.૭૧/૨૦૦૮ નાં કામે પંચ સાહેદ નં. ૯૫૩ બળદેવભાઈ કસ્તુરચંદ પ્રજાપતિ તથા એફ.એસ.એલ. અધિકારી સાહેદ નં. ૮૪૯ ગૌરીદત્ત દયાનિધિ શર્માનાઓ સાથે આરોપીને લઈને અલમહમદી સોસાયટી મકાન નં.૧૦ ઉપર તા.૧૯.૯.૨૦૦૮ ના રોજ ગયેલા અને મકાનની તપાસ કરતા મકાનમાંથી ઘણો બધો મુદ્દામાલ આંક-૬૬૫૬ ના પંચનામાની વિગતે કબજે કરેલો છે. એફ.એસ.એલ. અધિકારીને સ્થળ ઉપર પધારવા માટે આંક-૫૯૧૨ વાળી યાદી આપેલી હતી. એફ.એસ.એલ. અધિકારીએ સ્થળ તપાસ કરીને જે અહેવાલ આપેલો તે આંક-૫૯૧૩ થી રજૂ કરેલો છે. ઉપરોકત વિષય બાબતે આગળ ઉપર ચર્ચા કરવામાં આવેલી છે. હવે મકાનમાંથી આંક-૬૬૫૬ વાળા પંચનામાના આધારે જે મુદામાલ કબજે કરવામાં આવેલ હતો તે મુજબ:-

(૧) એક લાલ કાળા રંગના વાયરનું ગુંચળુ માર્ક-એ

(૨) એક સ્પાયરલ બાઈન્ડીંગ કરેલી ડાયરી માર્ક-બી

(૩) સેલોટેપના રોલ નંગ-૧૬

(૪) એક પ્લાસ્ટિકનું કવર જેમા એક સીડી છે જેના ઉપર અંગ્રેજીમાં મેક્ષ ૯ તથા સોની મ્યુઝીક લખેલ છે તે માર્ક-સી

(૫) એક પ્લાસ્ટિકની ચટ્ટાઈ, બે ઓસીકા, બે સોલાપુરી ચાદરો, એક વોટર પ્રુફ કારનું કવર, બે લાઈનીંગ તથા ચોકડીવાળા શર્ટ

(૬) એક લાલ કાળા વાયરનું ગુચળુ તથા એક કાટ ખાધેલ છ આની બોલ્ટ માર્ક–ડી

(૭) એક પીત્તળના હાથાવાળી લોખંડની કાટ ખાધેલી કાતર તથા એક નાનુ પકકડ

(૮) ડિઝિટલ કાંડા ઘડિયાળ

(૯) અર્ધાની સાઈઝની પ્લાસ્ટિકની પાઈપના ગુંચળા નંગ ૩

(૧૦) એ કાળા રંગનો જારીવાળો ટેબલ પંખો સન્ની કંપનીનો

(૧૧) જુદા–જુદા રંગના તથા સાઈઝના જુના મેલા શર્ટ નંગ ૬ તથા એક જૂનુ વાદળી રંગનુ પેન્ટ તથા એક જુનો ટોવેલ

(૧૨) એક તુટેલી સીડી જેના ઉપર અંગ્રેજીમાં "ISLAND700MB/80MIN" લખેલ છે જેના ઉપર ફીંગર પ્રીન્ટ ઉપસાવેલ છે તે તથા એક સ્ટીલનો ડોલચો જેના ઉપર પણ ફીંગર પ્રીન્ટ ઉપસાવેલ છે તે

(૧૩) એક નારંગી જેવા રંગનુ મલ્ટી મીટર માર્ક–ઈ

(૧૪) રસોડાના પ્લેટફોર્મ પરના વાસણો જેવા કે સ્ટીરનો પાણીનો ડોયો, પાણી ગાળવાની પ્લાસ્ટિકની ગળણી, સ્ટીલની થાળી નંગ ૨, સ્ટીલની પ્લેટો નંગ ૨, સ્ટીકના ઢાંકણા નંગ ૨, સ્ટીલનું કાણાવાળુ ઢાંકણુ નંગ ૧, સ્ટીલના ગ્લાસ નંગ ૩, સ્ટીકનુ ભાતીયુ નંગ ૧, સ્ટીલનો ચમચો નંગ ૧, સ્ટીલનું ઢાંકણુ નંગ ૧, સ્ટીલનો સળીયાવાળો ચીપીયો, ચા ગાળવાની ગળણી, સ્ટીલની ચમચી નંગ ૨, એલ્યુમિનિયમની જુદી જુદી સાઈઝની ટપેલી નંગ ૩, પ્લાસ્ટિકની ડોલ નંગ ૨

(૧૫) એક લોખંડનુ સાઇકલનું કેરીયર

(૧૬)પ્લાસ્ટિકની પારદર્શક થેલીમાં પેક કરેલ જુદા–જુદા રંગના તથા ડિઝાઈનવાળા નવા શર્ટો નંગ ૧૧

(૧૭) મેલા વપરાયેલ ત્રણ ટ્રેક શુટ તથા ત્રણ શર્ટ

(૧૮) એક જૂની રજાઈ, બે ટોવેલ, જુના ચાદરો તથા જુનો ચોરસો

(૧૯) એક સોલ્ડરીંગ ઈલેકટ્રીક મસીન વાયલ સાથેનો

(૨૦)સ્લોટેપના ગુંચળા તથા સેલોટેપના રોલ નંગ ૬, સ્ક્રુ ડ્રાઈવરો, ટેપના ગુંચળા, છ આની બોલ્ટ તેમજ શકિત બ્રાન્ડ પેન્સીલ સેલના ખાલી ફોલ્ડર

(૨૧) કપડાની તથા પ્લાસ્ટિકની જાડી થેલીઓ કુલ નંગ–૯

(૨૨) પ્લાસ્ટિકની પારદર્શક થેલીઓ નંગ ૧૪ તથા વાદળી રંગની પ્લાસ્ટિકની થેલીઓ નંગ ૨૨ માર્ક–એફ

(૨૩) બે ગાદલા માર્ક–જી

(૨૪) એક લાલ કલરનો ડબ્બો તથા પ્લાસ્ટિકની સફેદ નંગની ઢાંકણાવાળી ડબ્બી તથા એક માર્કર પેન માર્ક–એચ

(૨૫) તા.૨૬.૭.૨૦૦૮ નું ગુજરાત વૈભવ નામનુ દૈનિક વર્તમાનપત્ર તથા બીજુ એક સંભાવ મેટ્રો વર્તમાનપત્ર તા.૨૪.૭.૨૦૦૮ તથા એક અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વર્ષ–૨૦૦૮/૨૦૦૯ ની ડાયરી

(૨૬) એક પ્લાસ્ટિકના સીડી કવરમાં સીડી જે સીડી ઉપર અંગ્રેજીમાં "કોલંબીયા એરોસ્મીથ ગ્રેટેસ્ટ હીટર્સ ૧૯૯૩–૧૯૮૮" લખેલ છે તે

(૨૭) એક સ્કૂલ બેગ જેના ઉપર અંગ્રેજીમાં "ZELDA THE MINISHCAT" લખેલ છે તે

(૨૮) એક પીળા કલરની પ્લાસ્ટિકની થેલીમાં શકિત કંપનીના પેન્સિલ પાવર સેલ નંગ ૩૦, HW–HIWATT–9V બેટરી નંગ ૨૪, ડયુરો સેલ 9V ની બેટરી સાથેના નંગ ૬, લાલ સફેદ વાદળી કલરના વાયર નંગ ૪૮, શકિત બેટરીનું નંગ ૨૦ નું ખાલી પેકેટ, હાઈવોલ્ટ બેટરીના ખાલી ખોખા, ડયુરોસેલનું એક ખોખુ, પ્રિન્સ કંપનીના ઘડિયાળનું તુટેલુ કવર, લોખંડના છરા નંગ ૮ માર્ક–ઈ

(૨૯) બે પ્લાસ્ટિકના કાળા રંગના ટુકડા માર્ક–જે

(૩૦) બળેલી રખીયા જેવો પદાર્થ માર્ક–કે

આંક–૬૬૫૬ ના પંચનામાની વિગતે ઉપરોકત મુદ્દામાલ તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડાનાઓએ પૃથક્કરણ અર્થે રવાનગી નોંધ આંક–૫૭૬૪ થી એફ.એસ.એલ. ગાંધીનગરને મોકલી આપેલ હતો. આ મુદ્દામાલ એફ.એસ.એલ. ગાંધીનગરને મળ્યો તે બાબતની પહોંચ આંક–૫૭૬૨ થી રજૂ કરેલી છે. ઉપરોકત મુદ્દામાલ પૈકીના કેટલાક મુદ્દામાલનું પૃથક્કરણ સાહેદ નં.૮૪૦ એફ.એસ.એલ.અધિકારી જાનમહમદ ફકીરમહમદ મન્સુરીએ કરેલુ છે અને તેમણે જે મુદ્દામાલનું પૃથક્કરણ કરેલુ તે તેઓની જુબાની મુજબઃ–

(૧) નમૂના માર્ક એફ–૧ વાળા એક સીલબંધ કાગળનો પેકેટ જેમાં સફેદ રંગની પ્લાસ્ટિકની થેલીઓ પારદર્શક નંગ ૧૪ તથા વાદળી રંગની પ્લાસ્ટિકની થેલીઓ નંગ ૨૨, કુલ–૩૬ નંગ થેલીઓ માર્ક એફ–૧ થી એફ–૨ નું પૃથક્કરણ કરતા તેમાં વિસ્ફોટક ઘટકોની હાજરી શોધાયેલ નથી. આ ઉપરાંત આ સાહેદે એક સીલબંધ પાર્સલ જેમા કંતાનના થેલામાં બે ગાદલા હતા માર્ક જી–૧, જી–૨ તેનુ પણ પૃથક્કરણ કરેલુ અને આ ગાદલાઓમાં પણ વિસ્ફોટક ઘટકોની હાજરી શોધાયેલ નથી. આ ઉપરાંત આ સાહેદે એક કાગળના પુઠ્ઠામાં સીલબંધ લાલ કલરનો એક ડબ્બો તથા પ્લાસ્ટિકની સફેદ રંગની ઢાંકણાવાળી ડબ્બી તથા એક એવમાર્ક કંપનીની માર્કર પેન નાના ડબ્બીમાં સોલવન્ટ ૨૫ મીલી વિગેરે લખેલ હતુ તે ત્રણેય પારદર્શક ડબ્બીઓ માર્ક એચ–૧ થી એચ–૩ નુ પૃથક્કરણ કરેલુ અને તેમાં પણ વિસ્ફોટક ઘટકોની હાજરી શોધાયેલ નથી.

આ ઉપરાંત આ સાહેદે એક સીલબંધ કાગળનું પેકેટ જેમા બે પ્લાસ્ટિકના ટુકડા હતા તે પૈકી એક મોટો કાળા રંગનો ટુકડો ૨૧ ઈંચ લાંબો તથા ૩ ઈંચ જેટલો પહોળો, બીજો નાનો ટુકડો ૫ ઈંચ જેટલો લાંબો તથા ૩ ઈંચ જેટલો પહોળો. આ ટુકડાઓને એક બાજુ વાદળી રંગની સેલોટેપના ટુકડા લગાડેલ હતા માર્ક જે–૧,જે–૨ નુ પૃથક્કરણ કરતા તેમાં નાઈટ્રાઈટ તથા નાઈટ્રેટ મૂલકોની હાજરી શોધાયેલ નથી. આ ઉપરાંત આ સાહેદે માર્ક એચ–૧ નું પણ પૃથક્કરણ કરતા પોલીએક્રાઈલ એઝાઈડની હાજરી શોધાયેલી. નમૂના માર્ક એચ–૨ મા પોલીવીનાઈન કલોરાઈડની હાજરી શોધાયેલી હતી. ઉપરોકત

નમૂનાનું પૃથકકરણ કર્યા અંગેનો અહેવાલ આ સાહેદે આપેલો તે આંક–૫૭૬૬ થી ૨જૂ છે અને તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવી છે.

આંક–૬૬૫૬ ના પંચનામાની વિગતોવાળા મુદામાલ પૈકીના કેટલાક મુદામાલનું પૃથક્કરણ સાહેદ નં.૧૧૧૨ એફ.એસ.એલ. અધિકારી સમીર સુભાષચંદ્ર જોષીનાઓએ કરેલુ છે અને તેમણે જે મુદામાલનું પૃથક્કરણ કરેલુ છે તે તેઓની જુબાની મુજબઃ–

૧. માર્ક–એ ના નમૂના–એ અને માર્ક–ડી ના માર્ક–ડી/૧ મા ના વાયરોના ગુંચળા જેવા વાયરો બોમ્બ બ્લાસ્ટના વિભાગને પરિક્ષણ અર્થે મળેલ અન્ય કોઈ કેસના મુદ્દામાલમાં જણાયેલ નહી.

૨. માર્ક–ઈ વાળુ મલ્ટિમીટર અગાઉ સુરતના કાપોદ્રા પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૭૫/૦૮ ના કામે પરીક્ષણ અર્થે મળેલ કેસ નં.૨૦૦૮/સી/૩૮૧ (૦૮/પી/ઈન્ટ/૦૮)મા ના નમૂના માર્ક–એ/૫ ના મલ્ટિમીટર સાથે સામ્યતા ધરાવે છે.

૩. માર્ક–આઈ માના નમૂના–આઈ/૧ (શકિત માર્કના પેન્સિલ સેલ), માર્ક–આઈ/૨ માંના (હાઈ વોલ્ટ ૯ વોલ્ટ બેટરીઓ), નમૂના–આઈ/૩(ડયુરાસેલ ૯ વોલ્ટ બેટરીઓ, નમુના–આઈ/૪(બેટરી કેપ) નમૂના–આઈ/૫ (શકિત ૧.૫ વોલ્ટ બેટરીનું પેકીંગ કવર), નમૂના–આઈ/૬ (ડયુરાસેલ ૯ વોલ્ટ બેટરીનું પૂંઠાનું ખાલી ખોખુ તેમજ નમૂના–આઈ/૭ ના છરા પૈકીના નમૂના–આઈ/૧, નમૂના–આઈ/૨, નમૂના–આઈ/૩ પ્રકારની બેટરીઓ બોમ્બના અગાઉના કેટલાક કેસોમાં પરીક્ષણ અર્થે મળેલ નમૂનાઓમાં જોવા મળેલ. નમૂના–આઈ/૪ પૈકીની કેટલીક બેટરી કેપ જેવી બેટરી કેપ અગાઉના બોમ્બ કેસમાં જોવા મળેલ અને નમૂના–આઈ/૭ પ્રકારના લોખંડના છરા અગાઉના કેસમાં જોવા મળેલ લોખંડના છરા સાથે મળતા આવે છે.

૪. માર્ક–એલ ના નમુના–એલના સાઇકલના કેરીયર અંગે કોઈ ચોકકસ અભિપ્રાય આપી શકાય તેમ નથી.

૫. માર્ક–એમ ના ફોટોગ્રાફમાં બ્લ્યુ/કાળી માર્કર પેનથી અસ્પષ્ટ લખાણ/ આંકડા/લીટીઓ/આકાર/ચિન્હો દોરાયેલ હતા. સદર ફોટોગ્રાફસના લખાણ/ ચિન્હો અંગે કોઈ સ્પષ્ટ સંકેત મળતો નથી.

૬. માર્ક–બી ની ડાયરીના છુટા પડેલ આગળના પુંઠાના પાછળના ભાગે કાળી શાહીથી નકશા જેવું બનાવેલ હતું તથા અંગ્રેજીમાં ઉર્દૂ જેવી ભાષામાં પેનથી લખાણ હતું. ઉર્દૂ લખાણ માટે તે વિષયના તજજ્ઞ/નિષ્ણાતશ્રીનો સંપર્ક કરી શકાય. માર્ક–બી ની ડાયરીના પાનાઓ પર અગાઉનું કોઈ લખાણ ઉપસેલ છે કે કેમ? તે અંગે અત્રેના એચ.પી.બી. વિભાગનો અહેવાલ સીલબંધ કવરમાં સામેલ છે. આ સાહેદે પૃથક્કરણ કરી જે અભિપ્રાય આપેલો તે મુજબ:–

(૧) માર્ક–જે/૧ અને માર્ક જે/૨ ની પ્લાસ્ટિકની શીટની જાડાઈ સરખી હતી.

(૨) માર્ક–જે/૧ અને માર્ક–જે/૨ ની પ્લાસ્ટિકની શીટ પ્રકારની પ્લાસ્ટિકની શીટ અગાઉ ના બોમ્બ કેસમાં પરીક્ષણ અર્થે મળેલ મુદ્દામાલમાં જોવા મળેલ. માર્ક–જે/૨ ની પ્લાસ્ટિકની શીટ ઉપર ચોંટેલ વાદળી રંગની એડહેસીવ ટેપ જેવી એડહેસીવ ટેપ અગાઉના બોમ્બ કેસમાં પરીક્ષણ અર્થે મળેલ મુદ્દામાલમાં જોવા મળેલ.

ઉપરોકત નમુનાનું પૃથક્કરણ કર્યા અંગેનો અહેવાલ આ સાહેદે આપેલો તે આંક–૭૯૫૮ થી રજૂ છે અને તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવી છે.

આંક–૬૬૫૬ ના પંચનામાની વિગતવાળા મુદામાલ પૈકીના કેટલાક મુદામાલનું પૃથક્કરણ સાહેદ નં.૮૩૫ એફ.એસ.એલ. અધિકારી હિતેષ જયંતીલાલ ત્રિવેદીનાઓએ કરેલુ છે અને તેમણે જે મુદ્દામાલનું પૃથક્કરણ કરેલુ છે તે તેઓની જુબાની મુજબ:–

On through careful analysis of suspected storage media Exh–C (CD–ROM) following conclusion is given:

(1) Exh–C (CD–ROM) is an audio CD having eighteen (18) audio tracks. The detail reports of audio tracks are at Annexure–A Page No.1 to 8

(2) The label of Exh–C (compact disc) is MAX9. The CD contains eighteen different English audio songs.

(3) Exh–C contains total 1.2 hours' time duration audio recording. (Annexure–A Page no.9)

ઉપરોકત નમૂનાનુ પૃથક્કરણ કર્યા અંગેનો અહેવાલ આ સાહેદે આપેલો તે આંક–૫૮૩૩ થી રજૂ છે અને તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવી છે.

તપાસ કરનાર અધિકારીને મદદ કરનાર અધિકારી સાહેદ નં.૧૦૭૭ અજીજ અહેમદખાન ફીરોઝખાન સીંધીનાઓએ શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ ના કામે પંચ સાહેદ નં.૮૭૬ ગણેશ રમેશભાઈ ગુપ્તા તથા એફ.એસ.એલ. અધિકારી સાહેદ નં.૮૫૧ હિતેષ પ્રમોદકુમાર સંઘવીનાઓ સાથે આરોપીને લઈને કબજે કરેલ મુદ્દામાલ તપાસ કરનાર અધિકારી સાહેદ વી.આર. ટોળીયાનાઓએ પૃથક્કરણ અર્થે રવાનગી નોંધ આંક–૫૯૯૩ થી એફ.એસ.એલ. ગાંધીનગરને મોકલી આપેલ હતો. આ મુદ્દામાલ એફ.એસ.એલ. ગાંધીનગરને મળ્યો તે બાબતની પહોંચ આંક–૫૯૯૪ થી રજૂ કરેલી છે. ઉપરોકત મુદ્દામાલનું પૃથક્કરણ સાહેદ નં.૮૫૧ એફ.એસ. એલ. અધિકારી હિતેષ પ્રમોદકુમાર સંઘવીનાઓએ કરેલુ છે. આંક–૬૨૬૮ ના પંચનામાની વિગતે શ્રધ્ધા સાયબર કાફે ઉપરથી માર્ક–એ થી કબજે કરેલ મુદામાલ જેવો કેઃ–

(૧) વેસ્ટર્ન ડીઝીટલ–WD800BD–WMAM9US16347

(૨) સીગેટ–ST340014A–3JXAAR86

(૩) સેમસંગ–SV40024–0379JIFTI48768

(૪) સેમસંગ–SV04119–S01QJ10X909715

(૫) વેસ્ટર્ન ડીઝીટલ–WD400BB–00JHCO–WMAMA5568618

(૬) વેસ્ટર્ન ડીઝીટલ–WD400BB–00JHCO–WMAMJC246675

(૭) સીગેટ–ST340014A–3JXAP587

(૮) વેસ્ટર્ન ડીઝીટલ–WD400BB–00JHCO–WCAMCZ657569

(૯) સેમસંગ–SV02114H–045–JIDT91161

(૧૦) વેસ્ટર્ન ડીઝીટલ–WD400BB–JWCO–WMAM–A5480991

(૧૧) વેસ્ટર્ન ડીઝીટલ–WD800BD–22MRAT–WCAMAT867789

(૧૨) સાયબર કાફેનું રજીસ્ટર – સહિ પુરતો આંક–૬૧૭૧

આ ઉપરાંત આંક–૬૨૬૯ ના પંચનામાની વિગતે લોખંડવાલા સાયબર કાફે ઉપરથી માર્ક–બી થી કબજે કરેલ મુદામાલ જેવો કેઃ–

(૧) સીગેટ–80GB–ST380215A9JZZAQN

(૨) સીગેટ–80GB–ST380215A9JZ6JZA8

(૩) સેમસંગ–40GB–SV0401H–0714JIFWA16655

(૪) સીગેટ–40GB–ST340015A5lAMJVAF

(૫) સીગેટ–40GB–ST340015A5LA796AV

(૬) સીગેટ–80GB–ST380215A5–5RA4M7y3

(૭) સીગેટ–40GB–SV0411NJ01OJ10X453904

(૮) સીગેટ–80GB–ST380215A9JZ1B0G9

(૯) સેમસંગ–20GB–SV2042H0263JIFR447675

(૧૦) સેમસંગ–40GB–SV4012H0540J1FT968086

(૧૧) સેમસંગ–40GB–SV4012H0536JIFTA32746

(૧૨) સાયબર કાફેનું રજીસ્ટર – સહી પુરતો આંક–૬૧૭૩

આ ઉપરાંત આંક–૬૨૭૦નાં પંચનામાની વિગતે માસ્તર સાયબર કાફે ઉપરથી માર્ક–સી થી કબજે કરેલ મુદ્ધામાલ જેવો કેઃ–

(૧) સીગેટ–40GB–ST340014A5JXMRG3G

(૨) સીગેટ–40GB–ST340014A5JXMJEM1

(૩) સીગેટ–40GB–ST340014A5JXMAEMM

(૪) સીગેટ–80GB–ST380215A60ZZ63MM

(૫) સીગેટ–40GB–ST340014A5JXMJSKV

(૬) સીગેટ–40GB–ST340014A5JXMJEFP

(૭) સીગેટ–40GB–ST340810A3FB3ZS2Y

(૮) સીગેટ–40GB–ST340810ACE5FBCKJ72

(૯) સેમસંગ–HDZ00HJ516KJD WPA04544

(૧૦) સાયબર કાફેનું રજીસ્ટર – સહિ પુરતો આંક–૬૧૭૪

ઉપરોકત માર્ક–એ,બી,સી વાળા મુદ્દામાલ જુદી–જુદી હાર્ડ ડીસ્કનું પૃથક્કરણ પણ આ સાહેદે કરેલુ અને તેમણે આંક–૫૯૯૫ થી અભિપ્રાય આપેલો છે જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. તે અભિપ્રાય મુજબ:–

On thorough and careful forensic analysis of the suspected storage media Marked Mark H–A1 TO Mark H–A11, Mark H–B1 TO Mark H–B11, Mark H–C1 TO Mark H–C9 The following files are Revealed.

(1) IndiaCityEvangelism.pdf: An adobe PDF document file recovered from the computer storage media Exh–H–A4 containing photographs related to asked query on 18th page of the document. (Annexure–A page No.1)

(2) A.jpg file recovered from the unallocated cluster of the hard disk Exh H–A2 showing the image of the bus damaged due to the bomb blast. (Annexure–A page No.2)

(3) The computer storage media hard disk Mark H–A1, Mark H–A3, Mark H–A5 to Mark H–A11, Mark H–B1 to

Mark H–B11, Mark H–C1 to Mark H–C9 do not contain any data related to asked query

તપાસ ટીમો પૈકીની એક ટીમના તપાસ કરનાર અધિકારી વી.આર. ટોળીયાએ તા.૨૬/૦૮/૨૦૦૮ ના રોજ જાવક નં.તપસ/૨૩૬/ ૨૦૦૮નો પત્ર નિયામકશ્રી ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી ગુજરાત રાજયને આ કામના આરોપીઓ પૈકી (૧)હાફિઝહુસેન ઉર્ફે અદનાન ઉર્ફે તલીમ તાજુદ્દિન (આરોપી નં.૧૩) તથા (૨) સફદરહુસેન ઉર્ફે હુસેનભાઇ જહરૂદ્દિન નાગોરી (આરોપી નં.૧૨) તથા (૩) કમરૂદ્દિન ઉર્ફે રાજા ઉર્ફે અબદુલ્લા ચાંદ મહમદ નાગોરી (આરોપી નં.૦૯)તથા (૪) આમીલ પરવાઝ ઉર્ફે સિકંદર કાજી સૈકુદ્દિન શેખ (આરોપી નં.૧૦) તથા (૫) સિબલી ઉર્ફે સાબિત અબ્દુલ કરીમ (આરોપી નં.૧૧) તથા (૬) જાહિદ કુત્બુદ્દિન શેખ (આરોપી નં.૦૧)નાઓના "સસ્પેકટ ડિટેન્શન સીસ્ટમ" દ્વારા તપાસણી કરી અહેવાલ આપવા વિનંતી કરતો પત્ર લખેલો. જે આંક–૫૮૯૮ થી રજૂ છે. આ પત્રમાં શ્રી વી.આર. ટોળિયાની સહી છે. તપાસ ટીમો પૈકીની એક તપાસ ટીમના અધિકારી સાહેદ નં. ૧૧૬૩ મયુર ચાવડાએ શ્રી વી.આર.ટોળિયાની સહી પોતાની જુબાનીમાં ઓળખી બતાવેલી છે. આ પત્ર દ્વારા જે મુદ્દાઓની તપાસ કરવા વિનંતી કરેલી હતી તે મુદ્દાઓ જેવા કે,

(૧) તમો "સીમી" અને "ઇન્ડિયન મુજાહિદ્દિન"ના સભ્ય છો?

(૨) અમદાવાદ શહેરમાં તા.૨૬/૦૭/૨૦૦૮ના રોજ થયેલ બોમ્બ બ્લાસ્ટમાં તમો સંડોવાયેલા છો?

(૩) ભારતમાં અન્ય શહેરમાં થયેલ બોમ્બ બ્લાસ્ટ વિશે તમારી જાણકારી શું છે?

(૪) બીજા ઓર્ગેનાઇઝેશન જેવા કે, "એલ.ઇ.ટી." અને "હુજી" માં જોડાયેલા છો?

(૫) તમારૂ (ફંડિગ) આર્થિક આવકના સોર્સ શું છે?

ઉપરોકત પત્રમાં જણાવ્યા મુજબના મુદ્દાઓ બાબતે આ આરોપીનો સસ્પેકટ ડિટેન્શન ટેસ્ટ એફ.એસ.એલ.અધિકારી સાહેદ નં.૮૪૮ વસંતભાઇ હાથીભાઇ પટેલનાઓએ કરેલો હતો. તેઓને આ કામે ફરિયાદપક્ષ દ્વારા આંક–૫૮૯૪ થી તપાસવામાં આવેલા છે. તેઓની સરતપાસ મુજબ ૧૯૮૨ મા સાયન્ટિફીક આસીસ્ટન્ટ તરીકે એફ.એસ.એલ. અમદાવાદમાં જોડાયેલા હતા અને સને–૨૦૦૬ ની સાલમાં મદદનીશ નિયામક, ફોરેન્સિક સાઇકલોજી વિભાગ તરીકે પ્રમોશન મેળવેલું અને છેલ્લે સને–૨૦૧૨ ની સાલમાં નિવૃત્ત થયેલાં છે. તા.૨૫/૦૮/૨૦૦૮ના રોજ નાયબ પોલીસ અધિક્ષક, બોમ્બ બ્લાસ્ટ તપાસ ટીમ, અમદાવાદ શહેરનાઓએ કેટલાક આરોપીઓને સસ્પેકટ ડિટેન્શન સીસ્ટમથી પરીક્ષણ કરાવવા માટે ચર્ચા કરવા એફ .એસ.એલ. ગાંધીનગર ખાતે આવેલા અને શ્રીમતી ડૉ.એસ.એલ.વાયાને મળેલાં અને તેમણે આ સાહેદ પાસે ચર્ચા કરવા માટે મોકલેલા. બનાવ અંગે જરૂરી વિગતો જાણીને જરૂરી ચર્ચા કરેલી. ત્યારબાદ એસ.ડી.એસ. પરીક્ષણ માટે તા.૨૬/૦૮/ ૨૦૦૮ના રોજ કલાક ૧૦:૩૦ વાગ્યે આરોપીઓને હાજર રાખેલા. જે આરોપીઓને હાજર રાખેલા તે ઉપરોકત જણાવેલ આરોપીઓ કુલ–૬ હતાં. આ આરોપીઓને હાજર રાખ્યા બાદ દરેક આરોપીનો વ્યકિતગત ઇતિહાસ જેવો કે, નામ, સરનામું, અગાઉના ગુનાની વિગતો, તેઓને વ્યસન છે કે કેમ? વિગેરેની ઇન્કવાયરી કરેલી અને તે અંગેનું ફોર્મ ભરવામાં આવેલું જે આંક–૫૯૦૦ થી રજૂ કરેલું છે. જેમાં એફ.એસ.એલ. કચેરીનો સિકકો તથા આ સાહેદની સહી છે.

વધુમાં આ સાહેદની જુબાનીના પેરા–૩ ધ્યાને લઇએ તો સસ્પેકટ ડિટેન્શન સિસ્ટમ દ્વારા તેમનુ પરીક્ષણ કરવામાં આવ્યું તો નીચે મુજબના મુદ્દા પ્રત્યે તેઓમાં સુચક પ્રતિભાવો મળેલાં છે.

(૧) બેંગ્લોર બ્લાસ્ટમાં સંડોવાયેલા છે.

(૨) હૈદરાબાદ બ્લાસ્ટમાં સંડોવાયેલા છે.

આ સાહેદે પરીક્ષણ કરતા આરોપીએ ઉપર મુજબના જવાબો આપેલા અને તે જવાબો અંગેનો અભિપ્રાય આ સાહેદે આપેલો જે આ કામે આંક–

પ૯૦૧ થી ૨જૂ છે જેમાં આ સાહેદે પોતાની સહી તથા સિકકો ઓળખી બતાવેલો છે. આ અભિપ્રાય અધિક નિયામક એફ.એસ.એલ.,ગાંધીનગરના ફોરવર્ડિંગ પત્રથી તા.૨૧/૧૦/૨૦૦૮ના રોજ તપાસ કરનાર અધિકારી શ્રી વી.આર. ટોળિયાને મોકલી આપેલો છે.

હવે આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો એફ.એસ.એલ. કચેરી ગાંધીનગરમાં કોઈપણ વિના રોકટોક પ્રવેશ કરી શકે છે તો તે હકીકત નકારી છે. કોઇ વ્યકિતએ પ્રવેશ કરવો હોય તો ઓળખપત્ર અને સિકયુરીટી ચેકિંગમાંથી પસાર થવુ પડે છે તો તે કબૂલ કરે છે. આ સાહેદે કાયદાશાસ્ત્રનો અભ્યાસ કરેલો નથી. ફોજદારી કાર્યવાહીને લગતા ખાસ કાયદાઓનો પણ અભ્યાસ કરેલો નથી. મારા મત પ્રમાણે આ સાહેદે ફોજદારી કાયદાઓનો અભ્યાસ કરવો જરૂરી નથી કારણ કે, આ સાહેદ સાયન્ટિફિક ઓફિસર છે અને કાયદાઓનો અભ્યાસ કરવો તેમના માટે ફરજિયાત નથી. આરોપીઓના ટેસ્ટ પોતાની ચેમ્બરમાં લેવામાં આવેલાની હકીકત નકારી છે. ૨જૂ કરવામાં આવેલા આરોપીઓને કઇ તારીખે પકડવામાં આવેલા હતા અને કેટલા સમયથી પોલીસ કસ્ટડીમાં હતી તેવી કોઇ માહિતી પોલીસ અધિકારી ટોળીયાએ આપેલી ન હતી પરંતુ મારા મત પ્રમાણે આરોપીઓ કેટલા સમયથી પોલીસ કસ્ટડીમાં છે અને તેમને કયારે પકડવામાં આવેલા તે જાણવાનો આ સાહેદને કોઇ અર્થ નથી. આ સાહેદનું કાર્ય તપાસ કરનાર અધિકારીના કાર્ય કરતા તદ્ધન જુદુ છે . વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો, આરોપીઓના ટેસ્ટ લીધા પછી સાંજે છ વાગ્યે પોલીસને સુપરત કરેલાં. આરોપીને સુપરત કર્યા ત્યારે ડોકટરની હાજરી રાખવામાં આવેલી નહિ. આરોપીઓના ટેસ્ટ સ્વતંત્ર વ્યકિતઓની હાજરીમાં રાખવામાં આવેલા નથી તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે એફ.એસ.એલ.ની કચેરીમાં કોઇ બહારની વ્યકિતને પ્રવેશ માટે પ્રતિબંધ છે. આ ટેસ્ટ એવા પ્રકારના છે કે તેમાં સ્વતંત્ર વ્યકિતઓને હાજર રાખવી યોગ્ય પણ નથી. એસ.ડી.એસ. ટેસ્ટ પધ્ધતિએ આરોપી પાસેથી ગુના સંબંધેની માહિતી અને તેમના ભજવેલ ભાગ સંબંધે માહિતી મેળવવા માટેનો ટેસ્ટ છે તે કબૂલ કરે છે. આરોપીઓ તરફે

આ કબૂલાત્મક પ્રશ્ન પુછીને સ્વિકારવામાં આવેલું છે કે,આ ટેસ્ટ ગુના સંબંધે માહિતી મેળવવાનો ટેસ્ટ છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો, ટેસ્ટ લેનાર અને આરોપીની માનસિક સ્થિતિ કેવી છે તેની ઉપર પરિણામ અવલંબિત છે તો તે વાત સાથે સહમત નથી. "હુજી" અને "લશ્કરે તોઈબા"નામની સંસ્થાઓ અંગે અને તેની કાર્યવાહી અને સભ્ય વિશે જાત માહિતી નથી. એસ.ડી.એસ. પ્રણાલી વિશ્વના કયા કયા દેશોમાં વપરાય છે તે જાણતા નથી પરંતુ આ પધ્ધતિ ભારતમાં માન્ય છે તેમ જણાવે છે. સસ્પેકટ ડિટેન્શન કંપનીનું નામ છે અને તેના પરથી પધ્ધતિનું નામ આપવામાં આવ્યું છે. એસ.ડી.એસ. પ્રણાલીના સમકક્ષ અન્ય કોઇ કંપની હોય તો ધ્યાનમાં નથી. એસ.ડી.એસ. પધ્ધતિ કેટલા અંશે સાચી અને કેટલા અંશે ખરી નથી તે બાબતે કોઇ વૈજ્ઞાનિક સંસ્થામાં સંશોધન થયેલ છે કે કેમ? તેની ખબર નથી. એસ.ડી.એસ. પરીક્ષણના અહેવાલ બાબતે કોર્ટમાં જુબાની આપવાનો પ્રસંગ બનેલો હોય તો ખ્યાલ નથી. આ પરીક્ષણનો આધાર બાયોસાઇકોલોજી છે. જેનું વિશ્લેષણ કરીને વ્યકિત શકદાર છે કે કેમ? તે અંગેનો અભિપ્રાય આપવાનો હોય છે. કમ્પ્યુટર પરના રીસ્પોન્સનો અવલોકન કરીને અભિપ્રાય આપવામાં આવે છે તે કબૂલ કરે છે. યાદશકિત ઓછી હોવાના કારણે પણ જી.એસ.આર.ના પ્રતિભાવમાં અસર પડે છે. પ્રિ–ટેસ્ટ ઇન્ટરવ્યુ ફોર્મમાં અગત્યની પ્રાથમિક નોંધ કરવામાં આવે છે તે કબૂલ કરે છે. આરોપીઓએ જણાવેલી તકલીફો ચકાસવાની આ સાહેદ પાસે કોઇ સુવિધા ન હતી. આરોપીઓના બ્લડ અને યુરીન ટેસ્ટ કરેલા નથી. આરોપીઓના ટેસ્ટ બાબતે કોઇ તપાસનીશ પોલીસ અધિકારી સાથે પત્ર વ્યવહાર કરવાનું બનેલું નથી. પરીક્ષણની માહિતી કમ્પ્યુટરમાં સ્ટોર થાય છે તે કબૂલ કરે છે. અહેવાલમાં કમ્પ્યુટરની સ્થિતિ બાબતેનો ઉલ્લેખ નથી તે કબૂલ કરે છે. કરેલા પરીક્ષણો કાયદા અને સરકારથી માન્ય થયેલા નથી માટે ખોટા અને ભુલભરેલા છે તો તે હકીકત નકારી છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો, એસ.ડી.એસ. ટેસ્ટનો હેતુ વ્યકિત સાચુ બોલે કે ખોટુ બોલે તે જ છે. ટેસ્ટના પરિણામ સાઇકલોજીકલ ટેસ્ટ ઉપર આધારિત છે તે કબૂલ કરે છે. આ ટેસ્ટને કોઇ માર્ગદર્શિકા લાગુ પડતી

નથી તેમ જણાવે છે. એસ.ડી.એસ. સિસ્ટમમાં પણ સબજેકટમાં થતા માનસિક, શારિરીક ફેરફારો કમ્પ્યુટરમાં નોંધાય છે તે કબૂલ કરે છે. સવાલ થકી વ્યકિતના મનમાં અને શરીરમાં જે કોઇ ફેરફારો આવે તે નોંધાય છે તે કબૂલ કરે છે. પરીક્ષણ કરતુ સોફટવેર સરકાર માન્ય છે કે કેમ? તે કહિ શકે તેમ નથી. આ તબકકે વકીલશ્રી એલ.આર.પઠાણનાઓ દલીલ કરતા જણાવેલું છે કે, સોફટવેર સરકાર માન્ય છે કે કેમ? તે અંગેની જાણકારી સાહેદને ન હોવાથી આ સાહેદે આપેલો પરીક્ષણ અહેવાલ માન્ય રાખી શકાય નહિ. પરંતુ મારા મત પ્રમાણે એફ.એસ.એલ. લેબોરેટરી સરકાર હસ્તક છે, સરકારી સંસ્થા છે અને સરકારની ગ્રાન્ટ દ્વારા તે ચાલે છે જે કાંઇ સાધનસામગ્રી લેબોરેટરીને આપવામાં આવે છે તે સરકાર દ્વારા આપવામાં આવે છે જેથી એવું ચોકકસપણે કહિ શકાય કે, આ સોફટવેર સરકાર માન્ય જ છે. ટેસ્ટ લેતા પહેલા વ્યકિતની સહમતિ મેળવવી આવશ્યક છે. આ સાહેદ જણાવે છે કે, આરોપીઓની મૌખિક સંમતિ મેળવેલી છે. પકડાયેલ વ્યકિત શંકાસ્પદ છે કે કેમ? તે નક્કી કરવા માટે આ ટેસ્ટ કરવામાં આવે છે તે કબૂલ કરે છે. ટેસ્ટ દરમ્યાન આરોપી જે જવાબ આપે તે તમામ કમ્પ્યુટરમાં નોંધાય છે તે કબૂલ કરે છે. પોલીસને મદદ કરવા ખોટો અભિપ્રાય આપેલાની હકીકત નકારે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઇએ તો આ સાહેદ સાયન્ટિફિક ઓફિસર તરીકે એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે ફરજ બજાવતા હતા અને કુલ–૬ આરોપીઓના સસ્પેકટ ડિટેન્શન ટેસ્ટ આ સાહેદે કરેલા છે. તે પૈકી આ આરોપીનો સમાવેશ થાય છે. સસ્પેકટ ડિટેન્શન ટેસ્ટ તથા ટેસ્ટનું પરિણામ તથા આ સાહેદની જુબાની મુજબ આ આરોપી સીમી સાથે સંકળાયેલો છે અને તેનો કાર્યકર છે. ભારતના જુદા–જુદા શહેરોમાં બોમ્બ વિસ્ફોટ થયેલા છે તે અને ભવિષ્યમાં બોમ્બ વિસ્ફોટ થશે તેવી આ આરોપીને જાણકારી છે અને બોમ્બ વિસ્ફોટ કરનારાઓને આ આરોપી જાણે છે. સાહેદ નં.૮૪૮ દ્વારા કરવામાં આવેલો આ ટેસ્ટ કમ્પ્યુટરાઇઝડ ટેસ્ટ છે. સરકાર દ્વારા પુરા પાડવામાં આવેલા કમ્પ્યુટર અને સોફટવેર દ્વારા આ ટેસ્ટ થયેલો છે. આ ટેસ્ટ સરકારના કામકાજના

દિવસો અને સમય દરમ્યાન કરવામાં આવેલો છે. આ સાહેદે જે કાંઇ કામગીરી કરેલી છે તે ફરજના ભાગરૂપે કરેલી છે. આરોપીઓ સાથે કોઇ અંગત દુશ્મનાવટ નથી કે જેથી કરીને આરોપીઓ આ ગુનામાં સંડોવાય તે માટે ખોટો ટેસ્ટ કરીને ખોટો અભિપ્રાય આપે. આ ઉપરાંત આ સાહેદ વૈજ્ઞાનિક સાહેદ હોય, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૯૩ હેઠળ આ સાહેદે આપેલો અભિપ્રાય સીધે સીધો પુરાવામાં ગ્રાહ્ય છે તેમ છતાં આ સાહેદે અદાલત સમક્ષ સોગંદ ઉપર જુબાની આપેલી છે અને પોતે આપેલો અભિપ્રાય સાચો છે તેમ જણાવેલું છે જે નહિ માનવાને કોઇ કારણ નથી.

આ આરોપી નં.૧ જાહીદ કુત્બુદ્દીન શેખે ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે તે પ્રશ્નના જવાબમાં તેણે ફરિયાદપક્ષના પુરાવા સબંધી જે હકીકતો જણાવી તે તથા પોતાના બચાવ માટે જે હકીકતો જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦ માં જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી. ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં જે કાંઇ હકીકત જણાવી છે તે હકીકત અગાઉ આરોપીએ કયારેય જણાવી નથી અને પાછળથી સમજી, વિચારીને સલાહ, સુચનો મેળવી ખોટી હકીકતો લખાવી છે કે કોઇ પુરાવો નથી માટે લખાવેલી તમામ હકીકતો માનવા યોગ્ય નથી.

આ ઉપરાંત આરોપી નં.૧ જાહીદ કુતબુદ્દીન શેખનાઓએ આંક–૯૧૮૬ થી શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ નાં કામે તેઓને અટક કર્યા અંગે એરેસ્ટ મેમાની પ્રમાણીત નકલ પોતાના બચાવ માટે રજૂ કરેલ છે. તે ધ્યાને લઈએ તો આરોપીને તા.૧૬.૮.૨૦૦૮ નાં રોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ ના ગુનામાં અટક કરેલો છે. આ ઉપરાંત આ આરોપીએ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ ને ઉદેશીને તા.૨૯.૧૨. ૨૦૦૮ ના રોજ ક્રાઇમ બ્રાન્ચ વિરૂધ્ધ ફરિયાદ આપેલી તે ફરિયાદની પ્રમાણીત નકલ પણ તેણે રજૂ કરેલી છે. આ પ્રમાણીત નકલ ધ્યાને

લઈએ તો આરોપીના કહેવા પ્રમાણે તા.૩૧.૭.૨૦૦૮ થી તા.૧૬.૮.૨૦૦૮ સુધીના સમય દરમ્યાન તેઓને ક્રાઈમ બ્રાન્ચમાં ગેરકાયદેસર ગોંધી રાખવામાં આવેલા હતા પરંતુ આ આરોપીને ક્રાઈમ બ્રાન્ચ દ્વારા તા.૩૧.૭.૨૦૦૮ થી તા.૧૬.૮.૨૦૦૮ સુધી ગેરકાયદેસર રીતે ગોંધી રાખેલા હોય તો તે અંગેની કોઈ ફરિયાદ તા.૧૭.૮.૨૦૦૮નારોજ આરોપીને મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ,કોર્ટ નં.૧૧ સમક્ષ રજૂ કર્યા ત્યારે આપેલી નથી. તા.૧૭.૮.૨૦૦૮ નાં રોજ મેજિસ્ટ્રેટ રૂબરૂ તેઓને રજૂ કર્યા તે રીપોર્ટ ધ્યાને લઈએ તો આરોપીએ મેજિસ્ટ્રેટશ્રીને ક્રાઈમ બ્રાન્ચમાં માર માર્યા અંગેની કે તેઓને ગોંધી રાખ્યા હોય તેવી કોઈ રજૂઆત કરેલી નથી. ઉલટાનું મેજિસ્ટ્રેટશ્રીએ પોલીસ વિરૂધ્ધ કોઈ અયોગ્ય વર્તનની કોઈ ફરિયાદ કરતો નથી જેથી આરોપીને જયુડીશીયલ કસ્ટડીમાં લેવામાં આવે છે તેવો હુકમ કરી મેજિસ્ટ્રેટશ્રીએ તારીખ લખી પોતાની સહી કરેલ છે. આ આરોપી સાથે આરોપી નં.૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮ અને ૧૪ નાઓને પણ તા.૧૬.૮.૨૦૦૮ નાં રોજ અટક કર્યા બાદ તા.૧૭.૮. ૨૦૦૮ નાં રોજ મેજિસ્ટ્રેટ રૂબરૂ રજૂ કરેલા છે અને અયોગ્ય વર્તનની કોઈ ફરિયાદ આરોપીઓએ કરેલી નથી. આમ તા.૩૧.૭. ૨૦૦૮ થી તા.૧૬.૮.૨૦૦૮ ના સમય દરમ્યાન આરોપીને ક્રાઈમ બ્રાન્ચમાં ગોંધી રાખીને માર મારેલો હોય કે શારીરિક માનસીક ત્રાસ ગુજાર્યો હોય તેવી હકીકત બનેલી નથી. આ સમય દરમ્યાન આરોપી જ નહીં પરંતુ તેઓના કુટુંબીજનોએ પણ તપાસ કરનાર અધિકારીના ઉપલા અધિકારીને કે કોર્ટમાં આવીને પણ કોઈપણ પ્રકારની દાદ માંગતી અરજી આપેલી નથી માટે આરોપીને તા.૩૧.૭.૨૦૦૮ થી તા.૧૬.૮.૨૦૦૮ ના સમય દરમ્યાન ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ગોંધી રાખ્યાની તેમજ તેઓને માનસિક અને શારીરિક ત્રાસ આપ્યાની હકીકત માનવા યોગ્ય નથી. આ ઉપરાંત આરોપીની આંક–૯૨૧૩ વાળી અરજી ધ્યાને લેતા એવી પણ હકીકત છે કે તેઓને ચોવીસ કલાક હાથકડીઓ પાછળ બાંધી રાખી બુરખો પહેરાવી રાખતા હતા, દંડાથી આખી રાત તેઓને પીટવામાં આવતા હતા, તેઓને માર મારતા જખમ થતા ન હતા પરંતુ આંતરિક રીતે ખૂબ જ દુખાવો થતો હતો તેવી પણ હકીકત છે. જો આરોપીને માર મારવાથી સખત દુખાવો થતો

હતો તો તા.૧૭.૮.૨૦૦૮ ના રોજ જયારે આરોપીને મેજિસ્ટ્રેટ રૂબરૂ રજૂ કર્યા ત્યારે તેઓના શરીરના અંદરના ભાગે દુખાવો થવા અંગેની કોઈ ફરિયાદ કરેલી નથી કે તેઓને સારવારની જરૂર છે તો તબીબી સારવાર આપવા અંગેની કોઈ અરજ કરેલી નથી. એટલુ જ નહીં આરોપીએ સારવાર લીધી હોય તો તે અંગેના કોઈ કાગળો રજૂ કરેલા નથી. આ આરોપીઓને તા.૧૭.૮.૨૦૦૮ ના રોજ મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કર્યા પછી તપાસ કરનાર અધિકારીએ આરોપીઓની પોલીસ કસ્ટડીની માંગણી કરેલી તે અસલ હુકમ પણ કામમાં રજૂ છે. આરોપીઓના વકીલશ્રી હાસીમ કુરેશીનાઓનું વકીલપત્ર પણ સામેલ છે. રીમાન્ડ અરજીનો હુકમ ધ્યાને લઈએ તો આરોપીઓ વતી તેમના વકીલશ્રીએ અદાલત સમક્ષ રીમાન્ડ અરજીની વિરૂધ્ધમાં રજૂઆતો પણ કરેલી છે. જો તેઓને માર મારેલા હોય કે ગોંધી રાખ્યા હોય તો તે અંગેની રજૂઆત વકીલશ્રીએ પણ આરોપીઓ વતી કરેલી નથી. આ ઉપરાંત તેઓની આંક–૯૨૧૩ ની અરજી મુજબ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા સાદા પેપરો ઉપર તેઓની સહીઓ લેવામાં આવેલી પરંતુ કેટલા પેપર ઉપર સહીઓ લીધેલી, કેટલી સહીઓ લીધેલી તે અંગેની પણ કોઈ હકીકત આરોપી તરફથી રજૂ થયેલી નથી માટે મારા સ્પષ્ટ મંતવ્ય પ્રમાણે આરોપીએ તા.૨૯.૧૨.૨૦૦૮ ના રોજ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧ ને ક્રાઈમ બ્રાન્ચ વિરૂધ્ધ ફરિયાદ આપેલી તે ઉપજાવી કાઢેલી ફરિયાદ છે તેવુ ચોકકસપણે કહી શકાય. આ ફરિયાદ તેઓએ સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતેથી મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧ ને મોકલેલી છે. આરોપીના જુદા–જુદા કેસોમાં રીમાન્ડ પુરા થયા પછી જયારે આરોપી જયુડીશીયલ કસ્ટડીમાં ગયા પછી ત્યારબાદ સમજી વિચારીને પોતાનો બચાવ ઉભો કરવા માટે આ ફરિયાદ અરજી મોકલેલી હોવાનું સ્પષ્ટપણે જણાય આવે છે. આરોપીએ પોતાના વિશેષ નિવેદનમાં ઉપરોકત જે હકીકત જણાવેલી છે તે અંગે આરોપીએ કોઈ સાહેદ તપાસેલા નથી કે વિશેષ નિવેદનની હકીકત પુરવાર કરવા માટે અન્ય કોઈ પુરાવો રજૂ કરેલો નથી જેથી આરોપીએ વિશેષ નિવેદનમાં જે કોઈ હકીકતો જણાવી છે તે ખોટી છે તેમ હું

માનુ છું તથા આંક–૯૨૧૩ વાળી ફરિયાદ પોતાનો બચાવ ઉભો કરવા જાણી જોઈને ઉભી કરેલ હોવાનું માલુમ પડે છે.

આરોપી નં.૧ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકિલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૯૫૭, ૧૧૦૫, ૯૭૨, ૧૦૬૭, ૧૦૭૩, ૫૭૧, ૮૧૮, ૮૨૦, ૯૦૪, ૯૫૩, ૧૦૩૯, ૫૯૦, ૫૯૨, ૫૯૫, ૮૨૩, ૭૩૦, ૮૪૮, ૮૪૯, ૮૫૧, ૧૦૬૩, ૧૦૭૪, ૭૮૬, ૭૯૦, ૭૯૨, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૧૦૬૯, ૧૦૭૦, ૧૦૭૭, ૧૦૮૯, ૧૧૪૯, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૫૫ અને ૧૧૬૩ છે. આ ઉપરાંત આરોપી નં.૨,૨૧ અને ૩૫ ના કબૂલાત નિવેદનો પણ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતાં આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવો તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપીને સૌપ્રથમ તા.૧૬.૮.૨૦૦૮ ના રોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ ના કામે કલાક ૧૨.૧૫ વાગે તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયાએ અટક કરેલો હતો. આ આરોપીને કઈ જગ્યાએથી, કયા સંજોગોમાં અટક કરેલો તે બાબતે કોઈ પુરાવો નથી. પરંતુ મારા મત પ્રમાણે આરોપીને અટક કર્યો તે પુરતુ છે, કયાંથી અટક કર્યો અને કેવી રીતે અટક કર્યો તે મહત્વનું નથી. વધુમાં વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, તપાસ કરનાર અધિકારી આ સાહેદને લઈ સૌપ્રથમ સાહેદ નં.૯૦૪ દિપક કુમાર દલવાડીને લઈને હાલોલ–પાવાગઢ ખાતે કેમ્પવાળી જગ્યાઓ ઉપર પંચનામુ કરવા માટે લઈ ગયેલા. જેનુ પંચનામુ આંક–૬૪૮૦ વાળુ બનાવેલુ હતુ. પરંતુ આ પંચ સાહેદે જુબાની દરમ્યાન આરોપીને અદાલતમાં ઓળખી બતાવેલો નથી. મારા મત પ્રમાણે આ સાહેદની જુબાની ધ્યાને લેતા બનાવને

ઘણો સમય થઈ ગયેલ હોવાથી આરોપીને ઓળખેલો નથી. આ સાહેદે આરોપીને નહીં ઓળખવાનું કારણ યોગ્ય જણાવેલુ છે. વધુમાં તેઓ દલીલ કરતા જણાવે છે કે સાહેદ નં.૧૧૦૫ ઈદ્રીશ ફકીર તે તકવાદી સાહેદ છે, જે માનવા યોગ્ય નથી. પરંતુ આ સાહેદ તકવાદી સાહેદ નથી તેમ હું માનુ છું. આ સાહેદ ખુંદપીરની દરગાહ ઉપર મુજાવર તરીકે કામ કરે છે, નમાજ પઢાવે છે, આરોપી સાથે કોઈ દુશ્મનાવટ નથી, તેઓએ કુદરતી જુબાની આપેલી છે તેઓની જુબાનીની ચર્ચા અગત્યના સાહેદોના પેરામાં વિગતે કરેલી છે જે નહીં માનવાને કોઈ કારણ નથી.

વધુમાં વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, સાહેદ નં.૯૭૨ રામકાભાઈ કેસરીયા, સાહેદ નં.૯૮૧ પ્રવિણભાઈ કટારીયા અને સાહેદ નં.૧૦૬૭ અંબાલાલ બારીયા બાબતે દલીલ કરતા જણાવે છે કે, આ ત્રણેય સાહેદો પણ તકવાદી સાહેદો છે. તેઓનો પુરાવો વિશ્વાસપાત્ર નથી. ત્રણેય સાહેદોના પુરાવામાં ઘણો બધો વિરોધાભાસ છે. આ ત્રણેય સાહેદોએ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સમક્ષ ઘણા આરોપીઓને ઓળખેલા છે અને અદાલત રૂબરૂ ઘણા આરોપીઓને ઓળખેલા નથી. જાન્યુઆરી–૨૦૦૮મા કહેવાતો કેમ્પ હાલોલ મુકામે થયેલો તેવો આક્ષેપ છે પરંતુ આ સાહેદોએ આ આરોપીઓને ઓગસ્ટ–૨૦૦૮ થી લઈને જાન્યુઆરી–૨૦૦૯ સુધી ઓળખેલા છે. બનાવ બાદ ઘણા લાંબા સમય પછી પણ આ સાહેદો આરોપીઓને ઓળખે તે શકય નથી. પરંતુ વકીલશ્રી આર.કે.શાહની દલીલ સાથે હું સંમત નથી. આ ત્રણેય સાહેદો ગામડાઓના રહેવાસી છે, આરોપીઓ સાથે તેઓને કોઈ દુશ્મનાવટ નથી. જેથી તેઓનો પુરાવો નહીં માનવાને પણ કોઈ કારણ નથી. આ સાહેદોની જુબાનીઓની ચર્ચા પણ અગત્યના સાહેદોની ચર્ચાના પેરામાં કરેલી છે.

વધુમાં વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, સાહેદ નં.૫૯૦ સુરેશભાઈ લોધીની હાજરીમાં આરોપીના પિતાએ મોબાઈલ ફોન રજૂ કરેલો પરંતુ પોલીસે આ ફોન ઉપરથી કોઈની સાથે વાત કરેલી નથી અને મોબાઈલ ફોન સીલ કરી કબજે કરેલો નથી. વકીલશ્રી આર.કે.શાહની દલીલ

સાથે હું સંમત છું કે કબજે કરવામાં આવેલો મોબાઈલ સીલ કરેલો નથી તથા આ મોબાઈલ કબજે કર્યાનું કોઈ મહત્વ રહેતુ નથી. તેટલુ જ નહીં આ મોબાઈલને એફ.એસ.એલ.માં પરીક્ષણ અર્થે મોકલેલો હોય તે અંગેનો કોઈ દસ્તાવેજી પુરાવો રજૂ થયેલો નથી. વધુમાં વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, સાહેદ નં.૫૯૨ દેવીસિંહ રાજપુતની જુબાની મુજબ આ સાહેદની હાજરીમાં આરોપીના પિતાએ કાળા કલરનું મોટર સાઇકલ પોલીસ સમક્ષ રજૂ કરેલુ અને આ મોટર સાઇકલ પણ સીલ કરવામાં આવેલુ નથી. પરંતુ મારા મત પ્રમાણે મોટર સાઇકલ સીલ કરવાનું હોય નહીં. ફરિયાદપક્ષના આક્ષેપ પ્રમાણે આ મોટર સાઇકલનો ઉપયોગ આરોપીએ હાલોલ–પાવાગઢ ખાતે જવા માટે કરેલો હતો. સાહેદ નં.૮૨૦ વિક્રમ સોલંકી બાબતે દલીલ કરતા જણાવે છે કે, આ સાહેદના સાયબર કાફે માંથી આરોપીએ ઈ–મેઈલ કરેલા હતા તેવો આક્ષેપ છે પરંતુ તે અંગે કોઈ પુરાવો નથી. વકીલશ્રી આર.કે.શાહની દલીલ સાથે હું સંમત છું કે આરોપીએ આઈનેક સાયબર કાફે ઉપરથી ટેરર ઈ–મેઈલ કર્યા હોય તેવો કોઈ પુરાવો રજૂ થયેલો નથી. સાયબર કાફે ઉપર આરોપીએ જે કોમ્પ્યુટરનો ઉપયોગ કરેલો તે કોમ્પ્યુટરની હાર્ડ ડીસ્ક કબજે કરવામાં આવેલી હતી પરંતુ એફ.એસ.એલ.ના રીપોર્ટ મુજબ કોઈ ડેટા મળી આવેલો નથી. વધુમાં વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, આરોપીના પિતા કેવી રીતે અગાઉથી હાજર હતા તે બાબતે સ્પષ્ટ પુરાવો નથી. તપાસ કરનાર અધિકારીએ તે અંગે ગોઠવણ કરેલી છે. આરોપીના પિતાને ફરિયાદપક્ષે સાહેદ તરીકે તપાસેલા નથી પરંતુ મારા મત પ્રમાણે જો આરોપીના પિતાને ફરિયાદપક્ષ સાહેદ તરીકે તપાસે તો તે ફરિયાદ પક્ષને સમર્થન કરે તેવો પુરાવો આપે તે શકય નથી જેથી સ્વાભાવિક છે કે ફરિયાદપક્ષ આરોપીના પિતાને સાહેદ તરીકે ન તપાસે. પરંતુ આરોપીના પિતાએ મોટર સાઇકલ રજૂ કરેલુ છે. જે પંચ સાહેદ નં.૫૯૨ દેવીસિંહ રાજપુતની હાજરીમાં કબજે કરેલું છે. વધુમાં વકીલશ્રી આર.કે. શાહ દલીલ કરતા જણાવે છે કે, આરોપી જે દુકાન ઉપર લઈ ગયેલો તે દુકાન તેના પિતાની હતી તે અંગે કોઈ દસ્તાવેજી પુરાવો નથી. સાહેદ નં.૮૧૮ મનીષ બારોટની હાજરીમાં તપાસ કરનાર

અધિકારીએ દુકાનનું પંચનામુ બનાવેલુ અને દુકાનમાંથી સાઈકલમાં વપરાય તેવા છરા કબજે કરેલા છે પરંતુ તેથી કરીને આરોપીની સંડોવણી સાબિત થતી નથી. પરંતુ આ ચુકાદામાં અગાઉ ચર્ચા કરી છે તેમ બોમ્બ બ્લાસ્ટવાળા સ્થળો ઉપરથી જે છરા મળી આવેલા તેવા જ છરા આંક–૫૪૯૨ ની વિગતવાળા પંચનામા મુજબ મળેલા છે. છરા મળ્યાના સંજોગો ઉપરથી પણ અનુમાન થઇ શકે તેમ છે કે આ આરોપી આ ગુનામાં સંડોવાયેલો છે. વધુમાં વકીલશ્રી આર.કે. શાહ સાહેદ નં.૯૫૩ બળદેવ પ્રજાપતિની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરે છે કે, તપાસ કરનાર અધિકારીએ અલમહમદી સોસાયટી મકાન નં.૧૦ વાળુ જોયેલુ હતુ, મકાન પરિચીત હતુ માટે આરોપીએ રસ્તો બતાવવાની જરૂરત ન હતી. મકાનમાં ચિત્રના ફોટા પાડેલા છે પરંતુ ફોટા રજૂ કર્યા નથી. ફોટોગ્રાફરને તપાસ્યા નથી. પરંતુ મારા મત પ્રમાણે ચિત્રના ફોટા રજૂ નહીં થવાથી આ જગ્યાનુ પંચનામુ બનાવ્યુ નથી તે કહી શકાય નહીં. મકાન બંધ કર્યા પછી સીલ કરેલુ નથી તેથી કરીને બનાવના મુળને કોઈ અસર થતી નથી તેમ હું માનુ છું. સાહેદ નં.૯૪૩ કુખરાજબાનુ શેખની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરે છે કે આ સાહેદનું મકાન હતુ તે બતાવવા દસ્તાવેજી પુરાવો રજૂ કરેલો નથી પરંતુ પાછળથી માલીકીના દસ્તાવેજો રજૂ કરેલા છે. વકીલશ્રી આર.કે.શાહની દલીલ સાથે હું સંમત નથી. સાહેદ કુખરાજબાનુએ મકાનના દસ્તાવેજો સોસાયટીના ચેરમને, સેક્રેટરી પાસેથી લઈને રજૂ કરેલા છે. તેમ છતાં પણ જો કુખરાજબાનુ કહેતા હોય કે આ મકાન મારી માલિકીનું છે તો બીજા કોઈ દસ્તાવેજની જરૂર પણ નથી માટે વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી આ કહેવાતા ગુનાઓમાં સંડોવાયેલો નથી. પરંતુ ઉપર વિગતે જે પુરાવા રજૂ થયા છે તે ધ્યાને લેતા આ આરોપી આ કહેવાતા ગુનામાં સંડોવાયેલો છે તેમ હું માનુ છું.

આરોપી નં.૨ ઈમરાન ઈબ્રાહીમ શેખનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૨ ઈમરાન ઈબ્રાહીમ શેખનાઓએ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ જુદી–જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી–જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા–જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમણે કઈ–કઈ ભૂમિકા ભજવેલી છે તે સાબિત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે તે પૈકી જનરલ સાહેદોમાં સાહેદ નં.૧૧૦૫ તરીકે ઈદ્રીશ ગુલાબશા દિવાન, સાહેદ નં.૧૧૧૫ તરીકે મહંમદઉમર ઉસ્માનભાઈ મન્સુરી તથા સાહેદ નં.૧૧૨૧ તરીકે ડૉ. સાદાબ રાજેભાઈ પાનવાલાને તપાસેલા છે. આ સાહેદો પૈકી સાહેદ નં.૧૧૨૧ ડૉ. સાદાબને ફરિયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરવાની વિનંતી કરતા તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે અને ત્યારબાદ તેઓની ફરિયાદપક્ષ તરફથી ઊલટતપાસ થયેલી છે તે ધ્યાને લેતા આ સાહેદને બનાવ બાબતેની સંપુર્ણ માહિતી છે તેવુ કહી શકાય તેમ છે. આ ઉપરાંત અગત્યના સાહેદોમાં સાહેદ નં.૯૭૨ તરીકે રામકાભાઈ દેવકરણ કેસરીયા, સાહેદ નં.૯૮૧ તરીકે પ્રવિણભાઈ હમીરભાઈ કટારીયા, સાહેદ નં.૧૦૬૭ તરીકે અંબાલાલ વેચાતભાઈ બારીયા તથા આ આરોપીની સાહેદો રૂબરૂ ઓળખ પરેડ કરાવનાર મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૭૧ તરીકે રમણભાઈ સેંધાભાઈ સોલંકીને તપાસવામાં આવેલા છે અને તેઓ તમામની જુબાની ધ્યાને લેતા આ આરોપીની સામે મુકવામાં આવેલ આક્ષેપો મુજબના કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા એકબીજાની મદદગારી કરીને અમદાવાદ શહેરમાં જુદી–જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરેલા છે તેમજ સુરતની જુદી–જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલ હોવાનું ફલીત થાય છે.

આ ઉપરાંત સહઆરોપી નં.૨ ઈમરાન ઈબ્રાહીમ શેખ તથા આરોપી નં.૩૫ રફીયુદ્દીન સરફુદ્દીન કાપડીયાનાઓએ ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબના કબૂલાત નિવેદનો મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ,અમદાવાદ સમક્ષ લખાવેલા તે ધ્યાને લેતા પણ આ આરોપી તેઓની ઉપર મુકવામાં આવેલ આક્ષેપ મુજબના કાવતરામાં સામેલ હોવાનું ફલીત થાય છે. આ ઉપરાંતઃ–

ફરિયાદપક્ષ દ્વારા આ કામે પ્રવિણ ઈશ્વરભાઈ રાજપુતને સાહેદ નં.૮૭૭ તરીકે આંક–૬૨૭૭ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૨૨/૮/૨૦૦૮ ના રોજ ડીસીબી પોલીસ સ્ટેશન, વડોદરા ખાતે રાત્રીના ૯.૩૦ વાગ્યાના સમયે બોલાવેલા. આ વખતે તેમની સાથે તેમનો એક મિત્ર જીતેશ પણ હતો. પોલીસ સ્ટેશનમાં ગયા ત્યાં આગળ એક સાહેબ, પોલીસના બે,ત્રણ માણસો અને એક આરોપી હતો. પોલીસે કહેલું કે આ શાહીબાગ પોલીસ સ્ટેશનનો આરોપી છે. એણે હાલોલ/પાવાગઢના અંતરીયાળ જંગલ વિસ્તારમાં જેહાદી આતંકવાદી તાલીમ લીધેલી તેમાં જે કોઈ ચીજવસ્તુ વાપરેલી હતી તે બતાવવા માગતો હતો. આ વખતે પોલીસના માણસોએ તેઓની અંગ જડતી લીધેલી. તેઓએ સાહેબ અને પોલીસના માણસોની અંગ જડતી લીધેલી. તેઓએ આરોપીનું નામ પુછતાં તેણે પોતાનું નામ "ઈમરાન ઈબ્રાહીમ શેખ", રહેવાસી–તાઈવાડા, વાડી પાંજરીગર મસ્જિદની સામેનો હોવાનું જણાવેલું. આરોપીએ કહેલું કે, ''જે ચીજવસ્તુઓ જેહાદી તાલીમ દરમ્યાન વપરાયેલ છે તે બતાવવા માંગુ છું.'' આરોપી, પોલીસના માણસો એક પ્રાઈવેટ વાહનમાં બેસીને આરોપીના ઘર તરફ આરોપીના બતાવ્યા મુજબ વાડી તાઈવાડા, પાંજરીગર મસ્જિદ પાસે આરોપીએ વાહન ઉભું રખાવેલું અને આરોપીએ મકાન આંગળી ચીંધીને બતાવેલું અને કહેલું કે, ''સામે વાળું મારૂ મકાન છે તેમ કહી ઘર બતાવેલું.'' ત્યાં સામે એક ઈસમ ઉભો હતો, ''જે મારા પિતા છે તેમ આરોપીએ કહેલું.'' તે ભાઈનું નામ ઈબ્રાહીમભાઈ શેખ હતું. ત્યારબાદ આરોપી અને પોલીસના માણસો ઘરની અંદર ગયેલ. ઘરની અંદર એક છાજલી પર એક પ્લાસ્ટિકનું બોક્ષ આરોપીએ બતાવેલું અને કહેલું કે ''જેહાદી

તાલીમ દરમ્યાન આ પ્લાસ્ટિકનું બોક્ષ કે જેના પર ફર્સ્ટ એઈડ બોક્ષ લખેલ હતું તેનો ઉપયોગ થયેલો.'' આ બોક્ષ છાજલી પરથી નીચે ઉતારી અને બોક્ષ ખોલી જોયેલ જે પારદર્શક હતું, અંદરથી ડ્રેસીંગનો સામાન નીકળેલો. જેમાં મલમ, પ્લાસ્ટિકની પટ્ટી, ટાંકા લેવાનો સામાન, ડેટોલ, ૩, ઈન્જેકશન જેવો ડ્રેસીંગને લગતો બધો સામાન નીકળેલો અને તેમાંથી એક વીઝીટીંગ કાર્ડ નીકળેલું જેમાં આરોપીનો મોબાઈલ નંબર અને નામ, સરનામું હતું. ત્યાં આગળ બોક્ષની બાજુમાં એક ભુરા કલરની એક ટ્રેકીંગ બેગ મુકેલી તે જણાય આવેલી નહી. આ બાબતે તેમના પિતાની ટ્રેકીંગ બેગ બાબતે પુછપરછ કરેલી અને તેમણે જે જણાવેલું તે લખી લીધેલું. જે અમે જોયું હતું તે પોલીસને લખાવેલું. આ મકાન વાડી તાઈવાડા, પાંજરીગર મસ્જિદની સામે આવેલ હતું. ઉપરોકત હકિકત મુજબનું પંચનામુ બનાવેલુ, આંક–૬૨૭૮ વાળા પંચનામામાં તેમજ આંક–૬૨૭૯વાળી પંચ સ્લીપમાં સાહેદ પોતાની તેમજ બીજા પંચ જીતેશભાઈ અને પોલીસ ઈન્સ્પેકટરની સહીઓ ઓળખી બતાવે છે. પંચનામામાં જણાવેલી તમામ હકીકત ખરી હોવાનું જણાવેલ છે. આંક–૬૨૮૦ વાળા ઈલેકટ્રીક બીલની પાછળ સાહેદ પોતાની તેમજ બીજા પંચ જીતેશભાઈ અને પોલીસ ઈન્સ્પેકટરની સહીઓ ઓળખી બતાવે છે. કબજે કરવામાં આવેલ તમામ મુદ્દામાલ એક પછી એક ઓળખી બતાવે છે. સરતપાસમાં જણાવ્યા મુજબના આરોપીને ઓળખી બતાવવાનું જણાવ્યુ જેથી વીડિયો કોન્ફરન્સના માધ્યમથી આરોપીઓને વારાફરતી સાહેદને બતાવતા સાહેદ સરતપાસમાં જણાવેલ આરોપીને ઓળખી બતાવતા નથી અને જણાવેલ છે કે ઘણો સમય થઈ ગયેલ હોવાથી સાહેદ આરોપીને ઓળખી શકતા નથી.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો જે કાર્યવાહી થયેલી તેનો ઉલ્લેખ પંચનામામાં કરેલો તે કબૂલ કરે છે. સ્થળ ઉપર ઈબ્રાહીમભાઈએ ઈમરાન સાથે વાત કરેલી નથી. વીઝીટીંગ કાર્ડનું સરનામુ વાંચેલુ નહીં કે જોયેલુ નથી. સ્થળ ઉપર ઈમરાન લઈને ગયેલો નથી તો તે હકીકત નકારે છે. જે મકાન ઉપર ગયેલા તેનુ લાઈટબીલ તે જ મકાનનું હોવા સબંધે ખરાઈ કરવામાં આવેલી

તે કબૂલ કરે છે. ઈલેકટ્રીક બીલ ઉપર નામ અને સરનામા સિવાય વિશેષ કોઈ ખરાઈ કરેલી નથી. જે મકાન ઉપર ગયેલા તેની આજુબાજુનાં મકાનો અને અન્ય સ્થિતિનો ઉલ્લેખ પંચનામામાં લખવામાં આવેલો. જે સારવાર બોક્ષ મળી આવેલ તેમાં દવા ઉપર ઉત્પાદીત અને તેના અંત સમય અંગેની કોઈ તારીખ વાંચેલી નથી અને પંચનામામાં લખાવેલી નથી. તે વસ્તુઓ કઈ કંપનીની છે તેવી હકીકત પણ લખાવેલી નથી. ઈબ્રાહીમભાઈને પુછપરછ કરી પોલીસે અટક કરેલા નહીં. સારવાર બોક્ષમાં જે ચીજ વસ્તુઓ હતી તે પૈકી કઈ નવી અને કઈ જુની વસ્તુઓ છે તે કહી શકે તેમ નથી. ખાનગી વાહનના નિરીક્ષણ બાબતેની કોઈ નોંધ પંચનામામાં નથી તે કબૂલ કરે છે. જે વિસ્તારમાં ગયેલા તે વડોદરા શહેરનો અશાંત વિસ્તાર કહેવાય છે તે કબૂલ કરે છે. અગાઉ કયારેય પોલીસ સ્ટેશનમાં ગયેલા નથી. આ સાહેદનું મકાન અને ડી.સી.બી. પોલીસ સ્ટેશન વચ્ચે રહેણાંકના ઘણા મકાનો અને વેપારીઓની દુકાનો છે. પંચનામાવાળા મકાનમાં કેટલા માણસો રહેતા હતા તેની કોઈ જાણકારી મેળવેલી નથી.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ ના કામે તપાસ કરનાર અધિકારી વિનય શુકલનાઓ તા.૨૨.૭.૨૦૦૮ ના રોજ આ સાહેદ તથા બીજા પંચ જીતેશ રાજપુત તથા આરોપી નં.૨ તથા પોલીસ સ્ટાફના માણસોને લઈ આ આરોપી તથા અન્ય આરોપીઓએ ભેગા મળી હાલોલ–પાવાગઢના અંતરીયાળ ભાગોમાં કેમ્પ કરેલો, જેહાદી તાલીમ દરમ્યાન વાપરેલી વસ્તુઓ જે જગ્યાએ મુકેલી હતી તે જગ્યા બતાવવા માટે આરોપી લઈ ગયેલ તે જગ્યા પાંજરીગર મસ્જિદની સામે વાડી તાઈવાડા વડોદરા ખાતે હતી તેઓ એક મકાન ઉપર ગયેલા ત્યાં જતા પહેલા એકબીજાની જડતી કરેલી. જે જગ્યા ગાજરાવાડી તરફ જવાના રસ્તે હતી અને પાંજરીગર મસ્જિદ પાસે આરોપીએ ગાડી ઉભી રખાવેલી અને ત્યાં એક મકાન બતાવેલુ તે મકાનની તપાસ કરતાં મકાનમાંથી પંચોની હાજરીમાં છાજલી ઉપરથી એક પ્લાસ્ટિકનું બોક્ષ આરોપીએ બતાવતા જોયેલુ જે બોક્ષ જેહાદી તાલીમ દરમ્યાન ઉપયોગમાં લીધેલુ અને તેની ઉપર "ફર્સ્ટ એઈડ" લખેલુ

હતુ. આ બોક્ષમાંથી મલમ, પ્લાસ્ટિકની પટ્ટી, ટાંકા લેવાનો સામાન, ડેટોલ, ૩, ઈન્જેકશન જેવો ડ્રેસીંગનો સામાન નીકળેલો, એક વીઝીટીંગ કાર્ડ નીકળેલુ, આરોપીનો મોબાઈલ નંબર અને સરનામુ નીકળેલુ. આ તમામ મુદ્દામાલ પોલીસે જપ્ત કરી પંચોની સહીઓવાળી સ્લીપો લગાવી કબજે કરેલ હતી. આ પંચનામુ કરનાર અધિકારી વી.એસ.શુકલ સાહેદ નં.૧૦૭૦ પોતાની જુબાનીના પાન નં.૧૭, પેરા નં.૫.૧ માં આ હકીકત બાબતે સાહેદે જુબાની આપેલી છે અને તેમના કહેવા પ્રમાણે પણ આંક–૬૨૭૮ વાળા પંચનામા આધારે મકાનમાંથી મળેલા બોક્ષમાંથી જુદી–જુદી વસ્તુઓ કબજે કરેલી છે, પંચનામામાં તથા પંચ સ્લીપો ઉપર વિનય શુકલ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે. આંક–૬૨૭૮ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી દલીલ કરવામાં આવેલ છે કે "આ ગુન્હાના કામે જેહાદી તાલીમ દરમ્યાન વપરાયેલ સામાન જે જગ્યાએ મુકેલ છે તે જગ્યા સામે ચાલી બતાવવામાં માંગતો હોય" તે પુરાવામાં ગ્રાહ્ય નથી પરંતુ મારા મત પ્રમાણે આ બતાવેલી જગ્યા ઉપરથી જો સામાન મળી આવે તો તે સામાન પુરાવામાં ગ્રાહ્ય છે કારણકે તે જગ્યાએ સામાન મુકેલાની જાણકારી આ આરોપી ઈમરાનને જ હતી. વધુમાં બચાવપક્ષની દલીલ પ્રમાણે "જયાં આરોપીએ આંગળી ચીંધી પાંજરીગર મસ્જિદ સામે ઘર બતાવતા તે મકાન" આ કથન પુરાવામાં ગ્રાહ્ય નથી પરંતુ મારા મત પ્રમાણે જે મકાન બતાવેલુ તે જગ્યા ઉપર મકાન હોય અને મકાનમાંથી વસ્તુઓ કબજે કરવામાં આવી હોય તો તે પુરાવામાં ગ્રાહ્ય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે હિમેશકુમાર પ્રવિણચંદ્ર મહેતાને સાહેદ નં.૯૦૦ તરીકે આંક–૬૪૪૨ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૧૭/૧૧/૨૦૦૮ ના રોજ ૧૨.૦૦ થી ૧૨.૩૦ ના સમયે પાવાગઢ/હાલોલ રોડ ઉપર આવેલી "વિવેક હોટલ" પાસેથી જતા હતા ત્યારે પોલીસે ઉભા રાખેલા તેમની સાથે બીજા એક ગુલાબસિંહભાઈ પણ હતા. આ સાહેદને પોલીસના માણસે કહેલું કે, સાહેબ મળવા માગે છે ત્યાં હોટલની બહાર સાહેબને મળેલા. સાહેબે ઓળખાણ આપેલી કે તેઓ અમદાવાદ ક્રાઈમ

બ્રાન્ચમાંથી આવે છે અને તેમનુ નામ વાઘેલા સાહેબ છે અને સાહેબે જણાવેલું કે, આરોપીને લઈને આવેલા છીએ અને આ આરોપી શાહીબાગ પોલીસ સ્ટેશન, અમદાવાદમાં નોંધાયેલ બોમ્બ બ્લાસ્ટના ગુન્હા કામનો આરોપી છે અને તે કંઈક કહેવા માંગે છે અને આ જે કહે છે તે અંગે પંચમાં રહેવાનું છે જેથી તેઓએ સાહેબને "હા" પાડેલી. ત્યારબાદ આરોપીનું નામ પૂછેલું તો તેણે તેમનું નામ "રફીયુદ્દીન સરકુદ્દીન કાપડીયા" જણાવેલું. તેઓએ સરનામામાં સ્વામિનારાયણ મંદિરની પાછળ, વડોદરા મુકામેના હોવાનું જણાવેલું. બીજું તેમણે કહેલું કે, "૨૦૦૮ માં ૧૩ થી ૧૫ માં અમે અહીંયા પાવાગઢના જંગલમાં આતંકવાદી પ્રવૃત્તિની ટ્રેનીંગ અને ઉશ્કેરણીજનક ભાષણો અને તે જગ્યાઓ હું તમોને બતાવું". આવું તેણે કહેલું, આ બધુ તેઓએ સાંભળ્યું અને તે પોલીસને લખાવેલું. ત્યારબાદ ત્યાં ગાડીની અંદર પોલીસના સાહેબ, પોલીસનો સ્ટાફ, આ સાહેદ સાથેના ગુલાબસિંહ, આરોપી બધા બેઠેલા. આ વખતે સાહેબે ડ્રાઈવરને કહેલું કે આ આરોપી રસ્તો બતાવે તે પ્રમાણે ગાડી લઈ લ્યો અને જયાં ઉભી રખાવે ત્યાં ઉભી રાખજો. ત્યાંથી ગાડી આગળ એકાદ કિ.મી. ગયેલી અને પછી આરોપીએ ગાડી ઉભી રખાવેલી. જયાં ગાડી ઉભી રખાવેલી ત્યાં દરગાહ જેવું કાંઈક હતું. ત્યાં પછી આરોપી તેઓને દરગાહમાં અંદર લઈ ગયા અને ત્યાં જગ્યા બતાવી. તે દરગાહનું નામ "ખુંદપીરની દરગાહ" હતું. ત્યાં એક ઓરડી હતી અને ધર્મશાળા જેવું હતું. તેણે જણાવેલું કે, "અમે આ ઓરડીમાં રહેતા હતા." તેણે જે જણાવેલું તે પોલીસને લખાવેલું. ત્યારપછી પાછા બધા ગાડીમાં બેઠેલા. ગાડીમાં બેઠા પછી તેણે ગાડી આગળ ચલાવવાનું કહેલું અને એકાદ દોઢ કિ.મી. આગળ ગયેલા અને ત્યાં ડાબી સાઈડ તરફ કાચો રસ્તો આવેલો ત્યાં ગાડી વાળવાનું કહેલું. ત્યાં આગળ ૫૦૦ મીટર દુર "એક મિનારની મસ્જિદ" તેવું બોર્ડ હતું અને ત્યાં અંદર ગાડી લીધેલી અને ત્યાં પણ આ બોર્ડ મારેલું હતું અને ત્યાં બધા ગાડીમાંથી નીચે ઉતરેલા. ત્યાં એક નાનો ગેટ હતો તે ખોલીને આરોપી અંદર લઈ ગયેલો ત્યાં ૫૦૦ મીટર જેટલી મોટી જગ્યા હતી, મોટો ઓટલો હતો અને ચારેય તરફ મોટી ગ્રીલ હતી. તેણે એવું કહેલું કે, "અમે અહીંયા નમાજ પઢતા હતા."

ત્યાં એક કુવો હતો. ત્યારપછી આરોપીએ કહેલું કે, "અમે આતંકવાદની તાલીમ લીધેલી તે જગ્યા હવે હું તમને બતાવું." ત્યારબાદ બધા પાછા ગાડીમાં બેઠેલા અને પાવાગઢ રોડ પર દોઢેક કિ.મી. ગયેલા અને ત્યાં ૧૫૦ મીટર દુર કાચા રસ્તે ગાડી ઉભી રખાવેલી. ગાડી આરોપીએ ઉભી રખાવેલી. ત્યાં આગળ "હેલીકૈલ વાવ" આવેલી હતી. ત્યાં હેલીકૈલ વાવના કમ્પાઉન્ડમાં આરોપી લઈ ગયેલો. ત્યાં તારની ફેન્સીંગ હતી અને તાર ઉંચા કરીને ૧૫૦ મીટર અંદર જંગલમાં લઈ ગયેલો. ત્યાં ૪૦ થી ૫૦ મીટર જેટલી મોટી જગ્યા હતી. ત્યાં સૂકુ ઝાડ હતું અને ત્યાંથી ૧૫૦ મીટર આગળ એક ખીણ હતી જેમાં પાણી ભરેલું હતું. આરોપીએ ત્યાં કહેલું કે, "અહીંયા અમે તંબુ બાંધીને ટ્રેનીંગ લેતા હતા." આરોપીએ કહેલું તે બધું પોલીસને લખાવેલું.

ઉપર મુજબની વિગતવાળુ પંચનામુ બનાવેલુ તે આંક–૬૪૪૩ થી રજૂ રાખેલ છે જેમાં સાહેદ પોતાની તથા બીજા પંચ ગુલાબસિંહની સહીઓ ઓળખી બતાવે છે અને સદર પંચનામામાં લખેલી હકીકત ખરી હોવાનું જણાવે છે. સરતપાસમાં જણાવ્યા મુજબના આરોપીને ઓળખી બતાવવાનું જણાવ્યુ અને વીડિયો કોન્ફરન્સના માધ્યમથી આરોપીઓને વારાફરતી સાહેદને બતાવતા સાહેદ સરતપાસમાં જણાવેલ આરોપીને ઓળખી બતાવતા નથી અને જણાવેલ છે કે ઘણો સમય થઈ ગયેલ હોવાથી સાહેદ આરોપીને ઓળખી શકતા નથી.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પાવાગઢ ગ્રામ પંચાયતની ઑફિસ સામે જન્મથી રહે છે તે કબૂલ કરે છે. ગુલાબસિંહ પણ પાવાગઢમાં રહે છે અને તેઓને વર્ષોથી ઓળખે છે. આ ગુલાબસિંહ પાવાગઢ–હાલોલ વચ્ચે પેસેન્જર જીપ ચલાવે છે. "વિવેક હોટલ" પાવાગઢ–હાલોલ વચ્ચે આવેલી છે અને તે પાવાગઢથી ચારેક કિ.મી. દુર છે. પાવાગઢ થી હાલોલ ચોકડીએ આવીએ અને ત્યાંથી જમણી તરફ વળીએ ત્યારે પાવાગઢ જવાય તે કબૂલ કરે છે. હાલોલ થી પાવાગઢ વચ્ચેનું અંતર ૧૫ થી ૨૦ કી.મી. છે તો તે હકીકત નકારી છે. ખુંદપીરબાવાની દરગાહ હાલોલ થી પાવાગઢ આવીએ ત્યારે પાંચેક કી.મી.ના અંતરે છે તે કબૂલ કરે છે. આ દરગાહ રોડની ડાબી તરફ હાઈવેને

અડીને આવેલી છે તે કબૂલ કરે છે. મુખ્ય દરવાજો હાઈવે ઉપર પડે છે તે પણ કબૂલ કરે છે. દરગાહ ઉપર દરરોજ ઘણા માણસો દર્શન કરવા આવતા હોય છે તે પણ કબૂલે છે. ચાંપાનેરમાં આવેલી ઈમારતો અને મસ્જિદોનો વર્લ્ડ હેરીટેજમાં સમાવેશ થયેલો છે તે કબૂલ કરે છે. દરગાહથી પાવાગઢ તરફ એકાદ કી.મી. દુર એકમીનાર મસ્જિદ આવેલી છે તે કબૂલ કરે છે. મસ્જિદ રોડ ઉપર આવેલી છે અને તુટેલો અર્ધો મીનારો છે તે પણ કબૂલ કરે છે. મીનારની આજુબાજુ ખુલ્લુ મેદાન છે અને ખુલ્લો ઓટલો છે તે પણ કબૂલ કરે છે. એકમીનાર મસ્જિદમાં કોઈ માણસ રહેતા નથી તે કબૂલ કરે છે. એકમીનાર મસ્જિદથી દોઢ કી.મી. પાવાગઢ તરફ હેલીકૈલ વાવ આવેલી છે. આ વાવ ખંડેર અવસ્થામાં છે તે કબૂલ કરે છે. ચારેય બાજુ ખુલ્લુ મેદાન છે તે પણ કબૂલ કરે છે. વાવની કમ્પાઉન્ડ વોલ પુરી થયા પછી જંગલ છે તે પણ કબૂલે છે. સ્થળ ઉપરથી કોઈ પણ શંકાસ્પદ વસ્તુ જોઈ હોય અને કબજે લીધી હોય તેવુ પંચનામામાં નથી તે કબૂલ કરે છે. પોલીસે વિવેક હોટલ પાસે બોલાવ્યા ત્યારે બાઈક હોટલ ઉપર મુકીને ગાડીમાં બેસીને ગયેલાનું જણાવે છે. પંચનામા વખતેની વાતચીતો જે થયેલી તે યાદ નથી. સરતપાસમાં જણાવ્યા મુજબની પંચનામાની કાર્યવાહીમાં ભાગ લીધો નથી તો તે હકીકત નકારે છે.

વધુમાં સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો હેલીકૈલ વાવ અને એકમીનાર મસ્જિદ સિવાય બીજી પણ મસ્જિદો અને ઈમારતો જોવા લાયક છે તે કબૂલ કરે છે. દરગાહ ઉપર કોઈ વહીવટકર્તા રહે છે કે કેમ તેની ખાતરી કરેલી નહીં. દરગાહ પાસે જે રૂમ અને ધર્મશાળા આવેલી છે તેમાં રહેવા આવનારા માટે રેકર્ડ રાખવામાં આવે છે કે કેમ તેની તપાસ કરી નથી. દરગાહમાં દાખલ થઈએ ત્યારે દરગાહની પછી એક નાની મસ્જિદ આવેલી છે તે કબૂલ કરે છે. એકમીનાર મસ્જિદ અને હેલીકૈલ વાવ ઉપર પંચનામુ કર્યુ તે અગાઉ કયારેય જવાનું બન્યુ નથી. વાવમાં કોઈ પ્રાણી કે મનુષ્ય પડી ન જાય તે માટે નેટ બાંધેલી છે તે કબૂલ કરે છે. એકમીનાર મસ્જિદ પાસે આવેલા કુવા ઉપર કોઈ પડી ન જાય તે માટે નેટ બાંધેલી છે. મસ્જિદ તેમજ વાવની આજુબાજુ ખુલ્લી જગ્યામાં સરકાર તરફથી

પ્લાન્ટેશન અને ઘાસની લોન લગાવેલી છે તો તે હકીકત નકારેલી છે. ખાણની અંદર જયાં પાણી ભરાયેલુ હતુ તેનુ માપ લેવામાં આવેલુ નહીં.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તા.૧૭. ૧૧. ૨૦૦૮ ના રોજ પોલીસે આ સાહેદને હાલોલ/પાવાગઢ રોડ ઉપર આવેલ વિવેક હોટલ પાસે બોલાવેલા હતા. પોલીસ એક રફિયુદ્દીન સરફુદ્દીન કાપડીયા(આરોપી નં.૩૫) ને લઈને પાવાગઢના જંગલોમાં આતંકવાદી તાલીમ લીધેલી અને ઉશ્કેરણીજનક ભાષણો જે જે જગ્યા ઉપર કરેલા તે જગ્યાઓનું પંચનામુ કરવા માટે આ સાહેદને બોલાવેલા હતા. આ સાહેદને તથા બીજા પંચને સાથે રાખી આરોપીને લઈ સરતપાસમાં જણાવ્યા મુજબ આરોપીએ બતાવ્યા મુજબની જગ્યાઓ ઉપર જઈ પંચનામુ કરેલુ છે. આ સાહેદ પાવાગઢ ખાતે રહે છે, સામાન્ય વ્યકિત છે અને તેમને ફરિયાદપક્ષ કે આરોપીઓ સાથે કોઈ દુશ્મનાવટ કે મિત્રતા નથી, સ્વતંત્ર સાહેદ છે અને ઊલટતપાસ દરમ્યાન આરોપીઓને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત નીકળી આવતી નથી માટે આ સાહેદની જુબાની નહીં માનવાને કોઈ કારણ રહેતુ નથી.

આ પંચનામુ કરનાર અધિકારી સાહેદ નં.૧૦૮૯ પ્રવિણસિંહ ગટોરસિંહ વાઘેલાની જુબાની ધ્યાને લઈએ તો તેમણે તા.૧૭.૧૧.૨૦૦૮ નાં રોજ આ સાહેદ તથા બીજા પંચ ગુલાબસિંહ સોલંકીને પંચમાં રહેવા માટે બોલાવેલા હતા અને આરોપી નં.૩૫ ને સાથે રાખી પાવાગઢ/હાલોલ વચ્ચે આવેલ ખુંદપીરબાવાના દરગાહ, હેલીકૈલ વાવ, એકમીનાર મસ્જિદ વિગેરે જગ્યાઓ ઉપર આરોપીના કહેવા અને બતાવ્યા પ્રમાણે ગયેલા અને આ જગ્યાઓના પંચનામા કરેલા તે હકીકત આ સાહેદે તેઓની જુબાનીમાં પેરા નં.૨, પાના નં.૪,૫ માં જણાવેલ છે.

આંક–૬૪૪૩ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી રજુઆત અને દલીલ છે કે પંચનામામાં આરોપીની જે કબૂલાત્મક હકીકત જણાવવામાં આવેલી છે તે પુરાવામાં ગ્રાહ્ય નથી અને આરોપી વિરૂધ્ધ વંચાણે લઈ શકાય નહીં. આરોપીઓ તરફથી દલીલ અને રજુઆત એવી છે કે પંચનામા

મુજબ આરોપીએ "એકમીનાર મસ્જિદનું બોર્ડ આવેલ રોડ ઉપરથી કાચા રસ્તે આશરે ૫૦૦ મીટર જતા ત્યાં વાહન ઉભુ રખાવેલુ" આ હકીકત પુરાવામાં ગ્રાહ્ય નથી પરંતુ મારા મત પ્રમાણે વાહન ઉભુ રખાવ્યા પછી એકમીનાર મસ્જિદ અને તારની વાડ ત્યાં આવેલી છે તો તે હકીકત પુરાવામાં ગ્રાહ્ય છે. વધુમાં આરોપીઓ તરફથી એવી દલીલ અને રજુઆત છે કે પંચનામુ ધ્યાને લેતા "હેલીકૈલ વાવનું બોર્ડ આવતા આરોપીએ વાહન ડાબી બાજુ વળાવતા આશરે ૧૫૦ મીટર અંદર જતા વાહન ઉભુ રખાવેલુ" આ હકીકત પુરાવામાં ગ્રાહ્ય નથી પરંતુ મારા મત પ્રમાણે તે જગ્યાએ હેલીકૈલ વાવ છે તો તે હકીકત પુરાવામાં ગ્રાહય છે કારણકે આ જગ્યાઓની માહિતી આરોપીને હતી માટે તે દોરીને ત્યાં લઇ ગયેલા હતા.

આમ, સાહેદ નં.૯૦૦ હિમેશ મહેતા તથા સાહેદ નં.૧૦૮૯ પ્રવિણસિંહ વાઘેલાની જુબાનીઓ તથા આંક–૬૪૪૩ વાળુ પંચનામુ ધ્યાને લેતા ૧૩.૧.૨૦૦૮ થી ૧૫.૧.૨૦૦૮ ના સમય દરમ્યાન આરોપી નં.૨, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૪, ૩૭ નાઓએ પાવાગઢના જંગલોમાં રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ગુજરાતના લોકોને બોલાવીને આતંકવાદી તાલીમ કેમ્પનુ આયોજન કરેલુ અને તેમાં ટ્રેકીંગ, સ્વીમીંગ, મોટર બાઈકીંગ તથા ફાયરીંગની તાલીમો લીધેલ હોવાનું તેમજ જેદાહી ભાષણો કરેલા હોવાનું માલુમ પડે છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે હેમંતભાઈ કપુરચંદ ખંડેલવાલને સાહેદ નં.૬૧૭ તરીકે આંક–૩૨૫૫ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૨૭.૮.૨૦૦૮ ના રોજ બપોરના સમયે સ્વામિનારાયણ મંદિર વડોદરા પાસેથી જતા હતા ત્યારે ડી.સી.બી. ઑફિસમાં પોલીસે તેમને બોલાવેલા ત્યાં એક બીજા ભાઈ હિરેનભાઈ હીંગુ તથા બીજા બે ભાઈઓ ઉભા હતા. ચાર,પાંચ પોલીસના માણસો તથા એક સાહેબ પણ હતા. પોલીસે કહેલુ કે ગાડી અને હોન્ડાનું પંચનામુ કરવાનું છે જેથી પંચમાં રહેવાની "હા" પાડેલી. ત્યાં હાજર બે વ્યકિતઓ પૈકી નાસીરભાઈ અને અનીસભાઈ હાજર હતા. નાસીરભાઈએ ટાટા સુમો ગાડી રજૂ કરેલી તેનો ચેસીસ નંબર જોઈને લખાવેલો. અનીસભાઈએ મોટર સાઇકલ રજૂ કરેલી અને તેનો પણ ચેસીસ નંબર લખાવેલો.

આ કાર્યવાહીનુ પંચનામુ કરેલુ જે આંક–૩૨૫૬ થી ૨જૂ છે તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવી છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો ડી.સી.બી.નું કુલ ફોર્મ કહી શકે તેમ નથી. પોલીસે આ ઑફિસે વાડી સ્વામિનારાયણ મંદિર પાસે આવેલી છે ત્યાં બોલાવેલા, પંચનામુ અમદાવાદ બોમ્બ બ્લાસ્ટ અંગેનુ હતુ, સી.આર. નંબરની ખબર નથી. પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદ સામાન્ય વ્યકિત છે, સી.આર. નંબરની તેને ખબર ન હોય. પોલીસે કઈ કલમો લગાવેલી તેની પણ ખબર નથી. મુદ્દામાલ વાહનો કોણ લાવેલુ તેની ખબર નથી. વાહનો ચાલુ હાલતમાં હતા તે બાબતે કોઈએ ચલાવેલા નહીં. પંચનામુ કોને કહેવાય તેની ખબર નથી. પોલીસે પંચનામુ લખી લીધેલુ તો તે હકીકત નકારેલી છે. પંચનામુ પંચો વારાફરથી બોલીને લખાવતા હતા. પોલીસ અધિકારીએ ત્યાં ઉભેલા બન્ને વ્યકિઓની ઓળખ કરાવેલી. મુદ્દામાલ વાહનો ઉપર ઓળખ સબંધે કોઈ નિશાની કરેલી નહીં. ગાડીની સીટીંગ કેપેસીટી ૮+૧ ની હતી. મુદ્દામાલ મોટર કયા વર્ષની છે તે કહી શકે તેમ નથી પરંતુ મારા મત પ્રમાણે મુદ્દામાલ મોટરનું વર્ષ જોઈને તે મોટર કબજે કરવાની ન હતી ફકત મોટર કાર કબજે કરવાની હતી માટે મોટર કાર કયા વર્ષની હતી તે આ સાહેદે જોવાની જરૂર નથી. પોલીસ અધિકારીના કહેવાથી કિંમત લખાવેલાની હકીકત નકારેલી છે. પંચનામુ કોણે લખેલુ તેની ખબર નથી પરંતુ પંચનામુ રાઈટર લખતા હતા તેમ જણાવે છે. આ સાહેદની રૂબરૂમાં મુદ્દામાલ મોટર કાર તથા મોટર સાઇકલ કબજે કરવામાં આવી નથી તો તે હકીકત નકારેલી છે. પોલીસના કહેવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારે છે.

વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો ડી.સી.બી. પોલીસ સ્ટેશન આ સાહેદની દુકાનથી બે–ત્રણ કી.મી. દુર આવેલુ છે. ઘરેથી દુકાન આવતા જતા રસ્તામાં ડી.સી.બી. પોલીસ સ્ટેશન આવતુ નથી. ડી.સી.બી. પોલીસ સ્ટેશનમાં અધિકારી રૂમમાં લઈ ગયેલાનું કબૂલ કરે છે. મોટર કાર અને મોટર સાઇકલ જોવા માટે આ સાહેદ, પોલીસ અધિકારી તથા પોલીસના માણસો રૂમમાંથી બહાર

આવેલા, પંચનામુ સ્થળ ઉપર કરેલુ, ગાડીનો ચેસીસ નંબર બોનેટ ઉંચુ કરીને જોયેલો. મોટર કાર ઉપર કોઈ ચિહ્ન કે સ્ટીકર જોયેલુ નહીં તો તે હકીકત નકારેલી છે.

આમ આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો પંચનામુ કરનાર અધિકારી સાહેદ નં. ૧૦૭૦ વિનય શુકલનાઓએ બે પંચોની હાજરીમાં ડી.સી.બી. પોલીસ સ્ટેશન વડોદરા ખાતે હાજર ઈસમ સાહેદ નં.૯૪૦ નાઓએ પંચો રૂબરૂ ટાટા સુમો ગાડી રજૂ કરેલી અને તે આંક–૩૨૫૬ વાળા પંચનામાની વિગતે કબજે કરેલી છે. આ ટાટા સુમો ગાડીનો નં.જીજે–૧–એકસએકસ–૮૮૦૦ છે અને આ ગાડી આરોપી નં.૨ નાએ સાપુતારા લઈ જવી છે તેમ કહી રૂા.૨૦૦૦/– નુ ભાડુ નકકી કરી ભાડે લીધેલી અને આ ગાડી આસીફભાઈએ ભાડે અપાવેલી હતી. આ ઉપરાંત આરોપી નં.૭ નાઓએ જે મોટર સાઇકલનો ઉપયોગ કરેલો તે મોટર સાઇકલ આરોપી નં.૭ ના પિતાએ રજૂ કરેલી અને તે પણ પંચોની હાજરીમાં કબજે કરવામાં આવેલી છે. આંક–૩૨૫૬ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ અને રજૂઆત છે કે "આરોપી ઈમરાન ઈબ્રાહીમ શેખને તા.૧૩.૧.૨૦૦૮ ના રોજ સુમો ગાડી આપેલ" આ હકીકત પુરાવામાં ગ્રાહ્ય નથી પરંતુ આ હકીકત ગાડી રજુ કરનાર સાહેદ નં.૯૪૦ નાસીર કુરેશીએ જણાવેલી છે આરોપીની કબૂલાત્મક હકીકત નથી માટે તે પુરાવામાં ગ્રાહ્ય છે. વધુમાં એવી દલીલ અને રજૂઆત છે કે "પંચનામામાં પોતાના દીકરાએ પાવાગઢ હાલોલ જેહાદી કેમ્પમાં જે મોટર સાઇકલ વાપરેલ તે" આ હકીકત પુરાવામાં ગ્રાહ્ય નથી પરંતુ મારા મત પ્રમાણે આ હકીકત આરોપી નં.૭ ના પિતાએ જણાવેલી છે અને આરોપી નં.૭ ના પિતા પોલીસ કસ્ટડીમાં ન હતા માટે તે હકીકત પણ પુરાવામાં ગ્રાહ્ય ગણાય.

આંક–૩૨૫૬વાળુ પંચનામુ સાહેદ નં.૧૦૭૦ વિનય શુકલે આ સાહેદ તથા બીજા પંચ વિરેન હિંગુની હાજરીમાં બનાવેલુ છે. તપાસ કરનાર અધિકારીએ બે પંચોને ડી.સી.બી. પોલીસ સ્ટેશન વડોદરા ખાતે બોલાવેલા અને આરોપી નં.૨ નાએ જે વ્યકિત પાસેથી ટાટા સુમો ભાડે રાખેલી તે સાહેદ નં.૯૪૦

નાસીર કુરેશીએ પોલીસ સમક્ષ રજૂ કરેલી અને તે પંચોની રૂબરૂમાં કિંમત રૂા. ૬૫૦૦૦/– ગણી કબજે કરેલી છે. આ ગાડી આરોપી નં.૨ નાઓએ સાપુતારા લઈ જવી છે તેમ કહી ભાડે રાખેલી અને તેનો ઉપયોગ હાલોલ–પાવાગઢ ખાતે ૧૩ જાન્યુઆરી થી ૧૫ જાન્યુઆરી દરમ્યાન આતંકવાદી કેમ્પ આ આરોપી નં.૨ તથા અન્ય આરોપીઓએ યોજેલા તેમાં ઉપયોગ કરેલો છે. તે જ રીતે અન્ય એક સાહેદ આરોપી નં.૭ ના પિતા જેમને ફરિયાદપક્ષે તપાસેલા નથી તેઓ મહંમદઅનીસ સબ્બીરઅહેમદ અગરબત્તીવાલા છે અને તેમણે પણ પંચોની રૂબરૂમાં પોલીસ સમક્ષ મોટર સાઇકલ રજૂ કરેલી જે રૂા.૨૦૦૦૦/– ની કિંમત ગણી કબજે કરેલી છે. આ મોટર સાઇકલનો ઉપયોગ પણ આ આરોપીઓએ આતંકવાદી કેમ્પમાં કરેલો હતો.

તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૦૭૦ વિનય શુકલનાઓએ શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ ના કામે તા. ૨૭.૮.૨૦૦૮ ના રોજ બે પંચોની હાજરીમાં આંક–૩૨૫૬ વાળુ પંચનામુ બનાવીને ટાટા સુમો તથા મોટર સાઇકલ કબજે કરેલા છે આ હકીકત સાહેદ વિનય શુકલનાઓએ પોતાની જુબાનીના પેરા નં.૫.૧, પાના નં.૧૭ થી ૧૯ માં જણાવેલ છે તથા પંચનામામાં પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવી છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે નાસીર અમીનસાહેબ કુરેશીને સાહેદ નં.૯૪૦ તરીકે આંક–૬૬૨૩ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ સને ૨૦૦૮ મા આ સાહેદ પાસે બે ગાડી હતી. તે પૈકી એક ટાટા સુમો અને બીજી ટાટા ઈન્ડિકા હતી. ટાટા સુમો ગાડી સફેદ કલરની જેનો નં.જીજે–૧–એકસએકસ–૮૮૦૦ હતો અને ટાટા ઈન્ડિકા બ્લ્યુ કલરની હતી જેનો નં.જીજે–૬–ઝેડ–૨૯ હતો. ટાટા સુમો ગાડી આ સાહેદના ભાઈ નાહીદના નામ પર હતી. જયારે ઈન્ડિકા ગાડી આ સાહેદના નામ પર હતી. તા. ૨૭.૮. ૨૦૦૮ ના રોજ ક્રાઈમ બ્રાન્ચમાંથી શુકલા સાહેબ આવેલા અને ગાડીઓના ધંધા બાબતે પુછપરછ કરેલી. પુછપરછ દરમ્યાન જણાવેલુ કે તા.૧૩.૧.૨૦૦૮ નાં

રોજ મિત્ર આસીફ એક ભાઈને લઈને આવેલો હતો અને તેને ગાડી સાપુતારા લઈ જવી હતી. ઉતરાયણનો દિવસ હોય ડ્રાઈવર મળે તેમ ન હતો માટે તે લોકોએ એવુ કહેલુ કે અમારો ડ્રાઈવર લઈ જઈશું જેથી રૂા.૨૦૦૦/– ભાડુ નકકી કરેલુ અને ટાટા સુમો આસીફની સાથે આવેલા ભાઈને આપેલી તે ભાઈનું નામ ખ્યાલ નથી પરંતુ આસીફભાઈએ તેનુ નામ "ઈમરાનભાઈ" (આરોપી નં.૨) જણાવેલુ. ત્યારબાદ તેરમી તારીખે સવારે ગાડી આપેલી અને પંદરમી તારીખે તેઓ ગાડી પાછી આપી ગયેલા તથા રૂા.૨૦૦૦/– ભાડુ પણ આપેલુ તેમ પોલીસને જણાવેલુ. ત્યારબાદ પોલીસને ગાડીની આર.સી. બુક, ઈન્સ્યોરન્સ પોલીસીની ઝેરોક્ષ પણ આપેલી હતી અને પોલીસે આ મુજબ જવાબ લીધેલો. ગાડી ભાડે લઈ જનાર ઈમરાનભાઈને ઓળખી શકે તેમ નથી.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પોલીસે સમજાવેલુ માટે સરતપાસમાં જણાવેલુ છે તો તે હકીકત નકારેલી છે. આવી કોઈ ગાડી આસીફે કે ઈમરાને લીધેલી નથી તો તે હકીકત પણ નકારેલી છે.

આમ આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ ટેક્ષીઓ ભાડે આપવાનો ધંધો કરે છે, વડોદરા મુકામે રહે છે અને વડોદરા મુકામે તેમનો મીત્ર આસીફ કરીને છે અને તે આસીફ પોતે આરોપી નં.૨ ને લઈને ગાડી ભાડે અપાવવા માટે આ સાહેદ પાસે ગયેલો હતો અને આરોપી નં.૨ નાએ આ સાહેદ પાસેથી તા.૧૩.૧.૨૦૦૮ ના રોજ સાપુતારા મુકામે જવુ છે તેમ કહીને રૂા. ૨૦૦૦/– ના ભાડાથી લઈ જવાનું નકકી કરેલુ અને ગાડી ભાડે લઈ ગયેલો. આસીફભાઈએ તે વ્યકિતનું નામ ઈમરાનભાઈ છે તેમ જણાવેલુ. ત્યારબાદ તા. ૧૫.૧.૨૦૦૮ ના રોજ આ ઈમરાનભાઈ ગાડી પાછી આપી ગયેલા અને રૂા. ૨૦૦૦/– ભાડુ આપેલુ, ગાડીની આર.સી.બુક અને ઈન્સ્યોરન્સના કાગળો પોલીસમાં આપેલાનું જણાવે છે અને ગાડી ભાડે લઈ જનાર ઈમરાનને તેઓ ઓળખી શકે નહીં તેમ જણાવે છે. મારા મત પ્રમાણે ન જ ઓળખે કારણ કે આ જુબાની આપતા પહેલા ૧૦ વર્ષ અગાઉ આ સાહેદે ઈમરાનને (આરોપી નં.૨ ને) જોયેલો હતો અને તે ગાડી ભાડે લેવા આવ્યો ત્યારે અને ગાડી પરત આપી ગયો

ત્યારે આમ ફકત બે વખત જોયેલો છે અને ત્યારબાદ ૧૦ વર્ષથી જોયેલો ન હોય સ્વાભાવિક છે કે તેને ઓળખી શકે નહીં. પરંતુ આ સાહેદની જુબાની ધ્યાને લેતા આરોપી નં.૨ આ સાહેદ પાસેથી ટાટા સુમો ભાડે લઈ ગયેલા હતા અને તેનો ઉપયોગ પાવાગઢ ખાતે આતંકવાદી તાલીમો દરમ્યાન આવવા જવા માટે કરેલો છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે આસીફભાઈ ઈકબાલભાઈ બોડાવાલાને સાહેદ નં.૯૪૧ તરીકે આંક–૬૬૨૪ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ સને–૨૦૦૮ મા ધ રેન્જર નામની કાપડની દુકાનમાં નોકરી કરતા હતા અને તેમની સાથે ઈમરાન શેખ પણ નોકરી કરતો હતો. તેઓએ દોઢેક વર્ષ સુધી સાથે કામ કરેલુ. તા.૨૭.૮.૨૦૦૮ નાં રોજ પોલીસ આ સાહેદ પાસે આવેલી અને ઈમરાન શેખ બાબતે પુછેલુ. પોલીસે એમ પણ પુછેલુ કે ઈમરાનને તમે ગાડી અપાવેલી ? તો "હા" પાડેલી અને જણાવેલુ કે તેને ગાડી અપાવેલી હતી. આ ગાડી નાસીર પાસે ટાટા સુમો હતી તે ભાડે અપાવેલી. તા.૧૩, ૧૪, ૧૫–જાન્યુઆરી–૨૦૦૮ ના રોજ આ ગાડી ભાડે અપાવેલી હતી. ઈમરાનને ગાડી અપાવવા માટે નાસીર પાસે લઈ ગયેલા હતા. ત્યારબાદ ૨૭ મી તારીખે સાહેબ આવ્યા ત્યારે જાણવા મળેલુ કે ઈમરાન આ ગાડી સાપુતારા નહીં પરંતુ પાવાગઢ તરફ સીમીના કાર્યકરો માટે લઈ ગયો હતો.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદને બનાવ વિશે કોઈ જાત માહિતી નથી. પરંતુ આ સાહેદની સરતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ વડોદરા મુકામે રહે છે અને કાપડની દુકાનમાં નોકરી કરતા હતા અને આરોપી નં.૨ ઈમરાન પણ તેમની સાથે નોકરી કરતો હતો. પોલીસે તેઓને પુછેલુ કે ઈમરાનને ગાડી ભાડે અપાવેલી તો આ સાહેદ હા પાડેલી અને જણાવેલુ કે ૧૩ જાન્યુઆરીથી ૧૫ જાન્યુઆરી ૨૦૦૮ દરમ્યાન નાસીર પાસેથી ગાડી ભાડે અપાવેલી હતી. આમ આરોપી નં.૨ નાઓએ ટાટા સુમો ભાડે લીધેલાની હકીકતને આ સાહેદની જુબાનીથી સમર્થન મળે છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે અબ્દુલઅજીમ અબ્દુલહમીદ સોદાગરને સાહેદ નં.૧૦૬૨ તરીકે આંક–૭૨૧૯થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ પાલડી અમદાવાદ ખાતે આવેલ એન.આઈ.ડી. પાસે આવેલ મ્યુનિસિપલ માર્કેટમાં દુકાન નં.૪ મા આવેલ "આઈનેટ સાયબર કાફે" નામની દુકાનમાં નોકરી કરતા હતા. કયામુદ્દીન કાપડીયા (આરોપી નં. ૩૭) તથા ઈમરાન શેખ (આરોપી નં.૨) તેમજ મહંમદ ઉસ્માન અગરબત્તીવાલા (આરોપી નં.૭) કમ્પ્યુટર શીખવા આવતા હોવાથી તેઓને સારી રીતે ઓળખતા હતા. તેઓ સાયબર કાફેમાં આવી સરફીંગ કરતા હતા અને સાયબર કાફેનું રજીસ્ટર પોલીસને આપેલુ જે આંક–૩૨૦૮ થી રજૂ કરેલુ છે તેમાં તા.૨૪.૪. ૨૦૦૮ ના રોજની કમ્પ્યુટરવાળી એન્ટ્રીમાં આરોપી નં.૩૭ કયામુદ્દીનભાઈનું નામ લખેલુ છે તેમ જણાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ આઈનેટ સાયબર કાફેમાં નોકરી કરતા હતા તે બતાવવા માટે પોલીસે પુરાવો માંગેલો નહીં તે કબૂલ કરે છે. આદીલભાઈ મલેક તેમની માસીના દીકરા છે તે કબૂલ કરે છે. હાર્ડ ડીસ્ક અને રજીસ્ટર આદીલભાઈને પુછીને પોલીસને આપવાનું નકકી કરેલુ તે કબૂલ કરે છે. પોલીસના માણસો આદીલભાઈ તથા આ સાહેદની માસી સોફીયાબેનને બોલાવીને પુછપરછ કરતા હતા તો તે હકીકત નકારી છે. આદીલભાઈ તથા માસી સોફીયાબાનુ અજમેર ગયેલા અને ૨,૩ દિવસ પછી પાછા આવેલાનું જણાવે છે. હાર્ડ ડિસ્ક અને રજીસ્ટર પોલીસ લઈ ગયેલાની ખબર આજદિન સુધી નથી તો તે હકીકત નકારે છે. હાર્ડ ડીસ્ક અને રજીસ્ટર પોલીસને મળ્યુ છે તે બાબતે પોલીસે કોઈ પહોંચ આપેલી નથી. પરંતુ મારા મત પ્રમાણે પોલીસે પહોંચ આપી નથી તેનો મતલબ એવો નથી કે હાર્ડ ડીસ્ક અને રજીસ્ટર પોલીસ લઈ ગયેલા નથી. પહોંચ આપી નથી તો તે અંગેનો પૂર્વગ્રહ તેના માલીકને થાય આરોપીઓને તેની સાથે કોઈ લેવાદેવા નથી. વધુમાં સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો સાયબર કાફેમાં દિવસ દરમ્યાન ઘણા માણસો આવતા હોય છે તે કબૂલ કરે છે. સાયબર કાફે ઉપર કોઈ વ્યકિત આવે અને

આઈ.ડી.કાર્ડ બતાવે ત્યારબાદ તેને મનપસંદ ટેબલ ઉપર બેસાડવામાં આવે છે તો તે હકીકત નકારી છે.

આમ, આઈનેટ સાયબ કાફે નામની દુકાનમાં આ સાહેદ નોકરી કરતા હતા ત્યારે આરોપી નં.૨ અને ૩૭ તથા તેમની સાથે આરોપી નં.૭ નાઓ સરફીંગ કરવા માટે જતા હતા અને આરોપી નં.૩૭ નાઓએ તા.૨૪.૪.૨૦૦૮ નાં રોજ કમ્પ્યુટર નં.૪ ઉપર એન્ટ્રી કરીને ત્યાં બેસીને સરફીંગ કરેલુ છે. આ કમ્પ્યુટર એન્ટ્રી આંક–૩૨૦૮ થી રજૂ છે અને તેમાં કયામુદ્દીન જે નામ લખેલુ છે તે આ સાહેદે લખેલુ છે. આ હકીકત નહીં માનવાને કોઈ કારણ નથી.

આ આરોપી નં.૨ ઈમરાન ઈબ્રાહીમ શેખે પોતાના ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજુ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે તે પ્રશ્નના જવાબમાં તેણે ફરિયાદપક્ષના પુરાવા સબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના બચાવ માટે જે હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦ મા જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી. ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં જે કાંઇ હકીકત જણાવેલી છે તે હકિકત અગાઉ આરોપીએ કયારેય જણાવેલી નથી અને પાછળથી સમજી, વિચારીને સલાહ, સુચનો મેળવી ખોટી હકીકતો લખાવી છે કે કોઇ પુરાવો નથી માટે લખાવેલી તમામ હકીકતો સહેજ પણ માનવા યોગ્ય નથી.

આ ઉપરાંત આરોપી નં. ૨ ઈમરાન ઈબ્રાહીમ શેખનાઓએ આંક–૯૧૮૭ થી શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં.૨૩૬/૨૦૦૮ ના કામે તેઓને અટક કર્યા અંગેના એરેસ્ટ મેમોની પ્રમાણીત નકલ પોતાના બચાવ માટે રજૂ કરેલ છે. તે ધ્યાને લઈએ તો આરોપીને તા.૧૬.૮.૨૦૦૮ ના રોજ શાહીબાગના ગુન્હામાં અટક કરેલો છે. આ ઉપરાંત બાપુનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં.૨૨૦/૨૦૦૮ ના કામે આરોપી નં.૨૪, ૨૫, ૨૦, ૨૧, ૨૨, ૧૭, ૧૮, ૧૬, ૨, ૫, ૬, ૩ નાઓને તા.૭.૧૧.૨૦૦૮ ના રોજ

મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧ સમક્ષ પ્રોડકશન રીપોર્ટ સાથે રજૂ કરેલા અને તે રીપોર્ટની પ્રમાણીત નકલ આંક–૯૧૮૮ થી પોતાના બચાવ માટે રજૂ કરેલી છે. આ આરોપીઓએ પણ પોલીસ સામે કે પોલીસ વિરૂધ્ધ અયોગ્ય વર્તનની કોઈ ફરિયાદ કરેલ નથી જેથી આરોપીને જયુડીશીયલ કસ્ટડીમાં લેવામાં આવે છે તેવો હુકમ કરી મેજિસ્ટ્રેટશ્રીએ તારીખ લખી પોતાની સહી કરેલ છે.

આ ઉપરાંત કાલુપુર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં.૧૨૩/૨૦૦૮ નાં કામે આરોપી નં.૨૪, ૨૫, ૨૦, ૨૧, ૨૨, ૧૭, ૧૮, ૧૬, ૨, ૫, ૬, ૩ નાઓને તા.૭.૧૧.૨૦૦૮ ના રોજ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧ સમક્ષ પ્રોડકશન રીપોર્ટ સાથે રજૂ કરેલા અને તે રીપોર્ટની પ્રમાણીત નકલ આંક–૯૧૮૯ થી પોતાના બચાવ માટે રજૂ કરેલી છે. આ આરોપીઓએ પણ પોલીસ સામે કે પોલીસ વિરૂધ્ધ અયોગ્ય વર્તનની કોઈ ફરિયાદ કરેલ નથી જેથી આરોપીને જયુડીશીયલ કસ્ટડીમાં લેવામાં આવે છે તેવો હુકમ કરી મેજિસ્ટ્રેટશ્રીએ તારીખ લખી પોતાની સહી કરેલ છે.

આ ઉપરાંત સરખેજ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં.૧૮૧/૨૦૦૮ નાં કામે આરોપી નં.૨૪, ૨૫, ૨૦, ૨૧, ૨૨, ૧૭, ૧૮, ૧૬, ૨, ૫, ૬, ૩ નાઓને તા.૭.૧૧.૨૦૦૮ નાં રોજ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧ સમક્ષ પ્રોડકશન રીપોર્ટ સાથે રજૂ કરેલા અને તે રીપોર્ટની પ્રમાણીત નકલ આંક–૯૧૯૦ થી પોતાના બચાવ માટે રજૂ કરેલી છે. આ આરોપીઓએ પણ પોલીસ સામે કે પોલીસ વિરૂધ્ધ અયોગ્ય વર્તનની કોઈ ફરિયાદ કરેલ નથી જેથી આરોપીને જયુડીશીયલ કસ્ટડીમાં લેવામાં આવે છે તેવો હુકમ કરી મેજિસ્ટ્રેટશ્રીએ તારીખ લખી પોતાની સહી કરેલ છે.

આ ઉપરાંત વટવા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં.૨૧૮/૨૦૦૮ ના કામે આરોપી નં.૨૪, ૨૫, ૨૦, ૨૧, ૨૨, ૧૭, ૧૮, ૧૬, ૨, ૫, ૬, ૩ નાઓને તા.૭.૧૧.૨૦૦૮ નાં રોજ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧ સમક્ષ પ્રોડકશન રીપોર્ટ સાથે રજૂ કરેલા અને તે રીપોર્ટની પ્રમાણીત નકલ આંક–૯૧૯૧ થી પોતાના બચાવ માટે રજૂ કરેલી છે. આ આરોપીઓએ પણ પોલીસ

સામે કે પોલીસ વિરૂધ્ધ અયોગ્ય વર્તનની કોઈ ફરિયાદ કરેલ નથી જેથી આરોપીને જયુડીશીયલ કસ્ટડીમાં લેવામાં આવે છે તેવો હુકમ કરી મેજિસ્ટ્રેટશ્રીએ તારીખ લખી પોતાની સહી કરેલ છે.

આ ઉપરાંત મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં.૨૦૫/ ૨૦૦૮ નાં કામે આરોપી નં.૨૪, ૨૫, ૨૦, ૨૧, ૨૨, ૧૭, ૧૮, ૧૬, ૨, ૫, ૬, ૩ નાઓને તા.૭.૧૧.૨૦૦૮ નાં રોજ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧ સમક્ષ પ્રોડકશન રીપોર્ટ સાથે રજૂ કરેલા અને તે રીપોર્ટની પ્રમાણીત નકલ આંક– ૯૧૯૨થી પોતાના બચાવ માટે રજૂ કરેલી છે. આ આરોપીઓએ પણ પોલીસ સામે કે પોલીસ વિરૂધ્ધ અયોગ્ય વર્તનની કોઈ ફરિયાદ કરેલ નથી જેથી આરોપીને જયુડીશીયલ કસ્ટડીમાં લેવામાં આવે છે તેવો હુકમ કરી મેજિસ્ટ્રેટશ્રીએ તારીખ લખી પોતાની સહી કરેલ છે.

આ ઉપરાંત મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં.૨૦૪/ ૨૦૦૮ નાં કામે આરોપી નં.૨૪, ૨૫, ૨૦, ૨૧, ૨૨, ૧૭, ૧૮, ૧૬, ૨, ૫, ૬, ૩ નાઓને તા.૭.૧૧.૨૦૦૮ ના રોજ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧ સમક્ષ પ્રોડકશન રીપોર્ટ સાથે રજૂ કરેલા અને તે રીપોર્ટની પ્રમાણીત નકલ આંક– ૯૧૯૩ થી પોતાના બચાવ માટે રજૂ કરેલી છે. આ આરોપીઓએ પણ પોલીસ સામે કે પોલીસ વિરૂધ્ધ અયોગ્ય વર્તનની કોઈ ફરિયાદ કરેલ નથી જેથી આરોપીને જયુડીશીયલ કસ્ટડીમાં લેવામાં આવે છે તેવો હુકમ કરી મેજિસ્ટ્રેટશ્રીએ તારીખ લખી પોતાની સહી કરેલ છે.

આ ઉપરાંત ઓઢવ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં.૩૩૯/ ૨૦૦૮ નાં કામે આરોપી નં.૨, ૫, ૬, ૩, ૧૬ નાઓને તા.૫.૧૨.૨૦૦૮ નાં રોજ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧ સમક્ષ પ્રોડકશન રીપોર્ટ સાથે રજૂ કરેલા અને તે રીપોર્ટની પ્રમાણીત નકલ આંક–૯૧૯૪ થી પોતાના બચાવ માટે રજૂ કરેલી છે. આ આરોપીઓએ પણ પોલીસ સામે કે પોલીસ વિરૂધ્ધ અયોગ્ય વર્તનની કોઈ ફરિયાદ કરેલ નથી જેથી આરોપીને જયુડીશીયલ કસ્ટડીમાં લેવામાં આવે છે તેવો હુકમ કરી મેજિસ્ટ્રેટશ્રીએ તારીખ લખી પોતાની સહી કરેલ છે.

આ ઉપરાંત ઓઢવ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં.૩૩૯/૨૦૦૮ નાં કામે આરોપી નં.૨, ૫ નાઓને તા.૬.૧૨.૨૦૦૮ નાં રોજ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧ સમક્ષ પ્રોડકશન રીપોર્ટ સાથે રજૂ કરેલા અને તે રીપોર્ટની પ્રમાણીત નકલ આંક–૯૧૯૫ થી પોતાના બચાવ માટે રજૂ કરેલી છે. આ આરોપીઓએ પણ પોલીસ સામે કે પોલીસ વિરૂધ્ધ અયોગ્ય વર્તનની કોઈ ફરિયાદ કરેલ નથી જેથી આરોપીને જયુડીશીયલ કસ્ટડીમાં લેવામાં આવે છે તેવો હુકમ કરી મેજિસ્ટ્રેટશ્રીએ તારીખ લખી પોતાની સહી કરેલ છે.

વધુમાં આ કામે આરોપી નં.૨ એ પોતાના બચાવમાં આરોપીના વકીલશ્રી આઈ.એમ.મુન્સીનાઓએ તા.૬.૧૨.૨૦૦૮ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં.૩૩૯/૨૦૦૮ ના કામે રીમાન્ડ અરજી રદ કરવા માટે વાંધા અરજી આપેલી તેની પ્રમાણીત નકલ આંક–૯૨૧૫ થી રજૂ કરેલી છે.

આ ઉપરાંત ઓઢવ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં.૩૩૯/૨૦૦૮ નાં કામે આરોપી નં.૬, ૩, ૧૬ નાઓને તા.૧૫.૧૨.૨૦૦૮ ના રોજ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧ સમક્ષ પ્રોડકશન રીપોર્ટ સાથે રજૂ કરેલા અને તે રીપોર્ટની પ્રમાણીત નકલ આંક–૯૧૯૬ થી પોતાના બચાવ માટે રજૂ કરેલી છે. આ આરોપીઓએ પણ પોલીસ સામે કે પોલીસ વિરૂધ્ધ અયોગ્ય વર્તનની કોઈ ફરિયાદ કરેલ નથી જેથી આરોપીને જયુડીશીયલ કસ્ટડીમાં લેવામાં આવે છે તેવો હુકમ કરી મેજિસ્ટ્રેટશ્રીએ તારીખ લખી પોતાની સહી કરેલ છે.

આ ઉપરાંત આરોપી નં.૨ ઈમરાન ઈબ્રાહીમ શેખનાઓએ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧ ને ઉદેશીને તા.૨૫.૧૧.૨૦૦૮ ના રોજ સરકાર વિરૂધ્ધ ફરિયાદ આપેલી તે ફરિયાદની પ્રમાણીત નકલ પણ તેને રજૂ કરેલી છે. સદર ફરિયાદ અરજી આંક–૯૨૧૬વાળી પ્રમાણીત નકલ ધ્યાને લઈએ તો આરોપીના કહેવા પ્રમાણે તા.૭.૮.૨૦૦૮ થી તા.૧૧.૮.૨૦૦૮ સુધીના સમય દરમ્યાન તેઓને વડોદરા એસ.ઓ.જી. પોલીસે ગેરકાયદેસર ગોંધી રાખેલ. ત્યારપછી તા.૧૧.૮.૨૦૦૮ થી તા.૧૫.૮.૨૦૦૮ સુધી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચમાં રાખવામાં આવેલા હતા. પરંતુ આ આરોપીને એસ.ઓ.જી. વડોદરા

તથા ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ દ્વારા તા.૭.૮.૨૦૦૮ થી તા.૧૫.૮.૨૦૦૮ સુધી ગેરકાયદેસર રીતે ગોંધી રાખેલા હોય તો તે અંગેની કોઈ ફરિયાદ તા.૧૭.૮. ૨૦૦૮ ના રોજ આરોપીને મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧ સમક્ષ રજૂ કર્યા ત્યારે આપેલી નથી. તા. ૧૭.૮.૨૦૦૮ ના રોજ મેજિસ્ટ્રેટ રૂબરૂ તેઓને રજૂ કર્યા તે રીપોર્ટ ધ્યાને લઈએ તો આરોપીએ મેજિસ્ટ્રેટશ્રીને ક્રાઈમ બ્રાન્ચમાં માર માર્યા અંગેની કે તેઓને ગોંધી રાખ્યા હોય તેવી કોઈ રજૂઆત કરેલી નથી. ઉલટાનું મેજિસ્ટ્રેટશ્રીએ પોલીસ વિરૂધ્ધ કોઈ અયોગ્ય વર્તનની કોઈ ફરિયાદ કરતો નથી જેથી આરોપીને જયુડીશીયલ કસ્ટડીમાં લેવામાં આવે છે તેવો હુકમ કરી મેજિસ્ટ્રેટશ્રીએ તારીખ લખી પોતાની સહી કરેલ છે.

આ ઉપરાંત આ આરોપીએ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧ નાઓના તા.૮.૧૨.૨૦૦૮ ના રોજના હુકમની પ્રમાણીત નકલ આંક–૯૧૯૭ થી રજૂ કરેલી છે. આંક–૯૧૯૭ વાળી નકલ ધ્યાને લઈએ તો શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં.૨૩૬/૨૦૦૮, મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી. નં.૨૦૩/૨૦૦૮, ખાડીયા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી . નં.૭૧/૨૦૦૮, રામોલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં.૩૨૧/૨૦૦૮, નરોડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં.૪૦૧/૨૦૦૮, દાણીલીમડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી. નં.૧૪૦/૨૦૦૮, ઈસનપુર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં.૧૯૦/૨૦૦૮, મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં.૨૦૬/૨૦૦૮, મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં.૨૦૫/૨૦૦૮, મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી .નં. ૨૦૪/૨૦૦૮, કાલુપુર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં. ૧૨૩/ ૨૦૦૮, નરોડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં.૪૦૦/૨૦૦૮, અમરાઈવાડી પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં.૨૭૩/૨૦૦૮, બાપુનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં.૨૨૦/૨૦૦૮, વટવા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી .નં. ૨૧૮/૨૦૦૮ અને સરખેજ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં.૧૮૧/૨૦૦૮ ના કામે આરોપી મહેંદીહસન અબ્દુલહબીબ અન્સારી (આરોપી નં.૨૧), નવેદ

નઈમુદીન કાદરી (આરોપી નં.૧૭), અતીક ઉર રહેમાન અબ્દુલ હકીમ (આરોપી નં.૨૦), ઈમરાન અહેમદ (આરોપી નં.૨૨), ઉમર ઉર્ફે અશોક કાળા (આરોપી નં.૨૪) નાઓએ સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતેથી જેલ ઓથોરીટી દ્વારા તા. ૨૫.૧૧.૨૦૦૮ તથા ૨૭.૧૧.૨૦૦૮ નાં રોજ જે અરજીઓ મોકલેલી તે અરજીઓ હેઠળ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧ નાઓએ જે હુકમ કરેલો તે હુકમ છે. આરોપી નં.૨, ૨૧ અને ૨૪ નાઓએ ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબના કબૂલાત નિવેદનો નોંધાવેલા તે નિવેદનો પરત ખેંચતી આ અરજીઓ હતી. મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧ નો હુકમ ધ્યાને લેતા હુકમના પેરા નં.૨ માં મેજિસ્ટ્રેટશ્રીએ જણાવેલુ છે કે "આરોપીઓએ તેમની અલગ અલગ અરજીઓ કે જેઓએ તેમના સ્વહસ્તાક્ષરમાં લખેલી છે તે તમામ અરજીઓમાં તેઓએ જુદી–જુદી રજૂઆતો કરેલી છે જેમાં આરોપીઓ જયારે પોલીસ કસ્ટડીમાં હતા ત્યારે તેઓને ગેરકાયદેસર રીતે ગોંધી રાખવામાં આવેલા અને શારીરિક માનસીક ત્રાસ આપવામાં આવતો હતો અને તેમના સગાઓને મળવા દેવામાં આવતા ન હતા અને કોર્ટમાં પ્રોડકશન વખતે કોઈ ફરિયાદ કરીશ તો તેમના હાથપગ તોડી નાખવામાં આવશે અને વકીલ સાથે પણ વાતચીત કરવાની મનાઈ કરવામાં આવતી હતી તથા ડૉકટરની કોઈ તબીબી સારવાર કરવા દેવામાં આવતી ન હતી. આ ઉપરાંત તેમના ઉપર બળજબરી કરીને તેમની કબૂલાત ઉપર સહીઓ કરાવવામાં આવેલી છે તે તમામ હકીકત રદ કરવાની રજૂઆત કરેલી છે". વધુમાં આ હુકમના પેરા નં.૩ ધ્યાને લઈએ તો "ઉપરોકત તમામ આરોપીઓની અરજીઓ બાબતે વિચારણા કરીએ તો સૌપ્રથમ આરોપીઓ તા.૨૬.૭.૨૦૦૮ નાં રોજ જુદા–જુદા બોમ્બ વિસ્ફોટના આરોપીઓ છે અને જયારે પણ તેમને કોર્ટ સમક્ષ જુદા–જુદા ગુન્હાઓમાં અને પ્રોડકશન કરવામાં આવતુ હતુ તે વખતે તેમને ખુલ્લી અદાલતમાં પોલીસ વિરૂધ્ધ ફરિયાદ છે કે કેમ તે બાબતે પુછતા તેઓએ સતત ના જણાવેલુ છે અને તમામ આરોપીઓની પ્રોડકશન ઉપર સહીઓ લેવામાં આવેલી છે". આ ઉપરાંત હુકમના પેરા નં.૪ ધ્યાને લઈએ તો "આરોપીઓએ આ અરજી પાછળથી જેલમાં ગયા પછી મોકલી આપેલી છે તથા

આરોપીઓને જયારે કોર્ટ સમક્ષ પ્રોડકશન અને રીમાન્ડ વખતે રજૂ કરવામાં આવતા હતા તે વખતે તમામ આરોપીઓ તરફથી તેમના બચાવ માટે વિધ્વાન ધારાશાસ્ત્રીઓ કોર્ટ સમક્ષ હાજર રહેતા હતા અને આ તમામ ધારાશાસ્ત્રીઓ આરોપીઓને કોર્ટ રૂમમાં સંપર્ક કરતા હતા . આરોપીઓના વિદ્વાન ધારાશાસ્ત્રીઓને કોર્ટ રૂમમાં ૧૦ ફુટ દુરથી પોલીસની ગેરહાજરીમાં આરોપીઓ સાથે મુલાકાત કરવા દેવામાં આવેલ છે. આમ આરોપીઓના વકીલશ્રી કોર્ટ સમક્ષ હાજર હતા તેમનો બચાવ થતો હતો તેઓ તેમના બચાવમાં રોકેલ વકીલશ્રીઓને મળતા હતા તેમની તમામ માહિતીઓ તેમના વકીલશ્રીઓને જણાવતા હતા. આ તમામ હકીકતો રેકર્ડ ઉપર ઉપલબ્ધ છે. આમ આરોપીઓ સ્વચ્છાએ કોર્ટ સમક્ષ તેઓના ઉપર કોઈ પોલીસ ત્રાસ ગુજારવામાં આવતો નથી તેવી રજુઆત કરેલી છે. તેમના વિધ્વાન ધારાશાસ્ત્રીઓ દ્વારા પણ આ બાબતે આરોપીઓને જયારે જુદા–જુદા ગુન્હાઓમાં રજૂ કરવામાં આવતા હતા ત્યારે વિદ્વાન ધારાશાસ્ત્રીઓની હાજરીમાં તેઓએ પોલીસ વિરૂધ્ધ ત્રાસ અંગેની કોઈ ફરીયાદો કોર્ટ સમક્ષ કરેલી નથી. આમ સ્પષ્ટપણે અનુમાન થઈ શકે છે કે હાલના આરોપીઓએ જયુડીશીયલ કસ્ટડીમાં ગયા પછી હાલની અરજીઓ મોકલી આપેલી હોય તેમની અરજીઓ ઉપર પોલીસના ગેરવર્તન અંગે કોઈપણ પ્રકારની કાર્યવાહી કરી શકાય તેમ નથી અને તેમની અરજીઓ રદ થવા પાત્ર છે". વધુમાં હુકમના પેરા નં.૫ ધ્યાને લઈએ તો "ઉપરોકત તમામ આરોપીઓ દ્વારા પોલીસ સમક્ષ કોઈ નિવેદનો કે કબૂલાત કરી હોય તો તે બાબત અત્યારના તબકકે નિર્ણય કરી શકાય નહીં. જયારે સદર આરોપીઓ વિરૂધ્ધ ટ્રાયલ હકુમત ધરાવતી અદાલત હાથ ધરે તે વખતે તેમની કબૂલાતો બાબતે વિચારણા થાય. હાલના તબકકે તેમની પોલીસ સમક્ષની કબૂલાત અને અન્ય કોઈ નિવેદન બાબતે વિચારણા કરવાની હકુમત અત્રેની અદાલતને ન હોય આ બાબતે કોઈ વિગતવાર હુકમ કરવાની જરૂરિયાત જણાતી નથી અને સક્ષમ અદાલત આ બાબતે યોગ્ય સમયે નિર્ણય કરી શકશે જેથી આ અરજી પણ અત્યારના સમયે અપ્રસ્તુત છે તેવુ હું મંતવ્ય ધરાવુ છું". વધુમાં મેજી.શ્રીએ પેરા નં.૬ માં નિરીક્ષણ કરેલુ છે કે

"ઉપરોકત તમામ આરોપીઓએ હાલની અરજીઓ સાબરમતી સેન્ટ્રલ જેલમાંથી રજુ કરાવેલી છે. આ અરજીઓ તેઓએ પાછળથી ઉભી કરેલી છે. આમ કોઈ અગમ્ય હેતુ સિધ્ધ કરવા માટે તેમણે મોકલી આપેલી હોય તેવુ જણાય છે અને હકીકતોના આધારે પણ હાલની અરજીઓ ટકી શકે તેમ ન હોય તમામ અરજીઓ અપ્રસ્તુત હોય ફાઈલે કરવા તથા જયારે સદર કેસોને કમીટ કરવામાં આવે ત્યારે સક્ષમ અદાલતમાં તે બાબતે નિર્ણય લેવાની સત્તા હોય હાલના તબકકે કોઈ પણ હુકમ કરવો ન્યાયોચિત અને વાજબી જણાતુ નથી". આ પ્રકારનો હુકમ કરી આરોપીઓની અરજીઓ મેજિસ્ટ્રેટશ્રીએ ફાઈલે કરેલી છે. મેજિસ્ટ્રેટશ્રીના આ હુકમનો અર્થ એવો થાય છે કે આરોપીઓને પોલીસ તરફથી કોઈપણ જાતનો શારીરિક,માનસિક ત્રાસ આપવામાં આવેલો નથી અને તે અંગેની કોઈ રજૂઆત કરેલી નથી. ઉલટાનું પોલીસ દ્વારા ત્રાસ ગુજારવામાં આવતો નથી તેમ જણાવેલુ છે. આ અરજીઓ પાછળથી ઉભી કરેલી છે તેવુ પણ મેજિસ્ટ્રેટશ્રીએ જણાવેલુ છે જેથી આ અદાલતનું પણ ચોકકસપણે એવુ માનવુ છે કે પોલીસ તરફથી આરોપીઓને શારીરિક, માનસિક ત્રાસ આપવામાં આવેલો નથી કે કોરા કાગળો ઉપર તેઓની સહીઓ કરાવીને કોઈ કબૂલાતો ઉભી કરેલી નથી.

આમ, આરોપીના જુદા–જુદા કેસોમાં રીમાન્ડ પુરા થયા પછી જયારે આરોપી જયુડીશીયલ કસ્ટડીમાં ગયા પછી ત્યારબાદ સમજી વિચારીને પોતાનો બચાવ ઉભો કરવા માટે આ ફરિયાદ અરજી મોકલેલી હોવાનું સ્પષ્ટપણે જણાય આવે છે. આરોપીએ પોતાના વિશેષ નિવેદનમાં ઉપરોકત જે હકીકત જણાવેલી છે તે અંગે આરોપીએ કોઈ સાહેદ તપાસેલા નથી કે વિશેષ નિવેદનની હકીકત પુરવાર કરવા માટે અન્ય કોઈ પુરાવો રજૂ કરેલો નથી. જેથી આરોપીએ વિશેષ નિવેદનમાં જે કોઈ હકીકતો જણાવી છે તે ખોટી છે તેમ હું માનુ છું. વધુમાં આંક–૯૨૧૬ વાળી અરજીમાં "સરકાર વિરૂધ્ધ ફરિયાદ" લખીને સરકાર વિરૂધ્ધ ફરિયાદ કરેલી છે તથા અરજીમાં એવુ પણ જણાવેલુ છે કે, "તા.૧૨.૮.૨૦૦૮ ના રોજ તારીખ ઉપર લઈ જવાના બહાને ક્રાઈમ બ્રાન્ચના માણસો કોર્ટમાં લઈ ગયેલા અને બેસાડી રાખેલો. જજના ચેમ્બરમાં લઈ જઈ વાત કરીને મને પાછો

લાવેલ. ત્યારપછી તા.૧૪.૮.૨૦૦૮ નાં રોજ તારીખના બહાના હેઠળ મને ફરીથી કોર્ટમાં લઈ ગયેલા અને જજ સાહેબની ચેમ્બરમાં લઈ ગયા હતા. ત્યાં ક્રાઈમ બ્રાન્ચ ઓફિસર પણ હાજર હતા અને ક્રાઈમ બ્રાન્ચના ઓફિસરે કહ્યુ કે મેજિસ્ટ્રેટ સાહેબ તને જયાં સહીઓ કરી જે લખવાનું કહે તે મુજબ લખી દે. તે પછી મેજિસ્ટ્રેટ સાહેબે પણ મને કહેલુ કે ક્રાઈમ બ્રાન્ચના ઓફિસરે જે કહ્યુ તેમ કરી દે નહીં તો તને વધારે રીમાન્ડમાં મોકલી આપીશ. તે પછી ઘણા બધા કાગળો ઉપર મારી સહીઓ લીધી અને બળજબરીપૂર્વક લખાવ્યુ કે આ કાગળો ઉપર મેં વાંચી સમજીને સહીઓ કરેલી છે પરંતુ હકીકત એ છે કે કાગળોમાં શું લખ્યુ હતુ તેની મને ખબર નથી." આમ આરોપીએ મેજિસ્ટ્રેટ સમક્ષ ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબનુ જે કબૂલાત નિવેદન નોંધાવેલુ તે પણ તેની વિરૂધ્ધ પુરાવામાં ન સ્વિકારવા વિનંતી કરેલી છે. પરંતુ મેજિસ્ટ્રેટનો હુકમ ધ્યાને લઈએ તો આરોપીએ આ અરજી પાછળથી ઉભી કરેલી છે તેવુ સ્પષ્ટ તારણ મેજિસ્ટ્રેટશ્રીએ આપેલુ છે.

આરોપી નં.૨ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૧૧૦૫, ૧૧૧૫, ૧૧૨૧, ૯૭૨, ૯૮૧, ૧૦૬૭, ૫૭૧, ૮૭૭, ૯૦૦, ૬૧૭, ૯૪૦, ૯૪૧, ૧૦૬૨, ૯૯૨, ૯૯૪, ૯૯૫, ૮૦૫, ૧૦૭૦, ૧૦૭૭, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ છે. આ ઉપરાંત આ આરોપી નં.૨ નું પોતાનુ તથા આરોપી નં.૩૫ ના કબૂલાત નિવેદનો પણ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતાં આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવો તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, સાહેદ નં.૬૧૭ ની હાજરીમાં ટાટા સુમોના માલીક નાસીરભાઈએ ટાટા સુમો રજૂ કરેલી અને અનીશભાઈએ મોટર સાઇકલ રજૂ કરેલી. સાહેદ નં.૯૪૦ આરોપીને ઓળખી બતાવતા નથી. જે ભાઈને ટાટા સુમો ભાડે આપેલી તેનુ નામ તેમને ખબર નથી. પરંતુ મારા મત પ્રમાણે આ આરોપીને ઓળખી બતાવેલો ન

હોય તો તેનો અર્થ એવો નથી કે આરોપી નં.૨ સાપુતારા જવાનું કહીને ટાટા સુમો ભાડે લીધેલી નથી અને હાલોલ–પાવાગઢના કેમ્પમાં લઈ ગયેલો નથી.ટાટા સુમોને લઇને આ આરોપી અન્ય સહઆરોપીઓ સાથે પાવાગઢ કેમ્પમાં ગયેલો છે. આ હકીકત આરોપીએ પોતાના કબૂલાત નિવેદન તેમજ સાહેદ નં.૧૧૦૫ ઇદ્રિશ ફકિરની જુબાનીમાં પણ જણાવે છે. વધુમાં વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, સાહેદ નં.૧૧૦૫ ઇદ્રિશ ફકિર, સાહેદ નં.૧૧૧૫ મહમદ ઉંમર મન્સુરી, સાહેદ નં. ૯૮૧ પ્રવિણ કટારીયા અને સાહેદ નં.૧૦૬૭ અંબાલાલ બારીયાનાઓની જુબાનીઓ વિશ્વાસપાત્ર નથી. આ આરોપી હાલોલ–પાવાગઢના કેમ્પમાં ગયેલો નથી. પરંતુ તેઓની દલીલ સાથે હું સંમત નથી. આરોપી પોતે જ પોતાના કબૂલાત નિવેદનમાં હાલોલ–પાવાગઢના કેમ્પમાં ગયેલાનુ તેમજ તેને શું કામગીરી કરેલી તે વિગતે કબૂલાત કરેલી છે જે નહીં માનવાને કોઈ કારણ નથી. તેઓની કબૂલાત બાબતે તેમજ સાહેદોએ આ આરોપીને ઓળખેલો છે તે બાબતે આ ચુકાદામાં અગત્યના સાહેદોની ચર્ચા કરી છે તે પેરામાં વિગતવાર ચર્ચા કરેલી છે. વધુમાં વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપીએ મેજિસ્ટ્રેટ રૂબરૂ ગુનાની કબૂલાત કરતુ જે નિવેદન આપેલુ તે નિવેદન પાછળથી તેણે પાછુ ખેંચેલુ છે માટે પાછા ખેંચેલા નિવેદન ઉપર આધાર રાખી શકાય નહીં. આરોપીએ તેનુ કબૂલાત નિવેદન કેવા સંજોગોમાં આપેલુ હતુ તેની વિગતવાર માહિતી આરોપીએ તેના ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ ના વિશેષ નિવેદનમાં જણાવેલી છે. આ અંગે આ ચુકાદામાં આરોપીઓના કબૂલાત નિવેદન બાબતે વિગતવાર ચર્ચા કબૂલાતોના પેરામાં કરેલી છે. તે મુજબ સ્પષ્ટ છે કે આરોપીએ મેજિસ્ટ્રેટ રૂબરૂ સ્વૈચ્છિક કબૂલાત કરેલી હતી અને પરત ખેચેલી કબૂલાતનો જે બચાવ છે તે બચાવ બાબતે પણ આગળ ઉપર ચર્ચા કરેલી છે કે કબૂલાત સોચી, સમજી અને વિચારીને પરત ખેંચેલી હતી. આરોપીએ તપાસ કરનાર અધિકારીઓ સામે માર માર્યા અંગેના જે આક્ષેપો કરેલા છે તે ખોટા છે તેવુ નિરીક્ષણ મેજિસ્ટ્રેટશ્રીએ પણ આરોપીઓને રજૂ કર્યા ત્યારે કરેલુ છે અને તે અંગેનો હુકમ પણ રેકર્ડમાં સામેલ

છે. સાહેદ નં.૧૧૦૫ ઈદ્રીશ ગુલાબશા બાબતે વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરે છે કે, આ સાહેદે પોતાની જુબાની દરમ્યાન આરોપીને ખોટી રીતે ઓળખી બતાવેલો છે. આ આરોપી હાલોલ–પાવાગઢના કેમ્પમાં મદદ કરનાર નથી. પરંતુ આ આરોપીનું પોતાનુ જ કબૂલાત નિવેદન ધ્યાને લેતા હાલોલ–પાવાગઢ ખાતેના કેમ્પમાં હાજર હતો તે ચોકકસ છે. બંને પક્ષની દલીલો અને રેકર્ડ ઉપરના પુરાવા ધ્યાને લેતા આ આરોપી પણ આ કાવતરાના ગુનામાં સંડોવાયેલો છે તેમ હું માનુ છું.

આરોપી નં.૩ ઈકબાલ ઉર્ફે ઈકરાર કાસમ શેખનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં)સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૩ ઈકબાલ ઉર્ફે ઈકરાર કાસમ શેખનાઓ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ નાં રોજ જુદી–જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા–જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમણે કઈ–કઈ ભૂમિકા ભજવેલી છે તે સાબિત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે તે પેકી જનરલ સાહેદોમાં સાહેદ નં.૧૧૧૫ તરીકે મહંમદઉમર ઉસ્માનભાઈ મન્સુરી, સાહેદ નં.૧૧૧૭ તરીકે આસીફ ઉસ્માનભાઈ શેખ તથા સાહેદ નં.૧૧૩૧ તરીકે મોહમદરફીક ઉર્ફે બાબા ઈકબાલભાઈ શેખનાઓને તપાસેલા છે. આ ઉપરાંત આરોપીની સાહેદો રૂબરૂ ઓળખ પરેડ કરાવનાર મેજિસ્ટ્રેટને સાહેદ નં.૫૭૧ તરીકે રમણભાઈ સેંધાભાઈ સોલંકીને તપાસવામાં આવેલા છે અને તેઓ તમામની જુબાની ધ્યાને લેતા આ આરોપીની સામે મુકવામાં આવેલ આક્ષેપો મુજબના કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા એકબીજાની મદદગારી કરીને અમદાવાદ

શહેરમાં જુદી–જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરેલા છે તેમજ સુરતની જુદી–જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલ હોવાનું ફલીત થાય છે.

આ ઉપરાંત સહઆરોપી નં.૨ ઈમરાન ઈબ્રાહીમ શેખ, સહઆરોપી નં.૩૫ રફીયુદ્દીન સરફુદ્દીન કાપડીયાનાઓએ ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબના કબૂલાત નિવેદનો મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, અમદાવાદ સમક્ષ લખાવેલા તે ધ્યાને લેતા પણ આ આરોપી તેઓની ઉપર મુકવામાં આવેલ આક્ષેપ મુજબના કાવતરામાં સામેલ હોવાનું ફલીત થાય છે. આ ઉપરાંત–

ફરિયાદપક્ષ દ્વારા આ કામે કુંવરજી મેરૂજી ઠાકોરને સાહેદ નં.૮૮૩ તરીકે આંક–૬૩૧૦ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓને હવેલી પોલીસ સ્ટેશનમાં તા.૮/૧૨/૨૦૦૮ ના રોજ બે પોલીસવાળાએ સાહેબ બોલાવે છે તેમ કહેતા તેઓ ગયેલા. તે વખતે તેમની સાથે અમરત કરીને છોકરો હતો. તેઓ હવેલીની અંદર ઑફિસમાં ગયેલાં. ત્યાં એક સાહેબ હતાં. ત્યાં સાહેબે કહેલું કે આ એક તહોમતદાર બેઠો છે. બીજા પોલીસવાળા પણ હતાં. સાહેબે એવું કહેલું કે એક પંચનામું કરવાનું છે તો તમે પંચમાં રહેશો? તેથી આ સાહેદે અને અમરતે "હા" પાડેલી અને જે ભાઈ બેઠો હતો તેને તેનું નામ પુછેલું તો તેણે પોતાનું નામ "ઈકબાલ શેખ" (આરોપી નં.૩) કહેલું. તેને પુછેલું કે તું ક્યા રહે છે? તો તેણે કહેલું કે વડોદરા રહું છું. પહેલાં સાહેબે એવું કહેલું કે આ કંઈક બતાવવા માગે છે. ઈકબાલે કહેલું કે, ''જયાં મેં બોમ્બ મુકેલો તે જગ્યા બતાવવા લઈ જઉ છું.'' પછી બધા ઉપર ઑફિસથી નીચે ઉતરેલાં અને ત્યાં બધુ લખેલુ. પછી સરકારી ગાડી આવેલ અને સાહેબે ડ્રાઈવરને કહેલું કે આરોપી બતાવે ત્યાં ગાડી લઈ લો. પછી ડ્રાઈવર અને સાહેબ આગળ બેઠેલ. વચ્ચે આરોપી અને બે પોલીસ બેસેલાં અને તેઓ પાછળ બેસેલાં અને ગાડી જવા દીધેલી. પછી રસ્તો ઈકબાલ બતાવતો હતો. સારંગપુર વટાવેલો અને આગળ શીતલ સિનેમા આવેલી. ઈકબાલે ગાડી સાઈડમાં કરાવવા કહેલું. પછી અમે બધા નીચે ઉતરેલાં. નીચે ઉતર્યા પછી ઈકબાલે કહેલું કે, ''બોમ્બવાળી

સાઇકલ મેં અહીંયાથી લીધેલી, એક ભાઈ આપી ગયેલો તેવું કહેલું.'' પછી બધા ગાડીમાં બેસેલાં. પછી રસ્તો ઈકબાલે બતાવેલો. પછી સીધા ગયેલાં ત્યાં સોનીની ચાલી આવેલી ત્યાં તેણે કહેલું કે, ''નરોડા બાજુ જવા દો.'' ત્યાં ઠક્કરનગર ચાર રસ્તા આવેલાં ત્યાં તેણે ગાડી સાઈડમાં કરાવેલી પછી બધા નીચે ઉતરેલાં. ત્યાં ચાની કીટલી હતી બધા ટેબલ પડેલાં. આ જગ્યાએ આરોપીએ કહેલું કે, ''અહીંયા મેં બોમ્બવાળી સાઇકલ મુકેલી.'' આ ચાની કિટલીનું નામ કુલદેવી ટી સ્ટોલ હતું. ત્યાં આજુબાજુ લારી અને ગલ્લા હતાં. ત્યાં આગળ બધુ લખાવેલું ત્યારબાદ ઈકબાલે બીજો બોમ્બ ક્યાં મુકેલો તે બતાવું તેમ કહેલું. તેથી બધા ગાડીમાં બેસેલાં પછી ઈકબાલે રસ્તો બતાવેલો ગાડી પાછી વાળેલી પછી સોનીની ચાલ આવતાં આરોપીએ ગાડી ઉભી રખાવેલી. પછી બધા નીચે ઉતરેલાં. તેણે કહેલું ''હું અહીંયા આવેલો અને બસ ટ્રાફિકના કારણે ઉભી રહેલી તેથી હું તેમાં બેસી ગયેલો અને તે બસમાં ડ્રાઈવર શીટની પાછળ ત્રીજા નંબરની શીટે બોમ્બ મુકેલો.'' પછીથી અમે બધા ગાડીમાં બેસેલાં. ત્યાં રખિયાલ ચાર રસ્તાની આગળ જતાં એક મસ્જિદ આવેલી ત્યાં આરોપીએ ગાડી ઉભી રખાવેલી. ત્યાં બધા પાછા નીચે ઉતરેલાં. આરોપીએ કહેલું કે, ''હું બસમાંથી અહીંયા ઉતરી ગયેલો.'' ઉપર મુજબનું પંચનામુ કરેલુ. આંક–૬૩૧૧ વાળા પંચનામામાં સાહેદ પોતાની તથા બીજા પંચ અમરતભાઈની તથા રૂબરૂ તરીકે પોલીસ અધિકારીની સહીઓ ઓળખી બતાવે છે.

સાહેદ વધુમાં જણાવે છે કે પંચનામું પુરૂ થયા પછી પાછા હવેલી પોલીસ સ્ટેશન આવેલાં. ત્યાં સાહેબ અને બધા ગાડીમાંથી ઉતરેલાં. ત્યાં સાહેબે કહેલું કે, સરખેજ પંચનામું કરવાનું છે. તો તમો ત્યાં આવશો? તેથી તેઓ તેમનું પલ્સર લઈને નીકળેલાં અને સરખેજ શાંતિપુરા સર્કલ ઉભા રહેવા કહેલું જેથી તેઓ સરખેજ શાંતિપુરા સર્કલ ગયેલાં અને અગાઉથી ત્યાં ગાડી ઉભી હતી. ત્યાં આગળ એના એ જ પોલીસવાળા અને એના એ જ માણસ એટલે ઈકબાલ ગાડીમાં હતાં. ત્યાં આગળ પોલીસે ઈકબાલ બસનું કંઈ બતાવવા માગે છે તેવું કહેતા એક ગોડાઉનમાં લઈ જવામાં આવેલાં. ત્યાં આગળ એક બસ પડી હતી.

ત્યાં ઈકબાલ બસની અંદર લઈ ગયેલ. તેણે કહેલું કે, ''અહીંયા બોમ્બ મુકેલો.'' જે બસમાં ડ્રાઈવરની પાછળના ભાગે શીટો તુટેલી હતી બસનું ઉપરનું છત તુટેલ હતું. નીચે ભોયતળીયે એલ્યુમિનિયમની પટ્ટીઓ ઉખડેલી હતી અને અંધારૂ હતું. બસ ઉપર બોર્ડ હતુ જેના પર "૧૫૦ ચીનુભાઈનગર" લખેલું હતું. તે મુજબનું જે પંચનામુ કરેલુ તે પંચનામુ આંક–૬૩૧૨ મા સાહેદ પોતાની તેમજ બીજા પંચ અમરતભાઈની તેમજ રૂબરૂ તરીકે પોલીસ અધિકારીની સહીઓ ઓળખી બતાવે છે. આ સાહેદને ટી.વી. સ્ક્રીન થકી ચાર, ચારની સંખ્યામાં આરોપીઓ બતાવવામાં આવતા સાહેદ આરોપી ઈકબાલ ઉર્ફે ઈકરાર કાસમ શેખનાઓને ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો બંને પંચનામાની કાર્યવાહી દરમ્યાન આશરે ૪૦,૪૫ કિ.મી. ફર્યા હશું. બધા જ બંધ ગાડીમાં હતા તો તે હકીકત નકારી છે. સરકારી જીપમાં ગયેલા તેનો નંબર ખબર નથી. પોલીસ વાળાઓના નામ તથા હોદ્દાની ખબર નથી. જે જગ્યાએ ગયેલા ત્યાં દુકાનો અને મકાનો હતો તે કબૂલ કરે છે. ત્યાં પોલીસે કોઈની પુછપરછ કરેલી નથી કે નિવેદનો લીધેલા નથી. કેવા પ્રકારની બસ અને સાઇકલ હતી તે બાબતે પ્રાથમિક જાણકારી મળેલી ન હતી તે કબૂલ કરે છે. બોમ્બવાળી સાઇકલ આપવામાં આવેલી નથી તો તે હકીકત નકારે છે. અંધારૂ હોવાથી બસની પરિસ્થિતિ શું હતી તે કહી શકે તેમ નથી તો તે હકીકત પણ નકારી છે. બસમાં કોઈ પટ્ટીઓ ઉખડેલી ન હતી તેથી પંચનામામાં ઉલ્લેખ કરેલો નથી તો તે હકીકત પણ નકારેલી છે. બંને પંચનામાની કાર્યવાહી વખતે ફોટોગ્રાફી કે વીડિયોગ્રાફી કરેલી નથી તો તે હકીકત કબૂલ કરે છે. આરોપી કોઈ જગ્યાએ લઈ ગયેલો નથી અને કોઈ જગ્યા બતાવેલી નથી તો તે હકીકત નકારે છે.

વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો સહીઓ કરી તે અગાઉ આરોપીને જોયેલો નથી અને પંચનામુ કર્યા પછી પણ આરોપીને જોયેલો નથી. આરોપી ઈકબાલ વિશે કયાંથી અને કેટલા દિવસથી પકડી રાખેલો તે અંગેની માહિતી પોલીસે આપેલી નથી. પોલીસ કયાંથી પકડી લાવેલી અને કેવી રીતે

કસ્ટડીમાં રાખેલો તે અંગેની પુછપરછ કરેલી નથી. જે દિવસે સહી કરી તે દિવસથી બીજા પંચને ઓળખે છે તે કબૂલ કરે છે. પોલીસ જગન્નાથ મંદિર પાસે મળેલી, સમયની ખબર નથી, પોલીસે બોલાવ્યા ત્યારે દોઢ–બે વાગ્યાનો સમય થયેલ હશે. પંચનામાની તારીખે આરોપી ઈકબાલ કેવો દેખાતો હતો તે અંગેનુ વર્ણન પંચનામામાં લખેલુ નથી. પરંતુ મારા મત પ્રમાણે પંચનામાના દિવસે આરોપી કેવો દેખાતો હતો તેનું વર્ણન પંચનામામાં લખવુ જોઈએ તેવી કોઈ સ્પષ્ટ જોગવાઈ કાયદામાં નથી. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો આરોપીને ઓળખવામાં આજે કોઈ તકલીફ થયેલી નથી તો તે કબૂલ કરે છે. આ પ્રશ્નનો અર્થ એવો થાય કે આરોપી ઈકબાલને આ સાહેદે સહેલાઈથી ઓળખી બતાવેલો છે જે સ્વીકારવામાં આવે છે તેમ કહેવાય. પંચનામાની તારીખે આરોપીએ પેન્ટ શર્ટ પહેલો તેમજ પાતળા બાંધાનો અને દાઢી વગરનો હતો તો તે હકીકત નકારી છે. ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનથી સી.ટી.એમ. સોનીની ચાલી પહોંચવામાં કેટલો સમય લાગે તે કહી શકે તેમ નથી. ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનેથી બંને પંચનામાના સ્થળ ઉપર પહોંચવા માટે રસ્તો પુછતા પુછતા જતા હતા તો તે હકીકત નકારી છે. આ પ્રશ્નનો અર્થ એવો થાય કે રસ્તો આરોપીએ બતાવેલો છે. વધુ ઊલટતપાસ ધ્યાને લેતાં પોલીસના કહેવાથી અને શીખવાડવાથી તેમજ વારંવાર પંચનામા વાંચી સમજાવવામાં આવેલા હોવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારેલી છે. સરતપાસમાં જણાવ્યા મુજબ પંચનામાની વિગતે કોઈ સ્થળ ઉપર ગયેલા નથી તો તે હકીકત નકારી છે. સરતપાસમાં જણાવ્યા મુજબ આ સાહેદની હાજરીમાં મુદ્દામાલ કબજે કરવામાં આવેલો નથી કે સીલ કરેલ નથી તો તે હકીકત પણ નકારી છે. પોલીસે આરોપીની આજની સ્થિતિના ફોટા બતાવેલા જેથી આરોપીને ઓળખી બતાવે છે તો તે હકીકત નકારી છે. પરંતુ મારા મત પ્રમાણે આજની પરિસ્થિતિનો આરોપીનો ફોટો લેવો શકય નથી કારણ કે આરોપી ઈકબાલ જયુડીશીયલ કસ્ટડીમાં છે અને તે સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે. સી.આર.પી.સી.કલમ–૨૬૮ લાગુ કરેલી છે માટે આરોપીને જેલની બહાર કાઢવામાં આવેલ નથી અને જેલમાં જઈને પોલીસે આરોપીની આજની

પરિસ્થિતિનો ફોટો લીધો હોય તે શકય નથી. આ ઉપરાંત આ અદાલતની જયુડીશીયલ કસ્ટડીમાં છે અને આ અદાલતની પરવાનગી વિના આરોપીના ફોટા લેવા શકય નથી.

વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો પોલીસ સ્ટેશનમાં કોઈ સહી કરેલી નથી તો તે કબૂલ કરેલ છે. બંને પંચનામાની કાર્યવાહીમાં જે–જે સ્થળે ગયેલા અને કાર્યવાહી થયેલી તેનુ લખાણ ત્યાં જ કરવામાં આવેલાનું જણાવે છે. પોલીસ સ્ટેશનથી નીકળતા અગાઉ કઈ–કઈ જગ્યાએ બોમ્બ મુકેલ છે તેવી હકીકત પણ જણાવેલી ન હતી. આંક–૬૩૧૧ વાળા પંચનામામાં ૪.૩૦ થી ૫.૦૦ ના અરસામાં સહી કરેલાનું જણાવે છે. પોલીસ સ્ટેશને પાછા આવ્યા બાદ શાંતિપુરા સર્કલ પર બીજુ પંચનામુ કરવાનું હોવાથી પોલીસે હાજર થવાનું જણાવેલુ. બસને ગોડાઉન પાસે કેવી રીતે અને કોણ મુકી ગયેલુ તેવી હકીકત પોલીસે જણાવેલી ન હતી. જે જગ્યાએ બસ પડેલી હતી તેની ઓળખ અંગે કોઈ નિશાની આરોપીએ આપેલી ન હતી.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ કડી તાલુકાના ઘુમાસણ ગામે રહે છે અને ખેતી કરે છે. તા.૮.૨.૨૦૦૮ નાં રોજ પોલીસે આ સાહેદને તથા બીજા પંચ અમરત ઠાકોરને ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ ખાતે બોલાવેલા હતા અને ત્યાં આરોપી નં.૩ હાજર હતો અને તેને સાથે રાખી તપાસ કરનાર અધિકારીએ પોલીસ સ્ટાફ સાથે જે જગ્યા ઉપર બોમ્બ મુકેલો તે જગ્યા આરોપી નં.૩ બતાવવા માંગતા હોય તેવુ જણાવતા આરોપીએ જે જગ્યા ઉપરથી બોમ્બવાળી સાઇકલ લીધેલી તે જગ્યા શિતલ સીનેમા પાસે બતાવેલી તથા તે સાઇકલ ઉપર બોમ્બ મુકી ઠકકરનગર ચાર રસ્તા પાસે આવેલ કુળદેવી ચાની કીટલી પાસે સાઇકલ રાખેલી તે જગ્યા પણ બતાવેલી. ત્યારબાદ એ.એમ. ટી.એસ. બસમાં બોમ્બ મુકી બસમાંથી જે જગ્યાએ ઉતરી ગયેલો તે રખીયાલ ચાર રસ્તાની આગળ મસ્જિદ પાસે આવેલી જગ્યા તથા સરખેજ ખાતે જયાં બસ મુકેલી તે બસમાં જઇ જે સીટ નીચે બોમ્બ મુકેલા તે જગ્યા પંચો રૂબરૂ બતાવેલી છે. આ સાહેદ સામાન્ય વ્યકિત છે અને તેમને ફરિયાદપક્ષ કે આરોપીઓ સાથે

કોઈ દુશ્મનાવટ કે મિત્રતા નથી, સ્વતંત્ર સાહેદ છે અને ઊલટતપાસ દરમ્યાન આરોપીઓને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત નીકળી આવતી નથી માટે આ સાહેદની જુબાની નહીં માનવાને કોઈ કારણ રહેતુ નથી. આ ઉપરાંત આ સાહેદે આરોપી નં.૩ ને જુબાની દરમ્યાન સહેલાઈથી ઓળખી પણ બતાવેલો છે. આંક–૬૩૧૧ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી દલીલ અને રજૂઆત એવી છે કે આ પંચનામામાં "ઈકલાબ ઉર્ફે ઈકરાર સન ઓફ કાસમભાઈ શેખ, ઉ.વ.૩૧, રહે. મકાન નં.૩, કબીર કોમ્પ્લેક્ષ, ભોયવાડા, વડોદરાનો હોવાનું અને અલમહમદી સોસાયટી દાણીલીમડાથી કયામુદ્દીન કાપડીયાએ પોતાને બે જીવતા બોમ્બ મુકવા આપેલ તે બોમ્બ પોતે કઈ કઈ જગ્યાએ સાઇકલ સાથે મુકેલ છે" આ આરોપીની કબૂલાત હોય પુરાવામાં ગ્રાહ્ય નથી પરંતુ મારા મત પ્રમાણે આ હકીકત પુરાવામાં ગ્રાહ્ય નથી તે સાચી વાત છે પરંતુ આ જગ્યા ઉપર બોમ્બ ધડાકા થયેલા તે હકીકત પુરાવામાં ગ્રાહ્ય છે.

વધુમાં આરોપીઓ તરફથી દલીલ અને રજૂઆત એવી છે કે "આ જગ્યાએ ઓઢવ ભિક્ષુક ગૃહ તરફથી સરખેજ જતી બસ આવતા ટ્રાફિક સિગ્નલ બંધ હોવાના કારણે એ.એમ.ટી.એસ. બસ ઉભી રહી ગયેલી હતી જેથી પોતે તે બસમાં ચઢી જઈ ડ્રાઈવર સાઈડ એટલે કે ડ્રાઈવર પાછળ જમણી બાજુએ ત્રીજી શીટ નીચે થેલી સાથેનો બોમ્બ મુકેલો" આ હકીકત કબૂલાત્મક હોય પુરાવામાં ગ્રાહ્ય નથી. પરંતુ મારા મત પ્રમાણે અગાઉ આ જગ્યાનુ પંચનામુ કરેલુ હતુ અને તે જગ્યા ઉપર બોમ્બ મુકેલો હોવાની તેમજ બસને જે નુકસાન થયેલુ તે હકીકત હતી જે પુરાવામાં ગ્રાહ્ય છે.

આંક–૬૩૧૧, ૬૩૧૨ વાળા બંને પંચનામાઓ સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી,નાયબ પોલીસ અધીક્ષક, ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદનાઓએ ઓઢવ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૩૩૯/૨૦૦૮ નાં કામે તા.૮.૧૨.૨૦૦૮ ના રોજ આ સાહેદ તથા બીજા પંચ અમરત ઠાકોરની હાજરીમાં પોલીસ સ્ટાફના માણસો તથા આરોપીને સાથે રાખીને બનાવેલુ છે. જે–જે જગ્યા ઉપરથી બોમ્બ વાળી સાઇકલ લીધેલી અને આરોપીએ બોમ્બ મુકેલા તે તમામ જગ્યાઓ

આરોપીએ બતાવતા આ પંચનામુ બનાવેલુ છે. આ હકીકત શ્રી આર.વી. અસારીએ તેઓની જુબાનીના પેરા નં. ૬.૧૧ માં જણાવેલી છે. ઉપરોકત પંચનામું બંને પંચોની હાજરીમાં પોલીસ સ્ટાફના માણસો સાથે આરોપીને સાથે રાખીને બનાવેલુ છે. આ હકીકત આ સાહેદે તેઓની જુબાનીના પેરા નં.૬.૧૨ માં જણાવેલ છે. આ બંને પંચનામાં આરોપીએ બતાવેલી જગ્યા ઉપર જઈને બનાવવામાં આવેલા છે. ઉપરોકત બંને પંચનામામાં સાહેદ આર.વી. અસારીએ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવેલી છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે સાહેદ નં.૩૪૮ થી ઈન્તેખાબ આલમ ફજલુરેહમાન શેખનાઓને આંક–૧૯૦૦ થી તપાસવામાં આવેલા છે. તેઓની જુબાનીની સમગ્ર હકીકત અને તેનુ મૂલ્યાંકન સરખેજ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૧૮૧/૨૦૦૮ નાં કામે બનાવ સબંધી ફરિયાદપક્ષે જે પુરાવા રજુ કર્યા છે તેમાં વિગતવાર ચર્ચા કરેલી છે. આ સાહેદની હાજરીમાં ગુનાવાળી જગ્યાનું પંચનામુ આંક–૧૯૦૧ થી બનાવવામાં આવેલુ હતુ તે જગ્યા એ.એમ.ટી.એસ. બસ સરખેજ પોલીસ સ્ટેશન વિસ્તાર વાસણા રોડ સરખેજથી અંબર ટાવર વચ્ચે બતાવેલી હતી અને તેનુ પંચનામુ બનાવવામાં આવેલ હતુ. આરોપી નં.૩ ની અટક કર્યા પછી પણ તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ શ્રી આર.વી. અસારીએ પંચ સાહેદ નં.૮૮૩ કુંવરજીની હાજરીમાં આરોપી ઇકબાલ કાસમ શેખે બતાવ્યા મુજબની જગ્યાનુ પંચનામુ બનાવેલુ જે આંક–૬૩૧૧ થી રજૂ છે, આ પંચનામા મુજબની હકીકત શ્રી આર.વી.અસારી પોતાની જુબાનીના પેરા–૬(૧૧) મા જણાવે છે, આંક–૬૩૧૧ વાળા પંચનામામાં શ્રી આર.વી. અસારી પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે. તે જ રીતે આરોપી ઇકબાલ કાસમ શેખનાઓએ સોનીની ચાલ, ચાર રસ્તા વાળી જગ્યા પણ પંચોની હાજરીમાં બતાવેલી તે જગ્યાનુ પંચનામુ શ્રી આર.વી.અસારીએ પંચોની હાજરીમાં બનાવેલુ તે પંચનામું પમ આંક–૬૩૧૨ થી રજૂ છે, પંચનામાની હકીકત શ્રી આર.વી.અસારી પોતાની જુબાનીના પેરા–૬(૧૨) માં જણાવે છે તથા પંચોની અને રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે. શ્રી આર.વી.

અસારીની આ પંચનામાઓ બાબતે બચાવપક્ષ દ્વારા થયેલ ઊલટતપાસ ધ્યાને લઈએ તો પેરા નં.૬૪ માં આંક–૬૩૧૧ તથા આંક–૬૩૧૨ ના પંચનામાની હકીકત અને પંચનામા પાછળથી ઉપજાવી કાઢેલા હોવાની હકીકત નકારે છે, આરોપી ઈકબાલને ફસાવવા આ પંચનામા ઉપજાવી કાઢેલાની હકીકત પણ નકારે છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે દિનેશભાઈ ચંદુલાલ ઠાકરને સાહેદ નં.૩૫૬ તરીકે આંક–૨૦૫૫ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ તેઓ ઠક્કરનગર કુળદેવી ટી સ્ટોલ પાસે સવારે ચા પીતા હતા ત્યારે પોલીસે તેમને બોલાવેલા અને જણાવેલુ કે અહીં બોમ્બ બ્લાસ્ટ થયેલ છે તેનુ પંચનામુ કરવાનું છે, પોલીસે એક રમેશભાઈને પણ બોલાવેલા, થોડીવાર પછી એફ.એસ.એલ. અધિકારી આવેલા, ફરિયાદી શૈલેષભાઈ પટેલ પણ હાજર હતા તેમણે બનાવવાળી જગ્યા બતાવેલી જે કુળદેવી ટી સ્ટોલવાળી જાહેર રોડ ઉપર હતી. આ જગ્યા ઉપર કાળા કલરની સાઈકલ પડેલ હતી, તેના ગવન્ડર ઉપર હરકયુલસ લખ્યુ હતુ, વચ્ચેની ફ્રેમ ઉપર એટલાસ ગોલ્ડ લખેલ હતુ, સાઈકલનો આગળનો ભાગ તથા પાછળનો પંખો તુટી ગયેલા હતા. એફ.એસ.એલ. અધિકારીએ સેમ્પલ લીધેલા હતા. બનાવવાળા સ્થળેથી પાંચેક ફુટ દુર એક એકટીવા પડેલુ હતુ, તેનાથી ચારેક ફુટ દુર એક હીરો હોન્ડા બાઈક પડેલ હતી અને એક પેન્ડલ રીક્ષા થોડે દુર પડેલ હતી, તેનાથી ૫–૭ મીટરના અંતરે જૂની સાઈકલો પડેલી હતી જે કુલ–૭ નંગ હતી. એફ.એસ.એલ.ના સાહેબ હીંગરાજીયા સાહેબ તથા પોલીસ ઈન્સ્પેકટર વાત કરતા હતા. જે કંઈ પડેલુ હતુ તે કબજે કરેલુ. આ જગ્યાએથી થોડે દુર જોયુ તો એક બ્લ્યુ કલરની પ્લાસ્ટિકની કોથળી ટુકડા સ્વરૂપે હતી, ત્યાં એક લાકડના ટુકડા ઉપર પ્લાસ્ટિકની લાલ કલરની ટેપ મારેલ હતી અને તેની અંદર એક વાયર લગાડેલ હતો. ત્યાં એક શર્ટનો ટુકડો પડેલો હતો અને બ્લ્યુ રંગની ચીકણા પદાર્થવાળી એક કોથળી પડેલ હતી. આ બધુ ભેગુ કરીને સાહેબે પ્લાસ્ટિકની ત્રણ કોથળી લીધેલી જેમાં પ્લાસ્ટિકના ટુકડા તથા શર્ટના ટુકડા પેક કરેલા. માટી

ઉપર લોહીના જે ડાઘ હતા તે રૂ વડે ઘસીને સેમ્પલ લીધેલા તે પણ પ્લાસ્ટિકની કોથળીમાં પેક કરેલા, તેની ઉપર સ્લીપો લગાડેલી અને દોરી વડે બાંધી લાખથી સીલ કરેલુ. તુટી ગયેલ સાઇકલ સાથેની સાત સાઇકલો પોલીસે કબજે લીધેલી તથા આ સાહેદે જગ્યાની આજુબાજુનું વર્ણન લખાવેલુ છે. આ મુજબનું જે પંચનામુ કરેલુ તે આંક–૨૦૫૬ વાળા પંચનામામાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આ ઉપરાંત આંક–૨૦૫૬ વાળા પંચનામામાં જે હકીકત લખેલી છે અને આ સાહેદે પોતાની સરતપાસમાં જણાવેલી નથી તે પણ ખાસ સરકારી વકીલશ્રીએ સાહેદનું ધ્યાન દોરીને પુછતા તમામ હકીકત પંચનામામાં લખાવ્યા મુજબની લખેલી છે તેમ જણાવે છે. આ સાહેદની સહીઓવાળી પંચ સ્લીપો આંક–૨૦૫૭ થી ૨૦૫૯ આ સાહેદને બતાવતા સ્લીપોમાં પણ આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આ સાહેદને પંચનામાની વિગતે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ કોર્ટ રૂબરૂ એક પછી એક બતાવતા તેઓ મુદ્દામાલ ઓળખી બતાવેલ છે.

હવે આ સાહેદની આરોપીઓ તરફથી ઊલટતપાસ કરવામાં આવી છે તે ધ્યાને લઈએ તો મુદ્દામાલ સાઇકલો પૈકી એક સાઇકલને નુકસાન થયેલાનું કબૂલ કરે છે. આરોપીઓ તરફથી આ કબૂલાત્મક પ્રશ્ન પુછેલ હોય બનાવમાં એક સાઇકલને નુકસાન થયેલાનું કબૂલ કરેલુ છે તેમ કહી શકાય. બનાવવાળી જગ્યા ઉપર કોઈ ખાડો પડેલો નહીં તે કબૂલ કરે છે. બનાવવાળી જગ્યાએ પડેલ એકટીવા તથા બીજા વાહનો કબજે કરેલ નથી તો તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે બોમ્બ બ્લાસ્ટમાં એકટીવા કે બીજા વાહનોનો ઉપયોગ થયેલો નથી માટે તપાસ કરનાર અધિકારીએ તે વાહનો કબજે કરવાની જરૂર હોતી નથી. વધુ ઊલટતપાસ ધ્યાને લેતાં આ સાહેદ સ્થળ ઉપર પહોંચ્યા ત્યારે પોલીસવાળા અને બીજા લોકો હાજર હતા તે કબૂલ કરે છે. પોલીસે બીજા અધિકારીઓ સાથે ઓળખાણ કરાવેલી નહીં તેમ જણાવે છે. પંચનામાના દિવસે ૪–૫ સહીઓ લીધેલાનું જણાવે છે. સરતપાસમાં જણાવ્યા મુજબની કોઈ કામગીરી કરવામાં આવેલી નથી તો તે હકીકત નકારેલી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો શરૂઆતની તપાસ કરનાર અધિકારી સેકન્ડ પોલીસ ઈન્સ્પેકટર નરોડા પોલીસ સ્ટેશનનાઓએ નરોડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૪૦૦/૨૦૦૮ નાં કામે આ સાહેદ તથા બીજા પંચ રમેશકુમાર ભાથીજી બારોટનાઓને નરોડા પોલીસ સ્ટેશનમાં તા. ૨૭.૭.૨૦૦૮ ના રોજ બોલાવેલા હતા અને બંને પંચ સાહેદોની હાજરીમાં બનાવવાળી જગ્યાનુ પંચનામુ કરેલુ હતુ તથા જગ્યા ઉપરથી એટલાસ ગોલ્ડ લાઈન સુપર સાઇકલો, હીરોજેટ સાઇકલો વિગેરે કુલ આઠ પ્રકારનો મુદ્દામાલ કબજે કરેલો હતો. વધુમાં આરોપી નં.૩ ઈકબાલ કાસમ શેખનાઓને તપાસ કરનાર અધિકારીઓએ અટક કર્યા બાદ આ ગુનાઓવાળી જગ્યાઓ બતાવવાની માહિતી આપતા તપાસ કરનાર અધિકારી નાયબ અધિક્ષક ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદનાઓએ આરોપી તથા બે પંચોને સાથે રાખી આરોપીએ આપેલ માહિતી મુજબ બતાવેલી જગ્યાઓ ઉપર આરોપી તથા પંચોને સાથે લઈ આંક–૬૩૧૧ વાળુ પંચનામુ બનાવેલુ છે. આ પંચનામા મુજબ આરોપી નં.૩ નાઓએ તમામ જગ્યાઓ બતાવેલી છે જેની ચર્ચા અને વિગત સાહેદ નં.૩૪૮ ના પુરાવામાં જણાવી છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે વિશાલ ગણપતભાઈ પારેખને સાહેદ નં.૬૦૦ તરીકે આંક–૩૨૨૪ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૩૦.૮.૨૦૦૮ ના રોજ પોલીસે તેઓને ક્રાઈમ બ્રાન્ચ પોલીસ સ્ટેશનમાં બોલાવેલા અને તેમની સાથે બીજા ધર્મેશભાઈને પણ બોલાવેલા. પોલીસે તેમને પંચમાં રહેવા જણાવતા "હા" પાડેલી. ત્યાં એક બેન હાજર હતા તેનુ નામ ઝુલેખાબેન હતુ. આ બેને એક મોબાઈલ આપેલો જે વોડાફોનનો હતો. સદર મોબાઈલને બંધ કરી ખોલીને જોતા તેમા એરટેલ કંપનીનું સીમકાર્ડ હતુ. આ મોબાઈલ બ્લેક કલરનો અને સીલ્વર કલરની પટ્ટી હતી. આ ફોન ચાલુ કરીને કોલ ડીટેઈલ જોયેલી જેમાં ઈનકમીંગ અને આઉટગોઈંગ પચ્ચીસથી ત્રીસ હતા. આ સાહેદે નંબરો જોઈને લખાવેલા અને તે બાબતનું લખાણ થયેલુ. સદર બાબતનું પંચનામુ કરેલ જે આંક–૩૨૨૫ વાળા

પંચનામામાં સાહેદ પોતાની તથા ધર્મેશભાઈની તથા રૂબરૂ તરીકે પોલીસની સહીઓ ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદના ઘરેથી ક્રાઈમ બ્રાન્ચની ઑફિસ મોટર સાઇકલ ઉપર જતા ૧૦ મિનિટના અંતરે આવેલી છે. પંચનામાની તારીખે હેરકટીંગની દુકાન ચાલુ હતી. ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન પાસેથી મોટર સાઇકલ લઈને જતા હતા ત્યારે પોલીસે ઉભા રાખી પંચમાં રહેવાની સમજ આપેલાનું જણાવે છે. પંચનામા તથા કોલ ડીટેલના અક્ષરો આ સાહેદના નથી. મારા મત પ્રમાણે આ સાહેદને પોલીસે પંચમાં રહેવા બોલાવેલા હતા. આ સાહેદ તથા બીજા પંચ જે રીતે જણાવે તે રીતે પોલીસે પંચનામુ લખવાનું હતુ અને લખેલુ છે. આ સાહેદે પંચનામુ લખવાનું હોતુ નથી. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો પોલીસ સ્ટેશનમાં કોઈ પોલીસ અધિકારી સાથે વાતચીત કરવાનું બનેલુ નથી. અન્ય કોઈ વ્યકિત સાથે પણ વાતચીત કરેલી નથી. મોબાઈલમાં શુ–શુ વસ્તુઓ છે તેની માહિતી આપેલી નહીં. કોલ ડીટેલના નંબરો અંગે અન્ય કોઈની પુછપરછ કરેલી નથી. પંચનામામાં સહી કરી તે અગાઉ ઝુલેખા નામની વ્યકિતને મળેલ નથી. તે વ્યકિત પોલીસ સ્ટેશનમાં કયારથી અને કયાંથી આવેલા તેની ખબર નથી. તૈયાર પંચનામામાં સહી કરેલાની હકીકત નકારી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની જોઈએ તો તપાસ કરનાર અધિકારીએ શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮નાં કામે આ સાહેદ તથા બીજા પંચ ધર્મેશ રાણાની હાજરીમાં તા.૩૦.૮.૨૦૦૮ નાં રોજ આંક–૩૨૨૫ વાળુ પંચનામુ કરેલુ છે. આ પંચનામા મુજબ સાહેદ ઝુલેખાબીબીએ એક મોબાઈલ ફોન પોલીસ સમક્ષ રજૂ કરેલો હતો. આ મોબાઈલ ફોન આરોપી નં.૩નો હોવાનું પંચનામામાં જણાવેલુ છે અને તે મોબાઈલ ફોન આરોપીના સગા ઝુલેખાબેને રજૂ કરેલો હતો. આ પંચનામુ કરનાર તપાસ કરનાર અધિકારીને ફરિયાદપક્ષ દ્વારા તપાસવામાં આવેલા નથી પરંતુ આ પંચ સાહેદ સારંગપુર અમદાવાદમાં રહે છે, સ્વતંત્ર સાહેદ છે અને તેમની હાજરીમાં આરોપી

નં.૩ ના સગા ઝુલેખાબેને આરોપી નં.૩ નો મોબાઈલ ફોન રજૂ કરેલો છે આ હકીકત નહીં માનવાને કોઈ કારણ નથી.

આ આરોપી નં.૩ ઈકબાલ ઉર્ફે ઈકરાર કાસમ શેખે ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઈન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે તે પ્રશ્નના જવાબમાં તેને ફરિયાદપક્ષના પુરાવા સબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના બચાવ માટે જે હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦ મા જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

આ ઉપરાંત આરોપી નં.૩ ઈકબાલ ઉર્ફે ઈકરાર કાસમ શેખનાઓએ આંક–૯૧૯૮ થી શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ ના કામે તેઓને અટક કર્યા અંગે એરેસ્ટ મેમોની પ્રમાણીત નકલ પોતાના બચાવ માટે રજુ કરેલ છે. તે ધ્યાને લઈએ તો આરોપીને તા.૧૬.૮.૨૦૦૮ ના રોજ શાહીબાગના ગુનામાં અટક કરેલો છે. આ ઉપરાંત આ આરોપીએ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ ને ઉદેશીને તા.૨૦.૧૧.૨૦૦૮ ના રોજ ક્રાઈમ બ્રાન્ચ વિરૂધ્ધ ફરિયાદ આપેલી તે ફરિયાદની પ્રમાણીત નકલ પણ તેને રજુ કરેલી છે. આ પ્રમાણીત નકલ ધ્યાને લઈએ તો આરોપીના કહેવા પ્રમાણે તા.૮.૮.૨૦૦૮ થી તા.૧૫.૮.૨૦૦૮ સુધીના સમય દરમ્યાન તેઓને ક્રાઈમ બ્રાન્ચમાં ગેરકાયદેસર ગોંધી રાખવામાં આવેલા હતા પરંતુ આ આરોપીને ક્રાઈમ બ્રાન્ચ દ્વારા તા.૮.૮.૨૦૦૮ થી તા.૧૫.૮.૨૦૦૮ સુધી ગેરકાયદેસર રીતે ગોંધી રાખેલા હોય તો તે અંગેની કોઈ ફરિયાદ તા.૧૭.૮.૨૦૦૮ ના રોજ આરોપીને મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ સમક્ષ રજૂ કર્યા ત્યારે આપેલી નથી . તા.૧૭.૮.૨૦૦૮ ના રોજ મેજિસ્ટ્રેટ રૂબરૂ તેઓને રજૂ કર્યા તે રીપોર્ટ ધ્યાને લઈએ તો આરોપીએ મેજિસ્ટ્રેટશ્રીને ક્રાઈમ બ્રાન્ચમાં માર માર્યા અંગેની કે તેઓને ગોંધી રાખ્યા હોય તેવી કોઈ રજૂઆત કરેલી નથી. ઉલ્ટાનું મેજિસ્ટ્રેટશ્રીએ પોલીસ વિરૂધ્ધ અયોગ્ય વર્તનની કોઈ ફરિયાદ કરતો નથી જેથી આરોપીને જયુડીશીયલ

કસ્ટડીમાં લેવામાં આવે છે તેવો હુકમ કરી મેજિસ્ટ્રેટશ્રીએ તારીખ લખી પોતાની સહી કરેલ છે. આ આરોપી સાથે આરોપી નં.૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮ અને ૧૪ નાઓને પણ તા.૧૬.૮.૨૦૦૮ ના રોજ અટક કર્યા બાદ તા.૧૭.૮.૨૦૦૮ ના રોજ મેજિસ્ટ્રેટ રૂબરૂ રજૂ કરેલા છે અને અયોગ્ય વર્તનની કોઈ ફરિયાદ આરોપીઓએ કરેલી નથી. આમ તા.૮.૮.૨૦૦૮ થી તા.૧૫.૮.૨૦૦૮ ના સમય દરમ્યાન આરોપીને ક્રાઇમ બ્રાન્ચમાં ગોંધી રાખીને માર મારેલો હોય કે શારીરિક,માનસિક ત્રાસ ગુજાર્યો હોય તેવી હકીકત બનેલી નથી. આ સમય દરમ્યાન આરોપી જ નહીં પરંતુ તેઓન કુટુંબીજનોએ પણ તપાસ કરનાર અધિકારીના ઉપલા અધિકારીને કે કોર્ટમાં આવીને પણ કોઈપણ પ્રકારની દાદ માંગતી અરજી આપેલી નથી માટે આરોપીને તા.૮.૮.૨૦૦૮ થી તા.૧૫.૮.૨૦૦૮ ના સમય દરમ્યાન ક્રાઇમ બ્રાન્ચ દ્વારા ગોંધી રાખ્યાની તેમજ તેઓને માનસિક અને શારીરિક ત્રાસ આપ્યાની હકીકત માનવા યોગ્ય નથી. આ ઉપરાંત આરોપીની આંક–૯૨૧૭ વાળી અરજી ધ્યાને લેતા એવી પણ હકીકત છે કે તેઓને ચોવીસ કલાક હાથકડીઓ પાછળ બાંધી રાખી રાત દિવસ દિવાલ તરફ મોઢુ રાખી જમીન ઉપર બેસાડી રાખવામાં આવતા હતા. ઉંઘવા દેવામાં આવતા ન હતા. જો આરોપીને મારઝુડ અને ત્રાસ આપવામાં આવેલો હતો તેમજ તેઓને ઉંઘવા દેવામાં આવતા ન હતા તો તા.૧૭.૮.૨૦૦૮ ના રોજ જયારે આરોપીને મેજિસ્ટ્રેટ રૂબરૂ રજૂ કર્યા ત્યારે તેઓને મારઝુડ અને ત્રાસ આપવામાં આવતો હતો તથા ઉંઘવા દેવામાં આવતા ન હતા તે અંગેની કોઈ ફરિયાદ કરેલી નથી કે તેઓને સારવારની જરૂર છે તો તબીબી સારવાર આપવા અંગેની કોઈ અરજ કરેલી નથી. એટલુ જ નહીં આરોપીએ સારવાર લીધી હોય તો તે અંગેના કોઈ કાગળો રજૂ કરેલા નથી. આ આરોપીઓને તા.૧૭.૮.૨૦૦૮ ના રોજ મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કર્યા પછી તપાસ કરનાર અધિકારીએ આરોપીઓની પોલીસ કસ્ટડીની માંગણી કરેલી તે અસલ હુકમ પણ કામમાં રજૂ છે. આરોપીઓના વકીલશ્રી હાસીમ કુરેશીનું વકીલપત્ર પણ સામેલ છે. આરોપી નં.૨ ઈમરાન ઈબ્રાહીમ શેખનાઓએ જે પુરાવા રજૂ કરેલા છે તે પુરાવામાં મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ દ્વારા

કરવામાં આવેલ રીમાન્ડ અરજીનો હુકમ રજૂ કરેલો છે જેની વિગતોની ચર્ચા આરોપી નં.૨ ના પુરાવામાં જણાવેલી છે જેથી તે હુકમનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી પરંતુ તે હુકમ આ આરોપીને પણ લાગુ પડે છે. આ ઉપરાંત તેઓની આંક–૯૨૧૭ ની અરજી મુજબ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા કોરા પેપરો ઉપર તેઓની સહીઓ લેવામાં આવેલી પરંતુ કેટલા પેપર ઉપર સહીઓ લીધેલી, કેટલી સહીઓ લીધેલી તે અંગેની પણ કોઈ હકીકત આરોપી તરફથી રજૂ થયેલી નથી. માટે મારા સ્પષ્ટ મંતવ્ય પ્રમાણે આરોપીએ તા.૨૦.૧૧.૨૦૦૮ ના રોજ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ ને ક્રાઈમ બ્રાન્ચ વિરૂધ્ધ ફરિયાદ આપેલી તે ઉપજાવી કાઢેલી ફરિયાદ છે તેવુ ચોકકસપણે કહી શકાય. આ ફરિયાદ તેઓએ સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતેથી મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ ને મોકલેલી છે. આરોપીના જુદા–જુદા કેસોમાં રીમાન્ડ પુરા થયા પછી આરોપી જયુડીશીયલ કસ્ટડીમાં ગયા પછી ત્યારબાદ સમજી વિચારીને પોતાનો બચાવ ઉભો કરવા માટે આ ફરિયાદ અરજી મોકલેલી હોવાનું સ્પષ્ટપણે જણાય આવે છે. આરોપીએ પોતાના વિશેષ નિવેદનમાં ઉપરોકત જે હકીકત જણાવેલી છે તે અંગે આરોપીએ કોઈ સાહેદ તપાસેલા નથી કે વિશેષ નિવેદનની હકીકત પુરવાર કરવા માટે અન્ય કોઈ પુરાવો રજૂ કરેલો નથી. જેથી આરોપીએ વિશેષ નિવેદનમાં જે કોઈ હકીકતો જણાવી છે તે ખોટી છે તેમ હું માનુ છું તથા આંક–૯૨૧૭ વાળી ફરિયાદ પોતાનો બચાવ ઉભો કરવા જાણી જોઈને ઉભા કરેલ હોવાનું માલુમ પડે છે.

આરોપી નં.૩ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકિલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૧૧૧૫, ૧૧૧૭, ૧૧૩૧, ૫૭૧, ૮૮૩, ૩૪૮, ૩૫૬, ૬૦૦, ૭૮૬, ૭૯૦, ૭૯૨, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ છે. આ ઉપરાંત આ આરોપી નં.૨ તથા આરોપી નં.૩૫ ના કબૂલાત નિવેદનો પણ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતાં આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ

બ્લાસ્ટના બનાવો તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, આરોપી નં.૩ની કસ્ટડી તપાસ કરનાર અધિકારી ટોળીયાએ તા.૧૬.૮.૨૦૦૮ નારોજ કરેલી હતી અને સાહેદ નં.૮૮૩ કુંવરજી ઠાકોરને હાજર રાખી જે જગ્યાએ બોમ્બ મુકયાનો આક્ષેપ છે તે જગ્યાનું પંચનામુ બનાવેલુ છે. આ પંચનામુ આરોપીને અટક કર્યા પછી ચાર માસ બાદ એટલે કે તા.૮.૧૨. ૨૦૦૮ નાં રોજ બનાવેલુ છે જે ઉભુ કરેલુ છે. પરંતુ વકિલશ્રી આર.કે.શાહની દલીલ સાથે હું સંમત નથી પંચનામુ ચાર માસ બાદ બનાવેલુ છે તેનો અર્થ એવો નથી કે આ પંચનામુ ઉભુ કરેલુ છે. આરોપીએ આપેલી માહિતી પ્રમાણે આ પંચનામુ બનાવેલુ છે. આરોપીએ આ પંચનામુ પોતાને જે માહિતી હતી તે માહિતાના આધારે આરોપી બોમ્બવાળી જગ્યા ઉપર કે જયાં તેને સાઇકલ મુકેલી તે જગ્યા ઉપર દોરીને લઈ ગયેલો અને બનાવેલુ છે. જેથી પુરાવાના કાયદાની કલમ–૮ મુજબ આ દોરી જવાનું વર્તન પુરાવામાં ગ્રાહય છે અને આરોપી વિરૂધ્ધ આ ગુનામાં સંડોવણી હોવાનો એક સંજોગ બને છે. આરોપીએ આ જગ્યા ઉપર બોમ્બવાળી સાઇકલ મુકેલી જ ન હોત તો આ જગ્યા ઉપર દોરીને લઈ ગયેલો ન હોત. સાહેદ નં.૮૮૩ કુવરજી ઠાકોરનાઓએ આરોપીને જુબાની દરમ્યાન ઓળખેલો છે તે બાબતે વકીલશ્રી આર.કે.શાહની દલીલ કરતા જણાવે છે કે, નવ વર્ષ પછી આરોપી ઓળખાય જ નહીં. પરંતુ તેમની દલીલ સાથે હું સંમત નથી દરેક માણસની ઓળખવાની શકિત અલગ–અલગ હોય છે કોઈ વ્યકિત નવ વર્ષ નહીં પરંતુ પંદર વર્ષ પછી પણ બીજી વ્યકિતને ઓળખી શકે. કોઇ વ્યકિતને ઓળખવો તે વ્યકિત–વ્યકિતની ઓળખ કરવાની શકિત ઉપર આધારિત છે. વકિલશ્રી આર.કે.શાહ સાહેદ નં.૧૧૧૭ આશીફ શેખ બાબતે દલીલ કરતા જણાવે છે કે, આ સાહેદે આરોપી કયામુદ્દીનનો ફોન તા.૧૧.૭.૨૦૦૮ ના રોજ આવેલાની હકીકત ખોટી જણાવેલી છે કારણ કે આરોપી કયામુદ્દીનને તા.૩૧.૩. ૨૦૦૮ ના રોજ મધ્યપ્રદેશ પોલીસ પકડીને લઈ ગયેલી હતી. પરંતુ આ

ચુકાદામાં સાહેદ નં.૧૧૪૧ ઐયાજ સૈયદની જુબાનીની જે ચર્ચા કરી છે તે મુજબ કયામુદ્દીનને મધ્યપ્રદેશ પોલીસ લઈ ગયેલી ન હતી પરંતુ તે ફરાર હતો અને જયારે તે ફરાર હોય ત્યારે ગમે ત્યાંથી આ સાહેદની ફોન કરી શકે અને તે પ્રમાણે તા.૧૧.૭.૨૦૦૮ ના રોજ આ સાહેદને ફોન કરેલો હતો. આ સાહેદે આરોપી કયામુદ્દીન તથા આરોપી નં.૩ ને જુબાની દરમ્યાન ઓળખેલા છે. વધુમાં વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે જમનાબાઈ હોસ્પિટલની પાછળના ભાગે આવેલ ભોયરામાં જેહાદી ભાષણો થયેલા તે જગ્યા ઉપર લઈ ગયેલા નથી. પરંતુ મારા મત પ્રમાણે દલીલ એ રીતે કરવામાં આવે છે કે જો આરોપીને લઈને આરોપીના બતાવ્યા પ્રમાણે કોઈ જગ્યા ઉપર જઈ તપાસ કરનાર અધિકારી પંચોની હાજરીમાં પંચનામુ બનાવે ત્યારે એવી દલીલ કરવામાં આવે છે કે પંચનામુ ખોટુ બનાવેલુ છે, ઉભુ કરેલુ છે, વર્તણૂકનો પુરાવો ઉભો કરવા બનાવેલુ છે અને જયારે કોઇ જગ્યાનુ પંચનામુ પંચોની હાજરીમાં બનાવવામાં આવેલુ ન હોય ત્યારે એવી દલીલ કરવામાં આવે છે કે જગ્યાનુ પંચનામુ બનાવેલુ નથી. વધુમાં વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે આરોપીને પકડયા પછી આરોપીને ધમકી આપવામાં આવેલી છે, ત્રાસ આપવામાં આવેલો છે અને ગુનાની કબૂલાત માટે આરોપી ઉપર દબાણ કરવામાં આવતુ હતુ તેવી તમામ હકીકત આરોપીએ તેના ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં જણાવેલી છે અને તેથી આરોપીએ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટને ત્રાસ આપ્યાની જાણ કરતો પત્ર મોકલેલો જે આંક–૯૨૧૭ થી ૨જૂ છે. પરંતુ મારા મત પ્રમાણે પોલીસે આરોપીને ત્રાસ આપેલો હોય તેવી કોઈ ફરિયાદ તેને અગાઉ કરેલી નથી જે પત્ર લખેલો છે તે પત્ર ખોટો છે અને બચાવ ઉભો કરવા માટે લખેલો છે તેવી હકીકત મેજિસ્ટ્રેટના હુકમમાં છે જે કામમાં સામેલ છે. વધુમાં વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે સાહેદ નં.૬૦૦ વિશાલ ગણપતની હાજરીમાં તપાસ કરનાર અધિકારીએ આંક–૩૨૨૫ વાળા પંચનામાની વિગતે એક જુલેખાબેન પાસેથી મોબાઈલ ફોન કબજે કરેલા. આ જુલેખાબેનને તપાસેલા નથી, તેમણે કોના ફોન ૨જૂ કર્યા તે સ્પષ્ટ નથી.

વકિલશ્રી આર.કે.શાહની આ દલીલ સાથે હું સંમત છું કે આ ફોન કોની માલીકીના હતા, તેમા સીમકાર્ડ કોના માલિકીના હતા, તેનો ઉપયોગ કોણ કરતુ હતુ તેવો કોઈ સબળ પુરાવો ફરિયાદપક્ષ તરફથી રજૂ થયેલો નથી. મોબાઇલ અંગે પુરાવો રજૂ ના થવાથી આરોપીની આ ગુનામાં સંડોવણી નથી તેમ મનાય નહિ અને તે આ બનાવના મુળને પણ અસર કરશે નહિ. વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી આ કહેવાતા ગુનાઓમાં સંડોવાયેલો નથી. પરંતુ ઉપર વિગતે જે પુરાવા રજૂ થયા છે તે ધ્યાને લેતા આ આરોપી આ કહેવાતા ગુનામાં સંડોવાયેલો છે તેમ હું માનુ છું.

આરોપી નં.૪ સમસુદ્દીન ઉર્ફે સમસુ શાહબુદ્દીન શેખનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકનઃ–

આ આરોપી નં.૪ સમસુદ્દીન ઉર્ફે સમસુ શાહબુદ્દીન શેખનાઓ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ નાં રોજ જુદી–જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી–જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા–જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમને કઈ–કઈ ભૂમિકા ભજવેલી છે તે સાબિત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે તે પૈકી જનરલ સાહેદોમાં સાહેદ નં.૯૫૭ તરીકે ઝાકીર હુસેન અબ્દુલ જબ્બાર કુરેશીનાઓને તપાસેલા છે. આ ઉપરાંત અગત્યના સાહેદ તરીકે સાહેદ નં.૧૦૯૭ મહેતાબ ઈબ્રાહીમ શેખનાઓને તપાસેલા છે તથા આ આરોપીના સહઆરોપી નં.૨૩ છે કે જેઓ તાજના સાક્ષી બનેલા છે તે સાહેદ નં.૧૧૪૧ ઐયાઝ રઝાકમીયાં સૈયદને તપાસવામાં આવેલા છે અને તેઓ તમામની જુબાની ધ્યાને લેતા આ આરોપીની સામે મુકવામાં આવેલ આક્ષેપો મુજબના કાવતરામાં સામેલ થઈ પોતાનો

સામાન્ય ઈરાદો પાર પાડવા એકબીજાની મદદગારી કરીને અમદાવાદ શહેરમાં જુદી–જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરેલા છે તેમજ સુરતની જુદી–જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલ હોવાનું ફલીત થાય છે.

આ ઉપરાંત સહઆરોપી નં.૨ ઈમરાન ઈબ્રાહીમ શેખ, સહઆરોપી નં.૨૪ ઉમર ઉર્ફે અશોક કાળાભાઈ કબીરાનાઓએ ક્રિ. પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબના કબૂલાત નિવેદનો મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ અમદાવાદ સમક્ષ લખાવેલા તે ધ્યાને લેતા પણ આ આરોપી તેઓની ઉપર મુકવામાં આવેલ આક્ષેપ મુજબના કાવતરામાં સામેલ હોવાનું ફલીત થાય છે. આ ઉપરાંતઃ–

ફરિયાદપક્ષ દ્વારા આ કામે નસરૂદ્દીન ઈસ્માઈલ શેખને સાહેદ નં. ૮૦૯ તરીકે આંક–૫૪૫૧ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓને ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદે તા.૩૦/૮ ના રોજ પોલીસ સ્ટેશન બોલાવેલા. ત્યાં અબ્દુલભાઈ કરીને બીજી વ્યક્તિ પણ હાજર હતી. ત્યાં પોલીસ હતી, સાહેબો હતાં. પોલીસે એક આરોપીને બતાવેલો જેનું નામ પુછતાં જેનું નામ "સમસુદ્દીન શાહબુદ્દીન" જણાવેલું અને કોઈ સાહેબોએ એવું કહેલું કે બોમ્બ બ્લાસ્ટ કેસમાં આરોપીને પકડેલ છે અને તેનું પંચનામું કરવાનું જણાવેલ અને પુછેલ કે પંચમાં રહેશો? જેથી "હા" પાડેલી. આ સાહેદને એવો સવાલ પુછવામાં આવેલ છે કે આરોપીએ શું જાહેર કરેલું? તો આ સાહેદે જવાબમાં જણાવેલ છે કે આરોપીએ એવું જણાવેલ કે "અમે મીટીંગમાં જે જગ્યાએ ભેગા થતાં હતાં તે જગ્યા હું બતાવીશ."

સાહેદ વધુમાં જણાવે છે કે આરોપી તેઓને અને સાહેબોને જમાલપુર–સરદારબ્રિજ થઈ વાસણા થઈ જુહાપુરામાં સરીફાબાદ સોસાયટીમાં લઈ ગયેલાં. બધા ખાનગી વાહનમાં ગયેલાં. આરોપીએ બી–૯ નંબરનો એક રૂમ બતાવેલો. તેઓ રૂમ તરફ ગયેલાં ત્યાં એક બેન ઉભા હતાં. જેમનું નામ પુછતાં તેણીએ નુરજહાંબેન યાકુબભાઈ મેમણ બતાવેલું. રૂમ તરફ ગયેલાં ત્યાં આગળ વરંડો હતો ત્યાં રૂમ હતો, તે રૂમ ખોલેલો જે રૂમમાં આ સાહેદ, આરોપી અને

સાહેબો ગયેલાં. સાહેબોએ તપાસ કરતાં અંદર ખાટલો, ગાદલું અને એક તુટેલો કબાટ દેખાતો હતો. તે કબાટમાં તપાસ કરતાં એક ફોન મળેલો. જે ફોન સોની ઈરિક્શન કંપનીનો હતો અને બંધ હાલતમાં હતો અને તેમાં હચ કંપનીનું સીમકાર્ડ હતું અને આરોપીએ કહેલ કે "અહીંયા મીટીંગ કરતાં હતાં." એક લાઈટબીલ પણ હતું. બધું જોઈ તપાસી અને ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે પાછા ઓવલાં. લાઈટબીલ યાકુબ મેમણના નામે હતું. ઉપર મુજબ જે કામગીરીનું પંચનામુ બનાવવામાં આવેલ તે પંચનામુ આંક–૫૪૫૨ થી ૨જૂ રાખેલ છે જેમાં આ સાહેદ પોતાની તથા બીજા પંચ અબ્દુલભાઈની સહીઓ ઓળખી બતાવે છે. તેમજ કબજે કરવામાં આવેલ મોબાઈલ ફોન તથા લાઈટ બીલ ઓળખી બતાવે છે. આંક–૫૪૫૩ વાળા લાઈટ બીલમાં આ સાહેદ પોતાની અને બીજા પંચની સહીઓ ઓળખી બતાવેલ છે. તેમજ વીડિયો થકી આરોપીઓને બતાવતા આ સાહેદ આરોપી નં.૧૧ સીબલી ઉર્ફે સાબીત અબ્દુલ કરીમને ઓળખી બતાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ જમાલપુર સીંધીવાડમાં બાપદાદાના સમયથી રહે છે. ગુજરાતી લખતા–વાંચતા આવડે છે, અંગ્રેજી લખી શકતા નથી. સાહેદના ઘરની પાસે ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન આવેલુ છે તે કબૂલ કરે છે. ગાયકવાડ હવેલીમાં ક્રાઈમ બ્રાન્ચ પોલીસ સ્ટેશન, એસ.ઓ.જી. પોલીસ સ્ટેશન વિગેરે આવેલા છે તે કબૂલ કરે છે. જે પોલીસ વાળાએ બોલાવેલા તેમને આ સાહેદ ઓળખતા નથી. પોલીસ, પોલીસ સ્ટેશનની બહાર મળેલી અને ક્રાઈમ બ્રાન્ચની ઑફિસમાં લઈ ગયેલા. બીજા પંચ અબ્દુલ રહેમાન પહેલેથી ત્યાં હાજર હતા તેમ જણાવે છે. સમસુદ્દીન નામની વ્યકિત સગા કે સંબંધી થતી નથી પંચનામામા સહી કરી તે પહેલા તેઓને ઓળખતા ન હતા. સમસુદ્દીન નામની વ્યકિત કેટલા દિવસથી પોલીસ કસ્ટડીમાં હતા તેની ખબર નથી. તે શું કામ ધંધો કરે છે તથા તેઓના રહેઠાણ વિશે અને કુટુંબ વિશે કોઈ માહિતી નથી. જે ખાનગી વાહનમાં ગયેલા તેનો નંબર જોયેલો નથી. ખાનગી વાહન હતુ તે પોલીસના કહેવાથી જણાવે છે. ખાનગી વાહન

જીપમાં બે જણા આગળ અને ત્રણ જણ પાછળ બેઠેલા તે કબૂલ કરે છે. પાંચ વ્યકિતઓમાં બંને પંચો, એક રાઈટર, આરોપી અને પોલીસમેન હતા તેમ જણાવે છે. કલાક ૪.૧૫ વાગે પરત ફરેલા તે કબૂલ કરે છે. આ પ્રશ્નનો અર્થ એવો થાય કે આ સાહેદ, બીજા પંચ, પોલીસ અને આરોપી સાથે જીપમાં ગયેલા હતા. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા પોલીસે જે જે કાગળો આપેલા તેમાં સહીઓ કરેલી તો તે હકીકત નકારી છે. પંચનામા સિવાય લાઈટ બીલમાં પણ સહી કરેલાનું જણાવે છે. સ્થળ ઉપર નુરજહાબેન સાથે કોઈ વાતચીત થયેલી નથી. સ્થળ ઉપર યાકુબ મેમણ, શેરમહંમદ મેમણ કે કોઈ બાળકો જોયેલા નથી. પંચનામા સબંધેની કોઈ ખાનગી નોંધ રાખેલી નથી, પંચનામુ રાઈટરના હસ્તાક્ષરમાં છે તેમાં સાહેબે સહી કરેલી. પંચનામામાં સહી કરનાર ઑફિસરનું નામ જાણતા નથી. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા અમદાવાદ શહેરમાં આ સાહેદ રીક્ષા ચલાવતા હતા. બીજા પંચ જમાલપુરમાં રહે છે તે કબૂલ કરે છે તેઓ પણ રીક્ષા ચલાવતા હતા કે કેમ તે ખબર નથી. પોલીસ સ્ટેશનમાંથી બહાર જવા નીકળ્યા ત્યાં સુધી કયાં જવાનું છે અને શું કામ જવાનું છે તેની માહિતી ન હતી તે કબૂલ કરે છે. આ સાહેદની રૂબરૂમાં નુરજહાબેનનું કોઈ નિવેદન લેવામાં આવેલ નથી તેમ જણાવે છે. તૈયાર પંચનામામાં સહી કરેલાની હકીકત નકારે છે. પંચનામાની વિગતેની કોઈ કાર્યવાહી થયેલી નથી તો તે હકીકત નકારે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૦૭૦ વિનય શુકલનાઓએ શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ ના કામે આ સાહેદ તથા બીજા પંચ અબ્દુલ રહેમાન શેખનાઓને પંચમાં રહેવા બોલાવેલા અને પોલીસ સ્ટેશનમાં આરોપી નં. ૪ હાજર હતા તેમને તથા પંચો તથા પોલીસને લઈ વાહનમાં આરોપીના કહેવા અને બતાવ્યા પ્રમાણે તા.૨૦.૭.૨૦૦૮ ના રોજ યાકુબ મેમણના મકાન ઉપર જે મીટીંગ થયેલી તે મકાન આરોપી બતાવવા માંગતા હતા જેથી તપાસ કરનાર અધિકારી તમામને લઈ ત્યાં ગયેલા અને મકાનનું પંચનામુ કરેલુ છે. મકાન ઉપર હાજર નુરજહાબેને મકાનનું લાઈટ બીલ રજૂ કરેલુ છે તે હકીકત માલુમ પડે છે.

આ ઉપરાંત આંક–૫૪૫૨ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી દલીલ અને રજૂઆત છે કે આ પંચનામાના પાન નં.૩ ઉપર "અમે બધા મીટીંગ માટે આ રૂમમાં તા.૨૦.૭.૨૦૦૮ ના રોજ ભેગા થયેલા" આ કબૂલાત્મક હકીકત હોય આરોપી વિરૂધ્ધ પુરાવામાં ગ્રાહ્ય નથી પરંતુ મારા મત પ્રમાણે જે મકાન બતાવેલુ તેમાં જે રૂમમાં મિટિંગ થયેલી તે રૂમની હકીકત પુરાવામાં ગ્રાહ્ય છે.

આંક–૫૪૫૨વાળુ પંચનામુ કરનાર સાહેદ નં.૧૦૭૦ વિનય શુકલે આ આરોપીને લઈ પંચોને સાથે રાખી જુહાપુરા ખાતે આવેલ સરીફાબાગ સોસાયટી બી/૯ વાળા મકાન ઉપર ગયેલા હતા અને મકાનની અંદર સર્ચ કરી એક મોબાઈલ તથા લાઈટબીલ કબજે કર્યાની હકીકત સાહેદ વિનય શુકલે પોતાની જુબાનીના પેરા નં.૫.૧, પાન નં.૨૦ ઉપર જણાવેલી છે તથા આંક–૫૪૫૨ વાળા પંચનામામાં પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવી છે. આ સબંધમાં આરોપીઓ તરફથી વિનય શુકલની જે ઊલટતપાસ થયેલી તે ધ્યાને લઈએ તો શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં. ૨૩૬/૨૦૦૮ ના કામે આરોપી સમસુદ્દીન શાહબુદ્દીન શેખને કયારે અટક કરેલો તે કહી શકે તેમ નથી અને તેનુ લેખિત નિવેદન આ સાહેદે નોંધેલુ નથી. આ આરોપીને કયા હેતુથી આ સાહેદને સોંપવામાં આવેલો તે અંગેનો લેખિત હુકમ થયેલો નહીં. આંક–૫૪૫૨ વાળુ પંચનામુ પંચો સાથે મેળાપીપણુ કરી ઉભુ કરી દીધેલાની હકીકત નકારે છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે મહેશ કાંતીલાલ સમુરાને સાહેદ નં.૫૯૬ તરીકે આંક–૩૨૦૯ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૩૦.૮.૨૦૦૮ ના રોજ ગાયકવાડ હવેલી ક્રાઈમ બ્રાન્ચ પોલીસ સ્ટેશનમાં બોલાવેલા અને તેમની સાથે બીજા એક ભાઈ મુકેશભાઈને પણ બોલાવેલા. તેઓએ પંચનામામાં પંચ તરીકે રહેવા ખુશી જાહેર કરેલી. સદર ફોન કોઈ બેને રજૂ કરેલો અને તમામ લખાણ મુકેશભાઈએ લખાવેલુ. સદર ફોન કબજે કરવાનું જે પંચનામુ કરેલ તે પંચનામુ આંક–૩૨૧૦ થી રજૂ કરેલ છે જેમાં

આ સાહેદ તેમની તથા બીજા પંચ મુકેશભાઈની સહીઓ ઓળખી બતાવે છે તેમજ મુદ્દામાલ મોબાઈલ પણ ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો બંને પંચો એક જ વિસ્તારમાં એટલે કે રાયખડમાં રહે છે તે કબૂલ કરે છે. આ સાહેદ ફકત સહી કરી જાણે છે તો તે હકીકત નકારી છે. મુદ્દામાલ મોબાઈલ કોના નામે હતો તે સબંધેના કોઈ દસ્તાવેજો આ સાહેદ રૂબરૂ રજૂ થયેલા નહીં. મુદ્દામાલ મોબાઈલની ઓળખ અંગે કોઈ ચિન્હ કરેલ નથી તે કબૂલ કરે છે. મુદ્દામાલ મોબાઈલને સીલ કરવામાં આવેલ નથી તે પણ કબૂલ કરે છે. પોલીસ સ્ટેશનમાં ગયા ત્યારે મુદ્દામાલ મોબાઈલ ટેબલ ઉપર પડેલો હતો તો તે હકીકત નકારે છે. પોલીસ સ્ટેશનમાં આવેલ બહેન કયારે અને કયાંથી આવેલા તે કહી શકે તેમ નથી. તે બહેન સાથે કોઈ વાતચીત થયેલી નથી. તૈયાર પંચનામામાં સહી કરેલાની હકીકત નકારી છે. પંચનામા અંગે કંઈ હકીકત જાણતા નથી તો તે હકીકત પણ નકારી છે. કોઈ બહેને આ સાહેદની હાજરીમાં મોબાઈલ રજૂ કરેલો નથી તો તે હકીકત પણ નકારી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો સાહેદ નં. ૧૦૭૦ વિનય શુકલનાઓએ શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં. ૨૩૬/૨૦૦૮ ના કામે આ સાહેદ તથા બીજા પંચ મુકેશભાઈને અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે બોલાવેલા હતા અને આ બંને પંચ સાહેદોની હાજરીમાં આરોપી નં.૪નાઓએ જે મોબાઈલ ફોનનો ઉપયોગ બનાવ વખતે કરેલો તે મોબાઈલ ફોન જાહેદાબાનુ વાઈફ ઓફ સમસુદ્દીન શાહબુદ્દીન શેખનાઓએ પંચો રૂબરૂ રજુ કરેલો હતો જે સીલ્વર તથા કાળા કલરની બોડીવાળો સ્પાઈસ કંપનીનો હતો જેનો કાર્ડ નં.૯૯૦૪૦૩૬૪૫૩ હતો તે આંક-૩૨૧૦ વાળા પંચનામા આધારે કબજે કરવામાં આવેલો છે. આ સાહેદ રાયખડ અમદાવાદ ખાતે રહે છે અને એક સામાન્ય વ્યકિત છે અને તેઓ મજૂરી કામ કરે છે માટે આ સાહેદ એક સ્વતંત્ર સાહેદ છે. ફરિયાદપક્ષ તરફે કોઈ મિત્રતા નથી કે આરોપીઓ સાથે તેમને

કોઈ દુશ્મનાવટ નથી માટે આ સાહેદની જુબાની નહીં માનવાને કોઈ કારણ રહેતુ નથી.

આ હકીકત સાહેદ નં.૧૦૭૦ વિનય શુકલનાઓએ પોતાની જુબાનીના પેરા નં.પ.૧, પાના નં.૨૧ ઉપર જણાવેલી છે કે તેમણે આંક–૩૨૧૦ વાળા પંચનામાના આધારે બે પંચોની હાજરીમાં આરોપીની પત્ની જાહેદાબાનુએ સ્પાઈસ કંપનીનો અને આઈડીયા કંપનીના સીમકાર્ડવાળો મોબાઈલ રજૂ કરેલો તે કબજે કરેલો છે તે પંચનામામાં સાહેદ વિનય શુકલા પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે. આ સાહેદની આ પંચનામા બાબતે આરોપીઓ તરફથી જે ઊલટતપાસ થયેલ છે તે ધ્યાને લઈએ તો મોબાઈલ કબજે કર્યો ત્યારે તેમાંનુ સીમકાર્ડ ચાલુ છે કે બંધ છે તેની તપાસ કરેલી નહીં. પંચનામુ કર્યુ ત્યારે આ મોબાઈલ ફોન ચાલુ કરીને કોઈકને ફોન કરેલ હોય તેવુ બનેલ નથી. પંચનામાની કાર્યવાહી ઉપર આ મોબાઈલ ફોન ઉપર કોઈકનો ફોન આવેલો હોય તેવુ બનેલ નથી. પંચનામામાં કુલ–આઠ વ્યકિતઓના નામો જણાવેલા છે તે વ્યકિતઓના આ ફોન ઉપર સંપર્ક કરવાનો પ્રયત્ન કરેલ નથી. સ્થળ ઉપર આ નંબરો વેરીફાય કરવાનો પ્રયત્ન કરેલો નથી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે તાલીબ અબ્દુલ ગફાર મણીયારને સાહેદ નં.૧૦૪૧ તરીકે આંક–૭૦૫૬ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ સને–૨૦૦૮ ના વર્ષમાં આ સાહેદ ચાની ફેરીનો ધંધો કરતા હતા. તેઓ શીવાજીનગર ખાતે આવેલી પ્રાથમિક શાળામાં ભણતા હતા ત્યારે અજીમહુસેન અને મસીયુદ્દીન સાથે ઓળખાણ થયેલી. વધુમાં આ સાહેદની સરતપાસ પ્રમાણે અજીમ તથા મસીયુદ્દીન સાથે ઓળખાણ થયા બાદ મિત્રો સાથે સીમીમાં જોડાયેલા હોય તેવુ બનેલુ નથી. અમદાવાદની મીટીંગીમાં સીમીના યુનુસ મન્સુરી, સમસુદ્દીન શેખ તથા અન્ય વીસેક માણસો જેમાં જનરલ સેક્રેટરી સફદર નાગોરી હાજર હોય તેવુ બનેલુ નથી. આ સાહેદે ફરિયાદપક્ષને સમર્થન કરેલુ ન હોવાથી સરકારી વકીલશ્રીની વિનંતીથી સાહેદને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા અને ત્યારબાદ સરકારી વકીલશ્રી દ્વારા ઊલટતપાસ થયેલી છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પોલીસ નિવેદનમાં લખાવેલી હકીકતનો તેમણે ઈન્કાર કરેલો છે. ખોટી જુબાની આપતા હોવાની હકીકત પણ નકારેલી છે.

આ આરોપી નં.૪ સમસુદ્દીન ઉર્ફે સમસુ શાહબુદ્દીન શેખે ક્રિ.પ્રો. કોડ કલમ–૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઈન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે તે પ્રશ્નના જવાબમાં તેણે ફરિયાદપક્ષના પુરાવા સંબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના બચાવ માટે જે હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦માં જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

આરોપી સમસુદીન શેખનાઓએ પોતાના બચાવ માટે સાહેદ તરીકે હુસેનભાઈ હાસનભાઈ શેખનાઓને આંક–૯૨૬૩ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ તેઓ દરિયાપુરમાં લીમડીચોક, બન્નાની મસ્જિદની પાસે રહે છે. તેમના મકાનનો નં.૨૬૫૬/૦૪ અને આ મકાન મોહદ્દીની ગલીમાં આવેલું છે. સાહેદ વધુમાં જણાવે છે કે સમસુદ્દીન શાહબુદ્દિન શેખને તેઓ ઓળખે છે. સમસુદ્દીનની માતાનું નામ નસીમબાનુ છે. આ નસીમબાનુ આ સાહેદના ભાઇ રહેમતુલ્લાની દિકરી છે. સમસુદ્દીન તેમની ભત્રીજીનો દિકરો છે. આ સાહેદ જે મકાનમાં રહે છે તે મકાનમાં જન્મથી પોતાના કુટુંબ સાથે રહે છે. આ મકાન "૫" હાથ જેટલું પહોળું અને "૧૦" હાથ જેટલું લાંબુ છે. વધુમાં સાહેદ જણાવે છે કે તેમના મકાનમાં કોઇ પ્રોગ્રામો થયેલા નથી કે મકાનમાં કયારેય કોઇ ધાર્મિક પ્રોગ્રામો થયેલા નથી. સને–૨૦૦૮ની સાલના મહોરમ મહિનામાં કોઇ પ્રોગ્રામ થયેલા નથી. સમસુદ્દીનના કોઇ મિત્રોને તેઓ ઓળખતા નથી. સમસુદ્દીન તેમના ઘરે કોઇક કોઇક વખત આવતો જતો હતો. આ સાહેદના ઘરમાં ખાવા,પીવાની દાવત હોય ત્યારે તે આવતો જતો હતો. આવી દાવત કયારેય કોઇ પ્રસંગ હોય ત્યારે થતી. દાવતમાં આવે ત્યારે તે બીજા કોઇ લોકોને લાવતો નહીં પરંતુ તેની માતા હોય. સમસુદ્દીનના માતા લખોટા પોળ, દરિયાપુરમાં રહે છે અને સમસુદ્દીન

તેની સાથે રહે છે. આ સાહેદની ફરિયાદપક્ષ દ્વારા ઊલટતપાસ થયેલી છે તે ઊલટતપાસ ધ્યાને લઈએ તો તરૂણ કોમર્શીયલ મીલમાં નોકરી કરતા હતા તો તે હકીકત કબૂલ કરે છે. નિવૃત્ત થયા પછી રીક્ષા ચલાવતા હતા તે હકીકત કબૂલ કરે છે. લગ્ન પહેલા બધા ભાઈઓ આ મકાનમાં સાથે રહેતા હતાં તે હકીકત કબૂલ કરે છે. બધા બાઈઓ ભેગા રહેતા હોય તો સ્વાભાવિક છે કે ઘર નાનુ નહીં પરંતુ મોટુ હોય. સમસુદ્ધીનને સને–૨૦૦૮ની સાલમાં બોમ્બ બ્લાસ્ટના કેસોમાં પકડેલો તે હકીકત કબૂલ કરે છે. સમસુદ્ધીનના માતા દ્વારા પણ આ કેસ ચાલે છે તેની જાણ થયેલી તે હકીકત કબૂલ કરે છે. સમસુદ્ધીનની માતા સાથે કોઇક વખત મળવાનુ થતું, પત્ની સાથે મળવાનું થતું નહી. પરંતુ મારા મત પ્રમાણે સમસુદ્ધીન આ સાહેદની ભત્રીજીનો દીકરો છે આમ નજીકના સગા હોવા છતાં આ સાહેદ જણાવે છે કે સમસુદ્ધીનની પત્નીને મળવાનું થતુ ન હતુ તો તે હકીકત માની શકાય તેમ નથી. વધુ ઊલટતપાસ ધ્યાને લેતાં પોલીસે જવાબ લીધેલાની હકીકત નકારે છે. આ સાહેદના ઘરે પોગ્રામ થયેલા નથી તેવી કોઇ લેખિત રજૂઆત આ સાહેદે કોઇ અધિકારીને કરેલી નહી તે હકીકત કબૂલ કરે છે. મકાનમાં કોઇ પ્રોગ્રામો થયેલા નથી કે મકાનમાં કયારેય કોઇ ધાર્મિક પોગ્રામો થયેલા નથી તેવુ જે કહે છે તે ખોટુ કહે છે તો તે હકીકત નકારી છે. આ સાહેદના ઘરે સમસુદ્ધીન તથા તેના મિત્રો ભેગા થયેલા હોવાની હકીકત પણ નકારે છે. સોગંદ ઉપર ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારે છે.

આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આરોપી નં.૪ સમસુદ્ધીન શેખ આ સાહેદની ભત્રીજીનો દીકરો છે. સને–૨૦૦૮ની સાલમાં અમદાવાદમાં થયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટના કેસોમાં આ આરોપી સંડોવાયેલો છે અને તેને પોલીસે અટક કરેલો છે તથા તેની વિરૂધ્ધ કેસ ચાલે છે તેની જાણકારી આ સાહેદને થયેલી છે. આ સાહેદને ત્યાં પોલીસ વારંવાર તપાસ માટે ગયેલી છે. તેમને ખબર છે કે સમસુદ્ધીન અને તેના મિત્રોએ તેમના ઘરે મીટીંગો કરેલી છે તેમ છતાં આ સાહેદ ના પાડે છે કે તેના ઘરે કોઈ મિટીંગો થયેલી નથી કે કોઈ ધાર્મીક પ્રોગ્રામો થયેલા નથી. પોલીસે આ સાહેદનું નિવેદન લીધેલુ છે તેમ

છતાં આ સાહેદ જણાવે છે કે તેમના ઘરે કોઈ મિટીંગ થયેલી નથી કારણ એવુ પણ આપેલુ છે કે તેમનુ ઘર "૫" હાથ પહોળુ અને "૧૦" હાથ લાંબુ છે. મકાનના આ માપ સંબંધે આ સાહેદે કોઈ દસ્તાવેજી પુરાવો રજૂ કરેલો નથી. મકાન "૫" હાથ પહોળુ અને "૧૦" હાથ લાંબુ છે માટે મકાનમાં કોઈ મીટીંગ ન થાય તેવુ નથી નાના મકાનમાં પણ મીટીંગ થઈ શકે છે અને મોટા મકાનમાં પણ મીટીંગ થઈ શકે છે. સમસુદ્ધીન આ સાહેદની ભત્રીજીનો દીકરો છે માટે સ્વાભાવિક છે તેને બચાવવાનો પ્રયત્ન કરે.

આ ઉપરાંત આરોપી નં.૪ સમસુદ્ધીન ઉર્ફે સમસુ શાહબુદ્ધીન શેખનાઓએ આંક–૯૧૯૯ થી શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં. ૨૩૬/૨૦૦૮ ના કામે તેઓને અટક કર્યા અંગે એરેસ્ટ મેમોની પ્રમાણીત નકલ પોતાના બચાવ માટે રજૂ કરેલ છે. તે ધ્યાને લઈએ તો આરોપીને તા. ૧૬.૮. ૨૦૦૮ ના રોજ શાહીબાગના ગુનામાં અટક કરેલો છે.

વધુમાં આરોપીએ પોતાની પત્ની જાહેદાબાનુનાઓએ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧ સમક્ષ તા.૧૫.૯.૨૦૦૮ ના રોજ એક સોગંદનામુ પોતાના વકીલશ્રી દ્વારા રજૂ કરેલુ તેની પ્રમાણીત નકલ આંક–૯૨૧૮ થી રજૂ કરેલી છે. આ સોગંદનામા મુજબ આરોપી તદ્દન નિર્દોષ છે અને ખોટી રીતે ગંભીર ગુનામાં ફસાવવાનો પ્રયત્ન કરેલો છે માટે આ સોગંદનામુ કરવાની જરૂર પડેલી હતી. આ સોગંદનામા સાથે આરોપીની પત્નીએ એક અરજી પણ મુકેલી હતી પરંતુ તે અરજીની પ્રમાણીત નકલ રજૂ કરવામાં આવેલી નથી. આરોપીની પત્નીએ મુકેલી અરજી તથા રજૂ કરેલ આંક –૯૨૧૮ વાળા સોગંદનામાના અનુસંધાને મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧ નાઓએ તા.૧૫.૯.૨૦૦૮ ના રોજ હુકમ કરેલો તે હુકમની પ્રમાણીત નકલ આંક–૯૨૦૦ થી રજૂ કરેલી છે. હુકમના પેરા ૩ મા જણાવવામાં આવેલુ છે કે "અરજીની હકીકતો તથા ફરિયાદપક્ષ તરફે રજૂઆત થયેલી છે તે ધ્યાનમાં રાખતા અરજદાર દ્વારા અરજીના સમર્થનમાં કોઈ પુરાવા રજૂ કરવામાં આવેલ નથી માત્ર સોગંદનામા ઉપર ધ્યાન દોરવામાં આવેલ છે. તેઓ દ્વારા તા.૪.૯.૨૦૦૮ ના રોજ અને તેના અગાઉની હકીકતો

સોગંદનામામાં જાહેર કરવામાં આવેલ છે. અરજદારના પતિને જયારે પણ કોર્ટ સમક્ષ તપાસ કરનાર અમલદાર દ્વારા રજૂ કરવામાં આવેલા છે ત્યારે તેના દ્વારા પોલીસ ગેરવર્તન અંગેની કોઈ પણ ફરિયાદ રજૂ કરવામાં આવેલી નથી. આમ અરજદાર દ્વારા હકીકતોથી વિપરીત માહિતી તેમના સોગંદનામામાં જાહેર કરવામાં આવેલી છે જેથી સોગંદનામામાં જણાવવામાં આવેલી તમામ હકીકતો ઉપર વિચારણા કરી શકાય તેમ નથી પરંતુ જયાં સુધી તબીબી સારવારની જરૂરિયાત છે તે લક્ષમાં લઈએ તો જયારે પણ આરોપીને તબીબી અભિપ્રાયના આધારે તબીબી સારવારની જરૂર પડે ત્યારે તપાસ કરનાર અમલદારે આરોપીની તબીબી સારવાર કરાવવાની રહેશે" તે મુજબનો હુકમ કરેલો છે. આમ અરજદારના પત્નીએ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧ સમક્ષ આંક–૯૨૧૮ થી એફીડેવીટ અને તે સાથે જે અરજી કરેલી તે લગત મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧નાઓએ વિચારણા કરેલી નથી માટે સોગંદનામામાં જે હકીકતો જણાવી છે તે પ્રથમ દર્શનિય રીતે ખોટી હતી તેમ કહી શકાય.

આરોપી નં.૪ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૯૫૭, ૧૧૪૧, ૧૦૯૭, ૮૦૯, ૫૯૬, ૧૦૪૧, ૭૮૬, ૭૯૦, ૭૯૨, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૧૦૭૦, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ છે. આ ઉપરાંત આ આરોપી નં.૨, ૨૪ તથા આરોપી નં.૩૫ ના કબૂલાત નિવેદનો પણ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતા આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલ શ્રી કે.જી.શેખ દલીલ કરતા જણાવે છે કે આ આરોપીની ઓફિશીયલ અટક તા.૧૬.૮.૨૦૦૮ ના રોજ કરવામાં આવેલી અને તેની ગેરકાયદેસર કસ્ટડી તા.૮.૮.૨૦૦૮ ના રોજથી હતી. આ આરોપીનો રીમાન્ડ સમય તા.૧૬.૮.૨૦૦૮ થી તા.૧૮.૧.૨૦૦૯ સુધીનો હતો.

આ આરોપીને અમદાવાદ તથા સુરતના બનાવોમાં વારાફરતી દરેક ટીમના અધિકારીઓએ પોલીસ કસ્ટડી મેળવેલી હતી. બધા જ કેસોની તપાસ એક સાથે કરવી જોઈએ પરંતુ કરવામાં આવેલી નથી અને ખોટા કારણો આપીને રીમાન્ડ મેળવેલા છે. પરંતુ મારા મત પ્રમાણે તપાસ કરનાર અધિકારીઓએ આરોપીના રીમાન્ડ મેળવવા આપેલા કારણો યોગ્ય લાગેલા હશે માટે જ મેજિસ્ટ્રેટે આરોપીના રીમાન્ડ આપેલા હતા માટે ખોટા કારણોનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. રીમાન્ડ માગવાનુ કામ તપાસ કરનાર અધિકારીનુ છે અને ગુણદોષ ઉપર હુકમ કરી રીમાન્ડ આપવાનુ કામ મેજિસ્ટ્રેટનુ છે માટે તપાસ અધિકારી રીમાન્ડ મેળવતા નથી પરંતુ અદાલત દ્વારા રીમાન્ડ આપવામાં આવે છે. સાહેદ નં.૮૦૯ નશરુદ્દીન શેખની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરવામાં આવેલ છે કે આ સાહેદની હાજરીમાં આરોપીએ જુહાપુરા ખાતેનુ મકાન બતાવેલુ પરંતુ આ સાહેદ આરોપીને ઓળખી બતાવતા નથી. સ્થળ ઉપર કોઈ બાળકોને આ સાહેદે જોયેલા નથી. આ સાહેદ આરોપીનું વર્ણન આપી શકે તેમ નથી અને આંક–૫૪૫૨ વાળુ પંચનામુ આ સાહેદની હાજરીમાં બનાવેલુ નથી. પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદ આરોપીનુ વર્ણન ન જ આપી શકે કારણ કે બનાવ બાદ દસ વર્ષના સમય પછી સાહેદે જુબાની આપેલી છે અને આરોપીનુ વર્ણન ન આપી શકવાના કારણે સાહેદ જુઠ્ઠુ બોલે છે તેવી હકીકત માની શકાય નહીં. સાહેદ નં.૧૦૭૦ વિનય શુકલની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરવામાં આવે છે કે આંક–૫૪૫૨ વાળુ પંચનામુ આ સાહેદે બનાવેલુ પરંતુ તે ખોટુ ઉભુ કરેલુ છે. સાહેદ નં.૫૯૬ મહેશ સુમરાની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરવામાં આવેલ છે કે આ સાહેદની હાજરીમાં એક બહેને ફોન રજૂ કરેલો પરંતુ તે બહેન નામની આ સાહેદને ખબર નથી. મોબાઈલની ઓળખ બાબતે કોઈ ચિહ્ન કરેલુ નથી, મોબાઈલ ફોન રજૂ કરનાર બહેન સાથે આ સાહેદે કોઈ વાતચીત કરેલ નથી અને આંક–૩૨૧૦ વાળુ પંચનામુ સાહેદ નં.૧૦૭૦નાઓએ ઉભુ કરેલુ છે. સાહેદ નં.૧૦૭૦નાઓએ મોબાઈલ ફોન કબજે કરતી વખતે તેને ચાલુ કરીને જોયેલો નથી. પરંતુ મારા મત પ્રમાણે પંચ સાહેદે મોબાઈલ ફોન રજૂ કરનાર બહેન સાથે વાત કરી ન હોય તેથી

કરીને એવુ મનાય નહીં કે તે બહેને ફોન રજૂ કરેલો નથી. પોલીસ અધિકારી સાહેદ નં.૧૦૭૦ નાઓએ ફોન ચાલુ કરીને જોયેલો નથી તેથી પણ એવુ કહેવાય નહીં કે ફોન કબજે કરવામાં આવેલો નથી. સાહેદ નં.૯૫૭ જાકીર કુરેશીની જુબાની તરફ ધ્યાન દોરી વકીલ શ્રી કે.જી.શેખ દલીલ કરે છે કે આ સાહેદનું નિવેદન તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ તા.૧૭.૧૦.૨૦૦૮ ના રોજ નોંધેલુ છે અને મેજિસ્ટ્રેટ રૂબરૂ તા.૫.૧૧.૨૦૦૮ ના રોજ કલમ–૧૬૪ મુજબનુ નિવેદન નોંધાવેલુ છે. આ બંને નિવેદનો પોલીસના દબાણથી આપેલા છે પરંતુ તેઓની આ દલીલ સાથે હું સંમત નથી. પોલીસે દબાણથી નિવેદન લીધેલા હોય તેવી હકીકત સાહેદે પોતાની જુબાનીમાં જણાવેલી નથી. વકીલ શ્રી કે.જી. શેખ દલીલ કરતા જણાવે છે કે આ સાહેદનુ નિવેદન લેતા પહેલા શ્રી મયુર ચાવડાએ કોઈ નોટીસ આપેલી નથી. સાહેદ નં.૯૫૭ ને જેહાદ અને કયામત કોને કહેવાય તેની ખબર નથી. આરોપી નં.૪ નાઓએ ભાષણો કર્યા હોય તેવુ સાહેદ જણાવતા નથી. જયારે સાહેદ નં.૧૧૪૧ ઐયાજ સૈયદ આરોપી નં.૪ નાઓએ ભાષણો કરેલાની હકીકત જણાવેલી છે માટે આવી વિરોધાભાસી હકીકત માની શકાય નહીં. આરોપી બનાવ વખતે ફોન વાપરતો હતો પરંતુ પોલીસે ફોન કબજે કરેલો નથી. સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરવામાં આવે છે કે સાહેદ જાકીર કુરેશીનું નિવેદન કેટલા વાગ્યે અને કયા સ્થળે લીધેલુ તે યાદ નથી તેમ સાહેદ જણાવે છે. આ જાકીર કુરેશી કયાંથી આવેલો, કેટલા વાગે આવેલો તે પણ આ સાહેદ જણાવતા નથી. આ સાહેદ સાચી હકીકત છુપાવે છે. આ સાહેદે આરોપીને આ ગુનામાં ખોટી રીતે સંડોવેલો છે પરંતુ આ દલીલ સાથે હું સંમત નથી. બનાવને દસ વર્ષ ઉપરાંતનો સમય થઈ ગયેલ હોવાથી આ તપાસ કરનાર અધિકારીને તમામ હકીકત યાદ ન હોય તે સ્વાભાવિક છે અને યાદ ન હોવાના કારણે એવુ કહી શકાય નહીં કે સાહેદ સાચી હકીકત છુપાવે છે.

વકીલ શ્રી કે.જી.શેખ બચાવના સાહેદ નં.૧ હુસેન હાસમ શેખની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરે છે કે આ સાહેદે પોતાની જુબાનીમાં જણાવેલુ

છે કે તેઓના ઘરે કોઈ મીટીંગ થયેલી નથી, ઘર નાનુ છે માટે મીટીંગો થયાની વાત ખોટી છે. સાહેદ નં.૧૧૪૧ એયાજ સૈયદની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરવામાં આવે છે કે આ સાહેદે આંક–૮૦૫૬ થી અદાલતને કબૂલાત અરજી મોકલેલી. આ અરજી કેવી રીતે અદાલતમાં આવી તે શંકાસ્પદ છે. એક જ દિવસમાં લાંબી અરજી લખી શકાય નહીં અને તે જ દિવસે અદાલતમાં આવી શકે નહીં. પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદ ભણેલા છે જેથી એક દિવસમાં અરજી ન લખાય તેવુ નથી. આ ગંભીર પ્રકારના ગુનામાં આરોપીએ કબૂલાત અરજી મોકલેલી હોવાથી જેલ અધિકારી પણ તાત્કાલિક આ અદાલતને મોકલી આપે તેથી કરીને એવુ કહેવાય નહીં કે આ અરજી શંકાસ્પદ રીતે અદાલતમાં આવેલી છે. વધુમાં દલીલ કરવામાં આવે છે કે સાહેદ નં.૧૧૪૧ના કહેવા પ્રમાણે સમસુદ્દીનાના નાના ના ઘરે ૨–૩ દિવસ પ્રોગ્રામ ચાલેલો. પરંતુ સાહેદ નં.૯૫૭ જણાવતો નથી કે ૨–૩ દિવસ પ્રોગ્રામ ચાલેલો. આમ આવા વિરોધાભાસ હોવાથી બંને સાહેદોની જુબાનીઓ ધ્યાને લેવાય નહીં. સમસુદ્દીનના નાના ના ઘર બાબતે સાહેદ નં.૧૧૪૧ ખોટી હકીકતો જણાવે છે. વધુમાં દલીલ કરતા જણાવે છે કે સાહેદ નં.૧૧૪૧ શાહપુરમાંથી પસાર થતા હતા ત્યારે સીમીની ઑફિસ જોયેલી અને ઑફિસમાં ગયેલા પરંતુ તે બાબતે કોઈ પુરાવો નથી અને બીજા કોઈ પુરાવાથી સીમીની ઑફિસ બાબતે સમર્થન મળતુ નથી. સાહેદ નં.૧૧૪૧ નાઓએ પોતાની જુબાનીમાં જે હકીકત જણાવેલી છે તે ઉપજાવી કાઢેલી છે અને સજામાંથી છુટવા માટે પોતે એપ્રુવર થયેલો છે. ફરિયાદપક્ષ દ્વારા કુલ–૧૧૩૦ સાક્ષીઓની જુબાની નોંધાયા બાદ આરોપીઓને સંડોવતો કોઈ પુરાવો ન હોવાથી સાહેદ નં.૧૧૪૧ ને એપ્રુવર બનાવેલા છે. સાહેદ નં.૧૧૪૧ કેવી રીતે પોલીસનો એપ્રુવર બન્યો તે તમામ હકીકત બચાવના સાહેદ નં.૮ કયામુદ્દીન કાપડીયાનાઓએ પોતાની જુબાનીના પેરા નં.૪૨ થી ૪૬ માં જણાવેલી છે. સાહેદ નં.૧૦૪૧ની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરે છે કે આ સાહેદે ફરિયાદપક્ષની હકીકતને સમર્થન કરેલુ નથી. સાહેદ નં.૧૦૯૭ મહેતાબ શેખની જુબાની તરફ ધ્યાન દોરી વકીલશ્રી કે.જી.શેખ દલીલ કરે છે કે આ

આરોપી નં.૪ ગુનામાં સંડોવાયેલો છે તેવી કોઈ હકીકત આ સાહેદની જુબાની પરથી પણ નીકળી આવતી નથી તથા આરોપી નં.૨,૨૪,૩૫ના કબૂલાત નિવેદનોમાં પણ આ આરોપી વિરૂધ્ધ કોઈ હકીકત નીકળતી નથી. આ ત્રણેય આરોપીઓએ કબૂલાત નિવેદનો પરત ખેંચેલા છે જેથી આ નિવેદનો સહઆરોપી વિરૂધ્ધ પુરાવામાં ગ્રાહ્ય નથી. આ આરોપીએ જેહાદી ભાષણો આપેલા નથી. પરંતુ તેઓની આ દલીલ સાથે હું સંમત નથી. ફરિયાદપક્ષનો તમામ પુરાવો ધ્યાને લેતા આ આરોપીના નાના ના ઘરે સીમીની મીટીંગ થયેલી છે, મીટીંગમાં આ આરોપી હાજર હતો, અન્ય જગ્યાઓ ઉપર પણ સીમીની મીટીંગો થયેલી અને તે જગ્યાઓ ઉપર પણ આ આરોપી હાજર હતો. વકીલશ્રી કે.જી.શેખ દલીલ કરતા જણાવે છે કે આ આરોપી આ કહેવાતા ગુનાઓમાં સંડોવાયેલો નથી. પરંતુ ઉપર વિગતે જે પુરાવા રજૂ થયા છે તે ધ્યાને લેતા આ આરોપી આ કહેવાતા ગુનામાં સંડોવાયેલો છે તેમ હું માનુ છું.

આરોપી નં.૫ ગ્યાસુદ્દીન ઉર્ફે ગ્યાસુ અબ્દુલસલીમ અંસારીનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૫ ગ્યાસુદ્દીન ઉર્ફે ગ્યાસુ અબ્દુલસલીમ અંસારીનાઓ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ નાં રોજ જુદી–જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી–જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા–જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમને કઈ કઈ ભુમિકા ભજવેલી છે તે સાબિત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે તે પૈકી જનરલ સાહેદોમાં સાહેદ નં.૯૫૭ તરીકે ઝાકીર હુસેન અબ્દુલ જબ્બાર કુરેશીનાઓને તપાસેલા છે. તેઓની જુબાની ધ્યાને લેતા આ

આરોપીની સામે મુકવામાં આવેલ આક્ષેપો મુજબના કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા એકબીજાની મદદગારી કરીને અમદાવાદ શહેરમાં જુદી–જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરેલા છે તેમજ સુરતની જુદી–જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલ હોવાનું ફલીત થાય છે.

આ ઉપરાંત સહઆરોપી નં.૨ ઈમરાન ઈબ્રાહીમ શેખનાઓએ ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબનુ કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ અમદાવાદ સમક્ષ લખાવેલુ તે ધ્યાને લેતા પણ આ આરોપી તેઓની ઉપર મુકવામાં આવેલ આક્ષેપ મુજબના કાવતરામાં સામેલ હોવાનું ફલીત થાય છે.

આ આરોપી નં.૫ ગ્યાસુદ્દીન ઉર્ફે ગ્યાસુ અબ્દુલસલીમ અંસારીએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઈન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે તે પ્રશ્નના જવાબમાં તેણે ફરિયાદપક્ષના પુરાવા સબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના બચાવ માટે જે હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦માં જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

આ ઉપરાંત આરોપી નં.૫ ગ્યાસુદ્દીન ઉર્ફે ગ્યાસુ અબ્દુલસલીમ અંસારીનાઓએ આંક–૯૨૦૧ થી શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી. નં. ૨૩૬/૨૦૦૮ ના કામે તેઓને અટક કર્યા અંગે એરેસ્ટ મેમોની પ્રમાણીત નકલ પોતાના બચાવ માટે રજૂ કરેલ છે. તે ધ્યાને લઈએ તો આરોપીને તા. ૧૬.૮. ૨૦૦૮ ના રોજ શાહીબાગના ગુનામાં અટક કરેલો છે.

આ ઉપરાંત આ આરોપીએ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧ ને ઉદેશીને તા. ૨૦.૧૧.૨૦૦૮ ના રોજ ક્રાઈમ બ્રાન્ચ વિરૂધ્ધ ફરિયાદ આપેલી તે ફરિયાદની પ્રમાણીત નકલ પણ તેણે રજૂ કરેલી છે. આ પ્રમાણીત નકલ ધ્યાને લઈએ તો આરોપીના કહેવા પ્રમાણે તા.૯.૮.૨૦૦૮ થી તા.૧૬.૮.૨૦૦૮ સુધીના સમય દરમ્યાન તેઓને ક્રાઈમ બ્રાન્ચમાં ગેરકાયદેસર ગોંધી રાખવામાં

આવેલા હતા પરંતુ આ આરોપીને ક્રાઈમ બ્રાન્ચ દ્વારા તા.૯.૮.૨૦૦૮ થી તા.૧૬.૮.૨૦૦૮ સુધી ગેરકાયદેસર રીતે ગોંધી રાખેલા હોય તો તે અંગેની કોઈ ફરિયાદ તા.૧૭.૮.૨૦૦૮ ના રોજ આરોપીને મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ સમક્ષ રજૂ કર્યા ત્યારે આપેલી નથી. તા.૧૭.૮.૨૦૦૮ ના રોજ મેજિસ્ટ્રેટ રૂબરૂ તેઓને રજૂ કર્યા તે રીપોર્ટ ધ્યાને લઈએ તો આરોપીએ મેજિસ્ટ્રેટશ્રીને ક્રાઈમ બ્રાન્ચમાં માર માર્યા અંગેની કે તેઓને ગોંધી રાખ્યા હોય તેવી કોઈ રજૂઆત કરેલી નથી. ઉલટાનું મેજિસ્ટ્રેટશ્રીએ પોલીસ વિરૂધ્ધ કોઈ અયોગ્ય વર્તનની કોઈ ફરિયાદ કરતો નથી જેથી આરોપીને જયુડીશીયલ કસ્ટડીમાં લેવામાં આવે છે તેવો હુકમ કરી મેજિસ્ટ્રેટશ્રીએ તારીખ લખી પોતાની સહી કરેલ છે. આ આરોપી સાથે આરોપી નં.૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮ અને ૧૪ નાઓને પણ તા.૧૬.૮.૨૦૦૮ નાં રોજ અટક કર્યા બાદ તા. ૧૭.૮.૨૦૦૮ ના રોજ મેજિસ્ટ્રેટ રૂબરૂ રજૂ કરેલા છે અને અયોગ્ય વર્તનની કોઈ ફરિયાદ આરોપીઓએ કરેલી નથી. આમ તા.૯.૮. ૨૦૦૮ થી તા.૧૬.૮.૨૦૦૮ ના સમય દરમ્યાન આરોપીને ક્રાઈમ બ્રાન્ચમાં ગોંધી રાખીને માર મારેલો હોય કે શારીરિક,માનસિક ત્રાસ ગુજાર્યો હોય તેવી હકીકત બનેલી નથી. આ સમય દરમ્યાન આરોપી જ નહીં પરંતુ તેઓના કુટુંબજનોએ પણ તપાસ કરનાર અધિકારીના ઉપલા અધિકારીને કે કોર્ટમાં આવીને પણ કોઈપણ પ્રકારની દાદ માંગતી અરજી આપેલી નથી માટે આરોપીને તા.૯.૮.૨૦૦૮ થી તા.૧૬.૮.૨૦૦૮ ના સમય દરમ્યાન ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ગોંધી રાખ્યાની તેમજ તેઓને માનસીક અને શારીરિક ત્રાસ આપ્યાની હકીકત માનવા યોગ્ય નથી. આ ઉપરાંત આરોપીની આંક–૯૨૧૯ વાળી અરજી ધ્યાને લેતા એવી પણ હકીકત છે કે તેઓને ક્રાઈમ બ્રાન્ચની ઑફિસમાં આંખ ઉપર પટ્ટી બાંધી બુરખો ઓઢાડી તેમજ હાથકડીથી પાછળ તરફ હાથ બાંધી દિવાલ તરફ મોઢુ કરી જમીન ઉપર બેસાડી રાખવામાં આવતા હતા અને ઉંઘવા દેવામાં પણ આવતા ન હતા તેવી હકીકત છે. જો આરોપીને ક્રાઈમ બ્રાન્ચની ઑફિસમાં આંખ ઉપર પટ્ટી બાંધી બુરખો ઓઢાડી તેમજ હાથકડીથી પાછળ તરફ હાથ બાંધી દિવાલ તરફ મોઢુ કરી જમીન ઉપર બેસાડી રાખવામાં આવતા હતા અને ઉંઘવા

દેવામાં પણ આવતા ન હતા તો તા.૧૭.૮.૨૦૦૮ ના રોજ જયારે આરોપીને મેજિસ્ટ્રેટ રૂબરૂ રજૂ કર્યા ત્યારે તેઓએ આ અંગેની કોઈ ફરિયાદ કરેલી નથી કે તેઓને સારવારની જરૂર છે તો તબીબી સારવાર આપવા અંગેની કોઈ અરજ કરેલી નથી. એટલુ જ નહીં આરોપીએ સારવાર લીધી હોય તો તે અંગેના કોઈ કાગળો રજૂ કરેલા નથી. આ આરોપીઓને તા.૧૭.૮.૨૦૦૮ ના રોજ મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કર્યા પછી તપાસ કરનાર અધિકારીએ આરોપીઓની પોલીસ કસ્ટડીની માંગણી કરેલી તે હુકમ આરોપી નં.૨ દ્વારા બચાવમાં રજૂ કરેલા પુરાવામાં, પુરાવા તરીકે રજૂ કરેલ છે જેથી તેનુ પુનરાવર્તન કરવુ જરૂરી નથી. પરંતુ તે હુકમ આ આરોપીને પણ લાગુ પડે છે. રીમાન્ડ અરજીનો હુકમ ધ્યાને લઈએ તો આરોપીઓ વતી તેમના વકીલશ્રીએ અદાલત સમક્ષ રીમાન્ડ અરજીની વિરૂધ્ધમાં રજૂઆતો પણ કરેલી છે. જો તેઓને માર મારેલા હોય કે ગોંધી રાખ્યા હોય તો તે અંગેની રજૂઆત વકીલશ્રીએ પણ આરોપીઓ વતી કરેલી નથી. આ ઉપરાંત તેઓની આંક–૯૨૧૯ ની અરજી મુજબ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા સાદા પેપરો ઉપર તેઓની સહીઓ લેવામાં આવેલી પરંતુ કેટલા પેપર ઉપર સહીઓ લીધેલી, કેટલી સહીઓ લીધેલી તે અંગેની પણ કોઈ હકીકત આરોપી તરફથી રજૂ થયેલી નથી. માટે મારા સ્પષ્ટ મંતવ્ય પ્રમાણે આરોપીએ તા.૨૦.૧૧.૨૦૦૮ ના રોજ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ ને ક્રાઈમ બ્રાન્ચ વિરૂધ્ધ ફરિયાદ આપેલી તે ઉપજાવી કાઢેલી ફરિયાદ છે તેવુ ચોકકસપણે કહી શકાય. આ ફરિયાદ તેઓએ સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતેથી મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧ને મોકલેલી છે. આરોપીના જુદા–જુદા કેસોમાં રીમાન્ડ પુરા થયા અને જયારે આરોપી જયુડીશીયલ કસ્ટડીમાં ગયા તે પછી, ત્યારબાદ સમજી, વિચારીને પોતાનો બચાવ ઉભો કરવા માટે આ ફરિયાદ અરજી મોકલેલી હોવાનું સ્પષ્ટપણે જણાય આવે છે. આરોપીએ પોતાના વિશેષ નિવેદનમાં ઉપરોકત જે હકીકત જણાવેલી છે તે અંગે આરોપીએ કોઈ સાહેદ તપાસેલા નથી કે વિશેષ નિવેદનની હકીકત પુરવાર કરવા માટે અન્ય કોઈ પુરાવો રજૂ કરેલો નથી. જેથી આરોપીએ વિશેષ નિવેદનમાં જે કોઈ હકીકતો

જણાવી છે તે ખોટી છે તેમ હું માનુ છું તથા આંક–૯૨૧૩ વાળી ફરિયાદ પોતાનો બચાવ ઉભો કરવા જાણી જોઈને ઉભી કરેલ હોવાનું માલુમ પડે છે.

આરોપી નં.૫ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૧૧૦૫, ૧૧૧૫, ૧૧૨૧, ૯૭૨, ૯૮૧, ૧૦૬૭, ૫૭૧, ૮૭૭, ૯૦૦, ૬૧૭, ૯૪૦, ૯૪૧, ૧૦૬૨, ૭૮૬, ૭૯૦, ૭૯૨, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૧૦૭૦, ૧૦૭૭, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ છે. આ ઉપરાંત આરોપી નં.૨ અને ૩૫ ના કબૂલાત નિવેદનો છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતાં આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવો તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, સાહેદ નં.૯૫૭ જાકિર કુરેશીનાઓએ આ આરોપીને જુબાની દરમ્યાન ઓળખેલો છે. આ સિવાય અન્ય કોઈ પુરાવા આ આરોપી વિરૂધ્ધ નથી. આરોપી નં.૫ની હાજરી પ્રેક્ષક તરીકેની છે. એપ્રુવર ઐયાઝ સૈયદના પુરાવાથી પણ સમર્થન મળતુ નથી. આ આરોપી મોટા પ્રોગ્રામમાં હાજર રહેલાનું સાહેદ નં.૧૧૪૧ ઐયાઝ સૈયદ જણાવે છે પરંતુ આરોપી હાજર ન હતો. આ આરોપી માત્ર મીટીંગમાં હાજર રહેલો છે તેથી કરીને તે સહકાવતરાખોર કહેવાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે જયારે એક અથવા વધુ વ્યકિતઓ ભેગા થઈ કોઈ ગેરકાયદેસર કૃત્ય કરવાની સમજૂતી કરે ત્યારે તે કાવતરૂ જ ગણાય. જેથી આ આરોપી મીટીંગમાં હાજર રહેલો હોય તો તે કાવતરામાં સામેલ છે તેમ કહી શકાય. આ આરોપી નં.૫ પાસેથી કોઈ રીકવરી કે ડિસ્કવરી થયેલી ન હોય તો તેનો અર્થ એવો નથી કે તે કાવતરામાં સામેલ નથી. સાહેદ નં.૯૫૭ તથા સાહેદ નં.૧૧૪૧ અને આરોપી નં.૦૨નું કબૂલાત નિવેદન એકબીજાને સમર્થન કરે છે.

વધુમાં વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, આરોપી નં.૨ ના કબૂલાત નિવેદનમાં આ આરોપીનું નામ જણાવવામાં આવેલુ છે પરંતુ

આરોપી નં.૨ નુ કબૂલાત નિવેદન ક્ષતિવાળુ છે અને તે ધ્યાને લેવાય નહીં. વાઘમોન ખાતેના કેમ્પ બાબતે આ આરોપી પર અર્નાકુલમ કોર્ટમાં ચાર્જશીટ દાખલ થયેલુ તે ચાર્જશીટમાં આ આરોપી નં.૫ ને આરોપી નં.૧૭ તરીકે દર્શાવેલો હતો અને તેને તે કોર્ટે ચુકાદો આપીને નિર્દોષ ઠરાવી છોડી મુકેલ છે. પરંતુ મારા મત પ્રમાણે આ આરોપીને વાઘમોન ખાતેના કેમ્પમાં હાજર રહેવા બાબત આરોપીને તે ગુનામાંથી છોડી મુકેલો છે તેવી વકીલશ્રી આર.કે.શાહની દલીલ સાથે હું સંમત છું પરંતુ આ આરોપી પાવાગઢ ખાતેના કેમ્પમાં હાજર રહેલો છે. આરોપીએ ગુનામાં કોઈ ભાગ ભજવેલો નથી તેનો અર્થ એવો નથી કે આ આરોપી સહકાવતરાખોર નથી. સાહેદ નં.૯૫૭ ની જુબાની પ્રમાણે આ આરોપી જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગો થયેલી તેમા હાજર રહેલો છે. સીમીની મીટીંગો ખૂબ જ ગુપ્ત રીતે થયેલી છે. મીટીંગોની જાણ ફકત તેમાં હાજર રહેનારાઓને જ થતી હતી માટે મીટીંગોમાં જે કોઇ વાતચીત થઇ હોય, આયોજનો થયા હોય તેની જાણ બાજુમાં રહેવાવાળા લોકોને પણ ના થાય તે રીતે મીટીંગો થાય. મીટીંગોની પ્રસિધ્ધિ પણ ના થાય અને મીટીંગોમાં હાજર રહેનારા મીટીંગોની પ્રસિધ્ધ થવા પણ ના દે. માટે સીમીની મીટીંગમાં શું થયુ તે ફકત અનુમાનનો વિષય છે અને તે સીમીના ઉદ્દેશ ઉપરથી જ નક્કી થાય. સીમીનો જે ઉદ્દેશ હોય તે ઉદ્દેશ સિધ્ધ કરવાની વાત મીટીંગમાં થાય તેવું ચોકકસપણે અનુમાન થાય. સીમીની સ્થાપના તા.૨૫/૦૪/૧૯૭૭નારોજ અલીગઢ (ઉત્તરપ્રદેશ)મા થયેલી છે અને તેનો ઉદ્દેશ ભારતમાં ઇસ્લામિક શાસન સ્થાપવું તે છે. આ અંગેની તમામ માહિતી ઇન્ટરનેટ ઉપર ઉપલબ્ધ છે. આમ, ઉપર વિગતે રજૂ થયેલા તમામ પુરાવા ધ્યાને લેતાં આ આરોપી આ કહેવાતા ગુનામાં સંડાવાયેલો છે તેમ હું માનું છું.

આરોપી નં.૬ મોહમદ આરીફ મોહંમદ ઇકબાલ કાગઝીનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૬ મોહમદ આરીફ મોહંમદ ઈકબાલ કાગઝીનાઓ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ નાં રોજ જુદી–જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી–જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા–જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમને કઈ કઈ ભૂમિકા ભજવેલી છે તે સાબિત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે તે પૈકી જનરલ સાહેદ તરીકે સાહેદ નં.૯૫૭ ઝાકીર હુસેન અબ્દુલ જબ્બાર કુરેશીનાઓને તપાસેલા છે. આ ઉપરાંત અગત્યના સાહેદોમાં સાહેદ નં.૯૭૨ તરીકે રામકાભાઈ દેવકરણ કેસરીયા, સાહેદ નં.૧૦૬૭ તરીકે અંબાલાલ વેચાતભાઈ બારીયા, સાહેદ નં.૯૮૧ તરીકે પ્રવિણભાઈ હમીરભાઈ કટારીયા તથા સાહેદ નં.૧૦૯૭ તરીકે મહેતાબ ઈબ્રાહીમ શેખ તથા આ આરોપીની સાહેદો રૂબરૂ ઓળખ પરેડ કરાવનાર મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૭૧ તરીકે રમણભાઈ સેંધાભાઈ સોલંકીને તપાસવામાં આવેલા છે અને તેઓ તમામની જુબાની ધ્યાને લેતા આ આરોપીની સામે મુકવામાં આવેલ આક્ષેપો મુજબના કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા એકબીજાની મદદગારી કરીને અમદાવાદ શહેરમાં જુદી–જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરેલા છે તેમજ સુરતની જુદી–જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલ હોવાનું ફલીત થાય છે.

આ ઉપરાંત સહઆરોપી નં.૨ ઈમરાન ઈબ્રાહીમ શેખ, સહઆરોપી નં.૨૧ મહેદીહસન ઉર્ફે વીકકી અબ્દુલ હબીબ અન્સારી તથા આરોપી નં.૩૫ રફીયુદ્દીન સરફુદ્દીન કાપડીયાનાઓએ ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબના કબૂલાત નિવેદનો મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, અમદાવાદ સમક્ષ લખાવેલા તે ધ્યાને

લેતા પણ આ આરોપી તેઓની ઉપર મુકવામાં આવેલ આક્ષેપ મુજબના કાવતરામાં સામેલ હોવાનું ફલીત થાય છે.

આ આરોપી નં.૬ મોહમદ આરીફ મોહંમદ ઈકબાલ કાગઝીએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઈન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે તે પ્રશ્નના જવાબમાં તેણે ફરિયાદપક્ષના પુરાવા સબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના બચાવ માટે જે હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦ મા જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

આ ઉપરાંત આરોપી નં.૬ મોહમદ આરીફ મોહંમદ ઈકબાલ કાગઝીનાઓએ આંક–૯૨૦૨ થી શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી. નં. ૨૩૬/૨૦૦૮ નાં કામે તેઓને અટક કર્યા અંગે એરેસ્ટ મેમોની પ્રમાણીત નકલ પોતાના બચાવ માટે રજૂ કરેલ છે. તે ધ્યાને લઈએ તો આરોપીને તા.૧૬.૮. ૨૦૦૮ ના રોજ શાહીબાગ પોલીસ સ્ટેશનના ગુનામાં અટક કરેલો છે.

આ ઉપરાંત આ આરોપીએ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧ ને ઉદેશીને તા. ૨૦.૧૧.૨૦૦૮ ના રોજ પોલીસ વિરૂધ્ધ ફરિયાદ આપેલી તે ફરિયાદની પ્રમાણીત નકલ પણ તેણે રજૂ કરેલી છે. આ પ્રમાણીત નકલ ધ્યાને લઈએ તો આરોપીના કહેવા પ્રમાણે તા.૬.૮.૨૦૦૮ થી તા.૧૫.૮.૨૦૦૮ સુધીના સમય દરમ્યાન તેઓને ક્રાઈમ બ્રાન્ચમાં ગેરકાનુની રીતે ગોંધી રાખવામાં આવેલા હતા પરંતુ આ આરોપીને ક્રાઈમ બ્રાન્ચ દ્વારા તા.૬.૮.૨૦૦૮ થી તા.૧૫.૮.૨૦૦૮ સુધી ગેરકાનૂની રીતે ગોંધી રાખેલા હોય તો તે અંગેની કોઈ ફરિયાદ તા.૧૭.૮.૨૦૦૮ ના રોજ આરોપીને મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧ સમક્ષ રજૂ કર્યા ત્યારે આપેલી નથી. તા.૧૭.૮.૨૦૦૮ ના રોજ મેજિસ્ટ્રેટ રૂબરૂ તેઓને રજૂ કર્યા તે રીપોર્ટ ધ્યાને લઈએ તો આરોપીએ મેજિસ્ટ્રેટશ્રીને ક્રાઈમ બ્રાન્ચમાં માર માર્યા અંગેની કે તેઓને ગોંધી રાખ્યા હોય તેવી કોઈ રજૂઆત કરેલી નથી. ઉલટાનું મેજિસ્ટ્રેટશ્રીએ પોલીસ વિરૂધ્ધ અયોગ્ય વર્તનની કોઈ ફરિયાદ

કરતો નથી જેથી આરોપીને જયુડીશીયલ કસ્ટડીમાં લેવામાં આવે છે તેવો હુકમ કરી મેજિસ્ટ્રેટશ્રીએ તારીખ લખી પોતાની સહી કરેલ છે. આ આરોપી સાથે આરોપી નં.૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮ અને ૧૪ નાઓને પણ તા.૧૬.૮.૨૦૦૮ નાં રોજ અટક કર્યા બાદ તા.૧૭.૮.૨૦૦૮ નાં રોજ મેજિસ્ટ્રેટ રૂબરૂ રજૂ કરેલા છે અને અયોગ્ય વર્તનની કોઈ ફરિયાદ આરોપીઓએ કરેલી નથી. આમ તા.૬.૮.૨૦૦૮ થી તા.૧૫.૮.૨૦૦૮ ના સમય દરમ્યાન આરોપીને ક્રાઇમ બ્રાન્ચમાં ગોંધી રાખીને માર મારેલો હોય કે શારીરિક, માનસિક ત્રાસ ગુજાર્યો હોય તેવી હકીકત બનેલી નથી. આ સમય દરમ્યાન આરોપી જ નહીં પરંતુ તેઓના કુટુંબીજનોએ પણ તપાસ કરનાર અધિકારીના ઉપલા અધિકારીને કે કોર્ટમાં આવીને પણ કોઈપણ પ્રકારની દાદ માંગતી અરજી આપેલી નથી માટે આરોપીને તા.૬.૮.૨૦૦૮ થી તા.૧૫.૮.૨૦૦૮ ના સમય દરમ્યાન ક્રાઇમ બ્રાન્ચ દ્વારા ગોંધી રાખ્યાની તેમજ તેઓને માનસિક અને શારીરિક ત્રાસ આપ્યાની હકીકત માનવા યોગ્ય નથી. આ ઉપરાંત આરોપીની આંક–૯૨૨૦ વાળી અરજી ધ્યાને લેતા એવી પણ હકીકત છે કે તેઓને ક્રાઇમ બ્રાન્ચની ઑફિસમાં બુરખો ઓઢાડી પાછળ હાથ રાખી હાથકડી બાંધીને દિવાલ તરફ મોંઢુ રાખી બેસાડવામાં આવતા હતા અને ઉંઘવા દેવામાં પણ આવતા ન હતા તેવી હકીકત છે. જો આરોપીને ક્રાઇમ બ્રાન્ચની ઑફિસમાં બુરખો ઓઢાડી પાછળ હાથ રાખી હાથકડી બાંધીને દિવાલ તરફ મોઢુ રાખી બેસાડવામાં આવતા હતા અને ઉંઘવા દેવામાં પણ આવતા ન હતા તો તા.૧૭.૮.૨૦૦૮ ના રોજ જયારે આરોપીને મેજિસ્ટ્રેટ રૂબરૂ રજૂ કર્યા ત્યારે તેઓએ આ અંગેની કોઈ ફરિયાદ કરેલી નથી કે તેઓને સારવારની જરૂર છે તો તબીબી સારવાર આપવા અંગેની કોઈ અરજ કરેલી નથી. એટલુ જ નહીં આરોપીએ સારવાર લીધી હોય તો તે અંગેના કોઈ કાગળો રજૂ કરેલા નથી. આ આરોપીઓને તા.૧૭.૮.૨૦૦૮ ના રોજ મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કર્યા પછી તપાસ કરનાર અધિકારીએ આરોપીઓની પોલીસ કસ્ટડીની માંગણી કરેલી તે હુકમ આરોપી નં.૨ દ્વારા બચાવમાં રજૂ કરેલા પુરાવામાં, પુરાવા તરીકે રજૂ કરેલ છે જેથી તેનુ પુનરાવર્તન કરવુ જરૂરી નથી. પરંતુ તે હુકમ આ આરોપીને પણ

લાગુ પડે છે. રીમાન્ડ અરજીનો હુકમ ધ્યાને લઈએ તો આરોપીઓ વતી તેમના વકીલશ્રીએ અદાલત સમક્ષ રીમાન્ડ અરજીની વિરૂધ્ધમાં રજૂઆતો પણ કરેલી છે. જો તેઓને માર મારેલા હોય કે ગોંધી રાખ્યા હોય તો તે અંગેની રજૂઆત વકીલશ્રીએ પણ આરોપીઓ વતી કરેલી નથી. આ ઉપરાંત તેઓની આંક–૯૨૨૦ ની અરજી મુજબ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા કોરા કાગળો ઉપર તેઓની સહીઓ લેવામાં આવેલી પરંતુ કેટલા પેપર ઉપર સહીઓ લીધેલી, કેટલી સહીઓ લીધેલી તે અંગેની પણ કોઈ હકીકત આરોપી તરફથી રજૂ થયેલી નથી. માટે મારા સ્પષ્ટ મંતવ્ય પ્રમાણે આરોપીએ તા.૨૦.૧૧.૨૦૦૮ ના રોજ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧ ને ક્રાઈમ બ્રાન્ચ વિરૂધ્ધ ફરિયાદ આપેલી તે ઉપજાવી કાઢેલી ફરિયાદ છે તેવુ ચોકકસપણે કહી શકાય. આ ફરિયાદ તેઓએ સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતેથી મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧ ને મોકલેલી છે. આરોપીના જુદા–જુદા કેસોમાં રીમાન્ડ પુરા થયા પછી આરોપી જયુડીશીયલ કસ્ટડીમાં ગયા ત્યારબાદ સમજી, વિચારીને પોતાનો બચાવ ઉભો કરવા માટે આ ફરિયાદ અરજી મોકલેલી હોવાનું સ્પષ્ટપણે જણાય આવે છે. આરોપીએ પોતાના વિશેષ નિવેદનમાં ઉપરોકત જે હકીકત જણાવેલી છે તે અંગે આરોપીએ કોઈ સાહેદ તપાસેલા નથી કે વિશેષ નિવેદનની હકીકત પુરવાર કરવા માટે અન્ય કોઈ પુરાવો રજૂ કરેલો નથી જેથી આરોપીએ વિશેષ નિવેદનમાં જે કોઈ હકીકતો જણાવી છે તે ખોટી છે તેમ હું માનુ છું તથા આંક–૯૨૧૩ વાળી ફરિયાદ પોતાનો બચાવ ઉભો કરવા જાણી જોઈને ઉભી કરેલ હોવાનું માલુમ પડે છે.

આરોપી નં.૬ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૯૫૭, ૯૭૨, ૯૮૧, ૧૦૬૭, ૧૦૯૭, ૫૭૧, ૭૮૬, ૭૯૦, ૭૯૨, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૫૫, ૧૬૩ છે. આ ઉપરાંત આ આરોપી નં.૨, ૨૧ તથા આરોપી નં.૩૫ ના કબૂલાત નિવેદનો પણ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતાં આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ

બ્લાસ્ટના બનાવો તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી હાલોલ–પાવાગઢ કેમ્પમાં હાજર હતો તે બતાવવા માટે અને સાબિત કરવા માટે સાહેદ નં.૧૦૬૭ અંબાલાલ બારીયા, સાહેદ નં.૯૭૨ રામકાભાઈ તથા સાહેદ નં.૯૮૧ પ્રવિણભાઈનાઓ છે. આ સાહેદોએ અદાલત રૂબરૂ આરોપીને જુબાની દરમ્યાન ઓળખી બતાવેલો નથી જેથી આ આરોપી સામે કોઈ સ્વતંત્ર પુરાવો નથી. પરંતુ સાહેદ અંબાલાલ તથા સાહેદ પ્રવિણભાઈ તથા સાહેદ રામકાભાઈની જુબાનીઓ ધ્યાને લઈએ તો એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૭૧ રમણભાઇ સોલંકી સમક્ષની ઓળખ પરેડમાં બંને સાહેદોએ આરોપીને ઓળખી બતાવેલો છે. અદાલતમાં જુબાની દરમ્યાન આ સાહેદોએ આરોપીને ઓળખી બતાવેલો નથી અને કારણ આપેલા છે કે ઘણો લાંબો સમય થઈ ગયેલો છે તથા શરીરમાં ફેરફાર થયેલા છે માટે ઓળખી શકેલા નથી. આ આરોપીને સાહેદોએ નહીં ઓળખવાના કારણો જે આપેલા છે તે મારી દ્રષ્ટિએ યોગ્ય કારણો છે. કોઈપણ વ્યકિતએ અગાઉ એકાદ–બે વખત જોયેલા વ્યકિતઓને નવ–દસ વર્ષ પછી ન પણ ઓળખી શકે તેવુ બને. વધુમાં વકીલશ્રી આર. કે. શાહ દલીલ કરતા જણાવે છે કે સાહેદ નં.૧૦૯૭ મહેતાબ શેખના કહેવા પ્રમાણે સીમીની મીટીંગમાં ગયેલા પરંતુ તેઓ કયારે મીટીંગમાં ગયેલા તે સમય કહેતા નથી અને આરોપી નં.૬ ને કોર્ટમાં જુબાની દરમ્યાન ઓળખી બતાવતા નથી. મીટીંગ કયારે થયેલી અને કયાં થયેલી તે ઘણા લાંબા સમય પછી સાહેદ કહી શકે નહીં કે કયારે મીટીંગ થયેલી તેથી કરીને એવુ કહેવાય નહીં કે મીટીંગ થયેલી જ નથી. સાહેદ નં.૯૫૭ જાકીર કુરેશીની જુબાની તરફ ધ્યાન દોરી વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરે છે કે માર્ચ ૨૦૦૮ માં સમસુદ્ધીનના નાના ના ઘરે આ આરોપી હાજર હતો તે સિવાય સાહેદ જાકીર આ આરોપી બાબતે કાંઈ કહેતો નથી. પરંતુ સમગ્ર પુરાવો ધ્યાને લઈએ તો સમસુદ્ધીનના નાના ના ઘરે સીમીની મીટીંગ થયેલી હતી તે ચોકકસ છે અને તેમા આ આરોપી હાજર હતો

જેથી એવુ કહી શકાય કે આ આરોપી સીમીનો સભ્ય છે અને મીટીંગમાં હાજર રહેલો. મીટીંગ ગુપ્ત રીતે થયેલી હતી, આ આરોપી તથા બીજા પણ ઘણા આરોપી મીટીંગમાં હાજર હતા. મીટીંગમાં શું ચર્ચાઓ થયેલી અને શું નિર્ણય થયેલો તે કોઈપણ સંજોગોમાં બહાર આવી શકે નહીં અને તેના માટે અનુમાન કરવુ પડે. વધુમાં વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે ફરિયાદપક્ષ દ્વારા સમસુદ્દીનના નાનાને બચાવપક્ષ દ્વારા બચાવના સાહેદ નં.૧ તરીકે તપાસવામાં આવેલા છે અને તેઓએ મીટીંગ થયેલાની હકીકત નકારી છે. પરંતુ આ સમસુદ્દીનના નાના પોતે આરોપી સમસુદ્દીનના નાના છે જેથી આરોપીની વિરૂધ્ધ હરગીજપણે કાંઈ જણાવે નહીં. સાહેદ નં.૧૧૪૧ એૈયાજ સૈયદ બાબતે વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, બનાવના દસ વર્ષ બાદ સાહેદ એૈયાજે ગુનો કબૂલ કરતી અરજી મોકલેલી અને તેને માફી આપેલી છે. આ સાહેદે સીમીને લગતો પુરાવો અદાલતમાં આપેલો છે. પરંતુ મારા મત પ્રમાણે કાયદામાં સ્પષ્ટ જોગાવાઈ છે કે કોઈપણ ગુનામાં કોઈપણ સહઆરોપી ઈન્સાફી કાર્યવાહીના કોઈપણ તબકકે એપ્રુવર થવા માટે અદાલતને અરજી આપી શકે. સાહેદ એૈયાજે બનાવના દસ વર્ષ પછી એપ્રુવર થવા જે અરજી આપેલી તે ખોટી આપેલી છે તેવુ અનુમાન કરી શકાય નહી. વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, સાહેદ એૈયાઝ સીમીની ઑફિસ ઉપર કયારે–કયારે જતો હતો તે સમય જણાવતો નથી. પરંતુ મારા મત પ્રમાણે ચોકકસ સમય એૈયાજ તો શું પણ કોઈપણ વ્યકિત જણાવી શકે નહીં અને તેથી કરીને સાહેદ એૈયાઝ સીમીની ઑફિસે જતો ન હતો તે અનુમાન તરફ જઈ શકાય નહીં. વધુમાં વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, સીમી બાબતે એૈયાજે અગાઉ પોલીસ સમક્ષ કોઈ નિવેદન આપેલુ નથી. પરંતુ મારા મત પ્રમાણે સાહેદ એૈયાજ આરોપી નં.૨૩ તરીકે આ કેસમાં છે માટે સીમીની ઑફિસે તે જતો હતો તે બાબતે અગાઉ કયારેય પોલીસને જણાવેલુ ન હોય અને જો જણાવે તો તે બાહ્ય ન્યાયિક કબૂલાત તરીકે ઉપયોગમાં લઈ શકાય તેથી કરીને પણ પોલીસ સમક્ષ સીમી બાબતે તેને કાંઈ જણાવેલુ ન હોય.

વધુમાં વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, આરોપીને પકડયા પછી આરોપીને ધમકી આપવામાં આવેલી છે, ત્રાસ આપવામાં આવેલો છે અને તેને ગેરકાયદેસર રીતે ગોંધી રાખવામાં આવેલો હતો તેવી તમામ હકીકત આરોપીએ તેના ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં જણાવેલી છે અને તેથી આરોપીએ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટને ત્રાસ આપ્યાની જાણ કરતો પત્ર મોકલેલો જે આંક–૯૨૧૯ થી રજૂ છે. પરંતુ મારા મત પ્રમાણે પોલીસે આરોપીને ત્રાસ આપેલો હોય તેવી કોઈ ફરિયાદ તેને અગાઉ કરેલી નથી જે પત્ર લખેલો છે તે પત્ર ખોટો છે અને બચાવ ઉભો કરવા માટે લખેલો છે તેવી હકીકત મેજિસ્ટ્રેટના હુકમમાં છે જે કામમાં સામેલ છે. વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી આ કહેવાતા ગુનાઓમાં સંડોવાયેલો નથી. પરંતુ ઉપર વિગતે જે પુરાવા રજૂ થયા છે તે ધ્યાને લેતા આ આરોપી આ કહેવાતા ગુનામાં સંડોવાયેલો છે તેમ હું માનુ છું.

આરોપી નં.૭ મોહંમદઉસ્માન ઉર્ફે ઉસ્માન મોહંમદ અનીસ અગરબત્તીવાળાનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૭ મોહંમદઉસ્માન ઉર્ફે ઉસ્માન મોહંમદ અનીસ અગરબત્તીવાળાનાઓ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ જુદી–જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી–જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા–જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમને કઈ–કઈ ભુમિકા ભજવેલી છે તે સાબિત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે તે પૈકી જનરલ સાહેદોમાં સાહેદ નં.૧૧૧૫ તરીકે મહંમદ

ઉમર ઉસ્માનભાઈ મન્સુરીનાઓને તપાસેલા છે. આ ઉપરાંત અગત્યના સાહેદ તરીકે સાહેદ નં.૯૮૧ પ્રવિણભાઈ હમીરભાઈ કટારીયા, સાહેદ નં.૧૦૬૭ અંબાલાલ વેચાતભાઈ બારીયાનાઓને તપાસેલ છે તથા આ આરોપીની સાહેદો રૂબરૂ ઓળખ પરેડ કરાવનાર મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૭૧ તરીકે રમણભાઈ સેંધાભાઈ સોલંકીને તપાસવામાં આવેલા છે અને તેઓ તમામની જુબાની ધ્યાને લેતા આ આરોપીની સામે મુકવામાં આવેલ આક્ષેપો મુજબના કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા એકબીજાની મદદગારી કરીને અમદાવાદ શહેરમાં જુદી–જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરેલા છે તેમજ સુરતની જુદી–જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલ હોવાનું ફલીત થાય છે.

આ ઉપરાંત સહઆરોપી નં.૨ ઈમરાન ઈબ્રાહીમ શેખ, સહઆરોપી નં.૨૧ મહેદીહસન ઉર્ફે વીકકી અબ્દુલ હબીબ અન્સારી તથા સહઆરોપી નં.૩૫ રફીયુદ્દીન સરફુદ્દીન કાપડીયાનાઓએ ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબના કબૂલાત નિવેદનો મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, અમદાવાદ સમક્ષ લખાવેલા તે ધ્યાને લેતા પણ આ આરોપી તેઓની ઉપર મુકવામાં આવેલ આક્ષેપ મુજબના કાવતરામાં સામેલ હોવાનું ફલીત થાય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે પ્રકાશ મનોહરલાલ તોલાણીને સાહેદ નં.૮૯૫ તરીકે આંક–૬૩૬૯ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૧૯/૮/૨૦૦૮ ના રોજ ડી.સી.બી. પોલાસ સ્ટેશન, સ્વામીનારાયણ મંદીર પાસે, વાડી વિસ્તાર, વડોદરા ખાતે લગભગ રાત્રીના પોણા આઠ–આઠ વાગે બોલાવેલા. તે વખતે બીજા એક ભાઈ ધર્મેન્દ્રભાઈને પણ બોલાવેલાં. તેઓ ડી.સી.બી. પોલીસ સ્ટેશનમાં ગયેલાં. તે વખતે ચાર–પાંચ પોલીસ અધિકારીઓ હતાં, ધર્મેન્દ્રભાઈ હતાં, એક આરોપી હતો. સાહેબે પંચમાં રહેવા માટે પુછતા પંચમાં રહેવા "હા" પાડેલી. પોલીસવાળા સાહેબે કહેલું કે એક આરોપી છે. સાહેબે આરોપીનું નામ આ સાહેદની રૂબરૂમાં પુછેલું. આરોપીએ નામ "મહમદ ઉસ્માન અગરબત્તીવાલા" જણાવેલુ હતું. આરોપીએ તેનુ સરનામુ

તાઈવાડા, વડોદરા જણાવેલુ. આરોપીએ કહેલું કે, ''મારી પાસે ગેરકાયદેસર હથિયાર, ગેરકાયદેસર જાહિદ સીડીઓ અને પાઈપ બોમ્બ પડેલાં છે. તે હું મારી મરજીથી પોલીસને સોંપવા માગું છું.'' ત્યાં આગળ એફ.એસ.એલ.ના સાહેબ હાજર હતાં. ત્યાં અમદાવાદ શહેરના સાહેબ તથા બરોડા ડી.સી.બી.ના સાહેબ પણ હાજર હતાં. આરોપીએ જે કહ્યું તે આ સાહેદ અને ધર્મેન્દ્રની રૂબરૂમાં જણાવેલું. મહમદ ઉસ્માન અગરબત્તીવાલાએ કહેલું કે, ''મારા કાકાના ઘરે ગેરકાયદેસર સામાન મુકેલ છે.'' જેથી તેઓ પોલીસ સ્ટેશનેથી સરકારી વાહન હતું તેમાં આ સાહેદ, ધર્મેન્દ્રભાઈ, ઉસ્માન, પોલીસ અધિકારી અને બે પોલીસ જવાન અને એક ડ્રાઈવર બેઠેલાં અને કાકાના ઘરે લઈ ગયેલાં. એફ.એસ.એલ.ના સાહેબ પાછળ બીજી ગાડીમાં આવેલાં. ઉસ્માન તેઓને તેમના કાકાના ઘરે લઈ ગયેલ. જ્યારે ગાડીમાં બેઠા ત્યારે પોલીસ અધિકારી સાહેબે ડ્રાઈવરને કહેલુ કે, ઉસ્માન કહે તે રસ્તેથી ગાડી જવા દો. ઉસ્માન પાણીગેટ તરફથી બવામનપુરા તરફ ગાડી ગયેલ. ત્યાં એક દરગાહ પાસે ઉસ્માને ગાડી ઉભી રખાવેલી. દરગાહ પાસે બધા ગાડીમાંથી ઉતરી ગયેલાં અને ડ્રાઈવર ગાડીમાં હતાં. એફ.એસ.એલ. વાળા સાહેબ પણ આવી ગયેલાં. પછી ગાડીમાંથી ઉતરી રોડ ક્રોસ કરી સામે બાજુ ગયેલાં. ત્યાં ઉસ્માન લઈ ગયેલ. ત્યાં "અકમલ" નામે બિલ્ડિંગ હતી ત્યાં લોખંડનો દરવાજો હતો. તે દરવાજા પાસેથી એક ભાઈ બહાર આવેલા. તે ભાઈને નામ પુછેલું તો તેમને નામ મહમદ સફર જણાવેલ જે ઉસ્માનના કાકા હતાં. પછી ઉસ્માન પોતે ઘરમાં દાદર હતાં તેના દ્વારા ઉપર લઈ ગયેલ. ઉપર એક રૂમ હતો તેમાં એક તિજોરી હતી, લાકડાનો પેટી પલંગ હતો તે પલંગમાંથી ઉસ્માને ગાદલુ હટાવી પેટી પલંગનું પાટીયુ હટાવીને પેટી પલંગ ખોલ્યો હતો. એ પેટી પલંગમાંથી ઘરનો સામાન ઓસીકા, ગાદલા હતાં, તેમાંથી તેણે એક થેલો કાઢેલો, તેની ચેઈન ખોલીને તેમાંથી બીજો થેલો કાઢેલો. તે બીજો થેલો ખોલીને તેમાંથી તેણે ગેરકાયદેસર હથિયારો કાઢેલાં. તેમાં એક રામપુરી ચપ્પુ હતું, એક એરગન હતી, એક દેશી પિસ્તોલ હતી. તે દેશી પિસ્તોલ લોડેડ હતી. તેમાં બે ગોળીઓ હતી. પિસ્તોલમાંથી મેગજીન ખોલીને ગોળીઓ બહાર કાઢેલી, ઓગણીસ જેહાદી

સીડીઓ હતી, એક પાઈપ બોમ્બ હતો, બે કુગ્ગાની થેલીઓ હતી, એક લોખંડની બીડનો ટુકડો હતો. એક મેડીકલમાં વપરાયેલ ટોટી જેવું હતું. આ બધી વસ્તુઓ ઉસ્માને જાતે કાઢીને આપેલી. આ બધી વસ્તુઓ એફ.એસ.એલ. વાળાએ જોયેલી. એફ.એસ.એલ. વાળાએ પોલીસને કહેલું કે આ બધી વસ્તુઓ જપ્ત કરો. સાહેદ વધુમાં જણાવે છે કે પોલીસવાળાઓએ એરગન હતી તેને એક પ્લાસ્ટિકની થેલીમાં નાંખેલી અને સહીઓ લઈને એક સ્લીપ બનાવીને તે થેલી પર રાખી દોરાથી બાંધી અને લાખ મારી સીલ કરેલ. દેશી પિસ્તોલ હતી તે પ્લાસ્ટિકના મોટા ડબ્બામાં મુકીને નાની ડબ્બીમાં બે કારતુસો મુકીને તે નાની કારતુસવાળી ડબ્બીને મોટા ડબ્બામાં મુકીને બંધ કરીને સ્લીપમાં સહીઓ લઈ તે બોક્ષની ઉપર મુકીને તેને દોરા વડે બાંધ્યું અને લાખથી સીલ કરેલ. ઓગણીસ સીડીઓ જે હતી તેને પણ મોટા બોક્ષમાં નાંખીને સહી લઈ સ્લીપ બોક્ષ પર લગાડીને દોરો બાંધીને લાખથી સીલ કરેલ. જે પાઈપ બોમ્બ હતો તે પાઈપ બોમ્બ આગળ પાછળ કપલીંગવાળો હતો તે એફ.એસ.એલ. વાળા સાહેબે જોયેલો અને પાણી મંગાવીને પાણી બોમ્બમાં નાંખીને નાશ કરેલો એટલે તેમાંથી છરા અને બારૂદ જેવું બહાર નીકળેલું, તેને એક પ્લાસ્ટિકની બોટલમાં ભરીને તે પ્લાસ્ટિકની બોટલને ઢાંકણું વાસીને સહીવાળી સ્લીપ મુકી દોરા વડે બાંધી સીલ કરેલ અને જે પાઈપ બોમ્બ હતો તેને પ્લાસ્ટિકના બોક્ષમાં નાંખીને સહી કરેલી સ્લીપ બોક્ષની ઉપર મુકીને દોરો બાંધીને લાખથી સીલ કરેલ. આ બધી કાર્યવાહી પુરી થયા બાદ પોલીસ સ્ટેશન લઈ જવામાં આવેલ. ઉપર મુજબના આંક–૬૩૭૦ વાળા પંચનામામાં આ સાહેદ પોતાની તથા બીજા ધર્મેન્દ્રભાઈની તથા રૂબરૂ તરીકે પોલીસ અધિકારીની સહીઓ ઓળખી બતાવે છે અને પંચનામામાં લખેલ હકીકત સાચી હોવાનું જણાવેલ છે. તેમજ ઉપરોકત મુદ્દામાલ કબજે કરતી વખતે તેમાં લગાવવામાં આવેલ પંચ સ્લીપો આંક–૬૩૭૧ થી ૬૩૭૫ સુધી રજૂ થયેલ છે તેમાં આ સાહેદ પોતાની તથા ધર્મેન્દ્રભાઈની સહીઓ ઓળખી બતાવે છે તેમજ કબજે કરવામાં આવેલ મુદ્દામાલ એક પછી એક બતાવતા અદાલત રૂબરૂ ઓળખી બતાવેલ છે. સાહેદ આરોપીને ઓળખી શકતા નથી કારણ કે આઠ–નવ વર્ષ થયેલ હોય ઘણા

ફેરફારો થયેલા હોય તેથી ઓળખી શકે નહીં પરંતુ જો આઠ વર્ષ પહેલાનો ફોટો બતાવવામાં આવે તો ઓળખી શકે તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદની કાપડની દુકાન જયુબીલી બાગ વડોદરા ખાતે આવેલી છે અને દુકાન ઉપર આ સાહેદ પોતે તથા તેના પિતાજી બેસે છે. જયુબીલી બાગથી પોતાનું ઘર બે–અઢી કી.મી. દુર છે તે કબૂલ કરે છે. બનાવના દિવસે દુકાન બંધ હતી તો તે હકીકત નકારી છે. પંચનામામાં સહી કરી તે દિવસે ઘરે જવાનું હતુ નહીં. હથિયારો વાપરવાનો અનુભવ નથી, હથિયારો વિશે માહિતી ધરાવતા નથી. ભાલા, ચપ્પુ, છરી વિગેરે હથિયારોના પ્રકારની જાણકારી નથી પરંતુ સાહેદ જણાવે છે કે જો બતાવવામાં આવે તો ઓળખી શકે. બંદુકો કેટલા પ્રકારની હોય છે તેનો ખ્યાલ નથી. પિસ્તોલ, રીવોલ્વર, કટ્ટા, દેશી તમંચા કેવા હોય તેની જાણકાર નથી, બોમ્બ કેટલા પ્રકારના હોય છે તે વિશે જાણકારી નથી. બોમ્બ કેવી રીતે બનાવવામાં આવે છે તેની જાણકારી નથી. પંચનામામાં સહી કરી તે દિવસે પાઈપ બોમ્બ વિશે અનુભવ ન હતો તે કબૂલ કરે છે. મારા મત પ્રમાણે ઊલટતપાસ દરમ્યાન આરોપીઓ તરફથી આ સાહેદનું હથિયારો બાબતેનું જ્ઞાન પુછવામાં આવેલુ છે જે યોગ્ય નથી. આ સાહેદને તપાસ કરનાર અધિકારીએ પંચનામામાં રહેવા માટે બોલાવેલા હતા. સામાન્ય રીતે ચપ્પુ, છરી, પિસ્તોલ વિગેરે હથિયારો દરેક વ્યકિતએ જોયેલા હોય છે. પ્રત્યક્ષ ન જોયા હોય તો ફોટામાં પણ જોયા હોય તેવુ બને. પરંતુ એક હકીકત સ્પષ્ટ છે કે આ સાહેદની હાજરીમાં આ કહેવાતા હથિયારો કબજે કરવામાં આવેલા છે.

વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો આરોપીને પોલીસે કસ્ટડીમાં માર મારેલ હોય કે ધાક ધમકી આપી હોય તો તેવી માહિતી પોલીસે આપેલી નહીં. આરોપી કેટલા દિવસથી પોલીસ કસ્ટડીમાં છે અને તેને માર મારેલ છે કે કેમ તેવી હકીકત આરોપીને પુછેલી નથી તે કબૂલ કરે છે. પંચનામાના દિવસે કઈ વ્યકિતઓ સાથે કેવી વાતચીતો થયેલી તે કહી શકે તેમ નથી. પંચનામામાં સહી કરી તે દિવસે ૬–૭ પોલીસના માણસો જોયેલા તેના શારીરિક વર્ણન આપી શકે

નહીં. એફ.એસ.એલ. ના અધિકારીઓના શારીરિક વર્ણન આપી શકે તેમ નથી. મારા મત પ્રમાણે શારીરિક વર્ણન આપવા જરૂરી પણ નથી. આવા બધા પ્રશ્નો પુછવાનો કોઈ અર્થ નથી. આ સાહેદની વધુ ઊલટતપાસ ધ્યાને લઈએ તો મહમદ સકુર સબ્બીર અહેમદને પંચનામા અગાઉ કયારેય જોયેલા નહીં, પોલીસે તેઓનુ નિવેદન પોતાની હાજરીમાં લીધુ નથી તેમ જણાવે છે. આ મકાન મહમદ સકુરનું છે તે બાબતે માલીકી અંગેના દસ્તાવેજો પોલીસે મેળવેલા નહીં. તૈયાર પંચનામામાં સહી કરેલાની હકીકત નકારેલી છે. કોઈ સીડી કે વીસીડીને પ્લેયરમાં નાખીને જોયેલ નથી તે કબૂલ કરે છે. દરેક સીડીને સીલ કરીને બંધ કરેલી નથી તે કબૂલ કરે છે. જુબાની આપતા પહેલા પોલીસે એવુ સમજાવેલુ કે જયારે આરોપીને ઓળખી ના શકે ત્યારે એમ કહેવાનું કે બનાવ સમયે આરોપી કલીન સેવ હતો અને અત્યારે દાઢી છે માટે ઓળખી શકુ નહીં તો તે હકીકત નકારી છે. પોલીસના કહેવાથી અને સમજાવવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારે છે.

આંક–૬૩૭૦ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી રજુઆત અને દલીલ છે કે પંચનામામાં "પોતાની પાસે એક ગેરકાયદેસરના સાધનો હથિયારો અને પાઈપ બોમ્બ તથા જેહાદી બાબતો અંગેની સીડીઓ છે જે તમામ વડોદરા ખાતે રહેતા પોતાના કાકા મહમદ સકુર સબ્બીર અહેમદના બાવામાનપુરામાં આવેલ મકાનમાં છે." આ માહિતીનો આરોપી વિરૂધ્ધ પુરાવામાં ઉપયોગ થઈ શકે નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપીએ જે મકાન બાતવેલુ અને તે મકાનમાંથી જે વસ્તુઓ મળેલી અને પોલીસે કબજે કરેલી તે ભાગ અને તે માહિતી પુરાવામા ગ્રાહ્ય છે અને તે આરોપી વિરૂધ્ધ ઉપયોગમાં લઈ શકાય.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર જે. ચાવડાએ શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં.૨૩૬/૨૦૦૮ નાં કામે આ સાહેદ તથા બીજા પંચ ધર્મેન્દ્ર મોરલીભાઈનાઓને વડોદરા ખાતે ડી.સી.બી. પોલીસ સ્ટેશનમાં બોલાવેલા અને પોલીસ સ્ટેશનમાં આરોપી નં.૭ હાજર હતા અને તેઓ કોઈ જગ્યા બતાવવા માંગતા હોવાથી તપાસ કરનાર અધિકારી, આ બે પંચો, આરોપી તથા પોલીસ

સ્ટાફ સાથે રાખી સરકારી વાહનમાં આરોપીએ બતાવ્યા મુજબના રસ્તે થઈ પાણીગેટ રોડ વડોદરા ખાતે થોડે દુર જઈ વાહન ઉભુ રખાવી મકાન બતાવેલુ અને આ મકાન આરોપીના કાકા મહમદ સકુર સબ્બીરનું હતુ અને મકાનની જડતી કરતા આંક–૬૩૭૦ ના પંચનામામાં જણાવ્યા મુજબની વસ્તુઓ કબજે કરેલી છે. આ હકીકત સાહેદ નં.૧૧૬૩ મયુર જે. ચાવડાએ પોતાની જુબાનીના પેરા નં.૨૭.૧ તથા ૨૭.૨ માં જણાવેલી છે કે તેમને તા.૧૯.૮.૨૦૦૮ નાં રોજ આરોપી તથા પંચોને સાથે રાખી આરોપીના કાકાના મકાનની જડતી કરીને પંચનામાની વિગતે જુદો જુદો મુદ્દામાલ હથિયારો, ચપ્પુ વિગેરે કબજે કરેલ છે. આંક–૬૩૭૦ વાળા પંચનામામાં તપાસ કરનાર અધિકારીએ પોતાની સહી પણ ઓળખી બતાવેલ છે. આ બાબતે તપાસ કરનાર અધિકારીની ઊલટતપાસના પેરા નં.૫૨ ધ્યાને લઈએ તો તા.૧૬.૮.૨૦૦૮ થી તા.૩૧.૮.૨૦૦૮ નાં સમય દરમ્યાન આરોપી નં.૭ મોહમદ ઉસ્માન અગરબત્તીવાળા પોતાની કસ્ટડીમાં ન હતો તે કબૂલ કરે છે. વડોદરા ખાતે પંચનામુ બનાવવા ગયા ત્યારે પોલીસ સ્ટાફના માણસો સાથે હતા તે કબૂલ કરે છે. વડોદરા મુકામે જવા અંગેના લેખિત હુકમો સરતપાસમાં રજૂ કરેલા નથી તે કબૂલ કરે છે પરંતુ મારા મત પ્રમાણે વડોદરા મુકામે જઈ તપાસ કરવાના હુકમો રજૂ કરવા જરૂરી નથી કારણ કે બનાવોની કુલ ચાર તપાસ ટીમો બનાવેલી હતી તે પૈકી એક તપાસ ટીમના આ મુખ્ય અધિકારી હતા. આંક–૬૩૭૦ વાળા પંચનામાથી કબજે કરેલ મુદ્દામાલ નજીકના પોલીસ સ્ટેશને જઈ જમા કરાવી મુદ્દામાલ પાવતી મળેવેલ નથી તે કબૂલ કરે છે. સીઝર મેમો સરતપાસ વખતે રજૂ કરેલ નથી તે કબૂલ કરે છે. મકાનના માલીક મહમદ સકુરભાઈ હતા તે અંગેનો દસ્તાવેજ મેળવેલો કે કેમ તે કાગળો જોઈને કહી શકે. પંચનામુ બનાવ્યા પછી મહમદ સકુરનું નિવેદન લીધેલુ કે કેમ તે કાગળો જોઈને કહી શકે. પંચનામુ સ્થળ ઉપર બનાવેલુ નથી તો તે હકીકત નકારેલી છે. પંચનામુ બનાવવાનું કામ પોતાના અધિકારમાં ન આવતુ હોવા છતાં ખોટુ પંચનામુ બનાવેલાની હકીકત નકારી છે. વધુમાં ઊલટતપાસના પેરા નં.૧૦૬ ધ્યાને લઈએ તો મહમદ સકુરને અટક કરેલા નથી અને તેની સામે

કોઈ કેસ નથી તો તે હકીકત કબૂલ કરે છે. તેમજ ઊલટતપાસના પેરા નં.૧૧૭ ધ્યાને લઈએ તો આંક–૬૩૭૦ વાળા પંચનામા વખતે એસ.ઓ.જી. વડોદરાના પોલીસ ઈન્સ્પેકટર કે.એમ.પોલરાનાઓ હાજર હતા. આ પોલીસ ઈન્સ્પેકટર કે. એમ.પોલરા ટીમના સભ્ય ન હતા તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે તપાસ કરનાર અધિકારી અમદાવાદથી તપાસમાં વડોદરા ખાતે ગયેલા હતા જેથી સ્વભાવિક છે કે ત્યાંની સ્થાનિક પોલીસ તેમની સાથે તપાસમાં જાય તે એક નિત્યક્રમ પ્રમાણેની પ્રક્રિયા છે. વધુમાં ઊલટતપાસના પેરા નં.૧૧૮ ધ્યાને લઈએ તો આંક–૬૩૭૦ વાળા પંચનામા વખતે એફ.એસ.એલ. અધિકારીઓ સ્થળ ઉપર હાજર હતા તેની સહી લીધી નથી.

આંક–૬૩૭૦ વાળુ પંચનામુ બનાવ્યુ ત્યારે તપાસ કરનાર અધિકારી સાથે એફ.એસ.એલ. અધિકારી સાહેદ નં.૮૪૯ ગૌરીદત્ત દયાનિધિ શર્માનાઓ હાજર હતા. તેઓની સરતપાસના પેરા નં.૬ ધ્યાને લઈએ તો તેઓ જણાવે છે કે તા.૧૮/૮/૨૦૦૮ ના રોજ ક્રાઈમબ્રાન્ચ અમદાવાદ સીટી મારફત મળેલ વર્ધી અનુસાર આ સાહેદ સુચનાવાળા સ્થળે તા.૧૯/૮/૨૦૦૮ ના રોજ ગયેલા. આ વર્ધી ફર્સ્ટ ગુના રજી.નં.૨૩૬/૨૦૦૮ શાહીબાગ પોલીસ સ્ટેશનના કામે મળેલી હતી. આ સમયે આ સાહેદ સાથે શ્રી એ.પી.પટેલ સાયન્ટીફીક આસિસ્ટન્ટ પણ હાજર હતાં. તપાસ અધિકારીશ્રી એમ.જે.ચાવડા, નાયબ પોલીસ અધિકારી, ક્રાઈમ બ્રાન્ચ, અમદાવાદ શહેર તથા અન્ય પોલીસ સ્ટાફ સાથે વડોદરા ખાતે બાવામાન દરગાહ સામે આવેલ અકમલ ફલેટની બાજુમાં લોખંડના ઝાંપાવાળા મકાનની સ્થળ તપાસ કરેલી. આ અકમલ ફલેટની બાજુમાં આવેલ લોખંડના ઝાંપાવાળા મકાનમાં પ્રવેશતાં મકાનના ઝાંપાથી કંપાઉન્ડ ક્રોસ કરી આવેલ મકાનના પગથિયા ચડી ડાબીબાજુ પ્રથમ માળે આવેલ દરવાજો ખોલીને પ્રવેશ કરેલ. સદર રૂમમાં દક્ષિણ દિશાએ લાકડાનો પેટી પલંગ જોવા મળેલ. સદર પેટી પલંગ પરનું ગાદલું હટાવી પેટી પલંગનું પાર્ટીશન ઉઘાડી અંદર રહેલાં જુના ગાદલા, ઓશીકા તથા કપડાંના પોટલા બહાર કાઢીને પલંગના એક ખુણામાંથી કપડાંની ચેનવાળો થેલો મળેલ. જેના પર "વિમલ ગુટખા" લખેલ

હતું. જેની ચેન ખોલતાં લીલા કલરનો મજબુત બગલ થેલો હતો. જેની અંદર અન્ય થેલી હતી. જેના પર ગાયત્રી ટ્રેડર્સ લખેલ હતું. જેની અંદરથી નીચે મુજબ દર્શાવેલ વસ્તુઓ મળી આવેલ.

(૧) લાકડાના બટવાળી આશરે એક ફુટ લાંબી એરગન જેવી લાગતી પીસ્તોલ જણાયેલ. જેના બેરેલ પર સિસ્કો ટાર્ગેટ માસ્ટર અંગ્રેજીમાં લખાણ હતું. તથા સિંહનો સિમ્બોલ હતો.

(૨) એક લાકડાના હાથાવાળું રામપુરી ચાકુ બંધ હાલતમાં મળેલ.

(૩) એક દેશી બનાવટની પિસ્તોલ જેનો હાથો એક્રેલીકનો છે. અને મેગઝીનવાળી જણાયેલ. સદર મેગઝીન ખોલતાં કારતુસ હતા. જે ખોલતાં નંગ–૨ કારતુસ મળી આવેલ. જેના પર K.F. 7.65 માર્ક હતું.

(૪) બે પ્લાસ્ટિકની થેલીમાં રબરના કુગ્ગા મળી આવેલ. તથા પ્લાસ્ટિકની નળી જે મેડીકલ ટ્રીટમેન્ટમાં વપરાય છે તેવી.

(૫) અન્ય પ્લાસ્ટિકની કોથળીમાં ૧૯ નંગ સી.ડી. અને ડી.વી.ડી. મળી આવેલ હતી.

(૬) સદર ચેનવાળા થેલાની બીજી ચેન ખોલતાં તેમાંથી અડધા ઈંચની પાઈપ આશરે ૮ ઈંચ લંબાઈ જણાયેલ. જેની બંને છેડા પર બુચથી બંધ કરેલ જણાયેલ. સદર પાઈપની વચ્ચે એક હોલ (કાણું) હતું. જેના પર સેલોટેપ વિંટાળેલ હતી. સ્થળ પર સદર પાઈપને પાણીમાં પલાળીને મટીરીયલ પાણીમાં મિક્ષ કરી ઈનએક્ટીવ કરીને પ્લાસ્ટિકની બોટલમાં પાણી મિશ્રિત મટીરીયલ ભરેલ તથા છરા સદર પાઈપમાંથી મળેલ હતા.

ઉપરોકત તમામ નમૂનાઓ પૃથ્થકરણ અર્થે પ્રશ્નોત્તરી સાથે ડી.એફ.એસ. ગાંધીનગર ખાતે મોકલવા સુચન કરેલું. જે અંગેનો પ્રાથમિક અહેવાલ આપેલો તે આંક–૫૯૧૧ થી રજૂ છે જેમાં આ સાહેદ પોતાની તેમજ એ.પી.પટેલની સહી ઓળખી બતાવે છે.

આંક–૬૩૭૦ ના પંચનામાની વિગતે આરોપીના ઘરેથી કબજે કરવામાં આવેલ એક દેશી પિસ્તોલ, બે ગોળીઓને પરીક્ષણ અર્થે એફ.એસ.

એલ. ગાંધીનગર ખાતે મોકલવામાં આવેલ. એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે આ દેશી પિસ્તોલ તથા ગોળીઓનું પરીક્ષણ કરનાર સાહેદ નં.૮૩૮ સુરેન્દ્ર પરષોત્તમ પતરીવાલાને આંક–૫૬૮૫ થી તપાસવામાં આવેલા છે. તેઓની સરતપાસના પેરા નં.૪ ધ્યાને લઈએ તો તેઓ જણાવે છે કે શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં.૨૩૬/૦૮ના કામે તા.૨૬/૮/૨૦૦૯ ના રોજની એક રવાનગી નોંધ કે જે તા.૨૭/૮/૨૦૦૮ ના રોજનું સત્તા અંગેનું પ્રમાણપત્ર સાથે તેમની કચેરીને મળેલી. જે રવાનગી નોંધમાં જણાવેલ મુદ્દામાલ પૈકીના બે સીલબંધ પાર્સલો આ સાહેદના મદદનીશ નિયામકશ્રી એચ. ટી. મોદીનાઓએ તા.૨૭/૮/૨૦૦૮ ના રોજ સ્વીકારેલ. જે અંગેનો કેસ નં. ડીએફએસ/ ઈઈ/ ૦૮/બીએલ/૧૬૪ આપવામાં આવેલ અને તે બે પાર્સલ સ્વીકાર્યા અંગેની આંક–૫૬૮૮ થી પહોંચ આપવામાં આવેલી. જેમાં આ સાહેદ એચ. ટી. મોદીની સહી ઓળખી બતાવે છે.

વધુમાં આ સાહેદ જણાવે છે કે તેઓને મળેલ મુદ્દામાલને તા. ૨૮/૮/૨૦૦૮ ના રોજ તેમના બેલેસ્ટીક વિભાગમાં પરીક્ષણ અર્થે સોંપવામાં આવેલ. જે પાર્સલ તેઓને પરિક્ષણ અર્થે મળેલા તેની વિગત પરિક્ષણ અહેવાલમાં લખેલ હતી. આ નમૂનાનું પરિક્ષણ કરેલ. જે પરીક્ષણની વિગત તથા જે અભિપ્રાય ઉપર આવેલ હતા તેની વિગત મુજબ...

નમૂનો–એ–એક ''P 62'' સીરીયલ નંબરની ''SISCO TARGET MASTER'' કંપનીની ભારતીય બનાવટની ૨૨'' કેલીબરની એર પીસ્તોલ છે. નમુના–એ–બેરલના બેરલવોશ (બેરલવોશ પ્રયોગશાળામા ટેસ્ટ ફાયરીંગ કર્યા પહેલા લીધેલ) નુ રાસાયણીક પરીક્ષણ કરતા તેમાં લેડની હાજરી જોવા મળેલ, જે દર્શાવે છે કે નમૂના–એ ની એર પીસ્તોલનો પ્રયોગશાળામાં સ્વીકાર્યા પહેલા ફાયરીંગમાં ઉપયોગ થયેલ છે. પ્રયોગશાળામાં નમૂના–એ ની પીસ્તોલમાંથી ૨૨'' કેલીબરના બે એર પેલેટ (લેબોરેટરી સ્ટોક) ને વારાફરથી ચેમ્બર કરી ફોડવાનો પ્રયત્ન કરતા તેઓ સફળતાપૂર્વક ફુટેલ, જે દર્શાવે છે કે નમૂના–એ ની પીસ્તોલમાંથી ૨૨'' કેલીબરના એર પેલેટ ચેમ્બર કરીને ફોડી શકાય છે અને

નમૂના–એ ની પીસ્તોલ ચાલુ હાલતમાં જણાઈ. વધુમાં સાહેદ જણાવે છે કે નમૂના–એ માંથી કોઈ વ્યક્તિ પર ફાયરીંગ કરવામાં આવે તો તેને ઈજા થઈ શકે. નમૂના–એ ની મઝલ વેલોસીટી આશરે ૧૮૦ ફીટ/સેકંડ જણાઈ. તેમજ નમુનો–બી– ૭.૬૫ મી.મી. કેલીબરના પીસ્તોલ કારતુસને ચેમ્બર કરી ફાયર કરી શકે તેવી દેશી બનાવટની એક સેમી ઓટોમેટીક પીસ્તોલ હતી. વધુમાં સાહેદ જણાવે છે કે નમૂના–બી ની બેરલના બેરલવોશમાં (બેરલવોશ પ્રયોગશાળામા ટેસ્ટ ફાયરીંગ કર્યા પહેલા લીધેલ) કુટેલ દારૂગોળાના અવશેષો–નાઈટ્રાઈટ અને લેડની હાજરી અંગે રાસાયણિક પરીક્ષણ કરતા તેમાં નાઈટ્રાઈટ અને લેડની હાજરી જોવા મળેલ. જે દર્શાવે છે કે નમૂના–બી ની પીસ્તોલનો પ્રયોગશાળામાં સ્વીકાર્યા પહેલા ફાયરીંગમાં ઉપયોગ થયેલ હતો. તેમજ પ્રયોગશાળામાં નમૂના–બી ની પીસ્તોલમાંથી નમૂના બી–૧ ના ૭.૬૫ મી.મી. કેલીબરના બે કારતુસો ને ચેમ્બર કરી ફોડવાનો પ્રયત્ન કરતા તેઓ સફળતાપૂર્વક કુટેલ, જે દર્શાવે છે કે નમૂના–બી ની પીસ્તોલમાંથી ૭.૬૫ મી.મી. પીસ્તોલ કારતુસ ચેમ્બર કરીને ફોડી શકાય છે અને નમૂના–બી ની પીસ્તોલ ચાલુ હાલતમાં જણાયેલ તેમજ નમૂના–બી માંથી કોઈ વ્યક્તિ પર ફાયરીંગ કરવામાં આવે તો તેને ઈજા/જાનહાની થઈ શકે. નમૂના–બી ની મઝલ વેલોસીટી આશરે ૪૫૦ ફીટ/સેકન્ડ જણાયેલી. વધુમાં સાહેદ જણાવે છે કે નમૂના–બી૧–૭.૬૫ મી.મી. કેલીબરના કોપર બુલેટ ધરાવતા, કે.એફ.કમ્પનીના ભારતીય બનાવટના કુલ બે પીસ્તોલ કારતુસો હતા. તેમજ પ્રયોગશાળામાં નમૂનો–બી૧ ના બે કારતુસોને નમૂના–બી ની પીસ્તોલ માંથી ફોડવાનો પ્રયત્ન કરતા નમૂના–બી૧ના બંને કારતુસો સફળતાપૂર્વક કુટેલ અને તે કારતુસો સક્રીય કારતુસ જણાયેલ. આ અંગેનો તા.૧૬/૯/૨૦૦૮ નો પરિક્ષણ અહેવાલ તૈયાર કરી તેમાં સાયન્ટીફીક ઓફિસર તરીકે આ સાહેદે સહી કરી નાયબ પોલીસ અધીક્ષક, તપાસટીમ, ક્રાઈમબ્રાન્ચને મોકલી આપેલ. આંક–૫૬૮૯ વાળો અહેવાલ ફોરવર્ડીંગ પત્ર સાથે પોલીસને મોકલેલ. આ સાહેદની ઉલટ તપાસના પેરા નં.૬ ધ્યાને લઈએ તો ફરજ દરમ્યાન બેલેસ્ટીક સબંધે કોઈ ટ્રેનીંગ લીધેલી નથી તો તે હકીકત નકારે છે. ઊલટતપાસના પેરા

નં.૧૨ ધ્યાને લઈએ તો એર પીસ્તોલમાં અને એર રાઈફલમાં તફાવત છે તે કબૂલ કરે છે. એર રાયફલમાં અને એર પીસ્તોલમા ફાયર પીન હોતી નથી. ફાયર આર્મ્સ ઘણા પ્રકારના હોય છે તેમ જણાવે છે. કોઈ પણ કારતુસ જીવતો છે કે કેમ તેના કારતુસ ઉપરથી કહી શકાય નહીં. આવી ગનનો ઉપયોગ સામાન્ય રીતે મેળામાં ફુગ્ગા ફોડવા માટે થાય છે તે કબૂલ કરે છે. પીસ્તોલનો ઉપયોગ કયારે થયેલો તે કહી શકાય નહીં.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે સુનિલ મણીલાલ પરમારને સાહેદ નં.૫૯૪ તરીકે આંક–૩૨૦૪ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૩૦.૮.૨૦૦૮ ના રોજ આ સાહેદને ક્રાઈમ બ્રાન્ચની પોલીસે ગાયકવાડ હવેલી ક્રાઈમ બ્રાન્ચ ખાતે બોલાવેલા તેમની સાથે એક પંચ હરીશભાઈ હતા તેમને પણ પોલીસે બોલાવેલા હતા. પોલીસે બંને પંચોને સમજાવેલુ કે ફાતીમાબેન જે વસ્તુ આપે તે કબજે લેવાની છે તેમ કહી પંચમાં રહેવા જણાવેલુ જેથી બંને પંચોએ "હા"પાડેલી. ત્યારબાદ ફાતીમાબેને નોકીયાનો મોબાઈલ ફોન, લાઈટબીલ, ડ્રાઈવીંગ લાયસન્સ, બી.એસ.એન.એલ. ફોનનું બીલ રજૂ કરેલાનું યાદ છે બીજુ કાંઈ યાદ નથી. આ ઉપરાંત બેન્કની એક પાસબુક પણ રજૂ કરેલી. મોબાઈલ ફોન કબજે કરેલો તેમાં ઈનકમીંગ તથા આઉટગોઈંગ નંબરો કાગળમાં લખવામાં આવેલા. આ તમામ વસ્તુઓ કબજે કરવામાં આવેલી અને તેનુ લખાણ કરવામાં આવેલુ અને તેમા આ પંચ સાહેદે તથા બીજા પંચ હરીશભાઈએ તથા પોલીસ અધિકારીઓએ સહીઓ કરેલી તે સહીઓ ઓળખી બતાવે છે. આ પંચનામુ આંક–૩૨૦૫ થી રજૂ છે. વધુમાં આ સાહેદની સરતપાસ પ્રમાણે તેમની હાજરીમાં કબજે કરવામાં આવેલ મુદ્દામાલ નોકીયા કંપનીનો મોબાઈલ, લાઈટબીલ બતાવતા તેઓએ તે ઓળખી બતાવેલ છે. આ ઉપરાંત અગરબત્તી વાળા મહમદ ઉસ્માન મહમદ અનીસના નામનુ મતદાર કાર્ડ પણ બતાવવામાં આવે છે તે પણ સાહેદ પોતાની હાજરીમાં કબજે કરવામાં આવેલુ તેમ કહી ઓળખી બતાવે છે. આ ઉપરાંત આ મહમદ ઉસ્માનની

સુલેમાની કો.ઓપરેટીવ બેન્કની પાસબુક, બી.એસ.એન.એલ.નુ બીલ બતાવતા તે પણ ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પોલીસ સ્ટેશનના પોલીસવાળાને ઓળખે છે તે કબૂલ કરે છે. પંચનામાની તારીખ અને સમયે આરોપી મહમદ ઉસ્માન અગરબત્તીવાળાને ત્યાં હાજર જોયેલો નથી તે કબૂલ કરે છે. આરોપીના માતા ફાતીમાબીબી પોલીસ સ્ટેશનમાં કેટલા સમય પહેલાથી આવેલા તેની ખબર નથી. ફાતીમાબીબી સાથે કોઈ વાતચીત કરેલી નથી. આ સાહેદના ખ્યાલ પ્રમાણે મોબાઈલ મહમદ અનીસનો હતો તેના નામ સબંધે કોઈ બીલ મળેલ નથી. કબજે કરવામાં આવેલ મોબાઈલમાં સીમકાર્ડના સર્વિસ પ્રોવાઈડર કોણ હતા તેની ખબર નથી. પોલીસે પોતાની હાજરીમાં કોલ ડીટેલ તૈયાર કરેલ નથી તે હકીકત નકારે છે. ફાતીમાબીબીએ કોઈ વસ્તુઓ રજૂ કરેલી નથી તો તે હકીકત નકારે છે. તૈયાર પંચનામામાં સહી કરેલાની હકીકત પણ નકારે છે. ફાતીમાબીબીની ઓળખ સંબંધેનો કોઈ દસ્તાવેજ માંગવામાં આવેલો નથી. મુદ્દામાલ બીલ કોના નામના હતા તે ચેક કરેલુ નથી. મોબાઈલમાંથી કાઢેલી માહિતીનો ઉલ્લેખ પંચનામામાં કરેલો કે કેમ તે ધ્યાનમાં નથી. પોલીસ સ્ટેશનમાં પંચનામાની કાર્યવાહી દરમ્યાન ગયેલા નથી તો તે હકીકત નકારી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં.૨૩૬/૨૦૦૮ ના કામે તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૩૩ માનસિંહભાઈ દેવજીભાઈ ચૌધરીનાઓએ આ પંચ તથા બીજા પંચ હરીશ રાજપુતનાઓને ક્રાઈમ બ્રાન્ચ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનમાં બોલાવેલા અને ત્યાં આરોપી નં.૭ ના માતૃશ્રી ફાતીમાબીબી હાજર હતા અને તેમણે આ બંને સાહેદોની હાજરીમાં નોકીયા કંપનીનો મોબાઈલ, એક ડ્રાઈવીંગ લાયસન્સ આરોપી નં.૭ ના નામનુ, મતદાર કાર્ડ આરોપી નં.૭ ના નામનુ, બેન્કની પાસબુક આરોપી નં.૭ ના નામની, બી.એસ.એન.એલ. કંપનીનું બીલ આરોપી નં.૭ ના નામનુ તથા મધ્ય ગુજરાત વીજ કંપનીનું બીલ મુસ્તાકઅલીના નામનુ રજૂ કરેલા અને પોલીસે આ પંચોની હાજરીમાં કબજે કરેલુ

અને જયારે પંચનામુ બનાવ્યુ ત્યારે મોબાઈલ ફોનમાં આવેલા મીસકોલ, રીસીવ્ડ કોલ, ડાયલ કોલ્સ તથા કોન્ટેકટ નંબરનું લીસ્ટ, મેસેજ ઈનબોક્ષ, સેન્ટ આઈટમ્સ, ડ્રાફટસનું લીસ્ટ પણ પંચોની હાજરીમાં બનાવેલુ. જે આંક–૩૨૦૫ વાળા પંચનામાની સાથે છે. આ પંચનામુ બનાવનાર સાહેદ નં.૧૧૩૩ માનસિંહ દેવસીભાઈ ચૌધરીની જુબાની ધ્યાને લઈએ તો તેમણે પોતાના સરતપાસના પેરા નં.૧માં ઉપરોકત તમામ હકીકત જણાવી છે અને આંક–૩૨૦૫ વાળા પંચનામામાં તથા તેની સાથે રજૂ થયેલ ફોનના લીસ્ટમાં આ સાહેદે પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવી છે. આ પંચનામા બાબતે આ સાહેદની ઉલટ તપાસના પેરા નં.૫ ધ્યાને લઈએ તો સી.આર.પી.સી. કલમ–૧૬૦ મુજબનો સમન્સ કે નોટીસ ફાતીમાબેનને બજાવેલી નથી તો તે કબૂલ કરે છે. આ ફાતીમાબેન તા.૩૦.૮.૨૦૦૮ ના રોજ બપોરના એક વાગ્યા પહેલા ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે આવેલા હતા. ફાતીમાબેન ટોળીયા સાહેબને કયારે અને કેવી રીતે મળેલા તેની માહિતી નથી. ફાતીમાબેન પાસેથી કબજે કરેલ મોબાઈલ ફોન તથા અન્ય દસ્તાવેજોની પહોંચ આપેલી નથી તે કબૂલ કરે છે. આ ઉપરાંત ઉલટ તપાસના પેરા નં.૧૦ ધ્યાને લઈએ તો ફોનમાંથી આઉટગોઈંગ કોલ, રીસીવ કોલ, મીસકોલ કે મેસેજીસની જે વિગતો લીધેલી તેને પ્રીઝર્વ કરવાની કોઈ કામગીરી કરેલી નહીં. કંપની પાસેથી તે અંગેનુ કોઈ સ્ટેટમેન્ટ મેળવેલુ નથી. ફાતીમાબેનની ઓળખ અંગેનો કોઈ દસ્તાવેજ મેળવેલો નથી. ફાતીમાબેન પાસેથી લીધેલા દસ્તાવેજો વાંચેલા તે કબૂલ કરે છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે હેમંતભાઈ કપુરચંદ ખંડેલવાલને સાહેદ નં.૬૧૭ તરીકે આંક–૩૨૫૫ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૨૭.૮.૨૦૦૮ ના રોજ બપોરના સમયે સ્વામિનારાયણ મંદિર વડોદરા પાસેથી જતા હતા ત્યારે ડી.સી.બી. ઑફિસમાં પોલીસે તેમને બોલાવેલા ત્યાં એક બીજા ભાઈ હીરેનભાઈ હીંગુ તથા બીજા બે ભાઈઓ ઉભા હતા. ચાર–પાંચ પોલીસના માણસો તથા એક સાહેબ પણ હતા. પોલીસે કહેલુ કે ગાડી અને હોન્ડાનું પંચનામુ કરવાનું છે જેથી પંચમાં રહેવાની હા પાડેલી. ત્યાં

હાજર બે વ્યકિતઓ પૈકી નાસીરભાઈ અને અનીસભાઈ હાજર હતા. નાસીરભાઈએ ટાટા સુમો ગાડી રજૂ કરેલી. તેનો ચેસીસ નંબર જોઈને લખાવેલો. અનીસભાઈએ મોટર સાઇકલ રજૂ કરેલી અને તેનો પણ ચેસીસ નંબર લખાવેલો. આ કાર્યવાહીનુ પંચનામુ કરેલુ જે આંક–૩૨૫૬ થી રજૂ છે તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવી છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો ડી.સી.બી.નું કુલ ફોર્મ કહી શકે તેમ નથી. પોલીસે આ ઑફિસે વાડી સ્વામીનારાયણ મંદિર પાસે આવેલી છે ત્યાં બોલાવેલા, પંચનામુ અમદાવાદ બોમ્બ બ્લાસ્ટ અંગેનુ હતુ, સી.આર. નંબરની ખબર નથી. પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદ સામાન્ય વ્યકિત છે, સી.આર. નંબરની તેને ખબર ન હોય. આ સાહેદની વધુ ઊલટતપાસ ધ્યાને લઈએ તો પોલીસે કઈ કલમો લગાવેલી તેની પણ ખબર નથી. મુદ્દામાલ વાહનો કોણ લાવેલુ તેની ખબર નથી. વાહનો ચાલુ હાલતામાં હતા તે બાબતે કોઈએ વાહનો ચલાવેલા નહીં. પંચનામુ કોને કહેવાય તેની ખબર નથી. પોલીસે પંચનામુ લખી લીધેલુ તો તે હકીકત નકારેલી છે. પંચનામુ પંચો વારાફરથી બોલીને લખાવતા હતા. પોલીસ અધિકારીએ ત્યાં ઉભેલા બંને વ્યકિઓની ઓળખ કરાવેલી. મુદ્દામાલ વાહનો ઉપર ઓળખ સબંધે કોઈ નિશાની કરેલી નહીં. ગાડીની સીટીંગ કેપેસીટી ૮+૧ ની હતી. મુદ્દામાલ મોટર કયા વર્ષની છે તે કહી શકે તેમ નથી પરંતુ મારા મત પ્રમાણે મુદ્દામાલ મોટરનું વર્ષ જોઈને તે મોટર કબજે કરવાની ન હતી ફકત મોટર કાર કબજે કરવાની હતી માટે મોટર કાર કયા વર્ષની હતી તે આ સાહેદે જોવાની જરૂર નથી. પોલીસે અધિકારીના કહેવાથી કિંમત લખાવેલાની હકીકત નકારેલી છે. પંચનામુ કોને લખેલુ તેની ખબર નથી. પરંતુ પંચનામુ રાઈટર લખતા હતા તેમ જણાવે છે. આ સાહેદની રૂબરૂમાં મુદ્દામાલ મોટર કાર તથા મોટર સાઇકલ કબજે કરવામાં આવી નથી તો તે હકીકત નકારેલી છે. પોલીસના કહેવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારે છે.

વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો ડી.સી.બી. પોલીસ સ્ટેશન આ સાહેદની દુકાનથી બે–ત્રણ કી.મી. દુર આવેલુ છે. ઘરેથી દુકાન આવતા જતા રસ્તામાં ડી.સી.બી. પોલીસ સ્ટેશન આવતુ નથી. ડી.સી.બી. પોલીસ સ્ટેશનમાં અધિકારી રૂમમાં લઈ ગયેલાનું કબૂલ કરે છે. મોટર કાર અને મોટર સાઇકલ જોવા માટે આ સાહેદ, પોલીસ અધિકારી તથા પોલીસના માણસો રૂમમાંથી બહાર આવેલા, પંચનામુ સ્થળ ઉપર કરેલુ, ગાડીનો ચેસીસ નંબર બોનેટ ઉંચુ કરીને જોયેલો. મોટર કાર ઉપર કોઈ ચિન્હ કે સ્ટીકર જોયેલુ નહીં તો તે હકીકત નકારેલી છે.

આમ,આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો સાહેદ નં.૧૦૭૦ વિનય શુકલનાઓએ બે પંચોની હાજરીમાં ડી.સી.બી. પોલીસ સ્ટેશન વડોદરા ખાતે હાજર ઈસમ સાહેદ નં.૯૪૦ નાઓએ પંચો રૂબરૂ ટાટા સુમો ગાડી રજુ કરેલી અને તે પંચનામાની વિગતે કબજે કરેલી છે. આ ટાટા સુમો ગાડીનો નં.જીજે–૧–એકસએકસ–૮૮૦૦ છે અને આ ગાડી આરોપી નં.૨ નાએ સાપુતારા લઈ જવી છે તેમ કહી રૂા.૨૦૦૦/– નુ ભાડુ નક્કી કરી ભાડે લીધેલી અને આ ગાડી આસીફભાઈએ ભાડે અપાવેલી હતી. આ ઉપરાંત આરોપી નં.૭ નાઓએ જે મોટર સાઇકલનો ઉપયોગ કરેલો તે મોટર સાઇકલ આરોપી નં.૭ ના પિતાએ રજૂ કરેલી અને તે પણ પંચોની હાજરીમાં કબજે કરવામાં આવેલી છે. આંક–૩૨૫૬ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ અને રજુઆત છે કે "આરોપી ઈમરાન ઈબ્રાહીમ શેખને તા.૧૩.૧.૨૦૦૮ નાં રોજ સુમો ગાડી આપેલ" આ હકીકત પુરાવામાં ગ્રાહ્ય નથી પરંતુ આ હકીકત ગાડી રજૂ કરનાર સાહેદ નં.૯૪૦ નાસીર કુરેશીએ જણાવેલી છે આરોપીની કબૂલાત્મક હકીકત નથી માટે તે પુરાવામાં ગ્રાહ્ય છે. વધુમાં એવી દલીલ અને રજૂઆત છે કે "પંચનામામાં પોતાના દીકરાએ પાવાગઢ હાલોલ જેહાદી કેમ્પમાં જે મોટર સાઇકલ વાપરેલ તે" આ હકીકત પુરાવામાં ગ્રાહ્ય નથી પરંતુ મારા મત પ્રમાણે આ હકીકત આરોપી નં.૭ ના પિતાએ જણાવેલી છે અને આરોપી નં.૭ ના પિતા પોલીસ કસ્ટડીમાં ન હતા માટે તે હકીકત પણ પુરાવામાં ગ્રાહ્ય ગણાય.

આંક–૩૨૫૬ વાળુ પંચનામુ સાહેદ નં.૧૦૭૦ વિનય શુકલનાઓએ આ સાહેદ તથા બીજા પંચ વિરેન હિંગુની હાજરીમાં બનાવેલુ છે. તપાસ કરનાર અધિકારીએ બે પંચોને ડી.સી.બી. પોલીસ સ્ટેશન વડોદરા ખાતે બોલાવેલા અને આરોપી નં.૨ નાએ જે વ્યકિત પાસેથી ટાટા સુમો ભાડે રાખેલી તે સાહેદ નં.૯૪૦ નાસીર કુરેશીએ પોલીસ સમક્ષ રજૂ કરેલી અને તે પંચોની રૂબરૂમાં કિંમત રૂા.૬૫૦૦૦/– ગણી કબજે કરેલી છે. આ ગાડી આરોપી નં.૨ નાઓએ સાપુતારા લઈ જવી છે તેમ કહી ભાડે રાખેલી અને તેનો ઉપયોગ હાલોલ પાવાગઢ ખાતે ૧૩–જાન્યુઆરી થી ૧૫–જાન્યુઆરી દરમ્યાન આતંકવાદી કેમ્પ આ આરોપી નં.૨ તથા અન્ય આરોપીઓએ યોજેલા તેમાં ઉપયોગ કરેલો છે. તે જ રીતે અન્ય એક સાહેદ આરોપી નં.૭ ના પિતા જેમને ફરિયાદપક્ષે તપાસેલા નથી તેઓ મહંમદઅનીસ સબ્બીરઅહેમદ અગરબત્તીવાલા છે અને તેમણે પણ પંચોની રૂબરૂમાં પોલીસ સમક્ષ મોટર સાઇકલ રજૂ કરેલી જે રૂા.૨૦૦૦૦/– ની કિંમત ગણી કબજે કરેલી છે. આ મોટર સાઇકલનો ઉપયોગ પણ આ આરોપીઓએ આતંકવાદી કેમ્પમાં કરેલો હતો.

તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૦૭૦ વિનય શુકલનાઓએ શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮નાં કામે તા.૨૭.૮.૨૦૦૮ ના રોજ બે પંચોની હાજરીમાં આંક–૩૨૫૬ વાળુ પંચનામુ બનાવીને ટાટા સુમો તથા મોટર સાઇકલ કબજે કરેલા છે આ હકીકત સાહેદ વિનય શુકલનાઓએ પોતાની જુબાનીના પેરા નં.૫.૧, પાના નં.૧૭ થી ૧૯ માં જણાવેલુ છે તથા આંક–૩૨૫૬ વાળા પંચનામામાં પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવી છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે કમલેશ સુરેશભાઈ ગોહીલને સાહેદ નં.૮૭૯ તરીકે આંક–૬૨૮૯ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૨૦/૮/૨૦૦૮ ના દિવસે તેઓ અને તેમના મિત્ર વિક્રમસિંહ ગોહિલ બંને નોકરી પરથી ઘરે જતાં હતાં ત્યારે બે સાહેબોએ રાત્રીના લગભગ સાડાબાર એક વાગ્યાની આસપાસ રોકેલાં અને કહેલ કે સાહેબને કામ

છે. તેથી તેઓને સાહેબ જોડે મળવા લઈ ગયેલાં. તેઓને તાઈવાડા, મહંતનો ખાંચો હતો ત્યાં લઈ ગયેલાં. તાઈવાડા બરોડાવાડીમાં આવેલું છે. તેઓ ગયા ત્યારે ત્યાં બે પોલીસવાળા, એક ઈન્સ્પેક્ટર સાહેબ, બીજા બે સાહેબ હતાં. આ સાહેબ અમદાવાદના હતાં. આ સાહેબો કઈ ઑફિસના હતાં તે યાદ નથી આવતું. આ સાહેદ અને તેમનો મિત્ર, બીજો એક આરોપી જેવો હતો. સાહેબે એવું કહેલું કે આ આરોપી છે. તેમના ઘરની તપાસ કરવાની છે. તો પંચમાં રહેશો? તેથી "હા" પાડેલી. તેઓએ આરોપીનું નામ પુછેલું. આરોપીનું નામ મહમદ અગરબત્તી જણાવેલું. પછી એવું પુછેલું કે આરોપીના ઘરની તપાસ કરવાની છે. પછી બધા મહમદ ઉસ્માન અગરબત્તીવાલાના ઘરે ગયેલાં. ઘરે તે ભાઈ લઈ ગયેલાં. જોડે બે પોલીસવાળા, ઈન્સ્પેક્ટર સાહેબ અને બંને પંચો અને બીજા સાહેબો હતાં. આ ઘરે ગયા ત્યારે જાળીવાળો દરવાજો હતો અને બારણું હતું. તેઓ ઘરમાં અંદર ગયેલાં. ત્યાં એક વૃધ્ધ માણસ હતાં. મહમદભાઈએ એવું કહેલું કે, ''આ મારા પપ્પા છે.'' મહમદભાઈ બતાવતા હતાં. ત્યાં આગળ તપાસ કરેલી. મહમદભાઈ જેમ બતાવતા હતાં તેમ સાહેબો તપાસતા હતાં અને પોલીસ પણ તપાસતી હતી. ત્યાં આગળ એક લેપટોપ મળેલું. ત્યાંથી એક પેન ડ્રાઈવ મળેલી. એક મોટા બોક્ષમાંથી હાર્ડડીસ્ક કાઢેલી. આ બોક્ષ કમ્પ્યુટર સાથે હતું. લેપટોપ જપ્ત કરેલું. લેપટોપને કાગળમાં લપેટીને કોથળી ચઢાવેલી તેમજ આ સાહેદે અને તેમની સાથેના વિક્રમભાઈની પર્ચીમાં સહી કરાવેલી. તેને પેકીંગ કરી તે ઉપર દોરી બાંધેલી. તેના પર પર્ચી મુકેલી અને તેની પર દારી બાંધી લાખનો સિક્કો મારેલો. પેનડ્રાઈવ ડબ્બીમાં મુકવામાં આવેલી. તેના પર પણ તેમની સહીઓવાળી ચિઠ્ઠી મુકેલી તેને ડબ્બી પર મુકી દોરી બાંધી, તેની ઉપર અગાઉ જે રીતે સિક્કો મારેલો તે રીતે સિક્કો મારેલો. હાર્ડડીસ્કને કાપડમાં લપેટેલી. તેને અગાઉની જેમ ચિઠ્ઠીમાં સહી કરાવી દોરીથી બાંધી અને અગાઉ જેમ જ સિક્કો મારેલો. આ બધી વસ્તુઓ અમદાવાદથી આવેલા સાહેબોએ લીધેલી અને બીજા સાહેબ હતાં અને તપાસમાં લઈ જવાનું કહેતા હતાં અને આ કામગીરી રાત્રીના બે,સવા બે વાગે પૂરી થયેલી. આ આંક–૬૨૯૦ વાળા પંચનામામાં સાહેદ પોતાની તથા વિક્રમભાઈની

તેમજ સાહેબની સહીઓ ઓળખી બતાવે છે અને તેમાં જણાવેલી તમામ હકીકત સાચી હોવાનું જણાવેલ છે. સદર મુદ્દામાલ કબજે કરતી વખતે રાખવામાં આવેલ પંચ સ્લીપ આંક–૬૨૯૧ થી રજૂ રાખેલ છે જેમાં સાહેદ પોતાની તથા વિક્રમભાઈ ની સહીઓ ઓળખી બતાવે છે. તેમજ કબજે કરવામાં આવેલ મુદ્દામાલ હાર્ડડીસ્ક, લેપટોપ, પેન ડ્રાઈવ પણ ઓળખી બતાવે છે. આરોપીને ટી.વી. સ્ક્રીન મારફતે બતાવતા ઓળખી શકતા નથી કારણ કે અગાઉ જોયેલા ત્યારે આરોપીને દાઢી ન હતી અને હાલમાં દાઢી હોય ઓળખી શકતા નથી.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો વડોદરામાં ગાજરાવાડીની છેલ્લા ફળીયામાં રહે છે તે કબૂલ કરે છે. ગાજરાવાડીથી વાડી વિસ્તાર એકાદ કી.મી. દુર છે. આ સાહેદ યમુના વિસ્તારમાં પ્રિન્ટીંગ પ્રેસમાં નોકરી કરે છે તેના માલીકનું નામ કીરીટભાઈ પટેલ છે. પ્રિન્ટીંગ પ્રેસ ચોવીસ કલાક ચાલુ રહે છે તો તે હકીકત નકારી છે. ઈલેકટ્રોનીક વસ્તુઓ કે કમ્પ્યુટરનો અભ્યાસ કરેલો નથી. ઘરે કમ્પ્યુટર નથી. કમ્પ્યુટરની સાથે જોડાયેલ સાધનોના નામ મોનીટર, માઉસ વિગેરે છે. પંચનામાની તારીખે લેપટોપ ચાલુ કરીને તેની ઉપર કોઈ વસ્તુ નાખીને કશું જોયેલુ નથી. પંચનામાના દિવસે કોઈ મુદ્દામાલ ચાલુ કરીને બતાવવામાં આવેલો નથી તે કબૂલ કરે છે. જે પોલીસે રોકેલા તેઓના નામ અને હોદ્દા કહેલા પરંતુ યાદ નથી. પોલીસના ઘરના દરવાજાથી ૮–૧૦ ફુટ દુર હતી, ઘરના દરવાજા ખુલ્લા હતા. મહંતનો ખાચો ગીચ વસ્તીવાળો વિસ્તાર છે તે કબૂલ કરે છે પરંતુ આ ખાચામાં વાહન જઈ શકે નહીં તો તે હકીકત નકારી છે. પોલીસ અધિકારીઓએ પરિચય આપેલો હોય તો યાદ નથી. મકાનની માલીકી સંબંધેના કોઈ દસ્તાવેજો પોલીસે મેળવેલા કે કેમ તે યાદ નથી. ઘરમાં એક વ્યકિત સિવાય બીજી કોઈ વ્યકિત ન હતી. તે વ્યકિત પંચનામામાં સહી કરી ત્યારથી કાર્યવાહી પુરી થઈ ત્યાં સુધી હાજર હતી. પોલીસના કહેવાથી અને શીખવાડવાથી અને પંચનામુ વારંવાર વાંચી સમજાવાથી જુબાની આપેલી છે તો તે હકીકત નકારે છે. સરતપાસમાં જણાવ્યા પ્રમાણેની પંચનામાની કાર્યવાહીમાં કોઈ સ્થળે ગયેલા નથી તો તે હકીકત નકારી છે.

વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો પોલીસે વાડી તાઈવાડીના મહંતના ખાચામાં મહમદ અનીસ સઈદના ઘર પાસે બોલાવેલા તે કબૂલ કરે છે. આરોપી તે ઘર પાસે લઈ ગયેલો તે હકીકત પંચનામામાં લખાવી નથી તો તે નકારે છે. તે મકાન ત્રણ માળનું હતુ. મકાનનું નામ લખેલુ હતુ પરંતુ યાદ નથી. મકાન ઉપર નામની પ્લેટ લાગેલી હતી પરંતુ વાંચેલી નહીં. મકાનમાં ગયા ત્યાં ભોંયતળીયે બે રૂમ હતા અને ઉપર બે રૂમ હતા. મકાનના બીજા માળે ગયેલા હતા, બીજા માળેથી લેપટોપ મળેલુ અને ડ્રોવરમાંથી પેનડ્રાઈવ મળેલુ તથા બોક્ષમાંથી હાર્ડ ડીસ્ક કાઢેલી. પેન ડ્રાઈવ ઉપર કોઈ લખાણ ન હતુ. પોલીસે વૃધ્ધ માણસની ત્યાં પુછપરછ કરેલી. વૃધ્ધ માણસે શું માહિતી આપેલી તે યાદ નથી.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૦૭૭ એ.એફ.સીંધીનાઓએ શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં.૨૩૬/૨૦૦૮ નાં કામે તા.૨૦.૮.૨૦૦૮ નાં રોજ આ સાહેદ તથા બીજા પંચ વિક્રમસિંહ ગોહીલનાઓની હાજરીમાં આંક –૬૨૯૦ વાળુ પંચનામુ બનાવેલ હતુ. આ પંચનામા મુજબ તપાસ કરનાર અધિકારીએ આ બંન્ને પંચોને વાડી તાઈવાડા મહંતના ખાચા પાસે મહમદઅલી સબ્બીરઅહેમદ અગરબત્તીવાળાના ઘર પાસે બોલાવેલા અને પંચમાં રહેવાની સમજ આપેલી. તપાસ કરનાર અધિકારી સાથે આરોપી નં.૭ હાજર હતા અને તેના કહેવાથી ઘરની જડતી કરેલી અને જડતી દરમ્યાન ઘરમાંથી પેન ડ્રાઈવ, હાર્ડ ડીસ્ક તથા લેપટોપ પંચનામાની વિગતે કબજે કરેલા. આ પંચનામામાં રૂબરૂ તરીકે સાહેદ એ.એફ.સીંધીએ પોતાની સહી કરેલી છે. આ હકીકત સાહેદ નં.૧૦૭૭ એ.એફ. સીંધીનાઓ પોતાની જુબાનીના પેરા નં.૬.૪, પાના નં.૧૫ માં જણાવેલી છે કે આરોપી નં.૭ નાઓએ પોતાનુ મકાન બતાવેલુ અને ઘર ઉપર આરોપી નં.૭ ના પિતા અનીસ સબ્બીરભાઈ અગરબત્તીવાળા હાજર હતા, એફ.એસ.એલ. અધિકારીઓ પણ હાજર હતા અને ઘરની જડતી કરતા સીગેટ કંપનીની હાર્ડડીસ્ક, ઈન્ટેલ કંપનીનું લેપટોપ તથા એક પેન ડ્રાઈવ મળેલુ જે પંચનામાની

વિગતે કબજે કરેલુ. આંક–૬૨૯૦ વાળા પંચનામામાં પોલીસ અધિકારી સીંધી પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે. આ સાહેદ સીંધીની ઉલટ તપાસના પેરા નં.૩૧ ધ્યાને લઈએ તો મોહમદ ઉસ્માન અગરબત્તીવાળાનુ નિવેદન લેવાયુ હોય અને વાંચેલુ હોય તે યાદ નથી. આ સાહેદે ઉસ્માન અગરબત્તીવાળાની પુછપરછ કરેલી નથી. જે મકાન ઉપર ગયેલા તેની માલીકી અંગેના કોઈ દસ્તાવેજો ભેગા કરેલા નથી. મોહમદ અનીસ સબ્બીરભાઈ અગરબત્તીવાળાની ઓળખના કોઈ પુરાવા લીધેલા નહીં. મકાનની ઓળખ અંગેના કોઈ પુરાવા લીધેલ નથી તેમ જણાવે છે.

હવે આંક–૬૨૯૦ નુ પંચનામુ તપાસ કરનાર અધિકારીએ પંચોની હાજરીમાં આરોપી નં.૭ ના મકાન ઉપર બનાવ્યુ ત્યારે એફ.એસ.એલ. અધિકારી સાહેદ નં.૮૩૫ હિતેશ જયંતીલાલ ત્રિવેદીનાઓ હાજર હતા. તેઓની સરતપાસના પેરા નં.૩ ધ્યાને લઈએ તો તા.૧૯/૮/૨૦૦૮ ના રોજ તેઓ તથા તેમના ઉપરી અધિકારી શ્રી એસ.જી.ખંડેરવાલ તથા શ્રી એચ.પી.સંઘવી નાઓની સાથે શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં. ૨૩૬/૨૦૦૮ ના કામે પોલીસ ઈન્સ્પેકટર, ક્રાઈમ બ્રાન્ચ, અમદાવાદની હાજરીમાં વડોદરા ખાતે આરોપી મહમદ ઉસ્માન મહમદ અગરબત્તીવાલાના ઘરની તપાસ કરેલ. આરોપી મહમદ ઉસ્માન અગરબત્તીવાલાના ઘરે એક ડેસ્કટોપ કમ્પ્યુટર તથા એક લેપટોપ અને પેનડ્રાઈવ મળેલ. સદર ડેસ્કટોપ કમ્પ્યુટર એસેમ્બલ કમ્પ્યુટર હતુ જેની હાર્ડડીશ સીગેટ કંપનીની હતી. જે ૮૦ જી.બી.ની ક્ષમતાવાળી તેનો મોડલ નં. ST380817AS જેનો સીરીયલ નં.4MR394KZ તથા લેપટોપ COMPACT PRESARIO C 700 કંપનીનું હતું. જેના સીરીયલ નંબર જોતા CND8093 C9B હતો. આરોપી મહમદ ઉસ્માનના ઘરેથી ડેસ્કટોપ કોમ્પ્યુટરના સી.પી.યુ.ની હાર્ડડીસ્ક એક લેપટોપ તથા એક પેનડ્રાઈવ કબજે લઈ વધુ પરિક્ષણ અર્થે ડી.એફ.એસ. ગાંધીનગર ખાતે મોકલી આપવા તપાસ અધિકારીને સુચન કરેલ. આ સંપૂર્ણ કામગીરી તા.૧૯/૮/૨૦૦૮ ના કલાક ૧૭.૧૫ થી તા.૨૦/૮/૨૦૦૮ ના કલાક ૨.૦૦ સુધીના સમયગાળા દરમ્યાન કરવામાં આવેલી. આ

અંગેનો અહેવાલ તેમના ઉપરી અધિકારી એસ.જી.ખંડેરવાલ તથા એચ.પી. સંઘવીના માર્ગદર્શન હેઠળ લખેલ. સદર આંક–૫૬૩૫ વાળા અહેવાલમાં એચ.પી. સંઘવીની સહી ઓળખી બતાવે છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે શીવશંકર રામચંદ્ર યાદવને સાહેદ નં. ૮૮૬ તરીકે આંક–૬૩૨૫ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૨૧/૮/૨૦૦૮ ના રોજ તેઓ જયશંકર સુંદરી હોલ થઈ જમાલપુર શાકમાર્કેટ તરફ જતાં હતાં ત્યારે દરવાજા પાસે બે–ત્રણ પોલીસવાળા ઉભા હતાં તેમણે કહેલું કે સાહેબ અંદર બોલાવે છે. જેથી તેઓ ક્રાઈમ બ્રાન્ચની ઑફિસમાં ગયેલાં. આ વખતે તેમની સાથે ભાવેશભાઈ હતાં. અંદર ક્રાઈમ બ્રાન્ચની ઑફિસમાં એક સાહેબ બેઠેલા હતાં. તેમણે કહેલું કે તેઓએ આરોપી પાસેથી મુદ્દામાલ લીધો છે તેમાં અમુક વસ્તુને સીલ મારેલ નથી. તો ભવિષ્યમાં એફ.એસ.એલ.મા કામમાં આવે તેથી સીલ કરવાનું છે. તેથી પંચનામામાં રહેશો? તેથી "હા" પાડેલી. ત્યાં બાજુમાં એક પોલીસવાળાં હતાં તેમણે સાહેબે કહેલું કે, વસ્તુ લેતાં આવો જેને સીલ લગાવવાના છે. તે વખતે સાહેબે એક પંચનામું બરોડાનું હતું તે બતાવેલું. જે પંચનામું વાંચેલું. જે સાહેબને કહ્યુ હતું તેઓ બે કુગ્ગાની થેલી લઈને આવેલાં. પછી તેઓને બતાવેલું કે આ બે કુગ્ગાની થેલી છે, આ થેલીને સીલ મારવાની છે. પછી પંચોની કાગળ ઉપર સહી લીધેલી. કાગળ ઉપર થેલી મુકેલી પછી તેને પડીકું વાળેલું, પછી તેના ઉપર સહી કરેલ કાગળ તેના ઉપર મુકી દોરાથી બાંધેલી અને તેમાં લાખથી સીલ મારેલુ. આંક–૬૩૨૬ વાળા પંચનામામાં સાહેદ પોતાની તથા ભાવેશભાઈની અને રૂબરૂ તરીકે સાહેબની સહીઓ ઓળખી બતાવે છે. તેમજ મુદ્દામાલ કબજે કરતી વખતે મુકવામાં આવેલ પંચ સ્લીપ આંક–૬૩૨૭ મા સાહેદ પોતાની તથા ભાવેશભાઈની સહીઓ ઓળખી બતાવે છે તેમજ કબજે કરવામાં આવેલ મુદ્દામાલ કુગ્ગા ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ મધ્ય પ્રદેશમાં રતલામ ખાતે રહે છે અને રેડીમેઈડ કાપડનું કામ કરે છે. પંચનામા સમયે

તેઓ રેવડી બજારમાં કામ કરતા હતા. પરંતુ પંચનામાની તારીખે રેવડી બજારમાં હતા નહીં. પંચનામાના દિવસે બીજા પંચ સાથે તેઓ સ્કૂટર ઉપર નીકળેલા. પંચનામામાં સહી કરી તે દિવસ પહેલા પંચનામામાં સહીઓ કરેલી છે તો તે હકીકત નકારે છે. પંચનામામાં સહી કરી ત્યારે ટોળીયા સાહેબ કરીને હતા તેમને પોતાની ઓળખાણ આપેલી. ટોળીયા સાહેબે પોતાની કામગીરી અંગે કોઈ સમજ આપેલી નહીં, ટોળીયા સાહેબનો હોદ્દો શું હતો તેની ખબર નથી. આંક–૬૩૨૬ ના પંચનામામાં વડોદરાના પંચનામાનો જે ઉલ્લેખ છે તેમાં કોઈ સહી કરેલી નથી. વડોદરાના પંચનામામાં જે મુદ્દામાલનો ઉલ્લેખ કરવામાં આવેલો તે મુદ્દામાલ દેખાડવામાં આવેલો નથી. મુદ્દામાલ ટેબલ ઉપર પડેલો હતો તો તે હકીકત નકારી છે. જે મુદ્દામાલ હતો તેને વડોદરાના પંચનામાની સાથે સરખામણી કરવામાં આવેલી નહીં. પોલીસના કહેવાથી અને શીખવાડવાથી તેમજ પંચનામુ વાંચી સમજાવીથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારી છે. સરતપાસમાં જણાવ્યા પ્રમાણે પોલીસના કહેવાથી તૈયાર પંચનામા ઉપર સહીઓ કરેલાની હકીકત નકારેલી છે. આંક–૬૩૨૬ ની કામગીરી વખતે વડોદરાવાળા પંચનામાના પંચો હાજર ન હતા તે કબૂલ કરે છે. કુગ્ગા સીલ કર્યા બાબતે કોઈ રજીસ્ટરમાં પંચોએ સહીઓ કરેલી નથી તો તે કબૂલ કરે છે.

આમ આ સાહેદનો સમગ્ર પુરાવો ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી નાયબ પોલીસ અધીક્ષક વી.આર.ટોળીયાએ શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ ના કામે આ સાહેદ તથા બીજા ભાવેશભાઈ કંસારાનાઓને તા.૨૧.૮.૨૦૦૮ નાં રોજ અમદાવાદ ખાતે ક્રાઈમ બ્રાન્ચની કચેરીએ બોલાવેલા અને બંને પંચોની હાજરીમાં ફાઈલમાંથી એક પંચનામુ કાઢેલુ જે તા.૧૯.૮.૨૦૦૮ ના રોજ બનાવવામાં આવેલુ હતુ. તા. ૧૯.૮.૨૦૦૮ ના રોજ બનાવેલા પંચનામા વખતે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ કુગ્ગાની કોથળીઓ નંગ–૨ અને બાકીનો મુદ્દામાલ જે સીલ કરેલો ન હતો તેને કબજે લેવાનો હતો અને તે વખતે રાઈટર હેડ (ક્રાઈમ) અદેસિંહ સરદારભાઈ બકલ નં.૭૩૨૧ નાઓ હાજર હતા અને તેમને રજીસ્ટરે ચઢાવેલ

મુદ્દામાલ પૈકી કુગ્ગાવાળી કોથળીઓ નંગ–૨ રજૂ કરવાની સુચના આપતા રજુ કરેલી અને તે સીલ કરીને તપાસ અર્થે કબજે કરેલ હતી. આ પંચનામુ કરનાર અધિકારી વી.આર.ટોળીયા ગુજરી ગયેલા છે જેથી બોમ્બ બ્લાસ્ટ કેસોની તપાસ ટીમો પૈકી એક તપાસ ટીમના અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ આ પંચનામા અંગેની હકીકત પોતાની જુબાનીના પેરા નં.૩૧.૭ માં જણાવેલી છે અને આંક–૬૩૨૬ વાળા પંચનામામાં તથા આંક–૬૩૨૭ વાળી પંચ સ્લીપમાં આ સાહેદે વી.આર.ટોળીયાની સહી ઓળખી બતાવેલી છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે સુરેશભાઈ ઘાસીરામ ઓડને સાહેદ નં.૮૮૯ તરીકે આંક–૬૩૩૪ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓને ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે તા.૨૧/૦૮/૨૦૦૮ નાં રોજ બોલાવેલા અને તે વખતે તેમની સાથે સુરેશભાઈ મરાઠી હતાં. ત્યાં પોલીસના અધિકારી ચાવડા હતાં અને એફ.એસ.એલ. કચેરીના બે અધિકારીઓ હતાં. પોલીસના સાહેબે એવું કહેલું કે વડોદરાથી એક મુદ્દામાલનો સીલબંધ ડબ્બો જે કબજે કરેલ છે. જે સીડી, ડીવીડી કેસેટોનો હતો. તેના ઉપર આંગળીઓની છાપો આવે તેવી શક્યતા જણાય છે, તેથી એફ.એસ.એલ. અધિકારીના બે અધિકારીઓનો પરિચય આપેલો અને એક ફોટોગ્રાફર પણ ત્યાં હાજર હતો. પોલીસે કહેલ કે આ છાપો તપાસવાની છે તેથી તમે પંચમાં રહેશો? તેથી "હા" પાડેલી. એક સીલબંધ ડબ્બો કે જે દોરી બાંધી, લાખથી સીલબંધ હતો તેને બધાની હાજરીમાં ખોલવામાં આવેલો અને પછી એફ.એસ.એલ. કચેરીના અધિકારીઓ તેમના સાધનોથી કેસેટો અને ડીવીડી ચકાસવા લાગેલાં. આ ડીવીડી કેસેટો ૧૯ હતી. જેની ઉપર જે તે વખતે માર્ક આપેલાં હતાં. આ કેસેટ જે ડીવીડી જેવી હતી તે પૈકી ચાર ઉપર એફ.એસ.એલ. અધિકારીએ ગોળ રાઉન્ડ કરી પોતાની સહી કરેલી. જેની ઉપર એફ.એસ.એલ. અધિકારીઓને આંગળીઓના છાપા દેખાયેલાં અને ફોટા પાડેલાં. ત્યારબાદ આ જે જે ડીવીડી જોવામાં આવેલ તેને પેક કરી એક ખોખામાં પેક કરી તેઓની સહીઓ વાળી સ્લીપ મુકી તેને દોરીથી બાંધી લાખથી સીલ કરેલ. આમ આંક–૬૩૩૫વાળા

પંચનામામાં સાહેદ પોતાની તથા સુરેશભાઈની સહી અને રૂબરૂ તરીકે ચાવડા સાહેબની સહીઓ ઓળખી બતાવે છે. તેમજ કબજે લીધેલ મુદ્દામાલ સીડીઓ ઓળખી બતાવે છે અને આંક–૬૩૩૬ વાળી પંચ સ્લીપમાં તેમની તથા સુરેશભાઈની સહીઓ ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો બોક્ષ કેટલુ પહોળું, કેટલુ લાંબુ અને કેટલુ ઉંડુ હતુ તે હકીકત પંચનામામાં લખાવેલી નથી તે કબૂલ કરે છે. બોક્ષ ઉપર શું લખેલુ હતુ અને કઈ જગ્યા ઉપર સીલ કરેલુ હતુ તેની વિગત પંચનામામાં લખાવેલી નથી તે કબૂલ કરે છે. એફ.એસ.એલ.ના અધિકારી પાસે અને ફોટોગ્રાફર પાસે જે કેમેરા હતા તે ખોલીને બતાવેલા નહીં તે કબૂલ કરે છે. એક સાહેબ બોલતા હતા અને બીજા સાહેબ લખાવતા હતા તો તે હકીકત નકારી છે. જે સાહેબ લખતા હતા તેઓનુ નામ ઠામ અને હોદ્દો ખબર નથી. સળંગ લખાણ હતુ અને તેમા લીટી દોરેલી હતી તે લીટી ઉપર સહી કરવાનું કહેતા સહી કરેલી તો તે હકીકત નકારી છે. આ સાહેદે કુલ ત્રણ સહીઓ કરેલી. ત્યાં પંચનામુ તૈયાર હતુ અને તૈયાર પંચનામામાં ફકત સહીઓ કરેલી તો તે હકીકત પણ નકારી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ શાહીબીગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં.૨૩૬/૨૦૦૮ ના કામે તા.૨૧.૮.૨૦૦૮ નાં રોજ આ પંચ સાહેદ તથા બીજા સુરેશભાઈ મરાઠીનાઓને ક્રાઈમ બ્રાન્ચ કચેરી ગાયકવાડ હવેલી ખાતે બોલાવેલા અને તે વખતે ત્યાં એફ.એસ.એલ.ના બે અધિકારીઓ અને એક ફોટોગ્રાફર હાજર હતા. ત્યાં આ બંને પંચોને જણાવવામાં આવેલુ કે વડોદરાથી એક મુદ્દામાલનો સીલબંધ ડબ્બો કબજે કરેલો છે, જે સીડી, ડીવીડી કેસેટોનો છે. એવુ પણ જણાવવામાં આવેલુ કે તેની ઉપર આંગળીઓની છાપ આવે તેવી શકયતા છે અને છાપો તપાસવાની છે જેથી આ સાહેદ પંચમાં રહેલા અને તેમની હાજરીમાં સીલબંધ ડબ્બો ખોલવામાં આવેલો. એફ.એસ.એલ. અધિકારીઓએ ડબ્બામાંથી નીકળેલી સીડી તથા ડીવીડી કેસેટો ચકાસેલી. કુલ–૧૯ કેસેટો હતી

તેની ઉપર માર્ક આપવામાં આવેલા તે પૈકી ચાર કેસેટો ઉપર આંગળીઓની છાપ દેખાયેલી અને આ સાહેદની હાજરીમાં ફોટા પાડેલા તથા ગોળ રાઉન્ડ કરેલા અને ખોખામા મુકી પંચોની સહીઓવાળી સ્લીપ મુકીને દોરી બાંધી સીલ કરેલુ હોવાનું માલુમ પડે છે. આ પંચનામુ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ આ હકીકત પોતાની જુબાનીના પેરા નં.૨૭.૨ ના પાન નં.૨૦૨ ઉપર જણાવેલી છે. મયુર ચાવડાની જુબાની ધ્યાને લેતા આ સીડી, ડીવીડીની કેસેટો આરોપી નં.૭ નાઓએ તેમના કાકાના ઘરેથી માહિતી આપીને કાઢેલી હતી. આ સીડી અને ડીવીડીની કેસેટો રવાનગી નોંધ આંક–૫૮૭૪, ૫૮૭૫ થી એફ.એસ.એલ.માં પૃથક્કરણ માટે મોકલી આપેલાનું જણાવે છે. આંક–૬૩૩૫ વાળા પંચનામામાં તથા આંક–૬૩૩૬ વાળી પંચ સ્લીપમાં મયુર ચાવડા પોતાની સહી ઓળખી બતાવે છે. સાહેદ મયુર ચાવડાની ઊલટતપાસ ધ્યાને લઈએ તો તેઓની જુબાનીના પેરા નં.૧૦૯ માં આંક–૬૩૩૫ વાળા પંચનામાથી સીડી અને ડીવીડી કેસેટ કબજે કરેલાનું કબૂલ કરે છે. આવી કોઈ ચાન્સ પ્રીન્ટ મળી આવેલી નથી તો તે કાગળો જોયા વગર કહી શકે નહીં તેમ જણાવેલ છે. આ કેસેટો એફ.એસ.એલ. મા ચકાણસી માટે મોકલવાની પરવાનગી લીધાનો ઉલ્લેખ પંચનામામાં નથી તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે પરવાનગીનો ઉલ્લેખ પંચનામામાં કરવો જોઈએ તેવી કોઈ આદેશાત્મક જોગવાઈ નથી અને કરવાનો પણ ન હોય. વધુમાં ઊલટતપાસના પેરા નં.૧૧૮ ધ્યાને લઈએ તો તમામ પંચનામાઓ ગુજરાતી ભાષામાં લખેલા છે તે કબૂલ કરે છે. આરોપીઓ જે ભાષા જાણતા હતા તે ભાષામાં તેમને સમજાવેલુ તે કબૂલ કરે છે. આ પ્રશ્નનો અર્થ એવો થાય કે પંચનામાની હકીકત આરોપીઓને સમજાવેલી હતી. પંચનામામાં એફ.એસ.એલ.ના અધિકારીની સહી કરાવેલી નથી તે કબૂલ કરે છે. વધુમાં ઉલટ તપાસના પેરા નં.૧૪૪ ધ્યાને લઈએ તો આંક–૬૩૩૫ વાળા પંચનામાવાળી સીડીઓ ઉપર ચાન્સ પ્રીન્ટ છે કે કેમ તે જાણવા માટે સીડીઓ આ પંચનામુ કરતા પહેલા સીલબંધ હાલતમાં એફ.એસ.એલ.ને મોકલવાનો પ્રયત્ન કરેલ નથી. સીડીઓનું સીલ તોડી એફ.એસ.એલ. પાસે તપાસ કરાવવા અંગે કોર્ટનો

કોઈ હુકમ મેળવેલો નથી. પરંતુ મારા મત પ્રમાણે પંચનામાની કાર્યવાહી દરમ્યાન કબજે કરીને સીલ કરવામાં આવેલી કેસેટો એફ.એસ.એલ. માં ચકાસણી માટે મોકલવા કોર્ટની પરવાનગીની જરૂર હોતી નથી, તે વિષય તપાસ કરનાર અધિકારીનો છે. સીલ તોડયા પછી સીડી સાથે ટેમ્પર કરવાની શકયતા વધી જાય છે તો તે હકીકત નકારી છે. ફીંગર પ્રીન્ટનો પુરાવો ઉભો કરવા માટે સીલબંધ સીડીઓના સીલ તોડેલા છે તો તે હકીકત નકારી છે.

આ આરોપી નં.૭ મોહંમદઉસ્માન ઉર્ફે ઉસ્માન મોહંમદ અનીસ અગરબત્તીવાળાએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે તે પ્રશ્નના જવાબમાં તેને ફરિયાદપક્ષના પુરાવા સંબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના બચાવ માટે જે હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦ મા જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી. આરોપીએ ક્રિ.પ્રો. કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં જે કાંઇ હકીકતો જણાવી છે તે હકીકતો અગાઉ કયારેય આરોપીએ જણાવી નથી અને સમજી, વિચારીને સલાહ, સુચનો મેળવવી ખોટી હકિકતો લખાવી છે, આ અંગે કોઇ પુરાવો નથી માટે લખાવેલી તમામ હકીકતો સહેજ પણ માનવા યોગ્ય નથી.

આ ઉપરાંત આરોપી નં.૭ મોહંમદઉસ્માન ઉર્ફે ઉસ્માન મોહંમદ અનીસ અગરબત્તીવાળાનાઓએ આંક–૯૨૦૩ થી શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં.૨૩૬/૨૦૦૮ ના કામે તેઓને અટક કર્યા અંગે એરેસ્ટ મેમોની પ્રમાણીત નકલ પોતાના બચાવ માટે રજૂ કરેલ છે. તે ધ્યાને લઈએ તો આરોપીને તા.૧૬.૮.૨૦૦૮ ના રોજ શાહીબાગ પોલીસ સ્ટેશનના ગુનામાં અટક કરેલો છે. આ સિવાય આરોપીએ અન્ય કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા નથી.

આરોપી નં.૭ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે

સાહેદ નં.૧૧૧૫, ૯૮૧, ૧૦૬૭, ૫૭૧, ૮૯૫, ૫૯૪, ૬૧૭, ૮૩૫, ૮૪૯, ૮૫૧, ૮૭૯, ૮૮૬, ૮૮૯, ૭૮૬, ૭૯૦, ૭૯૨, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૧૦૭૦, ૧૦૭૭, ૧૧૩૩, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ છે. આ ઉપરાંત આ આરોપી નં.૨, ૨૧ તથા આરોપી નં.૩૫ના કબૂલાત નિવેદનો પણ છે.આ સાહેદોના પુરાવા ધ્યાને લેતાં આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવો તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, સાહેદ નં.૫૯૪ સુનીલ પરમારની હાજરીમાં તપાસ કરનાર અધિકારીએ ક્રાઈમ બ્રાન્ચની ઑફિસમાં એક ફાતીમાબેન પાસેથી મોબાઈલ ફોન કબજે કરેલા તેનુ પંચનામુ આંક–૩૨૦૫ વાળુ બનાવેલુ છે. ફોન રજૂ કરનાર ફાતીમાબેનને તપાસેલા નથી. આ સાહેદ આ આરોપી વિરૂધ્ધ કંઈ જણાવતા નથી. વકીલશ્રી આર.કે.શાહની દલીલ સાથે હું સંમત છું કે આ સાહેદ આરોપી વિરૂધ્ધ કાંઈ હકીકત જણાવતા નથી. સાહેદ નં.૮૯૫ પ્રકાશ તોલાણીની જુબાનીની ચર્ચા કરતા દલીલ કરે છે કે આ સાહેદની હાજરીમાં આરોપીએ "મારી પાસે હથિયાર, પાઈપ બોમ્બ પડેલા છે" તે હકીકત જણાવી તે પુરાવામા ગ્રાહ્ય નથી. આ ઉપરાંત "મારા કાકાના ઘરે ગેરકાયદેસર સામાન મુકેલો છે" આ હકીકત પણ પુરાવામાં ગ્રાહય નથી. આવા પંચનામા રેકર્ડ ઉપર ન લેવાય. પરંતુ મારા મત પ્રમાણે આ પંચ સાહેદ નં.૮૯૫ પ્રકાશ તોલાણીની હાજરીમાં આંક–૬૩૭૦ વાળુ પંચનામુ બનાવવામાં આવેલુ છે. આ પંચનામુ પુરાવાના કાયદાની કલમ–૨૭ હેઠળ ગ્રાહ્ય નથી પરંતુ પુરાવાના કાયદાની કલમ–૮ હેઠળ વર્તણૂક તરીકે ગ્રાહય છે તેમ હું માનુ છું. વકીલશ્રી આર.કે.શાહ સાહેદ નં.૮૭૯ કમલેશ ગોહિલની જુબાનીની ચર્ચા કરતા દલીલ કરે છે કે, આ સાહેદની હાજરીમાં આરોપીના ઘરે જઈ તપાસ કરનાર અધિકારીએ લેપટોપ, પેનડ્રાઈવ તથા હાર્ડ ડીસ્ક કબજે કરેલા તેનુ પંચનામુ આંક–૬૨૯૧ થી રજૂ કરેલુ છે. તે વખતે તેના પિતાજી ઘરે હતા અને આ સાહેદ આરોપીને ઓળખી બતાવતા નથી. પરંતુ મારા મત પ્રમાણે આ

પંચનામુ પણ પુરાવાના કાયદાની કલમ–૮ હેઠળ આરોપીની વર્તણૂક તરીકે પુરાવામાં ગ્રાહ્ય છે અને તે આરોપી વિરૂધ્ધ ગુનામાં સંડોવણી અંગે સંજોગ ઉભો કરે છે. વકીલશ્રી આર.કે.શાહ સાહેદ નં.૫૭૧ રમણભાઈ, સાહેદ નં.૧૦૬૭ અંબાલાલ, સાહેદ નં.૯૭૨ પ્રવિણભાઈ, સાહેદ નં.૮૮૧ રામકાભાઈ બાબતે દલીલ કરતા જણાવે છે કે આ સાહેદો આ આરોપી વિરૂધ્ધ કોઈ હકીકત જણાવતા નથી. પરંતુ આ સાહેદોની જુબાનીઓ ધ્યાને લઈએ તો સાહેદ અંબાલાલ, સાહેદ પ્રવિણભાઈનાઓએ આ આરોપીને સાહેદ નં.૫૭૧ રમણભાઈ રૂબરૂની ઓળખ પરેડમાં ઓળખી બતાવેલો છે. જેથી આ આરોપી હાલોલ–પાવાગઢના કેમ્પમાં હાજર હતો તેમ કહી શકાય. સાહેદ નં.૮૮૬ શીવશંકર યાદવની જુબાનીની ચર્ચા કરતા વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરે છે કે, આ સાહેદની હાજરીમાં આંક–૬૩૨૬ વાળુ પંચનામુ બનાવી કુગ્ગાની બે થેલી સીલ કરેલી હતી. પરંતુ આ મુદ્દામાલ કુગ્ગા કયા આરોપી પાસેથી કબજે કરેલા તે સ્પષ્ટ બનતુ નથી તેઓની દલીલ સાથે હું સંમત છું કે આ કુગ્ગાની થેલી કોની પાસેથી કબજે કરેલી તે સ્પષ્ટ નથી. સાહેદ નં.૮૮૯ સુરેશ ઘાસીરામની જુબાનીની ચર્ચા કરતા દલીલ કરે છે કે આ સાહેદની હાજરીમાં વડોદરાથી સીલબંધ ડબ્બો કબજે કરવામાં આવેલો હતો તેની ઉપર આંગળાઓની છાપો હશે તે આશાએ ડબ્બો ખોલવામાં આવેલો પરંતુ તે ખોલી શકાય નહીં તેમ કરવામાં આવે તો મુદ્દામાલ સાથે ચેડા થયા છે તેમ કહેવાય. ડબ્બામાં ડીવીડી કેસેટો કુલ–૧૯ હતી, તેના ફોટા પાડેલા પરંતુ ફોટા રજુ કરેલા નથી. પંચનામુ આંક–૬૩૩૫ થી રજૂ કરેલુ છે. સાહેદ નં.૧૦૬૨ અબ્દુલ સૌદાગરની જુબાનીની ચર્ચા કરતા દલીલ કરે છે કે આરોપીએ આઈનેક સાયબર કાફે ઉપરથી ટેલીકોર્સ કરેલાનું જણાવે છે પરંતુ આ સાહેદ આરોપીને ઓળખી બતાવતા નથી. વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, આરોપી નં.૨,૨૧,૩૫ નાં કબૂલાત નિવેદનો ગેરકાયદેસર છે. તેમ છતાં તે નિવેદનો ધ્યાને લેતા આરોપી નં.૭ ને સંડોવે તેવી કોઈ હકીકત નથી. વધુમાં વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, આરોપીને પકડયા પછી આરોપીને માનસીક અને શારીરિક ત્રાસ આપવામાં આવેલો છે તેવી હકીકત

આરોપીએ તેના ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં જણાવેલી છે પરંતુ મારા મત પ્રમાણે પોલીસે આરોપીને ત્રાસ આપેલો હોય તેવી કોઈ ફરીયાદ તેણે અગાઉ કરેલી નથી. આરોપીએ પોતાના બચાવમાં જે કંઈ હકીકતો જણાવેલી છે તે પાછળથી સોચી, સમજી, વિચારીને ઉભી કરેલી હોવાનું સ્પષ્ટ છે. વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે આ આરોપી આ કહેવાતા ગુનાઓમાં સંડોવાયેલો નથી. પરંતુ ઉપર વિગતે જે પુરાવા રજૂ થયા છે તે ધ્યાને લેતા આ આરોપી આ કહેવાતા ગુનામાં સંડોવાયેલો છે તેમ હું માનુ છું.

આરોપી નં.૮ યુનુસ મોહંમદભાઈ મન્સુરીનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં)સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૮ યુનુસ મોહંમદભાઈ મન્સુરીનાઓ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ નાં રોજ જુદી–જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી–જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા–જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમને કઈ–કઈ ભૂમિકા ભજવેલી છે તે સાબિત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે તે પૈકી જનરલ સાહેદ તરીકે સાહેદ નં.૯૫૭ ઝાકીર હુસેન અબ્દુલ જબ્બાર કુરેશીનાઓને તપાસેલા છે. આ ઉપરાંત અગત્યના સાહેદ તરીકે સાહેદ નં.૯૩૮ મહંમદ ફારૂક અજીજભાઈ મેમણ, સાહેદ નં.૯૭૨ તરીકે રામકાભાઈ દેવકરણ કેસરીયા, સાહેદ નં.૯૮૧ તરીકે પ્રવિણભાઈ હમીરભાઈ કટારીયા, સાહેદ નં.૧૦૬૭ તરીકે અંબાલાલ વેચાતભાઈ બારીયા, સાહેદ નં.૧૦૯૭ તરીકે મહેતાબ ઈબ્રાહીમ શેખ તથા આ આરોપીની સાહેદો રૂબરૂ ઓળખ પરેડ કરાવનાર મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૭૧ તરીકે રમણભાઈ સેંધાભાઈ

સોલંકીને તપાસવામાં આવેલા છે અને તેઓ તમામની જુબાની ધ્યાને લેતા આ આરોપીની સામે મુકવામાં આવેલ આક્ષેપો મુજબના કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા એકબીજાની મદદગારી કરીને અમદાવાદ શહેરમાં જુદી–જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરેલા છે તેમજ સુરતની જુદી–જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલ હોવાનું ફલીત થાય છે.

આ ઉપરાંત સહઆરોપી નં.૨ ઈમરાન ઈબ્રાહીમ શેખ, સહઆરોપી નં.૨૪ ઉંમર ઉર્ફે અશોક કાળાભાઈ કબીરા તથા આરોપી નં.૩૫ રફીયુદ્દીન સરફુદ્દીન કાપડીયાનાઓએ ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબના કબૂલાત નિવેદનો મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ,અમદાવાદ સમક્ષ લખાવેલા તે ધ્યાને લેતા પણ આ આરોપી તેઓની ઉપર મુકવામાં આવેલ આક્ષેપ મુજબના કાવતરામાં સામેલ હોવાનું ફલીત થાય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે ચિરાગ ગોવિંદભાઈ વરસદાને સાહેદ નં.૮૧૭ તરીકે આંક–૫૪૮૭ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૧૯/૮/૨૦૦૮ ના રોજ પોલીસે બોલાવેલો. તે દિવસે તેઓ અને તેમનો મિત્ર વી.એસ. હોસ્પિટલ તરફથી રાયખડ થઈ સરસપુર આવતાં હતાં. બે પોલીસ દ્વારા રાયખડ ખાતે ઉભા રાખવામાં આવેલા અને એવું કહેલ કે ચાલો સાહેબ ક્રાઈમમાં બોલાવે છે. તેઓ બહાર વાહન મૂકી ક્રાઈમની ઑફિસમાં ગયેલાં. આ સાહેદ સાથે તેમનો મિત્ર નામે અનિલભાઈ ઠાકુર હતો. તેઓ ક્રાઈમ બ્રાન્ચની ઑફિસમાં ગયા ત્યારે અંદર ઉપર એક પોલીસ અધિકારી હતાં અને બીજા ચાર–પાંચ પોલીસમેન હતાં અને એક ગુનેગાર આરોપી હતાં. ત્યાં પોલીસવાળાએ એવું કહેલ કે આ આરોપી કંઈક કહેવા અને બતાવવા માંગે છે અને તેના પંચમાં રહેવાનું પુછતા તેઓએ "હા"પાડેલી. ત્યારબાદ આરોપીએ એવું કહેલ કે "મારા ઘરે લઈ જાવ". આરોપીનું નામ પુછતાં તેણે પોતાનું નામ "યુનુસ મહમદભાઈ મન્સુરી" કહેલું. એ વખતે બીજા ચાર સાહેબો આવેલાં. જેઓ એફ.એસ.એલ.ના અધિકારીઓ હતાં અને ગાંધીનગરથી આવેલ હતાં. જેમાં બે

અધિકારીઓના નામ અનુક્રમે પટેલજી અને શર્માજી હતાં. ત્યાં તેઓની સહી લીધેલી એકબીજાની જડતી લીધેલી તેમાં કોઈ ગુનાહીત વસ્તુ મળેલી નહી. બધા સરકારી વાહનમાં જવા નીકળેલાં. આરોપી રસ્તો બતાવતાં હતાં. તેઓ આસ્ટોડીયા થઈ સારંગપુર બ્રિજ ઉતરી અજીત મીલ રો હાઉસ છે ત્યાં રો હાઉસની બહાર સોસાયટીના ઝાંપે ગાડી આરોપીએ ઉભી રખાવેલી અને ચાલતાં–ચાલતાં આરોપી, સાહેબો, બધા સોસાયટીમાં ગયેલા, આરોપી એના ઘર આગળ જઈને ઉભા રહી ગયેલો સી–૧૩૨ નંબરનું રો હાઉસ હતું જે આરોપીએ બતાવ્યુ કે "આ મારૂ ઘર છે". ઘર ખખડાવેલ અંદરથી બે લેડીઝ આવેલી. આરોપીએ બતાવેલું કે એક મારા મિસીસ અને બીજા મારા સાસુ છે. તેમના પત્નીનું નામ અફસાનાબાનું અને સાસુનું નામ યાદ નથી. અંદરથી લેડીઝ બહાર આવેલાં તેમને બહાર ઉભા રાખેલાં. બાજુમાંથી મહમદભાઈને બોલાવડાવેલ. મહમદભાઈને બોલાવડાવી તેમની સાથે ઘરમાં ગયા. ઘરમાં એક સાઈડ ઉપર નળો પડેલ હતો. નળામાંથી બે પુસ્તક મળેલાં. એક ગુજરાતીમાં લખેલ હતું અને એક ઉર્દૂમાં લખેલ હતું અને એક ઉર્દુમાં ઝેરોક્ષ હતી જે સીંગલ પેપર પર હતી. એ ત્રણે ઉપર તેઓની સહી લીધેલી. ત્યાં અંદર દિવાલ ઉપર ચિકાસ જેવા ધબ્બા હતાં. એફ.એસ.એલ.ના જે સાહેબ હતાં તેમની પાસે જે કંઈ સાધન હતાં તે લોકોએ ધબ્બા ઉખાડીને પેકીંગ કરેલ. બીજો એક ધબ્બો સાદી દિવાલ ઉપરથી પણ ઉખાડીને પેકીંગ કરેલ. પછીથી ઘરમાંથી બીજા આઠ સેલોટેપના ટુકડા મળેલાં જેમાંથી પાંચ રેડ કલરના હતાં. તેમાંથી એક બ્લ્યુ એક નેવી બ્લ્યુ અને એક બ્લેક અને પાંચ વાયરના ટુકડાનું ગુંચડુ મળેલું. તેમાં રેડ અને બ્લેક કલરના હતાં. ત્રણ બોલ્ટ મળ્યા હતાં. ૩૬ નંગ છરા મળ્યા હતાં. આ વસ્તુઓને અલગ અલગ થેલીઓમાં પેક કરી એક બોક્ષમાં પેક કરેલ. આ પેક કર્યા પછી લાખનું સીલ મારેલું. સહી લીધેલ, અનિલભાઈની પણ સહી લીધેલ અને સાહેબની સહી લીધેલ અને એ ચિઠ્ઠી ત્યાં લોક કરી દીધી. જે ધબ્બા હતાં તેને પણ આ રીતે લોક કરેલાં.

ઉપરોકત વસ્તુ કબજે કર્યાના આંક–૫૪૮૮ વાળા પંચનામામાં સાહેદ પોતાની તથા બીજા પંચની સહી ઓળખી બતાવે છે તેમજ કબજે કરવામાં

આવેલ તમામ મુદ્દામાલ એક પછી એક અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે. આ સાહેદ આરોપીને ઓળખી ન બતાવતા કારણમાં જણાવેલ છે કે જે તે વખતે આરોપીની દાઢી એક,દોઢ ઇંચ જેટલી હતી અને આરોપીને જે તે વખતે જે સ્થિતિમાં જોયેલા તેવી સ્થિતિમાં બતાવવામાં આવે તો ઓળખી શકે તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પોલીસે પંચનામા સિવાય બીજુ કોઈ નિવેદન લીધેલુ નથી. પોલીસે બોલાવ્યા ત્યારે વાહન બહાર મુકીને ક્રાઇમ બ્રાન્ચની ઑફિસમાં ગયેલા. આરોપીએ એવુ કહેલુ કે "હું તમને મારા ઘરે લઈ જવ છું" તેવુ જાહેર કરેલુ નથી તો તે હકીકત નકારી છે. પંચનામામાં આરોપીનુ શારીરિક વર્ણન લખાવેલુ નથી તો તે હકીકત નકારી છે. પંચનામામાં આરોપીને જે સ્થિતિમાં જોયેલ તે સ્થિતિનું વર્ણન કરેલ નથી તો તે હકીકત નકારી છે. પંચનામા વખતેના પોલીસ અધિકારીઓને ઓળખી શકે નહીં તો તે કબૂલ કરે છે. આરોપીના શારીરિક વર્ણન બાબતે કોઈ અંગત નોંધ રાખેલી નથી. મારા મત પ્રમાણે આ સાહેદ પંચમાં રહેલા છે અને આરોપીના શારીરિક વર્ણનની નોંધ રાખવી જોઈએ તેવુ પંચ સાહેદ માટે ફરજિયાત નથી. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો આઠ વર્ષના સમયગાળામાં ઘણા બધા દાઢીવાળા અને મુછવાળા લોકોના સંપર્કમાં આવેલા છે તો તે કબૂલ કરે છે. સાહેદ એમ પણ જણાવે છે કે સાથે રહયા હોય તેવા વ્યકિતને ઓળખી શકે ચોકકસ કોઈ વ્યકિતને ઓળખી શકે નહીં. મકાન બે રૂમ રસોડા સ્વરૂપે હતુ, પોલીસે માત્ર મહંમદભાઈનું નામ પુછેલુ. પોલીસે સ્ત્રીઓના માત્ર નામ પુછેલા, બુરખો પહેરેલી સ્થિતિમાં સ્ત્રીઓ હતી તેમના વર્ણન આપી શકે નહીં. જે મિલકતમાં ગયેલા તે મિલકતની માલીકી આરોપીની હોવાનો દસ્તાવેજી પુરાવો મળેલો નથી તે કબૂલ કરે છે. મકાનમાંથી કોઈ ગુનાહીત વસ્તુ મળેલ નથી તો તે હકીકત નકારે છે. આ સાહેદની હાજરીમાં કોઈ વસ્તુ કબજે કરવામાં આવેલ નથી તો તે હકીકત પણ નકારે છે. તૈયાર પંચનામામાં સહી કરેલાની હકીકત નકારે છે. આ સાહેદની હાજરીમાં છરા,

પુસ્તકો કે વાયરના ગુંચડા મળેલા નથી તો તે હકીકત નકારે છે. આરોપી પંચનામાની વિગતેની જગ્યાએ લઈ ગયેલો નથી તો તે હકીકત નકારે છે.

વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદની હાજરીમાં પોલીસે બીજા કોઈની પુછપરછ કરેલી નહીં. હવેલી મુખ્ય દરવાજાની બહાર મેઈન રોડ ઉપર ઘણી બધી દુકાનો, રહેણાંકના મકાનો અને ગીચ વિસ્તાર છે તે કબૂલ કરે છે. પોલીસ સ્ટેશનમાં પોલીસે આરોપીનું નામ સરનામુ જણાવેલુ. પોલીસ સ્ટેશનમાં એક સહી કરેલી અને બાકીની સહીઓ સ્થળ ઉપર કરેલી. પંચનામામાં પહેલી સહી કરી તે પહેલાના લખાણની હકીકત સાચી છે. પંચનામામાં અંગ્રેજીમાં સહી કરેલી છે, બીજા પંચ અનિલભાઈએ ગુજરાતી કે અંગ્રેજીમાં સહી કરેલી તે કહી શકે તેમ નથી. પહેલાથી નક્કી કરેલા રસ્તે આરોપીના ઘરે ગયેલા પરંતુ આરોપી જે રસ્તો બતાવતો હતો તે રસ્તે ગયેલાની હકીકત નકારે છે. નાના અક્ષરે લખેલુ લખાણ જે છે તેનુ કોઈ કારણ આપી શકે નહીં. નાના અક્ષરવાળુ લખાણ પાછળથી લખેલાની હકીકત નકારી છે. નળામાંથી મુદ્દામાલ પુસ્તકો મળી આવેલા તેની સાઈઝ કહી શકે નહીં. પુસ્તકો ઉપર સહી કરતી વખતે કોઈ પુસ્તકો વાંચવામાં આવેલા નહીં. ગુજરાતી તેમજ ઉર્દૂ પુસ્તકો છાપેલા અને તે નવા છે તે કબૂલ કરે છે. આવા પ્રિન્ટેડ પુસ્તકો બજારમાં મળે તે હકીકત કબૂલ કરે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયાએ શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં. ૨૩૬/૨૦૦૮ ના કામે આ સાહેદ તથા બીજા પંચ અનિલકુમાર ઠાકુરનાઓને કાઈમ બ્રાન્ચ કચેરી અમદાવાદ ખાતે બોલાવેલા અને ત્યાં આરોપી નં.૮ યુનુસ સન ઓફ મહંમદ મન્સુરી હાજર હતા. બંને પંચોએ તેનુ નામ પુછેલુ, ત્યાં એફ.એસ.એલ. ના અધિકારી સાહેદ નં.૮૩૦ અમૃત વસરામ હીંગરાજીયા પણ હાજર હતા, બીજા અધિકારીનું નામ સાહેદને યાદ નથી અને આરોપી નં.૮ એ અજીત મીલ રો–હાઉસ સી–૧૩૨ વાળુ પોતાનું મકાન બતાવવાની જાહેરાત કરેલી જેથી તપાસ કરનાર અધિકારી, પંચોને, આરોપીને, એફ.એસ.એલ. અધિકારીઓને અને પોલીસ સ્ટાફને લઈ આરોપીના ઘરે ગયેલા અને ત્યાંથી એક

સીંગલ પેપર ઉપર ઉર્દૂમાં લખેલુ લખાણ તથા મકાનની અંદર દિવાલ ઉપર ચીકાસ જેવા ધબ્બા હતા તે દિવાલ ઉપરથી ઉખાડીને પેકીંગ કરેલા તથા સેલોપેટના આઠ ટુકડા, પાંચ વાયરના ટુકડા, ત્રણ બોલ્ટ અને છત્રીસ નંગ છરા મળેલા હતા તે પોલીસે આંક–૫૪૮૮ વાળા પંચનામાની વિગતે કબજે કરેલા હતા. આ પંચનામુ કરનાર અધિકારી વી.આર.ટોળીયા ગુજરી ગયેલા હોવાથી બોમ્બ બ્લાસ્ટના કેસોની તપાસ કરનાર ટીમોના અન્ય અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ પોતાની જુબાનીના પેરા નં.૩૧.૨ મા આંક–૫૪૮૮ વાળા પંચનામા ઉપર શ્રી વી.આર.ટોળીયાની સહી તેમણે ઓળખી બતાવેલી છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે ગોપાલભાઈ રામચંદ્ર અડવાણીને સાહેદ નં.૫૯૧ તરીકે આંક–૩૧૯૦ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૨૯.૮.૨૦૦૮ ના રોજ સાંજના સાતેક વાગ્યાના સમયે તેમને તથા બીજા એક ઈસમ જતીનભાઈ ભુપેન્દ્રભાઈનાઓને ક્રાઈમ બ્રાન્ચ પોલીસે પંચમાં રહેવાનું પુછતા તેઓએ "હા" પાડેલી જેથી તેઓને ક્રાઈમ બ્રાન્ચ પોલીસ સ્ટેશને લઈ ગયેલા. ત્યાં એક ઈસમ ફકીરમહંમદ મહંમદભાઈ મન્સુરી કે જેઓ બાપુનગરના રહેવાસી હતા તેઓ હાજર હતા. સદર ફકીરમહંમદે તેઓની હાજરીમાં એક મોટર સાઇકલ બતાવેલ અને સદર મોટર સાઇકલના ચેસીસ નંબર, રજીસ્ટ્રેશન નંબર વિગેરે પંચનામામાં નોંધી કબજે કરેલ. ઉપરોકત મોટર સાઇકલ કબજે કર્યાના આંક–૩૧૯૧ વાળા પંચનામામાં સાહેદ પોતાની તથા બીજા પંચની અને રૂબરૂ તરીકે પોલીસ અધિકારીની સહીઓ ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પંચનામામાં લખેલા અંગ્રેજી શબ્દો અંગે કોઈ જાણકારી નથી તો તે કબૂલ કરે છે. ફકીર મહંમદને પંચનામા અગાઉ મળેલા નથી, તેઓ શું ધંધો કરે છે તેની ખબર નથી, તેમની સાથે કોઈ વાતચીત કરેલી નથી. પોલીસ સ્ટેશને ગયા ત્યારે મોટર સાઇકલ પડેલી હતી તે કબૂલ કરે છે. ચાની કીટલી ઉપર પંચનામામાં સહીઓ કરેલાની હકીકત નકારે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ ટીમના એક અધિકારી સાહેદ નં.૧૦૭૨ હરીસિંહ જેઠાભાઈ જન્કાતનાઓએ શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં.૨૩૬/૨૦૦૮ ના કામે આ સાહેદ તથા બીજા એક પંચ જતીનભાઈ મજમુદારનાઓને ક્રાઈમ બ્રાન્ચ પોલીસ સ્ટેશન ખાતે તા. ૨૯.૮.૨૦૦૮ ના રોજ બોલાવેલા અને ત્યાં આરોપી નં.૮ યુનુસ મહંમદભાઈ મન્સુરીનાઓએ ગુનાના કામે બોમ્બ બનાવવામાં વાપરેલ છરા, બોલ્ટ, સેલોટેપ, પોલીથીન મટીરીયલ લાવવા માટે મોટર સાઇકલ જેનો નં.જીજે-૧-એફજે-૬૬૫૯ નો ઉપયોગ કરેલ, તે મોટર સાઇકલ સીમીની મીટીંગોમાં પણ જવા માટે ઉપયોગમાં લીધેલ. તે મોટર સાઇકલ ફકીરમહંમદ મહંમદભાઈ મન્સુરીનાઓએ પંચો રૂબરૂ રજૂ કરતા તેનો એન્જીન નંબર અને ચેસીસ નંબર લખીને રૂા.૩૫૦૦૦/- ની કિંમત ગણી તપાસ અર્થે કબજે કરેલ છે. આ હકીકત સાહેદ નં.૧૦૭૨ હરીસિંહ જેઠાભાઈ જનકાતનાઓએ પણ પોતાની જુબાનીના પાના નં.૧૬, પેરા નં.૫ મા જણાવેલી છે અને આંક-૩૧૫૧ વાળા પંચનામામાં પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે. હવે સાહેદ નં.૧૦૭૨ ની ઊલટતપાસના પેરા નં.૧૧ ધ્યાને લઈએ તો જીજે-૧-એચજે-૬૬૫૯વાળી મોટર સાઇકલની માલીકી બાબતેનો કોઈ દસ્તાવેજ મેળવેલો નથી. મોટર સાઇકલ કબજે કર્યા પછી તેની રશીદ ફકીરમહંમદ મન્સુરીને આપેલી કે કેમ તે યાદ નથી. પંચનમાની કાર્યવાહી સિવાય બીજી કોઈ હકીકતો પંચનામાને લગતી બની હોય તો યાદ નથી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે ભાવિન શૈલેષકુમાર ઓઝાને સાહેદ નં. ૮૨૩ તરીકે આંક-૫૫૩૭ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૨૧/૯/૨૦૦૮ ના રોજ બપોરના દોઢ થી પોણા બે વાગ્યાની આસપાસ તેઓ અને તેમના મિત્ર ઉપેન્દ્ર જયસ્વાલ રાયપુરથી જમાલપુર તેમના મામાના ત્યાં કામ હતું તો ત્યાં જવા નીકળેલાં તે વખતે રસ્તામાં ગાયકવાડ હવેલી પાસે બે પોલીસવાળાએ તેઓને ઉભા રાખેલા અને કહેલ કે અંદર ઉપર સાહેબ બોલાવે છે તો આ સાહેદ અને તેના મિત્ર અંદર ગાયકવાડ

હવેલીમાં ગયેલાં અને જમણીબાજુ પાર્કીંગમાં સ્કૂટર પાર્ક કરી ક્રાઈમબ્રાન્ચની પહેલાં માળની ઑફિસમાં ગયેલાં. તે બે પોલીસવાળાએ જે મોટા રાડા મેડમ હતાં તેમની સાથે પરિચય કરાવેલો અને પછી રાડા મેડમે જણાવેલ કે આવી રીતે એક પાર્ટીના ત્યાંથી વાસણો લીધેલ છે તેનું પંચનામું કરવાનું છે. તો પંચમાં રહેશો આથી તેઓએ "હા" પાડેલી અને ત્યાં પોલીસ અધિકારી, બીજા ચાર પોલીસમેન અને બે પંચો અને ફારૂકભાઈ મેમણ હતાં. ઉષા મેડમે ફારૂક મેમણનું ઓળખપત્ર જોયેલું. પછી તેમણે બે પોલીસકર્મીઓને બાજુના રૂમમાંથી કશું લાવવાનું કહેલું. બે–પાંચ મિનિટમાં તે પોલીસવાળા અમુક–અમુક વાસણો લાવેલાં અને ફારૂકભાઈ મેમણને પુછેલું કે આ વાસણો તમારી દુકાનના છે. ત્યારે ફારૂકભાઈએ કહેલ કે, "આ બધા વાસણો મારી દુકાનેથી યુનુસભાઈએ ખરીદેલ છે." ફારૂકભાઈએ આ બધા વાસણો થાળી, વાડકા, ગળણી, ચીપીયો, તપેલીઓ ઓળખી બતાવેલ હતા. આ બાબતે પંચનામું કરવામાં આવેલું. સદર બાબતનું પંચનામુ આંક–૫૫૩૮ થી રજૂ છે. આ પંચનામામાં સાહેદ તેમની તથા બીજા પંચની તેમજ સાહેબની સહીઓ ઓળખી બતાવે છે.

સાહેદ વધુમાં જણાવે છે કે આંક–૫૫૩૮ વાળુ પંચનામું પુરૂ થયું ત્યારે મેડમે કહેલ કે બીજુ પણ એક પંચનામું કરવાનું છે તો આવશો જેથી તેઓએ "હા" પાડેલી અને ત્યાં સાઇકલનું કેરિયર લાવીને મુકેલ. જે ગુનેગાર જાહીદ શેખે જે મકાન રાખેલું તેમાં જે મુદ્દામાલ જપ્ત કરેલો તેમાંથી એક સાઈડમાં હેન્ડલવાળું સાઇકલનું કેરીયર લેબોરેટરીમાં તપાસમાં મોકલવાનું છે. તો તેના પંચમાં રહેશો તો "હા" પાડેલી. તેમણે એ સાઇકલનું કેરીયર તેઓની સામે કોથળામાં નાખેલું. કેરીયર કોથળામાં નાંખતા જોયેલું અને તે કોથળાને દોરીથી સીવેલો અને તેઓની સહીવાળી સ્લીપો એટેચ કરી તેના ઉપર દોરી વીંટાળી તેના ઉપર લાલ કલરનું મીણબત્તીથી લાખનું સીલ કરેલ. સદર આંક–૫૫૩૯ વાળા પંચનામામાં તેમજ આંક–૫૫૪૦ વાળી પંચ સ્લીપમાં સાહેદ તેમની તથા બીજા પંચની તેમજ સાહેબની સહીઓ ઓળખી બતાવે છે. ઉપરોકત પંચનામા દરમ્યાન કબજે

કરવામાં આવેલ તમામ મુદ્દામાલને એક પછી એક અદાલત રૂબરૂ ઓળખી બતાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો સૌપ્રથમ પોલીસ સ્ટેશનમાં વાસણો જોયા ત્યારે તે સીલબંધ હાલતમાં ન હતા અને તે વાસણો કોઈ પોટલામાં કે થેલામાં ન હતા. પોલીસ સ્ટેશનમાં જે સાઈકલનું સ્ટેન્ડ જોયેલુ તે પણ સીલબંધ હાલતમાં જોયેલુ નહીં તે કબૂલ કરે છે. આ સ્ટેન્ડ કોઈ પોટલામાં કે થેલામાં મુકેલુ ન હતુ તે પણ કબૂલ કરે છે. જોયેલા વાસણ નવા અને બીનવપરાયેલા છે તે હકીકત કબૂલ કરે છે. મુદ્દામાલ વાસણ ઉપર કોઈ પણ પ્રકારનું લખાણ નથી તે કબૂલ કરે છે. મુદ્દામાલ વાસણ ઉપર કોઈ સહી કે નિશાની કરેલ નથી તે કબૂલ કરે છે. મુદ્દામાલ વાસણ અને સાઈકલનું સ્ટેન્ડ પોલીસ કયાંથી લાવેલી તેની પણ ખબર નથી. તૈયાર પંચનામામાં સહીઓ કરેલાની હકીકત નકારે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો ખાડીયા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૭૧/૨૦૦૮ નાં કામે તપાસ કરનાર અધિંકારી ઉષા રાડાનાઓએ આ પંચ તથા બીજા એક પંચ ઉપેન્દ્ર જયસ્વાલને પંચમાં રહેવા તા.૨૧.૮.૨૦૦૮ ના રોજ ખાડીયા પોલીસ સ્ટેશનમાં બોલાવેલા અને ત્યાં આરોપી નં.૧ જાહીદ કુત્બુદ્દીન શેખનાઓ હાજર હતા આ જાહીદ કુતબુદ્દીન શેખ તથા આરોપી નં.૩૭ કયામુદ્દીન સરકુદ્દીન કાપડીયાનાઓએ અલમહમદી સોસાયટી મકાન નં.૧૦ ભાડે રાખેલુ હતુ અને તે મકાનમાંથી કબજે લીધેલા વાસણો ઓળખવાના હતા. ત્યાં વાસણ ઓળખવા માટે મહમદફારૂક અજીજભાઈ મેમણ હાજર હતા અને તેમને વાસણો જેવા કે સ્ટીલનો ડોયો, સ્ટીલની થાળી નંગ–૨, સ્ટીલની ખાડાવાળી પ્લેટો નંગ–૨, સ્ટીલના ઢાંકણા નંગ–૨, સ્ટીલનું કાણાવાળુ ઢાંકણ નંગ–૧, સ્ટીલના ગ્લાસ નંગ–૩, સ્ટીલનુ ભાતીયુ નંગ–૧, સ્ટીલનો ચમચો નંગ–૧, સ્ટીલનું ઢાંકણ નાનુ નંગ–૧, સ્ટીલનો ચીપીયો નંગ–૧, ચા ગાળવાના ગરણી નંગ–૧, સ્ટીલની ચમચી નંગ–૨ અને એલ્યુમિનીયમની તપેલી જુદી–જુદી સાઈઝની નંગ–૩ આ રીતેનો

સામાન આ સાહેદે ઓળખી બતાવેલો અને તેમના કહેવા પ્રમાણે યુનુસ મહમદ મન્સુરી આરોપી નં.૮નાઓ લઈ ગયેલા હતા તેમ જણાવેલુ છે. આ પંચનામુ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડાની આંક–૮૩૪૦ ની જુબાનીના પેરા નં.૨.૨૬ પાના નં.૧૩,૧૪ ધ્યાને લઈએ તો અલમહમદી સોસાયટીના મકાન નં.૧૦ માંથી મળી આવેલાં વાસણોની સાહેદ મહમદફારૂક અજીજભાઇ મેમણ કે જેઓ પાસેથી વાસણો ખરીદયાની હકીકત તપાસ દ્વારા બહાર આવેલી હતી તે સાહેદ મારફત ઓળખ કરાવવા સારૂ સાહેદ નં.૯૩૮ મહંમદ ફારૂક અજીજભાઈ મેમણને ક્રાઇમ બ્રાન્ચ કચેરીએ હાજર રાખેલ અને તે અંગેનું પંચનામું કરવા સારૂ બે પંચોને ક્રાઇમ બ્રાન્ચની કચેરીએ બોલાવેલા અને તેઓને વાસણોની ઓળખ કરવા બાબતેની સમજ કરેલી અને તેઓએ પંચમાં રહેવા સ્વખુશી બતાવતાં આ વાસણોની ઓળખ બે પંચો રૂબરૂ સાહેદ મહમદફારૂક અજીજભાઇ મેમણનાઓએ પંચનામાની વિગતે કરેલી હતી અને આ પંચનામું પંચોના લખાવ્યા મુજબનું લખી લેવામાં આવેલું અને તે પંચનામામાં પંચોની સહીઓ મેળવવામાં આવેલી અને રૂબરૂમાં આ સાહેદે સહીઓ કરેલી અને આંક–૫૫૩૮ વાળા પંચનામામાં બે પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે. વધુમાં સરતપાસ ધ્યાને લઈએ તો અલમહમદી સોસાયટી મકાન નં.૧૦ માંથી મળી આવેલ સાઇકલનું એક લોખંડનું કેરીયર કે જે કબ્જે લેવામાં આવેલું તે એફ.એસ.એલ.માં તપાસણી સારૂ મોકલવાનું હોવાથી સીલ કરવાની જરૂરીયાત હોવાથી તે અંગે આ દિવસે અગાઉ બોલાવેલા બે પંચોને હાજર રાખેલા હતાં અને તેઓને આ પંચનામા બાબતેની પણ સમજ કરેલી અને તેઓની રૂબરૂમાં આ સાઇકલનું કેરીયર કંતાનમાં સીવી, બાંધી પંચો રૂબરૂ પંચોની સહીઓ વાળી સ્લીપ મુકી સીલ કરી કબ્જે લેવામાં આવેલું અને આ અંગેનું પંચનામું પંચોના જોયા લખાવ્યા મુજબનું લખી લેવામાં આવેલું. આંક–૫૫૩૯વાળા પંચનામામાં બે પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે. તેમજ આંક–૫૫૪૦ વાળી પંચ સ્લીપમાં પણ સહીઓ ઓળખી બતાવે છે. સાહેદ ઉષા રાડાની ઊલટતપાસના પેરા નં.૧૬ ધ્યાને લઈએ તો

આંક–૬૬૫૬ વાળુ પંચનામુ દાણીલીમડાની અલમહમદી સોસાયટીના મકાન નં.૧૦ અંગે બનાવ્યુ તે બનાવતા પહેલા એફ.એસ.એલ. અધિકારીઓ, ચાન્સ પ્રીન્ટ ફોટોગ્રાફરને હાજર રાખેલાનુ જણાવે છે. આ અધિકારીઓને યાદી લખી બોલાવ્યા હોય તેવુ બનેલુ નથી તો તે કબૂલ કરે છે. આંક–૬૬૫૬ વાળુ પંચનામુ બનાવ્યુ તે પહેલા અન્ય તપાસનીશ અધિકારીઓએ સ્થળની મુલાકાત લઈ પંચનામુ બનાવેલુ તો તે હકીકત નકારે છે. આરોપી જાહીદ કુત્બુદ્દીન શેખની અટક સૌપ્રથમ કયા તપાસનીશ અધિકારીએ કઈ તારીખે કરી તે કહી શકે તેમ નથી. આ આરોપીની સૌપ્રથમ અટક આ સાહેદે કરેલી નથી તો તે હકીકત કબૂલ કરે છે. જાહીદ કુત્બુદ્દીન શેખનો કબજો ટ્રાન્સફર વોરન્ટના આધારે મેળવેલાનુ કબૂલ કરે છે. અલમહમદી સોસાયટીના મકાન નં.૧૦ ઉપર ગયા ત્યારે મકાનમાં પ્રવેશ કરવાનું કોઈ સર્ચ વોરન્ટ ન હતુ તે કબૂલ કરે છે. મકાન નં.૧૦ ઉપર ગયા ત્યારે તેના માલીક કોણ છે તેની તે વખતે માહિતી મળેલી નહીં. મકાનના માલીક અંગેની માહિતી આરોપી પાસેથી પણ મળેલી નહીં. પંચનામુ શરૂ કર્યું અને પુરૂ કર્યું ત્યાં સુધી મકાનના માલીકની માહિતી મળેલી નહીં. મકાનમાં ઘરવખરીનો સામાન હતો તે કબૂલ કરે છે. ઘરમાં જે સામાન હતો તેના ઉપરથી એવુ લાગેલુ કે ઘરમાં વ્યકિતઓ રહેતી નથી. પરંતુ સાહેદે જણાવેલુ છે કે ઘર ચાલુ હતુ કે કેમ તે કહી શકે તેમ નથી. મકાનના દરવાજા ઉપર લોક જે તોડેલુ તેને કપડામાં લપેટી સીલ કરી કબજે લીધાનું યાદ નથી. આંક–૬૬૫૬ વાળા પંચનામામાં તાળાને કપડામાં લપેટી સીલ કર્યાનો ઉલ્લેખ નથી. કબજે કરેલા દરેક વાસણો ઉપર પંચોની સહીઓવાળી સ્લીપ લગાવેલી નથી તે કબૂલ કરે છે.

સાહેદ ઉષા રાડાની ઊલટતપાસ પેરા નં.૩૫ ધ્યાને લેતા મકાન નં.૧૦ ઉપર વીજળીના મીટર ઉપર ગ્રાહક નં.૨૪૩૭૧૨૭ જે પંચનામામાં દર્શાવેલો છે તથા તેના માલીકે જે લાઈટબીલ રજૂ કરેલુ તેમાં ગ્રાહક નં.૨૦૩૩૪૦૬ બતાવેલુ તે બાબતે તપાસ કરેલાનું કહી શકે તેમ નથી. મકાનના માલીકનું નિવેદન લીધેલાનું કબૂલ કરે છે. જુલાઈ–૨૦૦૮નું બીલ એટલા માટે કબજે કરેલુ નથી કે મકાન જુલાઈ–૨૦૦૮માં બીનવપરાશી પડી રહેલુ હતુ.

મકાનમાંથી મળેલા વાસણો કઈ તારીખે ખરીદ કરવામાં આવેલા તે કહી શકે નહીં તે કબૂલ કરે છે. મકાનમાં સાઇકલ સ્ટેન્ડ કયાંથી આવેલુ તે પણ કહી શકે નહીં. મારા મત પ્રમાણે વાસણો તથા સાઇકલનું સ્ટેન્ડ કયાંથી લાવેલા અને કોણ લાવેલા તે આ સાહેદ ચોકકસપણે સહી શકે નહીં કારણ કે આ સાહેદ લાવેલા નથી. વધુમાં ઊલટતપાસના પેરા નં.૫૯ ધ્યાને લઈએ તો મકાનનું તાળુ ગાડીના ડ્રાઈવર પાસેથી ટોમી મંગાવીને ડ્રાઈવરે તોડેલુ. ઘરનો વપરાશ ચાલુ છે કે બંધ તે અંગેના પુરાવા ભેગા કરેલાનો પ્રયત્ન કરેલાનું કહી શકે તેમ નથી. મકાનમાં જે કોઈ રહેતા હતા તે છેલ્લે કયાં સુધી અને કયા સમય સુધી રહેલા તે અંગેનો પુરાવો મેળવેલો અને ચાર્જશીટ સાથે રજૂ કરેલો છે. આંક–૫૫૩૯ વાળા પંચનામામાં વાસણો પંચો રૂબરૂ સીલ તોડીને બતાવેલાનો ઉલ્લેખ નથી તે કબૂલ કરે છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે તાલીબ અબ્દુલ ગફાર મણીયારને સાહેદ નં.૧૦૪૧ તરીકે આંક–૭૦૫૬ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ સને–૨૦૦૮ના વર્ષમાં આ સાહેદ ચાની ફેરીનો ધંધો કરતા હતા. તેઓ શીવાજીનગર ખાતે આવેલી પ્રાથમિક શાળામાં ભણતા હતા ત્યારે અજીમહુસેન અને મસીયુદ્દીન સાથે ઓળખાણ થયેલી. વધુમાં આ સાહેદની સરતપાસ મુજબ અજીમ તથા મસીયુદ્દીન સાથે ઓળખાણ થયા બાદ મિત્રો સાથે સીમીમાં જોડાયેલા હોય તેવુ બનેલુ નથી. અમદાવાદની મીટીંગોમાં સીમીના યુનુસ મન્સુરી, સમસુદ્દીન શેખ તથા અન્ય વીસેક માણસો જેમાં જનરલ સેક્રેટરી સફદર નાગોરી હાજર હોય તેવુ બનેલુ નથી. આ સાહેદે ફરિયાદપક્ષને સમર્થન કરેલુ ન હોવાથી સરકારી વકીલશ્રીની વિનંતીથી સાહેદને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા અને ત્યારબાદ સરકારી વકીલશ્રી દ્વારા ઊલટતપાસ થયેલી છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પોલીસ નિવેદનમાં લખાવેલી હકીકતનો તેમણે ઈન્કાર કરેલો છે. ખોટી જુબાની આપતા હોવાની હકીકત પણ નકારેલી છે.

આ આરોપી નં.૮ યુનુસ મોહંમદભાઈ મન્સુરીએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો

ઇન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે તે પ્રશ્નના જવાબમાં તેને ફરિયાદપક્ષના પુરાવા સબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના બચાવ માટે જે હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦ મા જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

આ ઉપરાંત આરોપી નં.૮ યુનુસ મોહંમદભાઈ મન્સુરીનાઓએ આંક–૯૨૦૪ થી શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં.૨૩૬/૨૦૦૮ ના કામે તેઓને અટક કર્યા અંગે એરેસ્ટ મેમાની પ્રમાણીત નકલ પોતાના બચાવ માટે રજૂ કરેલ છે. તે ધ્યાને લઈએ તો આરોપીને તા.૧૬.૮.૨૦૦૮ ના રોજ શાહીબાગ પોલીસ સ્ટેશનના ગુનામાં અટક કરેલો છે.

આ આરોપીએ પોતાના ચુંટણી કાર્ડની ટ્રુ કોપી આંક–૯૨૨૧ થી રજૂ કરેલી છે. આ સિવાય બીજા કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવા આરોપીએ રજૂ કરેલા નથી.

આરોપી નં.૮ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૯૫૭, ૯૩૮, ૯૭૨, ૯૮૧, ૧૦૬૭, ૧૦૯૭, ૫૭૧, ૮૧૭, ૫૯૧, ૮૨૩, ૮૩૦, ૧૦૪૧, ૭૮૬, ૭૯૦, ૭૯૨, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૧૦૭૨, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૫૬, ૧૧૬૩ છે. આ ઉપરાંત આ આરોપી નં.૨, ૨૪ તથા આરોપી નં.૩૫ ના કબૂલાત નિવેદનો પણ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતાં આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવો તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, સાહેદ નં.૮૨૩ ભાવિન ઓઝાની હાજરીમાં તપાસ કરનાર અધિકારીએ તા.૨૧.૯.૨૦૦૮ નાં રોજ આંક–૫૫૩૮ વાળુ પંચનામુ બનાવી વાસણો કબજે કરેલા છે. આ વાસણો રજૂ કરનાર ફારૂકભાઈએ જણાવેલુ કે આ બધા વાસણો

યુનુસભાઈએ મારે ત્યાંથી ખરીદેલા હતા તો તે પુરાવામાં ગ્રાહ્ય નથી પરંતુ મારા મત પ્રમાણે સાહેદે આવી હકીકત જણાવી હોય તો તે પુરાવામાં ગ્રાહ્ય છે. જો આરોપી જણાવે તો તે પુરાવામાં ગ્રાહ્ય નથી. સાહેદે જણાવેલુ હોવાથી તે પુરાવામાં ગ્રાહ્ય છે. આ ઉપરાંત આરોપી આ જગ્યા ઉપર દોરી ગયેલો તેથી તેનું વર્તન પુરાવાના કાયદાની કલમ–૮ હેઠળ ગ્રાહ્ય છે અને તે વર્તન આરોપી વિરૂધ્ધ એક સંજોગ ઉભો કરે છે તેમ કહેવાય. સાહેદ નં.૯૩૮ મહમદ ફારૂક મેમણની જુબાનીની ચર્ચા કરતા દલીલ કરે છે કે આ સાહેદે વાસણ લેનારને ઓળખેલો છે તેનુ નામ પુછતા યુનુસ મન્સુરી જણાવેલુ. આ સાહેદે મેજિસ્ટ્રેટ કોર્ટમાં બોલાવ્યા ત્યારે કઈ તારીખે બોલાવેલા તે જણાવતા નથી તથા વાસણોના બીલ રજુ કરેલા નથી. મેજિસ્ટ્રેટ કોર્ટમાં બોલાવ્યા ત્યારે તારીખ ન જણાવવાથી કે વાસણોના બીલ રજૂ ન કરવાથી આ સાહેદે આરોપીને ખોટો ઓળખેલો છે તેમ કહેવાય નહીં. વધુમાં વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે આ સાહેદને પોલીસે કાંઈ પુછેલુ નથી અને પોલીસે જાતે નિવેદન લખેલુ છે. પરંતુ આ દલીલ તેમની દલીલ કરવા માત્રથી દલીલ કરેલી છે તેમ હું માનુ છું. સાહેદ નં.૮૧૭ ચિરાગભાઈની જુબાનીની ચર્ચા કરતા દલીલ કરે છે કે આ સાહેદની હાજરીમાં આરોપીએ પોતાનુ ઘર બતાવેલુ તેવી હકીકત છે. ઘરમાંથી બે સ્ત્રી બહાર આવેલી તે સ્ત્રીઓને તપાસવામાં આવેલી નથી. પરંતુ મારા મત પ્રમાણે આરોપીએ પોતાનુ ઘર બતાવેલુ અને ઘરમાંથી બે સ્ત્રી બહાર આવેલી હોય તો તે સ્ત્રીઓ આરોપીના ઘરના જ સભ્યો હોય તેવુ કહી શકાય અને તેમને જો ફરિયાદપક્ષ તપાસે તો આરોપી વિરૂધ્ધ કંઈ પણ હકીકત જણાવશે નહીં. આરોપીના ઘરમાંથી વાયરના ટુકડા, સેલોટેપના ટુકડા અને છરા મળેલા છે જેનુ પંચનામુ આંક–પ૪૮૮ વાળુ બનાવેલુ. આ જે વસ્તુઓ મળી આવી તેવી જ વસ્તુઓ બોમ્બ બ્લાસ્ટવાળા સ્થળો ઉપરથી મળી આવેલી હતી, સાહેદે આરોપીને ઓળખી બતાવેલા નથી અને નહીં ઓળખવાનું કારણ પણ તેણે વાજબી આપેલુ છે.

સાહેદ નં.૯૫૭ જાકીરહુસેન કુરેશીની જુબાનીની ચર્ચા કરતા વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરે છે કે, આ આરોપી મીટીંગોમા હાજર હતો પરંતુ કોઈ ભાષણો કરેલા નથી. મારા મત પ્રમાણે ભાષણો નહીં કરવાથી આ આરોપી સીમીની મીટીંગોમાં હાજર ન હતો તેવુ અનુમાન થઈ શકે નહીં. મીટીંગમાં હાજર રહેનાર દરેક વ્યકિતએ ભાષણ આપવુ જ પડે તેવું પણ હોતુ નથી. વધુમાં સાહેદ નં.૯૨૬ મુખત્યાર પ્રાયમસવાલા બાબતે દલીલ કરવામાં આવેલ છે આ સાહેદની દુકાન ઉપરથી પાંચ કિલોના ગેસના બે બોટલ એક છોકરો ખરીદી લઈ ગયેલો પરંતુ જુબાની દરમ્યાન તેને ઓળખી બતાવેલો નથી. આરોપીના સગાએ ગુનામાં વપરાયેલ મોટર સાઇકલ પોલીસ સમક્ષ રજૂ કરેલી અને તે પંચનામાની વિગતે કબજે લીધેલી. પરંતુ આ મોટર સાઇકલ આરોપીએ ઉપયોગમાં લીધેલી કે કેમ ? તે અંગે કોઈ પુરાવો નથી. સમગ્ર પુરાવો ધ્યાને લઈએ તો હાલોલ–પાવાગઢના કેમ્પમાં જવા માટે આ મોટર સાઇકલનો ઉપયોગ આરોપીએ કરેલો હતો તેવી હકીકત જણાય આવે છે. સાહેદ નં.૧૦૬૭ અંબાલાલ, સાહેદ નં.૯૭૨ રામકાભાઈ, સાહેદ નં.૯૮૧ પ્રવિણભાઈની જુબાનીઓ તરફ ધ્યાન દોરી દલીલ કરે છે કે આ સાહેદોએ જુબાની દરમ્યાન આ આરોપીને ઓળખી બતાવેલો નથી. પરંતુ સાહેદ અંબાલાલ, સાહેદ પ્રવિણભાઈ તથા સાહેદ રામકાભાઈની જુબાનીઓ ધ્યાને લઈએ તો આ ત્રણેય સાહેદોએ આ આરોપીને સાહેદ નં.૫૭૧ રમણભાઈની હાજરીમાં ઓળખ પરેડના પંચનામા દરમ્યાન ઓળખી બતાવેલો છે. આ જ હકીકત સાહેદ નં.૫૭૧ રમણભાઈ પણ પોતાની જુબાની આ સાહેદોએ આરોપીને ઓળખી બતાવેલાની હકીકત જણાવેલી છે. વધુમાં વકીલશ્રી આર.કે. શાહ દલીલ કરતા જણાવે છે કે, આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ના વિશેષ નિવેદનમાં પોતાની સાચી હકીકતો જણાવેલી છે અને ફરિયાદપક્ષ તરફથી રજૂ થયેલા પુરાવા ઉપરથી આરોપી સામે ગુનો પુરવાર થતો નથી. પરંતુ ઉપર વિગતે જે પુરાવા રજૂ થયા છે તે ધ્યાને લેતા આ આરોપી આ કહેવાતા ગુનામાં સંડોવાયેલો છે તેમ હું માનુ છું.

આરોપી નં.૯ કમરૂદ્દીન ઉર્ફે રાજા ઉર્ફે અબ્દુલ્લા ચાંદમોહંમદ નાગોરીનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૯ કમરૂદ્દીન ઉર્ફે રાજા ઉર્ફે અબ્દુલ્લા ચાંદમોહંમદ નાગોરીનાઓ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ નાં રોજ જુદી-જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી-જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા-જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમને કઈ-કઈ ભૂમિકા ભજવેલી છે તે સાબિત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે તે પૈકી અગત્યના સાહેદ તરીકે સાહેદ નં.૯૭૨ તરીકે રામકાભાઈ દેવકરણ કેસરીયા, સાહેદ નં.૯૮૧ પ્રવિણભાઈ હમીરભાઈ કટારીયા તથા સાહેદ નં.૧૦૬૭ અંબાલાલ વેચાતભાઈ બારીયાનાઓને તપાસવામાં આવેલા છે અને તેઓ તમામની જુબાની ધ્યાને લેતા આ આરોપીની સામે મુકવામાં આવેલ આક્ષેપો મુજબના કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા એકબીજાની મદદગારી કરીને અમદાવાદ શહેરમાં જુદી-જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરેલા છે તેમજ સુરતની જુદી-જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલ હોવાનું ફલીત થાય છે.

આ ઉપરાંત સહઆરોપી નં.૨ ઈમરાન ઈબ્રાહીમ શેખ તથા સહઆરોપી નં.૩૫ રફીયુદ્દીન સરફુદ્દીન કાપડીયાનાઓએ સી.આર.પી.સી. કલમ-૧૬૪ મુજબના કબૂલાત નિવેદનો મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ અમદાવાદ

સમક્ષ લખાવેલા તે ધ્યાને લેતા પણ આ આરોપી તેઓની ઉપર મુકવામાં આવેલ આક્ષેપ મુજબના કાવતરામાં સામેલ હોવાનું ફલીત થાય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે હિમેશકુમાર પ્રવિણચંદ્ર મહેતાને સાહેદ નં. ૯૦૦ તરીકે આંક–૬૪૪૨ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૧૭/૧૧/૨૦૦૮ ના રોજ ૧૨.૦૦ થી ૧૨.૩૦ ના સમયે પાવાગઢ/હાલોલ રોડ ઉપર આવેલી વિવેક હોટલ પાસેથી જતા હતા ત્યારે પોલીસે ઉભા રાખેલા. તેમની સાથે બીજા એક ગુલાબસિંહભાઈ તે પણ હતા. આ સાહેદને પોલીસના માણસે કહેલું કે, સાહેબ મળવા માગે છે ત્યાં હોટલની બહાર સાહેબને મળેલા. સાહેબે ઓળખાણ આપેલી કે તેઓ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાંથી આવે છે અને તેમનુ નામ વાઘેલા સાહેબ છે અને સાહેબે જણાવેલું કે, આરોપીને લઈને આવેલા છીએ અને આ આરોપી શાહીબાગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલ બોમ્બ બ્લાસ્ટમાં આરોપી છે અને તે કંઈક કહેવા માંગે છે અને આ જે કહે છે તે પંચમાં રહેવાનું છે. જેથી તેઓએ સાહેબને "હા" પાડેલી. ત્યારબાદ આરોપીનું નામ પૂછેલું તો તેણે તેમનું નામ "રફીયુદ્દીન સરકુદ્દીન કાપડીયા" જણાવેલું. તેઓએ સરનામામાં સ્વામિનારાયણ મંદિરની પાછળ, વડોદરા મુકામેના હોવાનું જણાવેલું. બીજું તેમણે કહેલું કે, "૨૦૦૮ માં ૧૩ થી ૧૫ માં અમે અહીંયા પાવાગઢના જંગલમાં આતંકવાદી પ્રવૃત્તિની ટ્રેનીંગ અને ઉશ્કેરણીજનક ભાષણો કરેલા અને તે જગ્યાઓ હું તમોને બતાવું". આવું તેણે કહેલું, આ બધું તેઓએ સાંભળ્યું અને તે પોલીસને લખાવેલું. ત્યારબાદ ત્યાં ગાડીની અંદર પોલીસના સાહેબ, પોલીસનો સ્ટાફ, આ સાહેદ સાથેના ગુલાબસિંહ, આરોપી બધા બેઠેલા. આ વખતે સાહેબે ડ્રાઈવરને કહેલું કે, આ આરોપી રસ્તો બતાવે તે પ્રમાણે ગાડી લઈ લ્યો અને જયાં ઉભી રખાવે ત્યાં ઉભી રાખજો. ત્યાંથી ગાડી આગળ એકાદ કિ.મી. ગયેલી અને પછી આરોપીએ ગાડી ઉભી રખાવેલી. જયાં ગાડી ઉભી રખાવેલી ત્યાં દરગાહ જેવું કાંઈક હતું. ત્યાં પછી આરોપી તેઓને દરગાહમાં અંદર લઈ ગયા અને ત્યાં જગ્યા બતાવી. તે દરગાહનું નામ "ખુંદપીરની દરગાહ" હતું. ત્યાં એક ઓરડી હતી અને ધર્મશાળા જેવું હતું.

તેણે જણાવેલું કે, "અમે આ ઓરડીમાં રહેતા હતા." તેણે જે જણાવેલું તે પોલીસને લખાવેલું. ત્યારપછી પાછા બધા ગાડીમાં બેઠેલા. ગાડીમાં બેઠા પછી તેણે ગાડી આગળ ચલાવવાનું કહેલું અને એકાદ દોઢ કિ.મી. આગળ ગયેલા અને ત્યાં ડાબી સાઈડ તરફ કાચો રસ્તો આવેલો ત્યાં ગાડી વાળવાનું કહેલું. ત્યાં આગળ ૫૦૦ મીટર દુર "એક મિનારની મસ્જિદ" તેવું બોર્ડ હતું અને ત્યાં અંદર ગાડી લીધેલી અને ત્યાં પણ આ બોર્ડ મારેલું હતું અને ત્યાં બધા ગાડીમાંથી નીચે ઉતરેલા. ત્યાં એક નાનો ગેટ હતો તે ખોલીને આરોપી અંદર લઈ ગયેલો. ત્યાં ૫૦૦ મીટર જેટલી મોટી જગ્યા હતી, મોટો ઓટલો હતો અને ચારેય તરફ મોટી ગ્રીલ હતી. તેણે એવું કહેલું કે, "અમે અહીંયા નમાજ પઢતા હતા." ત્યાં એક કુવો હતો. ત્યારપછી આરોપીએ કહેલું કે, "અમે આતંકવાદની તાલીમ લીધેલી તે જગ્યા હવે હું તમને બતાવું." ત્યારબાદ બધા પાછા ગાડીમાં બેઠેલા અને પાવાગઢ રોડ પર દોઢેક કિ.મી. ગયેલા અને ત્યાં ૧૫૦ મીટર દુર કાચા રસ્તે ગાડી ઉભી રખાવેલી. ગાડી આરોપીએ ઉભી રખાવેલી. ત્યાં આગળ હેલીકૈલ વાવ આવેલી હતી. ત્યાં હેલીકૈલ વાવના કમ્પાઉન્ડમાં આરોપી લઈ ગયેલો. ત્યાં તારની ફેન્સીંગ હતી અને તાર ઉંચા કરીને ૧૫૦ મીટર અંદર જંગલમાં લઈ ગયેલો. ત્યાં ૪૦ થી ૫૦ મીટર જેટલી મોટી જગ્યા હતી. ત્યાં સૂકુ ઝાડ હતું અને ત્યાંથી ૧૫૦ મીટર આગળ એક ખીણ હતી જેમાં પાણી ભરેલું હતું. આરોપીએ ત્યાં કહેલું કે, "અહિંયા અમે તંબુ બાંધીને ટ્રેનીંગ લેતા હતા." આરોપીએ કહેલું તે બધું પોલીસને લખાવેલું.

ઉપર મુજબની વિગતવાળુ પંચનામુ બનાવેલુ તે આંક–૬૪૪૩ થી રજૂ રાખેલ છે જેમાં સાહેદ પોતાની તથા બીજા પંચ ગુલાબસિંહની સહીઓ ઓળખી બતાવે છે અને સદર પંચનામામાં લખેલી હકીકત ખરી હોવાનું જણાવે છે. સરતપાસમાં જણાવ્યા મુજબના આરોપીને ઓળખી બતાવવાનું જણાવ્યુ અને વીડિયો કોન્ફરન્સના માધ્યમથી આરોપીઓને વારાફરતી સાહેદને બતાવતા સાહેદ સરતપાસમાં જણાવેલ આરોપીને ઓળખી બતાવતા નથી અને જણાવેલ છે કે ઘણો સમય થઈ ગયેલ હોવાથી સાહેદ આરોપીને ઓળખી શકતા નથી.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પાવાગઢ ગ્રામ પંચાયતની ઑફિસ સામે જન્મથી રહે છે તે કબૂલ કરે છે. ગુલાબસિંહ પણ પાવાગઢમાં રહે છે અને તેઓને વર્ષોથી ઓળખે છે. આ ગુલાબસિંહ પાવાગઢ–હાલોલ વચ્ચે પેસેન્જર જીપ ચલાવે છે. વિવેક હોટલ પાવાગઢ–હાલોલ વચ્ચે આવેલી છે અને તે પાવાગઢથી ચારેક કિ.મી. દુર છે. પાવાગઢથી હાલોલ ચોકડીએ આવીએ અને ત્યાંથી જમણી તરફ વળીએ ત્યારે પાવાગઢ જવાય તે કબૂલ કરે છે. હાલોલ થી પાવાગઢ વચ્ચેનું અંતર ૧૫ થી ૨૦ કી.મી. છે તો તે હકીકત નકારી છે. ખુંદપીરબાવાની દરગાહ હાલોલથી પાવાગઢ આવીએ ત્યારે પાંચેક કી.મી.ના અંતરે છે તે કબૂલ કરે છે. આ દરગાહ રોડની ડાબી તરફ હાઈવેને અડીને આવેલી છે તે કબૂલ કરે છે. મુખ્ય દરવાજો હાઈવે ઉપર પડે છે તે પણ કબૂલ કરે છે. દરગાહ ઉપર દરરોજ ઘણા માણસો દર્શન કરવા આવતા હોય છે તે પણ કબૂલે છે. ચાંપાનેરમાં આવેલી ઈમારતો અને મસ્જિદોનો વર્લ્ડ હેરીટેજમાં સમાવેશ થયેલો છે તે કબૂલ કરે છે. દરગાહથી પાવાગઢ તરફ એકાદ કી.મી. દુર એકમીનાર મસ્જિદ આવેલી છે તે કબૂલ કરે છે. મસ્જિદ રોડ ઉપર આવેલી છે અને તુટેલો અર્ધો મીનારો છે તે પણ કબૂલ કરે છે. મીનારની આજુબાજુ ખુલ્લુ મેદાન છે અને ખુલ્લો ઓટલો છે તે પણ કબૂલ કરે છે. એકમીનાર મસ્જિદમાં કોઈ માણસ રહેતા નથી તે કબૂલ કરે છે. એકમીનાર મસ્જિદથી દોઢ કી.મી. પાવાગઢ તરફ હેલીકૈલ વાવ આવેલી છે. આ વાવ ખંડેર અવસ્થામાં છે તે કબૂલ કરે છે. ચારેય બાજુ ખુલ્લુ મેદાન છે તે પણ કબૂલ કરે છે. વાવની કમ્પાઉન્ડ વોલ પુરી થયા પછી જંગલ છે તે પણ કબૂલે છે. સ્થળ ઉપરથી કોઈ પણ શંકાસ્પદ વસ્તુ જોઈ હોય અને કબજે લીધી હોય તેવુ પંચનામામાં નથી તે કબૂલ કરે છે. પોલીસે વિવેક હોટલ પાસે બોલાવ્યા ત્યારે બાઈક હોટલ ઉપર મુકીને ગાડીમાં બેસીને ગયેલાનું જણાવે છે. પંચનામા વખતેની વાતચીતો જે થયેલી તે યાદ નથી. સરતપાસમાં જણાવ્યા મુજબની પંચનામાની કાર્યવાહીમાં ભાગ લીધો નથી તો તે હકીકત નકારે છે.

વધુમાં સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો હેલીકૈલ વાવ અને એકમીનાર મસ્જિદ સિવાય બીજી પણ મસ્જિદો અને ઈમારતો જોવા લાયક છે તે કબૂલ કરે છે. દરગાહ ઉપર કોઈ વહીવટકર્તા રહે છે કે કેમ તેની ખાતરી કરેલી નહીં. દરગાહ પાસે જે રૂમ અને ધર્મશાળા આવેલી છે તેમાં રહેવા આવનારા માટે રેકર્ડ રાખવામાં આવે છે કે કેમ તેની તપાસ કરી નથી. દરગાહમાં દાખલ થઈએ ત્યારે દરગાહની પછી એક નાની મસ્જિદ આવેલી છે તે કબૂલ કરે છે. એકમીનાર મસ્જિદ અને હેલીકૈલ વાવ ઉપર પંચનામુ કર્યુ તે અગાઉ કયારેય જવાનું બન્યુ નથી. વાવમાં કોઈ પ્રાણી કે મનુષ્ય પડી ન જાય તે માટે નેટ બાંધેલી છે તે કબૂલ કરે છે. એકમીનાર મસ્જિદ પાસે આવેલા કુવા ઉપર કોઈ પડી ન જાય તે માટે નેટ બાંધેલી છે. મસ્જિદ તેમજ વાવની આજુબાજુ ખુલ્લી જગ્યામાં સરકાર તરફથી પ્લાન્ટેશન અને ઘાસની લોન લગાવેલી છે તો તે હકીકત નકારેલી છે. ખાણની અંદર જયાં પાણી ભરાયેલુ હતુ તેનુ માપ લેવામાં આવેલુ નહીં.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તા.૧૭.૧૧. ૨૦૦૮ નાં રોજ પોલીસે આ સાહેદને હાલોલ પાવાગઢ રોડ ઉપર આવેલ વિવેક હોટલ પાસે બોલાવેલા હતા. પોલીસ એક આરોપી નં.૩૫ રફીયુદ્દીન સરફુદ્દીન કાપડીયાને લઈને પાવાગઢના જંગલોમાં આતંકવાદી તાલીમ લીધેલી અને ઉશ્કેરણીજનક ભાષણો જે જે જગ્યા ઉપર કરેલા તે જગ્યાઓનું પંચનામુ કરવા માટે આ સાહેદને બોલાવેલા હતા. આ સાહેદને તથા બીજા પંચને સાથે રાખી આરોપીને લઈ સરતપાસમાં જણાવ્યા મુજબ આરોપીએ બતાવ્યા મુજબની જગ્યાઓ ઉપર જઈ પંચનામુ કરેલુ છે. આ સાહેદ પાવાગઢ ખાતે રહે છે, સામાન્ય વ્યકિત છે અને તેમને ફરિયાદપક્ષ કે આરોપીઓ સાથે કોઈ દુશ્મનાવટ કે મિત્રતા નથી, સ્વતંત્ર સાહેદ છે અને ઊલટતપાસ દરમ્યાન આરોપીઓને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત નીકળી આવતી નથી માટે આ સાહેદની જુબાની નહીં માનવાને કોઈ કારણ રહેતુ નથી.

આ પંચનામુ કરનાર અધિકારી સાહેદ નં.૧૦૮૯ પ્રવિણસિંગ ગટોરસિંહ વાઘેલાની જુબાની ધ્યાને લઈએ તો તેમને તા.૧૭.૧૧.૨૦૦૮ ના

રોજ આ સાહેદ તથા બીજા પંચ ગુલાબસિંહ સોલંકીને પંચમાં રહેવા માટે બોલાવેલા હતા અને આરોપી નં.૩૫ ને સાથે રાખી પાવાગઢ–હાલોલ વચ્ચે આવેલ ખુંદપીરબાવાના દરગાહ, હેલીકૈલ વાવ, એકમીનાર મસ્જિદ વિગેરે જગ્યાઓ ઉપર આરોપીના કહેવા અને બતાવ્યા પ્રમાણે ગયેલા અને જગ્યાઓના પંચનામા કરેલા તે હકીકત આ સાહેદે તેઓની જુબાનીમાં પેરા નં.૨, પાના નં.૪,૫ માં જણાવેલુ છે તથા આંક–૬૪૪૩ વાળા પંચનામામાં પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

આંક–૬૪૪૩ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી રજૂઆત અને દલીલ છે કે પંચનામામાં આરોપીની જે કબૂલાત્મક હકીકત જણાવવામાં આવેલી છે તે પુરાવામાં ગ્રાહ્ય નથી અને આરોપી વિરૂધ્ધ વંચાણે લઈ શકાય નહીં. આરોપીઓ તરફથી દલીલ અને રજૂઆત એવી છે કે પંચનામા મુજબ આરોપીએ "એકમીનાર મસ્જિદનું બોર્ડ આવેલ રોડ ઉપરથી કાચા રસ્તે આશરે ૫૦૦ મીટર જતા ત્યાં વાહન ઉભુ રખાવેલુ" આ હકીકત પુરાવામાં ગ્રાહ્ય નથી પરંતુ મારા મત પ્રમાણે વાહન ઉભુ રખાવ્યા પછી એકમીનાર મસ્જિદ અને તારની વાડ ત્યાં આવેલી છે તો તે હકીકત પુરાવામાં ગ્રાહ્ય છે. વધુમાં આરોપીઓ તરફથી એવી દલીલ અને રજૂઆત છે કે પંચનામુ ધ્યાને લેતા "હેલીકૈલ વાવનું બોર્ડ આવતા આરોપીએ વાહન ડાબી બાજુ વળાવતા આશરે ૧૫૦ મીટર અંદર જતા વાહન ઉભુ રખાવેલુ" આ હકીકત પુરાવામાં ગ્રાહ્ય નથી પરંતુ મારા મત પ્રમાણે તે જગ્યાએ હેલીકૈલ વાવ છે તો તે હકીકત પુરાવામાં ગ્રાહ્ય છે.

આમ સાહેદ નં.૯૦૦ હિમેશ મહેતા તથા સાહેદ નં.૧૦૮૯ પ્રવિણસિંહ વાઘેલાની જુબાનીઓ તથા આંક–૬૪૪૩વાળુ પંચનામુ ધ્યાને લેતા તા.૧૩.૧.૨૦૦૮ થી તા.૧૫.૧.૨૦૦૮ ના સમય દરમ્યાન આરોપી નં.૨, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૪, ૩૭ નાઓએ પાવાગઢના જંગલોમાં રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ગુજરાતના લોકોને બોલાવીને આતંકવાદી તાલીમ કેમ્પનુ આયોજન કરેલુ અને તેમાં ટ્રેકીંગ, સ્વીમીંગ, મોટર બાઈકીંગ તથા ફાયરીંગની તાલીમો લીધેલ હોવાનું તેમજ જેદાહી ભાષણો કરેલા હોવાનું માલુમ પડે છે. તપાસટીમો પૈકીની

એક ટીમના તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયાએ તા.૨૬/૦૮/ ૨૦૦૮ના રોજ જાવક નં.તપસ/૨૩૬/ ૨૦૦૮નો પત્ર નિયામકશ્રી ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી ગુજરાત રાજયને આ કામના આરોપીઓ પૈકી (૧)હાફિઝહુસેન ઉર્ફે અદનાન ઉર્ફે તલીમ તાજુદ્દિન(આરોપી નં.૧૩) તથા (૨) સફદરહુસેન ઉર્ફે હુસેનભાઇ જહરૂદ્દિન નાગોરી (આરોપી નં.૧૨) તથા (૩) કમરૂદ્દિન ઉર્ફે રાજા ઉર્ફે અબદુલ્લા ચાંદ મહમદ નાગોરી (આરોપી નં.૦૯)તથા (૪) આમીલ પરવાઝ ઉર્ફે સિકંદર કાજી સૈફુદ્દિન શેખ (આરોપી નં.૧૦) તથા (૫) સિબલી ઉર્ફે સાબિત અબ્દુલ કરીમ (આરોપી નં.૧૧) તથા (૬) જાહિદ કુત્બુદ્દિન શેખ (આરોપી નં.૦૧)નાઓના "સસ્પેકટ ડિટેન્શન સીસ્ટમ" દ્વારા તપાસણી કરી અહેવાલ આપવા વિનંતી કરતો પત્ર લખેલો. જે આંક–૫૮૯૮થી રજૂ છે. આ પત્રમાં શ્રી વી.આર. ટોળિયાની સહી છે. તપાસ ટીમો પૈકીની એક તપાસ ટીમના અધિકારી સાહેદ નં. ૧૧૬૩ મયુર ચાવડાએ શ્રી વી.આર. ટોળિયાની સહી પોતાની જુબાનીમાં ઓળખી બતાવેલી છે. આ પત્ર દ્વારા જે મુદ્દાઓની તપાસ કરવા વિનંતી કરેલી હતી તે મુદ્દાઓ જેવા કે,

(૧) તમો "સીમી" અને "ઇન્ડિયન મુજાહિદ્દિન"ના સભ્ય છો?

(૨) અમદાવાદ શહેરમાં તા.૨૬/૦૭/૨૦૦૮ના રોજ થયેલ બોમ્બ બ્લાસ્ટમાં તમો સંડોવાયેલા છો?

(૩) ભારતમાં અન્ય શહેરમાં થયેલ બોમ્બ બ્લાસ્ટ વિશે તમારી જાણકારી શું છે?

(૪) બીજા ઓર્ગેનાઇઝેશન જેવા કે, "એલ.ઇ.ટી." અને "હુજી" માં જોડાયેલા છો?

(૫) તમારૂ (ફંડિગ) આર્થિક આવકના સોર્સ શું છે?

ઉપરોકત પત્રમાં જણાવ્યા મુજબના મુદ્દાઓ બાબતે આ આરોપીનો સસ્પેકટ ડિટેન્શન ટેસ્ટ એફ.એસ.એલ.અધિકારી સાહેદ નં.૮૪૮ વસંતભાઇ હાથીભાઇ પટેલનાઓએ કરેલો હતો. તેઓને આ કામે ફરિયાદપક્ષ દ્વારા આંક–૫૮૯૪ થી તપાસવામાં આવેલા છે. તેઓની સરતપાસ મુજબ ૧૯૮૨માં

સાયન્ટિફક આસીસ્ટન્ટ તરીકે એફ.એસ.એલ. અમદાવાદમાં જોડાયેલા હતા અને સને–૨૦૦૬ની સાલમાં મદદનીશ નિયામક, ફોરેન્સિક સાઇકલોજી વિભાગ તરીકે પ્રમોશન મેળવેલું અને છેલ્લે સને–૨૦૧૨ની સાલમાં નિવૃત્ત થયેલાં છે. તા.૨૫/૦૮/૨૦૦૮ના રોજ નાયબ પોલીસ અધિક્ષક, બોમ્બ બ્લાસ્ટ તપાસ ટીમ, અમદાવાદ શહેરનાઓએ કેટલાક આરોપીઓને સસ્પેકટ ડિટેન્શન સીસ્ટમથી પરીક્ષણ કરાવવા માટે ચર્ચા કરવા એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે આવેલા અને શ્રીમતી ડૉ.એસ.એલ.વાયાને મળેલાં અને તેમણે આ સાહેદ પાસે ચર્ચા કરવા માટે મોકલેલા. બનાવ અંગે જરૂરી વિગતો જાણીને જરૂરી ચર્ચા કરેલી. ત્યારબાદ એસ.ડી.એસ. પરીક્ષણ માટે તા.૨૬/૦૮/૨૦૦૮ના રોજ કલાક ૧૦:૩૦ વાગ્યે આરોપીઓને હાજર રાખેલા. જે આરોપીઓને હાજર રાખેલા તે ઉપરોકત જણાવેલ આરોપીઓ કુલ–૬ હતાં. આ આરોપીઓને હાજર રાખ્યા બાદ દરેક આરોપીનો વ્યકિતગત ઇતિહાસ જેવો કે, નામ, સરનામું, અગાઉના ગુનાની વિગતો, તેઓને વ્યસન છે કે કેમ? વિગેરેની ઇન્કવાયરી કરેલી અને તે અંગેનું ફોર્મ ભરવામાં આવેલું જે આંક–૫૯૦૦ થી ૨જૂ કરેલું છે. જેમાં એફ.એસ.એલ. કચેરીનો સિકકો તથા આ સાહેદની સહી છે.

વધુમાં આ સાહેદની જુબાનીના પેરા–૩ ધ્યાને લઇએ તો સસ્પેકટ ડિટેન્શન સિસ્ટમ દ્વારા તેમનુ પરીક્ષણ કરવામાં આવ્યું તો નીચે મુજબના મુદ્દા પ્રત્યે તેઓમાં સુચક પ્રતિભાવો મળેલાં છે.

(૧) સીમી અને સીમ સાથે સંકળાયેલા છે.

(૨) હુજી સાથે સંકળાયેલા છે.

(૩) હવે પછી ભવિષ્યમાં બોમ્બ વિસ્ફોટ થવાના સંભવિત સ્થળો પૈકી દિલ્હી પ્રત્યે હાઇરીએકશન દર્શાવેલ છે.

(૪) બોમ્બ વિસ્ફોટો કરવા માટે લશ્કરે તોઇબા અને સીમી ફંડ આપે છે.

(૫) સમજૌતા ટ્રેન વિસ્ફોટ અને મુંબઇ ટ્રેન વિસ્ફોટ કરવામાં સામેલ.

આ સાહેદે પરીક્ષણ કરતા આરોપીએ ઉપર મુજબના જવાબો આપેલા અને તે જવાબો અંગેનો અભિપ્રાય આ સાહેદે આપેલો જે આ કામે આંક–

પ૯૦૧ થી ૨જૂ છે જેમાં આ સાહેદે પોતાની સહી તથા સિકકો ઓળખી બતાવેલો છે. આ અભિપ્રાય અધિક નિયામક એફ.એસ.એલ.,ગાંધીનગરના ફોરવર્ડિંગ પત્રથી તા.૨૧/૧૦/૨૦૦૮ના રોજ તપાસ કરનાર અધિકારીશ્રી વી.આર. ટોળિયાને મોકલી આપેલો છે.

હવે આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો એફ.એસ.એલ. કચેરી ગાંધીનગરમાં કોઈપણ વિના રોકટોક પ્રવેશ કરી શકે છે તો તે હકિકત નકારી છે. કોઇ વ્યકિતએ પ્રવેશ કરવો હોય તો ઓળખપત્ર અને સિકયુરીટી ચેકિંગમાંથી પસાર થવુ પડે છે તો તે કબૂલ કરે છે. આ સાહેદે કાયદાશાસ્ત્રનો અભ્યાસ કરેલો નથી. ફોજદારી કાર્યવાહીને લગતા ખાસ કાયદાઓનો પણ અભ્યાસ કરેલો નથી. મારા મત પ્રમાણે આ સાહેદે ફોજદારી કાયદાઓનો અભ્યાસ કરવો જરૂરી નથી કારણ કે, આ સાહેદ સાયન્ટિફિક ઓફિસર છે અને કાયદાઓનો અભ્યાસ કરવો તેમના માટે ફરજિયાત નથી. આરોપીઓના ટેસ્ટ પોતાની ચેમ્બરમાં લેવામાં આવેલાની હકીકત નકારી છે. ૨જૂ કરવામાં આવેલા આરોપીઓને કઇ તારીખે પકડવામાં આવેલા હતા અને કેટલા સમયથી પોલીસ કસ્ટડીમાં હતી તેવી કોઇ માહિતી પોલીસ અધિકારી ટોળીયાએ આપેલી ન હતી પરંતુ મારા મત પ્રમાણે આરોપીઓ કેટલા સમયથી પોલીસ કસ્ટડીમાં છે અને તેમને કયારે પકડવામાં આવેલા તે જાણવાનો આ સાહેદને કોઇ અર્થ નથી. આ સાહેદનું કાર્ય તપાસ કરનાર અધિકારીના કાર્ય કરતા તદ્ધન જુદુ છે . વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો, આરોપીઓના ટેસ્ટ લીધા પછી સાંજે છ વાગ્યે પોલીસને સુપરત કરેલાં. આરોપીને સુપરત કર્યા ત્યારે ડૉકટરની હાજરી રાખવામાં આવેલી નહિ. આરોપીઓના ટેસ્ટ સ્વતંત્ર વ્યકિતઓની હાજરીમાં રાખવામાં આવેલા નથી તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે એફ.એસ.એલ.ની કચેરીમાં કોઇ બહારની વ્યકિતને પ્રવેશ માટે પ્રતિબંધ છે. આ ટેસ્ટ એવા પ્રકારના છે કે તેમાં સ્વતંત્ર વ્યકિતઓને હાજર રાખવી યોગ્ય પણ નથી. એસ.ડી.એસ. ટેસ્ટ પધ્ધતિએ આરોપી પાસેથી ગુના સંબંધેની માહિતી અને તેમના ભજવેલ ભાગ સંબંધે માહિતી મેળવવા માટેનો ટેસ્ટ છે તે કબૂલ કરે છે. આરોપીઓ તરફે

આ કબૂલાત્મક પ્રશ્ન પુછીને સ્વિકારવામાં આવેલું છે કે,આ ટેસ્ટ ગુના સંબંધે માહિતી મેળવવાનો ટેસ્ટ છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો, ટેસ્ટ લેનાર અને આરોપીની માનસિક સ્થિતિ કેવી છે તેની ઉપર પરિણામ અવલંબિત છે તો તે વાત સાથે સહમત નથી. "હુજી" અને "લશ્કરે તોઈબા"નામની સંસ્થાઓ અંગે અને તેની કાર્યવાહી અને સભ્ય વિશે જાત માહિતી નથી. એસ.ડી.એસ. પ્રણાલી વિશ્વના કયા કયા દેશોમાં વપરાય છે તે જાણતા નથી પરંતુ આ પધ્ધતિ ભારતમાં માન્ય છે તેમ જણાવે છે. સસ્પેકટ ડિટેન્શન કંપનીનું નામ છે અને તેના પરથી પધ્ધતિનું નામ આપવામાં આવ્યું છે. એસ.ડી.એસ. પ્રણાલીના સમકક્ષ અન્ય કોઇ કંપની હોય તો ધ્યાનમાં નથી. એસ.ડી.એસ. પધ્ધતિ કેટલા અંશે સાચી અને કેટલા અંશે ખરી નથી તે બાબતે કોઇ વૈજ્ઞાનિક સંસ્થામાં સંશોધન થયેલ છે કે કેમ? તેની ખબર નથી. એસ.ડી.એસ. પરીક્ષણના અહેવાલ બાબતે કોર્ટમાં જુબાની આપવાનો પ્રસંગ બનેલો હોય તો ખ્યાલ નથી. આ પરીક્ષણનો આધાર બાયોસાઇકોલોજી છે. જેનું વિશ્લેષણ કરીને વ્યકિત શકદાર છે કે કેમ? તે અંગેનો અભિપ્રાય આપવાનો હોય છે. કમ્પ્યુટર પરના રીસ્પોન્સનો અવલોકન કરીને અભિપ્રાય આપવામાં આવે છે તે કબૂલ કરે છે. યાદશકિત ઓછી હોવાના કારણે પણ જી.એસ.આર.ના પ્રતિભાવમાં અસર પડે છે. પ્રિ–ટેસ્ટ ઇન્ટરવ્યુ ફોર્મમાં અગત્યની પ્રાથમિક નોંધ કરવામાં આવે છે તે કબૂલ કરે છે. આરોપીઓએ જણાવેલી તકલીફો ચકાસવાની આ સાહેદ પાસે કોઇ સુવિધા ન હતી. આરોપીઓના બ્લડ અને યુરીન ટેસ્ટ કરેલા નથી. આરોપીઓના ટેસ્ટ બાબતે કોઇ તપાસનીશ પોલીસ અધિકારી સાથે પત્ર વ્યવહાર કરવાનું બનેલું નથી. પરીક્ષણની માહિતી કમ્પ્યુટરમાં સ્ટોર થાય છે તે કબૂલ કરે છે. અહેવાલમાં કમ્પ્યુટરની સ્થિતિ બાબતેનો ઉલ્લેખ નથી તે કબૂલ કરે છે. કરેલા પરીક્ષણો કાયદા અને સરકારથી માન્ય થયેલા નથી માટે ખોટા અને ભુલભરેલા છે તો તે હકિકત નકારી છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો, એસ.ડી.એસ. ટેસ્ટનો હેતુ વ્યકિત સાચુ બોલે કે ખોટુ બોલે તે જ છે. ટેસ્ટના પરિણામ સાયકોલોજીકલ ટેસ્ટ ઉપર આધારિત છે તે કબૂલ કરે છે. આ ટેસ્ટને કોઇ માર્ગદર્શિકા લાગુ પડતી

નથી તેમ જણાવે છે. એસ.ડી.એસ. સિસ્ટમમાં પણ સબજેકટમાં થતા માનસિક, શારિરીક ફેરફારો કમ્પ્યુટરમાં નોંધાય છે તે કબૂલ કરે છે. સવાલ થકી વ્યકિતના મનમાં અને શરીરમાં જે કોઇ ફેરફારો આવે તે નોંધાય છે તે કબૂલ કરે છે. પરીક્ષણ કરતુ સોફટવેર સરકાર માન્ય છે કે કેમ? તે કહિ શકે તેમ નથી. આ તબકકે વકીલશ્રી એલ.આર.પઠાણનાઓ દલીલ કરતા જણાવેલું છે કે, સોફટવેર સરકાર માન્ય છે કે કેમ? તે અંગેની જાણકારી સાહેદને ન હોવાથી આ સાહેદે આપેલો પરીક્ષણ અહેવાલ માન્ય રાખી શકાય નહિ. પરંતુ મારા મત પ્રમાણે એફ.એસ.એલ. લેબોરેટરી સરકાર હસ્તક છે, સરકારી સંસ્થા છે અને સરકારની ગ્રાન્ટ દ્વારા તે ચાલે છે જે કાંઇ સાધનસામગ્રી લેબોરેટરીને આપવામાં આવે છે તે સરકાર દ્વારા આપવામાં આવે છે જેથી એવું ચોકકસપણે કહિ શકાય કે, આ સોફટવેર સરકાર માન્ય જ છે. ટેસ્ટ લેતા પહેલા વ્યકિતની સહમતિ મેળવવી આવશ્યક છે. આ સાહેદ જણાવે છે કે, આરોપીઓની મૌખિક સંમતિ મેળવેલી છે. પકડાયેલ વ્યકિત શંકાસ્પદ છે કે કેમ? તે નક્કી કરવા માટે આ ટેસ્ટ કરવામાં આવે છે તે કબૂલ કરે છે. ટેસ્ટ દરમ્યાન આરોપી જે જવાબ આપે તે તમામ કમ્પ્યુટરમાં નોંધાય છે તે કબૂલ કરે છે. પોલીસને મદદ કરવા ખોટો અભિપ્રાય આપેલાની હકિકત નકારે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઇએ તો આ સાહેદ સાયન્ટિફિક ઓફિસર તરીકે એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે ફરજ બજાવતા હતા અને કુલ–૬ આરોપીઓના સસ્પેકટ ડિટેન્શન ટેસ્ટ આ સાહેદે કરેલા છે. તે પૈકી આ આરોપીનો સમાવેશ થાય છે. સસ્પેકટ ડિટેન્શન ટેસ્ટ તથા ટેસ્ટનું પરિણામ તથા આ સાહેદની જુબાની મુજબ આ આરોપી સીમી સાથે સંકળાયેલો છે અને તેનો કાર્યકર છે. ભારતના જુદા–જુદા શહેરોમાં બોમ્બ વિસ્ફોટ થયેલા છે તે અને ભવિષ્યમાં બોમ્બ વિસ્ફોટ થશે તેવી આ આરોપીને જાણકારી છે અને બોમ્બ વિસ્ફોટ કરનારાઓને આ આરોપી જાણે છે. સાહેદ નં.૮૪૮ દ્વારા કરવામાં આવેલો આ ટેસ્ટ કમ્પ્યુટરાઇઝડ ટેસ્ટ છે. સરકાર દ્વારા પુરા પાડવામાં આવેલા કમ્પ્યુટર અને સોફટવેર દ્વારા આ ટેસ્ટ થયેલો છે. આ ટેસ્ટ સરકારના કામકાજના

દિવસો અને સમય દરમ્યાન કરવામાં આવેલો છે. આ સાહેદે જે કાંઇ કામગીરી કરેલી છે તે ફરજના ભાગરૂપે કરેલી છે. આરોપીઓ સાથે કોઇ અંગત દુશ્મનાવટ નથી કે જેથી કરીને આરોપીઓ આ ગુનામાં સંડોવાય તે માટે ખોટો ટેસ્ટ કરીને ખોટો અભિપ્રાય આપે. આ ઉપરાંત આ સાહેદ વૈજ્ઞાનિક સાહેદ હોય, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૯૩ હેઠળ આ સાહેદે આપેલો અભિપ્રાય સીધે સીધો પુરાવામાં ગ્રાહ્ય છે તેમ છતાં આ સાહેદે અદાલત સમક્ષ સોગંદ ઉપર જુબાની આપેલી છે અને પોતે આપેલો અભિપ્રાય સાચો છે તેમ જણાવેલું છે જે નહિ માનવાને કોઇ કારણ નથી.

આ આરોપીને ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલા છે. તેઓનુ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ મુજબનું પોતાનું નિવેદન વીડિયો કોન્ફરન્સ દ્વારા નોંધાવવાનું જણાવવામાં આવેલુ પરંતુ આરોપીએ જણાવેલુ કે પોતાને ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતેથી અમદાવાદ સેન્ટ્રલ જેલ ખાતે ટ્રાન્સફર કરવામાં આવે અને ત્યારબાદ પોતાનું નિવેદન નોંધાવશે. પોતે વીડિયો કોન્ફરન્સ દ્વારા નિવેદન નોંધાવવા માંગતા નથી તેમ તેઓના વકીલશ્રીની હાજરીમાં સ્પષ્ટપણે જણાવેલુ છે. આ આરોપી સાથે ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલા બીજા આરોપી નં.૧૧, ૧૨, ૧૩, ૫૨, ૫૯, ૬૦, ૬૧ નાઓએ તેઓનુ નિવેદન વીડિયો કોન્ફરન્સ દ્વારા નોંધાવેલુ છે તેમ છતાં આ આરોપીએ વીડિયો કોન્ફરન્સ દ્વારા પોતાનુ નિવેદન નોંધાવેલુ નથી અને નિવેદન નોંધાવવાની ખુલ્લી અદાલતમાં વીડિયો કોન્ફરન્સમાં સ્પષ્ટ ના પાડેલી છે. જેથી એવુ કહી શકાય કે ફરિયાદપક્ષ દ્વારા પોતાની વિરૂધ્ધ જે પુરાવો રજૂ થયો છે તે અંગે કોઈ ખુલાસો કરવા માંગતા નથી. જે આરોપીઓએ પોતાના નિવેદનો વીડિયો કોન્ફરન્સ દ્વારા નોંધાવેલા અને નિવેદનો નોંધાવ્યા બાદ તેની પ્રિન્ટ કાઢવામાં આવેલી. ત્યારબાદ અત્રેની સિટી સિવિલ કોર્ટ, અમદાવાદના પ્રિન્સીપાલ જજ સાહેબના ઑફિસ ઓર્ડર નં. ૨૩૩/૨૦ તા.૫.૩.૨૦૨૦ તથા ૪૭૭/૨૦૨૦ તા.૩૦.૭. ૨૦૨૦ ના હુકમથી અત્રેની અદાલતના બેન્ચ કલાર્ક શ્રી જે.જે.પરમાર ભોપાલ ખાતે આરોપી નં.૧૧, ૧૨, ૧૩, ૫૨, ૫૯, ૬૦, ૬૧ ના નિવેદનો ઉપર

સહીઓ કરાવવા ગયા ત્યારે આ આરોપીએ હાથથી અંગ્રેજી ભાષામાં લખેલા પોતાના નિવેદનના પાના નં.૧ થી ૫ તેઓએ શ્રી જે.જે.પરમારને જેલરશ્રી, ભોપાલ સેન્ટ્રલ જેલની હાજરીમાં સોંપેલા.

આ નિવેદન ધ્યાને લેતા તેઓને અમદાવાદ સેન્ટ્રલ જેલ ખાતેથી ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે ટ્રાન્સફર કરવામાં આવેલા હતા અને હવે તેઓને ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતેથી અમદાવાદ સેન્ટ્રલ જેલ ખાતે ટ્રાન્સફર કરાવવા જણાવેલ છે. આ નિવેદન ધ્યાને લેતા આરોપીએ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવા વિશે કોઈ હકીકત જણાવેલ નથી પરંતુ જેલ સત્તાવાળાઓ સામે નારાજગી દર્શાવેલી છે. વધુમાં આરોપી છેલ્લે પોતાના વતી પ્રશ્નોના જવાબ આપવા કોઈને પણ સંમતી આપેલી નથી તેવી હકીકત જણાવે છે. આ મુજબ આ આરોપીએ પોતાની લેખિત રજૂઆત કરેલી છે આ સિવાય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો આરોપીએ રજૂ કરેલો નથી.

આરોપી નં.૯ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૯૭૨, ૯૮૧, ૧૦૬૭, ૫૭૧, ૯૦૦, ૮૪૮, ૭૮૬, ૭૮૭, ૭૯૦, ૭૯૨, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ છે. આ ઉપરાંત આ આરોપી નં.૨ અને ૩૫ ના કબૂલાત નિવેદનો પણ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતા આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, સાહેદ નં.૯૭૨ રામકાભાઈ દેવકરણ, સાહેદ નં.૯૮૧ પ્રવિણભાઈ કટારીયા તથા સાહેદ નં.૧૦૬૭ અંબાલાલ વેચાતની જુબાનીઓની વિગતવાર ચર્ચા કરેલી હોવાથી વધુ ચર્ચા કરવામાં આવતી નથી તેમ જણાવે છે. પરંતુ ટુંકમાં દલીલ કરતા જણાવે છે કે, આ સાહેદોએ જે આરોપીઓને ઓળખ પરેડ દરમ્યાન ઓળખેલા છે તે ઓળખવા શકય નથી. માની લેવામાં આવે કે પાવાગઢ ખાતેના

કેમ્પમાં આ આરોપીઓ હાજર હતા તો તેટલા માત્રથી આ ગુનામાં કામમાં આરોપીઓને સંડોવી શકાય નહીં. વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા એમ પણ જણાવે છે કે આ આરોપીઓનો "સસ્પેકટ ડીટેન્શન ટેસ્ટ" સાહેદ નં.૮૪૮ વસંતભાઈ પટેલ દ્વારા કરવામાં આવેલો છે પરંતુ આરોપીને બેભાન અવસ્થામાં ટેસ્ટ કરેલો હોવાથી તે ગ્રાહ્ય નથી. પરંતુ મારા મત પ્રમાણે સાહેદ નં.૮૪૮ એફ.એસ.એલ. અધિકારી છે અને તેમને આ આરોપીનો "સસ્પેકટ ડીટેન્શન ટેસ્ટ" કરેલો જે આંક–૫૯૦૧ થી રજૂ કરેલો છે. આ ટેસ્ટ કરતા પહેલા આરોપી પાસેથી સંમતિ પત્ર અને તેના ઈતિહાસ બાબતે ફોર્મ ભરવામાં આવેલુ છે જે આંક–૫૯૦૦ થી રજૂ કરવામાં આવેલુ છે. આંક–૫૯૦૧ના "સસ્પેકટ ડીટેન્શન" ટેસ્ટ મુજબ આ આરોપી સીમી, સીમ, હુજી સાથે સંકળાયેલો છે તથા ભવિષ્યમાં કયાં બોમ્બ વિસ્ફોટ થવાના છે તેની, બોમ્બ વિસ્ફોટ કરવા માટે લશ્કર–એ–તોઈબા અને સીમી ફંડ આપે છે તથા સમજૌતા ટ્રેન અને મુંબઈ ટ્રેનમાં વિસ્ફોટ કરાવેલાની હકીકત જણાવેલી છે. વૈજ્ઞાનિક પધ્ધતિથી આરોપીનો આ ટેસ્ટ કરવામાં આવેલો છે જે નહીં માનવાને કોઈ કારણ નથી. વકીલશ્રી એલ.આર. પઠાણ દલીલ કરતા જણાવે છે કે આ આરોપી આ કહેવાતા ગુનાઓમાં સંડોવાયેલો નથી. પરંતુ ઉપર વિગતે જે પુરાવા રજૂ થયા છે તે ધ્યાને લેતા આ આરોપી આ કહેવાતા ગુનામાં સંડોવાયેલો છે તેમ હું માનુ છું.

આરોપી નં.૧૦ આમીલ પરવાજ ઉર્ફે સીકંદર કાઝી સૈફુદ્દીન શેખનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૧૦ આમીલ પરવાજ ઉર્ફે સીકંદર કાઝી સૈફુદ્દીન શેખનાઓ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ના રોજ જુદી–જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી–જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા–જુદા આરોપીઓ સાથે

કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમને કઈ–કઈ ભૂમિકા ભજવેલી છે તે સાબિત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે તે પૈકી અગત્યના સાહેદ તરીકે સાહેદ નં.૯૭૨ તરીકે રામકાભાઈ દેવકરણ કેસરીયા, સાહેદ નં.૯૮૧ પ્રવિણભાઈ હમીરભાઈ કટારીયા તથા સાહેદ નં.૧૦૬૭ અંબાલાલ વેચાતભાઈ બારીયા તથા આ આરોપીની સાહેદો રૂબરૂ ઓળખ પરેડ કરાવનાર મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૭૧ તરીકે રમણભાઈ સેંધાભાઈ સોલંકીને તપાસવામાં આવેલા છે અને તેઓ તમામની જુબાની ધ્યાને લેતા આ આરોપીની સામે મુકવામાં આવેલ આક્ષેપો મુજબના કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા એકબીજાની મદદગારી કરીને અમદાવાદ શહેરમાં જુદી–જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરેલા છે તેમજ સુરતની જુદી–જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલ હોવાનું ફલીત થાય છે.

આ ઉપરાંત સહઆરોપી નં.૨ ઈમરાન ઈબ્રાહીમ શેખ, સહઆોપી નં.૨૧ મહેંદીહસન ઉર્ફે વીકકી અબ્દુલ હબીબ અંસારી, સહઆરોપી નં.૩૫ રફીયુદ્ધીન સરકુદ્ધીન કાપડીયા તથા સહઆરોપી નં.૭૬ મંજરઈમામ ઉર્ફે આલમ ઉર્ફે જમીન અલીઈમામનાઓએ ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબના કબૂલાત નિવેદનો મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, અમદાવાદ તથા જે.એમ.એફ.સી.કોર્ચી–૫ સમક્ષ લખાવેલા તે ધ્યાને લેતા પણ આ આરોપી તેઓની ઉપર મુકવામાં આવેલ આક્ષેપ મુજબના કાવતરામાં સામેલ હોવાનું ફલીત થાય છે. આ ઉપરાંત–

ફરિયાદપક્ષ દ્વારા આ કામે હિમેશકુમાર પ્રવિણચંદ્ર મહેતાને સાહેદ નં.૯૦૦ તરીકે આંક–૬૪૪૨ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૧૭/૧૧/૨૦૦૮ ના રોજ ૧૨.૦૦ થી ૧૨.૩૦ ના સમયે પાવાગઢ હાલોલ રોડ ઉપર આવેલી "વિવેક હોટલ" પાસેથી જતા હતા ત્યારે પોલીસે ઉભા રાખેલા. તેમની સાથે બીજા એક ગુલાબસિંહભાઈ તે પણ હતા. આ

સાહેદને પોલીસના માણસે કહેલું કે, સાહેબ મળવા માગે છે ત્યાં હોટલની બહાર સાહેબને મળેલા. સાહેબે ઓળખાણ આપેલી કે તેઓ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાંથી આવે છે અને તેમનુ નામ વાઘેલા સાહેબ છે અને સાહેબે જણાવેલું કે, આરોપીને લઈને આવેલા છીએ અને આ આરોપી શાહીબાગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલા બોમ્બ બ્લાસ્ટમાં આરોપી છે અને તે કંઈક કહેવા માંગે છે અને આ જે કહે છે તે પંચમાં રહેવાનું છે. જેથી તેઓએ સાહેબને "હા" પાડેલી. ત્યારબાદ આરોપીનું નામ પૂછેલું તો તેણે તેમનું નામ "રફીયુદ્દીન સરકુદ્દીન કાપડીયા" જણાવેલું. તેઓએ સરનામામાં સ્વામિનારાયણ મંદિરની પાછળ, વડોદરા મુકામના હોવાનું જણાવેલું. બીજું તેમણે કહેલું કે, "૨૦૦૮ ના જાન્યુઆરી માસની ૧૩ થી ૧૫ તારીખ દરમ્યાન અમે અહીંયા પાવાગઢના જંગલમાં આતંકવાદી પ્રવૃત્તિની ટ્રેનીંગ અને ઉશ્કેરણીજનક ભાષણો કરેલા અને તે જગ્યાઓ હું તમોને બતાવું". આવું તેણે કહેલું, આ બધું તેઓએ સાંભળ્યું અને તે પોલીસને લખાવેલું. ત્યારબાદ ત્યાં ગાડીની અંદર પોલીસના સાહેબ, પોલીસનો સ્ટાફ, આ સાહેદ સાથેના ગુલાબસિંહ, આરોપી બધા બેઠેલા. આ વખતે સાહેબે ડ્રાઈવરને કહેલું કે, આ આરોપી રસ્તો બતાવે તે પ્રમાણે ગાડી લઈ લ્યો અને જયાં ઉભી રખાવે ત્યાં ઉભી રાખજો. ત્યાંથી ગાડી આગળ એકાદ કિ.મી. ગયેલી અને પછી આરોપીએ ગાડી ઉભી રખાવેલી. જયાં ગાડી ઉભી રખાવેલી ત્યાં દરગાહ જેવું કાંઈક હતું. ત્યાં પછી આરોપી તેઓને દરગાહમાં અંદર લઈ ગયા અને ત્યાં જગ્યા બતાવી. તે દરગાહનું નામ "ખુંદપીરની દરગાહ" હતું. ત્યાં એક ઓરડી હતી અને ધર્મશાળા જેવું હતું. તેણે જણાવેલું કે, "અમે આ ઓરડીમાં રહેતા હતા." તેણે જે જણાવેલું તે પોલીસને લખાવેલું. ત્યારપછી પાછા બધા ગાડીમાં બેઠેલા. ગાડીમાં બેઠા પછી તેણે ગાડી આગળ ચલાવવાનું કહેલું અને એકાદ દોઢ કિ.મી. આગળ ગયેલા અને ત્યાં ડાબી સાઈડ તરફ કાચો રસ્તો આવેલો ત્યાં ગાડી વાળવાનું કહેલું. ત્યાં આગળ ૫૦૦ મીટર દુર એક મિનારની મસ્જિદ તેવું બોર્ડ હતું અને ત્યાં અંદર ગાડી લીધેલી અને ત્યાં પણ આ બોર્ડ મારેલું હતું અને ત્યાં બધા ગાડીમાંથી નીચે ઉતરેલા. ત્યાં એક નાનો ગેટ હતો તે ખોલીને આરોપી અંદર લઈ

ગયેલો. ત્યાં ૫૦૦ મીટર જેટલી મોટી જગ્યા હતી, મોટો ઓટલો હતો અને ચારેય તરફ મોટી ગ્રીલ હતી. તેણે એવું કહેલું કે, "અમે અહીંયા નમાજ પઢતા હતા." ત્યાં એક કુવો હતો. ત્યારપછી આરોપીએ કહેલું કે, "અમે આતંકવાદની તાલીમ લીધેલી તે જગ્યા હવે હું તમને બતાવું." ત્યારબાદ બધા પાછા ગાડીમાં બેઠેલા અને પાવાગઢ રોડ પર દોઢેક કિ.મી. ગયેલા અને ત્યાં ૧૫૦ મીટર દુર કાચા રસ્તે ગાડી ઉભી રખાવેલી. ગાડી આરોપીએ ઉભી રખાવેલી. ત્યાં આગળ "હેલીકૈલ વાવ" આવેલી હતી. ત્યાં હેલીકૈલ વાવના કમ્પાઉન્ડમાં આરોપી લઈ ગયેલો. ત્યાં તારની ફેન્સીંગ હતી અને તાર ઉંચા કરીને ૧૫૦ મીટર અંદર જંગલમાં લઈ ગયેલો. ત્યાં ૪૦ થી ૫૦ મીટર જેટલી મોટી જગ્યા હતી. ત્યાં સૂકુ ઝાડ હતું અને ત્યાંથી ૧૫૦ મીટર આગળ એક ખીણ હતી જેમાં પાણી ભરેલું હતું. આરોપીએ ત્યાં કહેલું કે, "અહિંયા અમે તંબુ બાંધીને ટ્રેનીંગ લેતા હતા." આરોપીએ કહેલું તે બધું પોલીસને લખાવેલું.

ઉપર મુજબની વિગતવાળુ પંચનામુ બનાવેલુ તે આંક–૬૪૪૩થી રજૂ રાખેલ છે જેમાં સાહેદ પોતાની તથા બીજા પંચ ગુલાબસિંહની સહીઓ ઓળખી બતાવે છે અને સદર પંચનામામાં લખેલી હકીકત ખરી હોવાનું જણાવે છે. સરતપાસમાં જણાવ્યા મુજબના આરોપીને ઓળખી બતાવવાનું જણાવ્યુ અને વીડિયો કોન્ફરન્સના માધ્યમથી આરોપીઓને વારાફરતી સાહેદને બતાવતા સાહેદ સરતપાસમાં જણાવેલ આરોપીને ઓળખી બતાવતા નથી અને જણાવેલ છે કે ઘણો સમય થઈ ગયેલ હોવાથી સાહેદ આરોપીને ઓળખી શકતા નથી.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પાવાગઢ ગ્રામ પંચાયતની ઑફિસ સામે જન્મથી રહે છે તે કબૂલ કરે છે. ગુલાબસિંહ પણ પાવાગઢમાં રહે છે અને તેઓને વર્ષોથી ઓળખે છે. આ ગુલાબસિંહ પાવાગઢ–હાલોલ વચ્ચે પેસેન્જર જીપ ચલાવે છે. વિવેક હોટલ પાવાગઢ–હાલોલ વચ્ચે આવેલી છે અને તે પાવાગઢથી ચારેક કી.મી. દુર છે. પાવાગઢથી હાલોલ ચોકડીએ આવીએ અને ત્યાંથી જમણી તરફ વળીએ ત્યારે પાવાગઢ જવાય તે કબૂલ કરે છે. હાલોલથી પાવાગઢ વચ્ચેનું અંતર ૧૫ થી ૨૦ કી.મી. છે તો તે

હકીકત નકારી છે. ખુંદપીરબાવાની દરગાહ હાલોલથી પાવાગઢ આવીએ ત્યારે પાંચેક કી.મી.ના અંતરે છે તે કબૂલ કરે છે. આ દરગાહ રોડની ડાબી તરફ હાઈવેને અડીને આવેલી છે તે કબૂલ કરે છે. મુખ્ય દરવાજો હાઈવે ઉપર પડે છે તે પણ કબૂલ કરે છે. દરગાહ ઉપર દરરોજ ઘણા માણસો દર્શન કરવા આવતા હોય છે તે પણ કબૂલે છે. ચાંપાનેરમાં આવેલી ઈમારતો અને મસ્જિદોનો વર્લ્ડ હેરીટેજમાં સમાવેશ થયેલો છે તે કબૂલ કરે છે. દરગાહ થી પાવાગઢ તરફ એકાદ કી.મી. દુર એકમીનાર મસ્જિદ આવેલી છે તે કબૂલ કરે છે. મસ્જિદ રોડ ઉપર આવેલી છે અને તુટેલો અર્ધો મીનારો છે તે પણ કબૂલ કરે છે. મીનારની આજુબાજુ ખુલ્લુ મેદાન છે અને ખુલ્લો ઓટલો છે તે પણ કબૂલ કરે છે. એકમિનાર મસ્જિદમાં કોઈ માણસ રહેતા નથી તે કબૂલ કરે છે. એકમીનાર મસ્જિદ થી દોઢ કી.મી. પાવાગઢ તરફ હેલીકૈલ વાવ આવેલી છે. આ વાવ ખંડેર અવસ્થામાં છે તે કબૂલ કરે છે. ચારેય બાજુ ખુલ્લુ મેદાન છે તે પણ કબૂલ કરે છે. વાવની કમ્પાઉન્ડ વોલ પુરી થયા પછી જંગલ છે તે પણ કબૂલે છે. સ્થળ ઉપરથી કોઈ પણ શંકાસ્પદ વસ્તુ જોઈ હોય અને કબજે લીધી હોય તેવુ પંચનામામાં નથી તે કબૂલ કરે છે. પોલીસે વિવેક હોટલ પાસે બોલાવ્યા ત્યારે બાઈક હોટલ ઉપર મુકીને ગાડીમાં બેસીને ગયેલાનું જણાવે છે. પંચનામા વખતેની વાતચીતો જે થયેલી તે યાદ નથી. સરતપાસમાં જણાવ્યા મુજબની પંચનામાની કાર્યવાહીમાં ભાગ લીધો નથી તો તે હકીકત નકારે છે.

વધુમાં સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો હેલીકૈલ વાવ અને એકમીનાર મસ્જિદ સિવાય બીજી પણ મસ્જિદો અને ઈમારતો જોવા લાયક છે તે કબૂલ કરે છે. દરગાહ ઉપર કોઈ વહીવટકર્તા રહે છે કે કેમ તેની ખાતરી કરેલી નહીં. દરગાહ પાસે જે રૂમ અને ધર્મશાળા આવેલી છે તેમાં રહેવા આવનારા માટે રેકર્ડ રાખવામાં આવે છે કે કેમ તેની તપાસ કરી નથી. દરગાહમાં દાખલ થઈએ ત્યારે દરગાહની પછી એક નાની મસ્જિદ આવેલી છે તે કબૂલ કરે છે. એકમીનાર મસ્જિદ અને હેલીકૈલ વાવ ઉપર પંચનામુ કર્યુ તે અગાઉ કયારેય જવાનું બન્યુ નથી. વાવમાં કોઈ પ્રાણી કે મનુષ્ય પડી ન જાય તે માટે નેટ બાંધેલી છે તે કબૂલ

કરે છે. એકમીનાર મસ્જિદ પાસે આવેલા કુવા ઉપર કોઈ પડી ન જાય તે માટે નેટ બાંધેલી છે. મસ્જિદ તેમજ વાવની આજુબાજુ ખુલ્લી જગ્યામાં સરકાર તરફથી પ્લાન્ટેશન અને ઘાસની લોન લગાવેલી છે તો તે હકીકત નકારેલી છે. ખાણની અંદર જયાં પાણી ભરાયેલુ હતુ તેનુ માપ લેવામાં આવેલુ નહીં.

આમ આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તા.૧૭.૧૧.૨૦૦૮ ના રોજ પોલીસે આ સાહેદને હાલોલ પાવાગઢ રોડ ઉપર આવેલ વિવેક હોટલ પાસે બોલાવેલા હતા. પોલીસ એક આરોપી નં.૩૫ રફીયુદ્ધીન સરફુદ્ધીન કાપડીયાને લઈને પાવાગઢના જંગલોમાં આતંકવાદી તાલીમ લીધેલી અને ઉશ્કેરીજનક ભાષણો જે જે જગ્યા ઉપર કરેલા તે જગ્યાઓનું પંચનામુ કરવા માટે આ સાહેદને બોલાવેલા હતા. આ સાહેદને તથા બીજા પંચને સાથે રાખી આરોપીને લઈ સરતપાસમાં જણાવ્યા મુજબ આરોપીએ બતાવ્યા મુજબની જગ્યાઓ ઉપર જઈ પંચનામુ કરેલુ છે. આ સાહેદ પાવાગઢ ખાતે રહે છે, સામાન્ય વ્યકિત છે અને તેમને ફરિયાદપક્ષ કે આરોપીઓ સાથે કોઈ દુશ્મનાવટ કે મિત્રતા નથી, સ્વતંત્ર સાહેદ છે અને ઊલટતપાસ દરમ્યાન આરોપીઓને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત નીકળી આવતી નથી માટે આ સાહેદની જુબાની નહીં માનવાને કોઈ કારણ રહેતુ નથી.

આ પંચનામુ કરનાર અધિકારી સાહેદ નં.૧૦૮૯ પ્રવિણસિંગ ગટોરસિંહ વાઘેલાની જુબાની ધ્યાને લઈએ તો તેમણે તા.૧૭.૧૧.૨૦૦૮ ના રોજ આ સાહેદ તથા બીજા પંચ ગુલાબસિંહ સોલંકીને પંચમાં રહેવા માટે બોલાવેલા હતા અને આરોપી નં.૩૫ ને સાથે રાખી પાવાગઢ–હાલોલ વચ્ચે આવેલ ખુંદપીરબાવાના દરગાહ, હેલીકૈલ વાવ, એકમીનાર મસ્જિદ વિગેરે જગ્યાઓ ઉપર આરોપીના કહેવા અને બતાવ્યા પ્રમાણે ગયેલા અને જગ્યાઓના પંચનામા કરેલા તે હકીકત આ સાહેદે તેઓની જુબાનીમાં પેરા નં.૨, પાના નં.૪,૫ મા જણાવેલી છે તથા આંક–૬૪૪૩ વાળા પંચનામામાં પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે.

આંક–૬૪૪૩ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી રજૂઆત અને દલીલ છે કે પંચનામામાં આરોપીની જે કબૂલાત્મક હકીકત જણાવવામાં આવેલી છે તે પુરાવામાં ગ્રાહ્ય નથી અને આરોપી વિરૂધ્ધ વંચાણે લઈ શકાય નહીં. આરોપીઓ તરફથી દલીલ અને રજુઆત એવી છે કે પંચનામા મુજબ આરોપીએ "એકમીનાર મસ્જિદનું બોર્ડ આવેલ રોડ ઉપરથી કાચા રસ્તે આશરે ૫૦૦ મીટર જતા ત્યાં વાહન ઉભુ રખાવેલુ" આ હકીકત પુરાવામાં ગ્રાહ્ય નથી પરંતુ મારા મત પ્રમાણે વાહન ઉભુ રખાવ્યા પછી એકમીનાર મસ્જિદ અને તારની વાડ ત્યાં આવેલી છે તો તે હકીકત પુરાવામાં ગ્રાહ્ય છે. વધુમાં આરોપીઓ તરફથી એવી દલીલ અને રજૂઆત છે કે પંચનામુ ધ્યાને લેતા "હેલીકૈલ વાવનું બોર્ડ આવતા આરોપીએ વાહન ડાબી બાજુ વળાવતા આશરે ૧૫૦ મીટર અંદર જતા વાહન ઉભુ રખાવેલુ" આ હકીકત પુરાવામાં ગ્રાહ્ય નથી પરંતુ મારા મત પ્રમાણે તે જગ્યાએ હેલીકૈલ વાવ છે તો તે હકીકત પુરાવામાં ગ્રાહ્ય છે.

આમ, સાહેદ નં.૯૦૦ હિમેશ મહેતા તથા સાહેદ નં.૧૦૮૯ પ્રવિણસિંહ વાઘેલાની જુબાનીઓ તથા આંક–૬૪૪૩ વાળુ પંચનામુ ધ્યાને લેતા તા.૧૩.૧.૨૦૦૮ થી તા.૧૫.૧.૨૦૦૮ ના સમય દરમ્યાન આરોપી નં.૨, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૪, ૩૭ નાઓએ પાવાગઢના જંગલોમાં રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ગુજરાતના લોકોને બોલાવીને આતંકવાદી તાલીમ કેમ્પનુ આયોજન કરેલુ અને તેમાં ટ્રેકીંગ, સ્વીમીંગ, મોટર બાઈકીંગ તથા ફાયરીંગની તાલીમો લીધેલ હોવાનું તેમજ જેહાદી ભાષણો કરેલા હોવાનું માલુમ પડે છે.

તપાસ ટીમો પૈકીની એક ટીમના તપાસ કરનાર અધિકારી વી.આર. ટોળીયાએ તા.૨૬/૦૮/૨૦૦૮ના રોજ જાવક નં.તપસ/૨૩૬/ ૨૦૦૮નો પત્ર નિયામકશ્રી ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી ગુજરાત રાજયને આ કામના આરોપીઓ પૈકી (૧)હાફિઝહુસેન ઉર્ફે અદનાન ઉર્ફે તલીમ તાજુદ્દિન (આરોપી નં.૧૩) તથા (૨) સફદરહુસેન ઉર્ફે હુસેનભાઇ જહરૂદ્દિન નાગોરી (આરોપી નં.૧૨) તથા (૩) કમરૂદ્દિન ઉર્ફે રાજા ઉર્ફે અબદુલ્લા ચાંદ મહમદ નાગોરી (આરોપી નં.૦૯)તથા (૪) આમીલ પરવાઝ ઉર્ફે સિકંદર કાજી સૈકુદ્દિન શેખ

(આરોપી નં.૧૦) તથા (૫) સિબલી ઉર્ફે સાબિત અબ્દુલ કરીમ (આરોપી નં.૧૧) તથા (૬) જાહિદ કુત્બુદ્દિન શેખ (આરોપી નં.૦૧)નાઓના "સસ્પેકટ ડિટેન્શન સીસ્ટમ" દ્વારા તપાસણી કરી અહેવાલ આપવા વિનંતી કરતો પત્ર લખેલો. જે આંક–૫૮૯૮ થી રજૂ છે. આ પત્રમાં શ્રી વી.આર. ટોળિયાની સહી છે. તપાસ ટીમો પૈકીની એક તપાસ ટીમના અધિકારી સાહેદ નં. ૧૧૬૩ મયુર ચાવડાએ શ્રી વી.આર.ટોળિયાની સહી પોતાની જુબાનીમાં ઓળખી બતાવેલી છે. આ પત્ર દ્વારા જે મુદ્દાઓની તપાસ કરવા વિનંતી કરેલી હતી તે મુદ્દાઓ જેવા કે,

(૧) તમો "સીમી" અને "ઇન્ડિયન મુજાહિદ્દિન"ના સભ્ય છો?

(૨) અમદાવાદ શહેરમાં તા.૨૬/૦૭/૨૦૦૮ના રોજ થયેલ બોમ્બ બ્લાસ્ટમાં તમો સંડોવાયેલા છો?

(૩) ભારતમાં અન્ય શહેરમાં થયેલ બોમ્બ બ્લાસ્ટ વિશે તમારી જાણકારી શું છે?

(૪) બીજા ઓર્ગેનાઇઝેશન જેવા કે, "એલ.ઇ.ટી." અને "હુજી" માં જોડાયેલા છો?

(૫) તમારૂ (ફંડિગ) આર્થિક આવકના સોર્સ શું છે?

ઉપરોકત પત્રમાં જણાવ્યા મુજબના મુદ્દાઓ બાબતે આ આરોપીનો સસ્પેકટ ડિટેન્શન ટેસ્ટ એફ.એસ.એલ.અધિકારી સાહેદ નં.૮૪૮ વસંતભાઇ હાથીભાઇ પટેલનાઓએ કરેલો હતો. તેઓને આ કામે ફરિયાદપક્ષ દ્વારા આંક–૫૮૯૪ થી તપાસવામાં આવેલા છે. તેઓની સરતપાસ મુજબ સને–૧૯૮૨માં સાયન્ટિફિક આસીસ્ટન્ટ તરીકે એફ.એસ.એલ. અમદાવાદમાં જોડાયેલા હતા અને સને–૨૦૦૬ની સાલમાં મદદનીશ નિયામક, ફોરેન્સિક સાયકોલોજી વિભાગ તરીકે પ્રમોશન મેળવેલું અને છેલ્લે સને–૨૦૧૨ ની સાલમાં નિવૃત્ત થયેલાં છે. તા.૨૫/૦૮/૨૦૦૮ના રોજ નાયબ પોલીસ અધીક્ષક, બોમ્બ બ્લાસ્ટ તપાસ ટીમ, અમદાવાદ શહેરનાઓએ કેટલાક આરોપીઓને સસ્પેકટ ડિટેન્શન સીસ્ટમથી પરીક્ષણ કરાવવા માટે ચર્ચા કરવા એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે

આવેલા અને શ્રીમતી ડૉ.એસ.એલ.વાયાને મળેલાં અને તેમણે આ સાહેદ પાસે ચર્ચા કરવા માટે મોકલેલા. બનાવ અંગે જરૂરી વિગતો જાણીને જરૂરી ચર્ચા કરેલી. ત્યારબાદ એસ.ડી.એસ. પરીક્ષણ માટે તા.૨૬/૦૮/૨૦૦૮ના રોજ કલાક ૧૦:૩૦ વાગ્યે આરોપીઓને હાજર રાખેલા. જે આરોપીઓને હાજર રાખેલા તે ઉપરોકત જણાવેલ આરોપીઓ કુલ–૬ હતાં. આ આરોપીઓને હાજર રાખ્યા બાદ દરેક આરોપીનો વ્યકિતગત ઇતિહાસ જેવો કે, નામ, સરનામું, અગાઉના ગુનાની વિગતો, તેઓને વ્યસન છે કે કેમ? વિગેરેની ઇન્કવાયરી કરેલી અને તે અંગેનું ફોર્મ ભરવામાં આવેલું જે આંક–૫૯૦૦ થી રજૂ કરેલું છે. જેમાં એફ.એસ.એલ. કચેરીનો સિકકો તથા આ સાહેદની સહી છે.

વધુમાં આ સાહેદની જુબાનીના પેરા–૩ ધ્યાને લઇએ તો સસ્પેકટ ડિટેન્શન સિસ્ટમ દ્વારા તેમનુ પરીક્ષણ કરવામાં આવ્યું તો નીચે મુજબના મુદ્દા પ્રત્યે તેઓમાં સુચક પ્રતિભાવો મળેલાં છે.

(૧) બેંગ્લોરમાં થયેલ બોમ્બ વિસ્ફોટમાં સામેલ હોવાના મુદ્દે ઓછું રીએકશન દર્શાવેલ છે.

(૨) હૈદરાબાદમાં થયેલા બોમ્બ વિસ્ફોટમાં ઓછુ રીએકશન દર્શાવેલ છે.

આ સાહેદે પરીક્ષણ કરતા આરોપીએ ઉપર મુજબના જવાબો આપેલા અને તે જવાબો અંગેનો અભિપ્રાય આ સાહેદે આપેલો જે આ કામે આંક–૫૯૦૧ થી રજૂ છે જેમાં આ સાહેદે પોતાની સહી તથા સિકકો ઓળખી બતાવેલો છે. આ અભિપ્રાય અધિક નિયામક એફ.એસ.એલ.,ગાંધીનગરના ફોરવર્ડિંગ પત્રથી તા.૨૧/૧૦/૨૦૦૮ના રોજ તપાસ કરનાર અધિકારીશ્રી વી.આર. ટોળિયાને મોકલી આપેલો છે.

હવે આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઇએ તો એફ.એસ.એલ. કચેરી ગાંધીનગરમાં કોઇપણ વિના રોકટોક પ્રવેશ કરી શકે છે તો તે હકિકત નકારી છે. કોઇ વ્યકિતએ પ્રવેશ કરવો હોય તો ઓળખપત્ર અને સિકયુરીટી ચેકિંગમાંથી પસાર થવુ પડે છે તો તે કબૂલ કરે છે. આ સાહેદે કાયદાશાસ્ત્રનો અભ્યાસ કરેલો નથી. ફોજદારી કાર્યવાહીને લગતા ખાસ કાયદાઓનો પણ

અભ્યાસ કરેલો નથી. મારા મત પ્રમાણે આ સાહેદે ફોજદારી કાયદાઓનો અભ્યાસ કરવો જરૂરી નથી કારણ કે, આ સાહેદ સાયન્ટિફિક ઓફિસર છે અને કાયદાઓનો અભ્યાસ કરવો તેમના માટે ફરજિયાત નથી. આરોપીઓના ટેસ્ટ પોતાની ચેમ્બરમાં લેવામાં આવેલાની હકીકત નકારી છે. રજૂ કરવામાં આવેલા આરોપીઓને કઇ તારીખે પકડવામાં આવેલા હતા અને કેટલા સમયથી પોલીસ કસ્ટડીમાં હતી તેવી કોઇ માહિતી પોલીસ અધિકારી ટોળીયાએ આપેલી ન હતી પરંતુ મારા મત પ્રમાણે આરોપીઓ કેટલા સમયથી પોલીસ કસ્ટડીમાં છે અને તેમને કયારે પકડવામાં આવેલા તે જાણવાનો આ સાહેદને કોઇ અર્થ નથી. આ સાહેદનું કાર્ય તપાસ કરનાર અધિકારીના કાર્ય કરતા તદ્ધન જુદુ છે . વધુમાં ઊલટતપાસ ધ્યાને લઇએ તો, આરોપીઓના ટેસ્ટ લીધા પછી સાંજે છ વાગ્યે પોલીસને સુપરત કરેલાં. આરોપીને સુપરત કર્યા ત્યારે ડૉકટરની હાજરી રાખવામાં આવેલી નહિ. આરોપીઓના ટેસ્ટ સ્વતંત્ર વ્યકિતઓની હાજરીમાં રાખવામાં આવેલા નથી તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે એફ.એસ.એલ.ની કચેરીમાં કોઇ બહારની વ્યકિતને પ્રવેશ માટે પ્રતિબંધ છે. આ ટેસ્ટ એવા પ્રકારના છે કે તેમાં સ્વતંત્ર વ્યકિતઓને હાજર રાખવી યોગ્ય પણ નથી. એસ.ડી.એસ. ટેસ્ટ પધ્ધતિએ આરોપી પાસેથી ગુના સંબંધેની માહિતી અને તેમના ભજવેલ ભાગ સંબંધે માહિતી મેળવવા માટેનો ટેસ્ટ છે તે કબૂલ કરે છે. આરોપીઓ તરફે આ કબૂલાત્મક પ્રશ્ન પુછીને સ્વિકારવામાં આવેલું છે કે,આ ટેસ્ટ ગુના સંબંધે માહિતી મેળવવાનો ટેસ્ટ છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઇએ તો, ટેસ્ટ લેનાર અને આરોપીની માનસિક સ્થિતિ કેવી છે તેની ઉપર પરિણામ અવલંબિત છે તો તે વાત સાથે સહમત નથી. "હુજી" અને "લશ્કરે તોઇબા"નામની સંસ્થાઓ અંગે અને તેની કાર્યવાહી અને સભ્ય વિશે જાત માહિતી નથી. એસ.ડી.એસ. પ્રણાલી વિશ્વના કયા–કયા દેશોમાં વપરાય છે તે જાણતા નથી પરંતુ આ પધ્ધતિ ભારતમાં માન્ય છે તેમ જણાવે છે. સસ્પેકટ ડિટેન્શન કંપનીનું નામ છે અને તેના પરથી પધ્ધતિનું નામ આપવામાં આવ્યું છે. એસ.ડી.એસ. પ્રણાલીના સમકક્ષ અન્ય કોઇ કંપની હોય તો ધ્યાનમાં નથી. એસ.ડી.એસ. પધ્ધતિ કેટલા અંશે

સાચી અને કેટલા અંશે ખરી નથી તે બાબતે કોઇ વૈજ્ઞાનિક સંસ્થામાં સંશોધન થયેલ છે કે કેમ? તેની ખબર નથી. એસ.ડી.એસ. પરીક્ષણના અહેવાલ બાબતે કોર્ટમાં જુબાની આપવાનો પ્રસંગ બનેલો હોય તો ખ્યાલ નથી. આ પરીક્ષણનો આધાર બાયોસાઇકોલોજી છે. જેનું વિશ્લેષણ કરીને વ્યકિત શકદાર છે કે કેમ? તે અંગેનો અભિપ્રાય આપવાનો હોય છે. કમ્પ્યુટર પરના રીસ્પોન્સનો અવલોકન કરીને અભિપ્રાય આપવામાં આવે છે તે કબૂલ કરે છે. યાદશકિત ઓછી હોવાના કારણે પણ જી.એસ.આર.ના પ્રતિભાવમાં અસર પડે છે. પ્રિ–ટેસ્ટ ઇન્ટરવ્યુ ફોર્મમાં અગત્યની પ્રાથમિક નોંધ કરવામાં આવે છે તે કબૂલ કરે છે. આરોપીઓએ જણાવેલી તકલીફો ચકાસવાની આ સાહેદ પાસે કોઇ સુવિધા ન હતી. આરોપીઓના બ્લડ અને યુરીન ટેસ્ટ કરેલા નથી. આરોપીઓના ટેસ્ટ બાબતે કોઇ તપાસનીશ પોલીસ અધિકારી સાથે પત્ર વ્યવહાર કરવાનું બનેલું નથી. પરીક્ષણની માહિતી કમ્પ્યુટરમાં સ્ટોર થાય છે તે કબૂલ કરે છે. અહેવાલમાં કમ્પ્યુટરની સ્થિતિ બાબતેનો ઉલ્લેખ નથી તે કબૂલ કરે છે. કરેલા પરીક્ષણો કાયદા અને સરકારથી માન્ય થયેલા નથી માટે ખોટા અને ભુલભરેલા છે તો તે હકીકત નકારી છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઇએ તો, એસ.ડી.એસ. ટેસ્ટનો હેતુ વ્યકિત સાચુ બોલે કે ખોટુ બોલે તે જ છે. ટેસ્ટના પરિણામ સાયકોલોજીકલ ટેસ્ટ ઉપર આધારિત છે તે કબૂલ કરે છે. આ ટેસ્ટને કોઇ માર્ગદર્શિકા લાગુ પડતી નથી તેમ જણાવે છે. એસ.ડી.એસ. સિસ્ટમમાં પણ સબજેકટમાં થતા માનસિક, શારિરીક ફેરફારો કમ્પ્યુટરમાં નોંધાય છે તે કબૂલ કરે છે. સવાલ થકી વ્યકિતના મનમાં અને શરીરમાં જે કોઇ ફેરફારો આવે તે નોંધાય છે તે કબૂલ કરે છે. પરીક્ષણ કરતુ સોફટવેર સરકાર માન્ય છે કે કેમ? તે કહિ શકે તેમ નથી. આ તબકકે વકીલશ્રી એલ.આર.પઠાણનાઓ દલીલ કરતા જણાવેલું છે કે, સોફટવેર સરકાર માન્ય છે કે કેમ? તે અંગેની જાણકારી સાહેદને ન હોવાથી આ સાહેદે આપેલો પરીક્ષણ અહેવાલ માન્ય રાખી શકાય નહિ. પરંતુ મારા મત પ્રમાણે એફ.એસ.એલ. લેબોરેટરી સરકાર હસ્તક છે, સરકારી સંસ્થા છે અને સરકારની ગ્રાન્ટ દ્વારા તે ચાલે છે જે કાંઇ સાધનસામગ્રી લેબોરેટરીને આપવામાં આવે છે તે

સરકાર દ્વારા આપવામાં આવે છે જેથી એવું ચોકકસપણે કહિ શકાય કે, આ સોફ્ટવેર સરકાર માન્ય જ છે. ટેસ્ટ લેતા પહેલા વ્યકિતની સહમતિ મેળવવી આવશ્યક છે. આ સાહેદ જણાવે છે કે, આરોપીઓની મૌખિક સંમતિ મેળવેલી છે. પકડાયેલ વ્યકિત શંકાસ્પદ છે કે કેમ? તે નક્કી કરવા માટે આ ટેસ્ટ કરવામાં આવે છે તે કબૂલ કરે છે. ટેસ્ટ દરમ્યાન આરોપી જે જવાબ આપે તે તમામ કમ્પ્યુટરમાં નોંધાય છે તે કબૂલ કરે છે. પોલીસને મદદ કરવા ખોટો અભિપ્રાય આપેલાની હકિકત નકારે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ સાયન્ટિફિક ઓફિસર તરીકે એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે ફરજ બજાવતા હતા અને કુલ–૬ આરોપીઓના સસ્પેકટ ડિટેન્શન ટેસ્ટ આ સાહેદે કરેલા છે. તે પૈકી આ આરોપીનો સમાવેશ થાય છે. સસ્પેકટ ડિટેન્શન ટેસ્ટ તથા ટેસ્ટનું પરિણામ તથા આ સાહેદની જુબાની મુજબ આ આરોપી સીમી સાથે સંકળાયેલો છે અને તેનો કાર્યકર છે. ભારતના જુદા–જુદા શહેરોમાં બોમ્બ વિસ્ફોટ થયેલા છે તે અને ભવિષ્યમાં બોમ્બ વિસ્ફોટ થશે તેવી આ આરોપીને જાણકારી છે અને બોમ્બ વિસ્ફોટ કરનારાઓને આ આરોપી જાણે છે. સાહેદ નં.૮૪૮ દ્વારા કરવામાં આવેલો આ ટેસ્ટ કમ્પ્યુટરાઈઝડ ટેસ્ટ છે. સરકાર દ્વારા પુરા પાડવામાં આવેલા કમ્પ્યુટર અને સોફ્ટવેર દ્વારા આ ટેસ્ટ થયેલો છે. આ ટેસ્ટ સરકારના કામકાજના દિવસો અને સમય દરમ્યાન કરવામાં આવેલો છે. આ સાહેદે જે કાંઇ કામગીરી કરેલી છે તે ફરજના ભાગરૂપે કરેલી છે. આરોપીઓ સાથે કોઇ અંગત દુશ્મનાવટ નથી કે જેથી કરીને આરોપીઓ આ ગુનામાં સંડોવાય તે માટે ખોટો ટેસ્ટ કરીને ખોટો અભિપ્રાય આપે. આ ઉપરાંત આ સાહેદ વૈજ્ઞાનિક સાહેદ હોય, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૯૩ હેઠળ આ સાહેદે આપેલો અભિપ્રાય સીધે સીધો પુરાવામાં ગ્રાહ્ય છે તેમ છતાં આ સાહેદે અદાલત સમક્ષ સોગંદ ઉપર જુબાની આપેલી છે અને પોતે આપેલો અભિપ્રાય સાચો છે તેમ જણાવેલું છે જે નહિ માનવાને કોઇ કારણ નથી.

આ આરોપીને ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલા છે. તેઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ મુજબનું પોતાનું નિવેદન વીડિયો કોન્ફરન્સ દ્વારા નોંધાવવાનું જણાવવામાં આવેલુ પરંતુ આરોપીએ જણાવેલુ કે પોતાને ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતેથી અમદાવાદ સેન્ટ્રલ જેલ ખાતે ટ્રાન્સફર કરવામાં આવે અને ત્યારબાદ પોતાનું નિવેદન નોંધાવશે. પોતે વીડિયો કોન્ફરન્સ દ્વારા નિવેદન નોંધાવવા માંગતા નથી તેમ તેઓના વકીલશ્રીની હાજરીમાં સ્પષ્ટપણે જણાવેલુ છે. આ આરોપી સાથે ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલા બીજા આરોપી નં.૧૧, ૧૨, ૧૩, ૫૨, ૫૯, ૬૦, ૬૧ નાઓએ તેઓનુ નિવેદન વીડિયો કોન્ફરન્સ દ્વારા નોંધાવેલુ છે તેમ છતાં આ આરોપીએ વીડિયો કોન્ફરન્સ દ્વારા પોતાનુ નિવેદન નોંધાવેલુ નથી અને નિવેદન નોંધાવવાની ખુલ્લી અદાલતમાં વીડિયો કોન્ફરન્સમાં સ્પષ્ટ ના પાડેલી છે જેથી એવુ કહી શકાય કે ફરિયાદપક્ષ દ્વારા પોતાની વિરૂધ્ધ જે પુરાવો રજૂ થયો છે તે અંગે કોઈ ખુલાસો કરવા માંગતા નથી. જે આરોપીઓએ પોતાના નિવેદનો વીડિયો કોન્ફરન્સ દ્વારા નોંધાવેલા અને નિવેદનો નોંધાવ્યા બાદ તેની પ્રિન્ટ કાઢવામાં આવેલી. ત્યારબાદ અત્રેની સીટી સિવિલ કોર્ટ, અમદાવાદના પ્રિન્સીપાલ જજ સાહેબના ઑફિસ ઓર્ડર નં. ૨૩૩/૨૦, તા.૫.૩.૨૦૨૦ તથા ૪૭૭/૨૦૨૦ તા.૩૦.૭. ૨૦૨૦ ના હુકમથી અત્રેની અદાલતના બેન્ચ કલાર્ક શ્રી જે.જે.પરમાર ભોપાલ ખાતે આરોપી નં.૧૧, ૧૨, ૧૩, ૫૨, ૫૯, ૬૦, ૬૧ નાં નિવેદનો ઉપર સહીઓ કરાવવા ગયા ત્યારે હાથથી અંગ્રેજી ભાષામાં લખેલુ પોતાનું નિવેદન પાના નં.૧ થી ૫ તેઓએ શ્રી જે.જે.પરમારને જેલરશ્રી, ભોપાલ સેન્ટ્રલ જેલની હાજરીમાં સોંપેલુ.

આરોપીએ હાથથી અંગ્રેજી ભાષામાં લખેલા પોતાના નિવેદનમાં પાના નં.૧ થી ૭ રજૂ કરેલ છે. આ અંગ્રેજી ભાષામાં લખેલા નિવેદનની ટાઈપ કરેલી નકલ પણ રજૂ કરેલી છે. આ નિવેદન ધ્યાને લેતા તેઓને અમદાવાદ સેન્ટ્રલ જેલ ખાતેથી ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે ટ્રાન્સફર કરવામાં આવેલા હતા અને હવે તેઓને ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતેથી અમદાવાદ સેન્ટ્રલ જેલ ખાતે

ટ્રાન્સફર કરાવવા જણાવેલ છે. આ નિવેદન ધ્યાને લેતા આરોપીએ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવા વિશે કોઈ હકીકત જણાવેલ નથી પરંતુ જેલ સત્તાવાળાઓ સામે નારાજગી દર્શાવેલી છે. આ ઉપરાંત આરોપીના વકીલ ડી.ડી.પઠાણે તા.૧૭.૮.૨૦૧૮, તા.૮.૪.૨૦૧૯, તા.૬.૫.૨૦૧૯, તા.૭.૧૨.૨૦૧૯ ના દિવસોએ આરોપીની મુલાકાત લીધેલી અને તે વખતે જેલ અધિકારીઓ તરફથી થયેલા વ્યવહાર અંગેની માહિતી આપેલી છે. તા.૧૭.૧૧.૨૦૧૯, તા.૧૯.૧૨. ૨૦૧૯ના દિવસોએ જે કંઈ થયેલુ તેની હકીકત પણ જણાવેલી છે. આ ઉપરાંત ન્યાયાલયના આદેશની જેલ તંત્ર મનમાની કરે છે તેમ જણાવે છે. આ સિવાય બીજી કોઈ હકીકત જણાવેલી નથી અને છેલ્લે કુરાન અધ્યાય નં.૮૫–૧૦ નો ઉલ્લેખ કરેલો છે કે "યકીનન જીન લોગોને મુસલમાન મર્દો ઔર ઔરતો કો સતાયા ફીર તોબા ના કી ઈસકે લીયે જહનુમકા અજાબ હૈ એવંમ જલનેકા અજાબ હૈ." આ મુજબ આ આરોપીએ પોતાની લેખિત રજૂઆત કરેલી છે આ સિવાય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો આરોપીએ રજૂ કરેલો નથી.

આરોપી નં.૧૦ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમીત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૯૭૨, ૯૮૧, ૧૦૬૭, ૫૭૧, ૯૦૦, ૮૪૮, ૭૮૬, ૭૮૭, ૭૯૦, ૭૯૨, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ છે. આ ઉપરાંત આરોપી નં.૦૨, ૨૧, ૩૫, ૭૬ના કબૂલાત નિવેદનો પણ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતા આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, સાહેદ નં.૯૭૨ રામકાભાઈ દેવકરણ, સાહેદ નં.૯૮૧ પ્રવિણભાઈ કટારીયા તથા સાહેદ નં.૧૦૬૭ અંબાલાલ વેચાતની જુબાનીઓની વિગતવાર ચર્ચા કરેલી હોવાથી વધુ ચર્ચા કરવામાં આવતી નથી તેમ જણાવે છે. પરંતુ ટુંકમાં

દલીલ કરતા જણાવે છે કે, આ સાહેદોએ જે આરોપીઓને ઓળખ પરેડ દરમ્યાન ઓળખેલા છે તે ઓળખવા શકય નથી. માની લેવામાં આવે કે પાવાગઢ ખાતેના કેમ્પમાં આ આરોપીઓ હાજર હતા તો તેટલા માત્રથી આ ગુનામાં કામમાં આરોપીઓને સંડોવી શકાય નહીં. વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા એમ પણ જણાવે છે કે, આ આરોપીઓનો "સસ્પેકટ ડીટેન્શન ટેસ્ટ" સાહેદ નં.૮૪૮ વસંતભાઈ પટેલ દ્વારા કરવામાં આવેલો છે પરંતુ આરોપીને બેભાન અવસ્થામાં ટેસ્ટ કરેલો હોવાથી તે ગ્રાહય નથી. પરંતુ મારા મત પ્રમાણે સાહેદ નં.૮૪૮ એફ.એસ.એલ. અધિકારી છે અને તેમને આ આરોપીનો "સસ્પેકટ ડીટેન્શન ટેસ્ટ" કરેલો જેનો રીપોર્ટ આંક–૫૯૦૧ થી રજૂ કરેલો છે. આ ટેસ્ટ કરતા પહેલા આરોપી પાસેથી સંમતિ પત્ર અને તેના ઈતિહાસ બાબતે ફોર્મ ભરવામાં આવેલુ છે જે આંક–૫૯૦૦ થી રજૂ કરવામાં આવેલુ છે. આંક–૫૯૦૧ના "સસ્પેકટ ડીટેન્શન ટેસ્ટ"ના રીપોર્ટ મુજબ આ આરોપી બેંગ્લોરમાં થયેલ બોમ્બ વિસ્ફોટમાં સામેલ હોવાના મુદ્દે ઓછુ રીએકશન આપેલુ છે તથા હૈદરાબાદમાં થયેલ બોમ્બ વિસ્ફોટમાં પણ તેને ઓછુ રીએકશન આપેલુ છે. વૈજ્ઞાનિક પધ્ધતિથી આરોપીનો આ ટેસ્ટ કરવામાં આવેલો છે જે નહીં માનવાને કોઈ કારણ નથી. આ ઉપરાંત આરોપી નં.૨,૨૧ અને ૭૬ ના કબૂલાત નિવેદનો મુજબ આ આરોપી વાઘમોન તથા હાલોલ–પાવાગઢ ખાતેના કેમ્પોમાં હાજર રહેલો છે, જેહાદી ભાષણો કરેલા છે તથા જુદી–જુદી જગ્યાએ મીટીંગોમાં પણ હાજર રહેલો હોવાનું માલુમ પડે છે. વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી આ કહેવાતા ગુનાઓમાં સંડોવાયેલો નથી. પરંતુ ઉપર વિગતે જે પુરાવા રજૂ થયા છે તે ધ્યાને લેતા આ આરોપી આ કહેવાતા ગુનામાં સંડોવાયેલો છે તેમ હું માનુ છું.

આરોપી નં.૧૧ સીબલી ઉર્ફે સાબીત અબ્દુલ કરીમનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૧૧ સીબલી ઉર્ફે સાબીત અબ્દુલ કરીમનાઓ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ જુદી–જુદી ૨૮ જગ્યાઓ ઉપર

બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી–જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા–જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમને કઈ–કઈ ભૂમિકા ભજવેલી છે તે સાબિત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે . તે પૈકી સહઆરોપી નં.૨ ઈમરાન ઈબ્રાહીમ શેખ તથા સહઆરોપી નં.૭૬ મંજર ઈમામ ઉર્ફે આલમ ઉર્ફે જમીન અલીઈમામનાઓએ ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબના નિવેદનો મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, અમદાવાદ સમક્ષ લખાવેલા તે ધ્યાને લેતા આ આરોપી તેઓની ઉપર મુકવામાં આવેલ આક્ષેપ મુજબના કાવતરામાં સામેલ હોવાનું ફલીત થાય છે.

તપાસ ટીમો પૈકીની એક ટીમના તપાસ કરનાર અધિકારી વી.આર. ટોળીયાએ તા.૨૬/૦૮/૨૦૦૮ના રોજ જાવક નં.તપસ/૨૩૬/ ૨૦૦૮નો પત્ર નિયામકશ્રી ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી ગુજરાત રાજયને આ કામના આરોપીઓ પૈકી (૧)હાફિઝહુસેન ઉર્ફે અદનાન ઉર્ફે તલીમ તાજુદ્દિન (આરોપી નં.૧૩) તથા (૨) સફદરહુસેન ઉર્ફે હુસેનભાઇ જહરૂદ્દિન નાગોરી (આરોપી નં.૧૨) તથા (૩) કમરૂદ્દિન ઉર્ફે રાજા ઉર્ફે અબદુલ્લા ચાંદ મહમદ નાગોરી (આરોપી નં.૦૯)તથા (૪) આમીલ પરવાઝ ઉર્ફે સિકંદર કાજી સૈકુદ્દિન શેખ (આરોપી નં.૧૦) તથા (૫) સિબલી ઉર્ફે સાબિત અબ્દુલ કરીમ (આરોપી નં.૧૧) તથા (૬) જાહિદ કુત્બુદ્દિન શેખ (આરોપી નં.૦૧)નાઓના "સસ્પેકટ ડિટેન્શન સીસ્ટમ" દ્વારા તપાસણી કરી અહેવાલ આપવા વિનંતી કરતો પત્ર લખેલો. જે આંક–૫૮૯૮ થી રજૂ છે. આ પત્રમાં શ્રી વી.આર. ટોળિયાની સહી છે. તપાસ ટીમો પૈકીની એક તપાસ ટીમના અધિકારી સાહેદ નં. ૧૧૬૩ મયુર ચાવડાએ શ્રી વી.આર.ટોળિયાની સહી પોતાની જુબાનીમાં ઓળખી બતાવેલી

છે. આ પત્ર દ્વારા જે મુદ્દાઓની તપાસ કરવા વિનંતી કરેલી હતી તે મુદ્દાઓ જેવા કે,

(૧) તમો "સીમી" અને "ઇન્ડિયન મુજાહિદ્દિન"ના સભ્ય છો?

(૨) અમદાવાદ શહેરમાં તા.૨૬/૦૭/૨૦૦૮ના રોજ થયેલ બોમ્બ બ્લાસ્ટમાં તમો સંડોવાયેલા છો?

(૩) ભારતમાં અન્ય શહેરમાં થયેલ બોમ્બ બ્લાસ્ટ વિશે તમારી જાણકારી શું છે?

(૪) બીજા ઓર્ગેનાઇઝેશન જેવા કે, "એલ.ઇ.ટી." અને "હુજી" માં જોડાયેલા છો?

(૫) તમારૂ (ફંડિગ) આર્થિક આવકના સોર્સ શું છે?

ઉપરોકત પત્રમાં જણાવ્યા મુજબના મુદ્દાઓ બાબતે આ આરોપીનો સસ્પેકટ ડિટેન્શન ટેસ્ટ એફ.એસ.એલ.અધિકારી સાહેદ નં.૮૪૮ વસંતભાઇ હાથીભાઇ પટેલનાઓએ કરેલો હતો. તેઓને આ કામે ફરિયાદપક્ષ દ્વારા આંક–૫૮૯૪ થી તપાસવામાં આવેલા છે. તેઓની સરતપાસ મુજબ ૧૯૮૨માં સાયન્ટિફિક આસીસ્ટન્ટ તરીકે એફ.એસ.એલ. અમદાવાદમાં જોડાયેલા હતા અને સને–૨૦૦૬ની સાલમાં મદદનીશ નિયામક, ફોરેન્સિક સાયકોલોજી વિભાગ તરીકે પ્રમોશન મેળવેલું અને છેલ્લે સને–૨૦૧૨ ની સાલમાં નિવૃત્ત થયેલાં છે. તા.૨૫/૦૮/૨૦૦૮ના રોજ નાયબ પોલીસ અધીક્ષક, બોમ્બ બ્લાસ્ટ તપાસ ટીમ, અમદાવાદ શહેરનાઓએ કેટલાક આરોપીઓને સસ્પેકટ ડિટેન્શન સીસ્ટમથી પરીક્ષણ કરાવવા માટે ચર્ચા કરવા એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે આવેલા અને શ્રીમતી ડૉ.એસ.એલ.વાયાને મળેલાં અને તેમણે આ સાહેદ પાસે ચર્ચા કરવા માટે મોકલેલા. બનાવ અંગે જરૂરી વિગતો જાણીને જરૂરી ચર્ચા કરેલી. ત્યારબાદ એસ.ડી.એસ. પરીક્ષણ માટે તા.૨૬/૦૮/૨૦૦૮ના રોજ કલાક ૧૦:૩૦ વાગ્યે આરોપીઓને હાજર રાખેલા. જે આરોપીઓને હાજર રાખેલા તે ઉપરોકત જણાવેલ આરોપીઓ કુલ–૬ હતાં. આ આરોપીઓને હાજર રાખ્યા બાદ દરેક આરોપીનો વ્યકિતગત ઇતિહાસ જેવો કે, નામ, સરનામું, અગાઉના ગુનાની

વિગતો, તેઓને વ્યસન છે કે કેમ? વિગેરેની ઇન્કવાયરી કરેલી અને તે અંગેનું ફોર્મ ભરવામાં આવેલું જે આંક–૫૯૦૦ થી ૨જૂ કરેલું છે. જેમાં એફ.એસ.એલ. કચેરીનો સિકકો તથા આ સાહેદની સહી છે.

વધુમાં આ સાહેદની જુબાનીના પેરા–૩ ધ્યાને લઇએ તો સસ્પેકટ ડિટેન્શન સિસ્ટમ દ્વારા તેમનુ પરીક્ષણ કરવામાં આવ્યું તો નીચે મુજબના મુદ્દા પ્રત્યે તેઓમાં સુચક પ્રતિભાવો મળેલાં છે.

(૧) બેંગ્લોરમાં થયેલ બોમ્બ વિસ્ફોટમાં સામેલ છે.

(૨) હૈદરાબાદમાં થયેલ બોમ્બ વિસ્ફોટમાં સામેલ છે.

આ સાહેદે પરીક્ષણ કરતા આરોપીએ ઉપર મુજબના જવાબો આપેલા અને તે જવાબો અંગેનો અભિપ્રાય આ સાહેદે આપેલો જે આ કામે આંક–૫૯૦૧ થી ૨જૂ છે જેમાં આ સાહેદે પોતાની સહી તથા સિકકો ઓળખી બતાવેલો છે. આ અભિપ્રાય અધિક નિયામક એફ.એસ.એલ.,ગાંધીનગરના ફોરવર્ડિંગ પત્રથી તા.૨૧/૧૦/૨૦૦૮ના રોજ તપાસ કરનાર અધિકારીશ્રી વી.આર. ટોળિયાને મોકલી આપેલો છે.

હવે આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઇએ તો એફ.એસ.એલ. કચેરી ગાંધીનગરમાં કોઇપણ વિના રોકટોક પ્રવેશ કરી શકે છે તો તે હકિકત નકારી છે. કોઇ વ્યકિતએ પ્રવેશ કરવો હોય તો ઓળખપત્ર અને સિકયુરીટી ચેકિંગમાંથી પસાર થવુ પડે છે તો તે કબૂલ કરે છે. આ સાહેદે કાયદાશાસ્ત્રનો અભ્યાસ કરેલો નથી. ફોજદારી કાર્યવાહીને લગતા ખાસ કાયદાઓનો પણ અભ્યાસ કરેલો નથી. મારા મત પ્રમાણે આ સાહેદે ફોજદારી કાયદાઓનો અભ્યાસ કરવો જરૂરી નથી કારણ કે, આ સાહેદ સાયન્ટિફિક ઓફિસર છે અને કાયદાઓનો અભ્યાસ કરવો તેમના માટે ફરજિયાત નથી. આરોપીઓના ટેસ્ટ પોતાની ચેમ્બરમાં લેવામાં આવેલાની હકીકત નકારી છે. રજૂ કરવામાં આવેલા આરોપીઓને કઇ તારીખે પકડવામાં આવેલા હતા અને કેટલા સમયથી પોલીસ કસ્ટડીમાં હતી તેવી કોઇ માહિતી પોલીસ અધિકારી ટોળીયાએ આપેલી ન હતી પરંતુ મારા મત પ્રમાણે આરોપીઓ કેટલા સમયથી પોલીસ કસ્ટડીમાં છે અને

તેમને કયારે પકડવામાં આવેલા તે જાણવાનો આ સાહેદને કોઇ અર્થ નથી. આ સાહેદનું કાર્ય તપાસ કરનાર અધિકારીના કાર્ય કરતા તદ્દન જુદુ છે . વધુમાં ઊલટતપાસ ધ્યાને લઇએ તો, આરોપીઓના ટેસ્ટ લીધા પછી સાંજે છ વાગ્યે પોલીસને સુપરત કરેલાં. આરોપીને સુપરત કર્યા ત્યારે ડૉકટરની હાજરી રાખવામાં આવેલી નહિ. આરોપીઓના ટેસ્ટ સ્વતંત્ર વ્યકિતઓની હાજરીમાં રાખવામાં આવેલા નથી તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે એફ.એસ.એલ.ની કચેરીમાં કોઇ બહારની વ્યકિતને પ્રવેશ માટે પ્રતિબંધ છે. આ ટેસ્ટ એવા પ્રકારના છે કે તેમાં સ્વતંત્ર વ્યકિતઓને હાજર રાખવી યોગ્ય પણ નથી. એસ.ડી.એસ. ટેસ્ટ પધ્ધતિએ આરોપી પાસેથી ગુના સંબંધેની માહિતી અને તેમના ભજવેલ ભાગ સંબંધે માહિતી મેળવવા માટેનો ટેસ્ટ છે તે કબૂલ કરે છે. આરોપીઓ તરફે આ કબૂલાત્મક પ્રશ્ન પુછીને સ્વિકારવામાં આવેલું છે કે,આ ટેસ્ટ ગુના સંબંધે માહિતી મેળવવાનો ટેસ્ટ છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઇએ તો, ટેસ્ટ લેનાર અને આરોપીની માનસિક સ્થિતિ કેવી છે તેની ઉપર પરિણામ અવલંબિત છે તો તે વાત સાથે સહમત નથી. "હુજી" અને "લશ્કરે તોઇબા"નામની સંસ્થાઓ અંગે અને તેની કાર્યવાહી અને સભ્ય વિશે જાત માહિતી નથી. એસ.ડી.એસ. પ્રણાલી વિશ્વના કયા કયા દેશોમાં વપરાય છે તે જાણતા નથી પરંતુ આ પધ્ધતિ ભારતમાં માન્ય છે તેમ જણાવે છે. સસ્પેકટ ડિટેન્શન કંપનીનું નામ છે અને તેના પરથી પધ્ધતિનું નામ આપવામાં આવ્યું છે. એસ.ડી.એસ. પ્રણાલીના સમકક્ષ અન્ય કોઇ કંપની હોય તો ધ્યાનમાં નથી. એસ.ડી.એસ. પધ્ધતિ કેટલા અંશે સાચી અને કેટલા અંશે ખરી નથી તે બાબતે કોઇ વૈજ્ઞાનિક સંસ્થામાં સંશોધન થયેલ છે કે કેમ? તેની ખબર નથી. એસ.ડી.એસ. પરીક્ષણના અહેવાલ બાબતે કોર્ટમાં જુબાની આપવાનો પ્રસંગ બનેલો હોય તો ખ્યાલ નથી. આ પરીક્ષણનો આધાર બાયોસાઇકોલોજી છે. જેનું વિશ્લેષણ કરીને વ્યકિત શકદાર છે કે કેમ? તે અંગેનો અભિપ્રાય આપવાનો હોય છે. કમ્પ્યુટર પરના રીસ્પોન્સનું અવલોકન કરીને અભિપ્રાય આપવામાં આવે છે તે કબૂલ કરે છે. યાદશકિત ઓછી હોવાના કારણે પણ જી.એસ.આર.ના પ્રતિભાવમાં અસર પડે છે. પ્રિ–ટેસ્ટ ઇન્ટરવ્યુ ફોર્મમાં

અગત્યની પ્રાથમિક નોંધ કરવામાં આવે છે તે કબૂલ કરે છે. આરોપીઓએ જણાવેલી તકલીફો ચકાસવાની આ સાહેદ પાસે કોઇ સુવિધા ન હતી. આરોપીઓના બ્લડ અને યુરીન ટેસ્ટ કરેલા નથી. આરોપીઓના ટેસ્ટ બાબતે કોઇ તપાસનીશ પોલીસ અધિકારી સાથે પત્ર વ્યવહાર કરવાનું બનેલું નથી. પરીક્ષણની માહિતી કમ્પ્યુટરમાં સ્ટોર થાય છે તે કબૂલ કરે છે. અહેવાલમાં કમ્પ્યુટરની સ્થિતિ બાબતેનો ઉલ્લેખ નથી તે કબૂલ કરે છે. કરેલા પરીક્ષણો કાયદા અને સરકારથી માન્ય થયેલા નથી માટે ખોટા અને ભુલભરેલા છે તો તે હકિકત નકારી છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો, એસ.ડી.એસ. ટેસ્ટનો હેતુ વ્યકિત સાચુ બોલે કે ખોટુ બોલે તે જ છે. ટેસ્ટના પરિણામ સાયકોલોજીકલ ટેસ્ટ ઉપર આધારિત છે તે કબૂલ કરે છે. આ ટેસ્ટને કોઇ માર્ગદર્શિકા લાગુ પડતી નથી તેમ જણાવે છે. એસ.ડી.એસ. સિસ્ટમમાં પણ સબજેકટમાં થતા માનસિક, શારીરિક ફેરફારો કમ્પ્યુટરમાં નોંધાય છે તે કબૂલ કરે છે. સવાલ થકી વ્યકિતના મનમાં અને શરીરમાં જે કોઇ ફેરફારો આવે તે નોંધાય છે તે કબૂલ કરે છે. પરીક્ષણ કરતુ સોફટવેર સરકાર માન્ય છે કે કેમ? તે કહિ શકે તેમ નથી. આ તબકકે વકીલશ્રી એલ.આર.પઠાણનાઓ દલીલ કરતા જણાવેલું છે કે, સોફટવેર સરકાર માન્ય છે કે કેમ? તે અંગેની જાણકારી સાહેદને ન હોવાથી આ સાહેદે આપેલો પરીક્ષણ અહેવાલ માન્ય રાખી શકાય નહિ. પરંતુ મારા મત પ્રમાણે એફ.એસ. એલ. લેબોરેટરી સરકાર હસ્તક છે, સરકારી સંસ્થા છે અને સરકારની ગ્રાન્ટ દ્વારા તે ચાલે છે જે કાંઇ સાધનસામગ્રી લેબોરેટરીને આપવામાં આવે છે તે સરકાર દ્વારા આપવામાં આવે છે જેથી એવું ચોકકસપણે કહિ શકાય કે, આ સોફટવેર સરકાર માન્ય જ છે. ટેસ્ટ લેતા પહેલા વ્યકિતની સહમતિ મેળવવી આવશ્યક છે. આ સાહેદ જણાવે છે કે, આરોપીઓની મૌખિક સંમતિ મેળવેલી છે. પકડાયેલ વ્યકિત શંકાસ્પદ છે કે કેમ? તે નકકી કરવા માટે આ ટેસ્ટ કરવામાં આવે છે તે કબૂલ કરે છે. ટેસ્ટ દરમ્યાન આરોપી જે જવાબ આપે તે તમામ કમ્પ્યુટરમાં નોંધાય છે તે કબૂલ કરે છે. પોલીસને મદદ કરવા ખોટો અભિપ્રાય આપેલાની હકીકત નકારે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ સાયન્ટિફિક ઓફિસર તરીકે એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે ફરજ બજાવતા હતા અને કુલ–૬ આરોપીઓના સસ્પેકટ ડિટેન્શન ટેસ્ટ આ સાહેદે કરેલા છે. તે પૈકી આ આરોપીનો સમાવેશ થાય છે. સસ્પેકટ ડિટેન્શન ટેસ્ટ તથા ટેસ્ટનું પરિણામ તથા આ સાહેદની જુબાની મુજબ આ આરોપી સીમી સાથે સંકળાયેલો છે અને તેનો કાર્યકર છે. ભારતના જુદા–જુદા શહેરોમાં બોમ્બ વિસ્ફોટ થયેલા છે તે અને ભવિષ્યમાં બોમ્બ વિસ્ફોટ થશે તેવી આ આરોપીને જાણકારી છે અને બોમ્બ વિસ્ફોટ કરનારાઓને આ આરોપી જાણે છે. સાહેદ નં.૮૪૮ દ્વારા કરવામાં આવેલો આ ટેસ્ટ કમ્પ્યુટરાઈઝડ ટેસ્ટ છે. સરકાર દ્વારા પુરા પાડવામાં આવેલા કમ્પ્યુટર અને સોફટવેર દ્વારા આ ટેસ્ટ થયેલો છે. આ ટેસ્ટ સરકારના કામકાજના દિવસો અને સમય દરમ્યાન કરવામાં આવેલો છે. આ સાહેદે જે કાંઇ કામગીરી કરેલી છે તે ફરજના ભાગરૂપે કરેલી છે. આરોપીઓ સાથે કોઇ અંગત દુશ્મનાવટ નથી કે જેથી કરીને આરોપીઓ આ ગુનામાં સંડોવાય તે માટે ખોટો ટેસ્ટ કરીને ખોટો અભિપ્રાય આપે. આ ઉપરાંત આ સાહેદ વૈજ્ઞાનિક સાહેદ હોય, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૯૩ હેઠળ આ સાહેદે આપેલો અભિપ્રાય સીધે સીધો પુરાવામાં ગ્રાહ્ય છે તેમ છતાં આ સાહેદે અદાલત સમક્ષ સોગંદ ઉપર જુબાની આપેલી છે અને પોતે આપેલો અભિપ્રાય સાચો છે તેમ જણાવેલું છે જે નહિ માનવાને કોઇ કારણ નથી.

આ આરોપી નં.૧૧ સીબલી ઉર્ફે સાબીત અબ્દુલ કરીમે ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે તે પ્રશ્નના જવાબમાં તેણે ફરિયાદ પક્ષના પુરાવા સંબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના બચાવ માટે જે હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦ મા જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

આ આરોપીએ પોતાના બચાવમાં મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ કરેલો નથી. પરંતુ આ આરોપીની સાથે રાખવામાં આવેલા અન્ય આરોપીઓ નં.૧૨, ૧૩, ૫૨, ૫૯, ૬૦, ૬૧ નાઓએ નોંધાવેલા નિવદનો ઉપર સહીઓ કરાવવા માટે સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ, અમદાવાદના પ્રિન્સીપાલ જજ સાહેબના ઑફિસ ઓર્ડર નં. ૨૩૩/૨૦, તા.૫.૩.૨૦૨૦ તથા ૪૭૭/૨૦૨૦, તા.૩૦.૭.૨૦૨૦ ના હુકમથી અત્રેની અદાલતના બેન્ચ કલાર્ક શ્રી જે.જે.પરમાર ભોપાલ ખાતે આ આરોપી તથા આરોપીઓ નં.૧૧, ૧૨, ૧૩, ૫૨, ૫૯, ૬૦, ૬૧ નાં નિવેદનો ઉપર સહીઓ કરાવવા ગયા ત્યારે હાથથી અંગ્રેજી ભાષામાં લખેલુ પોતાનું નિવેદન પાના નં.૧ થી ૭ તેઓએ શ્રી જે.જે.પરમારને જેલરશ્રી ભોપાલ સેન્ટ્રલ જેલની હાજરીમાં સોંપેલુ.

આ નિવેદન ધ્યાને લેતા તેઓને અમદાવાદ સેન્ટ્રલ જેલ ખાતેથી ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે ટ્રાન્સફર કરવામાં આવેલા હતા અને હવે તેઓને ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતેથી અમદાવાદ સેન્ટ્રલ જેલ ખાતે ટ્રાન્સફર કરાવવા જણાવેલ છે. આ નિવેદન ધ્યાને લેતા આરોપીએ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવા વિશે કોઈ હકીકત જણાવેલ નથી પરંતુ જેલ સત્તાવાળાઓ સામે નારાજગી દર્શાવેલી છે. તે સિવાય બીજી કોઈ હકીકત નિવેદનમાં નથી.

આરોપી નં.૧૧ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૮૪૮, ૭૮૬, ૭૮૭, ૭૯૦, ૭૯૨, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ છે. આ ઉપરાંત આ આરોપી નં.૨ તથા આરોપી નં.૭૬ ના કબૂલાત નિવેદનો પણ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતા આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલ શ્રી કે.જી.શેખ દલીલ કરતા જણાવે છે કે આ આરોપીને તા.૨૩.૮.૨૦૦૮ ના રોજ અટક કરવામાં આવેલો છે અને

ત્યારથી અમદાવાદ અને સુરતના જુદા–જુદા કેસોમાં તા.૧૮.૧.૨૦૦૯ સુધી રીમાન્ડ ઉપર હતો. ત્યારબાદ આ આરોપીને કલોલના કેસમાં પણ અટક કરવામાં આવેલો છે. આ આરોપી વિરૂધ્ધ ફરમાવવામાં આવેલા તહોમતનામા મુજબ કોઈ ચોકકસ ભૂમિકા નથી. આરોપી નં.૨ તથા ૭૬ ના કબૂલાત નિવેદનો ફરિયાદપક્ષ તરફથી રજુ થયેલા છે પરંતુ તે નિવેદનોમાં આ આરોપી આ ગુનાઓમાં સંડોવાયેલો હોય તેવો કોઈ સીધો પુરાવો નથી. આરોપી નં.૨ નાઓએ કબૂલાત નિવેદન પરત ખેંચેલુ હોવાથી આ આરોપી સામે વંચાણે લઈ શકાય નહીં. વધુમાં દલીલ કરતા જણાવવામાં આવે છે કે સાહેદ નં.૧૧૪૧ ના કહેવા મુજબ આ આરોપી સમશુદ્દીનના નાના ના ઘરે હાજર હતો તે સિવાય બીજી કોઈ હકીકત જણાવતો નથી તથા સાહેદ નં.૧૧૪૧ નાઓએ જુબાની દરમ્યાન આરોપીને ઓળખી બતાવેલો નથી. પરંતુ મારા મત પ્રમાણે સાહેદ નં.૧૧૪૧ તથા સાહેદ નં.૯૫૭ બંને સાહેદોએ જણાવેલુ છે કે સમશુદ્દીનના નાના ના ઘરે પ્રોગ્રામ થયેલો હતો. રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને લેતા આ પ્રોગ્રામ સીમીના સભ્યોએ કરેલો હતો અને તે પ્રોગ્રામમાં આ આરોપીએ હાજરી આપેલી હતી. સીમી બાબતે સીમીના પેરામાં વિસ્તૃત ચર્ચા કરેલી છે જેથી સીમીના સભ્યો પ્રોગ્રામ રાખીને જે કંઈ ચર્ચા કરે તે સીમીનો ઉદ્દેશ સિધ્ધ કરવા માટે જ ચર્ચા કરે તેવુ અફર અનુમાન થઈ શકે. આ આરોપી હાજર હતો માટે આ બનાવોમાં તે સંડોવાયેલો છે તેમ કહી શકાય. વધુમાં વકીલશ્રી કે.જી.શેખ સાહેદ નં.૮૪૮ વસંતભાઈ હાથીભાઈ પટેલની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરે છે કે આ સાહેદ એફ.એસ.એલ. અધિકારી છે અને આ સાહેદે આ આરોપીનો "સસ્પેકટ ડીટેન્શન ટેસ્ટ" કરેલો છે અને ટેસ્ટ કરવા માટે આરોપીની લેખિત સંમતિ લીધેલી નથી. પરંતુ આ સાહેદની જુબાની ધ્યાને લઈએ તો આરોપીની મૌખિક સમંતિથી આ ટેસ્ટ કરવામાં આવેલો છે. આ સાહેદ એફ.એસ.એલ. અધિકારી છે, જવાબદારી અને ફરજથી બંધાયેલા છે અને સોગંદ ઉપર ખુલ્લી અદાલતમાં જણાવતા હોય કે આરોપીની મૌખિક સંમતી લીધા પછી આ ટેસ્ટ કરેલો છે તો તે નહીં માનવાને કોઈ કારણ નથી. વધુમાં દલીલ કરતા જણાવવામાં આવે છે કે આ આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–

૩૧૩ ના વિશેષ નિવેદનમાં જણાવેલુ છે કે આ ટેસ્ટ આરોપીએ આપેલ નથી. પરંતુ સાહેદ નં.૮૪૮ તથા આંક–૫૯૦૧ વાળો રીપોર્ટ ધ્યાને લઈએ તો આ આરોપીએ આ ટેસ્ટ આપેલો છે. જેથી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં આ ટેસ્ટ આપેલો નથી તેવી ખોટી હકીકત આરોપીએ જણાવેલી છે. આ ટેસ્ટ બાબતે વકીલશ્રી કે.જી.શેખ નીચે મુજબના ચુકાદા ઉપર આધાર રાખેલ છે.

અ.નં.	**ચુકાદો**	**નિર્ણીત મુદ્દાઓ પૈકી સાયન્ટીફીક ટેસ્ટ અંગે નિર્ણીત થયેલો એક મુદ્દો**
૧	નશીમબેન સૈયદ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, ૨૦૨૦ ક્રિ.લો.જ. પાન નં.૩૦૮૫ ગુજરાત	પેરા–૪ મુજબ સાયન્ટીફીક ટેસ્ટને પુરાવા તરીકે વંચાણે લઈ શકાય નહીં અને આ ટેસ્ટ આરોપીની મંજુરી વિના કરાવી શકાય નહીં. આ પ્રક્રિયા કાયદા મુજબ ઈચ્છનીય નથી. નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષના આ કેસમાં આરોપીનો તેની સંમતિ વિના "બ્રેઈન મેપીંગ ટેસ્ટ" કરવામાં આવેલો હતો. જયારે આ કેસમાં સસ્પેકટ ડીટેન્શન ટેસ્ટ છે તથા આરોપીની મૌખિક સંમતિથી કરવામાં આવેલો છે.

વકીલશ્રી કે.જી.શેખ દલીલ કરતા જણાવે છે કે આ આરોપી આ કહેવાતા ગુનાઓમાં સંડોવાયેલો નથી. પરંતુ ઉપર વિગતે જે પુરાવા રજૂ થયા છે તે ધ્યાને લેતા આ આરોપી આ કહેવાતા ગુનામાં સંડોવાયેલો છે તેમ હું માનુ છું.

આરોપી નં.૧૨ સફદરહુસેન ઉર્ફે હુસેનભાઈ ઉર્ફે ઈકબાલભાઈ જહીરૂદ્દીન ઉર્ફે જહરૂલહસન નાગોરીનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૧૨ સફદરહુસેન ઉર્ફે હુસેનભાઈ ઉર્ફે ઈકબાલભાઈ જહીરૂદ્દીન ઉર્ફે જહરૂલહસન નાગોરીનાઓ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ નાં રોજ જુદી–જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી–જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમને કઈ–કઈ ભૂમિકા ભજવેલી છે તે સાબિત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે જે પૈકી જનરલ સાહેદ તરીકે સાહેદ નં.૧૧૧૭ આસીફ ઉસ્માન શેખનાઓને તપાસેલા છે. આ ઉપરાંત અગત્યના સાહેદ તરીકે સાહેદ નં.૯૭૨ રામકાભાઈ દેવકરણભાઈ કેસરીયા તથા સાહેદ નં.૯૮૧ પ્રવિણભાઈ હમીરભાઈ કટારીયા તથા સાહેદ નં.૧૦૬૭ અંબાલાલ વેચાતભાઈ બારીયા તથા સાહેદ નં.૧૦૭૩ મોહમદયુનુસ અબ્દુલલતીફ સુમરા તથા સાહેદ નં.૧૦૯૭ મહેતાબ ઈબ્રાહીમ શેખનાઓને તપાસેલા છે તથા આ આરોપીના સહઆરોપી નં.૨૩ છે કે જેઓ તાજના સાક્ષી બનેલા છે અને તેઓને સાહેદ નં.૧૧૪૧ એૈયાઝ રઝાકમીયાં સૈયદને તપાસવામાં આવેલા છે તથા આ આરોપીની સાહેદો રૂબરૂ ઓળખ પરેડ કરાવનાર મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૭૧ તરીકે રમણભાઈ સેંધાભાઈ સોલંકીને તપાસવામાં આવેલા છે. તેઓ તમામની જુબાની ધ્યાને લેતા આ આરોપીની સામે મુકવામાં આવેલ આક્ષેપો મુજબના કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા એકબીજાની મદદગારી કરીને અમદાવાદ શહેરમાં જુદી–જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરેલા છે તેમજ સુરતની જુદી–જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલ હોવાનું ફલીત થાય છે.

આ ઉપરાંત સહઆરોપી નં.૨ ઈમરાન ઈબ્રાહીમ શેખ, સહઆરોપી નં.૨૧ મહેંદીહસન ઉર્ફે વીકકી અબ્દુલ હબીબ અંસારી, સહઆરોપી નં.૩૫

રફીયુદ્દીન સરકુદ્દીન કાપડીયા તથા સહઆરોપી નં.૭૬ મંજરઈમામ ઉર્ફે આલમ ઉર્ફે જમીલ અલીઈમામનાઓએ ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબના કબૂલાત નિવેદનો મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટશ્રી, અમદાવાદ તથા જે.એમ.એફ.સી., કોચી–૫ સમક્ષ લખાવેલા તે ધ્યાને લેતા પણ આ આરોપી તેઓની ઉપર મુકવામાં આવેલ આક્ષેપ મુજબના કાવતરામાં સામેલ હોવાનું ફલીત થાય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે હિમેશકુમાર પ્રવિણચંદ્ર મહેતાને સાહેદ નં.૯૦૦ તરીકે આંક–૬૪૪૨ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૧૭/૧૧/૨૦૦૮ ના રોજ ૧૨.૦૦ થી ૧૨.૩૦ ના સમયે પાવાગઢ–હાલોલ રોડ ઉપર આવેલી વિવેક હોટલ પાસેથી જતા હતા ત્યારે પોલીસે ઉભા રાખેલા. તેમની સાથે બીજા એક ગુલાબસિંહભાઈ તે પણ હતા. આ સાહેદને પોલીસના માણસે કહેલું કે, સાહેબ મળવા માગે છે ત્યાં હોટલની બહાર સાહેબને મળેલા. સાહેબે ઓળખાણ આપેલી કે તેઓ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાંથી આવે છે અને તેમનુ નામ વાઘેલા સાહેબ છે અને સાહેબે જણાવેલું કે, આરોપીને લઈને આવેલા છીએ અને આ આરોપી શાહીબાગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલા બોમ્બ બ્લાસ્ટમાં આરોપી છે અને તે કંઈક કહેવા માંગે છે અને આ જે કહે છે તે પંચમાં રહેવાનું છે. જેથી તેઓએ સાહેબને હા પાડેલી. ત્યારબાદ આરોપીનું નામ પૂછેલું તો તેણે તેમનું નામ રફીયુદ્દીન સરકુદ્દીન કાપડીયા જણાવેલું. તેઓએ સરનામામાં સ્વામિનારાયણ મંદિરની પાછળ, વડોદરા મુકામના હોવાનું જણાવેલું. બીજું તેમણે કહેલું કે, "૨૦૦૮ના જાન્યુઆરી માસની ૧૩ થી ૧૫ તારીખ દરમ્યાન અમે અહીંયા પાવાગઢના જંગલમાં આતંકવાદી પ્રવૃત્તિની ટ્રેનીંગ અને ઉશ્કેરણીજનક ભાષણો અને તે જગ્યાઓ હું તમોને બતાવું" આવું તેણે કહેલું, આ બધુ તેઓએ સાંભળ્યું અને તે પોલીસને લખાવેલું. ત્યારબાદ ત્યાં ગાડીની અંદર પોલીસના સાહેબ, પોલીસનો સ્ટાફ, આ સાહેદ સાથેના ગુલાબસિંહ, આરોપી બધા બેઠેલા. આ વખતે સાહેબે ડ્રાઈવરને કહેલું કે, આ આરોપી રસ્તો બતાવે તે પ્રમાણે ગાડી લઈ લ્યો અને જયાં ઉભી રખાવે ત્યાં ઉભી રાખજો. ત્યાંથી ગાડી આગળ એકાદ કિ.મી. ગયેલી અને પછી

આરોપીએ ગાડી ઉભી રખાવેલી. જયાં ગાડી ઉભી રખાવેલી ત્યાં દરગાહ જેવું કાંઈક હતું. ત્યાં પછી આરોપી તેઓને દરગાહમાં અંદર લઈ ગયા અને ત્યાં જગ્યા બતાવી. તે દરગાહનું નામ "ખુંદપીરની દરગાહ" હતું. ત્યાં એક ઓરડી હતી અને ધર્મશાળા જેવું હતું. તેણે જણાવેલું કે, "અમે આ ઓરડીમાં રહેતા હતા." તેણે જે જણાવેલું તે પોલીસને લખાવેલું. ત્યારપછી પાછા બધા ગાડીમાં બેઠેલા. ગાડીમાં બેઠા પછી તેણે ગાડી આગળ ચલાવવાનું કહેલું અને એકાદ દોઢ કિ.મી. આગળ ગયેલા અને ત્યાં ડાબી સાઈડ તરફ કાચો રસ્તો આવેલો ત્યાં ગાડી વાળવાનું કહેલું. ત્યાં આગળ ૫૦૦ મીટર દુર એક મિનારની મસ્જિદ તેવું બોર્ડ હતું અને ત્યાં અંદર ગાડી લીધેલી અને ત્યાં પણ આ બોર્ડ મારેલું હતું અને ત્યાં બધા ગાડીમાંથી નીચે ઉતરેલા. ત્યાં એક નાનો ગેટ હતો તે ખોલીને આરોપી અંદર લઈ ગયેલો. ત્યાં ૫૦૦ મીટર જેટલી મોટી જગ્યા હતી, મોટો ઓટલો હતો અને ચારેય તરફ મોટી ગ્રીલ હતી. તેણે એવું કહેલું કે, "અમે અહીંયા નમાજ પઢતા હતા." ત્યાં એક કુવો હતો. ત્યારપછી આરોપીએ કહેલું કે, "અમે આતંકવાદની તાલીમ લીધેલી તે જગ્યા હવે હું તમને બતાવું." ત્યારબાદ બધા પાછા ગાડીમાં બેઠેલા અને પાવાગઢ રોડ પર દોઢેક કિ.મી. ગયેલા અને ત્યાં ૧૫૦ મીટર દુર કાચા રસ્તે ગાડી ઉભી રખાવેલી. ગાડી આરોપીએ ઉભી રખાવેલી. ત્યાં આગળ "હેલીકૈલ વાવ" આવેલી હતી. ત્યાં હેલીકૈલ વાવના કમ્પાઉન્ડમાં આરોપી લઈ ગયેલો. ત્યાં તારની ફેન્સીંગ હતી અને તાર ઉંચા કરીને ૧૫૦ મીટર અંદર જંગલમાં લઈ ગયેલો. ત્યાં ૪૦ થી ૫૦ મીટર જેટલી મોટી જગ્યા હતી. ત્યાં સૂકું ઝાડ હતું અને ત્યાંથી ૧૫૦ મીટર આગળ એક ખીણ હતી જેમાં પાણી ભરેલું હતું. આરોપીએ ત્યાં કહેલું કે, "અહિંયા અમે તંબુ બાંધીને ટ્રેનીંગ લેતા હતા." આરોપીએ કહેલું તે બધું પોલીસને લખાવેલું.

ઉપર મુજબની વિગતવાળુ પંચનામુ બનાવેલુ તે આંક–૬૪૪૩ થી રજૂ રાખેલ છે જેમાં સાહેદ પોતાની તથા બીજા પંચ ગુલાબસિંહની સહીઓ ઓળખી બતાવે છે અને સદર પંચનામામાં લખેલી હકીકત ખરી હોવાનું જણાવે છે. સરતપાસમાં જણાવ્યા મુજબના આરોપીને ઓળખી બતાવવાનું જણાવ્યુ

અને વીડિયો કોન્ફરન્સના માધ્યમથી આરોપીઓને વારાફરતી સાહેદને બતાવતા સાહેદ સરતપાસમાં જણાવેલ આરોપીને ઓળખી બતાવતા નથી અને જણાવેલ છે કે ઘણો સમય થઈ ગયેલ હોવાથી સાહેદ આરોપીને ઓળખી શકતા નથી.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પાવાગઢ ગ્રામ પંચાયતની ઑફિસ સામે જન્મથી રહે છે તે કબૂલ કરે છે. ગુલાબસિંહ પણ પાવાગઢમાં રહે છે અને તેઓને વર્ષોથી ઓળખે છે. આ ગુલાબસિંહ પાવાગઢ–હાલોલ વચ્ચે પેસેન્જર જીપ ચલાવે છે. વિવેક હોટલ પાવાગઢ–હાલોલ વચ્ચે આવેલી છે અને તે પાવાગઢથી ચારેક કી.મી. દુર છે. પાવાગઢ થી હાલોલ ચોકડીએ આવીએ અને ત્યાંથી જમણી તરફ વળીએ ત્યારે પાવાગઢ જવાય તે કબૂલ કરે છે. હાલોલ થી પાવાગઢ વચ્ચેનું અંતર ૧૫ થી ૨૦ કી.મી. છે તો તે હકીકત નકારી છે. ખુંદપીરબાવાની દરગાહ હાલોલ થી પાવાગઢ આવીએ ત્યારે પાંચેક કી.મી.ના અંતરે છે તે કબૂલ કરે છે. આ દરગાહ રોડની ડાબી તરફ હાઈવેને અડીને આવેલી છે તે કબૂલ કરે છે. મુખ્ય દરવાજો હાઈવે ઉપર પડે છે તે પણ કબૂલ કરે છે. દરગાહ ઉપર દરરોજ ઘણા માણસો દર્શન કરવા આવતા હોય છે તે પણ કબૂલે છે. ચાંપાનેરમાં આવેલી ઈમારતો અને મસ્જિદોનો વર્લ્ડ હેરીટેજમાં સમાવેશ થયેલો છે તે કબૂલ કરે છે. દરગાહથી પાવાગઢ તરફ એકાદ કી.મી. દુર એકમીનાર મસ્જિદ આવેલી છે તે કબૂલ કરે છે. મસ્જિદ રોડ ઉપર આવેલી છે અને તુટેલો અર્ધો મીનારો છે તે પણ કબૂલ કરે છે. મીનારની આજુબાજુ ખુલ્લુ મેદાન છે અને ખુલ્લો ઓટલો છે તે પણ કબૂલ કરે છે. એકમીનાર મસ્જિદમાં કોઈ માણસ રહેતા નથી તે કબૂલ કરે છે. એકમીનાર મસ્જિદથી દોઢ કી.મી. પાવાગઢ તરફ હેલીકૈલ વાવ આવેલી છે. આ વાવ ખંડેર અવસ્થામાં છે તે કબૂલ કરે છે. ચારેય બાજુ ખુલ્લુ મેદાન છે તે પણ કબૂલ કરે છે. વાવની કમ્પાઉન્ડ વોલ પુરી થયા પછી જંગલ છે તે પણ કબૂલે છે. સ્થળ ઉપરથી કોઈપણ શંકાસ્પદ વસ્તુ જોઈ હોય અને કબજે લીધી હોય તેવુ પંચનામામાં નથી તે કબૂલ કરે છે. પોલીસે વિવેક હોટલ પાસે બોલાવ્યા ત્યારે બાઈક હોટલ ઉપર મુકીને ગાડીમાં બેસીને ગયેલાનું જણાવે છે. પંચનામા વખતેની વાતચીતો જે થયેલી તે યાદ નથી.

સરતપાસમાં જણાવ્યા મુજબની પંચનામાની કાર્યવાહીમાં ભાગ લીધો નથી તો તે હકીકત નકારે છે.

વધુમાં સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો હેલીકૈલ વાવ અને એકમીનાર મસ્જિદ સિવાય બીજી પણ મસ્જિદો અને ઈમારતો જોવા લાયક છે તે કબૂલ કરે છે. દરગાહ ઉપર કોઈ વહીવટકર્તા રહે છે કે કેમ તેની ખાતરી કરેલી નહીં. દરગાહ પાસે જે રૂમ અને ધર્મશાળા આવેલી છે તેમાં રહેવા આવનારા માટે રેકર્ડ રાખવામાં આવે છે કે કેમ તેની તપાસ કરી નથી. દરગાહમાં દાખલ થઈએ ત્યારે દરગાહની પછી એક નાની મસ્જિદ આવેલી છે તે કબૂલ કરે છે. એકમીનાર મસ્જિદ અને હેલીકૈલ વાવ ઉપર પંચનામુ કર્યુ તે અગાઉ કયારેય જવાનું બન્યુ નથી. વાવમાં કોઈ પ્રાણી કે મનુષ્ય પડી ન જાય તે માટે નેટ બાંધેલી છે તે કબૂલ કરે છે. એકમીનાર મસ્જિદ પાસે આવેલા કુવા ઉપર કોઈ પડી ન જાય તે માટે નેટ બાંધેલી છે. મસ્જિદ તેમજ વાવની આજુબાજુ ખુલ્લી જગ્યામાં સરકાર તરફથી પ્લાન્ટેશન અને ઘાસની લોન લગાવેલી છે તો તે હકીકત નકારેલી છે. ખાણની અંદર જયાં પાણી ભરાયેલુ હતુ તેનુ માપ લેવામાં આવેલુ નહીં.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તા.૧૭.૧૧.૨૦૦૮ ના રોજ પોલીસે આ સાહેદને હાલોલ–પાવાગઢ રોડ ઉપર આવેલ વિવેક હોટલ પાસે બોલાવેલા હતા. પોલીસ એક આરોપી નં.૩૫ રફિયુદ્દીન સરફુદ્દીન કાપડીયાને લઈને પાવાગઢના જંગલોમાં આતંકવાદી તાલીમ લીધેલી અને ઉશ્કેરીજનક ભાષણો જે–જે જગ્યા ઉપર કરેલા તે જગ્યાઓનું પંચનામુ કરવા માટે આ સાહેદને બોલાવેલા હતા. આ સાહેદને તથા બીજા પંચને સાથે રાખી આરોપીને લઈ સરતપાસમાં જણાવ્યા મુજબ આરોપીએ બતાવ્યા મુજબની જગ્યાઓ ઉપર જઈ પંચનામુ કરેલુ છે. આ સાહેદ પાવાગઢ ખાતે રહે છે, સામાન્ય વ્યકિત છે અને તેમને ફરિયાદપક્ષ કે આરોપીઓ સાથે કોઈ દુશ્મનાવટ કે મિત્રતા નથી, સ્વતંત્ર સાહેદ છે અને ઊલટતપાસ દરમ્યાન આરોપીઓને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત નીકળી આવતી નથી માટે આ સાહેદની જુબાની નહીં માનવાને કોઈ કારણ રહેતુ નથી.

આ પંચનામુ કરનાર અધિકારી સાહેદ નં.૧૦૮૯ પ્રવિણસિંહ ગટોરસિંહ વાઘેલાની જુબાની ધ્યાને લઈએ તો તેમને તા.૧૭.૧૧.૨૦૦૮ નાં રોજ આ સાહેદ તથા બીજા પંચ ગુલાબસિંહ સોલંકીને પંચમાં રહેવા માટે બોલાવેલા હતા અને આરોપી નં.૩૫ ને સાથે રાખી પાવાગઢ–હાલોલ વચ્ચે આવેલ ખુંદપીરબાવાના દરગાહ, હેલીકૈલ વાવ, એકમીનાર મસ્જિદ વિગેરે જગ્યાઓ ઉપર આરોપીના કહેવા અને બતાવ્યા પ્રમાણે ગયેલા અને જગ્યાઓના પંચનામા કરેલા તે હકીકત આ સાહેદે તેઓની જુબાનીમાં પેરા નં.૨, પાના નં.૪,૫ માં જણાવેલ છે તથા આંક–૬૪૪૩ વાળા પંચનામામાં પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

આંક–૬૪૪૩ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી રજૂઆત અને દલીલ છે કે પંચનામામાં આરોપીની જે કબૂલાત્મક હકીકત જણાવવામાં આવેલી છે તે પુરાવામાં ગ્રાહય નથી અને આરોપી વિરૂધ્ધ વંચાણે લઈ શકાય નહીં. આરોપીઓ તરફથી દલીલ અને રજૂઆત એવી છે કે પંચનામા મુજબ આરોપીએ "એકમીનાર મસ્જિદનું બોર્ડ આવેલ રોડ ઉપરથી કાચા રસ્તે આશરે ૫૦૦ મીટર જતા ત્યાં વાહન ઉભુ રખાવેલુ" આ હકીકત પુરાવામાં ગ્રાહ્ય નથી પરંતુ મારા મત પ્રમાણે વાહન ઉભુ રખાવ્યા પછી એકમીનાર મસ્જિદ અને તારની વાડ ત્યાં આવેલી છે તો તે હકીકત પુરાવામાં ગ્રાહ્ય છે. વધુમાં આરોપીઓ તરફથી એવી દલીલ અને રજૂઆત છે કે પંચનામુ ધ્યાને લેતા "હેલીકૈલ વાવનું બોર્ડ આવતા આરોપીએ વાહન ડાબી બાજુ વળાવતા આશરે ૧૫૦ મીટર અંદર જતા વાહન ઉભુ રખાવેલુ" આ હકીકત પુરાવામાં ગ્રાહય નથી પરંતુ મારા મત પ્રમાણે તે જગ્યાએ હેલીકૈલ વાવ છે તો તે હકીકત પુરાવામાં ગ્રાહય છે.

આમ, સાહેદ નં.૯૦૦ હિમેશ મહેતા તથા સાહેદ નં.૧૦૮૯ પ્રવિણસિંહ વાઘેલાની જુબાનીઓ તથા આંક–૬૪૪૩ વાળુ પંચનામુ ધ્યાને લેતા તા.૧૩.૧.૨૦૦૮ થી તા.૧૫.૧.૨૦૦૮ ના સમય દરમ્યાન આરોપી નં.૨, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૪, ૩૭ નાઓએ પાવાગઢના જંગલોમાં રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ગુજરાતના લોકોને બોલાવીને આતંકવાદી તાલીમ કેમ્પનુ આયોજન કરેલુ

અને તેમાં ટ્રેકીંગ, સ્વીમીંગ, મોટર બાઈકીંગ તથા ફાયરીંગની તાલીમો લીધેલ હોવાનું તેમજ જેદાહી ભાષણો કરેલા હોવાનું માલુમ પડે છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે તાલીબ અબ્દુલ ગફાર મણીયારને સાહેદ નં.૧૦૪૧ તરીકે આંક–૭૦૫૬ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ સને–૨૦૦૮ના વર્ષમાં આ સાહેદ ચાની ફેરીનો ધંધો કરતા હતા. તેઓ શીવાજીનગર ખાતે આવેલી પ્રાથમિક શાળામાં ભણતા હતા ત્યારે અજીમહુસેન અને મસીયુદ્દીન સાથે ઓળખાણ થયેલી. વધુમાં આ સાહેદની સરતપાસ મુજબ અજીમ તથા મસીયુદ્દીન સાથે ઓળખાણ થયા બાદ મિત્રો સાથે સીમીમાં જોડાયેલા હોય તેવુ બનેલુ નથી. અમદાવાદની મીટીંગીમાં સીમીના યુનુસ મન્સુરી, સમસુદ્દીન શેખ તથા અન્ય વીસેક માણસો જેમાં જનરલ સેક્રેટરી સફદર નાગોરી હાજર હોય તેવુ બનેલુ નથી. આ સાહેદે ફરિયાદપક્ષને સમર્થન કરેલુ ન હોવાથી સરકારી વકીલશ્રીની વિનંતીથી સાહેદને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા અને ત્યારબાદ સરકારી વકીલશ્રી દ્વારા ઊલટતપાસ થયેલી છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પોલીસ નિવેદનમાં લખાવેલી હકીકતનો તેમણે નકાર કરેલો છે. ખોટી જુબાની આપતા હોવાની હકીકત પણ નકારેલી છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે મુનાફઅલી અફજલ દુરાનીને સાહેદ નં.૧૦૬૩ તરીકે આંક–૭૨૨૨ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૧૩/૯/૨૦૦૮ ના રોજ ભુજમાં એક સાયબર કાફે ઉપર સર્ફિંગ માટે ગયા હતા. તેઓ જે સાયબર કાફે ઉપર ગયા હતા તે સાયબર કાફેનું નામ "ઈન્ફિનીટી" હતું અને આ સાયબર કાફે હોસ્પિટલ રોડ ઉપર હતું. આ સાહેદ ત્યાં ગયા ત્યારે ત્યાં પોલીસ હતી. આ પોલીસ સિવિલ ડ્રેસમાં હતી પછી ખબર પડેલી કે આ પોલીસ છે. પોલીસે આ સાહેદને પંચમાં સહિ કરવાનું કહેલું. તેઓ ત્યાં બે કલાક જેટલો સમય રોકાયેલો. પોલીસે ત્યાં રજીસ્ટર લીધેલું. આ ઈન્ફિનીટી સાયબર કાફેમાં જુદી–જુદી કેબીનો હતી. ત્યાં જુદી–જુદી કેબીનોમાં કમ્પ્યુટરો હતા તથા સી.પી.યુ. હતાં. જે સર્ફિંગ કરવા માટે હતાં.

પોલીસે જે રજીસ્ટર લીધેલું તેમાં આ સાહેદની સહિ લીધેલી. આ સાહેદ આંક–૭૨૨૩ વાળા રજીસ્ટરમાં પોતાની તથા બીજા પંચની સહીઓ ઓળખી બતાવે છે. રજીસ્ટર કબ્જે કર્યાનું પંચનામુ બતાવેલું તેમજ આંક–૭૨૨૪ વાળા પંચનામામાં પણ સાહેદ પોતાની તથા બીજા પંચની સહી ઓળખી બતાવે છે અને તેમાં લખેલી હકીકત સાચી હોવાનું જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ ચોકકસ કેટલા સમયે ત્યાં ગયેલા તે યાદ નથી. પોલીસના માણસો સાયબર કાફે ઉપર કેટલા સમય પહેલાથી આપેલા તેની ખબર નથી. પોલીસે તેઓના ઓળખપત્રો બતાવેલા નહીં. મારા મત પ્રમાણે પોલીસના ઓળખપત્ર આ સાહેદ માંગે પણ નહીં. પોલીસના માણસો સાથે વાતચીત કરેલી કે કેમ તે યાદ નથી. તે દિવસે કઈ વ્યકિતઓ સાથે શું–શું વાતચીત કરેલી તે કહી શકે તેમ નથી. આ સાહેદ સ્થળ ઉપર ગયા ત્યારે પંચનામુ તૈયાર હતુ અને તેમાં સહી કરેલી તો તે હકીકત નકારેલી છે. સાયબર કાફેની અંદરની પરિસ્થિતિ શું હતી તેનાથી આ સાહેદ વાકેફ હતા તે કબૂલ કરે છે. તા.૩૦.૪.૨૦૦૮ પછી રજીસ્ટરમાં કોઈ એન્ટ્રી નોંધેલી ન હોય તે બાબતે પુછપરછ કરેલી હોય તો તે યાદ નથી. તા.૭.૨.૨૦૦૮ ના રોજ કાફે ઉપર દેખરેખ માટે કઈ વ્યકિત કેટલો સમય રોકાયેલી તેવી કોઈ હકીકત જાણવા મળેલી નથી. પંચનામામાં જણાવેલ કાર્યવાહીની વીડિયોગ્રાફી કે ફોટોગ્રાફી કરેલાનું યાદ નથી.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ ના કામે તપાસ કરનાર અધિકારી જગુભાઈ માલાભાઈ ભરવાડનાઓએ આ પંચ સાહેદ તથા બીજા પંચ સાહેદની હાજરીમાં તા.૧૩.૯.૨૦૦૮ ના રોજ ભૂજ ખાતે "ઈન્ફીનીટી" સાયબર કાફે ઉપર જઈને સાયબર કાફેનું રજીસ્ટર આંક–૭૨૨૪ વાળા પંચનામાના આધારે કબજે કરેલુ હતુ અને તે સાયબર કાફેના રજીસ્ટર આંક–૭૨૨૩માં આરોપી નં.૩૭ નું નામ લખેલુ છે. તા.૭.૨.૨૦૦૮ ના રોજ આરોપી નં.૧, ૧૨ અને ૧૬ નાઓએ આ સાયબર કાફે ઉપર સરફીંગ કરેલુ હતુ તે હકીકત સ્પષ્ટ બને

છે.આંક–૭૨૨૪ ના પંચનામાની વિગતે આંક–૭૨૨૩ વાળુ રજીસ્ટર કબજે કરનાર સાહેદ નં.૧૦૬૯ જગુભાઈ માલાભાઈ ભરવાડ પોતાની જુબાનીના પાન નં.૩ ઉપર આ હકીકત જણાવે છે અને આંક–૭૨૨૪ વાળા પંચનામામાં પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે. આ સાહેદ નં.૧૦૬૯ ની ઊલટતપાસ ધ્યાને લઈએ તો ભૂજ ખાતે તેઓ સરકારી વાહનમાં ગયેલા, કયા વાહનમાં ગયેલા તે યાદ નથી. સરકારી વાહન કઈ જગ્યાએ ગયુ તેની નોંધ લોગબુકમાં કરવામાં આવે છે. પોતાનુ નિવેદન તપાસ કરનાર અધિકારીએ લીધેલુ કે કેમ તે યાદ નથી. વી.આર.ટોળીયાએ જે સુચના આપેલી તેનો દસ્તાવેજી પુરાવો નથી તે કબૂલ કરે છે. અમદાવાદ થી ભૂજ અને ભૂજ થી અમદાવાદ આવ્યા તે અંગેનો દસ્તાવેજી પુરાવો નથી તે કબૂલ કરે છે. પંચનામાની કાર્યવાહી કરી તે બાબતે નજીકના પોલીસ સ્ટેશને જઈ રીપોર્ટ કર્યો હોય તેવુ બનેલુ નથી. ઈન્ફીનીટી ટેકનોલોજી એન્ડ સાયબર કાફેના માલીક ખાલીદભાઈ નવસાદભાઈ બુખારી તથા મહંમદ લતીફ સુમરા હોય અને તેઓ ભાગીદાર હોય તેવો કોઈ દસ્તાવેજી પુરાવો મેળવેલો નથી. સાયબર કાફેવાળુ મકાન કોના નામે છે તે બાબતે મ્યુનિસિપાલિટીનું ટેક્ષ બીલ કે ઈલેકટ્રીક બીલ કબજે કરેલ નથી. ભૂજ મુકામે જતા પહેલા આરોપી સફદર નાગોરી કેટલા સમયથી કસ્ટડીમાં છે તેની કોઈ માહિતી શ્રી વી.આર.ટોળીયાએ આપેલી નહીં. મુદ્દામાલ રજીસ્ટર આંક–૭૨૨૩ ઉપર ઈન્ફીનીટી ટેકનોલોજી એન્ડ સાયબર કાફે છાપેલુ નથી તે કબૂલ કરે છે. મારા મત પ્રમાણે છાપેલુ ન હોય તો તેનો અર્થ એવો નથી કે આ રજીસ્ટર સાયબર કાફેનું નથી. સાયબર કાફેના માલિક જાતે રજીસ્ટર રજૂ કરતા હોય તો બીજો કોઇ પ્રશ્ન નથી. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો રજીસ્ટર ઉપર સાયબર કાફેનું સરનામુ લખેલુ નથી તે કબૂલ કરે છે. રજીસ્ટરના પાના ઉપર તા.૭.૨.૨૦૦૮ ના રોજ કોઈ વ્યકિતનું આઈ.ડી. પ્રુફ કે આઈ.ડી. નંબર લખેલો હોય તેવુ નથી તે કબૂલ કરે છે. રજીસ્ટરના પાના ઉપર એન્ટ્રી નં.સી/૧૧, સી/૫ તથા સી/૬ ની એન્ટ્રીઓમાં નામો લખેલા નથી. આ સાહેદ મુનાફઅલી અફઝલ દુરાની ભૂજના રહેવાસી છે, સ્વતંત્ર સાહેદ છે. ફરિયાદપક્ષ સાથે મિત્રતા

નથી કે આરોપીઓ સાથે કોઈ દુશ્મનાવટ નથી માટે તેમની હાજરીમાં આ રજીસ્ટર કબજે કરેલાની હકીકત નકારી શકાય તેમ નથી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે ઓસ્માન અબ્દુલ સીદીને સાહેદ નં.૧૦૭૪ તરીકે આંક–૭૩૦૦ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ રીક્ષા લઇને હોસ્પિટલ રોડ ભૂજ ખાતેથી પસાર થતા હતા ત્યારે પોલીસે રાજારામ કોમ્પલેક્ષ પાસે ઉભા રાખેલા અને પુછેલું કે પંચમા રહેશો જેથી પંચમા રહેવાની હા પાડેલી ત્યારબાદ તેઓ દુકાને ગયેલા તેમની સાથે એક બીજા કિશોરસિંહ કરીને હતા. તેઓ દુકાને ગયેલા તે દુકાન કમ્પ્યુટરની હતી. ત્યા દુકાનના માલિક હતા. ત્યાં એક ડિશમાંથી કેસેટ લઇને સાહેબને આપેલી. આ કેસેટ કમ્પ્યુટરની ડીશમાંથી કાઢીને આપેલી. આ કેસેટને સાહેબે બોક્ષમા મુકિને બોક્ષને સીલ કરેલ. સીલની જોડે પંચ મારીને સીલ કરેલ. પોલીસે ત્યાં આ બાબતે લખાણ કરેલું. સદર કાર્યવાહીનું જે પંચનામુ કરેલુ તે આંક–૭૩૦૧ મા સાહેદ પોતાની તથા બીજા પંચની સહીઓ ઓળખી બતાવે છે. તેમજ આંક–૭૩૦૨, ૭૩૦૩ વાળી પંચ સ્લીપોમાં પણ સાહેદ પોતાની તથા બીજા પંચની સહીઓ ઓળખી બતાવે છે તથા કબજે કરવામાં આવેલ મુદ્દામાલ પણ ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો હાથથી લખેલુ ગુજરાતી વાંચતા આવડતુ નથી તે કબૂલ કરે છે. પોલીસવાળા મળેલા અને પંચનામામાં સહી કરવાની છે માટે તમે ચાલો તેવુ કહેલુ તો તે હકીકત નકારી છે. પોતાના ઘરની પાસે પોલીસ સ્ટેશન છે તો તે હકીકત નકારી છે. કમ્પ્યુટરની દુકાને આ સાહેદને લઈ ગયા ત્યારે પોલીસના બીજા માણસો પણ હાજર હતા તે કબૂલ કરે છે. આ માણસો કેટલા સમય પહેલાથી ત્યાં હાજર હતા તેનો ખ્યાલ નથી. કમ્પ્યુટરના સ્પેરપાર્ટ વિશે માહિતી નથી. દુકાન ઉપર ૪–૫ પોલીસના માણસો સિવાય બીજા કોઈ માણસો હાજર ન હતા. સ્થળ ઉપર બોલાવ્યા ત્યારે લખાણ તૈયાર હતુ અને તૈયાર લખાણ ઉપર સહીઓ કરેલી તો તે હકીકત નકારી છે. સરતપાસમાં જણાવ્યા મુજબ પોલીસે હાર્ડ ડીસ્કમાંથી કેસેટ કાઢીને કબજે કરી

સીલ કરી નથી તો તે હકીકત નકારી છે. પોલીસના કહેવા અને સમજાવવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારી છે.

આમ આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ ના કામે તપાસ કરનાર અધિકારી પી.જી.વાઘેલાનાઓએ આ સાહેદ તથા બીજા પંચ કિશોરસિંહ રમુભા જાડેજાની હાજરીમાં તા.૬.૧૨.૨૦૦૮ ના રોજ ભૂજ ખાતે ઈન્ફીનીટી ટેકનોલોજી એન્ડ સાયબર કાફેને સીલ ખોલી સાયબર કાફેમાં આવેલ કમ્પ્યુટર અને સી.પી.યુ.માંથી હાર્ડ ડીસ્ક કાઢીને કબજે લીધેલી છે. આ સયાબર કાફે ઉપર તેના માલીક મહંમદયુનુસ અબ્દુલલતીફ સુમરા હાજર હતા અને તેમને કાફેનું તાળુ ખોલેલુ અને ત્યારબાદ સી.પી.યુ.માંથી હાર્ડ ડીસ્ક કબજે કરેલી છે. આ પંચનામાની હકીકત પ્રમાણે તા.૭.૨.૨૦૦૮ નાં રોજ આરોપી નં.૧, ૧૨ અને ૧૬ નાઓએ આ સાયબર કાફેમાં સરફીંગ કરેલુ હતુ. હાર્ડ ડીસ્ક કબજે કરેલાની હકીકત સાહેદ નં.૧૦૮૯ પી.જી.વાઘેલા પોતાની આંક–૭૫૨૬ ની જુબાનીના પાના નં.૫ થી ૭ ઉપર આ હકીકત જણાવેલી છે તથા આંક–૭૩૦૧ વાળા પંચનામામાં તેમજ આંક–૭૩૦૨ અને ૭૩૦૩ વાળી પંચ સ્લીપોમાં સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે. સાહેદ નં.૧૦૮૯ ની ઊલટતપાસ પેરા નં.૧૬, ૧૭, ૨૮, ૩૦ ધ્યાને લઈએ તો ભૂજ મુકામે ઈન્ફીનીટી સાયબર કાફે ઉપર કોના હુકમથી સીલ મારેલુ તે કહી શકે તેમ નથી. સીલ તોડવા માટે ઉપરી અધિકારી કે મેજિસ્ટ્રેટ સાહેબનો હુકમ મેળવેલો નથી. સાયબર કાફે ઉપર કોઈ નિષ્ણાંતને હાજર રાખેલા નહીં. એક કમ્પ્યુટરમાંથી હાર્ડ ડીસ્ક કબજે કરેલી, બીજા કમ્પ્યુટરોમાંથી હાર્ડ ડીસ્ક કબજે કરેલી નથી. ભૂજ મુકામે યુનુસ સુમરાનું નિવેદન લીધેલુ નથી. યુનુસ સુમરા હાજર ન હતા તો તે હકીકત નકારી છે. ભૂજ મુકામે તપાસ કરી તે વખતે એસ.ઓ.જી.ના પોલીસ ઇન્સ્પેકટર કોણ હતા તે યાદ નથી. સીલ કયા અધિકારીના કબજામાં રહે છે તેની જાણકારી નથી.

આ સાહેદની હાજરીમાં તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૦૮૯ પ્રવિણસિંહ ગટોરસિંહ વાઘેલાનાઓએ શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ ના કામે પંચ સાહેદ નં.૧૦૭૪ ઓસ્માન અબ્દુલ સીદીનાઓ સાથે આરોપીને લઈને ઈન્ફીનીટી સાયબર કાફે ભૂજ ખાતે ગયેલા અને આંક–૭૩૦૧ના પંચનામાની વિગતે મુદ્દામાલ હાર્ડ ડીસ્ક કબજે કરેલી અને તે હાર્ડ ડીસ્ક તપાસ કરનાર અધિકારી સાહેદ વી.આર.ટોળીયાનાઓએ પૃથક્કરણ અર્થે રવાનગી નોંધ આંક–૫૯૯૬ થી એફ.એસ.એલ. ગાંધીનગરને મોકલી આપેલ હતો. આ મુદ્દામાલ એફ.એસ.એલ. ગાંધીનગરને મળ્યો તે બાબતની પહોંચ આંક–૫૯૯૭ થી રજૂ કરેલી છે. ઉપરોકત મુદામાલનું પૃથક્કરણ કરનાર અધિકારી સાહેદ નં.૮૫૧ હિતેષ પ્રમોદકુમાર સંઘવીનાઓએ કરેલુ છે. આંક–૬૨૬૮ ના પંચનામાની વિગતે ઈન્ફીનીટી સાયબર કાફે ઉપરથી કબજે કરેલ મુદામાલ સીગેટ કંપનીની હાર્ડ ડીસ્ક મો .ST340015A તથા સીરીયલ નં.5LALKB07 વાળા મુદ્દામાલનું પૃથક્કરણ કરેલુ અને તે પૃથક્કરણ મુજબ Data related to ask query are not fount in Computer Storage Media hard disk Exh H–1. આ મુજબનો જે અહેવાલ આપેલો તે આંક–૫૯૯૮ થી રજૂ છે તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

તપાસ ટીમો પૈકીની એક ટીમના તપાસ કરનાર અધિકારી વી.આર. ટોળીયાએ તા.૨૬/૦૮/૨૦૦૮ના રોજ જાવક નં.તપસ/૨૩૬/ ૨૦૦૮નો પત્ર નિયામકશ્રી ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી ગુજરાત રાજયને આ કામના આરોપીઓ પૈકી (૧)હાફિઝહુસેન ઉર્ફે અદનાન ઉર્ફે તલીમ તાજુદ્દિન (આરોપી નં.૧૩) તથા (૨) સફદરહુસેન ઉર્ફે હુસેનભાઇ જહરૂદ્દિન નાગોરી (આરોપી નં.૧૨) તથા (૩) કમરૂદ્દિન ઉર્ફે રાજા ઉર્ફે અબદુલ્લા ચાંદ મહમદ નાગોરી (આરોપી નં.૦૯)તથા (૪) આમીલ પરવાઝ ઉર્ફે સિકંદર કાજી સૈફુદ્દિન શેખ (આરોપી નં.૧૦) તથા (૫) સીબલી ઉર્ફે સાબિત અબ્દુલ કરીમ (આરોપી નં.૧૧) તથા (૬) જાહિદ કુત્બુદ્દિન શેખ (આરોપી નં.૦૧)નાઓના "સસ્પેકટ ડિટેન્શન સીસ્ટમ" દ્વારા તપાસણી કરી અહેવાલ આપવા વિનંતી કરતો પત્ર

લખેલો. જે આંક–૫૮૯૮ થી રજૂ છે. આ પત્રમાં શ્રી વી.આર. ટોળિયાની સહી છે. તપાસ ટીમો પૈકીની એક તપાસ ટીમના અધિકારી સાહેદ નં. ૧૧૬૩ મયુર ચાવડાએ શ્રી વી.આર.ટોળિયાની સહી પોતાની જુબાનીમાં ઓળખી બતાવેલી છે. આ પત્ર દ્વારા જે મુદ્દાઓની તપાસ કરવા વિનંતી કરેલી હતી તે મુદ્દાઓ જેવા કે,

(૧) તમો "સીમી" અને "ઇન્ડિયન મુજાહિદ્દિન"ના સભ્ય છો?

(૨) અમદાવાદ શહેરમાં તા.૨૬/૦૭/૨૦૦૮ના રોજ થયેલ બોમ્બ બ્લાસ્ટમાં તમો સંડોવાયેલા છો?

(૩) ભારતમાં અન્ય શહેરમાં થયેલ બોમ્બ બ્લાસ્ટ વિશે તમારી જાણકારી શું છે?

(૪) બીજા ઓર્ગેનાઇઝેશન જેવા કે, "એલ.ઇ.ટી." અને "હુજી" માં જોડાયેલા છો?

(૫) તમારૂ (ફંડિગ) આર્થિક આવકના સોર્સ શું છે?

ઉપરોકત પત્રમાં જણાવ્યા મુજબના મુદ્દાઓ બાબતે આ આરોપીનો સસ્પેકટ ડિટેન્શન ટેસ્ટ એફ.એસ.એલ.અધિકારી સાહેદ નં.૮૪૮ વસંતભાઇ હાથીભાઇ પટેલનાઓએ કરેલો હતો. તેઓને આ કામે ફરિયાદપક્ષ દ્વારા આંક–૫૮૯૪ થી તપાસવામાં આવેલા છે. તેઓની સરતપાસ મુજબ સને–૧૯૮૨મા સાયન્ટિફિક આસીસ્ટન્ટ તરીકે એફ.એસ.એલ. અમદાવાદમાં જોડાયેલા હતા અને સને–૨૦૦૬ની સાલમાં મદદનીશ નિયામક, ફોરેન્સિક સાયકોલોજી વિભાગ તરીકે પ્રમોશન મેળવેલું અને છેલ્લે સને–૨૦૧૨ ની સાલમાં નિવૃત્ત થયેલાં છે. તા.૨૫/૦૮/૨૦૦૮ના રોજ નાયબ પોલીસ અધીક્ષક, બોમ્બ બ્લાસ્ટ તપાસ ટીમ, અમદાવાદ શહેરનાઓએ કેટલાક આરોપીઓને સસ્પેકટ ડિટેન્શન સીસ્ટમથી પરીક્ષણ કરાવવા માટે ચર્ચા કરવા એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે આવેલા અને શ્રીમતી ડૉ.એસ.એલ.વાયાને મળેલાં અને તેમણે આ સાહેદ પાસે ચર્ચા કરવા માટે મોકલેલા. બનાવ અંગે જરૂરી વિગતો જાણીને જરૂરી ચર્ચા કરેલી. ત્યારબાદ એસ.ડી.એસ. પરીક્ષણ માટે તા.૨૬/૦૮/૨૦૦૮ના રોજ કલાક

૧૦:૩૦ વાગ્યે આરોપીઓને હાજર રાખેલા. જે આરોપીઓને હાજર રાખેલા તે ઉપરોકત જણાવેલ આરોપીઓ કુલ–૬ હતાં. આ આરોપીઓને હાજર રાખ્યા બાદ દરેક આરોપીનો વ્યકિતગત ઇતિહાસ જેવો કે, નામ, સરનામું, અગાઉના ગુનાની વિગતો, તેઓને વ્યસન છે કે કેમ? વિગેરેની ઇન્કવાયરી કરેલી અને તે અંગેનું ફોર્મ ભરવામાં આવેલું જે આંક–૫૯૦૦ થી ૨જૂ કરેલું છે. જેમાં એફ.એસ.એલ. કચેરીનો સિકકો તથા આ સાહેદની સહી છે.

વધુમાં આ સાહેદની જુબાનીના પેરા–૩ ધ્યાને લઇએ તો સસ્પેકટ ડિટેન્શન સિસ્ટમ દ્વારા તેમનુ પરીક્ષણ કરવામાં આવ્યું તો નીચે મુજબના મુદ્દા પ્રત્યે તેઓમાં સૂચક પ્રતિભાવો મળેલાં છે.

(૧) સીમી અને સીમ ઓર્ગેનાઇઝેશન સાથે તેઓ સંકળાયેલા છે.

(૨) હુજી ઓર્ગેનાઇઝેશન સાથે તેઓ સંકળાયેલા છે.

(૩) હવે પછી આવનાર દિવસોમાં બોમ્બ વિસ્ફોટ કરનારાઓને તેઓ ઓળખે છે.

(૪) બેંગ્લોર અને સમજૌતા રેલ્વે બોમ્બ વિસ્ફોટ કરવામાં તેઓ સંડોવાયેલા છે.

(૫) ભવિષ્યના બોમ્બ વિસ્ફોટનો સમયગાળો જાળવવા પ્રત્યે તેઓનું રીએકશન ઓછુ છે.

આ સાહેદે પરીક્ષણ કરતા આરોપીએ ઉપર મુજબના જવાબો આપેલા અને તે જવાબો અંગેનો અભિપ્રાય આ સાહેદે આપેલો જે આ કામે આંક–૫૯૦૧ થી ૨જૂ છે જેમાં આ સાહેદે પોતાની સહી તથા સિકકો ઓળખી બતાવેલો છે. આ અભિપ્રાય અધિક નિયામક એફ.એસ.એલ.,ગાંધીનગરના ફોરવર્ડિંગ પત્રથી તા.૨૧/૧૦/૨૦૦૮ના રોજ તપાસ કરનાર અધિકારીશ્રી વી.આર. ટોળિયાને મોકલી આપેલો છે.

હવે આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઇએ તો એફ.એસ.એલ. કચેરી ગાંધીનગરમાં કોઇપણ વિના રોકટોક પ્રવેશ કરી શકે છે તો તે હકીકત નકારી છે. કોઇ વ્યકિતએ પ્રવેશ કરવો હોય તો ઓળખપત્ર અને સિકયુરીટી

ચેકિંગમાંથી પસાર થવુ પડે છે તો તે કબૂલ કરે છે. આ સાહેદે કાયદાશાસ્ત્રનો અભ્યાસ કરેલો નથી. ફોજદારી કાર્યવાહીને લગતા ખાસ કાયદાઓનો પણ અભ્યાસ કરેલો નથી. મારા મત પ્રમાણે આ સાહેદે ફોજદારી કાયદાઓનો અભ્યાસ કરવો જરૂરી નથી કારણ કે, આ સાહેદ સાયન્ટિફિક ઓફિસર છે અને કાયદાઓનો અભ્યાસ કરવો તેમના માટે ફરજિયાત નથી. આરોપીઓના ટેસ્ટ પોતાની ચેમ્બરમાં લેવામાં આવેલાની હકિકત નકારી છે. રજૂ કરવામાં આવેલા આરોપીઓને કઇ તારીખે પકડવામાં આવેલા હતા અને કેટલા સમયથી પોલીસ કસ્ટડીમાં હતી તેવી કોઇ માહિતી પોલીસ અધિકારી ટોળીયાએ આપેલી ન હતી પરંતુ મારા મત પ્રમાણે આરોપીઓ કેટલા સમયથી પોલીસ કસ્ટડીમાં છે અને તેમને કયારે પકડવામાં આવેલા તે જાણવાનો આ સાહેદને કોઇ અર્થ નથી. આ સાહેદનું કાર્ય તપાસ કરનાર અધિકારીના કાર્ય કરતા તદ્ધન જુદુ છે . વધુમાં ઊલટતપાસ ધ્યાને લઇએ તો, આરોપીઓના ટેસ્ટ લીધા પછી સાંજે છ વાગ્યે પોલીસને સુપરત કરેલાં. આરોપીને સુપરત કર્યા ત્યારે ડોકટરની હાજરી રાખવામાં આવેલી નહિ. આરોપીઓના ટેસ્ટ સ્વતંત્ર વ્યકિતઓની હાજરીમાં રાખવામાં આવેલા નથી તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે એફ.એસ.એલ.ની કચેરીમાં કોઇ બહારની વ્યકિતને પ્રવેશ માટે પ્રતિબંધ છે. આ ટેસ્ટ એવા પ્રકારના છે કે તેમાં સ્વતંત્ર વ્યકિતઓને હાજર રાખવી યોગ્ય પણ નથી. એસ.ડી.એસ. ટેસ્ટ પધ્ધતિએ આરોપી પાસેથી ગુના સંબંધેની માહિતી અને તેમના ભજવેલ ભાગ સંબંધે માહિતી મેળવવા માટેનો ટેસ્ટ છે તે કબૂલ કરે છે. આરોપીઓ તરફે આ કબૂલાત્મક પ્રશ્ન પુછીને સ્વિકારવામાં આવેલું છે કે,આ ટેસ્ટ ગુના સંબંધે માહિતી મેળવવાનો ટેસ્ટ છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઇએ તો, ટેસ્ટ લેનાર અને આરોપીની માનસિક સ્થિતિ કેવી છે તેની ઉપર પરિણામ અવલંબિત છે તો તે વાત સાથે સહમત નથી. "હુજી" અને "લશ્કરે તોઇબા"નામની સંસ્થાઓ અંગે અને તેની કાર્યવાહી અને સભ્ય વિશે જાત માહિતી નથી. એસ.ડી.એસ. પ્રણાલી વિશ્વના કયા કયા દેશોમાં વપરાય છે તે જાણતા નથી પરંતુ આ પધ્ધતિ ભારતમાં માન્ય છે તેમ જણાવે છે. સસ્પેકટ ડિટેન્શન કંપનીનું નામ છે અને તેના પરથી

પધ્ધતિનું નામ આપવામાં આવ્યું છે. એસ.ડી.એસ. પ્રણાલીના સમકક્ષ અન્ય કોઇ કંપની હોય તો ધ્યાનમાં નથી. એસ.ડી.એસ. પધ્ધતિ કેટલા અંશે સાચી અને કેટલા અંશે ખરી નથી તે બાબતે કોઇ વૈજ્ઞાનિક સંસ્થામાં સંશોધન થયેલ છે કે કેમ? તેની ખબર નથી. એસ.ડી.એસ. પરીક્ષણના અહેવાલ બાબતે કોર્ટમાં જુબાની આપવાનો પ્રસંગ બનેલો હોય તો ખ્યાલ નથી. આ પરીક્ષણનો આધાર બાયોસાઇકોલોજી છે. જેનું વિશ્લેષણ કરીને વ્યકિત શકદાર છે કે કેમ? તે અંગેનો અભિપ્રાય આપવાનો હોય છે. કમ્પ્યુટર પરના રીસ્પોન્સનો અવલોકન કરીને અભિપ્રાય આપવામાં આવે છે તે કબૂલ કરે છે. યાદશકિત ઓછી હોવાના કારણે પણ જી.એસ.આર.ના પ્રતિભાવમાં અસર પડે છે. પ્રિ–ટેસ્ટ ઇન્ટરવ્યુ ફોર્મમાં અગત્યની પ્રાથમિક નોંધ કરવામાં આવે છે તે કબૂલ કરે છે. આરોપીઓએ જણાવેલી તકલીફો ચકાસવાની આ સાહેદ પાસે કોઇ સુવિધા ન હતી. આરોપીઓના બ્લડ અને યુરીન ટેસ્ટ કરેલા નથી. આરોપીઓના ટેસ્ટ બાબતે કોઇ તપાસનીશ પોલીસ અધિકારી સાથે પત્ર વ્યવહાર કરવાનું બનેલું નથી. પરીક્ષણની માહિતી કમ્પ્યુટરમાં સ્ટોર થાય છે તે કબૂલ કરે છે. અહેવાલમાં કમ્પ્યુટરની સ્થિતિ બાબતેનો ઉલ્લેખ નથી તે કબૂલ કરે છે. કરેલા પરીક્ષણો કાયદા અને સરકારથી માન્ય થયેલા નથી માટે ખોટા અને ભુલભરેલા છે તો તે હકીકત નકારી છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઇએ તો, એસ.ડી.એસ. ટેસ્ટનો હેતુ વ્યકિત સાચુ બોલે કે ખોટુ બોલે તે જ છે. ટેસ્ટના પરિણામ સાયકોલોજીકલ ટેસ્ટ ઉપર આધારિત છે તે કબૂલ કરે છે. આ ટેસ્ટને કોઇ માર્ગદર્શિકા લાગુ પડતી નથી તેમ જણાવે છે. એસ.ડી.એસ. સિસ્ટમમાં પણ સબજેકટમાં થતા માનસિક, શારિરીક ફેરફારો કમ્પ્યુટરમાં નોંધાય છે તે કબૂલ કરે છે. સવાલ થકી વ્યકિતના મનમાં અને શરીરમાં જે કોઇ ફેરફારો આવે તે નોંધાય છે તે કબૂલ કરે છે. પરીક્ષણ કરતુ સોફટવેર સરકાર માન્ય છે કે કેમ? તે કહિ શકે તેમ નથી. આ તબકકે વકીલશ્રી એલ.આર.પઠાણનાઓ દલીલ કરતા જણાવેલું છે કે, સોફટવેર સરકાર માન્ય છે કે કેમ? તે અંગેની જાણકારી સાહેદને ન હોવાથી આ સાહેદે આપેલો પરીક્ષણ અહેવાલ માન્ય રાખી શકાય નહિ. પરંતુ મારા મત પ્રમાણે એફ.એસ.

એલ. લેબોરેટરી સરકાર હસ્તક છે, સરકારી સંસ્થા છે અને સરકારની ગ્રાન્ટ દ્વારા તે ચાલે છે જે કાંઇ સાધનસામગ્રી લેબોરેટરીને આપવામાં આવે છે તે સરકાર દ્વારા આપવામાં આવે છે જેથી એવું ચોકકસપણે કહિ શકાય કે, આ સોફટવેર સરકાર માન્ય જ છે. ટેસ્ટ લેતા પહેલા વ્યકિતની સહમતિ મેળવવી આવશ્યક છે. આ સાહેદ જણાવે છે કે, આરોપીઓની મૌખિક સંમતિ મેળવેલી છે. પકડાયેલ વ્યકિત શંકાસ્પદ છે કે કેમ? તે નક્કી કરવા માટે આ ટેસ્ટ કરવામાં આવે છે તે કબૂલ કરે છે. ટેસ્ટ દરમ્યાન આરોપી જે જવાબ આપે તે તમામ કમ્પ્યુટરમાં નોંધાય છે તે કબૂલ કરે છે. પોલીસને મદદ કરવા ખોટો અભિપ્રાય આપેલાની હકીકત નકારે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઇએ તો આ સાહેદ સાયન્ટિફિક ઓફિસર તરીકે એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે ફરજ બજાવતા હતા અને કુલ–૬ આરોપીઓના સસ્પેકટ ડિટેન્શન ટેસ્ટ આ સાહેદે કરેલા છે. તે પૈકી આ આરોપીનો સમાવેશ થાય છે. સસ્પેકટ ડિટેન્શન ટેસ્ટ તથા ટેસ્ટનું પરિણામ તથા આ સાહેદની જુબાની મુજબ આ આરોપી સીમી સાથે સંકળાયેલો છે અને તેનો કાર્યકર છે. ભારતના જુદા–જુદા શહેરોમાં બોમ્બ વિસ્ફોટ થયેલા છે તે અને ભવિષ્યમાં બોમ્બ વિસ્ફોટ થશે તેવી આ આરોપીને જાણકારી છે અને બોમ્બ વિસ્ફોટ કરનારાઓને આ આરોપી જાણે છે. સાહેદ નં.૮૪૮ દ્વારા કરવામાં આવેલો આ ટેસ્ટ કમ્પ્યુટરાઇઝડ ટેસ્ટ છે. સરકાર દ્વારા પુરા પાડવામાં આવેલા કમ્પ્યુટર અને સોફટવેર દ્વારા આ ટેસ્ટ થયેલો છે. આ ટેસ્ટ સરકારના કામકાજના દિવસો અને સમય દરમ્યાન કરવામાં આવેલો છે. આ સાહેદે જે કાંઇ કામગીરી કરેલી છે તે ફરજના ભાગરૂપે કરેલી છે. આરોપીઓ સાથે કોઇ અંગત દુશ્મનાવટ નથી કે જેથી કરીને આરોપીઓ આ ગુનામાં સંડોવાય તે માટે ખોટો ટેસ્ટ કરીને ખોટો અભિપ્રાય આપે. આ ઉપરાંત આ સાહેદ વૈજ્ઞાનિક સાહેદ હોય, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૯૩ હેઠળ આ સાહેદે આપેલો અભિપ્રાય સીધે સીધો પુરાવામાં ગ્રાહ્ય છે તેમ છતાં આ સાહેદે અદાલત સમક્ષ સોગંદ ઉપર જુબાની

આપેલી છે અને પોતે આપેલો અભિપ્રાય સાચો છે તેમ જણાવેલું છે જે નહિ માનવાને કોઇ કારણ નથી.

આ આરોપી નં.૧૨ સફદરહુસેન ઉર્ફે હુસેનભાઈ ઉર્ફે ઈકબાલભાઈ જહીરૂદ્દીન ઉર્ફે જહરૂલહસન નાગોરીનાઓને ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલા છે અને તેમને વીડિયો કોન્ફરન્સના માધ્યમથી પોતાના વકિલશ્રીની હાજરીમાં ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધાવેલ છે. ક્રિ.પ્રો. કોડ કલમ–૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે તે પ્રશ્નના જવાબમાં તેને ફરિયાદપક્ષના પુરાવા સંબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના બચાવ માટે જે હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦ મા જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

આ આરોપીએ પોતાના બચાવમાં મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ કરેલો નથી. પરંતુ આ આરોપીની સાથે રાખવામાં આવેલા અન્ય આરોપીઓ નં.૧૧, ૧૩, ૫૨, ૫૯, ૬૦, ૬૧ નાઓએ નોંધાવેલા નિવદનો ઉપર સહીઓ કરાવવા માટે સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ, અમદાવાદના પ્રિન્સીપાલ જજ સાહેબના ઑફિસ ઓર્ડર નં. ૨૩૩/૨૦, તા.૫.૩.૨૦૨૦ તથા ૪૭૭/૨૦૨૦ તા.૩૦.૭.૨૦૨૦ ના હુકમથી અત્રેની અદાલતના બેન્ચ કલાર્ક શ્રી જે.જે.પરમાર ભોપાલ ખાતે આ આરોપી તથા આરોપી નં.૯, ૧૧, ૧૩, ૫૨, ૫૯, ૬૦, ૬૧ નાં નિવેદનો ઉપર સહીઓ કરાવવા ગયા ત્યારે હાથથી અંગ્રેજી ભાષામાં લખેલુ પોતાનું નિવેદન પાના નં.૧ થી ૧૨ તેઓએ શ્રી જે.જે.પરમારને જેલરશ્રી ભોપાલ સેન્ટ્રલ જેલની હાજરીમાં સોંપેલુ.

આ નિવેદન ધ્યાને લેતા તેઓને અમદાવાદ સેન્ટ્રલ જેલ ખાતેથી ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે ટ્રાન્સફર કરવામાં આવેલા હતા અને હવે તેઓને ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતેથી અમદાવાદ સેન્ટ્રલ જેલ ખાતે ટ્રાન્સફર કરાવવા જણાવેલ છે. આ નિવેદન ધ્યાને લેતા આરોપીએ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ

પુરાવા વિશે કોઈ હકીકત જણાવેલ નથી પરંતુ જેલ સત્તાવાળાઓ સામે નારાજગી દર્શાવેલી છે. તે સિવાય બીજી કોઈ હકીકત નિવેદનમાં નથી.

આરોપી નં.૧૨ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમીત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૧૧૪૧, ૧૧૧૭, ૯૭૨, ૯૮૧, ૧૦૬૭, ૧૦૭૩, ૧૦૯૭, ૫૭૧, ૯૦૦, ૮૪૮, ૧૦૪૧, ૧૦૬૩, ૧૦૭૪, ૭૮૬, ૭૮૭, ૭૯૦, ૭૯૨, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૧૦૬૯, ૧૦૮૯, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ છે. આ ઉપરાંત આરોપી નં.૨, ૨૧, ૩૫ અને ૭૬ના કબૂલાત નિવેદનો પણ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતા આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકિલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી બાબતે ગુણદોષ ઉપર તેમજ ફેર ટ્રાયલ ઉપર દલીલ છે. સાહેદ નં.૮૭૨ રામકાભાઈ, સાહેદ નં.૯૮૧ પ્રવિણભાઈ અને સાહેદ નં.૧૦૬૭ અંબાલાલની જુબાનીઓની અગાઉ ચર્ચા કરી છે માટે ફરીથી ચર્ચા કરતા નથી તેમ જણાવે છે પરંતુ ટુંકમાં જણાવે છે કે આ ત્રણેય સાહેદોની જુબાનીઓ વિશ્વાસપાત્ર નથી . આ આરોપીને માર્ચ–૨૦૦૮થી મધ્યપ્રદેશ પોલીસે પકડેલો હતો. વાઘમોન,પાવાગઢ કેમ્પ તથા દરિયાપુરની મીટીંગોમાં માર્ચ–૨૦૦૮ પહેલા હાજર રહેલો તેવો આક્ષેપ આરોપી ઉપર છે. ફરિયાદપક્ષનો આક્ષેપ એવો પણ છે કે આરોપી નં.૧૨ નાએ જેહાદી ભાષણો કરેલા છે. પરંતુ કોઈપણ જાતના ભડકાઉ ભાષણો આપવા તે યુ.એ.પી.એ. એકટ હેઠળ ગુનો બનતો નથી, જેહાદની કયાંય વ્યાખ્યા આપવામાં આવેલી નથી. આરોપી નં.૧૨ ગુનો બન્યો ત્યારે અમદાવાદમાં હાજર ન હતો. પરંતુ મારા મત પ્રમાણે આ આરોપી વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા જે પુરાવો રજુ થયેલો છે તે ધ્યાને લેતા માર્ચ ૨૦૦૮ પહેલા આ આરોપી ઘણી બધી મીટીંગોમાં હાજર રહેલો છે અને

ઉશ્કેરણીજનક ભાષણો આપેલા છે. મીટીંગોમાં અન્ય લોકોને હાજર રાખવા માટે આ આરોપીએ વ્યવસ્થાઓ પણ કરેલી છે. આ આરોપી મુખ્ય કાવતરૂ કરનાર છે તેવુ પણ માલુમ પડે છે. વધુમાં વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, દરિયાપુરની મીટીંગમાં આ સાહેદ હાજર રહેલો પરંતુ કોઈ નિર્ણય લેવાયેલો નથી. દરિયાપુરની મીટીંગમાં નિર્ણય લેવાયો નથી તેવો બચાવ છે પરંતુ તે અંગે કોઈ પુરાવો રજૂ થયેલો નથી અને એક મીટીંગમાં નિર્ણય ન લેવાયો હોય તેનો અર્થ એવો નથી કે બીજી મીટીંગોમાં નિર્ણયો લેવાયેલા નથી. સાહેદ નં.૧૧૫૧ રીયાઝહુસેન સીદ્દીકીની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરવામાં આવે છે કે આ સાહેદે ફરિયાદપક્ષની હકીકતને સમર્થન કરેલુ નથી. આ સાહેદની જુબાનીના પેરા–૫ મા જણાવેલુ છે કે દરિયાપુરમાં કોઈ મીટીંગ થયેલી નથી. આ સાહેદ ફરી ગયેલો હોય આરોપી વિરૂધ્ધ વંચાણે લઈ શકાય નહીં. પરંતુ તેઓની દલીલ સાથે હું સંમત નથી કારણ કે કોઈપણ સાહેદ ફરી જાય અથવા ફરિયાદપક્ષની હકીકતને સમર્થન ન કરે તેથી કરીને તે સાહેદનો સમગ્ર પુરાવો ફેંકી દેવાય નહીં. સાહેદ નં.૧૦૪૧ તાલીબ મણીયારની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરે છે કે આ સાહેદે પણ ફરિયાદપક્ષની હકીકતને સમર્થન કરેલુ નથી. આ સાહેદના કહેવા પ્રમાણે લીંબાયત સુરત મુકામે કોઈ મીટીંગ થયેલી નથી. પરંતુ અગાઉ ચર્ચા કરી તેમ સાહેદ ફરી જવાથી તેનો સમગ્ર પુરાવો ફેંકી દેવાય નહીં અને આરોપી વિરૂધ્ધ અન્ય પુરાવો જે રજૂ થયો હોય તેની સાથે ફરી ગયેલા સાહેદના પુરાવાનો અમુક ભાગ ઉપયોગમાં લઈ શકાય. આ સંબંધમાં આ અદાલતના ધ્યાનમાં છે તેવા નીચે મુજબના ચુકાદા ધ્યાને લીધેલ છે.

અ. નં.	**ચુકાદો**	**ચુકાદામાં નિર્ણીત થયેલા મુદ્દાઓ પૈકી ફરી ગયેલ સાહેદના પુરાવા બાબતે નિર્ણીત થયેલ મુદ્દો.**
૧	(૧) ગુરૂસીંઘ વિરૂધ્ધ સ્ટેટ (૨૦૦૧) એસ.સી.સી.	ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવામાં ફરિયાદપક્ષના કોઇ સાહેદ ફરિયાદપક્ષની હકીકતને સમર્થન ના કરે અને ફરી જાય તો તેટલા માત્રથી તેનો પુરાવો કાઢી નાખી

	પાન નં.૨૦૫ (૨) અનીલ વિરૂધ્ધ સ્ટેટ (૨૦૦૧)૦૭ SCC પાના નં.૧૩૮	શકાય નહીં.
૨	મીનલદાસ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ત્રિપુરા એ.આઇ.આર.૨૦૧૧ એસ.સી. પાના નં.૩૭૫૩	પેરા–૪૨ મુજબ– ફરિયાદપક્ષના સાહેદ ફરી ગયા છે માટે તેનો પુરાવો ગ્રાહ્ય ના રખાય તેવુ નથી. ફરી ગયેલા સાહેદની જુબાનીનું ઝીણવટપૂર્વક મૂલ્યાંકન કરવુ જોઇએ અને તે કેટલી હકીકતોને સમર્થન કરે છે તે જોવુ જોઇએ. આ કેસમાં સાહેદ નં.૧૦૪૧ તથા ૧૧૫૧ની જુબાનીઓ ધ્યાને લેતા સ્પષ્ટ જણાઇ આવે છે કે બનાવ વિશે તેઓને માહિતી છે અને પોલીસે તેમનુ નિવેદન નોંધેલું છે.

સાહેદ નં.૧૦૭૩ મોહમદયુનુસ સુમરાની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરવામાં આવે છે કે, આ સાહેદ ભૂજ મુકામે ભાગીદારીમાં સાયબર કાફેનો ધંધો કરતા હતા. ૧૩મી સપ્ટેમ્બર ૨૦૦૮ ના દિવસે પોલીસ ભૂજ મુકામે આવેલી અને સાયબર કાફે સીલ કરેલાનું જણાવે છે. કાફે ઉપર આવેલા માણસોના ઓળખપત્ર મેળવેલા નથી પરંતુ સાહેદના કહેવા પ્રમાણે સને–૨૦૦૮ની સાલમાં ઓળખપત્ર લેવાનો કાયદો ન હતો તેવો ખુલાસો કરેલો છે. વધુમાં દલીલ કરતા જણાવવામાં આવેલ છે કે આંક–૭૨૨૩ વાળુ સાયબર કાફેનુ રજીસ્ટર આ સાહેદે પોલીસને જાતે આપેલુ નથી પરંતુ પુરાવો ધ્યાને લેતા પોલીસે સાયબર કાફેનુ રજીસ્ટર આ સાહેદના બીજા ભાગીદાર પાસેથી કબજે કરેલુ છે. સાહેદ નં.૧૦૬૩ મુનાફઅલી દુરાનીની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરવામાં આવે છે કે, આ

પંચ સાહેદની હાજરીમાં સાયબર કાફેનુ રજીસ્ટર આંક–૭૨૨૩ વાળુ આંક–૭૨૨૪ ના પંચનામાની વિગતે કબજે કરેલુ છે. પરંતુ સાહેદ નં.૧૦૭૩ ના કહેવા પ્રમાણે રજીસ્ટરમાં તેઓ આખુ નામ, સરનામુ લખતા ન હતા જેથી આરોપીની ઓળખ સાબિત થઈ શકે નહીં. વધુમાં દલીલ કરવામાં આવે છે કે ગ્રાહકની ઓળખાણ આપનારનું નામ પણ લખવામાં આવતુ નથી. રજીસ્ટરના પાના નં.૧૫૨ ઉપર ઈરફાન નામ લખેલુ છે અને બાજુમાં અબ્બાસ બેઠેલો માટે તેનુ નામ લખવામાં આવેલુ છે તેવી દલીલ સાથે હું સંમત નથી. અબ્બાસનું નામ પાછળથી ઉમેરેલાની હકીકત સાથે પણ હું સંમત નથી. સાયબર કાફે ચલાવનાર વ્યકિત સાયબર કાફે ઉપર જે વ્યકિત સર્ફીંગ કરવા આવે તેનુ જ નામ લખતા હોય છે ખોટુ નામ લખાવાને કોઈ કારણ હોતુ નથી. વધુમાં દલીલ કરવામાં આવે છે કે સાહેદ નં.૧૦૭૩ તેમના કાફે ઉપર આવનાર વ્યકિતઓના ચહેરા યાદ રાખવાનો પ્રયત્ન કરતા નથી તેમ છતાં પાના નં.૧૫૨ ઉપર ઈરફાન નામ લખેલુ છે તે એન્ટ્રીવાળા બંને વ્યકિતઓના ચહેરા કેવી રીતે યાદ રાખ્યા તે પ્રશ્ન છે. વધુમાં દલીલ કરતા જણાવે છે કે આ સાહેદ નં.૧૦૭૩ને સાહેદ નં.૫૭૧ રમણ સોલંકીની સમક્ષ ઓળખ પરેડ માટે ગયેલા છે પરંતુ તેઓને ૩ કલાક બેસાડી રાખ્યા પછી ઓળખ પરેડ કરાવવામાં આવેલી છે માટે આરોપીને જોયો હોય તેવુ કહી શકાય. પરંતુ આ દલીલ સાથે હું સંમત નથી કારણ કે મેજિસ્ટ્રેટ સમક્ષ સાહેદ ઓળખ પરેડ માટે આવ્યા પછી મેજિસ્ટ્રેટને સમયની અનુકૂળતા પ્રમાણે ઓળખ પરેડ રાખવાનુ ઉચિત લાગે તે પ્રમાણે ઓળખ પરેડ રાખતા હોય છે. સાહેદ આવે કે તરત જ ઓળખ પરેડ શરૂ કરવી જોઈએ તેવી કોઈ ચોકકસ નિયમ હોતો નથી. ઓળખ પરેડ કરાવનાર સાહેદ નં.૫૭૧ રમણભાઈ સોલંકીની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરવામાં આવેલ છે કે, ઓળખ પરેડ કલાક ૧૬.૦૦ વાગે શરૂ કરેલી છે અને કલાક ૧૬.૦૦ વાગે પંચોને બોલાવેલા છે તથા કલાક ૧૬.૦૦ વાગે આરોપીને રજૂ કરેલાનું જણાવે છે પરંતુ મારા મત પ્રમાણે બનાવ પછી ઘણા વર્ષો બાદ જુબાની આપતા હોવાથી સાહેદ ચોકકસ સમય કહી શકે નહીં અને ચોકકસ સમય ન કહેવાના કારણે ઓળખ પરેડ ઉપર શંકા કરવી યોગ્ય નથી. જે સમય

જણાવેલો છે તે આશરે પણ જણાવેલો હોય. વધુમાં દલીલ કરતા જણાવવામાં આવે છે કે સાહેદ નં.૯૭૨ રામકાભાઈનાઓએ આરોપી નં.૧૨ ને ઓળખ પરેડમાં ઓળખી બતાવેલો છે. સાહેદ નં.૧૦૬૭ અંબાલાલ વેચાતનાઓએ પણ આરોપી નં.૧૨ ને ઓળખ પરેડમાં ઓળખી બતાવેલો છે તથા બંને સાહેદોએ અદાલતમાં જુબાની દરમ્યાન આરોપીને ઓળખી બતાવેલો છે તે સંબંધે વકીલશ્રી એલ.આર. પઠાણ દલીલ કરતા જણાવે છે કે, તપાસ કરનાર અધિકારીઓએ સાહેદોને જણાવી દીધેલુ હતુ કે, સફદર નાગોરી ભોપાલ સેન્ટ્રલ જેલમાં છે અને તેને સફેદ દાઢી છે જેથી સાહેદોએ તેને ઓળખી બતાવેલો છે. પરંતુ તેઓની આ દલીલ સાથે હું સંમત નથી. બચાવપક્ષ તરફથી આ આક્ષેપ કરવામાં આવેલો છે પરંતુ આક્ષેપના સમર્થનમાં કોઈ પુરાવો નથી. સાહેદ નં.૧૦૯૭ મહેતાબ શેખની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરવામાં આવેલ છે કે, આ સાહેદે આરોપીને કોર્ટમાં ઓળખી બતાવેલો નથી. સીમીના સભ્ય હોવુ તે ગુનો નથી. સીમીના સભ્ય તરીકે ચાલુ રહેવુ તે પણ ગુનો નથી. સરકાર દ્વારા સીમી ઉપર પ્રતિબંધ મુકયા પછી આરોપી નં.૧૨ સીમીના સભ્ય તરીકે ચાલુ રહ્યા હોય તેવો પણ પુરાવો નથી. પરંતુ અનલોકુલ એકટીવીટી (પ્રિવેન્શન) એકટ–૧૯૬૭ ના કાયદાનુ શીડયુલ ધ્યાને લઈએ તો અનુક્રમ નં.૨૨ ઉપર સીમીનું નામ છે અને આ સંગઠન ઉપર ભારત સરકાર દ્વારા પ્રતિબંધ મુકવામાં આવેલો છે માટે પ્રતિબંધીત સંગઠનના સભ્યો હોવુ તે ગુનો છે. "સીમી" અંગેના પેરામાં સીમી સંગઠન વિશે ચર્ચા કરેલી છે. વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, આરોપીને પૂર્વગ્રહ થયેલો છે, ફેર ટ્રાયલ ચાલેલો નથી, આરોપી સામે ઈન્દોર (મધ્યપ્રદેશ)કોર્ટમાં કેસ ચાલતો હતો ત્યારે આરોપી અમદાવાદ સેન્ટ્રલ જેલ ખાતે હતો અને અમદાવાદ ખાતે કોર્ટમાં કેસ ચાલે છે ત્યારે આરોપીને ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલો છે જે યોગ્ય નથી અને તેથી આરોપીને પૂર્વગ્રહ છે. પરંતુ મારા મત પ્રમાણે આરોપી ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે છે અને ત્યાંથી આરોપીને દરરોજ આ ગુનાની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન પૂર્ણ દિવસ સુધી વીડિયો કોન્ફરન્સ દ્વારા હાજર રાખવામાં આવેલો છે જેથી પૂર્વગ્રહ થયેલો

નથી તેમ હું માનુ છું. પરંતુ આરોપીને પૂર્વગ્રહ થયેલો છે તેવો બચાવ જાણી જોઈને ઈરાદાપૂર્વક ઉભો કરેલો બચાવ છે. વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા એમ પણ જણાવે છે કે, આરોપી ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે હોય તેના વકીલશ્રી આરોપીની મુલાકાત લઈ શકતા નથી પરંતુ હું સ્પષ્ટ જણાવુ છું કે રોજેરોજની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન આરોપીને તેના વકીલશ્રી સાથે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી કેસની રોજેરોજની કામગીરી પુરી થયા બાદ મુલાકાતો આપેલી છે અને આરોપી નં.૧૨નાઓએ તેના વકિલશ્રી સાથે વીડિયો કોન્ફરન્સમાં કેસ બાબતે ચર્ચાઓ પણ કરેલી છે જેની નોંધ આ કેસના રોજકામોમાં કરેલી છે. આ ઉપરાંત આરોપીના વકિલશ્રીઓ પૈકી વકીલશ્રી ડી.ડી. પઠાણનાઓએ ભોપાલ મુકામે જઈ આરોપીઓની મુલાકાત લેવી છે તેવી અરજીઓ ઘણી વખત આ અદાલતને આપેલી છે, દરેક વખતે અરજીઓ મંજૂર કરવામાં આવેલી છે અને વકીલશ્રી ડી.ડી.પઠાણ ભોપાલ મુકામે જઈ પૂર્ણ દિવસ સુધી આરોપીઓની મુલાકાત લીધેલી છે. વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી આ કહેવાતા ગુનાઓમાં સંડોવાયેલો નથી. પરંતુ ઉપર વિગતે જે પુરાવા રજૂ થયા છે તે ધ્યાને લેતા આ આરોપી આ કહેવાતા ગુનામાં સંડોવાયેલો છે તેમ હું માનુ છું.

આરોપી નં.૧૩ હાફીજહુસેન ઉર્ફે અદનાન ઉર્ફે તમીમ તાજુદ્દીનનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૧૩ હાફીજહુસેન ઉર્ફે અદનાન ઉર્ફે તમીમ તાજુદ્દીનનાઓ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ નાં રોજ જુદી-જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી-જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા-જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય

આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમને કઈ–કઈ ભૂમિકા ભજવેલી છે તે સાબિત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે તેમાં સહઆરોપી નં.૨ ઈમરાન ઈબ્રાહીમ શેખનાઓએ ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબના કબૂલાત નિવેદનો મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટશ્રી, અમદાવાદ સમક્ષ લખાવેલા તે ધ્યાને લેતા પણ આ આરોપી તેઓની ઉપર મુકવામાં આવેલ આક્ષેપ મુજબના કાવતરામાં સામેલ હોવાનું ફલીત થાય છે આ ઉપરાંત,

ફરિયાદપક્ષ દ્વારા આ કામે હિમેશકુમાર પ્રવિણચંદ્ર મહેતાને સાહેદ નં.૯૦૦ તરીકે આંક–૬૪૪૨ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૧૭/૧૧/૨૦૦૮ ના રોજ ૧૨.૦૦ થી ૧૨.૩૦ ના સમયે પાવાગઢ–હાલોલ રોડ ઉપર આવેલી વિવેક હોટલ પાસેથી જતા હતા ત્યારે પોલીસે ઉભા રાખેલા. તેમની સાથે બીજા એક ગુલાબસિંહભાઈ તે પણ હતા. આ સાહેદને પોલીસના માણસે કહેલું કે, સાહેબ મળવા માગે છે ત્યાં હોટલની બહાર સાહેબને મળેલા. સાહેબે ઓળખાણ આપેલી કે તેઓ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાંથી આવે છે અને તેમનુ નામ વાઘેલા સાહેબ છે અને સાહેબે જણાવેલું કે, આરોપીને લઈને આવેલા છીએ અને આ આરોપી શાહીબાગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલા બોમ્બ બ્લાસ્ટમાં આરોપી છે અને તે કંઈક કહેવા માંગે છે અને આ જે કહે છે તે પંચમાં રહેવાનું છે. જેથી તેઓએ સાહેબને હા પાડેલી. ત્યારબાદ આરોપીનું નામ પૂછેલું તો તેણે તેમનું નામ રફીયુદ્દીન સરકુદ્દીન કાપડીયા જણાવેલું. તેઓએ સરનામામાં સ્વામિનારાયણ મંદિરની પાછળ, વડોદરા મુકામના હોવાનું જણાવેલું. બીજું તેમણે કહેલું કે, "૨૦૦૮ના જાન્યુઆરી માસની ૧૩ થી ૧૫ તારીખ દરમ્યાન અમે અહીંયા પાવાગઢના જંગલમાં આતંકવાદી પ્રવૃત્તિની ટ્રેનીંગ અને ઉશ્કેરણીજનક ભાષણો અને તે જગ્યાઓ હું તમોને બતાવું". આવું તેણે કહેલું, આ બધું તેઓએ સાંભળ્યું અને તે પોલીસને લખાવેલું. ત્યારબાદ ત્યાં ગાડીની અંદર પોલીસના સાહેબ, પોલીસનો સ્ટાફ, આ

સાહેદ સાથેના ગુલાબસિંહ, આરોપી બધા બેઠેલા. આ વખતે સાહેબે ડ્રાઈવરને કહેલું કે, આ આરોપી રસ્તો બતાવે તે પ્રમાણે ગાડી લઈ લ્યો અને જયાં ઉભી રખાવે ત્યાં ઉભી રાખજો. ત્યાંથી ગાડી આગળ એકાદ કિ.મી. ગયેલી અને પછી આરોપીએ ગાડી ઉભી રખાવેલી. જયાં ગાડી ઉભી રખાવેલી ત્યાં દરગાહ જેવું કાંઈક હતું. ત્યાં પછી આરોપી તેઓને દરગાહમાં અંદર લઈ ગયા અને ત્યાં જગ્યા બતાવી. તે દરગાહનું નામ "ખુંદપીરની દરગાહ" હતું. ત્યાં એક ઓરડી હતી અને ધર્મશાળા જેવું હતું. તેણે જણાવેલું કે, "અમે આ ઓરડીમાં રહેતા હતા." તેણે જે જણાવેલું તે પોલીસને લખાવેલું. ત્યારપછી પાછા બધા ગાડીમાં બેઠેલા. ગાડીમાં બેઠા પછી તેણે ગાડી આગળ ચલાવવાનું કહેલું અને એકાદ દોઢ કિ.મી. આગળ ગયેલા અને ત્યાં ડાબી સાઈડ તરફ કાચો રસ્તો આવેલો ત્યાં ગાડી વાળવાનું કહેલું. ત્યાં આગળ ૫૦૦ મીટર દુર એક મિનારની મસ્જિદ તેવું બોર્ડ હતું અને ત્યાં અંદર ગાડી લીધેલી અને ત્યાં પણ આ બોર્ડ મારેલું હતું અને ત્યાં બધા ગાડીમાંથી નીચે ઉતરેલા. ત્યાં એક નાનો ગેટ હતો તે ખોલીને આરોપી અંદર લઈ ગયેલો. ત્યાં ૫૦૦ મીટર જેટલી મોટી જગ્યા હતી, મોટો ઓટલો હતો અને ચારેય તરફ મોટી ગ્રીલ હતી. તેણે એવું કહેલું કે, "અમે અહીંયા નમાજ પઢતા હતા." ત્યાં એક કુવો હતો. ત્યારપછી આરોપીએ કહેલું કે, "અમે આતંકવાદની તાલીમ લીધેલી તે જગ્યા હવે હું તમને બતાવું." ત્યારબાદ બધા પાછા ગાડીમાં બેઠેલા અને પાવાગઢ રોડ પર દોઢેક કિ.મી. ગયેલા અને ત્યાં ૧૫૦ મીટર દુર કાચા રસ્તે ગાડી ઉભી રખાવેલી. ગાડી આરોપીએ ઉભી રખાવેલી. ત્યાં આગળ "હેલીકૈલ વાવ" આવેલી હતી. ત્યાં હેલીકૈલ વાવના કમ્પાઉન્ડમાં આરોપી લઈ ગયેલો. ત્યાં તારની ફેન્સીંગ હતી અને તાર ઉંચા કરીને ૧૫૦ મીટર અંદર જંગલમાં લઈ ગયેલો. ત્યાં ૪૦ થી ૫૦ મીટર જેટલી મોટી જગ્યા હતી. ત્યાં સૂકુ ઝાડ હતું અને ત્યાંથી ૧૫૦ મીટર આગળ એક ખીણ હતી જેમાં પાણી ભરેલું હતું. આરોપીએ ત્યાં કહેલું કે, "અહિંયા અમે તંબુ બાંધીને ટ્રેનીંગ લેતા હતા." આરોપીએ કહેલું તે બધું પોલીસને લખાવેલું.

ઉપર મુજબની વિગતવાળુ પંચનામુ બનાવેલુ તે આંક–૬૪૪૩ થી રજૂ રાખેલ છે જેમાં સાહેદ પોતાની તથા બીજા પંચ ગુલાબસિંહની સહીઓ ઓળખી બતાવે છે અને સદર પંચનામામાં લખેલી હકીકત ખરી હોવાનું જણાવે છે. સરતપાસમાં જણાવ્યા મુજબના આરોપીને ઓળખી બતાવવાનું જણાવ્યુ અને વીડિયો કોન્ફરન્સના માધ્યમથી આરોપીઓને વારાફરતી સાહેદને બતાવતા સાહેદ સરતપાસમાં જણાવેલ આરોપીને ઓળખી બતાવતા નથી અને જણાવેલ છે કે ઘણો સમય થઈ ગયેલ હોવાથી સાહેદ આરોપીને ઓળખી શકતા નથી.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પાવાગઢ ગ્રામ પંચાયતની ઑફિસ સામે જન્મથી રહે છે તે કબૂલ કરે છે. ગુલાબસિંહ પણ પાવાગઢમાં રહે છે અને તેઓને વર્ષોથી ઓળખે છે. આ ગુલાબસિંહ પાવાગઢ–હાલોલ વચ્ચે પેસેન્જર જીપ ચલાવે છે. વિવેક હોટલ પાવાગઢ–હાલોલ વચ્ચે આવેલી છે અને તે પાવાગઢથી ચારેક કી.મી. દુર છે. પાવાગઢથી હાલોલ ચોકડીએ આવીએ અને ત્યાંથી જમણી તરફ વળીએ ત્યારે પાવાગઢ જવાય તે કબૂલ કરે છે. હાલોલથી પાવાગઢ વચ્ચેનું અંતર ૧૫ થી ૨૦ કી.મી. છે તો તે હકીકત નકારી છે. ખુંદપીરબાવાની દરગાહ હાલોલ થી પાવાગઢ આવીએ ત્યારે પાંચેક કી.મી.ના અંતરે છે તે કબૂલ કરે છે. આ દરગાહ રોડની ડાબી તરફ હાઈવેને અડીને આવેલી છે તે કબૂલ કરે છે. મુખ્ય દરવાજો હાઈવે ઉપર પડે છે તે પણ કબૂલ કરે છે. દરગાહ ઉપર દરરોજ ઘણા માણસો દર્શન કરવા આવતા હોય છે તે પણ કબૂલે છે. ચાંપાનેરમાં આવેલી ઈમારતો અને મસ્જિદોનો વર્લ્ડ હેરીટેજમાં સમાવેશ થયેલો છે તે કબૂલ કરે છે. દરગાહથી પાવાગઢ તરફ એકાદ કી.મી. દુર એકમીનાર મસ્જિદ આવેલી છે તે કબૂલ કરે છે. મસ્જિદ રોડ ઉપર આવેલી છે અને તુટેલો અર્ધો મીનારો છે તે પણ કબૂલ કરે છે. મીનારની આજુબાજુ ખુલ્લુ મેદાન છે અને ખુલ્લો ઓટલો છે તે પણ કબૂલ કરે છે. એકમીનાર મસ્જિદમાં કોઈ માણસ રહેતા નથી તે કબૂલ કરે છે. એકમીનાર મસ્જિદથી દોઢ કી.મી. પાવાગઢ તરફ હેલીકૈલ વાવ આવેલી છે. આ વાવ ખંડેર અવસ્થામાં છે તે કબૂલ કરે છે. ચારેય બાજુ ખુલ્લુ મેદાન છે તે પણ કબૂલ કરે છે. વાવની કમ્પાઉન્ડ વોલ પુરી

થયા પછી જંગલ છે તે પણ કબૂલે છે. સ્થળ ઉપરથી કોઈ પણ શંકાસ્પદ વસ્તુ જોઈ હોય અને કબજે લીધી હોય તેવુ પંચનામામાં નથી તે કબૂલ કરે છે. પોલીસે વિવેક હોટલ પાસે બોલાવ્યા ત્યારે બાઈક હોટલ ઉપર મુકીને ગાડીમાં બેસીને ગયેલાનું જણાવે છે. પંચનામા વખતેની વાતચીતો જે થયેલી તે યાદ નથી. સરતપાસમાં જણાવ્યા મુજબની પંચનામાની કાર્યવાહીમાં ભાગ લીધો નથી તો તે હકીકત નકારે છે.

વધુમાં સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો હેલીકૈલ વાવ અને એકમીનાર મસ્જિદ સિવાય બીજી પણ મસ્જિદો અને ઈમારતો જોવા લાયક છે તે કબૂલ કરે છે. દરગાહ ઉપર કોઈ વહીવટકર્તા રહે છે કે કેમ તેની ખાતરી કરેલી નહીં. દરગાહ પાસે જે રૂમ અને ધર્મશાળા આવેલી છે તેમાં રહેવા આવનારા માટે રેકર્ડ રાખવામાં આવે છે કે કેમ તેની તપાસ કરી નથી. દરગાહમાં દાખલ થઈએ ત્યારે દરગાહની પછી એક નાની મસ્જિદ આવેલી છે તે કબૂલ કરે છે. એકમીનાર મસ્જિદ અને હેલીકૈલ વાવ ઉપર પંચનામુ કર્યુ તે અગાઉ કયારેય જવાનું બન્યુ નથી. વાવમાં કોઈ પ્રાણી કે મનુષ્ય પડી ન જાય તે માટે નેટ બાંધેલી છે તે કબૂલ કરે છે. એકમીનાર મસ્જિદ પાસે આવેલા કુવા ઉપર કોઈ પડી ન જાય તે માટે નેટ બાંધેલી છે. મસ્જિદ તેમજ વાવની આજુબાજુ ખુલ્લી જગ્યામાં સરકાર તરફથી પ્લાન્ટેશન અને ઘાસની લોન લગાવેલી છે તો તે હકીકત નકારેલી છે. ખાણની અંદર જયાં પાણી ભરાયેલુ હતુ તેનુ માપ લેવામાં આવેલુ નહીં.

આમ આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તા.૧૭.૧૧. ૨૦૦૮ ના રોજ પોલીસે આ સાહેદને હાલોલ–પાવાગઢ રોડ ઉપર આવેલ વિવેક હોટલ પાસે બોલાવેલા હતા. પોલીસ એક આરોપી નં.૩૫ રફિયુદ્દિન સરફુદ્દીન કાપડીયાને લઈને પાવાગઢના જંગલોમાં આતંકવાદી તાલીમ લીધેલી અને ઉશ્કેરીજનક ભાષણો જે–જે જગ્યા ઉપર કરેલા તે જગ્યાઓનું પંચનામુ કરવા માટે આ સાહેદને બોલાવેલા હતા. આ સાહેદને તથા બીજા પંચને સાથે રાખી આરોપીને લઈ સરતપાસમાં જણાવ્યા મુજબ આરોપીએ બતાવ્યા મુજબની જગ્યાઓ ઉપર જઈ પંચનામુ કરેલુ છે. આ સાહેદ પાવાગઢ ખાતે રહે છે, સામાન્ય

વ્યકિત છે અને તેમને ફરિયાદપક્ષ કે આરોપીઓ સાથે કોઈ દુશ્મનાવટ કે મિત્રતા નથી, સ્વતંત્ર સાહેદ છે અને ઊલટતપાસ દરમ્યાન આરોપીઓને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત નીકળી આવતી નથી માટે આ સાહેદની જુબાની નહીં માનવાને કોઈ કારણ રહેતુ નથી.

આ પંચનામુ કરનાર અધિકારી સાહેદ નં.૧૦૮૯ પ્રવિણસિંહ ગટોરસિંહ વાઘેલાની જુબાની ધ્યાને લઈએ તો તેમને તા.૧૭.૧૧.૨૦૦૮ નાં રોજ આ સાહેદ તથા બીજા પંચ ગુલાબસિંહ સોલંકીને પંચમાં રહેવા માટે બોલાવેલા હતા અને આરોપી નં.૩૫ ને સાથે રાખી પાવાગઢ–હાલોલ વચ્ચે આવેલ ખુંદપીરબાવાના દરગાહ, હેલીકૈલ વાવ, એકમીનાર મસ્જિદ વિગેરે જગ્યાઓ ઉપર આરોપીના કહેવા અને બતાવ્યા પ્રમાણે ગયેલા અને જગ્યાઓના પંચનામા કરેલા તે હકીકત આ સાહેદે તેઓની જુબાનીમાં પેરા નં.૨, પાના નં.૪,૫ મા જણાવેલુ છે તથા આંક–૬૪૪૩ વાળા પંચનામામાં પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

આંક–૬૪૪૩ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી રજૂઆત અને દલીલ છે કે પંચનામામાં આરોપીની જે કબૂલાત્મક હકીકત જણાવવામાં આવેલી છે તે પુરાવામાં ગ્રાહય નથી અને આરોપી વિરૂધ્ધ વંચાણે લઈ શકાય નહીં. આરોપીઓ તરફથી દલીલ અને રજૂઆત એવી છે કે પંચનામા મુજબ આરોપીએ "એકમીનાર મસ્જિદનું બોર્ડ આવેલ રોડ ઉપરથી કાચા રસ્તે આશરે ૫૦૦ મીટર જતા ત્યાં વાહન ઉભુ રખાવેલુ" આ હકીકત પુરાવામાં ગ્રાહય નથી પરંતુ મારા મત પ્રમાણે વાહન ઉભુ રખાવ્યા પછી એકમીનાર મસ્જિદ અને તારની વાડ ત્યાં આવેલી છે તો તે હકીકત પુરાવામાં ગ્રાહય છે. વધુમાં આરોપીઓ તરફથી એવી દલીલ અને રજૂઆત છે કે પંચનામુ ધ્યાને લેતા "હેલીકૈલ વાવનું બોર્ડ આવતા આરોપીએ વાહન ડાબી બાજુ વળાવતા આશરે ૧૫૦ મીટર અંદર જતા વાહન ઉભુ રખાવેલુ" આ હકીકત પુરાવામાં ગ્રાહય નથી પરંતુ મારા મત પ્રમાણે તે જગ્યાએ હેલીકૈલ વાવ છે તો તે હકીકત પુરાવામાં ગ્રાહય છે.

આમ સાહેદ નં.૯૦૦ હિમેશ મહેતા તથા સાહેદ નં.૧૦૮૯ પ્રવિણસિંહ વાઘેલાની જુબાનીઓ તથા આંક–૬૪૪૩ વાળુ પંચનામુ ધ્યાને લેતા ૧૩.૧.૨૦૦૮ થી ૧૫.૧.૨૦૦૮ ના સમય દરમ્યાન આરોપી નં.૨, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૪, ૩૭ નાઓએ પાવાગઢના જંગલોમાં રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ગુજરાતના લોકોને બોલાવીને આતંકવાદી તાલીમ કેમ્પનુ આયોજન કરેલુ અને તેમાં ટ્રેકીંગ, સ્વીમીંગ, મોટર બાઈકીંગ તથા ફાયરીંગની તાલીમો લીધેલ હોવાનું તેમજ જેદાહી ભાષણો કરેલા હોવાનું માલુમ પડે છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે જોસેફ જોયસન એન.કે.કાસ્પરને સાહેદ નં.૧૧૪૮ તરીકે આંક–૮૨૫૩ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ સને–૨૦૦૮ની સાલમાં તેઓ ઈક્કુકીમાં કામ કરતા હતા. તા.૧૯/૧૧/૨૦૦૮ ના રોજ તેઓને "ટી પોઇન્ટ" ઉપર બોલાવવામાં આવેલો જે વાઘમોનમાં આવેલું છે. તેમની સાથે બીજા એકને પણ બોલાવવામાં આવેલા. ગુજરાતની પોલીસે અને કેરળની પોલીસે બોલાવેલા. આ સમયે ગુજરાતની પોલીસ સાથે એક "સન્ની" નામની વ્યકિત હતી અને "હાફિજ હુસેન" નામની વ્યકિત પણ હતી. આ વ્યકિતએ કાંઇક કર્યું છે તેવું કહેલું તેના માટે ત્યાં બોલાવેલા. સન્ની કયાંનો હતો તેની તેમને ખબર નથી પરંતુ પોલીસવાળા સાથે હતા. હાફિજ હુસેને ત્યાં કાંઇક પ્રોબ્લેમ કર્યો હતો તેવું આ સાહેદને કહેવામાં આવેલું. એટલે આરોપીએ કોઇ કામ કર્યું હતું તે જોવા પોલીસ સાથે જવાનું હતું. ત્યારપછી તેઓ તેમની સાથે ગયેલા. આરોપી દ્વારા કહેવામાં આવેલું હતું કે અમુક જગ્યાઓ જોવાની છે. પોલીસ પછી લઇ ગયેલી. એક કબર જેવી જગ્યાએ ગયેલાં. બીજી બે ત્રણ જગ્યાએ લઇ ગયેલાં જયાં "આરોપી દ્વારા ટ્રેનીંગ લેવામાં આવેલી હતી" અને તે જગ્યાઓ ઉપર જઇ પંચનામું લખેલું અને પંચનામું લખ્યા પછી પોલીસે તેમની સહી લીધેલી. આમ આ સાહેદ આંક–૮૨૫૪ વાળા પંચનામામાં આ સાહેદ તેમની તથા પંચ નં.૧ની સહીઓ ઓળખી બતાવે છે પરંતુ આ બનાવને દસ વર્ષ થયેલા હોવાથી આરોપી હાફીજહુસેનને ઓળખી શકતા નથી.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પંચનામામાં સહી કરી તે વખતે નડીયાપેરા આર.સી.રોડ કોચી ખાતે રહેતા હતા તે કબૂલ કરે છે. વાઘમોન ટુરીસ્ટ પ્લેસ હોય તો ખબર નથી. વાઘમોનમાં રહેતા હોઈ તેવુ સરનામુ પંચનામામાં આપેલુ નથી. પંચનામામાં સહી કરી તે દિવસે કેરલ પોલીસ અને ગુજરાતની પોલીસે બોલાવેલા હતા. પોલીસના નામ અને હોદ્દાની ખબર નથી પરંતુ સાહેદ જણાવે છે કે ડી.વાય.એસ.પી. હતા. પંચનામામાં સહી કરી તે દિવસે નોકરી ઉપર ગયેલા ન હતા. કેરલના ડી.વાય.એસ.પી. સાથે કેટલા પોલીસવાળા હતા તેની ખબર નથી. ગુજરાતી સમજમાં આવતુ નથી. ગુજરાતની પોલીસ સાથે સીધી કોઈ વાતચીત થયેલી નહીં. ગુજરાતની પોલીસ ગુજરાતથી આવી છે તે બતાવવા કોઈ દસ્તાવેજ બતાવેલો નહીં. પંચનામામાં સહી કરી તે પહેલા હાફીજ હુસેનને જોયેલો નહીં અને તેની સાથે કોઈ વાતચીત કરેલી નહીં. કબરવાળી જગ્યાની આજુબાજુ ઓપન ટુ સ્કાય જગ્યા હતી તે કબૂલ કરે છે. માત્ર પંચનામામાં સહી કરેલી છે તો તે હકીકત નકારે છે. આ સાહેદની હાજરીમાં કોઈ પણ આરોપીએ જગ્યા બતાવેલી નથી તો તે હકીકત નકારી છે. પોલીસના કહેવાથી અને સમજાવવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારી છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો સ્પેશીયલ કેસ નં.૨/૨૦૧૧ નાં કામે પંચનામા બાબતે સન્નીની જુબાની થયેલ હોય તો ખબર નથી. સન્ની નામની વ્યકિત પંચનામામાં બોલાવ્યો તે પહેલા ત્યાં હાજર હતો. બધી જગ્યાઓ ઉપર ફરીને આવ્યા બાદ પંચનામુ લખવામાં આવેલુ તો તે હકીકત નકારી છે. છેલ્લી જગ્યાએ સહીઓ લીધેલી તો તે કબૂલ કરે છે. આ પ્રશ્નનો અર્થ એવો થાય કે આ સાહેદ તથા બીજા પંચને લઈ તપાસ કરનાર અધિકારી જુદી–જુદી જગ્યા ઉપર ગયેલા છે અને પંચનામાની કાર્યવાહી કરી છે તેમ કહી શકાય. આ સાહેદ તથા સન્ની કોઈ જગ્યાએ ગયેલા નથી તો તે હકીકત નકારેલી છે. જયાશંકરના કહેવાથી પંચનામામાં સહીઓ કરેલાની હકીકત નકારેલી છે. કેરલની પોલીસ યુનિફોર્મમાં હતી કે સાદા ડ્રેસમાં હતી તેની ખબર નથી. હાફીજ હુસેન નામની વ્યકિત પોલીસ સાથે હતી નહીં તો તે હકીકત નકારેલી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં.૨૦૪/૨૦૦૮ ના કામે તા.૧૯.૧૧.૨૦૦૮ ના રોજ આ સાહેદ તથા સન્ની થોમસ નામના વ્યકિતને ટી પોઈન્ટ વાઘમોન મુકામે પંચમાં રહેવા બોલાવેલા હતા. સાહેદ મયુર ચાવડા આરોપી નં.૧૩ હાફીજ હુસેનને લઈને તે જગ્યા ઉપર ગયેલા હતા તેમની સાથે કેરલ પોલીસ પણ હાજર હતી અને પંચો, કેરલ પોલીસ તથા આરોપીની હાજરીમાં આંક–૮૨૫૪ વાળુ પંચનામુ બનાવેલુ અને પંચનામા મુજબ જે જગ્યા ઉપર ગયેલા તે જગ્યા આરોપી નં.૧૩ એ બતાવેલી. તે જગ્યામાં જે જગ્યા ઉપર તાલીમ લીધેલી તે એક કબરવાળી જગ્યા હતી અને ત્યાં બાઈકની પ્રેકટીસ કરેલી, ફાયરીંગની પ્રેકટીસ કરેલી વિગેરે જગ્યાઓ પંચનામાની વિગતે બતાવેલી હતી. સાહેદ મયુર ચાવડાએ પોતાની જુબાનીના પેરા નં.૭, પાન નં.૬૫ ઉપર આ હકીકત જણાવેલી છે અને તેમની સરતપાસ મુજબ જે જગ્યાઓ બતાવેલી તે પૈકી (૧) જયા મોટો પથ્થર આવેલો હતો તે જગ્યા ઉપર કલાઈમ્બીંગની તાલીમ લીધેલી તે તથા (૨) પથ્થરની નજીક એક કબર છે તે જગ્યા તથા (૩) તે જગ્યાની ઉત્તર તરફ એક પથ્થર આવેલ છે તે જગ્યા જયાં ફાયરીંગની પ્રેકટીસ કરેલી તે ત્યાં એક પથ્થર ઉપર નિશાન લઈને ફાયરીંગ કરેલુ તે જગ્યા તથા (૪) જે જગ્યા ઉપર ટેન્ટ બાંધેલો તે જગ્યા તથા (૫) જે જગ્યા ઉપર મોટર સાઇકલ ચલાવવાની તાલીમ લીધેલી તે જગ્યા તથા (૬) જે જગ્યા ઉપર સ્વીમીંગની તાલીમ લીધેલ તે જુદી–જુદી જગ્યાઓ બતાવેલાનું જણાવે છે તે અંગેનુ પંચનામુ આંક–૮૨૫૪ બનાવેલુ જેમાં આ સાહેદે પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવેલ છે. સાહેદ મયુર ચાવડાની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પેરા નં.૫૮ મુજબ અમદાવાદના કયા સ્થળેથી વાઘમોન મુકામે ગયેલા તેનો ખ્યાલ નથી. વાઘમોન મુકામે વિમાન દ્વારા કે ટ્રેન દ્વારા કેવી રીતે ગયેલા તેનો પણ ખ્યાલ નથી. વાઘમોનવાળી જગ્યા ટુરીસ્ટ પ્લેસ હોય અને દેશ વિદેશના ટુરીસ્ટો ત્યાં જતા હોય તો ખબર નથી. આંક–૮૨૫૪ વાળુ પંચનામુ વાઘમોન મુકામે બનાવેલુ નથી તો તે હકીકત

નકારેલી છે. સાહેદ મયુર ચાવડાની ઊલટતપાસના પેરા નં.૧૦૭ ધ્યાને લઈએ તો આરોપીઓ તરફથી એવો પ્રશ્ન પુછવામાં આવેલો છે કે તા.૧૯.૧૧.૨૦૦૮ નાં રોજ આંક–૮૨૫૪ વાળુ પંચનામુ વાઘમોન મુકામે જઈને કરેલુ છે ? તો સાહેદે પંચનામુ કરેલુ છે તેમ જણાવેલુ છે. આરોપી હાફીજ હુસેનની સામે કોઈ પુરાવો મળતો ન હતો માટે પંચનામુ ઉભુ કરેલુ છે તો તે હકીકત નકારેલી છે. વાઘમોનના પંચનામાની હકીકત સાથે ગુજરાતના બનાવોને કોઈ સંબંધ નથી તો તે હકીકત પણ નકારી છે. સાહેદ મયુર ચાવડાની ઊલટતપાસના પેરા નં.૧૨૫ ધ્યાને લઈએ તો આંક–૮૨૫૪ વાળુ પંચનામુ કરીને આરોપીને આ ગુનામાં ખોટી રીતે સંડોવેલાની હકીકત નકારી છે. આંક–૮૨૫૪ વાળા પંચનામા સિવાય આરોપી હાફીજ હુસેન સામે બીજો કોઈ પુરાવો નથી તો તે હકીકત પણ નકારી છે. વધુમાં સાહેદ મયુર ચાવડાની ઊલટતપાસના પેરા નં.૧૫ ધ્યાને લઈએ તો તપાસ દરમ્યાન અર્નાકુલ્લમ ખાતે બસ ડેપોની બાજુમાં આવેલી મસ્જિદ ઉપર ગયા અંગેનો કોઈ દસ્તાવેજી પુરાવો ચાર્જશીટ સાથે રજૂ કરેલો છે કે કેમ? તે યાદ નથી. સાહેદ મયુર ચાવડાની ઊલટતપાસના પેરા નં.૧૭૦ ધ્યાને લઈએ તો આંક–૮૨૫૪ વાળુ પંચનામુ બનાવવા માટે પંચોને બોલાવવા લગભગ આ સાહેદ ગયેલા હતા તેમ જણાવે છે. જે જગ્યા શોધવામાં આવેલી તે જગ્યાનું વર્ણન આપી શકે તેમ નથી. પંચનામુ વાઘમોન મુકામે પહોંચ્યા પછી બનાવેલુ તે કબૂલ કરે છે. આ પ્રશ્નનો અર્થ એવો થાય કે તપાસ કરનાર અધિકારીએ આંક–૮૨૫૪ વાળુ પંચનામુ વાઘમોન મુકામે બનાવેલુ છે તે હકીકત આરોપીઓ તરફથી કબૂલ કરવામાં આવે છે તેમ કહી શકાય. વધુ ઊલટતપાસ ધ્યાને લઈએ તો આંક–૮૨૫૪ વાળા પંચનામામાં "ડીટીપીસી" લખેલુ છે તેનુ ફુલ ફોર્મ ખબર નથી. તેનુ ફુલ ફોર્મ ડીસ્ટ્રીકટ ટુરીઝમ પ્રમોશન કાઉન્સીલ હોય તો ખબર નથી. સ્પોટ ઉપર પ્રવેશ કરવા ટિકિટ લીધેલી કે કેમ તેની ખબર નથી. સ્પોટ ઉપર પ્રવેશ કરેલો નથી તો તે હકીકત નકારેલી છે. કેરાલા મુકામે એકલા ગયેલા અને લોકલ પોલીસ સ્ટેશનમાં બેસીને પોલીસની મદદથી પંચનામુ તૈયાર કરેલુ તો તે હકીકત નકારી છે.

બચાવપક્ષ તરફથી એવી રજુઆત અને દલીલ છે કે આંક–૮૨૫૪ વાળા પંચનામામાં આરોપીએ "સ્વેચ્છાપૂર્વક જગ્યા બતાવવા માંગુ છું" તે તથા "તેને પંચનામામાં જણાવ્યા મુજબ જે જુદી–જુદી જગ્યાઓ બતાવેલી તે જગ્યાઓની હકીકત આરોપીની વિરૂધ્ધમાં ઉપયોગમાં લઈ શકાય નહીં અને તે આરોપી વિરૂધ્ધ પુરાવામાં ગ્રાહય નથી. પરંતુ મારા મત પ્રમાણે "સ્વેચ્છાપૂર્વક જગ્યા બતાવવા માંગુ છું" તે જગ્યા તથા આરોપી જે–જે જગ્યા ઉપર લઈ ગયો તે લઈ જવાની પ્રક્રિયા આરોપી વિરૂધ્ધ પુરાવામાં ગ્રાહય નથી પરંતુ તેને વર્ણવેલી જગ્યાઓ સ્થળ ઉપર તે જ મુજબની જગ્યા હોય તો તે હકીકત પુરાવામાં ગ્રાહય છે.

તપાસ ટીમો પૈકીની એક ટીમના તપાસ કરનાર અધિકારી વી.આર. ટોળીયાએ તા.૨૬/૦૮/૨૦૦૮ના રોજ જાવક નં.તપસ/૨૩૬/ ૨૦૦૮નો પત્ર નિયામકશ્રી ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી ગુજરાત રાજયને આ કામના આરોપીઓ પૈકી (૧)હાફિઝહુસેન ઉર્ફે અદનાન ઉર્ફે તલીમ તાજુદ્દિન (આરોપી નં.૧૩) તથા (૨) સફદરહુસેન ઉર્ફે હુસેનભાઇ જહરૂદ્દિન નાગોરી (આરોપી નં.૧૨) તથા (૩) કમરૂદ્દિન ઉર્ફે રાજા ઉર્ફે અબદુલ્લા ચાંદ મહમદ નાગોરી (આરોપી નં.૦૯)તથા (૪) આમીલ પરવાઝ ઉર્ફે સિકંદર કાજી સૈકુદ્દિન શેખ (આરોપી નં.૧૦) તથા (૫) સીબલી ઉર્ફે સાબિત અબ્દુલ કરીમ (આરોપી નં.૧૧) તથા (૬) જાહિદ કુત્બુદ્દિન શેખ (આરોપી નં.૦૧)નાઓના "સસ્પેકટ ડિટેન્શન સીસ્ટમ" દ્વારા તપાસણી કરી અહેવાલ આપવા વિનંતી કરતો પત્ર લખેલો. જે આંક–૫૮૯૮ થી રજૂ છે. આ પત્રમાં શ્રી વી.આર. ટોળિયાની સહી છે. તપાસ ટીમો પૈકીની એક તપાસ ટીમના અધિકારી સાહેદ નં. ૧૧૬૩ મયુર ચાવડાએ શ્રી વી.આર.ટોળિયાની સહી પોતાની જુબાનીમાં ઓળખી બતાવેલી છે. આ પત્ર દ્વારા જે મુદ્દાઓની તપાસ કરવા વિનંતી કરેલી હતી તે મુદ્દાઓ જેવા કે,

(૧) તમો "સીમી" અને "ઇન્ડિયન મુજાહિદ્દિન"ના સભ્ય છો?

(૨) અમદાવાદ શહેરમાં તા.૨૬/૦૭/૨૦૦૮ના રોજ થયેલ બોમ્બ બ્લાસ્ટમાં તમો સંડોવાયેલા છો?

(૩) ભારતમાં અન્ય શહેરમાં થયેલ બોમ્બ બ્લાસ્ટ વિશે તમારી જાણકારી શું છે?

(૪) બીજા ઓર્ગેનાઈઝેશન જેવા કે, "એલ.ઈ.ટી." અને "હુજી" માં જોડાયેલા છો?

(૫) તમારૂ (ફંડિગ) આર્થિક આવકના સોર્સ શું છે?

ઉપરોકત પત્રમાં જણાવ્યા મુજબના મુદ્દાઓ બાબતે આ આરોપીનો સસ્પેકટ ડિટેન્શન ટેસ્ટ એફ.એસ.એલ.અધિકારી સાહેદ નં.૮૪૮ વસંતભાઇ હાથીભાઇ પટેલનાઓએ કરેલો હતો. તેઓને આ કામે ફરિયાદપક્ષ દ્વારા આંક–૫૮૯૪ થી તપાસવામાં આવેલા છે. તેઓની સરતપાસ મુજબ સને–૧૯૮૨માં સાયન્ટિફક આસીસ્ટન્ટ તરીકે એફ.એસ.એલ. અમદાવાદમાં જોડાયેલા હતા અને સને–૨૦૦૬ ની સાલમાં મદદનીશ નિયામક, ફોરેન્સિક સાયકોલોજી વિભાગ તરીકે પ્રમોશન મેળવેલું અને છેલ્લે સને–૨૦૧૨ ની સાલમાં નિવૃત્ત થયેલાં છે. તા.૨૫/૦૮/૨૦૦૮ના રોજ નાયબ પોલીસ અધીક્ષક, બોમ્બ બ્લાસ્ટ તપાસ ટીમ, અમદાવાદ શહેરનાઓએ કેટલાક આરોપીઓને સસ્પેકટ ડિટેન્શન સીસ્ટમથી પરીક્ષણ કરાવવા માટે ચર્ચા કરવા એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે આવેલા અને શ્રીમતી ડૉ.એસ.એલ.વાયાને મળેલાં અને તેમણે આ સાહેદ પાસે ચર્ચા કરવા માટે મોકલેલા. બનાવ અંગે જરૂરી વિગતો જાણીને જરૂરી ચર્ચા કરેલી. ત્યારબાદ એસ.ડી.એસ. પરીક્ષણ માટે તા.૨૬/૦૮/૨૦૦૮ના રોજ કલાક ૧૦:૩૦ વાગ્યે આરોપીઓને હાજર રાખેલા. જે આરોપીઓને હાજર રાખેલા તે ઉપરોકત જણાવેલ આરોપીઓ કુલ–૬ હતાં. આ આરોપીઓને હાજર રાખ્યા બાદ દરેક આરોપીનો વ્યકિતગત ઇતિહાસ જેવો કે, નામ, સરનામું, અગાઉના ગુનાની વિગતો, તેઓને વ્યસન છે કે કેમ? વિગેરેની ઇન્કવાયરી કરેલી અને તે અંગેનું ફોર્મ ભરવામાં આવેલું જે આંક–૫૯૦૦ થી રજૂ કરેલું છે. જેમાં એફ.એસ.એલ. કચેરીનો સિકકો તથા આ સાહેદની સહી છે.

વધુમાં આ સાહેદની જુબાનીના પેરા–૩ ધ્યાને લઈએ તો સસ્પેકટ ડિટેન્શન સિસ્ટમ દ્વારા તેમનુ પરિક્ષણ કરવામાં આવ્યું તો નીચે મુજબના મુદ્દા પ્રત્યે તેઓમાં સૂચક પ્રતિભાવો મળેલાં છે.

(૧) સીમી સાથે સંકળાયેલા છે.

(૨) સીમી સાથે સંકળાયેલા છે.

(૩) સીમીના કાર્યકર છે.

(૪) જે શહેરોમાં બોમ્બ વિસ્ફોટો થયેલા છે તે જ શહેરોમાં ભવિષ્યમાં ફરીથી બોમ્બ વિસ્ફોટ થશે.

(૫) બોમ્બ વિસ્ફોટ કરનારાઓને જાણે છે.

આ સાહેદે પરીક્ષણ કરતા આરોપીએ ઉપર મુજબના જવાબો આપેલા અને તે જવાબો અંગેનો અભિપ્રાય આ સાહેદે આપેલો જે આ કામે આંક–૫૯૦૧ થી રજૂ છે જેમાં આ સાહેદે પોતાની સહી તથા સિકકો ઓળખી બતાવેલો છે. આ અભિપ્રાય અધિક નિયામક એફ.એસ.એલ.,ગાંધીનગરના ફોરવર્ડિંગ પત્રથી તા.૨૧/૧૦/૨૦૦૮ના રોજ તપાસ કરનાર અધિકારીશ્રી વી.આર. ટોળિયાને મોકલી આપેલો છે.

હવે આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો એફ.એસ.એલ. કચેરી ગાંધીનગરમાં કોઈપણ વિના રોકટોક પ્રવેશ કરી શકે છે તો તે હકિકત નકારી છે. કોઈ વ્યકિતએ પ્રવેશ કરવો હોય તો ઓળખપત્ર અને સિકયુરીટી ચેકિંગમાંથી પસાર થવુ પડે છે તો તે કબૂલ કરે છે. આ સાહેદે કાયદાશાસ્ત્રનો અભ્યાસ કરેલો નથી. ફોજદારી કાર્યવાહીને લગતા ખાસ કાયદાઓનો પણ અભ્યાસ કરેલો નથી. મારા મત પ્રમાણે આ સાહેદે ફોજદારી કાયદાઓનો અભ્યાસ કરવો જરૂરી નથી કારણ કે, આ સાહેદ સાયન્ટિફિક ઓફિસર છે અને કાયદાઓનો અભ્યાસ કરવો તેમના માટે ફરજિયાત નથી. આરોપીઓના ટેસ્ટ પોતાની ચેમ્બરમાં લેવામાં આવેલાની હકીકત નકારી છે. રજૂ કરવામાં આવેલા આરોપીઓને કઇ તારીખે પકડવામાં આવેલા હતા અને કેટલા સમયથી પોલીસ કસ્ટડીમાં હતી તેવી કોઇ માહિતી પોલીસ અધિકારી ટોળીયાએ આપેલી ન હતી

પરંતુ મારા મત પ્રમાણે આરોપીઓ કેટલા સમયથી પોલીસ કસ્ટડીમાં છે અને તેમને કયારે પકડવામાં આવેલા તે જાણવાનો આ સાહેદને કોઇ અર્થ નથી. આ સાહેદનું કાર્ય તપાસ કરનાર અધિકારીના કાર્ય કરતા તદ્દન જુદુ છે . વધુમાં ઊલટતપાસ ધ્યાને લઇએ તો, આરોપીઓના ટેસ્ટ લીધા પછી સાંજે છ વાગ્યે પોલીસને સુપરત કરેલાં. આરોપીને સુપરત કર્યા ત્યારે ડોકટરની હાજરી રાખવામાં આવેલી નહિ. આરોપીઓના ટેસ્ટ સ્વતંત્ર વ્યકિતઓની હાજરીમાં રાખવામાં આવેલા નથી તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે એફ.એસ.એલ.ની કચેરીમાં કોઇ બહારની વ્યકિતને પ્રવેશ માટે પ્રતિબંધ છે. આ ટેસ્ટ એવા પ્રકારના છે કે તેમાં સ્વતંત્ર વ્યકિતઓને હાજર રાખવી યોગ્ય પણ નથી. એસ.ડી.એસ. ટેસ્ટ પધ્ધતિએ આરોપી પાસેથી ગુના સંબંધેની માહિતી અને તેમના ભજવેલ ભાગ સંબંધે માહિતી મેળવવા માટેનો ટેસ્ટ છે તે કબૂલ કરે છે. આરોપીઓ તરફે આ કબૂલાત્મક પ્રશ્ન પુછીને સ્વિકારવામાં આવેલું છે કે,આ ટેસ્ટ ગુના સંબંધે માહિતી મેળવવાનો ટેસ્ટ છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઇએ તો, ટેસ્ટ લેનાર અને આરોપીની માનસિક સ્થિતિ કેવી છે તેની ઉપર પરિણામ અવલંબિત છે તો તે વાત સાથે સહમત નથી. "હુજી" અને "લશ્કરે તોઇબા"નામની સંસ્થાઓ અંગે અને તેની કાર્યવાહી અને સભ્ય વિશે જાત માહિતી નથી. એસ.ડી.એસ. પ્રણાલી વિશ્વના કયા કયા દેશોમાં વપરાય છે તે જાણતા નથી પરંતુ આ પધ્ધતિ ભારતમાં માન્ય છે તેમ જણાવે છે. સસ્પેકટ ડિટેન્શન કંપનીનું નામ છે અને તેના પરથી પધ્ધતિનું નામ આપવામાં આવ્યું છે. એસ.ડી.એસ. પ્રણાલીના સમકક્ષ અન્ય કોઇ કંપની હોય તો ધ્યાનમાં નથી. એસ.ડી.એસ. પધ્ધતિ કેટલા અંશે સાચી અને કેટલા અંશે ખરી નથી તે બાબતે કોઇ વૈજ્ઞાનિક સંસ્થામાં સંશોધન થયેલ છે કે કેમ? તેની ખબર નથી. એસ.ડી.એસ. પરીક્ષણના અહેવાલ બાબતે કોર્ટમાં જુબાની આપવાનો પ્રસંગ બનેલો હોય તો ખ્યાલ નથી. આ પરીક્ષણનો આધાર બાયોસાઇકોલોજી છે. જેનું વિશ્લેષણ કરીને વ્યકિત શકદાર છે કે કેમ? તે અંગેનો અભિપ્રાય આપવાનો હોય છે. કમ્પ્યુટર પરના રીસ્પોન્સનો અવલોકન કરીને અભિપ્રાય આપવામાં આવે છે તે કબૂલ કરે છે. યાદશકિત ઓછી હોવાના કારણે

પણ જી.એસ.આર.ના પ્રતિભાવમાં અસર પડે છે. પ્રિ–ટેસ્ટ ઇન્ટરવ્યુ ફોર્મમાં અગત્યની પ્રાથમિક નોંધ કરવામાં આવે છે તે કબૂલ કરે છે. આરોપીઓએ જણાવેલી તકલીફો ચકાસવાની આ સાહેદ પાસે કોઇ સુવિધા ન હતી. આરોપીઓના બ્લડ અને યુરીન ટેસ્ટ કરેલા નથી. આરોપીઓના ટેસ્ટ બાબતે કોઇ તપાસનીશ પોલીસ અધિકારી સાથે પત્ર વ્યવહાર કરવાનું બનેલું નથી. પરીક્ષણની માહિતી કમ્પ્યુટરમાં સ્ટોર થાય છે તે કબૂલ કરે છે. અહેવાલમાં કમ્પ્યુટરની સ્થિતિ બાબતેનો ઉલ્લેખ નથી તે કબૂલ કરે છે. કરેલા પરીક્ષણો કાયદા અને સરકારથી માન્ય થયેલા નથી માટે ખોટા અને ભુલભરેલા છે તો તે હકિકત નકારી છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો, એસ.ડી.એસ. ટેસ્ટનો હેતુ વ્યકિત સાચુ બોલે કે ખોટુ બોલે તે જ છે. ટેસ્ટના પરિણામ સાયકોલોજીકલ ટેસ્ટ ઉપર આધારિત છે તે કબૂલ કરે છે. આ ટેસ્ટને કોઇ માર્ગદર્શિકા લાગુ પડતી નથી તેમ જણાવે છે. એસ.ડી.એસ. સિસ્ટમમાં પણ સબજેકટમાં થતા માનસિક, શારિરીક ફેરફારો કમ્પ્યુટરમાં નોંધાય છે તે કબૂલ કરે છે. સવાલ થકી વ્યકિતના મનમાં અને શરીરમાં જે કોઇ ફેરફારો આવે તે નોંધાય છે તે કબૂલ કરે છે. પરીક્ષણ કરતુ સોફટવેર સરકાર માન્ય છે કે કેમ? તે કહિ શકે તેમ નથી. આ તબકકે વકીલશ્રી એલ.આર.પઠાણનાઓ દલીલ કરતા જણાવેલું છે કે, સોફટવેર સરકાર માન્ય છે કે કેમ? તે અંગેની જાણકારી સાહેદને ન હોવાથી આ સાહેદે આપેલો પરીક્ષણ અહેવાલ માન્ય રાખી શકાય નહિ. પરંતુ મારા મત પ્રમાણે એફ.એસ. એલ. લેબોરેટરી સરકાર હસ્તક છે, સરકારી સંસ્થા છે અને સરકારની ગ્રાન્ટ દ્વારા તે ચાલે છે જે કાંઇ સાધનસામગ્રી લેબોરેટરીને આપવામાં આવે છે તે સરકાર દ્વારા આપવામાં આવે છે જેથી એવું ચોકકસપણે કહિ શકાય કે, આ સોફટવેર સરકાર માન્ય જ છે. ટેસ્ટ લેતા પહેલા વ્યકિતની સહમતિ મેળવવી આવશ્યક છે. આ સાહેદ જણાવે છે કે, આરોપીઓની મૌખિક સંમતિ મેળવેલી છે. પકડાયેલ વ્યકિત શંકાસ્પદ છે કે કેમ? તે નક્કી કરવા માટે આ ટેસ્ટ કરવામાં આવે છે તે કબૂલ કરે છે. ટેસ્ટ દરમ્યાન આરોપી જે જવાબ આપે તે તમામ કમ્પ્યુટરમાં

નોંધાય છે તે કબૂલ કરે છે. પોલીસને મદદ કરવા ખોટો અભિપ્રાય આપેલાની હકીકત નકારે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ સાયન્ટિફિક ઓફિસર તરીકે એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે ફરજ બજાવતા હતા અને કુલ–૬ આરોપીઓના સસ્પેકટ ડિટેન્શન ટેસ્ટ આ સાહેદે કરેલા છે. તે પૈકી આ આરોપીનો સમાવેશ થાય છે. સસ્પેકટ ડિટેન્શન ટેસ્ટ તથા ટેસ્ટનું પરિણામ તથા આ સાહેદની જુબાની મુજબ આ આરોપી સીમી સાથે સંકળાયેલો છે અને તેનો કાર્યકર છે. ભારતના જુદા–જુદા શહેરોમાં બોમ્બ વિસ્ફોટ થયેલા છે તે અને ભવિષ્યમાં બોમ્બ વિસ્ફોટ થશે તેવી આ આરોપીને જાણકારી છે અને બોમ્બ વિસ્ફોટ કરનારાઓને આ આરોપી જાણે છે. સાહેદ નં.૮૪૮ દ્વારા કરવામાં આવેલો આ ટેસ્ટ કમ્પ્યુટરાઈઝડ ટેસ્ટ છે. સરકાર દ્વારા પુરા પાડવામાં આવેલા કમ્પ્યુટર અને સોફટવેર દ્વારા આ ટેસ્ટ થયેલો છે. આ ટેસ્ટ સરકારના કામકાજના દિવસો અને સમય દરમ્યાન કરવામાં આવેલો છે. આ સાહેદે જે કાંઇ કામગીરી કરેલી છે તે ફરજના ભાગરૂપે કરેલી છે. આરોપીઓ સાથે કોઇ અંગત દુશ્મનાવટ નથી કે જેથી કરીને આરોપીઓ આ ગુનામાં સંડોવાય તે માટે ખોટો ટેસ્ટ કરીને ખોટો અભિપ્રાય આપે. આ ઉપરાંત આ સાહેદ વૈજ્ઞાનિક સાહેદ હોય, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૯૩ હેઠળ આ સાહેદે આપેલો અભિપ્રાય સીધે સીધો પુરાવામાં ગ્રાહ્ય છે તેમ છતાં આ સાહેદે અદાલત સમક્ષ સોગંદ ઉપર જુબાની આપેલી છે અને પોતે આપેલો અભિપ્રાય સાચો છે તેમ જણાવેલું છે જે નહિ માનવાને કોઇ કારણ નથી.

આ આરોપી નં.૧૩ હાફીજહુસેન ઉર્ફે અદનાન ઉર્ફે તમીમ તાજુદ્દીનને ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલા છે અને તેમને વીડિયો કોન્ફરન્સના માધ્યમથી પોતાના વકીલશ્રીની હાજરીમાં ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધાવેલ છે. ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ

કહેવુ છે તે પ્રશ્નના જવાબમાં તેને ફરિયાદપક્ષના પુરાવા સંબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના બચાવ માટે જે હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦ માં જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

આ આરોપીએ પોતાના બચાવમાં મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ કરેલો નથી. પરંતુ આ આરોપીની સાથે રાખવામાં આવેલા અન્ય આરોપીઓ નં.૧૧, ૧૨, ૫૨, ૫૯, ૬૦, ૬૧ નાઓએ નોંધાવેલા નિવદનો ઉપર સહીઓ કરાવવા માટે સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ, અમદાવાદના પ્રિન્સીપાલ જજ સાહેબના ઑફિસ ઓર્ડર નં. ૨૩૩/૨૦, તા.૫.૩.૨૦૨૦ તથા ૪૭૭/૨૦૨૦ તા.૩૦.૭.૨૦૨૦ નાં હુકમથી અત્રેની અદાલતના બેન્ચ કલાર્ક શ્રી જે.જે.પરમાર ભોપાલ ખાતે આ આરોપી તથા આરોપી નં.૯, ૧૧, ૧૨, ૫૨, ૫૯, ૬૦, ૬૧ નાં નિવેદનો ઉપર સહીઓ કરાવવા ગયા ત્યારે હાથથી અંગ્રેજી ભાષામાં લખેલુ પોતાનું નિવેદન પાના નં.૧ થી ૧૮ તેઓએ શ્રી જે.જે.પરમારને જેલરશ્રી ભોપાલ સેન્ટ્રલ જેલની હાજરીમાં સોંપેલુ.

આ નિવેદન ધ્યાને લેતા તેઓને અમદાવાદ સેન્ટ્રલ જેલ ખાતેથી ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે ટ્રાન્સફર કરવામાં આવેલા હતા અને હવે તેઓને ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતેથી અમદાવાદ સેન્ટ્રલ જેલ ખાતે ટ્રાન્સફર કરાવવા જણાવેલ છે. આ નિવેદન ધ્યાને લેતા આરોપીને મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાત રાજયોની જુદી–જુદી એજન્સીઓ દ્વારા પુછપરછ કરવામાં આવેલી અને તેઓને અટક કરવામાં આવેલા તે વિશે નિવેદનમાં વિસ્તારમાં જણાવેલુ છે. તેઓને રીમાન્ડ દરમ્યાન શારીરિક અને માનસિક ત્રાસ આપેલાની હકીકત જણાવેલી છે. તેઓ પોતે ઘણી વખત બેભાન થઈ ગયેલાની હકીકત પણ જણાવેલી છે. પરંતુ તેઓને શારીરિક અને માનસિક ત્રાસ આપ્યો હોય તથા તેઓ બેભાન થઈ ગયા હોય તો તે અંગેનો કોઈ સબળ દસ્તાવેજી પુરાવો રજૂ કરેલો નથી. આ અંગેની કોઈ લેખિત ફરિયાદ કોઈપણ એજન્સી સામે આપેલી નથી. વધુમાં તેઓનુ નિવેદન ધ્યાને લેતા સહઆરોપીઓએ ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબના જે

કબૂલાત નિવેદનો લખાવેલા છે તે ગુજરાત પોલીસની ધાક–ધમકી અને દબાણના કારણે લખાવેલાનું જણાવે છે અને તે નિવેદનો પરત ખેચેલાની હકીકત પણ જણાવેલી છે. પોતે વાઘમોન કેમ્પ ખાતે હાજર રહેલ નથી તેમ પણ પોતાના નિવેદનમાં જણાવે છે. આ ઉપરાંત તેઓ પોતાના વકીલ સાથે ખાનગીમાં વાતચીત કરી શકેલા નથી તેમજ જણાવેલ છે પરંતુ આ હકીકત આરોપીની ખોટી છે. આરોપીના વકીલશ્રી ડી.ડી.પઠાણે આ અદાલતની લેખિત સંમતીથી ભોપાલ ખાતે આ આરોપીની તથા અન્ય તમામ આરોપીઓની ઘણી વખત માંગણી મુજબ ૫–૬ કલાક મુલાકાત લીધેલી છે. વધુમાં નિવેદન ધ્યાને લેતા તેઓને લખવા માટે પેન અને પેપર આપવામાં આવતા ન હતા પરંતુ આ અદાલત દ્વારા પેન પેપર આપવાના પણ લેખિતમાં હુકમો થયેલા છે. ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે આરોપી સાથે અમાનવીય વર્તન કરવામાં આવે છે તેવી પણ તેમની હકીકત છે પરંતુ તે સબંધે ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે સુપરિન્ટેન્ડેન્ટશ્રીને લેખિતમાં હુકમો આ અદાલત દ્વારા કરેલા છે અને સુપરિન્ટેન્ડેન્ટશ્રીના લેખિતમાં જવાબો મંગાવેલા છે તે જવાબો રેકર્ડમાં સામેલ છે અને તે મુજબ આ આરોપી તથા અન્ય આરોપીઓ જેલ સત્તાવાળાઓ સાથે વારંવાર ઉશ્કેરાટ કરતા હોય છે અને અભદ્ર ભાષાનો ઉપયોગ પણ કરતા હોય છે તેવી હકીકત જવાબમાં જણાવેલી માટે આ આરોપીએ પોતાના લેખિત નિવેદનમાં જે કંઈ હકીકત જણાવેલી છે તે સત્યથી દુર છે અને પોતાને આ કેસમાં પૂર્વગ્રહ થયો છે તેવુ રેકર્ડ ઉપર સ્થાપિત થાય તે માટે પુરતા પ્રયત્ન કરવામાં આવેલા છે તે આ અદાલતના ધ્યાનમાં છે માટે આ નિવેદનની હકીકતો ઉપજાવી કાઢેલી છે તેમ હું માનુ છું.

આરોપી નં.૧૩ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૯૦૦, ૮૪૮, ૧૧૪૮, ૭૮૬, ૭૮૭, ૭૯૦, ૭૯૨, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ છે. આ ઉપરાંત આરોપી નં.૨ નુ કબૂલાત નિવેદન પણ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતાં આ આરોપી

અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવો તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપીની ઓફિશીયલ અટક તા.૨૩.૮.૨૦૦૮ નાં રોજ કરવામાં આવેલી છે અને તેના રીમાન્ડ તા.૨૪.૮.૨૦૦૮ થી તા.૧૮.૧.૨૦૦૯ સુધી લેવામાં આવેલા છે. આ આરોપી સામે આંક–૧૨૨ના તહોમતનામામાં જણાવ્યા મુજબ આક્ષેપ એવો છે કે, કાવતરાના ભાગરૂપે જુદી–જુદી મીટીંગોમાં હાજર રહી જેહાદી ભાષણો કરેલા છે તેમજ મુસ્લિમ વિરોધી સરકારને હટાવવી જોઈએ તેવા પણ ભાષણો કરેલાનો આક્ષેપ છે. પરંતુ આ આક્ષેપો સાબિત કરવા માટે ફરિયાદપક્ષ તરફથી કોઈ સબળ પુરાવા રજુ થયેલા નથી. વધુમાં વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપીને જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ લગભગ પાંચ મહીના સુધી રીમાન્ડ ઉપર રાખેલ છે તેમ છતાં અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટના કેસોમાં કે સુરત બોમ્બ પ્લાન્ટેશનના કેસોમાં આ આરોપીને સાંકળતો કોઈ પુરાવો મળી આવેલો નથી અને તેથી તપાસ કરનાર અધિકારી મયુર ચાવડાએ તા.૧૯.૧૧.૨૦૦૮ નાં રોજ પંચ સાહેદ નં.૧૧૪૮ જોસેફ જોયશનની હાજરીમાં આરોપીએ વાઘમોન ખાતેની જગ્યા બતાવતુ પંચનામુ આંક–૮૨૫૪ વાળુ બનાવેલુ છે અને આ આરોપી વિરૂધ્ધ પુરાવો ઉભો કરેલો છે. પરંતુ મારા મત પ્રમાણે આ આરોપીને ઓફિશીયલ રીતે અટક કર્યા બાદ આરોપીએ આપેલી માહિતીના આધારે તપાસ કરનાર અધિકારીએ વાઘમોન મુકામે જઈ પંચની હાજરીમાં તાલીમ કેમ્પવાળી જગ્યા બતાવતુ પંચનામુ બનાવેલુ છે. આ જગ્યા બતાવવાનું વર્તન આરોપી વિરૂધ્ધ એક સંજોગ ઉભો કરે છે કે તે વાઘમોન મુકામે તાલીમ કેમ્પમાં હાજર હતો. આ પંચનામુ આરોપીને અટક કર્યા બાદ ત્રણ માસ પછી બનાવેલુ છે તેનો અર્થ એવો નથી કે પંચનામુ ખોટુ બનાવેલુ છે. અમદાવાદ તથા સુરતના મળીને કુલ–૩૫ ગુનાઓ આ આરોપી સામે નોંધાયેલા હતા અને જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓ ગુનાઓની તપાસ કરતા હતા જેથી આરોપીને અટક કર્યા બાદ

તાત્કાલિક વાઘમોન મુકામે જઈ પંચનામુ કરેલુ નથી અને વિલંબથી કરવામાં આવેલુ છે તેથી કરીને પણ એવુ કહી શકાય નહીં કે આ પંચનામુ ખોટુ છે. વાઘમોન કેરાલા રાજયમાં આવેલુ છે અને ત્યાં તપાસ કરનાર અધિકારીએ જવુ હોય તો અમદાવાદ પોલીસ કમિશનરશ્રીની વહીવટી પ્રક્રિયા મુજબ મંજૂરી લેવી પડે અને તે લેવામાં પણ સમય થયો હોય તેના કારણે વાઘમોન મુકામે જવામાં વિલંબ થયેલો હોય તેવુ કહી શકાય તેમ છે. આ ઉપરાંત આ આરોપી વિરૂધ્ધ બીજા પણ ગુનાઓ હતા તે ગુનાઓની તપાસ પણ બીજા અધિકારીઓ દ્વારા સાથે સાથે ચાલતી હતી અને તેથી કરીને પણ વાઘમોન મુકામે જવામાં વિલંબ થયેલો હોય તેમ કહી શકાય તેમ છે.

વધુમાં વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે, તપાસ કરનાર અધિકારી મયુર ચાવડાની જુબાની ધ્યાને લેતા તેઓ કેરળ મુકામે વિમાન દ્વારા, ટ્રેન દ્વારા કેવી રીતે ગયેલા તે તેમને યાદ નથી તો તે હકીકત માની શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે બનાવ બાદ આશરે ૧૧ વર્ષ બાદ તપાસ કરનાર અધિકારીએ જુબાની આપેલ હોવાથી ચોકકસ ન પણ કહી શકે તેથી કરીને એવુ પણ અનુમાન ન થાય કે તપાસ કરનાર અધિકારી આ આરોપીને લઈને વાઘમોન મુકામે ગયેલા નથી. તપાસ કરનાર અધિકારી વાઘમોન મુકામે કેવી રીતે ગયા તે અગત્યનું નથી પરંતુ તેઓ ત્યાં ગયેલા છે તે અગત્યનું છે.વકીલશ્રી એમ.એમ. શેખ દલીલ કરતા એમ પણ જણાવે છે કે, વાઘમોનવાળી જગ્યા ટુરીસ્ટ પ્લેસ છે. દેશ–વિદેશના ટુરીસ્ટ ત્યાં આવે છે જેથી ત્યાં કોઈપણ જાતના કેમ્પનું આયોજન થયુ હોય તે શકય નથી. પરંતુ પુરાવો ધ્યાને લેતા વાઘમોન જગ્યા નાની નથી પરંતુ ખૂબ મોટી જગ્યા છે અને જંગલ વિસ્તાર વધુ છે. દેશ–વિદેશના ટુરીસ્ટ અમુક ચોકકસ જગ્યા ઉપર મુલાકાતે જતા હોય છે, સમગ્ર જંગલમાં જતા હોતા નથી. જેથી ફરિયાદપક્ષના આક્ષેપ પ્રમાણે વાઘમોનના જંગલોમાં તાલીમ કેમ્પ રાખવામાં આવેલો તો તે શકય છે. વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી આ કહેવાતા ગુનાઓમાં સંડોવાયેલો નથી. પરંતુ ઉપર વિગતે

જે પુરાવા રજૂ થયા છે તે ધ્યાને લેતા આ આરોપી આ કહેવાતા ગુનામાં સંડોવાયેલો છે તેમ હું માનુ છું.

આરોપી નં.૧૪ મોહમદ સાજીદ ઉર્ફે સલીલ ઉર્ફે સજજાદ ઉર્ફે સાદ ગુલામ ખ્વાજા મન્સુરીનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૧૪ મોહમદ સાજીદ ઉર્ફે સલીલ ઉર્ફે સજજાદ ઉર્ફે સાદ ગુલામ ખ્વાજા મન્સુરીનાઓ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ નાં રોજ જુદી-જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી-જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા-જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમને કઈ-કઈ ભૂમિકા ભજવેલી છે તે સાબિત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે તે પૈકી અગત્યના સાહેદ તરીકે સાહેદ નં.૯૮૧ તરીકે પ્રવિણભાઈ હમીરભાઈ કટારીયા, સાહેદ નં.૧૦૬૭ તરીકે અંબાલાલ વેચાતભાઈ બારીયા, સાહેદ નં.૧૦૮૪ તરીકે સઈદ મોહમદ હયાત તથા આ આરોપીની સાહેદો રૂબરૂ ઓળખ પરેડ કરાવનાર મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૭૧ તરીકે રમણભાઈ સેંધાભાઈ સોલંકીને તપાસવામાં આવેલા છે અને તેઓ તમામની જુબાની ધ્યાને લેતા આ આરોપીની સામે મુકવામાં આવેલ આક્ષેપો મુજબના કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા એકબીજાની મદદગારી કરીને અમદાવાદ શહેરમાં જુદી-જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરેલા છે તેમજ સુરતની જુદી-જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલ હોવાનું ફલીત થાય છે.

આ ઉપરાંત સહઆરોપી નં.૨ ઈમરાન ઈબ્રાહીમ શેખ, સહઆરોપી નં.૨૧ મહેદીહસન ઉર્ફે વીકકી અબ્દુલ હબીબ અન્સારી તથા આરોપી નં.૩૫ રફીયુદ્દીન સરફુદ્દીન કાપડીયાનાઓએ ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબના કબૂલાત નિવેદનો મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, અમદાવાદ સમક્ષ લખાવેલા તે ધ્યાને લેતા પણ આ આરોપી તેઓની ઉપર મુકવામાં આવેલ આક્ષેપ મુજબના કાવતરામાં સામેલ હોવાનું ફલીત થાય છે. આ ઉપરાંત–

ફરિયાદપક્ષ દ્વારા આ કામે અંકિત હર્ષદભાઈ ભટ્ટને સાહેદ નં.૪૬૧ તરીકે આંક–૨૮૨૧ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૧૦/૧૧/૨૦૦૮ ના રોજ તેઓ પેટ્રોલપંપ ઉપર પેટ્રોલ ભરાવવા જતા હતા તે વખતે લગભગ સાડાબાર થી એક વાગ્યાનો સમય થયો હશે. તે સમયે એક પોલીસવાળા સાહેબે ડી.સી.બી. કુર્જી પોલીસ સ્ટેશન, સુરત ખાતે બોલાવેલા. આ સાહેદ પોલીસ સ્ટેશનમાં ગયા ત્યારે ત્યાં હાજર એન.બી. પરમાર સાહેબે તેમનો પરિચય આપેલો. આ સાહેદ સાથે ધવલભાઈ કરીને બીજા એક ભાઈ હતા. પરમાર સાહેબે એવું જણાવેલું કે, ૨૦૦૮ના બોમ્બના જે પ્રોબ્લેમ થયા તેના આરોપી કંઈક કહેવા માંગે છે. તે માટે પંચમાં રહેવા માટે ખુશી છો તેથી સહમતી આપેલી. ત્યાં મંજૂરી આપતાં એક કાગળ ઉપર સહી કરેલી. પોલીસ ચોકીમાં પોલીસ અધિકારી તથા આરોપી સાજીદ મન્સુરી હાજર હતા. આરોપીએ ત્યારે એવું જાહેર કરેલું કે "મેં જે જે જગ્યાએથી કોઇન બોક્ષ થકી ફોન કરેલા તે જગ્યા જણાવવા માંગું છું." આ અંગે જે કાર્યવાહી થયેલી તેનું લખાણ કરેલું. આ લખાણ વાંચીને આ સાહેદે તથા ધવલભાઈએ ત્યાં સહી કરેલી.

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ બધા સરકારી વાહનમાં બેઠેલા. આ વાહનમાં આ સાહેદ, ધવલભાઇ, ગાડી હાંકનાર, પરમાર સાહેબ તથા સાજીદ મન્સુરી બેઠેલા. ત્યારબાદ આરોપીએ ગાડી હાંકવાનું કહેલું. તેઓએ પહેલા ગાડી ગેટની બહાર કાઢવાનું અને ચોક બજાર, ત્યાંથી આગળ ભાગા તળાવ થઇ ભાગોળ થઇને સ્ટેશન વાળા રોડ તરફ રસ્તો બતાવેલો અને પછી તેણે ગાડી થોભાવેલી અને ત્યાં "હોટલ સવેરા" આગળ વાહન ઉભું રખાવેલું.

પછી બધા વાહનમાંથી ઉતરેલા અને આરોપીએ ઈશારો કર્યો અને આ જગ્યાએથી કોલ કરેલો જે જગ્યા "પુજા લગેજ" નામની સુટકેશની દુકાન હતી. ત્યાં આગળ દુકાનદાર જીતેન્દ્ર સોની સાથે પોલીસ અધિકારીએ વાત કરેલી.

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારપછી બધા ફરીથી સરકારી વાહનમાં બેઠેલા અને ત્યારપછી આરોપીએ આગળ ગાડી હાંકવાનું કહેલું. ત્યારપછી તેણે જે જગ્યા બતાવી તે જગ્યાએ આગળ ગયા અને ત્યાં "નુરાજ હોટલ" પાસે વાહન ઉભું રખાવેલું. ત્યાં એક ગુલામબાવા કમ્પાઉન્ડની જગ્યા બંધાતી હતી. ત્યાં ગાડી પાર્ક કરવા કહેલું. ફરીથી બધા નીચે ઉતરેલા અને આરોપીએ ઈશારો કરેલો કે અહીંયા એક "(કોઇન બોક્ષ ઉપરથી કોલ કરેલો)" આ જગ્યા "કોહીનુર પાન એન્ડ કોલ્ડ્રીંકસ" ની દુકાન હતી. ત્યારપછી બધા વાહનમાં બેસી ગયેલા. પછી તેણે ઈશારો કરી ગાડી આગળ લેવા જણાવેલું અને આનંદ હોટલ પાસે થઇ આર્યુવેદિક હોસ્પિટલ પાસે થઇને પોલીસ સ્ટેશન જવાના રોડ ઉપર આગળ વધેલા. ત્યાં ઇનગેટ કહેવાય તે સ્ટેશન જવાનો રસ્તો છે. ત્યાં રીક્ષા પાર્કીંગ છે ત્યાં ગાડી થોભાવેલી. ત્યાં એક પી.સી.ઓ. હતું. ત્યાં એક ટેક્ષી સ્ટેન્ડની ઑફિસ હતી અને સાજીદ મન્સુરીએ કહ્યું કે "(મેં આ કોઇન બોક્ષ ઉપરથી તન્વીર પઠાણને મોબાઇલ ઉપર ફોન કરેલો)" આ કોઇન બોક્ષનો ફોન નંબર– ૬૯૬૯૬૫૬ હતો.

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારપછી બધા ગાડીમાં બેસી ગયેલા અને સ્ટેશનથી સીધો રસ્તો છે ત્યાં ઇશારો કરેલો અને ત્યાં ગયેલા. ત્યાં એક હોટલ હતી. ત્યાં એણે ગાડી થોભાવવા કહ્યું. આ હોટલની બરાબર સામે એક મસ્જિદ હતી. જેનું નામ હાલ યાદ નથી. આ મસ્જિદની સામે સીમેન્ટનું પીલર હતું. આ વખતે સાજીદ મન્સુરીએ કહેલું કે "(મેં એપ્રિલમાં રાત્રીના સમયે તન્વીર પઠાણને મોબાઇલ ઉપર આ જગ્યાએથી ફોન કરેલો)". ત્યારબાદ આરોપીએ કહ્યું કે "(હોડી બંગલા પાસેના કોઇન બોક્ષ ઉપરથી એક ફોન કરેલો)" તેથી બધા ગાડીમાં બેસીને આરોપીએ બતાવ્યું તે પ્રમાણે ગયેલા. ત્યાંથી આર્યુવેદિક કોલેજ થઇને લાલ દરવાજા અને ત્યાંથી આગળ રામપુરા મેઇન રોડ, સૈયદપુરા

પંપીંગ સ્ટેશનથી કતારગામ જવાના રોડ ઉપર થોડેક દુર સાજીદ મન્સુરીએ ગાડી ઉભી રખાવેલી. તેણે એક કોઈન બોક્ષ ઉપર ઈશારો કરેલો અને તે કોઈન બોક્ષ "બાબા ટેલીકોમ"ની બાજુમાં હતું. આરોપીએ કહ્યું કે "(માર્ચ મહિનાના પહેલા વીકમાં તન્વીર પઠાણના મોબાઈલ ઉપર કોલ કરેલો)" ત્યારપછી સાહેબ લખતા હતા તે લખાણ વાંચીને સહીઓ કરેલી જે પંચનામુ બનાવેલુ તે આંક–૨૮૨૨ થી રજૂ છે. આંક–૨૮૨૨ વાળા પંચનામામાં સાહેદ પોતાની તથા ધવલભાઈની અને રૂબરૂ તરીકે પોલીસ અધિકારીની સહીઓ ઓળખી બતાવે છે. આ સાહેદ આરોપીને ઓળખી શકતા નથી કારણ કે ઘણો સમય થયેલ હોઈ તેમજ શારીરિક બંધારણમાં તથા ચહેરાના હાવભાવમાં ફેરફાર થયેલ હોય તેમજ આ સાહેદે જયારે આરોપીને જોયેલ ત્યારે આરોપીને આછી દાઢી ઉગેલી હતી અને ચશ્મા પહેરેલા હતા તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પંચનામામાં દર્શાવેલ આરોપીએ બતાવેલા સ્થળોએ કોઈ કોઈન બોક્ષ ન હતા તો તે હકીકત નકારી છે. હોટલ સવેરા પાસે આવેલ પુંજા લગેજની દુકાન પાસે કોઈન બોક્ષ ન હતુ તો તે કબૂલ કરે છે. જીતેન્દ્ર સોની અને યુસુફ પટેલ પંચોની હાજરીમાં કોઈન બોક્ષ હોવા બાબતેનો કોઈ દસ્તાવેજી પુરાવો રજૂ કરેલો નહીં તો તે હકીકત કબૂલ કરે છે. તેઓની પંચનામામાં હાજરી બાબતે સહીઓ લેવામાં આવેલી નહીં તો તે હકીકત પણ કબૂલ કરે છે. જીતેન્દ્ર સોની અને યુસુફ પટેલ હાજર ન હતા અને તેમને કોઈન બોક્ષના નંબરો આપેલા ન હતા તો તે હકીકત નકારે છે. આરોપીને ઓળખવાની કોશિશ કરવાનુ જણાવે છે પરંતુ સાજીદને આછી દાઢી અને ચશ્મા હોવાની હકીકત પંચનામામાં નથી તો તે કબૂલ કરે છે. આરોપી સાજીદ હાજર ન હતો અને તેને કોઈ જગ્યા બતાવેલી નથી તો તે હકીકત નકારે છે. વીડિયો મારફતે દરેક આરોપીઓને બતાવવામાં આવેલા હોવા છતાં ઓળખી શકયા નથી તો તે હકીકત નકારે છે. આરોપી સાજીદની પોલીસે ઓળખ પરેડ કરાવી નથી તો તે કબૂલ કરે છે. અગાઉ કોઈ પંચનામા સબંધે કાર્યવાહીમાં ભાગ લેવાનો પ્રસંગ બનેલો નથી. પંચનામુ કોના હસ્તાક્ષરમાં છે તે વ્યકિતનું નામ કહી શકે તેમ

નથી. પંચનામામાં લખેલ કાયદા અને તેના પ્રબંધો સાહેદે લખાવેલા નથી. મારા મત પ્રમાણે કાયદાના પ્રબંધો પંચનામામાં લખવાના આદેશાત્મક નથી. તપાસ કરનાર અધિકારીએ ફકત પંચોની હાજરીમાં પંચનામાની કાર્યવાહી કરવાની છે તથા કાયદાના જે કોઇ પ્રબંધો કે કલમો લખી હોય તે સામાન્ય રીતે પોલીસ જ લખે છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો પંચનામાની કાર્યવાહી બાબતે પોતાની અંગત ડાયરીમાં કોઈ નોંધ કરેલી નથી. મારા મત પ્રમાણે સામાન્ય ભણેલા કે અભણ માણસો કે ઓછુ ભણેલા માણસોમાંથી ભાગ્યે જ કોઈક વ્યકિત રોજેરોજની પોતાની કાર્યવાહીની ડાયરીમાં નોંધ કરીને રાખતી હોય માટે આવા પ્રશ્નો સાહેદને પુછવાનો કોઈ અર્થ નથી. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો આરોપીને પોલીસ કયાંથી લાવેલી તે સબંધે જાણકારી નથી. પંચનામા વખતે કેટલા પોલીસ અધિકારીઓ હતા તેની ખબર નથી. પંચનામામાં સેકન્ડ પાર્ટની હકીકત પંચો બોલ્યા તે પ્રમાણે લખેલી છે. પંચનામામાં સહી કરી ત્યારે તે વાંચેલુ ત્યારબાદ વાંચેલુ નથી. જીતેન્દ્ર સોનીની પોલીસે પંચની હાજરીમાં પુછપરછ કરેલી પરંતુ તેનુ નિવેદન લીધેલુ કે કેમ? તેની જાણકારી નથી. વીડિયો થકી આરોપીની ઓળખ કરાવવામાં આવેલ પરંતુ સાજીદને ઓળખી શકેલ નથી તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે આ આરોપી સાજીદને પંચનામામાં સહી કરી તે દિવસે આ સાહેદે જોયેલો અગાઉ કે ત્યારપછી કયારેય જોયેલો નથી અને પંચનામા વખતે આરોપીને જોયા બાદ દશ વર્ષ પછી આ સાહેદે અદાલતમાં જુબાની આપતી વખતે આરોપીને ઓળખી શકેલ નથી અને તે ન જ ઓળખે કારણ કે દસ વર્ષના સમયમાં આરોપીને કયારેય જોયેલો નથી અને દસ વર્ષના સમયમાં કોઈપણ વ્યકિતના શરીરનુ બંધારણ બદલાય ગયેલુ હોય માટે સહેલાઈથી ઓળખી શકે નહીં. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો પંચનામા દરમ્યાન હાજર રહેલા નહીં અને તૈયાર પંચનામામાં સહી કરેલાની હકીકત નકારેલી છે. પંચનામાની કાર્યવાહી પૂર્ણ થયા બાદ વાંચીને સહી કરેલી તે કબૂલ કરે છે. આ પ્રશ્નનો અર્થ એવો થાય કે આરોપીની હાજરીમાં આ પંચનામાની કાર્યવાહી થયેલી અને તે વખતે આરોપીને આ સાહેદે ચોકકસપણે જોયેલો હોય

અને પંચનામુ તૈયાર થયા પછી વાંચીને સહી કરેલી છે તે હકીકત આરોપીઓ તરફથી કબૂલ કરવામાં આવેલ છે તે કહી શકાય.

આમ આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમારનાઓએ ડી.સી.બી. પોલીસ સ્ટેશન સુરત સેકન્ડ ગુના રજીસ્ટર નં.૩૦૧૯/૨૦૦૮ નાં કામે આ સાહેદ તથા બીજા પંચને તા.૧૦.૧૧.૨૦૦૮ નાં રોજ ડીસીબી પોલીસ સ્ટેશને બોલાવેલા અને ત્યાં આરોપી નં.૧૪ મહંમદ સાજીદનાઓ હાજર હતા અને તેઓ કાંઈક બતાવવા માંગતા હોવાથી બંને પંચો, આરોપી તથા પોલીસ સ્ટાફને લઈને આરોપીના બતાવ્યા પ્રમાણે કોઈન બોક્ષવાળી જગ્યાઓ ઉપર ગયેલા જે કોઈન બોક્ષ ઉપરથી આરોપીએ ફોન કરેલા હતા તે જગ્યાઓમાં (૧) રેલવે સ્ટેશન સામે પુજા લગેજ નામની સુટકેસની દુકાન આગળ મુકેલો કોઈન બોક્ષ (૨) ગુલામબાબા કમ્પાઉન્ડમાં નવા બંધાતા કોમ્પ્લેક્ષની સામે બંધ દુકાન કોહીનુર પાન કોલ્ડડ્રીંકસ નામની દુકાન પાસે (૩) રેલવે સ્ટેશનમાં ઈનગેટની બાજુમાં આવેલ ટેક્ષી સ્ટેન્ડની ઑફિસમાં આવેલ કોઈન બોક્ષ (૪) તુરાવા મસ્જિદ સામે આવેલ કોઈન બોક્ષ તથા (૫) હોડી બંગલા મોબાઈલ શોપના કોઈન બોક્ષવાળી ટેલીફોન બુથની જગ્યાઓ બતાવેલી અને તે અંગેનુ પંચનામુ બનાવેલુ. આ હકીકત સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર પોતાની જુબાનીના પેરા નં.૨૯ મા જણાવે છે કે આરોપીએ કુલ પાંચ જગ્યાઓ ઉપરથી ફોન કરેલા જે કોઈન બોક્ષ ઉપરથી ફોન કરેલા તે કોઈન બોક્ષ આરોપીએ બતાવેલા હતા અને આરોપીની હાજરીમાં પંચોએ લખાવ્યા મુજબ આંક–૨૮૨૨ વાળુ પંચનામુ બનાવેલુ જેમાં આ સાહેદે પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવેલી છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે યશ અક્ષયભાઈ કંસારાને સાહેદ નં.૧૦૨૧ તરીકે આંક–૭૦૨૩ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ સુરત ખાતે ઓમ સાંઇ ક્રીએશન કે જે દિલ્હી ગેટ સુરત ખાતે આવેલી છે. ત્યાં નોકરી કરે છે. સને–૨૦૦૮ના વર્ષમાં સુરત રેલવે સ્ટેશન સામે આવેલ ટેક્સી યુનિયનની ઑફિસમાં કામ કરતા હતા. આ સાહેદ આ

ઑફિસમાં એસ.ટી.ડી. પી.સી.ઓ ટેલીફોન બુથનો હિસાબ રાખતા હતા. આ એસ.ટી.ડી. પી.સી.ઓ ઉપર ચાર એરટેલ કંપનીઓના મોબાઇલ નંબરો હતા. તેમજ ટાટા કંપનીના પી.સી.ઓ હતા. તા.૧૦/૧૧/૨૦૦૮ ના રોજ પોલીસ એસ.ટી.ડી પી.સી.ઓ ઉપર આવેલી અને પોલીસ આવી ત્યારે તેમની સાથે એક આરોપી હતો. બે પોલીસવાળા હતા. એક સાહેબ હતા અને બે પબ્લીકના માણસો હતા. તે વખતે આ સાહેદ એસ.ટી.ડી. પી.સી.ઓ પર હાજર હતો ત્યાં સાહેબે આરોપીને પુછેલું કે ક્યાંથી કોલ કર્યો હતો? તો આરોપીએ જણાવેલું કે "અહીંયા રેલવેની હદની દિવાલે બે પી.સી.ઓ હતા તેમાંથી એક પી.સી.ઓ ઉપરથી ફોન કરેલો". આ પી.સી.ઓ. સુરત ટેક્સી એસોસીએશનના નામનો હતો તેમ જણાવેલ છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે જીતેન્દ્રભાઈ અશોકભાઈ સોનીને સાહેદ નં.૧૦૨૩ તરીકે આંક–૭૦૨૭ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ સને–૨૦૦૮ની સાલમાં સુરત રેલવે સ્ટેશન ખાતે સવેરા હોટલની સામે ઉંજા લગેજમાં નોકરી કરતા હતા. તેમની દુકાનનો સમય સવારના નવ વાગ્યાથી રાત્રીના નવ વાગ્યા સુધીનો હતો. તા.૧૦/૧૧/૨૦૦૮ ના રોજ પોલીસ તેમની દુકાને આવેલી. તેમની દુકાનની બહાર ટાટા કંપનીનું લાલ કલરનું ટેલીફોનનું કોઇન બોક્ષ મુકેલુ હતું. આ બોક્ષ સને–૨૦૦૮ના દસમા મહિના સુધી ચાલુ હતું. સાહેદ વધુમાં જણાવે છે કે પોલીસ તેમની દુકાને આવી ત્યારે એક સાહેબ હતા, બીજા બે માણસો હતા તથા એક આરોપી હતો તથા બે પોલીસના માણસો હતા. પોલીસ જે આરોપીને લઇને આવેલી તે આરોપીએ આ સાહેદના આ ટેલીફોન બોક્ષ ઉપરથી ફોન કરેલો હતો તે બાબતે પુછેલું હતું તેમ જણાવેલ છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે શબ્બીર ઈસ્માનભાઈ સૈયદને સાહેદ નં.૧૦૨૪ તરીકે આંક–૭૦૨૮ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ સુરત ખાતે ગુલામ બાબામીલ કમ્પાઉન્ડની સામે આવેલ નવરંગ આઇસ્ક્રીમની બાજુમાં કોહિનુર પાન એન્ડ કોલ્ડ્રીંકસ તથા

એસ.ટી.ડી. પી.સી.ઓ.ની દુકાન સને–૨૦૦૮ની સાલમાં ચલાવતા હતા. આ જગ્યાએ એસ.ટી.ડી. પી.સી.ઓ.ના બુથ ચાલુ કરેલાં. જેમાં એક નંબર ૨૪૦૧ ૦૭૯ હતો બીજા નંબર અત્યારે ચોકકસ યાદ નથી. પોલીસ તા. ૧૦/૧૧/ ૨૦૦૮ ના રોજ તેમની કોહીનુર પાન એન્ડ કોલ્ડ્રીંકસ એસ.ટી.ડી. પી.સી.ઓ. ઉપર આવેલી. પોલીસ સાથે એક આરોપી હતો. પોલીસે આ સાહેદની આરોપીએ તેમને ત્યાંથી ફોન કરેલ કે કેમ તે બાબતે પુછપરછ કરેલી હતી તેમ જણાવેલ છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે યુસુફભાઈ હાજીમુસાભાઈ પટેલને સાહેદ નં.૧૦૨૫ તરીકે આંક–૭૦૨૯ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ સને–૨૦૦૮ના વર્ષમાં સુરત રેલવે સ્ટેશન સામે તુરાવા મસ્જિદની બાજુમાં કોહિનુર કાફે નામનુ રેસ્ટોરેન્ટ ચલાવતા હતા અને આજે પણ તે રેસ્ટોરેન્ટ ચલાવે છે. તેમની આ રેસ્ટોરેન્ટની બહારના ભાગે પી.સી.ઓ.ના ત્રણ કોઇન બોક્ષ મુકેલા હતાં. જેમાંથી બે પી.સી.ઓ. બોક્ષ સપ્ટેમ્બર–૨૦૦૯ ના વર્ષમાં બંધ કરેલાં હતાં. પોલીસ આવી ત્યારે દુકાનનો એક પી.સી.ઓ. નંબર ૩૨૯૨૩૬૨ ચાલુ હતો. પોલીસ ત્યાં આવી ત્યારે પોલીસની સાથે એક આરોપી હતો, બે માણસ હતા અને પોલીસના માણસો હતાં. પોલીસે તેમની સાથે આવેલ આરોપીએ તેમના પી.સી.ઓ. ઉપરથી ફોન કરેલ કે કેમ તે બાબતે મારી પુછપરછ કરેલી તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પોલીસ આ સાહેદ પાસે કયારે આવેલી તે કહી શકે નહીં તે કબૂલ કરે છે. આ સાહેદને ત્યાં ત્રણ પી.સી.ઓ.ના જે બોક્ષ હતા તે પૈકી એકનો નંબર ખ્યાલ છે બીજાના નંબરોનો ખ્યાલ નથી.

આમ, ઉપરોકત સાહેદ નં.૪૬૧ અંકીત હર્ષદ ભટ્ટ, સાહેદ નં. ૧૦૨૧ યશુ અક્ષય કંસારા, સાહેદ નં.૧૦૨૩ જીતેન્દ્ર અશોક સોની, સાહેદ નં. ૧૦૨૪ શબ્બીર ઈસ્માઈલભાઈ સૈયદ તથા સાહેદ નં.૧૦૨૫ યુસુફ હાજી મુસાભાઈ પટેલની જુબાનીઓ ધ્યાને લેતા આરોપી નં.૧૪ મહંમદ સાજીદના ઓએ આ બનાવ પહેલા જે–જે જગ્યાઓ ઉપરથી ફોન કરેલા તે કોઈન બોક્ષ

ઉપરથી કરેલા હતા તે તમામ જગ્યાઓ આરોપીએ બતાવેલી હતી તે હકીકત આ પુરાવો જોતા માલુમ પડે છે. આ કોઇન બોક્ષ વાળી જગ્યાઓની માહીતી આરોપીને જ હતી માટે આરોપી ત્યાં દોરી ગયેલો જે વર્તન આરોપીનુ પુરાવાના કાયદાની કલમ–૮ મુજબ છે.

આંક–૨૮૨૨ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી રજૂઆત અને દલીલ એવી છે કે "પંચનામામાં મે જે જગ્યાએથી ફોન કરેલા તે કોઈન બોક્ષવાળી જગ્યા બતાવવા માંગુ છું". આ હકીકત આરોપી વિરૂધ્ધ પુરાવામાં ગ્રાહ્ય નથી પરંતુ મારા મત પ્રમાણે આ હકીકત સાચી છે કે પુરાવામાં તે ગ્રાહ્ય નથી પરંતુ આરોપીને લઈને જે જગ્યા ઉપર ગયેલા તે જગ્યા ઉપર કોઈન બોક્ષ હતા તો તે હકીકત પુરાવામાં ગ્રાહ્ય છે. સાથે સાથે કોઈન બોક્ષના માલીકોએ પણ પોતાને ત્યાં કોઈન બોક્ષ હતા તે હકીકત પોતાની જુબાનીઓમાં જણાવેલી છે જે આરોપીના વર્તન સાથે સમર્થન કરે છે જેથી તે નહીં માનવાને કોઈ કારણ નથી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે યોગેશભાઈ બીપીનચંદ્ર કાયસ્થને સાહેદ નં.૮૭૮ તરીકે આંક–૬૨૮૨ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૧૯/૮/૨૦૦૮ ના રોજ ડી.સી.બી. ઑફિસ વડોદરા પોલીસે બોલાવેલાં. આ વખતે બપોરના દોઢ,બે વાગ્યાની આસપાસનો સમય થયેલ હશે. ડી.સી.બી. ઑફિસમાં ગયેલાં ત્યાં આ સાહેદ ગયા ત્યારે બે,ત્રણ પોલીસવાળા, એક સાહેબ, એક ભાઈને લઈને પણ પોલીસવાળા આવેલ હતાં જેમનું નામ અલ્પેશભાઈ હતું. ત્યાં એક આરોપી પણ હાજર હતો. સાહેબે જણાવેલું કે આ આરોપી બ્લાસ્ટ કેસનો છે જે કંઈ કહેવા અને કંઈક બતાવવા માગે છે અને તે સ્થળ પર લઈ જઈ કઈ બતાવવા માગતો હતો. સાહેબે જે આરોપીને બતાવેલો તે આરોપીને તેનું નામ, સરનામું પુછતાં આરોપીએ પોતાનું નામ સાજીદ મહમદ ગુલામ મન્સુરી, સરનામું સુરતનું અને હાલ ભરૂચ હોવાનું જણાવેલું. આરોપીએ કહેલું કે ''હું અને મારો મિત્ર તોકીર અને બીજા જે મકાનમાં ભેગા થતાં હતા અને બ્લાસ્ટ કરવા માટે પ્લાનીંગ કરતા હતાં તે જગ્યા હું

બતાવવા માગુ છું.'' આરોપીએ બીજા નામ જણાવેલાં જે અત્યારે યાદ નથી. પછી બધા સરકારી વાહનમાં બેઠેલા અને લખાણમાં સહી લીધેલી. સરકારી વાહનમાં એક સાહેબ, આરોપી અને તેની આજુબાજુ બે પોલીસવાળા અને આ પંચ પાછળ બેઠેલા અને ફોરેન્સીકવાળા પણ બીજી ગાડીમાં હતા. આ સાહેદની ગાડી આગળ હતી. આરોપીએ રસ્તો બતાવેલો અને તે પ્રમાણે પાનીગેટ પાસે બામણગેટ દરગાહ એપાર્ટમેન્ટ પાસે ગાડી આરોપીએ ઉભી રખાવેલી. આરોપી બધાને એપાર્ટમેન્ટના ત્રીજા માળે પર લઈ ગયેલાં. એપાર્ટમેન્ટનું નામ "અકમલ" કે "અક્રમ" જેવું હતું. ચોક્કસ યાદ નથી. ત્યાં ત્રીજે માળે ગયા ત્યાં એક મકાન હતું જે લોખંડની જાળીવાળું હતું તેને તાળું મારેલ હતું. આરોપીએ કહેલું કે ''ચાવી મારી પાસે નથી.'' પોલીસે તાળું તોડવા માટે કંઈ લઈ આવવા માટે બીજા પોલીસવાળાને જણાવેલું તેથી બીજા પોલીસવાળા નીચેથી કંઈ સળીયા જેવું લઈને આવેલા અને તેનાથી તાળું તોડેલું. આ સાહેદ,સાહેબ, આરોપી, પોલીસવાળા અને એફ.એસ.એલ. ફોરેન્સીકવાળા ઘરમાં પ્રવેશેલાં. ત્યાં અંદર ગયા ત્યારે બધી વસ્તુઓ પડેલી હતી. ત્યાં અંદર જોયેલું ત્યારે તિજોરી, અરીસો વિગેરે વસ્તુઓ હતી તમામ વસ્તુઓ ચોક્કસ યાદ નથી. સાહેબે અમુક વસ્તુઓ કે જે આરોપી બતાવતો હતો તે કબજે લીધેલી. જેમાં બે ડબ્બા, ડીટર્જન્ટ પાવડર ગાંગડાવાળો અને ભુકા જેવો ભુકો, એક રૂમાલ, એક તાડપત્રી, એક કટર, રેલવેની ટિકિટ ફાટી ગયેલ હતી તેના ટુકડા, કપડાં, ટેલીફોન બીલ, એક ગોદડી જે ચીથરાની બે કલરવાળી, બીજી વસ્તુઓ લીધેલ હતી. ફોરેન્સીક લેબવાળા જેમ તપાસ કરતા હતાં તે પ્રમાણે વસ્તુઓ સાઈડમાં મુકતા હતાં. ત્યારપછી વસ્તુઓ તેઓની સામે અલગ–અલગ કાગળમાં તથા અમુક કપડાંમાં વીટવામાં આવેલ અને પરચીઓ પર સહીઓ લીધેલી અને તેની ઉપર આ પંચ સ્લીપો મુકવામાં આવેલી અને તેને દોરી બાંધીને સીલ કરેલ. આવા આશરે આઠ–દસ પડીકા હશે. આ સઘળી કાર્યવાહીનું આંક–૬૨૮૩ વાળુ પંચનામું કરવામાં આવેલું જેમાં આ સાહેદ તેમની તથા અલ્પેશભાઈ તથા રૂબરૂ તરીકે પોલીસ અધિકારીની સહીઓ ઓળખી બતાવે છે. આ સાહેદને કબજે કરવામાં આવેલ

મુદ્દામાલ વસ્તુઓ એક પછી એક બતાવતા ઓળખી બતાવે છે તેમજ આંક–૬૨૮૪ થી ૬૨૮૬ વાળી પંચ સ્લીપોમાં સાહેદ પોતાની તેમજ અલ્પેશભાઈની સહીઓ ઓળખી બતાવે છે. આરોપીના ચહેરા અને શારીરિક બંધારણ અને દાઢીમાં ફેરફાર થયેલ હોવાથી આરોપીને ઓળખી શકતા નથી.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પંચનામુ વાંચેલુ નથી તો તે હકીકત કબૂલ કરે છે. જુબાની આપી તે દિવસે પણ પંચનામુ વાંચેલુ નથી તો તે હકીકત પણ કબૂલ કરે છે. પંચનામામાં વાંચ્યા વગર સહીઓ કરેલી તો તે હકીકત નકારી છે. પંચનામુ વાંચ્યુ છે તેવી કયાંય નોંધ કરવામાં આવેલી નથી પરંતુ મારા મત પ્રમાણે પંચનામુ વાંચ્યુ છે તેવી કોઈ નોંધ પંચનામામાં કરવાની હોતી નથી અને તેવી નોંધ કરવી તેવી આદેશાત્મક જોગવાઇ પણ નથી. વધુમાં આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પંચનામામાં આરોપીના શારીરિક વર્ણન અને બાંધાનો ઉલ્લેખ નથી પરંતુ મારા મત પ્રમાણે આરોપીના શારીરિક વર્ણન અને બાંધાનો ઉલ્લેખ પંચનામામાં કરવો જોઈએ તેવી કાયદામાં કયાંય જોગવાઈ નથી. આરોપી કેટલા સમયથી પોલીસ કસ્ટડીમાં હતો તેવી હકીકત અંગે પોલીસે કોઈ જાણકારી આપેલી ન હતી તો તે કબૂલ કરે છે. આરોપી સાજીદને એવુ પુછેલુ નહીં કે વડોદરામાં પોલીસ કયારે લઈ ગયેલી. પંચનામા અંગે કોઈ અનુભવ નથી. પંચનામાની કાર્યવાહી વખતે પંચનામાની માહિતી મળેલી. પંચનામામાં કઈ વસ્તુઓ અને વ્યકિતઓની જરૂર પડે તેની જાણકારી નથી. એફ.એસ.એલ.ના અધિકારી કયાંથી અને કેવી રીતે આવે તેની ખબર નથી. વૈજ્ઞાનિક પ્રયોગો અંગે કાંઈ જાણતા નથી. મારા મત પ્રમાણે આ સાહેદ સામાન્ય વ્યકિત છે અને તેને આવા બધા પ્રશ્નો પુછવાનો કોઈ અર્થ નથી. કારણ કે આ સાહેદની હાજરીમાં ફકત પોલીસે પંચનામાની કાર્યવાહી કરેલી છે તે સિવાય આ સાહેદને બીજી કાંઈ ખબર ન હોય. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો પંચનામાવાળો ફલેટ ગીચ વસ્તીવાળો છે તે કબૂલ કરે છે ત્યાં આજુબાજુ વિવિધ કોમના લોકો રહે છે. તાળુ ખોલવા માટે કોઈ ચાવીવાળાને બોલાવેલો નહીં. સ્થળ ઉપર ગયા બાદ પાંચ મીનીટમાં ફલેટનુ તાળુ તોડવામાં આવેલુ. તાળુ એક

વ્યકિતએ તોડેલુ. તાળુ લોખંડના સળીયા જેવી વસ્તુથી તોડવામાં આવેલુ. મુદ્દામાલ તાળુ જોઈને સાહેદ જણાવે છે કે તાળામાં ચાવી નાખી શકાય છે. તાળાની ઓળખ માટે કોઈ ખાસ નિશાની કરવામાં આવેલી નથી. પોલીસના કહેવાથી અને શીખવાડવાથી તેમજ પંચનામુ વાંચી સમજાવવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારે છે.

વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો આરોપીઓના નામ ઉપરાંત સીમીના કાર્યકરો હતા તેવી હકીકત પંચનામામાં લખાવેલી નથી. આરોપીએ સ્થળ ઉપર વિચારણા કે મસલત કરે છે તેવી કોઈ હકીકત જણાવેલી ન હતી. જે બિલ્ડિંગમાં ગયેલા તે બિલ્ડિંગનુ નામ પંચનામામાં લખાવેલુ નથી. જે ફલેટમાં ગયેલા ત્યાં ફલેટની બહાર નંબર કે નેઈમ પ્લેટ લગાડેલી ન હતી. પંચનામા દરમ્યાન ફલેટના માલીક કોણ છે તેવી કોઈ જાહેરાત થયેલી ન હતી. આરોપી સિવાય આ ફલેટની આજુબાજુમાંથી ચાવી મેળવવાનો પ્રયત્ન કરવામાં આવેલો ન હતો. આરોપી પાસે મકાનની ચાવી નથી તેવી કોઈ હકીકત પંચનામામાં લખાવેલી નથી તે કબૂલ કરે છે. જે પોલીસે બોલાવેલા તેઓના હોદ્દા અને નામની ખબર નથી. એફ.એસ.એલ. અધિકારીના શારીરિક વર્ણન આપી શકે તેમ નથી.

આમ આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયાએ શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ ના કામે તા.૧૯.૮.૨૦૦૮ ના રોજ આ સાહેદ તથા બીજા અન્ય પંચને પોલીસ સ્ટેશનમાં બોલાવેલા અને આરોપી નં.૧૪ પોલીસ સ્ટેશનમાં હાજર હતા અને પંચોની તથા એફ.એસ.એલ. અધિકારીની હાજરીમાં આરોપીએ જણાવેલુ કે તે પોતે તથા તેનો મિત્ર તૌકીર અને બીજા જે મકાનમાં ભેગા થઈ બોમ્બ બ્લાસ્ટ કરવા માટે પ્લાનીંગ કરતા હતા તે જગ્યા બતાવવા માંગુ છું જેથી આરોપીને સાથે રાખી તપાસ કરનાર અધિકારીએ પંચોની હાજરીમાં આરોપીના બતાવ્યા પ્રમાણે વડોદરા મુકામે પાણીગેટ પાસે આવેલ એક એપાર્ટમેન્ટમાં ત્રીજા માળે લઈ ગયેલા અને તે ફલેટ હતો, તે બંધ હતો જેથી તેનુ તાળુ તોડવામાં આવેલુ અને ફલેટમાં તપાસ કરતા પંચનામાની વિગતે મુદ્દામાલ

કબજે કરેલો. પંચનામુ કરનાર અધિકારી વી.આર.ટોળીયા મરણ ગયેલા હોવાથી બોમ્બ બ્લાસ્ટના કેસોની તપાસ ટીમો પૈકીના એક તપાસ ટીમના અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ પોતાની જુબાનીના પેરા નં.૩૧.૪ માં આંક–૬૨૮૩ વાળા પંચનામામાં તેમજ આંક–૬૨૮૪ થી ૬૨૮૬ વાળી પંચ સ્લીપોમાં સહીઓ ઓળખી બતાવેલી છે.

તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયાએ પંચો, એફ.એસ.એલ. અધિકારી અને આરોપીને લઈ પાણીગેટ વિસ્તારના ઉપરોકત ફલેટ ઉપર ગયા ત્યારે ફલેટમાં એફ.એસ.એલ. અધિકારી સાહેદ નં.૮૩૦ અમૃત વશરામભાઈ હીંગરાજીયાએ ફલેટની તપાસ કરેલી. આ સાહેદ નં.૮૩૦ ની સરતપાસ મુજબ તા.૧૯/૮/૨૦૦૮ ના રોજ તેમની કચેરીના નાયબ નિયામકશ્રી, મોબાઈલ ઈન્ચાર્જ, ડી.એફ.એસ. ગાંધીનગરનાઓની સુચના અનુસાર તેઓની સાથે આ સાહેદ તથા તેમની સાથેના અન્ય બે ઓફિસરશ્રી જી.ડી.શર્મા, મદદનીશ નિયામકશ્રી, ડી.એફ.એસ. ગાંધીનગર અને શ્રી જે.કે.પટેલ, સાયન્ટીફીક ઓફિસર, ડી.એફ.એસ. ગાંધીનગરનાઓની સાથે વડોદરા ડી.સી.બી. કચેરી ખાતે ગયેલ. સદર જગ્યાએ આ કામના તપાસ અધિકારીશ્રીએ જણાવેલ કે આ કામના આરોપી મહમદ સાજીદ મન્સુરી અકમલ ફલેટ ખાતેની જગ્યા બતાવતા હોય તે જગ્યા તપાસવા જણાવેલ જેથી સદર જગ્યા તપાસતા સદર ફલેટના ત્રીજામાળે આવેલ મકાન કે જેનો મુખ્ય દરવાજો પશ્ચિમ દિશાનો હતો જેમાં પ્રથમ રૂમ પછી બીજા રૂમમાં જવાનો ખુલ્લો ગોળાકાર પેસેજ હતો ત્યાંથી આગળ જતાં ડાબીબાજુ જાજરૂ, બાથરૂમ હતુ ત્યારબાદ રસોડું હતુ જે રસોડાના પ્લેટફોર્મ ઉપર આછા ગુલાબી રંગનો રૂમાલ પડેલ હતો જે તપાસ અધિકારીને કબજે જણાવેલ. રસોડા પછીના આગળના રૂમમાં પ્રવેશતા ઉત્તર દીશાએ એક લોખંડની તિજોરી ખુલ્લી હાલતમાં છે. જેમાં કપડા તથા વાસણો ભરેલા હતા, તિજોરીના આગળના ભાગે નીચે ભોંયતળીયે એક તાડપત્રી અને એક ગોદડી પડેલ હતા જેનું પોલીરે કીટ દ્વારા પરિક્ષણ કરતા તે બંને પર ફલોરેશન્સ સ્પોટ જણાયેલ. જેથી બંનેને કબજે લેવા જણાવેલ. સદર રૂમમાં એક પ્લાસ્ટિકની ડોલ પડેલ હતી જે ડોલ

કચરાપેટી માટે ઉપયોગમાં લેવાતી હોય તેવું જણાયેલું. જે ડોલમાં રેલવે ટિકિટના હોય તેવા કાગળના ટુકડા હતા. જે કબજે લેવા જણાવેલ. સદર રૂમ પછી આવતી ગેલેરીમાં જોતા બે પ્લાસ્ટિકના ડબલા હતા જે બંનેમાં ડીટર્જન્ટ જેવો પદાર્થ હતો. જેને કબજે લેવા જણાવેલ. સદર ગેલેરીમાં એક લોખંડની કટર પડેલ હતી. જેને કબજે લેવા જણાવેલ. ઉપરોકત જગ્યા પરથી રસોડાના પ્લેટફોર્મ ઉપરથી મળેલ આછા ગુલાબી રંગનો રૂમાલ, તાડપત્રી, ગોદડી, રેલવે ટિકિટના હોય તેવા કાગળના ટુકડા, ડિટર્જન્ટ પાવડરના ડબ્બા, લોખંડની કટાર, તિજોરીમાંના કપડાં, ટેલીફોનનું બીલ જે તિજોરીમાંથી મળેલ વિગેરે મુદ્દામાલ કબજે કરેલ અને તે અંગેનો મોબાઈલ ઈન્વે. વાનનો અહેવાલ આંક–૫૫૭૯ થી રજૂ રાખેલ છે જેમાં આ સાહેદશ્રી જી.ડી.શર્માની તથા શ્રી જે.કે.પટેલ તથા પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

આંક–૬૨૮૩ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી રજુઆત અને દલીલ એવી છે કે પંચનામામાં "હું અને મારો મિત્ર તૌકીર અને બીજા જે મકાનમાં ભેગા થતા હતા અને બ્લાસ્ટ કરવા માટે પ્લાનીંગ કરતા હતા તે જગ્યા બતાવવા માંગુ છું". આ ઉપરાંત "ચાવી મારી પાસે નથી". આ હકીકત આરોપી વિરૂધ્ધ પુરાવામાં ગ્રાહ્ય નથી. બચાવપક્ષની દલીલ સાથે હું સંમત છું પરંતુ આરોપીના કહેવા પ્રમાણે જે ફલેટ ઉપર તપાસ કરનાર અધિકારી આરોપીને લઈને ગયેલા અને આરોપીએ જણાવ્યા મુજબના વર્ણવાળો ફલેટ ત્યાં હતો માટે તે ફલેટ હોવા અંગેની હકીકત પુરાવામાં ગ્રાહ્ય છે માટે એવુ કહી શકાય કે આ ફલેટમાં બોમ્બ બ્લાસ્ટ કરવાનું પ્લાનીંગ થતુ હતુ. આરોપી આ જગ્યા ઉપર દોરી ગયો તે વર્તન આરોપીનુ પુરાવામાં ગ્રાહ્ય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે હિમેશકુમાર પ્રવિણચંદ્ર મહેતાને સાહેદ નં.૯૦૦ તરીકે આંક–૬૪૪૨ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૧૭/૧૧/૨૦૦૮ ના રોજ ૧૨.૦૦ થી ૧૨.૩૦ ના સમયે પાવાગઢ–હાલોલ રોડ ઉપર આવેલી વિવેક હોટલ પાસેથી જતા હતા ત્યારે પોલીસે ઉભા રાખેલા. તેમની સાથે બીજા એક ગુલાબસિંહભાઈ તે પણ હતા. આ

સાહેદને પોલીસના માણસે કહેલું કે, સાહેબ મળવા માગે છે ત્યાં હોટલની બહાર સાહેબને મળેલા. સાહેબે ઓળખાણ આપેલી કે તેઓ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાંથી આવે છે અને તેમનુ નામ વાઘેલા સાહેબ છે અને સાહેબે જણાવેલું કે, આરોપીને લઈને આવેલા છીએ અને આ આરોપી શાહીબાગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલા બોમ્બ બ્લાસ્ટમાં આરોપી છે અને તે કંઈક કહેવા માંગે છે અને આ જે કહે છે તે પંચમાં રહેવાનું છે. જેથી તેઓએ સાહેબને "હા" પાડેલી. ત્યારબાદ આરોપીનું નામ પૂછેલું તો તેણે તેમનું નામ "રફીયુદ્દીન સરકુદ્દીન કાપડીયા" જણાવેલું. તેઓએ સરનામામાં સ્વામિનારાયણ મંદિરની પાછળ, વડોદરા મુકામેના હોવાનું જણાવેલું. બીજું તેમણે કહેલું કે, "૨૦૦૮ના જાન્યુઆરી માસની ૧૩ થી ૧૫ તારીખ દરમ્યાનમાં અમે અહીંયા પાવાગઢના જંગલમાં આતંકવાદી પ્રવૃત્તિની ટ્રેનીંગ લીધેલી અને ઉશ્કેરણીજનક ભાષણો કરેલા અને તે જગ્યાઓ હું તમોને બતાવું". આવું તેણે કહેલું, આ બધું તેઓએ સાંભળ્યું અને તે પોલીસને લખાવેલું. ત્યારબાદ ત્યાં ગાડીની અંદર પોલીસના સાહેબ, પોલીસનો સ્ટાફ, આ સાહેદ સાથેના ગુલાબસિંહ, આરોપી બધા બેઠેલા. આ વખતે સાહેબે ડ્રાઈવરને કહેલું કે, આ આરોપી રસ્તો બતાવે તે પ્રમાણે ગાડી લઈ લ્યો અને જયાં ઉભી રખાવે ત્યાં ઉભી રાખજો. ત્યાંથી ગાડી આગળ એકાદ કિ.મી. ગયેલી અને પછી આરોપીએ ગાડી ઉભી રખાવેલી. જયાં ગાડી ઉભી રખાવેલી ત્યાં દરગાહ જેવું કાંઈક હતું. ત્યાં પછી આરોપી તેઓને દરગાહમાં અંદર લઈ ગયા અને ત્યાં જગ્યા બતાવી. તે દરગાહનું નામ "ખુંદપીરની દરગાહ" હતું. ત્યાં એક ઓરડી હતી અને ધર્મશાળા જેવું હતું. તેણે જણાવેલું કે, "અમે આ ઓરડીમાં રહેતા હતા." તેણે જે જણાવેલું તે પોલીસને લખાવેલું. ત્યારપછી પાછા બધા ગાડીમાં બેઠેલા. ગાડીમાં બેઠા પછી તેણે ગાડી આગળ ચલાવવાનું કહેલું અને એકાદ દોઢ કિ.મી. આગળ ગયેલા અને ત્યાં ડાબી સાઈડ તરફ કાચો રસ્તો આવેલો ત્યાં ગાડી વાળવાનું કહેલું. ત્યાં આગળ ૫૦૦ મીટર દુર એક મિનારની મસ્જિદ તેવું બોર્ડ હતું અને ત્યાં અંદર ગાડી લીધેલી અને ત્યાં પણ આ બોર્ડ મારેલું હતું અને ત્યાં બધા ગાડીમાંથી નીચે ઉતરેલા. ત્યાં એક નાનો ગેટ હતો તે

ખોલીને આરોપી અંદર લઈ ગયેલો. ત્યાં ૫૦૦ મીટર જેટલી મોટી જગ્યા હતી, મોટો ઓટલો હતો અને ચારેય તરફ મોટી ગ્રીલ હતી. તેણે એવું કહેલું કે, "અમે અહીંયા નમાજ પઢતા હતા." ત્યાં એક કુવો હતો. ત્યારપછી આરોપીએ કહેલું કે, "અમે આતંકવાદની તાલીમ લીધેલી તે જગ્યા હવે હું તમને બતાવું." ત્યારબાદ બધા પાછા ગાડીમાં બેઠેલા અને પાવાગઢ રોડ પર દોઢેક કિ.મી. ગયેલા અને ત્યાં ૧૫૦ મીટર દુર કાચા રસ્તે ગાડી ઉભી રખાવેલી. ગાડી આરોપીએ ઉભી રખાવેલી. ત્યાં આગળ "હેલીકૈલ વાવ" આવેલી હતી. ત્યાં હેલીકૈલ વાવના કમ્પાઉન્ડમાં આરોપી લઈ ગયેલો. ત્યાં તારની ફેન્સીંગ હતી અને તાર ઉંચા કરીને ૧૫૦ મીટર અંદર જંગલમાં લઈ ગયેલો. ત્યાં ૪૦ થી ૫૦ મીટર જેટલી મોટી જગ્યા હતી. ત્યાં સૂકુ ઝાડ હતું અને ત્યાંથી ૧૫૦ મીટર આગળ એક ખીણ હતી જેમાં પાણી ભરેલું હતું. આરોપીએ ત્યાં કહેલું કે, "અહિંયા અમે તંબુ બાંધીને ટ્રેનીંગ લેતા હતા." આરોપીએ કહેલું તે બધું પોલીસને લખાવેલું.

ઉપર મુજબની વિગતવાળુ પંચનામુ બનાવેલુ તે આંક–૬૪૪૩ થી રજૂ રાખેલ છે જેમાં સાહેદ પોતાની તથા બીજા પંચ ગુલાબસિંહની સહીઓ ઓળખી બતાવે છે અને સદર પંચનામામાં લખેલી હકીકત ખરી હોવાનું જણાવે છે. સરતપાસમાં જણાવ્યા મુજબના આરોપીને ઓળખી બતાવવાનું જણાવ્યુ અને વીડિયો કોન્ફરન્સના માધ્યમથી આરોપીઓને વારાફરતી સાહેદને બતાવતા સાહેદ સરતપાસમાં જણાવેલ આરોપીને ઓળખી બતાવતા નથી અને જણાવેલ છે કે ઘણો સમય થઈ ગયેલ હોવાથી સાહેદ આરોપીને ઓળખી શકતા નથી.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પાવાગઢ ગ્રામ પંચાયતની ઑફિસ સામે જન્મથી રહે છે તે કબૂલ કરે છે. ગુલાબસિંહ પણ પાવાગઢમાં રહે છે અને તેઓને વર્ષોથી ઓળખે છે. આ ગુલાબસિંહ પાવાગઢ–હાલોલ વચ્ચે પેસેન્જર જીપ ચલાવે છે. વિવેક હોટલ પાવાગઢ–હાલોલ વચ્ચે આવેલી છે અને તે પાવાગઢથી ચારેક કી.મી. દુર છે. પાવાગઢ થી હાલોલ ચોકડીએ આવીએ અને ત્યાંથી જમણી તરફ વળીએ ત્યારે પાવાગઢ જવાય તે કબૂલ કરે છે. હાલોલ થી પાવાગઢ વચ્ચેનું અંતર ૧૫ થી ૨૦ કી.મી. છે તો તે

હકીકત નકારી છે. ખુંદપીરબાવાની દરગાહ હાલોલ થી પાવાગઢ આવીએ ત્યારે પાંચેક કી.મી.ના અંતરે છે તે કબૂલ કરે છે. આ દરગાહ રોડની ડાબી તરફ હાઈવેને અડીને આવેલી છે તે કબૂલ કરે છે. મુખ્ય દરવાજો હાઈવે ઉપર પડે છે તે પણ કબૂલ કરે છે. દરગાહ ઉપર દરરોજ ઘણા માણસો દર્શન કરવા આવતા હોય છે તે પણ કબૂલે છે. ચાંપાનેરમાં આવેલી ઈમારતો અને મસ્જિદોનો વર્લ્ડ હેરીટેજમાં સમાવેશ થયેલો છે તે કબૂલ કરે છે. દરગાહ થી પાવાગઢ તરફ એકાદ કી.મી. દુર એકમીનાર મસ્જિદ આવેલી છે તે કબૂલ કરે છે. મસ્જિદ રોડ ઉપર આવેલી છે અને તુટેલો અર્ધો મીનારો છે તે પણ કબૂલ કરે છે. મીનારની આજુબાજુ ખુલ્લુ મેદાન છે અને ખુલ્લો ઓટલો છે તે પણ કબૂલ કરે છે. એકમીનાર મસ્જિદમાં કોઈ માણસ રહેતા નથી તે કબૂલ કરે છે. એકમીનાર મસ્જિદથી દોઢ કી.મી. પાવાગઢ તરફ હેલીકૈલ વાવ આવેલી છે. આ વાવ ખંડેર અવસ્થામાં છે તે કબૂલ કરે છે. ચારેય બાજુ ખુલ્લુ મેદાન છે તે પણ કબૂલ કરે છે. વાવની કમ્પાઉન્ડ વોલ પુરી થયા પછી જંગલ છે તે પણ કબૂલે છે. સ્થળ ઉપરથી કોઈપણ શંકાસ્પદ વસ્તુ જોઈ હોય અને કબજે લીધી હોય તેવુ પંચનામામાં નથી તે કબૂલ કરે છે. પોલીસે વિવેક હોટલ પાસે બોલાવ્યા ત્યારે બાઈક હોટલ ઉપર મુકીને ગાડીમાં બેસીને ગયેલાનું જણાવે છે. પંચનામા વખતેની વાતચીતો જે થયેલી તે યાદ નથી. સરતપાસમાં જણાવ્યા મુજબની પંચનામાની કાર્યવાહીમાં ભાગ લીધો નથી તો તે હકીકત નકારે છે.

વધુમાં સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો હેલીકૈલ વાવ અને એકમીનાર મસ્જિદ સિવાય બીજી પણ મસ્જિદો અને ઈમારતો જોવા લાયક છે તે કબૂલ કરે છે. દરગાહ ઉપર કોઈ વહીવટકર્તા રહે છે કે કેમ? તેની ખાતરી કરેલી નહીં. દરગાહ પાસે જે રૂમ અને ધર્મશાળા આવેલી છે તેમાં રહેવા આવનારા માટે રેકર્ડ રાખવામાં આવે છે કે કેમ તેની તપાસ કરી નથી. દરગાહમાં દાખલ થઈએ ત્યારે દરગાહની પછી એક નાની મસ્જિદ આવેલી છે તે કબૂલ કરે છે. એકમીનાર મસ્જિદ અને હેલીકૈલ વાવ ઉપર પંચનામુ કર્યુ તે અગાઉ કયારેય જવાનું બન્યુ નથી. વાવમાં કોઈ પ્રાણી કે મનુષ્ય પડી ન જાય તે માટે નેટ બાંધેલી છે તે કબૂલ

કરે છે. એકમીનાર મસ્જિદ પાસે આવેલા કુવા ઉપર કોઈ પડી ન જાય તે માટે નેટ બાંધેલી છે. મસ્જિદ તેમજ વાવની આજુબાજુ ખુલ્લી જગ્યામાં સરકાર તરફથી પ્લાન્ટેશન અને ઘાસની લોન લગાવેલી છે તો તે હકીકત નકારેલી છે. ખાણની અંદર જયાં પાણી ભરાયેલુ હતુ તેનુ માપ લેવામાં આવેલુ નહીં.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તા.૧૭.૧૧.૨૦૦૮ ના રોજ પોલીસે આ સાહેદને હાલોલ પાવાગઢ રોડ ઉપર આવેલ વિવેક હોટલ પાસે બોલાવેલા હતા. પોલીસ એક આરોપી નં.૩૫ રફીયુદ્દીન સરફુદ્દીન કાપડીયાને લઈને પાવાગઢના જંગલોમાં આતંકવાદી તાલીમ લીધેલી અને ઉશ્કેરણીજનક ભાષણો જે–જે જગ્યા ઉપર કરેલા તે જગ્યાઓનું પંચનામુ કરવા માટે આ સાહેદને બોલાવેલા હતા. આ સાહેદને તથા બીજા પંચને સાથે રાખી આરોપીને લઈ સરતપાસમાં જણાવ્યા મુજબ આરોપીએ બતાવ્યા મુજબની જગ્યાઓ ઉપર જઈ પંચનામુ કરેલુ છે. આ સાહેદ પાવાગઢ ખાતે રહે છે, સામાન્ય વ્યકિત છે અને તેમને ફરિયાદપક્ષ કે આરોપીઓ સાથે કોઈ દુશ્મનાવટ કે મિત્રતા નથી, સ્વતંત્ર સાહેદ છે અને ઊલટતપાસ દરમ્યાન આરોપીઓને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત નીકળી આવતી નથી માટે આ સાહેદની જુબાની નહીં માનવાને કોઈ કારણ રહેતુ નથી.

આ પંચનામુ કરનાર અધિકારી સાહેદ નં.૧૦૮૯ પ્રવિણસિંહ ગટોરસિંહ વાઘેલાની જુબાની ધ્યાને લઈએ તો તેમને તા.૧૭.૧૧.૨૦૦૮ નાં રોજ આ સાહેદ તથા બીજા પંચ ગુલાબસિંહ સોલંકીને પંચમાં રહેવા માટે બોલાવેલા હતા અને આરોપી નં.૩૫ ને સાથે રાખી પાવાગઢ–હાલોલ વચ્ચે આવેલ ખુંદપીરબાવાના દરગાહ, હેલીકૈલ વાવ, એકમીનાર મસ્જિદ વિગેરે જગ્યાઓ ઉપર આરોપીના કહેવા અને બતાવ્યા પ્રમાણે ગયેલા અને જગ્યાઓના પંચનામા કરેલા તે હકીકત આ સાહેદે તેઓની જુબાનીમાં પેરા નં.૨, પાના નં. ૪,૫ મા જણાવેલ છે તથા આંક–૬૪૪૩ વાળા પંચનામામાં પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ સાહેદ ઓળખી બતાવે છે.

આંક–૬૪૪૩ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી રજૂઆત અને દલીલ છે કે પંચનામામાં આરોપીની જે કબૂલાત્મક હકીકત જણાવવામાં આવેલી છે તે પુરાવામાં ગ્રાહ્ય નથી અને આરોપી વિરૂધ્ધ વંચાણે લઈ શકાય નહીં. આરોપીઓ તરફથી દલીલ અને રજૂઆત એવી છે કે પંચનામા મુજબ આરોપીએ "એકમીનાર મસ્જિદનું બોર્ડ આવેલ રોડ ઉપરથી કાચા રસ્તે આશરે ૫૦૦ મીટર જતા ત્યાં વાહન ઉભુ રખાવેલુ" આ હકીકત પુરાવામાં ગ્રાહ્ય નથી પરંતુ મારા મત પ્રમાણે વાહન ઉભુ રખાવ્યા પછી એકમીનાર મસ્જિદ અને તારની વાડ ત્યાં આવેલી છે તો તે હકીકત પુરાવામાં ગ્રાહ્ય છે. વધુમાં આરોપીઓ તરફથી એવી દલીલ અને રજૂઆત છે કે પંચનામુ ધ્યાને લેતા "હેલીકૈલ વાવનું બોર્ડ આવતા આરોપીએ વાહન ડાબી બાજુ વળાવતા આશરે ૧૫૦ મીટર અંદર જતા વાહન ઉભુ રખાવેલુ" આ હકીકત પુરાવામાં ગ્રાહ્ય નથી પરંતુ મારા મત પ્રમાણે તે જગ્યાએ હેલીકૈલ વાવ છે તો તે હકીકત પુરાવામાં ગ્રાહ્ય છે.

આમ, સાહેદ નં.૯૦૦ હિમેશ મહેતા તથા સાહેદ નં.૧૦૮૯ પ્રવિણસિંહ વાઘેલાની જુબાનીઓ તથા આંક–૬૪૪૩ વાળુ પંચનામુ ધ્યાને લેતા તા.૧૩.૧.૨૦૦૮ થી તા.૧૫.૧.૨૦૦૮ ના સમય દરમ્યાન આરોપી નં.૨, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૪, ૩૭ નાઓએ પાવાગઢના જંગલોમાં રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ગુજરાતના લોકોને બોલાવીને આતંકવાદી તાલીમ કેમ્પનુ આયોજન કરેલુ અને તેમાં ટ્રેકીંગ, સ્વીમીંગ, મોટર બાઈકીંગ તથા ફાયરીંગની તાલીમો લીધેલ હોવાનું તેમજ જેહાદી ભાષણો કરેલા હોવાનું માલુમ પડે છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે પીન્કેશકુમાર નગીનભાઈ દેસાઈને સાહેદ નં.૯૧૭ તરીકે આંક–૬૫૩૯ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૨/૮/૨૦૦૮ ના રોજ પોલિસે સાંજના છ વાગ્યે ક્રાઇમ બ્રાન્ચની ઑફિસ ગાયકવાડ હવેલી ખાતે બોલાવેલા. તેઓ ગાયકવાડ હવેલી, ક્રાઇમ બ્રાન્ચની ઑફિસમાં ઉપરના ભાગે સાહેબની ઑફિસમાં ગયેલા. ત્યાં પહોંચ્યા ત્યારે બે પોલીસ અધિકારી સાહેબ, બે પોલીસના માણસો, એક આરોપી હતો અને એક મારી જેમ બીજા ભાઇને બોલાવેલો તે પણ હાજર હતો.

ત્યાં સાહેબે કહેલું કે આ એક આરોપી છે અને તે બોમ્બ બ્લાસ્ટના કેસમાં પકડયો છે અને તે કંઈક કહેવા અને બતાવવા માંગે છે તો તમો પંચમાં રહેશો? જેથી આ સાહેદે "હા" પાડેલી. ત્યાં ચાવડા સાહેબે જે આરોપી હતો તેનું નામ પુંછેલું અને તેનું નામ સાજીદ મન્સુરી હતું અને આરોપી કાંઈક કહેવા અને બતાવવા માંગે છે તેવું કહેલું. આરોપીએ જણાવેલું કે "હું સુરતનો છું અને હાલ ભરૂચમાં રહું છું અને ભરૂચમાં જે મકાન રાખેલું તે હું તમોને બતાવવા માંગું છું." ત્યારબાદ ચાવડા સાહેબ, પોલીસના બે અધિકારી, બીજા પોલીસના માણસો તથા આ સાહેદની સાથેના બીજા પંચ , આરોપી તથા એફ.એસ.એલ.ના અધિકારીઓ બધા ઑફિસમાંથી બહાર નીકળી નીચે ઉતરેલાં. ત્યારબાદ ગાડીમાં જતી વખતે પંચનામામાં સહીઓ કરાવેલી. એફ.એસ.એલ.ની ગાડી પાછળ આવતી હતી આ સાહેદની ગાડી આગળ હતી. આ સાહેદ જે સરકારી ગાડીમાં બેઠેલા તેમાં ચાવડા સાહેબ, આરોપી, શિંદે સાહેબ અને બીજા એક કોન્સ્ટેબલ, આ સાહેદ તથા બીજો પંચ બેઠેલાં અને પાછળ એફ.એસ.એલ.ની ગાડી હતી. ત્યારબાદ બધા ભરૂચ તરફ રવાના થયેલા અને ભરૂચ ન્યાય મંદિર હોટલે પહોંચેલાં. ત્યારબાદ ત્યાં સામેની સાઈડ નર્મદા હોટલ છે તે તરફ રસ્તો આરોપીએ બતાવેલો. ત્યાં આગળ જતાં ચોકડી પાસે બીજો એક રસ્તો બતાવેલો જે એ.બી.સી. ચોકડી જેવું કંઈક કહે છે. ત્યારબાદ ત્યાંથી "શ" ઉપરથી કોઈક નામવાળું ગામ હતું તે તરફ ગયેલાં અને મેઈન રોડની બાજુમાં એક બંગલો હતો અને તે તરફ એક "વે બ્રિજ (વજન કાંટો)" હતો. ત્યાં આરોપીએ કહેલું કે, "આ બંગલો છે" ત્યાં આગળ બધા ગાડીઓમાંથી નીચે ઉતાર્યાં. ત્યાં બંગ્લાની આજુબાજુ જોયેલું અને બંગલાને તાળું મારેલું હતું. ત્યારબાદ બંગલાની પાછળ જઈ ફરી આગળ આવેલાં અને ત્યાં બાજુમાં એક ઈલેકટ્રીકનું બોર્ડ હતું અને તેની ઉપર એક મોબાઈલ નંબર લખેલો હતો. નબંર જોયા પછી સાહેબે તે નંબર ઉપર ફોન કરેલો. સાહેબે ફોન કર્યો તો તે ફોન ઉપર ગુલામભાઈ કરીને કોઈ ભાઈ હતાં અને તેમને પુંછેલું કે આ મકાન કોનું છે? તો તે ગુલામભાઈએ કહેલું કે આ મકાન તેમનુ છે. ત્યારબાદ દસ,પંદર મિનિટના સમયમાં ગુલામભાઈ ત્યાં આવેલાં. ગુલામભાઈ આવ્યા પછી પુંછેલું કે

આ મકાન કોનું છે? તો ગુલામભાઈએ કહેલું કે આ મકાન મારૂ છે. રફીકભાઈ કે જે કાપડના વેપારી હતાં તેમને નવ હજારના માસિક ભાડે આપેલું છે. મકાન માલિકને પુંછેલું કે ચાવી તમારી પાસે છે? તો તેમણે ના પાડેલી અને તેમને પુંછેલું કે આ મકાનનું તાળું તોડવું પડશે. ત્યારબાદ મકાનનું તાળું તોડેલું. જેમાં મકાનના એક રૂમમાં અંદર જતાં રૂમમાં કોઈ શંકાસ્પદ વસ્તુ જણાયેલ નહિ. ત્યારબાદ બાજુના રૂમમાં ગયેલાં અને ત્યાં એફ.એસ.એલ.ના અધિકારીઓએ તપાસ કરતાં રૂમમાંથી એક ટેપનો ટુકડો મળી આવેલો. ત્યારબાદ એ ટુકડો લઈ એક ડબ્બીમાં મૂકેલો અને એક કાપલી ઉપર સાહેબે સહિઓ કરાવેલી અને સાહેબે પણ સહી કરેલી અને તે કાપલી ડબ્બી ઉપર મૂકી દોરીથી બાંધી લાખનું સીલ કરેલું. ત્યારબાદ સીડીની બાજુમાં બે બાથરૂમ હતાં અને તેની બાજુમાં એક રૂમ હતો ત્યાં તપાસ કરતાં કંઈક મળી આવેલું નહિ. ત્યારબાદ સીડી મારફતે ઉપર ગયેલાં. ત્યાં રૂમની તપાસ કરેલી. રૂમમાં તપાસ કરતાં બે બેડ હતાં અને એક કબાટ હતો ત્યાં કબાટ ખોલ્યું તો કબાટમાંથી ઈલેકટ્રીક સામગ્રી મળેલી જે વાયરો હતાં તે બાબતે મકાન માલિકે કહેલું કે આ સામગ્રી તેમની છે. તેની બાજુમાં એક બુક પડેલી હતી જેની ઉપર ઈલેકટ્રોનિકસ એવું કંઈક લખેલું હતું. બુક બાબતે માલિકને પુંછતાં માલિકે કહેલું કે, આ બુક તેમની નથી. ત્યારબાદ અધિકારી સાહેબે તે બુક જમા લીધેલી. ત્યારબાદ બાજુના રૂમમાં ગયેલાં. તે રૂમમાં તપાસ કરતાં કાંઇ દેખાયેલું નહિ. ત્યારબાદ એફ.એસ.એલ.ના અધિકારીઓએ લાઇટ બંધ કરી કંઈક સાધન વડે તપાસ કરેલી. તો એક પ્લાસ્ટિક જેવો ટુકડો મળેલો. બીજો એક ટુકડો મળેલો જે તારથી બાંધેલો હતો. તે બંને ટુકડોઓને એક ડબ્બીમાં મૂકી બંધ કરી તેની ઉપર સહિઓ કરાવેલી અને સાહેબે સહિ કરી તે કાપલી ડબ્બી ઉપર મૂકી દોરી વડે બાંધી લાખથી સીલ કરેલ. ત્યારબાદ બીજા રૂમમાં ગયેલાં. ત્યાં એફ.એસ.એલ.ના સાહેબે તપાસ કરતાં શંકાસ્પદ સ્પોટ જેવું મળેલું. તે સ્પોટને રૂ થી સાફ કરી સેમ્પલ લીધેલું અને બીજુ સ્પોટ પણ તે પ્રમાણે મળેલું અને તેને પણ રૂ થી લુંછી સેમ્પલ લીધેલું. આ રૂ ના સેમ્પલ એક ડબ્બીમાં મૂકી બંધ કરી તેની ઉપર સહિઓ કરાવેલી અને સાહેબે સહિ કરી તે કાપલી ડબ્બી

ઉપર મૂકી દોરી વડે બાંધી લાખથી સીલ કરેલ. આ ઉપરાંત ત્યાથી છાંપા મળેલાં જે કબ્જે કરેલાં. આ સઘળી કાર્યવાહીનું આંક–૬૫૪૦ વાળુ પંચનામું કરવામાં આવેલું જેમાં આ સાહેદ તેમની તથા તુષારભાઈ તથા રૂબરૂ તરીકે પોલીસ અધિકારીની સહીઓ ઓળખી બતાવે છે. આ સાહેદને કબજે કરવામાં આવેલ મુદ્દામાલ વસ્તુઓ એક પછી એક બતાવતા ઓળખી બતાવે છે તેમજ આંક–૬૫૪૧ થી પંચ સ્લીપમાં સાહેદ પોતાની તેમજ તુષારભાઈની સહીઓ ઓળખી બતાવે છે. સાહેદ આરોપીને નહિ ઓળખવાના કારણમાં જણાવે છે કે આરોપી તે વખતે ઓફિશીયલ લુકમાં હતો અને તેને ઓછી દાઢી હતી જયારે આજરોજ આરોપીઓ બતાવવામાં આવ્યા તેમાં આરોપીઓને દાઢી મોટી છે અને ટોપીઓ પહેરેલી છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પંચનામામાં સહી કરી તે પહેલા મહંમદ સાજીદને જોયેલો નહીં અને તેને ઓળખતા ન હતા તો તે કબૂલ કરે છે. આરોપીને પોલીસે કયારે પકડેલો અને તે કયારથી રીમાન્ડ ઉપર હતો તેની માહિતી પોલીસે આપેલી નહીં તે કબૂલ કરે છે. પોલીસે આરોપીને મારજુડ કરેલી કે કેમ? ધાક–ધમકી અને લાલચ આપેલી કે કેમ? તેની માહિતી આપેલી નહીં. ગુલામ નામના માણસને પંચનામામાં સહી કરી તે પહેલા કયારેય જોયેલો નહીં તે કબૂલ કરે છે. આ વ્યકિત કઈ જગ્યાએ રહે છે તેનુ સરનામુ મળેલ નહીં તે કબૂલ કરે છે. આ વ્યકિતની ઓળખ બાબતના કાગળો રજૂ કરેલા નહીં તો તે કબૂલ કરે છે. મકાનની માલીકીને લગતા દસ્તાવેજો કે ઈલેકટ્રીક બીલ રજૂ કરેલ નહીં તે કબૂલ કરે છે. આ વ્યકિતએ મકાન રફીકભાઈને ભાડે આપેલુ તે બાબતેનો કોઈ દસ્તાવેજ રજૂ કરેલો નહીં તે કબૂલ કરે છે. રફીક નામની વ્યકિતને મકાન કયારથી ભાડે આપેલુ તે જણાવેલુ નહીં તે કબૂલ કરે છે. રફીકભાઈને બોલાવવાનો પોલીસે પ્રયત્ન કરેલો નહીં તે કબૂલ કરે છે. પંચનામુ જોતા મકાનની અંદર કેટલોક સરસામાન ગુલામભાઈનો હતો તે કબૂલ કરે છે. ગુલામભાઈએ આ સરસામાન કેમ મુકેલો તે અંગેની કોઈ નોંધ પંચનામામાં કરેલી નથી તે કબૂલ કરે છે. ગુલામભાઈને બોલાવ્યા પછી તેમની પુછપરછ કરી નિવેદન લીધુ હોય તેવુ બન્યુ

નથી. આરોપી ભરૂચ મુકામે આ મકાનમાં આવતો જતો હતો તેમજ ગુલામભાઈ તેને ઓળખતા હતા તેવી હકીકત પંચનામામાં લખેલી નથી તો તે કબૂલ કરે છે. બંગલાની બહાર "ગુજરાત ઈલેકટ્રીકલ વર્કસ" નું બોર્ડ હતુ તે કબૂલ કરે છે. આ મકાનમાં ઈલેકટ્રીકની વસ્તુ કોણ રીપેર કરતુ હતુ અને કોણ વેચતુ હતુ તેની જાણકારી મળેલી નહીં. આજે ગુલામભાઈને કે એફ.એસ.એલ. અધિકારીને ઓળખી શકે નહીં તે કબૂલ કરે છે. સરતપાસમાં જણાવ્યા પ્રમાણે પંચનામાની કોઈ કાર્યવાહી કરેલી નથી તો તે હકીકત નકારે છે. પોલીસના સમજાવવાથી અને પંચનામુ વારંવાર વાંચી બતાવવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારી છે.

વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો રૂમમાંથી જે ચોપડી મળેલી તે ચોપડીના લેખક કોણ હતા, તેના પ્રકાશક કોણ હતા તે પંચનામામાં લખાવેલુ નહીં. ચોપડી ઉપર પંચોએ સહીઓ કરેલી નહીં. આ ચોપડી "એસ. દાંડેકર" ની માલીકીની હોય તો ખબર નથી. મકાનનું જે તાળુ તોડેલુ તે તાળુ પોલીસે કબજે કરેલુ નહીં. પંચનામુ પુરૂ કર્યા પછી અમદાવાદ મુકામે સીધા ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે આવેલા. અમદાવાદથી નીકળ્યા ત્યારે તે મકાનમાં શું–શું છે તે અંગેની કોઈ માહિતી આરોપીએ આપેલી નહીં. મકાનના ઉપરના માળે બે થી ત્રણ રૂમ આવેલા હતા.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાએ મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૩/૨૦૦૮ ના કામે તા.૩.૯.૨૦૦૮ ના રોજ આ સાહેદ તથા બીજા પંચને ક્રાઈમ બ્રાન્ચની કચેરી અમદાવાદ ખાતે બોલાવેલા. ત્યાં આરોપી નં.૧૪ હાજર હતો, એફ.એસ.એલ.ના અધિકારી સાહેદ નં.૮૩૦ અમૃત વશરામ હીંગરાજીયા પણ ત્યાં હાજર હતા અને આરોપીએ જણાવેલુ કે ભરૂચ મુકામે શેરપુરા ગામના નાકા પાસે આવેલ રોડ ઉપરનો એક બંગલો કે જે ગુલામભાઈનો હતો તે ભાડે રાખેલો અને તે બતાવવા માંગુ છું જેથી તપાસ કરનાર અધિકારી પોતે તથા આરોપી અને એફ.એસ.એલ.ના અધિકારીઓને લઈ સ્થળ ઉપર

ગયેલા અને મકાનમાં એફ.એસ.એલ. અધિકારીએ નિરીક્ષણ કરેલુ અને મકાનમાંથી ટેપ ટુકડો, બુક, પ્લાસ્ટિકના ટુકડા કબજે કરેલા. આ હકીકત સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડા પોતાની જુબાનીના પેરા નં.૩.૧૧ મા જણાવેલી છે અને આંક–૬૫૪૦ વાળા પંચનામામાં તથા આંક–૬૫૪૧ વાળી પંચ સ્લીપમાં પોતાની સહી પણ ઓળખી બતાવેલી છે. આ બાબતે સાહેદ નં.૧૧૬૩ ની ઊલટતપાસના પેરા નં.૯૮ ધ્યાને લઈએ તો શેરપુરાવાળુ મકાન તૌકીર કે રફીકે ભાડે રાખ્યુ છે તેવો કોઈ પુરાવો તપાસ દરમ્યાન મળેલો નથી તો તે હકીકત નકારેલી છે. મકાન ભાડે રાખનાર અને માલીક વચ્ચે ટેલીફોન ઉપર વાતચીત થયેલી તો તે બાબતેનો કોઈ મોબાઈલ ફોન કબજે કરેલો નથી. આરોપી નં.૧૪ સાજીદે આવુ કોઈ મકાન બતાવેલુ નહીં તો તે હકીકત નકારેલી છે.

તપાસ કરનાર અધિકારી મયુર ચાવડાએ પંચો, એફ.એસ.એલ. અધિકારી અને આરોપીને લઈ તા.૩/૯/૨૦૦૮ ના રોજ આ સાહેદ નં.૮૩૦ અમૃત વશરામ હીંગરાજીયા તથા તેમના સિનીયર અધિકારીશ્રી જી.ડી.શર્મા, મદદનીશ નિયામક, ડી.એફ.એસ., ગાંધીનગરનોઓએ મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં.૨૦૩/૨૦૦૮ ના કામે આ કામના તપાસ અધિકારીએ તપાસ અર્થે ક્રાઈમ બ્રાન્ચ ખાતે બોલાવેલ. જેથી ક્રાઈમ બ્રાન્ચ પહોંચતા તપાસ અધિકારીએ જણાવેલ કે આ કામના આરોપી મહમદ સાજીદ, રહે. ૪/૩૦૧૩, બેગમપુરા સુરતવાળો ભાગેડું આરોપીનું ઘર બતાવતા હોય તેમની સાથે તપાસમાં જવાની યાદી સોંપેલ. જે યાદીના અનુસંધાને તા.૩/૯/૨૦૦૮ ના ૧૬.૦૦ કલાકે તપાસ અધિકારીશ્રીને મળેલ અને ૧૭.૦૦ કલાકે જરૂરી સાધન સામગ્રી લઈ ક્રાઈમ બ્રાન્ચ ખાતે જવા નીકળેલ. કલાક ૧૮.૦૦ એ તપાસ અધિકારીશ્રીએ રીપોર્ટ કરેલ. ૧૯.૪૦ કલાક બાદ તપાસ અધિકારી સાથે ભરૂચ ખાતે જવા રવાના થયેલ. વધુમાં સાહેદ નં.૮૩૦ અમૃત વશરામ હીંગરાજીયાની સરતપાસ ધ્યાને લેતાં તેઓ જણાવે છે કે તપાસ અધિકારીશ્રી સાથે લુકમાનપાર્ક, બંગલા નં.૩૩, જંબુસર ખાતે ૧૨.૦૦ કલાક એટલે કે ૨૪.૦૦ કલાકે સદર બંગલામાં આગળના ભાગે તાળું મારેલ મેઈન ગેટ છે. તેમજ પાછળના ભાગે નાનો દરવાજો

છે. સદર બંગલામાં આજુબાજુ બગીચો તથા કંપાઉન્ડ વોલ છે. સદર બંગલામાં મુખ્ય દરવાજા દ્વારા પ્રવેશતા સોફા તથા કબાટ છે. સદર રૂમમાં નળી આંખે જોતા કોઈ શંકાસ્પદ વસ્તુ કે કોઈ નિશાનો જોવા મળેલ નથી. તેમજ લાઈટો બંધ કરી પોલીરે કીટ દ્વારા તપાસતા કોઈ ફલોરેશન્સ સ્પોટ જોવા મળેલ નથી. ડ્રોઇંગ રૂમમાંથી અંદર પ્રવેશતા ડાબી બાજુએ આવેલ બેડ રૂમને તપાસતા તેમાં એક ડબલ બેડ છે તથા દિવાલે લાકડાનો કબાટ છે. જેને ખોલી જોતાં તેમાં પરચુરણ ઈલેકટ્રોનીકનો સરસામાન પડેલ છે. જે સામાન મકાન માલીકનો હોવાનું જણાવેલ. સદર કબાટમાંથી એક બુક મળેલ. જેના ઉપર "ઈન્ટીગ્રેટેડ ઈલેક્ટ્રોનીકસ" અંગ્રેજીમાં લખેલ હતું. જે બુક મકાન માલીકની નહીં હોવાનું જણાવતા તપાસ અધિકારીને કબજે લેવા સુચન કરેલ. સદર રૂમમાં પોલીરે કીટ દ્વારા તપાસતા ફલોરેશન્સ સ્પોટ જોવા મળેલ નહીં. રૂમની સામે બાથરૂમ, સંડાસ આવેલ છે. જેમાં તપાસતા કોઈ શંકાસ્પદ વસ્તુ મળી આવેલ નથી. બાથરૂમ, સંડાસની બાજુમાં એક રૂમ છે. જે રૂમ ખાલી છે. સદર રૂમમાં પોલીરે કીટ દ્વારા તપાસતા ફલોરેશન્સ સ્પોટ જોવા મળેલ નહી. સદર રૂમની પૂર્વ બાજુએ રસોડું આવેલ છે. સદર રસોડામાં સ્ટેન્ડીંગ પ્લેટફોર્મ તથા કબાટો છે. જેમાં પોલીરે કીટ દ્વારા તપાસતા કોઈ સ્પોટ જોવા મળેલ નથી. સદર બંને રૂમોની વચ્ચેની જગ્યાએથી ઉપરના રૂમમાં જવાની સીડી છે. પ્રથમમાળે ઉત્તર–દક્ષિણ દિશાએ બે બેડરૂમ છે. જે બેડરૂમમાં સરસામાન નથી. તે રૂમને તપાસતા વચ્ચેના ભાગે બ્લુ કલરની ટેપનો એક નાનો ટુકડો પડેલ જેને કબજે લેવા જણાવેલ. સદર રૂમમાં લાઈટો બંધ કરી પોલીરે કીટ દ્વારા તપાસતા દક્ષિણ દિવાલે નીચેના ભાગે આવેલ ટાઈલ્સના કટીંગમાં એક જગ્યાએ ફલોરેશન્સ સ્પોટ જણાતા. લાઈટો ચાલુ કરી જોતા તેના પર ધુળના રજકણો ચોંટેલ જણાયેલ. જે સ્પોટને રૂ વડે ઘસીને કબજે લેવા જણાવેલ. રૂમની પૂર્વે આવેલ ગેલેરીમાં દૈનિક પેપરના પાનાઓ પડેલ. જેને તપાસતા ૧૮ જુન ૨૦૦૮ બુધવાર ટાઈમ્સ ઓફ ઈન્ડીયા તેમજ ૧૨–જુન–૨૦૦૮ ગુજરાત સમાચાર વડોદરાની પૂર્તિ છે. જેને કબજે લેવા જણાવેલ. દક્ષિણ બાજુએ આવેલ પૂર્વ દિશા એક બીજો બેડરૂમ છે. જેમાં એક ગોળાકાર ડબલ બેડ

છે. તથા વોલરોબ છે. સદર રૂમમાં નરી આંખે જોતા કોઈ શંકાસ્પદ વસ્તુ જોવા મળેલ નથી. સદર રૂમમાં લાઈટો બંધ કરી પોલીસે કીટ દ્વારા તપાસતા રૂમના દરવાજા પાસેથી તથા પૂર્વ દિશાએ ગેલેરીના દરવાજા પાસેથી ફલોરેશન્સ આપતા પ્લાસ્ટિકના બે અલગ અલગ ટુકડા મળી આવેલ. જેને લાઈટો કરી તપાસતા તે દરેક ઉપર ધાતુનો તાર વીંટાળેલ જણાય આવેલ. સદર બંને ટુકડાઓ કબજે લેવા જણાવેલ. રૂમમાં પોલીસે કીટ દ્વારા તપાસતા ડબલ બેડ અને વોલરોબની વચ્ચે ભોંયતળીયે તથા ડબલ બેડ ઉપર ગાદલાની વચ્ચે લાકડા પર ફલોરેશન્સ જોવા મળેલ જેને ટયુબલાઈટ ચાલુ કરી તપાસતા તેના ઉપર ધુળના રજકણો ચોંટેલ હતાં. જેને અલગ–અલગ રૂ વડે ઘસીને કબજે લેવા જણાવેલ. સદર બેડ રૂમના બાથ રૂમમાં તપાસતા કોઈ શંકાસ્પદ વસ્તુ જણાયેલ નહી. પરંતુ પોલીસે કીટ દ્વારા તપાસતા નીચેના ભાગે ફલોરેશન્સ સ્પોટ જોવા મળેલ. જેને લાઈટ ચાલુ કરતા તેના પર ધુળના રજકણ ચોંટેલ જોવા મળતા હતા. સદર સ્પોટને રૂ વડે ઘસીને કબજે લેવા જણાવેલ. ઉપરોકત જગ્યાએથી ઈન્ટીગ્રેટેડ ઈલેક્ટ્રોનીકસ બુક, બ્લુ રંગની ટેપનો ટુકડો, સ્ટાઈલના સ્કર્ટીંગ પરથી ફલોરેશન્સ સ્પોટને રૂ વડે ઘસીને લીધેલ, ગેલેરીમાંથી મળેલ દૈનિકપત્ર, પ્લાસ્ટિક જેવા બે ટુકડા જેના પર ધાતુનો તાર વીંટાળેલ, ભોંયતળીયેથી તથા ડબલ બેડ ઉપર જોવા મળેલ ફલોરેશન્સ સ્પોટને રૂ વડે ઘસીને અલગ અલગ લીધેલ, બાથરૂમમાં જોવા મળેલ ફલોરેશન્સ સ્પોટને રૂ વડે ઘસીને લીધેલ, કંટ્રોલ રૂ વિગેરે મુદ્દામાલ કબજે કરેલ અને તે અંગેનો મોબાઈલ ઈન્વે. વાનનો અહેવાલ આંક–૫૫૮૬ થી રજૂ રાખેલ છે જેમાં આ સાહેદ શ્રી જી.ડી.શર્માની તથા પોતાની સહીઓ ઓળખી બતાવે છે તેમજ એમ.જે.ચાવડાએ સ્થળ નિરીક્ષણ માટે પાઠવેલ યાદી આંક–૫૫૮૫મા ચાવડાની સહી ઓળખી બતાવેલ છે.

આંક–૬૫૪૦ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી રજુઆત અને દલીલ એવી છે કે પંચનામામાં આરોપીએ જણાવેલુ કે "પોતે ભરૂચમાં રહેતો હતો તે દરમ્યાન દોઢ,બે માસ અગાઉ બે,ત્રણ વખત શેરપુરા રોડ ઉપર આવેલ મકાનમાં અબ્દુલ સુભાન તૌકીરને મળેલ અને તૌકીરે આ મકાન ભાડે રાખેલ હતુ

અને પોતે પણ મળવા ગયેલો હતો તે મકાન પોતે બતાવી શકે તેમ છે". આ હકીકત આરોપી વિરૂધ્ધ પુરાવામાં ગ્રાહ્ય નથી. બચાવપક્ષની દલીલ સાથે હું સંમત છું પરંતુ આરોપીના કહેવા પ્રમાણે જે મકાન ઉપર તપાસ કરનાર અધિકારી આરોપીને તથા એફ.એસ.એલ. અધિકારી અને પંચોને લઈને ગયેલા અને આરોપીએ જણાવ્યા મુજબના વર્ણનવાળુ મકાન ત્યાં હતુ માટે તે મકાન હોવા અંગેની તથા મકાનમાંથી પંચનામાની વિગત મુજબનો મુદ્દામાલ મળી આવેલાની હકીકત પુરાવામાં ગ્રાહ્ય છે

ફરિયાદપક્ષ દ્વારા આ કામે રીઝવાન યાસીનભાઈ શેખને સાહેદ નં.૯૭૫ તરીકે આંક–૬૮૧૫ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૧૨/૧૨/૨૦૦૮ ના રોજ પોલીસે એ.બી.સી. ચોકડી, હરીમંગલા હોટલ ખાતે બોલાવેલા. ત્યાં બીજા એક ભાઈ કમલેશભાઈ મોદીને પણ બોલાવેલા. પોલીસે બોલાવ્યા ત્યારે બપોરના આશરે ત્રણેક વાગ્યા હશે. ત્યાં ચાવડા સાહેબે કહેલુ કે અમદાવાદ બોમ્બ બ્લાસ્ટ થયેલા હતા તેમા એક આરોપીને પકડેલો છે. તે કંઈક કહેવા અને બતાવવા માંગે છે. જેથી પંચમાં રહેવાનું કહેલુ. જેથી બંનેએ પંચમાં રહેવાની હા પાડેલી.

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ તે આરોપીનું નામ પુછેલુ તો તેણે તેનુ નામ ફજલે રહેમાન દુરાની બતાવેલુ અને રહે. મહારાષ્ટ્ર હોવાનું જણાવેલુ. તે કંઈક કહેવા અને બતાવવા માંગતો હતો. તેણે એવુ કહેલુ કે "અમદાવાદ બોમ્બ બ્લાસ્ટ થયા તે પહેલા અમે શેરપુરામાં એક મકાન ભાડે રાખેલુ અને એક સાજીદ મન્સુરીનું મકાન જોયેલુ છે તે હું બતાવવા માંગુ છું". પછી બધા નીકળેલા અને ત્યાં ગાડીમાં બેઠેલા. ગાડીમાં ડ્રાઈવર હતા, ચાવડા સાહેબ અને એક આરોપી હતો અને પોલીસના માણસો હતા અને આ સાહેદ હતા. આ સાહેદે આ બધુ લખાવેલુ અને ત્યારપછી આરોપીએ "પશ્ચિમ રોડ તરફ જવાનું કહેલુ". આ બધુ લખાવ્યા પછી ગાડીમાં સહી કરેલી. આરોપીના કહેવા મુજબ ડ્રાઈવરે ગાડી પશ્ચિમ દિશા તરફ ચલાવેલી. ત્યારબાદ ગાડી નંદેવાળ બ્રીજ ઉપર થઈને શ્રવણ ચોકડીએ ગયેલા અને ત્યાંથી ઉમરાજ પાટીયા પાસેથી થોડે

આગળ જઈને શેરપુરા પાસે "આરોપીએ ગાડી ઉભી રખાવેલી". ત્યાંથી થોડા આગળ ગયા પછી આરોપીએ ડાબી સાઈડ તરફ એક બંગલો બતાવેલો. તે બંગલો કમ્પાઉન્ડ વોલ વાળો હતો અને તે બંગલા ઉપર "જનરલ ઈલેકટ્રીકલ્સ વર્કસ" એવુ લખેલુ હતુ અને બહારના ભાગે તાળુ હતુ. તેની સામે એક મટન શોપ હતી અને વજન કાંટો હતો. ત્યારબાદ પાછા ગાડીમાં આવેલા. ગાડીમાં ડ્રાઈવર, ચાવડા સાહેબ, આરોપી, પોલીસવાળા ભાઈઓ, આ સાહેદ તથા કમલેશભાઈ બેઠેલા. ત્યારબાદ આરોપીએ "ડ્રાઈવરને પશ્ચિમ દિશા તરફ આગળ જવા જણાવેલુ". થોડે આગળ જઈ રેલ્વે ક્રોસીંગ પસાર કર્યા પછી ચાર રસ્તા પાસે ગાડી ઉભી રખાવેલી અને ડાબે તરફ જવાનું કહેલુ અને બધા આગળ ગયેલા ત્યાં મકાનોની રો હાઉસ હતી અને તેની વચ્ચેના રસ્તાએ ગાડી ઉભી રખાવેલી અને બધા નીચે ઉતરેલા અને ત્યાં આગળ લુકમાન સોસાયટીનું બોર્ડ લાગેલુ હતુ. ત્યાંથી થોડે આગળ જઈને "૩૩ નંબરનું મકાન આરોપીએ બતાવેલુ". ત્યાં આજુબાજુ સોસાયટીના બીજા મકાનો હતા. આ બાબતે પોલીસે ત્યાં પંચનામુ કરેલુ અને તેમાં આ સાહેદે તથા કમલેશભાઈએ સહીઓ કરેલી જે પંચનામુ આંક–૬૮૧૬ થી રજૂ રાખેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો નવેમ્બર–૨૦૦૮ મા કયાં હતા તે કહી શકે તેમ નથી તો તે કબૂલ કરે છે. જુબાની આપી તેના આગલા દિવસે અમદાવાદ આવ્યા અને રોકાયા તે દરમ્યાન કોર્ટમાં શું કરવાનું છે તે જણાવવામાં આવેલુ તો તે હકીકત નકારેલી છે. જુબાની આપી તેના આગલા દિવસે ચાવડા સાહેબ મળેલા તો તે હકીકત પણ નકારી છે. આ સાહેદની હાજરીમાં આરોપીને લઈ બંને જગ્યાઓ ઉપર જઈ પંચનામુ કરેલુ નથી તો તે હકીકત નકારી છે. આ સાહેદની હાજરીમાં પંચનામાની કોઈ કાર્યવાહી થયેલી નથી તો તે હકીકત પણ નકારેલી છે. આરોપીને કયારેય જોયેલો નથી તો તે હકીકત પણ નકારેલી છે. પોલીસને મદદ કરવા અને પોલીસના દબાણથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત પણ નકારી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ સરખેજ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૧૮૧/૨૦૦૮ ના કામે તા.૧૨.૧૨.૨૦૦૮ નાં રોજ આ સાહેદ તથા બીજા પંચ કમલેશ મોદીને ભરૂચ મુકામે એ.બી.સી. ચોકડી પાસે બોલાવેલા ત્યાં આરોપી નં.૪૫ ફજલે રહેમાન મુસદ્દીકખાન તથા પોલીસ સ્ટાફના માણસો પણ હાજર હતા અને આરોપી નં.૪૫નાઓએ જણાવેલુ કે "શેરપુરા મુકામે જે મકાન આરોપી નં.૧૪ સાજીદ મન્સુરીએ ભાડે રાખેલુ તે જોયેલુ અને તે બતાવવા માંગે છે" જેથી તપાસ કરનાર અધિકારીએ આરોપી તથા પંચોની હાજરીમાં આરોપીએ બતાવ્યા મુજબ તે મકાન ઉપર જઈ મકાનનું પંચનામુ આંક–૬૮૧૬ વાળુ કરેલુ હતુ. આ હકીકત સાહદે નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓ પોતાની જુબાનીના પેરા નં.૧૮.૨ મા જણાવે છે કે આરોપી ફજલે રહેમાન મુસદ્દીખાને જણાવેલુ કે અમદાવાદ શહેરમાં કરવામાં આવેલ સીરીયલ બ્લાસ્ટ અગાઉ ભરૂચ શહેરના શેરપુરા વિસ્તારમાં મકાન ભાડે રાખવામાં આવેલ તેમજ સાજીદ મન્સુરીનું મકાન પોતે સ્વખુશીથી બતાવવા માંગે છે તેનુ પ્રાથમિક પંચનામુ કરી આરોપીએ શેરપુરા ખાતે આવેલ મકાન તથા લુકમાન સોસાયટીનું મકાન બતાવેલુ અને તે અંગેનુ પંચનામુ આંક–૬૮૧૬ વાળુ બનાવેલુ, પંચનામામાં સાહેદે પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવેલી છે. આ બાબતે સાહેદ નં.૧૧૬૩ ની ઊલટતપાસના પેરા નં.૯૮ ધ્યાને લઈએ તો ભરૂચ શેરપુરાવાળુ મકાન તૌકીરે કે રફીકે ભાડે રાખ્યુ છે તેવો પુરાવો તપાસ દરમ્યાન મળેલો નથી તો તે હકીકત નકારી છે. મકાન ભાડે રાખનાર અને માલીક વચ્ચે ટેલીફોન ઉપર વાતચીત થયેલી તો તે બાબતેનો મોબાઈલ ફોન કબજે કરેલો નથી.

આંક–૬૮૧૬ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી રજુઆત અને દલીલ એવી છે કે પંચનામામાં આરોપીએ જણાવેલુ કે "પોતાનું નામ ફજલે રહેમાન હોવાનું જણાવેલ" તથા "પંચો રૂબરૂ પશ્ચિમ તરફ હંકારવાનું કહેતા નાની રેલવે લાઈન ક્રોસ કરી ચાર રસ્તા આવતા ડાબી બાજુ હંકારવા કહેલ" આ હકીકત આરોપી વિરૂધ્ધ પુરાવામાં ગ્રાહ્ય નથી. બચાવપક્ષની દલીલ સાથે હું સંમત છું

પરંતુ આરોપીના કહેવા પ્રમાણે જવા નીકળેલા ત્યાં રેલવે લાઈન આવેલી હતી તો તે રેલવે લાઈન આવતી હોવાની હકીકત તેમજ જગ્યા ઉપર મકાન હતુ તો તે હકીકત પુરાવામાં ગ્રાહ્ય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે અદનાન મોહમદ ખાલીદ ગુજરાતીને સાહેદ નં.૮૮૧ તરીકે આંક-૬૨૯૯ થી તપાસવામાં આવેલા છે. તેઓની સરતપાસ મુજબ આ સાહેદ સને-૨૦૦૭-૦૮ ના વર્ષમાં કાપડનો ધંધો કરતા હતા અને તેમની દુકાન શાહપુર સુરત ખાતે આવેલી હતી. ધંધો પુરો થયા પછી પોતાના મહોલ્લામાં દોસ્તારો સાથે ભેગા થતા હતા. દોસ્તારો પૈકી રફીકવલી પટેલ, નદીમ રાંદેરી તથા ઈસ્માઈલ શેખ હતા. રફીકે જણાવેલુ કે આપણે સંસ્થા બનાવીએ જેથી સંસ્થા બનાવેલી જેથી તેનુ નામ "ખીદમત ગ્રુપ" રાખેલુ. આ બાબતે રફીકે કાર્યવાહી કરેલી. તે દરમ્યાન આરીફ પટેલ, જહીર પટેલ અને કરીમ બેટરીવાલા સાથે ઓળખાણ થયેલી. આ ગ્રુપમાં આરોપી નં.૬૩ તન્વીર પઠાણ જોડાયેલા. તેઓની ઓળખાણ ત્રણ વર્ષ સુધી રહેલી. તન્વીર પઠાણ સાથે ખીદમત ગ્રુપ બાબતે વાતચીત થતી હતી. ત્યારબાદ કોઈની સાથે ઓળખાણ થયેલી નહીં. આ સિવાય બીજુ કંઈ આ સાહેદ જાણતા નથી. તન્વીર દ્વારા કોઈને મળેલા નથી, પોલીસે જવાબ લીધેલો. આ સાહેદ કોઈ જગ્યાએ ગયેલા નથી તેમ જણાવે છે. પોલીસ સાથે ઘણી વખત ગયેલાનું જણાવે છે. મેજિસ્ટ્રેટ સાહેબની ઑફિસમાં ગયેલા હોવાનું પણ જણાવે છે. પોલીસે મોબાઈલમાં એક વ્યકિતનો ફોટો બતાવેલો તે વખતે આરોપી નં.૩૭ કયામુદ્દીનને ઓળખેલો. તન્વીર પઠાણે ગુજરાતમાં મુસલમાનો ઉપર જુલમ થાય છે તેવુ કહેલુ નથી. આ સાહેદ ફરિયાદપક્ષની હકીકતને સમર્થન કરતા ન હોય તેઓને ફરી ગયેલા જાહેર કરવા વિનંતી કરેલી અને પુરાવાના કાયદાની કલમ-૧૫૪ મુજબ સાહેદની ઊલટતપાસ કરવા પરવાનગી માંગેલી જેથી પરવાનગી આપતા ફરિયાદપક્ષ તરફથી સાહેદની ઊલટતપાસ કરવામાં આવેલી છે.

આ સાહેદની ફરીયાદપક્ષ દ્વારા ઊલટતપાસ ધ્યાને લઈએ તો તા.૬.૧૦.૨૦૦૮ ના રોજ પોલીસે નિવેદન લીધેલાનું કબૂલ કરે છે. તા.૧૨.૨.

૨૦૦૯ ના રોજ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેબની કચેરી ચોક બજાર ખાતે ગયેલાનું પણ કબૂલ કરે છે. મેજિસ્ટ્રેટ સાહેબે કોર્ટમાં બોલાવેલો તે પણ કબૂલ કરે છે. પરંતુ ઓળખ પરેડ અંગે સમજાવેલાની હકીકત નકારે છે. મેજિસ્ટ્રેટ સાહેબને કોઈ અરજી આપેલી નથી. તા.૧૨.૨.૨૦૦૯ ના રોજથી જુબાની આપી તે દિવસ સુધીમાં એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેબ કે કોઈપણ અન્ય કચેરીમાં પોલીસે મોબાઈલમાં ફોટા બતાવ્યા સંબંધે કોઈ અરજી કરેલી નથી તે કબૂલ કરે છે. ફોટામાં અબ્દુલ સુભાન ઉર્ફે તૌકીરને ઓળખેલાની હકીકત નકારે છે. તા.૧૩.૮. ૨૦૦૮ ના રોજ પોલીસ આ સાહેદને લઈ ગયેલી તેવી હકીકત જુબાની વખતે પ્રથમ વખત કોર્ટમાં જાહેર કરેલી છે તે કબૂલ કરે છે. પોલીસ લઈ ગયેલી તે બાબતે કોઈ કચેરીમાં અરજી કરેલી નથી. પોલીસે ફોટા બતાવેલાની હકીકત પ્રથમ વખત કોર્ટમાં જણાવે છે તે કબૂલ કરે છે. આ સિવાય તન્વીરની લારી ઉપર નમાજ પઢીને આવવાની, તન્વીર, રફીક પટેલ, ઈસ્માઈલ પટેલ શેખ સાથે એક પાતળા બાંધાવાળો લાંબો, પાતળી દાઢી અને ચશ્માવાળા ઈસમ સાથે રફીક પટેલે ઓળખાણ કરાવેલાની હકીકત નકારેલી છે. પોલીસ નિવેદનમાં જણાવેલી તમામ હકીકતો પણ આ સાહેદે નકારેલી છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા અબ્દુલ સુભાન ઉર્ફે તૌકીરને ફોટો બતાવતા તે ઈસમ સાથેનો બીજો માણસ આશરે ૩૦ વર્ષનો હતો તેણે શરીરે પેન્ટ પહેરેલુ હતુ, તેને જોયેથી ઓળખે છે. સાજીદ મન્સુરી સુરત આવ્યો ત્યારે રફીકવલી તથા તન્વીર પઠાણને મળતો હતો તેમ જણાવે છે. તા.૧૨.૨.૨૦૦૯ નાં રોજ પોલીસે નિવેદન લીધાનું કબૂલ કરે છે, પરંતુ નિવેદન વાંચી સંભળાવેલાની હકીકત નકારે છે. તા.૧૨.૨.૨૦૦૯ ના નિવેદનમાં સુરત ખાતે કીલ્લામાં એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેબે બોલાવતા ત્યાં હાજર રહેવાનું કબૂલ કરે છે. એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેબની રૂબરૂમાં થયેલી ઓળખ પરેડ દરમ્યાન આરોપી નં.૩૭ કયામુદ્દીન સકુદ્દીન કાપડીયાને ઓળખી બતાવેલાનું કબૂલ કરે છે. આરોપી તન્વીર, જહીર, સાજીદ મન્સુરી, મુકતી અબુબસર, કયામુદ્દીન અને તૌકીરનાઓ સુરત બોમ્બ પ્લાન્ટેશન કેસોમાં અને

અમદાવાદ બોમ્બ બ્લાસ્ટના કેસના આરોપીઓ હોવાનું જાણે છે તો તે હકીકત નકારી છે. આરોપીઓને બચાવવા ખોટી જુબાની આપેલાની હકીકત નકારે છે.

આ સાહેદની આરોપીઓ તરફથી પણ ઊલટતપાસ કરવામાં આવેલી છે તે ધ્યાને લઈએ તો ભુતકાળમાં આ સાહેદના મિત્રોની વિરૂધ્ધમાં કોઈ ગુનાહીત કેસો થયેલા હોય અને મિત્રો ગુનાહિત પ્રવૃત્તિમાં સંડોવાયેલા નથી તો તે કબૂલ કરે છે. ખીદમત ગ્રુપ ગરીબ લોકોની સામાજીક અને શૈક્ષણિક અર્થે કામગીરી કરતુ હતુ તો તે કબૂલ કરે છે. તન્વીર પઠાણની ચાઈનીઝની લારી જાહેર રોડ ઉપર આવેલી હતી તે કબૂલ કરે છે. આ સાહેદ લારી ઉપર જતા ત્યારે જાહેરમાં બેસીને નાસ્તો કરતા હતા તે કબૂલ કરે છે. આ સાહેદની સાથે ઈસ્માઈલ શેખ, તન્વીર પઠાણ, આરીફ પટેલ, જહીર પટેલ અને કરીમ બેટરીવાલાને ડી.સી.બી. પોલીસ સ્ટેશનમાં બોલાવવામાં આવતા હતા તે કબૂલ કરે છે. પુછપરછ દરમ્યાન કેટલીક વખત આખી રાત રોકવામાં આવતા હતા તે પણ કબૂલે છે. આ સમય દરમ્યાન બોમ્બ બ્લાસ્ટના બીજા આરોપીઓને પણ પકડી લાવવામાં આવેલા તે કબૂલ કરે છે. ઘણા આરોપીઓને પોલીસ મારજુડ કરતી હતી તે પણ કબૂલ કરે છે. ઓળખ પરેડના દિવસે પોલીસ કિલ્લાવાળી કોર્ટમાં લઈ ગયેલાનું કબૂલ કરે છે. તમે કોની સાથે આવેલા છો તેવુ મેજિસ્ટ્રેટ સાહેબે પુછેલુ નહીં તે કબૂલ કરે છે. અબ્દુલ સુભાન અને સાજીદ મન્સુરી નામના વ્યકિઓને કયારેય મળેલા નથી તેમ જણાવે છે. આ સાહેદ કે તેના મિત્રો મુકતી નામની વ્યકિતને પણ મળેલા નથી તે કબૂલ કરે છે. પોલીસે જવાબમાં શું લખેલુ તે વાંચી સંભળાવેલુ નહીં તે કબૂલ કરે છે.

આ સાહેદની ફરિયાદપક્ષ દ્વારા ફરીથી ફેરતપાસ લેવામાં આવેલી છે તે ધ્યાને લેતા તા.૧૩.૮.૨૦૦૮ થી તા.૧૭.૮.૨૦૦૮ સુધી ડી.સી.બી. પોલીસ સ્ટેશન સુરત ખાતે પોલીસ વારંવાર બોલાવતી હતી અને આ સાહેદની સાથે ઈસ્માઈલ શેખ, તન્વીર પઠાણ, આરીફ પટેલ, જહીર પટેલ અને કરીમ બેટરીવાલાને પણ બોલાવતા હતા અને આખી રાત રોકી રાખતા હતા તથા આ સમય દરમ્યાન બીજા આરોપીઓને પણ પકડી લાવવામાં આવેલા, મારજુડ

કરતા હતા વિગેરે તમામ હકીકત બાબતે કોઈ પણ અધિકારીને લેખિત રજૂઆત કરી નથી તે કબૂલ કરે છે. આ તમામ હકીકત બચાવપક્ષની ઊલટતપાસ વખતે પ્રથમ વખત જાહેર કરતા હોવાની હકીકત કબૂલ કરે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદની આ કેસોની તપાસ દરમ્યાન પોલીસે પુછપરછ કરી જવાબ લીધેલો છે. આ સાહેદ તન્વીર પઠાણ, રફીક પટેલ, જહીર પટેલ, કરીમ બેટરીવાલાનાઓને સારી રીતે ઓળખે છે. આ લોકોએ ખીદમત ગ્રુપ સુરત ખાતે શરૂ કરેલુ, અવાર નવાર એકબીજાને મળતા હતા તે દરમ્યાન આરોપી નં.૧૪ સાજીદ મન્સુરી સાથે પણ ઓળખાણ થયેલી હતી. સુરતમાં બોમ્બ પ્લાન્ટેશનના બનાવો બન્યા તેમજ અમદાવાદ ખાતે બોમ્બ બ્લાસ્ટના બનાવો બન્યા બાદ આ સાહેદની પુછપરછ કરવામાં આવેલી છે. આ સાહેદને ઓળખ પરેડ માટે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ ચોક બજાર ખાતે આવેલી કોર્ટમાં લઈ ગયેલા છે. એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સમક્ષ આરોપી નં.૩૭ ને ઓળખી બતાવેલો છે. આ સાહેદને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કર્યા છે પરંતુ તેઓની જુબાની સંપૂર્ણપણે ન માનવી જોઈએ તેવુ નથી. આ સાહેદે અકુદરતી જુબાની આપેલી છે. તેઓની સમગ્ર જુબાની ધ્યાને લેતા આ સાહેદે આરોપીઓને બચાવવા માટે જુબાની આપેલી હોવાનું સ્પષ્ટપણે માલુમ પડે છે. બચાવપક્ષની ઊલટતપાસ દરમ્યાન આ સાહેદે પોલીસ આરોપીઓને મારજુડ કરતી હતી, વારંવાર આ સાહેદ તથા આ સાહેદના અન્ય મિત્રોને પોલીસ, પોલીસ સ્ટેશનમાં બોલાવતી હતી, ઘણી વખત આખી રાત રાખતા હતા વિગેરે સબંધી આ જુબાની આપી ત્યાં સુધી કોઈને આ સાહેદે લેખિત કે મૌખિક રજૂઆત કરેલી નથી કે ફરિયાદ આપેલી નથી. આ ઉપરાંત આ સાહેદ અબ્દુલ સુભાન ઉર્ફે તૌકીર તથા મુકતીને પણ મળેલો છે. આરોપીઓ તરફથી કબૂલાત્મક પ્રશ્નો પુછવામાં આવેલા છે તે ધ્યાને લેતા એવુ કહી શકાય કે પ્રશ્ન પુછનાર એડવોકેટને કયાંથી અને કેવી રીતે ખબર હોય કે સને–૨૦૦૮ની સાલમાં આ સાહેદને પોલીસ મળી નથી કે તેઓના ખીદમત ગ્રુપ બાબતે પુછપરછ કરી નથી કે આ સાહેદ તેના અન્ય મિત્રો કે આરોપીઓને મળેલો નથી. વધુમાં આરોપીઓ

તરફથી થયેલી ઊલટતપાસ ધ્યાને લેતાં આ સાહેદને ઊલટતપાસમાં જે પ્રશ્નો પુછાશે તેના જવાબ "હકાર"મા આપવા તેવી આરોપીઓ તરફથી સમજણ આપવામાં આવી છે તે સ્પષ્ટ બને છે. આમ આ સાહેદે અકુદરતી જુબાની આપેલી છે જે વિશ્વાસપાત્ર નથી અને આરોપીઓને બચાવવા માટે ઈરાદાપૂર્વક આરોપીના લાભમાં અને ફરિયાદપક્ષની વિરૂધ્ધમાં જુબાની આપેલાનું મારૂ સ્પષ્ટપણે માનવુ છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે હિતેશ આપાભાઈ પટેલને સાહેદ નં.૮૯૪ તરીકે આંક–૬૩૫૮ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૧૯/૮/૨૦૦૮ ના રોજ આ સાહેદ અને તેમના મિત્ર બંને ફરવા નીકળેલાં હતાં અને એલ.સી.બી. ઑફિસ, ભરૂચ પાસેથી પસાર થતાં હતાં ત્યારે બે પોલીસવાળા કે જેઓએ પોલીસ ડ્રેસ પહેરેલ ન હતો તેઓએ ઉભા રાખેલ. આ તેમના મિત્રનું નામ સંજયભાઈ બાબુભાઈ પટેલ છે. તેઓએ કહેલું કે સાહેબને કામ છે તો આવો જેથી બંને એલ.સી.બી. ઑફિસમાં ગયેલાં. ત્યાં એલ.સી.બી.ના એક અધિકારી હતાં. બીજા અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના અધિકારી હતાં. જે ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદની હતી. બીજા એફ.એસ.એલ.ના અધિકારીઓ પણ હતાં. એક આરોપી નીચે બેસેલ હતો તે આરોપીને સાહેબે બતાવેલો. જેમનું નામ મહમદ સાજીદ મન્સુરી હતું. આરોપીની ઓળખાણ અધિકારીએ આપેલી. સાહેબે એવું કહેલું કે આ વ્યક્તિ સુરતના છે અને ભરૂચમાં ભાડાના મકાનમાં રહેતાં હતાં. સાહેબે એવું કહેલું કે આમના ઘરની જડતી લેવાની છે. એફ.એસ.એલ.ના અધિકારી સાથે આવશે. તેથી પંચમાં રહેવાનું પુછતા "હા" પાડેલી. સાહેબે કહેલું કે આપણે સાજીદના ઘરે જવાનું છે. પછી ક્રાઈમ બ્રાન્ચ વાળાની ગાડીમાં આ સાહેદ, તેમનો મિત્ર તથા આરોપી, બે પોલીસ કર્મચારીઓ, અધિકારી તથા ડ્રાઈવર ત્યાંથી નીકળી આરોપીએ બતાવેલ રસ્તે તેના ઘર તરફ જવા નીકળેલાં. એફ.એસ.એલ. અધિકારીઓ પોતાની ગાડીમાં આવેલાં. રસ્તામાં લુકમાન પાર્કનું બોર્ડ આવેલું અને તેમાં આરોપીએ અંદર ગાડી લેવડાવેલી. અંદર જતાં પોતાનું મકાન આવતાં આરોપીએ ગાડી રોકાવેલી. આરોપીના મકાનનો

નંબર ૩૩ હતો. તે મકાન ઉપર અગાઉથી ત્રણ પોલીસ મેન ઉભા હતાં. તે આરોપી બધાને લઈને મકાનમાં અંદર લઈ ગયેલો. જેમાં આગળના ભાગે વરંડો હતો. વરંડાની ઉપર જી.ઈ.બી.નું મીટર હતુ અને ઘરનો દરવાજો ખોલી પહેલાં એક રૂમ આવેલો. જેમાં બે–ત્રણ જોડી ગાદલા પડેલાં હતાં. પછી બીજો એક રૂમ જોયેલો. તેમાં પણ થોડો સામાન પડેલ હતો. ત્યાં એક રસોડું હતું. એફ.એસ. એલ. અધિકારીઓ તેમની કીટ લઈને આવેલ હતાં. તેમને પહેલાં રૂમમાં ગાદલા પડેલ હતાં તેના કવર પર સ્પ્રે મારેલો અને ગાદલાના કવર ઉપર ફલોરોસન્ટ જેવા એક મોટો એક નાનો ડાઘા દેખાયેલાં અને તે અધિકારીએ પેનથી રાઉન્ડ કરેલાં. પછી એ રૂમમાં દિવાલ ઉપર એફ.એસ.એલ.ના અધિકારીએ જોયેલું. તે ચુના પર ચળકતું દેખાયેલું. તે બે સ્પોટ હતાં. તે સ્પોટના ચુનાને ચપ્પાથી ખોતરી અધિકારીએ પ્લાસ્ટિકની કોથળીમાં લીધેલો. તે રૂમમાં એક નોટ મળેલી તેની ઉપર પુંઠા ન હતાં, ઈન્ડેક્ષ દેખાતું હતું. તેમાં પાના ઉપર કંઈ અમુક શબ્દો લખેલાં હતાં. જેમાં "બગાવત" જેવા શબ્દો લખેલ હતાં. તે નોટના છેલ્લા પાનાં પર પંચોએ સહી કરેલી અને પછી અધિકારીઓએ સહી કરેલી. તે નોટને એક કવરમાં મુકેલી. રસોડાના ભાગમાં છ–સાત પારદર્શક થેલીઓ પડેલી હતી, જે પ્લાસ્ટિકની હતી. આ થેલીઓને પણ એક પેપરમાં પેક કરી સીલ કરેલ. એક સંડાસ હતું તેની બાજુમાંથી ચુનો ચપ્પાથી ખોતરી થેલીમાં ભરેલ. જે ફલોરોસન્ટ સ્પોટવાળા ચુનાની કોથળી હતી તેને પણ કાગળમાં વીંટી તેના પર દોરો બાંધી સહીઓ વાળી ચિઠ્ઠી મુકી અને સીલ કરેલી. જે ચુનો ચપ્પાથી ખોતરીને સંડાસની બાજુમાંથી લેવામાં આવેલો તે કોથળી પણ કાગળમાં વીંટી તેના પર દોરો બાંધી સહીઓ વાળી ચિઠ્ઠી મુકી અને સીલ કરેલી. જે નોટ કવરમાં મુકેલી તેને પણ દોરો બાંધી સહીઓ વાળી ચિઠ્ઠી મુકી અને સીલ કરેલી. જે ખાલી પારદર્શક થેલીઓ હતી તેને જે સીલ કરેલી તે પણ પેપરમાં વીંટી તેના પર દોરો બાંધી સહીઓ વાળી ચિઠ્ઠી મુકી અને સીલ કરેલી. આ તમામ લખાણ આરોપી જે ઘરે લઈ ગયો ત્યાં જ કરેલું. આ સઘળી કાર્યવાહીનું પંચનામુ આંક–૬૩૫૯ બનાવેલુ જેમા આ સાહેદ પોતાની તથા સંજયભાઈની અને રૂબરૂ તરીકે ક્રાઈમ બ્રાન્ચના અધિકારીની સહીઓ

ઓળખી બતાવે છે તેમજ મુદ્દામાલ એક પછી એક બતાવતા અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે અને આંક–૬૩૬૦ વાળી પંચ સ્લીપમાં સાહેદ પોતાની તથા સંજયભાઈની સહીઓ ઓળખી બતાવે છે. સાહેદ આરોપીને ઓળખી શકતા નથી કારણ કે આ સાહેદને બતાવવામાં આવેલ આરોપીઓની દાઢી વધી ગયેલ છે અને જ્યારે જોયેલાં ત્યારે આરોપીને નાની દાઢી, પાતળા બાંધાના અને ચશ્મા પહેરેલાં હતાં અને આરોપીનું જે તે વખતનું પિકચર હોય તો ઓળખી શકાય તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પંચનામા સબંધેની વિગતોની નોંધ અંગત ડાયરીમાં કરેલ નથી. આ તબકકે હું એ નોંધ કરવા માંગુ છું કે આ પ્રશ્ન પુછનાર એડવોકેટે ઘણા બધા સાહેદોની ઊલટતપાસ દરમ્યાન પ્રશ્નો પુછેલા છે કે તમે કરેલી કામગીરી બાબતે કે બનાવના દિવસે કોની સાથે શું વાતચીત કરી તેમજ પંચનામા બાબતે કોઈ અંગત ડાયરીમાં નોંધ કરેલી છે કે કેમ? આ બાબતે હું માનુ છું કે આ એડવોકેટે પણ પોતે કયા દિવસે, કયા કેસોમાં, કયા સાહેદોની ઊલટતપાસ લીધી તેની અંગત ડાયરી આ એડવોકેટે પણ નહીં રાખી હોય. આ એડવોકેટે પણ પોતાની રોજબરોજની કાર્યવાહીની પણ અથવા કોની સાથે શું વાતચીત કરી તે અંગેની પણ ડાયરી રાખેલી નહીં હોય. જો એડવોકેટ આવી કોઈ અંગત ડાયરી રાખતા ન હોય તો સામાન્ય માણસો કયાંથી રાખે ? સામાન્ય રીતે રોજેરોજની કામગીરીની અંગત ડાયરી ભાગ્યે જ કોઈક વ્યકિત રાખતા હોય છે માટે આવા પ્રશ્નો સાહેદને પુછવાનો કોઈ અર્થ નથી. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો પંચનામાની તારીખે આરોપીના દેખાવ બાબતે અને શારીરિક વર્ણન બાબતે પંચનામામાં નોંધ કરેલ નથી તો તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે આવી નોંધ કરવી જોઈએ તેવી કાયદામાં કયાંય જોગવાઈ નથી. પોલીસ સાદા ડ્રેસમાં હતી તો તેમનુ વર્ણન આપી શકે તેમ નથી. પંચનામુ લખવા લખાવવા સબંધે અનુભવ નથી. આરોપીને પોલીસ સ્ટેશનમાં જોયેલો તે અગાઉ કયારેય જોયેલો નથી. આરોપીને પોલીસ કયાંથી અને કયારથી પકડેલો તેની જાણકારી નથી. આરોપીનું નામ અને ઓળખાણ અંગેની માહિતી

પોલીસ અધિકારીએ આપેલાનું જણાવે છે. આરોપીના ઘરે તપાસ અને જડતી લેવાનું પોલીસ અધિકારી નકકી કરેલુ તે કબૂલ કરે છે. મારા મત પ્રમાણે આરોપીના ઘરની તપાસ અને જડતી લેવાનું પોલીસ જ નકકી કરે કારણ કે તપાસ પોલીસ કરતી હતી. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો લુકમાન પાર્કમાં જે મકાનમાં ગયેલા ત્યાં ઉભેલા પોલીસ સાથે આવેલા કે કેમ તે કહી શકે નહીં. લુકમાન પાર્કમાં અગાઉથી ઉભેલી પોલીસ બાબતે પુછપરછ કરેલી નથી. પોલીસ સ્ટેશનમાં ગયા તે અગાઉ એફ.એસ.એલ. અધિકારીને જોયેલા ન હતા. એફ.એસ. એલ. અધિકારી સાથે વાતચીત કરવાનો પ્રસંગ બનેલ નથી. એલ.સી.બી. પોલીસ સ્ટેશનથી લુકમાન પાર્ક વચ્ચેનું અંતર કેટલુ હશે તે કહી શકે તેમ નથી. પંચનામાની તારીખે કામકાજમાં રજા રાખેલી તો તે હકીકત નકારી છે અને જણાવે છે કે કામ પુરૂ કરી પાછા આવતા હતા ત્યારે પોલીસે બોલાવેલા હતા. આંક–૬૩૬૦ ની નોટમાં પાછળના ભાગે પંચોની સામે પોલસી અધિકારીની સહી નથી તે કબૂલ કરે છે. નોટના પ્રથમ પાનાને આરોપીની સંમતીથી આંક–૬૩૬૩ આપવામાં આવેલો છે. મકાન ઉપર ગયા ત્યારે મકાન બંધ હતુ, મકાનના કબજા તથા માલીકી બાબતે કોઈ પુછપરછ કરેલી નહીં તેમજ કોઈ દસ્તાવેજો કબજે કરેલા નહીં. લુકમાન પાર્ક ઉપર ગયા ત્યારે પોલીસ શા માટે ત્યાં હાજર હતી તે બાબતે પુછપરછ કરેલી નહીં. એફ.એસ.એલ. ટીમે પાવડર ગાદલા ઉપર અને દિવાલ ઉપર છાંટેલો. જે મકાનમાં ગયા તે દિવાલ ઉપર ચુનો હતો કે કેમ તેનો ખ્યાલ નથી. પાવડર છાંટયા પહેલા દિવાલ ઉપર કયો કલર હતો તેવી હકીકત પંચનામામાં લખાવેલી કે કેમ તે ધ્યાનમાં નથી. મકાનનું તાળુ કોને ખોલેલુ તે ધ્યાનમાં નથી. પોલીસના બોલાવવાથી ક્રાઈમ બ્રાન્ચ પોલીસ સ્ટેશન ભરૂચ ખાતે ગયેલા નથી તો તે હકીકત નકારી છે. પંચનામાની વિગતે કોઈ કાર્યવાહી કરેલી નથી તો તે હકીકત પણ નકારેલી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયાએ શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી. નં. ૨૩૬/૨૦૦૮ ના કામે તા.૧૯.૮.૨૦૦૮ ના રોજ આ સાહેદ તથા બીજા

સંજયભાઈ પટેલને એલ.સી.બી. કચેરી ભરૂચ ખાતે બોલાવેલા અને પોલીસ સાથે આરોપી નં.૧૪ મહંમદ સાજીદ હાજર હતો અને તેને પોતાની ઘરની માહિતી આપેલી જેથી તેના ઘરની જડતી કરવાની હોવાથી તપાસ કરનાર અધિકારીએ પંચોને બોલાવેલા, એફ.એસ.એલ. અધિકારીઓને પણ બોલાવેલા અને તેઓ તમામને તથા આરોપીને લઈ ભરૂચ મુકામે બાયપાસ રોડ ઉપર આવેલ લુકમાન પાર્કમાં મકાન નં.૩૩ ઉપર ગયેલા અને પંચો તથા એફ.એસ.એલ. અધિકારીની હાજરીમાં મકાનની તપાસ કરેલી. તપાસ દરમ્યાન મકાનમાંથી એક ગાદલાની ખોળ, દિવાલ ઉપરથી ઉખાડેલ ચુનો, એક નોટ બુક તથા છ–સાત પારદર્શક થેલીઓ મળી આવેલી જે પંચોની, આરોપીની હાજરીમાં એફ.એસ.એલ. અધિકારીની સુચનાથી તપાસ અર્થે કબજે કરેલી. જેનુ પંચનામુ આંક–૬૩૫૯ વાળુ બનાવેલુ હતુ.

તપાસ કરનાર અધિકારીની સાથે એફ.એસ.એલ. અધિકારી સાહેદ નં.૮૩૦ અમૃત વશરામ હીંગરાજીયા પણ ગયેલા હતા અને તેમને પોલીસ, પંચો તથા આરોપીની હાજરીમાં આરોપીના ઉપરોકત ઘરની તપાસ કરેલી. તેઓની સરતપાસ પેરા નં.૧૭ ધ્યાને લઈએ તો તા.૧૯/૮/૨૦૦૮ ના રોજ તેમની કચેરીના નાયબ નિયામકશ્રી, મોબાઈલ ઈન્ચાર્જ, ડી.એફ.એસ. ગાંધીનગરના ઓની સુચના અનુસાર તેઓની સાથે આ સાહેદ તથા પોતાની સાથેના અન્ય ઓફિસરશ્રી જે.કે.પટેલ, સાયન્ટીફીક ઓફિસર, ડી.એફ.એસ. ગાંધીનગરનાઓની સાથે ભરૂચ એલ.સી.બી. ઑફિસ ખાતે પહોંચેલ. આ જગ્યાએ આ કામના તપાસ અધિકારીશ્રીએ જણાવેલ કે આ કામના આરોપી મહમદ સાજીદ લુકમાન પાર્કમાં આવેલ મકાન બતાવતા હોય તેની તપાસ કરવાની હોય જેથી તપાસ અધિકારીશ્રી, તેમની ટીમ, ઉપર મુજબના આરોપી સાથે સદર જગ્યાના મકાને પહોંચતા તે મકાન લુકમાન પાર્ક સોસાયટીનું નં.૩૩ નું મકાન હતુ જે મકાન ઉત્તર દિશાના દરવાજાવાળુ હતુ, પ્રથમ ખુલ્લોભાગ હતો જેને વરંડો હતો, વરંડામાં લોખંડની જાળીનો દરવાજો હતો, પ્રથમ રૂમમાં પ્રવેશતા સામેની એટલે કે દક્ષિણની દિવાલે એક ખુલ્લુ કબાટ હતુ, જેની આગળ

ભોંયતળીયે ગાદલા, ગોદડા પડેલ હતા જેનું પોલીરે કીટ દ્વારા પરિક્ષણ કરતા એક ગાદલાની સફેદ મેલા જેવા કવર ઉપર શંકાસ્પદ ફલોરેશન્સ સ્પોટ જોવા મળેલ જે કબજે લેવા જણાવેલ. આ રૂમમાં ઉત્તર દિવાલે પોલીરે કીટ દ્વારા નિરીક્ષણ કરતા બે શંકાસ્પદ ફલોરેશન્સ સ્પોટ જણાતા તેને ચપ્પુ વડે સ્ક્રેપ કરી કબજે લેવા જણાવેલ. આ રૂમ પછી એક રસોડું હતુ જેમાં રસોડાનો સરસામાન છે. રસોડામાં પ્લાસ્ટિકની થેલીઓ પડેલ હતી જે કબજે લેવા જણાવેલ. ઉપરોક્ત નમૂનાઓ તેમજ આગળની ઓસરીમાં પોલીરે કીટથી નિરીક્ષણ કરતાં ઓસરીની દિવાલમાં ફલોરેશન્સ સ્પોટ જોવા મળેલ ન હતું. તેથી તે જગ્યાએથી કંટ્રોલ નમૂનો સ્ક્રેપ કરી લેવા જણાવેલ. ઉપરોકત જગ્યાએથી ગાદલાનું મેલા જેવું કવર, ઉત્તર દિવાલેથી લીધેલ સ્ક્રેપ મટીરીયલ, કંટ્રોલ સ્ક્રેપ મટીરીયલ તથા પ્લાસ્ટિકની થેલીઓ વિગેરે મુદ્દામાલ કબજે કરેલ અને તે અંગેનો મોબાઈલ ઈન્વે. વાનનો અહેવાલ આંક–૫૫૮૦ થી રજૂ રાખેલ છે જેમાં આ સાહેદશ્રી જે.કે.પટેલ તથા પોતાની સહીઓ ઓળખી બતાવે છે. આ સાહેદ નં.૮૩૦ની ઊલટતપાસના પેરા નં.૩૭ ધ્યાને લઈએ તો આ સાહેદની ઊલટતપાસ આ સાહેદે જેટલી પણ જગ્યાઓ ઉપર મુલાકાત લીધેલી તે તમામ જગ્યાઓ બાબતે કોમન ઊલટતપાસ કરવામાં આવેલી છે. પંચનામુ આ સાહેદની હાજરીમાં થયેલુ તે કબૂલ કરે છે. પંચનામુ પુરૂ થતા સુધી સ્થળ ઉપર હાજર રહેલાની હકીકત કબૂલ કરે છે. આ સિવાય બીજી કોઈ મહત્વની હકીકતો ઊલટતપાસ દરમ્યાન નીકળી આવતી નથી.

આંક–૬૩૫૯ વાળુ પંચનામુ કરનાર અધિકારી વી.આર.ટોળીયા હતા પરંતુ તેઓ મરણ ગયેલા છે જેથી બોમ્બ બ્લાસ્ટના કેસોની તપાસ ટીમો પૈકીની એક તપાસ ટીમના અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ પોતાની જુબાનીના પેરા નં.૩૧.૫ મા આંક–૬૩૫૯ વાળા પંચનામામાં વી.આર. ટોળીયાની સહી ઓળખી બતાવી છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે કલ્પેશભાઈ રતીલાલ ગજજરને સાહેદ નં.૯૦૫ તરીકે આંક–૬૪૮૪ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની

સરતપાસ મુજબ તા.૬/૧૨/૨૦૦૮ ના રોજ સવારે ૧૧,૧૧.૩૦ કલાકે ચાવડા સાહેબે ક્રાઇમ બ્રાન્ચની ઑફિસે બોલાવેલા. આ સાહેદ ઑફિસમાં ગયા ત્યારે વિજયભાઇ હાજર હતાં. વિજયભાઇ ઉપરાત ચાવડા સાહેબ, ત્રણ,ચાર પોલીસના માણસો તથા આરોપી ત્યાં હાજર હતાં. ત્યાં સાહેબે જણાવેલું કે આ આરોપીને મણીનગર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ બોમ્બ બ્લાસ્ટના કેસમાં લાવેલા છીએ અને કોચીની "શ્રી હરી ટુરીસ્ટ હોમ" હોટલમાં રોકાયેલા હતાં અને હોટલમાં એન્ટ્રી પાડેલી હતી તેના રજીસ્ટરના બે પાના લાવેલા છીએ તેમાં સલીમ શેખ નામની એન્ટ્રી આરોપીએ કરેલી છે કે તેનું પંચનામું કરવાનું તેમાં પંચ તરીકે રહેશો? જેથી આ સાહેદે તથા વિજયભાઇએ પંચમાં રહેવાની "હા" પાડેલી. ત્યારબાદ સાહેબે રજીસ્ટરના બે અડધા પાના બતાવેલાં. આ પાના હોટલ શ્રી હરી ટુરીસ્ટ હોમ, કોચીના રજીસ્ટરના પાના હતાં. આ પાના પૈકી એક પાનાના ખૂણા ઉપર ૧૫૬ છાપેલું હતું અને તે પાનાઓમાં એન્ટ્રીઓ કરેલી હતી. જેમાં સાતમાં નંબરની એન્ટ્રી "સલીમ શેખ" નામના માણસની હતી. ત્યારબાદ આરોપીનુ નામ પુંછેલું તો તેણે તેનું નામ "મહમદ સાજીદ મન્સુરી હોવાનું જણાવેલું." ત્યારબાદ રજીસ્ટરના તે કાગળ લઇ આરોપીને બતાવેલા અને કહેલું કે, તારા નામની જે એન્ટ્રી હોય તે ઓળખી બતાવ. " પછી આરોપીએ પાના હાથમાં લઇ સાતમા નંબરની એન્ટ્રી જે સલીમ શેખના નામની હતી તે ઓળખી બતાવેલી." આ સલીમ શેખનું નામ તેઓને તથા સાહેબને ઓળખી બતાવેલ. "રજીસ્ટરના નામના કોલમમાં આ નામ લખેલું હતું તે ઓળખી બતાવેલું." ત્યારબાદ સાહેબે તેવા જ ખાનાવાળા છ કાગળ આપેલાં. આ સાહેદે આરોપીને કહ્યું કે આ રજીસ્ટરના પાનામાં જે લખાણ છે તે મુજબનું લખાણ આ તમામ કાગળમાં છ–છ વખત લખી બતાવ. જેથી આરોપીએ, "લખી બતાવેલું." ત્યારબાદ સાહેબે એક લીટી વાળો કાગળ આપેલો અને સાથે અંગ્રેજી ન્યૂઝ પેપરનો એક કાગળ આપેલો અને કહેલું કે આમાથી ગમે તેવો એક ફકરો લખાવો. ત્યારબાદ તે કાગળ લઇ આરોપીને આપેલો અને આરોપીએ તે ન્યુઝ પેપરના એક ફકરામાંથી દશ,પંદર લીટી તે કાગળમાં લખેલી. ત્યારબાદ સાહેબે આ કાગળોમાં માર્ક કરેલાં. આ

તમામ કાગળો ઉપર આ સાહેદે સહિઓ કરેલી અને સાહેબે પણ સહિઓ કરેલી. આ તમામ વિગતોની કાર્યવાહીનુ પંચનામુ કરેલુ જે પંચનામુ આંક–૬૪૮૫ થી રજૂ છે તેમાં આ સાહેદ પોતાની તથા વિજયભાઈની અને રૂબરૂ તરીકે સાહેબની સહીઓ ઓળખી બતાવે છે. આંક–૬૪૮૫ વાળા પંચનામા આધારે કબજે કરવામાં આવેલ શ્રી હરી ટુરીસ્ટ હોમ કોચીના રજીસ્ટરના પાના નં.૧૫૬, ૧૫૭ ને સંયુકત આંક–૬૪૮૬ આપવામાં આવેલ છે જેમાં આ સાહેદ પોતાની તથા વિજયભાઈની અને સાહેબની સહીઓ ઓળખી બતાવે છે. તેમજ આરોપીએ છ પાનામાં જે લખાણ કરેલ તેને સંયુકત આંક–૬૪૮૭ આપવામાં આવે છે તેમાં પણ આ સાહેદ પોતાની તથા વિજયભાઈની અને ચાવડા સાહેબની સહીઓ ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ મુખીની ખડકી પાલડી ગામમાં રહે છે તે કબૂલ કરે છે. વિજય પટેલને ઓળખતા હોવાની હકીકત નકારેલી છે. જુબાની આપી તે દિવસે પણ આ સાહેદ વિજય પટેલને ઓળખી શકે તેમ નથી કે તેઓનું શારીરિક વર્ણન પણ આપી શકે તેમ નથી. પંચનામામાં સહી કરી ત્યારપછી વિજય પટેલને કયારેય મળ્યા નથી તે કબૂલ કરે છે. પંચનામામાં સહી કરી તે દિવસે સુથારી કામ માટે ગાયકવાડ હવેલી પાસેથી પસાર થતા હતા તે કબૂલ કરે છે. આ પ્રશ્નનો અર્થ એવો થાય કે આ સાહેદે પોલીસે બોલાવેલાની હકીકત સરતપાસમાં જણાવી છે તે આરોપીઓ તરફથી કબૂલ કરવામાં આવી છે તેમ કહી શકાય. એક પીસ્તોલવાળા ભાઈ મળેલા અને એકટીવા રોકેલુ તે કબૂલ કરે છે. આ સાહેદ ઑફિસમાં ગયા ત્યારે વિજયભાઈ ત્યાં બેઠેલા હતા તે કબૂલ કરે છે. વિજયભાઈ કેટલા સમય પહેલાથી ત્યાં બેઠેલા હતા અને તેમણે શું કાર્યવાહી કરેલી તેની માહિતી આપેલી નહીં. ચાવડા સાહેબ અને આરોપી કેટલા સમયથી ઑફિસમાં બેઠેલા અને તેઓએ શું કામગીરી કરેલી તેની માહિતી આપેલી નહીં. ઑફિસમાં આ સાહેદ ગયા ત્યારે આંક–૬૪૮૬ તથા આંક–૬૪૮૭ વાળા કાગળો હાજર હતા તે કબૂલ કરે છે. સાહેદે સ્વેચ્છાએ જણાવેલુ છે કે કાગળોની બાજુમાં કમ્પ્યુટરવાળા બેઠેલા હતા અને તેમની પાસે છ

કાગળો પ્રીન્ટ કરાવેલા. ચાવડા સાહેબના હોદ્દાની ખબર નથી. પંચનામુ પોલીસના માણસે લખેલુ, કોણે લખેલુ તે ખબર નથી. પંચનામુ લખવામાં લગભગ બે કલાકનો સમય થયો હશે. બહારથી પોલીસના માણસો કોઈ દસ્તાવેજ કે કાગળો લઈને આપેલા હોય તેવુ બન્યુ નથી. મહંમદ સાજીદ નામની વ્યકિત છેલ્લા ૧૨૦ દિવસેથી પોલીસ કસ્ટડીમાં છે તેવુ ચાવડા સાહેબે કહેલુ નહીં. આ વ્યકિતને મારજુડ કરી ધાક–ધમકી આપેલી નથી તેવી વિગત ચાવડા સાહેબે આપેલી નહીં. મહંમદ સાજીદને સહી કરતા અગાઉ કયારેય જોયેલા નથી. રજીસ્ટરમાંથી પાના ફાડેલા તે રજીસ્ટર બતાવેલુ નહીં. પાનાની કિનારી ફાડયા જેવી વાંકી ચુકી નથી તે કબૂલ કરે છે. સરતપાસમાં જણાવ્યા પ્રમાણે પંચનામાની કાર્યવાહી કરવામાં આવેલી નથી તો તે હકીકત નકારે છે. આ સાહેદે તથા બીજા પંચ વિજયભાઈએ આંક–૬૪૮૭ વાળા કાગળમાં સહી કરેલ નથી તો તે હકીકત નકારે છે. તા.૧૩.૨.૨૦૦૭ નાં રોજની સલીમ શેખના નામની એન્ટ્રી છે તે એન્ટ્રી મહંમદ સાજીદે કરેલી કે કેમ? તે બાબતની ખાતરી કરવાની હોય પંચનામુ કરવાનુ છે તેમ પોલીસે કહેલાનું કબૂલ કરે છે. ચાવડા સાહેબે રજીસ્ટરના ત્રણ કાગળો બતાવ્યા હોય તેવુ બનેલુ નથી. ૧૫૫ નંબરનુ પેજ અર્ધુ બતાવેલુ હોય તેવુ બન્યુ નથી. ૧૫૭ નંબરનુ પેજ બતાવેલુ હોય તેવી હકીકત પંચનામામાં લખેલી નથી.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં. ૨૦૪/૨૦૦૮ ના કામે તા.૬.૧૨.૨૦૦૮ નાં રોજ આ સાહેદ તથા બીજા પંચ વિજયભાઈને ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે બોલાવેલા. ત્યાં આરોપી હાજર હતો અને પોલીસે જણાવેલુ કે કોચીની શ્રીહરી ટુરીસ્ટ હોમમાં આરોપી રોકાયેલો હતો અને રજીસ્ટરમાં એન્ટ્રી પાડેલી હતી તેના બે પાન લાવવામાં આવેલા છે જેમાં સલીમ શેખ નામની એન્ટ્રી આરોપીએ કરેલી છે તેનુ પંચનામુ કરવાનું છે જેથી આ સાહેદે તથા બીજા પંચે આરોપીનું નામ પુછેલુ તો તેને પોતાનુ નામ મહંમદ સાજીદ મન્સુરી જણાવેલુ. ત્યારબાદ પોલીસે રજીસ્ટરના બે અર્ધા પાના બતાવેલા

જે હોટલ શ્રીહરી ટુરીસ્ટ હોમ, કોચીના રજીસ્ટરના હતા જેમાં ૨૦૨/એ માં સલીમ શેખ નામના માણસની એન્ટ્રી છે. આ રજીસ્ટરનું પાનુ આંક–૬૪૮૬ થી રજૂ છે તે ધ્યાને લેતા સલીમ શેખના નામની એન્ટ્રી હોવાનું માલુમ પડે છે. આ એન્ટ્રી પંચોની હાજરીમાં આરોપીએ ઓળખી બતાવેલી છે. વધુમાં આ સાહેદની જુબાની ધ્યાને લેતા પોલીસે છ કાગળ પંચોને આપેલા અને આરોપીને જણાવવામાં આવેલુ કે એન્ટ્રી મુજબનું લખાણ છ કાગળોમાં લખી બતાવો જેથી આરોપીએ લખી બતાવેલુ ત્યારબાદ અંગ્રેજી ન્યૂઝ પેપર આપેલુ અને તેમાંથી એક ફકરો આરોપીને આપવામાં આવેલો અને ૧૦–૧૫ લીટી આરોપીએ કાગળમાં લખેલી તેને માર્ક આપવામાં આવેલા. જે અંગેનુ પંચનામુ આંક–૬૪૮૫ વાળુ બનાવવામાં આવેલુ.

આંક–૬૪૮૫ વાળુ પંચનામુ કરનાર સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડા પોતાની જુબાનીના પેરા નં.૭.૨ માં આ હકીકત જણાવેલી છે કે આરોપી મહંમદ સાજીદનાઓએ શ્રીહરી ટુરીસ્ટ હોમ હોટલમાં સલીમ શેખના નામની જે એન્ટ્રી કરેલી તે એન્ટ્રી બાબતે પંચો રૂબરૂ છ કોરા કાગળ ઉપર આરોપીની કુલ–૩૬ સહીઓ નમૂના તરીકે મેળવવામાં આવેલી અને તેનુ પંચનામુ બનાવવામાં આવેલુ. આંક–૬૪૮૫ વાળા પંચનામામાં તથા આંક–૬૪૮૬ વાળા રજીસ્ટરના પાનામાં તથા આંક–૬૪૮૭ વાળા સહીઓના નમૂનાઓમાં આ સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે. સાહેદ નં.૧૧૬૩ની ઊલટતપાસના પેરા નં.૧૨૬ ધ્યાને લઈએ તો આંક–૬૪૮૬ થી કબજે કરેલ રજીસ્ટરના પાનવાળુ રજીસ્ટર કબજે નહીં કરવાનું કારણ આપી શકે છે કારણ કે હોટલનુ રજીસ્ટર ચાલુ હતુ. આ હોટલનું રજીસ્ટર ડયુકોર્સ મુજબ નિભાવવામાં આવેલુ ન હતુ તો તે હકીકત નકારી છે. એન્ટ્રીની ખાલી જગ્યા હતી તે રેકર્ડ ઉપર ન આવે તે માટે આખુ રજીસ્ટર કબજે કરેલુ નહીં તો તે હકીકત નકારી છે. રજીસ્ટરમાં ટોટલ કેટલા પાન હતા અને કયાં સુધીના હતા તે જોયેલુ ત્યારે એન્ટ્રીઓ થયેલી હતી કે કેમ તે કહી શકે તેમ નથી. ઉભા કરેલા પુરાવાને સમર્થન આપવા રજીસ્ટર ચાલુ હતુ તેવી ખોટી હકીકત જણાવે છે તો તે હકીકત નકારે છે.

આંક–૬૪૮૫ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી રજુઆત અને દલીલ એવી છે કે પંચનામામાં આરોપીએ જણાવેલુ કે "શ્રીહરી ટુરીસ્ટ હોમ કોચીના રજીસ્ટરમાં સલીમ શેખ નામના માણસની એન્ટ્રી મેં કરેલી છે" આ હકીકત આરોપી વિરૂધ્ધ પુરાવામાં ગ્રાહ્ય નથી. બચાવપક્ષની દલીલ સાથે હું સંમત છું પરંતુ આરોપીના કહેવા પ્રમાણે શ્રીહરી ટુરીસ્ટ હોમના રજીસ્ટરમાં સલીમ શેખની જે એન્ટ્રી છે તે એન્ટ્રીની હકીકત પુરાવામાં ગ્રાહ્યછે. આ આરોપી હોટલ શ્રી હરી ટુરીસ્ટમાં રોકાયેલા તેની માહીતી તેને જ હતી માટે તે પોલીસ તથા પંચોને ત્યાં દોરીને લઇ ગયેલ જેથી તેનુ આ વર્તન ગ્રાહ્ય છે જે સમર્થનકારી પુરાવા તરીકે ધ્યાને લઇ શકાય.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે રાજુ ગોપીનાથન નાયરને સાહેદ નં. ૯૮૯ તરીકે આંક–૬૮૭૯ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ સને–૨૦૦૮ ની સાલમાં શ્રી હરી ટુરીસ્ટ હોમ કે જે માનાપટ્ટીપરમ ખાતે આવેલી છે ત્યાં મેનેજર તરીકે નોકરી કરતા હતા. હોટલના માલીક તરીકે હરીન્દર નાયર હતા અને તે દુબઈ ખાતે રહેતા હતા તેથી તેમના ભાઈ સુચીન્દર આ હોટલના કેર ટેકર હતા. હોટલનું લાયસન્સ હતુ અને હોટલમાં આશરે કુલ–૧૬ જેટલા રૂમો હતા. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની પોલીસ તે વખતે હોટલ ઉપર આવેલી હતી. તે વખતે પોલીસને હોટલનું રજીસ્ટર બતાવેલુ અને તે હોટલ રજીસ્ટરના પાના નં.૧૫૬ અને ૧૫૭ વાળા પાના પોલીસને આપેલા. તે હોટલની એન્ટ્રી બાબતે પોલીસે પુછપરછ કરેલી. આંક–૬૪૮૬વાળા પાના નં.૧૫૬ની નીચે જે પાનુ ચોંટાડેલુ છે તેની પાછળના ભાગે તા.૧૧/૧૨/૨૦૦૭ થી લખેલી છે તે પાનું ૧૫૫ ના પાછળનો ભાગ છે. જયારે પાન નં.૧૫૭ વાળુ પાનુ ચોટાડેલુ છે ત્યાં સુધીનો પાછળનો ભાગ ૧૫૬ના આનુસાંગિક ભાગ છે. પોલીસને જયારે આ પાના નં.૧૫૬ તથા ૧૫૭ જે પ્રિન્ટ થયેલ છે તે અલગ અલગ આપેલા હતા જે રજીસ્ટરમાંથી ખેંચીને કાઢવામાં આવેલા. આ આંક–૬૪૮૬ ની તા.૧૩/૧૨ ધરાવતી એન્ટ્રી બતાવવામાં આવે છે જેમાં નામ, એડ્રેસ, ડેટ ઓફ એરાઈવલ, ટાઈમ ઓફ એરાઈવલ, કમીંગ ફ્રોમ, ગોઈંગ ટુ,

પર્પઝ આ કોલમમાંની વિગત જે વિઝીટર એટલે કે ગેસ્ટ રહેલા હતા તેમના હસ્તાક્ષરમાં છે અને સીગ્નેચરવાળા કોલમમાં જે સીગ્નેચર કરેલી છે તે પણ સલીમ શેખના નામે જે એન્ટ્રી કરેલી છે તેમણે કરેલી છે અને આ એન્ટ્રીમાં રૂમ નંબર, રેટ ઓફ રેન્ટ, એડવાન્સ, ડેટ ઓફ ડીપાર્ચર, ટાઈમ ઓફ ડીપાર્ચર અને બેલેન્સના કોલમમાં લખેલી વિગતો આ સાહેદે લખેલી છે. આ એન્ટ્રીમા જે નામ લખેલ છે તે સલીમ શેખ અને તેની નીચેનું એડ્રેસ તા.૧૩/૧૨, ૨ પી.એમ., કોટા, કોચી અને ટ્રાવેલની જે વિગતો લખેલી છે તે ગેસ્ટના હસ્તાક્ષરમાં લખેલી છે. આ વ્યકિતને રૂમ નં.૨૦૩ એલોટ કરવામાં આવેલો અને તેનુ ભાડુ રૂા.૬૦૦ લીધેલુ હતુ અને એડવાન્સ તેઓએ રૂા.૧૦૦૦ આપેલા હતા અને રૂા.૪૦૦ તેઓને પરત કરવામાં આવેલા. આ વ્યકિત તા.૧૪/૧૨, ૧૧.૩૦ વાગ્યે રૂમ ખાલી કરેલાનું જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો હોટલ ઉપર સને–૨૦૦૫ થી ૨૦૦૮ સુધી આ સાહેદે ફરજ બજાવેલી. તેમની નોકરી ચોવીસ કલાકની હતી. હોટલમાં બીજા બે માણસો સ્ટાફ તરીકે હતા. તા.૧૩.૧૨.૨૦૦૭ ના રોજ કયો વાર હતો તે કહી શકે નહીં. રજીસ્ટરના પાનવાળુ અસલ રજીસ્ટર જુબાનીના દિવસે કયાં છે તેની ખબર નથી. સાહેદે જણાવેલુ છે કે અત્યારે હોટલમાં કામ કરતા નથી. રજીસ્ટરમાંથી પાન ફાડવાનું પોલીસે કહેલુ. પાન ફાડવા બાબતે હોટલના માલીકને પુછેલુ નહીં. પાન ફાડયા પછી પોલીસે રસીદ આપેલી નહીં. આંક–૬૪૮૬ ની નોંધ બતાવવામાં આવે છે તે જોઈને સાહેદે જણાવેલુ છે કે આવનાર મહેમાન તા.૧૩.૧૨.૨૦૦૭ ના રોજ આવ્યા હોય તેવી નોંધ નથી. રજીસ્ટરના પાનાઓ ઉપર આ સાહેદની સહી નથી તે કબૂલ કરે છે. રજીસ્ટરના ત્રણ–ચાર કોલમમાં આ સાહેદે લખેલાનું ખોટુ કહે છે તો તે હકીકત નકારે છે. પોલીસને જે કંઈ જણાવેલુ તે એન્ટ્રીના આધારે જણાવેલાનું કબૂલ કરે છે. ગેસ્ટ હાઉસમાં વ્યકિત કેવા દેખાતા હતા તેનુ વર્ણન આપી શકે નહીં તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે ગેસ્ટ હાઉસમાં રોજેરોજ ઘણા માણસો આવતા જતા હોય છે દરેકનું આ સાહેદ શારીરિક વર્ણન આપી શકે નહીં તે સ્વાભાવિક છે.

જે ગેસ્ટ આવેલા તેમની પાસેથી ઓળખપત્ર લીધેલુ નહીં તે કબૂલ કરે છે. આવનાર ગેસ્ટનું નામ પુછેલુ નહીં તે કબૂલ કરે છે. લખવાવાળી એક વ્યકિત હતી અને બીજા કુલ–ત્રણ માણસો હતા તેવો ખ્યાલ છે તો તે કબૂલ કરે છે. આ પ્રશ્નનો અર્થ ધ્યાને લેતા આ વ્યકિત તથા તેની સાથે બીજા ત્રણેક માણસો ગેસ્ટ હાઉસ ઉપર ગયેલા હતા તેવુ કહી શકાય. વાઘમોન નામનુ સ્થળ ટુરીસ્ટ હોમથી કેટલા કી.મી. દુર છે તેની ખબર નથી. આંક–૬૪૮૬ વાળુ પાન બે અર્ધા અને બે આખા સ્વરૂપમાં નથી તે કબૂલ કરે છે. આ પાનામાં એન્ટ્રીના અનુક્રમ નંબરો લખેલા નથી તે કબૂલ કરે છે. રજીસ્ટર દોરીથી બાંધી બાઈન્ડીંગ કરેલુ હતુ તે કબૂલ કરે છે. તા.૧૮.૧૧.૨૦૦૮ ના રોજ ચાવડા સાહેબ આવેલા અને રજીસ્ટર બાબતે તેમજ રોકાયેલા માણસો બાબતે પુછેલાનું કબૂલ કરે છે. સરતપાસમાં જણાવ્યા પ્રમાણે શ્રીહરી ટુરીસ્ટ હોમ નામની હોટલમાં મેનેજર તરીકે ફરજ બજાવતા ન હતા તો તે હકીકત નકારી છે. પોલીસને મદદ કરવા માટે આંક–૬૪૮૬ ના પાનવાળી એન્ટ્રીની માહિતી ખોટી આપેલાની હકીકત નકારે છે. હોટલનું રજીસ્ટર ગર્વમેન્ટ ઓથોરીટી પાસે સર્ટિફાઈડ કરાવેલુ ન હતુ. રજીસ્ટરમાં કેટલા પાન હતા તે બાબતે કોઈ પ્રમાણપત્ર આપેલુ નહીં. હોટલમાં જેટલા પણ માણસો આવે તે માણસો એક રૂમમાં રોકાય તે પૈકી એક માણસનું નામ લખવામાં આવતુ હતુ. રજીસ્ટરમાં જે ભાડુ લખેલુ છે તે વ્યકિત દીઠ છે કે રૂમ દીઠ તે સ્પષ્ટ જણાવેલુ નથી. રસીદ બુક પોલીસને આપેલી કે કેમ તે યાદ નથી. હોટલના રજીસ્ટરમાં દરેક એન્ટ્રીની એક કોલમ છે અને તે પ્રિન્ટેડ છે તે કબૂલ કરે છે. રજીસ્ટર વખતો વખત મેજિસ્ટ્રેટ તપાસતા ન હતા અને પોલીસ પણ ચકાસતી નથી.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓ હોટલ શ્રીહરી ટુરીસ્ટ હોમ કોચી ખાતે ગયેલા અને ત્યાં હોટલના મેનેજર એટલે કે હાલના સાહેદ પાસેથી તા.૧૧.૧૨.૨૦૦૭ ના રોજની એન્ટ્રીવાળુ રજીસ્ટરનુ પાનુ આ સાહેદ પાસેથી સાહેદ મયુર ચાવડાએ કબજે કરેલુ છે. બચાવપક્ષ તરફથી દલીલ અને રજૂઆત

એવી છે કે રજીસ્ટરના પાના બે ભાગમાં ચોંટાડેલા છે. આ પાના રજીસ્ટરમાંથી ફાડયા હોય તેવુ માલુમ પડતુ નથી તેમજ રજીસ્ટરને મેજિસ્ટ્રેટ પાસે લઈ જઈ વેરીફાઈ કરાવેલ નથી. પરંતુ મારા મત પ્રમાણે શ્રીહરી ટુરીસ્ટ હોમ કોઈ ફાઈવસ્ટાર હોટલ નથી, સામાન્ય હોટલ છે અને રજીસ્ટરમાં પાન ફાડવામાં આવેલા છે. ફાડેલા પાન હોય તેવુ માલુમ પડતુ નથી તેવી જે રજુઆત છે તે માની શકાય તેમ નથી કારણ કે આંક–૬૪૮૬ વાળુ રજીસ્ટરનુ પાનુ વાંકુ ચુકુ ફાડવામાં આવેલુ છે. બાઈન્ડીંગ કરેલા રજીસ્ટરમાંથી જો પાન ફાડવામાં આવે તો આ પ્રમાણે વાંકુચુંકુ ફાટે. વધુમાં એવી પણ દલીલ અને રજૂઆત છે કે આ રજીસ્ટરમાં એન્ટ્રીને સીરીયલ નંબર આપવામાં આવેલા નથી. પરંતુ સીરીયલ નંબર ન હોવાનું બહુ મહત્વ નથી. કારણ કે આરોપી નં.૧૪ નાઓએ સલીમ શેખના નામની જે એન્ટ્રી કરેલી છે તે એન્ટ્રી રજીસ્ટરના પાનામાં સ્પષ્ટપણે બતાવેલી છે.

તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ આંક–૬૪૮૫ વાળા પંચનામાની વિગતે કોચી ખાતે આવેલ શ્રી હરી ટુરીસ્ટ હોમનું રજીસ્ટર પંચ સાહેદ નં.૯૦૫ કલ્પેશભાઈ રતીલાલ ગજજરની હાજરીમાં કબજે કરેલુ અને આ જ આરોપી નં.૧૪ મોહમદ સાજીદ ગુલામખ્વાજા મન્સુરીને અટક કર્યા બાદ આ જ પંચ સાહેદની હાજરીમાં આંક–૬૪૮૫ વાળા પંચનામાની વિગતે આરોપી નં.૧૪ ના હસ્તાક્ષરના નમૂના મેળવેલા અને તે નમૂના તથા રજીસ્ટરની એન્ટ્રી આંક–૬૮૯૨ ની રવાનગી નોંધ સાથે હસ્તાક્ષર નિષ્ણાંતના અભિપ્રાય માટે એફ.એસ.એલ. ગાંધીનગરને મોકલી આપેલા. આંક–૬૮૯૨ ની રવાનગી નોંધમાં જણાવ્યા મુજબ...

(૧) શ્રી હરી ટુરીસ્ટ હોમના રજીસ્ટરનો ઉતારો જેમાં તા.૧૩/૧૨/૦૭ ના રોજની સલીમ શેખના નામની એન્ટ્રી છે તે માર્ક–D1

(૨) મેળવેલ હસ્તાક્ષર/સહીઓના નમૂના માર્ક–S1 થી S6

(૩) એક લીટીવાળા કાગળમાં અંગ્રેજીમાં લખી આપેલ પેરેગ્રાફ માર્ક–N1

ઉપરોકત નમુનાઓનું પૃથક્કરણ કરનાર અધિકારી સાહેદ નં.૯૯૦ કૌશિકકુમાર પુજાલાલ વ્યાસનાઓએ કરેલુ અને તેમને આંક–૬૮૮૮થી

અભિપ્રાય આપેલો છે અને અભિપ્રાય ઉપર આવવાના કારણો આપેલા તે આંક–૬૮૮૯ થી રજૂ છે. આ અભિપ્રાય તથા કારણો આંક–૬૮૯૦ના ફોરવર્ડીંગ પત્રથી તપાસ કરનાર અધિકારીને મોકલી આપેલા હતા. આંક–૬૮૮૮, ૬૮૮૯ વાળા દસ્તાવજોમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આંક–૬૮૮૮ વાળા અભિપ્રાય મુજબ Resultant upon a careful and thorough examination of all the documents, relating to this case, with necessary scientific aids, such as magnifying lenses, VSC–5000, etc. the opinion is as under :– The person who wrote the standard writings and signatures marked S1 to S6 and N1 also wrote the red encircled disputed writings and signature marked D1/1 and D1/2. આ અભિપ્રાય મુજબ રજીસ્ટરમાં જે વ્યકિતએ એન્ટ્રી કરેલી તે વ્યકિતના હસ્તાક્ષરો નમૂનાના હસ્તાક્ષરો સાથે મળતા આવેલા છે જેથી હોટલ શ્રી હરી ટુરીસ્ટ હોમમાં આ આરોપીએ જ એન્ટ્રી કરેલી હતી તે સ્પષ્ટ બને છે આ હકીકતને હોટલના મેનેજર સાહેદ નં.૬૮૯ ની જુબાનીથી સમર્થન મળે છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે તાલીબ અબ્દુલ ગફાર મણીયારને સાહેદ નં.૧૦૪૧ તરીકે આંક–૭૦૫૬ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ સને–૨૦૦૮ના વર્ષમાં આ સાહેદ ચાની ફેરીનો ધંધો કરતા હતા. તેઓ શીવાજીનગર ખાતે આવેલી પ્રાથમિક શાળામાં ભણતા હતા ત્યારે અજીમહુસેન અને મસીયુદ્દીન સાથે ઓળખાણ થયેલી. વધુમાં આ સાહેદની સરતપાસ પ્રમાણે અજીમ તથા મસીયુદ્દીન સાથે ઓળખાણ થયા બાદ મિત્રો સાથે સીમીમાં જોડાયેલા હોય તેવુ બનેલુ નથી. અમદાવાદની મીટીંગીમાં સીમીના યુનુસ મન્સુરી, સમસુદ્દીન શેખ તથા અન્ય વીસેક માણસો જેમાં જનરલ સેક્રેટરી સફદર નાગોરી હાજર હોય તેવુ બનેલુ નથી. આ સાહેદે ફરિયાદપક્ષને સમર્થન કરેલુ ન હોવાથી સરકારી વકીલશ્રીની વિનંતીથી સાહેદને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા અને ત્યારબાદ સરકારી વકીલશ્રી દ્વારા ઊલટતપાસ થયેલી છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પોલીસ નિવેદનમાં લખાવેલી હકીકતનો તેમને ઈન્કાર કરેલો છે. ખોટી જુબાની આપતા હોવાની હકીકત પણ નકારેલી છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે મહમદશોએબ ઉર્ફે સલીમબાબા મહમદહનીફ ગુલામમીયા શેખને સાહેદ નં.૧૦૯૯ તરીકે આંક–૭૭૭૪ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ આ સાહેદ સને–૨૦૦૮ અગાઉ ત્રણેક વર્ષથી "બાબા કોમ્યુનીકેશન" નામથી મોબાઈલની દુકાન ચલાવતા હતા. તેઓ મોબાઈલ રીપેરીંગનુ તથા મોબાઈલ એસેસરીઝનુ કામ કરતા હતા. આ સાહેદના મિત્રોમાં સુલેમાન અન્સારી, આરીફ ઈકબાલ, શોએબ અન્સારી, તન્વીર પઠાણનાઓ હતા. આ તન્વીર પઠાણ સાથે આ સાહેદ ભણતા હતા. તન્વીર પઠાણ એ.સી./ફ્રીજ રીપેરીંગનું કામ કરતા હતા. આ તમામ મિત્રોએ ભેગા થઈને ચાઈનીઝ કુડની લારી પણ ચાલુ કરેલી. આ સાહેદ મોબાઈલની દુકાન ઉપર બેસવા લાગેલા ત્યારે બધા મિત્રો ત્યાં ભેગા થતા હતા. તે વખતે બીજુ કાંઈ બનેલુ નહીં. ડી.સી.બી. પોલીસ સ્ટેશન ખાતે જવાબ લીધેલો, કઈ તારીખે લીધેલો તે યાદ નથી. પોલીસે જવાબ વાંચ્યો હોય તેવુ બનેલુ નથી. પોલીસને આ સાહેદે લખાવ્યા મુજબ પોલીસે જવાબ લખેલો તેવુ બનેલુ તેમ જણાવે છે. આમ આ સાહેદે પોલીસમાં જવાબ લખેલાનું સ્પષ્ટ બને છે પરંતુ એવુ પણ જણાવે છે કે સને–૨૦૦૮ના વર્ષમાં પોલીસે જવાબ લીધો તેના આશરે છ મહીના પહેલા તેમની મોબાઈલ શોપ ઉપર બે ઈસમ આવેલા અને જણાવેલુ કે ખીદમત ગ્રુપવાળા અદનાનને મળવુ છે તો તેવુ બનેલ નથી. અદનાનને મોબાઈલ ફોન કરીને દુકાને બોલાવેલો હોય તેવુ બનેલુ નથી. સુરત ખાતે કીલ્લામાં એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેબ સમક્ષ ઓળખ પરેડ માટે બોલાવેલાનું જણાવે છે. આ સાહેદે ફરિયાદપક્ષને સમર્થન કરેલ ન હોવાથી સરકારી વકીલશ્રીએ ફરી ગયેલા જાહેર કરવા વિનંતી કરેલી અને સાહેદને ફરી ગયેલા જાહેર કરેલા છે.

ફરિયાદપક્ષ દ્વારા આ સાહેદની અદાલતની પરવાનગીથી ઊલટતપાસ થયેલી છે તે ધ્યાને લઈએ તો તા.૬.૧૦.૨૦૦૮ ના રોજ પોલીસે નિવેદન લીધેલાનું કબૂલ કરે છે. પોલીસ રૂબરૂના નિવેદનમાં મહંમદ શોએબ ઉર્ફે મહંમદ સલીમ ઉર્ફે સલીમ બાબા સન ઓફ મહંમદ હનીફ શેખનું નામ આપેલાનું કબૂલ કરે છે. પોલીસને મોબાઈલ નં.૯૮૨૪૧૧૬૬૯૧ તથા દુકાનનો નંબર આપેલાનું કબૂલ કરે છે. દુકાનના માલીક મુમતાઝખાન છે તે હકીકત પોલીસને જણાવેલી. ચાર મિત્રોએ ચાઈનીઝની લારી શરૂ કરેલી અને પછી બંધ કરેલાની હકીકત પોલીસને જણાવેલાની કબૂલ કરે છે. ફરિયાદપક્ષ તરફથી એવો પ્રશ્ન પુછવામાં આવેલો છે કે તમારા પોલીસ નિવેદનમાં તમે એવુ લખાવેલુ છે કે "મારી હકીકત મારા લખાવ્યા મુજબ બરાબર અને ખરી છે ?" તો સાહેદે જણાવેલુ છે કે "આ લખેલુ છે પરંતુ મેં વાંચેલુ નહી". આ હકીકત ધ્યાને લેતા સાહેદે પોલીસ રૂબરૂ નિવેદન આપેલુ તે સ્પષ્ટ બને છે. આ સાહેદની દુકાને બે ઈસમો અદનાનને શોધવા આવેલા તે પૈકી એક ઈસમ દુકાનની અંદર આવેલો જે સાડા પાંચ ફુટ ઉંચાઈ અને મધ્યમ બાંધાનો, ઘઉં વર્ણનો, લાંબુ મોઢુ, નાની દાઢી, કપાળ ઉંચુ અને ચશ્મા પહેરેલો હતો તેવુ નિવેદનમાં લખાવેલાની હકીકત નકારેલી છે. સાજીદ મન્સુરી વિશે પુછતા તેને જોયે ઓળખુ છું તેમ જણાવે છે તથા તેની સાથે તન્વીર પઠાણને મિત્રતા હતી તે તથા તન્વીર પઠાણ ખીદમત ગ્રુપનો સભ્ય હતો, આ તન્વીર સ્વભાવે તીખો અને વાતવાતમાં ગુસ્સે થઈ જાય તેવો હતો તે તથા મુસ્લિમ કોમ પ્રત્યે લાગણી હતી અને જેહાદી વાતો તેમજ ઉશ્કેરણીજનક શબ્દોનો ઉપયોગ કરતો હતો તો તે હકીકત નકારી છે. તન્વીર પઠાણ તથા બીજા મિત્રોને બચાવવા ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારી છે.

આ સાહેદની આરોપીઓ તરફથી પણ ઊલટતપાસ કરવામાં આવેલી છે તે ધ્યાને લઈએ તો આ સાહેદ તથા તેનુ કુટુંબ કે તેના મિત્રો ગેરકાયદેસરની પ્રવૃત્તિમાં સંડોવાયેલા નથી તો તે કબૂલ કરે છે. ખીદમત ગ્રુપના નામથી આ સાહેદ તથા તેના મિત્રો સેવાભાવી કાર્ય કરતા હતા તો તે હકીકત કબૂલ કરે છે. ઓગસ્ટ, સપ્ટેમ્બર, ઓકટોબર–૨૦૦૮મા સુરત ડી.સી.બી.

પોલીસ સ્ટેશનમાં આ સાહેદને તથા તેના મિત્ર અદનાન, ફાઈઝ તથા અબ્દુલ કરીમ, ઈસ્માઈલને અવારનવાર બોમ્બ પ્લાન્ટેશનના કેસો બાબતે બોલાવવામાં આવતા હતા તે કબૂલ કરે છે. આ સમય દરમ્યાન પોલીસ અનેક પ્રકારે માનસીક દબાણ કરતી હતી તે કબૂલ કરે છે. પોલીસે એક ફોટો આપેલો અને તેને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટની કોર્ટમાં ઓળખી બતાવવાનો છે તેવુ પોલીસે કહેલાની હકીકત કબૂલ કરી છે. ઓળખ પરેડ પત્યા પછી પોલીસે આ સાહેદને કયારેય બોલાવ્યા નથી તે કબૂલ કરે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદની આ કેસોની તપાસ દરમ્યાન પોલીસે પુછપરછ કરી જવાબ લીધેલો છે. આ સાહેદ તન્વીર પઠાણનાઓને સારી રીતે ઓળખે છે. તન્વીર પઠાણ ખીદમત ગ્રુપ સુરતનો સભ્ય હતો. સુરતમાં બોમ્બ પ્લાન્ટેશનના બનાવો બન્યા તેમજ અમદાવાદ ખાતે બોમ્બ બ્લાસ્ટના બનાવો બન્યા બાદ આ સાહેદની પુછપરછ કરવામાં આવેલી છે. આ સાહેદને ઓળખ પરેડ માટે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ ચોક બજાર ખાતે આવેલી કોર્ટમાં લઈ ગયેલા છે. એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સમક્ષ આરોપી નં.૬૩ ને ઓળખી બતાવેલો છે. આ સાહેદને ફરિયાદપક્ષે ફરી ગયેલા જાહેર કર્યા છે પરંતુ તેઓની જુબાની સંપૂર્ણપણે ન માનવી જોઈએ તેવુ નથી. આ સાહેદે અકુદરતી જુબાની આપેલી છે. તેઓની સમગ્ર જુબાની ધ્યાને લેતા આ સાહેદે આરોપીઓને બચાવવા માટે જુબાની આપેલી હોવાનું સ્પષ્ટપણે માલુમ પડે છે. બચાવપક્ષની ઊલટતપાસ દરમ્યાન આ સાહેદે પોલીસ આરોપીઓને મારજુડ કરતી હતી, વારંવાર આ સાહેદ તથા આ સાહેદના અન્ય મિત્રોને પોલીસ, પોલીસ સ્ટેશનમાં બોલાવતી હતી. આમ આ સાહેદે અકુદરતી જુબાની આપેલી છે જે વિશ્વાસપાત્ર નથી અને આરોપીઓને બચાવવા માટે ઈરાદાપૂર્વક આરોપીના લાભમાં અને ફરિયાદપક્ષની વિરૂધ્ધમાં જુબાની આપેલાનું માલ સ્પષ્ટપણે માનવુ છે. આ સાહેદે પોતાની જુબાની દરમ્યાન વી.સી. દ્વારા ટીવી સ્ક્રીન ઉપર આરોપી નં.૬૩ તન્વીર પઠાણને ઓળખી બતાવેલો છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે મોહમદ ફારૂક અબ્દુલરસીદ માસ્ટરને સાહેદ નં.૧૧૦૩ તરીકે આંક–૭૭૯૯ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ આ સાહેદ રૂમ નં.૮, ભાવનગરી શેરી, રાણી તળાવ, સુરત ખાતે ૧૫–૧૬ વર્ષથી રહે છે. સને–૨૦૦૮ ના વર્ષમાં રેડીમેઈડ કપડાની દુકાન ધરાવતા હતા. આ સાહેદના મિત્ર સાજીદ મન્સુરી પહેલા એંગ્લો ઉર્દૂ સ્કૂલમાં ભણેલા હતા. સાજીદ મન્સુરીની પત્નીનુ નામ સાજીયાબાનુ છે. સાજીદ મન્સુરી ભણતા હતા ત્યારે માર્કેટીંગમાં જોબ કરતા હતા. સુરત ડી. સી. બી. પોલીસે ઓગસ્ટ–૨૦૦૮ મા આ સાહેદનું નિવેદન લીધેલાનું જણાવે છે. ઓગસ્ટ–૨૦૦૮ મા જે નિવેદન લખાવેલુ તે બાબતે બીજુ કંઈ જાણતા નથી. સાજીદ મન્સુરી સીમી સાથે જોડાયેલા હોય અને બીજા એક માણસને ડિસેમ્બર માસમાં ઘરે લઈ આવેલો હોય અને તે માણસનું નામ મુકતી હોય તેવુ બનેલુ નથી. આ સાહેદ ફરિયાદપક્ષની હકીકતને સમર્થન કરતા ન હોય સરકારી વકીલશ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરવા વિનંતી કરેલી, તેમની વિનંતી માન્ય રાખવામાં આવેલી અને અદાલતની પરવાનગીથી તેઓની ઊલટતપાસ કરેલી છે. તે ધ્યાને લઈએ તો તા.૧૭.૮.૨૦૦૮ નાં રોજ મદદનીશ પોલીસ કમિશનર સુજાતા મજમુદારે જવાબ લીધેલાનું કબૂલ કરે છે. જવાબ આ સાહેદના લખાવ્યા મુજબ લખી લેવામાં આવેલાનું પણ કબૂલ કરે છે. પોલીસ રૂબરૂના નિવેદનમાં સાજીદ મન્સુરી ધોરણ–૧૨ માં ભણતો હતો ત્યારે સને–૧૯૯૩મા સીમીમાં જોડાયેલો તેવુ પોલીસ જવાબમાં લખાવેલાની હકીકત નકારેલી છે. કોલેજ કાળ દરમ્યાન સાજીદ મન્સુરી કટ્ટર ઈસ્લામિક વિચાર ધરાવતો હતો અને આ સાહેદને પણ સીમીમાં જોડાય જવા કહેતો હતો તેવી હકીકત પોલીસ જવાબમાં લખાવેલાની હકીકત નકારેલી છે. તાલીબ અને અજમુદ્દીન સાથે સાજીદે આ સાહેદની ઓળખાણ કરાવેલાની હકીકત પોલીસ જવાબમાં લખાવેલાનું નકારે છે. મસીઉદ્દીન તેમજ રફીક પટેલ સાથે મળીને ખીદમત ગ્રુપ શરૂ કરેલાની હકીકત પોલીસ જવાબમાં લખાવેલાનું નકારે છે. મુકતી નામનો માણસ સાજીદ મન્સુરી સાથે ઘરે આવેલો અને તેની ઓળખાણ કરાવેલાની હકીકત પણ આ સાહેદે

નકારેલી છે. અડાજણ બ્રિજના છેડા તરફ સાજીદ મન્સુરી, મુફતી, રફીક પટેલ, આરીફ પટેલ, ઈસ્માઈલ શેખ, તન્વીર પઠાણ, જહીર પઠાણ, અદનાન ગુજરાતી, અબ્દુલ કરીમ વિગેરે ભેગા થયેલા અને મુકતીએ ઈસ્લામિક બાબતે તકરીર કરેલી, મુસ્લિમો લોકશાહીમાં માનતા નથી વિગેરે હકીકતો પોલીસ જવાબમાં લખાવેલાની હકીકતો નકારેલી છે. આરોપી સાજીદ મન્સુરી, મુકતી, તન્વીર પઠાણ, જહીર પટેલ, રફીક પટેલને બચાવવા સોગંદ ઉપર ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારી છે.

આ સાહેદની આરોપીઓ તરફથી પણ ઊલટતપાસ કરવામાં આવેલી છે તે ધ્યાન લેતા જુલાઈ–ઓગસ્ટ ૨૦૦૮ના અરસામાં સુરત ડી.સી.બી. પોલીસે ઘણા મુસ્લિમ કોમના લોકોને પોલીસ સ્ટેશને બોલાવી પુછપરછ કરેલાનું કબૂલ કરે છે. કેટલા મુસ્લિમ છોકરાઓને બોલાવવામાં આવેલા તેની ખબર નથી. પુછપરછ માટે પોલીસે એક વખત બોલાવેલા. પોલીસે જે લખેલુ તે વાંચવા આપેલુ નહીં.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદની આ કેસોની તપાસ દરમ્યાન પોલીસે પુછપરછ કરી જવાબ લીધેલો છે અને તેમની ફરિયાદપક્ષ દ્વારા થયેલી ઊલટતપાસમાં સાહેદે સ્પષ્ટ જણાવેલુ છે કે તા.૧૭.૮.૨૦૦૮ ના રોજ પોલીસે તેમનો જવાબ લીધેલો અને તે જવાબ લખાવ્યા મુજબનો પોલીસે લખી લીધેલો. આ હકીકત હોવા છતાં આરોપીઓ તરફથી કરવામાં આવેલી ઊલટતપાસમાં આ સાહેદ વિપરીત હકીકત જણાવે છે. જે માનવા યોગ્ય નથી. આ સાહેદને ફરિયાદપક્ષે ફરી ગયેલા જાહેર કર્યા છે પરંતુ તેઓની જુબાની સંપુર્ણપણ ન માનવી જોઈએ તેવુ નથી. આ સાહેદે અકુદરતી જુબાની આપેલી છે. તેઓની સમગ્ર જુબાની ધ્યાને લેતા આ સાહેદે આરોપીઓને બચાવવા માટે જુબાની આપેલી હોવાનું સ્પષ્ટપણે માલુમ પડે છે. આમ આ સાહેદે અકુદરતી જુબાની આપેલી છે જે વિશ્વાસપાત્ર નથી અને આરોપીઓને બચાવવા માટે ઈરાદાપૂર્વક આરોપીના લાભમાં અને ફરિયાદપક્ષની વિરૂધ્ધમાં જુબાની આપેલાનું મારૂ સ્પષ્ટપણે માનવુ છે.

આ આરોપી નં.૧૪ મોહમદ સાજીદ ઉર્ફે સલીલ ઉર્ફે સજજાદ ઉર્ફે સાદ ગુલામ ખ્વાજા મન્સુરીએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે તે પ્રશ્નના જવાબમાં તેને ફરીયાદપક્ષના પુરાવા સબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના બચાવ માટે જે હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦ માં જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી. આરોપીએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં જે કાંઇ હકીકત જણાવી છે તે હકીકત અગાઉ કયારેય જણાવી નથી અને પાછળથી સમજી, વિચારીને સલાહ, સુચનો મેળવી ખોટી હકીકતો લખાવી છે અને આ અંગે કોઇ પુરાવો રજૂ કરેલો નથી માટે આરોપીએ લખાવેલી તમામ હકીકતો માનવા યોગ્ય નથી.

આ ઉપરાંત આરોપી નં.૧૪ મોહમદ સાજીદ ઉર્ફે સલીલ ઉર્ફે સજજાદ ઉર્ફે સાદ ગુલામ ખ્વાજા મન્સુરીનાઓએ આંક–૯૨૦૫ થી શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી. નં.૨૩૬/૨૦૦૮ ના કામે તેઓને અટક કર્યા અંગેનો એરેસ્ટ મેમોની પ્રમાણીત નકલ પોતાના બચાવ માટે રજૂ કરેલ છે. તે ધ્યાને લઈએ તો આરોપીને તા.૧૬.૮.૨૦૦૮ ના રોજ શાહીબાગ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ગુનામાં અટક કરેલો છે. આ ઉપરાંત આ આરોપીએ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧ ને ઉદેશીને તા.૨૯.૧૨.૨૦૦૮ નાં રોજ ક્રાઇમ બ્રાન્ચ વિરૂધ્ધ ફરિયાદ આપેલી તે ફરિયાદની પ્રમાણીત નકલ પણ તેને રજૂ કરેલી છે. આ પ્રમાણીત નકલ ધ્યાને લઈએ તો આરોપીના કહેવા પ્રમાણે તા.૩૧.૭.૨૦૦૮ થી તા.૧૬.૮.૨૦૦૮ સુધીના સમય દરમ્યાન તેઓને ક્રાઇમ બ્રાન્ચમાં ગેરકાયદેસર ગોંધી રાખવામાં આવેલા હતા પરંતુ આ આરોપીને ક્રાઇમ બ્રાન્ચ દ્વારા તા. ૩૧.૭.૨૦૦૮ થી તા.૧૬.૮.૨૦૦૮ સુધી ગેરકાયદેસર રીતે ગોંધી રાખેલા હોય તો તે અંગેની કોઈ ફરીયાદ તા.૧૭.૮.૨૦૦૮ ના રોજ આરોપીને મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ સમક્ષ રજૂ કર્યા ત્યારે આપેલી

નથી. તા.૧૭.૮.૨૦૦૮ ના રોજ મેજિસ્ટ્રેટ રૂબરૂ તેઓને રજૂ કર્યા તે રીપોર્ટ ધ્યાને લઈએ તો આરોપીએ મેજિસ્ટ્રેટશ્રીને ક્રાઈમ બ્રાન્ચમાં માર માર્યા અંગેની કે તેઓને ગોંધી રાખ્યા હોય તેવી કોઈ રજૂઆત કરેલી નથી. ઉલટાનું મેજિસ્ટ્રેટશ્રીએ પોલીસ વિરૂધ્ધ અયોગ્ય વર્તનની કોઈ ફરિયાદ કરતો નથી જેથી આરોપીને જયુડીશીયલ કસ્ટડીમાં લેવામાં આવે છે તેવો હુકમ કરી મેજિસ્ટ્રેટશ્રીએ તારીખ લખી પોતાની સહી કરેલ છે. આ આરોપી સાથે આરોપી નં.૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮ અને ૧૪ નાઓને પણ તા.૧૬.૮.૨૦૦૮ ના રોજ અટક કર્યા બાદ તા.૧૭.૮.૨૦૦૮ ના રોજ મેજિસ્ટ્રેટ રૂબરૂ રજૂ કરેલા છે અને અયોગ્ય વર્તનની કોઈ ફરિયાદ આરોપીઓએ કરેલી નથી. આમ તા.૩૧.૭.૨૦૦૮ થી તા.૧૬.૮. ૨૦૦૮ ના સમય દરમ્યાન આરોપીને ક્રાઈમ બ્રાન્ચમાં ગોંધી રાખીને માર મારેલો હોય કે શારીરિક, માનસીક ત્રાસ ગુજાર્યો હોય તેવી હકીકત બનેલી નથી. આ સમય દરમ્યાન આરોપી જ નહીં પરંતુ તેઓના કુટુંબીજનોએ પણ તપાસ કરનાર અધિકારીના ઉપલા અધિકારીને કે કોર્ટમાં આવીને પણ કોઈપણ પ્રકારની દાદ માંગતી અરજી આપેલી નથી માટે આરોપીને તા.૩૧.૭.૨૦૦૮ થી તા.૧૬.૮. ૨૦૦૮ ના સમય દરમ્યાન ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ગોંધી રાખ્યાની તેમજ તેઓને માનસીક અને શારીરિક ત્રાસ આપ્યાની હકીકત માનવા યોગ્ય નથી. આ ઉપરાંત આરોપીની આંક–૯૨૧૩વાળી અરજી ધ્યાને લેતા એવી પણ હકીકત છે કે તેઓને ચોવીસ કલાક હાથકડીઓ પાછળ બાંધી રાખી બુરખો પહેરાવી રાખતા હતા, દંડાથી આખી રાત તેઓને પીટવામાં આવતા હતા, તેઓને માર મારતા જખમ થતા ન હતા પરંતુ આંતરિક રીતે ખૂબ જ દુઃખાવો થતો હતો તેવી પણ હકીકત છે. જો આરોપીને માર મારવાથી સખત દુખાવો થતો હતો તો તા. ૧૭.૮. ૨૦૦૮ ના રોજ જયારે આરોપીને મેજિસ્ટ્રેટ રૂબરૂ રજૂ કર્યા ત્યારે તેઓના શરીરના અંદરના ભાગે દુખાવો થવા અંગેની કોઈ ફરિયાદ કરેલી નથી કે તેઓને સારવારની જરૂર છે તો તબીબી સારવાર આપવા અંગેની કોઈ અરજ કરેલી નથી. એટલુ જ નહીં આરોપીએ સારવાર લીધી હોય તો તે અંગેના કોઈ કાગળો રજૂ કરેલા નથી. આ આરોપીઓને તા.૧૭.૮.૨૦૦૮ ના રોજ મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કર્યા પછી

તપાસ કરનાર અધિકારીએ આરોપીઓની પોલીસ કસ્ટડીની માંગણી કરેલી તે હુકમ પણ અસલ કામમાં રજૂ છે. આરોપીઓના વકીલશ્રી હાસીમ કુરેશીનાઓનું પણ વકીલપત્ર સામેલ છે. રીમાન્ડ અરજીનો હુકમ ધ્યાને લઈએ તો આરોપીઓ વતી તેમના વકીલશ્રીએ અદાલત સમક્ષ રીમાન્ડ અરજીની વિરૂધ્ધમાં રજૂઆતો પણ કરેલી છે. જો તેઓને માર મારેલા હોય કે ગોંધી રાખ્યા હોય તો તે અંગેની રજૂઆત વકીલશ્રીએ પણ આરોપીઓ વતી કરેલી નથી. આ ઉપરાંત તેઓની આંક–૯૨૧૩ની અરજી મુજબ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા સાદા પેપરો ઉપર તેઓની સહીઓ લેવામાં આવેલી પરંતુ કેટલા પેપર ઉપર સહીઓ લીધેલી, કેટલી સહીઓ લીધેલી તે અંગેની પણ કોઈ હકીકત આરોપી તરફથી રજૂ થયેલી નથી માટે મારા સ્પષ્ટ મંતવ્ય પ્રમાણે આરોપીએ તા.૨૯.૧૨.૨૦૦૮ ના રોજ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ ને ક્રાઈમ બ્રાન્ચ વિરૂધ્ધ ફરિયાદ આપેલી તે ઉપજાવી કાઢેલી ફરિયાદ છે તેવુ ચોકકસપણે કહી શકાય. આ ફરિયાદ તેઓએ સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતેથી મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ ને મોકલેલી છે. આરોપીના જુદા–જુદા કેસોમાં રીમાન્ડ પુરા થયા પછી આરોપી જયુડીશીયલ કસ્ટડીમાં ગયા પછી ત્યારબાદ સમજી વિચારીને પોતાનો બચાવ ઉભો કરવા માટે આ ફરિયાદ અરજી મોકલેલી હોવાનું સ્પષ્ટપણે જણાય આવે છે. આરોપીએ પોતાના વિશેષ નિવેદનમાં ઉપરોકત જે હકીકત જણાવેલી છે તે અંગે આરોપીએ કોઈ સાહેદ તપાસેલા નથી કે વિશેષ નિવેદનની હકીકત પુરવાર કરવા માટે અન્ય કોઈ પુરાવો રજૂ કરેલો નથી. જેથી આરોપીએ વિશેષ નિવેદનમાં જે કોઈ હકીકતો જણાવી છે તે ખોટી છે તેમ હું માનુ છું તથા આંક–૯૨૧૩ વાળી ફરિયાદ પોતાનો બચાવ ઉભો કરવા જાણી જોઈને ઉભી કરેલ હોવાનું માલુમ પડે છે.

આરોપી નં.૧૪ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૯૮૧, ૧૦૬૭, ૧૦૮૪, ૫૭૧, ૪૬૧, ૮૭૮, ૯૦૦, ૯૧૭, ૯૭૫, ૮૩૦, ૮૮૧, ૮૯૪, ૯૦૫, ૯૮૯, ૯૯૦, ૧૦૨૧, ૧૦૨૩, ૧૦૨૪, ૧૦૨૫,

૧૦૪૧, ૧૦૯૯, ૧૧૦૩, ૭૮૬, ૭૯૦, ૭૯૨, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ છે. આ ઉપરાંત આ આરોપી નં.૨, ૨૧ તથા આરોપી નં.૩૫ ના કબૂલાત નિવેદનો પણ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતાં આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવો તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપીને તા.૧૬.૮.૨૦૦૮ ના રોજ અટક કરવામાં આવેલો હતો અને સાહેદ નં.૪૬૧ અંકિત ભટ્ટની હાજરીમાં તા.૧૦.૧૧.૨૦૦૮ ના રોજ રેલ્વે સ્ટેશન સામે પુજા લગેજ નામની દુકાન આગળ મુકેલ કોઇન બોક્સ વાળી જગ્યા બતાવેલી તેનું આંક–૨૮૨૨ વાળુ પંચનામુ તપાસ કરનાર અધિકારીએ બનાવેલુ હતુ. આમ આરોપીને અટક કર્યા બાદ ત્રણ માસ પછી આ પંચનામુ બનાવેલુ છે. પરંતુ મારા મત પ્રમાણે આ આરોપી અમદાવાદ તેમજ સુરત શહેરમાં નોંધાયેલી તમામ કુલ–૩૫ ફરિયાદોના કામે અટક કરવામાં આવેલો છે. તપાસ કરનાર અધિકારીઓ જુદા–જુદા છે જેથી તાત્કાલિક પંચનામુ બનાવેલુ ન હોય તેથી કરીને પંચનામુ ખોટુ છે તેમ કહેવાય નહીં. આ પંચનામા મુજબ આરોપી જે જે જગ્યાઓ ઉપરથી અને કોઇન બોક્ષ ઉપરથી સહઆરોપી તન્વીર પઠાણને ફોન કરેલા તે જગ્યાઓ બતાવેલી છે. વકીલશ્રી આર.કે.શાહની દલીલ પ્રમાણે આ આરોપીએ સહઆરોપી તન્વીર પઠાણને ફોન કરેલા તેવુ કહેનાર કોઈ સાહેદ નથી. તેઓની આ દલીલ સાથે હું સંમત છું. કોઇન બોક્ષના માલીકોને ફરિયાદપક્ષે તપાસેલા છે કોઈપણ સાહેદે એવુ કહેલુ નથી કે આ આરોપીએ આ કોઇન બોક્ષ ઉપરથી ફોન કરેલા. મારા મત પ્રમાણે કોઇન બોક્ષના માલીકોને ત્યાં રોજેરોજ ઘણા માણસો કોઇન બોક્ષ ઉપરથી ફોન કરતા હોય છે, કયા માણસે કયારે અને કોને ફોન કરેલો હોય તે આ માલીકોને યાદ ન હોય પરંતુ આરોપી આ જુદી–જુદી કોઇન બોક્ષવાળી જગ્યાઓ ઉપર દોરીને લઈ ગયેલો તે દોરી જવાનું વર્તન તેની વિરૂધ્ધ પુરાવામાં ગ્રાહ્ય છે અને તે આ બનાવોમાં પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે સંડોવાયેલો છે તેવો તેની વિરૂધ્ધ એક સંજોગ ઉભો કરે છે. સાહેદ નં.૧૦૨૩

જીતેન્દ્ર સોની , સાહેદ નં.૧૦૨૪ શબ્બીરભાઈ તથા સાહેદ નં.૧૦૨૫ યુસુફભાઈનાઓ એવુ કહેતા નથી કે, આરોપીએ આ કોઈન બોક્ષ ઉપરથી ફોન કરેલા નથી. અગાઉ ચર્ચા કરી તેમ આ સાહેદો ન જ કહી શકે. વકીલશ્રી આર.કે. શાહ સાહેદ નં.૮૭૮ યોગેશ કાયસ્થની જુબાનીની ચર્ચા કરતા દલીલ કરે છે કે આ સાહેદની હાજરીમાં આરોપીએ એવુ કહેલુ કે, "હું અને મારો મિત્ર તૌકીર જે મકાનમાં ભેગા થતા હતા તે મકાન બતાવુ" તો આ હકીકત પુરાવામાં ગ્રાહય નથી પરંતુ મારા મત પ્રમાણે આરોપીએ મકાન બતાવેલુ હોવાથી વર્તન તરીકે પુરાવાના કાયદાની કલમ–૮ હેઠળ પુરાવામાં ગ્રાહય છે. વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે જે મકાન ઉપર આરોપી લઈ ગયેલો તે મકાનના માલિકને બોલાવ્યા સિવાય તાળુ તોડેલુ છે જે તોડી શકાય નહીં. મકાનનું તાળુ મકાનના માલિકની સંમતિ સિવાય તોડેલુ હોય તો તેની સામે વાંધો મકાન માલિકને હોય પરંતુ મકાન માલીકે વાંધો કયારેય જાહેર કરેલો નથી. મકાનમાંથી ડબ્બા, રૂમાલ, તાડપતરી વિગેરે મળી આવેલી તે બાબતે દલીલ કરતા જણાવે છે કે આવી વસ્તુઓ દરેકના ઘરમાં હોય તેમની દલીલ સાથે હું સંમત છું. આરોપીને સાહેદે ઓળખી બતાવેલા નથી નહીં ઓળખવાનું કારણ સાહેદ નં.૮૭૮ એ આપેલુ છે તે મારી દ્રષ્ટિએ વાજબી છે. બનાવ પછી દસ વર્ષ બાદ સાહેદ જુબાની આપેલી હોવાથી આરોપીને ઓળખી શકે નહિ.

વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, સાહેદ નં.૮૯૪ હિતેષ પટેલની હાજરીમાં ભરૂચ ખાતેના મકાનનું પંચનામુ આંક–૬૩૫૯વાળુ બનાવવામાં આવેલુ પરંતુ આ મકાનમાંથી કોઈ પુરાવો મળેલો નથી. આ મકાન આરોપીનુ હોય તેવો પણ પુરાવો નથી. આજુબાજુના મકાનોવાળાના જવાબો લીધેલા નથી. વધુમાં દલીલ કરતા જણાવે છે કે, મકાનમાંથી ધાતુના તારના ટુકડા મળેલા પરંતુ એફ.એસ.એલ.નો રીપોર્ટ આંક–૫૯૫૭ મુજબ આ ટુકડાઓ ઉપરથી એમોનિયમ નાઈટ્રેટ મળી આવેલો છે પરંતુ મકાન આરોપીનું છે તે પુરવાર થતુ નથી. પરંતુ મારા મત પ્રમાણે આ મકાન ઉપર આરોપી દોરીને લઈ ગયેલો, મકાનમાં તે રહેલો હતો, મકાનની માહિતી તેને હતી માટે મકાન ઉપર દોરી જવાનું

વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે. સાહેદ નં.૯૦૫ કલ્પેશ ગજજરની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરે છે કે, શ્રીહરી ટુરીસ્ટ હોમ, કોચી ખાતે આરોપી રોકાયેલો અને તે હોટલના રજીસ્ટરમાં એન્ટ્રી નં.૭ સલીમ શેખના નામની કરેલી તે હોટલ રજીસ્ટરનું પાનુ આંક–૬૪૮૬ વાળુ પંચનામાની વિગતે કબજે કરેલુ હતુ પરંતુ આ રજીસ્ટર ઉપર હોટલનુ નામ લખવામાં આવેલુ નથી. રજીસ્ટરમાંથી પાના કોણે ફાડયા, કેવી રીતે ફાડયા તે અંગે કોઈ પુરાવો નથી, એન્ટ્રીના હસ્તાક્ષરો આરોપીના છે તે પણ પુરવાર થતુ નથી. પરંતુ મારા મત પ્રમાણે હોટલના રજીસ્ટર ઉપર હોટલનુ નામ ન હોવાથી તે હોટલનું આ રજીસ્ટર નથી તેવુ કહેવાય નહીં અને હોટલ રજીસ્ટરમાંથી જે પણ પાના ફાડવામાં આવેલા તેના માલિક અથવા મેનેજરે ફાડેલા હોય, બીજા કોઈ વ્યકિત ફાડી શકે નહીં માટે પાના કોણે ફાડેલા તેનો પુરાવો ન હોય તેથી કરીને હકીકતમાં કાંઈ ફેર પડતો નથી. સાહેદ નં.૯૮૯ રાજુ નાયર સમક્ષ આરોપીની ઓળખ પરેડ કરાવેલી નથી તે હકીકત ચોકકસ છે. સાહેદ નં.૧૧૩૮ ગુલામભાઈની જુબાનીની ચર્ચા કરી દલીલ કરતા જણાવે છે કે, ભરૂચ ખાતે શેરપુરા ખાતે આવેલ મકાનનું પોલીસે તાળુ તોડેલુ પરંતુ તે તોડેલુ તાળુ કબજે કરેલુ નથી અને પંચ સાહેદ નં.૯૧૭ પીન્કેશ દેસાઈનાઓની જુબાની તથા ગુલામભાઈની જુબાનીમા વિરોધાભાસ છે. સાહેદ નં.૯૯૦ કૌશિક વ્યાસની જુબાનીની ચર્ચા કરતા દલીલ કરે છે કે, આ સાહેદે આરોપીના હસ્તાક્ષરના નમૂના તપાસેલા છે. કયા ઉપકરણોથી તેમને તપાસ કરેલી તે જણાવતા નથી. તેમને આપેલા અભિપ્રાયના કારણોનો કોઈ સ્વતંત્ર પુરાવો નથી. પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદે આંક–૬૮૮૮ વાળો પોતાનો અભિપ્રાય રીપોર્ટ આપેલો છે. આ સાહેદ એફ.એસ.એલ. અધિકારી છે અને તેઓનો રીપોર્ટ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૯૩ મુજબ વૈજ્ઞાનિક રીપોર્ટ હોય પુરાવામાં સીધો સામેલ ગણાય તેમ છતાં આ સાહેદને ફરિયાદપક્ષે તપાસેલા છે. વધુમાં વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ ના વિશેષ નિવેદનમાં પોતાની સાચી હકીકતો જણાવેલી છે અને ફરિયાદપક્ષ તરફથી રજૂ થયેલા પુરાવા ઉપરથી આરોપી સામે ગુનો પુરવાર થતો નથી. આરોપીને

તા.૨.૮.૨૦૦૮ થી તા.૧૬.૮.૨૦૦૮ સુધી ગેરકાયદેસર રીતે ગોંધી રાખેલો હતો અને તેની ઉપર અત્યાચાર કરેલો છે. આરોપી સામે ફોર્જરીનો ચાર્જ ફરમાવેલો છે પરંતુ ફોર્જરી પુરવાર થતી નથી. આ આરોપી ખોટા નામે રહેલો નથી અને રહેલો હોય તો તેનાથી કોઈ નુકસાન થતુ નથી. પરંતુ મારા મત પ્રમાણે આરોપીનું નામ મોહમદ સાજીદ મન્સુરી છે તો તેને સલીમ શેખના નામથી રહેવા માટે કોઈ કારણ ન હતુ અને રહયો છે તો તે શા માટે રહેલો તે તેને સાબીત કરવુ પડે તે અંગે કોઈ પુરાવો રજૂ કરવો પડે અથવા ખુલાસો કરવો પડે પરંતુ કરેલો નથી. જેથી તેનો ઈરાદો સ્વયંમ સ્પષ્ટ છે કે તે કંઈક ખોટુ કરવા માંગે છે. ખોટા નામે એન્ટ્રી કરી હોટલમાં રોકાયેલો. તે જાણતો હતો કે, મારૂ નામ સાજીદ મન્સુરી છે તો શા માટે તેણે સલીમ શેખના નામની એન્ટ્રી કરી. ખોટા નામની એન્ટ્રી કરવાથી હોટલ માલિકને કોઇ નુકસાન થયેલું નથી પરંતુ તેણે ખોટી એન્ટ્રી શા માટે કરી તેણે હોટલ માલિક સાથે કોઇ છેતરપીંડી કરવા ખોટી એન્ટ્રી રજીસ્ટરમાં કરી નથી પરંતુ અમદાવાદ અને સુરત શહેરના તમામ લોકો સાથે છેતરપીંડી અને ઠગાઇ કરવા ખોટા નામે એન્ટ્રી કરી હોટલમાં રોકાયેલો છે. આમ, ઉપર વિગતે જે પુરાવા રજૂ થયા છે તે ધ્યાને લેતા આ આરોપી આ કહેવાતા ગુનામાં સંડોવાયેલો છે તેમ હું માનુ છું.

આરોપી નં.૧૫ મુફતી અબુબસર ઉર્ફે અબ્દુલ રશીદ ઉર્ફે અબદુલ્લા અબુબકર શેખનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૧૫ મુફતી અબુબસર ઉર્ફે અબ્દુલ રશીદ ઉર્ફે અબદુલ્લા અબુબકર શેખનાઓ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ નાં રોજ જુદી-જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી-જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા-જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા

માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમને કઈ–કઈ ભૂમિકા ભજવેલી છે તે સાબિત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે તે પૈકી જનરલ સાહેદ તરીકે સાહેદ નં.૯૫૭ તરીકે ઝાકીર હુસેન અબ્દુલ જબ્બાર કુરેશી તથા સાહેદ નં.૧૧૦૬ તરીકે ફીરોઝ દિલાવર શેખનાઓને તપાસેલા છે તથા આ આરોપીના સહઆરોપી નં.૨૩ છે કે જેઓ તાજના સાક્ષી બનેલા છે અને તેઓને સાહેદ નં.૧૧૪૧ તરીકે એૈયાઝ રઝાકમીયાં સૈયદને તપાસવામાં આવેલા છે. આ ઉપરાંત અગત્યના સાહેદ તરીકે સાહેદ નં.૯૨૯ તરીકે રફીકભાઈ હુસેનભાઈ અબદાલ તથા આ આરોપીની સાહેદો રૂબરૂ ઓળખ પરેડ કરાવનાર મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૭૧ તરીકે રમણભાઈ સેંધાભાઈ સોલંકીને તપાસવામાં આવેલા છે અને તેઓ તમામની જુબાની ધ્યાને લેતા આ આરોપીની સામે મુકવામાં આવેલ આક્ષેપો મુજબના કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા એકબીજાની મદદગારી કરીને અમદાવાદ શહેરમાં જુદી–જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરેલા છે તેમજ સુરતની જુદી–જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલ હોવાનું ફલીત થાય છે.

આ ઉપરાંત સહઆરોપી નં.૨ ઈમરાન ઈબ્રાહીમ શેખ, સહઆરોપી નં.૭૬ મંજરઈમામ ઉર્ફે આલમ ઉર્ફે જમીલ અલીઈમામનાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબના કબૂલાત નિવેદનો મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, અમદાવાદ તથા જયુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,કોચ્ચી–૫ સમક્ષ લખાવેલા તે ધ્યાને લેતા પણ આ આરોપી તેઓની ઉપર મુકવામાં આવેલ આક્ષેપ મુજબના કાવતરામાં સામેલ હોવાનું ફલીત થાય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે કર્ણવ હેમંતભાઈ પટેલને સાહેદ નં.૮૭૨ તરીકે આંક–૬૦૮૨ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૭/૧૨/૨૦૦૮ ના રોજ તેઓ વી.એસ. હોસ્પિટલથી રાત્રીના સાડા અગિયાર પોણા બાર વાગે તેમેના ઘર તરફ ગોમતીપુર જઈ રહ્યા

હતા ત્યારે એલીસબ્રિજથી આઈ.પી. મિશન સ્કૂલના રોડ તરફ જઈ રહ્યા હતા તે વખતે ત્યાં બે પોલીસવાળાએ રોકેલ અને આ વખતે તેમનો મિત્ર અંકિત શાહ પણ હતો. પોલીસવાળાએ હવેલી ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે સાહેબ બોલાવેલ છે. પંચ સાક્ષી રહેવા માટે. જેથી ક્રાઈમબ્રાન્ચ, ગાયકવાડ હવેલીની ઑફિસે ગયેલાં. ત્યાં ઉપર ઑફિસમાં ગયેલાં. ત્યાં બે પોલીસવાળા, એક સાહેબ, એક શખ્સ કે જેની અટકાયત કરેલી હતી તે પણ હતો. સાહેબનું નામ ટોળીયા હતું. પોલીસ અધિકારીએ આ સાહેદનુ તથા તેમના મિત્રના નામ અને એડ્રેસ પુછેલું, પોલીસ અધિકારીએ કહેલું કે શાહીબાગ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયેલ છે જેમાં એક વ્યક્તિની અટકાયત કરેલી છે જે કંઈક કહેવા અને કંઈક બતાવવા માગે છે. તો પંચ તરીકે રહેશો? તેથી પંચમાં રહેવા માટે સંમતિ આપેલી. પછી આ સાહેદે જે અટકાયત કરેલી તે શખ્સનું નામ પુછતાં તેમણે તેમનું નામ ક્યામુદ્દીન ઉર્ફે રીઝવાન સફરૂદ્દીન કાપડીયા બતાવેલું. પછી એડ્રેસ પુછતા તાઈપુરા, સ્વામી નારાયણ મંદીરની પાછળ, બરોડા જણાવેલું પછી પુછેલું કે તમે શું કહેવા અને શું બતાવવા માગો છો? તો કહેલું કે ''તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ અમદાવાદમાં જે શ્રેણીબધ્ધ બોમ્બ બ્લાસ્ટ થયેલાં તે પહેલાં તે પોતે અબુબસર મુફતી અને અબ્દુલ સુભાન તે લોકો જે મકાનમાં રહ્યા હતાં તે મકાન, જયાં બોમ્બ બનાવેલ હતાં તે મકાન, જયાંથી બેરેલ્સ ખરીદેલ તે જગ્યા તથા સ્વીમીંગ માટે ફોટા આપવાના હતાં તે ફોટો પડાવેલ તે જગ્યા, મારૂતિ વેગન આર અને મારૂતિ ૮૦૦ માં સિવીલ અને એલ.જી. હોસ્પિટલમાં જે બોમ્બ બ્લાસ્ટ થયાં તેના માટે જે જગ્યાથી સિલિન્ડર્સ લીધા હતા તે જગ્યાઓ તથા મોબાઈલ ફોન લીધા હતાં તે જગ્યાઓ હું બતાવવા માગુ છું.'' જેથી આ સાહેદ, તેમનો મિત્ર અંકિત, આરોપી, બે પોલીસવાળા અને ટોળીયા સાહેબનાઓ તે જગ્યા ઉપર જવા માટે ઑફિસથી નીચે ઉતરેલાં ત્યાં નીચે ઉતરી એક સરકારી વાહન ઉભું હતુ તેમાં પોલીસ અધિકારી ટોળીયા ડ્રાઈવરની બાજુમાં શીટમાં બેસેલાં અને આરોપી વચ્ચેની શીટમાં બે પોલીસની વચ્ચે બેસેલ હતો અને આ સાહેદ તથા બીજા પંચ પાછળની શીટમાં બેસેલાં. ટોળીયા સાહેબે ડ્રાઈવરને સુચના આપેલ કે આરોપી જે

જગ્યાએ વાહન લઈ જવાનું કહે ત્યાં લઈ જાવ અને ઉભુ રાખવાનું કહે ત્યાં ઉભુ રાખવું, જગ્યા ઉપર જવા માટે બધા વાહનમાં બેસેલાં, ત્યાં સહીઓ લેવામાં આવેલી, બાજુમાં પોલીસ અધિકારીએ સહી કરેલી.

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારપછી આરોપીએ ગાડી જમાલપુર ચાર રસ્તા તરફ લેવડાવેલી અને ત્યાંથી આગળ દાણીલીમડા થઈને ચંડોળા તળાવ થઈ ગુડલક બેરેલ માર્કેટ જમણા હાથ તરફ જતાં એક રસ્તા તરફ ગાડી લેવડાવેલી. ત્યાંથી ''આગળ જતાં એક જગ્યાએ આરોપીએ ગાડી ઉભી રખાવેલી. ત્યાં આરોપીએ એક બંધ ગોડાઉન બતાવેલું કે જ્યાંથી તેણે બેરેલ ખરીદેલ અને આરોપી એ એવું જણાવેલ કે, બે બેરેલ છોટા સાજીદ અને અને બીજા બે બેરેલ અન્ય એક વ્યક્તિ સાથે ખરીદેલ.'' તે વખતે નીચે ઉતરેલાં. ત્યાં બાજુમાં એક ભારત પ્રોસેસ હાઉસ અને "શમા હેર કટીંગ" નામની શોપ હતી. ત્યાં આગળ જે થયેલું તે સાહેબને લખાવેલું.

સાહેદ વધુમાં જણાવે છે કે પછી બધા ગાડીમાં બેસેલાં. પછી આરોપીએ ગાડી આગળ ચલાવડાવેલી. આરોપી ત્યાંથી આગળની સોસાયટીમાં લઈ ગયેલ. બધા નીચે ઉતર્યા ત્યારબાદ ત્યાં ''એક ઘર બતાવેલું અને આરોપીએ કહેલું કે, આ ઘરનો બોમ્બ બનાવવા ઉપયોગ કરેલો.'' આ ઘર જોયેલ તો આ ઘરનો નંબર ૧૦ હતો જે પોલીસને લખાવેલ. સોસાયટીનું નામ અલ અહમદી સોસાયટી હતું. ત્યાં ઘર બંધ હોવાથી બધા ગાડીમાં પાછા બેસેલાં અને સોસાયટીની બહાર નીકળેલાં. ત્યાંથી ''આરોપીએ જમણીબાજુ થોડી આગળ ગાડી લેવડાવેલી અને ફરી ઉભી રખાવેલી ત્યાં ફરી અમે નીચે ઉતરેલાં અને ફરી ત્યાં દુકાન બતાવેલી અને આરોપીએ કહેલ કે, તે ઘરમાં ઈલેક્ટ્રીક રીપેરીંગ આ દુકાન દ્વારા કરાવેલું.'' તે દુકાનનું નામ "નીલમ ઈલેક્ટ્રોનીકસ" હતું. ત્યાંથી બધા લોકો ગાડીમાં બેસેલાં. ત્યાંથી ડાબીબાજુ મેઈન રોડથી નારોલ તરફ ડાબીબાજુ રસ્તા તરફ ગાડી આરોપીએ લેવડાવેલી ત્યાં સિલિકોન સીટી કોમ્પલેક્ષ હતું ત્યાં ગાડી આરોપીએ ઉભી રખાવેલી. ત્યાં બધા આરોપી સાથે નીચે ઉતરેલાં અને સામેની કોમ્પલેક્ષમાં આરોપીએ ''એક દુકાન બતાવેલી. આરોપી એ એવું કહેલું

કે, સ્વીમીંગ શિખવા માટે મેં જે ફોટા પડાવ્યા હતા તે અહીંયા પડાવ્યા હતાં.'' આ જગ્યાનું નામ "તકસીલ ગાર્ડન સ્ટુડીયો" હતું ત્યાંથી આગળ ગાડી નારોલ ચાર રસ્તા ગાડી આરોપીએ લઈ ગયેલાં ત્યાં આરોપીએ ડાબીબાજુ ગાડી વળાવડાવેલી અને આરોપીએ ફરી આગળ જઈ ડાબીબાજુ વળવા કહેલું. ત્યાં આરોપીએ ઉમરાવ ચાલમાં મકાન નં.૩ બતાવેલું. પછી બધા ગાડીમાંથી નીચે ઉતરેલાં. પછી આરોપીએ મકાન બતાવીને કહેલું કે, "અમે અહીંયા રહેતાં હતાં" ત્યાં પોલીસે ઘર ખખડાવેલું. ત્યાં એક ભાઈ બહાર આવેલાં અને પોલીસે તેનું નામ પુછેલું. આ વ્યક્તિએ પોતાનું નામ ફિરોઝ દીલાવર શેખ જણાવેલું. પોલીસે આરોપીને બતાવીને પુછેલું કે ''આ ભાઈ અહીંયા ભાડે રહેતાં હતાં? તો ફીરોઝ શેખે કહેલું કે હા તેઓ અહીંયા રહેતાં હતાં.'' પછી બધા પાછા ગાડીમાં બેસેલાં. આરોપીએ ગાડી આગળ લેવા સુચના આપેલી અને ઈસનપુર ચાર રસ્તા બાજુ વાહન લેવડાવેલું. ઈસનપુર ચાર રસ્તા પાસે વાહન આવ્યુ ત્યારે આરોપીએ વાહન ઉભું રખાવેલું પછી બધા આરોપી સહિત ફરી નીચે ઉતરેલાં. ત્યાં આગળ સામે આરોપીએ એક દુકાન બતાવેલી. આરોપીએ કહેલું કે "અહીંયાથી અમે મોબાઈલ ફોન નોકીયાના અને સીમકાર્ડ ત્યાંથી ખરીદેલાં". આ દુકાનનું નામ "ધરતી બેલ્ટ હાઉસ" હતું અને તેની બાજુની દુકાન બતાવેલી અને કહેલું કે, "અહીંયાથી પણ મોબાઈલ અને સીમકાર્ડ ખરીદેલું". આ બીજી દુકાનનું નામ "એવરગ્રીન બેલ્ટ હાઉસ" લખેલું હતું. ત્યાં જોયું તો રાતનો સમય હોવાથી બંને દુકાનો બંધ હતી.

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યાંથી ફરીથી બધા ગાડીમાં બેસેલાં. ગાડીમાં બેસ્યા પછી આરોપીએ ઈસનપુર ગામ તરફનો રસ્તો બતાવેલો. ત્યાં ઈસનપુર ગામ તરફ રસ્તો જાય છે ''ત્યાં ગાડી ઉભી રખાવેલી.'' ત્યાં જમણીબાજુ વેરાઈમાતાનું મંદિર હતું. પછી બધા ગાડીમાંથી નીચે ઉતરેલાં. ત્યાં સામે એક જય અંબે ઈલેક્ટ્રોનિકસ નામની દુકાન બતાવેલી. જ્યાં આરોપીએ એવું કહેલું કે "અહીંયાથી મેં ટેબલ ફેન ખરીદેલો". ત્યાં આગળ બધું લખવામાં આવેલું.

સાહેદ વધુમાં જણાવે છે કે પછી ફરીથી બધા ગાડીમાં બેસેલાં. ત્યાંથી જે પ્રમાણે આરોપીએ રસ્તો બતાવેલો તે પ્રમાણે ગાડી આગળ લીધેલી. જેમાં ઈસનપુરથી ભૈરવનાથ રોડ થઈ બહેરામપુરા થઈ એસ.ટી. સ્ટેન્ડ થઈ રાયપુર દરવાજા થઈને ખાડીયા ચાર રસ્તાથી કાલુપુર પોલીસ સ્ટેશનની સામે ટાવર રોડ તરફ આરોપી લઈ ગયેલાં અને ત્યાં આરોપીએ ''ગાડી ઉભી રખાવેલી.'' જ્યાં બધા આરોપીની સુચના મુજબ નીચે ઉતરેલાં. ત્યાં નીચે ઉતરીને આરોપીએ ''એક સામે એક દુકાન બતાવેલી અને કહેલું કે મારૂતિ ૮૦૦ તથા વેગન આરમાં જે બોમ્બ બ્લાસ્ટ થયા હતાં તે સિલીન્ડર આ દુકાનેથી ખરીદેલાં.'' આ દુકાનનું નામ જોતાં "રોયલ ગેસ સ્ટવ" હતું. પછી એ દુકાન બંધ હતી. તેથી બધા ફરીથી ગાડીમાં બેસેલાં.

સાહેદ વધુમાં જણાવે છે કે પછી ત્યાંથી ગાડી આરોપીએ સુચના આપેલી તે મુજબ આગળ લેવડાવેલી અને રીલીફ રોડ પર ગયેલાં અને ત્યાં ઓરીએન્ટલ બિલ્ડિંગ હતું ત્યાં આરોપીએ ''ગાડી ઉભી રખાવેલી.'' ત્યાં બધા નીચે ઉતરેલાં અને સ્વામિનારાણ મંદીર તરફ બધાને આરોપી લઈ ગયેલો. ત્યાં આરોપીએ એક ''ઓ.કે. સિલેક્શન નામની દુકાન બતાવેલી જ્યાંથી નોકીયાનો ફોન ખરીદેલો.'' તે દુકાન પણ બંધ હતી. ત્યાંથી આરોપીએ ચાલતાં આગળ રૂપમ સિનેમાની સામે મૂર્તિમંત કોમ્પલેક્ષમાં એક દુકાન બતાવેલી જે "રાજધાની ઈલેક્ટ્રોનીકસ" નામની દુકાન હતી. જયાંથી અમે નોકીયા મોબાઈલફોન તથા સીમકાર્ડ ખરીદેલાં.'' ત્યાં સાહેબને લખાવેલું અને તેમાં સહીઓ કરેલી અને સાહેબે પણ સહી કરેલી. આમ ઉપર મુજબની કાર્યવાહીનુ પંચનામુ બનાવેલુ જે આંક–૬૦૮૩ થી રજૂ છે જે પંચનામામાં સાહેદ તેમની તથા અંકિત શાહની અને રૂબરૂ તરીકે ટોળીયા સાહેબની સહીઓ ઓળખી બતાવે છે. આરોપીને ટી.વી. સ્ક્રીન થકી બતાવવામાં આવતા ઓળખી શકતા નથી અને જણાવે છે કે નવ વર્ષનો સમય થયેલ છે અને બધાને દાઢી છે માટે ઓળખી શકતા નથી.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પોલીસે રોકેલા નથી તો તે હકીકત નકારી છે. પોલીસે રોકેલા નહીં તેથી આવી હકીકતનો ઉલ્લેખ

પંચનામામાં કરેલો નથી તો તે હકીકત નકારે છે. પંચનામાના સ્થળે ગયેલા હોવાની અંગત ડાયરીમાં નોંધ કરેલી નથી. પંચનામાના જે જે સ્થળોએ ગયેલા તે સ્થળોના માલીકોની પુછપરછ કરવા માટે નોંધ રાખેલી છે તેવી હકીકત પંચનામામાં નોંધેલી. બેરલ માર્કેટના ગોડાઉન ઉપર કોઈ બોર્ડ હતુ નહીં તે કબૂલ કરે છે. ગોડાઉન બંધ હોવાથી અંદર શું વસ્તુઓ હતી તેની તપાસ કરેલી નથી તો તે કબૂલ કરે છે. ગોડાઉનની આજુબાજુ કોઈ બેરલ હતા નહીં તે કબૂલ કરે છે. નબીનગર ખાતે મકાન નં.૧૦ લખેલ હોવાનું જોયેલુ નથી તો તે હકીકત નકારે છે. મકાનનો અંક ૧૦ અંગ્રેજીમાં હતો કે ગુજરાતીમાં તે મકાનને ખોલીને જોયેલ નથી. મકાન નં.૧૦ નો ઉલ્લેખ પંચનામામાં નથી તો તે હકીકત નકારે છે. નબીનગરમાં આવુ કોઈ મકાન બતાવવામાં આવેલુ નથી તો તે હકીકત પણ નકારે છે. મકાનમાં ઈલેકટ્રીક લાઈટનું રીપેરીંગ કરાવેલુ પરંતુ શું રીપેરીંગ કરાવેલુ તે યાદ નથી. જોયેલ જગ્યા ઉપર સ્ટુડીયો હતો તે કામ કરે છે કે કેમ? તેની તપાસ કરેલી નહીં. દુકાન ખોલવામાં આવેલી નહીં તો તે કબૂલ કરે છે. કોઈ ફોટા જોયેલ નહીં તો તે કબૂલ કરે છે. ઉમરાવનગરમાં આવેલુ મકાન આરોપીને કેટલા સમય માટે અને કેટલા સમય પહેલા ભાડે આપેલુ તેની તપાસ કરવામાં આવેલી નહીં. મકાન કોને ભાડે આપવામાં આવેલુ તે પણ જાણેલુ નહીં. પરંતુ સાહેદે જણાવેલુ છે કે ફિરોઝ શેખે આરોપીને ભાડે આપેલુ હતુ. ફિરોઝ શેખનું નિવેદન આ સાહેદની રૂબરૂમાં લીધુ નથી તે કબૂલ કરે છે. ફિરોઝ શેખે મિલકતની માલીકી સબંધે કે પોતાની ઓળખ સબંધે કોઈ દસ્તાવેજો બતાવેલા નહીં. આરોપીએ કોઈ મકાન ભાડે રાખેલ નથી તો તે હકીકત નકારે છે. મોબાઈલ ખરીદીના કોઈ બીલ જોયેલા નથી તો તે કબૂલ કરે છે. રોયલ ગેસ સ્ટવની દુકાન ઉપર ગયા ત્યારે તે બંધ હતી. દુકાનમાં શું વસ્તુઓ વેચાય છે તેની ખબર પડેલી નહીં. સીલીન્ડરો કેટલા વજનના હતા તેની ખબર પડેલી નહીં. સીલીન્ડરો ગૃહ વપરાશના હતા કે ઔધ્યોગિક વપરાશના હતા તે પણ ખબર પડેલી નહીં. આવી દુકાન ઉપર ગયા નથી તો તે હકીકત નકારી છે. સ્વામિનારાયણ મંદિર પાસે આવેલ દુકાનમાંથી ખરેખર મોબાઈલનું વેચાણ થાય છે કે કેમ તેમજ મોબાઈલનો સ્ટોક તે દુકાનમાં

છે કે કેમ તેવી માહિતી મળેલી નહીં. મૂર્તિમંત કોમ્પ્લેક્ષમાં મોબાઈલનું વેચાણ અને મોબાઈલનો સ્ટોક હતો કે કેમ તે કહી શકે નહીં તો તે હકીકત નકારી છે. સાહેદે જણાવેલુ છે કે દુકાન ઉપર રાજધાની ઈલેકટ્રોનીકસ લખેલુ હતુ અને નોકીયા પ્રાયોરીટી લખેલુ હતુ તેથી મોબાઈલનું વેચાણ થતુ હતુ. મોબાઈલની દુકાન બંધ હોવાથી સ્ટોક હોવા અંગે તપાસ કરેલ નથી તો તે કબૂલ કરે છે. કોઈ સ્થળની વિડીયોગ્રાફી કે ફોટોગ્રાફી કરી નથી તો તે કબૂલ કરે છે.

વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા પોલીસ અધિકારી ટોળીયાના હોદ્દા અંગે સાહેદ જાણતા નથી. પંચનામામાં ત્રણ સહીઓ છે, એક સહી પ્રથમ વખત નીચે ઉતરી ગાડીમાં બેઠા ત્યારે કરેલી, બીજી એક સહી પેપર પુરૂ થયેલુ ત્યાં કરેલી, પંચનામાના અંત ભાગની સહી મૂર્તિમંત કોમ્પ્લેક્ષમાં નીચે ઉતરતા કરેલી. પંચનામુ એક જ વ્યકિતએ લખેલુ છે. પંચનામાના સ્થળે ગયા ત્યારે બીજા માણસો ભેગા થઈ ગયેલ હોય તેવુ બનેલુ નથી. પંચનામાની વિગતવાળા સ્થળ ઉપર ગયેલા નથી તો તે હકીકત નકારેલી છે. અટકાયત કરેલ વ્યકિતએ આ સાહેદની હાજરીમાં કોઈ જાહેરાત કરેલી નથી તો તે હકીકત નકારે છે. પોલીસ અધિકારીની કચેરીમાં બેસીને સઘળી કાર્યવાહી કરેલાની હકીકત નકારેલી છે. પોલીસના કહેવાથી તૈયાર પંચનામામાં સહી કરેલાની હકીકત પણ નકારેલી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયાએ શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં. ૨૩૬/૨૦૦૮ નાં કામે આ સાહેદને તથા બીજા પંચ અંકીત શાહને તા.૮.૧૨. ૨૦૦૮ નાં રોજ ક્રાઈમ બ્રાન્ચની કચેરી અમદાવાદ ખાતે બોલાવેલા અને આ ગુનાના કામે આરોપી નં.૩૭ હાજર હતો અને તેને પંચોની રૂબરૂમાં જણાવેલુ કે તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ અમદાવાદ શહેરમાં જે શ્રેણીબધ્ધ બોમ્બ બ્લાસ્ટ થયેલા તે પહેલા પોતે તથા ગુનાના કામે અટક થયેલ આરોપી નં.૧૫ મુફતી અબુબસર તથા નાસતા–ભાગતા આરોપી અબ્દુલ સુભાન તૌકીરનાઓ જે મકાનમાં રહેલા તે મકાનમાં ગુનાના કામે વપરાયેલ બોમ્બ બનાવવામાં આવેલા હતા તથા આતંકવાદી તાલીમ લેવા માટે સ્વીમીંગ શીખવા માટે જે સ્ટુડીયોમાં

ફોટા પડાવેલા તે તથા જયાંથી મોબાઈલ ફોન ખરીદેલા અને ગુનાના કામે ઉપયોગમાં લઈને નાખી દીધેલા તે મોબાઈલ ફોન જયાંથી ખરીદેલા તે તથા બોમ્બ બનાવવા સારૂ નાના બેરલ જે જગ્યાએથી લીધેલા તે તથા ગેસના સીલીન્ડર જે જગ્યાએથી ખરીદેલા તે જગ્યાઓ બતાવવાની જાહેરાત કરતા તપાસ કરનાર અધિકારીએ બંને પંચો તથા આરોપી નં.૩૭ કયામુદ્દનનાઓને લઈને કયામુદ્દીનના કહેવા અને બતાવેલા રસ્તે જગ્યા ઉપર ગયેલા હતા તેનુ વિગતવાર પંચનામુ બનાવવામાં આવેલુ જે આંક–૬૦૮૩ થી રજૂ કરવામાં આવેલુ છે. આ આંક–૬૦૮૩ વાળુ પંચનામુ જેની રૂબરૂમાં બનાવવામાં આવેલુ તે અધિકારીશ્રી વી.આર. ટોળીયા મરણ ગયેલ હોય ફરિયાદપક્ષે તપાસેલા નથી પરંતુ અમદાવાદના સીરીયલ બોમ્બ બ્લાસ્ટના કેસની તપાસ કરનાર તપાસ ટીમોના અન્ય એક અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ આંક–૬૦૮૩ વાળા પંચનામા ઉપર વી.આર.ટોળીયાની સહી ઓળખી બતાવી છે તે હકીકત તેઓની જુબાનીના પેરા નં.૩૧.૧૮ માં જણાવેલી છે.

આંક–૬૦૮૩ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી રજૂઆત અને દલીલ એવી છે કે પંચનામામાં આરોપી કયામુદ્દીન કાપડીયાએ જે જે જગ્યાઓ બતાવવાની જાહેરાત કરેલી તે તથા આરોપી તે તે જગ્યા ઉપર લઈ ગયેલો અને જગ્યાઓ બતાવેલી તેમજ પોતે સીમકાર્ડ ખરીદેલા, બેરલ ખરીદેલા, મકાનમાં બોમ્બ બનાવેલા, દરેક જગ્યા ઉપર વાહન ઉભુ રખાવેલુ, સ્ટુડીયોમાં ફોટા પડાવેલા, વાહનમાંથી નીચે ઉતરી મકાન બતાવેલાની, દુકાનોમાં લઈ ગયેલાનું વિગેરે જે કબૂલાત્મક હકીકતો જણાવેલી છે તે આરોપીઓ વિરૂધ્ધ પુરાવામાં ગ્રાહ્ય નથી. પરંતુ મારા મત પ્રમાણે પંચનામા મુજબ આરોપી સૌપ્રથમ બેરલ માર્કેટવાળી જગ્યા ઉપર લઈ ગયેલો તે હકીકત પુરાવામાં ગ્રાહ્ય નથી પરંતુ જગ્યા ઉપરથી બેરલ મળી આવેલા હોય તો તે બેરલ મળવાની હકીકત પુરાવામાં ગ્રાહ્ય છે. તે જ રીતે આરોપી નબીનગરના મેદાન ખાતે લઈ ગયેલો અને ખુલ્લી જગ્યા ઉપર વાહન ઉભુ રખાવેલુ અને ત્યાં પૂર્વ દિશામાં આવેલ એક મકાન બતાવેલુ તો તે હકીકત પુરાવામાં ગ્રાહ્ય નથી પરંતુ આરોપીએ બતાવેલુ મકાન જો

ત્યાં હયાત હોય તો તે મકાન હયાત હોવા બાબતેની હકીકત પુરાવામાં ગ્રાહ્ય છે. તે જ રીતે આરોપીએ નીલમ ઈલેકટ્રીકલ લખેલ દુકાન બતાવેલી અને તે દુકાનવાળા મારફતે અલમહમદી સોસાયટીવાળા મકાનમાં લાઈટ રીપેર કરાવેલી તો તે હકીકત પુરાવામાં ગ્રાહ્ય નથી પરંતુ સ્થળ ઉપર નીલમ ઈલેકટ્રીક દુકાન હોય તો તે પુરાવામાં ગ્રાહ્ય છે. આ ઉપરાંત આરોપીએ નારોલ સર્કલ થઈને ઈસનપુર ચાર રસ્તા તરફ વાહન લેવડાવેલ અને સેલીકોન સીટી સામે ઉભુ રખાવેલ તો તે હકીકત પુરાવામાં ગ્રાહ્ય નથી પરંતુ ત્યાં સેલીકોન સીટી હોય તો તે પુરાવામાં ગ્રાહ્ય છે. આ ઉપરાંત આરોપીએ "તસ્કીલ ગાર્ડન સ્ટુડીયો" કે જયાં આરોપીએ ફોટા પડાવેલાનું જણાવેલુ તો તે પુરાવામાં ગ્રાહ્ય નથી પરંતુ તે સ્થળ ઉપર તસ્કીલ ગાર્ડન સ્ટુડીયો હોય તો તે પુરાવામા ગ્રાહ્ય છે. આ ઉપરાંત પંચનામા મુજબ આરોપીએ ઉમરાવ નગરની ચાલી પાસે વાહન ઉભુ રખાવેલુ અને ચાલીના રસ્તાની પશ્ચિમ બાજુએ મકાન નં.૩ બતાવેલુ તો તે હકીકત પુરાવામાં ગ્રાહ્ય નથી પરંતુ તે જગ્યા ઉપર મકાન નં.૩ હયાત હોય તો તે પુરાવામાં ગ્રાહ્ય છે. તે જ રીતે આરોપીએ ઈસનપુર ખાતે એવરગ્રીન બેલ્ટ હાઉસ નામની દુકાનો બતાવી જણાવેલુ કે આ દુકાનોએથી તા.૧૫.૭.૨૦૦૮ નાં રોજ બે મોબાઈલ નોકીયા કંપનીના ખરીદેલા તો તે હકીકત પુરાવામાં ગ્રાહ્ય નથી પરંતુ તે સ્થળ ઉપર તે મોબાઈલની દુકાન હયાત હોય તો તે પુરાવામાં ગ્રાહ્ય છે. આ ઉપરાંત પંચનામાં મુજબ જય અંબે ઈલેકટ્રીકસ સ્ટોર નામની દુકાનમાંથી એક ઓરીયન્ટ કંપનીનો ટેબલ ફેન ખરીદેલો અને અલમહમદી સોસાયટીવાળા મકાનમાં રાખેલો તેવુ જે જણાવેલુ તે પુરાવામાં ગ્રાહ્ય નથી પરંતુ જય અંબે ઈલેકટ્રીક સ્ટોર હોય અને તેમાં પંખાનું વેચાણ થતુ હોય તો તે પુરાવામાં ગ્રાહ્ય છે. તે જ રીતે કાલુપુર પોલીસ સ્ટેશન સામે આવેલ ટાવર રોડ તરફ વાહન લેવડાવેલુ અને મુંઝાલની પોળના નાકે વાહન ઉભુ રખાવી એક દુકાન બતાવેલી અને તેમાંથી તા.૨૪.૭.૨૦૦૮ નાં રોજ બે ગેસના સીલીન્ડરો ખરીદેલા અને તે સીલીન્ડરો વેગન આર કાર તથા એલ.જી. હોસ્પિટલમાં મુકેલ મારૂતિ ૮૦૦ ગાડીમાં મુકવામાં આવેલા તેવુ જણાવેલ તો તે હકીકત પુરાવામાં ગ્રાહ્ય નથી પરંતુ આરોપીએ બતાવેલી દુકાનમાં

ગેસના સીલીન્ડરોનું વેચાણ થતુ હોય તો તે પુરાવામાં ગ્રાહ્ય છે. આ ઉપરાંત વેગન આર કાર કે જે સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટર પાસે મુકવામાં આવેલી અને મારૂતી ૮૦૦ કાર કે જે એલ.જી. હોસ્પિટલના પાર્કીંગમાં મુકવામાં આવેલી અને બ્લાસ્ટ થયા પછી આ બંને જગ્યાઓ ઉપરથી ગેસના સીલીન્ડરના પાર્ટ મળી આવેલા હોય તો તે પુરાવામાં ગ્રાહ્ય છે. આ ઉપરાંત પંચનામા મુજબ આરોપીએ કાલુપુર પોલીસ સ્ટેશન થઈ ઓરીયેન્ટલ બિલ્ડિંગ આવતા વાહન ઉભુ રખાવેલુ અને એક દુકાન બતાવી જણાવેલુ કે આ દુકાનેથી પોતે તથા અબ્દુલ રાજીકે તા.૭.૭.૨૦૦૮ નાં રોજ ત્રણ સીમકાર્ડ જેમા એક વોડાફોનનું અને બે એરટેલ કંપનીના મેળવેલા તથા એક ફોન નોકીયા કંપનીનો ખરીદેલાનું તે પુરાવામાં ગ્રાહ્ય નથી પરંતુ આ દુકાનમાં સીમકાર્ડ અને મોબાઈલનું વેચાણ થતુ હોય તો તે હકીકત પુરાવામાં ગ્રાહ્ય છે. વધુમાં પંચનામા મુજબ આરોપીએ રીલીફ રોડ આપર આવેલ રૂપમ સીનેમાની સામે મૂર્તિમંત કોમ્પ્લેક્ષના પ્રથમ માળે દુકાન બતાવી જણાવેલુ કે નોકીયા કંપનીના ૧૨૦૯ મોડલના ત્રણ નંગ ફોન રાજ માર્કેટીંગના નામે ખરીદેલાનું જણાવેલુ તો તે હકીકત પુરાવામાં ગ્રાહ્ય નથી પરંતુ બતાવેલી દુકાને મોબાઈલ ફોનનું વેચાણ થતુ હોય તો તે પુરાવામાં ગ્રાહ્ય છે. આ તમામ જગ્યાઓએ જે–જે વસ્તુનુ વેચાણ થાય છે તે તમામ જગ્યાની માહિતી આરોપીને હતી માટે આરોપી આ તમામ જગ્યાઓ ઉપર દોરી ગયેલો જેથી આરોપીનુ જગ્યાઓ ઉપર દોરી જવાનુ વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે બીપીનભાઈ છોટાલાલ પટેલને સાહેદ નં.૮૯૮ તરીકે આંક–૬૪૩૩ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૧૮/૮/૨૦૦૮ ના રોજ પોલીસે તેઓને ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે સાંજે ૫.૩૦ થી ૬.૪૫ ના સમય દરમ્યાન બોલાવેલા જેથી ઑફિસમાં ગયેલા। તેમની સાથે બીજા મનુભાઈ નામના માણસને પણ બોલાવેલા. ત્યાં સાહેબે કહેલું કે, “આ એક આરોપી છે જેને અમે બોમ્બ બ્લાસ્ટના કેસમાં પકડેલો છે અને તે કાંઈક કહેવા માંગે છે તો તમે પંચમાં રહેશો?” જેથી તેઓએ પંચમાં રહેવા "હા" પાડેલી. આ સાહેદે આરોપીનું નામ પુછેલું તો તેણે પોતાનું નામ

અબુબશર શેખ જણાવેલું. તે ઉત્તરપ્રદેશ રાજયના હોવાનું જણાવેલું. ત્યારબાદ આરોપીએ જણાવેલું કે, "અમદાવાદમાં બોમ્બ બ્લાસ્ટ થયા ત્યારે હું વટવાની એક સોસાયટીમાં રહેતો હતો." આરોપીએ એમ પણ કહેલું કે, "જગ્યા નહીં મળે, મને વટવા ચાર રસ્તા પાસે લઈ જાઓ તો હું તે મકાન બતાવું." આ વખતે એફ.એસ.એલ. ના અધિકારીઓને પણ ગાંધીનગરથી બોલાવેલા અને તેઓ પણ પહેલા આવેલા હતા. ત્યારબાદ સાહેબ, આરોપી, આ સાહેદ અને તેમની સાથેના મનુભાઈ અને પોલીસના માણસો ઑફિસની બહાર આપેલા અને એફ.એસ.એલ. ના સાહેબો પણ બીજી ગાડીમાં આવેલા. ત્યારબાદ બધા ગાડીમાં આરોપીને લઈને બેઠેલા. ત્યારબાદ સાહેબે ડ્રાઈવરને કહેલું કે, વટવા ચાર રસ્તા પાસે ગાડી થોભાવો. સાહેબે ગાડી ચલાવવાનું કહેતા બધા વટવા ચાર રસ્તા સુધી ગયેલા. ત્યારબાદ સાહેબે આરોપીને કહેલું કે "વટવા ચાર રસ્તા આવી ગયા." ત્યારબાદ આરોપીએ કહેલું કે, "ગાડી ડાબી બાજુ વાળો." ત્યારબાદ ગાડી ઉમરાઉનગર સોસાયટી પાસે પહોંચી ત્યારે આરોપીએ ગાડી થોભાવી. ગાડી થોભાવ્યા પછી બધા માણસો તથા આરોપી ગાડીમાંથી નીચે ઉતરેલા અને એફ.એસ.એલ.ના અધિકારીઓ પણ ગાડીમાંથી નીચે ઉતરેલા. ત્યારબાદ આરોપી આગળ ચાલતા અને બધા પાછળ ચાલતા–ચાલતા સોસાયટીમાં મકાન નં.૩ પાસે પહોંચેલા અને ત્યાં આરોપીએ ઉભા રાખેલા. ત્યાં આરોપીએ એમ કહેલું કે "આ પહેલા માળે અમે રહેતા હતા." ત્યારબાદ તે મકાનના માલીકને બોલાવેલા. આ મકાનનો દરવાજો બંધ હતો જેથી મકાન માલીકે ચાવી લાવીને મકાનનો દરવાજો ખોલેલો. ત્યારબાદ આરોપી આગળ ચાલતા અને બધા સાહેબની સાથે પાછળ ચાલી સીડી વાટે ઉપરના માળે બધા ગયેલા. ઉપર જઈને જોયું તો એક બાથરૂમ હતું અને અંદરના ભાગે એક રૂમ હતો. ત્યાં રૂમની અંદર એફ.એસ.એલ.ના સાહેબે ચેકીંગ કરેલું. ત્યાં મકાનના બહારના રૂમમાં એક બારી હતી અને તે બારીમાં પુંઠા લગાવેલા હતા. પુંઠાની સાથે એક અંગ્રેજી પેપર હતું તે બંનેને એક કવરમાં મૂકી કવર બંધ કરી આ સાહેદ તથા બીજા પંચની તથા સાહેબની સહીઓ વાળી સ્લીપ કવર ઉપર મૂકી તેને દોરી વડે બાંધી લાખ વડે સીલ કરેલ. તે બારીમાંથી એક

પ્લાસ્ટિકની કોથળી પણ મળેલી. આ પ્લાસ્ટિકની કોથળીમાં લાલ–કાળા વાયરના ટુકડા હતા તથા પોલીથીન પેપરના ટુકડા, બે બોલ્ટ, ૪૦ છરા મળેલાં તે પણ પ્લાસ્ટિકના બોક્ષમાં મૂકી બોક્ષ બંધ કરી સહીઓવાળી સ્લીપ બોક્ષ ઉપર મૂકી તેને દોરી વડે બાંધી લાખ વડે સીલ મારેલો. આ ઉપરાંત બારીમાંથી એક ખાખી પુંઠું મળેલું તેને એક કવરમાં મૂકી તેને બંધ કરી સહીઓવાળી સ્લીપ કવર ઉપર મૂકી દોરી વડે બાંધી લાખ વડે સીલ કરેલ. એફ.એસ.એલ.ના અધિકારીઓએ આ બધી વસ્તુઓ કબજે લેવાનું કહેલું. એફ.એસ.એલ.ના અધિકારીઓ રૂમમાં જોતા બીજું કંઈ મળેલું નહીં. આ ઉપરાંત રૂમમાં દિવાલ ઉપર ડાઘા હતા તે ડાઘા એક કાગળમાં લઈ તેને એક પ્લાસ્ટિકના બોક્ષમાં મૂકી સહીઓવાળી સ્લીપ મૂકી દોરી વડે બાંધી લાખ વડે સીલ કરેલ. આ ઉપરાંત બીજી દિવાલ ઉપરથી ચૂનો ખોતરીને કાગળની અંદર મૂકી તેનું પડીકું વાળી પ્લાસ્ટિકના બોક્ષમાં મૂકી તેને બંધ કરી સહીઓવાળી સ્લીપ મૂકી દોરી વડે બાંધી લાખ વડે સીલ કરેલ. જે મકાનમાં તપાસ કરેલી તે મકાનના માલીકનું નામ ફીરોજ શેખ હતું. આ બધી વસ્તુઓ કબજે કરી તે બાબતે પોલીસના સાહેબે એક મેમો બનાવેલો અને તેમાં બધુ લખેલું અને તે મેમો મકાન માલીકને આપી તેમની સહી લીધેલી. આ તમામ કાર્યવાહી થઈ તે બાબતે પંચનામું કરી સહી લીધેલી.

વધુમાં આ સાહેદ ઉપર મુજબની સઘળી કાર્યવાહીનું જે પંચનામુ બનાવવામાં આવેલુ તે આંક–૬૩૩૪ થી રજૂ છે જે પંચનામામાં આ સાહેદ પોતાની તથા બીજા પંચ મનુભાઈની તેમજ સાહેબની સહીઓ ઓળખી બતાવે છે અને પંચનામામાં જણાવેલ હકીકત સાચી હોવાનું જણાવેલ છે. આંક–૬૩૩૪ વાળા પંચનામા આધારે જે–જે વસ્તુઓ કબજે કરવામાં આવેલ તે એક પછી એક સાહેદને બતાવતા તેઓ મુદ્દામાલ ઓળખી બતાવે છે તેમજ સદર મુદ્દામાલ સીલ કરતી વખતે રાખવામાં આવેલ પંચ સ્લીપોમાં પણ આ સાહેદ પોતાની તથા બીજા પંચ મનુભાઈની તેમજ સાહેબની સહીઓ ઓળખી બતાવે છે જે પંચ સ્લીપો સંયુકત આંક–૬૪૩૫ થી રજૂ રાખેલ છે. આ સાહેદને આરોપીને વીડિયો કોન્ફરન્સ ટી.વી.સ્ક્રીન થકી બતાવવામાં આવે છે પરંતુ સાહેદ આરોપી

અબુબસરને ઓળખી શકતા નથી અને જણાવે છે કે જે તે વખતે નાની દાઢી હતી અને આજે બતાવેલ આરોપીઓમાં ઘણા બધા આરોપીઓની દાઢી મોટી હોવાથી આરોપીને ઓળખી શકતો નથી.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ યુ.પી.ના વતની છે, ગુજરાતી ભાષા આવડતી નથી તે કબૂલ કરે છે. આરોપીએ જે ભાષામાં હકીકતો જણાવી તે ભાષામાં હકીકતો લખેલી નથી તો તે કબૂલ કરે છે. મકાનના જે માલીક હતા તે મકાનની માલીકી અંગેના દસ્તાવેજો જોવા મળેલા નહીં, તે માલીક મકાનનો કબજેદાર છે તેવો પણ પુરાવો મળેલ નથી તે કબૂલ કરે છે. મકાનના માલીક સાથે આ સાહેદને કોઈ વાતચીત થયેલ નથી તો તે કબૂલ કરે છે. તે માણસ ત્યાં ઉભેલો હતો અને પોલીસે ચાવી આપી માટે મકાન ખોલેલુ તો તે હકીકત નકારે છે. મકાનના માલીકનું આ સાહેદની હાજરીમાં નિવેદન લેવામાં આવેલુ નહીં તો તે કબૂલ કરે છે. આ વ્યકિત મકાનનો માલીક છે તે બાબતે આજુબાજુના લોકોના નિવેદનો લીધેલા નહીં. આરોપી સાથે ફીરોઝ શેખને કોઈ સગપણ હતુ કે કેમ તે જાણવા મળેલુ નહીં. આરોપી આ મકાનનો ભાડૂઆત હતો તે બાબતે કોઈ રસીદ કે ભાડા કરાર જોયેલો નથી. આરોપી કોઈ જગ્યાએ લઈ ગયેલ નથી કે આરોપીએ કોઈ માહિતી આપેલ નથી તો તે હકીકત નકારેલી છે. આ સાહેદ કે તેમની સાથેના બીજા પંચની અંગજડતી પોલીસે કરેલી નહીં, પ્લાસ્ટિકના ડબ્બા અને કવર મકાનમાંથી લાવવામાં આવેલા, દોરીઓ તથા લાખનું સીલ પણ મકાનમાંથી લાવવામાં આવેલુ તો તે કબૂલ કરે છે. પંચનામામાં સહી કરનાર અધિકારીના નામ અને હોદ્દાની ખબર નથી. ફીરોઝ શેખને અગાઉ કયારેય મળેલા નથી કે જોયેલા નથી. પંચનામામાં જે બારીનો ઉલ્લેખ છે તે દરવાજા પાસે હતી તે કબૂલ કરે છે. બારી ખુલ્લી હતી કે બંધ હતી તેનો ઉલ્લેખ પંચનામામાં નથી તે કબૂલ કરે છે. પંચનામામાં આરોપીનું શારીરિક વર્ણન લખવામાં આવેલુ નથી તો તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે આરોપીનું શારીરિક વર્ણન લખવુ જોઈએ તેવી કાયદામાં કોઈ જોગવાઈ નથી.વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો પોલીસ સ્ટેશનમાં લખાણ થયેલુ અને બહાર

આવીને સહી કરેલી. પંચનામુ આ સાહેદની સાથેના મનુભાઈએ લખાવેલુ. પંચનામાનો કયો ભાગ આ સાહેદે લખાવેલો અને કયો ભાગ મનુભાઈએ લખાવેલો તે કહી શકે નહીં. ગાડીમાંથી નીચે ઉતર્યા પછી સોસાયટીના નામનુ બોર્ડ વાંચેલાની હકીકત પંચનામામાં લખાવેલી નથી. સોસાયટીની કઈ લાઈનમાં ગયેલા તેનો અત્યારે ખ્યાલ નથી. મકાનની સીડી જમણી તરફ એટલે કે પુર્વ દિશામાં હતી તે પંચનામામાં લખાવેલુ નથી તો તે કબૂલ કરે છે. સ્થળ ઉપરથી મેળવેલી વસ્તુઓ લઈને પોલીસ સ્ટેશને ગયેલા અને ત્યાં પેક કરી ચીઠ્ઠી ઉપર સહીઓ કરેલાનું જણાવે છે. સ્થળ ઉપરથી અંગ્રેજી છાપુ મળી આવેલુ તે છાપા ઉપર સહીઓ લીધેલી નથી. જે મકાન ઉપર ગયા ત્યારે ત્યાં પંચો, પોલીસના માણસો, આરોપી અને એફ.એસ.એલ.ના અધિકારી સિવાય બીજુ કોઈ હતુ નહીં. આ હકીકત જોતા સ્પષ્ટ બને છે કે આરોપીના કહેવા પ્રમાણે જુદા–જુદા સ્થળો ઉપર જઈને આંક–૬૪૩૪ વાળુ પંચનામુ બનાવવામાં આવેલુ છે તે હકીકત સ્પષ્ટ બને છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૩/૨૦૦૮ નાં કામે તા.૧૮.૮.૨૦૦૮ ના રોજ આ સાહેદ તથા બીજા પંચ મનુભાઈ રાવતને ક્રાઈમ બ્રાન્ચ કચેરી અમદાવાદ ખાતે બોલાવેલા. ત્યાં આરોપી નં.૧૫ મુફતી અબુબસર હાજર હતો અને તેને પંચો રૂબરૂ આપેલ માહિતી મુજબ પંચનામુ કરવાનુ હતુ જેથી આ બંને પંચો, આરોપી, પોલીસ સ્ટાફ તથા એફ.એસ.એલ. અધિકારીને સાથે રાખી અમદાવાદમાં બોમ્બ બ્લાસ્ટ થયા ત્યારે વટવાની એક સોસાયટીમાં રહેતા હતા અને તે મકાન બતાવવાનું આરોપીએ જણાવેલુ જેથી તપાસ કરનાર અધિકારી આરોપી, પંચો તથા એફ.એસ.એલ. અધિકારીને લઈને આરોપીના બતાવ્યા મુજબ ઉમરાવનગર સોસાયટીમાં મકાન નં.૩ ઉપર ગયેલા અને તે મકાન બતાવેલુ. આરોપીના કહેવા પ્રમાણે આ મકાનમાં પોતે તથા અબ્દુલ સુભાન ઉર્ફે તૌકીર તથા આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયાનાઓ રહેતા હતા. આ મકાનમાં એફ.એસ.એલ.ના

અધિકારીઓએ તપાસ કરેલી અને મકાનમાંથી એક અંગ્રેજી પેપર, લાલ,કાળા વાયરના ટુકડા, પોલીથીન પેપરના ટુકડા, બે બોલ્ટ, ચાલીસ છરા, ખાખી પુઠ્ઠુ વિગેરે મળી આવેલા જે એફ.એસ.એલ. અધિકારીની સુચના પ્રમાણે આ પંચ સાહેદની હાજરીમાં પોલીસે કબજે કરેલા હતા. આ હકીકત તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડા પોતાની જુબાનીના પેરા નં.૩.૫ માં જણાવેલી છે તથા આ સાહેદે આંક–૬૪૩૪ વાળુ પંચનામુ તથા પંચનામાની વિગતે જે મુદ્દામાલ કબજે કરેલો તે મુદ્દામાલ ઉપર પંચોની તથા આ સાહેદની સહીઓવાળી સ્લીપો લગાવેલી તે સ્લીપો આંક–૬૪૩૫ ઉપર તપાસ કરનાર અધિકારી પોતાની સહી ઓળખી બતાવે છે. આ ઉપરાંત મકાનના માલીક ફીરોઝ શેખને સીઝર મેમોની યાદી સહી કરીને આપેલી તે આંક–૬૪૩૬ થી રજૂ છે તેમાં પણ તપાસ કરનાર અધિકારીએ પોતાની સહી ઓળખી બતાવી છે. સાહેદ નં.૧૧૬૩ ની ઊલટતપાસ પેરા નં.૪૨,૪૩ ધ્યાને લેતા આંક–૬૪૩૪ વાળુ પંચનામુ બનાવ્યુ ત્યારે આ સાહેદની સાથે બીજા કેટલા પોલીસના માણસો અને તે કોણ કોણ હતા તે કહી શકે નહીં. પંચનામુ ખાનગી વાહનમાં જઈને કરેલુ કે સરકારી વાહનમાં તે કહી શકે નહીં. સરકારી વાહનમાં સાથે આવનાર પોલીસના માણસો તેમજ ડ્રાઈવરનું નિવેદન લીધુ નથી તે કબૂલ કરે છે. એફ.એસ.એલ. અધિકારીના નિવેદનો લીધેલ નથી તે કબૂલ કરે છે. પંચનામુ જોતા મુખ્ય અધિકારી પોલીસ ઈન્સ્પેકટર એ.એફ.સીંધી હતા તો તે હકીકત નકારી છે. પંચનામુ કોના હસ્તાક્ષરમાં લખાયેલુ તે હાલ કહી શકે તેમ નથી. સ્થળ ઉપર હાજર હતા તે બતાવવા બીજો કોઈ પુરાવો રજૂ કરેલો નથી તો તે હકીકત નકારેલી છે. એફ.એસ.એલ. અધિકારી ગાંધીનગર લેબોરેટરીના હતા કે કેમ તે યાદ નથી. એફ.એસ.એલ. અધિકારી પંચનામા વખતે હાજર હતા તે બાબતે પંચનામા ઉપર સહી લેવામાં આવેલી નથી તે કબૂલ કરે છે. પંચનામુ જોતા મકાનના માલીક અને કબજેદાર ફીરોઝ દીલાવર શેખ છે તે કબૂલ કરે છે. આરોપી આઝમગઢ (યુ.પી.) નો છે તે કબૂલ કરે છે. આરોપી સાથે વાતચીતનો પ્રસંગ બનેલો. પંચનામુ બનાવ્યા પછી મકાનને તાળુ મારીને સીલ કરીને તેની ચાવી કબજે લીધી હોય

તેવુ પંચનામુ જોતા માલુમ પડતુ નથી તે કબૂલ કરે છે. પંચનામાવાળી જગ્યાના આજુબાજુના લોકોના નિવેદનો લીધેલા કે કેમ તે માટે કાગળો જોવા પડે તેમ જણાવે છે. આંક–૬૪૩૪ વાળુ પંચનામુ પંચોની હાજરીમાં પંચનામાની વિગતે સ્થળ ઉપર જઈ પંચોના કહેવા અને લખાવ્યા મુજબ લખેલુ નથી તો તે હકીકત નકારી છે. વધુમાં ઊલટતપાસના પેરા નં.૮૦ ધ્યાને લેતા જે નવ આરોપીઓને એરેસ્ટ કરેલા તેઓના નામોનો ઉલ્લેખ પંચનામામાં નથી તેમ જણાવે છે. આ ઉપરાંત ઉલટ તપાસના પેરા નં.૮૯ ધ્યાને લેતા આંક–૬૪૩૪ વાળા પંચનામાનું પ્રથમ ભાગનું પંચનામુ ક્રાઈમ બ્રાન્ચની ઑફિસમાં કરેલુ, પ્રાથમિક પંચનામામાં પંચોની સહીઓ ક્રાઈમ બ્રાન્ચની ઑફિસમાં લીધેલી તો તે કબૂલ કરે છે. આ હકીકત ધ્યાને લેતા આંક–૬૪૩૪ વાળા પંચનામાનો પ્રથમ ભાગ ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે લખાવેલાનું સ્પષ્ટ બને છે. પંચનામાના પંચોને કઈ રીતે અને કયા માધ્યમથી બોલાવવામાં આવેલા તેનો ઉલ્લેખ પંચનામામાં નથી તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે પંચોને કઈ રીતે અને કયા માધ્યમથી બોલાવવામાં આવેલા તે હકીકત પંચનામામાં લખવી જોઈએ તેવો કોઈ આદેશાત્મક નિયમ નથી. વધુમાં સાહેદને પ્રશ્ન પુછવામાં આવેલો છે કે તમે જે પંચનામુ કરેલુ તે આ ભાડાનું મકાન બતાવેલુ તેનુ પંચનામુ કરેલુ છે તો સાહેદે જવાબ આપેલો છે કે આરોપીએ જે મકાન બતાવેલુ તેનુ પંચનામુ કરેલુ. આરોપી સાજીદ મન્સુરીએ મકાન ભાડે રાખેલુ તેવો ઉલ્લેખ પંચનામામાં નથી તે કબૂલ કરે છે. પંચનામુ કર્યા ત્યારે વીડિયોગ્રાફી કરેલી નથી તે કબૂલ કરે છે. વીડિયોગ્રાફી એટલા માટે નથી કરી કારણ કે આરોપી હાજર ન હતો તો તે હકીકત નકારી છે. મકાનનું તાળુ મકાન માલીકની હાજરીમાં ખોલેલુ તેમ જણાવે છે. સાહેદ જણાવે છે કે મકાનનું તાળુ તોડવામાં આવેલુ અને તોડેલુ તાળુ કબજે લીધેલુ નથી. મકાનના ભાડાની પહોંચ કે ભાડાનુ એગ્રીમેન્ટ મકાન માલીક પાસેથી લીધેલુ નથી. ભરૂચ મુકામે આરોપીને લઈ પંચનામાવાળા મકાન ઉપર ગયા નથી તો તે હકીકત નકારે છે.

વધુમાં સાહેદ નં.૧૧૬૩ ની ઊલટતપાસના પેરા નં.૧૧૮ ધ્યાને લેતા આરોપી જે ભાષા જાણતો હતો તે ભાષામાં તેને પંચનામુ સમજાવેલુ છે તેવો

શેરો પંચનામામાં કરેલ નથી તે કબૂલ કરે છે. ઊલટતપાસના પેરા નં.૧૬૩ ધ્યાને લઈએ તો આંક–૬૪૩૪ વાળા મકાનનું પંચનામુ વટવા ખાતેના મકાનનું છે તે કબૂલ કરે છે. પંચનામુ બનાવ્યુ ત્યારે એફ.એસ.એલ. અધિકારી હાજર ન હતા તો તે હકીકત નકારેલી છે.

આંક–૬૪૩૪ વાળા પંચનામા વખતે તપાસ કરનાર અધિકારીએ એફ.એસ.એલ. અધિકારી સાહેદ નં.૮૩૦ અમૃત વસરામભાઈ હીંગરાજીયાને હાજર રાખેલા અને તેમણે પણ પોતાની જુબાનીમાં જણાવેલુ છે કે, તા. ૧૮/૮/૨૦૦૮ ના રોજ આ સાહેદની કચેરીના નાયબ નિયામકશ્રી, મોબાઈલ ઈન્ચાર્જ, ડી.એફ.એસ. ગાંધીનગરનાઓની ટેલીફોનિક સુચના અનુસાર તેઓની સાથે તથા અન્ય બે અધિકારીશ્રીઓ જે પૈકી જી.ડી.શર્મા આસિસ્ટન્ટ ડાયરેક્ટર, ડી.એફ.એસ. ગાંધીનગર તથા શ્રી જે.કે.પટેલ, સાયન્ટીફીક ઓફિસર, ડી.એફ. એસ.ગાંધીનગરનાઓની સાથે મણીનગર પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુના રજી. નં.૨૦૩/૨૦૦૮ ના કામે આ કામના આરોપી અબુબસર અબ્દલ બસીરનાઓની હાજરીમાં વટવા ખાતે આવેલ પ્રેમ કંડકટરના ખાંચામાં સીરાજબાવાના કુવા પાસે ઉમરાવનગર, મકાન નં.૩ ની તપાસ અર્થે ગયેલ. જે જગ્યાની તપાસ કરતા સદર મકાનના પ્રથમ માળે બહારથી એક સીડી હતી, સદર મકાન એક ઓસરી તથા એક રૂમવાળુ હતુ, ઓસરીમાં એક બાથરૂમ હતુ, દરવાજાથી રૂમમાં પ્રવેશતા રૂમમાં ઘરવખરીનો સામાન પડેલ ન હતો. રૂમમાં એક ટયુબલાઈટ ચાલુ હતી. સદર ટયુબલાઈટ બંધ કરી પોલીરે કીટ દ્વારા નિરીક્ષણ કરતા ભોંયતળીયે કોઈ ફલોરેશન્સ સ્પોટ જોવા મળેલ ન હતા તેમજ ઉત્તર દિવાલે કોઈ ફલોરેશન્સ સ્પોટ જોવા મળેલ ન હતા. પશ્ચિમ દિવાલે એક નાની બારી હતી. બારીમાં જૂના ખાખી સફેદ પુંઠા લગાડેલ હતા. જે પુંઠા ખસેડી બારીની જાળી વચ્ચે એક પ્લાસ્ટિકની કોથળી હતી જેમાં લાલ સફેદ વાયરના બે ટુકડા હતા. છ આની બે ધાતુના આટાવાળા બોલ્ટ તેમજ ઈલેક્ટ્રીક ટેપના લાલ, કાળા, વાદળી રંગના ટુકડા ધાતુના છરા પોલીથીન પેપરના ટુકડા, અંગ્રેજી છાપાની પસ્તી, સદર પુંઠા પર ફલોરેશન્સ સ્પોટ જણાતા ઉપરોક્ત વસ્તુઓ તમામ કબજે લેવા તપાસ

અધિકારીશ્રીને જણાવેલ. દક્ષિણ દિવાલે પોલીરે કીટથી જોતા કોઈ શંકાસ્પદ ફલોરેશન્સ સ્પોટ જોવા મળેલ ન હતા. પૂર્વ દિશાની દિવાલે એક ખાનું હતું જેમાં એક પુંઠાનો ટુકડો જેને પોલીરે કીટ મારફત નિરીક્ષણ કરતા શંકાસ્પદ ફલોરેશન્સ સ્પોટ જણાયેલ. જે કબજે લેવા તપાસ અધિકારીશ્રીને જણાવેલ. તેમજ આ દિવાલ ઉપર શંકાસ્પદ ફલોરેશન્સ સ્પોટ જણાતા તે ચપ્પુ વડે સ્ક્રેપ કરી કબજે લેવા જણાવેલ. ઓસરીમાં પોલીરે કીટથી જોતાં કોઈ ફલોરેશન્સ સ્પોટ જણાતા ન હતા તે જગ્યાએથી કન્ટ્રોલ નમૂનો સ્ક્રેપ કરી લેવા તપાસ અધિકારી શ્રીને જણાવેલ. ઉપરોકત જગ્યા ઉપરથી બારીમાંથી મળેલ પુંઠા નંગ.૨, અંગ્રેજી પેપરની પસ્તી, પ્લાસ્ટિકની કોથળીમાંથી મળેલ લાલ, કાળા વાયરના બે ટુકડા, છ આની બોલ્ટ નંગ–૨, ટેપના લાલ, કાળા, વાદળી ટુકડા, ધાતુના છરા, પોલીથીન પેપરના ટુકડા વગેરે, પૂર્વ દિવાલે ખાનામાંથી મળેલ ખાખી પુંઠું, પૂર્વ દિવાલેથી સ્ક્રેપ કરી મેળવેલ શંકાસ્પદ ફલોરેશન્સ સ્પોટનો ભુકો, કંટ્રોલ સ્ક્રેપ વિગેરે મુદ્દામાલ કબજે કરેલ અને તે અંગેનો મોબાઈલ ઈન્વે. વાનનો અહેવાલ આંક–૫૫૭૫ થી રજૂ રાખેલ છે જેમાં આ સાહેદશ્રી જી.ડી.શર્માની તથા શ્રી જે.કે. પટેલ તથા પોતાની સહીઓ ઓળખી બતાવે છે તેમજ આ તપાસ કરનાર અમલદારે આપેલ યાદી આંક–૫૫૭૪ થી રજૂ રાખેલ છે જેમાં તપાસ કરનાર અમલદારની સહી ઓળખી બતાવે છે. આ જે વસ્તુઓ મકાનમાંથી મળી તે છરા, પટ્ટી, બોલ્ટ વિગેરે વસ્તુઓ જે–જે જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ થયા તે દરેક જગ્યાઓ ઉપરથી પણ મળેલ છે જેથી આ મકાનમાં પણ બોમ્બ બનાવવામાં આવતા હતા તે હકીકતને સમર્થન મળે છે.

આંક–૬૪૩૪ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી રજૂઆત અને દલીલ એવી છે કે પંચનામામાં "આરોપીએ જણાવેલુ કે પોતે જુલાઈ–૨૦૦૭ દરમ્યાન વટવા ખાતે આવેલ સોસાયટીમાં મુંબઈનો અબ્દુલ સુભાન તથા વડોદરાનો કયામુદ્દીન સાથે રહેલ હતો અને અમદાવાદ શહેરમાં બોમ્બ વિસ્ફોટ થયા ત્યારે તે સમય દરમ્યાન જતા રહેલા હતા આ મકાન પોતાને વટવા ચાર રસ્તા ખાતે લઈ જવામાં આવે તો આ મકાન બતાવી શકે છે અને આ મકાન

ઉરાવનગરમાં હોવાનું જણાવેલ". આ ઉપરાંત "પંચનામામાં નીચે ઉતરી ચાલીના રસ્તાની પશ્ચિમ બાજુએ આવેલ મકાન નં.૩ બતાવી તે મકાનના પહેલા માળે પોતે તથા અબ્દુલ સુભાન અને કયામુદ્દીન રહેતા હતા તેવુ જણાવેલુ". આ હકીકત આરોપી વિરૂધ્ધ પુરાવામાં ગ્રાહ્ય નથી. બચાવપક્ષની દલીલ સાથે હું સંમત છું પરંતુ આરોપીના કહેવા પ્રમાણે જે મકાન ઉપર તપાસ કરનાર અધિકારી આરોપીને લઈને ગયેલા અને આરોપીએ જણાવ્યા મુજબના વર્ણનવાળુ મકાન ત્યાં હતુ માટે તે મકાન હોવા અંગેની તેમજ મકાનમાંથી જે વસ્તુઓ જેવી કે છરા, બોલ્ટ, વાયરના ટુકડા વિગેરે મળેલાની હકીકત પુરાવામાં ગ્રાહ્ય છે. આ ઉપરાંત આ જગ્યાની માહીતી આરોપીને હતી માટે તે જગ્યા ઉપર આરોપી દોરી ગયેલ અને તેનુ આ દોરી જવાનુ વર્તન પણ પુરાવામાં ગ્રાહ્ય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે મોહમદ ફારૂક અબ્દુલરસીદ માસ્ટરને સાહેદ નં.૧૧૦૩ તરીકે આંક–૭૭૯૯ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ આ સાહેદ રૂમ નં.૮, ભાવનગરી શેરી, રાણી તળાવ, સુરત ખાતે ૧૫–૧૬ વર્ષથી રહે છે. ૨૦૦૮ના વર્ષમાં રેડીમેઈડ કપડાની દુકાન ધરાવતા હતા. આ સાહેદના મિત્ર સાજીદ મન્સુરી પહેલા એંગ્લો ઉર્દુ સ્કૂલમાં ભણેલા હતા. સાજીદ મન્સુરીની પત્નીનુ નામ સાજીયાબાનુ છે. સાજીદ મન્સુરી ભણતા હતા ત્યારે માર્કેટીંગમાં જોબ કરતા હતા. સુરત ડી.સી.બી. પોલીસે ઓગસ્ટ–૨૦૦૮ મા આ સાહેદનું નિવેદન લીધેલાનું જણાવે છે. ઓગસ્ટ–૨૦૦૮ મા જે નિવેદન લખાવેલુ તે બાબતે બીજુ કંઈ જાણતા નથી. સાજીદ મન્સુરી સીમી સાથે જોડાયેલા હોય અને બીજા એક માણસને ડીસેમ્બર માસમાં ઘરે લઈ આવેલો હોય અને તે માણસનું નામ મુકતી હોય તેવુ બનેલુ નથી. આ સાહેદ ફરિયાદપક્ષની હકીકતને સમર્થન કરતા ન હોય સરકારી વકીલશ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરવા વિનંતી કરેલી, તેમની વિનંતી માન્ય રાખવામાં આવેલી અને અદાલતની પરવાનગીથી તેઓની ઊલટતપાસ કરેલી છે. તે ધ્યાને લઈએ તો તા.૧૭.૮.૨૦૦૮ ના રોજ મદદનીશ પોલીસ કમિશનર સુજાતા મજમુદારે જવાબ લીધેલાનું કબૂલ કરે છે. જવાબ આ સાહેદના લખાવ્યા

મુજબ લખી લેવામાં આવેલાનું પણ કબૂલ કરે છે. પોલીસ રૂબરૂના નિવેદનમાં સાજીદ મન્સુરી ધોરણ–૧૨ મા ભણતો હતો ત્યારે સને–૧૯૯૩ મા સીમીમાં જોડાયેલો તેવુ પોલીસ જવાબમાં લખાવેલાની હકીકત નકારેલી છે. કોલેજ કાળ દરમ્યાન સાજીદ મન્સુરી કટ્ટર ઈસ્લામિક વિચાર ધરાવતો હતો અને આ સાહેદને પણ સીમીમાં જોડાય જવા કહેતો હતો તેવી હકીકત પોલીસ જવાબમાં લખાવેલાની હકીકત નકારેલી છે. તાલીબ અને અજમુદ્દીન સાથે સાજીદે આ સાહેદની ઓળખાણ કરાવેલાની હકીકત પોલીસ જવાબમાં લખાવેલાનું નકારે છે. મસીઉદ્દીન તેમજ રફીક પટેલ સાથે મળીને ખીદમત ગ્રુપ શરૂ કરેલાની હકીકત પોલીસ જવાબમાં લખાવેલાનું નકારે છે. મુફતી નામનો માણસ સાજીદ મન્સુરી સાથે ઘરે આવેલો અને તેની ઓળખાણ કરાવેલાની હકીકત પણ આ સાહેદે નકારેલી છે. અડાજણ બ્રીજના છેડા તરફ સાજીદ મન્સુરી, મુકતી, રફીક પટેલ, આરીફ પટેલ, ઈસ્માઈલ શેખ, તન્વીર પઠાણ, જહીર પઠાણ, અદનાન ગુજરાતી, અબ્દુલ કરીમ વિગેરે ભેગા થયેલા અને મુકતીએ ઈસ્લામિક બાબતે તકરીર કરેલી, મુસ્લિમો લોકશાહીમાં માનતા નથી વિગેરે હકીકતો પોલીસ જવાબમાં લખાવેલાની હકીકતો નકારેલી છે. આરોપી સાજીદ મન્સુરી, મુકતી, તન્વીર પઠાણ, જહીર પટેલ, રફીક પટેલને બચાવવા સોગંદ ઉપર ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારી છે.

આ સાહેદની આરોપીઓ તરફથી પણ ઊલટતપાસ કરવામાં આવેલી છે તે ધ્યાન લેતા જુલાઈ,ઓગસ્ટ–૨૦૦૮ ના અરસામાં સુરત ડી.સી.બી. પોલીસે ઘણા મુસ્લિમ કોમના લોકોને પોલીસ સ્ટેશને બોલાવી પુછપરછ કરેલાનું કબૂલ કરે છે. કેટલા મુસ્લિમ છોકરાઓને બોલાવવામાં આવેલા તેની ખબર નથી. પુછપરછ માટે પોલીસે એક વખત બોલાવેલા. પોલીસે જે લખેલુ તે વાંચવા આપેલુ નહીં.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદની આ કેસોની તપાસ દરમ્યાન પોલીસે પુછપરછ કરી જવાબ લીધેલો છે અને તેમની ફરિયાદપક્ષ દ્વારા થયેલી ઊલટતપાસમાં સાહેદે સ્પષ્ટ જણાવેલુ છે કે તા.૧૭.૮.

૨૦૦૮ ના રોજ પોલીસે તેમનો જવાબ લીધેલો અને તે જવાબ લખાવ્યા મુજબનો પોલીસે લખી લીધેલો. આ હકીકત હોવા છતાં આરોપીઓ તરફથી કરવામાં આવેલી ઉલટ તપાસમાં આ સાહેદ વિપરીત હકીકત જણાવે છે. જે માનવા યોગ્ય નથી. આ સાહેદને ફરિયાદપક્ષે ફરી ગયેલા જાહેર કર્યા છે પરંતુ તેઓની જુબાની સંપૂર્ણપણે ન માનવી જોઈએ તેવુ નથી. આ સાહેદે અકુદરતી જુબાની આપેલી છે. તેઓની સમગ્ર જુબાની ધ્યાને લેતા આ સાહેદે આરોપીઓને બચાવવા માટે જુબાની આપેલી હોવાનું સ્પષ્ટપણે માલુમ પડે છે. આમ આ સાહેદે અકુદરતી જુબાની આપેલી છે જે વિશ્વાસપાત્ર નથી અને આરોપીઓને બચાવવા માટે ઈરાદાપૂર્વક આરોપીના લાભમાં અને ફરિયાદપક્ષની વિરૂધ્ધમાં જુબાની આપેલાનું મારૂ સ્પષ્ટપણે માનવુ છે.

તપાસ ટીમો પૈકીની એક ટીમના તપાસ કરનાર અધિકારી મયુર ચાવડાએ તા.૨૭/૦૮/૨૦૦૮ ના રોજ જાવક નં.તપસ/૨૦૩/ ૨૦૦૮નો પત્ર નિયામકશ્રી ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી ગુજરાત રાજયને આ કામના આરોપી અબુબસર ઉર્ફે મુફતી (આરોપી નં.૧૫)નાઓના "સસ્પેકટ ડિટેન્શન સીસ્ટમ" દ્વારા તપાસણી કરી અહેવાલ આપવા વિનંતી કરતો પત્ર લખેલો. જે આંક–૫૮૯૯ થી રજૂ છે. આ પત્રમાં સાહેદ નં. ૧૧૬૩ મયુર ચાવડાનાઓ પોતાની સહી પોતાની જુબાનીમાં ઓળખી બતાવેલી છે. આ પત્ર દ્વારા જે મુદ્દાઓની તપાસ કરવા વિનંતી કરેલી હતી તે મુદ્દાઓ જેવા કે...

(૧) તમો "સીમી" અને "ઇન્ડિયન મુજાહિદ્દિન"ના સભ્ય છો?

(એ) સીમીના સભ્ય કયારથી છો?

(બી) ઇન્ડિયન મુજાહિદ્દિનની સ્થાપના કયારથી થઇ?

(સી) ઇન્ડિયન મુજાહિદ્દિન સીમીનું બીજુ સ્વરૂપ છે કે કેમ?

(૨) અમદાવાદ શહેરમાં તા.૨૬/૦૭/૨૦૦૮ના રોજ થયેલ બોમ્બ બ્લાસ્ટમાં તમો સંડોવાયેલા છો?

(એ) અમદાવાદના બોમ્બ બ્લાસ્ટના અનુસંધાને અમદાવાદની કયારે, કેટલી, કોની મુલાકાત લીધી?

(બી) બીજા બહારના કોણ–કોણ હતાં?

(૩) ભારતમાં અન્ય (રાજયના) શહેરોમાં થયેલ બોમ્બ બ્લાસ્ટ વિશે તમારી જાણકારી શું છે?

(૪) બીજા ઓર્ગેનાઈઝેશન જેવા કે, "એલ.ઈ.ટી." અને "હુજી" માં જોડાયેલા છો?

(૫) તમારૂ (ફંડિગ) આર્થિક આવકના સોર્સ શું છે?

(એ) ગુજરાતમાંથી કોઈએ આર્થિક મદદ કરેલી છે કેમ?

(બી) કોણે, કયારે, કેટલી મદદ કરેલી છે?

ઉપરોકત પત્રમાં જણાવ્યા મુજબના મુદ્દાઓ બાબતે આ આરોપીનો સસ્પેકટ ડિટેન્શન ટેસ્ટ એફ.એસ.એલ.અધિકારી સાહેદ નં.૮૪૮ વસંતભાઇ હાથીભાઇ પટેલનાઓએ કરેલો હતો. તેઓને આ કામે ફરિયાદપક્ષ દ્વારા આંક–૫૮૯૪ થી તપાસવામાં આવેલા છે. તેઓની સરતપાસ મુજબ સને–૧૯૮૨મા સાયન્ટિફિક આસીસ્ટન્ટ તરીકે એફ.એસ.એલ. અમદાવાદમાં જોડાયેલા હતા અને સને–૨૦૦૬ ની સાલમાં મદદનીશ નિયામક, ફોરેન્સિક સાયકોલોજી વિભાગ તરીકે પ્રમોશન મેળવેલું અને છેલ્લે સને–૨૦૧૨ની સાલમાં નિવૃત્ત થયેલાં છે. તા.૨૫/૦૮/૨૦૦૮ ના રોજ નાયબ પોલીસ અધીક્ષક, બોમ્બ બ્લાસ્ટ તપાસ ટીમ, અમદાવાદ શહેરનાઓએ કેટલાક આરોપીઓને સસ્પેકટ ડિટેન્શન સીસ્ટમથી પરીક્ષણ કરાવવા માટે ચર્ચા કરવા એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે આવેલા અને શ્રીમતી ડૉ.એસ.એલ.વાયાને મળેલાં અને તેમણે આ સાહેદ પાસે ચર્ચા કરવા માટે મોકલેલા. બનાવ અંગે જરૂરી વિગતો જાણીને જરૂરી ચર્ચા કરેલી. ત્યારબાદ એસ.ડી.એસ. પરીક્ષણ માટે તા.૨૬/૦૮/૨૦૦૮ના રોજ કલાક ૧૦:૩૦ વાગ્યે આરોપીઓને હાજર રાખેલા. જે આરોપીઓને હાજર રાખેલા તે ઉપરોકત જણાવેલ આરોપીઓ કુલ–૬ હતાં. આ આરોપીઓને હાજર રાખ્યા બાદ દરેક આરોપીનો વ્યકિતગત ઈતિહાસ જેવો કે, નામ, સરનામું, અગાઉના ગુનાની વિગતો, તેઓને વ્યસન છે કે કેમ? વિગેરેની ઈન્કવાયરી કરેલી અને તે અંગેનું

ફોર્મ ભરવામાં આવેલું જે આંક–૫૯૦૦ થી રજૂ કરેલું છે. જેમાં એફ.એસ.એલ. કચેરીનો સિકકો તથા આ સાહેદની સહી છે.

વધુમાં આ સાહેદની જુબાનીના પેરા–૩ ધ્યાને લઈએ તો સસ્પેકટ ડિટેન્શન સિસ્ટમ દ્વારા તેમનુ પરિક્ષણ કરવામાં આવ્યું તો નીચે મુજબના મુદ્દા પ્રત્યે તેઓમાં સુચક પ્રતિભાવો મળેલાં છે.

(૧) સીમી અને સીમ સાથે સંકળાયેલા છે.

(૨) સીમીના કાર્યકર છે.

(૩) હવે પછી ભવિષ્યમાં દિલ્હી અને વારાણસીમાં બોમ્બ વિસ્ફોટ થનાર છે.

(૪) ભૂતકાળમાં બોમ્બ વિસ્ફોટ થયેલ તે શહેરોમાં ફરીથી બોમ્બ વિસ્ફોટ થશે.

(૫) વિસ્ફોટ કરનાર માણસોને ઓળખે છે.

આ સાહેદે પરીક્ષણ કરતા આરોપીએ ઉપર મુજબના જવાબો આપેલા અને તે જવાબો અંગેનો અભિપ્રાય આ સાહેદે આપેલો જે આ કામે આંક–૫૯૦૧ થી રજૂ છે જેમાં આ સાહેદે પોતાની સહી તથા સિકકો ઓળખી બતાવેલો છે. આ અભિપ્રાય અધિક નિયામક એફ.એસ.એલ.,ગાંધીનગરના ફોરવર્ડિંગ પત્રથી તા.૨૧/૧૦/૨૦૦૮ ના રોજ તપાસ કરનાર અધિકારીશ્રી વી.આર. ટોળિયાને મોકલી આપેલો છે.

હવે આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો એફ.એસ.એલ. કચેરી ગાંધીનગરમાં કોઈપણ વિના રોકટોક પ્રવેશ કરી શકે છે તો તે હકિકત નકારી છે. કોઇ વ્યકિતએ પ્રવેશ કરવો હોય તો ઓળખપત્ર અને સિકયુરીટી ચેકિંગમાંથી પસાર થવુ પડે છે તો તે કબૂલ કરે છે. આ સાહેદે કાયદાશાસ્ત્રનો અભ્યાસ કરેલો નથી. ફોજદારી કાર્યવાહીને લગતા ખાસ કાયદાઓનો પણ અભ્યાસ કરેલો નથી. મારા મત પ્રમાણે આ સાહેદે ફોજદારી કાયદાઓનો અભ્યાસ કરવો જરૂરી નથી કારણ કે, આ સાહેદ સાયન્ટિફિક ઓફિસર છે અને કાયદાઓનો અભ્યાસ કરવો તેમના માટે ફરજિયાત નથી. આરોપીઓના ટેસ્ટ પોતાની ચેમ્બરમાં લેવામાં આવેલાની હકીકત નકારી છે. રજૂ કરવામાં આવેલા

આરોપીઓને કઇ તારીખે પકડવામાં આવેલા હતા અને કેટલા સમયથી પોલીસ કસ્ટડીમાં હતી તેવી કોઇ માહિતી પોલીસ અધિકારી ટોળીયાએ આપેલી ન હતી પરંતુ મારા મત પ્રમાણે આરોપીઓ કેટલા સમયથી પોલીસ કસ્ટડીમાં છે અને તેમને કયારે પકડવામાં આવેલા તે જાણવાનો આ સાહેદને કોઇ અર્થ નથી. આ સાહેદનું કાર્ય તપાસ કરનાર અધિકારીના કાર્ય કરતા તદ્દન જુદુ છે . વધુમાં ઊલટતપાસ ધ્યાને લઇએ તો, આરોપીઓના ટેસ્ટ લીધા પછી સાંજે છ વાગ્યે પોલીસને સુપરત કરેલાં. આરોપીને સુપરત કર્યા ત્યારે ડૉકટરની હાજરી રાખવામાં આવેલી નહિ. આરોપીઓના ટેસ્ટ સ્વતંત્ર વ્યકિતઓની હાજરીમાં રાખવામાં આવેલા નથી તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે એફ.એસ.એલ.ની કચેરીમાં કોઇ બહારની વ્યકિતને પ્રવેશ માટે પ્રતિબંધ છે. આ ટેસ્ટ એવા પ્રકારના છે કે તેમાં સ્વતંત્ર વ્યકિતઓને હાજર રાખવી યોગ્ય પણ નથી. એસ.ડી.એસ. ટેસ્ટ પધ્ધતિએ આરોપી પાસેથી ગુના સંબંધેની માહિતી અને તેમના ભજવેલ ભાગ સંબંધે માહિતી મેળવવા માટેનો ટેસ્ટ છે તે કબૂલ કરે છે. આરોપીઓ તરફે આ કબૂલાત્મક પ્રશ્ન પુછીને સ્વિકારવામાં આવેલું છે કે,આ ટેસ્ટ ગુના સંબંધે માહિતી મેળવવાનો ટેસ્ટ છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઇએ તો, ટેસ્ટ લેનાર અને આરોપીની માનસિક સ્થિતિ કેવી છે તેની ઉપર પરિણામ અવલંબિત છે તો તે વાત સાથે સહમત નથી. "હુજી" અને "લશ્કરે તોઇબા"નામની સંસ્થાઓ અંગે અને તેની કાર્યવાહી અને સભ્ય વિશે જાત માહિતી નથી. એસ.ડી.એસ. પ્રણાલી વિશ્વના કયા કયા દેશોમાં વપરાય છે તે જાણતા નથી પરંતુ આ પધ્ધતિ ભારતમાં માન્ય છે તેમ જણાવે છે. સસ્પેકટ ડિટેન્શન કંપનીનું નામ છે અને તેના પરથી પધ્ધતિનું નામ આપવામાં આવ્યું છે. એસ.ડી.એસ. પ્રણાલીના સમકક્ષ અન્ય કોઇ કંપની હોય તો ધ્યાનમાં નથી. એસ.ડી.એસ. પધ્ધતિ કેટલા અંશે સાચી અને કેટલા અંશે ખરી નથી તે બાબતે કોઇ વૈજ્ઞાનિક સંસ્થામાં સંશોધન થયેલ છે કે કેમ? તેની ખબર નથી. એસ.ડી.એસ. પરીક્ષણના અહેવાલ બાબતે કોર્ટમાં જુબાની આપવાનો પ્રસંગ બનેલો હોય તો ખ્યાલ નથી. આ પરીક્ષણનો આધાર બાયોસાઇકોલોજી છે. જેનું વિશ્લેષણ કરીને વ્યકિત શકદાર છે કે કેમ? તે અંગેનો

અભિપ્રાય આપવાનો હોય છે. કમ્પ્યુટર પરના રીસ્પોન્સનો અવલોકન કરીને અભિપ્રાય આપવામાં આવે છે તે કબૂલ કરે છે. યાદશકિત ઓછી હોવાના કારણે પણ જી.એસ.આર.ના પ્રતિભાવમાં અસર પડે છે. પ્રિ–ટેસ્ટ ઇન્ટરવ્યુ ફોર્મમાં અગત્યની પ્રાથમિક નોંધ કરવામાં આવે છે તે કબૂલ કરે છે. આરોપીઓએ જણાવેલી તકલીફો ચકાસવાની આ સાહેદ પાસે કોઇ સુવિધા ન હતી. આરોપીઓના બ્લડ અને યુરીન ટેસ્ટ કરેલા નથી. આરોપીઓના ટેસ્ટ બાબતે કોઇ તપાસનીશ પોલીસ અધિકારી સાથે પત્ર વ્યવહાર કરવાનું બનેલું નથી. પરીક્ષણની માહિતી કમ્પ્યુટરમાં સ્ટોર થાય છે તે કબૂલ કરે છે. અહેવાલમાં કમ્પ્યુટરની સ્થિતિ બાબતેનો ઉલ્લેખ નથી તે કબૂલ કરે છે. કરેલા પરીક્ષણો કાયદા અને સરકારથી માન્ય થયેલા નથી માટે ખોટા અને ભુલભરેલા છે તો તે હકીકત નકારી છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો, એસ.ડી.એસ. ટેસ્ટનો હેતુ વ્યકિત સાચુ બોલે કે ખોટુ બોલે તે જ છે. ટેસ્ટના પરિણામ સાયકોલોજીકલ ટેસ્ટ ઉપર આધારિત છે તે કબૂલ કરે છે. આ ટેસ્ટને કોઇ માર્ગદર્શિકા લાગુ પડતી નથી તેમ જણાવે છે. એસ.ડી.એસ. સિસ્ટમમાં પણ સબજેકટમાં થતા માનસિક, શારીરિક ફેરફારો કમ્પ્યુટરમાં નોંધાય છે તે કબૂલ કરે છે. સવાલ થકી વ્યકિતના મનમાં અને શરીરમાં જે કોઇ ફેરફારો આવે તે નોંધાય છે તે કબૂલ કરે છે. પરિક્ષણ કરતુ સોફટવેર સરકાર માન્ય છે કે કેમ? તે કહિ શકે તેમ નથી. આ તબકકે વકીલશ્રી એલ.આર.પઠાણનાઓ દલીલ કરતા જણાવેલું છે કે, સોફટવેર સરકાર માન્ય છે કે કેમ? તે અંગેની જાણકારી સાહેદને ન હોવાથી આ સાહેદે આપેલો પરીક્ષણ અહેવાલ માન્ય રાખી શકાય નહિ. પરંતુ મારા મત પ્રમાણે એફ.એસ. એલ. લેબોરેટરી સરકાર હસ્તક છે, સરકારી સંસ્થા છે અને સરકારની ગ્રાન્ટ દ્વારા તે ચાલે છે જે કાંઇ સાધનસામગ્રી લેબોરેટરીને આપવામાં આવે છે તે સરકાર દ્વારા આપવામાં આવે છે જેથી એવું ચોકકસપણે કહિ શકાય કે, આ સોફટવેર સરકાર માન્ય જ છે. ટેસ્ટ લેતા પહેલા વ્યકિતની સહમતિ મેળવવી આવશ્યક છે. આ સાહેદ જણાવે છે કે, આરોપીઓની મૌખિક સંમતિ મેળવેલી છે. પકડાયેલ વ્યકિત શંકાસ્પદ છે કે કેમ? તે નક્કી કરવા માટે આ ટેસ્ટ કરવામાં આવે છે તે

કબૂલ કરે છે. ટેસ્ટ દરમ્યાન આરોપી જે જવાબ આપે તે તમામ કમ્પ્યુટરમાં નોંધાય છે તે કબૂલ કરે છે. પોલીસને મદદ કરવા ખોટો અભિપ્રાય આપેલાની હકિકત નકારે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ સાયન્ટિફિક ઓફિસર તરીકે એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે ફરજ બજાવતા હતા અને કુલ–૬ આરોપીઓના સસ્પેકટ ડિટેન્શન ટેસ્ટ આ સાહેદે કરેલા છે. તે પૈકી આ આરોપીનો સમાવેશ થાય છે. સસ્પેકટ ડિટેન્શન ટેસ્ટ તથા ટેસ્ટનું પરિણામ તથા આ સાહેદની જુબાની મુજબ આ આરોપી સીમી સાથે સંકળાયેલો છે અને તેનો કાર્યકર છે. ભારતના જુદા–જુદા શહેરોમાં બોમ્બ વિસ્ફોટ થયેલા છે તે અને ભવિષ્યમાં બોમ્બ વિસ્ફોટ થશે તેવી આ આરોપીને જાણકારી છે અને બોમ્બ વિસ્ફોટ કરનારાઓને આ આરોપી જાણે છે. સાહેદ નં.૮૪૮ દ્વારા કરવામાં આવેલો આ ટેસ્ટ કમ્પ્યુટરાઈઝડ ટેસ્ટ છે. સરકાર દ્વારા પુરા પાડવામાં આવેલા કમ્પ્યુટર અને સોફટવેર દ્વારા આ ટેસ્ટ થયેલો છે. આ ટેસ્ટ સરકારના કામકાજના દિવસો અને સમય દરમ્યાન કરવામાં આવેલો છે. આ સાહેદે જે કાંઇ કામગીરી કરેલી છે તે ફરજના ભાગરૂપે કરેલી છે. આરોપીઓ સાથે કોઇ અંગત દુશ્મનાવટ નથી કે જેથી કરીને આરોપીઓ આ ગુનામાં સંડોવાય તે માટે ખોટો ટેસ્ટ કરીને ખોટો અભિપ્રાય આપે. આ ઉપરાંત આ સાહેદ વૈજ્ઞાનિક સાહેદ હોય, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૯૩ હેઠળ આ સાહેદે આપેલો અભિપ્રાય સીધે સીધો પુરાવામાં ગ્રાહ્ય છે તેમ છતાં આ સાહેદે અદાલત સમક્ષ સોગંદ ઉપર જુબાની આપેલી છે અને પોતે આપેલો અભિપ્રાય સાચો છે તેમ જણાવેલું છે જે નહિ માનવાને કોઇ કારણ નથી.

આ આરોપી નં.૧૫ મુફતી અબુબસર ઉર્ફે અબ્દુલ રશીદ ઉર્ફે અબદુલ્લા અબુબકર શેખે ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે તે પ્રશ્નના જવાબમાં તેને ફરિયાદપક્ષના પુરાવા સબંધી જે હકીકત જણાવી તે તથા

પોતાના બચાવ માટે જે હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦ માં જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી. આ ઉપરાંત આ આરોપીએ પોતાના બચાવમાં અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ કરેલો નથી. વધુમાં આરોપીએ પોતાના વિશેષ નિવેદનમાં વિશેષમાં જે કાંઇ કહેલુ છે તે બાબતે જે હકીકત જણાવી છે તે સૌપ્રથમ વખત જણાવી છે તે બાબતે કોઇ પુરાવો આરોપીએ રજૂ કરેલો નથી.

આરોપી નં.૧૫ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૯૫૭, ૧૧૦૬, ૧૧૪૧, ૯૨૯, ૫૭૧, ૮૭૨, ૮૯૮, ૧૧૦૩, ૮૩૦, ૮૪૮, ૭૮૬, ૭૯૦, ૭૯૨, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ છે. આ ઉપરાંત આ આરોપી નં.૨ તથા આરોપી નં.૭૬ ના કબૂલાત નિવેદનો પણ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતાં આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવો તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપીને તા.૧૬.૮.૨૦૦૮ ના રોજ અટક કરેલો છે. તપાસ કરનાર અધિકારીએ સાહેદ નં.૮૯૮ બિપીન પટેલની હાજરીમાં આરોપીને લઈ વટવા ખાતે ઉમરાવનગરવાળા મકાન ઉપર ગયેલા. આરોપીએ કહેલુ કે, "આ મકાનના પહેલા માળે અમે રહેતા હતા" તે હકીકત પુરાવામાં ગ્રાહય નથી. આ મકાનમાંથી જુદી-જુદી વસ્તુઓ કબજે કરેલી તેનુ પંચનામુ આંક-૬૪૩૪ થી બનાવેલુ છે. પરંતુ મારા મત પ્રમાણે આરોપી આ મકાન ઉપર દોરી ગયેલો તે પુરાવના કાયદાની કલમ-૮ હેઠળ વર્તણૂક તરીકે ગ્રાહય છે અને તે આરોપી વિરૂધ્ધ એક સંજોગ ઉભો કરે છે કે તે પોતે આ ગુનાઓમાં સંડોવાયેલો છે. સાહેદ નં.૮૯૮ એ આરોપીને જુબાની દરમ્યાન અદાલતમાં ઓળખી બતાવેલો નથી કારણ કે સમય ઘણો થઈ ગયેલો છે, આરોપીને નહીં ઓળખવાનું કારણ સાહેદે વાજબી આપેલુ

છે તેમ હું માનુ છું. આ સાહેદની ઊલટતપાસ ધ્યાન દોરી દલીલ કરવામાં આવેલ છે કે, આ સાહેદ મજૂર છે અને મકાનથી સાડા ચાર કિ.મી. દુર રહે છે પરંતુ આ સાહેદ મજુર હોવાથી તે પંચ તરીકે ન રહે કે પંચ તરીકે રહેવાય નહીં તેવો કોઈ નિયમ નથી. સાહેદ નં.૧૧૦૬ ફિરોજ શેખની જુબાનીની ચર્ચા કરતા દલીલ કરે છે કે, વટવા ઉમરાવનગરવાળા મકાનના માલીક છે અને મેજિસ્ટ્રેટ રૂબરૂ તેમને આંક–૭૯૩૦ વાળુ નિવેદન નોંધાવેલુ હતુ. સાહેદે નિવેદન વાંચેલુ નથી કે તેને વંચાવેલુ નથી અને આરોપીને ખોટી રીતે ઓળખેલો છે. પરંતુ સાહેદ નં.૧૧૦૬ ની જુબાની ધ્યાને લઈએ તો તેને આ મકાન આરોપી નં.૩૭ ને ભાડે આપેલુ હતુ. આરોપી નં.૧,૨૩ અને ૧૫ આ મકાન ઉપર જતા હતા જે આ સાહેદે જોયેલા છે તે હકીકત નહીં માનવાને કોઈ કારણ નથી. સાહેદ નં.૯૨૯ રફીક અબદાલની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરે છે કે, આ સાહેદની દુકાને આરોપી જમવા જતા હતા પરંતુ જુબાની દરમ્યાન અદાલતમાં ઓળખી બતાવતા નથી. સાહેદ નં.૧૧૪૧ એૈયાઝ સૈયદની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરવામાં આવે છે કે, સમસુદ્ધીનના નાના ના ઘરે મીટીંગ થયેલી તેમા આ આરોપી હાજર હતો પરંતુ બચાવના સાહેદ નં.૧ તરીકે તપાસવામાં આવેલા સમસુદ્ધીનના નાના હાસમભાઈ તેમના ઘરે મીટીંગ થયેલાનું જણાવતા નથી. પરંતુ મારા મત પ્રમાણે સમસુદ્ધીનના નાના સમસુદ્ધીનની જ તરફેણ કરે તે સ્વાભાવિક છે તેથી કરીને સાહેદ નં.૧૧૪૧ ની જુબાની ખોટી છે તેવુ કહી શકાય નહીં. સાહેદ નં.૯૫૭ જાકીર કુરેશીની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરવામાં આવે છે કે જુદી જુદી મીટીંગોમાં આ આરોપી હાજર રહીને ભાષણો કરતો હતો તે સિવાય આ આરોપી વિરૂધ્ધ બીજો કોઈ પુરાવો નથી. પરંતુ મારા મત પ્રમાણે આ આરોપી ભાષણો કરતો હતો તે જ મહત્વની વસ્તુ છે. ધારો કે આરોપીએ ભાષણો કરેલા ના હોય પરંતુ સીમીની મીટીંગમાં હાજર રહે તે પણ પુરતુ છે.વધુમાં વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે આ આરોપી વિરૂધ્ધ તપાસ કરનાર અધિકારીઓએ ખોટા પુરાવા રજૂ કરેલા છે, આ તમામ પુરાવાઓ ભરોસાપાત્ર નથી અને આ આરોપીની આ ગુનામાં કોઈ સંડોવણી નથી. પરંતુ ઉપર વિગતે જે પુરાવા રજુ

થયા છે તે ધ્યાને લેતા આ આરોપી આ કહેવાતા ગુનામાં સંડોવાયેલો છે તેમ હું માનુ છું.

આરોપી નં.૧૬ અબ્બાસ ઉમર સમેજાનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૧૬ અબ્બાસ ઉમર સમેજાનાઓ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ જુદી-જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી-જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા-જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમને કઈ-કઈ ભૂમિકા ભજવેલી છે તે સાબિત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે તે પૈકી જનરલ સાહેદ તરીકે સાહેદ નં.૧૧૦૫ તરીકે ઈદ્રીશ ગુલાબશા દિવાનનાઓને તપાસેલા છે. આ ઉપરાંત અગત્યના સાહેદ તરીકે સાહેદ નં.૯૮૧ તરીકે પ્રવિણભાઈ હમીરભાઈ કટારીયા, સાહેદ નં.૧૦૬૭ તરીકે અંબાલાલ વેચાતભાઈ બારીયા, સાહેદ નં.૧૦૭૩ તરીકે મોહમદયુનુસ અબ્દુલલતીફ સુમરા તથા આ આરોપીની સાહેદો રૂબરૂ ઓળખ પરેડ કરાવનાર મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૮૮ તરીકે લક્ષ્મણ કેશવલાલ પારઘીને તપાસવામાં આવેલા છે અને તેઓ તમામની જુબાની ધ્યાને લેતા આ આરોપીની સામે મુકવામાં આવેલ આક્ષેપો મુજબના કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા એકબીજાની મદદગારી કરીને અમદાવાદ શહેરમાં જુદી-જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરેલા છે તેમજ સુરતની જુદી-જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલ હોવાનું ફલીત થાય છે.

આ ઉપરાંત સહઆરોપી નં.૨ ઈમરાન ઈબ્રાહીમ શેખ, સહઆરોપી નં.૩૫ રફીયુદ્દીન સરફુદ્દીન કાપડીયાનાઓએ ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબના કબૂલાત નિવેદનો મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ અમદાવાદ સમક્ષ લખાવેલા તે ધ્યાને લેતા પણ આ આરોપી તેઓની ઉપર મુકવામાં આવેલ આક્ષેપ મુજબના કાવતરામાં સામેલ હોવાનું ફલીત થાય છે. આ ઉપરાંત–

ફરિયાદપક્ષ દ્વારા આ કામે લક્ષ્મણભાઈ પોપટભાઈ ભરવાડને સાહેદ નં.૧૦૩૯ તરીકે આંક–૭૦૫૨ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૨૮/૯/૨૦૦૮ ના રોજ પોલીસે આ સાહેદને ક્રાઇમ બ્રાન્ચની ઑફિસે બોલાવેલા. તે વખતે તેમની સાથે તેમનો મિત્ર મહેશભાઇ પણ હતો. પોલીસે ત્યાં પંચ માટે બોલાવેલાં. સાહેબે કહેલું કે એક આરોપીને પકડેલો છે અને તે કાંઇક કહેવા માંગે છે તો પંચ તરીકે રહેશો? જેથી હા પાડેલી. ત્યારબાદ આ સાહેદે આરોપીનું નામ પુછેલું તો તેણે તેનું નામ "અબ્બાસ ઉમર ઉમેજા" જણાવેલું. તેને રહેવાનું પુંછેલું તો તેણે ભુજનો હોવાનું જણાવેલું. તેને પુંછેલું કે તું શું કહેવા માંગે છે તો તેણે જણાવેલું કે બોમ્બ બ્લાસ્ટમાં પકડાયેલો છું અને હું જયાં જયાં ગયેલો છું તે જગ્યા બતાવવા માંગુ છું. તે તા.૧૪–૧૫–૧૬, પ્રથમ માસની જણાવેલી. તેઓ ટ્રેનીંગ માટે ગયેલા હોવાનું જણાવેલું. જે પુંછેલું તે બોલતા ગયા અને બાજુમાં કોન્સ્ટેબલ લખતા હતાં. આ બધી કામગીરી કરવામાં અડધો–પોણો કલાક થયેલો.

સાહેદ વધુમાં જણાવે છે કે બધા ક્રાઇમ બ્રાન્ચમાંથી નીચે ઉતરી ગાડીમાં બેસેલા. ત્યારબાદ સાહેબે ડ્રાઇવરને કહેલું કે આ અબ્બાસ છે અને તે જયાં કહે ત્યાં ગાડી લઇ લ્યો. ત્યારબાદ ત્યાંથી ગાડી કાઢેલી અને જમણી તરફ ગાડી લેવડાવેલી. ત્યાંથી પાલડી બ્રિજ ઉતરીને ડાબી તરફ સીધા વિશાલા તરફ ગયેલાં. ત્યાં અબ્બાસે ડ્રાઇવરને કહેલું કેમ"ગાડી ઉભી રાખો" જેથી ગાડી ઉભી રાખેલી ત્યાં અમે બધા નીચે ઉતરેલાં. ત્યાં અબ્બાસે કહેલું કે "મારો મિત્ર મને અહીંયા વહેલી સવારે લેવા આવેલો" તેણે એવું પણ કહેલું કે "અહીંયાથી અમે બાઇક ઉપર બેસીને વડોદરા તરફ નીકળેલાં અને તે બતાવવા માંગું છું".

ત્યારપછી બધા સુમો ગાડીમાં બેસી નારોલ અને નારોલથી સીધા ખેડા ગયેલા. ત્યાં આગળ તેણે "એક શાલીમાર હોટલ બતાવેલી અને ગાડી ઉભી રખાવેલી". ત્યારબાદ ગાડી ઉભી રાખીને બધા નીચે ઉતરેલાં અને ત્યાં અબ્બાસે કહેલું કે "અહિંયા અમે ચા પીધેલી". ત્યારબાદ બધા ગાડીમાં બેઠેલાં. ત્યારબાદ ગાડી વડોદરા તરફ લીધેલી અને નદી પાર કરીને ગાડી ઉભી રખાવેલી અને ત્યાં નીચે ઉતરેલાં. નીચે ઉતર્યા પછી અબ્બાસે કહેલું કે "અમે અહીંયા પેટ્રોલ પુરાવેલું" ત્યારબાદ અમે બધા ગાડીમાં બેઠેલા અને સીધા વડોદરા સીટીમાં ગયેલાં. ત્યાં કોલોની હતી ત્યાં ગાડી ઉભી રખાવેલી અને અબ્બાસે કહેલું કે "હું અહીંયા ઉતરેલો અને અહિંયા આઠ,નવ જણા એક સુમોમાં બેઠેલા હતા અને હુ સુમોમાં બેસી ગયેલો અને મારો મિત્ર જે બાઇક ચલાવીને આવેલો હતો તે સુમો ચલાવવા બેઠેલો". ત્યારબાદ ગાડીમાં બેસીને પાવાગઢના જંગલ તરફ ગયેલા ત્યાં એક મસ્જિદ હતી અને મસ્જિદ પાસે ગાડી ઉભી રખાવેલી. ત્યારબાદ બધા ગાડીમાંથી નીચે ઉતરેલાં. ત્યાં અબ્બાસે કહેલું કે "અમે અહીંયા નમાજ પઢેલાં અને ત્યાં અબ્બાસે એવું કહેલું કે બાજુમાં મોટો ગેટ છે અને અહીંયાથી અમે સુમોમાં અવર જવર કરતા હતાં". ત્યારબાદ બધા ગાડીમાં બેઠેલાં. ત્યારબાદ અબ્બાસે કહેલું કે "હવે થોડા આગળ એક કિ.મી. લઇ લ્યો" ત્યારબાદ એક કિમી આગળ ગયેલાં ત્યારે એક કાચા રસ્તાવાળું જંગલ આવેલું ત્યાં બધા ગાડીમાંથી નીચે ઉતરેલા અને ત્યાં અબ્બાસે એવું કહેલું કે "આગળ ચાલતા જઇ ટ્રેનીંગવાળી જગ્યા બતાવું" આ જગ્યા પાસે તારની ફેન્સીંગવાળી એક વાવ હતી તે વાવનું નામ અત્યારે યાદ નથી. ત્યાં કોઇ વ્યકિત હતી નહિ. ત્યારપછી અબ્બાસે ત્યાં એવું કહેલું કે "અમે તારની વાડ ઉંચી કરીને ૪૦૦,૫૦૦ મીટર આગળ ગયેલાં ત્યારબાદ બધા તારની વાડ ઉંચી કરીને આગળ ગયેલાં ત્યાં આગળ અબ્બાસ ચાલતો હતો અને અમે પાછળ ચાલતા હતા. ત્યાં ૪૦૦,૫૦૦ ફુટ જેટલી ખુલ્લી જગ્યા હતી". ત્યાં અબ્બાસે કહેલું કે "અહિંયા ખુલ્લી જગ્યામાં અમે ટ્રેનીંગ કરતા હતાં". ત્યાં તેણે એવું પણ જણાવેલું કે "અમે કોણી ઉપર ચાલતા હતા અને કુગ્ગા ફોડતા હતાં". ત્યાં પથ્થરા હતાં, લાકડાવાળા મોટા મોટા ઝાડ હતા અને

જગ્યા થોડી કલીન હતી અને ૪૦૦,૫૦૦ ફુટ પથ્થરાવાળી જગ્યા હતી. ત્યારબાદ ત્યાંથી અડધો કિ.મી. આગળ ચાલતા ગયેલા અને ત્યાં ઉચા,નીચા રસ્તા હતા અને એક તળાવ હતું અને ત્યાં પાણીનું એક ઝરણું પણ હતું. ત્યાં અબ્બાસે એવું કહેલું કે "અમે અહીંયા સ્વીમીંગ કરતા હતા તેમજ નાસ્તો કરીને નમાજ પઢતા હતાં" અને ત્યાંથી કહેલું કે "ચાલો હવે પાછા". ત્યારબાદ અબ્બાસે કહયું તેમ ગાડીમાં પાછા બેઠા અને અબ્બાસે કહેલું કે "ચાલો બીજી જગ્યા બતાવું". ત્યારબાદ એક દરગાહ ઉપર ગયેલા અને ત્યાં અબ્બાસે કહેલું કે "અમે અહીંયા ત્રણ દિવસ રહ્યા હતાં". ત્યાં એક વ્યકિત હતી તેને સાહેબે પુંછેલું કે અહિયા આ લોકો આઠ–નવ જણા ત્રણ દિવસ રહેલા તો તેની તમે એન્ટ્રી લીધેલી? તો તે ભાઇએ ના પાડેલી કે અમે તેની એન્ટ્રી લીધી નથી કે લેતા નથી. ત્યાં અબ્બાસે "જગ્યા બતાવેલી ત્યાં એક હેન્ડ પમ્પ બતાવેલો અને કહેલું કે અમે અહિયા ન્હાતા હતાં". ત્યાં અબ્બાસે એવું કહેલું કે "અમે પાંચ,છ કિ.મી. દુર રસ્સી બાંધીને પ્રેકટીસ કરતા હતા તે જગ્યા હું બતાવું". ત્યાંથી બધાને પાકા રસ્તા ઉપર લઇ આવેલો અને ત્યાંથી બાઇકવાળી જગ્યા કે જે પાવાગઢથી અંદર હતી ત્યાં લઇ ગયેલો. ત્યાં એક તરફ તળાવ હતું અને દરગાહ જેવી મસ્જિદ હતી અને વચ્ચે પાકો રસ્તો હતો. ત્યારબાદ અબ્બાસે કહેલું કે "હવે ગાડી પાછી લઇ લ્યો". ત્યારબાદ પાછા વળતા હતા તે વખતે અબ્બાસે કહેલું કે "ત્યારબાદ તે વખતે મને વડોદરા રેલવે સ્ટેશન ઉતારી દિધેલો અને હું મારા વતન જતો રહેલો". આમ આ સઘળી કાર્યવાહીનું પંચનામુ બનાવવામાં આવેલુ જે આંક–૭૦૫૩ થી રજૂ છે આ પંચનામામાં સાહેદ પોતાની તથા મહેશભાઇ સોલંકીની તેમજ રૂબરૂ તરીકે સાહેબની સહીઓ ઓળખી બતાવે છે. સાહેદ સરતપાસમાં એમ પણ જણાવે છે કે જે અબ્બાસભાઈ હતા તે જો બતાવવામાં આવે તો હું ઓળખી શકુ તેથી આ સાહેદને ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલા આરોપીઓને વી.સી. દ્વારા ટી.વી. સ્ક્રીન ઉપર ત્રણ,ત્રણની સંખ્યામાં બતાવેલા તથા અમદાવાદ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીને વી.સી. દ્વારા ટી.વી. સ્ક્રીન થકી ચાર, ચારની સંખ્યામાં આરોપીઓને બતાવવામાં આવેલા. તે પૈકી

ત્રીજા તબકકાના ચાર આરોપીઓને ઉભા રાખ્યા ત્યારે સાહેદે એક આરોપીને બતાવીને જણાવેલુ કે આ જ આરોપી હતો અને તે આરોપીને બે, ત્રણ વખત બતાવેલો જેથી સદર આરોપીનું નામ પુછતા તે પોતાનું નામ મહમદ યુનુસ મહમદ સાબીર મનીયાર હોવાનું જણાવેલુ હતુ.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો બનાવના અરસામાં ટેન્કરથી પાણી આપવાનો ધંધો કરતા હતા. પોલીસે કયાંથી બોલાવેલા તે હકીકત પંચનામામાં લખાવેલી. સાહેદ જણાવે છે કે તેઓ જગન્નાથ મંદિરે દર્શન કરવા ગયેલા હતા. આ સાહેદ જશોદાનગર ગામમાં રહે છે ત્યાંથી જગન્નાથ મંદિર આવવુ હોય તો રસ્તામાં ક્રાઈમ બ્રાન્ચની ઑફિસ આવે તે કબૂલ કરે છે. ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે ગયા પછી પોલીસે કોઈ સમજ આપેલી હોય તેવુ બનેલુ નથી. ત્યાં આરોપી અબ્બાસ ઉંમર સમેજાએ પોતાના સાથીદારોની સાથે પાવાગઢ–હાલોલ મુકામે જે કેમ્પમાં હાજરી આપી ટ્રેનીંગ લીધેલી તે બાબતે પોતે તમામ કરેલી કાર્યવાહી સંબંધેની વિગત બતાવવા તથા કહેવા માંગતા હોય તેવી સમજ કરેલાનું જણાવે છે. પોલીસ સ્ટેશનમાં બોલાવ્યા પછી પોલીસ સ્ટેશનમાં અર્ધી કાર્યવાહી કરેલી અને અર્ધી કાર્યવાહી બહાર રસ્તા ઉપર કરેલી તેમ જણાવે છે. પોલીસ સ્ટેશનની બહાર નીકળતા પહેલા આરોપી કઈ કઈ જગ્યાએ લઈ જવા માંગે છે અને શું–શું બતાવવા માંગે છે તેની માહિતી આપેલાનું જણાવે છે. બીજા પંચ શું કરે છે તેની ખબર નથી. વડોદરાથી નીકળ્યા પછી પ્રથમ સ્થળ મસ્જિદ આવે છે તે મસ્જિદ રોડથી અર્ધો પોણો કી.મી. રોડથી અંદર આવેલી છે તેમ જણાવે છે. મસ્જિદથી ચાંપાનેર તરફ ગયેલા તે કબૂલ કરે છે. આ હકીકત ધ્યાને લેતા આ સાહેદ પોલીસ તથા આરોપી સાથે હાલોલ–પાવાગઢ ખાતે ગયેલ હતા તેવુ ચોકકસ કહી શકાય. ટ્રેનીંગવાળી જગ્યાએથી અર્ધો કીમી દુર સુધી કાચા રસ્તે જતા ૨૦૦ થી ૩૦૦ મીટર દુર તળાવ આવે છે. ટ્રેનીંગવાળી જગ્યાએથી પોલીસે કોઈ ચીજવસ્તુઓ કબજે કરેલી નહીં. તંબુ બાંધીને રહેલા હોય તેવા કોઈ નિશાન જોવા મળેલા નહીં. પરંતુ મારા મત પ્રમાણે આ આરોપી તથા અન્ય આરોપીઓએ ૧૩ જાન્યુઆરી ૨૦૦૮ થી લઈને ૧૫ જાન્યુઆરી ૨૦૦૮ દરમ્યાન

તંબુ બાંધીને ટ્રેનીંગ લીધેલી હતી જયારે આ સાહેદને સાથે રાખી ૨૮ સપ્ટેમ્બર ૨૦૦૮ નાં રોજ પંચનામુ બનાવેલુ હતુ જેથી નવેક મહિના બાદ આ જગ્યા ઉપર આવા કોઈ નિશાન જોવા મળે નહીં તે સ્વાભાવિક છે. જે ઝાડ બતાવેલુ તેની ઉપર નિશાન હતા કે કેમ તે યાદ નથી. ઝાડનો ઉપયોગ રસ્સો બાંધીને ટ્રેનીંગ લીધેલાનું જણાવે છે. તળાવમાં કેટલુ પાણી છે તે જોવાનો પ્રયત્ન કરેલો નહીં. આરોપી જયાં રહયો હતો તે જગ્યાએ એક ભાઈ હતા અને પોલીસે તેની પુછપરછ કરેલી. રહેવાવાળી જગ્યા કઈ જગ્યાએ આવેલી છે તેનો ખ્યાલ નથી. અમદાવાદથી નીકળતા પહેલા જે–જે જગ્યાએ જવાનું છે તે જગ્યાની માહિતી પોલીસને ન હતી તેવુ પોલીસે જણાવેલુ. જે જગ્યાએ તારની વાડ ઉંચી કરીને ગયેલા તે જગ્યાએ વાવ હતી. વાવની કઈ દિશામાં તારની વાડ ઉંચી કરીને ગયેલા તે હકીકત પણ પંચનામામાં લખાવેલી. જે વાવ ઉપર ગયેલા તેની આજુબાજુ કમ્પાઉન્ડમાં જંગલ જેવુ હતુ. વાવ કમ્પાઉન્ડથી ૧૫૦/૨૦૦ ફુટ દુર હશે. આ જગ્યાઓ સિવાય બીજી પણ જગ્યાઓ ઉપર ગયેલા. બીજી જગ્યાઓ પૈકી એક જગ્યાએ કે જે પાવાગઢ ગેટની અંદર ડાબા હાથે બાઈકની ટ્રેનીંગ લીધેલી જગ્યા હતી. ગેટની અંદર દાખલ થયા પછી અર્ધો કીમી આગળ એક મસ્જિદ આવેલી.

સાહેદની વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો પંચનામામાં જે કાયદા અને કલમો લખેલી છે તે અંગે માહિતી નથી. પંચનામામાં જે દરગાહનો ઉલ્લેખ છે તેની આજુબાજુ કાંઈ હતુ નહીં. જે મસ્જિદ હતી ત્યાં એક મૌલવી હતા. મૌલવીનું નામ ખબર પડેલી નહીં. વાવ ઉપર કોઈ સીકયુરીટી ગાર્ડ જોયેલા નહીં. જે મસ્જિદ જોયેલી તે પાકી હતી અને સાઈડમાં પતરાની પાંચેક રૂમો હતી. વાવથી થોડે આગળ મહાદેવનું મંદિર જોયેલુ જે જુનુ પુરાનુ હતુ. તળાવની પાસે કોઈ કવોરી જોયેલી નહીં. પંચનામામાં સહી કરી તે દિવસે કોઈ સ્થળે કોઈ પણ આરોપીના કહેવાથી અને બતાવવાથી ગયેલા નથી તો તે હકીકત નકારે છે. પંચનામુ વારંવાર વાંચી સંભળાવેલુ જેથી ખોટી જુબાની આપે છે તો તે હકીકત નકારેલી છે.

આમ આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં.૨૦૩/૨૦૦૮ ના કામે તા.૨૮.૯.૨૦૦૮ નાં રોજ આ સાહેદ તથા બીજા પંચ મહેશભાઈ સોલંકીને ક્રાઈમ બ્રાન્ચ પોલીસ સ્ટેશન અમદાવાદ ખાતે બોલાવેલા ત્યાં આરોપી નં.૧૬ અબ્બાસ ઉંમર સમેજા હાજર હતો અને તેને પંચો રૂબરૂ જણાવેલુ કે પાવાગઢ–હાલોલ મુકામે કેમ્પમાં હાજરી આપી ટ્રેનીંગ લીધેલી તે બાબતે પોતે કાંઈ વિગત બતાવવા અને કહેવા માંગે છે તેવુ જણાવતા આરોપીએ પોતાનું નામ જણાવેલુ તથા ટ્રેનીંગ કેમ્પમાં જઈ જે–જે જગ્યા ઉપર કાર્યવાહી કરેલી તે જગ્યાઓ બતાવવા માંગતા હોવાથી તપાસ કરનાર અધિકારી મયુર ચાવડા, આરોપી, પંચો તથા પોલીસ સ્ટાફના માણસો સાથે હાલોલ–પાવાગઢ ખાતે આરોપીના બતાવ્યા મુજબ ગયેલા અને આરોપીએ જે–જે જગ્યાઓ ઉપર ટ્રેનીંગ લીધેલી અને રહેલા તે જગ્યાઓ બતાવતા આંક–૭૦૫૩ ના પંચનામામાં જણાવ્યા મુજબ જગ્યાઓ ઉપર જઈ પંચનામુ કરેલુ છે. આ હકીકત સાહદે નં.૧૧૬૩ મયુર ચાવડા પણ પોતાની જુબાનીના પેરા નં.૩.૧૭ માં જણાવે છે કે આરોપીએ ૧૪–જાન્યુઆરી–૨૦૦૮ થી ૧૬–જાન્યુઆરી–૨૦૦૮ સુધી હાલોલ–પાવાગઢ ખાતે જંગલોમાં જે જે જગ્યાઓ ઉપર જેહાદી ટ્રેનીંગ કેમ્પ કરેલા અને રહેલા તે જગ્યાઓ બતાવેલી અને તેનુ વિગતવાર પંચનામુ બનાવેલુ જે આંક–૭૦૫૩ વાળા પંચનામામાં આ સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે. આ સંબંધે સાહેદ નં.૧૧૬૩ ની ઊલટતપાસના પેરા નં.૬૨ ધ્યાને લઈએ તો આંક–૭૦૫૩ વાળુ પંચનામુ આ સાહેદની રૂબરૂમાં બનેલાનુ જણાવે છે. તા.૨૮.૯.૨૦૦૮ પહેલા પંચનામાવાળા સ્થળો ઉપર ગયેલા કે કેમ તે કાગળો જોઈને કહી શકે. ઊલટતપાસના પેરા નં.૬૩ ધ્યાને લઈએ તો વડોદરાથી હાલોલ કેટલા અંતરે હશે તેનો ખ્યાલ નથી. હાલોલ થી પાવાગઢની વચ્ચે ઐતિહાસીક ઈમારતો આવેલી હોય અને તે મીસપ્લેસ હોય તો ખ્યાલ નથી. હાલોલ ચોકડીથી પાવાગઢ સુધીના વિસ્તારમાં ઘણા બધા ટુરીસ્ટ આવતા જતા હોય તો ખ્યાલ નથી. આંક–૭૦૫૩ વાળુ પંચનામુ

આરોપીના બતાવ્યા મુજબ બનાવેલુ નથી તો તે હકીકત નકારેલી છે. આ ઉપરાંત આ સાહેદના પેરા નં.૯૧ ધ્યાને લઈએ તો પંચનામાવાળી જગ્યાઓનું સૌપ્રથમ એક પંચનામુ થઈ ગયેલુ હતુ તો તેની જાણકારી નથી. પંચનામુ કરવા માટે ખુંદપીર દરગાહ ઉપર ગયા ત્યારે ત્યાં ધર્મશાળા હતી અને તેમાં કોઈ રહેતુ ન હતુ. ખુંદપીરની દરગાહ કોઈ ટ્રસ્ટની માલિકીની છે તેવુ ધ્યાન ઉપર આવેલુ કે કેમ તે કહી શકે તેમ નથી. ખુંદપીરની દરગાહનો વહીવટ અને દેખરેખ કોણ રાખે છે તેની તપાસ કરેલી કે કેમ તે કહી શકે તેમ નથી. પંચનામામાં નદી તથા ઝરણુ અને થોડે દુર એક મંદિર છે તેવુ જે જણાવેલુ છે તે જગ્યા હાલોલથી પાવાગઢ જતા રોડની ડાબી કે જમણી સાઈડે આવેલી છે તે કહી શકે તેમ નથી. મંદિરોવાળી જગ્યા ઉપર ચાલીને ગયેલા ત્યાં જવામાં કેટલો સમય લાગેલો તે કહી શકે નહીં. બીજી તપાસ ટીમના અધિકારીએ આ જગ્યાનું પંચનામુ બનાવેલુ હોય તો જાણકારી નથી. ઊલટતપાસના પેરા નં.૧૦૦ ધ્યાને લઈએ તો આરોપીએ કહેવાતા હાલોલ ખાતેની કેમ્પવાળી જગ્યા બતાવવાનું જણાવતા તા.૨૮.૯. ૨૦૦૮ ના રોજ તે બાબતેનું આંક–૭૦૫૩ વાળુ પંચનામુ કરેલુ તે કબૂલ કરે છે. આ હકીકત ધ્યાને લેતા તા.૨૮.૯.૨૦૦૮ નાં રોજ આરોપીને હાજર રાખીને આ પંચનામુ બનાવવામાં આવેલુ છે તે આરોપીઓ તરફથી કબૂલ કરવામાં આવે છે તેમ કહી શકાય. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા જગ્યા ઉપરથી કોઈ ચીજવસ્તુ કબજે કરેલ નથી તે કબૂલ કરે છે. આરોપી નં.૧૬ અબ્બાસ ઉંમર સમેજા સામે કોઈ પુરાવો મળતો ન હતો માટે ખોટુ પંચનામુ ઉભુ કરેલુ છે તો તે હકીકત નકારે છે. આ સાહેદની ઊલટતપાસના પેરા નં.૧૨૪ ધ્યાને લઈએ તો સાહેદ ઈદ્રીશ ખુંદપીરની દરગાહ ઉપર નોકરી કરતો હતો તે અંગે કોઈ પુરાવો મેળવેલો નથી. ટ્રસ્ટીઓના કોઈ નિવેદન લીધા નથી. દરગાહ ઉપર ગયા ત્યારે ધર્મશાળા કેટલા સમયથી બંધ હતી તે અંગેનો પુરાવો મેળવેલો નથી તે કબૂલ કરે છે. આરોપીઓ ખુંદપીરની દરગાહ ઉપર જઈને રોકાયેલા તે બતાવવા માટે સાહદે ઈદ્રીશ ફકીરના નિવેદન સિવાય બીજો કોઈ પુરાવો નથી તો તે હકીકત નકારે છે. આંક–૭૦૫૩ વાળુ પંચનામુ ઈદ્રીશ ફકીરના કહેવાથી કરેલુ નથી. જે મંદિર ઉપર ગયેલા તેના

પુંજારીનું નિવેદન લીધુ નથી. આંક–૭૦૫૩ વાળુ પંચનામુ જે જગ્યાનું બનાવેલુ તે જગ્યાનુ પંચનામુ વી.આર.ટોળીયાએ તા.૨૭.૮.૨૦૦૮ ના રોજ કરેલુ હોય તો કહી શકે નહીં. આ સાહેદને ચાર ગુનાઓની તપાસો મળેલી તે ચારેય જગ્યાઓ કઈ હતી અને તેમા કયા વાહનોનો ઉપયોગ થયેલો તેની જાણકારી તપાસ સંભાળ્યા પછી થયેલી.

આંક–૭૦૫૩વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી રજૂઆત અને દલીલ છે કે પંચનામામાં "જાન્યુઆરી–૨૦૦૮ની તારીખ ૧૪, ૧૫ તથા ૧૬ ના રોજ હાલોલ–પાવાગઢ ખાતે જંગલમાં એક જેહાદી ટ્રેનીંગ કેમ્પમાં પોતે પોતાના સાથીદારો સાથે ટ્રેનીંગ લીધેલી તે કેમ્પમાં અમદાવાદથી પોતે ગયો તે વિગતથી માંડીને ટ્રેનીંગ કેમ્પમાં જે પણ કંઈ કાર્યવાહી કરેલી છે તે તમામ વિગતો કહેવા તથા બતાવવા માંગે છે". આ ઉપરાંત આરોપીએ પંચનામામાં જે જે જગ્યાઓનું વિવરણ કરીને જગ્યાઓ બતાવેલી છે તે જગ્યાઓ બતાવ્યા બાબતેની કબૂલાત હોય આરોપી વિરૂધ્ધ પુરાવામાં ગ્રાહ્ય નથી. પરંતુ મારા મત પ્રમાણે આરોપીએ જે જગ્યાઓ જણાવેલી, જગ્યાઓનું વિવરણ જણાવેલુ તે જગ્યાઓ ઉપર હેલીકૈલ વાવ તથા વાવનું કમ્પાઉન્ડ, તારની વાડ, ૧૫૦ થી ૨૦૦ મીટર દુર તળાવ, તળાવમાં પાણી, મંદિર, ખુંદપીરની દરગાહ, દરગાહમાં ધર્મશાળા વિગેરે જગ્યાઓ ત્યાં હયાત છે માટે તે જગ્યાઓની હયાતીનો પુરાવો પુરાવામાં ગ્રાહ્ય છે. આ જગ્યાઓ ઉપર આરોપી ગયેલો, દરગાહમાં બીજા આરોપીઓ સાથે રહેલો અને જંગલોમાં તાલીમ કેમ્પમાં હાજરી આપેલી હતી, આ જગ્યાઓ આરોપીએ જોયેલી છે માટે તે પોલીસ તથા પંચોને આ જગ્યાઓ ઉપર દોરીને લઈ ગયેલા છે, આરોપીનુ આ જગ્યાઓ ઉપર દોરી જવાનુ કૃત્ય પણ આરોપીના વર્તન તરીકે પુરાવામાં ગ્રાહ્ય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે કુલદીપસિંહ દશરથસિંહ પરમારને સાહેદ નં.૯૩૪ તરીકે આંક–૬૬૦૪ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૪/૯/૨૦૦૮ ના રોજ આ સાહેદ તથા તેમનો મિત્ર કેમ્પ એરીયા જૂના કચ્છ મિત્રની બાજુમાં, ભૂજ પાસેથી નીકળતા હતા તે વખતે

પોલીસવાળાએ ઉભા રાખેલા. પોલીસે કહેલુ કે અમદાવાદમાં બોમ્બ બ્લાસ્ટ થયેલા તે અંગે અહીંયા એક ઘર છે તેની તપાસ કરવાની છે તો તેના પંચમાં રહેશો? તો "હા" પાડેલી. આ મકાનમાં એન્ટ્રી કરેલી તે મકાનનો એક લોખંડનો મોટો દરવાજો હતો તેની આગળ એક ભાઇ ઉભા હતા. તેઓની હાજરીમાં તે ભાઇનું નામ પુછેલુ તો તે ભાઇએ નામ આપેલ. તેણે પોતાનું નામ ફારૂક ઉમર સમેજા જણાવેલ. તે મકાન ફારૂક સમેજાના ભાઈ અબ્બાસનું હતુ. પછી પોલીસવાળાએ તપાસ કરવાની કહેલી ત્યાં જમણી બાજુ એક દરવાજો હતો તે તેમણે ખોલેલો ત્યાં એક મોટો હોલ બેઠકનો હતો. ત્યાં અંદર ગયેલા ત્યાં ટી.વી.નુ એક લાકડાનું શો કેસ હતુ. પરંતુ ત્યાં ટી.વી. હતુ નહી. તેની નીચે બે ખાના હતા તે ખાના સાહેબે ખોલેલા એક ખાનામાંથી દવાની ગોળીઓ, ઇલેકશન કાર્ડ નીકળેલ, એક લાઇટ બીલ નીકળેલુ. આ બંને અબ્બાસના નામના હતા. એક લીટીવાળો કાગળ હતો જેમાં મોબાઇલ નંબર લખેલા હતા આ મોબાઇલ નંબર નીચે સીમીના મોબાઇલ નંબર અને નીચે "પાકિસ્તાન" લખેલુ હતુ. એક આમંત્રણપત્રિકા હતી. આમંત્રણપત્રિકા જે મીટીંગ બાબતની હતી. એક પાસપોર્ટ સાઇઝનો ફોટો મળેલ હતો તે પાસપોર્ટ સાઇઝનો ફોટો બતાવી તે ભાઇને પુછેલુ તો તેમણે ફોટો તેમના નાનાભાઇ અબ્બાસનો છે તેવુ કહેલુ. આગળ એક રસોડા જેવુ હતુ ત્યાં જીમના સાધનો અને બધુ હતુ. આગળ એક બીજો રૂમ હતો તેને તપાસેલો પરંતુ ત્યાં કઇ હતુ નહી. આગળ જતા બહાર નીકળતાં સીમેન્ટના દાદરા હતા જયાં ઉપરના માળે ગયેલા ઉપર બે પતરાવાળા રૂમ હતા ત્યાં ઘર વખરીની વસ્તુઓ હતી બીજુ કાંઇ ન હતુ. દાદરાથી નીચે ઉતરતા દાદરાની નીચે એક પાંણીની ટાંકી હતી તથા એક પતરાનો મોટો ડબ્બો હતો તે ડબ્બાને ખોલતા તેમાં ધાર્મીક પુસ્તકો અને બીજા એ.સી. ના છ એડપ્ટર હતા. આ એડપ્ટર તથા ઇલેકશન કાર્ડ, લાઇટ બીલ, આમંત્રણપત્રિકા, કાગળની ચીઠ્ઠી કે જેમાં મોબાઇલ નંબર હતો તથા ફોટો એક પ્લાસ્ટિકની કોથળીમાં મૂકી અને થેલીમાં રાખી કબ્જે લીધેલો. આ કાર્યવાહીનું પંચનામુ કરવામાં આવેલ જે આંક–૬૬૦૫ થી ૨જૂ છે તેમાં આ સાહેદ પોતાની તથા તેમની સાથેના બીજા પંચ જયની તેમજ રૂબરૂમાં

સાહેબની સહીઓ ઓળખી બતાવે છે. ઉપરોકત મુજબનો જે મુદ્દામાલ કબજે કરવામાં આવેલ તે એક પછી એક બતાવતા સાહેદ અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે, મુદ્દામાલ કબજે કરતી વખતે રાખવામાં આવેલ પંચ સ્લીપો આંક–૬૬૦૬, ૬૬૦૭ મા સાહેદ પોતાની તેમજ તેમની સાથેના બીજા પંચ જયની તેમજ રૂબરૂમાં સાહેબની સહીઓ ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ આઈ.આર. નગર ભૂજમાં ૨૦૦૨થી રહે છે. આ સાહેદ અને જય કેબલ ઓપરેટર તરીકે પાર્ટનરમાં ધંધો કરે છે તો તે હકીકત નકારી છે. પંચનામામાં સહી કરી તે દિવસે કેબલ ઉપર નોકરીએ ગયેલા નહીં તો તે હકીકત નકારે છે. પંચનામુ કયારેય વાંચેલુ નથી તે કબૂલ કરે છે. પંચનામામાં કઈ કઈ વિગતો લખેલી તેની અલગ નોંધ રાખેલી નથી. પંચનામામાં સહી કરી તે વખતથી લઈને જુબાની આપે છે તે વચ્ચે દસ વર્ષનો સમય થઈ ગયેલો છે તે કબૂલ કરે છે. પંચનામામાં સહી કરી તે દિવસે પોલીસના કોઈ માણસોને ઓળખતા ન હતા. પંચનામામાં પોલીસના કયા સાહેબે સહી કરેલી તેનુ નામ ખબર નથી. પંચનામામાં સહી કરી તે દિવસે પોતાને તથા પોતાના મિત્ર જયને ઘર આગળથી પસાર થતા હતા ત્યારે પોલીસે બોલાવેલા તે કબૂલ કરે છે. ઘર પાસે લોકોની વસ્તી છે તથા લોકોની અવર–જવર રહે છે તે કબૂલ કરે છે. પોલીસના કેટલા માણસો હતા તેનો ખ્યાલ નથી. જે ઘરની પાસે ઉભા રાખેલા તેની પાસે ઘરમાં જવા માટે લોખંડનો દરવાજો હતો તે કબૂલ કરે છે. ઘરમાં પોલીસના માણસો ગયેલા હોય અને કોઈ કાર્યવાહી કરેલી હોય તે અંગેની માહિતી મળેલી નહીં. ઘરમાં રહેતા વ્યકિતઓને પંચનામામાં સહી કરતા પહેલા કયારેય મળેલા નથી. મહંમદ ફારૂક નામની વ્યકિતને પંચનામામાં સહી કરી તે પહેલા કયારેય જોયેલી નહીં કે તેમને ઓળખતા ન હતા તે વ્યકિત શું કામ ધંધો કરતી હતી તેની ખબર નથી, તેની સાથે તોઈ વાતચીત કરેલી નહીં. જે મુદ્દામાલ કબજે થયેલો તેની ઉપર ઓળખ માટે આ સાહેદે કે તેના મિત્રએ કોઈ નિશાની કરેલી નહીં. સરતપાસમાં જણાવ્યા પ્રમાણે પંચનામાની વિગતે પંચનામામાં જણાવેલા સ્થળે હાજર રહી કોઈ કામગીરી કરેલી નથી તો તે હકીકત

નકારેલી છે. આ સાહેદની હાજરીમાં ઘરની તપાસ કરવામાં આવેલી નથી કે ઘરમાંથી કોઈ ચીજવસ્તુ પંચનામાની વિગતે કબજે કરેલ નથી તો તે હકીકત નકારેલી છે. આ સાહેદે તથા તેના મિત્રએ પોલીસ સ્ટેશનમાં જઈ તૈયાર પંચનામા ઉપર સહીઓ કરેલાની હકીકત નકારેલી છે.

વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા ઘરની ઓળખ અંગે નામ કે નંબર કે બીજી કોઈ વિગત પંચનામામાં લખેલી નથી. આ મકાનની પાછળના મકાનોનું અંતર કેટલુ હશે તેનો ખ્યાલ નથી. એડોપ્ટર કઈ કંપનીના છે તે અંગેની કોઈ વિગત પંચનામામાં લખેલી નહીં. કબજે કરવામાં આવેલ ચૂંટણી કાર્ડ તથા રેશનકાર્ડ ઝેરોક્ષ હતુ અને લાઈટબીલ અસલ હતુ.

આમ આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાથે મદદમાં રહેનાર અધિકારી સાહેદ નં.૯૭૩ ભુપતસિંહ ગવાભાઈ મોરીનાઓએ શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં.૨૩૬/૨૦૦૮ ના કામે તા.૪.૯.૨૦૦૮ નાં રોજ આ સાહેદ તથા બીજા પંચ જય આહીરને ભૂજ મધ્યે કેમ્પ વિસ્તારમાં આવેલ જૂના કચ્છ મિત્ર પ્રેસની બાજુમાં આરોપી નં.૧૬ અબ્બાસ ઉંમર સમેજાના મકાન ઉપર પંચમાં રહેવા માટે બોલાવેલા અને પંચોને મકાનની તપાસ કરવાની સમજ આપેલી. ત્યારબાદ તપાસ કરનાર અધિકારી અને પંચો આ મકાનમાં દાખલ થયેલા. ત્યાં એક ભાઈ ઉભા હતા આ સાહેદની હાજરીમાં તે ભાઈનું નામ પુછતા તેને પોતાનુ નામ ફારૂક ઉંમર સમેજા જણાવેલ અને તેને જણાવેલુ કે આ મકાન મારા ભાઈ અબ્બાસનું છે. ત્યારબાદ તપાસ કરનાર અધિકારીએ પંચો રૂબરૂ મકાનમાં તપાસ કરતા ઈલેકશન કાર્ડ તથા લાઈટબીલ અબ્બાસના નામના મળેલા, એક લીટીવાળો કાગળ જેમા ફોન નંબર લખેલો હતો અને તેની નીચે સીમીના મોબાઈલ નંબર અને પાકીસ્તાન લખેલુ હતુ. આ ઉપરાંત એક પાસપોર્ટ સાઈઝનો ફોટો મળેલો તે ફારૂક સમેજાને બતાવતા તે ફોટો પોતાના નાનાભાઈ અબ્બાસનો છે તેમ કહેલુ. આ ઉપરાંત આ મકાનમાંથી એડેપ્ટર, ઈલેકશન કાર્ડ, લાઈટબીલ, આમંત્રણપત્રિકા તથા મોબાઈલ નંબર લખેલ ચીઠ્ઠી મળી આવેલી જે પંચનામાની વિગતે કબજે કરેલી

છે. આ હકીકત પંચનામુ કરનાર અધિકારી સાહેદ નં.૯૭૩ પોતાની જુબાનીમાં જણાવે છે અને મકાનમાંથી મળી આવેલી વસ્તુઓને આંક–૬૬૦૫વાળા પંચનામા આધારે કબજે કરેલી તે પંચનામામાં તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૯૭૩ ભુપતસિંહ મોરી પોતાની જુબાનીમાં સહી ઓળખી બતાવે છે. આ ચીજવસ્તુઓ કબજે કર્યા પછી પંચોની સહીઓવાળી સ્લીપ લગાવેલી તે સ્લીપો આંક–૬૬૦૬ અને ૬૬૦૭ માં પણ આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે. સાહેદ નં.૯૭૩ ની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ કેસ બાબતેનો જે ફેકસ મેસેજ વી.આર.ટોળીયાનાઓએ મોકલેલો તે રજૂ કરેલો નથી તે કબૂલ કરે છે. ફેકસ મેસેજનો ઉલ્લેખ પંચનામામાં નથી તે કબૂલ કરે છે. ફેકસ મેસેજ આ સાહેદને મળ્યો હોય અને જોયો હોય અને તેનો જવાબ આપ્યો હોય તે યાદ નથી. ફેકસ મેસેજ પંચોને બતાવ્યો હોય અને તેની ઉપર પંચોની સહી લીધી હોય તો યાદ નથી. જે જગ્યાએ પંચનામુ કરવા જવાનું હતુ તે જગ્યા રહેણાંક મકાન હતુ તે કબૂલ કરે છે. રહેણાંક મકાનમાં સૂર્યાસ્ત પછી જવાનું હતુ તે માટે સર્ચ વોરન્ટ મેળવેલુ નથી તે કબૂલ કરે છે. સર્ચ વોરન્ટ પંચોને બતાવ્યુ હોય અને પંચોની સહીઓ લીધી હોય તે યાદ નથી. પંચનામાના પાના નં.૨ ઉપર જણાવેલ આર્ટીકલોવાળી વસ્તુ કબજે કરી તેને દોરીથી સીલ કરેલી હોય તેવુ બનેલુ નથી. કાગળમાં જે પાકિસ્તાનનો નંબર લખેલો હતો તે મોબાઈલ નંબર પાકિસ્તાનનો છે કે કેમ તે માટે કોઈ પણ બીજા ફોન ઉપરથી તેની ચકાસણી કરી નથી તે કબૂલ કરે છે. પંચનામાવાળી જગ્યાએ ગયા ત્યારે મકાનને તાળુ મારેલુ હોય તેવુ બનેલુ નથી તે કબૂલ કરે છે. જે વ્યકિત મકાન ઉપર હાજર હતા તેને અગાઉ કયારેય મળેલા નથી કે તે વ્યકિતની ઓળખ બાબતેનો કોઈ દસ્તાવેજી પુરાવો લીધેલો નહીં. પંચનામાવાળા ઘરની બહાર તે માણસ કેટલા સમયથી ઉભો હતો તે કહી શકે નહીં. આંક–૬૬૦૫ વાળા પંચનામા મુજબની કોઈ કાર્યવાહી કરેલી નથી તો તે હકીકત નકારે છે. ઉપરી પોલીસ અધિકારીઓના કહેવાથી ઑફિસમાં બેસી પંચનામુ તૈયાર કરી પંચોની સહીઓ લીધેલાની હકીકત નકારે છે. વધુમાં

ઊલટતપાસ ધ્યાને લઈએ તો પંચનામુ કરવા ગયા ત્યારે આજુબાજુના લોકોના નિવેદનો લીધા ન હોય તો યાદ નથી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે મુનાફઅલી અફજલ દુરાનીને સાહેદ નં.૧૦૬૩ તરીકે આંક–૭૨૨૨ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૧૩/૯/૨૦૦૮ ના રોજ ભૂજમાં એક સાયબર કાફે ઉપર સર્ફિંગ માટે ગયા હતા. તેઓ જે સાયબર કાફે ઉપર ગયા હતા તે સાયબર કાફેનું નામ "ઈન્ફિનીટી" હતું અને આ સાયબર કાફે હોસ્પિટલ રોડ ઉપર હતું. આ સાહેદ ત્યાં ગયા ત્યારે ત્યાં પોલીસ હતી. આ પોલીસ સિવિલ ડ્રેસમાં હતી પછી ખબર પડેલી કે આ પોલીસ છે. પોલીસે આ સાહેદને પંચમાં સહિ કરવાનું કહેલું. તેઓ ત્યાં બે કલાક જેટલો સમય રોકાયેલો અને રજીસ્ટર પોલીસે લીધેલું. આ ઈન્ફિનીટી સાયબર કાફેમાં જુદી–જુદી કેબીનો હતી. ત્યાં જુદી–જુદી કેબીનોમાં કમ્પ્યુટરો હતા તથા સી.પી.યુ. હતાં. જે સર્ફિંગ કરવા માટે હતાં. પોલીસે જે રજીસ્ટર લીધેલું તેમાં આ સાહેદની સહિ લીધેલી. આ સાહેદ આંક–૭૨૨૩ વાળા રજીસ્ટરમાં પોતાની તથા બીજા પંચની સહીઓ ઓળખી બતાવે છે. તેમજ આંક–૭૨૨૪ વાળા પંચનામામાં પણ સાહેદ પોતાની તથા બીજા પંચની સહી ઓળખી બતાવે છે અને તેમાં લખેલી હકીકત સાચી હોવાનું જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ ચોકકસ કેટલા સમયે ત્યાં ગયેલા તે યાદ નથી. પોલીસના માણસો સાયબર કાફે ઉપર કેટલા સમય પહેલાથી આવેલા તેની ખબર નથી. પોલીસે તેઓના ઓળખપત્રો બતાવેલા નહીં. મારા મત પ્રમાણે પોલીસના ઓળખપત્ર આ સાહેદ માંગે પણ નહીં. પોલીસના માણસો સાથે વાતચીત કરેલી કે કેમ તે યાદ નથી. તે દિવસે કઈ વ્યકિતઓ સાથે શું–શું વાતચીત કરેલી તે કહી શકે તેમ નથી. આ સાહેદ સ્થળ ઉપર ગયા ત્યારે પંચનામુ તૈયાર હતુ અને તેમાં સહી કરેલી તો તે હકીકત નકારેલી છે. સાયબર કાફેની અંદરની પરિસ્થિતિ શું હતી તેનાથી આ સાહેદ વાકેફ હતા તે કબૂલ કરે છે. તા.૩૦.૪.૨૦૦૮ પછી રજીસ્ટરમાં કોઈ એન્ટ્રી નોંધેલી ન

હોય તે બાબતે પુછપરછ કરેલી હોય તો તે યાદ નથી. તા.૭.૨.૨૦૦૮ ના રોજ કાફે ઉપર દેખરેખ માટે કઈ વ્યકિત કેટલો સમય રોકાયેલી તેવી કોઈ હકીકત જાણવા મળેલી નથી. પંચનામામાં જણાવેલ કાર્યવાહીની વીડિયોગ્રાફી કે ફોટોગ્રાફી કરેલાનું યાદ નથી.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ના કામે તપાસ કરનાર અધિકારી સાથે મદદમાં રહેનાર અધિકારી જગુભાઈ માલાભાઈ ભરવાડનાઓએ આ પંચ સાહેદ તથા બીજા પંચ સાહેદની હાજરીમાં તા.૧૩.૯.૨૦૦૮ ના રોજ ભૂજ ખાતે "ઈન્ફીનીટી" સાયબર કાફે ઉપર જઈને સાયબર કાફેનું રજીસ્ટર આંક–૭૨૨૪ વાળા પંચનામાના આધારે કબજે કરેલુ હતુ અને તે સાયબર કાફેના રજીસ્ટર આંક–૭૨૨૩ માં આરોપી નં.૩૭ નુ નામ લખેલુ છે. તા.૭.૨.૨૦૦૮ નાં રોજ આરોપી નં.૧, ૧૨ અને ૧૬ નાઓએ આ સાયબર કાફે ઉપર સરફીંગ કરેલુ હતુ તે હકીકત સ્પષ્ટ બને છે અને આંક–૭૨૨૪ના પંચનામાની વિગતે આંક–૭૨૨૩ વાળુ રજીસ્ટર કબજે કરનાર સાહેદ નં.૧૦૬૯ જગુભાઈ માલાભાઈ ભરવાડ પોતાની જુબાનીના પાન નં.૩ ઉપર આ હકીકત જણાવે છે અને આંક–૭૨૨૪ વાળા પંચનામામાં પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે. આ સાહેદ નં.૧૦૬૯ની ઊલટતપાસ ધ્યાને લઈએ તો ભુજ ખાતે તેઓ સરકારી વાહનમાં ગયેલા, કયા વાહનમાં ગયેલા તે યાદ નથી. સરકારી વાહન કઈ જગ્યાએ ગયુ તેની નોંધ લોગબુકમાં કરવામાં આવે છે. પોતાનુ નિવેદન તપાસ કરનાર અધિકારીએ લીધેલુ કે કેમ તે યાદ નથી. વી.આર.ટોળીયાએ જે સુચના આપેલી તેનો દસ્તાવેજી પુરાવો નથી તે કબૂલ કરે છે. અમદાવાદથી ભૂજ અને ભૂજથી અમદાવાદ આવ્યા તે અંગેનો દસ્તાવેજી પુરાવો નથી તે કબૂલ કરે છે. પંચનામાની કાર્યવાહી કરી તે બાબતે નજીકના પોલીસ સ્ટેશને જઈ રીપોર્ટ કર્યો હોય તેવુ બનેલુ નથી. ઈન્ફીનીટી ટેકનોલોજી એન્ડ સાયબર કાફેના માલીક ખાલીદભાઈ નવસાદભાઈ બુખારી તથા મહંમદ લતીફ સુમરા હોય અને તેઓ ભાગીદાર હોય તેવો કોઈ દસ્તાવેજી પુરાવો મેળવેલો નથી. સાયબર કાફેવાળુ

મકાન કોના નામે છે તે બાબતે મ્યુનિસિપાલિટીનું ટેક્ષ બીલ કે ઈલેકટ્રીક બીલ કબજે કરેલ નથી. ભૂજ મુકામે જતા પહેલા આરોપી સફદર નાગોરી કેટલા સમયથી કસ્ટડીમાં છે તેની કોઈ માહિતીશ્રી વી.આર.ટોળીયાએ આપેલી નહીં. મુદ્દામાલ રજીસ્ટર આંક–૭૨૨૩ ઉપર ઈન્ફીનીટી ટેકનોલોજી એન્ડ સાયબર કાફે છાપેલુ નથી તે કબૂલ કરે છે. મારા મત પ્રમાણે છાપેલુ ન હોય તો તેનો અર્થ એવો નથી કે આ રજીસ્ટર સાયબર કાફેનું નથી. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો રજીસ્ટર ઉપર સાયબર કાફેનું સરનામુ લખેલુ નથી તે કબૂલ કરે છે. રજીસ્ટરના પાના ઉપર તા.૭.૨.૨૦૦૮ નાં રોજ કોઈ વ્યકિતનું આઈ.ડી. પ્રુફ કે આઈ.ડી. નંબર લખેલો હોય તેવુ નથી તે કબૂલ કરે છે. રજીસ્ટરના પાના ઉપર એન્ટ્રી નં.સી/૧૧, સી/૫ તથા સી/૬ ની એન્ટ્રીઓમાં નામો લખેલા નથી. આ સાહેદ મુનાફઅલી અફઝલ દુરાની ભૂજના રહેવાસી છે, સ્વતંત્ર સાહેદ છે. ફરિયાદપક્ષ સાથે મિત્રતા નથી કે આરોપીઓ સાથે કોઈ દુશ્મનાવટ નથી માટે તેમની હાજરીમાં આ રજીસ્ટર કબજે કરેલાની હકીકત નકારી શકાય તેમ નથી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે ઓસ્માન અબ્દુલ સીદીને સાહેદ નં. ૧૦૭૪ તરીકે આંક–૭૩૦૦ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ રીક્ષા લઈને હોસ્પિટલ રોડ ભૂજ ખાતેથી પસાર થતા હતા ત્યારે પોલીસે રાજારામ કોમ્પલેક્ષ પાસે ઉભા રાખેલા અને પુછેલું કે પંચમા રહેશો જેથી પંચમા રહેવાની "હા" પાડેલી ત્યારબાદ તેઓ દુકાને ગયેલા તેમની સાથે એકબીજા કિશોરસિંહ કરીને હતા. તેઓ દુકાને ગયેલા તે દુકાન કોમ્પ્યુટરની હતી. ત્યા દુકાનના માલિક હતા. ત્યાં એક ડિશમાંથી કેસેટ લઈને સાહેબને આપેલી. આ કેસટ કમ્પ્યુટરની ડીશમાંથી કાઢીને આપેલી. આ કેસેટને સાહેબે બોક્ષમા મુકિને બોક્ષને સીલ કરેલ. સીલની જોડે પંચ મારીને સીલ કરેલ. પોલીસે ત્યાં આ બાબતે લખાણ કરેલું. સદર કાર્યવાહીનું જે પંચનામુ કરેલુ તે આંક–૭૩૦૧ થી રજૂ છે જેમાં આ સાહેદ પોતાની તથા બીજા પંચની સહીઓ ઓળખી બતાવે છે. તેમજ આંક–૭૩૦૨, ૭૩૦૩ વાળી પંચ સ્લીપોમાં પણ સાહેદ પોતાની તથા

બીજા પંચની સહીઓ ઓળખી બતાવે છે તથા કબજે કરવામાં આવેલ મુદ્દામાલ પણ ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો હાથથી લખેલુ ગુજરાતી વાંચતા આવડતુ નથી તે કબૂલ કરે છે. પોલીસવાળા મળેલા અને પંચનામામાં સહી કરવાની છે માટે તમે ચાલો તેવુ કહેલુ તો તે હકીકત નકારી છે. પોતાના ઘરની પાસે પોલીસ સ્ટેશન છે તો તે હકીકત નકારી છે. કમ્પ્યુટરની દુકાને આ સાહેદને લઈ ગયા ત્યારે પોલીસના બીજા માણસો પણ હાજર હતા તે કબૂલ કરે છે. આ માણસો કેટલા સમય પહેલાથી ત્યાં હાજર હતા તેનો ખ્યાલ નથી. કમ્પ્યુટરના સ્પેરપાર્ટ વિશે માહિતી નથી. દુકાન ઉપર ૪–૫ પોલીસના માણસો સિવાય બીજા કોઈ માણસો હાજર ન હતા. સ્થળ ઉપર બોલાવ્યા ત્યારે લખાણ તૈયાર હતુ અને તૈયાર લખાણ ઉપર સહીઓ કરેલી તો તે હકીકત નકારી છે. સરતપાસમાં જણાવ્યા મુજબ પોલીસે હાર્ડ ડીસ્કમાંથી કેસેટ કાઢીને કબજે કરી સીલ કરી નથી તો તે હકીકત નકારી છે. પોલીસના કહેવા અને સમજાવવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ ના કામે તપાસ કરનાર અધિકારી સાથે મદદમાં રહેનાર અધિકારી પી.જી.વાઘેલાનાઓએ આ સાહેદ તથા બીજા પંચ કિશોરસિંહ રમુભા જાડેજાની હાજરીમાં તા.૬.૧૨.૨૦૦૮ ના રોજ ભૂજ ખાતે ઈન્ફીનીટી ટેકનોલોજી એન્ડ સાયબર કાફેનુ સીલ ખોલી સાયબર કાફેમાં આવેલ કમ્પ્યુટર અને સી.પી.યુ.માંથી હાર્ડ ડીસ્ક કાઢીને કબજે લીધેલી છે. આ સાયબર કાફે ઉપર તેના માલીક મહંમદયુનુસ અબ્દુલલતીફ સુમરા હાજર હતા અને તેમણે કાફેનું તાળુ ખોલેલુ અને ત્યારબાદ સી.પી.યુ.માંથી હાર્ડ ડીસ્ક કબજે કરેલી છે. આ પંચનામાની હકીકત પ્રમાણે તા.૭.૨.૨૦૦૮ ના રોજ આરોપી નં. ૧, ૧૨ અને ૧૬ નાઓએ આ સાયબર કાફેમાં સરફીંગ કરેલુ હતુ. હાર્ડ ડીસ્ક કબજે કરેલાની હકીકત સાહેદ નં.૧૦૮૯ પી.જી.વાઘેલા પોતાની આંક–૭૫૨૬ ની જુબાનીના પાના નં.૫ થી ૭ ઉપર આ હકીકત જણાવેલી છે તથા આંક–

૭૩૦૧ વાળા પંચનામામાં તેમજ આંક–૭૩૦૨ અને ૭૩૦૩વાળી પંચ સ્લીપોમાં સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે. સાહેદ નં.૧૦૮૯ ની ઊલટતપાસના પેરા નં.૧૬, ૧૭, ૨૮, ૩૦ ધ્યાને લઈએ તો ભૂજ મુકામે ઈન્ફીનીટી સાયબર કાફે ઉપર કોના હુકમથી સીલ મારેલુ તે કહી શકે તેમ નથી. સીલ તોડવા માટે ઉપરી અધિકારી કે મેજિસ્ટ્રેટ સાહેબનો હુકમ મેળવેલો નથી. સાયબર કાફે ઉપર કોઈ નિષ્ણાંતને હાજર રાખેલા નહીં. એક કમ્પ્યુટરમાંથી હાર્ડ ડીસ્ક કબજે કરેલી, બીજા કમ્પ્યુટરોમાંથી હાર્ડ ડીસ્ક કબજે કરેલી નથી. ભુજ મુકામે યુનુસ સુમરાનું નિવેદન લીધેલુ નથી. યુનુસ સુમરા હાજર ન હતા તો તે હકીકત નકારી છે. ભૂજ મુકામે તપાસ કરી તે વખતે એસ.ઓ.જી.ના પોલીસ ઇન્સ્પેકટર કોણ હતા તે યાદ નથી. સીલ કયા અધિકારીના કબજામાં રહે છે તેની જાણકારી નથી.

આ આરોપી નં.૧૬ અબ્બાસ ઉમર સમેજાએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે તે પ્રશ્નના જવાબમાં તેને ફરિયાદપક્ષના પુરાવા સબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના બચાવ માટે જે હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦ માં જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી પરંતુ આ હકીકત સૌપ્રથમ વખત આરોપીએ જણાવેલી છે, આ વિગતો પુરવાર કરવા માટે આરોપીએ કોઇ સબળ પુરાવો રજૂ કરેલો નથી.

આ આરોપીએ પોતાના બચાવમાં મહમદ ફારૂક ઉમર સમેજાને આંક–૯૨૭૦ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો સને–૨૦૦૮ ના અરસામાં તેઓ પવનચક્કીની સામે, કેમ્પ એરીયા ભૂજ ખાતે રહેતા હતા. અબ્બાસ ઉમર સમેજાને તેઓ ઓળખે છે કારણકે તે તેમનો નાનો ભાઇ થાય છે. તેઓ કુલ–૪ ભાઇઓ છે. સને–૨૦૦૮ની સાલમાં ચારેય ભાઇઓ આ જગ્યાએ રહેતા હતાં. તા.૭/૮/૨૦૦૮ ના રોજ સાંજના સમયે આ સાહેદના મોબાઇલ નંબર ઉપર એસ.ઓ.જી.ના કોન્સ્ટેબલ અતુલ જોશીનો ફોન આવેલો કે

તારો ભાઇ મહમદહુસેન કયાં છે? તો કહેલું કે ભૂજમાં છે તો તેમણે કહેલું કે તમે તેને ઘર પાસે બોલાવી લ્યો. જેથી આ સાહેદે તેમના ભાઇ મોહમદ હુસેનને બોલાવેલો અને આ સાહેદનો ભાઇ અબ્બાસ પણ હાજર હતો. ત્યાં એસ.ઓ.જી. ના પોલીસ ઇન્સ્પેકટર આલ સાહેબ, કોન્સ્ટેબલ અતુલ જોશી અને બીજો સ્ટાફ હતો. ત્યાં આલ સાહેબ અને સ્ટાફે આવીને કહેલું કે, તારા ભાઇની પુછપરછ કરવાની છે અને આ સાહેદના ભાઇ મહમદ હુસેનને ગાડીમાં બેસાડીને લઇ ગયેલાં. આ લોકો લઇ ગયા પછી પોણા કલાક બાદ તેઓ એસ.ઓ.જી. ઑફિસ ગયેલાં અને આલ સાહેબને મળેલાં. ત્યાં આલ સાહેબે આ સાહેદ તથા તેમના ભાઇ અબ્બાસને કહેલું કે, પુછપરછ કરવાની છે, કાલે મહમદહુસેન સમેજાને મુકી જઇશું.

સાહેદ વધુમાં જણાવે છે કે બીજા દિવસે તા.૮/૮/૨૦૦૮ ના રોજ સવારે આઠ વાગ્યાની આસપાસ આ સાહેદ તથા તેમનો ભાઇ અબ્બાસ તેમના ભાઇ મહમદહુસેન તથા તે જ રાતના તા.૭/૮/૨૦૦૮ ના રોજ મહમદહુસેનની સાળીના દિકરા મહમદહુસેન ઉમર જુનેજાને રાત્રે માંડવીના તાલુકાના કોડાય ગામથી પુછપરછ માટે લાવેલા હતાં. આ બંને માટે ચા અને નાસ્તો તેઓ બે ભાઇઓ તથા અબ્બાસ લઇને ગયેલાં અને તે બંનેને નાસ્તો–પાણી કરાવેલાં. નાસ્તો–પાણી કરાવ્યા બાદ કોન્સ્ટેબલ ત્યાં હતા તેને પુછલે કે તેમના ભાઇને કયારે છોડશો? તેણે કહેલું કે અગિયાર વાગ્યા પછી આલ સાહેબ આવશે પછી પુછપરછ કરશે અને છોડી દેશે. ત્યારબાદ આ સાહેદનો નાનો ભાઇ અબ્બાસ ઉમર સમેજા ત્યાં રોકાયેલો અને આ સાહેદની નોકરી હોવાથી જતા રહેલા. ત્યારબાદ તે દિવસે શુક્રવારે જુમ્માનો દિવસ હતો જેથી નમાજ પઢીને બપોરના જમવા ગયેલો ત્યારે આ સાહેદે તેમની માતાને પુંછેલું કે અબ્બાસ કે મહમદહુસેન પાછા આવી ગયા? તો તેમણે કહેલું કે તેઓ આવેલા નથી. ત્યારબાદ સાંજના ચાર વાગ્યે એસ.ઓ.જી.ની ઑફિસે ફરી ગયેલા અને ઑફિસે ઇન્કવાયરી કરેલી કે તેમનો ભાઇ મહમદહુસેનને કયારે છોડશો? ત્યારે જાણવા મળેલું કે તેમના ભાઇ અબ્બાસને પણ ત્યાં ઑફિસમાં બેસાડી રાખેલો છે. પછી ત્યાં એ લોકોએ કહેલું કે

તમે ઘરે જતા રહો અહિંયા આવવાની જરૂર નથી અને અમે તમોને ફોનથી જાણ કરીશું. ત્યારબાદ સાડા પાંચ વાગ્યાની આસપાસ એસ.ઓ.જી.ના લેન્ડ લાઈન નંબર ઉપરથી આ સાહેદના મોબાઈલ ફોન ઉપર ફોન આવેલો કે તમે ત્રણેય માટે ત્રણેક દિવસના કપડા લઈને અહિં આવી જાઓ. આ ત્રણેયમાં મહમદહુસેન સમેજા, અબ્બાસ ઉમર સમેજા તથા મહમહહુસેન ઉમર જુનેજાનાઓ છે. ત્યારબાદ આ સાહેદ તથા તેમના ભાભી હાજરાબહેન મહમદહુસેન સમેજા તથા તેમના કાકાનો છોકરો હનીફ સમેજા કપડા લઈને એસ.ઓ.જી.ની ઑફિસે ગયેલાં. ત્યાં પોલીસ ઈન્સ્પેકટરશ્રી આલ સાહેબને કપડા આપેલાં અને પુંછેલું કે આ ત્રણ દિવસના કપડાનું કારણ શું? તો સાહેબે જણાવેલુ કે આ લોકોની વધુ તપાસ અને પુછપરછ કરવાની છે તેથી તેઓને અમદાવાદ લઈ જવાના છે. લગભગ આઠ વાગ્યાની આસપાસ ઉભા રહેલા અને તે લોકોને ગાડીમાં બેસાડેલા અને ગાડી ગઇ ત્યાં સુધી ઉભા રહેલાં.

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ બીજા દિવસે સવારના તેઓ પોલીસ સબઈન્સ્પેકટર સામંતસિંહ જાડેજાને પુંછેલું કે તે લોકોને અમદાવાદ કયાં લઈ ગયાં છે. તો ફોનમાં જવાબ આપેલો કે તે લોકોને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની ઑફિસ, ગાયકવાડ હવેલી મુકી આવ્યા છીએ. ત્યારબાદ બે–ત્રણ દિવસ ઈન્કવાયરી કરેલી નહિ. ત્યારબાદ ત્રણેક દિવસ પછી એસ.ઓ.જી.ના સામંતસિંહ પાસે રૂબરૂ જઈને તેમના ભાઈઓ વિશે ઈન્કવાયરી કરેલી. તો કહેલું કે પુંછીને જવાબ આપીશ. ત્યારબાદ ફોનથી અને રૂબરૂમાં ઈન્કવાયરી કરતો હતો અને એ લોકો કહેતા કે, તેઓની પુછપરછ ચાલુ છે. અઠવાડીયુ, નવ દિવસ થઈ ગયેલાં પછી સામંતસિંહ સાહેબને પુંછેલું કે તેમના ભાઈઓની ખબર પુંછેલી કે ઘણા દિવસ થઈ ગયા છે. ત્યારે તેમણે કહેલું કે તમે ભૂજના એસ.પી. સાહેબને મળી લ્યો.

સાહેદ વધુમાં જણાવે છે કે બીજા દિવસે આ સાહેદ, તેમની મા, ભાભી હાજરાબહેન તથા કાકાનો છોકરો હનીફ સમેજા ભૂજના એસ.પી. સાહેબને મળવા ગયેલાં ત્યાં એસ.પી. સાહેબની ઑફિસના ગેટ ઉપર કહેલું કે સાહેબને

મળવું છે તો તે લોકોએ પુંછેલું કે શાના માટે મળવું છે? જેથી જણાવેલ કે તેમના ભાઈઓને પુછપરછ માટે અમદાવાદ લઈ ગયા છે જેની ઈન્કવાયરી કરવી છે તો તેઓએ રજીસ્ટરમાં એન્ટ્રી કરીને રાહ જોવા કહેલું. ત્યારબાદ થોડા સમય બાદ એસ.પી. સાહેબને મળવા તેમની ચેમ્બરમાં ગયેલાં. ચેમ્બરમાં ગયા પછી સાહેબને ઉપરોકત તમામ હકીકતો કહેલી. સાહેબને કહેલું કે અમારે ભાઈઓને મળવું છે. સાહેબે કહેલું કે થોડીવાર બહાર બેસો ફોન કરીને કહું છું. થોડીવાર બહાર બેઠેલા પછી અંદરથી એક કોન્સ્ટેબલ આવેલાં અને સુચના આપેલી કે સાહેબે ક્રાઈમ બ્રાન્ચ, અમદાવાદમાં ફોન કરેલો છે અને સાહેબે જણાવેલું છે કે ફકત બહેનો જ મુલાકાત લે. વધુમાં સાહેદ જણાવે છે કે તા.૧૯/૮/૨૦૦૮ ના રોજ આ સાહેદની માતા, ભાભી હાજરાબહેન, પત્ની જમીલાબહેનનાઓ અમદાવાદ મુકામે ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે ગયેલાં. તે લોકો મુલાકાત લઈને આવેલાં અને જણાવેલું કે ભાઈઓની હાલત બહુ ખરાબ છે. જેથી આ સાહેદે પુંછેલું કે શું થયું? તો તે લોકોએ કહેલું કે તેઓની સમક્ષ ભાઈઓને મુલાકાત માટે લાવ્યા ત્યારે માથે કાળો બુરખો ઓઢાડેલો હતો તથા હાથ પાછળ બાંધીને હાથકડીઓ નાંખેલી હતી તથા તેઓને એક પછી એક મુલાકાત આપવામાં આવેલી. મુલાકાતમાં એવું લાગેલું કે આ લોકોને મારકુટ કરેલી છે. ભાઈઓને મારકુટ કરેલી છે? તો જણાવેલું કે ભાઈઓ બોલી શકતા ન હતા અને પોલીસવાળા હાજર હતાં. જેથી તે લોકો કાંઈ કહિ શકેલ નહિ. તે લોકોના મોઢા સુકાયેલા હતાં. તે લોકોની આંખોની નીચે ડાઘ પડી ગયેલાં હતાં અને આ લોકો કાંઈ બોલી શકેલા નહિ અને લઈ ગયેલાં. આ હકીકત આ સાહેદને ભાભી, પત્ની અને માતાએ જણાવેલી.

વધુમાં સાહેદ જણાવે છે કે ત્યારબાદ તા.૨૩/૮/૨૦૦૮ ના રોજ ભાઈઓની મુલાકાત માટે આ સાહેદ ક્રાઈમ બ્રાન્ચ, અમદાવાદની ઑફિસે ગયેલો. તેમની સાથે તેમના ભાભી હાજરાબહેન, પત્ની તથા મા પણ હતા અને બધા સાથે ગયેલાં. ત્યાં નામ લખાવેલું અને ભાઈઓને મળવા આવેલાં છીએ તેમ જણાવેલું, થોડીવાર રાહ જોયા બાદ મુલાકાત આપેલી. તે મુલાકાતમાં મહમદ

હુસેન ઉમર સમેજા તથા મહમદહુસેન ઉમર જુનેજાની સાથે મુલાકાત આપેલી અને અબ્બાસ ઉમર સમેજાની મુલાકાત અલગથી આપેલી. ત્યાં આ સાહેદના ભાઈઓને પુછેલુ કે તમારી સાથે કોઇ મારકુટ થયેલી છે? પણ બે પોલીસવાળા બાજુમાં ઉભેલા હતા, તે લોકો આંખના ઈશારે કાંઇ કહેવા માંગતા હતા પરંતુ કાંઇ કહિ શકતા ન હતાં. તેઓની આંખ નીચે કાળા ડાઘ હતા અને તેઓની મારકુટ કરેલી હોય તેવું લાગતુ હતું. મોઢા સુકાઇ ગયેલા હતા કે જાણે તેમને આઠ–દસ દિવસથી તેમને બાંધી રાખ્યા હોય અને દુબળા પડી ગયેલા હોય તેવું લાગતુ હતું. કદાચ તેઓને ખાવાનું ન આપ્યું હોય અને બાંધી રાખ્યા હોય. ભાઈઓની મુલાકાત બાદ ક્રાઇમ બ્રાન્ચની કમ્પાઉન્ડ વોલમાં મોટુ મેદાન છે જયાં એક લેડીઝ ઓફિસર ઉભેલા હતાં. જેણે તેઓને બોલાવેલો અને કહેલ કે તમારા ભાઈઓ ઉપર કોઇપણ જાતનો ચાર્જ નથી. તેઓની પુછપરછ થોડી બાકી છે અને પુછપરછ બાદ અઠવાડીયામાં છોડી મુકીશું. કોઇપણ વકીલ કે અરજી કે કોર્ટમાં જતા નહિ અને પૈસા બગાડતા નહિ તેવું કહેલું . લેડીઝ ઓફિસરનું નામ ઉષાબહેન રાડા હતું.

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ તા.૩૦/૮/૨૦૦૮ સુધી રાહ જોયેલી પરંતુ ભાઈઓને ત્યાંથી છોડેલા નહિ. તેથી તા.૧/૯/૨૦૦૮ ના રોજ આ સાહેદ તેમની ભાભી હાજરાબહેન, માતા તથા કાકાનો છોકરો હનીફ તેઓના નજીકના સીનીયર વકીલ અમીરભાઇ લોડીયાનાઓ પાસે તેમની ઑફિસે ગયેલાં અને ઉપરોકત હકીકતો જણાવેલી. હકિકતો જણાવ્યા બાદ વકીલશ્રી અમીરભાઇએ એક અંગ્રેજીમાં અરજી ટાઇપ કરી આપી. તે અરજીનું ભાષાંતર ગુજરાતીમાં તેઓને સંભળાવેલુ અને સંભળાવ્યા બાદ તે અરજી હાજરાબહેન મહમદહુસેન સમેજાના નામે કરેલ. સદર ભાષાંતર સંભળાવ્યા બાદ હાજરાબહેને જમણા હાથનો અંગુઠો અરજીમાં કરેલો. તે અંગુઠાની સામે લખેલ છે કે, RHT હાજરાબહેન મહમદહુસેન સમેજા જે આ સાહેદના હાથે લખેલું છે. જેમાં આ સાહેદના કાકાના દિકરા હનીફ સમેજાની સહી છે. આ અરજી જો આ સાહેદને બતાવવામાં આવે તો ઓળખી શકે. જેથી અબ્બાસ ઉમર સમેજાએ ક્રિ.પ્રો.કોડની

કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનની સાથે રજૂ કરેલ દસ્તાવેજો પૈકી સંલગ્ન–૬ પાના નં.૨૩ અને ૨૪ થી બે પેઝમાં આ અરજી રજૂ કરેલી છે. આ અરજીમાં આ સાહેદની ભાભી હાજરાબહેનના અંગુઠાનું નિશાન છે, તેમના કાકાના દિકરા હનીફ સમેજાની સહી છે તથા RHT હાજરાબહેન મહમદહુસેન સમેજા જે લખેલું છે તે આ સાહેદના હસ્તાક્ષરમાં લખેલું છે જે ઓળખી બતાવે છે. આ અરજી સ્પીડ પોસ્ટથી એસ.પી. સાહેબ ભૂજ તથા ડી.જી.પી. (ડાયરેકટર જનરલ ઓફ પોલીસ) ને ગાયકવાડ હવેલી, અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચને મોકલેલી. સ્પીડ પોસ્ટથી મોકલ્યા અંગેની રસીદ આંક–૯૨૭૧ થી રજૂ કરેલી છે.

વધુમાં સાહેદ જણાવે છે કે તા.૧/૯/૨૦૦૮ ની અરજી બાબતે સને–૨૦૧૩ ની સાલમાં આ સાહેદે એસ.પી. સાહેબને આર.ટી.આઇ. અરજી કરેલી અને આ તા.૧/૯/૨૦૦૮ ની અરજીની નકલ માંગેલી. આ આર.ટી. આઇ. અરજી ૨૦૧૩ ની સાલમાં જે કરેલી તે અરજીની નકલની નકલ સંલગ્ન–૫ પાના નં.૧૮ થી રજૂ કરેલી છે. આ અરજી રૂા.૨૦/–ના સ્ટેમ્પ પેપર ઉપર લખવામાં આવેલી છે અને તેમાં મહમદફારૂક ઉમર સમેજા તરીકે આ સાહેદની સહી છે અને આ અરજીની પાછળના ભાગે અરજીને પોસ્ટ દ્વારા મોકલેલી તેની અસલ પાવતી ચોંટાડેલી છે જે આંક–૯૨૭૨ થી રજૂ રાખેલ છે. ત્યારબાદ તા.૧/૯/૨૦૦૮ ની અરજી તથા સ્પીડ પોસ્ટની સ્લીપો તથા આ આર.ટી. આઇ.મા મેળવેલ રજીસ્ટરની ઇન્વર્ડની ટ્રુ કોપી જે મે મુલાકાત વખતે આ સાહેદના ભાઇ અબ્બાસ ઉમર સમેજાને સોંપેલી. આ તા.૧/૯/૨૦૦૮ ની અરજી સંદર્ભે તા.૪/૯/૨૦૦૮ ના સાંજે આ સાહેદની પત્ની જમીલાબહેનનો આ સાહેદ ઉપર ફોન આવેલો કે અબ્બાસભાઇના સમાચાર ટી.વી.માં આવે છે. જેથી ઘરે પહોંચીને સમાચાર જોયેલા જેમાં તેમના ભાઇ અબ્બાસ ઉમર સમેજાને અમદાવાદમાં થયેલા સીરીયલ બ્લાસ્ટમાં ધરપકડ કરેલી છે. સમાચાર પછી એકાદ–બે દિવસ રહીને તેઓ અબ્બાસની મુલાકાતે તેમના મા, પત્ની તથા ભાભી હાજરાબહેન ક્રાઇમ બ્રાન્ચમાં આવેલાં અને મુલાકાત લીધેલી. બાદમાં ટોળીયા સાહેબે આ સાહેદની મા તથા ભાભી હાજરાબહેનને કહેલ કે મહમદ હુસેન

તથા ભાણેજને અઠવાડીયાની અંદર છોડી મુકીશું અને તેના સમાચાર તમોને આપીશું તેમ જણાવેલ.

સાહેદ વધુમાં જણાવે છે કે તા.૧૭/૯/૨૦૦૮ ના રોજ ક્રાઇમ બ્રાન્ચની ઑફિસેથી ફોન આવેલો કે આ સાહેદના ભાઈઓને છુટા મુકવાના હોવાથી અહિંયા આવીને લઇ જાઓ. જેથી આ સાહેદ તથા તેમનો ભાઇ યાસીન લેવા માટે ગયેલા. આ લોકોએ મુલાકાત આપેલી અને પછી વેઇટ કરવાનું કહેલું. સાંજે પાંચ વાગ્યાની આસપાસ આ સાહેદના મોટા ભાઈ મહમદહુસેન તથા મહમદ હુસેનના ભાણેજ મહમદહુસેન ઉમર જુનેજાને સોંપેલાં. આ સાહેદના મોટા ભાઇ મહમદહુસેનને સોંપ્યા બાદ તેની હાલત નાજુક હતી અને તેને ચકકર આવતા હતા અને અશકિત જેવું હતું તેથી તેનો હાથ પકડી રીક્ષામાં બેસાડેલાં અને સીધા બસ સ્ટોપ ગયેલાં અને બીજે દિવસે ભૂજ પહોંચેલાં. જયાં મહમદહુસેનને પુંછેલું કે તને શું–શું ત્યાં થયેલું. તો તેણે કહેલું કે ઑફિસની અંદર ૨૪ કલાક માથે બુરખો પહેરાવી રાખતા, પાછળ હાથકડીઓ બાંધી રાખતા અને પુછપરછ દરમ્યાન મારકુટ પણ કરતાં. આ મુજબ કહેલું અને મહમદહુસેનની સારવાર એકાદ મહિનો કરાવેલી. વધુમાં સાહેદના જણાવ્યા મુજબ તા.૧૨/૧૧/૨૦૦૮ ના રોજ આ સાહેદની ભાભી હાજરાબહેનને ભૂજ સીટી પોલીસ સ્ટેશનમાંથી કોઇ કોન્સ્ટેબલ આવેલ અને કહેલ કે જવાબ લખાવવા પોલીસ સ્ટેશને આવવાનું છે. જેથી હાજરાબહેન સાથે આ સાહેદ ભૂજ સીટી પોલીસ સ્ટેશનમાં ગયેલાં. ત્યાં પોલીસ સબઇન્સ્પેકટર પારેવા સાહેબે તા.૧/૯/૨૦૦૮ વાળી અરજી સંદર્ભે તેની સામે બેસાડીને પુછીને ભાભીનું નિવેદનો લીધેલાં . ભાભીએ તે નિવેદન ઉપર પોતાનો અંગુઠો કરેલો. ઉપરોકત જવાબમાં ભાઇ સાથે જે જે ઘટનાઓ બનેલી તેની હકીકતો લખાવેલી. આ સાહેદના ભાઇ અબ્બાસે રજૂ કરેલા કાગળોમાં સંલગ્ન–૯, પાના નં.૩૧ અને ૩૨ થી આ સાહેદની ભાભીના જવાબની અરજી રજૂ કરેલી છે તેમાં આ સાહેદ તેમની ભાભીના અંગુઠાનું નિશાન ઓળખી બતાવે છે. આ જવાબની નકલ આ સાહેદના ભાઇએ આર.ટી.આઇ. દ્વારા મેળવેલી છે.

આ સાહેદની ફરિયાદપક્ષ દ્વારા થયેલી ઊલટતપાસ ધ્યાને લઈએ તો ભાઈ અબ્બાસની ધરપકડ અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટના કેસોમાં તા.૪.૯.૨૦૦૮ ના રોજ થયેલી તે કબૂલ કરે છે. સાહેદે સ્વેચ્છાએ જણાવેલુ છે કે ટીવી દ્વારા જાણેલુ. આ હકીકત આ સાહેદની સરતપાસથી વિરોધાભાસી છે. પોતાના ભાઈને અટક થયેલી હોવા છતાં જણાવે છે કે ટીવી દ્વારા અટક થયેલાની જાણ થયેલી તો તે માની શકાય નહીં. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા ભાઈની અટક થયા પછી અમદાવાદના વકીલશ્રી હાસીમ કુરેશીને મળેલા. આ વકીલશ્રી હાસીમ કુરેશી ભાઈના વકીલ તરીકે કોર્ટમાં હાજર થયેલા તો તે હકીકત નકારે છે. આ સાહેદની આ હકીકત ખોટી છે. આ સંબંધમાં સેશન્સ કેસ નં.૩૮/૨૦૦૯ નુ રેકર્ડ ધ્યાને લેતા આ આરોપી સાથે અન્ય બીજા ૧૧ આરોપીઓ વતી વકીલશ્રી હાસીમ કુરેશી વકીલપત્ર મુકીને હાજર થયેલા છે તથા આરોપીઓ વતી રીમાન્ડ અરજીની દલીલો પણ કરેલી છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો અબ્બાસની જુદા-જુદા કેસોમાં અટક થયેલાની જાણ થયેલી નહીં. હાસીમ કુરેશી તથા મુનશી સાહેબ સાથે ભાઈના કેસ બાબતે વાતચીત થયેલી તે કબૂલ કરે છે. સરતપાસમાં જણાવ્યા મુજબની હકીકત કોર્ટમાં લખીને બંને વકીલ સાહેબો દ્વારા આપેલી નથી તે કબૂલ કરે છે. અમદાવાદ ખાતે ભાઈની જેલ મુલાકાત વખતે વાતચીત થતી હતી તે કબૂલ કરે છે. ૨૦૧૩ની સાલમાં આર.ટી.આઈ. હેઠળ અરજી કરીને માહિતી મંગાવવા અંગેની વાત અબ્બાસ સાથે થયેલી તે કબૂલ કરે છે. તા.૨૯/૦૫/૨૦૧૩ ના સમયે પ્રથમ વખત ખોટા સાક્ષી તરીકે ઉભો કરાવેલ અને માહિતી મંગાવેલ તો તે હકીકત નકારે છે. આર.ટી.આઇ. મા કેવી રીતે અરજી કરવી અને કેવી રીતે કાગળો મેળવવા તે પ્રક્રિયાથી માહિતગાર છે તે કબૂલ કરે છે. ભાઈ મહમદહુસેન કોઈ અરજી કરી હોય અને તે મેળવીને ભાઈ અબ્બાસને આપી હોય તેવું બનેલું નથી તે કબૂલ કરે છે. તા.૨૯/૦૫/૨૦૧૩ ની અરજીમાં સરતપાસના પેરા નં.૮,૧૨ માં જણાવેલી હકીકત તે અરજીમાં જણાવેલી નથી તેના જવાબમાં સાહેદે એ વાત ખરી છે તેમ જણાવેલુ છે. તા. ૨૯.૫.૨૦૧૩ ની અરજી આંક-૯૨૭૩ થી રજૂ કરવામાં આવેલી છે. આ અરજી

ધ્યાને લેતા આ સાહેદે સરતપાસના પેરા ૮, ૧૨ મા જે હકીકત જણાવેલી છે તે હકીકત આંક–૯૨૭૩ વાળી અરજીમાં જણાવેલી નથી તે સ્પષ્ટ છે. સરતપાસના પેરા નં.૨ થી ૮,૧૦,૧૧ અને ૧૨ મા જે હકીકતો જણાવી છે તે ખોટી જણાવી છે તે હકીકત નકારે છે. તા.૧/૯/૨૦૦૮ની અરજી આર.ટી.આઇ.માંથી મેળવીને અબ્બાસભાઇને સોંપેલાની હકીકત ખોટી જણાવે છે તો તે હકીકત પણ નકારેલી છે. અમીરભાઇ લોડીયાને વકીલ તરીકે તમારા કુટુંબે રોકેલા હતાં તે પ્રશ્નના જવાબમાં સાહેદે જણાવેલુ છે કે તેઓ અમારા ફળીયામાં રહેતા હતાં તેઓને ઓળખતા હતાં. આ સાહેદે પ્રશ્નનો જવાબ આપવાનું ટાળેલુ છે તેમ કહી શકાય. તા.૧૨/૧૧/૨૦૦૮ ના રોજ ભૂજ ખાતે ભાભી હાજરાબહેનનું પોલીસે નિવેદન લીધું ત્યારે હાજર હતા તે ખોટુ છે તો તે હકીકત નકારી છે. સરતપાસમાં જણાવ્યા મુજબના કાગળો અબ્બાસની તરફેણમાં ખોટા ઉભા કરેલા છે તો તે હકીકત નકારે છે. આર.ટી.આઇ.નું કામ કરવાનુ ૨૦૧૦થી શરૂ કરેલાનું જણાવે છે. મહમદ હુસેન સમેજાએ મેટ્રો કોર્ટ નં.૩ સમક્ષ ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબનુ નિવેદન આપેલાનું અબ્બાસભાઈએ જણાવેલુ હોય તો ખબર નથી. અબ્બાસના કહેવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારી છે. આ સાહેદને મહમદ હુસેન સમેજાએ ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબનું જે નિવેદન આપેલુ તે નિવેદન સાહેદને બતાવવા રજૂઆત કરેલી અને બચાવપક્ષ તરફથી વાંધો લેવામાં આવેલો. તે નિવેદનને આંક આપવા ફરિયાદપક્ષે આંક–૯૨૭૫ થી અરજી આપેલી હતી તે અંગે બંને પક્ષની દલીલો સાંભળી ફરિયાદપક્ષની અરજી નામંજૂર કરેલી છે. અબ્બાસ ઉમર સમેજા બોમ્બ બ્લાસ્ટ કેસનો આરોપી છે તેમ છતાં તેને બચાવવા ભૂજ પોલીસ અધિકારીઓ તથા ક્રાઇમ બ્રાન્ચના પોલીસ અધિકારીઓ વિરૂધ્ધ ખોટા પુરાવા ઉભા કરેલાની હકીકત નકારે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ આરોપી નં.૧૬ અબ્બાસ ઉમર સમેજાના ભાઈ થાય છે. આરોપીને બોમ્બ બ્લાસ્ટ કેસોમાં અટક કરેલો તે જાણેલુ છે અને અટક કરતા પહેલા આરોપીની પોલીસ દ્વારા પુછપરછ થયેલી તેની પણ માહિતી છે તેમ છતાં જણાવે છે કે ટીવી

દ્વારાજાણેલુ. આરોપીના વકીલ તરીકે હાસીમ કુરેશી કોર્ટમાં હાજર થયેલા છે અને રીમાન્ડ અરજી બાબતે આરોપીનો બચાવ કરેલો છે તેમ છતાં આ સાહેદ જણાવે છે કે હાસીમ કુરેશી આરોપીના વકીલ તરીકે હાજર થયેલા ન હતા. આમ આ સાહેદની ઊલટતપાસ અને સરતપાસ વચ્ચે વિરોધાભાસ છે. આ સાહેદ આરોપીના સગા ભાઈ છે જેથી સ્વભાવિક છે કે આરોપી માટે રસ ધરાવનાર અને હિત ધરાવનાર સાહેદ કહી શકાય. ભાઈ હોવાથી આ સાહેદ ભાઈને બચાવવા માટે જુબાની આપે તે સ્વાભાવિક છે. પરંતુ સમગ્ર જુબાની ધ્યાને લેતા આરોપીના બચાવને મદદરૂપ થાય તેવી હકીકત આ સાહેદની જુબાનીમાંથી નીકળી આવતી નથી.

આ સાહેદ બાબતે વકીલશ્રી કે.જી.શેખ દલીલ કરતા જણાવે છે કે જયારથી અમદાવાદ શહેરના બનાવો બનેલા છે અને આ આરોપીને તપાસ કરનાર અધિકારી દ્વારા અટક કરવામાં આવેલો છે ત્યારથી આ સાહેદે તપાસ કરનાર અધિકારીઓ સામે ફરિયાદો કરેલી છે. આ સાહેદે ગાડીઓમાં બેસાડીને આરોપીને અમદાવાદ મુકામે લઈ જતા પણ જોયેલો છે. ભાઈઓને મારપીટ કરેલાની હકીકત પણ આ સાહેદે જણાવેલી છે. પોલીસ સતત ધમકીઓ આપતી હતી તેવુ પણ આ સાહેદે જણાવેલુ છે. આરોપીને માર માર્યા પછી સારવાર આપવામાં આવતી હતી જેથી મરા માર્યાની હકીકત બહાર આવે નહીં. વકીલશ્રી કે.જી.શેખની આ દલીલ સાથે હું સંમત નથી. આરોપીને માર માર્યા પછી સારવાર આપવામાં આવી હોય તો તે અંગેના કોઈ તબીબી પેપર્સ આ સાહેદે રજૂ કરેલા નથી કે આરોપીએ પણ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ના નિવેદન વખતે પણ અન્ય દસ્તાવેજો સાથે રજૂ કરેલા નથી. આ સાહેદને પણ પોલીસે ગોંધી રાખેલા હતા પરંતુ આ સાહેદને પોલીસે ગોંધી રાખેલા હોય તો તે અંગેની તે હકીકત આ સાહેદે કયાંય જાહેર કરેલી નથી.

આ આરોપીએ પોતાના બચાવમાં મહેન્દ્રકુમાર રણછોડભાઇ પરમારને આંક–૯૨૮૩ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તેઓ પોલીસ ખાતામાં ભૂજ મુકામે એમ.ટી. વિભાગમાં સુપરવાઇઝર તરીકે

૨૦૧૮થી ફરજ બજાવે છે. તેમના વિભાગમાં જિલ્લાના પોલીસ ખાતામાં પોલીસ ખાતાને ફાળવવામાં આવેલ વાહનોના મેઇન્ટેન્સ, તેની ફાળવણી, ડ્રાઇવરોની ફરજ બાબતેની વિગતો રાખવામાં આવે છે. વાહનોની મુવમેન્ટ બાબતેની દરેક વાહનમાં એક લોગબુક વાહન દીઠ રાખવામાં આવે છે. આ કેસમાં જુબાની આપવા માટે સમન્સ બજાવવામાં આવેલો છે. સાક્ષી સમન્સના અનુસંધાને ૨૦૦૭ થી અત્યાર સુધીની આર.ટી.આઇ.ની અરજીઓની ફાઇલ સાથે લાવેલા છે. આ ઉપરાંત સરકારી વાહન નં.GJ-12-G-986 પી-૨૨૪ ટાટાસૂમોની અસલ લોગબુક તા.૨૫/૪/૨૦૦૮ થી લઇને તા.૨૮/૧૧/૨૦૧૦ સુધીની લાવેલા છો. આર.ટી.આઇ.ની અરજીઓની જે ફાઇલ લાવેલા છે તેમા (૧) તા.૧૩/૧૨/૨૦૧૩ ના રોજ અરજદાર જાહિદ કુત્બુદ્દિન શેખનાઓએ વાહન નં.GJ-12-G-986 પી-૨૨૪ ની તા.૭/૮/૨૦૦૮ થી તા.૧૦/૮/૨૦૦૮ સુધીની લોગબુકની નકલ એમ.ટી. વિભાગ પાસે માંગેલી તે અસલ અરજી આંક-૯૨૮૪ થી રજૂ રાખેલ છે તથા તથા (૨) તેમના વિભાગના માહિતી અધિકારીએ તા.૩૦/૧૨/૨૦૧૩ ના રોજ જા.નં.૬૬૧/૨૦૧૩ થી આપેલ જવાબ આંક-૯૨૮૫ મા પોલીસ સબ ઇન્સ્પેકટર, એમ.ટી. વિભાગ, ભૂજનાઓની સહી ઓળખી બતાવે છે તથા (૩) ઉપરોકત વાહનની તા.૭/૮/૨૦૦૮ થી લઇને તા.૧૦/૮/૨૦૦૮ સુધીની લોગબુકની પ્રમાણીત નકલ આંક-૯૨૮૬ થી રજૂ રાખેલ છે. વધુમાં આ સાહેદ આર.ટી.આઇ.ની ફાઇલમાંથી (૧) અરજદાર જાહિદ કુત્બુદ્દિન શેખનાઓએ તા.૧૨/૧૦/૨૦૧૩ ના રોજ આપેલ અરજીની ઝેરોક્ષ આંક-૯૨૮૭ થી રજૂ રાખેલ છે તથા (૨) જાહેર માહિતી અધિકારીએ આર.ટી. આઇ.નં.૨૭૦/૨૦૧૩, તા.૨૨/૧૧/૨૦૧૩ થી અરજદારને આપેલ માહિતીનો જવાબ આંક-૯૨૮૮ થી રજૂ રાખેલ છે તથા (૩) પોલીસ અધીક્ષક એમ.ટી.વિભાગ, કચ્છ, ભૂજનાઓએ જા.નં.૫૯૩/૨૦૧૩, તા.૧૯/૧૧/ ૨૦૧૩ ના રોજ જાહેર માહિતી અધિકારીને માહિતી પુરી પાડવા માટે લખેલ પત્ર આંક-૯૨૮૯ થી રજૂ રાખેલ છે તથા (૪) ડીસીપીએ એમ.ટી., પોલીસ સબઇન્સ્પેકટર ભૂજને ઓગષ્ટ-૨૦૦૮નુ ટી.એ. વાઉચર બીલ થેબા

અફસરઅલી આદમનું મંજૂર કરવા અંગે આપેલ માહિતી આંક–૯૨૯૦ થી રજૂ રાખેલ છે તથા (૫) એમ.ટી. વિભાગ ભૂજે પોલીસ સબ ઇન્સ્પેકટર, એમ.ટી. વિભાગ ભૂજને ઓગષ્ટ–૨૦૦૮નું ટી.એ. વાઉચર બીલ હેડ કોન્સ્ટેબલ બ્રહ્મપ્રકાશ પ્રભાતલાલ, બ.નં.૮૧૮ નુ ટી.એ. વાઉચર બીલ માટે આપેલ માહિતી આંક–૯૨૯૧ થી રજૂ રાખેલ છે.

વધુમાં સાહેદ જણાવે છે કે કયામુદ્દિન સરફુદ્દિન કાપડીયાનાઓએ તા.૨૪/૬/૨૦૧૩ ના રોજ સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ ભૂજનાઓને ઉદ્દેશીને માહિતી માંગતી એક અરજી મોકલેલી. તે અરજી તથા નાયબ પોલીસ અધીક્ષક ભૂજનાઓએ આર.ટી.આઇ. માહિતી ૧૪૫/૨૦૧૩, તા.૬/૮/૨૦૧૩ ના રોજ કયામુદ્દિન કાપડીયાને આપેલો જવાબ તથા સામંતસિહ જાડેજા, પોલીસ સબઇન્સ્પેકટર ભૂજ તા.૫/૮/૨૦૦૮ થી તા.૧૫/૮/૨૦૦૮ દરમ્યાનની વાહનની લોગબૂક ની કુલ–૨ પાનાની નકલ તથા એમ.ટી.વિભાગના પોલીસ સબઇન્સ્પેકટરશ્રી ભેડા સાહેબે જાહેર માહિતી અધિકારી કચ્છ ભૂજનાઓને અરજીના અનુસંધાને ફોરવર્ડીંગ લેટરથી મોકલી આપેલ જેમાં શ્રી ભેડા સાહેબની સહી ઓળખી બતાવે છે જે અનુક્રમે આક–૯૨૯૩, ૯૨૯૪, ૯૨૯૫ થી રજૂ રાખેલ છે તેમજ જાહેર માહિતી અધિકારી વી.આર.ખેંગારનાઓની સહી ઓળખી બતાવે છે જે આંક–૯૨૨૩ થી રજૂ રાખેલ છે.

આ સાહેદની ફરિયાદપક્ષ દ્વારા થયેલી ઊલટતપાસ ધ્યાને લઈએ તો આંક–૯૨૯૩ વાળી અરજી કયામુદ્દિન કાપડીયા અન્ડરટ્રાયલ આરોપી–૧૫૬/૧૩, ૨૦૦ ખોલી સેન્ટ્રલ જેલ, અમદાવાદથી મોકલેલાનું કબૂલ કરે છે. આ અરજી ફકત તા.૮/૮/૨૦૦૮ ના દિવસની માહિતી માંગતી અરજી નથી તે કબૂલ કરે છે. સામંતસિંહ જાડેજા અમદાવાદ અથવા કોઇ ચોકકસ સ્થળે ગયા હોય તેવી માહિતી માંગી હોય તેવું આ અરજીમાં નથી તે કબૂલ કરે છે. આ અરજીમાં સામંતિસિંહની ફરજ કયા પોલીસ સ્ટેશનમાં હતી તે બતાવેલું નથી તે પણ કબૂલ કરે છે. આ અરજીમાં પોલીસ સબઇન્સ્પેકટરની ડયુટીની માહિતી, પોલીસ–પી ગાડી નંબર તથા ગાડીનો આર.ટી.ઓ. રજીસ્ટ્રેશન નંબરનો ઉલ્લેખ

નથી તે કબૂલ કરે છે. આ અરજીમાં ડ્રાઇવર બ્રહ્મપ્રકાશ યાદવના નામનો ઉલ્લેખ નથી તે પણ કબૂલ કરે છે. સામંતસિંહ જાડેજા એલ.આઇ.બી. શાખામાં ફરજ બજાવતા હતા તેવી માહિતી આંક–૯૨૨૩ વાળા પત્રમાં આપેલી તે કબૂલ કરે છે. આંક–૯૨૯૪ મા જી.જે.–૧૨–જી–૮૦૮૬, પી–૨૫૫, સીટી રાઇડની માહિતી આપેલી તે કબૂલ કરે છે. આંક–૯૨૯૪ ના કોલમ નં.૨ મા વાહનના ડ્રાઇવર તરીકે બ્રહ્મપ્રકાશ વી. યાદવ બ.નં.૮૧૮નો ઉલ્લેખ છે તે કબૂલ કરે છે. આંક–૯૨૯૪ ઉપરથી ડ્રાઇવર અને તેનો ઉપયોગ કરનાર વ્યકિત સિવાય મુસાફરી કરનાર વ્યકિત કે બીજા પોલીસ કેટલા હતા તે જાણી શકાય નહિ તે કબૂલ કરે છે. આંક–૯૨૯૪ ઉપરથી કયા કેસ બાબતે વાહનમાં મુસાફરી કરેલી તે જાણ શકાય નહી તે કબૂલ કરે છે. તા.૨૯/૮/૨૦૧૩ ના જાહીદ કુત્બુદીન શેખનાઓએ જાહેર માહિતી અધિકારીને કરેલી અરજી સેન્ટ્રલ પ્રિઝન, અમદાવાદ ખાતેથી કરેલાનું કબૂલ કરે છે. અરજીમાં જણાવેલા ત્રણ વ્યકિતઓ ચોકકસ કયા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા તેનો ઉલ્લેખ નથી તે કબૂલ કરે છે. અરજીમાં ચોકકસ કોઇ એક તારીખની માહિતી માંગવામાં આવેલી નથી તે કબૂલ કરે છે. આ અરજી આંક–૯૨૯૬ થી રજૂ છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો પોલીસ અધીક્ષકની કચેરી તરફથી આપેલ માહિતી પત્રમાં અનુક્રમ નં.૩ અફસરઅલી થેબા પોલીસ કોન્સ્ટેબલ ડ્રાઇવર ટી.એ. તરીકે રૂા.૧૧૮/– મેળવેલા છે તે કબૂલ કરે છે. ટી.એ.ડી.એ.ની માહિતી આપતો પત્ર આંક–૯૨૯૭ થી રજૂ છે. આંક–૯૨૮૭ વાળી અરજી અરજદાર જાહિદ કુત્બુદ્દિન શેખનાઓએ પોલીસ અધીક્ષક, પશ્ચિમ કચ્છ ભૂજને કરેલાનું તે કબૂલ કરે છે. આંક–૯૨૯૬ વાળી અરજીમાં અફસર મહમદનો બકલ નંબર લખવામાં આવેલો નથી તે કબૂલ કરે છે. આંક–૯૨૮૭ વાળી અરજીમાં અફસર મહમદ થેબાનો બકલ નંબર લખવામાં આવેલો છે.આંક–૯૨૮૮ વાળો પત્ર જાહેર માહિતી અધિકારી, નાયબ પોલીસ અધિક્ષક, મુખ્ય મથક પશ્ચિમ કચ્છનાઓએ મદદનીશ માહિતી અધિકારી અને પોલીસ સબ ઇન્સ્પેકટર, એમ.ટી.વિભાગ, ભૂજને મોકલેલ માહિતી છે જે આંક–૯૨૮૯ થી રજૂ છે. આંક–૯૨૮૪માં પોલીસ વાહન નં.પી ૨૨૪ ટાટાસુમો

રજીસ્ટ્રેશન નં.જીજે–૧૨–જી–૯૮૬ નો ઉલ્લેખ છે તે કબૂલ કરે છે. આંક–૯૨૮૪ મા ડ્રાઈવરનું નામ, મુસાફરી કરનારનું નામ, ગાડી લઈ આવનારનું નામ કે વાપરનારનું નામ તેમજ જવાની ચોકકસ તારીખનો ઉલ્લેખ નથી તે કબૂલ કરે છે. આ સાહેદે પોતાનો પુરાવો દસ્તાવેજોના આધારે આપેલાનું કબૂલ કરે છે.

આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ ભૂજ મુકામે એમ.ટી. વિભાગમાં સુપરવાઈઝર તરીકે સને–૨૦૧૮થી ફરજ બજાવે છે અને તેમની ફરજમાં પોલીસ ખાતાને ફાળવવામાં આવેલા વાહનોના મેન્ટેનન્સ, ડ્રાઈવરોની ફરજની વિગતોની માહિતી રાખવાની હોય છે. આ કામે આ સાહેદ દ્વારા પોતાની સરતપાસમાં જણાવ્યા મુજબના જે કંઈ દસ્તાવેજો જેવા કે આરોપી નં.૧ નાએ માહિતી માંગતી જે અરજીઓ કરેલી તે તેમજ આપવામાં આવેલ માહિતીવાળા તમામ દસ્તાવેજો ધ્યાને લેતા આ કામના આરોપી નં.૧૬ ને બચાવમાં મદદરૂપ થાય તેવી કોઈ હકીકત નીકળી આવતી નથી. આરોપી ભૂજનો રહેવાસી છે અને તેની સામે અમદાવાદ ખાતે સીરીયલ બોમ્બ બ્લાસ્ટના ગુનામાં સંડોવાયેલાનો આક્ષેપ છે. આરોપીને ભૂજથી અટક કરવામાં આવેલો હતો અને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ ખાતે લાવવામાં આવેલો. આરોપીને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ ખાતે લાવવામાં પોલીસ ખાતાના વાહનનો જ ઉપયોગ થાય તે સ્વાભાવિક છે. આરોપીને ખાનગી વાહનમાં લાવવામાં આવેલો નથી. આ સાહેદ દ્વારા રજૂ કરાવવામાં આવેલા દસ્તાવેજો ઉપરથી એવુ કહી શકાય તેમ નથી કે આ આરોપી સીરીયલ બોમ્બ બ્લાસ્ટના ગુનામાં સંડોવાયેલો નથી. આ દસ્તાવેજો આરોપીના બચાવને મદદરૂપ થતા નથી.

આ આરોપીએ પોતાના બચાવમાં નરેન્દ્રભાઇ ડાયાલાલ ભટ્ટીને આંક–૯૨૯૮ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તેઓ પોલીસ ખાતામાં છેલ્લા ૩૭ વર્ષથી કચ્છ ભૂજ ખાતે ફરજ બજાવે છે. ૨૦૧૩ ના અરસામાં તેઓ પોલીસ અધીક્ષકની ઑફિસ, કચ્છ ભૂજમાં સિનીયર કલાર્ક તરીકે ફરજ બજાવતા હતા અને પોલીસ અધીક્ષકની ઑફિસમાં પત્ર વ્યવહારોની આવક–જાવકનું રજીસ્ટર રાખવામાં આવે છે. સાહેદ વધુમાં જણાવે છે કે

તા.૬/૬/૨૦૧૩ ના રોજ એક આર.ટી.આઇ. અરજી નં.૭૮૦/૨૦૧૩ પોલીસ અધીક્ષકની કચેરી, જાહેર માહિતી અધિકારી, નાયબ પોલીસ અધીક્ષકશ્રી, મુખ્ય મથક, ભૂજને મોકલવામાં આવેલી અને તેમાં મદદનીશ માહિતી અધિકારી અને કચેરી અધીક્ષકશ્રી એસ.એમ.દોરૂની સહી ઓળખી બતાવે છે. આ પત્ર મુજબ હાજરાબહેન મોહમદહુસેન સમેજાની તા.૧/૯/૨૦૦૮વાળી અરજી આવક રજીસ્ટરમાં તા.૪/૯/૨૦૦૮ ક્રમ નં.૨૫૭૩૧થી નોંધવામાં આવેલી. આ અરજીની સાથે આવક રજીસ્ટરના ઉતારાની નકલ મોકલવામાં આવેલી હતી. આવક નં.૨૫૭૩૧ થી હાજરાબહેન મોહમદહુસેન સમેજાની અરજી આવેલી હતી. તે અરજી "Memorandum against undue detention" વિષય લખેલી અરજી હતી. આવક રજીસ્ટરમાં અરજીની તા.૧/૦૯ લખેલું અને આ ઉતારો ૨૦૦૮ની સાલના રજીસ્ટરનો છે. તા.૬/૬/૨૦૧૩ ના રોજનો પત્ર તથા આવક રજીસ્ટરના ઉતારાની નકલ આંક–૯૨૯૯ થી રજૂ રાખેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આંક–૯૨૯૯ના પત્રમાં ફકત આવક રજીસ્ટરની નકલ સામેલ હતી તે કબૂલ કરે છે. આ સિવાય બીજી કોઇ અરજી આ પત્ર સાથે મોકલેલી નથી તે પણ કબૂલ કરે છે . હાજરાબહેનની અરજી બાબતેની કોઈપણ વિગત આ સાહેદ પાસે નથી. આમ આ સાહેદની જુબાનીમાંથી ફરિયાદપક્ષને કે આરોપીપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત નીકળી આવતી નથી.

આ આરોપીએ પોતાના બચાવમાં દશરથસિંહ ભગવતસિંહ ઝાલાને આંક–૯૩૦૨ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તેઓ ભૂજ–એ ડિવીઝન પોલીસ સ્ટેશનમાં છેલ્લા દોઢ માસથી એ.એસ.આઇ. તરીકે ફરજ બજાવે છે. તેમના પોલીસ સ્ટેશનમાં આર.ટી.આઇ. અંગેનું રેકર્ડ રાખવામાં આવે છે. તા.૧૧/૧૨/૨૦૧૩ ના રોજ જાવક નં.૧૬૧૭/૨૦૧૩થી પોલીસ ઇન્સ્પેકટર, ભૂજ સીટી એ–ડિવીઝનનાઓએ ઇમરાન ઇબ્રાહિમ શેખ, યુ.ટી.નં. ૧૩૪ બી/૨, ૨૦૦–ખોલી, સાબરમતી સેન્ટ્રલ જેલ અમદાવાદનાઓએ આર. ટી.આઇ. હેઠળ માંગેલ માહિતીમાં હાજરાબહેન મહમદહુસેન સમેજાએ તા.૧૨/

૧૧/૨૦૦૮ ના રોજ ભૂજ સીટી પોલીસ સ્ટેશનના પોલીસ સબઇન્સ્પેકટરશ્રી પારેવા રૂબરૂ નિવેદન નોંધાવેલું તે નિવેદનની નકલ આ પત્ર દ્વારા ઇમરાન ઇબ્રાહિમ શેખને મોકલી આપવામાં આવેલી હતી જે પત્ર આંક–૯૩૦૩ થી રજૂ રાખેલ છે. જા.નં.૧૬૧૭/૨૦૧૩ ના અસલ પત્રમાં પોલીસ ઇન્સ્પેકટર ભૂજ સીટી એ–ડિવીઝનનાઓની સહી ઓળખી બતાવે છે. આ પત્ર સાથે હાજરાબહેન મહમદહુસેન સમેજાએ તા.૧૨/૧૧/૨૦૦૮ ના રોજ જે નિવેદન આપેલું તે નિવેદનની નકલ મોકલી આપેલી. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો જે સરતપાસમાં હકીકત જણાવી તે બાબતે આ સાહેદને અંગત જાણકારી નથી પરંતુ રેકર્ડ જોઇને જણાવેલાનું કબૂલ કરેલ છે. આમ આ સાહેદની જુબાનીમાંથી ફરિયાદપક્ષને કે આરોપીને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત નીકળી આવતી નથી.

આ આરોપીએ પોતાના બચાવમાં દિનુભાઇ ધુળાભાઇ પ્રજાપતિને આંક–૯૩૨૭ થી તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો તેઓ છેલ્લા બે વર્ષથી અમદાવાદ સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે સીનીયર જેલર તરીકે ફરજ બજાવે છે. તેઓને અધીક્ષકશ્રી, અમદાવાદ મધ્યસ્થ જેલના શ્રી રોહન આનંદે આપેલ લેખિત રીપોર્ટ મુજબ જાવક નં.યુટીપી/૨૭૬૬/૨૦૦૯, તા. ૨૩/૫/૨૦૧૯ ના આરોપી ઇમરાન ઇબ્રાહિમ શેખનાઓએ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટશ્રીને ઉદ્દેશીને લખેલ પત્ર સાથે તથા યુટીપી/૩૨૧૦/૨૦૦૯, તા.૨૧/૬/૨૦૦૯ ના રોજ આરોપી નં.૩૫ રફિયુદ્દિન સરફુદ્દિન કાપડીયા (મુસ્લિમ) નાઓએ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટશ્રીને ઉદ્દેશીને લખેલ પત્ર તથા તેને લગતી માહિતી સાથે અત્રેની જેલના અધીક્ષક અથવા જાણકાર અધિકારીને હાજર રહેવા જણાવેલ પરંતુ તે રેકર્ડ ખૂબ જૂનું હોય શોધવા સઘન પ્રયાસ કરવા છતાં મળી આવેલ નથી. જે આંક–૯૩૨૮ વાળા રીપોર્ટમાં જેલ અધીક્ષકશ્રી, સેન્ટ્રલ જેલ, અમદાવાદની સહી ઓળખી બતાવે છે.

સાહેદ વધુમાં જણાવે છે કે જેલમાં તેમની ફરજ જેલની શિસ્ત અને સલામતિ જાળવવાની, નામ.કોર્ટ દ્વારા આરોપીઓ બાબતે વખતો વખત થતા

હૂકમોનું પાલન કરાવવાની અને સુપરવિઝનની કામગીરી તથા આરોપીઓની સલામત કસ્ટડી રાખવાની હોય છે. જેલના પત્ર વ્યવહારો અંગેના રજીસ્ટરોની જાળવણી જે તે વિભાગના કલેરીકલ સ્ટાફ દ્વારા થતી હોય છે. જેલના પત્ર વ્યવહારો અને રજીસ્ટરો વર્ગીકરણના નિયમો પ્રમાણે જાળવવાના હોય છે. સાહેદને એવો પ્રશ્ન પુછવામાં આવેલ છે કે પત્રો અને રજીસ્ટરો મળી આવતા નથી તે બાબતે કોઇ ફરિયાદ કે રજૂઆત કોઇ ઉપરી અધિકારીને કે કોઇ પોલીસ ફરીયાદ કરી છે. આ સાહેદને બચાવપક્ષે ફરી ગયેલા જાહેર કરવા વિનંતી કરેલી પરંતુ આ સાહેદનું કોઈ નિવેદન લેવામાં આવેલ ન હતુ માટે આ સાહેદ પોતાના નિવેદનથી વિરૂધ્ધ હકીકત જણાવે છે તેવુ કહી શકાય નહીં માટે ફરી ગયેલા જાહેર કરવાની પરવાનગી આપવામાં આવેલી નથી.

વધુમાં આ સાહેદ તેમની સાથે જા.નં.ના.અધિ./ આર.ટી.આઇ./ ૩૦૯/૨૦૧૩, તા.૧૮/૯/૨૦૧૩ નારોજ નાયબ અધીક્ષકની કચેરી, અમદાવાદ મધ્યસ્થ જેલ દ્વારા અબ્બાસ ઉમર સમેજા, કાચા આરોપી નં.૧૪૨ નાઓએ તેના તા.૭/૧૧/૨૦૦૮ના રોજ જેલ એન્ટ્રી બાબતે માંગેલી માહિતી લાવેલા છે. જે આંક–૯૩૨૯ થી રજૂ છે જેમા માહિતી અધિકારીની સહી ઓળખી બતાવે છે. વધુમાં સાહેદ જણાવે છે કે દસ્તાવેજો શોધવા માટે અન્ડર ટ્રાયલ શાખામાં કામ કરતા સીનીયર કલાર્ક સ્નેહલભાઇને સુચના આપેલી અને લેખિતમાં અન્ડર ટ્રાયલ જેલરશ્રીને નાયબ અધીક્ષકની સહીથી સુચના આપેલી અને જુબાની મળેલી માહિતીના આધારે આપેલી છે. માંગેલી માહિતી લેખિતમાં મળેલી અને લેખિતમાં જે રીપોર્ટ રજૂ કરેલો છે તે સિવાય બીજી લેખિત માહિતી નથી.

આ સાહેદની આરોપીઓ નં.૨૧, ૩૦ થી ૩૩, ૪૩ થી ૪૫,૫૧, ૫૯,૬૦,૬૩,૬૫,૬૬, ૬૯, ૭૦, ૭૨ તર્ફે વિ.વ.શ્રી એલ.આર.પઠાણે ઊલટતપાસ કરેલી છે તે ધ્યાને લેતા માહિતી શોધવા માટેની સુચના લેખિતમાં નાયબ પોલીસ અધીક્ષકની સહીથી અન્ડરટ્રાયલ જેલરને આપેલી. લેખિતમાં અન્ડર ટ્રાયલ જેલરનો રીપોર્ટ લીધેલો. લેખિત સુચના તથા રીપોર્ટ સાથે લાવેલા

અને તે બંને આંક–૯૩૩૧ તથા ૯૩૩૨ થી રજૂ રાખેલ છે. આ સાહેદે લેખિતમાં સુચના પોતાની સહીથી આપેલી નથી તે કબૂલ કરે છે. નાયબ અધિક્ષકશ્રીએ ૩જી તારીખે રેકર્ડ શોધવા પત્ર લખેલો તે કબૂલ કરે છે. પરંતુ રેકર્ડ મળી આવતુ નથી. રેકર્ડની તપાસ કોણે કરેલી તે જેલરશ્રીના રીપોર્ટમાં જણાઇ આવતું નથી તે કબૂલ કરે છે. આ સાહેદની ફરિયાદપક્ષ તરફથી ઊલટતપાસ થયેલી છે તે ધ્યાને લેતા યુ.ટી.પી./૨૭૬૬/૨૦૦૯ તથા યુ.ટી. પી./૩૨૧૦/૨૦૦૯ ના પત્રોનો સમન્સ મળેલો નથી તે કબૂલ કરે છે. કોર્ટમાં મોકલવામાં આવેલી અરજી પરચૂરણ અરજીઓ ગણાય છે અને વર્ગીકરણ મુજબ આવક–જાવક રજીસ્ટર પાંચ વર્ષ સુધી જાળવવાનું હોય છે. આરોપીઓ જેલ ઓપનીંગથી બપોરના બાર વાગ્યા સુધી પોતાના યાર્ડમાં ખુલ્લા હોય છે અને સાંજના ત્રણ કલાકથી જેલ બંધી સુધી ખુલ્લા હોય છે ત્યારે તેઓ એકબીજાને મળી શકે છે. કેસની સુનાવણી દરમ્યાન તેઓને હાજર રાખવામાં આવે છે ત્યારે પણ એકબીજાને મળી તે કબૂલ કરે છે. આ કેસના આરોપીઓ તથા અન્ય કેસના આરોપીઓને પોતાના કેસના કાગળો રાખવાની પરવાનગી આપવામાં આવે છે તે કબૂલ કરે છે. આરોપીઓ જેલના નિયમો મુજબ વર્તે નહી અને ગેરશિસ્ત કરે તો તેઓની સામે ખટલો ચલાવવામાં આવે છે તે કબૂલ કરે છે. ખટલો ચલાવ્યા પછી કસુરવાર ઠરે તો જેલ મેન્યુઅલ પ્રમાણે જેલ સજા કરવામાં આવે છે તે કબૂલ કરે છે. આ કેસના આરોપીઓ પૈકીના કેટલાક આરોપીઓ સામે જેલ ખટલા થયેલા છે અને કસુરવાર ઠરેલા છે તે કબૂલ કરે છે. આ કેસના કેટલાક આરોપીઓ સામે જેલમાં ખોદવામાં આવેલ સુરંગ અંગે ચાર્જશીટ થયેલું છે. આ કેસના આરોપીઓને આપવામાં આવેલા ચાર્જશીટોના કાગળોના ડમ્બલ્સ બનાવેલા અને તે કબજે કરવામાં આવેલા તે કબૂલ કરે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આરોપીઓ તરફથી જે માહિતી રજૂ કરાવવા માટે આ સાહેદને તપાસેલા છે અને તેઓ જે માહિતી રજૂ કરાવવા માંગે છે તેવી કોઈ માહિતી જેલમાં ઉપલબ્ધ નથી. આરોપીઓ દ્વારા મોકલવામાં આવેલ અરજીઓ તથા તેનુ રજીસ્ટર પાંચ વર્ષ સુધી

જાળવવાનું હોય છે ત્યારબાદ નાશ કરે છે માટે આવી માહિતી રજૂ થયેલ નથી. ધારો કે માહિતી રજૂ થયેલી હોય તો પણ સીરીયલ બોમ્બ બ્લાસ્ટના કેસોના મૂળને કોઈ અસર થતી નથી તેમજ જો આવી માહિતી રજૂ થાય તો પણ આરોપી સંડોવાયેલો નથી તે હકીકત પુરવાર થાય તેમ નથી.

આ ઉપરાંત આરોપી નં.૧૬ અબ્બાસ ઉમર સમેજાનાઓએ આંક–૯૧૮૬ થી શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં.૨૩૬/૨૦૦૮ ના કામે તેઓને અટક કર્યા અંગેનો એરેસ્ટ મેમોની પ્રમાણીત નકલ પોતાના બચાવ માટે રજૂ કરેલ છે. તે ધ્યાને લઈએ તો આરોપીને તા.૧૬.૮.૨૦૦૮ ના રોજ શાહીબાગના ગુનામાં અટક કરેલો છે. આ ઉપરાંત આરોપીએ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં. ૧૧ ને તા.૨૦.૧૧.૨૦૦૮ ના રોજ ક્રાઈમ બ્રાન્ચ વિરૂધ્ધ ફરિયાદ આપેલી તે ફરિયાદની પ્રમાણીત નકલ પણ તેને રજૂ કરેલી છે. આ પ્રમાણીત નકલ ધ્યાને લઈએ તો આરોપીના કહેવા પ્રમાણે ભૂજ એસ.ઓ.જી. વિભાગે તા.૮.૮.૨૦૦૮ ના રોજ પકડીને રાત્રે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાં મોકલી દીધેલ. તા.૨.૮.૨૦૦૮ સુધી ક્રાઈમ બ્રાન્ચમાં ગેરકાયદેસર રીતે ગોંધી રાખેલ અને બંને હાથ પાછળ હાથકડી બાંધી દિવાલને માથુ અડાડીને જમીન પર બેસાડવામાં આવતા અને માનસીક અને શારીરિક ત્રાસ આપવામાં આવતો હતો પરંતુ આ આરોપીને ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ગેરકાયદેસર રીતે ગોંધી રાખેલા હોય તો તે અંગેની કોઈ ફરિયાદ તા.૫.૯.૨૦૦૮ ના રોજ આરોપીને મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧ સમક્ષ રજૂ કર્યા ત્યારે આપેલી નથી. તા.૫.૯.૨૦૦૮ ના રોજ મેજિસ્ટ્રેટ રૂબરૂ તેઓને રજૂ કર્યા તે રીપોર્ટ ધ્યાને લઈએ તો આરોપીએ મેજિસ્ટ્રેટશ્રીને ક્રાઈમ બ્રાન્ચમાં માર માર્યા અંગેની કે તેઓને ગોંધી રાખ્યા હોય તેવી કોઈ રજૂઆત કરેલી નથી. ઉલટાનું મેજિસ્ટ્રેટશ્રીએ પોલીસ વિરૂધ્ધ અયોગ્ય વર્તનની કોઈ ફરીયાદ કરતો નથી જેથી આરોપીને જયુડીશીયલ કસ્ટડીમાં લેવામાં આવે છે તેવો હુકમ કરી મેજિસ્ટ્રેટશ્રીએ તારીખ લખી પોતાની સહી કરેલ છે. આમ આરોપીને ક્રાઈમ બ્રાન્ચમાં ગોંધી રાખીને માર મારેલો હોય કે શારીરિક, માનસિક ત્રાસ ગુજાર્યો હોય તેવી હકીકત બનેલી નથી. આ સમય દરમ્યાન આરોપી જ નહીં

પરંતુ તેઓના કુટુંબીજનોએ પણ તપાસ કરનાર અધિકારીના ઉપલા અધિકારીને કે કોર્ટમાં આવીને પણ કોઈપણ પ્રકારની દાદ માંગતી અરજી આપેલી નથી માટે આરોપીને ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ગોંધી રાખ્યાની તેમજ તેઓને માનસિક અને શારીરિક ત્રાસ આપ્યાની હકીકત માનવા યોગ્ય નથી. આ ઉપરાંત આરોપીની આંક–૯૨૨૨ વાળી અરજી ધ્યાને લેતા એવી પણ હકીકત છે કે તેઓને ક્રાઈમ બ્રાન્ચમાં ગેરકાયદેસર રીતે ગોંધી રાખેલ અને બંને હાથ પાછળ હાથકડી બાંધી દિવાલને માથુ અડાડીને જમીન પર બેસાડવામાં આવતા અને માનસીક અને શારીરિક ત્રાસ આપવામાં આવતો હતો તેવી પણ હકીકત છે. જો આરોપીને આવા પ્રકારનો ત્રાસ આપેલો હતો તો તા.૫.૯.૨૦૦૮ ના રોજ જયારે આરોપીને મેજિસ્ટ્રેટ રૂબરૂ રજૂ કર્યા ત્યારે તેઓએ આ અંગેની કોઈ ફરિયાદ કરેલી નથી કે તેઓને સારવારની જરૂર છે તો તબીબી સારવાર આપવા અંગેની કોઈ અરજ કરેલી નથી. એટલુ જ નહીં આરોપીએ સારવાર લીધી હોય તો તે અંગેના કોઈ કાગળો રજૂ કરેલા નથી. માટે મારા સ્પષ્ટ મંતવ્ય પ્રમાણે આરોપીએ તા.૨૦.૧૧.૨૦૦૮ ના રોજ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧ ને ક્રાઈમ બ્રાન્ચ વિરૂધ્ધ ફરિયાદ આપેલી તે ઉપજાવી કાઢેલી ફરિયાદ છે તેવુ ચોકકસપણે કહી શકાય. આ ફરિયાદ તેઓએ સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતેથી મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧ ને મોકલેલી છે. આરોપીના જુદા–જુદા કેસોમાં રીમાન્ડ પુરા થયા પછી આરોપી જયુડીશીયલ કસ્ટડીમાં ગયા પછી ત્યારબાદ સમજી વિચારીને પોતાનો બચાવ ઉભો કરવા માટે આ ફરિયાદ અરજી મોકલેલી હોવાનું સ્પષ્ટપણે જણાય આવે છે. આરોપીએ પોતાના વિશેષ નિવેદનમાં ઉપરોકત જે હકીકત જણાવેલી છે તે અંગે આરોપીએ કોઈ સાહેદ તપાસેલા નથી કે વિશેષ નિવેદનની હકીકત પુરવાર કરવા માટે અન્ય કોઈ પુરાવો રજૂ કરેલો નથી. જેથી આરોપીએ વિશેષ નિવેદનમાં જે કોઈ હકીકતો જણાવી છે તે ખોટી છે તેમ હું માનુ છું તથા આંક–૯૨૨૨ વાળી ફરિયાદ પોતાનો બચાવ ઉભો કરવા જાણી જોઈને ઉભી કરેલ હોવાનું માલુમ પડે છે.

આ ઉપરાંત આ આરોપીએ પોતે રજૂ કરેલ પુરાવાના સમર્થન માટે લેખિતમાં પણ નિવેદન રજૂ કરેલ છે. આ નિવેદનમાં પણ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા તેઓને શારીરિક, માનસિક ત્રાસ આપેલાની હકીકત, લાકડીઓથી માર મારવામાં આવેલો, ધમકી આપવામાં આવેલી, ગુનો કબૂલ કરવા દબાણ કરવામાં આવેલુ વિગેરે હકીકતો જણાવેલી છે અને જણાવે છે કે આ કેસમાં પોતાને ખોટી રીતે આરોપી બનાવવામાં આવેલો છે. આ કેસ સાથે પોતાને કોઈ લેવાદેવા નથી.

આરોપી નં.૧૬ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૧૧૦૫, ૯૮૧, ૧૦૬૭, ૧૦૭૩, ૫૮૮, ૧૦૩૯, ૯૩૪, ૧૦૬૩, ૧૦૭૪, ૭૮૬, ૭૯૦, ૭૯૨, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૯૭૩, ૧૦૬૯, ૧૦૮૯, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ છે. આ ઉપરાંત આ આરોપી નં.૨ તથા ૩૫ નાં કબૂલાત નિવેદનો પણ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતાં આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવો તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપીની ઓફિશીયલ અટક તા.૪.૯.૨૦૦૮ ના રોજ કરવામાં આવેલી છે પરંતુ ગેરકાયદેસર અટક તા.૮.૮.૨૦૦૮ ના રોજ કરવામાં આવેલ હતી. પરંતુ મારા મત પ્રમાણે આ આરોપીની ગેરકાયદેસર અટક તા.૮.૮.૨૦૦૮ ના રોજ કરવામાં આવેલી હોવાનો ફકત આક્ષેપ છે કોઈ દસ્તાવેજી પુરાવો આરોપી તરફથી રજૂ થયેલો નથી. વધુમાં વકીલશ્રી એમ.એમ. શેખ દલીલ કરતા જણાવે છે કે, આંક–૧૨૨ ના તહોમતનામા મુજબ આરોપી ઉપર કાવતરાના ભાગ રૂપે જુદી–જુદી મીટીંગો કરી મીટીંગમાં હાજર રહી જેહાદી ભાષણો કરી મુસ્લિમ વિરોધી સરકારને હટાવવી જોઈએ તેમ કહી સરકાર સામે અસંતોષ ઉભો કરવાનો પ્રયત્ન કરવાનો આક્ષેપ છે. આ આરોપીને તા.૪.૯.૨૦૦૮ ના રોજ કઈ જગ્યાએથી, કયાંથી અને કેવી રીતે પકડેલો તે અંગેનુ કોઈ

પંચનામુ રેકર્ડ ઉપર નથી. તેઓની દલીલ સાથે હું સંમત છું કે આ આરોપીને અટક કર્યાનુ પંચનામુ બનાવવામાં આવેલુ નથી અને ફરિયાદપક્ષ તરફથી રજૂ પણ થયેલું નથી. આ આરોપીને કયાંથી પકડેલો તેની ચર્ચા આ ચુકાદામાં આગળ ઉપર કરેલી છે. વધુમાં વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે, સાહેદ નં.૯૩૪ કુલદિપસિંહ પરમારને સાથે રાખી તપાસ કરનાર અધિકારીએ ભૂજ મુકામે આરોપીના ઘરની તપાસ કરેલી અને ઘરમાંથી એક લીટીવાળો કાગળ જેમા મોબાઈલ નંબર લખેલો હતો અને તેની નીચે સીમીના મોબાઈલ નંબર અને પાકિસ્તાન લખેલુ હતુ તે કબજે કરવામાં આવેલ જેનુ પંચનામુ આંક–૬૬૦૫ વાળુ બનાવવામાં આવેલુ. આ પંચનામા વખતે આ આરોપીની હાજરી ન હતી. વધુમાં વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે જે કાગળ ઉપર પાકિસ્તાનનો મોબાઈલ નંબર લખેલો હતો તે પાકિસ્તાનનો છે કે કેમ ? તેની ચકાસણી બીજા ફોન ઉપરથી કરવામાં આવેલી નથી. પરંતુ આરોપીના ઘરમાંથી જે લીટીવાળો કાગળ પાકિસ્તાનના ફોન નંબરવાળો મળેલો તેનો ખુલાસો મકાન ઉપર હાજર રહેનાર ફારૂક ઉમર સમેજાએ કરેલો નથી. ખરેખર આ નંબર પાકિસ્તાનનો નથી પરંતુ ભારતનો છે તેવો તેણે ખુલાસો કરવો જોઈતો હતો. આ નંબર ઉપર તપાસ કરનાર અધિકારીએ ફોન કરીને ચકાસણી કરવી જરૂરી નથી.

વધુમાં વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપીને તા.૮.૮.૨૦૦૮ થી તા.૪.૯.૨૦૦૮ સુધી ગેરકાયદેસર રીતે ગોંધી રાખવામાં આવેલો હતો અને અમાનુષી મારજૂડ કરેલી અને બળજબરી કરેલી. આરોપીની ગેરકાયદેસર અટકાયત બાબતે આરોપીના ભાભી હાજરાબેન સમેજાએ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ તેમજ ભૂજના પોલીસ અધીક્ષકને અરજી લખેલી હતી અને તે બાબતે આરોપીના ભાભીનો તા.૧૨.૧૧.૨૦૦૮ ના રોજ પોલીસે જવાબ લીધેલો હતો. પરંતુ આ બાબતે ત્યારપછી આગળ ઉપર શું થયેલુ તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર નથી. આરોપીને અમાનુષી મારજૂડ કરેલી હોય તો તે અંગે તબીબી સારવારના કાગળો કે ડૉકટરનું પ્રમાણપત્ર રજૂ કરેલા નથી. આરોપીને જયારે મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવ્યો ત્યારે પણ તેણે મારજૂડ કર્યાની

ફરીયાદ કરેલી નથી. જે પ્રોડકશન વોરંટ જોતા પણ માલુમ પડે છે. માટે આરોપીને અમાનુષી મારજૂડ કરેલાની હકીકત સ્વીકારી શકાય તેમ નથી. બચાવપક્ષના સાક્ષી તરીકે આ આરોપી તરફથી ભૂજના એમ.ટી. વિભાગના સુપરવાઈઝર મહેન્દ્ર કુમાર પરમારને તપાસવામાં આવેલા છે અને ગાડી નં. જી.જે.–૧૨–જી–૭૮૬ ની લોગબુક તા.૭.૮.૨૦૦૮ થી લઈને તા. ૧૦.૮. ૨૦૦૮ સુધીની રજૂ કરેલી છે. આ હકીકત તરફ ધ્યાન દોરી વકીલશ્રી એમ.એમ. શેખ જણાવે છે કે, આ આરોપીને ભૂજ થી અમદાવાદ તરફ લાવવામાં આવેલો. આ આરોપી ભૂજનો વતની છે અને અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટોના કેસોમાં તેને અટક કરવા માટે ભૂજથી અમદાવાદ સરકારી વાહનમાં મોકલેલો છે અને ત્યારબાદ તેની અટક કરવામાં આવેલી છે. ભૂજ મુકામે તેને અટક કર્યા પછી અમદાવાદ મુકામે આવતા સુધી તેની ગેરકાયદેસર કસ્ટડી ગણાય નહીં તેમ હું માનુ છું. આ ઉપરાંત આ આરોપી તરફથી બચાવના સાહેદ તરીકે દશરથસિંહ ઝાલાને તપાસવામાં આવેલા છે અને આરોપીના ભાભી હાજરાબેન જે અરજી પોલીસ અધીક્ષક ભૂજને કરેલી તે અરજીના અનુસંધાને હાજરાબેનનો તા.૧૨. ૧૧.૨૦૦૮ ના રોજ લીધેલો જવાબ રજૂ કરેલો છે. પરંતુ આ જવાબ રજૂ થવાથી આરોપી ગુનામાં સંડોવાયેલો નથી તેવી હકીકત પ્રસ્થાપિત થતી નથી. વધુમાં વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપીને અટક કર્યા બાદ તેના એરેસ્ટ મેમોમાં આરોપીના સગા સંબંધીની સહી કરવામાં આવેલી નથી પરંતુ વર્ધિથી જાણ કરેલી છે. મારા મત પ્રમાણે આ આરોપીને ભૂજથી પકડીને અમદાવાદ ખાતે ક્રાઈમ બ્રાન્ચની ઑફિસમાં લાવવામાં આવેલો હતો ત્યારબાદ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની ઑફિસમાં આ ગુનાના કામે અટક કરેલો હતો. આ વખતે આરોપીના કોઈ સગા કે સંબંધી હાજર ન હતા અને આરોપીને અટક કર્યા બાદ ૨૪ કલાકમાં મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવો પડે અને આ સમય દરમ્યાન આરોપીના નજીકના સગા કે સંબંધી હાજર ન હોય તો એરેસ્ટ મેમો ઉપર સગા સંબંધીની સહી લઈ શકાય નહીં. પરંતુ તપાસ કરનાર અધિકારીએ આરોપીના સગા સંબંધીને આરોપીને અટક કર્યા અંગેની જાણ ફોન દ્વારા કરેલી છે. જે એરેસ્ટ

મેમો જોતા માલુમ પડે છે. વધુમાં વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપીની હાલોલ–પાવાગઢ ખાતે હાજરી બાબતે આરોપી નં.૨ નાએ તથા આરોપી નં.૩૫ નાઓએ તેઓના કબૂલાત નિવેદનોમાં જણાવેલુ છે. પરંતુ બંને કબૂલાત નિવેદનો કાયદાકીય રીતે નોંધાયેલા નથી. આ બાબતે આરોપીઓના કબૂલાત નિવેદનોના પેરામાં આ ચુકાદામાં વિસ્તૃત ચર્ચા કરેલી છે કે આ નિવેદનો મેજિસ્ટ્રેટશ્રીએ કાયદામાં બતાવેલી જોગવાઈઓ પ્રમાણે નોંધેલા છે. આરોપી નં.૩૫નું કબૂલાત નિવેદન સોગંદ ઉપર નોંધવામાં આવેલુ હોવાથી તે ગેરકાયદેસર છે પરંતુ આરોપી નં.૨ નુ કબૂલાત નિવેદન કાયદા મુજબ નોંધાયેલુ છે. વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે આ આરોપી આ કહેવાતા ગુનાઓમાં સંડોવાયેલો નથી. પરંતુ ઉપર વિગતે જે પુરાવા રજૂ થયા છે તે ધ્યાને લેતા આ આરોપી આ કહેવાતા ગુનામાં સંડોવાયેલો છે તેમ હું માનુ છું.

આરોપી નં.૧૭ નવેદ નઈમુદ્દીન કાદરી અબ્બાસ ઉમર સમેજાનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૧૭ નવેદ નઈમુદ્દિન કાદરીનાઓ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ જુદી–જુદી કુલ–૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી– જુદી કુલ–૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા–જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમને કઈ–કઈ ભૂમિકા ભજવેલી છે તે સાબિત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે તે મુજબ...

ફરિયાદપક્ષ દ્વારા આ કામે નૌશીન મમશાદ અહેમદ કાદરીને સાહેદ નં.૧૦૦૫ તરીકે આંક–૬૯૮૦ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ આ સાહેદ સને–૨૦૦૮ની સાલમાં પરસેપ્શન સીસ્ટમ

પાલડી વિસ્તારમાં વી.એસ. હોસ્પિટલની સામે સોફટવેર એન્જીનીયર તરીકે નોકરી કરતા હતા. તેમની નોકરીનો સમય સવારના ૯.૩૦ થી સાંજના ૬.૩૦ સુધીનો હતો. આ સાહેદ ધોરણ–૧ થી ૧૦ સુધી લીટલ ફલાવર સ્કૂલમાં ભણેલા અને ધોરણ–૧૧,૧૨ અંકુર સ્કૂલમાં ભણેલા. આ સાહેદની સાથે આરોપી નં.૧૭ નવેદ કાદરી ભણતો તો અને તેને આ સાહેદ ઓળખતા હતા. આ સાહેદે પોતાનો ડીગ્રી કોર્સ ચરોતર ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી, "ચાંગા" મુકામે કરેલો. આ સાહેદ તથા આરોપી નં.૧૭ નવેદ કાદરી એકબીજાના મિત્રો હતા અને બંને વચ્ચે ઘણી બધી વાતચીતો થતી હતી. ઈસ્લામિક મુદ્દે પણ વાતચીત થતી હતી. આ સાહેદ આ સિવાય બીજુ કાઈ જાણતા નથી. વધુમાં આ સાહેદની સરતપાસ મુજબ પોલીસ તેમની પાસે આવી પછી આ સાહેદ મેજિસ્ટ્રેટ પાસે ગયેલા, કઈ તારીખે અને કેટલા દિવસ પછી ગયેલા તે ખબર નથી પરંતુ એક વખત ગયેલા. પોલીસ રૂબરૂ અને મેજિસ્ટ્રેટ રૂબરૂ શું લખાવેલુ તે થોડુ થોડુ યાદ છે પરંતુ બધુ યાદ નથી. કોઈ સીડી બાબતેની હકીકત હતી. સીડીના કન્ટેન્સ ઈસ્લામિક બાબતે હતા તેવુ યાદ છે. પાલડી વિસ્તારમાં નવેદ મળેલો હોય અને તેને સીડી આપેલી હોય તથા આ સીડી જેહાદી પ્રવૃત્તિની હોય તેવુ યાદ નથી. નવેદ સાથે જેહાદી વાતચીત થતી હતી તો તે યાદ નથી. અમદાવાદમાં બોમ્બ બ્લાસ્ટ થયા પછી નવેદનો ફોન આવેલો હોય અને સીડી તોડી નાખી કચરામાં ફેકી દીધી હોય તેવુ બન્યુ નથી. આ સાહેદ ફરિયાદપક્ષને સમર્થન કરતા ન હતા જેથી વિદ્વાન સરકારી વકીલશ્રીએ સાહેદને ફરી ગયેલા જાહેર કરવા વિનંતી કરેલી જેથી તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા અને સરકારી વકીલશ્રીએ અદાલતની પરવાનગીથી તેઓની ઊલટતપાસ કરેલી છે.

ફરિયાદપક્ષ તરફથી થયેલી ઊલટતપાસ ધ્યાને લઈએ તો સને–૨૦૦૮ ના જુન માસમાં નવેદે મોબાઈલ ફોનથી જણાવેલુ કે મારે મળવુ છે તો આ સાહેદે જણાવેલુ કે હું ઑફિસે છું અને ત્યારબાદ સાંજના ૬–૭ વાગ્યા પછી પાલડી મ્યુઝીયમ તરફ આવતા બસ સ્ટેન્ડ પાસે આવી જા તેવુ કહેલાની હકીકત નકારી છે. આ ઉપરાંત સાંજના ૬.૩૦ વાગે આ સાહેદ ઑફિસથી નીકળી પોતાનું

એકટીવા સ્કૂટર જીજે–૦૧–એફબી–૬૩૧૫ લઈને પાલડીથી મ્યુઝીયમ તરફ જવાના બસ સ્ટેન્ડ પાસે ગયા ત્યારે નવેદ કાદરી બસ સ્ટેન્ડે હાજર હતો અને તેને બે સીડી કેસેટો આપેલી હોય તેવુ બનેલુ નથી. આ ઉપરાંત આ બન્ને કેસેટો કમ્પ્યુટરમાં જોતા તે જેહાદી પ્રવૃત્તિ અંગેની હતી. આ કેસેટોમાં એક "લાઈફ ઓફ પેલેસ્ટીનીઅન બોયઝની" તથા "ઓસામાબીન લાદેનના જેહાદી ભાષણોની" હતી તો તે હકીકત નકારી છે. બોમ્બ બ્લાસ્ટ થયાના આશરે અઠવાડીયા બાદ નવેદનો ફોન આપેલો અને ડરતા ડરતા જણાવેલુ કે જેહાદી સીડી કેસેટો તોડીને કચરામાં નાખી દે તો તે હકીકત પણ નકારી છે. મેજિસ્ટ્રેટ સાહેબ પાસે તા.૬.૧.૨૦૦૮ તથા તા.૭.૧૦.૨૦૦૮ ના રોજ બે વખત ગયેલા હોય તો તે હકીકત નકારેલી છે. આ ઉપરાંત સીડી જોઈ તો સીડીના ભાગો સારા લાગેલા નહીં તે આ સાહેદની વિચારશૈલીની બહાર હતા તેમા જેહાદ બાબતે હતુ જેથી સીડી પુરી જોયેલી નહીં અને બોમ્બ બ્લાસ્ટ બાદ નવેદનો ફોન આવતા સીડી ડીસ્ટ્રોય કરેલાની હકીકત નકારેલી છે. સીડી આપ્યા બાબતની વાત લખાવેલીની હકીકત કબૂલ કરી છે. મેજિસ્ટ્રેટ સમક્ષ નિવેદનમાં સહીઓ કરેલી તો તે હકીકત કબૂલ કરી છે. સમન્સ મળતા મેજિસ્ટ્રટે સાહેબ પાસે ગયેલા તે હકીકત પણ કબૂલ કરી છે. કોર્ટના રેકર્ડમાંથી એક સમન્સ બતાવવામાં આવે છે તે જોઈને સાહેદ જણાવે છે કે આ સમન્સમાં પોતાની સહી છે. આ ઉપરાંત એક લખાણ બતાવવામાં આવે છે તેમાં પોતાનુ નામ લખવામાં આવેલુ છે અને બે જગ્યાએ સહીઓ છે તે સહીઓ ઓળખી બતાવે છે. મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧ ની યાદી તથા મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૫ નો સમન્સ બતાવવામાં આવે છે તે તે જ છે તેમ જણાવીને આંક–૬૯૮૧ વાળા દસ્તાવેજોમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે. નવેદ કાદરી ગંભીર ગુનામાં સંડોવાયેલો હોવાથી તેને બચાવવા ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારી છે.

આરોપીઓ તરફથી આ સાહેદની ઊલટતપાસ કરવામાં આવેલી છે તે ધ્યાને લઈએ તો નવેદ સાથે આ સાહેદ ધોરણ–૧૨ સુધી ભણેલા હતા અને મિત્રતાના નાતે ફોન ઉપર વાતચીત પણ થતી હતી. એકબીજાને ધાર્મીક

પુસ્તકોની તથા ધાર્મિક સીડીની આપલે પણ કરતા હતા તે કબૂલ કરેલ છે. આ હકીકત ધ્યાને લેતા સીડીઓ નાવેદે આ સાહેદને આપેલી હોય તેવુ બની શકે અને માની શકાય તેમ છે. હવે આ સીડીઓ જેહાદને લગતી ન હતી પરંતુ ઈસ્લામને લગતી હતી તે બચાવપક્ષે પુરવાર કરવાનું છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા જે સીડી આપેલી તે જોયેલી હોય તો મને યાદ નથી. જે સીડી આપેલાની વાત છે તે સીડી બીજા દિવસે નવેદને આપેલાની હકીકત કબૂલ કરે છે. નવેદે કયારેય ચર્ચાસ્પદ કે જેહાદી સીડી આપેલી નહીં તો તે હકીકત કબૂલ કરી છે. ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે કેટલી વખત બોલાવેલા તે યાદ નથી પરંતુ સાહેદ જણાવે છે કે ઘણી વખત બોલાવેલા. બનાવ પહેલા ૭–૮ વર્ષથી આ સાહેદ નવેદને ઓળખતા હતા તે કબૂલ કરે છે. નવેદ ઝઘડાળુ સ્વભાવનો કે ઉગ્ર સ્વભાવનો જોયેલો નહીં તે કબૂલ કરે છે. નવેદ સાથે કયારેય ભાંગફોડી કે આતંકવાદી પ્રવૃત્તિ વિશે વાતચીત થયેલી નહીં તે કબૂલ કરે છે.

આ સાહેદ બાબતે વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે આ સાહેદે ફરિયાદપક્ષની હકીકતને સમર્થન કરેલુ નથી તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે. આરોપી નં.૧૭ નાઓએ આ સાહેદને સીડી આપેલી તે હકીકત આ સાહેદે નકારેલી છે. તેમ છતાં માની લઈએ કે સીડી આપેલી હતી તો તે ધાર્મીક સીડી હતી તે જેહાદી સીડી ન હતી. તેઓની આ દલીલ સાથે હું સંમત છું કારણ કે આવી કોઈ સીડી આ કામે રજૂ થયેલી નથી કે આ સાહેદને બતાવવામાં આવેલી નથી જેથી સીડી ધાર્મિક હતી કે જેહાદી હતી તે અંગે ફરિયાદપક્ષ તરફથી કોઈ ખુલાસો નથી.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આરોપી તરફે આ સાહેદ રસ ધરાવનાર તેમજ હિત ધરાવનાર સાહેદ છે. આ સાહેદ તથા આરોપી નં.૧૭ નવેદ કાદરી સાથે ભણતા હતા, એકબીજાને સારી રીતે ઓળખતા હતા, ધાર્મિક પુસ્તકો તથા સીડીઓની આપલે કરતા હતા અને આ આરોપી નં.૧૭ નવેદ કાદરી સીરીયલ બોમ્બ બ્લાસ્ટના કેસોમાં આરોપી હોવાથી એવુ સ્પષ્ટપણે કહી શકાય કે આવા મિત્રતાના સંબંધો હોવાથી આ સાહેદ આરોપીની

તરફેણમાં જ જુબાની આપે. વધુમાં આ સાહેદના કહેવા પ્રમાણે મેજિસ્ટ્રેટ સાહેબ પાસે તેઓ ગયેલા, કઈ તારીખે ગયેલા તેની ખબર નથી પરંતુ એક વખત ગયેલાનું જણાવે છે જેથી ચોકકસપણે એવુ કહી શકાય કે આ સાહેદ મેજિસ્ટ્રેટ સાહેબ પાસે ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબનું નિવેદન નોંધાવવા માટે ગયેલા હતા. આંક–૬૯૮૧ નો પત્ર ધ્યાને લઈએ તો આ પત્ર મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ ના ખાનગી જાવક નં.૧૭/૨૦૦૯, તા.૯.૧૧.૨૦૦૯થી પ્રિન્સીપાલ જજ સાહેબ, સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ, અમદાવાદને લખેલો છે અને આ પત્ર સાથે આ સાહેદ નૌશીન મહંમદશાહ અહેમદનાઓનું તા.૭.૧૦.૨૦૦૮ ના રોજ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ સમક્ષ નોંધાવેલુ સી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબનું નિવેદન મોકલી આપેલુ છે. આ પત્રની સાથે આસીસ્ટન્ટ સુપરિન્ટેન્ડન્ટશ્રી, મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ અમદાવાદનાઓની સહી તથા સિકકાવાળો સમન્સ રજૂ થયેલો છે. આ સમન્સ ખાડીયા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં.૭૧/૨૦૦૮ ના કામે પાઠવવામાં આવેલો છે, સમન્સમાં આ સાહેદનું નામ છે અને તા.૬.૧૦.૨૦૦૮ ના રોજ બપોરે ૩.૦૦ વાગે આ સાહેદને હાજર રહેવા જણાવવામાં આવેલુ છે. આ સમન્સની નકલ મળી છે તે બાબતે આ સાહેદે સમન્સમાં સહી કરેલી છે. ત્યારબાદ આંક–૬૯૮૧ ની સાથે આ સાહેદે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ સમક્ષ તા.૭.૧૦.૨૦૦૯ ના રોજ ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબનું જે નિવેદન લખાવેલુ તે નિવેદન રજૂ કરેલુ છે. આ નિવેદનની હકીકત ધ્યાને લઈએ તો સમન્સમાં તા.૬.૧૦.૨૦૦૮ જણાવેલી છે અને તે તારીખે આ સાહેદ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૫ સમક્ષ હાજર રહેલા હતા. મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૫ નાઓએ સ્પષ્ટ નોંધેલુ છે કે, "<u>સાહેદને કલાક ૧૫.૫૦ વાગે ચેમ્બરમાં બોલાવેલા છે અને મેજિસ્ટ્રેટ રૂબરૂની ઓળખ આપેલી છે, ચેમ્બરમાં અન્ય કોઈ વ્યકિત હાજર નથી. સાહેદ સ્વેચ્છાએ વિચારીને નિવેદન લખાવવા માંગે છે. આ નિવેદન લખાવવામાં તેમના ઉપર કોઈ દબાણ નથી કે લોભ લાલચ આપવામાં આવેલ નથી. આ નિવેદનનો ઉપયોગ આરોપી સામે પુરાવા તરીકે લેવામાં આવશે તેવી સમજણ આપેલી છે છતાં તેઓ</u>

<u>સ્વૈચ્છિક રીતે નિવેદન આપવા તૈયાર હોય તેઓને વિચારવાનો સમય મળી રહે તે માટે તા.૭.૧૦.૨૦૦૮ નાં રોજ બપોરના ૧૫.૦૦ કલાકે હાજર રહેવા સુચના આપેલી છે.</u>" આવી નોંધ કરીને આ સાહેદની સહી કરાવેલી છે અને રૂબરૂ તરીકે મેજિસ્ટ્રેટે સહી કરેલી છે.

તા.૭.૧.૨૦૦૮ ના રોજ બપોરના ૧૫.૧૦ કલાકે આ સાહેદ મેજિસ્ટ્રેટ સમક્ષ હાજર રહેલા છે, તેઓ તેમના પિતાજી સાથે આવેલા છે. ગઈ કાલથી આજ સુધી કોઈ પોલીસવાળા મળેલા નથી. નિવેદન લખાવવા ફોનથી દબાણ કરવામાં આવેલુ નથી અને સાહેદ સ્વેચ્છાએ નિવેદન આપવા માંગતા હોય નિવેદન નોંધવામાં આવે છે તેવી નોંધ મેજિસ્ટ્રેટશ્રીએ કરેલી છે અને ત્યારબાદ આ સાહેદનું નિવેદન નોંધેલુ છે.

તેમના નિવેદન પ્રમાણે નવેદ કાદરી સાથે મિત્રતાનો સંબંધ છે, સ્કૂલમાં સાથે ભણતા હતા, કોઈકવાર ફોનથી વાતચીત થતી હતી, વધારે પડતી વાતચીત ઈસ્લામ બાબતે થતી હતી. ૬–૭ મહિના પહેલા તારીખ યાદ નથી પરંતુ નવેદનો ફોન આવેલો કે મારે તને કંઈક દેવુ છે, તું આવીને મને મળ. આ સાહેદ પાલડી બસ સ્ટેન્ડ પાસે તેને મળેલા અને એક સીડી આપેલી અને કહેલુ કે આને જોઈ લેજે જલદીમાં હોય વધારે વાતચીત કરેલી નહીં અને આ સાહેદ જતા રહેલા. ઘરે જઈને આ સાહેદે સીડી જોયેલી તો સીડીના ભાગો સારા લાગેલા નહીં. આ સીડી આ સાહેદની વિચારશૈલી બહારની હતી તેમજ જેહાદ બાબતેની હતી જેથી પુરી જોયેલી નહીં. ત્યારબાદ તેને બંધ કરીને સાઈડમાં મુકી દીધેલી. બોમ્બ બ્લાસ્ટ પછી એક અઠવાડીયા બાદ નવેદનો ફોન આવેલો કે સીડી ડીસ્ટ્રોય કરી દો જેથી સીડી ડીસ્ટ્રોય કરેલી. આ મુજબનું નિવેદન નોંધીને સમય ૧૫.૨૫ કલાકે આ સાહેદે નિવેદનમાં સહી કરેલી છે અને મેજિસ્ટ્રેટશ્રીએ પોતાની સહી કરેલી છે. ત્યારબાદ મેજિસ્ટ્રેટશ્રીએ પ્રમાણપત્ર આપેલુ છે કે "સાહેદનું નિવેદન મારા રૂબરૂ અને સાંભળતા લેવામાં આવેલ છે તે તેના જ શબ્દોમાં લખેલુ છે નિવેદન સ્વેચ્છાએ આપેલ છે તેમ મારૂ માનવુ છે" અને ત્યારબાદ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટશ્રીએ સહી કરીને તારીખ લખેલી છે.

મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ સમક્ષ આ સાહેદ તા.૬–૧૦–૨૦૦૯ અને તા.૭–૧૦–૨૦૦૯ ના રોજ બે વખત ગયેલા છે તેમ છતાં સોગંદ ઉપર એક વખત ગયેલાની હકીકત ખોટી જણાવે છે. આ સાહેદ આરોપી નં.૧૭ નવેદ કાદરીના મિત્ર છે. જયારે નિવેદન નોંધનાર મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ નાઓને નવેદ કાદરી કે આ સાહેદ સાથે સંબંધ નથી. મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫નાઓએ જે કોઈ કાર્યવાહી કરેલી છે તે ન્યાયિક કાર્યવાહીની રીતે પોતાના ફરજના ભાગરૂપે કરેલી છે. ન્યાયિક કાર્યવાહીમાં પુરાવો નોંધવાની કાયદાકીય સત્તા મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ પાસે છે અને તેમને આ સાહેદનું જે નિવેદન નોંધેલુ તે કાયદાની જોગવાઈઓને આધીન પોતાની ફરજના ભાગરૂપે ન્યાયિક કાર્યવાહી દરમ્યાન ન્યાયિક રીતે નોંધવામાં આવેલુ છે. જેથી પુરાવાના કાયદાની કલમ–૮૦ તથા ૧૧૪(ઈ) મુજબ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ સમક્ષ આ સાહેદે ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબનું જે નિવેદન નોંધાવેલુ છે તે પુરાવામાં ગ્રાહ્ય છે અને તે આરોપી વિરૂધ્ધ અને આ સાહેદની જુબાનીના સમર્થન માટે પુરાવામાં વંચાણે લઈ શકાય. અગાઉ ચર્ચા કરી તેમ આ સાહેદ આરોપીના મિત્ર છે તેથી આરોપી તરફ હિત ધરાવનાર સાહેદ છે. જયારે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૫ સ્વતંત્ર સાહેદ છે અને આ બન્નેની તુલના કરવામાં આવે તો મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ સમક્ષ નોંધાવેલા નિવેદનને મહત્વ આપવુ પડે કારણ કે તેમને સ્વતંત્ર રીતે કાયદાની જોગવાઈઓ પ્રમાણે ન્યાયિક કાર્યવાહીના ભાગરૂપે આ સાહેદનું નિવેદન કોર્ટના સમય દરમ્યાન નોંધેલુ છે. આ સાહેદે ખોટુ નિવેદન આપેલુ છે તેવી તેમની કોઈ હકીકત નથી. મેજિસ્ટ્રેટશ્રીએ પોતાની નિવેદન લખી લીધુ હોય અને પાછળથી આ સાહેદની સહી બળજબરીપૂર્વક કરાવી લીધી હોય તેવી પણ આ સાહેદની કોઈ હકીકત નથી. આ સાહેદ અભણ નથી પરંતુ તેઓ ભણેલા છે અને ચરોતર ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજીમાંથી ડીગ્રી મેળવેલી છે અને બી.આઈ.(આઈ.ટી.) થયેલા છે. જેથી સારી કે ખોટી બાબતોની આ સાહેદને સંપુર્ણ માહિતી હોય તે સ્વાભાવિક છે. તેઓ એન્જીનીયર થયેલા છે. જો તેમની સહી મેજિસ્ટ્રેટશ્રીએ બળજબરીપૂર્વક,

ખોટી રીતે કે ધાક–ધમકીથી કરાવી લીધી હોય તો તેમને કોઈ પણ અધિકૃત અધિકારી સમક્ષ આ અંગેની કોઈ લેખિતમાં કે મૌખિકમાં રજૂઆત કરેલી નથી અને કરેલી હોય તો આ સાહેદ પોતાની જુબાની જણાવતા નથી. માટે આ સમગ્ર હકીકત અને ચર્ચા લક્ષમાં લેતા આ સાહેદે ઈરાદાપૂર્વક ફરિયાદપક્ષની હકીકતને સમર્થન કરેલુ નથી પરંતુ સંજોગો ધ્યાને લેતા આ સાહેદની જુબાની અંશતઃ ખોટી છે તેમ હું ચોકકસપણે કહી શકું અને મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ સમક્ષ જે નિવેદન લખાવેલુ છે તે નિવેદન નહીં માનવાને કોઈ કારણ રહેતુ નથી.

આ આરોપી નં.૧૭ નવેદ નૈમુદ્દીન કાદરીનાઓએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે તે પ્રશ્નના જવાબમાં તેને ફરિયાદપક્ષના પુરાવા સંબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના બચાવ માટે જે હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦ માં જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી. આ ઉપરાંત આ આરોપીએ પોતાના બચાવમાં અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ નથી.

આરોપી નં.૧૭ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકિલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૧૦૦૫, ૭૮૬, ૭૯૦, ૭૯૨, ૭૯૫, ૮૦૫, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૬૩ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતાં આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવો તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપીની ઓફિશીયલ અટક તા.૪.૯.૨૦૦૮ ના રોજ કરવામાં આવેલી છે પરંતુ ગેરકાયદેસર અટક તા.૧૬.૮.૨૦૦૮ ના રોજ કરવામાં આવેલ હતી. પરંતુ મારા મત પ્રમાણે આ આરોપીની ગેરકાયદેસર અટક

તા.૧૬.૮.૨૦૦૮ ના રોજ કરવામાં આવેલી હોવાનો ફકત આક્ષેપ છે કોઈ દસ્તાવેજી પુરાવો આરોપી તરફથી રજૂ થયેલો નથી. વધુમાં વકીલશ્રી એમ.એમ. શેખ દલીલ કરતા જણાવે છે કે આ આરોપી વિરૂધ્ધ એવો આક્ષેપ છે કે કાવતરાના ભાગરૂપે આ આરોપી જુદી-જુદી મીટીંગોમાં હાજર રહેલો, જેહાદી ભાષણો કરેલા, મુસ્લિમ વિરોધી સરકારને હટાવવી જોઈએ તેવા ભાષણો કરેલા. પરંતુ ફરિયાદપક્ષ તરફથી રજૂ થયેલ પુરાવા જોતા આવો કોઈ પુરાવો આ આરોપી સામે નથી. વકીલશ્રી એમ.એમ.શેખની દલીલ સાથે હું સંમત છું કે આ આરોપી જુદી-જુદી જગ્યાએ મીટીંગમાં હાજર રહ્યો હોય અને જેહાદી ભાષણો કર્યા હોય તેવો કોઈ પુરાવો ફરિયાદપક્ષ તરફથી રજૂ થયેલ પુરાવામાં નથી. સાહેદ નં.૧૦૦૫ નૌશીન કાદરીની જુબાની મુજબ આ આરોપી સાહેદના મિત્ર છે અને આરોપીએ સાહેદને સીડી આપેલી પરંતુ તે સીડી તપાસ કરનાર અધિકારી દ્વારા કબજે કરવામાં આવેલ નથી. સાહેદ નં.૧૦૦૫ નાઓએ આ સીડી તોડી નાખેલી પરંતુ તે અંગે પણ કોઈ પુરાવો રજૂ થયેલો નથી. તોડી નાંખેલી સીડી પણ કબજે કરવામાં આવી નથી તે સીડીમાં શું હતું તે રેકર્ડ ઉપર આવેલ નથી. આ સિવાય ફરિયાદપક્ષ તરફથી આ આરોપી આ કહેવાતા કાવતરાઓમાં સંડોવાયેલ હોય અને કોઈ પ્રકારની મદદગારી કરી હોય તેવો પુરાવો નથી.

આરોપી નં.૧૮ જાવેદ એહમદ સગીર એહમદ શેખનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકનઃ-

આ આરોપી નં.૧૮ જાવેદ એહમદ સગીર એહમદ શેખનાઓ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ નાં રોજ જુદી-જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી-જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા-જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા

આ કૃત્ય કરવા માટે તેમને કઈ–કઈ ભૂમિકા ભજવેલી છે તે સાબિત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે તે પૈકી જનરલ સાહેદ તરીકે સાહેદ નં.૯૫૭ ઝાકીર હુસેન અબ્દુલ જબ્બાર કુરેશીનાઓને તપાસેલા છે. આ ઉપરાંત સહઆરોપી નં.૨ ઈમરાન ઈબ્રાહીમ શેખ, સહઆરોપી નં.૨૪ ઉમર ઉર્ફે અશોક કાળાભાઈ કબીરાનાઓએ ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબના કબૂલાત નિવેદનો મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટશ્રી, અમદાવાદ સમક્ષ લખાવેલા તે ધ્યાને લેતા પણ આ આરોપી તેઓની ઉપર મુકવામાં આવેલ આક્ષેપ મુજબના કાવતરામાં સામેલ હોવાનું ફલીત થાય છે.

આ આરોપી નં.૧૮ જાવેદ એહમદ સગીર એહમદ શેખે ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજુ થયેલા પુરાવાનો ઈન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે તે પ્રશ્નના જવાબમાં તેને ફરિયાદપક્ષના પુરાવા સબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના બચાવ માટે જે હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦ માં જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી. આ ઉપરાંત આ આરોપીએ પોતાના બચાવમાં વિશેષમાં જે કાંઇ હકિકતો જણાવી તે બાબતે અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ નથી.

આરોપી નં.૧૮ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકિલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે. જેવા કે સાહેદ નં.૯૫૭, ૭૮૬, ૭૯૦, ૭૯૨, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ છે. આ ઉપરાંત આ આરોપી નં.૨ નું કબૂલાત નિવેદન પણ છે.આ સાહેદોના પુરાવા ધ્યાને લેતાં આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવો તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપીની ઓફિશીયલ અટક તા.૪.૯.૨૦૦૮ ના રોજ કરવામાં આવેલી છે પરંતુ ગેરકાયદેસર અટક તા.૮.૮.૨૦૦૮ ના રોજ કરવામાં આવેલ હતી. પરંતુ મારા મત પ્રમાણે આ આરોપીની ગેરકાયદેસર અટક તા.૮.૮. ૨૦૦૮ ના રોજ કરવામાં આવેલી હોવાનો ફકત આક્ષેપ છે કોઈ દસ્તાવેજી પુરાવો આરોપી તરફથી રજૂ થયેલો નથી. વધુમાં વકીલશ્રી એમ.એમ. શેખ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી વિરૂધ્ધ એવો આક્ષેપ છે કે કાવતરાના ભાગરૂપે આ આરોપી જુદી–જુદી મીટીંગોમાં હાજર રહેલો, જેહાદી ભાષણો કરેલા, મુસ્લિમ વિરોધી સરકારને હટાવવી જોઈએ તેવા ભાષણો કરેલા. પરંતુ ફરિયાદપક્ષ તરફથી રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આવો કોઈ પુરાવો આ આરોપી સામે નથી. વધુમાં વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે સાહેદ નં.૯૫૭ જાકીર હુસેનની જુબાની પ્રમાણે સાહેદને આરોપી નં.૨૭ નાઓએ ૨૦૦૭ના નવેમ્બર માસમાં મોબાઈલ ઉપર ફોન કરી કામદાર મેદાનમાં દર્શેકુરાનના પ્રોગ્રામમાં બોલાવેલો અને ત્યાં ગયા ત્યારે આ આરોપી નં.૧૮ ત્યાં હાજર હતો. પરંતુ સાહેદ નં.૯૫૭ નો પુરાવો વિશ્વાસપાત્ર નથી અને તે માની શકાય નહીં. સાહેદે તા.૨૬.૭.૨૦૦૮ પછી સૌપ્રથમવાર તા.૧૭.૧૦.૨૦૦૮ ના રોજ તપાસ કરનાર અધિકારી મયુર ચાવડા સમક્ષ નિવેદન નોંધાવેલુ છે. આટલા લાંબા સમય બાદ આ સાહેદ શા માટે નિવેદન આપવા ગયા તે અંગે કોઈ ખુલાસો કરેલો નથી. પરંતુ મારા મત પ્રમાણે આ બનાવો ઘણા ગંભીર પ્રકારના છે અને સાહેદ જાકીર હુસેન આ બનાવો વિશે થોડી ઘણી હકીકત જાણતો હતો. બનાવો બન્યા બાદ પોતે પણ આ ગુનામાં સંડોવાય જશે તેવા ડરના કારણે તે તાત્કાલિક બનાવોની માહિતી આપવા માટે કે નિવેદન નોંધાવવા માટે પોલીસ સમક્ષ ગયેલો ન હોય તેવુ બને. આ ઉપરાંત બનાવો વિશે પોતે જાણે છે તેવી પણ સામે ચાલીને માહિતી ન આપે કારણ કે તેને ડર હોય કે હું પણ આ ગુનામાં સંડોવાય જઈશ. ગુનાની માહિતી આપવા માટે પોલીસ સમક્ષ મોડો ગયેલો તેનો અર્થ એવો નથી કે તેને તમામ માહિતી પોલીસને ખોટી આપેલી છે. વધુમાં વકીલશ્રી એમ.એમ. શેખ

દલીલ કરતા જણાવે છે કે સાહેદ જાકીર હુસેને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું નિવેદન નોંધાવવા કોઈ અરજી આપેલી નથી અને મેજિસ્ટ્રેટશ્રીએ સવાલ–જવાબના સ્વરૂપમાં નિવેદન નોંધેલુ નથી. પરંતુ મારા મત પ્રમાણે મેજિસ્ટ્રેટશ્રીએ જે કંઈ સવાલો પુછેલા હોય તેનો જવાબ આ સાહેદે જે પણ આપેલો હોય તે નિવેદનમાં લખેલ છે. મેજિસ્ટ્રેટ, મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ છે જેથી સાહેદનું નિવેદન સવાલ–જવાબના સ્વરૂપમાં લખવુ તે તેઓના માટે આદેશાત્મક નથી પરંતુ નિવેદન લખવુ તે અગત્યનું છે.

વધુમાં વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે, સાહેદ જાકીર હુસેન ફર્નીચરનું કામ "રોયલ ફર્નીચર"ના નામથી કરતા હોય તો તે અંગેનો કોઈ પુરાવો નથી પરંતુ મારા મત પ્રમાણે આવો પુરાવો રજૂ કરે કે ન કરે તે પુરાવાને આ બનાવ સાથે કોઈ લેવાદેવા નથી. વધુમાં તેઓ દલીલ કરતા જણાવે છે કે સાહેદ જાકીર હુસેનને તપાસ કરનાર અધિકારી મયુર ચાવડાએ નિવેદન નોંધવા માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૦ અન્વયે નોટિસ આપીને બોલાવેલા નથી. પરંતુ મારા મત પ્રમાણે સાહેદને નોટીસ આપીને બોલાવેલા ન હોય તો તે ગેરકાયદેસરતા નથી તે ફકત અનિયમિતતા છે અને અનિયમિતતાથી બનાવના મૂળને કોઈ અસર થતી નથી. વધુમાં વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે તા.૧૭.૧૦.૨૦૦૮ ના રોજ સાહેદ જાકીર હુસેનનું નિવેદન નોંધ્યા બાદ આરોપી સમસુદ્દીનના નાનાનું ઘર કે જે દરિયાપુરમાં લીમડી પાસે આવેલુ છે તે ઘરનું કે ગોમતીપુરામાં આવેલ ઈબ્રાહીમ અન્સારીના ઘરના પંચનામાઓ કરેલા નથી કે આજુબાજુના સાહેદોના નિવેદનો નોંધેલા નથી. પરંતુ મારા મત પ્રમાણે આ બંને જગ્યા ઉપર આજુબાજુના સાહેદોના નિવેદનો નોંધવાનું તપાસ કરનાર અધિકારીને યોગ્ય લાગેલુ ન હોય તો નિવેદનો નોંધેલા ન હોય. તેથી કરીને સાહેદ જાકીર હુસેનનું નિવેદન ખોટુ છે તેવુ અનુમાન કરી શકાય નહીં. વધુમાં તેઓ દલીલ કરતા જણાવે છે કે સાહેદ જાકીર હુસેનને આરોપી નં.૨૭ નાઓએ ફોન કરીને દર્શેકુરાનના પ્રોગ્રામમાં બોલાવેલો હોય તો સાહેદ જાકીર હુસેનના મોબાઈલ ફોનની કોઈ કોલ ડીટેલ તપાસ કરનાર

અધિકારીએ મેળવેલી નથી. પરંતુ પુરાવો જોતા આ ફોન લગભગ નવેમ્બર ૨૦૦૭ મા કરેલો હોવાની હકીકત છે. સાહેદ જાકીર હુસેને તપાસ કરનાર અધિકારી સમક્ષ પોતાનુ નિવેદન તા.૧૭.૧૦.૨૦૦૮ ના રોજ આપેલુ છે. જેથી એક વર્ષ બાદ ફોનની કોલ ડીટેલ હરગીજપણે મળી શકે નહીં માટે તપાસ કરનાર અધિકારીએ કોલ ડીટેલ મેળવેલી નથી તેવુ કહી શકાય. ફોન અંગેની કોલ ડીટેલ મેળવી નથી તેથી કરીને એવુ પણ કહી શકાય નહીં કે ફોન અંગેની વાત સાહેદ જાકીર હુસેન ખોટી જણાવે છે. વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી આ કહેવાતા ગુનાઓમાં સંડોવાયેલો નથી. પરંતુ ઉપર વિગતે જે પુરાવા રજૂ થયા છે તે ધ્યાને લેતા આ આરોપી આ કહેવાતા ગુનામાં સંડોવાયેલો છે તેમ હું માનુ છું.

આરોપી નં.૧૯ રજીઉદ્દીન નસીર ઉર્ફે રીયાજુદ્દીન નાસીર ઉર્ફે અલાઉર રહેમાન ઉર્ફે અબુજાજ ઉર્ફે મહંમદ દાઉદ ઉર્ફે અબ્દુલ રજાક ઉર્ફે રશીદખાન મહંમદ નસીરૂદ્દીન ઉર્ફે મૌલાના નસીરૂદ્દીનનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૧૯ રજીઉદ્દીન નસીર ઉર્ફે રીયાજુદ્દીન નાસીર ઉર્ફે અલાઉર રહેમાન ઉર્ફે અબુજાજ ઉર્ફે મહંમદ દાઉદ ઉર્ફે અબ્દુલ રજાક ઉર્ફે રશીદખાન મહંમદ નસીરૂદ્દીન ઉર્ફે મૌલાના નસીરૂદ્દીનનાઓ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ નાં રોજ જુદી-જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી-જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા-જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમને કઈ-કઈ ભૂમિકા ભજવેલી છે તે સાબિત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા

જે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે, તે પૈકી સહઆરોપી નં.૨ ઈમરાન ઈબ્રાહીમ શેખનાઓએ ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટશ્રી, અમદાવાદ સમક્ષ લખાવેલું, તે ધ્યાને લેતા પણ આ આરોપી તેઓની ઉપર મુકવામાં આવેલ આક્ષેપ મુજબના કાવતરામાં સામેલ હોવાનું ફલીત થાય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે ભાવિન ઉર્ફે મન્નુ વિજયસિંહ ઠાકુરને સાહેદ નં.૮૩૯ તરીકે આંક–૫૬૭૦ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૧૭/૧૦/૨૦૦૮ ના રોજ આ સાહેદ તેમની ઑફિસે હતા.દિવાળી આવતી હોય બીજા મિત્ર અંકુરને ફોન કરીને બોલાવેલો . અંકુર પાલડી આ સાહેદની ઑફિસે આવેલો અને ત્યાંથી બુટ લેવા મોટર સાઇકલ પર નિકળેલા અને પાનકોર નાકા પાસે બાઇકને પાર્ક કરેલું અને બુટ લેવા ગયેલા. બુટ લઈને ત્યાંથી મુન્નાની ચા સારી આવતી હોવાથી ચા પીવા માટે ગાયકવાડ હવેલી સામે ગયેલા.

સાહેદ વધુમાં જણાવે છે કે ચાની કિટલીએ પહોંચ્યા તે પહેલા તેઓને એક પોલીસવાળાએ ઉભા રાખેલા અને કહેલું કે તમને સાહેબ અંદર બોલાવે છે. જેથી આ સાહેદે તથા તેમના મિત્રએ પૂછેલું કે શું કામ છે. તો તેમણે એમ જણાવેલ કે સાહેબને ખબર છે, મને ખબર નથી. ત્યારપછી તેઓ ક્રાઇમ બ્રાન્ચની ઑફિસમાં ગયેલા. અંદર ગયા ત્યારે ત્યાં એક લેડીઝ સાહેબ બેઠેલા હતા અને એક જેન્ટસ સાહેબ તથા બીજા પોલીસવાળા પણ હતા તથા એક આરોપી બાજુમાં બેઠેલો હતો. આ જે લેડીઝ સાહેબ હતા તેમણે નામ–સરનામા પુછેલાં, જે જણાવેલાં અને પોલીસ અધિકારીએ પોતાના નામ કહેલા. જેમાં એક ઉષાબેન કરીને હતા અને બીજા અધિકારી એફ.એસ.એલ. ના અધિકારી હતા. જેનું નામ અત્યારે યાદ નથી પરંતુ તેની અટક ત્રિવેદી હતી. પોલીસ અધિકારી ઉષાબેને જણાવેલું કે આ આરોપીને ખાડીયા પોલીસ સ્ટેશનના બોમ્બ બ્લાસ્ટના કેસમાં અટક કરેલ છે. આના ઈ–મેઈલ આઈ.ડી. ઉપરથી અમુક મેઈલ કાઢવાના છે જે માટે પંચમાં રહેશો તેવુ સાહેબે પુછેલું તેથી પંચમાં રહેવા "હા" પાડેલી.

ત્યારપછી આરોપીનું નામ પુછેલું. તો આરોપીએ તેનું નામ રજીઉદ્દીન નાસર મુસ્લિમ, રહેવાસી–આંધ્રપ્રદેશ તેવું જણાવેલું. ત્યાં ઑફિસમાં કમ્પ્યુટર હતું પરંતુ ઈન્ટરનેટ કનેકશનવાળું ન હતું. તેથી બાજુમાં નાયબ પોલીસ કમિશનર સાહેબની ઑફિસમાં આ સાહેદને તથા તેમના મિત્ર, ઉષાબેન અને એફ.એસ.એલ. ના સાહેબ, આરોપી અને બીજા બે–ત્રણ પોલીસવાળા ત્યાં લઈ ગયેલા. જયાં ઈન્ટરનેટ કનેકશનવાળું કમ્પ્યુટર હતું અને પ્રિન્ટર હતું. એફ.એસ.એલ. ના સાહેબે આરોપીને ઈ–મેઈલ આઈ.ડી. પુછેલું અને પાસવર્ડ પુછેલો. તો આરોપીએ એક ઈ–મેઈલ આઈ.ડી. અને દસ પાસવર્ડ આપેલા. તે એફ.એસ.એલ. ના સાહેબે ખોલીને જોતાં તેમાં ડ્રાફટ બોકસમાં મેઈલ જોવા મળેલા. જે પોલીસ અધિકારીએ આરોપીને એવું પુછેલ કે, આ શું લખેલું છે. તો આરોપીએ સાહેબને અને તેઓને જણાવેલું કે, "પાન નંબર–૪, ૬, ૧૦ અને ૧૩ માં પાકિસ્તાન આવવાના મેસેજ હતા અને આરોપીને બોલાવતા હતા અને બીજા પાના ઉપર જે મેઈલ હતા તે પાકિસ્તાનથી આવેલા હતા. એક મેઈલ પાકિસ્તાન કરવામાં આવેલ હતો જેમાં એવું લખવામાં આવેલ હતુ કે આઈડી અને પાસવર્ડ મીસ થઈ ગયેલા છે, આ મેઈલ લશ્કરે તોઈબાના વડા આસિસ્ટન્ટ અમજદે કરેલા છે. આ અંગે ૨૩ (ત્રેવીસ) પાનાની પ્રિન્ટ એફ.એસ.એલ.ના સાહેબે કાઢેલી. જેમાં બંને પંચોએ, એફ.એસ.એલ.ના અધિકારી અને ઉષાબેને દરેક પાના ઉપર સહી કરેલી અને આ બધુ પત્યા પછી દરેક કાગળમાં તેઓની સહીઓ લેવામાં આવેલી. જેમ પાના પતતા હતા તેમ સહીઓ લેવામાં આવેલી. આ સાહેદ અને તેમના મિત્ર લખાવતા હતા અને પોલીસ લખતી હતી. આ સઘળી કાર્યવાહીનું પંચનામુ બનાવવામાં આવેલુ જે આંક–૫૬૭૧ થી ૨જૂ છે. આ પંચનામામાં સાહેદ પોતાની તેમજ બીજા પંચ અંકુરની તથા રૂબરૂમાં પોલીસ અધિકારી ઉષા રાડા તથા એફ. એસ.એલ. ના સાહેબની સહીઓ ઓળખી બતાવે છે.આંક–૫૬૩૪ થી ૨જૂ ઈ–મેઈલની નકલોમાં આ સાહેદ તેમની તથા બીજા પંચ અંકુરની તથા એફ.એસ. એલ.ના સાહેબ તથા પોલીસ અધિકારીની સહીઓ ઓળખી બતાવે છે. આ

સાહેદને આરોપી ટી.વી. સ્ક્રીન પર બતાવવામાં આવતા તેઓ આરોપીને ઓળખી શકતા નથી અને જણાવે છે કે ઘણો સમય થઈ ગયેલ હોવાથી ચહેરો યાદ નથી.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા સરતપાસમાં જણાવ્યા મુજબની હકીકત બાબતે કોઈ વીડિયોગ્રાફી કે ફોટોગ્રાફી કરેલી નથી તે કબૂલ કરે છે. ઈ–મેઇલ આઈડી અને પાસવર્ડ શું છે તેનુ જ્ઞાન છે અને તેની જાણકારીથી કોઈ પણ વ્યકિતનું ઈ–મેઇલ ખોલી શકાય તે કબૂલ કરે છે. આરોપીએ જણાવેલ ઈમેલ આઈડી અને પાસવર્ડ સંબંધે કોઈ વિશેષ ખરાઈ કરેલ નથી તે કબૂલ કરેલ છે. એક વ્યકિતના એકથી વધુ ઈ–મેઇલ અને પાસવર્ડ હોઈ શકે તે હકીકત જાણે છે. ડ્રાફટ બોક્ષ શું છે તે પણ જાણે છે. ડ્રાફટ બોક્ષમાં કરેલા ઈમેલ અને આવેલા ઈ–મેઇલ સેવ થાય છે તો તે હકીકત સાથે સંમત નથી. મેસેજ ખોલવામાં આવ્યા તે વાંચેલા નથી એ હકીકત નકારે છે. આ પ્રશ્નનો અર્થ એવો થાય કે કમ્પ્યુટરમાં મેસેજ ખોલવામાં આવેલા હતા. ડ્રાફટ બોક્ષમાંથી જે જે મેસેજ મળેલા તે પોલીસ આરોપીને પુછતી ગઈ અને આરોપીએ કહયા પ્રમાણે લખતી ગઈ તો તે હકીકત નકારી છે. પોલીસ અધિકારી ઉષાબેને મેઈલમાં શું લખેલુ છે તેની પુછપરછ કરેલી. પંચનામામાં માત્ર સહી જ કરેલી અને સ્થળ ઉપર ગયા નથી તો તે હકીકત નકારી છે. પોલીસના શીખવાડયા મુજબ જુબાની આપતા હોવાની હકીકત નકારેલી છે. આરોપીએ આ સાહેદની રૂબરૂમાં ઈ–મેઇલ આઈડી અને પાસવર્ડની હકીકત જણાવેલ નથી તો તે હકીકત નકારે છે. એફ.એસ.એલ.ના અધિકારીએ ડ્રાફટ બોક્ષ સિવાય બીજા કોઈ બોક્ષ ખોલેલા નથી તો તે હકીકત નકારી છે. જે કોઈ માહિતી મળેલી તે ડ્રાફટ બોક્ષમાંથી જ મળેલી તો તે હકીકત કબૂલ કરે છે. ડ્રાફટ બોક્ષ સિવાય બીજા કયા–કયા બોક્ષ હોય છે તેની જાણકારી છે. બીજા કોઈ બોક્ષમાંથી કોઈ માહિતી મેળવેલી નહીં તેથી પંચનામામાં દર્શાવેલ નથી તો તે હકીકત કબૂલ કરે છે. બીજા કોઈ બોક્ષમાંથી કોઈ માહિતી કાઢવામાં આવેલી ન હતી તો તે હકીકત કબૂલ કરી છે. એફ.એસ.એલ.ના અધિકારી વાંચી શકે તેમ ન હતા માટે આરોપીને પુછેલુ તો તે હકીકત કબૂલ કરે છે. કોડવર્ડમાં લખેલુ હતુ તે શું લખેલુ હતુ તેની ખબર પડતી ન હતી. નાયબ પોલીસ કમિશનરની કચેરીમાં

પ્રીન્ટર હતુ તેવી હકીકત પંચનામામાં લખેલી નથી તો તે હકીકત નકારે છે. આરોપી કયા પોલીસ સ્ટેશનના કયા ગુનામાં હતો તે અગાઉથી જાણતા હતા તો તે હકીકત નકારી છે. પોલીસના કહેવાથી આવી હકીકત પંચનામામાં દર્શાવી છે તો તે હકીકત નકારે છે. આંક–૫૬૩૪ વાળા ઈ–મેઇલમાં તે કઈ તારીખે કાઢવામાં આવેલો તેનો ઉલ્લેખ નથી તો તે કબૂલ કરે છે. સ્ક્રીન ઉપર મેઈલના શોટસ જોતા ગયા તેમ તેની નકલ કાઢતા ગયેલા તો તે કબૂલ કરે છે. કોઈ પણ ડ્રાફટમાં સેવ કર્યા પછી કોઈ પણ દિવસે તેમાં ઉમેરો થઈ શકે તો તે કબૂલ કરે છે. આંક–૫૬૩૪ મા કાઢેલી પ્રીન્ટ આઉટ અને ડ્રાફટ બોક્ષની વિગતો પોલીસના કહેવાથી ઉમેરવામાં આવેલી અને આ વસ્તુ છુપાવવા માટે આ પછીનો ડ્રાફટ બોક્ષનો સ્ક્રીન શોટ કાઢવામાં આવેલો નહીં તો તે હકીકત નકારે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડાનાઓએ ખાડીયા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૭૧/૨૦૦૮ નાં કામે તા.૧૭.૧૦.૨૦૦૮ ના રોજ આ સાહેદ તથા બીજા પંચ અંકુર ઉર્ફે જય પાંડેને ક્રાઇમ બ્રાન્ચની ઑફિસ અમદાવાદ ખાતે બોલાવેલા અને ત્યાં આરોપી નં.૧૯ રફીયુદ્દીન નાસીરનાઓ હાજર હતા અને તેને પોતાના ઇમેલ એડ્રેસ ઉપરથી તેનુ ઈ–મેઇલ બોક્ષ ખોલી તેમાં શું વિગત પડેલી છે, તેના ડ્રાફટ બોક્ષમાં શું મેસેજ કરેલ છે તે ઈન્ટરનેટ ધરાવતા કમ્પ્યુટર ઉપરથી ઈન્ટરનેટ કનેકટ કરેલુ અને એફ.એસ.એલ.ના અધિકારી દ્વારા તપાસ કરાવેલી. એફ.એસ.એલ. અધિકારીએ આરોપીને આ સાહેદની હાજરીમાં ઈ–મેઇલ આઈડી તથા પાસવર્ડ પુછેલો અને આરોપીએ ઈ–મેઇલ આઈડી અને દસ પાસવર્ડ આપેલા. ત્યારબાદ એફ.એસ.એલ.ના અધિકારીએ ડ્રાફટ બોક્ષ ખોલેલુ જે ઈ–મેઇલમાં પાકિસ્તાનના મેસેજ હતા. પંચોની હાજરીમાં આરોપીને બોલાવતા તેને જણાવેલુ કે આ મેસેજ પાકિસ્તાનથી આવેલા અને પાકિસ્તાન કરેલા છે. આ મુજબનું પંચનામુ તપાસ કરનાર અધિકારીએ પંચોની હાજરીમાં આંક–૫૬૭૧ વાળુ બનાવેલુ છે. આ હકીકત તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા પોતાની જુબાનીના પેરા નં.૨.૪૦ મા જણાવે છે. તેમના કહેવા પ્રમાણે

એફ.એસ.એલ. અધિકારીશ્રી ત્રિવેદીને બોલાવેલા અને ક્રાઈમ બ્રાન્ચના રીડર શાખામાં આરોપી રજીયુદ્ધીન નાસર પોતાના અલગ–અલગ ઈ–મેઈલ આઈડી પંચોની તથા એફ.એસ.એલ. અધિકારીની હાજરીમાં ખોલી બતાવેલા જે ઈમેલ આઈડીના ડ્રાફટ બોક્ષમાં આરોપીએ લશ્કરે તોઈબાના આતંકવાદી બીલાલના માણસ અમજદ સાથે વાતચીતો કરેલી તે વાતચીતો ડ્રાફટ બોક્ષમાં પડેલી હતી તેમજ ચંદન નામના એક માણસ બાબતે પણ પુછપરછ કરેલી જે બાબતે ચંદન બાંગ્લાદેશ થી નેપાળ બોર્ડર ક્રોસ કરાવી પાકિસ્તાન ટ્રેનીંગ માટે અમોને લઈ ગયેલો તેવુ પંચો રૂબરૂ આરોપીએ જણાવેલુ તે વાતચીતો પણ ડ્રાફટમાં હતી. આરોપીએ આઈડી તથા પાસવર્ડ આપેલા જેથી ડ્રાફટ બોક્ષમાં જોવા મળેલ મેસેજની કમ્પ્યુટર સાથે કનેકટ થયેલ પ્રિન્ટરથી પ્રીન્ટ કાઢવામાં આવેલી. આ અંગેનુ પંચનામુ બનાવેલુ આંક–૫૬૭૧ વાળા પંચનામામાં આ સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે. એફ.એસ.એલ. અધિકારીને બોલાવવા માટે તપાસ કરનાર અધિકારીએ જે યાદી લખેલી તે આંક–૫૬૩૨ થી ૨જૂ છે તેમાં પણ આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

વધુમાં સાહેદ ઉષા રાડાની સરતપાસના પેરા નં.૨.૪૦ ધ્યાને લેતા જે મેસેજ જોયેલા તેની પ્રીન્ટ આઉટ કાઢવામાં આવેલી અને તે કબજે કરવામાં આવેલી. આંક–૫૬૩૪ વાળા દસ્તાવેજો જોઈને આ સાહેદ જણાવે છે કે આ તે જ પ્રિન્ટ આઉટ છે જે પંચનામા સમયે કાઢવામાં આવેલી. તમામ પ્રિન્ટ આઉટના પાછળના ભાગે આ સાહેદ બે પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે તેમજ એફ.એસ.એલ. અધિકારી ત્રિવેદીની સહી પણ આ સાહેદ ઓળખી બતાવે છે.

આ બાબતે સાહેદ ઉષા રાડાની ઊલટતપાસના પેરા નં.૨૩ ધ્યાને લઈએ તો આરોપી રજીયુદ્ધિન નાસરની કસ્ટડી મેળવી ત્યારે તે આરોપી બીજા તપાસ કરનાર અધિકારી મયુર ચાવડાની પોલીસ કસ્ટડીમાં હતો તે કબૂલ કરે છે. તા.૨૪.૯.૨૦૦૮નાં રોજ આરોપી રજીયુદ્ધીન નાસરને ટ્રાન્સફર વોરન્ટના આધારે મયુર ચાવડાએ હુબલીથી એરેસ્ટ કર્યો હોય તો આ સાહેદ કહી શકે નહીં. આ

સાહેદને મળેલા પુરાવાના આધારે આરોપીના રીમાન્ડ દરમ્યાન પંચનામુ અલગથી બનાવેલુ તેમ જણાવે છે. આંક–૫૬૭૧ વાળુ પંચનામુ બનાવ્યુ ત્યારે આ સાહેદે પોતાનુ પર્સનલ કમ્પ્યુટર ઉપયોગમાં લીધેલાની હકીકત નકારે છે. સાહેદના કહેવા પ્રમાણે નાયબ પોલીસ કમિશનરશ્રી, ક્રાઈમ બ્રાન્ચની રીડર શાખાના કમ્પ્યુટરનો ઉપયોગ કરવામાં આવેલાનું જણાવે છે. સાહેદને એવો પ્રશ્ન પુછવામાં આવેલો છે કે,"આંક–૫૬૭૧ વાળા પંચનામામાં જે ઈ–મેઇલનો ઉલ્લેખ છે તે ઈ–મેઇલ કયા દેશમાં કોને મોકલેલા તે તમોને તપાસ દરમ્યાન જાણવા મળેલ ?" તો સાહેદે જવાબ આપેલો છે કે ડ્રાફટ બોક્ષના મેસેજ આરોપી રજીયુદ્દીન નાસરે પાકિસ્તાન, નેપાળ, દુબઈ મોકલેલા તેવું પુછપરછમાં જણાવેલુ. પાકિસ્તાન, નેપાળ અને દુબઈની એમ્બેસીમાં જઈને તપાસ કરી હોય કે સ્થળની મુલાકાત લીધી હોય તો તે યાદ નથી. આ બાબતે દેશની આઈ.બી.નો સંપર્ક કરેલો કે કેમ તે પણ કહી શકે નહીં. આ સાહેદને એવો પણ પ્રશ્ન પુછવામાં આવેલો છે કે "તમારા કહેવા પ્રમાણેના ડ્રાફટ બોક્ષના મેસેજ કયા કમ્પ્યુટરમાં તૈયાર થયેલા તે તેમોને તપાસ દરમ્યાન જાણવા મળેલુ ?" તો સાહેદે જવાબ આપેલો છે કે આરોપીની પુછપરછ દરમ્યાન જાણવા મળેલુ કે, અલગ–અલગ દેશોમાં રહી આ ડ્રાફટ બોક્ષના મેસેજ મુકતો તેમજ અલગ–અલગ સાયબર કાફે ઉપર જઈ ડ્રાફટ બોક્ષના મેસેજ તૈયાર કરતો જેથી કયા કમ્પ્યુટરમાં તૈયાર થયેલા તે મળી શકેલુ નહીં.

વધુમાં આ સાહેદ ઉષા રાડાની ઊલટતપાસના પેરા નં.૩૭ ધ્યાને લઈએ તો પંચનામા દરમ્યાન વીડિયોગ્રાફી કરેલી ન હોય તો કહી શકે નહીં. પંચોને હિન્દીમાં સમજાવેલાનો ઉલ્લેખ પંચનામામાં નથી તે કબૂલ કરે છે. ડ્રાફટ બોક્ષના મેસેજ કયારે, કોણે વાંચેલા તે કહી શકે નહીં તે કબૂલ કરે છે. રજીયુદ્દીન નાસરે મેસેજ બોક્ષ ખોલીને જે રીતે બતાવેલુ તે પ્રમાણેનુ ડેમોસ્ટ્રેશન સરતપાસ દરમ્યાન કરેલુ નથી તે કબૂલ કરે છે. વધુમાં સાહેદ ઉષા રાડાની ઊલટતપાસના પેરા નં.૧૨૧ ધ્યાને લઈએ તો ડ્રાફટ બોક્ષમાં જે ઈ–મેઇલ હતા તે સંદર્ભે કોઈ તપાસ કરેલી નથી તો તે હકીકત નકારે છે. આંક–૫૬૭૧ વાળા પંચનામામાં જે

ઈ–મેઇલનો ઉલ્લેખ છે તે અંગે આઈ.પી. એડ્રેસ મેળવવાની તસ્દી લીધી નથી તો તે હકીકત નકારે છે. આંક–૫૬૭૧ વાળા પંચનામામાં કોઈપણ જગ્યાએ આઈ.પી. એડ્રેસનો ઉલ્લેખ નથી તો તે હકીકત નકારે છે.

આંક–૫૬૭૧ વાળુ પંચનામુ તપાસ કરનાર અધિકારીએ જે એફ. એસ.એલ. અધિકારીની હાજરીમાં બનાવેલુ તે એફ.એસ.એલ. અધિકારી સાહેદ નં.૮૩૫ હિતેષ જયંતિલાલ ત્રિવેદીની જુબાનીના પેરા નં.૨ ધ્યાને લઈએ તો તા.૧૭/૧૦/૨૦૦૮ ના રોજ તેમના ઉપરી અધિકારીની સુચના અનુસાર આ સાહેદ ક્રાઇમબ્રાન્ચ, અમદાવાદ ગાયકવાડ હવેલી ખાતે ગયેલા. ક્રાઇમબ્રાન્ચ ખાતે મદદનીશ પોલીસ કમિશનર, તપાસટીમ, ક્રાઇમબ્રાન્ચના ઉષા રાડા તરફથી એક યાદી આપવામાં આવેલ હતી. જેમાં ખાડીયા પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં.૭૧/૨૦૦૮ ના કામે રીમાન્ડ ઉપરના આરોપી રઝીયુદ્દીન નાસર ઉર્ફે રઝીયુદ્દીન નાસીર ઉર્ફે રસીદખાન સ /ઓ મૌલાના નસીરુદ્દીન ઉર્ફે મહમદ નસીરૂદ્દીન મુસ્લિમનાઓ તેના ઈ–મેઈલ આઈડીનો ઉપયોગ કરી મેસેજ કરેલા તે અંગે તપાસ કરવા જાણ કરવામાં આવેલી. જેના આધારે ક્રાઇમબ્રાન્ચ ખાતે પોલીસ કસ્ટડીમાં રહેલ આરોપી રઝીયુદ્દીન નાસર ઉર્ફે રઝીયુદ્દીન નાસીરે જણાવેલ ઈ–મેઈલ આઈડી તથા પાસવર્ડ નો ઉપયોગ કરી કમ્પ્યુટરમાં ઈન્ટરનેટ દ્વારા સદરહુ આઈડી તથા પાસવર્ડથી લોગઈન કરીને જોતા zaqmk022@yahoo.com, zaqmk033@yahoo.com, zaqmk044@yahoo.com, zaqmk055@yahoo.com, vhuthm100@yahoo.com, vhuthm400@yahoo.com તેના ડ્રાફટ ફોલ્ડરમાં એક–એક મેસેજ સેવ થયેલ જોવા મળેલ. સદરહુ ડ્રાફટ સેવ થયેલ મેસેજની પ્રિન્ટ આઉટ લીધેલ. આ ઉપરાંત આરોપીએ જણાવેલ અન્ય ઈ–મેઈલ આઈડી zaqmk011@yahoo.com, vhuthm200@yahoo.com, vhuthm300@yahoo.com, vhuthm500@yahoo.com ના ડ્રાફટ ફોલ્ડરમાં કોઈ મેસેજ જોવા મળેલ ન હતા. આ અંગે આ સાહેદે ઈન્વે. વાન રીપોર્ટ તૈયાર કરેલ હતો. પોલીસે પાઠવેલ યાદીના પાછળના ભાગે રીપોર્ટ તૈયાર કરેલો જે

આંક–૫૬૩૨ થી રજૂ રાખેલ છે જેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે તેમજ આંક–૫૬૭૧ વાળા પંચનામાના પાછળના ભાગે આ સાહેદે જે સહી કરેલી છે તે આંક–૫૬૩૩ થી રજૂ રાખેલ છે જેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આ સાહેદે પંચો તથા તપાસ કરનાર અધિકારીની હાજરીમાં કમ્પ્યુટરમાંથી જે પ્રિન્ટ આઉટો લીધેલી તે પ્રીન્ટ આઉટ આંક–૫૬૩૪ થી રજૂ કરેલી છે જે કુલ–૧૦ છે તે દરેક પ્રીન્ટ આઉટના પાછળના ભાગે પંચો, તપાસ કરનાર અધિકારીની સાથે આ સાહેદે પણ સહીઓ કરેલી છે અને પોતાની સહીઓ આ સાહેદ ઓળખી બતાવે છે. આ તમામ પ્રિન્ટ આઉટ ધ્યાને લઈએ તો જુદા–જુદા સમયે આ મેસેજો કરવામાં આવેલા છે તથા Poll: Voters souring on McCain, Obama stays steady (AP). તથા વચ્ચેના ભાગે Bomb near north Baghdad mosque kills 3 Shiites (AP). આ મુજબની સાંકેતીક ભાષા દરેક ઈમેલમાં લખવામાં આવેલી છે. આ સાહેદ નં.૮૩૫ ની ઊલટતપાસના પેરા નં.૨૪ ધ્યાને લઈએ તો ઈન્ટનેટમાંથી જે ઈ–મેઈલની પ્રિન્ટ કાઢેલી તે કઈ તારીખે કાઢી છે તે ધાર્યું હોત તો તેની તારીખ સાથેની પ્રિન્ટ કાઢી શકાત તે કબૂલ કરે છે. તારીખ સાથેની પ્રિન્ટ ન કાઢવા માટેનુ કોઈ કારણ આપી શકે નહીં. આંક–૫૬૩૪ ના ઈ–મેઈલની પાછળ તારીખ નાખીને સહી કરેલી છે તે કબૂલ કરે છે.

આ આરોપી નં.૧૯ રજીઉદ્દીન નસીર ઉર્ફે રીયાજુદ્દીન નાસીર ઉર્ફે અલાઉર રહેમાન ઉર્ફે અબુજાજ ઉર્ફે મહંમદ દાઉદ ઉર્ફે અબ્દુલ રજાક ઉર્ફે રશીદખાન મહંમદ નસીરૂદ્દીન ઉર્ફે મૌલાના નસીરૂદ્દીને ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઈન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે તે પ્રશ્નના જવાબમાં તેને ફરિયાદપક્ષના પુરાવા સંબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના બચાવ માટે જે હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦માં જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન

કરવામાં આવતુ નથી તથા નિવેદનની હકીકત સૌપ્રથમ જણાવી છે તે બાબતે કોઇ દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ નથી.

આ ઉપરાંત આ આરોપીએ અંગ્રેજીમાં લખેત લેખિત નિવેદન પાના નં.૧ થી ૬ રજૂ કરેલ છે. તે ધ્યાને લેતા તેઓની રજૂઆત છે કે તેઓ ગુજરાતી ભાષા જાણતા નથી અને બનાવમાં ખોટી રીતે સંડોવેલા છે. રીમાન્ડના સમય દરમ્યાન શારીરિક, માનસિક ત્રાસ આપવામાં આવ્યો છે. આ સિવાય ફરિયાદ પક્ષના પુરાવા સબંધે બીજી કોઈ હકીકત જણાવતા નથી. શારીરિક, માનસિક ત્રાસ આપ્યાનો કોઇ પુરાવો રજૂ કરેલ નથી. મૌખિક હકીકત માની શકાય નહિ.

આરોપીએ પોતાના બચાવમાં સઈફાબાદ/હૈદરાબાદ (આંધ્રપ્રદેશ) પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં.૮૮૩/૨૦૦૪ તા.૧.૧૧.૨૦૦૪ નાં રોજ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી એફ.આઈ.આર.ની પ્રમાણીત નકલ આંક–૯૨૨૪ તરીકે રજૂ કરેલી છે જેમાં ફરિયાદી તરીકે આ આરોપી રજીયુદ્ધિન નાસર છે અને આ ફરિયાદ ભારતીય ફોજદારી ધારાની કલમ–૩૦૨ મુજબની નોંધાવેલી છે. ફરિયાદમાં આરોપી તરીકે નરેન્દ્ર એ.સી.પી. ગુજરાત પોલીસ બતાવેલી છે. આ ફરિયાદ સંબંધી આગળ શું કાર્યવાહી થયેલી તે અંગે કોઈ દસ્તાવેજી કે મૌખિક પુરાવો આરોપીએ રજૂ કરેલો નથી. આ ઉપરાંત ધારવાડ(કર્ણાટક)ની કોર્ટમાં સેશન્સ કેસ નં.૪૯/૨૦૦૮ તથા ૧૧૨/૨૦૦૯ ના કામે આવેલ ચુકાદાની પ્રમાણીત નકલ આંક–૯૨૨૫ થી રજૂ કરેલી છે. આ ચુકાદાની નકલ ધ્યાને લેતા આરોપી નં.૨ તરીકે હાલના આરોપી રજીયુદીન નાસરનું નામ છે. આંક–૯૨૨૪ થી એફ.આઈ.આર.ની નકલ તથા આંક–૯૨૨૫ થી જે ચુકાદો રજૂ કરેલો છે તે ચુકાદા આધારે આરોપી અત્રેના કહેવાતા ગુનામાં સંડોવાયેલો નથી કે ગુનામાં તેની કોઈ ભૂમિકા નથી તે હકીકત આરોપી તરફથી સાબિત થતી નથી. આ બંને દસ્તાવેજો રજૂ થવાથી અમદાવાદ ખાતે થયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવો અને સુરત ખાતે થયેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોના મૂળને કોઈ અસર થતી નથી તેમ હું માનુ છું. તે ચુકાદાવાળા કેસની હકીકત અને હાલના કેસની હકીકત જુદી–જુદી છે.

આરોપી નં.૧૯ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૮૩૫, ૮૩૬, ૭૮૬, ૭૮૭, ૭૯૦, ૭૯૫, ૮૦૫, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૬૩ છે. આ ઉપરાંત આ આરોપી નં.૨ નું કબૂલાત નિવેદન પણ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતાં આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવો તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપીની ઓફિશીયલ અટક તા.૨૪.૯.૨૦૦૮ ના રોજ કરવામાં આવેલી છે અને આંક–૧૨૨ થી ફરમાવવામાં આવેલા તહોમતનામામાં આ આરોપીએ કોઈ ચોકકસ ભૂમિકા ભજવી હોય તેવો કોઈ આક્ષેપ નથી. ફરિયાદપક્ષ દ્વારા આ આરોપીની સંડોવણી બતાવવા માટે આરોપી નં.૨નુ કબૂલાત નિવેદન સિવાય બીજો કોઈ પુરાવો નથી. તેઓની દલીલ સાથે હું સંમત છું. ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ તમામ પુરાવા ધ્યાને લેતા આ આરોપી આ કાવતરાના ગુનામાં તથા આ બનાવોમાં સંડોવાયેલો હોય તેવો એક પણ મૌખિક પુરાવો કે દસ્તાવેજી પુરાવો ફરિયાદપક્ષ તરફથી રજૂ થયેલ પુરાવામાં નથી . આરોપી નં.૨ નુ કબૂલાત નિવેદન ધ્યાને લેતા આરોપી નં.૧૯ હાલોલ–પાવાગઢ ખાતેના કેમ્પમાં હાજર રહેલો હોય તેવુ માલુમ પડતુ નથી. વકીલશ્રી એમ.એમ. શેખ દલીલ કરતા જણાવે છે કે, તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયા, મયુર ચાવડા, આર.વી.અસારી, ઉષા રાડાનાઓએ જુદા–જુદા ગુનાઓમાં જુદી–જુદી તારીખોએ લગભગ ૧૦૦ દિવસ સુધી રીમાન્ડ ઉપર આ આરોપીને રાખેલો. પરંતુ આરોપી વિરૂધ્ધ કોઈ પુરાવા મળી આવેલા નથી. વધુમાં તેઓ દલીલ કરતા જણાવે છે કે, પંચ સાહેદ નં.૮૩૬ ભાવીન ઠાકોરની હાજરીમાં તથા એફ.એસ. એલ. અધિકારીશ્રી ત્રિવેદીની હાજરીમાં તપાસ કરનાર અધિકારીએ ઈન્ટરનેટ કનેકશનવાળા કમ્પ્યુટર અને પ્રિન્ટર દ્વારા આરોપીનું ઈ–મેઈલ ડ્રાફટ બોક્ષ

ખોલાવેલુ અને તેમાંથી પાકિસ્તાન આવવાના મેસેજ નીકળેલા તેવો આક્ષેપ છે પરંતુ પાસવર્ડ નાખીને કમ્પ્યુટરમાંથી પ્રિન્ટર દ્વારા મેસેજ કાઢેલા નથી. આરોપીએ જે કમ્પ્યુટરમાંથી મેસેજો કરેલા તે કમ્પ્યુટર કબજે કરવામાં આવેલુ નથી. વકીલશ્રી એમ.એમ.શેખની દલીલ સાથે હું સંમત છું. ફરિયાદપક્ષ દ્વારા આક્ષેપ મુકવામાં આવેલો છે કે આ આરોપીએ પાકિસ્તાન આવવાના મેસેજ કરેલા છે. આ મેસેજ કયા કમ્પ્યુટરમાંથી કરેલા છે તે કમ્પ્યુટર કે તેની હાર્ડ ડીસ્ક તપાસ કરનાર અધિકારીએ કબજે કરેલી નથી. પંચ સાહેદ ભાવીન ઠાકોર તથા એફ.એસ.એલ. અધિકારીની હાજરીમાં આંક–૫૬૭૧ ના પંચનામાની વિગતે ઈ–મેઈલની નકલો કાઢવામાં આવેલી જે આંક–૫૬૩૪ થી રજૂ છે. પરંતુ આ તમામ નકલો ધ્યાને લેતા આ ગુનાઓમાં આરોપીને સંડોવતા હોય તેવા ઈ–મેઈલ મેસેજ નથી. આ ઈ–મેઈલ મેસેજોનું લખાણ ગેરકાયદેસર કૃત્ય કરવાનું કે બોમ્બ બ્લાસ્ટ કરવા અંગેનુ કે બોમ્બ પ્લાન્ટેશન કરવા અંગેનુ નથી. આમ, આ આરોપી વિરૂધ્ધ આ બનાવમાં સંડોવણી બાબતેનો કોઈ સબળ પુરાવો રજૂ થયેલો નથી અને રજૂ થયેલ પુરાવો આરોપીની સંડોવણી બાબતે પુરતો નથી. જે પુરાવો રજૂ થયેલો છે તે શંકા ઉપજાવે તેવો છે તેમ હું માનુ છું.

આરોપી નં.૨૦ અતીકુર રહેમાન ઉર્ફે અતીક અબ્દુલ હકીમ મુસલમાનનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૨૦ અતીકુર રહેમાન ઉર્ફે અતીક અબ્દુલ હકીમ મુસલમાનનાઓ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ નાં રોજ જુદી–જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી–જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા–જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને

પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમણે કઈ–કઈ ભુમિકા ભજવેલી છે તે સાબિત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. તે પૈકી સહઆરોપી નં.૨૧ મહેંદીહસન ઉર્ફે વીકકી અબ્દુલ હબીબ અંસારી તથા સહઆરોપી નં.૩૫ રફીયુદ્દીન સરકુદ્દીન કાપડીયાનાઓએ ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબના કબૂલાત નિવેદનો મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટશ્રી, અમદાવાદ સમક્ષ લખાવેલા તે ધ્યાને લેતા પણ આ આરોપી તેઓની ઉપર મુકવામાં આવેલ આક્ષેપ મુજબના કાવતરામાં સામેલ હોવાનું ફલીત થાય છે.

આ આરોપી નં.૨૦ અતીકુર રહેમાન ઉર્ફે અતીક અબ્દુલ હકીમ મુસલમાને ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો. કોડની કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે તે પ્રશ્નના જવાબમાં તેને ફરિયાદપક્ષના પુરાવા સંબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના બચાવ માટે જે હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦ મા જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી. આ ઉપરાંત આ આરોપીએ પોતાના બચાવમાં તેમજ વિશેષમાં જે કોઇ હકીકત જણાવી તે બાબતે અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ નથી.

આરોપી નં.૨૦ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૭૮૬, ૭૯૦, ૭૯૨, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ છે. આ ઉપરાંત આ આરોપી નં.૨૧, ૩૫ ના કબૂલાત નિવેદનો પણ છે.આ સાહેદોના પુરાવા ધ્યાને લેતાં આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવો તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપીની ઓફિશીયલ અટક તા.૯.૧૦.૨૦૦૮ ના રોજ કરવામાં આવેલી છે. આંક–૧૨૨ થી ફરમાવવામાં આવેલા તહોમતનામામાં આ આરોપીએ કોઈ ચોકકસ ભૂમિકા ભજવી હોય તેવો કોઈ આક્ષેપ નથી. ફરિયાદ પક્ષ દ્વારા આ આરોપીની સંડોવણી બતાવવા માટે આરોપી નં.૨૧ તથા ૩૫ ના કબૂલાત નિવેદનો સિવાય બીજો કોઈ પુરાવો નથી. તેઓની દલીલ સાથે હું સંમત છું. ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ તમામ પુરાવા ધ્યાને લેતા આ આરોપી આ કાવતરાના ગુનામાં તથા આ બનાવોમાં સંડોવાયેલો હોય તેવો એક પણ મૌખિક કે દસ્તાવેજી પુરાવો ફરિયાદપક્ષ તરફથી રજૂ થયેલ પુરાવામાં નથી . આરોપી નં.૩૫ નુ કબૂલાત નિવેદન ધ્યાને લેતા આ આરોપી હાલોલ–પાવાગઢના કેમ્પમાં હાજર હતો પરંતુ તેનુ નિવેદન સોગંદ ઉપર લેવામાં આવેલ હોય તે ગેરકાયદેસર છે. આરોપી નં.૨૧ નુ કબૂલાત નિવેદન ધ્યાને લેતા આરોપી નં.૨૧ પોતે આ આરોપી નં.૨૦ તથા આરોપી નં.૨૨નાઓ હાલોલ–પાવાગઢ ખાતેના કેમ્પમાં હાજર રહેલા હતા અને કેમ્પ પુરો થયા પછી તેમના વતન રાજસ્થાન જતા રહેલ છે. આ સિવાય આ આરોપી વિરૂધ્ધ આ બનાવમાં સંડોવણી બાબતેનો કોઈ પુરાવો રજૂ થયેલો નથી. આરોપી નં.૨૦નાઓએ કોઇ મેજિસ્ટ્રેટ રૂબરૂ કબૂલાત નિવેદન આવેલું નથી. તપાસ કરનાર અધિકારીને આ આરોપીએ કોઇ માહિતી આપી હોય અને તે માહિતીના આધારે તપાસ કરનાર અધિકારીએ પુરાવાના કાયદાની કલમ–૨૭ હેઠળનું પંચનામું બનાવ્યું હોય અને કોઇ વસ્તુની શોધ કરી હોય તેમજ આ આરોપી બાબતે અન્ય કોઇ જગ્યા કે દુકાનો કે મકાનો બતાવ્યાના પંચનામા બનાવેલા હોય તેવો પણ પુરાવો નથી પરંતુ આ આરોપી હાલોલ–પાવાગઢ ખાતે આતંકવાદી તાલીમ કેમ્પોમાં હાજર રહી સીમીના સભ્યોને ગેરકાયદેસર કૃત્ય કરવામાં મદદ કરી છે તેમ હું માનું છું.

આરોપી નં.૨૧ મહેંદીહસન ઉર્ફે વીકકી અબ્દુલ અન્સારીનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૨૧ મહેંદીહસન ઉર્ફે વીકકી અબ્દુલ અન્સારીનાઓ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ જુદી–જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી–જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા–જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમણે કઈ–કઈ ભૂમિકા ભજવેલી છે તે સાબિત કરવા માટે ફરીયાદપક્ષ દ્વારા જે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે તે પૈકી સહઆરોપી નં.૨૧ મહેંદીહસન ઉર્ફે વીકકી અબ્દુલ હબીબ અંસારી તથા સહઆરોપી નં.૩૫ રફીયુદ્દીન સરકુદ્દીન કાપડીયાનાઓએ ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબના કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટશ્રી, અમદાવાદ સમક્ષ લખાવેલા તે ધ્યાને લેતા પણ આ આરોપી તેઓની ઉપર મુકવામાં આવેલ આક્ષેપ મુજબના કાવતરામાં સામેલ હોવાનું ફલીત થાય છે.

આ આરોપી નં.૨૧ મહેંદીહસન ઉર્ફે વીકકી અબ્દુલ અન્સારીને ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઈન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે તે પ્રશ્નના જવાબમાં તેને ફરિયાદપક્ષના પુરાવા સંબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના બચાવ માટે જે હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦ માં જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

આ ઉપરાંત આ આરોપીએ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટશ્રી, કોર્ટ નં.૧૧ ને ઉદ્દેશીને તા.૨૫.૧૧.૨૦૦૮ ના રોજ સરકાર વિરૂધ્ધ ફરિયાદ હિન્દી ભાષામાં લખીને મોકલેલી છે તેની પ્રમાણીત નકલ આંક–૯૨૨૬ થી રજૂ કરી છે. આ નકલ ધ્યાને લેતા આરોપીને તા.૮.૧૦.૨૦૦૮ થી તા.૭.૧૧.૨૦૦૮ સુધી ક્રાઈમ બ્રાન્ચની કસ્ટડીમાં રાખેલો અને શારીરિક અને માનસિક ત્રાસ આપેલો.

વધુમાં તેણે જણાવેલુ છે કે, પોલીસ સ્ટેશનમાં એક મેડમ હતા અને તેમને હિન્દી ભાષામાં લખેલા કાગળ આપેલા અને તેની ઉપર હસ્તાક્ષર લીધેલા. તા.૧૦.૧૧. ૨૦૦૮ ના રોજ પોતાને કોર્ટમાં લાવવામાં આવેલા અને મેજિસ્ટ્રેટ સાહેબ સમક્ષ લઈને ગયેલા ત્યાં પેપરમાં શું લખેલુ તેની ખબર નથી. તા.૧૨.૧૧.૨૦૦૮ નાં રોજ ક્રાઈમ બ્રાન્ચના ઓફિસર ફરીથી કોર્ટમાં લઈ ગયેલા અને ત્યાં હસ્તાક્ષરો કરાવેલા. ત્યાં ઘણા કાગળો ઉપર સહીઓ કરાવેલી. જેથી વિનંતી કરેલી છે કે પોતાને ન્યાય મળે અને આ ખતરનાક લોકોથી રક્ષા કરે. આ અરજી આરોપીએ તા.૨૫.૧૧.૨૦૦૮ ના રોજ જેલરશ્રી, અમદાવાદ મધ્યસ્થ જેલ દ્વારા મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧ને મોકલેલી છે. આ પ્રમાણીત નકલ ધ્યાને લઈએ તો આરોપીના કહેવા પ્રમાણે તા.૮.૧૦.૨૦૦૮ થી તા.૭.૧૧.૨૦૦૮ સુધી ક્રાઈમ બ્રાન્ચની કસ્ટડીમાં રાખેલો અને શારીરિક અને માનસીક ત્રાસ આપેલ પરંતુ આ આરોપીને ક્રાઈમ બ્રાન્ચ દ્વારા તા.૮.૧૦.૨૦૦૮ થી તા.૭.૧૧.૨૦૦૮ સુધી ક્રાઈમ બ્રાન્ચની કસ્ટડીમાં રાખેલો અને શારીરિક અને માનસિક ત્રાસ આપેલ હોય તો તે અંગેની કોઈ ફરિયાદ શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ ના કામે તા.૯.૧૦.૨૦૦૮ ના રોજ આરોપીને મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧ સમક્ષ રજૂ કર્યા ત્યારે આપેલી નથી. તા.૯.૧૦.૨૦૦૮ ના રોજ મેજિસ્ટ્રેટ રૂબરૂ તેઓને રજૂ કર્યા તે રીપોર્ટ ધ્યાને લઈએ તો આરોપીએ મેજિસ્ટ્રેટશ્રીને ક્રાઈમ બ્રાન્ચમાં માર માર્યા અંગેની કે ત્રાસ આપ્યા અંગે કોઈ રજૂઆત કરેલી નથી. ઉલટાનું મેજિસ્ટ્રેટશ્રીએ પોલીસ વિરૂધ્ધ કોઈ અયોગ્ય વર્તનની કોઈ ફરિયાદ કરતો નથી જેથી આરોપીને જયુડીશીયલ કસ્ટડીમાં લેવામાં આવે છે તેવો હુકમ કરી મેજિસ્ટ્રેટશ્રીએ તારીખ લખી પોતાની સહી કરેલ છે. તા.૮.૧૦.૨૦૦૮ થી તા.૭.૧૧.૨૦૦૮ સુધી ક્રાઈમ બ્રાન્ચની કસ્ટડીમાં રાખેલો અને શારીરિક અને માનસીક ત્રાસ આપેલો હોય તેવી હકીકત બનેલી નથી. આ સમય દરમ્યાન આરોપી જ નહીં પરંતુ તેઓના કુટુંબીજનોએ પણ તપાસ કરનાર અધિકારીના ઉપલા અધિકારીને કે કોર્ટમાં આવીને પણ કોઈપણ પ્રકારની દાદ માંગતી અરજી આપેલી નથી માટે આરોપીને તા.૮.૧૦.

૨૦૦૮ થી તા.૭.૧૧.૨૦૦૮ સુધી ક્રાઈમ બ્રાન્ચની કસ્ટડીમાં રાખેલો અને શારીરિક અને માનસીક ત્રાસ આપ્યાની હકીકત માનવા યોગ્ય નથી. આમ, મારા સ્પષ્ટ મંતવ્ય પ્રમાણે આરોપીએ તા.૨૫.૧૧.૨૦૦૮ ના રોજ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧ ને સરકાર વિરૂધ્ધ ફરિયાદ આપેલી તે ઉપજાવી કાઢેલી ફરિયાદ છે તેવુ ચોકકસપણે કહી શકાય. આ ફરિયાદ તેઓએ સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતેથી મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧ ને મોકલેલી છે. આરોપીના જુદા–જુદા કેસોમાં રીમાન્ડ પુરા થયા પછી જયારે આરોપી જયુડીશીયલ કસ્ટડીમાં ગયા પછી ત્યારબાદ સમજી વિચારીને પોતાનો બચાવ ઉભો કરવા માટે આ ફરિયાદ અરજી મોકલેલી હોવાનું સ્પષ્ટપણે જણાય આવે છે. આરોપીએ પોતાના વિશેષ નિવેદનમાં ઉપરોકત જે હકીકત જણાવેલી છે તે અંગે આરોપીએ કોઈ સાહેદ તપાસેલા નથી કે વિશેષ નિવેદનની હકીકત પુરવાર કરવા માટે અન્ય કોઈ પુરાવો રજૂ કરેલો નથી. જેથી આરોપીએ વિશેષ નિવેદનમાં જે કાંઈ હકીકતો જણાવી છે તે ખોટી છે તેમ હું માનુ છું તથા આંક–૯૨૨૬ વાળી ફરિયાદ પોતાનો બચાવ ઉભો કરવા જાણી જોઈને ઉભી કરેલ હોવાનું માલુમ પડે છે. વિશેષ નિવેદનમાં આરોપીએ જે કાંઇ હકીકતો જણાવી છે તે પણ પ્રથમ વખત જણાવી છે અને તે માટે કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ કરેલો નથી માટે આરોપીની આ બચાવ અંગેની કોઇ હકીકત માનવા યોગ્ય નથી.

આરોપી નં.૨૧ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમીત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૭૮૬, ૭૯૦, ૭૯૨, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ છે. આ ઉપરાંત આરોપીનું પોતાનુ કબૂલાત નિવેદનો પણ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતા આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું નિવેદન નોંધાવવા માટે જે અરજી આપેલી તે આંક–૮૬૨૧ થી રજૂ છે. ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટનો હુકમ આંક–૮૬૨૨ થી રજૂ છે તથા આરોપીનું કબૂલાત નિવેદન આંક–૮૬૨૩ થી રજૂ કરેલુ છે. તા.૭.૧૧.૨૦૦૮ ના રોજ આરોપીને મેજિસ્ટ્રેટ રૂબરૂ રજૂ કર્યો તે અંગેનો કોઈ પુરાવો નથી. પરંતુ મારા મત પ્રમાણે તે અંગેની સ્પષ્ટ નોંધ મેજિસ્ટ્રેટ દ્વારા કરવામાં આવેલી નથી પરંતુ નિવેદન ધ્યાને લેતા સ્પષ્ટ કહી શકાય કે, તા.૭.૧૧.૨૦૦૮ના રોજ આરોપીને મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૫ સમક્ષ રજૂ કરેલો છે અને વિચારવા માટે તા.૧૦.૧૧.૨૦૦૮ નો સમય આપેલો છે. વધુમાં દલીલ કરતા જણાવવામાં આવેલ છે કે, નિવેદન નોંધતા પહેલા મેજિસ્ટ્રેટશ્રીએ આરોપી નિવેદન સ્વૈચ્છિક રીતે આપવા માંગે છે કે કેમ? તે બાબતે ઈન્કવાયરી કરેલી નથી પરંતુ નિવેદન ધ્યાને લેતા આરોપીની સ્વૈચ્છિકતા બાબતે મેજિસ્ટ્રેટશ્રીએ ઈન્કવાયરી કરેલાનું સ્પષ્ટપણે જણાય આવે છે. વધુમાં દલીલ કરવામાં આવે છે કે નિવેદન નોંધનાર મેજિસ્ટ્રેટની ઊલટતપાસ કરવાની તક આરોપીઓને મળેલી નથી. પરંતુ મારા મત પ્રમાણે ફરિયાદપક્ષ દ્વારા મેજિસ્ટ્રેટને તપાસવામાં આવેલા નથી જેથી ઉલટ તપાસનો કોઈ પ્રશ્ન રહેતો નથી. વધુમાં દલીલ કરવામાં આવેલ છે કે આરોપીના કબૂલાત નિવેદનને સમર્થનકારી પુરાવાથી સમર્થન મળવુ જોઈએ પરંતુ આરોપીના નિવેદનને સમર્થન મળે તેવો કોઈ પુરાવો નથી. પરંતુ મારા મત પ્રમાણે આરોપી નં.૨૧ જાન્યુઆરી–૨૦૦૮ મા હાલોલ–પાવાગઢ ખાતે તાલીમ કેમ્પમાં પૂર્ણ સમય સુધી હાજર રહેલો છે તેવુ જણાય આવે છે માટે આ નિવેદનનો ઉપયોગ તેની સામે થઈ શકે. વધુમાં દલીલ કરતા જણાવવામાં આવે છે કે, આ આરોપીએ આંક–૯૨૨૬ ની અરજીથી આ નિવેદન તા.૨૫.૧૧.૨૦૦૮ના રોજ પરત ખેંચેલુ છે. કબૂલાત નિવેદન આરોપીએ દબાણના કારણે આપેલુ હતુ પરંતુ તેનુ નિવેદન ધ્યાને લેતા મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ સમક્ષ આરોપીએ સ્વૈચ્છિક રીતે નિવેદન નોંધાવેલુ છે, વિચારવા માટે પૂર્ણ સમય આપેલો છે માટે નિવેદન દબાણના

કારણે આપેલાની હકીકત ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. આરોપીએ કબૂલાત નિવેદન પરત ખેંચેલુ છે તેથી કરીને તે નિવેદન તેની સામે પુરાવા તરીકે ના વંચાય તેવુ નથી. આરોપીની પોતાની સામે તેમજ બીજા સહઆરોપીઓ સામે પણ વંચાણે લઈ શકાય. આ અંગેની વિસ્તૃત ચર્ચા કબૂલાત નિવેદનોના પેરામાં કરેલી છે. આરોપીને ત્રાસ આપેલાની કે માર મારેલાની હકીકતો મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટે સ્વીકારેલી નથી અને તે અંગેનો આંક–૯૧૯૭ થી રજૂ થયેલો છે. વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપીઓ આ કહેવાતા ગુનાઓમાં સંડોવાયેલો નથી. પરંતુ આ આરોપી હાલોલ–પાવાગઢ ખાતે આતંકવાદી તાલીમ કેમ્પોમાં હાજર રહી સીમીના સભ્યોને ગેરકાયદેસર કૃત્ય કરવામાં મદદ કરી છે તેમ હું માનું છું.

આરોપી નં.૨૨ ઈમરાન અહેમદ ઉર્ફે રાજા સીરાજ અહેમદ હાજી પઠાણનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૨૨ ઈમરાન અહેમદ ઉર્ફે રાજા સીરાજ અહેમદ હાજી પઠાણનાઓ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ નાં રોજ જુદી–જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી–જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા–જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમણે કઈ–કઈ ભૂમિકા ભજવેલી છે તે સાબિત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે તેમાં સહઆરોપી નં.૨૧ મહેંદીહસન ઉર્ફે વીકકી અબ્દુલ હબીબ અંસારી તથા સહઆરોપી નં.૩૫ રફીયુદ્દીન સરકુદ્દીન કાપડીયાનાઓએ ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબના કબૂલાત નિવેદનો

મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટશ્રી, અમદાવાદ સમક્ષ લખાવેલા તે ધ્યાને લેતા પણ આ આરોપી તેઓની ઉપર મુકવામાં આવેલ આક્ષેપ મુજબના કાવતરામાં સામેલ હોવાનું ફલીત થાય છે.

આ આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ ના વિશેષ નિવેદનમાં જે કાંઇ હકીકત લખાવી છે તે આ ચુકાદાના પેરા નં.૨૦ મા જણાવી છે જેથી તેનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી. આ આરોપીએ પોતાના બચાવમાં કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ કરેલો નથી.

આરોપી નં.૨૨ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૭૮૬, ૭૯૦, ૭૯૨, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ છે. આ ઉપરાંત આ આરોપી નં.૨૧, ૩૫ ના કબૂલાત નિવેદનો પણ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતાં આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવો તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપીની ઓફિશીયલ અટક તા.૯.૧૦.૨૦૦૮ ના રોજ કરવામાં આવેલી છે. આંક–૧૨૨ થી ફરમાવવામાં આવેલા તહોમતનામામાં આ આરોપીએ કોઈ ચોકકસ ભૂમિકા ભજવી હોય તેવો કોઈ આક્ષેપ નથી. ફરિયાદપક્ષ દ્વારા આ આરોપીની સંડોવણી બતાવવા માટે આરોપી નં.૨૧ તથા ૩૫ ના કબૂલાત નિવેદનો સિવાય બીજો કોઈ પુરાવો નથી. તેઓની દલીલ સાથે હું સંમત છું. ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ તમામ પુરાવા ધ્યાને લેતા આ આરોપી આ કાવતરાના ગુનામાં તથા આ બનાવોમાં સંડોવાયેલો હોય તેવો એક પણ મૌખિક કે દસ્તાવેજી પુરાવો ફરિયાદપક્ષ તરફથી રજૂ થયેલ પુરાવામાં નથી. આરોપી નં.૩૫ નુ કબૂલાત નિવેદન ધ્યાને લેતા આ આરોપી હાલોલ–પાવાગઢના કેમ્પમાં હાજર હતો પરંતુ તેનુ નિવેદન સોગંદ ઉપર લેવામાં આવેલ

હોય તે ગેરકાયદેસર છે. આરોપી નં.૨૧ નુ કબૂલાત નિવેદન ધ્યાને લેતા આરોપી નં.૨૧ પોતે આ આરોપી નં.૨૨ તથા આરોપી નં.૨૦નાઓ હાલોલ–પાવાગઢ ખાતેના કેમ્પમાં હાજર રહેલા હતા અને કેમ્પ પુરો થયા પછી તેમના વતન રાજસ્થાન જતા રહેલ છે.આ સિવાય આ આરોપી વિરૂધ્ધ આ બનાવમાં સંડોવણી બાબતેનો કોઈ પુરાવો રજૂ થયેલો નથી. આરોપી નં.૨૨નાઓએ કોઇ મેજિસ્ટ્રેટ રૂબરૂ કબૂલાત નિવેદન આપેલું નથી. તપાસ કરનાર અધિકારીને આ આરોપીએ કોઇ માહિતી આપી હોય અને તે માહિતીના આધારે તપાસ કરનાર અધિકારીએ પુરાવાના કાયદાની કલમ–૨૭ હેઠળનુ પંચનામું બનાવ્યું હોય અને કોઇ વસ્તુની શોધ કરી હોય તેમજ આ આરોપીએ તે બાબતે અન્ય કોઇ જગ્યા કે દુકાનો કે મકાનો બતાવ્યાના પંચનામા બનાવેલા હોય તેવો પણ પુરાવો નથી પરંતુ આ આરોપી હાલોલ–પાવાગઢ ખાતે આતંકવાદી તાલીમ કેમ્પોમાં હાજર રહી સીમીના સભ્યોને ગેરકાયદેસર કૃત્ય કરવામાં મદદ કરી છે તેમ હું માનું છું.

આરોપી નં.૨૩ અયાઝ રઝાકમીયા સૈયદનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૨૩ ઐયાઝ રઝાકમીયા સૈયદનાઓ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ જુદી–જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી–જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા–જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમને કઈ–કઈ ભૂમિકા ભજવેલી છે તે સાબિત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે તે પૈકી જનરલ સાહેદ તરીકે સાહેદ નં.૯૫૭ તરીકે ઝાકીર હુસેન અબ્દુલ જબ્બાર કુરેશી તથા સાહેદ નં.૧૧૦૬ તરીકે ફિરોઝ દિલાવર શેખ તથા આ જ આરોપીએ ગુનામાં માફી માંગતી અરજી આંક–

૮૦૫૬ અદાલતને આપેલી અને આરોપીને શરતી માફી આપેલી. ત્યારબાદ આરોપીને ફરિયાદપક્ષના સાહેદ તરીકે સાહેદ નં.૧૧૪૧ તરીકે તપાસેલ છે. આ આરોપીની સાહેદો રૂબરૂ ઓળખ પરેડ કરાવનાર મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૮૮ તરીકે લક્ષ્મણ કેશવલાલ પારઘીને તપાસવામાં આવેલા છે અને તેઓ તમામની જુબાની ધ્યાને લેતા આ આરોપીની સામે મુકવામાં આવેલ આક્ષેપો મુજબના કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા એકબીજાની મદદગારી કરીને અમદાવાદ શહેરમાં જુદી-જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરેલા છે તેમજ સુરતની જુદી-જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલ હોવાનું ફલીત થાય છે.

આરોપી નં.૨૩એયાઝ રઝાકમીંયા સૈયદનાઓએ આ કેસની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન આંક-૮૦૫૬ થી ગુના માફી અંગેની વિગતવાર અરજી તા.૧૧/૩/૨૦૧૯ નાં રોજ આ કોર્ટને ઉદ્દેશીને લખેલી જે યુ.ટી. જેલર અમદાવાદ મધ્યસ્થ જેલ દ્વારા તેઓના ફોરવર્ડિંગ પત્ર જાવક નં.યુ.ટી.પી./૧/૮૬૯/૨૦૧૯ તા.૧૧/૩/૨૦૧૯ નાં રોજ આ અદાલતને કલાક ૨.૫૦ (પી.એમ.) વાગે મળેલી. આ અરજી લગત ફરિયાદપક્ષને નોટિસ કાઢવામાં આવેલી અને ફરિયાદપક્ષ દ્વારા આંક-૮૦૭૫ થી જવાબ રજૂ કરવામાં આવેલો અને જવાબ પ્રમાણે જો આરોપી ગુના કબૂલાતવાળી સત્ય હકીકતો સંપુર્ણ રીતે નામદાર કોર્ટમાં પુરાવાથી જણાવે તો શરતોને આધીન માફી આપવા વિનંતી કરેલી. ત્યારબાદ આરોપીને અને ફરિયાદપક્ષને સાંભળીને તા.૨૭/૩/૨૦૧૯ ના રોજ આરોપી નં.૨૩ એયાઝ રઝાકમીંયા સૈયદને શરતી માફી આપવામાં આવેલી અને તે અંગેનો હુકમ આરોપીને વંચાવેલો અને આરોપીએ હુકમ વાંચીને તેઓ પોતે અદાલતે ફરમાવેલી શરતોનો સ્વીકાર કરીને પોતાની સહી કરેલી છે. ત્યારબાદ આ સાહેદ આરોપીને ફરિયાદપક્ષે સાહેદ નં.૧૧૪૧ તરીકે આંક-૮૧૯૧ થી સાહેદ તરીકે તપાસેલા છે અને તેઓની જુબાની ધ્યાને લેતા આરોપીએ ફરમાવેલી શરતોનું પાલન કરેલુ છે અને તેઓને ગુના માફી આપવામાં આવેલી છે. ત્યારબાદ આ આરોપીએ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સ્પેશીયલ

ક્રિમીનલ એપ્લીકેશન (ફોર રેગ્યુલર બેલ) નં.૧૦૪૧/૨૦૨૦ તા.૧૧/૨/૨૦૨૦ ના રોજ દાખલ કરેલી અને નામદાર ગુજરાત હાઈકોર્ટે સદર આરોપીને તા.૧૭/૬/ ૨૦૨૦ ના રોજ શરતોને આધીન જામીન મુકત કરવાનો હુકમ કરેલ છે. આમ આ આરોપીને ગુના માફી આપવામાં આવી છે પરંતુ તે અગાઉ તેની વિરૂધ્ધ ફરિયાદપક્ષે ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન જે કાંઈ પુરાવા રજૂ કરેલા છે તે પુરાવાની ચર્ચા કરવી જરૂરી છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે અબ્બાસભાઈ હાજીભાઈ વોરાને સાહેદ નં.૯૩૨ તરીકે આંક–૬૬૦૧ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ સને–૨૦૦૮ની સાલમાં આ સાહેદ ગ્રીન સીગ્નલ હોટલ સારંગપુર ખાતે ચાની હોટલ પર નોકરી કરતા હતા. આ હોટલ આનંદ કલોથ માર્કેટ સારંગપુર બ્રિજના ખૂણા ઉપર આવેલી હતી આ હોટલના બે ભાગીદાર હતા તે પૈકી એક અબ્દુલ અઝીજભાઇ શેખ તથા અબ્દુલ રશીદભાઇ મોદનનાઓ હતા. આ સાહેદની હોટલના કાઉન્ટર ઉપર ટેલીફોનનો ડબ્બો (રીલાયન્સનો પી.સી.ઓ.) રાખવામાં આવેલો હતો. આ ટેલીફોનના ડબ્બામાં એક રૂપિયાનો સિક્કો નાંખવાથી ફોન થઇ શકતો હતો. આ ટેલીફોન ડબ્બાનો નંબર હાલ યાદ નથી પરંતુ "૩૨" ની સીરીઝનો નંબર હતો.

સાહેદ વધુમાં જણાવે છે કે તા.૮/૯/૨૦૦૮ ના રોજ પોલીસ આ સાહેદ પાસે આવેલી અને પુછેલુ કે તમારે ત્યાંથી એક માણસે ફોન કરેલો હતો તો જણાવેલ કે બહુ ખ્યાલ નથી પરંતુ જો બતાવવામાં આવે તો તેને ઓળખી શકે. આ સાહેદને ખ્યાલ છે કે તે માણસ પાતળો દુબળો અને કલીન સેવ વાળો હતો. તે માણસ તેમના કાઉન્ટર ઉપર આશરે ચાર સાડા ચાર વાગે આવેલો હશે. તે માણસ જયારે આવ્યો ત્યારે આ સાહેદ હોટલના કાઉન્ટર ઉપર હતા. તે વ્યકિતએ આવીને ડબ્બાના ખાંનામાં એક સિક્કો નાંખી ફોન કરેલો હતો. સાહેદ જણાવે છે કે ફોન ઉપર તેને શી વાત કરેલી તેનો ખ્યાલ નથી. જે દિવસે તે વ્યકિતએ એક રૂપિયાનો સિક્કો નાંખી ફોન ઉપર વાત કરી તે દિવસે સાંજે અમદાવાદમાં બોંમ્બ બ્લાસ્ટ થયેલા.

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ થોડા ટાઈમ પછી ક્રાઈમ બ્રાન્ચના પોલીસ અધીકારી સાંજના પાંચ સાડા છ વાગે તેમની હોટલ ઉપર આવેલા. તેમને આવીને કાગળ આપેલો જે લખેલો હતો અને કહેલું કે આવતી કાલે ઘી કાંટા કોર્ટમાં ઓળખ પરેડ માટે આવવાનું છે. ત્યારબાદ બીજા દિવસે આ સાહેદ ઓળખ પરેડ માટે સીધા સાંજે પાંચ વાગે ઘી કાંટા કોર્ટમાં મેજિસ્ટ્રેટ સાહેબ પાસે ગયેલા ત્યાં છ માણસ ઉભેલા હતા અને કહેલુ કે આ છ માણસમાંથી તમારે તે માણસને ઓળખવાનો છે સાહેબે એમ પણ કહેલુ કે, તે માણસને ઓળખીને હાથ પકડીને બહાર કાઢવાનો છે ત્યારબાદ તે છ લોકોની નજીક ગયેલા તેઓને બરાબર જોયેલા અને જોયા પછી જે વ્યકિત લાગેલો તેનો હાથ પકડી બહાર કાઢેલો. જે વ્યકિતને હાથ પકડીને બહાર કાઢેલો તે વ્યકિતનું સાહેબે નામ પુછેલુ તો તેણે તેનું નામ એૈયાઝ સૈયદ જણાવેલુ. તેને તેનુ સરનામું પણ પુછેલુ તો તેણે તેનું સરનામુ વટવા અમદાવાદનું જણાવેલ. સાહેબે આ સાહેદનું નામ સરનામું પણ પુછેલુ અને ઓળખ પત્ર પણ માંગેલુ અને સાહેબે ઓળખપત્ર જોઈને જવા માટે કહેલુ. આ સાહેદે જે વ્યકિતને હાથ પકડીને કાઢેલો તે વ્યકિતએ તેમને ત્યાંથી ફોન કરેલો હતો તેવુ લાગતા તેને હાથ પકડીને બહાર કાઢેલો. જે વ્યકિતને હાથ પકડીને બહાર કાઢેલો તેને આજે ઘણો સમય થઇ ગયેલ હોય ઓળખી શકતા નથી અને જણાવેલ છે કે બનાવને ઘણો સમય થઇ ગયેલ છે તે વખતે તે વ્યકિત કલીન સેવમા હતો જયારે અત્યારે બતાવવામાં આવેલા આરોપીઓમાં ઘણા બધા દાઢી મુછ વાળા છે તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો ગ્રીન સીગનલ હોટલમાં નોકરી કરતા હતા તે બાબતે કોઈ દસ્તાવેજી પુરાવો પોલીસને આપેલો નહીં અને આવો કોઈ દસ્તાવેજી પુરાવો પોતાની પાસે નથી તે કબૂલ કરે છે. તે વખતે હોટલમાં ૧૨ થી ૧૫ જેટલા ટેબલો હતા તે કબૂલ કરે છે. હોટલમાં ચા નાસ્તો કરવાવાળા લોકોની અવર જવર રહેતી હતી તે કબૂલ કરે છે. હોટલનુ કાઉન્ટર રોડના નાકા પર હતુ. ટેલીફોનનુ બોક્ષ પ્રવેશ દ્વાર પાસે રસ્તા ઉપર મુકવામાં આવેલ હતુ તે કબૂલ કરે છે. કોઈ વ્યકિતને ટેલિફોનના બોક્ષ ઉપરથી વાત કરવી

હોય તો બહાર ઉભા રહી એક રૂપિયાનો સિક્કો નાખી જતો રહે તો તે કબૂલ કરે છે. પોલીસ રૂબરૂના જવાબમાં ટેલિફોનનો નંબર લખાવેલો નહીં પરંતુ સાહેદ જણાવે છે કે સાહેબ નંબર લઈને આવેલા હતા. તે નંબર પી.સી.ઓ.નો નંબર હતો કે કેમ? તે યાદ નથી. પોલીસને કોઈ વ્યકિતનું વર્ણન આપ્યુ હોય અને તે વ્યકિતનો સ્કેચ બનાવેલો હોય તેવુ બન્યુ નથી. ઓળખ પરેડમાં જવાનું છે તેવી જાણ કરવા પોલીસવાળા હોટલ ઉપર આવેલા હતા. આરોપી કેટલા સમયથી કસ્ટડીમાં હતો તે પોલીસે કહેલુ નહીં. જે મેજિસ્ટ્રટ પાસે ગયેલા તેમનુ વર્ણન આપી શકે નહીં. મેજિસ્ટ્રેટ સાહેબની રૂમમાં લાઈનમાં છ માણસો હતા તેમના નામ સરનામા કે વિગતો જાણવા મળેલી નહીં. છ માણસોમાંથી તમે તે માણસને ઓળખી હાથ પકડી બહાર કાઢો તે સિવાય બીજી કોઈ સુચના મળેલી નહીં. મેજિસ્ટ્રેટ સાહેબે રૂમની બહાર મોકલ્યા પછી ફરીથી રૂમમાં બોલાવેલા હોય તેવુ બન્યુ નથી. લાઈનમાં ઉભેલા માણસો પૈકી કયા નંબરનો માણસ બહાર કાઢેલો તે યાદ નથી. જે વ્યકિત ફોન કરવા આવેલો તેનુ વર્ણન પોલીસ નિવેદનમાં લખાવેલુ હોય તેવુ બનેલુ નથી તો તે હકીકત નકારે છે. આરોપીને કોર્ટમાં નહીં ઓળખવા માટેના ખોટા કારણો આપેલા છે તો તે હકીકત નકારે છે. પોલીસ સાહેદની પાસે આવી ત્યારે ટેલીફોન નંબરની પ્રિન્ટ લઈને આવેલી હતી. પોલીસ આવી તે પહેલા ફોન કરનાર વ્યકિત કેટલો સમય પહેલા આવી હશે તે કહી શકે નહીં. ફોન કરવા કેટલી વ્યકિતઓ આવતી હતી તેની અંદાજે સંખ્યા કહી શકે નહીં.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો સને – ૨૦૦૮ની સાલમાં આ સાહેદ સારંગપુર ગ્રીન સીગનલ હોટલમાં નોકરી કરતા હતા અને હોટલમાં બહારના ભાગે એક સિક્કો નાખીને ફોન કરી શકાય તેવુ ટેલિફોનનું બોક્ષ મુકેલુ હતુ. આરોપી નં.૨૩ નાઓએ આ જગ્યા ઉપરથી ફોન કરેલો હતો અને તા.૧૬.૯.૨૦૦૮ ના રોજ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૮૮ની રૂબરૂમાં આ સાહેદે આરોપી નં.૨૩ ને આંક–૩૧૩૯ ના પંચનામાની વિગતે ઓળખી બતાવેલો હતો.

આ સંબંધમાં આ જ આરોપીની જુબાની ધ્યાને લઈએ તો જુબાનીના પેરા નં.૧૫ માં આ સાહેદ જણાવે છે કે ૨૬–જુલાઈ–૨૦૦૮ ના રોજ બપોરના ચાર વાગે સારંગપુર બ્રિજ પાસે પહોંચી ગયેલ અને બ્રિજની પાસે એક હોટલમાં પી.સી.ઓ.નું ડબલુ હતુ ત્યાંથી કયામુદ્દિનને ફોન કરેલ. કયામુદ્દિને ફોન ઉપાડીને કહેલુ કે તું ત્યાંથી શટલ રીક્ષામાં બેસી અજીતમીલ ચાર રસ્તા પહોચી જા. એવુ પણ કહેલુ કે ત્યાં પહોચીને ફરીથી ફોન કરજે. ત્યારબાદ ત્યાં પહોચ્યા પછી ચાર રસ્તા ઉપર પી.સી.ઓ.નું ડબલુ હતુ ત્યાંથી પણ કયામુદ્દીનને ફોન કરેલો તેમ જણાવે છે. આમ આ પી.સી.ઓ. ઉપરથી સાહેદ એૈયાજે આ કામના આરોપી નં.૩૭ કયામુદ્દીનને ફોન કરેલો તે હકીકતને સમર્થન મળે છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે કીશનલાલ ગોદરજી જાટને સાહેદ નં.૯૩૫ તરીકે આંક–૬૬૧૧ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ છેલ્લા ૨૫ વર્ષથી નરોડા ભાગોળ પાસે "ક્રિષ્ના આઇસ્ક્રીમ" ના નામે લારી ચલાવે છે અને લારી ઉપર ફ્રૂટ સલાડ, આઇસ્ક્રીમ તથા કુલ્ફી વેચે છે. તા.૧૩/૯/૨૦૦૮ ના રોજ પોલીસ તેમની લારી ઉપર આવેલી અને પુછેલુ કે તમારે ત્યાં કોઇ અજાણ્યા માણસ આવેલા તો પોલીસને કહેલ કે હા અજાણ્યા માણસ બે છોકરા આવેલા. આ છોકરાઓએ તેમની લારી ઉપર ફ્રૂટ સલાડ પીધેલો હતો. આ બંને છોકરા સને–૨૦૦૮ની સાલમાં સાતમા મહિનામાં આવેલા હતા. આ છોકરાઓએ ફ્રૂટ સલાડ બે ગ્લાસ તેમની લારી ઉપરથી તેમની પાસેથી લીધા હતા અને તેઓ ફ્રૂટ સલાડ લઇ થોડા દુર ઉભા રહીને પીતા હતા. આ સાહેદને એમ લાગેલુ કે આ છોકરાઓ બહારના છે નવા છે અને તે પૈસા આપશે નહીં તે માટે તેમના ઉપર નજર રાખતા હતા. ત્યારબાદ આ છોકરાઓ રૂપિયા દસ આપીને જતા રહેલા. આ બંને છોકરા પાતળા સરખા હતા અને દાઢી મૂછ વગરના હતા. સાહેબે એમ પણ પુછેલુ કે આ છોકરાઓને ઓળખી શકશો? તો સાહેબને કહેલ કે "હા" બતાવશો તો ઓળખી શકશે.

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ ૧૫મી તારીખે એક સાહેબ આ સાહેદ પાસે આવેલા અને એક કાગળ આપેલો કાગળમાં લખીને આપેલ કે આ

કોર્ટ નંબર છે અને આવતી કાલ સાંજે પાંચ વાગે ૧૬મી તારીખે ઘી કાંટા કોર્ટ નં. ૧ માં જવાનું કહેલ. ત્યારબાદ ૧૬મી તારીખે ચાર એક વાગે આ સાહેદ પોતાના ઘરેથી નીકળેલ અને પોણા પાંચ વાગે કોર્ટ ઉપર પહોંચેલો. ત્યાં એક પટ્ટાવાળો ખુરશી ઉપર બેઠો હતો તેમને કાગળ બતાવેલો તો તે પટ્ટાવાળા ભાઈએ કહેલ કે આજ કોર્ટ છે. પછી અંદર જઈને કહેલ કે અહીંયા થોડી વાર બેસો ત્યારબાદ પંદર મિનિટ પછી કહેલુ કે અંદર સાહેબની કોર્ટમાં ચાલો તેમ કહી અંદર બોલાવેલા. કોર્ટમાં ગયા ત્યારે એક સાહેબ ત્યાં બેઠેલા હતા અને બે જણા જોડે ઉભેલા હતા અને છ જણા સામેની સાઈડે ઉભેલા હતા. સાહેબે સૌ પ્રથમ નામ અને સરનામુ પુછેલુ જેથી સાહેબને નામ સરનામું કહેલ. સાહેબે આઇ.ડી. માંગતા ચુંટણી કાર્ડ બતાવેલુ. પછી સાહેબે એમ કહેલુ કે આ છ જણા ઉભા છે તેમાંથી તમો કોઇપણ આરોપીને ઓળખી શકશો? ત્યારબાદ આ છ જણાઓ માંથી એક જણને ઓળખેલો આ માણસ તેમની લારી ઉપર ફ્રૂટ સલાડ પીવા આવેલો હતો માટે તેને ઓળખેલો. આ સાહેદે તેનો હાથ પકડીને બહાર કાઢેલો પછી સાહેબે તેનું નામ પુછેલુ તો તેણે તેનુ નામ "એયાઝ સૈયદ" જણાવેલું અને તે વટવાનો રહેવાસી હોવાનું જણાવેલુ. સાહેબે પુછેલુ કે કેવી રીતે તેને ઓળખેલો તો સાહેબને જણાવેલ કે આ માણસ તેમની લારી ઉપર ફ્રૂટ સલાડ પીવા આવેલો હતો અને પૈસાની રકજક બે પાંચ મિનિટ થયેલી જેથી તેને ઓળખેલો. સાહેદ આરોપીને ઓળખી બતાવતા નથી અને જણાવેલ છે કે જે તે વખતે આરોપીને જોયો ત્યારે તે ૨૦–૨૫ વર્ષનો હતો દાઢી ન હતી ટોપી ન હતી જયારે આજે ઘણા દાઢી અને ટોપી વાળા છે માટે આરોપીને ઓળખી શકતા નથી.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ રાજસ્થાનના વતની છે ગુજરાતી વાચતા આવડતુ નથી. નિવેદનો કયા પોલીસ અધિકારીએ લીધેલા તેમના નામ યાદ નથી. ફ્રૂટ સલાડ પીધા પછી તે છોકરાઓ સાથે પૈસાની જે રકજક થયેલી તે બાબતે પોલીસને કહેલુ નહીં. નરોડા ગામમાં ગેલેક્ષી સીનેમા પાસે લારી ઉભી રાખે છે તો તે હકીકત નકારી છે. જયા લારી ઉભી રાખે છે ત્યાં બીજી પણ ખાણીપીણીની લારીઓ ઉભી રહે છે તો તે હકીકત નકારે છે. જયાં

લારી ઉભી રાખે છે તે જગ્યા મ્યુનિસિપાલિટીની જગ્યા છે તે કબૂલ કરે છે. લારી રોડ ઉપર ઉભી રાખે છે તે કબૂલ કરે છે. લારી ઉભી રાખે છે તે જગ્યા જંકશનવાળી જગ્યા છે અને ત્યાં લોકોની અને વાહનની અવર–જવર રહેતી હોય છે તે કબૂલ કરે છે. લારી ઉપર રોજ ઘણા લોકો આવતા જતા હોય છે. મેજિસ્ટ્રેટ કોર્ટમાં જવા માટે પોલીસના માણસે જે કાગળ આપેલો તે આજે મારી પાસે નથી તેમ જણાવે છે. તે દિવસે પોલીસે સહી લીધેલી નહીં. સને–૨૦૦૮ ની સાલમાં પોલીસ સ્ટેશને જવાના પ્રસંગો બનેલા નહીં. કલેકટર કચેરી કમ્પાઉન્ડમાં કઈ કોર્ટો છે તેનો ખ્યાલ નથી. અબ્બાસભાઈ કાળુભાઈને ઓળખતા નથી. મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં ગયા ત્યારે બાજુમાં બે માણસો બેઠા હતા તેમના નામની ખબર નથી. પોલીસ પ્રથમ વખત આવી ત્યારે બે માણસોનુ વર્ણન આપેલુ નહીં. પોલીસે ફોટા બતાવ્યા હોય અને ઓળખ્યા હોય તેવુ બન્યુ નથી. પોલીસ ઐયાઝ નામના વ્યકિતને લઈને આવી હોય અને કહયુ હોય કે અમે તમારી લારી ઉપર ફ્રુટ સલાડ પીધેલુ તો તેવુ બનેલુ નથી. ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે લઈ જઈ ઐયાઝ નામના માણસને બતાવીને ઓળખાવેલ હોય તેવુ બન્યુ નથી. સને–૨૦૦૮ના જુલાઇ માસમાં અજાણ્યા માણસો લારી ઉપર આવેલા નથી તો તે હકીકત નકારી છે. પોલીસે જવાબ વારંવાર વાચી સંભળાવેલો હોવાથી ખોટી જુબાની આપે છે તો તે હકીકત નકારે છે. પોલીસની કાર્યવાહીમાં કોઈ ભાગ લીધો નથી તો તે હકીકત પણ નકારે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો ૨૦૦૮ની સાલમાં આ સાહેદ નરોડા ભાગોળ પાસે "ક્રિષ્ણા આઈસ્ક્રીમ" નામની લારી રાખીને વેપાર ધંધો કરતા હતા. જુલાઇ–૨૦૦૮ મા આરોપી નં.૨૩ આ સાહેદની લારી ઉપર ફ્રુટ સલાડ પીવા માટે ઉભા રહેલા અને ફ્રુટ સલાડ પીધા પછી આરોપી સાથે પૈસા બાબતે આ સાહેદને રકજક થયેલી. આ સાહેદે તા.૧૬.૯.૨૦૦૮ ના રોજ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૮૮ની રૂબરૂમાં આ સાહેદે આરોપી નં.૨૩ ને આંક–૩૧૩૯ ના પંચનામાની વિગતે ઓળખી બતાવેલો હતો.

આ સંબંધમાં આ જ આરોપીની જુબાની ધ્યાને લઈએ તો જુબાનીના પેરા નં.૧૩ મા આ સાહેદ જણાવે છે કે કાલુપુરથી શટલમાં બેસી નરોડા ગામ ગયેલા અને ચાલતા ચાલતા અંદર નરોડા ગામ તરફ ગયેલા. ત્યાં એક બજાર હતુ ત્યાં ઉભા રહેલા. ત્યાં એક ફ્રુટ સલાડની લારી હતી ત્યાંથી ફ્રુટ સલાડ ખરીદીને પીવા લાગેલા. આમ આરોપીની પોતાની જુબાનીથી સાહેદ નં.૯૩૫ ની જુબાનીને સમર્થન મળે છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે લાભશંકર વજેલાલ જોષીને સાહેદ નં.૯૩૭ તરીકે આંક-૬૬૧૪ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ સને-૨૦૦૮ની વર્ષમાં અજીત મીલ ચાર રસ્તા, નિલકંઠ હોટલની બાજુમાં "જયહિંગળાજ ભોજનાલય" નામની આ સાહેદની હોટલ હતી. તેમની હોટલ ઉપર બહારના ભાગે ફોનનું ડબલું (પી.સી.ઓ.) રાખેલું હતું અને તેનો નંબર ૬૯ થી શરૂ થતો હતો પરંતુ આખો નંબર યાદ નથી અને આ ફોન રીલાયન્સ કંપનીનો હતો. તેમના ધંધાનો સમય સવારે ૧૦ થી ૨ વાગ્યા સુધીનો તથા સાંજે ૬ થી રાત્રીના ૧૧ સુધીનો હતો. તા.૮/૯/૨૦૦૮ ના રોજ પોલિસ તેમની પાસે આવેલી અને પુંછેલું કે તા.૨૬/૭ ના રોજ કોઇ શંકાસ્પદ માણસ ફોન કરવા આવેલો હતો? તો સાહેબને જણાવલું કે હા, તે દિવસે ટેલિફોનના ડબલા પાસે બહાર હોટલ બંધ થવાના સમયે બેસેલો હતો ત્યારે એક વ્યકિત ફોન કરવા આવેલો હતો અને તે વખતે સમય ૪ થી ૫ વાગ્યાનો હશે. તે વ્યકિત પાતળો હતો, ઉંચો હતો અને દાઢી-મુછ વિનાનો હતો. આ વ્યકિત તેમના ફોનના પી.સી.ઓ. ઉપરથી ફોન કરતો હતો અને આ સાહેદ તે વખતે બાજુમાં બેસેલો હતો. ત્યારપછી થોડીવાર બાદ પબ્લિકના અવર-જવર કરતાં માણસોથી જાણવા મળેલું કે બોમ્બ બ્લાસ્ટ થાય છે,બોમ્બ બ્લાસ્ટ થાય છે. સાહેબે એમ પણ પુંછેલું કે તે વ્યકિતને ઓળખો? તો સાહેબને કહેલું કે તે વ્યકિતને જોઉ તો ખ્યાલ આવે.

સાહેદ વધુમાં જણાવે છે કે, તા.૧૫/૯/૨૦૦૮ ના રોજ પોલીસવાળા તેમની પાસે આવેલાં અને એક કાગળ આપેલો અને જણાવેલું કે આ

કાગળમાં સરનામું લખેલું છે તે સરનામે કોર્ટમાં ઓળખ પરેડ માટે જવાનું છે તેમ કહેલું. ત્યારબાદ ૧૬ મી તારીખે આ સાહેદ ઘી કાંટા કોર્ટમાં ગયેલા. આ સાહેદ પાસે જે ચીઠ્ઠી હતી તેના આધારે કોર્ટમાં જઇને પુંછેલું ત્યાં એક પટ્ટાવાળા ભાઇ ઉભેલાં હતાં તેમને કાગળ આપેલ. તે પટ્ટાવાળાભાઇએ બહાર ઉભા રાખીને અંદર ગયેલાં અને પાંચ–સાત મિનિટમાં તે પાછા બહાર આવેલાં અને કહેલું કે બાજુમાં બેસો સાહેબ બોલાવે એટલે બોલાવું. જેથી આ સાહેદ બાજુના રૂમમાં બેઠેલા. ત્યારબાદ અડધો કલાક પછી બોલાવેલો અને બાજુની કોર્ટમાં ગયેલા. ત્યાં પટ્ટાવાળાભાઇએ ઉભા રાખેલા અને તે બહાર નીકળી ગયેલાં. સાહેબે નામ, સરનામું પુંછેલું અને ઓળખપત્ર જોઇ પાછું આપેલું. સાહેબે પુંછેલું કે આ સામે જે વ્યકિતઓ ઉભેલાં છે તેમાંથી તમે ઓળખશો? ત્યારપછી બાજુમાં જઇ દસેક મિનિટ સુધી જોયેલું અને જે ભાઇ ફોન કરવા આવેલા હતા તેનો ચહેરો યાદ આવેલો. સાહેબને કહેલું કે આ વ્યકિત ફોન કરવા આવેલો હતો. બહાર કાઢયા પછી સાહેબે તેનું નામ, સરનામું પુંછેલું. તો તેણે તેનું નામ એૈયાઝ સૈયદ કહેલું અને વટવાનો રહેવાસી હોવાનું જણાવેલું. સાહેબે કહેલું કે આ વ્યકિતને કેવી રીતે ઓળખો? તો જણાવેલુ કે "હું તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ મારા ફ્રી ટાઇમમાં બહાર ખુરશી નાંખીને બેઠો હતો અને આ વ્યકિત ફોન કરતો હતો અને તે ધીમા અવાજે વાત કરતો હતો માટે મને ખ્યાલ આવેલો." આ સાહેદને આરોપી બતાવતા ઓળખી શકતા નથી અને જણાવેલ છે કે તે વખતે જે ભાઇ આવેલો તે ભાઇ દાઢી–મુછ વગરનો અને પાતળો અને ઉંચો હતો અને આજે જે વ્યકિતઓ બતાવવામાં આવ્યા તેમાં દાઢીવાળા, ટોપીવાળા, અને ચશ્મા પહેરેલા છે માટે ઓળખી શકે નહીં.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો જય હીંગરાજ હોટલના માલીક લલીતભાઈ રતીભાઈ જોષી હતા અને આ સાહેદ તેના ભાડૂઆત હતા. ભાડૂઆત તરીકે હોટલ ચલાવતા હતા તે બતાવવા કોઈ દસ્તાવેજી પુરાવો નથી. ટેલીફોનનું ડબલુ રીલાયન્સ કંપનીનું હતુ તે બતાવવા પણ કોઈ પુરાવો નથી. પોલીસે જવાબ લીધો ત્યારે દસ્તાવેજી પુરાવા કે બીલો પોલીસને આપેલા નહીં.

અજીત મીલ ચાર રસ્તાવાળો વિસ્તાર વાહનોની લોકોની ભરચક અવર જવરવાળો રસ્તો છે તે કબૂલ કરે છે. હોટલના પી.સી.ઓ. ઉપર દિવસે ઘણા બધા લોકો ફોન કરવા આવતા હતા તે કબૂલ કરે છે. બનાવના દિવસે પોતાની હોટલ ઉપર બેઠેલા હતા તે દિવસે કોઈ વ્યકિત સાથે બોલાચાલી કે ઝઘડો થયેલો નહીં. દિવસ દરમ્યાન પી.સી.ઓ. ઉપર આવીને ફોન કરેલા હોય તેવા માણસોના વર્ણન આપી શકે નહીં. પી.સી.ઓ. હોટલના કાઉન્ટરની બાજુમાં મુકેલ હતુ. કોઈ વ્યકિત ડબલામાં રૂપિયો નાખે અને ફોન કરે તો દેખાય તે કબૂલ કરે છે. આવનાર વ્યકિત સાથે કોઈ વાતચીત થઈ હોય તેનુ નામ સરનામુ પુછયુ હોય તેવુ બનેલ નથી તે કબૂલ કરે છે. આવનાર વ્યકિતએ ફોન કરેલો અને પછી તે જતો રહેલો તે કબૂલ કરે છે. ફોન કરવા આવનાર વ્યકિતનું વર્ણન લઈ સ્કેચ બનાવ્યો હોય તેવુ બન્યુ નથી. તા.૪.૯.૨૦૦૮ ના દિવસથી ઐયાઝ નામની વ્યકિત પોલીસ કસ્ટડીમાં હતો તેવુ કહેલુ નહીં. ઘી કાટા ખાતે કયા કયા સાહેબોની કઈ–કઈ કોર્ટો આવેલી છે તે વિશે જાણતા નથી. કોર્ટની બહાર ખુરશી ઉપર પટાવાળો બેઠેલો હતો તેનુ નામ વર્ણન આપી શકે નહીં. મેજિસ્ટ્રેટની બાજુમાં બે માણસો ઉભેલા હતા અને છ માણસો લાઈનમાં ઉભેલા હતા, આ છ માણસો કોણ હતા તેની જાણકારી મળેલી નહીં. તા.૨૬.૭.૨૦૦૮ ના દિવસે બપોરના અરસામાં કોઈ વ્યકિત હોટલ ઉપર આવીને પી.સી.ઓ. ઉપરથી ફોન કરેલો હોય તેવુ બનેલુ નથી તો તે હકીકત નકારે છે. પોલીસે વારંવાર જવાબ વાંચી સંભળાવેલો હોવાથી ખોટી જુબાની આપે છે તો તે હકીકત નકારે છે. જુબાનીના દિવસે આરોપીને નહીં ઓળખવાના જે કારણો આપેલા તે ખોટા છે તો તે હકીકત નકારી છે. બ્લાસ્ટની જાણ થયા પછી જે જે વ્યકિતઓ ફોન કરવા આવેલી તેઓના વર્ણન યાદ રાખવાની જરૂરિયાત જણાયેલી નહીં.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ અજીત મીલ ચાર રસ્તા પાસે નીલકંઠ હોટલની બાજુમાં "જય હીંગરાજ ભોજનાલય" ના નામથી હોટલ ચલાવે છે અને હોટલ ઉપર તેમને એક રૂપિયાનો સીકકો નાખી ફોન કરી શકાય તેવુ ટેલીફોન બોક્ષ મુકેલુ હતુ. આરોપી નં.૨૩

તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ આ ટેલીફોન બોક્ષ ઉપરથી ફોન કરેલો હતો. ત્યારબાદ તા.૧૬.૯.૨૦૦૮ ના રોજ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૮૮ ની રૂબરૂમાં આ સાહેદે આરોપી નં.૨૩ ને આંક–૩૧૩૯ ના પંચનામાની વિગતે ઓળખી બતાવેલો હતો.

આ સંબંધમાં આ જ આરોપીની જુબાની ધ્યાને લઈએ તો જુબાનીના પેરા નં.૧૫ મા આ સાહેદ જણાવે છે કે ૨૬–જુલાઈ–૨૦૦૮ ના રોજ બપોરના ચાર વાગે સારંગપુર બ્રિજ પાસે પહોંચી ગયેલ અને બ્રિજની પાસે એક હોટલમાં પી.સી.ઓ.નું ડબલુ હતુ ત્યાંથી કયામુદીનને ફોન કરેલ. કયામુદીને ફોન ઉપાડીને કહેલુ કે તું ત્યાંથી શટલ રીક્ષામાં બેસી અજીતમીલ ચાર રસ્તા પહોચી જા. એવુ પણ કહેલુ કે ત્યાં પહોચીને ફરીથી ફોન કરજે. ત્યારબાદ ત્યાં પહોંચ્યા પછી ચાર રસ્તા ઉપર પી.સી.ઓ.નું ડબલુ હતુ ત્યાંથી પણ કયામુદીનને ફોન કરેલો તેમ જણાવે છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે આશીષ કૌશીકભાઈ પટેલને સાહેદ નં.૮૧૦ તરીકે આંક–૫૪૫૭ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ આ સાહેદની ઝેરોક્ષની દુકાન નરોડા પોલીસ સ્ટેશનની સામે આવેલ હતી. તા.૯/૯/૨૦૦૮ ના રોજ આ સાહેદ માલસામાન લેવા રીલીફ રોડ ગયેલા. ત્યાંથી ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન તરફથી મણિનગર જવા નીકળેલા. ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન તરફથી પસાર થતા હતા ત્યારે બે ત્રણ પોલીસવાળા મળેલાં અને હવેલી પોલીસ સ્ટેશન લઈ ગયેલાં. જ્યાં બે ત્રણ સાહેબો હતાં. તા.૯/૯/૨૦૦૮ ના રોજ પંચનામું કરેલ તેનો આરોપી પણ ત્યાં હાજર હતો. ત્યાં બીજા પંચ તરીકે કમલભાઈ હતાં. આરોપીનું નામ ઐયાઝ રઝાકમીંયા સૈયદ હતું. આરોપીનું નામ આ સાહેદે પુછેલું. આ સાહેદ પોલીસ સ્ટેશનમાં ગયેલો ત્યારે પોલીસ સાહેબોએ એવું કહેલ કે આ કંઈ કહેવા, બતાવવા માગે છે. આરોપીનું સરનામું પુછતા આરોપીએ સરનામું જણાવેલું. આરોપીએ એવું પણ કહેલ કે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ જે બોમ્બ બ્લાસ્ટ થયેલાં તે અંગે કંઈ કહેવા, બતાવવા માંગુ છું મારી સાથે સ્થળ ઉપર ચાલો. ત્યારબાદ

પોલીસવાળાએ એવું કહેલ કે પંચમાં રહેવા તૈયાર છો? પછી સર્વસંમતિથી હા પાડેલી. પછી બધા સુમોમાં નીકળેલાં. એયાઝે જે રીતે નકશો બતાવ્યો તે રીતે ડ્રાઈવરે જીપ લીધેલી. બધા કાલુપુર બ્રિજ થઈને નીકળેલાં. આરોપી અયાઝે મેમ્કો મ્યુનિસિપલ બસ સ્ટેન્ડ પાસે જીપ ઉભી રખાવેલી. ત્યાં મ્યુનિસિપલ બસ સ્ટેન્ડ જોડે બંધ ગલ્લો હતો. પોલીસ અધિકારીઓ એયાઝ સાથે ગયેલાં ત્યાં એયાઝે નીચે નમીને કંઈક વસ્તુ લીધેલી અને આ વસ્તુ પંચોને અયાઝે બતાવેલી. તે સિલ્વર કલરની એક ચાવી હતી જેના આગળના ભાગે માટી લાગેલી હતી. જે થોડી કાટ ખઈ ગયેલી હતી. જેની આગળ પાછળ india લખેલ હતું. સાહેદને એવો સવાલ પુછવામાં આવેલો છે કે ત્યારપછી શું થયું? તેના જવાબમાં સાહેદ જણાવે છે કે એયાઝે એવું કહેલ કે પરમશક્તિ ટી સ્ટોલની આગળ જે સાઇકલ મુકી હતી તે સાઇકલની આ ચાવી છે. સદર ચાવી પંચોની સહીવાળી સ્લીપ મુકી સીલ કરેલી. સદર કાર્યવાહીનું પંચનામુ બનાવવામાં આવેલુ જે આંક–૫૪૫૮ થી રજૂ છે આ પંચનમામાં સાહેદ પોતાની તથા કમલભાઈની તથા રૂબરૂ તરીકે પોલીસની સહીઓ ઓળખી બતાવે છે. સાહેદને સેસન્સ કેસ નં.૩૦૦/૨૦૦૯ ના મુદ્દામાલ આર્ટીકલ લીસ્ટ આંક–૫૧૭ ના અનુક્રમ નં.૪ માં જણાવેલ અનુક્રમ નં.૯ વાળુ મુદ્દામાલ ચાવી સાથે પંચસ્લીપ નીકળેલ છે જેમાં આંક–૫૪૫૯ વાળા પંચ સ્લીપમાં સાહેદ પોતાની તથા કમલભાઈની સહીઓ તેમજ કબજે કરવામાં આવેલ મુદ્દામાલ ચાવીને ઓળખી બતાવે છે. સાહેદ આરોપીને ઓળખી શકતા નથી.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પોતાની દુકાનનું નામ "ગાયત્રી જમ્બો ઝેરોક્ષ"હતુ તેમ જણાવે છે, દુકાનની માલીકી પિતાજીની હતી. નરોડા પોલીસ સ્ટેશનના પેપર્સની ઝેરોક્ષ કરાવવા નરોડા પોલીસ અવાર–નવાર આવતી હતી તે કબૂલ કરે છે. દુકાનેથી રીલીફ રોડ જવુ હોય તો મેમ્કો ચાર રસ્તા તરફથી જવાય કબૂલ કરે છે. મેમ્કો ચાર રસ્તા મોટુ ટ્રાફિક જંકશન છે ત્યાં મ્યુનિસિપલ બસ સ્ટેન્ડ ચાર રસ્તા પાસે અડીને પાનનો ગલ્લો છે. ચાવી ગલ્લાની પાછળ ફુટપાથ ઉપરથી મળેલી કબૂલ કરે છે. જીપ ગલ્લાની પાસે ઉભી રાખવામાં આવેલી કબૂલ કરે છે. જીપમાંથી એયાઝભાઈ અને પાછળ પોલીસવાળા ઉતરેલા.

નીલેશભાઈને પંચનામાવાળા બનાવના છ માસ અગાઉથી ઓળખતા હતા. પંચનામામાં જે પોલીસ અધિકારીએ સહી કરેલી તેઓનો હોદો કહી શકે નહીં. પોલીસ અધિકારી સાથે વાતચીત કરવાનો પ્રસંગ બન્યો નથી. પંચનામામાં આરોપીના શારીરિક વર્ણન સંબંધે કશુ લખાવેલુ નથી કબૂલ કરે છે. તૈયાર પંચનામામાં સહી કરેલાની હકીકત નકારે છે. પોલીસ સ્ટેશનમાં પંચોની હાજરીમાં પોલીસ અને આરોપી વચ્ચે શું વાતચીત થયેલી તેની ખબર નથી. આ સાહેદની રૂબરૂમાં પોલીસ સ્ટેશનમાં આરોપીએ કયાં જવાનુ છે અને શું કામ જવાનું છે તે હકીકત જણાવેલી. કાર્યવાહી જેમ જેમ થતી ગઈ તેમ તેમ પંચનામુ લખાતુ ગયેલુ કબૂલ કરે છે. પંચનામામાં કરવામાં આવેલી સહીઓ પોલીસ સ્ટેશન છોડયા પછી કરી હોય તેવુ બન્યુ નથી. મુદ્દામાલ ચાવી ઉપર માટી નથી. ચાવી ઉપર માટી લાગેલી હતી તેવી હકીકત પંચનામામાં લખાવેલી નહીં. મારા મંતવ્ય પ્રમાણે આ સાહેદની જુબાની તા.૧૯.૮.૨૦૧૬ ના રોજ થયેલી છે જયારે કહેવાતા પંચનામા વખતે જે ચાવી કબજે કરેલી તે તા.૯.૯.૨૦૦૮ ના રોજ કરેલી હતી. માટે આઠ વર્ષના સમય પછી ચાવી ઉપર કોઈ માટી રહે નહીં જેથી જુબાની વખતે બતાવવામાં આવેલી ચાવી ઉપર માટી ન હોય. પંચનામાના સ્થળે ગયા નથી અને ખોટી જુબાની આપે છે તો તે હકીકત નકારી છે.

આમ આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયાએ નરોડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં. ૪૦૧/૨૦૦૮ ના કામે તા.૯.૯.૨૦૦૮ ના રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ કમલ પ્રવિણભાઈ ઠાકરને આરોપી નં.૨૩ એૈયાઝ રજાકમીંયા સૈયદને લઈને તે કાંઈક બતાવવા માંગતો હોય અમદાવાદ શહેરમાં જુદી–જુદી જગ્યાએ થયેલા બોમ્બ વિસ્ફોટોવાળી જગ્યા બતાવવા માંગતા હોવાથી આરોપીએ મ્યુનિસિપલ બસ સ્ટેન્ડ પાસે બંધ ગલ્લાની પાછળ આવેલ જૂની માટી અને કચરો આઘોપાછો કરી એક ચાવી કાઢેલી અને જણાવેલુ કે તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ આશરે ૫.૪૫ વાગે નરોડા ગામ ભાગોળ ચાર રસ્તા પાસે પરમશકિત ટી સ્ટોલ સામે જે સાઈકલ સાથેની થેલી ભરાવી મુકેલ તે સાઇકલમાં જે લોક કરેલુ તે સાઈકલના લોકની આ

ચાવી છે અને તેનુ પંચનામુ પંચોની હાજરીમાં આંક–૫૪૫૮ વાળુ કરવામાં આવેલુ હતુ. બનાવો બન્યા પછી આશરે દોઢ માસ બાદ આરોપી ઐયાજે ચાવી શોધી બતાવેલી છે આમ તો ચાવી મળવી તે શકય નથી પરંતુ જે જગ્યાએ ચાવી ફેંકી દીધેલી ત્યાં કચરો હતો જે કોઇએ ઉપાડેલો નહીં હોય માટે ચાવી મળેલી.

આંક–૫૪૫૮ વાળુ પંચનામુ કરનાર અધિકારી વી.આર.ટોળીયા ગુજરી ગયેલા છે. જેથી બોમ્બ બ્લાસ્ટની તપાસ ટીમો પૈકીના એક તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ આ હકીકત પોતાની જુબાનીના પાના નં.૨૧૨ ઉપર જણાવેલી છે તથા આંક–૫૪૫૮ વાળા પંચનામામાં શ્રી વી. આર.ટોળીયાની સહી તેમણે ઓળખી બતાવી છે.

આ સંબંધમાં આજ આરોપીની સરતપાસના પેરા–૧૫ ધ્યાને લઇએ તો આરોપી ઐયાજ જણાવે છે કે "બસ નં.૬૬/૩ માં મેમ્કોનુ સ્ટોપ આવ્યુ ત્યાં ઉતરી ગયેલો અને ત્યાં મેં ઉતરવા જતી વખતે ફુટપાથ ઉપર એક ગલ્લો હતો ત્યાં ચાવી ફેંકી દીધેલી". આમ આ ફેંકી દીધેલી સાઇકલની ચાવી આરોપી ઐયાજે આ પંચ સાહેદ નં.૮૧૦ આશીષભાઇની હાજરીમાં તપાસ કરનાર અધિકારીને શોધી આપેલી હતી જેથી પંચ સાહેદ નં.૮૧૦ આશીષભાઇની જુબાનીને સમર્થન મળે છે.

આંક–૫૪૫૮ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે, પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "પોતાનુ નામ ઠામ બતાવેલુ" તથા "આરોપીએ મ્યુનિસિપલ બસ સ્ટેન્ડ પાસે બંધ ગલ્લાની પાછળ આવેલ જૂની માટી અને કચરો આઘોપાછો કરી એક ચાવી કાઢેલી અને જણાવેલુ કે તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ આશરે ૫.૪૫ વાગે નરોડા ગામ ભાગોળ ચાર રસ્તા પાસે પરમશકિત ટી સ્ટોલ સામે જે સાઇકલ સાથેની થેલી ભરાવી મુકેલ તે સાઇકલમાં જે લોક કરેલુ તે સાઇકલના લોકની આ ચાવી છે" વિગેરે જે હકીકતો જણાવેલી છે તે આરોપી વિરૂધ્ધ પુરાવામાં ઉપયોગમાં લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપીએ બતાવ્યા પ્રમાણેની અને માહિતી આપ્યા પ્રમાણેની જગ્યાએથી ચાવી મળી

આવેલી તો તેટલા પુરતી હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય તથા તે જગ્યાની માહીતી આરોપીને હતી માટે તે ત્યાં દોરી ઘયેલો છે, આ દોરી જવાનુ વર્તન પણ આરોપીનુ પુરાવામાં ગ્રાહ્ય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે દક્ષેશભાઈ ભાનુપ્રસાદ રાવલને સાહેદ નં.૮૧૨ તરીકે આંક–૫૪૬૯ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૮/૯/૨૦૦૮ ના રોજ આ સાહેદ તથા તેમના મિત્ર કિશોરભાઇ ભદ્રકાળી દર્શન કરવા ગયેલા અને ત્યાંથી જગન્નાથ મંદિરે દર્શન કરવા જવાનું હતું. તે વખતે તેઓ ગાયકવાડ હવેલી પાસેથી નીકળેલા ત્યારે હવેલીની બહાર બે પોલીસવાળા તેઓને મળેલા. તેમનું સ્કૂટર ઉભું રખાવેલું અને કહેલું કે, અંદર સાહેબ બોલાવે છે તો, તમે અંદર આવો જેથી, તેઓ બંને જણાં અંદર ગયેલા. તેઓએ અંદર તેમનુ સ્કૂટર પાર્ક કરીને ઑફિસમાં ગયેલાં. તેઓ ક્રાઇમ બ્રાન્ચની ઑફિસમાં ગયેલા. આ વખતે આ સાહેદ અને તેમનો મિત્ર કિશોરભાઇ અંદર ગયેલા. તેઓ બંને અંદર ગયા ત્યાં અંદર બે સાહેબ બેઠેલા અને ત્રણ–ચાર પોલીસવાળા હતાં. ત્યાં એક હાથકડી પહેરેલ આરોપી બેઠેલો હતો. ત્યાં સાહેબે કહેલું કે, આ જે ભાઇ છે તે તમને કાંઇક કહેવા અને કાંઇક બતાવવા માંગે છે તેથી, તેઓને સાહેબે કહેલું કે, તમે પૂછો તેથી, આ સાહેદ અને તેમના મિત્ર કિશોરભાઇએ જે ભાઇ બેઠેલો હતો તેને પૂછેલું. તે ભાઇએ પહેલા તેમનું નામ કહેલું તેણે તેનુ "ઐયાઝ રઝાકભાઇ સૈયદ" કહેલું. તેણે પોતે ક્યાં રહે છે તે પણ કહેલું. તેણે વટવા સૈયદવાડી કહેલું. પછી તેણે એટલે ઐયાઝે કહેલું કે "૨૬/૭/૨૦૦૮ ના રોજ જે તે બોમ્બ બ્લાસ્ટ થયેલાં તેના સાંજના પોણા પાંચથી પાંચના સુમારે અજીત મિલ ચાર રસ્તા તેનો કોઇ મિત્ર હતો કે જેનું નામ રાજીક હતું. આ રાજીક ગોમતીપુરનો રહેવાસી હતો. તેણે તેને ત્યાં આગળ સાઇકલ આપી, બે પ્લાસ્ટિકની થેલી આપી તેમાં બોમ્બ હતાં. પછી તે થેલી લઇ નરોડા ગામ ભાગોળ સાઇકલ મૂકી તેમાં એક પ્લાસ્ટિકની થેલી બોમ્બવાળી થેલી સાઇકલ ઉપર રહેવા દીધેલી. બીજી થેલી જે બોમ્બવાળી હતી તે લઇ નરોડા ગામ જે બસ સ્ટેન્ડ હતુ ત્યાં ગયેલ ત્યાંથી ૬૬/૩ નું જે બસ સ્ટેન્ડ છે તે બસમાં થેલી

લઇને પાછળની સીટ પર બેસી ગયેલ અને બોમ્બની થેલી મૂકી સૈજપુરબોઘા ઉતરી ગયેલ તેવું જણાવેલું." અને આરોપી તે જગ્યા બતાવવા રાજીખુશીથી લઇ ગયેલ. સાહેબે કહેલું કે, એૈયાઝભાઇએ તમને જે કાંઇ કહેલું તે અંગે પંચનામું કરવાનું છે તો સહી કરશો. તેથી આ સાહેદે અને કિશોરભાઇએ હા પાડેલી. એૈયાઝભાઇએ જે કાંઇ કહેલું હતું તે આ સાહેદે અને કિશોરભાઇએ સાહેબને જણાવેલું. તે વખતે પંચનામામાં સહી કરેલી. ત્યાંથી એૈયાઝ તેઓને જગ્યા બતાવવા લઇ જવાનો હતો તેથી આ સાહેદ તેમના મિત્ર કિશોરભાઇ, સાહેબ, એૈયાઝ પોતે અને બીજા ત્રણ પોલીસવાળા સરકારી ગાડીમાં ત્યાંથી નીકળેલા. ત્યાંથી એૈયાઝ તેઓને લઇ ગયેલો અને ગાડીમાં અજીત મિલ ચાર રસ્તા આવેલા ત્યારે એૈયાઝે ગાડી ત્યાં ઉભી રખાવેલી અને એૈયાઝ સાથે બધા ઉતરેલા. તેણે જ્યાંથી સાઇકલ લીધેલી તે જગ્યા તેણે બતાવેલી. ત્યારબાદ ત્યાંથી તે બધાને લઇને સોનીની ચાલી ચાર રસ્તાથી લઇ ગયેલો. નરોડા પાટીયા, નરોડા ભાગોળ તેણે બોમ્બવાળી સાઇકલ મુકેલી તે અમોને બતાવ્યું. બધા અજીત મિલથી જે ગાડીમાં આવેલા તે ગાડીમાં નીકળેલા. પછીથી તે નરોડા બસ સ્ટેન્ડ લઇ ગયેલો. તે વખતે પણ ગાડીમાં બેસીને ત્યાં ગયેલા. તે જગ્યા પણ એૈયાઝે પોતે બતાવેલી. આ જે બસ સ્ટેન્ડવાળી જગ્યા બતાવેલી ત્યાં ૬૬/૩ નું બસ સ્ટેન્ડ હતું. ત્યાં બતાવ્યું કે "હું અહીંથી બીજી જે થેલી હતી તે લઇને બસમાં બેસેલો અને થેલી મુકી ૬૬/૩ નું બસ સ્ટેન્ડ આવ્યું ત્યાં ઉતરી ગયેલો". આવું કીધા પછી બધા ત્યાં ઉભા રહેલાં, પંચનામામાં સહી કરી. આંક–૫૪૭૦ વાળા પંચનામામાં સાહેદ પોતાની તથા તેમના મિત્ર કિશોરભાઈની સહીઓ ઓળખી બતાવે છે. આ સાહેદને ટી.વી સ્ક્રીન ઉપર ચાર–ચાર આરોપીની સંખ્યામાં આરોપીઓ બતાવવામાં આવે છે તે જોઇને કહે છે કે આરોપી એૈયાઝને ઓળખી શકતા નથી અને જણાવે છે કે, આરોપીને જોયેલા ત્યારે પાતળા હતા, કપાળ દેખાતું હતું, વાળ કર્લી હતાં. આજે આરોપીઓ દાઢી સાથેનાં હતાં જે તે વખતે દાઢી હતી નહી તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો અમદાવાદ શહેરમાં અને નરોડા વિસ્તારમાં કઈ–કઈ જગ્યાએ બોમ્બ બ્લાસ્ટ થયેલા તેની જાણકારી હતી તેમ જણાવે છે. પોલીસ સ્ટેશનેથી નીકળ્યા ત્યાં સુધી આરોપીને જે પુછપરછ કરેલી તે આ સાહેદે તથા કિશોરભાઈએ જ કરેલી તે કબૂલ કરે છે. આ સાહેદે અને કિશોરભાઈએ આરોપીને સવાલો પુછેલા તેમ જણાવે છે. આરોપીએ આપેલા જવાબ પંચનામામાં લખવામાં આવેલા. આ સાહેદે તથા કિશોરભાઈએ આરોપીને પુછપરછ કરેલી તેવી હકીકત પંચનામામાં લખાવેલી નથી તે કબૂલ કરે છે. આરોપીને પુછપરછ કરેલી નથી તો તે હકીકત નકારે છે. સરતપાસમાં જે હકીકત આરોપીએ જાહેર કરી છે તેવી કોઈ હકીકત પ્રાથમિક પંચનામામાં જણાવેલી નથી તો તે હકીકત નકારે છે. પંચનામુ પોલીસવાળા લખતા હતા. આરોપી ઐયાઝ કહેતો હતો અને પંચો પોલીસને કહેતા હતા. બંને પંચોએ ભેગા થઈને પંચનામુ લખાવેલુ. આરોપી ઐયાઝને કોઈ વસ્તુ રાજીકે આપેલી હોય તેવુ પ્રાથમિક પંચનામામાં લખાવેલુ નથી તો તે હકીકત નકારેલી છે. ઐયાઝને કોઈ વસ્તુ આપેલી અને ઐયાઝે લીધેલી હોય તેવી કોઈ હકીકત પ્રાથમિક પંચનામામાં લખાવેલી નથી તે કબૂલ કરે છે. ઐયાઝે કોઈ વસ્તુ કયાં મુકી હોય તેવી હકીકત પણ લખાવેલી નથી તે કબૂલ કરે છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો દરેક પોલીસ મેનના શર્ટ ઉપર નેઈમ પ્લેટ હતી તે વાંચેલી નહીં. પંચનામુ લખનાર પોલીસ મેનના હસ્તાક્ષરો કોના છે તે કહી શકે નહીં. અજીત મીલની ચારેય દિશાએ શું આવેલુ છે તે કહી શકે નહીં. આરોપીના દેખાવ અને શારીરિક બાંધા કે ગણવેશનું વર્ણન પંચનામામાં કરવામાં આવેલુ નથી તે કબૂલ કરેલ છે. જુબાની આપતા પહેલા એવુ સમજાવવામાં આવેલુ કે આરોપીના દેખાવ વિશે જણાવવાનું કે તે પાતળો હતો, કપાળ દેખાતુ હતુ અને વાળ કર્લી હતા તો તે હકીકત નકારેલી છે. કોર્ટમાં જુબાની થઈ તે પહેલા પંચનામામાં જણાવેલ આરોપીના ચહેરા, નિશાન પત્રક અને ફોટા બતાવવામાં આવેલા તો તે હકીકત નકારેલી છે. જુબાની આપતા પહેલા ઘણી વખત પંચનામુ વાંચી સંભળાવવામાં આવેલાની હકીકત નકારેલી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયાએ નરોડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં. ૪૦૧/૨૦૦૮ ના કામે તા.૮.૯.૨૦૦૮ ના રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ કિશોરભાઈ પટેલની હાજરીમાં આરોપી નં.૨૩ એૈયાઝ રજાકમીયા સૈયદને લઈને તે કાંઈક બતાવવા માંગતો હોય અમદાવાદ શહેરમાં જુદી-જુદી જગ્યાએ થયેલા બોમ્બ વિસ્ફોટો બાબતે બોમ્બ સાથેની થેલીઓ સાઇકલના હેન્ડલ ઉપર ભરાવીને જે જે જગ્યાઓએ મુકેલી તે જગ્યાઓ આરોપી નં.૨૩ નાઓએ પંચોની હાજરીમાં રસ્તો બતાવેલો અને તે રસ્તા ઉપર જઈ તમામ જગ્યાઓ બતાવેલી છે. આ જગ્યાઓમાં અજીત મીલ ચાર રસ્તા પાસેની જગ્યા, નરોડા ગામ ભાગોળ પાસેની જગ્યા વિગેરે જગ્યાઓ બતાવેલી છે. આરોપી નં.૨૭ મહંમદ ઈસ્માઈલ અબ્દુલ રાજીકે જે જગ્યાએ આરોપી નં.૨૩ને સાઇકલ તથા બે પ્લાસ્ટિકની થેલીઓ કે જેમાં બોમ્બ હતા તે થેલીઓ જે જગ્યા ઉપર આપેલી તે જગ્યા પણ બતાવેલી અને તેનુ પંચનામુ પંચોની હાજરીમાં આંક-૫૪૭૦ વાળુ કરવામાં આવેલુ હતુ.

આંક-૫૪૭૦ વાળુ પંચનામુ કરનાર અધિકારી વી.આર.ટોળીયા ગુજરી ગયેલા છે. જેથી બોમ્બ બ્લાસ્ટની તપાસ ટીમો પૈકીના એક તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ આ હકીકત પોતાની જુબાનીના પાના નં.૨૧૨ ઉપર જણાવેલી છે તથા આંક-૫૪૭૦ વાળા પંચનામામાં શ્રી વી. આર. ટોળીયાની સહી તેમને ઓળખી બતાવી છે.

આંક-૫૪૭૦ વાળા પંચનામાની વિગત તથા સાહેદ નં.૮૧૨ દક્ષેસભાઇની સરતપાસમાં તેમણે આરોપી એૈયાજે જે જગ્યાઓ બતાવેલાની હકીકત જણાવી છે તે તમામ હકીકત આરોપી એૈયાજે પોતાની જુબાનીના પેરા નં.૧૫ મા જણાવી છે જેથી સાહેદ નં.૮૧૨ દક્ષેશભાઇની જુબાનીને સાહેદ એૈયાજની જુબાનીથી સમર્થન મળે છે.

આંક-૫૪૭૦ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત

બતાવેલી છે તે જેવી કે "અજીત મીલ ચાર રસ્તા થઈને સોનીની ચાલી થઈ નરોડા પાટીયા દેવી સીનેમા થઈ નરોડા ગામ ભાગોળ આરોપી લઈ ગયેલ ચાની કીટલી સામે ખુલ્લી જગ્યામાં બોમ્બ સાથેની થેલી ભરાવેલી, સાઇકલ મુકેલી તથા નરોડા મ્યુનિસિપલ બસ સ્ટેન્ડ પાસે આવી બસ રૂટ નં.૬૬/૩ મા પાછળ બેસી બે વ્યકિતવાળી શીટમાં બોમ્બવાળી થેલી મુકેલી. આ ઉપરાંત અજીત મીલ કોમ્પ્લેક્ષની સામે બોમ્બ સાથેની થેલીઓ ત્રણ મુકી દીધેલ. ગાયત્રી ભજીયા હાઉસની સામે આવેલ ઝાડ પાસે મુકેલી" વિગેરે જે હકીકતો જણાવેલી છે તે આરોપી વિરૂધ્ધ પુરાવામાં ઉપયોગમાં લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપીએ બતાવ્યા પ્રમાણેની અને માહિતી આપ્યા પ્રમાણેની જગ્યાઓ સ્થળ ઉપર છે તો તેટલા પુરતી હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય તથા આ જગ્યાઓની માહીતી આરોપીને હતી માટે તે આ જગ્યા ઉપર પંચો તથા તપાસ કરનાર અધિકારીને દોરી ગયેલ, આ દોરી જવાનુ વર્તન આરોપીનુ પુરાવામાં ગ્રાહ્ય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે ઉર્મિત ભરતકુમાર કાયસ્થને સાહેદ નં.૮૩૩ તરીકે આંક–૫૬૨૧ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ તા.૨૫/૧૦/૨૦૦૮ ના રોજ ક્રાઈમ બ્રાન્ચની ઑફિસ પાસેથી મોટર સાઇકલ ઉપર નીકળેલ ત્યારે એક વ્યક્તિએ આ સાહેદને ઉભા રાખેલ. આ સમયે તેમની સાથે તેમનો મિત્ર બ્રિજેશ રામી પણ હતો. આ વ્યક્તિએ પોતાની ઓળખ આપેલી કે હું પોલીસમાં છું અને જણાવેલ કે અંદર સાહેબ બોલાવે છે. પછી તેઓ ત્યાં ક્રાઈમ બ્રાન્ચની ઑફિસમાં ગયેલા અને ત્યાં બાઈક પાર્ક કરેલું. પછી ક્રાઈમ બ્રાન્ચમાં એક સાહેબની ઑફિસ હતી તેમાં ગયેલાં. ત્યાં આગળ ખુરશી પર એક સાહેબ બેઠા હતા. તેમની બાજુમાં નીચે એક આરોપી બેઠો હતો. બીજા બે–ત્રણ પોલીસવાળા હતા. સાહેબે કહ્યું કે આ આરોપી છે કે જે અમદાવાદ બોમ્બ બ્લાસ્ટમાં પકડાયેલ છે. તે કંઈ કહેવા અને બતાવવા માંગે છે. તેથી પંચમાં રહેવાનું પુછતા તેઓએ પંચમાં રહેવા સ્વખુશી જણાવેલી. આ પોલીસ અધિકારીએ પોતાનું નામ ટોળીયા જાહેર કરેલું. ત્યારબાદ આ સાહેદે

બેઠેલ આરોપીનું નામ પુછેલું અને તેને પોતાનું નામ મહમદ ઈસ્માઈલ અબ્દુલ રાજીક જણાવેલું. તેમને પોતાના ઉર્ફે નામ કહેલા અને તે આ સાહેદે લખાવેલા. સરનામું પણ પુંછેલું અને ત્યારે તેને જણાવેલ કે અલ–અમન એપાર્ટમેન્ટ, ગોમતીપુર, રાજપુર, અમદાવાદ હોવાનું જણાવેલ. આરોપીને એવું પણ પુંછેલું કે તમે શું કહેવા અને બતાવવા માગો છો? ત્યારે આરોપીએ કહેલ કે "દાણીલીમડા ખાતેથી મેં જે બોમ્બ લીધેલા તે બોમ્બનું સ્થળ, મેં આ બોમ્બ અયાઝને જ્યાં આપેલા તે સ્થળ અને મેં જ્યાં બોમ્બ મુક્યા હતા તે સ્થળ, જ્યાં બોમ્બ મુકવા માટે થેલી ખરીદી હતી તે સ્થળ બતાવવા માગું છું. તેણે તે પણ કહેલ કે, તા.૨૬/૦૭/૨૦૦૮ ના રોજ હું ગયેલ તે સ્થળ બતાવવા માગું છું". આરોપીએ આ સ્વેચ્છાએ કહેલું તેથી સાહેબ, જામ્પાના પોલીસના માણસો, બંને પંચો, આરોપી, નીચે ક્રાઈમ બ્રાન્ચની ઑફિસ પાસે એક વાહન ઉભું હતું ત્યાં ગયેલા. તે ગાડીમાં બંને પંચો તથા સાહેબે સહી કરેલી. આ સહીઓ કરી ત્યાં સુધીનું લખાણ આ સાહેદે લખાવેલું.

વધુમાં સાહેદ જણાવે છે કે ગાડીમાં બેઠા બાદ સાહેબે ડ્રાઈવરને સુચના આપેલી કે આરોપી જે દિશા બતાવે અને કહે તે દીશામાં વાહન ચલાવો. પછી બધા સરકારી વાહનમાં બેસી ક્રાઈમ બ્રાન્ચના દરવાજેથી નીકળી જમાલપુર થઈ ચંડોળા તળાવ આવેલા અને ત્યાં એ.એમ.ટી.એસ.ના બસ સ્ટેન્ડ પાસે આવેલ ત્યારે આરોપીએ કહેલ કે ત્યાં ઢાળ છે ત્યાં ઉતારી દો. તે વખતે ત્યાં આર.કે. પાન પાર્લર હતો ત્યાં ગયેલા. ત્યાંથી જમણીબાજુ ગાડી વાળી અલ મહમદી સોસાયટીની પહેલી ગલીમાં ગયેલા. ત્યાં ખુલ્લી જગ્યામાં આરોપીએ સરકારી ગાડી ઉભી રખાવેલી. ત્યાં ખુલ્લી જગ્યામાં આરોપી સાથે ઉતરેલા અને "આરોપીએ એક બંધ મકાન બતાવેલું. આરોપીએ અમને એવું જણાવેલું કે, આ જગ્યાએ હું તા.૨૬/૦૭/૨૦૦૮ના રોજ બે વખત આવેલો. પહેલી વખત ૧૧ થી ૧૨ ની વચ્ચે આવેલો અને તે સમયે ક્યામુદ્દીને મને રૂ.૧૦,૦૦૦/– આપેલા અને તેમાંથી રૂા.૫,૦૦૦/– એયાઝને આપવા જણાવેલું. અને કહેલ કે હવે ત્રણ વાગે આવી જજે. આરોપીએ કહેલ કે હું આવ્યો ત્યારે કયામુદ્દીન, મુજીબ

અને આફતાબ આલમ આફ્રીદી જેવું નામ કહેલું અને અન્ય બીજા પંદર માણસો આવેલા. આરોપીએ એવું પણ કહેલ કે આ લોકો હિન્દીમાં વાતો કરતા હોવાથી તેઓ દિલ્હી બાજુના હોવાનું મને લાગેલું. અને આરોપીએ કહેલ કે, તે વખતે ઘરની બહાર ગ્રે કલરની વેગન આર પડેલી હતી. આરોપીએ એવું પણ કહેલ કે, કયામુદ્દીને મને એવું કહેલ કે ત્રણ વાગે તમે બોમ્બ લેવા આવજો. આરોપીએ એવું પણ કહેલ કે, હું ત્રણ વાગે જ્યારે આવ્યો ત્યારે કયામુદ્દીને મને ત્રણ જીવતા બોમ્બ આપેલા અને આ બોમ્બ લઈ હું સોસાયટીના નાકે પણ ગયેલ હતો અને ત્યાંથી હું શટલ રીક્ષામાં બેસી ચંડોળા તળાવ પાસે ગયેલો". ત્યારબાદ બધા પાછા સરકારી ગાડીમાં બેસેલા. ફરી સરકારી ગાડી પાછી આર.કે. પાન પાર્લર પાસે ઉભી રાખેલી. ત્યાં આરોપીએ વાહન ઉભું રખાવી એવું કહેલ કે "હું અહીંયાથી શટલ રીક્ષામાં બેસેલો. અને આ જગ્યાએથી શટલ રીક્ષા છોડી મીટરવાળી રીક્ષામાં બેસેલો. ત્યારપછી આરોપીએ એવું કહેલ કે, મેં અયાઝને જયાં બોમ્બ આપેલા તે જગ્યા બતાવવા માગું છું". ત્યાંથી બધા બહેરામપુરા ચાર રસ્તા થઈ આબાદ ડેરી થઈ ન્યુ કલોથ માર્કેટ થઈ સારંગપુર બ્રિજ ઉતરી અને કામદાર મેદાન પાસે આરોપીએ સરકારી વાહન ઉભું રખાવેલું. આ રૂટનું રાઈટરને લખાણ કરાવેલું. આરોપીએ કહેલ કે "અહીંયાથી હું મીટરવાળી રીક્ષા છોડીને બીજી રીક્ષામાં બેસી ગયો હતો". ત્યારબાદ આરોપીના બતાવ્યા પ્રમાણે શીતલ ટોકીઝ થઈ સોમા ટેક્ષટાઈલ વાળા રસ્તે થઈ ટોલનાકા પાસે લઈ ગયેલ અને ત્યાં નીલકંઠ હોટલ પાસે આરોપીએ સરકારી વાહન ઉભું રખાવેલું. ત્યાં આરોપી સાથે બધા સરકારી વાહનમાંથી નીચે ઉતરેલા અને આરોપીએ કહેલ કે "મારી પાસે ત્રણ બોમ્બ હતા તેમાંથી બે બોમ્બ મેં અહીં આપેલા . આરોપીએ એવું પણ જણાવેલ કે, અયાઝે એવું કહેલ કે મારી બોમ્બ મુકવાની જે સાઇકલ છે તે સામે મુકી છે". આથી આરોપી બધાને સામે લઈ ગયેલા અને ત્યાં "સીટી પોઈન્ટ પાસે આવેલ ડી.પી.ની જગ્યા આરોપી બતાવેલ અને આરોપીએ એવું કહેલ કે, મને અયાઝે અહીંયા સાઇકલ બતાવેલી". ડી.પી. વાળી જગ્યા પર કંઈ નંબર હતો તે હાલ યાદ નથી. ત્યારબાદ આરોપીએ કહેલ કે "બોમ્બ મુકવા માટે જે સાઇકલ છે

તે જે જગ્યાએથી લીધેલી તે જગ્યા હું બતાવવા માગુ છું". જેથી ફરી બધા સરકારી વાહનમાં બેસી રખીયાલ પોલીસ સ્ટેશન થઈ શીતલ ટોકીઝ થઈ હાથીખાઈ સરકારી દાવાખાનું છે ત્યા ડી–૨૫ પાસે લઈ આવેલ. ત્યાં આરોપી સાથે બધા નીચે ઉતરેલા અને "તેને સલીમ પેઈન્ટરની દિવાલવાળી જગ્યા બતાવેલી અને આરોપીએ કહેલ કે, અહીંયાથી મેં બોમ્બ મુકવા માટે સાઇકલ લીધેલી. અને આરોપીએ અમને કહેલ કે, આ બોમ્બ વાદળી થેલીમાં હતો તે બોમ્બ મુકવા માટે મારે કાપડની થેલી જોઈતી હતી તે કાપડની થેલી મેં જે જગ્યાએથી લીધેલી તે જગ્યા હું બતાવવા માગું છું". તેથી પંચો, આરોપી અને બીજા બધા ફરી ગાડીમાં બેસેલા અને આરોપીએ રસ્તો બતાવેલ તે પ્રમાણે ગાડી ચલાવીને કામદાર મેદાન મગનપુરાની ચાલી પાસે ગાડી ઉભી રખાવેલી અને પંચો, આરોપી, પોલીસ વાહનમાંથી નીચે ઉતરેલા અને આરોપીએ જણાવેલ કે "આ રાજેશ ટેલરમાંથી મેં થેલી લીધેલી". અમે જોયું તો આ દુકાનનું નામ "રાજેશ ટેલર લેડીસ એન્ડ જેન્ટસ" લખેલ હતું. આરોપીએ ત્યાં અંદર એક મોટી ઉંમરના કાકા હતા તેમની તરફ ઈશારો કરેલ અને જણાવેલ કે, આમની પાસેથી મેં કાપડની થેલી લીધેલી". ત્યારપછી કાકાનું નામ પુછતા તેમને પોતાનું નામ વજુભાઈ ચોરસીયા વિગેરે જણાવેલું.

વધુમાં સાહેદે જણાવેલ છે કે આરોપીએ એવુ પણ જણાવેલ કે "બોમ્બ મેં કાપડની થેલીમાં મુકી તે થેલી જે જગ્યાએ મુકેલી તે સ્થળ હું બતાવવા માગું છું". ફરી આરોપી સાથે બધા સરકારી વાહનમાં બેસી અને ત્યાંથી નીકળી શીતલ ટોકીઝ થઈ ભીડભંજન હનુમાન થઈ બાપુનગર ચાર રસ્તા થઈ ધનવંતરિ હોસ્પિટલની બાજુમાં ડાયમંડ પાન પાર્લર પાસે જતા આરોપીએ ગાડી ઉભી રખાવેલી. આ સ્થળ ઉપર આરોપી લઈ ગયેલા. આ સ્થળ ઉપર આરોપી સાથે બધા નીચે ઉતરેલા. આરોપીએ ડાયમંડ પાન પાર્લરની પાસે ફુટપાથવાળી જગ્યા બતાવીને કહેલ કે "મેં બોમ્બવાળી સાઇકલ અહી મુકી હતી". આ જગ્યાએ જોયું તો ડાયમંડ પાન પાર્લર છે તે અરૂણ ચેમ્બર્સમાં આવેલ છે. તે વખતે ચારેય દિશામાં બધું જોયેલું. પછી આરોપીએ કહેલ કે "પોલીસે મારા ઘર પાસેથી જે

સાઇકલ કબજે કરી છે તે સાઇકલને ક્યાથી ખરીદી હતી તે જગ્યા હવે હું બતાવવા માગું છું". તેથી તેઓ, આરોપી અને પોલીસના માણસો સરકારી વાહનમાં બેસીને અન્નપૂર્ણા સોસાયટી થઈ મચ્છાણી મસ્જિદ થઈ સરસપુર થઈ કાલુપુર થઈ પાંચકુવા ગયા હતા. આ સ્થળે આરોપી લઈ ગયો હતો. પાંચ કુવા દરવાજાની અંદર થોડા આગળ ગયા ત્યાં મ્યુનિસિપાલિટી શાળા પાસે આરોપીએ ગાડી ઉભી રખાવેલી. ત્યાં તેઓ, આરોપી અને પોલીસના માણસો નીચે ઉતરેલા અને "આરોપીએ ફુટપાથ ઉપર એક વ્યક્તિ તરફ ઈશારો કરી જણાવેલ કે, મેં આ વ્યક્તિ પાસેથી સાઇકલ ખરીદી હતી. ત્યારબાદ આરોપીએ જે વ્યક્તિ તરફ ઈશારો કરેલો". તે વ્યક્તિનું નામ પુછેલું ત્યારે તે વ્યક્તિએ પોતાનું નામ એૈયુબભાઈ શેખ, રહેવાસી હરણવાળી પોળ, વિગેરે જણાવેલું. તે પંચનામામાં લખાવેલું. પછી તે વ્યક્તિને પુછેલ કે આ વ્યક્તિએ તમારી પાસેથી સાઇકલ ખરીદી હતી? તો તેને જણાવેલું તે પંચનામામાં લખાવેલું. તે જગ્યાએ પંચનામું પુરૂ કરેલું જે પંચનામુ આંક–૫૬૨૨ થી રજૂ છે, આંક–૫૬૨૨ વાળા પંચનામામાં સાહેદ પોતાની તથા બ્રિજેશભાઈની સહીઓ ઓળખી બતાવે છે. સાહેદને ટીવી સ્ક્રીનમાં ચાર–ચારની સંખ્યામાં આરોપીઓને ઉભા રાખીને બતાવવામાં આવે છે તે જોઈને કહે છે કે આરોપીને ઓળખી શકતા નથી કારણ કે આજે આરોપી આજે બતાવવામાં આવ્યા તેમના દેખાવમાં ફેરફાર છે. આ સાહેદે આરોપીને જ્યારે જોયેલા ત્યારે તેને ત્રણ ચાર દિવસની દાઢી હતી, તેની ઉંચાઈ સાડા પાંચ ફુટ હતી, તેને ચશ્મા પહેરેલા અને માથા પર થોડી ટાલ હતી. આજે દેખાડવામાં આવેલ આરોપીઓની દાઢી વધી ગઈ છે. કેટલાંકે ચશ્મા પહેરેલ છે અને કેટલાંક એ ટોપી પહેરેલ છે અને શરીર પણ વધી ગયેલ છે તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો જે તે વખતે આ સાહેદ અભ્યાસની સાથે ઘરેલુ જીન્સ વેચાણનો ધંધો પણ કરતા હતા. ધંધાનો હિસાબ રાખતા ન હતા. ગોમતીપુરમાં જન્મથી રહે છે. આ સાહેદને ગોમતીપુર ગામ તથા ગોમતીપુર વિસ્તાર બાબતે ઘણા બધા પ્રશ્નો પુછેલા છે જે બનાવની હકીકત સાથે સુસંગત નથી. પંચનામાની તારીખની કાર્યવાહી બાબતે કે વાતચીત અંગે રેકોર્ડીંગ

રાખેલુ નથી તે કબૂલ કરે છે. પોતાનો પુરાવો લગભગ પંચનામાની હકીકતને સમર્થન કરે છે તે કબૂલ કરે છે. આરોપીઓ તરફથી આ કબૂલાત્મક પ્રશ્ન પુછવામાં આવેલો છે જેથી એવુ કહી શકાય કે આ સાહેદનો પુરાવો પંચનામા મુજબનો છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો તા.૨૫.૧૦.૨૦૦૮ ના રોજ આ સાહેદ વેપારીને ત્યાં માલ ખરીદવા ગયેલા અને માલ જોઈને ખરીદ કરેલ નહીં અને બાજુએ મુકી તેમના મિત્ર સાથે ભદ્ર અપના બજાર જવા માટે નીકળેલા. જયશંકર સુંદરી હોલ ક્રાઈમ બ્રાન્ચની ઑફિસથી એકાદ કિ.મી.ના અંતરે છે તે કબૂલ કરે છે. પોલીસવાળા ક્રાઈમ બ્રાન્ચની ઑફિસ પાસે મળેલા. જે પોલીસે રોકેલા તે સાદા ડ્રેસમાં હતા તેનુ વર્ણન આપી શકે નહીં. પોલીસે રોકયા પછી ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે ગયેલા. ત્યાં પોલીસ અને આ સાહેદ વચ્ચે શું વાત થયેલી તે કહી શકે નહીં. પોલીસ અને હાજર અધિકારીઓને અગાઉથી ઓળખતા ન હતા. પંચનામુ ૩.૦૦ કલાકથી ૩.૧૫ વાગે શરૂ કરેલુ અને સાંજના ૬.૩૦ વાગ્યાના અરસામાં પુરૂ કરેલુ. પહેલી સહી સરકારી વાહનમાં બેસીને કરેલી. ટીવી સ્ક્રીન થકી બતાવેલા આરોપીઓમાં કેટલાક પાતળા, આછી દાઢીવાળા, ચશ્માવાળા તેમજ સાડા પાંચ ફુટની ઉંચાઈવાળા છે તે કબૂલ કરે છે. પંચનામામાં સહી કરી ત્યારે અને જુબાની આપી તે દરમ્યાન આરોપીને જોયેલ નથી. પંચનામુ ધ્યાને લેતા પંચનામુ તા.૨૫.૧૦.૨૦૦૮ ના રોજ થયેલુ છે જયારે આ સાહેદે જુબાની તા.૧૬.૧૧.૨૦૧૬ ના રોજ આપેલી છે. આમ આઠેક વર્ષ બાદ જુબાની આપેલી હોવાથી સ્વાભાવિક છે કે આરોપીને ઓળખી શકે નહીં. પરંતુ જે તે વખતે પંચનામુ થયુ ત્યારે આ સાહેદે આરોપીને જોયેલો હતો તેવુ કહી શકાય જે માનવા યોગ્ય છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા જે સરકારી વાહનમાં નીકળેલા તેના નંબર ઉપર ધ્યાન ન હતુ. પંચનામાના બંધ મકાનની આજુબાજુ ડુપ્લેક્ષ મકાનો હતા. મિલકતની આજુબાજુની વ્યકિતઓના કોઈ નિવેદનો લીધેલા નથી. સોસાયટીના નામ બાબતે કોઈ ખરાઈ કરેલી નથી. પંચનામામાં દર્શાવેલ સ્થળોની આજુબાજુમાં શું આવેલુ છે તે કહી શકે નહીં તો તે હકીકત નકારેલી છે. જુબાની આપતા પહેલા પંચનામુ ઘણી વખત વાંચીને સમજાવવામાં આવેલાની

હકીકત નકારેલી છે. જુબાની આપતા પહેલા ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે બોલાવી પંચનામામાં જણાવેલ સ્થળો અને વિગતો સમજાવી તે સ્થળોએ ડેમોસ્ટ્રેશન માટે લઈ જવામાં આવેલાની હકીકત નકારેલી છે. ઊલટતપાસમાં કેવા જવાબો આપવા તે સમજાવેલાની હકીકત પણ નકારેલી છે. તૈયાર પંચનામામાં સહી કરેલાની હકીકત પણ નકારી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયાનાઓએ શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ નાં કામે તા.૨૫.૧૦.૨૦૦૮ નાં રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ બ્રિજેશ રમેશભાઈ રામીની હાજરીમાં આંક–૫૬૨૨ વાળુ પંચનામુ બનાવેલુ અને આ પંચનામા બાબતે બોમ્બ બ્લાસ્ટના કેસોની તપાસ ટીમો પૈકીની એક તપાસ ટીમના અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ આ પંચનામા સંબંધે પોતાની જુબાનીના પાના નં.૨૧૨ માં હકીકત જણાવેલ છે. તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયાને પંચોની હાજરીમાં આરોપી નં.૨૭ મહમદ ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ રાજીકનાઓએ માહિતી આપેલી હતી કે દાણીલીમડા ખાતેથી પોતે જે બોમ્બ લીધેલા તે બોમ્બનુ સ્થળ આરોપી નં.૨૩ ઐયાઝ સૈયદને જે સ્થળે બોમ્બ આપેલા અને પોતે જયાં બોમ્બ મુકેલા તે સ્થળ તેમજ બોમ્બ મુકવા માટે જયાંથી થેલી ખરીદેલી તે સ્થળ તેમજ તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ જે સ્થળ ઉપર ગયેલા તે, આ ઉપરાંત અલમહમદી સોસાયટીવાળા મકાન કે જયાંથી બોમ્બ મેળવેલા તે તેમજ જે જગ્યાએથી શટલ રીક્ષામાં બેસીને ચંડોળા તળાવવાળી જગ્યાએ ગયેલ અને ત્યાંથી રીક્ષા બદલીને બીજી રીક્ષામાં કામદાર મેદાન પાસે ગયેલા તે જગ્યા તથા આરોપી નં.૨૩ ઐયાઝ સૈયદને નીલકંઠ હોટલ પાસે બોમ્બ આપેલ તે તથા બોમ્બ મુકવા માટે જે જગ્યાએથી સાઇકલ લીધેલી તે તથા બોમ્બ મુકવા થેલી ખરીદેલી તે રાજેશ ટેઈલર્સ લેડીઝ એન્ડ જેન્સવાળી દુકાનવાળી જગ્યા તથા બોમ્બ સાથેની સાઇકલ જયાં મુકેલી તે ધનવંતરિ હોસ્પિટલની બાજુમાં ડાયમંડ પાન પાર્લર પાસેની જગ્યા તથા પાંચ કુવા મ્યુનિસિપલ શાળા પાસે ફૂટપાથ ઉપર સાઇકલ

રીપેરીંગવાળી જગ્યાઓ બતાવેલી તે જગ્યાઓનું વિગતવાર પંચનામુ આંક–૫૬૨૨ વાળુ બનાવવામાં આવેલુ.

આંક–૫૬૨૨ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે, પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "ગઈ તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ પોતે દાણીલીમડા ખાતેના મકાનેથી ગુનાના કામે વપરાયે બોમ્બ મેળવેલા તે બોમ્બ ઐયાઝને જે જગ્યાએ આપેલા તે પોતે સાઇકલ ઉપર બોમ્બ મુકેલા તે તથા બોમ્બ મુકવા માટે જે જગ્યાએથી કપડાની થેલી ખરીદેલી તે જગ્યા" આરોપી વિરૂધ્ધ પુરાવામાં ઉપયોગમાં લઈ શકાય નહીં. આ ઉપરાંત "તા.૨૬.૭.૨૦૦૮ નાં રોજ પોતે આ મકાન ઉપર આવેલો ત્યારે આ મકાનમાં કયામુદ્દીન, મુજીબ, આલમજેબ આફ્રીદી તથા બીજા ૧૫–૨૦ માણસો હાજર હતા તેઓ દિલ્હી સાઈડના હતા વિગેરે તેમજ કયામુદ્દીને મકાનના રૂા.૧૦૦૦૦/– આપેલા જેમાંથી રૂા.૫૦૦૦/– ઐયાઝને આપવાના હતા વિગેરે તેમજ શટલ રીક્ષા મારફતે ચંડોળા તળાવ આવેલા ત્યાંથી મીટરવાળી રીક્ષામાં અજીત મીલ ટોલ નાકા પાસે ગયેલા" વિગેરે પંચનામામાં જે હકીકતો કબૂલાત્મક હકીકતો છે તે આરોપી વિરૂધ્ધ પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપીએ જે જગ્યાઓ બતાવી તે જગ્યાઓનું અસ્તિત્વ ત્યાં છે જેથી જગ્યા બતાવ્યાની હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય. આ જગ્યાઓની માહીતી આરોપીને હતી માટે જ તે જગ્યાઓ ઉપર પંચો અને તપાસ કરનાર અધિકારીને આરોપી દોરી ગયેલ, આરોપીનુ આ દોરી જવાનુ વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે ચેતનભાઈ ગોવિંદભાઈ પ્રજાપતિને સાહેદ નં.૯૭૪ તરીકે આંક–૬૮૦૭ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૧૧/૮/૨૦૧૨ ના રોજ તેઓને ક્રાઇમ બ્રાન્ચની ઑફિસે બોલાવેલ તેમની સાથે તેમના કાકા ગોરધનભાઇ પારેખ પણ હતા. તેઓને બોલાવ્યા ત્યારે આશરે સાડા ત્રણ વાગ્યાનો સમય થયેલો હશે. તેઓ ઑફિસમાં ગયા ત્યારે સામે એક મેડમ બેઠેલા હતા અને સાઇડમાં ત્રણ પોલીસના

માણસો ઉભેલા હતા અને એક આરોપી ત્યાં બેઠેલો હતો અને ત્યાં મેડમે કહેલું કે અમદાવાદમાં બોમ્બ બ્લાસ્ટ થયેલા છે તેના આરોપીને પકડેલા છે તો તેનું પંચનામું કરવાનું છે તો તેમાં રહેશો? અને સાહેબે કહેલું કે આરોપીને પકડેલા છે તે જે જગ્યા બતાવે અને કંઇક કહે તેનું પંચનામું કરવાનું છે. જેથી પંચમાં રહેવાની હા પાડેલી. પછી આ સાહેદ તથા તેમના કાકાએ આરોપીનું નામ પુછેલું તો આરોપીએ પોતાનું નામ મુજીબ શેખ જણાવેલું. આરોપીએ તેનું સરનામું પણ જણાવેલુ પરંતુ અત્યારે સરનામું યાદ નથી. પરંતુ ફતેહવાડી કહેલું. આરોપીએ એવું પણ કહેલું કે, "અમદાવાદમાં બોમ્બ બ્લાસ્ટ થયેલા ત્યારે ક્યામુદ્દીનના કહેવાથી ત્રણ સાઇકલો આપેલી તે સાઇકલ ઐયાઝ તથા આફ્રિદીને આપેલી તે સાઇકલો જ્યાં મુકેલી તે જગ્યા હું બતાવવા માંગું છું તેમ જણાવેલું." આ અંગેનુ પ્રાથમિક પંચનામું કરેલુ અને આ સાહેદે તથા તેમના કાકાએ સહીઓ કરેલી.

સાહેદ વધુમાં જણાવે છે કે પંચનામામાં સહીઓ કર્યા પછી ઑફિસમાંથી બહાર આવેલા અને ત્યાં ગેટ પાસે ગાડી પડેલી હતી તે ગાડીમાં આગળના ભાગે મેડમ બેઠેલા હતા. વચ્ચેના ભાગે આરોપી બેઠેલો અને તેની આજુબાજુ બે પોલીસના માણસો બેઠેલા અને પાછળના ભાગે આ સાહેદ, તેમના કાકા તથા પોલીસના એક ભાઇ બેઠેલા. ગાડીમાં બેઠા પછી મેડમે ડ્રાયવરને કહેલું કે આ આરોપી જે જગ્યાએ ગાડી લઇ જવાનું કહે તે જગ્યાએ ગાડી લઇ લ્યો. ત્યારબાદ ગાયકવાડ હવેલીમાંથી બહાર નીકળી આરોપીએ જગ્યા બતાવેલી અને જમણા હાથે વળી જમાલપુર દરવાજા થઇ સરદાર પટેલ પુલ ઉપર થઇને એન.આઇ.ડી. થઇ મહાલક્ષ્મી પાંચ રસ્તા અને ત્યાંથી વિશાલા સર્કલ પાસે પહોંચેલા. ત્યાથી થોડે આગળ ગયા પછી આરોપીએ "યુ ટર્ને લેવડાવેલો". યુ ટર્ન લેવડાવ્યા પછી થોડે આગળ એક મોટું અંબર ટાવર હતું ત્યાં આરોપીએ ગાડી ઉભી રખાવેલી. પછી બધા ગાડીમાંથી નીચે ઉતરેલા. નીચે ઉતર્યા પછી આરોપી આગળ ચાલતો ગયેલો અને બધા પાછળ ચાલતા હતા. ત્યા અંબર ટાવરમાં એ નંબરના બ્લોકના પાર્કીંગમાં લઇ ગયેલો ત્યાં ક્યામુદ્દીને આપેલી સાઇકલો જ્યાં મુકેલી તે જગ્યા બતાવેલી. તે જગ્યા જોઇ અને ત્યારપછી પોલીસવાળા ભાઇને

લખાવેલું. ત્યારપછી મુજીબ શેખે એવું કહેલું કે "હું, ઐયાઝ શેખ તથા આફ્રિદી ત્રણ જણા જ્યાં સાઇકલો લઇ ગયેલા અને ક્યામુદ્દીનને આપેલી તે જગ્યા હું બતાવું". ત્યારપછી બધા ગાડીમાં બેસી ગયેલા. ત્યારપછી મેડમે ડ્રાઇવરને કહેલું કે આરોપી જે જગ્યા બતાવે તે જગ્યા ઉપર ગાડી લઇ લ્યો. ત્યારપછી બધા સીધા ગયેલા અને વિશાલા સર્કલ પછી આરોપીએ ગાડી જમણી બાજુ વાળવા કહેલું. ત્યાંથી વિશાલા પુલ વટાવી નારોલ સર્કલ પાસે પહોંચેલા અને સર્કલ પાસે મુજીબે ગાડી સાઇડમાં ઉભી રાખવાનું કહેલું. ત્યાં બધા ગાડીમાંથી નીચે ઉતરેલા. ત્યાંથી થોડે આગળ ચાલતા ચાલતા ગયેલા અને ત્યાં હનુમાનજીનું મંદિર આવેલું. ત્યાં પાસે ઉભા રહીને આરોપીએ જગ્યા બતાવેલી. આ જગ્યા નારોલ સર્કલ પાસે હનુમાનજીના મંદિર પાસે હતી. ત્યાં આરોપીએ કહેલું કે "અમે આ સાઇકલો ક્યામુદ્દીનને આપીને પાર્ક કરેલી". હનુમાનજીના મંદિર પાસે આજુબાજુ જગ્યા જોઇ પોલીસવાળા ભાઇને લખાવેલું. ઉપર મુજબની વિગતવાળુ પંચનામુ બનાવેલુ તે આંક–૬૮૦૮ થી રજૂ રાખેલ છે જેમાં સાહેદ પોતાની તથા બીજા પંચ તેમના કાકાની સહીઓ ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો ગોરધનભાઈ અંબાલાલ આ સાહેદના સગા કાકા નથી પરંતુ આ સાહેદના મિત્રના પપ્પા છે. આ સાહેદ રેતીનો ધંધો કરે છે અને તેઓની પાસે લાયસન્સ નથી. બનાવના દિવસે આ સાહેદના કાકાની નોકરી ચાલુ હતી. પંચનામાના દિવસે આ સાહેદનો વેપાર ધંધો ચાલુ હતો. પંચનામામાં સહી કરી તે પહેલા કયારેય પંચનામામાં ગયેલા નથી. પંચનામુ લખાવવાનો અનુભવ નથી. પંચનામામાં સહી કરી તે પહેલા મેડમને જોયેલા નથી તેમના હોદ્દાની ખબર નથી. પંચનામામાં સહી કરી તે પહેલા આરોપીનો પરીચય ન હતો. તે દિવસે બપોરના સમયે પોલીસવાળા આવેલાની હકીકત નકારે છે. બનાવના દિવસે આ સાહેદ તથા તેમના કાકા બહેરામપુરા જતા હતા ત્યારે પોલીસે રોકેલાની હકીકત પંચનામામાં લખાવી નથી તે કબૂલ કરે છે. સરતપાસમાં જે હકીકત જણાવી છે તે પોલીસના કહેવાથી જણાવેલાની હકીકત નકારે છે. પંચનામુ પોલીસ મેડમના હસ્તાક્ષરમાં નથી. પંચનામુ લખનારના

નામની ખબર નથી. અંબર ટાવર કોની માલીકીનો છે અને તેમાં કોણ રહે છે તેની ખબર નથી. ટાવર કેટલા માળનો છે તે કહી શકે નહીં. ટાવરની કઈ દિશામાં પાર્કીંગ છે તેની અત્યારે ખબર નથી. કોઈ પણ માણસ આ જગ્યાએ પાર્કીંગ કરે તેવી જગ્યા હતી તે કબૂલ કરે છે. આમ આ જગ્યા ઉપર કોઈ પણ માણસ પાર્કીંગ કરે તેવી જગ્યા હતી માટે આરોપીઓએ ત્યાં આવીને બોમ્બવાળી સાઇકલ મુકેલી હોય તેવુ ચોકકસપણે કહી શકાય. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો નારોલ સર્કલ કેટલુ લાંબુ અને પહોળુ છે તે કહી શકે નહીં. મંદિરની આજુબાજુ કોઈ ઈમારતો નથી. મંદિરની આજુબાજુ લોખંડની રેલીંગ હતી તો તે હકીકત નકારે છે. આંક–૬૮૦૮વાળા પંચનામામાં જણાવ્યા મુજબની કોઈ કામગીરી કરી નથી તો તે હકીકત પણ નકારે છે. પંચનામાવાળા સ્થળ ઉપર આરોપી આવેલો નથી કે તેને જગ્યા બતાવી નથી તો તે હકીકત પણ નકારે છે. પંચનામુ વાંચી સંભળાવી સમજાવેલુ હોવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત પણ નકારી છે. પોલીસ સ્ટેશનથી નીકળ્યા ત્યારે આરોપી કયા સ્થળ ઉપર લઈ જવા માંગતો હતો તે હકીકત જણાવેલી નહીં. બંને પંચોની હાજરીમાં પોલીસે ત્રીજી વ્યકિતની પુછપરછ કરી હોય તેવુ બનેલ નથી. આરોપીએ ઈશારો કરીને જગ્યા બતાવેલી તે હકીકત પંચનામામાં લખાવેલ નથી તો તે હકીકત નકારે છે. અંબર ટાવર એક કરતા વધારે માળનું છે. અંબર ટાવરની કમ્પાઉન્ડ વોલ હતી નહીં. જે જગ્યા આરોપીએ બતાવેલી તેની ચતુર દિશાનુ વર્ણન આપી શકે નહીં. નારોલ સર્કલની આજુબાજુ ચાર રસ્તા પડે છે તે કબૂલ કરે છે. સર્કલ અને મંદિર વચ્ચેના ભાગમાં વાહન વ્યવહાર ચાલુ રહે છે તે કબૂલ કરે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડાનાઓએ ખાડીયા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં.૭૧/૨૦૦૮ ના કામે તા.૧૧.૮.૨૦૧૨ ના રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ ગોરધન અંબાલાલ પારેખનાઓને ક્રાઈમ બ્રાન્ચની કચેરીએ બોલાવેલા. ત્યાં આરોપી મુજીબ શેખ (મરણ ગયેલ છે તે અંગેની પુરસીસ ફરિયાદપક્ષ દ્વારા આંક–૬૮૦૯ થી રજૂ થયેલી છે) હાજર હતો. પંચોએ તેનુ નામ

ઠામ પુછેલુ અને તે કંઈ કહેવા અને બતાવવા માંગતો હતો. જેથી તપાસ કરનાર અધિકારી પોતે, પંચો, પોલીસ સ્ટાફ તથા આરોપીને લઈ આરોપીના બતાવ્યા મુજબના રસ્તે ગયેલા અને આરોપીએ જણાવેલુ કે જુલાઈ–૨૦૦૮ મા અમદાવાદમાં જે સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવો બનેલા તેમા ઉપયોગમાં લેવાયેલ સાઇકલો કયામુદીન કાપડીયાના કહેવા મુજબ આલમજેબ અફ્ઝીદી તથા એૈયાઝનાઓએ પોતાને ત્રણ સાઇકલો આપેલી તે સાઇકલો પોતે જયાં મુકેલી તે જગ્યા બતાવવા માંગુ છું. તેમ જણાવતા આરોપીએ અંબર ટાવરના પાર્કીંગવાળી જગ્યા તથા નારોલ સર્કલ પાસે આવેલ હનુમાનજીના મંદિર પાસેની જગ્યા બતાવેલી અને તેનુ પંચનામુ આંક–૬૮૦૮ વાળુ બનાવવામાં આવેલુ.

આંક–૬૮૦૮ વાળુ પંચનામુ બનાવનાર તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડાની જુબાનીના પેરા ૧.૧૨૭ ધ્યાને લઈએ તો તેઓ જણાવે છે કે રીમાન્ડ ઉપરના આરોપી મુજીબ શેખનાઓ કંઈ કહેવા અને બતાવવા માંગતા હોવાથી તા.૧૧.૨.૨૦૧૨ ના રોજ ક્રાઈમ બ્રાન્ચની કચેરીએ બે પંચોને બોલાવેલા, પંચોએ તેઓનુ નામ પુછતા તેને પોતાનુ નામ મુજીબ શેખ જણાવેલુ અને તેને એવુ પણ જણાવેલુ કે અમદાવાદમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં બોમ્બવાળી સાઇકલો આરોપી નં.૩૭ કયામુદ્દિન કાપડીયાના કહેવા પ્રમાણે આરોપી નં.૨૩ એૈયાઝ સૈયદ તથા આરોપી નં.૭૫ આલમજેબ અફ્ઝીદીએ ત્રણ સાઇકલો આપેલી અને તે સાઇકલો અંબર ટાવરના બ્લોક નં.એ ની નીચે પાર્કીંગની જગ્યામાં તથા નારોલ સર્કલ ઉપર આવેલ હનુમાનજીના મંદિર પાસે મુકેલી તે જગ્યાઓ બતાવેલી અને તેનુ પંચનામુ કરેલુ. આંક–૬૮૦૮વાળા પંચનામામાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. તેઓની ઊલટતપાસના પેરા ૩૮ ધ્યાને લઈએ તો તા.૧૪.૧૨.૨૦૦૮ ના રોજ આરોપી મુજીબ મણીનગર પોલીસ સ્ટેશનના ગુનામાં તપાસ કરનાર અધિકારી મયુર ચાવડાના કબજામાં હતો તો તે કહી શકે તેમ નથી. તા.૧૧.૮.૨૦૧૨ ના રોજ આરોપી મુજીબે સાઇકલ મુકેલાની જગ્યા બતાવેલાનું પંચનામુ રૂબરૂમાં કરવામાં આવેલાની હકીકત કબૂલ કરવામાં આવે છે જેથી એવુ ચોકકસપણે કહી શકાય કે આરોપી

મુજીબ શેખ કે જે મરણ ગયેલ છે તેને આંક–૬૮૦૮ વાળા પંચનામાની હકીકત જણાવેલી અને તે પંચનામાની વિગતવાળુ પંચનામુ બનાવવામાં આવેલુ હતુ. વધુમાં ઊલટતપાસના પેરા–૬૧ ધ્યાને લઈએ તો આંક–૬૮૦૮ વાળુ પંચનામુ જે જગ્યા બતાવવા અંગેનુ કરેલુ તે પહેલા તે અંગેનો પુરાવો અન્ય તપાસનીશ અધિકારીની તપાસમાં ખુલેલો કે કેમ? તે અંગેનો પુરાવો પંચનામુ કર્યુ ત્યારે મળેલો નહીં.

આંક–૬૮૦૮ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "પોતે પોતાનુ નામ મુજીબ શેખ જણાવેલુ અને કયામુદ્દિન કાપડીયાના કહેવા મુજબ આલમજેબ અફ્ઝીદી તથા એૈયાઝ સૈયદે બોમ્બવાળી સાઇકલો આપેલી અને તે સાઇકલો જયાં મુકેલી તે જગ્યા બતાવવા માંગુ છું" તથા "આરોપીએ સરકારી વાહનમાં બેસીને રસ્તો બતાવેલો તથા તે અંબર ટાવરના પાર્કીંગ પાસે જઈ પાર્કીંગવાળી જગ્યા બતાવેલી" તથા "નારોલ સર્કલ પાસે હનુમાનદાદાના મંદિર પાસેની જગ્યા બતાવેલી" વિગેરે પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપીએ પોતે આપેલ માહિતી પ્રમાણેની જે જે જગ્યાએ આવેલી હતી તે જગ્યાઓનું ત્યાં અસ્તિત્વ છે જેથી તે હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય. આરોપીને આ જગ્યાની માહિતી હતી માટે તે પંચો તથા તપાસ કરનાર અધિકારીને તે જગ્યાઓ ઉપર દોરી ગયેલો છે, આરોપીનુ આ દોરી જવાનુ વર્તન પણ પુરાવામાં ગ્રાહ્ય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે નલીનભાઈ જયંતિલાલ જાડાવાલાને સાહેદ નં.૧૦૮૨ તરીકે આંક–૭૩૮૬ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૨૪/૩/૨૦૧૬ ના રોજ તેઓ જગન્નાથ મંદિરથી ગાયકવાડ હવેલી થઇ જતા હતા ત્યારે પોલીસે ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનમાં બોલાવેલા. આ સાહેદ ઑફિસમાં ગયા ત્યારે એક અધિકારી હતા, બીજા એક ભાઇ બેઠેલા હતા, સ્ટાફના માણસો હતા અને આ સાહેદને કહેવામાં આવેલું કે આ આરોપી બોમ્બ બ્લાસ્ટના કેસનો છે અને ખાડીયામાં

બોમ્બ બ્લાસ્ટ થયેલા તેના પંચનામામાં રહેવા સંમત છો? તો હા પાડેલી. આરોપીને આ સાહેદે પ્રથમ નામ પુંછેલું તો આરોપીએ તેનું નામ મોહમદ રફિક ઉર્ફે આલમજેબ જણાવેલું અને જુહાપુરાનો રહેવાસી હોવાનું જણાવેલું અને આરોપીએ બોમ્બ બ્લાસ્ટમાં ઉપયોગમાં લીધેલી સાઇકલો બતાવવાનું જણાવેલું. બોમ્બ બ્લાસ્ટ પહેલા સાઇકલો કયાં મુકેલી હતી તે બતાવવાનું પણ જણાવેલું. અધિકારી, બીજા માણસો, બીજા પંચ, આ સાહેદ તથા આરોપી બધા નીચે આવ્યાં. ત્યારબાદ ગેટની બહાર આવેલા અને ત્યાં એક સરકારી વાહન હતું. ત્યારબાદ સરકારી વાહનમાં આ સાહેદ, બીજા પંચ, અધિકારી, સ્ટાફના માણસો તથા આરોપી તે વાહનમાં બેઠેલાં. વાહનમાં બેઠા પછી સાહેબે કહેલું કે હવે "કયાં જવાનું છે તે અમને બધાને બતાવ." ત્યારબાદ મેઇન ગેટની બહાર આરોપીએ "જમણી બાજુ ઇશારો કરેલો." ત્યાંથી તે બોલતો ગયેલો અને તે પ્રમાણે વાહન લઇ ગયેલાં અને વાહન જમાલપુર માર્કેટના પુલ ઉપર થઇને એન.આઇ.ડી. થઇને, મહાલક્ષ્મી છ રસ્તા બાજુ તેણે બતાવ્યા પ્રમાણે ગયેલાં. ત્યાંથી આગળ ધીરે ધીરે ગુમાનગર તરફ આગળ વધેલાં. ત્યાંથી જુહાપુરા સર્કલ પાસે ગાડી સાઇડમાં આવેલા સર્વિસ રોડ ઉપર લેવડાવેલી અને ત્યાં આગળ જતા પોલીસ ચોકી પાસે આરોપીએ "ગાડી ઉભી રખાવેલી." ત્યાં બધા નીચે ઉતરેલાં. આરોપી જયાં સાઇકલો મુકેલી હતી ત્યાં લઇ ગયેલા. ત્યાં બધા અંદર ગયેલા અને આરોપીએ જણાવેલું કે "મે આ પાર્કિંગમાં એક સાઇકલ મુકેલી." આ જગ્યા યુનિક એપાર્ટમેન્ટની હતી. ત્યાંથી બધા ગાડીમાં બેઠેલાં. ત્યારબાદ આરોપીના કહેવા પ્રમાણે સરખેજ તરફ થોડે આગળ ગાડી લીધેલી. ત્યારબાદ આરોપીએ ગાડી યુ–ટર્ન વળાવેલી અને થોડે દુર ગયા પછી જણાવેલું કે "અહિંયા મે બીજી સાઇકલ મુકેલી હતી તે જગ્યા બતાવું." તે જગ્યા અંબર ટાવરની હતી. અંબર ટાવરમાં ગયા પછી આરોપીએ "એ" બ્લોક બતાવેલો." ત્યારબાદ બધા ત્યાંથી ગાડીમાં બેસેલા અને બધુ લખાવતા પણ હતાં. ત્યાંથી આરોપીએ ગાડી વિશાલા સર્કલ તરફ ગાડી લેવડાવેલી. ત્યાંથી આગળ નારોલ સર્કલ તરફ ગયેલા અને ત્યાં "આરોપીએ ગાડી ઉભી રખાવેલી." ત્યાં બધા નીચે ઉતરેલાં. ત્યાં આરોપીએ કહેલું કે

"હનુમાનજીના મંદિર પાસે આ સાઇકલો અમે મુકેલી." ત્યારબાદ આરોપીએ કયામુદ્દિન નામના કોઇ માણસને સાઇકલો આપેલી તે જગ્યા બતાવેલી. આ કાર્યવાહીનું પંચનામુ બનાવવામાં આવેલુ જે આંક–૭૩૮૭ થી ૨જૂ છે, આ પંચનામામાં સાહેદ પોતાની તથા તેમની સાથેના પંચની સહીઓ ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પ્રથમ જે જગ્યા ઉપર ગયેલા તે જગ્યા પાસે પોલીસ ચોકી હતી તે ચોકી કેવી હતી તે ચોકકસ કહી શકે નહીં. તે જગ્યાએ યુનીક એપાર્ટમેન્ટ હતુ તે કબૂલ કરે છે. પાર્કીંગમાં કેટલા બ્લોક હતા તે કહી શકે નહીં. ગેટમાંથી દાખલ થયા બાદ ૧૫–૨૦ ડગલા પછી સાઇકલવાળી જગ્યા બાતાવેલી. જે જગ્યાએ સાઇકલ મુકેલાનું જણાવેલુ તે જગ્યાની આજુબાજુનું વર્ણન લખાવેલુ નહીં. અંબર ટાવરના કેટલા બ્લોક હતા તેનો ખ્યાલ નથી. બંને બ્લોકમાં આગળના ભાગે દુકાનો છે તેની ખબર નથી. અંબર ટાવરના બંને બ્લોક તથા કમ્પાઉન્ડ વોલ વચ્ચે પાર્કીંગ હોય તો ખબર નથી. જે જગ્યાએ સાઇકલો મુકેલાનું જણાવેલુ તે જગ્યાએ પાર્કીંગનો વિસ્તાર કેટલો હતો તે લખાવેલુ નહીં. હનુમાનજીનું મંદિર સરખેજથી નારોલ ચાર રસ્તા જઈએ ત્યારે ડાબી તરફ આવે તે કબૂલ કરે છે. મંદિરને લાગીને રોડ આવેલા છે તે કબૂલ કરે છે. મંદિરની પાછળ લારીઓવાળા ઉભા રહેતા હોય તો ખબર નથી. ત્રણેય જગ્યાએ સાઇકલો કઈ તારીખે મુકેલી તે તારીખ આરોપીને પુછેલી નહીં. આરોપી કઈ જગ્યા ઉપર લઈ જવા માંગે છે તે પોલીસ સ્ટેશનમાંથી નીકળતા પહેલા જણાવેલુ નહીં. સાઇકલોવાળી જગ્યાની જાણકારી પોલીસ અધિકારીને પહેલાથી હતી કે કેમ તેની પુછપરછ કરેલી નહીં. પંચનામુ આ સાહેદ તથા કલ્પેશભાઈ વારાફરતી લખાવતા હતા. પંચનામામાં કલ્પેશભાઈએ શું લખાવ્યુ તે પંચનામુ જોઈને કહી શકે નહીં. પોલીસ સ્ટેશનમાં તૈયાર પંચનામામાં સહી કરેલાની હકીકત નકારી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાથે મદદમાં રહેનાર અધિકારી સાહેદ નં.૧૧૧૬ કનુભાઈ નરોત્તમ

પટેલનાઓએ ખાડીયા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં.૭૧/૨૦૦૮ ના કામે તા.૨.૪.૨૦૧૬ ના રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ કલ્પેશ કિશોરકુમાર ઓઝાનાઓને ક્રાઈમ બ્રાન્ચની કચેરીએ બોલાવેલા. ત્યાં આરોપી નં.૭૫ મોહમદ રફીક ઉર્ફે જાવીદ હાજર હતો. પંચોએ તેનુ નામ ઠામ પુછેલુ અને તે કંઈ કહેવા અને બતાવવા માંગતો હતો. જેથી તપાસ કરનાર અધિકારી પોતે, પંચો, પોલીસ સ્ટાફ તથા આરોપીને લઈ આરોપીના બતાવ્યા મુજબના રસ્તે ગયેલા અને આરોપીએ જણાવેલુ કે જુલાઈ–૨૦૦૮ મા અમદાવાદમાં જે સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવો બનેલા તેમા ઉપયોગમાં લેવાયેલ સાઇકલો તેણે તથા કયામુદીન કાપડીયા તથા મુજીબ શેખ તથા એૈયાઝ સૈયદનાઓએ જે જગ્યાઓ ઉપર મુકેલી તે જગ્યાઓ બતાવવાની તૈયારી બતાવેલી અને તેને અંબર ટાવરના પાર્કીંગવાળી જગ્યા તથા નારોલ સર્કલ પાસે આવેલ હનુમાનજીના મંદિર પાસેની જગ્યા બતાવેલી અને તેનુ પંચનામુ આંક–૭૩૮૭ વાળુ બનાવવામાં આવેલુ.

આંક–૭૩૮૭ વાળુ પંચનામુ બનાવનાર અધિકારી સાહેદ નં. ૧૧૧૬ કનુભાઈ નરોત્તમ પટેલની જુબાનીના પેરા નં.૪ ધ્યાને લઈએ તો તા. ૨૩/૪/૨૦૧૬ ના રોજ મહંમદ રફીક ઉર્ફે જાવિદ ઉર્ફે આલમજેબ આફ્રીદી સન/ઓફ મસકુર અહેમદનાઓની પુછપરછ કરતા આ આરોપી પોતાની સ્વખુશીથી કંઇક કહેવા તથા બતાવવા માગતો હોઇ પંચનામુ કરવા માટે બે પંચોને બોલાવેલ અને પંચોએ પંચમાં રહેવાની સ્વખુશી બતાવેલી અને પંચોની રૂબરૂમા આરોપીનું નામ ઠામ પુછેલુ. ત્યારબાદ આરોપીએ પંચો રૂબરૂ જણાવેલ કે "જુલાઇ–૨૦૦૮ ના સીરીયલ બ્લાસ્ટ થયેલ ત્યારે ઉપયોગમાં લેવાયેલ સાઇકલો મેં તથા કયામુદ્દીન કાપડીયા અને મુજીબ અને એૈયાઝ સૈયદે જે જગ્યાએ મુકેલ તે બતાવવા માગુ છું" ત્યારબાદ ડ્રાઇવરને સુચના આપેલ કે આરોપી કહે તે મુજબ વાહન હંકારવુ ત્યારબાદ આરોપીએ જે–જે જગ્યા બતાવી તે તે જગ્યા પર ગયેલા અને તે અંગેની વિગતવાર નોંધ પંચોએ પંચનામામાં લખાવેલી. આંક–૭૩૮૭ વાળા પંચનામામાં પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે. તેઓની ઊલટતપાસના પેરા ૧૦ ધ્યાને લઈએ તો ખાડીયા પોલીસ સ્ટેશન ફર્સ્ટ

ગુના રજી.નં.૭૧/૨૦૦૮ તથા સરખેજ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં. ૧૮૧/૨૦૦૮ ના કામે અગાઉના તપાસ કરનાર અધિકારીઓ ગુનાવાળી જગ્યાઓ ઉપર આરોપીઓને કે અન્ય કોઈ વ્યકિતને લઈ જઈને તપાસ કરી હોય તો ખબર નથી. આંક–૭૩૮૭ વાળુ પંચનામુ આરોપીના કહેવા અને બતાવ્યા પ્રમાણે બનાવેલુ નથી તો તે હકીકત નકારી છે.

આંક–૭૩૮૭ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "પોતે પોતાનુ નામ સરનામુ જણાવેલુ અને કયામુદીન કાપડીયા, મુજીબ શેખ, એૈયાઝ સૈયદ તથા પોતે બોમ્બવાળી સાઇકલો જયાં મુકેલી તે જગ્યા બતાવવા માંગુ છું" તથા "આરોપીએ સરકારી વાહનમાં બેસીને રસ્તો બતાવેલો તથા તે અંબર ટાવરના પાર્કીંગ પાસે જઈ પાર્કીંગવાળી જગ્યા બતાવેલી" તથા "નારોલ સર્કલ પાસે હનુમાનદાદાના મંદિર પાસેની જગ્યા બતાવેલી" વિગેરે પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં.પરંતુ મારા મત પ્રમાણે આરોપીએ પોતે આપેલ માહિતી પ્રમાણેની જે–જે જગ્યાએ આવેલી હતી તે જગ્યાઓનું ત્યાં અસ્તિત્વ છે જેથી તે હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય. આ જગ્યાઓની માહીતી આ આરોપીને હતી માટે તે પંચોને તથા તપાસ કરનાર અધિકારીને આ જગ્યાઓ ઉપર દોરી ગયેલ, આ દોરી જવાનુ આરોપીનુ વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે.

આંક–૧૮૬૭ વાળુ પંચનામુ નરોડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૪૦૧/૨૦૦૮ નાં કામે બનાવવાળી જગ્યા નરોડા ભાગોળ મયુર રેસ્ટોરન્ટ નીચે આવેલ પરમ શકિત ટી સ્ટોલ સામે જાહેર રોડવાળી જગ્યાનું તપાસ કરનાર અધિકારીએ પંચો રૂબરૂ બનાવેલુ અને તે પંચનામા પંચ સાહેદ નં. ૩૪૬ તરીકે વિનોદભાઈ હીરાભાઈ વાળંદનાઓને આંક–૧૮૬૬ થી ફરિયાદપક્ષે તપાસેલા છે. તેઓની જુબાની તથા આંક–૧૮૬૭ વાળા પંચનામાની વિગતવાર ચર્ચા ફરિયાદપક્ષ દ્વારા બનાવ પુરવાર કરવા માટે જે પુરાવા રજૂ કરવામાં આવેલા છે તે પુરાવાની આગળ ઉપર ચર્ચા કરેલી છે. જેથી આ સાહેદના પુરાવા અને

પંચનામાની વિગતોનું મુલ્યાંકનનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી. ત્યારબાદ આરોપી નં.૨૩ ની અટક કર્યા બાદ તેને આ જગ્યા પંચો રૂબરૂ બતાવેલી તેનુ પંચનામુ આંક–૫૪૭૦ થી રજૂ કરેલુ છે.

આંક–૧૯૨૩ વાળુ પંચનામુ કલોલ તાલુકા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૦/૨૦૦૮ નાં કામે બનાવવાળી જગ્યા ખાત્રજ સીમમાં આવેલ અરવિંદ મીલ નજીક મ્યુનિસિપલ બસ રૂટ નં.૬૬/૩ ની બસ કે જે બસમાંથી જીવતો બોમ્બ મળી આવેલો તે જગ્યાનું તપાસ કરનાર અધિકારીએ પંચો રૂબરૂ બનાવેલુ અને તે પંચનામા પંચ સાહેદ નં.૩૪૯ દિનેશજી અરજણજી ઠાકોરનાઓને આંક–૧૯૨૨ તરીકે ફરિયાદપક્ષે તપાસેલા છે. તેઓની જુબાની તથા આંક–૧૯૨૩ વાળા પંચનામાની વિગતવાર ચર્ચા ફરિયાદપક્ષ દ્વારા બનાવ પુરવાર કરવા માટે જે પુરાવા રજૂ કરવામાં આવેલા છે તે પુરાવાની આગળ ઉપર ચર્ચા કરેલી છે. જેથી આ સાહેદના પુરાવા અને પંચનામાની વિગતોનું મૂલ્યાંકનનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી. ત્યારબાદ આરોપી નં.૨૩ ની અટક કર્યા બાદ તેને આ જગ્યા પંચો રૂબરૂ બતાવેલી તેનુ પંચનામુ આંક–૫૪૭૦ થી રજૂ કરેલુ છે.

આંક–૨૦૮૦ વાળુ પંચનામુ કલોલ તાલુકા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૦/૨૦૦૮ ના કામે ખાત્રજ અરવિંદ મીલના મેઈન ગેટ આગળ એ.એમ.ટી.એસ. બસ રૂટ નં.૬૬/૩ માંથી જીવતો બોમ્બ મળી આવેલો તે ડીફ્યુઝ કરી તેમાંથી મળી આવેલા નમૂના કબજે કરેલા તે અંગેનુ તપાસ કરનાર અધિકારીએ પંચો રૂબરૂ બનાવેલુ અને તે પંચનામા પંચ સાહેદ નં.૩૫૯ મોહનજી ભલાજી ઠાકોરનાઓને આંક–૨૦૭૯ તરીકે ફરિયાદપક્ષે તપાસેલા છે. તેઓની જુબાની તથા આંક–૨૦૮૦વાળા પંચનામાની વિગતવાર ચર્ચા ફરિયાદપક્ષ દ્વારા બનાવ પુરવાર કરવા માટે જે પુરાવા રજૂ કરવામાં આવેલા છે તે પુરાવાની આગળ ઉપર ચર્ચા કરેલી છે .જેથી આ સાહેદના પુરાવા અને પંચનામાની વિગતોનું મૂલ્યાંકનનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી. ત્યારબાદ

આરોપી નં.૨૩ ની અટક કર્યા બાદ તેને આ જગ્યા પંચો રૂબરૂ બતાવેલી તેનુ પંચનામુ આંક–૫૪૭૦ થી રજૂ કરેલુ છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે મહેશભાઈ મોહનલાલ વ્યાસને સાહેદ નં.૫૯૮ તરીકે આંક–૩૨૧૮ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૯/૯/૨૦૦૮ ના રોજ ગાયકવાડ હવેલી પોલીસે આ સાહેદને મોબાઈલની ઓળખ માટે બોલાવેલા. આ સાહેદ સાથે બીજા પંચ દિનેશભાઇ ઝાલાને પણ બોલાવેલા. ત્યાં ઐયાઝ રજાકમીયાં સૈયદનાઓ બોમ્બ બ્લાસ્ટમાં સંડોવાયેલ હોઇ હાજર હતો ત્યાં મોબાઇલનું પંચનામું કરવાનું હોવાથી પંચમાં રહેવાનું કહેતાં ખુશી વ્યક્ત કરેલી. ત્યાં આરોપીના પિતા રઝાકમીયાં એહમદભાઈએ એક નોકીયા કંપનીનો મોડલ નં.૨૩૧૦ આસમાની કાળા કલરનો મોબાઇલ રજુ કરેલો જે આ સાહેદે હાથમાં લઇને જોયેલો અને તે બાબતેનું પંચનામું કરવામાં આવેલું. તેમાં મોબાઇલ ઉપરથી જોઇને નંબર પંચનામામાં લખાવેલા. સદર આંક–૩૨૧૯ વાળા પંચનામામાં સાહેદ પોતાની તથા દિનેશભાઈની અને રૂબરૂ તરીકે પોલીસ અધિકારીની સહીઓ ઓળખી બતાવે છે. તેમજ સેશન્સ કેસ નં.૩૦૦/૨૦૦૯ ના મુદ્દામાલ લીસ્ટ આંક–૫૧૭ નો ક્રમાંક નં.૩ વાળા મુદ્દામાલમાંથી નીકળે પંચ સ્લીપમાં સાહેદ પોતાની તથા દિનશભાઈની તથા રૂબરૂ તરીકે પોલીસ અધિકારીની સહીઓ ઓળખી બતાવે છે જે પંચ સ્લીપ આંક–૩૨૨૦ થી રજૂ રાખેલ છે તેમજ સેશન્સ કેસ નં.૩૦૦/૨૦૦૯ ના મુદ્દામાલ લીસ્ટ આંક–૫૧૭ નો ક્રમાંક નં.૮ વાળો નોકીયા કંપનીનો મોબાઇલ પણ ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પંચનામાના અરસામાં પોતાની ચાની કીટલી શાહપુર દરવાજા પાસે હતી તે સબંધે કોઈ પરવાનો ન હતો. રાણીપથી ક્રાઇમ બ્રાન્ચની ઑફિસ ૧૦ થી ૧૨ કિ.મી. દુર છે તે કબૂલ કરે છે. પંચનામા વખતે બીજા પંચ આરોપીના પિતા અને પોલીસ સિવાય કોઈ વ્યકિત હાજર ન હતા. પંચનામામાં સહી કરી તે પહેલાથી પોલીસવાળાને ઓળખતા હતા તો તે હકીકત નકારી છે. પંચનામામાં સહી કરતા પહેલા

રઝાકમીયા સૈયદ સાથે કોઈ વાતચીત કરવાનો પ્રસંગ બનેલો નથી. જુબાનીના દિવસે એયાઝ રઝાકમીયા સૈયદને ઓળખી શકે નહીં. આ સાહેદની હાજરીમાં પંચનામાની વિગતે મુદ્દામાલ કબજે થયેલ નથી તો તે હકીકત નકારી છે. તૈયાર પંચનામામાં સહી કરેલાની હકીકત પણ નકારી છે. મોબાઈલ ઉપર મોડલ નંબર લખેલો હોય તો કહી શકે નહીં તે કબૂલ કરે છે. મોબાઈલને બહારથી જોતા તેની ઉપર કોઈ મોડલ નંબર લખેલો જોવા મળતો નથી તેમ જણાવે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયાએ નરોડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૪૦૧/૨૦૦૮ ના કામે તા.૯.૯.૨૦૦૮ ના રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ દિનેશકુમાર મણીલાલ ઝાલાને આરોપી નં.૨૩ એયાઝ રજાકમીંયા સૈયદ હાજર હતો અને તેના પિતા રજાકમીંયા અહેમદમીયા સૈયદનાઓએ એયાઝનો મોબાઈલ ફોન રજૂ કરેલો અને તે મોબાઈલ ફોન સીમકાર્ડ નં.૯૭૨૭૫૪૯૦૬૧ નો રૂા.૫૦૦/– ગણી કબજે કરેલ અને તેનુ પંચનામુ પંચોની હાજરીમાં આંક–૩૨૧૯ વાળુ કરવામાં આવેલુ હતુ.

આંક–૩૨૧૯વાળુ પંચનામુ કરનાર અધિકારી વી.આર.ટોળીયા ગુજરી ગયેલા છે. જેથી બોમ્બ બ્લાસ્ટની તપાસ ટીમો પૈકીના એક તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ આ હકીકત પોતાની જુબાનીના પેરા નં.૩૧.૧૨ ઉપર જણાવેલી છે તથા આંક–૩૨૧૯ વાળા પંચનામામાં શ્રી વી. આર. ટોળીયાની સહી તેમણે ઓળખી બતાવી છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે મનીષભાઈ ચંદ્રકાન્તભાઈ શાહને સાહેદ નં.૮૧૧ તરીકે આંક–૫૪૬૨ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૮/૯/૨૦૦૮ ના રોજ ગીતા મંદિરથી ભુલાભાઈ જવાના રસ્તે ત્રણ ચાર ક્રાઈમના માણસો અને આરોપી ઉભેલા હતાં ત્યાં "અજય ટેલીકોમ" નામની દુકાન હતી ત્યાં આ સાહેદને ઉભા રાખેલા. ત્યાં તેમની અગાઉ ધીરિનભાઈ પટેલ કરીને એક માણસને પણ ઉભા રાખેલ હતા ત્યારે પોલીસે એવું જણાવેલ કે પંચમાં રહેશો? ત્યારે ત્યાં બીજા પંચ સાથે ઓળખાણ થયેલી. ત્યાં

પોલીસ પાસે આખી વસ્તુ શું છે તે જાણેલું અને ઐયાઝ સૈયદ કરીને પતલા સરખા બાધાંના, ૨૪–૨૫ વર્ષની ઉંમરના એક ભાઈ ઉભેલાં હતાં. અયાઝ સૈયદે આ સાહેદની હાજરીમાં કીધેલું કે "અજય ટેલીકોમ એસ.ટી.ડી. પી.સી.ઓ.માંથી તા.૨૫/૦૭/૨૦૦૮ના રોજ ક્યામુદ્દીન કાપડીયાને આ એસ.ટી.ડી. પી.સી. ઓ. થી મેં ફોન કરેલો". આ ફોન બોમ્બ બ્લાસ્ટના આગલા દિવસે કરેલો. આ કાર્યવાહીનું પચંનામુ બનાવવામાં આવેલુ જે આંક–૫૪૬૩ થી ૨જૂ છે. આ પંચનામામાં સાહેદ પોતાની તથા ધીરેનભાઈની સહીઓ ઓળખી બતાવે છે. સાહેદ આરોપીને ઓળખી શકતા નથી અને જણાવેલ છે કે પહેલાં આરોપીને દાઢી મુછ ન હતી અને અત્યારે દાઢી મુછ છે તેમજ આઠ વર્ષ જેટલો સમય થયેલ હોય ઓળખી શકતા નથી.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો તા.૮.૯.૨૦૦૮ ના રોજ કલાક ૪.૩૦ વાગે અજય ટેલીકોમ ઉપર પોલીસે રોકેલો હોય તો તે હકીકત ખોટી છે. સાહેદ જણાવે છે ૪ થી ૪.૧૪ કલાકના સમયે રોકેલો. અજય ટેલીકોમ પાસે જ રોકવામાં આવેલા તે સિવાય બીજી કોઈ જગ્યાએ રોકવામાં આવેલા નથી. પોલીસવાળાઓને ઓળખ સંબંધેનુ ઓળખ કાર્ડ બતાવેલુ નહીં. પંચ નં.૨ ધીરેનભાઈ કેટલા સમય પહેલાથી આવેલા તે કહી શકે નહીં. પોલીસવાળાઓ કેટલા સમય અગાઉથી ત્યાં હાજર હતા અને શું કાર્યવાહી કરેલી તેની માહિતી નથી. આરોપી અને બીજા પંચને પંચનામામાં સહી કર્યા અગાઉ ઓળખતા ન હતા તે કબૂલ કરે છે. આરોપીના પરિવાર અને તેમના કામ ધંધા બાબતે માહિતી નથી. પંચનામામાં સહી કરી તે પહેલા ક્રાઇમ બ્રાન્ચના કોઈ પોલીસ અધિકારીને ઓળખતા હતા નહીં. પોલીસવાળાઓએ અજય ટેલીકોમમાં સિકકો નાખી ટેલીફોન કરેલો હોય તેવુ બન્યુ નથી તે કબૂલ કરે છે. પોલીસે આ સાહેદની હાજરીમા અજય ટેલીકોમની દુકાનમાંથી કોઈ પણ પ્રકારના દસ્તાવેજ કબજે કરેલા નથી તે કબૂલ કરે છે. આરોપીનું શારીરિક વર્ણન પંચનામામાં લખાવેલુ નથી તે કબૂલ કરે છે. સરતપાસમાં જણાવ્યા મુજબની પંચનામાની કાર્યવાહી

થયેલી નથી અને પોલીસના કહેવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાએ નરોડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૪૦૧/૨૦૦૮ ના કામે તા.૮.૯.૨૦૦૮ નાં રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ ધીરેનભાઈ ભાલચંદ્ર પટેલને આરોપી નં .૨૩ ઐયાઝ રજાકમીયા સૈયદને લઈને તે કાંઈક બતાવવા માંગતો હોય અને જણાવેલુ કે તા.૨૫.૭. ૨૦૦૮ ના કલાક ૧૦.૩૦ થી ૧૦.૪૫ દરમ્યાન સહઆરોપી કયામુદીનને પી.સી.ઓ. ઉપરથી કયામુદીનના મોબાઈલ ફોન ઉપર વાત કરેલી તે એસ.ટી.ડી પી.સી.ઓ.વાળી જગ્યા બતાવેલી અને તેનુ પંચનામુ પંચોની હાજરીમાં આંક–૫૪૬૩ વાળુ કરવામાં આવેલુ હતુ.

આંક–૫૪૬૩ વાળુ પંચનામુ તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાની જુબાનીના પેરા નં.૩૧.૧૨ ઉપર આ હકીકત જણાવેલી છે તથા આંક–૫૪૬૩ વાળા પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવી છે.

આંક–૫૪૬૩ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "પોતાનુ નામ ઠામ બતાવેલુ" તથા "અજય ટેલીકોમ એસ.ટી.ડી પી.સી.ઓ.માંથી તા.૨૫/૦૭/૨૦૦૮ ના રોજ ક્યામુદ્દીન કાપડીયાને આ એસ.ટી.ડી. પી.સી.ઓ.થી મેં ફોન કરેલો" વિગેરે જે હકીકતો જણાવેલી છે તે આરોપી વિરૂધ્ધ પુરાવામાં ઉપયોગમાં લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપીએ બતાવ્યા પ્રમાણેની અને માહિતી આપ્યા પ્રમાણેની જગ્યાએ જે તે વખતે અજય ટેલીકોમ હતુ તો તેટલા પુરતી હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય તથા આ જગ્યા ઉપર આરોપી દોરી ગયેલા તે દોરી જવાનુ વર્તન આરોપીનુ પુરાવામાં ગ્રાહ્ય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે જુજારસિંહ પોપટસિંહ ગોલને સાહેદ નં.૮૧૯ તરીકે આંક–૫૫૧૧ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૮/૯/૨૦૦૮ ના રોજ બપોરે એક દોઢ વાગ્યાના અરસામાં આ સાહેદ પોલીસ ભવન પાસેથી નીકળેલા ત્યારે પોલીસે રોકેલા. તેમની સાથે બીજા પંચ ઘનશ્યામસિંહ હતાં અને પોલીસ એક ઑફિસમાં લઈ ગયેલા, જે એફ.એસ.એલ. કચેરી હતી. આ કચેરીમાં તેઓ બંને પંચો, પોલીસ તથા સાહેબો હતા. ત્યાં એવી વાત થયેલી કે અમદાવાદમાં નરોડા ખાતે ચાની કીટલી ઉપર થયેલ બોમ્બ બ્લાસ્ટનું પંચનામું કરવાનું છે તો, પંચમાં રહેશો? તો "હા" પાડેલી. ત્યાં હાથકડી પહેરાવેલ એક ગુનેગાર પણ હતાં. તેઓએ આરોપીનું નામ પૂછેલું તો આરોપીએ પોતાનું નામ ઐયાઝ સૈયદ હોવાનું કહેલું અને અમદાવાદ વટવા રહેવાસી હોવાનું જણાવેલું. બધા ત્યાં ઉભા હતાં ત્યારે એફ.એસ.એલ.ના સાહેબોએ તેના માણસ મારફત સાઇકલ મંગાવેલ જે સાઇકલ કાળા કલરની હતી અને આરોપી ઐયાઝે સાઇકલ ઓળખી બતાવવા કહેલું. ઐયાઝે કહેલ કે "આ સાઇકલ મેં નરોડા કીટલી ખાતે બોમ્બ સાથે મુકેલી અને આ સાઇકલ તે જ હોવાનું આરોપીએ જણાવેલું. ઐયાઝે એવું પણ કહેલું કે, આ સાઇકલ મને મારા મિત્રે આપેલી". આ સાઇકલ હરક્યુલસ કંપનીની જાડી સીટવાળી હતી. ત્યાં કચેરીમાં જેમ ઐયાઝ બોલતો હતો તેમ પોલીસ લખતી હતી. આ બાબતે પંચનામું કરવામાં આવેલું જે આંક–૫૫૧૨ વાળા પંચનામામાં સાહેદ પોતાની તથા ઘનશ્યામભાઈની સહીઓ ઓળખી બતાવે છે. સાહેદને સેશન્સ કેસ નં.૩૦૦/૨૦૦૯ ના મુદ્દામાલ લીસ્ટ આંક–૫૧૭ ના અનુક્રમ નં.૨ ના આઇટમ ક્રમાંક નં.૭ માં જણાવેલ સાઇકલ ઓળખી બતાવે છે. સાહેદ આરોપીને ઓળખી શકતા નથી અને જણાવેલ છે કે જે સમયે આરોપીને જોયેલા ત્યારે આરોપીની દાઢી ક્લીન હતી અને પાતળા હતા તેમજ કપાળ મોટું હતું અને વાળ કર્લી હતાં અને આજે આરોપીઓને જોતાં, શરીરમાં જાડા છે, ચશ્મા અને ટોપી પહેરેલા છે અને દાઢીવાળાં છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આંક–૫૫૧૨ વાળા પંચનામામાં આરોપીના વર્ણન બાબતેનો ઉલ્લેખ નથી તે કબૂલ કરે છે. જે ઑફિસમાં ગયેલા અને પંચનામાની કાર્યવાહી કરી તે વખતે પોલીસ હાજર હતી તે કબૂલ કરે છે. સાહેબના કહેવાથી સાઇકલ રજૂ કરીને બતાવવામાં આવેલી તે કબૂલ કરે છે. આરોપી ઐયાઝ ત્યાં હાજર હતો નહીં અને તેને સાઇકલ ઓળખી બતાવેલી નહીં તો તે હકીકત નકારી છે. ઐયાઝને તેના મિત્રએ સાઇકલ આપેલી હોવાની હકીકત પંચનામામાં લખેલી નથી તે કબૂલ કરે છે. તૈયાર પંચનામામાં સહી કરેલાની હકીકત નકારે છે. જે પોલીસવાળા બોલાવવા આવેલા તે પંચનામાની કાર્યવાહી પુરી થઈ ત્યાં સુધી ત્યાં હાજર હતા તે કબૂલ કરે છે. તેઓના નામ સરનામા ખબર નથી. આરોપીઓ બતાવવામાં આવ્યા તે પૈકી આરોપી ઐયાઝે દાઢી રાખી છે કે કેમ તે કહી શકે નહીં. પંચનામુ પોલીસે લખેલુ. ઐયાઝ જેમ બોલતો ગયેલો તેમ પંચોએ પંચનામુ લખાવેલુ. સાઇકલવાળી હકીકત આ સાહેદે લખાવેલી બાકીની હકીકત ઘનશ્યામભાઈએ લખાવેલી. સાઇકલ ઉપર જે તે વખતે ઓળખ સબંધેના કોઈ નિશાન મુકવામાં આવેલા નથી તે કબૂલ કરે છે. કોર્ટમાં જે સાઇકલ જોઈ તે તુટેલી ફુટેલી ભંગાર સ્થિતિમાં હતી તે કબૂલ કરે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયાએ નરોડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૪૦૧/૨૦૦૮ ના કામે તા.૧૮.૮.૨૦૦૮ ના રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ ઘનશ્યામસિંહ ભીખાજી ગોહીલને હાજર રાખેલા ત્યાં આરોપી નં.૨૩ ઐયાઝ રજાકમીયા સૈયદ હાજર હતો અને તા.૨૬.૭.૨૦૦૮ ના કલાક ૧૮.૩૦ થી ૧૮.૪૫ વાગ્યા દરમ્યાન નરોડા ગામ ભાગોળ પરમશકિત ટી સ્ટોલ પાસે ખુલ્લી જગ્યામાં સાઇકલ ઉપર બોમ્બ મુકી બોમ્બ વિસ્ફોટ કરેલ અને તે સાઇકલ તેને ઓળખી બતાવેલી તે સાઇકલ હરકયુલેસ કંપનીની ગાદીવાળી શીટવાળી પાછળનું કેરીયર મોટુ હતુ અને તે સાઇકલ તેને ઓળખી બતાવેલી અને જણાવેલુ કે આ સાઇકલ બોમ્બ સાથેની થેલી ભરાવી ડાબી તરફ તે લટકાવી દીધેલી અને

સાથેની બીજી થેલી પાછળ કેરીયર ઉપર મુકેલી જે સાઇકલ લઈને સોનીની ચાલી થઈ નરોડા ગામ ભાગોળ ખાતે આવી મુકી ગયેલ અને કેરીયરમાં રાખેલ બોમ્બ સાથેની થેલી લઈ મ્યુનિસીપલ બસ નં.૬૬/૩ મા નરોડા બસ સ્ટેન્ડથી બસમાં મુકેલી હતી. આ વિગતેનું પંચનામુ પંચોની હાજરીમાં આંક–૫૫૧૨ વાળુ કરવામાં આવેલુ હતુ.

આંક–૫૫૧૨ વાળુ પંચનામુ કરનાર અધિકારી વી.આર.ટોળીયા ગુજરી ગયેલા છે. જેથી બોમ્બ બ્લાસ્ટની તપાસ ટીમો પૈકીના એક તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ આ હકીકત પોતાની જુબાનીના પેરા નં.૩૧.૧૨ ઉપર જણાવેલી છે તથા આંક–૫૫૧૨ વાળા પંચનામામાં શ્રી વી. આર.ટોળીયાની સહી તેમણે ઓળખી બતાવી છે.

આંક–૫૫૧૨ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "પોતાનુ નામ ઠામ બતાવેલુ" તથા "આ સાઇકલ મેં નરોડા ખાતે ચાની કીટલી નજીક બોમ્બ સાથે મુકેલી અને આ સાઇકલ તે જ હોવાનું આરોપીએ જણાવેલું. ઐયાઝે એવું પણ કહેલું કે, આ સાઇકલ મને મારા મિત્રે આપેલી" તથા "આ સાઇકલ બોમ્બ સાથેની થેલી ભરાવી ડાબી તરફ તે લટકાવી દીધેલી અને સાથેની બીજી થેલી પાછળ કેરીયર ઉપર મુકેલી જે સાઇકલ લઈને સોનીની ચાલી થઈ નરોડા ગામ ભાગોળ ખાતે આવી મુકી ગયેલ અને કેરીયરમાં રાખેલ બોમ્બ સાથેની થેલી લઈ મ્યુનિસિપલ બસ નં.૬૬/૩ મા નરોડા બસ સ્ટેન્ડથી બસમાં મુકેલી હતી" વિગેરે જે હકીકતો જણાવેલી છે તે આરોપી વિરૂધ્ધ પુરાવામાં ઉપયોગમાં લઈ શકાય નહીં.

આ આરોપી ફરિયાદપક્ષનો સાહેદ બનેલ છે તેને માફી આપેલી છે અને સાહેદ નં.૧૧૪૧ તરીકે તેની જુબાની નોંધવામાં આવેલી છે. આરોપીને આપેલ માફીની શરતોનું તેણે પાલન કરેલ હોવાથી તેને સજા માફી આપેલી છે જેથી આ આરોપીનુ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ મુજબનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલુ નથી.

આરોપી નં.૨૪ ઉંમર ઉર્ફે અશોક કાળાભાઈ કબીરાનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આરોપી નં.૨૪ ઉંમર ઉર્ફે અશોક કાળાભાઈ કબીરાનાઓએ તા.૭/૧૧/૨૦૦૮ ના રોજ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટશ્રી, કોર્ટ નં.૧૧, અમદાવાદને ઉદ્દેશીને દાણીલીમડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૧૪૦/૨૦૦૮ ના કામે પોતાની કબૂલાત નોંધવા જે અરજી આપેલી તે આ કામે આંક-૮૬૨૫ થી રજૂ કરેલી છે. આ અરજીની હકીકત ધ્યાને લેતા આરોપીએ અરજીમાં જણાવેલુ છે કે "અમદાવાદમાં થયેલ બોમ્બ બ્લાસ્ટ બાબતે મારી ધરપકડ કરવામાં આવેલ છે અને આ બોમ્બ બ્લાસ્ટ બાબતે મારે મારા માટે તથા બીજા માણસો બાબતે આપને કંઈક કહેવાનું છે. મારે જે કહેવુ છે તે આ બોમ્બ બ્લાસ્ટ બાબતે છે અને હું મારી સ્વખુશીથી આ વસ્તુ કહેવા માંગુ છું તો મને કહેવાનો મોકો આપવા વિનંતી છે." આ પ્રમાણે અરજી આપેલી છે. જેમાં આરોપીની સહી છે.

આ અરજી આપ્યા બાદ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧ નાઓએ આરોપીની અરજી ઉપર હુકમ કરી ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટને તે જ દિવસે યોગ્ય થવા તે અરજી મોકલી આપેલી, તે હુકમમાં મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ ની સહી તથા સિક્કો છે. આ અરજી ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટને તે જ દિવસે મળેલી અને અરજીની પાછળના ભાગે ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટશ્રીએ હુકમ કરેલો છે કે "મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૫ નાઓએ નિયમ મુજબ નિવેદન નોંધી કોર્ટ નં.૧૧ તરફ મોકલી આપવુ." આ મુજબનો હુકમ અરજીના પાછળના ભાગે ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટે કરેલો જેમાં ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટની સહી તથા સિક્કો છે. આ હુકમ થયા બાદ તે જ દિવસે ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટની ઑફિસના જાવક નં.૩૦૩/૨૦૦૮ તા.૭-૧૧-૨૦૦૮ ના રોજ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૫ ને નિવેદન નોંધવા માટે પત્ર

લખેલો જે આ કામે આંક–૮૬૨૬ થી રજૂ છે અને તેમાં ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટશ્રીની સહી છે.

હવે આરોપીની કબૂલાત નોંધવા માટેની અરજી મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૫ સમક્ષ પહોંચ્યા બાદ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૫ નાઓ સમક્ષ આરોપીને તા.૧૦/૧૧/૨૦૦૮ નાં રોજ કલાક ૧૬.૩૦ વાગ્યે નિવેદન નોંધવા માટે સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતેથી હાજર કરેલ. આ વખતે આરોપી જયુડીશીયલ કસ્ટડીમાં હતા તેવી નોંધ મેજિસ્ટ્રેટશ્રી દ્વારા કરવામાં આવેલી છે. વધુમાં મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૫ નાઓએ નોંધેલુ છે કે આરોપીને ચેમ્બરમાં બોલાવેલા. તેઓ મેજિસ્ટ્રેટ છે તેવી ઓળખાણ આપેલી છે. પોલીસને ચેમ્બરની બહાર જવા સુચના આપેલી. આરોપીએ નિવેદન આપવુ તે ફરજિયાત નથી તેમ છતાં નિવેદન આપશે તો ભવિષ્યમાં તેની વિરૂધ્ધ પુરાવા તરીકે ઉપયોગ થઈ શકશે તેવી સમજ આપેલી છે. આ ઉપરાંત નિવેદન આપવા માટે તેની ઉપર પોલીસે કે ક્રાઈમ બ્રાન્ચના માણસોએ કોઈ દબાણ કરેલુ નથી ? તે પુછવામાં આવેલુ છે. વકીલની સલાહ લેવી હોય તો લઈ શકો છો તેમ પણ પુછવામાં આવેલુ છે પરંતુ વકીલની સલાહ લેવાની આરોપીએ ના પાડેલી જેથી આરોપીને વિચારવા માટે સમય આપીને તા.૧૨/૧૧/૨૦૦૮ નાં રોજ બપોરના ૧૫.૦૦ કલાકે હાજર રાખવાનો હુકમ કરેલો અને જેલ ઓથોરીટીને તે બાબતે યાદી કરેલી. આ મુજબની નોંધ કરવામાં આવેલી અને આરોપીની સહી કરાવી, મેજિસ્ટ્રેટે પોતે પણ સહી કરેલી છે. આમ, આરોપીને વિચારવા માટે બે દિવસનો સમય મેજિસ્ટ્રેટશ્રીએ આપેલો હતો.

ત્યારબાદ તા.૧૨/૧૧/૨૦૦૮ ના રોજ બપોરે આ આરોપીને સાબરમતી સેન્ટ્રલ જેલ ઓથોરીટી દ્વારા મેજિસ્ટ્રેટ સમક્ષ હાજર કરવામાં આવેલ. તે વખતે મેજિસ્ટ્રેટે ૧૬.૪૫ કલાકે આરોપીને ચેમ્બરમાં બોલાવેલા તે વખતે આરોપી તથા મેજિસ્ટ્રેટ સિવાય કોઈ હાજર ન હતુ, પોલીસના માણસોને બહાર રાખેલા, જેલમાં કોઈ દબાણ કરવામાં આવેલ હોય કે અન્ય રીતે લોભ, લાલચ કે ધમકી આપેલ હોય તેવુ બનેલુ નથી અને વિચારીને સ્વેચ્છાએ નિવેદન આપવા

માંગતા હોય નિવેદન લખુ છું આ મુજબની નોંધ મેજિસ્ટ્રેટશ્રીએ કરેલી અને આરોપીની સહી કરાવી પોતે પણ સહી કરેલી છે. આ નિવેદન આ કામે આંક–૮૬૨૭ થી રજૂ કરેલુ છે. આ નિવેદનની હકીકત મુજબ...

તા.૨૦/૭/૨૦૦૮ ના રોજ રાત્રે ૮.૦૦ વાગ્યે કે ૮.૩૦ વાગ્યે સમસુદ્દીનભાઈનો ફોન આ આરોપીના મોબાઈલ ઉપર આવેલ અને એવુ કહેલુ કે તમે યાકુબભાઈના ઘરે જુહાપુરા આવી જાવ ત્યાં કુરાન હદીશની દર્શ કરવાની છે. તમે જલ્દી આવી જાવ. આથી આ આરોપી અને ઈલ્યાસભાઈ ત્યાં પહોંચેલા તો ત્યાં (૧) જાવેદભાઈ (૨) સમસુભાઈ (૩) રાજીકભાઈ (૪) યુનુસભાઈ (૫) યાકુબભાઈ બેઠેલા અને કુરાને દર્શ કરતા હતા. પાંચ–સાત મિનિટ પછી કુરાને દર્શ પુરૂ કર્યુ. યાકુબભાઈ ચ્હા બનાવવા રસોડામાં ગયા. ઈલ્યાસભાઈ બહાર આવીને બેઠા. આ દરમ્યાન સમસુભાઈ, યુનુસભાઈ, જાવેદભાઈ, રાજીકભાઈએ જેહાદી વાતો કરેલી. કયાં સુધી આપણે બેસી રહીશું, આપણે કાંઈક કરવુ જોઈએ, જેહાદ એટલે શું તે આ આરોપીને ખબર ન હતી. મુસલમાનો ઉપર જે લોકોએ જુલ્મ કરેલુ છે ૨૦૦૨ ના ગોધરા કાંડનો બદલો લેવો. આ લોકોને આપણે મારીએ તેમ કહેતા હતા. ત્યારબાદ આ આરોપી નમાજ પઢીને ઘરે નીકળી ગયેલા.

આમ, આ મુજબનું કબૂલાતભર્યુ નિવેદન નોંધીને આરોપીની દરેક પાને કુલ–૪ ઉપર સહી કરાવેલી છે અને રૂબરૂ તરીકે મેજિસ્ટ્રેટશ્રીએ સમય ૧૭.૦૫ લખીને પોતે સહી કરેલી છે. ત્યારબાદ તા.૧૨/૧૧/૨૦૦૮ ના રોજ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ નાઓએ પ્રમાણપત્ર આપેલુ છે કે "સદર આરોપીનું નિવેદન મારી રૂબરૂ સાંભળતા લીધેલ છે અને તે તેના શબ્દોમાં લખેલ છે. આ નિવેદન સ્વેચ્છાપૂર્વકનું અને કોઈપણ જાતના દબાણ વગર આપવામાં આવેલ હોવાનું મારૂ માનવુ છે. મેં તેને વાંચી સંભળાવેલ છે અને જાતે વાંચવા આપી તેના અક્ષરમાં લખાવી સહી કરાવેલ છે" આ પ્રમાણેનું પ્રમાણપત્ર આપીને મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૫ નાઓએ પોતાની સહી કરેલી છે.

આ નિવેદન નોંધ્યા બાદ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ નાઓને સુપરત કરેલુ અને મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ નાઓએ પોતાના ખાનગી જાવક નં.૧૮/૨૦૦૯ તા.૯/૧૧/૨૦૦૯ નાં રોજ પ્રિન્સીપાલ જજ સાહેબશ્રી, સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદને પત્ર સાથે મોકલી આપેલ જે પત્ર આ કામે આંક-૮૬૨૮ થી રજૂ કરેલો છે જેમા મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ નાઓની સહી તથા સિકકો છે.

આરોપીના આંક-૮૬૨૩ વાળા નિવેદન પ્રમાણે આ આરોપીએ પોતાના નિવેદનમાં પોતે તથા આરોપી નં.૪ સમસુદ્દીન ઉર્ફે સમસુ શાહબુદ્દીન શેખ, આરોપી નં.૮ યુનુસ મોહંમદભાઈ મન્સુરી, આરોપી નં.૧૮ જાવેદઅહેમદ સગીર અહેમદ શેખ (સૈયદ), આરોપી નં.૨૭ મહમદ ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ રાજીક ઉર્ફે મુસફ ઉર્ફે કુરકાન મહમદ ઈશાક મન્સુરી તથા યાકુબનાઓનું નામ જણાવેલુ છે. આ યાકુબને સાક્ષી બનાવેલા છે પરંતુ સાક્ષી તરીકે તપાસેલ નથી. આમ, આ કેસના કુલ-૭૮ આરોપીઓ પૈકી ઉપર જણાવ્યા મુજબના આરોપીઓના સબંધમાં પણ કબૂલાતવાળી હકીકત જણાવેલી છે.

આ આરોપીએ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧, અમદાવાદ સમક્ષ જે કબૂલાત કરેલી છે તે કબૂલાત પુરાવાના કાયદાની જોગવાઈઓ મુજબ પુરાવામાં ગ્રાહ્ય છે અને આ કબૂલાત જો અદાલતને સાચી અને કોઈ પણ જાતના દબાણ વગર કરેલી હોવાનો સંતોષ થાય તો તે કબૂલાતને આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય અને આ અંગેના નામદાર સુપ્રિમ કોર્ટ તેમજ નામદાર અન્ય હાઈકોર્ટોના ચુકાદાઓની ચર્ચા આરોપીઓના કબૂલાત નિવેદનોના મૂલ્યાંકનના પેરામાં કરેલી છે.

આ આરોપી નં.૨૪ ઉંમર ઉર્ફે અશોક કાળાભાઈ કબીરાને ક્રિ.પ્રો. કોડની કલમ-૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઈન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ-૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે તે પ્રશ્નના જવાબમાં તેણે ફરિયાદપક્ષના પુરાવા સંબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના બચાવ માટે જે

હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦ મા જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

આ ઉપરાંત આરોપી નં.૨૪ નાઓએ આંક–૯૨૦૮ થી શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા નં.૨૩૬/૨૦૦૮ ના કામે તેઓને અટક કર્યા અંગેનો એરેસ્ટ મેમોની પ્રમાણીત નકલ પોતાના બચાવ માટે રજૂ કરેલ છે. તે ધ્યાને લઈએ તો આરોપીને તા.૧૬.૮.૨૦૦૮ ના રોજ શાહીબાગ પોલીસ સ્ટેશનના ગુનામાં અટક કરેલો છે.

આ ઉપરાંત આરોપીએ અમદાવાદ મધ્યસ્થ જેલની કચેરી જાવક નં. યુટીપી ૪૬૧૨/૨૦૦૮, તા.૨.૧૨.૨૦૦૮ ના રોજ અધીક્ષકશ્રી મધ્યસ્થ જેલનાઓએ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧ નાઓને આરોપી નં.૨૪ ઉમર ઉર્ફે અશોક કાળાભાઈ કબીરાનાઓએ આપેલી અરજી આ પત્ર દ્વારા મોકલી આપેલી હતી. આ પત્ર આંક–૯૨૨૭ થી રજૂ કરેલો છે અને પત્ર સાથે જે અરજી આરોપીએ મોકલેલી તે "સરકાર વિરૂધ્ધ ફરિયાદ" છે. આ પ્રમાણીત નકલ ધ્યાને લઈએ તો આરોપીના કહેવા પ્રમાણે તા.૯.૮.૨૦૦૮ થી તા.૧૫.૧૦.૨૦૦૮ સુધીના સમય દરમ્યાન તેઓને ક્રાઈમ બ્રાન્ચમાં ગેરકાયદેસર ગોંધી રાખવામાં આવેલા હતા પરંતુ આ આરોપીને ક્રાઈમ બ્રાન્ચ દ્વારા તા.૯.૮.૨૦૦૮ થી તા.૧૫.૧૦.૨૦૦૮ સુધી ગેરકાયદેસર રીતે ગોંધી રાખેલા હોય તો તે અંગેની કોઈ ફરીયાદ આરોપીને શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ ના કામે તા.૧૬.૧૦.૨૦૦૮ ના રોજ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ, નં.૧૧ સમક્ષ રજૂ કર્યા ત્યારે આપેલી નથી. તેમજ મેજિસ્ટ્રેટ રૂબરૂ તેઓને રજુ કર્યા તે રીપોર્ટ ધ્યાને લઈએ તો આરોપીએ મેજિસ્ટ્રેટશ્રીને ક્રાઈમ બ્રાન્ચમાં માર માર્યા અંગેની કે તેઓને ગોંધી રાખ્યા હોય તેવી કોઈ રજૂઆત કરેલી નથી. ઉલટાનું મેજિસ્ટ્રેટશ્રીએ પોલીસ વિરૂધ્ધ કોઈ અયોગ્ય વર્તનની કોઈ ફરિયાદ કરતો નથી જેથી આરોપીને જયુડીશીયલ કસ્ટડીમાં લેવામાં આવે છે તેવો હુકમ કરી મેજિસ્ટ્રેટશ્રીએ તારીખ લખી પોતાની સહી કરેલ છે. આમ, તા.૯.૮.૨૦૦૮ થી તા.૧૫.૧૦.૨૦૦૮ ના સમય દરમ્યાન આરોપીને ક્રાઈમ બ્રાન્ચમાં ગોંધી

રાખીને માર મારેલો હોય કે શારીરિક માનસીક ત્રાસ ગુજાર્યો હોય તેવી હકીકત બનેલી નથી. આ સમય દરમ્યાન આરોપી જ નહીં પરંતુ તેઓના કુટુંબીજનોએ પણ તપાસ કરનાર અધિકારીના ઉપલા અધિકારીને કે કોર્ટમાં આવીને પણ કોઈ પણ પ્રકારની દાદ માંગતી અરજી આપેલી નથી માટે આરોપીને તા.૯.૮.૨૦૦૮ થી તા.૧૫.૧૦.૨૦૦૮ ના સમય દરમ્યાન ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ગોંધી રાખ્યાની તેમજ તેઓને માનસીક અને શારીરિક ત્રાસ આપ્યાની હકીકત માનવા યોગ્ય નથી. આ ઉપરાંત આરોપીની આંક–૯૨૨૭ સાથેની અરજી ધ્યાને લેતા એવી પણ હકીકત છે કે ઉપરોકત સમય દરમ્યાન તેને બુરખો પહેરાવી હાથમાં હાથકડી રાખી દિવાલ તરફ મોઢુ રાખીને બેસાડી રાખેલા તેમજ તેઓને આ સમય દરમ્યાન ગોંધી રાખ્યા ત્યારે તેના પપ્પાને બંને કીડની ફેલ હતી વધારે ગભરાટમાં આવી ગયેલો અને એવુ પણ કહેવામાં આવતુ હતુ કે જો તું કહીએ એમ નહીં કરે તો સજા થશે તેમ કહી કોરા કાગળોમાં સહીઓ કરાવી હતી. આ સહીઓ વાંચ્યા વગર કરી હતી. કોઈને પણ ફરિયાદ કરવાની ના પાડેલી, કોર્ટમાં પણ લઈ ગયેલા અને ત્યાં પણ જજ સાહેબની કેબીનમાં કોરા કાગળો ઉપર સહીઓ કરાવેલી તેમાં શું લખેલુ તે ખબર નથી. જો આરોપીને આવો ત્રાસ આપેલ હતો તો જયારે આરોપીને મેજિસ્ટ્રેટ રૂબરૂ રજૂ કર્યા ત્યારે આ અંગેની કોઈ અરજ કરેલી નથી. એટલુ જ નહીં આરોપીએ સારવાર લીધી હોય તો તે અંગેના કોઈ કાગળો રજૂ કરેલા નથી. આ આરોપીઓને મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કર્યા પછી તપાસ કરનાર અધિકારીએ આરોપીઓની પોલીસ કસ્ટડીની માંગણી કરેલી તે હુકમ પણ અસલ કામમાં રજૂ છે. માટે મારા સ્પષ્ટ મંતવ્ય પ્રમાણે આરોપીએ તા.૨.૧૨.૨૦૦૮ ના રોજ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧ ને ક્રાઈમ બ્રાન્ચ વિરૂધ્ધ ફરિયાદ આપેલી તે ઉપજાવી કાઢેલી ફરીયાદ છે તેવુ ચોકકસપણે કહી શકાય. આ ફરિયાદ તેઓએ સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતેથી મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧ ને મોકલેલી છે. આરોપીના જુદા–જુદા કેસોમાં રીમાન્ડ પુરા થયા પછી જયારે આરોપી જયુડીશીયલ કસ્ટડીમાં ગયા ત્યારબાદ સમજી વિચારીને પોતાનો બચાવ ઉભો કરવા માટે આ ફરિયાદ અરજી મોકલેલી હોવાનું સ્પષ્ટપણે જણાય આવે છે.

આરોપીએ પોતાના વિશેષ નિવેદનમાં ઉપરોકત જે હકીકત જણાવેલી છે તે અંગે આરોપીએ કોઈ સાહેદ તપાસેલા નથી કે વિશેષ નિવેદનની હકીકત પુરવાર કરવા માટે અન્ય કોઈ પુરાવો રજૂ કરેલો નથી. જેથી આરોપીએ વિશેષ નિવેદનમાં જે કાંઈ હકીકતો જણાવી છે તે ખોટી છે તેમ હું માનુ છું તથા આંક–૯૨૨૭ ના પત્ર સાથેની ફરિયાદ પોતાનો બચાવ ઉભો કરવા જાણી જોઈને ઉભી કરેલ હોવાનું માલુમ પડે છે.

આ ઉપરાંત આરોપીએ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સ્પેશીયલ ક્રિમીનલ એપ્લીકેશન નં.૧૬૫૮/૨૦૦૮ સુમૈયા વાઈફ ઓફ મહમદ ઉમર કબીરાએ કરેલી અરજીની પ્રમાણીત નકલ રજૂ કરી છે અને "મેન્ડેમસ" રીટ ઈશ્યુ કરવા માટે તથા આરોપીને ગેરકાયદેસર રાખી મુકયા અંગે ગેરકાયદેસરની કસ્ટડીમાં ત્રાસ આપવા અંગે અને પોલીસની કસ્ટડીમાંથી તાત્કાલિક મુકત કરવા માટે આ પીટીશન કરેલી હતી. આ પીટીશનમાં શું થયુ છે તે અંગે રેકર્ડ ઉપર કોઈ પુરાવા નથી કે આ સંબંધમાં આરોપીએ અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો પણ રજૂ કર્યો નથી. આમ આ જે પીટીશનની કોપી આધારે આરોપી અત્રેના કહેવાતા ગુનામાં સંડોવાયેલો નથી કે ગુનામાં તેની કોઈ ભૂમિકા નથી તે હકીકત આરોપી તરફથી સાબિત થતી નથી. આ દસ્તાવેજો રજૂ થવાથી અમદાવાદ ખાતે થયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવો અને સુરત ખાતે થયેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોના મૂળને કોઈ અસર થતી નથી તેમ હું માનુ છું

આરોપી નં.૨૪ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૭૮૬, ૭૯૦, ૭૯૨, ૭૯૫, ૮૦૫, ૧૧૪૯, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૬૩ છે. આ ઉપરાંત આ આરોપી નં.૨૪ નું પોતાનું કબૂલાત નિવેદન પણ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતાં આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ

બ્લાસ્ટના બનાવો તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપીની ઓફિશીયલ અટક તા.૧૫.૯.૨૦૦૮ ના રોજ કરવામાં આવેલી છે. જયારે તેની ગેરકાયદેસર અટક તા.૯.૮.૨૦૦૮ ના રોજ કરવામાં આવેલી છે. પરંતુ આ ફકત આક્ષેપ છે આરોપીની ગેરકાયદેસર અટક તા.૯.૮.૨૦૦૮ ના રોજ કરવામાં આવી હોય તેવો કોઈ દસ્તાવેજી પુરાવો રેકર્ડ ઉપર નથી. વધુમાં વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે આંક–૧૨૨થી ફરમાવવામાં આવેલા તહોમતનામામાં આ આરોપીએ કોઈ ચોકકસ ભૂમિકા ભજવી હોય તેવો કોઈ આક્ષેપ નથી. ફરિયાદપક્ષ દ્વારા આ આરોપીની સંડોવણી બતાવવા માટે આ આરોપી નં.૨૪ નુ પોતાનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન છે તે સિવાય બીજો કોઈ પુરાવો નથી. તેઓની દલીલ સાથે હું સંમત છું. ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ તમામ પુરાવા ધ્યાને લેતા આ આરોપી આ કાવતરાના ગુનામાં તથા આ બનાવોમાં સંડોવાયેલો હોય તેવો એક પણ મૌખિક પુરાવો કે દસ્તાવેજી પુરાવો ફરિયાદપક્ષ તરફથી રજૂ થયેલ પુરાવામાં નથી. આરોપી નં.૨૪ નુ પોતાનુ ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન ધ્યાને લેતા આરોપી ઉપર તા.૨૦.૭.૨૦૦૮ ના રોજ સહઆરોપી સમસુદ્દીનનો ફોન ઉપર આવેલો અને જણાવેલુ કે યાકુબભાઈના ઘરે જુહાપુરા આવી જાવ, ત્યાં કુરાને હદીશની દર્શ કરવાની છે. જેથી આ આરોપી ત્યાં ગયેલો ત્યારે જાવેદભાઈ, સમસુભાઈ, રાજીકભાઈ, યુનુસભાઈ, યાકુબભાઈ હાજર હતા અને દર્શે કુરાનની ચર્ચા કરતા હતા. જેહાદી વાતો કરેલી, જેહાદ એટલે શું તે આ આરોપીને ખબર નથી. આ લોકો ૨૦૦૨ ના ગોધરા કાંડનો બદલો લેવાની વાતો કરતા હતા. ત્યારબાદ આ આરોપી નમાજ પઢીને ઘરે જતો રહેલો. આ સિવાય બીજી કોઈ હકીકત આરોપીના પોતાના કબૂલાત નિવેદનમાં નથી. આ આરોપીના કબૂલાત નિવેદન પ્રમાણે તા.૨૦.૭.૨૦૦૮ ના રોજ યાકુબભાઈના ઘરે કુરાનના પ્રોગ્રામમાં ગયેલો હતો. તે પહેલા કોઈ

મીટીંગમાં કે પ્રોગ્રામમાં આ આરોપી ગયો હોય તેવો કોઈ પુરાવો નથી. વાઘમોન કે પાવાગઢ ખાતે ટ્રેનીંગ કેમ્પોમાં આ આરોપી હાજર રહ્યો હોય તેવા પુરાવા રજૂ થયા નથી. આ આરોપી ગુનામાં સંડોવાયેલો છે તેવો બીજો કોઇ સમર્થનકારી પુરાવો રજૂ થયો નથી. તા.૨૦.૭.૨૦૦૮ પછી પાંચ દિવસ બાદ એટલે કે તા.૨૬.૭. ૨૦૦૮ ના રોજ અમદાવાદ શહેરમાં સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવો બનેલા છે. આ પાંચ દિવસના સમય દરમ્યાન આ આરોપીએ અન્ય સહઆરોપીઓ સાથે કાવતરામાં સામેલ રહી કોઈ સક્રિય કામગીરી કરી હોય તેવો પુરાવો નથી. જે પુરાવો રજૂ થયેલો તે પુરાવો પુરતો નથી તેમજ આરોપીની સંડોવણી બાબતે શંકા ઉપજાવે છે.

આરોપી નં.૨૫ સલીમભાઈ ઉર્ફે ઉમર જમાલભાઈ સીપાહીનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૨૫ સલીમભાઈ ઉર્ફે ઉમર જમાલભાઈ સિપાહીનાઓ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ જુદી–જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી–જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા–જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમને કઈ–કઈ ભૂમિકા ભજવેલી છે તે સાબિત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે તે મુજબ,

ફરિયાદપક્ષ દ્વારા આ કામે ભીખાભાઈ શીવાભાઈ ગઢવીને સાહેદ નં.૮૨૧ તરીકે આંક–૫૫૨૩ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૨૧/૯/૨૦૦૮ ના રોજ તેઓ જતાં હતાં ત્યાં બે પોલીસવાળા ભાઈએ કહ્યું કે કામ છે તો સાહેબ પાસે આવો. જેથી તેઓ તથા

તેમનો મિત્ર અશોક ક્રાઈમ બ્રાન્ચ હવેલી ગયેલ. ત્યાં એક કોન્સ્ટેબલે એક પોલીસ અધિકારીની ઓળખ આપેલ અને કહેલ કે આ ચાવડા સાહેબ છે. પછી પોલીસ અધિકારી ચાવડા સાહેબે એવું કહેલ કે આ ભાઈ બેઠા છે તે બોમ્બ બ્લાસ્ટના આરોપી છે અને તે જે કંઈ બતાવે અને આપણે જે જોઈએ તેનું પંચનામું કરવાનું છે. આથી તેઓને પંચમાં રહેવા જણાવતાં "હા" પાડેલી. પછી તેઓ ગુનેગારભાઈનું નામ, સરનામું પુછેલ. આ વ્યક્તિનું નામ "સલીમ સિપાઈ" હતું અને પોતાનું સરનામું બાપુનગર સ્ટેડીયમ સામે, બોમ્બે હાઉસીંગ હોવાનું જણાવેલું. આ સાહેદે આરોપીને આપણે કયાં જવાનું છે તેવું પુછતાં આરોપીએ ઘરે જવાનું કહેલું. ત્યાં આગળ લખાણ કરેલું. તે લખાણમાં નામ, સરનામું, પોલીસે કલમો જણાવેલ તે લખાવેલ અને સહીઓ લીધેલ. પછી સરકારી વાહનમાં સાહેબ, બે–ત્રણ કોન્સ્ટેબલ, ગુનેગાર અને બંને પંચો બેસેલા અને સાહેબે ડ્રાઈવરને કહેલ કે ગુનેગાર બતાવે ત્યાં જવાનું છે. તેમના ઘર પાસે જઈ અને ગાડી રોકેલ અને બધા નીચે ઉતરેલાં. પછી સલીમભાઈની પાછળ પાછળ ગયેલાં અને પહેલાં માળે એક મકાન પાસે જઈ તે ઉભા રહેલાં અને આરોપીએ કહેલ કે આ મારૂ ઘર છે. પછી બધા અંદર ગયેલાં. ત્યાં અંદર એક બહેન હતાં. આરોપીએ કહેલ કે આ મારા મીસીસ છે. પછી એ બહેનને બહાર મોકલી દીધેલાં. ત્યાં રૂમમાં ગયેલાં ત્યાં પથ્થરનું એક ઘોડા ટાઈપ હતું જેમાં ભંગાર જેવી વસ્તુઓ પડેલ હતી. તેમાં એક થેલા નીચેથી આરોપીએ એક કાગળ કાઢી સાહેબને આપેલ. આ કાગળ લેમીનેશન કરેલ હતો. તે ઉર્દૂમાં લખેલો હતો એટલે અમને કંઈ ખબર પડે નહી પરંતુ આરોપીએ કહેલ કે 'આમાં બોમ્બ બનાવવાની રીત છે.' આ લેમીનેશનવાળો જે કાગળ હતો તેના ઉપર તેઓની સહીઓવાળી સ્લીપ ગુંદર તથા સ્ટેપલરથી ચોંટાડેલી. પછી આજુબાજુમાં જે કંઈ પુછવું હશે તે પોલીસવાળા ભાઈએ પુછયું અને તે બાબતે લખાણ કરેલું. આ સાહેદે, અશોકભાઈ અને સાહેબે તેમાં સહીઓ કરેલી. આ જે કાર્યવાહી કરેલી તે અંગેનુ પંચનામુ બનાવેલુ જે આંક–૫૫૨૪ થી રજૂ રાખેલ છે. પંચનામામાં આ સાહેદ પોતાની તેમજ અશોકભાઈની સહી તથા સાહેબની સહીઓ ઓળખી બતાવે છે. તેમજ આંક–

પપ૨૫ વાળી પંચ સ્લીપમાં પણ આ સાહેદ પોતાની તેમજ અશોકભાઈની સહી તથા સાહેબની સહીઓ ઓળખી બતાવે છે. આ સાહેદને ટી.વી. સ્ક્રીન થકી ચાર–ચાર આરોપીઓ બતાવવામાં આવે છે પરંતુ આરોપીને ઓળખી શકતા નથી કારણ કે આરોપીને ઘણા સમય પછી જોતો હોય તેમાં ઘણો ડીફરન્સ લાગે છે તેથી ઓળખી શકતા નથી.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આરોપી બોમ્બ બ્લાસ્ટના છે તેવી હકીકતનો ઉલ્લેખ પંચનામામાં નથી તે હકીકત નકારે છે. પોલીસે આંક–પપ૨૫ વાળો કાગળ બતાવીને બોમ્બ બનાવવાની રીત હોવાની હકીકત જણાવેલાનું નકારે છે. પોલીસના કહેવાથી બોમ્બ બનાવવાની રીત હોવાનું જણાવેલ તો તે હકીકત નકારે છે. પંચનામાનું સ્થળ આરોપીની માલીકીનુ હોવા સબંધે પુરાવા જોયેલા નથી કે એકત્ર કરેલા નથી તો તે હકીકત કબૂલ કરે છે. પંચનામાના સ્થળ ઉપર કોઈ સ્ત્રી હાજર હતી નહીં તો તે હકીકત નકારે છે. આંક–પપ૨૫ ના લખાણ ઉપર ગુંદરથી પંચ સ્લીપ ચોંટાડવામાં આવેલી નથી તો તે હકીકત કબૂલ કરે છે. આરોપી પંચનામાની વિગતે કોઈ સ્થળ ઉપર લઈ ગયેલા નથી તો તે હકીકત નકારે છે. પોલીસ સ્ટેશનમાં સહી કરેલાની હકીકત પણ નકારે છે.

વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો પંચનામુ થયુ તે અરસામાં આ સાહેદ નોકરી કરતા હતા. પ્રાથમિક પંચનામુ આ સાહેદે લખાવેલુ અને અમુક વખતે બીજા પંચ વચ્ચે બોલતા હતા. કઈ વસ્તુ આ સાહેદે લખાવેલી અને કઈ વસ્તુ બીજા પંચે લખાવેલી તે કહી શકે તેમ નથી. પંચોએ આરોપીને તેના નામ સરનામા સિવાય બીજી કાંઈ પુછપરછ કરેલી ન હતી તો તે હકીકત કબૂલ કરે છે. આરોપીને પુછતા કયાં જવાનું છે તેવુ પુછતા તેને ઘરે જવાનું કહેલુ તેવી હકીકત પંચનામામાં લખાવેલી નથી તો તે હકીકત નકારે છે. પોલીસ સ્ટેશનથી નીકળ્યા અને પંચનામાના સ્થળ ઉપર પહોચ્યા તે દરમ્યાન આરોપી સાથે કોઈ વાતચીત થયેલી નથી. આરોપીને ડ્રાઈવર સાથે વાતચીત થયેલી, શું વાતચીત થયેલી તેની ખબર નથી. પોલીસ અધિકારી અને આરોપી વચ્ચેની વાતચીત પંચનામામાં

લખેલી નથી પરંતુ મારા મત પ્રમાણે આરોપી પંચોને લઈ પોલીસ અધિકારી વાહનમાં પંચનામાના સ્થળે જવા નીકળ્યા હોય ત્યારે રસ્તામાં જે કંઈ વાતચીત થાય તે વાતચીત પંચનામામાં લખવી જોઈએ તેવી કોઈ આદેશાત્મક જોગવાઈ નથી. આવી વાતચીત સામાન્ય પણ હોય અને વિષય વસ્તુની બહારની પણ હોય તે પંચનામામાં લખવી જોઈએ તેવુ જરૂરી નથી. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો જે જગ્યા ઉપર ગયેલા તે જગ્યાવાળો આખો ફલેટ જોયેલો નથી. એક ઘોડો હતો તે લગભગ દિવાલ સાથે હતો અને તેમાં બે–ત્રણ ખાના હતા આ ખાના તપાસેલા નહીં અને આરોપીએ તેમાંથી કાગળ કાઢીને દેખાડેલા. આંક–૫૫૨૫ વાળુ લખાણ વાંચવા આપેલુ નથી. લખાણ વાંચવા માટે પોલીસે કોઈકને બોલાવેલા નહીં. આ સાહેદ ઉર્દૂ ભાષા સમજી શકતા નથી અને ઉર્દૂ ભાષાનું જ્ઞાન નથી. આંક–૫૫૨૫ વાળા દસ્તાવેજનું લખાણ આ સાહેદ રૂબરૂ કબજે કર્યા સબંધે કોઈ નિશાની કરવામાં આવેલી નહીં તે કબૂલ કરે છે. પોલીસના કહેવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૩/૨૦૦૮ ના કામે સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ આ સાહેદ તથા અન્ય બીજા પંચ અશોકભાઈ ચૌહાણની હાજરીમાં આંક–૫૫૨૪ વાળુ પંચનામુ બનાવેલુ છે. બંને પંચ સાહેદોને તપાસ કરનાર અધિકારીએ ગાયકવાડ હવેલી ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદની કચેરીએ બોલાવેલા હતા અને ત્યાં પોલીસ કસ્ટડીમાં આરોપી નં.૨૫ હાજર હતા અને તેમને પંચોની હાજરીમાં પોતાનું નામ જણાવેલુ તથા એમ પણ જણાવેલુ કે તેઓ કાંઈક બતાવવા તથા કાઢવા માંગતા હોય તેઓના બતાવ્યા પ્રમાણે લઈ જવા જણાવેલ. ત્યારબાદ તપાસ કરનાર અધિકારીએ પંચો, પોલીસ સ્ટાફ તથા આરોપીને સાથે રાખી સરકારી વાહનમાં આરોપીના ઘરે મકાન નં.૭૬૩/૫૧૫૪, ગુજરાત હાઉસીંગ બોર્ડ, બાપુનગર, ગરીબનગર ચાર રસ્તા પાસે, લાલબહાદુર શાસ્ત્રી સ્ટેડિયમ, બાપુનગર, અમદાવાદ ખાતે લઈ ગયેલ અને પોતાના ઘરમાં પથ્થરનો ઘોડો હતો તેમાંના એક ખાનામાંથી પ્લાસ્ટિકના લેમીનેશનવાળુ એક

બુકનુ જૂના જેવુ પાનુ કાઢીને આપેલુ અને તે પાનુ પંચોની હાજરીમાં કબજે કરેલુ. જેને આંક–૫૫૨૫ આપવામાં આવેલ છે. આ હકીકત સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડા પોતાની જુબાનીના પેરા નં.૩.૧૬ માં જણાવે છે કે આરોપી કંઈ કહેવા અને બતાવવા માંગતા હોય તેને સાથે રાખી સરકારી વાહનમાં પ્રાથમિક પંચનામુ પૂર્ણ કરી પંચોની સહીઓ મેળવીને રવાના થયેલા. આરોપીનું મકાન બાપુનગર હાઉસીંગ બોર્ડમાં બતાવેલુ અને સ્ટોર રૂમ જેવી જગ્યામાં પથ્થરના ઘોડામાંના ખાનાઓમાં સરસામાન હતો અને તેમાથી પ્લાસ્ટિકનું લેમીનેશનવાળુ પાનુ પંચોની હાજરીમાં કાઢી બતાવેલુ જેમાં ઉર્દૂમાં બોમ્બ બનાવવાની રીત હતી. આંક–૫૫૨૪ વાળા પંચનામામાં તથા જે ઉર્દૂ ભાષાવાળુ પાનુ પ્લાસ્ટિકના લેમીનેશનમાં હતુ તે પાનામાં આ સાહેદ રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવેલ છે. સાહેદ નં.૧૧૬૩ની ઊલટતપાસના પેરા નં.૬૧ ધ્યાને લઈએ તો આ સાહેદ ઉર્દૂ, ફારસી કે અરબી ભણેલા નથી તેમ જણાવે છે. આંક–૫૫૨૪ વાળા પંચનામામાં સ્થળ ઉપર કોઈ ઉર્દૂ ભાષા જાણનારને બોલાવ્યા હોય અને રૂપાંતર કરીને પંચનામામાં લખાવ્યુ હોય તેવો ઉલ્લેખ પંચનામામાં નથી તે કબૂલ કરે છે. ઉર્દૂ ભાષામાં લખેલા પાનાનું ઓફીશીયલ ટ્રાન્સલેશન કરાવ્યુ હોય તો તે અંગેનુ પંચનામુ બનાવ્યુ નથી તે કબૂલ કરે છે. આંક–૫૫૨૪ વાળુ પંચનામુ પંચોની હાજરીમાં બનાવેલુ નથી તો તે હકીકત નકારે છે. આંક–૫૫૨૫ વાળુ લખાણ અને આંક–૫૫૨૪ વાળા પંચનામાની વિગતે કબજે કરેલ નથી તો તે હકીકત પણ નકારે છે. આંક–૫૫૨૫ વાળુ લખાણ જેની પાસેથી મેળવેલુ તે લખાણ મેળવ્યા અંગે કોઈને રસીદ આપી નથી તો તે યાદ નથી. આ લખાણ નજીકના પોલીસ સ્ટેશને જઈ રજૂ કરી મુદ્દામાલ પાવતી લીધી હતી કે કેમ તે કાગળો જોઈને કહી શકે. વધુમાં ઊલટતપાસના પેરા નં.૯૦ ધ્યાને લઈએ તો આંક–૫૫૨૪ વાળુ પંચનામુ જોઈને જણાવે છે કે પંચનામામાં આરોપી શું બતાવવા અને શું કહેવા માંગે છે તેનો ઉલ્લેખ પ્રાથમિક પંચનામામાં નથી. વધુમાં ઉલટ તપાસના પેરા નં.૯૯ ધ્યાને લઈએ તો પ્રશ્ન એવો પુછવામાં આવેલો કે આંક–૫૫૨૪ વાળા પંચનામામાં જણાવેલુ મકાન સલીમ સિપાહીની માલીકીની

હોવાના કોઈ પુરાવા મળ્યા નથી તેના જવાબમાં સાહેદ જણાવે છે કે આ મકાન આરોપી સલીમ સિપાહીનું છે તેવુ પંચનામામાં જણાવેલુ છે. પંચનામામાં જે જણાવેલુ છે તે આરોપીના કહેવાના આધારે જણાવેલુ છે તે કબૂલ કરેલ છે. સલીમ સિપાહી કોઈ મકાન ઉપર લઈ ગયો નથી કે તેને કોઈ કાગળો રજુ કરેલા નથી તો તે હકીકત નકારી છે.

આંક–૫૫૨૪ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ અને રજુઆત છે કે "આ પાનાની અંદર ઉર્દૂમાં બોમ્બ બનાવવાની રીત દર્શાવેલ છે" તો તે હકીકત પુરાવામાં ગ્રાહ્ય નથી. પરંતુ મારા મત પ્રમાણે આ પાનાની અંદર ઉર્દૂમાં જે કંઈ લખાણ લખેલુ છે તે આરોપીએ જ લખેલુ છે તેવી કોઈ હકીકત નથી ફકત હકીકત એટલી જ છે કે પાનાની અંદર જે ઉર્દૂ ભાષામાં લખાણ લખેલુ છે તે લખાણ શું છે તેટલી જ વાત છે અને જો તે લખાણમાં બોમ્બ બનાવવાની રીત લખેલી હોય તો તે લખેલી જ છે તેમ માની શકાય. આ આરોપીએ લખેલી છે તેવી કોઈ હકીકત નથી. પરંતુ આવા લખાણવાળુ પાનુ આરોપીના ઘરેથી મળેલુ છે તે હકીકત પુરાવામાં ગ્રાહ્ય છે.

આંક–૫૫૨૪ના પંચનામાની વિગતે આંક–૫૫૨૫ વાળુ ઉર્દૂ ભાષામાં લખેલુ લખાણ કે જે જૂના કાગળ ઉપર લખાયેલ છે. આ ઉર્દૂ ભાષાનું લખાણ આ અદાલત દ્વારા અત્રેની સિટી સિવિલ કોર્ટમાં ફરજ બજાવતા પ્રિન્સીપાલ પ્રાઈવેટ સેક્રેટરીશ્રી એમ.એચ.શેખનાઓને બોલાવીને ઉર્દૂ ભાષાનું લખાણ ગુજરાતી ભાષામાં કરી આપવાનું જણાવતા તેમને આ કાગળ ઉપર લખેલ ઉર્દૂ ભાષાનું લખાણ ગુજરાતીમાં ભાષાંતર કરીને જણાવેલ છે તે મુજબ

પેઝ નં.૧૫૯

અંગ્રેજી હેડીંગ (બારૂદ) બનાના

કલમી સુરા ૧૫ તોલા, આગકી લકડીકા કોપલક ૧૫ તોલા, ગંધક ૧૦ તોલા, અલગ અલગ બારીક પીસ કર સબકો મીલાયે નિહાયત (ખુબ જ સારૂ) બારૂદ તૈયાર હોંગા.

બંદુકકા બારૂદ બનાના

કલમી સુરા ૭૫ જુજ, ગંધક ૧૦ જુજ, કોપલક ૧૫ જુજ, અલગ અલગ બારી પીસ કર સબકો મીલાયે જરા નમ દેવક બાલોકી છમણી મેં દાલ કર ઉપર બટ્ટા રખીએ તાકે ઉસકે વજનસે છન છન કર હીલાને સે દાના દાના હોકર નીચે ગીરતા રહે જીસ કદર અચ્છા દાના બનેગા ઉતનાહી ઉમદા બારૂદ તૈયાર હોગા જો બંદુક ઓર ફટાકોમે જયાદાતર ઈસ્તમાલ કીયા જાતા હૈ.

કુલજડી બનાના

કલમી સુરા ૧૨ જુજ, અગકી લકડી કા કોપલક ૧૨ જુજ, ગધક આધા જુજ, લોહે ચુન પાંચ જુજ, અલગ અલગ પીસ કર સબકો મીલાયે ઔર કુલજડી બનાકર ચલાયે.

છછુંદર બનાના

કલમી સુરા ૩ તોલા, આગકી લકડી કા કોપલક ૧ સુરા, ગંધક છ માસા, અલગ અલગ બારીક પીસ કર મીલાયે ઔર છછુંદરે બનાકર ચલાયે.

રીઠા બનાકર ચલાના

કલમી સુરા ૧૦ હિસ્સા, ગંધક ૬ હિસ્સા, કોપલા ૧–૨/૩ હિસ્સા, અલગ અલગ સબકો પીસ કર લોહેકા બુરાદા છ હિસ્સા સામીલ કરકે મીલાયે ઓર રીઠેકી ગોલી નકાલકર ઉસમે ભરે ઔર બંદ કર દે ફલીતા (સળગાવવુ) લગાયે ઓર ચલાયે રીઠા ઉડ જાયેગા.

જર્દ (લાલ) મહેતાબી બનાના

સોડીયમ નાઈટ્રેટ ૪૮ હિસ્સા, ગંધક ૧૬ હિસ્સા, સલ્ફાઈડ ઓફ અનીટોમુની ચાર હિસ્સા, કોપલા ૧ હિસ્સા, સબકો અલગ અલગ બારીક પીસ કર નમી દેકર ખોલમે ભરે ઓર ચલાયે.

પેઝ નં.૧૬૦

સબ્જ (ગ્રીન) મહેતાબી બનાના

ચપ્પરા લાખ ૩ હિસ્સે, નાઈટ્રેટ ઓફ બેરીયમ ૯ હિસ્સા, કલોરેટ ઓફ પોટેશીયમ દેઢ હિસ્સા, સબકો અલગ અલગ પીસ કર મીલાયે ઓર નમ દેકર ખોલમે ભરે. આલા (ખુબ સરસ) સબ્જ મહેતાબી (ચળકતી વસ્તુ) બન જાયેકી.

સુર્ખ (લાલ) મહેતાબી બનાના

પોટાશ એક જુજ, ગંધક બે જુજ, સુરમા નિષ્ફ (અર્ધુ) જુજ, કોપલા આગ નિષ્ફ (અર્ધુ) જુજ, અલગ અલગ બારીક પીસ કર મીલાયે. ઓર નમ દે કર ખોલમે ભરે ઉમદા સબ્દ મહેતાબી બનેગી.

સફેદ મહેતાબી બનાના

સુરા કલમી પાંચ તોલા, ગંધક પાંચ તોલા, ચુના એક તોલા, કાકુર (કપુર) બે તોલા, કોપલા આગ બે તોલા, બારીક પીસ કર સબકો મીલાયે. ઓર મહેતાબી બન કર ચલાયે. સફેદ રંગ હોગી.

સતાબા યાની ફલીતા બનાના

કુછ સુચ (કોટન) કે તાર બકદરે જરૂરત (જરૂર પ્રમાણે) લેકર હલકા સા બટ દેકર કદરે લોઆબ દો ..... કરકે ઉપર બારીક પીસા હુઆ બારૂદ લગા દે ઓર ખુસ્ક (સુકાવવુ) કરલે ફીર કામ મે લાયે.

સુરા કો સાફ કરના

સુરા કલમી બકદરે જરૂરત પાનીમે અચ્છી તરહ મીલા કર કે બાદ મે ઉપર કા સાફ પાણી નીથાર લે ઓર આગ પર રખ કર અચ્છી તરહ પકા લે ઓર રાત કો મટ્ટી કે ખુલ્લે બર્તન મે ભર કર ઉંચી જગા રખે સુબહા સુરાકી કલમી જમ કર ઉપર આ જાયેગી,

મહેતાબી બનાના

કલમી સુરા છ જુજ, ગંધક પાંચ જુજ, શટરતાલ પાંચ જુજ, આગ કી લકડીકા કોયલા પાંચ જુજ, અલગ અલગ

ઉપર મુજબની વિગતે ઉર્દૂ ભાષાનું લખાણ ગુજરાતી ભાષામાં ભાષાંતર કરી આપેલ છે.

આ આરોપી નં.૨૫ સલીમભાઈ ઉર્ફે ઉમર જમાલભાઈ સીપાહીએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે તે પ્રશ્નના જવાબમાં તેને

ફરિયાદપક્ષના પુરાવા સંબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના બચાવ માટે જે હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦ માં જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી. આ ઉપરાંત આ આરોપીએ પોતાના બચાવમાં અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ નથી.

આરોપી નં.૨૫ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૮૨૧, ૭૮૬, ૭૯૦, ૭૯૨, ૭૯૫, ૮૦૫, ૧૧૩૩, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૬૩ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતાં આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવો તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે આ આરોપીની ઓફીશીયલ અટક તા.૧૫.૯.૨૦૦૮ ના રોજ કરવામાં આવેલી છે. જયારે તેની ગેરકાયદેસર અટક તા.૩.૯.૨૦૦૮ ના રોજ કરવામાં આવેલી છે. પરંતુ આ ફકત આક્ષેપ છે આરોપીની ગેરકાયદેસર અટક તા.૩.૯.૨૦૦૮ ના રોજ કરવામાં આવી હોય તેવો કોઈ દસ્તાવેજી પુરાવો રેકર્ડ ઉપર નથી. વધુમાં વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે આંક–૧૨૨થી ફરમાવવામાં આવેલા તહોમતનામામાં આ આરોપીએ કોઈ ચોકકસ ભુમીકા ભજવી હોય તેવો કોઈ આક્ષેપ નથી. તેઓની દલીલ સાથે હું સંમત છું કે આ આરોપી આ કાવતરામાં કે જુદી–જુદી જગ્યાએ થયેલી મીટીંગોમાં કે જુદી જુદી જગ્યાએ થયેલા કેમ્પોમાં હાજર રહેલો હોય કે આ બનાવોમાં કોઈ સક્રિય કામગીરી કરી હોય તેવો પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવામાં નથી. વધુમાં વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે, તપાસ કરનાર અધિકારીએ સાહેદ નં.૮૨૧ ભીખાભાઈ ગઢવીની હાજરીમાં આરોપીને સાથે રાખી આરોપીના ઘરે સર્ચ કરેલુ અને તેના ઘરમાંથી ઉર્દૂ ભાષામાં લખેલુ લેમીનેશનવાળો કાગળ મળેલો જે આંક–૫૫૨૪ ના પંચનામાથી કબજે કરેલો. ઉર્દૂ ભાષામાં લખેલો જે

કાગળ મળેલો તે આંક–૫૫૨૫ થી રજૂ કરેલો છે અને આ કાગળ કવરમાં મુકી દોરી બાંધી સીલ કરેલો નથી. તેઓની દલીલ સાથે હું સંમત છું કે ઉર્દૂ ભાષામાં લખેલો કાગળ કવરમાં મુકી દોરી બાંધી સીલ કરેલો નથી પરંતુ ખુલ્લો છે. ફરિયાદ પક્ષના આક્ષેપ પ્રમાણે આ કાગળમાં બોમ્બ બનાવવાની રીત લખેલી છે. પરંતુ ઉર્દૂ ભાષામાં લખેલા કાગળનું ગુજરાતીમાં ભાષાંતર કરતા આ લખાણ બોમ્બ બનાવવાની રીત અંગેનુ નથી. કાગળમાં બોમ્બ બનાવવાની સામગ્રી કે બોમ્બ કેવી રીતે બને છે તેનું પણ કોઇ વિવરણ નથી. જેથી ઉર્દૂ ભાષામાં લખેલું લખાણ બોમ્બ બનાવવાની રીત હતી તો તે સાથે હું સંમત નથી. આ સિવાય આ આરોપી કાવતરામાં સામેલ થયેલ હોય અને આ કહેવાતા બનાવોમાં કોઈ સક્રિય ભૂમિકા ભજવેલી હોય તેવો કોઈ પુરાવો નથી તેમ હું માનું છું. જે પુરાવો રજૂ થયેલો છે તે પુરતો નથી અને આરોપીની સંડોવણી બાબતે શંકા ઉપજાવે છે.

આરોપી નં.૨૬ મહંમદઅલી ઉર્ફે જમાલ ઉર્ફે ઝીઆ ઉર્ફે યાસર ઉર્ફે અબુબકર મોહરમઅલી અન્સારીનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૨૬ મહંમદઅલી ઉર્ફે જમાલ ઉર્ફે ઝીઆ ઉર્ફે યાસર ઉર્ફે અબુબકર મોહરમઅલી અન્સારીનાઓ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ નાં રોજ જુદી–જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી–જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા–જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમણે કઈ–કઈ ભૂમિકા ભજવેલી છે તે સાબિત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે તેમાં સહઆરોપી નં.૨ ઈમરાન ઈબ્રાહીમ શેખનાઓએ ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન

મેજિસ્ટ્રેટશ્રી, અમદાવાદ સમક્ષ લખાવેલા તે ધ્યાને લેતા પણ આ આરોપી તેઓની ઉપર મુકવામાં આવેલ આક્ષેપ મુજબના કાવતરામાં સામેલ હોવાનું ફલીત થાય છે.

આ આરોપી નં.૨૬ મહંમદઅલી ઉર્ફે જમાલ ઉર્ફે ઝીયા ઉર્ફે યાસર ઉર્ફે અબુબકર મોહરમઅલી અન્સારીએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે તે પ્રશ્નના જવાબમાં તેને ફરિયાદપક્ષના પુરાવા સંબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના બચાવ માટે જે હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦ માં જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી. આ ઉપરાંત આ આરોપીએ પોતાના બચાવમાં અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ નથી.

આરોપી નં.૨૬ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૭૮૬, ૭૮૭, ૭૮૯, ૭૯૦, ૭૯૨, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ છે. આ ઉપરાંત આ આરોપી નં.૨નું કબૂલાત નિવેદન પણ છે.આ સાહેદોના પુરાવા ધ્યાને લેતાં આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવો તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપીની ઓફિશીયલ અટક તા.૧૯.૧૦.૨૦૦૮ ના રોજ કરવામાં આવેલી છે. આંક–૧૨૨ થી ફરમાવવામાં આવેલા તહોમતનામામાં આ આરોપીએ કોઈ ચોકકસ ભૂમિકા ભજવી હોય તેવો કોઈ આક્ષેપ નથી. તેઓની દલીલ સાથે હું સંમત છું કે આ આરોપી આ કાવતરામાં કે જુદી–જુદી જગ્યાએ થયેલી મીટીંગોમાં હાજર રહેલો હોય કે આ બનાવોમાં કોઈ સક્રિય કામગીરી કરી

હોય તેવો પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવામાં નથી. વધુમાં વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપીને ગુનામાં સંડોવવા માટે સાહેદ નં.૧૧૨૬ નવલકિશોર અગ્રવાલને તથા સાહેદ નં.૧૧૨૭ મોહમદ ઈરશાદ અન્સારીને તપાસવામાં આવેલા છે પરંતુ તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે. આ સિવાય આ આરોપી કાવતરામાં સામેલ થયેલ હોય અને આ કહેવાતા બનાવોમાં કોઈ સક્રિય ભૂમિકા ભજવેલી હોય તેવો કોઈ પુરાવો નથી. વકીલશ્રી એમ.એમ.શેખની દલીલ સાથે હું સંપુર્ણપણે સંમત છું પરંતુ આ આરોપી હાલોલ પાવાગઢ ખાતેના આતંકવાદી તાલીમ કેમ્પમાં હાજર રહેલો છે અને જુદી–જુદી તાલીમો લીધેલી છે તથા સીમીના સભ્યોને ગેરકાયેદસર કૃત્ય કરવામાં મદદ કરી છે તેમ હું માનું છું.

આરોપી નં.૨૭ મહમદ ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ રાજીક ઉર્ફે મુસફ ઉર્ફે કુરકાન મહમદ ઈસાક મન્સુરીનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાચેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૨૭ મહમદ ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ રાજીક ઉર્ફે મુસફ ઉર્ફે કુરકાન મહમદ ઈસાક મન્સુરીનાઓ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ નાં રોજ જુદી–જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી–જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા–જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમને કઈ કઈ ભૂમિકા ભજવેલી છે તે સાબિત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે તે પૈકી જનરલ સાહેદ તરીકે સાહેદ નં.૯૫૭ તરીકે ઝાકીર હુસેન અબ્દુલ જબ્બાર કુરેશીનાઓને તપાસેલા છે તથા આ આરોપીના સહઆરોપી નં.૨૩ છે કે જેઓ તાજના સાક્ષી બનેલા છે તે સાહેદ નં.૧૧૪૧

એયાજ સૈયદ તથા આ આરોપીની સાહેદો રૂબરૂ ઓળખ પરેડ કરાવનાર મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૮૮ તરીકે લક્ષ્મણ કેશવલાલ પારધીને તથા સાહેદ નં.૫૮૯ તરીકે ઈન્દ્રવીર વજુભા ઝાલાનાઓને તપાસવામાં આવેલા છે અને તેઓ તમામની જુબાની ધ્યાને લેતા આ આરોપીની સામે મુકવામાં આવેલ આક્ષેપો મુજબના કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા એકબીજાની મદદગારી કરીને અમદાવાદ શહેરમાં જુદી-જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરેલા છે તેમજ સુરતની જુદી-જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલ હોવાનું ફલીત થાય છે.

આ ઉપરાંત સહઆરોપી નં.૨ ઈમરાન ઈબ્રાહિમ શેખ, સહઆરોપી નં.૨૪ ઉમર ઉર્ફે અશોક કાળાભાઈ કબીરા તથા સહઆરોપી નં.૭૬ મંજર ઈમામ ઉર્ફે આલમ ઉર્ફે જમીલઅલી ઈમામનાઓએ સી .આર.પી.સી. કલમ-૧૬૪ મુજબના કબૂલાત નિવેદનો મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ અમદાવાદ સમક્ષ લખાવેલા તે ધ્યાને લેતા પણ આ આરોપી તેઓની ઉપર મુકવામાં આવેલ આક્ષેપ મુજબના કાવતરામાં સામેલ હોવાનું ફલીત થાય છે. આ ઉપરાંત-

ફરિયાદપક્ષ દ્વારા આ કામે મહંમદ ફારૂક મહંમદહનીફ શેખને સાહેદ નં.૪૮૭ તરીકે આંક-૨૯૦૮ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ જમાલપુર, મોચીઓડ વાળા સ્થળે જન્મથી જ રહે છે. તેમના ઘરે તેમના પિતાશ્રી મહંમદહનીફ તથા મોટભાઈ મહંમદરફીક તથા અન્ય સભ્યો બધાં સાથે રહે છે. તેઓ રફીક સાઇકલ રીપેરીંગ વર્કસમાં કાઉન્ટર ઉપર બેસે છે. આ દુકાન ઉપર તેઓ આશરે દસ વર્ષથી બેસે છે. આ દુકાનમાં મોટાભાઈ રફીકભાઈ તથા તેમના પિતા મહંમદ હનીફ આવ-જા કરે છે. જુલાઈ-૨૦૦૮ના અરસામાં આ સાહેદની દુકાનમાં અંદાજે પચ્ચીસ સાઇકલો હતી. આ સાઇકલો ભાડેથી ચલાવે છે. જે સંબંધેનું રજીસ્ટર રાખવામાં આવે છે. તે રજીસ્ટરમાં સાઇકલ ભાડે લઈ જનારનું નામ તથા સમય લઈ જવા તથા લાવવાનું તેઓ નોંધતા.

સાહેદ વધુમાં જણાવે છે કે જુલાઈ–૨૦૦૮ના અરસામાં અમદાવાદમાં બોમ્બ બ્લાસ્ટ થયેલાં. આવી ઘટનાઓ ઘણા સ્થળે થયેલી જેમાં એક વિસ્તાર ખાડીયા પણ હતો. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ ભાડે ગયેલી સાઇકલોની રજીસ્ટરમાં નોંધ રાખવામાં આવેલી. આ સાહેદને એવી જાણ થયેલી કે તેમની સાઇકલનો બોમ્બ બ્લાસ્ટમાં દુરૂપયોગ થયેલો અને એ ઉપયોગ ખાડીયા વિસ્તારમાં થયેલો. સાઇકલનો ઉપયોગ થયાની જાણ આ સાહેદને સાઇકલ ઉપરના હેન્ડલ ઉપર લખવામાં આવતાં તેમની દુકાનનું નામ અને ફ્રેમ નંબર ઉપરથી થયેલી. આવી સાઇકલનો હેન્ડલ નં.૨૩ હતો. આ સાઇકલ તેમના ભાઈએ તંદુરવાળા ઇમરાનને ભાડે આપી હતી. આ સાઇકલ ભાડે આપ્યાનો સમય સવારના સાડા આઠ વાગ્યાની આસપાસનો હતો. આ બાબતેની નોંધ આ સાહેદે તેમના સાઇકલ રજીસ્ટરમાં કરેલી છે. આ સાહેદની દુકાનમાં રાખવામાં આવતું રજીસ્ટર બતાવવામાં આવે તો ઓળખી શકે અને આ રજીસ્ટર તારીખ જોગ લખવામાં આવે છે.

સાહેદ વધુમાં જણાવે છે કે સદર રજીસ્ટરના ક્રમાંક નં.૩ ની નોંધ આ સાહેદના મોટાભાઇ મહંમદરફીકભાઇએ લખેલી જે આંક–૨૯૦૯ થી રજૂ રાખેલ છે. તે દિવસે સાંજના સમયે ૨૩ નંબરની સાઇકલ ભાડે લઇ જનાર ઇમરાનભાઇને મળવા માટે આ સાહેદ તથા તેમના મોટાભાઇ રફીકભાઇ તથા પોલીસ તેના સ્થળે ગયેલા. ત્યાં જતા ઇમરાનભાઇએ ૨૩ નંબરની સાઇકલ ભાડે લીધેલી તે તેના ઘરે પડેલી હતી. તે સ્થળેથી ઇમરાનભાઇને ભાડે આપેલ ૨૩ નંબરની સાઇકલ પરત લીધેલી અને પોલીસે ઇમરાનભાઇની પુછપરછ કરેલી.

સાહેદ વધુમાં જણાવે છે કે ઇમરાનભાઇના સ્થળે આ સાહેદ તથા તેમના મોટાભાઇ મહંમદ રફીકભાઇ પોલીસની સાથે ખાડીયા પોલીસ સ્ટેશને ગયેલાં જ્યાં પોલીસે જે સ્થળે બોમ્બ વિસ્ફોટ થયેલો તે સ્થળે લઇ ગયેલાં અને ત્યાં સાઇકલ બતાવેલી. તે સાઇકલ જોતા તેઓની સાઇકલ હોવા સંબંધેની ઓળખ થયેલી જેમાં રફીક સાઇકલ રીપેરીંગ વર્કસ લખેલું અને હેન્ડલ ઉપર ૨૩ નંબર લખેલો હતો. તે સાઇકલ તેમની હતી પરંતુ અગાઉના સમયે તેઓએ તે

સાઇકલ વેચી નાંખેલી. આ ઉપરાંત બીજી નવ સાઇકલ વેચેલી. આ સાઇકલો બનાવની તારીખથી બે ત્રણ વર્ષ અગાઉ વેચાણ કરેલી હતી. આ સાઇકલ તેમના પિતાએ દાણીલીમડા પોલીસ સ્ટેશન સામે આવેલ રાજા સાઇકલને વેચાણ કરી હતી. નવ સાઇકલના ઓળખ સંબંધેના હેન્ડલ ઉપરના નંબરો યાદ નથી પરંતુ ચાર અને પાંચ હોવાનું જણાવે છે.

સાહેદ વધુમાં જણાવે છે કે આ "રાજા સાઇકલ" તેમની દુકાનથી આશરે ત્રણ ચાર કી.મી. દુર આવેલી છે. આ રાજા સાઇકલના માલીકનું નામ મુનાવર હુસેન હતું. રજીસ્ટરના છેલ્લા પાનામાં વેચાણની નોંધ કરવામાં આવેલ છે. આ નોંધમાં સાઇકલનો હેન્ડલ નંબર તથા ફ્રેમ નંબર લખેલો છે. આ લખાણના હસ્તાક્ષર તેમના પિતા મહંમદ હનીફભાઇના છે અને આ સાહેદ તેમના પિતાજીના હસ્તાક્ષર ઓળખી બતાવે છે જે આંક–૨૯૧૦ થી રજૂ રાખેલ છે તેમજ સાહેદ મુદ્દામાલ સાઇકલ ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ ૩૦–૪૦ વર્ષથી સાઇકલોનો ધંધો કરે છે. મુદ્દામાલ તરીકે બતાવેલી સાઇકલો ભાડે આપવા સબંધેની નોંધ કરવાના રજીસ્ટરો છે. દુકાનમાંથી ખરીદ–વેચાણ કરેલ સાઇકલો તથા હયાત સાઇકલોની નોંધ કરવામાં આવતી નથી તો તે હકીકત નકારે છે. આ સાહેદના પિતાએ છેલ્લા દસ વર્ષના સમયમાં જૂની–નવી સાઇકલોના વ્યવહાર સબંધે રજીસ્ટર રાખેલ છે કે કેમ? તેનો ખ્યાલ નથી. આંક–૨૯૦૯ ની નોંધ ઉપર સાઇકલ પરત મેળવ્યાની કોઈ નોંધ કરેલી નથી તે કબૂલ કરે છે. આંક–૨૯૧૦ વાળી નોંધ બનાવ બન્યા બાદ લખવામાં અને ઉભી કરવામાં આવેલી છે તો તે હકીકત નકારે છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો બનાવના બે દિવસ બાદ એટલે કે તા.૨૮.૭.૨૦૦૮ ના રોજ પોલીસે તપાસ કરેલી અને ઈમરાનની પાસેથી સાઇકલ પરત મેળવતી વખતે પંચનામુ કરેલ નથી તે કબૂલ કરે છે. તા.૧૦.૯.૨૦૦૫ સંબંધેના ત્રણ પાના બતાવવામાં આવે છે તે જોઈને કહે છે કે તેમાં લખવામાં આવેલી નોંધના અક્ષરો આ સાહેદના ભાઈ કે પિતાના છે તે કબૂલ કરે છે. ત્રણેય પાનને સંયુકત આંક–૨૯૧૧ આપવામાં આવે

છે. આંક–૨૯૧૦ ની સાઇકલની કુલ–૧૫ નોંધ છે તે કબૂલ કરે છે. આંક–૨૯૧૦ ની તમામ નોંધોમાં ભાડે તથા વેચાણથી લઈ જનાર સાઇકલવાળી વ્યકિતઓના નામ છે પરંતુ વેચાણ વ્યવહાર કરનાર વ્યકિતઓના નામ નથી તો તે હકીકત નકારે છે. બોમ્બ બ્લાસ્ટના બનાવ સંબંધે કોઈ જાત માહિતી નથી. મુદ્દામાલ સાઇકલનું આગળનું વ્હીલ હાલમાં નથી. સાઇકલ ઉપર કપડાનું કવર લગાવેલુ હોવાથી તેનો ફ્રેમ નંબર જોઈ શકાતો નથી. ૪૦ વર્ષમાં સાઇકલના ધંધામાં અનેક સાઇકલો ખરીદ વેચાણ કરેલી હશે તે કબૂલ કરે છે. આંક–૨૯૧૦ ના બોક્ષના ઉપરના ભાગે લખવામાં આવેલ ૩૬૫૩૫૨બી નંબરનું લખાણ જોઈને જણાવે છે કે તેમના પિતાના હસ્તાક્ષરમાં નથી. આ લખાણને આંક–૨૯૧૨ આપવામાં આવેલ છે. અમદાવાદમાં બોમ્બ બ્લાસ્ટ થયા પછીની તારીખના ૨–૩ દિવસ બાદ ક્રાઈમ બ્રાન્ચની પોલીસ વાન આ સાહેદને ત્યાં આવેલાનું જણાવે છે. પોલીસે આ સાહેદને તથા પરિવારજનોને નિવેદનો બાબતે અને પંચનામા બાબતે ધાક ધમકી આપેલીની હકીકત નકારેલી છે. આ સાહેદને કે તેમના પરિવારને અનેકવાર બોલાવવામાં આવેલા તો તે હકીકત નકારી છે. પોલીસના કહેવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત પણ નકારી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ તેમના પિતાના સમયથી એટલે કે ૪૦ વર્ષ ઉપરાંતથી સાઇકલની ખરીદી તેમજ વેચાણનો તેમજ ભાડે આપવાનો ધંધો કરે છે. તેઓની દુકાન "રફીક સાઇકલ વર્કસ" નામની છે અને તેમની દુકાનેથી ઈમરાનભાઈ ૨૩ નંબરની સાઇકલ ભાડે લઈ ગયેલા હતા. સાઇકલને ઓળખવા સંબંધે સાહેદે જણાવેલુ છે કે રફીક સાઇકલ રીપેરીંગ વર્કસ લખેલુ છે અને હેન્ડલ ઉપર ૨૩ નંબર લખેલો છે. આંક–૨૯૦૯ વાળુ રજીસ્ટર ધ્યાને લેતા તેમાં સાઇકલ નં.૨૩ ઉપર ઈમરાનનું નામ લખેલુ છે. આંક–૨૯૧૦ વાળુ રજીસ્ટર ધ્યાને લઈએ તો તેમાં જે નોંધ કરેલી છે તે આ સાહેદના પિતાએ કરેલી છે. આ ઉપરાંત આંક–૨૯૧૧ વાળા ત્રણેય પાના ઉપર જે હસ્તાક્ષરો છે તે આ સાહેદના પિતાના હોવાનું માલુમ પડે છે અને તે હકીકતને આ સાહેદની જુબાનીથી સમર્થન મળે છે.

તપાસ કરનાર અધિકારીની સાથે મદદમાં રહેનાર અધિકારી સાહેદ નં.૧૦૭૬ એ.વી.ગખ્ખરનાઓએ ખાડીયા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં. ૭૧/૨૦૦૮ ના કામે આંક–૨૯૦૫ વાળુ પંચનામુ પંચ ઐયુબભાઈ મુસાબાઈ શેખ તથા ઐયુબભાઈ અલ્લારખ્ખા શેખની હાજરીમાં તા.૩૦.૭.૨૦૦૮ ના રોજ કલાક ૧૮.૩૦ વાગે સાઇકલ કબજે કર્યા અંગેનુ બનાવેલુ છે. આંક–૨૯૦૫ વાળા પંચનામા મુજબ ખાડીયા વિસ્તારમાં આવેલ એમ.નારણદાસ એન્ડ કંપની દવાની દુકાન પાસેથી બનાવમાં વપરાયેલ સાઇકલ ફ્રેમ નં. કે૦૧૩૨૨૭ તેમજ સ્ટેરીંગ ઉપર રફીક સાઇકલ સ્ટોર સાઇકલ નં.૨૩ લખેલ છે તે સાબીર હુસેન અબ્દુલકરીમ શેખનાએ તેમની દુકાનનું સાઇકલ રજીસ્ટર રજૂ કરેલુ અને તે પંચનામુ કરીને કબજે કરવામાં આવેલ છે. આ પંચનામામાં સાહેદ એ.વી.ગખ્ખરે બે પંચોની સહીઓ કરાવેલી છે તથા રૂબરૂ તરીકે પોતે સહી કરેલી છે તે સહીઓ ઓળખી બતાવે છે.

આ હકીકત સાહેદ નં.૧૦૭૬ એ.વી.ગખ્ખરનાઓ પોતાની જુબાનીના પાના નં.૫ ઉપર જણાવે છે તે મુજબ એમ.નારણદાસ એન્ડ કંપની દવાની દુકાન પાસેથી ગુનામાં વપરાયેલી સાઇકલ કે જેના સ્ટેરીંગ ઉપર રફીક સાઇકલ સ્ટોર લખેલુ હતુ તે સાઇકલ સંબંધે સાહેદ સાબીરહુસેન અબ્દુલકરીમ શેખનાઓએ દુકાનનું સાઇકલ રજીસ્ટર કબજે કરેલુ તેમ જણાવે છે. આ રજીસ્ટરને સહી પુરતો દાખલ આંક–૭૩૨૮ આપવામાં આવેલો છે. આ સબંધે સાહેદ નં. ૧૦૭૬ ની ઊલટતપાસ ધ્યાને લઈએ તો રજીસ્ટર કબજે કરવા અંગે ક્રિ.પ્રો. કોડની કલમ–૧૬૦ મુજબની નોટિસ આપવામાં આવેલ નથી. આ સાહેદને પ્રશ્ન પુછવામાં આવેલો છે કે આરોપીનું નામ કયા માધ્યમથી જાણવા મળેલુ તો સાહેદે જવાબ આપેલો છે કે ગુનામાં જે સાઇકલનો ઉપયોગ થયેલો તે સાઇકલ જે સ્ટોર્સ ઉપરથી લેવામાં આવેલી ત્યાંથી નામ મળેલુ તેમ જણાવે છે. તા.૨૭.૭.૨૦૦૮ થી ૨૯.૭.૨૦૦૮ ના રોજ સાઇકલોનું પંચનામુ બનાવ્યુ તે દરમ્યાન સાઇકલો પોલીસ સ્ટેશનની બાહર લઈ જવામાં આવેલી નહીં તેમ જણાવે છે. આંક–૨૯૧૦

વાળા રજીસ્ટર ઉપર દુકાનદારનું નામ "રફીક સાઇકલ સ્ટોર" લખેલુ નથી તો તે હકીકત નકારે છે.

એમ.નારણદાસ એન્ડ કંપની કે જે જગ્યા ખાડીયા વિસ્તારમાં આવેલી છે તે જગ્યા આરોપી નં.૨૭ મહંમદ ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ રાઝીકનાઓને અટક કર્યા પછી જે જગ્યા આ આરોપીએ બતાવેલી તે અંગેનું પંચનામુ બનાવેલુ જે આંક–૬૦૫૧ થી રજૂ કરેલુ છે તથા આરોપી નં.૩૬ મહંમદ આરીફનાઓએ પણ પોતાની અટક થયા પછી આ જગ્યા બતાવેલી તેનુ પંચનામુ આંક–૬૦૨૪ થી રજૂ થયેલુ છે.

સાહેદ નં.૧૦૭૬ એ.વી.ગખ્ખરનાઓએ આંક–૨૯૦૫વાળુ પંચનામુ કરીને રફીક સાઇકલ સ્ટોરનું જે રજીસ્ટર કબજે કરેલુ તે તથા આંક–૨૯૧૦ વાળી નોંધો જે પંચ સાહેદોની હાજરીમાં કબજે કરવામાં આવેલી તે પંચ સાહેદોને આ કામે ફરિયાદપક્ષ દ્વારા આ કામે એૈયુબભાઈ અલ્લારખા શેખને સાહેદ નં.૪૮૫ તરીકે આંક–૨૯૦૪ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૩૦.૭.૨૦૦૮ ના રોજ આ સાહેદને સાંજના ૫–૬ વાગ્યાની આસપાસ ક્રાઈમ બ્રાન્ચ પોલીસે ક્રાઈમ બ્રાન્ચમાં બોલાવેલા તે વખતે તેમના જેવા એક બીજા ભાઈ પણ ત્યાં હતા અને તેમને પણ બોલાવેલા. પોલીસે કાંઈ કીધેલુ નહીં, તેમની રૂબરૂમાં કાંઈ કાર્યવાહી થયેલી નહીં તે દિવસે સહી કરેલી હશે તેમને પથારા પાસે સહી કરેલી. આ સાહેદને ફરિયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરવા વિનંતી કરેલી અને તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે. ત્યારબાદ અદાલતની પરવાનગીથી આ સાહેદની ઊલટતપાસ ફરિયાદપક્ષ દ્વારા લેવામાં આવેલી છે તે ધ્યાને લઈએ તો આ સાહેદને તથા બીજા પંચ એૈયુબભાઈને પંચનામુ કરવા બાબતે સમજ આપેલી કે કેમ તે યાદ નથી. રફીક સાઇકલ સ્ટોરના નામનુ રજીસ્ટર સાહેદ સાબીરહુસેન અબ્દુલકરીમ શેખનાઓએ રજુ કરેલાનું યાદ નથી. આ રજીસ્ટર લાલ કલરના પુઠ્ઠાવાળુ અને જુના જેવુ હતુ તો તે પણ યાદ નથી. આંક–૨૯૦૫ વાળા પંચનામામાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આ સાહેદની આરોપીઓ તરફથી પણ ઊલટતપાસ થયેલી છે

તે ધ્યાને લઈએ તો કોઈ બનાવ બને ત્યારે પોલીસવાળા પંચ તરીકે સહીઓ લે છે તે કબૂલ કરે છે. આ પ્રશ્નનો અર્થ એવો થાય કે બનાવ બનેલો છે અને પોલીસે આ સાહેદની પંચ તરીકે સહીઓ લીધેલી છે તેમ કહી શકાય. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા લાલ કલરનો પુઠ્ઠાવાળો ચોપડો જોઈને આ સાહેદ જણાવે છે કે તેમા પાછળના ભાગે તેમની સહી નથી.

ત્યારબાદ બીજા પંચ તરીકે ફરિયાદપક્ષ દ્વારા આ કામે ઐયુબભાઈ મુસાભાઈ શેખને સાહેદ નં.પ૩૨ તરીકે આંક–૨૯૭૮ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૩૦/૫ કે ૩૦/૭ ના રોજ ક્રાઇમ બ્રાંચ, હવેલી પોલીસ સ્ટેશન ખાતે પોલીસે બોલાવેલા. ત્યાં બીજા એક ઐયુબભાઇને પણ બોલાવેલા. ત્યાં સાઇકલ કબજે લીધેલી તેવું પોલીસે કહેલું અને તેનું પંચનામું કરવાનું છે તેવું સમજાવેલું. આ સાહેદ આંક–૨૯૦૫ વાળા પંચનામામાં તેમની તથા પંચ નં.૨ ની સહીઓ ઓળખી બતાવે છે. આ સાહેદને સેશન્સ કેસ નં.૮૨/૨૦૦૯ ના મુદ્દામાલ લિસ્ટ આંક–૨૧૩૧ ના આર્ટીકલ નં. ૨૦ વાળુ રજીસ્ટર બતાવતા તેમાં પાછળના ભાગે છેલ્લા પાને તા.૩૦/૭/ ૨૦૦૮ ના રોજ લખી તેમની તથા બીજા પંચની સહી ઓળખી બતાવે છે. વધુમાં આ સાહેદ પંચનામામાં લખેલી હકીકત મુજબ "આ બનાવના ઉપયોગમાં લેવાયેલ સાઇકલ ફ્રેમ નં. કે–૦૧૩૨૨૭ તેમજ સ્ટેરીંગ ઉપર રફીક સાઇકલ સ્ટોર સાઇકલ નં.૨૩ લખેલ છે તે સાબીર હુસેન અબ્દુલ કરીમ શેખ તેમની દુકાનનું સાઇકલ રજીસ્ટર રજૂ કરતાં હોય જે ગુનાના કામે કબજે લેવાનું હોઇ અમો પંચોને પંચમાં રહેવાનું કહેતા સ્વખુશી બતાવી પંચમાં હાજર રહ્યાં તેવું લખાવેલ છે." તેમજ સાબીરહુસેન અબ્દુલકરીમ શેખનાઓએ આ સાહેદ રૂબરૂમાં તેમની દુકાનમાંથી એક લાલ કલરના પુઠાવાળું જુના જેવા રજીસ્ટરના અંદરના ભાગે સાઇકલ રજીસ્ટર લખેલું છે. જેના પહેલા પાને સાઇકલ રજીસ્ટર આર.સી. દુકાનદારનું નામ રાજા સાઇકલ વર્કસ લખેલ છે તે રજીસ્ટર રજૂ કરેલાનું જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ ફેરીનો ધંધો કરે છે. કઈ તારીખે કયાં હતા તે કહી શકે તેમ નથી. પોલીસે તેઓને બોલાવ્યા નથી તો તે હકીકત નકારી છે જેથી એવુ કહી શકાય કે આ સાહેદને પોલીસે બોલાવેલા હતા. સાઇકલ કબજે કર્યાનું લખાણ હતુ તેમા આ સાહેદે સહી કરેલાનું કબૂલ કરે છે. આમ સાહેદ નં.૪૮૫ ઐયુબભાઈ અલ્લારખ્ખા શેખનાઓએ ફરિયાદ પક્ષની હકીકતને સમર્થન કરેલ નથી જયારે સાહેદ નં.૫૩૨ ઐયુબભાઈ મુસાભાઈ શેખનાઓએ ફરિયાદ પક્ષની હકીકતને સમર્થન કરેલ છે. આંક–૨૯૦૫ વાળા પંચનામાના એક પંચે સ્પષ્ટ જણાવેલુ છે કે પોલીસે તેઓને સાઇકલ રજીસ્ટર કબજે કરવા સબંધે બોલાવેલા અને તે અંગેના પંચનામામાં સહી કરેલી. સાહેદ ઐયુબભાઈ અલ્લારખ્ખા પણ પોતે આંક–૨૯૦૫ વાળા પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે. જેથી સ્પષ્ટ બને છે કે સાહેદ એ.વી.ગખ્ખરનાઓએ આ બંને પંચ સાહેદોની હાજરીમાં આંક–૨૯૦૫ વાળુ પંચનામુ બનાવીને સાહેદ નં.૪૮૯ સાબીરહુસેન અબ્દુલકરીમ શેખનાઓ પાસેથી સાઇકલના રજીસ્ટર કબજે કરેલા છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે સાબીરહુસેન અબ્દુલકરીમ શેખને સાહેદ નં. ૪૮૯ તરીકે આંક–૨૯૧૪ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ અગાઉ "રાજા સાઇકલ" રીપેરીંગ વર્કસના નામથી દાણીલીમડા પોલીસ ચોકી સામે તેમના ભાઇ સાથે ધંધો કરતાં હતા. આ સાહેદ મહંમદ ફારૂકભાઇને ઓળખે છે. તેઓ જમાલપુર વિસ્તારમાં રફીક સાઇકલ રીપેરીંગ વર્કસના નામથી સાઇકલનો ધંધો કરતાં હતા. વધુમાં સાહેદે જણાવેલ છે કે ૨૦૦૮ ના અરસામાં એ.એમ.સી.માં તેમની દુકાન કપાતમાં જતાં સાઇકલનો ધંધો બંધ કરેલ છે. સને–૨૦૦૮ પહેલા રફીક સાઇકલ વર્કસ પાસેથી દશ સાઇકલ ખરીદેલી. ઘણો સમય થઇ ગયેલ હોઇને આવી સાઇકલના નંબર કે ઓળખ થોડુ ઘણું યાદ હોય. આવી સાઇકલમાં સાઇકલ નં.૪,૫,૨૩,૨૦ હતી. આ સાહેદે ખરીદ કરેલ દસ સાઇકલ પૈકીની કોઇ સાઇકલ બતાવવામાં આવે તો ઓળખી શકે. આ સાહેદને સેશન્સ કેસ નં.૮૨/૨૦૦૯ ના મુદ્દામાલ લીસ્ટ

આંક–૨૧૩૧ ના ક્રમાંક ૧ વાળી સાઇકલ બતાવવામાં આવે છે તે જોઇને કહે છે કે તે તેઓએ ખરીદેલ સાઇકલ પૈકીની ૨૩ નંબરની સાઇકલ છે. વધુમાં સાહેદ જણાવે છે કે અમદાવાદ શહેરમાં તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ બોમ્બ બ્લાસ્ટ થયેલાં. આ બનાવના પંદર વીસ દિવસ અગાઉ મુદ્દામાલ વાળી સાઇકલ તેઓએ વેચેલી અને જે વ્યકિતને સાઇકલ વેચેલી તે પાતળા બાંધાનો ગોરા વાનવાળો અને પેન્ટ શર્ટ પહેરીને આવેલ હતો અને હિન્દી ભાષી હતો તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પોતાના પુરાવામાં જે ૧૦ સાઇકલો ખરીદ કર્યાની હકીકત જણાવી તે બોમ્બ ધડાકાના અરસામાં બે–ત્રણ મહીના અગાઉ ખરીદ કરેલી તે કબૂલ કરે છે. આ ખરીદી આ સાહેદે પોતાના ભાઈ થકી કરેલી. સાઇકલ ખરીદીના વ્યવહાર અને લખાણ તથા રકમની ચુકવણી આ સાહેદના ભાઈએ કરેલાનું જણાવે છે. જે વ્યકિતને સાઇકલ વેચેલી તે વ્યકિતને ત્યારબાદ આજદિન સુધી જોયેલી નથી. પોલીસે આજદિન સુધી આ સાહેદે જણાવેલ વ્યકિતને ઓળખ બાબતે બોલાવેલા નથી કે ફોટોગ્રાફ બતાવેલા નથી. આમ આ સાહેદ પાસેથી સાહેદ એ.વી.ગખ્ખરનાઓએ બે પંચ સાહેદોની હાજરીમાં સાઇકલ ખરીદ વેચાણ અંગેનુ રજીસ્ટર કબજે કરેલુ છે. આ સાહેદ સાઇકલ ખરીદ વેચાણનો ધંધો કરે છે અને તેમને ત્યાંથી ઘણા માણસો સાઇકલની ખરીદી કરતા હોય અને તે દરેકને યાદ રાખી શકે નહીં કે જેથી આ સાહેદ સાઇકલ ખરીદી કરનારને ઓળખી શકે. ખાડીયા વિસ્તારમાં એમ. નારાયણદાસ કંપનીની દવાની દુકાનની સામે બનાવમાં વપરાયેલી સાઇકલ જે કબજે કરાવમાં આવેલી તેના ગવન્ડર ઉપર આ સાહેદની દુકાનનું નામ "રફીક સાઇકલ સ્ટોર" લખેલુ હતુ અને જયારે આ સાહેદનું નિવેદન લઈને તપાસ કરનાર અધિકારીએ પંચો રૂબરૂ સાઇકલોની ખરીદ વેચાણનુ જે રજીસ્ટર કબજે કરેલુ તે આંક–૨૯૦૯ વાળા રજીસ્ટરમાં સાઇકલ નં.૨૩ ઈમરાનને આપેલાનું સ્પષ્ટ બને છે. ખાડીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં જે ત્રણ બનાવો બનેલા તે ત્રણેય બનાવોમાં ત્રણ જુદી જુદી સાઇકલોના ગવન્ડર ઉપર પ્લાસ્ટિકની થેલીમાં બોમ્બ મુકીને બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલા હતા અને ત્રણેય જગ્યાઓ ઉપરથી જે

સાઇકલો કબજે કરવામાં આવેલી હતી તે આંક–૧૭૧૮વાળા પંચનામા આધારે પંચ સાહેદ રાકેશ સુરેશ મહેતા તથા સચીન પ્રતાપ સોનીની હાજરીમાં કબજે કરવામાં આવેલી હતી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે મુનાવરહુસેન અબ્દુલકરીમ શેખને સાહેદ નં.૪૮૮ તરીકે આંક–૨૯૧૩ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ આશરે દસ વર્ષથી જુહાપુરા અમદાવાદ ખાતે રહે છે અને તેમનુ ઉર્ફે નામ રાજા છે. આ સાહેદ "રાજા સાઇકલ રીપેરીંગ"ના નામથી દુકાન ચલાવતા હતા અને દુકાન ઉપર બેસતા હતા. આ દુકાન દાણીલીમડા પોલીસ ચોકી સામે આવેલી. આ ધંધા ઉપર આ સાહેદ સાથે તેમનો ભાઇ સાબીરહુસેન પણ બેસતો હતો. આ દુકાન એ.એમ.સી.ની કપાતમાં બંધ થઇ ગયેલી. દુકાને આ સાહેદનો ભાઇ વધારે બેસતો હતો. દુકાનમાં સાઇકલ રીપેરીંગ તથા ભાડે આપવાનો ધંધો હતો. વધુમાં સાહેદે જણાવેલ છે કે રફીક સાઇકલ વર્કસ વાળા મહંમદ ફારૂક મહંમદહનીફ શેખ તેના પિતા અને ભાઇને ઓળખે છે. તેમની દુકાન જમાલપુર મોચીઓડ પાસે આવેલી હતી. તેમની સાથે દસ જૂની સાઇકલ વેચાણ લીધેલી. આ વ્યવહાર તા.૧૦/૯/૨૦૦૫ ના રોજનો હતો. આ દસ સાઇકલો પૈકી કેટલીક સાઇકલના નંબર અનુક્રમે ૪,૫,૮,૯ હતા.

સાહેદ વધુમાં જણાવે છે કે આ સાઇકલનો ઉપયોગ તેઓ ભાડે આપવામાં કરતા હતા. દસ સાઇકલો પૈકીની કોઇ સાઇકલ બતાવવામાં આવે તો તેવી સાઇકલ કદાચ ખરીદ કરેલ પૈકીની હોવાનું કહી શકે. આ સાહેદ ઉપર જણાવેલ સાઇકલના નંબરો હેન્ડલ ઉપર નોંધેલ હતા. આ સાહેદને સેશન્સ કેસ નં.૮૨/૨૦૦૯ ના મુદ્દામાલ લીસ્ટ આંક–૨૧૩૧ ના અનુક્રમ નં.૧ વાળી સાઇકલ બતાવવામાં આવે છે તે જોઇને કહે છે કે તેના હેન્ડલ ઉપર ૨૩ નંબર આંકડામાં લખવામાં આવેલ છે તથા રફીક સાઇકલ વર્કસ લખેલ હોવાનું દેખાય છે તથા સાઇકલની ફ્રેમ ઉપર જોતા નં.૦૧૩૨૨૭ લખેલ હોવાનું વાચવા મળે છે તે આ સાહેદે ખરીદ કરેલ દસ સાઇકલ પૈકીની આ એક સાઇકલ છે તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો સાઇકલ હેન્ડલ, ચીપીયો અને ફ્રેમના સ્વરૂપમાં હોય છે તે કબૂલ કરે છે. હેન્ડલ ચેન્જ કરવુ હોય તો એક બોલ્ટ ખોલવો પડે તે કબૂલ કરે છે. કોઈ પણ સાઇકલની ફ્રેમ ચેન્જ થઈ શકે તે કબૂલ કરે છે. સાઇકલ ખરીદીના કોઈ વ્યવહારોની નોંધ ચોપડામાં રાખવામાં આવતી નથી તે કબૂલ કરે છે. મુદ્દામાલ સાઇકલ ખરીદ કરેલી નથી અને કોઈને આપેલી નથી તેમ છતાં પોલીસના કહેવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારી છે. આ હકીકત ધ્યાને લેતા બનાવમાં વપરાયેલ મુદ્દામાલ સાઇકલ આ સાહેદે ખરીદ કરેલી હતી અને વેચાણ કરેલુ હતુ તે સ્પષ્ટ બને છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા સાઇકલની દુકાન ઉપર મોટાભાગે તેમના પિતા દુકાનને સંભાળતા હોય છે. સાઇકલની ખરીદી અને વેચાણ તેમજ સ્પેરપાર્ટ સબંધેના વ્યવહારો આ સાહેદના પિતા અને ભાઈ જ જાણે છે તો તે હકીકત નકારે છે. સાઇકલ ખરીદી સબંધેના જે વ્યવહારો થયેલા તેમાં ખરીદકર્તા તરીકે આ સાહેદનું નામ નથી તે કબૂલ કરે છે.

સાહેદ નં.૧૦૭૬ એ.વી.ગખ્ખરનાઓએ આ સાહેદની દુકાન "રાજા સાઇકલ વર્કસ" ઉપરથી આંક–૨૯૦૫વાળા પંચનામા પ્રમાણે સાઇકલનું રજીસ્ટર કબજે કરેલુ. આમ આંક–૨૯૦૫વાળા પંચનામા આધારે સાહેદ નં. ૪૮૫ તથા ૫૩૨ ની હાજરીમાં આંક–૨૯૦૯વાળુ રજીસ્ટર કબજે કરેલુ છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે મુખત્યારભાઈ શબ્બીરભાઈ પ્રાઈમસવાલાને સાહેદ નં.૯૨૬ તરીકે આંક–૬૫૭૪થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ છેલ્લા ૬૦ વર્ષથી કાલુપુર ટાવર પાસે એલ.પી.જી. ગેસનો ધંધો કરે છે. તેઓ પોતે છેલ્લા ૩૫ વર્ષથી આ ધંધો સંભાળે છે. તેઓ આ ધંધો "ન્યુ ડિલક્ષ સ્ટવ માર્ટ" ના નામથી ધંધો કરે છે. તેમની દુકાનનો સમય સવારે ૯.૩૦ થી રાત્રીના ૮.૩૦ વાગ્યા સુધીનો છે. તેમની દુકાનમાં ગેસ, સગડી તેના સ્પેર પાર્ટસ, સગડા, પાઈપ તથા એલ.પી.જી. ના સ્પાર્ટસનું વેચાણ કરે છે. આ સાહેદ તેમને ત્યાં પાંચ કિ.ગ્રા.ના બોટલ રાખતા હતા. તેઓ "ગોલ્ડન કલીક" ના બોટલ રાખતા હતા. આ માર્કો

બોટલ ઉપર એમ્બોસ કરેલો હોય છે. તા.૫/૮/૨૦૦૮ ના રોજ પોલિસ આ સાહેદની દુકાન પર આવેલી. પોલિસે આવીને પુછેલું કે તમે આવા પ્રકારના ગેસના બોટલ રાખો છો? તો કહેલું કે "હા", આવા બોટલ રાખું છું. આવા એટલે પાંચ કિ.ગ્રા.ના ગોલ્ડન કલીકના બોટલ રાખું છું તેમ કહેલું. તા.૨૫ ના રોજ તેમની દુકાન ઉપર એક છોકરો આવેલો જેને આછી દાઢી હતી અને આવીને કહેલું કે તેને પાંચ કિ.ગ્રા.ના બે બોટલ ગેસના જોઇએ છે. તે છોકરાને કહેલું કે તને આ બોટલ મળી જશે અને રૂ.૧૧૦૦/– ના બે બોટલ આવશે. તે છોકરાએ એમ કહેલું કે "પેકિંગ એસા કરના કે દિખના ન ચાહિએ" અને પૈસા આપીને ચાલ્યો ગયેલો અને અડધો કલાક પછી આવેલો અને તે મોબાઇલ ફોન ઉપર વાત કરતો હતો. આ સાહેદે બોટલનું પેકિંગ કરેલું તે જોઇને તે કહેવા લાગેલો કે "પેકિંગ બહુત અચ્છા કિયા હૈ". આ સાહેદને તેની ઉપર શંકા પડેલી માટે તેને પુંછેલું કે તું શું કામ માટે બોટલ લઇ જાવ છો. આ સાહેદે તેને એમ પણ કહેલું કે આ બોટલ એકલા ન લઇ જવાય તેની ઉપર પેટ્રો મેકસ તથા સ્ટવ આવે છે તે નથી લઇ જવા? તો તેણે એમ કહેલું કે "તે મારા ઘરે પડેલા છે" જેથી આ સાહેદે તેને કહેલું કે તું કેમ લઇ જાય છે? તો તેણે જવાબ આપેલો કે "દહેજમાં આપવા માટે લઇ જાઉ છું." આ સાહેદે તેને કહેલું કે બોટલ ઉપર એટેચમેન્ટ જુના કેમ લગાવે છે? તો તેણે જવાબ આપેલો કે "તે ચલેગા". પછી તે નીકળીને જતો રહેલો. આ બોટલોના તેણે રૂ.૧૧૦૦/– આપેલાં હતાં. આ સાહેદને તેની ઉપર શંકા ગયેલી તે રીક્ષા લઇને આવેલો હશે તેવું માલુમ પડતાં આ સાહેદ દુકાનની બહાર નીકળેલો પરંતુ બાજુની દુકાનવાળાએ સળંગ બોર્ડ મુકેલું હતું તેના કારણે રીક્ષાનો નંબર દેખાયેલો નહિ. આ સાહેદે તે છોકરાને આ બંને બોટલ ગોલ્ડન કલીક કંપનીના પાંચ–પાંચ કિ.ગ્રા.ના બોટલ આપેલા હતાં. આ છોકરો તેમની દુકાનેથી સાંજના કલાક ૫.૧૦ વાગ્યે ફોન પર વાત કરતો કરતો ગયેલો. આ સાહેદે તેને એમ પણ પુંછેલું કે આ બોટલ દહેજમાં કયાં આપવાના છે? તો તેણે જવાબ આપેલો કે "પાંચ કુવા આપવાના છે".

સાહેદે વધુમાં જણાવેલ છે કે ત્યારપછી પંદરેક દિવસ બાદ મુલીયા સાહેબનો ફોન આવેલો અને ફોનમાં આ સાહેદને જણાવેલું કે તમે બોટલ ઓળખી શકશો? તો હા, ઓળખી શકીશ તેમ કહેલુ, આ સાહેદને તે બોટલ બતાવવામાં આવે તો ઓળખી શકે તેમ જણાવેલ ત્યારબાદ મુલીયા સાહેબ આ સાહેદને ગાંધીનગર ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી ખાતે લઇ ગયેલાં અને ત્યાં બોટલો બતાવેલી. આ સાહેદને સેશન્સ કેસ નં.૩૨૩/૨૦૦૯ ના મુદ્દામાલ આર્ટીકલ લીસ્ટ આંક–૨૦૩૪ ના ક્રમાંક નં.૧ વાળા ફાટી ગયેલ ગેસની બોટલના બે ટુકડા બતાવવામાં આવે છે તે જોઇને કહે છે કે તે પૈકી એક ટુકડા ઉપર "ગોલ્ડન કલીક" એમ્બોસ થયેલું જોવા મળે છે તથા નીચેના ભાગે સ્ટીકર કે જે એમ્બોસ થયેલી જગ્યાની નજીકમાં છે તેની ઉપર પણ "ગોલ્ડન કલીક" લખેલું છે. આ બોટલ ફાટેલો છે તે ભાગે એમ્બોસ થયેલું દેખાય છે. આ ગોલ્ડન કલીક કંપનીના બોટલ આ સાહેદ તેઓને ત્યાં રાખતા હતા પરંતુ આ બનાવ બન્યા પછી રાખતા નથી. વધુમાં જણાવે છે કે ૨૬ મી તારીખે સાંજે ૭.૦૦ વાગ્યે ઇ–ટીવી સમાચારમાં બ્લાસ્ટ થયાનું ટી.વી.માં જોયેલું અને ગેસના બોટલના ભાગ પણ ટી.વી. ઉપર સમાચારમાં જોતાં તે જ વખતે લાગેલું કે આ બોટલ તેમને ત્યાંથી લઇ ગયેલાં હતાં તે જ છે.

વધુમાં સાહેદ જણાવે છે કે ત્યારબાદ આશરે દોઢ માસ પછી પોલિસના માણસો કહિ ગયેલાં કે તેઓને કલાક ૪.૦૦ વાગ્યે ઘી કાંટા કોર્ટમાં આવવાનું છે જેથી ઘી કાંટા કોર્ટમાં ગયેલા તે કોર્ટ કયાં સાહેબની હતી તેનો તેમને અત્યારે ખ્યાલ નથી. કોર્ટમાં જઇને ત્યાં બેઠેલા વ્યકિતને જાણ કરેલી તો તેણે બહાર બેસવાનું કહેલું. જેથી બહાર બેઠેલો અને થોડીવાર બાદ કોર્ટમાં બોલાવેલો. ત્યાં એક સાહેબ બેઠેલાં હતાં તેમણે જણાવેલું કે તમારે ત્યાં જે વ્યકિત બોટલો લેવા આવેલો હતો તેને તમે ઓળખી શકશો? તો આ સાહેદે સાહેબને જણાવેલું કે હા, ઓળખી શકીશ. ત્યાં આગળ પાછળની સાઈડે છ માણસો ઉભા રાખેલાં હતાં. તે તમામ ઓછી દાઢીવાળા હતાં અને થોડો સમય થયેલો હતો માટે આ સાહેદના મગજમાં હતું. આ સાહેદને ત્યાં આવેલ વ્યકિતે ઓળખેલો અને તેની

પાસે જઇ તેનો હાથ પકડીને બહાર કાઢેલો. બહાર કાઢેલ વ્યકિતનું સાહેબે નામ પુંછેલું. તેણે તેનું નામ જણાવેલું તે ગોમતીપુરનો હતો અને મન્સુરી અટક હતી પરંતુ હાલ નામ યાદ નથી. ત્યારબાદ સાહેબને કહેલું કે આ વ્યકિત તેમને ત્યાં ગ્રાહક બનીને આવેલો અને ગોલ્ડન કલીક કંપનીના ગેસના બે બોટલ ખરીદીને લઇ ગયેલો હતો. સાહેબને એમ પણ કહેલું કે, આ વ્યકિતએ બોટલોનું પેકિંગ બરાબર કરવાનું કહેલું જેથી તેની ઉપર શંકા ગયેલી હતી. આ સાહેદને ત્યાંથી ગેસના બોટલ લઇ જનાર વ્યકિતને જો બતાવવામાં આવે તો તે વ્યકિત જે પરિસ્થિતિમાં હતો તેવી પરિસ્થિતિમાં હશે તો ઓળખી શકે. આ સાહેદને અમદાવાદ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીઓને વીડિયો કોન્ફરન્સ ટી.વી.સ્ક્રીન થકી ચાર–ચારની સંખ્યામાં આરોપીઓને બતાવવામાં આવે છે અને ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીને વીડિયો કોન્ફરન્સ ટી.વી.સ્ક્રીન થકી ત્રણ–ત્રણની સંખ્યામાં આરોપીઓને બતાવવામાં આવે છે તે જોઇને સાહેદ, આરોપીને ઓળખી શકતા નથી અને જણાવે છે કે તે સમયે તે વ્યકિત દુબળો પતળો હતો અને તેને આછી દાઢી હતી પરંતુ અત્યારે બધા બોડીમાં હેવી લાગે છે તથા દાઢી વધુ છે માટે ઓળખી શકે નહીં.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદની પોલીસે ચારેક વખત પુછપરછ કરેલાનું જણાવે છે. પોલીસ જે કાંઈ હકીકત જાણવા માંગતી હતી તે તમામ હકીકત ચારેય વખત પોલીસને જણાવેલી. પહેલી વખત પોલીસે પુછપરછ કરી તે વખતે જે હકીકત જણાવેલી તે તમામ હકીકત પોતાની સરતપાસમાં જણાવેલી છે તે કબૂલ કરે છે. બ્લાસ્ટ થયા પછીના બીજા દિવસે ક્રાઈમ બ્રાન્ચના પોલીસવાળા બજારમાં ઈન્કવાયરી માટે આવેલા કે પાંચ કીલોના ગેસના બોટલ કોણ રાખે છે. પોલીસવાળા આ સાહેદની દુકાનની સામેની દુકાનમાં ગયેલા. ત્યારબાદ તેઓ સામેથી આવેલા. આ સાહેદે જણાવેલુ કે અહીંયા આવા સીલીન્ડરો વેચાય છે. સાહેબે પુછેલુ કે "ગોલ્ડન કલીક" નો બોટલ કોણ રાખે છે તો આ સાહેદે જણાવેલુ કે બધુ ગેરકાયદેસર છે અને તમારે બોટલ બનાવવા હોય તો બની શકે. આ ઉપરાંત એમ પણ કહેલુ કે તમારે જોઈતા હોય

તો કાલુપુર પુલ ઉપર "ભંભાણી સ્ટોર" માં મળી જશે. ૨૭ મી તારીખે રાત્રે પોલીસને નિવેદન આપેલુ ત્યારપછી ચાર–પાંચ દિવસ બાદ પોલીસે ફરીથી બોલાવેલા અને નિવેદન લીધેલુ. તા.૫.૮.૨૦૦૮ ના નિવેદનમાં સરતપાસમાં જે હકીકત જણાવી તે તમામ લખાવેલી. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ ગેસના બોટલો અને તેને લગતી સામગ્રીનું વેચાણ કરે છે. ગોલ્ડન કલીક નામની કંપનીના અમદાવાદમાં બીજા વેપારી છે કે કેમ તેની માહિતી નથી. ગેસના બોટલના ધંધા માટે લાયસન્સ મેળવવા પડે. આ સાહેદ પાસે સુપર ગેસનું લાયસન્સ છે પરંતુ ગોલ્ડન કલીકનું નથી. ગોલ્ડન કલીકનું કોઈ પત્રક રાખતા નથી. કોઈ વ્યકિત આ સાહેદને ગોલ્ડન કલીક કંપનીનો ગેસનો બોટલ બતાવે તો આ બોટલ તેમને ત્યાંનો છે કે કેમ તે કહી શકે નહીં.

વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો ત્રીજી વખત આ સાહેદને બોલાવ્યા ત્યારે તેઓ ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે ગયેલા અને મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં જવાનું છે તેવી જાણ કરેલી. રાઈટરે ચીઠ્ઠી આપેલી અને કોર્ટમાં ચાર વાગે જવાનું છે તેમ જણાવેલુ. કોર્ટમાં પહોંચી ગયેલા છે તેવી જાણકારી કોઈ અધિકારીને આપેલી નહીં. કોર્ટમાં કોણ કોણ હતુ તે જોયેલુ નહીં. કોર્ટની બહાર બેઠા પછી ૧૦–૧૫ મિનિટ બાદ કોર્ટમાં બોલાવેલા. ગેસના બોટલ એકલા ન લઈ જવાય તેની ઉપર પેટ્રોમેકસ અથવા સ્ટવ આવે છે તે કબૂલ કરે છે. બોટલ લેવા આવનાર વ્યકિત પૈસા આપીને ચાલ્યો ગયો છે અને અર્ધા કલાક પછી તે આવેલો તેવુ પોલીસ નિવેદનમાં લખાવેલ ન હોય તો યાદ નથી. બે નિવેદનો આપ્યા સિવાય પોલીસે કેટલી વખત અને કઈ તારીખે શું પુછપરછ કરેલી તેની ખબર નથી. કાલુપુર ટાવર પાસે આવેલ બજારમાં ઘણા બધા વેપારીઓ મયુર, બજાજ અને ગોલ્ડન કલીકના પાંચ–પાંચ કિલોના ગેસના બોટલ વેચે છે તે કબૂલ કરે છે. આવા પ્રકારના બોટલો કયા ડિલર્સ પાસેથી ખરીદ કરો છો તેવા પ્રશ્નના જવાબમાં સાહેદે જણાવેલુ છે કે આ બોટલો ઉત્તરપ્રદેશના મેરઠથી ત્યાના માણસો કોથળામાં લઈને આવે છે અને રૂબરૂમાં બતાવી વેચાણ કરે છે. આવા પ્રકારની ખરીદી અને વેચાણ ગેરકાયદેસર છે તે કબૂલ કરે છે. બોટલની ખરીદી

અને વેચાણના કોઈ કેસો આ સાહેદ ઉપર થયેલા નથી તે કબૂલ કરે છે. બનાવના અરસામાં બોટલો કઈ વ્યકિતઓને કેટલા કેટલા વેચ્યા તેનો કોઈ દસ્તાવેજી પુરાવો પોલીસને આપેલો નથી તે કબૂલ કરે છે. જે વ્યકિતઓને બોટલો વેચાણ આપેલા તેઓના કોઈ શારીરિક વર્ણન કે નામો આપેલા નથી. મારા મત પ્રમાણે આવા નામો કે શારીરિક વર્ણન આપી શકાય તે શકય નથી જયારે પણ જે કોઈ વ્યકિત કે આરોપી આ વ્યકિત પાસેથી ગેસના બોટલ લઈ ગયેલ હશે ત્યારે આ સાહેદે કયારેય વિચાર્યુ નહીં હોય કે આ બોટલ લઈ જનાર વ્યકિત આ બોટલોને મારૂતી ગાડીઓમાં મુકી એલ.જી. હોસ્પિટલ તથા સિવિલ હોસ્પિટલના કમ્પાઉન્ડમાં બ્લાસ્ટ કરશે. આ સાહેદને બોટલો વેચવાની દુકાન છે અને દરરોજ કેટલાય માણસો બોટલો લઈ જતા હોય માટે લઈ જનાર દરેક વ્યકિતનું નામ કે શારીરિક વર્ણન કોઈપણ વ્યકિત આપી શકે નહીં. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો સાહેબોના નામોની જાણ બાબતે, સાહેબના રાઈટરના નામ તથા શારીરિક વર્ણન બાબતે, મેજિસ્ટ્રેટ સાહેબના વર્ણન બાબતે, કોર્ટના વર્ણન બાબતે, કોર્ટના પટાવાળા અને કલાર્ક બાબતે પ્રશ્નો પુછવામાં આવેલા છે પરંતુ તે સુસંગત નથી. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ મેજિસ્ટ્રેટ કોર્ટમાં ગયા ત્યારે ચુંટણી કાર્ડ લઈને ગયેલા અને તે મેજિસ્ટ્રેટ સાહેબને બતાવેલુ. મેજિસ્ટ્રેટ સાહેબે કેસને લગતા બીજા કોઈ પ્રશ્નો પુછેલા નહીં. છ માણસમાંથી એક માણસને ઓળખવાનો હતો તે કબૂલ કરે છે. આ કબૂલાત્મક પ્રશ્ન ધ્યાને લેતા આ સાહેદ મેજિસ્ટ્રેટ કોર્ટમાં ગયેલા છે અને મેજિસ્ટ્રેટ કોર્ટમાં છ માણસો પૈકી એક માણસને ઓળખવાનો હતો તે કબૂલ કરે છે. છ માણસોમાંથી એક શંકાસ્પદ માણસ લાગેલો તેને ઓળખેલો તે કબૂલ કરે છે. તેને ઓળખ્યા પછી આ સાહેદ બહાર નીકળી ગયેલાનું જણાવે છે. માણસને ઓળખ્યો અને ત્યારબાદ બહાર નીકળ્યા તે સમય દરમ્યાન કેટલો સમય થયો હશે તે ખબર નથી. બહાર કાઢેલી વ્યકિતનુ મેજિસ્ટ્રેટ સાહેબે નામ સરનામુ પુછીને લખેલુ. બનાવ પછી બીજા વેપારીઓ જેવા કે તનવીરભાઈ, તાલીબભાઈ, અત્તરવાલા, મકસુદ ચુનાવાલાને પોલીસે બોલાવેલા હોય તો ખ્યાલ નથી. ગોલ્ડન કલીક કંપનીના બોટલ

ગેરકાયદેસર વેચતા હોવાથી ગભરાય ગયેલા તો તે હકીકત નકારે છે. આ સાહેદની દુકાનની બહાર સો–એક ડગલા દુર કાલુપુર પોલીસ સ્ટેશન આવેલુ છે તે કબૂલ કરે છે. તા.૫.૮.૨૦૦૮ પહેલા આ બનાવની જાણ કરવા કાલુપુર પોલીસ સ્ટેશને ગયેલા નથી પરંતુ મારા મત પ્રમાણે આવા બનાવો બને ત્યારે સામાન્ય રીતે કોઈ વ્યકિત સામે ચાલીને પોલીસ સ્ટેશને જતી નથી, તેઓને ડર રહેતો હોય છે કે જો સામે ચાલીને પોલીસ સ્ટેશને જઈશ તો કદાચ હું પણ આ ગુનામાં સંડોવાય જઈશ અથવા ગુનો કરનાર પરેશાન કરશે તેવી બીક રહે માટે આ સાહેદ સામે ચાલીને પોલીસ પાસે ગયેલા નથી તેનો અર્થ એવો નથી કે આ સાહેદને ત્યાંથી ગેસના બોટલ આરોપી લઈ ગયેલ નથી કે મેજિસ્ટ્રેટ રૂબરૂ આરોપી નં.૨૭ મહંમદ ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ રાઝીકને ઓળખેલો નથી.

વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો વેચનાર તરફથી બોટલ ઉપર કોઈ સ્ટીકર લગાવવામાં આવતુ નથી તે કબૂલ કરે છે. બનાવ પછી પોલીસે ઘણી વખત પુછપરછ કરેલાની હકીકત નકારેલી છે. બનાવ સબંધે જે કંઈ જાણતા હતા તે પોલીસને જણાવેલાનું કબૂલ કરે છે. પોલીસે ક્રાઈમ બ્રાન્ચની ઑફિસમાં બોલાવી જે વ્યકિતને ઓળખવાનો હતો તે વ્યકિતને બતાવીને જણાવેલુ કે આ વ્યકિતને મેજિસ્ટ્રેટ રૂબરૂ ઓળખવાનો છે તો તે હકીકત નકારેલી છે. પોલીસના ભય અને દબાણથી તેમજ કેસમાં સંડોવે નહીં તે માટે ઓળખી બતાવેલાની હકીકત નકારેલી છે. પોલીસે વારંવાર જવાબ વાંચી સંભળાવીને સમજાવેલુ હોવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારેલી છે. જે બોટલો વેચે છે તેની ઉપર મેન્યુફેકચરીંગ ડેટ, એક્ષપાયરી ડેટ કે સીરીયલ નંબર લખેલા હોતા નથી તે કબૂલ કરે છે. આરોપી જેવો કોઈ ઈસમ આવેલો નથી કે આ સાહેદની દુકાનેથી ગેસનો બોટલ લઈ ગયેલ નથી તો તે હકીકત નકારે છે.

આમ આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો અમદાવાદમાં કાલુપુર ટાવર પાસે "ન્યુ ડીલક્ષ સ્ટવ માર્ટ" નામની દુકાન ધરાવી એલ.પી.જી. ગેસનો વેપાર ધંધો કરે છે અને તેમની દુકાનેથી આરોપી નં.૨૭ ગેસના બોટલો પાંચ કીલોના એક તેવા બે બોટલો રૂા.૧૧૦૦/– મા ખરીદ કરીને લઈ ગયેલ

હતો અને બોમ્બ બ્લાસ્ટના બનાવો બન્યા બાદ તા.૫.૧૧.૨૦૦૮ નાં રોજ આ સાહેદે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૮૮ સમક્ષ આ સાહેદે આરોપીને ઓળખ પરેડ દરમ્યાન ઓળખી બતાવેલો હતો જે અંગેનુ ઓળખ પંચનામુ આંક–૩૧૩૬ થી રજૂ કરેલુ છે. સરતપાસ દરમ્યાન આ સાહેદે આરોપી નં.૨૭ ને ઓળખી બતાવેલો નથી અને એવુ કારણ આપેલુ છે કે જે તે સમયે તે વ્યકિત દુબળો પાતળો હતો અને તેને ઓછી દાઢી હતી પરંતુ જુબાની વખતે જે આરોપીઓ બતાવેલા તે બધા બોડીમાં હેવી હતા અને દાઢી વધુ હતી માટે ઓળખી શકેલા નહીં. આ સબંધમાં સાહેદ નં.૫૮૮ એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ લક્ષ્મણ કેશવલાલ પારઘીનાઓએ પણ બે પંચો રૂબરૂ સાહેદ મુખત્યારભાઈ શબ્બીરભાઈ પ્રાઈમસવાલાએ આરોપી નં.૨૭ મહંમદ ઈસ્માઈલ મન્સુરીને આંક–૩૧૩૬ વાળા પંચનામાની કાર્યવાહી વખતે ઓળખી બતાવેલા હોવાનું જણાવેલુ છે જેથી એવુ ચોક્કસપણે કહી શકાય કે તા.૨૫.૭.૨૦૦૮ ના રોજ સાહેદ મુખત્યાર શબ્બીરભાઈને ત્યાંથી આ આરોપી નં.૨૭ પાંચ કિલો ગેસના બે બોટલ રૂા.૧૧૦૦/– આપીને ખરીદ કરીને લઈ ગયેલા હતા અને આ બોટલોને મારૂતિ ગાડીઓમાં મુકી બ્લાસ્ટ કરવામાં ઉપયોગ કરેલો હતો.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે મહંમદ આરીફ બીસ્મીલામીયા સૈયદને સાહેદ નં.૯૫૨ તરીકે આંક–૬૬૫૧ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ સને–૨૦૦૮ના વર્ષમાં તેઓ સંજયપાર્ક, વિભાગ–૧, દાણીલીમડા, અમદાવાદ ખાતે રહેતા હતા. તે વખતે ઉજમાનગર, વિભાગ–૧ ની ઑફિસમાં બેસતા હતા. ત્યાં બિલ્ડરે બાંધેલા મકાનનો હપ્તો ઉઘરાવતા હતા. આ સાહેદ સાઈડમાં મકાનની લે–વેચનું કામકાજ પણ કરતા હતા અને ભાડે અપાવવાનું પણ કામ કરતા હતા.

સાહેદ વધુમાં જણાવે છે કે તા.૨૦/૯/૨૦૦૮ ના રોજ પોલિસના એક બહેન તેમની ઉજમાનગરની ઑફિસે આવેલાં અને પુંછેલું કે અલમહમદી સોસાયટીમાં ૧૦ નંબરનું મકાન તમે ભાડે અપાવેલું હતું? તો હા, પાડેલી. આ સાહેદે પોલીસને જણાવેલુ કે તા.૫/૭/૨૦૦૮ ના રોજ તેમની પાસે બે માણસો

ભાડાના મકાન માટે આવેલાં હતાં અને કહેલું કે ભાડે મકાન જોઈએ છે. જેથી તેને પુંછેલું કે કેવું મકાન જોઈએ છે? તો તેણે કહેલું કે કામ કરવાનું છે અને ફેમીલી રહેવાનું છે માટે ત્રણ રૂમ, રસોડાનું મકાન જોઈએ છે. ત્યારબાદ તે ભાઈને બીજા દિવસે ફરી બોલાવેલા. ત્યારબાદ પહેલા દિવસ જે બે માણસો આવેલાં તે પૈકીનો એક માણસ ત્રીજા દિવસે આવેલો. બીજા દિવસ જે ભાઈ આવેલો તેની સાથે ભાડાની વાત થયેલી. ત્રીજા દિવસે તા.૭/૭/૨૦૦૮ ની તારીખ હતી. ત્રીજા દિવસે તે ભાઈને લઈને અલમહમદી સોસાયટીમાં ઈબ્રાહિમભાઈને ત્યાં ગયેલો. તે ઈબ્રાહિમભાઈ સોસાયટીમાં પાણીનું કામકાજ તથા મેનેજમેન્ટ કરતાં હતાં. ત્યારબાદ ત્રણ જણાં એટલે કે આ સાહેદ, ઈબ્રાહિમભાઈ અને આવનાર માણસ રીક્ષામાં બેસીને કુખરાજબાનુને ત્યાં શાહઆલમ ખાતે ગયેલાં. એટલામાં તેમની ઑફિસેથી તેમના ઉપર ફોન આવેલો અને ફોનમાં કહેલું કે તેઓ શાહઆલમ ખાતે છે અને હમણાં આવે છે. આ સાહેદે રીક્ષામાં તે ભાઈને પુંછેલું કે તમારૂં નામ શું છે. તો તેણે પોતાનું નામ કયામુદ્દીન કાપડીયા કહેલું. રીક્ષામાંથી ઉતર્યા પછી ઈબ્રાહિમભાઈને કહેલું કે આ ભાઈને તમે કુખરાજબાનુ સાથે મળાવી દો અને ભાડાની તથા ડિપોઝીટની વાત કરી લ્યો મારે કામ છે જેથી આ સાહેદ બેરલ માર્કેટ તેમની ઑફિસે જવા નીકળેલો. તે વખતે આ સાહેદ ત્યાંથી નીકળી ગયેલો અને બપોર પછી ટાઇમ મળતાં ઈબ્રાહિમભાઈના ઘરે ગયેલો અને ઈબ્રાહિમભાઈને પુંછેલું કે મકાન, ભાડાની વાત પતી ગઈ? તો ઈબ્રાહિમભાઈએ કહેલું કે હા, વાત પતી ગઈ છે અને દલાલીના રૂ.૧૦૦૦/– લ્યો. ઈબ્રાહિમભાઈએ અલમહમદી સોસાયટીમાં મકાન નં.૧૦ અપાવેલો હતો.

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારપછી દોઢ–બે મહિના પછી પોલિસના મેડમ આવેલાં અને કહેલું કે અલમહમદી સોસાયટીનું મકાન ભાડે અપાવેલું હતું? તો હા, પાડેલી. પોલિસ મારી પાસે આવ્યા પછી કોઈ જગ્યાએ ગયેલો નહિ. પોલિસે પ્રથમ વખત પુંછ્યું અને ફરી પોલિસના મેડમ આ સાહેબ પાસે આવ્યા તે વચ્ચે કયાંય બોલાવેલા નથી અને કયાંય ગયેલા નથી.

આ સાહેદને કોર્ટ દ્વારા સવાલ પુછલે કે તમે મેજિસ્ટ્રેટ સાહેબ પાસે ગયેલાં? તેના જવાબમાં સાહેદ જણાવે છે કે તા.૨૪/૧૧/૨૦૦૮ ના રોજના આગળના દિવસે પોલિસવાળા ભાઇ તેમની પાસે આવેલાં અને કહેલું કે ઘી કાંટા, જુની કલેકટર કચેરી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેબની, કોર્ટ નં.૧ માં કાલે ચાર વાગ્યે ઓળખ પરેડ માટે આવવાનું છે તો હા, પાડેલી.

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ તેઓ ત્યાં શટલ રીક્ષા દ્વારા પહોંચી ગયેલા અને કોર્ટમાં પટ્ટાવાળાને પુંછેલું કે કયાં જવાનું છે તો તેણે ત્યાં બેસાડેલો અને ત્યારબાદ પાંચ મિનિટ બાદ અંદર લઇ ગયેલાં અને ત્યાં બેસાડેલો. ત્યાં આ સાહેદનું નામ પુંછેલું અને આઇ.ડી. પુંછેલું તો લાઇસન્સ છે તેમ કહેલું. સાહેબે કહેલું કે આ માણસ છે તો તમે તેને ઓળખી બતાવશો? તો સાહેબને કહેલું કે કોશિશ કરીશ. સાહેબે ત્યાં માણસ બતાવેલાં અને કહેલું કે આમાંથી તમે ઓળખી બતાવશો? તેમાંથી એક માણસને બતાવેલો કે આ મહમદ ઇમરાન છે. સાહેબે પછી પુંછેલું કે આ ભાઇ છે? તો હા, પાડેલી. આ વ્યકિત મકાન લેવા આવેલો હતો માટે તેને ઓળખી શકયો. આ માણસ આ સાહેદ પાસે ત્રણ વખત આવેલો હતો. આ સાહેદને અમદાવાદ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીઓને વીડિયો કોન્ફરન્સ ટી.વી.સ્ક્રીન થકી ચાર–ચારની સંખ્યામાં આરોપીઓને બતાવવામાં આવતા અને ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીને વીડિયો કોન્ફરન્સ ટી.વી.સ્ક્રીન થકી ત્રણ–ત્રણની સંખ્યામાં આરોપીઓને બતાવવામાં આવતા તે જોઇને સાહેદ, આરોપીને ઓળખી શકતા નથી.

આ સાહેદને પ્રશ્ન પુછવામાં આવેલો કે તમે કોને ઓળખેલો? તે તેને જવાબ આપેલો કે મહમદ ઇમરાન તેણે ખોટું નામ આપેલું પરંતુ તેનું નામ મહમદ ઇસ્માઇલ મન્સુરી, રહે.અમદાવાદનો હતો. એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેબે તેનું નામ પુંછયું ત્યારે તેણે તેનું નામ મહમદ ઇસ્માઇલ મન્સુરી, રહે.ગોમતીપુર, અમદાવાદ હોવાનું જણાવેલું. ત્યારબાદ આ સાહેદને કોર્ટ દ્વારા એવો પ્રશ્ન પુછવામાં આવેલો કે પ્રથમ દિવસે તમારી પાસે કેટલા માણસ આવેલા? તો

જવાબ આપેલો કે બે માણસ આવેલાં. ત્યારબાદ કોર્ટ દ્વારા બીજો સવાલ પુછવામાં આવેલો કે બીજા દિવસે તમારી પાસે કેટલા માણસ આવેલા? તો જવાબ આપેલો કે એક માણસ આવેલો. ત્યારબાદ કોર્ટ દ્વારા ત્રીજો સવાલ પુછવામાં આવેલો કે ત્રીજા દિવસે કેટલા માણસ તમારી પાસે આવેલા? તો જવાબ આપેલો કે બે માણસ આવેલાં. ત્યારબાદ કોર્ટ દ્વારા ચોથો સવાલ પુછવામાં આવેલો કે તમોને એક માણસની ઓળખ પરેડ કરાવેલી? તો જવાબમાં હા જણાવે છે. આ સાહેદને એમ પણ પુછવામાં આવેલુ કે તમે આજરોજ તે બંનેને કેમ ઓળખી શકયા નહિ? તો જવાબ આપેલો કે ઘણો લાંબો સમય થઇ ગયેલો છે અને તે ટાઇમે તેને આછી આછી દાઢી હતી અને તેણે ટોપી લગાવેલી ન હતી અને આટલી મોટી દાઢી તેને ન હતી અને તેણે પેન્ટ–બુશર્ટ પહેરેલું હતું જયારે આજરોજ જે માણસો બતાવવામાં આવ્યા તેમાંના ઘણા બધા મોટી દાઢીવાળા અને ચશ્મા પહેરેલાં છે અને ટોપી પહેરેલાં છે અને બોડીમાં ફેરફાર છે માટે તેને ઓળખી શકયો નહી તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો સને ૨૦૦૮ ના અરસામાં આ સાહેદ ઉજમા નગર વિભાગ–૧ ની ઑફિસમાં બેસતા હતા તે બતાવવા માટે કોઈ લેખિત પુરાવો પોલીસને આપેલો નહીં તેમ જણાવે છે. આવો પુરાવો આ સાહેદ પાસે નથી તે કબૂલ કરે છે. સને–૨૦૦૮ ની સાલમાં આ સાહેદ દલાલીનું કામકાજ કરતા હતા તે બતાવવાનો પુરાવો પણ પોલીસને આપેલો નથી. સને–૨૦૦૮ના અરસામાં રોજેરોજની કામગીરી અંગેની કોઈ ડાયરી કે નોંધ રાખી નથી. સને–૨૦૦૮ના વર્ષના માર્ચથી ડિસેમ્બર માસના અરસામાં કઈ કઈ વ્યકિતઓને મળેલા અને શું–શું વાતચીત કરેલી તે બાબતે કંઈ કહી શકે નહીં. મારા મત પ્રમાણે આ સાહેદ એક સામાન્ય વ્યકિત છે અને રોજેરોજની કામગીરીની કોઈ ડાયરી રાખી શકે નહીં. તેમજ માર્ચથી ડિસેમ્બર–૨૦૦૮ના સમય દરમ્યાન પણ કોની કોની સાથે વાતચીત કરેલી તે પણ કહી શકે નહીં. સામાન્ય રીતે આવી નોંધ કે ડાયરી કોઈ રાખતા હોતા નથી. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો તા.૭.૭.૨૦૦૮ ના રોજ ૧૦ થી ૧૦.૩૦ વાગે આ સાહેદ

ઈબ્રાહીમભાઈની સાથે એક માણસને લઈને કુખરાજબાનુના ઘરે જવા નીકળેલા. ત્રીજા દિવસે તે ભાઈને લઈને આ સાહેદ અલમહમદી સોસાયટીમાં ઈબ્રાહીમ ભાઈને ત્યાં ગયેલા. રીક્ષામાં બેસીને ગયા ત્યારે તે ભાઈનું નામ પુછેલુ તો તેને પોતાનું નામ કયામુદ્દીન કાપડીયા જણાવેલુ. ત્યારબાદ ઈબ્રાહીમભાઈએ કહેલુ કે આ ભાઈને તમે કુખરાજબાનુ સાથે મેળવી દો અને ભાડાની અને ડીપોઝીટની વાત કરી લો. જે ભાઈને મકાન ભાડે આપવાનું હતુ તેને વીઝીટીંગ કાર્ડ આપેલુ અને તેમાં "એમ.આઈ.દફતર હાઈસ્કૂલ બેગ બનાવનાર" લખેલુ હતુ તથા તે વ્યકિતનો મોબાઈલ નંબર પણ લખેલો હતો. તા.૨૦.૯.૨૦૦૮ ના રોજ પોલીસ આવેલી હોય અને તે વ્યકિતનું વર્ણન આપેલુ હોય તથા તેના આધારે તે વ્યકિતનો સ્કેચ બનાવેલો હોય તેવુ બનેલુ નથી. તા.૨૪.૧૧.૨૦૦૮ પહેલા પોલીસ બે પંચોને લઈને આવી હોય અને તે વ્યકિતએ આ સાહેદને બતાવીને એમ કહેલુ હોય કે આ વ્યકિત દ્વારા મકાન ભાડે રાખેલુ હતુ તો તેવુ બનલુ નથી. સને–૨૦૦૮ ના જુલાઈ માસમાં કોઈ વ્યકિતઓ અલમહમદી સોસાયટીમાં મકાન ભાડે રાખવા આવેલી નથી તો તે હકીકત નકારે છે. જેથી તેનો અર્થ એવો થાય કે મકાન ભાડે રાખવા વ્યકિતઓ આવેલી હતી. સને–૨૦૦૮ના વર્ષમાં પોતાના ધંધાની સાથે મકાનના લે–વેચનુ કામકાજ કરતા ન હતા તો તે હકીકત નકારેલી છે. જુબાનીના દિવસે આરોપીઓને ઓળખી શકેલા નથી તેનુ કારણ જુબાની આપતા પહેલા પોલીસ દ્વારા સમજાવવામાં આવેલુ જેથી કારણ ઉપજાવી કાઢેલુ તો તે હકીકત નકારી છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો બીલ્ડરો વતી આખી સોસાયટીનો વહીવટ આ સાહેદ ચલાવતા હતા તે કબૂલ કરે છે. પોલીસે બે વખત પુછપરછ કરેલી. પોલીસે પુછપરછ કર્યા બાદ હકીકત લખી લીધેલી અને તે વાંચેલી કે કેમ તેનો ખ્યાલ નથી. આ સાહેદને પ્રશ્ન પુછવામાં આવેલો કે જુબાનીમાં તમે નામ મહંમદ ઈબ્રાહીમ જણાવેલુ અને તેનુ ખરૂ નામ મહંમદ ઈસ્માઈલ હતુ તે હકીકત જુબાનીમાં કેમ જણાવી નથી તેનુ કારણ આપી શકો ? તો જવાબમાં સાહેદે જણાવેલુ છે કે તેને પોતાનુ નામ ખોટુ કહેલુ હતુ તે મને ખ્યાલ ન હતો. મેજિસ્ટ્રેટ સાહેબ રૂબરૂ ઓળખ પરેડ થયા પછી પોલીસે

નિવેદન લીધેલાનું જણાવે છે. મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં પટાવાળા સાથે વાતચીત કરેલી નહીં. મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં અવર જવર કરવાવાળા કોણ હતા તે કહી શકે તેમ નથી. તે વ્યકિતએ પોતાનું નામ મહંમદ ઈમરાન ખોટુ આપેલુ તેવુ મેજિસ્ટ્રેટ સમક્ષ કે પોલીસના નિવેદનમાં જણાવ્યુ ન હોય તો ખ્યાલ નથી.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ અલમહમદી સોસાયટીમાં સને–૨૦૦૮ની સાલમાં વહીવટકર્તા હતા અને સાથે સાથે મકાનની લે–વેચની દલાલીનું કામકાજ કરતા હતા. માર્ચ–૨૦૦૮ ની સાલમાં એક ઈબ્રાહીમભાઈ આરોપી નં.૨૭ મહંમદ ઈસ્માઈલ મન્સુરીને તથા આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયાને લઈને મકાન ભાડે શોધવા માટે આ સાહેદ પાસે ગયેલા અને આ સાહેદે અલમહમદી સોસાયટીમાં એક મકાન માલીક કુખરાજ બાનુનુ મકાન ખાલી હોય ભાડે અપાવવા માટે વાતચીત કરાવેલી હતી અને મકાન ભાડે અપાવેલુ હતુ. આરોપી નં.૨૭ તથા ૩૭ નાઓને આ સાહેદે તે વખતે બે–ત્રણ વખત જોયેલા હતા અને બનાવ બાદ તા.૨૪.૧૧.૨૦૦૮ નાં રોજ આ સાહેદને આ બંને આરોપીઓને ઓળખ પરેડ માટે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૮૯ સમક્ષ બોલાવવામાં આવેલા અને આ બંને આરોપીઓને આ સાહેદે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૮૯ સમક્ષ ઓળખી બતાવેલા હતા જે અંગે ઓળખ પંચનામુ આંક–૩૧૭૧ વાળુ બનાવવામાં આવેલુ હતુ.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે દક્ષેશભાઈ ભાનુપ્રસાદ રાવલને સાહેદ નં.૮૧૨ તરીકે આંક–૫૪૬૯ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૮/૯/૨૦૦૮ નાં રોજ આ સાહેદ તથા તેમના મિત્ર કિશોરભાઇ ભદ્રકાળી દર્શન કરવા ગયેલા અને ત્યાંથી જગન્નાથ મંદિરે દર્શન કરવા જવાનું હતું. તે વખતે તેઓ ગાયકવાડ હવેલી પાસેથી નીકળેલા ત્યારે હવેલીની બહાર બે પોલીસવાળા તેઓને મળેલા. તેમનુ સ્કૂટર ઉભું રખાવેલું અને કહેલું કે, અંદર સાહેબ બોલાવે છે તો, તમે અંદર આવો જેથી, તેઓ બંને જણાં અંદર

ગયેલા. તેઓએ અંદર તેમનુ સ્કૂટર પાર્ક કરીને ઑફિસમાં ગયેલાં. તેઓ ક્રાઇમ બ્રાન્ચની ઑફિસમાં ગયેલા. આ વખતે આ સાહેદ અને તેમનો મિત્ર કિશોરભાઇ અંદર સાથે ગયેલા. તેઓ બંને અંદર ગયા ત્યાં અંદર બે સાહેબ બેઠેલા અને ત્રણ–ચાર પોલીસવાળા હતાં. ત્યાં એક હાથકડી પહેરેલ આરોપી બેઠેલો હતો. ત્યાં સાહેબે કહેલું કે, આ જે ભાઇ છે તે તમને કાંઇક કહેવા અને કાંઇક બતાવવા માંગે છે તેથી, તેઓને સાહેબે કહેલું કે, તમે પૂછો તેથી, આ સાહેદ અને તેમના મિત્ર કિશોરભાઇએ જે ભાઇ બેઠેલો હતો તેને પૂછેલું. તે ભાઇએ પહેલા તેમનું નામ કહેલું. તેને તેનુ ઐયાઝ રઝાકભાઇ સૈયદ કહેલું. તેણે પોતે ક્યાં રહે છે તે પણ કહેલું. તેણે વટવા સૈયદવાડી કહેલું. પછી તેણે એટલે ઐયાઝે કહેલું કે, "૨૬/૭/૨૦૦૮ ના રોજ જે તે બોમ્બ બ્લાસ્ટ થયેલાં તેના સાંજના પોણા પાંચથી પાંચના સુમારે અજીત મિલ ચાર રસ્તા તેનો કોઇ મિત્ર હતો કે જેનું નામ રાજીક હતું. આ રાજીક ગોમતીપુરનો રહેવાસી હતો. તેણે તેને ત્યાં આગળ સાઇકલ આપી, બે પ્લાસ્ટિકની થેલી આપી તેમાં બોમ્બ હતાં. પછી તે થેલી લઇ નરોડા ગામ ભાગોળ સાઇકલ મૂકી તેમાં એક પ્લાસ્ટિકની થેલી બોમ્બવાળી થેલી સાઇકલ ઉપર રહેવા દીધેલી. બીજી થેલી જે બોમ્બવાળી હતી તે લઇ નરોડા ગામ જે બસ સ્ટેન્ડ હતુ ત્યાં ગયેલ ત્યાંથી ૬૬/૩ નું જે બસ સ્ટેન્ડ છે તે બસમાં થેલી લઇને પાછળની સીટ પર બેસી ગયેલ અને બોમ્બની થેલી મૂકી સૈજપુરબોઘા ઉતરી ગયેલ તેવું જણાવેલું." અને આરોપી તે જગ્યા બતાવવા રાજીખુશીથી લઇ ગયેલ. સાહેબે કહેલું કે, ઐયાઝભાઇએ તમને જે કાંઇ કહેલું તે અંગે પંચનામું કરવાનું છે તો સહી કરશો. તેથી આ સાહેદે અને કિશોરભાઇએ હા પાડેલી. ઐયાઝભાઇએ જે કાંઇ કહેલું હતું તે આ સાહેદે અને કિશોરભાઇએ સાહેબને જણાવેલું. તે વખતે પંચનામામાં સહી કરેલી. ઐયાઝ તેઓને જગ્યા બતાવવા લઇ જવાનો હતો તેથી આ સાહેદ તેમના મિત્ર કિશોરભાઇ, સાહેબ, ઐયાઝ પોતે અને બીજા ત્રણ પોલીસવાળા સરકારી ગાડીમાં ત્યાંથી નીકળેલા અને ગાડીમાં અજીત મિલ ચાર રસ્તા આવેલા ત્યારે ઐયાઝે ગાડી ત્યાં ઉભી રખાવેલી. ગાડી ઉભી રખાવેલી ત્યાં ઐયાઝ નીચે ઉતર્યો અને બધા સાથે ઉતરેલા. તેમણે જ્યાંથી

સાઇકલ લીધેલી તે જગ્યા તેણે બતાવેલી. ત્યારબાદ ત્યાંથી તે બધાને લઇને ગયેલો. સોનીની ચાલી ચાર રસ્તાથી લઇ ગયેલો. નરોડા પાટીયા, નરોડા ભાગોળ તેણે બોમ્બવાળી સાઇકલ મુકેલી તે અમોને બતાવ્યું. બધા અજીત મિલથી જે ગાડીમાં આવેલા તે ગાડીમાં નીકળેલા. પછીથી તે નરોડા બસ સ્ટેન્ડ લઇ ગયેલો. તે વખતે પણ ગાડીમાં બેસીને ત્યાં ગયેલા. તે જગ્યા પણ ઐયાઝે પોતે બતાવેલી. આ જે બસ સ્ટેન્ડવાળી જગ્યા બતાવેલી ત્યાં ૬૬/૩ નું બસ સ્ટેન્ડ હતું. ત્યાં બતાવ્યું કે "હું અહીંથી બીજી જે થેલી હતી તે લઇને બસમાં બેસેલો અને થેલી મુકી ૬૬/૩ નું બસ સ્ટેન્ડ આવ્યું ત્યાં ઉતરી ગયેલો". આવું કીધા પછી બધા ત્યાં ઉભા રહેલાં, પંચનામામાં સહી કરી. આંક–૫૪૭૦ વાળા પંચનામામાં સાહેદ પોતાની તથા તેમના મિત્ર કિશોરભાઈની સહીઓ ઓળખી બતાવે છે. આ સાહેદને ટી.વી સ્ક્રીન ઉપર ચાર–ચાર આરોપીની સંખ્યામાં આરોપીઓ બતાવવામાં આવે છે તે જોઇને કહે છે કે આરોપી ઐયાઝને ઓળખી શકતા નથી અને જણાવે છે કે આરોપીને જોયેલા ત્યારે પાતળો હતો, કપાળ દેખાતું હતું, વાળ કર્લી હતાં. આજે આરોપીઓ દાઢી સાથેનાં હતાં જે તે વખતે દાઢી હતી નહી તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો અમદાવાદ શહેરમાં અને નરોડા વિસ્તારમાં કઈ કઈ જગ્યાએ બોમ્બ બ્લાસ્ટ થયેલા તેની જાણકારી હતી તેમ જણાવે છે. પોલીસ સ્ટેશનેથી નીકળ્યા ત્યાં સુધી આરોપીને જે પુછપરછ કરેલી તે આ સાહેદે તથા કિશોરભાઈએ જ કરેલી તે કબૂલ કરે છે. આ સાહેદે અને કિશોરભાઈએ આરોપીને સવાલો પુછેલા તેમ જણાવે છે. આરોપીએ આપેલા જવાબ પંચનામામાં લખવામાં આવેલા. આ સાહેદે તથા કિશોરભાઈએ આરોપીને પુછપરછ કરેલી તેવી હકીકત પંચનામામાં લખાવેલી નથી તે કબૂલ કરે છે. આરોપીને પુછપરછ કરેલી નથી તો તે હકીકત નકારે છે. સરતપાસમાં જે હકીકત આરોપીએ જાહેર કરી છે તેવી કોઈ હકીકત પ્રાથમિક પંચનામામાં જણાવેલી નથી તો તે હકીકત નકારે છે. પંચનામુ પોલીસવાળા લખતા હતા. આરોપી ઐયાઝ કહેતો હતો અને પંચો પોલીસને કહેતા હતા. બંને પંચોએ ભેગા થઈને પંચનામુ

લખાવેલુ. આરોપીએ એૈયાઝને કોઈ વસ્તુ રાજીકે આપેલી હોય તેવુ પ્રાથમિક પંચનામામાં લખાવેલુ નથી તો તે હકીકત નકારેલી છે. એૈયાઝને કોઈ વસ્તુ આપેલી અને એૈયાઝે લીધેલી હોય તેવી કોઈ હકીકત પ્રાથમિક પંચનામામાં લખાવેલી નથી તે કબૂલ કરે છે. એૈયાઝે કોઈ વસ્તુ કયાં મુકી હોય તેવી હકીકત પણ લખાવેલી નથી તે કબૂલ કરે છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો દરેક પોલીસ મેનના શર્ટ ઉપર નેઈમ પ્લેટ હતી તે વાંચેલી નહીં. પંચનામુ લખનાર પોલીસ મેનના હસ્તાક્ષરો કોના છે તે કહી શકે નહીં. અજીત મીલની ચારેય દિશાએ શું આવેલુ છે તે કહી શકે નહીં. આરોપીના દેખાવ અને શારીરિક બાંધા કે ગણવેશનું વર્ણન પંચનામામાં કરવામાં આવેલુ નથી તે કબૂલ કરેલ છે. જુબાની આપતા પહેલા એવુ સમજાવવામાં આવેલુ કે આરોપીના દેખાવ વિશે જણાવવાનું કે તે પાતળો હતો, કપાળ દેખાતુ હતુ અને વાળ કર્લી હતા તો તે હકીકત નકારેલી છે. કોર્ટમાં જુબાની થઈ તે પહેલા પંચનામામાં જણાવેલ આરોપીના ચહેરા, નિશાન પત્રક અને ફોટા બતાવવામાં આવેલા તો તે હકીકત નકારેલી છે. જો આ સાહેદને ફોટા બતાવેલા હોત તો સરતપાસ દરમ્યાન આરોપીને સહેલાઈથી ઓળખી શકત પરંતુ આરોપીના ફોટા બતાવેલ નથી માટે આરોપીને ઓળખેલ નથી. જુબાની આપતા પહેલા ઘણી વખત પંચનામુ વાંચી સંભળાવવામાં આવેલાની હકીકત નકારેલી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયાએ નરોડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં. ૪૦૧/૨૦૦૮ નાં કામે તા.૮.૯.૨૦૦૮ નાં રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ કિશોરભાઈ પટેલની હાજરીમાં આરોપી નં.૨૩ એૈયાઝ રજાકમીંયા સૈયદને લઈને તે કાંઈક બતાવવા માંગતો હોય અમદાવાદ શહેરમાં જુદી–જુદી જગ્યાએ થયેલા બોમ્બ વિસ્ફોટો બાબતે બોમ્બ સાથેની થેલીઓ સાઇકલના હેન્ડલ ઉપર ભરાવીને જે–જે જગ્યાઓએ મુકેલી તે તમામ જગ્યાઓ આરોપી નં.૨૩ નાઓએ પંચોની હાજરીમાં બતાવેલી છે. આ જગ્યાઓમાં અજીત મીલ ચાર રસ્તા પાસેની જગ્યા, નરોડા ગામ ભાગોળ પાસેની જગ્યા વિગેરે જગ્યાઓ બતાવેલી છે.

આરોપી નં.૨૭ મહંમદ ઈસ્માઈલ અબ્દુલ રાજીકે જે જગ્યાએ આરોપી નં.૨૩ ને સાઇકલ તથા બે પ્લાસ્ટિકની થેલીઓ કે જેમાં બોમ્બ હતા તે થેલીઓ જે જગ્યા ઉપર આપેલી તે જગ્યા પણ બતાવેલી અને તેનુ પંચનામુ પંચોની હાજરીમાં આંક–પ૪૭૦ વાળુ કરવામાં આવેલુ હતુ.

આંક–પ૪૭૦ વાળુ પંચનામુ કરનાર અધિકારી વી.આર.ટોળીયા ગુજરી ગયેલા છે. જેથી બોમ્બ બ્લાસ્ટની તપાસ ટીમો પૈકીના એક તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ આ હકીકત પોતાની જુબાનીના પાના નં.૨૧૨ ઉપર જણાવેલી છે તથા આંક–પ૪૭૦ વાળા પંચનામામાં શ્રી વી. આર.ટોળીયાની સહી તેમને ઓળખી બતાવી છે.

આંક–પ૪૭૦ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "અજીત મીલ ચાર રસ્તા થઈને સોનીની ચાલી થઈ નરોડા પાટીયા દેવી સીનેમા થઈ નરોડા ગામ ભાગોળ આરોપી લઈ ગયેલ ચાની કીટલી સામે ખુલ્લી જગ્યામાં બોમ્બ સાથેની થેલી ભરાવેલી, સાઇકલ મુકેલી તથા નરોડા મ્યુનિસિપલ બસ સ્ટેન્ડ પાસે આવી બસ રૂટ નં.૬૬/૩ માં પાછળ બેસી બે વ્યકિતવાળી શીટમાં બોમ્બવાળી થેલી મુકેલી. આ ઉપરાંત અજીત મીલ કોમ્પ્લેક્ષની સામે બોમ્બ સાથેની થેલીઓ ત્રણ મુકી દીધેલ. "ગાયત્રી ભજીયા હાઉસ ની સામે આવેલ ઝાડ પાસે મુકેલી" વિગેરે જે હકીકતો જણાવેલી છે તે આરોપી વિરૂધ્ધ પુરાવામાં ઉપયોગમાં લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપીએ બતાવ્યા પ્રમાણેની અને માહિતી આપ્યા પ્રમાણેની જગ્યાઓ સ્થળ ઉપર છે તો તેટલા પુરતી હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય. આરોપીએ જે જગ્યાઓ બતાવેલી તે જગ્યાઓની માહિતી આરોપીને હતી માટે તે જગ્યાઓ ઉપર પંચ તથા તપાસ કરનાર અધિકારીને આરોપી દોરી ગયેલા, આ દોરી જવાનુ વર્તન આરોપીનુ પુરાવામાં ગ્રાહ્ય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે અતુલ કીશોરભાઈ શેઠને સાહેદ નં.૮૧૬ તરીકે આંક–પ૪૮૪ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની

સરતપાસ મુજબ તા.૮/૧૨/૨૦૦૮ ના રોજ તેઓને પોલીસવાળાએ ક્રાઈમ બ્રાન્ચ હવેલીએ બોલાવેલા. તેઓ ક્રાઈમ બ્રાન્ચ ગયા ત્યારે ત્યાં એક સાહેબ હતાં, બીજા ત્રણ પોલીસવાળા હતાં, બીજા એક પંચ હતાં અને બીજા એક આરોપી હતાં. ત્યાં સાહેબે તેઓને ઓળખાણ કરાવી કે આ બોમ્બ બ્લાસ્ટનો આરોપી છે. તે કંઈક કહેવા અને બતાવવા માગે છે. તો તમે પંચમાં રહેશો? જેથી આ સાહેદે અને બીજા રણજીતભાઈએ "હા" પાડેલી. તેથી તેઓએ તે આરોપીનું નામ પુછેલું. તેમણે તેમનું નામ મહમદ ઈસ્માઈલ બતાવેલું. તેનુ સરનામું પુછેલું. તેમણે તેમનું સરનામું ટોલનાકા, ગોમતીપુર બતાવેલું. ત્યાં હવેલી ક્રાઈમબ્રાન્ચ ઑફિસે આ પંચનામું પુરૂ કરેલું. આ પંચનામું એટલે જે નામ, સરનામાવાળુ હતું તે. ત્યાં આરોપી કંઈ કહેવા અને બતાવવા માગતો હોય બધા સરકારી ગાડીમાં બેસેલાં ત્યાં આરોપી ડ્રાઈવરની બાજુની સીટમાં બેસેલો. તેની બાજુમાં એક પોલીસવાળા બેસેલાં. પાછળ બે પંચો, સાહેબ અને બીજા બે પોલીસવાળા બેસેલાં. ક્રાઈમ બ્રાન્ચ હવેલીથી તેને જે રસ્તો બતાવ્યો એ રસ્તે સરકારી વાહનમાં ખમાસા થઈને આસ્ટોડીયા થઈને સારંગપુર સર્કલ પછી બ્રિજ આવે છે તે ઉતરી જમણી બાજુ એ.એમ.ટી.એસ. બસ સ્ટેન્ડ આવેલું હતું ત્યાં આરોપીએ ઉભા રાખવાનું કહેલું. ત્યાં બધા ઉતરેલાં. ત્યાં સહેજ આગળ જતાં લોખંડનો દરવાજો હતો. ત્યાં મહાવીર ફ્લેટ લખેલ હતું. ત્યાં લોખંડના દરવાજાની અંદર જતાં મહાવીર ફ્લેટની આગળ, મસ્જિદ આગળ આરોપીએ તેનો ફ્લેટ હતો તે બતાવેલો. આ ફ્લેટનું નામ "અલ અમન એપાર્ટમેન્ટ" હતું. આરોપીએ ઈશારાથી પહેલાં માળનો ફ્લેટ બતાવેલો. ત્યાં પહેલાં માળે ઉપર સાઈડે જતાં ઈશારાથી આરોપીએ છેલ્લો ફ્લેટ બતાવેલો. ફ્લેટ ખુલ્લો હતો. જેમાં અંદર જતાં એક રૂમ, એક બેડ રૂમ હતો. બેડ રૂમમાં અંદર જતાં આરોપીએ માળીયું બતાવ્યું અને માળીયા ઉપરથી આરોપીએ એક પંખો ઉતારેલો. આ પંખો ટેબલ ફેન હતો. આ ટેબલ ફેન વાદળી અને વ્હાઈટ કલરનો હતો. ઓરીએન્ટ કંપનીનો સિક્કો લાગેલો હતો. આરોપીએ કહેલ કે આ પંખો જયાં દાણીલીમડા ખાતે જે મકાનમાં બોમ્બ બનાવેલ ત્યાં યાસીન અને કયામુદ્દીન લાવેલ. ત્યાંથી આ સાહેદ તેમના ઘરે

લાવ્યા હતા. આ પંખા બાબતે પંચનામું કર્યુ હતું. બિલ્ડિંગની આજુબાજુ શું આવેલું છે તેનું વર્ણન આરોપીના મકાન ઉપર લખવામાં આવેલું. પંચનામું આરોપીએ જે કહેલું અને આ સાહેદે જે જોયેલું તે પોલીસને લખાવેલું. આંક–૫૪૮૫ વાળા પંચનામામાં સાહેદ પોતાની તથા રણજીતભાઈની સહીઓ ઓળખી બતાવેલ છે તેમજ કબજે કરવામાં આવેલ મુદ્દામાલ પંખો ઓળખી બતાવે છે. તેમજ આરોપીને બતાવવામાં આવે તો ઓળખી શકે કે નહી તે અંગે જણાવતા કહે છે કે આઠ વર્ષ જેટલો સમય થયેલો છે. જે તે સમયે જોયેલો. તે વખતે તેણે સાદા ચશ્મા પહેરેલાં હતાં. આછી મુછ અને દાઢી હતાં. કપાળ થોડું મોટુ હતું. સાહેદને ટીવી સ્ક્રીન ઉપર ચાર ચારની સંખ્યામાં આરોપીઓ બતાવવામાં આવે છે. તે જોઈને કહે છે કે પંચનામાના આરોપીને ઓળખી શકતા નથી કારણ કે આ સાહેદ દાઢીના કારણે વર્ણન કરી શકતા નથી તેમ જણાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પોતાના ઘરથી ક્રાઈમ બ્રાન્ચ હવેલી પોલીસ સ્ટેશન પાંચથી છ કીમી દુર છે તે કબૂલ કરે છે. ક્રાઈમ બ્રાન્ચ પોલીસને ઓળખતા નથી. બનાવના અરસામાં કોઈ પોલીસ મેનને ઓળખતા ન હતા. પોલીસ દ્વારા તેમને ત્યાં માલની ખરીદી કરતા આવતા હોવાથી ઓળખતા હતા. જે પોલીસવાળાને ઓળખે છે તેના હોદ્દા કહી શકે તેમ નથી. પંચનામાના દિવસે જમાલપુરથી જગન્નાથ મંદિર થઈ ગાયકવાડ હવેલી થઈ ખમાસાવાળા રસ્તે લાલ દરવાજા થઈને મીરઝાપુર જવાનું હતુ. જે ત્રણ–ચાર પોલીસવાળાઓને જોયેલા તેનુ શારીરિક વર્ણન આપી શકે નહીં. અગાઉ કોઈ પંચનામાની કાર્યવાહીમાં રહેલા નથી. પંચનામાની વિગતો જોતા આરોપી કે મિલકતના કબજેદાર અથવા માલીક છે તે દર્શાવતા કોઈ વેરાની પહોંચ રજુ કરેલી નથી કે કબજે કરેલી નથી તો તે હકીકત કબૂલ કરી છે. સ્થળ ઉપર ગયા ત્યારે ઘર ખુલ્લુ હતુ તે કબૂલ કરે છે. ઘરમાં હાજર વ્યકિતઓનો ઉલ્લેખ પંચનામામાં કરેલો નથી. ઘરની આજુબાજુ રહેતા વ્યકિતઓની પુછપરછ કરેલ નથી. આરોપીની શારીરિક સ્થિતિ અને દેખાવનું વર્ણન પંચનામામાં કરેલ નથી તે કબૂલ કરે છે. કેવી રીતે જુબાની આપવી તે વિશે સમજાવવામાં આવેલુ તો તે હકીકત નકારી છે.

આરોપીના ફોટા અગાઉથી બતાવવામાં આવેલાની હકીકત નકારેલી છે. પોલીસના કહેવાથી અને સમજાવવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ સરખેજ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૧૮૧/૨૦૦૮ ના કામે આ પંચ સાહેદ તથા બીજા પંચ રણજીત પુકાજી સીંઘલનાઓની હાજરીમાં તા.૮.૧૨.૨૦૦૮ ના રોજ હાલના આરોપી નં.૨૭ મહંમદ ઈસ્માઈલ અબ્દુલ રાજીકને લઈને તે કંઈ કહેવા અને બતાવવા માંગતો હોવાથી સરકારી ગાડીમાં બેસી અલઅમન એપાર્ટમેન્ટના પહેલા માળે આવેલા મકાનમાં આરોપી લઈ ગયેલો અને માળીયામાંથી એક ઓરીયન્ટ કંપનીનો ટેબલ ફેન ઉતારેલો અને જણાવેલુ કે આ પંખો દાણીલીમડામાં જે મકાનમાં બોમ્બ બનાવેલા ત્યાં આરોપી નં.૫૨ મોહંમદ યાસીન ફરીદખાનનાઓ અને આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયાનાઓ લાવેલા હતા. બચાવપક્ષ તરફથી એવી દલીલ અને રજૂઆત કરવામાં આવેલ છે કે આ સાહેદને પંચનામુ લખાવવાનો અનુભવ નથી અને અગાઉ પંચનામાની કાર્યવાહીમાં કયારેય રહયા નથી જેથી માની શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદને પંચનામુ લખાવવાનો અનુભવ ન હોય તેથી કરીને પંચનામુ ખોટુ બનાવેલુ છે તેવુ કહી શકાય નહીં.

આંક–૫૪૮૫ વાળા પંચનામુ બનાવનાર અધિકારી સાહેદ નં. ૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાની આ સબંધે ધ્યાને લઈએ તો જુબાનીના પેરા નં.૬૪ માં તપાસ કરનાર અધિકારી જણાવે છે કે આંક–૫૪૮૫ વાળુ પંચનામુ તેમની રૂબરૂમાં બનાવવામાં આવેલુ અને આ પંચનામામાં પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે. આંક–૫૪૮૫વાળુ પંચનામુ તેમની હાજરીમાં બનાવેલુ નથી તો તે હકીકત નકારેલી છે. વધુમાં જુબાનીના પેરા નં. ૧૧૮ ધ્યાને લઈએ તો મુદ્દામાલ કબજે કર્યા બાબતે સીઝર મેમો આપેલો નથી તેમજ પેરા નં.૧૬૨ ધ્યાને લઈએ તો આંક–૫૪૮૫ વાળા પંચનામામાં ૧૦

બાય ૧૨ ના બેડરૂમનો ઉલ્લેખ છે પરંતુ કોઈ સીલીંગ ફેનનો ઉલ્લેખ નથી તે કબૂલ કરે છે. ટેબલ ફેન ઘર વપરાશ માટે મુકેલો હતો તો તે હકીકત નકારેલી છે. મુદ્દામાલ તરીકે પંખાને ખોટી રીતે કબજે કરેલો છે તો તે હકીકત નકારી છે.

આંક–૫૪૮૫વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "આ ટેબલ પંખો વસીમ ઉર્ફે યાસીન તથા કયામુદ્દીન ઉર્ફે રીજવાન બન્ને જણાઓએ આ ટેબલ ફેન લાવી દાણીલીમડાવાળા મકાનમાં કે જે મકાનમાં બોમ્બ બનાવવામાં આવેલા ત્યાં મુકેલો અને તેનો ઉપયોગ તે મકાનમાં થતો હતો અને તા.૨૬.૭.૨૦૦૮ નાં રોજ આ પંખો પોતે દાણીલીમડાવાળા મકાનમાંથી લાવીને પોતાના માળીયામાં આ જગ્યાએ રાખેલ હોવાનું" આરોપી વિરૂધ્ધ પુરાવામાં ઉપયોગમાં લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપીએ પંચો રૂબરૂ તપાસ કરનાર અધિકારીને જે માહિતી આપેલી તે માહિતીના આધારે અલઅમન એપાર્ટમેન્ટના પહેલા માળે આવેલ ફલેટના માળીયામાંથી જે પંખો મળી આવેલો તે પંખો મળી આવવાની હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય. પંખો આ મકાનમાં રાખ્યાની માહીતી આરોપીને હતી અને તે પંચો તથા તપાસ કરનાર અધિકારીને આ જગ્યા ઉપર દોરી ગયેલો, આ દોરી જવાનુ વર્તન આરોપીનુ પુરાવામાં ગ્રાહ્ય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે જીજ્ઞેશ મહેશભાઈ પંચાલને સાહેદ નં. ૮૨૨ તરીકે આંક–૫૫૨૬થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૨/૧૧/૨૦૦૮ ના રોજ તેઓ અને તેમના મિત્ર ભદ્રકાળી મંદીરથી જગન્નાથ મંદીર જતાં હતાં ત્યારે તેઓને પોલીસવાળા ભાઈએ ઉભા રાખેલાં. આ સાહેદના મિત્રનું નામ વિનોદભાઈ પટેલ છે. પોલીસવાળા ભાઈએ ગાયકવાડ હવેલીની બહાર ઉભા રાખેલાં અને ક્રાઈમ બ્રાન્ચની ઑફિસમાં લઈ ગયેલાં. ત્યાં ક્રાઈમ બ્રાન્ચની ઑફિસમાં લઈ ગયાં ત્યારે એક સાહેબ બેસેલ હતાં અને આરોપી નીચે બેસેલ હતો અને ચાર–પાંચ પોલીસ ઉભેલાં હતાં. સાહેબે કહેલ કે આ આરોપી છે પંચનામું કરવાનું છે તો તમે પંચમાં રહેશો? તો "હા"

પાડેલી. સાહેબે એમ કહેલ કે આ આરોપી તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ બોમ્બ બ્લાસ્ટ થયેલા તેનો આરોપી છે તેનું પંચનામું કરવાનું છે અને આરોપી કંઈ કહેવા અને બતાવવા માંગે છે પછી આ સાહેદ અને તેમના મિત્રએ આરોપીનું નામ પુછેલુ. આરોપીએ તેમનું નામ "અબ્દુલ રાજીક મન્સુરી" આપેલું. પછી ક્યાં રહે છે તો અલ–અમન એપાર્ટમેન્ટ, રાજપુર ટોલનાકા કહેલું. તેણે કહેલું કે સીરીયલ બોમ્બ બ્લાસ્ટ થયેલ તેના ચાર દિવસ અગાઉ કયામુદ્દીન કાપડીયા, રહે.વડોદરા અને મુજીબ શેખ, રહે. જુહાપુરાને ચારેક દિવસ પહેલાં ફોન કરેલ.

સાહેદ વધુમાં જણાવે છે કે અબ્દુલ રાજીકે જણાવેલું કે, "તા. ૨૬/૦૭/૨૦૦૮ના ચાર દિવસ પહેલાં કયામુદ્દીન કાપડીયાએ તેને ફોન કરેલ અને કહેલ કે તારા ઘર પાસે જે એ.એમ.ટી.એસ.નું બસ સ્ટેન્ડ છે ત્યાં ઉભેલ છું તો ત્યાં સિવિલ હોસ્પિટલ જવાનું છે. મે તને જે સાઇકલ આપેલી તે સાઇકલ લઈને તું અહીંયા આવ અને બીજી સાઇકલ આપણે ભાડેથી લઈ લઈશું. પછી હું એ સાઇકલ લઈને મારા ઘર પાસે એ.એમ.ટી.એસ. બસ સ્ટેન્ડ પાસે ગયો અને ત્યાં થી બીજી સાઇકલ ભાડે લઈને સિવિલ હોસ્પિટલ અમે ત્રણે જણા ગયેલાં" તો તે રસ્તો અને જયાંથી ભાડેથી સાઇકલ લીધેલ તે દુકાન બતાવવા માગે છે અને ત્યાં પંચનામાનું લખાણ કરીને સહી કરેલી અને ગાડીમાં આરોપી, સાહેબ, પોલીસ અને બંને પંચો બેસેલાં. ગાડીમાં બેઠા પછી સાહેબે ડ્રાઈવરને સુચના આપી કે આરોપી જે પ્રમાણે રસ્તો બતાવે તે પ્રમાણે ગાડી જવા દો. ક્રાઈમ બ્રાન્ચની ઑફિસેથી નિકળી ડાબી બાજુ ખમાસા ચાર રસ્તા થઈ મ્યુનિસિપલ કોઠા થઈ આસ્ટોડીયા દરવાજાથી સારંગપુરબ્રીજ થઈ કામદાર મેદાન બસ સ્ટોપ પાસે આરોપીએ ગાડી ઉભી રખાવેલી. આરોપી નીચે ઉતરેલ, સાહેબ ઉતરેલ, પોલીસના માણસો ઉતરેલા અને બંને પંચો ઉતરેલાં. તે બસ સ્ટેન્ડથી થોડા આગળ ગયેલાં. ત્યાં એક સાઇકલની દુકાન હતી. દુકાન આગળ જઈને આરોપીએ કહ્યું "મેં અહીંયાથી સાઇકલ ભાડે લીધી હતી. અને અહીંથી સાઇકલ લઈને કયામુદ્દીને મને જે સાઇકલ આપેલી તે સાઇકલ અને બીજી સાઇકલ ભાડે લઈને અમે સિવિલ હોસ્પિટલ ગયેલાં". આ સાઇકલની દુકાનનું નામ "જનતા સાઇકલ

હતું". ત્યાં આગળ એક ભાઈ હાજર હતાં. તેમનું નામ પુછેલું તેમણે રફીકભાઈ અંસારી જણાવેલું. રહે.ઝુલતા મિનારા. તે ભાઈને પુછેલું કે સાઇકલ ભાડે આપી તેનું કોઈ પ્રુફ લીધેલું તો તેમને કહેલ કે "તેમના પિતા અવારનવાર દુકાને આવતાં હોવાથી હું તેમને ઓળખું છું". તેથી સાઇકલનું રજીસ્ટર માગેલું. તે રજીસ્ટરમાં એન્ટ્રી ચેક કરેલી. તા.૨૦/૭/૨૦૦૮ ના રોજ અને તા.૨૨/૭/૨૦૦૮ ના રોજ તેમાં એન્ટ્રી હતી. તેમાં "રાજુ" કરીને નામ હતું અને તેમાં સમય નાંખેલ હતો અને ભાડું જણાવેલ હતું. તે ચોપડામાં સાહેબે સહી કરેલ અને બંને પંચોએ સહી કરેલી. આ રજીસ્ટર લાલ કલરના પુઠાવાળું હતું. ચોપડાની આગળ લખેલ હતું રમણલાલ દવે અને આરીફ અંસારી સાઇકલ રીપેરીંગ વર્કસ. ચોપડો સાહેબે કબજે લીધેલો. ત્યાંથી પછી આરોપી, સાહેબ, પોલીસના માણસો અને બંને પંચો ગાડીમાં બેસેલાં. ત્યાંથી સાહેબે ડ્રાઈવરને સુચના આપેલ કે જે પ્રમાણે આરોપી કહે તે રસ્તે ગાડી જવા દો. ત્યાંથી નીકળી કામદાર મેદાન અસારવા ફાટક થઈ હનુમાનજી મંદીર થઈ ગર્લ્સ હોસ્ટેલ થઈ સિવિલ હોસ્પિટલ ટ્રોમા સેન્ટર પાસે એમ્બ્યુલન્સ પાર્કિંગ પાસે ગાડી ઉભી રાખેલી. આ રસ્તો આરોપીએ બતાવેલો ત્યાં આરોપી નીચે ઉતરેલ, સાહેબ, પોલીસના માણસો અને બંને પંચો નીચે ઉતેરલાં. ત્યાં આરોપી રોડ ક્રોસ કરીને ટ્રોમા સેન્ટર પાસે ઉભો રહેલો અને ત્યાં સાહેબને કહેલ કે "હું અને મુજીબ અહીંયા ઉભા રહેલાં અને કયામુદ્દીન કાપડીયા ટ્રોમા સેન્ટરની અંદર ગયેલો અને તે દસ–પંદર મિનિટ પછી પાછો આવેલો અને તેણે આવીને જણાવેલું ચલો ભાઈ હો ગયા". ત્યાં આગળ પંચનામું કરવામાં આવેલું અને બંને પંચોએ સહી કરેલી અને સાહેબે પણ સહી કરેલી.

આંક–૫૫૩૪ વાળા પંચનામામાં આ સાહેદ પોતાની તથા વિનોદ ભાઈની સહીઓ ઓળખી બતાવે છે તેમજ સદર પંચનામા દરમ્યાન કબજે કરવામાં આવેલ રજીસ્ટર આંક–૫૫૩૫ ની પ્રથમ પાના પર આરીફ અંસારી લખેલ તે પાના પર પણ સાહેદ પોતાની તથા વિનોદભાઈની સહીઓ ઓળખી બતાવે છે. આ સાહેદને ટીવી સ્ક્રીનમાં ચાર–ચારની સંખ્યામાં આરોપીઓને ઉભા

રાખીને બતાવવામાં આવતા આરોપીને ઓળખી શકતા નથી અને જણાવે છે કે બધા આરોપીઓને મોટી દાઢી છે જેથી આરોપીનો ચહેરો ઓળખી શકતા નથી તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પોલીસે નિવેદન લીધેલુ નથી તો તે કબૂલ કરે છે. જે દુકાને લઈ ગયેલા તે જનતા સાઇકલના ધંધા સબંધેના કોઈ દસ્તાવેજી પુરાવા મેળવેલા નથી તે કબૂલ કરે છે. આંક–૫૫૩૫ વાળુ રજીસ્ટર જોઈને જણાવે છે કે તે રજીસ્ટર રમણલાલ કે. દવેના નામનુ નથી. મુદ્દામાલ રજીસ્ટરમાં અબ્દુલ રાઝીક, કયામુદ્દીન કાપડીયા અને મુજીબ જમીલના નામનો ઉલ્લેખ નથી તે કબૂલ કરે છે. જનતા સાઇકલ નામે કોઈ દુકાન નથી તો તે હકીકત નકારેલી છે. આરોપી કોઈ દુકાને લઈ ગયેલો નથી તો તે હકીકત પણ નકારેલી છે. મુદ્દામાલ ચોપડામાં કોઈ જગ્યાએ જનતા સાઇકલનો ઉલ્લેખ કે સીક્કો નથી તે કબૂલ કરે છે. પંચનામાના સ્થળ ઉપર રફીક અન્સારી નામનો કોઈ માણસ હતો નહીં તો તે હકીકત નકારી છે. દુકાનના માલીકનું નામ રફીક અન્સારી હતુ નહીં તો તે હકીકત નકારી છે. પંચનામામાં દુકાનદારનું નામ આરીફ અન્સારી તેમ લખેલુ હોય તો તે ખરી હકીકત છે. અબ્દુલ રાઝીકે પંચનામાનું સ્થળ બતાવેલ નથી તો તે હકીકત નકારેલી છે. તૈયાર પંચનામામાં સહી કરેલાની હકીકત નકારેલી છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો પંચનામામાં આરોપીના દેખાવ અને વર્ણનનો ઉલ્લેખ કરેલો નથી તે કબૂલ કરે છે. પંચનામામાં ગુનાના કાયદા અને કલમોનો જે ઉલ્લેખ છે તે આ સાહેદે લખાવેલો નથી. આરોપીના નામની વિગતો આ સાહેદે લખાવેલી નથી તો તે કબૂલ કરે છે. આ સાહેદની હાજરીમાં આરીફભાઈ સાઇકલવાળાનું નિવેદન લીધેલ નથી તો તે કબૂલ કરે છે. મુદ્દામાલ ચોપડો જોયો ત્યારે બાકીના દરેક પાના ઉપર લખાણ સરખુ હતુ તે કબૂલ કરે છે. જે તે વખતે એક જ આરોપી બતાવવામાં આવેલો તે કબૂલ કરે છે. જુબાનીના દિવસે બતાવવામાં આવેલ બધા આરોપીઓની દાઢી વધારેલી હતી જેથી ઓળખી શકતા નથી. આ હકીકત ધ્યાને લઈએ તો સ્પષ્ટપણે કહી શકાય કે આરોપીઓએ દાઢી વધારેલી હોવાથી સાહેદે

આરોપીઓને જુબાની દરમ્યાન ઓળખી શકેલા નથી. આ ઉપરાંત બનાવ પછી આશરે આઠ વર્ષ બાદ આ સાહેદે જુબાની આપેલી હોવાથી પણ સ્વાભાવિક છે કે આરોપીઓ ઓળખી શકાય નહીં. પરંતુ જે તે વખતે આ સાહેદે આરોપીને જોયેલા અને ઓળખેલા હતા તે હકીકત વિચારણા હેઠળ લઈ શકાય.

આમ આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયાએ શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ નાં કામે તા.૨.૧૧.૨૦૦૮ ના રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ વિનોદ પટેલની હાજરીમાં આરોપી નં.૨૭ મહંમદ ઈસ્માઈલ અબ્દુલ રાઝીકનાઓએ બે પંચોની હાજરીમાં તપાસ કરનાર અધિકારીને લઈને અમદાવાદમાં સીરીયલ બોમ્બ બ્લાસ્ટ થયા તેના ચાર દિવસ અગાઉ આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયાનાઓ તેના ઘર પાસે ઉભેલા અને સિવિલ હોસ્પિટલ જવાનું છે તેમ કહી સાઇકલ આપેલી હતી તે સાઇકલ લઈ આવ અને ત્યારબાદ બીજી ભાડે રાખેલી સાઇકલ સાથે તેઓ સિવિલ હોસ્પિટલ ગયેલા. તેમની સાથે મુજીબ પણ હતો અને જે દુકાનેથી સાઇકલ ભાડે રાખેલી તે દુકાન આરોપી નં.૨૭ નાઓએ બતાવેલી છે અને દુકાન ઉપર જઈ તપાસ કરનાર અધિકારીએ આરોપી તથા પંચોની હાજરીમાં દુકાનના રજીસ્ટરનું પાનુ કબજે કરેલુ છે.

આંક–૫૫૩૪ વાળુ પંચનામુ કરનાર તથા આંક–૫૫૩૫ વાળુ રજીસ્ટરનું પાનુ કબજે કરનાર અધિકારી વી.આર.ટોળીયા ગુજરી ગયેલા હોવાથી બોમ્બ બ્લાસ્ટના કેસોની તપાસ કરનાર ટીમો પૈકીની અન્ય એક ટીમના અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ આ પંચનામાની અને રજીસ્ટર બાબતેની હકીકત પોતાની જુબાનીના પાના નં.૨૧૨ ઉપર જણાવેલી છે તથા આંક–૫૫૩૪ વાળા પંચનામા ઉપર તેમજ આંક–૫૫૩૫ વાળા રજીસ્ટરના પાના ઉપર વી.આર.ટોળીયાની સહી ઓળખી બતાવેલી છે.

આંક–૫૫૩૪ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે, પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "અમદાવાદમાં થયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટ અગાઉ

ચારેક દિવસ પહેલા કયામુદ્દીન કાપડીયા બપોરના સમયે તેના ઘરે પાસે આવેલાનું તેમજ તેના મિત્ર ઈમરાનના પિતાને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરેલ છે તેની ખબર પુછવા જવુ છે. ત્યારબાદ હાલના આરોપી નં.૨૭ તથા આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયા તેમજ મુજીબ સાઇકલો લઈ સિવિલ હોસ્પિટલ ગયાનું તેમજ જનતા સાઇકલ રીપેરીંગ વર્કસ નામની દુકાનવાળો તેઓને ઓળખતો હોવાનું તેમજ કયામુદ્દીને સાઇકલ લીધેલી તેનુ ભાડુ કલાકના રૂા.૨/– લેખે આપેલુ હોવાનું તેમજ રફીક અન્સારીએ જણાવેલુ કે અબ્દુલ રાજીક તેમની દુકાન સામે રહેતો હોય તે તથા તેના પિતા મહમદ ઈશાકભાઈ અવાર નવાર દુકાનેથી સાઇકલો ભાડે લઈ જતા હોવાની જે હકીકતો જણાવેલી છે" વિગેરે પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપી નં.૨૭ નાઓએ પંચો રૂબરૂ તપાસ કરનાર અધિકારીને જનતા સાઇકલ રીપેરીંગ વર્કસ નામની જે માહિતી આપેલી અને દુકાન બતાવેલી અને તે જગ્યાએ આ દુકાન હતી અને દુકાન ઉપર તેના માલીક રફીક અન્સારી હાજર હતા તો તે હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય. આ જગ્યાઓની જાણકારી આ આરોપીને હતી માટે આ જગ્યાઓ ઉપર પંચો તથા તપાસ કરનાર અધિકારીને આરોપી દોરીને લઇ ગયેલો, આ દોરી જવાનુ કૃત્ય આરોપીનુ પુરાવામાં ગ્રાહ્ય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે સંજયકુમાર શ્યામજીભાઈ ધામેચાને સાહેદ નં.૮૨૪ તરીકે આંક–૫૫૪૪ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૨૫/૧૦/૨૦૦૮ ના રોજ તેઓ જમાલપુર સપ્તઋષીએ કુલ પધરાવવા ગયેલા અને ત્યાંથી પાનકોરનાકા તરફ જવા પરત થતા હતા ત્યારે ગાયકવાડ હવેલી પાસે બે પોલીસવાળાએ ઉભા રાખેલા અને કહેલ કે સાહેબ તમને અંદર બોલાવે છે. તેથી તેઓ અંદર ગયેલો. અંદર ક્રાઈમ બ્રાન્ચની ઑફિસ હતી ત્યાં આગળ ગયેલ. ત્યાં ઑફિસમાં સાહેબ બેસેલ હતાં બીજા એક ભાઈ હતાં. ચાર પોલીસવાળા હતાં અને એક ભાઈ નીચે બેસેલ હતાં. અંદર ગયો ત્યારે સાહેબે કહેલ કે તેઓને પંચમાં રાખવાના છે આ ગુનેગાર છે જે કાંઈ તમને કહેવા અને બતાવવા માગે છે તો તમે પંચમાં રહેશો તો "હા" પાડેલી.

તે વખતે બીજા ભાઈ મયુરભાઈ કરીને હતાં તે પણ ત્યાં હતાં. ત્યાં આરોપીને પુછેલ કે શું કહેવા માગો છો અને શું બતાવવા માગો છો. આરોપીએ તેનુ નામ અબ્દુલ રાજીક મન્સુરી જણાવેલ અને સરનામું પુછતા અલ અમન ફલેટ, ગોમતીપુર, ટોલનાકા જણાવેલું. પછી પુછેલ કે શું કહેવા માગો છો તો આરોપીએ કહેલ કે "જે અમે ગુનો કરેલ છે તે બાબતે સામ્રગી અને સાઇકલ બતાવવા માગુ છું તેમણે એટલે કે અબ્દુલ રાજીકે કહેલુ હું અને કયામુદ્દીન બંને ભેગા હતાં મળીને વસ્તુ સંતાડેલી". તે વસ્તુ બતાવવા માગતો હતો. આ જે થયુ તે બાબતે પોલીસ વાળા ભાઈ તેઓને પુછતાં હતા અને આ સાહેદ લખાવતાં હતાં અને સદર લખાણમાં આ સાહેદ અને બીજા મયુરભાઈ અને સાહેબે સહી કરેલી. સહી કર્યા પછી બધા નીચે ગયેલાં પછી બધા બહાર નીકળેલા ત્યારબાદ દરવાજા પાસે ગાડીમાં બેસાડેલા. આ વખતે આ સાહેદ, બીજા ભાઈ તથા સાહેબ હતાં, ચાર પોલીસવાળા અને આરોપી અબ્દુલ રાજીક હતાં. આ બધા ગાડીમાં બેસેલા. બધા બેસી ગયા પછી સાહેબે ડ્રાઈવરને એમ કહેલું કે આરોપી જે રસ્તો બતાવે તે રસ્તે ગાડી જવા દો. પછી આરોપી આસ્ટોડીયા જવાનું કહેલું ત્યાંથી સારંગપુર અને ત્યાંથી કામદાર મેદાન અને ત્યાંથી ચાર રસ્તા આવ્યા ત્યારે આરોપીએ કહેલ કે ગાડી વળાવી લો ત્યારે ગાડી વળાવેલી. ત્યાંથી એ.એમ.ટી.એસ. બસ સ્ટેન્ડ હતું ત્યાં ગાડી ઉભી રાખેલી. અબ્દુલ રાજીક મન્સુરીએ કહેલ કે ગાડી ઉભી રાખો. ત્યાંથી બધા ગાડીમાંથી બહાર નીકળેલાં. ત્યાંથી પાંચ–દસ મિનિટનો રસ્તો હશે વધારે નહી હોય ત્યાં આગળ ગલીની અંદર ગયેલાં આરોપી બધાને છેક છેલ્લે લઈ ગયેલા. ત્યાં એક દિવાલ હતી. દિવાલને ટેકે ત્રણ સાઇકલ હતી. તેમણે ત્રણ સાઇકલ માંથી એક સાઇકલ બતાવેલી. આ સાહેદ અને પોલીસવાળા ભાઈએ એક કાળા કલરની સાઇકલ બહાર કાઢેલી. આ સાઇકલ બાબતે આરોપીએ એમ કહેલ કે "આ એજ સાઇકલ જે બોમ્બ બ્લાસ્ટમાં વપરાયેલી". આ સાઇકલ ડબલ બારની હતી. સાઇકલની સીટ કાળી હતી અને મોટુ કેરીયર હતું. સાઇકલના ચેચીસ નંબર બીજા પંચ લખાવતાં હતાં. સાઇકલ તાળું મારેલ હતી. સાહેદે ચાવીનું પુછતાં આરોપીએ એવું કહેલ કે "ચાવી ઉપર ઘરે છે". સાહેબે

પોલીસવાળાને નીચે રાખી સાઇકલ કબજે લેવાનું કહેલું અને ત્યાં ઉભું રહેવાનું પણ કહેલું. પછી આરોપી પોતાના ઘરે ઉપર લઈ ગયેલાં. બધા પહેલા માળે ગયેલા. આગળ ઘર પાસે આરોપી ઉભા રહેલા. ઘરનો દરવાજો ખુલ્લો હતો. એક બહેન બેસેલ હતા. આરોપીએ એવું કહેલ કે, "આ મારી મમ્મી અને બે બાળકો મારા છે". પછી આરોપી સાથે બધા ઘરમાં ગયેલાં. સાહેબે ઘરની તલાશ કરવાનું કહેતાં તલાશ કરેલી. સાહેબે એવું આરોપીને કહેલ કે તમે ચાવીની વાત કરતાં હતાં તે ક્યા છે? આરોપીએ તિજોરી ખોલી ખાનામાંથી સાઇકલની ચાવી કાઢેલી અને તે ચાવી સાહેબને આપેલી. પછી સાહેબ અને બીજા પંચ મયુરભાઈ, પોલીસવાળા નીચે ગયેલા અને સાઇકલનું તાળું ખોલી જોયેલું અને ચાવી વડે તાળું ખુલી ગયેલું. ત્યારપછી બીજા પંચ અને પોલીસવાળા જે નીચે ગયેલાં તે ઉપર આવેલાં. પછી આરોપીએ કહેલ કે "આ સાઇકલ મેં પાંચકુવા દરવાજાથી વેચાતી રૂ.૧૬૦૦/– મા ખરીદેલી, આરોપીને પુછેલું કે બીલ–બીલ છે અને કાચા કાગળમાં એક લખીને સાઇકલવાળા ભાઈએ આપેલું. જે અમે પુછેલ કે કયા છે? ત્યારે આરોપીએ કહેલ કે, '' હું સાઇકલ લઈને ગયો પછી ફાડી દીધેલું". પછી અમે જે લખાવતાં ગયા અને જે લખ્યું તેમાં આ સાહેદ તથા મયુરભાઈએ સહી કરેલી. આમ જે કાર્યવાહી કરેલી તેનુ પંચનામુ આંક–૫૫૪૫ મા સાહેદ પોતાની તથા મયુરભાઈની તથા સાહેબની સહીઓ ઓળખી બતાવે છે તેમજ મુદ્દામાલ સાઇકલ અને ચાવી પણ ઓળખી બતાવે છે. આ સાહેદને ટીવી સ્ક્રીનમાં ચાર–ચારની સંખ્યામાં આરોપીઓને ઉભા રાખીને બતાવવામાં આવે છે તે જોઈને કહે છે કે આરોપીને ઓળખી શકતા નથી કારણ કે ઘણો સમય થઈ ગયેલ છે. એ વખતે જોયા ત્યારે પાતળા અને આછી દાઢીમાં હતાં અને ચશ્મા પણ હતાં તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પંચનાનુ વાંચતા તેમાં ફલેટ નં.૮/એ નો ઉલ્લેખ નથી તે કબૂલ કરે છે. પંચનામાના અક્ષરો ઉકેલી શકતા નથી. પંચનામુ બીજા પંચ મયુર વાંચતો હતો અને આ સાહેદ સાંભળતા હતા. પંચનામાના મકાનના કબજા અને માલિકી સંબંધે કોઈ દસ્તાવેજો કબજે કરેલા

નથી તે કબૂલ કરે છે. નુરજહાબેનની પુછપરછ કરી જવાબ લીધા સબંધેની હકીકતનો ઉલ્લેખ નથી તે કબૂલ કરે છે. સાઇકલને કોઈ કપડામાં કે કોથળામાં પેક કરીને સીલ કરી પંચોની સ્લીપો સાથે કબજે કરેલ હોય તેવો ઉલ્લેખ પંચનામામાં નથી તે કબૂલ કરે છે. સાઇકલ અને ચાવીનું સાહેબે શું કર્યુ તેની આ સાહેદને ખબર નથી તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદ તથા બીજા પંચ મયુરની હાજરીમાં તપાસ કરનાર અધિકારીએ સાઇકલ અને ચાવી કબજે કરેલી છે અને તેમ કર્યા પછી આગળની હકીકત બાબતે આ સાહેદે કાંઈ જોવાનું હોતુ નથી તે વિષય તપાસ કરનાર અધિકારીનો છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો સ્થળ ઉપર ફલેટના લોકોની અવર–જવર હતી કે કેમ તે યાદ નથી. પોતાના ઘરેથી સમરૂષી જતા વચ્ચે ક્રાઈમ બ્રાન્ચ પોલીસ સ્ટેશન આવે નહીં તે કબૂલ કરે છે. પંચનામામાં અબ્દુલ રાજીક નામની વ્યકિતનું કોઈ શારીરિક વર્ણન લખાવેલુ નથી તે કબૂલ કરે છે. આરોપીના શારીરિક સ્થિતિમાં ફરેફાર થયેલો હોવાથી આરોપીને ઓળખી શકતા નથી. તૈયાર પંચનામામાં સહીઓ કરેલાની હકીકત નકારેલી છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો પંચનામામાં એક સહી ક્રાઈમ બ્રાન્ચની ઑફિસમાં કરેલી, એક સહી સાઇકલ મળેલી ત્યાં કરેલી અને એક સહી આરોપીના ઘરમાં કરેલાનું જણાવે છે. જેમ જેમ બીના બનતી ગઈ તેમ તેમ લખાણ કરવામાં આવેલુ. ત્રણ પોલીસ અને સાહેદ ઘરની જડતી કરતા હતા તેમ જણાવે છે. આરોપીએ ચાવી શોધીને કાઢેલી તેવી હકીકત પંચનામામાં લખેલી નથી તો તે હકીકત નકારી છે. તિજોરીના ખાના ખોલી તેમાં પરચુરણ સામાન તેમજ રીંગવાળી છુટી ચાવી મળી આવેલી તે હકીકત લખાવેલી કે કેમ તે યાદ નથી. આરોપી શું બતાવવા માંગે છે તેવી હકીકતનો ઉલ્લેખ પંચનામામાં નથી તો તે હકીકત નકારી છે. આ આરોપી તથા કયામુદ્દીને વસ્તુઓ સંતાડેલી તેવુ પંચનામામાં લખેલુ નથી તો તે હકીકત પણ નકારેલી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયાએ શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં. ૨૩૬/૨૦૦૮ ના કામે તા.૨૫.૧૦.૨૦૦૮ ના રોજ આ પંચ સાહેદ તથા બીજા

પંચ મયુર પટેલની હાજરીમાં આરોપી નં.૨૭ મહમદ ઈસ્માઈલ અબ્દુલ રાજીકનાઓએ જે માહિતી આપેલી તે માહિતીના આધારે આરોપીના કહેવા અને બતાવ્યા મુજબ આરોપીને સાથે લઈ સરકારી વાહનમાં બેસી આરોપીની સુચના મુજબ વાહન ચલાવવામાં આવેલુ અને સારંગપુર બ્રિજ થઈ રાજપુર ટોલનાકા ઉપર એ.એમ.ટી.એસ. બસ સ્ટેન્ડ પાસે આરોપીએ વાહન ઉભુ રખાવેલુ અને ત્યાં એક ગલીમાં જમીલ મસ્જિદ મહાવીર ફલેટ લખેલુ ત્યાંથી અંદર લઈ ગયેલો અને ફલેટની પાછળના ભાગે કોટની દિવાલે ત્રણ જુના જેવી સાઇકલો હતી તે બતાવેલી અને સાઇકલોને તાળુ મારેલ હતુ અને તેની ચાવી બાબતે આરોપીએ જણાવેલ કે પોતાના ઘરમાં રાખેલી છે તેમ કહી ચાવી કાઢેલી અને પંચોની હાજરીમાં આ સાઇકલ તથા ચાવી કબજે કરવામાં આવેલી. જે આંક–૫૫૪૫ વાળા પંચનામાથી કબજે કરેલી. આ સાહેદે જુબાની દરમ્યાન સાઇકલ તથા ચાવી ઓળખી બતાવેલા છે. બચાવપક્ષ તરફથી રજૂઆત અને દલીલ છે કે પોલીસ સ્ટેશનમાંથી ગાડીમાં બેસી જવા નીકળ્યા ત્યારે લખાણ કરવામાં આવેલુ નથી અને આરોપીનું શારીરિક વર્ણન અને બાંધો પંચનામામાં લખેલો નથી તેમજ આ આરોપી તથા બીજા આરોપી કયામુદ્દીને આ વસ્તુઓ સંતાડેલાની હકીકત પંચનામામાં લખેલી નથી માટે આ સાહેદ તથા પંચનામુ માની શકાય નહીં. પરંતુ તેઓની દલીલ સ્વીકારવા યોગ્ય નથી.

આંક–૫૫૪૫ વાળુ પંચનામુ કરનાર અધિકારી વી.આર.ટોળીયા મરણ ગયેલા છે જેથી બોમ્બ બ્લાસ્ટના કેસોની તપાસ કરનાર ટીમો પૈકીના એક ટીમના અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ આ પંચનામા બાબતે પોતાની જુબાનીના પાના નં.૨૧૨ મા આ હકીકત જણાવેલી છે તથા આંક–૫૫૪૫ વાળા પંચનામામાં વી.આર.ટોળીયાની સહી ઓળખી બતાવેલી છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે બાબુભાઈ નાગરભાઈ મકવાણાને સાહેદ નં.૮૨૭ તરીકે આંક–૫૫૫૫ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૪/૧૨/૨૦૦૮ ના રોજ તેઓ અને તેમનો મિત્ર મનીષ જમાલપુરથી પરત આવતાં હતાં ત્યારે બે પોલીસે તેઓને હવેલી ગાયકવાડ

પોલીસ સ્ટેશન ખાતે ઉભા રાખેલા અને એવું કહેલ કે તમને સાહેબ બોલાવે છે. આથી તેઓ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનમાં ગયેલા. ત્યાં ચાવડા સાહેબ કરીને હતાં. ત્યાં જોયું તો તેઓ, સાહેબ, પોલીસવાળા અને આરોપી ત્યાં હાજર હતા. સાહેબે એવું કહેલ કે આરોપી બોમ્બ બ્લાસ્ટ કેસમાં પકડાયેલ છે તમે પંચમાં રહેશો આથી "હા" પાડેલી. પછી આરોપીએ એવું કહેલ કે તે કંઈ કહેવા અને બતાવવા માંગે છે. પછી તેઓએ આરોપીને નામ પુછતા આરોપીએ પોતાનું નામ અબ્દુલ રાજીક મન્સુરી બતાવેલું અને તેનું એડ્રેસ પુછતાં આરોપીએ ગોમતીપુર હોવાનું જણાવેલું. આરોપીએ બીજું એવું કહેલ કે હું તમને લઈ જવા માગુ છું. પછી બધા ઉપરથી નીચે આવેલ અને જીપમાં બેઠેલ જેમાં બંને પંચો, આરોપી, સાહેબ અને બે પોલીસવાળા બેઠેલા. ત્યાં એક કાગળમાં સહી કરેલી. ત્યાંથી બધા જીપમાં બેસી જમાલપુર થઈ દાણીલીમડા થઈ ચંડોળા તળાવ પાસે બેરેલ માર્કેટે ગાડી ઉભી રાખેલી. આરોપીએ વાહન ઉભું રખાવેલું. બધાને આરોપી લઈ ગયેલ અને તેણે જ્યાં કહ્યુ હતું ત્યાં ગયેલાં. રસ્તો આરોપી બતાવતાં હતાં. બેરેલ માર્કેટ પાસે ગાડી ઉભી રાખતાં આરોપીએ કહેલ કે "ગાડી અહીંયા આવેલ, હું અહીંયાથી મારૂતી ગાડી મોડેલ નં.૮૦૦મા બેસી એલ.જી. ગયેલો". ત્યારપછી આરોપી જીપમાં બેસાડી શાહઆલમ દરવાજાથી મણીસ્વામી મંદીર થઈ એલ.જી. હોસ્પિટલ ગયેલા ત્યા આરોપીએ ઝાંપા પાસે ગાડી ઉભી રખાવેલ અને ત્યારબાદ આરોપી અંદર લઈ ગયેલ અને બગીચા પાસેના પાર્કીંગમાં ગાડી ઉભી રાખેલી. પછી આરોપીએ કહ્યું કે "અમે ગાડી મારૂતિ–૮૦૦ બગીચા પાસેના પાર્કીંગમાં મુકી અને દરવાજો બંધ કરીને નીકળી ગયેલાં અને રીક્ષા કરીને ચંડોળા તળાવ, બેરેલ માર્કેટ પાસે ગયેલાં". ત્યાં પંચનામું પૂર્ણ કરેલું અને સહીઓ કરેલી. આંક–પપપક વાળા પંચનામામાં સાહેદ પોતાની તથા મનીષભાઈની સહીઓ ઓળખી બતાવે છે. સાહેદને ટીવી સ્ક્રીનમાં ચાર–ચારની સંખ્યામાં આરોપીઓને ઉભા રાખીને બતાવવામાં આવે છે તે જોઈને કહે છે કે આરોપીને ઓળખી શકતા નથી કારણ કે જે તે વખતે આરોપી ઝીણી દાઢી અને વાળ સાથેના હતાં. આજે જોયેલ આરોપીઓની દાઢી વધેલી હોવાથી ઓળખી શકતા નથી.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ ધોરણ–૭ સુધી ભણેલા છે, પંચનામુ કોના હસ્તાક્ષરમાં છે તે યાદ નથી. હસ્તાક્ષરમાં લખેલુ લખાણ વાંચવામાં તકલીફ પડે છે તે કબૂલ કરે છે. ટાઈપ કરેલુ લખાણ ધીરે ધીરે વાંચી શકે તે કબૂલ કરે છે. આ સબંધમાં ફરિયાદપક્ષ તરફથી એવી દલીલ છે કે સાહેદ ધીરે ધીરે વાંચી શકતા હોય તો તેનો અર્થ એવો થાય કે આ સાહેદ પંચનામાની કાર્યવાહીમાં પંચ તરીકે રહ્યા નથી અને તેઓની જુબાની માની શકાય નહીં. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા પંચનામાની તારીખે આ સાહેદ જમાલપુર શાક માર્કેટથી ધંધાના સ્થળ ઉપર આવતા હતા. પોલીસ મળી ત્યારે સાદા ડ્રેસમાં હતી. તેમની સાથે કોઈ વાતચીત થયેલી નહીં. ક્રાઈમ બ્રાન્ચની ઑફિસમાં અગાઉ ગયેલા નથી. પોલીસ અધિકારીના નામ હોદ્દાની ખબર નથી. બીજા પંચ મનીષભાઈ સાથે કોઈ વાત થયેલી નહીં. અમદાવાદનું બેરલ માર્કેટ જોયેલુ છે પરંતુ અંદર ગયેલા નથી. બેરલ માર્કેટ પાસેથી જીપ પસાર થયેલી પરંતુ કોઈ લખાણ કરેલુ નહીં. બેરલ માર્કેટથી એલ.જી. હોસ્પિટલ પહોંચતા રસ્તામાં કોઈ વાતચીત થયેલી નહીં. આરોપી અબ્દુલ રાજીકના કેટલા નામ હતા તેની ખબર નથી. મારા મત પ્રમાણે આ સાહેદ એક સામાન્ય વ્યકિત છે અને આરોપીને અગાઉ કયારેય જોયેલો નથી કે તેના નામની પણ ખબર નથી માટે આરોપી અબ્દુલ રાજીકના બીજા કેટલા નામો હોય તેની આ સાહેદને ખબર ન હોય. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા પોલીસના કહેવાથી અને શીખવવાથી પુરાવો આપતા હોવાની હકીકત નકારેલી છે. પંચનામાની તારીખે પોતાનો ધંધો ચાલુ હતો. જે કાર્યવાહી પોલીસ સ્ટેશનમાં થયેલી તેનુ લખાણ કરવામાં આવેલુ તેની સહી જીપમાં કરેલી. જે સ્થળે પ્રથમ ગયેલા ત્યાંથી કોઈ વસ્તુ કબજે કરેલી નહીં. એલ.જી. હોસ્પિટલમાંથી પણ કોઈ વસ્તુ કબજે કરેલી નહીં. આરોપી કેટલા સમયથી કસ્ટડીમાં છે તેની પુછપરછ કરેલી નહીં. ગેટ નં.૧ માં દાખલ થયા પછી જમણી બાજુ પંચનામાવાળુ સ્થળ છે. આજની તારીખે આ જગ્યાઓ કઈ જગ્યાઓ છે તેનુ વર્ણન આપી શકે તેમ નથી. આ સાહેદને કોર્ટમાં જુબાની

આપવાનો જે સમન્સ બજાવવામાં આવેલો તે આંક–૫૫૫૮ થી રજૂ કરેલો છે જેમાં આ સાહેદે સમન્સ સ્વીકાર્યા બાબતે સહી કરેલાનું જણાવે છે.

આમ આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ સરખેજ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૧૮૧/૨૦૦૮ નાં કામે તા.૪.૧૨.૨૦૦૮ ના રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ મનીષભાઈ વાળંદની હાજરીમાં આંક–૫૫૫૬ વાળુ પંચનામુ બનાવેલુ. આરોપી નં.૨૭ મહમદ ઈસ્માઈલ અબ્દુલ રાજીકનાઓએ પંચોની હાજરીમાં માહિતી આપેલી કે તે કંઈ કહેવા અને બતાવવા માંગે છે જેથી તપાસ કરનાર અધિકારી પંચો તથા આરોપીને લઈ સરકારી વાહનમાં આરોપીના બતાવ્યા પ્રમાણે ચંડોળા તળાવ બેરલ માર્કેટ પાસે લઈ ગયેલો અને જગ્યા બતાવેલી અને જણાવેલુ કે આ જગ્યા પાસેથી તેમની સાથેનો સહઆરોપી અફજલ ઉસ્માની તથા કયામુદ્દીન કાપડીયા બંને જણા અલમહમદી સોસાયટીવાળા મકાને મારૂતિ–૮૦૦ લઈને આવેલા તથા તે ગાડી એલ.જી. હોસ્પિટલના પાર્કીંગમાં લઈ આવેલાનું જણાવતા આરોપીએ પંચોની હાજરીમાં એલ.જી. હોસ્પિટલમાં જયા ગાડી પાર્ક કરેલી તે જગ્યા બતાવેલી અને તેનુ વિગતવાર પંચનામુ બનાવવામાં આવેલુ.

આ બાબતે તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાની જુબાનીના પેરા નં.૧૮ ધ્યાને લઈએ તો તેમણે પણ આંક–૫૫૫૬ વાળા પંચનામામાં જે હકીકત લખવામાં આવેલી છે તે મુજબની હકીકત જણાવેલી છે કે આરોપી મહંમદ ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ રાજીકનાઓએ માહિતી આપેલી કે બોમ્બ સહિતની સફેદ કલરની મારૂતિ–૮૦૦ ચંડોળા તવાળ પાસે બેરલ માર્કેટની ગલીમાં મહમદી સોસાયટીવાળા મકાનેથી લઈને તેના સાથીદારોએ એલ.જી. હોસ્પિટલના પાર્કીંગમાં મુકેલ તે જગ્યા બતાવવાનું પ્રાથમિક પંચનામુ કરેલુ અને પંચોની સહીઓ કરાવેલી. ત્યારબાદ જગ્યા ઉપર જઈ તે જગ્યાનુ પંચનામુ કરેલુ. પંચનામામાં સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી પણ ઓળખી બતાવે છે. આ સબંધમાં સાહેદની ઊલટતપાસ

ધ્યાને લઈએ તો આંક–૫૫૫૬ વાળા પંચનામાવાળી જગ્યા ઉપરથી કોઈ ચીજવસ્તુ કબજે કરેલ નથી તે કબૂલ કરે છે. આ જગ્યાનું બીજા તપાસ કરનાર અધિકારીઓએ પંચનામુ કરેલુ હોય તો કહી શકે તેમ નથી. આ હકીકત ધ્યાને લેતા બનાવ તા.૨૬.૮.૨૦૦૮ ના રોજ બનેલો છે જયારે આ પંચનામુ તા. ૪.૧૨.૨૦૦૮ ના રોજ બનાવવામાં આવેલુ છે. આમ બનાવ બાદ છ માસ પછી પંચનામુ બનાવેલુ હોય સ્વાભાવિક છે કે જગ્યા ઉપરથી કોઈ ચીજ વસ્તુ મળી આવે નહીં અને તેથી કબજે કરેલ નથી. ઊલટતપાસના પેરા નં.૧૩૮ ધ્યાને લઈએ તો તપાસ સંભાળ્યા બાદ આ સ્થળની મુલાકાત કેટલા દિવસ પછી લીધેલી તે યાદ નથી. બંને સ્થળોની જાણકારી આરોપીને છે તેવુ બતાવવા આંક–૫૫૫૬ વાળુ પંચનામુ પાછળથી ઉભુ કરેલાની હકીકત નકારેલી છે. મારા મત પ્રમાણે જગ્યા ઉપરથી કોઈ મુદ્દામાલ કબજે કરવામાં આવેલો નથી તેનો અર્થ એવો ન થઈ શકે કે આરોપીએ જગ્યા બતાવેલી નથી કે જગ્યાનુ પંચનામુ કરેલુ નથી.

આંક–૫૫૫૬ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "તે વખતે એક બોમ્બ સહિતની સફેદ કલરની મારૂતિ ૮૦૦ ગાડી ચંડોળા તળાવ પાસે આવેલ બેરલ માર્કેટવાળી ગલીમાં મહમદી સોસાયટીવાળા મકાનેથી લઈને પોતાના સાથીદારોની સાથે મણીનગર એલ.જી. હોસ્પીટલના પાર્કીંગમાં મુકેલ" આરોપી વિરૂધ્ધ પુરાવામાં ઉપયોગમાં લઈ શકાય નહીં. આ ઉપરાંત "પોતાની સાથેના સાથીદારો અફજલ ઉસ્માની તથા કયામુદ્દીન બંને જણા ગાડીને લઈને તેમાં બેસી એલ.જી. હોસ્પિટલ ગયેલા તે તથા એલ.જી. હોસ્પીટલના પાર્કીંગમાં ગાડી પાર્ક કરેલાની હકીકત " વિગેરે પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપીએ જે બે જગ્યાઓ બતાવી તે બે જગ્યાનું અસ્તિત્વ ત્યાં છે જેથી જગ્યા બતાવ્યાની હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય. આ જગ્યાઓની માહીતી આરોપીને હતી માટે

તે પંચો તથા તપાસ કરનાર અધિકારીને આ જગ્યાઓ ઉપર દોરી ગયેલા, આ દોરી જવાનુ આરોપીનુ વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે ઉર્મિત ભરતકુમાર કાયસ્થને સાહેદ નં. ૮૩૩ તરીકે આંક–૫૬૨૧ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ તા.૨૫/૧૦/૨૦૦૮ ના રોજ ક્રાઈમ બ્રાન્ચની ઑફિસ પાસેથી તેમની મોટર સાઇકલ ઉપર નીકળેલ ત્યારે એક વ્યક્તિએ આ સાહેદને ઉભા રાખેલ. આ સમયે તેમની સાથે તેમનો મિત્ર બ્રિજેશ રામી પણ હતો. આ વ્યક્તિએ પોતાની ઓળખ આપેલી કે તે પોલીસમાં છે તેમ કહીને જણાવેલ કે અંદર સાહેબ બોલાવે છે. પછી તેઓ ત્યાં ક્રાઈમ બ્રાન્ચની ઑફિસમાં ગયેલા અને ત્યાં બાઈક પાર્ક કરેલું ત્યાં ક્રાઈમ બ્રાન્ચમાં એક સાહેબની ઑફિસ હતી તેમાં ગયેલાં. ત્યાં આગળ ખુરશી પર એક સાહેબ બેઠા હતા. તેમની બાજુમાં નીચે એક આરોપી બેઠો હતો. બીજા બે–ત્રણ પોલીસવાળા હતા. સાહેબે કહ્યું કે આ આરોપી છે કે જે અમદાવાદ બોમ્બ બ્લાસ્ટમાં પકડાયેલ છે. તે કંઈ કહેવા અને બતાવવા માંગે છે. તેથી પંચમાં રહેવાનું પુછતા તેઓએ પંચમાં રહેવા સ્વખુશી જણાવેલી. આ પોલીસ અધિકારીએ પોતાનું નામ ટોળીયા તરીકે જાહેર કરેલું. ત્યારબાદ આ સાહેદે ત્યાં બેઠેલ આરોપીનું નામ પુછેલું અને તેને પોતાનું નામ મહમદ ઈસ્માઈલ અબ્દુલ રાજીક જણાવેલું. તેમને પોતાના ઉર્ફે નામ કહેલા અને તે આ સાહેદે લખાવેલા. સરનામું પણ પુછેલું અને ત્યારે તેણે અલ–અમન એપાર્ટમેન્ટ, ગોમતીપુર, રાજપુર, અમદાવાદ હોવાનું જણાવેલ. આરોપીને એવું પણ પુંછેલું કે તમે શું કહેવા અને બતાવવા માગો છો? ત્યારે આરોપીએ કહેલ કે "દાણીલીમડા ખાતેથી મેં જે બોમ્બ લીધેલા તે બોમ્બનું સ્થળ, મેં આ બોમ્બ અયાઝને જ્યાં આપેલા તે સ્થળ અને મેં જ્યાં બોમ્બ મુક્યા હતા તે સ્થળ, જ્યાંથી બોમ્બ મુકવા માટે થેલી ખરીદી હતી તે સ્થળ બતાવવા માગું છું. તેણે તે પણ કહેલ કે તા.૨૬/૦૭/૨૦૦૮ના રોજ હું જે સ્થળ ઉપર ગયેલ તે સ્થળ બતાવવા માગું છું". આરોપીએ આ સ્વેચ્છાએ કહેલું તેથી સાહેબ, જામાના પોલીસના માણસો, બંને પંચો, આરોપી, નીચે ક્રાઈમ બ્રાન્ચની ઑફિસ પાસે એક વાહન

ઉભું હતું ત્યાં ગયેલા. તે ગાડીમાં બંને પંચો તથા સાહેબે સહી કરેલી. આ સહીઓ કરી ત્યાં સુધીનું લખાણ આ સાહેદે લખાવેલું.

વધુમાં સાહેદ જણાવે છે કે ગાડીમાં બેઠા બાદ સાહેબે ડ્રાઈવરને સુચના આપેલી કે આરોપી જે દિશા બતાવે અને કહે તે દીશામાં વાહન ચલાવો. પછી બધા સરકારી વાહનમાં બેસી ક્રાઈમ બ્રાન્ચના દરવાજેથી નીકળી જમાલપુર થઈ ચંડોળા તળાવ આવેલા અને ત્યાં એ.એમ.ટી.એસ.ના બસ સ્ટેન્ડ પાસે આવેલ ત્યારે આરોપીએ કહેલ કે ત્યાં ઢાળ છે ત્યાં ઉતારી દો. તે વખતે ત્યાં આર.કે. પાન પાર્લર હતો ત્યાં ગયેલા. ત્યાંથી જમણીબાજુ ગાડી વાળી અલ મહમદી સોસાયટીની પહેલી ગલીમાં ગયેલા. ત્યાં ખુલ્લી જગ્યામાં આરોપીએ સરકારી ગાડી ઉભી રખાવેલી. ત્યાં ખુલ્લી જગ્યામાં આરોપીની સાથે ગાડી માંથી નીચે ઉતરેલા અને "આરોપીએ એક બંધ મકાન બતાવેલું. આરોપીએ અમને એવું જણાવેલું કે આ જગ્યાએ હું તા.૨૬/૦૭/૨૦૦૮ના રોજ બે વખત આવેલો પહેલી વખત ૧૧ થી ૧૨ ની વચ્ચે આવેલો અને તે સમયે ક્યામુદ્દીને મને ૩.૧૦,૦૦૦/– આપેલા અને તેમાંથી ૩.૫,૦૦૦/– ઐયાઝને આપવા જણાવેલું અને કહેલ કે હવે ત્રણ વાગે આવી જજે. આરોપીએ કહેલ કે હું આવ્યો ત્યારે કયામુદ્દીન, મુજીબ અને આફતાબ આલમ આફ્રીદી જેવું નામ કહેલું અને અન્ય બીજા પંદર માણસો આવેલા. આરોપીએ એવું પણ કહેલ કે આ લોકો હિન્દીમાં વાતો કરતા હોવાથી તેઓ દિલ્હી બાજુના હોવાનું મને લાગેલું અને આરોપીએ કહેલ કે તે વખતે ઘરની બહાર ગ્રે કલરની વેગન આર પડેલી હતી. આરોપીએ એવું પણ કહેલ કે ક્યામુદ્દીને મને એવું કહેલ કે ત્રણ વાગે તમે બોમ્બ લેવા આવજો. આરોપીએ એવું પણ કહેલ કે, હું ત્રણ વાગે જ્યારે આવ્યો ત્યારે કયામુદ્દીને મને ત્રણ જીવતા બોમ્બ આપેલા અને આ બોમ્બ લઈ હું સોસાયટીના નાકા ઉપર ગયેલ હતો અને ત્યાંથી હું શટલ રીક્ષામાં બેસી ચંડોળા તળાવ પાસે ગયેલો". ત્યારબાદ બધા પાછા સરકારી ગાડીમાં બેસેલા. ફરી સરકારી ગાડી પાછી આર.કે. પાન પાર્લર પાસે ઉભી રાખેલી. ત્યાં આરોપીએ વાહન ઉભું રખાવી એવું કહેલ કે "હું અહીંયાથી શટલ રીક્ષામાં બેસેલો. અને આ જગ્યાએથી શટલ

રીક્ષા છોડી મીટરવાળી રીક્ષામાં બેસેલો. ત્યારપછી આરોપીએ એવું કહેલ કે, મેં અયાઝને જયાં બોમ્બ આપેલા તે જગ્યા બતાવવા માગું છું". ત્યાંથી બધા બહેરામપુરા ચાર રસ્તા થઈ આબાદ ડેરી થઈ ન્યુ કલોથ માર્કેટ થઈ સારંગપુર બ્રીજ ઉતરી અને કામદાર મેદાન પાસે આરોપીએ સરકારી વાહન ઉભું રખાવેલું. આ રૂટનું રાઈટરને લખાણ કરાવેલું. આરોપીએ કહેલ કે "અહીંયાથી હું મીટરવાળી રીક્ષા છોડીને બીજી રીક્ષામાં બેસી ગયો હતો". ત્યારબાદ આરોપી શીતલ ટોકીઝ થઈ સોમા ટેક્ષટાઈલ વાળા રસ્તે થઈ ટોલનાકા પાસે લઈ ગયેલ અને ત્યાં નીલકંઠ હોટલ પાસે સરકારી વાહન ઉભું રખાવેલું. ત્યાં આરોપી સાથે બધા સરકારી વાહનમાંથી નીચે ઉતરેલા અને આરોપીએ કહેલ કે "મારી પાસે ત્રણ બોમ્બ હતા તેમાંથી બે બોમ્બ મેં અહીં આપેલા. આરોપીએ એવું પણ જણાવેલ કે, અયાઝે એવું કહેલ કે મારી બોમ્બ મુકવાની જે સાઇકલ છે તે સામે મુકી છે". આથી આરોપી બધાને સામે લઈ ગયેલા અને ત્યાં "સીટી પોઈન્ટ પાસે આવેલ ડી.પી.ની જગ્યા આરોપી બતાવેલ અને કહેલ કે, મને ઐયાઝે અહીંયા સાઇકલ બતાવેલી". ડી.પી. વાળી જગ્યા પર કંઈ નંબર હતો તે હાલ યાદ નથી. ત્યારબાદ આરોપીએ કહેલ કે "બોમ્બ મુકવા માટે જે સાઇકલ છે તે જે જગ્યાએથી લીધેલી તે જગ્યા હું બતાવવા માગુ છું". જેથી ફરી બધા સરકારી વાહનમાં બેસી રખીયાલ પોલીસ સ્ટેશન થઈ શીતલ ટોકીઝ થઈ હાથીખાઈ સરકારી દાવાખાનું છે ત્યા ડી–૨૫ પાસે લઈ આવેલ. ત્યાં આરોપી સાથે બધા ગાડીમાંથી નીચે ઉતરેલા અને "તેને સલીમ પેઈન્ટરની દિવાલવાળી જગ્યા બતાવેલી અને આરોપીએ કહેલ કે, અહીંયાથી મેં બોમ્બ મુકવા માટે સાઇકલ લીધેલી. અને આરોપીએ અમને કહેલ કે, આ બોમ્બ વાદળી થેલીમાં હતો તે બોમ્બ મુકવા માટે મારે કાપડની થેલી જોઈતી હતી તે કાપડની થેલી મેં જે જગ્યાએથી લીધેલી તે જગ્યા હવે હું બતાવવા માગું છું". તેથી પંચો, આરોપી અને બીજા બધા ફરી ગાડીમાં બેસેલા અને આરોપીએ રસ્તો બતાવેલ તે પ્રમાણે ગાડી ચલાવીને કામદાર મેદાન મગનપુરાની ચાલી પાસે ગાડી ઉભી રખાવેલી અને પંચો, આરોપી, પોલીસ વાહનમાંથી નીચે ઉતરેલા અને આરોપીએ જણાવેલ કે આ "રાજેશ ટેલર" માંથી

થેલી લીધેલી. અમે જોયું તો આ દુકાનનું નામ "રાજેશ ટેલર લેડીઝ એન્ડ જેન્ટસ" લખેલ હતું. આરોપીએ ત્યાં અંદર એક મોટી ઉંમરના કાકા હતા તેમની તરફ ઈશારો કરેલ અને જણાવેલ કે, આમની પાસેથી મેં કાપડની થેલી લીધેલી". ત્યારપછી કાકાનું નામ પુછતા તેમને પોતાનું નામ વજુભાઈ ચોરસીયા વિગેરે જણાવેલું.

વધુમાં સાહેદે જણાવેલ છે કે આરોપીએ એવુ પણ જણાવેલ કે "બોમ્બ મેં કાપડની થેલીમાં મુકી તે થેલી જે જગ્યાએ મુકેલી તે સ્થળ હું બતાવવા માગું છું". ફરી આરોપી સાથે બધા સરકારી વાહનમાં બેસી અને ત્યાંથી નીકળી શીતલ ટોકીઝ થઈ ભીડભંજન હનુમાન થઈ બાપુનગર ચાર રસ્તા થઈ ધનવંતરિ હોસ્પિટલની બાજુમાં ડાયમંડ પાન પાર્લર પાસે જતા આરોપીએ ગાડી ઉભી રખાવેલી. આ સ્થળ ઉપર આરોપી લઈ ગયેલા. આ સ્થળ ઉપર આરોપી સાથે બધા નીચે ઉતરેલા. આરોપીએ ડાયમંડ પાન પાર્લરની પાસે ફુટપાથવાળી જગ્યા બતાવીને કહેલ કે "મેં બોમ્બવાળી સાઇકલ અહી મુકી હતી". આ જગ્યાએ જોયું તો ડાયમંડ પાન પાર્લર છે તે અરૂણ ચેમ્બર્સમાં આવેલ છે. તે વખતે ચારેય દીશામાં બધું જોયેલું. પછી આરોપીએ કહેલ કે "પોલીસે મારા ઘર પાસેથી જે સાઇકલ કબજે કરી છે તે સાઇકલને ક્યાથી ખરીદી હતી તે જગ્યા હવે હું બતાવવા માગું છું". તેથી તેઓ, આરોપી અને પોલીસના માણસો સરકારી વાહનમાં બેસીને અન્નપૂર્ણા સોસાયટી થઈ મચ્છાણી મસ્જિદ થઈ સરસપુર થઈ કાલુપુર થઈ પાંચકુવા ગયા હતા. આ સ્થળે આરોપી લઈ ગયો હતો. પાંચ કુવા દરવાજાની અંદર થોડા આગળ ગયા ત્યાં મ્યુનિસિપાલિટી શાળા પાસે આરોપીએ ગાડી ઉભી રખાવેલી. ત્યાં તેઓ, આરોપી અને પોલીસના માણસો નીચે ઉતરેલા અને "આરોપીએ ફુટપાથ ઉપર એક વ્યક્તિ તરફ ઈશારો કરી જણાવેલ કે, મેં આ વ્યક્તિ પાસેથી સાઇકલ ખરીદી હતી. ત્યારબાદ આરોપીએ જે વ્યક્તિ તરફ ઈશારો કરેલો". તે વ્યક્તિનું નામ પુછેલું ત્યારે તે વ્યક્તિએ પોતાનું નામ અયુબભાઈ શેખ, રહેવાસી હરણવાળી પોળ, વિગેરે જણાવેલું. તે પંચનામામાં લખાવેલું. પછી તે વ્યક્તિને પુછેલ કે આ વ્યક્તિએ તમારી પાસેથી સાઇકલ

ખરીદી હતી? તો તેણે જે જણાવેલું તે પંચનામામાં લખાવેલું. તે જગ્યાએ પંચનામું પુરૂ કરેલું. આમ આંક–૫૬૨૨ વાળા પંચનામામાં સાહેદ પોતાની તથા બ્રિજેશભાઈની સહીઓ ઓળખી બતાવે છે. સાહેદને ટીવી સ્ક્રીનમાં ચાર–ચારની સંખ્યામાં આરોપીઓને ઉભા રાખીને બતાવવામાં આવે છે તે જોઈને કહે છે કે આરોપીને ઓળખી શકતા નથી કારણ કે આજે આરોપી બતાવવામાં આવ્યા તેમના દેખાવમાં ફેરફાર છે. આ સાહેદે આરોપીને જ્યારે જોયેલા ત્યારે તેને ત્રણ ચાર દિવસની દાઢી હતી, તેની ઉંચાઈ ચાડા પાંચ ફુટ હતી, તેને ચશ્મા પહેરેલા અને માથા પર થોડી ટાલ હતી. આજે દેખાડવામાં આવેલ આરોપીઓની દાઢી વધી ગઈ છે. કેટલાકે ચશ્મા પહેરેલ છે અને કેટલાંક એ ટોપી પહેરેલ છે અને શરીર પણ વધી ગયેલ છે તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો જે તે વખતે આ સાહેદ અભ્યાસની સાથે ઘરેલુ જીન્સ વેચાણનો ધંધો પણ કરતા હતા. ધંધાનો હિસાબ રાખતા ન હતા. ગોમતીપુરમાં જન્મથી રહે છે. આ સાહેદને ગોમતીપુર ગામ તથા ગોમતીપુર વિસ્તાર બાબતે ઘણા બધા પ્રશ્નો પુછેલા છે જે બનાવની હકીકત સાથે સુસંગત નથી. પંચનામાની કાર્યવાહી બાબતે કે વાતચીત અંગે રેકોર્ડીંગ રાખેલુ નથી તે કબૂલ કરે છે. પોતાનો પુરાવો લગભગ પંચનામાની હકીકતને સમર્થન કરે છે તે કબૂલ કરે છે. આરોપીઓ તરફથી આ કબૂલાત્મક પ્રશ્ન પુછવામાં આવેલો છે જેથી એવુ કહી શકાય કે આ સાહેદનો પુરાવો પંચનામા મુજબનો છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો તા.૨૫.૧૦.૨૦૦૮ ના રોજ આ સાહેદ વેપારીને ત્યાં માલ ખરીદવા ગયેલા અને માલ જોઈને ખરીદ કરેલ નહીં અને બાજુએ મુકી તેમના મિત્ર સાથે ભદ્ર અપના બજાર જવા માટે નીકળેલા. જયશંકર સુંદરી હોલ ક્રાઈમ બ્રાન્ચની ઑફિસથી એકાદ કીમીના અંતરે છે તે કબૂલ કરે છે. પોલીસવાળા ક્રાઈમ બ્રાન્ચની ઑફિસ પાસે મળેલા. જે પોલીસે રોકેલા તે સાદા ડ્રેસમાં હતા તેનુ વર્ણન આપી શકે નહીં. પોલીસે રોકયા પછી ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે ગયેલા. ત્યાં પોલીસ અને આ સાહેદ વચ્ચે શું વાત થયેલી તે કહી શકે નહીં. પોલીસ અને હાજર અધિકારીઓને અગાઉથી ઓળખતા ન હતા. પંચનામુ

૩.૦૦ કલાકથી ૩.૧૫ વાગે શરૂ કરેલુ અને સાંજના ૬.૩૦ વાગ્યાના અરસામાં પુરૂ કરેલુ. પહેલી સહી સરકારી વાહનમાં બેસીને કરેલી. ટીવી સ્ક્રીન થકી બતાવેલા આરોપીઓમાં કેટલાક પાતળા, આછી દાઢીવાળા, ચશ્માવાળા તેમજ સાડા પાંચ ફુટની ઉંચાઈવાળા છે તે કબૂલ કરે છે. પંચનામામાં સહી કરી ત્યારે અને જુબાની આપી તે દરમ્યાન આરોપીને જોયેલ નથી. પંચનામુ ધ્યાને લેતા પંચનામુ તા.૨૫.૧૦.૨૦૦૮ ના રોજ થયેલુ છે જયારે આ સાહેદે જુબાની તા.૧૬.૧૧.૨૦૧૬ ના રોજ આપેલી છે. આમ આઠેક વર્ષ બાદ જુબાની આપેલી હોવાથી સ્વાભાવિક છે કે આરોપીને ઓળખી શકે નહીં. પરંતુ જે તે વખતે પંચનામુ થયુ ત્યારે આ સાહેદે આરોપીને જોયેલો હતો તેવુ કહી શકાય જે માનવા યોગ્ય છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા જે સરકારી વાહનમાં નીકળેલા તેના નંબર ઉપર ધ્યાન ન હતુ. પંચનામાના બંધ મકાનની આજુબાજુ ડુપ્લેક્ષ મકાનો હતા. મિલકતની આજુબાજુની વ્યકિતઓના કોઈ નિવેદનો લીધેલા નથી. સોસાયટીના નામ બાબતે કોઈ ખરાઈ કરેલી નથી. પંચનામામાં દર્શાવેલ સ્થળોની આજુબાજુમાં શું આવેલુ છે તે કહી શકે નહીં તો તે હકીકત નકારેલી છે. જુબાની આપતા પહેલા પંચનામુ ઘણી વખત વાંચીને સમજાવવામાં આવેલાની હકીકત નકારેલી છે. જુબાની આપતા પહેલા ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે બોલાવી પંચનામામાં જણાવેલ સ્થળો અને વિગતો સમજાવી તે સ્થળોએ ડેમોસ્ટ્રેશન માટે લઈ જવામાં આવેલાની હકીકત નકારેલી છે. ઊલટતપાસમાં કેવા જવાબો આપવા તે સમજાવેલાની હકીકત પણ નકારેલી છે. તૈયાર પંચનામામાં સહી કરેલાની હકીકત પણ નકારી છે.

આમ આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયાનાઓએ શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ ના કામે તા.૨૫.૧૦.૨૦૦૮ ના રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ બ્રિજેશ રમેશભાઈ રામીની હાજરીમાં આંક–૫૬૨૨ વાળુ પંચનામુ બનાવેલુ અને આ પંચનામા બાબતે બોમ્બ બ્લાસ્ટના કેસોની તપાસ ટીમો પૈકીની એક તપાસ ટીમના અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ આ

પંચનામા સબંધે પોતાની જુબાનીના પાના નં.૨૧૨ મા હકીકત જણાવેલ છે. તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયાને પંચોની હાજરીમાં આરોપી નં.૨૭ મહમદ ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ રાજીકનાઓએ માહિતી આપેલી હતી કે દાણીલીમડા ખાતેથી પોતે જે બોમ્બ લીધેલા તે બોમ્બનુ સ્થળ આરોપી નં.૨૩ એૈયાઝ સૈયદને જે સ્થળે બોમ્બ આપેલા અને પોતે જયાં બોમ્બ મુકેલા તે સ્થળ તેમજ બોમ્બ મુકવા માટે જયાંથી થેલી ખરીદેલી તે સ્થળ તેમજ તા.૨૬.૭. ૨૦૦૮ ના રોજ જે સ્થળ ઉપર ગયેલા તે, આ ઉપરાંત અલમહમદી સોસાયટીવાળા મકાન કે જયાંથી બોમ્બ મેળવેલા તે તેમજ જે જગ્યાએથી શટલ રીક્ષામાં બેસીને ચંડોળા તળાવવાળી જગ્યાએ ગયેલ અને ત્યાંથી રીક્ષા બદલીને બીજી રીક્ષામાં કામદાર મેદાન પાસે ગયેલા તે જગ્યા તથા આરોપી નં.૨૩ એૈયાઝ સૈયદને નીલકંઠ હોટલ પાસે બોમ્બ આપેલ તે તથા બોમ્બ મુકવા માટે જે જગ્યાએથી સાઇકલ લીધેલી તે તથા બોમ્બ મુકવા થેલી ખરીદેલી તે રાજેશ ટેઈલર્સ લેડીઝ એન્ડ જેન્સવાળી દુકાનવાળી જગ્યા તથા બોમ્બ સાથેની સાઇકલ જયાં મુકેલી તે ધનવંતરિ હોસ્પિટલની બાજુમાં ડાયમંડ પાન પાર્લર પાસેની જગ્યા તથા પાંચ કુવા મ્યુનિસિપલ શાળા પાસે ફુટપાથ ઉપર સાઇકલ રીપેરીંગવાળી જગ્યાઓ બતાવેલી તે જગ્યાઓનું વિગતવાર પંચનામુ આંક– ૫૬૨૨ વાળુ બનાવવામાં આવેલુ.

આ પંચનામાની હકિકત તથા સાહેદ નં.૮૩૩ ભરતકુમારે પોતાની સરતપાસમાં આરોપી અબ્દુલ રાજીકે જે જગ્યાઓ બતાવ્યાની હકિકત જણાવી છે તેજ હકીકત સાહેદ નં.૧૧૪૧ એૈયાજ પોતાની જુબાનીના પેરા નં.૧૫ મા જણાવે છે જેથી પંચ સાહેદ નં.૮૩૩ ભરતકુમારની જુબાનીને સાહેદ નં.૧૧૪૧ એૈયાજ સૈયદની જુબાનીથી સમર્થન મળે છે.

આંક–૫૬૨૨ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "ગઈ તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ પોતે દાણીલીમડા ખાતેના મકાનેથી ગુનાના કામે વપરાયેલ બોમ્બ મેળવેલા તે બોમ્બ એૈયાઝને જે

જગ્યાએ આપેલા તે પોતે સાઇકલ ઉપર બોમ્બ મુકેલા તે તથા બોમ્બ મુકવા માટે જે જગ્યાએથી કપડાની થેલી ખરીદેલી તે જગ્યા" આરોપી વિરૂધ્ધ પુરાવામાં ઉપયોગમાં લઈ શકાય નહીં. આ ઉપરાંત "તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ પોતે આ મકાન ઉપર આવેલો ત્યારે આ મકાનમાં કયામુદ્દીન, મુજીબ, આલમજેબ આફ્રીદી તથા બીજા ૧૫-૨૦ માણસો હાજર હતા તેઓ દિલ્હી સાઈડના હતા વિગેરે તેમજ કયામુદ્દીને મકાનના રૂા.૧૦૦૦૦/- આપેલા જેમાંથી રૂા.૫૦૦૦/- ઐયાઝને આપવાના હતા વિગેરે તેમજ શટલ રીક્ષા મારફતે ચંડોળા તળાવ આવેલા ત્યાંથી મીટરવાળી રીક્ષામાં અજીત મીલ ટોલ નાકા પાસે ગયેલા" વિગેરે પંચનામામાં જે હકીકતો કબૂલાત્મક હકીકતો છે તે આરોપી વિરૂધ્ધ પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપીએ જે જગ્યાઓ બતાવી તે જગ્યાઓનું અસ્તિત્વ ત્યાં છે જેથી જગ્યા બતાવ્યાની હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય. આરોપી આ જગ્યા ઉપર પંચો તથા તપાસ કરનાર અધિકારીને લઇ ગયેલ જેથી દોરી ગયાનુ આરોપીનુ વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે મહેન્દ્રભાઈ બાબુભાઈ રાવળને સાહેદ નં.૮૩૪ તરીકે આંક-૫૬૨૭ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૧૬/૧/૨૦૦૯ ના રોજ આ સાહેદ અને તેમના મિત્ર જગન્નાથજીના મંદીરે દર્શન કરવા ગયેલા. ત્યાંથી મિર્ઝાપુર બાઈકની એસેસરીઝ કરાવવા માટે જતા હતા ત્યારે હવેલી દરવાજા પાસે પોલીસે રોકેલા અને કહેલ કે સાહેબ ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે બોલાવે છે. જેથી તેઓ અંદર ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે પહેલા માળે ગયેલા. ત્યાં આગળ સાહેબ બેસેલ હતા, બે-ત્રણ પોલીસ ઉભેલા હતા, ત્યાં એક માણસ બેસેલો હતો. ત્યા અંદર ગયા ત્યારે સાહેબે ઓળખાણ આપેલી અને તેઓનું નામ અસારી સાહેબ હતું. સાહેબે તેઓને કહેલ કે આ આરોપીને રામોલ બોમ્બ બ્લાસ્ટ કેસમાં પકડેલ છે. તે તેની રાજીખુશીથી કંઈ કહેવા અને કંઈ બતાવવા માગે છે. તો તે બાબતેનું પંચનામું કરવાનું છે. તો પંચમાં રહેશો? આથી "હા" પાડેલી. પછી તેઓએ આરોપીને તેનું નામ અને

સરનામું પુછેલું. આરોપીએ પોતાનું નામ "ક્યામુદ્દીન ઉર્ફે અસફાક ઉર્ફે રીઝવાન, રહે.વડોદરાનું" જણાવેલ. આરોપીને એવું પણ પુછેલું કે તું શું કહેવા અને બતાવવા માંગે છે? આરોપી કયામુદ્દીને કહેલ કે "તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ અમદાવાદમાં જે સીરીયલ બ્લાસ્ટ થયેલ અને અમે જે મકાનમાં રોકાયેલા અને જે જગ્યાએ બોમ્બ સાથેની સાઈકલ મુકેલી તે જગ્યા બતાવવા માગું છું". આ બાબતનું પોલીસને પંચનામું લખાવેલું અને સહી કરેલી. ત્યારબાદ તેઓ બે પંચો, પોલીસ અને આરોપી ક્રાઈમ બ્રાન્ચની ઑફિસેથી ગાડીમાં બેસી આરોપી જે બતાવે તે રસ્તે જવા નીકળેલા. સાહેબે એવી સુચના આપેલી કે આરોપી જે રસ્તો બતાવે તે રસ્તે જવું. ક્રાઈમ બ્રાન્ચની ઑફિસેથી નીકળી જમણી બાજુ ગાડી લેવડાવેલી. આગળ જતા જમાલપુર દરવાજા સર્કલ પાસેથી ગાડી સીધી લેવડાવી બહેરામપુરા ચોકી થઈ શાહ આલમ દરવાજા થઈ ચંડોળા તળાવ આવેલું ત્યાં નારોલ રોડ હતો ત્યાં એ.એમ.ટી.એસ.નુ બસ સ્ટેન્ડ હતું. ત્યાથી આરોપીએ ગાડી જમણી સાઈડ વળાવવાનું કહેલું. ત્યાંથી મેઈન રોડથી ગાડી નીચે ઉતારી બેરલ માર્કેટ આવેલું. ત્યાંથી આગળ જતાં ડાબી સાઈડ વળાવવાનું આરોપીએ કહેલું. ત્યાંથી આગળ જતા આર.એમ. પાન પાર્લર આવેલું ત્યાંથી જમણી સાઈડ વળાવવાનું કહેલું. ત્યાંથી આગળ જતાં ફરીથી જમણી સાઈડ વળાવવાનું કહેલું. ત્યાં આગળ જતાં કાચા રસ્તે સોસાયટી આવતા આરોપીએ વાહન ઉભું રખાવેલું. અને બધા ગાડીમાંથી નીચે ઉતરેલા અને આરોપીએ આંગળી ચીંધી મકાન બતાવેલું અને કહેલું કે "આ મકાન મેં ભાડે રાખેલ આ મકાનના અંદર મેં અને મારી સાથેના બીજા માણસોએ બોમ્બ બનાવેલા અને એ બોમ્બ સાથેની સાઇકલ જે જગ્યાએ મુકેલ તે બતાવવા માગુ છું. આરોપીએ એવું પણ કહેલ કે અહીંથી હું અને અબ્દુલ રાજીક બોમ્બ લઈને નીકળેલા". આરોપીને કહ્યા મુજબ ગાડી પાછી લેવડાવેલી અને એ જ રસ્તે પાછા ચંડોળા તળાવે આવેલા ત્યાંથી ચંડોળા સર્કલથી આરોપીએ ગાડી જમણા હાથે વળાવવાનું કહેલું. ત્યાં આગળ જતાં શાહઆલમ દરવાજા આવેલા ત્યાંથી ગાડી સીધી લેવડાવેલી અને ભુલાભાઈ ચાર રસ્તા આવેલા આગળ જતાં મજૂર ગામ ત્રણ રસ્તા આવેલા ત્યાંથી આરોપીએ

વાહન જમણી સાઈડ લેવડાવેલું ત્યાંથી આગળ જતાં આબાદ ડેરી આવેલી ત્યાંથી થોડા આગળ જતાં ચાર રસ્તા આવતા આરોપીએ ડાબી સાઈડ ગાડી વળાવવાનું કહેલું ત્યાં આગળ ન્યુ કલોથ માર્કેટ આવેલી. ત્યાંથી આરોપીએ ગાડી જમણી સાઈડ વળાવવાનું કહેલું. આગળ જતાં સારંગપુર સર્કલ આવેલું. ત્યાંથી જમણી સાઈડ સારંગપુર બ્રીજ ઉપર વળાવવાનું કહેલુ. બ્રિજ ઉતરતા એ.એમ. ટી.એસ. બસ સ્ટેન્ડ આવતાં આરોપીએ વાહન ઉભું રખાવેલું. ત્યાં બધા નીચે ઉતરેલાં. ત્યાં આગળ બસ સ્ટેન્ડ ઉપર કામદાર મેદાન લખેલ હતું. ત્યાં આરોપીએ કહેલું કે, "આ જગ્યાએ અબ્દુલ રાજીકે મને સાઇકલ આપેલી અને અહીંયાથી હું બોમ્બવાળી થેલી સાઇકલ ઉપર ભરાવીને જે જગ્યાએ મુકેલ તે જગ્યા હવે બતાવવા માગુ છું". ત્યાંથી ગાડી પાછી આરોપીએ સારંગપુર બ્રીજ ઉપર લેવડાવેલી. ત્યાં આગળ જતાં સારંગપુર દરવાજા સીંધી માર્કેટ પાસે પાનના ગલ્લા, ચાની કીટલી વગેરે હતું. ત્યાં બધા લોકો નીચે ઉતરેલા. આરોપીએ જગ્યા બતાવેલી અને કહેલ કે "આ જગ્યા ઉપર અમે બોમ્બ સાથેની સાઇકલ મુકેલી". તે જગ્યા જોતા જનતા પાન હાઉસની સામેના રોડ ઉપરની હતી. આ બાબતે પોલીસને પંચનામું લખાવેલું અને સહીઓ કરેલી. આમ આંક–પ૬૨૮ વાળા પંચનામામાં સાહેદ પોતાની તથા અરવિંદભાઈની સહીઓ ઓળખી બતાવે છે. સાહેદને ટીવી સ્ક્રીનમાં ચાર–ચારની સંખ્યામાં આરોપીઓને ઉભા રાખીને બતાવવામાં આવે છે તે જોઈને કહે છે કે આરોપીને ઓળખી શકતા નથી કારણ કે આરોપીને સાત–આઠ વર્ષ પહેલા જોયેલા અને તેને ક્લીન સેવ હતી. આજે તમામ આરોપીઓને દેખાડતા તેમાં દાઢીવાળા છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ ગોમતીપુરમાં કેટલા સમયથી રહે છે તથા સાહેદ નં.૮૩૩ ને ઓળખે છે કે કેમ તથા ગોમતીપુર ગામની કેટલી વસ્તી છે તથા ક્રાઈમ બ્રાન્ચની કચેરી ગોમતીપુર ગામથી કેટલી દુર આવેલી છે તે, કેટલો અભ્યાસ કરેલો છે, અંગ્રેજી લખતા વાંચતા આવડે છે કે કેમ, પોલીસ સાથે કેવા સબંધો છે, પોતે અંગત ડાયરી રાખે છે કે કેમ વિગેરે બાબતો ઉપર પ્રશ્નો પુછવામાં આવેલા છે પરંતુ આવા પ્રશ્નો બનાવને સુસંગત

નથી. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો આરોપીના દેખાવ અને શારીરિક બાંધાનુ કોઈ વર્ણન પંચનામામાં લખેલુ નથી તે કબૂલ કરે છે. જુબાનીના દિવસે જોયેલા આરોપીઓ પૈકી કેટલા આરોપી કલીનસેવવાળા, ચશ્માવાળા અને પાતળા બાંધાના છે તે કબૂલ કરે છે. જુબાની આપતા પહેલા ઘણી વખત પંચનામુ વાંચી સંભળાવીને સમજાવેલાની હકીકત નકારેલી છે. ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે બોલાવી સ્થળોનુ ડેમોસ્ટ્રેશન કરવા માટે અગાઉ લઈ ગયેલાની હકીકત નકારેલી છે. આરોપીઓના દેખાવ બાબતે ફોટાઓ તેમજ ચહેરા નિશાન પત્રકો બતાવેલાની હકીકત નકારે છે. તૈયાર પંચનામામાં સહી કરેલાની હકીકત નકારી છે. આરોપીએ જે જગ્યા બતાવેલી ત્યાં બોમ્બ બ્લાસ્ટ થયાની આ સાહેદને જાણકારી ન હતી તેમ જણાવે છે. આરોપી તથા ગાડીના ડ્રાયવર વચ્ચે કોઈ વાતચીત થયેલી નહીં. પરંતુ સાહેદે જણાવેલુ છે કે આરોપી રસ્તો બતાવતો હતો. વાહનમાં બેસીને નીકળ્યા ત્યારે આરોપી કયા સ્થળે લઈ જવાનું જણાવે છે તેવી માહિતી પોલીસને આપેલી ન હતી. ચંડોળા તળાવની સામે લાઈનમાં બેરલ માર્કેટ છે તે કબૂલ કરે છે. બેરલ માર્કેટની અંદર જવા માટે કેટલા રસ્તા છે તેની ખબર નથી. કયા રસ્તેથી અંદર ગયેલા તેની ખબર નથી. પંચનામામાં જણાવેલી જગ્યાએ કોઈ વસ્તુ મળી આવેલી નથી કે કબજે કરેલી નથી તે કબૂલ કરે છે. પરંતુ બનાવ તા.૨૭.૭.૨૦૦૮ના રોજ બનેલો જયારે આ પંચનામુ તા.૧૬.૧. ૨૦૦૯ ના રોજ બનાવવામાં આવેલુ છે જેથી સ્વાભાવિક છે કે પંચનામાની જગ્યા ઉપરથી પંચનામાના દિવસે કોઈ વસ્તુ મળે નહીં અને વસ્તુ મળી ન હોય તો તે વસ્તુ કબજે કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારીનાઓએ રામોલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં.૩૨૧/૨૦૦૮ ના કામે તા.૧૬.૧.૨૦૦૯ ના રોજ આ પંચ સાહેદ તથા બીજા અરવિંદભાઈ વાઘેલાનાઓને ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે બોલાવેલા અને આ સાહેદની હાજરીમાં આરોપી નં.૩૭ નાઓએ પંચોની હાજરીમાં કંઈક બતાવવા અને માહિતી આપવાનું જણાવતા માહિતી આપેલી અને ત્યારબાદ પંચોને,

આરોપીને તથા પોલીસ સ્ટાફને લઈ સરકારી વાહનમાં બેસી આરોપીના બતાવ્યા પ્રમાણે વાહન ચલાવી જે જગ્યા ઉપર બોમ્બવાળી સાઇકલો મુકેલી તે જગ્યા બતાવેલી. આરોપી નં.૩૭ નાઓએ બેરલ માર્કેટથી આગળ જઈ આંગળી ચીંધી એક મકાન બતાવેલુ અને જણાવેલુ કે પોતે આ મકાન ભાડે રાખેલુ અને આ જગ્યાએથી સહઆરોપી નં.૨૭ સાથે સાઇકલો ઉપર થેલી ભરાવેલી. ત્યારબાદ આરોપી નં.૩૭ નાઓએ સારંગપુર બ્રિજ ઉપર વાહન લેવડાવેલુ અને કામદાર મેદાન મ્યુનિસિપલ બસ સ્ટેન્ડ પાસે આરોપી નં.૨૭ નાઓએ સાઇકલ સાથેની જે થેલી ભરાવેલી તે તથા સીંધી માર્કેટ સામે આવેલ પાનના ગલ્લા પાસે ચાની કીટલીની નજીક જયાં સાઇકલ મુકેલી તે જગ્યાઓ બતાવેલી અને તેનુ પંચનામુ બનાવેલુ છે.

આ પંચનામુ પંચોની હાજરીમાં બનાવનાર સાહેદ નં.૧૧૫૩ આર.વી. અસારીનાઓની આંક–૮૨૮૭ ની જુબાની ધ્યાને લઈએ તો જુબાનીના પેરા નં.૨.૪૫ માં સાહેદે સ્પષ્ટ જણાવેલુ છે કે આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયાએ તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ અમદાવાદ શહેરમાં સીરીયલ બ્લાસ્ટ કરેલા જેમાં જે મકાનમાં રોકાઈ બોમ્બ બનાવેલા તે મકાન તથા પોતે બોમ્બ સાથેની સાઇકલ જે જગ્યાએ મુકેલી તે સ્વખુશીથી આગળ ચાલી બતાવવા તૈયાર હતો માટે તેને જણાવેલી જગ્યાઓ બતાવેલી અને પંચો રૂબરૂ આંક–૫૬૨૮વાળુ પંચનામુ બનાવેલુ, પંચનામામાં આ સાહેદ રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે. આ પંચનામા બાબતે સાહેદની ઊલટતપાસના પેરા નં.૫૩ ધ્યાને લઈએ તો પંચનામાના પંચ નં.૧ મહેન્દ્રભાઈ ગોમતીપુરના રહીશ છે અને પંચ નં.૨ અમરતભાઈ અમરાઈવાડીના રહીશ છે તે કબૂલ કરે છે. અમરાઈવાડી અને ગોમતીપુર વિસ્તારો ક્રાઇમ બ્રાન્ચની ઑફિસથી અલગ–અલગ દિશામાં આવેલા છે તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે પંચ સાહેદો ક્રાઇમ બ્રાન્ચની ઑફિસથી અલગ અલગ દિશાના રહેવાશી હોય અને અને અલગ અલગ વિસ્તારના હોઈ તેથી કરીને આ પંચ સાહેદોની હાજરીમાં જે પંચનામુ બનાવવામાં આવેલુ છે તે ખોટુ છે અને તેઓની જુબાની માની શકાય નહીં તો તે બચાવ

સ્વીકાર્ય નથી. આંક–૫૬૨૮ વાળા પંચનામાની જગ્યાની માહિતી અગાઉથી હતી તો તે હકીકત નકારી છે.

આંક–૫૬૨૮ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "ગઈ તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ અમદાવાદ શહેરમાં સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કરેલ જેમાં જે મકાનમાં રોકાઈને બોમ્બ બનાવેલા તે મકાન તથા બોમ્બ સાથેની સાઇકલ જે જગ્યાએ મુકેલી તે જગ્યા સ્વખુશીથી આગળ ચાલી બતાવવા માંગુ છું" આરોપી વિરૂધ્ધ પુરાવામાં ઉપયોગમાં લઈ શકાય નહીં. આ ઉપરાંત "આંગળી ચીંધી એક મકાન બતાવેલ અને જણાવેલ કે પોતે આ મકાન ભાડેથી રાખેલ અને મકાનમાં પોતે તથા સહઆરોપીએ બોમ્બ બનાવેલા". આ ઉપરાંત "અલમહમદી સોસાયટી મકાન નં.૧૦માં આરોપી મહંમદ ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ રાજીકે સાઇકલો આપેલ અને પોતે સાઇકલ ઉપર બોમ્બની થેલી ભરાવી જે જગ્યાએ મુકેલ તે જગ્યા" વિગેરે પંચનામામાં જે હકીકતો કબૂલાત્મક હકીકતો છે તે આરોપી વિરૂધ્ધ પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપીએ જે જગ્યાઓ બતાવી તે જગ્યાઓનું અસ્તિત્વ ત્યાં છે અને તે જગ્યાએ અલમહમદી સોસાયટીમાં મકાન નં.૧૦ આવેલુ છે તો તે હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય. આ જગ્યાની માહીતી આરોપી નં.૩૭ ને હતી તેથી જ તે આ જગ્યાઓ ઉપર પંચો તથા તપાસ કરનાર અધિકારીને દોરીને લઇ ગયેલ, આ દોરી જવાનુ વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે કનુભાઈ ભીખાજી ઠાકોરને સાહેદ નં.૮૬૫ તરીકે આંક–૬૦૫૦ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૮/૧૨/૨૦૦૮ ના રોજ તેઓ જયશંકર સુંદરી હોલ પાસેથી નીકળતા હતાં ત્યારે ગાયકવાડ હવેલી પાસે આ સાહેદની મોટર સાઇકલને પોલીસે રોકેલી. આ સાહેદ સાથે તે વખતે મિત્ર કુંવરભાઈ હતાં. સાહેબે રોકયા પછી કહેલું કે અંદર ક્રાઈમની ઑફિસમાં સાહેબ બોલાવે છે. તે સાહેબની સાથે ક્રાઈમ બ્રાન્ચમાં ગયેલાં. ત્યાં અંદર એક સાહેબ હતાં તેમની બાજુમાં બીજા બે

સાહેબ ઉભા હતાં અને એક ભાઈ નીચે બેસેલ હતો. પછી પોલીસ અધિકારીએ કહેલ કે આ ભાઈ કંઈ કહેવા માંગે છે. તેમાં પંચ સાક્ષી તરીકે રહેશો તેથી "હા" પાડેલી. પછી આ સાહેદે જે ભાઈ નીચે બેસેલ હતો તેને પુછેલ કે ભાઈ તારૂ નામ શું? તે ભાઈએ પોતાનું નામ મહમદ ઈસ્માઈલ કહેલું અને તે પોતે ગોમતીપુરનો રહેવાસી હોવાનું કહેલું. તેનું આખું નામ લાબું હતું તેથી અત્યારે યાદ નથી પરંતુ તેનું આખું નામ લખાવડાવેલું. મહમદ ઈસ્માઈલને તેઓએ પુછેલું કે તું શું કહેવા અને શું બતાવવા માંગે છે? તો આરોપીએ એવું કહેલ કે તમે મારી સાથે ચાલો. તેના રહેઠાણનું નામ આપેલું તે અત્યારે યાદ નથી તે રહેઠાણ બતાવવા માંગે છે. જ્યાં જ્યાં બનાવ બનેલો તે જગ્યા બતાવવા માંગતા હતાં. પછી તે ભાઈએ પોલીસવાળા સાહેબ અને બધાને કહેલ કે સાથે ચાલો. બધા ક્રાઈમ બ્રાન્ચની ઑફિસેથી નીચે ઉતરેલાં. બંને પંચો, તે સાહેબ, બીજા અધિકારી અને મહમદ ઈસ્માઈલ આગળ જઈને સરકારી વાહનમાં બેસેલાં. સરકારી વાહનમાં બેઠા પછી પોલીસ અધિકારીએ ડ્રાઈવરને કહેલ કે મહમદ ઈસ્માઈલ જે કહે તે રીતે ગાડી ચલાવો. ગાડી આગળ ચલાવી અને જમણીબાજુ વળાવેલી. જમણીબાજુ વળાવ્યા પછી જમાલપુર, જમાલપુરથી સીધી ગાડી ચંડોળા તળાવની બાજુમાં ટેકરો છે ત્યાંથી ગાડી જમણીબાજુ વળાવેલી. આ રસ્તો મહમદ ઈસ્માઈલ બંને પંચોને બતાવતો હતો અને સાહેબને લખાવતા હતાં. જમણીબાજુ ગાડી વળાવ્યા પછી ફરીથી ગાડી જમણીબાજુ વળાવડાવેલી. ત્યાં આગળ ગાડી લઈને ગયેલાં ત્યાં એક કાચો રસ્તો આવેલો અને એક સોસાયટી આવેલી. ત્યાંથી જમણીબાજુ વળેલાં પછી આગળ જતાં એક સોસાયટીમાં બંગલા આગળ ગાડી મહમદ ઈસ્માઈલે રોકાવેલી. મહમદ ઈસ્માઈલ, પોલીસ અધિકારી અને બંને પંચો નીચે ઉતરેલાં. મહમદ ઈસ્માઈલે ત્યાં આગળ એક મકાન બતાવેલું. સોસાયટીનું નામ કંઈક મહમદ જેવું હતું અત્યારે યાદ નથી. મકાન નં.૧૦ હતું એટલું યાદ છે. ત્યારપછી મહમદ ઈસ્માઈલ, સાહેબ અને બધા ગાડીમાં બેસેલ. ત્યાંથી ગાડી મહમદ ઈસ્માઈલના કહેવા મુજબ ગાડી વળાવેલી. ત્યાં આગળ ટેકરા પર આવેલાં. ત્યાં આગળ ટેકરા પાસે, ચંડોળા તળાવ પાસે આવેલાં. ત્યારે મહમદ

ઈસ્માઈલે કહેલું કે "અમે રીક્ષામાં બેસીને અહિંયા આવ્યા હતાં અને તે રીક્ષા છુટી કરી બીજી રીક્ષામાં બેસેલાં". તે વખતે મહમદ ઈસ્માઈલે એવું પણ કહેલ કે "રીક્ષામાં બેસીને ગીતા મંદિર જવાનું છે". ત્યારપછી બધા ગાડીમાં બેસલાં અને ગીતામંદીર થઈ શાહઆલમ બાજુ ગયેલા અને ત્યાંથી આગળ ભુલાભાઈ ચાર રસ્તા અને ત્યાંથી ગીતા મંદીર ગયેલાં. આરોપીએ જે જે કહેલું તે લખાવેલું. ત્યાંથી ગીતા મંદીરથી આગળ આવેલાં અને મહમદ ઈસ્માઈલે એવું કહેલ કે "અહીંયા અમે એક ભાઈને ઉતારેલો અને અમે કુલ પાંચ જણા હતાં તે અમારી સાથે હતાં. અને રીક્ષા અહીંયા છોડી દીધેલી અને ચાલતાં ચાલતાં ભુતની આંબલી થઈ શ્રી રામ ચા વાળાની હોટલ હતી ત્યાં અમે ઉતરેલાં અને ત્યાં ચા અને બ્રીસ્ટોલ પીધેલી". ત્યારબાદ આગળ ચાની હોટલ આવેલી ત્યાં આગળ ગાડી ઉભી રાખેલી અને ત્યારપછી ત્યાંથી આગળ ગાડીમાં બેસીને મહમદ ઈસ્માઈલ રાયપુર દરવાજા લઈ ગયેલ. તે વિસ્તાર ખાડીયા હતો. ત્યાં ત્રણ રસ્તા આવેલાં ત્યાં ગાડી ઉભી રાખેલી ત્યાં બધા નીચે ઉતરેલાં ત્યાં આગળ ગોખલે કરીને પાનનો ગલ્લો છે અને દવાની દુકાન છે તે જગ્યા બતાવેલી. પછી બધા પાછા ગાડીમાં બેસાડેલાં પછી ત્યાંથી ડાબીબાજુના રસ્તે થઈ સારંગપુર બાજુ ગયેલાં ત્યાં શાકભાજીની લારીઓ હતી અને ભીડભાડવાળી જગ્યા હતી અને ત્યાંથી ગાડી બહાર કાઢેલી. ત્યાંથી આગળ સારંગપુર દરવાજા લઈ ગયેલ અને ગાડી વળાવી સારંગપુર પુલ નીચે ડાબીબાજુ ગાડી ચલાવડાવેલી અને ત્યાં મહમદ ઈસ્માઈલે એક દૂર્ગા ચંપલવાળો હતો ત્યાં આગળ ગાડી ઉભી રખાવેલી. અને ત્યાં અમને કહેલ કે "અહીંયા અમે સાઇકલ મુકેલી". ત્યાં જે–જે લખાવેલું તે લખાણ પતવા આવેલું અને ત્યાં બંને પંચોની સહી કરાવેલી.

સાહેદને પંચનામુ વાંચી સંભળાવતા તેમાં લખેલી હકીકતો સાચી છે તેમ જણાવે છે, આ સાહેદનું ધ્યાન પંચનામામાં લખેલ હકીકતો જેવી કે "ખાડીયા વિસ્તારની ત્રણ જગ્યાએ સાઇકલો બોમ્બ સાથે મુકેલી તે જગ્યાની રેકી બોમ્બ બ્લાસ્ટમાં પકડાયેલ આરોપી મહમદ આરીફ નસીમ અહેમદ મિર્ઝાએ કરેલી તથા ખાલીદ તથા સલમાનનાઓને પણ બતાવેલ તેઓને ચંડોળા તળાવ પાસે નારોલ

રોડ, બેરલ માર્કેમાં આવેલ અલમહમદી સોસાયટી મકાન નં.૧૦ માંથી તેઓને લઈ જઈ રેકી કરેલ તે જગ્યાઓ બતાવવા તૈયાર છું". તે તરફ દોરવામાં આવેલ તે ધ્યાને લઇ સાહેદ જણાવે છે કે પંચનામામાં લખેલ હકીકતો ખરી છે. આ સાહેદનું ધ્યાન પંચનામામાં લખેલ હકીકતો જેવી કે "એક મકાન આગળ વાહન થોભાવી આંગળી ચીંધી બતાવેલ, સદર મકાન અલ–મહમદી સોસાયટીનું છે. આ મકાનેથી મહમદ આરીફ, ખાલીદ તથા સલમાન, હું તથા આલમઝેબ, આફ્રીદી સાથે શટલ રીક્ષામાં સોસાયટી આગળથી બેસી" તરફ દોરવામાં આવેલ. જે પંચનામામાં લખેલ હકીકતો ખરી છે તેમ જણાવે છે. આ સાહેદનું પંચનામામાં લખેલ હકીકતો જેવી કે "મુસ્તફા એજન્સી પાસે થઈ આગળ જતાં આશીર્વાદ શુઝ માર્કેટની ગલી આવતાં આરોપીએ વાહન થોભાવવાનું કહેતાં થોભાવી આરોપીના બતાવ્યા મુજબ તેણે..... એક દુકાન આગળ જઈ આંગળી ચીંધી બતાવી..... જે જગ્યા જોતાં દુર્ગા કુટવેર નામની દુકાન આગળની જગ્યા છે". તે તરફ દોરવામાં આવેલ જે પંચનામામાં લખેલ હકીકતો ખરી છે તેવુ જણાવે છે. આંક–૬૦૫૧ વાળા પંચનામામાં સાહેદ પોતાની તથા મનીષભાઈની સહીઓ ઓળખી બતાવે છે. સાહેદને ટી.વી. સ્ક્રીન થકી ચાર–ચારની સંખ્યામાં આરોપીઓ બતાવવામાં આવતા તે જોઈને કહે છે કે આ સાહેદ આરોપીને ઓળખી શકતા નથી કારણ કે જે તે વખતે મહમદ ઈસ્માઈલને જોયેલ ત્યારે દાઢી ન હતી, માથામાં ટાલ હતી, ચશ્મા પહેરેલ હતાં અને તે વખતે તેની ઉંમર ૨૫ થી ૨૮ વર્ષ વચ્ચેની હતી. અત્યારે બધા દાઢીવાળા હોવાથી ઓળખી શકતા નથી તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો મહમદ ઈસ્માઈલનું જાહેર કરેલ શારીરિક વર્ણન અંગેની કોઈ હકીકત લખાવેલી નથી તે કબૂલ કરે છે. જુબાની દરમ્યાન આરોપીઓને જોયા તેમા કેટલાક ટાલ, ચશ્મા, દાઢીવાળા અને દાઢી વગરના અને જુદી–જુદી વયના હતા તે કબૂલ કરે છે. તેમને જોવા અને ઓળખવા માટે પુરતો સમય લીધો છે. આ સાહેદે બનાવ બાદ ૮–૯ વર્ષ બાદ જુબાની આપેલી હોવાથી આરોપીને સહેલાઈથી ઓળખી શકે નહીં માટે ઓળખવામાં પુરતો સમય લઈ શકે. પરંતુ સાહેદે આરોપીને ઓળખી શકેલા નથી.

નહીં ઓળખી શકવા અંગેનુ કારણ સાહેદે જે આપેલુ છે તે મારા મત પ્રમાણે યોગ્ય છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો ગાયકવાડ હવેલીથી પોલીસે થોડે દુર રોકેલા. ઑફિસમાં ગયા પછી પોણા અગિયારેક વાગે પોલીસ અધિકારીને મળેલા અને વીસેક મિનિટ બાદ સરકારી વાહનમાં જવા નીકળેલા. પોલીસે પંચનામુ વાંચી સંભળાવતા બનાવના સ્થળે સાઇકલો મુકયાનું જણાવે છે તો તે હકીકત નકારેલી છે. પંચનામા વિગતેના પુરાવાની કોઈ વિડીયોગ્રાફી કે ફોટોગ્રાફી કરવામાં આવેલી નથી તો તે કબૂલ કરે છે. મોહમદ ઈસ્માઈલવાળી નામની વ્યકિતએ કોઈ જગ્યા બતાવેલી નથી કે તે કોઈ જગ્યાએ લઈ ગયેલ નથી તો તે હકીકત નકારેલી છે. પંચનામામાં લખવામાં આવેલ કલમો અને કાયદા અંગે જ્ઞાન નથી. પંચનામામાં જે જે વ્યકિતઓના નામ છે તેમના વર્ણન આપી શકે નહીં અને તેઓને આજે ઓળખી શકે નહીં. પોલીસને મદદ કરવા ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારેલી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આંક–૬૦૫૧ વાળુ પંચનામુ તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ સરખેજ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં.૧૮૧/૨૦૦૮ ના કામે તા.૮.૧૨.૨૦૦૮ ના રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ કુવરજી જેણાજીનાઓની હાજરીમાં બનાવેલુ છે. બંને પંચ સાહેદોને ક્રાઇમ બ્રાન્ચની ઑફિસે બોલાવેલા ત્યાં આરોપી નં.૨૭ હાજર હતો અને પંચોની રૂબરૂમાં કંઈ કહી અને બતાવવા સ્વખુશી બતાવતો હોવાથી બંને પંચો આરોપી તથા સ્ટાફના માણસો સાથે તપાસ કરનાર અધિકારીએ આરોપીના બતાવ્યા અને જણાવ્યા પ્રમાણેના રસ્તે ગયેલા અને આરોપીએ ખાડીયા વિસ્તારમાં ત્રણ જગ્યા ઉપર જે સાઇકલો બોમ્બ સાથેની મુકેલી તે જગ્યાઓની રેકી પકડાયેલ આરોપી મહંમદ આરીફ મીરજા તથા તેના વતનના ખાલીદ તથા સલમાનનાઓએ કરેલી તેઓએ અલમહમદી સોસાયટીના મકાન નં.૧૦ માંથી લઈ જઈને રેકી કરેલી તે જગ્યાઓ તથા રીક્ષામાં સોસાયટી આગળથી બેસી બેરલ માર્કેટ નારોલ રોડ ઉપર આવી અન્ય રીક્ષામાં બેસેલા તે જગ્યા તથા આલમજેબ આફ્રીદી અલગ જતો રહેલ ત્યાંથી બાકીના ચાર જણા

ચાલતા ચાલતા આગળ ગયેલા તે જગ્યા તથા ખાલીદે ગુટકાની પડીકી ખરીદેલી તે જગ્યા તથા ત્રણ સાઇકલો જે તે વખતે મુકેલી તે તમામ જગ્યાઓ બતાવેલી અને તેનુ પંચોની હાજરીમાં આંક–૬૦૫૧ વાળુ પંચનામુ બનાવેલુ.

આંક–૬૦૫૧ વાળુ પંચનામુ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીના પેરા નં.૧૮.૧ ધ્યાને લઈએ તો તેઓ જણાવે છે કે તેમની પાસેના રીમાન્ડ ઉપરના આરોપી મહમદ ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ રાજીકનાઓએ તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ ખાડીયા વિસ્તારમાં ત્રણ જગ્યાએ સાઇકલો બોમ્બ સાથે મુકેલી તે જગ્યાની રેકી મહમદ આરીફ મીરઝા, ખાલીદ તથા સલમાનનાઓએ કરેલી તે જગ્યાનું તથા બેરલ માર્કેટ પાસે આવેલ અલમહમદી સોસાયટીના મકાન નં.૧૦ મા લઈ જઈને રેકી કરેલ જગ્યાઓનું તથા ખાડીયા વિસ્તારમાં ત્રણેય જગ્યાઓ ઉપર જઈને બોમ્બવાળી સાઇકલો મુકેલી તે જગ્યાઓ બતાવેલી અને તેનુ પંચનામુ આંક–૬૦૫૧ વાળુ કરેલુ તેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આ સાહેદની ઊલટતપાસના પેરા નં.૬૪ ધ્યાને લઈએ તો આંક–૫૪૮૫ તથા ૬૦૫૧ વાળા પંચનામાના પંચો જુદા–જુદા છે તે કબૂલ કરે છે. બંનેપંચનામામાં જણાવેલા સ્થળો જુદા–જુદા છે તે પણ કબૂલ કરે છે. ઊલટતપાસના પેરા નં.૧૩૯ ધ્યાને લઈએ તો પંચનામાની શરૂઆત ક્રાઇમ બ્રાન્ચની ઑફિસે શરૂ કરેલાનું કબૂલ કરે છે. પંચનામુ કર્યું તે આરોપી સરખેજ પોલીસ સ્ટેશનના ગુનામાં કસ્ટડીમાં હતો. પંચનામુ પંચોની હાજરીમાં બનાવેલુ નથી તો તે હકીકત નકારેલી છે. ઊલટતપાસના પેરા નં.૧૬૦ ધ્યાને લઈએ તો પંચનામાના બંને પંચો બાપુનગર વિસ્તારના રહેવાસી છે તે કબૂલ કરે છે. આ સિવાય બીજી કોઈ હકીકત આરોપીઓને લાભ થાય તેવી નીકળી આવતી નથી.

આંક–૬૦૫૧ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "ગઈ તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ અમદાવાદ શહેરમાં સીરીયલ બોમ્બ બ્લાસ્ટ થયેલ જે પૈકી ખાડીયા વિસ્તારોની ત્રણ જગ્યાની રેકી

મહમદ આરીફ મીરઝા, ખાલીદ તથા સલમાનનાઓએ અલમહમદી સોસાયટીના મકાન નં.૧૦ માંથી ત્યાં જઈને કરેલ" આરોપી વિરૂધ્ધ પુરાવામાં ઉપયોગમાં લઈ શકાય નહીં. આ ઉપરાંત "મહમદ આરીફ, ખાલીદ તથા સલમાન તથા અબ્દુલ રાજીક તથા આલમજેબ આફ્રીદી સાથે શટર રીક્ષામાં નારોલ રોડ ઉપર ગયેલા અને બીજી રીક્ષામાં બેસાલા તે તથા આલમજેબ આફ્રીદી અલગ જતો રહેલો, ખાલીદે ગુટકાની પડીકી ખરીદેલી તથા ખાડીયા વિસ્તારમાં ત્રણ જગ્યાઓ ઉપર સાઇકલો મુકેલી" વિગેરે પંચનામામાં જે કબૂલાત્મક હકીકતો છે તે આરોપી વિરૂધ્ધ પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપીએ જે જગ્યાઓ બતાવી તે જગ્યાઓનું અસ્તિત્વ ત્યાં છે જેથી જગ્યા બતાવ્યાની હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય. આ તમામ જગ્યાઓની માહિતી આરોપીને હતી માટે પંચો તથા તપાસ કરનાર અધિકારીને તે જગ્યાઓ ઉપર આરોપી તે જગ્યાઓ ઉપર દોરીને લઇ ગયેલો, આરોપીનુ આ જગ્યાઓ ઉપર દોરી જવાનુ વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે રમેશભાઈ ગબ્બુભાઈ શાહને સાહેદ નં.૮૬૬ તરીકે આંક–૬૦૬૧ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ જગન્નાથ મંદિરથી ભદ્રકાળી મંદીર તરફ ક્રાઈમ બ્રાન્ચની બહારના રોડથી જતાં હતાં ત્યારે પોલીસે હવેલી પોલીસ સ્ટેશનના ઝાપા પાસે રોકેલાં. તે વખતે આ સાહેદ સાથે પેસેન્જર લક્ષ્મીનારાયણ હતાં. પોલીસવાળાએ કહેલ કે સાહેબ ઉપર બોલાવે છે. ત્યારબાદ ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે ગયેલાં. ત્યાં ઉપર ઑફિસ હતી ત્યાં લઈ ગયેલાં. ત્યાં આગળ ગયા ત્યારે એક લેડીઝ સાહેબ બેઠા હતાં. તેમની બાજુમાં નીચે એક આરોપી બેસેલ હતો. ત્રણ–ચાર પોલીસ ઉભા હતાં. સાહેબે કહેલું કે આ આરોપીને બોમ્બ બ્લાસ્ટમાં પકડેલ છે તો આમાં પંચમાં રહેવું છે? જેથી બંનેએ પંચમાં રહેવા "હા" પાડેલી. તેથી આ સાહેદ અને લક્ષ્મીનારાયણે આ આરોપીને પુછેલું કે તું શું કહેવા માગે છે. તો આરોપી એ કહેલ કે "અમે ખાડીયા વિસ્તારમાં પહેલાં રેકી કરેલી એ જગ્યા હું બતાવવા માગુ છું". આ સાહેદે આ વ્યક્તિને તેનું નામ પુછતાં મહમદ આરીફ મિર્ઝા બતાવેલું અને

યુ.પી.ના રહેવાસી હતાં. આરોપીએ કહેલું કે "મને ચંડોળા લઈ જાવ તો હું જગ્યા બતાવુ". પછી ત્યારબાદ મહિલા પોલીસ અધિકારી કે જેમનું નામ ઉષા રાડા હતાં તે, બંને પંચો, આરોપી તથા બે થી ત્રણ પોલીસવાળા ત્યાંથી નીચે ઉતર્યા અને પોલીસની ગાડીમાં બધા બેસેલાં. ત્યાંથી ગેટની બહાર નીકળેલાં. પછી મહિલા સાહેબે આરોપીને કહેલું કે તું રસ્તો બતાવ તો આરોપીએ જણાવેલ કે "મેં રસ્તો જોયેલ નથી". પોલીસ સાહેબે ડ્રાઈવરને કહેલ કે તમે ચંડોળા લઈ જાવ. ત્યારબાદ ચંડોળા ઢાળ આવેલા. ત્યારબાદ આરોપીએ રસ્તો બતાવેલો અને પહેલાં ડાબીબાજુ વળેલાં ત્યારબાદ જમણીબાજુ વળેલાં ત્યાં આગળ ત્યાં એક સોસાયટી આવેલી ત્યારે આરોપીએ કહેલ કે "આ મકાન છે". જે સોસાયટીનું નામ અલમહમદી હતું. જેના મકાનનો નંબર ૧૦ હતો. ત્યાં બધા ઉતરેલાં અને મકાન જોયેલું. આરોપીએ કહેલું કે "અહીંયાથી અમે પાંચ જણા હતાં અને તેઓ બહારના ભાગેથી પાંચ જણા શટલ રીક્ષામાં બેસીને મેઈન રોડ ઉપર આવેલાં. અને ત્યાં રોડ પર આવેલાં ત્યારે રીક્ષા છોડી દીધેલી". ત્યારબાદ આ સોસાયટીથી બધા ગાડીમાં બેસીને બહાર મેઈન રોડ ઉપર આવેલાં. આરોપીએ કહેલું કે "અમે જે પાંચ જણા હતાં સ્પેશ્યલ રીક્ષા કરીને એસ.ટી. જવા નીકળેલાં". ત્યારબાદ આરોપીએ બતાવેલ તે મુજબ શાહઆલમ દરગાહ, શાહઆલમ ચાર રસ્તા, ભુલાભાઈ ચાર રસ્તા થઈ એસ.ટી. ચાર રસ્તા ગયેલાં. આરોપી અહીંયા જણાવેલ કે "અમે પાંચ જણા હતાં તેમાંથી એક જણ રીક્ષામાંથી અહીં ઉતરી ગયેલ અને રીક્ષા ત્યાં છોડી દીધેલી. ચાર જણા ચાલતાં ચાલતાં ભુતની આંબલી બાજુ ગયેલાં". ત્યારબાદ ગાડીમાં બધા ભુતની આંબલી ગયેલાં. પછી ત્યાંથી રાયપુર દરવાજા અને ત્યાંથી જમણીબાજુ વળાવીને શ્રી રામ ચા ઘર ગયેલાં. આરોપીએ કહેલું કે "અમે ચા અને સિગરેટ અહીંયા પીધેલી". ત્યાં બધા નીચે ઉતરેલાં. સાહેબે ચા વાળાને નામ–સરનામુ પુછેલું અને નામ વિગેરે લખીને બધા ગાડીમાં આરોપી, આ સાહેદ, પંચ, લેડીઝ સાહેબ બધા બેસેલાં. ત્યારબાદ આરોપીએ બતાવેલ તેમ રાયપુર ચકલા ગયેલાં. ત્યાં આરોપીએ સાહેબને કહીને ગાડી ઉભી રખાવેલી. આરોપીએ કહેલું કે "અમે અહીંયાથી ગુટખાની પડીકી લીધી

હતી". આ રાયપુર ચકલાની જગ્યા હતી. જે ગોખલે પાનની દુકાન હતી. ત્યાં સાહેબ ઉતરેલાં ત્યાં ગલ્લાવાળાનું નામ–સરનામું પુંછેલું. પછી બધા ગાડીમાં બેસેલાં. ત્યાં સામે એક ખાંચાવાળો રસ્તો જાય છે. ભીડભાડવાળી જગ્યા હતી. ત્યાં અંદર જમણી બાજુ વળાવીને સારંગપુર દરવાજા બાજુ આવેલાં. જે આરોપીએ બતાવેલ. ત્યાંથી સારંગપુર બ્રીજની સાઈડમાં ગયેલાં. ત્યાં અંદર ગયા પછી બધા નીચે ઉતરેલાં. આ જગ્યા આરોપીએ બતાવેલી. ત્યાં ગયા ત્યાં આરોપીએ એક દુર્ગા કુટવેરની દુકાન છે ત્યાં કહેલ કે "તે સમયે અમે ત્રણ સાઇકલ બોમ્બવાળી મુકેલી". ત્યાં સાહેબે સહીઓ કરાવેલી. આમ આંક–૬૦૬૨ વાળા પંચનામામાં સાહેદ પોતાની તથા લક્ષ્મીનારાયણની તથા ઉષા રાડાની સહીઓ ઓળખી બતાવે છે. સાહેદને ટી.વી. સ્ક્રીન થકી ચાર–ચારની સંખ્યામાં આરોપીઓ બતાવવામાં આવતા તે જોઈને કહે છે કે આ સાહેદ આરોપીને ઓળખી શકતો નથી કારણ કે જ્યારે આરોપીને આ સાહેદે જોયેલાં ત્યારે ક્લીન સેવવાળા હતાં. આજે જોયેલ આરોપીઓ દાઢીવાળા અને મુછોવાળા અને ટોપીવાળા છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આરોપીઓને ફરી ટીવી સ્ક્રીન થકી જોઈને કહે છે કે તેમાં કોઈ કલીન સેવવાળા નથી, ટોપીવાળા ૬–૭ આરોપીઓ છે. જે દિવસે પંચનામુ કર્યુ તે દિવસે આરોપી દાઢી, ટોપી અને મુછ વગરનો હતો તેમ જણાવે છે. આંક–૬૦૬૨ વાળા પંચનામામાં આરોપીના શરીરનું વર્ણન જણાવેલુ નથી તે કબૂલ કરે છે. પંચનામામાં દુર્ગા કુટવેર પાસે ત્રણ સાઇકલોમાં બોમ્બ મુકેલાની હકીકત લખાવેલી કે કેમ તેની ખબર નથી. પંચનામાની વિગતે આરોપી કોઈ સ્થળે લઈ ગયેલ નથી તો તે હકીકત નકારેલી છે. જે પોલીસ બોલાવવા આવેલા તેઓના નામ, હોદ્દા કે શારીરિક વર્ણન જાણતા નથી. મહિલા અધિકારી ઉષા રાડાનો હોદ્દો શું હતો તથા તેઓનું શારીરિક વર્ણન આપી શકે નહીં. મકાન નં.૧૦ અને તેની આજુબાજુના મકાનોનું વર્ણન આપી શકે નહીં. પંચનામામાં લખવામાં આવેલ દિશાઓનું વર્ણન આરોપીએ આપેલાનું જણાવે છે. પોલીસે પંચનામુ વાંચી સંભળાવેલુ અને તૈયાર થઈ તે મુજબનો પુરાવો આપે છે તો તે હકીકત નકારી છે. પંચનામામાં એક સહી સારંગપુર બ્રિજના

નાકા પર કરેલાનું જણાવે છે. ચંડોળા તળાવથી અર્ધા પોણા કીમીના અંતરે પંચનામાવાળુ મકાન આવેલુ છે તેમ જણાવે છે. તે મકાનમાં કોણ રહે છે તે સબંધે પુછપરછ કરેલી નથી. સોસાયટીના મકાનોના બાંધકામ સ્વરૂપે કંઈ કહી શકે નહીં. જે જગ્યાએ ગયેલા ત્યાંથી કોઈ ચીજવસ્તુ કબજે કરેલી નથી તે કબૂલ કરે છે. પંચનામાની કાર્યવાહીમાં ચારથી વધુ જગ્યાએ ઉભા રહેલાનું જણાવે છે. જે જે જગ્યા ઉપર ગયેલા તે ગીચ વસ્તીવાળા વિસ્તાર છે તે કબૂલ કરે છે. આ સિવાય આરોપીઓને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત નીકળી આવતી નથી.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આંક–૬૦૬૨ વાળુ પંચનામુ તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડાનાઓએ ખાડીયા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં૧૭૧/૨૦૦૮ ના કામે તા.૬.૧૨.૨૦૦૮ ના રોજ બનાવેલુ છે. તપાસ કરનાર અધિકારીએ આ પંચ સાહેદ તથા બીજા પંચ લક્ષ્મીનારાયણ શર્માને ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે બોલાવેલા અને ત્યાં આરોપી નં.૩૬ મહમદ આરીફ નસીમ એહમદ મીરઝા હાજર હતો અને તેને તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ અમદાવાદમાં થયેલ સીરીયલ બોમ્બ બ્લાસ્ટ પૈકી ખાડીયા વિસ્તારમાં ત્રણ જગ્યાઓ ઉપર બોમ્બવાળી સાઇકલો મુકવા રેકી કરેલી અને આ રેકી તેને પોતે તથા આરોપી નં.૨૭ મહમદ ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ રાજીક, મહમદ ખાલીદ, મહમદ સલમાનનાઓએ કરેલી હતી. આ રેકી કરવા બેરલ માર્કેટ અલમહમદી સોસાયટીવાળા મકાનેથી ગયેલા તે મકાનવાળી જગ્યા તથા જતી વખતે ખાલીદે ગુટકાની પડીકી ખરીદેલી તે પાનના ગલ્લાવાળી જગ્યા તથા ખાડીયા વિસ્તારમાં જે ત્રણ જગ્યાઓ ઉપર બોમ્બવાળી સાઇકલો મુકેલી તે જગ્યાઓ પંચોની રૂબરૂમાં બતાવેલી અને તે બાબતે આંક–૬૦૬૨ વાળુ પંચનામુ બનાવેલુ.

આંક–૬૦૬૨ વાળા પંચનામા સબંધે સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડાને આંક–૮૩૪૦ થી તપાસેલ છે. તેઓની જુબાનીના પેરા નં.૨.૫૬ ધ્યાને લઈએ તો તેઓ સ્પષ્ટ જણાવે છે કે પકડાયેલ આરોપી મહમદ આરીફ નસીમ અહેમદ મીરઝાનાઓએ તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ અમદાવાદ શહેરમાં જે સીરીયલ બોમ્બ

બ્લાસ્ટ થયેલા તે પૈકી ખાડીયા વિસ્તારમાં ત્રણ જગ્યા ઉપર બોમ્બવાળી સાઇકલો મુકેલી તે જગ્યાઓની રેકી આરોપી મહમદ ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ રાજીક, મહમદ ખાલીદ, મહમદ સલમાનનાઓએ અલમહમદી સોસાયટીવાળા મકાનેથી જઈને કરેલ અને તે જગ્યાઓ બતાવવાનું આરોપીએ સ્વખુશીથી જણાવતા પંચોની હાજરીમાં તે તમામ જગ્યાઓનું આંક–૬૦૬૨ વાળુ પંચનામુ બનાવેલુ અને પંચનામાં સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે.

આંક–૬૦૬૨ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "ગઈ તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ અમદાવાદ શહેરમાં સીરીયલ બોમ્બ બ્લાસ્ટ થયેલા તે પૈકી ખાડીયા વિસ્તારની ત્રણ જગ્યાઓની રેકી કરેલી તે જગ્યાઓ, અલમહમદી સોસાયટીવાળા મકાનેથી રેકી કરવા ગયેલા તે જગ્યાઓ, ખાલીદે ગુટકાની પડીકી ખરીદેલી તે જગ્યા તથા ખાડીયા વિસ્તારમાં જુદી–જુદી ત્રણ જગ્યાઓ ઉપર બોમ્બવાળી સાઇકલો મુકેલી તે જગ્યા" વિગેરે પંચનામામાં જે કબૂલાત્મક હકીકતો છે તે આરોપી વિરૂધ્ધ પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપીએ જે જગ્યાઓ બતાવી તે જગ્યાઓનું અસ્તિત્વ ત્યાં છે જેથી જગ્યા બતાવ્યાની હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય. આ જગ્યાઓની માહિતી આ આરોપીને પણ હતી માટે પંચો તથા તપાસ કરનાર અધિકારીને આરોપી આ જગ્યા ઉપર દોરીને લઇ ગયેલો, આરોપીનુ આ જગ્યાઓ ઉપર દોરીને લઇ જવાનુ વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે રાજુભાઈ વિઠ્ઠલભાઈ ભરવાડને સાહેદ નં.૮૬૭ તરીકે આંક–૬૦૬૩ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ તા.૩/૧/૨૦૦૯ ના રોજ ઘરેથી નીકળી મ્યુનિસિપલ કોઠા કે જ્યાં આ સાહેદના પપ્પા નોકરી કરતાં હતાં ત્યાં મળવા ગયેલા. ત્યાંથી આ સાહેદ ખમાસા થઈ કુલબજાર જતા હતા. ત્યાં આગળ વચ્ચે ક્રાઈમની ઑફિસ

આવેલી ત્યાં બે પોલીસવાળાએ આ સાહેદ અને તેમના કાકાના દિકરા ભરતભાઈને ઉભા રાખેલાં અને કહેલું કે સાહેબ અંદર બોલાવે છે અને ઉપરના માળે ક્રાઈમની ઑફિસમાં લઈ ગયેલાં. ત્યાં એક પોલીસ અધિકારી બેઠા હતાં. તેમનું નામ ખબર નથી. એક ભાઈ બેસેલ હતાં અને બે પોલીસમેન હતાં. પોલીસ અધિકારીએ એવું કહેલ કે આ ભાઈને બોમ્બ બ્લાસ્ટમાં લાવ્યા છીએ. તે કંઈક કહેવા માંગે છે. તે તમે જાણો આથી તેઓએ પંચમાં રહેવા 'હા' પાડેલી. તેઓએ આરોપીને પુંછેલું કે તારૂ નામ શું છે? તો "તેણે પોતાનું નામ મહમદ ઈસ્માઈલ જણાવેલ અને ગોમતીપુરનો રહેવાશી છું. તેવું જણાવેલું". પછી પુછેલું કે તું શું કહેવા માગે છે? તો તેણે કહેલ કે, "બોમ્બ બ્લાસ્ટ થયેલાં તેની સાઇકલોની દુકાન બતાવવા માગુ છું કે જે દુકાનેથી સાઇકલો લીધેલી તે જગ્યા બતાવવા માગુ છું". પછી પોલીસ અધિકારીએ કહેલ કે ચાલો જગ્યા જોવા જઈએ. બંને પંચો, આરોપી, એક સાહેબ અને બે પોલીસવાળા ક્રાઈમ બ્રાન્ચની ઑફિસમાંથી નીચે આવેલાં. ત્યાં નીચે ગાડી પડેલી તેમાં બધા બેસેલાં. પછી ઈસ્માઈલભાઈએ રસ્તો બતાવેલો. આરોપીએ જમાલપુર તરફથી ગાડી જમણીબાજુ વાળો તેમ કહેલ અને આગળ પાલડી ચાર રસ્તા આવેલાં અને ત્યાંથી ડાબીબાજુ વળાવી સીધે સીધા ખેતીવાડી સર્કલથી સીધા જુહાપુરા બાજુ ગયેલાં. ત્યાં આગળ જમણીબાજુ ગાડી વળાવેલી. પછી આગળ એક વળાંક આવે તે બાજુ ગાડી આરોપીએ ઉભી રખાવેલી અને તે બધાને સાઇકલની દુકાને લઈ ગયેલ. ત્યાં દુકાને ગયેલાં અને દુકાનનું નામ અપ્સરા, ધોળકાવાળા ભાઈ એવું નામ જોયેલું. આરોપીએ સાઇકલ વાળાને પુછેલું કે સાઇકલ અહીંયાથી ખરીદેલી હતી ત્યાં દુકાનના માલીકનું નામ પુછેલુ પછીથી આરોપીએ કહેલ કે, બીજી દુકાન જુહાપુરાની અંદર છે ત્યાં ગાડી લઈ લો. બધા જે હતાં તે ગાડીમાં બેસેલાં. મહમદ ઈસ્માઈલ એ કહેલ કે ગાડી આગળ લઈ લો. ત્યારબાદ આરોપીએ આગળ બીજી સાઇકલની દુકાન આવેલી ત્યાં ગાડી ઉભી રખાવેલી. બધા નીચે ઉતર્યા અને સાઇકલની દુકાન પાસે ગયેલાં. ત્યાં આગળ સાઇકલવાળા ભાઈને પુછેલું. આ દુકાનનું નામ સ્ટાર જેવું હતું. આરોપીએ જણાવેલ કે "અમે અહિંયાથી સાઇકલ ખરીદેલી". ત્યાં

દુકાનદારનું નામ અને બીજુ બધુ લખેલું. પછી આરોપીએ કહેલ કે "આગળ જ્યાંથી મેં બીજી સાઇકલ લીધેલી તે બીજી દુકાને જઈએ". ત્યાંથી બધા ગાડીમાં બેસેલાં અને તે આરોપી આગળ લઈ ગયેલાં અને એક દુકાન આવેલી ત્યાં ગાડી ઉભી રાખવા કહેલું. પછી બધા સાઇકલની દુકાને ગયેલાં અને આરોપીએ કહેલ કે "એક સાઇકલ અહીંયાથી પણ લીધેલી". એ સાઇકલની દુકાનનું નામ એમ.આર. જેવું હતું. તે દુકાનની થોડે આગળ સામે જે બીજી દુકાન હતી ત્યાં આરોપી લઈ ગયેલ જયાં બધા ચાલતાં ચાલતાં ગયેલાં. આરોપીએ કહેલ કે, "એક સાઇકલ અમે અહીંયાથી પણ લીધેલી". તેમ કહી દુકાન બતાવેલી. જેનું નામ યુનાઈટેડ હતું. આ દુકાન સાઇકલની દુકાન હતી. ત્યાંથી બધા ગાડીમાં બેસેલાં અને ગાડી ત્યાંથી સીધી લઈ જવા આરોપીએ કહેલું. ત્યાંથી જીવરાજચોકી છે ત્યાં જમણીબાજુ ગાડી વળાવેલી અને ત્યાંથી પાછી જુહાપુરા તરફ ગાડી આરોપીના કહેવા મુજબ જવા દીધેલી. ત્યાં જુહાપુરાથી આગળ ડાબીબાજુ ગાડી વાળેલી અને ગાડી આરોપીએ ઉભી રખાવેલી. ત્યાં સાઇકલની દુકાન હતી. ત્યાં બધા નીચે ઉતરેલાં ત્યાં દુકાને ગયેલાં. ત્યાં આરોપીએ કહેલું કે, "અહીંયાથી મેં એક સાઇકલ લીધેલી". ત્યાં આગળ સાઇકલવાળા દુકાનના માલીકનું નામ પુછેલું. ત્યાંથી પાછા બધા ગાડીમાં બેસેલાં અને ઉજાલા સર્કલ આવેલાં અને ત્યાં ગાડી ઉભી રખાવેલી અને ત્યાં આરોપીએ કહેલું કે, "નારોલથી ચંડોળા તળાવ જવાનું છે". ત્યાં નારોલ થઈ ચંડોળા જવા આરોપીએ રસ્તો બતાવેલો. ત્યાં ચંડોળા તળાવના રોડ ઉપર પેટ્રોલ પંપની સામે એક સાઇકલની દુકાન હતી ત્યાં આરોપીએ ગાડી ઉભી રખાવેલી અને આરોપીએ કહેલું કે "અહીંયાથી સાઇકલ લીધેલી છે". ત્યાં પણ માલીકનું નામ લખીને બધા પાછા ગાડીમાં બેસી ગયેલાં. આરોપીએ ગાડી શાહઆલમ બાજુ જવા દેવા કહેલું અને ત્યાં આગળ એક સાઇકલની દુકાન બતાવેલી પણ ત્યાં કોઈ હતુ નહીં. ત્યાંથી બધા ક્રાઇમ બ્રાન્ચની ઑફિસે આવી ગયેલાં. પંચનામું શાહઆલમ પુરૂ કરેલું આમ આંક–૬૦૬૪ વાળા પંચનામામાં સાહેદ પોતાની તથા ભરતભાઈની સહીઓ ઓળખી

બતાવે છે. સાહેદને આરોપી બતાવવામાં આવે તો સમય થયેલ હોવાથી ઓળખી શકે નહી.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પંચનામાના બંને પંચો ભરવાડ વાસમાં રહે છે અને પશુપાલનનો ધંધો કરે છે તે કબૂલ કરે છે. પંચનામામાં લખેલ વિગતો સિવાય બનેલી કોઈ ઘટના કે વિગતો યાદ નથી. આંક–૬૦૬૪ વાળુ પંચનામુ કોના હસ્તાક્ષરમાં છે તેની ખબર નથી. કઈ વ્યકિતએ લખેલુ તેનુ નામ કે વર્ણન આપી શકે નહીં. પંચનામુ લખનાર પોલીસ અધિકારીનું નામ ખબર નથી. પંચનામામાં પાછળના અંત ભાગે જે પોલીસ અધિકારીની સહી છે તે મારી રૂબરૂમાં થયેલી તેમ જણાવે છે. પંચનામામાં લખેલ કાયદા અને કલમો અમે લખાવેલ નથી તેમ જણાવે છે. પોલીસે જવાબ લીધો નથી તે કબૂલ કરે છે. પંચનામાની તારીખે પોલીસવાળા કોઈ સાઇકલ લઈને આવેલા નથી તે કબૂલ કરે છે. સાઇકલ કઈ કંપનીની હતી તે કહી શકે તેમ નથી તે કબૂલ કરે છે. દુકાનમાંથી સાઇકલ વેચાણ થયા સંબંધેના કોઈ દસ્તાવેજી પુરાવા મેળવવામાં આવેલા નથી તે કબૂલ કરે છે. પંચનામાના સ્થળનું કોઈ વીડિયોગ્રાફી કે ફોટોગ્રાફી થયેલી નથી તે કબૂલ કરે છે. આરોપી મહમદ ઈસ્માઈલ પંચનામાના સ્થળે લઈ ગયેલો નથી કે તેને કોઈ નિવેદન આપેલુ નહીં તો તે હકીકત નકારી છે. પંચનામુ શરૂઆતથી જ પંચોના લખાવ્યા મુજબ લખવામાં આવેલુ. જે સાઇકલની દુકાને ગયેલા તે પાકા બાંધકામ સાથેની હતી. સાઇકલની દુકાનની આજુબાજુની જગ્યાઓનું વર્ણન લખાવેલુ. પંચોએ આ આરોપીને માત્ર નામ સરનામા સિવાય બીજુ કાંઈ પુછેલુ નહીં તો તે હકીકત નકારી છે. જે ગુનાના સંદર્ભમાં પંચનામુ કરેલુ તેની ફરિયાદ કોને આપેલી તેની ખબર નથી. ફરીયાદીનું નામ પોલીસે જણાવેલુ હોય તેવુ બન્યુ નથી. આ સાહેદ પંચ તરીકે રહેલા છે, ફરિયાદી તરીકે નથી માટે આ બનાવની ફરિયાદ કોને આપેલી છે તેની આ સાહેદને ખબર ન હોય. ફરિયાદી કોણ છે તેની ખબર ન હોવાના કારણે આ સાહેદ પંચ તરીકે રહેલા નથી તેવુ માની શકાય નહીં.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં.૨૦૫/૨૦૦૮ ના કામે તા.૩.૧.૨૦૦૯ ના રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ ભરતભાઈ ભરવાડનાઓને ક્રાઈમ બ્રાન્ચ કચેરીએ બોલાવેલા અને ત્યાં આરોપી નં.૨૭ મહમદ ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ રાજીક હાજર હતો અને તેને પંચો રૂબરૂ સીરીયલ બ્લાસ્ટ કરવા માટે જે જગ્યાએથી સાઇકલો ખરીદેલી તે જગ્યાઓ બતાવવાનું જાહેર કરતા પંચો, સ્ટાફના માણસો તથા આરોપીને લઈ તપાસ કરનાર અધિકારી આરોપીના બતાવ્યા મુજબના રસ્તે ગયેલા અને આરોપીએ આપેલી માહિતી આધારે જે તે જગ્યા ઉપર ગયેલા અને પંચોની હાજરીમાં આંક–૬૦૬૪ વાળુ પંચનામુ બનાવેલુ છે. આ પંચનામા મુજબ જુહાપુરા વિસ્તારની અપ્સરા સાઇકલની દુકાન, સ્ટાર સાઇકલની દુકાન, એમઆર સાઇકલની દુકાન, યુનાઇટેડ સાઇકલની દુકાન તથા ચંડોળા તળાવ રોડ ઉપર પેટ્રોલપંપ સામે આવેલ સાઇકલની દુકાનવાળી જગ્યાઓ આરોપીએ બતાવેલી હોવાનું માલુમ પડે છે.

આંક–૬૦૬૪ વાળા પંચનામા બાબતે તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાની જુબાનીના પેરા નં.૧૦.૧ ધ્યાને લઈએ તો તેઓ જણાવે છે કે તા.૩.૧.૨૦૦૯ ના રોજ રીમાન્ડ ઉપરના આરોપી મહમદ ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ રાજીકનાઓ કંઈ કહેવા અને બતાવવા માંગતા હોય બે પંચોને ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે બોલાવેલા અને પંચોએ આરોપીનું નામ પુછેલુ તેને તેનુ નામ મહમદ ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ રાજીક જણાવેલુ અને પંચો રૂબરૂ એમ પણ જણાવેલુ કે તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ અમદાવાદ શહેરમાં અલગ અલગ જગ્યાએ સાઇકલ સાથે બોમ્બ મુકીને જે બ્લાસ્ટ કરેલા તે સાઇકલો જે દુકાનોએથી ખરીદેલી તે દુકાનોવાળી જગ્યા બતાવવા માંગતા હોય તે જગ્યાઓ ઉપર ગયેલા અને દરેક જગ્યાઓનું પંચનામાની વિગતે પંચનામુ લખવામાં આવેલુ. આ સાહેદ પંચનામામાં પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે. સાહેદની ઊલટતપાસના પેરા નં.૪૮ ધ્યાને લઈએ તો આંક–૬૦૬૪

વાળુ પંચનામુ જોઈને જણાવે છે કે આરોપીએ જે જગ્યાએથી સાઇકલો ખરીદેલી હતી તે જગ્યાઓ બતાવ્યા અંગેનુ છે. જે જગ્યાએથી સાઇકલો ખરીદેલી તે દુકાનોમાંથી સાઇકલો કેટલી કિંમતમાં ખરીદેલી તેના વેચાણના બીલો કબજે કરેલા નથી તે કબૂલ કરે છે. વધુમાં ઊલટતપાસના પેરા નં.૫૦ ધ્યાને લઈએ તો જે તે દુકાનદારે આરોપીને સાઇકલ વેચી તે અંગેનુ સ્થળ ઉપર જે તે દુકાનદારનું નિવેદન લીધુ હોય તે હકીકત પંચનામામાં લખેલી નથી તે કબૂલ કરે છે. વધુમાં ઉલટ તપાસના પેરા નં.૫૧ ધ્યાને લઈએ તો પંચનામામાં જણાવેલ સાતેય દુકાનદારોને પંચનામુ થયા પછી ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે બોલાવીને સાઇકલોની ઓળખ કરાવેલી નથી તો તે હકીકત નકારે છે. સાઇકલોની ઓળખ અંગેના પંચનામા બનાવેલા નથી તો તે હકીકત નકારે છે. વધુમાં ઊલટતપાસના પેરા નં.૧૨૮ ધ્યાને લઈએ તો આંક–૬૦૬૪ વાળુ પંચનામુ બનાવ્યુ ત્યારે તે પહેલાથી આરોપી પોતાની કસ્ટડીમાં હતો તે કબૂલ કરે છે.

આંક–૬૦૬૪ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "અમદાવાદ શહેરના તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ અલગ–અલગ જગ્યાઓ ઉપર સાઇકલો સાથે બોમ્બ મુકી બોમ્બ બ્લાસ્ટ કરેલા તે સાઇકલો જયાંથી ખરીદેલી તે જગ્યાઓ બતાવવા માંગુ છું" તથા "જે દુકાનેથી સાઇકલ ખરીદેલાનું જણાવે છે" તથા "બીજી સાઇકલો જે જગ્યાએથી લીધેલી" તથા "આગળ ચાલીને આ ખરીદેલ સાઇકલવાળી દુકાન બતાવુ" વિગેરે પંચનામામાં જે હકીકતો કબૂલાત્મક હકીકતો છે તે આરોપી વિરૂધ્ધ પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપીએ જે જગ્યાઓ બતાવી તે જગ્યાઓનું અસ્તિત્વ ત્યાં છે જેથી જગ્યા બતાવ્યાની હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય. આ જગ્યાઓની જાણકારી આ આરોપીને હતી માટે પંચો તથા તપાસ કરનાર અધિકારીને આરોપી દોરીને આ જગ્યાઓ ઉપર લઇ ગયેલા, આરોપીનુ દોરીનુ લઇ જવાનુ વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે રાકેશભાઈ કાંતિલાલ પંચાલને સાહેદ નં.૮૬૮ તરીકે આંક–૬૦૬૭ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ તા.૨/૧/૨૦૦૯ ના રોજ ક્રાઈમ બ્રાન્ચ, ગાયકવાડ હવેલી પોલીસે બોલાવેલો. આ સમયે આ સાહેદનો મિત્ર તેમની સાથે હતો. તેનું નામ મનીષભાઈ ઉપાધ્યાય હતુ. ક્રાઈમ બ્રાન્ચની ઑફિસમાં એક સાહેબની ઑફિસ હતી તેમાં ગયેલાં. તે વખતે સાહેબે કહેલું કે એક આરોપી જેને બોમ્બ બ્લાસ્ટ કેસમાં પકડેલ છે તે કઈ કહેવા અને બતાવવા માગે છે તો તમે તેમાં પંચમાં રહેશો. તેથી પંચમાં રહેવા "હા" પાડેલી. ત્યાં સાહેબ, બે પોલીસવાળા ભાઈ, આ સાહેદ અને તેમના મિત્ર તથા આરોપી હતા. પછી તેઓએ આરોપીને પુછેલું કે શું કહેવા અને બતાવવા માંગો છો? આરોપીનું નામ પુછેલું ત્યારે તેને મહમદ ઈસ્માઈલ મન્સુરી નામ જણાવેલું. નામ પુછયું પછી ક્યાના રહેવાશી છો? તો તેમણે ગોમતીપુરનું નામ આપેલું. આરોપીએ કહેલું કે "બોમ્બ બ્લાસ્ટ થયેલાં તેમાં જે સાઇકલો મુકેલી તે જે જગ્યાએથી લીધેલ તે જગ્યા હું બતાવવા માગુ છું". તેથી તે જગ્યાએ જવા નીચે ઉતરેલાં. તે વખતે સાહેબ, બે પોલીસવાળા ભાઈ, આ સાહેદ અને તેમનો મિત્ર તથા આરોપી હતાં. નીચે ઉતર્યા ત્યાં નીચે સરકારી ગાડી હતી તેમાં બધા બેસેલાં. ડ્રાઈવર સાથે આગળ સાહેબ બેસેલ હતાં, વચ્ચેની શીટ ઉપર આરોપી અને આજુબાજુમાં બે પોલીસવાળા બેઠા હતાં અને પાછળની શીટ ઉપર આ સાહેદ બેસેલાં હતાં. સાહેબે ડ્રાઈવરને કહેલ કે આરોપી જે જગ્યાએ લઈ જવા માંગે તે જગ્યાએ ગાડી લઈ લો. પછી બધા ત્યાંથી ગાડીમાં નીકળેલાં. આરોપીએ કહેલું કે "હું બતાવું તે રસ્તે લઈ લો". જેથી સાહેબે કહેલ કે આરોપી કહે તેમ લઈ લો. ત્યાંથી ક્રાઈમ બ્રાન્ચ ઑફિસથી નીકળી રાયખડ આવેલ, ત્યાંથી જમણા હાથે મ્યુનિસિપલ કોર્પોરેશનની ઑફિસ છે ત્યાંથી આસ્ટોડીયા થઈ સારંગપુર સર્કલ છે ત્યાં આગળ થી ગાડી વળાવવાનું કહેલ ત્યાં બ્રીજના છેડા પાસે ગાડી આરોપીએ ઉભી રખાવેલી પછી સાહેબ અને આરોપી સાથે બધા નીચે ઉતરેલાં. ત્યાં આરોપીએ જગ્યા બતાવેલી અને કહેલું કે "આ જગ્યાએથી મેં સાઇકલ લીધેલી". આ જગ્યા ફુટપાથ પાસે હતી તે દુકાન હતી. દુકાનનું નામ

અત્યારે યાદ નથી. દુકાનમાંથી એક ભાઈને બોલાવેલ અને સાહેબે દુકાનવાળા ભાઈની પુછપરછ કરેલી. દુકાનવાળા ભાઈએ નામ કહેલ હતું પરંતુ અત્યારે નામ યાદ નથી. ત્યારબાદ આરોપીએ કહેલું કે "બીજી સાઇકલ મેં જ્યાંથી લીધેલી તે દુકાન હું બતાવું". જેથી બધા આરોપી સહિત પાછા ગાડીમાં બેસેલાં. સાહેબે ડ્રાઈવરને કહેલ કે આરોપી કહે તેમ ગાડી લઈ લો. પછી આગળ બ્રીજ ચડીને, આગળ બ્રીજ ઉતરીને ચાર રસ્તા આવતાં હતાં ત્યાં પહોંચેલાં. આરોપીએ જમણીબાજુ ગાડી વળાવવાનું કહેલું. જમણીબાજુ ગાડી જવા દીધેલી. થોડે આગળ ગયા ત્યાં એક દુકાન આવેલી ત્યાં આરોપીએ ગાડી ઉભી રખાવેલી તે સાઇકલની દુકાન હતી તેની સામે ગાડી ઉભી રાખેલી. આરોપીએ કહેલ કે "અહીંયા એક ભાઈ મળેલાં તેમણે કહેલ મારા ઘરેથી સાઇકલ આપી દઉં". ત્યારબાદ આરોપીએ ગાડી આગળ લેવા જણાવતાં થોડા આગળ ગયા ત્યાં ગાડી આરોપીએ ઉભી રખાવેલી. ત્યાં બધા ઉતરેલાં તે ચાલીનું નામ કંઈક સુથારવાડા ચાલી જેવું નામ હતું. આરોપી સાથે બધા નીચે ઉતરેલાં પછી ત્યાંથી અંદર ચાલીમાં ગયેલાં અને ત્યાં આરોપીએ ડાબા હાથે એક મકાન હતું ત્યાંથી સાઇકલ લીધાનું જણાવેલું. ત્યાં મકાને પહોંચ્યા બાદ સાહેબે બુમ પાડેલી તો અંદરથી એક ભાઈ આવેલાં તેમનું નામ પુછવામાં આવેલું. તેમનું નામ અલ્લારખ્ખા હતું. આરોપીએ આ ભાઈની પાસેથી સાઇકલ લીધાનું જણાવેલું. તેથી સાહેબે ભાઈની પુછપરછ કરેલી, જે પુછપરછ કરેલી તે લખાવેલું. સાહેબે સાઇકલ લેવા બાબતે પુછપરછ કરેલી. તે જગ્યાએ પંચનામું પુરૂ કરેલ.

વધુમાં સાહેદને પંચનામામાં લખેલ હકીકત "આનંદ પ્લોટ માર્કેટ પાસે રોડની સાઈડે ફુટપાથ ઉપર ઉષા સાઇકલ રીપેરીંગની દુકન છે..... જ્યાં એક માણસ હાજર છે તેમને પોતાનું નામ ફારૂક મહમદ સફીમહમદ શેખ જણાવેલું...." તે પરત્વે ધ્યાન દોરવામાં આવેલ જે લખેલ હકીકત ખરી હોવાનું જણાવેલ છે. પંચનામામાં લખેલ હકીકત "આપ સાહેબ કોઈ છે તેવી બુમ મારતાં મકાનમાંથી એક માણસ બહાર આવેલ તે પોતાનું નામ અલ્લારખ્ખા સત્તારભાઈ સંધી મણિયાર હોવાનું જણાવે છે" તે પરત્વે ધ્યાન દોરવામાં આવેલ જે લખેલ

હકીકત ખરી હોવાનું જણાવેલ છે. આમ આંક–૬૦૬૮વાળા પંચનામામાં સાહેદ પોતાની તથા મનીષભાઈની સહીઓ ઓળખી બતાવે છે. સાહેદને પંચનામા સમયે જે આરોપી હાજર હતો તે બતાવવામાં આવે તો આઠ–દસ વર્ષ થયેલ હોવાથી ઓળખી શકે નહીં.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પોલીસ સાથે તેમને કોઈ સબંધ નથી અને પહેલી વખત પંચ તરીકે સહી કરેલી છે તેમ જણાવે છે. પંચનામા લખાવવા સબંધે અગાઉ કોઈ અનુભવ નથી. પંચનામામાં લખેલ કાયદા અને કલમો પોલીસ અધિકારીએ લખેલી છે. પંચનામામાં કોના હસ્તાક્ષરો છે તેની ખબર નથી. પંચનામુ લખનાર વ્યકિતને ઓળખતા નથી અને તેનું શારીરિક વર્ણન આપી શકે નહીં. સાઇકલોની દુકાનોમાંથી પોલીસે કોઈ ચાપડા કે સાહિત્ય કબજે લીધેલ નથી તે કબૂલ કરે છે. બે જગ્યાએ પોલીસે નિવેદનો લીધેલા. અલ્લારખ્ખા નામની વ્યકિતને ઓળખતા નથી. પંચનામુ ઘણી વખત વાંચીને સમજાવતા જુબાની આપતા હોવાની હકીકત નકારેલી છે. આંક–૬૦૬૮ વાળા પંચનામામાં માત્ર સહી કરેલાની હકીકત પણ નકારેલી છે. આરોપીએ સાઇકલ કયાંથી લીધેલી અને સાઇકલ કયાં કયાં મુકેલી તે માહિતી આપેલી. બીજી જગ્યાએ જયાં સાઇકલ ખરીદયાની જગ્યા બતાવેલી તે બાંધકામવાળી જગ્યા હતી, ત્યાં સાઇકલોનું વેચાણ થતુ ન હતુ. ઘરની ઓળખ અંગે પંચનામામાં કોઈ નિશાની લખવામાં આવેલી નથી. ઘરમાંથી નીકળેલ વ્યકિત પાસેથી આરોપીએ સાઇકલ લીધેલી હોય તેવુ જણાવતી હકીકત પંચનામામાં લખેલી નથી તો તે હકીકત નકારેલી છે. મકાનમાં પોલીસ દાખલ થયેલી તો તે હકીકત પણ નકારી છે. પોલીસે તેમાં રહેલી વ્યકિત સાથે અયોગ્ય વ્યવહાર કરેલો તો તે હકીકત પણ નકારેલી છે. કોઈની લાગણી દુભાઈ તેવુ કોઈ કૃત્ય કરેલુ નથી તેવી કોઈ હકીકત પંચનામામાં લખાવેલી નથી.

આમ આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં.૨૦૫/૨૦૦૮ નાં કામે તા.૨.૧.૨૦૦૯ નાં રોજ આ પંચ સાહેદ

તથા બીજા પંચ મનીષ કનુભાઈ ઉપાધ્યાયનાઓને ક્રાઇમ બ્રાન્ચ કચેરીએ બોલાવેલા અને ત્યાં આરોપી નં.૨૭ મહમદ ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ રાજીક હાજર હતો અને તેને પંચો રૂબરૂ સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કરવા માટે જે જગ્યાએથી સાઇકલો ખરીદેલી અને મુકેલી તથા જે જગ્યાએથી લીધેલી તે જગ્યાઓ બતાવવાનું જાહેર કરતા પંચો, સ્ટાફના માણસો તથા આરોપીને લઈ તપાસ કરનાર અધિકારી આરોપીના બતાવ્યા મુજબના રસ્તે ગયેલા અને આરોપીએ આપેલી માહિતી આધારે જે તે જગ્યા ઉપર ગયેલા અને પંચોની હાજરીમાં આંક–૬૦૬૮વાળુ પંચનામુ બનાવેલુ છે. આ પંચનામા મુજબ સારંગપુર સર્કલ પાસે આવેલ સાઇકલની દુકાન, ગોમતીપુર સુથારવાડા ચાલી જે મકાનમાંથી સાઇકલ લીધેલી તે મકાન વાળી જગ્યાઓ આરોપીએ બતાવેલી હોવાનું માલુમ પડે છે.

આંક–૬૦૬૮વાળા પંચનામા બાબતે તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાની જુબાનીના પેરા નં.૧૦ ધ્યાને લઈએ તો તેઓ જણાવે છે કે તા.૨.૧.૨૦૦૯ નાં રોજ રીમાન્ડ ઉપરના આરોપી મહમદ ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ રાજીકનાઓ કંઈ કહેવા અને બતાવવા માંગતા હોય બે પંચોને ક્રાઇમ બ્રાન્ચની ઑફિસે બોલાવેલા અને પંચોએ આરોપીનું નામ પુછેલુ તેને તેનુ નામ મહમદ ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ રાજીક જણાવેલુ અને પંચો રૂબરૂ એમ પણ જણાવેલુ કે તા.૨૬.૭.૨૦૦૮ નાં રોજ અમદાવાદ શહેરમાં અલગ અલગ જગ્યાએ સાઇકલ સાથે બોમ્બ મુકીને જે બ્લાસ્ટ કરેલા તે સાઇકલો જે દુકાનોએથી ખરીદેલી તે દુકાનોવાળી જગ્યા બતાવવા માંગતા હોય તે જગ્યાઓ ઉપર ગયેલા અને દરેક જગ્યાઓનું પંચનામાની વિગતે પંચનામુ લખવામાં આવેલુ. આ સાહેદ પંચનામામાં પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે. સાહેદની ઉલટ તપાસના પેરા નં.૪૮ ધ્યાને લઈએ તો આંક–૬૦૬૮ વાળુ પંચનામુ જોઈને જણાવે છે કે આરોપીએ જે જગ્યાએથી સાઇકલો ખરીદેલી હતી તે જગ્યાઓ બતાવ્યા અંગેનુ છે. જે જગ્યાએથી સાઇકલો ખરીદેલી તે દુકાનોમાંથી સાઇકલો કેટલી કિંમતમાં ખરીદેલી તેના વેચાણના બીલો કબજે કરેલા નથી તે કબૂલ કરે છે. વધુમાં ઊલટતપાસના પેરા નં.૧૨૭ ધ્યાને લઈએ

તો તા.૨.૧.૨૦૦૯ નાં રોજ આરોપીએ બીજી કોઈ જગ્યાઓની માહિતી આપેલી કે કેમ તે કાગળો જોયા વિના કહી શકે નહીં. આંક–૬૦૬૮વાળા પંચનામાની શરૂઆત ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે કરેલી તે કબૂલ કરે છે. બંને પંચો મણીનગરના રહેવાસી છે તે કબૂલ કરે છે. મણીનગરથી ક્રાઈમ બ્રાન્ચની ઑફિસનું અંતર ૫ થી ૬ કી.મી. દુર છે તેમ જણાવે છે. વધુમાં ઉલટ તપાસના પેરા નં.૧૨૮ ધ્યાને લઈએ તો આંક–૬૦૬૮વાળુ પંચનામુ બનાવ્યુ ત્યારે તે પહેલાથી આરોપી પોતાની કસ્ટડીમાં હતો તે કબૂલ કરે છે.

આંક–૬૦૬૮વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "તા.૨૬.૭.૨૦૦૮ નાં રોજ અમદાવાદ શહેરમા સીરીયલ બોમ્બ બ્લાસ્ટ થયેલા અને સાઇકલ ઉપર બોમ્બ મુકી બ્લાસ્ટ કરેલા તે સાઇકલો જયાંથી ખરીદેલી તે જગ્યા" તથા "આરોપીએ જે જે રસ્તે થઈ વાહન લેવડાવેલુ અને વાહન ઉભુ રખાવેલાનું જે જણાવેલુ છે તે" તથા "મકાન અને દુકાનો આગળ ચાલીને બતાવેલી" તથા "આ દુકાનોએથી મે સાઇકલો ખરીદ કરેલી" વિગેરે પંચનામામાં જે કબૂલાત્મક હકીકતો છે તે આરોપી વિરૂધ્ધ પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપીએ જે જગ્યાઓ બતાવી તે જગ્યાઓનું અસ્તિત્વ ત્યાં છે જેથી જગ્યા બતાવ્યાની હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય. આ ઉપરાંત આરોપી આ જગ્યાઓ ઉપર પંચો તથા તપાસ કરનાર અધિકારીને દોરીને લઇ ગયેલ, આ દોરી જવાનુ વર્તન આરોપીનુ પુરાવામાં ગ્રાહ્ય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે મહેશભાઈ સુભાષભાઈ જેઠવાને સાહેદ નં.૯૦૧ તરીકે આંક–૬૪૫૦થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૧૦/૧૨/૨૦૦૮ ના રોજ ગાયકવાડ હવેલી, ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે સવારના ૧૧.૦૦ થી ૧૧.૧૫ ની આસપાસ બોલાવેલ. આ સાહેદ ઑફિસમાં ગયો ત્યારે એક અમિતભાઈ કરીને બેસેલા હતા. ઑફિસમાં ગયા ત્યારે ત્યાં ટોળીયા સાહેબ હાજર હતા. ત્યાં ટોળીયા સાહેબે કહેલું કે

શાહીબાગ વિસ્તારમાં બોમ્બ બ્લાસ્ટ થયેલા તેના આરોપીને લાવેલાં છે તે કંઈક કહેવા અને બતાવવા માંગે છે તો તમે પંચમાં રહેશો તો બે–પાંચ મિનિટ વિચાર કરી પંચમાં રહેવાની "હા" પાડેલી.

સાહેદ વધુમાં જણાવે છે કે ઑફિસમાં આ સાહેદ, અમિતભાઈ, ટોળીયા સાહેબ તથા ચાર–પાંચ પોલીસના માણસો હતા તથા એક આરોપી ત્યાં હતો. ત્યારબાદ આરોપીનું નામ પૂછેલું. તો તેણે તેનું નામ અફઝલ ઉર્ફે અફસર ઉસ્માની જણાવેલું અને સરનામું શિવાજીનગર, બોમ્બે કહેલું. આરોપીએ એમ કહેલું કે "તા.૨૬/૭/૦૮ ના રોજ જે બોમ્બ બ્લાસ્ટ અમદાવાદ શહેરમાં થયેલા તેમાં સિવિલ ટ્રોમા સેન્ટરમાં વિસ્ફોટકો ભરેલી વેગન આર ટ્રોમા સેન્ટરની બહાર મૂકેલી હતી અને તેની સાથે અબ્દુલ રાજીક હતો તેમ તેણે કહેલું". આ ઉપરાંત આરોપીએ એમ પણ કહેલું કે "ગાડી મુકયા પછી અમારે દિલ્હી જવાનું હોય રાજધાનીની ટિકિટ હતી અને ત્યાંથી કાલુપુર સ્ટેશને ગયેલા અને પ્લેટફોર્મ નં.૧ ઉપર આવેલાં એ.સી. વેઈટીંગ રૂમમાં રોકાયેલા તે અમારે તમોને બતાવવાનું છે". આ બધું સાહેબને તેઓએ લખાવેલું. ત્યારબાદ સાહેબ, આરોપી, બે પોલીસ વાળા, આ સાહેદ તથા અમિતભાઈ ક્રાઈમ બ્રાન્ચના ગેટ પાસે નીચે આવેલા ત્યાં સરકારી ગાડી ઉભેલી હતી તેમાં બધા બેઠેલા. પછી સાહેબે ડ્રાઈવરને સૂચના આપેલી કે આ આરોપી જયાં કહે ત્યાં ગાડી જવા દો અને જયાં કહે ત્યાં ગાડી ઉભી રાખ જો. આ બધું સાહેબને લખાવેલું અને લખાવ્યા પછી સાહેબે આ સાહેદ તથા અમિતભાઈની સહીઓ લીધેલી. ત્યારબાદ આરોપી બતાવતો હતો તે રસ્તે ખમાસા થઈ આસ્ટોડીયા થઈ સારંગપુર પાણીની ટાંકી થઈ કાલુપુર રેલ્વે સ્ટેશનના ગેટ પાસે ગાડી વળાવેલી ત્યાં પગથિયા પાસે આરોપીએ ગાડી ઉભી રખાવતાં ગાડી ઉભી રાખેલી. ત્યારબાદ આરોપી આગળ આગળ ચાલતા હતા અને બધા પાછળ ચાલતા હતા અને ત્યાં ટિકિટ બારીની બાજુમાં પ્લેટફોર્મ નં.૧ ઉપર અંદર જવાનો રસ્તો હતો ત્યાં જમણી સાઈડ તરફ વળી આગળ સીડીની પાસે એ.સી. વેઈટીંગ રૂમ છે ત્યાં લઈ ગયેલો અને ત્યાં ઉભા રહેલા. ત્યાં ગયા પછી જોયું તો ટેબલ હતું એક ખુરશી હતી અને ત્યાં એક ભાઈ બેઠેલા હતાં ત્યાં

એક કાચા પુંઠાનું ખાખી કલરનું રજીસ્ટર પડેલું હતું તે ભાઈનું નામ અમે પૂછેલું તો તેણે તેમનું નામ ચંદ્રકાન્તભાઈ સોલંકી જણાવેલું. ત્યાં આરોપીએ કહેલું કે "અમે અંદરના રૂમમાં રોકાયેલા". જેથી બધા અંદરના રૂમમાં ગયેલા. અંદરના રૂમમાં સોફા હતા, ખુરશી હતી, કાચની ટિપોઈ હતી તથા ઈશાન ખૂણામાં ટી.વી. હતું જે ચાલુ હતુ. આ બધુ સાહેબને લખાવેલું. ત્યારબાદ ત્યાં ખાખી કલરનું જે રજીસ્ટર પડેલું હતું તે બાબતે સાહેબે આરોપીને પૂછેલું કે તમે આ રજીસ્ટરમાં એન્ટ્રી કરાવેલી હતી? તો આરોપીએ કહેલું કે "હું સંજયના નામથી રોકાયેલો હતો". આ રજીસ્ટર બાબતે ત્યાં હાજર ચંદ્રકાન્તભાઈએ એવો જવાબ આપેલો કે રજીસ્ટર પુરૂ થઈ ગયેલું છે અને જે રીલીવર છે તેણે રજીસ્ટર લોક એન્ડ કી માં મૂકેલું છે અને ચાવી તેની પાસે છે. આ જે કંઈ બન્યું તે બાબતે લખાણ કરેલું. આંક–૬૪૫૧ વાળા પંચનામામાં સાહેદ પોતાની તથા અમિતભાઈની તથા ટોળીયા સાહેબની સહીઓ ઓળખી બતાવે છે. સાહેદને અમદાવાદ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીને વીડિયો કોન્ફરન્સ ટી.વી. સ્ક્રીન થકી ચાર-પાંચની સંખ્યામાં આરોપીઓને બતાવવામાં આવે છે અને ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીને વીડિયો કોન્ફરન્સ ટી.વી. સ્ક્રીન થકી ત્રણ-ત્રણની સંખ્યામાં આરોપીઓને બતાવવામાં આવે છે તે જોઈને સાહેદ આરોપીને ઓળખી બતાવતા નથી અને જણાવેલ છે કે આ સાહેદે જયારે આરોપીને જોયા ત્યારે ઝીણી ઝીણી દાઢી હતી અને અત્યારે જયારે આરોપીને બતાવવામાં આવે છે ત્યારે અમુક આરોપીએ ટોપી પહેરેલી છે અને અમુક આરોપી ચશ્મા પહેરેલા છે અને કેટલાક આરોપીને લાંબી દાઢી છે તેથી આરોપીને ઓળખી શકતા નથી.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો જુબાની વખતે બધા આરોપીઓ જોયા તેમાં ઘણા બધાને જીણી દાઢી છે તે હકીકત નકારેલી છે. અત્યારે જે આરોપી જોયા તેમાં અમુકને ટોપી છે બાકીનાને ટોપી નથી તો તે હકીકત નકારી છે. આરોપીને આછી દાઢી હતી તેની નોંધ પંચનામામાં કરેલી નથી તે કબૂલ કરે છે. આરોપીના શારીરિક વર્ણનની નોંધ પંચનામામાં કરેલી નથી તે કબૂલ કરે છે. હાજર વ્યકિતએ રજીસ્ટરમાં આરોપીએ એન્ટ્રી કરેલા બાબતે પુછેલુ

તે પંચનામામાં લખેલુ નથી તે કબૂલ કરે છે. સ્થળ ઉપર કોઈ ટિકિટ જોવા મળેલી નહીં તે કબૂલ કરે છે. સ્થળ ઉપર ગયા તે દરમ્યાન તે રજીસ્ટર ખોલીને જોયેલુ નહીં, ટેબલ ઉપર હાજર ચંદ્રકાન્ત સોલંકીનું નિવેદન લીધેલુ નહી તે કબૂલ કરેલ છે. હાજર વ્યકિતનો હોદ્દો કયો હતો તેની ખબર નથી. પંચનામાવાળી જગ્યાએ ગયેલા નથી તો તે હકીકત નકારેલી છે. આરોપી ગુજરાતનો રહેવાસી ન હતો તે કબૂલ કરે છે. આરોપી સાથે ગુજરાતીમાં વાતચીત કરેલી અને તે હિન્દીમાં જવાબ આપતો હતો. આ પધ્ધિતનો ઉલ્લેખ પંચનામામાં કરેલ નથી તે કબૂલ કરે છે. આરોપીને પોલીસ સ્ટેશનમા ધાક ધમકી આપેલી નથી કે માર મારેલો નથી તેવી માહિતી પોલીસે આપેલી નથી. પંચનામાવાળી જગ્યા ઉપર કોઈ પણ અજાણી વ્યકિત પહોંચી શકે તો તે કબૂલ કરે છે. સરતપાસમાં જણાવ્યા મુજબ પંચનામાની કોઈ કાર્યવાહીમાં ભાગ લીધેલો નથી તો તે હકીકત નકારે છે. તૈયાર પંચનામામાં સહી કરેલાની હકીકત નકારે છે. જુબાની આપતા પહેલા પોલીસે પંચનામુ વાંચી સંભળાવી અને સમજાવેલુ તો તે હકીકત પણ નકારેલી છે.

આમ આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયાનાઓએ શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં. ૨૩૬/૨૦૦૮ નાં કામે તા.૧૦.૧૨.૨૦૦૮ નાં રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ અમીત કાન્તીલાલ ડબગરનાઓને ક્રાઈમ બ્રાન્ચ કચેરીએ બોલાવેલા અને ત્યાં આરોપી નં.૨૮ અફજલ ઉર્ફે અફસર મુત્લીબ ઉસ્માની હાજર હતો અને તેને પંચો રૂબરૂ તા.૨૬.૭.૨૦૦૮ નાં રોજ અમદાવાદ શહેરમાં જે બોમ્બ બ્લાસ્ટ થયેલા તે પૈકી સિવિલ હોસ્પીટલના ટ્રોમા સેન્ટરમાં વિસ્ફોટકો ભરેલી વેગનઆર કાર ટ્રોમા સેન્ટરની બહાર મુકેલી અને તેની સાથે આરોપી નં.૨૭ મહમદ ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ રાજીક હતો અને ગાડી મુકયા પછી દિલ્હી જવાનું હતુ અને રાજધાનીની ટિકિટ હતી જેથી કાલુપુર સ્ટેશને ગયેલા અને પ્લેટ ફોર્મ નં.૧ ઉપર આવેલ વેઈટીંગ રૂમ બતાવેલ તે જગ્યા બતાવવામાં માંગતા હોય તે જગ્યા ઉપર ગયેલા અને જગ્યાનું પંચનામાની વિગતે પંચનામુ લખવામાં આવેલુ. પંચનામુ કરનાર અધિકારી વી.આર.ટોળીયા ગુજરી ગયેલ હોય. બોમ્બ બ્લાસ્ટના કેસોની

તપાસ કરવા માટેની તપાસ ટીમો પૈકીના એક તપાસ ટીમના અધિકારી સાહેદ નં. ૧૧૬૩ મયુર ચાવડાનાઓએ આ હકીકત પોતાની જુબાનીના પાના નં.૨૧૪ ઉપર જણાવેલી છે અને આંક–૬૪૫૧વાળા પંચનામામાં તેમની વી.આર. ટોળીયાની સહી ઓળખી બતાવેલી છે.

આંક–૬૪૫૧વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "તેને પોતાનું નામ અફજલ ઉર્ફે અફસર મુત્લીબ ઉસ્માની રહેવાસી શીવાજીનગર પ્લોટ નં.૪૩, રૂમ નં.એલ–૧, ગંવડી મુંબઈ–૪૩" તથા "તા.૨૬.૭.૨૦૦૮ નાં રોજ અમદાવાદ શહેરમાં જે બોમ્બ બ્લાસ્ટ થયેલા તેમાં પોતે અબ્દુલ રાજીકની સાથે સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટર ખાતે વિસ્ફોટકો ભરેલી વેગન આર મુકવા ગયેલા અને ત્યારબાદ રેલ્વે સ્ટેશને આવેલા. રાજધાની એકસપ્રેસની ટિકિટ હોય એસીના વેઈટીંગ રૂમમાં સંજય નામે રોકાયેલા તે વેઈટીંગ રૂમ" તથા "તા.૨૬.૭.૨૦૦૮ નાં રોજ વેઈટીંગ રૂમમાં હાજર એટેન્ડેન્ટે નામ પુછયુ ત્યારે સંજય જણાવેલુ" વિગેરે પંચનામામાં જે કબૂલાત્મક હકીકતો છે તે આરોપી વિરૂધ્ધ પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપીએ જે જગ્યાઓ બતાવી તે જગ્યાઓનું અસ્તિત્વ ત્યાં છે જેથી જગ્યા બતાવ્યાની હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય. આ જગ્યામી માહીતી અફજલ ઉસ્માનીને હતી માટે પંચો તથા તપાસ કરનાર અધિકારીને તે આ જગ્યા ઉપર દોરી ગયેલો, આરોપીનું આ દોરી જવાનુ વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે નિતેશ ભીખાભાઈ રાજપુતને સાહેદ નં. ૧૧૦૭ તરીકે આંક–૭૯૩૬થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૨૭/૪/૨૦૧૬ ના રોજ તેઓ એલિસબ્રીજ જતા હતા ત્યારે વિકટોરીયા ગાર્ડન પાસે આ સાહેદ અને તેમના મિત્ર કૃણાલને બે પોલીસ વાળાઓએ ઉભા રાખેલાં. ત્યાંથી ક્રાઇમ બ્રાન્ચની ઑફિસે લઇ ગયેલાં. ત્યાં આગળ ગયા ત્યારે ત્યાં પટેલ સાહેબ હતાં. પટેલ સાહેબે કહેલું કે આ આરોપી છે અને તે તમોને કાંઇક કહેવા અને બતાવવા માંગે છે તો તમે પંચમાં ઉભા રહેશો?

જેથી "હા" પાડેલી. ત્યારબાદ આરોપીને પુંછતા તેણે પોતાનું નામ આલમજેબ આફ્રિદી જણાવેલું. આ સાહેદે આરોપીને પુંછેલું કે તમે શું કહેવા અને શું બતાવવા માંગો છો? તો તેણે કહેલું કે "તા.૨૬/૦૭/૨૦૦૮ના રોજ અમદાવાદમાં જે બોમ્બ બ્લાસ્ટ થયેલા તેમાં વપરાયેલા ગેસના સીલીન્ડર જયાંથી ખરીદ કરેલા તે જગ્યા બતાવવા માંગું છું". આરોપીએ એવું પણ કહેલું કે "તેણે તથા તેના બે મિત્રો અબ્દુલ રાજીક અને મુજીબ શેખનાઓએ ખરીદેલા હતાં". આ બધુ ત્યાં આગળ લખાવડાવેલું. લખાવ્યા પછી ત્યાં સહિ કરેલી અને સાહેબે પણ સહિ કરેલી.

સાહેદે વધુમાં જણાવેલ છે કે ત્યારબાદ બધા ત્યાંથી નીચે આવેલા અને સરકારી વાહનમાં આરોપી સાથે બેઠેલાં. સરકારી વાહનમાં આ સાહેદ, કૃણાલ, પટેલ સાહેબ, આરોપી અને બીજા ચાર પોલીસવાળાઓ બેઠેલાં. બેઠા પછી પટેલ સાહેબે ડ્રાઇવરને સુચના આપેલી કે આ આરોપી કહે તે પ્રમાણે ગાડી ચલાવજો. ગાડીમાં બેઠા પછી ગાડી ત્યાંથી બહાર કાઢેલી અને રાયખડ તરફથી લઇ વિકટોરીયા ગાર્ડન થઇ અને લાલ દરવાજા તરફ થઇ સીદી સૈયદની જાળી થઇ ઘી કાંટા ચાર રસ્તા થઇ કાલુપુર પોલીસ સ્ટેશન પાસે બાજુમાં કાલુપુર ટાવર તરફ જવાના રસ્તે થોડે આગળ ગાડી આરોપીએ ઉભી રખાવેલી. આ રસ્તો આલમજેબ આફ્રિદીએ બતાવેલો. ગાડી ઉભી રાખ્યા પછી બધા નીચે ઉતરેલા અને સામે એક સ્કુલ છે તેના ઝાંપા પાસે ડ્રાઇવર સિવાય બધા ગયેલાં ત્યાં આલમજેબ આફ્રિદીએ ઉભા રાખેલા અને "સામે ડિલક્ષ કરીને ગેસ સ્ટવની દુકાન બતાવેલી અને કહેલું કે તેની સાથેનો અબ્દુલ રાજીક ડિલક્ષમાં ગયેલો અને બીજો મુજીબ શેખ કાલુપુર ટાવર બાજુ ગયેલો અને થોડીવારમાં તે લોકો ગેસના બાટલા લઇને આવેલાં અને રીક્ષામાં બેસી બોટલ લઇ ચંડોળા તળાવ તરફ અલમહમદી સોસાયટીમાં ગયેલાં". આ બધી વાત ત્યાં લખાવડાવેલી. તે અંગે પંચનામુ બનાવેલુ જે આંક–૭૯૩૭થી ૨જૂ છે આ પંચનામામાં સાહેદ પોતાની તથા કૃણાલની સહીઓ ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો કાલુપુર ટાવરથી સ્વામીનારાયણ મંદિર ચાલતા જઈએ તો ૪ થી ૫ મિનિટ થાય તો તે હકીકત નકારી છે. આ સાહેદનું ઘર સ્વામીનારાયણ મંદિરની બાજુમાં છે તે કબૂલ કરે છે. પોલીસવાળાઓએ આ સાહેદની મોટર સાઇકલ વીકટોરીયા ગાર્ડન એલિસબ્રીજ પાસે રોકેલી તો તે હકીકત કબૂલ કરે છે. આરોપીઓ તરફથી આ કબૂલાત્મક પ્રશ્ન પુછવામાં આવેલો છે માટે અર્થ એવો થાય કે પોલીસવાળાઓએ આ સાહેદની મોટર સાઇકલ રોકેલી તે કબૂલ કરવામાં આવેલુ છે. આ સાહેદ તથા તેના મિત્રને રોકયા ત્યારે પોલીસે બીજા કોઈ માણસોને રોકેલા કે કેમ તે ધ્યાનમાં નથી. પોલીસે જયાં રોકેલા ત્યાંથી ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે દોઢેક કીમી દુર છે તેમ જણાવે છે. જયાં રોકેલા તે રસ્તા ઉપર લોકોની અને વાહનોની અવર જવર હોય છે તે કબૂલ કરે છે. ગાયકવાડ હવેલીની અંદર દુકાનો, મકાનો જોયેલા નથી. રસ્તાઓ ઉપર ઘણા બધા મકાનો, દુકાનો તથા વાહનોની અને લોકોની અવર જવર નથી તેવુ એટલા માટે કહે છે કે તે સ્થળે ગયેલા નથી તો તે હકીકત નકારે છે. "ડીલક્ષ સ્ટવ" નામની દુકાન કાલુપુર ટાવર પાસે આવેલી છે તો તે હકીકત નકારે છે, પરંતુ સાહેદે જણાવેલુ છે કે આ દુકાન કાલુપુર ટાવરથી અર્ધા કીમીના ઓછા અંતરે છે. પંચનામાના દિવસે રવિવાર હતો કે કેમ તેની ખબર નથી. તા.૨૬.૭.૨૦૦૮ નાં રોજ મુજીબ શેખ તથા અબ્દુલ રાજીક નામની વ્યકિતઓ ડીલક્ષ દુકાનેથી ગેસના બોટલ લઈ ગઈ છે તેવી ખાતરી માટે દુકાન ઉપર પોલીસ લઈ ગયેલી નહીં તે કબૂલ કરે છે. ડિલક્ષ સ્ટવની દુકાને જઈ ગેસના સીલીન્ડરો બતાવીને ખાતરી કરાવેલી નહીં. ડિલક્ષ સ્ટવ નામની દુકાન ઉપર ગેસના સીલીન્ડરો વેચાય છે તેની ખાતરી કરવા જાતે ગયેલા નથી. આલમજેબ આફ્રીદી નામના માણસને કયારેય જોયેલો નહીં તે કબૂલ કરે છે. આ માણસ પોલીસ કસ્ટડીમાં કે પોલીસ રીમાન્ડ ઉપર કેટલા દિવસથી હતો તેની માહિતી મળેલી નહીં. તેને મારઝુડ કરેલી કે કેમ તેવી કોઈ માહિતી પોલીસ તરફથી કે આરોપી તરફથી મળેલી નહીં. તૈયાર પંચનામામાં સહી કરેલાની હકીકત નકારેલી છે. પંચનામાવાળા સ્થળ ઉપર આરોપી લઈ ગયેલો નથી તે હકીકત પણ નકારેલી

છે. ડિલક્ષ નામની દુકાન આરોપીએ બતાવેલ નથી તો તે હકીકત પણ નકારેલી છે. અબ્દુલ રાજીક ડિલક્ષ નામની દુકાન ઉપર જઈ શું કરીને આવેલો તેવી કોઈ હકીકત તમોને જણાવેલી નહીં તે પ્રશ્નના જવાબમાં સાહેદે જણાવેલુ છે કે તે સીલીન્ડર લઈને આવેલો તેવુ જણાવેલુ.

આમ આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૧૬ કે.એન.પટેલનાઓએ ખાડીયા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં.૭૧/૨૦૦૮ નાં કામે તા.૨૭.૪.૨૦૧૬ નાં રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ કૃણાલ પંકજભાઈ ભટ્ટનાઓને ક્રાઈમ બ્રાન્ચ કચેરીએ બોલાવેલા અને ત્યાં આરોપી નં.૭૫ મહમદ રફીક ઉર્ફે જાવીદ ઉર્ફે આલમજેબ અફ્ગીદીનાઓ હાજર હતા અને તેને પંચો રૂબરૂ તા.૨૬.૭.૨૦૦૮ નાં રોજ અમદાવાદ શહેરમાં જે બોમ્બ બ્લાસ્ટ થયેલા તે માટે બ્લાસ્ટમાં ઉપયોગમાં લેવાયેલ ગેસના સીલીન્ડરો આ આરોપી તથા મુજીબ શેખ તથા આરોપી નં.૨૭ અબ્દુલ રાજીકનાઓએ જે જગ્યાએથી ખરીદ કરેલ હતા તે જગ્યા બતાવવામાં માંગતા હોય તે જગ્યા ઉપર ગયેલા અને જગ્યાનું પંચનામુ આંક–૭૯૩૭વાળુ લખવામાં આવેલુ. પંચનામુ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૧૬ કે.એન.પટેલનાઓએ આ હકીકત પોતાની જુબાનીના પેરા નં.૪ માં જણાવેલ છે કે ખાડીયા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી. નં.૭૧/૨૦૦૮ નાં કામે આરોપી નં.૭૫ મહમદ રફીક ઉર્ફે જાવેદ ઉર્ફે આલમજેબ અફ્ગીદીની પુછપરછ કરેલી અને તેને પંચો રૂબરૂ જણાવેલુ કે જુલાઈ ૨૦૦૮ માં સીરીયલ બ્લાસ્ટ થયેલ તેમાં તેને પોતે, મુજીબ તથા આરોપી નં.૨૭ અબ્દુલ રાજીકે બ્લાસ્ટમાં ઉપયોગમાં લીધેલ ગેસના બોટલો જે જગ્યાએથી ખરીદેલા તે જગ્યા બતાવવાની સ્વખુશી બતાવતા જગ્યા ઉપર જઈ આંક–૭૯૩૭વાળુ પંચનામુ પંચો રૂબરૂ બનાવેલુ. આંક–૭૯૩૭વાળા પંચનામાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આ સાહેદની ઉલટ તપાસના પેરા નં.૧૪ ધ્યાને લઈએ તો આંક–૭૯૩૭વાળા પંચનામામાં આરોપીના કહેવા અને બતાવ્યા મુજબના પંચોની હાજરીમાં લખવામાં આવેલુ નથી તે હકીકત નકારેલી છે. આ સિવાય બીજી કોઈ હકીકત ઊલટતપાસ દરમ્યાન નીકળી આવતી નથી.

આંક–૭૯૩૭વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "પોતે પોતાનું નામ મહમદ રફીક ઉર્ફે જાવીદ ઉર્ફે આલમ જેબ અફીદી જણાવેલુ તથા તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ અમદાવાદમાં થયેલ સીરીયલ બોમ્બ બ્લાસ્ટમાં ઉપયોગમાં લેવાયેલ ગેસના સીલીન્ડરો તેને પોતે મુજીબ શેખ તથા અબ્દુલ રાજીકનાઓએ ખરીદેલ તે જગ્યા બતાવુ" તથા "આરોપીના જણાવ્યા મુજબના રસ્તે વીકટોરીયા ગાર્ડને લાલ દરવાજા થઈ કાલુપુર મ્યુનિસિપલ ગુજરાતી શાળા નં.૨/૧૭ ના ઝાંપા પાસે ગાડી ઉભી રખાવેલી અને ગેસ સીલીન્ડર ખરીદવા માટે જે દુકાને ગયેલા તે દુકાન બતાવેલી" વિગેરે પંચનામામાં જે કબૂલાત્મક હકીકતો છે તે આરોપી વિરૂધ્ધ પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપીએ આપેલા માહિતીના આધારે જગ્યા ઉપર જઈ જે દુકાન જોયેલ તે દુકાનની હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય. આરોપીને આ જગ્યાની જાણકારી હતી માટે તે પંચો તથા તપાસ કરનાર અધિકારીને દોરીને તે જગ્યા ઉપર લઇ ગયેલો, આરોપીનું આ જગ્યા ઉપર દોરી જવાનુ વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે.

આંક–૧૭૧૮વાળુ પંચનામુ ખાડીયા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૭૧/૨૦૦૮ નાં કામે બનાવવાળી જગ્યાઓ (૧) એમ. નારણદાસ એન્ડ કંપનીની દુકાને, (૨) ગોખલે પાનહાઉસ પાસે, (૩) મીલન કીરાણા સ્ટોર સામેનું તપાસ કરનાર અધિકારીએ પંચો રૂબરૂ બનાવેલુ અને તે પંચનામા પંચ સાહેદ નં.૩૩૩ રાકેશ સુરેશ મહેતાનાઓને આંક–૧૭૧૭ તરીકે ફરિયાદપક્ષે તપાસેલા છે. તેઓની જુબાની તથા આંક–૧૭૧૮વાળા પંચનામાની વિગતવાર ચર્ચા ફરિયાદપક્ષ દ્વારા બનાવ પુરવાર કરવા માટે જે પુરાવા રજૂ કરવામાં આવેલા છે તે પુરાવાની આગઉ ઉપર ચર્ચા કરેલી છે. જેથી આ સાહેદના પુરાવા અને પંચનામાની વિગતોનું મુલ્યાંકનનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી. ત્યારબાદ આરોપી નં.૨૭ મહમદ ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ રાજીકની અટક કર્યા બાદ તેને આ જગ્યા પંચો રૂબરૂ બતાવેલી તેનુ પંચનામુ આંક–૬૦૫૧થી રજૂ કરેલુ છે.

આંક–૧૮૯૦વાળુ પંચનામુ બાપુનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૨૦/૨૦૦૮ નાં કામે બનાવવાળી જગ્યા સરદાર પટેલ ડાયમંડ માર્કેટ, ડાયમંડ પાન કોર્નર વાળી જગ્યાનું તપાસ કરનાર અધિકારીએ પંચો રૂબરૂ બનાવેલુ અને તે પંચનામા પંચ સાહેદ નં.૩૪૭ રમેશભાઈ વલ્લભભાઈ પટેલનાઓને આંક–૧૮૭૫ તરીકે ફરિયાદપક્ષે તપાસેલા છે. તેઓની જુબાની તથા આંક–૧૮૯૦વાળા પંચનામાની વિગતવાર ચર્ચા ફરિયાદપક્ષ દ્વારા બનાવ પુરવાર કરવા માટે જે પુરાવા રજુ કરવામાં આવેલા છે તે દરમ્યાન કરેલી છે. જેથી આ સાહેદના પુરાવા અને પંચનામાની વિગતોનું મુલ્યાંકનનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી. ત્યારબાદ આરોપી નં.૨૭ મહમદ ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ રાજીકની અટક કર્યા બાદ તેને આ જગ્યા પંચો રૂબરૂ બતાવેલી તેનુ પંચનામુ આંક–૫૬૨૨ થી રજૂ કરેલુ છે.

આંક–૨૦૩૦ વાળુ પંચનામુ મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૬/૨૦૦૮નાં કામે બનાવવાળી જગ્યા એલ.જી. હોસ્પિટલના કમ્પાઉન્ડવાળી જગ્યાનું તપાસ કરનાર અધિકારીએ પંચો રૂબરૂ બનાવેલુ અને તે પંચનામાના પંચ સાહેદ નં.૩૫૪ અમીર રાજકુમાર વરજાનીનાઓને આંક–૨૦૨૯ તરીકે ફરિયાદપક્ષે તપાસેલા છે. તેઓની જુબાની તથા આંક–૨૦૩૦ વાળા પંચનામાની વિગતવાર ચર્ચા ફરિયાદપક્ષ દ્વારા બનાવ પુરવાર કરવા માટે જે પુરાવા રજૂ કરવામાં આવેલા છે તે દરમ્યાન કરેલી છે. જેથી આ સાહેદના પુરાવા અને પંચનામાની વિગતોનું મુલ્યાંકનનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી. ત્યારબાદ આરોપી નં.૨૭ મહમદ ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ રાજીકની અટક કર્યા બાદ તેને આ જગ્યા પંચો રૂબરૂ બતાવેલી તેનુ પંચનામુ આંક–૫૫૫૬થી રજૂ કરેલુ છે.

આંક–૨૦૩૬ વાળુ પંચનામુ મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૬/૨૦૦૮ નાં કામે બનાવવાળી જગ્યા એલ.જી. હોસ્પીટલના કમ્પાઉન્ડવાળી જગ્યાનું તપાસ કરનાર અધિકારીએ પંચો રૂબરૂ બનાવેલુ અને તે પંચનામાના પંચ સાહેદ નં.૩૫૫ રાજ ગૌરાંગભાઈ પુરોહીતનાઓને આંક–૨૦૩૫

તરીકે ફરિયાદપક્ષે તપાસેલા છે. તેઓની જુબાની તથા આંક–૨૦૩૬વાળા પંચનામાની વિગતવાર ચર્ચા ફરિયાદપક્ષ દ્વારા બનાવ પુરવાર કરવા માટે જે પુરાવા રજુ કરવામાં આવેલા છે તે દરમ્યાન કરેલી છે. જેથી આ સાહેદના પુરાવા અને પંચનામાની વિગતોનું મૂલ્યાંકનનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી. ત્યારબાદ આરોપી નં.૨૭ મહમદ ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ રાજીકની અટક કર્યા બાદ તેને આ જગ્યા પંચો રૂબરૂ બતાવેલી તેનુ પંચનામુ આંક–૫૫૫૬થી રજૂ કરેલુ છે.

આંક–૨૦૭૭ વાળુ પંચનામુ બાપુનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૨૦/૨૦૦૮ નાં કામે બનાવવાળી જગ્યા બાપુનગર ડાયમંડ માર્કેટ પાસેની જગ્યાનું તપાસ કરનાર અધિકારીએ પંચો રૂબરૂ બનાવેલુ અને તે પંચનામાના પંચ સાહેદ નં.૩૫૮ પ્રકાશ ભવરસિંહ રાજપુતનાઓને આંક–૨૦૬૬ તરીકે ફરિયાદપક્ષે તપાસેલા છે. તેઓની જુબાની તથા આંક–૨૦૭૭વાળા પંચનામાની વિગતવાર ચર્ચા ફરિયાદપક્ષ દ્વારા બનાવ પુરવાર કરવા માટે જે પુરાવા રજૂ કરવામાં આવેલા છે તે દરમ્યાન કરેલી છે. જેથી આ સાહેદના પુરાવા અને પંચનામાની વિગતોનું મૂલ્યાંકનનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી. ત્યારબાદ આરોપી નં.૨૭ મહમદ ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ રાજીકની અટક કર્યા બાદ તેને આ જગ્યા પંચો રૂબરૂ બતાવેલી તેનુ પંચનામુ આંક–૫૬૨૪થી રજૂ કરેલુ છે.

આંક–૨૩૧૫ વાળુ પંચનામુ બાપુનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૨૦/૨૦૦૮ ના કામે બનાવવાળી જગ્યા સરદાર પટેલ ડાયમંડ માર્કેટ, ડાયમંડ પાન કોર્નરવાળી જગ્યાનું તપાસ કરનાર અધિકારીએ પંચો રૂબરૂ બનાવેલુ અને તે પંચનામાના પંચ સાહેદ નં.૪૦૩ સુરેશસિંહ સ્વરૂપસિંહ રાજપુત નાઓને આંક–૨૩૧૪ તરીકે ફરિયાદપક્ષે તપાસેલા છે. તેઓની જુબાની તથા આંક–૨૩૧૪ વાળા પંચનામાની વિગતવાર ચર્ચા ફરિયાદપક્ષ દ્વારા બનાવ પુરવાર કરવા માટે જે પુરાવા રજૂ કરવામાં આવેલા છે તે દરમ્યાન કરેલી છે. જેથી આ સાહેદના પુરાવા અને પંચનામાની વિગતોનું મૂલ્યાંકનનું પુનરાવર્તન કરવામાં

આવતુ નથી. ત્યારબાદ આરોપી નં.૨૭ મહમદ ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ રાજીકની અટક કર્યા બાદ તેને આ જગ્યા પંચો રૂબરૂ બતાવેલી તેનુ પંચનામુ આંક–૫૬૨૨ થી રજૂ કરેલુ છે.

આંક–૨૩૩૪ વાળુ પંચનામુ ખાડીયા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૭૧/૨૦૦૮ નાં કામે બનાવવાળી જગ્યા ખાડીયા રાયપુર ચકલા આગળવાળી જગ્યાનું તપાસ કરનાર અધિકારીએ પંચો રૂબરૂ બનાવેલુ અને તે પંચનામાના પંચ સાહેદ નં.૪૦૮ અવેશ ઉસ્માનગની શેખનાઓને આંક–૨૩૩૩ તરીકે ફરિયાદપક્ષે તપાસેલા છે. તેઓની જુબાની તથા આંક–૨૩૩૪ વાળા પંચનામાની વિગતવાર ચર્ચા ફરિયાદપક્ષ દ્વારા બનાવ પુરવાર કરવા માટે જે પુરાવા રજૂ કરવામાં આવેલા છે તે દરમ્યાન કરેલી છે. જેથી આ સાહેદના પુરાવા અને પંચનામાની વિગતોનું મૂલ્યાંકનનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી. ત્યારબાદ આરોપી નં.૨૭ મહમદ ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ રાજીકની અટક કર્યા બાદ તેને (૧) ખાડીયા રાયપુર ચકલા આગળવાળી જગ્યા તથા (૨) સારંગપુર ચકલા શાક માર્કેટવાળી જગ્યાઓ પંચો રૂબરૂ બતાવેલી તેનુ પંચનામુ આંક–૬૦૫૧ થી રજૂ કરેલુ છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે અબ્દુલલતીફ અબ્દુલમજીદ શેખને સાહેદ નં.૪૮૩ તરીકે આંક–૨૮૯૭ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૩૦/૭/૨૦૦૮ ના રોજ સાંજના લગભગ સાત વાગ્યાના આસપાસ રાજ હોસ્પિટલ, હવેલી દરવાજા તરફથી આ સાહેદ આવતા હતા ત્યારે બે પોલીસવાળાઓએ બોલાવેલા અને ક્રાઇમ બ્રાન્ચ કચેરીએ આવવાનું કહેતા ક્રાઇમ બ્રાન્ચ કચેરીએ ગયેલો. ક્રાઇમ બ્રાન્ચમાં પોલીસ અધિકારી હતા જેમને નામથી ઓળખતો નથી. આ સાહેદ સાથે ત્યાં બીજા એક પંચ સલીમભાઇને પણ બોલાવેલા. પોલીસે કહ્યું કે એક બીલબુક કબજે લેવાની છે તો પંચમાં રહેશો તો "હા" પાડેલી. ત્યાં આગળ અબ્દુલભાઇ કરીને એક વ્યકિત હાજર હતા. ત્યાં અબ્દુલભાઇએ એક ગુલાબી કલરની બીલ બુક રજુ

કરેલી. જે બીલબુક ઉપર તેઓની સહી લીધેલી અને કબજે લીધેલી. આ બીલબુક સાઇકલ બાબતેની હતી.

આ સાહેદને સેશન્સ કેસ નં.૮૨/૨૦૦૯ મુદ્દામાલ લીસ્ટ આંક–૨૧૩૧ નો આર્ટીકલ નં.૧૯વાળી બીલબુક બતાવવામાં આવેલ છે બીલબુક ઓળખી બતાવે છે તેમજ બીલબુકના બીલ નં.૭૯૮ ની પાછળના ભાગે આ સાહેદ તેમની તથા સલીમભાઇ અબ્દુલકાદર શેખની સહીઓ ઓળખી બતાવે છે જે આંક–૨૮૯૮ થી રજૂ રાખેલ છે અને આ બીલ નં.૭૯૮ માં ફ્રેમ નં.કે–૪૬૮૬૫ હીરોજેટ લખેલ છે તથા ૧૨૦૦ લખેલ છે. આ કાર્યવાહીનુ પંચનામુ બનાવવામાં આવેલુ જે પંચનામુ આંક–૨૮૯૯ થી રજૂ રાખેલ છે જેમાં આ સાહેદ પોતાની તથા સલીમભાઇ શેખની તથા રૂબરૂ તરીકે પોલીસની સહીઓ ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદની ચાની કીટલી ઈટાલીયન બેકરીની સામે આવેલી છે. પોલીસ તેમની ચાની કીટલી ઉપર ચા પીવા આવે છે તો તે હકીકત નકારી છે. ચાની કીટલી માટે એ.એમ.સી.ની પરવાનગી મેળવેલી નથી. ચાની કીટલી દબાણવાળા આવીને લઈ જાય છે તો તે હકીકત નકારે છે. કારંજ પોલીસ સ્ટેશનના પોલીસવાળા અવાર નવાર ચા પીવા આવતા હોવાની હકીકત નકારી છે. ચાની કીટલીનો હિસાબ રાખતા નથી તે કબૂલ કરે છે. અધિકારીએ જે કાગળામાં સહી કરવાનું કહેલુ તેમાં વાંચીને સહી કરેલાનું જણાવે છે. પોલીસના કહેવાથી લખેલા પંચનામામાં સહીઓ કરેલાની હકીકત નકારી છે. આ સિવાય બીજી કોઈ હકીકત બચાવપક્ષને મદદરૂપ થાય તેવી નીકળી આવતી નથી.

આમ આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાથે મદદમાં રહેનાર અધિકારી સાહેદ નં.૧૦૭૬ અજયકુમાર વી. ગખ્ખરનાઓએ ખાડીયા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં. ૭૧/૨૦૦૮ નાં કામે તા.૩૦.૭.૨૦૦૮ નાં રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ સલીબ અબ્દુલ કાદર શેખનાઓને ક્રાઇમ બ્રાન્ચ કચેરીએ બોલાવેલા અને પોલીસ સ્ટેશનમાં એક

વ્યકિત અબ્દુલ હાબીદ નિસાર અહેમદ અન્સારીનાઓ હાજર હતા અને તેમને વેચાણ આપેલ સાઇકલની બીલ બુક પંચો રૂબરૂ રજુ કરેલી. આ બીલ બુક ગુલાબી રંગની જુના જેવી હતી અને તેમા બીલ નં.૭૯૮ તા.૨૪.૭.૨૦૦૮ નાં રોજ વેચાણ કરેલાની હકીકત જણાવેલી અને તે અંગેનુ પંચનામુ આંક–૨૮૯૯ વાળુ બનાવવામાં આવેલુ. આ પંચનામુ કરનાર અધિકારી સાહેદ નં.૧૦૭૬ એ.વી.ગખ્ખરનાઓએ પણ પોતાની જુબાનીના પાના નં.૬ ઉપર આ હકીકત જણાવેલી છે અને આંક–૨૮૯૯ વાળા પંચનામામાં પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી ઓળખી બતાવેલી છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે એજાજ એહમદમીયા સૈયદને સાહેદ નં. ૪૮૪ તરીકે આંક–૨૯૦૦ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૩/૮/૨૦૦૮ ના રોજ તેઓ હવેલી પોલીસ સ્ટેશન પાસેથી નીકળતા હતા ત્યારે ક્રાઇમ બ્રાંચ પોલીસે બોલાવેલો અને ક્રાઇમ બ્રાંચ કચેરીએ લઇ ગયેલા. ત્યાં આગળ બીજા એક ભાઇ હાજર હતા અને એક રજીસ્ટરનું પંચનામુ કરવાનું છે તો પંચ તરીકે રહેવાનું પુછતા "હા" પાડેલી. તે વખતે જમાલપુરના એક ફારૂકભાઇ સાઇકલવાળા ત્યાં હાજર હતા તેમણે ત્યાં બે રજીસ્ટર મુકેલા. જે બે રજીસ્ટર જોયેલા ત્યારપછી બંને રજીસ્ટર તેઓની રૂબરૂમાં કબજે કરેલા. આ બાબતે પંચનામું કરવામાં આવેલું અને ત્યારપછી પંચનામામાં સહી કરેલી તેમજ બંને રજીસ્ટરમાં પણ સહી કરેલી. સદર કાર્યવાહીનું જે પંચનામુ કરેલ તે આંક–૨૯૦૧થી રજૂ છે તેમાં સાહેદ પોતાની તથા બીજા પંચની સહી ઓળખી બતાવે છે. તેમજ આ સાહેદને સેશન્સ કેસ નં.૮૨/૨૦૦૯ ના મુદ્દામાલ લીસ્ટ આંક–૨૧૩૧ના અનુક્રમ નં.૨૧ વાળું સાઇકલ રજીસ્ટર લાલ કલરના પૂંઠા વાળું બાંધેલ બતાવવામાં આવતા તેમાં પ્રથમ પાના ઉપર દુકાનદારનું નામ રફીક સાઇકલ વર્કસ લખેલું અને છેલ્લા પાના ઉપર તા.૩/૮/૨૦૦૮ લખી તેની નીચે આ સાહેદે તથા બીજા પંચ જીતેન્દ્રભાઇની સહીઓ ઓળખી બતાવે છે જે આંક–૨૯૦૨થી રજૂ રાખેલ છે. મુદ્દામાલ લીસ્ટના ક્રમાંક–૨૨ વાળુ લાલ પૂંઠાનું બાંધેલ ચોપડો જેના ઉપર ભુરા કલરનું પ્લાસ્ટિકનું કવર લગાવવામાં આવેલ તે

બતાવતા તેના પ્રથમ પાના ઉપર રફીક સાઇકલ વર્કલ લખેલું અને તેના છેલ્લા પાના ઉપર ૧૭ મનીર મહંમદભાઇ લખેલ અને તેની નીચે તા.૩/૮/૨૦૦૮ લખ્યા પછી આ સાહેદે તથા બીજા પંચ જીતેન્દ્રભાઇએ તથા પોલીસે રૂબરૂમાં સહી કરેલી જે ઓળખી બતાવે છે જે આંક–૨૯૦૩થી રજૂ રાખેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઇએ તો અગાઉ પોલીસને મદદ કરવા પંચનામામાં સહી કરેલ નથી. જે તે દિવસે કુલ ત્રણ સહીઓ કરેલી. પોલીસે જે જોયુ અને લખ્યુ તેમાં સહી કરેલી. કોઇની સાથે વાતચીત કરવાનો પ્રસંગ બનેલો નથી. તૈયાર પંચનામામાં સહી કરેલાની તેમજ પોતાની રૂબરૂમાં કોઇ રજીસ્ટર કબજે કરેલ નથી તો તે હકીકત નકારી છે.

આમ આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઇએ તો તપાસ કરનાર અધિકારી સાથે મદદમાં રહેનાર અધિકારી સાહેદ નં.૧૦૭૬ અજયકુમાર વી. ગખ્ખરનાઓએ ખાડીયા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં. ૭૧/૨૦૦૮ ના કામે તા.૩.૮.૨૦૦૮ નાં રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ જીતેન્દ્ર મારવાડીનાઓને ક્રાઇમ બ્રાન્ચ કચેરીએ બોલાવેલા અને પોલીસ સ્ટેશનમાં એક વ્યકિત મોહમદ ફારૂક મોહમદ હનીફ શેખનાઓ હાજર હતા અને તેમને રફીક સાઇકલ વર્કસ નામની દુકાનના બે રજીસ્ટરો પંચો રૂબરૂ રજુ કરેલા. આ રજીસ્ટર પૈકી એક લાલ કલરનું પુઠ્ઠાવાળુ તથા બીજુ પણ લાલ કલરનું પુઠ્ઠાવાળુ હતા. પ્રથમ રજીસ્ટરમાં છેલ્લા પાના નં.૪૬૫૩૫૨, હીરો સાઇકલ અને છેલ્લે ઈરફાન ૯૪૨૬૩૮૬૩૭૩ લખેલ છે તે તથા બીજા રજીસ્ટરમાં તા.૨૦.૫.૨૦૦૮ તથા છેલ્લે નં.૧૭, મુનીર મહંમદભાઈ ધોબી લખેલુ. આ બંને રજીસ્ટરો આંક–૨૯૦૧ વાળુ પંચનામુ બનાવી કબજે કરવામાં આવેલા. આ પંચનામુ કરનાર અધિકારી સાહેદ નં.૧૦૭૬ એ.વી.ગખ્ખરનાઓએ પણ પોતાની જુબાનીના પાના નં.૮ ઉપર આ હકીકત જણાવેલી છે અને આંક–૨૯૦૧વાળા પંચનામામાં પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી ઓળખી બતાવેલી છે. આંક–૨૯૦૨ અને ૨૯૦૩ વાળા રજીસ્ટરોમાં પણ આ સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવેલ છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે રફીકભાઈ અતાઉરરહેમાન અન્સારીને સાહેદ નં.૮૨૬ તરીકે આંક–૫૫૫૪થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ સને–૨૦૦૮માં તેઓ અમનનગર, ઝુલતા મિનારા, ગોમતીપુર રહેતા હતા અને સાઇકલ રીપેરીંગનો ધંધો વીસ–પચ્ચીસ વર્ષોથી કરે છે. આ ધંધો નટવર વકીલની ચાલી પાસે કરે છે. તેમના ધંધાનું નામ જનતા સાઇકલ રીપેરીંગ વર્કસ છે અને સાઇકલ ભાડે અને રીપેરીંગનો ધંધો કરે છે. આ સાહેદને ત્યાં પોલીસ વાહન આવેલ અને સાથે રાજુને લઈને આવેલ અને આ સાહેદને કહેલ કે તમે આને ઓળખો છો. આથી કહેલ કે તે તેમની પાસેથી સાઇકલ લઈ જતો હતો. આ સાહેદ રાજુનું આખું નામ જાણતા નથી. તેઓ નવા અલ–અમન ફલેટમાં રહેવા આવેલા. રાજુના પિતાનું નામ ઈશાકભાઈ છે, કોઇ ઓળખીતા હોય તેને સાઇકલ ભાડે આપે છે. આ બાબતે રજીસ્ટર રાખે છે અને તેમાં એન્ટ્રી કરે છે. એન્ટ્રીમાં નામ, સમય અને ભાડાનો ઉલ્લેખ થાય છે. પોલીસ આ સાહેદ પાસેથી ચોપડો લીધેલો. આ સાહેદને સેશન્સ કેસ નં. ૪૭/૨૦૦૯ ના મુદ્દામાલ લીસ્ટ આંક–૩૨૨૭ ના અનુક્રમ નં.૨ ઉપર જણાવેલ વિગતવાળું એક લાલ કલરના કપડાંના પુંઠાવાળું રજીસ્ટર બતાવતા તા.૨૨/૭/૨૦૦૮ ના રોજનું પાનું કે જે આંક–૫૫૩૫ જોઈને કહે છે કે તે તેમની દુકાનનો છે અને તેમાં રાજુની એન્ટ્રી છે. તેમાં ૨૨ ની સાઈઝની સાઇકલની નોંધ છે અને તેમાં સાઇકલ લઈ ગયા અને લાવ્યાનો સમય છે. આ નોંધના હસ્તાક્ષર સાહેદ પોતાના હોય ઓળખી બતાવે છે. આ એન્ટ્રીવાળી સાઇકલ આ સાહેદે રાજુભાઈને ઓળખતા હોય આપેલી.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પોલીસ આ સાહેદને ત્યાં આવેલી અને ચોપડો લઈ જતા અર્ધો કલાકનો સમય થયેલો. આ સાહેદ મહમદ ઈશાકભાઈના ઘરે ગયા નથી, તેઓ શું ધંધો કરે છે તેની ખબર નથી, તેમના રહેઠાણની જાણકારી નથી. મહમદ ઈશાકને સાઇકલ ભાડે આપેલી હોય તેવી નોંધ ચોપડામાં નથી તે કબૂલ કરે છે. ચોપડો તા.૧૯.૫.૨૦૦૮ થી તા.૧૬.૮.૨૦૦૮ સુધીનો છે તે કબૂલ કરે છે. આ સિવાય અગાઉનો ચોપડો

પોલીસે જોયો હોય અને કબજે કર્યો હોય તેવુ બન્યુ નથી. આંક–૫૫૩૫માં માત્ર "રાજુ" એટલો શબ્દ લખેલો છે તે કબૂલ કરે છે. પોલીસે ચોપડો કબજે કર્યાની કોઈ પહોંચ આપેલ નથી તે કબૂલ કરે છે. રાજુ સાથે પોલીસની હાજરીમાં બીજી કોઈ વાતચીત થયેલી નથી. રાજુનું નામ અબ્દુલ રાજીક હોવાનું કયારેય સાંભળેલુ નથી. આંક–૫૫૩૫ નાં રજીસ્ટરમાં સાઇકલ ભાડે લઈ જનાર કેટલા માણસો પરીચીત છે અને કેટલા અપરીચીત છે તેનો ઉલ્લેખ નથી. રજીસ્ટર આંક–૫૫૩૫ માં દુકાનદારનું નામ આરીફ અન્સારી છે તે કબૂલ કરે છે. આરીફ અન્સારી વિશે પોલીસે કોઈ માહિતી કે ખુલાસો લીધેલો નથી તે કબૂલ કરે છે. પોલીસે આ સાહેદની હાજરીમાં કોઈ રજીસ્ટર કબજે કરેલુ નથી તો તે હકીકત નકારી છે. રાજુ નામની વ્યકિતને પોલીસ દુકાને લઈ આવેલી તેવુ પોલીસના કહેવાથી ખોટુ જણાવે છે તો તે હકીકત પણ નકારી છે. આંક–૫૫૩૫ ઉપર દુકાનના માલીક તરીકે આ સાહેદનું નામ નથી તે કબૂલ કરે છે. આ સિવાય બીજી કોઈ હકીકત ઉલટ તપાસમાં નીકળી આવતી નથી. આરોપી નં.૨૭ મહંમદ ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ રાજીક મન્સુરીનાઓએ આ જનતા સાઇકલ વર્કસવાળી જગ્યા પંચો રૂબરૂ બતાવેલી તે પંચનામુ આંક–૫૫૩૫થી રજૂ થયેલુ છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે વજુભાઈ કલ્યાણભાઈ ચોરસીયા દરજીને સાહેદ નં.૮૨૮ તરીકે આંક–૫૫૬૦થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ ૨૦૦૮ ના વર્ષમાં આ સાહેદ "રાજેશ ટેલર લેડીઝ એન્ડ જેન્ટસ"ના નામે તેમના દિકરાની સાથે બેસીને દરજીકામ કરતા હતા. આ સાહેદ તથા તેમના દિકરાનું રેડીમેડનું કારખાનું નુતન મીલ એસ્ટેટમાં આવેલ છે. તેમનો દિકરો શુટ અને પેન્ટ બનાવવાનું કામ કરે છે. સને ૨૦૦૮ ના વર્ષમાં પોલીસ તેમની દુકાને સાદા ડ્રેસમાં એક ગુનેગારને લઈને આવેલી. આરોપીનું નામ મહમદ ઈસ્માઈલ હતું અને પોલીસ થેલી લઈને આવેલી અને થેલી તેમની બનાવેલી છે કે નહી તે પુછેલું જેથી જણાવેલ કે થેલી પોતે બનાવેલી છે અને રૂા. ૧૫/– મા તેઓની પાસેથી લઈ ગયેલાં. થેલી રેડીમેઈડના જે ટુકડા બચે છે

તેમાંથી બનાવે છે અને આવી થેલી તેમના સિવાય કોઈ બનાવતું નથી તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આરોપીનું નામ પોલીસ થકી જાણેલુ તો તે હકીકત નકારેલી છે. મહમદ ઈસ્માઈલ નામ હતુ તેવુ અનુમાનથી કહે છે. જે થેલી બતાવેલી તે પોલીસ સાથે લઈ ગયેલી. આ સિવાય બીજી કોઈ હકીકત આ સાહેદ જણાવતા નથી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે અયુબભાઈ હુસેનભાઈ શેખને સાહેદ નં.૮૨૯ તરીકે આંક–૫૫૬૧ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેમની પાંચકુવા, ગાંધીરોડ ફુટપાથ ઉપર પાથરણાં થકી વેપાર કરે છે. તેમનુ આ પાથરણું પાંચકુવા, ખાડીયા ગુજરાતી શાળા નં.૨ પાસે રોડ ઉપર આવેલ છે. આ જગ્યાએ આ સાહેદ સાઇકલ રીપેરીંગનું કામ પંદરેક વર્ષથી કરે છે. જુની સાઇકલ લે–વેચનો ધંધો પંદર વર્ષથી કરતા હતા. તા.૨૫/૧૦/૨૦૦૮ ના રોજ આ સાહેદે સાઇકલ એક વ્યક્તિને વેચેલી. પછી ત્રણ–ચાર માસ પછી પોલીસનો મામલો આવેલો. પોલીસ આ સાહેદ પાસેથી જે વ્યક્તિ સાઇકલ લઈ ગયેલ તે વ્યક્તિને લઈને આવેલી. તે માણસનું નામ અબ્દુલ રાજીક હતું. પોલીસે આ સાહેદને પુછેલ કે આ વ્યક્તિએ સાઇકલ લીધેલ છે એટલે કહેલ કે સાઇકલ જોવું તો ઓળખું. બીજે દિવસે પોલીસે ક્રાઇમ બ્રાન્ચ હવેલી પોલીસ સ્ટેશન બોલાવેલ અને સાઇકલને ઓળખેલી. આ સાઇકલ ડબલ બારની હતી જે હરક્યુલસ કંપનીની હતી તેમજ સેશન્સ કેસ નં.૪૭/૨૦૦૯ ના મુદ્દામાલ લીસ્ટ આંક–૩૨૨૭ ના અનુક્રમ નં.૧ વાળો મુદ્દામાલ સાઇકલ બતાવતા સાહેદ તે ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ વ્યવહારોના હિસાબી ચોપડા રાખતા નથી પરંતુ બીલ રાખે છે. વેચાણ વ્યવહાર સબંધે બીલની કોઈ નકલ રાખતા નથી. મુદ્દામાલ સાઇકલ આ સાહેદની માલિકીની ન હતી પરંતુ તા.૨૫.૧૦.૨૦૦૮ ના રોજ ખરીદેલી હતી અને તેના એક સમય બાદ વેચેલી. તા.૨૫.૧૦.૨૦૦૮ ના રોજ પોલીસ આરોપીને લઈને આવેલી, વધારે

આરોપીઓને લઈને આવેલી હોય તેવુ બનેલુ નથી. સાઇકલનું કોઈ વર્ણન લખેલુ નહીં. સાઇકલના ખરીદ વેચાણ સંબંધેના કોઈ દસ્તાવેજી પુરાવાઓ નથી. બીજા દિવસે ક્રાઇમ બ્રાન્ચની ઑફિસે સાઇકલ બતાવેલી તે વખતે પોલીસ સિવાય બીજુ કોઈ હતુ નહીં. પોલીસે બે દિવસ સુધી પુછપરછ કરેલી. પાંચકુવા પાસે સાઇકલ રીપેરીંગનું પાથરણું છે. વેચનાર પાસેથી વેચાણનું કોઈ બીલ લીધેલુ નથી. પોલીસ આ સાહેદ રૂબરૂ આવી તેના ત્રણ માસ અગાઉ સાઇકલ વેચેલી. પોલીસના કહેવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારે છે. ઈબ્રાહીમ જમાલુદ્દીન શેખને ઓળખતા નથી. તેઓ સાઇકલ ચોરી કરતા હતા તો તેની જાણ નથી. આ સિવાય બીજી કોઈ હકીકત આ સાહેદની જુબાનીમાં નીકળી આવતી નથી. વધુમાં આ સાહેદની જુબાની ધ્યાને લેતા ક્રાઇમ બ્રાન્ચની ઑફિસે બોલાવ્યા ત્યારે સાઇકલ ઓળખેલી અને આ જગ્યા આરોપી નં.૨૭ મહમદ ઈસ્માઈલનાઓએ પંચો રૂબરૂ બતાવેલી હતી જે અંગેનુ પંચનામુ આંક–૫૬૨૨ થી ૨જૂ થયેલુ છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે મહંમદઅમીન ઉર્ફે મહંમદ સલીમ મહંમદ લતીફ શેખને સાહેદ નં.૯૩૯ તરીકે આંક–૬૬૧૯ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ સને–૨૦૦૮ ના વર્ષમાં તેઓ ઉજમાનગર અલહબીબ પાર્ક સોસાયટી સામે ચાની કીટલી ચલાવતા હતા અને ચાની કીટલી ઉપર ગુટખા તથા થોડો ઘણો નાસ્તો પણ સાથે રાખતા હતા. તા. ૨૦/૯/૨૦૦૮ ના રોજ પોલિસ આ સાહેદની ચાની કીટલી ઉપર આવેલી. પોલિસે એવુ પુછેલુ કે તમારી પાસે કોઇ માણસ ભાડે મકાન લેવા આવેલાં હતાં? તો સાહેબને હા કહેલું, તે આવેલા હતાં અને લગભગ સાતમો મહિનો હતો અને બે વ્યકિત હતાં. આ બે વ્યકિતઓ તેમની પાસે આવીને ચા માંગેલી અને ચા આપેલી અને ત્યારપછી આ સાહેદ દુકાનમાં ગયેલો. તે બંને લોકોએ ચા પી લીધેલી અને પાંચ–દસ મિનિટ સુધી તેઓ બેસેલાં અને ત્યારપછી તે લોકોએ સીગારેટ માંગેલી. આ લોકો સીગારેટ પીને પાંચ મિનિટ બેઠેલાં તે દરમ્યાન આ સાહેદ અંદર જતા રહેલા તો આ લોકોએ આ સાહેદને પાછો બોલાવેલો અને કહેલું

કે અહિંયા કોઇ ભાડે મકાન મળે છે? તો આ સાહેદે તે લોકોને કહેલું કે બાજુમાં આરીફભાઇ છે જે મુન્નાભાઇ સરફરાજભાઇની ઑફિસમાં નોકરી કરે છે તો તે મકાનની નાની–નાની દલાલી પણ કરે છે. આ સાહેદે બંનેને સામે બેઠેલાં ભાઇને ઇશારો કરી બતાવેલાં અને કહેલું કે તે બેઠા છે તેમને તમે મળી લો. ત્યારપછી આ કોઇ ઇબ્રાહિમભાઇએ આ લોકોને મકાન ભાડે અપાવેલાંનું પોલિસ દ્વારા જાણવા મળેલું. સદર બે જે ભાઇઓ હતાં તે પૈકીનો એક ગોરા જેવો હતો અને એક થોડો શ્યામ (મિડિયમ) હતો. એક પાંચ ફુટ જેટલી ઉંચાઇનો હતો અને બીજો સાડા પાંચ ફુટની ઉંચાઇનો હતો.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઇએ તો આ સાહેદ ચાની લારી ચલાવતા હતા ત્યારે ઘણા લોકો લારી ઉપર આવતા હતા તે કબૂલ કરે છે. તે વખતે આ સાહેદ પાસે રહેવાનું ઘર ન હતુ તે પણ કબૂલ કરે છે. કઈ સાલમાં કોણ આ સાહેદ પાસે આવેલુ તે કહી શકે તેમ નથી. પોલીસે પુછપરછ કરી ત્યારે કોઈ આરોપીને લઈને આવેલી નહીં. બંને માણસોએ આ સાહેદને ત્યાં ચા પીધી તે પછી તેમને કયારેય જોયા નથી. આ લોકો સોસાયટીમાં ગયા, કોને મળ્યા અને મકાન ભાડે રાખેલુ કે કેમ તેની માહિતી નથી. આ સિવાય બીજી કોઈ હકીકત નીકળી આવતી નથી. ફરિયાદપક્ષની હકીકત જોતા આરોપી નં.૨૭ અબ્દુલ રાજીક તથા આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયા બંને આ સાહેદની કીટલી ઉપર ચા પીવા ગયેલા અને આ સાહેદને પુછેલુ કે અહીંયા કોઈ મકાન ભાડે મળે છે. પરંતુ જુબાની ધ્યાને લેતા આ બંને લોકોને આ સાહેદે ત્યારપછી કયારેય જોયા નથી અને જુબાની દરમ્યાન તેઓને ઓળખી બતાવ્યા નથી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે પઠાણ અબ્દુલસાજીદ અબ્દુલમજીદને સાહેદ નં.૯૫૪ તરીકે આંક–૬૬૬૮ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ ૨૦૦૮ની સાલમાં તેઓ ગોમતીપુરમાં એમ્બ્રોઇડરીનું ૫–૬ વર્ષથી કામ કરતા હતા અને તે વખતે ગોમતીપુર ચારતોળા કબ્રસ્તાનની સામે પુજારીની ચાલીમાં રહેતા હતા. આ સાહેદની દુકાન હાથીખાઈ પેટ્રોલ પંપ પાસે હતી અને દુકાનનો સમય સવારના ૯ થી રાત્રીના ૮ વાગ્યા સુધીનો હતો. પોલીસ

૨૦૦૮ ની સાલના ૧૨ મા મહીનામાં ૮ મી તારીખે આવેલી. તેમની સાથે એક આરોપી હતો. પોલીસે આવીને પુછેલુ કે આ વ્યક્તિ કંઈક રાખીને ગયો હતો? તો આ સાહેદે પોલીસને જણાવેલુ કે તેઓ કામ કરતા હતા ત્યારે આ વ્યક્તિ એક કંતાનની બોરી મુકીને ગયેલો. તેની સાથે અબ્દુલરાજીક ભાઈ હતા. આ બોરીમાં પાંચ કીલોનો બોટલ રાખેલો હતો. આ બાટલો ગેસના બાટલા જેવો હતો. આ વ્યક્તિ સાતમાં મહીનાની ૨૪ કે ૨૫ તારીખે મુકીને ગયેલો હતો. થેલો મુકતી વખતે અબ્દુલરાજીક ભાઈએ કહેલુ કે ૧૦–૧૫ મિનિટ પછી આવીને લઈ જઈશુ. ત્યાર પછી ૧૦–૧૫ મિનિટ બાજ અબ્દુલરાજીકભાઈ આવેલા અને કંતાનની બોરી લઈ ગયેલા. આ કંતાનની બોરી મોટી હતી અને ઉપરના ભાગેથી ખુલ્લી હતી માટે તેમા ગેસના બોટલ જોયેલો. અબ્દુલરાજીકભાઈને આ સાહેદ એ વખતે ૩ વર્ષ અગાઉથી ઓળખતા હતા. આ રાજીકભાઈએ તેવો રાજપુર ટોલનાકા પાસે રહેતા હતા તેમ કહેલુ હતુ. આ સાહેદ એક મહીના સુધી તેની સાથે કામ કરેલુ હતુ માટે ઓળખતો હતો તે વખતે એ દુબળો પાતળો હતો. જે વ્યક્તિ આ અબ્દુલરાજીક ભાઈની સાથે એક વખત આવેલ હતો તેને ઓળખી શકે નહીં.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદને પ્રશ્ન પુછવામાં આવેલો છે કે ડિસેમ્બર–૨૦૦૮ મા પોલીસ આવી તે પહેલા અબ્દુલ રાજીક કોને ત્યાં નોકરી કરતો હતો અને કયાં નોકરી કરતો હતો તેની તમને ખબર પડે છે ? તો જવાબમાં સાહેદે જણાવેલુ છે કે અબ્દુલ રાજીક મારી સાથે નોકરી કરતો હતો. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા પોલીસ આવી ત્યારે અબ્દુલ રાજીક તે દિવસે નોકરી કરતો હતો તેવુ પોલીસને જણાવેલુ નહીં. પોલીસ આવી તે દિવસે અબ્દુલ રાજીક કયા શેઠને ત્યાં નોકરી કરતો હતો તેની ખબર નથી. પોલીસ આવી તે દિવસે અબ્દુલ રાજીક રાજપુર ટોલનાકા પાસે ફલેટમાં રહેતો હતો, ફલેટનું નામ ખબર નથી. તા.૮.૧૨.૨૦૦૮ પહેલા પોલીસ અબ્દુલ રાજીકને લઈને આવી નથી કે પંચનામા જેવુ કોઈ લખાણ કરેલુ નથી. તા.૮.૧૨.૨૦૦૮ ના રોજ પોલીસ બે માણસોને લઈને દુકાન ઉપર આવી હોય અને લખાણ કરી પંચનામુ કરેલુ હોય તેવુ બનેલુ નથી. પોલીસને બીજા માણસનું

વર્ણન આપ્યુ હોય અને પોલીસે સ્કેચ તૈયાર કર્યો હોય તેવુ બન્યુ નથી. ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે એક વખત ગયેલા અને અર્ધો પોણો કલાક રોકાયેલા અને તે વખતે પોલીસે નિવેદન લીધેલુ. આ સાહેદને ત્યાં બે માણસો આવેલા અને કંતાનની બોરીમાં કંઈક મુકી ગયેલા તે હકીકત ખોટી જણાવે છે તો તે નકારે છે. આ સાહેદની દુકાને કોઈ બે માણસો આવેલા નથી તો તે હકીકત પણ નકારે છે. અબ્દુલ રાજીકનું આખુ નામ પોલીસને લખાવેલુ નહીં તો તે કબૂલ કરે છે. અબ્દુલ રાજીક આ સાહેદને ત્યાં કંતાનની બોરી મુકી ગયા પછી તેને કયારેય જોયેલ નથી તે કબૂલ કરે છે. આ પ્રશ્ન ધ્યાને લેતા કબૂલાત્મક પ્રશ્ન હોય અબ્દુલ રાજીક આ સાહેદને ત્યાં કંતાનની બોરી મુકી ગયેલાની હકીકતનો સ્વીકાર કરેલો છે તેમ કહી શકાય.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે અલ્લારખા સત્તારભાઈ સંધીને સાહેદ નં.૯૫૫ તરીકે આંક–૬૬૭૨થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ સને–૨૦૦૮મા ગોમતીપુરમાં રહેતા હતા. તેમના ઘરની પાસે એક નાનો ગલ્લો હતો ત્યાં સાઇકલ રીપેરીંગનું કામ કરતા હતા. આ સાઇકલ રીપેરીંગનો ધંધો નાનપણથી કરતા હતા તથા નાના છોકરાઓને સાઇકલ ભાડે આપવાનું કામ અને સાઇકલ લે વેચનું કામ કરતા હતા. તા.૨/૧/૨૦૦૯ ના રોજ પોલીસ આ સાહેદ પાસે આવેલી અને સાથે એક આરોપી હતો. પોલીસે આવીને કહેલુ કે આ વ્યક્તિને સાઇકલ આપેલી હતી? તો હા કહેલુ. આ સાઇકલ બાબતે તમે કોઈ લખાણ આપેલુ? તેમ પોલીસે પૂછતા ના પાડેલી. આ સાહેદ પાસે સાઇકલ એક જુની હતી જે ભંગારમાંથી લીધેલી હતી. આ સાઇકલ ૩.૭૦૦ માં એક મહમદ નામના વ્યકિતને આપેલી હતી. આ સાઇકલ જુની હતી પરંતુ તેને રીપેર કરીને આપેલી. આ સાઇકલ હીરો કંપનીની હતી, તેનું ગવન્ડર હરક્યુલસ કંપનીનું હતુ. આ સાઇકલનો કલર કાળો હતો. પોલીસ જે વ્યક્તિને લઈને આવેલી હતી તેનું નામ મહમદ ઈસ્માઈલ હતુ. આ મહમદ ઈસ્માઈલ ટોલનાકા રહેતા હતા પરંતુ તે જુઠ્ઠુ બોલેલા કે તે સારંગપુર રહેતા હતા. સેશન્સ કેસ નં. ૩૪૧/૨૦૦૯, આંક–૨૦૬૫વાળા મુદ્દામાલ લીસ્ટના આર્ટીકલ નંબર–૯ વાળી

સાઇકલ બતાવતા તે જોઈને કહે છે કે આ એ જ સાઇકલ છે જેનું ગવન્ડર હરક્યુલસ કંપનીનું છે અને સાઇકલ હીરો કંપનીની છે અને જે માણસને સાઇકલ વેચેલી તેને હાલ ઓળખી શકે નહીં તેમ જણાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો ઘરની પાસે આવેલ ગલ્લા ઉપર ધંધો કરતા ન હતા તો તે હકીકત નકારેલી છે. પોલીસને એવુ લખાવેલુ કે હું મારા ઘરે સાઇકલ રીપેરીંગનું કામ કરૂ છું તો તે હકીકત નકારેલી છે. સાઇકલ હીરો કંપનીની હતી તે પણ પોલીસને જણાવેલુ નહીં તો તે હકીકત પણ નકારેલી છે. સાઇકલનું ગવન્ડર હરકયુલસ કંપનીનું હતુ તે પણ પોલીસને જણાવેલુ નહીં તો તે હકીકત પણ નકારેલી છે. સાઇકલ કોર્ટમાં બતાવી માટે કહે છે કે આ સાઇકલ મે વેચેલી છે તે જ છે. પોલીસ આવી ત્યારે કોઈ સાઇકલ બતાવેલી નહીં તે કબૂલ કરે છે. તે વ્યકિતનું નામ મહમદ ઈસ્માઈલ છે તેવુ પોલીસે જણાવેલાની હકીકત નકારેલી છે. સાઇકલ વેચી ત્યારે તેનુ નામ પુછેલુ નહીં તો તે હકીકત નકારી છે. જેથી એવુ કહી શકાય કે જયારે આ સાહેદે સાઇકલ વેચી ત્યારે તે વ્યકિતનુ નામ પુછેલુ અને તેને પોતાનું નામ મહમદ ઈસ્માઈલ જણાવેલુ. જે સાઇકલ વેચેલી તે ભંગારવાળા પાસેથી રાખેલી હતી તે કબૂલ કરે છે. સાઇકલ કયારે લીધેલી તે કહી શકે નહીં. સાઇકલ લે–વેચના હિસાબ રાખતા નથી. પોલીસ આવી તેના કેટલા સમય પહેલા સાઇકલ વેચેલી તે કહી શકે નહીં. પોલીસના કહેવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારેલી છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે શાંતિલાલ જેસીંગભાઈ પરમારને સાહેદ નં.૯૬૩ તરીકે આંક–૬૭૫૭ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ સને–૨૦૦૮ના વર્ષમાં ભારતીય રેલવેમાં નોકરી કરતા હતા. તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ અમદાવાદ રેલવે સ્ટેશન ખાતે આવેલા વેઇટીંગ રૂમ ઉપર ફરજ હતી. આ વેઇટીંગ રૂમમાં રેલવેની અંદર જતાં આવતાં પેસેન્જરો ટ્રેન આવતા સુધી ત્યાં આરામ કરવા બેસતા હોય છે. જે પેસેન્જરો વેઇટીંગ રૂમમાં આવતાં હોય છે તેઓની નોંધ રજીસ્ટરમાં કરવામાં આવે છે. આ રજીસ્ટરમાં જે તે મુસાફરનું નામ, ટિકિટ નંબર, તારીખ, સમય વિગેરેની વિગતો નોંધવામાં

આવતી હોય છે અને જે પેસેન્જર ટિકિટ લઇને આવે છે તેની તે રજીસ્ટરમાં સહી કરાવવામાં આવતી હોય છે અને આ નોંધ જે કરવામાં આવતી હોય છે તે તથા પેસેન્જર પોતાની સહી આ સાહેદની હાજરીમાં કરતા હોય છે.

વધુમાં સાહેદે જણાવેલ છે કે તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ આ વેઇટીંગ રૂમમાં રાજધાની એકસપ્રેસના પેસેન્જર આવેલા હતા. નિ.૬૭૫૬/૨ વાળો રજીસ્ટરનું પાનુ જોઇને કહે છે કે તેમાં પેનથી જે સર્કલ કરેલું છે તે સમગ્ર નોંધ આ સાહેદે કરેલ હતી. આ રજીસ્ટરના છેલ્લા બે કોલમ જોઇને જણાવેલ છે કે છેલ્લાથી આગળના કોલમોમાં તેમના અક્ષરો છે અને છેલ્લા કોલમમાં તે એન્ટ્રીમાં જે મુસાફરનું નામ લખેલું છે તેમાં મુસાફરની સહી છે. મુસાફરે ટિકિટ બતાવેલી તે ટિકિટ સબંધી તમામ વિગત તેમાં લખેલી અને મુસાફરે છેલ્લા કોલમમાં તેમની હાજરીમાં સહી કરેલી છે. સદર એન્ટ્રીવાળી વિગત આંક–૬૭૫૮ થી રજૂ રાખેલ છે. સાહેદ વધુમાં જણાવે છે કે સામાન્ય રીતે રોજ આ વેઇટીંગ રૂમમાં આશરે ૧૫૦ થી ૨૦૦ પેસેન્જરો આવતાં હોય જેથી પેસેન્જરો આવે તેમને ઓળખી શકે નહીં તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો રજીસ્ટર તૈયાર આવતુ નથી પરંતુ બનાવવામાં આવે છે. આ સાહેદને ફોર્મ આપવામાં આવે છે અને ઘણા ફોર્મ ભેગા કરીને રજીસ્ટર બનાવે છે. તેમાં કોઈ અધિકારીની સહી કરવામાં આવતી નથી. રજીસ્ટર કેટલા પાનાનું છે તેની કોઈ નોંધ કરવામાં આવતી નથી. અસલ રજીસ્ટર આજરોજ બતાવેલ નથી. જે પેસેન્જરો વેઇટીંગ રૂમમાં રોકાતા હોય છે તેમની પાસેથી કોઈ ચાર્જ વસુલવામાં આવતો નથી. વેઇટીંગ રૂમમાં પેસેન્જર દાખલ થાય તે વખતે ઓળખપત્ર માંગવામાં કે ચેક કરવામાં આવતુ નથી. જયારે રીઝર્વ કરવામાં આવતી હોય ત્યારે તે પેસેન્જરના ઓળખપત્ર માંગવામાં આવતા હોય છે તે કબૂલ કરે છે. આ સિવાય બીજી કોઈ હકીકત જણાવતા નથી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે અબ્દુલરહિમ ગુલામભાઈ મન્સુરીને સાહેદ નં.૧૦૩૫ તરીકે આંક–૭૦૪૬ થી તપાસવામાં આવેલા છે. તેઓની

સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ છેલ્લા વીસ વર્ષથી સાઇકલ રીપેરીંગનું કામકાજ કરે છે. સને–૨૦૦૮ની સાલમાં તેમની સાઇકલ રીપેરીંગની દુકાન અપ્સરા સાઇકલ જુહાપુરા, સરદાર સ્મૃતિ સોસાયટીની સામે , અલફજલ મસ્જિદની બાજુમાં હતી. વધુમાં સાહેદ જણાવે છે કે તા.૩/૧/૨૦૦૯ ના રોજ તેમની દુકાને ત્રણ–ચાર પોલીસ આવેલી હતી અને તેમની સાથે એક આરોપી પણ હતો અને પોલીસની સાથે બે પબ્લિકના માણસો પણ હતાં. આરોપીનું નામ મહમદ ઇસ્માઇલ મન્સુરી હતું. આરોપીએ આ સાહેદને એવું કહેલું કે સાઇકલ મે અહિંયાથી લીધેલી. આ સાહેદ પાસે એક જુની સાઇકલ કે જે ભંગારમાંથી લીધેલી હતી તે આરોપી મહમદ ઇસ્માઇલને આપેલી હતી તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદની સાઇકલની દુકાને સવારથી સાંજ સુધીમાં ઘણા બધા લોકો આવે છે તે કબૂલ કરે છે. કયા ગ્રાહકો કઈ તારીખે આવ્યા અને તેઓના શું કામ કર્યા તેનું રેકર્ડ રાખવામાં આવતુ નથી. એમ.જે.ચાવડા નામના પોલીસ અધિકારીને ઓળખતા નથી. એમ.જે.ચાવડા સાહેબે પુછપરછ કરી હોય તો યાદ નથી. જે આરોપીને લઈને પોલીસ આવેલી તે આરોપીને પોલીસે કયાંથી અને કયારથી પકડેલો તેની ખબર નથી. તેની સાથે કોઈ વાતચીત કરેલી નહીં. આરોપી બાબતે પોલીસ પાસેથી કોઈ માહિતી મેળવેલી નહીં. આરોપી સાથે મારઝુડ કરેલી છે કે કેમ તેની તપાસ કરેલી નથી તે કબૂલ કરે છે. આરોપીને સાઇકલ વેચી છે તે બતાવવા માટે આરોપીએ સાઇકલ વેચાણ અંગેનુ કોઈ લખાણ બતાવેલુ નહીં. આરોપીને સાઇકલ વેચી છે તે બાબતેનું કોઈ લખાણ પોલીસને આપેલુ નહીં. આરોપીને કઈ કંપનીની, કયા મોડલની સાઇકલ આપેલી તે કહી શકે નહીં. રસ્તેથી બે પબ્લિકના માણસોને બોલાવેલા. તેમને શું લખાણ લખેલુ તે યાદ નથી. તા.૩.૧.૨૦૦૯ ના દિવસે પોલીસ કોઈ આરોપીને લઈને દુકાને આવેલી નથી તો તે હકીકત નકારી છે. તેનો અર્થ એવો થાય કે આ સાહેદની દુકાને તા.૩.૧.૨૦૦૯ નાં રોજ પોલીસ આરોપીને લઈને ગયેલી હતી. પોલીસની ધાક ધમકી અને દબાણના કારણે ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારેલી છે.

આજે જે સાઇકલો ખરીદેલી હોય કે રીપેર કરી હોય કે વેચી હોય તેવી સાઇકલો બતાવવામાં આવે તો ઓળખી શકે નહીં તે કબૂલ કરે છે. આરોપીનું નામ આજે કહેલુ છે માટે નામ જણાવે છે તો તે હકીકત નકારી છે. સવારે કોર્ટમાં આવતા પહેલા આરોપીનું નામ જણાવવામાં આવેલુ અને જવાબ વાંચી સંભળાવેલો તો તે હકીકત નકારેલી છે. ફરિયાદપક્ષની હકીકત પ્રમાણે આ સાહેદ જુહાપુરા સરદાર સ્મૃતિ સોસાયટી સામે અફઝલ મસ્જિદની બાજુમાં "અપ્સરા સાઇકલ" નામની દુકાન ધરાવી સાઇકલ રીપેરીંગનુ કામ કરતા હતા અને આરોપી નં.૨૭ મહમદ ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ રાજીકનાઓએ આ સાહેદ પાસેથી ભંગારમાંથી એક સાઇકલ ખરીદેલી હતી અને આ જગ્યા આરોપીએ પંચો રૂબરૂ પણ બતાવેલી હતી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે ખુરશીદભાઈ અહેમદભાઈ કુરેશીને સાહેદ નં.૧૦૩૬ તરીકે આંક–૭૦૪૭ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓની સાઇકલ રીપેરીંગની દુકાન સરખેજ રોડ ઉપર ફતેહવાડી ખાતે આવેલી છે. આ સાહેદ "સાદીક સાઇકલ રીપેરીંગ વર્કસ" ના નામથી સાઇકલ રીપેરીંગનું કામકાજ કરે છે. વધુમાં સાહેદે જણાવેલ છે કે પોલીસ તેમની પાસે તા.૩/૧/૨૦૦૯ ના રોજ આવેલી હતી. પોલીસ આવી ત્યારે તેમની સાથે બીજા ચાર પોલીસના માણસો હતા, બે પબ્લિકના માણસો હતા અને એક આરોપી હતો. પોલીસે સાઇકલ બાબતે પુછેલું અને જણાવેલું કે આ માણસ તમારી પાસેથી છ માસ પહેલા સાઇકલ લઇ ગયેલો હતો? તો કહેલુ કે આ માણસ છ મહિના પહેલા આવેલો હતો અને તેણે સાઇકલ છે તેવું પુંછેલું તો કહેલું કે હા, જૂની સાઇકલ છે અને તે રૂા.૬૦૦/–ની છે અને ત્યારબાદ તે માણસ રૂા.૬૦૦/– આપીને સાઇકલ લઇ ગયેલો હતો તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદની સાઇકલની દુકાન છે ત્યાં વસ્તીવાળો વિસ્તાર છે તે કબૂલ કરે છે. આ સાહેદ સાઇકલો ભાડેથી આપતા નથી. સાઇકલ રીપેરીંગના કામ માટે દુકાન ઉપર સવારથી સાંજ સુધી ઘણા માણસો આવે છે તે કબૂલ કરે છે. દુકાનના કોઈ

હિસાબી ચોપડા રાખતા નથી. જે માણસ બતાવેલો તે કોણ હતો તેની ખબર નથી તે કબૂલ કરે છે. પોલીસે જવાબ લીધો તે પહેલા લગભગ છ મહીના પહેલા સાઇકલ વેચેલી. ફરિયાદપક્ષની હકીકત પ્રમાણે આરોપી નં.૨૭ મહમદ ઈસ્માઈલનાઓએ જે–જે જગ્યાઓએથી સાઇકલો ખરીદેલી તે તમામ જગ્યાઓ પંચો રૂબરૂ બતાવેલી હતી તે પૈકી આ સાહેદની દુકાન પણ આરોપીએ બતાવેલી હતી અને આ સાહેદે આરોપી મહમદ ઈસ્માઈલને રૂા.૬૦૦/– મા સાઇકલ વેચાણ આપેલી હતી.

આ આરોપી નં.૨૭ મહમદ ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ રાજીક ઉર્ફે મુસફ ઉર્ફે કુરકાન મહમદ ઈસાક મન્સુરીએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે? તે પ્રશ્નના જવાબમાં તેણે ફરીયાદપક્ષના પુરાવા સબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના બચાવ માટે જે હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦ માં જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી. વધુમાં સદર આરોપીને વિશેષમાં કંઈ કહેવુ છે? તે પ્રશ્નના જવાબમાં આરોપીને જે હકીકત લખાવી છે તે સૌપ્રથમ વખત લખાવી છે તે સંબંધમાં કોઇ પુરાવો રજૂ કરેલો નથી.

આ ઉપરાંત આ આરોપીએ પોતાના બચાવમાં લેખિતમાં પાના નં.૧ થી ૧૨ સુધીનું નિવેદન રજૂ કરેલુ છે. આ નિવેદન ધ્યાને લેતા તેમા પણ ક્રાઇમ બ્રાન્ચના અધિકારીઓએ તેઓની ઉપર જોર જુલમ કરેલાની હકીકત જણાવેલી છે. જાનવરો સાથે કરે તેવો વ્યવહાર કરેલો છે. તા.૮.૮.૨૦૦૮ થી ગેરકાયદેસર રીતે ક્રાઇમ બ્રાન્ચમાં ગોંધી રાખેલાની હકીકત જણાવી છે. બીજા ઘણા વ્યકિતઓને પણ ક્રાઇમ બ્રાન્ચમાં લાવીને ગેરકાયદેસર રીતે કસ્ટડીમાં રાખતા હતા. આ ઉપરાંત "ટી" બનાવતા તેમજ પગના તળીયામાં અને કુલ્હા ઉપર દંડા વડે બેરહમીપૂર્વક મારતા હતા, ગુપ્તાંગ ઉપર ઈલેકટ્રીક કરન્ટ આપતા હતા, બે થી ત્રણ વખત બેહોસ થઈ ગયેલા વિગેરે હકીકતો જણાવેલી છે પરંતુ આ સાહેદે આ

મુજબની કોઈ ફરિયાદ તેઓને સૌપ્રથમ શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં.૨૩૬/૨૦૦૮ ના કામે તા.૨૩.૧૦.૨૦૦૮ નાં રોજ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં. ૧૧ સમક્ષ રજૂ કર્યા ત્યારે જણાવેલી નથી. તેઓના વતી તેમના કુટુંબીજનો કે વકીલશ્રીઓએ પણ આવી કોઈ રજૂઆત કોર્ટ સમક્ષ કરેલી નથી. આરોપીને બેરહેમી પૂર્વક મારેલા હોય તો તે બાબતે કોઈ તબીબી સારવાર લીધી હોય તો તેવા કોઈ તબીબી સારવારના કાગળો રજૂ કરેલા નથી. વધુમાં લેખિત નિવેદન ધ્યાને લેતા એ.સી.પી. મયુર ચાવડા રેગ્યુલર થોડા થોડા દિવસોમાં જેલમાં આવતા હતા અને ગુનાની કબૂલાત કરવા દબાણ કરતા હતા. પરંતુ મારા મત પ્રમાણે આ બચાવ આરોપીએ ઉભો કરેલો છે. આ અંગે કોઈ પુરાવો રજૂ થયેલો નથી. એ.ટી.એસ.ના હેડ કોન્સ્ટેબલ ગોપાલ શર્મા ગુનાની કબૂલાત માટે દબાણ કરતા હતા તો તે બાબતે પણ કોઈ સબળ પુરાવો આરોપી તરફથી રજૂ થયેલો નથી. વધુમાં નિવેદન ધ્યાને લેતા પોતાની સામે સીધો કે આડકતરી રીતે કોઈ પુરાવો નથી, આ ગુનામાં સંડોવાયેલો નથી, કહેવાતા પંચનામાવાળી જગ્યાઓ ઉપર પોલીસ લઈ ગયેલી નથી કે પોતે કોઈ ચીજવસ્તુઓ શોધી બતાવેલી નથી. આ ઉપરાંત સાઇકલો, ગેસના બોટલો કે કોઈ પણ ચીજવસ્તુઓ કયારેય ખરીદેલી નથી. ક્રાઈમ બ્રાન્ચ દ્વારા આ કેસમાં ખોટી રીતે ફસાવેલા છે. પરંતુ આ લેખિત નિવેદન સિવાય આરોપી પાસે બીજો કોઈ સબળ મૌખિક કે દસ્તાવેજી પુરાવો નથી.

આરોપી નં.૨૭ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૯૫૭, ૧૧૪૧, ૪૮૭, ૪૮૮, ૪૮૯, ૯૨૬, ૯૫૨, ૫૮૮, ૫૮૯, ૮૧૨, ૮૧૬, ૮૨૨, ૮૨૪, ૮૨૭, ૮૩૩, ૮૩૪, ૮૬૫, ૮૬૬, ૮૬૭, ૮૬૮, ૯૦૧, ૧૧૦૭, ૩૩૩, ૩૪૭, ૩૫૪, ૩૫૫, ૩૫૮, ૪૦૩, ૪૦૮, ૪૮૩, ૪૮૪, ૪૮૫, ૫૩૨, ૮૨૬, ૮૨૮, ૮૨૯, ૯૩૯, ૯૫૪, ૯૫૫, ૯૬૩, ૧૦૩૫, ૧૦૩૬, ૭૮૬, ૭૯૦, ૭૯૨, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૧૧૧૬, ૧૧૫૩,

૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ છે. આ ઉપરાંત આરોપી નં.૨, ૨૪ અને ૭૬ ના કબૂલાત નિવેદનો પણ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતા આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલશ્રી ડી.ડી.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપીને તા.૨૩.૧૦.૨૦૦૮ ના રોજ અટક કરવામાં આવેલો છે અને ત્યારબાદ અમદાવાદ તથા સુરતના કેસોમાં તા.૯.૨.૨૦૦૯ સુધી રીમાન્ડ ઉપર રાખવામાં આવેલો છે. સાહેદ નં.૮૨૪ સંજયકુમાર ધામેચાને સાથે રાખી તા.૨૫.૧૦.૨૦૦૮ ના રોજ તપાસ કરનાર અધિકારીએ આંક–૫૫૪૫ વાળુ પંચનામુ બનાવેલુ છે અને તે પંચનામા મુજબ આરોપીના ઘર પાસેથી સાઇકલ કબજે કરેલી છે. આ સાઇકલ બ્લાસ્ટમાં વપરાયેલી હતી તેવો ફરિયાદપક્ષનો કેસ નથી. આ સાઇકલ સાહેદ નં.૮૨૯ ઐયુબ શેખને ત્યાંથી ખરીદેલી તેવો ફરિયાદપક્ષનો કેસ છે. પરંતુ સાહેદ નં.૮૨૯ આરોપીને ઓળખી બતાવતા નથી. આ બનાવ સાથે આ સાઇકલને કાંઈ લેવાદેવા નથી. આ સાહેદને શીખવાડેલુ હોવાથી ખોટી જુબાની આપે છે. તપાસ કરનાર અધિકારીને આ સાહેદે સાઇકલ વેચાણનું બીલ આપેલુ નથી. પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદની જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ ફૂટપાથ ઉપર બેસીને ધંધો કરે છે અને જૂની સાઇકલ કોઈ વ્યકિતને વેચે તો તેને બીલ આપીને સાઇકલ વેચાણ કરી હોય તેવી અપેક્ષા રાખી શકાય નહીં. વધુમાં દલીલ કરતા જણાવવામાં આવેલ છે કે, આ સાઇકલ કબજે કરી ત્યારે સીલ કરી નથી. તા.૨૫.૧૦.૨૦૦૮ ના રોજ સાઇકલ વેચેલી છે અને આરોપીને તા.૨૩.૧૦.૨૦૦૮ ના રોજ અટક કરેલો છે માટે ફરિયાદપક્ષની હકિકત ખોટી છે. પરંતુ મારા મત પ્રમાણે સાહેદ નં.૮૨૯ ભણેલા નથી, દસ વર્ષ પછી જુબાની આપતા હોવાથી તારીખ લખાવવામાં ભૂલ પડે તે સ્વાભાવિક છે, તેથી કરીને સાહેદ જુઠુ બોલે છે તેમ કહેવાય નહિ. વધુમાં દલીલ કરતા જણાવવામાં આવેલ છે કે, સાહેદ નં.૮૩૩ ઉર્મિત કાયસ્થની હાજરીમાં તપાસ કરનાર અધિકારીએ આંક–૫૬૨૨વાળુ પંચનામુ બનાવેલુ છે.

આ પંચ સાહેદ ગોમતીપુરનો રહેવાસી છે અને સીલેકટેડ પંચ છે. આરોપીની કબૂલાત મેળવવા માટે આ પંચનામુ બનાવેલુ છે. આરોપીએ બોમ્બ કયાંથી મેળવેલા, એપ્રુવરને બોમ્બ કયાં આપેલા અને કઈ જગ્યાએ બોમ્બ મુકેલા તે જગ્યાઓ બતાવતુ આ પંચનામુ ખોટુ બનાવેલુ છે. આ સાહેદ આરોપીનુ નામ યાદ રાખે છે પરંતુ પોલીસ અધિકારીનું નામ યાદ રાખતા નથી તે મનાય નહીં. પરંતુ તેઓની દલીલ સાથે હું સંમત નથી કારણ કે એવુ જરૂરી નથી કે આરોપીનું નામ યાદ હોય તો પોલીસ અધિકારનું નામ પણ યાદ જ હોય. સાહેદનં.૮૨૮ વજુભાઇ દરજીની જુબાની ધ્યાને લઈ દલીલ કરવામાં આવે છે કે આ સાહેદને ત્યાંથી આરોપીએ થેલી ખરીદેલી તેવો આક્ષેપ છે પરંતુ આ સાહેદ કારખાનુ ધરાવે છે માટે રૂા.૧૦ કે ૧૫ ની થેલી વેચે નહીં. પરંતુ તેમની આ દલીલ સાથે હું સંમત નથી. આ સાહેદનું કારખાનુ હોય તેથી કરીને એવુ કહી શકાય નહીં કે તેમને થેલી વેચેલી નથી. સાહેદ નં.૮૨૨ જિગ્નેશ પંચાલની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરે છે કે, આ સાહેદની હાજરીમાં આંક–૫૫૩૪વાળુ પંચનામુ ખોટુ બનાવવામાં આવેલુ છે. આંક–૫૫૩૫વાળા રજિસ્ટરમાં આ સાહેદનું નામ નથી જેથી જનતા સાઇકલ માર્ટ આ સાહેદની માલિકીની નથી. પરંતુ મારા મત પ્રમાણે જો આ સાહેદ મૌખિકમાં સોગંદ ઉપર અદાલતમાં જણાવતા હોય કે જનતા સાઇકલ માર્ટ તેમની માલિકીની છે તો તે નહીં માનવાને કોઈ કારણ નથી. સાહેદ નં.૮૧૬ અતુલ શેઠની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરવામાં આવે છે કે આ સાહેદની હાજરીમાં આંક–૫૪૮૫વાળુ પંચનામુ ઘણા લાંબા સમય પછી બનાવેલુ છે. આંક–૫૪૮૫વાળા પંચનામાના પંચ સાહેદ મણીનગર ખાતે રહે છે જેથી તે સીલેકટેડ પંચ છે. પંચનામામાં "વસીમ" નામ જણાવેલુ છે તે આરોપી નં.૫૨ છે. પરંતુ આ સાહેદ જો મણીનગરમાં રહેતા હોય તેથી કરીને તે સીલેકટેડ પંચ છે તેમ માની શકાય નહીં. સાહેદ નં.૯૫૨ મહમદ આરીફ સૈયદની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરવામાં આવે છે કે આ સાહેદ અલમહમદી સોસાયટીવાળુ મકાન ભાડે અપાવનાર સાહેદ છે. પરંતુ મકાન ભાડે લેવા કોણ આવેલુ તે સ્પષ્ટ આ સાહેદ જણાવતા નથી કે તેઓ આરોપીને ઓળખી બતાવતા નથી. આ સાહેદે

સાહેદ નં.૫૮૯ ઇન્દ્રવીર ઝાલાની રૂબરૂમાં આરોપીને ઓળખી બતાવેલો પરંતુ તેનુ નામ મહમદ ઈમરાન આપેલુ હતુ અને પાછળથી મહમદ ઈસ્માઈલ જણાવેલુ છે. સાહેદ નં.૯૫૨ ની હાજરીમાં મેજિસ્ટ્રેટે આરોપીનું નામ પુછ્યુ હોય તો તેની ખબર નથી માટે ફરિયાદપક્ષની હકીકત પ્રમાણે તા.૨૪.૧૧.૨૦૦૮ ના રોજ આ સાહેદ રૂબરૂ આરોપીની ઓળખ પરેડ થયેલી તો તે હકીકત ખોટી છે. સાહેદ નં.૫૮૯ એ આવી કોઈ ઓળખ પરેડ યોજી નથી. પરંતુ તેઓની આ દલીલ સાથે હું સંમત નથી કારણ કે સાહેદ નં.૫૮૯ અંગેની જુબાનીની વિસ્તૃત ચર્ચા ઓળખ પરેડના પેરામાં કરેલી છે જેથી તેનુ પુનરાવર્તન અત્રે કરવામાં આવતુ નથી. વધુમાં દલીલ કરતા જણાવવામાં આવે છે કે, સાહેદ નં.૫૮૯ એ ઓળખ પરેડ યોજી ત્યારે પોલીસ તથા સાહેદો ઉપર તેમનુ કોઈ નિયંત્રણ હતુ નહીં પરંતુ મારા મત પ્રમાણે મેજિસ્ટ્રેટશ્રીએ નિયંત્રણ રાખવાનુ હોતુ નથી, કેવા પ્રકારનું નિયંત્રણ રાખવુ જોઈએ તે અંગેની દલીલ કરવામાં આવતી નથી.

સાહેદ નં.૯૨૬ મુખત્યાર પ્રાઇમસવાલાની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરવામાં આવે છે કે, આ સાહેદ ગેસના બોટલ વેચનાર છે. આ સાહેદના કહેવા પ્રમાણે "પેકીંગ એસા કરના ચાહીયે" તેવુ રેકર્ડ ઉપર લાવવા માટે ઉભો કરવામાં આવેલ છે. આ સાહેદના કહેવા પ્રમાણે આ સાહેદની દુકાનેથી તા.૨૫.૭.૨૦૦૮ ના રોજ એક વ્યકિત ગેસના બોટલ લઈ ગયેલો. પોલીસે આ સાહેદના ચાર નિવેદનો લીધેલા છે અને કોર્ટમાં બે નિવેદનો રજુ કર્યા છે. નિવેદનોમાં સહીઓ લીધી છે માટે એવુ કહી શકાય કે આ આરોપી આ ગુનામાં સંડોવાયેલો નથી. પરંતુ મારા મત પ્રમાણે આવા સહીઓવાળા નિવેદનો બે હોય કે ચાર હોય તે રજૂ કરવામાં આવેલા નથી. વધુમાં દલીલ કરતા જણાવવામાં આવે છે કે, આરોપી આ સાહેદની દુકાનેથી ગેસના બોટલ લઈ ગયેલો હોય તો તે અંગેની જાણ પોલીસને કરેલ નથી કે બનાવ પછી પણ આ અંગેની જાણ કરેલ નથી. પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદે જયારે ગેસના બોટલ વેચ્યા ત્યારે તેને એવી ખબર ન હોય કે બોટલ લઈ જનાર વ્યકિત આ બોટલનો ઉપયોગ બોમ્બ બ્લાસ્ટ કરવા માટે કરશે માટે પોલીસને જાણ ન કરે. સાહેદ નં.૯૫૪ અબુલ

સાજીદ પઠાણની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરવામાં આવે છે કે આ સાહેદ એમ્બ્રોઈડરીના કારખાનામાં મશીન ઉપર કામ કરતા હતા અને ફરિયાદપક્ષના કેસ પ્રમાણે આ સાહેદને ત્યાં કંતાનની બોરીમાં ગેસના બોટલ આરોપી મુકી ગયેલો અને થોડીવાર પછી લઈ ગયેલો. પરંતુ આ સાહેદે એમ્બ્રોઈડરીના મશીન ઉપર બેસી રહેલા હતા માટે કંતાનના થેલામાં ગેસના બોટલ જોયા હોય તે શકય નથી. સાહેદ નં.૯૨૬ ની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરે છે કે આ સાહેદ રૂબરૂ આરોપીની ઓળખ પરેડ કરાવવામાં આવેલી નથી. સાહેદ નં.૫૮૮ લક્ષ્મણ પારધીની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરે છે કે આ સાહેદે નિયમો પ્રમાણે આરોપીની ઓળખ પરેડ કરાવેલી નથી. આરોપીનો બુરખો કાઢયો હોય અને આરોપીનો ચહેરો જોયા પછી ઓળખ પરેડ કરાવેલી હોય તેવુ બનેલુ નથી. તપાસ કરનાર અધિકારીએ આંક–૬૦૬૮ તથા આંક–૬૦૬૪ ના બે પંચનામાની વિગતે સાઇકલો કબજે કરેલી છે. બંન્ને પંચનામાની વિગતો સરખી છે માટે પંચો ઉભા કરેલા છે. સાહેદ નં.૮૬૭ રાજુ ભરવાડ તથા નં.૮૬૮ રાકેશ પંચાલની જુબાનીઓ તરફ ધ્યાન દોરી દલીલ કરે છે કે આરોપી સાઇકલો કયાંથી લાવેલો તે આ સાહેદોની હાજરીમાં જણાવેલુ નહીં માટે આ બંને પંચનામાઓ ઉભા કરેલા છે. સાહેદ નં.૯૫૫ અલ્લારખા સીંધીનાઓએ સાઇકલ કયા વ્યકિતને વેચેલી તેને ઓળખી શકે તેમ નથી. પંચનામાઓ સાહેદ નં.૧૧૬૩ નાઓએ બનાવેલા છે, કયા ગુનામાં કઈ સાઇકલ વપરાઇ તે સાબિત થતુ નથી. પરંતુ મારા મત પ્રમાણે ગુનામાં વપરાયેલ સાઇકલો જુની હતી, સાઇકલોના કોઈ આર.ટી.ઓ. નંબર હોતા નથી, બનાવો પછી સાઇકલોને પણ નુકસાન થયેલુ. જેથી કરીને પણ કયા ગુનામાં કઈ સાઇકલ વપરાઇ તે હરગીજપણે કહી શકાય નહીં. સાહેદ નં.૯૫૭ ઝાકિર કુરેશીની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરવામાં આવે છે કે આ સાહેદ ભરોસાપાત્ર નથી અને પોલીસ દ્વારા આ સાહેદને જુબાની આપવા તૈયાર કરેલા છે. જયારે સાહેદ નં.૧૧૫૧ રીયાઝ હુસેન સીદ્દિકી બનાવ બાબતે સાચી હકીકત જણાવે છે. સાહેદ નં.૯૫૭નાઓએ જે પ્રમાણે જુબાની આપી તે પ્રમાણેની જુબાની આપવાનું દબાણ સાહેદ નં.૯૫૭ નાઓએ સાહેદ નં.૧૧૫૧ ઉપર કરેલુ

છે. પરંતુ આ સંબંધમાં બચાવપક્ષ તરફથી કોઈ પુરાવો રજૂ થયેલો નથી. વધુમાં દલીલ કરતા જણાવવામાં આવે છે કે, સાહેદ નં.૯૫૭ ના રહેણાંકની બાજુમાં પોલીસ ચોકી આવેલી છે જેથી કેવી રીતે જુબાની આપવી તે તેમને સમજાવેલુ છે. આ સાહેદ તેની પત્નીને લેવા ટ્રેનમાં જતો હતો તેવી ફરિયાદપક્ષની હકીકત છે પરંતુ તપાસ કરનાર અધિકારીએ રેલવેની ટિકિટ કે ડબ્બાની વિગત, રીઝર્વેશનની વિગત મેળવેલી નથી. પરંતુ મારા મત પ્રમાણે ઘણા સમય પછી આ વિગત મળી શકે નહીં, જેથી તપાસ કરનાર અધિકારી તે કબજે પણ કરી શકે નહીં. સાહેદ નં.૧૧૪૧ ઐયાઝ સૈયદની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરે છે કે આ સાહેદને પણ તપાસ કરનાર અધિકારીઓએ ઉભા કરેલ સાહેદ છે. તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ કલાક ૪.૦૦ વાગે આ સાહેદ સારંગપુર દરવાજા પહોંચી ગયાનું જણાવે છે. પરંતુ તે દિવસે આ સાહેદ નોકરી ઉપર ગયેલા હતા અને તેમની નોકરીનો સયમ સાંજના ચાર વાગ્યા સુધી હતો માટે નોકરીના સ્થળેથી ચાર વાગે નીકળીને ચાર વાગે સારંગપુર દરવાજા પહોંચવુ શકય નથી. પરંતુ મારા મત પ્રમાણે સમયમા વધઘટ થઈ શકે તેથી કરીને આ સાહેદ જુઠ્ઠી હકીકત જણાવે છે તેમ કહી શકાય નહીં. સાહેદ નં.૧૧૦૬ ની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરવામાં આવે છે કે આ સાહેદના કહેવા પ્રમાણે તેઓનુ મકાન ભાડે રાખવા માટે સઈદુ રહેમાન બે માણસોને લઈને આવેલા જયારે સાહેદ નં.૧૧૪૧ ના કહેવા પ્રમાણે કયામુદ્દિન, તૌકીર તથા પોતે એમ કુલ ત્રણ જણા ગયેલાનું જણાવે છે. જેથી આ સાહેદ ભરોસાપાત્ર નથી. વકીલશ્રી ડી.ડી.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી આ કહેવાતા ગુનાઓમાં સંડોવાયેલો નથી. પરંતુ ઉપર વિગતે જે પુરાવા રજૂ થયા છે તે ધ્યાને લેતા આ આરોપી આ કહેવાતા ગુનામાં સંડોવાયેલો છે તેમ હું માનુ છું.

આરોપી નં.૨૮ અફઝલ ઉર્ફે અફસર મુતલ્લાબી ઉસ્માનીનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૨૮ અફઝલ ઉર્ફે અફસર મુતલ્લાબી ઉસ્માનીનાઓ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ જુદી–જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી–જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા–જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમને કઈ–કઈ ભૂમિકા ભજવેલી છે તે સાબિત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે તે પૈકી આ આરોપીની સાહેદો રૂબરૂ ઓળખ પરેડ કરાવનાર મેજિસ્ટ્રેટ સાહેદ નં.પ૭પ તરીકે કીર્તનભાઈ ચતુરભાઈ પટેલને તપાસવામાં આવેલા છે અને તેઓ તમામની જુબાની ધ્યાને લેતા આ આરોપીની સામે મુકવામાં આવેલ આક્ષેપો મુજબના કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા એકબીજાની મદદગારી કરીને અમદાવાદ શહેરમાં જુદી–જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરેલા છે તેમજ સુરતની જુદી–જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલ હોવાનું ફલીત થાય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે સુરેશભાઈ જીવણભાઈ પ્રજાપતિને સાહેદ નં.૪૦૯ તરીકે આંક–૨૩૩૫ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ જુલાઈ–૨૦૦૮ ના અરસામાં નવા વણજર ગામ, પ્રજાપતિ વાસ, સરખેજ અમદાવાદ ખાતે રહેતા હતા. તેમના મારા પિતાજી જીવણભાઇ શંકરભાઇ પ્રજાપતિ તા.૧૧/૩/૨૦૦૮ ના રોજ ગુજરી ગયેલા. આ સાહેદના પિતા ઇંટો બનાવવાનો અને વેચવાનું કામ કરતાં હતાં અને તેમના અવસાન પછી તે ધંધો આ સાહેદ કરતા હતા. ધંધા ઉપર જવા આવવા માટે જુલાઇ ૨૦૦૮ ના દશ–અગિયાર માસ પહેલાં પટેલ ઓટો કન્સલટન્ટ ૧૩૨–ફુટ રીંગ રોડ, ગોપાલ નગર પેટ્રોલ પંપ સામે, નારણપુરા પાસેથી એક મારૂતિ–૮૦૦ ગાડી એલ.પી.જી. કીટ સાથે વાળી ખરીદેલી. તેમની આ ગાડીનો નં.જીજે–૧–

એચએફ–૫૭૬૪ હતો. જે ગાડી અગાઉ સંજયભાઇ પટેલ, ૪૬, સ્વામિનારાયણ સોસાયટી, ઘોડાસરવાળાના નામે હતી. આ ગાડી ખરીદ્યા પછી આર.ટી.ઓ.માં તેમના નામે ટ્રાન્સફર કરાવેલ. આ ગાડીનો એન્જીન નં. ૨૬૮૦૯૬૭ તથા ચેસીસ નં.૧૯૨૭૯૬૯ હતો અને સને–૨૦૦૪ નું મોડેલ હતું. આ ગાડી દોઢ લાખ રૂપીયામાં ખરીદેલ હતી અને તેનો જાતે ઉપયોગ કરતા હતા. તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ તેમની આ ગાડી તેમની પાસે જ હતી અને તેનો ઉપયોગ આ સાહેદ પોતે કરતા હતા. પોલીસે તા.૭/૮/૨૦૦૮ ના રોજ પુછપરછ કરેલી અને નિવેદન લીધેલું. જે એલ.જી. હોસ્પિટલમાં ગાડીમાંથી બ્લાસ્ટ થયેલ તે બાબતે લીધેલું. પોલીસે પુછપરછ કરી ત્યારે ગાડીના કાગળો જેવા કે આર.ટી.ઓ. બુક તથા અન્ય તમામ કાગળો પોલીસને બતાવેલાં અને આ ગાડીના કાગળોની ઝેરોક્ષ પોલીસમાં રજૂ કરેલી. આ ગાડી જાન્યુઆરી–૨૦૧૫ માં કટારીયા ઓટોમોબાઇલ્સને બીજી ગાડી એક્ષચેન્જમાં લેવાની હોવાથી આપેલી. ગાડી કટારીયા ઓટોમોબાઇલ્સમાં સોંપેલી તે બાબતની કટારીયા ઓટોમોબાઇલ્સ લી. ની ડીલીવરી રીસીપ્ટ આંક–૨૩૫૩થી રજૂ રાખેલ છે. તેમજ આંક–૨૩૫૪/૧ વાળી આર.ટી.ઓ. આર.સી.બુકની ઝેરોક્ષ નકલ કે જેના કુલ ૧ થી ૮ પાના બતાવવામાં આવતા તે તેમના નામની ગાડીની આર.સી. બુક છે અને અનુ. નં.૧/૨ તથા ૧/૩ તેમની કાર ખરીદીના દસ્તાવેજો હોવાનું જણાવેલ છે. આ સાહેદની બચાવપક્ષ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલ નથી.

આમ આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદે પટેલ ઓટો કન્સલટન્ટ નારણપુરા પાસેથી મારૂતિ ૮૦૦ ખરીદેલી હતી. અગાઉ આ ગાડીના માલીક સંજયભાઈ પટેલ ઘોડાસરનાઓ હતા. આ ગાડી તેમને પોતાના નામે ટ્રાન્સફર કરાવેલ હતી અને જાન્યુઆરી–૨૦૧૫માં કટારીયા ઓટો મોબાઈલ્સને બીજી ગાડી લેવાની હોવાથી એક્ષચેન્જમાં લેવાની હોવાથી આપેલ હતી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે હરીશભાઈ ધરમદાસ અગ્રવાલને સાહેદ નં.૬૦૨ તરીકે આંક–૩૨૨૯થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની

સરતપાસ મુજબ ડીસેમ્બર–૨૦૦૮ ના અરસામાં તેઓ બ્લોક નં.ડી–૨/૭૦૧ તથા ૭૦૨, સ્પેકટ્રમ ટાવર, પોલીસ સ્ટેડીયમ સામે, શાહીબાગ, અમદાવાદમાં રહેતા હતા. તે સમયે રેલવેનાં કાર પાર્કીંગ, કેટરીંગ તથા પેપ્સી ડીસ્ટ્રીબ્યુટરનો ધંધો કરતા હતા.

સાહેદ વધુમાં જણાવે છે કે કાલુપુર, અમદાવાદ રેલ્વે સ્ટેશનનાં કાર પાર્કીંગનો કોન્ટ્રાક્ટ છેલ્લા ત્રીસ વર્ષથી રાખે છે. આ કોન્ટ્રાક્ટ દર ત્રણ વર્ષ ટેન્ડર પ્રમાણે રીન્યુ થાય છે. આ રેલ્વે સ્ટેશનમાં ત્રણ કાર પાર્કીંગ તથા એક સ્કુટર પાર્કીંગ છે. આ રેલવે સ્ટેશનમાં તે વખતે તેમના ત્રણ કાર પાર્કીંગ હતા અને આશરે પચ્ચીસ–ત્રીસ માણસો કામ કરતા હતા. કમ્પ્યુટર મેઇન્ટેનન્સ કોન્ટ્રાક્ટ ઓમ કોમ્પ્યુટર સેન્ટરનાં બિરેનભાઇને આપ્યો હતો. તા.૨૬/૧૨/૨૦૦૮ નાં રોજ આ સાહેદ કાર પાર્કીંગ પ્લોટ ઉપર હતા. તે દરમ્યાન સાંજનાં છએક વાગ્યે ક્રાઇમ બ્રાંચનાં પોલીસ ઑફિસર આવેલા. તેમની સાથે એફ.એસ.એલ.નાં સંઘવી સાહેબ પણ હતા અને પોલીસ ઓફીસર મી.ટોળીયા પણ ત્યાં હાજર હતા. તેમણે જણાવેલ કે તા.૧૯/૭/૨૦૦૮ નો ડેટા કાઢી આપો. આ ડેટા મારૂતિ કાર સંબંધેનો માંગવામાં આવેલો. ત્યારબાદ કમ્પ્યુટર ડેટા માટે બિરેનભાઇને બોલાવીને ડેટા કઢાવી આપેલો. ત્યારબાદ કમ્પ્યુટર ખોલીને તેની હાર્ડ ડીસ્ક કાઢી આપેલી અને પોલીસે બે પબ્લીકનાં માણસોની હાજરીમાં આ હાર્ડ ડીસ્ક કબજે કરેલી. આ સાહેદને મુદ્દામાલ હાર્ડ ડીસ્ક સેશન્સ કેસ નં.૪૭/૨૦૦૯ નાં મુદ્દામાલ લીસ્ટ આંક–૩૨૨૭ના ક્રમાંક–૫ વાળો મુદ્દામાલ પ્લાસ્ટિકનાં બોક્ષમાં સીલબંધ ખોલી બતાવતા તેના ઉપર અંગ્રેજીમાં 08/CF/145 લખેલુ અને આ મુદ્દામાલ ઉપર આસીસ્ટન્ટ સુપરિન્ટેન્ડન્ટ, મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧ ની મુદ્દામાલ આર્ટીકલ સ્લીપ છે જે આંક–૩૨૩૦થી રજૂ કરેલ છે. સદર હાર્ડ ડીસ્ક તેમને ત્યાંથી કબજે કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પોલીસે પબ્લીકના બે માણસો બોલાવ્યા ત્યારે આ સાહેદ ત્યાં હાજર હતા. પોલીસ કાર્યવાહીના સ્થળેથી જતી રહી ત્યાં સુધી સ્થળ ઉપર હાજર હતા. હાર્ડડીસ્ક પોલીસ કે

એફ.એસ.એલ. અધિકારી લઈ ગયેલા હતા કે કેમ તેની ખબર નથી. હાર્ડડીસ્ક ૬ બાય ૪ ઈંચની સાઈઝની હતી. હાર્ડડીસ્ક ઉપર નિશાની કરેલી કે કેમ તે યાદ નથી. હાર્ડડીસ્ક કાઢીને લઈ ગયા તે સિવાય બીજુ કંઈ જાણતા નથી તો તે હકીકત કબૂલ કરે છે. આરોપીઓ તરફથી પુછવામાં આવેલ આ પ્રશ્ન ધ્યાને લેતા હાર્ડડીસ્ક કાલુપુર રેલ્વે સ્ટેશનના કાર પાર્કીંગમાં આવેલ કોમ્પ્યુટરમાંથી કાઢીને લઈ ગયાની હકીકત સ્વીકૃત હકીકત છે. પાર્કીંગનો કોન્ટ્રાકટ દર ત્રણ વર્ષે ઓકશન થાય છે. ત્રણેય કાર પાર્કીંગમાં અલગ અલગ કમ્પ્યુટર રાખવામાં આવે છે. ત્રણ પાર્કીંગ પ્લોટ પૈકી કયા પ્લોટમાની હાર્ડડીસ્ક પોલીસ લઈ ગયેલી તે જવાબમાં લખાવેલુ નથી. પોલીસ અને એફ.એસ.એલ. અધિકારીઓ હાર્ડડીસ્ક કાઢીને લઈ ગયેલા તે સિવાય બીજી કોઈ કાર્યવાહી થયેલ નથી તે કબૂલ કરે છે. આ પ્રશ્નનો અર્થ ધ્યાને લઈએ તો પોલીસ તથા એફ .એસ.એલ. અધિકારી કમ્પ્યુટરમાંથી હાર્ડડીસ્ક કાઢીને લઈ ગયા હતા તે સ્પષ્ટ બને છે. જયારે વાહન પાર્કીંગમાં આવે ત્યારે ઓપરેટરે માત્ર વાહનનો નંબર લખવાનો હોય છે તે કબૂલ કરે છે. તા.૨૬.૧૨.૨૦૦૮ નાં રોજ કોમ્પ્યુટર ઓપરેટર કોણ હતા તે રજીસ્ટર જોઈને કહી શકે. કોમ્પ્યુટર ઓપરેટરની પુછપરછ કરેલી કે કેમ તે યાદ નથી. પોલીસ જે હાર્ડડીસ્ક લઈ ગયેલી તેની કેપેસીટી શું હતી તેની ખબર નથી. મુદ્દામાલ હાર્ડડીસ્ક પોલીસ લઈ ગયેલી તે આ જ છે કે કેમ તે દર્શાવતો પુરાવો સાહેદ પાસે નથી. આ સિવાય બીજી કોઈ હકીકત ઉલટ તપાસમાંથી નીકળી આવતી નથી.

આમ આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ કાલુપુર અમદાવાદ રેલવે સ્ટેશનમાં આવેલ કાર પાર્કીંગનો કોન્ટ્રાકટ તેમને રાખેલો છે. તા.૧૯.૭.૨૦૦૮ નાં રોજ પાર્કીંગમાં મારૂતિ કાર પાર્ક થયેલી અને તેની નોંધ કોમ્પ્યુટરમાં થયેલી તેની હાર્ડડીસ્ક તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયાએ શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ નાં કામે એફ.એસ.એલ. અધિકારીની હાજરીમાં કબજે કરેલી હતી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે હસનઅલી અહેમદભાઈ સુણસરાને સાહેદ નં.૯૮૫ તરીકે આંક–૬૮૫૨ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ વલસાડ મુકામે ભાડેથી હોટલ ચલાવે છે. સને–૨૦૦૮ ની સાલમાં તેઓ "હોટલ શ્રીનાથ એન્ડ ગેસ્ટ હાઉસ" માં મેનેજર તરીકે નોકરી કરતા હતા. આ હોટલ વલસાડ તાલુકામાં આવેલી અને તે પારડી હાઈ–વે ઉપર છે. આ હોટલના માલિક મીનાબેન જતીનકુમાર દેસાઈ હતા. આ હોટલમાં કુલ–૮ રૂમ હતા તે પૈકી બે રૂમ સ્ટાફ માટે હતા અને છ રૂમ ગ્રાહકો માટે હતા. તે વખતે હોટલમાં કુલ–૧૮ થી ૨૦ માણસોનો સ્ટાફ હતો. ગેસ્ટ હાઉસ માટે કોઈ ગ્રાહક આવે તો તેની નોંધ રજીસ્ટરમાં કરવામાં આવતી હતી. તે વખતે આ સાહેદની ફરજનો સમય રાત્રીના આઠથી નવ વાગ્યાથી શરૂ થઈ સવાર સુધીનો રહેતો હતો.

આંક–૨૮૫૮ વાળુ હોટલ રજીસ્ટર જોઈને કહે છે કે તે હોટલ શ્રીનાથ એન્ડ ગેસ્ટ હાઉસનું રજીસ્ટર છે અને આ રજીસ્ટરની એન્ટ્રી નં.૪૨૪ જોઈને કહે છે કે તેના કોલમ નં.૨ મા કિશન વણઝારી, અમીન શેખ, ઉસ્માની એમ ત્રણ નામ લખવામાં આવેલા છે. કોલમ નં.૩ મા તેઓની ઉંમર લખવામાં આવેલી છે. કોલમ નં.૪ મા મેઈલ લખેલું છે. કોલમ નં.૫ મા સરનામુ લખેલું છે. કોલમ નં.૬ મા ધંધો લખેલો છે. કોલમ નં.૭ મા ત્રણ વ્યક્તિ લખવામાં આવેલું છે. કોલમ નં.૮ મા તેઓ મુંબઈથી આવેલા તે લખેલું છે. એલોટેડ રૂમના કોલમમાં તેઓને આપવામાં આવેલ રૂમ નં.૧૦૨ લખેલું છે તથા નેશનાલીટીના કોલમમાં ઈન્ડિયન લખેલું છે અને સહીના કોલમમાં સહી કરેલી છે તથા તેમની ગાડીનો નંબર લખેલો છે. આ ગાડીનો નંબર જીજે–૬–સીડી–૩૫૬૯ લખેલો છે. કોન્ટેક નંબરમાં એક ૯૮૯૨૧૦૦૭૫૯ તથા બે ૯૯૮૭૦૬૮૦૫૬ લખેલા છે. આ કોલમોની તમામ વિગતો ગ્રાહકે લખેલી હતી. આવ્યાનો સમય તથા તેઓ ગયા તે સમય તથા તારીખ આ સાહેદની હોટલના સ્ટાફે લખેલો છે. આ રજીસ્ટર પારડીથી પોલીસ આવેલી તેમને આપેલું હતું. આ રજીસ્ટરનું છેલ્લું પાનુ જોઈને કહે

છે કે તેમાં હોટલના રબ્બર સ્ટેમ્પ ઉપર મેનેજર તરીકે તેમની સહી કરેલી છે તે સહી ઓળખી બતાવે છે.

સાહેદ વધુમાં જણાવે છે કે આ એન્ટ્રી કરનાર ગ્રાહકો તા.૯/૭/૨૦૦૮ ના રોજ રાત્રે ૧૧.૦૦ વાગ્યે આવેલા હતા. ગાડી નંબર એન્ટ્રીમાં લખેલો છે તે નંબરવાળી ગાડી વેગનઆર ગાડી હતી. આ ગાડી બે હતી પરંતુ એક ગાડીનો નંબર એન્ટ્રીમાં લખેલો છે. એક ગાડીનો કલર બ્લેક હતો. આ લોકો હિન્દી ભાષામાં વાતો કરતા હતા. આ લોકોને હોટલમાં ૧૦૨ નંબરનો રૂમ ફાળવેલો હતો. ત્યારબાદ બીજા દિવસે સવારે સવા નવ વાગ્યે આ લોકો હોટલ છોડી ગયેલા. બીજા દિવસે સવારે આ લોકોએ હોટલમાં નીચે રેસ્ટોરન્ટ છે ત્યાં નાસ્તો પણ કરેલો. તે વખતે આ લોકોની ઉંમર ૨૫ થી ૩૦ વર્ષની વચ્ચે હોય તેવી હતી. વધુમાં જણાવેલ છે કે ત્યારપછી પોલીસે તા.૨૯/૧૦/૨૦૦૮ ના રોજ સુરત ખાતે કિલ્લામાં કોર્ટે બોલાવેલો. સાહેદ જણાવે છે કે તારીખ લખાવેલી છે પરંતુ ચોક્કસ યાદ નથી. તેઓ કિલ્લામાં કોર્ટ ગયો ત્યારે એક માણસ બોલાવવા આવેલો જેથી કોર્ટમાં ગયેલો ત્યાં સાહેબે નામ પુછેલું અને પછી કહેલું કે તમે બહાર બેસો જેથી બહાર બેઠેલો. ત્યારપછી ૧૫–૨૦ મિનિટ બાદ પાછો બોલાવેલો અને કહેલું કે તમારી હોટલમાં કોણ રોકાયેલા હતા તેઓની ઓળખપરેડ કરવાની છે. ત્યાં બીજા બે માણસો પણ હતા ત્યાં એ લોકોએ ૧૧ માણસો ઉભા રાખેલા અને કહેલું કે તમારી હોટલમાં જે રોકાયેલા હતા તેમને તમે ઓળખો. જેમાંથી આ સાહેદ એક જણને ઓળખી બતાવેલો કે જે મારી હોટલમાં રોકાયેલો હતો.

વધુમાં સાહેદ જણાવે છે કે ત્યારબાદ સને–૨૦૧૧ ની સાલમાં સુરત કોર્ટમાં બોલાવેલો. ત્યાં મારૂ નામ, સરનામુ પુછેલું અને તે લખેલું અને ત્યારબાદ તેઓને બહાર બેસવાનું કહેતાં બહાર બેઠેલો અને ત્યારબાદ ૧૫–૨૦ મિનિટ બાદ ફરી અંદર બોલાવેલા. ત્યાં પંદરેક માણસો ઉભા રાખેલા હતા અને તેમાંથી બે માણસોને ઓળખેલા. આ માણસોને ઓળખવા માટે કહેલું કે તમારી હોટલમાં જે માણસો રોકાયેલા હતા તે પૈકીના બે માણસોને ઓળખો? જેથી આ

સાહેદે તે માણસો પૈકી બે માણસોને ઓળખેલા. આ સાહેદ જે ત્રણ માણસોને ઓળખેલા તે ત્રણેય માણસોને બતાવવામાં આવે તો ઘણો સમય થઈ ગયેલો હોવાથી તેઓને ઓળખી શકે નહીં તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો હોટલ શ્રીનાથમાં તેઓ બનાવ વખતે મેનેજર તરીકે નોકરી કરતા હતા તે બતાવવા પોલીસને દસ્તાવેજી પુરાવો આપેલો નહીં. હોટલ શ્રીનાથમાં કામ કરતા કર્મચારીઓનું હાજરી પત્રક રાખવામાં આવે છે તે કબૂલ કરે છે. આંક–૨૮૫૮ વાળા રજીસ્ટરમાં એન્ટ્રી જે જોઈ તે આ સાહેદના હસ્તાક્ષરમાં નથી. એન્ટ્રીની અંદર "ચેક ઈન" ની જે એન્ટ્રી છે તે ગ્રાહકે કરેલી અને "ચેક આઉટ" ની એન્ટ્રી હોટલના સ્ટાફે કરેલાનું જણાવે છે. તા.૯.૭.૨૦૦૮ ના રોજ એન્ટ્રી નં.૪૨૪ ના ગ્રાહકોને રૂમ નં.૧૦૨ આપવામાં આવેલો અને તેનો ચાર્જ વસુલ કરેલો, તેનુ બીલ આપવામાં આવેલુ કે કેમ તે કહી શકે નહીં. રજીસ્ટરમાં રૂમનો ચાર્જ લખવામાં આવેલો નથી તે કબૂલ કરે છે. પોલીસે બીલબુક કબજે કરેલી કે કેમ તે યાદ નથી. ગ્રાહક હોટલમાં રોકાય અને ચાર્જ આપે તેનો અગત્યનો પુરાવો બીલબુક છે તે કબૂલ કરે છે. બીલબુક સરતપાસ દરમ્યાન બતાવવામાં આવેલ નથી તે કબૂલ કરે છે. એન્ટ્રી નં.૪૨૪ ના ગ્રાહકો હોટલમાં આવ્યા અને બીજે દિવસે ગયા તે દરમ્યાન હોટલ ઉપર આ સાહેદ હતા કે કેમ તેનો દસ્તાવેજી પુરાવો નથી. તા.૯.૭.૨૦૦૮ નાં દિવસે હોટલમાં વોચમેન કોણ હતા તેની ખબર નથી. કોઈપણ વાહન પાર્કીંગમાં પાર્ક થાય ત્યારે વાહનનો નંબર ચેક કરતા નથી. તા.૯.૭.૨૦૦૮ નાં દિવસથી તા.૧૦.૭.૨૦૦૮ ના રોજ સાંજના ૪.૦૦ વાગ્યા સુધી કોઈ નવો ગ્રાહક આવેલો નથી તે કબૂલ કરે છે. તા.૯.૭.૨૦૦૮ ના સમય દરમ્યાન હોટલમાં ઘણા ગ્રાહકો આવેલા. રજીસ્ટરના પાના નં.૧ થી ૪૨ ઉપર કરવામાં આવેલી એન્ટ્રીઓમાં વાહનોના નંબરો લખેલા નથી તે કબૂલ કરે છે. તા.૯.૭.૨૦૦૮ થી લઈને તા.૨૩.૧૦.૨૦૦૮ ના દિવસે પોલીસ પ્રથમ વખત આવી તે દરમ્યાન આ ગ્રાહકો વિશેની માહિતી કોઈને આપેલી નહીં. પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદ હોટલમાં મેનેજર છે. રોજેરોજ તેઓની હોટલમાં ઘણા બધા ગ્રાહકો રોકાવવા

આવતા હોય અને રોકાઈને જતા હોય કયો ગ્રાહક શું કામ કરે છે અને તે પાછો કયાં જશે તેની નોંધ કે માહિતી મેળવવી આ સાહેદ માટે જરૂરી નથી અને આવી માહિતી મેળવીને કોઈને કહેવાની જરૂર પણ હોતી નથી. એન્ટ્રી નં.૪૨૪ વાળા ગ્રાહકો બોમ્બ બ્લાસ્ટ કરવાના છે તેવી જો તેને માહિતી હોત તો તેને પોલીસને ચોકકસપણે જાણ કરી હતો. પરંતુ એન્ટ્રી નં.૪૨૪ના ગ્રાહકો પણ રોજેરોજ આવતા ગ્રાહકો જેવા જ ગ્રાહકો છે તેવુ આ સાહેદને ચોકકસપણે માનવાને કારણ છે માટે કોઈને પણ માહિતી આ ગ્રાહકો વિશેની આપી ન હોય તેથી કરીને આરોપી હોટલમાં રોકાયેલા નથી તેવુ અનુમાન થઈ શકે નહીં. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા સરતપાસમાં જણાવ્યા પ્રમાણે હોટલ શ્રીનાથમાં મેનેજર તરીકે કામ કરતા ન હતા તો તે હકીકત નકારી છે. તા.૯.૭.૨૦૦૮ નાં દિવસે એન્ટ્રી નં.૪૨૪ ના કોઈ પેસેન્જરો મારૂતી વેગનઆર કાર જીજે–૬–સીડી–૩૫૬૯ લઈને આવેલા નહીં તો તે હકીકત પણ નકારી છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો સુરત ખાતે ઓળખ પરેડમાં બે વખત ગયેલા. આ સાહેદની હોટલમાં જુદા–જુદા રાજયોના લોકો પણ રોકાય છે તે કબૂલ કરે છે. રોકાયેલા લોકોની ભાષા ઉપરથી ખબર પડે નહીં કે તે કયા રાજયનો છે તે કબૂલ કરે છે. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચની પોલીસ પણ આવેલી કે કેમ તે કહી શકે નહીં. મુંબઈ મુકામે જેલમાં ઓળખ પરેડ માટે ગયેલા તેવુ બનેલુ છે. કયા કેસમાં ગયેલા તેનો નંબર ખ્યાલ નથી. મુંબઈ ખાતે ઓળખ પરેડમાં ગયા ત્યારે આરોપીને ઓળખી શકેલા નહીં તે કબૂલ કરે છે. પોલીસના કહેવાથી અને સમજાવવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારે છે.

આમ આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ હોટલ શ્રીનાથ નેશનલ હાઈવે નં.૮ મા પારડી, જિલ્લો વલસાડ ખાતે મેનેજર તરીકે નોકરી કરતા હતા અને આ ગુનાના આરોપીઓ પૈકી આરોપી નં.૨૮ અફઝલ ઉર્ફે અફસર મુતલ્લીબ ઉસ્માની તથા આરોપી નં.૭૦ મોબીન ઉર્ફે મુબીન ઉર્ફે ઈરફાન અબ્દુલ શકુરખાન તથા આરોપી નં.૬૯ આમીન ઉર્ફે રાજા અચ્યુબભાઈ શેખનાઓ હોટલ શ્રીનાથમાં હોટલમાં અમદાવાદમાં થયેલા બોમ્બ બ્લાસ્ટ અગાઉ રોકાયેલા હતા અને આ સાહેદની હોટલના રજીસ્ટરમાં એન્ટ્રી

નં.૪૨૪ કરેલી અને રૂમ નં.૧૦૨ રહેવા માટે આપેલો હતો. આ આરોપીઓ વેગનઆર કાર લઈને આવેલા હતા. તપાસ કરનાર અધિકારીએ પોતાની તપાસ દરમ્યાન આ સાહેદનું નિવેદન લીધેલુ હતુ અને આ સાહેદને સુરત ખાતે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સમક્ષ આરોપીઓની ઓળખ પરેડ માટે લઈ જવામાં આવેલા હતા. ઓળખ પરેડ કરાવનાર એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સાહદે નં.પ૭૫ હતા અને તેમને પંચોની હાજરીમાં ડમી માણસો બોલાવીને આ કામના આરોપી નં. ૨૮ અફઝલ ઉસ્માનીની ઓળખ પરેડ કરાવેલી અને ઓળખ પરેડ દરમ્યાન સાહેદ નં.૯૮૫ હસનઅલીનાઓએ આ આરોપીને તા.૨૯.૧૧.૨૦૦૮ ના રોજની ઓળખ પરેડની કાર્યવાહી દરમ્યાન ઓળખી બતાવેલા હતા. આ સાહેદે પોતાની સરતપાસ દરમ્યાન આ આરોપીને કોર્ટમાં ઓળખી બતાવેલ નથી અને કારણ આપેલુ છે કે ઘણો સમય થયેલ હોવાથી આરોપીને ઓળખી શકેલા નથી. આ સાહેદની હકીકત માનવાને કારણ છે કારણ કે આ આરોપી તા.૯.૭.૨૦૦૮ ના રોજ હોટલમાં રોકાવવા માટે ગયેલો ત્યારે આ સાહેદે તેને જોયેલો. ત્યારબાદ તા.૨૯.૧૧.૨૦૦૮ ના રોજ આ સાહેદે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સમક્ષ આ આરોપીને ફરીથી જોયેલો અને ઓળખ પરેડ દરમ્યાન ઓળખી બતાવેલ. આમ આ આરોપીને ફરીથી જોવાનો પ્રસંગ આશરે ચારથી સાડા ચાર માસમાં ઉભો થયેલો માટે ઓળખ પરેડ દરમ્યાન આ સાહેદે આ આરોપીને ઓળખેલ હતો. આમ સાડા ચાર માસના સમય દરમ્યાન સાહેદની યાદશકિત પણ તાજી રહેતી હોય છે તેમજ આરોપીના શરીરનો બાંધો પણ બદલાયેલો ન હોય. જયારે આ સાહેદની જુબાની આ અદાલતમાં તા.૧૪.૩.૨૦૧૮ ના રોજ એટલે કે મેજિસ્ટ્રેટ રૂબરૂ ઓળખ પરેડ થઈ તેના દસ વર્ષ બાદ થયેલી છે. આ ૧૦ વર્ષના સમય દરમ્યાન આ સાહેદે આરોપીને જોયેલો નથી જેથી આરોપીનો ચહેરો આ સાહેદના મગજમાં યાદદાસ્ત તરીકે રહેલો ન હોય. એટલુ જ નહીં ૧૦ વર્ષના સમયમાં આરોપીનો શારીરિક બાંધો પણ બદલાય ગયેલો હોય જેથી સ્વાભાવિક છે કે આ સાહેદ આરોપીને જુબાની દરમ્યાન ઓળખી શકે નહીં. જે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સમક્ષ આ સાહેદે આરોપીને ઓળખી બતાવેલો અને ઓળખ પરેડની જે કંઈ

કાર્યવાહી થયેલી તે ઑફિસ સમય દરમ્યાન થયેલી છે અને મેજિસ્ટ્રેટશ્રીએ પોતાની ફરજની ભાગરૂપે ઓળખ પરેડની કાર્યવાહી કરેલી છે જેથી તે નહીં માનવાને કોઈ કારણ નથી.

આંક–૧૯૯૨વાળુ પંચનામુ શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ નાં કામે બનાવવાળી જગ્યા સિવિલ હોસ્પીટલ ટ્રોમા સેન્ટર પાસેની જગ્યાનું તપાસ કરનાર અધિકારીએ પંચો રૂબરૂ બનાવેલુ અને તે પંચનામા પંચ સાહેદ નં.૩૫૦ લાખાજી કાળાજી ઠાકોરનાઓને આંક–૧૯૯૧ થી ફરિયાદપક્ષે તપાસેલા છે. તેઓની જુબાની તથા આંક–૧૯૯૨વાળા પંચનામાની વિગતવાર ચર્ચા ફરિયાદપક્ષ દ્વારા બનાવ પુરવાર કરવા માટે જે પુરાવા રજૂ કરવામાં આવેલા છે તેની ચર્ચા પુરાવા દરમ્યાન કરેલી છે જેથી આ સાહેદના પુરાવા અને પંચનામાની વિગતોનું મુલ્યાંકનનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી. ત્યારબાદ આરોપી નં.૨૮ અફઝલ ઉર્ફે અફસર મુતલ્લીબ ઉસ્માનીની અટક કર્યા બાદ તેને આ જગ્યા પંચો રૂબરૂ બતાવેલી તેનુ પંચનામુ આંક–૬૪૩૮થી રજૂ કરેલુ છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે કમલેશ રમણીકલાલ વસંતને સાહેદ નં.૮૦૨ તરીકે આંક–૫૩૨૧થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ હાલમાં નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડિયા, પ્રોજેક્ટ ઈમ્પ્લીમેનટેશન યુનિટ, અમદાવાદ ખાતે મેનેજર ટેકનિકલ તરીકે ફરજ બજાવે છે. અમદાવાદ વડોદરા એકસપ્રેસ વે કંપની લીમીટેડ નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડિયાની સબસીડરી કંપની હતી. તે તા.૧/૧/૨૦૧૩ થી આ પ્રોજેક્ટ બીલ્ટ ઓપરેટ એન્ડ ટ્રાન્સફરના ધોરણે ખાનગી કન્સેસનર (મેસર્સ આઈ.આર. બી.કંપની) ને આપવામાં આવતાં ઉપરોક્ત કંપની બંધ કરવામાં આવેલ છે. ૨૦૦૮ ના અરસામાં અમદાવાદ વડોદરા એકસપ્રેસ વે કંપની લીમીટેડ દ્વારા અમદાવાદ વડોદરા એકસપ્રેસ વેનું સંચાલન થતું હતું. તે સમયે મેનેજર ટેક્નીકલ શ્રી રવીન્દ્ર એન.માથુર હતાં. શ્રી રવીન્દ્ર એન.માથુર સાથે આ સાહેદને ૨૦૧૨–૧૩ ના વર્ષમાં કામ કરવાનું બનેલુ જેથી તેઓની સહીઓ ઓળખે છે. તેઓ

હાલમાં કાર્યપાલક ઈજનેર, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, રાજકોટ ખાતે ફરજ બજાવે છે. આ સાહેદ હાલમાં નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડિયાના એકસપ્રેસ વેના ચાર્જમાં હોવાથી અને જે તે વિભાગનું સાહીત્ય આ સાહેદની ઑફિસમાં છે. આંક–૫૩૨૨વાળો પત્ર અમદાવાદ વડોદરા એકસપ્રેસ વે કંપની લીમીટેડના મેનેજરને ઉદ્દેશીને મોકલવામાં આવેલ તે ઓળખી બતાવેલ છે.

સાહેદ વધુમાં નિ.૩૪૮૫/૨૯૨ જોઈને જણાવે છે કે આ પત્ર અમદાવાદ વડોદરા એકસપ્રેસ વે કંપની લીમીટેડના તરફથી તા.૫/૧/૨૦૦૯ ના રોજ ડેપ્યુટી સુપરિન્ટેન્ડન્ટ ઓફ પોલીસ, ઈન્વેસ્ટીગેશન ટીમ, ક્રાઈમ બ્રાન્ચને મોકલવામાં આવેલો અને તેની સાથે અમદાવાદ વડોદરા એકસપ્રેસ વેના અમદાવાદ તથા વડોદરા ટોલ પ્લાઝાના વાહનોની અવરજવરની વિગતો મોકલી આપવામાં આવેલી. આ પત્રમાં પ્રોજેક્ટ ડાયરેક્ટ વતી રવીન્દ્ર એન. માથુરનાઓની સહી જે સહી ઓળખી બતાવે છે. જેની સાથે જે તે સમયના ટોલ ઓપરેટર સી.થ્રી. સિક્યોરીટી કંપની દ્વારા તૈયાર કરવામાં આવેલ કોમ્પ્યુટરાઈઝ વિગતો સામેલ હતી. જે વિગતનું પ્રથમ પાનું તા.૧૬/૭/૨૦૦૮ ના વાહન મુવમેન્ટની માંગ્યા મુજબની માહિતીનું હતુ અને બીજુ પાનું તા.૨૩/૭/૨૦૦૮ ના વાહન મુવમેન્ટની માંગ્યા મુજબની માહિતીનું હતુ. બીજા પાનાની પાછળના ભાગનું પાનું તા.૨૩/૭/૨૦૦૮ ના વાહન મુવમેન્ટની માંગ્યા મુજબની માહિતીનું હતુ અને ત્રીજુ પાનું તા.૨૩/૭/૨૦૦૮ ના વાહન મુવમેન્ટની માંગ્યા મુજબની માહિતીનું હતુ. ત્રીજાપાનાની પાછળના ભાગનું પાનું તા.૧૪/૭/૨૦૦૮ ના વાહન મુવમેન્ટની માંગ્યા મુજબની માહિતીનું હતુ અને ચોથું પાનું તા.૧૦/૭/૨૦૦૮ ના વાહન મુવમેન્ટની માંગ્યા મુજબની માહિતીનું હતુ તથા પાંચમું પાનું તા.૧૨/૭/૨૦૦૮ ના વાહન મુવમેન્ટની માંગ્યા મુજબની માહિતીનું હતુ અને છઠ્ઠું પાનું તા.૩૦/૭/૨૦૦૮ ના વાહન મુવમેન્ટની માંગ્યા મુજબની માહિતીનું હતુ. આ તમામમાં જે તે સમયના ટોલ ઓપરેટર સી.થ્રી. સિક્યોરીટી દ્વારા સીલ મારીને આપવામાં આવેલ જે પાના સંયુકત આંક–૫૩૨૩થી રજૂ રાખેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો જે પુરાવો જુબાનીના દિવસે જાહેર કર્યો તે બાબતે પોલીસે કોઈ જવાબ લીધેલો નથી તે કબૂલ કરે છે. ૨૦૦૮ ની સાલમાં તેઓ સુરેન્દ્રનગર ખાતે માર્ગ અને મકાન વિભાગમાં ફરજ બજાવતા હતા. આંક–૫૩૨૩વાળો દસ્તાવેજ સહી કરીને રજૂ કરેલો નથી તે કબૂલ કરે છે. હાલની સરકારની નિતી મુજબ તમામ ટોલ બુથ ઉપર સી.સી. ટી.વી. કેમેરા હોય છે તે કબૂલ કરે છે. પરંતુ આ બાબતે સાહેદે સ્પષ્ટતા કરેલી છે કે ૨૦૦૮ ની સાલમાં સી.સી.ટી.વી. કેમેરા ન હતા. રજૂ કરેલ દસ્તાવેજોમાં માત્ર વાહનના નંબર છે પરંતુ વાહન કયા જિલ્લા અને રાજયના છે તેનો ઉલ્લેખ નથી તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે જયારે પણ કોઈ વાહન ટોલબુથ ઉપરથી પસાર થાય ત્યારે તે કયા જીલ્લાનું અને કયા રાજયનું છે તે નોંધાતુ હોતુ નથી પરંતુ ફકત વાહનનો નંબર નોંધાય છે. આંક–૫૩૨૩વાળો દસ્તાવેજ કોને તૈયાર કર્યો તે કહી શકે તેમ નથી. આંક–૫૩૨૩વાળા પત્રના સહીકર્તાને ઓળખતા નથી. આ સિવાય બીજી કોઈ હકીકત આ સાહેદની જુબાનીમાં નીકળી આવતી નથી.

આમ આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડિયા અમદાવાદ ખાતે મેનેજર ટેકનીકલ તરીકે ફરજ બજાવે છે અને અમદાવાદ/વડોદરા એકસપ્રેસ વે તેઓના ચાર્જમાં છે. તા.૧૬.૭.૨૦૦૮ તથા તા.૨૩.૭.૨૦૦૮ નાં રોજ એકસપ્રેસ વે ઉપરથી પસાર થયેલા વાહનોની માહિતી તેમને રજૂ કરેલી છે અને બોમ્બ બ્લાસ્ટમાં ઉપયોગમાં લેવાયેલ વાહન એમએચ–૦૫–એચ–૫૭૬૪, જીજે–૬–સીડી–૯૭૧૮ તથા જીજે–૬–સીડી–૨૯૦૮ વાળા વાહનો એકસપ્રેસ વે ઉપરથી પસાર થયેલ હતા અને આ નંબરોની માહિતી આ સાહેદ પુરી પાડેલી છે. જેથી સ્પષ્ટપણે કહી શકાય કે આ નંબરોવાળા વાહનો અમદાવાદ ખાતે બોમ્બ બ્લાસ્ટ થતા પહેલા આવેલા છે અને અમદાવાદ ખાતે આ વાહનો લાવ્યા પછી વાહનોનો ઉપયોગ અમદાવાદમાં બોમ્બ બ્લાસ્ટ કરવા માટે થયેલો હોવાનું માલુમ પડે છે. આંક–૫૩૨૩ વાળો દસ્તાવેજ ધ્યાને લઈએ તો તા.૧૬.૭.૨૦૦૮ નાં રોજ કલાક ૧૮.૨૮ વાગે વાહન નં.૨૯૦૮ તથા તા.૧૬.૭.૨૦૦૮ નાં રોજ કલાક ૧૮.૨૭

વાગે વાહન નં.૫૭૬૪ તથા તા.૨૩.૭.૨૦૦૮ નાં રોજ કલાક ૧૮.૨૧ વાગે વાહન નં.૯૭૧૭ પસાર થયેલા તે માલુમ પડે છે. આ માહિતી પ્રોજેકટ ડાયરેકટરનાઓએ પોતાના ફોરવર્ડીંગ પત્ર દ્વારા આપેલી છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે રમણભાઈ ગોવિંદભાઈ ચૌહાણને સાહેદ નં.૮૯૨ તરીકે આંક–૬૩૪૮થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૨૮/૧૨/૨૦૦૮ ના રોજ કાલુપુર રેલવે સ્ટેશન પાર્કીંગ પ્લોટ નં.૧ ખાતે ક્રાઈમ બ્રાન્ચના અધિકારીએ ૬.૦૦ વાગ્યાની આસપાસ તેઓને બોલાવેલા. આ સાહેદ સાથે એક મહેન્દ્રભાઈ ગુપ્તા હતાં. તેઓ બંનેને પોલીસ અધિકારી ટોળીયા સાહેબે કહેલું કે અફઝલ ઉસ્માનીએ અહીં કાર પાર્ક કરેલી હતી અને આ કારમાં વિસ્ફોટક સામાન ભરી એલ.જી. હોસ્પિટલમાં બ્લાસ્ટ કરેલ તે બાબતે અહીયાં તપાસ માટે આવેલ છે. તેથી કમ્પ્યુટરમાંથી ડેટા લેવાના છે તેથી તપાસમાં આવેલ છીએ. તેથી આ તપાસમાં પંચનામું કરવાનું છે તેથી તમે પંચમાં રહેશો? આથી હા પાડેલી.

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યાં પાર્કીંગ પ્લોટ નં.૧ ની કોમ્પ્યુટરની કેબીન પાસે એક ભાઈ ઉભા હતાં તેમનું નામ, સરનામું પુછતાં તેમના હરીશ શર્મા, રહે. શાહીબાગ જણાવેલ. પછી તેમને ક્રાઈમબ્રાન્ચના અધિકારીએ કહેલું કે કોમ્પ્યુટરના ડેટા લેવા આવેલ છીએ. તેથી હરીશભાઈએ કહેલ કે સપ્ટેમ્બરમાં ડેટા ડીલેટ કરેલ છે. ત્યાં આગળ ટોળીયા સાહેબ સાથે એક સંઘવી સાહેબ હતાં. આ સંઘવી સાહેબ એફ.એસ.એલ. કચેરીના અધિકારી હતાં. તેથી સંઘવી સાહેબે કમ્પ્યુટર ચાલુ કરેલું અને તેમના સાધનોથી તપાસ કરેલી. તો તેમને ડેટા મળેલ નહીં. તેથી તેઓએ કહેલું કે હાર્ડડીસ્ક કબજે કરવામાં આવે અને તેને ગાંધીનગર એફ.એસ.એલ.ને મોકલવામાં આવે. તેથી ત્યાં હરીશ અગ્રવાલના એન્જીનીયર તરીકે કામ કરતાં ભાઈએ હાર્ડડીસ્ક કમ્પ્યુટરમાંથી કાઢેલી. જે હાર્ડડીસ્ક સેમસંગ કંપનીની હતી. તે હાર્ડડીસ્કને કાઢીને ટોળીયા સાહેબને આપેલી. ટોળીયા સાહેબે આ હાર્ડડીસ્ક પ્લાસ્ટિકના બોક્ષમાં મુકીને, ઉપર પંચોની સહીઓવાળી ચીઠ્ઠી મુકી, દોરાથી પેક કરી, લાખથી સીલ કરેલી. એ બાબતે પંચનામું કરેલું જે આંક–

૬૩૪૯ વાળા પંચનામામાં સાહેદ પોતાની તથા મહેન્દ્ર ગુપ્તાની તેમજ રૂબરૂ તરીકે પોલીસ અધિકારીની સહીઓ ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો વિરાટનગરથી કાલુપુર રેલવે સ્ટેશન વચ્ચેનું અંતર ૧૦ થી ૧૧ કી.મી. છે. હરીશભાઈનું કોઈ નિવેદન લીધેલુ કે કેમ તેની ખબર નથી. સ્થળ ઉપર ગયા ત્યારે હરીશભાઈ હાજર હતા કે કેમ તેની પણ ખબર નથી. પાર્કીંગ પ્લોટમાના કમ્પ્યુટર કોની માલીકીના હતા તેની ખબર નથી. તેના માલીક હરીશભાઈ હોવા સબંધેનો કોઈ પુરાવો નથી. કમ્પ્યુટર ઉપર ચાર-ચાર કલાકે વ્યકિતઓ બદલાતા હોય છે, તેઓના નામ કહી શકે તેમ નથી. દિનેશભાઈ નામની વ્યકિત પંચનામા વખતે હાજર ન હતી તે હકીકત નકારે છે. જે હાર્ડડીસ્ક કાઢવામાં આવેલી તે સેમસંગ કંપનીની બતાવવામાં આવેલ નથી. પંચનામાની કાર્યવાહી સાડા ત્રણ કલાક ચાલેલી. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો પંચનામા દરમ્યાન આ સાહેદ એક કેબીન પર હાજર હતા તે કબૂલ કરે છે. તપાસ ટીમ કેબીનની બાજુમાં આવેલ ઑફિસ પર ગયેલ નથી તે કબૂલ કરે છે. પંચનામાની કાર્યવાહી દરમ્યાન કોઈની સાથે વાતચીત કરવાનો પ્રસંગ બનેલો નથી તે કબૂલ કરે છે. હાર્ડડીસ્કના ફોરમેટ સંબંધે હરીશભાઈ સાથે કોઈ વાતચીત થયેલી નથી તે કબૂલ કરે છે. આ સિવાય બીજી કોઈ હકીકત નીકળી આવતી નથી.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયાએ શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં. ૨૩૬/૨૦૦૮ નાં કામે તા.૨૬.૧૨.૨૦૦૮ ના રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ મહેન્દ્રભાઈ ગુપ્તાનાઓને કાલુપુર રેલવે સ્ટેશન બહાર કાર પાર્કીંગ પ્લોટ નં.૧ પાસે બોલાવેલા હતા અને ત્યાં તેમની સાથે આરોપી નં.૨૮ અફજલ ઉર્ફે અફસર ઉસ્માની હાજર હતો અને તેને મુંબઈ મુકામેથી ચોરેલી એક મારૂતિ ૮૦૦ ગાડી નં.એમએચ-૦૫-એચ-૫૭૬૪ તા.૧૯.૭.૨૦૦૮ ના રોજ રેલવે સ્ટેશનના પાર્કીંગમાં પાર્ક કરેલ અને તે બાબતે કમ્પ્યુટર હાર્ડડીસ્કમાંથી માહિતી મેળવવાની હતી માટે તપાસ કરનાર અધિકારીએ આ બંન્ને પંચોની હાજરીમાં આરોપીના

બતાવ્યા મુજબ કમ્પ્યુટરમાંથી હાર્ડડીસ્ક એફ.એસ.એલ. અધિકારીની હાજરીમાં કબજે કરેલી અને તે અંગેનુ પંચનામુ આંક–૬૩૪૯વાળુ બનાવેલુ હતુ. તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયા ગુજરી ગયેલા છે માટે સીરીયલ બોમ્બ બ્લાસ્ટોની તપાસ કરનાર તપાસ ટીમો પૈકીના અન્ય એક તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ પોતાની જુબાનીના પાના નં.૨૧૪ પેરા નં.૩૧ માં આ બાબતે જણાવેલ છે તથા આંક–૬૩૪૯વાળા પંચનામામાં આ સાહેદે વી.આર.ટોળીયાની સહી ઓળખી બતાવેલી છે.

આંક–૬૩૪૯વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "ગઈ તા.૧૯.૭.૨૦૦૮ નાં રોજ પાર્કીંગ પ્લોટ નં.૧ માં એક મારૂતિ ૮૦૦ ગાડી નં.એમએચ–૦૫–એચ–૫૭૬૪ ની પાર્ક કરવામાં આવેલ" તથા "તેમના કમ્પ્યુટરમાં સપ્ટેમ્બર–૨૦૦૮માં ફોરમેટ મારેલ છે જેથી માહિતી મળી શકેલ નથી" વિગેરે પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપીએ આપેલ માહિતી મુજબ તપાસ કરનાર અધિકારીએ પંચોની તથા એફ.એસ.એલ. અધિકારીની હાજરીમાં પાર્કીંગના કમ્પ્યુટરમાંથી હાર્ડડીસ્ક કબજે કરેલી તો તે હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય. આ ઉપરાંત કાલુપુર રેલ્વે સ્ટેશનના પાર્કીંગમાં ગાડી પાર્ક કરેલી હતી તેની માહીતી આરોપી નં.૨૭ ને જ હતી માટે તે પંચો તથા તપાસ કરનાર અધિકારીને તે જગ્યા પર દોરી ગયેલા છે, આરોપીનું આ દોરી જવાનુ વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે.

આ બાબતે એફ.એસ.એલ. અધિકારી સાહેદ નં.૮૫૧ એચ.પી. સંઘવીની જુબાની ધ્યાને લઈએ તો સદરહુ કાર પાર્કીંગ અંગેના ડેટા કમ્પ્યુટરમાંથી મળી શકે તેમ ન હોવાથી તે અંગેનો ડાટા મેળવવા માટે કચેરીના કમ્પ્યુટર નિષ્ણાંતને તા.૨૬.૧૨.૨૦૦૮ નાં રોજ ક્રાઈમ બ્રાન્ચની કચેરીએ મોકલેલા અને ત્યારબાદ કાલુપુર રેલવે સ્ટેશન કાર પાર્કીંગ પ્લોટ નં.૧ માં જઈ જરૂરી તપાસ કરેલી અને બીલીંગ સીસ્ટમના એસેમ્બલ કમ્પ્યુટરની હાર્ડડીસ્ક કેપેસીટી ૨૦.૪ જી.બી. ફોરેન્સીકના કાર્ડીનલ રૂલ્સ પ્રમાણે પરીક્ષણ કરતા પ્રાથમિક તપાસમાં

તા.૧૬.૭.૨૦૦૮ નાં રોજ પ૭૬૪ નંબરની એન્ટ્રી થયેલ હોવાનું હાર્ડડીસ્કના અનએલોકેટેડ કલસ્ટરમાં જણાય આવેલુ જેથી તેને વધુ તપાસ અર્થે એફ.એસ. એલ.ગાંધીનગર ખાતે મોકલવાનું સુચન કરેલુ. આ મુજબનો અભિપ્રાય આપવામાં આવેલો તે આંક–પ૯૮૯થી રજૂ થયેલો છે. ત્યારબાદ સદર હાર્ડડીસ્ક એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે પૃથક્કરણ માટે મોકલવામાં આવેલી અને હાર્ડડીસ્કના અનએલોકેટેડ કલસ્ટર્સમાં વાહનની કે જેનુ રજીસ્ટ્રેશન નં.પ૭૬૪ છે તેની એન્ટ્રી હતી. તેના કન્ટેન્ટનું એનાલીસીસ કરતા વાહન તા.૧૬.૭.૨૦૦૮ નાં કલાક ૨૩.પ૭ વાગે દાખલ થયેલુ અને તા.૧૯.૭.૨૦૦૮ નાં કલાક ૧૬.૧૪ વાગે બહાર નીકળ્યાની એન્ટ્રી છે. આ વાહન પાર્કીંગમાં કુલ ૬૪ કલાક અને ૧૭ મિનિટ સુધી રહયુ હતુ. આ અંગેનો પરીક્ષણ અહેવાલ આપેલો અને તે એડીશનલ ડાયરેકટર દ્વારા મોકલી આપેલો હતો. આ હાર્ડડીસ્ક રવાનગી નોંધ સાથે મળેલી અને તેની સાથે સત્તા અંગેનું પ્રમાણપત્ર પણ હતુ જે આ કામે આંક–પ૯૯૦ થી રજુ કરેલુ છે. જેના બંને પાના ઉપર આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. આ મુદ્દામાલ હાર્ડડીસ્ક મળ્યા અંગેની પહોંચ આંક–પ૯૯૧થી રજૂ કરેલી છે અને પૃથક્કરણ કર્યા બાદ જે અહેવાલ આપેલો તે આંક–પ૯૯૨થી રજૂ કરેલો છે. તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. આ સંબંધમાં આ સાહેદની ઉલટ તપાસના પેરા નં.૧૨ ધ્યાને લઈએ તો કાલુપુર સ્ટેશનના પાર્કીંગમાંથી જે હાર્ડડીસ્ક કબજે કરેલી તે આ સાહેદની હાજરીમાં કબજે કરેલી નહીં તો તે હકીકત નકારી છે. હાર્ડડીસ્ક કાઢીને પોલીસને સોંપેલી અને પછી તેનું શું થયેલુ તેની ખબર નથી. આંક–પ૯૯૨ જોઈને જણાવે છે કે હાર્ડડીસ્કનું જે એનાલીસીસ કરી તેની નોટસ રાખેલી છે. ગાડી નં.પ૭૬૪ ની ૬૪ કલાક અને ૧૭ મિનિટ પાર્કીંગમાં રહેલી તે બાબતેનું શું એનાલીસીસ કરેલુ તે અહેવાલમાં દર્શાવેલુ નહીં તે કબૂલ કરે છે. આ સિવાય બીજી કોઈ હકીકત નીકળી આવતી નથી. આમ આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આરોપી નં.૨૮ અફજલ ઉર્ફે અફસર ઉસ્માની મુંબઈ મુકામેથી મારૂતિ–૮૦૦ કાર નં.એમએચ–૦પ–એચ–પ૭૬૪ ચોરી કરીને લઈ આવેલો અને કાલુપુર સ્ટેશનના કાર પાર્કીંગમાં પ્લોટ નં.૧ માં

૬૪ કલાક અને ૧૭ મીનીટ સુધી રાખેલી હતી તેવુ માલુમ પડે છે. આ ઉપરાંત આજ ગાડી વડોદરા અમદાવાદ એકસપ્રેસ હાઇવે ઉપર થઇને અમદાવાદ આવેલી તે અંગેનો પુરાવો સાહેદ નં. ૮૦૨ કમલેશ રમણીકલાલ વસંતનાઓએ આપેલ છે. આમ આ બંને સાહેદના પુરાવા એકબીજાને સમર્થન કરે છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે વિજયભાઈ મનજીભાઈ વાડીકરને સાહેદ નં.૯૨૦ તરીકે આંક–૬૫૫૦થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ સને–૨૦૦૮ ની સાલમાં ઝકકરીયા મસ્જિદ પાસે આવેલ પ્રિન્સ હોટલમાં રીસેપ્નીસ્ટ તરીકે કામ કરતા હતા. હોટલમાં જે કોઈ ગ્રાહક આવે તો તેની રજીસ્ટરમાં એન્ટ્રી કરાવવાની અને તે ગ્રાહકને જે રૂમ આપ્યો હોય તે રૂમ વેઈટર દ્વારા ચાવી આપીને તે ગ્રાહકને ફાળવવાનો હોય છે. તેમને ત્યાં રજીસ્ટરમાં એન્ટ્રી જે તે ગ્રાહક કરે છે અને રજીસ્ટરમાં જે એન્ટ્રી કરવામાં આવે છે તેમાં ગ્રાહકનું નામ, તેની ઉંમર, તેનું સરનામુ, તે ગ્રાહક ક્યાંથી આવેલો છે, પછી તે ગ્રાહક પાછો ક્યાં જવાનો છે તે લખાવવામાં આવે છે. હોટલમાં તેમના કામકાજનો સમય સવારે ૭.૦૦ થી રાત્રિના ૮.૦૦ કલાક સુધીનો હતો.

સાહેદ વધુમાં જણાવે છે કે તા.૧૭/૭/૨૦૦૮ ના રોજ અમીન શેખ તથા અફજલ શેખ નામના ગ્રાહક આવેલા અને તેમણે આ સાહેદના રજીસ્ટરમાં સવારના કલાક ૧૧.૩૦ વાગ્યે એન્ટ્રી કરેલી. આ બે ગ્રાહક આવેલા તેમની રજીસ્ટરમાં એન્ટ્રી નં.૧૩૨૬ કરાવેલી. આંક–૬૪૧૫ વાળુ અસલ રજીસ્ટર આ સાહેદની પ્રિન્સ હોટલનું છે તે રજીસ્ટરમાં નોંધવામાં આવેલ એન્ટ્રી નં.૧૩૨૬ જોઈને કહે છે કે આ એન્ટ્રીમાં અમીન શેખ તથા અફજલ શેખ ગ્રાહક તરીકે આવેલા તેના નામ લખેલા છે. આ એન્ટ્રીમાં બંને મેલ બતાવેલા છે તથા તેઓનું સરનામુ હિન્દીમાં નોંધાયેલુ છે. આ એન્ટ્રીમાં ડિપાર્ચર ટાઇમ વાળા હસ્તાક્ષરો આ સાહેદના છે જ્યારે એન્ટ્રીના બાકીના તમામ કોલમના હસ્તાક્ષરો ગ્રાહકના છે. આ અક્ષરો બે ગ્રાહકો પૈકીના એક ગ્રાહક અમીન શેખના છે. આ બંને ગ્રાહકો તેમની હોટલ ઉપર આવેલા અને તેમણે એન્ટ્રી નં.૧૩૨૬ માં જે વિગતો લખેલી તે તથા તેઓ ગયા ત્યારે ડિપાર્ચર ટાઇમ લખેલો તે તમામ અક્ષરો તે જ છે

અને એન્ટ્રી પણ તે જ છે અને રજીસ્ટર પણ તે જ છે જે ઓળખી બતાવે છે. તા.૧૭/૭/૨૦૦૮ ના રોજ આ એન્ટ્રીવાળા જે બે ગ્રાહક તેમની પાસે આવેલા તે ઘણો સમય થયેલ હોવાથી ઓળખી શકે નહી અને એન્ટ્રી નં.૧૩૨૬ વાળુ સમગ્ર લખાણ તેમની હાજરીમાં લખાયેલાનું જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પ્રીન્સ હોટલમાં નોકરી કરતા હોવા બાબતે કોઈ પુરાવો પોલીસ સમક્ષ રજુ કરેલો નથી તે હકીકત નકારે છે. પ્રીન્સ હોટલમાં રીસેપ્સનીસ્ટ તરીકે નિમણૂક પામેલા તે બાબતેનો નિમણુંક પત્ર રજુ કરેલો નહીં. ફરજ બાબતેનું કોઈ લખાણ આપેલુ નથી. પ્રીન્સ હોટલમાં છ માસ સુધી નોકરી કરેલી. પોલીસ અફજલને લઈને આવેલી નથી તો તે હકીકત નકારી છે જેથી તેનો અર્થ એવો થાય કે પોલીસ આ સાહેદ સમક્ષ અફજલને લઈને આવેલી હતી. રજીસ્ટરમાં કયા આરોપીએ એન્ટ્રી કરેલી છે તે કહી શકુ નહીં તો તે હકીકત નકારી છે. તેનો અર્થ એવો થાય કે રજીસ્ટરમાં એન્ટ્રી કરનાર તે આ સાહેદ જાણે છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો પ્રશ્ન એવો પુછવામાં આવેલો છે કે તમે પોલીસ રૂબરૂ એવુ જણાવેલુ નથી કે અફજલે એવુ કીધુ કે એન્ટ્રી અમીન શેખે કરેલી છે તો જવાબમાં સાહેદે જણાવેલુ છે કે પોલીસ ત્યાં બેઠેલા હતા ત્યારે અફજલે પોલીસને કહેલુ કે અમીન શેખે કરેલી છે. પોલીસ આવી ત્યારે ફકત ઝેરોક્ષ કોપી રજુ કરેલી, અસલ રજીસ્ટર જોયેલુ નહીં તો તે હકીકત નકારી છે. એન્ટ્રી અફજલે કરેલી છે કે અમીને કરેલી છે તે તમે કહી શકો નહીં તો તે હકીકત સાહેદે નકારેલી છે. અમીનને જોવાનો પ્રસંગ બનેલો નથી તો તે હકીકત પણ નકારેલી છે. ઘણા ગ્રાહકો પૈકી કયો ગ્રાહક કયારે આવેલો અને કેટલો સમય રોકાયેલો તે કેવો દેખાતો તો તેનુ વર્ણન આપી શકે નહીં તો તે કબૂલ કરે છે. મારા મત પ્રમાણે આ સાહેદની હોટલમાં ઘણા લોકો રોકાવવા આવતા હોય તેઓના વર્ણન કહી શકે નહીં અને વર્ણન યાદ પણ ન રહે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો ૧૩૨૬ નંબરની એન્ટ્રીના ગ્રાહકોના શારીરિક વર્ણનની નોંધ કરવામાં આવેલી નથી તો તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે હોટલ રજીસ્ટરોમાં ગ્રાહકના શારીરિક વર્ણનની નોંધ કરવાની હોતી નથી. વધુમાં ઊલટતપાસ ધ્યાને

લઈએ તો ક્રાઈમ બ્રાન્ચ તરફથી જવાબ આપવા માટે ફોન આવેલો તે કબૂલ કરે છે. અફજલના કે અમીનના શારીરિક વર્ણન આપી શકે નહીં. બનાવ બાદ આ સાહેદ દશ વર્ષ પછી જુબાની આપતા હોવાથી અમીન કે અફજલના શારીરિક વર્ણન આપી શકે નહીં કારણ કે તે યાદ પણ ન રહે. એટલુ જ નહીં દસ વર્ષ પછી આ બન્નેને સાહેદ ઓળખી શકે પણ નહીં. આ સમય દરમ્યાન આ સાહેદે બન્ને વ્યક્તિઓને જોયેલા પણ નથી માટે સ્વાભાવિક છે કે જુબાની દરમ્યાન ઓળખી શકે નહીં. પોલીસે વારંવાર જવાબ વાંચી સંભળાવી સમજાવતા ખોટી જુબાની આપેલી છે તો તે હકીકત પણ નકારી છે. એન્ટ્રીના અક્ષરો અમીન શેખના છે તેવુ પોલીસ નિવેદનમાં લખાવેલુ નથી તો તે હકીકત કબૂલ કરેલી છે. પરંતુ મારા મત પ્રમાણે પોલીસ નિવેદનમાં આ હકીકત નહીં લખાવવાથી આમીન તથા અફજલ આ સાહેદની હોટલમાં રોકાયેલા નથી તે હકીકત નકારી શકાય નહીં.

આમ આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ રીલીફ રોડ જકકરીયા મસ્જિદ પાસે આવેલ હોટલ પ્રીન્સ પેલેસમાં રીસેપ્સનીસ્ટ તરીકે નોકરી કરતા હતા અને તેમની હોટલમાં તા.૧૭.૭.૨૦૦૮ નાં રોજ આરોપી નં.૬૯ આમીન શેખ તથા આરોપી નં.૨૮ અફજલ ઉર્ફે અફસર ઉસ્માની રોકાયેલા હતા અને હોટલના રજીસ્ટરમાં ૧૧.૩૦ વાગે એન્ટ્રી નં.૧૩૨૬ થી એન્ટ્રી કરેલી હતી. જયારે પોલીસે આ સાહેદનો જવાબ લીધો ત્યારે આ સાહેદે આરોપીઓને ઓળખી બતાવેલા હતા. આ બનાવ બાદ દશ વર્ષ પછી સાહેદે જુબાની આપેલી હોવાથી કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલા નથી, નહીં ઓળખવા માટેનું કારણ સાહેદે જે આપેલુ છે તે યોગ્ય અને વાજબી છે તેમ હું માનુ છું.

હોટલ પ્રીન્સ પેલેસમાંથી તપાસ કરનાર અધિકારીએ હોટલ રજીસ્ટરના એન્ટ્રી નં.૧૩૨૬ ના ઉતારાની નકલ જે મેળવેલી તે પૃથક્કરણ અર્થે એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે મોકલી આપેલી અને તેનું પૃથક્કરણ કરનાર અધિકારી સાહેદ નં.૯૮૭ મનોહર મોહનદાસ તહીલીઆનીને ફરિયાદપક્ષે તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો જુબાનીના પેરા નં.૨.૧ માં તેઓ જણાવે છે કે હોટલ પ્રીન્સના રજીસ્ટરના પાના નં.૮૯ ઉપર એન્ટ્રી

નં.૧૩૨૬ ની સામે હિન્દીમાં લખાણો અને અંગ્રેજીમાં લેટર અને આંકડાઓ તથા સહી કરેલ છે તે લખાણને લાલ પેન્સીલથી કુંડાળુ કરી માર્ક ડી–૧ આપેલ છે તે રજીસ્ટરના પાનાને સહી પુરતો આંક–૬૩૧૫ આપવામાં આવેલો છે અને આ રજીસ્ટરની એન્ટ્રી નં.૧૩૨૬ બતાવવામાં આવેલ છે. તે એન્ટ્રી આ સાહેદે તપાસેલી છે અને તપાસતા અભિપ્રાય ઉપર આવેલા કે એન્ટ્રીમાં લાલ કુંડાળાની બહાર એબી કેસ નં.૫૪૬/૨૦૧૧ લખેલ છે તે એન્ટ્રીને આંક આપવા રજુઆત કરેલી. આ ઉપરાંત આમીન ઉર્ફે રાજા શેખના નમુનાઓ કુલ –૬ પાના જેને સંયુકત આંક–૬૫૧૧ આપેલ છે તેની પણ તપાસણી કરેલી. આ ઉપરાંત આમીન શેખના લીટીવાળા કાગળ ઉપર લખેલ અંગ્રેજીમાં અને હિન્દીમાં લખેલા કુદરતી લખાણો પણ આ સાહેદે તપાસેલા છે. આ દસ્તાવેજો આ સાહેદને તપાસણી અર્થે તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયા તરફથી સત્તાના પ્રમાણપત્ર સાથે મળેલા જે ફોરવર્ડીંગ લેટર તથા પ્રમાણપત્ર આંક –૬૮૬૩ થી રજૂ છે. આ દસ્તાવેજો તપાસ્યા બાદ તા.૨૫.૧.૨૦૧૨ નાં રોજ આ સાહેદે અભિપ્રાય આપેલો અને તેમાં પોતાની સહી ઓળખી બતાવેલી છે. આ અભિપ્રાય આંક–૬૮૬૪થી રજૂ કરેલો છે તથા અભિપ્રાયના કારણો આંક–૬૮૬૫થી રજૂ કરેલા છે. વધુમાં આ સાહેદના કહેવા પ્રમાણે તમામ તકરારી નમુના અને કુદરતી દસ્તાવેજોની રૂટીન પ્રમાણે રેકર્ડ માટે તેની સીડી તૈયાર કરેલી. આ અભિપ્રાય વૈજ્ઞાનિક સાધનોની મદદથી તપાસ કરીને આપવામાં આવેલો હતો અને પોતાના ફોરવર્ડીંગ પત્ર સાથે મોકલી આપેલો. આ ફોરવર્ડીંગ પત્ર આંક–૬૮૬૬ થી રજુ કરેલો છે. આ સાહેદે આપેલ અભિપ્રાય ધ્યાને લેતા એન્ટ્રી નં.૧૩૨૬ વાળા અક્ષરો આરોપી નં.૬૯ આમીન ઉર્ફે રાજાના કુદરતી લખાણો સાથે મળતા આવે છે તેવો અભિપ્રાય છે. આ અભિપ્રાય વૈજ્ઞાનિક પધ્ધતિથી આપેલો હોય નહીં માનવાને કોઈ કારણ નથી. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા કમ્પેરીઝન માટે જે દસ્તાવેજો આવેલા તેના ફોટોગ્રાફસ લીધેલા નથી તે કબૂલ કરે છે. સહીઓ તથા હસ્તાક્ષરની તપાસણી માટે લખાણની મુળભુત લાક્ષણીકતાઓ તથા જનરલ કેરેકટરીસ્ટીક ધ્યાને રાખે છે. ઉપરોકત અક્ષરોના કમ્પેરીઝન માટે

વળાંક સિવાય બીજા કોઈ કારણો તે દસ્તાવેજમાં દર્શાવેલા નથી તે હકીકત નકારે છે. તકરારી દસ્તાવેજનું લખાણની સરખામણી કરવા માટે નમુનાનું લખાણ તે જ સ્થિતિમાં અને તેટલી જ જગ્યામાં લેવા જરૂરી છે તે કબૂલ કરે છે. પરંતુ સાહેદે જણાવેલુ છે કે તે આદેશાત્મક નથી. નમુનાનું લખાણ તકરારી લખાણના સ્વરૂપમાં લખાયેલુ નથી તો તે હકીકત નકારી છે. ડી–૧ તકરારી દસ્તાવેજમાં અમીન શબ્દમાં "મ" જે દીર્ઘાઈ છે તે સાથેના નમુનાનો દીર્ઘાઈ સરખો નથી તો તે હકીકત કબૂલ કરી છે. આ સાહેદને પ્રશ્ન પુછવામાં આવેલો છે કે તમે આપેલા કારણોની અંદર અક્ષરોના ઢોળાવ, લોકેશન, તેની દિશા, એલાઈનમેન્ટ, અક્ષરોમાના નીચેના ભાગનું અંતર અને તેના આકાર અંગે ઉપરના અને નીચેના પ્રોજેકશન અંગે લખાણોના શેડ અંગે અને દબાણના ડીસ્ટ્રીબ્યુટ માટે કોઈ કારણો આપવામાં આવેલા નથી. તો સાહેદે જણાવેલુ છે કે નમુનાના લખાણો બોલ પોઈન્ટ પેનમાં લખાયેલા છે તેથી અક્ષરો ઉપર આપવામાં આવેલ દબાણ, શેડીંગ વિગેરે કેરેકટરીસ્ટીકને તપાસી શકાય નહીં તેથી કારણો જણાવેલા નથી. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો રીજનીંગમાં કોઈ પણ અક્ષરો કે આંકડામાં વિભિન્નતા નથી તેવા કારણો આપેલા નથી તો તે હકીકત નકારી છે. દસ્તાવેજોનું મેગ્નીફીકેશન કેટલી ડીગ્રી સુધી કરેલુ છે તે રીપોર્ટમાં જણાવવુ આવશ્યક નથી તો તે હકીકત નકારી છે. આ કેસમાં રીપોર્ટ સાથે આવી મેગ્નીફાઈડ કોપી રજૂ કરી નથી તે કબૂલ કરે છે. સાહેદે જણાવેલુ છે કે તે જરૂરી નથી. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો જે રીજનીંગ રજૂ કરેલા છે તેમાં બીજા કોઈ અધિકારીની સહી નથી તે કબૂલ કરે છે. તા.૨૫.૧.૨૦૧૨ નાં રોજ તપાસ પુરી કરીને તેનો અભિપ્રાય તૈયાર કરેલો તે શ્રી આર.એન.ગુનાને કયારે મોકલેલો તે યાદ નથી. આર.એન.ગુનાએ આ દસ્તાવેજો તપાસ્યા અંગેનો કોઈ લેખિત પુરાવો રજુ કરેલ નથી તે કબૂલ કરે છે. વધુમાં આ સાહેદને પ્રશ્ન પુછવામાં આવેલો છે કે તમારા ઓપીનીયનની અંદર આર.એમ.ગુના સહમત છે તેવો શેરો કરેલો નથી તો સાહેદે જવાબ આપેલો છે કે મારી સહી ઉપરાંત તેમને પણ સહી કરેલી છે માટે અભિપ્રાયને એન્ડોસ કરેલો છે. દસ્તાવેજોની તપાસણી કેટલીવાર કરેલી તેવી

કોઈ હકીકત દસ્તાવેજમાં જાહેર કરી નથી તે કબૂલ કરે છે. તકરારી લખાણનું પરિક્ષણ એડમીટેડ લખાણ કે સહીને ધ્યાનમાં રાખીને કરેલ નથી તો તે હકીકત નકારી છે. કોઈ પણ હોશિયાર વ્યકિતને કોઈ લખાણ બતાવી તે જ પ્રમાણે લખવાનું વારંવાર કહેવામાં આવે અને લખાવવામાં આવે તો તે બે લખાણો વચ્ચે કંઈક અંશે સરખામણી આવે તેવી શકયતા છે તો તે હકીકત નકારી છે. એક જ વ્યકિતને એક જ લખાણ વારંવાર કરાવવામાં આવે તો તેમાં કુદરતી ફેરફાર આવે તે કબૂલ કરે છે. દસ્તાવેજો તપાસવા તમે કઈ પધ્ધતિ અપનાવેલી તેના જવાબમાં સાહેદે જણાવેલુ છે કે વૈજ્ઞાનિક પધ્ધતિ અપનાવેલી . પોલીસ અધિકારીના કહેવાથી તેના સમર્થનમાં ખોટો રીપોર્ટ આપેલાની હકીકત નકારેલી છે. તકરારી દસ્તાવેજો અને કુદરતી દસ્તાવેજો કયા ઈન્સ્ટ્રુમેન્ટથી લખાયેલા છે તે રીપોર્ટમાં જણાવેલુ નથી તે કબૂલ કરે છે. મારા મત પ્રમાણે લખવા માટે ઈન્સ્ટ્રુમેન્ટ વપરાતુ નથી પરંતુ બોલપેન કે ઈન્કપેન વપરાય છે અને તે કઈ પેનથી લખાયેલ છે તેનુ પૃથક્કરણ કરવાનું હોતુ નથી ફકત અક્ષરોનું પૃથક્કરણ કરવાનું હોય છે માટે આવા પ્રશ્ન પુછવાનો કોઈ અર્થ નથી . સચોટ અભિપ્રાય માટેનું કોઈ સંપૂર્ણ સાયન્સ નથી તો તે હકીકત નકારી છે . દસ્તાવેજોની ચકાસણી વખતે તકરારી દસ્તાવેજ, હસ્તાક્ષરના નમુના અને કુદરતી દસ્તાવેજની જરૂર પડે તે કબૂલ કરે છે. આ ત્રણ પૈકી કોઈ એક ઘટક ન હોય તો સચોટ અભિપ્રાય આપી શકાય નહીં તો તે હકીકત નકારી છે.

આમ, સમગ્ર પુરાવો ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી વી. આર.ટોળીયાનાઓએ પંચ સાહેદ નં.૮૮૪ ઉમંગ રમેશભાઈ ઠકકરનાઓની હાજરીમાં આંક–૬૩૧૬વાળુ પંચનામુ બનાવી એક લાલ કલરનું હોટલ રજીસ્ટર જેમાં એન્ટ્રી નં.૧૩૨૬ માં આમીન શેખ તથા અફજલ શેખનાઓએ તા. ૧૭.૭.૨૦૦૮ નાં રોજ ૧૧.૩૦ વાગે નોંધ કરેલી હતી અને તે આ કામે આંક–૬૩૧૫થી રજૂ કરેલુ છે તથા સાહેદ નં.૯૨૦ વિજયભાઈ મનજીભાઈ વાડીકર નાઓએ હોટલ રજીસ્ટરના ઉતારાની નકલ રજુ કરેલી હતી. ત્યારબાદ તપાસ કરનાર અધિકારીએ પંચ સાહેદ નં.૯૧૧ મુકેશભાઈ ઠાકોરની હાજરીમાં આંક–

૬૫૧૨ વાળુ પંચનામુ બનાવી આરોપીના હસ્તાક્ષરના નમુના મેળવેલા જેને માર્ક એસ–૧ થી એસ–૬ આપવામાં આવેલો તથા હિન્દી ભાષામાં આરોપી પાસે પેરેગ્રાફ લખાવેલો જેના માર્ક એન–૧ આપવામાં આવેલો તથા અંગ્રેજી ભાષામાં આરોપી પાસે પેરેગ્રાફ લખાવેલો અને તેને માર્ક એન–૨ આપવામાં આવેલો. જયારે પ્રિન્સ હોટલના રજીસ્ટરને માર્ક ડી–૧ આપવામાં આવેલો જેને આંક–૬૩૧૫ આપવામાં આવેલો છે. આ રજીસ્ટર અને હસ્તાક્ષરોનું પૃથક્કરણ કરનાર અધિકારી સાહેદ નં.૯૮૭ મનોહર મોહનદાસ તહેલીઆનીએ કરેલુ અને તેમના અભિપ્રાય પ્રમાણે એન્ટ્રી નં.૧૩૨૬ નાં અક્ષરો આરોપી નં.૬૯ આમીર ઉર્ફે રાજાના હસ્તાક્ષરો સાથે મળતા આવે છે તેવો અભિપ્રાય આપેલો જે આંક–૬૮૬૩ થી રજૂ છે. અભિપ્રાય ઉપર આવવાના કારણો આંક–૬૮૬૫થી રજૂ છે. અભિપ્રાય તથા કારણોમાં એફ.એસ.એલ. અધિકારીએ પોતાની સહી ઓળખી બતાવેલી છે અને આંક–૬૮૬૬ વાળા ફોરવર્ડીંગ પત્ર સાથે આ અભિપ્રાય તપાસ કરનાર અધિકારીને મોકલી આપેલો છે. જેથી એવુ કહી શકાય કે રજીસ્ટરની એન્ટ્રી નં.૧૩૨૬ નું લખાણ આરોપી નં.૬૯ નાઓએ કરેલુ હતુ. આરોપીઓ તરફથી કરવામાં આવેલ ઊલટતપાસ ધ્યાને લેતા આરોપીઓને મદદરૂપ થાય તેવી હકીકત નીકળી આવતી નથી. આ સાહેદ હસ્તાક્ષર નિષ્ણાંત છે. હસ્તાક્ષરની સરખામણી બાબતે તેમની પાસે પુરૂ જ્ઞાન છે અને તાલીમ પણ મેળવેલી છે. જેથી આ સાહેદે જે કંઈ અભિપ્રાય આપેલો છે તે નહીં માનવાને કોઈ કારણ નથી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે વિરેનભાઈ રાજેશભાઈ મકવાણાને સાહેદ નં.૯૨૫ તરીકે આંક–૬૫૭૩થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ વર્ષ–૨૦૦૮ની સાલમાં ૪૩, રામનગર, ભગવતીનગર રોડ, બાગે ફીરદોશ વિભાગ–૧, પોલીસ લાઈનની બાજુમાં હાટકેશ્વર, અમદાવાદ ખાતે રહેતા હતા. તે વખતે કમ્પ્યુટર રીપેરીંગ અને કમ્પ્યુટરના વેચાણનું કામકાજ ઘરેથી કરતા હતા. આ સાહેદ અમદાવાદ કાલુપુર રેલવે સ્ટેશનના પાર્કીંગના હરીશભાઈ અગ્રવાલને ત્યાં કમ્પ્યુટર રીપેરીંગનુ કામ

કામ કરતા હતા. આ હરીશભાઈને રેલવે સ્ટેશન ઉપર પાર્કીંગનો કોન્ટ્રાકટ હતો. હરીશભાઈ અગ્રવાલને ત્યાં કમ્પ્યુટર સર્વિસનો કોન્ટ્રાકટ સને–૨૦૦૬ની સાલથી રાખેલો હતો.

સાહેદ વધુમાં જણાવે છે કે તા.૨૬/૧૨/૨૦૦૮ ના રોજ હરીશભાઈ અગ્રવાલે કાલુપુર રેલવે સ્ટેશનના પાર્કીંગમાં બોલાવેલા અને ત્યાં પહોંચ્યા ત્યારે ત્યાં પોલીસના માણસો તથા એફ.એસ.એલ.ના માણસો તથા બીજા માણસો હાજર હતા. ત્યાં એફ.એસ.એલ.ના અધિકારીઓએ તેમની પાસેના ઉપકરણોથી કમ્પ્યુટર ડેટા બતાવેલો અને કહેલું કે આ કમ્પ્યુટરની હાર્ડ ડીસ્ક કાઢી આપો જેથી કમ્પ્યુટરમાંથી હાર્ડ ડીસ્ક કાઢીને એફ.એસ.એલ.ના અધિકારીઓને આપેલાનું જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદે ધોરણ ૧૨ સાયન્સ પાસ કર્યા પછી કમ્પ્યુટર ડીપ્લોમાનો કોર્સ કરેલો છે. કમ્પ્યુટરમાંથી હાર્ડડીસ્ક કોઈ પણ વ્યકિત કાઢી શકે તો તે કબૂલ કરે છે. એફ.એસ.એલ.ના અધિકારીઓએ અને પોલીસ અધિકારીઓએ કોમ્પ્યુટર સાથે શું કામગીરી કરેલી તે કહી શકે તેમ નથી. આ સાહેદને બોલાવવા માટે હરીશભાઈ અગ્રવાલ આવેલા. હરીશભાઈને ત્યાં આ સાહેદ કમ્પ્યુટર રીપેરીંગનો કોન્ટ્રાકટ કરે છે તે બતાવવા પોલીસને કોઈ નકલ આપેલી નહીં તે કબૂલ કરે છે. કમ્પ્યુટર ચાલુ કરીને તેની અંદરના ડેટાના પ્રીન્ટ કાઢીને રજુ કરી હોય તેવુ બન્યુ નથી. હાર્ડડીસ્ક કાઢયા પછી થોડીવાર ત્યાં રોકાયેલા અને ત્યારપછી જતા રહેલા. જે કામગીરી કરી તે બાબતે પોલીસે કોઈ કાગળ ઉપર સહી કરાવેલ નથી. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો રેલવે સ્ટેશનની પાસે બીજા બે પાર્કીંગ પણ છે અને તેમાં રાખેલા કમ્પ્યુટર રીપેરીંગનો કોન્ટ્રાકટ પણ આ સાહેદ પાસે છે. આ સાહેદ પાર્કીંગમાં ગયા ત્યારે કમ્પ્યુટર ઓપરેટ કરનારને ત્યાં હાજર રાખવામાં આવેલા. કમ્પ્યુટરનો ડેટા કરપ્ટ થયો ના હોય અને તેનુ ફોરમેટ માર્યુ ન હોય તો ડેટા કોઈ પણ વ્યકિત કાઢી શકે તેમ જણાવે છે. કમ્પ્યુટર ઓપરેટ કરનારને હાર્ડડીસ્ક કાઢી આપવાનું સુચન કરેલુ કે કેમ તે યાદ નથી. હાર્ડડીસ્કની આઈડેન્ટીટી શું છે તે પોલીસને જણાવેલુ

કે કેમ તે યાદ નથી. પોલીસે હાર્ડડીસ્ક ઉપર શું કાર્યવાહી કરેલી તે આજે પણ કહી શકે નહીં. પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદની હાજરીમાં પોલીસે એફ.એસ.એલ. અધિકારી દ્વારા કમ્પ્યુટરમાંથી હાર્ડડીસ્ક કઢાવેલી હતી ત્યારપછી પોલીસે તે ડીસ્કનું શું કર્યુ તે આ સાહેદ કહી શકે નહીં. આ સાહેદને પ્રશ્ન પુછવામાં આવેલો છે કે કાઢેલી હાર્ડડીસ્ક તમારી હાજરીમાં સીલ કરવામાં આવેલી નહીં તો જવાબમાં સાહેદે જણાવેલુ છે કે મને ખબર નથી પરંતુ કાર્યવાહી થયેલી. પોલીસના કહેવાથી અને સમજાવવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારે છે.

આમ આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ કમ્પ્યુટર રીપેરીંગ તથા વેચાણ અંગેનું કામકાજ કરતા હતા અને તા. ૨૬.૧૨. ૨૦૦૮ નાં રોજ કાલુપુર રેલવે સ્ટેશનના પાર્કીંગમાં આવેલ કમ્પ્યુટરમાંથી એફ.એસ.એલ. અધિકારીની હાજરીમાં મારૂતિ ૮૦૦ ગાડીની વિગત સંબંધે તપાસ કરેલી તો કમ્પ્યુટર સ્ક્રીન ઉપર મારૂતિ ૮૦૦ ની વિગત દેખાયેલી. જેથી તપાસ કરનાર અધિકારીને આ સાહેદે કમ્પ્યુટરની હાર્ડડીસ્ક કાઢી આપેલી હતી તેવુ આ પુરાવો જોતા માલુમ પડે છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે ગુલામહુસેન રસુલભાઈ ગાયકવાડને સાહેદ નં.૯૫૧ તરીકે આંક–૬૬૪૯થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓના ગેરેજનું નામ "રીપેરશેડ" છે અને નડીયાદ ગેરેજનું નામ "ગાયકવાડ ઓટોમોબાઇલ્સ" છે. નડિયાદ થી અમદાવાદ આવવા નીકળીએ ત્યારે નડિયાદથી ૨૫ કિ.મી. દુર રીલાયન્સ પેટ્રોલપંપ આવે છે ત્યાં ગેરેજ છે અને છેલ્લા ૧૪ વર્ષથી ચલાવે છે અને નડિયાદ મુકામે આવેલ ગેરેજ ઘણા સમયથી ચલાવે છે. સને–૨૦૦૪ થી ૨૦૧૩ ની સાલ સુધી રીલાયન્સ પેટ્રોલપંપ ઉપર આવેલા ગેરેજે બેસતા હતા. તેમના ગેરેજ ઉપર જો કોઇ વાહન રીપેરીંગ કરાવવા કોઇ વ્યક્તિ આવે તો રીપેરીંગ કર્યા બાબતેની કાચી નોંધ રાખતા હતા.

સાહેદ વધુમાં જણાવે છે કે સને–૨૦૦૮ ના જુલાઇ મહિનાની અંદર એક ભાઇ મારે ત્યાં મારૂતિ ફન્ટી રીપેર કરાવવા માટે લઇને આવેલાં હતાં. જે

વાહન રીપેરીંગમાં આવેલું હતું તેનો નંબર MH–5 જેવો કંઈક હતો પરંતુ આખો નંબર યાદ નથી. તે વાહન લઈને જે ભાઈ આવેલાં તે વખતે આ સાહેદ તેમના ગેરેજ ઉપર હાજર હતા. આ મારૂતિ ફ્રન્ટી રીપેરીંગમાં આવી એટલે તેનો હેડ ખોલેલો અને તેવું ફેસીંગ કરીને નવું ગ્રાસ્કેટ નાંખેલું તથા તેની રેડીયેટરની સર્વિસ કરેલી. આ રીપેરીંગમાં કરવામાં લગભઘ અઢી,ત્રણ કલાકનો સમય થયેલો. આ વાહન લઈને જે ભાઈ આવેલાં હતા તે રીપેરીંગના સમય દરમિયાન ત્યાં જ હતા. આ વાહનનું રીપેરીંગ કર્યું હતું તેની કાચી નોંધ રાખેલી હતી. જે કાચી નોંધ માર્ક–એ થી રજુ રાખેલ છે અને તેમાં સાહેદ પોતાના અક્ષરો ઓળખી બતાવે છે. આ ભાઈ વાહન રીપેર કરીને લઈ ગયા પછી આશરે ૧૦ મી તારીખે પોલીસ તે ભાઈને લઈને આ સાહેદ પાસે આવેલી અને મહિનો કે સાલ યાદ નથી. આ ભાઈ જ્યારે રીપેરીંગ કરાવવા આવ્યો ત્યારે તે ક્લીન શેવ હતો અને પોલીસ લઈને આવી ત્યારે તેને નાની દાઢી હતી. આ રીપેરીંગની રકમ રૂા.૨૮૦૦ કે રૂા.૨૯૦૦ થયેલી પરંતુ તેને ઓછા કરીને આશરે રૂા.૨૬૦૦/– નું બિલ આપેલું. આ રકમ જે ઓછી કરી તે કાચી નોંધમાં સુધારેલી. જે ભાઈ રીપેરીંગ માટે આવેલો તેનું નામ "ઉસ્માન" જેવું કંઈક હતું તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદના ગેરેજ ઉપર ઘણા બધા લોકો જેમાં ખાનગી, સરકારી તથા પોલીસના વાહનો રીપેરીંગ માટે આવતા હોય છે તે કબૂલ કરે છે. નડીયાદ અને ખેડા જીલ્લાના પોલીસ વાહનો રીપેરીંગમાં આવે છે તે હકીકત નકારી છે. અમદાવાદ વડોદરા એકસપ્રેસ હાઈવે ઉપર ખાનગી ગેરેજવાળા નથી તે કબૂલ કરે છે. ગેરેજ રીલાયન્સ પેટ્રોલીયમ તરફથી આપેલી જગ્યા ઉપર છે. રીલાયન્સ પેટ્રોલીયમ તરફથી મળેલી જગ્યા બાબતનો કરાર કોઈને આપેલ નથી. પેટ્રોલ પંપ તથા રેસ્ટોરન્ટ ચોવીસ કલાક ખુલ્લો રહે છે તે કબૂલ કરે છે. આ સ્થળે સવારથી રાત સુધી ઘણા વાહનો પેટ્રોલપંપ ઉપર તેમજ રેસ્ટોરન્ટ ઉપર રોકાય છે તે કબૂલ કરે છે. પોલીસને કાચી ચીઠ્ઠીની ઝેરોક્ષ આપેલી તેમાં આ સાહેદના ગેરેજનું નામ તથા સરનામુ લખેલુ નથી તે કબૂલ કરે છે. આવી નોંધ નડીયાદ ગેરેજ માટે પણ તૈયાર કરે છે તે કબૂલ

કરે છે. રીલાયન્સ પેટ્રોલપંપ ઉપર સી.સી.ટી.વી. કેમેરા પણ હોય છે તે કબૂલ કરે છે. ઝેરોક્ષ કોપી રજુ કરી તેની કોઈ અસલ પોલીસને આપેલી હોય અને તેની પહોંચ પોલીસે આપી હોય તેવુ બન્યુ નથી. જુલાઈ–૨૦૦૮ના અરસામાં કોઈ મારૂતિ કાર એમએચ–૦૫ આવેલી નથી તો તે હકીકત નકારે છે. અમદાવાદ વડોદરા એકસપ્રેસ હાઈવે ઉપર રીલાયન્સ પેટ્રોલપંપ પાસે પોતાનું ગેરેજ આવેલુ નથી તો તે હકીકત નકારેલી છે. બે ગેરેજ પૈકી કયા ગેરેજ ઉપર તે વ્યકિત રીપેર કરાવવા આવેલી તેનો ખુલાસો પોલીસને આપેલો નથી. એકાદ કલાકમાં ગાડી તૈયાર થઈ હોય તેવુ બન્યુ નથી પરંતુ અઢીથી ત્રણ કલાક લાગેજ. પરંતુ મારા મત પ્રમાણે કઈ ગાડી કેટલા સમયમાં રીપેર થાય છે તે ચોકકસ સમય હોતો નથી, ગાડીનું રીપેરીંગ શું છે અને કેટલુ છે તેના ઉપર સમય લાગતો હોય છે. રીપેરીંગ કરવામાં ત્રણ કલાક થયેલા તેવુ જો પોલીસ નિવેદનમાં લખાવેલુ ન હોય તો યાદ નથી.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ નડીયાદમાં તથા વડોદરા–અમદાવાદ એકસપ્રેસ હાઈવે ઉપર રીલાયન્સ પેટ્રોલ પંપ ઉપર ગેરેજ રીપેરીંગનું કામ કરે છે. જુલાઈ–૨૦૦૮ના મહીનામાં એક વ્યકિત મારૂતિ ફ્રન્ટી લઈને રીપેરીંગ કરાવવા તેમના ગેરેજ ઉપર આવેલ અને તે ગાડીનું રીપેરીંગ કરી આપેલુ. રીપેરીંગનો ચાર્જ રૂા.૨૮૦૦ કે ૨૯૦૦ થયેલા પરંતુ રૂા.૨૬૦૦/– રકજક કરીને તે વ્યકિતએ આપેલા હતા જેનુ લખાણ માર્ક–એ થી રજૂ કરેલુ છે અને તે લખાણ આ સાહેદે પોતાના હસ્તાક્ષરમાં લખેલુ છે. આમ આરોપી નં.૨૮ તથા ૬૯ જયારે વાહન લઈને વડોદરા–અમદાવાદ એકસપ્રેસ હાઈવે ઉપરથી જુલાઈ–૨૦૦૮ મા પસાર થયેલા ત્યારે મારૂતિ ફ્રન્ટી ૮૦૦ નું રીપેરીંગ આ સાહેદના ગેરેજ ઉપર કરાવેલુ. વાહન રીપેરીંગ કરાવનારનું નામ "ઉસ્માન" હતુ.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે શાંતિલાલ જેસીંગભાઈ પરમારને સાહેદ નં.૯૬૩ તરીકે આંક–૬૭૫૭ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ સને–૨૦૦૮ ના વર્ષમાં ભારતીય રેલવેમાં નોકરી કરતા

હતા. તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ અમદાવાદ રેલવે સ્ટેશન ખાતે આવેલા વેઇટીંગ રૂમ ઉપર ફરજ હતી. આ વેઇટીંગ રૂમમાં રેલવેની અંદર જતાં આવતાં પેસેન્જરો ટ્રેન આવતા સુધી ત્યાં આરામ કરવા બેસતા હોય છે. જે પેસેન્જરો વેઇટીંગ રૂમમાં આવતાં હોય છે તેઓની નોંધ રજીસ્ટરમાં કરવામાં આવે છે. આ રજીસ્ટરમાં જે તે મુસાફરનું નામ, ટિકિટ નંબર, તારીખ, સમય વિગેરેની વિગતો નોંધવામાં આવતી હોય છે અને જે પેસેન્જર ટિકિટ લઇને આવે છે તેની તે રજીસ્ટરમાં સહી કરાવવામાં આવતી હોય છે અને આ નોંધ જે કરવામાં આવતી હોય છે તે તથા પેસેન્જર પોતાની સહી આ સાહેદની હાજરીમાં કરતા હોય છે.

વધુમાં સાહેદે જણાવેલ છે કે તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ આ વેઇટીંગ રૂમમાં રાજધાની એકસપ્રેસના પેસેન્જર આવેલા હતા. નિ.૬૭૫૬/૨ વાળો રજીસ્ટરનું પાનુ જોઇને કહે છે કે તેમાં પેનથી જે સર્કલ કરેલું છે તે સમગ્ર નોંધ આ સાહેદે કરેલ હતી. આ રજીસ્ટરના છેલ્લા બે કોલમ જોઇને જણાવેલ છે કે છેલ્લાથી આગળના કોલમોમાં તેમના અક્ષરો છે અને છેલ્લા કોલમમાં તે એન્ટ્રીમાં જે મુસાફરનું નામ લખેલું છે તેમાં મુસાફરની સહી છે. મુસાફરે ટિકિટ બતાવેલી તે ટિકિટ સંબંધી તમામ વિગત તેમાં લખેલી અને મુસાફરે છેલ્લા કોલમમાં તેમની હાજરીમાં સહી કરેલી છે. સદર એન્ટ્રીવાળી વિગત આંક–૬૭૫૮થી રજૂ રાખેલ છે. સાહેદ વધુમાં જણાવે છે કે સામાન્ય રીતે રોજ આ વેઇટીંગ રૂમમાં આશરે ૧૫૦ થી ૨૦૦ પેસેન્જરો આવતાં હોય જેથી પેસેન્જરો આવે તેમને ઓળખી શકે નહીં તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો રજીસ્ટર તૈયાર આવતુ નથી પરંતુ બનાવવામાં આવે છે. આ સાહેદને ફોર્મ આપવામાં આવે છે અને ઘણા ફોર્મ ભેગા કરીને રજીસ્ટર બનાવે છે. તેમાં કોઈ અધિકારીની સહી કરવામાં આવતી નથી. રજીસ્ટર કેટલા પાનાનું છે તેની કોઈ નોંધ કરવામાં આવતી નથી. અસલ રજીસ્ટર આજરોજ બતાવેલ નથી. જે પેસેન્જરો વેઇટીંગ રૂમમાં રોકાતા હોય છે તેમની પાસેથી કોઈ ચાર્જ વસુલવામાં આવતો નથી. વેઇટીંગ રૂમમાં પેસેન્જર દાખલ થાય તે વખતે ઓળખપત્ર માંગવામાં કે ચેક કરવામાં આવતુ

નથી. જયારે રીઝર્વ કરવામાં આવતી હોય ત્યારે તે પેસેન્જરના ઓળખપત્ર માંગવામાં આવતા હોય છે તે કબૂલ કરે છે. આ સિવાય બીજી કોઈ હકીકત જણાવતા નથી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે અર્જુનસિંહ મોહનસિંહ પરીહારને સાહેદ નં.૯૬૮ તરીકે આંક–૬૭૮૧થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓને તા.૭.૧.૨૦૦૯ ના રોજ પોલીસ મુંબઈથી ગોવા જવાના રોડ ઉપર "બાલાજી હોટલ" ઉપર બોલાવેલા. આ હોટલ પોસ્ટ શીરડ્રોન, તા.પનવેલ ખાતે આવેલી છે. એક પપ્પુકુમારને પણ ત્યાં બોલાવેલા. પોલીસે જણાવેલું કે આ એક આરોપી છે અને તેને અમદાવાદના બ્લાસ્ટના કેસમાં લાવેલા છીએ. જેમાં સાક્ષીની જરૂરત છે તો તમે સાક્ષીમાં રહેશો ? આ સાક્ષી પંચનામા માટેની હતી. થોડીવાર વિચારીને પંચમાં રહેવા સંમતિ આપેલી. તે લોકોનું કહેવું એવું હતું કે, પંચનામુ આ લોકો અંહિયા રહીને ગયેલા તે બાબતેનું છે. ત્યાં જે આરોપી લાવેલા હતાં તેનું નામ અફજલ ઉસ્માની હતું. સાહેબ તેનું નામ બોલેલા. આ નામ બોલ્યા ત્યારે આ સાહેદ તથા પપ્પુકુમાર હાજર હતાં. તે આરોપીને આ સાહેદે પુછેલું કે તમે અંહિયા રોકાયેલા હતા ? તો તેણે જણાવેલું કે "હા, અમે રોકાયેલાં હતાં" આ સિવાય બીજું બોલેલા કે કેમ તે યાદ નથી. ત્યારપછી તેને લઈને અને હોટલ ઉપર રીસેપ્શનમાં ગયેલા. હોટલના રીસેપ્શન ઉપર પ્રભાત મહાપાત્ર બેઠેલા હતા. તેને આ સાહેદે કહેલું કે આ સાહેબો આ રીતે પંચનામુ કરવા આવેલા છે તો તેણે શા વિષયમાં પંચનામુ કરવાનું છે તે પુછતાં વિગત જણાવેલી. તે આરોપી રોકાયેલો હતો તે બાબતે રજીસ્ટર બતાવવાનું કહેલું. આ સાહેદે ઉસ્માનીને પુછેલું કે અહિંયા કેટલા માણસો રોકાયેલાં "તો તેણે રોકાયેલા માણસોના નામ જણાવેલા. ઉસ્માનીએ ત્રણ લોકોના નામ જણાવેલા તો મેં તેને નામો પુછેલાં. તેણે નામોમાં એક કિશન વણઝારી, બે અમીન શેખ, ત્રણ અફજલ ઉસ્માની તેમ જણાવેલા" અને ત્યારપછી તેણે કહેલું કે "કિશન વણઝારી નામ ખોટું લખાવેલ હતું". ત્યારપછી હોટલનું રજીસ્ટર કઢાવેલું અને પ્રભાતજીએ હોટલનું રજીસ્ટર કાઢી બતાવેલું. તે રજીસ્ટરના પાના નં.૧૦ હતો. તે

રજીસ્ટરમાં તેણે નામ જોયેલું તો નામ લખેલા હતાં. ત્યારપછી આ રજીસ્ટર પોલીસે લેવાનું કહેલું ત્યારે પ્રભાતજીએ કહેલું કે રજીસ્ટર વિના તેઓને તકલીફ પડશે, જેથી પોલીસે રજીસ્ટરનું પાનું પ્રભાતજી પાસે અલગ કરાવેલું અને પોલીસના સાહેબે તે પાના ઉપર નોંધ કરી કરેલી અને પંચનામું કરેલું તેની ઉપર સહીઓ કરેલી. આ કાર્યવાહીનું જે પંચનામુ કરેલુ તે આંક–૬૭૮૨ માં આ સાહેદ પોતાની તથા પપ્પુકુમારની સહીઓ ઓળખી બતાવે છે તેમજ પંચનામું ગુજરાતીમાં લખેલું અને હિન્દીમાં સમજાવેલાનું જણાવેલ છે.

આંક–૬૭૮૨વાળા પંચનામા આધારે હોટલ બાલાજી લોજના રજીસ્ટરના પાના સીરીયલ નં.૯ અને ૧૦ માં સીરીયલ નં.૯૯ ની એન્ટ્રી જેમાં કિશન વણઝારી, અમીન શેખ અને ઉસ્માનીનુ નામ અને બીજી વિગતો લખેલી જે આંક–૬૭૮૩થી રજૂ રાખેલ છે અને તેમાં આ સાહેદ પોતાની તથા પપ્પુકુમારની સહીઓ ઓળખી બતાવે છે. આ સાહેદને આરોપીઓને વીડિયો કોન્ફરન્સ ટી.વી.સ્ક્રીન થકી ચાર,ચારની સંખ્યામાં અને ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીને વીડિયો કોન્ફરન્સ ટી.વી.સ્ક્રીન થકી ત્રણ, ત્રણની સંખ્યામાં બતાવવામાં આવતા સાહેદ આરોપીઓને ઓળખી શકતા નથી અને જણાવે છે કે દસ વર્ષનો સમય થયેલો છે અને અત્યારે બધાને મોટી દાઢી છે અને તે વખતે દાઢી ન હતી માટે ઓળખી શકે નહીં.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો બનાવના અરસમાં આ સાહેદ બાલાજી હોટલમાં કામ કરતા હતા તે કબૂલ કરે છે. બાલાજી હોટલની આજુબાજુ બીજી હોટલો અને મકાનો આવેલા છે તે કબૂલ કરે છે. ત્યાંથી કોઈ એક–બે માણસોને બોલાવવા હોય તો મળી શકે તે પણ કબૂલ કરે છે. બીજા પંચ પપ્પુકુમાર બાલાજી હોટલની બહાર ગાર્ડનમાં પાણી નાખતા હતા ત્યારે પોલીસની ગાડી આપેલી. પોલીસ સાહેબે કહેલુ કે અમે આરોપી લઈને આવેલા છે અને તેને અમદાવાદ બ્લાસ્ટ કેસમાં પકડેલો છે અને હોટલમાં રોકાયેલ તેનું રજીસ્ટર ચેક કરવુ છે. હોટલનું રજીસ્ટર પપ્પુ તથા આ સાહેદ બન્ને લખતા હતા. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો હોટલમાં રોજ ઘણા માણસો આવજા કરે છે

તે કબૂલ કરે છે. કેટલા માણસો કયારે આવ્યા અને કયારે ગયેલા, કેટલુ રોકાયેલા તે કહી શકે નહીં. બનાવના અરસામાં ઓળખપત્ર આવનાર વ્યકિતનું લેવામાં આવતુ ન હતુ. સાહેદ જણાવે છે કે આ પધ્ધતિ ૨૦૧૨ થી શરૂ થયેલી છે અને સી.સી.ટી.વી. કેમેરા પણ તે જ અરસામાં લગાવેલા. આરોપીને પોલીસે કયારે પકડેલો તેની ખબર નથી. જે આરોપીને લઈને પોલીસ આવેલી તે આરોપીને બતાવીને પોલીસે કહેલુ કે આ આરોપી તમારી હોટલમાં રોકાયેલો હતો. તે કઈ તારીખે રહયો અને કઈ તારીખે ગયો તે પોલીસે જણાવેલાનું કબૂલ કરે છે. રજીસ્ટરમાંથી પાન ફાડીને પોલીસને આપેલાનું કબૂલ કરે છે. આ હકીકત ધ્યાને લેતા એવુ કહી શકાય કે પોલીસે આખુ રજીસ્ટર કબજે કરેલુ નથી પરંતુ પાન ફાડીને કબજે કરેલુ છે અને તે બચાવપક્ષ તરફથી સ્વીકારવામાં આવેલુ છે. રજીસ્ટરમાં મેનેજર મહાપાત્રએ આગળ અને પાછળ સહી કરેલી કે કેમ તે ખ્યાલ નથી. પોલીસે આરોપીની આઠથી દસ જગ્યાએ નમુનાની સહી લીધી હોય તેવુ બન્યુ નથી. સરતપાસમાં જણાવ્યા પ્રમાણેની કોઈ હકીકત કે બનાવ હોટલમાં બનેલો નથી તો તે હકીકત નકારે છે. પોલીસે વારંવાર પંચનામુ હિન્દી ભાષામાં સમજાવતા ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારેલી છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો આરોપીએ કેટલીક હકીકતો જણાવેલી તે પોલીસ નિવેદનમાં જણાવેલી નથી તેવુ માલુમ પડે છે. રજીસ્ટરની અંદર સીરીયલ નંબર પહેલેથી લખી નાખવામાં આવતા હતા તે કબૂલ કરે છે. રજીસ્ટરમાં એન્ટ્રીઓ કોને કોને કરી છે તે ચોકકસ કહી શકે નહીં. રજીસ્ટરમાં કોઈ સરકારી અધિકારીના સીકકા લગાવેલા ન હતા. પરંતુ મારા મત પ્રમાણે હોટલના રજીસ્ટરમાં અધિકૃત સરકારી અધિકારીએ કોઈ સીકકા લગાવેલા ન હોય તેથી કરીને એવુ કહી શકાય નહીં કે આ રજીસ્ટર આ હોટલનું નથી કે આ જગ્યા ઉપર હોટલ આવેલી નથી. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો ચોવીસ કલાક આ રજીસ્ટર આ સાહેદની પાસે રહેતુ ન હતુ તે કબૂલ કરે છે. પંચનામાના દિવસ પહેલા પોલીસે આ સાહેદનું કે બીજા પંચનુ નિવેદન લીધુ નથી તે કબૂલ કરે છે. અફજલ ઉસ્માની નામના

બીજા ઘણા વ્યકિતઓ હોઈ શકે તે કબૂલ કરે છે. અફજલ ઉસ્માની નામનો માણસ આ સાહેદની હોટલમાં રોકાયેલો નથી તો તે હકીકત નકારે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો મુંબઈ થી ગોવા જવાના રોડ ઉપર આવેલી બાલાજી હોટલમાં આ સાહેદ તથા બીજા પંચ પપ્પુકુમાર નોકરી કરતા હતા અને આરોપી નં.૨૮ અફજલ ઉસ્માની તેમની હોટલમાં રોકાયેલો હતો. હોટલના રીસેપ્શન ઉપર મેનેજર મહાપાત્રા બેઠેલો હતો અને આરોપી નં.૨૮ તથા ૨૯ નાઓ તે હોટલમાં રોકાયેલા. પોલીસ તા. ૭.૧.૨૦૦૯ નાં રોજ હોટલ ઉપર આરોપીને લઈને ગયેલી. આ હોટલ ઉપર આરોપી લઈ ગયેલ અને જણાવેલુ કે આ હોટલમાં તેઓ રોકાયેલા હતા. જેની એન્ટ્રી હોટલ રજીસ્ટરના પાન નં.૧૦ ઉપર કરવામાં આવેલી અને તે રજીસ્ટરનું પાનુ પોલીસે આંક–૬૭૮૨ ના પંચનામા આધારે કબજે કરેલુ.

આંક–૬૭૮૨ વાળુ પંચનામુ તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૦૭પનાઓએ વિજયસિંહ જુવાનસિંહ જાડેજાનાઓએ મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં.૨૦૫/૨૦૦૮ ના કામે તા.૭.૧.૨૦૦૯ ના રોજ આ સાહેદ તથા બીજા પંચ પપ્પુકુમારની હાજરીમાં હોટલ રજીસ્ટરનું પાનુ આંક–૬૭૮૩ વાળુ કબજે કરેલુ. સાહેદ નં.૧૦૭પ વિજયસિંહ જુવાનસિંહ જાડેજા આ હકીકત પોતાની જુબાનીના પેરા નં.૭ મા જણાવેલ છે કે અફજલ ઉસ્માની પોતે તથા કિશન વણઝારી તથા આમીન શેખ સાથે મુંબઈ ગોવા હાઈવે ઉપર આવેલ બાલાજી લોજમાં રોકાયેલા તે રજીસ્ટરનું પાનુ સાહેદ પ્રભાતકુમાર મહાપાત્રાએ રજુ કરેલુ અને તે પંચનામાની વિગતે કબજે કરેલુ છે. આંક–૬૭૮૨વાળા પંચનામામાં આ સાહેદે પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવી છે. આ સબંધે આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી આ સાહેદની ઉલટ તપાસના પેરા નં.૧૬ અને ૧૭ ધ્યાને લઈએ તો રજીસ્ટર શરૂ કરતા પહેલા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટનો શેરો લેવામાં આવતો હોય તો ખબર નથી. પરંતુ અગાઉ ચર્ચા કરી તેમ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટનાઓએ રજીસ્ટરમાં શેરો કર્યો ન હોય તેનો અર્થ એવો નથી કે રજીસ્ટર

ખોટુ છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો ગ્રાહક કઈ તારીખે હોટલ છોડી ગયા તેની તારીખ બાકીની નોંધમાં લખેલી નથી. પરંતુ મારા મત પ્રમાણે ગ્રાહક હોટલ છોડીને ગયા તેની તારીખ લખેલી ન હોય તો તેનો અર્થ એવો નથી કે તે ગ્રાહક હોટલ ઉપર આવેલો નથી કે રોકાયેલો નથી. આ સિવાય ઊલટતપાસમાં બીજી કોઈ હકીકતો બચાવપક્ષને લાભ થાય તેવી નીકળી આવતી નથી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે માંગીલાલ ઉદયરામ ખત્રીને સાહેદ નં.૧૦૫૭ તરીકે આંક–૭૧૯૮થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ છેલ્લા દસેક વર્ષથી હોટલ આશીર્વાદ એન્ડ ગેસ્ટ હાઉસના નામે હોટલ ચલાવે છે. તેમની આ હોટલ નેશનલ હાઈ વે નં.૮ ઉપર કરમબેલા ગામ, જિ.વલસાડ મુકામે આવેલી છે. આ હોટલમાં સવાર–સાંજ કાઉન્ટર પર બેસે છે.

સાહેદ વધુમાં જણાવે છે કે સને–૨૦૦૮ની સાલમાં આ સાહેદની હોટલમાં મેનેજર તરીકે શબ્બીરભાઈ અલજીભાઈ મોખરેજીયાનો પોલીસે જવાબ લીધો તેના પંદરેક દિવસથી નોકરી કરતા હતાં. તે અગાઉ મેનેજર તરીકે ગુલામભાઈ હતાં. તેમની હોટલ ઉપર પોલીસવાળા તા.૧૨/૧૧/૨૦૦૮ ના રોજ આવેલાં હતાં. પોલીસ આવી ત્યારે તેમની સાથે એક માણસ હતો અને તે આરોપી હતો. પોલીસે આવીને પુંછેલું કે આ માણસ અહિંયા રહેલો હતો? પોલીસે તેનું નામ અફજલ કરીને આપેલું. આ સાહેદે રજીસ્ટરમાં જોયેલું તો તા.૧૬/૭/૨૦૦૮ ના રોજ રાત્રીના ૩.૫૦ વાગ્યે તે માણસના નામની એન્ટ્રી રજીસ્ટરમાં હતી. આ એન્ટ્રી તેણે પોતે અફજલનું નામ લખીને લખેલી હતી. સાહેબે આ સાહેદ પાસે રજીસ્ટર માંગેલું પરંતુ તેની જરૂરિયાત પડતી હોવાથી રજીસ્ટર આપેલું નહિ પરંતુ તે રજીસ્ટરના પાનાની ઝેરોક્ષ પોલીસને આપેલી. પોલીસ જે વ્યકિતને લઈને આવેલી તે કયા કેસનો આરોપી હતો તેની ખબર નથી. આ ઝેરોક્ષ નકલ કે જે પોલીસને આપેલી તેનું અસલ રજીસ્ટર આ સાહેદ પાસે હાલમાં નથી કારણ કે હોટલમાં વરસાદને કારણે ત્રણ,ચાર વાર પાણી ભરાતા તે રજીસ્ટર તેમાં નાશ પામેલું છે. પોલીસ આ સાહેદ પાસે આવી તે પહેલા તેમની હોટલનું નામ

"રાજદીપ" હતું અને પોલીસ આવી તે વખતે હોટલનું નામ બદલીને "આશીર્વાદ" રાખેલું હતું. આંક–૭૧૯૭ ની સાથે રજૂ કરેલ દસ્તાવેજની ઝેરોક્ષ તેમની હોટલના રજીસ્ટરના પાનાની ઝેરોક્ષ નકલ જેમાં એન્ટ્રી નં .૨૨૩૩ ઉપર તા.૧૬/૭/૨૦૦૮ ના રોજ ૩.૫૦ વાગ્યે રૂમ નં.૧૦૪ વાળી એન્ટ્રી અંગે પોલીસે આ રજીસ્ટરની ઝેરોક્ષ લીધેલી હતી જેમાં અમીન શેખ અને અફજલ શેખ નામ લખેલા જે માર્ક–એ થી રજૂ રાખેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પોલીસ આવી ત્યારે મેનેજર સબ્બીરભાઈની પુછપરછ કરેલી નહીં. અસલ રજીસ્ટર પોલીસને આપેલુ નહીં તે માટે રજીસ્ટર કબજે લેવા પોલીસે કોઈ પ્રયત્ન કરેલો નહીં. રજીસ્ટર રજૂ કરવા માટે પોલીસ તરફથી કોઈ નોટીસ આપવામાં આવેલી નહીં. પોલીસ જે માણસને લઈને આવેલી તેની આ સાહેદે પુછપરછ કરેલી નથી. રજીસ્ટર નિભાવતા હતા તે અંગે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટને માહિતી આપતા ન હતા. ગ્રાહક પોતે ગયા પછી તેની નોંધ આ સાહેદના માણસે કરેલી. આ સિવાય બીજી કોઈ હકીકત આ સાહેદની જુબાનીમાંથી નીકળી આવતી નથી.

આમ આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ વલસાડ ખાતે કરમબેલા ગામ નેશનલ હાઈવે નં.૮ ઉપર હોટલ આશીર્વાદ એન્ડ ગેસ્ટ હાઉસના નામે હોટલ ધરાવી ધંધો કરતા હતા અને તા.૧૬.૭.૨૦૦૮ નાં રોજ આરોપી નં.૨૮ અફજલ ઉસ્માની તેમની હોટલમાં રોકાયેલા અને તેની એન્ટ્રી હોટલ રજીસ્ટરમાં એન્ટ્રી નં.૨૨૩૩ થી કરેલી. આ એન્ટ્રી રાત્રિના ૩.૫૦ વાગે કરેલી છે અને રૂમ નં.૧૦૪ રહેવા માટે આપવામાં આવેલો હતો. આ એન્ટ્રીમાં અમીન શેખ તથા અફજલ શેખ નામ લખવામાં આવેલા છે. જે હોટલ રજીસ્ટરનું પાનુ માર્ક–એ જોતા માલુમ પડે છે.

આ આરોપી નં.૨૮ અફઝલ ઉર્ફે અફસર મુતલ્લાબી ઉસ્માનીએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજુ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે તે પ્રશ્નના જવાબમાં તેને

ફરિયાદપક્ષના પુરાવા સંબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના બચાવ માટે જે હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦ માં જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

આ ઉપરાંત આ આરોપીએ પોતાના બચાવમાં માનનીય ચીફ જસ્ટીસ મુંબઈ હાઈકોર્ટને તા.૩૦.૮.૨૦૦૮ ના રોજ લખેલો પત્ર આંક–૯૨૩૧ થી રજૂ કરેલો છે અને પોતાના કેસમાં દરમ્યાનગીરી કરવા વિનંતી કરેલી છે. આંક–૯૨૩૨ થી રજીસ્ટ્રાર અને જાહેર માહિતી અધિકારી ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ થાણે દ્વારા આપવામાં આવેલુ પ્રમાણપત્ર રજૂ કરેલુ છે અને તેની સાથે તા. ૨૧.૧૦.૨૦૧૬ ના રોજ પુરી પાડવામાં આવેલ માહિતી સી.આર.નં. ફ. ૨૧૫/ ૨૦૦૮ ના કામની છે તે રજૂ કરેલી છે. આંક–૯૨૩૩થી માહિતી ક્રમાંક ૬૫૪/ ૨૦૧૬ તા.૨૧.૧૦.૨૦૧૬ ના રોજ જાહેર માહિતી અધિકારી જિલ્લા ન્યાયાલય થાણે દ્વારા આપવામાં આવેલી માહિતી આંક–૯૨૩૩થી રજૂ કરેલી છે. આ ઉપરાંત જયુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ બેલાપુરના રેગ્યુલર કેસ નં. ૮૦૨/ ૨૦૦૯ ના કામે તા.૨૫.૬.૨૦૧૨ ના રોજ આપવામાં આવેલ ચુકાદાની નકલ રજુ કરેલી છે. આ ચુકાદા મુજબ આ આરોપી નં.૨૮ અફઝલ ઉસ્માનીને ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ ની કલમ ૩૭૯,૩૪ ના શિક્ષાપાત્ર ગુનામાંથી ક્રિ.પ્રો.કોડની કલમ ૨૪૮(૧) હેઠળ છોડી મુકવાનો હુકમ કરેલો છે તેની પ્રમાણીત નકલ રજૂ થયેલી છે. આ ઉપરાંત જયુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ પનવેલ રેગ્યુલર કેસ નં.૩૪૫/૨૦૧૫ ના કામે તા.૨૫.૧૧.૨૦૧૬ ના રોજ આપવામાં આવેલ ચુકાદાની નકલ રજૂ કરેલી છે. આ ચુકાદા મુજબ આ આરોપી નં.૨૮ અફઝલ ઉસ્માનીને ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ ની કલમ ૩૭૯,૩૪ ના શિક્ષાપાત્ર ગુનામાંથી ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૧) હેઠળ છોડી મુકવાનો હુકમ કરેલો છે તેની પ્રમાણીત નકલ રજૂ થયેલી છે. આ ઉપરાંત સહાયક પોલીસ આયુકત વાશી વિભાગ દ્વારા પત્ર જાવક નં. ૨૮૭૬/૨૦૧૮ થી આરોપી નં.૨૮ ને આપવામાં આવેલ માહિતી રજૂ કરેલી છે. આ ઉપરાંત મકોકા કોર્ટના સ્પેશીયલ કેસ નં.

૪/૨૦૦૯ ના કામે પોલીસ કસ્ટડી દરમ્યાન તેઓને ઈજા કરવામાં આવેલી તે બાબતેની કોર્ટને અરજી આપેલી તે અરજીની પ્રમાણીત નકલ રજૂ કરેલી છે.

આ કામમાં આ આરોપી વિરૂધ્ધ જે પુરાવા રજુ થયા છે તે મુજબ આ આરોપી મુંબઈ મુકામેથી વેગનઆર ગાડી ચોરી કરીને લઈ આવેલ અને અમદાવાદ ખાતે બીજા સહઆરોપીઓને આપેલી તેવો આક્ષેપ છે. આરોપીએ નામદાર બેલાપુર કોર્ટ તથા નામદાર પનવેલ કોર્ટના ચુકાદા રજૂ કરીને બચાવ કરવાનો પ્રયત્ન કરેલો છે કે આ ગાડીઓ ચોરી કરાયેલી તેમા આરોપી તરીકે પોતે હતા પરંતુ આરોપ પુરવાર થયેલા ન હોવાથી બંને અદાલતોએ આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકેલ છે. જેથી આ ગુનામાં તેઓની સંડોવણી નથી તે રેકર્ડ ઉપર લાવવા પ્રયત્ન કરેલો છે.

આરોપી નં.૨૮ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે, સાહેદ નં.૪૦૯, ૬૦૨, ૯૮૫, ૫૭૫, ૮૯૯, ૯૦૧, ૩૫૦, ૮૦૨, ૮૯૨, ૯૨૦, ૯૨૫, ૯૫૧, ૯૬૩, ૯૬૮, ૧૦૫૭, ૭૮૬, ૭૮૭, ૭૯૦, ૭૯૨, ૭૯૫, ૮૦૫, ૧૦૭૫, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતા આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલશ્રી ડી.ડી.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી વિરૂધ્ધ આંક–૧૨૨ થી ફરમાવવામાં આવેલા તહોમતનામા મુજબ મુંબઈ મુકામેથી ગાડીઓની ચોરી કરીને અથવા કરાવીને અમદાવાદ તથા સુરતમાં લાવી તેનો ઉપયોગ કરેલો છે. આ ગાડીઓ પૈકી મારૂતિ ૮૦૦ એલ.જી.હોસ્પિટલમાં મુકાઈ, વેગન આર કાર સિવિલ હોસ્પિટલ શાહિબાગમાં મુકાઈ અને બાકીની બે કાર સુરતથી મળી આવેલાનો આક્ષેપ મુકવામાં આવેલો છે. આ આરોપીને તા.૪.૧૧.૨૦૦૮ ના રોજ અટક કરવામાં

આવેલો છે. મુંબઈ મુકામેથી જે કારોની ચોરી થયેલી તે કારોની ચોરીની ફરિયાદો જે તે ફરિયાદીઓએ નોંધાવેલી અને તેમા આ આરોપીને પકડવામાં આવેલો અને તેની વિરૂધ્ધ ચાર્જશીટ થયેલુ પરંતુ કોર્ટમાં કેસ ચાલી જતા આ આરોપીને નિર્દોષ છોડી મુકવામાં આવેલ છે તે ચુકાદાની નકલ આંક–૯૩૨૩ થી રજૂ કરેલ છે જેની સામે સરકારશ્રીએ કોઈ અપીલ દાખલ કરેલ નથી. વકીલશ્રી ડી.ડી.પઠાણની આ દલીલ સાથે હું સમત છું કે આ આરોપીને કાર ચોરીના ગુના બાબતેથી અદાલતે છોડી મુકેલ છે પરંતુ કાર ચોરીની ફરિયાદ આપનાર ફરિયાદી તથા તેઓની જુબાની ધ્યાને લઈએ તો કાર ચોરીને લઈ જતા ફરિયાદીએ કે અન્ય કોઈ સાક્ષીઓએ આરોપીને જોયેલો નથી જેથી અદાલતે આરોપીને નિર્દોષ છોડી મુકેલો છે. પરંતુ તેથી કરીને એવુ કહી શકાય નહીં કે આ કારો મુંબઈ મુકામેથી ચોરી કરીને આરોપી લાવેલો નથી. ફરિયાદપક્ષ દ્વારા આ બાબતે બીજા પુરાવા રજૂ કરેલા છે. સાહેદ નં.૮૯૨ રમણભાઈ ચૌહાણની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરવામાં આવે છે કે આ સાહેદની હાજરીમાં આંક–૬૩૪૯ વાળુ પંચનામુ કાલુપુર રેલવે સ્ટેશનના પાર્કિંગમાં પાર્કિંગવાળી જગ્યાનુ બનાવેલુ અને કમ્પ્યુટરમાંથી હાર્ડ ડીસ્ક કબજે કરેલી છે. પાર્કિંગ પ્લોટમાં કુલ–૫ થી ૬ કેબીનો છે તેવુ પંચ સાહેદ નં.૮૯૨ જણાવે છે. આરોપી કયા એન્ટ્રી પોઈન્ટ ઉપરથી ગયેલો તે અંગે પુરાવો નથી. તપાસ કરનાર અધિકારી ચોકકસ કેબીન ઉપર જાય છે જેથી કયા કેબીન ઉપર જવુ તેની માહિતી તપાસ કરનાર અધિકારીને હતી. પરંતુ તેઓની આ દલીલ સાથે હું સંમત નથી. આરોપીને અટક કર્યા પછી આરોપીએ જે માહિતી આપે તે માહિતી આધારે તપાસ કરનાર અધિકારી પાર્કિંગના ચોકકસ કેબીન ઉપર ગયેલા છે. વધુમાં દલીલ કરતા જણાવવામાં આવેલ છે કે પંચનામામાં પાર્કિંગના માણસોને રાખવામાં આવેલા છે. પરંતુ મારા મત પ્રમાણે તેથી કરીને એવુ કહી શકાય નહીં કે પંચનામુ ખોટુ બનાવેલુ છે. સાહેદ નં.૬૦૨ હરીશ અગ્રવાલની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરવામાં આવે છે કે આ સાહેદના કહેવા પ્રમાણે પાર્કિંગમાં આવતા વાહનોના નંબર જ લખવામાં આવે છે, સીરીઝ કે મોડલ લખવામાં આવતા નથી. સાહેદ નં.૯૨૫ વિરેન મકવાણાની જુબાની તરફ ધ્યાન

દોરી દલીલ કરવામાં આવે છે કે આ સાહેદ કાલુપુર રેલવે સ્ટેશનના પાર્કિંગમાં રાખવામાં આવેલા કમ્પ્યુટરના રીપેરીંગનો કોન્ટ્રાકટ રાખનાર વ્યકિત છે અને તેના કહેવા પ્રમાણે જે કમ્પ્યુટરમાંથી હાર્ડ ડીસ્ક કાઢવામાં આવેલી તે કમ્પ્યુટર ૨–૩ માસ પહેલા કરપ્ટ થઈ ગયેલુ હતુ તથા હાર્ડ ડીસ્ક ઉપર સાહેદની સહી નથી. પોલીસે હાર્ડ ડીસ્ક કબજે કર્યા પછી તેનુ શું કર્યું તેની ખબર નથી. પરંતુ મારા મત પ્રમાણે તપાસ કરનાર અધિકારીએ પંચનામાની વિગતે હાર્ડ ડીસ્ક કબજે કર્યા પછી લઈ ગયેલા હોય પછી તે હાર્ડ ડીસ્કનું શું કર્યુ તેની આ સાહેદને ખબર ન હોય.

વધુમાં દલીલ કરતા જણાવવામાં આવે છે કે આ હાર્ડ ડીસ્ક એફ. એસ.એલ.માં મોકલવામાં આવેલી જેનો રીપોર્ટ આંક–૫૯૯૨ થી રજૂ છે. રીપોર્ટ મુજબ ગાડીનો નં.૫૭૬૪ છે. તા.૧૬.૭.૨૦૦૮ ના રોજ આ ગાડી પાર્કીંગમાં દાખલ થયેલી અને તા.૧૯.૭.૨૦૦૮ ના રોજ બહાર નીકળેલી છે પરંતુ ગાડીની સીરીઝ મળેલી નથી. પરંતુ મારા મત પ્રમાણે સીરીઝ નહીં મળવાથી આ ગાડી રેલવે સ્ટેશનના પાર્કિંગમાં ઉપરોકત ત્રણ દિવસ દરમ્યાન પાર્ક થયેલી ન હતી તેવુ કહી શકાય નહીં. એકસપ્રેસ હાઈવેની ઓથોરીટી તરફથી આપવામાં આવેલ માહિતી આંક–૫૩૨૩ પ્રમાણે આ ગાડી એકસપ્રેસ હાઈવેના ટોલનાકા ઉપરથી પસાર થયેલી હતી. વધુમાં દલીલ કરતા જણાવવામાં આવે છે કે તા.૧૯.૭.૨૦૦૮ થી તા.૨૬.૭.૨૦૦૮ ના સમય દરમ્યાન આ ગાડી કયા રાખવામાં આવેલી તેનો કોઈ પુરાવો નથી. પરંતુ મારા મત પ્રમાણે આ સમય દરમ્યાન ગાડી કયાં હતી તેની માહિતી જો આરોપીએ આપેલી ન હોય તો તપાસ કરનાર અધિકારીને તે અંગે માહિતી મળેલી ન હોય માટે આ હકીકત ખરેખર તો આરોપી તરફથી રેકર્ડ ઉપર લાવવી જોઈએ. સાહેદ નં.૯૫૧ ગુલામહુસેન ગાયકવાડની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરે છે કે ફરિયાદપક્ષના આક્ષેપ પ્રમાણે આ સાહેદના ગેરેજ ઉપર આરોપીએ ગાડી રીપેર કરાવેલી પરંતુ આ સાહેદના બે ગેરેજ છે, કયા ગેરેજ ઉપર ગાડી રીપેર કરાવેલી તે જણાવતા નથી. એટલુ જ નહીં આ સાહેદ નડિયાદ પોલીસના વાહનો રીપેર કરે છે માટે ખોટા

સાહેદ બનાવી દીધેલા છે. તેઓની આ દલીલ સાથે હું સંમત નથી. પોલીસના વાહનો રીપેર કરતા હોવાથી ખોટી જુબાની આપે છે તેવુ કહી શકાય નહીં.

સાહેદ નં.૩૫૫ રાજગૌરણ પુરોહિતની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરવામાં આવે છે કે આ સાહેદની હાજરીમાં એલ.જી.હોસ્પિટલમાં થયેલ બ્લાસ્ટવાળી જગ્યાનું પંચનામુ આંક–૨૦૩૬ વાળુ બનાવેલુ હતુ. બનાવ તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ બનેલો છે જયારે પંચનામુ તા.૨૭.૭.૨૦૦૮ ના રોજ બનાવવામાં આવેલુ છે જેથી પુરાવા સાથે ચેડા થવાની શકયતા છે. તેઓની આ દલીલ સાથે હું સંમત નથી. બનાવ તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ રાત્રીના આઠ વાગ્યાની આસપાસ બનેલો છે. બનાવ બાદ વાહનોને ઘણુ નુકસાન થયેલુ છે, ઈજા પામનાર લોકોને હોસ્પિટલમાં લાવવામાં આવેલા છે. પોલીસે લો એન્ડ ઓર્ડર સાચવવાનો હતો તેના કારણે તાત્કાલિક પંચનામુ બનાવેલુ ન હોય તેથી કરીને પુરાવા સાથે ચેડા થયેલા છે તે માનવુ ભૂલ ભરેલુ છે. વધુમાં દલીલ કરતા જણાવવામાં આવે છે કે, તપાસ કરનાર અધિકારી સીધા બ્લાસ્ટવાળી ગાડી ઉપર જઈને જ આંગળી મુકે છે. પરંતુ મારા મત પ્રમાણે આ ગાડીમાં બ્લાસ્ટ થયેલો બધાએ જોયેલો છે, ગાડીનું એન્જીન તુટી ગયેલુ હતુ, ગાડી નષ્ટ પામેલ હતી જેથી કોઈપણ વ્યકિત કહી શકે કે આ ગાડીમાં બ્લાસ્ટ થયેલો હતો માટે તપાસ કરનાર અધિકારી સીધા આ ગાડી પાસે ગયા હોય તો તેનો અર્થ એવો નથી કે આ ગાડીમાં બ્લાસ્ટ થયેલો નથી.

વધુમાં વકીલશ્રી ડી.ડી.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, સાહેદ નં.૧૦૭૫ વી.જે.જાડેજાનાઓએ ગુનાવાળી જગ્યા ઉપર મારૂતિ–૮૦૦ કારનો જે ચેસીસ નંબર જોયેલો તે નંબર એફ.એસ.એલ. અધિકારીએ જોયેલો નથી. એફ. આઈ.આર.માં પણ ચેસીસ નંબર જુદો લખવામાં આવેલો છે. એફ.એસ.એલ. અધિકારીએ આપેલ સ્થળ રીપોર્ટ આંક–૫૫૨૭ થી રજૂ છે અને તેમને પણ છુટા પડેલા એન્જીનનો ભાગ તપાસતા નંબર જુદો બતાવે છે. પરંતુ ગાડીના એન્જીન ઉપર એમ્બોસ કરવામાં આવતા એન્જીન નંબર અને ચેસીસ નંબર એવા હોય છે કે કોઈ બે વ્યકિત જો તેને જુવે તો બંને વ્યકિત અલગ–અલગ નંબરો જણાવી

શકે કારણ કે એટલા સ્પષ્ટ તે નંબરો હોતા નથી. દરેક માણસને એન્જીન નંબર અને ચેસીસ નંબર અલગ–અલગ દેખાતા હોય છે કારણ કે ઘણા વર્ષો પછી લોખંડથી બનેલા એન્જીનને કાટ લાગી જતો હોય છે અને ખૂબ જ ધ્યાનપૂર્વક અને કાળજીપૂર્વક જોવામાં આવે ત્યારે સાચા નંબરોની ખબર પડતી હોય છે માટે એલ.જી. હોસ્પિટલના કમ્પાઉન્ડમાં મુકવામાં આવેલ મારૂતિ–૮૦૦માં જ બ્લાસ્ટ થયેલો હતો તેવુ કહી શકાય કારણ કે સ્થળ ઉપરથી કારના સ્પેરપાર્ટ અને એન્જીન કબજે કરવામાં આવેલા છે. વધુમાં દલીલ કરતા જણાવવામાં આવે છે કે આરોપી નં.૨૮ મુંબઈથી ગાડી ચોરી કરીને લાવ્યા બાદ અમદાવાદમાં રોકાયેલા છે તેવો આક્ષેપ છે. આક્ષેપ પ્રમાણે તા.૯.૭.૨૦૦૮ ના રોજ આરોપી હોટલ બાલાજીમાં રોકાયેલો તે અંગેનુ પંચનામુ આંક–૬૭૮૨વાળુ બનાવેલુ છે. બન્ને પંચોની વિગતો પાછળથી લખવામાં આવેલી છે અને પંચો તરીકે હોટલમાં કામ કરવાવાળા માણસોને રાખવામાં આવેલા છે. સાહેદ નં.૯૬૮ અર્જુનસિંહ પરીહારનાઓએ પુછેલુ નથી કે આરોપીઓ હોટલ બાલાજીમાં રોકાયેલા હતા. રજીસ્ટરમાં "ઉસ્માની" નામની એન્ટ્રી છે પરંતુ આરોપીનું નામ "અફજલ ઉસ્માની" છે જેથી આ આરોપી નં.૨૮ બાલાજી હોટલમાં રોકાયેલાની હકીકત ખોટી છે. સાહેદ નં.૯૮૦ વિશ્વનાથ વાઘમારેની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરવામાં આવે છે કે આ સાહેદના કહેવા પ્રમાણે મુંબઈ મુકામે તેમને પોતાની ગાડી રાત્રે પાર્ક કરેલી અને સવારે ૭.૨૦ કલાકે ઘરની બહાર નીકળ્યા ત્યારે ગાડી જોયેલી નહીં જયારે હોટલોમાં એન્ટ્રી કલાક ૧૭.૧૫ વાગે બતાવવામાં આવેલી છે જેથી મુંબઈથી ગાડી ચોર્યાની હકીકત સાબિત થતી નથી પરંતુ મારા મત પ્રમાણે ગાડી તા.૬.૭.૨૦૦૮ ના રોજ રાત્રે ચોરાયેલી છે અને તા.૭.૭.૨૦૦૮ ના રોજ ૧૭.૧૫ વાગે હોટલમાં એન્ટ્રી બતાવેલી છે માટે ૧૨ કલાકના સમયમાં કોઈપણ વ્યકિત કાર ચલાવીને મુંબઈ થી અમદાવાદ આવી શકે. વધુમાં દલીલ કરતા જણાવવામાં આવે છે કે, સાહેદ નં.૯૨૦ વિજય વાડિકરની જુબાની મુજબ આ સાહેદ અમદાવાદમાં આવેલી પ્રિન્સ હોટલમાં નોકરી કરતા હતા અને તા.૧૭.૭. ૨૦૦૮ ના રોજ આરોપી તેમની હોટલમાં રોકાયેલા. આ સાહેદના કહેવા પ્રમાણે

હોટલમાં રોકાવા આવનારાઓ પાસે ઓળખપત્રો લેવામાં આવતા હતા પરંતુ આવા ઓળખપત્રો પોલીસે કબજે કરેલા નથી માટે તા.૧૭.૭.૨૦૦૮ ના રોજ આરોપીની હાજરી અમદાવાદમાં હતી તેવુ પુરવાર થતુ નથી. સાહેદ નં.૯૮૫ હસનઅલી સુણસરાની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરવામાં આવે છે કે આ સાહેદ હોટલ શ્રીનાથ એન્ડ ગેસ્ટ હાઉસ ખાતે નોકરી કરતા હતા. આરોપીની ઓળખ કરાવનાર સાહેદ નં.૫૭૫ કીર્તન પટેલ છે, હોટલ રજીસ્ટરના કોલમમાં વિગતો ગ્રાહકે લખેલાની હકીકત સાહેદ જણાવે છે પરંતુ આરોપીના અક્ષરો પુરવાર થતા નથી. રજીસ્ટરમાં એન્ટ્રી હોટલના સ્ટાફ દ્વારા કરવામાં આવેલી તેમ છતાં સાહેદ જણાવે છે કે એન્ટ્રી ગ્રાહકે કેવી રીતે કરેલી તેની ખબર નથી. એન્ટ્રીમાં વાહનનો નંબર પાછળથી ખોટો લખેલો છે અને સાહેદ નં.૯૮૫ તે સાહેદ નં.૫૭૫ ની જુબાનીને સમર્થન કરતા નથી. વકીલશ્રી ડી.ડી.પઠાણ દલીલ કરતા જણાવે છે કે આ આરોપી આ કહેવાતા ગુનાઓમાં સંડોવાયેલો નથી. પરંતુ ઉપર વિગતે જે પુરાવા રજૂ થયા છે તે ધ્યાને લેતા આ આરોપી આ કહેવાતા ગુનામાં સંડોવાયેલો છે તેમ હું માનુ છું.

આરોપી નં.૨૯ મહંમદ જાકીર ઉર્ફે ઐયુબ અબ્દુલ હક શેખનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૨૯ મહંમદ જાકીર ઉર્ફે ઐયુબ અબ્દુલ હક શેખનાઓ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ જુદી-જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી-જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા-જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમણે કઈ-કઈ

ભૂમિકા ભજવેલી છે તે સાબિત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે તે મુજબ,

ફરિયાદપક્ષ દ્વારા આ કામે અબ્બાસભાઈ ઈસ્માઈલભાઈ મુલતાનીને સાહેદ નં.૯૬૦ તરીકે આંક–૬૭૪૧ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ સને–૨૦૦૮ ના ૧૧મા મહિનામાં પી.સી.બી.ના બે માણસોએ ડી.સી.બી.ઑફિસ કુરજા, ચોકબજાર, સુરત ખાતે બોલાવેલા. ત્યાં બીજા એક ભાઇ ઉભેલા હતા. ત્યાં ઑફિસમાં એક પટેલ સાહેબ કરીને હતા. ત્યાં એક ગુનાની જગ્યા બતાવવાની હતી અને તેઓને પંચમાં રહેવાનું કહેલું જેથી "હા" પાડેલી. ત્યાં બીજા પોલીસના માણસો પણ હાજર હતા ત્યાં સાહેબે એક માણસને બતાવેલો. તેને તેનું નામ પૂછેલું તો તેણે પોતાનું નામ હિન્દીમાં "મોહમદ જાકીર" કહેલું. સાહેબે કહેલું કે, આ માણસ જગ્યા બતાવવા માંગે છે પછી ત્યાં લખાણ કરેલું અને પછી સહી કરેલી. સાહેબે ત્યાં જાકીરને પૂછેલું તો તેણે કહેલું કે "બે મિત્ર છે તેમને ફોન ઉપર કંઇ વાત કરવાની હતી". એટલે તેમના મિત્રએ કહેલું કે ફોરવ્હીલ ગાડી હતી અને તે ક્યાંક મુકવાની હતી. તે ગાડીમાં પદાર્થ ગુનાવાળો હતો. તેણે તેના બે મિત્રનું નામ કહેલું અને તે મિત્રમાં એકનું નામ સાદીક હતું અને બીજાનું નામ આરીફ હતું તેમ કહેલું અને ત્યારપછી સાહેબે એક વાહન મંગાવેલું અને આરોપીએ કહેલું કે "હું જે જગ્યા બતાવું ત્યાં જવાનું" ત્યારબાદ બધા વાહનમાં બેઠેલા અને ચોકબજારમાં ચાર રસ્તાએ આવેલા. ત્યારપછી તે માણસે ભાગા તળાવ મેઇન રોડ તરફ ગાડી ચલાવવાનું જણાવેલું. ત્યાં આગળ જઇને નેશનલ ડેરી આવેલી અને ત્યાં તે માણસ જાકીરે ગાડી ઉભી રખાવવાનું કહેલું. ગાડી ઉભી રખાવ્યા પછી બધા ત્યાં ગાડીમાંથી નીચે ઉતરેલા. ત્યાં ઉતર્યા પછી રોડ ક્રોસ કરી સામે ગયેલા. ત્યાં એક દુકાન હતી જેને બે શટર હતાં. મોટું શટર બંધ હતું અને નાનું શટર અડધું ખુલ્લું હતું. તે શટર ઉપર જોયું તો "આજવા સ્વીટ" લખેલું હતું. ત્યાં અંદર એક માણસ હતો. તે માણસનું નામ હુસેનભાઇ કરીને હતું. તેમને પુછતાં તેમણે જણાવેલું કે, અહીંયા પી.સી.ઓ. અને એસ.ટી.ડી. હતું. ત્યાં જઇને જાકીરે કહેલું કે "અહીંયાથી

ફોન કરેલો". આ બાબતે લખાણ કરેલું જે આંક–૬૭૪૨ વાળા પંચનામામાં સાહેદ પોતાની તથા પંચ નં.૨ ની સહીઓ ઓળખી બતાવે છે. આ સાહેદને તે વખતે જોયલો આરોપી જાકીર બતાવવામાં આવે તો આઠ–નવ વર્ષનો સમય થઇ ગયેલો હોવાથી તેને ઓળખી શકે નહીં તેમ જણાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પંચનામામાં સહી કરી ત્યારે આ સાહેદ છુટક નોકરી કરતા હતા અને જયાં કામ મળે ત્યાં જતા હતા તે કબૂલ કરે છે. આ સાહેદના બાઈકને ક્ષેત્રપાલ દાદાના મંદિર પાસે પંચર પડેલાની હકીકત નકારેલી છે. પરંતુ સાહેદે જણાવેલુ છે કે આ જગ્યાની પહેલા પંચર પડેલુ. જે જગ્યાએ પંચર પડેલુ તે જગ્યાએ રસ્તા ઉપર ઘણી દુકાનો છે તે કબૂલ કરે છે. પોલીસે, પોલીસ સ્ટેશનમાં સહીઓ કરાવેલી તે કબૂલ કરે છે. પરંતુ સાહેદે જણાવેલુ છે કે અમોને સમજાવેલુ અને પછી સહીઓ કરેલી. આ હકીકત ધ્યાને લેતા પંચનામામાં પોલીસે આ સાહેદને પંચ તરીકે રાખેલા હતા તે સ્વીકૃત છે. સરતપાસમાં જણાવ્યા પ્રમાણે અને પંચનામાની વિગતે કોઈ કામગીરી થયેલ નથી તો તે હકીકત નકારેલી છે. પંચનામામાં સહીઓ કરી તે સિવાય બીજા ઘણા પંચનામાઓમાં પોલીસે સહીઓ કરાવેલી તો તે હકીકત નકારેલી છે. ઘણા કેસોમાં ઘણી વખત જુબાની આપેલી છે તો તે હકીકત પણ નકારી છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો હુસેનભાઈની ઓળખ અંગે પોલીસે ઓળખપત્ર માંગેલુ નહીં. સુરેશભાઈને કયાંથી બોલાવેલા તેની ખબર નથી. આરોપીએ જે હકીકત જણાવેલી તે પોલીસને લખાવેલી. આરોપી જગ્યાનું નામ મોઢેથી બોલતો હતો અને તે જાણ્યા પછી જગ્યા તરફ જતા હતા તો તે કબૂલ કરે છે. આ હકીકતનો અર્થ એવો થાય કે જગ્યા ઉપર જવા માટેનો રસ્તો આરોપી બતાવતા હતા અને તે મુજબ પંચો પોલીસ અધિકારી સાથે જતા હતા તે આરોપી તરફથી સ્વીકૃત છે. આ સિવાય બીજી કોઈ હકીકત નીકળી આવતી નથી.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૧૯ કાંતિલાલ નારાયણભાઈ પટેલનાઓએ કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુન્હા રજીસ્ટર નં.૧૭૬/૨૦૦૮ના કામે તા.૧૭.૧૧.

૨૦૦૮ નાં રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ સુરેશભાઈ મિસ્ત્રીને ચોક બજાર ખાતે ડી.સી.બી.ની ઑફિસમાં સુરત ખાતે બોલાવેલા અને ત્યાં આરોપી મહંમદ જાકીર ઉર્ફે અનીશ ઉર્ફે ઐયુબ અબ્દુલહક શેખ હાજર હતા અને તેને પોતાનું સરનામુ જણાવી પોતે તથા તેના સાગરીત સાદીક તથા આરીફ બદરનાં કહેવાથી જુલાઈ–૨૦૦૮ ની ૧૮મી તારીખે સુરતમાં રાજુ નામના વ્યકિત પાસેથી વિસ્ફોટક ભરેલી કાર મેળવેલી અને તે જગ્યાએ મુકવાની હતી તે જગ્યા બતાવવા માટેનું જણાવેલુ. જેથી તપાસ કરનાર અધિકારી આરોપી તથા બે પંચો અને પોલીસ સ્ટાફના માણસોને લઈ આરોપીને બતાવ્યા મુજબના રસ્તે ગયેલા અને સ્થળ ઉપર જઈ આંક–૬૭૪૨ વાળુ પંચનામું બનાવેલુ છે. આ સંબંધે તપાસ કરનાર અધિકારીની સાથે મદદમાં રહેનાર અધિકારી સાહેદ નં.૧૧૧૯ કે.એન. પટેલની જુબાની ધ્યાને લઈએ તો તેઓ જણાવે છે કે સને–૨૦૦૮ની સાલમાં ડી.સી. બી. પોલીસ ઇન્સ્પેકટર તરીકે સુરતમાં ફરજ બજાવતા હતા ત્યારે કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુન્હા રજીસ્ટર નં.૧૭૬/૨૦૦૮ નાં કામે જીવતા બોમ્બ મળી આવેલાનો ગુનો નોંધાયેલો અને પોલીસ કમિશનર, સુરત શહેરનાઓએ જે તપાસ ટીમ બનાવેલી તેમાં સભ્ય હતા. તા.૧૭.૧૧.૨૦૦૮ ના રોજ તપાસ કરનાર અધિકારી સાહેબની સુચનાથી આરોપી મહંમદ જાકીર કે જેણે પી.સી.ઓ. ઉપરથી ફોન કરેલો તે જગ્યા તે સ્વખુશીથી બતાવવા તૈયાર હતો માટે પંચોને બોલાવેલા અને સમજ કરેલી અને આરોપીને પુછતા તેને પોતાનું નામ મહંમદ જાકીર હોવાનું જણાવેલુ તથા આરોપી તન્વીર અને સાદીક તથા આરીફ બદરે વિસ્ફોટક ભરેલી કાર જે જગ્યાએ ઉભી રાખવાની હતી તે જગ્યા જોવા ગયેલા અને આરોપીના બતાવ્યા મુજબનું પંચનામુ આંક–૬૭૪૨ વાળુ કરેલુ. આ પંચનામામાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવી છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પંચનામા બાબતે મૌખિક હુકમ હતો. પંચનામુ સ્વતંત્ર હેસીયતથી કરેલાની હકીકત નકારેલી છે. પંચનામુ કરતી વખતે પરમાર સાહેબ હાજર હતા નહીં તે કબૂલ કરે છે. પંચનામુ કરવા માટે પરમાર સાહેબની કોઈ મદદ લીધેલી નહીં તે કબૂલ કરે છે. તપાસ

લીધી ત્યારે અનલોકુલ એકટીવીટી એકટ હેઠળ ગુનો નોંધાયેલો છે તેની ખબર હતી તે કબૂલ કરે છે. આજવા સ્વીટસ નામની દુકાન કોની માલીકીની હતી તેની તપાસ કરેલી નહીં. એસ.ટી.ડી. પી.સી.ઓ.નું ત્યાં જે ઈન્સ્ટ્રુમેન્ટ હતુ તે અંગેનો કોઈ રેકર્ડ મેળવેલો નહીં. ઈન્સ્ટ્રુમેન્ટ કોણ ચલાવે છે તે હકીકત જાણવા મળેલી નહીં તે હકીકત નકારે છે. તન્વીર કોણ હતો અને તેનુ આખુ નામ શું હતુ તે પંચનામુ કર્યુ ત્યારે જાણવા મળેલુ નહીં તો તે હકીકત નકારી છે. તન્વીરને કેવી રીતે ફોન કર્યો અને તન્વીર વિરૂધ્ધ કોઈ પુરાવો મળતો ન હતો માટે પંચનામુ કરેલુ તે હકીકત નકારી છે. પંચનામુ કર્યુ ત્યારે ત્યાં આ ઈન્સ્ટ્રુમેન્ટ હાજર ન હતુ તે કબૂલ કરે છે. મારા મત પ્રમાણે આરોપી તન્વીરે ફોન જુલાઈ ૨૦૦૮ પહેલા ગમે તે સમયે કરેલો હશે અને પંચનામુ તા.૧૭.૧૧.૨૦૦૮ ના રોજ કરવામાં આવેલુ છે જેથી સ્વાભાવિક છે કે સ્થળ ઉપર તે વખતે ઈન્સ્ટ્રુમેન્ટ હાજર ન હોય. એવુ પણ બની શકે કે તેના માલીકે એસ.ટી.ડી. પી.સી.ઓ. બંધ પણ કરી દીધુ હોય. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો ત્યાં જે દુકાન હતી તે દુકાન કયારે બંધ થઈ તેનો પુરાવો મેળવેલો નહીં તે હકીકત નકારે છે. તપાસ કરવાની સત્તા ન હોવા છતાં ખોટી તપાસ કરેલાની હકીકત નકારેલી છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો આજવા સ્વીટસ ઉપર આવેલા એસ.ટી.ડી. પી.સી.ઓ.નું કોઈ રજીસ્ટર કબજે કરેલુ નહીં તો તે હકીકત કબૂલ કરે છે. આરોપી મહંમદ જાકીરે જગ્યા બતાવવાની સ્વખુશી બતાવેલી નહીં તો તે હકીકત નકારે છે. જેથી એવુ કહી શકાય કે આરોપી નં.૨૯ મહંમદ જાકીરે આંક–૬૭૪૨ વાળા પંચનામાવાળી જગ્યા સ્વખુશીથી બતાવેલી હતી. આરોપીને લઈને જગ્યા ઉપર ગયા નથી કે પંચોની રૂબરૂમાં જગ્યા બતાવેલી નથી કે પંચનામુ કરેલુ નથી તો તે હકીકત નકારી છે. આરોપીની કસ્ટડી પરમાર સાહેબ પાસેથી મેળવેલી. આરોપીનો કબજો મેળવ્યા બાબતેની કસ્ટડી રજીસ્ટરમાં અને સ્ટેશન ડાયરીમાં નોંધ કરેલ નથી. આરોપીનો કબજો મેળવ્યા બાબતેની લોકઅપ રજીસ્ટરમાં પણ નોંધ કરેલ નથી. પરમાર સાહેબે આરોપીની કસ્ટડી આપી ત્યારે તપાસના તમામ કાગળો સોંપેલા નહીં. મારા મત પ્રમાણે આ સાહેદ તપાસ ટીમના એક સભ્ય હતા અને તપાસ

ટીમના મુખ્ય અધિકારી એન.બી.પરમાર હતા. જેથી મુખ્ય તપાસ કરનાર અધિકારીએ આ સાહેદની આરોપીને લઈ જગ્યા ઉપર પંચનામુ કરવા માટેની મદદ લીધેલી હતી અને તે પ્રમાણે આ સાહેદે જગ્યા ઉપર જઈ પંચનામુ કરેલુ છે. આ સાહેદ તપાસ કરનાર સ્વતંત્ર અધિકારી નથી માટે કેસના પેપર્સ આપ્યા ન હોવાથી આ સાહેદે પંચનામુ બનાવેલુ નથી તેમ કહી શકાય નહીં. મહંમદ જાકીરને કેમ બહાર લઈ જવાનો છે અને કયાં લઈ જવાનો છે તે હુકમ પરમાર સાહેબે કરેલો તે કબૂલ કરે છે. આરોપી મહંમદ જાકીરને કયાંય લઈ ગયા નથી કે પંચોની હાજરીમાં આરોપી મહંમદ જાકીરે કોઈ જગ્યા બતાવેલી નથી તેમજ આંક–૬૭૪૨ વાળુ પંચનામુ બનાવેલુ નથી તો તે હકીકત નકારે છે.

આંક–૬૭૪૨ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "આરોપીએ પોતાનું નામ, સરનામુ બતાવેલુ તથા પોતે પોતાના સાગરીત સાદીક તથા આરીફ બદરના કહેવાથી જુલાઈ–૨૦૦૮ની ૧૮ મી તારીખે સુરતમાં રાજુ નામના વ્યકિત પાસેથી વિસ્ફોટક ભરેલી કાર મેળવી જે જગ્યાએ મુકવાની હતી તે જગ્યા તથા રાજુ જેનુ સાચુ નામ તન્વીર હતુ તેનો સંપર્ક કરવા પી.સી.ઓ. ઉપરથી ફોન કરેલો તે પી.સી.ઓ. બતાવવાની સ્વખુશી બતાવેલી" તથા "આરોપીએ વાહન હંકારવાનું કહેલુ અને ઉભુ રખાવવાનું કહેલુ" તથા "આરોપીએ નીચે ઉતરી ચાલવા લાગેલો તથા રસ્તો ક્રોસ કરી સામેની બાજુએ એક દુકાન બતાવેલી" વિગેરે પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપીએ જે એસ.ટી.ડી. પી.સી.ઓ.વાળી દુકાન બતાવેલી તે દુકાન ત્યાં હતી અને તેનુ જ્ઞાન આરોપીને હતુ માટે તેને આ દુકાનવાળી જગ્યા બતાવેલી તો તે હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય. આ ઉપરોકત જગ્યાઓ ઉપર એસ.ટી.ડી. પી.સી.ઓ. હતુ તેની ઉપરથી આરોપીએ ફોન કરેલા. આ જગ્યાની માહિતી આરોપીને જ હતી માટે તે પંચો તથા તપાસ કરનાર અધિકારીને જગ્યા ઉપર દોરી ગયેલો. આ દોરી જવાનું આરોપીનું વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે અબ્દુલ્લા દાઉદ ચૌધરીને સાહેદ નં.૧૦૬૪ તરીકે આંક–૭૨૨૬ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ હાલમાં અંકલેશ્વર મુકામે હાફિજ હોટલમાં નોકરી કરે છે. સને–૨૦૦૮ના વર્ષ અગાઉ ભાગા તળાવ મુકામે મેઈન રોડ ઉપર આવેલ આજવા સ્વીટસમાં મેનેજર તરીકે કામ કરતા હતા. આ દુકાનમાં આ સાહેદના મોટાભાઈ સુલેમાનભાઈ ભાગીદાર હતાં. જે દુકાનમાં ત્રણ ભાગીદારો હતાં. ત્રણ ભાગીદારો વચ્ચે દુકાન અંગે એવો કરાર હતો કે દરેક ભાગીદારે ત્રણ વર્ષ માટે દુકાન ચલાવવાની. તા.૩૦/૧૦/૨૦૦૮ ના રોજ આ સાહેદના ભાઈ સુલેમાનભાઈનો કરાર પુરો થયેલો. ત્યારબાદ આ સાહેદ હાફિજ હોટલમાં નોકરી કરવા લાગેલા. જયારે આજવા સ્વીટસમાં મેનેજર હતા તે વખતે દુકાનમાં બે પી.સી.ઓ. અને એક એસ.ટી.ડી. હતાં. આ પી.સી.ઓ. તથા એસ.ટી.ડી. બી. એસ.એન.એલ. કંપનીના હતાં. તા.૧૮/૧૧/૨૦૦૮ ના રોજ પોલીસે જવાબ લીધેલો. અને પોલીસને જવાબ લખાવ્યો ત્યારે ફકત એસ.ટી.ડી. પી.સી.ઓ.નું બીલ આપેલું. આ સાહેદને ત્રણ બીલો બતાવતા તે બીલો કમરૂદ્દીન સુલેમાન ખાનજીના નામના છે અને તેના ટેલિફોન નં.૨૫૯૦૬૫૦ તથા નં.૨૫૯૦૫૪૨ તથા નં.૨૫૯૦૯૯૯ છે જે માર્ક–એ થી રજૂ રાખેલા છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આજવા સ્વીટસ ભાગીદારી પેઢી હતી તે બતાવવા માટે કોઈ ભાગીદારી લેખ પોલીસમાં રજૂ કરેલો નથી તો તે હકીકત નકારી છે. દુકાનમાં મેનેજર તરીકે નોકરી કરતા હતા તે બતાવવા પોલીસને કોઈ દસ્તાવેજી પુરાવો આપેલો નહીં તે હકીકત કબૂલ કરે છે. દુકાનના ત્રણેય ભાગીદારો પૈકી પોલીસે કોઈની પુછપરછ કરેલી હોય તો ખબર નથી. માર્ક–એ થી રજૂ કરેલા ત્રણેય બીલોના રજિસ્ટ્રેશન કમરૂદ્દીન સુલેમાન ખાનજીના નામના છે. આજવા સ્વીટ નામની દુકાનની અંદર કે બહાર પી.સી.ઓ. હતા જ નહીં તો તે હકીકત નકારી છે. જેથી એવુ કહી શકાય કે આરોપી નં.૨૯ મહંમદ જાકીરે જયારે આ દુકાન ઉપરથી ફોન કર્યો ત્યારે ત્યાં પી.સી.ઓ. હતું. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો પોલીસ બીલો કેમ લઈ ગયેલી તેના કોઈ

કારણો પોલીસ જવાબમાં લખેલા નથી તે કબૂલ કરે છે. એસ.ટી.ડી. પી.સી. ઓ.નું કોઈ રજીસ્ટર નિભાવવામાં આવતુ ન હતુ તે હકીકત કબૂલ કરે છે. એસ.ટી.ડી. ઉપરથી કયા નંબર ઉપરથી કયા નંબર ઉપર કયા વ્યકિતને કઈ તારીખે કયા સમયે કેટલી વાતચીત કેટલો સમય સુધી કરેલી તે કહી શકે નહીં.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ ભાગોળ તળાવ પાસે આવેલ આજવા સ્વીટ્સ નામની દુકાન ઉપર મેનેજર હતા અને ફોન બી.એસ.એન.એલ. કંપનીના હતા. પોલીસે તા.૧૮.૧૧.૨૦૦૮ ના રોજ જવાબ લીધેલો અને એસ.ટી.ડી., પી.સી.ઓ.નું બીલ પોલીસને આપેલુ. સ્વીટસની દુકાનના સરનામાના બીલો કમરૂદ્દીન સુલેમાન ખાનાજીના નામના હતા. તે પૈકી એક બીલ ટેલીફોન નં.૨૫૯૦૬૫૦, બીજુ બીલ નં.૨૫૯૦૫૪૨ અને ત્રીજું બીલ નં.૨૫૯૦૯૯૯ હતાં. જે માર્ક–એ ધ્યાને લેતા માલુમ પડે છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે રજાહુસેન શરીફભાઈ મુસબજીને સાહેદ નં.૧૦૬૫ તરીકે આંક–૭૨૨૭ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૧૭/૧૧/૨૦૦૮ ના રોજ આજવા સ્વીટ્સ નામની દુકાનમાં રીનોવેશનનું કામ ચાલતુ હતુ તેની દેખરેખનું કામ કરતા હતા. આ દુકાન ભાગા તળાવ, મેઈન રોડ ઉપર આવેલી છે. તા.૧૭/૧૧/૨૦૦૮ ના રોજ દુકાન ઉપર હાજર હતા તે વખતે ક્રાઈમ બ્રાન્ચના ત્રણ સાહેબો આવેલાં હતા અને તેમની સાથે એક માણસ હતો. આ સિવાય ત્રણ–ચાર માણસો પણ હતા. આ સાહેબો સાથે જે માણસ હતો તે આરોપી હતો અને તેનું નામ મહમદ જાકીર છે તેવું સાહેબોએ જણાવેલું હતું. આ આરોપી સુરતમાં બોમ્બ મુકાયેલા હતા તે કેસનો આરોપી હતો તેવું કહેલું. પોલીસે કહેલું કે આ માણસે પી.સી.ઓ. ઉપરથી તેના બીજા માણસોને જાણ કરેલી હતી તેવું પોલીસે કહેલાનું જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પોલીસના સાહેબો એક આરોપી માણસને લઈને આવેલા તે સિવાય બીજુ કોઈ ત્યાં આવેલુ ન હતુ. આ પ્રશ્ન ધ્યાને લેતા પોલીસના સાહેબો આરોપીને લઈને આ સાહેદ પાસે ગયેલા હતા તે સ્વીકૃત હકીકત છે. પોલીસે પુછપરછ કરી જવાબ લીધો તે સિવાય બીજુ કોઈ

લખાણ થયેલુ નહીં. પોલીસ આવી તે દિવસે આ સાહેદ કેટલા વાગ્યાથી કેટલા વાગ્યા સુધી દુકાન ઉપર હતા તે યાદ નથી. પોલીસ ચાલી ગઈ તે પછી પણ આ સાહેદ દુકાન ઉપર હતા જેથી ચોકકસપણે એવુ કહી શકાય કે પોલીસ આ સાહેદની પાસે દુકાન ઉપર ગયેલી હતી. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા આ સાહેદ દુકાન ઉપર મેનેજર તરીકે ગયા ત્યારે ત્યાં પી.સી.ઓ. હતા નહીં. અગાઉ પી.સી.ઓ. હતા કે કેમ તેની ખબર નથી. પોલીસ જે વ્યકિતને આરોપી તરીકે જણાવતી હતી તેની સાથે વાતચીત થયેલી નહીં. આરોપીને કયાંથી પકડી લાવવામાં આવેલો તેની માહિતી પોલીસે આપેલી નહીં તેમ જણાવે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ ભાગા તળાવ સુરત ખાતે આજવા સ્વીટસ નામની દુકાન ઉપર મેનેજર તરીકે હતા અને તા.૧૭.૧૧.૨૦૦૮ ના રોજ ક્રાઈમ બ્રાન્ચના ત્રણ સાહેબો દુકાન ઉપર આવેલા તે સિવાય એક આરોપી પણ હતો અને તેનુ નામ મહંમદ જાકીર હતુ તેવી સાહેબે જણાવેલુ.

આ આરોપી નં.૨૯ મહંમદ જાકીર ઉર્ફે ઐયુબ અબ્દુલ હક શેખે ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઈન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે તે પ્રશ્નના જવાબમાં તેને ફરિયાદપક્ષના પુરાવા સંબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના બચાવ માટે જે હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦ મા જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી. આ ઉપરાંત આ આરોપીએ પોતાના બચાવમાં અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ નથી.

આરોપી નં.૨૯ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૯૬૦, ૧૦૬૪, ૧૦૬૫, ૭૮૬, ૭૮૭, ૭૯૦, ૭૯૨, ૭૯૫, ૭૯૫, ૮૦૫, ૧૧૧૯, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ છે. આ સાહેદોના પુરાવા

ધ્યાને લેતા આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપીને તા.૫.૧૧.૨૦૦૮ ના રોજ અટક કરવામાં આવેલો છે અને તા.૬.૧૧.૨૦૦૮ થી તા.૨૪.૧૨.૨૦૦૮ સુધી અમદાવાદ તથા સુરતના કેસોમાં રીમાન્ડ ઉપર હતો. આંક–૧૨૨ના તહોમતનામા મુજબ આ આરોપીની કોઈ સ્પષ્ટ ભૂમિકા બતાવેલી નથી. પરંતુ સાહેદ નં.૯૬૦ અબ્બાસ મુલતાની, ૧૦૬૪ અબ્દુલા ચૌધરી અને ૧૦૬૫ રજા હુસેન દ્વારા ફરિયાદપક્ષે આ આરોપીને આ ગુનામાં સંડોવવાનો પ્રયત્ન કરેલો છે. રીમાન્ડ દરમ્યાન પંચો રૂબરૂ સુરતમાં આજવા સ્વીટ્સ નામની દુકાન બતાવી આ દુકાનેથી ફોન કરેલા તેવુ પુરવાર કરવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે. સાહેદ નં.૯૬૦ ની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરવામાં આવે છે કે આ સાહેદની હાજરીમાં આંક–૬૭૪૨ વાળુ પંચનામુ બનાવવામાં આવેલુ છે જયારે સાહેદ નં.૧૦૬૪ અને ૧૦૬૫ આજવા સ્વીટસમાં કામકાજ કરતા હતા. આજવા સ્વીટસ ઉપર એસ.ટી.ડી. પી.સી.ઓ. ચાલતુ હતુ તે અંગેના કોઈ દસ્તાવેજો પોલીસે મેળવેલા નથી. સાહેદ નં.૧૦૬૪ નાઓએ ત્રણ મોબાઈલના બીલો પોલીસ સમક્ષ રજૂ કરેલા પરંતુ તે પુરાવા તરીકે રજૂ કરેલા નથી માટે આ દુકાન ઉપરથી આરોપીએ ફોન કરેલાની હકીકત સાબિત થતી નથી. સાહેદ નં.૧૦૬૪ અને ૧૦૬૫ ની રૂબરૂમાં આરોપીની કોઈ ઓળખ પરેડ કરાવવામાં આવેલી નથી અને અદાલતમાં આરોપીને આ સાહેદો ઓળખી બતાવતા નથી. તપાસ કરનાર અધિકારીએ એસ.ટી.ડી., પી.સી.ઓ.નું રજિસ્ટર કબજે કરેલુ નથી કે ફોનની સી.ડી.આર. અને કોલ ડીટેઇલ પણ મેળવેલી નથી. આરોપીને એસ.ટી.ડી. પી.સી.ઓ. ઉપરથી ફોન કરતા કે ફોન ઉપર વાતચીત કરતા કોઈએ જોયા હોય તેવા પુરાવા પણ નથી. આરોપીએ કોની,કોની સાથે કેવી વાતચીત કરી તે અંગેના કોઈ પુરાવા રજૂ થયા નથી. પરંતુ મારા મત પ્રમાણે આવા પુરાવા હોય પણ નહીં કોઈ વ્યકિત એસ.ટી.ડી., પી.સી.ઓ. ઉપરથી સામાન્ય દિવસોમાં કોઈની સાથે વાત કરતા

હોય તો કોઈ ધ્યાન આપે પણ નહીં અને કોની સાથે કેવી વાત કરી તે પણ કોઈ સાંભળે નહીં. વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી આ કહેવાતા ગુનાઓમાં સંડોવાયેલો નથી. વકીલશ્રી એમ.એમ.શેખની દલીલ સાથે હું સંમત છું. આ આરોપીએ આજવા સ્વીટ્સના એસ.ટી.ડી. પી.સી.ઓ. પરથી સાદ્દીક તથા આરીફને ફોન કરેલા અને તે જગ્યા તપાસ કરનાર અધિકારીને બતાવેલી પરંતુ ગાડીનું શું થયું અને ગાડી કયાં મૂકી તે પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી. રજૂ થયેલો પુરાવો પુરતો નથી. જેથી આ આરોપી ગુનામાં સંડોવાયેલો છે તે શંકા ઉપજાવે છે તેમ હું માનું છું.

આરોપી નં.૩૦ મહંમદ સાદીક ઉર્ફે યાસીર ઉર્ફે ઈમરાન ઉર્ફે સદાકત ઈસરાર અહમદ શેખનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૩૦ મહંમદ સાદીક ઉર્ફે યાસીર ઉર્ફે ઈમરાન ઉર્ફે સદાકત ઈસરાર અહમદ શેખનાઓ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ જુદી-જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી-જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા-જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમને કઈ કઈ ભૂમિકા ભજવેલી છે તે સાબિત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે તે મુજબઃ-

ફરિયાદપક્ષ દ્વારા આ કામે અબ્બાસભાઈ ઈસ્માઈલભાઈ મુલતાનીને સાહેદ નં.૯૬૦ તરીકે આંક-૬૭૪૧ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ સને-૨૦૦૮ના ૧૧ મા મહિનામાં પી.સી.બી.ના બે માણસોએ ડી.સી.બી.ઑફિસ કુરજા, ચોકબજાર, સુરત ખાતે

બોલાવેલા. ત્યાં બીજા એક ભાઇ ઉભેલા હતા. ત્યાં ઑફિસમાં એક પટેલ સાહેબ કરીને હતા. ત્યાં એક ગુનાની જગ્યા બતાવવાની હતી અને તેઓને પંચમાં રહેવાનું કહેલું જેથી "હા" પાડેલી. ત્યાં બીજા પોલીસના માણસો પણ હાજર હતા ત્યાં સાહેબે એક માણસને બતાવેલો. તેને તેનું નામ પૂછેલું તો તેણે પોતાનું નામ હિન્દીમાં મોહમદ જાકીર કહેલું. સાહેબે કહેલું કે આ માણસ જગ્યા બતાવવા માંગે છે પછી ત્યાં લખાણ કરેલું અને પછી સહી કરેલી. સાહેબે ત્યાં જાકીરને પૂછેલું તો તેણે કહેલું કે "બે મિત્ર છે તેમને ફોન ઉપર કંઇ વાત કરવાની હતી એટલે તેમના મિત્રએ કહેલું કે ફોરવ્હીલ ગાડી હતી અને તે ક્યાંક મુકવાની હતી તે ગાડીમાં પદાર્થ ગુનાવાળો હતો. તેણે તેના બે મિત્રનું નામ કહેલું અને તે મિત્રમાં એકનું નામ સાદીક હતું અને બીજાનું નામ આરીફ હતું" તેમ કહેલું અને ત્યારપછી સાહેબે એક વાહન મંગાવેલું અને આરોપીએ કહેલું કે "હું જે જગ્યા બતાવું ત્યાં જવાનું" ત્યારબાદ બધા વાહનમાં બેઠેલા અને ચોકબજારમાં ચાર રસ્તાએ આવેલા. ત્યારપછી તે માણસે ભાગા તળાવ મેઇન રોડ તરફ ગાડી ચલાવવાનું જણાવેલું. ત્યાં આગળ જઇને નેશનલ ડેરી આવેલી અને ત્યાં તે માણસ જાકીરે ગાડી ઉભી રખાવવાનું કહેલું. ગાડી ઉભી રખાવ્યા પછી બધા ત્યાં ગાડીમાંથી નીચે ઉતરેલા. ત્યાં ઉતર્યા પછી રોડ ક્રોસ કરી સામે ગયેલા. ત્યાં એક દુકાન હતી જેને બે શટર હતાં. મોટુ શટર બંધ હતું અને નાનું શટર અડધું ખુલ્લું હતું. તે શટર ઉપર જોયું તો “આજવા સ્પીટ" લખેલું હતું. ત્યાં અંદર એક માણસ હતો. તે માણસનું નામ હુસેનભાઇ કરીને હતું. તેમને પુછતાં તેમણે જણાવેલું કે અહીંયા પી.સી.ઓ. અને એસ.ટી.ડી. હતું. ત્યાં જઇને જાકીરે કહેલું કે "અહીંયાથી ફોન કરેલો”. આ બાબતે લખાણ કરેલું જે આંક–૬૭૪૨ વાળા પંચનામામાં સાહેદ પોતાની તથા પંચ નં.૨ ની સહીઓ ઓળખી બતાવે છે. આ સાહેદને તે વખતે જોયલો આરોપી જાકીર બતાવવામાં આવે તો આઠ–નવ વર્ષનો સમય થઇ ગયેલો હોવાથી તેને ઓળખી શકે નહીં તેમ જણાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પંચનામામાં સહી કરી ત્યારે આ સાહેદ છુટક નોકરી કરતા હતા અને જયાં કામ મળે ત્યાં જતા હતા તે

કબૂલ કરે છે. આ સાહેદના બાઈકને ક્ષેત્રપાલ દાદાના મંદિર પાસે પંચર પડેલાની હકીકત નકારેલી છે. પરંતુ સાહેદે જણાવેલુ છે કે આ જગ્યાની પહેલા પંચર પડેલુ. જે જગ્યાએ પંચર પડેલુ તે જગ્યાએ રસ્તા ઉપર ઘણી દુકાનો છે તે કબૂલ કરે છે. પોલીસે, પોલીસ સ્ટેશનમાં સહીઓ કરાવેલી તે કબૂલ કરે છે. પરંતુ સાહેદે જણાવેલુ છે કે અમોને સમજાવેલુ અને પછી સહીઓ કરેલી. આ હકીકત ધ્યાને લેતા પંચનામામાં પોલીસે આ સાહેદને પંચ તરીકે રાખેલા હતા તે સ્વીકૃત છે. સરતપાસમાં જણાવ્યા પ્રમાણે અને પંચનામાની વિગતે કોઈ કામગીરી થયેલ નથી તો તે હકીકત નકારેલી છે. પંચનામામાં સહીઓ કરી તે સિવાય બીજા ઘણા પંચનામાઓમાં પોલીસે સહીઓ કરાવેલી તો તે હકીકત નકારેલી છે. ઘણા કેસોમાં ઘણી વખત જુબાની આપેલી છે તો તે હકીકત પણ નકારી છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો હુસેનભાઈની ઓળખ અંગે પોલીસે ઓળખપત્ર માંગેલુ નહીં. સુરેશભાઈને કયાંથી બોલાવેલા તેની ખબર નથી. આરોપીએ જે હકીકત જણાવેલી તે પોલીસને લખાવેલી. આરોપી જગ્યાનું નામ મોઢેથી બોલતો હતો અને તે જાણ્યા પછી જગ્યા તરફ જતા હતા તો તે કબૂલ કરે છે. આ હકીકતનો અર્થ એવો થાય કે જગ્યા ઉપર જવા માટેનો રસ્તો આરોપી બતાવતા હતા અને તે મુજબ પંચો પોલીસ અધિકારી સાથે જતા હતા તે આરોપી તરફથી સ્વીકૃત છે. આ સિવાય બીજી કોઈ હકીકત નીકળી આવતી નથી.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૧૯ કાંતિલાલ નારાયણભાઈ પટેલનાઓએ કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી.નં.૧૭૬/૨૦૦૮ ના કામે તા.૧૭.૧૧.૨૦૦૮ ના રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ સુરેશભાઈ મિસ્ત્રીને ચોક બજાર ખાતે ડી.સી.બી.ની ઑફિસમાં સુરત ખાતે બોલાવેલા અને ત્યાં આરોપી મહંમદ જાકીર ઉર્ફે અનીશ ઉર્ફે ઐયુબ અબ્દુલહક શેખ હાજર હતા અને તેને પોતાનું સરનામુ જણાવી પોતે તથા તેના સાગરીત સાદીક તથા આરીફ બદરનાં કહેવાથી જુલાઈ–૨૦૦૮ ની ૧૮મી તારીખે સુરતમાં રાજુ નામના વ્યકિત પાસેથી વિસ્ફોટક ભરેલી કાર મેળવેલી અને તે જગ્યાએ મુકવાની હતી તે જગ્યા બતાવવા માટેનું જણાવેલુ.

જેથી તપાસ કરનાર અધિકારી આરોપી તથા બે પંચો અને પોલીસ સ્ટાફના માણસોને લઈ આરોપીને બતાવ્યા મુજબના રસ્તે ગયેલા અને સ્થળ ઉપર જઈ આંક–૬૭૪૨ વાળુ પંચનામુ બનાવેલુ છે. આ સંબંધે તપાસ કરનાર અધિકારીની સાથે મદદમાં રહેનાર અધિકારી સાહેદ નં.૧૧૧૯ કે.એન.પટેલની જુબાની ધ્યાને લઈએ તો તેઓ જણાવે છે કે સને–૨૦૦૮ની સાલમાં ડી.સી.બી. પી.આઈ. તરીકે સુરતમાં ફરજ બજાવતા હતા ત્યારે કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી.નં. ૧૭૬/૨૦૦૮ ના કામે જીવતા બોમ્બ મળી આવેલાનો ગુનો નોંધાયેલો અને પોલીસ કમિશનર સુરત શહેરનાઓએ જે તપાસ ટીમ બનાવેલી તેમાં સભ્ય હતા. તા. ૧૭.૧૧.૨૦૦૮ ના રોજ તપાસ કરનાર અધિકારી સાહેબની સુચનાથી આરોપી મહંમદ જાકીર કે જેણે જે પી.સી.ઓ. ઉપરથી ફોન કરેલો તે જગ્યા તે સ્વખુશીથી બતાવવા તૈયાર હતો માટે પંચોને બોલાવેલા અને સમજ કરેલી અને આરોપીને પુછતા તેને પોતાનું નામ મહંમદ જાકીર હોવાનું જણાવેલુ તથા આરોપી તન્વીર અને સાદીક તથા આરીફ બદરે વિસ્ફોટક ભરેલી કાર જે જગ્યાએ ઉભી રાખવાની હતી તે જગ્યા જોવા ગયેલા અને આરોપીના બતાવ્યા મુજબનું પંચનામુ આંક–૬૭૪૨ વાળુ કરેલુ. આ પંચનામામાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવી છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પંચનામા બાબતે મૌખિક હુકમ હતો. પંચનામુ સ્વતંત્ર હેસીયતથી કરેલાની હકીકત નકારેલી છે. પંચનામુ કરતી વખતે પરમાર સાહેબ હાજર હતા નહીં તે કબૂલ કરે છે. પંચનામુ કરવા માટે પરમાર સાહેબની કોઈ મદદ લીધેલી નહીં તે કબૂલ કરે છે. તપાસ લીધી ત્યારે અનલોફુલ એકટીવીટી એકટ હેઠળ ગુનો નોંધાયેલો છે તેની ખબર હતી તે કબૂલ કરે છે. આજવા સ્વીટસ નામની દુકાન કોની માલીકીની હતી તેની તપાસ કરેલી નહીં. એસ.ટી.ડી. પી.સી.ઓ.નું ત્યાં જે ઈન્સ્ટ્રુમેન્ટ હતુ તે અંગેનો કોઈ રેકર્ડ મેળવેલો નહીં. ઈન્સ્ટ્રુમેન્ટ કોણ ચલાવે છે તે હકીકત જાણવા મળેલી નહીં તે હકીકત નકારે છે. તન્વીર કોણ હતો અને તેનુ આખુ નામ શું હતુ તે પંચનામુ કર્યું ત્યારે જાણવા મળેલુ નહીં તો તે હકીકત નકારી છે. તન્વીરને કેવી

રીતે ફોન કર્યો અને તન્વીર વિરૂધ્ધ કોઈ પુરાવો મળતો ન હતો માટે પંચનામુ કરેલુ તે હકીકત નકારી છે. પંચનામુ કર્યુ ત્યારે ત્યાં આ ઈન્સ્ટ્રુમેન્ટ હાજર ન હતુ તે કબૂલ કરે છે. મારા મત પ્રમાણે આરોપી તન્વીરે ફોન જુલાઈ–૨૦૦૮ પહેલા ગમે તે સમયે કરેલો હશે અને પંચનામુ તા.૧૭.૧૧.૨૦૦૮ ના રોજ કરવામાં આવેલુ છે જેથી સ્વાભાવિક છે કે સ્થળ ઉપર તે વખતે ઈન્સ્ટ્રુમેન્ટ હાજર ન હોય. એવુ પણ બની શકે કે તેના માલીકે એસ.ટી.ડી. પી.સી.ઓ. બંધ પણ કરી દીધુ હોય. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો ત્યાં જે દુકાન હતી તે દુકાન કયારે બંધ થઈ તેનો પુરાવો મેળવેલો નહીં તે હકીકત નકારે છે. તપાસ કરવાની સત્તા ન હોવા છતાં ખોટી તપાસ કરેલાની હકીકત નકારેલી છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો આજવા સ્વીટસ ઉપર આવેલા એસ.ટી.ડી. પી.સી.ઓ.નું કોઈ રજીસ્ટર કબજે કરેલુ નહીં તો તે હકીકત કબૂલ કરે છે. આરોપી મહંમદ જાકીરે જગ્યા બતાવવાની સ્વખુશી બતાવેલી નહીં તો તે હકીકત નકારે છે. જેથી એવુ કહી શકાય કે આરોપી નં.૨૯ મહંમદ જાકીરે આંક–૬૭૪૨ વાળા પંચનામાવાળી જગ્યા સ્વખુશીથી બતાવેલી હતી. આરોપીને લઈને જગ્યા ઉપર ગયા નથી કે પંચોની રૂબરૂમાં જગ્યા બતાવેલી નથી કે પંચનામુ કરેલુ નથી તો તે હકીકત નકારી છે. આરોપીની કસ્ટડી પરમાર સાહેબ પાસેથી મેળવેલી. આરોપીનો કબજો મેળવ્યા બાબતેની કસ્ટડી રજીસ્ટરમાં અને સ્ટેશન ડાયરીમાં નોંધ કરેલ નથી. આરોપીનો કબજો મેળવ્યા બાબતેની લોકઅપ રજીસ્ટરમાં પણ નોંધ કરેલ નથી. પરમાર સાહેબે આરોપીની કસ્ટડી આપી ત્યારે તપાસના તમામ કાગળો સોંપેલા નહીં. મારા મત પ્રમાણે આ સાહેદ તપાસ ટીમના એક સભ્ય હતા અને તપાસ ટીમના મુખ્ય અધિકારી એમ.બી.પરમાર હતા. જેથી મુખ્ય તપાસ કરનાર અધિકારીએ આ સાહેદની આરોપીને લઈ જગ્યા ઉપર પંચનામુ કરવા માટેની મદદ લીધેલી હતી અને તે પ્રમાણે આ સાહેદે જગ્યા ઉપર જઈ પંચનામુ કરેલુ છે. આ સાહેદ તપાસ કરનાર સ્વતંત્ર અધિકારી નથી માટે કેસના પેપર્સ આપ્યા ન હોવાથી આ સાહેદે પંચનામુ બનાવેલુ નથી તેમ કહી શકાય નહીં. મહંમદ જાકીરને કેમ બહાર લઈ જવાનો છે અને કયાં લઈ જવાનો છે તે હુકમ પરમાર સાહેબે કરેલો

તે કબૂલ કરે છે. આરોપી મહંમદ જાકીરને કયાંય લઈ ગયા નથી કે પંચોની હાજરીમાં આરોપી મહંમદ જાકીરે કોઈ જગ્યા બતાવેલી નથી તેમજ આંક–૬૭૪૨ વાળુ પંચનામુ બનાવેલુ નથી તો તે હકીકત નકારે છે.

આંક–૬૭૪૨ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "આરોપીએ પોતાનું નામ, સરનામુ બતાવેલુ તથા પોતે પોતાના સાગરીત સાદીક તથા આરીફ બદરના કહેવાથી જુલાઈ–૨૦૦૮ ની ૧૮મી તારીખે સુરતમાં રાજુ નામના વ્યકિત પાસેથી વિસ્ફોટક ભરેલી કાર મેળવી જે જગ્યાએ મુકવાની હતી તે જગ્યા તથા રાજુ જેનુ સાચુ નામ તન્વીર હતુ તેનો સંપર્ક કરવા પી.સી.ઓ. ઉપરથી ફોન કરેલો તે પી.સી.ઓ. બતાવવાની સ્વખુશી બતાવેલી" તથા "આરોપીએ વાહન હંકારવાનું કહેલુ અને ઉભુ રખાવવાનું કહેલુ" તથા "આરોપીએ નીચે ઉતરી ચાલવા લાગેલો તથા રસ્તો ક્રોસ કરી સામેની બાજુએ એક દુકાન બતાવેલી" વિગેરે પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપીએ જે એસ.ટી.ડી. પી.સી.ઓ.વાળી દુકાન બતાવેલી તે દુકાન ત્યાં હતી અને તેનુ જ્ઞાન આરોપીને હતુ માટે તેણે આ દુકાનવાળી જગ્યા બતાવેલી તો તે હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય. આ ઉપરાંત આ જગ્યા ઉપર એસ.ટી.ડી., પી.સી.ઓ. હતુ તેની ઉપરથી આરોપીએ ફોન કરેલા, આ જગ્યાની માહિતી આરોપીને જ હતી માટે તે પંચો તથા તપાસ કરનાર અધિકારીને આ જગ્યા ઉપર દોરી ગયેલ છે જેથી આરોપીનું આ દોરી જવાનુ વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે સુનીલ રસીકલાલ શાહને સાહેદ નં.૧૧૨૮ તરીકે આંક–૮૦૯૨ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૨૭/૧/૨૦૦૯ ના રોજ તેઓ સુરત થી મુંબઈ ટ્રેનમાં જતા હતા. આ સાહેદને બે પોલીસના માણસોએ પુંછેલું કે તમે મુંબઈ જઈ રહ્યા છો? જેથી હા પાડેલી. આ સાહેદને એવું પુંછવામાં આવેલું કે પંચમાં કામ છે તો તમે મુંબઈ ક્રાઈમ બ્રાન્ચમાં આવશો? જેથી હા પાડેલી. આ સાહેદ પાયધુની,

ક્રાઇમ બ્રાન્ચની ઑફિસે ગયેલો. ક્રાઇમ બ્રાન્ચની ઑફિસમાં બે પોલીસના માણસો અને બીજો એક માણસ હતો. ત્યાં એક સાહેબ હતા તેમણે તેમની ઓળખાણ એ.સી.પી. પરમાર તરીકે આપેલી. ત્યાં એક માણસ હતો તેને સાહેબ કાંઇક પુંછતા હતા તેનું નામ સાજીદ ઇર્શાદ શેખ હતું. આ નામ આ સાહેદની રૂબરૂમાં એ.સી.પી. સાહેબે પુંછેલું અને ત્યાં જે ભાઇ તેમણે નામ કહેલું. આ ભાઇએ સાહેબને કહેલું કે "ટાઇમર ઘડિયાળ ખરીદેલી છે તે જગ્યા બતાવવા લઇ જઉં છું". ત્યારબાદ બધા સરકારી ગાડીમાં બેઠેલાં અને ડ્રાઇવરને કહેલુ તે પ્રમાણે ગાડી હંકાવીને સાજીદ ઇર્શાદ ઘડિયાળની દુકાને લઇ ગયેલો. ઘડિયાળની દુકાન ૫૮ નંબરની હતી. આ દુકાન અબ્દુલ રહેમાન સ્ટ્રીટમાં હતી. ત્યાં આરોપીએ "ઇશારો કરીને દુકાન બતાવેલી અને જણાવેલું કે અહિંયાથી મારો સાથીદાર આરીફ શેખ તે અંદરથી ઘડિયાળ લઇ આવેલો અને અમે બહાર હતાં". આ બાબતે ત્યાં પંચનામાનું લખાણ કરવામા આવેલું જે પંચનામુ આંક–૮૦૯૩ માં આ સાહેદ પોતાની તેમજ પંચ નં.૧ ની સહીઓ ઓળખી બતાવે છે. આ સાહેદ પંચનામામાં જણાવેલ આરોપીને ઓળખી શકતા નથી અને જણાવે છે કે આરોપીને જોયે ઘણો સમય થયો હોવાથી ઓળખી શકે નહિ.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો સુરતમાં આ સાહેદ હીરાની દલાલી અને ખરીદ વેચાણનું કામ કરે છે તે કબૂલ કરે છે. તા. ૨૭.૧. ૨૦૦૯ ના રોજ હીરાની દલાલીના કામથી આ સાહેદ સુરત થી મુંબઈ જતા હતા તે કબૂલ કરે છે. આ સાહેદે સરતપાસમાં હકીકત જણાવેલી છે કે તેઓ તા. ૨૭.૧.૨૦૦૯ ના રોજ સુરત થી મુંબઈ ટ્રેનમાં જતા હતા ત્યારે પોલીસે તેમને પુછેલુ તે હકીકત સ્વીકૃત હકીકત બને છે. પોલીસના માણસો ચાલુ ટ્રેનમાં મળેલા તે કબૂલ કરે છે જેથી પણ એવુ કહી શકાય કે પોલીસ મુંબઈ મુકામે જતી હતી ત્યારે ટ્રેનમાં આ સાહેદને મળેલી. સુરત સ્ટેશને ચઢતા હતા ત્યારે પોલીસના માણસો તેમને મળેલા અને મુંબઈ મુકામે ઉતરતી વખતે પણ પોલીસના માણસો તેમની સાથે હતા. ગાડીમાં કોઈ લખાણ કરવામાં આવેલુ નહીં. બોરીવલી સ્ટેશને ઉતર્યા ત્યારે પોલીસે કોઈ લખાણ કરેલુ નહીં. મુંબઈ ક્રાઇમ બ્રાન્ચની ઑફિસે

કયારેય ગયેલા નથી. બોરીવલી સ્ટેશને ઉતર્યા પછી પોલીસે કહેલુ કે તમે પાયધુની પહોંચો. આ સાહેદ પોતાની રીતે પાયધુની પહોંચેલા તે કબૂલ કરે છે. પાયધુની ક્રાઈમ બ્રાન્ચની ઑફિસ આવેલી છે ત્યાં આજુબાજુ ઘણી બધી દુકાનો અને માર્કેટો આવેલા છે તે કબૂલ કરે છે. પોલીસે જે વ્યકિતનું નામ પુછેલુ તેને અગાઉ કયારેય જોયેલો નહીં. તે વ્યકિત સાથે આ સાહેદને કોઈ વાતચીત થયેલી નહીં. તે વ્યકિતને પરમાર સાહેબ કયાંથી પકડી લાવેલા અને કેટલા દિવસ પહેલાથી પકડી લાવેલા તે જાણવા મળેલુ નહીં. પોલીસ આ સાહેદને કોઈ દુકાન ઉપર લઈ ગઈ હોય અને દુકાનવાળા સાથે વાતચીત થઈ હોય અને ત્યાં લખાણ થયુ હોય તેવુ બનેલુ નથી. જે દુકાન જોયેલી તે દુકાનમાં ઘડિયાળો વેચાતી હતી તેવુ જોવા માટે દુકાનમાં ગયેલા નહીં. સરતપાસમાં જણાવ્યા મુજબ પંચનામાના દિવસે ટ્રેનમાં પોલીસ મળેલી નથી તો તે હકીકત નકારેલી છે. પોલીસના કહેવાથી સુરતમાં તૈયાર પંચનામામાં સહી કરેલાની હકીકત નકારેલી છે. પરંતુ આગળ ઉપર ઊલટતપાસમાં એવા કબૂલાત્મક પ્રશ્ન પુછવામાં આવેલા છે કે પોલીસ ટ્રેનમાં મળેલી, બોરીવલી ઉતર્યા પછી પાયધુની પહોંચવાનું કહેલુ વિગેરે જેથી સુરતમાં તૈયાર પંચનામામાં સહી કરેલાની હકીકત રહેતી નથી. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો બોરીવલી સુધી પોલીસના માણસો એક જ ડબ્બામાં હતા પરંતુ વાતચીત કરતા ન હતા. બોરીવલી સ્ટેશને ચોકકસ કેટલા વાગે ઉતર્યા તે સમયનો ખ્યાલ નથી. ચર્ની રોડથી પાયધુની ટેક્ષી કરીને ગયેલા. પાયધુની પહોંચ્યા નહીં ત્યાં સુધી પોલીસવાળા રાહ જોઈને બેઠેલાની હકીકત નકારે છે. પોલીસના કહેવાથી પાયધુની પહોંચેલા તે હકીકત પંચનામામાં લખાવેલ નથી. પંચનામાના દિવસે મુંબઈમાં હતા તે બતાવવા કોઈ દસ્તાવેજી પુરાવો પોલીસને આપેલો નહીં. પરંતુ અગાઉ ચર્ચા કરી તેમ આરોપીઓ તરફથી કબૂલાત્મક પ્રશ્ન પુછવામાં આવેલો છે કે પોલીસ તમોને ટ્રેનમાં મળેલી તો સાહેદે જવાબ હકારમાં આવેલો છે માટે પંચનામાના દિવસે આ સાહેદ મુંબઈમાં હતા તેવો દસ્તાવેજી પુરાવો પોલીસને આપવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમારનાઓએ કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી.નં.૧૭૫/૨૦૦૮ ના કામે તા.૨૭.૧.૨૦૦૯ ના રોજ આ સાહેદ તથા બીજા પંચ દિપક સોનીને મુંબઈ મુકામે પાયધુનીની ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે બોલાવેલા અને ત્યાં આરોપી નં.૩૦ મહંમદ સાદીક હાજર હતો અને પંચોની હાજરીમાં આરોપીએ જણાવેલુ કે ટાઈમર ઘડિયાળ ખરીદેલી તે જગ્યા બતાવવા માંગુ છું જેથી તપાસ કરનાર અધિકારી સ્ટાફના માણસો, આરોપી અને પંચોને લઈ આરોપીએ બતાવેલા રસ્તે સરકારી ગાડીમાં બેસીને ગયેલા અને આરોપી અબ્દુલ રહેમાન સ્ટ્રીટ દુકાન નં.૫૮ ઉપર લઈ ગયેલો અને ઈશારો કરીને તે દુકાન બતાવેલી અને જણાવેલુ કે તેને તથા તેના સાથીદાર આરીફ શેખે ઘડિયાળ લીધેલી હતી. આ અંગેનુ પંચનામુ આંક–૮૦૯૩ વાળુ બનાવવામાં આવેલુ.

આંક–૮૦૯૩વાળુ પંચનામુ બનાવનાર અધિકારી સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમારની આ સંબંધે જુબાનીના પેરા નં.૬૮ ધ્યાને લઈએ તો તેઓ જણાવે છે કે તા.૨૭.૧.૨૦૦૯ ના રોજ આરોપી સાદીક ઈસરાર પોતે કંઈક બતાવવા માંગતો હોવાથી મુંબઈ મુકામે ક્રાઈમ બ્રાન્ચની ઓફિસે બે પંચોને બોલાવેલા અને પંચોની હાજરીમાં આરોપીએ જગ્યા બતાવવાની સ્વખુશી બતાવેલી. પોતાનું નામ, ઠામ બતાવેલુ અને એવુ જણાવેલુ કે તેને તથા તેના સાથીદાર આરીફ બદરૂદ્દીન શેખનાઓ સાથે બોમ્બમાં ફીટ કરવામાં આવેલ ટાઈમર ઘડિયાળ જે દુકાનમાંથી ખરીદેલી તે દુકાન બતાવુ છું જેથી પ્રાથમિક પંચનામુ કરી પંચો, આરોપી તથા જામ્નાના માણસો સાથે પોલીસ વાહનમાં નીકળેલા અને ઝવેરી હાઉસ નામની જૂની બિલ્ડિંગ નીચે આવેલ વલી મોહંમદ રોશન આની કંપની નામની દુકાન આરોપીએ બતાવેલી અને તે અંગેનું પંચનામુ આંક–૮૦૯૩ વાળુ બનાવેલુ અને આ પંચનામામાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આ સાહેદની ઊલટતપાસ પેરા નં.૧૬૨ ધ્યાને લઈએ તો આંક–૮૦૯૩ વાળુ પંચનામુ જોઈને સાહેદ જણાવે છે કે પંચનામાના પંચોને

મુંબઈ ક્રાઈમ બ્રાન્ચ ખાતે બોલાવેલા હતા. મુંબઈના પંચો ન લેવા માટેનું કોઈ કારણ નથી. પંચો પહેલા મળેલા હોય તેવી કોઈ નોંધ પંચનામામાં નથી તે કબૂલ કરે છે. આંક–૮૦૯૩ વાળા પંચનામાવાળી દુકાનના માલીક તથા નોકરોના જવાબો તા.૨૯.૧૧.૨૦૦૮ તથા તા.૨૩.૧૨.૨૦૦૮ ના રોજ લેવામાં આવેલા. આ સિવાય આ પંચનામા બાબતે બીજી કોઈ હકીકત નીકળી આવતી નથી.

આંક–૮૦૯૩ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "તેનું નામ સાજીદ ઈર્શાદ શેખ હતું" તથા "તેને ટાઈમર ઘડિયાળ ખરીદેલી છે તે જગ્યા બતાવવા લઈ જઉં છું" તથા "તે પ્રમાણે ગાડી હંકાવીને સાજીદ ઈર્શાદ ઘડિયાળની દુકાને લઈ ગયેલો. ઘડિયાળની દુકાન ૫૮ નંબરની હતી. આ દુકાન અબ્દુલ રહેમાન સ્ટ્રીટમાં હતી. ત્યાં આરોપીએ ઈશારો કરીને દુકાન બતાવેલી અને જણાવેલું કે અહિંયાથી મારો સાથીદાર આરીફ શેખ તે અંદરથી ઘડિયાળ લઈ આવેલો અને અમે બહાર હતાં" વિગેરે પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપીએ જે જગ્યા બતાવેલી તે જગ્યા ઉપર દુકાન નં.૫૮ અબ્દુલ રહેમાન સ્ટ્રીટમાં હતી અને તે ઘડિયાળોની દુકાન હતી આ દુકાન આ જગ્યા ઉપર આવેલી છે અને ત્યાં ઘડિયાળો વેચાય છે તેવી માહિતી આરોપીને હતી અને જગ્યા બતાવ્યા પછી આ દુકાન ત્યાં આવેલી હતી માટે તે હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય. આ ઉપરાંત જે દુકાનેથી ઘડિયાળો ખરીદેલી તે મોટા જથ્થામાં ખરીદેલી, આ દુકાનની માહીતી આજ આરોપીને હતી અને તેથી જ આ આરોપી બંને પંચો તથા તપાસ કરનાર અધિકારીને તે દુકાન ઉપર દોરી ગયેલો, આરોપીનુ આ દોરી જવાનુ વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે.

આ આરોપી નં. ૩૦ મહંમદ સાદીક ઉર્ફે યાસીર ઉર્ફે ઈમરાન ઉર્ફે સદાકત ઈસરાર અહમદ શેખે ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઈન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે તે

પ્રશ્નના જવાબમાં તેને ફરિયાદપક્ષના પુરાવા સબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના બચાવ માટે જે હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦ મા જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

આ આરોપીએ પોતાના બચાવમાં મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ કરેલો નથી. પરંતુ આ આરોપીને તલોજા જેલ મુંબઈ ખાતે રાખવામાં આવેલા અને તેઓનું નિવેદન તેઓની વકીલશ્રીની હાજરીમાં વીડિયો કોન્ફરન્સ દ્વારા નોંધવામાં આવેલુ અને આ નિવેદનની પ્રિન્ટ કાઢયા બાદ નિવદન ઉપર સહી કરાવવા માટે સિટી સિવિલ કોર્ટ અમદાવાદના પ્રિન્સીપાલ જજ સાહેબના ઑફિસ ઓર્ડર નં. ૨૩૩/૨૦ તા.૫.૩.૨૦૨૦ તથા ૪૭૭/૨૦૨૦ તા.૩૦.૭.૨૦૨૦ ના હુકમથી અત્રેની અદાલતના બેન્ચ કલાર્કશ્રી જે.જે.પરમાર તલોજા જેલ મુંબઈ ખાતે આ આરોપીના વિશેષ નિવેદન ઉપર સહી કરાવવા ગયા ત્યારે હાથથી અંગ્રેજી ભાષામાં લખેલુ પોતાનું નિવેદન પાના નં.૧ થી ૨ તેઓએ શ્રી જે.જે. પરમારને જેલરશ્રી, તલોજા સેન્ટ્રલ જેલની હાજરીમાં સોંપેલુ.

આ નિવેદન ધ્યાને લેતા પોતે કાયદાનુ પાલન કરનાર ભારતના નાગરિક છે, આ ગુનામાં ખોટી રીતે સંડોવેલા છે. છેલ્લા ૧૨ વર્ષથી ખોટો ચાર્જ સહન કરી રહયા છે. શરૂઆતમાં મુંબઈ પોલીસે અટક કરેલો અને ત્યારબાદ ગુજરાત પોલીસ ગુજરાત લઈ આવેલી છે. પોલીસ દ્વારા ત્રાસ આપવામાં આવેલો છે અને કોરા કાગળો ઉપર સહીઓ મેળવીને ખોટા પુરાવા ઉભા કરેલા છે. મુંબઈ મુકામે તેઓને પંચનામુ કરવા માટે લઈ ગયેલા નથી. હૈદરાબાદના કેસમાં પોતે નિર્દોષ છુટેલા છે. જેથી આ ગુનામામાં પણ પોતાને છોડી મુકવા વિનંતી કરી છે. તે સિવાય બીજી કોઈ હકીકત નિવેદનમાં જણાવેલી નથી. વધુમાં કોરા કાગળો ઉપર પોલીસે સહીઓ કરાવી લીધાની કોઇ રજૂઆત કે ફરિયાદ આ આરોપીએ અગાઉ કયારેય કરી નથી, કેટલા કાગળો ઉપર કેટલી સહીઓ લીધેલી તે ચોક્કસ નથી, પોલીસે ત્રાસ આપ્યાની પણ રજૂઆત કે ફરિયાદ અગાઉ આરોપીએ કયારેય કરી નથી, માર અંગેની સારવાર કરાવી નથી, સારવારના કાગળો રજૂ કર્યા

નથી માટે આરોપીએ વિશેષમાં જે હકીકત લખાવી છે તે પોતાનો ખોટો બચાવ બતાવવા તેમજ સલાહ, સુચનો મેળવીને લખાવી છે જે માનવા યોગ્ય નથી.

આરોપી નં.૩૦ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૯૬૦, ૧૧૨૮, ૭૮૬, ૭૮૭, ૭૯૦, ૭૯૨, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતા આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે સાહેદ નં.૧૧૨૮ સુનીલ શાહનો જ પુરાવો ફરિયાદપક્ષ તરફથી રજૂ કરેલો છે. આ સાહેદના કહેવા પ્રમાણે તેઓ સુરત ખાતે હીરાનો ધંધો કરે છે અને સુરત થી મુંબઈ આવ–જા કરતા હોય છે. પંચનામાના દિવસે આ સાહેદ સુરત થી મુંબઈ જતા હતા ત્યારે પોલીસ તેમને રેલવે સ્ટેશન ઉપર મળેલી. મુંબઈ મુકામે ઉતર્યા ત્યારે પણ પોલીસના માણસોએ તેમને જણાવેલુ કે, તમારે પંચમાં રહેવાનું છે. સુરત રેલવે સ્ટેશન પ્લેટફોર્મ પહેલા માળે આવેલુ છે જયારે ટિકિટોનું બુકીંગ નીચે થાય છે. કયા સ્થળે પોલીસ મળેલી તે નક્કી નથી. પરંતુ મારા મત પ્રમાણે સુરતનું રેલવે સ્ટેશન ઘણુ મોટુ છે. બનાવ પછી ૧૦ વર્ષ બાદ આ સાહેદે જુબાની આપેલી છે જેથી પોલીસ સુરત રેલવે સ્ટેશન ઉપર ચોકકસ કયા સ્થળે મળેલી તે કહી શકે નહીં અને આ સ્થળ મહત્વનું પણ નથી. વધુમાં વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, પોલીસ તથા આ સાહેદ એક જ ડબ્બામાં હતા તેમ છતાં એકબીજા સાથે વાતચીત કરેલી નથી. પરંતુ મારા મત પ્રમાણે ડબ્બામાં પોલીસે તથા આ સાહેદે વાતચીત કરવી જોઈએ તેવુ ફરજિયાત નથી. આ સાહેદ બોરીવલી સ્ટેશને ઉતરેલા છે, કેટલા વાગે ઉતરેલા હતા તેનો આ સાહેદને ખ્યાલ નથી. પરંતુ અગાઉ ચર્ચા કરી તેમ ઘણો સમય થયેલો હોવાથી કેટલા વાગે ઉતરેલા તે યાદ ન

હોય. વધુમાં વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, આ સાહેદ હિરાની દલાલી કરે છે તે બતાવવા પુરાવો રજૂ કરેલો નથી. આ સાહેદ મુંબઈમાં રોકાયેલા હોય તેવો પુરાવો રજૂ કરેલો નથી જેથી આ સાહેદ મુંબઈ ગયેલા તો તે શંકાસ્પદ છે. પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદ હિરાની દલાલીનો ધંધો કરે છે તે બતાવવા કે મુંબઈમાં રોકાયા હતા એ બતાવવા પુરાવો રજૂ કરવાની જરૂર નથી. રજૂ નહીં થવાથી આ સાહેદ પંચનામામાં રહેલા નથી તેવુ અનુમાન થઈ શકે નહીં. વધુમાં વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે આ સાહેદ બોરીવલી સ્ટેશને ઉતર્યા પછી ચન્ની રોડ ગયેલા અને ત્યારબાદ કામ પતાવીને પાઈધુની ખાતે આવેલી ક્રાઈમ બ્રાન્ચની ઓફિસે ગયેલા અને ત્યારપછી પોલીસે પંચનામાની કામગીરી શરૂ કરેલી છે જેથી આ સાહેદ પોલીસના સીલેકટેડ પંચ છે. પોલીસે મુંબઈ મુકામેથી કોઈ પંચ સાહેદને લીધેલો નથી. પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદ ચન્ની રોડ પોતાનું કામ પતાવીને ત્યારપછી પાઈધુની ખાતે આવેલી ક્રાઈમ બ્રાન્ચની ઓફિસે ગયેલા છે. આ સાહેદ સુરતના વતની છે અને ગુજરાતી છે જેથી સ્વાભાવિક છે કે પોલીસ આ સાહેદને પંચ તરીકે રાખે. બોમ્બ પ્લાન્ટેશનના બનાવો પણ સુરત શહેરમાં બનેલા હતા. આ સાહેદ જે રીતે ચન્ની રોડ પોતાનુ કામ પુરૂ કરવામાં માટે ગયેલા તે જ રીતે પોલીસને પણ બીજુ કામ હોય અને કામ પુરૂ કરીને ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે પાયધુની ખાતે ગયેલા હોય. વધુમાં વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે આંક–૮૦૯૩ વાળુ પંચનામુ ધ્યાને લેતા પંચનામુ ગુજરાતીમાં લખી હિન્દીમાં સમજાવેલુ છે. પોલીસ તથા પંચ ગુજરાતી છે તેમ છતાં હિન્દીમાં શા માટે સમજાવેલુ તેનો કોઈ ખુલાસો નથી. પરંતુ મારા મત પ્રમાણે આ હકીકત અર્થઘટનનો પ્રશ્ન છે. આંક–૮૦૯૩ વાળુ પંચનામુ ગુજરાતીમાં છે, પંચને ગુજરાતી ભાષા આવડે છે પરંતુ પંચનામુ સમજાવેલાનો અર્થ એવો છે કે તે પંચનામુ આરોપીને સમજાવેલુ હતુ કારણ કે આરોપી હિન્દી ભાષી છે.

વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, આંક–૮૦૯૩ ના પંચનામાના બંને પંચો સુરતના છે તે સાહેદ નં.૧૧૫૫ એન.બી.

પરમાર કબૂલ કરે છે. મુંબઈના પંચો નહીં લેવાનું કોઈ કારણ તેઓ આપી શકતા નથી. પરંતુ મારા મત પ્રમાણે મુંબઈના પંચો નહીં લેવાથી પંચનામુ ગેરકાયદેસર છે તેમ કહેવાય નહીં. સાહેદ એન.બી.પરમારને પંચો ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે મુંબઈ મુકામે મળેલાનું યાદ નથી. પંચોને ક્રાઈમ બ્રાન્ચની ઑફિસ મુંબઈ ખાતે આવી જાવ તેવી કોઈ સુચના આપેલી નહીં તેમ તેઓ જણાવે છે માટે પંચનામુ સુરતમાં બેસીને બનાવેલુ છે. વકીલશ્રી એલ.આર.પઠાણની આ દલીલ સાથે હું સંમત નથી. સાહેદ એન.બી.પરમારે પંચોને ક્રાઈમ બ્રાન્ચની ઑફિસ મુંબઈ આવી જાવ તેવુ પોતે કહેલુ ન હોય પરંતુ તેઓના રાઈટર અથવા તેમની સાથેના અન્ય પોલીસના માણસોએ કહેલુ હોય અને તેના કારણે પંચ સાહેદો પાઈધુની ખાતે ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે ગયેલા છે. આ ઉપરાંત પંચોને ક્રાઈમ બ્રાન્ચની ઑફિસ મુંબઈ ખાતે આવી જવાનું સાહેદ એન.બી.પરમારે તે વખતે કહેલુ હોય તો પણ ૧૦ વર્ષ પછી તે યાદ ન હોય. વધુમાં વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે પંચ સાહેદ નં.૧૧૨૮ ઘડિયાળોની દુકાનમાં ગયેલા નથી, પોલીસ પણ ઘડિયાળની દુકાનમાં ગયેલી નથી. પંચ સાહેદ તથા તપાસ કરનાર અધિકારીની જુબાનીઓમાં વિરોધાભાસ છે. સુરત શહેરના બોમ્બ પ્લાન્ટેશનના કેસોમાં ઘડિયાળોનો ઉપયોગ થયેલો નથી પરંતુ મારા મત પ્રમાણે અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં ઘડિયાળોનો ઉપયોગ થયેલો છે. આ કેસ કાવતરાનો કેસ છે. આ કામના બધા જ આરોપીઓ કાવતરામાં સંડોવાયેલા છે તેવો ફરિયાદપક્ષનો કેસ પણ છે. વધુમાં વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપીને તા.૫.૧૧.૨૦૦૮ ના રોજ અમદાવાદના કેસોમાં પોલીસે અટક કરેલો હતો અને તા.૨૦.૧.૨૦૦૯ સુધી પોલીસ કસ્ટડીમાં હતો પરંતુ પોલીસને પુરાવો મળેલો નથી માટે તેને તા.૨૨.૧.૨૦૦૯ ના રોજ સુરત બોમ્બ પ્લાન્ટેશનના ગુનાઓમાં સુરત પોલીસને સોંપેલો છે અને ત્યારબાદ સુરત પોલીસે તા.૨૭.૧.૨૦૦૯ ના રોજ આંક–૮૦૯૩ વાળુ પંચનામુ ઉભુ કરેલુ છે. વકીલશ્રી એલ.આર.પઠાણની આ દલીલ સાથે હું સંમત નથી. અમદાવાદના બોમ્બ બ્લાસ્ટના બનાવોની કુલ–૨૦ ફરિયાદો નોંધાયેલી હતી અને ફરિયાદોના

તપાસ કરનાર અધિકારીઓ જુદા–જુદા હતા. આરોપીની પોલીસ કસ્ટડી પણ આપવામાં આવેલી હતી તેમ છતાં આરોપીએ કોઈ ફળદાયક હકીકત આપેલી નથી અને પોલીસ કસ્ટડી દરમ્યાન પુછપરછમાં પણ આરોપી કોઈ ફળદાયક હકીકત અથવા પોતાને સંડોવતી હકીકત ન જણાવે તો તપાસ કરનાર અધિકારીને પુરાવો મળી શકે નહીં. આ કેસના આરોપીઓના વર્તન અને ગુના કરવાની પધ્ધતિ જોતા રીમાન્ડ દરમિયાન આ આરોપી પાસેથી માહિતી મેળવવી તપાસ કરનાર અધિકારી માટે મુશ્કેલ છે. આ આરોપી માહિતી આપે જ નહી આરોપીની ત્રણ માસ સુધી કસ્ટડી રાખેલી હતી તો તેનો વિરોધ દર્શાવતી કોઈ અરજી મેજિસ્ટ્રેટને આપેલી નથી. સાહેદ નં.૯૬૦ અબ્બાસ મુલતાનીનાઓએ પણ આ આરોપી વિરૂધ્ધ પુરાવો આપેલો છે તેવી રજૂઆત અને દલીલ ફરિયાદપક્ષ તરફથી કરવામાં આવેલી છે. પરંતુ આ આરોપી ગુનામાં સંડોવાયેલો છે તેવી કોઈ હકીકત નીકળી આવતી નથી. સાહેદ નં.૯૬૦ ની જુબાની ધ્યાને લેતા આરોપી નં.૨૯ નાઓએ સાહેદ નં.૧૧૧૯ કે.એન.પટેલ સમક્ષ જણાવેલુ હતુ કે આરોપી નં.૬૩, ૩૦ તથા ૩૧ નાઓએ વિસ્ફોટક ભરેલી કાર જે જગ્યાએ ઉભી રાખવાની હતી તે જગ્યા જોવા ગયેલા હતા. આ સાહેદનો પુરાવો સાંભળેલો પુરાવો છે તેવી દલીલ સાથે હું સંમત છું. પરંતુ અન્ય સંજોગો ધ્યાને લેતા આ આરોપી અન્ય આરોપી નં.૬૩, ૩૧ સાથે વિસ્ફોટક ભરેલી કાર મુકવાવાળી જગ્યા જોવા ગયેલો ન હોય તેવા સંજોગો નકારી શકાય તેમ નથી. આ કેસ કાવતરાનો કેસ છે. સીધો પુરાવો મળે નહી માટે સંજોગો ધ્યાને રાખીને પણ અનુમાન કરવુ પડે. આમ, વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી આ કહેવાતા ગુનાઓમાં સંડોવાયેલો નથી. પરંતુ ઉપર વિગતે જે પુરાવા રજૂ થયા છે તે ધ્યાને લેતા આ આરોપી આ કહેવાતા ગુનામાં સંડોવાયેલો છે તેમ હું માનુ છું.

આરોપી નં.૩૧ મહંમદ આરીફ ઉર્ફે આરીફ બદર ઉર્ફે લદન બદરૂદીન શેખ ઉર્ફે જુમ્મન શેખનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં)

સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૩૧ મહંમદ આરીફ ઉર્ફે આરીફ બદર ઉર્ફે લદન બદરૂદીન શેખ ઉર્ફે જુમ્મન શેખનાઓ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ નાં રોજ જુદી-જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી-જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા-જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમને કઈ કઈ ભૂમિકા ભજવેલી છે તે સાબિત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે તે મુજબઃ-

ફરિયાદપક્ષ દ્વારા આ કામે નૌશીન મમશાદ અહેમદ કાદરીને સાહેદ નં.૧૦૦૫ તરીકે આંક-૬૯૮૦ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ આ સાહેદ સને-૨૦૦૮ ની સાલમાં પરસેપ્શન સીસ્ટમ પાલડી વિસ્તારમાં વી.એસ. હોસ્પિટલની સામે સોફટવેર એન્જીનીયર તરીકે નોકરી કરતા હતા. તેમની નોકરીનો સમય સવારના ૯.૩૦ થી સાંજના ૬.૩૦ સુધીનો હતો. આ સાહેદ ધોરણ-૧ થી ૧૦ સુધી લીટલ ફલાવર સ્કૂલમાં ભણેલા અને ધોરણ-૧૧,૧૨ અંકુર સ્કૂલમાં ભણેલા. આ સાહેદની સાથે આરોપી નં.૧૭ નવેદ કાદરી ભણતો તો અને તેને આ સાહેદ ઓળખતા હતા. આ સાહેદે પોતાનો ડીગ્રી કોર્સ ચરોતર ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી, "ચાંગા" મુકામે કરેલો. આ સાહેદ તથા આરોપી નં.૧૭ નવેદ કાદરી એકબીજાના મિત્રો હતા અને બંને વચ્ચે ઘણી બધી વાતચીતો થતી હતી. ઈસ્લામિક મુદ્દે પણ વાતચીત થતી હતી. આ સાહેદ આ સિવાય બીજુ કાંઈ જાણતા નથી. વધુમાં આ સાહેદની સરતપાસ મુજબ પોલીસ તેમની પાસે આવી પછી આ સાહેદ મેજિસ્ટ્રેટ પાસે ગયેલા, કઈ તારીખે અને કેટલા દિવસ પછી ગયેલા તે ખબર નથી પરંતુ એક વખત ગયેલા.

પોલીસ રૂબરૂ અને મેજિસ્ટ્રેટ રૂબરૂ શું લખાવેલુ તે થોડુ થોડુ યાદ છે પરંતુ બધુ યાદ નથી. કોઈ સીડી બાબતેની હકીકત હતી. સીડીના કન્ટેન્સ ઈસ્લામિક બાબતે હતા તેવુ યાદ છે. પાલડી વિસ્તારમાં નવેદ મળેલો હોય અને તેને સીડી આપેલી હોય તથા આ સીડી જેહાદી પ્રવૃત્તિની હોય તેવુ યાદ નથી. નવેદ સાથે જેહાદી વાતચીત થતી હતી તો તે યાદ નથી. અમદાવાદમાં બોમ્બ બ્લાસ્ટ થયા પછી નવેદનો ફોન આવેલો હોય અને સીડી તોડી નાખી કચરામાં ફેકી દીધી હોય તેવુ બન્યુ નથી. આ સાહેદ ફરિયાદપક્ષને સમર્થન કરતા ન હતા જેથી વિદ્વાન સરકારી વકીલશ્રીએ સાહેદને ફરી ગયેલા જાહેર કરવા વિનંતી કરેલી જેથી તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા અને સરકારી વકીલશ્રીએ અદાલતની પરવાનગીથી તેઓની ઊલટતપાસ કરેલી છે.

ફરિયાદપક્ષ તરફથી થયેલી ઊલટતપાસ ધ્યાને લઈએ તો સને–૨૦૦૮ ના જુન માસમાં નવેદે મોબાઈલ ફોનથી જણાવેલુ કે મારે મળવુ છે તો આ સાહેદે જણાવેલુ કે હું ઑફિસે છું અને ત્યારબાદ સાંજના ૬–૭ વાગ્યા પછી પાલડી મ્યુઝીયમ તરફ આવતા બસ સ્ટેન્ડ પાસે આવી જા તેવુ કહેલાની હકીકત નકારી છે. આ ઉપરાંત સાંજના ૬.૩૦ વાગે આ સાહેદ ઑફિસથી નીકળી પોતાનું એકટીવા સ્કૂટર જીજે–૦૧–એફબી–૬૩૧૫ લઈને પાલડીથી મ્યુઝીયમ તરફ જવાના બસ સ્ટેન્ડ પાસે ગયા ત્યારે નવેદ કાદરી બસ સ્ટેન્ડે હાજર હતો અને તેને બે સીડી કેસેટો આપેલી હોય તેવુ બનેલુ નથી. આ ઉપરાંત આ બંને કેસેટો કમ્પ્યુટરમાં જોતા તે જેહાદી પ્રવૃત્તિ અંગેની હતી. આ કેસેટોમાં એક "લાઈફ ઓફ પેલેસ્ટીનીઅન બોયઝ"ની તથા ઓસામાબીન લાદેનના જેહાદી ભાષણોની હતી તો તે હકીકત નકારી છે. બોમ્બ બ્લાસ્ટ થયાના આશરે અઠવાડીયા બાદ નવેદનો ફોન આપેલો અને ડરતા ડરતા જણાવેલુ કે જેહાદી સીડી કેસેટો તોડીને કચરામાં નાખી દે તો તે હકીકત પણ નકારી છે. મેજિસ્ટ્રેટ સાહેબ પાસે તા.૬.૧.૨૦૦૮ તથા ૭.૧૦.૨૦૦૮ ના રોજ બે વખત ગયેલા હોય તો તે હકીકત નકારેલી છે. આ ઉપરાંત સીડી જોઈ તો સીડીના ભાગો સારા લાગેલા નહીં તે આ સાહેદની વિચારશૈલીની બહાર હતા તેમા જેહાદ બાબતે હતુ જેથી સીડી પુરી જોયેલી નહીં

અને બોમ્બ બ્લાસ્ટ બાદ નવેદનો ફોન આવતા સીડી ડીસ્ટ્રોઈ કરેલાની હકીકત નકારેલી છે. સીડી આપ્યા બાબતની વાત લખાવેલીની હકીકત કબૂલ કરી છે. મેજિસ્ટ્રેટ સમક્ષ નિવેદનમાં સહીઓ કરેલી તો તે હકીકત કબૂલ કરી છે. સમન્સ મળતા મેજિસ્ટ્રટે સાહેબ પાસે ગયેલા તે હકીકત પણ કબૂલ કરી છે. કોર્ટના રેકર્ડમાંથી એક સમન્સ બતાવવામાં આવે છે તે જોઈને સાહેદ જણાવે છે કે આ સમન્સમાં પોતાની સહી છે. આ ઉપરાંત એક લખાણ બતાવવામાં આવે છે તેમાં પોતાનુ નામ લખવામાં આવેલુ છે અને બે જગ્યાએ સહીઓ છે તે સહીઓ ઓળખી બતાવે છે. મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧ ની યાદી તથા મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૫ નો સમન્સ બતાવવામાં આવે છે તે તે જ છે તેમ જણાવીને આંક–૬૯૮૧ વાળા દસ્તાવેજોમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે. નવેદ કાદરી ગંભીર ગુનામાં સંડોવાયેલો હોવાથી તેને બચાવવા ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારી છે.

આરોપીઓ તરફથી આ સાહેદની ઊલટતપાસ કરવામાં આવેલી છે તે ધ્યાને લઈએ તો નવેદ સાથે આ સાહેદ ધોરણ–૧૨ સુધી ભણેલા હતા અને મિત્રતાના નાતે ફોન ઉપર વાતચીત પણ થતી હતી. એકબીજાને ધાર્મીક પુસ્તકોની તથા ધાર્મિક સીડીની આપલે પણ કરતા હતા તે કબૂલ કરેલ છે. આ હકીકત ધ્યાને લેતા સીડીઓ નવેદે આ સાહેદને આપેલી હોય તેવુ બની શકે અને માની શકાય તેમ છે. હવે આ સીડીઓ જેહાદને લગતી ન હતી પરંતુ ઈસ્લામને લગતી હતી તે બચાવપક્ષે પુરવાર કરવાનું છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા જે સીડી આપેલી તે જોયેલી હોય તો મને યાદ નથી. જે સીડી આપેલાની વાત છે તે સીડી બીજા દિવસે નવેદને આપેલાની હકીકત કબૂલ કરે છે. નવેદે કયારેય ચર્ચાસ્પદ કે જેહાદી સીડી આપેલી નહીં તો તે હકીકત કબૂલ કરી છે. ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે કેટલી વખત બોલાવેલા તે યાદ નથી પરંતુ સાહેદ જણાવે છે કે ઘણી વખત બોલાવેલા. બનાવ પહેલા ૭–૮ વર્ષથી આ સાહેદ નવેદને ઓળખતા હતા તે કબૂલ કરે છે. નવેદ ઝઘડાળુ સ્વભાવનો કે ઉગ્ર સ્વભાવનો જોયેલો નહીં

તે કબૂલ કરે છે. નવેદ સાથે કયારેય ભાંગફોડી કે આતંકવાદી પ્રવૃત્તિ વિશે વાતચીત થયેલી નહીં તે કબૂલ કરે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આરોપી તરફે આ સાહેદ રસ ધરાવનાર તેમજ હિત ધરાવનાર સાહેદ છે. આ સાહેદ તથા આરોપી નં.૧૭ નવેદ કાદરી સાથે ભણતા હતા, એકબીજાને સારી રીતે ઓળખતા હતા, ધાર્મિક પુસ્તકો તથા સીડીઓની આપ-લે કરતા હતા અને આ આરોપી નં.૧૭ નવેદ કાદરી સીરીયલ બોમ્બ બ્લાસ્ટના કેસોમાં આરોપી હોવાથી એવુ સ્પષ્ટપણે કહી શકાય કે આવા મિત્રતાના સંબંધો હોવાથી આ સાહેદ આરોપીની તરફેણમાં જ જુબાની આપે. વધુમાં આ સાહેદના કહેવા પ્રમાણે મેજિસ્ટ્રેટ સાહેબ પાસે તેઓ ગયેલા, કઈ તારીખે ગયેલા તેની ખબર નથી પરંતુ એક વખત ગયેલાનું જણાવે છે જેથી ચોકકસપણે એવુ કહી શકાય કે આ સાહેદ મેજિસ્ટ્રેટ સાહેબ પાસે ક્રિ.પ્રો.કોડની કલમ-૧૬૪ મુજબનું નિવેદન નોંધાવવા માટે ગયેલા હતા. આંક-૬૯૮૧ નો પત્ર ધ્યાને લઈએ તો આ પત્ર મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં. ૧૧ ના ખાનગી જાવક નં.૧૭/૨૦૦૯ તા.૯.૧૧.૨૦૦૯ થી પ્રિન્સીપાલ જજ સાહેબ સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ અમદાવાદને લખેલો છે અને આ પત્ર સાથે આ સાહેદ નૌશીન મહંમદશાહ અહેમદનાઓનું તા.૭.૧૦.૨૦૦૮ ના રોજ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૫ સમક્ષ નોંધાવેલુ ક્રિ.પ્રો.કોડની કલમ-૧૬૪ મુજબનું નિવેદન મોકલી આપેલુ છે. આ પત્રની સાથે આસીસ્ટન્ટ સુપરિન્ટેન્ડેન્ટશ્રી, મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ અમદાવાદનાઓની સહી તથા સિકકાવાળો સમન્સ રજૂ થયેલો છે. આ સમન્સ ખાડીયા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી. નં. ૭૧/૨૦૦૮ ના કામે પાઠવવામાં આવેલો છે, સમન્સમાં આ સાહેદનું નામ છે અને તા.૬.૧૦.૨૦૦૮ ના રોજ બપોરે ૩.૦૦ વાગે આ સાહેદને હાજર રહેવા જણાવવામાં આવેલુ છે. આ સમન્સની નકલ મળી છે તે બાબતે આ સાહેદે સમન્સમાં સહી કરેલી છે. ત્યારબાદ આંક-૬૯૮૧ ની સાથે આ સાહેદે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ સમક્ષ તા.૭.૧૦.૨૦૦૯ ના રોજ ક્રિ.પ્રો.કોડની કલમ-૧૬૪ મુજબનું જે નિવેદન લખાવેલુ તે નિવેદન રજૂ કરેલુ છે. આ

નિવેદનની હકીકત ધ્યાને લઈએ તો સમન્સમાં તા.૬.૧૦.૨૦૦૮ જણાવેલી છે અને તે તારીખે આ સાહેદ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ સમક્ષ હાજર રહેલા હતા. મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ નાઓએ સ્પષ્ટ નોંધેલુ છે કે "સાહેદને કલાક ૧૫.૫૦ વાગે ચેમ્બરમાં બોલાવેલા છે અને મેજિસ્ટ્રેટ રૂબરૂની ઓળખ આપેલી છે, ચેમ્બરમાં અન્ય કોઈ વ્યકિત હાજર નથી. સાહેદ સ્વેચ્છાએ વિચારીને નિવેદન લખાવવા માંગે છે. આ નિવેદન લખાવવામાં તેમના ઉપર કોઈ દબાણ નથી કે લોભ લાલચ આપવામાં આવેલ નથી. આ નિવેદનનો ઉપયોગ આરોપી સામે પુરાવા તરીકે લેવામાં આવશે તેવી સમજણ આપેલી છે છતાં તેઓ સ્વેચ્છીક રીતે નિવેદન આપવા તૈયાર હોય તેઓને વિચારવાનો સમય મળી રહે તે માટે તા.૭.૧૦.૨૦૦૮ નાં રોજ બપોરના ૧૫.૦૦ કલાકે હાજર રહેવા સુચના આપેલી છે." આવી નોંધ કરીને આ સાહેદની સહી કરાવેલી છે અને રૂબરૂ તરીકે મેજિસ્ટ્રેટે સહી કરેલી છે.

તા.૭.૧.૨૦૦૮ ના રોજ બપોરના ૧૫.૧૦ કલાકે આ સાહેદ મેજિસ્ટ્રેટ સમક્ષ હાજર રહેલા છે, તેઓ તેમના પિતાજી સાથે આવેલા છે. ગઈ કાલથી આજ સુધી કોઈ પોલીસવાળા મળેલા નથી. નિવેદન લખાવવા ફોનથી દબાણ કરવામાં આવેલુ નથી અને સાહેદ સ્વૈચ્છાએ નિવેદન આપવા માંગતા હોય નિવેદન નોંધવામાં આવે છે તેવી નોંધ મેજિસ્ટ્રેટશ્રીએ કરેલી છે અને ત્યારબાદ આ સાહેદનું નિવેદન નોંધેલુ છે.

તેમના નિવેદન પ્રમાણે નવેદ કાદરી સાથે મિત્રતાનો સંબંધ છે, સ્કુલમાં સાથે ભણતા હતા, કોઈકવાર ફોનથી વાતચીત થતી હતી, વધારે પડતી વાતચીત ઈસ્લામ બાબતે થતી હતી. ૬–૭ મહીના પહેલા તારીખ યાદ નથી નવેદનો ફોન આવેલો કે મારે તને કંઈક દેવુ છે તું આવીને મને મળ. આ સાહેદ પાલડી બસ સ્ટેન્ડ પાસે તેને મળેલા અને એક સીડી આપેલી અને કહેલુ કે આને જોઈ લેજે જલદીમાં હોય વધારે વાતચીત કરેલી નહીં અને આ સાહેદ જતા રહેલા. ઘરે જઈને આ સાહેદે સીડી જોયેલી તો સીડીના ભાગો સારા લાગેલા નહીં. આ સીડી આ સાહેદની વિચારશૈલી બહારની હતી તેમજ જેહાદ બાબતેની હતી જેથી

પુરી જોયેલી નહીં. ત્યારબાદ તેને બંધ કરીને સાઈડમાં મુકી દીધેલી. બોમ્બ બ્લાસ્ટ પછી એક અઠવાડીયા બાદ નવેદનો ફોન આવેલો કે સીડી ડીસ્ટ્રોઈ કરી દો જેથી સીડી ડીસ્ટ્રોઈ કરેલી. આ મુજબનું નિવેદન નોંધીને સમય ૧૫.૨૫ કલાકે આ સાહેદે નિવેદનમાં સહી કરેલી છે અને મેજિસ્ટ્રેટશ્રીએ પોતાની સહી કરેલી છે. ત્યારબાદ મેજિસ્ટ્રેટશ્રીએ પ્રમાણપત્ર આપેલુ છે કે, "સાહેદનું નિવેદન મારા રૂબરૂ અને સાંભળતા લેવામાં આવેલ છે તે તેના જ શબ્દોમાં લખેલુ છે નિવેદન સ્વૈચ્છાએ આપેલ છે તેમ મારૂ માનવુ છે" અને ત્યારબાદ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટશ્રીએ સહી કરીને તારીખ લખેલી છે.

મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ ન.૫ સમક્ષ આ સાહેદ તા.૬.૧૦.૨૦૦૯ અને તા.૭.૧૦.૨૦૦૯ ના રોજ બે વખત ગયેલા છે તેમ છતાં સોગંદ ઉપર એક વખત ગયેલાની હકીકત ખોટી જણાવે છે. આ સાહેદ આરોપી નં.૧૭ નવેદ કાદરીના મિત્ર છે. જયારે નિવેદન નોંધનાર મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૫ નાઓને નવેદ કાદરી કે આ સાહેદ સાથે સંબંધ નથી. મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ ન.૫ નાઓએ જે કોઈ કાર્યવાહી કરેલી છે તે ન્યાયિક કાર્યવાહીની રીતે પોતાના ફરજના ભાગરૂપે કરેલી છે. ન્યાયિક કાર્યવાહીમાં પુરાવો નોંધવાની કાયદાકીય સત્તા મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ પાસે છે અને તેમને આ સાહેદનું જે નિવેદન નોંધેલુ તે કાયદાની જોગવાઈઓને આધીન પોતાની ફરજના ભાગરૂપે ન્યાયિક કાર્યવાહી દરમ્યાન ન્યાયિક રીતે નોંધવામાં આવેલુ છે. જેથી પુરાવાના કાયદાની કલમ–૮૦ તથા ૧૧૪(ઈ) મુજબ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ સમક્ષ આ સાહેદે ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબનું જે નિવેદન નોંધાવેલુ છે તે પુરાવામાં ગ્રાહ્ય છે અને તે આરોપી વિરૂધ્ધ અને આ સાહેદની જુબાનીની સમર્થન માટે પુરાવામાં વંચાણે લઈ શકાય. અગાઉ ચર્ચા કરી તેમ આ સાહેદ આરોપીના મિત્ર છે તેથી આરોપી તરફ હિત ધરાવનાર સાહેદ છે. જયારે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ સ્વતંત્ર સાહેદ છે અને આ બંનેની તુલના કરવામાં આવે તો મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ સમક્ષ નોંધાવેલા નિવેદનને મહત્વ આપવુ પડે કારણ કે તેમને સ્વતંત્ર રીતે કાયદાની જોગવાઈઓ પ્રમાણે ન્યાયિક

કાર્યવાહીના ભાગરૂપે આ સાહેદનું નિવેદન કોર્ટના સમય દરમ્યાન નોંધેલુ છે. આ સાહેદે ખોટુ નિવેદન આપેલુ છે તેવી તેમની કોઈ હકીકત નથી. મેજિસ્ટ્રેટશ્રીએ પોતાની નિવેદન લખી લીધુ હોય અને પાછળથી આ સાહેદની સહી બળજબરીપૂર્વક કરાવી લીધી હોય તેવી પણ આ સાહેદની કોઈ હકીકત નથી. આ સાહેદ અભણ નથી પરંતુ તેઓ ભણેલા છે અને ચરોતર ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજીમાંથી ડીગ્રી મેળવેલી છે અને બી.આઈ.(આઈ.ટી.) થયેલા છે. જેથી સારી કે ખોટી બાબતોની આ સાહેદને સંપૂર્ણ માહિતી હોય તે સ્વાભાવિક છે. તેઓ એન્જીનીયર થયેલા છે. જો તેમની સહી મેજિસ્ટ્રેટશ્રીએ બળજબરીપૂર્વક, ખોટી રીતે કે ધાક ધમકીથી કરાવી લીધી હોય તો તેમને કોઈપણ અધિકૃત અધિકારી સમક્ષ આ અંગેની કોઈ લેખિતમાં કે મૌખિકમાં રજૂઆત કરેલી નથી અને કરેલી હોય તો આ સાહેદ પોતાની જુબાની જણાવતા નથી. માટે આ સમગ્ર હકીકત અને ચર્ચા લક્ષમાં લેતા આ સાહેદે ઈરાદાપૂર્વક ફરિયાદપક્ષની હકીકતને સમર્થન કરેલુ નથી પરંતુ સંજોગો ધ્યાને લેતા આ સાહેદની જુબાની અંશતઃ ખોટી છે તેમ હું ચોકકસપણે કહી શકું અને મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ સમક્ષ જે નિવેદન લખાવેલુ છે તે નિવેદન નહીં માનવાને કોઈ કારણ રહેતુ નથી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે મોહમદ હનીફ અબ્દુલકયુમ રોશનને સાહેદ નં.૯૭૮ તરીકે આંક–૬૮૨૩ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેમની દુકાન અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, બોમ્બ મસ્જિદ બંદર ખાતે આવેલી છે. તેમની દુકાનનું નામ "વલી મહંમદ રોશન એન્ડ કંપની" છે. અને દુકાન છેલ્લા ૩૦ વર્ષથી છે. આ દુકાનમાં તેમની માતા અને મોટાભાઈ ભાગીદારો છે. તેમની દુકાનનો સમય સવારના ૧૦.૦૦ થી લઈને સાંજના સાડા ૮.૦૦ સુધીનો છે. આ સાહેદ તેમની દુકાનમાં બે માણસો રાખે છે. સને–૨૦૦૮ ની સાલમાં દશરથ વિષ્ણુભાઈ પાટીલ તથા ધર્મા ધાડવે નામના માણસો હતા અને કારીગર તરીકે બદરૂલ હસન નામનો વ્યકિત હતો. આ સાહેદ દુકાનનું મેનેજમેન્ટ કરે છે. આ સાહેદના મોટા ભાઈનું નામ ઈમ્તીયાઝ છે. તેમની દુકાનમાં

હાથના દિવાલના ઘડિયાળો તથા કેલ્ક્યુલેટર, ટાઈમ પીસ વિગેરે વસ્તુઓ રાખે છે આ તમામ વસ્તુઓ અલગ અલગ કંપનીની હોય છે.

સાહેદ વધુમાં જણાવે છે કે ૨૩ મી તારીખ અને ૨૦૦૮ નુ વર્ષ હતું તે દિવસે પોલીસ દુકાને આવેલી હતી. પોલીસે આવીને કહેલું કે, અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાંથી આવીએ છીએ. તેમણે કહેલું કે જુલાઈ મહિનામાં ૫૦ જેટલા ટાઈમ પીસ તમારે ત્યાંથી વેચાયેલા હતા. (ટાઈમ પીસ એટલે એલાર્મ). જે સાહેબ આવેલા હતા તે મેડમ હતા અને તેમનું નામ ઉષા રાડા હતું. જેથી આ સાહેદે તેમની દુકાનની બીલબુકમાં જુલાઈ મહિનાની મેડમને બતાવેલી તે જોતાં ચોથી તારીખનું એક બીલ નીકળેલું જે બીલ ૩૦ નંગનું હતું. મેડમે ૫૦ નંગ ટાઈમ પીસનું કહેલું પરંતુ બીલ ૩૦ નંગ ટાઈમ પીસનું હતું તે બાબતે મેડમને ખુલાસો કરેલો કે "મારી પાસે એક ગ્રાહક આવેલો તેણે મારી પાસે માંગણી કરેલી કે મારે ૫૦ નંગ ટાઈમ પીસ જોઈએ છે, પરંતુ મારી પાસે ૧૬ નંગ રેડી હતું પરંતુ ગ્રાહક મને દબાણ કરતો હતો કે મારે ૫૦ નંગ જોઈએ છે જેથી મેં તેને કહેલું કે એટલો માલ મારી પાસે નથી જેથી મેં તેના ડીસ્ટ્રીબ્યુટરને પુછેલું તો તેણે મને જણાવેલું કે મારી પાસે માલ આવવાનો છે કેટલા પીસ આવશે તે નક્કી નથી. પરંતુ તે ગ્રાહક મને ૫૦ નંગના પૈસા આપતો હતો પણ મેં તેને જણાવેલું કે જો માલ નહીં આવે તો હું ૫૦ નંગ આપી શકીશ નહીં અને પૈસા પરત આપવા પડશે જેથી તેની પાસેથી મેં ૩૦ નંગના પૈસા લઈ મેં તેને ૩૦ નંગનું બીલ આપેલું અને તેને મેં જણાવેલું કે બીજા દિવસે બાકી રહેલા ૧૪ નંગ તમોને આપી દઈશ અને બીજા ૨૦ પીસ આવશે તો તે પણ આપીશ".

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ ગ્રાહક બીજા દિવસે તેમની પાસે આવેલા અને તે વખતે નમાઝનો સમય ચાલતો હતો અને તેમની દુકાનનો જે છોકરો દશરથ પહેલે દિવસે પણ હાજર હતો અને બીજા દિવસે પણ તે વખતે હાજર હતો અને તેને કહી રાખેલું હતું કે આ ગ્રાહકના બાકી રહેલા ૧૪ નંગના પૈસા આવી ગયા છે અને ૧૪ નંગ આવે એટલે તે આ ગ્રાહકને આપી દે જો. ત્યારબાદ દુકાનના છોકરા દશરથે ૧૪ નંગ તે ગ્રાહકને આપી દીધેલા. ત્યારબાદ ગ્રાહકે એવું

જણાવેલું કે ૫૦ નંગ જોઈતા હતા અને ૩૦ નંગ આપ્યા છે તો બાકીના ૨૦ નંગ પણ આપી દો જેથી માલ આવી ગયેલો હોવાથી બીજા ૨૦ નંગ પણ તેને આપી દીધેલા અને તેના પૈસા લીધેલા અને આ ૨૦ નંગનું બીલ દશરથ બનાવતો હતો તે દરમ્યાન તે ગ્રાહક જતો રહેલો. આમ બીજા દિવસે ૩૪ નંગ ટાઈમ પીસ તે ગ્રાહકને આપેલા હતા. આ ટાઈમ પીસ એક નંગના રૂા.૧૧૫ હતા અને તેને ૧૫% ડિસ્કાઉન્ટ આપેલું હતું તેથી એક નંગ રૂા.૯૮ નો હતો.

સાહેદ વધુમાં જણાવે છે કે મેડમને તે ગ્રાહકના વર્ણન બાબતે જણાવેલુ હતું કે "તે શ્યામ રંગનો હતો તથા મીડીયમ બોડીનો હતો અને તેની ઉંમર આશરે ૩૫ થી ૩૮ વર્ષની હશે તેની ઉંચાઈ પાંચેક ફુટ જેટલી હતી". મેડમે કહેલું કે તે ગ્રાહકને ઓળખાવીએ તો ઓળખી શકશો તો કહેલુ કે આટલા બધા નંગ કોઈ લેતુ નથી અને તે હિસાબે તેમના દિમાગમાં ખ્યાલ આવે તો ઓળખી શકીશ. ત્યારબાદ મેડમને બીલબુકમાંથી તે બીલની ઝેરોક્ષ કોપી આપેલી અને તે બીલમાં વેરીફાય કર્યા બાબતે સહી પણ કરેલી હતી.

સાહેદ વધુમાં જણાવે છે કે, ત્યારબાદ ૨ જાન્યુઆરીએ એક પોલીસના માણસ તેમની દુકાન ઉપર આવેલા અને તેમણે જણાવેલું કે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાંથી આવું છું અને ૬ તારીખે ઘી કાંટા કોર્ટમાં ઓળખ કરવા માટે આવવાનું છે અને ચાર સવા ચાર વાગ્યાનો સમય આપેલો. ત્યારબાદ છઠ્ઠી તારીખે અમદાવાદ આવેલા અને તેમની સાથે દુકાનનો છોકરા દશરથ પણ આવેલો અને તે દશરથને પણ સાથે આવવાનું જણાવેલું હતું. અમદાવાદ ઉતર્યા પછી ચા પાણી કરી પોલીસે ગુજરાતીમાં લખેલો કાગળ આપેલો હતો તે રીક્ષાવાળાને બતાવેલો અને રીક્ષાવાળો તેઓને કોર્ટ પાસે મુકી ગયેલો. ત્યારબાદ કોર્ટના કમ્પાઉન્ડમાં ગયેલા અને ત્યાં એક ભાઈ મળેલા અને તેઓને પુછતાં તેણે પહેલા માળે જવાનું કહેલું અને પહેલા માળે જતા એક ભાઈ મળેલા અને તેને કાગળ બતાવતાં તેણે જણાવેલું કે અહીંયા જ છે અને તેણે કહેલું કે ઉભા રહો તેમ કહી અંદર મેજિસ્ટ્રેટ સાહેબને પુછવા ગયેલો. ત્યારબાદ આ સાહેદ તથા દશરથને બાજુના રૂમમાં બેસાડેલા અને પાંચ મિનિટ પછી રૂમમાં બોલાવેલા. રૂમમાં

મેજિસ્ટ્રેટ સાહેબ ટેબલ ઉપર બેઠેલા હતા અને તેમની બાજુમાં બે માણસો ઉભેલા હતા અને સામે છ માણસો એક લાઈનમાં ઉભેલા હતા. આ સાહેદ અંદર ગયા ત્યારે મેજિસ્ટ્રેટ સાહેબ તેમની ઓળખી બાબતે પુછેલું તો આ સાહેદે પોતાનુ ડ્રાઈવીંગ લાયસન્સ તથા પોલીસે આપેલા કાગળા બતાવેલા. સાહેબે કહેલું કે તમારે ઓળખ કરવાની છે અને આ વખતે સાહેબ કંઈક લખતા હતા. સાહેબે જણાવેલું કે આ લોકોમાંથી તમે ઓળખો. દસ–પંદર મિનિટ સુધી તે લોકોને જોયેલા અને તેમના મગજમાં હતું તે વ્યક્તિને લાઈનમાંથી બહાર લઈ આવેલો અને મેજિસ્ટ્રેટ સાહેબ સામે ઉભો રાખેલો અને તેને મેજિસ્ટ્રેટ સાહેબે તેનું નામ, સરનામુ પુછેલું તો તેણે તેનુ નામ મહમદ આરીફ શેખ જણાવેલું અને રહેવાસી મુંબઈનો હોવાનું જણાવેલું. સાહેબને કહેલું કે આ માણસે આ સાહેદ પાસેથી ૫૦ નંગ ટાઈમ પીસ લીધેલા હતા તે છે. ત્યારબાદ આ સાહેદ સાથે આવેલા દશરથને બોલાવેલો અને તેની પણ કામગીરી કરેલી.

આંક–૬૮૨૪ વાળી બીલબુકમા લખેલ હસ્તાક્ષર સાહેદ ઓળખી બતાવે છે અને જણાવે છે કે, આ હસ્તાક્ષર તેમના પોતાના છે. આ સાહેદને અમદાવાદ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીને વીડિયો કોન્ફરન્સ ટી.વી. સ્ક્રીન થકી ચાર–ચારની સંખ્યામાં આરોપીઓને બતાવવામાં આવે છે અને ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીને વીડિયો કોન્ફરન્સ ટી.વી. સ્ક્રીન થકી ત્રણ–ત્રણની સંખ્યામાં આરોપીઓને બતાવવામાં આવે છે તે જોઈને સાહેદ, આરોપીને ઓળખી શકતા નથી અને જણાવેલ છે કે બનાવને દસ વર્ષનો સમય થઈ ગયેલો છે અને શરીરમાં ફેરફાર આવેલા હોવાથી આરોપીને ઓળખી શકતા નથી. આ સાહેદને સે.કે.નં.૩૬૫/૨૦૦૯ ના મુદ્દામાલ લિસ્ટ આંક–૩૩૫૧ ના આર્ટીકલ નં.૫ તથા સે.કે.નં.૩૪૮/૨૦૦૯ ના મુદ્દામાલ લિસ્ટ આંક–૨૦૭૮ ના આર્ટીકલ નં.૧૦ બતાવવામાં આવતા તે સમય કંપનીનું પ્રિન્સ બ્રાન્ડનું એલાર્મ ઘડિયાળ તેમને વેચેલાનું જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો અબ્દુલ રહેમાન સ્ટ્રીટ વેપારી કેન્દ્ર છે અને વેપારીઓથી ભરચક એરીયા છે તે કબૂલ કરે છે. આ સ્ટ્રીટમાં

અનેક પ્રકારનો માલ જુદો–જુદો વેચાય છે તે કબૂલ કરે છે. આ વિસ્તારમાં ઈલેકટ્રોનિકસની અને ઘડિયાળોની ઘણી બધી દુકાનો આવેલી છે તથા ત્યાં છુટક તથા જથ્થાબંધ ઘડિયાળો વેચાય છે તે કબૂલ કરે છે. આ સાહેદની દુકાન ઉપરથી ઘણા લોકો છુટક અને જથ્થાબંધ ઘડિયાળો ખરીદે છે તે કબૂલ કરે છે. દુકાનમાં ખરીદી અને વેચાણનો સ્ટોક નીભાવવામાં આવે છે તે કબૂલ કરે છે. આજરોજ જે મુદામાલ ઘડિયાળ બતાવી તે ઘડિયાળો ઘણા બધા દુકાનદારો વેચતા હોય છે તે કબૂલ કરે છે. મુદ્દામાલ ઘડિયાળો ઉપર દુકાનનું નામ નથી કે કોઈની સહી નથી. પરંતુ મારા મત પ્રમાણે ઘડિયાળ ઉપર ઘડિયાળ બનાવનાર કંપનીનું નામ હોય છે ઘડિયાળ વેચનાર દુકાનનું નામ હોતુ નથી. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો પોલીસ જયારે દુકાન ઉપર આવેલી ત્યારે ઘડિયાળ લઈને આવેલી નહીં. પોલીસને ગ્રાહકનું વર્ણન જણાવ્યા પછી પોલીસે સ્કેચ બનાવ્યો હોય તેવુ બન્યુ નથી. મેજિસ્ટ્રેટ રૂબરૂ જે વ્યકિતને ઓળખેલો તેનું શારીરિક વર્ણન તા.૨૩.૧૨. ૨૦૦૮ ના રોજ નિવેદનમાં લખાવ્યા પ્રમાણેનું હતુ. ડીસ્ટ્રીબ્યુટર પાસેથી જે ઘડિયાળો ખરીદીએ છીએ તેના બીલોમાં મેન્યુફેકચરીંગ ડેટ, સીરીયલ નંબર, મેન્યુફેકચરીંગ વર્ષ, બેચ નંબર લખવામાં આવતો હોય છે તે હકીકત નકારી છે. તા.૪.૭.૨૦૦૮ ના રોજ જે ગ્રાહકને માલ વેચેલો તેનુ બીલ બનાવેલુ નહીં તો તે હકીકત નકારેલી છે. તા.૫.૭.૨૦૦૮ ના રોજ તે વ્યકિત માલ લઈને જતો રહેલો પરંતુ બીલ લીધેલુ નહીં. તે દિવસે બીલ તૈયાર હતુ પરંતુ તે વ્યકિત બીલ લઈ ગયેલો નહીં. જે બીલ બુક પોલીસને રજૂ કરેલી તે ૧૦૦ પાનાની છે તે કબૂલ કરે છે. બીલ બુકમાં પોલીસે સહી લીધેલી નથી. તા.૪.૭. ૨૦૦૮ ના રોજ બનાવેલા બીલમાં ખરીદનારનું નામ સરનામુ લખેલુ નથી તેવા પ્રશ્નના જવાબમાં સાહેદે જણાવેલુ છે કે કોઈ ગ્રાહક ચેકથી અથવા કોઈ ગ્રાહક ઈન્કમટેક્ષમાં બતાવવા માંગતા હોય તેવા બીલોમાં ગ્રાહકનું નામ સરનામુ લખવામાં આવે છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો અસલ બીલ આંક–૬૮૨૪ વાળુ બીલ કયાં છે એ બાબતે પોલીસ અધિકારી સાથે વાતચીત થયેલી નહીં. બીલની ઝેરોક્ષ આપી તે બદલ પોલીસ અધિકારીએ રસીદ આપી નથી.

અમદાવાદ મુકામે જે કોર્ટમાં ગયેલા તે કોર્ટના મેજિસ્ટ્રેટનું નામ કે હોદ્દાનો ખ્યાલ નથી. તા.૪.૭.૨૦૦૮ ના દિવસે કોઈપણ આરોપીને ઘડિયાળો વેચી નથી તે હકીકત નકારી છે. આંક–૬૮૨૪ વાળા બીલની કાર્બન કોપી પાછળથી ઉભી કરેલાની હકીકત નકારેલી છે. તા.૬.૧.૨૦૦૯ ના દિવસે કેસના કોઈ પણ આરોપીને ઓળખ પરેડમાં ઓળખી બતાવેલા નથી તે હકીકત પણ નકારેલી છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો રોકડ પેમેન્ટ અને ચેકથી પેમેન્ટ બાબતે અલગ–અલગ બીલ બુક રાખવામાં આવતી નથી. અસલ પ્રતની ઝેરોક્ષ કોપી ઉપર બીલનો સીરીયલ નંબર નથી. આ ઝેરોક્ષ કોપી આંક–૬૮૨૬ થી રજૂ કરેલી છે.બીલમાં કોઈ નિયમ પ્રમાણે લખવામાં આવતુ નથી તો તે હકીકત નકારેલી છે. મેજિસ્ટ્રેટ કોર્ટમાં ઓળખ પરેડ માટે ગયા ત્યારે બીલ બુક બતાવેલી નહીં. તા.૫.૭.૨૦૦૮ ના રોજ બીજા વીસ નંગ ઘડિયાળ નોંધેલા તેની કાચી નોંધ કરીને વેચાણમાં લીધેલી હતી તે કાચી નોંધ પોલીસને આપેલી નહીં. આ વીસ નંગ ઘડિયાળ વેચાણ અંગે પાકી નોંધ કે કોઈ દસ્તાવેજ નથી. તા.૪.૭.૨૦૦૮ ના રોજ ૧૬ નંગ ઘડિયાળ આપેલી તે જ દિવસે બીજા નંગ હતા નહીં માટે મંગાવવા ઘડિયાળની કંપનીને તે જ દિવસે ઓર્ડર આપેલો તે કબૂલ કરે છે. આ હકીકત ધ્યાને લેતા આરોપી નં.૩૧ મહમદ આરીફ બદર આ સાહેદની દુકાનેથી તા.૪.૭.૨૦૦૮ ના રોજ ૩૪ નંગ પ્રિન્સ કંપનીની ઘડિયાળ ખરીદીને લઈ ગયેલો હતો. તા.૩.૭.૨૦૦૮ ના રોજના બીલની ઝેરોક્ષ કોપી આંક–૬૮૨૭ થી રજૂ છે. પોલીસના કહેવાથી બીલ બુક પાછળથી ઉભી કર્યાની હકીકત નકારી છે. પોલીસના કહેવાથી અને સમજાવવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારેલી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ મુંબઈ અબ્દુલ રહેમાન સ્ટ્રીટ બોમ્બે મસ્જિદ બંદર ખાતે વલી મહંમદ રોશન એન્ડ કંપનીના નામથી દુકાન ધરાવે છે અને તેઓની દુકાનેથી આરોપી નં.૩૧ મહંમદ આરીફ બદર તા.૪.૭.૨૦૦૮ ના રોજ પ્રિન્સ કંપનીની ૩૪ નંગ એલાર્મ ઘડિયાળ એક ઘડિયાળના એક નંગના રૂા.૯૮ લેખે ચુકવીને લઈ ગયેલ હતો. ત્યારબાદ

પોલીસ આ સાહેદની દુકાને આવેલી સાહેદનો જવાબ લીધેલો અને તા.૭.૧. ૨૦૦૯ ના રોજ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૮૮૯ ઈન્દ્રવીર વજુભા જાલા સમક્ષ આ સાહેદે આરોપી નં.૩૧ મહંમદ આરીફ અબ્દુલ બદરને ઓળખી બતાવેલો અને તે અંગેનું પંચનામુ આંક–૩૧૭૬ વાળુ કરવામાં આવેલ હતુ. આ સાહેદે પોતાની જુબાની દરમ્યાન તેમની દુકાનેથી વેચવામાં આવેલી ઘડિયાળ ઓળખી બતાવેલી છે પરંતુ જુબાની દરમ્યાન વીડિયો કોન્ફરન્સમાં ટીવી સ્ક્રીન ઉપર આરોપીને ઓળખવાનું કહેતા આ કેસના તમામ આરોપીઓને બતાવવામાં આવેલા પરંતુ દસ વર્ષનો સમય થઈ ગયેલ હોવાથી શરીરમાં ફેરફાર થયેલ હોય આરોપીને ઓળખી શકેલ નથી. આ કામના આરોપી નં.૩૧ નાઓએ આ સાહેદે તા.૭.૧.૨૦૦૯ ના રોજ મેજિસ્ટ્રેટ રૂબરૂ ઓળખેલા અને ત્યારબાદ ૧૦ વર્ષ પછી આ સાહેદે અદાલતમાં જુબાની આપેલી છે માટે સ્વાભાવિક છે કે આરોપીને ઓળખી શકે નહીં. એક કારણ એવુ પણ છે કે આરોપીને મળવાનો પ્રસંગ આ સાહેદને ત્યારબાદ કયારેય બનેલો નથી માટે પણ ઓળખી શકે નહીં. જેથી નહીં ઓળખવાનું કારણ વાજબી છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે દશરથ વિષ્ણુભાઈ પાટીલને સાહેદ નં.૯૭૯ તરીકે આંક–૬૮૨૮ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ "વલી મહંમદ રોશન એન્ડ કંપની" નામની દુકાનમાં છેલ્લા ૧૮ વર્ષથી નોકરી કરે છે જે દુકાન અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, બોમ્બ મસ્જિદ બંદર ખાતે આવેલી છે. તેમના શેઠનું નામ ઈમ્તીયાજભાઈ કયુમભાઈ તથા મહંમદહનીફ રોશન છે. તેમની દુકાનનો સમય સવારના ૧૦.૦૦ થી લઈને સાંજના ૮.૩૦ સુધીનો છે. સને–૨૦૦૮ ની સાલમાં આ સાહેદ, ધર્મા ધાડવે તથા કારીગર બદરૂલ હસન નામનો વ્યક્તિ કામ કરતા હતા. તેમની દુકાનમાં હાથના દિવાલ ઘડિયાળો તથા કેલ્કયુલેટર, ટાઈમ પીસ વિગેરે વસ્તુઓ રાખે છે અને આ તમામ વસ્તુઓ અલગ અલગ કંપનીની હોય છે.

સાહેદ વધુમાં જણાવે છે કે, તા.૨૩/૧૨/૨૦૦૮ ના રોજ પોલીસ તેમની દુકાને આવેલી હતી. પોલીસે કહેલું કે જુલાઈ મહિનામાં ૫૦ જેટલા ટાઈમ

પીસ (ટાઈમ પીસ એટલે એલાર્મ) તમારે ત્યાંથી વેચાયેલા છે. આ પોલીસના સાહેબ આવેલા તેમનું નામ ઉષા રાડા હતું. તેમના શેઠે દુકાનની બીલબુક જુલાઈ મહીનાની મેડમને બતાવેલી. દુકાનમાં જે ગ્રાહક આવેલો તેણે શેઠ પાસે ૫૦ નંગ ટાઈમ પીસ જોઈએ છે તેવું કહેલું પરંતુ આ સાહેદ પાસે ૧૬ નંગ રેડી હતા તે તેને આપેલા. ૩૦ ટાઈમ પીસ ઘડિયાળનું બીલ તેમના શેઠે બનાવેલું અને બીજા ૧૪ નંગ બીજા દિવસે આપવા કહેલું અને બીજા ૨૦ પીસ આવશે તો તે પણ આપીશ.

સાહેદ વધુમાં જણાવે છે કે,ત્યારબાદ ગ્રાહક બીજા દિવસે નમાઝના સમયે આવેલો તે વખતે આ સાહેદના શેઠ ન હતા તેમણે અગાઉ કહેલું હતું કે આ ગ્રાહકના બાકી રહેલા ૧૪ નંગના કે જેના પૈસા આવી ગયા છે તે આ ગ્રાહકને આપી દે જો. ગ્રાહક આવતાં તેને ૧૪ નંગ આપ્યા હતા અને બીજા ૨૦ નંગ ગ્રાહકને આપેલા અને તેના રૂા.૨૯૬૦/– લીધેલા અને તે દરમ્યાન તે ગ્રાહક બીલ લીધા વગર જતો રહેલો. સાહેદ વધુમાં જણાવે છે કે પોલીસના મેડમને તે ગ્રાહકના વર્ણન બાબતે જણાવેલુ હતું કે "તે શ્યામ રંગનો હતો તથા મીડીયમ બોડીનો હતો અને તેની ઉંમર આશરે ૩૫ વર્ષની હશે તેની ઉંચાઈ પાંચેક ફુટ જેટલી હતી". પોલીસે મને પુછેલું કે તે ગ્રાહકને ઓળખાવીએ તો ઓળખી શકશો તો? જણાવેલ કે ઓળખી શકીશ.

સાહેદ વધુમાં જણાવે છે કે, ત્યારબાદ જાન્યુઆરીના પહેલા અઠવાડીયામાં બીજી કે ત્રીજી તારીખે પોલીસનો એક માણસ દુકાન ઉપર આવેલો અને તેમણે આ સાહેદ અને તેમના શેઠને જણાવેલું કે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાંથી આવું છું અને ૬ તારીખે ઘી કાંટા કોર્ટમાં ઓળખ કરવા માટે આવવાનું છે ત્યારબાદ આ સાહેદ તથા તેમના શેઠ હનીફભાઈ છઠ્ઠી તારીખે અમદાવાદ આવેલા અને અમદાવાદ ઉતરી રીક્ષામાં કોર્ટમાં ગયેલા. ત્યારબાદ કોર્ટના કમ્પાઉન્ડમાં ગયેલા અને ત્યાં એક ભાઈ મળેલા અને તેઓને પુછતાં તેણે પહેલા માળે જવાનું કહેલું અને પહેલા માળે જતા આ સાહેદના શેઠ એક ભાઈ મળેલા અને તેમને કાગળ બતાવતાં ત્યાં એક રૂમમાં બેસાડેલા. ત્યાં પહેલા તેમના શેઠને રૂમમાં અંદર બોલાવેલા અને થોડીવાર પછી તેઓ બહાર નીકળતાં આ સાહેદને

અંદર મેજિસ્ટ્રેટ સાહેબ પાસે બોલાવેલા અને ત્યાં ટેબલ ઉપર બેઠા હતા અને તેમની બાજુમાં બે માણસો ઉભેલા હતા અને સામે છ માણસો એક લાઈનમાં ઉભેલા હતા. આ સાહેદ અંદર ગયા ત્યારે મેજિસ્ટ્રેટ સાહેબે નામ, સરનામું પુછેલું અને જે જણાવેલું અને ત્યારપછી સાહેબને વોટર આઈ.ડી. બતાવેલું અને આ વખતે સાહેબ કંઈક લખતા હતા. સાહેબે જણાવેલું કે આ લોકોમાંથી તમે ઓળખો. આ સાહેદે લાઈનમાંથી એક વ્યક્તિને બહાર કાઢેલો અને મેજિસ્ટ્રેટ સાહેબ સામે ઉભો રાખેલો અને તેને મેજિસ્ટ્રેટ સાહેબે તેનું નામ, સરનામુ પુછેલું તો તેણે તેનુ નામ આરીફ બદરૂદીન શેખ જણાવેલું અને રહેવાસી મુંબઈનો હોવાનું જણાવેલું. આ સાહેદે સાહેબને જણાવેલુ કે આ માણસે તેમની દુકાનમાંથી ૫૦ નંગ ટાઈમ પીસ લીધેલા હતા તે છે. આ સાહેદને અમદાવાદ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીને વીડિયો કોન્ફરન્સ ટી.વી.સ્ક્રીન થકી ચાર–ચારની સંખ્યામાં અને ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીને વીડિયો કોન્ફરન્સ ટી.વી.સ્ક્રીન થકી ત્રણ ત્રણની સંખ્યામાં બતાવવામાં આવતા સાહેદ આરોપીને ઓળખી બતાવતા નથી અને જણાવેલ છે કે બનાવને દસ વર્ષનો સમય થઈ ગયેલો હોય અને આરોપીઓના દેખવામાં અને શરીરમાં ફેરફાર આવેલા હોવાથી આરોપીને ઓળખી શકતા નથી. આ સાહેદને સે.કે.નં.૩૬૫/૨૦૦૯ ના મુદ્દામાલ લિસ્ટ આંક–૩૩૫૧ ના આર્ટીકલ નં.૫ તથા સે.કે.નં.૩૪૮/૨૦૦૯ ના મુદ્દામાલ લિસ્ટ આંક–૨૦૭૮ ના આર્ટીકલ નં.૧૦ બતાવવામાં આવતા તે સમય કંપનીનું પ્રિન્સ બ્રાન્ડનું એલાર્મ ઘડિયાળ તેમને વેચેલાનું જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદને ગુજરાતી લખતા,વાંચતા કે બોલતા આવડતુ નથી તે કબૂલ કરે છે. અબ્દુલ રહેમાન સ્ટ્રીટ વેપારી કેન્દ્ર છે અને વેપારીથી ભરચક એરીયા છે તે કબૂલ કરે છે. આ સ્ટ્રેટમાં અનેક પ્રકારનો જુદો–જુદો માલ વેચાય છે અને ઘડિયાળોની ઘણી બધી દુકાનો આવેલી છે તે કબૂલ કરે છે. દુકાન ઉપરથી ઘણા લોકો છુટક અને જથ્થાબંધ ઘડિયાળો ખરીદે છે તે કબૂલ કરે છે. આ કેસ બાબતે પોલીસ પુછપરછ કરવા બે ત્રણ વખત આવેલી. પોલીસે બે વાર શેઠને બોલાવેલા અને બે વખત આ સાહેદને

બોલાવેલા તે કબૂલ કરે છે. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચની ઑફિસમાં આ સાહેદના શેઠે કયા દસ્તાવેજો રજૂ કરેલા તેની ખબર નથી. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચમાં બોલાવતા હતા ત્યારે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના માણસો પણ પુછપરછ કરતા હતા તે હકીકત નકારે છે. પોલીસે પુછપરછ કરી ત્યારે કોઈ દસ્તાવેજો બતાવ્યા હોય તેવુ બન્યુ નથી. આ સાહેદના શેઠે પોલીસને બીલ આપ્યુ ત્યારે કોઈ રસીદ પોલીસને આપેલી નથી. દુકાન ઉપર કઈ તારીખે કેટલા ગ્રાહકો આવેલા તેની અલગથી નોંધ રાખતા નથી. તા.૪.૭.૨૦૦૮ ના રોજ દુકાન ઉપર કોઈ ગ્રાહક સાથે જગડો થયો હોય તેવુ બન્યુ નથી. દુકાન ઉપર ઘણા લોકો આવતા જતા હોવાથી દરેકને યાદ રાખવાનું કોઈ કારણ હોતુ નથી પરંતુ સાહેદે એમ પણ જણાવેલુ છે કે કોઈ ગ્રાહક જથ્થાબંધ માલ લઈ જાય તો યાદ રહી જાય છે. સરતપાસમાં જણાવ્યા મુજબ તા.૪.૭.૨૦૦૮ ના રોજ કોઈ પણ આરોપીને આ સાહેદે કે પોતાના શેઠે ઘડિયાળો વેચી નથી તો તે હકીકત નકારી છે. તા.૬.૧.૨૦૦૯ ના દિવસે કોઈ પણ આરોપીને ઓળખ પરેડમાં ઓળખી બતાવેલા નથી તો તે હકીકત નકારેલી છે. પોલીસના કહેવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત પણ નકારેલી છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો મુંબઈ ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે શેઠને બોલાવી ધાક ધમકી આપી ખોટા દસ્તાવેજો બનાવડાવીને પોલીસે રજૂ કરાવેલા તો તે હકીકત પણ નકારેલી છે. આ સાહેદની જુબાનીને સાહેદ નં.૯૭૮ મોહમદ હનીફની જુબાનીથી પુરતુ સમર્થન મળે છે, આ આરોપી આ સાહેદની દુકાનેથી પ્રિન્સ ઘડિયાળો ખરીદીને લઇ ગયેલ હતો અને આજ ઘડિયાળોનો ઉપયોગ અમદાવાદમાં થયેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં કરેલો, બનાવો બન્યા બાદ સ્થળ ઉપરથી કબજે કરેલ ઘડિયાળો આ સાહેદોની દુકાનેથી આરોપીએ ખરીદેલી હતી જે સાહેદ ઓળખી બતાવે છે. આ ઉપરાંત આજ ઘડિયાળોનો ઉપયોગ સુરત ખાતે જે બોમ્બ પ્લાન્ટ કરવામાં આવેલા તેમાં પણ થયેલો છે તેમ ચોક્કસપણે આ પુરાવો જોતાં માલુમ પડે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ મુંબઈ અબ્દુલ રહેમાન સ્ટ્રીટ બોમ્બે મસ્જિદ બંદર ખાતે વલી મહંમદ રોશન એન્ડ

કંપની નામની દુકાનમાં નોકરી કરતા હતા અને તા.૪.૭.૨૦૦૮ ના રોજ આ કામના આરોપી નં.૩૧ આરીફ બદર કુલ–૩૪ નંગ પ્રીન્સ કંપનીની એલાર્મ ઘડિયાળ એક ઘડિયાળના રૂા.૯૮ લેખે ખરીદ કરીને લઈ ગયેલા હતા અને તા. ૭.૧.૨૦૦૯ ના રોજ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૮૮૯ ઈન્દ્રવીર વજુભા જાલા સમક્ષ આ સાહેદે આરોપી નં.૩૧ મહંમદ આરીફ અબ્દુલ બદરને ઓળખી બતાવેલો અને તે અંગેનું પંચનામુ આંક–૩૧૭૬ વાળુ કરવામાં આવેલ હતુ. આ સાહેદે પોતાની જુબાની દરમ્યાન તેમની દુકાનેથી વેચવામાં આવેલી ઘડિયાળ ઓળખી બતાવેલી છે પરંતુ જુબાની દરમ્યાન વીડિયો કોન્ફરન્સમાં ટીવી સ્ક્રીન ઉપર આરોપીને ઓળખવાનું કહેતા આ કેસના તમામ આરોપીઓને બતાવવામાં આવેલા પરંતુ દસ વર્ષનો સમય થઈ ગયેલ હોવાથી શરીરમાં ફેરફાર થયેલ હોય આરોપીને ઓળખી શકેલ નથી. આ કામના આરોપી નં.૩૧ નાઓએ આ સાહેદે તા.૭.૧.૨૦૦૯ ના રોજ મેજિસ્ટ્રેટ રૂબરૂ ઓળખેલા અને ત્યારબાદ ૧૦ વર્ષ પછી આ સાહેદે અદાલતમાં જુબાની આપેલી છે માટે સ્વાભાવિક છે કે આરોપીને ઓળખી શકે નહીં. એક કારણ એવું પણ છે કે આરોપીને મળવાનો પ્રસંગ આ સાહેદને ત્યારબાદ કયારેય બનેલો નથી માટે પણ ઓળખી શકે નહીં જેથી નહીં ઓળખવાનું કારણ વાજબી છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે અબ્બાસભાઈ ઈસ્માઈલભાઈ મુલતાનીને સાહેદ નં.૯૬૦ તરીકે આંક–૬૭૪૧ થી તપાસવામાં આવેલા છે અને આ સાહેદની જુબાનીની હકીકત આરોપી નં.૨૯ બાબતે ફરિયાદપક્ષ દ્વારા જે પુરાવો રજૂ થયેલો છે તેમા વિગતવાર ચર્ચા કરેલી છે જેથી ફરીથી પુનરાવર્તન કરવામાં આવતુ નથી. પરંતુ તપાસ કરનાર અધિકારી સાથે મદદમાં રહેનાર અધિકારી સાહેદ નં.૧૧૧૯ કે.એન. પટેલનાઓ તા.૧૭.૧૧.૨૦૦૮ ના રોજ આરોપી નં.૨૯ મહંમદ જાકીરને લઈ પંચો સાથે આરોપી નં.૨૯ નાઓએ આપેલ માહિતી મુજબ જગ્યાઓ બતાવવાની સ્વખુશી બતાવેલી અને આરોપી નં.૬૩ મહમદ તનવીર તથા આરોપી નં.૩૦ મહમદ સાદીક તથા હાલના આરોપી નં.૩૧ મહમદ આરીફ બદરનાઓએ વિસ્ફોટક ભરેલી કાર જે જગ્યાએ ઉભી રાખવાની

હતી તે જગ્યા બતાવેલી અને તેનુ પંચનામુ આંક–૬૭૪૨ વાળુ કરવામાં આવેલુ હતુ.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે નિમેષ ભાનુપ્રસાદ બ્રહ્મભટ્ટને સાહેદ નં. ૯૮૮ તરીકે આંક–૬૮૭૧ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ તા.૧૩/૧૨/૨૦૦૮ ના રોજ સાડા બાર પોણા એક વાગ્યાની વચ્ચે ક્રાઈમ બ્રાન્ચ પોલીસ સ્ટેશને ગયેલા. આ સાહેદ ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે ગયો ત્યારે એક સીંધી સાહેબ હતા અને એક આસીસ્ટન્ટ ચાવડા સાહેબ હતા અને ત્રણ ચાર માણસો હતા. એફ.એસ.એલ. ના સાહેબો ત્રિવેદી સાહેબ તથા હિંગળાજીયા સાહેબ પણ ત્યાં હતા. ત્યાં બોમ્બ બ્લાસ્ટના આરોપી મહંમદ આરીફ ઉર્ફે બદર હતો. ત્યાં સાહેબે કહેલું કે, આ આરોપી બોમ્બ બ્લાસ્ટનો આરોપી છે અને તેણે બોમ્બનું ડીવાઈસ ટાઈમર સેટ કરેલું અને તે અંગેનું પંચનામુ કરવાનું છે તો પંચમાં રહેશો? તો "હા" પાડેલી. આ સાહેદ સાથે બીજા એક ભાઈ હિતેષભાઈ હતા તેમને પણ પોલીસે પુછેલું.

સાહેદ વધુમાં જણાવે છે કે, મહમદભાઈએ ત્યાં ડેમો આપવા માટે તેઓએ નાની ઘડિયાળ મંગાવેલી. આ ઉપરાંત તેમણે ૯ વોલ્ટની બેટરી મંગાવેલી, એક એડપ્ટર મંગાવેલું. બલ્બ મંગાવેલો અને શોલ્ડર મશીન મંગાવેલું તેમજ સ્ક્રુ ડ્રાઈવર મંગાવેલું. આ બધુ જે સ્થળે હતા તે સ્થળ ક્રાઈમ બ્રાન્ચની ઑફિસ હતી. આ વસ્તુ મંગાવ્યા પછી આરોપીએ કહેલું કે હું તમોને ડેમો કરી બતાવું છું ત્યારબાદ તેણે ડેમો કરી બતાવેલો.

સાહેદ વધુમાં જણાવે છે કે સૌપ્રથમ તેણે એલાર્મ ઘડિયાળ લીધેલું અને તેને પાછળથી સ્ક્રુ ડ્રાઈવર વડે ખોલેલું અને તેની અંદર મશીનથી બે વાયર શોલ્ડર વડે જોઈન્ટ કરેલા અને ત્યારપછી તેણે ઘડિયાળ બંધ કરેલી અને જે ૯ વોલ્ટની બેટરી હતી તેમાં પ્લસ માઈનસનું નિશાન હતું તેમાં તે વાયરો જોઈન્ટ કરેલા અને તેમાંથી એક વાયર બલ્બમાં આપેલો આ ડેમો જોયેલો. તેણે તેમાં ટાઈમર ફીટ કરેલું અને ઘડિયાળમાં ૧૧.૫૫ નો ટાઈમ ફીટ કરેલો ત્યારપછી તેણે પાંચ મિનિટ કહેલી અને પાંચ મિનિટ પછી તેનું ટાઈમર અને બલ્બ ઓન થઈ

જાય અને ચાલુ બંધની સર્કીટ ચાલુ થઈ જાય. ત્યાં એફ.એસ.એલ.ના સાહેબો હતા તેમણે આ બધી વસ્તુઓ ભેગી કરેલી અને એક ડબ્બામાં મુકેલી અને ત્યારપછી તેને ચારેય બાજુ દોરી વડે બાંધી એક સ્લીપમાં સહી કરાવેલી. સ્લીપ મુકી પાછી તેને દોરી વડે બાંધેલી અને લાખને ગરમ કરી તેની ઉપર મુકીને પોલીસને (ક્રાઈમનો) સિક્કો કરી સાહેબે તેમની પાસે રાખેલી અને એફ.એસ. એલ. ના સાહેબોએ કહેલું કે તેને એફ.એસ.એલ. મા ચેક કરવા માટે મોકલી આપજો.

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ આરોપીએ સાહેબ પાસે એક કોરો કાગળ, કુટપટ્ટી, રબ્બર, પેન્સિલ માંગેલા. ત્યારપછી કાગળ ઉપર તેણે ડ્રોઈંગ કરેલું. ડ્રોઈંગ એટલે ચિત્ર અને તેણે એક કાગળમાં ઘડિયાળ દોરેલી પછી નીચે બેટરી દોરેલી અને ઘડિયાળમાં કાંટા દોરેલા અને તેમાં કલાકના આંકડા લખેલા અને બેટરી ઉપર આરોપીએ ચિત્રમાં પ્લસ–માઈનસ દોરેલું. તે રીતેનું ડ્રોઈંગ દોરીને આ સાહેદને બતાવેલું અને ત્યારબાદ સાહેબને બતાવેલું.

સાહેદ વધુમાં જણાવે છે કે આ બધી પ્રક્રિયા ત્યાં બે વાગ્યા સુધી ચાલેલી. આ બધી ઘટના બન્યા પછી ઘટના જોઈને પંચનામુ લખાવડાવેલું. આંક–૫૫૮૭ વાળા પંચનામામાં સાહેદ પોતાની તથા હિતેષભાઈની તથા રૂબરૂ તરીકે પોલીસના સાહેબની સહીઓ ઓળખી બતાવે છે. આ સાહેદ સે.કે. નં. ૩૩૪/૨૦૦૯ ના મુદ્દામાલ લિસ્ટના અનુ.નં.૨૩ વાળુ ચિત્ર જોઈને જણાવેલ છે કે આ ચિત્ર તેમની હાજરીમાં દોરેલુ અને તેમાં આ સાહેદ પોતાની તથા હિતેષભાઈની સહીઓ ઓળખી બતાવે છે. તેમજ સદર પંચનામામાં તથા ચિત્રમાં એફ.એસ.એલ. અધિકારીશ્રી હિંગળાજીયા તથા શ્રીત્રિવેદીનાઓની સહીઓ પણ ઓળખી બતાવે છે.

વધુમાં સાહેદને સે.કે.નં.૩૩૪/૨૦૦૯ ના મુદ્દામાલ લિસ્ટ આંક–૩૨૦૩ ના અનુક્રમ નં.૨૩ વાળો મુદ્દામાલ બતાવવામાં આવતા તે પ્લાસ્ટિકનું બોક્ષમાંથી નીકળેલ એક ઘડિયાળ તથા એક ૯ વોલ્ટની બેટરી તેમજ વાયર સાથેનો બલ્બ તથા વાયર સાથેનું એડપ્ટર તેમજ બોક્ષમાંથી એફ.એસ.એલ. ની

પીળા કલરની સ્લીપ નીકળેલી છે જેની ઉપર ડીએફએસ/ઈઈ/૨૦૦૮/પી/૧૯૭ પાર્સલ ૧ એક્ઝીબીટ ૧ થી ૪ લખેલ તેમજ એક પંચ સ્લીપ ઓળખી બતાવેલ છે. આંક–૬૮૭૨ વાળી પંચ સ્લીપમાં સાહેદ પોતાની તથા હિતેષભાઈની તથા રૂબરૂ તરીકે સાહેબની સહીઓ ઓળખી બતાવે છે. આ સાહેદને આરોપી મહંમદ આરીફ ઉર્ફે બદરને બતાવવામાં આવતા તેને ઓળખી શકતા નથી અને જણાવે છે કે આરોપીને જોયે ૧૦ વર્ષની સમય થઈ ગયેલો હોય આરોપીને ઓળખી શકે નહીં.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદે પંચનામામાં સહી કરી તે દિવસે છાશ વેચવા નીકળેલા નહીં પરંતુ એક સબંધીની ખબર કાઢવા ગયેલા હતા. વી.એસ.હોસ્પિટલમાં સંબંધીની ખબર કાઢવા ગયા ત્યારે સવારના ૮ થી ૧૦ વાગ્યા સુધી દર્દીઓને મળવા દેવામાં આવતા હોય તો ખબર નથી. હોસ્પીટલમાંથી મણીનગર જતા હતા ત્યારે જમાલપુર બ્રીજ પાસે કુલ બજાર નજીક પોલીસે રોકેલા. મણીનગર થી ક્રાઈમ બ્રાન્ચની ઑફિસ કેટલા કી.મી. દુર છે તેની ખબર નથી. ઈલેકટ્રીશીયનનો અભ્યાસ કરેલો નથી. ઘડિયાળ મેન્યુફેકચરીંગ કે રીપેરીંગનો ડીપ્લોમાં જેવો કોઈ કોર્સ કરેલો નથી. એક્ષપ્લોજીવ વસ્તુઓનો અભ્યાસ કરેલો નથી. ડીટોનેટર નામની વસ્તુ શું હોય અને તેની શું કામગીરી હોય છે તેની ખબર નથી. પંચનામામાં સહી કરી તે પહેલા ડીટોનેટર વિશે માહિતી ન હતી. ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે પહોંચ્યા ત્યારે બે સાહેબો બેઠેલા હતા અને એફ.એસ.એલ.ના બે સાહેબો પણ હતા તથા આરોપી હતો. બીજા પંચ હિતેષભાઈ કયાં રહે છે તેની ખબર નથી. આ સાહેદની હાજરીમાં સાહેબે ચીજવસ્તુ લાવવાનું કહેલુ અને પોલીસવાળા લઈને આવેલા કયાંથી લઈ આવેલા તેની ખબર નથી. ચીજવસ્તનું કોઈ બીલ રજૂ કરેલ નહીં. એફ.એસ.એલ.ના અધિકારીઓ કયારે આવેલા અને કેટલા વાગે આવેલા તેની ખબર નથી. મહમદ આરીફ નામની વ્યકિત પોલીસ કસ્ટડીમાં કયારથી હતી અને કેટલા દિવસથી હતી તે જાણવા મળેલુ નહીં. સ્થળ ઉપર પહોંચતા પહેલા એફ.એસ.એલ.ના અધિકારીઓએ શું કામગીરી કરેલી તેની માહીતી આપવામાં આવેલી નહીં.

પંચનામામાં ઘડિયાળ, એડેપ્ટર, ૯ વોલ્ટની બેટરી, બલ્બ આ ચાર વસ્તુ લખેલી છે તે કબૂલ કરે છે. સ્ક્રુ ડ્રાઈવરો અને વાયરો રૂમમાં હતા તો તે હકીકત નકારી છે. ડ્રોઈંગ કોને કહેવાય તેની ખબર નથી. ડ્રોઈંગના સાધનોની જાણકારી નથી. જુબાનીના દિવસે જે મુદ્દામાલ જોયો તેની ઉપર પંચનામુ કરતી વખતે કોઈ નિશાની કરેલ નથી તે કબૂલ કરે છે. પોલીસના સમજાવવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આંક–૫૫૮૭ વાળુ પંચનામુ તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ સરખેજ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં.૧૮૧/૨૦૦૮ ના કામે તા.૧૩.૧૨.૨૦૦૮ ના રોજ આ સાહેદ તથા બીજા પંચ હીતેષભાઈની હાજરીમાં ક્રાઈમ બ્રાન્ચની ઑફિસમાં બનાવેલુ હતુ. આ સાહેદ તથા બીજા પંચને તપાસ કરનાર અધિકારીએ ક્રાઈમ બ્રાન્ચની ઑફિસમાં પંચમાં રહેવા બોલાવેલા તે વખતે આ કેસના આરોપી નં.૩૧ મહમદ આરીફ બદર ત્યાં હાજર હતા અને તેને ડેમોસ્ટ્રેશન કરી આપવાનું જણાવેલુ જેથી તપાસ કરનાર અધિકારીએ પંચોની હાજરીમાં એક નાની ઘડિયાળ, નવ વોલ્ટની બેટરી, એડપ્ટર, બલ્બ, સોલ્ડર મસીન, સ્ક્રુ ડ્રાઈવર મંગાવેલુ. ત્યારબાદ આ વસ્તુઓ મંગાવ્યા પછી આરોપી નં.૩૧ નાઓએ જણાવેલુ કે હું ડેમો કરી બતાવુ છું. ત્યારબાદ આરોપીએ એક કોરો કાગળ, કુટપટી, રબર, પેન્સિલ મંગાવેલા અને કાગળ ઉપર ડ્રોઈંગ કરેલુ હતુ. આ અંગેનુ પંચનામુ આ સાહેદની હાજરીમાં આંક–૫૫૮૭ વાળુ બનાવેલુ હતુ.

આંક–૫૫૮૭ વાળુ પંચનામુ કરનાર તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાની જુબાનીના પેરા નં.૧૮.૩ ધ્યાને લઈએ તો તેઓ જણાવે છે કે રીમાન્ડ ઉપરના આરોપી મહમદ આરીફ બદરનાઓએ બોમ્બમાં ટાઈમર ફીટ કરી આપવાનું ડેમોસ્ટ્રેશન કરી બતાવવાનું જણાવેલુ જેથી બે પંચોના માણસો ક્રાઈમ બ્રાન્ચની ઑફિસમાં બોલાવેલા. ત્યાં બે એફ.એસ.એલ. ના અધિકારીઓને પણ બોલાવવામાં આવેલા. પંચો તથા એફ.એસ.એલ. ના અધિકારીઓની હાજરીમાં આરોપીનુ નામ પુછવામાં આવેલુ તો તેણે તેનુ નામ

"મહમદ બદર" જણાવેલુ તથા તેને બોમ્બમાં ફીટ કરવાની ટાઈમર ડીવાઈસનું ડેમોસ્ટ્રેશન કરી આપવાનું જણાવતા તેણે માગ્યા મુજબની વસ્તુઓ કાગળ, કુટપટી વિગેરે લાવી આપેલુ અને કાગળ ઉપર તેને એક ડાયોગામ તૈયાર કરેલો અને ટાઈમર ડીવાઈસ તૈયાર કરેલુ ત્યારબાદ તેને કાગળમાં મુકી પંચોની સહીવાળી સ્લીપ મુકી સીલ કરેલુ. તે અંગેનુ પંચનામુ બનાવવામાં આવેલુ જે આંક–૫૫૮૭ વાળા પંચનામામાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે તથા આંક–૬૮૭૨ વાળી પંચ સ્લીપમાં પણ રૂબરૂ તરીકે આ સાહેદ પોતાની તથા પંચોની સહી ઓળખી બતાવે છે. આ સાહેદની ઊલટતપાસના પેરા–૫૬ ધ્યાને લઈએ તો પંચનામુ શરૂ કર્યુ ત્યારે એફ.એસ.એલ.ના અધિકારીઓ હાજર હતા તે કબૂલ કરે છે. તે અધિકારીઓ અમદાવાદની કચેરીના હતા કે ગાંધીનગરની કચેરીના હતા તે કહી શકે તેમ નથી. આ અધિકારીઓ પંચનામુ શરૂ કરતા પહેલા કેટલો સમય અગાઉથી આવેલા તે કહી શકે નહીં. એડેપ્ટર એલારામ ઘડિયાળ ૯ વોલ્ટની બેટલી વિગેરે વસ્તુઓ કોણ લાવેલુ તેનો ઉલ્લેખ પંચનામામાં નથી તે કબૂલ કરે છે. શોલ્ડર મશીન તથા સ્ક્રુ ડ્રાઈવર પંચનામુ શરૂ કરતા પહેલા ત્યાં હાજર હતા કે કેમ તે યાદ નથી. પંચનામાની સાથે જે ડાયાગ્રામ ચીત્ર છે તે કેટલા સમયમાં તૈયાર થયેલુ તે યાદ નથી. આંક–૫૫૮૭ વાળુ પંચનામુ પંચોની હાજરીમાં આરોપીના કહેવાથી બનાવેલુ નથી એ હકીકત નકારે છે. ઊલટ તપાસના પેરા ૧૪૨ ધ્યાને લઈએ તો આંક–૫૫૮૭ વાળુ પંચનામુ સુરત મુકામે જે બોમ્બ મુકવાના બનાવો બનેલા ત્યારપછી બનાવવામાં આવેલુ તે કબૂલ કરે છે. ડાયોગ્રામ બનાવનાર આરોપી છે તે બતાવવા તેની ઉપર આરોપીની સહી લીધી નથી તે કબૂલ કરે છે. ડાયોગ્રામ આરોપીએ બનાવેલુ નથી પરંતુ બીજા કોઈ માણસ દ્વારા તૈયાર કરાવેલાની હકીકત નકારે છે.

આંક–૫૫૮૭ વાળુ પંચનામુ તપાસ કરનાર અધિકારીએ બનાવ્યુ ત્યારે એફ.એસ.એલ.અધિકારી સાહેદ નં.૮૩૦ અમૃત વશરામભાઈ હીંગરાજીયા તથા સાહેદ નં.૮૩૫ હીતેષ જયંતીલાલ ત્રિવેદીનાઓ પણ હાજર હતા. આ બાબતે સાહેદ નં.૮૩૦ અમૃત હીંગરાજીયાની જુબાની ધ્યાને લઈએ તો આ

હકીકત તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે તા.૧૩.૧૨.૨૦૦૮ ના રોજ આ સાહેદ તથા તેમની સાથેના અધિકારી એચ.જે.ત્રિવેદીનાઓ ક્રાઈમ બ્રાન્ચ ખાતે મૌખિક સુચનાથી એમ.જે.ચાવડા સાહેબને મળવા ગયેલા ત્યારે ત્યાં એક હાજર આરોપી મહમદ આરીફ બદરનાઓએ બોમ્બ બ્લાસ્ટમાં વપરાયેલ ટાઈમર સરકીટ બનાવેલી અને તેનુ ડેમોસ્ટ્રેશન પંચનામુ કરવાનું હતુ જેથી મયુર ચાવડાએ બે પંચોને બોલાવેલા અને આરોપીની માગણી મુજબ કોરા કાગળ પેન્સિલ વિગેરે વસ્તુઓ આપેલી અને ડ્રોઈંગ જેવુ ચિત્ર બનાવેલુ અને તેની નીચે ડીટોનેટરનુ ચિત્ર બનાવેલુ, ઘડિયાળ સાથે તેની સરકીટ સેટ થાય તે રીતે ચિત્ર બનાવેલુ ત્યારબાદ એક એલાર્મ ઘડિયાળ, નવ વોલ્ટની બેટરી વિગેરે આપેલા અને શોલ્ડરથી બલ્બ દ્વારા સરકીટ થાય તે રીતે જોડેલા અને પંચનામુ આંક–પપ૮૭ વાળુ બનાવેલુ જેમાં આ સાહેદે પોતાની તથા બીજા અધિકારી હિતેશ જયંતીલાલ ત્રિવેદીની સહી ઓળખી બતાવે છે.

આ આરોપી નં. ૩૧ મહંમદ આરીફ ઉર્ફે આરીફ બદર ઉર્ફે લદન બદરૂદીન શેખ ઉર્ફે જુમ્મન શેખે ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઈન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે તે પ્રશ્નના જવાબમાં તેને ફરિયાદપક્ષના પુરાવા સંબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના બચાવ માટે જે હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦ મા જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

આ ઉપરાંત આ આરોપીએ મદદનીશ પોલીસ કમીશનર તપાસ ટીમ ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદના સુશ્રી ઉષા રાડાનાઓએ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ અમદાવાદને આ આરોપીની ઓળખ પરેડ માટે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ કોર્ટમાં હાજર રાખવા હુકમ થવા જે પત્ર લખેલો તેની પ્રમાણીત નકલ આંક–૯૨૧૦ થી રજૂ કરેલી છે. આ પત્ર મુજબ તા.૬.૧૦.૨૦૦૯ ના રોજ કલાક ૧૬.૩૦ વાગે આ આરોપીને ઓળખ પરેડ કરવા માટે સમય આપેલ હોવાથી પોલીસ જામા સાથે આરોપીને રજૂ કરવા જેલરશ્રી સાબરમતી સેન્ટ્રલ જેલને હુકમ

કરવા માટેનો પત્ર છે તેની સાથે તા.૧.૧.૨૦૦૯ ના રોજ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ નાઓએ કરેલ હુકમની પ્રમાણીત નકલ પણ રજૂ છે તે ધ્યાને લેતા આંક–૯૨૧૦ ના પત્ર આધારે આરોપીની ઓળખ પરેડ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૨ ઘી કાંટા, અમદાવાદ ખાતે તા.૭.૧.૨૦૦૯ ના રોજ કલાક ૧૬.૩૦ વાગે રાખેલ હોવાથી આરોપીને હાજર રાખવા આદેશ કરેલો છે. આ સિવાય અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવા આ આરોપીએ રજૂ કરેલા નથી.

આરોપી નં.૩૧ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૧૦૦૫, ૯૭૮, ૯૭૯, ૯૬૦, ૫૮૯, ૮૩૦, ૯૮૮, ૭૮૬, ૭૮૭, ૭૯૦, ૭૯૨, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતા આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, સાહેદ નં.૯૭૯ દશરથ પાટીલ, સાહેદ નં.૯૭૮ મહંમદ હનીફ રોશનનાઓની જુબાનીની ચર્ચા અગાઉ કરેલી છે માટે તેનુ પુનરાવર્તન કરવુ નથી તેમ જણાવે છે. પરંતુ આ બંને સાહેદોની જુબાનીઓ ધ્યાને લેતા આ આરોપી આ સાહેદોની દુકાન ઉપરથી ઘડિયાળો લઈ ગયાનું પુરવાર થતુ નથી. સાહેદ નં.૯૧૯ કલ્પેશ ઠાકુરની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરે છે કે, આ સાહેદની હાજરીમાં ડેમોસ્ટ્રેશન પંચનામુ આંક–૬૫૪૬ વાળુ કરવામાં આવેલુ છે. સાહેદના કહેવા પ્રમાણે પોલીસ સ્ટેશનમાં કુલસીંહભાઈ એક ડબ્બામાં ઘડિયાળ લઈને આવેલા પરંતુ તે કયાંથી લાવેલા તે અંગે પુરાવો નથી. પંચ સાહેદને ઘડિયાળનું કોઈ જ્ઞાન નથી તે કબૂલ કરે છે તેમની હાજરીમાં ડબ્બાનુ સીલ તોડેલુ નથી. જેથી આ પંચનામુ અને સાહેદની જુબાની માની શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદને ઘડિયાળોનું જ્ઞાન ન હોવાના કારણે આ સાહેદ પંચમાં રહી શકે નહીં તેવો

કોઈ કાનૂની નિયમ નથી. પંચનામામાં કોઈપણ વ્યકિત રહી શકે છે, ઘડિયાળોનું જ્ઞાન હોવુ જરૂરી નથી. વધુમાં દલીલ કરતા જણાવવામાં આવે છે કે, ડેમોસ્ટ્રેશન પંચનામાની જે કાર્યવાહી થઈ તેની ફોટોગ્રાફી કરવામાં આવેલી નથી પરંતુ મારા મત પ્રમાણે ફોટોગ્રાફી નહીં કરવાથી ડેમોસ્ટ્રેશન પંચનામુ કરેલુ નથી તેવી હકીકત માની શકાય નહીં. વધુમાં દલીલ કરવામાં આવેલ છે કે, સુરત બોમ્બ પ્લાન્ટેશનના કેસોમાં ટાઈમર વોચનો ઉપયોગ થયેલ નથી અને પોલીસ કસ્ટડીમાં થયેલુ ડેમોસ્ટ્રેશન પુરાવાના કાયદા હેઠળ ગ્રાહ્ય નથી. સાહેદ નં.૯૮૮ નિમેશ બ્રહ્મભટ્ટની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરવામાં આવેલ છે કે, આ સાહેદની હાજરીમાં આરોપીએ ડીવાઈસ ટાઈમર સેટ કરેલુ તેવો આક્ષેપ છે અને આંક–૫૫૮૭ વાળુ પંચનામુ બનાવવામાં આવેલુ પરંતુ આવુ જ ડેમોસ્ટ્રેશન ૧૫ દિવસ અગાઉ સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમારે કરેલુ હતુ. આ ડેમોસ્ટ્રેશનની લેખિત નોટસ બનાવવામાં આવી નથી. આ ડેમોસ્ટ્રેશનના પંચનામાથી આરોપીની સંડોવણી સાબીત થતી નથી. પરંતુ મારા મત પ્રમાણે આરોપીએ બોમ્બની અંદર ટાઈમર સેટ કેવી રીતે કરવું તેનુ ડેમોસ્ટ્રેશન કરેલુ છે તે અંગેનું જ્ઞાન આરોપીને છે. જેથી આરોપીની વર્તણૂક પુરાવામાં ગ્રાહય છે. સાહેદ નં.૮૩૦ અમૃતલાલ હિંગરાજીયાની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરવામાં આવેલ છે કે ડેમોસ્ટ્રેશન પંચનામામાં હાજર રહેવા માટે ઉપલી અધિકારીઓએ મૌખિકમાં જણાવેલુ છે પરંતુ લેખિતમાં હુકમ થયેલો નથી અને પંચનામામાં એફ.એસ.એલ. અધિકારીની સહી નથી. મારા મત પ્રમાણે પંચનામામાં એફ.એસ.એલ. અધિકારીની સહી ન હોવાના કારણે પંચનામા વખતે આ સાહેદ હાજર ન હતા તેમ કહી શકાય નહીં. સરકીટ કેવી રીતે તૈયાર કરવી તેનુ જ્ઞાન આ આરોપીએ જાહેર કરેલુ છે અને આ જ્ઞાન તેને એફ.એસ.એલ. અધિકારીની હાજરીમાં જાહેર કરેલુ છે. સાહેદ નં.૯૭૮, ૯૭૯ નાઓ દ્વારા આરોપીની ઓળખ પરેડ થયેલી તે બાબતે દલીલ કરતા જણાવવામાં આવે છે કે, આ બંને સાહેદો ઓળખ પરેડના દિવસે તરત જ પાછા મુંબઈ જતા રહેલા છે, ઓળખ પરેડ સાતમી તારીખે થયેલાનુ જણાવે છે. પરંતુ મારા મત પ્રમાણે ઓળખ પરેડ થયા પછી ઘણા વર્ષો પછી

સાહેદોએ જુબાની આપેલી હોવાથી તારીખોમાં ભૂલ થઈ શકે તેનો અર્થ એવો નથી કે આ સાહેદો દ્વારા આરોપીની ઓળખ પરેડ થયેલી નથી. વકીલશ્રી એલ.આર. પઠાણ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી આ કહેવાતા ગુનાઓમાં સંડોવાયેલો નથી. પરંતુ ઉપર વિગતે જે પુરાવા રજૂ થયા છે તે ધ્યાને લેતા આ આરોપી આ કહેવાતા ગુનામાં સંડોવાયેલો છે તેમ હું માનુ છું.

આરોપી નં.૩૨ આસીફ ઉર્ફે હસન બશીરૂદ્દીન શેખનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૩૨ આસીફ ઉર્ફે હસન બશીરૂદ્દીન શેખનાઓ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ જુદી-જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી-જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા-જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમને કઈ-કઈ ભૂમિકા ભજવેલી છે તે સાબિત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે તે મુજબઃ-

ફરિયાદપક્ષ દ્વારા આ કામે અખ્તરમહંમદ હનીફ મેમણને સાહેદ નં.૯૬૫ તરીકે આંક-૬૭૭૬ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓની ઑફિસ મયુર પંપ, શોપ નં.બી/૧, શીતલ પેટ્રોલ પંપની સામે, કોન્ડવા ખુર્દ, પુના ખાતે આવેલી છે અને છેલ્લા પંદર-સત્તર વર્ષથી રીયલ એસ્ટેટની દલાલીનું કામ કરે છે. પોલીસે તા.૨૧.૧૨.૨૦૦૮ ના રોજ તેમનુ નિવેદન લીધેલું. પુના ખાતે ડૉ.અનવર બાગવાન તથા તેનો ભાઈ આસીફઉલ હસન શેખનાઓએ ભાડા ઉપર ફ્લેટ લીધો હતો. આ ફ્લેટ નં.૩૦૨, એચ બિલ્ડિંગ, અશોક મ્યૂઝ, કોન્ડવા ખુર્દ ખાતે હતો. આ સાહેદ ફ્લેટના કેર ટેકર હતા અને તેના માલીક રેઝા નાબાતીયન હતાં. આ સાહેદનો એક મિત્ર

આસ્ફાક સૈયદ પણ રીયલ એસ્ટેટની દલાલીનું કામ કરે છે તેનો આ સાહેદ ઉપર ફોન આવેલો કે "તારી પાસે ફ્લેટ છે એક કસ્ટમર આવેલા છે". ત્યારપછી આ લોકો આ સાહેદની ઑફિસ ઉપર આવેલા. આ અસ્ફાક સૈયદની સાથે ફ્લેટ લેવા વાળા બે માણસો પણ સાથે હતા. તે પૈકી એકનું નામ અનવર બાગવાન જણાવેલું જેને ફ્લેટ લેવાનો હતો. જેથી આ સાહેદ ઉપર જણાવ્યા મુજબના ફ્લેટ ઉપર આ લોકોને લઇને ગયેલો. તેઓને ફ્લેટ બતાવેલો અને આ ફ્લેટની ડીપોઝીટ રૂા.૩૦,૦૦૦/– જણાવેલું અને ભાડું રૂા.૯,૦૦૦/– જણાવેલું. ત્યારબાદ તેની સાથે રૂા.૧૦,૦૦૦/– નું કમિશન નક્કી કરેલું. ત્યારપછી તે લોકોએ કહેલું કે બે ત્રણ દિવસ પછી જણાવીશું.

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારપછી બે–ત્રણ દિવસ પછી અસ્ફાક સૈયદનો આ સાહેદ ઉપર ફોન આવેલો અને તેણે જણાવેલું કે તે વ્યક્તિનો ભાઇ આવેલો છે અને તેને ફ્લેટ બતાવવાનો છે. ત્યારબાદ તે વ્યક્તિનો ભાઇ આવેલો અને તેણે તેનું નામ આસીફ હસન શેખ જણાવેલું અને તેને લઇને ફ્લેટ ઉપર ગયેલા અને ફ્લેટ બતાવેલો. ફ્લેટ જોયા પછી તેણે કહેલું કે ફાઇનલ કરવું છે તો આ સાહેદે જણાવેલુ કે હવે માલીક પાસે જવું પડશે. ત્યારબાદ ફ્લેટના માલીક રેઝા નાબાતીયનને ત્યાં ઇમામવાડા કેમ્પ ખાતે લઇને ગયેલા. ત્યાં અનવર બાગવાને જણાવેલું કે "આ મારો ભાઇ છે અને તે અભ્યાસ કરે છે અને હું ડૉક્ટરી કરૂ છું અને અમારે કુટુંબ સાથે રહેવા માટે ફ્લેટ જોઇએ છે". જેથી મકાન માલીકે એગ્રીમેન્ટ કરવાનું જણાવેલું અને એગ્રીમેન્ટ કર્યા પછી મકાનની ચાવી સોંપવાનું જણાવેલું. આ વખતે પણ ડીપોઝીટ અને ભાડાની રકમ અગાઉ ચર્ચા થાય મુજબ નક્કી થયેલી. ત્યારબાદ આ લોકો સાથે એગ્રીમેન્ટ કરેલું અને ફ્લેટની ચાવી જુલાઇ–૨૦૦૭ મા આપેલી. જ્યારે ચાવી આપેલી ત્યારે તે વ્યક્તિએ ડીપોઝીટની રકમ રૂા.૩૦,૦૦૦/– માલીકને આપેલી અને એક મહિનાનું ભાડું આપેલું અને આ સાહેદને રૂા.૧૦૦૦૦/– કમિશન આપેલું. આ કમિશન આ સાહેદે તથા અસ્ફાક સૈયદે રૂા.૫૦૦૦–રૂા.૫૦૦૦/– વેંચી લીધેલું. આ વ્યક્તિ સાથે ૧૧ મહિના માટે એગ્રીમેન્ટ કરેલું અને તે એગ્રીમેન્ટ સમય પુરો થવા આવ્યો

ત્યારે તે વ્યક્તિએ એગ્રીમેન્ટનો સમય લંબાવવા માટે જણાવેલું તો કહેલું કે માલીકને મળવું પડશે. ત્યારપછી તેઓએ ત્રણ–ચાર મહિનાનું ભાડું આપેલું અને તે ભાડુ માલીકને આપેલું અને ત્યારપછી અનવર બાગવાને જણાવેલું કે, હું બહાર જાઉ છું અને મારો ભાઇ ફ્લેટમાં રહેશે અને તે ભાડુ આપશે.

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ તા.૨૧.૧૨.૨૦૦૮ ના રોજ ફ્લેટના માલીકનો ફોન આવેલો અને જણાવેલું કે ફ્લેટમાં કંઇક પ્રોબ્લેમ થયેલો છે અને પોલીસ આવેલી છે અને તમને બોલાવે છે. તે પોલીસ બોમ્બેની હતી. ત્યારબાદ આ સાહેદ તે ફ્લેટ ઉપર ગયેલા. ત્યાં એક સાહેબ હતા, એક મેડમ હતાં અને બીજા પોલીસના માણસો હતા. તે પોલીસના સાહેબોએ ફ્લેટના માલીક સાથે વાતચીત કરેલી અને ત્યાં બધાને એરેસ્ટ કરેલા કારણ કે ફ્લેટમાંથી બ્લાસ્ટીંગનો સામાન મળેલો હતો આ બાબતે મુંબઇ પોલીસે નિવેદન નોંધેલું અને તે વખતે થયેલું એગ્રીમેન્ટ બતાવેલું અને પોલીસે ફ્લેટ સીલ કરેલો.

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ જાન્યુઆરી મહિનામાં પોલીસના એક માણસ આ સાહેદ પાસે ચિઠ્ઠી લઇને આવેલા અને કહેલું કે આ તારીખે આ ચિઠ્ઠી લઇને અમદાવાદ કોર્ટમાં આવવાનું છે. જેથી આ સાહેદ અમદાવાદ ખાતે કોર્ટમાં આવેલા. ત્યાં તેમને બેસાડેલા અને ત્યારપછી ઘણા સમય બાદ ઉપરના માળે લઇ ગયેલાં. આ સાહેદ સાથે ફ્લેટના માલિકને પણ બોલાવેલા હતા અને તેઓ બંને સાથે આવેલા હતાં. કોર્ટમાં પહેલા માલીકને બોલાવેલાં અને ત્યારપછી આ સાહેદને બોલાવેલા. માલીકને પહેલા બોલાવ્યા પછી ૧૫–૨૦ મિનિટ બાદ તેમને મોકલી દીધેલા અને પછી આ સાહેદને બોલાવેલા. ત્યાં કોર્ટમાં સાહેબ હતા, બીજા માણસો પણ હતા અને બીજા પાંચ–છ માણસો ત્યાં હતાં. ત્યાં સાહેબે નામ પુછેલું, આઇ.ડી. પ્રુફ માંગેલું જેથી ડ્રાઇવીંગ લાયસન્સ આપેલું. સાહેબે કહેલું કે આમાંથી તમે જેને ઓળખતા હોય તેનો હાથ પકડીને બહાર લઇ આવો. જેથી આ સાહેદે તે માણસોમાંથી એક માણસનો હાથ પકડીને બહાર લઇ આવેલા. સાહેબે પુછેલું કે આને તમે કેવી રીતે

ઓળખો ? તો જણાવેલું કે આને ફ્લેટ ભાડે અપાવેલો હતો. તેનું નામ આસીફ ઉર્ફે હસન શેખ જણાવેલું. પછી આ સાહેદને બહાર મોકલેલો.

સાહેદને અમદાવાદ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીને વીડિયો કોન્ફરન્સ ટી.વી.સ્ક્રીન થકી ચાર,ચારની સંખ્યામાં અને ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીને વીડિયો કોન્ફરન્સ ટી.વી.સ્ક્રીન થકી ત્રણ–ત્રણની સંખ્યામાં બતાવતા સાહેદ આરોપીને ઓળખી શકતા નથી.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદને ગુજરાતી આવડતુ નથી તે કબૂલ કરે છે. મુંબઈ પોલીસે જે નિવેદન લીધેલુ તે નિવેદન લેનાર સાહેબને જાણતા નથી. નિવેદનમાં નામા આસીફ ઉલ હસન જણાવેલુ નથી પરંતુ માત્ર હસન જણાવેલુ છે તો તે હકીકત નકારી છે. પોલીસ અને મકાન માલીક વચ્ચે શું વાતચીત થયેલી અને ફ્લેટમાંથી શું મળેલુ તો તે જાણતા નથી તે હકીકત નકારી છે. ફ્લેટમાં રહેવાવાળા કેવા હતા તેનુ વર્ણન પોલીસને લખાવેલુ નથી તે કબૂલ કરે છે. મુંબઈ પોલીસ આવી ત્યારે આ સાહેદ સાથે ફ્લેટના માલીક હતા. અમદાવાદની પોલીસે નિવેદનમાં શું લખ્યુ તેની ખબર નથી તો તે હકીકત નકારી છે. ફ્લેટમાં રહેવાવાળા નિયમીત ભાડુ આપતા હતા તે કબૂલ કરે છે. આ લોકો ફ્લેટમાં રહયા તે દરમ્યાન તેઓ ખોટુ કામ કરે છે તેવી જાણકારી મળેલી નહીં તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે આ લોકો ખોટુ કામ કરતા હોય તો તેની જાહેરાત ન કરે અને ખોટુ કામ કરતા હોય તો તે કામની બીજા કોઈને માહિતી ન મળે તેની પણ કાળજી રાખતા હોય છે માટે ફ્લેટમાં રહેવાવાળા ખોટુ કામ કરતા હોવાની માહિતી આ સાહેદને ન મળે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો અમદાવાદથી એક સાહેબ ચીઠ્ઠી લઈને આવેલા તેમને ઓળખતા નથી. તે ચીઠ્ઠીમાં કોર્ટનું નામ લખેલુ હતુ. અમદાવાદ મુકામે આ સાહેદ તથા ફ્લેટના માલીક રેઝા નબાતીયન આવેલા. કોર્ટમાં ઓળખવા માટે ગયા ત્યારે ૫–૬ માણસો ઉભેલા હતા. તે સરખી ઉંચાઈના ન હતા. તે પૈકી કેટલા દાઢીવાળા હતા તે કહી શકે નહીં, કેટલા હિન્દુ હતા, કેટલા મુસ્લિમ હતા તે કહી શકે નહીં. અશોકા મ્યૂઝમાં ૧૪ થી ૧૫ ટાવરો આવેલા છે. ડૉ.અનવર

બાગવાનનું ઓળખપત્ર જોયેલુ. તે હૈદરાબાદનો હતો તેવુ યાદ છે. ડોકટરે જણાવેલુ કે હું મારી ફેમીલી સાથે રહેવાનો છું તો તે હકીકત કબૂલ કરી છે. આ પ્રશ્નનો અર્થ એવો થાય કે અનવર બાગવાને ફલેટ ભાડે રાખેલો હતો. મુંબઈની પોલીસ આવીને ગઈ તે પછી ગુજરાતની પોલીસ કયારે આવેલી તે યાદ નથી. અનવર બાગવાનને જે ફલેટ ભાડે અપાવેલો તે ફલેટ એચ બિલ્ડિંગ અને ફલેટ નં.૩૦૨ હતો. ફલેટનો સમય પુરો થયા પછી તે માણસ સમય લંબાવવા આ સાહેદ પાસે આવેલો અને ૨–૩ માસનું ભાડુ આપેલુ અને તે ભાડુ માલીકને આપેલાની હકીકત પોલીસમાં જણાવેલી નથી. અનવર અને તેની ફેમીલી ફેબ્રુઆરી–૨૦૦૮ થી આ ફલેટમાં રહેતુ ન હતુ તો તે હકીકત નકારી છે. અનવર કૃષ્ણા ઈન્સ્ટિટયુટ મેડીકલ સાયન્સ સીકંદરાબાદ ખાતે એડમીશન મળતા કુટુંબ સાથે ત્યાં ગયેલો તો તે હકીકત નકારી છે. ક્રાઈમ બ્રાન્ચની ઑફિસમાં તે માણસે રહેવાસી એ/૩૦૩, કુમાર પ્રગતિ બિલ્ડિંગ, એન.આઈ.ડી.એન. રોડ કોંડવા પુનાનુ જણાવેલુ પરંતુ સાહેદ જણાવે છે કે પહેલા તે આ જગ્યાએ રહેતો હતો. મેજિસ્ટ્રેટ કોર્ટમાં આવેલા અને કામ પતાવીને પાછા ગયા તે બતાવવા કોઈ દસ્તાવેજી પુરાવો નથી. પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદ જે મેજિસ્ટ્રેટ રૂબરૂ ઓળખ પરેડ માટે હાજર થયેલા અને મેજિસ્ટ્રેટે ઓળખ પરેડનું જે પંચનામુ બનાવેલુ તેથી વિશેષ બીજો પુરાવો હોઈ શકે નહીં. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો અનવરભાઈ પાસેથી લીધેલ ભાડાની રકમ અંગે રસીદ આપી નથી. મેજિસ્ટ્રેટશ્રીએ સમન્સ મોકલેલો નથી તો તે હકીકત નકારી છે. મેજિસ્ટ્રેટની કોર્ટવાળુ બિલ્ડિંગ કેટલા માળનું હતુ તે યાદ નથી. અનવરભાઈ સાથે તેનો ભાઈ રહેતો ન હતો તો તે હકીકત નકારી છે. અનવરભાઈએ પોતાના પિતાનુ નામ અબ્દુલ ગની બતાવેલુ હોય તો યાદ નથી. ફલેટના માલીકે કેરટેકર તરીકે આ સાહેદને રાખ્યા હોય તેનુ લખાણ થયુ નથી. જુલાઈ–૨૦૦૭ પહેલા કઈ–કઈ તારીખોએ ફલેટ ઉપર ગયેલા તે યાદ નથી. રૂા.૩૦૦૦૦/– ડિપોઝીટ નકકી કરેલી અને રૂા.૧૦૦૦૦/– કમીશન મળેલુ તે બતાવવા કોઈ દસ્તાવેજી પુરાવો નથી. મેજિસ્ટ્રેટ સાહેબ પ્રશ્ન પુછતા હતા અને આ સાહેદ જવાબ આપતા હતા તે

લખાતા હતા તો તે કબૂલ કરે છે. જેથી અર્થ એવો થાય કે આ સાહેદે ઓળખ પરેડની કાર્યવાહીમાં ભાગ લીધેલો છે અને આરોપીને ઓળખી બતાવેલો છે. ઓળખ પરેડની કામગીરી કેટલો સમય ચાલેલી તેનો ખ્યાલ નથી. સાહેદે ખુલાસો કરેલો છે કે દસ વર્ષ પહેલાની વાત છે માટે સમયનો ખ્યાલ નથી. મેજિસ્ટ્રેટ સાહેબને ઓળખપત્ર બતાવેલુ. એક આરોપીને ઓળખેલો. પુનાથી અમદાવાદ મુકામે ટ્રેનમાં આવેલા હતા. એગ્રીમેન્ટ ૧૧ માસનું થયેલુ તે પુરૂ થયા પછી લંબાવેલુ કે કેમ તે યાદ નથી. એગ્રીમેન્ટ બન્યા પછી જે વ્યકિત ત્યાં રહેવા આવેલી તેને ત્યાં જવા આવવાનો કે મળવાનો પ્રસંગ બનેલો નહીં. સરતપાસમાં જે પુરાવો આપ્યો છે તે બાબતે પોલીસે વારંવાર સમજાવેલુ અને શીખવાડેલુ માટે ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારેલી છે. આ ફલેટ કોણે–કોણે ભાડે અપાવેલો તે યાદ નથી. ફલેટનું એગ્રીમેન્ટ મકાન માલીક રેઝા નબાતીયન અને ભાડુઆત અનવર બાગવાન વચ્ચે થયેલુ તે કબૂલ કરે છે. અનવર બાગવાને ૩ માસનું ભાડુ આપ્યા પછી કહેલુ કે હવેથી હું બહાર જાવ છું અને ભાડુ આપવા મારો ભાઈ આવશે. જાન્યુઆરી–૨૦૦૮ પછી અનવર બાગવાન મળેલો નથી તે કબૂલ કરે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ પુના ખાતે રીયલ એસ્ટેટની દલાલીનું કામ કરતા હતા. તે દરમ્યાન આરોપી નં.૩૨ આસીફ હસન શેખ તથા આરોપી નં.૫૧ ડૉ.અનવર બાગવાનનાઓએ એક ફલેટ નં. ૩૦૨, એચ બિલ્ડિંગ કે જે અશોકા મ્યૂઝ, કોંડવા ખુર્દવાળો ફલેટ તેના માલીક રેઝા નબાતીયન પાસેથી રૂા.૩૦૦૦૦/– ડિપોઝીટ નક્કી કરી માસીક ભાડુ રૂા. ૯૦૦૦/–થી ભાડે અપાવેલો હતો અને ત્યારબાદ આ સાહેદે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૮૯ ઈન્દ્રવીર વજુભા ઝાલાની હાજરીમાં તા.૯.૧.૨૦૦૯ ના રોજ ઓળખ પરેડની કાર્યવાહી દરમ્યાન ઓળખી બતાવેલો હતો.

સાહેદ નં.૯૬૫ અખ્તર મહમદ હનીફ મેમનનાઓ દ્વારા ઓળખ પરેડ આરોપી નં.૩૨ આસીફ ઉર્ફે હસન બદરૂદીન શેખનાઓની સાહેદ નં.૫૮૯

ઈન્દ્રવીર વજુભા ઝાલાનાઓએ કરાવેલી અને તેઓ પણ પોતાની જુબાની આ ઓળખ પરેડ કરાવ્યાની હકીકત જણાવી છે તથા ઓળખ અંગેનુ પંચનામુ આંક–૩૧૭૯ વાળુ બનાવ્યુ હતુ. ઓળખ પરેડ કરાવનાર મેજિસ્ટ્રેટ ઈન્દ્રવીર વજુભા ઝાલાની જુબાનીની ચર્ચા આગળ ઉપર કરેલ છે માટે પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે અસ્ફાક અહેમદ સૈયદને સાહેદ નં.૯૬૬ તરીકે આંક–૬૭૭૭ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ રીયલ એસ્ટેટ કન્સલટન્ટ તરીકે અલ્ફા કોમ્યુનિકેશન રીયલ એસ્ટેટ કન્સલટન્ટના નામથી કામ કરે છે. અમદાવાદ પોલીસે તેમની પૂછપરછ કરી જવાબ લીધેલો તા.૨૧.૧૨.૨૦૦૮ ના રોજ જવાબ લીધેલો.

સાહેદ વધુમાં જણાવે છે કે તેમની પાસે બે પ્રકારના ગ્રાહકો આવતા હોય છે તેમાં એક "જસ્ટ ડાયલ"એટલે કે ઓન લાઈન અને બીજા રૂબરૂમાં આવતા હોય છે. સને–૨૦૦૭ મા તેમની પાસે એક ગ્રાહક ડૉ.અનવર બાગવાન આવેલા અને તેની સાથે બીજા એક ગોરા સરખા કે જે હાઈટમાં હતા તે ભાઈ હતા. આ લોકો તેમની પાસે ફ્લેટની ઈન્કવાયરી માટે આવેલા. તેઓને ભાડાથી ફર્નિચર વાળો ફ્લેટ જોઈતો હતો. આ સાહેદે તેઓને ત્રણ,ચાર ફ્લેટો બતાવેલાં. ત્યારબાદ આ સાહેદના એક સાથી અખ્તર મેમણને ફોન કરેલો અને જણાવેલું કે તમારી પાસે ફ્લેટ છે ? તો તેમણે કહેલું કે તેમની પાસે ફર્નિશ્ડ ફ્લેટ છે. જેથી આ સાહેદ, ડૉક્ટર સાહેબ તથા તેના મિત્રને લઈને અખ્તર મેમણ સાહેબની ઑફિસે ગયેલા. ત્યારબાદ અખ્તરભાઈ બધાને લઈ ફ્લેટ બતાવવા માટે લઈ ગયેલાં. આ ફ્લેટ અશોકા મ્યુઝમાં "એચ" બ્લોકમાં હતો. આ લોકોને તે ફ્લેટ પસંદ આવેલો. તો અખ્તરભાઈએ તે લોકોને કહેલું કે બાર હજાર ભાડું અને ચાલીસ હજાર ડીપોઝીટ જણાવેલી. જેથી આ લોકોએ આ રકમ ઓછી કરવા જણાવેલું. તો અખ્તરભાઈએ કહેલું કે તેઓ ફ્લેટના માલીક નથી ફ્લેટના માલીકને મળાવું અને તે ઓછું કરી આપે તો તમે તમારી ઓફર આપો. જેથી ફ્લેટના માલીકને ફોન કરેલો અને ત્યાં મળવા લઈ ગયેલા. ત્યાં ગયા પછી માલીકે તેનો પ્રોફાઈલ પૂછેલો

તો અનવરભાઇએ કહેલું કે હું ડૉક્ટર છું અને મારે પત્ની અને બાળકો છે. ત્યારબાદ બીજી વખત મીટીંગ થયેલી અને રૂા.નવ હજાર ભાડુ અને ત્રીસ હજાર ડિપોઝીટ નક્કી થયેલી અને દસ હજાર કમિશન નક્કી કરેલું. આ મકાન જુલાઇ મહિનામાં જોયેલું અને ભાડા અંગેનું રજીસ્ટર એગ્રીમેન્ટ ઓગસ્ટ–૨૦૦૭ બનાવેલું. તે વખતે પોલીસ વેરીફીકેશન પણ કરાવેલું. એગ્રીમેન્ટ થયા પછી ડિપોઝીટ લીધેલી અને મકાનની ચાવી અનવરભાઇને સોંપેલી. અનવરભાઇ સાથે ગોરા સરખો છોકરો આવેલો તેને મિત્ર બતાવેલો તે સિવાય તેની બાબતે બીજુ કાંઇ બતાવેલું નહીં.

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારપછી તા.૧૨.૧.૨૦૦૯ ના રોજ આ સાહેદ અમદાવાદ આવેલા. આ માટે સાહેબે ગુજરાતીમાં લખેલી એક ચીઠ્ઠી આપેલી અને જણાવેલું કે અમદાવાદ કોર્ટમાં આવવાનું છે અને ત્યાં પરેડ જેવું કંઇક લખેલું હતું જેથી આવવાનુ થયેલું. તા.૧૨.૧.૨૦૦૯ ના રોજ અમદાવાદ સ્ટેશને ઉતરેલા અને રીક્ષાવાળાને ચિઠ્ઠી બતાવી અને રીક્ષાવાળાભાઇ કોર્ટમાં લઇ ગયેલા. કોર્ટમાં ગયા ત્યારે જજ સાહેબ બેઠેલા હતા અને બે છોકરા ઉભેલા હતાં અને સામે છ–સાત માણસો ઉભા હતા. જજ સાહેબે આ સાહેદનું નામ પુછેલું. જજ સાહેબે કહેલું કે જેને ફ્લેટ અપાવેલો તેને તમે ઓળખો. તે વખતે ત્યાં જેને ફ્લેટ આપેલો તે બાગવાન ન હતો પરંતુ તેની સાથે જે દોસ્ત આવેલો હતો તેને ઓળખેલો અને હાથ પકડીને લાવેલો. તેનું શરૂઆતનું નામ એફથી શરૂ થતું હતું અને લાસ્ટમાં દુરાની સરનેમ હતી.

સાહેદને અમદાવાદ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીને વીડિયો કોન્ફરન્સ ટી.વી.સ્ક્રીન થકી ચાર–ચારની સંખ્યામાં અને ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીને વીડિયો કોન્ફરન્સ ટી.વી.સ્ક્રીન થકી ત્રણ–ત્રણની સંખ્યામાં બતાવવામાં આવતા સાહેદ આરોપીને ઓળખી શકતા નથી અને જણાવેલ છે કે દસ વર્ષનો સમય થઇ ગયેલો છે અને બધાની દાઢી મોટી થઇ ગયેલી છે માટે આજે તેને ઓળખી શકતા નથી.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો જે પોલીસના માણસે અમદાવાદ આવવા ચીઠ્ઠી આપેલી તેના નામ હોદો કે વર્ણન યાદ નથી. તે ચીઠ્ઠી સમન્સ ન હતો પરંતુ સાદા કાગળ ઉપર ચીઠ્ઠી લખેલી હતી. આ ચીઠ્ઠી અમદાવાદ આવતા પહેલા એક દિવસ અગાઉ મળેલાનું યાદ નથી. અમદાવાદ આવ્યા અંગેની જાણ અમદાવાદ પોલીસને કરેલી નહીં તે કબૂલ કરે છે. જેથી એવુ કહી શકાય કે આ સાહેદને મેજિસ્ટ્રેટ તરફથી ચીઠ્ઠી મળેલી હતી. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની પોલીસ આ સાહેદને મળવા માટે કોર્ટમાં આવેલી નહીં તે કબૂલ કરે છે. મેજિસ્ટ્રેટ સાહેબ પાસે ઉભેલા બે છોકરાઓ શું કામગીરી કરતા હતા તે જણાવી શકે નહીં. જે ૫–૬ માણસો ઉભેલા હતા તે પૈકી પાંચેક માણસો કલીન સેવવાળા હતા અને બાકીના ૧–૨ ને નાની દાઢી હતી. મેજિસ્ટ્રેટ સાહેબની રૂમમાં ૨૦,૨૫ મિનિટ રોકાયેલા તે દરમ્યાન જે પુછવામાં આવેલુ તે કહેલુ. દલાલીના કામ માટે ઘણા ગ્રાહકો આવતા હોય છે તે કબૂલ કરે છે. દરેકના નામ ખબર ન હોય તે કબૂલ કરે છે. આ સાહેદ પાસે મકાન ભાડે લેવા અનવર બાગવાન આવેલા તે કબૂલ કરે છે. અનવર બાગવાન સાથે દોસ્ત બનીને આવેલા ભાઈને કયારેય જોયેલા નહીં તે કબૂલ કરે છે. આ વ્યકિત કયા રહેતો હતો અને શું કામ ધંધો કરતો હતો તેની ખબર નથી. પોલીસને તે વ્યકિતનું વર્ણન આપ્યુ હોય અને પોલીસે તેનો સ્કેચ બનાવ્યો હોય તેવુ બન્યુ નથી. અનવર બાગવાન ૨–૩ વખત આ સાહેદ પાસે આવેલો તેમ જણાવે છે. અનવર બાગવાનને ફેબ્રુઆરી–૨૦૦૮ મા સીકંદરાબાદ ખાતે મેડીકલમાં એડમીશન મળ્યા પછી ત્યાં રહેવા જતો રહયો હોય તો ખબર નથી.અનવર બાગવાનને લઈને એક જ વખત અખતરભાઈને ત્યાં ગયેલાનું કબૂલ કરે છે. સરતપાસમાં જણાવ્યા પ્રમાણેની કોઈ હકીકત બનેલી નથી અને પોલીસના કહેવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ પુના ખાતે રીયલ એસ્ટેટની દલાલીનું કામ કરતા હતા. તે દરમ્યાન આરોપી નં.૩૨ આસીફ હસન શેખ તથા આરોપી નં.૫૧ ડૉ.અનવર બાગવાનનાઓને

એક ફલેટ નં.૩૦૨, એચ બિલ્ડિંગ કે જે અશોકા મ્યૂઝ, કોંડવા ખુર્દવાળો ફલેટ તેના માલીક રેઝા નબાતીયન પાસેથી પોતાના મીત્ર અખતર મહમદ હનીફ મેમન સાથે મળી રૂા.૩૦૦૦૦/– ડિપોઝીટ નક્કી કરી માસીક ભાડુ રૂા.૯૦૦૦/– થી ભાડે અપાવેલો હતો અને ત્યારબાદ આ સાહેદે એકઝીકયુટીવ મેજિસ્ટ્રટ સાહેદ નં.૫૮૯ ઈન્દ્રવીર વજુભા ઝાલાની હાજરીમાં તા.૯.૧.૨૦૦૯ ના રોજ ઓળખ પરેડની કાર્યવાહી દરમ્યાન આરોપીને ઓળખી બતાવેલો હતો.

સાહેદ નં.૯૬૬ અસ્ફાક અહેમદ સૈયદનાઓ દ્વારા ઓળખ પરેડ આરોપી નં.૩૨ આસીફ ઉર્ફે હસન બદરૂદીન શેખનાઓની સાહેદ નં.૫૮૯ ઈન્દ્રવીર વજુભા ઝાલાનાઓએ કરાવેલી અને તેઓએ પણ પોતાની જુબાનીમાં આ ઓળખ પરેડ કરાવ્યાની હકીકત જણાવી છે તથા ઓળખ અંગેનુ પંચનામુ આંક–૩૧૭૯ વાળુ બનાવ્યુ હતુ. ઓળખ પરેડ કરાવનાર મેજિસ્ટ્રેટ ઈન્દ્રવીર વજુભા ઝાલાની જુબાનીની ચર્ચા આગળ ઉપર કરેલ છે માટે પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે રેઝા આદમભાઈ નબતીયાનને સાહેદ નં.૯૬૭ તરીકે આંક–૬૭૮૦ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ સને–૨૦૦૮ ના વર્ષમાં તેમના કુટુંબમાં તેમની પત્ની, માતા, બે પુત્રીઓ હતી. તેમનો ફલેટ કોન્ડવા ખુર્દ, પુના ખાતે અશોકા મ્યૂઝ સોસાયટીમાં હતો. આ ફલેટ ગોપીપુરમ કો.ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી.માં હતો. આ ફલેટનો નંબર એચ–૩૦૨ હતો. આ ફલેટ જ્યારથી લીધો હતો ત્યારથી ભાડા ઉપર આપતાં હતા. અમદાવાદ પોલીસે તેમની પાસે આવેલી અને નિવેદન તા. ૨૧.૧૨.૨૦૦૮ ના રોજ લીધેલું. આ સાહેદે એક અનવર બાગવાન નામના વ્યકિતને અખ્તર મેમણ મારફત ફલેટ ભાડે આપેલો હતો. તેની સાથે ભાડા અને ડિપોઝીટ બાબતે વાતચીત થયેલી. તેની સાથે રૂા.ત્રીસ હજાર ડીપોઝીટ નક્કી કરેલી અને ભાડુ રૂા.નવ હજાર નક્કી કરેલું. આ ફલેટ અનવર બાગવાને પોતાના તથા પોતાના કુટુંબ માટે તથા તેના ભાઈ માટે રહેવા ભાડે લીધેલો હતો. આ ફલેટ ભાડે આપવા બાબતે અનવર બાગવાન સાથે એગ્રીમેન્ટ કરેલો. આ એગ્રીમેન્ટ

રજીસ્ટર કરાવેલું અને એગ્રીમેન્ટ રજીસ્ટર થયા પછી તેને ફ્લેટની ચાવી આપેલી. અનવર બાગવાન પ્રથમ વખત આ સાહેદ પાસે આવ્યા ત્યારે તેની સાથે અખ્તર મેમણ હતાં તથા એક બીજો છોકરો પણ હતો જેને અનવર બાગવાને તેના ભાઇ હોવાની ઓળખાણ આપેલી. ચાવી આપી ત્યારે રૂા.ત્રીસ હજાર ડીપોઝીટ અને રૂા.નવ હજાર ભાડું મળેલું અને ૧૧ મહિના સુધીનું એગ્રીમેન્ટ કરેલું અને ૧૦ માસ સુધી નિયમિત ભાડુ આપેલું. દસ મહિના થયા પછી ફ્લેટ ખાલી કરવાનું જણાવેલું અને કહેલું કે એક મહિનાનું ભાડુ રૂા.ત્રીસ હજારની ડિપોઝીટમાંથી કાપી લઉ છું અને બાકીની ડિપોઝીટ પાછી આપું છું અને તમે ફ્લેટ ખાલી કરો. તો અનવર બાગવાને કહેલું કે, રમજાન મહિનો આવે છે અને છોકરાઓની પરીક્ષા પણ આવે છે તો એક બે મહિનાની મુદત આપો. જેથી અખ્તર મેમણને સંપર્ક કરેલો અને એકબીજાની સમજૂતિથી લેખિત કરાર કર્યા વિના બે માસ સુધીનો સમય વધારી આપેલો. ત્યારપછી એક મહિનો પણ થયેલો નહિ અને આ સાહેદને જાણવા મળેલું કે તેમના ફ્લેટ ઉપર મુંબઇની પોલીસ આવેલી અને કોઇકને પોલીસે પકડેલાં છે. આ બાબતે પ્રથમ સોસાયટીના લોકોએ ફોન કરેલો અને આવી હકીકત બની છે તમે ફ્લેટ ઉપર આવી જાઓ, જેથી આ સાહેદ ફ્લેટ ઉપર ગયેલા. તો મુંબઇ પોલીસે કહેલું કે અમે તમારા ભાડૂઆતને પકડેલા છે. મુંબઇ પોલીસે એમ પણ કહેલું કે તમારે ત્યાં જે ભાડૂઆત ફ્લેટમાં રહે છે તેમની પાસેથી જેહાદી બુક મળેલી છે અને થોડો બોમ્બ બનાવવાનો સામાન મળેલો છે. ત્યારપછી મુંબઇ પોલીસે આ સાહેદને નિવેદન લખાવવા માટે મુંબઇ બોલાવલ અને સાથે એગ્રીમેન્ટ મંગાવેલું. જેથી આ સાહેદ મુંબઇ મુકામે ક્રાઇમ બ્રાન્ચની ઑફિસે ગયેલો અને ત્યાં નિવેદન લીધેલું અને અસલ એગ્રીમેન્ટ પોલીસને આપેલું.

સાહેદ વધુમાં જણાવે છે કે અમદાવાદ પોલીસે તેમનુ નિવેદન લીધા પછી તે જતાં રહેલા અને થોડા દિવસો પછી એક ઓફિસર આ સાહેદ પાસે આવેલ અને જણાવેલું કે, તમારે તા.૯.૧.૨૦૦૯ ના રોજ અમદાવાદ આવવું પડશે અને જ્યાં અમદાવાદ મુકામે આવવાનું હતું તેનું સરનામુ એક કાગળ ઉપર

લખીને આપેલું. ત્યારબાદ આ સાહેદ તથા અખ્તર મેમણ તા.૯.૧.૨૦૦૯ ના રોજ ટ્રેનમાં બેસી પુનાથી અમદાવાદ આવેલા. અમદાવાદ ઉતર્યા પછી ચીઠ્ઠી રીક્ષાવાળાને બતાવેલી અને અમદાવાદમાં જુની કલેક્ટર કચેરી કમ્પાઉન્ડમાં સાંજના સાડા ચાર વાગ્યે આવેલા અને પાંચ વાગ્યે કોર્ટમાં જવાનું હતું. ત્યારબાદ કોર્ટમાં ગયેલા અને તેમની પાસેનો કાગળ એક વકીલને બતાવેલો. વકીલશ્રીએ પહેલા માળે જઇ ત્યાં કાગળ બતાવવાનું કહેલું જેથી પહેલાં માળે ગયેલાં અને ત્યાં એક પટ્ટાવાળો બેઠેલો હતો અને તે પટ્ટાવાળાને કાગળ બતાવીને પુછેલું કે ક્યાં જવાનું છે તો પટ્ટાવાળાએ કહેલું કે તમારે અહિંયા આવવાનું છે બરાબર છે. પટ્ટાવાળાએ આ સાહેદ પાસે કાગળ માંગેલો અને કહેલું કે કાગળ આપો અંદર જઇ સાહેબને બતાવું. ત્યારબાદ તે પટ્ટાવાળો પાંચ–દસ મિનિટ બાદ બહાર આવેલો અને જણાવેલુ સાહેબે બાજુના રૂમમાં બેસવાનું કહેલું છે તેમે ત્યાં બેસો જેથી બાજુના રૂમમાં બેઠેલાં. ત્યારપછી પંદર મિનિટ પછી પટ્ટાવાળો ત્યાં આવેલો અને કહેલું કે તમોને સાહેબ અંદર બોલાવે છે જેથી અંદર સાહેબ પાસે ગયેલા. આ સાહેદ અંદર ગયા ત્યારે સાહેબ ટેબલ–ખુરશી ઉપર બેઠેલાં હતા તથા તેમની સામે બે માણસો ઉભેલા હતાં અને થોડે દુર છ માણસો ઉભેલા હતાં. સાહેબે પ્રથમ નામ અને સરનામું પુછેલું જેથી નામ, સરનામું લખાવેલું અને સાહેબ કાંઇક લખતા હતાં. સાહેબે આઇ.ડી. કાર્ડ માગેલું જે બતાવેલું. સાહેબે કહેલું કે સામે જે માણસો ઉભા છે તમે જેને ઓળખતા હોવ તેનો હાથ પકડીને બહાર લાઓ જેથી આ સાહેદ થોડે આગળ ગયેલા અને છ માણસોને વારાફરથી જોયેલાં તે પૈકી એક માણસને ઓળખેલો અને તેનો હાથ પકડીને બહાર કાઢી લાવેલો. બહાર કાઢેલા વ્યક્તિનું સાહેબે નામ પુંછેલું તો તેણે પોતાનું નામ સાહેબને આસીફ ઉર્ફ હસન શેખ હોવાનું જણાવેલું. આ વ્યક્તિ અનવર બાગવાનની સાથે આ સાહેદની દુકાન ઉપર એગ્રીમેન્ટ કરવા આવેલો હતો તેથી ઓળખેલા. આ ઉપરાંત એગ્રીમેન્ટ થયા પછી બે–ત્રણ વખત ફ્લેટ ઉપર તપાસ કરવા ગયેલા ત્યારે તે માણસને ત્યાં જોયેલો. જ્યારે એગ્રીમેન્ટ માટે અનવર

બાગવાન આવ્યા ત્યાર અનવર બાગવાને કહેલું કે આ મારો ભાઇ છે મારી સાથે રહેશે. ઓળખ પુરી થયા પછી સાહેબે મને ત્યાંથી જવા માટે કહેલું.

આ સાહેદને નિ.ક૭૭૯ સાથે રજૂ કરેલ એક દસ્તાવેજની ઝેરોક્ષ નકલ બતાવવા તે જોઇને જણાવે છે કે જે એગ્રીમેન્ટ રજીસ્ટ્રેશનની રસીદ છે તથા તેની સાથે એગ્રીમેન્ટની કોપી જે અસલ મુંબઇ પોલીસને આપેલી. આ એગ્રીમેન્ટ તેમની અને અનવર બાગવાન (આરોપી નં.૫૧) વચ્ચે થયેલો અને એગ્રીમેન્ટ કોન્ડવા સબરજીસ્ટ્રાર રૂબરૂ રજીસ્ટર કરવામાં આવેલો જેમાં આ સાહેદ પોતાની તથા અનવર બાગવાનની સહી ઓળખી બતાવે છે જે માર્ક–એ થી રજૂ રાખેલ છે. આઠ,દસ વર્ષનો સમય થઇ ગયેલો હોય આરોપીને બતાવવામાં આવે તો ઓળખી શકે નહીં તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ ફલેટ સને–૨૦૦૮ના વર્ષ પહેલા ૮–૧૦ વર્ષ અગાઉ ખરીદેલ હતો અને તેમા કયારેય રહેવા ગયેલ નથી. બનાવના અરસામાં ફલેટ ભાડે આપીએ ત્યારે ભાડે આપ્યા જાણ પોલીસ સ્ટેશનમાં કરવાની ન હતી તેમ જણાવે છે. મકાનનું ભાડુ જે આપવામાં આવતુ હતુ તે અખતર મેમણ દ્વારા આપવામાં આવતુ હતુ અને તેની કોઈ રસીદ આપેલી નહીં. અખતર મેમણની ઑફિસ અશોકા મ્યૂઝની નજીકમાં હતી તેમ જણાવે છે. ૨૦૦૮ સુધીમાં આશરે ૭ થી ૮ ભાડૂઆતોને આ ફલેટ ભાડે આપેલો હતો. મુંબઈથી પોલીસ આવેલી અને નિવેદન લીધેલુ પણ કોણે નિવેદન લીધેલુ તે યાદ નથી. અમદાવાદ પોલીસ કેટલો સમય પછી આવેલી તે ચોકકસ યાદ નથી. અમદાવાદ પોલીસે આપેલા કાગળો વાંચેલા હતા. હાથ પકડીને માણસને કાઢેલો ત્યાં છ માણસ હતા અને લગભગ એકસરખા હતા. હાથ પકડીને માણસને બહાર કાઢયો ત્યારે પોલીસના કોઈ માણસ હાજર હતા નહીં. મેજિસ્ટ્રેટ કોર્ટમાંથી ક્રાઇમ બ્રાન્ચની ઑફિસે ગયેલા ત્યાં એક મેડમ હતા તેનુ નામ યાદ નથી. પોલીસ સ્ટેશનમાં અર્ધો કલાક રોકાઈને જતા રહેલા. મુંબઈ ક્રાઇમ બ્રાન્ચમાં બોલાવ્યા ત્યારે કોને ફલેટ ભાડે આપેલો અને શું એગ્રીમેન્ટ થયેલુ તે બાબતે વાતચીત થયેલી અને એગ્રીમેન્ટ રજૂ કરેલુ. એગ્રીમેન્ટ રજૂ કર્યા બાબતે

પોલીસે કોઈ રસીદ આપેલી નહીં. આવુ કોઈ એગ્રીમેન્ટ થયેલુ નથી તો તે હકીકત નકારેલી છે. મુંબઈ પોલીસે જેહાદી બુક અને બોમ્બ બનાવવાનો સામાન બતાવેલો નહીં તે કબૂલ કરે છે. ૧૦ માસ સુધી ભાડુ નિયમીત મળેલુ તેવુ પોલીસને જણાવેલુ નથી તે પ્રશ્નના જવાબમાં સાહેદ જણાવે છે કે મને પુછેલુ નથી માટે લખાવેલુ નથી. અનવર બાગવાન સાથે આસીફ હસન શેખ દુકાન ઉપર એગ્રીમેન્ટ કરવા આવેલો તેથી તેને ઓળખેલો તેવુ પોલીસના નિવેદનમાં લખાવેલુ નથી તેના જવાબમાં સાહેદ જણાવે છે કે મને પુછેલુ નથી માટે લખાવેલુ નથી. તે વ્યકિત કેવો દેખાય છે તેનુ વર્ણન મેજિસ્ટ્રેટ સાહેબે પુછેલુ નહીં. ઓળખ કર્યા પછી કોર્ટની બહાર નીકળ્યા ત્યારે અખતર મેમણ મળેલા નહીં. આ લોકો ફલેટમાં રહ્યા ત્યાં સુધી સોસાયટીના કોઈ મેમ્બર તરફથી આ લોકો કાંઈ ખોટુ કરે છે તેવી જાણકારી આપવામાં આવેલી નહીં તો તે હકીકત નકારી છે. સાહેદે જણાવેલુ છે કે બે વખત પડોશીએ સોસાયટીને ફરિયાદ કરેલ હતી. ફરિયાદ એવી કરેલી હતી કે અહીંયા બહુ લોકો આવ જા કરે છે માટે અગવડતા ઉભી થાય છે. આવી ફરિયાદ કયારે આવેલી તે યાદ નથી. આવી ફરિયાદ આવેલી નથી તો તે હકીકત નકારી છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો ફલેટ ભાડે આપવો હોય તો તેનુ વેરીફીકેશન કરાવવુ અને રેન્ટ એગ્રીમેન્ટની કોપી જે તે પોલીસ સ્ટેશનમાં આપી તેની જાણ કરવી જોઈએ તેવો પરીપત્ર હોય તો ખબર નથી. એગ્રીમેન્ટની કોપી અખતર મેમણને આપેલી નહીં. અશોકા મ્યૂઝ ઉપર મુંબઈ પોલીસ કયારે આવેલી તે તારીખ જણાવી શકે નહીં. તે વખતે અખતર મેમણ ૪,૫ વર્ષ અગાઉથી આ સાહેદના સંપર્કમાં હતો તેમ જણાવે છે. ફલેટનુ ભાડુ અખતર મેમણ લાવી આપતો હતો તે કબૂલ કરે છે. ભાડૂઆત બાબતેની દરેક બાબત જણાવવાની જવાબદારી અખતર મેમણની હતી તે કબૂલ કરે છે. અખતર મેમણ ભાડૂઆત સાથે સીધો વ્યવહાર કરતા હતા તો તે હકીકત નકારી છે. ફલેટની અંદર ભાડૂઆત સાથે તેનો ભાઈ રહેતો હતો તે બતાવવા કોઈ દસ્તાવેજી પુરાવો નથી. મહારાષ્ટ્ર પોલીસે આ નિવેદન લીધુ તે વાત ગુજરાત પોલીસને કરેલી કે કેમ તે યાદ નથી. અમદાવાદ આવવાનું જણાવવા જે પોલીસના માણસ આવેલા તે

કયાની પોલીસ હતી તે ખબર નથી પરંતુ ગુજરાતની પોલીસ હશે તેમ માનેલુ. અમદાવાદ પહોચ્યા પછી કોર્ટમાં ગયેલા અને કોર્ટમાંથી ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે ગયા ત્યા સુધીમાં પોલીસના માણસો મળેલા નહીં. અખતર મેમણ ફલેટના કેર ટેકર હતા અને તેને ભાડૂઆતનુ પોલીસ રૂબરૂ વેરીફીકેશન કરાવેલુ હોય તો ખબર નથી. અમુક કામગીરી અખતર મેમણ જાણ બહાર કરતો હતો તો તે હકીકત નકારી છે. ફલેટ ભાડે આપ્યા પછી ભાડુઆતની જે ફરિયાદ આવેલી તે ચોકકસ યાદ નથી પરંતુ ચારેક માસ પછી આવેલાનું જણાવે છે. પોલીસે ફલેટનો કબજો આપ્યો ત્યારે ફલેટની સ્થિતિ અંગે પંચનામુ કરેલુ કે કેમ તે યાદ નથી. એગ્રીમેન્ટ સિવાય કોઈ ભાડૂઆત સાથે કાર્યવાહી કરતા નથી. આરોપીને ઓળખતા નથી અને કયારેય અમદાવાદ આવેલા નથી પરંતુ પોલીસના કહેવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારી છે.

આમ,આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ પુના ખાતે ફલેટ નં.૩૦૨, એચ બિલ્ડિંગ કે જે અશોકા મ્યૂઝ, કોંડવા ખુર્દવાળો ફલેટ તેના માલીક છે અને તેમને આ ફલેટ અખતર મહમદ હનીફ મેમણ તથા અસ્ફાક અહેમદ સૈયદ મારફતે આરોપી નં.૩૨ આસીફ હસન શેખ તથા આરોપી નં.૫૧ ડૉ.અનવર બાગવાનને ૨૦૦૮ ની સાલમાં રૂા.૩૦૦૦૦/– ડિપોઝીટ નક્કી કરી માસીક ભાડુ રૂા.૯૦૦૦/– થી ભાડે અપેલો હતો અને ભાડાની રકમ અખતર મેમણ દ્વારા ચુકવવામાં આવતી હતી. આ સાહેદે માર્ક–એ થી ભાડાનું એગ્રીમેન્ટ રજૂ કરેલુ છું. એગ્રીમેન્ટ કરનાર તરીકે આ સાહેદનું નામ છે અને ભાડે રાખનાર તરીકે અનવર અબદુલ ગની બાગવાન એટલે કે આરોપી નં.૫૧ છે. આ એગ્રીમેન્ટ સબરજીસ્ટ્રાર સમક્ષ ૨૦૦૭ મા નોંધાયેલુ છે. એગ્રીમેન્ટમાં બે સાક્ષીઓની પણ સહીઓ છે. ત્યારબાદ આ સાહેદે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૮૯ ઈન્દ્રવીર વજુભા ઝાલાની હાજરીમાં તા.૯.૧.૨૦૦૯ ના રોજ ઓળખ પરેડની કાર્યવાહી દરમ્યાન આરોપીને ઓળખી બતાવેલો હતો.

સાહેદ નં.૯૬૭ રેઝા આદમભાઈ નબતીયાનનાઓ દ્વારા ઓળખ પરેડ આરોપી નં.૩૨ આસીફ ઉર્ફે હસન બદરૂદીન શેખનાઓની સાહેદ નં.૫૮૯

ઈન્દ્રવીર વજુભા ઝાલાનાઓએ કરાવેલી અને તેઓ પણ પોતાની જુબાની આ ઓળખ પરેડ કરાવ્યાની હકીકત જણાવી છે તથા ઓળખ અંગેનુ પંચનામુ આંક–૩૧૭૯ વાળુ બનાવ્યુ હતુ. ઓળખ પરેડ કરાવનાર મેજિસ્ટ્રેટ ઈન્દ્રવીર વજુભા ઝાલાની જુબાનીની ચર્ચા આગળ ઉપર કરેલ છે માટે પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

આરોપી નં.૩૨ તથા આરોપી નં.૫૧ નાઓએ પુના મુકામે ફલેટ ભાડે રાખેલો તે ફલેટમાં આરોપી નં.૫૧ નો ભાઇ રહેતો હતો, ફલેટમાં ધણા લોકોની અવર, જવર રહેતી હતી તથા આરોપી નં.૩૨ તથા આરોપી નં.૫૧ નાઓને સાહેદ નં.૯૬૫ અખ્તર મહમદ, સાહેદ નં.૬૭૭ અસ્ફાક એહમદ તથા સાહેદ નં.૯૬૭ રેઝા નાબતીયનના એટલે કે ઉપરોકત ત્રણેય સાહેદોનો પુરાવો એકબીજાને સમર્થન કરે છે, આ ત્રણેય સાહેદોએ ઓળખ પરેડ દરમ્યાન આરોપીઓને ઓળખી બતાવેલ છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે ઉષાકાંત ચીમનલાલ મિસ્ત્રીને સાહેદ નં.૯૧૦ તરીકે આંક–૬૫૦૭ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૨૯/૧૧/૨૦૦૮ ના રોજ આ સાહેદ તેમના બાઈકમાં પેટ્રોલ પુરાવા ચોક બજાર જતા હતા ત્યારે બહાર પોલીસના માણસો ઉભા હતા અને પોલીસના માણસોએ કહયું કે અંદર સાહેબ બોલાવે છે. આ સાહેદ સાથે નિલેષ પટેલ કરીને એક ભાઈ હતા. પોલીસે તેઓ બંને જણાને બોલાવેલા. ઑફિસમાં ગયા ત્યારે ત્યાં એ.સી.પી. પરમાર સાહેબ હાજર હતા. ત્યાં બીજા એક પોલીસના કોન્સ્ટેબલ કુલસિંગ ભાઈ પણ હાજર હતા તથા બીજા પોલીસના માણસો હતા અને એક આરોપી ત્યાં બેઠો હતો. સાહેબે ત્યાં કહેલુ કે આ આરોપી કંઈક કહેવા માંગે છે ત્યાં આરોપીએ તેમનું નામ બતાવેલુ અને તેણે તેનું નામ આશીફ શેખ, રહે.પુના, મહારાષ્ટ્ર હોવાનું જણાવેલુ. પોલીસના માણસો કુલસિંગભાઈ એક સીલબંધ શીશી લઈને આવેલા અને આ શીશી પારદર્શક હતી. આરોપીએ ત્યાં એવું કહેલુ કે "આ સર્કીટ છે અને તેમાં એક આઈ.સી. છે અને તે આઈ.સી. મા ટાઈમ સેટ કરવા માટે ડીઝીટલ ટાઈમર મશીનથી ટાઈમ સેટ થાય

તેમાં બે સ્વીચ આવે તેવું બોલતો હતો અને તે સ્વીચથી ટાઈમ સેટ કરી વધ ઘટ કરી શકાય. ટાઈમ સેટ થયા પછી ડિજિટલ મશીન કાઢી નાખવામાં આવે અને જે તે સમયે ટાઈમ સેટ થયો હોય તેનો પ્રોગ્રામ આઈ સી માં સેટ થઈ જાય અને તે ટાઈમ સેટ થયા પછી ૯ વોલ્ટની બેટરી, ડીટોનેટર એ બધું જોડયા પછી બેટરીનો ઈલેક્ટ્રોનિક પ્રવાહ ચાલુ થયા પછી ટાઈમના હિસાબે બ્લાસ્ટ થાય". આ શીશી પાછી તે કુલસિંગભાઈ લઈ ગયેલા. આ કાર્યવાહીનું પંચનામુ બનાવવામાં આવેલુ જે આંક-૬૫૦૮ ના પંચનામામાં આ સાહેદ પોતાની તથા નિલેષભાઈની તથા પરમાર સાહેબની સહીઓ ઓળખી બતાવે છે. આ સાહેદને સેશન્સ કેસ નં. ૪૧૨/૨૦૦૯ ના આંક-૨૩૩૬ ના લિસ્ટના આર્ટીકલ નં.૨૫ જોઈને જણાવે છે કે તે એક પારદર્શક શીશી છે અને તેની ઉપર એક કાગળની સ્લીપ ચોંટાડેલી છે અને તેની ઉપર "આઈ.સી.પી.સી.બી. બોર્ડ ટાઈમર સાથે આઈ સી ૧ તેવું લખેલ છે" જે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ સાહેદ ઓળખી બતાવે છે. તેમજ આ સાહેદને અમદાવાદ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીઓને વીડિયો કોન્ફરન્સ ટી.વી. સ્ક્રીન થકી ચાર-ચારની સંખ્યામાં અને ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીઓને વીડિયો કોન્ફરન્સ ટી.વી. સ્ક્રીન થકી ત્રણ-ત્રણની સંખ્યામાં બતાવવામાં આવેતા સાહેદ આરોપીને ઓળખી શકતા નથી.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પરમાર સાહેબની ચેમ્બરમાં ગયેલાની હકીકત કબૂલ કરે છે. પરમાર સાહેબની ચેમ્બરમાં ગયા તે પહેલા આ વ્યકિતઓને જોયેલા નહીં અને તેમને ઓળખતા ન હતા. આસીફ નામનો માણસ પરમાર સાહેબની ચેમ્બરમાં કેટલા સમયથી હતો તેની માહિતી મળેલી નહીં. આસીફ નામનો માણસ ૨-૩ માસથી પોલીસ રીમાન્ડ ઉપર હતો તેવી માહિતી પરમાર સાહેબે આપેલી નહીં તેને મારજુડ કે ધાક-ધમકી આપેલી નથી તેવી પણ માહિતી આપેલી નહીં તે કબૂલ કરે છે. આસીફ શેખ હિન્દી બોલતો હતો અને પુના, મહારાષ્ટ્રનો વતની હતો. આરોપી ગુજરાતી ભાષા સમજતો હતો કે તેને હિન્દીમાં સમજાવવામાં આવતુ હતુ તેવી કોઈ નોંધ

પંચનામામા નથી તે કબૂલ કરે છે. પંચનામામાં સહી કરી તે પહેલા કયારેય સરકીટ કે ટાઈમ જોયેલ ન હતા તે કબૂલ કરે છે. કેટલા પ્રકારની બેટરીઓ હોય છે અને તે કેવુ કેવુ કામ કરતી હોય છે તેની ખબર નથી તે કબૂલ કરે છે. શીશીમાંથી કોઈ વસ્તુ બહાર કાઢી હોય અને તેનો પ્રયોગ કર્યો હોય તેવુ બન્યુ નથી. પંચનામામાં સહી કરી ત્યારે શીશી ઉપર સીલ કેવુ છે તેની જાણકારી મળેલી નહીં. પંચનામામાં જણાવેલ વિગતો મુજબ કોઈ કાર્યવાહી આ સાહેદની હાજરીમાં કરવામાં આવેલી નથી તો તે હકીકત નકારે છે. આ સાહેદની હાજરીમાં આરોપી આસીફ શેખ નામની વ્યકિતએ મુદ્દામાલ શીશી બાબતે અને તેમા મુકવામાં આવેલ વસ્તુ બાબતે કોઈ માહિતી આપેલ નથી તો તે હકીકત નકારે છે. આઈ.સી.નું વર્ણન કે કલર પંચનામામાં લખાવેલ નથી. સરકીટનું આખુ વર્ણન પંચનામામાં લખાવેલ નથી. જે સરકીટ બતાવવામાં આવેલી તેમા બે બટન ન હતા.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમારનાઓએ કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી.નં. ૧૭૫/૨૦૦૮ ના કામે તા.૨૯.૧૧.૨૦૦૮ ના રોજ આ સાહેદ તથા બીજા પંચ નિલેશ પટેલનાઓને ચોક બજાર ખાતે આવેલા ડી.સી.બી. પોલીસ સ્ટેશનમાં બોલાવેલા અને ત્યાં એક આરોપી હાજર હતો અને તેને પોતાનુ નામ આ પંચ સાહેદની હાજરીમાં આસીફ ઉર્ફે હસન બદરૂદીન શેખ જણાવેલુ અને તેને એક સરકીટ જેમા આઈ.સી. અને ડીજીટલ ટાઈમર મસીનથી ટાઈમ સેટ થાય અને વધ ઘટ કરી શકાય તે મુજબની માહિતી આપેલી અને તે અંગેનુ પંચનામુ આંક–૬૫૦૮ વાળુ બનાવવામાં આવેલુ હતુ.

આંક–૬૫૦૮ વાળુ પંચનામુ બનાવનાર અધિકારી સાહેદ નં. ૧૧૫૫ એન.બી.પરમારનાઓની આ બાબતે જુબાની ધ્યાને લઈએ તો તેઓ પોતાની જુબાનીના પેરા ૪૫ મા તેઓ જણાવે છે કે તા.૨૯.૧૧.૨૦૦૮ ના રોજ કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી.નં.૧૭૫/૨૦૦૮ ના કામે આરોપી મહમદ આરીફ ઉર્ફે આરીફ બદરનાઓએ પ્રિન્સ કંપનીની ઘડિયાળમાં બોમ્બ

બ્લાસ્ટ કરવા માટે ટાઈમ સેટીંગનુ ડેમોસ્ટ્રેશન કરવા માંગતા હોય બે પંચોને બોલાવેલા અને તે વખતે પોલીસ કર્મચારી કુલસીંગભાઈને હાજર રાખેલા અને ગુનાના કામે કબજે કરવામાં આવેલ પ્લાસ્ટિકની પારદર્શક ડબ્બીમાં ઈલેકટ્રોનીક સરકીટ હતી તે રજૂ કરેલી. ત્યારબાદ આરોપીએ પોતાનુ નામ જણાવેલુ અને તેને જરૂરી સાધન સામગ્રી તથા ઈલેકટ્રોનીક સરકીટવાળો મુદામાલ આપેલો અને પંચો રૂબરૂ પ્રોગ્રામેબલ આઈ.સી. સરકીટ એકટીવેટ થાય તે પંચો રૂબરૂ બતાવેલુ. આ અંગેનુ પંચનામુ આંક–૬૫૦૮ વાળુ બનાવવામાં આવેલુ જેમા આ સાહેદે પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવેલ છે. આ સબંધે આ સાહેદની ઊલટતપાસ પેરા–૧૪૭ ધ્યાને લઈએ તો આરોપી આસીફ શેખે જે આઈ.સી. સરકીટ એકટીવેટ કર્યા બાબતેનું પંચનામુ કર્યાનું જણાવેલુ છે તે સરકીટ કબજે કરેલી હતી તે કોન્સ્ટેબલ લઈ આવેલા. મુદામાલ સરકીટ સીલબંધ બરણીમા હતી તે સીલ તોડવા માટે મેજિસ્ટ્રેટનો હુકમ મેળવેલો કે કેમ તે પંચનામુ જોયા વીના કહી શકે નહીં. બરણીમાં જે આઈ.સી. સરકીટ હતી તે ખોલેલી ન હોય તો યાદ નથી. બહારથી કોઈ સાધન સામગ્રી લાવેલા નહીં તે કબૂલ કરે છે. હાજર પોલીસ કર્મચારી કુલસીંહ મકનભાઈનો જવાબ લીધેલો નહીં તે કબૂલ કરે છે. સરકીટવાળી કોઈ બરણી લાવેલા નથી કે તે અંગેનુ કોઈ પંચનામુ કરવામાં આવેલુ નથી તો તે હકીકત નકારી છે. વધુમાં ઉલટ તપાસના પેરા–૧૬૨ ધ્યાને લઈએ તો આંક–૬૫૦૮ વાળા પંચનામા વખતે એફ.એસ.એલ. અધિકારીને હાજર રાખવામાં આવેલા નહીં. આ સિવાય બીજી કોઈ હકીકત નીકળી આવતી નથી.

આંક–૬૫૦૮ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "પોતાનુ નામ આસીફ ઉર્ફે હસન બદરૂદીન શેખ જણાવેલુ તે તથા આ સરકીટ કાળા રંગની ઉભી પ્રોગ્રામેબલ આઈ.સી. ફીટ કરવામાં આવેલી છે તથા પ્રોગ્રામેબલ આઈ.સી. સરકીટ કેવી રીતે એકટીવેટ થાય" વિગેરે પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં. આ હકીકત પુરાવામાં ગ્રાહ્ય છે કે કેમ

તથા પુરાવામાં વિચારણા હેઠળ લેવાય કે કેમ તે અંગેની ચર્ચા આગળ ઉપર કરીશું.

આ આઈ.સી. સરકીટ કબજે કરનાર સાહેદ નં.૧૧૩૬ સુજાતા પ્રકાશ મજમુદારની જુબાની ધ્યાને લઈએ તો તેઓ સુરત શહેર ઈ–ડિવિઝન, આસીસ્ટન્ટ પોલીસ કમિશનર તરીકે તા.૩/૧૨/૨૦૦૭ થી તા.૨૬/૨/૨૦૦૯ સુધી ફરજ બજાવતા હતા. કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી.નં. ૧૭૫/૨૦૦૮ તથા ૧૭૬/૨૦૦૮ તેમજ ડી.સી.બી. પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી. નં.૩૦૧૯/૨૦૦૮ ના ગુનાની તપાસના કામે પોલીસ કમિશનરશ્રી, સુરત શહેરના હુકમથી આ સાહેદ સુપરવાઈઝરી અધિકારી હતાં તે દરમિયાન ઉમરા પોલીસ સ્ટેશનની હદમાં અઠવાલાઈન્સ ચોપાટી બસ સ્ટેશનના એડવર્ટાઈઝીંગ બોર્ડ એટલે કે હોર્ડિંગ્સમાંથી એક બોમ્બ મળેલ હતો. જે અંગેની ફરિયાદ આર.એસ.પટેલ, પોલીસ ઈન્સ્પેકટર, ઉમરા પોલીસ સ્ટેશનનાઓએ આપેલી હતી તથા ગુનો દાખલ કરવા અંગેનો રીપોર્ટ પણ આપેલો હતો. તેઓ તરફથી ઉમરા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી.નં.૬૫૧/૨૦૦૮ થી ગુનો દાખલ કરવામાં આવેલો હતો. આ ગુનાના કામે બનાવવાળી જગ્યાનું પંચનામું કરવામાં આવેલું હતું. શ્રી આર.એસ.પટેલનાઓએ આપેલી ફરિયાદ તથા પંચનામું વિગેરે તપાસના કાગળો પોલીસ કમિશનરશ્રી, સુરત શહેરના હુકમથી આ સાહેદ તરફ તપાસ સારૂ મોકલવામાં આવેલ જે તપાસ તેઓએ સંભાળેલી.

સાહેદ વધુમાં જણાવે છે કે ફરિયાદી આર.એસ.પટેલ, પોલીસ ઈન્સ્પેકટર ઉમરા પોલીસ સ્ટેશનનાઓ ગુનાવાળી જગ્યા બતાવતા હોવાથી તે અંગેનું પંચનામું કરવા સારૂ બે પંચોને હાજર રાખેલા અને બે પંચો રૂબરૂ ફરીયાદીએ બતાવેલી જગ્યાનું પંચનામું કરેલું. આંક–૨૬૬૪ બતાવવામાં આવે છે તે જોઈને જણાવે છે કે તેમાં બે પંચોની તથા રૂબરૂ તરીકે તેમની સહી ઓળખી બતાવે છે. તેમજ ઉમરા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી.નં.૬૫૧/૨૦૦૮ ના કામે લાગતા–વળગતા સાહેદોના નિવેદનો લીધેલા.

વધુમાં સાહેદ જણાવે છે કે તેઓએ આ કામે કબ્જે લીધેલ માઇક્રોચીપ તથા અન્ય એસેસરીઝ તેમજ IED નો તૈયાર કરેલ ડાયાગ્રામ, સેન્ટ્રલ રીસર્સ લેબોરેટરી, ભારત ઇલેકટ્રોનિકસ લી.કંપની, બેંગ્લોરનાઓને પરીક્ષણ અર્થે મોકલવા સારૂ ફોરવર્ડીંગ પત્ર સાથે મુદ્દામાલ પોલીસ કર્મચારી શ્રી પ્રકાશભાઇ ડાયાભાઇ, બકલ નં.૧૮૯૮ નાઓ સાથે ભારત ઇલેકટ્રોનીકસ લી. કંપનીને તા.૬/૮/૨૦૦૮ ના રોજ રવાના કરેલો. આ સેન્ટ્રલ રીસર્ચ લેબોરેટરીના જે તે સમયના ચીફ સાયન્ટીસ્ટ સાથે આ સાહેદે આ પરીક્ષણ અર્થે અગાઉ વાતચીત કરેલ હતી. આંક–૮૦૯૮ વાળો ફોરવર્ડિંગ પત્ર તેઓએ સેન્ટ્રલ રીસર્ચ લેબોરેટરીને મોકલેલ જેમાં સેન્ટ્રલ રીસર્ચ લેબોરેટરી દ્વારા સ્વીકારવામાં આવેલ તે અંગેનો શેરો તથા સહી કરેલ છે તથા ઑફિસે કોપીવાળા દસ્તાવેજમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આ દસ્તાવેજની સાથે તેઓએ IED નો જે ડાયાગ્રામ તૈયાર કરેલો હતો તેમજ પ્રશ્નોત્તરી કરેલ હતી. તા.૧૪/૮/૨૦૦૮ ના રોજ તેઓએ આ કામે કબ્જે લેવામાં આવેલ ડીટોનેટર ડિફ્યુઝ કરવા બાબતે નામ.ચીફ જયુશીયલ મેજિસ્ટ્રેટશ્રી, અઠવાલાઇન્સ, સુરતનાઓને રીપોર્ટ કરેલો અને ડીટોનેટર ડિફ્યુઝ કરવા પરવાનગી માંગેલી. સદર પરવાનગી માંગતા રીપોર્ટ આંક–૮૧૫૦ મા સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આંક–૮૧૫૦ વાળા રીપોર્ટ અનુસંધાને રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ, સુરત તરફથી નામદાર કોર્ટ કરેલ હુકમ અંગેની યાદી આંક–૮૧૫૧ થી રજૂ રાખેલ છે. આ સાહેદને ભારત ઇલેકટ્રોનિકસ લી. તરફ મોકલી આપેલ માઇક્રોચીપ અંગેનો પરીક્ષણ અહેવાલ ભારત ઇલેકટ્રોનિકલ લી.નાઓએ પોલીસ કોન્સ્ટેબલ પ્રકાશભાઇ ડાયાભાઇનાઓ મારફત તેઓને મોકલી આપેલ અને તેની સાથે મોકલવામાં આવેલ ઇલેકટ્રોનિક સર્કિટ પણ પરત મોકલેલી. જે પ્રકાશભાઇ ડાયાભાઇનાઓ રજૂ કરતા બે પંચોની રૂબરૂ આ સર્કિટ–પી.સી.બી. કબ્જે કરી તેને પંચનામાની વિગતે સીલ કરેલ. જે આંક–૭૧૧૭ વાળા પંચનામામાં સાહેદ બે પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે. આંક–૮૦૯૯

વાળો ભારત ઈલેકટ્રોનિક લી. ની સેન્ટ્રલ રીસર્ચ લેબોરેટરી, બેંગ્લોર તરફથી મળેલો અહેવાલ રજૂ રાખેલ છે.

વધુમાં સાહેદ જણાવે છે કે, ગુનાના કામે કબ્જે લેવામાં મુદ્દામાલ ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા, ગાંધીનગરનાઓને મોકલવા માટે મુદ્દામાલ રવાનગી નોંધ તૈયાર કરેલી અને તે રવાનગી નોંધમાં તપાસના પ્રકારની પણ વિગત જણાવેલી અને તેની સાથે સત્તા અંગેનું પ્રમાણપત્ર સામેલ કરેલ. આંક–૫૭૬૧ વાળી રવાનગી નોંધ સાથે સત્તા અંગેના પ્રમાણપત્રમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. જે મુદ્દામાલ પોલીસ કોન્સ્ટેબલ ગણેશ સારંગ, બકલ નં.૩૨૦૪ નાઓએ મદદનીશ નિયામક, ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળાને સોંપેલો અને આંક–૫૭૬૨ થી એફ.એસ.એલ. દ્વારા મુદ્દામાલ સ્વીકારવામાં આવેલો તેની પહોંચ રજૂ રાખેલ છે. એફ.એસ.એલ.ને મોકલવામાં આવેલ મુદ્દામાલનો પરીક્ષણ અહેવાલ આ સાહેદ તરફ મોકલવામાં આવતાં તે સમયે આ ગુનાની તપાસ સંભાળતા મદદનીશ પોલીસ કમિશનર, સી–ડિવિઝન, સુરત શહેરનાઓને આ પરીક્ષણ અહેવાલ, આ સાહેદને ફોરવર્ડિંગ પત્ર સાથે મોકલી આપેલો. જે આંક–૫૬૬૩ વાળો દસ્તાવેજમાં પરીક્ષણ અહેવાલની સાથે આ સાહેદના ફોરવર્ડિંગ પત્રમાં તેમની સહી ઓળખી બતાવે છે.

તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૩૬ સુજાતા મજમુદારે આ સરકીટને ભારત ઈલેકટ્રોનિકસ લી.માં બેંગલોર ખાતે તપાસ અર્થે મોકલેલી. સાહેદ નં.૧૧૩૬ સુજાતા મજમુદારની ઊલટતપાસના પેરા નં.૭ ધ્યાને લઈએ તો માઈક્રોચીપ કયાંથી મેળવેલી તે યાદ નથી, આવી માઈક્રોચીપ રમકડા, ટી.વી. કે બીજા કોઇ ઈલેકટ્રોનિક આઇટમમાં વપરાતી હોય તો ખબર નથી, જાતે ચીપ્સ બોમ્બમાંથી કાઢી નથી, માઈક્રોચીપ બેંગ્લોર મોકલતા પહેલા કપડામાં લપેટીને દોરી બાંધીને સીલ કરીને મોકલેલાનો ઉલ્લેખ પંચનામામાં નથી, આંક–૭૧૧૭ વાળા પંચનામામાં ચીપ બેંગ્લોરથી આવી ત્યારે તે સીલબંધ હાલતમાં હતી કે કેમ તે દર્શાવેલુ નથી, માઈક્રોચીપ કઇ કંપનીની છે તેની ઓળખ અંગેના પુરાવા બનાવેલા નથી તે કબૂલ કરે છે, ઊલટતપાસના પેરા નં.૧૧ ધ્યાને લઈએ તો હેડ

કોન્સ્ટેબલ પ્રકાશભાઇએ બેંગ્લોરથી ચીપ લાવીને રજૂ કરી નથી તો તે હકીકત નકારે છે, ઊલટતપાસના પેરા નં.૧૨ ધ્યાને લઇએ તો રીસર્ચ સેન્ટર બેંગ્લોરના કોઇ અધિકારી સાથે વાતચીત થયેલી નથી તે જણાવે છે.

સરકીટની તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૩૦ મનોજ મહાવીરપ્રસાદ જૈનનાઓને આંક–૮૦૯૭ થી તપાસવામાં આવેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઇએ તો તેઓ સને–૨૦૦૮ની સાલમાં સેન્ટ્રલ રીચર્સ લેબોરેટરી, ભારત ઇલેકટ્રોનિકસ લીમીટેડમાં બેંગ્લોર ખાતે મેમ્બર સીનીયર રીચર્સ સ્ટાફ તરીકે ફરજ બજાવતા હતા. સને–૨૦૦૮ ના વર્ષમાં આ લેબોરેટરીમાં ડૉ. એ.ટી.કાલઘાટગીનાઓ ચીફ સાયન્ટીસ્ટ તરીકે ફરજ બજાવતાં હતાં અને આ સાહેદ તેની સાથે કામ કરતા હતા. વધુમાં સાહેદ જણાવે છે કે તા.૯/૮/૨૦૦૮ ના રોજ ડૉ.એ.ટી.કાલઘાટગી, ચીફ સાયન્ટીસ્ટનાઓને ઉદ્દેશેલ એક પત્ર કે જે સુજાતા મજમુદ્દાર એ.સી.પી. ઇ–ડિવિઝન, સુરત સીટી, ગુજરાત રાજયનાઓ તરફથી મળેલો. આ પત્રની સાથે એક પી.સી.બી. (પ્રિન્ટેડ સર્કિટ બોર્ડ) જેમાં માઇક્રોચીપ જેની સાથેની બીજી એસેસરીઝ તથા એક ડાયોગ્રામ પણ સામેલ હતાં. આ પી.સી.બી.નુ ઇન્વેસ્ટીગેશન કરેલું. આ પી.સી.બી.ના એનાલીસીસ માટે ત્રણ જણાની નિમણૂક કરવામાં આવેલી જે કામગીરી ડો.એ.ટી.કાલઘાટગી, ચીફ સાયન્ટીસ્ટના સુપરવીઝન હેઠળ કરવામાં આવેલી. આ વ્યકિતઓમાં આ સાહેદ પોતે, રેખા અશોક બારદોલ, સુદર્શન હેગડેનાઓ હતાં. આ પી.સી.બી. બોર્ડનું તેઓ ત્રણ જણાઓએ એનાલીસીસ કરેલું. આવી જ બીજી સેમ સર્કિટ બેંગ્લોર બોમ્બ બ્લાસ્ટ કેસમાં પણ એનાલીસીસ કરેલી હતી. સાહેદ આંક–૮૦૯૮ વાળા પત્ર સાથે ડાયોગ્રામ તથા તેની સાથે માઇક્રોચીપ વિગેરે સ્વીકાર્યાના પત્રમાં પોતાની સહી ઓળખી બતાવે છે. તેઓને મળેલ પી.સી.બી. બોર્ડ તથા માઇક્રોકન્ટ્રોલર અને બીજી એસેસરીઝનું એનાલીસીસ કરેલું અને તેનો રીપોર્ટ તૈયાર કરેલ જેના આધારે ડૉ.એ.ટી.કાલઘાટગીનાઓએ તપાસ કરનાર અમલદાર દ્વારા પુછવામાં આવેલ પ્રશ્નોના જવાબો આ રીપોર્ટમાં આપવામાં આવેલાં. આ સાહેદ આંક–૮૦૯૯ વાળા રીપોર્ટના પ્રથમ પાના ઉપર ડૉ.એ.ટી.

કાલઘાટગી, ચીફ સાયન્ટીસ્ટનાઓની સહિ ઓળખી બતાવે છે. આ દસ્તાવેજની સાથે પાના નં.૧ થી ૩ એડીશ્નલ ઓબ્ઝર્વેશન અને ઓપીનીયન રીપોર્ટ છે જેમાં ફિગર–૧,૨ અને ૩ ના ફોટોગ્રાફસ પણ આપવામાં આવેલાં છે. આ દસ્તાવેજમાં પાના નં.૧ થી ૧૧ કે જે એનેક્ષર–એ છે તે ઓબ્ઝર્વેશન રીપોર્ટ કે જે બેંગ્લોર કેસમાં આપેલો તે સામેલ રાખેલો. આ આખો રીપોર્ટ અને ફિગર કમ્પ્યુટરમાં તૈયાર કરેલાં અને આ રીપોર્ટના આધારે ડૉ.એ.ટી.કાલઘાટગીનાઓએ જવાબ આપેલાં. સાહેદ વધુમાં જણાવે છે કે જે સર્કિટનું તેઓએ એનાલીસીસ કરેલું તે સર્કિટ ચાલુ હાલતમાં હતી અને આ સર્કિટમાં ૨૪.૧૫ કલાકનો સમય સેટ કરેલો હતો જે અંગેનો આંક–૮૦૯૯ થી વિગતવાર અભિપ્રાય મોકલેલ હતો. તેમજ સેશન્સ કેસ નં.૫૦૪/ ૨૦૦૯ ના મુદ્દામાલ લીસ્ટ આંક–૨૩૩૮ ના આર્ટીકલ નં.૯ વાળો મુદ્દામાલ જોઇને જણાવે છે કે આ તે જ પી.સી.બી. જેનુ તેઓએ એનાલીસીસ કરેલું. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આંક–૮૦૯૯ વાળા રીપોર્ટમાં આ સાહેદની સહી નથી તે કબૂલ કરે છે. આંક–૮૦૯૮ વાળા પત્રમાં ડૉ.કાલઘાટકી નાઓએ બેંગ્લોર કેસની ચીપ કે તેના બોર્ડ બાબતે કોઈ અભિપ્રાય માંગેલો નહીં તે કબૂલ કરે છે. આંક–૮૦૯૮ વાળા દસ્તાવેજો સાથે રજૂ થયેલા ડાયોગ્રામમાં કોઈપણ વ્યકિતની સહી નથી તે કબૂલ કરે છે. આ સાહેદની સમગ્ર ઊલટતપાસ ધ્યાને લેતા આરોપીઓને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત નીકળી આવતી નથી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે કલ્પેશ રાજારામ ઠાકુરને સાહેદ નં.૯૧૯ તરીકે આંક–૬૫૪૫ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ જન્મથી સુરત મુકામે રહે છે. તા.૨૯/૧૧/૨૦૦૮ ના રોજ આ સાહેદ તથા તેમનો મિત્ર અનિલભાઈ કપડા લેવા માટે ચોક બજારની આગળ સુરત મુકામે મોટર સાઈકલ લઈને જતા હતા ત્યારે બે પોલીસના માણસો ડી.સી.બી. પોલીસ સ્ટેશન ચોક બજાર પાસે મળેલા. આ લોકોએ તેઓનુ બાઈક ઉભુ રખાવેલુ અને કહેલુ કે સાહેબ અંદર ઑફિસમાં બોલાવે છે. જેથી તેઓ બંને પોલીસ સ્ટેશનમાં ગયેલા. આ ઑફિસમાં ગયા ત્યારે પોલીસના સાહેબ ખુરશી

ઉપર બેસેલા હતા, ત્રણ–ચાર પોલીસના માણસો હતા અને કુરતો પાઈજામો પહેરેલો એક ભાઈ નીચે બેસેલા હતા. ઑફિસમાં પોલીસના સાહેબ પરમાર સાહેબે પહેલા તેમની ઓળખાણ આપેલી. પોલીસના સાહેબે કહેલુ કે કાપોદ્રા પોલીસ સ્ટેશન વિસ્તારમાં બોમ્બનો કેસ થયેલો છે તે કેસમાં પંચનામુ કરવાનું છે તો તમે પંચમા રહેશો? જેથી "હા" પાડેલી. તે વખતે ત્યાં એક કુલસિંગભાઈ પોલીસવાળા હતા તેઓ એક ડબ્બામાં બે ઘડિયાળ લઈને આવેલા. આ બંને ઘડિયાળ "પ્રિન્સ" કંપનીના હતા. ત્યારબાદ નીચે બેઠેલા આરોપીનું નામ આ સાહેદે પૂછેલુ તો તેણે તેનું નામ "મોહમદ હાફિસ શેખ" હોવાનું જણાવેલુ. આ આરોપીએ કુરતો પાયજામો પહેરેલો હતો. આ આરોપીએ જાતે જણાવેલુ કે "હું યુ.પી. નો રહેવાસી છું" ત્યારબાદ આરોપીએ ઘડિયાળ ખોલવા માટે સામાન માંગેલો. તેણે સ્ક્રુ ડ્રાઈવર તથા પેચીયું માગેલુ. ત્યાં આગળ દિનેશભાઈ કરીને એક ભાઈ હતા તે દિનેશભાઈ દસ,પંદર મિનિટમાં સ્ક્રુ ડ્રાઈવર અને પેચીયું લઈને આવેલા. આ દિનેશભાઈ પણ પોલીસવાળા હતા. આ દિનેશભાઈ સ્ક્રુ ડ્રાઈવર અને પેચીયુ લઈને આવ્યા પછી નીચે બેઠેલા આરોપીને આ બંને વસ્તુ આપેલી. ત્યારબાદ આરોપીએ તેની રીતે ઘડિયાળના સ્પેર પાર્ટસ ખોલેલા. આરોપી સ્પેર પાર્ટસ ખોલ્યા પછી અંદર સર્કિટ તથા વાયર બધું ખોલીને છુટુ પાડેલુ. ત્યારબાદ તેણે બેટરી વડે બધા વાયર જોઈન્ટ કરેલા અને બોમ્બનો ટાઈમ કેવી રીતે સેટ કરવો તે બતાવેલુ. તે વખતે એક બલ્બ વડે બલ્બ સળગાવીને પણ બતાવેલુ. બોમ્બ જ્યારે ફોડવામાં આવે ત્યારે ડીટોનેટર આવે તેનો ઉપયોગ કરે. આ બતાવ્યા પછી આરોપીએ જે પ્રમાણે ઘડિયાળ હતી તે પ્રમાણે ફીટ કરેલી. ત્યારબાદ આ ઘડિયાળ કુલસિંગભાઈ લઈ ગયેલા. આ કાર્યવાહીનું પંચનામુ બનાવવામાં આવેલુ જે આંક–૬૫૪૬મા આ સાહેદ પોતાની તથા અનિલભાઈની તથા પોલીસના સાહેબની સહીઓ ઓળખી બતાવે છે. આ સાહેદને અમદાવાદ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીઓને વીડિયો કોન્ફરન્સ ટી.વી. સ્ક્રીન થતી ચાર–પાંચની સંખ્યામાં બતાવવામાં આવતા સાહેદ આરોપીને ઓળખી શકતા નથી અને જણાવે છે કે આજ રોજ તેઓને જે આરોપીઓ

બતાવેલા તે પૈકીના કેટલાક આરોપીને મોટી દાઢી છે, કેટલાકને નાની દાઢી છે તેમજ કેટલાકને આછી દાઢી છે. કેટલાક આરોપીને મૂછો નથી પરંતુ દાઢી છે. કેટલાકે માથે ટોપી પહેરેલી છે અને કેટલાક આરોપીએ ટોપી પહેરેલી નથી.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો ઘડિયાળોના પ્રકાર તથા તેની કામગીરી બાબતેનો અભ્યાસ કરેલો નથી. ઘડિયાળોના મશીનો વિષે તથા તેની કામગીરી વિશે માહિતી નથી તે કબૂલ કરે છે. ઘડિયાળ ખોલીને જોયેલી નથી કે રીપેર કરીને જોયેલી નથી. બોમ્બના પ્રકારો કે તેની કામગીરી વિષે માહિતી નથી. ટાઈમર બોમ્બના સિધ્ધાંતો તેમજ તે કેવી રીતે કામ કરે છે તેની માહિતી નથી તે કબૂલ કરે છે. કુલસીંગ નામનો માણસ પોલીસ સ્ટેશનમાં અગાઉથી કયારે આવેલો હતો તેની માહિતી મળેલી નહીં. પંચનામામાં જે સહીઓ કરેલી તે ડી.સી.બી. પોલીસ સ્ટેશનના રૂમમાં કરેલી. પ્લાસ્ટિકનો ડબ્બો અને તેમા બે ઘડિયાળો ટેબલ ઉપર પડેલા હતા તો તે હકીકત નકારી છે. આ સાહેદ ઑફિસમાં ગયા ત્યારે કુલસીંગભાઈ ડબ્બા લઈને ત્યાં ઉભેલા હતા તો તે હકીકત નકારી છે. જે ડબ્બો હતો તે સીલ મારેલો હોય અને પોતાની હાજરીમાં સીલ તોડયુ હોય તેવુ બન્યુ નથી. ડબ્બાને પ્લાસ્ટિકનું ઢાંકણ હતુ તે ખોલીને ઘડીયાળો બહાર કાઢેલા તે કબૂલ કરે છે. આ પ્રશ્નનો અર્થ એવો થાય કે આ સાહેદની હાજરીમાં ડબ્બાનું ઢાંકણ ખોલીને ઘડિયાળો બહાર કાઢેલા છે. ઘડિયાળો ડબ્બામા મુકીને દોરીબાંધી સીલ કરેલ હોય તેવુ બનેલુ નથી. ડબ્બા ઉપર સહીઓ કરીને ચિન્હ કરેલુ હોય તેવુ બન્યુ નથી. દિનેશભાઈ એ ડીસમીસ અને પેચ્યુ લઈને આવેલા તે કબૂલ કરે છે. પંચનામુ તૈયાર થયા પછી વાંચેલુ. પંચનામામાં સહી કરી તે દિવસે આરોપીને જોયેલો તે અગાઉ કયારે જોયેલો નહીં તે કબૂલ કરે છે. આરોપી કેટલા દિવસ અગાઉથી પોલીસ રીમાન્ડ ઉપર હતો તેની માહિતી મળેલી નહીં. આરોપીને પોલીસ તરફથી ધાક ધમકી આપેલ છે કે કેમ, તેને માર મારેલ છે કે કેમ તેની માહિતી મળેલ નહીં. આંક–૬૫૪૬ ના પંચનામામાં જણાવ્યા મુજબની કોઈ કામગીરી થયેલ નથી તો તે હકીકત નકારી છે. પોલીસ સ્ટેશનમાં જે કાર્યવાહી થયેલી તેની ફોટોગ્રાફી કરવામાં આવેલી નહીં.

ઘડિયાળમાં એલારામ છે કે તે અંગેનો ટેસ્ટ કરવામાં આવેલો કે કેમ તે યાદ નથી. ઘડિયાળ કઈ કંપનીના હતા તે અંગેનુ લખાણ પંચનામામાં લખવામાં આવેલુ. જે આરોપી પોલીસ સ્ટેશનમાં હતો તેને જોયે ૧૦ વર્ષનો સમય થયો હોવાથી ઓળખી શકેલ નથી તે સિવાય બીજુ કોઈ કારણ નથી. જે ડબ્બો બતાવવામાં આવેલો તેમાંથી ઘડિયાળનું ખોખુ નીકળેલુ કે કેમ તે યાદ નથી. બચાવપક્ષ તરફથી આ ખોખુ રજૂ કરાવવામાં આવતા ખોખાને દાખલ આંક–૬૫૪૭ આપવામાં આવેલો છે. કુલસીંગભાઈ આ ઘડિયાળો કયાંથી લાવેલા તેની માહિતી આપવામાં આવેલી નહીં. પંચનામાના દિવસે આરોપીને જોયેલો નહીં માટે જુબાની દરમ્યાન ઓળખી શકેલ નથી તો તે હકીકત નકારી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમારનાઓએ કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી.નં.૧૭૫/૨૦૦૮ નાં કામે તા.૨૯.૧૧.૨૦૦૮ ના રોજ આ સાહેદ તથા બીજા પંચ અનિલ રાઠોડનાઓને ચોક બજાર ખાતે આવેલા ડી.સી.બી. પોલીસ સ્ટેશનમાં બોલાવેલા અને ત્યાં એક આરોપી હાજર હતો અને તેને પોતાનુ નામ આ પંચ સાહેદની હાજરીમાં આસીફ ઉર્ફે હસન બદરૂદીન શેખ જણાવેલુ અને તે વખતે પોલીસ કર્મચારી કુલસીંગ હાજર હતા અને તેમને ગુનામાં કબજે કરેલ પ્રિન્સ કંપનીની બે એલારામ ઘડિયાળ કે જે પ્લાસ્ટિકના ડબ્બામાં હતી તે રજૂ કરેલી અને આરોપીએ મંગાવ્યા મુજબની સાધન સામગ્રી સ્ક્રુ ડ્રાઈવર વિગેરે સાથે ઘડિયાળો તેને આપેલી તે પૈકીની એક ઘડિયાળ ખોલીને તેની બોડી છુટી પાડી પંચનામાની વિગતે ડેમોસ્ટ્રેશન કરેલુ અને તેને જોડેલો બ્લબ ચાલુ કરેલ અને જણાવેલુ કે બલ્બની જગ્યાએ બોમ્બમાં ડીટોનેટર જોડેલા. તે અંગેનુ પંચનામુ આંક–૬૫૪૬ વાળુ બનાવવામાં આવેલુ હતુ.

આંક–૬૫૪૬ વાળુ પંચનામુ બનાવનાર અધિકારી સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમારનાઓની આ બાબતે જુબાની ધ્યાને લઈએ તો તેઓ પોતાની જુબાનીના પેરા ૪૫ માં તેઓ જણાવે છે કે તા.૨૯.૧૧.૨૦૦૮ ના રોજ કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી.નં.૧૭૫/૨૦૦૮ નાં કામે આરોપી

મહમદ આરીફ ઉર્ફે આરીફ બદરનાઓએ પ્રીન્સ કંપનીની ઘડિયાળો બોમ્બ બ્લાસ્ટ કરવા માટે ઉપયોગમાં લીધેલ તેનો ઉપયોગ કેવી રીતે કરેલો તેનુ ડેમોસ્ટ્રેશન કરવા માંગતા હોય બે પંચોને બોલાવેલા અને તે વખતે પોલીસ કર્મચારી કુલસીંગભાઈને હાજર રાખેલા અને ગુનાના કામે કબજે કરવામાં આવેલ ઘડિયાળો પ્લાસ્ટિકની પારદર્શક ડબ્બામાં લાવીને રજૂ કરેલી. ત્યારબાદ આરોપીએ પોતાનુ નામ જણાવેલુ અને તેને જરૂરી સાધન સામગ્રી આપેલી. ત્યારબાદ તેને ઘડિયાળો સાથે બ્લબ જોડીને તેનુ ડેમોસ્ટ્રેશન કરેલુ. આ અંગેનુ પંચનામુ આંક–૬૫૪૬ વાળુ બનાવવામાં આવેલુ જેમા આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલ છે. આ સબંધે આ સાહેદની ઊલટતપાસ પેરા ૧૪૭ ધ્યાને લેતાં આરોપીએ ઘડિયાળ બોમ્બ સેટીંગ કરવા બાબતેનુ પંચનામાની વિગતે ડેમોસ્ટ્રેશન કરેલુ નથી તો તે હકીકત નકારેલી છે. વધુમાં ઊલટતપાસના પેરા ૧૬૨ ધ્યાને લઈએ તો આંક–૬૫૪૬ વાળા પંચનામા વખતે એફ.એસ.એલ. અધિકારીઓને હાજર રાખેલા નહીં. ડેમોસ્ટ્રેશન કરતા પહેલા તે કરવા માટે સ્પેશ્યલ સ્કીલની જરૂર પડે કે કેમ તેની તપાસ કરેલી નથી. આ સિવાય બીજી કોઈ હકીકત નીકળી આવતી નથી.

આંક–૬૫૪૬ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "આરોપીએ પોતાનુ નામ જણાવ્યાની હકીકત તેમજ આરોપીએ ઘડિયાળ ખોલી તેની બોડી છુટી કરેલી તથા વાયરો ઘડિયાળમાં ટાઈમર સેટીંગ કરવા માટે તૈયાર કરવામાં આવે છે તે જણાવ્યાની હકીકત" વિગેરે પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં. આ હકીકત પુરાવામાં ગ્રાહ્ય છે કે કેમ તથા પુરાવામાં વિચારણા હેઠળ લેવાય કે કેમ? તે અંગેની ચર્ચા આગળ ઉપર કરીશું.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે નિતીનકુમાર દયારામ પટેલને સાહેદ નં.૪૪૩ તરીકે આંક–૨૭૨૫ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ સને–૨૦૦૧ થી ૨૦૧૩ ના સમય દરમ્યાન તેઓ સાયન્ટિફીક

ઓફીસર તરીકે સુરત ખાતે ફરજ બજાવતા હતા. તે દરમ્યાન તા.૨૭.૭.૨૦૦૮ નાં રોજ ઉમરા પોલીસ સ્ટેશનમાંથી ટેલીફોનિક મેસેજ મળેલો કે સીતાનગર ચોકડી, પુણા જનરલ હોસ્પીટલ સાથે શંકાસ્પદ કાર મળ્યાના મેસેજના આધારે ઘટના સ્થળે ગયેલા અને બોમ્બ સ્કવોર્ડે કારના કાચ તોડી આ સાહેદને બતાવતા ગાડીમાંથી જુદા જુદા કેમીકલ છરા મળેલા અને ત્યાં લોકોનું ટોળુ ભેગુ થઈ ગયેલુ જેથી સ્થળ ઉપરથી કાપોદ્રા પોલીસ સ્ટેશનને ગયેલા અને વેગન આર કાર નં. જીજે-૬-સીડી-૩૫૬૯ ની ચકાસણી પોલીસ સ્ટેશને કરેલી. સામગ્રીમાં ૯.૫ કીલો છરા, ૧૬.૬૮૦ ગ્રામ નટ, ૧૧ નંગ ડીટોનેટર, ૪૯ નંગ વાયરો, પ્રીન્સ માર્કાની ઘડિયાળ નંગ ૨, સ્ટીલના ડબ્બા નંગ ૧૦, મલ્ટિમીટર નંગ ૧ વિગેરે મળી આવેલ. આ મટીરીયલ વધુ તપાસ અર્થે ગાંધીનગર એફ.એસ.એલ. ખાતે મોકલવા જણાવેલુ. આ નિરીક્ષણ કરવાની યાદી મળેલી જે આંક-૨૭૨૯ થી રજૂ છે અને પ્રાથમિક અહેવાલ જે આપેલો તે આંક-૨૭૩૦ થી રજૂ કરેલો છે જેમા આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવી છે. જુબાની દરમ્યાન તેઓને મુદામાલ લીસ્ટ આંક-૨૩૩૬ ક્રમાંક નં.૧ થી ૪૧ વાળો મુદામાલ વારાફરતી બતાવતા તે મુદ્દામાલ આ સાહેદે ઓળખી બતાવેલો છે. બનાવ સ્થળ ઉપર વીઝીટ કર્યાનો ઉલ્લેખ પ્રાથમિક અહેવાલમાં નથી તે કબૂલ કરે છે. કન્ટ્રોલથી વર્ધી આવેલી તેની નોંધ કરવામાં આવેલ નથી તે કબૂલ કરે છે. પ્રાથમિક અહેવાલ પોલીસના કહેવાથી ખોટો આપેલાની હકીકત નકારેલી છે. સમગ્ર ઊલટતપાસ ધ્યાને લેતા પ્રિન્સ કંપનીની ઘડિયાળો બાબતે કોઈ હકીકત પુછવામાં આવેલી નથી.

આંક-૬૫૪૬ વાળા પંચનામા મુજબ કબજે કરવામાં આવેલ મુદ્દામાલ તેમજ સાહેદ નં.૪૪૩ એન.ડી.પટેલનાઓએ આંક-૨૭૩૦ વાળો સ્થળ તપાસણી અહેવાલ જે આપેલો તેમાં જે મટીરીયલ્સનો ઉલ્લેખ કરવામાં આવેલો છે તે પૈકી પ્રિન્સ કંપનીની ઘડિયાળ રવાનગી નોંધ આંક-૫૭૧૨થી એફ.એસ.એલ. ગાંધીનગરને મોકલી આપવામાં આવેલી જેમા તપાસ કરનાર અધિકારીની સહી છે. આ મુદ્દામાલ એફ.એસ.એલ.ગાંધીનગરને મળ્યો તે બાબતે પહોંચ આપવામાં આવેલી છે જે આંક-૫૭૧૩ થી રજૂ કરેલી છે. ત્યારબાદ આ

મુદ્દામાલ પ્રિન્સ ઘડિયાળની તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૮૩૫ હિતેષ જયંતિલાલ ત્રિવેદીની જુબાની ધ્યાને લઈએ તો આ મુદ્દામાલ પ્રીન્સ ઘડિયાળનું તેમને પૃથ્થકરણ કરેલુ અને અભિપ્રાય આપેલો કે (૧) નમૂના એ/૪ ની ઘડિયાળમાં નમૂના એ/૧૩ ના સેલનો ઉપયોગ કરી જોતા ઘડિયાળ ચાલુ સ્થિતિમાં જણાઈ આવેલી અને સદરહુ ઘડિયાળનો ઉપયોગ બોમ્બ બનાવવી રચનામાં ટાઇમર ડીવાઇસ તરીકે કરી શકાય તથા (૨) નમૂના એ/૪ ની એલાર્મ ઘડિયાળને સ્વીચ બંધ સ્થિતિમાં હતી તથા એલાર્મનો કાંટો ૧૨ વાગ્યાની સ્થિતિમાં હતો. આ મુજબનો જે અભિપ્રાય આપેલો તે આંક–૫૬૪૭ થી રજૂ કરેલો છે જેમા આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવી છે. આ ઉપરાંત સાહેદ નં. ૮૪૦ જાનમહમદ ફકીરમહમદની જુબાની ધ્યાને લઈએ તો તેમને પણ મુદામાલ માર્ક એ/૪ વાળાનું પૃથક્કરણ કરેલુ અને પૃથક્કરણમાં વિસ્ફોટક ઘટકોની હાજરી શોધાયેલી નથી તે મુજબનો અભિપ્રાય આપેલો જે આંક–૫૭૧૪ થી રજૂ કરેલો છે જેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવી છે. આમ આરોપી નં.૩૧ તથા ૩૨ નાઓએ પોલીસ સ્ટેશનમાં મુદામાલ પ્રીન્સ કંપનીની ઘડિયાળ તથા ટાઇમર ચીપનુ પંચો રૂબરૂ જે ડેમોસ્ટ્રેશન કરેલુ તે પૈકી મુદ્દામાલ પ્રિન્સ કંપનીની ઘડિયાળ ચાલુ હાલતમાં હતી પરંતુ તેની એલાર્મ સ્વીચ બંધ હતી માટે કદાચ એવુ બને કે આ સ્વીચ બંધ હોવાના કારણે આ બોમ્બ ફુટેલો નહીં.

આંક–૬૫૦૮ વાળા પંચનામા મુજબ કબજે કરવામાં આવેલ મુદામાલ તેમજ સાહેદ નં.૪૪૩ એન.ડી.પટેલનાઓએ આંક–૨૭૩૦ વાળો સ્થળ તપાસણી અહેવાલ જે આપેલો તેમાં જે મટીરીયલ્સનો ઉલ્લેખ કરવામાં આવેલો છે તે પૈકી પ્લાસ્ટિકની બરણીમાં ટાઇમર ચીપ સાથેની આઈ.સી. રવાનગી નોંધ આંક–૫૭૧૨ થી એફ.એસ.એલ. ગાંધીનગરને મોકલી આપવામાં આવેલી જેમા તપાસ કરનાર અધિકારીની સહી છે. આ મુદ્દામાલ એફ.એસ.એલ. ગાંધીનગરને મળ્યો તે બાબતે પહોંચ આપવામાં આવેલી છે જે આંક–૫૭૧૩ થી રજૂ કરેલી છે. ત્યારબાદ આ મુદ્દામાલ પ્લાસ્ટિકની બરણીમાં ટાઇમર ચીપ

સાથેની આઈ.સી.ની તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૮૩૫ હિતેષ જયંતિલાલ ત્રિવેદીની જુબાની ધ્યાને લઈએ તો આ મુદ્દામાલ પ્લાસ્ટિકની બરણીમાં ટાઈમર ચીપ સાથેની આઈ.સી.નું તેમને પૃથક્કરણ કરેલુ અને અભિપ્રાય આપેલો કે (૧) નમૂના એ/૧૧ ની સરકીટ મુખ્યત્વે PIC 16F628A ઈલેકટ્રીકલ ફેલશ પ્રકારની IC, COB (Clock on board), ત્રીગરીંગ ટ્રાંઝીસ્ટર 2SC1162 ઝેનર ડાયોડ, રેસીસ્ટંટ, કેપેસીટર્સ વગેરેની બનેલી હતી, (૨) નમૂના એ/૧૧ ની સરકીટમાં રહેલ PIC 16F628A ઈલેકટ્રીકલ પ્રોગ્રામેબલ ફલેશ પ્રકારની IC નું EPROM READER હાર્ડવેર તથા સોફટવેર પ્રોગ્રામની મદદથી રીડ કરતા સદર IC કોડ પ્રોટેકટેડ હોવાનું જણાયેલુ, (૩) નમૂના એ/૧૧ ની સરકીટમાં રહેલ COB (Clock on board) ૦.૫ હર્ટઝની ફ્રકવન્સી જનરેટ કરે છે જે માઈક્રો કંટ્રોલરની પાન નં.૩ ઉપર આપે છે, (૪) નમૂના એ/૧૧ ની સરકીટને બેટરી સાથે યોગ્ય રીતે જોડી પ્રાયોગીક રીતે અવલોકન કરતા સદર સરકીટનો ટ્રીગરીંગ ટ્રાન્ઝીસ્ટર (2SC1162) આશરે ૧૨ કલાકના સમયગાળા બાદ ટ્રીગર થતો જોવા મળેલ તથા (૫) નમૂના એ/૧૧ ની સરકીટને બેટરી સાથે યોગ્ય રીતે જોડી ચકાસતા તેના દરેક ઈલેકટ્રોનીક કંપોનન્ટસ ચાલુ હાલતમાં જણાયેલા. આ મુજબનો જે અભિપ્રાય આપેલો તે આંક–૫૬૫૦ થી રજૂ કરેલો છે જેમા આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવી છે.

આ આરોપી નં. ૩૨ આસીફ ઉર્ફે હસન બશીરૂદ્દીન શેખે ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઈન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે તે પ્રશ્નના જવાબમાં તેને ફરિયાદપક્ષના પુરાવા સંબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના બચાવ માટે જે હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦ માં જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

આ ઉપરાંત આ આરોપીએ મદદનીશ પોલીસ કમિશનર તપાસ ટીમ ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદના સુશ્રી ઉષા રાડાનાઓએ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ

કોર્ટ નં.૧૧ અમદાવાદને આ આરોપીની ઓળખ પરેડ માટે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ કોર્ટમાં હાજર રાખવા હુકમ થવા જે પત્ર લખેલો તેની પ્રમાણીત નકલ આંક–૯૨૧૦ થી રજૂ કરેલી છે. આ પત્ર મુજબ તા.૯.૧.૨૦૦૯ નાં રોજ કલાક ૧૭.૦૦ વાગે આ આરોપીને ઓળખ પરેડ કરવા માટે સમય આપેલ હોવાથી પોલીસ જામા સાથે આરોપીને રજૂ કરવા જેલરશ્રી સાબરમતી સેન્ટ્રલ જેલને હુકમ કરવા માટેનો પત્ર છે, તેની સાથે તા.૧.૧.૨૦૦૯ ના રોજ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ નાઓએ કરેલ હુકમની પ્રમાણીત નકલ પણ રજૂ છે. તે ધ્યાને લેતા આંક–૯૨૧૧ ના પત્ર આધારે આરોપીની ઓળખ પરેડ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૨ ઘી કાંટા અમદાવાદ ખાતે તા.૯.૧.૨૦૦૯ ના રોજ કલાક ૧૭.૦૦ વાગે હાજર રાખવા આદેશ કરેલો છે. આ સિવાય અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવા આ આરોપીએ રજૂ કરેલા નથી.

આરોપી નં.૩૨ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૯૬૫, ૯૬૬, ૯૬૭, ૫૮૯, ૯૧૦, ૯૧૯, ૭૮૬, ૭૮૭, ૭૯૦, ૭૯૨, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતા આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, સાહેદ નં.૯૬૫ અખ્તર અહેમદ મેમણનાઓ પુના ખાતે એસ્ટેટ દલાલીના એજન્ટ છે અને સાહેદ નં.૯૬૭ રેઝા આદમ નબાતીયન પુના ખાતે અશોકા મ્યુજમાં આવેલા મકાનના માલીક છે. ફરિયાદપક્ષના કેસ પ્રમાણે સાહેદ નં.૯૬૭ નું મકાન સાહેદ નં.૯૬૫ મારફતે આરોપી નં.૩૨ તથા પ૧નાઓએ ભાડે રાખેલુ હતુ. ફરિયાદપક્ષનો પુરાવો ધ્યાને લેતા આ મકાન આરોપી નં.૩૨ તથા પ૧ નાઓએ ભાડે રાખેલાની હકીકત માલુમ પડે છે. વધુમાં વકીલશ્રી એલ.આર.

પઠાણ દલીલ કરતા જણાવે છે કે, ગુજરાત પોલીસ આ મકાન ઉપર ગઈ તે પહેલા મુંબઈની પોલીસે મકાનનું સર્ચ કરેલુ હતુ અને ગુનામાં સંડોવતી કેટલીક વસ્તુઓ મળી આવેલી. પરંતુ ગુજરાત પોલીસને કોઈ વસ્તુ મળેલી નથી. આ મકાનમાં આરોપીઓ રહેલા તે માત્રથી તેમની વિરૂધ્ધ ગુનો બનતો નથી. પરંતુ મારા મત પ્રમાણે મુંબઈ પોલીસે આ મકાનનું સર્ચ કરીને ગુનામાં સંડોવતી વસ્તુઓ કબજે કરેલી હોય તો ગુજરાત પોલીસને તે વસ્તુ મળે નહીં. વધુમાં વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે સાહેદ નં.૯૬૫ ની જુબાનીના પેરા–૩ મુજબ તા.૨૧.૧૨.૨૦૦૮ ના રોજ મુંબઈ પોલીસ આવેલી અને બધાને એરેસ્ટ કરેલા તથા મકાનમાંથી બ્લાસ્ટીંગનો સામાન મળેલો તેમ જણાવે છે પરંતુ કયો સામાન મળેલો તે આ સાહેદ જણાવતા નથી. પરંતુ મારા મત પ્રમાણે મુંબઈ પોલીસે આ સાહેદને સામાન બતાવેલો ન હોય તો આ સાહેદ કયો સામાન મળેલો તે કહી શકે નહીં. પરંતુ એક હકીકત ચોકકસ છે કે બ્લાસ્ટીંગ એટલે બ્લાસ્ટ કરવાનો સામાન કહેવાય અને તે આ મકાનમાંથી મળેલો છે. વધુમાં વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, સાહેદ નં.૯૬૭ નાઓએ આરોપીઓને મકાન ભાડે આપેલુ અને તેનુ એગ્રીમેન્ટ બનાવેલુ તે એગ્રીમેન્ટ મુંબઈ પોલીસને આપેલુ પરંતુ રસીદ આપેલી નથી. મકાનમાંથી જેહાદી બુક અને બોમ્બ બનાવવાનો સામાન મળેલાની વાત આ સાહેદને મુંબઈ પોલીસે કરેલી છે. આ સંબંધમાં વકીલશ્રી એલ.આર.પઠાણ સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડાની જુબાનીના પેરા–૪૨, ૪૪ તરફ ધ્યાન દોરી દલીલ કરે છે કે અશોકા મ્યૂઝ ફલેટ ઉપર ગયા ત્યારે મુંબઈ પોલીસે સીલ કરેલુ કે કેમ? તે બાબતે તેઓ જણાવતા નથી. જયારે મકાન માલીકના કહેવા પ્રમાણે મુંબઈ પોલીસે ફલેટ સીલ કરેલો અને છ માસ પછી કબજો સોંપેલો હતો. જેથી એક હકીકત સ્પષ્ટ બને છે કે આ આરોપીઓ આ મકાનમાં રહેલા છે અને મકાનમાંથી બ્લાસ્ટીંગનો સામાન મુંબઈ પોલીસે કબજે કરેલો હતો. વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડાનાઓએ અશોકા મ્યૂઝવાળા ફલેટનું પંચનામુ કરેલાનુ તેમને યાદ નથી. મકાનમાં ગેરકાયદેસર પ્રવૃત્તિ થતી હતી કે

કેમ? તે પણ તેમને યાદ નથી અને તેમને જવાબો આપવાનું ટાળેલુ છે. પરંતુ મારા મત પ્રમાણે આ કેસનું રેકર્ડ ઘણુ મોટુ છે. તપાસ કરનાર અધિકારી ઉષા રાડાએ ૫ થી ૬ ફરિયાદોની તપાસ એક સાથે કરેલી છે અને ૧૦ વર્ષ બાદ અદાલતમાં જુબાની આપેલી હોવાથી ઘણી બધી હકીકતો યાદ ન હોય જેથી એવુ કહી શકાય નહીં કે સાહેદે જવાબો આપવાનું ટાળેલુ છે. વધુમાં વકીલશ્રી એલ. આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે ફલેટ ઉપરથી કયા આરોપીને પકડેલો તે અંગે પુરાવો નથી, ફલેટમાંથી કઈ વસ્તુ મળેલી તે અંગે પુરાવો નથી, ફલેટમાં ગેરકાયદેસર પ્રવૃત્તિ થતી હતી તે અંગે પુરાવો નથી. જેથી આ આરોપી આ ગુનામાં સંડોવાયેલો છે તે પુરવાર થતુ નથી. પરંતુ મારા મત પ્રમાણે ગુજરાત પોલીસ આ ફલેટ ઉપર ગઈ તે પહેલા મુંબઈ પોલીસ ફલેટ ઉપર ગયેલી છે, મકાનમાંથી બ્લાસ્ટીંગનો સામાન કબજે કરેલો છે અને આરોપીઓને અટક કરેલા છે આ હકીકત સાહેદ નં.૯૬૭ તથા ૯૬૫નાઓએ જણાવેલી છે. મુંબઈ પોલીસે કબજે કરેલો મુદ્દામાલ અમદાવાદના કેસોમાં ન હોય તે સ્વાભાવિક છે. તેનો અર્થ એવો ન થાય કે આ ફલેટમાંથી બ્લાસ્ટીંગનો સામાન મળેલો નથી.

વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, એગ્રીમેન્ટમાં જે વ્યકિતને ફલેટ ભાડે આપેલો તેનુ નામ નથી તેમ સાહેદ નં.૯૬૫ જણાવે છે. જેથી એગ્રીમેન્ટ થયેલુ નથી અને આરોપી નં.૩૨ ને ફલેટ ભાડે આપેલો નથી. પરંતુ મારા મત પ્રમાણે સાહેદ નં.૯૬૫ તથા ૯૬૭ બંને જણાવે છે કે, આરોપી નં.૩૨ તથા ૫૧નાઓને ફલેટ ભાડે આપેલો હતો. એગ્રીમેન્ટમાં આરોપીનું નામ ન હોવાના કારણે આ ફલેટ તે આરોપીઓને ભાડે આપેલો નથી તેવુ અનુમાન કરી શકાય નહીં. દસ્તાવેજી પુરાવો રેકર્ડ ઉપર નથી પરંતુ મકાન માલીક તથા મકાન ભાડે અપાવનાર વ્યકિતનો મૌખિક પુરાવો રેકર્ડ ઉપર છે અને તે નહીં માનવાને કોઈ કારણ નથી અને આ સાહેદો ખોટી હકીકત જણાવે છે તેવુ પણ કહી શકાય નહીં કારણ કે આરોપીઓ સાથે તેઓને કોઈ દુશ્મનાવટ નથી પરંતુ પુરાવો ધ્યાને લેતા સ્પષ્ટ છે કે મકાન આરોપી નં.૫૧નાએ ભાડે રાખેલુ અને તેને મેડીકલમાં એડમીશન મળતા તે હૈદરાબાદ ગયેલ જયારે આરોપી નં.૩૨

મકાનમાં રહેતા હતો અને મકાનનુ ભાડુ પણ આરોપી નં.૩૨ જ સાહેદ નં.૯૬૫ દ્વારા સાહેદ નં.૩૬૭ને આપતો હતો. વધુમાં વકીલશ્રી એલ.આર.પઠાણ સાહેદ નં.૫૮૯ ઈન્દ્રવીર ઝાલાની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરે છે કે તેમની રૂબરૂની ઓળખ પરેડમાં સાહેદ નં.૯૬૫ તથા ૯૬૭ નાઓએ આરોપી નં.૩૨ ને ઓળખી બતાવેલો છે. પરંતુ ઓળખ પરેડની યાદીમાં ઈનવર્ડ કે આઉટવર્ડ નંબર નથી. પરંતુ મારા મત પ્રમાણે યાદીમાં ઈનવર્ડ કે આઉટવર્ડ નંબર ન હોવાના કારણે ઓળખ પરેડ કરાવવામાં આવેલી નથી તેમ કહી શકાય નહીં. વધુમાં વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, ઓળખ પરેડ પુરી ન થાય ત્યાં સુધી સાહેદો આ કામના આરોપીઓને ઓળખી ન જાય તે માટે કોઈ કાળજી રાખેલી નથી. ઓળખ પરેડ થયા પછી સાહેદ કોર્ટ રૂમની બહાર નીકળીને કયાં ગયેલા અને કોને મળેલા તેની તપાસ રાખેલી નથી. સાહેદો તથા પોલીસ ઉપર મેજિસ્ટ્રેટનું નિયંત્રણ ન હતુ. પરંતુ મેજિસ્ટ્રેટની જુબાની ધ્યાને લઈએ તો ઓળખ પરેડ કાયદા મુજબ થાય તે રીતેની તમામ કાળજી તેમને રાખેલી હોવાનું સ્પષ્ટ માલુમ પડે છે.

વધુમાં વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, સાહેદોને હાજર રાખવા મેજિસ્ટ્રેટે કોઈ પ્રયત્ન કરેલા નથી. પરંતુ મેજિસ્ટ્રેટની જુબાની મુજબ તેઓને ઓળખ પરેડ માટે જે યાદી મળેલી તે પોલીસ તરફથી મળેલી હતી અને યાદી ઉપર ઓળખ પરેડની તારીખ તથા સમય લખીને પોલીસને પરત કરેલી જેથી મેજિસ્ટ્રેટે સાહેદોને સમન્સ કાઢેલા ન હોય પરંતુ મેજિસ્ટ્રેટે તારીખ અને સમય લખેલો તે આધારે પોલીસે સાહેદોને જાણ કરેલી છે. પરંતુ વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે સાહેદોને અને આરોપીઓને કોઈ બીજી એજન્સી દ્વારા રજૂ કરવામાં આવેલા હશે તેવુ અનુમાન થઈ શકે. પરંતુ તેમની આ દલીલ સાથે હું સંમત નથી કારણ કે બીજી કોઈ એજન્સી આવી શકે જ નહીં જો આરોપી પોલીસ કસ્ટડીમાં હોય તો પોલીસ દ્વારા રજૂ કરવામાં આવે અથવા આરોપી જયુડીશીયલ કસ્ટડીમાં હોય તો જેલ

ઓથોરીટી દ્વારા રજૂ કરવામાં આવે, ત્રીજી એજન્સીનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

સાહેદ નં.૯૧૦ ની જુબાની તરફ ધ્યાન દોરી વકીલશ્રી એલ.આર. પઠાણ દલીલ કરતા જણાવે છે કે, આ સાહેદના કહેવા મુજબ પોલીસ સ્ટેશનમાં આસીફ શેખ હાજર હતો અને આ સાહેદને પોલીસે બોલાવ્યા ત્યારે પોલીસના માણસ કુલસીંગભાઈ એક પારદર્શક સીલબંધ શીશી લઈને આવેલા અને તેમા સરકીટ હતી તે જણાવે છે. તપાસ કરનાર અધિકારીએ આરોપી પાસે ડેમોસ્ટ્રેશન કરાવેલુ છે જેનુ પંચનામુ આંક–૬૫૦૮ થી રજૂ છે. પરંતુ તે પંચનામુ નથી તે નિવેદન કહેવાય અને તેના આધારે આરોપીનું જ્ઞાન રેકર્ડ ઉપર લાવવાનો પ્રયત્ન કરેલો છે તે કબૂલાતના રૂપમાં છે. સીલબંધ શીશી ખોલવાની સત્તા પોલીસને નથી તેમ છતાં સીલબંધ શીશી ખોલવામાં આવેલી છે અને અદાલતની પરવાનગી લેવામાં આવેલી નથી. પરંતુ આ આરોપીએ ડેમોસ્ટ્રેશન કરવાનું જણાવેલુ જેથી શીશીમાં રહેલા આઈ.સી. બહાર કાઢવામાં આવે તો જ તેનુ ડેમોસ્ટ્રેશન થઈ શકે માટે પોલીસ દ્વારા કોઈ ગાઈડલાઈનનો ભંગ થયેલ નથી. આ આઈ.સી.નું એફ.એસ.એલ. અધિકારી સાહેદ નં.૮૩૫ નાઓએ પૃથક્કરણ કરીને આંક–૫૬૫૦ વાળો અહેવાલ આપેલો છે. વકીલશ્રી એલ.આર. પઠાણ દલીલ કરતા જણાવે છે કે આ આરોપી આ કહેવાતા ગુનાઓમાં સંડોવાયેલો નથી. પરંતુ ઉપર વિગતે જે પુરાવા રજૂ થયા છે તે ધ્યાને લેતા આ આરોપી આ કહેવાતા ગુનામાં સંડોવાયેલો છે તેમ હું માનુ છું.

આરોપી નં.૩૩ મુબીન ઉર્ફે સલમાન કાદર શેખનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૩૩ મુબીન ઉર્ફે સલમાન કાદર શેખનાઓ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ જુદી–જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી–જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ

પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા–જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમને કઈ–કઈ ભૂમિકા ભજવેલી છે તે સાબિત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે તે મુજબઃ–

ફરિયાદપક્ષ દ્વારા આ કામે ધવલ નિરંજનભાઈ શાહને સાહેદ નં. ૯૦૩ તરીકે આંક–૬૪૭૫ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૧૦/૧૧/૨૦૦૮ ના રોજ બપોરના અઢી ત્રણ વાગ્યાના આસપાસ ગાયકવાડ હવેલી, ક્રાઇમ બ્રાન્ચની ઑફિસે બોલાવેલા. તેઓ ક્રાઇમ બ્રાન્ચની ઑફિસમાં ગયા ત્યારે એક બીજા મહેશભાઇ હાજર હતા. ત્યાં ઑફિસમાં એક પોલીસ અધિકારી સાહેબ, બીજા ચાર–પાંચ પોલીસના માણસો તથા એક આરોપી હાજર હતા. પોલીસ અધીકારી જે હતા તેમનુ નામ ટોળીયા સાહેબ હતુ. ત્યાં પોલીસના અધીકારી સાહેબે તેઓને તથા મહેશભાઇને કહેલુ કે આ આરોપી શાહીબાગ વિસ્તારમાં થયેલા બોમ્બ બ્લાસ્ટના કેસમાં પકડેલ છે અને તેણે જુદી–જુદી જગ્યાએથી અનસીકયોર્ડ વાઇફાઇ હેક કરી જુદી–જુદી જગ્યાએ ધમકી ભર્યા ઇ–મેઇલ કર્યા હતા અને આ આરોપી અનસીકયોર્ડ વાઇફાઇ હેક કરીને બતાવવા માંગે છે તો તમે પંચમાં રહેશો? જેથી બંને જણાએ "હા" પાડેલી. પછી આરોપીનું નામ પુછેલુ તો તેણે તેનું નામ "મહમદ અસગર પીરૂભાઇ" જણાવેલું. તેણે એવુ કહેલુ કે "હુ કોમ્પ્યુટર એન્જીનીયર છું". આરોપીએ એમ પણ કહેલુ કે "ઇકબાલ ભટ્ટકલની સુચનાથી જુદી–જુદી જગ્યાએ ઇ–મેઇલ કરેલો તે ઇ–મેઇલ સ્વખુશીથી કરી બતાવવા માંગુ છું". આરોપીએ એવુ કહેલુ કે "કમ્પ્યુટર હોય તો હુ કમ્પ્યુટરમાં કરી બતાવવા માંગુ છું". આરોપીએ એમ પણ કહેલુ કે "બોમ્બે સનપાડા ખાલસા વિસ્તારમાં ઇ–મેઇલ કરેલા તે પણ કરી બતાવવા માંગું છું". ત્યારપછી ટોળીયા સાહેબે ઉષા રાડા મેડમને ફોન કરીને બોલાવેલા. મેડમ આવ્યા પછી ટોળીયા સાહેબે મેડમની ઓળખાણ આપેલી. ત્યારબાદ મેડમે તેમનુ બ્લેક કલરનું લેપટોપ ટોળીયા સાહેબને આપેલુ. ત્યારબાદ ટોળીયા સાહેબ

પંચોને, આરોપીને તથા ચાર,પાંચ પોલીસના માણસો લઈ ઑફિસના ગેટ પાસે ગયેલા અને વાહનમાં બેસતા પહેલા લેપટોપ ચાલુ કરીને આરોપીને આપેલું. ત્યારબાદ તેઓ, પોલીસ અધિકારી સાહેબ તથા આરોપી પોલીસ જીપમાં બેસેલા અને બીજી ગાડીમાં મેડમ બેસેલા. ત્યારબાદ પોલીસ અધિકારી સાહેબે વાહનના ડ્રાઇવરને સુચના આપેલી કે આરોપી જ્યા ગાડી ઉભી રાખવાની સુચના આપેલ ત્યાં ત્યાં ગાડી ઉભી રાખવી. સુચના આપ્યા પછી આ સાહેદ તથા બીજા મહેશભાઇએ ત્યાં સહી કરેલી. ત્યાંથી રાયખડ આવેલા. રાયખડ થી માદલપુર પહોચ્યા ત્યારે અનસીકયોર્ડ વાઇફાઇ આરોપી સર્ચ કરતો હતો અને "ચુજ ધ નેટવર્ક મળતા ઇન રેન્જ મળેલું" પરંતું મેઇલ થઇ શકતા ન હતા. પછી બધા નવરંગપુરા થઇ સી.જી.રોડ થઇ મ્યુનિસિપલ માર્કેટ ગયેલા. મ્યુનિસિપલ માર્કેટમાં ફોર્ચ્યુન સ્પોટ નામની દુકાન પાસે ઉભા રહેલા. ત્યાં આગળ અનસીકયોર્ડ વાઇફાઇ મળતા આરોપીએ લેપટોપમાં YAHOOMAIL.COM ખોલેલું. ત્યારપછી આરોપીએ "IM" (ઇન્ડિયન મુજાહિદ્દિન) નામનું આઇ.ડી. નાંખેલું. આઇ.ડી.નાંખ્યા પછી તેણે પાસવર્ડ નાંખેલો. તે પાસવર્ડ "અરબી" તેવો કંઇક હતો. પાસવર્ડ નાંખ્યા પછી ઇન્ડિયન મુજાહિદ્દિનનું આઇ.ડી. ખુલી ગયેલું. ખુલી ગયા પછી સાહેબે આરોપીએ ચાર થી પાંચ આઇ.ડી. આપેલા. આ ચારથી પાંચ આઇ.ડી.માં સાહેબે આરોપીને મેઇલ કરવા જણાવેલું. સાહેબે આપેલા પાંચે પાંચ આઇ.ડી.માં મેઇલ સેન્ડ કરેલા. આ મેઇલ સેન્ડ કર્યા પછી સામે સક્સેસફુલી સેન્ડ થયેલા જોયેલા. ત્યારબાદ લેપટોપ બંધ કરીને ઓફ કરી દિધેલું. લેપટોપ બંધ કરતા પહેલા તેનો ટાઇમ કલાક દોઢ કલાક આગળ પાછળ હતો. આ માટે આરોપીએ અનસીકયોર્ડ વાઇફાઇ નેટવર્કનો ઉપયોગ કરેલો.

ઉપર મુજબની કાર્યવાહીનું આંક–૬૪૭૬ થી પંચનામુ બનાવવામાં આવેલુ જેમાં સાહેદ પોતાની તથા મહેશભાઇની તેમજ રૂબરૂ તરીકે સાહેબની સહીઓ ઓળખી બતાવે છે. સાહેદને પંચનામામાં લખેલી હકીકત વાંચી સંભળાવવામાં આવતા જણાવેલ છે કે પંચનામામા લખેલી હકીકત જેવી કે "ઇસમ હાજર છે જેનુ નામ, ઠામ પુછતા તેણે તેનુ નામ મહમદ મન્સુર એલીયાસ

મુન્નુ સ/ઓ અસગર પીરભોઇ રહે.એ/૧૦૨, સેન્ટ્રલ પાર્ક, ૧૬/૮ ડૉ.બાબા સાહેબ રોડ પુના મહારાષ્ટ્ર હોવાનું જણાવેલું" તે સાચી હોવાનું જણાવેલ છે. વધુમાં પંચનામામાં લખેલ હકીકત જેવી કે "તેણે અમો પંચો રૂબરૂ જણાવેલુ કે, ગઇ તા.૨૬/૦૭/૨૦૦૮, તા.૨૩/૦૮/૨૦૦૮ તથા તા.૧૩/૦૯/૨૦૦૮ નારોજ પોતે તથા બીજાઓએ મળી મુંબઇ વિસ્તારમાંથી ઇન્ડિયન મુજાહિદ્દિનના નામે અનસીકયોર્ડ વાયરલેસ નેટવર્ક વાઇફાઇ સિસ્ટમ હેક કરી બોમ્બ બ્લાસ્ટ અંગે ધમકી આપતા ઇ–મેઇલો પોતે તથા મુબીન એલીયાસ શર્મા કાદરભાઇ શેખની મદદથી કરેલા" તે સાચી હોવાનું જણાવેલ છે. તેમજ પંચનામામાં લખેલ હકીકત જેવી કે "આરોપી મહમદ મન્સુરે ઇ–મેઇલ આઇ.ડી. Indian Mujahidin alarbi testing@yahoo.com જેનો Password alarbi 123 નાંખેલ અને testing જે ઇ–મેઇલ મોકલવા માટે સબજેક્ટ અને બોડીમાં પણ testing લખેલ હતું. આ લેપટોપ સ્ટાન્ડર્ડ હેકરમાં લખેલ હતુ કે "Monday November 10.2008 21:54:26 a.m. લખાણ આવેલ" તે સાચી હોવાનું જણાવેલ છે તેમજ પંચનામામાં લખેલ હકીકત કે "આ મેસેજ આરોપી મન્સુરને આપશ્રીએ નીચે જણાવેલ સ્થળોએ મોકલવા સુચના કરતા

(૧) alarbi_testing@yahoo.com 2.43 am,

(૨) ahd_crime@India times.com 2.48 am,

(૩) reader_crime@India times.com 2.53 am,

(૪) acp_dd_and@gujrat.gov.in testing 2.54 am"

વગેરે લખાણ લેપટોપના સ્ક્રીન ઉપર આવેલ અને આરોપી દ્વારા ઉપરોક્ત ઇ–મેઇલ વાઇફાઇ એક્સેસ (હેક) કરી ઉપરના સ્થળોએ ઇ–મેઇલ કરવામાં આવેલ" તે સાચી હોવાનું જણાવેલ છે.

સાહેદ વધુમાં જણાવે છે કે, ત્યારબાદ બીજા દિવસે સાહેબનો તેમના પર ફોન આવતા સાડા ત્રણ થી ચાર વાગ્યે ફરી ગાયકવાડ પોલીસ સ્ટેશને ગયેલા. ત્યાં ગયા ત્યારે ત્યાં બીજા મહેશભાઇ હાજર હતા. આ વખતે ગયા ત્યારે ત્યાં ટોળીયા સાહેબ, બીજા ત્રણ–ચાર પોલીસ અધીકારી અને આરોપી હાજર

હતા. ત્યાં સાહેબે સમજણ આપેલી કે આ આરોપી કાદર શેખ એવુ કંઈક નામ હતુ તેણે પણ અનસીકયોર્ડ વાઇફાઇ હેક કરીને ધમકી ભર્યા ઇ–મેઇલ કરેલા છે. તે રાજી ખુશીથી બતાવવા માંગે છે. આ ઇ–મેઇલ "ઇન્ડિયન મુજાહીદ્ધિન"ના નામે કરેલા. તે આરોપી અનસીકયોર્ડ વાઇવાઇ હેક કરીને બતાવવા માંગે છે. જેથી સાહેબે પંચમાં રહેવાનું જણાવતા હા પાડેલી. ત્યારબાદ આ સાહેદ તથા મહેશભાઇએ આરોપીનું નામ પુછેલુ તો તેણે તેનુ નામ મુબીન કાદર શેખ, રહે.પુના એવુ કંઇક કહેલુ. આરોપીએ એવુ જણાવેલુ કે "હુ કમ્પ્યુટરનો જાણકાર છુ અને ઇકબાલ ભટ્ટકલની સુચના મુજબ જુદી–જુદી જગ્યાએ અનસીકયોર્ડ વાઇફાઇ હેક કરી કમ્પ્યુટર પર ઇન્ડિયન મુજાહિદ્ધિનના નામે ઇ–મેઇલ કરેલા". આરોપીએ તે સ્વરાજી ખુશીથી કરી બતાવવા માંગતા ત્યારબાદ ટોળીયા સાહેબે ઉષા મેડમને ફોન કરેલો. ત્યારબાદ ઉષા મેડમ બ્લેક કલરનું લેપટોપ લઇને આવેલા. ત્યારબાદ બધા, પોલીસ અધિકારી સાહેબ, ઉષા મેડમ તથા આરોપી તથા બીજા ત્રણ, ચાર પોલીસના માણસો ગેટ પાસે ગેયલા અને લેપટોપ ચાલુ કરીને આરોપીને આપેલુ અને ત્યારબાદ બધા ગાડીમાં બેસેલા. આ અધીકારી ટોળીયા સાહેબ હતા. ત્યારબાદ ટોળીયા સાહેબે ડ્રાઇવરને કહેલુ કે ગાડી ધીરે ચલાવજો અને આરોપી કહે તેમ જયા કહે ત્યાં ઉભી રાખજો. ત્યાંથી અમે જમાલપુર ચાર રસ્તાથી પાલડી થી એસ.જી. હાઇવે ઉપર વિશાલ મેઘા માર્ટ પાસે ગયેલા અને ત્યાં ગાડી ઉભી રાખેલી અને ત્યાં આરોપીએ અનસીકયોર્ડ વાઇફાઇ સર્ચ કરેલું. ત્યાં. "ચુઝ ધ નેટવર્ક+" આવતા તે અનસીકયોર્ડ વાઇફાઇ યુઝ કરી "WWW. YAHOOMAIL.COM ખોલતા "IM(ઇન્ડિયન મુજાહિદ્ધીન)" આઇ.ડી. હતુ. આ ઇન્ડિયન મુજાહિદ્ધિન નામનું આઇ.ડી. આરોપીએ કનેક્ટ કરેલુ અને સાહેબે આરોપીને ચાર પાંચ ઇમેઇલ આઇ.ડી. આપેલા. આ ઇ–મેઇલ આઇ.ડી. આરોપીને આપી મેઇલ કરવા કહેલુ અને ઇન્ડિયન મુજાહિદ્ધિનના આઇ.ડી. મા કનેક્ટ કરી ઇ–મેઇલ સેન્ડ કરેલા અને લેપટોપમાં સકસેસફુલી સેન્ડ થયેલા. આ વખતે લેપટોપનો સમય કલાક દોઢ કલાક આગળ પાછળ હતો. ઇ–મેઇલ સેન્ડ થયા પછી લેપટોપ ક્લોઝ કરેલું. ઉપર મુજબની કાર્યવાહીનું

આંક–૬૪૭૭થી પંચનામુ બનાવવામાં આવેલુ જેમાં સાહેદ પોતાની તથા મહેશભાઈની તેમજ રૂબરૂ તરીકે સાહેબની સહીઓ ઓળખી બતાવે છે. સાહેદને પંચનામામાં લખેલી હકીકત વાંચી સંભળાવવામાં આવતા જણાવેલ છે કે પંચનામામા લખેલી હકીકત જેવી કે "જેથી આરોપી મુબીન ઈ–મેઈલ આઈ.ડી.IM alarbi@yahoo.com ID ક્રિયેટ કરેલ" તે સાચી હોવાનું જણાવેલ છે. તેમજ પંચનામામાં લખેલ હકીકત જેવી કે "આ મેસેજ આરોપી મુબીનને આપશ્રીએ નીચે જણાવેલ સ્થળોએ મોકલવા સુચના કરતાઃ–

(૧) ahd_crime@India times.com 4.38 am

(૨) reader_crime_ahd@gujrat.gov.in 4.48 am

ઉપરોક્ત મેઈલ સેન્ડ કર્યા બાદ ફરી testing text તૈયાર કરી.

(૧) ahd_crime@India times.com 4.40 am

(૨) reader_crime_ahd@gujrat.gov.in 4.40 am

સ્ક્રિન ઉપર આવેલ". તે સાચી હોવાનું જણાવેલ છે.

આ સાહેદને અમદાવાદ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીને વીડિયો કોન્ફરન્સ ટી.વી.સ્ક્રીન થકી ચાર–ચારની સંખ્યામાં અને ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીને વીડિયો કોન્ફરન્સ ટી.વી. સ્ક્રીન થકી ત્રણ–ત્રણની સંખ્યામાં આરોપીઓને બતાવવામાં આવતા સાહેદ આરોપીને ઓળખી શકતા નથી અને જણાવેલ છે કે બનાવને ઘણો સમય થયો છે માટે આરોપીને ઓળખી શકતા નથી.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો બંને પંચનામાઓમાં આરોપીઓના શારીરિક વર્ણન કરેલા નથી તે કબૂલ કરે છે. ટોળીયા સાહેબ કે રાડા મેડમનું તથા પોલીસ અધિકારીઓના શારીરિક વર્ણન પણ લખાવેલા નથી તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે પોલીસ અધિકારીઓના શારીરિક વર્ણન લખાવવા જોઈએ તેવી કાયદામાં કયાંય જોગવાઈ નથી. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો બીજા પંચ મહેશભાઈને સહી કરતા અગાઉ કયારેય જોયેલા નહીં. આ સાહેદ ગ્રેજયુએટ તથા ડીપ્લોમાં સોફટવેર સુધી ભણેલા છે. આ સાહેદના

મકાનથી ક્રાઈમ બ્રાન્ચ વચ્ચે ઘણા બધા જાહેર માર્ગો, રહેણાંકના મકાનો અને દુકાનો આવેલી છે તે કબૂલ કરે છે. લેપટોપનો ઉપયોગ ઘણી બધી ઑફિસમાં તેમજ ધંધાકીય વ્યકિત અને ખાનગી વ્યકિત કરે છે તે કબૂલ કરે છે. ઉષા રાડા આ કેસમાં તપાસ કરનાર અધિકારી તરીકે હતા કે કેમ તેની ખબર નથી. ક્રાઈમ બ્રાન્ચની આજુબાજુ ઑફિસો હતી તેમજ કેટલા માળની હતી તેનો ખ્યાલ નથી. લેપટોપ માટે ટોળીયા સાહેબે કોઈ ખાનગી વ્યકિતને બોલાવવાનો પ્રયત્ન કર્યો હોય અને લેપટોપ મંગાવ્યુ હોય તેવુ બન્યુ નથી. આ કેસના તપાસનીશ અધિકારી ઉષા રાડા છે તેવુ તેમને જણાવેલુ નહીં. ઉષા રાડાએ પોતાનું લેપટોપ ચેક કરવા આપેલુ નહીં. લેપટોપ કઈ રીતે ચાલે છે તે અંગે ઉષા રાડાએ કોઈ ડેમોસ્ટ્રેશન કરેલુ નહીં. લેપટોપમાં કયા પ્રોગ્રામ નાખેલા છે તે તથા તેમના ઈ–મેઇલ ચેક કર્યા હોય તેવુ બનેલ નથી. ઉષા રાડાનું લેપટોપ ચાલુ છે કે તે આ સાહેદે ચેક કરેલુ નહીં. લેપટોપ સિવાયની બીજી કોઈ કામગીરી આ પંચનામામાં ઉષા રાડાની હતી નહીં તે કબૂલ કરે છે. જાહેર સ્થળોએ ઘણી બધી જગ્યાએ અનસીકયોર્ડ ઓપન વાઈફાઈની સુવિધા ઉપલબ્ધ હોય છે તે કબૂલ કરે છે. વાઈફાઈ સીકયોર અને અનસીકયોર્ડ કોને કહેવાય તે જાણે છે તે કબૂલ કરે છે. પાસવર્ડ નાખે અને ખુલે તેને સીકયોર વાઈફાઈ કહેવાય તે કબૂલ કરે છે. અનસીકયોર્ડ વાઈફાઈ એટલે કોઈપણ વ્યકિત પાસવર્ડ નાખ્યા વીના ખુલે તો તે હકીકત નકારી છે. સાહેદે જણાવેલુ છે કે અનસીકયોર્ડ વાઈફાઈને હેક કરવુ પડે. નવરંગપુરા ખાતે માર્કેટમાં અનસીકયોર્ડ વાઈફાઈ કોનુ ઉપયોગ કરવામાં આવેલુ તે કહી શકે નહીં. ઈ–મેઇલ કરવા માટે જે આઈ.ડી. આરોપીને આપેલા તે પોલીસ અધિકારીએ આપેલાનું કબૂલ કરે છે. ઈ–મેઇલ આઈ.ડી. અનુક્રમ નં.૨ થી ૪ તથા બીજા પંચનામામાં જણાવેલ ચારેય ઈ–મેઇલ આઈ.ડી. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના હોય તો ખબર નથી. આરોપીએ ઈ–મેઇલ કઈ ભાષામાં કરેલો તે અત્યારે યાદ નથી. આ પ્રશ્નનો અર્થ એવો થાય કે આરોપીએ ઈ–મેઇલ કરેલ હતો પરંતુ કઈ ભાષામાં કરેલો તેનુ જ્ઞાન આ સાહેદને નથી. ઈ–મેઇલની વિષય વસ્તુ શું હતી કે તેમા શું વિગત હતી તેની ખબર નથી. ઈ–મેઇલ સેન્ડ કર્યા પછી કઈ

જગ્યાએ તે રીસીવ થયો તેની જાણકારી ટોળીયા સાહેબે આપેલી નહીં. બંને આરોપી પોલીસ કસ્ટડીમાં કયારથી હતા તેની માહિતી આપેલી નહીં. આરોપીએ જણાવેલુ કે હું કોમ્પ્યુટર એન્જીનીયર છું તો તે હકીકત કબૂલ કરી છે. પંચનામાની કોઈ કાર્યવાહીમાં ભાગ લીધેલો નથી તો તે હકીકત નકારેલી છે. જુબાની આપતા પહેલા પોલીસે ઘણી વખત પંચનામુ વાંચી સંભળાવેલુ માટે ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારેલી છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો પંચ નં.૨ મહેશભાઈ કમ્પ્યુટરના જાણકાર હતા અને તેને રીલેટેડ નોકરી કરતા હતા. કોમ્પ્યુટર ચાલુ કર્યા પછી અને સમગ્ર પંચનામા દરમ્યાન લેપટોપની હેશ વેલ્યુ, પ્રોગ્રામ કયારે ઈન્સ્ટોલ કર્યો તથા છેલ્લે કઈ એકટીવીટી થઈ તેની નોંધ પંચનામામાં કરવામાં આવેલ નથી. ઈ–મેઇલ એડ્રેસનો કોઈ પણ એક અક્ષર બદલાય તો ઈ–મેઇલ ખુલે નહીં તે સ્વીકારેલ છે. કોઈપણ ચોકકસ જગ્યાએ વાઈફાઈથી કોઈ લેપટોપ કનેકટ થાય તો તેમા સમય લાગે છે.જાહેર રસ્તે કોઈ પણ જગ્યાએ વાઈફાઈ મળે તે જગ્યા નકકી હોતી નથી. તૈયાર પંચનામામાં સહી કરવાનું કહેતા સહી કરેલાની હકીકત નકારે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયાઓએ શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં. ૨૩૬/૨૦૦૮ ના કામે તા.૧૧.૧૧.૨૦૦૮ ના રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ મહેશ પ્રજાપતિને ક્રાઈમ બ્રાન્ચની ઑફિસ અમદાવાદ ખાતે બોલાવેલા હતા. ત્યાં એક આરોપી નં.૩૩ મુબીન ઉર્ફે સલમાન કાદર શેખ હાજર હતો અને તેને પંચો રૂબરૂ પોતાનું નામ સરનામુ જણાવેલુ અને પોતે કમ્પ્યુટર સાયન્સનો અભ્યાસ કરેલો છે. તા.૨૬.૭.૨૦૦૮, તા.૨૩.૮.૨૦૦૮ તથા ૧૩.૯.૨૦૦૮ ના રોજ પોતે તથા બીજાઓને સાથે મળી મુંબઈ વિસ્તારમાંથી "ઈન્ડીયન મુજાહિદ્દિન"ના નામે અનસીકયોર્ડ વાયરલેસ નેટવર્ક વાઈફાઈ સીસ્ટમ હેક કરી જુદી–જુદી જગ્યાએ બોમ્બ બ્લાસ્ટ કરવા અંગેની ધમકીઓ આપેલી અને જે ઈ–મેઇલ કરેલા તે સ્વખુશીથી બતાવવા માંગતો હતો અને તે મુજબ તેને બતાવેલુ. આ અંગેનુ પંચનામુ આંક–૬૪૭૭ વાળુ બનાવેલુ હતુ. આંક–૬૪૭૭ વાળુ

પંચનામુ બનાવનાર તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયા ગુજરી ગયેલા છે માટે સીરીયલ બોમ્બ બ્લાસ્ટોની તપાસ કરનાર તપાસ ટીમો પૈકીના અન્ય એક તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ પોતાની જુબાનીના પાના નં.૨૧૩ મા આ બાબતે જણાવેલ છે તથા આંક–૬૪૭૭ વાળા પંચનામામાં આ સાહેદે વી.આર.ટોળીયાની સહી ઓળખી બતાવેલી છે.

આંક–૬૪૭૭ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "પોતે કમ્પ્યુટરનો અભ્યાસ કરેલો છે. તા.૨૬.૭.૨૦૦૮, તા.૨૩.૮.૨૦૦૮ તથા તા.૧૩.૯.૨૦૦૮ ના રોજ પોતે તથા બીજાઓએ સાથે મળી મુંબઈ વિસ્તારમાંથી ઈન્ડિયન મુજાહિદ્દિનના નામે અનસીકયોર્ડ વાયરલેસ નેટવર્ક વાઈફાઈ સીસ્ટમ હેક કરી જુદી–જુદી જગ્યાએ બોમ્બ બ્લાસ્ટ કરવા અંગેની ધમકીઓ આપેલી અને જે ઈ–મેઈલો કરેલા હતા અને તે બતાવવા માંગુ છું" વિગેરે પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં.

આ ઉપરાંત આરોપીએ અનસીકયોર્ડ વાઈફાય હેક કરી તેને આપવામાં આવેલા આઈ.ડી. ઉપર ઈ–મેઈલ કરી બતાવ્યા છે. આરોપીનુ આ વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે.

આંક–૧૭૧૮ વાળુ પંચનામુ ખાડીયા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૭૧/૨૦૦૮ ના કામે બનાવવાળી જગ્યાઓ (૧)એમ. નારણદાસ એન્ડ કંપની પાસે (૨)ગોખલે પાન હાઉસ પાસે તથા (૩)મિલન કીરાણા સ્ટોર્સ નામની દુકાનો પાસે સાઇકલો ઉપર બોમ્બ મુકીને તે સાઇકલો આ જગ્યાઓ પાસે મુકેલી અને તે જગ્યાઓનું તપાસ કરનાર અધિકારીએ પંચો રૂબરૂ બનાવેલુ અને તે પંચનામા પંચ સાહેદ નં.૩૩૩ રાકેશભાઈ સુરેશભાઈ મહેતાનાઓને આંક–૧૭૧૭ તરીકે ફરિયાદપક્ષે તપાસેલા છે. તેઓની જુબાની તથા આંક–૧૭૧૮ વાળા પંચનામાની વિગતવાર ચર્ચા ફરિયાદપક્ષ દ્વારા બનાવ પુરવાર કરવા માટે જે પુરાવા રજૂ કરવામાં આવેલા છે તે પુરાવાની આગળ ઉપર ચર્ચા કરેલી છે. જેથી આ સાહેદના પુરાવા અને પંચનામાની વિગતોનું મુલ્યાંકનનું પુનરાવર્તન કરવામાં

આવતુ નથી. ત્યારબાદ આરોપી નં.૨૭, ૩૩, ૩૬ અને ૪૩ નાઓની અટક કર્યા બાદ તેઓએ આ જગ્યા પંચો રૂબરૂ બતાવેલી તેના પંચનામાઓ બનાવેલા જે અનુક્રમે આંક–૬૦૫૧, ૬૦૨૪ થી રજૂ કરેલા છે. આ ઉપરાંત સાહેદ નં.૯૩૬ સુનીલ શાંતિલાલ પટેલનાઓએ ગોખલે પાન હાઉસ તથા એમ. નારણદાસ નામની દુકાન પાસે બે છોકરાઓને સાઇકલો મુકતા જોયેલા તે પૈકી આ સાહેદે આરોપી નં.૩૬ મહમદ આરીફ મીરજાને આંક–૩૧૫૧ વાળા ઓળખ પરેડના પંચનામા દરમ્યાન સાહેદ નં.૫૮૮ એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ લક્ષ્મણ કેશવલાલ પારઘીનાઓ સમક્ષ ઓળખી બતાવેલો હતો.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે વિશાલકુમાર કરૂણાકાંત શ્રીવાસ્તવને સાહેદ નં.૧૧૨૪ તરીકે આંક–૮૦૮૦ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ સને–૨૦૦૮ની સાલમાં "એશીયન સ્કુલ ઓફ સાયબર લો" કે જે પુના ખાતે આવેલી હતી તેમાં સીનીયર કન્સલટન્ટ તરીકે કામ કરતા હતા. આ સ્કૂલમાં સાયબર લો, સાયબર સિકયોરીટી, સાયબર ક્રાઇમ ઇન્વેસ્ટીગેશન અને તેને સંલગ્ન બીજા જે કોર્સ આવતા હોય છે તે ચલાવવામાં આવતા હતાં. સને–૨૦૦૮ના અંતમાં અમદાવાદ થી ક્રાઇમ બ્રાન્ચ પોલીસ તેમની ઑફિસમાં આવેલી. પોલીસે ત્યાં આવીને પુંછેલું કે મુબીન શેખ નામનો કોઇ છોકરાએ અહિંયા એડમીશન લીધું હતું. જેથી આ સાહેદે ઑફિસમાં જુના દસ્તાવેજો ચેક કરેલાં. ઑફિસમાં જે લોકો કામ કરે છે તે લોકોએ એક ફોર્મ કાઢીને આપેલું અને આ ફોર્મની તથા ફી ભર્યાની ચલણની ઝેરોક્ષ પોલીસને આપેલી. નિ.૮૦૭૯/૧ વાળા સ્કૂલના અરજી ફોર્મ માર્ક–એ થી રજૂ રાખેલ છે તેમજ ફી ભર્યા અંગેનું ચલણ જેમાં સ્ટુડન્ટનું નામ મુબીન શેખ તે માર્ક–બી થી રજૂ રાખેલ છે. સદર સ્ટુડન્ટે સાયબર ક્રાઇમ ઇન્વેસ્ટીગેટરના કોર્સ માટેનું ફોર્મ ભરેલું હતું. જેમાં સ્ટુડન્ટનું શિક્ષણ બી.એસ.સી. કમ્પ્યુટર સાયન્સ લખેલાનું જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદની સ્કુલ કોઈ યુનિવર્સિટી ખાતે સંલગ્ન ન હતી. સ્કૂલનો સીલેબર્સ કોઈ ગવર્મેન્ટમાંથી કે યુનિવર્સિટીમાંથી આવતો ન હતો તે કબૂલ કરે છે. સ્ટુડન્ટનું એડમીશન ફોર્મ

ભરાયુ ત્યારે આ સાહેદ એડમીશન ઑફિસમાં બેસતા ન હતા તો તે હકીકત નકારી છે. ઝેરોક્ષ ફોર્મ પોલીસને આપવા બાબતે પોલીસે કોઈ રસીદ આપેલી નથી. ફોર્મ ઉપર ટ્રુ કોપી કરીને સ્કૂલનુ સીલ લગાવ્યાનું યાદ નથી. જુબાની વખતે બતાવેલી માર્ક–બી વાળી રસીદની ઝેરોક્ષ નકલ ઉપર ટ્રુ કોપી લખેલુ નથી કે સ્કૂલનું સીલ નથી તે કબૂલ કરે છે. જુબાની આપવા માટે અસલ ફોર્મ અને રસીદ લાવેલા નથી તેમજ પોલીસે લઈને આવેલાનું જણાવેલુ નથી. બંને દસ્તાવેજોની ઝેરોક્ષ પોલીસે મેળવી તે વખતે પંચોને બોલાવી પંચનામુ કરેલુ નથી. એડમીશન લીધા પછી સ્ટુડન્ટ કયારે કયારે સ્કૂલમાં આવેલો અને કયારે કયારે નહીં આવેલો તે અંગેની માહિતી નથી તે કબૂલ કરે છે. આ સિવાય બીજી કોઈ હકીકત નીકળી આવતી નથી.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ ૨૦૦૮ ની સાલમાં એશીયન સ્કૂલ ઓફ સાઈબર લો કે જે પુના ખાતે આવેલી હતી તેમાં સીનીયર કન્સલટન્ટ તરીકે કામ કરતા હતા અને સ્કૂલમાં સાયબર લો, સાયબર સીકયુરીટી, સાયબર ક્રાઈમ ઈન્વેસ્ટીગેશન અને તેને સંલગ્ન બીજા કોર્સો ચલાવવામાં આવતા હતા અને માર્ક–એ વાળુ સ્કૂલનુ અરજી ફોર્મ ધ્યાને લેતા તેમા આરોપી નં.૩૩ મુબીન શેખનું નામ તથા સરનામુ છે તથા માર્ક–બી વાળી રસીદ ધ્યાને લેતા તે ફી ભર્યા અંગેનું ચલણ છે. આ બંને દસ્તાવેજો આ સાહેદની સ્કૂલના છે અને તેને રજૂ કરેલા અને ઓળખેલા છે. આ દસ્તાવેજો ઝેરોક્ષ નકલો છે જેથી આ દસ્તાવેજોને આંક નહીં આપવા માત્રથી આ દસ્તાવેજો વંચાણે ન લેવાય તેવુ નથી.

આ આરોપી નં.૩૩ મુબીન ઉર્ફે સલમાન કાદર શેખે ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે તે પ્રશ્નના જવાબમાં તેને ફરિયાદપક્ષના પુરાવા સંબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના બચાવ માટે જે હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦ માં જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું

પુનરાવર્તન કરવામાં આવતુ નથી. આ ઉપરાંત આ આરોપીએ પોતાના બચાવમાં અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ કરેલો નથી.

આરોપી નં.૩૩ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૯૦૩, ૩૩૩, ૧૧૨૪, ૭૮૬, ૭૮૭, ૭૯૦, ૭૯૨, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતા આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી ઉપર આક્ષેપ એવો કરવામાં આવેલો છે કે આ આરોપીએ સાયબર કોર્સ અને હેકીંગનો કોર્સ કરેલો છે અને તે માટે સાહેદ નં.૧૧૨૪ વિશાલકુમાર શ્રીવાસ્તવને ફરિયાદપક્ષે તપાસેલા છે તથા સાહેદ નં.૯૦૩ ધવલ શાહની હાજરીમાં તપાસ કરનાર અધિકારીએ હેકીંગનું ડેમોસ્ટ્રેશન પંચનામુ આંક–૬૪૭૭ વાળુ બનાવેલુ છે. સાહેદ નં.૧૧૨૪ નાઓએ તેમને ત્યાં આરોપી નં.૩૩ નાઓએ એડમીશન લીધેલુ તેના ફોર્મની ઝેરોક્ષ નકલો રજૂ કરેલી છે. પરંતુ તેને આંક આપવામાં આવેલા નથી અને પુરાવામાં સામેલ કરેલ નથી. જેથી એવુ કહી શકાય નહીં કે આ આરોપીએ સાહેદ નં.૧૧૨૪ ની સ્કૂલમાં એડમીશન લઈ હેકીંગનો કોર્સ કરેલો. વકીલશ્રી એલ.આર.પઠાણની આ દલીલ સાથે હું સંમત છું કે સાહેદ નં.૧૧૨૪ નાઓની સ્કૂલમાં આરોપી નં.૩૩ નાઓએ હેકીંગનો કોર્સ કરવા એડમીશન લીધુ હોય તે બતાવવાનો દસ્તાવેજી પુરાવો રજૂ કરેલો નથી. સાહેદ નં.૧૧૨૪ ની જુબાની ધ્યાને લેતા આરોપી કયારેય કલાસમાં ગયેલો નથી તેમ જણાવે છે. જેથી આરોપીએ કોર્સ કરેલાનું પુરવાર થતુ નથી. વકીલશ્રી એલ.આર.પઠાણની દલીલ સાથે હું સંમત છું કે સાહેદ નં.૧૧૨૪ નાઓએ તેઓની જુબાનીમાં સ્પષ્ટ જણાવેલુ છે કે આ આરોપી કયારેય કલાસમાં આવેલો નથી. વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે આરોપીએ

હેકીંગનો કોર્સ કરેલો હોય તેવુ માની લેવામાં આવે તો પણ તે આ ગુનામાં સંડોવાયેલો છે તેવુ કહી શકાય નહીં અને પોતાના અભ્યાસ અને જ્ઞાન માટે પણ કોર્સ કરે તેમાં કાંઈ ખોટુ નથી. વકીલશ્રી એલ.આર.પઠાણની આ દલીલ સાથે પણ હું સંમત છું. સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડાની જુબાનીના પેરા–૨.૪ તરફ ધ્યાન દોરી દલીલ કરવામાં આવેલ છે કે જે ઈ–મેઈલ મળેલા તે ઈ–મેઈલના આધારે તેઓ તપાસ માટે મુંબઈ ગયેલા પરંતુ અસલ ઈ–મેઈલ રજૂ કરવામાં આવેલા નથી. તપાસ કરનાર અધિકારીને આઈ.પી. એડ્રેસ કયાંથી મળેલા તે અંગે પુરાવો આપેલો નથી. મુંબઈ મુકામે કેન્લી હેવુડનું નિવેદન લીધેલાનું સુ.શ્રી ઉષા રાડા જણાવે છે પરંતુ ફરિયાદપક્ષે તેઓને તપાસેલા નથી માટે કેન્લી હેવુડના વાઈ–ફાઈ કનેકશનનો ઉપયોગ કરીને આરોપીએ ઈ–મેઈલ કરેલાનું પુરવાર થતુ નથી. કેન્લી હેવુડે પોતાના વાઈ–ફાઈ કનેકશનનો ઉપયોગ કરી કોઈકે ઈ–મેઈલ કરેલા છે તે અંગેની ફરિયાદ પણ કેન્લી હેવુડે આપેલી નથી. વકીલશ્રી એલ.આર.પઠાણની આ તમામ દલીલ સાથે હું સંમત છું. તપાસ કરનાર અધિકારી ઉષા રાડા જણાવે છે કે, આરોપી નં.૩૩, ૩૪ નાઓએ હૈદરાબાદ ખાતે કોર્સ કરેલો અને ત્યાં રોકાયેલા પરંતુ તેઓ જે હોટલમાં રોકાયેલા તે હોટલના માલિક કે મેનેજરને તપાસેલા નથી. હૈદરાબાદ ખાતેથી હોટલ રજીસ્ટરના પાના આંક–૧૪૫૬ ના પંચનામાની વિગતે કબજે કરેલા પરંતુ પંચોને તપાસેલા નથી. તેઓની આ દલીલ સાથે પણ હું સંમત છું. વધુમાં વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડાનાઓએ દિલ્હી મુકામે ઈન્ડિયા ટીવીની ઑફિસમાં જઈ કોઈ અધિકારીઓની પુછપરછ કરી નથી. આક્ષેપ પ્રમાણે જે કમ્પ્યુટરમાંથી ટેરર ઈ–મેઈલ કરવામાં આવેલા તે કોમ્પ્યુટર કે તેની હાર્ડ ડીસ્ક પણ કબજે કરવામાં આવેલ નથી. વકીલશ્રી એલ.આર.પઠાણની આ દલીલ સાથે પણ હું સંમત છું કે ફરીયાદપક્ષનો આક્ષેપ એવો છે કે આરોપી નં.૩૩ નાઓએ મુંબઈ મુકામે કેન્લી હેવુડ તથા ખાલસા કોલેજના અનસીકયોર્ડ વાઈફાઈને હેક કરી ઈન્ડિયા ટીવીને ટેરર ઈ–મેઈલ કરેલા. પરંતુ અગાઉ ચર્ચા કરી તેમ કેન્લી હેવુડ કે ખાલસા કોલેજના કોઈ અધિકારીને તપાસવામાં આવેલા નથી.

તેઓના અનસીકયોર્ડ વાઈફાઈ હેક કરીને દુરુપયોગ કરેલો છે તેવી ફરિયાદો તેઓ દ્વારા કરવામાં આવેલી નથી. જે કમ્પ્યુટરમાંથી ઈ–મેઈલ કરવામાં આવેલા તે કમ્પ્યુટર કે તેની હાર્ડ ડીસ્ક કબજે કરવામાં આવેલી નથી. ઈ–મેઈલ ઈન્ડિયા ટી.વી.ની ઑફિસમાં કરવામાં આવેલા પરંતુ ઈન્ડિયા ટીવીના કોઈ અધિકારીની પુછપરછ કરેલી નથી. જે ટેરર ઈ–મેઈલની ઝેરોક્ષ નકલ રજૂ કરવામાં આવેલી છે. આ નકલો પોલીસ કમિશનરની ઑફિસ તરફથી તપાસ કરનાર અધિકારીને મળેલી હતી અને તે રજૂ કરેલી છે. પોલીસ કમિશનરની ઑફિસમાં આ ટેરર ઈ–મેઈલની નકલો કયાંથી આવી, કોણે સ્વીકારી તે અંગે કોઈ પુરાવો રજૂ થયેલો નથી.

વધુમાં વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડાની જુબાનીના પેરા–૪૯ મુજબ કેન્લી હેવુડનું કમ્પ્યુટર મુંબઈ પોલીસે કબજે કરેલુ પરંતુ તે અંગેના પંચનામાની નકલ મેળવીને રજૂ કરેલી નથી કે મુંબઈ પોલીસ પાસેથી કમ્પ્યુટરનું પૃથક્કરણ એફ.એસ.એલ. દ્વારા કરવામાં આવેલ હોય તે અંગેનો રીપોર્ટ રજૂ કરેલ નથી. તેઓની આ દલીલ સાથે હું સંમત છું કે આવો કોઈ પુરાવો રજૂ થયેલ નથી. વધુમાં દલીલ એવી પણ કરવામાં આવે છે કે જે ઈ–મેઈલ રજૂ કરવામાં આવેલા છે તે ઈ–મેઈલ જે કમ્પ્યુટરમાંથી મેળવેલા તે કમ્પ્યુટર કોના કબજામાં હતુ, કેવી રીતે સાચવવામાં આવેલુ અને તે જ કમ્પ્યુટરમાંથી આ ઈ–મેઈલ કાઢીને રજૂ કરવામાં આવેલ છે તે બાબતે પુરાવાના કાયદાની કલમ–૬૫(બી) મુજબનું પ્રમાણપત્ર પણ નથી. સાહેદ નં.૯૦૩ ધવલ શાહની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરવામાં આવેલ છે કે, તા.૧૧.૧૧.૨૦૦૮ ના રોજ આરોપી નં.૩૩, ૩૪ ને સાથે રાખીને તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયાએ આંક–૬૪૭૭ વાળુ ડેમોસ્ટ્રેશન પંચનામુ બનાવેલુ હતુ. પરંતુ વી.આર.ટોળીયા ગુજરી ગયેલ હોવાથી તેઓને તપાસવામાં આવેલા નથી માટે આ પંચનામુ પુરવાર થયેલુ ગણાય નહીં. પરંતુ તેઓની આ દલીલ સાથે હું સંમત નથી. સાહેદ નં.૯૦૩ ધવલ શાહ આ પંચનામાના પંચ છે અને તેમની હાજરીમાં આ પંચનામુ બનાવવામાં આવેલુ છે, પંચનામામાં તેમની

સહી ઓળખી બતાવેલી છે. ડેમોસ્ટ્રેશન પુરવાર કરવા માટે જે ઈ–મેઈલ આરોપી પાસે કરાવેલા તેની પ્રિન્ટ કાઢવામાં આવેલી નથી તેવી દલીલ સાથે પણ હું સંમત છું કે ઉષા રાડાએ પોતાનુ લેપટોપ આરોપીને આપેલુ અને ઈ–મેઈલ કરાવેલા જે સેન્ડ થયેલા પરંતુ આ ઈ–મેઈલ કોને સેન્ડ કરેલા, ઈ–મેઈલ સ્વિકારનાર કોણ હતા તે અંગે કોઈ પુરાવો રેકર્ડ ઉપર નથી. આમ વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે આ આરોપી આ કહેવાતા ગુનાઓમાં સંડોવાયેલો નથી. તેઓની આ દલીલ સાથે હું સંમત છું કે આ આરોપીએ મુંબઈ મુકામે કેન્લી હેવુડ તથા ખાલસા કોલેજના અનસીકયોર્ડ વાઈ–ફાઈનો ઉપયોગ કરીને ટેરર ઈ–મેઈલ ઈન્ડિયા ટીવીને કરેલાની હકીકત પુરવાર થતી નથી. આ સિવાય આ આરોપીએ અમદાવાદ બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં અને સુરત બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં અન્ય આરોપીઓને કોઈ મદદગારી કરી હોય, મીટીંગોમાં હાજર રહ્યો હોય, જેહાદી ભાષણો કરેલા હોય, બોમ્બ બનાવેલા હોય, કોઈ જગ્યાએ બોમ્બ મુકયા હોય તેવી કોઈ હકીકત પુરવાર થતી નથી.ફરિયાદપક્ષ દ્વારા આ આરોપી વિરૂધ્ધ રજૂ થયેલો પુરાવો પુરતો નથી અને આ આરોપીની આ ગુનામાં સંડોવણી હોવા બાબતે શંકા ઉપજાવે છે તેમ હું માનું છું.

આરોપી નં.૩૪ મોહંમદ મન્સુર અસગર પીરભોઈનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૩૪ મોહંમદ મન્સુર અસગર પીરભોઈનાઓ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ નાં રોજ જુદી–જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી–જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા–જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા

આ કૃત્ય કરવા માટે તેમણે કઈ–કઈ ભૂમિકા ભજવેલી છે તે સાબિત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે તે મુજબ,

ફરિયાદપક્ષ દ્વારા આ કામે ધવલ નિરંજનભાઈ શાહને સાહેદ નં.૯૦૩ તરીકે આંક–૬૪૭૫ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૧૦/૧૧/૨૦૦૮ ના રોજ બપોરના અઢી ત્રણ વાગ્યાના આસપાસ ગાયકવાડ હવેલી, ક્રાઇમ બ્રાન્ચની ઑફિસે બોલાવેલા. તેઓ ક્રાઇમ બ્રાન્ચની ઑફિસમાં ગયા ત્યારે એક બીજા મહેશભાઇ હાજર હતા. ત્યાં ઑફિસમાં એક પોલીસ અધિકારી સાહેબ, બીજા ચાર–પાંચ પોલીસના માણસો તથા એક આરોપી હાજર હતા. પોલીસ અધિકારી જે હતા તેમનુ નામ ટોળીયા સાહેબ હતુ. ત્યાં પોલીસના અધિકારી સાહેબે તેઓને તથા મહેશભાઇને કહેલુ કે, આ આરોપીને શાહીબાગ વિસ્તારમાં થયેલા બોમ્બ બ્લાસ્ટના કેસમાં પકડેલ છે અને તેણે જુદી–જુદી જગ્યાએથી અનસીકયોર્ડ વાઇ–ફાઇ હેક કરી જુદી–જુદી જગ્યાએ ધમકી ભર્યા ઇ–મેઇલ કર્યા હતા અને આ આરોપી અનસીકયોર્ડ વાઇફાઇ હેક કરીને બતાવવા માંગે છે તો તમે પંચમાં રહેશો? જેથી બંને જણાએ "હા" પાડેલી. પછી આરોપીનું નામ પુછેલુ તો તેણે તેનું નામ મહમદ અસગર પીરભોઇ જણાવેલું. તેણે એવુ કહેલુ કે, "હુ કમ્પ્યુટર એન્જીનીયર છું". આરોપીએ એમ પણ કહેલુ કે, "ઇકબાલ ભટ્ટકલની સુચનાથી જુદી–જુદી જગ્યાએ ઇ–મેઇલ કરેલો તે ઇ–મેઇલ સ્વખુશીથી કરી બતાવવા માંગુ છું". આરોપીએ એવુ કહેલુ કે, "કમ્પ્યુટર હોય તો હુ કમ્પ્યુટરમાં કરી બતાવવા માંગુ છું". આરોપીએ એમ પણ કહેલુ કે, "બોમ્બે સનપાડા ખાલસા વિસ્તારમાં ઇ–મેઇલ કરેલા તે પણ કરી બતાવવા માંગું છું". ત્યારપછી ટોળીયા સાહેબે ઉષા રાડા મેડમને ફોન કરીને બોલાવેલા. મેડમ આવ્યા પછી ટોળીયા સાહેબે મેડમની ઓળખાણ આપેલી. ત્યારબાદ મેડમે તેમનુ બ્લેક કલરનું લેપટોપ ટોળીયા સાહેબને આપેલુ. ત્યારબાદ ટોળીયા સાહેબ પંચોને, આરોપીને તથા ચાર–પાંચ પોલીસના માણસો લઇ ઑફિસના ગેટ પાસે ગયેલા અને વાહનમાં બેસતા પહેલા લેપટોપ ચાલુ કરીને આરોપીને આપેલું. ત્યારબાદ તેઓ, પોલીસ અધિકારી સાહેબ તથા

આરોપી પોલીસ જીપમાં બેસેલા અને બીજી ગાડીમાં મેડમ બેસેલા. ત્યારબાદ પોલીસ અધિકારી સાહેબે વાહનના ડ્રાઇવરને સુચના આપેલી કે આરોપી જ્યા ગાડી ઉભી રાખવાની સુચના આપે ત્યાં ત્યાં ગાડી ઉભી રાખવી. સુચના આપ્યા પછી આ સાહેદ તથા બીજા મહેશભાઇએ ત્યાં સહી કરેલી. ત્યાંથી રાયખડ આવેલા. રાયખડથી માદલપુર પહોંચ્યા ત્યારે અનસીકયોર્ડ વાઇફાઇ આરોપી સર્ચ કરતો હતો અને "ચુઝ ધ નેટવર્ક મળતા ઇન રેન્જ મળેલું" પરંતુ મેઇલ થઇ શકતા ન હતા. પછી બધા નવરંગપુરા થઇ સી.જી.રોડ થઇ મ્યુનિસિપલ માર્કેટ ગયેલા. મ્યુનિસિપલ માર્કેટમાં ફોર્ચ્યુન સ્પોટ નામની દુકાન પાસે ઉભા રહેલા. ત્યાં આગળ અનસીકયોર્ડ વાઇફાઇ મળતા આરોપીએ લેપટોપમાં YAHOOMAIL.COM ખોલેલું. ત્યારપછી આરોપીએ "IM" (ઇન્ડિયન મુજાહિદ્દિન) નામનું આઇ.ડી.નાંખેલું. આઇ.ડી.નાંખ્યા પછી તેણે પાસવર્ડ નાંખેલો. તે પાસવર્ડ "અરબી" તેવો કંઇક હતો. પાસવર્ડ નાંખ્યા પછી ઇન્ડિયન મુજાહીદ્દિનનું આઇ.ડી. ખુલી ગયેલું. ખુલી ગયા પછી સાહેબે આરોપીએ ચારથી પાંચ આઇ.ડી. આપેલા. આ ચારથી પાંચ આઇ.ડી.માં સાહેબે આરોપીને મેઇલ કરવા જણાવેલું. સાહેબે આપેલા પાંચે પાંચ આઇ.ડી.માં મેઇલ સેન્ડ કરેલા. આ મેઇલ સેન્ડ કર્યા પછી સામે સક્સેસફુલી સેન્ડ થયેલા અમે જોયેલા. ત્યારબાદ લેપટોપ બંધ કરીને ઓફ કરી દિધેલું. લેપટોપ બંધ કરતા પહેલા તેનો ટાઇમ કલાક દોઢ કલાક આગળ પાછળ હતો. આ માટે આરોપીએ અનસીકયોર્ડ વાઇફાઇ નેટવર્કનો ઉપયોગ કરેલો.

ઉપર મુજબની કાર્યવાહીનું આંક–૬૪૭૬થી પંચનામુ બનાવવામાં આવેલુ જેમાં સાહેદ પોતાની તથા મહેશભાઇની તેમજ રૂબરૂ તરીકે સાહેબની સહીઓ ઓળખી બતાવે છે. સાહેદને પંચનામામાં લખેલી હકીકત વાંચી સંભળાવવામાં આવતા જણાવેલ છે કે, પંચનામામા લખેલી હકીકત જેવી કે "ઇસમ હાજર છે જેનુ નામ, ઠામ પુછતા તેણે તેનુ નામ મહમદ મન્સુર એલીયાસ મુન્નુ સ/ઓ અસગર પીરભોઇ રહે.એ/૧૦૨, સેન્ટ્રલ પાર્ક, ૧૬/૮ ડો.બાબા સાહેબ રોડ પુના મહારાષ્ટ્ર હોવાનું જણાવેલું" તે સાચી હોવાનું જણાવેલ છે.

વધુમાં પંચનામામાં લખેલ હકીકત જેવી કે "તેણે અમો પંચો રૂબરૂ જણાવેલુ કે, ગઇ તા.૨૬/૦૭/૨૦૦૮, તા.૨૩/૦૮/૨૦૦૮ તથા તા.૧૩/૦૯/૨૦૦૮ નારોજ પોતે તથા બીજાઓએ મળી મુંબઇ વિસ્તારમાંથી ઇન્ડિયન મુજાહીદ્દિનના નામે અનસીકયોર્ડ વાયરલેસ નેટવર્ક વાઇફાઇ સિસ્ટમ હેક કરી બોમ્બ બ્લાસ્ટ અંગે ધમકી આપતા ઇ–મેઇલો પોતે તથા મુબીન એલીયાસ શર્મા કાદરભાઇ શેખની મદદથી કરેલા" તે સાચી હોવાનું જણાવેલ છે. તેમજ પંચનામામાં લખેલ હકીકત જેવી કે "આરોપી મહમદ મન્સુરે ઇમેઇલ આઇ.ડી. Indian Mujahidin alarbi testing@yahoo.com જેનો Password alarbi 123 નાંખેલ અને testing જે ઇ–મેઇલ મોકલવા માટે સબજેક્ટ અને બોડીમાં પણ testing લખેલ હતું. આ લેપટોપ સ્ટાન્ડર્ડ હેકરમાં લખેલ હતુ કે "Monday November 10.2008 21:54:26 a.m. લખાણ આવેલ" તે સાચી હોવાનું જણાવેલ છે. તેમજ પંચનામામાં લખેલ હકીકત કે "આ મેસેજ આરોપી મન્સુરને આપશ્રીએ નીચે જણાવેલ સ્થળોએ મોકલવા સુચના કરતા,

(૧) alarbi_testing@yahoo.com 2.43 am,

(૨) ahd_crime@India times.com 2.48 am,

(૩) reader_crime@India times.com 2.53 am,

(૪) acp_dd_and@gujrat.gov.in testing 2.54 am"

વગેરે લખાણ લેપટોપના સ્ક્રીન ઉપર આવેલ અને આરોપી દ્વારા ઉપરોક્ત ઇ–મેઇલ વાઇફાઇ એક્સેસ (હેક) કરી ઉપરના સ્થળોએ ઇ–મેઇલ કરવામાં આવેલ" તે સાચી હોવાનું જણાવેલ છે.

સાહેદ વધુમાં જણાવે છે કે, ત્યારબાદ બીજા દિવસે સાહેબનો તેમના પર ફોન આવતા સાડા ત્રણથી ચાર વાગ્યે ફરી ગાયકવાડ પોલીસ સ્ટેશને ગયેલા. ત્યાં ગયા ત્યારે ત્યાં બીજા મહેશભાઇ હાજર હતા. આ વખતે ગયા ત્યારે ત્યાં ટોળીયા સાહેબ, બીજા ત્રણ–ચાર પોલીસ અધિકારી અને આરોપી હાજર હતા. ત્યાં સાહેબે સમજણ આપેલી કે આ આરોપી કાદર શેખ એવુ કંઇક નામ હતુ તેણે પણ અનસીકયોર્ડ વાઇફાઇ હેક કરીને ધમકી ભર્યા ઇ–મેઇલ કરેલા છે. તે

રાજી ખુશીથી બતાવવા માંગે છે. આ ઈ–મેઈલ ઈન્ડિયન મુજાહીદ્દિનના નામે કરેલા. તે આરોપી અનસીકયોર્ડ વાઇ–ફાઇ હેક કરીને બતાવવા માંગે છે. જેથી સાહેબે પંચમાં રહેવાનું જણાવતા "હા" પાડેલી. ત્યારબાદ આ સાહેદ તથા મહેશભાઇએ આરોપીનું નામ પુછેલુ તો તેણે તેનુ નામ મુબીન કાદર શેખ, રહે.પુના એવુ કંઇક કહેલુ. આરોપીએ એવુ જણાવેલુ કે "હુ કમ્પ્યુટરનો જાણકાર છુ અને ઇકબાલ ભટ્ટકલની સુચના મુજબ જુદી–જુદી જગ્યાએ અનસીકયોર્ડ વાઇફાઇ હેક કરી કમ્પ્યુટર પર ઈન્ડિયન મુજાહિદ્દિનના નામે ઈ–મેઇલ કરેલા". આરોપીએ તે રાજી ખુશીથી કરી બતાવવા માંગતા ત્યારબાદ ટોળીયા સાહેબે ઉષા મેડમને ફોન કરેલો. ત્યારબાદ ઉષા મેડમ બ્લેક કલરનું લેપટોપ લઇને આવેલા. ત્યારબાદ બધા, પોલીસ અધિકારી સાહેબ, ઉષા મેડમ તથા આરોપી તથા બીજા ત્રણ ચાર પોલીસના માણસો ગેટ પાસે ગયેલા અને લેપટોપ ચાલુ કરીને આરોપીને આપેલુ અને ત્યારબાદ બધા ગાડીમાં બેસેલા. આ અધિકારી ટોળીયા સાહેબ હતા. ત્યારબાદ ટોળીયા સાહેબે ડ્રાઇવરને કહેલુ કે ગાડી ધીરે ચલાવજો અને આરોપી કહે તેમ જ્યા કહે ત્યાં ઉભી રાખજો. ત્યાંથી અમે જમાલપુર ચાર રસ્તાથી પાલડી થી એસ.જી. હાઇવે ઉપર વિશાલ મેઘા માર્ટ પાસે ગયેલા અને ત્યાં ગાડી ઉભી રાખેલી અને ત્યાં આરોપીએ અનસીકયોર્ડ વાઇફાઇ સર્ચ કરેલું. ત્યાં. "ચુઝ ધ નેટવર્ક+" આવતા તે અનસીકયોર્ડ વાઇફાઇ યુઝ કરી "WWW.YAHOOMAIL.COM ખોલતા "IM(ઈન્ડિયન મુજાહિદ્દિન)" આઇ.ડી. હતુ. આ ઈન્ડિયન મુજાહિદ્દિન નામનું આઇ.ડી. આરોપીએ કનેક્ટ કરેલુ અને સાહેબે આરોપીને ચાર–પાંચ ઈ–મેઇલ આઇ.ડી. આપેલા. આ ઈ–મેઇલ આઇ.ડી.આરોપીને આપી મેઇલ કરવા કહેલુ અને ઈન્ડિયન મુજાહિદ્દિનના આઇ.ડી.માં કનેક્ટ કરી ઈ–મેઇલ સેન્ડ કરેલા અને લેપટોપમાં સકસેસફુલી સેન્ડ થયેલા. આ વખતે લેપટોપનો સમય કલાક દોઢ કલાક આગળ પાછળ હતો. ઈ–મેઇલ સેન્ડ થયા પછી લેપટોપ ક્લોઝ કરેલું. ઉપર મુજબની કાર્યવાહીનું આંક–૬૪૭૭ થી પંચનામુ બનાવવામાં આવેલુ જેમાં સાહેદ પોતાની તથા મહેશભાઇની તેમજ રૂબરૂ તરીકે સાહેબની સહીઓ ઓળખી બતાવે છે. સાહેદને પંચનામામાં

લખેલી હકીકત વાંચી સંભળાવવામાં આવતા જણાવેલ છે કે પંચનામામા લખેલી હકીકત જેવી કે "જેથી આરોપી મુબીન ઈ–મેઈલ આઇ.ડી.IM alarbi@yahoo.com ID ક્રિયેટ કરેલ" તે સાચી હોવાનું જણાવેલ છે. તેમજ પંચનામામાં લખેલ હકીકત જેવી કે "આ મેસેજ આરોપી મુબીનને આપશ્રીએ નીચે જણાવેલ સ્થળોએ મોકલવા સુચના કરતા,

(૧) ahd_crime@India times.com 4.38 am

(૨) reader_crime_ahd@gujrat.gov.in 4.48 am

ઉપરોક્ત મેઈલ સેન્ડ કર્યા બાદ ફરી testing text તૈયાર કરી.

(૧) ahd_crime@India times.com 4.40 am

(૨) reader_crime_ahd@gujrat.gov.in 4.40 am

સ્ક્રીન ઉપર આવેલ". તે સાચી હોવાનું જણાવેલ છે.

આ સાહેદને અમદાવાદ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીને વીડિયો કોન્ફરન્સ ટી.વી.સ્ક્રીન થકી ચાર–ચારની સંખ્યામાં અને ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીને વીડિયો કોન્ફરન્સ ટી.વી.સ્ક્રીન થકી ત્રણ–ત્રણની સંખ્યામાં આરોપીઓને બતાવવામાં આવતા સાહેદ આરોપીને ઓળખી શકતા નથી અને જણાવેલ છે કે બનાવને ઘણો સમય થયો છે માટે આરોપીને ઓળખી શકતા નથી.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો બંને પંચનામાઓમાં આરોપીઓના શારીરિક વર્ણન કરેલા નથી તે કબૂલ કરે છે. ટોળીયા સાહેબ કે રાડા મેડમનું તથા પોલીસ અધિકારીઓના શારીરિક વર્ણન પણ લખાવેલા નથી તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે પોલીસ અધિકારીઓના શારીરિક વર્ણન લખાવવા જોઈએ તેવી કાયદામાં કયાંય જોગવાઈ નથી. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો બીજા પંચ મહેશભાઈને સહી કરતા અગાઉ કયારેય જોયેલા નહીં. આ સાહેદ ગ્રેજયુએટ તથા ડીપ્લોમાં સોફટવેર સુધી ભણેલા છે. આ સાહેદના મકાનથી ક્રાઈમ બ્રાન્ચ વચ્ચે ઘણા બધા જાહેર માર્ગો, રહેણાંકના મકાનો અને દુકાનો આવેલી છે તે કબૂલ કરે છે. લેપટોપનો ઉપયોગ ઘણી બધી ઑફિસમાં

તેમજ ધંધાકીય વ્યકિત અને ખાનગી વ્યકિત કરે છે તે કબૂલ કરે છે. ઉષા રાડા આ કેસમાં તપાસ કરનાર અધિકારી તરીકે હતા કે કેમ તેની ખબર નથી. ક્રાઈમ બ્રાન્ચની આજુબાજુ ઑફિસો હતી તેમજ કેટલા માળની હતી તેનો ખ્યાલ નથી. લેપટોપ માટે ટોળીયા સાહેબે કોઈ ખાનગી વ્યકિતને બોલાવવાનો પ્રયત્ન કર્યો હોય અને લેપટોપ મંગાવ્યુ હોય તેવુ બન્યુ નથી. આ કેસના તપાસનીશ અધિકારી ઉષા રાડા છે તેવુ તેમને જણાવેલુ નહીં. ઉષા રાડાએ પોતાનું લેપટોપ ચેક કરવા આપેલુ નહીં. લેપટોપ કઈ રીતે ચાલે છે તે અંગે ઉષા રાડાએ કોઈ ડેમોસ્ટ્રેશન કરેલુ નહીં. લેપટોપમાં કયા પ્રોગ્રામ નાખેલા છે તે તથા તેમના ઈ–મેઇલ ચેક કર્યા હોય તેવુ બનેલ નથી. ઉષા રાડાનું લેપટોપ ચાલુ છે કે કેમ તે આ સાહેદે ચેક કરેલુ નહીં. લેપટોપ સિવાયની બીજી કોઈ કામગીરી આ પંચનામામાં ઉષા રાડાની હતી નહીં તે કબૂલ કરે છે. જાહેર સ્થળોએ ઘણી બધી જગ્યાએ અનસીકયોર્ડ ઓપન વાઈફાઈની સુવિધા ઉપલબ્ધ હોય છે તે કબૂલ કરે છે. વાઈફાઈ સીકયોર અને અનસીકયોર્ડ કોને કહેવાય તે જાણે છે તે કબૂલ કરે છે. પાસવર્ડ નાખે અને ખુલે તેને સીકયોર વાઈફાઈ કહેવાય તે કબૂલ કરે છે. અનસીકયોર્ડ વાઈફાઈ એટલે કોઈપણ વ્યકિત પાસવર્ડ નાખ્યા વીના ખુલે તો તે હકીકત નકારી છે. સાહેદે જણાવેલુ છે કે અનસીકયોર્ડ વાઈફાઈને હેક કરવુ પડે. નવરંગપુરા ખાતે માર્કેટમાં અનસીકયોર્ડ વાઈફાઈ કોનુ ઉપયોગ કરવામાં આવેલુ તે કહી શકે નહીં. ઈ–મેઇલ કરવા માટે જે આઈ.ડી આરોપીને આપેલા તે પોલીસ અધિકારીએ આપેલાનું કબૂલ કરે છે. ઈ–મેઇલ આઈ.ડી. અનુક્રમ નં.૨ થી ૪ તથા બીજા પંચનામામાં જણાવેલ ચારેય ઈ–મેઇલ આઈ.ડી. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના હોય તો ખબર નથી. આરોપીએ ઈ–મેઇલ કઈ ભાષામાં કરેલો તે અત્યારે યાદ નથી. આ પ્રશ્નનો અર્થ એવો થાય કે આરોપીએ ઈમેલ કરેલ હતો પરંતુ કઈ ભાષામાં કરેલો તેનુ જ્ઞાન આ સાહેદને નથી. ઈમેલની વિષય વસ્તુ શું હતી કે તેમા શું વિગત હતી તેની ખબર નથી. ઈમેલ સેન્ડ કર્યા પછી કઈ જગ્યાએ તે રીસીવ થયો તેની જાણકારી ટોળીયા સાહેબે આપેલી નહીં. બંને આરોપી પોલીસ કસ્ટડીમાં કયારથી હતા તેની માહિતી આપેલી નહીં. આરોપીએ જણાવેલુ

કે હું કોમ્પ્યુટર એન્જીનીયર છું તો તે હકીકત કબૂલ કરી છે. પંચનામાની કોઈ કાર્યવાહીમાં ભાગ લીધેલો નથી તો તે હકીકત નકારેલી છે. જુબાની આપતા પહેલા પોલીસે ઘણી વખત પંચનામુ વાંચી સંભળાવેલુ માટે ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારેલી છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો પંચ નં.૨ મહેશભાઈ કમ્પ્યુટરના જાણકાર હતા અને તેને રીલેટેડ નોકરી કરતા હતા. કોમ્પ્યુટર ચાલુ કર્યા પછી અને સમગ્ર પંચનામા દરમ્યાન લેપટોપની હેશ વેલ્યુ, પ્રોગ્રામ કયારે ઈન્સ્ટોલ કર્યો તથા છેલ્લે કઈ એકટીવીટ થઈ તેની નોંધ પંચનામામાં કરવામાં આવેલ નથી. ઈ–મેઇલ એડ્રેસનો કોઈ પણ એક અક્ષર બદલાય તો ઈ–મેઇલ ખુલે નહીં તે સ્વીકારેલ છે. કોઈ પણ ચોકકસ જગ્યાએ વાઈફાઈથી કોઈ લેપટોપ કનેકટ થાય તો તેમા સમય લાગે છે.જાહેર રસ્તે કોઈ પણ જગ્યાએ વાઈફાઈ મળે તે જગ્યા નક્કી હોતી નથી. તૈયાર પંચનામામાં સહી કરવાનું કહેતા સહી કરેલાની હકીકત નકારે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયાઓએ શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ નાં કામે તા.૧૧.૧૧.૨૦૦૮ ના રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ મહેશ પ્રજાપતિને ક્રાઈમ બ્રાન્ચની ઑફિસ અમદાવાદ ખાતે બોલાવેલા હતા. ત્યાં એક આરોપી નં.૩૪ મહમદ મન્સુર અસગર પીરભોઈ હાજર હતો અને તેને પંચો રૂબરૂ પોતાનું નામ, સરનામુ જણાવેલુ અને પોતે કમ્પ્યુટર એન્જીનીયર હોવાનું જણાવેલુ અને એમ પણ જણાવેલુ કે, ઈકબાલ ભટકલની સુચનાથી જુદી–જુદી જગ્યાએ ઈ–મેઇલ કરેલા તે ઈ–મેઇલ કમ્પ્યુટરમાં હોય તો સ્વખુશીથી કમ્પ્યુટરમાં બતાવવા માંગતો હતો. તેને એમ પણ જણાવેલુ કે, સનપાડા ખાલસા વિસ્તારમાં ઈમેલ કર્યા હતા તે પણ બતાવવા માંગુ છું. જેથી તેને લેપટોપ ચાલુ કરીને આપેલુ અને તેમાં અનસીકયોર્ડ વાઈફાઈ મળતા ઈન્ડિયન મુજાહિદ્દિનનું આઈ.ડી. અને પાસવર્ડ નાખેલા અને તેમાં તેને ઈ–મેઇલ કરેલાનું જણાવેલુ જે ઈ–મેઇલ સેન્ડ થયેલા હતા. આ અંગેનુ પંચનામુ આંક–૬૪૭૬ વાળુ બનાવેલુ હતુ. આંક–૬૪૭૬વાળુ પંચનામુ બનાવનાર તપાસ

કરનાર અધિકારી વી.આર.ટોળીયા ગુજરી ગયેલા છે માટે સીરીયલ બોમ્બ બ્લાસ્ટોની તપાસ કરનાર તપાસ ટીમો પૈકીના અન્ય એક તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ પોતાની જુબાનીના પાના નં.૨૧૩ માં આ બાબતે જણાવેલ છે તથા આંક–૬૪૭૬ વાળા પંચનામામાં આ સાહેદે વી.આર.ટોળીયાની સહી ઓળખી બતાવેલી છે.

આંક–૬૪૭૬ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે, પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "પોતાનું નામ મહમદ મનસુર ઉર્ફે મુનાવર ઉર્ફે મુન્નુ સન ઓફ અજગર પીરભોઈ તથા પોતે કમ્પ્યુટર એન્જીનીયર છે. ગઈ તા.૨૬–૭–૨૦૦૮, તા.૨૩–૮–૨૦૦૮ તથા તા.૧૩–૯–૨૦૦૯નારોજ પોતે તથા બીજાઓએ મળીને મુંબઈ વિસ્તારમાંથી ઈન્ડિયન મુજાહિદ્દિનના નામે અનસીકયોર્ડ વાયરલેસ નેટવર્ક વાઈ –ફાઈ સીસ્ટમ હેક કરી જુદી–જુદી જગ્યાઓએ બોમ્બ બ્લાસ્ટ અંગે ધમકી આપતા ઈ–મેઈલો પોતે તથા મુબીન ઉર્ફે સલમાન સન ઓફ કાદર શેખની મદદથી ઈકબાલ ભટકલની સુચના મુજબ કરેલા જે ઈ–મેઈલો મુંબઈ શાનાપાડા ખાલસા કોલેજ તથા ચેમ્બુર વિગેરે વિસ્તારમાં વાયરલેસ નેટવર્ક કનેકટ કરી લેપટોપ દ્વારા અનસીકયોર્ડ વાઈ–ફાઈ નેટવર્ક સીસ્ટમથી હેક કરેલા તે બતાવવા માંગુ છું" વિગેરે પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં. આ ઉપરાંત આરોપીએ અનસીકયોર્ડ વાઇ–ફાઇ હેક કરી તેને આપવામાં આવેલાં આઇ.ડી. ઉપર ઇ–મેઇલ કરી બતાવ્યા, આરોપીનું આ વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે અમિતભાઈ નરેન્દ્રભાઈ ગૌરને સાહેદ નં.૧૧૨૫ તરીકે આંક–૮૦૮૧ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ સને–૨૦૦૮ ની સાલમાં સીનીયર સોફટવેર એન્જીનીયર તરીકે યાહુ ઇન્ડિયા પ્રા. લીમીટેડમાં જોબ કરતા હતા. આ યાહુ ઇન્ડિયા પ્રા.લી. કંપનીએ જીમ્બ્રા સોફટવેર એશીયા પેસીફિક પ્રા.લી.ને ટેક ઓવર કરેલી હતી. અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચની પોલીસ ૨૦૦૮ની સાલમાં તેમની

ઑફિસમાં આવેલ. પોલીસે આવીને મન્સુર પીરભોઇ બાબતે પુંછેલું. આ મન્સુર પીરભોઇ તેમની કંપનીમાં પ્રિન્સીપલ સોફટવેર એન્જીનીયર તરીકે કામ કરતા હતા. આ મન્સુર પીરભોઇ તેમની કંપનીમાં માર્ચ–૨૦૦૭ થી કામ કરતા હતા. આ મન્સુર પીરભોઇ યુ.એસ.ના સોફટવેર એન્જીનીયરો સાથે કન્સલટેશન કરીને સોફટવેર ડેવલપ કરતો હતો. તેના માટે આરોપીને ઑફિસમાં આવવાનું ફરજિયાત ન હતું કારણ કે તે રાતના સમયે યુ.એસ.ના સોફટવેર એન્જીનીયર કન્સલટન્ટ સાથે ઘરેથી પણ કામ કરતો હતો. તે કંપનીને ઇ–મેઇલથી પોતે ઘરેથી કામ કરે છે અને તે જે કામ કરતા હોય તેની જાણ કરતો હતો. આ સાહેદની કંપનીમાં સોમવાર થી શુક્રવાર કામકાજ થતું હતું અને શનિવારે અને રવિવારે કંપની બંધ રહેતી હતી. પોલીસે ત્રણ તારીખો માટે પુંછેલું તે પૈકી એક તા.૨૬–જુલાઇ–૨૦૦૮ હતી તથા બીજી બે તારીખો યાદ નથી. વધુમાં આ સાહેદ જણાવે છે કે, મન્સુર પીરભોઇ અમારી કંપનીમાં હતો તે દરમિયાન એક ટ્રીપ તેણે કેલીફોર્નીયા યુ.એસ. ખાતે કરેલી હતી અને પરત આવતી વખતે દુબઇ ખાતે બે દિવસનો બ્રેક લીધેલો હતો. પોલીસે આવીને આ સાહેદને જણાવેલું કે આ વ્યકિતએ હૈદરાબાદ ખાતે એથીકલ હેકિંગનો કોર્સ કરેલો હતો અને તે તે તારીખોએ ઑફિસમાં હાજર હતો કે કેમ તે બાબતે પુંછેલું. જેથી રેકોર્ડ અને ઇ–મેઇલ ચેક કરીને જણાવેલું કે તા.૧૪–મે થી તા.૧૮–મે તે સને–૨૦૦૭ ની સાલમાં તે ઑફિસમાં હાજર ન હતા. આ સાહેદે મન્સુર પીરભોઇનો એપોઇમેન્ટ લેટર, યુ.એસ. ટ્રાવેલ કર્યાની ટિકિટ, બે દિવસનો એડીશ્નલ ડ્રોપ દુબઇ ખાતે તેણે કરેલો તેનો ઇ–મેઇલ તથા સને–૨૦૦૭/૨૦૦૮ માં તેણે જે રજાઓ લીધેલી તે રેકોર્ડની ઝેરોક્ષ પોલીસને આપેલી. આ સાહેદ માર્ક–એ થી મન્સુર પીરભોઇને યાહુ કંપનીએ આપેલા એપોઇમેન્ટ લેટરમાં આરોપીની સહી ઓળખી બતાવે છે તેમજ માર્ક–બી થી મન્સુર પીરભાઇની યુ.એસ.ની ટિકિટની ઝેરોક્ષ તથા તેની સાથે ટિકિટને સંલગ્ન બીજા દસ્તાવેજો રજૂ રાખલે છે તેમજ માર્ક–સી થી મન્સુર પીરભોઇની રજાઓની વિગતો તથા માર્ક–ડી થી મન્સુર પીરભોઇનાઓ દુબઇ ખાતે રોકાયેલા અને તે બાબતે કંપનીને કરેલો ઇ–મેઇલ

તેમજ માર્ક–ઈ થી મન્સુર પીરભોઇ તા.૧૪/૦૫/૨૦૦૭ થી તા.૧૮/૦૫/૨૦૦૭ ના સમય સુધી રજા ઉપર રહ્યા તે બાબતે આ સાહેદની કંપનીને ઇ–મેઇલ કરેલ તે રજૂ રાખેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો મનસુર પીરભોઈની નિમણુંક એટલે કે આ આરોપીની નિમણૂક ઝીબ્રા સોફટવેર એશીયા પેસીફીક પ્રા.લી. મા થયેલી હતી તે કબૂલ કરે છે. કંપનીમાં તેઓની નિમણૂક થયાનો પત્ર પોલીસને આપેલો નહીં. એપોઇમેન્ટ લેટર, સસ્પેન્સન લેટર કે રીમુવલ લેટર આ સાહેદ આપતા ન હતા. મનસુર પીરભોઈનું કોઈ ઈન્ટરવ્યુ લીધુ નથી કે તેના એપોઇમેન્ટ લેટરમાં આ સાહેદની કોઈ ભૂમિકા નથી. મનસુર પીરભોઈનું એપોઇમેન્ટ લેટર સરોજ પટનાયકે કયારે તૈયાર કર્યો, કેવી રીતે તૈયાર કર્યો તેની જાત માહિતી નથી. અસલ એપોઇમેન્ટ લેટર પોલીસને આપેલ નહીં તે કબૂલ કરે છે. અસલ એપોઇમેન્ટ લેટરની સાથે વેરીફાઈ કરી તેની કોપી કરી સહી–સીકકા કરીને પોલીસને આપેલો નથી તે કબૂલ કરે છે. મનસુર પીરભોઈની રજા અંગેનુ કોઈ અસલ રેકર્ડ પોલીસને આપેલ નહીં તે કબૂલ કરે છે . દુબઈમાં મનસુર પીરભોઈનાઓએ બે દિવસ ડ્રોપ લીધેલો તેના ઈ–મેઇલની નકલ પોલીસને આપેલી નહીં. પોલીસે માર્ક–એ થી ઈ વાળા દસ્તાવેજોની ઝેરોક્ષ મેળવી તે બાબતે કોઈ રસીદ આપેલ નથી. મનસુર પીરભોઈનું કામકાજ જોતા તેને ઑફિસમાં રહેવુ જરૂરી ન હતુ. મનસુર પીરભોઈ કંપનીમાં જોબ કરતો હતો ત્યાં સુધી તે સમાજ વિરોધી પ્રવૃતિ કરે છે તેવુ જાણવા મળેલુ નહીં. પરંતુ મારા મત પ્રમાણે જો આ વ્યકિત સમાજ વિરોધી પ્રવૃતિ કરતો હોય તો કોઈને જાણ કરે નહીં અને જાણ કરીને તે પ્રવૃત્તિ કરે નહિ માટે આ સાહેદને જાણ થાય તે બાબતે કોઈ પ્રશ્ન નથી. મનસુર પીરભોઈના ઈ–મેઇલના આધારે તેને દુબઈમાં બે દિવસ રહેવાની કંપનીએ પરવાનગી આપેલી ત્યારે કંપનીના કામ સિવાય બીજુ કોઈ કામ કરેલુ કે કેમ તેની ખબર નથી.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ પુના ખાતે આવેલ ઝીબ્રા સોફટવેર એશીયા પેસીફીક પ્રા.લી. (યાહુ) કંપનીમાં

સીસ્ટમ એન્જીનીયર તરીકે નોકરી કરતા હતા અને તેઓની ઑફિસમાં સને–૨૦૦૭ માં આરોપી નં.૩૪ મનસુર પીરભોઈ પણ નોકરી કરતા હતા અને તે દરમ્યાન તેને હૈદરાબાદ ખાતે એથીકલ હેકીંગનો કોર્સ કરેલ હતો. આ સાહેદે માર્ક–એ થી કંપનીએ આપેલો એપોઈન્ટમેન્ટ લેટર તા.૨૮.૯.૨૦૦૭ ના રોજનો રજુ કરેલ છે. જેમા કંપનીના મેનેજરની સહી છે તથા માર્ક–બી થી બીજા દસ્તાવેજો, માર્ક–સી થી રજાનો રીપોર્ટ, માર્ક–ડી થી આરોપીએ દુબઈથી કંપનીને કરેલો ઈ–મેઈલ રજૂ કરેલા છે.

આ આરોપી નં.૩૪ મોહંમદ મન્સુર અસગર પીરભોઈએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે તે પ્રશ્નના જવાબમાં તેણે ફરીયાદ પક્ષના પુરાવા સબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના બચાવ માટે જે હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦ મા જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

આ ઉપરાંત આ આરોપીએ પોતાના બચાવમાં અંગ્રેજીમાં લખેલ નિવેદન પાના નં.૧ થી ૩ રજૂ કરેલુ છે. તે ધ્યાને લેતા આરોપી પોતે યાહુ ડોટ કોમ પુના ખાતે પ્રિન્સિપલ સોફટવેર એન્જીનીયર તરીકે ફરજ બજાવતા હતા અને પુરા સમયના કંપનીના કર્મચારી હતા. સરકારને ટેક્ષ ચુકવતા હતા. ૧૦ વર્ષની લાંબી તેઓની કારકીર્દી સોફટવેર એન્જીનીયર તરીકેની હતી. આ કેસમાં તેઓને ખોટી રીતે અટક કરેલા છે. આ ગુનાઓમાં તેઓની કોઈ સંડોવણી નથી તેવા મુકવામાં આવેલ આક્ષેપો ખોટા છે, રજૂ થયેલા પંચનામાઓ બાબતે તેઓ કંઈ જાણતા નથી અને પંચનામાની કોઈ માહિતી નથી. કાવતરા અંગે તેઓને કોઈ માહિતી નથી કે કાવતરામાં સંડોવાયેલા નથી. પોતે ઉચ્ચ શિક્ષણ મેળવેલુ છે અને સમાજમાં પ્રતિષ્ઠિત છે. આ સિવાય બીજી કોઈ હકીકત આ નિવેદનમાં જણાવેલી નથી.

આરોપી નં.૩૪ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે. જેવા કે સાહેદ નં.૯૦૩, ૧૧૨૫, ૭૮૬, ૭૮૭, ૭૯૦, ૭૯૨, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતા આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, સાહેદ નં.૯૦૩ ધવલ શાહની જુબાની મુજબ તેઓને વી.આર. ટોળીયાએ પંચમાં રહેવા બોલાવેલા અને આરોપી ઉપર આક્ષેપ એવો હતો કે આ આરોપીએ ઈકબાલ ભટકલની સુચનાથી જુદી-જુદી જગ્યાએ ઈ-મેઈલ કરેલા હતા. આ ઈ-મેઈલ મુંબઈ સનાપાડા વિસ્તારમાંથી કરેલા તેવુ જણાવેલુ પરંતુ તે અંગેનો કોઈ પુરાવો રજૂ થયેલો નથી. તેઓની આ દલીલ સાથે હું સંમત છું કે આ આરોપીએ જુદી-જુદી જગ્યાઓ ઉપરથી ઈ-મેઈલ કરેલા હોય તો તે ઈ-મેઈલ કઈ-કઈ જગ્યાઓ ઉપર કરેલા તે અંગે પુરાવો રજૂ થયેલો નથી. જે કમ્પ્યુટરમાંથી ઈ-મેઈલ કરવામાં આવેલા તે કમ્પ્યુટર પણ કબજે કરવામાં આવેલુ નથી. વધુમાં વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે આ આરોપીને લેપટોપ આપી અનસીકયોર્ડ વાઈ-ફાઈ સર્ચ કરવા જણાવેલુ અને અનસીકયોર્ડ વાઈ-ફાઈ મળતા તેને ચાર-પાંચ આઈ.ડી. આપવામાં આવેલા પરંતુ તે કયા આઈ.ડી. હતા તે રેકર્ડ ઉપર નથી. આ આઈ.ડી. ઉપરથી ઈ-મેઈલ સેન્ડ કરેલા તો તે કોને કરેલા તે અંગે કોઈ પુરાવો નથી અને તે ઈ-મેઈલની પ્રિન્ટ કાઢવામાં આવેલી નથી. તેઓની આ દલીલ સાથે હું સંમત છું કે આ આરોપીએ આંક-૬૪૭૬ ના પંચનામની વિગતે ડેમોસ્ટ્રેશન કરીને જે ઈ-મેઈલ કરેલા તેની પ્રિન્ટ રજૂ થયેલી નથી.

વધુમાં વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી પુના ખાતે ઝીબ્રા સોફટવેર એશીયા સ્પેસીફીક પ્રાઈવેટ લીમીટેડમાં

સીસ્ટમ એન્જીનીયર તરીકે નોકરી કરતો હતો તે સાબીત કરવા સાહેદ નં.૧૧૨૫ અમિત ગૌરને ફરિયાદપક્ષે તપાસેલા છે અને આ આરોપીનો કંપનીમાં એપોઈન્ટમેન્ટ લેટર તથા બીજા દસ્તાવેજો રજૂ કરેલા છે પરંતુ તેને આંક આપવામાં આવેલો નથી. પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદની કંપનીમાં આ આરોપી પ્રિન્સીપાલ સોફટવેર એન્જીનીયર તરીકે ફરજ બજાવતો હતો તે ચોકકસ છે પરંતુ આ પુરાવો આરોપીની વિરૂધ્ધનો પુરાવો નથી. આ સાહેદના પુરાવાથી આ આરોપી આ ગુનામાં સંડોવાયેલાની હકીકત સાબીત થતી નથી. વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે આ આરોપી આ કહેવાતા ગુનાઓમાં સંડોવાયેલો નથી. તેઓની આ દલીલ સાથે હું સંમત છું કે આ આરોપીએ મુંબઈ મુકામે સનાપાડા ખાલસા વિસ્તારમા અનસીકયોર્ડ વાઈફાઈનો ઉપયોગ કરીને ઈ–મેઈલ કરેલાની હકીકત પુરવાર થતી નથી. આ સિવાય આ આરોપીએ અમદાવાદ બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં અને સુરત બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં અન્ય આરોપીઓને કોઈ મદદગારી કરી હોય, મીટીંગોમાં હાજર રહ્યો હોય, જેહાદી ભાષણો કરેલા હોય, બોમ્બ બનાવેલા હોય, કોઈ જગ્યાએ બોમ્બ મુકયા હોય તેવી કોઈ હકીકત પુરવાર થતી નથી. ફરિયાદપક્ષ દ્વારા આ આરોપી વિરૂધ્ધ રજૂ થયેલો પુરાવો પુરતો નથી અને આ આરોપીની આ ગુનામાં સંડોવણી હોવા બાબતે શંકા ઉપજાવે છે તેમ હું માનું છું.

આરોપી નં.૩૫ રફીયુદ્દીન સરકુદ્દીન કાપડીયાનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૩૫ રફીયુદ્દીન સરકુદ્દીન કાપડીયાનાઓ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ નાં રોજ જુદી–જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી–જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા–જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ

આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમને કઈ–કઈ ભૂમિકા ભજવેલી છે તે સાબિત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે તે પૈકી જનરલ સાહેદ તરીકે સાહેદ નં.૧૧૦૫ તરીકે ઈદ્રીશ ગુલાબશા ફકીર દિવાન તથા સાહેદ નં.૧૧૧૫ તરીકે મહંમદઉમર ઉસ્માનભાઈ મન્સુરીનાઓને તપાસેલા છે અને તેઓ તમામની જુબાની ધ્યાને લેતા આ આરોપીની સામે મુકવામાં આવેલ આક્ષેપો મુજબના કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા એકબીજાની મદદગારી કરીને અમદાવાદ શહેરમાં જુદી–જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરેલા છે તેમજ સુરતની જુદી–જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલ હોવાનું ફલીત થાય છે.

આ ઉપરાંત સહઆરોપી નં.૨ ઈમરાન ઈબ્રાહીમ શેખ તથા આ આરોપી નં.૩૫ રફીયુદ્દીન સરકુદ્દીન કાપડીયાનાઓએ સી.આર.પી.સી.કલમ–૧૬૪ મુજબના કબૂલાત નિવેદનો મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, અમદાવાદ સમક્ષ લખાવેલા તે ધ્યાને લેતા પણ આ આરોપી તેઓની ઉપર મુકવામાં આવેલ આક્ષેપ મુજબના કાવતરામાં સામેલ હોવાનું ફલીત થાય છે.

હવે આ કામમાં આ જ આરોપી નં.૩૫ રફીયુદ્દીન સરકુદ્દીન કાપડીયાનાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબની કબૂલાત નોંધવા માટે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧, અમદાવાદને અરજી કરેલી છે તે અરજી ધ્યાને લઈએ તો...

આરોપી નં.૩૫ રફીયુદ્દીન સરકુદ્દીન કાપડીયા (મુસ્લિમ)નાઓએ તા.૧૯/૧/૨૦૦૯ ના રોજ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧, અમદાવાદને ઉદ્દેશીને શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ નાં કામે પોતાની કબૂલાત નોંધવા જે અરજી આપેલી તે આ કામે આંક–૮૬૨૯થી રજૂ કરેલી છે. આ અરજીની હકીકત ધ્યાને લેતા આરોપીએ અરજીમાં જણાવેલુ છે કે <u>"હું રફીયુદ્દીન સરકુદ્દીન કાપડીયા જેને હાલમાં ગુજરાતમાં બોમ્બ બ્લાસ્ટના કેસોમાં એરેસ્ટ કરવામાં આવ્યો છે. હું આ કેસ બાબતે જેટલુ જાણું છું તે મારી</u>

મરજીથી કોઈના દબાણ વગર આપને કહેવા માંગુ છું. આ બનાવમાં હું જેટલું પણ જાણું છું તે બધી વસ્તુઓ મારે કહેવી છે, મને કોઈનું દબાણ નથી એટલે મને સાંભળવા માટે હું આપને રજૂઆત કરૂ છું." આ પ્રમાણે અરજી આપેલી છે. જેમાં આરોપીની સહી છે.

આ અરજી આપ્યા બાદ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં .૧૧ નાઓએ આરોપીની અરજી ઉપર હુકમ કરી ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટને તે જ દિવસે યોગ્ય થવા તે અરજી મોકલી આપેલી, તે હુકમમાં મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ની સહી તથા સિકકો છે. આ અરજી ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટને તે જ દિવસે મળેલી અને અરજીની નીચેના ભાગે ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટશ્રીએ હુકમ કરેલો છે કે "મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ નાઓએ નિયમ મુજબ નિવેદન નોંધવા કાર્યવાહી કરવી" આ મુજબનો હુકમ અરજીના નીચેના ભાગે ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટે કરેલો જેમાં ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટની સહી છે. આ હુકમ થયા બાદ તે જ દિવસે ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટની ઑફિસના જાવક નં. ૩૭/૨૦૦૯ તા.૨૦/૧/૨૦૦૯ ના રોજ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ ને નિવેદન નોંધવા માટે પત્ર લખેલો જે આ કામે આંક–૮૬૩૦થી રજૂ છે અને તેમાં ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટશ્રીની સહી છે.

હવે આરોપીની કબૂલાત નોંધવા માટેની અરજી મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ સમક્ષ પહોંચ્યા બાદ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ નાઓ સમક્ષ આરોપીને તા.૨૯/૧/૨૦૦૯ નાં રોજ નિવેદન નોંધવા માટે સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતેથી હાજર કરેલ અને તે માટે આરોપીની સહી કરાવી મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ નાઓએ સહી કરી સીકકો લગાવેલ છે અને આરોપીને મેજિસ્ટ્રેટ દ્વારા સમજ આપીને જણાવવામાં આવેલુ છે કે તે કબૂલાત કરવા બંધાયેલ નથી તથા આવી કબૂલાતનો ઉપયોગ તેની વિરૂધ્ધ પુરાવા તરીકે લઈ શકાય છે તે બાબતે વાકેફ કરેલ છે. આ ઉપરાંત આરોપી સ્વેચ્છાએ કબૂલાત કરવા માંગે છે કે કેમ ? તેની ચકાસણી બાબતે તે કબૂલાત કોઈના દબાણથી કરે છે કે કેમ? અથવા તો કબૂલાત કરવા માટે કોઈ લાલચ કે પ્રલોભન આપેલ છે કે

કેમ? તે બાબતે પુછતા આરોપીએ "ના" જણાવેલ છે. વધુમાં આરોપીને પુછવામાં આવેલુ છે કે પોલીસ દ્વારા ગુનામાંથી મુકતી આપવાની લાલચ આપવામાં આવી છે કે કેમ ? તો આરોપીએ "ના" જણાવેલુ છે. વધુમાં આરોપીને સમજ આપેલી છે કે તે મારી સમક્ષ એટલે કે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટશ્રી જી.એમ.પટેલ સમક્ષ હાજર થયેલ છે. આ મુજબની નોંધ મેજિસ્ટ્રેટશ્રીએ કરેલી અને આરોપીની સહી કરાવી પોતે પણ સહી કરી સીકકો કરેલો છે. વધુમાં મેજિસ્ટ્રેટશ્રીએ નોંધેલુ છે કે ઉપરોકત હકીકતો જણાવ્યા છતાં આરોપી પોતાનું નિવેદન આપવાની હકીકત જણાવે છે જેથી પુખ્ત વિચારણા કરી શકે તે માટે પુરતો સમય આપવો યોગ્ય હોવાથી તા. ૩૧/૧/૨૦૦૯ નાં રોજ રજૂ કરવા સમજ આપેલી અને આરોપીને સાબરમતી સેન્ટ્રલ જેલમાં મોકલી આપેલો. આ નોંધ પણ મેજિસ્ટ્રેટ દ્વારા કરવામાં આવેલી છે ત્યારબાદ આરોપીની સહી કરાવી પોતે સહી કરી સિકકો કરેલો છે.

સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતેથી તા.૨૯/૧/૨૦૦૯ ના રોજ આરોપીને પોતાનું કબૂલાત નિવેદન નોંધવા માટે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં. ૧૧ સમક્ષ રજૂ કરેલ પરંતુ મેજિસ્ટ્રેટશ્રીએ તેને પુખ્ત વિચારણા માટે વધુ સમય આપીને તા.૪/૨/૨૦૦૯ ના રોજ ફરીથી હાજર રાખવા જણાવેલુ અને તા. ૪/૨/૨૦૦૯ ના રોજ આરોપીને ફરીથી હાજર રાખેલા ત્યારે મેજિસ્ટ્રેટશ્રીએ નિવેદન બાબતે પુછતા આરોપીએ નિવેદન આપવાની "હા" પાડી છે જે નિવેદન તેની સંમતિથી નોંધવામાં આવેલુ છે. જે નિવેદન ખુલ્લી અદાલતમાં નોંધેલુ છે, પોલીસના માણસો કોર્ટમાં હાજર નથી, માત્ર બે સુરક્ષા ગાર્ડ છે જે જેલમાંથી આરોપીને રજૂ કરવા આવેલા છે તે બે સુરક્ષા ગાર્ડ સલામતી ખાતર કોર્ટમાં છે. આ તમામ હકીકતો આરોપીને સમજાવી છે અને વાકેફ કરેલ છે. આવી નોંધ કરીને મેજિસ્ટ્રેટશ્રીએ આરોપીની સહી કરાવેલી છે અને પોતે પણ સહી કરી સીકકો કરેલો છે. આ નિવેદન આ કામે આંક–૮૬૩૧થી રજૂ કરેલુ છે. આ નિવેદનની હકીકત મુજબ...

હું રફીયુદ્દીન સરફુદ્દીન કાપડીયા રહેવાસી વડોદરા જણાવુ છું કે કયામુદ્દીન કાપડીયા સગો નાનો ભાઈ છે. આ આરોપી તથા તેના ઘરના તમામ સભ્યો "સુફીઈઝમ" માં માનીએ છીએ. આ આરોપીનો ભાઈ કયામુદ્દીન તેનાથી અલગ "એહલેહદીસ" માં માને છે. જે દરગાહ વગેરેમાં માનતા નથી જયારે આ આરોપી દરગાહ વિગેરેમાં માને છે. આ આરોપીના લગ્ન દોઢ વર્ષ પહેલા સઈદાબીબી સાથે થયેલા છે અને ચાર માસનો દીકરો છે. આ આરોપીનો નાનો ભાઈ કયામુદ્દીન, ઉસ્માન અગરબત્તીવાળા અને સમસુદ્દીનના કારણે "સીમી" માં કાર્યકર થયેલો જે બન્ને સીમાના કાર્યકરો છે.

કયામુદ્દીન ડીસેમ્બર–૨૦૦૭ ના મહીનામાં કોઈને પણ કહ્યા વીના ઘરમાંથી જતો રહેલો અને પાંચ–છ દિવસ પછી પરત આવેલો. તેને જણાવેલુ કે "કેરાલા" રાજયમાં ટ્રેનીંગમાં ગયેલો હતો. કયામુદ્દીનને મમ્મી પપ્પા ખુબ જ બોલેલા તે કોઈનું સાંભળતો ન હતો. જાન્યુઆરી–૨૦૦૮ ઉત્તરાયણ વખતે ફરવા જવુ છે તેમ કહીને કયામુદ્દીને કહેલુ કે તું હશે તો ઘરની બહાર જવાની રજા મળશે તેથી આ આરોપી તેની સાથે જાન્યુઆરી–૨૦૦૮ માં ચાંપાનેર દરગાહ ઉપર ગયેલા. ત્યાં ગયા પછી આ આરોપીને ખબર પડેલી કે ત્યાં "સીમી" નો કેમ્પ છે. જેથી આ આરોપીએ કયામુદ્દીનને કહેલુ કે શા માટે મને અહીં લાવેલો છે ? તેને આ આરોપી સાથે પરત વડોદરા જવા સમજાવેલો પણ તે માનેલો નહીં. આ આરોપી ચાંપાનેર દરગાહથી બે કલાક રોકાઈ પાછા વડોદરા ગયેલા.

આ આરોપીને કયામુદ્દીને કેમ્પમાં આવેલા માણસોને ભેગો કરેલો તેમાં આશરે ૨૦–૨૨ જણા હતા જેમાં વડોદરાનો ઉસ્માન અગરબત્તીવાળા, કયામુદ્દીન કાપડીયા, સાજીદ મન્સુરી, ઈકબાલ શેખ, ઈમરાન શેખ, અમદાવાદના આરીફ કાગજી, યુનુસ મન્સુરી, આલમઝેબ આફ્રીદી, મુજીબ, તૌસીફ, જાહીદ શેખ, અબ્બાસ જે ભુજનો હતો, ઈમરાન, મહેંદી હસન, અતીકઉર રહેમાન જે ત્રણ જણા રાજસ્થાનના હતા તે પણ હાજર હતા.

તૌકીર, સફદર નાગોરી, કમરૂદ્દીન, આમીલ પરવાજ, અન્સાર ઉર્ફે નદવી, આઝમ, અબરાર, ફીરોજ શેખ, સફીક પણ હાજર હતા. ઉપરોકત તમામ

ઈસમો ચોંપાનેરની દરગાહ ખાતે હાજર હતા. આ આરોપી ઘરે ગયા પછી આ બનાવની જાણ તેમના પિતાને કરેલી નહીં. કારણ કે આરોપીને વિશ્વાસ હતો કે સમજાવવાથી કયામુદ્દીન આ બધી પ્રવૃત્તિ છોડી દેશે.

કયામુદ્દીન બે,ત્રણ દિવસ પછી વડોદરા પાછો આવેલો. માર્ચ મહીનામાં ઘરે એમ.પી.થી પોલીસ કયામુદ્દીનને શોધવા માટે આવી હતી સાથે વડોદરાની સ્થાનિક પોલીસ પણ હતી. કયામુદ્દીનને આ હકીકતને ખબર પડતા ઘર છોડીને જતો રહેલો. ઉસ્માન અગરબત્તીવાળા અને ઈમરાન શેખે તેને ભગાડી દીધો હતો. કોઈક કોઈક વખતે મોબાઈલ ઉપર ફોન આવતા કયામુદ્દીન અમદાવાદ છે તેની ખબર પડેલી પણ અમદાવાદમાં કઈ જગ્યાએ છે તેની ખબર પડેલી ન હતી.

અમદાવાદના બોમ્બ બ્લાસ્ટ થયેલા તેની ખબર આ આરોપીને ટી.વી. ન્યુઝથી પડેલી. આ આરોપીને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાં લાવેલા ત્યારે ખબર પડેલી કે તેમાં બોમ્બ બ્લાસ્ટ પાછળ કયામુદ્દીનનો હાથ હતો. એપ્રિલ મહીનામાં આ આરોપીના મમ્મી પપ્પાની તબિયત બરાબર ન હતી તેથી કયામુદ્દીને ફોન કરેલા હતા. કયામુદ્દીનના લગ્ન પણ આ સાહેદની સાથે થયેલા હતા. તેની પત્નીનું નામ હરજાના છે, તેને એક દીકરી છે જે ત્રણ માસની છે. કયામુદ્દીન બાર સાયન્સ ભણેલો છે, તે સીમીની કટ્ટરવાદી વિચારસરણી ધરાવે છે.

આમ, આ મુજબનું કબૂલાતભર્યુ નિવેદન નોંધીને આરોપીની દરેક પાન કુલ–૫ ઉપર સહી કરાવેલી છે અને રૂબરૂ તરીકે મેજિસ્ટ્રેટશ્રીએ પોતે સહી કરેલી છે. ત્યારબાદ તા.૪/૨/૨૦૦૮ નાં રોજ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ નાઓએ પ્રમાણપત્ર આપેલુ છે કે "મેં જી.એમ.પટેલ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ નાએ આ નિવેદન આપનાર રફીયુદ્દીન સરકુદ્દીન કાપડીયા, રહેવાસી વડોદરાને સમજાવ્યુ છે કે કબૂલાત કરવા બંધાયેલો નથી અને તેમ કરશે તો તેને કરેલી કબૂલાત તેની સામે પુરાવામાં ઉપયોગમાં લઈ શકાશે. હું માનુ છું કે આ કબૂલાત સ્વેચ્છાથી કરવામાં આવી છે જે મારી હાજરીમાં મેં જાતે લખેલી છે.

આ કબૂલાત તેને વાંચી સંભળાવવામાં આવી છે અને તે ખરી હોવાનું તેને જણાવ્યુ છે અને તેના લખાવ્યા મુજબની મેં લખેલી છે" આ પ્રમાણેનું પ્રમાણપત્ર આપીને મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧ નાઓએ પોતાની સહી અને સીકકો કરેલો છે.

આરોપીનું આંક–૮૬૩૧વાળા નિવેદન પ્રમાણે આ આરોપીએ પોતાના નિવેદનમાં પોતે તથા આરોપી નં.૧ જાહીદ ઉર્ફે જાવેદ કુત્બુદ્ધીન શેખ, આરોપી નં.૨ ઈમરાન ઈબ્રાહીમ શેખ, આરોપી નં.૩ ઈકબાલ ઉર્ફે ઈકરાર કાસમ શેખ, આરોપી નં.૪ સમસુદ્ધીન ઉર્ફે સમસુ શાહબુદ્ધીન શેખ, આરોપી નં.૬ મોહમદ આરીફ મોહંમદ ઈકબાલ કાગઝી, આરોપી નં.૭. મોહંમદઉસ્માન ઉર્ફે ઉસ્માન મોહંમદ અનીસ અગરબત્તીવાળા, આરોપી નં.૮ યુનુસ મોહંમદભાઈ મન્સુરી, આરોપી નં.૯ કમરૂદ્ધીન ઉર્ફે રાજા ઉર્ફે અબ્દુલ્લા ચાંદમોહંમદ નાગોરી, આરોપી નં.૧૦ આમીલ પરવાજ ઉર્ફે સીકંદર કાજી સૈફુદ્ધીન શેખ, આરોપી નં.૧૨ સફદરહુસેન ઉર્ફે હુસેનભાઈ ઉર્ફે ઈકબાલભાઈ જહીરૂદ્ધીન ઉર્ફે જહરૂલહસન નાગોરી, આરોપી નં.૧૪ મોહંમદસાજીદ ઉર્ફે સલીમ ઉર્ફે સજજાદ ઉર્ફે સાદ ગુલામ ખ્વાજા મંસુરી, આરોપી નં.૧૬ અબ્બાસ ઉંમર સમેજા, આરોપી નં.૨૦ અતીકઉર રહેમાન ઉર્ફે અતિક અબ્દુલહકીમ ખીલજી, આરોપી નં.૨૧ મહેંદીહસન ઉર્ફે વીકી અબ્દુલ હમીદ અકબરખાં અંસારી, આરોપી નં. ૨૨ ઈમરાન અહેમદ ઉર્ફે રાજા સીરાજઅહેમદ હાજી પઠાણ, આરોપી નં.૩૭ કયામુદ્ધીન ઉર્ફે મુસા ઉર્ફે અશપાક ઉર્ફે અબ્દુલ કાદીર ઉર્ફે રીઝવાન ઉર્ફે સમીર સરફુદ્ધીન કાપડીયા, આરોપી નં.૫૯ મોહંમદ અન્સાર ઉર્ફે નદવી ઉર્ફે સીદ્ધીક અબ્દુલ રઝાક મુસ્લિમ, આરોપી નં.૬૬ મોહમદ શફીક ઉર્ફે દાદાભાઈ ઉર્ફે ઠાકુર ઉર્ફે રફીક ઉર્ફે અલી અબ્દુલલબારી અંસારી, આરોપી નં.૭૪ મોહમદઅબરાર ઉર્ફે મુન્ના ઉર્ફે ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ્લા ઉર્ફે ઈબ્રાહીમ બાબુખાન મણીયાર, આરોપી નં.૭૫ મોહમ્મદ રફીક ઉર્ફે જાવિદ ઉર્ફે આલમજેબ આફીદી મસકુર અહેમદ, આરોપી નં.૭૮ તૌસીફખાન ઉર્ફે અતીક સગીર અહેમદખાન પઠાણ તથા તૌકીર (જેની સામે ચાર્જ ફ્રેમ થયેલ નથી) નાઓનું નામ જણાવેલુ છે. આમ આ કેસના કુલ–૭૮ આરોપીઓ પૈકી ઉપર

જણાવ્યા મુજબ આરોપીઓના સંબંધમાં પણ કબૂલાતવાળી હકીકત જણાવેલી છે.

આ આરોપીનુ કબૂલાત નિવેદન નોંધતા પહેલા આરોપીને સોગંદ આપવાના હોતા નથી તેમ છતાં મેજિસ્ટ્રેટશ્રીએ આ આરોપીને સોગંદ આપીને નિવેદન નોંધેલુ છે જે નિવેદન ગેરકાયદેસર કહેવાય.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે હિમેશકુમાર પ્રવિણચંદ્ર મહેતાને સાહેદ નં. ૯૦૦ તરીકે આંક–૬૪૪૨થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૧૭/૧૧/૨૦૦૮ ના રોજ ૧૨.૦૦ થી ૧૨.૩૦ ના સમયે પાવાગઢ–હાલોલ રોડ ઉપર આવેલી વિવેક હોટલ પાસેથી જતા હતા ત્યારે પોલીસે ઉભા રાખેલા. તેમની સાથે બીજા એક ગુલાબસિંહભાઈ તે પણ હતા. આ સાહેદને પોલીસના માણસે કહેલું કે, સાહેબ મળવા માગે છે ત્યાં હોટલની બહાર સાહેબને મળેલા. સાહેબે ઓળખાણ આપેલી કે તેઓ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાંથી આવે છે અને તેમનુ નામ વાઘેલા સાહેબ છે અને સાહેબે જણાવેલું કે, આરોપીને લઈને આવેલા છીએ અને આ આરોપી શાહિબાગ વિસ્તારમાં થયેલા બોમ્બ બ્લાસ્ટમાં આરોપી છે અને તે કંઈક કહેવા માંગે છે અને આ જે કહે છે તે પંચમાં રહેવાનું છે. જેથી તેઓએ સાહેબને હા પાડેલી. ત્યારબાદ આરોપીનું નામ પૂછેલું તો તેણે તેમનું નામ રફીયુદ્દીન સરકુદ્દીન કાપડીયા જણાવેલું. તેઓએ સરનામામાં સ્વામિનારાયણ મંદિરની પાછળ, વડોદરાના હોવાનું જણાવેલું. બીજું તેમણે કહેલું કે, "૨૦૦૮ માં ૧૩ થી ૧૫ માં અમે અહીંયા પાવાગઢના જંગલમાં આતંકવાદી પ્રવૃત્તિની ટ્રેનીંગ અને ઉશ્કેરણીજનક ભાષણો અને તે જગ્યાઓ હું તમોને બતાવું". આવું તેણે કહેલું, આ બધું તેઓએ સાંભળ્યું અને તે પોલીસને લખાવેલું. ત્યારબાદ ત્યાં ગાડીની અંદર પોલીસના સાહેબ, પોલીસનો સ્ટાફ, આ સાહેદ સાથેના ગુલાબસિંહ, આરોપી બધા બેઠેલા. આ વખતે સાહેબે ડ્રાઈવરને કહેલું કે, આ આરોપી રસ્તો બતાવે તે પ્રમાણે ગાડી લઈ લ્યો અને જયાં ઉભી રખાવે ત્યાં ઉભી રાખજો. ત્યાંથી ગાડી આગળ એકાદ કિ.મી. ગયેલી અને પછી આરોપીએ ગાડી ઉભી રખાવેલી. જયાં ગાડી ઉભી રખાવેલી ત્યાં દરગાહ જેવું

કાંઈક હતું. ત્યાં પછી આરોપી તેઓને દરગાહમાં અંદર લઈ ગયા અને ત્યાં જગ્યા બતાવી. તે દરગાહનું નામ "ખુંદપીરની દરગાહ" હતું. ત્યાં એક ઓરડી હતી અને ધર્મશાળા જેવું હતું. તેણે જણાવેલું કે, "અમે આ ઓરડીમાં રહેતા હતા." તેણે જે જણાવેલું તે પોલીસને લખાવેલું. ત્યારપછી પાછા બધા ગાડીમાં બેઠેલા. ગાડીમાં બેઠા પછી તેણે ગાડી આગળ ચલાવવાનું કહેલું અને એકાદ દોઢ કિ.મી. આગળ ગયેલા અને ત્યાં ડાબી સાઈડ તરફ કાચો રસ્તો આવેલો ત્યાં ગાડી વાળવાનું કહેલું. ત્યાં આગળ ૫૦૦ મીટર દુર "એક મિનારની મસ્જિદ" તેવું બોર્ડ હતું અને ત્યાં અંદર ગાડી લીધેલી અને ત્યાં પણ આ બોર્ડ મારેલું હતું અને ત્યાં બધા ગાડીમાંથી નીચે ઉતરેલા. ત્યાં એક નાનો ગેટ હતો તે ખોલીને આરોપી અંદર લઈ ગયેલો. ત્યાં ૫૦૦ મીટર જેટલી મોટી જગ્યા હતી, મોટો ઓટલો હતો અને ચારેય તરફ મોટી ગ્રીલ હતી. તેણે એવું કહેલું કે, "અમે અહીંયા નમાજ પઢતા હતા." ત્યાં એક કુવો હતો. ત્યારપછી આરોપીએ કહેલું કે, "અમે આતંકવાદની તાલીમ લીધેલી તે જગ્યા હવે હું તમને બતાવું." ત્યારબાદ બધા પાછા ગાડીમાં બેઠેલા અને પાવાગઢ રોડ પર દોઢેક કિ.મી. ગયેલા અને ત્યાં ૧૫૦ મીટર દુર કાચા રસ્તે ગાડી ઉભી રખાવેલી. ગાડી આરોપીએ ઉભી રખાવેલી. ત્યાં આગળ હેલીકૈલ વાવ આવેલી હતી. ત્યાં હેલીકૈલ વાવના કમ્પાઉન્ડમાં આરોપી લઈ ગયેલો. ત્યાં તારની ફેન્સીંગ હતી અને તાર ઉંચા કરીને ૧૫૦ મીટર અંદર જંગલમાં લઈ ગયેલો. ત્યાં ૪૦ થી ૫૦ મીટર જેટલી મોટી જગ્યા હતી. ત્યાં સૂકુ ઝાડ હતું અને ત્યાંથી ૧૫૦ મીટર આગળ એક ખીણ હતી જેમાં પાણી ભરેલું હતું. આરોપીએ ત્યાં કહેલું કે, "અહિંયા અમે તંબુ બાંધીને ટ્રેનીંગ લેતા હતા." આરોપીએ કહેલું તે બધું પોલીસને લખાવેલું.

ઉપર મુજબની વિગતવાળુ પંચનામુ બનાવેલુ તે આંક–૬૪૪૩થી રજૂ રાખેલ છે જેમાં સાહેદ પોતાની તથા બીજા પંચ ગુલાબસિંહની સહીઓ ઓળખી બતાવે છે અને સદર પંચનામામાં લખેલી હકીકત ખરી હોવાનું જણાવે છે. સરતપાસમાં જણાવ્યા મુજબના આરોપીને ઓળખી બતાવવાનું જણાવ્યુ અને વીડિયો કોન્ફરન્સના માધ્યમથી આરોપીઓને વારાફરતી સાહેદને બતાવતા

સાહેદ સરતપાસમાં જણાવેલ આરોપીને ઓળખી બતાવતા નથી અને જણાવેલ છે કે ઘણો સમય થઈ ગયેલ હોવાથી સાહેદ આરોપીને ઓળખી શકતા નથી.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પાવાગઢ ગ્રામ પંચાયતની ઑફિસ સામે જન્મથી રહે છે તે કબૂલ કરે છે. ગુલાબસિંહ પણ પાવાગઢમાં રહે છે અને તેઓને વર્ષોથી ઓળખે છે. આ ગુલાબસિંહ પાવાગઢ–હાલોલ વચ્ચે પેસેન્જર જીપ ચલાવે છે. વિવેક હોટલ પાવાગઢ–હાલોલ વચ્ચે આવેલી છે અને તે પાવાગઢથી ચારેક કી.મી. દુર છે. પાવાગઢથી હાલોલ ચોકડીએ આવીએ અને ત્યાંથી જમણી તરફ વળીએ ત્યારે પાવાગઢ જવાય તે કબૂલ કરે છે. હાલોલ થી પાવાગઢ વચ્ચેનું અંતર ૧૫ થી ૨૦ કી.મી. છે તો તે હકીકત નકારી છે. ખુંદપીરબાવાની દરગાહ હાલોલથી પાવાગઢ આવીએ ત્યારે પાંચેક કી.મી.ના અંતરે છે તે કબૂલ કરે છે. આ દરગાહ રોડની ડાબી તરફ હાઈવેને અડીને આવેલી છે તે કબૂલ કરે છે. મુખ્ય દરવાજો હાઈવે ઉપર પડે છે તે પણ કબૂલ કરે છે. દરગાહ ઉપર દરરોજ ઘણા માણસો દર્શન કરવા આવતા હોય છે તે પણ કબૂલે છે. ચાંપાનેરમાં આવેલી ઈમારતો અને મસ્જિદોનો વર્લ્ડ હેરીટેજમાં સમાવેશ થયેલો છે તે કબૂલ કરે છે. દરગાહથી પાવાગઢ તરફ એકાદ કી.મી. દુર એકમીનાર મસ્જિદ આવેલી છે તે કબૂલ કરે છે. મસ્જિદ રોડ ઉપર આવેલી છે અને તુટેલો અર્ધો મીનારો છે તે પણ કબૂલ કરે છે. મીનારની આજુબાજુ ખુલ્લુ મેદાન છે અને ખુલ્લો ઓટલો છે તે પણ કબૂલ કરે છે. એકમીનાર મસ્જિદમાં કોઈ માણસ રહેતા નથી તે કબૂલ કરે છે. એકમીનાર મસ્જિદથી દોઢ કી.મી. પાવાગઢ તરફ હેલીકૈલ વાવ આવેલી છે. આ વાવ ખંડેર અવસ્થામાં છે તે કબૂલ કરે છે. ચારેય બાજુ ખુલ્લુ મેદાન છે તે પણ કબૂલ કરે છે. વાવની કમ્પાઉન્ડ વોલ પુરી થયા પછી જંગલ છે તે પણ કબૂલે છે. સ્થળ ઉપરથી કોઈ પણ શંકાસ્પદ વસ્તુ જોઈ હોય અને કબજે લીધી હોય તેવુ પંચનામામાં નથી તે કબૂલ કરે છે. પોલીસે વિવેક હોટલ પાસે બોલાવ્યા ત્યારે બાઈક હોટલ ઉપર મુકીને ગાડીમાં બેસીને ગયેલાનું જણાવે છે. પંચનામા વખતેની વાતચીતો જે થયેલી તે યાદ નથી.

સરતપાસમાં જણાવ્યા મુજબની પંચનામાની કાર્યવાહીમાં ભાગ લીધો નથી તો તે હકીકત નકારે છે.

વધુમાં સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો હેલીકૈલ વાવ અને એકમીનાર મસ્જિદ સિવાય બીજી પણ મસ્જિદો અને ઈમારતો જોવા લાયક છે તે કબૂલ કરે છે. દરગાહ ઉપર કોઈ વહીવટકર્તા રહે છે કે કેમ તેની ખાતરી કરેલી નહીં. દરગાહ પાસે જે રૂમ અને ધર્મશાળા આવેલી છે તેમાં રહેવા આવનારા માટે રેકર્ડ રાખવામાં આવે છે કે કેમ તેની તપાસ કરી નથી. દરગાહમાં દાખલ થઈએ ત્યારે દરગાહની પછી એક નાની મસ્જિદ આવેલી છે તે કબૂલ કરે છે. એકમીનાર મસ્જિદ અને હેલીકૈલ વાવ ઉપર પંચનામુ કર્યુ તે અગાઉ કયારેય જવાનું બન્યુ નથી. વાવમાં કોઈ પ્રાણી કે મનુષ્ય પડી ન જાય તે માટે નેટ બાંધેલી છે તે કબૂલ કરે છે. એકમીનાર મસ્જિદ પાસે આવેલા કુવા ઉપર કોઈ પડી ન જાય તે માટે નેટ બાંધેલી છે. મસ્જિદ તેમજ વાવની આજુબાજુ ખુલ્લી જગ્યામાં સરકાર તરફથી પ્લાન્ટેશન અને ઘાસની લોન લગાવેલી છે તો તે હકીકત નકારેલી છે. ખાણની અંદર જયાં પાણી ભરાયેલુ હતુ તેનુ માપ લેવામાં આવેલુ નહીં.

આમ આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તા. ૧૭.૧૧.૨૦૦૮ ના રોજ પોલીસે આ સાહેદને હાલોલ પાવાગઢ રોડ ઉપર આવેલ વિવેક હોટલ પાસે બોલાવેલા હતા. પોલીસ એક આરોપી નં.૩૫ રફુયદ્દીન સરફુદ્દીન કાપડીયાને લઈને પાવાગઢના જંગલોમાં આતંકવાદી તાલીમ લીધેલી અને ઉશ્કેરીજનક ભાષણો જે જે જગ્યા ઉપર કરેલા તે જગ્યાઓનું પંચનામુ કરવા માટે આ સાહેદને બોલાવેલા હતા. આ સાહેદને તથા બીજા પંચને સાથે રાખી આરોપીને લઈ સરતપાસમાં જણાવ્યા મુજબ આરોપીએ બતાવ્યા મુજબની જગ્યાઓ ઉપર જઈ પંચનામુ કરેલુ છે. આ સાહેદ પાવાગઢ ખાતે રહે છે, સામાન્ય વ્યકિત છે અને તેમને ફરિયાદપક્ષ કે આરોપીઓ સાથે કોઈ દુશ્મનાવટ કે મિત્રતા નથી, સ્વતંત્ર સાહેદ છે અને ઊલટતપાસ દરમ્યાન આરોપીઓને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત નીકળી આવતી નથી માટે આ સાહેદની જુબાની નહીં માનવાને કોઈ કારણ રહેતુ નથી.

આ પંચનામુ કરનાર અધિકારી સાહેદ નં.૧૦૮૯ પ્રવિણસિંગ ગટોરસિંહ વાઘેલાની જુબાની ધ્યાને લઈએ તો તેમને તા.૧૭.૧૧.૨૦૦૮ નાં રોજ આ સાહેદ તથા બીજા પંચ ગુલાબસિંહ સોલંકીને પંચમાં રહેવા માટે બોલાવેલા હતા અને આરોપી નં.૩૫ ને સાથે રાખી પાવાગઢ–હાલોલ વચ્ચે આવેલ ખુંદપીરબાવાના દરગાહ, હેલીકૈલ વાવ, એકમીનાર મસ્જિદ વિગેરે જગ્યાઓ ઉપર આરોપીના કહેવા અને બતાવ્યા પ્રમાણે ગયેલા અને જગ્યાઓના પંચનામા કરેલા તે હકીકત આ સાહેદે તેઓની જુબાનીમાં પેરા નં.૨, પાના નં.૪,૫ મા જણાવેલી છે.

આંક–૬૪૪૩ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી રજુઆત અને દલીલ છે કે પંચનામામાં આરોપીની જે કબૂલાત્મક હકીકત જણાવવામાં આવેલી છે તે પુરાવામાં ગ્રાહ્ય નથી અને આરોપી વિરૂધ્ધ વંચાણે લઈ શકાય નહીં. આરોપીઓ તરફથી દલીલ અને રજુઆત એવી છે કે પંચનામા મુજબ આરોપીએ "એકમીનાર મસ્જિદનું બોર્ડ આવેલ રોડ ઉપરથી કાચા રસ્તે આશરે ૫૦૦ મીટર જતા ત્યાં વાહન ઉભુ રખાવેલુ" આ હકીકત પુરાવામાં ગ્રાહ્ય નથી પરંતુ મારા મત પ્રમાણે વાહન ઉભુ રખાવ્યા પછી એકમીનાર મસ્જિદ અને તારની વાડ ત્યાં આવેલી છે તો તે હકીકત પુરાવામાં ગ્રાહ્ય છે. વધુમાં આરોપીઓ તરફથી એવી દલીલ અને રજુઆત છે કે પંચનામુ ધ્યાને લેતા "હેલીકૈલ વાવનું બોર્ડ આવતા આરોપીએ વાહન ડાબી બાજુ વળાવતા આશરે ૧૫૦ મીટર અંદર જતા વાહન ઉભુ રખાવેલુ" આ હકીકત પુરાવામાં ગ્રાહ્ય નથી પરંતુ મારા મત પ્રમાણે તે જગ્યાએ હેલીકૈલ વાવ છે તો તે હકીકત પુરાવામાં ગ્રાહ્ય છે. આ ઉપરાંત આ જગ્યાઓની માહિતી આ આરોપીને હતી અને તે આ જગ્યાઓ ઉપર ગયેલો માટે પંચો તથા પંચનામુ કરનાર અધિકારીને આરોપી આ જગ્યાઓ ઉપર દોરી ગયેલા છે, આરોપીનું આ જગ્યાઓ ઉપર દોરી જવાનુ વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે.

આમ સાહેદ નં.૯૦૦ હિમેશ મહેતા તથા સાહેદ નં.૧૦૮૯ પ્રવિણસિંહ વાઘેલાની જુબાનીઓ તથા આંક–૬૪૪૩ વાળુ પંચનામુ ધ્યાને લેતા

૧૩.૧.૨૦૦૮ થી ૧૫.૧.૨૦૦૮ ના સમય દરમ્યાન આરોપી નં.૨, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૪, ૩૭ નાઓએ પાવાગઢના જંગલોમાં રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ગુજરાતના લોકોને બોલાવીને આતંકવાદી તાલીમ કેમ્પનુ આયોજન કરેલુ અને તેમાં ટ્રેકીંગ, સ્વીમીંગ, મોટર બાઈકીંગ તથા ફાયરીંગની તાલીમો લીધેલ હોવાનું તેમજ જેહાદી ભાષણો કરેલા હોવાનું માલુમ પડે છે.

આ આરોપી નં.૩૫ રફીયુદ્દીન સરકુદ્દીન કાપડીયાએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે તે પ્રશ્નના જવાબમાં તેને ફરિયાદપક્ષના પુરાવા સબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના બચાવ માટે જે હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦ માં જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી. વિશેષમાં કાંઇ કહેવુ છે? તે પ્રશ્નના જવાબમાં આરોપી જણાવે છે કે તેણે કોઇ જગ્યા બતાવી નથી, તેને પાવાગઢ–હાલોલ લઇ જવામાં આવ્યો નથી પરંતુ પંચ સાહેદ નં.૯૦૦ હિમેશકુમાર તથા આરોપીને જગ્યા ઉપર લઇ જનાર અધિકારી સાહેદ નં.૧૦૮૯ પી.જી.વાધેલા જણાવે છે કે આ આરોપીને લઇને આરોપીના બતાવ્યા મુજબ પાવાગઢ ખાતે ગયેલા. આમ આરોપી કહે છે કે તેમને પાવાગઢ લઇ ગયા નથી, જયારે બીજા બે સાહેદો જણાવે છે કે આરોપીને પાવાગઢ લઇ ગયેલા અને તેણે જગ્યાઓ બતાવેલી. આમ સરખામણી કરીએ તો આરોપીની હકિકત ખોટી છે તેમ હું માનું છું. આ સિવાય આરોપી જણાવે છે કે બરોડા ક્રાઇમ બ્રાંચની પોલીસ ઘર પાસે આવેલી, મોબાઇલ છીનવી લીધેલા, કયામુદ્દીનને લઇ ગયેલા, પોલીસે ધમકી આપેલી, મોબાઇલ પરત માંગતા પંડયા સાહેબ ગુસ્સે થઇ ગયેલા, ફરિયાદ કરીશ તો મોટા કેસમાં ફસાવી દઇશું તેવી ધમકી આપેલી, માતા પિતા ગભરાઇ ગયેલા, રડવા લાગેલા, ભુરાભાઇ પોલીસના બાતમીદાર છે, પોલીસનુ કામકાજ ભુરાભાઇ સરળતાથી પતાવી દે છે, નિર્દોષ મુસ્લિમ યુવાનોના એન્કાઉન્ટર થયેલા, પોલીસના માણસોએ મારઝુડ કરેલી, ફાર્મ હાઉસ ઉપર ગોંધી રાખેલા, અમે કહીએ તેમ

બોલીશ તો ૬ મહીનામાં છોડાવી દઇશું તેવુ અભય ચુડાસમાએ કહેલુ, મેજિસ્ટ્રેટ રૂબરૂ ધમકાવીને નિવેદન લખાવડાવેલુ, માનસિક, શારીરિક ત્રાસ આપેલો વિગેરે બાબતે આરોપીએ અગાઉ કયારેય કોઇ ફરિયાદ કે રજૂઆત કયાંય કરી નથી અને આ બધી હકિકતો જણાવી તે બાબતે કોઇ પુરાવો નથી, ફકત મૌખિક હકિકત પાછળથી સોચી, સમજી, વિચારી અને સલાહ મળવાથી ઉભી કરેલી છે તેમ હું માનું છું.

આ આરોપી માટે આરોપી નં.૩૭ નાએ પોતાની જુબાની દરમ્યાન આંક–૯૩૫૧થી નાયબ અધિક્ષક, મધ્યસ્થ જેલ, અમદાવાદનો ફોરવર્ડીંગ પત્ર રજુ કરેલ છે જેની સાથે આરોપી નં.૩૫ નાએ તા.૧૭–૬–૨૦૦૯ ના રોજ મેટ્રો. મેજી.કોર્ટ નં.૧૧ ને ઉદ્દેશીને "સરકાર વિરૂધ્ધ ફરિયાદ" મોકલેલી છે તેની પ્રમાણીત નકલ રજુ કરી છે. આ ફરિયાદ મુજબ પોલીસે ધાક–ધમકી અને ત્રાસ આપેલો જેના કારણે માનસિક રીતે પડી ભાંગેલા અને આ કેસોમાં સંડોવી દીધેલ છે, એટલી હદે ભાંગી ગયેલ કે જે નિવેદન આપેલુ તે આપવા માટે ના પાડી શકેલ નહીં જેથી તે નિવેદન પરત ખેંચે છે. આ અરજી સાથે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટશ્રીએ તા.૩૦–૬–૨૦૦૯ ના રોજ કરેલ હુકમની પ્રમાણીત નકલ રજૂ પણ કરી છે તે ધ્યાને લેતાં આરોપીએ આપેલી અરજી/ફરિયાદ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટશ્રીએ ધ્યાને લીધેલી નથી કારણકે અગાઉ આરોપીએ અરજી મુજબની રજૂઆત પોતે કે તેના વકીલશ્રીએ કરેલી ન હતી.

આરોપી નં.૩૫ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૧૧૦૫, ૧૧૧૫, ૯૦૦, ૭૮૬, ૭૯૦, ૭૯૨, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૧૦૮૯, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ છે. આ ઉપરાંત આરોપી નં.૨ નું તથા આ આરોપી ૩૫ નું પોતાનું કબૂલાત નિવેદન પણ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતાં આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવો તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપીની ઓફિશીયલ અટક તા.૧૩.૧૧.૨૦૦૮ ના રોજ કરવામાં આવેલી છે. આંક–૧૨૨થી ફરમાવવામાં આવેલા તહોમતનામા મુજબ આ આરોપીનો કોઈ સ્પેસીફિક રોલ જણાવેલો નથી પરંતુ ફરિયાદપક્ષના કેસ મુજબ સને–૨૦૦૮માં આ આરોપી તા.૧૩.૧.૨૦૦૮ થી તા.૧૫.૧.૨૦૦૮ દરમ્યાન હાલોલ કેમ્પમાં ભાગ લીધેલો તેવો આક્ષેપ છે. વધુમાં વકીલશ્રી એમ. એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે, સાહેદ નં.૯૦૦ હિમેશકુમાર મહેતાની હાજરીમાં તપાસ કરનાર અધિકારીએ આ આરોપીને સાથે રાખી હાલોલ–પાવાગઢ ખાતેના તાલીમ કેમ્પવાળી જગ્યાઓ બતાવેલી અને તેનુ પંચનામુ આંક–૬૪૪૩ થી બનાવવામાં આવેલુ હતુ. પરંતુ આ સાહેદે આરોપીને જુબાની દરમ્યાન અદાલતમાં ઓળખી બતાવેલો નથી. પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદે આરોપીને જુબાની દરમ્યાન અદાલતમાં નહીં ઓળખી બતાવવાનું જે કારણ આપેલુ છે તે વાજબી કારણ છે. આ આરોપીને આ સાહેદે પંચનામાના દિવસે જોયેલો હતો અને ત્યારબાદ ૧૦ વર્ષ બાદ આ સાહેદે અદાલતમાં જુબાની આપેલી હોવાથી સ્વાભાવિક છે કે આ સાહેદ આરોપીને ઓળખી શકે નહીં તેથી કરીને એવુ કહી શકાય નહીં કે આ સાહેદની હાજરીમાં આરોપીએ કોઈ માહિતી આપેલી નહીં અને તે માહિતીના આધારે આ સાહેદની હાજરીમાં આરોપીએ હાલોલ–પાવાગઢ ખાતેની તાલીમ કેમ્પવાળી જગ્યાઓ બતાવેલી નથી. વકીલશ્રી એમ.એમ.શેખ આ આરોપીના કબૂલાત નિવેદન તરફ ધ્યાન દોરી દલીલ કરે છે કે આ આરોપી તેના ભાઈ કયામુદ્દીન કાપડીયા સાથે હાલોલ–પાવાગઢ ખાતે ગયેલો પરંતુ તેને ત્યાં ગયા પછી માલુમ પડેલુ કે અહીંયા સીમીનો કેમ્પ છે જેથી બે કલાક રોકાઈને પાછો જતો રહેલો, આ આરોપીએ કેમ્પમાં ભાગ લીધેલો નથી. વકીલશ્રી એમ.એમ.શેખની દલીલ સાથે હું સંમત નથી કારણ કે આ આરોપીના કબૂલાત નિવેદન મુજબ આ આરોપી બે કલાકમાં પાછો વડોદરા જતા રહેલાની હકીકત લખાવેલી છે પરંતુ જો આ આરોપી ખરેખર બે કલાક રોકાઈને પાછો વડોદરા જતો રહયો હોય તો તેનો અર્થ એવો થાય કે તાલીમ કેમ્પવાળી જગ્યાઓ આ

આરોપીએ જોયેલી નથી. પરંતુ પંચ સાહેદ નં.૯૦૦ હિમેશ મહેતા તથા આંક–૬૪૪૩ વાળુ પંચનામુ ધ્યાને લેતા તેમજ પંચનામુ કરનાર અધિકારી સાહેદ નં.૧૦૮૯ પી.જી.વાઘેલાની જુબાની ધ્યાને લઈએ તો આ આરોપીએ પાવાગઢ મુકામે તાલીમ દરમ્યાન જયાં રહેલા તે ખુંદપીર દરગાહવાળી જગ્યા, જયાં નમાજ પઢતા હતા તે એકમીનાર મસ્જિદવાળી જગ્યા, જયાં તાલીમ લીધેલી તે જંગલમાં આવેલી જગ્યા, ખીણ, હેલીકૈલ વાવ વિગેરે જગ્યાઓ બતાવેલી હતી. જેથી તેનો અર્થ એવો થાય કે આ આરોપી પાવાગઢ મુકામે બે કલાક રોકાઈને પાછો ગયેલો ન હતો પરંતુ તેને તાલીમમાં સક્રિય ભાગ લીધેલો છે.

વધુમાં વકિલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે, સાહેદ નં.૯૦૦ હિમેશ મહેતા હેલીકૈલ વાવવાળી જગ્યા પાસે ખીણમાં જયાં પાણી ભરાયેલુ હતુ તેનુ માપ લીધેલુ નથી, પાણી કેટલુ ઉંડુ હતુ તેનુ માપ પણ લીધેલુ નથી તેમ જણાવે છે. પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદે કે તપાસ કરનાર અધિકારીએ તે ખીણમાં પાણી કેટલુ હતુ તેનુ માપ લેવાની જરૂરિયાત ન હતી તેમ હું માનુ છું. પાણી કેટલુ હતુ તેનુ માપ લીધુ નથી તેનો અર્થ એવો ન કરી શકાય કે આ આરોપી, આ સાહેદ તથા તપાસ કરનાર અધિકારીને દોરીને આ જગ્યા ઉપર ગયેલો નથી. વધુમાં વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે, સાહેદ નં.૧૧૦૫ ઈદ્રિશ ફકિરનાઓએ આરોપીને જુબાની દરમ્યાન અદાલતમાં ખોટી રીતે ઓળખી બતાવેલો છે કારણ કે આ આરોપી તાલીમ કેમ્પમાં હાજર જ હતો નહીં પરંતુ વકિલશ્રી શેખની દલીલ સાથે હું સંમત નથી કારણ કે સાહેદ ઈદ્રીશ ફકીર પાવાગઢ ખાતે આવેલ ખુંદપીરના દરગાહ ઉપર મુજાવર તરીકે સેવા આપે છે અને આ આરોપી અન્ય આરોપીઓ સાથે ટાટા સુમો ગાડી તથા ૨–૩ મોટર સાઇકલ લઈને બધા મળી ૨૫–૩૦ માણસો ગયેલા હતા અને તમામને આ સાહેદે દરગાહમાં આવેલી જુની પતરાવાળી ધર્મશાળામાં રહેવા માટે રૂમો આપેલા હતા. ત્રણ દિવસ તેઓ રોકાયેલા જેથી આ આરોપીને સાહેદે ઓળખી બતાવેલો છે. વધુમાં વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપીનું કબૂલાત નિવેદન આંક–૮૬૩૧વાળુ મેજિસ્ટ્રેટશ્રીએ સોગંદ ઉપર લીધેલુ છે જેથી

તે ગેરકાયદેસર છે. વકીલશ્રી શેખની દલીલ સાથે હું સંપૂર્ણપણે સંમત છું કે આ આરોપીનું કબૂલાતવાળુ નિવેદન સોગંદ ઉપર લીધેલુ હોય તે ગેરકાયદેસર છે. પરંતુ આરોપી નં.૨ નું કબૂલાત નિવેદન ધ્યાને લેતા સાથે સાથે સાહેદ નં.૧૧૦૫ ઈદ્રીશ ફકીર, સાહેદ નં.૯૦૦ હિમેશકુમાર મહેતા આ ત્રણ પુરાવા ધ્યાને લઈએ તો આ આરોપી હાલોલ–પાવાગઢ ખાતેના કેમ્પમાં હાજર હતો. વધુમાં વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે સાહેદ નં.૧૦૬૭ અંબાલાલ બારીયા, સાહેદ નં.૯૭૨ રામકાભાઈ કેશરીયા તથા સાહેદ નં.૯૮૧ પ્રવિણભાઈ કટારીયા આ ત્રણેય સાહેદોએ આ આરોપીને અદાલતમાં જુબાની દરમ્યાન ઓળખી બતાવેલો નથી. તેઓની દલીલ સાથે હું સંમત છું કે આ ત્રણેય સાહેદોએ જુબાની દરમ્યાન આ અદાલતમાં આ આરોપીને ઓળખી બતાવેલો નથી. મારા મત પ્રમાણે આ જ આરોપી નહીં પરંતુ બીજા ઘણા આરોપીઓને આ ત્રણેય સાહેદોએ અદાલતમાં ઓળખી બતાવેલા નથી અને આરોપીઓને જોયે દસ વર્ષનો સમય થઇ ગયેલો હોવાથી સાહેદોએ આરોપીઓને ઓળખ્યા નથી. તેમણે આપેલા કારણો પણ વાજબી છે. વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે આ આરોપી આ કહેવાતા ગુનાઓમાં સંડોવાયેલો નથી. પરંતુ ઉપર વિગતે જે પુરાવા રજૂ થયા છે તે ધ્યાને લેતા આ આરોપી આ કહેવાતા ગુનામાં સંડોવાયેલો છે તેમ હું માનુ છું.

આરોપી નં.૩૬ મહંમદ આરીફ નસીમ એહમદ મીરઝાનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૩૬ મહંમદ આરીફ નસીમ એહમદ મીરઝાનાઓ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ નાં રોજ જુદી–જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી–જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા–જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ

બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમને કઈ-કઈ ભૂમિકા ભજવેલી છે તે સાબિત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે તે મુજબઃ-

ફરિયાદપક્ષ દ્વારા આ કામે મહંમદ ફારૂક મહંમદહનીફ શેખને સાહેદ નં.૪૮૭ તરીકે આંક-૨૯૦૮થી તપાસવામાં આવેલા છે. અને આ સાહેદની જુબાનીની હકીકત આરોપી નં.૨૭ બાબતે ફરિયાદપક્ષ દ્વારા જે પુરાવો રજૂ થયેલો છે તેમા વિગતવાર ચર્ચા કરેલી છે જેથી ફરીથી પુનરાવર્તન કરવામાં આવતુ નથી. આ આરોપી નં.૩૬ મહમદ આરીફ નસીમ એહમદ મીરઝાઓને અટક કર્યા બાદ આંક-૬૦૨૪વાળા પંચનામા મુજબ ખાડીયા વિસ્તારમાં રાયપુર ચકલા ખાતે બોમ્બ બ્લાસ્ટ કરવામાં ઉપયોગમાં લીધેલી સાઇકલ તેને ભાડે લીધેલી જે સાઇકલ "રફીક સાઇકલ વર્ક" નામની દુકાન ઉપરથી લીધેલી હતી અને તે જગ્યા તેને પંચો રૂબરૂ બતાવેલી હતી. વધુમાં સાહેદ નં.૪૮૭ નાંઓએ પોતાની દુકાનનાં રજીસ્ટરની નોંધ પોલીસમાં રજુ કરેલી જે આંક-૨૯૦૯થી રજૂ છે આ રજીસ્ટર તા.૨૬.૭.૨૦૦૮ લખેલા પાન ઉપર સાઇકલ નં.૨૩ લખેલી છે તે એન્ટ્રીમાં ગ્રાહકનું નામ ઈમરાન છીપા લખવામાં આવેલુ છે. તથા રજીસ્ટરમાં લખાણવાળા હસ્તાક્ષરો મહમદ હનીફભાઈના છે તે હસ્તાક્ષર આંક-૨૯૧૦થી રજૂ કરેલા છે તથા આખુ રજીસ્ટર આંક-૨૯૦૫થી રજૂ કરેલુ છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે મુનાવરહુસેન અબ્દુલ કરીમ શેખને સાહેદ નં.૪૮૮ તરીકે આંક-૨૯૧૩ થી તથા સાબીરહુસેન અબ્દુલકરીમ શેખને સાહેદ નં.૪૮૯ તરીકે આંક-૨૯૧૪થી તપાસવામાં આવેલા છે અને આ સાહેદોની જુબાનીઓની હકીકત આરોપી નં.૨૭ બાબતે ફરિયાદપક્ષ દ્વારા જે પુરાવો રજૂ થયેલો છે તેમા વિગતવાર ચર્ચા કરેલી છે જેથી ફરીથી પુનરાવર્તન કરવામાં આવતુ નથી. આ આરોપી નં.૩૬ મહમદ આરીફ નસીમ એહમદ મીરઝાઓને અટક કર્યા બાદ આંક-૬૦૨૪વાળા પંચનામા મુજબ ખાડીયા વિસ્તારમાં બોમ્બ બ્લાસ્ટ કરવામાં ઉપયોગમાં લીધેલી સાઇકલ તેને ભાડે

લીધેલી જે સાઇકલ રાજા સાઇકલ વર્ક નામની દુકાન ઉપરથી લીધેલી હતી અને તે જગ્યા તેને પંચો રૂબરૂ બતાવેલી હતી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે સુનીલ શાંતિલાલ પટેલને સાહેદ નં.૯૩૬ તરીકે આંક–૬૬૧૩થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ ૨૦૦૮ ના વર્ષમાં ફિનાઇલનો ધંધો કરતા હતા. ૨૦૦૮ પહેલા ત્રણેક વર્ષ પહેલા રાયપુર ચકલા, ગોખલે પાન હાઉસ પાસે બેસીને આ ધંધો કરતા હતા. તેમની બેઠક રાયપુર ચકલા, ગોખલે પાન હાઉસ પાસે હતી. સાહેદ જણાવે છે કે તા.૨૬/૮/૨૦૦૮ ના રોજ તેઓ રાયપુર ચકલા, ગોખલે પાન હાઉસ પાસે હતા. તે દિવસે અગિયાર વાગ્યાની આસપાસ ત્યાં બેઠા હતા ત્યારે બાર વાગ્યાની આસપાસ બે પરપ્રાંતિય છોકરાઓ આ સાહેદના જોવામાં આવેલા. ત્યારબાદ સાંજે ચાર પાંચ વાગ્યાની આસપાસ ગોખલે પાન હાઉસ પાસે હતા ત્યારે સવારમાં જે બે છોકરાઓ જોયેલા તે જ બે છોકરાઓને ફરી વખત ત્યાં સાઇકલ સાથે જોયેલા. આ છોકરાઓ પૈકી એક છોકરાએ સાઇકલ ગોખલે પાન હાઉસ પાસે પાર્ક કરેલી અને બીજા છોકરાએ તેમની સાઇકલ એમ.નારાયણદાસ મેડીકલ સ્ટોર પાસે પાર્ક કરેલી. પછી પાંચ વાગ્યાની આસપાસ તે સાઇકલો ઉપર બોમ્બ બ્લાસ્ટ થયેલાં. જે વખતે ત્યાં બોમ્બ બ્લાસ્ટ થયા તે વખતે ત્યાં ભાગદોડ થવા લાગેલી. જે છોકરાઓ સાઇકલો લઇને આવેલા હતા તેના ઉપર બોમ્બ બ્લાસ્ટ થયેલા. બોમ્બ બ્લાસ્ટમાં એક બે માણસો ત્યાં ઘવાયેલા હતા તેઓને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલમાં રવાના કરેલા અને ત્યારબાદ આ સાહેદ ત્યાંથી નીકળી ગયેલો અને ઘરે જતા રહેલા અને ઘરે તેમની મમ્મીને વાત કરેલી કે રાયપુર ચકલા, ગોખલે પાન હાઉસ પાસે આવુ થયેલું જેથી આ સાહેદની મમ્મીએ કહેલુ કે આમાં કશામાં પડતો નહિ તેથી કોઇને વાત કરેલી નહિં.

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ આશરે ચારેક મહિના પછી છાપામાં વાંચેલું કે રાયપુર ચકલા પાસે બોમ્બ બ્લાસ્ટ થયેલા તે આરોપીઓને પકડવામાં આવેલાં છે. આ સાહેદે એક–બે વડિલોને વાત કરેલી કે આવી રીતે તેને બોમ્બ બ્લાસ્ટના બે આરોપીઓને જોયેલાં હતાં. તેમણે આ સાહેદને કહેલું કે

આપણે હવેલી પોલીસ સ્ટેશન જઈને ક્રાઈમ બ્રાન્ચમાં વાત કરીએ જેથી ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે ગયેલા અને તેમની જે વડિલોને વાત કરેલી તે વડિલ પણ સાથે હતા. ત્યાં નીચે પોલીસવાળાને વાત કરેલી જેથી પોલીસવાળાએ ઉપર જવાનું કહેલુ. ત્યાં એક લેડી ઓફીસર બેઠેલાં હતાં અને તેમનું નામ ઉષાબેન રાડા હતું. આ સાહેદે તેમને રાયપુર ચકલા પાસેની પુરી વિગતો જણાવેલી. મેડમે કહેલું કે જો તમને બતાવવામાં આવે તો તમે ઓળખી શકો ? તો "હા" પાડેલી. જે બે વ્યક્તિઓ આ સાહેદે જોયેલા તે ૨૦–૨૨ વર્ષની ઉંમરના કોલેજીયન જેવા હતા.

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ બે–ત્રણ દિવસ પછી ઉષાબેનના રાઈટરનો ફોન આવેલો અને ઘી–કાંટા કોર્ટ નં.૧ માં જઈ ત્યાં મળો. તા.૧૦/૧૨/૨૦૦૮ ના રોજ લગભગ અઢી વાગ્યે કોર્ટ નં.૧ માં પહોંચેલા. ત્યાં એક પટ્ટાવાળા ભાઈ બહાર ઉભેલા હતા અને તેમને પુછેલું અને આ સાહેદે તેનુ નામ આપેલું કે તેઓને કોર્ટમાં બોલાવેલો. પટ્ટાવાળાએ અંદર જઈને સાહેબને વાત કરેલી અને આવીને કહેલું કે તમે પંદરેક મિનિટ બાજુના રૂમમાં બેસો. ત્યારબાદ પટ્ટાવાળો ફરીથી બોલાવવા આવેલો અને કોર્ટ રૂમમાં લઈ ગયેલો. ત્યાં એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ સાહેબ બેઠેલા હતા. તેમણે આ સાહેદ પાસે ઓળખ પુરાવો માંગેલો તથા નામ, સરનામુ પુછેલું. ત્યારબાદ સાહેબે કહેલું કે તમે બોમ્બ બ્લાસ્ટ વખતે જે શખ્સને જોયેલો તેમને તમે ઓળખો છો તો તેમને તમે હાથ પકડીને બતાવો. ત્યાં સામે છ એક માણસો ઉભેલા હતાં તેમને જોયેલાં. ત્યારબાદ જે શખ્સને સાઇકલ ઉપર જોયેલા હતા તેને હાથ પકડીને બહાર કાઢેલો. મેજિસ્ટ્રેટ સાહેબે તે શખ્સનું નામ, સરનામુ અને બધુ પુછેલું તો તેણે તેનું નામ મહમદ આરીફ મીરઝા જણાવેલું. તે યુ.પી.નો રહેવાસી હોવાનું જણાવેલું. ત્યારબાદ મેજિસ્ટ્રેટ સાહેબે પુછેલું કે તમે આ શખ્સને કેવી રીતે ઓળખો? ત્યારબાદ તા.૨૬ ના રોજ બપોરે અને સાંજે જોયેલો તે અંગેનું વર્ણન આપેલું.

આ સાહેદને અમદાવાદ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીઓને વીડિયો કોન્ફરન્સ ટી.વી. સ્ક્રીન થકી ચાર–ચાર ની સંખ્યામાં અને ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીને વીડિયો કોન્ફરન્સ ટી.વી.

સ્ક્રીન થકી ત્રણ ત્રણની સંખ્યામાં બતાવવામાં આવતા સાહેદ આરોપીને ઓળખી શકતા નથી અને જણાવે છે કે જ્યારે આ સાહેદે જોયા ત્યારે યંગ હતાં અને દાઢી મુછ વગરના હતાં જ્યારે આજે જે આરોપીઓ બતાવ્યા તે પૈકીના ઘણા બધા દાઢીવાળા છે ઘણાએ ચશ્મા પહેરેલાં છે અને ઘણાએ ટોપીઓ પહેરેલી છે માટે ઓળખાતા નથી. સાહેદને બનાવ કયા મહીનામાં બનેલ તેવુ પુછતા સાહેદ જણાવે છે કે અગાઉ તેમને આઠમો મહીનો જણાવેલુ પરંતુ સાતમાં મહીનામાં બનેલો છે. સાહેદને કોર્ટની પરવાનગીથી એવુ પુછેલ છે કે બ્લાસ્ટ પાંચ વાગ્યે થયો તે ચોકકસ કહી શકો તો સાહેદે જવાબમાં જણાવેલ છે કે છ વાગ્યાની આસપાસ બ્લાસ્ટ થયેલો.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ હોલસેલમાં ફિનાઈલ ખરીદતા હતા અને છુટકમાં વેચતા હતા તેનો હિસાબ રાખતા હતા. તેઓ સેલટેક્ષના કોઈ સ્ટેટમેન્ટ ભરતા ન હતા. પોલીસમાં નિવેદન આપ્યુ તે પહેલા કોઈ ચીઠ્ઠી કે કાગળ લખેલો ન હતો. નિવેદન એ.ટી.એસ. સમક્ષ લખાવેલુ. એ.ટી.એસ.એ સવાલ પુછેલા અને આ સાહેદે જવાબો લખાવેલા. વધુમાં એમ પણ જણાવેલ છે કે જે જાણતા હતા તે લખાવેલ. નિવેદન વાંચી સંભાવ્યા પછી કોઈ વાત લખવાની રહી ગઈ હોય તેવુ બનેલુ નહી. પોલીસ સ્ટેશનમાં સહી કરેલી કે કેમ તે યાદ નથી. વ્યકિતનો કલર કપડા તથા ઉંચાઈ બાબતે પોલીસે કાંઈ જણાવેલુ નહીં તો તે હકીકત નકારી છે. બનાવ જે જગ્યાએ બનેલો તે જગ્યાએ આપણે જઈએ તેવુ મમ્મીને કહેલુ તે પોલીસને કહેલુ નહીં આ હકીકત પોલીસ નિવેદનમાં લખાવી નથી. બનાવ વખતે જયાં બેઠા હતા ત્યાં ઘણી બધા લોકો હતા, ત્યાં પાનની દુકાન પણ હતી ત્યાં પણ માણસો હતા. આ સાહેદની સાથે તેમનો મિત્ર બેઠેલો હતો તેવુ પોલીસને જણાવેલ. મારી સામે બોમ્બ બ્લાસ્ટ થયેલો અને લોકો દોડાદોડી કરવા લાગેલા તે હકીકત પોલીસમાં લખાવેલી. જે છોકરાઓ સાઇકલો લઈને આવેલા હતા તે સાઇકલો ઉપર બોમ્બ બ્લાસ્ટ થયેલા. ત્યાં ૧–૨ માણસો ઘવાયેલા હતા તેમને એમ્બ્યુલન્સમાં મોકલીને આ સાહેદ ઘરે જતા રહેલા. જે પાનની દુકાને બેસતા હતા ત્યાં ઘણા લોકો સાઇકલો લઈને

આવતા હતા અને ત્યાં સાઇકલો મુકતા હતા તે કબૂલ કરે છે. તે વ્યકિતઓના સ્કેચ બનાવવા પોલીસે મદદ માંગેલી નહીં. પોલીસને સઘળી હકીકત જણાવેલાની હકીકત ઉપજાવી કાઢેલી છે તો તે હકીકત નકારેલી છે. પોતાના ધંધામાં ગોટાળો કરતા હોવાથી પોલીસ કાર્યવાહીથી બચવા ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારે છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો પોતાના ઘરેથી ગોખલે પાનહાઉસ આવવુ હોય તો ખાડીયા પોલીસ સ્ટેશન આવે તો તે હકીકત નકારે છે. સરતપાસમાં જણાવ્યા મુજબના બનાવ બાબતે કઈ જાણતા નથી તો તે હકીકત નકારી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તા.૨૬.૭. ૨૦૦૮ નાં રોજ આ સાહેદ સાંજના ૪–૫ વાગ્યાની આસપાસ રાયપુર ચકલા ગોખલે પાનહાઉસ પાસે હતા તે વખતે એમ. નારણદાસ એન્ડ કંપની નામની દુકાન પાસે બે છોકરાઓને સાઇકલ મુકતા જોયેલા તે અંગે પોતાને ડર લાગેલો હોય તે વખતે કોઈને વાત કરેલી નહીં. ત્યારબાદ બનાવ બાદ તા.૧૦.૧૨. ૨૦૦૮ નાં રોજ તપાસ કરનાર અધિકારી ઉષા રાડાનાઓએ આ સાહેદનો જવાબ લીધેલો અને ત્યારબાદ સાઇકલ મુકનાર છોકરાઓની ઓળખ પરેડનું જણાવવામાં આવેલુ અને સાહેદે સાહેદ નં.૫૮૮ લક્ષ્મણ કેશવલાલ પારઘી એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટનાઓ સમક્ષ આરોપી નં.૩૬ મહંમદ આરીફ નસીમબેગ અહેમદ મીરઝાનાઓને ઓળખી બતાવેલા અને તે અંગેનુ ઓળખ પંચનામુ આંક–૩૧૧૫થી ૨જૂ છે અને આ હકીકત એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૮૮ નાઓએ પણ પોતાની જુબાનીમાં જણાવેલી છે. એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટની જુબાનીની આગળ ચર્ચા કરેલી છે માટે તેમની જુબાનીનુ પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે જગતસિંહ જવાનસિંહ રાજપુતને સાહેદ નં.૮૬૦ તરીકે આંક–૬૦૨૩ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ તા.૭/૧૨/૨૦૦૮ ના રોજ આ સાહેદ અને તેમનો મિત્ર જમાલપુરથી સાઇકલ લઈને જતાં હતાં ત્યારે શાકમાર્કેટ પાસે બે સાહેબ ઉભા હતાં

તેમણે કહેલ કે સાહેબ બોલાવે છે. ત્યાંથી ઑફિસે લઈ ગયેલાં ત્યાં મોટા સાહેબો હતાં. આ વખતે લગભગ સવારે સાડા આઠ વાગે નીકળેલાં હતાં ત્યારે બોલાવેલાં. આ ઑફિસ ક્રાઈમની ઑફિસ હતી. ત્યાં આગળ એક બેન સાહેબ હતાં. ત્યાં સાહેબે કહેલ કે બોમ્બબ્લાસ્ટ થયેલાં તેના આરોપી છે, તે કંઈ કહેવા માંગે છે તો તમે પંચમાં રહેશો? તેથી "હા" પાડેલી. આરોપીનુ નામ મહમદ આરીફ છે તેમ કહેતા હતા. સાહેબે આ સાહેદને નામ પુછવાનું કહેલું તેથી નામ પુછેલું અને તેણે નામ કહેલું. આરોપીએ કહેલું કે "મેં સામાનને બધું લીધું હતું અને મુકેલું તે બતાવવા માગુ છું". ત્યાંથી પછી બધા, આરોપી અને બીજા સાહેબો પોલીસના વાહનમાં બેસેલાં. આરોપીએ કહેલું કે "ચંડોળા તળાવ લઈ લો". જેથી ગાડી ત્યાં લઈ જઈને ચંડોળા તળાવ ઉભી રાખેલી. ત્યાંથી પછી "આરોપીએ મકાન બતાવેલું". તે મકાન એક સોસાયટીમાં હતું. ત્યાં આરોપીએ કહેલું કે "મેં બધી થેલીઓ આ મકાનમાંથી લીધેલી". ત્યાંથી બધા રાયપુર ચકલાથી સારંગપુર ગયેલાં. ત્યાં એક દુકાન હતી. આ જગ્યા આરોપીએ બતાવેલી. આ જે જગ્યા હતી તે સારંગપુર પુલ પાસે હતી અને કહેલું કે "અહીંયાથી મેં સાઇકલો લીધેલી અને આ સાઇકલો ઉપર થેલીઓ ભરાવેલી. જે થેલીઓમાં બોમ્બ સામગ્રી હતી. ત્યાંથી સાઇકલો લઈને રાયપુર ચકલા પાસે આવેલા". આરોપી સાથે રાયપુર ચકલા ગયેલાં "અને તેમણે અહીંયા સાઇકલ મુકેલી તેમ બતાવેલું". બીગ બજારની આ બાજુ રાયપુર ચકલા છે. ત્યાં કીટલી હતી, દુકાનનું નામ યાદ નથી. આ મુજબની જે કાર્યવાહી કરેલી તેનું પંચનામુ આંક–૬૦૨૪થી રજૂ રાખેલ છે જેમાં આ સાહેદ પોતાની તથા આનંદની સહીઓ ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ હિરા ઘસવાનું કામ બાપુનગરમાં કરે છે. પાલડી વિસ્તારમાં હિરા ઘસવાનું કારખાનું નથી તે હકીકત નકારે છે. પાલડી ખાતેનું કારખાનું રમેશભાઈ મોદીની માલીકીનું હતુ. બાપુનગર વિસ્તાર અમદાવાદનો સંવેદનશીલ વિસ્તાર છે તે કબૂલ કરે છે. જમાલપુર વિસ્તાર ભરચક છે અને લોકોની અવર–જવર ખૂબ જ રહે છે. લખાણ થયુ તે વાંચીને તેમા સહી કરેલાનું કબૂલ કરે છે. એમ.એલ.એ.નાં કહેવાથી

પોલીસને મદદ કરવા ખોટી સહીઓ કરી આપી ખોટી જુબાની આપેલાની હકીકત નકારે છે. પોલીસે જે જગ્યાએ રોકેલા ત્યાંથી ક્રાઈમ બ્રાન્ચની ઑફિસ દોઢેક કી.મી. દુર છે કે કેમ તે કહી શકે નહીં. પોલીસ જીપમાં ક્રાઈમ બ્રાન્ચની કચેરીએ ગયેલા. એવુ બનેલુ નથી કે બંને પંચોએ રસ્તા વિશે લખાવેલુ હોય. પોલીસ સ્ટેશનેથી નીકળ્યા ત્યારે કઈ–કઈ જગ્યાએ લઈ જવા માંગે છે તે જણાવેલુ નહીં પરંતુ સાહેદ જણાવે છે કે અમે તેની એટલે કે આરોપી સાથે ગયેલા. ચંડોળા તળાવથી બેરલ માર્કેટ ગયા તેની દિશા કહી શકે નહીં. જે જગ્યાએ લઈ જવામાં આવેલા ત્યાં છુટાછવાયા મકાનો હતા. સાઇકલ જે જગ્યાએ મુકેલી તે ભીડભાડ વાળી જગ્યા હતી ત્યાં આજુબાજુ દુકાનો હતી. આરોપીએ દુકાનની આગળની જગ્યા બતાવેલી. દુકાનની આગળ રોડ હતો અને ત્યાં ફુટપાથ જેવી જગ્યા બતાવેલી. બધી હકીકત પોલીસને કહેલી અને પંચનામામાં લખેલી. પંચનામાની કાર્યવાહી દરમ્યાન આ સાહેદ કોઈ નોંધ કરતા ન હતા. આરોપીની શરીર સ્થિતિનું વર્ણન પંચનામામાં લખવામાં આવેલ નથી તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે પંચનામામાં આરોપીની શરીરસ્થિતિનું વર્ણન લખવાનું હોતુ નથી અને તે અંગેની કોઈ આદેશાત્મક જોગવાઈ પણ નથી. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો પંચનામાની કાર્યવાહી દરમ્યાન ૨–૩ જગ્યાએ રોકાયેલા. જયાં જયાં રોકાયેલા ત્યાં પબ્લીકના માણસોની હાજરી હતી તે કબૂલ કરે છે. પબ્લીકના માણસોમાં કોણ કોણ હતા તેની પોલીસે ખરાઈ કરેલી નહી તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે પબ્લીકના માણસોની ખરાઈ કરવી જરૂરી નથી. કારણ કે જોવાવાળા માણસો ત્યાં ઘણા બધા ભેગા થયેલા હોઈ અને તેઓની ખરાઈ કરવાની પોલીસ તપાસ દરમ્યાન જરૂરી પણ નથી. આરોપી નાસી ન જાય તેથી તેને હાથકડી પહેરાવવામાં આવેલી. આમ આ હકીકત ધ્યાને લેતા આરોપી નં.૩૬ મહમદ આરીફ નસીમ અહેમબેગ મીરઝાએ આ સાહેદ તથા બીજા પંચ અને પોલીસને લઈને આંક–૬૦૨૪વાળા પંચનામાની જગ્યાઓ બતાવેલી છે તેમ કહી શકાય. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો પોલીસના વાહનમાં બેસીને પોલીસ સ્ટેશને

આવેલા ત્યારે આ સાહેદે પોતાની સાઇકલ લોક મારીને દુકાન આગળ મુકેલી હતી તેમ જણાવે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડાનાઓએ ખાડીયા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં. ૭૧/૨૦૦૮ નાં કામે આ સાહેદ તથા બીજા પંચ આનંદ નીલગરનાઓને ક્રાઈમ બ્રાન્ચની ઑફિસ અમદાવાદ ખાતે તા.૭.૧૨.૨૦૦૮ નાં રોજ બોલાવેલા અને ત્યાં એક આરોપી હાજર હતો અને તેને પોતાનું નામ સરનામુ પંચ સાહેદોની હાજરીમાં જણાવેલુ અને તે તા.૨૬.૭.૨૦૦૮ નાં રોજ અમદાવાદ શહેરમાં થયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટો થયેલા અને જે જગ્યાએથી સાઇકલ મેળવી ખાડીયા વિસ્તારમાં જે જગ્યાએ બોમ્બવાળી સાઇકલ મુકેલી તે જગ્યાઓ બતાવવાની સ્વખુશી બતાવતા આંક–૬૦૨૪વાળા પંચનામા મુજબ તે તમામ જગ્યાનુ પંચનામુ આરોપીના કહેવા અને બતાવ્યા મુજબ કરવામાં આવેલુ છે.

આ આંક–૬૦૨૪વાળુ પંચનામુ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડાની જુબાની આ બાબતે ધ્યાને લઈએ તો તેઓની જુબાનીના પેરા ૨.૫૭ માં તેઓ જણાવે છે કે રીમાન્ડ ઉપરના આરોપી મહમદ નસીમ અહેમદ મરીઝાનાઓ પોતાની સ્વખુશીથી કંઈક બતાવવા માંગતા હોવાથી બે પંચોને ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે બોલાવેલા. આરોપીએ પોતાનુ નામ ઠામ જણાવેલુ અને પંચો રૂબરૂ જણાવેલુ કે તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ અમદાવાદ શહેરમાં સીરીયલ બોમ્બ બ્લાસ્ટ થયેલા તે પૈકી બોમ્બવાળી સાઇકલ જે જગ્યાએથી મેળવેલી અને ખાડીયા વિસ્તારમાં મુકેલી તે જગ્યા બતાવવાની સ્વખુશી બતાવતા પ્રાથમિક પંચનામુ કરેલુ અને પંચોની સહીઓ લીધેલી. ત્યારબાદ આરોપીએ અલમહમદી સોસાયટી મકાન નં.૧૦ માંથી બોમ્બવાળી થેલીઓ લઈ લીધેલી તે ત્યારબાદ ખાલીદ તથા સલમાન સાથે બેરલ માર્કેટ સામે આવેલ મેઈનરોડવાળી જગ્યા ત્યાંથી રીક્ષામાં બેસી સારંગપુરવાળી જગ્યા, સારંગપુર ચકલાવાળી જગ્યા, એમ. નારણદાસ મેડીકલ સ્ટોરવાળી જગ્યા,

રાયપુર પોલીસ ચોકી સામેની જગ્યા બતાવેલી અને તે અંગેનુ પંચનામુ આંક–૬૦૨૪વાળુ બનાવેલુ જેમાં આ સાહેદે પોતાની સહીઓ ઓળખી બતાવી છે.

આંક–૬૦૨૪વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "તા.૨૬.૭.૨૦૦૮ નાં રોજ અમદાવાદ શહેરમાં સીરીયલ બોમ્બ બ્લાસ્ટ થયેલા તે પૈકી ખાડીયા વિસ્તારમાં જે જગ્યાએથી સાઇકલ મેળવી બોમ્બવાળી સાઇકલ મુકેલી તે જગ્યા" તથા "આરોપીએ જણાવેલ કે પોતાને અત્રેથી ચંડોળા તળાવ પાસે બેરલ માર્કેટ લઈ જવામાં આવે તો ત્યાંથી આગળી જગ્યા બતાવી શકુ" તથા "આરીફે જણાવેલ કે ગઈ તા.૨૬.૭.૨૦૦૮ નાં રોજ મકાન નં.૧૦ માંથી બોમ્બની થેલીઓ લઈ ખાલીદ તથા સલમાન નીકળેલા ત્યાંથી બેરલ માર્કેટ મેઈન રોડ અને ત્યાંથી રીક્ષામા બેસી સારંગપુર જવા નીકળેલા તે" તથા "જયાં ત્રણ સાઇકલો મુકેલી તે પૈકીની એક સાઇકલ તેને પોતે લીધેલી તેના ઉપર બોમ્બની થેલી ભરાવી સાઇકલ ચલાવી લઈ ગયેલ તે" તથા "આરોપીએ પશ્ચિમ તરફ વાહન લઈ આગળથી ડાબી તરફ વાળવા જણાવેલુ તે" તથા "પોલીસ ચોકી સામે વાહનો થોભાવવાનું કહેતા" તથા "ત્યાંથી નીચે ઉતરી આંગળી ચીંધીને સાઇકલો મુકેલાની જગ્યા" વિગેરે પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપીએ આંક–૬૦૨૪ વાળા પંચનામાની વિગતે જે જે જગ્યાઓ બતાવી તે જગ્યાઓ ત્યાં સ્થળ ઉપર હયાત છે માટે તે હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય. આ ઉપરાંત આ જગ્યાઓની માહીતી આ આરોપીને હતી તે આ જગ્યાઓ ઉપર ગયેલો હતો માટે તે પંચો તથા તપાસ કરનાર અધિકારીને તે જગ્યાઓ ઉપર દોરીને લઇ ગયેલો, આરોપીનુ આ દોરી જવાનુ વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે કનુભાઈ ભીખાજી ઠાકોરને સાહેદ નં.૮૬૫ તરીકે આંક–૬૦૫૦થી તપાસવામાં આવેલા છે. અને આ સાહેદની જુબાનીની હકીકત આરોપી નં.૨૭ બાબતે ફરિયાદપક્ષ દ્વારા જે પુરાવો રજૂ થયેલો છે તેમા વિગતવાર ચર્ચા કરેલી છે જેથી ફરીથી પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

આ આરોપી નં.૩૬ મહમદ આરીફ નસીમ એહમદ મીરઝાઓને અટક કર્યા બાદ આંક–૬૦૫૧ વાળા પંચનામા મુજબ ખાડીયા વિસ્તારમાં જે ત્રણ જગ્યાઓ ઉપર સાઇકલો મુકીને બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલા તે જગ્યાઓ બતાવવું તેવુ પંચો રૂબરૂ જણાવતા તપાસ કરનાર અધિકારી સાહેદ નં. ૧૧૬૩ મયુર ચાવડાનાઓએ બે પંચોને પોલીસ સ્ટેશને બોલાવેલા. પંચો રૂબરૂ આરોપીએ પોતાનું નામ જણાવેલુ તથા જયાં જયાં બનાવ બનેલા તે જગ્યાઓ બતાવવા માંગતા હોવાથી આરોપીના કહેવા અને બતાવ્યા મુજબ સૌપ્રથમ ચંડોળા તળાવની જમણી બાજુ એક સોસાયટી કે જેનુ નામ અલમહમદી હતુ તેના મકાન નં.૧૦ ઉપર ગયેલા. ત્યારબાદ રીક્ષામાં બેસીને જે જગ્યા ઉપર ગયેલા તે જગ્યા તથા ચંડોળા તળાવ પાસેની જગ્યા, ગીતા મંદિર પાસેની જગ્યા જયાં ચા તથા બ્રીસ્ટોલ પીધેલી તે જગ્યા તથા ગોખલે પાન, દવાની દુકાન, શાકભાજીની લારીવાળી ભીડભાડવાળી જગ્યા ઉપર જયાં સાઇકલો મુકેલી તે જગ્યાઓ બતાવેલી અને આરોપી નં.૨૭ સાથે આરોપી નં.૩૬, આરોપી નં.૪૩ અનીક સફીક સૈયદ ઉર્ફે ખાલીદ તથા આરોપી નં.૩૩ મુબીન ઉર્ફે સલમાનનાઓ પણ હતા. આ હકીકત પણ તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ તેઓની જુબાનીના પેરા નં.૧૮ માં જણાવેલી છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે રમેશભાઈ ગબ્બુભાઈ શાહને સાહેદ નં.૮૬૬ તરીકે આંક–૬૦૬૧થી તપાસવામાં આવેલા છે. અને આ સાહેદની જુબાનીની હકીકત આરોપી નં.૨૭ બાબતે ફરિયાદપક્ષ દ્વારા જે પુરાવો રજૂ થયેલો છે તેમા વિગતવાર ચર્ચા કરેલી છે જેથી ફરીથી પુનરાવર્તન કરવામાં આવતુ નથી. આ આરોપી નં.૩૬ મહમદ આરીફ નસીમ એહમદ મીરઝાઓને અટક કર્યા બાદ આંક–૬૦૬૨વાળા પંચનામા મુજબ ખાડીયા વિસ્તારમાં જે ત્રણ જગ્યાઓ ઉપર સાઇકલો મુકીને બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલા તે જગ્યાઓ બતાવવું તેવુ પંચો રૂબરૂ જણાવતા તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડાનાઓએ બે પંચોને પોલીસ સ્ટેશને બોલાવેલા. પંચો રૂબરૂ આરોપીએ પોતાનું નામ જણાવેલુ તથા જયાં જયાં બનાવ બનેલા તે જગ્યાઓ બતાવવા માંગતા હોવાથી આરોપીના

કહેવા અને બતાવ્યા મુજબ સૌપ્રથમ ચંડોળા તળાવની જમણી બાજુ એક સોસાયટી કે જેનુ નામ અલમહમદી હતુ તેના મકાન નં.૧૦ ઉપર ગયેલા. ત્યારબાદ રીક્ષામાં બેસીને જે જગ્યા ઉપર ગયેલા તે જગ્યા તથા ચંડોળા તળાવ પાસેની જગ્યા, ગીતા મંદિર પાસેની જગ્યા જયાં ચા તથા બ્રીસ્ટોલ પીધેલી તે જગ્યા તથા ગોખલે પાન, દવાની દુકાન, શાકભાજીની લારીવાળી ભીડભાડવાળી જગ્યા ઉપર જયાં સાઇકલો મુકેલી તે જગ્યાઓ બતાવેલી અને આરોપી નં.૨૭ સાથે આરોપી નં.૩૬, આરોપી નં.૪૩ અનીક સફીક સૈયદ ઉર્ફે ખાલીદ તથા આરોપી નં.૩૩ મુબીન ઉર્ફે સલમાનનાઓ પણ હતા. આ હકીકત પણ તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડાનાઓએ તેઓની જુબાનીના પેરા નં.૨.૫૬ માં જણાવેલી છે.

આંક–૧૭૧૮વાળુ પંચનામુ ખાડીયા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૭૧/૨૦૦૮ નાં કામે બનાવવાળી જગ્યાઓ (૧) એમ. નારણદાસ એન્ડ કંપનીની દુકાને, (૨) ગોખલે પાનહાઉસ પાસે, (૩) મીલન કીરાણા સ્ટોર સામેનું તપાસ કરનાર અધિકારીએ પંચો રૂબરૂ બનાવેલુ અને તે પંચનામા પંચ સાહેદ નં.૩૩૩ રાકેશ સુરેશ મહેતાનાઓને આંક–૧૭૧૭ તરીકે ફરિયાદપક્ષે તપાસેલા છે. તેઓની જુબાની તથા આંક–૧૭૧૮વાળા પંચનામાની વિગતવાર ચર્ચા ફરિયાદપક્ષ દ્વારા બનાવ પુરવાર કરવા માટે જે પુરાવા રજૂ કરવામાં આવેલા છે તે પુરાવા દરમ્યાન કરેલી છે. જેથી આ સાહેદના પુરાવા અને પંચનામાની વિગતોનું મૂલ્યાંકનનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી. ત્યારબાદ આરોપી નં. ૩૬ મહમદ આરીફ નસીમ અહેમદ મીરઝાની અટક કર્યા બાદ તેને આ જગ્યા પંચો રૂબરૂ બતાવેલી તેનુ પંચનામુ આંક–૬૦૨૪થી રજૂ કરેલુ છે. વધુમાં સાહેદ નં.૯૩૬ સુનીલ શાંતિલાલ પટેલની જુબાની ધ્યાને લઈએ તો એમ.નારણદાસ નામની દુકાને તથા ગોખલે પાન હાઉસ નામની દુકાને બે છોકરાઓને સાઇકલ મુકતા જોયેલા તેવુ તેમની જુબાનીમાં જણાવેલુ છે અને આ સાહેદ નં.૯૩૬ સુનીલ શાંતિલાલ પટેલે આ આરોપી નં.૩૬ મહમદ આરીફ મીરઝાને

એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૮૮ લક્ષ્મણ કેશવલાલ પારધી સમક્ષ આંક–૩૧૫૧ વાળા પંચનામા મુજબ ઓળખી બતાવેલ હતો.

આંક–૨૩૩૪વાળુ પંચનામુ ખાડીયા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૭૧/૨૦૦૮ ના કામે બનાવવાળી જગ્યા ખાડીયા રાયપુર ચકલા વાળી જગ્યાનું તપાસ કરનાર અધિકારીએ પંચો રૂબરૂ બનાવેલુ અને તે પંચનામાના પંચ સાહેદ નં.૪૦૮ અવેશ ઉસ્માનગની શેખનાઓને આંક–૨૩૩૩ તરીકે ફરિયાદપક્ષે તપાસેલા છે. તેઓની જુબાની તથા આંક–૨૩૩૪વાળા પંચનામાની વિગતવાર ચર્ચા ફરિયાદપક્ષ દ્વારા બનાવ પુરવાર કરવા માટે જે પુરાવા રજૂ કરવામાં આવેલા છે તે પુરાવા દરમ્યાન કરેલી છે. જેથી આ સાહેદના પુરાવા અને પંચનામાની વિગતોનું મુલ્યાંકનનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી. ત્યારબાદ આરોપી નં.૩૬ મહમદ આરીફ નસીન અહેમદ મીરઝાની અટક કર્યા બાદ તેને (૧) ખાડીયા રાયપુર ચકલા આગળવાળી જગ્યા તથા (૨) સારંગપુર ચકલા શાક માર્કેટવાળી જગ્યાઓ પંચો રૂબરૂ બતાવેલી તેનુ પંચનામુ આંક–૬૦૨૪થી રજૂ કરેલુ છે. વધુમાં સાહેદ નં.૯૩૬ સુનીલ શાંતિલાલ પટેલની જુબાની ધ્યાને લઈએ તો એમ.નારણદાસ નામની દુકાને તથા ગોખલે પાન હાઉસ નામની દુકાને બે છોકરાઓને સાઈકલ મુકતા જોયેલા તેવુ તેમની જુબાનીમાં જણાવેલુ છે અને આ સાહેદ નં.૯૩૬ સુનીલ શાંતિલાલ પટેલે આ આરોપી નં.૩૬ મહમદ આરીફ મીરઝાને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૮૮ લક્ષ્મણ કેશવલાલ પારધી સમક્ષ આંક–૩૧૫૧વાળા પંચનામા મુજબ ઓળખી બતાવેલ હતો.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે અબ્દુલલતીફ અબ્દુલમજીદ શેખને સાહેદ નં.૪૮૩ તરીકે આંક–૨૮૯૭થી તપાસવામાં આવેલા છે. અને આ સાહેદની જુબાનીની હકીકત આરોપી નં.૨૭ બાબતે ફરિયાદપક્ષ દ્વારા જે પુરાવો રજુ થયેલો છે તેમા વિગતવાર ચર્ચા કરેલી છે જેથી ફરીથી પુનરાવર્તન કરવામાં આવતુ નથી. આ આરોપી નં.૩૬ મહમદ આરીફ નસીમ અહેમદ મીરઝાઓને અટક કર્યા બાદ આંક–૬૦૨૪વાળા પંચનામા મુજબ ખાડીયા વિસ્તારમાં રાયપુર

ચકલા ખાતે બોમ્બ બ્લાસ્ટ કરવામાં ઉપયોગમાં લીધેલી સાઇકલ તેને ભાડે લીધેલી જે સાઇકલ રફીક સાઇકલ વર્ક નામની દુકાન ઉપરથી લીધેલી હતી અને તે જગ્યા તેણે પંચો રૂબરૂ બતાવેલી હતી. વધુમાં સાહેદ નં.૪૮૩ નાઓની હાજરીમાં સાહેદ અબ્દુલ હાબીન નીસાર અહેમદ અન્સારીનાઓએ એક બીલ બુક રજુ કરેલી જે બીલ બુકને સહી પુરતો આંક–૨૮૯૮ આપીને કામમાં દાખલ કરેલુ છે. આ પંચનામુ કરનાર અધિકારી સાહેદ નં.૧૦૭૬ એ.વી.ગખ્ખરનાઓએ પણ પોતાની જુબાનીના પાના નં.૬ ઉપર આ હકીકત જણાવેલી છે અને આંક–૨૮૯૯ વાળા પંચનામામાં પોતાની સહી ઓળખી ઓળખી બતાવેલી છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે એજાજ એહમદમીયા સૈયદને સાહેદ નં.૪૮૪ તરીકે આંક–૨૯૦૦થી તપાસવામાં આવેલા છે. અને આ સાહેદની જુબાનીની હકીકત આરોપી નં.૨૭ બાબતે ફરિયાદપક્ષ દ્વારા જે પુરાવો રજૂ થયેલો છે તેમા વિગતવાર ચર્ચા કરેલી છે જેથી ફરીથી પુનરાવર્તન કરવામાં આવતુ નથી. આ આરોપી નં.૩૬ મહમદ આરીફ નસીમ એહમદ મીરઝાઓને અટક કર્યા બાદ આંક–૬૦૨૪વાળા પંચનામા મુજબ ખાડીયા વિસ્તારમાં રાયપુર ચકલા ખાતે બોમ્બ બ્લાસ્ટ કરવામાં ઉપયોગમાં લીધેલી સાઇકલ તેને ભાડે લીધેલી જે સાઇકલ રફીક સાઇકલ વર્કસ નામની દુકાન ઉપરથી લીધેલી હતી અને તે જગ્યા તેણે પંચો રૂબરૂ બતાવેલી હતી. વધુમાં સાહેદ નં.૪૮૪ એહમદ રજાકમીંયા સૈયદનાઓની હાજરીમાં સાહેદ નં.૪૮૭ મહમદ ફારૂક મહમદ હનીફ શેખનાઓએ તેઓની દુકાનનું સાઇકલ રજીસ્ટર રજુ કરેલુ જે રજીસ્ટરને સહી પુરતો આંક–૨૯૦૨ અને ૨૯૦૩ આપીને કામમાં દાખલ કરેલુ છે. આ પંચનામુ કરનાર અધિકારી સાહેદ નં.૧૦૭૬ એ.વી.ગખ્ખરનાઓએ પણ પોતાની જુબાનીના પાના નં.૮ ઉપર આ હકીકત જણાવેલી છે અને આંક–૨૯૦૧વાળા પંચનામામાં પોતાની સહી ઓળખી ઓળખી બતાવેલી છે તથા આંક–૨૯૦૨ અને ૨૯૦૩ વાળા રજીસ્ટરોમાં પણ આ સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવેલ છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે એૈયુબભાઈ અલ્લારખા શેખને સાહેદ નં. ૪૮૫ તરીકે આંક–૨૯૦૪થી તપાસવામાં આવેલા છે. અને આ સાહેદની જુબાનીની હકીકત આરોપી નં.૨૭ બાબતે ફરિયાદપક્ષ દ્વારા જે પુરાવો રજૂ થયેલો છે તેમા વિગતવાર ચર્ચા કરેલી છે જેથી ફરીથી પુનરાવર્તન કરવામાં આવતુ નથી. આ આરોપી નં.૩૬ મહમદ આરીફ નસીમ એહમદ મીરઝાઓને અટક કર્યા બાદ આંક–૬૦૨૪ વાળા પંચનામા મુજબ ખાડીયા વિસ્તારમાં રાયપુર ચકલા ખાતે બોમ્બ બ્લાસ્ટ કરવામાં ઉપયોગમાં લીધેલી સાઇકલ તેને ભાડે લીધેલી જે સાઇકલ રફીક સાઇકલ વર્કસ નામની દુકાન ઉપરથી લીધેલી હતી અને તે જગ્યા તેણે પંચો રૂબરૂ બતાવેલી હતી. વધુમાં સાહેદ નં.૪૮૫ નાંઓની હાજરીમાં સાહેદ નં.૪૮૯ સાબીરહુસેન અબ્દુલ કરીમ શેખનાઓએ તેઓની દુકાનનું સાઇકલ રજીસ્ટર રજૂ કરેલુ જે રજીસ્ટરને આંક–૨૯૦૫ વાળા પંચનામા આધારે કબજે કરેલુ છે. આ પંચનામુ કરનાર અધિકારી સાહેદ નં.૧૦૭૬ એ.વી.ગખ્ખરનાઓએ પણ પોતાની જુબાનીના પાના નં.૫ ઉપર આ હકીકત જણાવેલી છે અને આંક–૨૯૦૫ વાળા પંચનામામાં પોતાની સહી ઓળખી ઓળખી બતાવેલી છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે એૈયુબભાઈ મુસાભાઈ શેખને સાહેદ નં.૫૩૨ તરીકે આંક–૨૯૭૮થી તપાસવામાં આવેલા છે. અને આ સાહેદની જુબાનીની હકીકત આરોપી નં.૨૭ બાબતે ફરિયાદપક્ષ દ્વારા જે પુરાવો રજૂ થયેલો છે તેમા વિગતવાર ચર્ચા કરેલી છે જેથી ફરીથી પુનરાવર્તન કરવામાં આવતુ નથી. આ આરોપી નં.૩૬ મહમદ આરીફ નસીમ એહમદ મીરઝાઓને અટક કર્યા બાદ આંક–૬૦૨૪વાળા પંચનામા મુજબ ખાડીયા વિસ્તારમાં રાયપુર ચકલા ખાતે બોમ્બ બ્લાસ્ટ કરવામાં ઉપયોગમાં લીધેલી સાઇકલ તેને ભાડે લીધેલી જે સાઇકલ રફીક સાઇકલ વર્કસ નામની દુકાન ઉપરથી લીધેલી હતી અને તે જગ્યા તેને પંચો રૂબરૂ બતાવેલી હતી. વધુમાં સાહેદ નં.૫૩૨ નાઓની હાજરીમાં સાહેદ નં.૪૮૯ સાબીરહુસેન અબ્દુલ કરીમ શેખનાઓએ તેઓની દુકાનનું સાઇકલ રજીસ્ટર રજુ કરેલુ જે રજીસ્ટરને આંક–૨૯૦૫વાળા પંચનામા આધારે કબજે કરેલુ છે. આ પંચનામુ કરનાર અધિકારી સાહેદ નં.૧૦૭૬ એ.વી.ગખ્ખરનાઓએ પણ

પોતાની જુબાનીના પાના નં.૫ ઉપર આ હકીકત જણાવેલી છે અને આંક–૨૯૦૫ વાળા પંચનામામાં પોતાની સહી ઓળખી ઓળખી બતાવેલી છે.

આ આરોપી નં.૩૬ મહંમદ આરીફ નસીમ એહમદ મીરઝાએ ક્રિ.પ્રો. કોડ કલમ–૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે તે પ્રશ્નના જવાબમાં તેને ફરીયાદ પક્ષના પુરાવા સબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના બચાવ માટે જે હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦ માં જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી. આ ઉપરાંત આ આરોપીએ પોતાના બચાવમાં અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ કરેલો નથી.

આરોપી નં.૩૬ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૪૮૭, ૪૮૮, ૪૮૯, ૯૩૬, ૮૬૦, ૮૬૫, ૮૬૬, ૫૮૮, ૩૩૩, ૪૦૮, ૪૮૩, ૪૮૪, ૪૮૫, ૫૩૨, ૭૮૬, ૭૮૭, ૭૯૦, ૭૯૨, ૭૯૫, ૮૦૫, ૧૧૬૩, ૧૧૫૪, ૧૧૬૩ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતા આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલ સુ.શ્રી નિત્યા રામાકૃષ્ણન તથા વકીલશ્રી સોમનાથ વત્સ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપીને તા.૨૩.૧૧.૨૦૦૮ ના રોજ અટક કરેલો છે. આ આરોપીને સાથે રાખીને તપાસ કરનાર અધિકારીએ જે જગ્યા ઉપર સાઇકલ મુકેલી તે જગ્યા બતાવતુ પંચનામુ સાહેદ નં.૮૬૦ જગદસીંગ રાજપુતની હાજરીમાં આંક–૬૦૨૪વાળુ બનાવેલુ હતુ. પરંતુ આ પંચનામુ પુરાવાના કાયદા મુજબ આરોપી સામે વંચાણે લઈ શકાય નહીં કારણ કે આ કબૂલાત સ્વરૂપનું પંચનામુ છે. પરંતુ તેઓની દલીલ સાથે હું સંમત નથી કારણ કે આંક–૬૦૨૪વાળુ પંચનામુ તથા સાહેદ નં.૮૬૦ની જુબાની

વંચાણે લેતા આરોપીએ સારંગપુર પુલની પાસેની દુકાન કે જે રાયપુર ચકલામાં આવેલી છે તે જગ્યા ઉપર બોમ્બવાળી સાઇકલ મુકેલી હતી અને તે જગ્યાની તેને માહિતી હતી. જેથી તે જગ્યા બતાવતુ પંચનામુ બનાવેલુ હોય બનાવ પછી આરોપીના વર્તન બાબતેની વર્તણૂંક પુરાવાના કાયદાની કલમ–૮ હેઠળ ગ્રાહ્ય છે. વધુમાં તેઓ દલીલ કરતા જણાવે છે કે આ જગ્યા આરોપીએ બતાવેલી નથી અને જગ્યા ઉપરથી કોઈ રીકવરી થયેલી નથી. વકીલશ્રી વસ્તની દલીલ સાથે હું સંમત છું કે જગ્યા ઉપરથી રીકવરી થયેલી નથી પરંતુ મારા મત પ્રમાણે તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ બોમ્બ બ્લાસ્ટનો બનાવ આ જગ્યા પર બન્યા પછી જગ્યાનું પંચનામુ કરવામાં આવેલુ છે તથા ત્યાંથી મુદ્દામાલ રીકવર થયેલો છે અને બનાવ બાદ આશરે ચાર માસ પછી આ આરોપી પકડાયેલ છે અને ત્યારબાદ આરોપીએ આ જગ્યા બતાવવાની માહિતી આપેલી જેથી તપાસ કરનાર અધિકારી પંચ સાહેદને સાથે રાખી આરોપીના બતાવ્યા પ્રમાણેની જગ્યા ઉપર ગયેલા છે જેથી સ્વાભાવિક છે કે ચાર માસ બાદ આ જગ્યા ઉપરથી કોઈ રીકવરી થઈ શકે નહીં. સાહેદ નં.૯૩૬ બાબતે દલીલ કરતા જણાવવામાં આવેલ છે કે આ સાહેદ જુઠ્ઠુ બોલે છે. આરોપી નં.૩૬ ને બનાવવાળી જગ્યા ઉપર સાઇકલ મુકતા જોયેલો નથી અને જોયેલો હોય તો તાત્કાલિક પોલીસને જાણ કરેલી નથી પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદને ખબર ન હોય કે આ સાઇકલ મુકનાર વ્યકિત સાઇકલના ગવન્ડર ઉપર બોમ્બ ભરાવીને આવેલી છે અને કલાક ૬.૩૦ વાગે બોમ્બ બ્લાસ્ટ થશે. જેથી કરીને પોલીસને જાણ કરેલી ન હોય તો બનાવના મુળને અસર થતી નથી. વધુમાં દલીલ કરતા જણાવવામાં આવે છે કે બનાવ બન્યા બાદ તપાસ કરનાર અધિકારીએ આ જગ્યાનો નકશો બનાવેલો છે. પરંતુ આંક–૩૪૧પવાળા નકશા મુજબ "ગોખલે પાન હાઉસ" અને "એમ. નારાયણદાસ દુકાન"વાળી જગ્યાઓ અલગ અલગ છે. પરંતુ મારા મત પ્રમાણે આ બંને જગ્યાઓ ઉપર સાઇકલો મુકીને બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલા છે જેથી નકશામાં બંને જગ્યાઓ અલગ અલગ બતાવવામાં આવેલી છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે સાહેદ નં.૯૩૬નાઓએ પરપ્રાંતિયને સાઇકલો મુકતા

જોયેલા તો સાહેદને કેવી રીતે ખબર પડી કે તે પરપ્રાંતિય હતો. આ સાહેદે ગેરકાયદેસર રીતે ફિનાઈલ વેચવાનો ધંધો કરે છે અને ધંધા માટે લાયસન્સ રાખતા નથી માટે પોલીસની બીકે પરપ્રાંતિય છોકરાઓને સાઇકલ મુકતા જોયેલાની હકીકત ખોટી જણાવેલી છે પરંતુ તેઓની આ દલીલ સાથે હું સંમત નથી. વધુમાં દલીલ કરતા જણાવવામાં આવેલ છે કે આ સાહેદે બે છોકરાઓએ સાઇકલ મુકેલાની હકીકત પોલીસને જણાવેલી નથી અને પોલીસે પણ બનાવવાળી જગ્યા ઉપર આ બાબતે આ સાહેદને પુછેલુ નથી. સાહેદ નં.૯૩૬ નાઓએ ઘણા સમય પછી આરોપીને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ રૂબરૂ ઓળખી બતાવેલો છે અને આ ઓળખ ઉપર આધાર રાખી શકાય નહીં કારણ કે આરોપીને યાદ રાખવાનું કોઈ કારણ નથી. એટલુ જ નહીં લાંબા સમય સુધી આ આરોપીને યાદ રાખવો શકય પણ નથી. પરંતુ મારા મત પ્રમાણે લાંબા સમય સુધી કોઈ પણ વ્યકિતને યાદ રાખવો કે કેમ તથા તે વ્યકિત યાદ રહેશે કે કેમ તે દરેક વ્યકિતની યાદ શકિત ઉપર આધારીત છે. આ સાહેદની યાદ શકિત સારી હોય તો સ્વાભાવિક છે કે આરોપીને યાદ રાખી શકે. વધુમાં દલીલ કરતા જણાવવામાં આવે છે કે સાહેદ નં.૯૩૬ ગોખલે પાન હાઉસ પાસે બેસે છે તેનો અર્થ એવો નથી કે આ સાહેદે પરપ્રાંતિય છોકરાઓને સાઇકલ મુકતા જોયેલા હોય. પરંતુ આ સાહેદની જુબાની ધ્યાને લઈએ તો સાહેદે સ્પષ્ટ જણાવેલુ છે કે તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ સાંજના ચારેક વાગ્યાની આસપાસ બે પરપ્રાંતિય છોકરાઓને સાઇકલો મુકતા જોયેલાનું જણાવેલુ છે. વધુમાં દલીલ કરતા જણાવવામાં આવેલ છે કે ગોખલે પાન હાઉસ પાસેથી દિવસ દરમ્યાન ઘણા વાહનો અને લોકો આવ–જા કરતા હોય છે તે પૈકી સાહેદ નં.૯૩૬ નાઓએ કોઈને ઓળખ્યા નથી અને આરોપી નં.૩૬ ને જ ઓળખેલો છે તે માની શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે દિવસ દરમ્યાન પસાર થયેલા વાહનો અને લોકોએ કોઈ ગુનો કરેલો નથી માટે તેમને ઓળખવાનો પ્રશ્ન નથી. આ આરોપીએ આ ગુનો કરેલો હોવાથી સાહેદે તેને ઓળખેલો છે. વધુમાં દલીલ કરતા જણાવવામાં આવેલ છે કે ગોખલે પાન હાઉસમાં નોકરી કરતો એક વ્યકિત બ્લાસ્ટમાં ગુજરી ગયેલો છે તેનુ નામ સાહેદ

નં.૯૩૬ જણાવતા નથી, બીજા વીસ જેટલા વ્યકિતઓને આ બનાવમાં ઈજા થયેલી તેઓના નામ સાહેદ જણાવતા નથી. પરંતુ મારા મત પ્રમાણે ગુજરી જનાર વ્યકિત અને ઈજા પામનાર વ્યકિતઓને આ સાહેદ ઓળખતા ન હોય તો સ્વભાવિક છે કે તેઓના નામ જણાવી શકે નહીં. ગુજરી જનાર વ્યકિતઓના અને ઈજા પામનાર વ્યકિતઓના નામ ન જણાવવાથી બોમ્બ બ્લાસ્ટ થયેલા નથી તે કહી શકાય નહીં.

વધુમાં દલીલ કરતા જણાવવામાં આવેલ છે કે આંક–૩૪૧૫ વાળા નકશા મુજબ ગોખલે પાન હાઉસ તથા એમ.નારાયણદાસવાળી બે જગ્યાઓ વચ્ચે વળાંક આવેલો છે પરંતુ આ વળાંક કેટલો મોટો છે તથા બે દુકાનો વચ્ચે કેટલુ અંતર છે તે સ્પષ્ટ નકશામાં નથી માટે એવુ કહી શકાય નહીં કે ગોખલે પાન હાઉસ પાસે બેઠેલી વ્યકિત એમ.નારાયણદાસ દુકાનની સામેની જગ્યા જોઈ શકે નહીં. વધુમાં દલીલ કરવામાં આવે છે કે તપાસ કરનાર અધિકારી આ સાહેદને જગ્યા ઉપર લઈ ગયેલી નથી માટે સાહેદ નં.૯૩૬ બનાવ વખતે સ્થળ ઉપર હાજર હતા નહીં. ગોખલે પાન હાઉસની બહારની જગ્યા ઉપર આરોપીને કોઈ બીજી વ્યકિતઓએ જોયેલો નથી ફકત સાહેદ નં.૯૩૬ નાઓએ જોયેલો તે શકય નથી. પરંતુ મારા મત પ્રમાણે સાહેદ નં.૯૩૬ તે જગ્યા પાસે બેસીને ફીનાઈલ વેચવાનો ધંધો કરતા હતા અને આરોપીને સાઇકલ મુકતા જોયેલો આ જગ્યા ઉપર લોકોની અવર–જવર રહેતી હોય છે તે લોકો કયાના હોય તે માહિતી રેકર્ડ ઉપર ન આવે માટે તપાસ કરનાર અધિકારી તેવા લોકોને શોધી શકે નહીં કે તેમના નિવેદનો પણ લઈ શકે નહીં. સાહેદ નં.૯૩૬ તે જગ્યા ઉપર કાયમી ધોરણે બેસીને ધંધો કરતા હતા જેથી સાહેદ તરીકે તેઓને તપાસેલા છે.

વધુમાં દલીલ કરતા જણાવે છે કે સાહેદ નં.૯૩૬નાઓએ આરોપીને અદાલત રૂબરૂ ઓળખી બતાવેલો નથી જેથી કરીને પણ સ્વતંત્ર પુરાવાના અભાવે ફકત ઓળખ પરેડ ઉપર આધાર રાખી આરોપી આ ગુનામાં સંડોવાયેલો છે તેમ કહી શકાય નહીં કારણ કે ઓળખ પરેડના પુરાવાના આધારે આરોપીને સજા કરી શકાય નહીં. સાહેદ નં.૫૮૮ લક્ષ્મણભાઇ પારધીની હાજરીમાં આ

સાહેદે આરોપીએ શું કૃત્ય કરેલુ અને તેને કેમ ઓળખ્યો તે જણાવવુ જોઈએ પરંતુ જણાવેલુ નથી. ઓળખ પરેડની કાર્યવાહી દરમ્યાન સાહેદે સાહેદ નં.૫૮૮ સમક્ષ આરોપીની ભૂમિકા જણાવવી જોઈએ તે પણ જણાવેલી નથી. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે આંક–૩૧૫૧વાળા પંચનામામાં એક ભાઈ લટાર મારતા હતા તેટલુ જ લખેલુ છે પરંતુ સાહેદ નં.૯૩૬નાઓએ અગાઉ ચર્ચા કરી તેમ ૧૦ વર્ષ પછી જુબાની આપેલી હોવાથી અમુક બાબતોએ થોડો ઘણો વિરોધાભાસ આવી શકે તેના કારણે સમગ્ર જુબાની ખોટી છે તેમ કહેવાય નહીં. વધુમાં દલીલ કરતા જણાવવામાં આવેલ છે કે સાહેદ નં.૯૩૬ની જુબાનીમાં આરોપી શું કામગીરી કરતો હતો અને તેની સંડોવણી બાબતે સાહેદ કાંઈ કહેતા નથી પરંતુ સાહેદની જુબાની ધ્યાને લેતા સ્પષ્ટ છે કે તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ પરપ્રાંતિય છોકરાઓને સાઇકલ મુકતા જોયેલા છે તેવુ જણાવેલુ છે. આ ઉપરાંત ગોખલે પાન હાઉસના માલીકે આરોપીને ઓળખી બતાવેલા નથી. પરંતુ મારા મત પ્રમાણે ગોખલે પાન હાઉસના માલીકે આરોપીને સાઇકલ મુકતા જોયેલો ન હોય તો સ્વભાવિક છે કે તેને ઓળખી શકે નહીં. દલીલ કરતા જણાવવામાં આવે છે કે સાહેદ નં.૯૩૬ નાઓએ પોલીસ રૂબરૂના નિવેદનમાં જે હકીકત લખાવેલી છે તેનાથી વધારાની હકીકતો જુબાની દરમ્યાન જણાવેલી છે. પરપ્રાંતિય છોકરાઓ બાબતે સાહેદે મેજિસ્ટ્રેટ રૂબરૂ કાંઈ લખાવેલ નથી માટે સાહેદ નં.૯૩૬ ના પુરાવા ઉપર આધાર રાખી આરોપી આ ગુનામાં સંડોવાયેલો છે તેવુ અનુમાન પણ થઈ શકે નહીં. વકીલ સુ.શ્રી નિત્યા રામાકૃિષ્ણન તથા વકીલશ્રી સોમનાથ વત્સ દલીલ કરતા જણાવે છે કે આ આરોપી આ કહેવાતા ગુનાઓમાં સંડોવાયેલો નથી. પરંતુ ઉપર વિગતે જે પુરાવા રજૂ થયા છે તે ધ્યાને લેતા આ આરોપી આ કહેવાતા ગુનામાં સંડોવાયેલો છે તેમ હું માનુ છું.

આરોપી નં.૩૭ કયામુદ્દીન ઉર્ફે રીઝવાન ઉર્ફે અશ્ફાક સરફુદ્દીન કાપડીયાનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૩૭ કયામુદ્દીન ઉર્ફે રીઝવાન ઉર્ફે અશ્ફાક સરકુદ્દીન કાપડીયાનાઓ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ નાં રોજ જુદી–જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી–જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા–જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમને કઈ–કઈ ભુમિકા ભજવેલી છે તે સાબિત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે જે પૈકી જનરલ સાહેદ તરીકે સાહેદ નં.૯૫૭ ઝાકીર હુસેન અબ્દુલ જબ્બાર કુરેશી તથા સાહેદ નં.૧૧૦૫ તરીકે ઈદ્રીશ ગુલાબશા દિવાન તથા સાહેદ નં.૧૧૦૬ તરીકે ફીરોઝ દિલાવર શેખ તથા સાહેદ નં.૧૧૧૫ તરીકે મહંમદ ઉમર ઉસ્માન મન્સુરી તથા સાહેદ નં.૧૧૧૭ તરીકે આસીફ ઉસ્માન શેખ તથા સાહેદ નં.૧૧૩૧ તરીકે મહમદ રફીક ઉર્ફે બાબા ઈકબાલભાઈ શેખનાઓને તપાસેલા છે. આ ઉપરાંત અગત્યના સાહેદ તરીકે સાહેદ નં.૧૦૬૭ અંબાલાલ વેચાતભાઈ બારીયા, સાહેદ નં.૯૮૧ પ્રવિણભાઈ હમીરભાઈ કટારીયા તથા આ આરોપીના સહઆરોપી નં.૨૩ એૈયાઝ રઝાકમીંયા સૈયદ છે કે જેઓ તાજના સાક્ષી બનેલા છે તેઓને સાહેદ નં.૧૧૪૧ તરીકે તપાસેલા છે તથા આ આરોપીની સાહેદો રૂબરૂ ઓળખ પરેડ કરાવનાર મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૮૮ તરીકે લક્ષ્મણભાઈ કેશવલાલ પારઘી, સાહેદ નં.૫૮૯ તરીકે ઈન્દ્રવીર વજુભા ઝાલાને તપાસવામાં આવેલા છે અને તેઓ તમામની જુબાની ધ્યાને લેતા આ આરોપીની સામે મુકવામાં આવેલ આક્ષેપો મુજબના કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા એકબીજાની મદદગારી કરીને અમદાવાદ શહેરમાં જુદી–જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરેલા છે તેમજ સુરતની જુદી–જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલ હોવાનું ફલીત થાય છે.

આ ઉપરાંત સહઆરોપી નં.૨ ઈમરાન ઈબ્રાહીમ શેખ તથા સહઆરોપી નં.૩૫ રફીયુદ્દીન સરકુદ્દીન કાપડીયાનાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબના કબૂલાત નિવેદનો મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ અમદાવાદ સમક્ષ લખાવેલા તે ધ્યાને લેતા પણ આ આરોપી તેઓની ઉપર મુકવામાં આવેલ આક્ષેપ મુજબના કાવતરામાં સામેલ હોવાનું ફલીત થાય છે. આ ઉપરાંતઃ–

ફરિયાદપક્ષ દ્વારા આ કામે મહંમદકૌશર મહંમદઈબ્રાહીમ સૈયદને સાહેદ નં.૧૦૦૪ તરીકે આંક–૬૯૭૮થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ ૨૦૦૮ ની સાલમાં આ સાહેદની ઈલેકટ્રીકની દુકાન અલમહમદી સોસાયટીની સામે આવેલી હતી. તેમની ઈલેકટ્રીકની દુકાનનું નામ નિલમ ઈલેકટ્રીક હતું. આ સાહેદ આ દુકાનમાં ઈલેકટ્રીકની વસ્તુનું રીપેરીંગ કરતા હતા અને કોઇ બોલાવે તો ઘરે પણ જતા હતા. તેમની દુકાનનો સમય સવારના આઠથી રાત્રીના નવ વાગ્યા સુધીનો હતો. પોલીસ તેમની પાસે આઠ–નવ વર્ષ પહેલા આવેલી અને આવીને પુંછેલું કે "આ ભાઇને તમે ઓળખો છો?" જેથી આ સાહેદે કહેલું કે હા આ ભાઇને ત્યાં હું ઈલેકટ્રીકનું કામ કરવા ગયો હતો. પોલીસ આવી ત્યારે તેમની સાથે એક ભાઇ હતા જેનું નામ રીઝવાનભાઇ જણાવેલું. આ સાહેદ રીઝવાનભાઇને ત્યાં ઈલેકટ્રીકનું કામ કરવા અલમહમદી સોસાયટીમાં ગયેલા. ત્યાં ઈલેકટ્રીકનું રીપેરીંગ કામ કરેલું અને રૂપીયા ૪૦ કે ૫૦ મજુરી રીઝવાનભાઇએ આપેલી. આ રીપેરીંગ કામ માટે રીઝવાનભાઇ પોતે બોલાવવા આવેલાં.

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારપછી કોર્ટમાંથી સમન્સ આવેલો જેથી કોર્ટમાં ત્રણ વાગ્યે ગયેલો અને ત્યાં કલાર્ક સાહેબને મળેલો તે કલાર્ક અંદર સાહેબને પુછવા ગયેલા અને ત્યારપછી સાહેબે બીજા દિવસે બોલાવેલો. બીજા દિવસે સાહેબે પુછેલું કે "આમને ત્યાં કેમ ગયેલા?" તો આ સાહેદે કહેલું કે લાઇટનું કામ કરવા ગયેલો હતો. આ પુછપરછ કર્યા પછી સાહેબે સહી લીધેલી અને ઘરે મોકલી દિધેલો. આ સાહેદ આંક–૬૯૭૯ વાળા લખાણમાં પોતાની

સહી ઓળખી બતાવે છે. આ સાહેદને જે ભાઇ અલમહમદી સોસાયટીમાં લાઇટ રીપેરીંગ કરવા માટે લઇ ગયેલા તેમને જોયે દસ વર્ષનો સમય થયેલો હોવાથી ઓળખી શકે નહીં તેમ જણાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો અલમહમદી સોસાયટી, ચંડોળા તળાવની સામે સુલેમાન મસ્જિદ પાસે આવેલી છે તે કબૂલ કરે છે. સુલેમાન મસ્જિદ પાસે ઘણા બધા મુસ્લિમ લોકોના મકાનો આવેલા છે તે કબૂલ કરે છે. તે વિસ્તારમાં રીઝવાનભાઈ નામના ઘણા બધા લોકો રહેતા હોય છે તે કબૂલ કરે છે. આંક–૬૯૭૯વાળુ લખાણ કઈ વ્યકિતએ લખેલુ અને કોના અક્ષરમાં લખેલુ તેની ખબર નથી. જે માણસને લઈને પોલીસ આ સાહેદ પાસે આવેલી તે પહેલા પોલીસ કોઈ વ્યકિતને લઈને આવેલી ન હતી. પોલીસે એક જ વખત પુછેલુ. બીજી વખતે કોર્ટમાં ગયા ત્યારે કેટલા માણસો હાજર હતા તેનો ખ્યાલ નથી.

વકીલશ્રી આર.કે.શાહ આ સાહેદ બાબતે દલીલ કરતા જણાવે છે કે આ સાહેદ પાસે પોલીસ રીજવાન નામની વ્યકિતને લઈ ગયેલી હતી, કયામુદ્દીન નામની વ્યકિતને લઈ ગયેલ નથી. "રીજવાન" નામની વ્યકિતને બતાવીને પોલીસે આ સાહેદને પુછેલુ કે આ ભાઈએ તમારે ત્યાં ઈલેકટ્રીકનું કામ અલમહમદ સોસાયટીમાં કરેલ હતુ ? આમ પોલીસે આરોપીનુ નામ "રીજવાન" આ સાહેદને જણાવેલ હતુ. વધુમાં તેઓ દલીલ કરતા જણાવે છે કે આ સાહેદે અલમહમદી સોસાયટીમાં કયા મકાનમાં રીપેરીંગ કરેલુ તે મકાન નંબર જણાવતા નથી. પરંતુ મારા મત પ્રમાણે મકાનનો નંબર ન જણાવેલો હોવાથી તે મકાનમાં આ સાહેદે ઈલેકટ્રીકનું રીપેરીંગ કરેલુ નથી તેમ કહી શકાય નહીં. જે તે વખતે આ સાહેદે પોલીસ રૂબરૂ જવાબ લખાવ્યો ત્યારે અલમહમદી સોસાયટી મકાન નં.૧૦ નો જ ઉલ્લેખ હતો. વધુમાં વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે આ મકાન કોનુ હતુ તેની પણ આ સાહેદને ખબર નથી. પરંતુ આ સાહેદ ઈલેકટ્રીક રીપેરીંગનુ કામકાજ કરે છે. જે કોઈ વ્યકિત પોતાને ત્યાં ઈલેકટ્રીકનુ રીપેરીંગ કામ માટે બોલાવે તો તે વ્યકિતની સાથે આ સાહેદ ત્યાં જઈને રીપેરીંગ કામકાજ કરે છે

મકાનના માલીક સાથે આ સાહેદને કોઈ નિસ્બત હોતી નથી. વધુમાં વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે આ સાહેદે અદાલતમાં આરોપીને ઓળખી બતાવેલો નથી. તેઓની આ દલીલ સાથે હું સંમત છું કે આરોપીને આ સાહેદે અદાલતમાં જુબાની દરમ્યાન ઓળખી બતાવેલો નથી. પરંતુ સાહેદની જુબાની ધ્યાને લેતા તેને સ્પષ્ટ જણાવેલુ છે કે આરોપીને જોયે ૧૦ વર્ષનો સમય થઈ ગયેલો છે માટે ઓળખી શકતા નથી. આ સાહેદે આરોપી નહીં ઓળખવાનું જે કારણ આપેલુ છે તે મારા મત પ્રમાણે વાજબી છે. પરંતુ એક હકીકત ચોકકસ છે કે જયારે ઈલેકટ્રીક રીપેરીંગનુ કામકાજ આ સાહેદે અલમહમદી સોસાયટીમાં કર્યુ ત્યારે ત્યાં મકાન ઉપર આરોપી કયામુદીને પોતાનુ નામ રીજવાન જણાવી તે નામથી ઈલેકટ્રીક રીપેરીંગનુ કામ કરવા લઈ ગયેલ હતો.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ દાણીલીમડા અલમહમદી સોસાયટી સામે "નીલમ ઈલેકટ્રીક" નામની દુકાન ધરાવી વેપાર ધંધો કરતા હતા. ૨૦૦૮ની સાલમાં પોલીસ આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયાને આ સાહેદની દુકાને લઈને આવેલા અને કહેલુ કે આ ભાઈને તમે ઓળખો છો ? તો આ સાહેદે "હા" પાડેલી અને કહેલુ કે તેનુ નામ રીઝવાન જણાવેલુ અને ઈલેકટ્રીકનું કામ કરવા સાહેદ નં.૯૨૭ રીઝવાનભાઈને ત્યાં અલમહમદી સોસાયટીમાં ગયેલા. ઈલેકટ્રીક રીપેરીંગનુ કામ કર્યા પછી રૂપિયા ૪૦ કે ૫૦ રીઝવાનભાઈએ આ સાહેદને આપેલા હતા. આ સાહેદે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ સમક્ષ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ હેઠળનું નિવેદન તા. ૧૬.૧૨.૨૦૦૮ નાં રોજ નોંધાવેલુ છે જે આંક–૬૯૭૯ થી ૨જૂ છે. આ નિવેદન ધ્યાને લઈએ તો મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ સમક્ષ આ સાહેદ તા.૧૫.૧૨.૨૦૦૮ નાં રોજ હાજર થયેલા અને મેજિસ્ટ્રેટે તેઓની ઓળખાણ આપેલી છે. નિવેદન આપવા પોલીસ કે ક્રાઈમ બ્રાન્ચના માણસોનું દબાણ નથી કે લોભ લાલચ આપેલ નથી કે નિવેદન નોંધાવવું ફરજિયાત નથી તેમ છતાં જો નોંધાવશે તો આરોપી સામે પુરાવા તરીકે ઉપયોગમાં લેવાશે તેવી મેજિસ્ટ્રેટે સમજ આપેલી છે. ત્યારબાદ વિચારવાનો સમય પણ આપેલો છે અને તેની નોંધ કરીને

આ સાહેદની સહી કરાવી મેજિસ્ટ્રેટે પોતે સહી કરેલી છે. ત્યારબાદ ફરીથી તા.૧૬.૧૨.૨૦૦૮ નાં રોજ હાજર થવા જણાવેલ. આ સાહેદ તા.૧૬.૧૨.૨૦૦૮ નાં રોજ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ સમક્ષ ફરીથી હાજર થયેલા ત્યારે પણ આ સાહેદને પોલીસ તરફથી દબાણ, લોભ, લાલચ, ધમકી આપેલ નથી તથા તે સ્વેચ્છાએ નિવેદન લખાવવા માંગે છે તેવી ખાતરી કરેલી છે અને મેજિસ્ટ્રેટને સંતોષ થયા બાદ તેનુ નિવેદન નોંધેલુ છે. આ નિવેદન મુજબ આ સાહેદ ઈલેકટ્રીક રીપેરીંગની દુકાન "નીલમ ઈલેકટ્રીકસ" ના નામે ધરાવે છે. જુલાઇ ૨૦૦૮ ના બીજા અઠવાડીયામાં અલમહમદી સોસાયટી મકાન નં.૧૦માં લાઈટ ચાલુ કરવા કયામુદ્દીન કાપડીયા લઈ ગયેલો અંદાજે રૂપિયા ૪૦ જેટલા લીધેલા અને લાઈટ ચાલુ કરી આપેલી. આ નિવેદન નોંધ્યા બાદ મેજિસ્ટ્રેટે કલાક ૧૬.૩૦ વાગે આ સાહેદની સહી કરાવેલી છે અને રૂબરૂ તરીકે પોતે સહી કરેલી છે. ત્યારબાદ મેજિસ્ટ્રેટે પ્રમાણપત્ર આપેલુ છે કે સાહેદનું નિવેદન મારા રૂબરૂ અને સાંભળતા લેવામાં આવેલ છે અને તેના શબ્દોમાં લખેલ છે. આ નિવેદન કોઈ પણ જાતના દબાણને વશ થયા વગર આપેલ છે તેવુ મારૂ માનવુ છે. આ પ્રમાણપત્ર આપ્યા બાદ મેજિસ્ટ્રેટે પોતે સહી કરેલી છે.

હવે આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતાં તેઓ જણાવે છે કે બીજી વખત મેજિસ્ટ્રેટ પાસે ગયા ત્યારે લખાણ તૈયાર હતુ અને તેમાં સહીઓ લીધેલી તે કબૂલ કરેલુ છે. હવે એ નકકી કરવાનું છે કે મેજિસ્ટ્રેટ દ્વારા જે નિવેદન નોંધાયુ છે તે માટે મેજિસ્ટ્રેટને સાચા માનવા કે આ સાહેદને સાચા માનવા. મેજિસ્ટ્રેટે સાહેદના લખાવ્યા પ્રમાણે નિવેદન લખેલુ છે જયારે આ સાહેદ ઉલટ તપાસમાં જણાવે છે કે લખાણ તૈયાર હતુ અને તેમાં સહીઓ લીધેલી. પરંતુ મારા મત પ્રમાણે તથા પુરાવાના કાયદાની કલમ–૮૦ અને ૧૧૪(ઈ) ધ્યાને લેતા મેજિસ્ટ્રેટે જે નિવેદન નોંધેલુ છે તે કોર્ટના સમય દરમ્યાન કોર્ટની કાર્યવાહીના ભાગરૂપે તેમજ ફરજના ભાગરૂપે નોંધેલુ છે. આ સાહેદ સાથે મેજિસ્ટ્રેટને કોઈ લેવાદેવા કે સંબંધ નથી તે જ રીતે ફરિયાદપક્ષ કે આરોપી સાથે પણ મેજિસ્ટ્રેટને કોઈ લેવાદેવા કે સંબંધ નથી. આ સાહેદ અલમહમદી સોસાયટીની સામે

ઈલેકટ્રીકની દુકાન ધરાવે છે. આ સાહેદ સરકારી કર્મચારી નથી, સામાન્ય વ્યકિત છે, સોગંદ ઉપર જુઠ્ઠુ બોલી શકે પરંતુ મેજિસ્ટ્રેટ દ્વારા જે નિવેદન નોંધવાની કાર્યવાહી થયેલી છે તે જુઠ્ઠી નથી તેમ હું માનુ છું માટે મારા સ્પષ્ટ મંતવ્ય પ્રમાણે જુલાઇ–૨૦૦૮માં આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયા અલમહમદી સોસાયટી મકાન નં.૧૦માં આ સાહેદને ઈલેકટ્રીકનું રીપેરીંગ કરવા લઈ ગયેલો અને રીપેરીંગના રૂપિયા ૪૦ આ સાહેદને આપેલા હતા. વધુમાં જો મેજિસ્ટ્રેટે આ સાહેદને તૈયાર લખાણ ઉપર સહીઓ કરાવી લીધી હોય તો તે અંગેની કોઈ રજૂઆત આ સાહેદે કયાંય પણ કરેલી નથી. સાહેદે પોતાની સરતપાસમાં રૂપિયા ૪૦ કે ૫૦ રીપેરીંગના રીજવાનભાઈએ આપેલાનુ જણાવેલુ છે જેથી પણ સ્પષ્ટ બને છે કે આ સાહેદ મકાનમાં રીપેરીંગ કરવા ગયેલા હતા.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે આસીફભાઈ ઈબ્રાહીમભાઈ વોરાને સાહેદ નં.૧૦૯૮ તરીકે આંક–૭૭૬૯થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ છેલ્લા પંદરેક વર્ષથી બાટા કંપનીમાં નોકરી કરે છે. આ સાહેદ વડોદરા ખાતે ધોરણ–૧૨ માં યાકુતપુરામાં આવેલી MES બોયઝ સ્કુલમાં ભણતા હતા. ધોરણ–૧૧,૧૨ માં આ સાહેદ સાથે એક કાપડીયા કયામુદ્દિન ભણતો હતો. તેઓ બંને સાયન્સમાં ભણતા હતાં. વાપી ખાતે બાટાનો શો રૂમ ગુંજન સીનેમા પાસે આવેલો હતો અને તેમાં આ સાહેદ નોકરી કરતા હતા. તે વખતે કર્મયોગી સોસાયટી, મોરારજી સર્કલ પાસે, વાપી ખાતે રહેતા હતા.

સાહેદ વધુમાં જણાવે છે કે તેમના મોબાઈલ નંબર ઉપર કયામુદ્દિનનો ફોન ડિસેમ્બર–૨૦૦૭ માં આવેલો. તેણે ફોન તેના એક મિત્ર માટે કરેલો. તેના મિત્રનું નામ અબ્દુલ સુભાન હતું. કયામુદ્દિને ફોન ઉપર જણાવેલું કે "મારો મિત્ર ત્યાં આવશે અને તારે ત્યાં એક દિવસ રોકાશે." જેથી હા જણાવેલુ. ત્યારબાદ બીજા દિવસે તે ભાઇ અબ્દુલ સુભાન આવેલો અને આ સાહેદને મળેલો અને તેણે કહેલું કે "મારે અહિંયા એક દિવસ તમારા ઘરે રોકાવાનું છે." તો આ સાહેદે તેને ઘર બતાવેલું અને કોન્ટેક નંબર પણ આપેલો. ત્યારબાદ તે જતો રહેલો અને રાત્રીના સમયે તેની પત્ની તથા એક નાની દિકરી સાથે આવેલો અને

તે આ સાહેદના ઘર ઉપર રોકાયેલા. તેની પત્ની પરદાનસીન હતાં. એટલે આ સાહેદ તેના ઘરે રોકાયેલો નહિ અને મિત્રને ત્યાં સૂર્યા હોસ્પિટલ, હોટલ ગેલેકસી પાસે જતા રહેલ અને અબ્દુલ સુભાન આ સાહેદના ઘરે રોકાયેલો. ત્યારબાદ આ સાહેદ તેના મિત્રના ત્યાં રાત રોકાઇને બીજા દિવસે પાછો ઘરે કપડા બદલવા ગયેલો આ વખતે તે લોકો ઘરે જ હતાં અને જણાવેલુ કે "અમારે થોડીવાર લાગશે." એટલે કાંઇ વાંધો નહિ તેમ જણાવેલુ અને આ સાહેદ તેની દુકાન ઉપર ગયેલા. ત્યારબાદ સાંજે લગભગ ચાર વાગ્યાની આસપાસ આ લોકો આ સાહેદને દુકાન ઉપર મકાનની ચાવી આપવા આવેલાં અને પછી તે જતા રહેલાં.

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ લગભગ બે–ત્રણ મહિના પછી કયામુદ્દિન અને તૌકિર એટલે અબ્દુલ સુભાન તૌકિર પાછા તેમની પાસે આવેલાં અને તેઓને પાછું ત્યાં રોકાવવું હતું. આ વખતે આ સાહેદની પત્ની પ્રેગનન્ટ હતી અને તે તેના પિયરમાં હતી અને આ લોકોને ત્યાં રોકાવવું હતું આ દિવસો દરમ્યાન આ સાહેદની સાળીનું લગ્ન વડોદરા મુકામે હોવાથી ત્યાં જવાનું હતું જેથી આ સાહેદે કહેલું કે વાંધો નહિ તમે રહો. ત્યારબાદ તે લોકોને ત્યાં રાખીને લગભગ ચાર વાગ્યે નીકળી ગયેલો અને વડોદરા મુકામે ગયેલો. ત્યારબાદ જાણવા મળેલું કે આ લોકોની પોલીસમાં ઇન્કવાયરી ચાલે છે. ત્યારબાદ આ લોકો મળેલા નહિ અને મકાનની ચાવી આપેલી નહિ. આ બાબતે અમદાવાદ પોલીસે પ્રથમ જવાબ લીધેલો.

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ લગભગ ચાર–પાંચ દિવસ પછી પોલીસ વાપી મુકામે સમન્સ આપવા આવેલી. પોલીસે કોર્ટનું સરનામું લખીને આપેલું. જેથી આ સાહેદ ઘી કાંટા કોર્ટમાં, ચોથા–પાંચમા માળે ગયેલા. ત્યાં કોર્ટમાં કારકુનને મળેલા. આ સાહેદને થોડીવાર બહાર બેસવાનું જણાવેલું અને ત્યારબાદ ઑફિસમાં બોલાવેલા અને ઑફિસમાં એક જજ સાહેબ હતાં. જજ સાહેબે નામ અને બધું પુંછેલું અને સોગંદ આપેલાં અને આ સાહેદે જે જવાબ આપેલો હતો તે લખાવેલો અને પછી જવા દિધેલો. સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ સુરત પોલીસે સુરત મુકામે બોલાવેલા અને મારો જવાબ લીધેલો. આ

સાહેદે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું મેજિસ્ટ્રેટ રૂબરૂનું નિવેદન આપેલુ જે આંક–૭૭૭૦ માં સાહેદ પોતાની તથા મેજિસ્ટ્રેટની સહીઓ ઓળખી બતાવે છે. આ સાહેદને સેન્ટ્રલ જેલ, અમદાવાદ ખાતે રાખવામાં આવેલ આરોપીઓને વીડિયો કોન્ફરન્સ દ્વારા ટી.વી. સ્ક્રીન દ્વારા ચાર–ચારની સંખ્યામાં તથા સેન્ટ્રલ જેલ, ભોપાલ ખાતે રાખવામાં આવેલ આરોપીઓને વીડિયો કોન્ફરન્સ દ્વારા ટી.વી.સ્ક્રિન દ્વારા ત્રણ–ત્રણની સંખ્યામાં બતાવવામાં આવતા સાહેદ આરોપીને ઓળખી શકતા નથી અને જણાવેલ છે કે આ સાહેદ સાથે જે વખતે હતો તેવો કોઇ આજે દેખાતો નથી. જે આરોપીઓને બતાવ્યા તેઓની દાઢી વધી ગયેલી છે અને જાડા તેમજ પતલા થયેલા હોવાથી આ આરોપીઓ પૈકી આરોપી કયામુદ્દીનને ઓળખી શકતા નથી તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો ૨૦૦૭ની સાલમાં વાપી ખાતે મોરારજી સર્કલ પાસે ગુંજન એપાર્ટમેન્ટમાં રહેતા હતા તે કબૂલ કરે છે. ૨૦૦૭ની સાલ પહેલા અબ્દુલ સુભાન ઉર્ફે તૌકીરને કયારેય મળેલો નથી તે કબૂલ કરે છે. આ પ્રશ્નનો અર્થ એવો થાય કે આ સાહેદ ૨૦૦૭ની સાલમાં અબ્દુલ સુભાનને મળેલા છે. આ વ્યકિતના માતા પિતા કોણ છે અને તેઓ શું ધંધો કરે છે તેની માહિતી ૨૦૦૭ પહેલા ન હતી તે કબૂલ કરે છે. જેથી એવુ પણ કહી શકાય કે આ અબ્દુલ સુભાનના માતા પિતા કોણ છે અને શું ધંધો કરે છે તેની માહિતી ૨૦૦૭ ની સાલમાં જયારે અબ્દુલ સુભાન સાથે મળવાનું થયુ ત્યારે આ સાહેદને મળેલી હતી. આ વ્યકિત પ્રથમ વખત આ સાહેદને મળી ત્યારે કયામુદ્દીન નામનો માણસ તેની સાથે ન હતો તે કબૂલ કરે છે. અબ્દુલ શુભાને મોબાઈલ નંબર આપ્યો હોય અને તેની સાથે વાત થઈ હોય તેવુ બન્યુ નથી. તા.૧૫.૧૨.૨૦૦૮ નાં નિવેદનમાં તૌકીર નામની કોઈ વ્યકિતનું શારીરિક વર્ણન આપેલુ નહીં તે કબૂલ કરે છે. તા.૧૫.૧૨.૨૦૦૮ પછી કોઈ પોલીસ અધિકારીએ બોલાવ્યા હોય અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટની કોર્ટમાં ઓળખ પરેડ માટે ગયા હોય તેવુ બન્યુ નથી તે કબૂલ કરે છે. તા.૧૫.૧૨.૨૦૦૮ પછી તૌકીર નામની વ્યકિતને આજદિન સુધી જોયેલ નથી. આ પ્રશ્નનો અર્થ એવો થાય કે તા.૧૫.૧૨.૨૦૦૮

નાં રોજ તૌકીરને આ સાહેદ મળેલા હતા. તા.૧૫.૧૨.૨૦૦૮ નાં દિવસે પોલીસે જવાબ લીધેલો તથા કઈ કલમ હેઠળ લીધેલો તેની ખબર નથી. પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદ એક સામાન્ય વ્યકિત છે અને તપાસ કરનાર અધિકારીએ આ સાહેદનો જવાબ લીધેલો કઈ કલમ હેઠળ લીધેલો તે તપાસ કરનાર અધિકારીએ સાહેદને જણાવવાનું હોતુ નથી. જે કંઈ જવાબ લેવાનો હોય તે બનાવ સંબંધી લેવાનો હોય છે. જવાબ આપનાર સાહેદને કલમ જણાવવી જરૂરી નથી. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો મેજિસ્ટ્રેટ રૂબરૂ જે નિવેદન આપેલુ તે પણ કયા પોલીસ સ્ટેશનના ગુનાના કામે આપેલુ અને કઈ કલમ નીચે આપેલુ તેની ખબર નથી. ટોળીયા સાહેબને નિવેદન આપ્યા પછી જાતે મેજિસ્ટ્રેટ સાહેબ પાસે જઈ નિવેદન લખાવવાની ઈચ્છા થયેલી નહીં. તા.૧૫.૧૨.૨૦૦૮ પહેલા અમદાવાદ અને સુરતમાં કઈ કઈ કોર્ટે કયાં કયાં આવેલી છે તેની ખબર ન હતી તે કબૂલ કરે છે. કોર્ટની નોટીસ અને સમન્સની માહિતી નથી અને સમન્સની કોપી નથી. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો મેજિસ્ટ્રેટ સાહેબે નામ પુછેલુ અને શું જણાવવા માંગો છો તે પુછેલુ તે સિવાય બીજુ કાંઈ પુછેલુ નહીં. મેજિસ્ટ્રેટ સાહેબે નિવેદન લીધા પછી આ સાહેદની હાજરીમાં તે નિવેદન કવરમાં મુકી સીલ કર્યુ હોય તેવુ બન્યુ નથી. પરંતુ આ સાહેદે નિવેદન આપ્યુ, નિવેદન નીચે સહી કરી ત્યારપછી તે નિવેદનને શું કરવુ તે વિષય મેજિસ્ટ્રેટનો છે. આ સાહેદને કોઈ લેવાદેવા નથી. આ નિવેદન નોંધ્યા પછી ટોળીયા સાહેબને આપેલુ કે કેમ તેની ખાતરી કરેલી નહીં. પરંતુ મારા મત પ્રમાણે તે અંગેની ખાતરી આ સાહેદે કરવાની હોતી નથી. મેજિસ્ટ્રેટે પોતાની ફરજના ભાગરૂપે નિવેદન નોંધેલુ છે માટે તેઓની ફરજ છે કે તે નિવેદન તપાસ કરનાર અધિકારીને અથવા જે તે જગ્યાએ પહોંચાડવાનું હોય. મેજિસ્ટ્રેટે આ નિવેદન ચેમ્બરમાં લીધેલુ તે કબૂલ કરે છે. તા.૧૫.૧૨.૨૦૦૮ પહેલા અને પછી ૧૫ દિવસમાં આ સાહેદ નોકરી ઉપર ગયેલા નહીં તે યાદ નથી. પરંતુ ૧૫–૨૦ દિવસના સમય દરમ્યાન સતત અમદાવાદમાં રહેલાની હકીકત નકારેલી છે. સતત ૨–૨ દિવસના અંતરે અમદાવાદ આવતા હોવાની હકીકત પણ નકારી છે. તા.૧૫.૧૨.૨૦૦૮ ના

સમય દરમ્યાન ૮ થી ૧૦ વખત અમદાવાદમાં આવવાનું થયેલુ તો તે હકીકત પણ નકારી છે. ડિસેમ્બર ૨૦૦૮ માં આ સાહેદ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની કસ્ટડીમાં હતા અને ઈન્ટ્રોગેશન થતુ હતુ તો તે હકીકત નકારી છે. આ સમય દરમ્યાન પોલીસ તરફથી ધાક–ધમકીઓ દબાણ કરવામાં આવેલુ તથા મારઝુડ કરવામાં આવેલી જેથી ખોટુ નિવેદન આપેલાની હકીકત નકારેલી છે. સરતપાસમાં જણાવ્યા મુજબ વાપી મુકામે કયામુદ્દીન કાપડીયાના કહેવાથી આ સાહેદની બાટાની દુકાને કોઈ અબ્દુલ સુભાન કે તૌકીર નામની વ્યકિતઓ કયારેય આવેલી નથી કે તેઓના રહેવાની વ્યવસ્થા કરેલ નથી તો તે હકીકત નકારે છે.

વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો બધી મળીને પોલીસે ૩ વખત પુછપરછ કરેલી અને તે અલગ અલગ તારીખોએ કરેલી. માર્ચ–એપ્રિલ ૨૦૦૯ માં પરમાર સાહેબે સુરત બોલાવેલા અને તેમને મળવાનું થયેલુ. જવાબ લીધો ત્યારે પરમાર સાહેબ કોઈ આરોપીને લઈ ગેલેક્ષી હોટલ ઉપર આવેલા નહીં. પરંતુ સાહેદ જણાવે છે કે વાપી મુકામે હોટલ ઉપર આવેલા. વાપી મુકામે હોટલ ઉપર પરમાર સાહેબે આ સાહેદને તમાચા મારી ધમકાવેલાની હકીકત નકારેલી છે. આ સાહેદને પ્રશ્ન પુછવામાં આવેલો છે કે સરતપાસ વખતે તમે કયામુદ્દીન નામની વ્યકિતને કોર્ટમાં જોયેલો નહીં તો સાહેદે જવાબ આપેલો છે કે મને ઓળખાણ પડેલી નહીં. બચપણનો મિત્ર હોવા છતાં ઓળખી શકયો નહીં તો તે હકીકત કબૂલ કરી છે. કયામુદ્દિને આ સાહેદના ફોનનો ઉપયોગ કેટલી વખત કરેલો તે યાદ નથી. કયામુદ્દીન આ સાહેદના ઘરે આવ્યા પછી કેટલા સમયમાં ઘર છોડેલુ તે યાદ નથી. ફોનનો ઉપયોગ થયા પછી કોની કોની સાથે વાતચીત થયેલી તે વેરીફાઈ કરેલુ નહીં.

આ સાહેદ બાબતે વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે આ સાહેદને માર્ચ ૨૦૦૭ માં જાણવા મળેલુ હતુ કે આરોપી કયામુદ્દીન તેમજ અબ્દુલ સુભાન ઉર્ફે તૌકીર બાબતે પોલીસની ઈન્કવાયરી ચાલે છે. આ સાહેદની જુબાની ધ્યાને લેતા આરોપી નં.૩૭ ની આ બનાવમાં સંડોવણી છે તે

ફરિયાદપક્ષ પુરવાર કરતો નથી. આ સાહેદે આરોપી કયામુદ્દીનને અદાલત રૂબરૂ ઓળખી બતાવેલો નથી. વકીલશ્રી આર.કે.શાહની દલીલ સાથે હું સંમત છું. આ સાહેદની જુબાનીના પેરા–૬ ધ્યાને લઈએ તો કયામુદ્દીન જે વખતે હતો તેવો દેખાતો નથી અને દાઢી વધી ગયેલી છે માટે ઓળખી બતાવેલ નથી. પરંતુ આ સાહેદની જુબાનીનું મૂલ્યાંકન કરીએ તો આ સાહેદે પોતાની જુબાનીના પેરા–૨ માં સ્પષ્ટ જણાવેલુ છે કે ડિસેમ્બર–૨૦૦૭માં કયામુદ્દીનનો ફોન આવેલો અને તે ફોન તેના મિત્ર અબ્દુલ સુભાન માટે કરેલ હતો. જો આ સાહેદ આરોપી કયામુદ્દીનને ઓળખતા જ ન હોય તો કયામુદ્દીનનો ફોન તેના મિત્ર અબ્દુલ સુભાન માટે કેવી રીતે આવે ? જેથી સ્પષ્ટ છે કે કયામુદ્દીન આ સાહેદનો મીત્ર હતો અને માટે જ આ સાહેદ ઉપર કયામુદીને ફોન કરેલો હતો. પરંતુ કયામુદ્દીનને બચાવવા જાણી જોઈને જુબાની દરમ્યાન આ સાહેદે ઓળખી બતાવેલ નથી તેમ હું માનુ છું.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ ધોરણ ૧૧–૧૨ માં વડોદરા યાકુબપુરા ખાતે એમ.ઈ.એસ. બોઈઝ સ્કુલમાં અભ્યાસ કરતા હતા તે વખતે તેની સાથે આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયા પણ અભ્યાસ કરતો હતો. ત્યારબાદ આ સાહેદ વાપી અને સુરત ખાતે આવેલા બાટા કંપનીના શોરૂમમાં નોકરી કરતા હતા. ડિસેમ્બર–૨૦૦૭માં આરોપી નં.૩૭ કયામુદ્દીનનો ફોન આવેલો અને તે ફોન તેના મિત્ર અબ્દુલ સુભાન માટે કરેલો અને ફોનમાં જણાવેલુ કે મારો મિત્ર આવશે અને તારે ત્યાં એક દિવસ રોકાશે જેથી આ સાહેદે હા પાડેલી. ત્યારબાદ બીજા દિવસે અબ્દુલ સુભાન આવેલો અને આ સાહેદને મળેલો અને જણાવેલુ કે મારે અહિંયા એક દિવસ તમારા ઘરે રોકાવાનું છે જેથી આ સાહેદે તેને ઘર બતાવેલુ અને પોતાનો કોન્ટેકટ નંબર પણ આપેલો ત્યારબાદ તે વ્યકિત જતો રહેલો અને રાત્રીના સમયે તેની પત્ની અને એક દીકરી સાથે આવેલો અને ઘરે રોકાયેલો. ત્યારબાદ ચાર વાગ્યાની આસપાસ આ લોકો આ સાહેદની દુકાન ઉપર મકાનની ચાવી આપવા આવેલા અને જતા રહેલા. ત્યારબાદ ૨–૩ દિવસ પછી આરોપી નં.૩૭ કયામુદ્દીન તેમજ તૌકીર

એટલે અબ્દુલ સુભાન પાછા આવેલા અને તેઓને પણ રોકાવુ હતુ જેથી આ સાહેદે તેનુ ઘર આપેલુ અને ત્યારબાદ આ સાહેદ વડોદરા આવેલા. ત્યાં જાણવા મળેલુ કે આ લોકોની પોલીસમાં ઈન્કવાયરી ચાલે છે. ત્યારબાદ તે લોકો આ સાહેદને મળેલા નથી. આ મુજબનુ નિવેદન આ સાહેદે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ સમક્ષ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪હેઠળનું નિવેદન તા.૨૪.૧૨. ૨૦૦૮ નાં રોજ નોંધાવેલુ છે જે આંક–૭૭૭૦થી ૨જૂ છે. આ નિવેદન ધ્યાને લઈએ તો મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ સમક્ષ આ સાહેદ તા.૨૪.૧૨.૨૦૦૮ નાં રોજ હાજર થયેલા અને મેજિસ્ટ્રેટે તેઓની ઓળખાણ આપેલી છે. નિવેદન આપવા પોલીસના માણસોનું દબાણ નથી કે લોભ લાલચ આપેલ નથી કે નિવેદન નોંધાવવું ફરજિયાત નથી તેમ છતાં જો નોંધાવશે તો આરોપી સામે પુરાવા તરીકે ઉપયોગમાં લેવાશે તેવી મેજિસ્ટ્રેટે સમજ આપેલી છે. ત્યારબાદ તે જ દિવસે સ્વેચ્છાએ નિવેદન લખાવવા માંગે છે તેવી ખાતરી કરેલી છે અને મેજિસ્ટ્રેટને સંતોષ થયા બાદ તેનુ નિવેદન નોંધેલુ છે. આ નિવેદનની ટુંક હકીકત ધ્યાને લઈએ તો આરોપી નં.૩૭ તેનો બાળપણનો મિત્ર હતો અને ઓળખે છે, સ્કુલમાં સાથે અભ્યાસ કરતા હતા. ડિસેમ્બર–૨૦૦૭ માં કયામુદ્દીનનો ફોન તૌકીર માટે આવેલો તે ઘરે રોકાયેલો. ત્યારબાદ તે ફેમેલી સાથે આવેલો રોકાયને જતો રહેલો. ત્યારબાદ કયામુદ્દીન અને તૌકીર ફરીથી આવેલા. કયામુદીને ઉંમર મન્સુરીને પણ ફોન કરેલો, દુકાન ઉપર આવી ઘરની ચાવી આપી જતા રહેલા વિગેરે હકીકત જે સરતપાસમાં જણાવેલી છે તે તમામ હકીકત પોતાના ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબના નિવેદનમાં જણાવેલી છે. આ નિવેદન નોંધ્યા બાદ મેજિસ્ટ્રેટે કલાક ૩.૩૫ વાગે આ સાહેદની સહી કરાવેલી છે અને રૂબરૂ તરીકે પોતે સહી કરેલી છે. ત્યારબાદ મેજિસ્ટ્રેટે પ્રમાણપત્ર આપેલુ છે કે સાહેદનું નિવેદન મારા રૂબરૂ અને સાંભળતા લેવામાં આવેલ છે અને તેના શબ્દોમાં લખેલ છે. આ નિવેદન કોઈ પણ જાતના દબાણને વશ થયા વગર આપેલ છે તેવુ મારૂ માનવુ છે. આ પ્રમાણપત્ર આપ્યા બાદ મેજિસ્ટ્રેટે પોતે સહી કરેલી છે. હવે એ નકકી કરવાનું છે કે મેજિસ્ટ્રેટ દ્વારા જે નિવેદન નોંધાયુ છે તે

સાચુ કે સાહેદ જુબાનીમાં જણાવે છે તે સાચુ. આ સાહેદે પોતાની સરતપાસ દરમ્યાન આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયાને ઓળખી બતાવેલો નથી. આ કયામુદ્દીન કાપડીયા આ સાહેદનો બાળપણનો મિત્ર છે અને તેઓ સ્કૂલમાં સાથે ભણતા હતા માટે આ સાહેદ કયામુદ્દીન કાપડીયાને ઓળખતો જ હોય. સરતપાસ દરમ્યાન તેને ઓળખી બતાવેલો નથી પરંતુ એવુ બની શકે કે તેને આ ગુનામાંથી બચાવવા માટે પણ જાણી જોઈને ઓળખ્યો નથી. વધુમાં મારા મત પ્રમાણે તથા પુરાવાના કાયદાની કલમ–૮૦ અને ૧૧૪(ઈ) ધ્યાને લેતા મેજિસ્ટ્રેટે જે નિવેદન નોંધેલુ છે તે કોર્ટના સમય દરમ્યાન કોર્ટની કાર્યવાહીના ભાગરૂપે તેમજ ફરજના ભાગરૂપે નોંધેલુ છે. આ સાહેદ સાથે મેજિસ્ટ્રેટને કોઈ લેવાદેવા કે સંબંધ નથી તે જ રીતે ફરિયાદપક્ષ કે આરોપી સાથે પણ મેજિસ્ટ્રેટને કોઈ લેવાદેવા કે સબંધ નથી. આ સાહેદ સરકારી કર્મચારી નથી, સામાન્ય વ્યકિત છે, સોગંદ ઉપર જુઠ્ઠુ બોલી શકે પરંતુ મેજિસ્ટ્રેટ દ્વારા જે નિવેદન નોંધવાની કાર્યવાહી થયેલી છે તે જુઠ્ઠી કે ખોટી નથી તેમ હું માનુ છું.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે અબ્દુલફરીદ અબ્દુલરસીદ શેખને સાહેદ નં.૮૬૪ તરીકે આંક–૬૦૩૭થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ છેલ્લા ચાળીસ વર્ષથી બાંધકામના લેબર કોન્ટ્રાકટનો ધંધો કરે છે. તેમના દિકરાનું નામ મહમદ શાકીબ છે. આ સાહેદને રહેવાના મકાન સિવાય હાલમાં બીજા ચાર–પાંચ મકાન છે. સને ૨૦૦૮ ના વર્ષમાં પણ જે છે તે જ મકાનો હતા. આ સાહેદનું એક મકાન સૈયદપુરા પંપીગ સ્ટેશનની સામે, સોપારીવાળા કંપાઉન્ડમાં માસ્ટર હાઉસ કરીને છેલ્લા પાંત્રીસ વર્ષથી છે. જેમાં ૨૨ થી ૨૫ રૂમો છે. સને–૨૦૦૮ના વર્ષમાં ચોથામાળ ઉપર સાતથી આઠ રૂમો ખાલી હતાં. આ મકાનનો ભાડાનો અને ડીપોઝીટનો હિસાબ તેમનો છોકરો રાખતો હતો.

સાહેદ વધુમાં જણાવે છે કે તા.૯/૭/૨૦૦૮ ના રોજ ૧૧ થી ૧૨ ના ગાળામાં આ સાહેદને ટેલીફોન આવેલ કે રૂમ ભાડેથી જોઈએ છે. આ સાહેદે તેમને પુછેલું કે ક્યાંથી બોલો છો તેણે કહેલ કે ઉધના લીંબાયતથી બોલું છું. જેથી

રૂબરૂ આવીને મળો તેમ જણાવેલુ. તે જ દિવસે બપોરના બે વાગ્યાના સુમારે પછી લેન્ડલાઈન ઉપર ટેલીફોન આવેલો. આ સાહેદે તેમને કહેલ કે તમોને કોણે મારૂ નામ અને ટેલીફોન નંબર આપેલ છે તો તેમણે જણાવેલુ કે લીંબાયતથી મુબારકભાઈએ નામ અને ટેલીફોન નંબર આપેલ છે તેથી તેણે કહેલ કે તું ઉપર ઘરે આવી જા જેથી તે વ્યક્તિ ઘરે આવેલાં. આ સાહેદે તેમને કહેલું કે ક્યાંથી આવે છે ત્યારે તેમણે અમદાવાદથી આવું છું તેવું કહેલું. આ સાહેદે તેમણે કહેલું કે જમવા બેસી જા તો તેમણે કહેલું કે મારે જમવું નથી રૂમ જોઈએ છે. જેથી આ સાહેદે કહેલ કે તું નીચે કમ્પાઉન્ડ પાસે ઉભો રહે જમીને આવું છું. ત્યારપછી આ સાહેદે તેને સોપારીવાલા કમ્પાઉન્ડ માસ્તર હાઉસનો રૂમ બતાવેલો. તેણે ત્રીજામાળ ઉપરનો એક રૂમ ૨૧ નંબરનો પસંદ કરેલો. પરંતુ તેમાં એક ઉદયભાઈ કરીને ભાડૂઆત રહેતા હતા. જેથી આ સાહેદે ઉદયભાઈને કહેલું કે તારાથી ભાડુ ભરાતું નથી તું ચોથામાળ ઉપર શીફ્ટ થઈજા. તેણે હા પાડેલી કહેલું કે તેમને રૂમ આપી દો ખાલી કરી દઈશ. આ સાહેદ સાથે રૂા.૧૦૦૦૦/– ડીપોઝીટ નક્કી થયેલી અને રૂા.૩૦૦૦/– ભાડુ નક્કી થયેલું. આ ડીપોઝીટ અને ભાડુ રૂમ જોનાર સાથે નક્કી કરેલું. બીજા દિવસે તે આવ્યો ત્યારે આ સાહેદ તેમના ભાઈની દુકાને બેસેલ હતો અને આવીને કહેલું કે હજી સુધી રૂમ ખાલી થયેલ નથી. તેથી કહેલું કે મારી સાથે ચાલો. હું સોપારીવાલા કંપાઉન્ડમાં ગયો ત્યારે આ સાહેદનો છોકરો ત્યાં હાજર હતો. આ સાહેદે તેમના છોકરાને કહેલું કે આમની પાસેથી રૂા.૧૦૦૦૦/– ડીપોઝીટ લઈ લો અને આમને ડાયરી બનાવી આપો અને રૂા.૩૦૦૦/– ભાડુ લખી આપો અને આમને લઈને ત્રીજામાળે જા અને ઉદયભાઈને ચોથામાળે શીફટીંગ કરી આપ. પછી આ સાહેદ નમાઝ પઢવા ચાલ્યા ગયેલા. નમાઝ પઢીને આવ્યા પછી આ સાહેદે તેના છોકરાને પુછેલું કે રૂમ ખાલી કરાવી દીધો? કબજો આપી દીધો? તો કહેલું કે હા પપ્પા આપી દીધો. તેવું કહીને તે ત્રણ દિવસ જમાતમાં ચાલ્યો ગયેલો. ત્યારપછી તે વ્યક્તિ કે જેને રૂમ ભાડે આપેલો તે આવેલો નહીં અને તેની સાથે મુલાકાત થયેલી નહીં. તે દરમ્યાન પોલીસ આ સાહેદને વારંવાર બોલાવતી જેને પકડીને લાવે તેને બતાવતાં.

ત્યારપછી આ સાહેદને કિલ્લાના મેદાનમાં એક્ઝીક્યુટીવ સાહેબની કચેરીમાં બોલાવેલા અને ઈ–ધારાની ઑફિસમાં બેસાડેલો. ત્યાં સાતેક જણાની વચ્ચે તેને મુકવામાં આવેલો અને મેજિસ્ટ્રેટ સાહેબે કહેલું આમાથી તમે ઓળખો. તમે કોને રૂમ ભાડે આપેલો? આ સાહેદે આંગળી બતાવીને કહેલું કે આને રૂમ ભાડે આપેલો. પરંતુ સાહેબે ઓર્ડર કરેલ કે તમે તેને હાથ પકડીને બહાર કાઢો તેથી હાથ પકડીને તેને બહાર કાઢેલો. હાથ પકડીને જેને બહાર કાઢેલો તેને રૂમ ભાડે આપેલો. આ વ્યક્તિનું નામ પછીથી કયામુદ્દીન હોવાનું જાણવા મળેલું. આ સાહેદ વધુમાં જણાવે છે કે તેમની પાસે આવેલો વ્યક્તિ નવ વર્ષ જેટલો સમય થયેલ છે. જયારે તે મારી પાસે આવેલો ત્યારે તે લગભગ ૧૬ થી ૧૮ વર્ષનો હતો, રૂપાળો હતો. અત્યારે બતાવવામાં આવે તો ઓળખવો મુશ્કેલ છે. ટી.વી. સ્ક્રીન થકી ચાર–ચારની સંખ્યામાં આરોપીઓ બતાવવામાં આવતા આરોપીને ઓળખી શકતા નથી.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો સોપારીવાલા કમ્પાઉન્ડવાળી મિલકતની માલિકી આ સાહેદની હોવા અંગે કોઈ દસ્તાવેજી પુરાવો પોલીસમાં જમા કરાવેલ નથી તે કબૂલ કરે છે. આ સાહેદ રૂબરૂ સાથે આવનાર વ્યકિત સાથે રૂમ ભાડે રાખ્યા સંબંધેનો કોઈ દસ્તાવેજી પુરાવો પોલીસમાં રજૂ કરેલો નથી તે કબૂલ કરે છે. જે વ્યકિત આ સાહેદ રૂબરૂ આવેલી તેના નામની જાણકારી સૌપ્રથમ મેજિસ્ટ્રેટની કચેરીમાં થયેલી તે કબૂલ કરે છે. જે વ્યકિત આ સાહેદ પાસે આવેલો તેને અગાઉ કયારેય જોયેલો નહીં તે કબૂલ કરે છે તેનો અર્થ એવો થાય કે આ સાહેદ પાસે તે વ્યકિત આવેલો હતો. તે વ્યકિત આ સાહેદને મળ્યા પછી કોઈ દિવસોમાં તેને જોયેલ નથી તે કબૂલ કરે છે. ઉદયભાઈ તે વ્યકિતને સાથે મળેલા તે પુરાવામાં જણાવ્યા મુજબ મળેલા નથી તો તે હકીકત નકારેલી છે. આવનાર વ્યકિતને કોઈ રૂમ ભાડે આપેલો નથી તો તે હકીકત નકારી છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો કુરજા રોડ સી–ડીવીઝન પોલીસ સ્ટેશનમાં પોલીસ બોલાવતી હતી ત્યારે ત્યાં ઘણી બધી વ્યકિતઓ અને તેમના ફોટા બતાવવામાં આવતા હતા તે કબૂલ કરે છે. ઘણા મુસ્લિમ

વ્યકિતઓને પોલીસ પકડી લાવતી હતી અને બતાવતી હતી. પોલીસે આ સાહેદનો મોબાઈલ કબજે કરેલો નથી તે કબૂલ કરે છે. બિલ્ડિંગમાં પ્રવેશ કરી પોલીસે આ સાહેદની રૂબરૂમાં પંચનામુ કર્યુ હોય તેવુ બન્યુ નથી. આ સાહેદને મળવા આવનાર વ્યકિતનું નામ કયામુદ્દીન છે તેવુ પોલીસે જણાવેલુ તે કબૂલ કરે છે. મુબારકભાઈને આ સાહેદ ઓળખતા નથી. મુબારકભાઈ પાસેથી ભાડે લેવા આવનાર વ્યકિત કોણ છે તે જાણવાનો પ્રયત્ન કર્યો નથી. ભાડે લેવા આવનાર વ્યકિતને જયારે પુછયુ ત્યારે તેને મુબારકભાઈનો રેફરન્સ આપેલો. તે વ્યકિત આ સાહેદ પાસે આવી ત્યારે ડીપોઝીટની કોઈ રકમ મેળવેલી નથી પરંતુ સાહેદ જણાવે છે કે બીજે દિવસે ડીપોઝીટની રકમ મેળવેલી. એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં ગયેલા નથી અને આવી કોઈ વ્યકિતને ઓળખેલ નથી તો તે હકીકત નકારેલી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો સોપારીવાલા કમ્પાઉન્ડમાં આવેલ માસ્તર હાઉસ નામના મકાનમાં રૂમ નં.૨૧ આ સાહેદની માલીકીનો હતો અને તે રૂમ આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયાએ રૂપિયા ૧૦૦૦૦ ડીપોઝીટ નકકી કરી માસીક રૂપિયા ૩૦૦૦ ના ભાડાથી ભાડે રાખેલો હતો. આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયાને આ સાહેદે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.પ૭૯ ધર્મેશ કનૈયાલાલ પટેલનાઓની રૂબરૂમાં આંક–૩૧૦૮ ના ઓળખ પરેડના પંચનામા દરમ્યાન ઓળખી બતાવેલો છે. એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટની જુબાનીની આગળ ઉપર ચર્ચા કરી છે માટે તેઓની જુબાનીનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે સરફરાજ અબ્દુલરહીમ અજમેરવાલાને સાહેદ નં.૯૨૪ તરીકે આંક–૬પ૬૯ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ ચંડોળા તળાવ ખાતે ગુડલક બેરલ માર્કેટમાં જય ભારત મીલની બાજુમાં પ્લાસ્ટિક બેરલનો ધંધો એસ.એ.અજમેરવાલાના નામથી કરે છે. તેમના ધંધાનો સમય સવારના ૯.૦૦ થી શરૂ કરી રાતના ૯.૦૦ સુધીનો

હોય છે. ૨૦૦૮ ના વર્ષમાં પોલીસે તેમનો જવાબ લીધેલો. તેઓ ધંધો જથ્થાબંધમા અને કોઈક વખત કોઈક કહે તો છુટક પણ કરે છે.

સાહેદ વધુમાં જણાવે છે કે પોલીસે તેમનો જવાબ લીધો તે દિવસે સાહેબે ડ્રમ બાબતે પૂછેલું અને કહેલુ કે તમારે ત્યાંથી કોઈક ડ્રમ લઈ ગયેલુ હતુ? તો સાહેબને કહેલું કે ડ્રમ લઈ જનારને જો બતાવો તો ઓળખી શકે. ત્યારપછી ૧૬ મી તારીખે આ સાહેદને જાણ કરવામાં આવેલી કે ૧૭ મી તારીખે ઘી કાંટા કોર્ટમાં ઓળખ પરેડ માટે જવાનું છે જેથી ઘી કાંટા કોર્ટમાં ગયેલો. ૧૬ મી તારીખે સાહેબ આ સાહેદ પાસે આવેલા અને એક કાગળ આપેલો જેમાં ક્યાં જવાનું છે અને કેટલા વાગ્યે જવાનું છે તે લખેલુ હતુ. ૧૭ મી તારીખે સાંજે સવા પાંચ વાગ્યે ઘી કાંટા કોર્ટમાં પહોંચી ગયેલા અને ત્યાં જઈને સાહેબે આપેલો કાગળ ત્યાં નાકા પર બેસનાર વ્યકિતને બતાવેલો, જેથી તે ભાઈએ જ્યાં જવાનુ હતુ તેનું એડ્રેસ બતાવેલુ. ત્યારબાદ કોર્ટમાં ગયેલો અને કોર્ટની બહાર રૂમમાં બેસાડેલા. ત્યારપછી ૫–૧૦ મિનિટ બાદ મેજિસ્ટ્રેટ સાહેબ પાસે બોલાવેલા. મેજિસ્ટ્રેટ સાહેબે નામ પૂછેલુ, ધંધા બાબતે પૂછેલુ અને એમ કહેલુ કે તમારા ત્યાંથી જે ભાઈ ડ્રમ લઈ ગયેલા તેને તમે ઓળખી શકશો? જેથી આ સાહેદે મેજિસ્ટ્રેટ સાહેબને કહેલુ કે તેઓ તેમને જોશે તો તેમને ઓળખવાનો પ્રયત્ન કરીશ. ત્યારબાદ લાઈનમાં ઉભેલા છ માણસો પાસે આ સાહેદ ગયેલા. જે માણસ આ સાહેદ પાસેથી ડ્રમ લઈને ગયેલો તેનો હાથ પકડીને લાઈનમાંથી બહાર કાઢેલો. બહાર કાઢયા પછી સાહેબે તેનુ નામ પૂછેલુ તો તેણે તેનુ નામ કયામુદ્દીન કાપડીયા કહેલુ. આ સાહેદે સાહેબને કહેલુ કે આ ભાઈ તેમના ગોડાઉન ઉપર એક–બે વખત ડ્રમ લેવા આવેલા હતા. આ સાહેદને અમદાવાદ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામા આવેલ આરોપીઓને વીડિયો કોન્ફરન્સ ટી.વી.સ્ક્રીન થકી ચાર–ચારની સંખ્યામાં બતાવવામાં આવતા આરોપીને ઓળખી શકતા નથી અને જણાવે છે કે જે આરોપીઓ બતાવ્યા તે પૈકી ઘણા બધા આરોપીઓની લાંબી દાઢી છે અને જે વખતે ઓળખ્યો ત્યારથી આજ દિન સુધી ઘણો સમય થઈ ગયો

છે માટે આરોપીને ઓળખી શકતા નથી આ ઉપરાંત તે વખતે તે વ્યકિતની કલીન શેવ હતી તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદનો બેરલનો ધંધો તેમના પિતાજીના વખતથી છે અને આ ધંધો તેમની માલિકીનો છે. ધંધા ઉપર તેમના પિતાજી આવતા નથી પરંતુ આ સાહેદ તથા તેમના ભાઈઓ ધંધો સંભાળે છે. ધંધાનુ એકાઉન્ટ અને બીલબુકો રાખે છે. આ સાહેદને એવો પ્રશ્ન પુછેલો છે કે પોલીસ આવી ત્યારે ડ્રમના બીલ કે એકાઉન્ટ બતાવેલા તો સાહેદે એવો જવાબ આપેલો છે કે જે વ્યકિત માલ લેવા આવતા હોય છે તેઓને બીલ આપીએ છીએ પરંતુ બે ડ્રમ લેનાર વ્યકિત બીલ માંગતા નથી તેમ છતાં બીલ માંગે તો બીલ આપીએ છીએ તેમ જણાવેલ છે. ડ્રમ વેચ્યા અંગેનુ બીલ પોલીસે માંગેલુ કે કેમ તે યાદ નથી. તા.૨૩ અથવા ૨૪ જુલાઇ ૨૦૦૮ નાં રોજ ડ્રમ વેચેલા હતા તે ચોકકસ યાદ નથી. પોલીસ પ્રથમ વખત ૧૧મી તારીખે આપેલી અને ઓળખ પરેડ માટે કોર્ટમાં ૧૭મી તારીખે ગયેલા. ડ્રમ લેવા આવનાર વ્યકિતઓના દેખાવ કેવા હતા તે હકીકત પોલીસને જણાવેલી કે કેમ તે યાદ નથી. ૨૩ જુલાઇ તથા ૨૪ જુલાઇનાં રોજ દુકાન ઉપર હાજર હતા તે બતાવવા દસ્તાવેજી પુરાવા નથી. પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદની પોતાની દુકાન છે અને તે કહેતા હોય કે તા.૨૩ જુલાઇ તથા ૨૪ જુલાઇનાં રોજ હું દુકાન ઉપર હાજર હતો તો તેના માટે કોઈ દસ્તાવેજી પુરાવાની જરૂર હોતી નથી અને દુકાન ઉપર હાજર હોવા બાબતેનો કોઈ દસ્તાવેજી પુરાવો કોઈ દુકાનદાર સામાન્ય રીતે રાખતા હોતા નથી. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો કોર્ટમાં મેજિસ્ટ્રેટ સાહેબ કયાં બેઠેલા હતા તે યાદ નથી. આ સિવાય બીજી કોઈ હકીકત આ સાહેદની જુબાનીમા નીકળી આવતી નથી.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ ચંડોળા તળાવ અમદાવાદ ખાતે ગુડલક બેરલ માર્કેટમાં એસ.એ. અજમેરવાલાના નામથી પ્લાસ્ટિકના બેરલનો વેપાર કરતા હતા અને આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયા તેમની દુકાનેથી જુલાઇ–૨૦૦૭માં ૨ નંગ બેરલ (ડ્રમ) ખરીદ કરીને

લઈ ગયેલ હતો અને તે વખતે આ સાહેદે આરોપી કયામુદ્દીનને જોયેલો હતો. ત્યારબાદ આ સાહેદે આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયાને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૮૯ ઈન્દ્રવીર વજુભા ઝાલાનાઓની રૂબરૂમાં આંક–૩૧૬૮ ના ઓળખ પરેડના પંચનામા દરમ્યાન ઓળખી બતાવેલો છે. એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ ઈન્દ્રવીર ઝાલાની જુબાનીની આગળ ઉપર ચર્ચા કરી છે માટે તેઓની જુબાનીનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે મોહમદ રીઝવાન મોહમદ હનીફ દુધવાલાને સાહેદ નં.૯૨૭ તરીકે આંક–૬૫૮૩થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ અમદવાદ ખાતે કાલુપુરમાં સને ૧૯૯૦ થી "રોયલ ગેસ સ્ટવ" સેન્ટરના નામથી ગેસના બોટલ તથા ગેસના ચુલા રીપેરીંગ તથા તેના સામાન અને સ્પેર પાર્ટસને લગતો ધંધો કરે છે. સને–૨૦૦૮ ના વર્ષમાં તેમની દુકાન સવારે ૧૦.૦૦ થી શરૂ કરી રાતના ૮.૩૦ સુધી ખુલ્લી રાખતા હતા. તેમની દુકાનમાં બે કિલોગ્રામ તથા પાંચ કિલોગ્રામના બોટલ રાખતા હતા. આ સાહેદ દુકાનમાં "પાવર કીંગ" તથા "બજાજ" કંપનીના બોટલ રાખતા હતા. વધુમાં સાહેદના જણાવ્યા પ્રમાણે તા.૫/૮/૨૦૦૮ ના રોજ તેમની દુકાને ક્રાઈમ બ્રાન્ચમાંથી સાહેબ તથા માણસો આવેલા. અમદાવાદમાં સિવિલ હોસ્પિટલ તથા એલ.જી. હોસ્પિટલમાં જે બ્લાસ્ટ થયેલા છે તે બાબતે પૂછીને જણાવેલુ કે તમે કઈ કંપનીના ગેસના બોટલ રાખો છો? તો આ સાહેદે જણાવેલુ કે તેઓ હું પાવર કિંગ અને બજાજ કંપનીના બે કિ.ગ્રા. તથા પાંચ કિ.ગ્રા. ના ગેસના બોટલ રાખુ છું. તેઓને એમ પણ પૂછેલું કે તમારે ત્યાંથી કોઈ બોટલ લઈ ગયેલા છે? તો હા કહેલ અને જણાવેલુ થોડા દિવસ પહેલા એક માણસ આવેલો જેની ઉંચાઈ અંદાજે પાંચ ફૂટ જેટલી હતી અને તે ગોરા જેવો અને પાતળો હતો તે તેમને ત્યાંથી ગેસના બે બોટલ લઈ ગયેલો હતો. અંદાજે લોકો એક બોટલ લઈ જતા હોય છે પરંતુ આ માણસ બે બોટલ લઈ ગયેલો હતો અને તે માણસ બે બોટલના પૂરા પૈસા રૂા.૧૫૦૦/– આપી ગયેલાનું જણાવેલુ. સાહેબે એમ પણ

જણાવેલુ કે જો તમને આ માણસ બતાવીએ તો તમે ઓળખી શકશો? તો હા પાડેલી.

વધુમાં સાહેદ જણાવે છે કે તા.૧૫/૧૨/૨૦૦૮ ના રોજ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ કલેકટર કચેરી પાસે તેમને બોલાવેલા અને આ અંગેની જાણ બે ત્રણ દિવસ પહેલા કરેલી. આ સાહેદને કોર્ટનો નંબર આપેલો તે નંબરની કોર્ટ પાસે ગયેલા અને ત્યાં જઈને તેઓને આપેલી ચીઠ્ઠી એક ઑફિસમાં ચાર–પાંચ માણસો બેઠા હતા તેમને બતાવેલી. ત્યારપછી એક માણસે તેમની પાસેથી ચિઠ્ઠી લઈને અંદરના ભાગે ગયેલા અને ત્યારપછી તે બહાર આવેલા અને એક રૂમમાં લઈ જઈને બેસાડેલા. થોડીવાર બાદ એક માણસ આ સાહેદ પાસે આવેલો અને તેમને લઈને કોર્ટ રૂમમાં ગયેલા. કોર્ટ રૂમમાં એક જગ્યાએ સામે છ માણસો ઉભેલા હતા અને તેમની સામે સાહેબ અને બીજા બે માણસો હતા. ત્યાં મેજિસ્ટ્રેટ સાહેબે નામ પૂછેલુ તો આ સાહેદે તેનુ નામ મોહમદ રીઝવાન હનીફ દૂધવાલા બતાવેલુ અને ધંધો પણ પૂછેલો તો તે જણાવેલ. સાહેબે કહેલુ કે આ છ માણસો ઉભેલા છે તેમાંથી તમારે ત્યાંથી જે માણસ બાટલા લઈ ગયેલો હતો તેને તમે ઓળખી શકશો? તો હા પાડેલી. સાહેબે કહેલુ કે જેને તમે ઓળખો તેનો હાથ પકડીને બહાર કાઢો તેથી આ સાહેદે છ માણસો જોયેલા તેમાંથી એક વ્યકિતનો હાથ પકડીને બહાર કાઢેલો. સાહેબે તે વ્યકિતનું નામ પૂછેલુ તો તેણે તેનું નામ કયામુદ્દીન ઉર્ફે રીઝવાન કાપડીયા જણાવેલુ. તેણે તેનું સરનામુ વડોદરા બતાવેલુ. સાહેબે પુછેલ કે આને કેવી રીતે ઓળખો ? તો આ સાહેદે સાહેબને જણાવેલુ કે આ વ્યકિત તેમને ત્યાંથી પાંચ કિલોગ્રામની ગેસની બે બોટલો લઈને ગયેલો.

સાહેદ વધુમાં જણાવે છે કે તેમને ત્યાંથી જે વ્યકિત બે બોટલ લઈ ગયેલા અને મેજિસ્ટ્રેટ સાહેબ પાસે હાથ પકડીને બહાર કાઢેલો તે વ્યકિતને જો બતાવવામાં આવે તો ઓળખવાનો પ્રયત્ન કરે જેથી આ સાહેદને અમદાવાદ સેન્ટ્રલ જેલ ખાત રાખવામાં આવેલ આરોપીઓને વીડિયો કોન્ફરન્સ ટી.વી. સ્ક્રીન થકી ચાર–ચારની સંખ્યામાં અને ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં

આવેલ આરોપીને વીડિયો કોન્ફરન્સ ટી.વી. સ્ક્રીન થકી ત્રણ–ત્રણ ની સંખ્યામાં બતાવવામાં આવતા સાહેદ આરોપીને ઓળખી શકતા નથી અને જણાવેલ છે કે તે વખતે તે માણસને જોયો ત્યારે તેને આટલી બધી દાઢી ન હતી અને આજે જે માણસો બતાવ્યા તેઓને લગભગ મોટા ભાગનાને દાઢી અને ચશ્મા છે તથા આઠેક વર્ષનો સમય થઈ ગયો હોવાથી ઓળખી શકે નહીં. આ સાહેદને સેશન્સ કેસ નં.૩૮/૨૦૦૯ ના મુદ્દામાલ લીસ્ટ આંક–૪૬૧ ના પાર્સલ ક્રમાંક–૬૦ ના કુલ પાંચ બાટલા પૈકીનો એક બાટલો કે જે બોડીના ભાગે બળેલ તેવું વર્ણન મુદ્દામાલ લીસ્ટમાં કરેલ છે તે બોટલ જોઈને કહે છે કે આવા જ બોટલ તેઓ વેચતા હતા.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો કાલુપુર પોલીસ સ્ટેશનની સામે કાલુપુર ટાવર આવેલો છે તે કબૂલ કરે છે. આ ટાવર રોડની આજુબાજુ બોટલો વેચવાવાળા લોકોની ઘણી બધી દુકાનો છે તે કબૂલ કરે છે. આ દુકાનોમાં બજાજ, પાવરકીંગ, ગોલ્ડન કલીક, મયુર તે મુજબ ઘણી બધી કંપનીઓના બોટલો વેચાય છે તે કબૂલ કરે છે. આવી દુકાનો અમદાવાદ શહેરમાં તથા અન્ય શહેરોમાં આવેલી છે તે કબૂલ કરે છે. આવા બોટલો વેચવા માટે મેરઠથી લોકો કોથળામાં ભરીને આવે છે અને વેચે છે તે કબૂલ કરે છે. આવા બોટલો વેચવાવાળા ફેરીયાઓ બીલો કે ચલણ આપતા નથી તે કબૂલ કરે છે. જુદા–જુદા સમયે જુદા–જુદા ભાવે આ લોકો બોટલો વેચતા હોય છે તે કબૂલ કરે છે. ભાવનુ બારગેનીંગ કરીને બોટલોનુ ખરીદ વેચાણ થાય છે તે કબૂલ કરે છે. બોટલોની ખરીદી અને વેચાણના બીલો આ સાહેદ રાખતા નથી. કોને કેટલા બોટલો વેચ્યા, કયારે વચ્યા અને કેટલી કિંમતે વેચ્યા તે અંગેનુ સ્ટેટમેન્ટ રાખતા નથી. બોટલો ઉપર દુકાનનું સ્ટીકર લગાવતા નથી. મુદ્દામાલ તરીકે જોયેલા બોટલો પોલીસે બતાવેલા નથી. અમદાવાદ શહેરમાં બોમ્બ ધડાકા ૨૦૦૮ની સાલના સાતમા મહીનામાં થયેલાનું યાદ છે અને ત્યારપછી કાલુપુર પોલીસ સ્ટેશને ગયેલા નથી. તા.૨૬.૭.૨૦૦૮ થી તા.૫.૮.૨૦૦૮ સુધી અમદાવાદ શહેરમાં જ હતા અને દુકાન ઉપર ધંધો કરતા હતા. મદદનીશ પોલીસ અધિકારી

મુલીયાણા સાહેબ તથા વી.આર.ટોળીયાને ઓળખતા નથી. સાહેબો ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે પકડીને લઈ ગયા હોય અને પુછપરછ કરી હોય તેવુ બન્યુ નથી. પોલીસે જવાબ લીધો ત્યારે આરોપીનો સ્કેચ બતાવ્યો હોય કે ફોટા બતાવ્યા હોય તેવુ યાદ નથી. આરોપીનું વર્ણન પોલીસને આપ્યુ હોય અને પોલીસે સ્કેચ બનાવ્યો હોય તેવુ બન્યુ નથી. ૧૫.૧૨.૨૦૦૮ નાં રોજ મેજિસ્ટ્રેટ કોર્ટમાં જવાનું છે તેવી જાણ ૨–૩ દિવસ પહેલા કરવામાં આવેલી. આ જાણ ક્રાઈમ બ્રાન્ચના માણસોએ કરેલી. મેજિસ્ટ્રેટ સાહેબનું નામ એલ.કે.પારઘી હતુ કે કેમ તે ચોકકસ કહી શકે નહીં. પંચનામુ કેમ લખવામાં આવે છે અને કોણ લખાવે છે તેની ખબર નથી. લાઈનમાં ઉભેલા માણસોની પુછપરછ કરેલી નથી. મેજિસ્ટ્રેટ સાહેબને સૌપ્રથમ લગભગ પોણા છ વાગ્યે મળ્યા હશે. કોર્ટમાં કેવી રીતે આવ્યા અને કોની સાથે આવ્યા તે મેજિસ્ટ્રેટે પુછેલુ નહીં. કોર્ટમાં ગયા ત્યારે કોર્ટની આજુબાજુ ચુસ્ત પોલીસ બંદોબસ્ત હતો તો તે હકીકત નકારી છે. સરતપાસમાં જણાવ્યા મુજબ બે બોટલ કોઈ વ્યકિતને વેચેલા નહીં તો તે હકીકત નકારેલી છે. પોલીસના કહેવા, ડરાવવા અને ધમકાવવાથી તા.૫.૮.૨૦૦૮ નાં દિવસે ખોટુ નિવેદન આપેલાની હકીકત નકારેલી છે. ઓળખ પરેડમાં જે આરોપીને ઓળખી બતાવવાનો હતો તે આરોપીને પહેલેથી બતાવી દીધો હોવાની હકીકત નકારી છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો ૨૦૦૮ ની સાલમાં આ સાહેદ પાસે ચોકકસ કઈ કંપનીના બોટલ હતા તે કહી શકે નહીં તો તે હકીકત નકારેલી છે. આવા બોટલો ડેન્ટીસ્ટો, લેબોરેટરીઓવાળા, લારી ઉપર પેટ્રોમેકસ સળગાવવાવાળા લઈ જતા હોય છે. જે જગ્યાએ બોટલો વેચ્યા હોય તે વેચ્યા પછી ખાલી થયા બાદ તે બોટલ કંપનીમાં જતા ન હતા. બોટલ લેવા આવનાર વ્યકિતને કઈ કંપનીનો બોટલ આપેલો તે પોલીસને જણાવેલુ કે કેમ તે યાદ નથી. ઓળખ બાબતે આ સાહેદને પુછવામાં આવેલુ છે કે તે વખતે તે વ્યકિતને આટલી બધી દાઢી ન હતી તેવુ જણાવવા પાછળનું કારણ શું તો સાહેદે જવાબ આપેલો છે કે તે સમયે તેને આટલી દાઢી ન હતી કદાચ ૨–૪ દિવસની હોય. મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં ગયા ત્યારે બીજા કોઈ માણસો જોવાવાળા કે

સાંભળવાવાળા ત્યાં બેઠેલા ન હતા. જે છ વ્યકિતઓ ઉભા હતા તેમના નામ, ઉંમર અને ધંધો તથા દેખાવની કોઈ નોંધ કરવામાં આવેલી કે કેમ તે યાદ નથી. મુખત્યાર શબ્બીરભાઈ પ્રાઈમસવાલાની દુકાન આ સાહેદના વિસ્તારમાં હોવાથી ઓળખે છે. જે વ્યકિત બે બોટલ લઈને ગયેલો તે પુરા પૈસા આપીને ગયેલો. ગેસના બોટલનો ધંધો ગેરકાયદેસર હતો કે કેમ તેની ખબર નથી. ગેસના બોટલો ગેરકાયદેસર વેચવા બાબતે પોલીસે કોઈ કેસ કરેલો નથી તે કબૂલ કરે છે. પોલીસે કેસ કરેલો ન હોવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારેલી છે.

આમ આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદની કાલુપુર ટાવર પાસે "રોયલ ગેસ સ્ટવ સેન્ટર" નામની દુકાન છે અને એલ.પી.જી. ગેસનો વેપાર ધંધો કરે છે. આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયા તેમની દુકાનેથી જુલાઇ ૨૦૦૭ માં ૨ નંગ ગેસના બોટલ પાંચ કીલોનો એક તેવા એકની કિંમત રૂપિયા ૧૫૦૦ નકકી કરી ખરીદ કરીને લઈ ગયેલ હતો અને તે વખતે આ સાહેદે આરોપી કયામુદ્દીનને જોયેલો હતો. ત્યારબાદ આ સાહેદે આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયાને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૮૭ લક્ષ્મણ કેશવલાલ પારઘીનાઓની રૂબરૂમાં આંક–૩૧૪૨ના ઓળખ પરેડના પંચનામા દરમ્યાન ઓળખી બતાવેલો છે. એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ લક્ષ્મણ પારઘીની જુબાનીની આગળ ઉપર ચર્ચા કરી છે માટે તેઓની જુબાનીનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે કિશોરભાઈ સોમાભાઈ રાવતને સાહેદ નં.૯૩૦ તરીકે આંક–૬૫૯૦થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ સને–૨૦૦૮ની સાલમાં નીતા ટ્રાવેલ્સની ઑફિસમાં નોકરી કરતા હતા. નીતા ટ્રાવેલ્સ ઑફિસ નવચેતન સ્કુલની સામે, શ્રોફ ચેમ્બર્સ, પાલડી મુકામે આવેલી. ત્યાં ૫–૭ વર્ષ નોકરી કરેલી હતી. તેમની નોકરીનો સમય તે વખતે સવારના ૧૦.૦૦ થી રાતના ૯.૦૦ વાગ્યા સુધીનો હતો. આ સાહેદે તે ઑફિસમાં ટિકિટ બુકીંગ તેમજ પાર્સલ સેવાને લગતુ કામકાજ કરવાનું હતુ. આ સાહેદે મુંબઇ, દિલ્હી, પુના, રાજકોટ વિગેરે જગ્યાએથી જે કોઇ પાર્સલો

આવે તે પાર્સલો લેવા જે કોઇ વ્યક્તિઓ આવે તો તે વ્યક્તિને તે આપવાના હતાં તેમજ કોઇ ટિકિટ લેવા આવે તો ટિકિટ બુક કરી આપતા. કોઇ વ્યક્તિ પાર્સલ લેવા આવે ત્યારે તેને પુછતાં કે પાર્સલ ક્યાંથી આવ્યું છે તો તે વ્યક્તિ જે નામ આપે તે નામની ચોકસાઇ કર્યા પછી તેની પાસેથી ઓળખપત્ર માંગ્યા પછી પાર્સલ આપતાં હતા.

સાહેદ વધુમાં જણાવે છે કે તા.૧૩/૧૨/૨૦૦૮ ના રોજ દિવસ દરમિયાન બે ત્રણ પોલીસના માણસો તેમની નીતા ટ્રાવેલ્સની ઑફિસ આવેલા અને પુછેલ કે તા.૬/૭/૨૦૦૮ ના રોજ "પુના થી અમદાવાદ આવતી બસમાં વિશાલ નામનું કવર આવેલું હતું કે કેમ અને તે પાર્સલ લેવા કોઇ વ્યક્તિ આવેલી હતી કે કેમ?" આ સાહેદે સાહેબને કહેલું કે વિશાલ નામનું કવર આવેલું હતું. આ કવર લેવા આવનાર વ્યક્તિ પાસે તે વખતે ઓળખપત્ર માંગેલું. તો તે વ્યક્તિએ ઓળખપત્ર લાવેલ નથી તેમ જણાવેલું. આ સાહેદે ઓળખપત્ર માંગતાં પહેલાં તે વ્યક્તિને પુછેલું કે કવર ક્યાંથી આવેલું છે તો તેણે જણાવેલું કે પુનાથી વિશાલ નામનું કવર આવેલું છે અને લેવા આવ્યો છું. તેની પાસે આઇ.ડી. પ્રુફ ન હોવાના કારણે એ વ્યક્તિએ પુના ફોન લગાવેલો આ ફોન નંબર તે કવર ઉપર હતો અને કવર ઉપરથી નંબર લઇ તેણે પુના મુકામે ફોન કરેલો. પહેલા તે વ્યક્તિએ ફોન ઉપર વાત કરેલી અને પછી આ સાહેદને વાત કરવા ફોન આપેલો. સામેની વ્યક્તિએ આ સાહેદ સાથે વાત કરી ત્યારે સામેની વ્યક્તિને પુછેલું કે વિશાલ નામનું કવર તમે મોકલ્યું છે? તો તેમણે હિન્દીમાં કહેલું કે વિશાલ નામનું કવર મેં પોતે પુનાથી અમદાવાદ મોકલ્યું છે અને જે વ્યક્તિ કવર લેવા આવેલો છે તેમને તે કવર આપી દયો. આ વાત થયા પછી તે કવર આ સાહેદે આવેલા ભાઇને આપેલું. કવર લેવા આવેલા ભાઇ પાતળા–સરખા ભાઇ હતા અને તેની ઉંમર ૨૫ થી ૨૬ વર્ષ જેટલી હશે અને તેઓ રંગે ગોરા હતા. વધુમાં સાહેદ જણાવે છે કે સાહેબે તેમને પુછેલું કે તમને આ ખબર કેવી રીતે પડી? તો સાહેબને કહેલું કે તેમની જોડે તે ભાઇ કવર લેવા આવેલો હતો અને તેમની સાથે વાતચીત થયેલી માટે કહી શકે.

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ તા.૧૬/૧૨/૨૦૦૮ ના રોજ એક ભાઇ નીતા ટ્રાવેલ્સની ઑફિસે આવેલાં અને એક ચબરખીમાં નામ, સરનામુ લખેલ હતું તે આપેલું અને કહેલ કે આવતી કાલે તા.૧૭/૧૨/૨૦૦૮ ના રોજ સાંજે સાડે પાંચ વાગે કલેક્ટર કચેરી, મેજિસ્ટ્રેટ સાહેબને ઑફિસે ઓળખ પરેડ માટે આવવાનું અને તે ચીઠી આપીને તે પોલીસવાળા ભાઇ જતા રહેલા. ત્યારબાદ ૧૭ મી તારીખે સાંજે પાંચ–સવાપાંચ વાગતાં આ સાહેદ કલેક્ટર કચેરી પાસે કોર્ટમાં ગયેલો અને બહાર વકીલોને સરનામુ પુછેલું તો તેમણે એવુ કહેલું કે સીધા આગળ જઇને જમણી સાઇડે નીચે તરફ કોર્ટ છે. પછી આ સાહેદ ત્યાં ગયેલા અને ત્યાં એક ઑફિસ જેવું હતું અને ત્યાં બે ત્રણ કારકુન જેવા લાગતા માણસોને પુછેલું અને ચીઠી બતાવેલી તો તેમણે આ સાહેદને ઉભા રાખેલા અને કહેલું કે બાજુના રૂમમાં બેસો તમને બોલાવીશું. જેથી બાજુના રૂમમાં બેઠેલો. ત્યારબાદ થોડીવાર પછી તે માણસ બોલાવવા આવેલા અને પછી તેમની સાથે કોર્ટમાં લઇ ગયેલા. કોર્ટનો દરવાજો બંધ હતો તે ખોલીને અંદર લઇ ગયેલા અને ત્યારપછી તે જતા રહેલા. કોર્ટમાં ગયા ત્યારે એક સાહેબ હતા અને બીજા બે વ્યક્તિ તેમની સાથે હતાં અને સામેની સાઇડે છ માણસો ઉભેલા હતાં. સાહેબે આ સાહેદનું નામ અને સરનામુ પુછેલું અને જેથી જણાવેલુ. ત્યારબાદ સાહેબે પુછેલું કે જે કવર વ્યક્તિ કવર લેવા આવેલા હતા તે કવર જેને તમે આપેલું હતું તે વ્યક્તિ ઉભેલાં છે તો તેમનું કાંડુ પકડીને બહાર કાઢવાના છે જેથી થોડો ટાઇમ તે છ લોકોને જોયેલા. દસેક મિનિટ જોયા પછી જે વ્યક્તિ કવર લઇ ગયેલા હતા તેમનું કાંડુ પકડીને લાઇનની બહાર કાઢેલાં અને સાહેબને કહેલું કે આ વ્યક્તિને કવર આપેલું હતું. ત્યારબાદ સાહેબે તે વ્યક્તિનું નામ અને સરનામું પુછેલું તો તે વ્યક્તિએ તેમનું નામ કયામુદ્દીન સરકુદ્દીન કાપડીયા, રહે. વડોદરા જણાવેલું. સાહેબે આ સાહેદને પુછેલુ કે તમે આ વ્યક્તિને કઇ રીતે ઓળખ્યા ? તો સાહેબને કહેલું કે આ વ્યક્તિ નીતા ટ્રાવેલ્સની ઑફિસમાં વિશાલ નામનું કવર આવેલાં હતાં અને તેમની પાસે ઓળખપત્ર માંગતા તે લાવેલાં ન હતાં અને તેમની સાથે થયેલી વાતચિતના હિસાબે તેમને ઓળખે છે. આ સાહેદને અમદાવાદ સેન્ટ્રલ

જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીઓને વીડિયો કોન્ફરન્સ ટી.વી. સ્ક્રીન થકી ચાર–ચારની સંખ્યામાં અને ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીને વીડિયો કોન્ફરન્સ ટી.વી. સ્ક્રીન થકી ત્રણ ત્રણની સંખ્યામાં બતાવવામાં આવતા સાહેદ આરોપીને ઓળખી શકતા નથી અને જણાવેલ છે કે જ્યારે તે વ્યક્તિ તેમની પાસે કવર લેવા આવેલો ત્યારે તે ક્લીન શેવ હતો, પાતળો સરખો હતો અને ગોરો હતો અને અત્યારે ઘણો સમય થઇ ગયેલ છે અને અત્યારે જે માણસો બતાવવામાં આવ્યા તે અડધાને દાઢી, મુછ છે અને શરીર થોડુ વધી ગયેલુ છે તેના કારણે ઓળખી શકે નહીં પરંતુ જો તેમને તે વખતે ક્લીન શેવ હતી તેવા ફોટા બતાવવામાં આવે તો ઓળખી શકે તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો નીતા ટ્રાવેલ્સની ઑફિસ પાલડી મુકામે નવચેતન સ્કૂલની સામે જાહેર રોડ ઉપર આવેલી છે તે કબૂલ કરે છે. આ વિસ્તારમાં બીજી ઘણી બધી ટ્રાવેલ્સની ઑફિસો આવેલી છે તે કબૂલ કરે છે. નીતા ટ્રાવેલ્સની ઑફિસે ઘણા બધા લોકો રોજેરોજ આવતા જતા હોય છે તે કબૂલ કરે છે. ગુજરાત ઉપરાંત બીજા રાજયોમાં પણ નીતા ટ્રાવેલ્સનું બુકીંગ ચાલતુ હતુ. નીતા ટ્રાવેલ્સની ઑફિસમાં આ સાહેદ આશરે ૬–૭ વર્ષ કામ કરેલાનું જણાવે છે. ઘણા માણસોના પાર્સલોની આપલે પણ કરેલાનું કબૂલ કરે છે. ઘણી બધી વ્યકિતઓ સાથે પાર્સલો અને બુકીંગ બાબતે માથાકુટો થયેલાની હકીકત નકારે છે. ઓળખપત્ર વગર પાર્સલ આપવામાં આવશે નહીં તેવી કોઈ નોટીસ લગાવેલી ન હતી કે તેવો કોઈ નિયમ ન હતો. કઈ કઈ જગ્યાએથી પાર્સલ કે લગેજ આવેલુ છે તે અંગેની નોંધ રજીસ્ટરમાં કરવામાં આવતી હતી. પોલીસના માણસો આવ્યા હોય ત્યારે રજીસ્ટર જોવા આપ્યુ હોય અને તેમને જોયુ હોય તથા તેમની સહી કરી હોય તો યાદ નથી. તા.૧૩.૨.૨૦૦૮ નાં રોજ પોલીસના બે માણસો આ સાહેદને ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે લઈ ગયા હોય તેવુ બનેલુ નથી. ક્રાઈમ બ્રાન્ચની ઑફિસ ઉપર જવાનું થયેલ નથી. તા.૧૩.૧૨.૨૦૦૮ નાં રોજ પોલીસના માણસો આવ્યા ત્યારે બહાર ગયા હોય તેવુ બન્યુ નથી. આરોપીઓના ફોટા પોલીસ લાવી હોય અને બતાવ્યા હોય તેવુ બન્યુ નથી. આરોપીઓના કોઈ

સ્કેચ બનાવ્યા હોય તેવુ બન્યુ નથી. પોલીસે જણાવેલુ કે કયામુદ્દીન નામનો માણસ અમારી કસ્ટડીમાં છે અને વિશાલ નામનું કવર હું નીતા ટ્રાવેલ્સની ઑફિસેથી લઈ આવેલો તેવુ કહેલુ. તા.૧૩.૨.૨૦૦૮ નાં રોજ પોલીસના માણસો આવ્યા ત્યારે કોઈ કવર બતાવેલુ નહીં. જે કોર્ટમાં ગયેલા તે કોર્ટનું બોર્ડ વાંચેલુ નહીં. પોલીસના માણસો ચબરખી આપીને ગયેલા અને તેમા કોર્ટનું સરનામુ લખેલુ હતુ તેમ જણાવે છે. ચબરખી ઉપર કોર્ટના કોઈ માણસે વેરાફાઈ કરીને સહી કરી હોય તેવુ બનેલુ નથી. કોર્ટ રૂમની બાજુની રૂમમાં કેટલા વાગે પહોંચેલા તેનો ખ્યાલ નથી. કોર્ટ રૂમમાં પટાવાળો લઈ ગયેલો હોય તો ખ્યાલ નથી. જે કોર્ટમાં ગયેલા તે મેજિસ્ટ્રેટ સાહેબનું નામ ખબર નથી. સાહેબે એવુ કહેલુ નથી કે જે વ્યકિત કવર લેવા આવેલો તેને ઓળખતા હોવ તો કાંડુ પકડીને લાઈનમાંથી બહાર કાઢો તો તે હકીકત નકારી છે. ત્યાં બે માણસો હાજર હતા તેમના નામ પુછયા હોય તેવુ બનેલુ નથી. તે બે વ્યકિતઓ આ જગ્યાએ કેમ આવેલી તેની માહિતી મળેલી નહીં. સરતપાસમાં જણાવ્યા પ્રમાણે તા.૧૩.૧૨.૨૦૦૮ નાં દિવસે પોલીસ નીતા ટ્રાવેલ્સની ઑફિસે આવેલ હોવાની કે વિશાલ લખેલ કવર વિષે અને તે કવર લઈ જનાર વ્યકિત વિશે પોલીસને માહિતી આપેલી નથી તો તે હકીકત નકારે છે. તા.૧૭.૧૨.૨૦૦૮ નાં રોજ આરોપી કયામુદ્દીન કાપડીયા પોલીસ કસ્ટડીમાં હતો અને તેને બતાવી દીધેલો તે હકીકત નકારે છે. પોલીસ નિવેદન વારંવાર વાંચી સંભળાવેલુ માટે ખોટી જુબાની આપે છે તો તે હકીકત નકારે છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો કોર્ટની બાજુની રૂમમાં જઈને આ સાહેદ બેઠેલા અને થોડી વાર પછી માણસ બોલાવવા આવેલો અને તે કોર્ટ રૂમમાં લઈ ગયેલો તેમ જણાવે છે. કોર્ટમાં ગયા ત્યારે એક સાહેબ અને બે વ્યકિતઓ તેમની સાથે હતા. આ સાહેદને પ્રશ્ન પુછવામાં આવેલો છે કે વિશાલ નામનુ કવર કોની સાથે આવેલુ તો સાહેદે જવાબ આપેલો છે કે વિશાલ નામનુ કવર ડ્રાઈવર સાથે આવેલુ અને તેની રસીદ ન હતી માટે તેની નોંધ રજીસ્ટરમાં નથી. વિશાલ નામનુ કવર નીતા ટ્રાવેલ્સની ઑફિસમાં કઈ તારીખે, કેટલા વાગે આવેલુ તે કહી શકે નહીં. પરંતુ મારા મત પ્રમાણે નીતા ટ્રાવેલ્સમાં

રોજના ઘણા બધા પાર્સલો, કવરો અથવા બીજી સામગ્રીઓનું બુકીંગ થતુ હોય છે માટે આ સાહેદ ચોકકસ કહી શકે નહીં કે વિશાલ નામનુ કવર કઈ તારીખે આવેલુ. આ કવર કયા ડ્રાઈવર લાવેલા તેનુ નામ કે વિગત નથી. મારા મત પ્રમાણે આ વિગત પણ ન હોય. આ સાહેદની ઑફિસમાં જુદા-જુદા બસના ડ્રાઈવરો જુદી જુદી જગ્યાએથી તેમને મળેલા કવરો અને પાર્સલો ઑફિસમાં આપી જતા હોય છે તે કબૂલ કરે છે. આમ આ પ્રશ્નનો અર્થ ધ્યાને લઈએ તો ઘણા ડ્રાઈવરો ઘણા કવરો લઈ આવતા હોય છે તેથી કરીને પણ વિશાલ નામનુ કવર કઈ બસના ડ્રાઈવર કઈ તારીખે લઈ આવેલા તે કોઈપણ વ્યકિત ચોકકસ કહી શકે નહીં. તે કવર લાવનાર ડ્રાઈવર પણ કહી શકે નહીં. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ જવાબો આપવાનું સમજાવેલુ હોવાથી જવાબો આપે છે તો તે હકીકત નકારેલી છે. ડ્રાઈવરો રસીદો વિનાના પાર્સલો લાવે છે તેવી હકીકત પોલીસ નિવેદનમાં લખાવી ન હોય તો ખબર નથી.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ પાલડી ખાતે આવેલ નવચેતના સ્કુલની સામે આવેલી નીતા ટ્રાવેલની ઑફિસમાં બુકીંગ કલાર્ક તરીકે નોકરી કરતા હતા અને એક પાર્સલ પુનાથી તેમની નીતા ટ્રાવેલ્સમા મોકલવામાં આવેલુ અને તે કવર ઉપર "વિશાલ" નામ હતુ અને તે કવર આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયા આ સાહેદની નીતા ટ્રાવેલ્સની ઑફિસમાંથી લઈ ગયેલો હતો. ત્યારબાદ આ સાહેદે આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયાને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૮૯ ઈન્દ્રવીર વજુભા ઝાલાનાઓની રૂબરૂમાં આંક-૩૧૬૮ના ઓળખ પરેડના પંચનામા દરમ્યાન ઓળખી બતાવેલો છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે કુખરાજબાનુ મહંમદયાકુબ શેખને સાહેદ નં.૯૪૩ તરીકે આંક-૬૬૨૯થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ સને-૨૦૦૮ના વર્ષમાં તેઓ ડૉ.મુબસ્સે સૈયદના દવાખાનામાં રીસેપ્શનીસ્ટ તરીકે નોકરી કરતા હતા અને હાલમાં પણ ત્યાં જ નોકરી કરે છે. આ દવાખાનું શાહ આલમ ટોલનાકા પાસે આવેલું છે. તેમના પતિ એ.એમ.ટી.એસ.

માં નોકરી કરતા હતા અને હાલમાં તેઓ ગુજરી ગયા છે. આ સાહેદનું બીજુ મકાન નારોલ ખાતે અલમહમદી સોસાયટીમાં આવેલું છે. ૨૦૦૮ની સાલમાં આ સાહેદ રોયલ નવાબ એપાર્ટમેન્ટ શાહઆલમ ખાતે રહેતા હતા. અલમહમદી સોસાયટી તેમની જ્ઞાતિની છે અને તેમાં કુલ–૫૦ બંગલાઓ આવેલા છે. નારોલ ખાતે અલમહમદી સોસાયટી જ્યા આવેલી છે તે વિસ્તાર અલમહમદી વિસ્તાર તરીકે પ્રખ્યાત છે. આ સોસાયટીમાં જવા માટે બેરલ માર્કેટમાં થઇને જવાય છે. આ સોસાયટીમાં તેમના મકાનનું બીલ ગુલામ ફારૂકના નામે આવતુ હતુ. આ ગુલામભાઇ ફારૂક તેમની સોસીયટીના સેક્રેટરી હતા. તેમના મકાનનો નં.૧૦ હતો તે વખતે આ ગુલામ ફારૂક સેક્રેટરી હતાં અને તે માટે આખી સોસાયટીના બીલ તેમના નામે આવતાં હતાં. આ માટે સોસાયટીએ ઇમ્પેક્ટ ફી ભરેલી હતી. આ ઇમ્પેક્ટ ફી એન.એ. કરાવવા માટે ભરેલી હતી. તેમના મકાનના પૈસા ભરાય ગયા પછી મકાન તેમના નામે એલોટ થયેલું. મકાનનો કબજો તેમનો હતો. આ મકાન ભાડે આપવાનું હતું. જુલાઇ મહિનામાં ઇબ્રાહિમભાઇને મકાન ભાડે આપવું છે તેવી વાત કરેલ હતી. આ ઇબ્રાહિમભાઇ તેમની સોસાયટીમાં મેનેજમેન્ટ કરતા હતા. ઇબ્રાહિમભાઇને વાત કર્યા પછી આ ઇબ્રાહિમભાઇ એક ભાઇને લઇને તેમના ઘરે આવેલાં. તેઓ જુલાઇના પ્રથમ વીકમાં આવેલા હતાં. ઇબ્રાહિમભાઇએ આવીને કહેલું કે આ ભાઇને ઘર ભાડે જોઇએ છે જેથી તે ભાઇને પુછેલું કે તમે કોણ–કોણ રહેવાના છો? તો તે ભાઇએ કહેલું કે મારા ત્રણ ભાઇઓ છે, ત્રણ ભાભીઓ છે, મમ્મી–પપ્પા છે અને તેઓ એમ્બ્રોઇડરીનું કામ કરશે જેથી તેઓને ના પાડેલી અને કહેલું કે તમને અહીં એમ્બ્રોઇડરીનું કામ નહીં કરવા દઉ. પછી તે ભાઇએ કહેલું કે એમ્બ્રોઇડરીનું કામ બીજી જગ્યાએ કરીશ અને અહિંયા રહિશું. આ સાહેદે તે ભાઇને ડિપોઝીટ રૂા.૩૦,૦૦૦/–કહેલી અને તે ભાઇએ ૨૫,૦૦૦/– ડિપોઝીટ આપવાનું કહેલું અને માસિક રૂા.૨૫૦૦/– ભાડુ નકકી કરેલું અને તે ભાઇએ રૂા.૫૦૦–૫૦૦/– લેખે બીજા રૂા.૫૦૦૦/– આપવાનું કહેલું. આ સાહેદને પાણીની લાઇન લેવાની હતી માટે રૂા.૧૦,૦૦૦/– ઇબ્રાહિમભાઇને આપેલા અને રૂા.૧૫,૦૦૦/– આ સાહેદે પોતાની પાસે રાખેલા.

આ રૂા. ૨૫,૦૦૦/– તે ભાડે રાખનાર ભાઈએ આપેલાં હતાં. ત્યારબાદ પાણીની લાઈન લેવા માટે પાઈપ લઈને અલમહમદી સોસાયટીના મકાન ઉપર ગયેલા. આ સાહેદ તેમને ભાડે આપેલા મકાન ઉપર ગયા ત્યારે તે ભાઈ મળેલાં અને તેમને પાઈપો આપીને પાછા આવેલા. આ ભાઈ ઘઉંવર્ણના હતા અને પાંચ સાડા પાંચ ફુટની ઉંચાઈ ધરાવતા હતાં અને કલીન શેવ હતા. તે ભાઈને લખાણ કરવાનુ પણ કહેલું તો તે ભાઈએ બે દિવસ પછી આવીશ તેમ કહેલું. પોલીસને આ સાહેદે તેમના મકાનનું લાઈટબીલ આપેલું અને પોલીસે જવાબ લીધેલો. આ સાહેદે પોલીસને તેમના મકાનનો લેટર પણ આપેલો.

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ બારમા મહિનામાં ૧૬ મી તારીખે એક પોલીસવાળા ભાઈ તેમની પાસે આવેલા અને કહેલું કે ઓળખ માટે જવાનું છે. જેથી ૧૭ મી તારીખે મામલતદાર મેજિસ્ટ્રેટની ઑફિસે ગયેલા. આ સાહેદ ઑફિસે ગયા ત્યારપછી એક ભાઈને પુંછેલું કે ભાઈ મારે ક્યાં જવાનું છે તો તે ભાઈએ ત્યાં બેસાડેલા અને અડધા કલાક પછી અંદર બોલાવેલા. ત્યાં મેજિસ્ટ્રેટ સાહેબ બેસેલા હતા અને બે ભાઈ ત્યાં બેસેલ હતાં અને સામે છ આરોપીઓ ઉભેલ હતા. મેજિસ્ટ્રેટ સાહેબે પહેલાં નામ પુછેલું અને મકાન તમારૂ છે તેમ પુછેલું. પછી આ સાહેદને કહેલું કે આ છ તહોમતદાર છે તેમાંથી તમે જો ઓળખતા હોય તો તેને ઓળખી બતાવો. જેથી આરોપીને ઓળખીને સાહેબને બતાવેલો કે આ માણસ હતો. માણસને ઓળખી બતાવ્યા પછી સાહેબે તેની પુછપરછ કરેલી. તેને ડિપોઝીટ કેટલી આપેલી અને રહેવા કેમ નહિ આવ્યો તે પણ પુછેલું. તેણે તેનું નામ કયામુદ્દીન સરફુદ્દીન કાપડીયા જણાવેલું અને તે વડોદરાનો રહેવાસી હોવાનું જણાવેલું. તે માણસ એક વખત તેમના ઘરે આવેલો, બીજી વખત આ સાહેદ પાઈપ આપવા ગયા ત્યારે મળેલો અને ત્રીજી વખત તેને ઓળખી બતાવેલો. આંક–૬૬૩૦વાળુ ઈલેક્ટ્રીક બીલ જે સોસાયટીના સેક્રેટરીના નામે હતું ઓળખી બતાવેલ છે તેમજ આંક–૬૬૩૧ વાળો અલમહમદી સોસાયટી કો.ઓ.નો એલોટમેન્ટ લેટર આ સાહેદના મકાન નં.૧૦ ફાળવવામાં આવેલું અને તે લેટરમાં સોસાયટીના બીજા મેનેજમેન્ટ કરનાર હનિફભાઈની સહી ઓળખી

બતાવે છે. આંક–૬૬૩૨વાળો સોસાયટીના લેટરપેડ વાળો પત્ર જે પણ મકાન ફાળવવામાં આવ્યું તે તથા સોસાયટીના સેક્રેટરી ગુલામ ફારૂક શેખ સોસાયટીના વ્યવહારો કરતાં હોવાનું તથા લાઇટબીલ તેમના નામે આવતુ હોવાનું જણાવેલું જેમાં હનીફભાઇની સહી ઓળખી બતાવે છે. નિ.૬૬૨૮/૩ વાળા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ત્રણ પહોંચોની ઝેરોક્ષ જે સોસાયટી તરફથી ઇમ્પેક્ટ ફી ભરવામાં આવેલી તે અંગેની છે. આંક–૬૬૩૩વાળો દસ્તાવેજ જે સોસાયટી વતી પ્રમુખ મહમદ હનીફભાઇએ કરી આપેલ એગ્રીમેન્ટ જેમાં હનીફભાઇની તથા આ સાહેદની સહી તથા સાક્ષીઓની સહીઓ ઓળખી બતાવે છે. આંક–૬૬૩૪ વાળો દસ્તાવેજ જે એડીશ્નલ ચીફ મેટ્રો મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧ માં રજૂ થયેલ ક્રિમીનલ કેસ નં.૭૨૧૯/૨૦૦૮ ના ચાર્જશીટની સહી સિકકા વાળી નકલ તથા તે કામે આવેલા ચુકાદાની સહી સીક્કા વાળી નકલ રજૂ રાખેલ છે. આ સાહેદને અમદાવાદ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીઓને વીડિયો કોન્ફરન્સ ટી.વી. સ્ક્રીન થકી ચાર–ચાર ની સંખ્યામાં અને ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીઓને વીડિયો કોન્ફરન્સ ટી.વી. સ્ક્રીન થકી ત્રણ ત્રણની સંખ્યામાં બતાવવામાં આવતા સાહેદ આરોપીને ઓળખી શકતા નથી અને જણાવેલ છે કે ઘણો સમય થયેલો હોવાથી અને હુલિયો બદલાઈ ગયો હોવાથી ઓળખી શકે નહીં.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ ગુના સંબંધે પોલીસે કોઈ નોટીસ આપી હોય કે ગુના સંબંધે કોઈ જવાબ આપ્યો હોય તેવો પ્રસંગ બનેલ નથી. ક્રાઇમ બ્રાન્ચની ઑફિસમાં જઈ કોઈ પોલીસ અધિકારીને મળવાનો પ્રસંગ બનેલ નથી. સોસાયટીના લેટર પેડ જોવાનો કયારેય પ્રસંગ બનેલ નથી. સોસાયટીમાં કયારેય અરજી આપવાનો કે અરજી આપીને કોઈ દસ્તાવેજ મેળવવાનો પ્રસંગ બનેલો નથી. સોસાયટીના ઠરાવ અંગે કે સોસાયટીની મીટીંગમાં કયારેય જવાનો પ્રસંગ બનેલો નથી. પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદની હકીકત સાચી માની શકાય તેમ નથી. કારણ કે આ સાહેદનું મકાન નં.૧૦ અલમહમદી સોસાયટીમાં આવેલુ છે માટે સોસાયટીનું લેટર પેડ

જોવાનો ચોકકસપણે પ્રસંગ બનેલો જ હોય એટલુ જ નહીં સોસાયટીની મીટીંગોમાં જવાનો પણ પ્રસંગ બનેલો જ હોય. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો પ્રશ્ન પુછવામાં આવેલો છે કે સોસાયટીમાં કામ અંગે કયારેક પ્રસંગ બનેલો ત્યારે તમારા પતિ જાય છે? પરંતુ સાહેદે જવાબ આપેલો છે કે મીટીંગ થતી નથી પરંતુ કયારેક થાય તો મારો દીકરો જાય છે. આમ સોસાયટીની મીટીંગો થવા છતાં આગળ ઉપર આ સાહેદ જણાવે છે કે મીટીંગો થતી નથી. આમ આ સાહેદ વિરોધાભાસી હકીકતો જણાવે છે. સોસાયટીમાં અરજી આપીને સોસાયટીમાંથી કાગળો મેળવ્યાનો પુરાવો નથી. આ સાહેદને પ્રશ્ન પુછવામાં આવેલો છે કે સોસાયટીમાથી કાગળો મેળવવા માટે તમે કઈ તારીખે કોને અરજી આપેલી તે કહી શકશો ? તો સાહેદે જવાબ આપેલો છે કે ટાઈમ થઈ ગયેલ હોવાથી તારીખો કે બીજી કાંઈ મને ખબર નથી. સોસાયટીના કાગળો યોગ્ય રીતે સાચવવા પડે તે વિષે માહિતગાર છે તો તે કબૂલ કરે છે. કોઈ સ્ટેમ્પ પેપર લાવવાનો કે મંગાવવાનો પ્રસંગ બનેલો નથી. પ્રથમ વખત પોલીસ મળી ત્યારે મકાન અંગેના કોઈ દસ્તાવેજી પુરાવા નથી તેમ જણાવેલુ. પરંતુ સાહેદે જણાવેલુ છે કે તે પુરાવા સેક્રેટરી પાસેથી મેળવીને પછી પોલીસને આપેલા. આ સાહેદે પોતાનુ મકાન કયારેય કોઈને ભાડે આપેલુ નથી તો તે હકીકત નકારે છે. પોલીસના કહેવાથી અને પોલીસની બીકને લઈને ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારે છે. મકાન ૧૫–૧૭ વર્ષ પહેલા ખરીદેલુ પરંતુ તારીખ યાદ નથી. અમદાવાદમાં કઈ કઈ કોર્ટો કઈ કઈ જગ્યાએ આવેલી છે તેની માહિતી નથી. જે પોલીસ અધિકારી આવેલા તેમના હોદ્દાની ખબર નથી. ચીઠ્ઠી લઈને જે મેજિસ્ટ્રેટ પાસે ગયેલા તેમના હોદ્દાની ખબર નથી. જે વ્યકિતને મકાન ભાડે આપેલુ તે વ્યકિતને લઈને પોલીસ આ સાહેદ પાસે આવેલી હોય અને બતાવી હોય તેવુ બન્યુ નથી. ઈબ્રાહીમભાઈ જે વ્યકિતને લઈને આવેલા તે કોના કહેવાથી આવેલા તે કહી શકે નહીં. જે વ્યકિત મકાન ભાડે લેવા આવેલા તે જુલાઈ મહીનાના પહેલા વીકમાં આવેલા પરંતુ તારીખ યાદ નથી. જેને મકાન ભાડે આપેલુ તેની ઓળખના પુરાવા લીધેલા નહીં. તે ભાઈને ડીપોઝીટ કે ભાડાની કોઈ પહોંચ આપેલી નથી તે કબૂલ કરે છે.

ઈબ્રાહીમ ભાઈના કહેવાથી તે વ્યકિતને મકાન ભાડે આપેલાનું કબૂલ કરે છે. આમ આ પ્રશ્નનો અર્થ એવો થાય કે ઈબ્રાહીમભાઈના કહેવાથી આ મકાન તે વ્યકિતને ભાડે આપેલુ અને બોમ્બ બ્લાસ્ટના બનાવો બન્યા બાદ તે મકાન ભાડે લેનાર વ્યકિત પકડાયેલો અને તેને આ મકાન ભાડે રાખેલાની હકીકત જણાવી પોલીસને મકાન બતાવેલુ અને તે વ્યકિત આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયા છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો ૨૦૦૮ની સાલમાં અલમહમદી સોસાયટીનું મકાન નં.૧૦ કોઈ વ્યકિતને ભાડે આપવા માટે ઈબ્રાહીમભાઈ સાથે વાતચીત થયેલી નથી તો તે હકીકત નકારે છે. પોલીસના કહેવાથી મકાનની માલીકીના દસ્તાવેજો ખોટા ઉભા કરાવેલાની હકીકત નકારે છે. પોલીસે વારંવાર જવાબ વાંચી સંભળાવી સમજાવેલો હોવાથી જુબાની આપેલી હોવાની હકીકત નકારે છે. આરોપીનો હુલીયો બદલાઈ ગયેલો હોવાથી તેને ઓળખી શકેલ નથી તેવુ ખોટુ કારણ આપેલાની હકીકત નકારે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદનું મકાન અમદાવાદ ખાતે દાણીલીમડા વિસ્તારમાં અલમહમદી સોસાયટીમાં મકાન નં.૧૦ તરીકે આવેલુ છે અને મકાનનો કબજો આ સાહેદનો હતો. આ મકાન ભાડે આપવાનું હોવાથી ઈબ્રાહીમભાઈને વાત કરેલી અને ઈબ્રાહીમભાઈ એક ભાઈ એટલે કે આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયાને લઈને આ સાહેદ પાસે આવેલા. ડીપોઝીટની રકમ રૂપિયા ૨૫૦૦૦ નક્કી કરેલી અને માસીક રૂપિયા ૨૫૦૦ ભાડુ નક્કી કરી મકાન ભાડે આપેલુ અને પાણીની પાઈપ નાખી આપવામાં આવેલી. ત્યારબાદ આ સાહેદે આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયાને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૮૯ ઈન્દ્રવીર વજુભા ઝાલાનાઓની રૂબરૂમાં આંક–૩૧૬૮ ના ઓળખ પરેડના પંચનામા દરમ્યાન ઓળખી બતાવેલો છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે મહંમદરફીક અબ્દુલહમીદ શેખને સાહેદ નં.૯૫૦ તરીકે આંક–૬૬૪૫ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ સાઇકલ રીપેરીંગનું કામ છેલ્લા ૧૩ વર્ષથી ચંડોળા નરસિંહજી મંદિરની બાજુમાં કરે છે અને દુકાન ભાડે રાખેલી અને "શાહઆલમ

સાઇકલ રીપેરીંગ વર્કસ" ના નામથી દુકાન ચલાવે છે. વધુમાં સાહેદ જણાવે છે કે તા.૧/૨/૨૦૦૯ ના રોજ પોલીસ તેમની પાસે આવેલી અને પુછેલુ કે કયામુદ્દીન કાપડીયાએ તમારે ત્યાં સાઇકલ રીપેલીંગ કરાવી હતી? આ સાહેદે સાહેબને કહેલું કે તેમની પાસે દિવસમાં ત્રણ–ચાર સાઇકલો રીપેરીંગ માટે આવે છે માટે કહી શકે નહીં પરંતુ જો બતાવવામાં આવે તો કહી શકે.

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારપછી બે દિવસ બાદ એટલે કે ત્રીજી તારીખે એક પોલીસવાળા ભાઇ તેમની દુકાન ઉપર આવેલા અને કાગળ આપી ગયેલા અને કહેલું કે ચોથી તારીખે ચાર વાગ્યે નીકળીને પાંચ વાગે ઘી કાંટા કોર્ટ નં.૧ માં સાંજે પાંચ વાગ્યે જવાનું છે. જેથી ચોથી તારીખે ચાર વાગ્યે નીકળીને પાંચ વાગ્યે ઘી કાંટા કોર્ટ નં.૧ માં ગયેલા. ત્યાં બહાર વકીલ હતા તેમને કાગળ બતાવેલો અને પુછેલું કે આ સરનામું ક્યાંનું છે? તો તેમણે કહેલું કે સામે જતા રહો ત્યાં પહેલા ભાઇ ઉભા છે તેમને મળો. જેથી સામે કોર્ટ પાસે ગયેલો ત્યાં બહાર પટાવાળાને કાગળ બતાવીને પુછેલું તો પટ્ટાવાળાએ કહેલું કે પાંચ મિનિટ અહિં ઉભા રહો અંદર બતાવીને આવું છું. પછી આવીને કહેલું કે તમે સાઇડમાં રૂમ પાસે ઉભા રહો દસ–પંદર મિનિટમાં તમને બોલાવશે. વીસ મિનિટ પછી ત્યાં અંદર જજ સાહેબે બોલાવેલા. આ સાહેદ અંદર ગયા ત્યારે જજ સાહેબ વચ્ચે બેઠા હતા અને બાજુમાં બે માણસો ઉભા હતા તથા સામે બીજા છ માણસો ઉભા હતા. રૂમમાં ગયા પછી સાહેબે આ સાહેદને નામ, સરનામુ પુછેલું જેથી જણાવેલું. સાહેબે કહેલું કે તમારે સામે પહેચાન કરવાની છે અને ઓળખાણ કરવાની છે. ત્યાં છ માણસ ઉભા હતાં તેમાંથી ઓળખવાના હતા. આ સાહેદે તેને ઓળખેલો. ત્યારપછી સાહેબે કહેલું કે તમે કેવી રીતે ઓળખો છો? તો કહેલું કે આ માણસ તેમને ત્યાં સાઇકલ રીપેરીંગ કરાવવા આવેલો હતો. બહાર કાઢ્યા પછી સાહેબે તેનું નામ પુછેલું તો તેણે તેનું નામ કયામુદ્દીન કાપડીયા વડોદરાવાળા જણાવેલું. આ સાહેદને અમદાવાદ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીઓને વીડિયો કોન્ફરન્સ ટી.વી. સ્ક્રીન થકી ચાર–ચાર ની સંખ્યામાં અને ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીઓને વીડિયો કોન્ફરન્સ ટી.વી. સ્ક્રીન થકી ત્રણ

ત્રણની સંખ્યામાં બતાવવામાં આવતા સાહેદ આરોપીને ઓળખી શકતા નથી. સાહેદને એવો સવાલ પુછવામાં આવેલ છે કે કયામુદ્દીન કાપડીયાને કેમ ઓળખી શકતા નથી જેના જવાબમાં સાહેદ જણાવે છે કે દસ વર્ષ થઇ ગયેલાં છે અને તે વખતે તેને દાઢી–મુછ ન હતી અને આજે જે લોકો બતાવ્યા તે લોકો અત્યારે દાઢી મુછવાળા છે એટલા માટે તેને ઓળખી શકતો નથી અને કેટલાકને ટોપી પણ છે તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો કયામુદ્દીન કાપડીયાનું નામ પોલીસે જણાવેલુ તે હકીકત કબૂલ કરે છે. આ સાહેદે જે દુકાન ભાડે રાખેલી તેના માલીક રમઝાનીભાઈ હતા. ભાડાનો કરાર કે ભાડાની પહોંચ નથી. સાઇકલ રીપેરીંગની ભાડાની દુકાન આજે પણ ચલાવે છે. આ રીપેરીંગની દુકાન ચલાવતા નથી તો તે હકીકત નકારેલી છે. જે સાઇકલ રીપેર કરેલી તે કઈ કંપનીની હતી તો તેનો ખ્યાલ નથી. પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદ સાઇકલ રીપેરીંગનું કામ કરે છે. રોજની ઘણી સાઇકલોનું રીપેરીંગ કરતા હોય છે માટે કયા દિવસે કઈ કંપનીની સાઇકલનું રીપેરીંગ કરેલુ તે આ સાહેદ કહી શકે નહીં. એટલુ જ નહીં આ સાહેદ સિવાય સાઇકલ રીપેરીંગનું કામ કરનાર કોઈ પણ માણસ તે કહી શકે નહીં. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો તમે શું રીપેરીંગ કામ કરેલુ ? તેના જવાબમાં સાહેદે જણાવેલુ છે કે સાઇકલનું સ્ટેન્ડ રીપેર કરેલુ. ઓળખ પરેડમાં ગયા તે પહેલા પોલીસ આવેલી તે હકીકત કબૂલ કરે છે. પોલીસને કોઈનું વર્ણન આપેલુ નહીં તે કબૂલ કરે છે. જે માણસ રીપેરીંગ કરાવવા આવેલો તે ઓળખ પરેડ પહેલા કે પછી જોયેલો નથી. તે માણસ મેજિસ્ટ્રેટ કોર્ટમાં કયા નંબર ઉપર ઉભેલો હતો તેનો ખ્યાલ નથી. ઓળખ પરેડમાં ગયા નથી તો તે હકીકત નકારી છે. શાહઆલમ સાઇકલ વર્કસ નામની દુકાન ચલાવે છે તે બાબતે પોલીસને કોઈ દસ્તાવેજી પુરાવો આપેલો નથી. મારા મત પ્રમાણે એક સામાન્ય મજુરી કરનાર વ્યકિત પોતાની રોજગારી માટે નાનુ મોટુ સાઇકલ રીપેરીંગનું કામ કરતો હોય તો તે રીપેરીંગનું કામ કરવા અંગેનો તે વ્યકિત પાસે કોઈ દસ્તાવેજી પુરાવો માંગવો વાજબી નથી કારણ કે આવો પુરાવો આવી વ્યકિતઓ પાસે હોય પણ નહીં.

વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો ૩ માસના સમય દરમ્યાન કયા કયા માણસે પોતાની સાઇકલોમાં કયુ કયુ રીપેરીંગ કરાવેલુ તેનુ રેકર્ડ નથી તે કબૂલ કરે છે. પોલીસ જયારે સમન્સ આપવા આવી ત્યારે જુબાની કઈ રીતે આપવાની છે તે સમજાવેલુ નહીં. ૧૦ વર્ષ પહેલા જયારે પોલીસ આવી ત્યારે સાઇકલ રીપેરીંગ કરાવવા આવનાર વ્યકિતનું શારીરિક વર્ણન બતાવી સ્કેચ તૈયાર કર્યો હોય તેવુ બન્યુ નથી. પોલીસ પ્રથમ વખત આવી ત્યારે આરોપી કયામુદ્દીન કાપડીયાને લઈને આવી હોય અને કહયુ હોય કે આ કયામુદ્દીન કાપડીયા છે અને તેને સાઇકલનું સ્ટેન્ડ તમારી પાસે રીપેર કરાવેલુ તો તેવુ બનેલુ નથી. કોર્ટોમાં જવા આવવાનો પ્રસંગ બનેલો નથી. કોર્ટની આગળ શું હતુ તેનો ખ્યાલ નથી. કોર્ટનો દરવાજો પશ્ચિમ દિશા તરફનો હતો તો ખબર નથી. ૧૫ મિનિટ સુધી બહાર ઉભા રહયા ત્યારે પોલીસના માણસો કોઈ આરોપીને લઈને કોર્ટમાં આવ્યા હોય તો જોયેલુ નહીં. કોર્ટ રૂમમાં ગયા ત્યારે જજ સાહેબ બેઠેલા હતા તથા બે માણસો ઉભેલા હતા. તે બે માણસો સાથે વાતચીત કરેલી નહીં. સરતપાસમાં જણાવ્યા મુજબ તા.૧.૨.૨૦૦૯ નાં દિવસે કે તે અરસામાં કયામુદ્દીન કાપડીયા નામની વ્યકિત બાબતે નિવેદન આપેલુ નથી તો તે હકીકત નકારે છે. આ વ્યકિતનું સાઇકલનું સ્ટેન્ડ રીપેર કરેલુ નથી તો તે હકીકત પણ નકારે છે. કયામુદ્દીન કાપડીયાને જુબાની દરમ્યાન નહીં ઓળખવાનું કારણ જે આપેલુ છે તે ખોટુ આપેલુ છે તે હકીકત નકારે છે. જે દિવસે પોલીસે નિવેદન લીધુ તે પહેલા જે સાઇકલનું રીપેરીંગ કરેલુ તે વાત કોઇને બતાવેલી નહીં.

આમ આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ ચંડોળા તળાવ ખાતે "શાહઆલમ સાઇકલ રીપેરીંગ વર્કસ" ના નામની દુકાન ધરાવી સાઇકલ રીપેરીંગનું કામકાજ કરે છે અને હાલમાં પણ આ જગ્યાએ સાઇકલ રીપેરીંગનું કામકાજ કરે છે. જુલાઇ–૨૦૦૮માં આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયા સાઇકલનું સ્ટેન્ડ રીપેર કરાવવા માટે આ સાહેદ પાસે આવેલો અને સાઇકલનું સ્ટેન્ડ રીપેર કરી આપેલુ હતુ. સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવો બન્યા બાદ આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયા પકડાયા બાદ તા.૪.૨.

૨૦૦૯ નાં રોજ આ સાહેદે આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયાને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૮૮ લક્ષ્મણ કેશવલાલ પારઘીનાઓની રૂબરૂમાં આંક–૩૧૫૪ ના ઓળખ પરેડના પંચનામા દરમ્યાન ઓળખી બતાવેલો છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે મહંમદ આરીફ બીસ્મીલામીયા સૈયદને સાહેદ નં.૯૫૨ તરીકે આંક–૬૬૫૧થી તપાસવામાં આવેલા છે અને આ સાહેદની જુબાનીની હકીકત આરોપી નં.૨૭ બાબતે ફરિયાદપક્ષ દ્વારા જે પુરાવો રજૂ થયેલો છે તેમા વિગતવાર ચર્ચા કરેલી છે જેથી ફરીથી પુનરાવર્તન કરવામાં આવતુ નથી. પરંતુ સાહેદ નં.૯૪૩ કુખરાજબાનુ મહમદયાકુબ શેખનું મકાન કે જે દાણીલીમડા વિસ્તારમાં આવેલ અલમહમદી સોસાયટીમાં મકાન નં.૧૦ આવેલુ હતુ અને આ મકાન ભાડે અપાવવા માટે આ સાહેદ તથા ઈબ્રાહીમભાઈ આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયા તથા આરોપી નં.૨૭ મહમદ ઈસ્માઈલ અબ્દુલ રાજીક મન્સુરીને લઈને મકાનના માલીક કુખરાજબાનુ પાસે ગયેલા અને વાતચીતના અંતે રૂા.૨૫૦૦૦ ડીપોઝીટ અને માસીક ભાડુ રૂા.૨૫૦૦ નકકી કરીને આ સાહેદે તથા ઈબ્રાહીમભાઈએ મકાન નં.૧૦, આરોપી નં.૨૭ તથા ૩૭ નાઓને ભાડે અપાવેલુ હતુ. સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવો બન્યા બાદ આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયા પકડાયા બાદ તા.૨૪.૧૧.૨૦૦૮ નાં રોજ આ સાહેદે આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયાને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૮૯ ઈન્દ્રવીર વજુભા ઝાલાનાઓની રૂબરૂમાં આંક–૩૧૭૧ના ઓળખ પરેડના પંચનામા દરમ્યાન ઓળખી બતાવેલો છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે નઈમઅહેમદ મહંમદઆરીફ શેખને સાહેદ નં.૯૫૬ તરીકે આંક–૬૬૭૩થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ અત્યારે જીવરાજ પાર્કની પાછળ તેમના ઘરની પાછળ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સની ઑફિસ આવેલી છે અને તેમની ઑફિસ "કમ્ફર્ટ ટ્રાવેલ્સ" ના નામની આવેલી છે. તે પહેલા ગ્રાન્ડ ફાધરની સાયબર કાફે હતી તે સંભાળતા હતા. સને–૨૦૦૮માં સાયબર કાફે ચલાવતા હતા. આ સાયબર કાફે સુહાના એપાર્ટમેન્ટ, શરીફાબાદ સોસાયટીની પાછળ વેજલપુર અમદાવાદ ખાતે

આવેલી હતી. તા.૧/૨/૨૦૦૯ નાં રોજ બપોરનાં સમયે પોલીસ તેમની પાસે આવેલી પૂછેલુ કે તમારે ત્યાં સાયબર કાફેમાં બોમ્બ બ્લાસ્ટનો આરોપી આવેલો હતો અને તે બાબતે તપાસ કરવાની છે. પોલીસે એમ પણ જણાવેલુ કે તમે તેને નામથી ઓળખો છો? તો સાહેબને કહેલુ કે તેમને ત્યાં ઘણા બધા લોકો આવે છે માટે બધાને ઓળખુ નહીં પરંતુ તમે જો તે બતાવો તો તેને ઓળખી શકે. કોઈ ગ્રાહક સાયબર કાફે પર આવે ત્યારે તેની પાસેથી ઓળખ પત્રની ઝેરોક્ષ લેતા હતા અને ત્યારપછી તેને બેસવા દેતા હતા. ત્યારબાદ ૩ તારીખે એક પોલીસવાળા ભાઈ તેમના સાયબર કાફે ઉપર આવેલા અને એક ચિઠ્ઠી આપેલી. ચિઠ્ઠીની અંદર ઘી કાંટા કોર્ટ નં.૧ નું સરનામુ લખેલુ હતુ અને કહેલુ કે આવતી કાલે સાંજે પોણા છ–છ વાગે ત્યાં પહોંચી જવાનું છે જેથી તા.૪/૨/૨૦૦૯ નાં રોજ ઘી કાંટા કોર્ટ નં.૧ માં ગયેલા. ત્યાં વકીલોને પૂછેલુ કે તો સામેની બાજુનું એડ્રેસ બતાવેલુ માટે ત્યાં ગયેલા ત્યાં લોબીમાં એક પઠ્ઠાવાળા ભાઈને મળેલા અને એક ચિઠ્ઠી બતાવેલી આ ચીઠ્ઠી લઈને તે પઠ્ઠાવાળા ભાઈ અંદર ગયેલા અને પાંચ–દસ મીનીટમાં પાછા આવીને કહેલુ કે બાજુના રૂમમાં બેસો સાહેબ બોલાવશે ત્યારે બોલાવીશ. આ સાહેદ તે રૂમમાં પંદરેક મિનિટ જેટલુ બેઠેલા પછી પઠ્ઠાવાળા ભાઈ બોલાવવા આવેલા અને અંદર સાહેબ પાસે લઈ ગયેલા. સાહેબે સૌ પ્રથમ નામ, સરનામુ પુછેલુ. સાહેબે પુછેલુ કે તમારા સાયબર કાફે ઉપર જે માણસ આવેલો તેને તમે ઓળખો છો? આ વખતે સામેની બાજુ છ માણસો ઉભેલા હતા અને કહેલુ કે તમે જો ઓળખતા હોય તો તેનો હાથ પકડીને બહાર કાઢો. ત્યારપછી બે–પાંચ મિનિટ સુધી તે લોકોને જોયેલા ત્યારપછી ત્યાં જે માણસ આવેલો હતો તેને હાથ પકડીને બહાર કાઢેલો. બહાર કાઢ્યા પછી સાહેબે તેનું નામ પૂછેલુ. તેણે તેનું નામ કયામુદ્દીન સરકુદ્દીન કાપડીયા, રહેવાસી વડોદરા જણાવેલુ. આ સાહેદને વીડિયો કોન્ફરન્સ દ્વારા આરોપીઓને ચાર–ચારના ગ્રુપમાં બતાવતા સાહેદ આરોપીને ઓળખી બતાવે છે કે આ જ વ્યક્તિ તેમને ત્યાં આવેલો હતો તે જ છે. આ વ્યક્તિનો આરોપી તરીકેનો નંબર પુછતા પોતાનો

નં.૩૭ જણાવેલ અને નામ પુછતા પોતે પોતાનું નામ કયામુદ્દીન સરકુદ્દીન કાપડીયા હોવાનું જણાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો જે સાયબર કાફેની આ સાહેદ વાત કરે છે તે તેમના ગ્રાન્ડફાધરના નામનુ છે અને લાયસન્સ પણ તેઓના નામનુ છે. સાયબર કાફેમાં એન્ટ્રી માટે ચોપડા રાખવામાં આવે છે. સાયબર કાફે માટે નિયમ મુજબ ચોપડા સમયાંતરે પોલીસ સ્ટેશનમાં બતાવવાના હોય છે તો સાહેદે જણાવેલુ છે કે કદાચ મેં બતાવ્યા નથી. જે વ્યકિતઓ સાયબર કાફેમાં કામ કરતી હોય તેનો નામો પોલીસને જણાવવા પડે તે નિયમની ખબર નથી. ચોપડાનું વેરીફીકેશન કરાવવાનો પ્રસંગ બનેલો નથી. દિવસ દરમ્યાન કયા પુરૂષ અને કઈ સ્ત્રી સાયબર કાફેમાં આવી તેઓના નામ અને વર્ણન આપી શકે નહીં. સાયબર કાફે ઉપર આવેલ વ્યકિતને ભવિષ્યમાં ઓળખવાનો છે તે રીતે જોતા નથી તો તે કબૂલ કરે છે. ૨૦૦૮ની સાલમાં કઈ તારીખે કેટલા વાગે કેટલા માણસો આવેલા તે કહી શકે નહીં. પ્રથમ વખત પોલીસ આવી ત્યારે કોઈ વ્યકિતનું નામ આપેલુ નહીં તે કબૂલ કરે છે. જે ગ્રાહકો તમારે ત્યાં આવે છે તેમના ઓળખપત્રો લો છો તે ઓળખપત્રો તમારે જોવાનો પ્રસંગ બને ? તો સાહેદે જવાબ આપેલો છે કે આજુબાજુની સોસાયટીમાં રહેતા હોય અને ઓળખતા હોઈએ તેમને આઈ.ડી. નંબર બનાવી આપીએ છીએ અને જે બહારથી આવે તેના આઈ.ડી. જોવાનો પ્રસંગ બને છે. જે માણસો ચોપડા નિભાવે તેની ખરાઈ પણ તે જ માણસ કરાવે તે કબૂલ કરે છે. કયો માણસ કઈ જગ્યાએ બેઠેલો અને કેટલી વાર બેસેલો તે કહી શકે નહીં તો તે હકીકત નકારે છે. સાયબર કાફે હાલ લીઝ ઉપર સોંપી દીધેલુ છે. જયારે સાયબર કાફે ચલાવતા હતા ત્યારે નિયમોનું પાલન કરેલુ નથી તો તે હકીકત નકારેલી છે. પોલીસ પ્રથમ વખત આવેલી ત્યારે કયામુદ્દીન કાપડીયાનું નામ જણાવેલુ. સાયબર કાફેમાં ઘણા ગ્રાહકો આવે છે તેથી તેમના ચહેરાઓ યાદ રહેતા નથી તેવુ પોલીસને જણાવેલુ નહીં તે કબૂલ કરે છે. સાયબર કાફેમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ચલાવતા હોવાથી પોલીસના બીકે ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારે છે. કોર્ટમાં આવતા પહેલા પોલીસે

ફોટો તથા તેની સંપુર્ણ વિગત બતાવેલી માટે આરોપીને ઓળખેલ છે તો તે હકીકત નકારી છે. આરોપી સાયબર કાફે ઉપર આવેલો નથી અને ખોટી જુબાની આપે છે તો તે હકીકત પણ નકારી છે. ગ્રાહકો પાસેથી જે આઈ.ડી. લેવામાં આવતુ હતુ તે ફાઈલમાં રાખતા હતા. આઈ.ડી. પોલીસ લઈ ગયેલી નહીં. આઈ.ડી.ની ફાઈલ તથા રજીસ્ટર આ સાહેદ પાસે હાલમાં નથી. તે વ્યકિત સબંધે એન્ટ્રીની પણ માંગણી પોલીસે કરેલી નહીં. પ્રથમ વખત પોલીસ આવી ત્યારે આ સાહેદ તથા તેમના દાદા કેટલો સમય સાયબર કાફે ઉપર બેસીએ છીએ તેની જાણકારી પોલીસને આપેલી. સાયબર કાફેમાં ૧૦ કોમ્પ્યુટર હતા તે પોલીસે ચેક કરેલા નહીં. મેજિસ્ટ્રેટ કોર્ટમાં ગયા ત્યારે આ સાહેદ પોતાની જાતે જઈને રૂમમાં બેઠેલા અને તે રૂમ આખો ખાલી હતો. મેજિસ્ટ્રેટ સાહેબ કોર્ટમાં બેઠેલા હતા અને બાજુમાં બે માણસ ઉભેલા હતા તથા સામે છ માણસો હતા. કઈ વ્યકિતને ઓળખવાની છે તે મેજિસ્ટ્રેટ સાહેબે કહેલુ. જે વ્યકિતને ઓળખવાની હતી તેનુ વર્ણન મેજિસ્ટ્રેટ સાહેબે લખેલુ નહીં. કમ્પાઉન્ડની અંદર પોલીસના માણસોને જોયેલા નહીં. ત્યાં પોલીસનું વાહન હતુ કે કેમ તેનો ખ્યાલ નથી. સાયબર કાફે ઉપર બહારના કોઈ માણસો આવતા નથી તે હકીકત નકારે છે. આઈ.ડી. આપેલા હોય તે સિવાય બીજા ગ્રાહકો આવતા નથી તે કબૂલ કરે છે. તા.૧.૨.૨૦૦૯ નાં રોજ પોલીસ સાયબર કાફે ઉપર આરોપીને લઈને આવી હોય અને પંચનામુ કર્યુ હોય તેવુ બન્યુ નથી.

આમ આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદના દાદા સુહાના એપાર્ટમેન્ટ, સરીફાબાદ સોસાયટી પાછળ વેજલપુર મુકામે "અલ્ફલા સાયબર કાફે" નામથી સાયબર કાફે ચલાવતા હતા અને તે સાયબર કાફે ઉપર પણ આ સાહેદ પણ તેમના દાદાની સાથે બેસતા હતા. ૨૦૦૮ ની સાલમાં આ કામના આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયા સરફીંગ માટે આવેલો હતો અને તેનુ આઈ.ડી. લીધેલુ હતુ. સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવો બન્યા બાદ આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયા પકડાયા બાદ તા.૪.૨.૨૦૦૯ નાં રોજ આ સાહેદે આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયાને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ

સાહેદ નં.૫૮૮ લક્ષ્મણ કેશવલાલ પારધીનાઓની રૂબરૂમાં આંક–૩૧૫૪ ના ઓળખ પરેડના પંચનામા દરમ્યાન ઓળખી બતાવેલો છે. આ ઉપરાંત જુબાની દરમ્યાન આ સાહેદને વીડિયો કોન્ફરન્સ દ્વારા સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલા આરોપીઓને ટી.વી. સ્ક્રીન ઉપર ચાર–ચારની સંખ્યામાં બતાવવામાં આવેલા જેમા આ સાહેદે આરોપી નં.૩૭ ને અદાલત રૂબરૂ ઓળખી બતાવેલો છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે મોહંમદ સાકીર અબ્દુલ ફરીદ શેખને સાહેદ નં.૧૦૧૬ તરીકે આંક–૭૦૦૬થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ ૨૦૦૮ સાલમાં તેઓ બીજો માળ વરિયાવી બજાર, હોળી બંગલા સુરત ખાતે રહેતા હતા. તેમના પિતાનું નામ અબ્દુલ ફરીદ અબ્દુલ રશીદ શેખ અને તેમના પિતાજી બાંધકામમાં લેબર કોન્ટ્રાક્ટર તરીકેનું કામ કરે છે અને આ સાહેદ પણ તેમની સાથે આ જ કામ કરે છે. તેઓ જે મકાનમા રહે છે તે સિવાય બીજા બે મકાનો છે. તે પૈકી એક મકાન સોપારીવાલા કંમ્પાઉન્ડમાં માસ્ટર હાઉસ નામનું આવેલું છે. આ માસ્ટર હાઉસમા કુલ–૨૨ રૂમ આવેલા છે. પ્રથમ માળે આવેલી છ રૂમ તેઓએ વેચાણ આપેલી છે જ્યારે બાકીની સોળ રૂમો ભાડે આપેલી છે. આ મકાન ચાર માળનું છે. મકાનના રૂમના ભાડાનો હિસાબ આ સાહેદ રાખે છે. વધુમાં સાહેદના જણાવ્યા પ્રમાણે તા.૪/૭/૨૦૦૮ ના રોજ રાત્રીના તેઓ જમવા બેઠા હતા ત્યારે તેમના પિતા સાથે ચર્ચા થયેલી કે બપોરે એક ભાઇ આવેલા હતા તેને ઉદયભાઇની રૂમ નં.૨૧ ભાડે આપવાની છે અને તે રૂમ ઉદયભાઇ પાસે ખાલી કરાવવાની વાત થઇ ગયેલી. આ સાહેદને તેમના પિતાજીએ એમ પણ કહેલું કે આ ભાડે રાખનાર ભાઇએ રૂપિયા દસ હજાર ડિપોઝીટ આપેલી છે અને માસિક રૂા.૩૦૦૦/– નક્કી કરેલુ છે અને બીજા દિવસે તે ભાઇને લઇને રૂમ ઉપર જઇ રૂમ આપવાનું તેમના પિતાએ કહેલું.

વધુમાં સાહેદ જણાવે છે કે બીજા દિવસે તે ભાઇ તેમને ત્યાં આવેલા અને તેમને લઇને ઉદયભાઇની રૂમ ઉપર ગયેલા. તે વખતે ઉદયભાઇનો રૂમ ખાલી થયેલો ન હતો અને ઉદયભાઇ હાજર ન હતા પરંતુ તેમની પત્ની હાજર હતા

જેથી તે ભાઇને કહેલું કે ઉદયભાઇનો રૂમ ખાલી થયેલો નથી. આ વખતે ઉદયભાઇના પત્નીએ કહેલુ કે ઉપરના ભાગે એક રૂમ છે જેમા અમે પંખો પણ ફિટ કરેલો છે તો હવે અમે સામાન લઇ જવાના છીએ. જેથી આ સાહેદે તેમને જણાવેલુ કે આપણે બધા ભેગા મળી ફટાફટ સામાન તે રૂમમાં પહોચાડી દઇએ. ત્યારબાદ ઉદયભાઇની પત્ની, આ સાહેદ તથા ભાડૂઆત તરીકે આવેલા તે ભાઇ ત્રણે જણે ઉદયભાઇનો સામાન ઉપરના રૂમમા પહોચાડી દીધેલો. ત્યારબાદ તે ભાઇને કહેલુ કે ઉદયભાઇનો રૂમ ખાલી થઇ ગયેલો છે તમે સામાન લઇ આવો. સામાન લાવતા સુધી તાળુ મારીદો જેથી તે રૂમને તે ભાઇએ તાળુ મારેલું ત્યારબાદ એક ડાયરીમા તે ભાઇનુ નામ લખેલુ ડીપોઝીટની રકમ તથા ભાડાની રકમ લખીને તે ડાયરી તે ભાઇને આપેલી. ભાડૂઆત તરીકે આવેલ તે ભાઇ યુવાન તેમજ ગોરો દેખાતો હતો. ત્યારબાદ તે ભાઇ સાથે મુલાકાત થયેલી નહી અને ત્યારબાદ આ સાહેદ બીજા ત્રીજા દિવસ પછી જમાતમા જતા રહેલા . ત્યારબાદ ચાર–પાંચ મહિના પછી પોલીસ આ સાહેદને ત્યાં આવેલી અને ચોક બજાર પોલિસ સ્ટેશનમા બોલાવેલા જેથી ત્યાં ગયેલા.

સાહેદ વધુમાં જણાવે છે કે રૂમ લીધા પછી ચાર–પાંચ મહિના બાદ કિલ્લામાં આવેલી કોર્ટમા બોલાવેલા. આ સાહેદ સાથે તેમના પિતા પણ કિલ્લામા આવેલી કોર્ટમા આવેલા હતા. ત્યાં આઠેક માણસો ઉભા રાખેલા હતા અને જજ સાહેબે એક માણસ ઓળખવાનું કહેલું. જેથી આ સાહેદે તે માણસને આંગળીના ઇશારાથી બતાવેલો જે તેમને ત્યાં ભાડૂઆત તરીકે આવેલો હતો તેની ઓળખ થયા પછી સાહેબે જવાનુ કહેતા જતા રહેલા. આ માણસ ભાડૂઆત તરીકે પ્રથમ વખત તેમને ત્યાં આવેલા ત્યારે પોતાનું નામ અશફાક જણાવેલું હતું. ત્યારબાદ મેજિસ્ટ્રેટ રૂબરૂ ઓળખ થયા પછી તે માણસનું નામ કયામુદ્દીન હતુ તે જાણવા મળેલું. ઘણો સમય થઇ ગયો હોવાથી આરોપીને ઓળખી શકે નહીં તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો સુરતમાં આ સાહેદની બે બિલ્ડિંગો આવેલી છે જે ભાડે આપેલી છે. ભાડાનો હિસાબ કિતાબ રાખે છે તે

કબૂલ કરે છે. ભાડૂઆત કોની ઓળખાણથી આવેલો તે લખતા નથી તે કબૂલ કરે છે. ભાડે રૂમ રાખવા આવનાર વ્યકિતએ રૂમને તાળુ મારેલુ અને જતો રહેલો અને ત્યારપછી આ સાહેદ તેને મળેલા નથી તે કબૂલ કરે છે. રૂમ ભાડે આપ્યા પછી ભાડુ વસુલ કરવા આ સાહેદ તે વ્યકિત પાસે ગયેલા નથી. પોલીસ પ્રથમ વખત નવમાં મહીનામાં આવેલી તે યાદ નથી. ઉદયભાઈની પત્નીનું નામ ખ્યાલ નથી. પોલીસે ઉદયભાઈની પત્નીની પુછપરછ કરેલી. પોલીસે આ સાહેદની પુછપરછ કરી તે પહેલા તે વ્યકિત બે અઢી માસ પહેલા રહેવા આવેલો હતો. આ સાહેદના પિતાએ રૂમ ભાડે આપવાની વાત કરી તે પહેલા ડીપોઝીટની રકમ આવી ગઈ છે તેવુ જણાવેલુ. ભાડૂઆત તરીકે આવનાર વ્યકિતનું નામ અસ્ફાક હોવાનું જણાવેલુ તે હકીકત પોલીસ જવાબમાં લખાવેલુ નથી તે કબૂલ કરે છે. રૂમ ભાડે આપ્યા બાબતે કોઈ લખાણ કરેલુ નહીં કે ભાડૂઆતની સહી કોઈ જગ્યાએ લીધી નથી. મેજિસ્ટ્રેટ કોર્ટમાં આ સાહેદ અને તેમના પિતાજી ગયા ત્યારે ઉદયભાઈની પત્નીને પણ બોલાવેલા હતા. કઈ તારીખે બોલાવેલા તે યાદ નથી. હબીબહુલ્લા કાસમઅલી શેખને ઓળખતા નથી. સરાફત બાબરઅલી શેખને ઓળખે છે. મેજિસ્ટ્રેટ કોર્ટમાં પ્રથમ પિતાજીને બોલાવેલા અને ત્યારબાદ આ સાહેદને બોલાવેલા. જે વ્યકિતને મેજિસ્ટ્રેટ રૂબરૂ ઓળખેલો તેને દાઢી ન હતી. તે વ્યકિતએ કેવા કપડા પહેરેલા તે યાદ નથી. બીજા ડમી માણસો કેવા દેખાતા હતા તેનો ખ્યાલ નથી. રૂમ નં.૨૧ માં આ ભાડૂઆત આવેલો નથી તો તે હકીકત નકારેલી છે. પોલીસને મદદ કરવા ખોટી જુબાની આપે છે તો તે હકીકત પણ નકારે છે. મકાન ભાડે આપ્યા પછી તે અંગેની જાણ પોલીસને કરવી પડે તેવુ જાહેરનામું હોય તો ખ્યાલ નથી. બનાવ બન્યા પછી આવુ જાહેરનામું છે તેવી ખબર પડેલી. પોલીસના કહેવાથી અને પોલીસના ડરથી ખોટી જુબાની આપેલાની હકીકત નકારે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદનું મકાન સુરતમાં સોપારીવાલા કમ્પાઉન્ડમાં આવેલ માસ્તર હાઉસના રૂમ નં.૨૧ વાળુ છે અને તે મકાનના માલીક આ સાહેદના પિતા છે. આ મકાન આરોપી

નં.૩૭ કયામુદ્દીન કાપડીયાનાઓને ૨૦૦૮ના વર્ષમાં ભાડે આપેલુ હતુ. સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવો બન્યા બાદ આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયા પકડાયા બાદ તા.૧૧.૨.૨૦૦૮ નાં રોજ આ સાહેદે આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયાને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.પ૭૯ ધર્મેશ કનૈયાલાલ પટેલનાઓની રૂબરૂમાં આંક–૩૧૦૮ના ઓળખ પરેડના પંચનામા દરમ્યાન ઓળખી બતાવેલો છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે ઈસ્માઈલ ઈબ્રાહીમ બગાને સાહેદ નં.૧૧૨૨ તરીકે આંક–૮૦૬થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ સને–૨૦૦૮ની સાલમાં વાપી ખાતે હોટલ વાપી ઈન્ટરકોન્ટીનેન્ટલમાં સુપરવાઈઝર તરીકે નોકરી કરતા હતા. આ હોટલ તેમના પિતાજી ચલાવતા હતાં. આ હોટલ ઉપર આ સાહેદ રીસેપ્શનમાં પણ બેસતા હતા અને કોઈ કસ્ટરમર આવે તો તેની એન્ટ્રી કરાવતા હતા.

સાહેદ વધુમાં જણાવે છે કે સને–૨૦૦૯ની સાલમાં સુરતથી ક્રાઈમ બ્રાન્ચ પોલીસ તેમને ત્યાં આવેલી. માર્ચ મહિનામાં આવેલી પરંતુ તારીખ ચોકકસ યાદ નથી. પોલીસ એટલે ડબ્બા સાથે ક્રાઈમ બ્રાન્ચની આખી ટીમ આવેલી અને આશરે એક–બે માણસો પણ હતાં. આ સાહેદને ત્યાં રૂમ બુક કરાવવા માટે જે કસ્ટરમર આવેલો હતો તેને લઈને પોલીસ આવેલી. તે માણસના મોઢા ઉપર બુરખો પહેરાવેલો હતો. તેનું નામ કયામુદ્દિન જાણવા મળેલુ હતુ. આરોપીએ એમ કહેલું કે તે વડોદરાનો છે. પોલીસે કહેલું કે તેઓ સુરતથી આવ્યા છે અને હોટલનું રજીસ્ટર ચેક કરવાનુ છે કે હોટલમાં એક માણસ આવીને રોકાયેલો હતો તો તેના માટે એન્ટ્રી રજીસ્ટર જોવુ છે તો તે બતાવો. જેથી આ સાહેદે સાહેબને કહેલું કે લો, રજીસ્ટર ચેક કરો. પછી તેમણે રજીસ્ટર લીધેલું અને ત્યાં બેઠેલાં અને પછી રજીસ્ટર ચેક કરેલું. પછી પુંછેલું કે પાના નંબર યાદ છે જેથી કહેલું કે પાના નં.૧૭૪ કે ૧૭૫ ઉપર એન્ટ્રી થયેલી છે. પછી પોલીસે કહેલું કે આ રજીસ્ટરમાંથી ૧૭૪ અને ૧૭૫ નું પાનું ફાડીને આપો જેથી તે પાનું ફાડીને આપેલું.

સાહેદ આંક–૬૪૯૮વાળા રજીસ્ટરનું પાનુ જોઈને કહે છે કે આ પાનુ હોટલ વાપી ઈન્ટરકોન્ટીનેન્ટલનુ અને રજીસ્ટરના પાનાનો નંબર ૧૭૫ ત્યાં સુખ સુવિધા કર કલેકટર, વલસાડનાઓનો સિકકો છે જેની એન્ટ્રી નં.૧૭૩૯ ની સામે જે એન્ટ્રી કરેલી છે તે જે કસ્ટરમર રૂમ બુક કરાવવા માટે આવેલો તેણે કરેલી છે. આ સિવાય પોલીસે આ સાહેદ પાસેથી રજીસ્ટરના કોરા ચારથી પાંચ કાગળો માંગેલા જેથી છ નંગ કોરા રજીસ્ટરના પાના આપેલાં. જે માણસ આવેલો તે એન્ટ્રી કરીને જતો રહેલો હતો. ત્યારબાદ તે માણસ બે કલાક પછી આવેલો અને રૂા.૪૦૦/– એડવાન્સ આપેલા અને તેણે એવું કહેલું કે સાડા આઠ વાગ્યે તેમના મહેમાન આવશે. આ સાહેદે કહેલું કે મહેમાનમાં કોણ–કોણ આવશે તો તેણે કહેલું કે ફેમીલી આવશે. ત્યારબાદ ફેમીલીમાં એક ભાઇ, એક બહેન અને એક નાનું બાળક હતું. બહેને બુરખો પહેરેલો હતો. રૂમમાં તે લોકોએ એન્ટ્રી કર્યા પછી બીજા દિવસે દસ સાડા દસ વાગ્યે ચેક આઉટ કરેલું. ત્યારબાદ તેઓએ આ સાહેદ પાસે બીલ માંગેલું તો રૂા.૩૦૦/– નું બીલ બનાવેલું અને રૂા.૧૦૦/– તે ભાઇને પરત આપેલાનું જણાવેલ છે. આ સાહેદ વધુમાં જણાવે છે કે જે વખતે રૂમ બુકિંગ કરવા માણસ આવેલો ત્યારે કહેલું કે તમારે ઓળખાણ આપવી પડશે પછી તેમણે કહેલું કે મારો એક ભાઇ ઓળખીતો છે અને હું વડોદરાનો છું અને તે ભાઇ પણ વડોદરાનો છે. તે ભાઇનો બાટાનો બુટ ચપ્પલનો શો રૂમ ગુંજન ચોકડી ઉપર આવેલો હતો. તે બાટાના શો રૂમ વાળા ભાઇ પણ આવેલા અને કહેલું કે તમે રૂમ આપી દો હું ઓળખું છું. સાહેદ આંક–૬૭૩૯ વાળા હોટલ વાપી ઈન્ટરકોન્ટીનેન્ટલના પાના જોઈને જણાવે છે કે તે આ સાહેદ આપ્યા તે વખતે બધા કોરા હતાં. સાહેદ ઘણો સમય થયેલ હોવાથી આરોપીને ઓળખી શકે નહીં તેમ જણાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો અંગ્રેજી લખતા, વાંચતા કે બોલતા આવડતુ નથી તે કબૂલ કરે છે. આંક–૬૪૯૮વાળા હોટલ રજીસ્ટરના પાના નં.૧૭૪ અને ૧૭૫ ઉપર આ સાહેદની સહી નથી તે કબૂલ કરે છે. આ રજીસ્ટરના પાના ૧૭૪ અને ૧૭૫ ઉપર થયેલી બધી એન્ટ્રીઓ વખતે આ સાહેદ

હાજર ન હતા. કયો કસ્ટમર કયારે આવ્યો, કેટલા વાગે આવ્યો અને કયારે ગયો તે ચોકકસ કહી શકે તેમ નથી. એન્ટ્રીઓમાં જે નામો લખેલા છે તેઓને ઓળખી શકે નહીં. આ લોકો કોના કહેવાથી કયારે આવ્યા અને કયારે ગયા તે પણ કહી શકે તેમ નથી. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની પોલીસે ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે બોલાવ્યા હોય તેવુ બન્યુ નથી. સુરત પોલીસ સિવાય બીજી કોઈ જગ્યાની પોલીસ આ સાહેદ પાસે આવેલી નથી. આ સાહેદ પાસે બુરખો પહેરાવીને જે વ્યકિતને લાવેલા તેને અગાઉ ઓળખતા ન હતા. આ વ્યકિતને બુરખો ઉતારીને જોયેલો નહીં. પાના નં.૧૭૪ અને ૧૭૫ ઉપર લખેલા લખાણો બાબતે પોલીસે આ સાહેદ કે તેમના પિતાજીના તેમજ તેમના બનેવીના હસ્તાક્ષરના નમુના લીધેલા નહીં. પોલીસે આખુ રજીસ્ટર કબજે કરેલુ નથી તે કબૂલ કરે છે. પોલીસને જે પાના આપેલા તે પાના ઉપર આ સાહેદની સહી નથી તે કબૂલ કરે છે. મામલતદાર પહેલા પાનાથી લઈને છેલ્લા પાના સુધી સીકકા મારે છે તે કબૂલ કરે છે. આંક–૬૭૩૯વાળા પાના ઉપર મામલતદારના સહી સિક્કા નથી તે કબૂલ કરે છે. પાના ફાડીને આપ્યા પછી રજીસ્ટર બંધ કરેલુ નહીં પરંતુ ચાલુ હતુ. કોરા પાના કેમ લઈ જાવ છો તે અંગેનો કોઈ ખુલાસો પોલીસે આપેલો નહીં. માર્ચ ૨૦૦૯ ના અરસામાં પોલીસ કોઈને પણ લઈને હોટલ ઉપર આવેલી નહીં તો તે હકીકત નકારે છે. સરતપાસમાં જણાવ્યા મુજબ વાપીના કોઈ બાટાવાળી વ્યકિતના રેફરન્સથી કોઈ વ્યકિતને તા.૧૯.૫.૨૦૦૮ નાં રોજ કોઈ રૂમ આપેલો નથી તો તે હકીકત નકારે છે. તા.૧૯.૫.૨૦૦૮ થી ૨૦.૫.૨૦૦૮ સુધી કોઈ વ્યકિત ફેમેલી સાથે હોટલમાં રોકાયેલો નથી તે હકીકત નકારે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો સને–૨૦૦૮ ની સાલમાં આ સાહેદ વાપી ખાતે આવેલી "હોટલ વાપી ઈન્ટરકોન્ટીનેન્ટલ" માં સુપરવાઈઝર તરીકે નોકરી કરતા હતા. ૨૦૦૯ની સાલમાં સુરતથી ક્રાઈમ બ્રાન્ચ પોલીસ તેમની પાસે આવેલી અને તેમને ત્યાં રૂમ બુક કરાવવા માટે એક ગ્રાહક આવેલો હતો તેને લઈને પોલીસ આવેલી હતી. તે ગ્રાહકનું નામ કયામુદ્દીન હોવાનું જાણવા મળેલુ. પોલીસે આ સાહેદની હોટલનું રજીસ્ટર ચેક કરેલુ અને

રજીસ્ટર ચેક કર્યા પછી રજીસ્ટરના પાના નં.૧૭૪ અને ૧૭૫ ઉપર જે એન્ટ્રીઓ થયેલી હતી તેની માંગણી કરતા તે પાનુ ફાડી આપેલુ આ સિવાય પોલીસે રજીસ્ટરના છ નંગ કોરા પાના માંગેલા તે પણ આપેલા. જે ગ્રાહક આવેલ હતો તે એન્ટ્રી કરીને જે તે વખતે જતો રહેલો હતો ત્યારપછી બે કલાક બાદ તે પરત આવેલો અને રૂા.૪૦૦ એડવાન્સ આપેલા અને તેને કહેલુ કે ૮.૩૦ વાગે મારા મહેમાન આવશે. ત્યારબાદ એક ફેમેલી આવેલુ જેમા એકભાઈ, એકબહેન અને એક નાનુ બાળક હતુ. રૂમમાં તે લોકોએ એન્ટ્રી કર્યા પછી બીજા દિવસે ૧૦ વાગે ચેકઆઉટ કરીને ગયેલા તેમ જણાવે છે.

તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૫ એન.ડી.પરમારનાઓએ પંચ સાહેદ નં.૯૦૮ કાશીફ મંજુર અશરફ સૈયદનાઓની હાજરીમાં આંક–૬૪૯૭ વાળુ પંચનામુ બનાવીને ઉપરોકત હોટલ રજીસ્ટરના પાના નં.૧૭૪ અને ૧૭૫ તથા છ કોરા પાન કબજે લીધેલા હતા. તે ધ્યાને લેતા પાના નં.૧૭૫ ઉપર એન્ટ્રી નં.૧૭૩૯ માં કોલમ નં.૨ ના સરનામામાં અંગ્રેજીમાં તૌકીર એ. શેખ, કોલમ નં.૩ માં ઉંમર, કોલમ નં.૫ માં સી–૩૦૯, મોરારજી સર્કલ વાપી, મોબાઈલ નં. ૯૭૨૫૬૯૯૯૮૮ લખેલુ છે તથા કોલમ નં.૧૬ માં સહી કરેલી છે. આ બન્ને પાના નં.૧૭૪ અને ૧૭૫ કબજે કરેલ છે. જેને આંક–૬૪૯૮ આપવામાં આવેલો છે. આ સબંધમાં સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમારની જુબાનીના પેરા–૮૧ ધ્યાને લઈએ તો તેઓ જણાવે છે કે તા.૫.૩.૨૦૦૯ ના રોજ આરોપી કયામુદ્દીનને લઈ વાપી ખાતે આવેલ હોટલ વાપી ઈન્ટર કોન્ટીનેન્ટલમાં રોકાયેલો ત્યાં જઈ તેના સુપરવાઈજર સાહેદ નં.૧૧૨૨ ઈસ્માઈલ ઈબ્રાહીમ બગા પાસેથી હોટલ રજીસ્ટરના પાના કે જેમાં આરોપીએ એન્ટ્રી કરેલી તે પાના તથા કોરા છ પાન આંક–૬૪૯૭ ના પંચનામાની વિગતે કબજે કરેલા. આ રજીસ્ટરના પાન ઉપર આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે. આંક–૬૪૯૮વાળા આ પાના ઉપર પણ આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

ઉપરોકત આંક–૬૪૯૭ના પંચનામા આધારે રજીસ્ટરના પાના આંક–૬૪૯૮ વાળા જે કબજે કરવામાં આવેલા હતા તેમા ફરીયાદપક્ષના કેસ

પ્રમાણે એન્ટ્રીના અક્ષરો આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયાએ લખેલા છે જેથી તપાસ કરનાર અધિકારીએ સાહેદ નં.૯૫૯ બળવંતભાઈ ઈશ્વરભાઈ ગ્લાસવાલાની હાજરીમાં આંક–૬૭૩૮નું પંચનામુ બનાવી આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયાના હસ્તાક્ષર/સહીના નમુના તા.૬.૩.૨૦૦૯ નાં રોજ લીધેલા હતા.

ફરિયાદપક્ષ દ્વારા સાહેદ નં.૯૫૯ તરીકે બળવંતભાઈ ઈશ્વરભાઈ ગ્લાસવાલાને આંક–૬૭૩૭થી તપાસવામાં આવેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તા.૬.૩.૨૦૦૯ નાં રોજ પોલીસે તેમને બોલાવેલા, બીજા એક ભાઈ પણ ત્યાં હતા. તેઓને રાત્રીના સમયે કુરજામાં બોલાવેલા. પોલીસ સ્ટેશનમાં પરમાર સાહેબ હાજર હતા અને તેઓ વાપીથી એક રજીસ્ટર લાવેલા હોટલનું નામ યાદ નથી. ત્યાં એક આરોપી પણ હતો તેનુ નામ કાપડીયા કરીને હતુ. ત્યાં પંચનામુ કરવામાં આવેલુ. ત્યાં જે આરોપી હતો તે હોટલમાં રોકાયેલો હતો. ત્યારપછી છ કાગળ ઉપર આ સાહેદની સહી લીધેલી. કાગળોમાં પોલીસવાળાઓએ લખેલુ કાપડીયાએ તેમનુ લખાણ બતાવેલુ તે લખાણ છ કાગળોમાં લીધેલુ. તે તમામ લખાણો ઉપર આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. પાના નં.૧૭૪ અને ૧૭૫ ઉપર પણ આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે જેને સહી પુરતો દાખલ આંક–૬૭૪૦ આપવામાં આવેલો છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા રાત્રે ૧૨ વાગે પોલીસ મળી ત્યારે પંચનામામાં સહીઓ કરવાની છે તેવુ કહેલુ નહીં. જે આરોપી ત્યાં હતો તેને અગાઉ સહી કરતા કયારેય જોયેલો નહીં. આરોપી સાથે કોઈ વાતચીત કરેલી નહીં. જેમા સહી કરેલી તેને રજીસ્ટર ના કહેવાય તો તે હકીકત નકારી છે. રજીસ્ટર કયાંથી લઈ આવેલા તે બાબતે પોલીસને કાંઈ પુછેલુ નહીં. રજીસ્ટરના પાનાઓ કયા હેતુ માટે લાવવામાં આવેલા તેનો ખ્યાલ નથી. પોલીસ સ્ટેશનમાં જઈને ફકત સહીઓ કરેલી તો તે હકીકત નકારી છે. સરતપાસમાં જણાવ્યા મુજબ કોઈ કાર્યવાહી થયેલી નથી તો તે હકીકત પણ નકારી છે.

આમ આ સાહેદની હાજરીમાં હોટલ ઈન્ટરકોન્ટીનેન્ટલ એન્ટ્રી મુજબના હસ્તાક્ષર/સહીઓના નમુના જે મેળવેલા તે માર્ક એસ–૧ થી એસ–૧૨ આપેલો જે આંક–૬૭૩૯થી રજૂ છે તથા મૂળ પાના પરના લખાણને આંક–૬૪૯૮ આપવામાં આવેલો છે તથા આરોપીએ બે લીટીવાળા કાગળો ઉપર અંગ્રેજી ભાષામાં કુદરતી લખાણના નમૂના જે લખેલા તે માર્ક–એન તથા એન–૧ આપી આંક–૬૭૪૦થી રજૂ કરેલા છે.

ઉપરોકત હસ્તાક્ષરના નમુના તપાસ કરનાર અધિકારીએ એફ.એસ.એલ. ગાંધીનગરને રીપોર્ટ સાથે મોકલેલા તે રીપોર્ટ આ કામે ૭૯૮૬ થી રજૂ છે જેમા તપાસ કરનાર અધિકારી એન.ડી.પરમારની સહી છે. આ નમૂનાઓની એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૧૩ મહેશકુમાર મનુભાઈ વડગામાને આંક–૭૯૭૦થી તપાસવામાં આવેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો ઉપરોકત જણાવેલ રીપોર્ટ તથા તેની સાથેના દસ્તાવેજો આ સાહેદની કચેરીને તપાસણી માટે મળ્યા બાદ તેમના વિભાગના વડાશ્રી આર.એન.ગુણાએ આ અભિપ્રાય આપવા અંગેની કામગીરી આ સાહેદને સોંપેલી. ત્યારબાદ સરખામણી હેતુસર મોકલવામાં આવેલ ઉપરોકત કેસના દસ્તાવેજોમાં તકરારી દસ્તાવેજ તરીકે વાપી મુકામે સિધ્ધિ વિનાયક પ્લાઝા, નેશનલ હાઈવે નં.૦૮ ઉપર આવેલ હોટલ "વાપી ઈન્ટરકોન્ટીનેન્ટલ" નામની હોટલના રજીસ્ટરમાં તાકિરે શેખ, રેસીડેન્ટ સી–૩૦૯, મુરારજી સર્કલ(વાપી)ના નામથી એન્ટ્રી કરેલ જે રજીસ્ટરના પાના નં.૧૭૫ ના સીરીયલ નં.૧૭૩૯ ઉપરના લખાણની ફરતે લાલ પેન્સીલથી સર્કલ કરી તેને ડિસ્પ્યુટેડ લખાણ તરીકે માર્ક–ડી આપવામાં આવેલ હતો. જે મળતા તે એન્ટ્રીને તેમની કચેરીનો એ.બી.કેસનં.૧૦૯/૦૯ આપેલ તે તકરારી દસ્તાવેજોની અંદર તકરારી સહીને અલગ માર્ક ડી–૧ આપેલ જેમાં પણ તેમની કચેરીનો એ.બી.કેસ નં.૧૦૯/૦૯ આપેલ અને તેમાં આ સાહેદે ટુંકી સહી કરેલી. તેમજ આંક–૬૭૩૯ વાળા દસ્તાવેના દરેક પાના ઉપર માર્ક આપવામાં આવેલ છે જેને અનુક્રમે માર્ક એસ–૧ થી એસ–૬ વાળા લખાણ તથા સહી અને માર્ક એસ–૭ થી એસ–૧૨

વાળા, સહીના નમુના મળેલાં હતાં. જે તમામ માર્કવાળા દસ્તાવેજો મળતા તેને વાદળી પેન્સીલથી સર્કલ કરેલ ભાગને તેમને કચેરીનો એ.બી.કેસ નં.૧૦૯/૦૯ આપેલો. વધુમાં તપાસ કરનાર અમલદાર તરફથી તેમની કચેરી તરફ કુદરતી લખાણ પણ મોકલવામાં આવેલ. જે દસ્તાવેજ બે લીટીવાળા કાગળો ઉપર અંગ્રેજીમાં લખાણ વાળો એક પેરેગ્રાફ તેના હસ્તાક્ષરમાં અંગ્રેજીમાં લખેલ નામ, સરનામાં તથા મોબાઈલ નંબર લખાવી લઈ જે લખાણોની ફરતે લીલા રંગની પેન્સીલથી સર્કલ કરી કુદરતી લખાણ તરીકે માર્ક–એન અને એન–૧ આપવામાં આવેલ હતો જેને વાદળી પેન્સીલથી સર્કલ કરેલું અને તેની સાથે એ.બી.કેસ નં.૧૦૯/૦૯ લખેલ તથા ટુંકી સહી કરેલી. આમ ઉપરોકત તકરારી દસ્તાવેજ, નમુનાના દસ્તાવેજો તથા કુદરતી દસ્તાવેજોની તપાસણી તથા તલસ્પર્શી પરીક્ષણ આ સાહેદે જરૂરી વૈજ્ઞાનિક સાધનોની મદદથી કરી અને એવા અભિપ્રાય ઉપર આવેલા કે "જે વ્યકિતએ વાદળી કુંડાળું કરેલ સ્ટાન્ડર્ડ લખાણ અને સહી જેને માર્ક એસ–૧ થી એસ–૧૨, માર્ક–એન અને એન–૧ આપેલ છે તે જ વ્યકિતએ લાલ કુંડાળું કરેલ તકરારી લખાણ અને સહી માર્ક–ડી અને ડી–૧ લખેલ છે." જે અભિપ્રાય ઉપર આવી અભિપ્રાય તૈયાર કરી તેમાં સહી કરેલી. આ અભિપ્રાય ઉપર તેમના સાથી કર્મચારી શ્રીમતી ડી.જે.શાહ કે જે પણ આસીસ્ટન્ટ એકઝામીનર ઓફ કવેશ્ચન ડોકયુમેન્ટ તરીકે તેમના વિભાગની અંદર ફરજ બજાવે છે જેમણે પણ આ કેસ તપાસી અભિપ્રાય ઉપર સહી કરેલી. જે અભિપ્રાય આંક–૭૯૮૭થી રજૂ રાખેલો છે. સદર એ.બી.કેસ નં.૧૦૯/૦૯થી તપાસેલા દસ્તાવેજોના અભિપ્રાય ઉપર આવવા અંગેના જરૂરી કારણો પણ આપવામાં આવેલાં છે. જે આંક–૭૯૮૮થી વાળા કારણો ઉપર આ સાહેદ તેમની સહી ઓળખી બતાવે છે. આ બાબતે આ સાહેદની ઉલટ તપાસના પેરા નં.૧૫ ધ્યાને લઈએ તો આંક–૭૯૭૮, ૭૯૮૫, ૭૯૮૮ અને ૭૯૯૧ વાળા બધા જ કારણો એક જ પરફોમામા છે તે કબૂલ કરે છે. આ બધા કારણો યંત્રવત રીતે આપેલાની હકીકત નકારે છે. આ કારણો નામદાર કોર્ટને અને આરોપીઓને સમજાવવા માટે કોઈ ડેમોસ્ટ્રેશન કરેલુ નથી તે કબૂલ કરે છે. પરંતુ આવુ ડેમોસ્ટ્રેશન કરવુ જોઈએ

તેવી કાયદામાં કોઈ જોગવાઈ નથી. જે દસ્તાવેજો તપાસેલા તે બોલપેનથી લખાયેલા કે ઈન્કપેનથી લખાયેલા તેની તપાસ કરેલી. કઈ પેનથી લખાયેલા તે અભિપ્રાયમાં જણાવેલ નથી તે કબૂલ કરે છે. પોલીસ રૂબરૂ પંચોની હાજરીમાં કોઈ હસ્તાક્ષર લેવામાં આવે તો તે કુદરતી હસ્તાક્ષર ન કહેવાય તે કબૂલ કરે છે. આમ આ સાહેદની જુબાની ધ્યાને લઈએ તો નમુના માર્ક એસ–૧ થી એસ–૧૨ અને એન અને એન–૧ વાળુ જે લખાણ લખેલુ છે તે એક જ વ્યકિતએ લખેલુ હોવાનો અભિપ્રાય છે જેથી સ્પષ્ટ બને છે કે ડી અને ડી–૧ વાળુ લખાણ આ જ વ્યકિતએ લખેલુ છે. જેથી હોટલ રજીસ્ટરમાં જે એન્ટ્રી કરેલી હતી તે આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયાએ કરેલી છે તે સ્પષ્ટ બને છે તે સ્પષ્ટ બને છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે અતુલ કિશોરભાઈ શેઠને સાહેદ નં.૮૧૬ તરીકે આંક–૫૪૮૪થી તપાસવામાં આવેલા છે અને આ સાહેદની જુબાનીની હકીકત આરોપી નં.૨૭ બાબતે ફરિયાદપક્ષ દ્વારા જે પુરાવો રજુ થયેલો છે તેમા વિગતવાર ચર્ચા કરેલી છે જેથી ફરીથી પુનરાવર્તન કરવામાં આવતુ નથી. પરંતુ તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચવડાનાઓ તા.૮.૧૨.૨૦૦૮ નાં રોજ આરોપી નં.૨૭ મહમદ ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ રાજીકને લઈ પંચો સાથે આરોપી નં.૨૭ નાઓએ આપેલ માહિતી મુજબ જગ્યાઓ બતાવવાની સ્વખુશી બતાવેલી અને તેને પોલીસ તથા પંચોને માહિતી આપેલી તથા તે માહિતીના આધારે તપાસ કરનાર અધિકારી, પંચો, આરોપી તથા પોલીસ સ્ટાફને લઈને સરકારી ગાડીમાં બેસી આરોપીના બતાવ્યા મુજબના રસ્તે ગયેલા. આરોપી અલઅમન એપાર્ટમેન્ટના પહેલા માળે લઈ ગયેલો અને મકાનના માળીયામાંથી ઉતારીને જણાવેલુ કે આ ટેબલ ફેન દાણીલીમડામાં જે મકાનમાં બોમ્બ બનાવેલા ત્યાં આરોપી નં.૫૨ મહમદ યાસીન તથા આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયા લાવેલા હતા. તે જગ્યા બતાવેલી અને તેનુ પંચનામુ આંક–૫૪૮૫ વાળુ કરવામાં આવેલુ હતુ. તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓ પોતાની જુબાનીના પાના નં.૩૬૦ ઉપર આ હકીકત જણાવેલી છે કે સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવો બન્યા બાદ આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયા

પકડાયા બાદ તા.૧૫.૧૨.૨૦૦૮ નાં રોજ સાહેદ અંબાલાલ હરીભાઈ પટેલનાઓએ આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયાને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૮૮ લક્ષ્મણભાઈ કેશવલાલ પારઘીનાઓની રૂબરૂમાં આંક–૩૧૪૨ ના ઓળખ પરેડના પંચનામા દરમ્યાન ઓળખી બતાવેલો છે. સાહેદ અંબાલાલ હરીભાઈ ગુજરી ગયેલ હોવાથી ફરિયાદપક્ષે તેઓને તપાસેલા નથી. આ ઉપરાંત સાહેદ અંબાલાલ હરીભાઈ પટેલનાઓની હાજરીમાં આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયાનાઓએ ઈસનપુર જયઅંબે ઈલેકટ્રોનિકસવાળી દુકાન પણ આંક–૬૦૮૩ વાળા પંચનામાની વિગતે બતાવેલી હતી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે જીજ્ઞેશ મહેશભાઈ પંચાલને સાહેદ નં.૮૨૨ તરીકે આંક–૫૫૨૬થી તપાસવામાં આવેલા છે અને આ સાહેદની જુબાનીની હકીકત આરોપી નં.૨૭ બાબતે ફરિયાદપક્ષ દ્વારા જે પુરાવો રજૂ થયેલો છે તેમા વિગતવાર ચર્ચા કરેલી છે જેથી ફરીથી પુનરાવર્તન કરવામાં આવતુ નથી. પરંતુ તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયાએ તા.૨.૧૧.૨૦૦૮ નાં રોજ આરોપી નં.૨૭ મહમદ ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ રાજીકને લઈ પંચો સાથે આરોપી નં. ૨૭ નાઓએ આપેલ માહિતી મુજબ જગ્યાઓ બતાવવાની સ્વખુશી બતાવેલી અને તેને પોલીસ તથા પંચોને માહિતી આપેલી તથા તે માહિતીના આધારે તપાસ કરનાર અધિકારી, પંચો, આરોપી તથા પોલીસ સ્ટાફને લઈને સરકારી ગાડીમાં બેસી આરોપીના બતાવ્યા મુજબના રસ્તે ગયેલા અને આરોપીએ કહેલુ કે સીરીયલ બોમ્બ બ્લાસ્ટ થયેલા તેના ચાર દિવસ અગાઉ આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયા તથા મુજીબ શેખનાઓએ ચારેક દિવસ પહેલા ફોન કરેલો અને કહેલુ કે તારા ઘર પાસે જે એ.એમ.ટી.એસ.નું બસ સ્ટેન્ડ છે ત્યાં ઉભેલો છું અને સિવિલ હોસ્પિટલ જવાનું છે અને જે સાઇકલ આપેલી તે સાઇકલ લઈને અહીંયા આવ તથા બીજી સાઇકલ આપણે ભાડે લઈશું. ત્યારબાદ સાઇકલ લઈને એ.એમ.ટી.એસ. બસ સ્ટેન્ડ પાસે ગયેલો અને બીજી સાઇકલ લઈને ત્રણેય જણા એટલે કે આરોપી નં.૨૭ અબ્દુલ રાજીક પોતે, આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયા તથા આરોપી મુજીબ શેખ (મરણ ગયેલ છે) તેઓ સિવિલ હોસ્પિટલ

ગયેલા અને જયાંથી સાઇકલ ભાડે રાખેલી તે દુકાન બતાવેલી તથા દુકાનનું રજીસ્ટર કબજે કરેલુ અને ટ્રોમા સેન્ટર ખાતેની જગ્યા પણ બતાવેલ હતી. આંક–પપ૩૪વાળુ પંચનામુ વી.આર.ટોળીયાએ બનાવેલુ પરંતુ તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયા ગુજરી ગયેલા છે માટે સીરીયલ બોમ્બ બ્લાસ્ટોની તપાસ કરનાર તપાસ ટીમો પૈકીના અન્ય એક તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ પોતાની જુબાનીના પાના નં.૨૧૨ માં આ બાબતે જણાવેલ છે તથા આંક–પપ૩૪વાળા પંચનામામાં આ સાહેદે વી.આર. ટોળીયાની સહી ઓળખી બતાવેલી છે. આ સાઇકલની દુકાન ઉપરથી રજીસ્ટર કબજે કરેલુ તે આંક–પપ૩૫વાળા રજીસ્ટરની નકલ ધ્યાને લેતા તેમાં પણ વી. આર.ટોળીયાની સહી છે તથા બે પંચોની સહીઓ છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે સંજયકુમાર શ્યામજીભાઈ ધામેચાને સાહેદ નં.૮૨૪ તરીકે આંક–પપ૪૪થી તપાસવામાં આવેલા છે અને આ સાહેદની જુબાનીની હકીકત આરોપી નં.૨૭ બાબતે ફરિયાદપક્ષ દ્વારા જે પુરાવો રજૂ થયેલો છે તેમા વિગતવાર ચર્ચા કરેલી છે જેથી ફરીથી પુનરાવર્તન કરવામાં આવતુ નથી. પરંતુ તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયાએ તા.૨૫.૧૦. ૨૦૦૮ નાં રોજ આરોપી નં.૨૭ મહમદ ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ રાજીકને લઈ પંચો સાથે આરોપી નં.૨૭ નાઓએ આપેલ માહિતી મુજબ જગ્યાઓ બતાવવાની સ્વખુશી બતાવેલી અને તેને પોલીસ તથા પંચોને માહિતી આપેલી તથા તે માહિતીના આધારે તપાસ કરનાર અધિકારી, પંચો, આરોપી તથા પોલીસ સ્ટાફને લઈને સરકારી ગાડીમાં બેસી આરોપીના બતાવ્યા મુજબના રસ્તે ગયેલા અને તેને જણાવેલુ કે જે ગુનો અમે કરેલો છે તે બાબતે જે સાધન સામગ્રી અને સાઇકલ બતાવવા માંગુ છું તે હું તથા આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયા બંને ભેગા મળીને વસ્તુઓ સંતાડેલી આ વસ્તુઓ બતાવવા માંગુ છું. જેથી આરોપીએ પોતાનો ફલેટ અલઅમનવાળા મકાન નીચે દીવાલને અડીને પડેલી એક સાઇકલ બતાવેલી તેની ચાવી પોતાના ઘરમાંથી કાઢી લાવી આપેલ અને આ સાઇકલ આંક–પપ૪૫ના પંચનામાની વિગતે કબજે કરેલ. આંક–પપ૪૫વાળુ પંચનામુ

વી.આર.ટોળીયાએ બનાવેલુ પરંતુ તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયા ગુજરી ગયેલા છે માટે સીરીયલ બોમ્બ બ્લાસ્ટોની તપાસ કરનાર તપાસ ટીમો પૈકીના અન્ય એક તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ પોતાની જુબાનીના પાના નં.૨૧૨ માં આ બાબતે જણાવેલ છે તથા આંક–૫૫૪૫ વાળા પંચનામામાં આ સાહેદે વી.આર.ટોળીયાની સહી ઓળખી બતાવેલી છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે મહેન્દ્રભાઈ બાબુભાઈ રાવળને સાહેદ નં.૮૩૪ તરીકે આંક–૫૬૨૭થી તપાસવામાં આવેલા છે અને આ સાહેદની જુબાનીની હકીકત આરોપી નં.૨૭ બાબતે ફરિયાદપક્ષ દ્વારા જે પુરાવો રજૂ થયેલો છે તેમા વિગતવાર ચર્ચા કરેલી છે જેથી ફરીથી પુનરાવર્તન કરવામાં આવતુ નથી. પરંતુ તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારીનાઓ તા.૧૬.૧.૨૦૦૯ નાં રોજ આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયાને લઈ પંચો સાથે આરોપી નં.૩૭ નાઓએ આપેલ માહિતી મુજબ જગ્યાઓ બતાવવાની સ્વખુશી બતાવેલી અને તેને પોલીસ તથા પંચોને માહિતી આપેલી તથા તે માહિતીના આધારે તપાસ કરનાર અધિકારી, પંચો, આરોપી તથા પોલીસ સ્ટાફને લઈને સરકારી ગાડીમાં બેસી આરોપીના બતાવ્યા મુજબના રસ્તે ગયેલા અને અમદાવાદમાં જે સીરીયલ બ્લાસ્ટ થયેલા અને આરોપી જે મકાનમાં રોકાયેલો અને જે જગ્યાએ બોમ્બ સાથેની સાઇકલ મુકેલી તે જગ્યા બતાવવા માંગતો હતો જેથી તેને અલમહમદી સોસાયટીવાળુ મકાન બતાવેલુ તથા આરોપી નં.૨૭ અબ્દુલ રાજીકે આ આરોપી નં.૩૭ ને સાઇકલ આપેલી તે કામદાર મેદાન પાસેની જગ્યા તથા જે જગ્યાએ બોમ્બ સાથેની સાઇકલ મુકેલી તે જગ્યા સારંગપુર દરવાજા, સીંધી માર્કેટ પાસે, જનતા પાન હાઉસ પાસેની જગ્યા બતાવેલી તેનુ પંચનામુ આંક–૫૬૨૮વાળુ કરવામાં આવેલુ હતુ. તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારીનાઓ પોતાની જુબાનીના પાના નં.૧૯ ઉપર આ હકીકત જણાવેલી છે અને પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલી છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે હરીશ ઉર્ફે ભોલુ મહાદેવભાઈ પુરસાનીને સાહેદ નં.૮૪૨ તરીકે આંક–૫૭૯૩થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૩/૧૧/૨૦૦૮ ના રોજ આ સાહેદ અને તેમના મિત્ર હરીશ સવારે ૯.૦૦ વાગ્યે ઈમીટેશન જ્વેલરીનો વેપાર કે જે સાઇકલ ઉપર કરે છે તે કરવા માટે નીકળેલા. પછી ભદ્ર, લાલ દરવાજા પાસે ૧૦.૦૦ વાગ્યે પહોચેલા. ત્યાંથી બંને સાઇકલ લઇને ભદ્રથી રાયખડ ચાર રસ્તા થઇને જમાલપુર શાકમાર્કેટ જવા નીકળેલા ત્યાં રસ્તામાં ક્રાઇમ બ્રાન્ચ, હવેલી ગેટની બહાર બે પોલીસવાળાએ ઉભા રાખેલા અને કહેલું કે સાહેબ બોલાવે છે. જેથી પુછેલું કે સાહેબને શું કામ છે ? તો જણાવેલ ખબર નથી પણ સાહેબને ખબર છે. પછી તેઓને ક્રાઇમ બ્રાન્ચની ઑફિસે પહેલામાળે લઇ ગયેલા. ત્યાં પહેલા માળે એક ઑફિસમાં લઇ ગયેલા પછી સામે એક સાહેબ બેઠા હતા અને બાજુમાં બે પોલીસવાળા ઉભા હતા અને એક આરોપી બેઠો હતો. સાહેબે આ સાહેદનું તથા તેમના મિત્રનું નામ, સરનામું પુછેલું. પોલીસ અધીકારીએ પોતાની ઓળખ આપેલી. પછી સાહેબે એવું કહેલું કે તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ બોમ્બ બ્લાસ્ટ થયેલા છે તેના આરોપીને પકડેલા છે તો પંચમાં રહેશો તો હા પાડેલી. પછી સાહેબે એવું કહેલું કે આરોપી કંઇક કહેવા માંગે છે. તેઓએ સૌથી પહેલા આરોપીનું નામ પુછેલું. આરોપીએ પોતાનું નામ મહમદ સૈફ ઉર્ફે રાહુલ શર્મા બતાવેલું આરોપીને અમે પુછેલુ કે તું શું કહેવા માંગે છે. પછી આરોપીએ એવું કહેલુ કે "તા.૧૨/૭/૨૦૦૮ ના રોજ ન્યુ દિલ્હીથી આશ્રમ એક્સપ્રેસમાં હુ અને મારા જોડે બે મિત્ર છોટા સાજીદ અને બડા સાજીદ અમદાવાદમાં આવેલ હતા અને કાલુપુર રેલવે સ્ટેશનેથી ઉતરી રીક્ષામાં બેસી ગીતામંદીર ચાર રસ્તા ગયેલા ત્યાંથી અમને એક બીજો અમારો મિત્ર ક્યામુદ્દિન કાપડીયા મળેલ. ફરી ત્યાંથી રીક્ષા પકડી ચંડોળા તળાવ બેરેલ માર્કેટ પાસે અલમહમદી સોસાયટીના મકાનમાં રોકાયેલા અને એ મકાનમાં અમે બોમ્બ બનાવેલા હતા. જેનો ઉપયોગ તા.૨૬/૦૭/૨૦૦૮ ના રોજ અલગ–અલગ જગ્યાએ અમદાવાદમાં કરેલો હતો. તો હુ તમને તે જગ્યા બતાવવા માંગું છું." રાહુલ શર્માએ જે કહ્યુ તે પોલીસને લખાવેલું

પછી બંને પંચો, પોલીસ અધીકારી, બે પોલીસ મેન, ડ્રાઇવર અને આરોપી ગાડીમાં બેઠેલા. આરોપીએ એવું કહેલું કે "હું અહીનો નથી એટલે મને કાલુપુર રેલવે સ્ટેશન લઇ જાઓ તો હું રસ્તો બતાવું". પછી બધા કાલુપુર રેલવે સ્ટેશન જવા નીકળેલા અને કાલુપુર રેલવે સ્ટેશનના પ્રવેશ ગેટની એન્ટ્રી આવે છે ત્યાં આરોપીએ ગાડી ઉભી રખાવેલી પછી બધા લોકો નીચે ઉતરેલા પછી રાહુલ શર્માએ એવું કહેલું કે "હું અને છોટા સાજીદ, બડા સાજીદ કાલુપુર રેલવે સ્ટેશનેથી ગીતા મંદિર ચાર રસ્તા ઉપર જવા નીકળેલા." પછી બધા પાછા ગાડીમાં બેસેલા તો આરોપીએ ગીતા મંદિરનો રસ્તો બતાવેલો અને સાળંગપુર સર્કલ થઇને આસ્ટોડીયા દરવાજા આગળ ગાડી ડાબી બાજુ વાળવાનું કહેલું. ગીતામંદિર ચાર રસ્તા પાસે ગાડી ઉભી રખાવેલી અને પછી બધા લોકો નીચે ઉતરેલા અને આરોપીએ એવું કહેલું કે "અમે અહી કયામુદ્દીન કાપડીયાને મળેલા." તે જગ્યાએ પણ પોલીસવાળાએ લખેલું. પાછા બધા ગાડીમાં બેસી ગયેલા. પછી આરોપીએ ચંડોળા તળાવ જવાનો રસ્તો બતાવેલો. પછી બધા ચંડોળા તળાવથી "અલમહમદી સોસાયટીમાં આરોપીએ મકાન બતાવેલું." બધા સોસાયટીએ પહોંચ્યા એ વખતે "આરોપીએ ગાડી ઉભી રખાવેલી અને ચાલતા ગયા પછી એક મકાન બતાવેલું." જે મકાનમાં બહારથી તાળુ હતું. પછી આરોપીએ કહેલું કે "આ મકાનમાં અમે રોકાયેલા હતા અને એ મકાનમાં અમે બોમ્બ બનાવેલા અને તે બોમ્બનો ઉપયોગ અમદાવાદમાં અલગ-અલગ સીટીમાં તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ કરેલો હતો." પછી આ બધુ પોલીસને લખાવેલું અને પોલીસે બધુ લખેલુ. આ જે કાર્યવાહી થઈ તેનુ પંચનામુ આંક-૫૭૯૪માં સાહેદ પોતાની તથા હરીશની તથા સાહેબની સહીઓ ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો અમદાવાદના દરેક એરીયામાં આ સાહેદ ધંધો કરે છે. ચંડોળા તળાવથી અંદર ગયા બાદ ખુલ્લી જગ્યામાં રીક્ષા ઉભી રાખેલી તેવુ આરોપીએ જણાવેલ હોવાનું બનેલ નથી તેમ જણાવેલ છે. જે જગ્યાએ રીક્ષા ઉભી રાખેલી ત્યાંથી નજીકમાં નજીક મકાન કેટલુ દુર હતુ તે કહી શકે નહીં. જીપમાંથી ઉતર્યા પછી આશરે ૫ થી ૬ મિનિટ ચાલેલા

ત્યારબાદ ઘર બતાવેલુ તે એક માળનુ હતુ, ભોંયતળીયુ અને ધાબાવાળુ હતુ. મકાનનો મુખ્ય દરવાજો કઈ દિશામાં પડતો હતો તેની ખબર નથી. મકાનના દરવાજા ઉપર મારેલ તાળા ઉપર સીલ હતી કે કેમ તેની ખબર નથી. આરોપી કહેતો હતો અને આ પંચ પોલીસને પંચનામુ લખાવતા હતા. પહેલી સહી ગાડીમાં કરેલી, કુલ ચાર સહીઓ લીધેલી. બીજા પંચ આ સાહેદ જેવો ધંધો કરે છે. જેમ જેમ કાર્યવાહી થતી ગઈ તેમ તેમ પંચનામુ લખાવતા ગયેલા તે હકીકત કબૂલ કરે છે. આરોપીઓ તરફથી આ કબૂલાત્મક પ્રશ્ન પુછવામાં આવેલો છે જેથી એવુ કહી શકાય કે આ પંચનામુ થયેલુ છે તે આરોપીઓ તરફથી કબૂલ કરવામાં આવે છે. પંચનામુ વાંચેલુ તેમા કોઈક વસ્તુ લખવાની રહી ગઈ હોય તેવુ બનેલ નથી. પંચનામાની કાર્યવાહી દરમ્યાન ત્યાં હાજર ન હતા તો તે હકીકત નકારી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૩/૨૦૦૮ નાં કામે તા.૩.૧૧.૨૦૦૮ નાં રોજ આ સાહેદ તથા બીજા પંચ હરીશકુમાર રાજપુતને ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે બોલાવેલા. ત્યાં એક આરોપી હાજર હતો જેનુ નામ આરોપી નં.૩૮ મહમદ સેફ ઉર્ફે રાહુલ શર્મા હતુ તે કંઈક કહેવા અને બતાવવા માંગતો હતો માટે બે પંચો, આરોપી તથા પોલીસ સ્ટાફ સાથે તપાસ કરનાર અધિકારી આરોપીના બતાવ્યા પ્રમાણે ગયેલા. આરોપીએ કહેલુ કે તા.૧૨.૭.૨૦૦૮ નાં રોજ ન્યુ દિલ્હીથી આશ્રમ એકસપ્રેસમાં પોતે તથા તેના બે મિત્રો છોટા સાજીદ અને બડા સાજીદ અમદાવાદ આવેલા અને કાલુપુર રેલવે સ્ટેશને ઉતરીને રીક્ષામાં બેસી ગીતા મંદિર ચાર રસ્તા ગયેલા અને ત્યાંથી બીજો એક મિત્ર આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયા મળેલો. ત્યાંથી ફરી રીક્ષા પકડી ચંડોળા તળાવ બેરલ માર્કેટ પાસે અલમહમદી સોસાયટીના મકાનમાં રોકાયેલા અને તે મકાનમાં બોમ્બ બનાવેલા હતા જેનો ઉપયોગ તા.૨૬.૭.૨૦૦૮નારોજ અમદાવાદમાં અલગ-અલગ જગ્યાઓએ કરેલો તે જગ્યાઓ બતાવવા માંગતો હતો અને તે જગ્યાઓ બતાવેલી. આ ઉપરાંત આરોપી નં.૩૮નાઓએ કાલુપુર રેલવે સ્ટેશનના પ્રવેશ ગેટની એન્ટ્રી પાસેની જગ્યા જયાં

આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયા મળેલો તેનુ જે પંચનામુ બનાવેલુ તે આંક–પ૭૯૪થી ૨જૂ છે. પંચનામામાં આ ઉપરોકત વિગત જણાવેલી છે.

આંક–પ૭૯૪વાળુ પંચનામુ બનાવનાર અધિકારી સાહેદ નં. ૧૧૬૩ ની આ સંબંધે જુબાની ધ્યાને લઈએ તો તેઓ પોતાની જુબાનીના પેરા નં.૩.૨૮ માં જણાવેલુ છે કે તા.૩.૧૧.૨૦૦૮ નાં રોજ રીમાન્ડ ઉપરના આરોપી મહમદ સેફ ઉર્ફે રાહુલ શર્મા પોતાની સ્વખુશીથી બતાવવા માંગતો હતો જેથી પંચોને બોલાવેલા અને પંચોને સાથે રાખી આરોપીને લઈ તેને બતાવ્યા મુજબની ત્રણ જગ્યાઓ ઉપર ગયેલા અને તે અંગેનુ પંચનામુ આંક–પ૭૯૪વાળુ બનાવવામાં આવેલુ જે આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

આંક–પ૭૯૪વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "તેને જણાવેલ કે અમદાવાદ શહેરમાં ગઈ તા.૨૬.૭. ૨૦૦૮ નાં રોજ બોમ્બ બ્લાસ્ટ થયેલા તે પહેલા તે તથા તેના સાથીદાર બડા સાજીદ અને છોટી સાજીદ ત્રણેય તા.૧૨.૭.૨૦૦૮ નાં રોજ દિલ્હીથી આશ્રમ એકસપ્રેસમાં બેસી અમદાવાદ આવેલા તે" તથા "ઓટો રીક્ષામાં એસ.ટી. સ્ટેન્ડ ગયેલા તે" તથા "કયામુદ્દીન કાપડીયા મળેલો તે" તથા "ત્યાંથી રીક્ષમાં બેસીને ચંડોળા તળાવ અલમહમદી સોસાયટીવાળા મકાનમાં ગયેલા તે" તથા "કાલુપુર રેલ્વે સ્ટેશન ઉપર કયામુદ્દીન કાપડીયા મળેલો તે" વિગેરે પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપી આશ્રમ એકસપ્રેસ, અલમહમદી સોસાયટીનું મકાન નં.૧૦ તથા કાલુપુર રેલવે સ્ટેશન કે જયાં કયામુદ્દીન મળેલો તેની માહિતી આ સાહેદને હતી માટે તે હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય. આ ઉપરાંત આ જગ્યાઓ ઉપર આરોપી મહમદસૈફ આવેલો હતો અને તેણે આ જગ્યાઓ જોયેલી હતી માટે આ આરોપી, પંચો તથા તપાસ કરનાર અધિકારીને લઈ આ જગ્યા ઉપર દોરી ગયેલો. આરોપીનું આ જગ્યા ઉપર દોરી જવાનું વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે વિશાંક બળવતંભાઈ પટેલને સાહેદ નં.૮૭૦ તરીકે આંક–૬૦૭૪થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૧૨/૧૨/૨૦૦૮ ના રોજ આ સાહેદ તથા તેમના મિત્ર મૌલિક પટેલ મંદિરેથી દર્શન કરીને નીકળેલાં. તે સમયે એક પોલીસવાળાએ તેઓને ઉભા રાખેલાં અને કહેલું કે તમે સરકારની મદદ કરવા માગો છો એટલે કહેલ કે હા. ત્યાંથી તેઓને ક્રાઇમ બ્રાન્ચની ઑફિસે લઈ ગયેલાં. ત્યારે બપોરના બાર વાગ્યાનો સમય થયેલ હતો. ત્યાં આગળ ઑફિસમાં એક પોલીસ અધિકારીને મેળવેલ. પોલીસ અધિકારીએ જણાવેલ કે બોમ્બ બ્લાસ્ટ થયેલ છે તેનો આ આરોપી છે અને કલમો વાંચી સમજાવેલી. પોલીસ અધિકારીએ પોતાની ઓળખ આપેલી અને કહેલ કે સિવિલમાં જે બોમ્બ બ્લાસ્ટ થયેલ છે તેનો આરોપી તમને કંઈ કહેવા અને બતાવવા માગે છે તો પંચમાં રહેશો. તેથી હા પાડેલી. આ સમયે તેઓ બંને પંચો, આરોપી, બે પોલીસ મેન અને સાહેબ હતાં. પછી આ સાહેદે આરોપીનું નામ પુછેલું. આરોપીએ પોતાનું નામ ક્યામુદ્દીન કાપડીયા ઉર્ફે રીઝવાન આપેલું. આરોપીને સરનામું પુછતા વડોદરાનું જણાવેલું. પછી આરોપીએ કહેલું કે "બોમ્બ બ્લાસ્ટ થયેલ છે તેમાં બોમ્બ બનાવવા માટે જે ચીજવસ્તુઓનો ઉપયોગ, મોબાઈલ, સીમકાર્ડ જ્યાંથી ખરીદેલ છે તે જગ્યા અને દુકાનો હું બતાવવા માગુ છું". તેથી સાહેબના કહેવાથી તેઓ, સાહેબ, આરોપી, બીજા બે પોલીસ મેન અને ડ્રાઈવર ગેટની બહાર નીકળેલાં ત્યાં એક સરકારી વાહન હતું તેમાં બેસેલાં. આ વખતે પોલીસ અધિકારીએ ડ્રાઈવરને કહેલું કે આરોપી જે જગ્યાએ જે રસ્તો બતાવે તે રસ્તે લઈ જવું અને જ્યાં ઉભુ રહેવાનું કહે ત્યાં વાહન ઉભુ રાખવું. આ વખતે લગભગ બપોરના સાડા બાર વાગ્યા હશે. ત્યારબાદ આરોપીએ કહ્યુ તેમ ડ્રાઈવરે ગાડી આગળ ચલાવેલી. બધા ત્યાંથી ભદ્ર મંદિર થઈ પાનકોર નાકા ગયેલાં ત્યારે આરોપીએ ડ્રાઈવરને ગાડી ઉભી રાખવાનું કહેલું. ત્યાં ડ્રાઈવર સિવાયના બધા આરોપી સાથે નીચે ઉતરેલાં. આરોપીએ દુકાન તરફ ઈશારો કરેલો અને ત્યાં લઈ ગયેલ. ત્યાં "ગુજરાત ટુલ્સ" નામની દુકાન હતી. ત્યાં આરોપીએ કહેલ કે "અહીંયાથી મેં બે કાતર ખરીદેલી". તે વખતે

પોલીસ અધિકારીએ તે દુકાનદારની પુછપરછ કરેલી. પાછા બધા વાહનમાં બેસી ગયેલાં. ત્યાંથી આરોપીએ ગાંધી રોડનો ઈશારો કરેલો. ગાંધી રોડ ગયા ત્યાં આગળ જતાં એક હોટલની બહાર આરોપીએ ગાડી ઉભી રખાવેલી. ત્યાં સામે એક દુકાન હતી ત્યાં બધા નીચે ઉતરેલાં અને આરોપીએ ઈશારો કરતાં એક ઈલેક્ટ્રીકની દુકાન તરફ ગયેલાં. ત્યાં આરોપીએ એવું જણાવેલું કે "અહીંયાથી મેં ૧૪ નંગ સ્ટ્રીપ કનેક્ટર લીધેલાં". ત્યાં પણ પોલીસ અધિકારીએ દુકાનદારની પુછપરછ કરેલી. ત્યાંથી ફરી બધા વાહનમાં બેસેલાં ત્યાંથી આરોપીના કહેવાથી તે રસ્તે આગળ નીકળેલાં. ત્યાં ઈન્ડીયન બેન્કની બાજુમાં ગાડી ઉભી રખાવેલી. ત્યાં બધા નીચે ઉતરેલાં અને આરોપીએ ઈશારો કરતાં સામેની દુકાને ગયેલાં. આરોપીએ જણાવેલું કે "આ દુકાનેથી ૧૨ બેટરી અને ૫૦ નાના બલ્બ ખરીદેલાં". આ દુકાન ઈલેક્ટ્રીકની હતી. પોલીસ અધિકારીએ દુકાનદારની પુછપરછ કરેલી. ફરીથી પાછા બધા ગાડીમાં બેસેલાં. ત્યાંથી આરોપીએ ખાડીયા ચાર રસ્તા તરફ જવાનું કહેલું. ત્યાં ખાડીયા ચાર રસ્તા આવેલાં ત્યાં આરોપીએ ગાડી ઉભી રખાવેલી. ત્યાં બધા નીચે ઉતરેલાં અને સામેની એક દુકાન આરોપીએ બતાવતાં ત્યાં ગયેલાં. આરોપીએ કહેલ કે "અમે અહીંયાંથી સાત થી નવ મીટરનો વાયર ખરીદેલો". જે ઈલેક્ટ્રીકની દુકાન હતી. પોલીસ અધિકારીએ અહીંયા પણ દુકાનદારની પુછપરછ કરેલી. બધા પાછા વાહનમાં બેસેલાં. ત્યાંથી આરોપીએ વાહન થોડું આગળ લેવડાવેલું અને ઉભું રખાવેલું. ત્યાં બધા નીચે ઉતરેલાં. ત્યાં આરોપીએ ઈશારો કરતાં બધા "જે.કે.કેનવાસ" નામની દુકાનમાં ગયેલાં. આરોપીએ એવું જણાવેલું કે "અહીંયાથી મેં સફેદ કલરનું કેનવાસ લીધેલું". ત્યાં પણ પોલીસ અધિકારીએ દુકાનદારની પુછપરછ કરેલી. આરોપીએ બાજુમાં દુકાન તરફ ઈશારો કરેલો અને બધા ત્યાં ગયેલાં. જે ઝોનલ ઑફિસની બાજુની જગ્યા છે. આરોપીએ ત્યાં એવું જણાવેલું કે "મેં અહીંયાથી મારૂતિ ૮૦૦ કારનું કવર ખરીદેલું". ત્યાં પોલીસ અધિકારીએ દુકાનદારની પુછપરછ કરેલી. પછી બધા વાહનમાં બેસેલાં. આરોપીએ ઝોનલ ઑફિસની સામે એક ગલી જાય છે ત્યાં ગાડી લેવડાવેલી. ત્યાં આરોપીએ પોળની બહાર ગાડી ઉભી રાખવા

જણાવેલું. ત્યાં બધા નીચે ઉતરેલાં. ત્યાં આરોપીએ એક દુકાન બતાવેલી અને બધા ત્યાં ગયેલાં. આરોપીએ કહેલું કે "મેં અહીંયાથી ત્રણ એમ.એમ.ના પ્લાસ્ટિકના બે ટુકડા ખરીદેલાં". ત્યાં ફરીથી પોલીસ અધિકારીએ દુકાનદારની પુછપરછ કરેલી. ત્યાં ટ્રાફિક વધુ હોવાથી બધા ચાલતાં–ચાલતાં આગળ નીકળેલાં ત્યાં ચાર રસ્તા આવે છે ત્યાંથી ફરીથી ગાડીમાં બેસેલાં. ત્યાંથી આરોપીએ જણાવેલું તે પ્રમાણે ગાડી આગળ લીધેલી અને કાલુપુરથી ડાબી બાજુ લેવાનું કહેતાં તે બાજુ ગાડી લેવડાવેલી. મોતી મહેલ હોટલથી આગળ ગયેલાં. ત્યાં આરોપીએ ગાડી ઉભી રખાવેલી. ત્યાં આરોપીએ દુકાન પાસે લઈ ગયેલાં. બધા ગયેલાં તે દુકાનનું નામ "અરીહંત પ્લાસ્ટિક" હતું. ત્યાં આરોપીએ એવું કહેલું કે "અહીંયાથી મેં પ્લાસ્ટિકની બેગો લીધી હતી". ત્યાં ફરી પોલીસ અધિકારીએ દુકાનદારની પુછપરછ કરેલી. પછી બધા ગાડીમાં બેસેલાં અને આરોપીએ કાલુપુર થઈ સારંગપુર બ્રીજ લેવાનું કહેલું અને બ્રીજ ઉતરીને નીચે કામદાર મેદાન પાસે નીચે ઉતરીને આગળ ગયેલાં ત્યાં ગાડી ઉભી રાખવાનું કહેલું. ત્યાં આગળ એક દુકાન હતી. ત્યાં એક કસ્ટમની દુકાન હતી. આરોપીએ જણાવેલું કે "મેં અહીંયાથી રીલાયન્સનો મોબાઈલ લીધેલો". સાહેબે દુકાનદારની પુછપરછ કરેલી. બધા પાછા ગાડી પાસે આવેલાં. આરોપીએ સામેની એક દુકાન જે બંધ હતી તે બતાવેલી અને કહેલું કે "મેં અહીંયાથી એક મોબાઈલ લીધેલો". પછી બધા પાછા ગાડીમાં બેસેલાં. આરોપીએ ગાડી આગળ સીધેસીધી લેવડાવેલી. ત્યાં આગળ હાથીખાઈ ગાર્ડન પાસે આગળ ગાડી ઉભી રખાવેલી અને એક દુકાન હતી તે બાજુ ઈશારો કરેલો તેથી બધા ત્યાં ગયેલાં. જે દુકાન બંધ હતી. તેનું નામ કંઈક સલમાન હતું. આરોપીએ કહેલું કે "અહીંયાથી એરટેઈલનો મોબાઈલ લીધેલો". તેઓ જે જે સ્થળે ગયેલાં ત્યાં પોલીસ અધિકારીને લખાવતાં હતાં તે પ્રમાણે લખતાં જતાં હતાં. આ જે કાર્યવાહી થઈ તેનુ પંચનામુ આંક–૬૦૭૫માં સાહેદ પોતાની તથા બીજા પંચની સહીઓ ઓળખી બતાવે છે. આ સાહેદને ટી.વી. સ્ક્રીન થકી ચાર–ચારની સંખ્યામાં આરોપીઓ બતાવવામાં આવતા આરોપીને ઓળખી શકતા નથી અને જણાવેલ છે કે આઠ વર્ષ પહેલાં

તેમને કલીન સેવમાં જોયેલાં અને આજે બધાને દાઢીના સ્વરૂપમાં છે. આરોપીને કલીન સેવ અને બોડીના સ્વરૂપમાં ફેરફાર હોય તો ઓળખી શકે નહીં તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આંક–૬૦૭૫વાળુ પંચનામુ વાંચેલુ નથી કે જોયેલુ નથી તે હકીકત નકારેલ છે. તૈયાર પંચનામામાં સહીઓ કરેલાની હકીકત પણ નકારેલી છે. પંચનામાના જે સ્થળોએ ગયેલા તે સ્થળ ઉપર સ્થળને સંબંધિત કોઈ ચીજવસ્તુઓ લઈ ગયેલા નહીં તે કબૂલ કરે છે. દરેક સ્થળ ઉપર દુકાનદાર પાસે મુદ્દામાલ વેચાણ કર્યા બાબતેનો કોઈ પુરાવો તપાસેલો નથી કે કબજે કરેલો નથી તો તે હકીકત કબૂલ કરે છે. મારા મત પ્રમાણે આ નાની નાની દુકાનો ઉપરથી નાની નાની ચીજવસ્તુ ખરીદવામાં આવે તો આપણા દેશમાં સામાન્ય રીતે કોઈ ગ્રાહક બીલ માંગતા નથી અને દુકાનદારો બીલ આપતા હોતા નથી. વધુ ઊલટતપાસ ધ્યાને લઈએ તો દુકાન ઉપર હાજર વ્યકિતઓના માત્ર નામ સરનામા પુછવામાં આવેલા પરંતુ માલ વ્યવહારની વિગત પુછવામાં આવેલાની હકીકત નકારેલી છે. આંક–૬૦૭૫વાળા પંચનામાની વિગતે આરોપી કોઈ પણ સ્થળ ઉપર લઈ ગયો નથી તો તે હકીકત નકારી છે. જે હકીકત આરોપીએ જણાવેલી તે હકીકત પંચનામામાં લખવામાં આવી છે તે કબૂલ કરે છે. પોલીસ અધિકારીના સમજાવ્યા બાદ પંચમાં રહેવા સંમતી આપેલી તે કબૂલ કરે છે. પંચનામુ બન્ને પંચોએ લખાવેલુ. પંચનામાનો કેટલો ભાગ આ સાહેદે લખાવેલો અને કેટલો ભાગ બીજા પંચે લખાવેલો તે યાદ નથી. જે જગ્યાએ ગયેલા તે જગ્યાની માહિતી આ સાહેદને ન હતી તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે જે જગ્યા ઉપર જવાનું હતુ તેની માહિતી આરોપીએ આપેલી હતી કારણ કે આરોપીને તે જગ્યાની માહિતી હતી. આ સાહેદ રસ્તા ઉપરથી પસાર થતા હતા ત્યારે પોલીસે તેમને બોલાવેલા અને પંચમાં રહેવાની સમજ કરેલી, કઈ જગ્યાએ જવાનું છે તેની માહિતી આ સાહેદને ન હતી. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો પંચનામુ વાંચીને સહી કરેલી. કોઈ હકીકત પંચનામામાં લખવાની રહી ગયેલી હોય તો વાંધો લીધેલો નથી. જે સ્થળોએ

દુકાનદારની પુછપરછ થતી હતી તે વખતે આ સાહેદની હાજરી હતી. દુકાનદારોના નિવેદન થકી આરોપીની ગુનામાં સંડોવણી છે તે હકીકતનો ઉલ્લેખ નથી તે કબૂલ કરે છે. સારંગપુર બ્રીજ ઉતર્યા પછી જે દુકાન જોયેલી તે કયા સ્વરૂપની હતી તે યાદ નથી. આરોપીએ આવી કોઈ જગ્યા દેખાડેલી નથી તો તે હકીકત નકારી છે. પોલીસને મદદ કરવા પંચનામામાં પાછળથી સહી કરેલાની હકીકત નકારેલી છે.

આમ આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયાએ શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં. ૨૩૬/૨૦૦૮ નાં કામે તા.૧૨.૧૨.૨૦૦૮ નાં રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ મૌલીક પટેલને ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે બોલાવેલા. ત્યાં આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયા હાજર હતો અને પંચો રૂબરૂ તેને જણાવેલુ કે અમદાવાદ શહેરમાં બોમ્બ બ્લાસ્ટ થયેલા તેમા બોમ્બ બનાવવા માટે જે ચીજવસ્તુનો ઉપયોગ થયેલો તે તથા મોબાઈલ સીમ કાર્ડ જયાંથી ખરીદેલા તે જગ્યાઓ અને દુકાનો બતાવવા માંગતો હતો. જેથી આરોપીને, પંચોને તથા સ્ટાફના માણસોને લઈ તપાસ કરનાર અધિકારી આરોપીના બતાવ્યા મુજબના રસ્તે ગયેલા. આરોપીએ જયાંથી કાતર ખરીદેલી તે ગુજરાત ટુલ્સ નામની દુકાન તથા જયાંથી સ્ટ્રીપ કનેકટર લીધેલા તે ગાંધીરોડ ઉપર આવેલ ઈલેકટ્રીકની દુકાન તથા બેટરી તથા નાના બલ્બ ખરીદેલા તે ઈન્ડીયન બેન્કની બાજુમાં આવેલી ઈલેકટ્રીકની દુકાન તથા જયાથી વાયર ખરીદેલા તે ખાડીયા ચાર રસ્તા પાસેની ઈલેકટ્રીકની દુકાન તથા સફેદ કેનવાસ ખરીદેલુ તે જે.કે. કેનવાસ નામની દુકાન તથા મારૂતી ૮૦૦ કારનુ કવર ખરીદેલુ તે ઝોનલ ઑફિસની બાજુની દુકાન તથા પ્લાસ્ટિકના ટુકડા ખરીદેલા તે ઝોન ઑફિસની સામે આવેલ દુકાન તથા પ્લાસ્ટિકની બેગો ખરીદેલી તે અરીહંત પ્લાસ્ટિકની દુકાન તથા રીલાયન્સનો મોબાઈલ ખરીદેલ તે કસ્ટમની દુકાન, એરટેલનો મોબાઈલ ખરીદેલ તે દુકાનવાળી જગ્યાઓ બતાવેલ હતી અને તે અંગેનુ પંચનામુ આંક–૬૦૭૫ વાળુ બનાવવામાં આવેલુ હતુ. આ પંચનામુ કરનાર અધિકારી વી.આર.ટોળીયા ગુજરી ગયેલા છે માટે સીરીયલ

બોમ્બ બ્લાસ્ટોની તપાસ કરનાર તપાસ ટીમો પૈકીના અન્ય એક તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ પોતાની જુબાનીના પાના નં. ૨૧૪ માં આ બાબતે જણાવેલ છે તથા આંક–૬૦૭૫ વાળા પંચનામામાં આ સાહેદે વી.આર.ટોળીયાની સહી ઓળખી બતાવેલી છે.

આંક–૬૦૭૫ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "તા.૨૬.૭.૨૦૦૮ નાં રોજ અમદાવાદ શહેરમાં જે શ્રેણીબધ્ધ બોમ્બ બ્લાસ્ટ થયેલા તે બોમ્બ બનાવવા માટે જુદી–જુદી ચીજવસ્તુઓ તથા મોબાઈલ, સીમકાર્ડ ખરીદેલા તે જગ્યાઓ તથા પોતાનુ નામ સરનામુ" આ ઉપરાંત "ગુજરાત ટુલ્સ નામની દુકાનમાંથી આ ગુનાના કામે વપરાયેલ કાતરો તા.૧૩.૭.૨૦૦૮ તથા ૨૩.૭.૨૦૦૮ નાં રોજ ખરીદેલી તેમ જણાવેલુ તે તથા આરોપીએ વાહન કુવારા થઈ રતનપોળ નાકા થઈ ગાંધી રોડ ખાતે ઉભુ રખાવેલુ ત્યાં સ્ટ્રીપ કનેકટર ખરીદેલુ તે દુકાન બતાવેલી" તથા "૧૪ નંગ સ્ટ્રીપ કનેકટર રૂા.૧૨૦ માં ખરીદેલાનું જણાવેલુ" તે તથા "તા.૨૩.૭. ૨૦૦૮ નાં રોજ આ દુકાનેથી ૧૩ નંગ ૯ વોલ્ટની બેટરીઓ તથા ૫૦ નંગ નાના બલ્બ ખરીદેલા" તથા "ખાડીયા ચાર રસ્તે વાહન ઉભુ રખાવી દુકાન બતાવેલી અને ૭ મીટર પાતળો વાયર ખરીદેલા તે" વિગેરે પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપીએ પોતે આપેલ માહિતી પ્રમાણેની દુકાનો જે–જે જગ્યાએ આવેલી હતી તે દુકાનોનું ત્યાં અસ્તિત્વ છે માટે આ દુકાનો હોવાની માહિતી તેને પોતાને જ હતી જેથી તે હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય. આ ઉપરાંત આ તમામ જગ્યાઓએ જે તે સામાનની દુકાનો આવેલી છે તેવી માહિતી આ આરોપી નં.૩૭ ને હતી તે આ દુકાનો ઉપર ગયેલો હતો અને વસ્તુઓ ખરીદેલી હતી માટે પંચો તથા તપાસ કરનાર અધિકારીને આરોપી આ જગ્યાઓ ઉપર દોરીને લઈ ગયેલો. આ દોરીને લઈ જવાનનું આરોપીનું વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે.

તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ પંચ સાહેદ નં.૮૯૧ હિનલભાઈ પ્રદિપભાઈ શાહ તથા બીજા પંચની હાજરીમાં આંક–૬૩૪૭ના પંચનામાની વિગતે આઈડીયા કંપનીનું કસ્ટમર એપ્લીકેશન ફોર્મ નં.૨૭૫૧૮૭૫ જેમા નામ નવીન મોહનલાલ પટેલનો ફોટો તથા સહી છે તે તથા આઈ.ડી. પ્રુફ માટે રજૂ કરેલ ડ્રાઈવીંગ લાયસન્સ જીજે૦૧/૦૭૦૫૮૨/૦૩ તા.૨.૩.૨૦૦૩ વાળુ નવીન મોહનભાઈ પટેલનું હતુ તે કબજે કરેલુ. આ બંને દસ્તાવેજો આંક–૫૪૩૩થી રજૂ કરવામાં આવેલા છે. આ દસ્તાવેજો રજૂ કરનાર સાહેદ નં.૧૦૬૦ શ્યામસુંદર કેશવપ્રસાદ પ્રજાપતિને આંક–૭૨૦૫થી તપાસેલ છે અને તેમને આ દસ્તાવેજો રજૂ કરેલા હતા.

તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ પંચ સાહેદ નં.૫૯૭ ચંદ્રકાન્ત નટવરલાલ ઠાકર તથા બીજા પંચની હાજરીમાં આંક–૩૨૧૫ના પંચનામાની વિગતે ભારતીય એરટેલ કંપનીનું કસ્ટમર એપ્લીકેશન ફોર્મ નં.૫૦૫૦૯૧ મોબાઇલનં.૯૭૨૪૭૬૪૧૯૫ જેમા નામ બંસલ અશોક હસમુખભાઈનો ફોટો તથા સહી છે તે તથા આઈ.ડી. પ્રુફ માટે રજૂ કરેલ ડ્રાઈવીંગ લાયસન્સ જીજે૦૧/૦૭૦૨૭૦/૯૯ તા.૬.૧૨.૧૯૯૯ વાળુ બંસલ અશોક હસમુખભાઈનું હતુ તે કબજે કરેલુ જેને આંક–૩૧૧૬થી રજૂ કરેલુ છે તથા એરટેલ પ્રીપેડ એનરોલમેન્ટ ફોર્મ નં.૫૦૬૭૦૦ મોબાઇલનં.૯૭૨૪૭ ૬૪૧૯૬ જેમા નામ પ્રવિણભાઈ અશોકભાઈનો ફોટો તથા સહી છે તે તથા ડ્રાઈવીંગ લાયસન્સ જીજે૦૧/૦૭૦૮૪૭/૦૧ તા.૯.૭.૨૦૦૧ આ તમામ દસ્તાવેજો આંક–૩૧૧૭થી રજૂ કરવામાં આવેલા છે. આ દસ્તાવેજો રજૂ કરનાર સાહેદ નં.૧૦૬૦ શ્યામસુંદર કેશવપ્રસાદ પ્રજાપતિને આંક–૭૨૦૫થી તપાસેલ છે અને તેમને આ દસ્તાવેજો રજૂ કરેલા હતા.

તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ પંચ સાહેદ નં.૮૯૩ અશોક રામાજી વણજારા તથા બીજા પંચની હાજરીમાં આંક–૩૨૦૦ ના પંચનામાની વિગતે વોડાફોન કંપનીનું પ્રીપેઈડ ફોર્મ નં.૨૦૦૦ ૨૩૧૮૫ મોબાઇલનં.૯૭૧૨૩૯૮૨૦૪ જેમા નામ દેસાઈ નવીનચંદ્ર

ડાહ્યાભાઈનો ફોટો તથા સહી છે તે તથા આઈ.ડી. પ્રુફ માટે રજૂ કરેલ ડ્રાઈવીંગ લાયસન્સ જીજે૦૧/૦૮૦૩૬૪/૦૦ તા.૩.૪.૨૦૦૦ વાળુ દેસાઈ નવીનચંદ્ર ડાહ્યાભાઈનું હતુ તે કબજે કરેલુ. આ બંને દસ્તાવેજો આંક–૩૧૯૮થી રજૂ કરવામાં આવેલા છે. આ ઉપરાંત વોડાફોન કંપનીનું પ્રીપેઈડ ફોર્મ નં.૨૦૦૦ ૨૮૮૮૩૭૪ મોબાઈલનં.૯૭૧૨૩૮૧૧૫૭ જેમા નામ અશોકભાઈ નવીનભાઈ ગુજરાતીનો ફોટો તથા સહી છે તે તથા આઈ.ડી. પ્રુફ માટે રજૂ કરેલ ડ્રાઈવીંગ લાયસન્સ જીજે૦૧/ ૦૭૦૩૮૬/૦૩ તા.૨.૭.૨૦૦૩ વાળુ અશોકભાઈ નવીનભાઈ ગુજરાતીનું હતુ તે કબજે કરેલુ. આ બંને દસ્તાવેજો આંક–૩૧૯૯થી રજૂ કરવામાં આવેલા છે. આ દસ્તાવેજો રજુ કરનાર સાહેદ નં.૧૦૫૬ ધીરેન જયંતિલાલ લારીયાને આંક–૭૧૯૩થી તપાસેલ છે અને તેમને આ દસ્તાવેજો રજૂ કરેલા હતા.

તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ આંક–૫૪૩૩, ૩૧૧૬, ૩૧૧૭, ૩૧૯૮ તથા ૩૧૯૯ વાળા જે દસ્તાવેજો આંક–૬૩૪૭, ૩૨૧૫ તથા ૩૨૧૬ ના પંચનામાની વિગતે કબજે કરેલા તે દસ્તાવેજોના હસ્તાક્ષરો કોના છે તે માટે આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયાના સહીઓના નમુના પંચોની હાજરીમાં મેળવેલા અને તે અંગેનુ પંચનામુ આંક–૮૬૫૧થી રજૂ કરવામાં આવેલુ છે. આ પંચનામાના પંચો તપાસ કરતા મળી આવેલ ન હોવાથી ફરીયાદ પક્ષે તેને તપાસેલા નથી. પરંતુ આ અંગેની હકીકત તપાસ કરનાર અધિકારી મયુર ચાવડાએ પોતાની જુબાનીના પેરા નં.૩.૩૩ માં જણાવેલી છે અને આંક–૮૬૫૧વાળા પંચનામામાં તપાસ કરનાર અધિકારીએ પોતાની તથા બંને પંચોની સહીઓ ઓળખી બતાવેલી છે.

આંક–૮૬૫૧વાળા પંચનામાની વિગતે આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયાના હસ્તાક્ષરના નમુના આંક–૬૯૧૨ના રીપોર્ટ સાથે એફ.એસ.એલ. ગાંધીનગરને સરખામણી માટે મોકલી આપેલા હતા અને સરખામણી કરનાર અધિકારી સાહેદ નં.૯૯૦ કૌશિકકુમાર પુંજાલાલ વ્યાસનાઓ હતા અને તેમને આંક–૬૯૧૩થી પોતાનો અભિપ્રાય આપેલો છે તથા અભિપ્રાયના કારણો

આંક–૬૯૧૪થી રજૂ કરેલા છે તે અંગેની વિગતવાર ચર્ચા હવે પછી તે અધિકારીની જુબાનીના મૂલ્યાંકન વખતે કરીશું.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે કર્ણવ હેમંતભાઈ પટેલને સાહેદ નં.૮૭૨ તરીકે આંક–૬૦૮૨થી તપાસવામાં આવેલા છે અને આ સાહેદની જુબાનીની હકીકત આરોપી નં.૧૫ બાબતે ફરિયાદપક્ષ દ્વારા જે પુરાવો રજૂ થયેલો છે તેમા વિગતવાર ચર્ચા કરેલી છે જેથી ફરીથી પુનરાવર્તન કરવામાં આવતુ નથી. પરંતુ તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયાનાઓ તા.૮.૧૨.૨૦૦૮ નાં રોજ આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયાને લઈ પંચો સાથે આરોપી નં.૩૭ નાઓએ આપેલ માહિતી મુજબ જગ્યાઓ બતાવવાની સ્વખુશી બતાવેલી તેનુ પંચનામુ આંક–૬૦૮૩ વાળુ કરવામાં આવેલુ હતુ. સદર પંચનામુ કરનાર તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયા ગુજરી ગયેલા છે માટે સીરીયલ બોમ્બ બ્લાસ્ટોની તપાસ કરનાર તપાસ ટીમો પૈકીના અન્ય એક તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ પોતાની જુબાનીના પાના નં.૨૧૩ માં આ બાબતે જણાવેલ છે તથા આંક–૬૦૮૩વાળા પંચનામામાં આ સાહેદે વી.આર. ટોળીયાની સહી ઓળખી બતાવેલી છે. આ પંચનામાની વિગતે આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયાનાઓએ જે મકાનમાં બોમ્બ બનાવેલા હતા તે, બેરલ ખરીદેલા હતા તે, સ્વીમીંગપુલ માટે ફોટા આપવાના હતા તે ફોટા જયાં પડાવેલા હતા તે, સિવિલ હોસ્પિટલ તથા એલ.જી. હોસ્પિટલમાં બ્લાસ્ટ કરવા ગેસના સીલીન્ડર ખરીદેલા તે તથા મોબાઈલો ખરીદેલા તે, મકાનમાં ઈલેકટ્રીક રીપેરીંગ કરાવેલુ તે વિગેરે જગ્યાઓ બતાવેલી હતી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે શૈલેષભાઈ પ્રભુદાસભાઈ ડાભીને સાહેદ નં.૮૭૩ તરીકે આંક–૬૦૮૬થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૫/૧૧/૨૦૦૮ ના રોજ ક્રાઈમ બ્રાન્ચ પોલીસે તેઓને ક્રાઈમ બ્રાન્ચ કચેરીમાં બોલાવેલ. આ વખતે આ સાહેદ સાથે બાબુસીંગ હતાં. ત્યાં ક્રાઈમ બ્રાન્ચની ઑફિસમાં ચાવડા સાહેબ હતા. તેમની સાથે એક આરોપી પહેરામાં હતો જેને નીચે બેસાડેલો. ત્યાં બે–ત્રણ પોલીસવાળા પણ હતાં. સાહેબે

એવું કહેલું કે આરોપીને બોમ્બ કેસમાં પકડેલ છે. તો તે કંઈ કહેવા અને કંઈ બતાવવા માગે છે. જેથી પંચનામું કરવાનું છે તો પંચમાં રહેશો? તેથી હા પાડેલી. તેથી આ સાહેદે આરોપીને પુછયું કે તું શું કહેવા અને બતાવવા માગે છે? તો તેણે પોતાનું નામ મહમદ સેફ ઉર્ફે રાહુલ શર્મા કહેલું. આરોપીએ તેના ગામનું નામ આઝમગઢનો અને હાલમાં દીલ્હીનો હોવાનું કહેલું. આરોપીએ એવું કહેલું કે "અમે જે દાણીલીમડા મકાનમાં રહેતાં હતાં, ત્યાંથી હું છોટા સાજીદ, બડા સાજીદ ત્રણે થેલીમાં બોમ્બ લઈ અજીતમીલ ચાર રસ્તા ગયા તે જગ્યા મને લઈ જાવ તો ત્યાં મને સાઇકલ આપેલી, સાઇકલના સ્ટીયરીંગ ઉપર બોમ્બ લગાવીને જે જગ્યાએ બોમ્બ મુકેલો તે જગ્યા તથા અમે બસ સ્ટેન્ડે ભેગા થવાના હતાં તે જગ્યા બતાવવા માગુ છું. આરોપીએ કહેલું કે આફ્રીદી નામના માણસે સાઇકલ ત્યાં તેને આપેલી. તેથી અજીતમીલ ચાર રસ્તા મને લઈ જાવ તો જે જગ્યા પર મેં બોમ્બવાળી સાઇકલ મુકેલી તે જગ્યા બતાવું". પછી બધુ લખેલું અને ક્રાઇમ બ્રાન્ચની ઑફિસથી નીચે ઉતરેલાં. ત્યાં આગળ એક સરકારી ગાડી પડેલી હતી. સાહેબ, આરોપી, બે પોલીસવાળા, તેઓ બંને પંચો સરકારી વાહનમાં બેસેલાં. સાહેબે ડ્રાઈવરને સુચના આપેલી કે અજીતમીલ ચાર રસ્તા ગાડી લઈ લો. ત્યારપછી બધા ગાડીની બહાર ઉભા રહીને પંચનામું લખેલું આ સાહેદે, બાબુસીંગ અને સાહેબે સહી કરેલી.

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ મ્યુનિસિપલ કોર્પોરેશન થઈ રાયપુર થી સારંગપુર બ્રીજ ઉતરી રખિયાલ થી નીલકંઠ રેસ્ટોરન્ટથી અજીતમીલ ચાર રસ્તા ઉભા રહેલાં, સાહેબે આરોપીને કહેલ કે અજીતમીલ ચાર રસ્તા આવ્યા. તેથી સાહેબ, આરોપી, બે પોલીસવાળા, તેઓ બંને પંચો નીચે ઉતરેલાં. ત્યાં આરોપીએ જોયેલું કે, બરાબર છે અજીતમીલ ચાર રસ્તા. પછી રેસ્ટોરન્ટની આગળ એક થાંભલો હતો ત્યાં આરોપી ચાલતો આગળ ગયેલો. આરોપીએ કહેલું કે "એ થાંભલા પાસે આફ્રીદીએ તેને સાઇકલ આપેલી અને ત્યાંથી જે જગ્યાએ સાઇકલ પર થેલી ભરાવીને બોમ્બ મુકેલ તે જગ્યા બતાવવા માગુ છું અને બસ સ્ટેન્ડે હું, છોટા સાજીદ, બડા સાજીદ ભેગા થવાના હતાં તેવું કહેલું". પછી

ત્યાંથી સાહેબ, બે પોલીસવાળા, આરોપી અને તેઓ બંને પંચો તેટલું લખાણ કર્યા પછી બધા ગાડીમાં બેસેલાં. પછી સાહેબે ડ્રાઈવરને સુચના આપેલી કે આરોપી જે રસ્તે કહે તે રસ્તે ગાડી હંકારવી અને જયાં કહે ત્યાં ગાડી ઉભી રાખવી. પછી આરોપીએ કહેલું તે રીતે ગાડી લીધેલી. તે રસ્તો ગુજરાત બોટલીંગથી નાગરવેલ હનુમાનથી સ્વસ્તિક ચાર રસ્તાથી અમરાઈવાડી પોસ્ટ ઑફિસની આગળ હાટકેશ્વર આગળ આરોપીએ ગાડી ડાબીબાજુ વળાવવા કહેલું અને ત્યાં આગળ ગાડી ઉભી રાખવાનું કહેતાં ગાડી ઉભી રાખેલી. ત્યાં બધા આરોપી સહીત નીચે ઉતરેલાં. ત્યાં આરોપીએ કચરાની પેટી હતી ત્યાં જગ્યા બતાવેલી. આ કચરાની પેટી બાગે ફીરદોશ પોલીસ લાઈન વિભાગ–૨ ની સામે હતી. ત્યાં આરોપીએ કહેલું કે “આ જગ્યાએ સાઈકલ સ્ટેરીંગ પર બોમ્બવાળી થેલી લગાવીને મુકેલી હતી”. ત્યાં આગળ પણ લખાણ કરેલું. ત્યાં આરોપીએ કહેલું કે "જે બસ સ્ટેન્ડ આગળ હું, છોટા સાજીદ, બડા સાજીદ ભેગા થવાના હતાં તે જગ્યા બતાવું”. ત્યાંથી પંચો, સાહેબ, આરોપી અને પોલીસવાળા બધા ગાડીમાં બેસેલાં. પછી આરોપીએ ગાડી વળાવવાનું કહેલું. એટલે ગાડી વળાવીને આગળ જતાં હાટકેશ્વર સર્કલ તરફ સાઈડમાં બસ સ્ટેન્ડ આવતાં ગાડી આરોપીએ ઉભી રાખવાનું કહેલું અને તેઓ પંચો, પોલીસવાળા, સાહેબ અને આરોપી બધા નીચે ઉતરેલાં. ત્યાં આરોપીએ બસ સ્ટેન્ડ બતાવેલું અને આરોપીએ કહેલું કે "હું, છોટા સાજીદ, બડા સાજીદ અહીંયા ભેગા થઈ અમદાવાદ રેલવે સ્ટેશન રીક્ષામાં બેસીને ગયેલા હતા”. આ જગ્યાએ બસ સ્ટેન્ડ ઉપર હાટકેશ્વર મહાદેવ લખેલ હતું. ૨૦૦, ૩૦૦ નંબરના રૂટ લખેલાં હતાં. ત્યાં આશાપુરા ટ્રાવેલ્સ નામની દુકાન હતી. આરોપીએ કહેલું કે “આ આશાપુરા ટ્રાવેલ્સ શાકમાર્કેટ પાસે છોટા સાજીદ, બડા સાજીદે બોમ્બ મુકેલ”. ત્યાં આગળ લખાણ થયેલું અને તે લખાણ વાંચેલું અને પછી સહીઓ કરેલી.

આમ ઉપર મુજબની કાર્યવાહીના આંક–૬૦૮૭ વાળા પંચનામામાં સાહેદ તેમની તથા બાબુસીંગની અને રૂબરૂ તરીકે સાહેબની સહીઓ ઓળખી બતાવે છે. આરોપીને ટી.વી. સ્ક્રીન થકી ચાર–ચારની સંખ્યામાં બતાવવામાં

આવતા ઓળખી શકતા નથી અને જણાવેલ છે કે આજે જોયેલ આરોપીઓ ટોપી તેમજ દાઢી સાથેના છે. આ સાહેદે જયારે આરોપીને જોયેલ ત્યારે માથાના વાળ ઝીણા હતાં અને મુછના દોરા કુટેલ હતાં.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પંચનામામાં કરેલ વિગતો બાબતે ડાયરીમાં કોઈ નોંધ કરેલી નથી. પંચનામામાં દર્શાવ્યા સિવાય પંચનામાના સમય દરમ્યાન કઈ વ્યકિત સાથે શું વાત થઈ તે કહી શકે નહીં. આરોપીનું શારીરિક વર્ણન પંચનામામાં લખેલુ નથી તે કબૂલ કરે છે. પંચનામાના આરોપીને પંચનામાની તારીખ અગાઉ કયારેય જોયેલો નથી કે તેને મળેલા નથી તે કબૂલ કરે છે. પોલીસ સાથે કચેરીમાં જોયેલ વ્યકિત કેટલા સમયથી રીમાન્ડ ઉપર છે તેની માહિતી પોલીસે આપેલી નહીં તે કબૂલ કરે છે. પંચનામાની તારીખે ઘરની બહાર નીકળેલા તે હકીકત નકારે છે. ગાયકવાડ હવેલીવાળો રસ્તો સાંકડો અને ગીચ વસ્તીવાળો છે તે કબૂલ કરે છે. ગાયકવાડ હવેલીમાં પ્રવેશ કરવાનો દરવાજો કઈ દિશામાં આવેલો છે તે કહી શકે નહીં. પોલીસના કહેવાથી અને સમજાવવાથી જુબાની આપેલાની હકીકત નકારેલી છે. સરતપાસમાં જણાવ્યા મુજબ પંચનામાની કાર્યવાહી થયેલી નથી કે કોઈ પણ સ્થળે ગયેલા નથી તો તે હકીકત નકારી છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો પંચનામામાં દર્શાવેલ ત્રણેય જગ્યા ઉપર ગયા ત્યારે ટ્રાફીક હતો જ નહીં તેમ જણાવે છે. ઉપરોકત ત્રણેય જગ્યાએ આ સાહેદને કોઈ વ્યકિત સાથે વાતચીત થયેલ નથી તે કબૂલ કરે છે. અગાઉ પંચનામાની કાર્યવાહીમાં ભાગ લેતા હતા તો તે હકીકત નકારે છે. આરોપી હિન્દી બોલતા હતા અને તે વાતચીત પંચનામામાં ગુજરાતીમાં લખવામાં આવતી હતી તે કબૂલ કરે છે. જેથી એવુ કહી શકાય કે પંચનામામાં જે માહિતી આપવાની જે હકીકત છે તે માહિતી આરોપીએ આપેલી હતી અને પંચનામામાં તે લખવામાં આવેલી છે.

આમ આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં. ૨૦૩/૨૦૦૮ નાં કામે તા.૫.૧૧.૨૦૦૮ નાં રોજ આ સાહેદ

તથા બીજા પંચ બાબુસીંગ ફકીરસીંગ રાજપુતનાઓને ક્રાઈમ બ્રાન્ચ કચેરીએ બોલાવેલા. ત્યાં આરોપી નં.૩૮ મહમદ સેફ ઉર્ફે રાહુલ શર્મા હાજર હતો અને તે કંઈ કહેવા અને બતાવવા માંગતો હોવાથી પંચોએ તેનુ નામ ઠામ પુછેલુ અને ત્યારબાદ તપાસ કરનાર અધિકારી, પંચો, આરોપી, પોલીસ સ્ટાફ સાથે આરોપીના બતાવ્યા મુજબના રસ્તે ગયેલા અને આરોપીએ કહેલુ કે દાણીલીમડા મકાનમાં અમે રહેતા હતા ત્યાંથી પોતે, છોટા સાજીદ તથા બડા સાજીદ ત્રણેય થેલીમાં બોમ્બ લઈ અજીત મીલ ચાર રસ્તા ગયેલા. ત્યાં આફ્રીદી નામના માણસે સાઇકલ આપેલી. સાઇકલને સ્ટીયરીંગ ઉપર બોમ્બ લગાવીને જે જગ્યાએ મુકેલો તે જગ્યા તથા જે બસ સ્ટેન્ડે ભેગા થવાના હતા તે જગ્યા બતાવવા માંગતો હતો અને બતાવેલી. આ ઉપરાંત તેને જણાવેલુ કે અજીતમીલ ચાર રસ્તા લઈ જાવ તો જે જગ્યાએ બોમ્બવાળી સાઇકલ મુકેલી તે બતાવુ. ત્યારબાદ આરોપીએ પોતાને આફ્રીદીએ સાઇકલ આપેલી તે અજીતમીલ ચાર રસ્તા થાંભલા પાસેથી જગ્યા તથા બોમ્બ સાથેની સાઇકલ બાગેફીરદોસ પોલીસ લાઈન વિભાગ–૨ ની સામે મુકેલી તે જગ્યા તથા પોતે તથા છોટા સાજીદ અને બડા સાજીદ ભેગા થવાના હતા તે હાટકેશ્વર સર્કલ પાસેની બસ સ્ટેન્ડવાળી જગ્યા તથા છોટા સાજીદ અને બડા સાજીદે આશાપુરા ટ્રાવેલ્સ શાકમાર્કેટ પાસે બોમ્બ મુકેલો તે જગ્યાઓ બતાવવાનું કહેલુ અને બતાવેલી તે અંગેનુ પંચનામુ આંક–૬૦૮૭ વાળુ બનાવવામાં આવેલુ. આ પંચનામામાં ઉપરોકત તમામ હકીકત જણાવેલી છે.

આંક–૬૦૮૭વાળુ પંચનામુ બનાવનાર અધિકારી સાહેદ નં. ૧૧૬૩ મયુર ચાવડાનાઓની આ સબંધે જુબાની ધ્યાને લઈએ તો તેઓ પોતાની જુબાનીના પેરા ૩.૩૧ માં જણાવેલી છે અને આંક–૬૦૮૭વાળા પંચનામામાં તપાસ કરનાર અધિકારીએ પોતાની સહી ઓળખી બતાવેલ છે.

આંક–૬૦૮૭વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "તા.૨૬.૭.૨૦૦૮ નાં રોજ મારે જે જગ્યાએ સાઇકલ

સાથેનો બોમ્બ મુકવાનો હતો તે જગ્યા અગાઉ મે રેકી કરેલી હતી. તા.૨૬.૭. ૨૦૦૮ નાં રોજ હું અલમહમદી સોસાયટી દાણીલીમડામાં જે મકાનમાં રોકાયેલો હતો ત્યાંથી કયામુદ્દીનની સુચના મુજબ હું તથા છોટા સાજીદ અને બડા સાજીદનાઓ ત્રણેય જુદી–જુદી થેલીઓ લઈ એક રીક્ષામા બેસી અજીતમીલ ચાર રસ્તા ગયેલા. ત્યાં છુટા છુટા ઉભા રહેલા. કયામુદીને સુચના આપેલી કે આલમજેબ આફ્રીદી નામનો માણસ મળશે અને બોમ્બ મુકવાની સાઇકલો આપશે તે જુદી–જુદી જગ્યાએ મુકવી" વિગેરે પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપીએ પોતે આપેલ માહિતી પ્રમાણેની જગ્યાઓ ત્યાં અસ્તિત્વ છે માટે તે હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય. આ ઉપરાંત આ તમામ જગ્યાઓ ઉપર આરોપી મોહમદસૈફ ગયેલો હતો તેણે આ તમામ જગ્યાઓ જોયેલી હતી માટે આ આરોપી પંચો તથા તપાસ કરનાર અધિકારીને આ જગ્યાઓ ઉપર દોરીને લઈ ગયેલો. આ દોરી જવાનું આરોપીનું વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે કુંવરજી મેરૂજી ઠાકોરને સાહેદ નં.૮૮૩ તરીકે આંક–૬૩૧૦થી તપાસવામાં આવેલા છે અને આ સાહેદની જુબાનીની હકીકત આરોપી નં.૩ બાબતે ફરિયાદપક્ષ દ્વારા જે પુરાવો રજૂ થયેલો છે તેમા વિગતવાર ચર્ચા કરેલી છે જેથી ફરીથી પુનરાવર્તન કરવામાં આવતુ નથી. પરંતુ તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારીનાઓ તા.૮.૧૨. ૨૦૦૮ નાં રોજ આરોપી નં.૩ ઈકલાબ કાસમ શેખને લઈ પંચો સાથે આરોપી નં.૩ નાઓએ આપેલ માહિતી મુજબ જગ્યાઓ બતાવવાની સ્વખુશી બતાવેલી અને આરોપી નં.૩ નાએ માહિતી આપેલી કે અલમહમદી સોસાયટી મકાન નં.૧૦ દાણીલીમડા ખાતેથી આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયાનાઓએ પોતાને બે જીવતા બોમ્બ આપેલા હતા અને તે જયાં મુકેલા તે જગ્યા બતાવેલી અને તેનુ પંચનામુ આંક–૬૩૧૧વાળુ કરવામાં આવેલુ હતુ. આ સંબંધે તપાસ કરનાર અધિકારી આર.વી.અસારીની જુબાનીના પેરા નં.૩.૩૧ માં આ હકીકત જણાવે છે અને સદર પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે જીતેન્દ્ર બાબુલાલ જયસ્વાલને સાહેદ નં.૮૯૩ તરીકે આંક–૬૩૫૨થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ ગાંધીનગર ખાતે સેક્ટર–૭ પોલીસ સ્ટેશન બાજુથી નીકળતા હતા ત્યારે એક પોલીસના સાહેબે બોલાવેલા. તા.૨૨/૧૨/૨૦૦૮ હતી. આ સાહેદ ગયા ત્યારે એક રશ્મિ કરીને બીજા ભાઈને બોલાવેલ હતાં. તેઓ પોલીસ સ્ટેશનમાં અંદર ગયેલાં. ત્યારે ચાર પોલીસ મેન હતા, એક ભાઈ આરોપી હતો. સાહેબે એવું કહેલું કે આરોપીભાઈ ઘર બતાવવા લઈ જાય છે તેથી તમે સાથે આવશો? તેથી કહેલું કે આવીશું. આરોપીનું નામ પુછતાં આરોપીએ પોતાનું નામ કયામુદ્દીન જણાવેલું. આરોપી અમદાવાદના હતાં. પોલીસની ગાડીમાં આ સાહેદ, ચાવડા સાહેબ, આરોપી, બે કોન્સ્ટેબલ અને રશ્મિભાઈ હતાં. ગાડીમાં બેઠા ત્યારે સાહેબે કહેલું કે પંચનામું કરવાનું છે અને તેના ઘરે તપાસ કરવાની છે. પછી બધા સેકટર–૫ માં ગયેલાં, રસ્તો આરોપીએ બતાવેલો. ઘર મસ્જિદની પાછળની સાઈડે સેક્ટર–૫ માં હતાં. આ ઘર આરોપીના સસરાનું હતું. મકાનની બહાર નામ લખેલ હતું. આરોપીએ તિજોરીમાંથી ડાયરી, બીલ અને લાયસન્સ કાઢેલું. આ બધુ તેઓએ જોયેલું. ત્યાં આ બધુ લઈ પોલીસ સ્ટેશને ગયેલાં અને ત્યાં પંચનામુ બનાવેલુ.

સાહેદ આંક–૬૩૫૩વાળા પંચનામામાં પોતાની તથા રશ્મિભાઈની તથા રૂબરૂ તરીકે પોલીસ અધિકારીની સહીઓ ઓળખી બતાવે છે. સાહેદને સે.કે.નં.૩૩૪/૨૦૦૯ ના કામે મુદ્દામાલ લીસ્ટ કે જેનો આ કેસમાં આંક–૩૨૦૩ તેના અનુક્રમ નં.૭ આર્ટીકલ નં.૨૪, ૨૫ અને ૨૬ વારાફરતી બતાવવામાં આવતા આર્ટીકલ નં.૨૪ વાળી ડાયરીમાં આ સાહેદ પોતાની તથા રશ્મિભાઈની અને રૂબરૂ તરીકે સાહેબે સહીઓ ઓળખી બતાવે છે જે આંક–૬૩૫૪થી રજૂ રાખેલ છે. તેમજ આર્ટીકલ નં.૨૫વાળું ડ્રાઈવીંગ લાયસન્સ બતાવવામાં આવતા આ સાહેદ પોતાની તથા રશ્મિભાઈની અને રૂબરૂ તરીકે સાહેબે સહીઓ ઓળખી બતાવે છે જે આંક–૬૩૫૫થી રજૂ રાખેલ છે. તેમજ આર્ટીકલ નં.૨૬વાળું બીલ બતાવવામાં આવતા આ સાહેદ પોતાની તથા

રશ્મિભાઈની અને રૂબરૂ તરીકે સાહેબે સહીઓ ઓળખી બતાવે છે જે આંક–૬૩૫૬થી રજૂ રાખેલ છે. સાહેદને ટી.વી. સ્ક્રીન થકી ચાર–ચારની સંખ્યામાં આરોપીઓ બતાવવામાં આવતા આરોપીને ઓળખી શકતા નથી કારણ કે આજે જે વ્યક્તિઓને જોયા તેમને દાઢી છે અને આરોપીને જોયેલાં ત્યારે દાઢી હતી નહીં તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પંચનામાના દિવસે કુલ છ સહીઓ કરેલી. આ બધી સહીઓ પોલીસ સ્ટેશનમાં કરેલી. આરોપીને પોલીસ સ્ટેશનમાં જોયો તે અગાઉ કયારેય જોયેલો ન હતો. આરોપીને કયારે પકડવામાં આવેલો તેને મારઝુડ કરેલી છે કે કેમ તેની માહિતી નથી. આરોપીની ભાષા અને તેનુ વર્ણન તથા દેખાવ સંબંધેની કોઈ હકીકત પંચનામામાં લખવામાં આવેલી નથી તે કબૂલ કરે છે. પોલીસ સ્ટેશનમાં ગયા ત્યારે પોલીસે કહેલુ કે અમારે ડાયરી, બીલ અને લાયસન્સ કબજે લેવાનું છે. આરોપીના પરિવાર અને ધંધા તેમજ રહેણાંક વિશે માહિતી નથી. આરોપીની ઓળખ બાબતે પોલીસે કોઈ દસ્તાવેજ બતાવેલો નથી. પોલીસે અલહબીબ સોસાયટીમાં પણ જવાનું કહેલુ. અલહબીલ સોસાયટીમાં જે વ્યકિત મળેલી તેની સાથે ઓળખ આરોપીના સસરા હોવા અંગે પોલીસે જણાવેલુ. તે વ્યકિતનું પોલીસે આ સાહેદની હાજરીમાં નિવેદન લીધેલુ નથી. પોલીસના કહેવાથી અને શીખવાડવાથી તેમજ વારંવાર સમજાવવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારી છે. પંચનામાની વિગત મુજબ કોઈપણ સ્થળે ગયેલા નથી અને તૈયાર પંચનામામાં સહી કરેલાની હકીકત નકારેલી છે. સરતપાસમાં જણાવ્યા પ્રમાણે મુદ્દામાલ અંગે કોઈ કામગીરી થયેલી નથી તો તે હકીકત નકારે છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો પોલીસ સ્ટેશનથી નીકળતા અગાઉ ઘર કોનુ છે તેની માહિતી આપવામાં આવેલી ન હતી. પરંતુ મારા મત પ્રમાણે તે માહિતી આરોપી પાસે હતી અને આરોપીના કહેવા અને બતાવ્યા પ્રમાણે મકાન ઉપર જવાનુ હતુ માટે આ સાહેદને તેની માહિતી ન હોય. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો પોલીસ સ્ટેશનથી મકાન ઉપર પહોંચતા દરમ્યાન આરોપી સાથે વાતચીત કરવાનો પ્રસંગ બનેલો નથી.

આંક–૬૩૫૩વાળા પંચનામામાં પેનથી સહી કરવામાં આવેલી છે કે કેમ તેની ખબર નથી. પરંતુ સાહેદ જણાવે છે કે મેં પેનથી સહી કરેલી.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ સરખેજ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૧૮૧/૨૦૦૮ નાં કામે તા.૨૨.૧૨.૨૦૦૮ નાં રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ રશ્મી રણછોડભાઈ નાયકનાઓને ક્રાઈમ બ્રાન્ચની કચેરીએ બોલાવેલા અને ત્યાં આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયા હાજર હતો અને તે કંઈ કહેવા અને બતાવવા માંગતો હોવાથી પંચો, આરોપી તથા પોલીસ સ્ટાફ સાથે તપાસ કરનાર અધિકારી આરોપીના બતાવ્યા મુજબના રસ્તે ગયેલા. તેઓ સેકટર–૫ એપ્રોચ રોડ થઈ સેકટર–૫ માં આવેલી મસ્જિદ પાસે થઈ ડાબી બાજુ નવી અલહબીબ સોસાયટી પાસે આરોપી લઈ ગયેલો. ત્યાં વાહન ઉભુ રખાવેલુ અને તેને પોતાના સસરાનું ઘર બતાવેલુ. તે મકાનની બહાર નામ લખેલુ હતુ અને મકાનમાંથી આરોપીએ એક તીજોરી બતાવેલી અને તીજોરીમાંથી ડાયરી, બીલ અને લાયસન્સ કાઢેલુ. આ તમામ દસ્તાવેજો પંચોની હાજરીમાં કબજે કરવામાં આવેલા. આ અંગેનુ પંચનામુ આંક–૬૩૫૩વાળુ બનાવવામાં આવેલુ. આ તમામ હકીકત પંચનામામાં જણાવેલી છે.

આંક–૬૩૫૩વાળા પંચનામા બાબતે તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ ની જુબાની ધ્યાને લઈએ તો તેઓ પોતાની જુબાનીના પેરા નં.૧૮.૭ ધ્યાને લઈએ તો પંચનામામાં જે હકીકત જણાવવામાં આવેલી છે તે તમામ હકીકત પોતાની જુબાનીમાં જણાવી છે તથા આંક–૬૩૫૩વાળા પંચનામામાં, ૬૩૫૪વાળી ડાયરી, ૬૩૫૫વાળુ ડ્રાઈવીંગ લાયસન્સ તથા ૬૩૫૬વાળા બીલમાં પોતાની સહીઓ ઓળખી બતાવી છે. આ સાહેદની ઊલટ તપાસના પેરા–૬૭ ધ્યાને લઈએ તો આ પંચનામુ તા.૨૨.૧૨.૨૦૦૮ નાં રોજ બનાવવામાં આવેલુ છે જેમા મહમદ ઈકબાલ ઉસ્માન મહમદ શેખનું નામ જણાવેલુ છે તેમ જણાવે છે. પંચનામુ ગાંધીનગર જીલ્લાની હદનું છે તે કબૂલ કરે છે. સ્થળ ઉપર જે મુદ્દામાલ કબજે કરેલો તે સ્થળના નજીકના પોલીસ સ્ટેશને

જઈ મુદ્દામાલ જમા કરાવી પાવતી મેળવી હોય તેવો ઉલ્લેખ પંચનામામાં કરેલો નથી તે કબૂલ કરે છે. પંચનામામાં જણાવેલ વ્યકિત મહમદ ઉસ્માન સ્થળના માલીક અને કબજેદાર છે તે બતાવવા દસ્તાવેજી પુરાવો કબજે કરેલ નથી. આંક–૬૩૫૩ માં જણાવ્યા મુજબની કોઈ કાર્યવાહી કરવામાં આવેલી નથી તો તે હકીકત નકારી છે. ઊલટતપાસના પેરા–૧૪૩ ધ્યાને લઈએ તો પ્રાથમિક પંચનામા વખતે તેમાં જણાવેલા આર્ટીકલો કઈ–કઈ જગ્યાએ રાખેલા છે તે અંગેની કોઈ હકીકત તે વખતે જણાવેલી નહીં. આવો કોઈ મુદ્દામાલ કબજે કરેલ નથી તો તે હકીકત નકારી છે.

આંક–૬૩૫૩વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "પોતે આ ગુનો કર્યો તે અગાઉ જે ડ્રાઈવીંગ લાયસન્સ તથા બીલ દ્વારા સીમકાર્ડ તથા મોબાઈલ ખરીદેલ, જે બીલ તથા ડ્રાઈવીંગ લાયસન્સ તથા એક અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ડાયરી જેમા કાઉન્સીલરો તથા અધિકારીઓના ફોટાઓ તથા ટેલીફોન નંબરો છે તે રજૂ કરવા માંગે છે તે" તથા "આરોપી પોતાના સસરા મહમદ ઈકબાલ મહમદ શેખનું મકાનમાં ઉપરોકત વસ્તુ રાખેલ છે તેમ જણાવેલુ તે" તથા "તે મકાન ઉપર જઈ તેને આ દસ્તાવેજો તીજોરીમાંથી કાઢી આપેલા" વિગેરે પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપીએ પોતે આપેલ માહિતી પ્રમાણેની આરોપીના સસરાનું મકાન ગાંધીનગર સેકટર–૫ માં આવેલુ છે તે માહિતી આરોપીને પોતાને જ હતી અને આરોપી તે મકાન ઉપર લઈ ગયેલો જયાં તે મકાન હતુ જેથી તે હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય. આરોપી આ મકાન ઉપર પાંચો તથા તપાસ કરનાર અધિકારીને દોરીને લઈ ગયેલો, આરોપીનું આ દોરી જવાનુ વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે બીપીનભાઈ છોટાલાલ પટેલને સાહેદ નં.૮૯૮ તરીકે આંક–૬૪૩૩થી તપાસવામાં આવેલા છે અને આ સાહેદની જુબાનીની હકીકત આરોપી નં.૧૫ બાબતે ફરિયાદપક્ષ દ્વારા જે પુરાવો રજૂ થયેલો

છે તેમા વિગતવાર ચર્ચા કરેલી છે જેથી ફરીથી પુનરાવર્તન કરવામાં આવતુ નથી. પરંતુ તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓ તા. ૧૮.૮. ૨૦૦૮ નાં રોજ આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયાને લઈ પંચો સાથે આરોપી નં.૩૭ નાઓએ આપેલ માહિતી મુજબ જગ્યાઓ બતાવવાની સ્વખુશી બતાવેલી અને આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયા તથા આરોપી નં.૧૫ અબુબસર ઉર્ફે મુકતીનાઓએ અમદાવાદમાં સીરીયલ બોમ્બ બ્લાસ્ટ થયેલા ત્યારે આ બંને આરોપી વટવાની એક સોસાયટીમાં રહેતા હતા. આરોપી નં.૩૭ નાઓએ જણાવેલુ કે પોતાને વટવા ચાર રસ્તા પાસે લઈ જવામાં આવે તો જે મકાનમાં રહેતા હતા તે મકાન બતાવુ. આ વખતે એફ.એસ.એલ.ના અધિકારીઓ પણ ગાંધીનગરથી ક્રાઈમ બ્રાન્ચની કચેરીએ આવેલા હતા. ત્યારબાદ તપાસ કરનાર અધિકારી, પંચો, પોલીસ સ્ટાફ તથા આરોપીને લઈને આરોપીના બતાવ્યા મુજબના રસ્તે વટવા ખાતે આવેલ ઉમરાવનગર સોસાયટીમાં મકાન નં.૩ ઉપર ગયેલા. ત્યાં આરોપી નં.૩૭ નાઓએ મકાન બતાવેલુ જેમા સહઆરોપી અબ્દુલ સુભાન તૌકીર તથા પોતે આ મકાનમાં રહેતા હતા. આ મકાનની એફ.એસ.એલ. ના અધિકારીઓએ તપાસ કરેલી અને તપાસ દરમ્યાન મકાનમાંથી એક અંગ્રેજી પેપર, લાલ કલરના વાયરના ટુકડા, પોલીથીન પેપરના ટુકડા, બે બોલ્ટ, ૪૦ છરા, ખાખી પુઠ્ઠુ વિગેરે મળી આવેલુ જે આંક–૬૪૩૪ ના પંચનામામાં જણાવેલ વિગતે કબજે કરેલુ. મકાનના માલીક ફીરોઝ શેખને સીઝર મેમોની યાદી પણ સહી કરીને આપેલી. આ વિગત સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ પોતાની જુબાનીના પાના નં.૧૬ ઉપર જણાવેલી છે તથા એફ.એસ.એલ. અધિકારી સાહેદ નં.૮૩૦ અમૃતલાલ વશરામ હીંગરાજીયા પણ તપાસ કરનાર અધિકારીની સાથે મકાન ઉપર હતા અને તેમને જે મકાનની તપાસ કરી અને મુદ્દામાલ કબજે કરવાની સુચના આપી તે બાબતે એફ.એસ.એલ. અધિકારીની જુબાનીની હકીકત પણ આરોપી નં.૧૫ વિરૂધ્ધ ફરિયાદપક્ષે જે પુરાવા રજૂ કરેલ છે તેમાં ચર્ચા કરેલ હોવાથી તેનુ પુનરાવર્તન કરવામાં આવતુ નથી. આ મકાનમાંથી જે વસ્તુઓ આંક–૬૪૩૪વાળા પંચનામાની વિગતે કબજે કરેલી તે મુજબની

વસ્તુઓ અંગ્રેજી પેપર, વાયરના ટુકડા, બોલ્ટ, છરા વિગેરે જે જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ થયેલા તે જગ્યાઓ ઉપરથી મળી આવેલા અને તે જુદા-જુદા પંચનામાઓની વિગતે પંચોની હાજરીમાં કબજે કરેલા છે. આ સંજોગો પણ સમર્થનકારી સંજોગો છે. આવા પ્રકારના પેપર, બોલ્ટ, છરા, પોલીથીન બેગો સુરતના બોમ્બ પ્લાન્ટેશનવાળી બોમ્બની સામગ્રીમાં પણ હતા જેથી સંજોગો વધુ સબળ બને છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે ચેતનભાઈ ગોવિંદભાઈ પ્રજાપતિને સાહેદ નં.૯૭૪ તરીકે આંક-૬૮૦૭થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૧૧/૮/૨૦૧૨ ના રોજ તેઓને ક્રાઇમ બ્રાન્ચની ઑફિસે બોલાવેલ. તેમની સાથે તેમના કાકા ગોરધનભાઇ પારેખ પણ હતા. તેઓને બોલાવ્યા ત્યારે આશરે સાડા ત્રણ વાગ્યાનો સમય થયેલા હશે. તેઓ ઑફિસમાં ગયા ત્યારે સામે એક મેડમ બેઠેલા હતા અને સાઇડમાં ત્રણ પોલીસના માણસો ઉભેલા હતા અને એક આરોપી ત્યાં બેઠેલો હતો અને ત્યાં મેડમે કહેલું કે અમદાવાદમાં બોમ્બ બ્લાસ્ટ થયેલા છે તેના આરોપીને પકડેલા છે તો તેનું પંચનામું કરવાનું છે તો તેમાં રહેશો? અને સાહેબે કહેલું કે આરોપીને પકડેલા છે તે જે જગ્યા બતાવે અને કંઇક કહે તેનું પંચનામું કરવાનું છે. જેથી પંચમાં રહેવાની હા પાડેલી. પછી આ સાહેદ તથા તેમના કાકાએ આરોપીનું નામ પુછેલું તો આરોપીએ પોતાનું નામ મુજીબ શેખ જણાવેલું. આરોપીએ તેનું સરનામું પણ જણાવેલુ પરંતુ અત્યારે સરનામું યાદ નથી. પરંતુ ફતેહવાડી કહેલું. આરોપીએ એવું પણ કહેલું કે "અમદાવાદમાં બોમ્બ બ્લાસ્ટ થયેલા ત્યારે ક્યામુદ્દીનના કહેવાથી ત્રણ સાઇકલો આપેલી તે સાઇકલ ઐયાઝ તથા આફ્રિદીને આપેલી તે સાઇકલો જ્યાં મુકેલી તે જગ્યા હું બતાવવા માંગું છું તેમ જણાવેલું." આ અંગેનુ પ્રાથમિક પંચનામું કરેલુ અને આ સાહેદે તથા તેમના કાકાએ સહીઓ કરેલી.

સાહેદ વધુમાં જણાવે છે કે પંચનામામાં સહીઓ કર્યા પછી ઑફિસમાંથી બહાર આવેલા અને ત્યાં ગેટ પાસે ગાડી પડેલી હતી તે ગાડીમાં આગળના ભાગે મેડમ બેઠેલા હતા. વચ્ચેના ભાગે આરોપી બેઠેલો અને તેની

આજુબાજુ બે પોલીસના માણસો બેઠેલા અને પાછળના ભાગે આ સાહેદ, તેમના કાકા તથા પોલીસના એક ભાઇ બેઠેલા. ગાડીમાં બેઠા પછી મેડમે ડ્રાઇવરને કહેલું કે આ આરોપી જે જગ્યાએ ગાડી લઇ જવાનું કહે તે જગ્યાએ ગાડી લઇ લ્યો. ત્યારબાદ ગાયકવાડ હવેલીમાંથી બહાર નીકળી આરોપીએ જગ્યા બતાવેલી અને જમણા હાથે વળી જમાલપુર દરવાજા થઇ સરદાર પટેલ પુલ ઉપર થઇને એન.આઇ.ડી. થઇ મહાલક્ષ્મી પાંચ રસ્તા અને ત્યાંથી વિશાલા સર્કલ પાસે પહોંચેલા. ત્યાથી થોડે આગળ ગયા પછી આરોપીએ "યુ ટર્ન લેવડાવેલો". યુ ટર્ન લેવડાવ્યા પછી થોડે આગળ એક મોટું અંબર ટાવર હતું ત્યાં આરોપીએ ગાડી ઉભી રખાવેલી. પછી બધા ગાડીમાંથી નીચે ઉતરેલા. નીચે ઉતર્યા પછી આરોપી આગળ ચાલતાં ગયેલા અને બધા પાછળ ચાલતા હતા. ત્યા અંબર ટાવરમાં "એ" નંબરના બ્લોકના પાર્કીંગમાં લઇ ગયેલાં. ત્યાં ક્યામુદ્દીને આપેલી સાઇકલો જ્યાં મુકેલી તે જગ્યા બતાવેલી. તે જગ્યા જોઇ અને ત્યારપછી પોલીસવાળા ભાઇને લખાવેલું. ત્યારપછી મુજીબ શેખે એવું કહેલું કે "હું, એયાઝ શેખ તથા આફ્રિદી ત્રણ જણા જ્યાં સાઇકલો લઇ ગયેલા અને ક્યામુદ્દીનને આપેલી તે જગ્યા હું બતાવું". ત્યારપછી બધા ગાડીમાં બેસી ગયેલા. ત્યારપછી મેડમે ડ્રાયવરને કહેલું કે આરોપી જે જગ્યા બતાવે તે જગ્યા ઉપર ગાડી લઇ લ્યો. ત્યારપછી બધા સીધા સીધા ગયેલા અને વિશાલા સર્કલ પછી આરોપીએ ગાડી જમણી બાજુ વાળવા કહેલું. ત્યાંથી વિશાલા પુલ વટાવી નારોલ સર્કલ પાસે પહોંચેલા અને સર્કલ પાસે મુજીબે ગાડી સાઇડમાં ઉભી રાખવાનું કહેલું. ત્યાં બધા ગાડીમાંથી નીચે ઉતરેલા. ત્યાંથી થોડે આગળ ચાલતા ચાલતા ગયેલા અને ત્યાં હનુમાનજીનું મંદિર આવેલું. ત્યાં ઉભા રહીને આરોપીએ જગ્યા બતાવેલી. આ જગ્યા નારોલ સર્કલ હનુમાનજીના મંદિર પાસે હતી. ત્યાં આરોપીએ કહેલું કે "અમે આ સાઇકલો ક્યામુદ્દીનને આપેલી તે પાર્ક કરેલી". હનુમાનજીના મંદિર પાસે આજુબાજુ જગ્યા જોઇ પાલીસવાળા ભાઇને લખાવેલું. ઉપર મુજબની વિગતવાળુ પંચનામુ બનાવેલુ તે આંક–૬૮૦૮થી ૨જૂ રાખેલ છે જેમાં સાહેદ પોતાની તથા બીજા પંચ તેમના કાકાની સહીઓ ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો ગોરધનભાઈ અંબાલાલ આ સાહેદના સગા કાકા નથી પરંતુ આ સાહેદના મિત્રના પપ્પા છે. આ સાહેદ રેતીનો ધંધો કરે છે અને તેઓની પાસે લાયસન્સ નથી. બનાવના દિવસે આ સાહેદના કાકાની નોકરી ચાલુ હતી. પંચનામાના દિવસે આ સાહેદનો વેપાર ધંધો ચાલુ હતો. પંચનામામાં સહી કરી તે પહેલા કયારેય પંચનામામાં ગયેલા નથી. પંચનામુ લખાવવાનો અનુભવ નથી. પંચનામામાં સહી કરી તે પહેલા મેડમને જોયેલા નથી તેમના હોદ્ધાની ખબર નથી. પંચનામામાં સહી કરી તે પહેલા આરોપીનો પરીચય ન હતો. તે દિવસે બપોરના સમયે પોલીસવાળા આવેલાની હકીકત નકારે છે. બનાવના દિવસે આ સાહેદ તથા તેમના કાકા બહેરામપુરા જતા હતા ત્યારે પોલીસે રોકેલાની હકીકત પંચનામામાં લખાવી નથી તે કબૂલ કરે છે. સરતપાસમાં જે હકીકત જણાવી છે તે પોલીસના કહેવાથી જણાવેલાની હકીકત નકારે છે. પંચનામુ પોલીસ મેડમના હસ્તાક્ષરમાં નથી. પંચનામુ લખનારના નામની ખબર નથી. અંબર ટાવર કોની માલિકીનો છે તેમા કોણ રહે છે તેની ખબર નથી. ટાવર કેટલા માળનો છે તે કહી શકે નહીં. ટાવરની કઈ દિશામાં પાર્કીંગ છે તેની અત્યારે ખબર નથી. કોઈ પણ માણસ આ જગ્યાએ પાર્કીંગ કરે તેવી જગ્યા હતી તે કબૂલ કરે છે. આમ આ જગ્યા ઉપર કોઈ પણ માણસ પાર્કીંગ કરે તેવી જગ્યા હતી માટે આરોપીઓએ ત્યાં આવીને બોમ્બવાળી સાઇકલ મુકેલી હોય તેવુ ચોકકસપણે કહી શકાય. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો નારોલ સર્કલ કેટલુ લાંબુ અને પહોળુ છે તે કહી શકે નહીં. મંદિરની આજુબાજુ કોઈ ઈમારતો નથી. મંદિરની આજુબાજુ લોખંડની રેલીંગ હતી તો તે હકીકત નકારે છે. આંક–૬૮૦૮વાળા પંચનામામાં જણાવ્યા મુજબની કોઈ કામગીરી કરી નથી તો તે હકીકત પણ નકારે છે. પંચનામાવાળા સ્થળ ઉપર આરોપી આવેલો નથી કે તેને જગ્યા બતાવી નથી તો તે હકીકત પણ નકારે છે. પંચનામુ વાંચી સંભળાવી સમજાવેલુ હોવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત પણ નકારી છે. પોલીસ સ્ટેશનથી નીકળ્યા ત્યારે આરોપી કયા સ્થળ ઉપર લઈ જવા માંગતો હતો તે હકીકત જણાવેલી નહીં. બંને પંચોની હાજરીમાં પોલીસે ત્રીજી વ્યકિતને

પુછપરછ કરી હોય તેવુ બનેલ નથી. આરોપીએ ઈશારો કરીને જગ્યા બતાવેલી તે હકીકત પંચનામામાં લખાવેલ નથી તો તે હકીકત નકારે છે. અંબર ટાવર એક કરતા વધારે માળનું છે. અંબર ટાવરની કમ્પાઉન્ડ વોલ હતી નહીં. જે જગ્યા આરોપીએ બતાવેલી તેની ચતુર દિશાનુ વર્ણન આપી શકે નહીં. નારોલ સર્કલની આજુબાજુ ચાર રસ્તા પડે છે તે કબૂલ કરે છે. સર્કલ અને મંદિર વચ્ચેના ભાગમાં વાહન વ્યવહાર ચાલુ રહે છે તે કબૂલ કરે છે.

આમ આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડાનાઓએ ખાડીયા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં. ૭૧/૨૦૦૮ નાં કામે તા.૧૧.૮.૨૦૧૨ નાં રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ ગોરધન અંબાલાલ પારેખનાઓને ક્રાઇમ બ્રાન્ચની કચેરીએ બોલાવેલા. ત્યાં આરોપી મુજીબ શેખ (મરણ ગયેલ છે તે અંગેની પુરસીસ ફરિયાદપક્ષ દ્વારા આંક–૬૮૦૯થી રજૂ થયેલી છે) હાજર હતો. પંચોએ તેનુ નામ ઠામ પુછેલુ અને તે કંઈ કહેવા અને બતાવવા માંગતો હતો. જેથી તપાસ કરનાર અધિકારી પોતે, પંચો, પોલીસ સ્ટાફ તથા આરોપીને લઈ આરોપીના બતાવ્યા મુજબના રસ્તે ગયેલા અને આરોપીએ જણાવેલુ કે જુલાઈ–૨૦૦૮માં અમદાવાદમાં જે સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવો બનેલા તેમા ઉપયોગમાં લેવાયેલ સાઇકલો કયામુદ્દીન કાપડીયાના કહેવા મુજબ આલમજેબ આફ્રીદી તથા એૈયાઝનાઓએ પોતાને ત્રણ સાઇકલો આપેલી તે સાઇકલો પોતે જયાં મુકેલી તે જગ્યા બતાવવા માંગુ છું. તેમ જણાવતા આરોપીએ અંબર ટાવરના પાર્કીંગવાળી જગ્યા તથા નારોલ સર્કલ પાસે આવેલ હનુમાનજીના મંદિર પાસેની જગ્યા બતાવેલી અને તેનુ પંચનામુ આંક–૬૮૦૮ વાળુ બનાવવામાં આવેલુ.

આંક–૬૮૦૮વાળુ પંચનામુ બનાવનાર તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડાની જુબાનીના પેરા ૧.૧૨૭ ધ્યાને લઈએ તો તેઓ જણાવે છે કે રીમાન્ડ ઉપરના આરોપી મુજીબ શેખનાઓ કંઈ કહેવા અને બતાવવા માંગતા હોવાથી તા.૧૧.૨.૨૦૧૨ નાં રોજ ક્રાઇમ બ્રાન્ચની કચેરીએ બે પંચોને બોલાવેલા, પંચોએ તેઓનુ નામ પુછતા તેને પોતાનુ નામ મુજીબ શેખ

જણાવેલુ અને તેને એવુ પણ જણાવેલુ કે અમદાવાદમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં બોમ્બવાળી સાઇકલો આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયાના કહેવા પ્રમાણે આરોપી નં.૨૩ એયાઝ સૈયદ તથા આરોપી નં.૭૫ આલમજેબ આફ્રીદીને ત્રણ સાઇકલો આપેલી અને તે સાઇકલો અંબર ટાવરના બ્લોક નંબર "એ" ની નીચે પાર્કીંગની જગ્યામાં તથા નારોલ સર્કલ ઉપર આવેલ હનુમાનજીના મંદિર પાસે મુકેલી તે જગ્યાઓ બતાવેલી અને તેનુ પંચનામુ કરેલુ. આંક–૬૮૦૮વાળા પંચનામામાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. તેઓની ઊલટ તપાસના પેરા–૩૮ ધ્યાને લઈએ તો તા.૧૪.૧૨.૨૦૦૮ નાં રોજ આરોપી મુજીબ મણીનગર પોલીસ સ્ટેશનના ગુનામાં તપાસ કરનાર અધિકારી મયુર ચાવડાના કબજામાં હતો તો તે કહી શકે તેમ નથી. તા.૧૧.૮.૨૦૧૨ નાં રોજ આરોપી મુજીબે સાઇકલ મુકેલાની જગ્યા બતાવેલાનું પંચનામુ રૂબરૂમાં કરવામાં આવેલાની હકીકત કબૂલ કરવામાં આવે છે જેથી એવુ ચોકકસપણે કહી શકાય કે આરોપી મુજીબ શેખ કે જે મરણ ગયેલ છે તેને આંક–૬૮૦૮ વાળા પંચનામાની હકીકત જણાવેલી અને તે પંચનામાની વિગતવાળુ પંચનામુ બનાવવામાં આવેલુ હતુ. વધુમાં ઊલટતપાસના પેરા–૬૧ ધ્યાને લઈએ તો આંક–૬૮૦૮વાળુ પંચનામુ જે જગ્યા બતાવવા અંગેનુ કરેલુ તે પહેલા તે અંગેનો પુરાવો અન્ય તપાસનીશ અધિકારીની તપાસમાં ખુલેલો કે કેમ તે અંગેનો પુરાવો પંચનામુ કર્યુ ત્યારે મળેલો નહીં.

આંક–૬૮૦૮વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "પોતે પોતાનુ નામ મુજીબ શેખ જણાવેલુ અને કયામુદ્દીન કાપડીયાના કહેવા મુજબ આલમજેબ આફ્રીદી તથા એયાઝ સૈયદે બોમ્બવાળી સાઇકલો આપેલી અને તે સાઇકલો જયાં મુકેલી તે જગ્યા બતાવવા માંગુ છું" તથા "આરોપીએ સરકારી વાહનમાં બેસીને રસ્તો બતાવેલો તથા તે અંબર ટાવરના પાર્કીંગ પાસે જઈ પાર્કીંગવાળી જગ્યા બતાવેલી" તથા "નારોલ સર્કલ પાસે હનુમાનદાદાના મંદિર પાસેની જગ્યા બતાવેલી" વિગેરે પુરાવામાં

વિચારણામાં લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપીએ પોતે આપેલ માહિતી પ્રમાણેની જે જે જગ્યાએ આવેલી હતી તે જગ્યાઓનું ત્યાં અસ્તિત્વ છે જેથી તે હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય. આરોપી મુજીબે આ જગ્યાઓ જોયેલી હતી તે ત્યાં ગયેલો હતો અને બોમ્બવાળી સાઇકલો મુકેલી હતી માટે પંચો અને તપાસ કરનાર અધિકારીને તે જગ્યાઓ ઉપર દોરી ગયેલો. આ જગ્યાઓ ઉપર દોરી જવાનું આરોપીનું વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે નલીનભાઈ જયંતીલાલ જાડાવાલાને સાહેદ નં.૧૦૮૨ તરીકે આંક–૭૩૮૬થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૨૪/૩/૨૦૧૬ ના રોજ આ સાહેદ જગન્નાથ મંદિરથી ગાયકવાડ હવેલી થઇ જતા હતા ત્યારે પોલીસે ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનમાં બોલાવેલા. આ સાહેદ ત્યાં ઑફિસમાં ગયેલા તે ઑફિસ ક્રાઇમ બ્રાન્ચની હતી. આ સાહેદને બોલાવ્યો ત્યારે તેમની સાથે બીજું કોઇ હતુ નહિ. આ સાહેદ ઑફિસમાં ગયા ત્યારે એક અધિકારી હતા, બીજા એક ભાઇ બેઠેલા હતા, સ્ટાફના માણસો હતા અને આ સાહેદને કહેવામાં આવેલું કે આ એક આરોપી છે. આ સાહેદને કહેલું કે આ આરોપી બોમ્બ બ્લાસ્ટના કેસમાં છે અને ખાડીયામાં બોમ્બ બ્લાસ્ટ થયેલા તેના પંચનામામાં રહેવા સંમત છો? તો હા પાડેલી. આરોપીને આ સાહેદે પ્રથમ તેનું નામ પુંછેલું. તો તેણે તેનું નામ "મોહમદ રફિક ઉર્ફે આલમજેબ જણાવેલું. તે જુહાપુરાનો રહેવાસી હોવાનું જણાવેલું. આરોપીએ બોમ્બ બ્લાસ્ટમાં ઉપયોગમાં લીધેલી સાઇકલો બતાવવાનું જણાવેલું." બોમ્બ બ્લાસ્ટ પહેલા સાઇકલો કયાં મુકેલી હતી તે બતાવવાનું પણ જણાવેલું. અધિકારી, બીજા માણસો, બીજા પંચ, આ સાહેદ તથા આરોપી બધા નીચે આવેલા. ત્યારબાદ ગેટની બહાર આવેલા અને ત્યાં એક સરકારી વાહન હતું. ત્યારબાદ સરકારી વાહનમાં આ સાહેદ, બીજા પંચ, અધિકારી, સ્ટાફના માણસો તથા આરોપી વાહનમાં બેઠેલાં. વાહનમાં બેઠા પછી સાહેબે કહેલું કે હવે "કયાં જવાનું છે તે અમને બધાને બતાવ." ત્યારબાદ મેઇને ગેટની બહાર તેણે "જમણી બાજુ ઇશારો કરેલો." ત્યાંથી આરોપી બોલતો ગયેલો અને તે પ્રમાણે

વાહન લઈ ગયેલાં અને વાહન જમાલપુર માર્કેટના પુલ ઉપર થઈને એન. આઈ. ડી. થઈને, મહાલક્ષ્મી છ રસ્તા બાજુ તેણે બતાવ્યા પ્રમાણે ગયેલા. ત્યાંથી બધા આગળ ધીરે ધીરે ગુમ્માનગર તરફ આગળ વધેલાં. ત્યાંથી જુહાપુરા સર્કલ પાસે ગાડી સાઈડમાં આવેલા સર્વિસ રોડ ઉપર લેવડાવેલી અને ત્યાં આગળ જતા પોલીસ ચોકી છે તેની પાસે આરોપીએ "ગાડી ઉભી રખાવેલી." ત્યાં બધા નીચે ઉતરેલાં. આરોપી તેઓને આગળ જયાં સાઇકલો મુકેલી હતી ત્યાં લઇ ગયેલા. ત્યાં અંદર ગયેલા અને આરોપીએ જણાવેલું કે "મે આ પાર્કિંગમાં એક સાઇકલ મુકેલી." આ જગ્યા યુનિક એપાર્ટમેન્ટની હતી. ત્યાંથી બધા ગાડીમાં બેઠેલાં. ત્યારબાદ આરોપીએ તેના કહેવા પ્રમાણે સરખેજ તરફ થોડે આગળ ગાડી લીધેલી. ત્યારબાદ તેણે ગાડી યુ–ટર્ન વળાવેલી અને થોડે દુર ગયા પછી તેણે જણાવેલું કે "અહિંયા મે બીજી સાઇકલ મુકેલી હતી તે જગ્યા બતાવું." તે જગ્યા અંબર ટાવરની હતી. અંબર ટાવરમાં ગયા પછી આરોપીએ "એ" બ્લોક બતાવેલો." ત્યારબાદ બધા ત્યાંથી ગાડીમાં બેસેલા અને બધુ લખાવતા પણ હતાં. ત્યાંથી આરોપીએ ગાડી વિશાલા સર્કલ તરફ ગાડી લેવડાવેલી. ત્યાંથી આગળ નારોલ સર્કલ તરફ ગયેલા અને ત્યાં "આરોપીએ ગાડી ઉભી રખાવેલી." ત્યાં બધા નીચે ઉતરેલાં. ત્યાં આરોપીએ કહેલું કે "હનુમાનજીના મંદિર પાસે આ સાઇકલો અમે મુકેલી." ત્યારબાદ આરોપીએ કયામુદ્દિન નામના કોઇ માણસને સાઇકલો આપેલી તે જગ્યા બતાવેલી. ઉપર મુજબની વિગતવાળુ પંચનામુ બનાવેલુ તે આંક–૭૩૮૭થી રજૂ રાખેલ છે જેમાં સાહેદ પોતાની તથા બીજા પંચની સહીઓ ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પ્રથમ જે જગ્યા ઉપર ગયેલા તે જગ્યા પાસે જે પોલીસ ચોકી હતી તે કાચી હતી પરંતુ તે કેવી હતી તે ચોકકસ કહી શકે તેમ નથી. ચાલતા ચાલતા જે તરફ ગયેલા તે પૂર્વ દિશા તરફ ગયેલા. ત્યાં ચાલીને ૨૫ ડગલા પૂર્વ તરફ ગયા ત્યારે આરોપીએ જણાવેલુ કે અહીંયા સાઇકલ મુકેલી તેમ જણાવે છે. તે જગ્યાએ યુનિક એપાર્ટમેન્ટ હતુ તે કબૂલ કરે છે. યુનિક એપાર્ટમેન્ટનો પાર્કીંગનો વિસ્તાર કેટલો હતો તેનો ચોકકસ

ખ્યાલ નથી. પાર્કીંગમાં કેટલા બ્લોક હતા તે કહી શકે નહીં. પાર્કીંગવાળી જગ્યાએ બ્લોક નંબર જોયેલો નહીં. યુનિક એપાર્ટમેન્ટની ચારેય બાજુ કમ્પાઉન્ડ વોલ હતી કે કેમ તેનો ચોકકસ ખ્યાલ નથી. ગેટમાં દાખલ થયા બાદ ૧૫–૨૦ ડગલા પછી સાઇકલવાળી જગ્યા બતાવેલી. અંબર ટાવરના કેટલા બ્લોક હતા તેનો ખ્યાલ નથી. અંબર ટાવરની આગળના ભાગે દુકાનો છે તો તેની ખબર નથી. જે જગ્યાએ સાઇકલો મુકેલાનું જણાવેલુ તે જગ્યાએ પાર્કીંગનો વિસ્તાર કેટલો હતો તે લખાવેલુ નહીં. નારોલ સર્કલ ઉપર હનુમાનજીના મંદિરની બંને તરફ રોડ આવેલા છે તે કબૂલ કરે છે. મંદિરની પાછળના ભાગે લારીઓવાળા ઉભા રહેતા હોય તો ખબર નથી. જે જગ્યાએ સાઇકલ મુકેલાનું જણાવેલુ તે જગ્યાની આજુબાજુનું વર્ણન લખાવેલુ નહીં તે કબૂલ કરે છે. ત્રણેય જગ્યાએ સાઇકલો કઈ તારીખે મુકેલી તે તારીખ આરોપીને પુછેલી નહીં. ત્રણેય સાઇકલો કઈ કંપનીની હતી અને કેવી હતી તે પણ પુછેલુ નહીં. સાઇકલો સિવાય આરોપી સાથે આ સાહેદે બીજી કોઈ વાતચીત થયેલી નહીં. ગાડીમાં બેસીને જતા હતા ત્યારે પંચોને પોલીસ કે આરોપી સાથે વાતચીત થયેલી નહીં. પંચનામુ આ સાહેદ તથા બીજા પંચ કલ્પેશભાઈ વારાફરથી લખાવતા હતા. પંચનામાની કામગીરીમાં ગયેલા નથી અને પોલીસના કહેવાથી તૈયાર પંચનામામાં સહીઓ કરેલાની હકીકત નકારે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાથે મદદમાં રહેનાર અધિકારી સાહેદ નં.૧૧૧૬ કે.એન.પટેલનાઓએ ખાડીયા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં. ૭૧/૨૦૦૮ નાં કામે તા. ૨૩.૪. ૨૦૧૬ નાં રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ કલ્પેશ ઓઝાનાઓને ક્રાઇમ બ્રાન્ચની કચેરી ખાતે બોલાવેલા ત્યાં આરોપી નં.૭૫ મહમદ રફીક ઉર્ફે જાવીદ ઉર્ફે આલમજેબ આફ્રીદી સન ઓફ મસ્કુર અહેમદ આફ્રીદીનાઓ હાજર હતા. પંચોની હાજરીમાં તેને પોતાનુ નામ જણાવેલુ તથા પોતે કંઈક કહેવા અને બતાવવા માંગતો હતો જેથી તપાસ કરનાર અધિકારી પોતે, પંચો, આરોપી તથા પોલીસ સ્ટાફને લઈને આરોપીના બતાવ્યા મુજબના રસ્તે ગયેલા. આરોપીએ જણાવેલુ હતુ કે બોમ્બ બ્લાસ્ટમાં ઉપયોગમાં લીધેલી સાઇકલો તેને પોતે

આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયાના કહેવાથી આરોપી નં.૨૩નાઓને આપેલી તથા પોતે પણ સાઇકલો લઈને બોમ્બવાળી સાઇકલો જયાં મુકેલી તે જગ્યાઓ બતાવવા માંગુ છું તેમ જણાવી જુહાપુરા યુનિક એપાર્ટમેન્ટના પાર્કીંગવાળી જગ્યા તથા અંબર ટાવરના પાર્કીંગવાળી જગ્યા તથા નારોલ સર્કલ હનુમાનજીના મંદિરની જગ્યા બતાવેલી અને તે અંગેનુ પંચનામુ આંક–૭૩૮૭ વાળુ બનાવવામાં આવેલુ.

આંક–૭૩૮૭વાળુ પંચનામુ બનાવનાર અધિકારી સાહેદ નં. ૧૧૧૬ કનુભાઈ નરોત્તમ પટેલની જુબાનીના પેરા–૪ ધ્યાને લઈએ તો તેઓ જણાવે છે કે તા.૨૩.૪.૨૦૧૬ ના રોજ કસ્ટડીમાં રહેલો આરોપી મહંમદ રફીક ઉર્ફે જાવિદ ઉર્ફે આલમજેબ આફ્રીદી સન/ઓફ મસકુર અહેમદનાઓની પુછપરછ કરતા આ આરોપી પોતાની સ્વખુશીથી કંઇક કહેવા તથા બતાવવા માગતો હોઇ પંચનામુ કરવા માટે બે પંચોને બોલાવેલ અને પંચોએ પંચમાં રહેવાની સ્વખુશી બતાવેલી અને પંચોની રૂબરૂમા આરોપીનું નામઠામ પુછેલુ. ત્યારબાદ આરોપીએ પંચો રૂબરૂ જણાવેલ કે "જુલાઇ–૨૦૦૮ના સીરીયલ બ્લાસ્ટ થયેલ ત્યારે ઉપયોગમાં લેવાયેલ સાઇકલો મેં તથા કયામુદ્દીન કાપડીયા અને મુજીબ અને એૈયાઝ સૈયદે જે જગ્યાએ મુકેલ તે બતાવવા માગું છું તેવુ જણાવતા તે અંગેનું પ્રાથમિક પંચનામુ કરી બે પંચોની સહી મેળવેલ ત્યારબાદ ડ્રાયવરને સુચના આપેલ કે આરોપી કહે તે મુજબ વાહન હંકારવુ ત્યારબાદ આરોપીએ જે જે જગ્યા બતાવી તે તે જગ્યા પર ગયેલા અને તે અંગેની વિગતવાર નોંધ પંચોએ પંચનામામાં લખાવેલી અને પંચનામું પૂર્ણ થતા તે પંચનામામાં પંચોની સહીઓ લીધેલી અને રૂબરૂમાં આ સાહેદ પણ સહીઓ કરેલી. આંક–૭૩૮૭ વાળુ અસલ પંચનામામાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

આંક–૭૩૮૭વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "આરોપીએ પોતાનુ નામ જણાવેલુ તે તથા અમદાવાદ શહેરમાં સીરીયલ બોમ્બ બ્લાસ્ટ થયેલ તે બોમ્બ બ્લાસ્ટમાં ઉપયોગમાં લેવાયેલ

સાઇકલો મેં તથા કયામુદ્દીન તથા મુજીબ શેખ તથા ઐયાઝ સૈયદનાઓએ જે જગ્યાઓ ઉપર મુકેલી તે જગ્યાઓ બતાવવા માંગુ છું તે તથા જુહાપુરા અંબર ટાવર બ્લોક નં.એ નીચે આવેલી પાર્કીંગની જગ્યા તથા નારોલ સર્કલ હનુમાનજીના મંદિર પાસેની જગ્યા તથા યુનિક એપાર્ટમેન્ટના પાર્કીંગવાળી જગ્યાઓ" વિગેરે પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપીએ પોતે આપેલ માહિતી પ્રમાણેની જે–જે જગ્યાએ આવેલી હતી તે જગ્યાઓનું ત્યાં અસ્તિત્વ છે જેથી તે હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય. આ ઉપરાંત આ જગ્યાઓ ઉપર આરોપી આલમજેબ ગયેલો હતો ત્યાં સાઇકલો મુકેલી હતી તેની તેને માહિતી હતી માટે તે આ જગ્યાઓ ઉપર પંચો તથા તપાસ કરનાર અધિકારીને દોરી ગયેલો, આરોપીનું આ દોરી જવાનું વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે ત્રિકમલાલ મુળજીભાઈ નાથાણીને સાહેદ નં.૧૦૮૮ તરીકે આંક–૭પ૯૬થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓને તા.૨૧/૭/૨૦૧૨ ના રોજ પોલીસે ક્રાઇમ બ્રાન્ચની ઑફિસે સાંજના ચારેક વાગ્યે બોલાવેલા. ત્યાં બીજા તેમના મિત્ર ગોરધનભાઇને પણ બોલાવેલાં. ત્યાં સાહેબે કહેલું કે આ આરોપી કાંઇક કહેવા અને જણાવવા માંગે છે તો તેનું પંચનામું કરવાનું છે જેથી પંચમાં રહેવા માટેની હા પાડેલી. આરોપીનું નામ પુંછેલું તો તેણે તેનું નામ "મુજીબ શેખ" જણાવેલું. તે જુહાપુરાના હતાં. ત્યારબાદ આરોપીએ કહેલું કે "૨૬મી તારીખે ૨૦૦૮ ના વર્ષમાં જે બોમ્બ બ્લાસ્ટ થયેલા તે જગ્યા તથા બોમ્બ કયામુદ્દિન કાપડીયા પાસેથી લીધેલા અને જે જગ્યાએ મુકેલા તે જગ્યા બતાવવા માંગું છું". ત્યાં સાહેબ પાસે લખાણ કરાવેલું અને ત્યારબાદ બધા ગેટની બહાર આવેલાં. બહાર આવ્યા પછી બધા સાથે સરકારી વાહનમાં બેઠેલાં. ગાડીમાં એક સાહેબ હતા, આરોપી હતો, તેઓ બંને મિત્રો હતા તથા પોલીસવાળા હતાં. બધા ગાડીમાં બેઠા પછી સાહેબે ડ્રાઇવરને જણાવેલું કે આરોપી જયાં કહે ત્યાં લઇ લ્યો. ત્યારબાદ આરોપીએ ડ્રાઇવરને ગાડી લેવાનું કહેલુ, ગાડી જમાલપુર થઇને એસ.ટી. બસ સ્ટેન્ડથી

સારંગપુર બ્રિજ ઉતરીને ગાડી આગળ થોડે ચાલેલી અને ત્યાં ગાડી આરોપીએ શિતલ ટોકિઝ પાસે ઉભી રખાવેલી. ત્યાં ઉભી રખાવ્યા પછી આરોપી થોડે આગળ ચાલેલો અને શિતલ ટોકિઝના મેઇન ગેટ પાસે તે ઉભો રહેલો. ત્યાં ઉભા રહ્યા પછી જણાવેલું કે, "આ સાઇકલ કયામુદ્દિન કાપડીયાએ મને અહિંયાથી આપેલી અને હવે મે તે સાઇકલ કયાં મુકેલી તે રસ્તો હું બતાવવા માગું છું." ત્યારબાદ સાહેબ પાસે બધુ લખાણ કરાવેલું અને દિશા બતાવેલી અને તે પ્રમાણે સાહેબે દિશા લખેલી. ત્યારબાદ આરોપીએ કહેલું કે, "ગાડી આગળ લઇ લ્યો." ત્યાં આગળ ગયા પછી રખિયાલ પોલીસ સ્ટેશન આવેલું અને ત્યાંથી ગાડી થોડે આગળ ચાલેલી અને ગરીબનગર ચાર રસ્તા પાસે ગાડી આવ્યા પછી "ડ્રાઇવરને ઇશારો કરેલો કે ડાબી સાઇડમાં ગાડી લઇ લ્યો." ત્યારપછી ગાડી આગળ ચાલેલી અને સરદાર પટેલ ડાયમંડ માર્કેટ આવતા ગાડી "આરોપીએ ઉભી રખાવેલી." ત્યાં બધા ગાડીમાંથી નીચે ઉતરેલાં. "ત્યાં આરોપીએ જગ્યા બતાવેલી અને કહેલું કે તે બોમ્બવાળી સાઇકલ મે અહીંયા મુકેલી હતી." આ જગ્યા બાપુનગર ચાર રસ્તા અને ઇન્ડિયા કોલોની ટોલનાકા, ધનવંતરિ હોસ્પિટલ અને સરદાર ડાયમંડ માર્કેટની વચ્ચેની જગ્યા હતી. ઉપર મુજબની વિગતવાળુ પંચનામુ બનાવેલુ તે આંક–૭પ૯૭ થી રજૂ રાખેલ છે જેમાં સાહેદ પોતાની તથા બીજા પંચ ગોરધનભાઈની અને રૂબરૂ તરીકે સાહેબની સહીઓ ઓળખી બતાવે છે. સાહેદને પંચનામું વાંચી સંભળાવવામાં આવતા તે સાંભળીને જણાવે છે કે તેમાં લખેલી હકીકત સાચી છે અને તેમાં લખેલી તા.૨૧/૮/૨૦૧૨ તે પણ સાચી હોવાનું જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદને સહી કરતા આવડે છે બીજુ લખતા આવડતુ નથી. પંચનામુ કર્યુ તે વખતે આ સાહેદ પાપડ વિગેરેની છુટક ફેરી કરતા હતા. વેપાર માટેનો માલ કયારે લાવતા હતા તે બતાવવા માટે દસ્તાવેજી પુરાવો નથી. પંચનામુ લખવા લખાવવાનો અનુભવ નથી. બાપુનગર ચાર રસ્તા પાસે રહે છે તે કબૂલ કરે છે. તેમની નજીકમાં ધનવંતરિ હોસ્પિટલ તેમજ સરદાર પટેલ ડાયમંડ માર્કેટ આવેલુ છે તે કબૂલ કરે

છે. ક્રાઈમ બ્રાન્ચની કચેરી જમાલપુર વિસ્તારમાં આવેલ છે તે કબૂલ કરે છે. બનાવના દિવસે આ સાહેદે પોતાનો ધંધો બંધ રાખેલો. બાપુનગર થી ભદ્રકાળી માતાના મંદિરે ચાલતા ચાલતા ગયેલાની હકીકત નકારે છે. ભદ્રકાળી મંદિરની બહાર નીકળ્યા ત્યારે પોલીસના માણસો મળેલાની હકીકત નકારે છે. પરંતુ સાહેદે જણાવેલુ છે કે ક્રાઈમ બ્રાન્ચની ઑફિસ પાસેથી નીકળ્યા ત્યારે પોલીસવાળા મળેલા. પંચનામામાં સહી કરી તે પહેલા મુજીબ નામના માણસને કયારેય જોયેલો નહીં તે કબૂલ કરે છે. તે શું કામ ધંધો કરતો હતો તથા તેના માતા–પિતા કોણ હતા તેની પણ ખબર ન હતી. પોલીસે તેને કયારથી પકડેલો અને કયાંથી પકડેલો તેની માહિતી મળેલી નહીં. સરતપાસમાં જણાવ્યા મુજબ તા.૨૧.૮.૨૦૧૨ ના રોજ ક્રાઈમ બ્રાન્ચ પોલીસના બોલાવવાથી ક્રાઈમ બ્રાન્ચની કચેરીએ ગયા નથી તેમજ આરોપી મુજીબે કોઈ જગ્યા બતાવવાની જાહેરાત કરી નથી કે જગ્યા ઉપર લઈ ગયેલ નથી તો તે હકીકત નકારી છે. આ સાહેદે તૈયાર પંચનામામાં ફકત સહી કરેલાની હકીકત નકારેલી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયાનાઓએ બાપુનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં. ૨૨૦/૨૦૦૮ ના કામે તા.૨૧.૮.૨૦૧૨ ના રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ ગોરધનભાઈ રામજીભાઈ કાકડીયાનાઓને ક્રાઈમ બ્રાન્ચની કચેરી ખાતે બોલાવેલા ત્યાં આરોપી મુજીબ શેખ (મરણ ગયેલ છે) નાઓ હાજર હતા. પંચોની હાજરીમાં તેને પોતાનુ નામ જણાવેલુ તથા પોતે કંઈક કહેવા અને બતાવવા માંગતો હતો જેથી તપાસ કરનાર અધિકારી પોતે, પંચો, આરોપી તથા પોલીસ સ્ટાફને લઈને આરોપીના બતાવ્યા મુજબના રસ્તે ગયેલા. આરોપીએ જણાવેલુ હતુ કે, બોમ્બ બ્લાસ્ટમાં ઉપયોગમાં લીધેલી સાઇકલો તેણે પોતે આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયાના કહેવાથી આરોપી નં.૨૩ તથા ૭૫ નાઓએ સાઇકલો આપેલી અને તે બોમ્બવાળી સાઇકલો લઈને જયાં મુકેલી તે જગ્યાઓ બતાવવા માંગુ છું તેમ જણાવી બાપુનગર ખાતે હીરા માર્કેટ પાસે મુકેલી હતી તે જગ્યા તથા ગોમતીપુર શિતલ સીનેમાના મુખ્ય દરવાજાના બહારવાળી

જગ્યા તથા ધનવંતરિ હોસ્પિટલ પાસે જે જગ્યાએ સાઇકલ મુકેલી તે જગ્યાઓ બતાવેલી અને તે અંગેનુ પંચનામુ આંક–૭૫૯૭ વાળુ બનાવવામાં આવેલુ.

આંક–૭૫૯૭ વાળુ પંચનામુ બનાવનાર અધિકારી વી.આર. ટોળીયા ગુજરી ગયેલા છે માટે સીરીયલ બોમ્બ બ્લાસ્ટોની તપાસ કરનાર તપાસ ટીમો પૈકીના અન્ય એક તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ પોતાની જુબાનીના પાના નં.૨૧૬ મા આ બાબતે જણાવેલ છે તથા આંક–૭૫૯૭ વાળા પંચનામામાં આ સાહેદે વી.આર.ટોળીયાની સહી ઓળખી બતાવેલી છે.

આંક–૭૫૯૭ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે, "આરોપીએ પોતાનુ નામ જણાવેલુ તે તથા તા.૨૬.૭. ૨૦૦૮ ના રોજ અમદાવાદમાં જે બોમ્બ બ્લાસ્ટ થયેલ તે બોમ્બ બ્લાસ્ટના ગુનામાં પોતે જે જગ્યાએથી બોમ્બવાળી સાઇકલ મેળવેલી અને બાપુનગર ખાતે હીરા માર્કેટ પાસે જે જગ્યાએ સાઇકલ મુકેલી તે જગ્યા બતાવવા માંગુ છું તે તથા આરોપીએ જે–જે રસ્તે વાહન લેવડાવેલુ તે તથા ધનવંતરી હોસ્પિટલ, સરદાર પટેલ ડાયમંડ માર્કેટ પાસે વાહન ઉભુ રખાવડાવી જગ્યા બતાવેલી" વિગેરે પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપીએ પોતે આપેલ માહિતી પ્રમાણેની જે–જે જગ્યાએ આવેલી હતી તે જગ્યાઓનું ત્યાં અસ્તિત્વ છે જેથી તે હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય. આ ઉપરાંત આ જગ્યાઓ ઉપર આરોપી ગયેલો હતો અને ત્યાં બોમ્બવાળી સાઇકલો મુકેલી હતી તેની તેને માહિતી હતી માટે આરોપી આ જગ્યાઓ ઉપર પંચો તથા તપાસ કરનાર અધિકારીને દોરી ગયેલો, આરોપીનું આ દોરી જવાનું વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે.

આંક–૧૮૧૫ વાળુ પંચનામુ કાલુપર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૧૨૩/૨૦૦૮ નાં કામે બનાવવાળી જગ્યા જનતા પાન હાઉસના ગલ્લા આગળ જાહેર રોડ ઉપરની જગ્યાનું તપાસ કરનાર અધિકારીએ પંચો રૂબરૂ બનાવેલુ અને તે પંચનામા પંચ સાહેદ નં.૩૪૨ વિશાલ તુલસીદાસ લોધાનાઓને

આંક–૧૮૧૪ તરીકે ફરિયાદપક્ષે તપાસેલા છે. તેઓની જુબાની તથા આંક–૧૮૧૫ વાળા પંચનામાની વિગતવાર ચર્ચા ફરિયાદપક્ષ દ્વારા બનાવ પુરવાર કરવા માટે જે પુરાવા રજૂ કરવામાં આવેલા છે તે પુરાવાની આગળ ઉપર ચર્ચા કરેલી છે. જેથી આ સાહેદના પુરાવા અને પંચનામાની વિગતોનું મૂલ્યાંકનનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી. ત્યારબાદ આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયાની અટક કર્યા બાદ તેને આ જગ્યા પંચો રૂબરૂ બતાવેલી તેનુ પંચનામુ આંક–૫૬૨૮ થી રજૂ કરેલુ છે.

આંક–૨૩૬૫ વાળુ પંચનામુ દાણીલીમડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૧૪૦/૨૦૦૮ નાં કામે બનાવવાળી જગ્યા નારોલ સર્કલ હનુમાનજીના મંદિર પાછળની જાહેર રોડ ઉપરની જગ્યાનું તપાસ કરનાર અધિકારીએ પંચો રૂબરૂ બનાવેલુ અને તે પંચનામા પંચ સાહેદ નં.૩૯૨ રમેશ કાનાભાઈ પરમારનાઓને આંક–૨૨૮૩ તરીકે ફરિયાદપક્ષે તપાસેલા છે. તેઓની જુબાની તથા આંક–૨૩૬૫ વાળા પંચનામાની વિગતવાર ચર્ચા ફરિયાદપક્ષ દ્વારા બનાવ પુરવાર કરવા માટે જે પુરાવા રજૂ કરવામાં આવેલા છે તે પુરાવાની આગળ ઉપર ચર્ચા કરેલી છે. જેથી આ સાહેદના પુરાવા અને પંચનામાની વિગતોનું મૂલ્યાંકનનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી. ત્યારબાદ આરોપી મુજીબ શેખ (મરણ ગયેલ છે) ની અટક કર્યા બાદ તેને આ જગ્યા પંચો રૂબરૂ બતાવેલી તેનુ પંચનામુ આંક–૬૮૦૮ થી રજૂ કરેલુ છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે અશોક રામજી વણઝારાને સાહેદ નં.૫૯૩ તરીકે આંક–૩૧૯૬ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૨૨/૧૦/૨૦૦૮ ના રોજ તેમને ક્રાઇમ બ્રાન્ચ પોલીસે બપોરનાં આશરે બાર વાગ્યે બોલાવેલા. તેઓ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન પાસેથી રીક્ષા લઇ જતા હતા ત્યારે પોલીસે રોકેલા અને ક્રાઇમ બ્રાન્ચની ઑફિસમાં લઇ ગયેલા ત્યાં તેમની સાથેનાં બીજા એક પંચ વિશાલભાઇ પટ્ટણી ત્યાં હાજર હતા. પોલીસે તેઓને એક વોડાફોન કંપનીમાંથી કંપનીના સેક્રેટરી મોબાઇલ અંગેનાં કેટલાંક કાગળો રજૂ કરવા માંગતા હોવાથી અને તે બાબતે

પંચનામું કરવાનું હોવાથી પંચમાં રહેવા કહેલુ અને તેઓએ પંચમાં રહેવા માટે હા પાડેલી. વોડાફોન કંપનીનાં સેક્રેટરીએ એક કાગળની સાથે બે મોબાઇલ નંબરોની કોલ ડીટેઇલ રજૂ કરેલ. તેમણે મોબાઇલ અંગેનું અરજી ફોર્મ કે જેમાં અંગ્રેજીમાં કાંઇ નંબર લખેલો અને તે ફોર્મ અંગ્રેજી અને ગુજરાતીમાં હતુ તે રજૂ કરેલ. જેની વિગતો પંચનામામાં લખેલી તેમજ એક ડ્રાઇવીંગ લાયસન્સ જેનો નંબર પંચનામામાં લખેલ તેની ઝેરોક્ષ નકલ પણ રજૂ કરેલી.

સાહેદ આંક–૩૧૯૮ વાળુ મોબાઇલ માટેનું અરજી ફોર્મ વોડાફોન કંપનીનું અને તેની સાથે ડ્રાઈવીંગ લાઇસન્સની ઝેરોક્ષમાં આ સાહેદ પોતાની તથા વિશાલભાઇની અને રૂબરૂ તરીકે પોલીસ ઓફિસરની સહીઓ ઓળખી બતાવેલ છે. સાહેદ આંક–૩૧૯૯ વાળુ મોબાઇલ માટેનું અરજી ફોર્મ વોડાફોન કંપનીનું અને તેની સાથે ડ્રાઈવીંગ લાઇસન્સની ઝેરોક્ષમાં આ સાહેદ પોતાની તથા વિશાલભાઇની અને રૂબરૂ તરીકે પોલીસ ઓફિસરની સહીઓ ઓળખી બતાવેલ છે. આ કાર્યવાહીનું પંચનામુ બનાવેલુ જે આંક–૩૨૦૦ મા સાહેદ પોતાની તથા વિશાલભાઇની અને રૂબરૂ તરીકે પોલીસની સહીઓ ઓળખી બતાવેલી છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ માત્ર સહી કરે છે, ગુજરાતી લખતા આવડતુ નથી. ગુજરાતીમાં કોઈ અભ્યાસ કરેલો નથી. જે ફોર્મમાં સહીઓ કરેલી તે ફોર્મ કઈ ભાષામાં હતુ તે કહી શકે નહીં. "શ્રી નિવાસ લીગલ એન્ડ કંપની સેક્રેટરી" નો શું અર્થ થાય તેની ખબર નથી. ફોર્મ રજૂ કરનાર વ્યકિતનું નામ જાણતા નથી. ફોર્મ રજૂ કરનાર વ્યકિત સાથે વાતચીત કરેલી નહીં. પોલીસ સ્ટેશનમાં ગયા ત્યારે ફોર્મ પોલીસ સ્ટેશનના ટેબલ ઉપર પડેલા હતા. બીજા પંચ વિશાલને ઓળખતા નથી. તે ઑફિસમાં બેઠેલા હતા. સહી કરીને ત્યાંથી નીકળી ગયેલા તે કબૂલ કરે છે. કુલ–છ સહીઓ કરેલાનું જણાવે છે. આંક–૯૧૯૮ તથા ૯૧૯૯ સિવાય બીજા કોઈ દસ્તાવેજો બતાવવામાં આવેલા નહીં.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં. ૨૦૩/૨૦૦૮ ના કામે તા.૨૨.૧૦.૨૦૦૮ ના રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ વિશાલ સોનજીભાઈ પટણીનાઓને ક્રાઈમ બ્રાન્ચની કચેરીએ બોલાવેલા ત્યાં ફરિયાદી હર્ષદભાઈ ચંદુભાઈ હાલાણી હાજર હતા અને આરોપીઓએ વાપરેલ ભુતીયા નામના મોબાઈલ નંબરોના અસલ દસ્તાવેજો વોડાફોન કંપનીમાંથી શ્રીનિવાસ લીગલ એન્ડ કંપની સેક્રેટરી તરફથી તા.૨૦. ૧૦.૨૦૦૮ ના પત્રથી આવેલા અને તે પત્રની સાથે મોબાઈલ નં.૯૭૧૨૩ ૮૧૧૫૭, ૯૭૧૨૩ ૯૮૨૦૪ ના અસલ અરજી ફોર્મ તથા આઈ.ડી. પ્રુફ તરીકેના ડ્રાઈવીંગ લાયસન્સની ઝેરોક્ષ નકલ કબજે લેવાની હતી જેથી આ સાહેદ વિશાલ સોનાજી પટ્ટણી પંચમાં રહેલા અને આ સાહેદની હાજરીમાં (૧) પ્રિપેઈડ એપ્લીકેશન ફોર્મ દેસાઈ નવીનચંદ્ર ડાહ્યાભાઈ રહે .૧૨, સાંઈ સુવાસ જીવન વિહાર સોસાયટી, સીયોન નગર, અમદાવાદ તથા ડ્રાઈવીંગ લાયસન્સ નં. જીજે/ ૦૧/૦૭૦૩૮૬/૨૦૦૩ તા.૨.૩.૨૦૦૭ વાળુ તથા (૨) પ્રિપેઈડ એપ્લીકેશન ફોર્મ અશોકભાઈ નવીનભાઈ ગુજરાતીના નામનુ રહે .એ–૩૧, રામદર્શન સોસાયટી, હરીધામ નરોડા, અમદાવાદ તથા ડ્રાઈવીંગ લાયસન્સ નં. જીજે૦૧/ ૦૮૦૩૬૪/૨૦૦૦ કબજે કરેલા અને તે અંગેનુ પંચનામુ આંક–૩૨૦૦ વાળુ બનાવવામાં આવેલુ. આંક–૩૧૯૮ ધ્યાને લઈએ તો દેસાઈ નવીનચંદ્રનો ફોટો છે તથા પાછળના ભાગે પંચોની તથા તપાસ કરનાર અધિકારીની સહીઓ છે તે જ રીતે લાયસન્સની ઝેરોક્ષ નકલો ઉપર પણ પંચોની તથા તપાસ કરનાર અધિકારીની સહીઓ છે. આંક–૩૧૯૯ ધ્યાને લઈએ તો અશોક નવીનભાઈ ગુજરાતીનો ફોટો છે તથા પાછળના ભાગે પંચોની તથા તપાસ કરનાર અધિકારીની સહીઓ છે તે જ રીતે લાયસન્સની ઝેરોક્ષ નકલો ઉપર પણ પંચોની તથા તપાસ કરનાર અધિકારીની સહીઓ છે.

આંક–૩૨૦૦ વાળુ પંચનામુ બનાવનાર અધિકારી સાહેદ નં. ૧૧૬૩ મયુર ચાવડાનાઓએ પોતાની જુબાનીના પાના નં.૨૭ ઉપર આ હકીકત

જણાવેલી છે. આંક–૩૨૦૦ વાળા પંચનામાની વિગતે આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયાના હસ્તાક્ષરના નમૂના આંક–૬૯૧૨ ના રીપોર્ટ સાથે એફ. એસ.એલ. ગાંધીનગરને સરખામણી માટે મોકલી આપેલા હતા અને સરખામણી કરનાર અધિકારી સાહેદ નં.૯૯૦ કૌશિકકુમાર પુંજાલાલ વ્યાસનાઓ હતા અને તેમને આંક–૬૯૧૩ થી પોતાનો અભિપ્રાય આપેલો છે તથા અભિપ્રાયના કારણો આંક–૬૯૧૪ થી રજૂ કરેલો છે તે અંગેની વિગતવાર ચર્ચા હવે પછી તે અધિકારીની જુબાનીના મૂલ્યાંકન વખતે કરીશું.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે અશોકભાઇ મણીલાલ ઠાકોરને સાહેદ નં.૫૯૫ તરીકે આંક–૩૨૦૬ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૨/૯/૨૦૦૮ ના રોજ સવારના આ સાહેદને ક્રાઇમ બ્રાન્ચ કચેરીએ પોલીસે બોલાવેલો. તેમની સાથે કાળુભાઇ ઠાકોરને પણ બોલાવેલા. પોલીસે એક રજીસ્ટર કબ્જે કરવાનું હોવાથી પંચમાં રહેવા માટે બોલાવેલા તેથી પંચમાં રહેવા માટે હા પાડેલી. તે રજીસ્ટર જાંબલી કલરનું હતું જેમાં લગભગ ૨૭૦ જેટલા પાના હતા. જે રજીસ્ટરના પાના ઉપર તેઓને સહી કરવાની હતી જેથી સહી કરેલી. જે પાનાનો કાંઇક ૮૩ નંબર જોયેલ. તેઓએ જે જોયું તે તેમની સાથે હતાં તે ભાઇએ લખાવેલ અને પછી સહીઓ કરેલી. આંક–૩૨૦૭ વાળા પંચનામામાં સાહેદ તેમની તથા બીજા પંચ કાળુભાઈની તથા રૂબરૂ તરીકેની પંચનામુ બનાવનાર અધિકારી સાહેદ નં.૧૦૭૦ વિનય શુકલની સહી ઓળખી બતાવેલ છે તેમજ કબજે કરવામાં આવેલ મુદ્દામાલ રજીસ્ટરનું પાન નં.૮૩ મા પોતાની સહી ઓળખી બતાવેલ છે જે આંક–૩૨૦૮ થી રજૂ રાખેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો મુદ્દામાલ રજીસ્ટરમાં લખેલી વિગતો શું છે તે કહી શકે તેમ નથી. પોલીસે પંચનામામાં સહી કરવા બોલાવતા પોલીસ સ્ટેશનમાં ગયેલા હતા. મુદ્દામાલ રજીસ્ટર કયાંથી અને કેવી રીતે આવેલુ તે કહી શકે તેમ નથી.

આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૨/૨૦૦૮ ના કામે તપાસ કરનાર અધિકારી

સાથે મદદમાં રહેનાર અધિકારી સાહેદ નં.૧૦૭૦ વિનય શુકલે આ સાહેદ તથા બીજા પંચ કાળુભાઈ ઠાકોરની હાજરીમાં આ કામના આરોપી નં.૩૭ કયામુદ્દીન સરફુદ્દીન કાપડીયાનાઓએ પાલડી એન.આઈ.ડી. આઈનેટ સાયબર કાફેમાંથી સરફીંગ કરેલુ તે સાયબર કાફેનું રજીસ્ટર તેના સંચાલક સાહેદ નં.૧૦૬૨ અબ્દુલ અજીમ અબ્દુલ હમીદ સોદાગરનાઓએ રજૂ કરેલુ અને તે રજીસ્ટર આંક–૩૨૦૭ ના પંચનામાની વિગતે કબજે કરેલુ છે. આ રજીસ્ટરના પાના નં.૮૩ ને આંક–૩૨૦૮ થી રજૂ કરેલુ છે. તે ધ્યાને લેતા રજીસ્ટરમાં તા.૨૪.૪.૨૦૦૮ ના રોજની કમ્પ્યુટર નં.૪ વાળી એન્ટ્રીમાં આરોપી નં.૩૭ કયામુદ્દીન સરફુદ્દીન કાપડીયાનું નામ લખેલુ છે. આ સાયબર કાફેવાળી જગ્યા આરોપી નં.૧ જાહીદ કુત્બુદ્દીન શેખનાઓએ બતાવેલી અને તેનુ જે પંચનામુ બનાવવામાં આવેલુ તે આંક–૫૫૧૭ થી રજૂ છે. આ હકીકત પંચનામુ કરનાર અધિકારી સાહેદ નં.૧૦૭૦ વિનય શુકલનાઓએ પોતાની જુબાની આંક–૭૨૬૪ ના પાના નં.૧૯ પર જણાવેલી છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે ચંદ્રકાંત નટવરલાલ ઠાકરને સાહેદ નં. ૫૯૭ તરીકે આંક–૩૨૧૪ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ સને–૨૦૦૮ ના કોઈ માસની ૧૬ મી તારીખે એરટેલ કંપની ગુરૂદ્વારા, અમદાવાદ ખાતે આ સાહેદ અને તેમની સાથે મહંમદસફી નીકળેલા ત્યારે પોલીસ અધિકારીશ્રી ચાવડા સાહેબે બોલાવેલા. ત્યાં એક શોપીંગ સેન્ટરમાં એરટેલની ઓફિસે ગયેલા. પોલીસ અધિકારી ચાવડાએ તેઓ બંને પંચોને બંસલ અને હસમુખભાઇ કે પ્રવિભાઇ નામની વ્યક્તિનાં ફોર્મ બતાવેલા અને એવુ કહેલું કે આ બરાબર છે ? આ ફોર્મ એરટેલ કંપનીનાં ચક્રવર્તી નામનાં અધિકારીએ રજૂ કરેલા. તેઓએ જે કાંઇ જોયું તે બાબતે પંચનામું કરવામાં આવેલુ અને તેમાં બંને પંચોએ સહી કરેલી. સાહેદ આંક–૩૨૧૫ વાળા પંચનામામાં તેમની તથા મહંમદસફી તથા રૂબરૂ તરીકે પોલીસ અધિકારી ચાવડાની સહીઓ ઓળખી બતાવે છે. આ સાહેદને સેશન્સ કેસ નં.૬૧/૨૦૦૯ ના મુદ્દામાલ લીસ્ટનાં આંક–૩૧૯૫ નાં ક્રમાંક નં.૪ વાળા એરટેલ કંપનીનાં ફોર્મ તથા તેની સાથેનાં

દસ્તાવેજોમાં સાહેદ પોતાની તથા મહંમદસફીની તથા રૂબરૂ તરીકે પોલીસે સહી ઓળખી બતાવે છે જે આંક–૩૨૧૬ થી ૨જૂ રાખેલ છે. તેમજ સેશન્સ કેસ નં.૬૧/૨૦૦૯ ના મુદ્દામાલ લીસ્ટનાં આંક–૩૧૯૫ ના ક્રમાંક નં.૫ વાળા એરટેલ કંપનીનાં ફોર્મ તથા તેની સાથેનાં દસ્તાવેજોમાં સાહેદ પોતાની તથા મહંમદસફીની તથા રૂબરૂ તરીકે પોલીસે સહી ઓળખી બતાવે છે જે આંક–૩૨૧૭ થી ૨જૂ રાખેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આંક–૩૨૧૬ તથા આંક–૩૨૧૭ વાળા મોબાઈલ ફોનમાં તારીખ સબંધેનો કોઈ ઉલ્લેખ પંચનામામાં કરવામાં આવેલો નથી. આંક–૩૨૧૬ તથા આંક–૩૨૧૭ વાળા બંને ફોર્મ ધ્યાને લઈએ તો તેમાં તારીખ અંગેની જગ્યા છે પરંતુ ત્યાં તારીખ લખવામાં આવેલી નથી અને તારીખ લખવામાં આવેલી ન હોય તો પંચનામામાં તારીખ લખવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આ બંને ફોર્મ ઉપર લગાવેલ ફોટોગ્રાફ ઉપર પંચોની સહીઓ કરવામાં આવેલ નથી. પરંતુ મારા મત પ્રમાણે જયારે એરટેલ કંપનીએ સીમકાર્ડ આપવા માટે આ ફોર્મમાં વિગતો લખાવી હોય ત્યારે તેની ઉપર ફોટોગ્રાફસ લગાવેલ હતો અને તે વખતે આ બનાવો બનેલ ન હતા માટે આ સાહેદે આ બંને ફોર્મના ફોટોગ્રાફસ ઉપર સહીઓ કરેલ નથી. પંચે આ ફોટોગ્રાફસ ઉપર ઓળખ અંગેની કોઈ સહીઓ કરવાની હોતી પણ નથી. આ ફોટોગ્રાફસ આ સાહેદની હાજરીમાં લગાવવામાં આવેલા નથી. ફોટોગ્રાફસવાળા વ્યકિતઓને આ સાહેદે જોયા પણ નથી અને ઓળખતા પણ નથી. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો પંચનામા સિવાય બીજી કોઈ પુછપરછ પોલીસે પંચોની કરી નથી તે કબૂલ કરે છે. સુબ્રતો ચક્રવર્તીનું આ સાહેદની રૂબરૂમાં કોઈ નિવેદન નોંધવામાં આવેલુ નથી તે કબૂલ કરે છે. તેની સાથે આ સાહેદે કોઈ વાતચીત કરેલી નથી તે કબૂલ કરે છે. કોલ ડીટેઈલનું કોઈ ફોર્મ કે પત્ર તૈયાર કરવામાં આવેલુ નથી તે કબૂલ કરે છે. પંચનામાના અરસામાં આ સાહેદ એ.એમ.ટી.એસ.ના ડ્રાઈવર તરીકે નોકરી કરતા હતા તે કબૂલ કરે છે. પંચનામાની તારીખે કઈ શીફટમાં નોકરી કરતા હતા તે યાદ નથી. ફરજના સમયે બહાર જવાનુ થાય તો ડેપો મેનેજરને

પરવાનગી લઈને જવાનુ હોય છે તે કબૂલ કરે છે. પંચનામાની તારીખે બહાર જવા માટે નીકળ્યા ત્યારે ડેપો મેનેજરને પરવાનગીથી નીકળેલા કે કેમ તે યાદ નથી. તૈયાર પંચનામા ઉપર સહી કરેલાની હકીકત નકારેલી છે. આંક–૩૨૧૬, ૩૨૧૭ નાં દસ્તાવેજમાં સહી કર્યા બાદ કોઈ તારીખ લખેલી નથી તેમ જણાવે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં. ૨૦૩/૨૦૦૮ ના કામે તા.૧૬.૧૦.૨૦૦૮ નાં રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ મહમદસફી અબ્દુલરહેમાન મન્સુરીનાઓને એરટેલ લી.ની ઑફિસમાં એસ.જી. રોડ ગુરૂદ્વારા સામે બોલાવેલા. ત્યાં આરોપીઓએ ગુનાના કાવતરા દરમ્યાન ખોટા નામે ખોટા દસ્તાવેજો રજૂ કરી ભારતીય એરટેલ કંપનીમાંથી મોબાઈલ નં.૯૭૨૪૭ ૬૪૧૯૫ તથા ૯૭૨૪૭ ૬૪૧૯૬ મેળવેલા અને તે મેળવવા માટે આઈ.ડી. પ્રુફ તથા અરજી ફોર્મ રજુ કરેલા તે કબજે કરવાના હતા. ત્યાં કંપનીના નોડલ મેનેજર દેવબ્રોતા ચક્રવતી હાજર હતા અને તેમને આ બંને નંબરની કોલ ડીટેઈલ તથા નંબરો માટેના આઈ.ડી.પ્રુફ તથા અસલ અરજી ફોર્મ રજૂ કરેલા. જે આંક–૩૨૧૫ ના પંચનામાની વિગતે કબજે કરેલા. આ બંને અરજી ફોર્મ પૈકી એક ફોર્મમાં બંસલ અશોક હસમુખરાયનું નામ લખેલુ છે તેઓનો ફોટો લગાવેલ છે તથા પાછળના ભાગે બે પંચોની તથા રૂબરૂ તરીકે તપાસ કરનાર અધિકારીની સહી છે. તે જ રીતે ડ્રાઈવીંગ લાયસન્સની ઝેરોક્ષ નકલમાં પણ બે પંચોની તથા રૂબરૂ તરીકે તપાસ કરનાર અધિકારીની સહી છે. બીજા ફોર્મમાં દવે પ્રવિણ અશોકભાઈનું નામ લખેલુ છે તેઓનો ફોટો લગાવેલ છે તથા પાછળના ભાગે બે પંચોની તથા રૂબરૂ તરીકે તપાસ કરનાર અધિકારીની સહી છે. તે જ રીતે ડ્રાઈવીંગ લાયસન્સની ઝેરોક્ષ નકલમાં પણ બે પંચોની તથા રૂબરૂ તરીકે તપાસ કરનાર અધિકારીની સહી છે.

આંક–૩૨૧૫ વાળુ પંચનામુ બનાવનાર અધિકારી સાહેદ નં. ૧૧૬૩ મયુર ચાવડાનાઓએ પોતાની જુબાનીના પાના નં.૨૬ માં પંચનામામાં જણાવ્યા મુજબની હકીકત જણાવેલ છે. તેઓની ઊલટતપાસના પેરા નં.૪૫

ધ્યાને લઈએ તો આંક–૩૨૧૫ વાળા પંચનામાની વિગતે જે અરજી ફોર્મ રજુ કરેલા છે તે એરટેલ કંપનીના નોડલ મેનેજર દેવબ્રોતા ચક્રવતીએ રજુ કરેલા તે કબૂલ કરે છે. વધુમાં ઊલટતપાસના પેરા નં.૪૬ ધ્યાને લઈએ તો આ અરજી ફોર્મ તથા આઈ.ડી. પ્રુફ કયા આરોપીના કહેવાથી કબજે કરેલા તે પંચનામામાં જણાવેલ નથી તે કબૂલ કરે છે. આ તમામ મોબાઈલ નંબરો શ્રી અભય ચુડાસમાએ આપેલા અને તેમના કહેવાથી ત્રણેય કંપનીઓ ઉપર ગયેલાની હકીકત નકારે છે. આ સમય દરમ્યાન કયા આરોપી કસ્ટડીમાં હતા તે કાગળો જોયા વિના કહી શકે તેમ નથી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે જયમીન નિલેશભાઈ રાણપુરાને સાહેદ નં.૫૯૯ તરીકે આંક–૩૨૨૧ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૨૭/૧૨/૨૦૦૮ ના રોજ તેઓ તેમના કામે જમાલપુર થઈને પાલડી જતા હતા ત્યારે પોલીસે ક્રાઈમ બ્રાન્ચની ઑફિસમાં આવવાનું કહેલુ જેથી ક્રાઈમ બ્રાન્ચ ગયેલા. ત્યાં પોલીસ સ્ટેશનમાં બીજા પંચ નારણભાઇ હાજર હતા. ત્યાં પોલીસ અધિકારી ચાવડા હાજર હતા. આ અધિકારીએ એવુ કહેલુ કે એક આરોપી નાસતો,ભાગતો ફરે છે તે સબંધે એક હોટલનું રજીસ્ટર કબજે લેવાનું છે તો તે બાબતનું પંચનામું કરવાનું છે તો પંચમાં રહેશો તો હા જણાવેલ. ત્યારે ત્યાં આ સાહેદ તથા બીજા ભાઇ નારણભાઇ તથા હોટલનાં માલીક સતીષ પરદેશી ત્યાં હાજર હતા. ત્યારબાદ સતીષભાઈએ એક રજીસ્ટર બતાવેલુ તે જોયેલું. આ રજીસ્ટર લાલ કલરનાં પુંઠાવાળુ જૂના જેવુ હતુ. આ રજીસ્ટર પુનાની કમલેશ્વર હોટલનું હતુ. આ રજીસ્ટરનાં એન્ટ્રી ક્રમાંક નં.૯૬૧ ઉપર એક રાઉન્ડ કરેલ હતુ. તે એન્ટ્રી ઉપર સમીરભાઇનું નામ હતુ. તેમાં તારીખ રૂમ નંબર અને ભાડાનો ઉલ્લેખ કરવામાં આવેલો. આ રજીસ્ટર કબજે લેવાનું હતુ અને સાહેબે કહેલું કે આમાં જે લખેલુ છે તે જણાવો જેથી જણાવેલુ. ત્યારબાદ બધુ લખાવડાવેલુ અને વિગતો લખાવેલી જે લખાણ થયેલ હતુ તે લખાણ તેઓના લખાવ્યા મુજબનું છે તે વેરીફાય કરેલુ. આ સઘળી કાર્યવાહીનું પંચનામુ બનાવેલુ જે આંક–૩૨૨૨ મા સાહેદ પોતાની તથા નારણભાઈની તથા રૂબરૂ

તરીકે પોલીસ અધિકારીની સહીઓ ઓળખી બતાવે છે. તેમજ સેશન્સ કેસ નં. ૩૩૪/ ૨૦૦૯ ના મુદ્દામાલ લીસ્ટ આંક–૩૨૦૩ ના અનુક્રમ નં.૨૭ વાળા હોટલ રજીસ્ટરની એન્ટ્રી નં.૯૬૧ માં સાહેદ પોતાની અને નારણભાઈની તથા રૂબરૂ તરીકે પોલીસ અધિકારીની સહીઓ ઓળખી બતાવે છે જે આંક–૩૨૨૩ થી રજૂ રાખેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો બાપુનગર થી ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ૭ થી ૮ કી.મી. દુર આવેલુ છે તે કબૂલ કરેલ છે. પોલીસે જમાલપુર ચાર રસ્તા પાસે ઉભા રાખેલા. સાહેદ જણાવે છે કે મે હેલમેટ પહેરેલ ન હતુ તેથી પોલીસે રોકેલો હતો. તે વખતે લાયસન્સ સાથે ન હતુ તો તે હકીકત નકારી છે. આ સાહેદ મોટર સાઈકલ ઉપર પાલડી મુકામે મિત્રને મળવા એકલા જતા હતા. ટ્રાફિક ભંગને કારણે પોલીસ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન લઈ ગયેલાની હકીકત નકારેલી છે. ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ચોકકસ કયા સ્થળે આવેલુ છે તેની ખબર નથી. પોલીસ સ્ટેશનના કોઈ અધિકારીને ઓળખતા નથી. પંચનામા અગાઉ કોઈ પંચનામામાં સહી કરેલી નથી. સતિષ પરદેશી નામની વ્યકિતને કયારેય અગાઉ મળેલા નથી કે ઓળખતા નથી કે તેમની સાથે વાતચીત કરવાનો પ્રસંગ બનેલ નથી. રજીસ્ટરમાં એન્ટ્રીની સામે આ સાહેદે કોઈ સહી કરેલી નહીં તે કબૂલ કરે છે. પોલીસના કહેવાથી તૈયાર પંચનામામાં સહી કરેલાની હકીકત નકારેલી છે. આ સાહેદની હાજરીમાં રજીસ્ટર કબજે કરવામાં આવેલુ નથી તો તે હકીકત નકારે છે. હોટલમાં રાખવામાં આવતા રજીસ્ટરોના નિયમો અંગે જાણકારી નથી. બીજા પંચને તેઓ ઓળખતા નથી. હોટલ રજીસ્ટરના એન્ટ્રી નં.૯૬૧ સિવાય કશું જોયેલુ નથી. રજીસ્ટરના દરેક પેઝ ઉપર નંબરો હતા કે કેમ તે યાદ નથી.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ સરખેજ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં. ૧૮૧/૨૦૦૮ ના કામે તા.૨૭.૧૨.૨૦૦૮ નાં રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ નારયણ બચુભાઈ થાવડીયાનાઓને ક્રાઈમ બ્રાન્ચની

કચેરીએ બોલાવેલા. ત્યાં ફરિયાદી માનસંગભાઈ બેચરભાઈ ઠાકોર હાજર હતા અને ગુનામાં પકડાયેલ આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયા ગુનો કરીને નાસતો, ફરતો હતો અને તે દરમ્યાન પુના ગણેશ પેઠમાં આવેલ હોટલ કમલેશ્વરમાં રોકાયેલો અને તે હોટલના મેનેજર હોટલ રજીસ્ટર સાથે હાજર થયેલા હતા અને તે રજીસ્ટર કબજે કરવાનું હતુ. મેનેજરે પોતાનુ નામ સતિષ મણીરામ પરદેશી, રહે.પુના જણાવેલુ. તેમણે એક લાલ કલરનું પુઠ્ઠાવાળુ જૂના જેવુ કમલેશ્વર હોટલનું રજીસ્ટર રજૂ કરેલુ. જેમાં અનુક્રમ નં.૯૬૧ મા ગ્રાહકનું નામ સમીર આઈ. કીરાણી, રહે.સુરત લખેલુ હતુ. મોબાઈલ નં.૯૮૨૫૦ ૭૬૫૬૭ તા.૧૯.૧૦. ૨૦૦૮ ના કલાક ૫.૪૫ વાગે આવેલ અને ૨૦.૧૦.૨૦૦૮ ના રોજ સવારે ૯.૦૦ કલાક સુધી રૂમ નં.૩૩૦ માં રોકાયેલ. ભાડુ રૂા.૩૦૦/– અને ડીપોઝીટ રૂા. ૪૦૦/– લખી સહી કરેલી છે. રૂા.૪૦૦/– ડીપોઝીટના કોલમમાં લખેલા છે તેમાંથી રૂા.૨૦૦/–પરત આપેલાનું માલુમ પડે છે. આ મુજબનુ પંચનામુ આંક– ૩૨૨૨ વાળુ બનાવેલુ. આ રજીસ્ટરના છેલ્લા પાને બે પંચોની તથા રૂબરૂ તરીકે તપાસ કરનાર અધિકારીની સહી છે. આંક–૩૨૨૨ વાળુ પંચનામુ બનાવનાર સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ પોતાની જુબાનીના પેરા નં. ૧૮.૮ પાના નં.૧૪૮ માં પંચનામામાં જણાવ્યા મુજબની હકીકત જણાવેલ છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે પીન્ટુ પીરાજી સોલંકીને સાહેદ નં.૬૦૩ તરીકે આંક–૩૨૩૧ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૧૦/૧૨/૨૦૦૮ નાં રોજ લક્ષ્મુભાઈ સ્નાનાગાર, લાલ દરવાજા પાસે પોલીસવાળા સાહેબે સ્નાનાગારની ઑફિસે બોલાવેલ . તેઓ ઑફિસમાં ગયા ત્યારે કનકસિંહ પોલીસવાળા સાહેબ તથા એક રસીદભાઇ લાલીવાલા કે જે સ્નાનાગારના અધિકારી હાજર હતા. પોલીસનાં સાહેબે કહેલું કે, આરોપી અહીંયા તાલીમ લેવા આવતો હતો અને તે સંબંધેનાં એડમીશન ફોર્મ જમ્મ કરવાનું હોઇ તમે પંચમાં રહેશો હા કહેલ. સ્નાનાગારનાં અધિકારી લાલીવાલાએ પોલીસની માંગણી મુજબ એક બંચમાંથી ફોર્મ કાઢેલું અને તે ફોર્મ લાલીવાલાએ આ સાહેદના હાથમાં આપેલુ ત્યારબાદ તે ફોર્મ પોલીસ અધિકારીને આપેલુ.

પોલીસ અધિકારીએ આ ફોર્મ ત્યાં હાજર કયામુદ્દીન કાપડીયાને આપેલુ. કયામુદ્દીને એવુ કહેલું કે, (આ ફોટો મારો છે અને મેં ફોર્મ ભરેલુ છે.) આ સાહેદે પણ કયામુદ્દીનભાઈને ફોટા અને ફોર્મની વિગત સંબંધ પુછેલું તો તેમણે હા પાડેલી અને આ ફોર્મની હકીકત પંચનામામાં લખાવેલી. આ ફોર્મમાં નામ બીજુ હતુ તે અસ્ફાક શેખ નામ લખેલ હતુ અને તે ફોટો કયામુદ્દીન કાપડીયાનો હતો. આ બધી હકીકત પોલીસને લખાવેલી. આ કાર્યવાહી અંગેનુ પંચનામુ બનાવેલુ જે આંક–૩૨૩૨ વાળા પંચનામામાં સાહેદ પોતાની તથા કનકસિંહની અને પોલીસ અધિકારીની સહીઓ ઓળખી બતાવેલ છે. સાહેદને સેશન્સ કેસ નં. ૪૭/૨૦૦૯ ના મુદ્દામાલ લીસ્ટનાં આંક–૩૨૨૭ ના આર્ટીકલ નં.૫ સાથેના કવર પરથી નીકળેલ પંચસ્લીપમાં સાહેદ પોતાની તથા કનકસિંહની સહીઓ ઓળખી બતાવે છે જે આંક–૩૨૩૩ થી રજૂ રાખેલ છે. આ કવરમાંથી એક ફોર્મ નીકળેલ તેનાં ઉપર તા.૧૦/૧૨/૨૦૦૮ લખેલ અને આ ફોર્મ પર ચોટાડવામાં આવેલો ફોટો આ સાહેદ સાથે હાજર રહેલા આરોપીનો છે તથા ફોર્મ ઉપર નામનાં કોલમમાં "શેખ અસફાક ઈકબાલભાઈ" નામ લખેલ તથા સરનામું તથા મોબાઈલ નંબર વિગેરેની વિગતો લખેલ અને આ ફોર્મમાં સાહેદ પોતાની તથા બીજા પંચની સહીઓ ઓળખી બતાવે છે જે આંક–૩૨૩૪ થી રજૂ રાખેલ છે. સાહેદને વીડિયો કોન્ફરન્સ દ્વારા આરોપીઓને બે–ત્રણની સંખ્યામાં બતાવતા એક વ્યકિતને ઓળખી બતાવે છે જેનું નામ પૂછતાં સદર આરોપીએ તેનું નામ રફીયુદ્દીન સરફુદ્દીન કાપડીયા હોવાનું જણાવેલ.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો જુબાનીના દિવસે કોર્ટ રૂમમાં બેઠેલ તમામ આરોપીઓને સમુહમાં જોયેલા તે કબૂલ કરે છે. ધ્યાનપૂર્વક જોતા પણ આરોપીને ઓળખી શકેલા નહીં તે કબૂલ કરે છે. ચોકકસ નિરીક્ષણ માટે વીટનેસ બોક્ષમાંથી ઉતરીને ટીવી સ્ક્રીન પાસે ગયેલા તે કબૂલ કરે છે. જે આરોપીને ઓળખી બતાવેલ તેનુ નામ કયામુદ્દીન કાપડીયા નહીં પરંતુ રફીયુદીન કાપડીયા છે તે કબૂલ કરે છે. સને–૨૦૦૮ ના અરસામાં લાલ દરવાજા સ્નાનાગાર ખાતે વોચમેન કમ પટ્ટાવાળા તરીકે નોકરી કરતા હતા. રસીકભાઈ

લાલીવાલાની સ્નાનાગારમાં એક જુદી ઑફિસ આવેલી છે તે કબૂલ કરે છે. આ સાહેદ બહાર હતા ત્યારે પોલીસે બોલાવેલા. જે પોલીસે બોલાવેલા તેમના નામો આવડતા નથી. પોલીસવાળા આ સાહેદને લાલીવાલા સાહેબની ઑફિસમાં લઈ ગયેલા. સ્નાનાગારની આજુબાજુ સામાન્ય જનતાની અવર જવર હોય છે તે કબૂલ કરે છે. ઑફિસમાં ગયા ત્યારે કાગળોની થપ્પી ટેબલ ઉપર પડેલી હતી તો તે હકીકત નકારે છે. પંચનામુ કોના હસ્તાક્ષરમાં છે તો તે કહી શકે નહીં. પંચનામુ નાયબ પોલીસ અધીક્ષકની સાથે રહેલા પોલીસે લખેલુ જેનુ નામ આપી શકે તેમ નથી. વી.આર.ટોળીયા સાથે વાતચીત કરવાનો પ્રસંગ બનેલો. સ્નાનાગારના પ્રવેશ માટે ફોર્મ ઉપર અરજદારનો ફોટો લગાડી તેની ઉપર ઑફિસનો સિક્કો મારવામાં આવે છે તો તે હકીકત નકારે છે. અરજી ફોર્મ ઉપર ફોટો ચોંટાડેલો હતો તે હકીકતનો ઉલ્લેખ પંચનામામાં નથી તે કબૂલ કરે છે. ફોટોગ્રાફ ઉપર અરજદારની ક્રોસમાં સહી ન હતી તે કબૂલ કરે છે. ફોટોગ્રાફની બાજુમાં પંચોની સહીઓ લેવામાં આવેલી નથી તે કબૂલ કરે છે. સ્નાનાગારમાં પટાવાળા કમ વોચમેન તરીકે નોકરી કરતા હોવાથી પોલીસવાળાના કહેવાથી તૈયાર પંચનામામાં સહી કરેલાની હકીકત નકારેલી છે. આ સાહેદની હાજરીમાં પંચનામાની કોઈ કાર્યવાહી થયેલ નથી તો તે હકીકત પણ નકારેલી છે. જયાં સુધી અરજી ફોર્મની જરૂર ન પડે ત્યાં સુધી તેને કાઢવામાં આવતુ નથી તે કબૂલ કરે છે. અરજી ફોર્મ છાપેલા હોય છે અને કલાર્ક પાસે મળે છે તે કબૂલ કરે છે. આંક–૩૨૩૪ ના અસલ ફોર્મ ઉપર કોઈ જગ્યાએ તારીખ લખેલી નથી તો તે હકીકત નકારે છે. અરજદારના ફોર્મની કસ્ટડી આ સાહેદ પાસે રહેતી નથી તે કબૂલ કરે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયાનાઓએ શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ ના કામે તા.૧૦.૧૨.૨૦૦૮ નાં રોજ આ સાહેદ તથા બીજા પંચ કનકસિંહ ઉદેસિંહ ગોળને લાલદરવાજા ખાતે આવેલ રમણલાલ લલ્લુભાઈ મ્યુનિસિપલ સ્નાનાગારની ઑફિસમાં બોલાવેલા. ત્યાં ફરિયાદના કામે અટક

થયેલ આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયાનાઓએ જુન–૨૦૦૮ મા શીખાઉ તરીકે આ સ્નાનાગારમાં એડમીશન લીધેલુ તેનુ ફોર્મ કબજે કરવાનુ હતુ. તે વખતે ત્યાં આરોપી કયામુદ્દીન કાપડીયા હાજર હતો અને તેના કહેવા પ્રમાણે તેને સ્વીમીંગની તાલીમ લેવા માટે અસ્ફાક ઈકબાલ શેખના નામે પોતાનો ફોટો આપીને એડમીશન લીધેલુ તેમ જણાવેલુ અને પંચોની હાજરીમાં આંક–૩૨૩૨ ના પંચનામાની વિગતે ફોર્મ કબજે કરેલુ. આંક–૩૨૩૪ વાળુ ફોર્મ વંચાણે લઈએ તો તેમાં આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયાનો ફોટો લગાવેલ છે જેમા નામ શેખ અસ્ફાક ઈકબાલભાઈ, સરનામુ ૪૦૩/૧૦, દાણીલીમડા ગામ, અમદાવાદ ફોન નં. ૯૭૨૭૫ ૪૯૦૬૧ લખેલો છે અને જન્મ તા.૨૩.૨.૧૯૮૧ બતાવેલી છે. આ ફોર્મ કબજે કર્યા બાદ બંને પંચોની તથા તપાસ કરનાર અધિકારીએ સહીઓ કરેલી તે સહીઓ છે.

આંક–૩૨૩૨ વાળુ પંચનામુ બનાવનાર તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયા ગુજરી ગયેલા છે માટે સીરીયલ બોમ્બ બ્લાસ્ટોની તપાસ કરનાર તપાસ ટીમો પૈકીના અન્ય એક તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ પોતાની જુબાનીના પેરા નં.૩૧.૨૦ મા આ બાબતે જણાવેલ છે તથા આંક–૩૨૩૨ વાળા પંચનામામાં આ સાહેદે વી.આર. ટોળીયાની સહી ઓળખી બતાવેલી છે.

આંક–૩૨૩૨ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "પોતે જુન–૨૦૦૮ મા સ્વીમીંગની તાલીમ લેવા માટે મેં અસ્ફાક ઈકબાલ શેખના નામે મારો ફોટો આપીને એડમીશન લીધેલ તેમ જણાવતા" તથા "જે ફોટો અત્રે હાજર આરોપી પોતાનો હોવાનુ કહી ઓળખી બતાવે છે" તથા "આરોપી કયામુદ્દીન પોતે કરેલ હોવાનું તથા મોબાઈલ નંબર પોતે લખેલ હોવાનું જણાવે છે. બાકીની વિગત ઐયાઝ રજાકમીંયાએ ભરેલ હોવાનું જણાવે છે" વિગેરે પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપીએ પોતે આપેલ માહિતી પ્રમાણે તે ફોર્મમાં ફોટો જે લગાવેલ

છે તે આરોપી કયામુદ્દીન કાપડીયાનો છે જેથી તે હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય. આ ઉપરાંત આરોપી કયામુદ્દીન કાપડીયાએ આ ફોર્મ ઉપર ફોટો લગાવવા માટે તકસીલ ગાર્ડન સ્ટુડીયોમાં ફોટો પડાવેલો હતો અને તે બાબતે સાહેદ નં.૯૨૩ મુકીદખાન મુઈદખાનનાઓને તપાસવામાં આવેલા છે. તેઓની જુબાનીની ચર્ચા હવે પછી કરીશું. આ જગ્યાની માહિતી આરોપીને જ હતી, સ્નાનાગારમાં ફોર્મ ભરેલુ તેની માહિતી પણ આરોપીને જ હતી માટે તે આ જગ્યા ઉપર પંચ તથા તપાસ કરનાર અધિકારીને દોરી ગયેલો, આરોપીનું આ દોરી જવાનું વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે હિતેશ ચંદ્રવદન ભટ્ટને સાહેદ નં.૭૯૭ તરીકે આંક–૫૩૦૮ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ જન્મથી ૧૨, જીવનવિહાર સોસાયટી, સ્ટેટ બેંક ઓફ બીકાનેર જયપુર પાસે, મણિનગર, અમદાવાદ ખાતે રહે છે. તેમનો જીવન વિહાર સોસાયટીમાં કુલ–૨૬ બંગલા છે. તેમની સોસાયટીમાં બંગલા નં.૧૭ માં નવીનચંદ્ર હીરાભાઈ દેસાઈ રહે છે અને તેમના બંગલાનું નામ સાંઈ સુવાસ છે. સાહેદને આંક–૩૧૯૮ વાળો દસ્તાવેજ બતાવતા તે ડ્રાઈવીંગ લાયસન્સની ઝેરોક્ષ નકલ છે જેમાં સરનામું ૧૨, સાંઈ સુવાસ, જીવન વિહાર સોસાયટી, સીયોન નગર, અમદાવાદ–૩૮૦૦૦૮ લખેલ છે. જે આ સાહેદનું સરનામું છે. પરંતુ તેમાં સાંઈ સુવાસ લખેલ છે જે નામ તેમના બંગલાનું નથી. લાયસન્સમાં નવીનચંદ્ર ડાહ્યાભાઈ દેસાઈ લખેલ છે પરંતુ તે સાંઈ સુવાસમાં રહેતાં દેસાઈ નવીનચંદ્ર હીરાભાઈ દેસાઈનું પુરૂ સાચુ નામ નથી કારણ કે નવીનચંદ્રના પિતાનું નામ ડાહ્યાભાઈ નથી અને જે ડ્રાઈવીંગ લાયસન્સમાં ફોટો છે તે પણ નવીન ભાઈનો નથી. આમ આ દસ્તાવેજમાં નામ અને સરનામું ખોટું લખેલાનું જણાવેલ છે. આ સાહેદ આંક–૫૩૦૯ થી પોતાનું ઈલેકશન કાર્ડ રજૂ રાખેલ છે. આ સાહેદે વોડાફોનનું કાર્ડ મેળવવા અરજી કરેલ નથી. તેમજ માર્ક–જી માં સરનામું દર્શાવેલ છે તે ૧૨, જીવન વિહાર સોસાયટી, સીયોન નગર, અમદાવાદ લખેલ છે પરંતુ

તેમાં સાંઈ સુવાસ લખેલ છે તે તેમના બંગલાનું નામ નથી અને માર્ક–જી વાળી અરજીમાં આ સાહેદના સરનામાનો ઉપયોગ થયેલાનું જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદની સોસાયટી રજીસ્ટર થયેલી છે, રજીસ્ટ્રેશનનું વર્ષ યાદ નથી. સોસાયટીના ચેરમેન અને સેક્રેટરી છે. બંને વ્યકિતઓ પાસે સોસાયટીના ૨૬ બંગલાનો રેકર્ડ છે તે કબૂલ કરે છે. ચેરમેન, સેક્રેટરી પાસેથી પોલીસે સોસાયટી એટલે કે માલીકો બાબતેનું રેકર્ડ કબજે કરેલુ છે કે કેમ તે જાણતા નથી. પોલીસે આ સાહેદના ઘરે આવીને તપાસ કરી પંચનામુ કરેલુ હોય તેવુ બન્યુ નથી. પોલીસ નરેન્દ્ર હીરાભાઈ દેસાઈના ઘરે ગઈ હોય અને તેનુ પંચનામુ કરી ફોટા પાડેલા હોય તો ખ્યાલ નથી. નવીનચંદ્ર હીરાભાઈ દેસાઈના લાયસન્સની ખરાઈ કરેલી નથી. ફોર્મ તથા ડ્રાઈવીંગ લાયસન્સ ઉપર આ સાહેદની સહી લીધેલી નથી તે કબૂલ કરે છે. પોલીસે પોતાની મેળે જવાબ લખી લીધેલાની હકીકત નકારે છે. આંક–૫૩૦૯ થી આ સાહેદના પોતાના ચુંટણી કાર્ડની નકલ રજૂ કરેલી છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે નવીનચંદ્ર હીરાભાઈ દેસાઈને સાહેદ નં.૭૯૮ તરીકે આંક–૫૩૧૦ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેમના પિતાનું નામ હીરાભાઈ ખોડાભાઈ દેસાઈ છે અને તેઓ છેલ્લા ૫૫ વર્ષોથી બંગલા નં.૧૭, જીવન વિહાર સોસાયટી, મણિનગર (પૂર્વ) ખાતે રહે છે. તેમના બંગલાનું નામ "સાંઈ સુવાસ" છે. આ સાહેદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં નોકરી કરતા હતા. આ સાહેદનો સને–૨૦૦૮ મા મોબાઈલ નં.૯૩૨૮૧ ૯૮૭૨૬ હતો જે મ્યુનિસિપલ કોર્પોરેશને ફાળવેલ હતો અને તેઓ નિવૃત થતાં મ્યુનિસિપલ કોર્પોરેશનમાં જમા કરાવેલો. તેમની સોસાયટીના બંગલા નં.૧૨ મા હિતેશભાઈ ચંદ્રવદન ભટ્ટ રહે છે અને તેમના બંગલાનું નામ સાંઈ સુવાસ નથી. પોલીસે સને–૨૦૦૮ના વર્ષમાં જવાબ લીધેલો તે વખતે તેઓને વોડાફોન કંપનીનો સીમકાર્ડ મેળવવાનું ફોર્મ બતાવેલું . સાહેદ નિ.૫૩૦૭/૨ વાળો દસ્તાવેજ જે તેમના ડ્રાઈવીંગ લાયસન્સની ઝેરોક્ષ છે તેમજ માર્ક–જી વાળો દસ્તાવેજ જેમાં એપ્લીકેન્ટ તરીકે દેસાઈ નવીનચંદ્ર તરીકે લખેલ

નામ તેમનુ છે પરંતુ તેમાં પિતાના નામમાં જે "ડાહ્યાભાઈ" લખેલ છે તે તેમના પિતાનું નામ નથી તેમજ અરજી ઉપરનો ફોટોગ્રાફ તેમનો નથી અને તેમાનું સરનામું પણ તેમનુ નથી અને જે નવીનચંદ્ર તરીકે સહી કરેલ છે તે સહી તેમની નથી અને આવું ફોર્મ તેમને ભરેલ નથી અને કોર્પોરેશને આ સાહેદને ફોન ફાળવેલ હતો તેથી સીમ કાર્ડ લેવાની જરૂર ન હતી. આ સાહેદ આંક–૩૧૯૮વાળો દસ્તાવેજ જોઈને જણાવે છે કે તે એક ડ્રાઈવીંગ લાયસન્સની ઝેરોક્ષ નકલ છે તેમાં નામ દેસાઈ નવીનચંદ્ર ડાહ્યાભાઈ લખેલ છે અને સરનામું ૧૨, સાંઈ સુવાસ, જીવન વિહાર સોસાયટી લખેલ છે તે તેમનુ સાચું સરનામું નથી અને ડાહ્યાભાઈ તેમના પિતાનું નામ નથી. આ ડ્રાઈવીંગ લાયસન્સની ઝેરોક્ષમાં જે ફોટો દેખાય તે ફોટો તેમનો નથી અને હોલ્ડરની સીગ્નેચર જે છે તે પણ તેમની નથી અને આવી ઝેરોક્ષ આ સાહેદે કોઈ જગ્યાએ રજૂ કરેલ નથી અને તેમાં તે ઝેરોક્ષમાં નીચે જે અસલ સહી નવીનચંદ્ર છે તે પણ તેમની નથી અને જે ફોટો છે તે કોઈ અન્યનો છે. આ સાહેદ આંક–૫૩૧૧ થી તેમનુ ડ્રાઈવીંગ લાયસન્સ રજૂ રાખેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદનો જવાબ ક્રાઈમ બ્રાન્ચ પોલીસ સ્ટેશને લેવામાં આવેલો તે કબૂલ કરે છે. પોલીસે આ ઑફિસમાં બે વખત બોલાવેલા. પોલીસે ધાક ધમકી આપેલાની હકીકત નકારેલી છે. પોલીસ આ સાહેદના ઘરે આવી હોય તેવુ બન્યુ નથી. બંગલાની માલીકી સંબંધેના કોઈ દસ્તાવેજ રજૂ કરેલા નથી. આ સાહેદનું ડ્રાઈવીંગ લાયસન્સ વર્ષ ૨૦૦૩ ની આસપાસનું હશે. મણીનગર વિસ્તારમાં આ સાહેદના નામ જેવી બીજી કેટલી સોસાયટી છે તેની ખબર નથી. પોલીસે આ સાહેદને ફોર્મ તથા ડ્રાઈવીંગ લાયસન્સની ઝેરોક્ષ બતાવેલી તે કબૂલ કરે છે. ફોર્મ ઉપર યાદ રાખવા કોઈ નિશાની કરેલી નથી. પોલીસે બતાવેલા ફોર્મની કોઈ ખરાઈ કરી નથી. પોલીસમાં નિવેદન લખાવેલુ નથી તો તે હકીકત નકારે છે. ડ્રાઈવીંગ લાયસન્સ રીન્યુ કરાવવા માટે આપેલુ તેવુ કારણ ખોટુ આપેલુ છે તો તે હકીકત નકારે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ જનવિહાર સોસાયટી, સ્ટેટ બેન્ક ઓફ બીકાનેર જયપુર પાસે મણીનગર

અમદાવાદ ખાતે રહે છે અને આરોપીઓએ ઉપયોગ કરવા માટે વોડાફોન મોબાઈલના સીમકાર્ડ મેળવવા બોગસ ડ્રાઈવીંગ લાયસન્સ રજૂ કરેલુ અને તેમાં આ સાહેદના ઘરનુ સરનામુ લખેલુ છે. ડ્રાઈવીંગ લાયસન્સની નકલ આંક–૫૩૧૧ થી રજૂ કરેલી છે. તે ધ્યાને લેતા આ સાહેદનું નામ તથા સરનામુ છે. આંક–૩૧૯૮ વાળુ આ સાહેદના ડ્રાઈવીંગ લાયસન્સની નકલ રજૂ કરેલી છે. આ ડ્રાઈવીંગ લાયસન્સ કબજે કર્યા બાદ તપાસ કરનાર અધિકારીએ હસ્તાક્ષરની સરખામણી માટે એફ.એસ.એલ. ગાંધીનગરને મોકલી આપેલ. એફ.એસ.એલ. ગાંધીનગરમાં હસ્તાક્ષરની સરખામણી કરનાર અધિકારી સાહેદ નં.૯૯૦ કૌશીક પુજાલાલ વ્યાસનાઓ છે અને તેમને હસ્તાક્ષરની ચકાસણી કરેલી. તેઓની જુબાનીની ચર્ચા હવે પછી કરીશું.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે દેસારામ વર્ધાજી પ્રજાપતીને સાહેદ નં.૭૯૯ તરીકે આંક–૫૩૧૨ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ સને–૨૦૦૮ના વર્ષમાં ઈસનપુર ચાર રસ્તા પાસે આવેલ ગુરૂકૃપા શોપીંગ સેન્ટરમાં "ધરતી બેલ્ટ એન્ડ ચશ્માઘર" ના નામે ધંધો કરતા હતા. તેમની દુકાનમાં જુદી–જુદી મોબાઈલ કંપનીના સીમકાર્ડનો પણ ધંધો કરવામાં આવતો હતો અને જે મોબાઈલ કંપનીના સીમકાર્ડ રાખતાં હતાં તેના ડીસ્ટ્રીબ્યુટર બીરવા સેલ્સ હતાં અને આ બીરવા સેલ્સના રીટેલર ગ્રાહક હતાં. આ સાહેદને ત્યાં આઈડીયા, વોડાફોન, એરટેલ, ટાટા વિગેરે કંપનીના સીમકાર્ડ રાખવામાં આવતાં હતાં અને રીચાર્જ પણ કરવામાં આવતું. તેમની દુકાનમાં કોઈ કસ્ટમર સીમકાર્ડ લેવા આવે ત્યારે તેઓની પાસેથી આઈ.ડી.પ્રુફ તરીકે ઈલેકશન કાર્ડ કે ડ્રાઈવીંગ લાયસન્સની ઝેરોક્ષ લેતાં હતાં અને ગ્રાહકને જે કંપનીનું સીમકાર્ડ લેવું હોય તે કંપનીનું એપ્લીકેશન ફોર્મ ભરી તેના ઉપર ગ્રાહક પાસેથી લીધેલ ફોટો લગાડી લીધેલ ડોક્યુમેન્ટ સાથે ડીસ્ટ્રીબ્યુટરને મોકલી આપતાં હતાં. આ કામગીરી કરી સીમકાર્ડ ગ્રાહકને આપતાં હતાં. આ સાહેદ સીમકાર્ડ અંગેની જે અરજી હોય તેમાં કસ્ટમરની સહી લેતાં હતાં અને જે દસ્તાવેજની ઝેરોક્ષ લીધેલ હોય તેના ઉપર કસ્ટમરની સહી કરાવતાં. પોલીસે તેમનો જવાબ લીધો તે વખતે

એક ફોર્મ બતાવેલું અને તેની સાથેનો દસ્તાવેજ બતાવેલો. માર્ક–જી વાળો દસ્તાવેજ જોઈને કહે છે કે તે વોડાફોન કંપનીનું પ્રીપેડ સીમકાર્ડ મેળવવાનું ફોર્મ છે અને જેના ઉપર નીચેના ભાગે તેમની દુકાનનો ધરતી બેલ્ટ એન્ડ ચશ્માઘરનો સિક્કો છે તથા બીરવા સેલ્સનો પણ સિક્કો છે. આ ફોર્મ તેમની દુકાનનું છે. જે બીરવા સેલ્સ મારફતે વોડાફોન કંપનીને મોકલેલ અને ફોર્મમાંની સઘળી વિગત દસ્તાવેજના આધારે છે. આ ફોર્મ આ સાહેદના હસ્તાક્ષરમાં છે કારણ કે તે વખતે કસ્ટમરે એવું જણાવેલ કે તેમને ફોર્મ ભરતાં આવડતું નથી, ફોર્મ તમે ભરી દો અને આ સાહેદે કસ્ટમરની સહી સિગ્નેચરના કોલમમાં કરાવેલી. આ ફોર્મમાં જે ફોટો લગાવેલ છે તે કસ્ટમરે આપેલો. આ ફોર્મમાંના હસ્તાક્ષર આ સાહેદ ઓળખી બતાવે છે અને ગ્રાહકની સહી તેમની રૂબરૂમાં થયેલી તે પણ ઓળખી બતાવે છે. જેમાં તેમની દુકાનનો જે સિક્કો છે તે સિક્કાની વચ્ચે આ સાહેદે તેની ટુંકી સહી કરેલ છે જે ઓળખી બતાવે છે. જે ફોર્મમાંનો બીરવા સેલ્સનો સિક્કો છે તે પણ ઓળખી બતાવે છે. સદર દસ્તાવેજ આંક–૩૧૯૮ થી રજૂ રાખેલ છે. આ ફોર્મ વખતે આ સાહેદે મોબાઈલ સીમ નં.૯૭૧૨૩૯૮૨૦૪ વાળું સીમકાર્ડ ગ્રાહકને આપેલુ. આંક–૩૧૯૮ વાળો દસ્તાવેજ જોઈને કહે છે કે આ એપ્લીકેશન ફોર્મમાં સહી કરનાર વ્યક્તિએ આ ઝેરોક્ષ દસ્તાવેજ આપેલો જે ડ્રાઈવીંગ લાયસન્સની ઝેરોક્ષ હતી. જેમાં નવીનચંદ્ર તરીકે ગ્રાહકની સહી અને તે ઝેરોક્ષમાં તેમની દુકાન ધરતી બેલ્ટ અને ચશ્માઘરનો સિક્કો છે અને તેમાં પણ આ સાહેદની ટુંકી સહી છે. આ ફોર્મ સાથે આ ઝેરોક્ષ દસ્તાવેજ બીરવા સેલ્સને મોકલી આપવામાં આવેલ અને તેમાં બીરવા સેલ્સનો પણ સીક્કો છે જે સહીઓ તથા સિક્કા ઓળખી બતાવે છે. આ દસ્તાવેજોની ઝેરોક્ષ સીમકાર્ડ ઈસ્યુ કરતાં સમયે લઈએ તે ડીસ્ટ્રુબ્યુટર બીરવા સેલ્સને મોકલી આપતાં હતાં અને બીરવા સેલ્સ વોડાફોન કંપનીને મોકલી આપેલાનું જણાવેલ છે. સાહેદને નિ.૫૩૦૭/૩ વાળા મોબાઈલ બીલની કાર્બન કોપી જે બીલ દેસાઈ નવીનચંદ્રના નામનું બનાવેલ અને નોકીયાનો મોબાઈલ ફોન અને વોડાફોનનું સીમકાર્ડ લીધેલું. મોબાઈલ નોકીયા ૧૨૦૦ મોડલનો હતો અને તેમાં IMEI NO તથા બેટરી નંબર લખેલ અને

બીલના હસ્તાક્ષર અને સહી આ સાહેદ પોતાની હોવાનું ઓળખી બતાવે છે જે આંક–૫૩૧૩ થી રજૂ રાખેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદે ધો.૮ સુધીનો અભ્યાસ હિન્દી માધ્યમમાં કરેલો છે. મૂળ વતનઃ શિરોહી, રાજસ્થાન છે. કોઈ ઈંગ્લિશ બોલે તો ૨–૪ શબ્દો સમજી શકે છે. આંક–૩૧૯૮ ના ફોર્મની પાછળ લખવામાં આવેલ શરતો શું છે તે અંગે જાણતા નથી. શરતોનું કોઈ અનુવાદન આ સાહેદે કરેલુ નથી. જવાબના દિવસે હસ્તાક્ષરના નમુના આપેલા. આવા નમુના કોરા કાગળ ઉપર લખીને આપેલા. પોલીસે પંચનામુ કરી આ સાહેદના હસ્તાક્ષર લીધા હોય તો તેનો ખ્યાલ નથી. આંક–૩૧૯૮ માં લગાડેલ ફોટા મુજબની વ્યકિત સાથેના લાયસન્સની ઝેરોક્ષ સાથે આવેલી હતી તે તે જ હતી કે કેમ તે આજે યાદ નથી. આવી ફોટાવાળી કોઈ વ્યકિતને પછી જોયેલી નથી. આંક–૩૧૯૮ વાળુ ફોર્મ વોડાફોન તરફથી કે બીરવા સેલ્સ તરફથી કયારેય ખોટુ છે તેવુ જણાવવામાં આવેલુ નથી. આંક–૩૧૯૮ ના ફોર્મની ખરાઈ વોડાફોન કે બીરવા સેલ્સમાં કરેલી નથી. જાતે પોલીસ સ્ટેશને ફોન કરીને ગયા હોય તેવુ બનેલુ નથી. પોલીસ સ્ટેશનમાં પુછપરછ સિવાય બીજુ કાંઈ બનેલુ નથી. પોલીસે કોઈ વસ્તુની પહોંચ આપેલી નથી. સરતપાસમાં જણાવેલ દેસાઈ નવીનચંદ્ર ડાહ્યાભાઈ નામની વ્યકિત કે તેમા ફોટામાં દર્શાવેલ વ્યકિતને સીમકાર્ડ કે નોકીયા ફોન વેચેલ નથી તો તે હકીકત નકારી છે. આંક–૩૧૯૮ વાળા અરજી ફોર્મમાં આ સાહેદના હસ્તાક્ષર નથી તો તે હકીકત નકારી છે. સરતપાસમાં જણાવેલ મોબાઈલ ફોન અને સીમકાર્ડ વેચાણ કર્યા બાબતે જે બીલબુક રજૂ થયેલી છે તો તે હકીકત નકારે છે. પોલીસના કહેવાથી ખોટી જુબાની આપેલી હોવાની હકીકત નકારી છે. ગ્રાહકો વધારે હોય ત્યારે ફોટો લાવનાર વ્યકિતની ફોટો લાવનાર સાથે ખરાઈ કરતા ન હતા. આંક–૩૧૯૮ નુ ફોર્મ કોણ લઈને આવેલુ તે કહી શકે નહીં. ફોટો લાવનાર વ્યકિતએ કયા પ્રકારની સહી કરેલી તેની ખબર નથી. આંક–૩૧૯૮ ના ફોર્મમાં વચ્ચેના નામની જગ્યા ખાલી છે તે કબૂલ કરે છે. પોલીસ નિવેદનને જોતા મોબાઈલ વેચાણ હકીકતનો

ઉલ્લેખ નથી તો તે હકીકત નકારી છે. જે વ્યકિત સીમકાર્ડ લઈને ગયેલી તે જ વ્યકિત મોબાઈલ લઈ ગયેલી.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ ઈસનપુર ચાર રસ્તા પાસે આવેલ ગુરૂકૃપા શોપીંગ સેન્ટરમાં ધરતી બેલ્ટ એન્ડ ચશ્મા ઘરના નામે વેપાર ધંધો કરે છે અને પોતાની દુકાનમાં જુદી-જુદી મોબાઈલ કંપનીના સીમકાર્ડ પણ રાખતા હતા. આરોપીઓએ ઉપયોગ કરવા માટે જે મોબાઈલ ફોન તથા સીમકાર્ડ ખરીદેલ તે આ સાહેદની દુકાનેથી ખરીદેલ અને ખરીદવા માટે એપ્લીકેશન ફોર્મ તથા આઈ.ડી. પ્રુફ તરીકે બોગસ ડ્રાઈવીંગ લાયસન્સ રજૂ કરેલુ જેમાં આ સાહેદની દુકાનના સિકકા છે. જે આંક-૩૧૯૮ વાળા ફોર્મમાં આ સાહેદે ઓળખી બતાવેલુ છે. બીલની નકલ આંક-૫૩૧૩ થી રજૂ કરેલી છે. આ દુકાનવાળી જગ્યા આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયાની અટક થયા પછી તપાસ કરનાર અધિકારી તથા પંચોની રૂબરૂમાં આગળ ચાલી સ્વખુશીથી બતાવેલી તે અંગેનુ પંચનામુ આંક-૬૦૮૩ થી રજૂ થયેલુ છે જેની ચર્ચા આગળ ઉપર થઈ ગયેલ છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે આઝાદ અહેમદ સરદાર અહેમદ શેખને સાહેદ નં.૮૦૧ તરીકે આંક-૫૩૧૯ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ ગોમતીપુર મુકામે માચીસ મીલની ચાલી, કાળીદાસ સર્કલ પાસે, આઝાદ ટેલીકોમના નામે છેલ્લા પંદર વર્ષથી ધંધો કરે છે. આ સાહેદ આ નામે મોબાઈલ ફોન વેચવાનો તથા જુદી જુદી કંપનીના પ્રિપેડ મોબાઈલ કાર્ડ વેચવાનો અને રીચાર્જ કરવાનો ધંધો કરે છે. પોલીસને આ સાહેદે બીલબુકમાંથી એક ઓરીજનલ બીલની કાર્બન કોપી કાઢીને આપેલી. સાહેદ નિ. ૫૩૧૮/૧ જોઈને જણાવે છે કે તેઓએ સીમકાર્ડ નં.૯૩૭૭૨ ૦૧૫૪૫ સાથેનો રીલાયન્સ કંપનીનો કલાસીક ૭૦૨ મોડેલનો મોબાઈલ વેચેલો અને બીલમાં તેમના હસ્તાક્ષરો અને ટુંકી સહી ઓળખી બતાવે છે જે આંક-૫૩૨૦ થી રજૂ રાખેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો તા.૨૩.૧૨.૨૦૦૮ ના રોજ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશને બોલાવેલા તો તે કબૂલ કરે છે. તા.૧૭.૭. ૨૦૦૮ થી તા.૨૩.૧૨.૨૦૦૮ સુધી આંક–૫૩૨૦ વાળો મોબાઈલ વેચાણ કરેલ હોવા અંગેની હકીકત કોઈને જાહેર કરેલી નહીં તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે આવી કોઈ હકીકત મોબાઈલ વેચનાર કે કોઈપણ વ્યકિત કે દુકાનદાર કોઈ વસ્તુ વેચે તો તેની જાહેરાત કરવાની હોતી નથી કે જાહેરાત કરતા પણ હોતા નથી. જેથી મોબાઈલ વેચાણ કરવા અંગેની જાહેરાત કરવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો મોબાઈલ ખરીદનારની બીલ ઉપર કોઈ સહી નથી તે કબૂલ કરે છે. ખરીદનારે પુરૂ નામ કે સરનામુ આપેલુ નથી તે કબૂલ કરે છે. તા.૧૭.૭.૨૦૮ પછી મોબાઈલ ખરીદનારને જોયેલ નથી તે કબૂલ કરે છે.

આમ આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ ગોમતીપુરમાં માચીસ ચાલી કાળીદાસ સર્કલ પાસે આઝાદ ટેલીકોના નામે દુકાન ધરાવી વેપાર ધંધો કરે છે. આંક–૫૩૨૦ થી રજૂ થયેલ બીલની નકલ આ સાહેદને બતાવવામાં આવે છે તે નકલ આ સાહેદે પોલીસને આપેલ હતી. આ બીલ દ્વારા આ સાહેદે સીમકાર્ડ નં.૯૩૭૭૨ ૦૧૫૪૫ સાથે રીલાયન્સ કંપનીનો કલાસીક ૭૦૨ મોડલનો મોબાઈલ વેચાણ આપેલો હતો. આંક–૫૩૨૦ વાળા બીલમાં આ સાહેદે પોતાના હસ્તાક્ષર ઓળખી બતાવેલા છે અને આ બીલ તેઓની દુકાનનું છે તેમ જણાવે છે. આ દુકાનવાળી જગ્યા આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયાની અટક થયા પછી તપાસ કરનાર અધિકારી તથા પંચોની રૂબરૂમાં આગળ ચાલી સ્વખુશીથી બતાવેલી તે અંગેનુ પંચનામુ આંક–૬૦૭૫ થી રજૂ થયેલુ છે જેની ચર્ચા આગળ ઉપર થઈ ગયેલ છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે દિનેશભાઈ ચંદુભાઈ ચૌધરીને સાહેદ નં.૮૦૩ તરીકે આંક–૫૩૨૪ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ બનાવના અરસામાં ઓ.કે. સિલેક્શનના નામે ઓરીએન્ટલ બિલ્ડિંગની સામે, રીલીફ રોડ ઉપર ધંધો કરતા હતા. તેમની

દુકાનમાં મોબાઈલ, મોબાઈલ એસેસરીઝ તથા સીમકાર્ડ વેચતા હતા. તેઓ જુદી જુદી કંપનીના મોબાઈલ કાર્ડ વેચતાં હતાં. આ મોબાઈલના સીમ કાર્ડ જે વેચતાં હતાં તેમાં અરજી ઉપર લગાવવા માટે ફોટો લેતાં તથા ફોટો આઈ.ડી.ની ઝેરોક્ષ લેતાં હતાં અને પછીથી સીમકાર્ડ આપતાં હતાં. અરજી ફોર્મમાં કસ્ટમરની સહી કરાવતાં હતાં. ક્રાઈમ બ્રાન્ચે તેઓને એક અરજી ફોર્મ બતાવેલું અને તેની સાથેની આઈ.ડી. પ્રુફની ઝેરોક્ષ બતાવેલી. સાહેદ આંક–૩૧૯૯ નો આગળનો ભાગ જોઈને જણાવે છે કે તેમા દુકાન ઓ.કે. સિલેકશનનો સિક્કો અને તેમની સહી છે. આ ફોર્મના આધારે આ સાહેદની દુકાને સીમકાર્ડ વેચેલું. તે વખતે વોડાફોન કંપનીના ડીસ્ટ્રીબ્યુટર પુજા ડીસ્ટ્રીબ્યુટર હતાં જે તેમના ફોર્મ લઈ જતાં હતાં. આ ફોર્મમાં ડીસ્ટ્રીબ્યુટર પુજા ડીસ્ટ્રીબ્યુટરનો સિક્કો છે. આ ફોર્મના આધારે તેમાં મથાળે લખેલ નંબરનું સીમકાર્ડ આપેલું. આ ફોર્મમાં મોબાઈલ અને સીમ નંબર તેમના હસ્તાક્ષરમાં છે અને ફોર્મમાંના અક્ષરો તેમના સ્ટાફના કે ગ્રાહકના હશે તેમાં નીચે સહી ગ્રાહકની છે જે તેમની રૂબરૂની છે. આ ફોર્મની સાથે ડ્રાઈવીંગ લાયસન્સની ઝેરોક્ષ છે તેમાં ઓ.કે. સિલેકશનનો સિક્કો છે તેમજ તેમની સહી છે તેમજ પુજા ડીસ્ટ્રીબ્યુટરનો સિક્કો છે. તેમાં ગ્રાહકની સહી છે. જે ઓળખે છે. આ પ્રિપેડ કાર્ડ તેમની દુકાનેથી ગ્રાહકને આપી તેનું ફોર્મ ડીસ્ટ્રીબ્યુટર તેમની દુકાનેથી લઈ ગયેલા અને ડીસ્ટ્રીબ્યુટર તેમની પ્રોસીજર કરીને આગળ મોકલતાં હતાં. આ સાહેદ નિ.૫૩૧૮/૨ વાળો દસ્તાવેજ જોઈને કહે છે કે તેમાં જણાવેલ મોબાઈલ નંબરવાળા સીમકાર્ડ કે જે એક વોડાફોનનું સીમકાર્ડ હતું અને બે એરટેલ કંપનીના સીમકાર્ડ હતાં તેના જે નાણાં લીધેલાંની સ્થળ પ્રત છે અને તેના હસ્તાક્ષરો તથા ટૂંકી સહી તેમની ઓળખી બતાવે છે જે આંક–૫૩૨૫ થી રજૂ રાખેલ છે. નિ.૫૩૧૮/૩ વાળો દસ્તાવેજ જોઈને કહે છે કે આ તેમને જે નોકીયા કંપનીનો મોબાઈલ વેચેલો તેની સ્થળ પ્રત છે અને જે મોબાઈલના બેટરી નંબર તેમજ આઈ.એમ.ઈ.આઈ. નંબર લખેલ છે. આ બીલ તેમની દુકાનનું હોવાનું જણાવેલ છે જે આંક–૫૩૨૬ થી રજૂ રાખેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો જુદા–જુદા ધંધાના બંધારણ જાણે છે તે કબૂલ કરે છે. ફોર્મ અને ઓળખનો આધાર ડીસ્ટ્રીબ્યુટરને મોકલવામાં આવે છે અને તેનુ વેરીફીકેશન થયા પછી સીમકાર્ડ એકટીવેટ થાય છે તે કબૂલ કરે છે. મોકલવામાં આવેલ ફોર્મ તથા તેની સાથેના આધાર ખોટા છે તેવી જાણ પુજા ડીસ્ટ્રીબ્યુટર તરફથી કરવામાં આવેલી નથી. મારા મત પ્રમાણે આવી જાણ કરવામાં આવેલી ન હોય તેથી કરીને ફોર્મ તથા આધાર સાચા છે તેમ માની શકાય નહીં. જયારે કોઈ વ્યકિત ફોર્મમાં ખોટી વિગત ભરે અને ખોટો આધાર રજૂ કરે તો જયારે કંપની તરફથી વેરીફીકેશન કરવામાં આવે ત્યારે ફોર્મમાં જણાવેલી વિગત વેરીફીકેશન વખતે જણાવતી હોય છે તથા પોતે જો ખોટો આધાર રજૂ કરેલો હોય તો તે આધારની માહિતી પણ રજૂ કરનાર વ્યકિતને જ હોય અને વેરીફીકેશન વખતે તે જ માહિતી કંપનીને આપે જેથી ખોટા ફોર્મ અને ખોટા આધારથી પણ સીમાકાર્ડ એકટીવેટ થતુ હોય છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો તા.૯.૧૨.૨૦૦૮ ના રોજ પોલીસે બીજીવાર પોલીસ સ્ટેશને બોલાવેલા. પ્રથમ વખત પોલીસ સ્ટેશને બોલાવ્યા ત્યારે આ સાહેદનો ધંધો, ફોનનું વેચાણ તેમજ સીમકાર્ડના વેચાણ અંગે જાણકારી આપેલી. આંક–૩૧૯૯ ના ફોર્મ ઉપર લગાવેલ ફોટોવાળો માણસ આઈ કાર્ડ આધાર સાથે આવેલો હતો તે તે જ હતો કે કેમ તે યાદ નથી. તે સંબંધે કોઈ ખરાઈ કરેલ નથી. તે વ્યકિતને બતાવવામાં આવેલો નથી. તા.૯.૧૨.૨૦૦૮ ના રોજ પોલીસ મુલાકાત દરમ્યાન પોલીસે પંચોને બોલાવેલા હોય અને પંચનામુ થયુ હોય તેવુ બન્યુ નથી. અશોક રામાજી કે વિશાલ સોમજી નામના વ્યકિતઓને ઓળખતા નથી. સરતપાસની શરૂઆતમાં ધંધા સંબંધે જાહેર કરેલ હકીકત ખોટી છે તો તે હકીકત નકારી છે. પ્રથમ પોલીસ નિવેદનમાં મોબાઈલનો ધંધો કરતા હોવાની હકીકત જાહેર કરેલી કે કેમ તે યાદ નથી. આંક–૩૧૯૯ ના ગ્રાહકે આ સાહેદની રૂબરૂમાં સહી કરેલી અને તેને જોયેલો. આંક–૩૧૯૯ ના ફોર્મમાં અરજદારને જાતે જોયો છે તેવી હકીકતનો ઉલ્લેખ છે તેની નીચે આ સાહેદનો સહી સિકકો છે. શાહનવાજ નામની વ્યકિત ૨–૩ વર્ષથી આ સાહેદને ત્યાં નોકરી કરતી હતી અને ફોર્મ ભરવાની તથા

બીલ બનાવવાની કામગીરી તે કરતો હતો. આંક–૩૧૯૯ નુ ફોર્મ કોણે ભરેલુ તે હકીકતની જાણ કરેલી કે કેમ તે યાદ નથી. આંક–પ૩૨પ અને પ૩૨૬ ની બીલબુક અલગ–અલગ છે તે કબૂલ કરે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ ઓરીયન્ટલ બિલ્ડિંગ રીલીફ રોડ ઉપર આવેલ ઓ.કે. સીલેકશનના નામે દુકાન ધરાવી વ્યાપાર ધંધો કરે છે અને પોતાની દુકાનમાં જુદી જુદી મોબાઈલ કંપનીના સીમકાર્ડ રાખે છે. આરોપીએ એપ્લીકેશન ફોર્મ તથા તેની સાથે આઈ.ડી. પ્રુફ તરીકે ડ્રાઈવીંગ લાયસન્સ રજૂ કરેલુ જેમા આ સાહેદની દુકાનના સિકકા તથા સહી છે. આંક–૩૧૯૯ વાળા દસ્તાવેજમા આ સાહેદે સહી તથા સીકકો ઓળખી બતાવેલો છે અને તેમા ગ્રાહકની વિગત પણ આ સાહેદે જણાવેલી છે. આરોપીઓએ એક વોડાફોન અને બે એરટેલ કંપનીના સીમકાર્ડ ખરીદેલા અને તે ખરીદ કર્યા બાબતે જે રસીદ આપેલી તેની કાર્બન કોપી આંક–પ૩૨પ થી રજૂ કરેલી છે તથા એક નોકીયા ફોન ખરીદેલો તે રસીદની કાર્બન કોપી આંક–પ૩૨૬ થી રજૂ કરેલી છે. બંને રસીદમાં આ સાહેદે પોતાના હસ્તાક્ષર ઓળખી બતાવ્યા છે. આ દુકાનવાળી જગ્યા આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયાની અટક થયા પછી તપાસ કરનાર અધિકારી તથા પંચોની રૂબરૂમાં આગળ ચાલી સ્વખુશીથી બતાવેલી તે અંગેનુ પંચનામુ આંક–૬૦૮૩ થી રજૂ થયેલુ છે જેની ચર્ચા આગળ ઉપર થઈ ગયેલ છે. આ એપ્લીકેશન ફોર્મ કબજે કર્યા બાદ તપાસ કરનાર અધિકારીએ હસ્તાક્ષરની સરખામણી માટે એફ.એસ.એલ. ગાંધીનગરને મોકલી આપેલ. એફ.એસ.એલ. ગાંધીનગરમાં હસ્તાક્ષરની સરખામણી કરનાર અધિકારી સાહેદ નં.૯૯૦ કૌશીક પુજાલાલ વ્યાસનાઓ છે અને તેમને હસ્તાક્ષરની ચકાસણી કરેલી. તેઓની જુબાનીની ચર્ચા હવે પછી કરીશું.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે ભવરલાલ નેનાજી પ્રજાપતિને સાહેદ નં.૮૦૭ તરીકે આંક–પ૪૩૨ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ સને–૨૦૦પ–૦૬ માં "એવરગ્રીન બેલ્ટ હાઉસ" ના નામે ધંધો શરૂ કરેલો અને શારદાશોપિંગ સેન્ટર, ઈસનપુર ખાતે આ ધંધો શરૂ કરેલો.

તેઓ સીમકાર્ડ, બેલ્ટ, પર્સ તેમજ મોબાઈલનો ધંધો કરતા હતા. તેઓ આઈડીયા, વોડાફોન, એરટેલ, રીલાયન્સ કંપનીના સીમકાર્ડ રાખતા હતા. કોઈ વ્યક્તિ સીમકાર્ડ લેવા આવે ત્યારે એક ફોટોગ્રાફ અને આઈ.ડી. પ્રુફ માંગતા અને સીમકાર્ડ સબંધે જરૂરી ફોર્મ ભરવામાં આવતા અને તેમા તેમના સહી, સિક્કા કરવામાં આવે છે. ત્યારબાદ આ ફોર્મ ડીસ્ટ્રીબ્યુટરને મોકલવામાં આવે છે. પોલીસે એક સીમકાર્ડ એપ્લીકેશન ફોર્મ બતાવેલું. સાહેદને સેશન્સ કેસ નં.૬૧/૨૦૦૯ ના મુદ્દામાલ આર્ટીકલ નં.૩ સીમકાર્ડ ફોર્મ બતાવેલુ તે જોઈને જણાવે છે કે નીચે તેમની દુકાનનો સિક્કો છે અને તેમાં ઉપર તેમની સહી ઓળખી બતાવે છે. આ ફોર્મ આ સાહેદે ભરેલું અને મોબાઈલ નં.૯૭૧૪૫૫૨૮૯૯ વાળું સીમકાર્ડ આપેલું. આ ફોર્મમાં મોબાઈલ નંબર તેમજ સીમ નંબર લખેલો. ફોર્મના અક્ષર તેમના છે. સીમકાર્ડ લેનાર વ્યક્તિની સહી છે. ફોર્મ ઉપરનો ફોટો ગ્રાહકે આપેલો. તેની સાથેની ડ્રાઈવીંગ લાયસન્સની ઝેરોક્ષ ગ્રાહકે આપેલી. તેમાં ગ્રાહકની સહી છે. નીચેના ભાગે આ સાહેદની સહી અને દુકાનનો સિક્કો છે. આ ફોર્મ ગ્રાહકને સીમકાર્ડ આપ્યા પછી ડીસ્ટ્રીબ્યુટરને મોકલેલું. સદર ફોર્મ અને તેની સાથેની ઝેરોક્ષ આંક–૫૪૩૩ થી રજૂ રાખેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો સીમકાર્ડ વેચાણ બાબતે આ સાહેદ પાસે કોઈ એજન્સીનો કરાર નથી કે તે અંગેનો કોઈ પુરાવો નથી. તમામ કંપનીના સીમકાર્ડ આ સાહેદ ડીસ્ટ્રીબ્યુટર પાસેથી લેતા હતા. સીમકાર્ડ અંગે રજીસ્ટર રાખે છે તેવો કોઈ પુરાવો પોલીસને આપેલ નથી. સીમકાર્ડ આપતી વખતે ફોટોગ્રાફ સાથે આઈ.ડી. પ્રુફની સરખામણી કરે છે. આંક–૫૪૩૩ વાળા સીમકાર્ડ વેચાણની તારીખ યાદ નથી. વેચાણ સંબંધેનો કોઈ પુરાવો પોલીસને આપેલો નથી. આંક–૫૪૩૩ ની તારીખે ૪–૫ સીમકાર્ડ વેચેલાનુ જણાવે છે. સીમકાર્ડની પાછળની શરતો વાંચી નથી. સીમકાર્ડ વેચાણનુ રેકર્ડ ડીસ્ટ્રીબ્યુટરને મોકલતા નથી. પોલીસે કઈ તારીખે બોલાવેલા તે યાદ નથી. બીલબુક સિવાય મોબાઈલ વેચાણનું બીજુ કોઈ રેકર્ડ રાખવામાં આવતુ નથી. મોબાઈલ વેચાણ બાબતે પોલીસ પુછપરછ કરે તો વેચાણની

હકીકત કહી શકે તે કબૂલ કરે છે. વધુ પૈસા લઈને ખોટા સીમકાર્ડ વેચતા હોવાની હકીકત નકારે છે. સીમકાર્ડ એકટીવેટ થતા પહેલા ખરીદનારની ખરાઈ થાય છે તે કબૂલ કરે છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો મોબાઈલ ફોનના વેચાણ બાબતે ડીસ્ટ્રીબ્યુટરે પણ કોઈ ખુલાસો પુછેલ નથી તે કબૂલ કરે છે. પોલીસ જવાબમાં પોતે મોબાઈલનો ધંધો કરતા હોવાની હકીકત જણાવેલી નથી.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ ઈસનપુર ખાતે શારદા શોપીંગ સેન્ટરમાં એવરગ્રીન બેલ્ટ હાઉસના નામે દુકાન ધરાવી વેપાર ધંધો કરે છે અને પોતાની દુકાનમાં જુદી જુદી મોબાઈલ કંપનીના સીમકાર્ડ રાખે છે અને કોઈ ગ્રાહક સીમકાર્ડ લેવા આવે ત્યારે તેની પાસેથી આઈ.ડી. પ્રુફ માંગી ફોર્મ ભરીને ડીસ્ટ્રીબ્યુટરને મોકલવામાં આવે છે. આ કીસ્સામાં ગ્રાહકે ડ્રાઈવીંગ લાયસન્સની ઝેરોક્ષ આપેલી હતી. આંક–૫૩૩૩ વાળુ ફોર્મ ધ્યાને લઈએ તો તે ફોર્મ આ સાહેદની દુકાનમાંથી મોબાઈલ નં. ૯૭૧૪૫ ૫૨૮૯૯નું સીમકાર્ડ જે ગ્રાહકે ખરીદેલુ તેનુ અરજી ફોર્મ છે અને ફોર્મ ઉપર ગ્રાહકનો ફોટો છે. ફોર્મ કબજે કર્યા બાદ પાછળના ભાગે બે પંચો તથા તપાસ કરનાર અધિકારીએ સહીઓ કરેલી છે. ગ્રાહકે જે ડ્રાઈવીંગ લાયસન્સની નકલ રજૂ કરેલી તે પટેલ નવીન મોહનલાલ રહે.૧૧, હીરાવાડી, વિમલજયોત સોસાયટી, સૈજપુરબોઘા અમદાવાદનું સરનામુ છે. ડ્રાઈવીંગ લાયસન્સની ઝેરોક્ષ નકલ ઉપર પણ બે પંચો તથા તપાસ કરનાર અધિકારીએ સહીઓ કરેલી છે. આ દુકાનવાળી જગ્યા આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયાની અટક થયા પછી તપાસ કરનાર અધિકારી તથા પંચોની રૂબરૂમાં આગળ ચાલી સ્વખુશીથી બતાવેલી તે અંગેનુ પંચનામુ આંક–૬૦૮૩ થી રજૂ થયેલુ છે જેની ચર્ચા આગળ ઉપર થઈ ગયેલ છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે મનીષભાઈ ચંદ્રકાન્તભાઈ શાહને સાહેદ નં. ૮૧૧ તરીકે આંક–૫૪૬૨ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૮/૯/૨૦૦૮ ના રોજ ગીતા મંદીરથી ભુલાભાઈ જવાના રસ્તે ત્રણ ચાર ક્રાઈમના માણસો અને આરોપી ઉભેલા હતાં. ત્યાં અજય ટેલીકોમ નામની દુકાન હતી ત્યાં ઉભા રાખેલા. ત્યાં તેમની અગાઉ ધીરિનભાઈ પટેલ કરીને

એક માણસને ઉભા રાખેલ હતાં. ત્યારે પોલીસે એવું જણાવેલ કે પંચમાં રહેશો? ત્યારે ત્યાં બીજા પંચ સાથે ઓળખાણ થયેલી. ત્યાં પોલીસ પાસે આખી વસ્તુ શું છે તે જાણેલું અને ઐયાઝ સૈયદ કરીને પતલા સરખા બાધાંના, ૨૪–૨૫ વર્ષની ઉંમરના એક ભાઈ ઉભેલાં હતાં. ત્યાં આગળ તેમની હાજરીમાં પોલીસે તેમને પુછેલું. ઐયાઝ સૈયદે આ સાહેદની હાજરીમાં કીધેલું કે "અજય ટેલીકોમ એસ.ટી.ડી. પી.સી.ઓ.માંથી તા.૨૫/૦૭/૨૦૦૮ના રોજ ક્યામુદ્દીન કાપડીયાને આ એસ.ટી.ડી. પી.સી.ઓ.થી મેં ફોન કરેલો". આટલી વાત તેમની સમક્ષ થયેલ. આ ફોન બોમ્બ બ્લાસ્ટના આગલા દિવસે કરેલો. આ પંચનામું તેમની હાજરીમાં થયેલું. આ ઉપરોક્ત એસ.ટી.ડી. પી.સી.ઓ. જોયેલું ત્યાં એક બેન બેસેલાં હતાં અને કરિયાણાની દુકાન હતી. આગળ રોડ અને પાછળ છાપરાં આવેલ છે. આ કાર્યવાહીનું પંચનામુ બનાવેલુ જે આંક–૫૪૬૩ થી રજૂ રાખેલ છે જેમાં સાહેદ પોતાની તથા ધીરિનભાઈની સહીઓ ઓળખી બતાવે છે. સાહેદને ટી.વી. સ્ક્રીન વીડિયો થકી આરોપીઓ બતાવતા આરોપીને ઓળખતા નથી કારણ કે પહેલાં આરોપીને દાઢી મુછ ન હતી અને અત્યારે દાઢી મુછ છે તેમજ આઠ વર્ષ જેટલો સમય થયેલ હોય તેમને ઓળખી શકતા નથી.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો તા.૮.૯.૨૦૦૮ ના દિવસે પોલીસે કલાક ૪.૩૦ વાગે અજય ટેલીકોમ પર રોકેલ હોવાની હકીકત ખોટી છે પરંતુ સાહેદ જણાવે છે કે ૪ થી ૪.૧૫ ના સમયે રોકેલો. ત્યાં ૩–૪ પોલીસવાળા આરોપી અને બીજા પંચ સિવાય કોઈ બીજુ હતુ નહીં. પોલીસવાળાઓએ ઓળખ સંબંધે ઓળખ કાર્ડ બતાવેલુ નહીં. પંચ નં.૨ ધીરિનભાઈ કેટલા સમય પહેલા આવેલા તે કહી શકે નહીં. પોલીસવાળા કેટલા સમય અગાઉથી હતા અને શું કાર્યવાહી કરેલી તેની માહિતી નથી. આ સાહેદ આરોપી અને બીજા પંચને પંચનામામાં સહી કર્યા અગાઉ ઓળખતા ન હતા તે કબૂલ કરે છે. પંચનામામાં સહી કરી તે પહેલા ક્રાઈમ બ્રાન્ચના કોઈ પોલીસ અધિકારીને ઓળખતા ન હતા. પોલીસવાળાઓએ અજય ટેલીકોમમાં સિકકો નાખી ટેલીફોન કરેલ હોય તેવુ બનેલુ નથી તે કબૂલ કરે છે. આ સાહેદની

હાજરીમાં કોઈ વ્યકિતએ આ ટેલીફોન થકી વાત કરી હોય તેવુ બન્યુ નથી. અજય ટેલીકોમની દુકાન સંબંધેના પોલીસે આ સાહેદની હાજરીમાં કોઈ દસ્તાવેજો કબજે કરેલા નથી તે કબૂલ કરે છે. સરતપાસના અંત ભાગમાં આરોપીને નહીં ઓળખવાનું જે વિવરણ આપેલુ છે તે પોલીસના કહેવાથી આપેલાની હકીકત નકારે છે. પોલીસના કહેવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત પણ નકારી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ નરોડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૪૦૧/૨૦૦૮ નાં કામે તા.૮.૯.૨૦૦૮ નાં રોજ આ સાહેદ તથા બીજા પંચ ધીરેનભાઈ પટેલનાઓને ગીતા મંદિર પાસે આવેલ અજય ટેલીકોમ ઉપર બોલાવેલા. ત્યાં આરોપી નં.૨૩ એૈયાઝ રઝાકમીંયા સૈયદ પોલીસ જાપ્તા હેઠળ હતો અને તેણે ત્યાં જણાવેલુ કે, તા.૨૫.૭.૨૦૦૮ ના કલાક ૧૦.૩૦ થી ૧૦.૪૫ વાગ્યાના સમય દરમ્યાન સહઆરોપી કયામુદ્દીનને જે પી.સી.ઓ. ઉપરથી કયામુદ્દીનના મોબાઈલ ફોન ઉપર વાત કરેલી તે અંગેનુ વિગતવાર પંચનામુ આંક–૫૪૬૩ વાળુ બનાવવામાં આવેલુ હતુ. આ પંચનામુ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ પોતાની જુબાનીના પેરા નં.૩૧.૧૨ પાના નં.૨૧૨ ઉપર આ હકીકત જણાવેલી છે તથા તેમને પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવી છે.

આંક–૫૩૬૩ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "તા.૨૭.૭.૨૦૦૮ ના કલાક ૧૦.૩૦ થી ૧૦.૪૫ વાગ્યા દરમ્યાન સહઆરોપી કયામુદ્દીનને પી.સી.ઓ. ઉપરથી કયામુદ્દીનના મોબાઈલ ઉપર વાત કરેલી" તથા "તે ઈન્સ્ટ્રુમેન્ટથી આરોપીએ એક રૂપિયાનો સિકકો નાખી સહઆરોપી કયામુદ્દીન સાથે વાત કરેલી" વિગેરે પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપીએ પોતે આપેલ માહિતી પ્રમાણેના પી.સી.ઓ. ત્યાં હતો અને તેની માહિતી આરોપી નં.૨૩ ને

હતી માટે તે હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય. આરોપીએ તે પી.સી.ઓ. ઉપરથી ફોન કરેલા હતા અને તેની માહિતી તેને જ હતી માટે તે આ જગ્યાઓ ઉપર પંચો તથા તપાસ કરનાર અધિકારીને તે પી.સી.ઓ. ઉપર દોરી ગયેલો, આરોપીનું આ દોરી જવાનું વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે કેયુરી નીતીનભાઈ ચોકસીને સાહેદ નં.૮૭૪ તરીકે આંક–૬૦૯૩ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ સને–૨૦૦૮ મા પોલીસે તેમનો જવાબ લીધેલો તે સમયે લગ્ન સાગરભાઈ શુકલ સાથે થયેલ હતાં. આ સાહેદને ક્રાઈમબ્રાન્ચ પોલીસે તેમના લાયસન્સ બાબતે બોલાવેલ. આ સાહેદનું પર્સ ૨૦૦૭ માં પાંજરાપોળ પાસે પડી ગયેલું હતું જેમાં તેમનુ ડ્રાઈવીંગ લાયસન્સ, એ.ટી.એમ.કાર્ડ, મોબાઈલ, પૈસા વિગેરે હતું. આ બાબતે એલિસબ્રીજ પોલીસ સ્ટેશનમાં જાણવા જોગ નોંધ કરાવેલ હતી જેમાં આ સાહેદે તેમના પર્સ ડ્રાઈવીંગ લાયસન્સ પડી ગયેલ હતું તે અંગે જાણ કરેલી હતી.

સાહેદ વધુમાં જણાવે છે કે ક્રાઈમ બ્રાન્ચ તેઓને પોલીસ સ્ટેશને બોલાવેલ ત્યારે ક્રાઈમ બ્રાન્ચ પોલીસે જણાવેલ કે તમારા લાયસન્સ નંબરને આધારે ખોટું લાયસન્સ બનાવવામાં આવેલ. જેમાં દેસાઈ નવીનચંદ્ર ડાહ્યાભાઈના નામનું હતું અને ફોટો પણ બીજાનો હતો. આ દસ્તાવેજનો ઉપયોગ સીમકાર્ડ મેળવવા માટે થયેલ અને સીમકાર્ડનો ઉપયોગ સીરીયલ બોમ્બ બ્લાસ્ટ થયેલાં તેમાં થયેલ હતો. આ સાહેદે આ અંગે ક્રાઈમ બ્રાન્ચને તેમની ડુપ્લીકેટ લાયસન્સની કોપી આપેલ હતી અને જે એલિસબ્રિજ પોલીસ સ્ટેશનમાં જાણવા જોગ નોંધ કરેલી હતી તેની કોપી આપેલી હતી. આ સાહેદ એવું જણાવેલ કે તેમનુ લાયસન્સ તેમનુ પર્સ જે ગુમ થયેલ હતું તેમાં પડી ગયેલ છે. ક્રાઈમ બ્રાન્ચ પોલીસને મોબાઈલ ખોવાય ગયેલ હતો તેના બીલની કોપી આપેલી હતી. ક્રાઈમ બ્રાન્ચ પોલીસે આ બાબતે તેમનો જવાબ લીધેલો. ક્રાઈમ બ્રાન્ચ પોલીસને જે ડ્રાઈવીંગ લાયસન્સની નકલ આપેલ હતી તે તેમનુ લાયસન્સ ખોવાઈ ગયા બાદ જે ડુપ્લીકેટ ડ્રાઈવીંગ લાયસન્સ મેળવેલું તે હતુ. સાહેદને આંક–૬૦૯૨/૧/૨

વાળો દસ્તાવેજ ડ્રાઈવીંગ લાયસન્સ સને–૨૦૦૭ મા કઢાવેલ. સાહેદ આંક–૬૦૯૪ અને આંક–૬૦૯૫ વાળા દસ્તાવેજો રજૂ રાખેલ છે તેમજ આંક–૬૦૯૨/૨ વાળો દસ્તાવેજ જે સાહેદે વસ્તુ ગુમ થયા અંગે આપેલ જાણવા જોગ આપેલી તે બાબતનો પોલીસ સ્ટેશનનો રીપોર્ટ તેમજ આંક–૬૦૯૨/૩ વાળો દસ્તાવેજ જે મોબાઈલ અંગેની ઝેરોક્ષ રજૂ રાખેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો એલિસબ્રીજ પોલીસ સ્ટેશનમાં જાણવાજોગ એન્ટ્રી કરાવ્યા બાદ પોલીસ આ સાહેદના ઘરે આવેલી નથી. લાયસન્સ બાબતે પણ ક્રાઈમ બ્રાન્ચે પુછપરછ કરી ત્યારપછી એલિસબ્રિજ પોલીસ સ્ટેશન દ્વારા પુછપરછ કરવામાં આવેલ નથી. આજદિન સુધી લાયસન્સનું શું થયુ તેની કોઈ તપાસ કરેલી નથી તે કબૂલ કરે છે. આ સાહેદના લાયસન્સનો દુરૂપયોગ થયો છે તેવી રજૂઆત એલિસબ્રિજ પોલીસ સ્ટેશનમાં કરેલી નથી. ક્રાઈમ બ્રાન્ચ પોલીસ સ્ટેશન દ્વારા જવાબ લેવામાં આવ્યો તે કબૂલ કરે છે. જવાબ લીધો ત્યારે ખોવાયેલુ લાયસન્સ બતાવેલુ નથી. લાયસન્સમાં ચેડા થયેલા છે તે અંગેનો કોઈ દસ્તાવેજ બતાવવામાં આવેલો નથી. કયા વ્યક્તિએ આ સાહેદના લાયસન્સનો દુરૂપયોગ કરેલો છે તેનુ નામ પોલીસે આપેલુ ન હતુ. એન્ટ્રી આ સાહેદને બતાવવામાં આવે છે તે જોઈને જણાવે છે કે તેમા મોબાઈલ ખરીદી અંગેનુ બીલ રજૂ કર્યાનો ઉલ્લેખ નથી. પોલીસને તે દિવસે પુરાવાના બીલો આપેલાનું જણાવે છે. ક્રાઈમ બ્રાન્ચ પોલીસ સ્ટેશને રૂબરૂ જઈ કોઈ જવાબ આપેલો નથી તો તે હકીકત નકારે છે. પોલીસને મદદ કરવા ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદનુ પર્સ સને–૨૦૦૦ની સાલમાં એલિસબ્રિજ વિસ્તારમાં પડી ગયેલુ હતુ અને તે પર્સમાં આ સાહેદનુ ડ્રાઈવીંગ લાયસન્સ તથા અન્ય દસ્તાવેજો હતા તે બાબતે આ સાહેદે એલિસબ્રિજ પોલીસ સ્ટેશનમાં જાણવાજોગ નોંધ કરાવેલી અને તે આધારે આ સાહેદે ડુપ્લીકેટ લાયસન્સ મેળવેલુ હતુ. આ કામે આંક–૬૦૯૪ થી ડ્રાઈવીંગ લાયસન્સની ઝેરોક્ષ નકલ, આંક–૬૦૯૫ થી અગાઉના ડ્રાઈવીંગ લાયસન્સની

નકલ તથા ડ્રાઈવીંગ લાયસન્સ ખોવાઈ ગયા અંગે એલિસબ્રિજ પોલીસ સ્ટેશનમાં જાણવાજોગ જે નોંધ કરાવેલી તેની પ્રમાણીત નકલ આંક–૬૦૯૬થી રજૂ કરેલી છે જેમાં પોલીસ સ્ટેશનના પી.એસ.ઓ.ની સહી છે. આ ડ્રાઈવીંગ લાયસન્સ ઉપરથી આરોપી કયામુદ્દીન કાપડીયાએ બીજુ જે ડુપ્લીકેટ ડ્રાઈવીંગ લાયસન્સ દેસાઈ નવીનચંદ્રના નામનુ બનાવડાવીને સીમકાર્ડ ખરીદ કરેલ હતુ. આ દેસાઈ નવીનચંદ્રની જુબાનીનુ મૂલ્યાંકન આગળ ઉપર કરેલુ છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે અદનાન મોહમદ ખાલીદ ગુજરાતીને સાહેદ નં.૮૮૧ તરીકે આંક–૬૨૯૯ થી તપાસવામાં આવેલા છે. તેઓની સરતપાસ મુજબ આ સાહેદ સને–૨૦૦૭–૦૮ ના વર્ષમાં કાપડનો ધંધો કરતા હતા અને તેમની દુકાન શાહપુર સુરત ખાતે આવેલી હતી. ધંધો પુરો થયા પછી પોતાના મહોલ્લામાં દોસ્તારો સાથે ભેગા થતા હતા. દોસ્તારો પૈકી રફીકવલી પટેલ, નદીમ રાંદેરી તથા ઈસ્માઈલ શેખ હતા. રફીકે જણાવેલુ કે આપણે સંસ્થા બનાવીએ જેથી સંસ્થા બનાવેલુ જેથી તેનુ નામ "ખીદમત ગ્રુપ" રાખેલુ. આ બાબતે રફીકે કાર્યવાહી કરેલી. તે દરમ્યાન આરીફ પટેલ, જહીર પટેલ અને કરીમ બેટરીવાલા સાથે ઓળખાણ થયેલી. આ ગ્રુપમાં આરોપી નં.૬૩ તન્વીર પઠાણ જોડાયેલા. તેઓની ઓળખાણ ત્રણ વર્ષ સુધી રહેલી. તન્વીર પઠાણ સાથે ખીદમત ગ્રુપ બાબતે વાતચીત થતી હતી. ત્યારબાદ કોઈની સાથે ઓળખાણ થયેલી નહીં. આ સિવાય બીજુ કંઈ આ સાહેદ જાણતા નથી. તન્વીર દ્વારા કોઈને મળેલા નથી, પોલીસે જવાબ લીધેલો. આ સાહેદ કોઈ જગ્યાએ ગયેલા નથી તેમ જણાવે છે. પોલીસ સાથે ઘણી વખત ગયેલાનું જણાવે છે. મેજિસ્ટ્રેટ સાહેબની ઑફિસમાં ગયેલા હોવાનું પણ જણાવે છે. પોલીસે મોબાઈલમાં એક વ્યકિતનો ફોટો બતાવેલો તે વખતે આરોપી નં.૩૭ કયામુદ્દીનને ઓળખેલો. તન્વીર પઠાણે ગુજરાતમાં મુસલમાનો ઉપર જુલમ થાય છે તેવુ કહેલુ નથી. આ સાહેદ ફરિયાદપક્ષની હકીકતને સમર્થન કરતા ન હોય તેઓની ફરી ગયેલા જાહેર કરવા વિનંતી કરેલી અને પુરાવાના કાયદાની કલમ–૧૫૪ મુજબ ફરી ગયેલા જાહેર કરી

સાહેદની ઊલટતપાસ કરવા પરવાનગી માંગેલી જેથી પરવાનગી આપતા ફરિયાદપક્ષ તરફથી સાહેદની ઊલટતપાસ કરવામાં આવેલી છે.

આ સાહેદની ફરિયાદપક્ષ દ્વારા ઊલટતપાસ ધ્યાને લઈએ તો તા. ૬.૧૦.૨૦૦૮ ના રોજ પોલીસે નિવેદન લીધેલાનું કબૂલ કરે છે. તા.૧૨.૨. ૨૦૦૯ નાં રોજ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેબની કચેરી ચોક બજાર ખાતે ગયેલાનું પણ કબૂલ કરે છે. મેજિસ્ટ્રેટ સાહેબે કોર્ટમાં બોલાવેલો તે પણ કબૂલ કરે છે. પરંતુ ઓળખ પરેડ અંગે સમજાવેલાની હકીકત નકારે છે. મેજિસ્ટ્રેટ સાહેબને કોઈ અરજી આપેલી નથી. તા.૧૨.૨.૨૦૦૯ ના રોજથી જુબાની આપી તે દિવસ સુધીમાં એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેબ કે કોઈપણ અન્ય કચેરીમાં પોલીસે મોબાઈલમાં ફોટા બતાવ્યા સબંધે કોઈ અરજી કરેલી નથી તે કબૂલ કરે છે. ફોટામાં અબ્દુલ સુભાન ઉર્ફે તૌકીરને ઓળખેલાની હકીકત નકારે છે. તા.૧૩. ૮. ૨૦૦૮ ના રોજ પોલીસ આ સાહેદને લઈ ગયેલી તેવી હકીકત જુબાની વખતે પ્રથમ વખત કોર્ટમાં જાહેર કરેલી છે તે કબૂલ કરે છે. પોલીસ લઈ ગયેલી તે બાબતે કોઈ કચેરીમાં અરજી કરેલી નથી. પોલીસે ફોટા બતાવેલાની હકીકત પ્રથમ વખત કોર્ટમાં જણાવે છે તે કબૂલ કરે છે. આ સિવાય તન્વીરની લારી ઉપર નમાજ પઢીને આવવાની, તન્વીર, રફીક પટેલ, ઈસ્માઈલ પટેલ શેખ સાથે એક પાતરા બાંધાવાળો લાંબો, પાતળી દાઢી અને ચશ્માવાળા ઈસમ સાથે રફીક પટેલે ઓળખાણ કરાવેલાની હકીકત નકારેલી છે. પોલીસ નિવેદનમાં જણાવેલી તમામ હકીકતો પણ આ સાહેદે નકારેલી છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા અબ્દુલ સુભાન ઉર્ફે તૌકીરને ફોટો બતાવતા તે ઈસમ જ ઉપરોકત ઈસમ સાથેનો બીજો માણસ આશરે ૩૦ વર્ષનો હતો તેને શરીરે પેન્ટ પહેરેલુ હતુ, તેને જોયેથી ઓળખે છે. સાજીદ મન્સુરી સુરત આવ્યો ત્યારે રફીકવલી તથા તન્વીર પઠાણને મળતો હતો તેમ જણાવે છે. તા.૧૨.૨.૨૦૦૯ ના રોજ પોલીસે નિવેદન લીધાનું કબૂલ કરે છે, પરંતુ નિવેદન વાંચી સંભળાવેલાની હકીકત નકારે છે. તા.૧૨.૨. ૨૦૦૯ ના નિવેદનમાં સુરત ખાતે કીલ્લામાં એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેબે બોલાવતા ત્યાં હાજર રહેવાનું કબૂલ કરે છે. એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેબની

રૂબરૂમાં થયેલી ઓળખ પરેડ દરમ્યાન આરોપી નં.૩૭ કયામુદ્દીન સકુદ્દીન કાપડીયાને ઓળખી બતાવેલાનું કબૂલ કરે છે. આરોપી તન્વીર, જહીર, સાજીદ મન્સુરી, મુફતી અબુબસર, કયામુદ્દીન અને તૌકીરનાઓ સુરત બોમ્બ પ્લાન્ટેશન કેસોમાં અને અમદાવાદ બોમ્બ બ્લાસ્ટના કેસના આરોપીઓ હોવાનું જાણે છે તો તે હકીકત નકારી છે. આરોપીઓને બચાવવા ખોટી જુબાની આપેલાની હકીકત નકારે છે.

આ સાહેદની આરોપીઓ તરફથી પણ ઊલટતપાસ કરવામાં આવેલી છે તે ધ્યાને લઈએ તો ભુતકાળમાં આ સાહેદના મિત્રોની વિરૂધ્ધમાં કોઈ ગુનાહીત કેસો થયેલા હોય અને મિત્રો ગુનાહિત પ્રવૃત્તિમાં સંડોવાયેલા નથી તો તે કબૂલ કરે છે. ખીદમત ગ્રુપ ગરીબ લોકોની સામાજીક અને શૈક્ષણિક હેતુ અર્થે કામગીરી કરતુ હતુ તો તે કબૂલ કરે છે. તન્વીર પઠાણની ચાઈનીઝની લારી જાહેર રોડ ઉપર આવેલી હતી તે કબૂલ કરે છે. આ સાહેદ લારી ઉપર જતા ત્યારે જાહેરમાં બેસીને નાસ્તો કરતા હતા તે કબૂલ કરે છે. આ સાહેદની સાથે ઈસ્માઈલ શેખ, તન્વીર પઠાણ, આરીફ પટેલ, જહીર પટેલ અને કરીમ બેટરીવાલાને ડી.સી.બી. પોલીસ સ્ટેશનમાં બોલાવવામાં આવતા હતા તે કબૂલ કરે છે. પુછપરછ દરમ્યાન કેટલીક વખત આખી રાત રોકવામાં આવતા હતા તે પણ કબૂલે છે. આ સમય દરમ્યાન બોમ્બ બ્લાસ્ટના બીજા આરોપીઓને પણ પકડી લાવવામાં આવેલા તે કબૂલ કરે છે. ઘણા આરોપીઓને પોલીસ મારજુડ કરતી હતી તે પણ કબૂલ કરે છે. ઓળખ પરેડના દિવસે પોલીસ કિલ્લાવાળી કોર્ટમાં લઈ ગયેલાનું કબૂલ કરે છે. તમે કોની સાથે આવેલા છો તેવુ મેજિસ્ટ્રેટ સાહેબે પુછેલુ નહીં તે કબૂલ કરે છે. અબ્દુલ સુભાન અને સાજીદ મન્સુરી નામના વ્યકિઓને કયારેય મળેલા નથી તેમ જણાવે છે. આ સાહેદ કે તેના મિત્રો મુફતી નામની વ્યકિતને પણ મળેલા નથી તે કબૂલ કરે છે. પોલીસે જવાબમાં શું લખેલુ તે વાંચી સંભળાવેલુ નહીં તે કબૂલ કરે છે.

આ સાહેદની ફરિયાદપક્ષ દ્વારા ફરીથી ફેરતપાસ લેવામાં આવેલી છે તે ધ્યાને લેતા તા.૧૩.૮.૨૦૦૮ થી તા.૧૭.૮.૨૦૦૮ સુધી ડી.સી.બી. પોલીસ

સ્ટેશન સુરત ખાતે પોલીસ વારંવાર બોલાવતી હતી અને આ સાહેદની સાથે ઈસ્માઈલ શેખ, તન્વીર પઠાણ, આરીફ પટેલ, જહીર પટેલ અને કરીમ બેટરી વાલાને પણ બોલાવતા હતા અને આખી રાત રોકી રાખતા હતા તથા આ સમય દરમ્યાન બીજા આરોપીઓને પણ પકડી લાવવામાં આવેલા, મારજુડ કરતા હતા વિગેરે તમામ હકીકત બાબતે કોઈપણ અધિકારીને લેખિત રજૂઆત કરી નથી તે કબૂલ કરે છે. આ તમામ હકીકત બચાવપક્ષની ઊલટતપાસ વખતે પ્રથમ વખત જાહેર કરતા હોવાની હકીકત કબૂલ કરે છે.

આમ આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદની આ કેસોની તપાસ દરમ્યાન પોલીસે પુછપરછ કરી જવાબ લીધેલો છે. આ સાહેદ તન્વીર પઠાણ, રફીક પટેલ, જહીર પટેલ, કરીમ બેટરીવાલાનાઓને સારી રીતે ઓળખે છે. આ લોકોએ ખીદમત ગ્રુપ સુરત ખાતે શરૂ કરેલુ, અવાર–નવાર એકબીજાને મળતા હતા તે દરમ્યાન આરોપી નં.૧૪ સાજીદ મન્સુરી સાથે પણ ઓળખાણ થયેલી હતી. સુરતમાં બોમ્બ પ્લાન્ટેશનના બનાવો બન્યા તેમજ અમદાવાદ ખાતે બોમ્બ બ્લાસ્ટના બનાવો બન્યા બાદ આ સાહેદની પુછપરછ કરવામાં આવેલી છે. આ સાહેદને ઓળખ પરેડ માટે એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ ચોક બજાર ખાતે આવેલી કોર્ટમાં લઈ ગયેલા છે. એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ સમક્ષ આરોપી નં.૩૭ ને ઓળખી બતાવેલો છે. આ સાહેદને ફરિયાદપક્ષે ફરી ગયેલા જાહેર કર્યા છે પરંતુ તેઓની જુબાની સંપૂર્ણપણે ન માનવી જોઈએ તેવુ નથી. આ સાહેદે અકુદરતી જુબાની આપેલી છે. તેઓની સમગ્ર જુબાની ધ્યાને લેતા આ સાહેદે આરોપીઓને બચાવવા માટે જુબાની આપેલી હોવાનું સ્પષ્ટપણે માલુમ પડે છે. બચાવપક્ષની ઊલટતપાસ દરમ્યાન આ સાહેદે પોલીસ આરોપીઓને મારજુડ કરતી હતી, વારંવાર આ સાહેદ તથા આ સાહેદના અન્ય મિત્રોને પોલીસ, પોલીસ સ્ટેશનમાં બોલાવતી હતી, ઘણી વખત આખી રાત રાખતા હતા વિગેરે સંબંધી આ જુબાની આપી ત્યાં સુધી કોઈને આ સાહેદે લેખિત કે મૌખિક રજૂઆત કરેલી નથી કે ફરિયાદ આપેલી નથી. સાજીદ મન્સુરી અવાર–નવાર સુરત આવતો હતો તેમ જણાવેલ છે તે પણ એક સમર્થનકારી સંજોગ છે. આ

ઉપરાંત આ સાહેદ અબ્દુલ સુભાન ઉર્ફે તૌકીર તથા મુફ્તીને પણ મળેલો છે. આરોપીઓ તરફથી કબૂલાત્મક પ્રશ્નો પુછવામાં આવેલા છે તે ધ્યાને લેતા એવુ કહી શકાય કે પ્રશ્ન પુછનાર એડવોકેટને કયાંથી અને કેવી રીતે ખબર હોય કે સને–૨૦૦૮ ની સાલમાં આ સાહેદને પોલીસ મળી નથી કે તેઓના ખીદમત ગ્રુપ બાબતે પુછપરછ કરી નથી કે આ સાહેદ તેના અન્ય મિત્રો કે આરોપીઓને મળેલો નથી. આમ આ સાહેદે અકુદરતી જુબાની આપેલી છે જે વિશ્વાસપાત્ર નથી અને આરોપીઓને બચાવવા માટે ઈરાદાપૂર્વક આરોપીના લાભમાં અને ફરિયાદપક્ષની વિરૂધ્ધમાં જુબાની આપેલાનું મારૂ સ્પષ્ટપણે માનવુ છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે હિનલભાઈ પ્રદીપભાઈ શાહને સાહેદ નં. ૮૯૧ તરીકે આંક–૬૩૪૬ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૧૫/૧૦/૨૦૦૮ ના રોજ આઈડીયા કંપનીમાં મીઠાખળી અભિજીત કોમ્પલેક્ષમાં પોલીસે બોલાવેલા. આ વખતે તેમની સાથે શીવાભાઈ હાજર હતાં. ત્યાં એક પોલીસ અધિકારી ચાવડા સાહેબ કરીને હતાં. ચાવડા સાહેબે કહેલું કે એપ્લીકેશન ફોર્મ અને કોલ ડીટેઈલ બાબતે અરજી કરેલ તેમાં પંચ માટે સહી કરવાની છે તેથી વાંધો નહીં તેવું કહેલું. સાહેબે આઈડીયા કંપનીમાંથી બધી ડીટેઈલ કઢાવેલી. તેમાં એક એપ્લીકેશન ફોર્મ, ડ્રાઈવીંગ લાયસન્સની ઝેરોક્ષ હતી જે તેમના રૂબરૂમાં પંચનામાથી કબજે લીધેલ. મોબાઈલ નંબર ૯૭ ની સીરીઝનો હતો અને તે નવીન મોહનલાલ પટેલના નામનું હતું. સદર કાર્યવાહીનું આંક–૬૩૪૭ પંચનામુ બનાવવામાં આવેલુ જેમાં સાહેદ પોતાની તથા શીવાભાઈની સહીઓ ઓળખી બતાવે છે. સાહેદ આંક–૫૪૩૩ વાળી એપ્લીકેશન તથા તેની સાથેના ડ્રાઈવીંગ લાયસન્સમાં તેમની તથા શીવાભાઈની સહીઓ ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પંચનામા દરમ્યાન આ સાહેદની રૂબરૂમાં કોઈ કોલ ડીટેઈલ રજૂ થયેલી નથી. આ સાહેદની રૂબરૂમાં જે મોબાઈલ નંબર જાહેર થયેલ તે કોણ વાપરતુ હતુ તેની ખબર નથી. અરજી તથા લાયસન્સમાં જેનો ફોટો છે તે નવીનભાઈનો છે તેવી જાણ થયેલી. આ સાહેદને

બતાવેલા દસ્તાવેજો સીલ કરવામાં આવેલા નહીં. કોલ ડીટેઇલ નવીન મોહનલાલ પટેલના નામની હતી અને તેમા સહી કરેલી. આઈડીયા કંપનીના માલીક વિશે કોઈ પ્રમાણપત્ર આપેલ નથી અને બીજા પણ કોઈ પુરાવા બતાવેલ નથી.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૩/૨૦૦૮ ના કામે તા.૧૫.૧૦.૨૦૦૮ ના રોજ આ સાહેદ તથા બીજા પંચ શીવાભાઈ લાલજીભાઈ યાદવનાઓને આઈડીયા સેલ્યુલર લી. ની ઑફિસ મીઠાખળી છ રસ્તા પાસે ઑફિસમાં બોલાવેલા. ત્યાં આરોપીઓએ ગુનાના કાવતરા દરમ્યાન મોબાઈલનં.૯૭૧૪૫ ૫૨૮૯૯ ખોટા નામે લઈ તેનો ઉપયોગ કરેલ હતો અને આ મોબાઈલ નંબર મેળવવા ખોટા દસ્તાવેજો રજૂ કરેલા હતા અને તે તપાસના કામે કબજે કરવાના હતા. તે વખતે ત્યાં શ્યામસુંદર નામના વ્યકિત આઈડીયા કંપનીના એકઝીકયુટીવ હતા તેઓ હાજર હતા અને તેમને ઉપરોકત નંબરની કોલ ડીટેઇલ તથા તે મેળવવા માટે ફોટો અને ઓળખપત્રનો ઉપયોગ કરેલો તે રજૂ કરેલ. આ નંબર નવીન મોહનભાઈ પટેલના નામે આપવામાં આવેલો હતો. તપાસ કરનાર અધિકારીએ આઈડીયા કંપનીનુ કસ્ટમર એપ્લીકેશન ફોર્મ તથા લાયસન્સ કબજે કરેલુ હતુ. આ અંગેનુ પંચનામુ આંક–૬૩૪૫ વાળુ બનાવવામાં આવેલુ. આ પંચનામુ કરનાર તપાસ કરનાર અધિકારી મયુર ચાવડાની જુબાનીના પાના નં.૨૫ ઉપર આ હકીકત જણાવેલી છે અને પંચનામામાં તથા એપ્લીકેશન ફોર્મ અને ડ્રાઈવીંગ લાયસન્સની ઝેરોક્ષમાં આ સાહેદે પોતાની સહીઓ ઓળખી બતાવી છે.

સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવો બન્યા બાદ આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયા પકડાયા બાદ આરોપી નં.૩૭ નાઓએ સાહેદ નં.૮૦૭ કે જયાંથી મોબાઈલ ફોન ખરીદ કરેલો તે ભંવરલાલજી નેનાજી પ્રજાપતિની દુકાન બતાવેલી હતી. તપાસ કરનાર અધિકારીએ આંક–૬૩૪૭ ના પંચનામાની વિગતે કબજે કરેલ અરજી ફોર્મ તથા ડ્રાઈવીંગ લાયસન્સની ચકાસણી માટે એફ.એસ.

એલ. ગાંધીનગરને મોકલેલ અને ત્યાં હસ્તાક્ષર નિષ્ણાંત સાહેદ નં.૯૯૦ કૌશીક પુજાલાલ વ્યાસનાઓએ હસ્તાક્ષરની ચકાસણી કરેલી તેઓની જુબાનીની હવે પછી ચર્ચા કરીશું.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે રવિ મહેન્દ્રભાઈ શાહને સાહેદ નં.૮૯૭ તરીકે આંક–૬૪૨૮ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૫/૧/૨૦૦૯ ના રોજ આ સાહેદને ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદની ઑફિસે બપોરના દોઢેક વાગ્યે બોલાવેલા. તે વખતે તેમની સાથે કેતનભાઇ દશરથભાઇ દરજી નામની એક વ્યક્તિ હાજર હતા . તેઓને ક્રાઇમ બ્રાન્ચની ઑફિસની અંદર એક બીજી ઑફિસમાં બોલાવેલા. આ સાહેદ તથા કેતનભાઇ ત્યાં ઑફિસમાં પહોંચ્યા ત્યારે એક આરોપી હાજર હતો, બે–ત્રણ પોલીસના માણસો તથા એક સાહેબ હાજર હતા. આ સાહેદ ત્યાં ઑફિસમાં જઇ સાહેબની મળેલા. સાહેબે કહેલુ કે, "બોમ્બ બ્લાસ્ટના કેસમાં આરોપી નાસતો ફરતો હતો અને તે પુના ખાતે રોકાયેલો હતો" અને તેનું પંચનામું કરવાનું અને એવુ પણ કહેલુ કે, "આ આરોપીએ રજીસ્ટરમાં સહી કરેલી અને લખાણ કરેલું તેનું પંચનામું કરવાનું છે". આ લખાણ બાબતે સહી તથા હસ્તાક્ષરના નમૂના લેવાના હતા જેથી પંચમાં રહેવાની હા પાડેલી. ત્યારબાદ આ સાહેદે ત્યાં હાજર આરોપીનું નામ પુછેલું તો તેણે તેનું નામ કયામુદ્દીન ઉર્ફે રીજવાન સરકુદ્દીન કાપડીયા, રહે. વડોદરા જણાવેલું. ત્યાં સાહેબે એક લાલ રંગનું રજીસ્ટર બતાવેલું, તે રજીસ્ટર પુનાની કમલેશ્વર હોટલનું હતું. ત્યાં સાહેબે તે રજીસ્ટર ખોલેલુ અને તેમાં ૯૬૧ નંબરની એન્ટ્રી ખોલી બતાવેલી. સાહેદને સે.કે.નં.૩૩૪/૨૦૦૯ ના કામે રજૂ થયેલ મુદ્દામાલ આર્ટીકલ લીસ્ટ આંક–૩૨૦૩ નો અનુક્રમ નં.૨૭ વાળુ હોટલ રજીસ્ટર જોઇને જણાવે છે કે તેની એન્ટ્રી નં.૯૬૧ પોલીસના સાહેબે બતાવેલી. ત્યારબાદ ત્યાં હાજર આરોપીને પોલીસના સાહેબે ખાનાવાળા છ પેઝ આપેલા અને સાહેબે એવુ કહેલુ કે, આરોપીએ જે પ્રમાણે રજીસ્ટરમાં એન્ટ્રી કરેલ છે તે પ્રમાણે આ ખાનામાં એન્ટ્રી કરવાની છે આવુ આ પ્રમાણે સાહેબે આરોપીને કહેલુ. ત્યારબાદ આરોપીએ તે ખાનામાં એન્ટ્રી કરેલી અને આ એન્ટ્રી રજીસ્ટરમાં જોઇને

ખાનાઓમાં કહેલી. આ ખાનાઓમાં એન્ટ્રી આરોપીએ કર્યા પછી આ સાહેદે તથા કેતનભાઇએ અને પોલીસના સાહેબે પણ સહી કરેલી.

સાહેદ નિ.૩૪૮૫/૨૬૫ પૈકીના છ પેઇઝ જોઇને જણાવે છે કે તેમાં લખેલું લખાણ આરોપીએ લખેલુ અને તેમા સહી પણ આરોપીએ કરેલી અને દરેક પેઇઝની નીચે પંચ નં.૧ તરીકે આ સાહેદે સહીઓ જે સહીઓ ઓળખી બતાવે છે અને પંચ નં.૨ તરીકે કેતનભાઇની સહીઓ અને રૂબરૂ તરીકે ચાવડા સાહેબની સહીઓ ઓળખી બતાવે છે. ત્યારબાદ પોલીસના સાહેબે એક ન્યૂઝ પેપર આરોપીને આપેલું અને સાથે એક લીટીવાળો કાગળ આપેલો અને કહેલુ કે, આ સમાચાર પત્રમાંથી આ લીટીવાળા કાગળ ઉપર લખી આપ, જેથી આરોપીએ સમાચાર પત્રમાંથી લીટીવાળા કાગળ ઉપર લખી આપેલું. નિ.૩૪૮૫/૨૬૫ વાળા છ પેઇજની સાથેના એક લીટીવાળા કાગળમાં લખેલું લખાણ આરોપીએ લખેલ હતુ અને આ લખાણ તેમની રૂબરૂમાં લખેલ હતું. લખાણ પુરૂ થયા પછી આ સાહેદ તથા કેતનભાઇ તેમજ ચાવડા સાહેબે સહી કરેલી. જે સહીઓ આ સાહેદ ઓળખી બતાવે છે જે આંક–૬૪૨૯ થી રજૂ રાખેલ છે. સદર કાર્યવાહીનું જે પંચનામુ કરેલુ તે આંક–૬૪૩૦ મા સાહેદ પોતાની તથા કેતનભાઇની અને રૂબરૂ તરીકે ચાવડા સાહેબની સહીઓ ઓળખી બતાવે છે. સાહેદને અમદાવાદ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીને વીડિયો કોન્ફરન્સ ટી.વી.સ્ક્રીન થકી ત્રણ ત્રણની સંખ્યામાં અને ભોપલ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીને વીડિયો કોન્ફરન્સ ટી.વી.સ્ક્રીન થકી ત્રણ–ત્રણ ની સંખ્યામાં બતાવવામાં આવતા સાહેદ આરોપીને ઓળખી શકતા નથી અને જણાવેલ છે કે ઘણો સમય થયેલો હોવાથી ઓળખી શકતા નથી જે તે વખતે આરોપી કલીન સેવ હતા અને અત્યારે ઘણા બધા આરોપીને દાઢી હોવાથી આરોપીને ઓળખી શકતો નથી.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ પંચમાં રહેવા ગયા તે દિવસે અગરબત્તી વેચવા નીકળેલા હતા અને અગરબત્તી વેચતા વેચતા ક્રાઈમ બ્રાન્ચની ઑફિસેથી નીકળ્યા ત્યારે પોલીસે બોલાવેલા. આ વખતે તેઓ તેમના મિત્ર કેતનભાઈ પાસે મોટર સાઇકલ ઉપર બેસીને પસાર થતા હતા. ક્રાઈમ

બ્રાન્ચની ઑફિસમાં ગયા અને બહાર નીકળ્યા તે દરમ્યાન એક કલાકનો સમય થયો હશે. ઑફિસમાં પોલીસના સાહેબ, આરોપી તથા બીજા પંચ હાજર હતા. સમગ્ર કાર્યવાહી દરમ્યાન આટલા માણસો સિવાય બીજા કોઈ માણસોએ અવર–જવર કરેલી નહીં તે કબૂલ કરે છે. જે આરોપી ત્યાં હતો તેને અગાઉ કયારે જોયેલો નહીં તે કબૂલ કરે છે. આરોપી કેટલા સમયથી પોલીસ કસ્ટડીમાં હતો તેની માહિતી નથી. આવી માહિતી પોલીસે કે આરોપીએ આપેલી નથી. આરોપીને કયાંથી લઈ આવેલા તેની માહિતી પોલીસે આપેલી નહીં. કમલેશ્વર હોટલનું રજીસ્ટર પુનાથી લાવેલાની હકીકત જણાવેલી. રજીસ્ટરમાં કોઈ પણ જગ્યાએ સહીઓ કરી નથી. પોલીસના સાહેબે આરોપીને સમાચાર પત્ર આપેલુ તેનો ઉલ્લેખ પંચનામામાં નથી તે કબૂલ કરે છે. આ લખાણ કરતા અને સહીઓ કરતા એકાદ કલાકનો સમય થયેલો તો તે હકીકત નકારી છે. આરોપી પાસે અગાઉ છ કાગળ ઉપર લખાણ કરાવેલુ કે કેમ ? તે અંગે પુછપરછ કરેલી નહીં. પોલીસે વારંવાર પંચનામુ વાંચી, સંભળાવી,સમજાવતા ખોટી જુબાની આપેલાની હકીકત નકારી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં. ૨૦૫/૨૦૦૮ નાં કામે તા.૫.૧.૨૦૦૯ ના રોજ આ સાહેદ તથા બીજા પંચ કેતનભાઈ દશરથભાઈ દરજીને ક્રાઈમ બ્રાન્ચની ઑફિસમાં બોલાવેલા. ત્યાં એક આરોપી કયામુદ્દીન કાપડીયા હાજર હતો. તેને પોતાનુ નામ જણાવેલુ તથા સાહેબે આ સાહેદને એવુ જણાવેલુ કે બોમ્બ બ્લાસ્ટના કેસમાં આ આરોપી નાસતો ફરતો તો અને તે પુના ખાતે રોકાયેલો હતો. આરોપી જે જગ્યાએ રોકાયેલો તે હોટલના રજીસ્ટરમાં સહી અને લખાણ કરેલુ. આ લખાણ બાબતે આરોપીની સહીના હસ્તાક્ષરના નમૂના લેવાના છે. ત્યારબાદ પંચોએ આરોપીનું નામ પુછેલુ તેને તેનુ નામ કયામુદ્દીન જણાવેલુ તથા એક લાલ કલરનું રજીસ્ટર બતાવેલુ તે પુનાની કમલેશ્વર હોટલનું હતુ તે રજીસ્ટર ખોલેલુ જેમા એન્ટ્રી નં. ૯૬૧ આ સાહેદને બતાવેલી. ત્યારબાદ ખાનાવાળા છ કાગળો આરોપીને

આપેલા અને રજીસ્ટરમાં જે પ્રમાણે એન્ટ્રી કરેલી છે તે પ્રમાણે એન્ટ્રી કરાવેલી. આરોપીએ રજીસ્ટરમાં જોઈને ખાનાઓમાં એન્ટ્રી કરેલી. આ ઉપરાંત એક સમાચાર પત્રમાથી એક લીટીવાળા કાગળમાં પણ લખાણ કરાવેલુ અને આરોપીના સહીના નમુના મેળવેલા. આ અંગેનુ પંચનામુ આંક–૬૪૩૦ વાળુ બનાવવામાં આવેલુ અને સહીના નમુના આંક–૬૪૨૯ થી રજૂ કરેલા છે. આ પંચનામુ બનાવનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ આ હકીકત પોતાની જુબાનીના પાના નં.૯૧ મા જણાવેલી છે અને આંક–૬૪૩૦ વાળા પંચનામામાં તથા આંક–૬૪૨૯ વાળા સહીઓના નમૂનાના કાગળોમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

આંક–૩૨૨૨ ના પંચનામાની વિગતે જે રજીસ્ટર કબજે કરેલુ તે રજીસ્ટરમાં એન્ટ્રી નં.૯૬૧ મા જે અક્ષરો હતો તે પ્રમાણેના અક્ષરોના નમુના આરોપી નં.૩૭ પાસેથી તપાસ કરનાર અધિકારીએ પંચ સાહેદ નં.૮૯૭ રવી મહેન્દ્ર શાહની હાજરીમાં મેળવેલા અને તે અંગેનુ પંચનામુ આંક –૬૪૩૦ બનાવવામાં આવેલુ છે અને સહીના નમૂના જે મેળવેલા તે પાના નં.૧ થી ૬ આંક–૬૪૨૯ થી રજૂ છે તથા તેની સાથે લીટીવાળા કાગળમાં લખાવેલુ લખાણ પણ સામેલ છે. આ હસ્તાક્ષરના નમુના મેળવ્યા બાદ હસ્તાક્ષરની ચકાસણી અર્થે પૃથક્કરણ માટે એફ.એસ.એલ. ગાંધીનગરને મોકલી આપેલ અને તે હસ્તાક્ષરની ચકાસણી કરનાર અધિકારી સાહેદ નં.૯૯૦ કૌશીક પુજાલાલ વ્યાસનાઓની જુબાનીની હવે પછી ચર્ચા કરીશું.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે ઈર્શાદ સરવરખાન પઠાણને સાહેદ નં.૯૦૭ તરીકે આંક–૬૪૯૪ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ આ સાહેદ વાપી મુકામે જી.આઈ.ડી.સી.મા પાનનો ગલ્લો ચલાવે છે. તા.૫.૩.૨૦૦૯ ના રોજ નરેન્દ્રભાઈ કરીને પોલીસ સ્ટાફના આ સાહેદની દુકાનની પાછળ એક ફેકટરી આવેલી છે ત્યાં લખેલા કાગળ ઉપર સહી કરાવી લઈ ગયેલા આ સિવાય બીજુ કંઈ જાણતા નથી. પોલીસે જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશનમાં બોલાવેલા હોય અને ત્યાં રીમાન્ડ ઉપર એક આરોપી હતા જેનુ

નામ કયામુદ્દીન કાપડીયા હોય અને તેને એસ.ટી.ડી. પી.સી.ઓ. બતાવેલુ હોય તેવુ બનેલુ નથી. આ સાહેદ ફરિયાદપક્ષની હકીકતને સમર્થન કરતા ન હોવાથી સરકારી વકીલશ્રીએ તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવાની માંગણી કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્ન પુછવા માટે પરવાનગી માંગેલી. અદાલત દ્વારા આ સાહેદને ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની સરકારી વકીલશ્રીને પરવાનગી આપેલી. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આંક–૬૪૯૫ થી રજૂ થયેલ પંચનામામાં આ સાહેદ પોતાની અંગ્રેજીમાં કરેલી સહી ઓળખી બતાવે છે. આ સાહેદ ધોરણ–૧૦ ભણેલા છે અને બેન્કમાં ખાતુ છે. પંચનામામાં સહી કરી ત્યારે ખ્યાલ હતો કે તે શેમા સહી કરે છે તો તે હકીકત નકારે છે. આરોપી કયામુદ્દીન તે વખતે ત્યાં હાજર હતો અને આજે પણ કોર્ટમાં હાજર છે તો તે હકીકત નકારી છે. આરોપીના ઓળખીતા હોવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આંક–૬૪૯૫ વાળા પંચનામામાં આ સાહેદે પોતાની સહી અંગ્રેજીમાં કરેલી છે. આ સાહેદ ધોરણ–૧૦ સુધી ભણેલા છે, બેન્કમાં પોતાનુ ખાતુ છે અને વાપી જી.આઈ.ડી.સી.મા પાનનો ગલ્લો ચલાવે છે જેથી સ્પષ્ટ બને છે કે આ સાહેદ અભણ નથી, ધંધો કરે છે તથા બેન્કની કામગીરીથી સારી રીતે માહિતગાર છે, અંગ્રેજીમાં સહી કરી છે માટે સારૂ શું છે અને ખોટુ શું છે તેની માહિતી અને જાણકારી આ સાહેદને ચોકકસપણે હોય. આંક–૬૪૯૫ વાળુ પંચનામુ તા.૫.૩. ૨૦૦૯ ના રોજ બનાવવામાં આવેલુ છે અને પોતે જુબાની તા.૯.૮.૨૦૧૭ ના રોજ આપેલી છે જેથી આ પંચનામામાં આ સાહેદે સહી કરી તે પછી આશરે આઠ વર્ષ બાદ અદાલતમાં જુબાની આપેલી છે. આઠ વર્ષના સમય દરમ્યાન આ પંચનામાની કાર્યવાહીમાં તેઓ હાજર ન હતા તેવી કોઈ રજૂઆત કે ફરિયાદ કરેલી નથી. તપાસ કરનાર અધિકારીએ ગેરરજૂઆત કરીને અથવા બળજબરીથી પંચનામામાં સહી કરાવી લીધી હોય તેવી પણ કોઈ ફરિયાદ કે રજૂઆત તપાસ કરનાર અધિકારીના ઉપલા અધિકારીને કે આ અદાલતને પણ કરેલ નથી. જેથી

મારૂ સ્પષ્ટ મંતવ્ય છે કે આ સાહેદની હાજરીમાં આંક –૬૪૯૫ વાળુ પંચનામુ બનાવવામાં આવેલુ હતુ અને તે વખતે આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયા હાજર હતો અને તેને જોયેલો હતો તેમ છતાં આ સાહેદે સોગંદ ઉપર ખોટી જુબાની આપેલી છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે કાશીફઉરૂજ મંજરઅશરફ સૈયદને સાહેદ નં.૯૦૮ તરીકે આંક–૬૪૯૬ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ આ સાહેદ રીયલ એસ્ટેટનો ધંધો કરે છે. તા.૫.૩.૨૦૦૯ ના રોજ આ સાહેદના મિત્ર રહીમ ડુંગાએ ફોન કરેલો કે, અહીંયા પોલીસના માણસો આવેલા છે અને સહી કરવાની છે જેથી આ સાહેદ ત્યાં ગયેલા અને સહી કરેલી. લખાણમાં શું લખેલુ હતુ તેની ખબર નથી. પોલીસ પાસે એક આરોપી તેનુ નામ કયામુદ્દીન કાપડીયા હોય અને તેને એક હોટલ વાપી ઈન્ટરકોન્ટીનેન્ટલ બતાવી હોય તેવુ બન્યુ નથી. આ સાહેદ ફરિયાદપક્ષની હકીકતને સમર્થન કરતા ન હોવાથી સરકારી વકીલશ્રીએ તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવાની માંગણી કરી ઊલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્ન પુછવા માટે પરવાનગી માંગેલી. અદાલત દ્વારા આ સાહેદને ફરી ગયેલા જાહેર કરી ઊલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની સરકારી વકીલશ્રીને પરવાનગી આપેલી. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો તા.૫.૩.૨૦૦૯ ના રોજ બપોરના ૧૨.૪૫ વાગ્યાના અરસામાં વાપી પોલીસ સ્ટેશન વલસાડ ખાતે બોલાવવામાં આવેલાની હકીકત નકારી છે. પંચનામામાં એવુ લખાવેલુ કે પોલીસ જાપ્તા હેઠળ હાજર આરોપીનું નામ ઠામ પુછતા તેને પોતાનુ નામ કયામુદ્દીન કાપડીયા, રહે. તાઈવાડા વડોદરા જણાવેલુ તો તે હકીકત નકારી છે. પંચનામાના પ્રથમ ભાગમાં સહી કરેલાની હકીકત નકારી છે. સરકારી વાહનમાં બેસેલા અને આરોપીએ સિધ્ધિ વિનાયક પ્લાઝા બિલ્ડિંગ પાસે વાહન થોભાવવા જણાવેલાનું અને હાથથી ઈશારો કરી હોટલ બતાવેલીની હકીકત નકારી છે. હોટલના રજીસ્ટરમાં તા.૨૧.૭.૨૦૦૭ થી તા.૫.૩.૨૦૦૯ સુધીના રજીસ્ટરના ખાતરી કરેલી અને તેના પાના નં.૧૭૫ ઉપર નં.૧૭૩૯ મા કોલમ નં.૨ વાળા નામ સરનામામાં

અંગ્રેજીમાં તૌકીર શેખ કોલમ નં.૩ માં ઉંમર, કોલમ નં.૫ માં સી–૩૦૯, મોરારજી સર્કલ વાપી , મોબાઈલનં.૯૭૨૫૬૯૯૯૮૮ આરોપી કયામુદીને પોતાના હસ્તાક્ષરમાં લખીને ટુંકી સહી કરેલાની હકીકત નકારી છે. આ સાહેદને પ્રથમ ભાગનું પંચનામુ બતાવવામાં આવે છે તેમા પોતાની સહી ઓળખી બતાવી છે જે આંક–૬૪૯૭ થી ૨જૂ છે. આ સાહેદને હોટલ રજીસ્ટરના પાના નં.૧૭૫ બતાવવામાં આવે છે અને તેની ઉપર પણ આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવી છે જે આંક–૬૪૯૮ થી ૨જૂ છે. પંચનામા વખતે હાજર હતા તો તે હકીકત નકારી છે. આરોપીને બચાવવા ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારી છે. આરોપીઓ તરફથી થયેલ ઊલટતપાસ ધ્યાને લઈએ તો તૈયાર પંચનામામાં સહી કરી તે સિવાય કોઈ જાત માહિતી નથી તે કબૂલ કરે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ રીયલ એસ્ટેટનો ધંધો કરે છે જેથી અભણ નથી પરંતુ ભણેલા છે તેવુ કહી શકાય. આંક–૬૪૯૭ વાળુ પંચનામુ તા.૫.૩.૨૦૦૯ ના રોજ બનાવવામાં આવેલુ છે અને તેમા પોતે સહી કરેલાનું જણાવે છે. તેમા શું લખેલુ હતુ તેની ખબર નથી. પરંતુ આ સાહેદની હકીકત માની શકાય નહીં. રીયલ એસ્ટેટનો ધંધો કરવાવાળી વ્યકિત લખાણ વાંચ્યા વિના સહી કરી આપે તો તે હરગીજ માનવા લાયક નથી. ધારો કે તેને વાંચ્યા વગર સહી કરી આપેલી છે તો તેનો અર્થ એવો થાય કે જે લખાણમાં તેને સહી કરી આપેલી છે તે લખાણ સાચુ છે. જેથી પંચનામાની હકીકત તેમણે સ્વીકારી સહી કરી આપેલી છે તેવુ અનુમાન થઈ શકે. આ સાહેદ અભણ નથી, ધંધો કરે છે, અંગ્રેજીમાં સહી કરી છે માટે સારૂ શું છે અને ખોટુ શું છે તેની માહિતી અને જાણકારી આ સાહેદને ચોકકસપણે હોય. આંક–૬૪૯૭ વાળુ પંચનામુ તા.૫.૩.૨૦૦૯ ના રોજ બનાવવામાં આવેલુ છે અને પોતે જુબાની તા.૯.૮.૨૦૧૭ ના રોજ આપેલી છે જેથી આ પંચનામામાં આ સાહેદે સહી કરી તે પછી આશરે આઠ વર્ષ બાદ અદાલતમાં જુબાની આપેલી છે. આઠ વર્ષના સમય દરમ્યાન આ પંચનામાની કાર્યવાહીમાં તેઓ હાજર ન હતા તેવી કોઈ રજૂઆત કે ફરિયાદ કરેલી નથી. તપાસ કરનાર અધિકારીએ ગેરરજૂઆત કરીને અથવા

બળજબરીથી પંચનામામાં સહી કરાવી લીધી હોય તેવી પણ કોઈ ફરિયાદ કે રજૂઆત તપાસ કરનાર અધિકારીના ઉપલા અધિકારીને કે આ અદાલતને પણ કરેલ નથી જેથી મારૂ સ્પષ્ટ મંતવ્ય છે કે આ સાહેદની હાજરીમાં આંક–૬૪૯૭ વાળુ પંચનામુ બનાવવામાં આવેલુ હતુ અને તે વખતે આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયા હાજર હતો અને તેને જોયેલો હતો તેમ છતાં આ સાહેદે સોગંદ ઉપર ખોટી જુબાની આપેલી છે.

આંક–૬૪૯૮ વાળો હોટલ વાપી ઈન્ટરકોન્ટીનેન્ટલના રજીસ્ટરના પાના નં.૧૭૫ ધ્યાને લઈએ સીરીયલ નં.૧૭૩૯ મા કોલમ નં.૨ વાળા નામ સરનામામાં અંગ્રેજીમાં તૌકીર શેખ કોલમ નં.૩ માં ઉંમર, કોલમ નં.૫ માં સી–૩૦૯, મોરારજી સર્કલ વાપી, મોબાઈલનં.૯૭૨૫૬ ૯૯૯૮૮ આરોપી કયામુદ્દિને પોતાના હસ્તાક્ષરમાં લખીને ટૂંકી સહી કરેલાનું જણાય છે. આ રજીસ્ટરના પાના ઉપર બંને પંચોની તથા તપાસ કરનાર અધિકારી સહી છે. આ સહી પણ ખોટી કરી છે કે બનાવટી કરી છે તેવી કોઈ રજૂઆત કે ફરિયાદ આ સાહેદે કરેલી નથી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે મુકીદખાન મુઈદખાન પઠાણને સાહેદ નં.૯૨૩ તરીકે આંક–૬૫૬૬ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ ફોટોગ્રાફોનું કામકાજ મનન કોમ્પલેક્ષ, વટવા ખાતે કરે છે અને તેમના ફોટો સ્ટુડિયોનું નામ "તક્ષીલ ગાર્ડન સ્ટુડિયો" છે. આ સ્ટુડિયો ૧૮–૧૯ વર્ષથી ચલાવે છે. તેમના સ્ટુડિયોનો સમય સવારના ૯.૦૦ થી રાતના ૧૦.૦૦ સુધીનો છે અને સને–૨૦૦૮ના અરસામાં તેઓ રોલ નેગેટીવથી ફોટો પાડતા હતા. જ્યારે કોઈ વ્યકિત ફોટો પડાવવા આવે ત્યારે ફોટો તથા તેની નેગેટીવ તે ગ્રાહકને આપતા હતા અને ફોટો પાડયા બાબતે જે પૈસા આપે તે બાબતનું બીલ આપતા. આ સાહેદને પોલીસે એક ફોર્મ બતાવેલુ,જે સ્નાનાગારનું હતુ. તેની ઉપર એક ફોટો સ્ટેપ્લર લગાવેલો હતો. આ ફોટાનું બેકગ્રાઉન્ડ જોયેલુ અને બેક ગ્રાઉન્ડ જોયા પછી પોલીસને કહેલુ કે આ ફોટો તેમના સ્ટુડિયોમાં પાડેલો છે. સાહેદ આંક–૩૨૩૪ વાળો દસ્તાવેજ જોઈને કહે છે કે, આ ફોર્મ અમદાવાદ મ્યુનિસિપાલિટીના સ્નાનાગારનું છે અને આ ફોર્મ ઉપર લગાવેલો

ફોટો તથા બેક ગ્રાઉન્ડ જોતા આ ફોટો તેમના સ્ટુડિયોમાં પાડેલો હતો તેવુ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પોલીસ ફોર્મ કયાંથી લાવી અને કયારે લાવી તેની માહિતી નથી તે કબૂલ કરે છે. ફોર્મ મે જોયુ છે તે બાબતે ફોર્મ ઉપર સહી કરેલી નથી તે કબૂલ કરે છે. સ્ટેપ્લરથી બીજી કોઈપણ વ્યકિતનો ફોટો લગાવી શકાય તે કબૂલ કરે છે. ફોટામાં જે બેક ગ્રાઉન્ડ હતુ તે કપડાનુ હતુ અને આવા કપડા બજારમાં મળી શકે છે. ફોર્મ ઉપરના ફોટો સિવાય બીજા ફોટા બતાવેલા નહીં તે કબૂલ કરે છે . પોલીસને જે બીલ બતાવેલુ તે પોલીસ લઈ ગયેલી નહીં તે કબૂલ કરે છે. બીલ કઈ તારીખનું હતુ તે યાદ નથી. ફોટામાં જે બેક ગ્રાઉન્ડ છે તેવુ બેક ગ્રાઉન્ડ રાખતા નથી તો તે હકીકત નકારી છે. આ ફોટો પોતાના સ્ટુડીયોમાં પડાવેલો નથી તો તે હકીકત પણ નકારી છે. આ ફોટો પોતાના સ્ટુડીયોમાં પડાવેલો હોવાનું પોલીસના કહેવાથી જણાવે છે તે કબૂલ કરે છે. કેમેરો તથા નેગેટીવ પોલીસને સોંપેલી નહીં તે કબૂલ કરે છે. નેગેટીવ સ્ટુડીયોમાં રાખવી પડે તો તે હકીકત નકારે છે. નેગેટીવ ગ્રાહકને આપી દીધેલાની વાત ખોટી જણાવે છે તો તે હકીકત નકારે છે. પોલીસના કહેવાથી અને દબાણથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ સૈયદવાડી વટવા ખાતે આવેલા મનન કોમ્પ્લેક્ષમાં દુકાન નં.એ–૧૪ માં તક્ષીલ ગાર્ડન સ્ટુડીયોના નામે સ્ટુડીયો ધરાવી ફોટા પાડવાનો ધંધો કરે છે. આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયા પોતે સ્વીમીંગ શીખવા માટે સ્વીમીંગ પુલનું ફોર્મનુ ભરેલુ અને તે ફોર્મ ઉપર ફોટો ચોટાડવાનો હતો જેથી આ સાહેદના સ્ટુડીયો ઉપર તે ગયેલો અને ફોટો પડાવેલો હતો.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે મહંમદ ઈબ્રાહીમ મહંમદ અફઝલ શેખને સાહેદ નં.૯૨૮ તરીકે આંક–૬૫૮૬ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ સને–૨૦૦૮ના વર્ષમાં તેઓ અલમહમદી સોસાયટી, બેરલ માર્કેટ પાસે આવેલી ત્યાં મકાન નં.૨૮ માં રહેતા હતા. સને–૨૦૦૮ ની

સાલમાં તેઓ અલમહમદી સોસાયટીમાં બધાને પાણી આપતા હતા. આ સાહેદના એક સંબંધી આરીફભાઇ દલાલીનો ધંધો કરતા અને તે તેમની પાસે આવેલાં અને કહેલુ કે, તમારે અહીંયા કોઇ મકાન ખાલી છે? તો "હા" કહેલ. આ સાહેદે મકાન માલિકનું નામ કુખરાજબાનુ જણાવેલું. ત્યારે આ સાહેદને સાથે ચાલો અને મેળવી આપો તેવુ આરીફભાઈએ કહેલુ. જેથી આરીફભાઈની સાથે એક બીજા કયામુદ્દીન કાપડીયા પણ હતાં. આ બંનેને એટલે કે આરીફભાઇ અને કયામુદ્દીનને લઇને આ સાહેદ કુખરાજબાનુને ઘેર ગયેલા. કુજરાજબાનુએ મકાનની ડીપોઝીટ પેટે રૂા.૩૦,૦૦૦/– કહેલાં અને પછી રૂા.૨૫,૦૦૦/– ડિપોઝીટ પેટે નક્કી કરેલ. આ ડિપોઝીટ અલમહમદી સોસાયટીના મકાન નં.૧૦ માટે નકકી કરેલી અને માસિક રૂા.૨,૫૦૦/– ભાડુ નક્કી કરેલું. ત્યારબાદ તે લોકોએ તે અંગેનું લખાણ કરેલુ. આ મકાન કયામુદ્દીન કાપડીયાએ ભાડે રાખેલું. ત્યારબાદ આ સાહેદ આ મકાન ઉપર દરરોજ પાણી આપવા માટે જતા હતા. આ પાણી તેમની સોસાયટીનો બોર હતો તેમાંથી પાઇપ લગાવીને આખી સોસાયટીને પાણી આપતા હતા. આ કયામુદ્દીન કાપડીયા એ તે વખતે ઝભ્ભો–લેંઘો પહેરેલો અને તે ખૂબસૂરત હતો અને માથાના વાળ સીધા હતા અને શરીરે જાડો બાંધાવાળો હતો. સાહેદને અમદાવાદ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીઓને વીડિયો કોન્ફરન્સ ટી.વી. સ્ક્રીન થકી ચાર ચારની સંખ્યામાં અને ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીને વીડિયો કોન્ફરન્સ ટી.વી. સ્ક્રીન થકી ત્રણ–ત્રણની સંખ્યામાં બતાવવામાં આવતા સાહેદ આરોપીને ઓળખી શકતા નથી અને જણાવેલ છે કે બનાવને આઠ–નવ વર્ષ થઇ ગયા છે અને જે માણસો બતાવ્યા તે આખા ચેન્જ થઇ ગયેલાં લાગે છે માટે ઓળખી શકે નહીં તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદે ૨૦૦૬ ની સાલમા બાયપાસ સર્જરી કરાવેલી હતી ત્યારીથી પોતે બેસી રહે છે તે કબૂલ કરે છે. આ સાહેદની સોસાયટી રેયાના પાર્ક, અલમહમદી સોસાયટીની બાજુમાં આવેલી છે. આરીફભાઈ જે માણસને લઈને આવેલા તેનુ નામ કયામુદ્દીન હતુ તે

પોલીસને જણાવેલુ નહીં તો તે હકીકત નકારેલી છે. જેથી એવુ કહી શકાય કે આરીફભાઈ જે માણસને લઈને આવેલા તેનુ નામ કયામુદ્દીન હતુ તે જાણતા હતા અને આ સાહેદે પોલીસને જણાવેલુ હતુ. પોલીસની પુછપરછ દરમ્યાન કયારેય કયામુદ્દીનનું નામ આપેલુ નથી તો તે હકીકત નકારી છે. કયામુદ્દીનની ઓળખ પરેડ કરાવેલી નથી તે કબૂલ કરે છે. કયામુદ્દીન લેંઘો અને ઝભ્ભો પહેરીને આવેલો તે પોલીસને લખાવેલુ નથી તે કબૂલ કરે છે. સોસાયટીમાં પાણી આપવાનું કામ કરે છે તે હકીકત પોલીસને જણાવેલી નહીં તો તે હકીકત નકારે છે. આરીફભાઈ કોઈ વ્યકિતને લઈને આવેલા નહીં તો તે હકીકત પણ નકારી છે. આ સાહેદની હાજરીમાં મકાન ભાડે રાખવાની વાત થયેલી નથી તો તે હકીકત પણ નકારે છે. સને–૨૦૦૮ થી ૨૦૧૦ ની સાલ દરમ્યાન પોલીસે ભાડાવાળા મકાનનું કોઈ પંચનામુ આ સાહેદની હાજરીમાં કરેલુ કે કેમ તે યાદ નથી. પોલીસ મકાન બાબતે પુછપરછ કરવા આવતી હતી કે કેમ તેની ખબર નથી. કયામુદ્દીનને લઈને આરીફભાઈ આવેલા ન હતા તો તે હકીકત નકારી છે. આરીફભાઈ કયા દિવસે આવેલા તે યાદ નથી. આરીફભાઈ આ સાહેદ પાસે આવ્યા તે પહેલા ૧૫–૨૦ દિવસ અગાઉ કુખરાજબાનુ સાથે વાતચીત થયેલી હતી. સોસાયટીમાં પાણી આપવાની સેવા આપતા નથી તો તે હકીકત નકારી છે. આ સાહેદ થકી કોઈને પણ ભાડે મકાન અપાયેલ નથી તો તે હકીકત નકારી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ દાણીલીમડા ખાતે આવેલ અલમહમદી સોસાયટીના મકાન નં.૨૮ મા રહેતા હતા અને સોસાયટીમાં પાણી ચાલુ બંધ કરવાનુ કામ કરતા હતા. અલમહમદી સોસાયટીમાં મકાન નં.૧૦ કે જે કુખરાજબાનુ મહમદયાકુબ શેખની માલીકીનું હતુ તેને ભાડે આપવાનું હતુ માટે દલાલીનો ધંધો કરતા આરીફભાઈ આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયાને લઈને આ સાહેદ પાસે આવેલા અને આ સાહેદ બંનેને લઈને મકાન માલીક કુખરાજબાનુ પાસે ગયેલા અને મકાન ડીપોઝીટ પેટે રૂા. ૨૫૦૦૦/– તથા માસીક ભાડુ રૂા.૨૫૦૦/– નક્કી કરી મકાન નં.૧૦ આરોપી

નં.૩૭ નાઓએ ભાડે રાખેલુ હતુ. આ હકીકતને સાહેદ આરીફભાઈ તથા કુખરાજબાનુ સમર્થન કરે છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે મહંમદઅમીન ઉર્ફે મહંમદ સલીમ મહંમદ લતીફ શેખને સાહેદ નં.૯૩૯ તરીકે આંક–૬૬૧૯ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ સને–૨૦૦૮ના વર્ષમાં તેઓ ઉજમાનગર અલહબીબ પાર્ક સોસાયટી સામે ચાની કીટલી ચલાવતા હતા અને ચાની કીટલી ઉપર ગુટખા તથા થોડો ઘણો નાસ્તો પણ સાથે રાખતા હતા. તા.૨૦/૯/ ૨૦૦૮ ના રોજ પોલિસ આ સાહેદની ચાની કીટલી ઉપર આવેલી. પોલિસે એવુ પુછેલુ કે તમારી પાસે કોઇ માણસ ભાડે મકાન લેવા આવેલાં હતાં? તો સાહેબને હા કહેલું, તે આવેલા હતાં અને લગભગ સાતમો મહિનો હતો અને બે વ્યકિત હતાં. આ બે વ્યકિતઓ તેમની પાસે આવીને ચા માંગેલી અને ચા આપેલી અને ત્યારપછી આ સાહેદ દુકાનમાં ગયેલો. તે બંને લોકોએ ચા પી લીધેલી અને પાંચ–દસ મિનિટ સુધી તેઓ બેસેલાં અને ત્યારપછી તે લોકોએ સીગારેટ માંગેલી. આ લોકો સીગારેટ પીને પાંચ મિનિટ બેઠેલાં તે દરમ્યાન આ સાહેદ અંદર જતા રહેલા તો આ લોકોએ આ સાહેદને પાછો બોલાવેલો અને કહેલું કે, અહીંયા કોઇ ભાડે મકાન મળે છે? તો આ સાહેદે તે લોકોને કહેલું કે બાજુમાં આરીફભાઇ છે જે મુન્નાભાઇ સરફરાજભાઇની ઑફિસમાં નોકરી કરે છે તો તે મકાનની નાની–નાની દલાલી પણ કરે છે. આ સાહેદે બંનેને સામે બેઠેલાં ભાઇને ઇશારો કરી બતાવેલાં અને કહેલું કે તે બેઠા છે તેમને તમે મળી લો. ત્યારપછી આ કોઇ ઇબ્રાહિમભાઇએ આ લોકોને મકાન ભાડે અપાવેલાનું પોલીસ દ્વારા જાણવા મળેલું. બે ભાઇઓ જે હતાં તે પૈકીનો એક ગોરા જેવો હતો અને એક થોડો શ્યામ (મિડિયમ) હતો. એક પાંચ ફુટ જેટલી ઉંચાઇનો હતો અને બીજો સાડા પાંચ ફુટની ઉંચાઇનો હતો.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઇએ તો આ સાહેદ ભણેલા નથી, અંગ્રેજી મહિના અને તારીખમાં ખબર પડે નહીં તેમ જણાવે છે. કઈ તારીખે કઈ ઘટના બનેલી તે કહી શકે નહીં. ચાની લારી ચલાવતા હતા ત્યારે ઘણા લોકો

ચાની લારી ઉપર આવતા હતા તે કબૂલ કરે છે. કઈ સાલમાં કોણ આવેલુ તેનુ વર્ણન આપી શકે નહીં. પોલીસે આવીને પુછપરછ કરી ત્યારે કોઈ આરોપીને લઈ આવેલી નહીં. બંને માણસોએ આ સાહેદને ત્યાં ચા પીધી ત્યારપછી કયારેય જોયેલા નથી. આ લોકો સોસાયટીમાં ગયા કોને મળ્યા અને મકાન ભાડે રાખેલુ કે કેમ તેની માહિતી નથી. ઘણા બધા ગ્રાહક એવા હતા કે ચા પીધા પછી ૫–૧૦ મિનિટ બેસતા તો તે હકીકત નકારી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ ઉજમાનગર અલહબીબ પાર્ક સોસાયટી પાસે ચાની કીટલી ધરાવી ધંધો કરે છે. તા.૨૦.૯.૨૦૦૮ ના રોજ પોલીસ આ સાહેદ પાસે ચાની કીટલી ઉપર આવેલી અને પુછેલુ કે તમારી પાસે કોઈ માણસ મકાન ભાડે લેવા આવેલો હતો ? તો આ સાહેદે હા કહેલુ અને એમ પણ કહેલુ કે લગભગ સાતમો મહિનો હતો અને બે વ્યકિત આવેલા. તે બંનેએ ચા પીધેલી અને સીગરેટ માંગેલી. ત્યારબાદ તે લોકોએ આ સાહેદને બોલાવેલા અને કહેલુ કે અહીંયા કોઈ મકાન ભાડે મળે છે ? તો આ સાહેદે આરીફભાઈનુ નામ આપેલુ અને જણાવેલુ કે તે આરીફભાઈ મકાનની દલાલીનું કામ કરે છે. જેથી બંને જણાઓને ઈશારો કરી આરીફભાઈને મેળવી આપેલા.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે મહંમદયુનુશ સુલેમાનભાઈ ચાવલવાલાને સાહેદ નં.૯૪૨ તરીકે આંક–૬૬૨૫ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ વડોદરા મુકામે ફરાસખાનું તથા ઝેરોક્ષને લગતું કામકાજ કરે છે. ફરાસખાનાનો ધંધો એટલે લગ્ન પ્રસંગે કે અન્ય પ્રસંગે બાંધવામાં આવતો મંડપ તથા તેને લગતો સામાન. આ સાહેદ "મિલન ફરાસખાના" ના નામથી ધંધો કરે છે. વધુમાં સાહેદ જણાવે છે કે પોલીસ તેમની પાસે તા.૨૭/૮/૨૦૦૮ ના રોજ આવેલી અને ધંધા બાબતે પુછેલું. કયામુદ્દીન કરીને એક ભાઈ હતા તે પણ રબ્બર સ્ટેમ્પનો ધંધો કરતાં હતાં અને આ સાહેદ ઝેરોક્ષનો ધંધો કરતાં હતાં અને તે કયામુદ્દીન આ સાહેદ પાસે તંબુ લેવા આવ્યા હતાં અને આ સાહેદે ના પાડેલી પરંતુ તેણે વિનંતીઓ કરવાથી તેને ૭ થી ૮

જેટલા બમ્બુઓ આપેલાં અને તેની પાસેથી રૂા.૭૦/– એક દિવસનું ભાડુ લીધેલું અને તે બમ્બુ ભાડાની રીક્ષામાં ભરીને લઇ ગયેલો અને બીજા દિવસે પાંચ–છ વાગ્યે તે બમ્બુ પાછા આપી ગયેલાં. આ કયામુદ્દીન રબ્બર સ્ટેમ્પનો ધંધો ક્યાં કરતો હતો તેનો બહુ ખ્યાલ નથી અને તેની અટક શું હતી તે ખ્યાલ નથી. આ સાહેદ કયામુદ્દીનને તે વખતે બે–ત્રણ વર્ષથી ઓળખતા હતા. સાહેદને અમદાવાદ સેન્ટ્રીલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીઓને વીડિયો કોન્ફરન્સ ટી.વી. સ્ક્રીન થકી ચાર–ચારની સંખ્યામાં અને ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીને વીડિયો કોન્ફરન્સ ટી.વી. સ્ક્રીન થકી ત્રણ ત્રણની સંખ્યામાં બતાવવામાં આવતા સાહેદ આરોપીને ઓળખી શકતા નથી અને જણાવે છે કે જે તે સમયે કયામુદ્દીનને દાઢી–મુછ ન હતી. જ્યારે અત્યારે જે માણસોને જોયા તે મોટાભાગે બધા દાઢી–મુછ વાળા છે એટલા માટે ઓળખી શકતા નથી તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો કયામુદ્દીન કેવો દેખાતો હતો તે પોલીસને જણાવેલુ નહીં તે કબૂલ કરે છે. કયામુદ્દીનની આ સાહેદ રૂબરૂ ઓળખ પરેડ કરાવેલી નથી. પોલીસના કહેવાથી અને સમજાવવાથી ખોટી જુબાન આપતા હોવાની હકીકત નકારી છે.

આમ આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ વડોદરા મુકામે મંડપને લગતા સામાનનો ધંધો કરે છે અને આરોપી નં.૩૭ તેઓની પાસેથી ૭–૮ જેટલા બંબુ રૂા.૭૦/– ના ભાડાથી લઈ ગયેલ અને તે બમ્બુ બીજા દિવસે પાછા આપી ગયેલો. આરોપી નં.૩૭ કયામુદ્દીનને તેઓ ૨–૩ વર્ષથી ઓળખતા હતા તેમ જણાવે છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે સુનીલ રામેશ્વર અગ્રવાલને સાહેદ નં.૯૬૯ તરીકે આંક–૬૭૮૯ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ હોટલ કમલેશ્વરના નામથી ૨૫ વર્ષથી હોટલ ચલાવે છે. તેમની હોટલ ગણેશ પેઠ, દુધભઠ્ઠી, પુના ખાતે આવેલ છે અને સને–૨૦૦૮ ના સાલમાં તેમની હોટલમાં મેનેજર તરીકે સતીષ પરદેશી તથા મારૂતી ચૌહાણ

નામના માણસો હતા અને હોટલમાં કુલ–૧૭ રૂમો આવેલા છે. સાહેદ વધુમાં જણાવે છે કે તા.૨૧–૧૨–૨૦૦૮ ના રોજ પોલીસ આ સાહેદ પાસે આવેલી અને જણાવેલું કે અમદાવાદ બ્લાસ્ટ કેસના શંકાસ્પદ માણસો આ સાહેદને ત્યાં આવીને રોકાયેલા હતા તે બાબતે પુછેલું. આ માણસો ઓક્ટોબર–૨૦૦૮માં રોકાયેલા હતા તેમ જણાવેલું. તે વખતે તેમના મેનેજર રજા ઉપર હતા જેથી પોલીસને કહેલું કે રજીસ્ટર જોઈને જણાવી શકું. ત્યારબાદ આ સાહેદે તેમની હોટલનું ઓક્ટોબર મહિનાનું રજીસ્ટર ચેક કરેલું અને પોલીસે જણાવેલું હતું કે, સમીર આઈ. કીરાનીના નામથી માણસ રોકાયેલો હતો. ઓક્ટોબર મહિનાનું રજીસ્ટર જોયું તો તા.૧૯–૧૦–૨૦૦૮ ના રોજની એક એન્ટ્રી પડેલી હતી અને તે એન્ટ્રી સાહેબને બતાવેલી. સાહેબે પુછેલું કે આ એન્ટ્રી કોણે કરેલી છે તો જણાવેલું કે તેમને ત્યાં મુખ્યત્વે ગ્રાહક જ એન્ટ્રી કરે છે અને એવું પણ કહેલું કે, તેમના મેનેજરને વધારે ખ્યાલ આવશે. ત્યારબાદ પોલીસને રજીસ્ટરની એન્ટ્રીની ઝેરોક્ષ કાઢીને આપેલી. સાહેદને સેશન્સ કેસ નં.૩૩૪/૨૦૦૯ ના મુદ્દામાલ લીસ્ટ જે આંક–૩૨૦૩ના અનુક્રમ નં.૨૭ ની વિગતવાળા રજીસ્ટરની એન્ટ્રી નં.૯૬૧ કે જે સમીર આઈ. કીરાની લખેલ તે ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો ગણેશ પેઠ એરીયામાં ઘણી બધી હોટલો આવેલી છે તે કબૂલ કરે છે. તા.૨૧.૧૨.૨૦૦૮ ના રોજ પુના ક્રાઈમ બ્રાન્ચની ઓફિસે બોલાવી નિવેદન લીધેલાનું કબૂલ કરે છે. આ સાહેદની હોટલમાં સમરી આઈ. કીરાની નામનો માણસ ઉતરેલો તે પોલીસને જણાવેલુ તે કબૂલ કરે છે. ક્રાઈમ બ્રાન્ચની ઑફિસમાં એક આરોપી હતો અને તે બતાવેલો. પોલીસે કહેલુ કે આ સમીર આઈ. કીરાની છે તો તે કબૂલ કરે છે. પોલીસ આ સાહેદ પાસે આવી ત્યારે રજીસ્ટર પુરેપુરૂ લખાય ગયેલુ હતુ તો તે કબૂલ કરે છે. ક્રાઈમ બ્રાન્ચની ઓફિસે રજીસ્ટર લઈને ગયેલા અને તેમાથી ઝેરોક્ષ કાઢીને પોલીસને આપેલી તો તે કબૂલ કરે છે. પોલીસે રસીદ આપેલી કે કેમ તે યાદ નથી. પોલીસ પાસે ગયા નથી કે રજીસ્ટર સોપેલુ નથી તો તે હકીકત નકારી છે. રજીસ્ટરમાં કેટલા પાના છે તેની નોંધ કરવામાં આવતી નથી. રજીસ્ટર ગવર્મેન્ટ

ઓથોરીટી સમક્ષ ઈન્સ્પેકશન માટે આપતા નથી પરંતુ સાહેદ જણાવે છે કે પોલીસ આવે ત્યારે જોતી હોય છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ પુના ખાતે આવેલ હોટલ કમલેશ્વરના નામે હોટલનો ધંધો કરે છે. તા.૧૯.૧૦.૨૦૦૮ ના રોજ આ સાહેદની હોટલમાં આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયા સમીર આઈ. કીરાનીના નામે રોકાયેલો હતો અને તે માટે પોલીસ સમક્ષ જવાબ લખાવી હોટલ રજીસ્ટરના પાનાની ઝેરોક્ષ રજૂ કરેલ હતી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે સતીષ મણીરામ પરદેશીને સાહેદ નં.૯૭૦ તરીકે આંક–૬૭૯૦ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ સને–૨૦૦૮ ની સાલમાં આ સાહેદ હોટલ કમલેશ્વરમાં મેનેજર તરીકે નોકરી કરતા હતા. આ હોટલ કમલેશ્વર ૩૪૪, ગણેશ પેઠ, પુના ખાતે આવેલી હતી. હોટલના માલિક સુનીલ અગ્રવાલ હતા. આ સાહેદ પોસ્ટ ગ્રેજ્યુએટ સુધી ભણેલા છે. તેમની હોટલમાં તે વખતે કુલ–૪ લોકો નોકરી કરતા હતા તેમાં બે મેનેજર અને બે રૂમ બોય હતા. તેમની સાથે બીજા મેનેજર તરીકે મારૂતી ચૌહાણ નોકરી કરતા હતા.

સાહેદ વધુમાં જણાવે છે કે, સને–૨૦૦૮ની સાલમાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની ઓફિસે આવેલા અને સાથે હોટલનું રજીસ્ટર લઈને આવેલા હતા તે રજીસ્ટર સને–૨૦૦૮ ની સાલનું હતું. સાહેદને સેસન્સ કેસ નં.૩૩૪/૨૦૦૯ ના મુદ્દામાલ લીસ્ટનો આંક–૩૨૦૩ના અનુક્રમ નં.૨૭ની વિગતવાળું એક રજીસ્ટર જોઈને જણાવે છે કે તે તેમની હોટલ કમલેશ્વર પુનાનું રજીસ્ટર છે જે ક્રાઈમ બ્રાન્ચની ઑફિસમાં પોલીસની સામે રાખેલું. ત્યારબાદ પોલીસે બે પંચના માણસોને બોલાવી રજીસ્ટર જમા લીધેલું. આ રજીસ્ટરના પાના પૈકી સીરીયલ નં.૯૬૧ વાળી એન્ટ્રીવાળું પાનુ જોઈને જણાવે છે કે નામ, સરનામાના કોલમમાં સમીરભાઈ કિરાનીનું નામ લખેલું છે, બીજા કોલમમાં તેની ઉંમર તથા મોબાઈલ નંબર લખેલો છે, ત્રીજા કોલમમાં તા.૧૯–૧૦–૨૦૦૮ લખેલી છે જે ગ્રાહક હોટલમાં આવે ત્યારની લખવામાં આવતી હતી જે ગ્રાહક કલાક ૫–૪૫ એ.એમ.

વાગે હોટલમાં આવેલા તથા તેઓ ધંધાના હેતુ માટે આવેલાનું લખેલું છે. આ વિગતો આવનાર ગ્રાહકે લખેલી હતી. આ રજીસ્ટરમાં ડિપાર્ચર ટાઈમ, રૂમનો નંબર, કેટલા વ્યક્તિ છે તે, રોજના રૂપિયા તથા કુલ રૂપિયા જે થયેલા તેની વિગત તથા ડિપાર્ચર ટાઈમ તથા ડેટની વિગત લખેલી હતી તે આ સાહેદે લખેલી હતી. હવે જણાવે છે કે આવવાનો સમય જે ૫–૪૫ લખેલો છે તે પણ આ સાહેદે લખેલો હતો. ગ્રાહકે જે વિગતો લખેલી હતી તે પણ ઓળખી બતાવે છે અને છેલ્લી કોલમમાં ગ્રાહકે આ સાહેદની હાજરીમાં સહી કરેલી હતી.

સાહેદ વધુમાં જણાવે છે કે આ ગ્રાહકે તેમની હોટલમાંથી જ્યારે ચેક–આઉટ કર્યું ત્યારે તેઓ ફરજ ઉપર હતા. તા.૧૯–૧૦–૨૦૦૮ ના રોજ રાત્રીના આઠ વાગ્યાથી બીજા દિવસના સવારના આઠ વાગ્યા સુધી આ સાહેદની ફરજ હતી અને તે દિવસે રૂમ ફાળવેલો હતો અને ગ્રાહકના ચેક–આઉટ વખતે હાજર હતા. તે ગ્રાહકને જોયો ત્યારે તે કોલેજીયન છોકરા જેવો હતો. સાહેદને અમદાવાદ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીઓને વીડિયો કોન્ફરન્સ ટી.વી.સ્ક્રીન થકી ચાર–ચારની સંખ્યામાં અને ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીઓને વીડિયો કોન્ફરન્સ ટી.વી.સ્ક્રીન થકી ત્રણ–ત્રણની સંખ્યામાં બતાવવતા સાહેદ આરોપીને ઓળખી બતાવતા નથી અને જણાવે છે કે જે વ્યક્તિને તે વખતે જોયેલો તેવો કોઈ છોકરો આજે દેખાયો નથી.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પોલીસને રજીસ્ટર સોપ્યુ તે બાબતે કોઈ રસીદ પાવતી આપેલી નહીં. ડિસેમ્બર–૨૦૦૮ મા જ્યારે પોલીસે નિવેદન લીધુ ત્યારે પુના ખાતે રહેતા હતા અને કમલેશ્વર હોટલમાં નોકરી કરતા હતા. આ સાહેદના મોબાઈલ નંબરની જાણ હોટલના માલીક સુનીલ અગ્રવાલને હતી. તા.૨૭.૧૨.૨૦૦૮ ના રોજ પુનાથી લકઝરી બસમાં બેસીને અમદાવાદ આવેલા. પોલીસને નિવેદન આપ્યુ ત્યારે પોલીસે કોઈ સ્કેચ બનાવ્યો હોય તેવુ બનેલુ નહીં. સમીર આઈ. કીરાની નામનો વ્યક્તિ અમારી પાસે છે અને તમને બતાવીએ તેવુ પોલીસે કહેલુ નહીં. ઓળખ પરેડ માટે અમદાવાદ મુકામે કયારેય આવેલા નથી. રજીસ્ટરમાં કોઈ જગ્યાએ સહી કરેલ

નથી તો તે કબૂલ કરે છે. પોલીસે આ સાહેદના હસ્તાક્ષરના નમૂના મેળવેલા નથી. એન્ટ્રીમાં આ સાહેદના હસ્તાક્ષરો છે તેવુ પોલીસના કહેવાથી ખોટુ જણાવે છે તો તે હકીકત નકારી છે. આ સાહેદની હાજરીમાં સમીર આઈ. કીરાની નામનો વ્યકિત આવેલો નથી તો તે હકીકત નકારે છે. ગ્રાહકે જે પેમેન્ટ કરેલુ તેની કોઈ રસીદ આપેલી નહીં. ગ્રાહક પાસેથી રૂા.૬૦૦/– લીધેલા. રૂમ આપ્યો ત્યારે રૂા. ૪૦૦/– પૈકી ૧૦૦/– ડિપોઝીટ લીધેલી અને પાછળથી રૂા.૨૦૦/– લીધેલા. એન્ટ્રી નં.૩૪, ૬૩, ૯૨ કોરી છે અને એન્ટ્રી નં.૧૧૧ ખાલી નથી પરંતુ લખેલી છે તે કબૂલ કરે છે. ઘણી બધી એન્ટ્રીઓ આ રજીસ્ટરમાં ખાલી છે તે કબૂલ કરે છે. ખાલી એન્ટ્રીઓ એટલા માટે છોડેલી છે કે પાછળથી કોઈપણ એન્ટ્રી કરી શકાય. હોટલનું રજીસ્ટર ક્રમ મુજબ નિભાવેલુ નથી તો તે હકીકત નકારે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ પુના ખાતે આવેલ હોટલ કમલેશ્વરમાં મેનેજર તરીકે નોકરી કરતા હતા. તા.૧૯. ૧૦.૨૦૦૮ ના રોજ સમીર આઈ. કીરાનીના નામથી હોટલ રજીસ્ટરમાં એન્ટ્રી કરી આરોપી નં.૩૭ હોટલમાં રોકાયેલો હતો.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે કૌશીકકુમાર પુંજાલાલ વ્યાસને સાહેદ નં.૯૯૦ તરીકે આંક–૬૮૮૬ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ ગુજરાત યુનિવર્સિટીમાંથી બી.એસ.સી., એલ.એલ.બી. ની ઉપાધી પ્રાપ્ત કરેલી અને સને–૧૯૭૮થી ગુજરાત સરકારના હેન્ડ રાઈટીંગ એન્ડ ફોટોગ્રાફીક બ્યુરોમાં આસીસ્ટન્ટ એક્ઝામીનર ઓફ ક્વેશ્ચન્ડ ડોક્યુમેન્ટ તરીકે નિમણૂક પામેલા તથા આ સાહેદને હસ્તાક્ષરોની ઓળખ અંગેના વિજ્ઞાન અને તેને સંલગ્ન વિષયોને લગતી બે વર્ષની તાલીમ નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ક્રિમીનોલોજી એન્ડ ફોરેન્સીક સાયન્સ, ગૃહ મંત્રાલય, ભારત સરકાર, નવી દિલ્હી ખાતે મળેલ અને સદર તાલીમના અંતે પરીક્ષા લેવાયેલી જેમાં મેં ૭૦% થી વધુ ગૂણાંક સાથે ડિપ્લોમા ઈન ડોક્યુમેન્ટ એક્ઝામીનેશન મેળવેલ.

સાહેદ વધુમાં જણાવે છે કે તેઓએ હસ્તાક્ષરોની લગતી વિવિધ પ્રકારની ચકાસણી અંગેના કેસો તપાસ્યા છે અને ફરજ દરમિયાન આશરે અસંખ્ય દસ્તાવેજો તપાસી તેની ઉપર અભિપ્રાય આપેલ છે. અનેક નામદાર કોર્ટોમાં નિષ્ણાંત તરીકે જુબાની આપેલ છે. તેઓને ગુજરાત પોલીસ તરફથી મળતાં હસ્તાક્ષરો અંગેના વિવિધ સરકારી કચેરી તરફથી મળતાં કેસો, બોર્ડ નિગમોમાંથી મળતાં કેસો, ડિપાર્ટમેન્ટલ ઈન્કવાયરીને લગતા કેસો, સી.બી.આઈ.ના કેસો વિગેરે કેસો તપાસેલા છે અને તેની ઉપર અભિપ્રાય આપેલ છે.

સાહેદે વધુમાં જણાવેલ છે કે મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૪/૨૦૦૮ ના કામે નાયબ પોલીસ કમિશનર, ક્રાઈમ બ્રાન્ચ, અમદાવાદ શહેરના પત્ર ક્રમાંક જી/૭૨૫ નાપોકમિ/જા.નં.૭૯૩/૦૮/ તા. ૧૨/૧૨/૨૦૦૮ વાળા ફોરવર્ડીંગ લેટર સાથે નાયબ પોલીસ અધીક્ષક તપાસ ટીમ ક્રાઈમ બ્રાન્ચનો રીપોર્ટ તથા તે રીપોર્ટમાં જણાવેલ દસ્તાવેજો મુખ્ય હસ્તાક્ષર નિષ્ણાંતશ્રી હેન્ડ રાઈટીંગ ફોટોગ્રાફીક બ્યુરોને ઉદ્દેશીને મોકલવામાં આવેલા જે પત્ર તથા તેની સાથેનો રીપોર્ટ, ચેક લીસ્ટ તથા મોકલવામાં આવેલ દસ્તાવેજો આ સાહેદ તરફ મોકલીને તેના અભિપ્રાય આપવા અંગેની કામગીરી વિભાગના વડાશ્રી આર.એન.ગુણાએ પોતાનો એન્ડોર્સમેન્ટ કરીને સોંપેલ.

સાહેદ વધુમાં જણાવે છે કે તેઓને સરખામણી હેતુસર મોકલવામાં આવેલ દસ્તાવેજોમાં તકરારી દસ્તાવેજ તરીકે શ્રીહરિ ટૂરીસ્ટ હોમ, માનાપટ્ટીપુરમ્બુ, કલુર, કોચીના રજીસ્ટરનું પાનું જેમાં આરોપી મહમદ સાજીદ ઉર્ફે સજ્જાદ ઉર્ફે સલીમ ઉર્ફે સાદ સ /ઓ ગુલામખ્વાજા મન્સુરીનાએ પોતાના હસ્તાક્ષરમાં સલીમ શેખ નામની એન્ટ્રી કરેલી તથા સહી કરેલી તેને તપાસ કરનાર અમલદાર તરફથી માર્ક/ડી ૧ માર્કીંગ આપેલ હતું. સદર મોકલવામાં આવેલ દસ્તાવેજોમાં નમૂનાના દસ્તાવેજો મળેલા જે એક કાગળમાં છ વખતે તેવી રીતે છ કાગળમાં કુલ–૩૬ વખત પંચો રૂબરૂ આરોપી મહમદ સાજીદ ઉર્ફે સજ્જાદ ઉર્ફે સલીમ ઉર્ફે સાદ સ /ઓ ગુલામખ્વાજા મન્સુરીએ જે પ્રમાણે શ્રી હરિ ટુરીસ્ટ હોમ, માનાપટ્ટીપુરમ્બુ, કલુર, કોચીના રજીસ્ટરના પાનામાં જેવી સહી તથા

એન્ટ્રી કરેલ તેવા નમૂનાઓ જેને એસ–૧ થી એસ–૬ આપેલા હતા. આ મોકલવામાં આવેલ દસ્તાવેજોમાં કુદરતી હસ્તાક્ષરો તરીકે આરોપી મહમદ સાજીદ ઉર્ફે સજ્જાદ ઉર્ફે સલીમ ઉર્ફે સાદ સ /ઓ ગુલામખ્વાજા મન્સુરીએ લીટીવાળા કાગળમાં અંગ્રેજીમાં લખાણ લખેલ જે બં પંચો રૂબરૂ લીધેલ છે. જેને માર્ક એન–૧ આપેલ હતા.

સાહેદ વધુમાં જણાવે છે કે, ઉપરોકત મળેલા તકરારી દસ્તાવેજ માર્ક ડી–૧ માંના અંગ્રેજી લખાણ તથા સહી કે જેને તપાસ કરનાર અમલદારે ભૂરી પેનથી માર્ક કરેલ હતું તે પૈકીના કોલમ નં.૧ થી ૬ ને આ સાહેદે લાલ કુંડાળું કરીને તેને માર્ક ડી–૧/૧ આપેલ અને ત્યાં એ.બી.કેસ નં.૪૪૪/૨૦૦૮ લખી આ સાહેદે તેમની ટૂંકી સહી કરેલી તથા આ જ તકરારી દસ્તાવેજ માર્ક–ડી–૧ ના છેલ્લા કોલમમાંની સહીને આ સાહેદે લાલ કુંડાળું કરી તેને માર્ક ડી–૧/૨ આપેલ અને ત્યાં ટૂંકી સહી કરેલી. સાહેદ આંક–૬૪૮૬ વાળો દસ્તાવેજમાં સલીમ શેખવાળી જે એન્ટ્રી છે તેમાં જે લાલ માર્ક કરેલ તેને માર્ક ડી–૧/૧ તથા ડી–૧/૨ આપેલ અને તેમાં સાહેદ પોતાની ટૂંકી સહી જે ઓળખી બતાવે છે. સાહેદ આંક–૬૪૮૭ ના પ્રથમ માર્ક એસ–૧ થી એસ–૬ ધરાવતા દસ્તાવેજોની તકરારી દસ્તાવેજો સાથે સરખામણી કરેલી અને આંક–૬૪૮૭ વાળા માર્ક એન–૧ લખેલ દસ્તાવેજમાં સાહેદ તેમની સહી ઓળખી બતાવે છે. સાહેદ આંક–૬૮૮૭ થી નાયબ પોલીસ કમિશનર, ક્રાઈમ બ્રાન્ચનો ફોરવર્ડીંગ પત્ર તથા તેની સાથેનો તપાસ કરનાર અમલદારનો અભિપ્રાય આપવા બાબતનો જે દસ્તાવેજો મોકલેલા તેની વિગતો સાથે તથા પ્રશ્નોત્તરીવાળો પત્ર તથા તેની સાથેનું ચેકલીસ્ટ રજૂ રાખેલ છે.

વધુમાં સાહેદ જણાવે છે કે, ત્યારબાદ તેઓએ ઉપરોકત જણાવેલ તકરારી દસ્તાવેજના લખાણ માર્ક ડી–૧/૧ અને તકરારી સહી માર્ક ડી–૧/૨ ને નમુનાના દસ્તાવેજ માર્ક એસ–૧ થી એસ–૬ અને કુદરતી દસ્તાવેજ માર્ક એન–૧ સાથે વિવિધ વૈજ્ઞાનિક ઉપકરણોની મદદ વડે ખુબ જ કાળજીપૂર્વકના અને તલસ્પર્શી પરીક્ષણ કરેલ. જેમાં તકરારી લખાણમાંના જુદા–જુદા અક્ષરોની

લાક્ષણીકતાઓનો અભ્યાસ કરેલો અને તકરારી દસ્તાવેજ માર્ક ડી–૧/૧ અને માર્ક ડી–૧/૨ સાથે નમૂનાના લખાણ તથા સહીઓની સરખામણી કરી એવા અભિપ્રાય ઉપર આવેલા કે જે વ્યક્તિએ સ્ટાન્ડર્ડ રાઈટીંગ અને સહીઓ માર્ક એસ–૧ થી એસ–૬ અને કુદરતી લખાણો માર્ક એન–૧ લખેલ છે તેજ વ્યક્તિએ લાલ કુંડાળું કરેલ તકરારી લખાણો અને સહી માર્ક ડી–૧/૧ અને માર્ક ડી–૧/૨ લખેલ છે. આવો અભિપ્રાય લેખિતમાં તા.૨૯–૧૨–૨૦૦૮ ના રોજ આપેલો. જે આંક–૬૮૮૮ વાળા અભિપ્રાયમાં સાહેદ પોતાની તથા આસીસ્ટન્ટ એક્ઝામીનર ઓફ ક્વેશ્ચન્ડ ડોક્યુમેન્ટ શ્રી વી.બી.ભરવાડની સહીઓ ઓળખી બતાવે છે. તેમજ આંક–૬૮૮૮ થી જે અભિપ્રાય આપેલો તે અભિપ્રાય આપવાના માટેના કારણોના દસ્તાવેજ આંક–૬૮૮૯ થી રજૂ રાખેલ છે જેમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. સાહેદે આપેલો અભિપ્રાય નાયબ નિયામકશ્રીએ ફોરવર્ડીંગ પત્ર સાથે નાયબ પોલીસ કમિશનર, ક્રાઈમ બ્રાન્ચ, અમદાવાદને મોકલી આપેલો જે ફોરવર્ડીંગ પત્ર આંક–૬૮૯૦ મા નાયબ નિયામક એમ.એસ. દહીયાની સહી ઓળખી બતાવે છે.

સાહેદ વધુમાં જણાવે છે કે સરખેજ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૧૮૧/૨૦૦૮ ના કામે નાયબ પોલીસ કમિશ્નર, ક્રાઈમ બ્રાન્ચ, અમદાવાદ શહેરના પત્ર ક્રમાંક જી/૭૨૫ નાપોકમિ/જા.નં.૭૯૬/૦૮/ તા.૧૫–૨–૨૦૦૮ વાળા ફોરવર્ડીંગ લેટર સાથે નાયબ પોલીસ અધીક્ષક તપાસ ટીમ ક્રાઈમ બ્રાન્ચનો રીપોર્ટ તથા તે રીપોર્ટમાં જણાવેલ દસ્તાવેજો મુખ્ય હસ્તાક્ષર નિષ્ણાંતશ્રી હેન્ડ રાઈટીંગ ફોટોગ્રાફીક બ્યુરોને ઉદ્દેશીને મોકલાવેલ જે પત્ર તથા તેની સાથેનો રીપોર્ટ, ચેક લીસ્ટ તથા મોકલવામાં આવેલ દસ્તાવેજો આ સાહેદ તરફે મોકલીને તેના અભિપ્રાય આપવા અંગેની કામગીરી તેમના વિભાગના વડાશ્રી આર.એન.ગુણાએ પોતાનું એન્ડોર્સમેન્ટ કરીને સોંપેલા. આ સાહેદને સરખામણી હેતુસર મોકલવામાં આવેલ દસ્તાવેજોમાં (૧)હોટલ હરિ મંગલાના રજીસ્ટરનું પાનુ કે જેમાં આરોપી ફજલે રહેમાન ઉર્ફે સલ્લાઉદ્દીન સ/ઓ મુસદ્દીકખાન દુરાનીનાએ પોતાના હસ્તાક્ષરમાં એસ.કે.રફીકના નામની એન્ટ્રી

તથા સહી કરેલ કે જેને તપાસ કરનાર અમલદાર તરફથી માર્ક ડી–૧ આપવામાં આવેલ હતો તથા (૨)હોટલ રેવનના રજીસ્ટરનું પાનુ જેમાં આરોપી ફજલે રહેમાન ઉર્ફે સલ્લાઉદ્દીન સ/ઓ મુસદ્દીકખાન દુરાનીનાએ પોતાના હસ્તાક્ષરમાં રફીક એસ.કે. ના નામની એન્ટ્રી તથા સહી કરેલ કે જેને તપાસ કરનાર અમલદાર તરફથી માર્ક ડી–૨ આપવામાં આવેલો હતો તથા (૩)નર્મદા ગેસ્ટ હાઉસના રજીસ્ટરનું પાનુ જેમાં આરોપી ફજલે રહેમાન ઉર્ફે સલ્લાઉદ્દીન સ/ઓ મુસદ્દીકખાન દુરાનીનાએ પોતાના હસ્તાક્ષરમાં રફીક હબીબ શેખના નામથી રોકાયેલા અને સહી કરેલી કે જેને તપાસ કરનાર અમલદાર તરફથી માર્ક ડી–૩ આપવામાં આવેલો હતો.

સાહેદ વધુમાં જણાવે છે કે તેઓને નમુનાના દસ્તાવેજો જે મળેલા તેમાં (૧) માર્ક એસ–૧ થી એસ–૬ કે જે હોટલ હરિ મંગલાના રજીસ્ટરમાં આરોપી આરોપી ફજલે રહેમાન ઉર્ફે સલ્લાઉદ્દીન સ/ઓ મુસદ્દીકખાન દુરાનીનાએ જે પ્રમાણે એન્ટ્રી તથા સહી કરેલી તે પ્રમાણેના નમૂના એક કાગળમાં છ વખત તે પ્રમાણે છ કાગળમાં કુલ–૩૬ વખત પંચો રૂબરૂ લીધેલા હતા તે તથા (૨) માર્ક એસ–૭ થી એસ–૧૨ કે જે હોટલ રેવનના રજીસ્ટરમાં આરોપી આરોપી ફજલે રહેમાન ઉર્ફે સલ્લાઉદ્દીન સ/ઓ મુસદ્દીકખાન દુરાનીનાએ જે પ્રમાણે એન્ટ્રી તથા સહી કરેલી તે પ્રમાણેના નમૂના એક કાગળમાં છ વખત તે પ્રમાણે છ કાગળમાં કુલ–૩૬ વખત પંચો રૂબરૂ લીધેલા હતા તે તથા (૩) માર્ક એસ–૧૩ થી એસ–૧૮ કે જે હોટલ નર્મદા ગેસ્ટ હાઉસના રજીસ્ટરમાં આરોપી આરોપી ફજલે રહેમાન ઉર્ફે સલ્લાઉદ્દીન સ/ઓ મુસદ્દીકખાન દુરાનીનાએ જે પ્રમાણે સહી કરેલ તે પ્રમાણેના નમૂના એક કાગળમાં છ વખતે તે પ્રમાણે છ કાગળમાં કુલ–૩૬ વખત પંચો રૂબરૂ લીધેલા હતા તેનો સમાવેશ થયેલ. તેમજ દસ્તાવેજમાં કુદરતી હસ્તાક્ષરના નમૂના તરીકે આરોપી ફજલે રહેમાન ઉર્ફે સલ્લાઉદ્દીન સ/ઓ મુસદ્દીકખાન દુરાનીનાએ લીટીવાળા કાગળમાં જે અંગ્રેજીમાં લખાણ લખેલ તે બે પંચો રૂબરૂ લીધેલ કે જેને માર્ક એન–૧ આપેલ હતો તે. સાહેદ વધુમાં જણાવે છે કે ઉપરોક્ત મળેલા હોટલ હરિ મંગલાનું રજીસ્ટર કે જેને તકરારી દસ્તાવેજ માર્ક

ડી–૧ તરીકે વર્ણવેલ તેમાંના કોલમ નં.૨ ના અંગ્રેજીમાં લખેલ એસ.કે.રફીક લખાણ કે જેને લાલ કુંડાળું કરેલ છે તેને તપાસણી દરમ્યાન માર્ક ડી–૧/૧ આપેલ અને ત્યાં ટૂંકી સહી કરેલી અને કચેરીનો કેસ નંબર લખેલ. તેજ રીતે આ માર્ક ડી–૧ માંના કોલમ નં.૭,૮ અને ૯ ના લખાણવાળા ભાગને કે જેને લાલ કુંડાળું કરેલ છે તેને તપાસણી દરમ્યાન માર્ક ડી–૧/૨ આપેલ ત્યાં કેસ નંબર લખેલ અને ટૂંકી સહી કરેલ. આ તકરારી દસ્તાવેજ માર્ક ડી–૧ ના અંગ્રેજીમાં સીગ્નેચર ઓફ વિઝીટર લખેલ કોલમ નં.૧૩ માંની સહી કે જેને ફરતે લાલ કુંડાળું કરેલ છે તે સીગ્નેચરવાળા ભાગને માર્ક ડી–૧/૩ આપેલ અને ત્યાં કેસ નંબર લખેલ અને ટૂંકી સહી કરેલ. આ માર્ક ડી/૧ કે જે આંક–૬૫૧૬ વાળા દસ્તાવેજ છે કે જે એન્ટ્રી સીરીયલ નં.૮૯૪૬ ઉપર છે તેના લાલ પેનથી માર્ક કરેલ ભાગમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

સાહેદ વધુમાં જણાવે છે કે ઉપરોક્ત મળેલા હોટલ રેવનનું રજીસ્ટર કે જેને તકરારી દસ્તાવેજ માર્ક–ડી/૨ તરીકે વર્ણવેલ તેમાંની એન્ટ્રી નં.૨૧૯ ધરાવતા કોલમ નં.૨ થી ૯ ના અંગ્રેજીમાં લખેલ લખાણ કે જે લખાણ રફીક એસ.કે. થી શરૂ થાય છે કે જેને લાલ કુંડાળું કરેલ છે તેને તપાસણી દરમ્યાન માર્ક ડી–૨/૧ આપેલ અને ત્યાં ટૂંકી સહી કરેલી અને કચેરીનો કેસ નંબર લખેલ. તેજ રીતે આ માર્ક ડી–૨ માંના વીઝીટર સીગ્નેચર લખેલ કોલમની સહી કે જેને ફરતે લાલ કુંડાળું કરેલ છે તે સીગ્નેચરવાળા ભાગને માર્ક ડી–૨/૨ આપેલ અને ત્યાં કેસ નંબર લખેલ અને ટૂંકી સહી કરેલ. આ માર્ક ડી–૨ કે જે આંક–૬૫૧૮ વાળો દસ્તાવેજ છે કે જે એન્ટ્રી સીરીયલ નં.૨૧૯ ઉપર છે તેના લાલ પેનથી માર્ક કરેલ જેમાં સાહેદ તેમની સહી ઓળખી બતાવે છે. તેમજ નર્મદા ગેસ્ટ હાઉસ રજીસ્ટર કે જેને તકરારી દસ્તાવેજ માર્ક ડી–૩ તરીકે વર્ણવેલ તેમાંની એન્ટ્રી નં.૯૬૬ ના સીગ્નેચર ઓફ વિઝીટર લખેલ કોલમની સહી કે જેને ફરતે લાલ કુંડાળું કરેલ છે તે સીગ્નેચરવાળા ભાગને માર્ક ડી–૩ આપેલ અને ત્યાં કેસ નંબર લખેલ અને ટૂંકી સહી કરેલ. આ માર્ક ડી–૩ કે જે આંક–૬૫૧૭ વાળો દસ્તાવેજ છે કે જે એન્ટ્રી સીરીયલ નં.૯૬૬ ઉપર છે તેના ઉપર લાલ પેનથી માર્ક કરેલ ભાગમાં સાહેદ

તેમની સહી ઓળખી બતાવે છે. સાહેદ વધુમાં જણાવે છે કે ઉપરોક્ત તકરારી દસ્તાવેજો સાથે ઉપર જણાવ્યા મુજબના નમૂનાઓના જે દસ્તાવેજો મળેલા હતા કે જે માર્ક એસ–૧ થી એસ–૬ ધરાવતા હતા તે પાનાઓ ઉપર અનુક્રમે એસ–૧ થી એસ–૬ માર્ક આપેલ હતા અને તે માર્ક આપતી વખતે ટૂંકી સહી કરેલ અને કેસ નંબર લખેલ. આંક–૬૫૨૫ પૈકીના માર્ક એસ–૧ થી એસ–૬ ધરાવતા દસ્તાવેજોમાં ટૂંકી સહી અને કેસ નંબર લખેલો. તેજ રીતે માર્ક એસ–૭ થી એસ–૧૨ ધરાવતા હતા તે પાનાઓ ઉપર અનુક્રમે એસ–૭ થી એસ–૧૨ માર્ક આપેલ હતા અને તે માર્ક આપતી વખતે ટૂંકી સહી કરેલ અને કેસ નંબર લખેલો. સાહેદ આંક–૬૫૨૫ પૈકીના માર્ક એસ–૭ થી એસ–૧૨ ધરાવતા દસ્તાવેજોમાં ટૂંકી સહી અને કેસ નંબર લખેલો. તેજ રીતે માર્ક એસ–૧૩ થી એસ–૧૮ ધરાવતા હતા તે પાનાઓ ઉપર અનુક્રમે એસ–૧૩ થી એસ–૧૮ માર્ક આપેલ હતા અને તે માર્ક આપતી વખતે ટૂંકી સહી કરેલ અને કેસ નંબર લખેલો. સાહેદને આંક–૬૫૨૫ પૈકીના માર્ક એસ–૧૩ થી એસ–૧૮ ધરાવતા દસ્તાવેજોમાં ટૂંકી સહી અને કેસ નંબર લખેલો. સાહેદે વધુમાં જણાવેલ છે કે તેમને જે સરખામણી માટે દસ્તાવેજો મળેલા તેની સાથે કુદરતી હસ્તાક્ષરના નમૂના મળેલા તેને માર્ક એન–૧ આપી ટૂંકી સહી કરી તેમાં કેસ નંબર લખેલ. તેમજ આંક–૬૫૨૫ પૈકીનો માર્ક એન–૧ ધરાવતા દસ્તાવેજને કેસ નંબર લખેલ તથા ટૂંકી સહી કરેલી જે સાહેદ ઓળખી બતાવે છે.

સાહેદ આંક–૬૮૯૨ થી તેઓને મળેલ નાયબ પોલીસ કમિશનર, ક્રાઈમ બ્રાન્ચનો ફોરવર્ડીંગ પત્ર તથા તેની સાથેનો તપાસ કરનાર અમલદારનો અભિપ્રાય આપવા બાબતનો જે દસ્તાવેજો મોકલેલા તેની વિગતો સાથે તથા પ્રશ્નોત્તરીવાળો પત્ર તથા તેની સાથેનું ચેકલીસ્ટ તથા ફોરવર્ડીંગ પત્ર ઉપર તેઓને કેસની ફાળવણી કરવામાં આવેલી તે બાબતેની શ્રી ગુણાની સહી ઓળખી બતાવે છે. વધુમાં સાહેદ જણાવે છે કે ત્યારબાદ ઉપરોક્ત જણાવેલ તકરારી દસ્તાવેજના લખાણ તથા સહીઓ માર્ક ડી–૧/૧ થી ડી–૧/૩, માર્ક ડી–૨/૧ અને માર્ક ડી–૩ ને નમૂનાના દસ્તાવેજ માર્ક એસ–૧ થી એસ–૧૮ અને કુદરતી દસ્તાવેજ

માર્ક એન–૧ સાથે અમોએ વિવિધ વૈજ્ઞાનિક ઉપકરણોની મદદ વડે ખૂબ જ કાળજીપૂર્વક અને તલસ્પર્શી પરીક્ષણ કરેલ. જેમાં તકરારી લખાણમાંના જુદા–જુદા અક્ષરોની લાક્ષણિકતાોનો અભ્યાસ કરેલો અને તકરારી દસ્તાવેજ માર્ક ડી–૧/૧ થી ડી–૧/૩, ડી–૨/૧, ડી–૨/૨ અને માર્ક ડી–૩ સાથે નમુનાના લખાણ તથા સહીઓની સરખામણી કરી એવા અભિપ્રાય ઉપર આવેલા કે, "જે વ્યક્તિએ સ્ટાન્ડર્ડ રાઈટીંગ અને સહીઓ માર્ક એસ –૧ થી એસ–૧૮ અને કુદરતી લખાણ માર્ક એન–૧ લખેલ છે તેજ વ્યક્તિએ લાલ કુંડાળું કરેલ તકરારી લખાણો અને સહીઓ માર્ક ડી–૧/૧ થી ડી–૧/૩, ડી–૨/૧, ડી–૨/૨ અને માર્ક ડી–૩ લખેલ છે." આવો અભિપ્રાય લેખિતમાં તા.૨૯–૧૨–૨૦૦૮ ના રોજ તૈયાર કરેલો. સદર આંક–૬૮૯૩ વાળા અભિપ્રાયમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે તેમજ આસીસ્ટન્ટ એક્ઝામીનર ઓફ ક્વેશ્ચન્ડ ડોક્યુમેન્ટ શ્રી વી.બી. ભરવાડની પણ સહી ઓળખી બતાવે છે. તેમજ આંક–૬૮૯૩ થી જે અભિપ્રાય આપેલો તે અભિપ્રાય આપવાના માટેના કારણોના દસ્તાવેજ આંક–૬૮૯૪ થી રજૂ રાખેલ છે જેમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. સાહેદે આપેલો અભિપ્રાય નાયબ નિયામકશ્રીએ ફોરવર્ડીંગ પત્ર સાથે નાયબ પોલીસ કમિશનર, ક્રાઈમ બ્રાન્ચ, અમદાવાદને મોકલી આપેલો જે ફોરવર્ડીંગ પત્ર આંક–૬૮૯૫ મા નાયબ નિયામકશ્રી એમ.એસ.દહીયાની સહી ઓળખી બતાવે છે.

વધુમાં સાહેદ જણાવે છે કે મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૫/૨૦૦૮ ના કામે નાયબ પોલીસ કમિશનર, ક્રાઈમ બ્રાન્ચ, અમદાવાદ શહેરના પત્ર ક્રમાંક જી/૭૨૫/નાપોકમિ/ક્રાઈમ/જા.નં.૨૧/૦૯/તા.૦૯/૧/૨૦૦૯ વાળા ફોરવર્ડીંગ લેટર સાથે નાયબ પોલીસ અધીક્ષક, તપાસ ટીમ ક્રાઈમ બ્રાન્ચનો રીપોર્ટ તથા તે રીપોર્ટમાં જણાવેલ દસ્તાવેજો, મુખ્ય હસ્તાક્ષર નિષ્ણાંતશ્રી હેન્ડ રાઈટીંગ ફોટોગ્રાફીક બ્યુરોને ઉદેશીને મોકલવામાં આવેલા જે પત્ર તથા તેની સાથેનો રીપોર્ટ ચેક લીસ્ટ તથા મોકલવામાં આવેલ દસ્તાવેજો આ સાહેદ તરફ મોકલીને તેના અભિપ્રાય આપવા અંગેની કામગીરી તેમના વિભાગના વડા શ્રી આર.એન.ગુણાએ પોતાનું એન્ડોર્સમેન્ટ કરીને

અભિપ્રાય આપવા અંગેની કામગીરી સોંપવામાં આવેલી. આ સાહેદને સરખામણી હેતુસર મોકલવામાં આવેલ દસ્તાવેજોમાં તકરારી દસ્તાવેજ તરીકે હોટલ કમલેશ્વરનું વીઝીટર રજીસ્ટર મોકલવામાં આવેલું જેના અનુક્રમ નં.૯૬૧ મા આરોપી કયામુદ્દીન સરકુદ્દીન કાપડીયાનાએ પોતાના હસ્તાક્ષરમાં સમીર આઈ કિરાની નામની એન્ટ્રી કરેલ છે તથા સહી કરેલ છે તેને તપાસ કરનાર અમલદાર તરફથી માર્ક ડી–૧ માર્કીંગ આપેલ હતું. આ મોકલવામાં આવેલ નમૂનાના દસ્તાવેજોમાં એક કાગળમાં છ વખત તેવી રીતે છ કાગળમાં કુલ–૩૬ વખત પંચો રૂબરૂ આરોપી કયામુદ્દીન સરકુદ્દીન કાપડીયાએ જે પ્રમાણે હોટલ કમલેશ્વરના રજીસ્ટરની એન્ટ્રી નં.૯૬૧ માં પોતના હસ્તાક્ષરમાં જે લખાણ લખેલ તથા સહી કરેલ તે પ્રમાણેના લખાણ તથા સહીના નમૂના હતા કે જેને એસ–૧ થી એસ–૬ આપેલા હતા. આ મોકલવામાં આવેલ દસ્તાવેજોમાં કુદરતી હસ્તાક્ષરો તરીકે આરોપી કયામુદ્દીન સરકુદ્દીન કાપડીયાએ લીટીવાળા કાગળમાં અંગ્રેજીમાં લખાણ લખેલ જે બે પંચો રૂબરૂ લીધેલ છે જેને માર્ક એન–૧ આપેલ હતા.

વધુમાં સાહેદ જણાવે છે કે ઉપરોક્ત મળેલા તકરારી દસ્તાવેજ માર્ક ડી–૧ ધરાવતા એન્ટ્રી નં.૯૬૧માં અંગ્રેજી લખાણ તથા સહી કે જેને તપાસ કરનાર અમલદારે માર્ક કરેલ હતું તે લખાણ પૈકી નામ અને એડ્રેસવાળા કોલમમાં અંગ્રેજીમાં સમીર આઈ કિરાની અને સરનામુ લખેલુ તે ભાગ, ઉંમર ૨૬ લખેલ તે ભાગ, ટેલિફોન લખેલ તે કોલમમાં લખેલ મોબાઈલ નંબર લખેલવાળો ભાગ, પર્પઝ વીઝીટના કોલમમાં લખેલ અંગ્રેજીમાં બિઝનેસ લખેલ ભાગને તથા સિગ્નેચરના કોલમમાં કરેલ સહીવાળા ભાગને આ સાહેદે લાલ માર્ક કરેલ અને તે ભાગોને માર્ક ડી–૧ આપેલ અને ત્યાં તેના બાજુમાં એ.બી.કેસ નંબર લખેલ અને ત્યાં ટૂંકી સહી કરેલી. તે રજીસ્ટરની એન્ટ્રી નં.૯૬૧ કે જેને આંક–૩૨૨૩ છે તેમા આ સાહેદની સહી છે તથા તકરારી એન્ટ્રી નમૂનાના દસ્તાવેજ તથા કુદરતી લખાણો સાથે તપાસણી કરેલ અને તેના ઉપરથી અભિપ્રાય આપેલ. વધુમાં સાહેદ જણાવે છે કે ઉપરોક્ત તકરારી દસ્તાવેજો સાથે જે નમૂનાના દસ્તાવેજો મોકલવામાં આવેલ કે જેને તપાસ કરનાર અમલદારે એસ–૧ થી એસ–૬ માર્ક

આપેલ તેને પરીક્ષણ દરમ્યાન માર્ક એસ–૧ થી એસ–૬ આપેલ હતા અને કેસ નંબર લખી ટૂંકી સહી કરેલ હતા. સાહેદ આંક–૬૪૨૯ વાળા જેના માર્ક એસ–૧ થી એસ–૬ ધરાવતા પાના જોઈને જણાવે છે કે તેમાં કાળી સહીથી જે એસ–૧ થી એસ–૬ માર્ક કરેલ છે તથા એ.બી. કેસ નંબર લખેલ છે તે આ સાહેદે લખેલ છે અને તેના બાજુમાં સહી કરેલ છે. આ દસ્તાવેજોની તકરારી દસ્તાવેજો સાથે સરખામણી કરેલી. આમ, ઉપરોક્ત જણાવેલ તકરારી દસ્તાવેજો સાથે જે કુદરતી હસ્તાક્ષરના નમુના મળેલા તેને એન–૧ માર્ક કરી એ.બી. કેસ નંબર લખી ટૂંકી સહી કરેલ અને આંક–૬૪૨૯ પૈકીનો માર્ક એન–૧ લખેલ દસ્તાવેજ જેને કાળી પેનથી એન–૧ લખી કેસ નંબર લખી સહી કરેલી જે ઓળખી બતાવે છે. આ સાહેદ આંક–૬૮૯૬ નાયબ પોલીસ કમિશનર, ક્રાઈમ બ્રાન્ચનો ફોરવર્ડીંગ પત્ર તથા તેની સાથેનો તપાસ કરનાર અમલદારનો અભિપ્રાય આપવા બાબતના જે દસ્તાવેજો મોકલેલા તેની વિગતો સાથે તથા પ્રશ્નોત્તરીવાળો પત્ર તથા ફોરવર્ડીંગ પત્ર ઉપર આ સાહેદને કેસની ફાળવણી કરવામાં આવેલી તે બાબતેની શ્રી ગુણાની સહી ઓળખી બતાવે છે.

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ ઉપરોક્ત જણાવેલ તકરારી દસ્તાવેજના લખાણ તથા સહી માર્ક ડી–૧ ને નમૂનાના દસ્તાવેજ માર્ક એસ–૧ થી એસ–૬ અને કુદરતી દસ્તાવેજ માર્ક એન–૧ સાથે વિવિધ વૈજ્ઞાનિક ઉપકરણોની મદદ વડે ખૂબ જ કાળજીપૂર્વકના અને તલસ્પર્શી પરીક્ષણ કરેલ. જેમાં તકરારી લખાણમાંના જુદા–જુદા અક્ષરોની લાક્ષણિકતાઓનો અભ્યાસ કરેલો અને તકરારી દસ્તાવેજ માર્ક ડી–૧ સાથે નમૂનાના લખાણ તથા સહીઓ તથા કુદરતી લખાણ સાથે સરખામણી કરી અમે એવા અભિપ્રાય ઉપર આવેલા કે "જે વ્યક્તિએ સ્ટાન્ડર્ડ રાઈટીંગ અને સહીઓ માર્ક એસ–૧ થી એસ–૬ અને કુદરતી લખાણો માર્ક એન–૧ લખેલ છે તેજ વ્યક્તિએ લાલ કુંડાળું કરેલ તકરારી લખાણો અને સહી માર્ક ડી–૧ લખેલ છે." આવો અભિપ્રાય લેખિતમાં તા.૨૧–૧–૨૦૦૯ ના રોજ તૈયાર કરેલો. સદર આંક–૬૮૯૭ વાળા અભિપ્રાયમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે તેમજ આસીસ્ટન્ટ એક્ઝામીનર ઓફ ક્વેશ્ચન્ડ

ડોક્યુમેન્ટ શ્રી વી.બી.ભરવાડની પણ સહી ઓળખી બતાવે છે. આંક–૬૮૯૭ થી જે અભિપ્રાય આપેલો તે અભિપ્રાય આપવાના માટેના કારણોનો દસ્તાવેજ આંક–૬૮૯૮ થી રજૂ રાખેલ છે જેમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. સાહેદે આપેલો અભિપ્રાય નાયબ નિયામકશ્રીએ ફોરવર્ડીંગ પત્ર સાથે નાયબ પોલીસ કમિશનર, ક્રાઈમ બ્રાન્ચ, અમદાવાદને મોકલી આપેલો જે ફોરવર્ડીંગ પત્ર આંક–૬૮૯૯ મા નાયબ નિયામકશ્રી એમ.એસ.દહીયાની સહી ઓળખી બતાવે છે.

સાહેદ વધુમાં જણાવે છે કે તેઓને મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૩/૦૮ ના કામે નાયબ પોલીસ કમિશનર, ક્રાઈમ બ્રાન્ચ, અમદાવાદ શહેરના પત્ર ક્રમાંક જી /૭૨૫/નાપોકમિ/જા.નં.૮૨૯/૦૮/ તા.૨૪/૧૨/૨૦૦૮ વાળા ફોરવર્ડીંગ લેટર સાથે નાયબ પોલીસ અધીક્ષક તપાસ ટીમ ક્રાઈમ બ્રાન્ચનો રીપોર્ટ તથા તે રીપોર્ટમાં જણાવેલ દસ્તાવેજો મુખ્ય હસ્તાક્ષર નિષ્ણાંતશ્રી હેન્ડ રાઈટીંગ ફોટોગ્રાફીક બ્યુરોને ઉદ્દેશીને મોકલવામાં આવેલા જે પત્ર તથા તેની સાથેનો રીપોર્ટ, ચેકલીસ્ટ તથા મોકલવામાં આવેલ દસ્તાવેજો આ સાહેદ તરફ મોકલીને તેના અભિપ્રાય આપવા અંગેની કામગીરી તેમના વિભાગના વડા શ્રી આર.એન.ગુણાએ પોતાનું એન્ડોર્સમેન્ટ કરીને સોંપેલ. આ સાહેદને સરખામણી હેતુસર મોકલવામાં આવેલ ઉપરોક્ત ગુના રજીસ્ટરના તકરારી દસ્તાવેજોમાં (૧) આઈડીયા કંપનીનું ફોટા સાથેનું ફોર્મ જેમાં મોબાઈલ નં.૯૭૧૪૫ ૫૨૮૯૯ તથા નામ નવીન મોહનભાઈ પટેલ લખેલ છે તે જ નામ, સરનામાવાળા ડ્રાઈવીંગ લાયસન્સની ઝેરોક્ષ જેમાં આરોપી કયામુદ્દીન ઉર્ફે રીઝવાન ઉર્ફે અસ્ફાક સ/ઓ સરફુદ્દીન કાપડીયાએ સહી કરેલ છે તે ફોર્મને માર્ક ડી–૧ આપેલ હતો તથા ડ્રાઈવીંગ લાયસન્સને માર્ક ડી–૨ આપેલ હતો તથા (૨)ભારતીય એરટેલ કંપનીનું ફોટા સાથેનું ફોર્મ જેમાં મોબાઈલ નં.૯૭૨૪૭ ૬૪૧૯૫ તથા નામ બંસલ અશોક હસમુખરાય લખેલ છે તથા તે જ નામ, સરનામાવાળા ડ્રાઈવીંગ લાયસન્સની ઝેરોક્ષ જેમાં આરોપી કયામુદ્દીન ઉર્ફે રીઝવાન ઉર્ફે અસ્ફાક સ/ઓ સરફુદ્દીન કાપડીયાએ સહી કરેલ છે તે ફોર્મને માર્ક

ડી–૩ આપેલ હતો તથા ડ્રાઈવીંગ લાયસન્સને માર્ક ડી–૪ આપેલ હતો તથા (૩) ભારતીય એરટેલ કંપનીનું ફોટા સાથેનું ફોર્મ જેમાં મોબાઈલ નં. ૯૭૨૪૭ ૬૪૧૯૬ તથા નામ દવે પ્રવિણ અશોકભાઈ લખેલ છે તથા તે જ નામ, સરનામાવાળા ડ્રાઈવીંગ લાયસન્સની ઝેરોક્ષ જેમાં આરોપી કયામુદ્દીન ઉર્ફે રીઝવાન ઉર્ફે અસ્ફાક સ/ઓ સરકુદ્દીન કાપડીયાએ સહી કરેલ છે તે ફોર્મને માર્ક ડી–૫ આપેલ હતો તથા ડ્રાઈવીંગ લાયસન્સને માર્ક ડી–૬ આપેલ હતો તથા (૪) વોડાફોન કંપનીનું ફોટા સાથેનું ફોર્મ જેમાં મોબાઈલ નં. ૯૭૧૨૩ ૮૧૧૫૮ તથા નામ અશોક નવીનભાઈ ગુજરાતી લખેલ છે તથા તે જ નામ, સરનામાવાળા ડ્રાઈવીંગ લાયસન્સની ઝેરોક્ષ જેમાં આરોપી કયામુદ્દીન ઉર્ફે રીઝવાન ઉર્ફે અસ્ફાક સ/ઓ સરકુદ્દીન કાપડીયાએ સહી કરેલ છે તે ફોર્મને માર્ક ડી–૭ આપેલ હતો તથા ડ્રાઈવીંગ લાયસન્સને માર્ક ડી–૮ આપેલ હતો તથા (૫) વોડાફોન કંપનીનું ફોટા સાથેનું ફોર્મ જેમાં મોબાઈલ નં. ૯૭૧૨૩ ૯૮૨૦૪ તથા નામ નવીનચંદ્ર ડાહ્યાભાઈ લખેલ છે તથા તે જ નામ, સરનામાવાળા ડ્રાઈવીંગ લાયસન્સની ઝેરોક્ષ જેમાં આરોપી કયામુદ્દીન ઉર્ફે રીઝવાન ઉર્ફે અસ્ફાક સ/ઓ સરકુદ્દીન કાપડીયાએ સહી કરેલ છે તે ફોર્મને માર્ક ડી–૯ આપેલ હતો તથા ડ્રાઈવીંગ લાયસન્સને માર્ક ડી–૧૦ આપેલ હતો.

આ સાહેદને ફોરવર્ડીંગ લેટર સાથે મોકલવામાં આવેલ દસ્તાવેજોમાં નમુનાના જે દસ્તાવેજો મળેલા તેમાં (૧) આઈડીયા કંપનીનું ફોટા સાથેનું ફોર્મ જેમાં મોબાઈલ નં.૯૭૧૪૫ ૫૨૮૯૯ તથા નામ નવીન મોહનભાઈ પટેલ લખેલ છે તેજ નામ, સરનામાવાળા ડ્રાઈવીંગ લાયસન્સની ઝેરોક્ષ જેમાં આરોપી કયામુદ્દીન ઉર્ફે રીઝવાન ઉર્ફે અસ્ફાક સ/ઓ સરકુદ્દીન કાપડીયાએ સહી કરેલ છે તે પ્રમાણેના નમુના જે એક કાગળમાં છ વખત તે પ્રમાણે છ કાગળમાં ૩૬ વખત પંચો રૂબરૂ લીધેલ તેને માર્ક એસ–૧ થી એસ–૬ આપેલો હતો તથા (૨) ભારતીય એરટેલ કંપનીનું ફોટા સાથેનું ફોર્મ જેમાં મોબાઈલ નં.૯૭૨૪૭ ૬૪૧૯૫ તથા નામ બંસલ અશોક હસમુખરાય લખેલ છે તથા તેજ નામ, સરનામાવાળા ડ્રાઈવીંગ લાયસન્સની ઝેરોક્ષ જેમાં આરોપી કયામુદ્દીન ઉર્ફે રીઝવાન ઉર્ફે અસ્ફાક

સ/ઓ સરફુદ્દીન કાપડીયાએ સહી કરેલ છે તે પ્રમાણેના નમૂના જે એક કાગળમાં છ વખત તે પ્રમાણે છ કાગળમાં ૩૬ વખત પંચો રૂબરૂ લીધેલ તેને માર્ક એસ–૭ થી એસ–૧૨ આપેલો હતો તથા (૩) ભારતીય એરટેલ કંપનીનું ફોટા સાથેનું ફોર્મ જેમાં મોબાઈલ નં.૯૭૨૪૭ ૬૪૧૯૬ તથા નામ દવે પ્રવિણ અશોકભાઈ લખેલ છે તથા તેજ નામ, સરનામાવાળા ડ્રાઈવીંગ લાયસન્સની ઝેરોક્ષ જેમાં આરોપી કયામુદ્દીન ઉર્ફે રીઝવાન ઉર્ફે અસ્ફાક સ/ઓ સરફુદ્દીન કાપડીયાએ સહી કરેલ છે તે પ્રમાણેના નમુના જે એક કાગળમાં છ વખત તે પ્રમાણે છ કાગળમાં ૩૬ વખત પંચો રૂબરૂ લીધેલ તેને માર્ક એસ–૧૩ થી એસ–૧૮ આપેલો હતો તથા (૪) વોડાફોન કંપનીનું ફોટા સાથેનું ફોર્મ જેમાં મોબાઈલ નં.૯૭૧૨૩ ૮૧૧૫૮ તથા નામ અશોક નવીનભાઈ ગુજરાતી લખેલ છે તથા તેજ નામ, સરનામાવાળા ડ્રાઈવીંગ લાયસન્સની ઝેરોક્ષ જેમાં આરોપી કયામુદ્દીન ઉર્ફે રીઝવાન ઉર્ફે અસ્ફાક સ/ઓ સરફુદ્દીન કાપડીયાએ સહી કરેલ છે તે પ્રમાણેના નમુના જે એક કાગળમાં છ વખત તે પ્રમાણે છ કાગળમાં ૩૬ વખત પંચો રૂબરૂ લીધેલ તેને માર્ક એસ–૧૯ થી એસ–૨૪ આપેલો હતો તથા (૫) વોડાફોન કંપનીનું ફોટા સાથેનું ફોર્મ જેમાં મોબાઈલ નં.૯૭૧૨૩ ૯૮૨૦૪ તથા નામ નવીનચંદ્ર ડાહ્યાભાઈ લખેલ છે તથા તેજ નામ, સરનામાવાળા ડ્રાઈવીંગ લાયસન્સની ઝેરોક્ષ જેમાં આરોપી કયામુદ્દીન ઉર્ફે રીઝવાન ઉર્ફે અસ્ફાક સ/ઓ સરફુદ્દીન કાપડીયાએ સહી કરેલ છે તે પ્રમાણેના નમુના જે એક કાગળમાં છ વખત તે પ્રમાણે છ કાગળમાં ૩૬ વખત પંચો રૂબરૂ લીધેલ તેને માર્ક એસ–૨૫ થી એસ–૩૦ આપેલો હતો. આ તમામ દસ્તાવેજોમાં કુદરતી હસ્તાક્ષરના નમૂના આરોપી કયામુદ્દીન ઉર્ફે રીઝવાન ઉર્ફે અસ્ફાક સ/ઓ સરફુદ્દીન કાપડીયાનાઓએ લીટીવાળા કાગળમાં જે અંગ્રેજીમાં લખાણ લખેલ તે બે પંચો રૂબરૂ લીધેલ હતા તેના માર્ક એન–૧ આપેલ હતો.

સાહેદ વધુમાં જણાવે છે કે તેઓને મળેલ આઈડીયા કંપનીના ફોટાવાળું ફોર્મ કે જેમાં મોબાઈલ નં.૯૭૧૪૫ ૫૨૮૯૯ તથા નવીનચંદ્ર મોહનલાલ લખેલ દસ્તાવેજ કે જેને માર્ક ડી–૧ આપવામાં આવેલ હતો તે

ફોર્મમાંના લાલ પેનથી માર્ક કરેલ ભાગને આ સાહેદે માર્ક ડી–૧ આપેલ તેમાં એ.બી. કેસ નંબર લખેલ તથા સહી કરેલ તેજ રીતે ડ્રાઈવીંગ લાયસન્સની ઝેરોક્ષમાં માર્ક કરેલ સહીને માર્ક ડી–૨ આપેલ અને તેમાં એ.બી. કેસ નંબર લખેલ અને સહી કરેલ અને સદર આંક–૫૪૩ વાળા દસ્તાવેજમાં તેમની સહી ઓળખી બતાવે છે. તેમજ આ સાહેદને મળેલ ભારતીય એરટેલ કંપનીના ફોટાવાળું ફોર્મ કે જેમાં મોબાઈલ નં.૯૭૨૪૭ ૬૪૧૯૫ તથા બંસલ અશોક હસમુખરાય લખેલ દસ્તાવેજ કે જેને માર્ક ડી–૩ આપવામાં આવેલ હતો તે ફોર્મમાંના લાલ પેનથી માર્ક કરેલ ભાગવાળી ત્રણ સહીઓને માર્ક ડી–૩/૧, ડી–૩/૨ અને ડી–૩/૩ આપેલ તે તમામમાં એ.બી. કેસ નંબર લખેલ તથા ટૂંકી સહી કરેલ તેજ રીતે ડ્રાઈવીંગ લાયસન્સની ઝેરોક્ષમાં માર્ક કરેલ સહીને માર્ક ડી–૪ આપેલ અને તેમાં એ.બી. કેસ નંબર લખેલ અને ટૂંકી સહી કરેલ અને સદર આંક–૩૨૧૬ વાળા દસ્તાવેજમાં તેમની સહી ઓળખી બતાવે છે. તેમજ આ સાહેદને મળેલ ભારતીય એરટેલ કંપનીના ફોટાવાળું ફોર્મ કે જેમાં મોબાઈલ નં.૯૭૨૪૭ ૬૪૧૯૬ તથા દવે પ્રવિણ અશોકભાઈ લખેલ દસ્તાવેજ કે જેને માર્ક–ડી/૫ આપવામાં ઓલ હતો તે ફોર્મમાંના લાલ પેનથી માર્ક કરેલ ભાગવાળી ત્રણ સહીઓને માર્ક ડી–૫/૧, ડી–૫/૨ અને ડી–૫/૩ આપેલ તે તમામમાં એ.બી. કેસ નંબર લખેલ તથા સહી કરેલ તે જ રીતે ડ્રાઈવીંગ લાયસન્સની ઝેરોક્ષમાં માર્ક કરેલ સહીને માર્ક ડી–૬ આપેલ અને તેમાં એ.બી. કેસ નંબર લખેલ અને સહી કરેલ અને સદર આંક–૩૨૧૭ વાળા દસ્તાવેજમાં તેમની સહી ઓળખી બતાવે છે. તેવી જ રીતે આ સાહેદને મળેલ વોડાફોન કંપનીના ફોટાવાળું ફોર્મ કે જેમાં મોબાઈલ નં.૯૭૧૨૩ ૮૧૧૫૭ તથા અશોક નવીનભાઈ ગુજરાતી લખેલ દસ્તાવેજ કે જેને માર્ક ડી–૭ આપવામાં આવેલ હતો તે ફોર્મમાંના લાલ પેનથી માર્ક કરેલ ભાગને માર્ક ડી–૭ આપેલ તેમાં એ.બી. કેસ નંબર લખેલ તથા ટૂંકી સહી કરેલ તે જ રીતે ડ્રાઈવીંગ લાયસન્સની ઝેરોક્ષમાં માર્ક કરેલ સહીને માર્ક ડી–૮ આપેલ અને તેમાં એ.બી. કેસ નંબર લખેલ અને ટૂંકી સહી કરેલ અને સદર આંક–૩૧૯૯વાળા દસ્તાવેજમાં તેમની સહી ઓળખી

બતાવે છે. વધુમાં સાહેદને મળેલ વોડાફોન કંપનીના ફોટાવાળું ફોર્મ કે જેમાં મોબાઈલ નં.૯૭૧૨૩ ૯૮૨૦૪ તથા દેસાઈ નવીનચંદ્ર લખેલ દસ્તાવેજ કે જેને માર્ક ડી–૯ આપવામાં આવેલ હતો તે ફોર્મમાંના લાલ પેનથી માર્ક કરેલ ભાગને માર્ક ડી–૯ આપેલ તેમાં એ.બી. કેસ નંબર લખેલ તથા સહી કરેલ તે જ રીતે ડ્રાઈવીંગ લાયસન્સની ઝેરોક્ષમાં માર્ક કરેલ સહીને માર્ક ડી–૧૦ આપેલ અને તેમાં એ.બી. કેસ નંબર લખેલ અને ટૂંકી સહી કરેલ અને સદર આંક–૩૧૯૮ વાળા દસ્તાવેજમાં તેમની સહી ઓળખી બતાવે છે.

સાહેદના જણાવ્યા મુજબ ઉપરોક્ત તકરારી દસ્તાવેજો સાથે ઉપર જણાવ્યા મુજબના નમુનાઓ જે માર્ક એસ–૧ થી એસ–૩૦ મળેલા હતા તે તમામ દસ્તાવેજો ઉપર અનુક્રમે એસ–૧ થી એસ–૩૦ માર્ક આપેલ હતા અને તે માર્ક આપતી વખતે સહી કરેલ અને કેસ નંબર લખેલ સદર દસ્તાવેજોમાં સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવતા હોય તેને સંયુકત આંક–૬૯૧૧ થી ૨જૂ રાખેલ છે. સાહેદ નાયબ પોલીસ કમિશનર, ક્રાઈમ બ્રાન્ચનો ફોરવર્ડીંગ પત્ર તથા તેની સાથેનો તપાસ કરનાર અમલદારનો અભિપ્રાય આપવા બાબતનો જે દસ્તાવેજો મોકલેલા તેની વિગતો સાથે તથા પ્રશ્નોત્તરીવાળો પત્ર તથા તેની સાથેનું ચેકલીસ્ટ તથા ફોરવર્ડીંગ પત્ર ઉપર આ સાહેદને કેસની ફાળવણી કરવામાં આવેલી તે બાબતેની શ્રી ગુણાની સહી ઓળખી બતાવે છે જેને આંક–૬૯૧૨ થી ૨જૂ રાખેલ છે.

સાહેદ વધુમાં જણાવે છે કે, મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૩/૨૦૦૮ ના કામે મળેલ ઉપરોક્ત જણાવેલ તકરારી દસ્તાવેજોની સહીઓ માર્ક ડી–૧, ડી–૨, ડી–૩/૧, ડી–૩/૨, ડી–૩/૩, ડી–૪, ડી–૫/૧ થી ડી–૫/૩, ડી–૬, ડી–૭, ડી–૮, ડી–૯ અને ડી–૧૦ ને નમૂનાના દસ્તાવેજ માર્ક એસ–૧ થી એસ–૩૦ ની સહીઓ અને કુદરતી દસ્તાવેજ માર્ક એન–૧ માના લખાણ સાથે આ સાહેદે વિવિધ વૈજ્ઞાનિક ઉપકરણોની મદદ વડે ખૂબ જ કાળજીપૂર્વકના અને તલસ્પર્શી પરીક્ષણ કરેલ. જેમાં આ સાહેદે તકરારી લખાણમાંના જુદા–જુદા અક્ષરોની લાક્ષણિકતાઓનો

અભ્યાસ કરેલો અને તકરારી દસ્તાવેજ માર્ક ડી–૧, ડી–૨, ડી–૩/૧, ડી–૩/૨, ડી–૩/૩, ડી–૪, ડી–૫/૧ થી ડી–૫/૩, ડી–૬, ડી–૭, ડી–૮, ડી–૯ અને ડી–૧૦ સાથે નમૂનાની સહીઓ અને કુદરતી લખાણની સરખામણી કરી અમે એવા અભિપ્રાય ઉપર આવેલા કે, જે વ્યક્તિએ નમૂનાની સહીઓ માર્ક એસ–૧ થી એસ–૩૦ અને કુદરતી લખાણો માર્ક એન–૧ લખેલ છે તે જ વ્યક્તિએ લાલ કુંડાળું કરેલ તકરારી સહીઓ માર્ક ડી–૧, ડી–૨, ડી–૩/૧, ડી–૩/૨, ડી–૩/૩, ડી–૪, ડી–૫/૧ થી ડી–૫/૩, ડી–૬, ડી–૭, ડી–૮, ડી–૯ અને ડી–૧૦ લખેલ છે. વધુમાં આ સાહેદને મળેલ તકરારી સહી માર્ક ડી–૨ ની સરખામણી કરતાં કોઈ સ્પષ્ટ અભિપ્રાય આપી શકાય તેમ ન હતો. આવો અભિપ્રાય લેખિતમાં તા.૧૫–૧–૨૦૦૯ ના રોજ તૈયાર કરેલો. સદર આંક–૬૯૧૩ વાળા અભિપ્રાયમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે તેમજ આસીસ્ટન્ટ એક્ઝામીનર ઓફ ક્વેશ્ચન્ડ ડોક્યુમેન્ટ શ્રી વી.બી.ભરવાડની પણ સહી ઓળખી બતાવે છે. તેમજ આંક–૬૯૧૩ થી જે અભિપ્રાય આપેલો તે અભિપ્રાય આપવાના માટેના કારણોના દસ્તાવેજ આંક–૬૯૧૪ થી રજૂ રાખેલ છે જેમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. સાહેદે આપેલો અભિપ્રાય નાયબ નિયામકશ્રીએ ફોરવર્ડીંગ પત્ર સાથે નાયબ પોલીસ કમિશનર, ક્રાઈમ બ્રાન્ચ, અમદાવાદને મોકલી આપેલો જે ફોરવર્ડીંગ પત્ર આંક–૬૯૧૫ મા નાયબ નિયામકશ્રી એમ.એસ.દહીયાની સહી ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો જુબાની આપી ત્યારે આ સાહેદ નિવૃત્ત થયેલા હતા. એફ.એસ.એલ. ઑફિસ સરકારના હોમ ડિપાર્ટમેન્ટ હેઠળ છે તે કબૂલ કરે છે. સૌપ્રથમ જે દસ્તાવેજો મળેલા તે આર.એન.ગુણા પાસે આવેલા. આર.એન.ગુણાને દસ્તાવેજો મળ્યા પછી તેમને તપાસેલા કે તમોને સીધા મોકલેલા તેના જવાબમાં સાહેદે જણાવેલુ છે કે સીનીયર ઓફિસર હોય તે દસ્તાવેજો જોઈ લે અને કોઈ કવેરી ન હોય તો સ્વીકારી લે અને કવેરી હોય તો પાછા મોકલી દે છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો આંક–૬૮૯૨ વાળો દસ્તાવેજ જોઈને જણાવે છે કે તે દસ્તાવેજ તા.૨૦.૧૨.

૨૦૦૮ ના રોજ મળેલો. આંક–૬૮૯૬વાળો દસ્તાવેજ તા.૧૫.૧.૨૦૦૯ ના રોજ મળેલો. આંક–૬૯૧૨ વાળો દસ્તાવેજ તા.૧.૧.૨૦૦૯ ના રોજ મળેલો. આંક–૬૮૮૭ વાળો દસ્તાવેજ તા.૨૦.૧૨.૨૦૦૮ ના રોજ મળેલો. આ દસ્તાવેજો મળ્યા પછી તપાસ માટે હાથ ઉપર લીધેલાની નોંધ નથી તેમ જણાવે છે. તમારે અભિપ્રાય આપવો તેવો કોઈ લેખિત હુકમ થયેલો છે તેના જવાબમાં સાહેદ જણાવે છે કે ફોરવર્ડીંગપત્ર ઉપર જે તે નિષ્ણાંતનુ નામ લખીને આસી. ડાયરેકટર મોકલે છે તે જ હુકમ છે. વી.બી.ભરવાડે અભિપ્રાય આપવો તેવો કોઈ હુકમ કરેલો નથી તે કબૂલ કરે છે. વી.બી.ભરવાડ પેનલમાં સાથે હતા તે બતાવવા દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ નથી તે કબૂલ કરે છે. મુદ્દામાલ તપાસતા ગયા તેમ તેમ તેની નોંધ કરતા ગયેલા અને નોંધો જોયા પછી અભિપ્રાય આપેલો. વી.બી.ભરવાડે અલગથી તપાસ કરીને નોંધ કરી નથી. અભિપ્રાય આ સાહેદે ટાઈપ કરાવેલો. વી.બી.ભરવાડના અભિપ્રાય સાથે સરખો અભિપ્રાય હોવાથી ટાઈપ કરાવેલો મુદ્દામાલ આ સાહેદને મળ્યો તે વખતે કેવી પરિસ્થિતિમાં મળેલો અને સીલની શું સ્થિતિ હતી તે અંગે કોઈ વિગત અભિપ્રાયમાં લખેલી નથી તે કબૂલ કરે છે. દસ્તાવેજો તપાસમાં આવ્યા પછી આ સાહેદે ફોટોગ્રાફી લીધેલા નથી. દસ્તાવેજો એનલાર્જ કરવા માટે ફોટોગ્રાફની મદદ જરૂરી હતી તો તે હકીકત નકારે છે. આંક–૬૮૮૮, ૬૮૯૩, ૬૮૯૭, ૬૯૧૩ ના અભિપ્રાયોમાં શું દસ્તાવેજો તપાસેલા તેનો ઉલ્લેખ નથી તે કબૂલ કરે છે. અભિપ્રાયમાં અભિપ્રાય આપવાના કારણો છે તેવો ઉલ્લેખ કરેલો નથી તો તે કબૂલ કરે છે. તમે વિવિધ વૈજ્ઞાનિક ઉપકરણોની મદદ લીધેલી તેમા કયા ઉપકરણોની મદદ લીધેલી તેવા પ્રશ્નના જવાબમાં સાહેદે જણાવેલુ છે કે અલગ–અલગ પ્રકારની મેગ્નીફાઈન લેન્સ, અલગ–અલગ લાઈટીંગમાં અવલોકન કરેલા તથા વીડિયો સ્પેકટરલ કમ્પેરેટર ૫૦૦૦ નામના ઉપકરણની મદદથી ચકાસણી કરેલી. આ દસ્તાવેજોની તપાસણી કરવી જોઈએ તેવુ કોઈ ઓથેન્ટીકેશન ખરૂ ? તો જવાબમાં સાહેદે જણાવેલુ છે કે આટલા વર્ષોના અનુભવ મુજબ નકકી કરી શકુ કે આ પ્રકારની પધ્ધતિ અપનાવવી જોઈએ. તલસ્પર્શી પરીક્ષણ એટલે કેવુ પરીક્ષણ તો સાહેદે

જણાવેલુ છે કે એક એક વસ્તુની કાળજીપૂર્વકની તપાસણી કરવી. ચકાસણીમાં શું સીમીલારીટી છે તેનો અભ્યાસ કરેલો તે કબૂલ કરે છે. તમે ડીસીમીલારીટી ધ્યાનમાં લીધી નથી તો તેના જવાબમાં સાહેદ જણાવે છે કે મારા અવલોકન દરમ્યાન કોઈ ડીસીમીલારીટી દેખાયેલી નહીં. ડીસીમીલારીટી નથી તેવો ઉલ્લેખ કારણોમાં કરેલો નથી તો તે હકીકત નકારી છે. જે કારણો આપેલા તેમા વી.બી. ભરવાડની સહી નથી તે કબૂલ કરે છે. વી.બી.ભરવાડની સહી કારણોમાં એટલા માટે નથી કે તે કારણો સાથે સહમત ન હતા. વી.બી.ભરવાડે કોઈ દસ્તાવેજો તપાસ્યા નથી તો તે હકીકત નકારે છે. પોલીસના કહેવાથી યંત્રવત રીતે ફોરવર્ડીંગ લેટર પ્રમાણે અભિપ્રાય આપેલો છે તો તે હકીકત નકારી છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો હસ્તાક્ષર ચકાસણીનું સાયન્સ સંપૂર્ણ સાયન્સ નથી તે કબૂલ કરે છે. કોઈ દસ્તાવેજો તપાસણી માટે આવેલા નથી અને તેનુ વૈજ્ઞાનિક પધ્ધતિથી પરીક્ષણ કરેલુ નથી તો તે હકીકત નકારી છે. બે વર્ષની તાલીમ લીધી તે સિવાય હસ્તાક્ષર ચકાસણી માટે બીજી કોઈ લાયકાત નથી તે કબૂલ કરે છે. નોકરી દરમ્યાન કેટલા કેટલા દસ્તાવેજો તપાસેલા તેની માહિતી નથી ઑફિસમાં હશે તેમ જણાવે છે. કયા–કયા નિષ્ણાંતે કેટલા કેટલા દસ્તાવેજો તપાસેલા તેની માહિતી ઑફિસમાં રાખવામાં આવે છે. આપવામાં આવેલા અભિપ્રાયો પૈકી કેટલા અભિપ્રાયો ચેલેન્જ થયેલા તેની નોંધ રાખવામાં આવતી નથી. કુદરતી લખાણ એટલે સામાન્ય ક્રમમાં લખાયેલુ લખાણ. સામાન્ય રીતે તકરારી લખાણ પહેલા લખાયેલા લખાણો કુદરતી લખાણો કહેવાય. મેગ્નીફાઇંગ ગ્લાસ અને લાઈટીંગથી ઈમેજ ઉભી કરેલી તે અંગેના દસ્તાવેજી પુરાવા નથી. મશીનમા મુકેલા દસ્તાવેજો જોઈને સરખામણીના પરિણામ નકકી કરવાના હોય છે તે કબૂલ કરે છે. વ્યકિતગત લાક્ષણીકતાના મોકલેલા તકરારી દસ્તાવેજોમાં જોવા મળેલી નહીં. આંક–૬૫૧૮માં "એફ" લખવામાં પેન ઉંચકાયેલી નથી તો તે હકીકત નકારે છે. આંક–૬૫૧૮ માં "એસ" લખેલ છે તેમાં ઉપરનો અર્ધ ગોળાકાર નીચેના અર્ધ ગોળાકાર કરતા ઘણો મોટો છે તે કબૂલ કરે છે. એડ્રેસના કોલમમાં નગર લખેલ છે તેના દરેક અક્ષરો છુટાછુટા છે તે કબૂલ કરે છે. આંક–

૩૨૨૩ ની એન્ટ્રી નં.૯૬૧ મા નામ અને કોલમમાં સમીર લખેલુ છે તેમા અક્ષર "એસ" લખેલ છે તેનો ઉપરનો અર્ધ ગોળાકાર નીચેના અર્ધ ગોળાકાર કરતા ઘણો મોટો છે. જે દસ્તાવેજો ચકાસેલા તે કેટલી વખત ચકાસેલા તે યાદ નથી. તમારી પાસે દસ્તાવેજો રહેલા તે દરમ્યાન તમે વી.બી.ભરવાડને મોકલ્યા નથી તે પ્રશ્નના જવાબમાં સાહેદ જણાવે છે કે દસ્તાવેજો ચકાસ્યા પછી મારી કસ્ટડીમાં રહેતા અને ભરવાડ સાહેબ પણ દસ્તાવેજો તપાસીને મને પાછા આપતા હતા. દસ્તાવેજો કેટલીવાર અને કઈ કઈ તારીખે તપાસેલા તેનુ રેકર્ડ રાખેલુ નથી. ભરવાડ સાહેબે દસ્તાવેજો કયારે તપાસેલા અને કેટલીવાર તપાસેલા તેનુ રેકર્ડ રાખેલ નથી તે કબૂલ કરે છે. નમૂનાના લખાણો લખનાર પાસેથી કઈ માનસીક સ્થિતિમાં લખવામાં આવેલા તેની જાણકારી આપવામાં આવેલી નહીં. લખાણોની કમ્પેરીઝન માટે લખાણની સ્લેન્ટ,પ્લેસીંગ, પ્રોજેકશન ઓફ લેટર, ડીસ્ટ્રીબ્યુશન ઓફ પ્રેસર, અલાઈમેન્ટ ઓફ લેટર, ઈન્ટરનલ ડીસ્ટન્સ બધા મહત્વના ઘટક છે તે કબૂલ કરે છે. આ ઘટકોના કારણો અંગે કારણોમાં નોંધ કરેલી નથી તો તે હકીકત નકારેલી છે. એલાઈમેન્ટ માટે બંને દસ્તાવેજોમાં તે સીધા હતા તે કબૂલ કરે છે. ઘટકોનો આધાર લખનાર વ્યકિતની કોન્સીયસનેસ કે સબકોન્સીયસનેસ ઉપર આધાર રાખતી હોઈ શકે. કહેવાતા અભિપ્રાય મોડ ઓફ રાઈટીંગના આધારે આપેલા હોવાની હકીકત નકારી છે. પોલીસના કહેવા પ્રમાણે અને પોલીસની જરૂરિયાત મુજબ અભિપ્રાયો આપેલાની હકીકત નકારેલી છે. અભિપ્રાય આપવા માટે કુદરતી લખાણો, નમૂનાના લખાણો અને તકરારી લખાણો ત્રણેયની જરૂર પડે તે કબૂલ કરે છે. ત્રણેયમાંથી એકાદ ન હોય તો અભિપ્રાય આપવામાં તકલીફ પડે તો તે હકીકત નકારી છે. આ સાહેદને જે લખાણો મોકલવામાં આવેલા તેમાં કુદરતી લખાણો છે કે નહીં તે કહી શકે નહીં તો તે હકીકત નકારી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે હેન્ડરાઈટીંગ એન્ડ ફોટોગ્રાફી બ્યુરોમાં આસી.એકઝામીનર તરીકે ફરજ બજાવતા હતા. તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં.

૨૦૫/૨૦૦૮ ના કામે પુના ખાતે આવેલ હોટલ કમલેશ્વરનું રજીસ્ટર કબજે કરેલુ હતુ અને તેમા સમીર આઈ. કીરાની નામની જે એન્ટ્રી હતી તે આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયાએ કરેલી અને તેના હસ્તાક્ષરના નમૂના મેળવી એફ.એસ. એલ. ગાંધીનગર ચકાસણી માટે મોકલેલા અને તેની ચકાસણી આ સાહેદે કરેલી હતી. તે જ રીતે તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં.૨૦૩/૨૦૦૮ ના કામે આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયાનાઓએ ગુનો કરવા માટે ખોટા મોબાઈલ ફોનના સીમકાર્ડ મેળવેલા અને તે મેળવવા જુદી-જુદી મોબાઈલ કંપનીઓમાં અરજી ફોર્મ ભરેલા તથા બોગસ ડ્રાઈવીંગ લાયસન્સની નકલો રજૂ કરેલી તે દસ્તાવેજો આઈડીયા કંપની, ભારતી એરટેલ તથા વોડાફોન કંપનીમાંથી કબજે કરેલા અને તેને પણ એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે તપાસણી અર્થે મોકલી આપેલા અને તેની ચકાસણી આ સાહેદે કરેલી હતી. આંક-૬૯૧૩ અને ૬૮૯૭ વાળા બંને અભિપ્રાય ધ્યાને લઈએ તો બંને અભિપ્રાયોમાં આ સાહેદની સહી છે તથા તેમની સાથેના વી.બી.ભરવાડની પણ સહી છે અને આંક-૬૮૯૭ વાળા અભિપ્રાય પ્રમાણે હોટલ રજીસ્ટરમાં જે વ્યકિતએ એન્ટ્રી કરેલી હતી તે જ વ્યકિતએ કરેલ કુદરતી લખાણો સાથે સરખાવતા તે જ વ્યકિતએ એન્ટ્રી કરેલી છે તેવો અભિપ્રાય છે અને તે આંક-૬૮૯૮ ના કારણોમાં પણ સ્પષ્ટ છે. તે જ રીતે આંક-૬૯૧૩ વાળા અભિપ્રાય પ્રમાણે અલગ-અલગ મોબાઈલ કંપનીઓના અરજી ફોર્મમાં જે સહી જે વ્યકિતએ કરેલી હતી તે જ વ્યકિતએ કરેલ કુદરતી લખાણો સાથે સરખાવતા તે જ વ્યકિતએ સદર ફોર્મમાં સહી કરેલી છે તેવો અભિપ્રાય છે અને તે આંક-૬૯૧૪ ના કારણોમાં પણ સ્પષ્ટ છે. આ સાહેદની ઊલટતપાસ દરમ્યાન બચાવપક્ષ તરફથી ઘણા બધા એવા પ્રશ્નો પુછવામાં આવેલા છે કે આ સાહેદે પુરતી ચકાસણી કર્યા વિના અને પુરતી લાયકાત વિના દસ્તાવેજો તપાસેલા છે જેથી આ સાહેદ દ્વારા આપવામાં આવેલ અભિપ્રાય ખોટો છે. તેવુ સાબીત કરવાનો પ્રયત્ન થયેલો છે. આ ઉપરાંત આ સાહેદની સાથેના બીજા અધિકારી વી.બી.ભરવાડે દસ્તાવેજો તપાસેલા નથી અને અભિપ્રાય ઉપર ફકત સહી

લીધેલી છે. પરંતુ મારા મત પ્રમાણે બચાવપક્ષની દલીલ અને રજૂઆત સ્વીકારી શકાય તેમ નથી. કારણ કે આ સાહેદ એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે ઘણા સમયથી ફરજ બજાવે છે. હસ્તાક્ષર ચકાસવા અંગેની તાલીમ મેળવેલી છે અને નોકરી દરમ્યાન ઘણા બધા હસ્તાક્ષરની ચકાસણી કરેલી છે. જેથી અનુભવના આધારે પણ આ સાહેદ કોઈપણ દસ્તાવેજની ચકાસણી કરી શકે. એટલુ જ નહીં આ સાહેદે વૈજ્ઞાનિક પધ્ધતિથી જરૂરી સાધનો દ્વારા હસ્તાક્ષરોની ચકાસણી કરેલી છે. હોટલ હરી મંગલા, હોટલ રેવન તથા હોટલ નર્મદા ગેસ્ટ હાઉસના રજીસ્ટરોમાં જે એન્ટ્રીઓ કરેલી તે આરોપી નં.૪૫ ફજલે રહેમાને કરેલી છે તે એન્ટ્રીઓના હસ્તાક્ષરો તેના કુદરતી અક્ષરો સાથે મળતા આવે છે. આ સાહેદને આરોપી નં.૩૭ તથા ૪૫ સાથે કોઈ દુશ્મનાવટ નથી કે જેથી કરીને સહી તથા હસ્તાક્ષરો આરોપી નં.૩૭ તથા ૪૫ નાઓએ લખેલા છે તેવા ખોટા અભિપ્રાય ઉપર આવે. આ સાહેદે જે કંઈ કામગીરી કરેલી છે તે ફરજના ભાગરૂપે કરેલી છે. માટે આ સાહેદે કરેલી કામગીરી ઉપર શંકા કરવી તે વાજબી પણ નથી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે અમરભાઈ ઘુમલમલ ડોડવાણીને સાહેદ નં.૧૦૧૦ તરીકે આંક–૬૯૯૦ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ સને–૨૦૦૮ ના વર્ષમાં કાલુપુર રોડ ઉપર કેલીકો ડોમની સામેની લાઈનમાં અંજુ રીમોટના નામથી ઈલેકટ્રોનિકસની દુકાન ચલાવતા હતા અને હાલ મોબાઈલના કવર અને રીમોટનું કામકાજ કરે છે. તે વખતે તેમની દુકાનમાં ડિજીટલ મલ્ટિમીટર, ચાઈના મોબાઈલ ચાર્જર, મોબાઈલ ડેટા કેબલ, યુએસબી ડેટા કેબલ, મોબાઈલ કવર, મોબાઈલ બેટરી, મોબાઈલ ચાર્જર અને બેટરી કનેકટર વિગેરેનું વેચાણ કરતા હતા અને દુકાનનો સમય સવારના દસ વાગ્યાથી રાત્રીના નવ વાગ્યા સુધીનો હતો. સાહેદ વધુમાં જણાવે છે કે તા.૮/ ૧૨/૨૦૦૮ ના રોજ પોલીસ તેમની દુકાન ઉપર આવેલી. તે વખતે પોલીસના એક સાહેબ હતા અને તેમની સાથે એક આરોપી પણ હતો. સાહેબ જે આરોપીને લઈને આવેલા હતા તેનુ નામ કયામુદ્દિન કાપડીયા અને રહેવાસી વડોદરોનો હતો. સાહેબ ટાટા સુમો ગાડીમાંથી ઉતરીને આરોપીને લઈને આવેલા

અને કહેલું કે આને તમે ઓળખો છો? તો કહેલુ કે તેને જોયેલો નથી. ત્યારબાદ સાથે વાળા આરોપીએ કહેલું કે મે તમારી દુકાનેથી સામાન લીધેલો હતો. સાહેબે કહેલું કે આ તમારી દુકાનેથી સામાન લઇ ગયેલો છે તો આ સાહેદે કહેલું કે સામાન લઇ ગયેલો હશે. આરોપીએ તે વખતે સાહેબની સામે કહેલું કે, હું આ દુકાનેથી ૯ વોલ્ટની બેટરી લઇ ગયેલો હતો તેવુ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદની જયાં દુકાન આવેલી છે તે લાઈનમાં અને સામેની લાઈનમાં ઈલેકટ્રોનિક વસ્તુઓની ઘણી બધી દુકાન આવેલી છે તે કબૂલ કરે છે. આ સાહેદ પોતાની દુકાનમાં જે બ્રાન્ડનો ઈલેકટ્રોનિક સામાન વેચે છે તેવો સામાન બીજી દુકાનોમાં પણ વેચાય છે તે કબૂલ કરે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદની કાલુપુર રોડ ઉપર કેલીકોડમની સામે "અંજુ રીમોટ" ના નામથી ઈલેકટ્રોનિકસની દુકાન ધરાવી વેપાર કરતા હતા. તા.૮.૧૨.૨૦૦૮ ના રોજ આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયાએ ગુનાના કામે ઉપયોગમાં લીધેલ મુદ્દામાલ ૯ વોલ્ટની બેટરીઓ આ દુકાનેથી ખરીદ કરેલી હતી અને આરોપી પકડાયા પછી આ દુકાન તેને પંચો રૂબરૂ બતાવેલી હતી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે વિનોદ સિરૂમલ જુમાણીને સાહેદ નં. ૧૦૧૭ તરીકે આંક–૭૦૧૦ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ એસ.કે.ઈલેક્ટ્રીકલ્સના નામે ગાંધી રોડ યુનિયન બેંકની સામે છેલ્લા પંદર વર્ષથી ધંધો કરે છે. તેમની દુકાનનો સમય સવારના સાડા દસ અગિયારથી રાત્રીના આશરે આઠ વાગ્યા સુધીનો છે. આ સાહેદ ઈલેક્ટ્રીકના જુદા–જુદા ઈન્સ્ટ્રમેન્ટ, બેટરીઓ, બલ્બ વગેરેનો ધંધો કરે છે. તા.૧૨/૧૨/ ૨૦૦૮ ના રોજ ત્રણ–ચાર પોલીસના માણસો તેમની દુકાન ઉપર આવેલા હતા અને તે વખતે પોલીસની સાથે એક આરોપી હતો બે પબ્લીકના માણસો હતા. આરોપીનું નામ કયામુદ્દીન હતું. પોલીસે આવીને કહેલું કે આ વ્યક્તિ તમારે ત્યાંથી ૧૩ બેટરી તથા ૫૦ (પચ્ચાશ) નંગ બલ્બ લઇ ગયેલ છે. ઘણા વર્ષો

થયા હોવાથી પોલીસ જે વ્યક્તિને લઇને આવેલી હતી તેને ઓળખી શકે નહીં તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો ઈલેકટ્રીકની વસ્તુઓનું આ સાહેદ છુટક વેચાણ કરે છે અને સ્ટોકપત્રક રાખતા નથી. કઈ તારીખે કઈ વસ્તુનો કેટલો સ્ટોક હતો તે કહી શકે નહીં તો તે કબૂલ કરે છે. પોલીસ આરોપીને લઈને દુકાન ઉપર આવી તે પહેલા પોલીસ એકલી આવી હોય તેવુ બન્યુ નથી. પોલીસ જે વ્યકિતને લઈને આવેલી તેની પુછપરછ આ સાહેદે કરી નથી. તે આરોપીએ આ સાહેદની દુકાનેથી વસ્તુઓ ખરીદયાનું આ સાહેદને જણાવેલુ નહીં. જે વસ્તુઓ વેચે છે તેનુ બીલ આપતા નથી. પોલીસ આરોપીને લઈને દુકાન ઉપર આવેલાની વાત ખોટી જણાવે છે તો તે હકીકત નકારી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ ગાંધી રોડ યુનિયન બેન્કની સામે એસ.કે. ઈલેકટ્રોનિકસની દુકાન ધરાવી વેપાર કરતા હતા. તા.૧૨.૧૨.૨૦૦૮ નાં રોજ આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયાએ ગુનાના કામે ઉપયોગમાં લીધેલ મુદ્દામાલ ૧૩ નંગ બેટરી તથા ૫૦ નંગ બલ્બ આ દુકાનેથી ખરીદ કરેલી હતી અને આરોપી પકડાયા પછી આ દુકાન તેને પંચો રૂબરૂ બતાવેલી હતી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે મોહનભાઈ ગંગારામ કોરાણીને સાહેદ નં.૧૦૧૮ તરીકે આંક–૭૦૧૧ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ ગાંધી રોડ ખાડીયા ચાર રસ્તા પાસે મોહન ઇલેકટ્રીકલ્સના નામે છેલ્લા વીસેક વર્ષથી ધંધો કરે છે અને તેમની દુકાને ઇલેકટ્રીક્સનો પરચુરણ સામાન રાખે છે અને દુકાનનો સમય સવારના દસ વાગ્યાથી રાત્રીના આઠ વાગ્યા સુધીનો છે. પોલીસ તા.૧૨/૧૨/૨૦૦૮ ના રોજ એક આરોપી સાથે આવેલી અને બે પોલીસના માણસો હતા એક સાહેબ હતા તથા બે આમ આદમી પણ હતા. પોલીસે કહેલું કે, આ આરોપી તમારે ત્યાંથી વાયર લઇ ગયેલો છે. આરોપીએ સાહેબને કહેલુ કે હું અહીંથી વાયર લઇ ગયેલો હતો. પોલીસને આ સાહેદે કહેલું કે ઘણા માણસો આવતા હોય છે તેમનુ

ધ્યાન નથી. આરોપી જે આવેલો હતો તેનું નામ કયામુદ્દીન કાપડીયા હતુ અને તે વડોદરાનો રહેવાસી હતો. જે આરોપીને લઈને પોલીસ ત્યાં આવેલી, તેને ઘણા વર્ષો થયા હોવાથી ઓળખી શકે નહીં.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ છુટક રીપેરીંગનુ કામ કરે છે તે કબૂલ કરે છે. રીપેરીંગ માટે જે વસ્તુઓની જરૂર હોય તે વસ્તુ દુકાનમાં રાખે છે તો તે કબૂલ કરે છે. પોલીસ સાથે વાતચીત કરેલી. આરોપી સાથે વાતચીત કરેલી નહીં. પોલીસે આરોપીનું નામ જણાવેલુ તો તે હકીકત નકારી છે. આજરોજ આપ સાહેબથી આરોપીનું નામ કયામુદ્દીન કાપડીયા રહે.તાઈવાડા વડોદરા હોવાનું જણાવેલુ તે પોલીસ જવાબમાં લખાવેલુ નથી તો તે હકીકત નકારી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો ગાંધી રોડ ખાડીયા ચાર રસ્તા પાસે મોહન ઈલેકટ્રીકલ્સની દુકાન ધરાવી વેપાર કરતા હતા. તા.૧૨.૧૨.૨૦૦૮ ના રોજ આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયાએ ગુનાના કામે ઉપયોગમાં લીધેલ વાયર આ દુકાનેથી ખરીદ કરેલા હતા અને આરોપી પકડાયા પછી આ દુકાન તેને પંચો રૂબરૂ બતાવેલી હતી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે શૈલેષભાઈ કાળીદાસ પટેલને સાહેદ નં. ૧૦૨૨ તરીકે આંક–૭૦૨૪ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ છેલ્લા અગિયાર વર્ષથી "અરિહંત ટ્રેડર્સ" ના નામે પ્લાસ્ટીક પેકિંગ મટીરીયલનો ધંધો કાલુપુર કપાસીયા બજારમાં કરે છે અને દુકાનનો સમય સવારે ૧૦.૩૦ થી રાત્રીના ૮.૩૦ સુધીનો છે. તા.૧૨/૧૨/૨૦૦૮ ના રોજ આરોપીને લઈને પોલીસે આવેલી. સાહેબે પુછેલું કે આ ભાઇ અહીંથી નેવી બ્લુ કલરની પ્લાસ્ટિકની થેલીઓ લઇ ગયેલા જેથી આ સાહેદે કહેલું કે તેઓ નેવી બ્લુ કલરની પ્લાસ્ટિકની થેલીઓ વેચે છે. જે ભાઇને લઇને પોલીસ આવેલી તેનું નામ કયામુદ્દીન કાપડીયા હતુ. તે વડોદરાનો રહેવાસી હતો. આ સાહેદ આરોપીને લઇને આવેલી હતી તેને દસ વર્ષનો સમય થયેલો હોવાથી ઓળખી શકુ નહીં તેમ

જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ આરોપીઓ તરફથી કરવામાં આવેલ નથી.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો કાલુપુર કપાસીયા બજારમાં અરીહંત ટ્રેડર્સ પ્લાસ્ટીક પેકીંગ મટીરીયલની દુકાન ધરાવી વેપાર કરતા હતા. તા.૧૨.૧૨.૨૦૦૮ ના રોજ આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયાએ ગુનાના કામે ઉપયોગમાં લીધેલ પ્લાસ્ટિકની થેલીઓ આ દુકાનેથી ખરીદ કરેલી હતી અને આરોપી પકડાયા પછી આ દુકાન તેને પંચો રૂબરૂ બતાવેલી હતી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે ખાલીદઅહેમદ ગુલામઅહેમદ શેખને સાહેદ નં.૧૦૩૨ તરીકે આંક–૭૦૪૨ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ સને–૨૦૦૮ ના વર્ષમાં "માસ્ટર ટ્રેડર્સ" ના નામે પ્લાસ્ટિકના કવરો, પ્લાસ્ટિકની જુદી–જુદી વસ્તુઓ વેચવાનું કામ કરતા હતાં અને દુકાનનો સમય સવારના દસ વાગ્યાથી રાત્રીના આઠ વાગ્યા સુધીનો હતો. તા.૧૨/૧૨/૨૦૦૮ ના રોજ તેમની દુકાને ચાર માણસો ક્રાઈમ બ્રાન્ચની પોલીસના હતા, બે પબ્લિકના માણસો તથા એક આરોપી આવેલા હતાં. ત્યાં આરોપીએ કહેલું કે, હું અહીંયા પથારા ઉપરથી મારૂતિ–૮૦૦ ગાડીનું કવર લઇ ગયેલો હતો. તેણે આ કવર તા.૧૭/૭/૨૦૦૮ ના રોજ લઇ ગયેલાનું જણાવેલું. તે આરોપીનું નામ કયામુદ્દિન કાપડીયા હતો અને તે વડોદરાનો રહેવાસી હતો તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો જે ચાર પોલીસના માણસો આવેલા તેમના નામો યાદ નથી, તેમના હોદ્દાઓની ખબર નથી. પોલીસે જે જવાબ લખેલો તે વાચેલો નહીં. જે આરોપીને લઈને પોલીસ આવેલી તેની સાથે આ સાહેદે વાતચીત કરેલી નહીં. આરોપીને જે કવર વેચેલુ તેનો દસ્તાવેજી પુરાવો પોલીસે આપેલો નહીં. સાહેદે જણાવેલુ છે કે મારો પથારો હતો. પાંચકુવા દરવાજા વિસ્તાર અમદાવાદ શહેરનો વેપારથી ધમધમતો વિસ્તાર છે તે કબૂલ કરે છે. પથારા ઉપર સવારથી સાંજ સુધીમાં અનેક માણસો આવતા હોય છે તે કબૂલ

કરે છે. કયો માણસ કઈ તારીખે કયા સમયે કઈ વસ્તુ લઈ ગયેલો તે કહી શકે નહીં. આરોપીનુ નામ કયામુદ્દીન હતુ તે જાણવા માટે તેની સાથે વાતચીત કરેલી નહીં કે તેની ઓળખના પુરાવા માંગેલા નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપી કસ્ટડીમાં હતો તેની પાસે પોતાના ઓળખના પુરાવા ન હોય જેથી આ સાહેદે આરોપીના ઓળખના પુરાવા માંગવાનો કોઈ પ્રશ્ન નથી. પોલીસ કેટલા વાગે આવેલી તે ચોકકસ કહી શકે નહીં. પરંતુ સાહેદે જણાવેલુ છે કે બપોરના સમયે પોલીસ આવેલી. સરતપાસમાં જણાવ્યા પ્રમાણે તા.૧૭.૭.૨૦૦૮ ના રોજ આવેલ વ્યકિત મારૂતિ –૮૦૦ નુ કવર લઈ ગયો હોય તેવી ઘટના બનેલી નથી તો તે હકીકત નકારી છે. પોલીસે ધાક–ધમકી આપેલી હોવાથી ખોટુ નિવેદન લખાવેલુ અને તેના સંદર્ભમાં ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારી છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો પથારો કરીને ધંધો કરતા હતા તે બતાવવા પુરાવો નથી. પોલીસ આવી ત્યારે પોલીસ અને આરોપી વચ્ચે સવાલ જવાબ થયા હોય તો ખબર નથી. આરોપીનું નામ કયામુદ્દીન છે અને તે બરોડાનો રહીશ છે તેવુ પોલીસે જણાવેલુ તે હકીકત પોલીસ નિવેદનમાં લખેલી નથી. આરોપીને અગાઉ કયારેય જોયેલો નહીં. પોલીસે જવાબ લીધો તે પહેલા કેટલા સમય અગાઉ કવરનુ વેચાણ કરેલુ તેનો ખ્યાલ નથી. પથારાના ધંધાનો હિસાબ કિતાબ રાખતા નથી. મારા મત પ્રમાણે આ સાહેદ સામાન્ય વસ્તુઓનું વેચાણ કરનાર વ્યકિત છે અને વેચાણ કરીને પોતાનુ તથા પોતાના કુટુંબનુ ભરણપોષણ કરતા હોય તો તેમની પાસે પથારાના હિસાબ કિતાબ બાબતે પુછલુ તે યોગ્ય પણ નથી. કોઈ વ્યકિત મારૂતિ–૮૦૦ નું કવર લઈ ગયો નથી તો તે હકીકત નકારી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ પાંચ કુવા દરવાજા પાસે "માસ્તર ટ્રેડર્સ" ના નામથી પ્લાસ્ટિકના કવરો તથા પ્લાસ્ટીકની ચાદરોનો વેપાર કરતા હતા. તા.૧૨.૧૨.૨૦૦૮ ના રોજ આરોપી નં. ૩૭ કયામુદ્દીન કાપડીયાએ ગુનાના કામે ઉપયોગમાં લીધેલ મારૂતિ–૮૦૦ નું કવર આ સાહેદ પાસેથી ખરીદ કરેલી હતી અને આરોપી પકડાયા પછી આ જગ્યા તેને પંચો રૂબરૂ બતાવેલી હતી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે સલીમભાઈ કાદરભાઈ શેખને સાહેદ નં.૧૦૩૩ તરીકે આંક–૭૦૪૩ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ છેલ્લા ૩૦ વર્ષથી પાંચ કુવા દરવાજા પાસે "જે.કે. કેન્વાસ"ના નામથી કેન્વાસ વેચવાનો ધંધો કરે છે અને ધંધાનો સમય સવારના દસ વાગ્યાથી રાત્રીના આઠ વાગ્યા સુધીનો છે. તા.૧૨/૧૨/૨૦૦૮ ના રોજ પોલીસની સુમો ગાડી આવેલી. તે વખતે પોલીસવાળા હતા અને તેમની સાથે આરોપી હતો અને બીજા બે માણસો હતાં. આરોપીનું નામ કયામુદ્દીન કાપડીયા હતું. તે બરોડાનો હતો. આરોપીએ પોલીસવાળાને કહેલું કે અહીંયાથી હું કેન્વાસ કાપડ લઇ ગયેલો હતો અને કાંઇક લખાણ કરીને જતા રહેલાનું જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પાંચ કુવા પાસે જાત જાતના પથારાવાળાઓ પોત પોતાના ધંધા કરે છે તે કબૂલ કરે છે. આ સાહેદની જેમ કેનવાસ વેચવાવાળા બીજા ઘણા વેપારી ત્યાં છે તે કબૂલ કરે છે. પાથરણા ઉપર બોર્ડ મુકવામાં આવતુ નથી તે હકીકત નકારી છે. આ અંગેનુ લાયસન્સ નથી તે હકીકત નકારી છે. પોલીસે આરોપી તરીકે જેને જણાવેલો તેને અગાઉ કયારેય જોયેલો નહીં. તેનુ શારીરિક વર્ણન આપી શકે નહીં, આરોપી સાથે વાતચીત કરેલી નહીં. આ સાહેદની હાજરીમાં પણ પોલીસે તેની સાથે વાતચીત કરેલી નહીં. સરતપાસમાં જણાવ્યા મુજબ પાથરણા ઉપર પોલીસ કોઈ વ્યકિતને લઈને આવેલી નહીં તો તે હકીકત નકારી છે. તે વ્યકિતએ આ સાહેદ પાસેથી કેનવાસ ખરીદેલાનું જણાવેલુ નથી તો તે હકીકત પણ નકારી છે. પોલીસની ધાક ધમકી અને દબાણના કારણે ખોટુ નિવેદન આપી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારી છે. બનાવના દિવસના હિસાબી ચોપડા કે બીલબુક પોલીસને બતાવેલી નથી. કેનવાસ કેટલા મીટરનું વેચેલુ તે પોલીસને લખાવેલુ નહીં. કઈ તારીખે કેનવાસ વેચેલુ તે કહી શકે નહીં.

આમ આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ પાંચ કુવા પાસે "જે.કે.કેનવાસ" ના નામથી કેનવાસ વેચવાનો વેપાર કરતા હતા. તા.૧૨.૧૨.૨૦૦૮ ના રોજ આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયાએ ગુનાના કામે

ઉપયોગમાં લીધેલ કેનવાસનું કાપડ આ સાહેદ પાસેથી ખરીદ કરેલુ હતુ અને આરોપી પકડાયા પછી આ જગ્યા તેને પંચો રૂબરૂ બતાવેલી હતી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે અબ્દુલ કાદીર મહંમદ કાસમ પુઠાવાલાને સાહેદ નં.૧૦૩૪ તરીકે આંક–૭૦૪૪ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ "એ.કે.ટ્રેડર્સ" ના નામથી છેલ્લા ૨૦ વર્ષથી રીલીફ રોડ ઉપર સુઇગરાની પોળ પાસે ધંધો કરે છે અને તેમની દુકાનમાં સુટકેશ મટીરીયલ્સ રાખે છે. તા.૧૨/૧૨/૨૦૦૮ ના રોજ પોલીસ તેમની દુકાને આવેલી અને સુટકેશમાં વપરાતી પ્લાસ્ટિકની શીટનો ટુકડો લઈને આવેલા અને પુછેલુ કે તમે આ વસ્તુ વેચો છો ? તો સાહેદે જણાવેલુ કે ઓળખીતા કોઈક આવે તો છુટકમાં આપુ છું. પોલીસ સાથે આરોપી આવેલો હોય અને તેનુ નામ કયામુદ્દીન હતુ તેવુ બનેલુ નથી. આ સાહેદ ફરિયાદપક્ષની હકીકતને સમર્થન કરતા ન હોવાથી સરકારી વકીલશ્રીએ તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવાની માંગણી કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્ન પુછવા માટે પરવાનગી માંગેલી. અદાલત દ્વારા આ સાહેદને ફરી ગયેલા જાહેર કરી ઊલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની સરકારી વકીલશ્રીને પરવાનગી આપેલી. સરકારી વકીલશ્રી દ્વારા કરવામાં આવેલી ઊલટતપાસ ધ્યાને લેતા પોતે દુકાન ઉપર સવારના ૧૦ થી રાતના ૮ વાગ્યા સુધી બેસે છે તે કબૂલ કરે છે. કયામુદ્દીન આ ટુકડા બોમ્બ બનાવવા લઈ જાય છે તેવુ જાણતા હતા તો તે હકીકત નકારી છે. આવુ જાણવા છતા ફાઈબર પ્લાસ્ટિકના કાળા રંગના શીટ તેને આપેલાની હકીકત નકારી છે. આરોપીઓ તરફથી થયેલી ઊલટતપાસ ધ્યાને લેતા આ વસ્તુ હું વેચુ છું તે સિવાય બીજી કોઈ હકીકત જણાવેલી નહીં.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ રીલીફ રોડ ઉપર સુઇગરાની પોળ પાસે "એ.કે.ટ્રેડર્સ" ના નામથી સુટકેશ મટીરીયલ્સ વેચવાનો વેપાર કરતા હતા. તા.૧૨.૧૨.૨૦૦૮ ના રોજ આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયાએ ગુનાના કામે ઉપયોગમાં લીધેલ પ્લાસ્ટિક આ

સાહેદ પાસેથી ખરીદ કરેલી હતી અને આરોપી પકડાયા પછી આ જગ્યા તેને પંચો રૂબરૂ બતાવેલી હતી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે શબ્બીરભાઈ હુસેનીભાઈ રંગવાલાને સાહેદ નં.૧૦૩૭ તરીકે આંક–૭૦૪૮ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ આશરે ૨૫ વર્ષથી પાનકોર નાકા પાસે "ગુજરાત ટુલ્સ" ના નામે પકકડ, પાના, કાતર વિગેરે ટુલ્સનો ધંધો કરે છે અને તેમની દુકાનનો સમય સવારના અગિયાર વાગ્યાથી લઈને સાંજના સાત વાગ્યા સુધીનો છે. તા.૧૨/૧૨/૨૦૦૮ ના રોજ પોલીસના માણસો તેમની દુકાને આવેલા તે પૈકી ત્રણ ચાર પોલીસના માણસો હતા, એક સાહેબ હતા અને એક આરોપી હતો. સાહેબે પુંછેલું કે આ માણસ તમારે ત્યાંથી કાતર લઈ ગયેલો હતો? તો આ સાહેદે સાહેબને કહેલુ કે ઘણા બધા માણસો આવે છે અને આ પણ કાતર લઈ ગયેલો હશે. જે આરોપીને લઈને આવેલા હતા તેનું નામ ખબર નથી પરંતુ તે વડોદરાનો હતો. આરોપીએ જ પોતે પોતાનું નામ જણાવેલું અને તેમની દુકાન પાનકોર નાકા, બિસ્કિટ ગલીના નાકે આવેલાનું જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો જે જગ્યા ઉપર દુકાન આવેલી છે તે જગ્યા પબ્લિકથી અને વાહનોથી ધમધમતો વિસ્તાર છે તે કબૂલ કરે છે. આ સાહેદની દુકાન ઉપર સવારથી સાંજ સુધી અનેક ગ્રાહકો આવે છે તે કબૂલ કરે છે. કોઈ ગ્રાહક બીલ માંગે તો તે ગ્રાહકને બીલ આપે છે તે કબૂલ કરે છે. આ સાહેદની દુકાનનું બીલ કોઈક બતાવે તો કહી શકે કે આ મારી દુકાનનું બીલ છે. પોલીસ જે માણસને લઈને આવેલી તેને કાતર ખરીદ્યાનું બીલ બતાવેલુ નહીં. પોલીસે કાતર બાબતે પુછેલુ પરંતુ કાતર બતાવેલી નહીં. મારા મત પ્રમાણે કોઈક વ્યકિત કોઈક દુકાનેથી કાતર જેવી નાની વસ્તુ ખરીદે તો તે અંગેનુ બીલ માંગતા હોતા નથી અને દુકાનદાર પણ આવી નાની વસ્તુનુ બીલ આપતા હોતા નથી. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો જે કાતર વિશે પુછપરછ કરેલ તે કઈ કંપનીની હતી તે કહી શકે નહીં. કાતરનુ વેચાણ કઈ તારીખે કરેલુ તે અત્યારે યાદ નથી.

આમ આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ પાનકોર નાકા પાસે "ગુજરાત ટુલ્સ" ના નામથી પકકડ, પાના, કાતર વિગેરે વેચવાનો વેપાર કરતા હતા. તા.૧૨.૧૨.૨૦૦૮ ના રોજ આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયાએ ગુનાના કામે ઉપયોગમાં લીધેલ કાતર આ સાહેદ પાસેથી ખરીદ કરેલી હતી અને આરોપી પકડાયા પછી આ જગ્યા તેને પંચો રૂબરૂ બતાવેલી હતી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે મોહમદ અનવર ગુલામરસુલ કાપડીયાને સાહેદ નં.૧૦૪૦ તરીકે આંક–૭૦૫૫ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ સને–૨૦૦૮/૨૦૦૯ ના વર્ષમાં કાપડની દુકાન લીંબાયત વિસ્તારમાં વિકાસ રોડ ઉપર સાગર હોટલ પાસે આવેલી અને તેમની દુકાનનું નામ "કબીર કાપડ કેન્દ્ર" હતું અને તે દુકાન ભાડે રાખેલી. તેમની દુકાનના માલીક જાવેદ ઈસ્માઈલ ખલીફા હતાં. તા.૧૨/૨/૨૦૦૯ ના રોજ પોલીસ તેમની દુકાને આવેલી. તેમની સાથે એક બોમ્બ કાંડનો આરોપી હતો. પોલીસે કહેલું કે આ ભાઈ છે અને તેણે ચોરી કરેલી છે અને તમારૂ નામ આપેલું છે. સાથે આવેલા આરોપીએ સને–૨૦૦૮ મા આ સાહેદને કહેલું કે મારે ભાડાની જગ્યા જોઈએ છે. તે વખતે તેને કહેલું કે હું કાપડનો ધંધો કરૂ છું અને આ ભાડાની જગ્યા બાબતે મને કાંઈ ખબર નથી. તે દરમિયાન બીજો એક ત્યાં દલાલ હતો તેની સાથે તેનો સંપર્ક થયેલો. તેઓએ વાતચીત કરેલી અને તે આ સાહેદની દુકાનની પાછળ કયાંક ગયેલાનું જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પોલીસે જે જવાબ લખેલો તે વાંચી સંભળાવેલો પરંતુ જાતે વાંચેલો નથી. પોલીસ કોઈ વ્યકિતને દુકાન ઉપર લઈને આવેલી ન હતી તો તે હકીકત નકારી છે.

આમ આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ "કબીર કાપડ કેન્દ્ર" દુકાનના માલીક છે અને દુકાન લીંબાયત વિસ્તારમાં સુરત ખાતે આવેલી છે. આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયા દુકાન ઉપર આવેલો અને તેને મકાન ભાડેથી જોઈએ છે તે અંગે આ સાહેદ સાથે વાતચીત કરેલી હતી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે સિરાજુદ્દીન મસીઉલ્લાહ અંસારીને સાહેદ નં.૧૦૪૩ તરીકે આંક–૭૦૬૦ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ સને–૨૦૦૮/૨૦૦૯ ના વર્ષમાં મુગલીસરા, મીરજા સ્વામી રોડ, સુરત ખાતે કાલુ પાન કોર્નરના નામે ગલ્લો ચલાવતા હતા અને સને–૨૦૦૮/૦૯ના વર્ષમાં તેમના ગલ્લા ઉપર કોઇન બોકસનો ફોન રાખેલો હતો જે બી.એસ.એન.એલ. કંપનીનો હતો. જેનો નંબર ૨૪૦૨૦૯૨ હતો. જે ફોન આ સાહેદના ભાઇ નિજામુદ્દિન અંસારીના નામે હતો. સાહેદ વધુમાં જણાવે છે કે તા.૧૨/૨/૨૦૦૯ ના રોજ પોલીસ તેમના ગલ્લા ઉપર આવેલી. પોલીસ સાથે બે જણા હતાં. પોલીસે કહેલું કે તમારા કોઇન બોકસથી ફોન કરેલ છે, પરંતુ આ સાહેદે કહેલ કે ફોન કોને કરેલા તેનો તેમને ખ્યાલ નથી. પોલીસે તેમની સાથે આવેલ ભાઇનું નામ કહેલુ જે કયામુદ્દિન જેવું નામ હતું. પોલીસ જે માણસ લઈને આવેલ તેને બતાવવામાં આવે તો ઓળખી શકે નહીં તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદની પાનની દુકાન જાહેર રોડ ઉપર છે તે કબૂલ કરે છે. રસ્તા તરફના ભાગે કોઇન બોક્ષ મુકેલો હતો તે કબૂલ કરે છે. જેથી એવુ કહી શકાય કે આ સાહેદની દુકાન ઉપર કોઇન બોક્ષ હતુ તે આરોપીઓ તરફથી સ્વીકારવામાં આવે છે. આ કોઇન બોક્ષનો ઉપયોગ રસ્તેથી આવતા જતા ઘણા લોકો કરતા હતા તે કબૂલ કરે છે. આખા દિવસ દરમ્યાન કઈ–કઈ વ્યકિતઓએ કોઇન બોક્ષનો ઉપયોગ કરેલો તે કહી શકે નહીં. પોલીસ જે વ્યકિતને લઈને આવેલી તે વ્યકિતને કયાથી અને કયારે લઈ આવેલી તેની ખબર નથી તે કબૂલ કરે છે. તે વ્યકિત સાથે આ સાહેદનો કોઈ વાતચીત થયેલી નથી. કોઇન બોક્ષ બહારની સાઈડે મુકેલુ હોવાથી કોણ ફોન કરે છે તે ગલ્લા ઉપરથી જોઈ શકાય નહીં તે કબૂલ કરે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ મીરઝા સામી રોડની સામે "કાલુપાન પાર્લર" ના નામથી પાર્લર ચલાવે છે અને

દુકાનની બહાર બી.એસ.એન.એલ. કંપનીનો કોઈન બોક્ષ મુકેલો હતો. આ કોઈન બોક્ષ ઉપરથી આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયાએ ફોન કરેલા હતા.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે ધીરિન જયંતિલાલ લારીયાને સાહેદ નં.૧૦૫૬ તરીકે આંક–૭૧૯૩ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ વોડાફોન મોબાઈલ સર્વિસીસ લીમીટેડ કંપનીમાં ઓલ્ટરનેટ નોડલ ઓફિસર તરીકે અમદાવાદ ખાતે ફરજ બજાવે છે. અગાઉ આ કંપની "વોડાફોન એસ્સાર ગુજરાત લીમીટેડ" તરીકે ઓળખાતી હતી. સાહેદ વધુમાં જણાવે છે કે સને–૨૦૦૮ ના વર્ષમાં તેમની કંપનીમાં આસીસ્ટન્ટ વાઇસ પ્રેસિડેન્ટ લીગલ અને કંપની સેક્રેટરી તરીકે વી.શ્રીનિવાસ ફરજ બજાવતા હતાં. તે સમયે આ સાહેદ તેઓની સાથે આ કંપનીમાં ફરજ બજાવતા હતાં. વી. શ્રીનિવાસ નામનો સમન્સ તેમની કંપનીમાં આવેલ પરંતુ તેઓ કંપનીમાં ન હોવાથી આ કંપનીના હાલના અધિકૃત ઓલ્ટરનેટ નોડલ ઓફિસર તરીકે આ સાહેદે જે તે સમયે વી.શ્રીનિવાસ સાથે થયેલ પત્ર વ્યવહારની ફાઇલમાં જે દસ્તાવેજો હતા તે લઇ નામ.કોર્ટ ખાતે હાજર થયેલ. સાહેદ નિ.૭૧૯૨/૧ વાળો પત્ર તેમની કંપનીના શ્રી વી.શ્રીનિવાસનાઓએ મયુર ચાવડા, ઇન્વેસ્ટીગેશન ટીમનાઓને (૧) મોબાઇલ નં. ૯૭૧૨૩૮૧૧૫૭ તથા મોબાઇલ નં.૯૭૧૨૩૯૮૨૦૪ ની કોલ ડિટેઇલ, (૨) ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૬૫ બી (૪) (સી) મુજબનું પ્રમાણપત્ર (૩) મોબાઇલ નં.૯૭૧૨૩૮૧૧૫૭ તથા મોબાઇલ નં. ૯૭૧૨૩ ૯૮૨૦૪ ના અસલ એપ્લીકેશન ફોર્મ તથા તેની સાથે રજુ થયેલ ઓળખના પુરાવા મોકલી આપેલ હતાં. આ માહિતી તેમની કંપનીએ તપાસ ટીમના તા.૧૪/૧૦/૨૦૦૮ ના પત્ર નં. MJC/ CDR–૪/ ૨૦૩ / ૦૮ અનુસંધાને શ્રી મયુર ચાવડા, D.Y.S.P. ઇન્વેસ્ટીગેશન ટીમ ક્રાઇમ બ્રાન્ચને મોકલી આપેલ. આ પત્રમાં તેમની કંપની વતી શ્રી વી.શ્રીનિવાસનાઓએ સહી કરેલી જે સહી ઓળખી બતાવે છે. સદર પત્રનેઆંક–૭૧૯૪ થી રજુ રાખેલ છે. તેમજ નિ.૭૧૯૨/૨ વાળો દસ્તાવેજ ભારતીય પુરાવા અધિનિયમ મુજબ મોબાઇલ નંબરોના કોલ ડેટા અંગેનું પ્રમાણપત્ર છે જેમાં વી.શ્રીનિવાસનાઓની

સહી ઓળખી બતાવે છે જે માર્ક–એ થી રજૂ રાખેલ છે. તેવી જ રીતે નિ.૭૧૯૨/૩ વાળો દસ્તાવેજ મોબાઈલ નં.૯૭૧૨૩ ૮૧૧૫૭ તથા મોબાઈલ નં.૯૭૧૨૩ ૯૮૨૦૪ ના કોલ ડેટા રેકોર્ડની પ્રિન્ટ આઉટ છે જેના દરેક પાના ઉપર તેમની કંપનીનો સિક્કો છે જે માર્ક–બી થી રજૂ રાખેલ છે તેમજ નિ.૭૧૯૨/૪ વાળા દસ્તાવેજના પાના નં.૧૧ અને ૧૨ મોબાઈલ નં.૯૭૧૨૩ ૮૧૧૫૭ નું વોડાફોન કંપનીનું પ્રિપેઈડ એપ્લીકેશન ફોર્મની અને ઓળખના પુરાવાની ઝેરોક્ષ જે આંક–૩૧૯૯ થી રજૂ રાખેલ છે. તેવી રીતે નિ.૭૧૯૨/૪ વાળા દસ્તાવેજના પાના નં. ૧૩ અને ૧૪ મોબાઈલ નં.૯૭૧૨૩૯૮૨૦૪ નુ તેમની વોડાફોન કંપનીનું પ્રિપેઈડ એપ્લીકેશન ફોર્મની ઝેરોક્ષ અને ઓળખના પુરાવાની ઝેરોક્ષ જે આંક–૩૧૯૮ થી રજૂ રાખેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદે બી.કોમ. એલ.એલ.બી. સુધીનો અભ્યાસ કરેલો છે. ૧૯૯૭ ની સાલમાં વોડાફોન કંપનીના લીગલ ડીપાર્ટમેન્ટમાં આસીસ્ટન્ટ તરીકે જોડાયેલા. ૨૦૧૪ ની સાલથી લીગલ ડીપાર્ટમેન્ટમાંથી નોડલ ડીપાર્ટમેન્ટમાં ગયેલા છે. કંપનીના સેક્રેટરી કોણ છે તે યાદ નથી. લીગલ ડીપાર્ટમેન્ટના હેડશ્રી અશેષ ઠાકોર પ્રહલાદનગરવાળી ઑફિસમાં બેસે છે તેમ જણાવે છે. અશેષ ઠાકોરને સમન્સ મળેલાની હકીકત નકારી છે. કંપની વતી અશેષ ઠાકોરે જુબાની આપવા માટે અધિકાર આપ્યો હોય તેવો કોઈ દસ્તાવેજી પુરાવો નથી. જુબાની આપવા અંગેની ચર્ચા કંપની સેક્રેટરી સાથે કરી નથી. જુબાનીના દિવસે રજૂ કરેલા દસ્તાવેજોમાં પણ આ પુરાવો નથી. મયુર ચાવડા નામના પોલીસ અધિકારીને મળ્યા હોય અને તેમની સાથે વાતચીત થઈ હોય કે કોઈ દસ્તાવેજની આપલે થઈ હોય તેવુ બનેલ નથી. પત્ર વ્યવહાર અંગે કોઈ જાત માહિતી નથી. પુરાવા અધિનિયમની કલમ–૬૫(બી)(૪)(સી) મુજબના જે પ્રમાણપત્રો આપેલા તે પ્રમાણપત્રો આપવા માટે વી.શ્રીનિવસને કયા દસ્તાવેજો રીફર કરેલા તેની જાત માહિતી નથી. આંક–૩૧૯૮, ૩૧૯૯ વાળા દસ્તાવેજો તેમની ઑફિસમાં કોણ લાવ્યુ અને કયારે લાવ્યા તેની જાત માહિતી નથી. મોબાઈલ નં.૯૭૧૨૩૮૧૧૫૭, ૯૭૧૨૩૯૮૨૦૪ વાળા ફોનનું રેકોર્ડીંગ

કોઈ પોલીસ અધિકારીએ માંગ્યુ હોય અને શ્રીનિવાસને આપેલુ હોય તેવુ બનેલુ નથી. પરંતુ સાહેદે જણાવેલુ છે કે કંપની પાસે રેકોર્ડીંગ હોતુ નથી. આમ પોલીસ અધિકારીએ રેકોર્ડીંગ માંગેલુ હોય પરંતુ કંપની પાસે તે ફોનનું રેકોર્ડીંગ હોતુ નથી માટે માંગેલુ હોય તો પણ આવુ રેકોર્ડીંગ આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. લીગલ અને કંપની સેક્રેટરી વી.શ્રીનિવાસન સાથે કયારેય કામગીરી કરેલી નથી અને તેમના અક્ષરો ઓળખતા નથી તો તે હકીકત નકારી છે. ગ્રાહકના ફોર્મ ગ્રાહક પાસેથી કંપનીમાં આવે છે અને કંપની તે દસ્તાવેજોની ચકાસણી કરે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ વોડાફોન મોબાઈલ સર્વીસીસ લી.માં નોડર ઓફિસર તરીકે ફરજ બજાવે છે. આરોપીઓએ ગુના વખતે ઉપયોગ કરવા માટે ખોટા નામે અરજી કરી ખોટા દસ્તાવેજો રજૂ કરી સીમકાર્ડ નં.૯૭૧૨૩૮૧૧૫૭, ૯૭૧૨૩૯૮૨૦૪ મેળવેલા તે અંગેના દસ્તાવેજો અને તેની વિગત કંપનીના વિ.શ્રીનિવાસને તપાસ કરનાર અધિકારીને આપેલા હતા. તપાસ કરનાર અધિકારીએ આ દસ્તાવેજો એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે હસ્તાક્ષર નિષ્ણાંતના અભિપ્રાય માટે મોકલેલા હતા અને તેની ચકાસણી કરનાર અધિકારી સાહેદ નં.૯૯૦ કૌશિક પુજાલાલ વ્યાસ હતા જેઓની જુબાનીની ચર્ચા આગળ ઉપર કરેલી છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે શ્યામસુંદર કેશવપ્રસાદ પ્રજાપતિને સાહેદ નં.૧૦૬૦ તરીકે આંક–૭૨૦૫ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ હાલ ભારતીય એરટેલ લીમીટેડ કંપની, અમદાવાદ ખાતે મેઇન ઑફિસમાં નોડલ મેનેજર તરીકે ફરજ બજાવે છે. સને–૨૦૦૧ ના વર્ષથી સને–૨૦૦૮ સુધી આઇડીયા સેલ્યુલરની અમદાવાદ ઑફિસમાં એકઝીકયુટીવ નોડલ ઓફિસરના હોદ્દા ઉપર ફરજ બજાવતા હતા. હાલમાં તેઓ ભારતીય એરટેલ લીમીટેડમાં કામ કરે છે તે કંપનીમાં સને–૨૦૦૮ ના વર્ષના સમયગાળામાં દેવબ્રોતા ચક્રવર્તીનાઓ નોડલ ઓફિસર ગુજરાત સર્કલ તરીકે ફરજ બજાવતા હતા જે હાલમાં આ કંપનીમાં ફરજ બજાવતા નથી.

આ સાહેદ વધુમાં જણાવે છે કે જયારે આઇડીયા કંપનીમાં ફરજ બજાવતા હતા તે દરમિયાન ડી.વાય.એસ.પી., ઇન્વેસ્ટીગેશન ટીમ, ક્રાઇમ બ્રાન્ચનાઓએ તા.૬/૧૦/૨૦૦૮ ના પત્રથી મોબાઇલ નં.૯૭૧૪૫ ૫૨૮૯૯ ની વિગતો માંગેલ. જેના આધારે તપાસ કરનાર અમલદારને તા.૧૫/૧૦/ ૨૦૦૮ ના રોજ માંગેલ મોબાઇલના એપ્લીકેશન ફોર્મ તથા તેમની કંપનીમાં મળી આવેલ આ મોબાઇલ નંબરના જરૂરી કાગળ તથા મોબાઇલના સી.ડી.આર. (કોલડેટા રેકોર્ડ)ની માહિતી પુરી પાડેલી. તેમની કંપનીને તપાસ કરનાર અમલદાર મયુર ચાવડાએ લખેલ પત્ર આંક–૭૨૦૬ થી રજૂ રાખેલ છે. તેમજ નિ.૭૨૦૪/૪ વાળા પત્ર સાથે તેમની કંપનીએ ઉપરોકત જણાવેલ મોબાઇલ નંબરનું અસલ એપ્લીકેશન ફોર્મ તથા તેની સાથેના દસ્તાવેજ તથા મોબાઇલનો સી.ડી.આર. તપાસ કરનાર અમલદારશ્રી મયુર ચાવડાનાઓને સોંપેલ જે પત્રમા સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. સદર પત્ર સાથે એન્કલોઝરમાં અસલ એપ્લીકેશન ફોર્મ કે જે નવીન મોહનલાલ પટેલના નામનું હતું તે ફોટા સહિતનું તથા તેની સાથે રજૂ થયેલ આઇ.ડી. પ્રુફ મયુર ચાવડાને સોંપેલ જે માર્ક–એ થી રજૂ રાખેલ છે. આંક–૭૨૦૭ થી સી.ડી.આર.ની કોપી રજૂ રાખેલ છે તેમજ આંક–૫૪૩૩ થી આઇડીયા સેલ્યુલર કંપનીનું કસ્ટમર એપ્લીકેશન ફોર્મ જે પ્રિપેઇડ મોબાઇલ કનેકશન મેળવવા માટેનું હોય તેમાં ગ્રાહકનું નામ નવિન મોહનલાલ પટેલ તથા તેની સાથેના આઇ.ડી. પ્રુફની ઝેરોક્ષ મયુર ચાવડાને સોંપેલ તે ઓળખી બતાવે છે.

વધુમાં સાહેદ મયુર ચાવડા, ડી.વાય.એસ.પી., ઇન્વેસ્ટીગેશન ટીમ, ક્રાઇમ બ્રાન્ચનાઓએ લીગલ મેનેજર એરટેલ લીમીટેડનાઓને મોબાઇલ નં. ૯૭૨૪૭ ૬૪૧૯૫ તથા મોબાઇલ નં.૯૭૮૪૭ ૬૪૧૯૬ ની પત્રમાં જણાવેલ વિગત મેળવવા માટે લખેલ જે ભારતીય એરટેલ લીમીટેડની એસ.જી.રોડ ઑફિસે રીસીવ કરેલ હોવાનો સિકકો તથા સહી ઓળખી બતાવે છે જે પત્ર આંક–૭૨૦૮ થી રજૂ રાખેલ છે. તેમજ નિ.૭૨૦૪/૨વાળો ભારતીય એરટેલ લીમીટેડના નોડલ ઓફિસર ગુજરાત સર્કલનાઓએ, પત્ર સાથે મયુર ચાવડા ડી.વાય.

એસ.પી. ઇન્વેસ્ટીગેશન ટીમ, ક્રાઇમ બ્રાન્ચનાઓને મોબાઇલ નં.૯૭૨૪૭ ૬૪૧૯૫ તથા મોબાઇલનં.૯૭૨૪૭ ૬૪૧૯૬ ની વિગત તથા અસલ દસ્તાવેજ સોંપેલા જે માર્ક–બી થી રજૂ રાખેલા છે. સાહેદ આંક–૩૨૧૬ વાળુ એરટેલ પ્રિપેઇડ એનરોલમેન્ટ ફોર્મ જે મોબાઇલ નં.૯૭૨૪૭ ૬૪૧૯૫ નું તથા તેની સાથે કસ્ટમર બંસલ અશોક હસમુખરાયના નામની ડ્રાઇવીગ લાયસન્સની ઝેરોક્ષ જેમાં સહી તથા રીટેઇલરનો સિકકો ઓળખી બતાવે છે. તેમજ આંક–૩૨૧૭ વાળુ એરટેલ પ્રિપેઇડ એનરોલમેન્ટ ફોર્મ જે મોબાઇલ નં.૯૭૨૪૭ ૬૪૧૯૬ નું તથા તેની સાથે કસ્ટમર દવે પ્રવિણ અશોકભાઇના નામની ડ્રાઇવીંગ લાયસન્સની ઝેરોક્ષ જેમાં સહી તથા રીટેઇલરનો સિકકો ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો ભારતીય એરટેલ કંપનીમાં સને–૨૦૧૨ ની સાલમાં જોડાયેલા. આઇડીયા સેલ્યુલર કંપની આ સાહેદે મે–૨૦૦૮ મા છોડેલી. મે–૨૦૦૮ થી ૨૦૧૨ ના વર્ષ દરમ્યાન ટેલીનોર કંપનીમાં નોકરી કરતા હતા. દેવબ્રોતા ચક્રવતીને કયારેય મળેલા નથી તે હકીકત નકારે છે. કયારે મળેલા તેની તારીખ યાદ નથી. જુબાની આપવાની છે તે માટે તેમને મળેલા નથી. આંક–૩૨૧૫ વાળુ પંચનામુ તેમની ઑફિસમાં થયુ હોય તો જાત માહિતી નથી. પંચનામુ થયુ ત્યારે કયા દસ્તાવેજો આપવામાં આવેલા તથા તે વખતે કઈ–કઈ વ્યકિતઓ હાજર હતી અને શું કાર્યવાહી થયેલી તેની માહિતી નથી. આ સાહેદે હાજર રહીને પંચનામામાં સહી કરી હોય તેવુ બનેલ નથી. પોલીસે દસ્તાવેજો મેળવીને રસીદ આપી હોય તેવુ બનેલુ નથી. આંક–૩૨૧૬, ૩૨૧૭, ૫૪૩૩ વાળા દસ્તાવેજોની જાત માહિતી નથી. આ દસ્તાવેજોની ખરાઈ કરીને કંપનીએ પ્રમાણપત્ર આપેલુ હોય તેવુ બનેલ નથી. એપ્લીકેશન ફોર્મ માટે કંપની તરફથી એજન્ટો નીમવામાં આવતા હોય છે તે કબૂલ કરે છે. ફોર્મની ચકાસણી કર્યા અંગેનો કોઈ શેરો ફોર્મ ઉપર કરવામાં આવતો નથી . ફોર્મ કઈ તારીખે મળ્યુ અને નંબર કઈ તારીખે એકટીવેટ કર્યો તે અંગેની નોંધ ફોર્મમાં જણાવવામાં આવતી ન હોય તો ખબર નથી. પ્રીપેઈડ નંબર રીચાર્જ કરવામાં આવે તો તેની નોંધ કંપનીમાં રાખવામાં આવે છે તે કબૂલ કરે છે. ગ્રાહકનું કોલ

રેકર્ડ એક વર્ષ સુધી રાખવામાં આવે છે અને તે ઓટોમેટીક સીસ્ટમમાં જળવાય છે. ઉપરોકત ત્રણેય નંબરો કોઈ દસ્તાવેજોના આધારે આપવામાં આવેલા હોય તેવુ બંને કંપનીઓના ધ્યાન ઉપર આવેલુ નથી. મારા મત પ્રમાણે કોઈ પણ ગ્રાહક ફોર્મ ભરે, ફોર્મની અંદર પોતાનુ નામ સરનામુ જણાવે તો તેને જ ખબર હોય કે ફોર્મની અંદર કયુ નામ સરનામુ લખ્યુ છે. ફોર્મની સાથે જે દસ્તાવેજો રજુ કરેલા હોય તે કયા દસ્તાવેજો રજુ કર્યા છે તેની પણ માહિતી ગ્રાહકને જ હોય અને જયારે કંપની તરફથી વેરીફીકેશન કરવામાં આવતુ હોય ત્યારે ગ્રાહકને વ્યકિતગત રીતે કંપનીની ઑફિસમાં બોલાવવામાં આવતા નથી પરંતુ ફોન ઉપર વેરીફિકેશન કરવામાં આવે છે માટે ફોર્મમાં જે વિગત લખી હોય અને જે મુજબનો દસ્તાવેજ હોય તે જ મુજબની હકીકત તે ગ્રાહક ફોનમાં જણાવે માટે રજૂ થયેલા દસ્તાવેજો અને અરજી ફોર્મ ખોટા છે તેવુ કંપનીના ધ્યાન ઉપર હરગીજપણે આવે નહીં. પરંતુ ગ્રાહકને ખબર હોય છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારીએ જે માહિતી માંગેલી તે જે તે ડિપાર્ટમેન્ટમાંથી માંગીને આપેલી. આ માહિતી ચકાસણી કર્યા વગર આપેલાની હકીકત કબૂલ કરે છે. ફોર્મમાં કોઈ ખામી હોય તો કંપની તે ફોર્મ રદ પણ કરી શકે છે તે કબૂલ કરે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ ભારતીય એરટેલ કંપનીમાં નોડર મેનેજર તરીકે ફરજ બજાવે છે અગાઉ તેમને આઈડીયા કંપનીમાં ફરજ બજાવેલ હતી. એરટેલ કંપનીમાં તેમની આગાઉ દેવબ્રોતા ચક્રવતી ફરજ બજાવતા હતા. આરોપીઓએ ગુના વખતે ઉપયોગ કરવા માટે ખોટા નામે અરજી કરી ખોટા દસ્તાવેજો રજૂ કરી સીમકાર્ડ નં .૯૭૮૪૭ ૬૪૧૯૫, ૯૭૮૪૭ ૬૪૧૯૬ મેળવેલા તે અંગેના દસ્તાવેજો અને તેની વિગત કંપનીના દેવબ્રોતા ચકરવરતીએ તપાસ કરનાર અધિકારીને આપેલા હતા. તપાસ કરનાર અધિકારીએ આ દસ્તાવેજો એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે હસ્તાક્ષર નિષ્ણાંતના અભિપ્રાય માટે મોકલેલા હતા અને તેની ચકાસણી કરનાર અધિકારી સાહેદ નં.૯૯૦ કૌશિક પુજાલાલ વ્યાસ હતા જેઓની જુબાનીની ચર્ચા આગળ ઉપર કરેલી છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે અબ્દુલઅજીમ અબ્દુલહમીદ સોદાગરને સાહેદ નં.૧૦૬૨ તરીકે આંક–૭૨૧૯ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ પાલડી અમદાવાદ ખાતે આવેલ એન.આઈ.ડી. પાસે આવેલ મ્યુનિસિપલ માર્કેટમાં દુકાન નં.૪ માં આવેલ "આઈનેટ સાયબર કાફે" નામની દુકાનમાં નોકરી કરતા હતા. આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયા તથા આરોપી નં.૨ ઈમરાન શેખ તેમજ આરોપી નં.૭ મહંમદ ઉસ્માન અગરબત્તીવાલા કમ્પ્યુટર શીખવા આવતા હોવાથી તેઓને સારી રીતે ઓળખતા હતા. તેઓ સાયબર કાફેમાં આવી સરફીંગ કરતા હતા અને સાયબર કાફેનું રજીસ્ટર પોલીસને આપેલુ જે આંક–૩૨૦૮ થી રજૂ કરેલુ છે તેમાં તા.૨૪.૪. ૨૦૦૮ ના રોજની કમ્પ્યુટરવાળી એન્ટ્રીમાં આરોપી નં.૩૭ કયામુદ્દીનભાઈનું નામ લખેલુ છે તેમ જણાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ આઈનેટ સાયબર કાફેમાં નોકરી કરતા હતા તે બતાવવા માટે પોલીસે પુરાવો માંગેલો નહીં તે કબૂલ કરે છે. આદીલભાઈ મલેક તેમની માસીના દીકરા છે તે કબૂલ કરે છે. હાર્ડ ડીસ્ક અને રજીસ્ટર આદીલભાઈને પુછીને પોલીસને આપવાનું નકકી કરેલુ તે કબૂલ કરે છે. પોલીસના માણસો આદીલભાઈ તથા આ સાહેદની માસી સોફીયાબેનને બોલાવીને પુછપરછ કરતા હતા તો તે હકીકત નકારી છે. આદીલભાઈ તથા માસી સોફીયાબાનુ અજમેર ગયેલા અને ૨–૩ દિવસ પછી પાછા આવેલાનું જણાવે છે. હાર્ડ ડીસ્ક અને રજીસ્ટર પોલીસ લઈ ગયેલાની ખબર આજદિન સુધી નથી તો તે હકીકત નકારે છે. હાર્ડ ડીસ્ક અને રજીસ્ટર પોલીસને મળ્યુ છે તે બાબતે પોલીસે કોઈ પહોંચ આપેલી નથી પરંતુ મારા મત પ્રમાણે પોલીસે પહોંચ આપી નથી તેનો મતલબ એવો નથી કે હાર્ડ ડીસ્ક અને રજીસ્ટર પોલીસ લઈ ગયેલા નથી. પહોંચ આપી નથી તો તે અંગેનો પૂર્વગ્રહ તેના માલીકને થાય આરોપીઓને તેની સાથે કોઈ લેવાદેવા નથી. સાયબર કાફેમાં દિવસ દરમ્યાન ઘણા માણસો આવતા હોય છે તે કબૂલ કરે છે. સાયબર કાફે

ઉપર કોઈ વ્યકિત આવે અને આઈ.ડી.કાર્ડ બતાવે ત્યારબાદ તેને મનપસંદ ટેબલ ઉપર બેસાડવામાં આવે છે તો તે હકીકત નકારી છે.

આમ આઈનેટ સાયબ કાફે નામની દુકાનમાં આ સાહેદ નોકરી કરતા હતા ત્યારે આરોપી નં.૨ અને ૩૭ તથા તેમની સાથે આરોપી નં.૭ નાઓ સરફીંગ કરવા માટે જતા હતા અને આરોપી નં.૩૭ નાઓએ તા.૨૪.૪.૨૦૦૮ નાં રોજ કમ્પ્યુટર નં.૪ ઉપર એન્ટ્રી કરીને ત્યાં બેસીને સરફીંગ કરેલુ છે. આ કમ્પ્યુટર એન્ટ્રી આંક–૩૨૦૮ થી રજૂ છે અને તેમાં કયામુદ્દીન જે નામ લખેલુ છે તે આ સાહેદ લખેલુ છે. આ હકીકત નહીં માનવાને કોઈ કારણ નથી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે અર્જુન કાશીરામ ધનાવડેને સાહેદ નં. ૧૦૯૬ તરીકે આંક–૬૭૬૬ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ સને–૨૦૦૦ ના વર્ષથી બાટા કંપનીમાં હોટલ ગેલેકસી વાપી ખાતે સેલ્સમેન તરીકે નોકરી કરે છે. સુરત પોલીસ સને–૨૦૦૯ ની સાલમાં તેમના શો રૂમ ઉપર આવેલી. પોલીસની સાથે બીજો એક ભાઇ હતો. પોલીસ જે ભાઇની સાથે લઇને આવેલી તે બાબતે પુંછેલું. આ જે ભાઇ હતો તે આસીફભાઇનો મિત્ર હતો. આ આસીફભાઇના મિત્રનું નામ યાદ નથી. આસીફભાઇ વોરા વાપીના છે અને તે આ સાહેદ સાથે નોકરી કરતા હતાં અને તેઓ સને–૨૦૧૨ ની સાલથી નોકરી છોડી ગયા છે. આસીફભાઇનો આ મિત્ર આ સાહેદના શો રૂમ ઉપર આસીફભાઇને મળવા આવતો હતો તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પોલીસે પુછપરછ કરી ત્યારે આસીફભાઈ પણ શો રૂમ પર હાજર હતા. આસીફભાઈની પોલીસે પુછપરછ આ સાહેદની હાજરીમાં કરી નથી. આસીફભાઈને જે મિત્ર મળવા આવતો હતો તે ૨૦૦૯ ની સાલમાં એક જ વખત આવેલો હતો.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ વાપી ગુંજન ચાર રસ્તા ખાતે આવેલી બાટા કંપનીના શોરૂમમાં સેલ્સમેન તરીકે નોકરી કરતા હતા અને તેમની સાથે આસીફ ઈબ્રાહીમ વોરા પણ નોકરી કરતા

હતા અને તે વખતે આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયા આસીફભાઈને મળવા આવતો હતો.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે મહમદ શોએબ ઉર્ફે સલીમબાબા મહમદહનીફ ગુલામમીયા શેખને સાહેદ નં.૧૦૯૯ તરીકે આંક–૭૭૭૪ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ આ સાહેદ ૨૦૦૮ અગાઉ ત્રણેક વર્ષથી "બાબા કોમ્યુનિકેશન" નામથી મોબાઈલની દુકાન ચલાવતા હતા. તેઓ મોબાઈલ રીપેરીંગનુ તથા મોબાઈલ એસેસરીઝનુ કામ કરતા હતા. આ સાહેદના મિત્રોમાં સુલેમાન અન્સારી, આરીફ ઈકબાલ, શોએબ અન્સારી, તન્વીર પઠાણનાઓ હતા. આ તન્વીર પઠાણ સાથે આ સાહેદ ભણતા હતા. તન્વીર પઠાણ એ.સી./ફ્રીજ રીપેરીંગનું કામ કરતા હતા. આ તમામ મિત્રોએ ભેગા થઈને ચાઈનીઝ કુડની લારી પણ ચાલુ કરેલી. આ સાહેદ મોબાઈલની દુકાન ઉપર બેસવા લાગેલા ત્યારે બધા મિત્રો ત્યાં ભેગા થતા હતા. તે વખતે બીજુ કાંઈ બનેલુ નહીં. ડી.સી.બી. પોલીસ સ્ટેશન ખાતે જવાબ લીધેલો, કઈ તારીખે લીધેલો તે યાદ નથી. પોલીસે જવાબ વાંચ્યો હોય તેવુ બનેલુ નથી. પોલીસને આ સાહેદે લખાવ્યા મુજબ પોલીસે જવાબ લખેલો તેવુ બનેલુ તેમ જણાવે છે. આમ આ સાહેદે પોલીસમાં જવાબ લખેલાનું સ્પષ્ટ બને છે પરંતુ એવુ પણ જણાવે છે કે સને–૨૦૦૮ ના વર્ષમાં પોલીસે જવાબ લીધો તેના આશરે છ મહીના પહેલા તેમની મોબાઈલ શોપ ઉપર બે ઈસમ આવેલા અને જણાવેલુ કે ખીદમત ગ્રુપવાળા અદનાનને મળવુ છે તો તેવુ બનેલ નથી. અદનાનને મોબાઈલ ફોન કરીને દુકાને બોલાવેલો હોય તેવુ બનેલુ નથી. સુરત ખાતે કિલ્લામાં એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેબ સમક્ષ ઓળખ પરેડ માટે બોલાવેલાનું જણાવે છે. આ સાહેદે ફરિયાદપક્ષની સમર્થન કરેલ ન હોવાથી સરકારી વકીલશ્રીએ ફરી ગયેલા જાહેર કરવા વિનંતી કરેલી અને સાહેદને ફરી ગયેલા જાહેર કરેલા છે. ત્યારબાદ ફરિયાદપક્ષને સાહેદની ઊલટતપાસ કરવાની પરવાનગી આપેલી છે.

ફરિયાદપક્ષ દ્વારા આ સાહેદની અદાલતની પરવાનગીથી ઊલટતપાસ ધ્યાને લઈએ તો તા.૬.૧૦.૨૦૦૮ ના રોજ પોલીસે નિવેદન લીધેલાનું કબૂલ કરે છે. પોલીસ રૂબરૂના નિવેદનમાં મહંમદ શોએબ ઉર્ફે મહંમદ સલીમ ઉર્ફે સલીમ બાબા સન ઓફ મહંમદ હનીફ શેખનું નામ આપેલાનું કબૂલ કરે છે. પોલીસને મોબાઈલ નં.૯૮૨૪૧૧૬૬૯૧ તથા દુકાનનો નંબર આપેલાનું કબૂલ કરે છે. દુકાનના માલીક મુમતાઝખાન છે તે હકીકત પોલીસને જણાવેલી. ચાર મિત્રોએ ચાઈનીઝની લારી શરૂ કરેલી અને પછી બંધ કરેલાની હકીકત પોલીસને જણાવેલાની કબૂલ કરે છે. ફરિયાદપક્ષ તરફથી એવો પ્રશ્ન પુછવામાં આવેલો છે કે "તમારા પોલીસ નિવેદનમાં તમે એવુ લખાવેલુ છે કે મારી હકીકત મારા લખાવ્યા મુજબ બરાબર અને ખરી છે ?" તો સાહેદે જણાવેલુ છે કે આ લખેલુ છે પરંતુ મેં વાંચેલુ નહીં. આ હકીકત ધ્યાને લેતા સાહેદે પોલીસ રૂબરૂ નિવેદન આપેલુ તે સ્પષ્ટ બને છે. આ સાહેદની દુકાને બે ઈશમો અદનાનને શોધવા આવેલા તે પૈકી એક ઈસમ દુકાનની અંદર આવેલો જે સાડા પાંચ ફુટ ઉંચાઈ અને મધ્યમ બાંધાનો, ઘઉં વર્ણનો, લાંબુ મોઢુ, નાની દાઢી, કપાળ ઉંચુ અને ચશ્મા પહેરેલો હતો તેવુ નિવેદનમાં લખાવેલાની હકીકત નકારેલી છે. સાજીદ મન્સુરી વિશે પુછતા તેને જોયે ઓળખે છે તથા તેની સાથે તન્વીર પઠાણને મિત્રતા હતી તે તથા તન્વીર પઠાણ ખીદમત ગૃપનો સભ્ય હતો, સ્વભાવે તીખો અને વાતવાતમાં ગુસ્સે થઈ જાય તેવો હતો તે તથા મુસ્લિમ કોમ પ્રત્યે લાગણી હતી અને જેહાદી વાતો તેમજ ઉશ્કેરણીજનક શબ્દોનો ઉપયોગ કરતો હતો તો તે હકીકત નકારી છે. તન્વીર પઠાણ તથા બીજા મિત્રોને બચાવવા ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારી છે.

આ સાહેદની આરોપીઓ તરફથી પણ ઊલટતપાસ કરવામાં આવેલી છે તે ધ્યાને લઈએ તો આ સાહેદ તથા તેનુ કુટુંબ કે તેના મિત્રો ગેરકાયદેસરની પ્રવૃત્તિમાં સંડોવાયેલા નથી તો તે કબૂલ કરે છે. ખીદમત ગ્રુપના નામથી આ સાહેદ તથા તેના મિત્રો સેવાભાવી કાર્ય કરતા હતા તો તે હકીકત કબૂલ કરે છે. ઓગસ્ટ, સપ્ટેમ્બર, ઓકટોબર–૨૦૦૮માં સુરત ડી.સી.બી.

પોલીસ સ્ટેશનમાં આ સાહેદને તથા તેના મિત્ર અદનાન, ફાઈઝ તથા અબ્દુલ કરીમ, ઈસ્માઈલને બોમ્બ પ્લાન્ટેશનના કેસો બાબતે અવાર નવાર બોલાવવામાં આવતા હતા તે કબૂલ કરે છે. આ સમય દરમ્યાન પોલીસ અનેક પ્રકારે માનસીક દબાણ કરતી હતી તે કબૂલ કરે છે. પોલીસે એક ફોટો આપેલો અને તેને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટની કોર્ટમાં ઓળખી બતાવવાનો છે તેવુ પોલીસે કહેલાની હકીકત કબૂલ કરી છે. ઓળખ પરેડ પત્યા પછી પોલીસે આ સાહેદને કયારેય બોલાવ્યા નથી તે કબૂલ કરે છે.

આમ આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદની આ કેસોની તપાસ દરમ્યાન પોલીસે પુછપરછ કરી જવાબ લીધેલો છે. આ સાહેદ તન્વીર પઠાણનાઓને સારી રીતે ઓળખે છે. તન્વીર પઠાણ ખીદમત ગ્રુપ સુરતનો સભ્ય હતો. સુરતમાં બોમ્બ પ્લાન્ટેશનના બનાવો બન્યા તેમજ અમદાવાદ ખાતે બોમ્બ બ્લાસ્ટના બનાવો બન્યા બાદ આ સાહેદની પુછપરછ કરવામાં આવેલી છે. આ સાહેદને ઓળખ પરેડ માટે એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટની ચોક બજાર ખાતે આવેલી કોર્ટમાં લઈ ગયેલા છે. એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ સમક્ષ આરોપી નં.૬૩ ને ઓળખી બતાવેલો છે. આ સાહેદને ફરિયાદપક્ષે ફરી ગયેલા જાહેર કર્યા છે પરંતુ તેઓની જુબાની સંપૂર્ણપણે ન માનવી જોઈએ તેવુ નથી. આ સાહેદે અકુદરતી જુબાની આપેલી છે. તેઓની સમગ્ર જુબાની ધ્યાને લેતા આ સાહેદે આરોપીઓને બચાવવા માટે જુબાની આપેલી હોવાનું સ્પષ્ટપણે માલુમ પડે છે. બચાવપક્ષની ઊલટતપાસ દરમ્યાન આ સાહેદે પોલીસ આ કામના આરોપીઓને મારજુડ કરતી હતી, વારંવાર આ સાહેદ તથા આ સાહેદના અન્ય મિત્રોને પોલીસ, પોલીસ સ્ટેશનમાં બોલાવતી હતી. આમ આ સાહેદે અકુદરતી જુબાની આપેલી છે જે વિશ્વાસપાત્ર નથી અને આરોપીઓને બચાવવા માટે ઈરાદાપૂર્વક આરોપીના લાભમાં અને ફરિયાદપક્ષની વિરૂધ્ધમાં જુબાની આપેલાનું મારૂ સ્પષ્ટપણે માનવુ છે. આ સાહેદે પોતાની જુબાની દરમ્યાન વી.સી. દ્વારા ટીવી સ્ક્રીન ઉપર આરોપી નં.૬૩ તન્વીર પઠાણને ઓળખી બતાવેલો છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે મહેશકુમાર મનુભાઈ વડગામાને સાહેદ નં.૧૧૧૩ તરીકે આંક–૭૯૭૦ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ તા.૨૧–ઓગષ્ટ–૧૯૯૫ થી આસીસ્ટન્ટ એકઝામીનર ઓફ કવેશ્ચન ડોકયુમેન્ટ તરીકે હેન્ડ રાઇટીંગ એન્ડ ફોટોગ્રાફીક બ્યુરો હાલમાં ડાયરેકટોરેટ ઓફ ફોરેન્સીક સાયન્સ, ગાંધીનગર ખાતે ડેપ્યુટી ચીફ સ્ટેટ એકઝામીનર ઓફ કવેશ્ચન ડોકયુમેન્ટ તરીકે ફરજ બજાવતા હતા. તેઓને ભારત સરકારના ગૃહ મંત્રાલય દ્વારા ચાલતી સંસ્થા નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ક્રિમિનોલોજી એન્ડ ફોરેન્સીક સાયન્સ, રોહિણી, નવી દિલ્હી ખાતેથી ડિપ્લોમા ઇન ડોકયુમેન્ટ એકઝામીનેશનનું પ્રમાણપત્ર મેળવેલ છે. દોઢ વર્ષની તાલીમ દરમિયાન ભારત સરકારની ગવર્મેન્ટ એકઝામીનર ઓફ કવેશ્ચન ડોકયુમેન્ટની કચેરી જેવી કે સીમલા, હૈદરાબાદ અને કલકત્તા ખાતે પ્રેકટીકલ અને થિયરી અંગે સઘન તાલીમ મેળવેલી તથા જુદા જુદા રાજયોની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી ખાતે પણ પ્રેકટીકલ અને થિયરી અંગે સઘન તાલીમ મેળવેલી છે. તેઓની તાલીમના ભાગરૂપે કરન્સી નોટ પ્રેસ–નાસીક, સિકયુરીટી પેપર મીલ્સ–હોશંગાબાદ, બેન્ક નોટ પ્રેસ–દેવાસ, ફોરેસ્ટ રીસર્ચ ઈન્સ્ટીટયુટ–દેહરાદુન, થોમસન પ્રેસ–ફરીદાબાદ તથા ભાભા એટમીક રીસર્ચ સેન્ટર, ટ્રોમ્બે–મુંબઇ ખાતે પણ તાલીમ મેળવેલી છે. આ સાહેદે રસાયણ વિજ્ઞાન વિષય સાથે એમ.એસ.સી. થયેલ છે અને ગણીત–વિજ્ઞાન વિષય સાથે બી.એડ. થયેલ છે. કાયદાના ત્રણ વર્ષ એલ.એલ.બી.નો અભ્યાસ પણ કરેલ છે તથા ડી.એલ.પી. પણ થયેલ છે. તેઓએ અત્યાર સુધી અસંખ્ય દસ્તાવેજો તપાસી નિષ્ણાંત તરીકે અભિપ્રાય આપેલ છે તથા રાજયની અલગ–અલગ નામ.અદાલત સમક્ષ જુબાની પણ આપેલ છે તથા જયપુર અને જોધપુર ખાતે આવેલી સી.બી.આઇ. કોર્ટમાં પણ જુબાની આપેલ છે તથા જુદા–જુદા સેમીનાર અને કોન્ફરન્સોમાં પણ હાજરી આપેલ છે તથા ડોકયુમેન્ટસ અંગે લેકચર પણ આપેલ છે.

સાહેદ વધુમાં જણાવે છે કે કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં. ૧૭૬/૨૦૦૮ ના કામે મદદનીશ પોલીસ કમિશ્નર, સી–ડિવિઝન,

સુરત શહેરના જા.નં.એનબીપી/૮૩/૨૦૦૮, તા.૧૪/૧૨/૨૦૦૮ ના પત્રની સાથે પોલીસ ઇન્સ્પેકટર ડીસીબી, પોલીસ કમિશનર, સુરત શહેર વતીના જા.નં.૩૧૧૭/ ૨૦૦૮ તા.૧૫/૧૨/૨૦૦૮ ના રોજના પત્રથી તેમની કચેરીમાં દસ્તાવેજો તપાસ અર્થે આવેલ . ત્યારબાદ તેમની કચેરીના પત્ર ક્રમાંક એફએસએલ/ એચપીબી/મીસે-૦૮/ ૨૦૨૯/૨૦૦૮ તા.૧૮/૧૨/૨૦૦૮ ના પત્રથી પરત કરવામાં આવેલ. ત્યારબાદ મદદનીશ પોલીસ કમિશનર, સી-ડિવીઝન, સુરત શહેરના જા.નં.એનબીપી/૮૫/૦૮ તા.૨૧/૧૨/૨૦૦૮ ના પત્રની સાથે પોલીસ ઇન્સ્પેકટર ડી.સી.બી., પોલીસ કમિશનર, સુરત શહેર વતીના પત્ર જા.નં.૩૨૦૪/ ૨૦૦૮, તા.૩૧/૧૨/૨૦૦૮ ના પત્રથી તેમની કચેરીમાં તપાસઅર્થે આવેલ. જેની સાથે ચેકલીસ્ટ પણ સામેલ હતું. સાહેદ આંક-૭૯૭૧ થી તપાસ કરનાર અમલદારને મોકલવામાં આવેલ પત્રો તથા અભિપ્રાય આપવા સારૂ દસ્તાવેજની વિગત સહિતનો વિનંતી રીપોર્ટ કે જે પ્રમાણપત્રની સાથે મોકલેલ તે રજુ રાખેલ છે. આંક-૭૯૭૨ વાળા પત્રમાં નાયબ મુખ્ય હસ્તાક્ષર નિષ્ણાંતશ્રી આર.એન. ગુણાની સહી ઓળખી બતાવે છે. ત્યારબાદ આંક-૭૯૭૩ થી દસ્તાવેજો અભિપ્રાય મોકલવામાં આવેલ તે ફોરવર્ડિંગ પત્ર તથા તેની સાથેનો તપાસ કરનાર અમલદારનો અભિપ્રાય આપવાનો રીપોર્ટ તથા તેની સાથે સામેલ ચેકલીસ્ટ રજૂ રાખેલ છે.

સાહેદ વધુમાં જણાવે છે કે તેઓને સરખામણી હેતુસર મોકલવામાં આવેલ દસ્તાવેજોમાં તકરારી દસ્તાવેજ તરીકે મોટર વાહન વેચાણનો કરાર વાહન નં.BE-3803 જે પેજને ૪૬ નંબર આપેલ તેમાં તકરારી સહી તરીકે માર્ક-ડી આપેલ હતો. જેમાં તેમની કચેરીનો એ.બી.કેસ નં.૩/૦૯ આપેલ અને તેમાં સહી કરેલી. આંક-૨૮૦૪ વાળો દસ્તાવેજ જેમાં લાલ પેન્સિલથી માર્ક-ડી આપેલ આ તકરારી સહી આ સાહેદે તપાસેલ અને આ માર્કની બાજુમાં ટુંકી કરેલી છે. આ સાહેદ આંક-૭૯૪૩ વાળો દસ્તાવેજ આરોપી અનીક ઉર્ફે ખાલીદ સફિક સૈયદના સ્પેસીમેન સીગ્નેચરના નમૂના તરીકે મળેલ માર્ક એસ-૧ થી એસ-૩૬ વાળા તકરારી દસ્તાવેજો તપાસ કરનાર અમલદારના પત્ર સાથે મળેલ હતાં. જે

તમામ છ કાગળોમાં નમૂનાની સહીઓને માર્ક આપવામાં આવેલ હતા તે મળતાં તેમાં પણ દરેક પાના ઉપર માર્ક આપેલાં અને એ.બી.કેસ નં.૩/૦૯ આપેલાં અને ટૂંકી સહી કરેલી જે સહી સાહેદ ઓળખી બતાવે છે. આ તમામ સ્પેસીમેન સહીઓ આ સાહેદે તકરારી સહી સાથે સરખામણી કરેલી. સાહેદ વધુમાં જણાવે છે કે આ સ્પેસીમેન સહીઓ સાથે તપાસ કરનાર અમલદાર તરફથી કુદરતી લખાણ માર્ક–એન મોકલવામાં આવેલ. જે સ્પેસીમેન સીગ્નેચરના દસ્તાવેજો માર્ક–એન વાળા મળતા તેને પણ આ સાહેદે માર્ક–એન આપેલો અને તેની સાથે એ.બી.કેસ નં.૩/૦૯ લખેલ તથા ટૂંકી સહી કરેલી. આ માર્ક–એન આપેલ દસ્તાવેજમાં અંગ્રેજીમાં એન તથા AB3/09 તેમના હસ્તાક્ષરમાં છે તથા તેની સાથે તેમની ટૂંકી સહી છે જે ઓળખી બતાવે છે જેને આંક–૭૯૭૬ થી રજૂ રાખેલ છે.

વધુમાં સાહેદના જણાવ્યા મુજબ ઉપરોકત તકરારી દસ્તાવેજ, નમૂનાના દસ્તાવેજો તથા કુદરતી દસ્તાવેજોની તપાસણી કરી તલસ્પર્શી પરીક્ષણ કરી જરૂરી વૈજ્ઞાનિક સાધનોની મદદથી અમો એવા અભિપ્રાય ઉપર આવેલા કે "જે વ્યકિતએ વાદળી કુંડાળું કરેલ સ્ટાન્ડર્ડ લખાણ અને સહી જેને માર્ક એસ–૧ થી એસ–૩૬ અને એન આપેલ છે તે જ વ્યકિતએ લાલ કુંડાળું કરેલ તકરારી સહી માર્ક–ડી લખેલ છે." સદર આંક–૭૯૭૭ વાળા અભિપ્રાયમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે તેમજ આસીસ્ટન્ટ એક્ઝામીનર ઓફ ક્વેશ્ચન્ડ ડૉક્યુમેન્ટ શ્રીમતી ડી.જે.શાહની પણ સહી ઓળખી બતાવે છે. તેમજ આંક–૭૯૭૭ થી જે અભિપ્રાય આપેલો તે અભિપ્રાય આપવાના માટેના કારણોના દસ્તાવેજ આંક–૭૯૭૮ થી રજૂ રાખેલ છે જેમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

વધુમાં સાહેદ જણાવે છે કે કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં. ૧૭૬/૨૦૦૮ ના કામે મદદનીશ પોલીસ કમિશનર, સી–ડિવિઝન, સુરત શહેરના જા.નં. એનબીપી/૦૫/૦૯ તા.૨૯/૦૧/૨૦૦૯ ના પત્રની સાથે પોલીસ ઇન્સ્પેકટર ડીસીબી, પોલીસ કમિશનર, સુરત શહેર વતીના જા.નં.૨૫૩/ ૨૦૦૯, તા.૦૨/૦૨/૨૦૦૯ના રોજના પત્રથી તેમાં જણાવેલ

દસ્તાવેજો તેમની કચેરીમાં તપાસ અર્થે આવેલ . જેની સાથે ચેકલીસ્ટ પણ સામેલ હતું. આ સાહેદ આંક–૭૯૭૯ વાળો તપાસ કરનાર અમલદાર દ્વારા મોકલવામાં આવેલા ફોરવર્ડિંગ પત્રો તથા અભિપ્રાય આપવા સારૂ દસ્તાવેજની વિગત સહીતનો વિનંતી રીપોર્ટ કે જે પ્રમાણપત્રની સાથે રજૂ રાખેલ છે જેમાં તેમના વિભાગના વડાશ્રી આર.એન.ગુણાએ આ અભિપ્રાય આપવા અંગેની કામગીરી આ સાહેદને સોંપેલી.

આ સાહેદને મળેલ સરખામણી હેતુસરના દસ્તાવેજોને તકરારી દસ્તાવેજ તરીકે કેરાળા રાજયના કન્નુર શહેરના અભિલાષ ટુરીસ્ટ હોમ નામની હોટલના એન્ટ્રી રજીસ્ટરના આછા લીલા રંગના પાના નં.૩૩૨૨ થી ૩૩૨૪ પૈકીના પાના નં.૩૩૨૩ ના ઉભા કોલમમાં કોલમ નં.૩ માં લખેલ S.ISMAIL BALMATTA SHAD COTTAGE, MANGLORE–1. 9731659835 વિગેરે લખાણની ફરતે લાલ પેન્સિલથી સર્કલ કરી તેને તકરારી લખાણ તરીકે માર્ક–ડી આપેલ હતો. તે એન્ટ્રીને તેમની કચેરીનો એ.બી. કેસ નં.૬૩/૦૯ આપેલ તે તકરારી દસ્તાવેજોની અંદર તકરારી સહીને અલગ માર્ક ડી–૧ અને ડી–૨ આપેલ જેમાં પણ તેમની કચેરીનો એ.બી. કેસ નં.૬૩/૦૯ આપેલ અને તેમાં ટૂંકી સહી કરેલી. જે આંક–૭૯૮૦ વાળા રજીસ્ટરના પાના નં.૩૩૨૩ ઉપર એ.બી.કેસના જે માર્ક આપવામાં આવેલ તથા બાજુમાં ટૂંકી સહી કરેલ જે સાહેદ પોતાની હોવાનું ઓળખી બતાવે છે. સાહેદ વધુમાં આંક–૭૯૮૧ થી અનુક્રમે માર્ક એસ–૧ થી એસ–૬ તથા માર્ક એસ–૭ થી એસ–૧૨ વાળા સહીના નમૂના તકરારી દસ્તાવેજો સાથે તપાસ કરનાર અમલદારના પત્ર સાથે મળેલ હતાં અને તે તમામ માર્કવાળા દસ્તાવેજો આ સાહેદને મળતા તેને વાદળી પેન્સિલથી સર્કલ કરેલ ભાગને તેમની કચેરીનો એ.બી.કેસ નં.૬૩/૦૯ આપેલો સહી કરેલી જે ઓળખી બતાવે છે અને આ તમામ સ્પેસીમેન લખાણ અને સહીઓ આ સાહેદે તકરારી લખાણ અને સહી સાથે સરખામણી કરેલી.

સાહેદ વધુમાં જણાવે છે કે તપાસ કરનાર અમલદાર તરફથી તેમની કચેરી તરફ કુદરતી લખાણ મોકલવામાં આવેલ. જે દસ્તાવેજ એક ખાખી રંગની

ટેલિફોન ડાયરી હતી જે ડાયરીની અંદર કુદરતી લખાણ તરીકે એન, એન–૧, એન–૨ અને એન–૩ માર્ક આપવામાં આવેલા હતા જેને લીલા રંગની પેન્સિલથી સર્કલ કરેલું હતું. તે દસ્તાવેજ મળતાં તેને પણ આ સાહેદે માર્ક–એન, એન–૧, એન–૨ અને એન–૩ આપેલાં જેને વાદળી પેન્સિલથી સર્કલ કરેલું અને તેની સાથે એ.બી.કેસ નં.૬૩/૦૯ લખેલ તથા ટૂંકી સહી કરેલી. જે આંક–૭૯૮૩ થી રજૂ રાખેલ છે. વધુમાં જણાવેલ છે કે ઉપરોકત તકરારી દસ્તાવેજ, નમૂનાના દસ્તાવેજો તથા કુદરતી દસ્તાવેજોની તપાસણી તથા તલસ્પર્શી પરીક્ષણ જરૂરી વૈજ્ઞાનિક સાધનોની મદદથી કરી અને એવા અભિપ્રાય ઉપર આવેલા કે "જે વ્યકિતએ વાદળી કુંડાળું કરેલ સ્ટાન્ડર્ડ લખાણ અને સહી જેને માર્ક એસ–૧ થી એસ–૧૨, માર્ક–એન, એન–૧, એન–૨ અને એન–૩ આપેલ છે તે જ વ્યકિતએ લાલ કુંડાળું કરેલ તકરારી લખાણ અને સહી માર્ક–ડી, ડી–૧ અને ડી–૨ લખેલ છે." સદર આંક–૭૯૮૪ વાળા અભિપ્રાયમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે તેમજ આસીસ્ટન્ટ એક્ઝામીનર ઓફ ક્વેશ્ચન્ડ ડોક્યુમેન્ટ શ્રીમતી ડી.જે.શાહની પણ સહી ઓળખી બતાવે છે. તેમજ આંક–૭૯૮૪ થી જે અભિપ્રાય આપેલો તે અભિપ્રાય આપવાના માટેના કારણોના દસ્તાવેજ આંક–૭૯૮૫ થી રજૂ રાખેલ છે જેમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

વધુમાં સાહેદ જણાવે છે કે કતારગામ પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૨૦૮/૨૦૦૮ ના કામે મદદનીશ પોલીસ કમિશનર, સી–ડિવિઝન, સુરત શહેરના જા.નં.એનબીપી/૧૪/૦૯ તા.૯/૩/૨૦૦૯ ના પત્રની સાથે પોલીસ ઇન્સ્પેકટર ડી.સી.બી. પોલીસ કમિશનર, સુરત શહેર વતીના જા.નં.૫૬૬/૨૦૦૯ તા.૧૬/૩/૨૦૦૯ ના રોજના પત્રથી તેમાં જણાવેલ દસ્તાવેજો તેમની કચેરીમાં તપાસ અર્થે આવેલ અને સાથે ચેકલીસ્ટ પણ સામેલ હતું. સાહેદ આંક–૭૯૮૬ થી તેમની કચેરીને તપાસ કરનાર અમલદાર દ્વારા મોકલવામાં આવેલા ફોરવર્ડિંગ પત્રો તથા અભિપ્રાય આપવા સારૂ દસ્તાવેજની વિગત સહિતનો વિનંતી રીપોર્ટ કે જે પ્રમાણપત્રની સાથે રજૂ રાખેલ છે અને સદર ફોરવર્ડિંગ પત્ર તથા તેની સાથેના દસ્તાવેજો તેમની કચેરીને

તપાસણી માટે મળ્યા બાદ તેમના વિભાગના વડાશ્રી આર.એન.ગુણાએ આ અભિપ્રાય આપવા અંગેની કામગીરી આ સાહેદને સોંપેલી.

સાહેદ વધુમાં જણાવે છે કે તેઓને સરખામણી હેતુસર મોકલવામાં આવેલ દસ્તાવેજોમાં તકરારી દસ્તાવેજ તરીકે વાપી મુકામે સિધ્ધિ વિનાયક પ્લાઝા, નેશનલ હાઈવે નં.૦૮ ઉપર આવેલ હોટલ "વાપી ઈન્ટરકોન્ટીનેન્ટલ" નામની હોટલના રજીસ્ટરમાં તાકિરે શેખ, રેસીડેન્ટ સી–૩૦૯, મુરારજી સર્કલ (વાપી) ના નામથી એન્ટ્રી કરેલ જે રજીસ્ટરના પાના નં.૧૭૫ ના સીરીયલ નં.૧૭૩૯ ઉપરના લખાણની ફરતે લાલ પેન્સીલથી સર્કલ કરી તેને ડિસ્પ્યુટેડ લખાણ તરીકે માર્ક–ડી આપવામાં આવેલ હતો. જે એન્ટ્રીને તેમની કચેરીનો એ.બી. કેસ નં.૧૦૯/૦૯ આપેલ તે તકરારી દસ્તાવેજોની અંદર તેઓએ તકરારી સહીને અલગ માર્ક ડી–૧ આપેલ જેમાં પણ તેમની કચેરીનો એ.બી.કેસ નં. ૧૦૯/૦૯ આપેલ અને તેમાં ટૂંકી સહી કરેલી જે આંક–૬૪૯૮ થી રજૂ રાખેલ છે. આ તકરારી એન્ટ્રી આ સાહેદે અન્ય સ્પેસીમેન તથા કુદરતી દસ્તાવેજો સાથે સરખાવેલ. સાહેદ વધુમાં આંક–૬૭૩૯ થી અનુક્રમે માર્ક એસ–૧ થી એસ–૬ તથા માર્ક એસ–૭ થી એસ–૧૨ વાળા સહીના નમૂના તકરારી દસ્તાવેજો સાથે તપાસ કરનાર અમલદારના પત્ર સાથે મળેલ હતાં અને તે તમામ માર્કવાળા દસ્તાવેજો આ સાહેદને મળતા તેને વાદળી પેન્સિલથી સર્કલ કરેલ ભાગને તેમની કચેરીનો એ.બી.કેસ નં.૧૦૯/૦૯ આપેલો સહી કરેલી જે ઓળખી બતાવે છે અને આ તમામ સ્પેસીમેન લખાણ અને સહીઓ આ સાહેદે તકરારી લખાણ અને સહી સાથે સરખામણી કરેલી. તેમજ આંક–૬૭૪૦ થી તપાસ કરનાર અમલદારે કુદરતી લખાણ પણ મોકલવામાં આવેલ. જે દસ્તાવેજ બે લીટીવાળા કાગળો ઉપર અંગ્રેજીમાં લખાણવાળો એક પેરેગ્રાફ તેના હસ્તાક્ષરમાં અંગ્રેજીમાં લખેલ નામ, સરનામાં તથા મોબાઈલ નંબર લખાવી લઈ જે લખાણોની ફરતે લીલા રંગની પેન્સિલથી સર્કલ કરી કુદરતી લખાણ તરીકે માર્ક–એન અને એન–૧ આપવામાં આવેલ હતો તે દસ્તાવેજ માર્ક–એન, એન–૧ આપેલાં જેને વાદળી

પેન્સિલથી સર્કલ કરેલું અને તેની સાથે એ.બી.કેસ નં.૧૦૯/૦૯ લખેલ તથા ટૂંકી સહી કરેલી જે ઓળખી બતાવે છે.

સાહેદ વધુમાં જણાવે છે કે ઉપરોકત તકરારી દસ્તાવેજ, નમુનાના દસ્તાવેજો તથા કુદરતી દસ્તાવેજોની તપાસણી તથા તલસ્પર્શી પરીક્ષણ તેઓએ જરૂરી વૈજ્ઞાનિક સાધનોની મદદથી કરી અને એવા અભિપ્રાય ઉપર આવેલા કે "જે વ્યકિતએ વાદળી કુંડાળું કરેલ સ્ટાન્ડર્ડ લખાણ અને સહી જેને માર્ક એસ–૧ થી એસ–૧૨, માર્ક–એન અને એન–૨ આપેલ છે તે જ વ્યકિતએ લાલ કુંડાળું કરેલ તકરારી લખાણ અને સહી માર્ક–ડી અને ડી–૧ લખેલ છે." સદર આંક–૭૯૮૭ વાળા અભિપ્રાયમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે તેમજ આસીસ્ટન્ટ એક્ઝામીનર ઓફ ક્વેશ્ચન્ડ ડોક્યુમેન્ટ શ્રીમતી ડી.જે.શાહની પણ સહી ઓળખી બતાવે છે. તેમજ આંક–૭૯૮૭ થી જે અભિપ્રાય આપેલો તે અભિપ્રાય આપવાના માટેના કારણોના દસ્તાવેજ આંક–૭૯૮૮ થી રજૂ રાખેલ છે જેમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

સાહેદ વધુમાં જણાવે છે કે કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૧૭૬/૨૦૦૮ ના કામે મદદનીશ પોલીસ કમિશનર, એફ–ડિવિઝન, સુરત શહેરના જા.નં.વીવીઆર/૨૦/૧૧ તા.૧૮/૧૧/૨૦૧૧ ના પત્રની સાથે પોલીસ ઇન્સ્પેકટર ડી.સી.બી., પોલીસ કમિશનર, સુરત શહેર વતીના જા.નં.૩૬૦૮/ ૨૦૧૧ તા.૧૯/૧૧/૨૦૧૧ ના રોજના પત્રથી જણાવેલ દસ્તાવેજો તેમની કચેરીમાં તપાસ અર્થે આવેલ અને સાથે ચેકલીસ્ટ સામેલ હતું. આ સાહેદ આંક–૭૯૮૯ વાળો તપાસ કરનાર અમલદાર દ્વારા મોકલવામાં આવેલા ફોરવર્ડિંગ પત્રો તથા અભિપ્રાય આપવા સારૂ દસ્તાવેજની વિગત સહિતનો વિનંતી રીપોર્ટ કે જે પ્રમાણપત્રની સાથે રજૂ રાખેલ છે જેમાં તેમના વિભાગના વડાશ્રી આર.એન. ગુણાએ આ અભિપ્રાય આપવા અંગેની કામગીરી આ સાહેદને સોંપેલી.

સાહેદ વધુમાં જણાવે છે કે તેઓને સરખામણી હેતુસર મોકલવામાં આવેલ દસ્તાવેજોમાં તકરારી દસ્તાવેજ તરીકે કિલ્લા પારડી, જિલ્લો વલસાડ

ખાતેથી હોટલ શ્રીનાથ એન્ડ ગેસ્ટ હાઉસનું ગુલાબી કલરની ડિઝાઇનવાળું પાકા પુંઠાનું રજીસ્ટર જે રજીસ્ટરના પેઝ નં.૧ થી ૨૦૦ ઉપર સબડિવિઝન મેજિસ્ટ્રેટ, વલસાડના સિકકાઓ મારેલ અને રજીસ્ટરના પેઝ નં.૪૩ ઉપર એન્ટ્રી નં.૪૨૪ ઉપર કાળી પેનથી વિગતો ભરેલ છે અને કોલમોમાં કિશન વણઝારી, ઉ.વ.૨૭, આમીન શેખ, ઉ.વ.૨૫, ઉસ્માની, ઉ.વ.૩૨ વિગેરે લખાણ અંગ્રેજીમાં લખેલ છે તે લખાણોની ફરતે લાલ પેન્સીલથી સર્કલ કરી તેને તકરારી લખાણ તરીકે માર્ક–ડી આપવામાં આવેલ. જે આ સાહેદને મળતા તે એન્ટ્રીને આ સાહેદની કચેરીનો એ.બી.કેસ નં.૬૧૩/૧૧ આપેલ તથા તે તકરારી દસ્તાવેજોની અંદર તકરારી લખાણને અલગ માર્ક–ડી આપેલ તથા તકરારી સહીને માર્ક ડી–૧ આપેલ તેમાં ટૂંકી સહીઓ કરેલી જે ઓળખી બતાવે છે જેને આંક–૨૮૫૮ થી રજૂ રાખેલ છે. સાહેદ વધુમાં આંક–૭૩૬૫ થી અનુક્રમે માર્ક એસ–૧ થી એસ–૬ વાળા સહીના નમૂના તકરારી દસ્તાવેજો સાથે તપાસ કરનાર અમલદારના પત્ર સાથે મળેલ હતાં અને તે તમામ માર્કવાળા દસ્તાવેજો આ સાહેદને મળતા તેને વાદળી પેન્સિલથી સર્કલ કરેલ ભાગને તેમની કચેરીનો એ.બી.કેસ નં.૬૧૩/૧૧ આપેલો સહી કરેલી જે ઓળખી બતાવે છે અને આ તમામ સ્પેસીમેન લખાણ અને સહીઓ આ સાહેદે તકરારી લખાણ અને સહી સાથે સરખામણી કરેલી. તેમજ આંક–૭૩૬૬ થી તપાસ કરનાર અમલદારે કુદરતી લખાણ પણ મોકલવામાં આવેલ. જે દસ્તાવેજ એક લીટીવાળા કાગળો ઉપર અંગ્રેજીમાં તથા પાછળ હિન્દીમાં લખાણવાળો હતો. જે દસ્તાવેજના આગળના અંગ્રેજી લખાણને તપાસ કરનાર અમલદાર દ્વારા લીલા રંગની પેન્સીલથી સર્કલ કરી કુદરતી લખાણ તરીકે માર્ક–એન આપેલ હતો જે આ સાહેદને મળતા તેને પણ માર્ક–એન આપેલો જેને વાદળી પેન્સિલથી સર્કલ કરેલું અને તેની સાથે એ.બી.કેસ નં.૬૧૩/૧૧ લખેલ તથા ટૂંકી સહી કરેલી જે ઓળખી બતાવે છે.

સાહેદ વધુમાં જણાવે છે કે આમ ઉપરોકત તકરારી દસ્તાવેજ, નમુનાના દસ્તાવેજો તથા કુદરતી દસ્તાવેજોની તપાસણી તથા તલસ્પર્શી પરીક્ષણ જરૂરી વૈજ્ઞાનિક સાધનોની મદદથી કરી અને એવા અભિપ્રાય ઉપર

આવેલા કે "જે વ્યકિતએ વાદળી કુંડાળું કરેલ સ્ટાન્ડર્ડ લખાણ અને સહી જેને માર્ક એસ–૧ થી એસ–૬ અને માર્ક–એન આપેલ છે તે જ વ્યકિતએ લાલ કુંડાળું કરેલ તકરારી લખાણ માર્ક–ડી લખેલ છે." અને "લાલ કુંડાળું કરેલ તકરારી સહી માર્ક ડી–૧ ની સરખામણી વાદળી કુંડાળુ કરેલ સ્ટાન્ડર્ડ લખાણ અને સહી સાથે કરતાં કોઇ ચોકકસ અભિપ્રાય ઉપર આવી શકેલ નથી." સદર આંક–૭૯૯૦ વાળા અભિપ્રાયમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે તેમજ આસીસ્ટન્ટ એક્ઝામીનર ઓફ ક્વેશ્ચન્ડ ડોક્યુમેન્ટ શ્રીમતી ડી.જે.શાહની પણ સહી ઓળખી બતાવે છે. આંક–૭૯૯૦ થી જે અભિપ્રાય આપેલો તે અભિપ્રાય આપવાના માટેના કારણોના દસ્તાવેજ આંક–૭૯૯૧ થી રજૂ રાખેલ છે જેમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો એફ.એસ.એલ. ઑફિસ ગુજરાત સરકારના ગૃહ વિભાગ હેઠળ આવેલી છે તે કબૂલ કરે છે. આ કેસને લગતા તમામ દસ્તાવેજો ઑફિસમાં આવેલા તે સૌપ્રથમ આસીસ્ટન્ટ ડાયરેકટ આર.એમ.ગુણા પાસે આવેલા હતા. જે કંઈ દસ્તાવેજો ઑફિસમાં આવે તે આર.એમ.ગુણા પાસે આવે અને તે વેરીફાઈ કરે છે તે કબૂલ કરે છે. આ સાહેદ પાસે જે કંઈ દસ્તાવેજો આવેલા તે સીલબંધ હાલતમાં ન હતા તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે સાહેદે સ્પષ્ટ જણાવેલુ છે કે જે કંઈ દસ્તાવેજો ઑફિસમાં આવે તે આર.એમ.ગુણા પાસે આવતા હોય છે અને તે ખોલીને વેરીફાઈ કરે છે માટે આ સાહેદ પાસે આવેલા દસ્તાવેજો સીલબંધ ન હોય તે સ્વાભાવિક છે. આ સાહેદે આપેલો અભિપ્રાય કઈ અદાલતે માન્ય રાખેલો તે કહી શકે નહીં. આ સાહેદનો અભિપ્રાય ઘણી બધી અદાલતોમાં ગયો હોય અને તેને માન્ય રાખવામાં આવેલો કે કેમ તેની જાણ આ સાહેદને ન હોય માટે તે કહી શકે નહીં. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો હસ્તાક્ષર સાબીત કરવાની કુલ પાંચ રીતો છે તો તે જરૂરી નથી. પ્રથમ રીતમાં લખનાર પોતે કહે કે આ મારા હસ્તાક્ષરો છે તો તે સાબીત થઈ શકે તે કબૂલ કરે છે. બીજી રીતમાં લખનારને કોઈકે જોયો હોય અને કહે તો તે સાબીત થઈ શકે તે કબૂલ કરે છે. ત્રીજી રીત મુજબ લખનારના

હસ્તાક્ષરથી કોઈ વ્યકિત માહિતગાર હોય તો તે સાબીત થઈ શકે તે કબૂલ કરે છે. ધંધાકીય વ્યવહાર દરમ્યાન લખનારના અક્ષરો કોઈકે વારંવાર જોયા હોય અને જો તે કહે તો સાબીત થઈ શકે તે કબૂલ કરે છે. પાંચમી રીતમાં અક્ષરોના નિષ્ણાંત દ્વારા સાબીત થઈ શકે તે કબૂલ કરે છે. હસ્તાક્ષર નિષ્ણાંતનુ વિજ્ઞાન પરફેકટ નથી તો તે હકીકત નકારી છે. આ સાહેદ પાસે જે દસ્તાવેજો આવેલા તે તા.૬.૧.૨૦૦૯, તા.૧૨.૨.૨૦૦૯, તા.૧૯.૩.૨૦૦૮, તા.૨૪.૧.૨૦૧૨ ના રોજ આવેલા હતા. તા.૬.૧.૨૦૦૯ ના રોજ આવેલા દસ્તાવેજોનો અભિપ્રાય તા.૨૯.૧.૨૦૦૯ નાં રોજ આપેલો છે. તા.૧૨.૨.૨૦૦૯ ના રોજ આવેલા દસ્તાવેજોનો અભિપ્રાય તા.૨૬.૨.૨૦૦૯ ના રોજ આપેલો છે. તા.૧૯.૩.૨૦૦૮ ના રોજ આવેલા દસ્તાવેજોનો અભિપ્રાય તા.૨૭.૩.૨૦૦૯ નાં રોજ આપેલો છે. તા.૨૪.૧.૨૦૧૨ ના રોજ આવેલા દસ્તાવેજોનો અભિપ્રાય તા.૨૯.૨.૨૦૧૨ ના રોજ આપેલો છે. કયા દસ્તાવેજો તપાસેલા તે અભિપ્રાયમાં જણાવેલુ નથી તે કબૂલ કરે છે. માર્કીંગ ઉપરથી શું દસ્તાવેજ તપાસ્યા તે કોઈને ખબર પડે નહીં તો તે હકીકત નકારી છે. ફોરવર્ડીંગ લેટરમાં પોલીસે એવુ જણાવેલુ હતુ કે તકરારી હસ્તાક્ષર અને નમુનાના હસ્તાક્ષર કરનાર કોણ છે ? તો તે કબૂલ કરે છે. ફોરવર્ડીંગ લેટર વાંચવાથી ખબર પડી ગયેલાની હકીકત નકારી છે. આ દસ્તાવેજો આ સાહેદે તપાસવા તેવો લેખિત હુકમ ઑફિસમાંથી થયેલો નથી તો તે હકીકત નકારી છે. ફોરવર્ડીંગ લેટરમાં ડી.જે.શાહે આ દસ્તાવેજો તપાસવા તેવો ઉલ્લેખ નથી તે કબૂલ કરે છે. ડી.જે.શાહે માત્ર અભિપ્રાયમાં સહી કરેલાની હકીકત નકારી છે. અભિપ્રાયના કારણોમાં ડી.જે.શાહની સહી નથી તે કબૂલ કરે છે. કારણોમાં ડી.જે.શાહે સહી એટલા માટે નથી કરી કે તે અભિપ્રાય સાથે સંમત ન હતા. ડી.જે.શાહે શું–શું પધ્ધતિ અપનાવેલી તે કહી શકે નહીં તે કબૂલ કરે છે. આંક–૭૯૭૮, ૭૯૮૫, ૭૯૮૮ અને ૭૯૯૧વાળા બધા જ કારણો એક જ પરફોમામા છે તે કબૂલ કરે છે. આ બધા કારણો યંત્રવત રીતે આપેલાની હકીકત નકારે છે. આ કારણો નામદાર કોર્ટને અને આરોપીઓને સમજાવવા માટે કોઈ ડેમોસ્ટ્રેશન કરેલુ નથી તે કબૂલ કરે છે. પરંતુ આવુ ડેમોસ્ટ્રેશન કરવુ જોઈએ

તેવી કાયદામાં કોઈ જોગવાઈ નથી. જે દસ્તાવેજો તપાસેલા તે બોલપેનથી લખાયેલા કે ઈન્કપેનથી લખાયેલા તેની તપાસ કરેલી. કઈ પેનથી લખાયેલા તે અભિપ્રાયમાં જણાવેલ નથી તે કબૂલ કરે છે. પોલીસ રૂબરૂ પંચોની હાજરીમાં કોઈ હસ્તાક્ષર લેવામાં આવે તો તે કુદરતી હસ્તાક્ષર ન કહેવાય તે કબૂલ કરે છે. હેન્ડ રાઈટીંગ અંગેના અભિપ્રાયો ફીંગર પ્રીન્ટ જેટલા ચોકકસ ન હોય તો તે કહી શકે નહીં. જુદા–જુદા એક્ષપર્ટ ઓપીનીયનમાં તફાવત હોઈ શકે છે તો તે હકીકત નકારી છે. આ સાહેદનો તથા ડી.જે.શાહનો અભિપ્રાય એક જ હતો તેમ જણાવે છે. આંક–૭૯૪૩ વાળો દસ્તાવેજ જોઈને જણાવે છે કે તેના અક્ષરો હાથના કયા મુવમેન્ટથી લખવામાં આવેલા છે તે કહી શકે નહીં. જે હસ્તાક્ષરો તપાસેલા તેમાં મેગ્નીફાઈન લેન્સનો ઉપયોગ કરેલો. ડીસપ્યુટેડ દસ્તાવેજ આંક–૨૮૦૪ જોઈને જણાવે છે કે તેમા જાદવની જે ડીસપ્યુટેડ સહી છે તેમાં પહેલો અક્ષર "જે" અને તરત જ બીજો અક્ષર "એ" જોવામાં આવે તો "જે" સાથે "એ" ટચ થયેલ છે તે પ્રશ્નના જવાબમાં સાહેદે જણાવેલુ છે કે તેના માટે દસ્તાવેજ લેબોરેટરીમાં મોકલવા પડે. શબ્દો નરી આંખે ટચ થયેલા જોઈ શકાય છે પરંતુ સ્વીકારવુ ન પડે તેથી ખોટુ જણાવતા હોવાની હકીકત નકારી છે. તકરારી દસ્તાવેજોમાં લખાયેલા અક્ષરોના સ્ટ્રોક અંગે કોઈ નોંધ કરેલી નથી તો તે હકીકત નકારે છે. હાથના કયા મુવમેન્ટથી આ અક્ષરો લખવામાં આવેલા છે તેનો ઉલ્લેખ કારણોમાં કરેલ નથી તે કબૂલ કરે છે. ઘણા લોકો ફોર્જ સીગ્નેચરો કરતા હોય છે તે કબૂલ કરે છે. પોલીસના કહેવાથી ખોટો અભિપ્રાય આપેલો હોવાની હકીકત નકારે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે આસી.એકઝામીનર ઓફ કવેશન ડોકયુમેન્ટ તરીકે હેન્ડ રાઈટીંગ એન્ડ ફોટોગ્રાફી બ્યુરોમાં ફરજ બજાવતા હતા. તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમારનાઓએ વાપી ખાતે આવેલી હોટલ ઈન્ટરકોન્ટીનેન્ટલમાં પાના નં.૧૭૫ એન્ટ્રી નં.૧૭૩૯ આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયાએ કરેલી અને તેના હસ્તાક્ષરના નમૂના મેળવી એફ.એસ. એલ. ગાંધીનગર ચકાસણી માટે મોકલેલા અને તેની ચકાસણી આ સાહેદે કરેલી

હતી. આંક–૭૯૮૭ વાળો અભિપ્રાય ધ્યાને લઈએ તો અભિપ્રાયમાં આ સાહેદની સહી છે તથા તેમની સાથેના ડી.જે.શાહની પણ સહી છે અને આંક–૭૯૮૭ વાળા અભિપ્રાય પ્રમાણે હોટલ રજીસ્ટરમાં જે વ્યકિતએ એન્ટ્રી કરેલી હતી તે જ વ્યકિતએ કરેલ કુદરતી લખાણો સાથે સરખાવતા તે જ વ્યકિતએ એન્ટ્રી કરેલી છે તેવો અભિપ્રાય છે અને તે આંક–૭૯૮૮ ના કારણોમાં પણ સ્પષ્ટ છે. આ સાહેદની ઊલટતપાસ દરમ્યાન બચાવ પક્ષ તરફથી ઘણા બધા એવા પ્રશ્ન પુછવામાં આવેલા છે કે આ સાહેદે પુરતી ચકાસણી કર્યા વિના અને પુરતી લાયકાત વિના દસ્તાવેજો તપાસેલા છે. જેથી આ સાહેદ દ્વારા આપવામાં આવેલ અભિપ્રાય ખોટો છે તેવુ સાબીત કરવાનો પ્રયત્ન થયેલો છે. આ ઉપરાંત આ સાહેદની સાથેના બીજા અધિકારી ડી.જે.શાહે દસ્તાવેજો તપાસેલા નથી અને અભિપ્રાય ઉપર ફકત સહી લીધેલી છે. પરંતુ મારા મત પ્રમાણે બચાવપક્ષની દલીલ અને રજૂઆત સ્વીકારી શકાય તેમ નથી. કારણ કે આ સાહેદ એફ.એસ. એલ. ગાંધીનગર ખાતે ઘણા સમયથી ફરજ બજાવે છે. હસ્તાક્ષર ચકાસવા અંગેની તાલીમ મેળવેલી છે અને નોકરી દરમ્યાન ઘણા બધા હસ્તાક્ષરની ચકાસણી કરેલી છે. જેથી અનુભવના આધારે પણ આ સાહેદ કોઈ પણ દસ્તાવેજની ચકાસણી કરી શકે. એટલુ જ નહીં આ સાહેદે વૈજ્ઞાનિક પધ્ધતિથી જરૂરી સાધનો દ્વારા હસ્તાક્ષરોની ચકાસણી કરેલી છે. આ સાહેદને આરોપી નં.૩૭ સાથે કોઈ દુશ્મનાવટ નથી કે જેથી કરીને સહી તથા હસ્તાક્ષરો આરોપી નં.૩૭ નાઓએ લખેલા છે તેવા ખોટા અભિપ્રાય ઉપર આવે. આ સાહેદે જે કંઈ કામગીરી કરેલી છે તે ફરજના ભાગરૂપે કરેલી છે. માટે આ સાહેદે કરેલી કામગીરી ઉપર શંકા કરવી તે વાજબી પણ નથી.

આ આરોપી નં.૩૭ કયામુદ્દીન ઉર્ફે રીઝવાન ઉર્ફે અશ્ફાક સરફુદ્દીન કાપડીયાએ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઈન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો. કોડની કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે તે પ્રશ્નના જવાબમાં તેને ફરિયાદપક્ષના પુરાવા સંબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના

બચાવ માટે જે હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦ મા જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

આ આરોપીએ પોતાના બચાવમાં પોતે બચાવના સાહેદ નં.૮ તરીકે આંક–૯૩૩૮ થી જુબાની આપેલી છે. તેઓની સરતપાસ મુજબ તેઓ વડોદરામાં સુરતવાલા બાપુ, કુંભારવાડા, તાઇવાડા, સ્વામિનારાયણ મંદીર પાછળ, વાડી ખાતે તેમના પિતાજી, માતા અને ભાઇ સાથે રહેતા હતા. તેઓ વધુમાં જણાવે છે કે આ કેસમાં તેઓ આરોપી નં.૩૭ તરીકે છે. ૨૦૦૮ના અરસામાં તેમની સાથે ઘટના બનેલી. આ ઘટના તા.૩૧–માર્ચ–૨૦૦૮ ના રોજ બનેલી. તા.૩૧–માર્ચ–૨૦૦૮ ના રોજ રાતના આઠ–નવ વાગ્યાની આસપાસ આ સાહેદ અને તેમનો ભાઇ રફિયુદ્દિન બંને ઘર પાસે તેઓની દુકાનેથી પાછા આવીને ઘર પાસે ઉભેલા હતાં ત્યારે ત્યાં બે પોલીસના માણસો સાદા ડ્રેસમાં આવેલાં હતાં અને એવું કહીને વડોદરા ક્રાઇમ બ્રાન્ચની ઓફિસે લઇ ગયેલાં કે સાહેબ ઑફિસમાં કોઇ કામથી બોલાવી રહ્યા છે અને તે જ વખતે તે બંને પોલીસવાળાઓએ તેઓ બંને ભાઇઓના હાથમાંથી મોબાઇલો છીનવી લીધેલાં. જેમાં આ સાહેદનો મોબાઇલ નં.૯૮૯૮૭ ૩૧૪૭૯ હતો અને રફિયુદ્દિનનો મોબાઇલ નં.૯૯૯૮૭ ૮૫૩૯૨ હતો. આ સાહેદને વડોદરા ક્રાઇમ બ્રાન્ચની ઓફિસે લઇ ગયા બાદ ત્યાં બતાવવામાં આવેલું કે "મધ્યપ્રદેશના કેટલાક સાહેબો તને લેવા આવ્યા છે."

વધુમાં આ સાહેદ જણાવે છે કે વડોદરા ક્રાઇમ બ્રાન્ચના અધિકારીએ તેમને ગેરકાયદેસર રીતે મધ્યપ્રદેશ પોલીસને સોંપી દીધેલો. ત્યારપછી મધ્યપ્રદેશના પોલીસના માણસોએ આ સાહેદના ચહેરા ઉપર કાળો બુરખો નાંખી દીધેલો અને કોઇ ફોર વ્હિલર ગાડીમાં બેસાડીને કોઇ મકાન કે ફાર્મ હાઉસ ઉપર લઇ ગયેલાં. જે લોકો આ સાહેદને વડોદરા ક્રાઇમ બ્રાન્ચથી લઇ ગયા હતા તે મધ્યપ્રદેશ સ્ટેટ આઇ.બી.ના માણસો હતા. તેઓને ઘણા મહિનાઓ સુધી સતત ગેરકાયદેસરની કસ્ટડીમાં રાખેલા. ત્યાં મારપીટ થતી હતી અને માનસિક, શારીરિક ત્રાસ આપવામાં આવતો હતો. મધ્યપ્રદેશ સ્ટેટ આઇ.બી.ના માણસો આ સાહેદને તેમના વતી કામ કરવા માટે દબાણ કરતા હતાં. જો આ સાહેદ

તેમના માટે કામ કરે તો છોડી દેશે અને પૈસા, મકાન બધુ જ આપશે અને વારંવાર એવી ધમકી આપતા હતા કે "જો તું અમારા કહેવા મુજબ નહી કરે તો અમે તારૂ એન્કાઉન્ટર કરી દઈશું." આઇ.બી.વાળા આ સાહેદને ડરાવી, ધમકાવી અને લાલચો આપી તેમનુ કામ કરાવવા માંગતા હતાં. ત્યાં ઘણી વાર ઇન્જેકશન આપવામાં આવતા હતાં. જેના કારણે કલાકો સુધી બેહોશીની હાલતમાં રહેતા હતા. ત્યાં તે લોકો ખાવા–પીવાનું આપતા હતાં, ખાવાનું ખાઇ લીધા બાદ તેઓ અર્ધબેહોશીની હાલતમાં છોડીને જતા રહેતા હતા. આ અર્ધબેહોશીની હાલતમાં તે લોકો આ સાહેદના હાથથી કશું લખાવતા હતાં પરંતુ ખબર નહોતી રહેતી કે શું–શું લખી રહ્યો છું. આ સાહેદને ગેરકાયદેસર કસ્ટડીમાં ખૂબ જ ડરાવવા, ધમકાવવામાં આવેલો. ત્યારબાદ મધ્યપ્રદેશ સ્ટેટ આઇ.બી.ના માણસોએ સતત છ મહિના સુધી ગેરકાયદેસર રીતે પોતાની કસ્ટડીમાં રાખ્યા બાદ ઓકટોબર–૨૦૦૮ માં ૧૪ કે ૧૫ તારીખે મધ્યપ્રદેશ સ્પેશીયલ ટાસ્ક ફોર્સ (STF) ના અધિકારીઓ ડી.આઇ.જી. પવનકુમાર શ્રીવાસ્તવ અને ડી.એસ.પી. ધરમવીર યાદવને આ સાહેદની કસ્ટડી સોંપી દીધેલી. પછી એસ.ટી.એફ. વાળાઓએ ૨૫ દિવસ સુધી ભોપાલ ખાતે ગેરકાયદેસર રીતે પોતાની કસ્ટડીમાં રાખેલો અને ત્યાં પણ માનસિક, શારીરિક ત્રાસ આપેલો.

વધુમાં સાહેદ જણાવે છે કે ત્યારપછી તા.૯/૧૧/૨૦૦૮ ના રોજ એસ.ટી.એફ. વાળા આ સાહેદને ભોપાલથી લઈને ઉજ્જૈન આવેલાં. ત્યારે ડી.આઇ.જી. પવનકુમાર શ્રીવાસ્તવ અને ડી.એસ.પી. ધરમવીર યાદવ સાહેબ બંનેએ કહેલું કે "અમે કાલે તને કોર્ટમાં રજૂ કરવાના છીએ, તો તુ જજ સાહેબ સામે કોઇ ફરિયાદ ના કરતો કે તુ કેટલા દિવસો અને મહીનાઓથી અમારી પાસે કસ્ટડીમાં છે અને જો તે કોઇ ફરિયાદ કરી તો અમે તારી બહુ ખરાબ હાલત કરી દઇશું. એટલે અમે જેવુ કહીએ છીએ તેવું જ તુ કરજે." આ સાહેદ ઘણા મહિનાઓની લાંબી ગેરકાયદેસર કસ્ટડીમાં માનસિક, શારીરિક ત્રાસથી એટલા ભયભીત હતા કે તેમની દરેક વાત માનવા તૈયાર થઇ ગયેલા. ત્યારપછી તા.૧૦/૧૧/૨૦૦૮ ના રોજ આ સાહેદને નામદાર ઉજજૈન કોર્ટમાં રજૂ કરવામાં

આવેલા ત્યારે ખબર પડેલી કે પોલીસે તેમને સીમીના નામ ઉપર ખોટા કેસમાં ફસાવી દીધેલો છે. આ સાહેદ તેમની ગેરકાયદેસર કસ્ટડી બાબતે નામ. કોર્ટમાં ફરિયાદ કરવાનો હતો પરંતુ તરત જ પોલીસે આપેલી ધમકીઓ યાદ આવી ગઇ એટલે ડર, ભયના કારણે તે વખતે નામ. જજ સાહેબ સમક્ષ કોઇપણ જાતની ફરિયાદ કરવાની હિંમત કરી શકેલ નહી. વધુમાં સાહેદ જણાવે છે કે ત્યારબાદ તે જ દિવસે ઉજ્જૈનના મહાકાલ પોલીસ સ્ટેશનના કેસ નં.૬૯૯/૨૦૦૮ મા તેમની ધરપકડ બતાવી નામ. કોર્ટથી બાર દિવસના રીમાન્ડ મેળવ્યા બાદ પોલીસ ઉજજૈનના મહાકાલ પોલીસ સ્ટેશનમાં લઇ ગયેલી નહી અને તે જ દિવસે પાછો ભોપાલ લઇ જવામાં આવેલો. આખા પોલીસ રીમાન્ડ દરમ્યાન ભોપાલ ખાતે એસ.ટી.એફ.ની ઑફિસમાં રાખવામાં આવેલો. ત્યાં ઘણા બધા કોરા કાગળો ઉપર આ સાહેદની સહીઓ લેવામાં આવેલી. તે પોલીસ રીમાન્ડ દરમ્યાન આ સાહેદે પોલીસને કરગરીને કહેલું અને વારંવાર વિનંતીઓ કરેલી કે, "કોઇપણ સીમી નામના સંગઠન સાથે મારો કોઇ સંબંધ નથી અને તમે લોકોએ મને આ કેસમાં ખોટો ફસાવેલો છે." પરંતુ કોઇએ પણ વાત સાંભળેલી નહીં. પોલીસ વધુ ડરાવતી હતી અને કહેતી હતી કે "જો તુ અમારી વાતો નહી માને તો અમે તને આનાથી પણ કોઇ મોટા આતંકવાદી કેસમાં ફસાવી દઇશું." પોલીસ વારંવાર ડરાવતી, ધમકાવતી અને એન્કાઉન્ટર કરવાની ધમકીઓ આપતી હતી, એટલે આ સાહેદ પોતાની જાન બચાવવા માટે તેમની દરેક વાત માનતો ગયો.

વધુમાં સાહેદના જણાવ્યા મુજબ તા.૨૨/૧૧/૨૦૦૮ ના રોજ આ સાહેદના પોલીસ રીમાન્ડ પૂરા થતા હોવાથી ભોપાલથી લાવીને પોલીસે નામ. ઉજજૈન કોર્ટમાં રજૂ કરેલો. તે વખતે નામ. કોર્ટમાં આ સાહેદની કસ્ટડી લેવા માટે અમદાવાદથી એ.સી.પી. આર.વી.અસારી અને દિલ્હીથી દિલ્હી સ્પેશીયલ સેલના એ.સી.પી. સંજીવકુમાર યાદવ હાજર હતાં. બંને અધિકારીઓએ નામ.જજ સાહેબ સમક્ષ આ સાહેદની કસ્ટડી મેળવવા માટે રજૂઆતો કરેલી. નામ.જજ સાહેબે રજૂઆતો સાંભળી બંને અધિકારીઓને પુછેલું કે "તમને આરોપીની કેટલા દિવસોની કસ્ટડીની જરૂરત છે." એ.સી.પી.

સંજીવકુમાર યાદવે એવી રજૂઆત કરેલી કે, "અમને આઠ–દસ દિવસ માટે આરોપીની કસ્ટડીની જરૂર છે" અને એ.સી.પી. આર.વી.અસારીએ એવી રજૂઆત કરેલી કે, "અમને ત્રણથી ચાર મહિના માટે આરોપીની કસ્ટડીની જરૂર છે." ત્યારબાદ નામ.જજ સાહેબે આ સાહેદની કસ્ટડી એ.સી.પી. સંજીવકુમાર યાદવને તા.૩૦/૧૧/૨૦૦૮ સુધી સોંપેલી અને જણાવેલું કે, "તા.૧/૧૨/૨૦૦૮ ના રોજ આરોપીને નામ.ઉજજૈન કોર્ટમાં રજૂ કરવો. જેથી તા.૧/૧૨/૨૦૦૮ ના રોજ એ.સી.પી. આર.વી.અસારીને આરોપીની કસ્ટડી મળી શકે." ત્યારબાદ એ.સી.પી. સંજીવકુમાર યાદવ આ સાહેદને દિલ્હી લઇ ગયેલાં અને બીજા દિવસે તા.૨૩/૧૧/૨૦૦૮ ના રોજ નામ.દિલ્હી કોર્ટમાં રજૂ કરી તા.૩૦/૧૧/૨૦૦૮ સુધીના રીમાન્ડ મેળવેલાં. ત્યારબાદ દિલ્હી સ્પેશીયલ સેલની ઑફિસમાં જઇને આ સાહેદને ખબર પડેલી કે દિલ્હી બોમ્બ બ્લાસ્ટના આટલા મોટા કેસમાં એરેસ્ટ કરી ફસાવવામાં આવી રહ્યો છે. દિલ્હી સ્પેશીયલ સેલની ઑફિસમાં પણ આ સાહેદને માનસિક, શારીરિક ત્રાસ આપેલો અને કેટલાક કોરા કાગળો ઉપર સહીઓ લીધેલી. દિલ્હી કેસના રીમાન્ડ દરમ્યાન પોલીસ ઇન્સ્પેકટર લલીત મોહન નેગી સાહેબ અને પી.એસ.આઇ. રવિન્દ્ર ત્યાગી સાહેબ બંનેને ઘણીવાર વિનંતીઓ કરેલી કે, "મારૂ આ બ્લાસ્ટ કેસ સાથે કોઇ જ સંબંધ નથી અને હું તદ્દન નિર્દોષ, બેગુનાહ છું." પરંતુ બંને સાહેબો દરેક વખતે બસ આ જ કહેતા હતા કે "અમને પણ ખબર છે કે આ બ્લાસ્ટ કેસ સાથે તારો કોઇ સંબંધ નથી. તુ નિર્દોષ છે. પરંતુ અમે તારી વાત સાંભળીએ કે અમારા સીનીયરની વાત સાંભળીએ. અમને તો અમારા સીનીયર તરફથી જે ઓર્ડર મળે છે તેના ઉપર જ કાર્યવાહી કરવાની અમારી ફરજ અને જવાબદારી છે એટલે અમે તારા માટે કાંઇ પણ કરી શકતા નથી અને કહેતા કે, કેસ ચાલશે ત્યારે તુ છુટી જઇશ."

વધુમાં સાહેદ જણાવે છે કે, ત્યારપછી તા.૩૦/૧૧/૨૦૦૮ ના રોજ આ સાહેદના પોલીસ રીમાન્ડ પુરા થતા હોવાથી નામ.દિલ્હી કોર્ટમાં રજૂ કરવામાં આવેલા. તો તે વખતે નામ.જજ સાહેબે આ સાહેદને તિહાર જેલ ખાતે જયુડીશીયલ કસ્ટડીમાં મોકલવાનો હુકમ કરેલો. દિલ્હી સ્પેશીયલ સેલની

પોલીસે નામ.જજ સાહેબને રજુઆત કરેલી કે "તા.૧/૧૨/૨૦૦૮ ના રોજ આવતી કાલે અમારે આરોપીને નામ.ઉજજૈન કોર્ટમાં રજૂ કરવાનો છે" તો નામ.જજ સાહેબે પોલીસને જણાવેલું કે "આરોપીના પોલીસ રીમાન્ડ પુરા થઇ ગયા હોવાથી તમને આરોપીની કસ્ટડી સોંપી શકાય નહી. આરોપી હવે જયુડીશીયલ કસ્ટડીમાં છે એટલે તિહાર જેલના સુપરિન્ટેન્ડેન્ટની જવાબદારી છે કે તે આરોપીને નામ. ઉજજૈન કોર્ટમાં રજૂ કરે." પછી તિહાર જેલ ખાતે મોકલી આપવામાં આવેલો. ત્યારબાદ તા.૩/૧૨/૨૦૦૮ ના રોજ તિહાર જેલનો જામ્નો આ સાહેદને ઉજજૈન લઇ જવા માટે નીકળેલો અને બીજા દિવસે તા.૪/૧૨/૨૦૦૮ ના રોજ નામ.ઉજજૈન કોર્ટમાં રજૂ કરવામાં આવેલો, તો ત્યાં પહેલાથી જ એ.સી.પી. આર.વી.અસારી અને પી.એસ.આઇ. જે.ડી.પુરોહિત હાજર હતાં અને તા.૪/૧૨/૨૦૦૮ ના રોજ એ.સી.પી. આર.વી.અસારી તથા પી.એસ. આઈ.જે.ડી. પુરોહીતે નામ.ઉજ્જૈન કોર્ટથી આ સાહેદની કસ્ટડી મેળવી તે જ દિવસે અમદાવાદ લઈને આવેલા હતા. ઉજ્જૈનથી અમદાવાદ લાવતી વખતે રસ્તામાં જ આ સાહેદને ખુબ જ ડરાવવા, ધમકાવવામાં આવેલો અને ગંદી ગાળો આપીને એન્કાઉન્ટર કરવાની ધમકીઓ આપતા હતા. રસ્તામાં જ્યારે એક વાર પેશાબ કરવા માટે વિનંતી કરેલી તો ગંદી ગાળો આપવામાં આવેલી અને પછી હાઈવે ઉપર એક સુમસામ જગ્યા ઉપર ગાડી રોકવામાં આવેલી. આ સાહેદના ચહેરા ઉપર કાળો બુરખો હતો અને આંખો ઉપર પટ્ટી બાંધેલી હતી જેથી જોઈ નહોતો શકતો તેમજ હાથ, હાથકડી અને દોરડાથી બાંધેલા હતા તેથી બે પોલીસવાળા પકડીને ગાડીથી નીચે ઉતારીને થોડે દુર લઈ ગયેલા. થોડું ચાલીને રોકાઈ ગયા બાદ પાછળથી કોઈએ આ સાહેદના માથા ઉપર જોરથી ફેંટ મારીને ગંદી ગાળો આપવાની શરૂ કરેલી અને માથા ઉપર રિવોલ્વર મુકીને કહેલ કે, "આને ગોળી મારી દો અને કહી દઈશું કે પેશાબ કરવાના બહાને ગાડીથી નીચે ઉતરી પોલીસ ઉપર હુમલો કરી ભાગવાની કોશિશ કરતો હતો, એટલે અમે સ્વબચાવમાં ગોળી ચલાવી જેનાથી આ મરી ગયો." આ વાત સાંભળી આ સાહેદ ખૂબ જ ગભરાઈ ગયેલા અને લાગેલું કે આ લોકો હકીકતમાં જ નકલી એન્કાઉન્ટર કરી નાખશે

અને દુનિયાની સામે જુઠી કહાની રજૂ કરીને ખતરનાક આતંકવાદી જાહેર કરી દેશે. તે વખતે આ સાહેદ એટલો ડરી ગયેલો કે પેશાબ પણ રોકાઈ ગયેલી. પછી એક જણે આ સાહેદને પુછેલું કે, "તારે પેશાબ કરવી છે ને?" તો ડર–ભયના કારણે તરત જ ના પાડેલી. પછી બે જણાએ આ સાહેદને પકડીને ગાડીમાં પાછો બેસાડી દીધેલ. ઉજ્જૈનથી અમદાવાદ લાવતી વખતે રસ્તામાં ગાડીથી નીચે ઉતારી આ સાહેદના માથા ઉપર રિવોલ્વર મુકવાથી એટલા ભયભીત થઈ ગયેલા કે આખા રસ્તે ડરતો–ફફડતો રહેલો કે ખબર નહીં કે આ લોકો શું કરશે?

વધુમાં સાહેદ જણાવે છે કે તા.૪/૧૨/૨૦૦૮ ની રાત્રે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ ખાતે પહોંચ્યા બાદ આ સાહેદને એક ઑફિસમાં લઈ ગયેલા ત્યાં ચહેરા ઉપરથી બુરખો કાઢીને આંખો પરથી પટ્ટી ખોલી નાખવામાં આવેલી, તે ઑફિસમાં એક મોટા સાહેબ હતા અને તેમની સામેની ખુરશીઓ ઉપર બીજા પાંચ–છ અધિકારીઓ અને એક મહિલા અધિકારી બેસેલા હતા. પાછળથી રિમાન્ડ દરમિયાન તે બધાના નામો જાણવા મળેલા. જેમાં મોટા સાહેબ ડી.સી.પી. અભય ચુડાસમા હતા અને સામે બેસેલા બીજા બધા સાહેબોમાં એ.સી.પી. વી.આર. ટોળીયા, એ.સી.પી. મયુર ચાવડા, એ.સી.પી. આર.વી. અસારી, એ.સી.પી. ઉષા રાડા, પી.આઈ. તરૂણ બારોટ, પી.આઈ. એ.એફ. સિંધી અને પી.આઈ. એમ.ડી. ચૌધરીનાઓ હતા. પછી અભય ચુડાસમાએ આ સાહેદને પુછેલુ કે "તને ખબર છે કે આ બ્લાસ્ટ કેસમાં અમે તને કેમ પકડ્યો છે?" તો કહેલું કે, "સાહેબ આ બ્લાસ્ટ સાથે મારો કોઈ જ સબંધ નથી અને એના વિશે હું કશું જ જાણતો પણ નથી." અભય ચુડાસમા સામે બેસેલા અધિકારીઓને જોઈ હસીને, કહેવા લાગેલા કે "આ બ્લાસ્ટ કેસમાં અમે તને મેઈન હિરો બનાવેલો છે, આ આખા કેસમાં મેઈન કેરેક્ટર તરીકે અમે તારૂ નામ પસંદ કર્યું છે, ફિલ્મોમાં જેવી રીતે હિરોનો રોલ શરૂથી લઈ છેલ્લે સુધી હોય છે એ જ રીતે આ કેસમાં અમે તારો રોલ રાખેલો છે." આ સાહેદે તેમને કરગરીને વિનંતી કરેલી કે "સાહેબ આ બ્લાસ્ટ સાથે મારે કોઈ લેવા દેવા નથી. પછી શા માટે તમે મને આ કેસમાં ખોટો ફસાવો છો?" અભય ચુડાસમા, વી.આર. ટોળીયા તેમજ મયુર

ચાવડાની તરફ બતાવીને કહેવા લાગેલા કે, "આ બંને સાહેબો તને જે કાંઈ પણ તારો રોલ બતાવે, સમજાવે એ બધું જ તારે ચુપચાપ માની લેવાનું છે અને એ મુજબ જ તારે બીજા બધા મોટા સાહેબો સામે બોલવાનું પણ છે. જો તું અમારી વાતો નહીં માને તો એક–બે દિવસમાં તારૂ એન્કાઉન્ટર કરી દઈશું." પછી અભય ચુડાસમાએ આર.વી.અસારી સામે જોઈને કહેલું કે, "ઉજ્જૈનથી લાવતા રસ્તામાં આને ચાંદ–તારા બતાવેલા કે નહીં?" તો આર.વી.અસારીએ કહેલું કે "સાહેબ રસ્તામાં આને એક ઝલક તો બતાવી છે અને એક ઝલકમાં જ આ એટલું ડરી ગયેલો કે આની પેશાબ જ રોકાઈ ગયેલી" એવું કહીં આર.વી.અસારી હસવા લાગેલા. પછી અભય ચુડાસમાએ આ સાહેદ સામે જોઈને કહેલું કે, "આ તો ફક્ત એક ઝલક જ હતી. જો તું અમારી વાતો નહીં માને તો તને સાચે જ ચાંદ–તારા બતાવી દઈશું એટલે કે તારૂ એન્કાઉન્ટર કરી દઈશું."

વધુમાં સાહેદ જણાવે છે કે, ત્યારબાદ અભય ચુડાસમાએ આ સાહેદને ખુબ જ ખતરનાક ધમકી આપેલી કે "આ કેસમાં અમે તારા ભાઈને પણ પકડીને રાખેલો છે. જો તું અમારી વાતો નહીં માને તો તારા બાપને પણ આ કેસમાં નાખી દઈશું. અહીં તારી ફરિયાદ સાંભળવાવાળો કોઈ પણ નથી. અહીં ગુજરાતમાં બધું જ અમારા હાથમાં છે. સરકાર અમારી છે પોલીસ પણ અમારી છે, કોર્ટ પણ અમારી છે અને જજો પણ અમારા જ છે. અહીં અમે જે પણ કાંઈક ઈચ્છીયે છે તે જ પ્રમાણે બધું થાય છે. એટલે તારી ભલાઈ એમાં જ છે કે અમે તને જેવું કહીએ છીએ એ બધું જ ચુપચાપ માની લે તો તું એન્કાઉન્ટરથી બચી જશે અને તારા બાપ–ભાઈ પણ આ કેસથી બચી જશે." આ સાહેદ તેમને કરગરીને કહેલું કે "હું કશું જ જાણતો નથી, મેં કાંઈ પણ કર્યું નથી, મને આ કેસમાં ના ફસાવો. સાહેબ હું તો ઘણા મહિનાઓથી મધ્યપ્રદેશ સ્ટેટ આઈ.બી. અને એસ.ટી.એફ.ની કસ્ટડીમાં હતો." આ સાંભળી અભય ચુડાસમાએ સામે બેસેલા અધિકારીઓને કહેલું કે "આ આવી રીતે આપણી વાત નહીં માને આજે રાત્રે આની સારી રીતે સર્વિસ કરો તો જ માનશે." પછી અભય ચુડાસમાએ તેમની ઑફિસમાંથી આ સાહેદને બહાર મોકલી ચહેરા ઉપર બુરખો નાખી બાજુના એક

રૂમમાં લઈ ગયેલા. ત્યાં પગમાં પણ હાથકડી લગાડવામાં આવેલી. થોડીવાર બાદ ત્યાં રૂમમાં વી.આર.ટોળીયા તથા મયુર ચાવડા આવેલા અને આ સાહેદને ઉભો કરી વી.આર.ટોળીયાએ ચહેરા ઉપર થપ્પડો મારેલી અને મયુર ચાવડાએ કહેલું કે "તને મોટા સાહેબે જે પણ કાંઈ કહ્યું તે તું સમજી ગયો ને? હું અને આ સાહેબ બંને તને જે કાંઈ પણ સ્ટોરી બતાવીએ સમજાવીએ તે જ સ્ટોરી જ્યારે પણ બીજા કોઈ મોટા–મોટા સાહેબો તને પુછપરછ કરવા માટે બોલાવે ત્યારે તારે બોલવાની છે." પછી વી.આર.ટોળીયાએ ત્યાં ઉભેલાં કોન્સ્ટેબલને કહેલું કે "થોડીવાર બાદ જ્યારે અમે આને બોલાવીએ તો આને લઈને મારી ઑફિસમાં આવી જજો." થોડીવાર પછી એક કોન્સ્ટેબલ સીડી ચઢાવીને પહેલા માળ ઉપર વી.આર.ટોળીયાની ઑફિસમાં લઈ ગયેલા. ત્યાં મયુર ચાવડા અને ચાર–પાંચ કોન્સ્ટેબલો પણ હાજર હતા. આ સાહેદે વી.આર.ટોળીયાને તથા મયુર ચાવડાને કહેલું કે "હું આ બ્લાસ્ટ વિશે કશુંજ જાણતો નથી તો વી.આર.ટોળીયાએ કહેલું કે અમે બંને તને બધુ જ બતાવીશું." આ સાહેદે કહેલું કે "સાહેબ મે કશું જ કર્યું નથી પછી શા માટે હું તમારી ખોટી વાત માનું અને તમે મને શા માટે આ કેસમાં ખોટો ફસાવો છો?" તો બંને સાહેબોએ ગંદી ગાળો આપેલી અને વી.આર.ટોળીયા બે–ત્રણ થપ્પડો મારી ધમકાવવા લાગેલા કે, "અમારી સામે આવી દલીલો ના કર." પછી વી.આર.ટોળીયાએ કોન્સ્ટેબલને કહેલું કે, "ડંડો કાઢો અને આને ટેબલ ઉપર સુવડાવી દો" તો ત્યાં મોટા ટેબલ ઉપર ત્રણ કોન્સ્ટેબલોએ આ સાહેદને પકડીને ઊંધો સુવડાવી દીધેલ. બે જણાએ હાથ ખભા પાસેથી પકડી અને એક જણે બંને પગ ભેગા કરી પગ મજબુતીથી પકડી લીધેલ અને પછી વી.આર. ટોળીયાએ થાપા ઉપર પુરી તાકાતથી જોર–જોરથી સતત દસ–બાર દંડા મારેલા. દુખાવાના કારણે આ સાહેદ બુમો પાડતા હતા પરંતુ તે સતત મારતા જ રહેલા. આ રીતે માર્યા બાદ જે કોન્સ્ટેબલે પગ પકડેલાં તે ટેબલ ઉપર ચઢી ગયેલો અને પગ ઉપર બેસી ગયેલો. પછી મયુર ચાવડા પગના તળિયામાં સતત દંડા મારતા જ રહેલા. માર–દુઃખાવાના કારણે આ સાહેદ ખુબ જ કણસતો હતો. પરંતુ તે બે રહેમીથી મારતા જ રહેલા. આ રીતે બેરહેમીથી માર્યા બાદ એક કોન્સ્ટેબલ આ

સાહેદને પકડીને રૂમમાં જલદી–જલદી ચલાવવા લાગેલો. પગમાં દુખાવાને કારણે ચાલી નહોતો શકતો, પરંતુ જબરદસ્તીથી ચલાવતા હતા. પાછળથી ખબર પડેલી કે આ રીતે માર્યા બાદ તરત જ જલદી–જલદી ચલાવવાથી પગમાં સોજો ન આવે, લોહી ન જામે તેમજ લોહીનું સરક્યુલેશન બરાબર ચાલતું રહે, પછી બંને સાહેબોએ ગંદી ગાળો આપીને ખૂબ જ ધમકાવીને કહેલું કે "જો તું અમારી વાતો નહીં માને તો અમે તને આનાથી પણ ખતરનાક રીતે મારીશું." વી.આર. ટોળીયાએ આ સાહેદને કપડા ઉતારવાનું કહેલ અને પેન્ટ–શર્ટ કઢાવી ફક્ત અંડરવેરમાં જ રહેવા દીધેલ. પછી બંને સાહેબોએ કહેલું કે, "અમે તને પેન–કાગળ આપીએ છીએ અને અમે બતાવીએ એ પ્રમાણે તારીખ, મહિનો, જગ્યાઓ મકાનોના નામો સાથે બતાવ્યા મુજબની સ્ટોરી લખીલે અને આ બધુ જ મોઢે યાદ કરીલે, આ બધું જ કડકડાટ યાદ કરી નાખ કે કયા–કયા દિવસે શું–શું થયેલ હતુ, કઈ–કઈ તારીખે કોણ કોણ આવેલા, મકાન ક્યાં કોની પાસેથી ભાડે લીધેલુ, કયાંથી ક્યારે કઈ–કઈ ચીજવસ્તુઓ ખરીદેલી. આ બધી જ વાતો તારે બીજા બધા મોટા સાહેબો સામે બોલવાની છે." ત્યારબાદ બંને સાહેબોએ તારીખ, મહિનો, જગ્યાઓ, મકાનોના નામો બોલી તેમના બતાવ્યા મુજબની સ્ટોરી આ સાહેદના હાથથી કાગળ ઉપર લખાવેલી અને કહેલુ કે "જો તું અમારી વાતો માની લેશે તો અમે તને મારીશુ નહીં." આ સાહેદે કહેલુ કે, "સાહેબ મેં કશું જ કર્યુ નથી પછી તમે મને આમ ખોટી રીતે આ કેસમાં કેમ ખોટા ફસાવો છો?" તો વી.આર.ટોળીયાએ કહેલું કે, "અમને પણ ખબર છે કે આમા તારૂ કશું જ નથી પરંતુ તને નીચે ઑફિસમાં જે મોટા સાહેબ પાસે લઈ ગયા હતા તે અમારા ઉપરી અધિકારી છે અને તે મોટા સાહેબ અમને જે કહેશે તે જ વાત અમારે તો માનવી પડશે." પછી એ આખી રાત કોન્સ્ટેબલો દ્વારા માનસિક–શારીરિક ત્રાસ અને ટોર્ચર ચાલતુ રહેલ. ચક્કીના પટ્ટાથી માથા ઉપર અને હથેળીમાં મારતા હતા. રાત્રે બે વાર ગુપ્ત ભાગે કરંટ આપવામાં આવેલા. ઘણી વાર પગ પહોળા કરી "T" બનાવવામાં આવતી હતી તેમજ મા–બહેનની ગંદી ગાળોની સાથે–સાથે ઈસ્લામ

અને મુસલમાનો વિરૂદ્ધ અપમાનજનક –વાંધાજનક શબ્દો બોલી સતત માનસિક–શારીરિક ત્રાસ આપતા હતા.

સાહેદ વધુમાં જણાવે છે કે પછી બીજા દિવસે સવારે આ સાહેદને અભય ચુડાસમાની ઑફિસમાં લઈ ગયેલા ત્યાં વી.આર.ટોળીયા અને મયુર ચાવડા હાજર હતા. આખી રાતના માનસિક–શારીરિક ત્રાસ તેમજ ટોર્ચરના કારણે આખા શરીરમાં ખૂબ જ દુઃખાવો હતો અને પગ–થાપા ઉપર મારના કારણે ના ઊભો રહી શકતા હતો કે ના બેસી શકતા હતા. પછી અભય ચુડાસમાએ સામે બેસેલ બંને સાહેબોને પુછેલુ કે, "શું આ આપણે કહીએ છીએ તે વાત માનવા માટે તૈયાર છે કે નહીં? જો ના માનતો હોય તો આનુ એન્કાઉન્ટર જ કરી નાખીએ." આખી રાતના ટોર્ચરના કારણે આ સાહેદની હાલત ખૂબ જ ખરાબ હતી અને ખૂબ જ ડરી ગયેલા હતા. આ સાહેદે અભય ચુડાસમાને જણાવેલુ કે, "સાહેબ મને છોડી દો, હું કોઈ ગુનેગાર નથી, સાહેબ મહેરબાની કરીને તમે મને આટલા ખતરનાક મોટા કેસમાં ના ફસાવો, આ બ્લાસ્ટ વિશે મને કાંઈ પણ જાણકારી નથી અને તેની સાથે મારો કોઈજ સંબંધ પણ નથી." આ સાહેદે અભય ચુડાસમાને જણાવેલું કે "સાહેબ ૩૧ માર્ચના રોજ વડોદરા ક્રાઈમ બ્રાંચના અધિકારીએ મને ગેરકાયદેસર રીતે મધ્યપ્રદેશ સ્ટેટ આઈ.બી.ના માણસોને સોપેલો ત્યારબાદથી હું ઘણા મહિનાઓ સુધી મધ્યપ્રદેશ સ્ટેટ આઈ.બી. તથા એસ.ટી.એફ.ની ગેરકાયદેસર કસ્ટડીમાં હતો. મને ઉજ્જૈન તથા દિલ્હીના કેસોમાં પણ ખોટો ફસાવેલો છે." અભય ચુડાસમાએ હસીને કહેલું કે, "તું મધ્યપ્રદેશ સ્ટેટ આઈ.બી. પાસે ગેરકાયદેસર કસ્ટડીમાં હતો એટલે જ તો અમે તને આ કેસમાં મેઈન હિરો બનાવ્યો છે. તું મધ્યપ્રદેશ સ્ટેટ આઈ.બી. પાસે ગેરકાયદેસર કસ્ટડીમાં હતો તે બતાવવા માટે તારી પાસે કોઈ પ્રુફ છે? આવુ કોઈ પ્રુફ તારી પાસે નથી એટલે એનો સીધો મતલબ કે તું ઘણા મહિનાઓથી તારા ઘરેથી ગાયબ હતો અને આટલી જ વાત અમારા માટે તને આ કેસમાં નાખવા માટે પુરતી છે." અને જણાવેલું કે, "આ જ કારણે અમે તારૂ નામ આ કેસ માટે ખાસ પસંદ કર્યું છે." અભય ચુડાસમાએ કહેલું કે "જો આ બ્લાસ્ટ કરવાવાળા અસલ લોકો

તો નીકળી ગયા અને એ લોકો હાથમાં આવવાના પણ નથી અને અમારે બતાવવું તો પડશે ને કે અમે આ કેસ સોલ્વ કરી દીધો છે." ત્યારબાદ અભય ચુડાસમાએ આ સાહેદને કહેલું કે "જો તું અમારા કહેવા મુજબ કરશે તો અમે તારા ભાઈને આ કેસમાથી કાઢી દઈશું અને તું પણ જલદીથી છૂટી જાય તેવો કોઈ રસ્તો કાઢીશું અને જો તું અમારી વાતો નહી માને તો પછી તમે બંને ભાઈઓ વર્ષો સુધી જેલમાં રહેશો." પછી અભય ચુડાસમાએ ધમકી આપેલી કે, "જ્યારે તને કાર્ટમાં લઈ જઈએ તો જજ સાહેબ સામે કોઈ પણ જાતની કોઈ ફરિયાદ ના કરતો અને જો તે કોઈ ફરિયાદ કરી છે તો પછી અમે તને જીવતો નહી છોડીએ. હમણાં તને ખબર નથી કે શું–શું કરી શકીએ છીએ. તું ન્યૂઝ પેપર વાંચતો હશે તો તને ખબર હશે કે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે સોહરાબુદ્દીન, કૌશરબી, તુલસી અને ઈસરત જહાનું શું કર્યુ હતું. અમારી પાસે એટલો પાવર છે કે અમે કોઈ પણ કેદીને જેલમાથી બહાર લાવી શકીએ છીએ અને તેનું એન્કાઉન્ટર પણ કરી શકીએ છીએ.તેં લતીફ ડોનનું નામ સાંભળેલ હશે અમે તેને જેલમાંથી બહાર લાવી તેનું એન્કાઉન્ટર કરી નાખેલ હતું એટલે તું સારી રીતે સમજી વિચારી લેજે કે તું અમારી વિરૂદ્ધ કાંઈ નહી કરી શકે અને અમે તારી સાથે કાંઈ પણ કરી શકીએ છીએ." ઘણા મહિનાઓના માનસિક–શારિરીક ત્રાસ તેમજ ટોર્ચર અને ખતરનાક ધમકીઓથી આ સાહેદ ખૂબ જ ગભરાઈ ગયેલા હતા એટલે એ વાતનો સતત ડર–ભય લાગતો હતો કે તેઓ બંને ભાઈઓને તો આ કેસમાં ખોટી રીતે ફસાવી દીધા છે અને હવે તેઓના પિતાજીને પણ આ કેસમાં ખોટા ફસાવી દેશે એટલે ડર–ગભરાટના કારણે અભય ચુડાસમાની બધી જ વાતો માનવા તૈયાર થઈ ગયેલો. આ સાહેદે અભય ચુડાસમાને કહેલુ કે, "સાહેબ તમે મને જેવું સમજાવશો, જેવું કહેશો તે મુજબ જ હું બધું બોલીશ બસ તમે મારા ભાઈને છોડી દો." આ વાત સાંભળી અભય ચુડાસમા ખૂબ જ ખુશ થઈ ગયેલા અને કહેલું કે "હવે તું અમારી વાત માની ગયો અમે તારા ભાઈને વહેલા છૂટવાનો કોઈ રસ્તો કાઢી આપીશુ." અભય ચુડાસમાએ જણાવેલું કે "ટોળીયા અને ચાવડા સાહેબે તને જે સ્ટોરી લખાવી છે તે સારી રીતે

બરાબર યાદ કરી નાખ અને આ જ સ્ટોરી તારે બીજા બધા મોટા સાહેબો સામે બોલવાની છે."

વધુમાં સાહેદ જણાવે છે કે ત્યારબાદ તે જ દિવસે અમદાવાદ ક્રાઈમ બ્રાંચની બાજુમાં આવેલ નામ. કોર્ટમાં રજૂ કરવામાં આવેલ અને ૧૪ દિવસના રીમાન્ડ ઉપર સોપવામાં આવેલ હતો. પછી બીજા દિવસે અભય ચુડાસમાએ આ સાહેદને તેમની ઑફિસમાં બોલાવીને કહેલું કે, "અમે તારા ભાઈને આ કેસમાં એરેસ્ટ બતાવી દીધેલ છે એટલે અમે તારા ભાઈને આમ જ નહીં છોડી શકીએ. અમે તારા ભાઈને છોડવાનો એવો રસ્તો કાઢ્યો છે કે અમે તારા ભાઈને કોર્ટમાં લઈ જઈશુ અને અમારા બતાવ્યા મુજબની વાતો જજ સાહેબ સામે બોલીને ત્યાં કહેવાની અને કાગળો ઉપર સહીઓ કરી દેવાની છે. કોર્ટમાં આ કાર્યવાહી થઈ જાય તેના ચાર–પાંચ મહિના પછી અમે તારા ભાઈની જામીન કરાવી દઈશું એટલે ૬ મહિનામાં તારો ભાઈ જેલથી બહાર આવી જશે." ત્યારબાદ રીમાન્ડ દરમિયાન અભય ચુડાસમા ઘણીવાર આ સાહેદને તેમની ઑફિસમાં બોલાવીને ખૂબ જ ડરાવતા અને ધમકાવતા અને લાલચો પણ આપતા હતા. ત્યારબાદ પ્રથમ ૧૪ દિવસના રીમાન્ડ દરમિયાન આ સાહેદને ત્રણ વાર નામ. કોર્ટમાં ઓળખ પરેડ માટે લઈ જવામાં આવેલ. નામ.કોર્ટમાં લઈ જતા પહેલા કહેવાતા સાહેદો ક્રાઈમ બ્રાન્ચમાં વી.આર.ટોળીયાની ઑફિસમાં આવીને આ સાહેદને જોઈ જતા હતા અને પછી કહેવાતા સાહેદો નામ.કોર્ટમાં આવી આ સાહેદને ઓળખી બતાવતા હતા. ઓળખ પરેડમાં લઈ જતા પહેલા ક્રાઈમ બ્રાન્ચવાળા આ સાહેદના પગરખા કઢાવી નખાંવતા હતા અને નામ.કોર્ટમાં ઓળખ પરેડ કાર્યવાહી દરમિયાન પગરખા વગર ઊભો રાખતા હતા. નામ.કોર્ટ સિવાય બીજી કોઈપણ જગ્યાએ આ સાહેદને લઈ જવામાં આવેલો નથી. આ સાહેદે પોલીસની કે સાહેદની હાજરીમાં કોઈ પણ જગ્યાઓ બતાવેલી નથી અને કોઈપણ જાતનું કોઈ જ પંચનામું બનાવવામાં આવેલું નથી. સાહેદ વધુમાં જણાવે છે કે પછી એક દિવસ વી.આર. ટોળીયાએ તેમના બતાવ્યા મુજબની જે સ્ટોરી આ સાહેદના હાથથી કાગળ ઉપર લખાવેલી તે આ સાહેદ પાસે બોલાવડાવી તેનુ વીડિયો રેકોર્ડીંગ કરેલુ. સતત બે

મહિના સુધી અમદાવાદના અલગ–અલગ કેસોમાં રીમાન્ડ ચાલતા રહેલા. આ રિમાન્ડ દરમિયાન જ એક વાર કોન્સ્ટેબલે આ સાહેદને લાલ કલરનું હોટલ રજિસ્ટર આપેલું જેમા ઘણી બધી ખાલી એન્ટ્રીઓ હતી. આ ખાલી એન્ટ્રીઓમાથી એક જગ્યાએ ખાલી એન્ટ્રીમાં પોલીસે તેમના બતાવ્યા મુજબની વિગતો આ સાહેદના હાથથી લખાવેલી અને તેમા સહી કરાવેલી. જે વિગતો આ સાહેદના હાથથી હોટલ રજિસ્ટરમાં લખાવેલી તે જ વિગતો બીજા કેટલાક ખાનાવાળા કોરા કાગળો ઉપર પણ લખાવેલી અને તેમાં સહીઓ પણ કરાવેલી અને પછી બે લીટીવાળા કાગળો ઉપર આ સાહેદે હાથથી અંગ્રેજીમાં લખાણ લખાવેલું. આ રીમાન્ડ દરમિયાન જ આર.વી.અસારી પણ આ સાહેદને બે વાર નામદાર કોર્ટમાં ઓળખ પરેડ માટે લઈ ગયેલા અને આ બંને વખતે પણ કહેવાતા સાહેદો પહેલા ક્રાઈમ બ્રાન્ચની ઑફિસમાં આવીને જોઈ ગયા હતા અને પછી નામ.કોર્ટમાં ઓળખ પરેડ દરમિયાન ઓળખી બતાવેલ. આમ તા.૪/૧૨/૨૦૦૮ થી તા.૬/૨/૨૦૦૯ સુધી અમદાવાદ ક્રાઈમબ્રાંચમાં આ સાહેદના પોલીસ રીમાન્ડ ચાલતા રહેલા.

સાહેદ વધુમાં જણાવે છે કે, ત્યારબાદ તા.૬/૨/૨૦૦૯ ના રોજ સુરતની પોલીસે આ સાહેદની કસ્ટડી લીધેલી. સુરતના પોલીસ રીમાન્ડ દરમિયાન પોલીસ બે વાર નામ.કોર્ટમાં ઓળખપરેડ માટે લઈ ગઈ ત્યારે કહેવાતા સાહેદોને આ સાહેદની સાથે જ ગાડીમાં બેસાડીને લઈ જવામાં આવેલા હતા અને તે જ કહેવાતા સાહેદોએ નામ.કોર્ટમાં ઓળખપરેડ દરમિયાન આ સાહેદને ઓળખી બતાવેલો. સુરતમાં પણ આ સાહેદે કોઈ જગ્યાઓ બતાવેલી નથી કે કોઈ પણ જાતનું પંચનામું બનાવડાવેલુ નથી. સુરતના રીમાન્ડ દરમિયાન એ.સી.પી. એન.બી.પરમારે આ સાહેદને હોટલ રજિસ્ટરના કેટલાક છુટ્ટા ખાનાવાળા કોરા કાગળો આપેલા અને તેમના બતાવ્યા મુજબની વિગતો હાથથી તેમા લખાવેલી અને તેમા સહીઓ પણ કરાવેલી અને બે લીટીવાળા કાગળો ઉપર હાથથી અંગ્રેજીમાં લખાણ લખાવેલુ. આમ તા.૬/૨/૨૦૦૯ થી તા.૬/૩/૨૦૦૯ સુધી સુરત ક્રાઈમબ્રાંચ ખાતે આ સાહેદના પોલીસ રીમાન્ડ ચાલતા રહેલા

અને પછી સાબરમતી સેન્ટ્રલ જેલખાતે મોકલી દીધેલ ત્યારબાદ તા.૬/૫/૨૦૦૯ ના રોજ એ.સી.પી. મયુર ચાવડાએ સાબરમતી સેન્ટ્રલ જેલથી આ સાહેદની કસ્ટડી મેળવી તા.૧૯/૫/૨૦૦૯ સુધી અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ ખાતે રીમાન્ડ ઉપર રાખ્યા બાદ પાછો સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે મોકલી આપેલ ત્યારબાદ તા.૧૫/૬/૨૦૦૯ ના રોજ એ.સી.પી. ઉષા રાડાએ સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતેથી આ સાહેદની કસ્ટડી મેળવી તા.૨૫/૬/૨૦૦૯ સુધી અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ ખાતે રીમાન્ડ ઉપર રાખ્યા બાદ પાછો સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે મોકલી આપેલ. અમદાવાદ અને સુરત ખાતેના રીમાન્ડ દરમિયાન ઘણા બધા કોરા કાગળો ઉપર ઘણી વાર આ સાહેદની ઘણી બધી સહીઓ લેવામાં આવેલ.

સાહેદ વધુમાં જણાવે છે કે સાબરમતી સેન્ટ્રલ જેલ પહોંચ્યા બાદ જ્યારે આ સાહેદની મુલાકાત તેના મોટા ભાઈ રફીયુદ્દીન સાથે થઈ ત્યારે ઘણી બધી હકીકતો જાણવા મળેલી. રફીયુદ્દીને આ સાહેદને જણાવેલું કે "તા.૩૧/૩/૨૦૦૮ ના રોજ જ્યારે પોલીસ તને ઘર પાસેથી બોલાવીને વડોદરા ક્રાઈમ બ્રાન્ચ ઑફિસે લઈ ગઈ અને બહુ વાર થઈ ગયા પછી પણ તું ઘરે પરત ન આવ્યો તો હું તારી તપાસ કરવા વડોદરા ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે ગયેલો. બે પોલીસવાળા તને લઈ ગયેલા હતા તેમાથી એક પોલીસવાળો ત્યાં હાજર હતો. તે મને ઑફિસમાં ક્રાઈમ બ્રાન્ચના પોલીસ ઈન્સ્પેકટર પંડ્યા સાહેબ પાસે લઈ ગયેલો. પંડ્યા સાહેબે મને કહેલું કે, તારા ભાઈ કયામુદ્દીનને મધ્યપ્રદેશ પોલીસવાળા લઈ ગયા છે અને થોડા દિવસોમાં તેને અહીં પાછો પણ છોડી જશે. પોલીસ ઈન્સ્પેકટર પંડ્યા સાહેબે મને કહેલું કે આ વાત હમણા તું તારા ઘરવાળાઓને કે બીજા કોઈને પણ જણાવતો નહીં અને કોઈ પણ જગ્યાએ ફરિયાદ પણ ના કરતો. પછી મેં પોલીસ ઈન્સ્પેકટર પંડ્યા સાહેબને કહેલું કે, અમારા મોબાઈલો તો પાછા આપો તો પોલીસ ઈન્સ્પેકટર પંડ્યા સાહેબે તારો મોબાઈલ ૯૮૯૮૭૩૧૪૭૯ પાછો આપેલ અને મારો મોબાઈલ પાછો આપેલો નહીં. મેં પંડ્યા સાહેબ પાસે મારો મોબાઈલ પાછો માંગેલો તો તેમને આપવાની

ના પાડેલી અને મારી ઉપર ગુસ્સે થઈને કહેલું કે તું તારા ભાઈનો મોબાઈલ ચાલુ જ રાખજે. કોઈપણ હાલતમાં મોબાઈલ બંધ ના કરતો. તારા ભાઈના મોબાઈલ ઉપર કોઈનો પણ ફોન આવે તો રિસીવ કરતો રહેજે અને કયામુદ્દીન મોબાઈલ ઘરે મુકીને બહાર કામથી ગયો છે તેવું જ કહેજે. પછી પોલીસ ઇન્સ્પેકટર પંડ્યા સાહેબે મને ધમકી આપેલી કે જો કોઈપણ જગ્યાએ ફરિયાદ કરશે તો તમને બંને ભાઈઓને કોઈ મોટા કેસમાં નાખી દઈશું પછી મને ઘરે જવા દીધેલો." ત્યારબાદ રફીયુદ્દીને આ સાહેદને જણાવેલું કે "હું ખૂબ જ ડરી ગયેલો અને પોલીસ ઇન્સ્પેકટર પંડ્યા સાહેબે મને કોઈને પણ કશું જ જણાવવાની ના પાડેલી એટલે મેં તારા વિશે ઘરમાં કોઈને પણ કશું જ જણાવેલું ન હતું. તારા ટેન્શનમાં માતા–પિતાની હાલત એકદમ ખરાબ થઈ ગયેલી એટલે બીજા દિવસે સવારે મેં ગઈ રાતની આખી ઘટના અને પોલીસ ઇન્સ્પેકટર પંડ્યા સાહેબે મને જણાવેલી બધી વાતોની સાચી હકીકત ઘરમાં જણાવી દીધેલી. મારી વાત સાંભળી માતા–પિતા ખુબ જ ગભરાઈ ગયેલા અને આપણી માતાજીની રડી રડીને તબિયત ખરાબ થઈ ગયેલી. પછી આપણા પિતાજીએ મને કહેલું કે આપણે કયામુદ્દીન બાબતે ભૂરા ભાઈને વાત કરીએ એટલે હું અને પિતાજી બંને જણા ભૂરાભાઈની ઑફિસે ગયેલા". આ ભૂરાભાઈ આ સાહેદની વાડી વિસ્તારમાં વડોદરા ક્રાઈમ બ્રાંચ ઑફિસની નજીક અલ અસ્ફાક વર્લ્ડ કોમ્યુનિકેશન નામથી ઑફિસ ચલાવે છે. આ ભૂરાભાઈ પોલીસના મોટા બાતમીદાર છે અને વાડી વિસ્તારમાં પોલીસને લગતું કોઈપણ જાતનું કામકાજ હોય તો સરળતાથી કરાવી આપે છે. ભૂરાભાઈ આ સાહેદની દુકાન ઉપર પ્રિન્ટીંગનું અને રબર સ્ટેમ્પનું કામ કરાવવા આવતા હોવાથી પણ ઓળખતા હતા. વધુમાં રફિયુદ્દીને આ સાહેદને એમ પણ જણાવેલું કે "હું અને પિતાજી બંને ભૂરાભાઈની ઑફિસે ગયેલા અને ગઈ રાતની બધી હકીકત ભૂરાભાઈને જણાવેલી. ભૂરાભાઈએ અમને કહેલું કે ચાર–પાંચ દિવસ પહેલા ક્રાઈમ બ્રાન્ચના પોલીસ ઇન્સ્પેકટર પંડ્યા સાહેબે મને જણાવેલું કે, ભૂરાભાઈ તમારા ધ્યાનમાં કોઈ મુસ્લિમ છોકરો હોય જેના ઉપર એકાદ નાનો કેસ હોય, તેને કમ્પ્યુટરનું કામ આવડતું હોય અને આપણા માટે કંઈ કામ પણ કરી

શકતો હોય તો મને કહેજો. ભૂરાભાઈએ અમોને જણાવેલું કે કયામુદ્દીન ઉપર ૨૦૦૪ની સાલમાં કારેલીબાગ પોલીસ સ્ટેશનમાં મારા મારીનો એક કેસ થયેલો તે મારા ધ્યાનમાં હતો અને કમ્પ્યુટરનું કામ પણ કરે છે એટલે તે જ વખતે મેં પોલીસ ઇન્સ્પેકટર પંડ્યા સાહેબને કયાનુદ્દીનનું નામ આપેલું કે આપણા વાડી વિસ્તારમાં જ આ છોકરો રહે છે અને તમારા ઘરનું સરનામું પણ આપેલું. ભૂરાભાઈએ અમને કહેલું કે મેં કયામુદ્દીનનું નામ પોલીસ ઇન્સ્પેકટર પંડ્યા સાહેબને એટલા માટે આપેલું કે કદાચ પોલીસ ઇન્સ્પેકટર પંડ્યા સાહેબને પોતાને કંઈ કામ હશે અને તે વખતે પોલીસ ઇન્સ્પેકટર પંડ્યા સાહેબે મને મધ્યપ્રદેશ પોલીસ બાબતે કોઈ જ વાત કરેલ ન હતી. હું ક્રાઈમ બ્રાન્ચમાં જઈ પોલીસ ઇન્સ્પેકટર પંડ્યા સાહેબ સાથે વાતચીત કરૂ છું અને હું તેમને મળી લઉ પછી તમે મારી ઓફિસે આવી જજો". પછી રફિયુદ્દીને આ સાહેદને વિશેષમાં જણાવેલું કે, "સાંજે ફરીથી હું અને પિતાજી બંને ભૂરાભાઈની ઓફિસે ગયેલા તો ત્યાં ભૂરાભાઈએ કહેલું કે તમે ચિંતા ના કરો પોલીસ ઇન્સ્પેકટર પંડ્યા સાહેબે કહ્યું છે કે બે–ત્રણ દિવસમાં કયામુદ્દીન પાછો આવી જશે. આપણા પિતાજીએ ભૂરાભાઈને પુછેલું કે મારા છોકરાને મધ્યપ્રદેશ પોલીસ શું કરવા લઈ ગઈ? તેને શા માટે મધ્યપ્રદેશ લઈ જવો પડ્યો? અને કહેલું કે આપણે ફરિયાદ લખાવી દઈએ કે મધ્યપ્રદેશ પોલીસ ખોટી રીતે કયામુદ્દીનને પકડીને લઈ ગયેલ છે તો ભૂરાભાઈએ પિતાજીને સમજાવેલા કે કોઈપણ દિવસ પોલીસની વિરૂધ્ધ ફરિયાદ નહીં કરવાની એમાં આપણું જ નુકસાન થવાનું છે. ભૂરાભાઈએ કહેલું કે એક વાત યાદ રાખવાની કે જ્યારે પણ પોલીસ કોઈ મુસ્લિમ યુવાનને પકડીને લઈ જાય અને તેના ઘરવાળાઓ કોઈપણ જગ્યાએ ફરિયાદ કરે તો પેલા યુવાનનું નકલી એન્કાઉન્ટર કરી નાખવામાં આવે છે અથવા તો પેલા યુવાનને ગેરકાયદેસર કસ્ટડીમાં મારી નાખી તેની લાશ ગાયબ કરી દેવામાં આવે છે. ભૂરાભાઈએ કહેલું કે તમે લોકો છાપાઓમાં નકલી એન્કાઉન્ટરોના સમાચારો નથી વાંચતા કે મુસ્લિમ યુવાનો સાથે શું થાય છે? ભૂરાભાઈની આ વાતો સાંભળી હું અને પિતાજી ખૂબ જ ગભરાઈ ગયેલા કેમકે તે વખતે પાછલા બે–ત્રણ વર્ષોમાં ન્યૂઝ

પેપરોમાં નિર્દોષ મુસ્લિમ યુવાનોના ગુજરાત પોલીસે કરેલા નકલી એન્કાઉન્ટરોનાં સમાચારો વાંચેલા અને તે વખતે અમારા મુસ્લિમ સમાજમાં પણ અંદરો–અંદર વાતો થતી હતી કે પોલીસ નિર્દોષ મુસ્લિમ યુવાનોને ખોટી રીતે પકડી લઈ જઈ નકલી એન્કાઉન્ટરો કરી નાખે છે. ભૂરાભાઈએ પિતાજીને કહેલું કે આપણે પોલીસને સવાલો નહીં કરવાના શાંતિથી આપણું કામ કરાવી લેવાનું, તમે ચિંતા ના કરો હું મારી રીતે ક્રાઈમબ્રાન્ચમાં વાતચીત કરીને તમારૂ કામ પતાવી આપીશ. રફિયુદ્દીને મને કહેલું કે ભૂરાભાઈની સલાહથી અને તારી સાથે નકલી એન્કાઉન્ટર જેવી કોઈ અજુગતી ઘટના ના બને એટલે તે વખતે અમે તારા વિશે કોઈપણ જગ્યાએ ફરિયાદ કરેલ ન હતી".

વધુમાં સાહેદ જણાવે છે કે, ત્યારબાદ રફિયુદ્દીને આ સાહેદને જણાવેલું કે "તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ બ્લાસ્ટના સાત–આઠ દિવસ બાદ એસ.ઓ.જી.ની ઑફિસ કે જે કારેલીબાગ પોલીસ સ્ટેશન વડોદરા ખાતે આવેલ છે ત્યાં મને બોલાવેલો. ત્યાં પોલીસ ઈન્સ્પેકટર અબ્દુલ કરીમ પોલરાએ મને કારેલીબાગ પોલીસ સ્ટેશનમાં તારી વિરૂધ્ધ મારામારીનો જે કેસ નોંધાયેલો તે બાબતે મારી પુછપરછ કરેલી અને આખો દિવસ મને ત્યાં બેસાડી રાખેલો. પછી રાત્રે પોલીસ ઈન્સ્પેકટર અબ્દુલ કરીમ પોલરા મને વાસદ–સિંઘરોટ ગોત્રી ખાતે આવેલ એક ફાર્મ હાઉસ ઉપર લઈ ગયેલા અને તે ફાર્મ હાઉસમાં ચાર –પાંચ દિવસ સુધી મને ગેરકાયદેસર કસ્ટડીમાં રાખી માનસિક–શારિરીક ત્રાસ આપેલો. પછી તા. ૧૧ કે ૧૨ ઓગસ્ટ–૨૦૦૮ ના રોજ પોલીસ ઈન્સ્પેકટર અબ્દુલ કરીમ પોલરાએ મારી ગેરકાયદેસરની કસ્ટડી અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને સોંપી દીધેલી. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાં અઢાર–વીસ દિવસ સુધી મને ગેરકાયદેસર કસ્ટડીમાં રાખી ખૂબ જ માનસિક–શારિરીક ત્રાસ આપ્યા બાદ તા. ૧ કે ૨ સપ્ટેમ્બર ૨૦૦૮ ના રોજ મને એ શરતે જવા દેવામાં આવેલો કે જ્યારે પણ બે–ત્રણ દિવસના આંતરે બોલાવીએ તો ક્રાઈમ બ્રાન્ચમાં આવવાનું છે અને અમદાવાદ શહેર છોડવાનું નથી. પછી હું અહીં અમદાવાદ ખાતે આપણી મોટી બહેનના ત્યાં રહેતો હતો. ત્યારબાદ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓ વી.આર.

ટોળીયા, મયુર ચાવડા, પોલીસ ઈન્સ્પેકટર તરૂણ બારોટ, પોલીસ સબઈન્સ્પેકટર જે.એમ. ભરવાડ બે–ત્રણ દિવસના આંતરે ફોન કરી મને ક્રાઈમ બ્રાન્ચ ખાતે બોલાવતા હતા. મધ્યપ્રદેશ સ્ટેટ આઈ.બી.ના માણસો તને લઈ ગયા તે દિવસે વડોદરા ક્રાઈમ બ્રાન્ચના પોલીસ ઈન્સ્પેકટર પંડ્યા સાહેબે તારો મોબાઈલ ૯૮૯૮૭૩૧૪૭૯ જે મને પાછો આપેલો તે જ મોબાઈલ ઉપર અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓ મને ફોન કરી ક્રાઈમ બ્રાન્ચ ખાતે બોલાવતા હતા અને આખો દિવસ મને ત્યાં બેસાડી રાખી રાત્રે ઘરે જવાં દેતા હતા. આ દરમિયાન જ વી.આર.ટોળીયાએ મને ફોન કરીને ક્રાઈમ બ્રાન્ચ ખાતે બોલાવીને જણાવેલું કે, તું તારા ઘરેથી તારા ભાઈ કયામુદ્દીનના ચાર–પાંચ પાસપોર્ટ સાઈઝના ફોટાઓ લાવી આપ તો મેં ઘરેથી તારા ચાર પાસપોર્ટ સાઈઝના ફોટાઓ લાવીને વી.આર. ટોળીયાને આપેલા." સાહેદ વધુમાં જણાવે છે કે પોલીસે આ જ ચાર પાસપોર્ટ સાઈઝના ફોટાઓમાંથી એક ફોટો સ્વીમિંગ પુલના આંક–૩૨૩૪ વાળા કહેવાતી એપ્લિકેશન ફોર્મ ઉપર સ્ટેપલરથી લગાવી ખોટો પુરાવો ઊભો કરેલ છે.

સાહેદ વધુમાં જણાવે છે કે, રફીયુદ્દીને આ સાહેદને જણાવેલું કે "મને ચાર–પાંચ દિવસ વડોદરા ખાતે અને અઢાર–વીસ દિવસ અમદાવાદ ખાતે ગેરકાયદેસર કસ્ટડીમાં રાખવામાં આવ્યો તે દરમિયાન પોલીસવાળા આપણા પરિવાર તથા આપણા તમામ સગા–સંબંધીઓની તમામ પ્રકારની માહિતીઓ અને વિગતો મેળવતા હતા. રફિયુદ્દીને મને કહેલું કે, તા.૯/૧૧/૨૦૦૮ ના રોજ વી.આર.ટોળીયાએ મને ફોન કરી ક્રાઈમ બ્રાન્ચ ખાતે બોલાવેલો અને પછી મને ઘરે જવા દીધેલો નહીં. પછી તા. ૧૩/૧૧/૨૦૦૮ ના રોજ આ કેસમાં મારી ધરપકડ બતાવવામાં આવેલી. મારી ધરપકડ બતાવ્યાં બાદ ડી.સી.પી. અભય ચુડાસમાએ મને કહેલું કે, જો તું અમારા કહેવા મુજબ કોર્ટમાં બોલશે તો અમે ૬ મહિનામાં તારી જામીન કરાવી દઈશું અને મને ધમકી આપેલી કે જો તું અમારા કહેવા મુજબ નહીં કરે તો તારી જેમ તારા બાપને પણ આ કેસમાં નાખી દઈશું. અભય ચુડાસમાની આ ધમકી સાંભળીને મને ખૂબ જ ડર લાગતો હતો એટલે મેં

અભય ચુડાસમાને કહેલું સાહેબ તમે મને જેવું કહેશો તેવું જ હું કરીશ". આમ તા.૩૧/૩/૨૦૦૮ ના રોજ પોલીસ આ સાહેદને ઘર પાસેથી બોલાવીને વડોદરા ક્રાઈમ બ્રાન્ચની ઓફિસે લઈ ગયેલી. અભય ચુડાસમાએ રિમાન્ડ દરમિયાન રફિયુદ્દીનને ખુબ જ માનસિક–શારીરિક ત્રાસ આપી તેમજ ખૂબ જ ડરાવી ધમકાવી અને તેઓના પિતાજીને પણ આ કેસમાં ફસાવી દેવાની ધમકીઓ આપી રફિયુદ્દીન પાસે જબરદસ્તીથી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪નું કહેવાતું આંક–૮૬૩૧વાળુ નિવેદન અપાવેલું ત્યારબાદ રફિયુદ્દીને સાબરમતી સેન્ટ્રલ જેલ પહોંચ્યા બાદ કહેવાતા આંક–૮૬૩૧ વાળા નિવેદન બાબતે રિટ્રેક્શનની અરજી નામદાર મેટ્રોપોલિટન કોર્ટ નં.૧૧ ને ઉદ્દેશીને જેલ ખાતેથી યુ.ટી. શાખા દ્વારા મોકલેલી હતી જેનો જાવક નં. યુ.ટી.પી./૩૨૧૦/૨૦૦૯ તા. ૨૧/૬/૨૦૦૯ હતો.

સાહેદ વધુમાં જણાવે છે કે, શરૂઆતની મધ્યપ્રદેશ સ્ટેટ આઈ.બી. તથા એ.ટી.એસ.ની ગેરકાયદેસર કસ્ટડીમાં અને ત્યારબાદ દિલ્હી, અમદાવાદ, સુરત ખાતેના પોલીસ રીમાન્ડ દરમિયાન આ સાહેદ ઉપર સતત માનસિક–શારીરિક ત્રાસ ગુજારવામાં આવેલો. રીમાન્ડ દરમિયાન નામ.કોર્ટ સમક્ષ આ સાહેદને રજૂ કરતા પહેલા તેમનુ એન્કાઉન્ટર કરવાની, તેમના પિતાજીને પણ આ કેસમાં ફસાવી દેવાની તેમજ વિવિધ પ્રકારની ધાક–ધમકીઓ આપી મોં બંધ રાખવાની સખત સુચના આપવામાં આવતી હતી જેથી આ સાહેદ તે વખતે નામ. જજ સાહેબ સમક્ષ સાચી હકીકત જણાવી શકતા ન હતા. આ સાહેદને ગેરકાયદેસર કસ્ટડીમાં તેમજ રીમાન્ડ દરમિયાન જે ખતરનાક ધમકીઓ અને યાતનાઓ આપવામાં આવેલી તેની દહેશત અને ડર–ગભરાટની અસર ઘણાં વર્ષો સુધી આ સાહેદના મન–મસ્તિષ્ક ઉપર છવાયેલી રહેલી. જેલમાં આવી ગયા બાદ પણ ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓની જેલની અંદર છોટા ચક્કરના આ સાહેદના યાર્ડોમાં, ૨૦૦ ખોલીમાં તથા ઘર તેમજ વકીલ મુલાકાત વખતે સતત અવર–જવર ચાલુ જ રહેતી હતી જેથી સતત ભયના ઓથાર હેઠળ રહેતા હતા. આ સાહેદની માનસિક હાલત એવી થઈ ગયેલી હતી કે ક્રાઈમબ્રાંચના

અધિકારીઓ ચાર્ડોમાંથી જતા રહેતા હતા ત્યારબાદ પણ સતત એવું લાગતું હતું કે ક્રાઈમબ્રાંચના અધિકારીઓની હાજરી પડછાયાની જેમ સાથે જ છે. ક્રાઈમબ્રાંચના અધિકારીઓ જેલમાં આમ સતત અવર–જવર કરી આ સાહેદના મનમાં ડર–ગભરાટનો માહોલ કાયમ રાખવા માંગતા હતા કેમ કે આ સાહેદ તેમની સાચી હકીકત બાબતે કોઈને કશું જ ના જણાવે તેમજ કોઈપણ જગ્યાએ ફરિયાદ પણ ના કરે જેલમાં આવી ગયા બાદ પણ પોલીસે આ સાહેદને બે કેસોમાં ખોટી રીતે ફસાવી દીધેલ જેમાં એક કેસ સને–૨૦૦૯ની સાલમાં અભય ચુડાસમાના કહેવાથી કેરાલાના કહેવાતા વાઘમોન કેમ્પના કેસમાં આ સાહેદની ખોટી રીતે ધરપકડ કરેલી તેમજ ત્યારબાદ બીજો કેસ ૨૦૧૩ ની સાલમાં સુરંગકાંડના કેસમાં પણ આ સાહેદની ખોટી રીતે ધરપકડ કરી ફસાવવામાં આવેલો. વધુમાં સાહેદ જણાવે છે કે, ડી.સી.પી. અભય ચુડાસમાએ રિમાન્ડ દરમિયાન આ સાહેદને આપેલી ધમકીઓ જેમાં એક એવી ધમકી કે, "અહીં તારી ફરિયાદ સાંભળવાવાળો કોઈપણ નથી. અહીં ગુજરાતમાં બધુ જ અમારા હાથમાં છે. સરકાર અમારી છે, પોલીસ પણ અમારી છે, કોર્ટ પણ અમારી છે અને જજો પણ અમારા જ છે.અહીં અમે જે કંઈપણ ઈચ્છીએ છીએ તે જ પ્રમાણે બધુ જ થાય છે." અને બીજી એવી ધમકી કે, "અમારી પાસે એટલો પાવર છે કે અમે કોઈપણ કેદીને જેલમાંથી બહાર લાવી શકીએ છીએ અને તેનો એન્કાઉન્ટર પણ કરી શકીએ છીએ. તે લતીફ ડોનનું નામ સાંભળેલ હશે, અમે તેને જેલમાંથી બહાર લાવી તેનું એન્કાઉન્ટર કરી નાખેલ હતું એટલે તું સારી રીતે સમજી–વિચારી લેજે કે તું અમારી વિરૂધ્ધ કંઈ નહીં કરી શકે અને અમે તારી સાથે કંઈપણ કરી શકીએ છીએ." આ સિવાય ભૂરાભાઈએ આ સાહેદના પિતા અને ભાઈને જણાવેલી વાત કે "કોઈપણ દિવસ પોલીસની વિરૂદ્ધ ફરિયાદ નહીં કરવાની એમાં આપણું જ નુકસાન થવાનું છે". આમ અભય ચુડાસમાની ઉપરોક્ત જણાવેલી બે ધમકીઓ અને ભૂરાભાઈની વાત આ સાહેદના મનમાં સતત ઘુમરાયા કરતી હતી જેથી મનમાં સતત ડર–ગભરાટ રહેતો હતો અને પોલીસે જેલની અંદર પણ આ સાહેદ ઉપર ઉપરોક્ત જણાવેલ બે ખોટા કેસો બનાવેલા એટલે મનમાં એવો ડર–ભય

બેસી ગયેલો કે ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓ જેલની અંદર પણ કાઈ પણ કરી શકે છે એટલે આ સાહેદ કોઈને પણ તકલીફ જણાવી શકતો ન હતો અને કોઈપણ જગ્યાએ ફરિયાદ પણ કરી શકતો ન હતો. પછી કેરાલાના કેસમાં અમદાવાદ ચાર્જશીટોમાં રજૂ થયેલ આ સાહેદના મોબાઈલ નં. ૯૮૯૮૭ ૩૧૪૭૯ ના એપ્લિકેશન ફોર્મના દસ્તાવેજની નકલ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ ના નિવેદનમાં રજૂ કરતી વખતે તા.૮/૨/૨૦૧૮ ની અરજીમાં આ સાહેદે મધ્યપ્રદેશની તેમની ગેરકાયદેસર કસ્ટડી બાબતેનો ઉલ્લેખ કરેલ હતો.

સાહેદ વધુમાં જણાવે છે કે આ કેસના આરોપી નં.૨૩ એયાઝ રઝાક મિયા એપ્રુવર બન્યા બાદ બચાવપક્ષની આંક–૮૧૦૬ વાળી અરજી ઉપર નામ. કોર્ટે હુકમ કરેલ કે ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓ તેમજ કોઈપણ ત્રાહિત વ્યક્તિ નામ.કોર્ટની પરવાનગી વગર આ કેસના આરોપીઓને મળી શકશે નહીં તો ત્યારબાદ ક્રાઈમબ્રાન્ચના અધિકારીઓની તેમજ હેડ કોન્સ્ટેબલ ગોપાલ શર્માની ૨૦૦ ખોલી તથા આ સાહેદની ઘરની મુલાકાત વખતે અવર–જવર બંધ થતા આ સાહેદનો ડર–ભય ઓછો થયેલ. આપ નામ. કોર્ટે ક્રાઈમબ્રાંચના અધિકારીઓ ઉપર આ કેસના આરોપીઓને મળવા પર પ્રતિબંધ લગાવતા આ કોર્ટના હુકમથી આ સાહેદ તેની સાચી હકીકત જણાવવાની થોડી હિંમત આવેલી અને મન મક્કમ કરી ઈરાદો કરેલ કે હવે નામ. કોર્ટને સંપૂર્ણ સાચી હકીકત જરૂર જણાવીશ. આ સાહેદના મનમાંથી ડર–ભયની અસર ઓછી થતાં મનમાં એવા વિચારો ચાલતાં હતા કે જો આ સાહેદ તેની વ્યથા–તકલીફ અને ક્રાઈમબ્રાન્ચના અધિકારીઓની તેમજ પોલીસના અત્યાચારોની હકીકતો બાબતે ક્યારે કોઈપણ જગ્યાએ નામ. કોર્ટમાં ફરિયાદ નહીં કરે તો ક્રાઈમબ્રાન્ચવાળા તેમજ બીજી કોઈપણ તપાસ એજન્સીવાળા જેલની અંદર પણ આ સાહેદ ઉપર કેસો બનાવી તેમજ આરોપી નં.૨૩ એયાઝ જેવા ખોટા સાહેદો આ સાહેદ વિરૂધ્ધ ઊભા કરી જિંદગી બરબાદ કરી નાખશે એટલે આ સાહેદે પોતાની સાચી હકીકત બાબતે નામ. ઉજ્જૈન કોર્ટમાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ ના નિવેદનની જે અરજી લખેલી તેમાં વિગતો જણાવેલી, હજુ પણ આ સાહેદને ખૂબ જ ડર–ભય છે

એટલે નામ. ઉજ્જૈન કોર્ટની અરજીમાં પણ સંપૂર્ણ સાચી હકીકત જણાવી શકેલ ન હતા. નામ. ઉજ્જૈન કોર્ટને લખેલ અરજીમાં આ સાહેદે જણાવેલું કે "હાલમાં મને અભય ચુડાસમાનો ખુબ જ ડર–ભય છે. અભય ચુડાસમા મજબુત રાજકીય પીઠબળ અને ઉંચી લાગવગ ધરાવતા હોવાથી મને પોતાને તથા મારા પરિવારને ખતરો હોવાના લીધે આ તબક્કે હું નામ. ઉજ્જૈન કોર્ટ સમક્ષ અભય ચુડાસમાની સંપૂર્ણ હકીકત જણાવી શકતો નથી તેમજ અહીં અમદાવાદ ખાતે નામદાર સેશન્સ કોર્ટમાં યોગ્ય સમયે અભય ચુડાસમાની બધી જ હકીકતો જરૂર જણાવીશ." વધુમાં આ સાહેદ જણાવે છે કે આ કેસના ગુપ્ત સાહેદ "વી" ઉંમર ઉસ્માન મન્સુરી સાહેદ નં.૧૧૧૫ નો પરિવાર અને ગુપ્ત સાહેદ "યુ" આસિફ ઈબ્રાહિમ વહોરા સાહેદ નં.૧૦૯૮ ના એક કાકી આ સાહેદના વાડી વિસ્તારમાં જ રહેતા હોવાથી ઉંમરની માતા અને આસિફ વોહરાની કાકી સાથે આ સાહેદની માતાની મુલાકાત અને વાતચીત થતી રહે છે. નામ. ઉજ્જૈન કોર્ટમાં અરજી લખી રહ્યો હતો તે દરમિયાન આ સાહેદની જેલ મુલાકાતમાં આ સાહેદની માતાએ જણાવેલું કે, "ઉંમરની માતા મને મળેલા અને તેમણે મને કહેલું કે અમારા ઉંમરને પોલીસના કોઈ ચુડાસમા સાહેબ કરીને મોટા સાહેબ છે તેમના માણસો ઘરેથી લઈ ગયા હતા અને બે દિવસ પછી ઉંમરને ઘરે પાછો પણ છોડી ગયેલ હતા. જે પોલીસવાળા ઉંમરને ઘરે છોડવા આવેલા તેમણે અમને ઘરવાળાઓને કહેલું કે આ તમારા છોકરા ઉંમરને સમજાવજો કે ચુડાસમા સાહેબે કહ્યું છે તે મુજબ કોર્ટમાં જુબાની આપી દે અને જો તે મુજબ જુબાની નહીં આપે તો આ બોમ્બ બ્લાસ્ટના કેસમાં ખોટો ફસાઈ જશે. આ સાબરમતી જેલમાં જતો રહેશે અને તમે બધા ઘરવાળાઓ પણ હેરાન પરેશાન થતાં રહેશો." પછી ઉંમરની માતાએ આ સાહેદની માતાને જણાવેલું કે "અમે પાછલા દસ વર્ષોથી જોઈએ છે કે તમારા બંને છોકરાને પોલીસે બોમ્બ બ્લાસ્ટના કેસમાં ખોટા ફસાવેલા છે અને તમે કેટલા બધા હેરાન થાઓ છો એટલે તમારી હાલત જોઈને મેં મારા ઉંમરને કહેલું કે, બેટા પેલા મોટા ચુડાસમા સાહેબ કોર્ટમા તને જેવું બોલવાનું કહે છે તેવું બોલી દે તો તને બોમ્બના કેસમાં ખોટો ના ફસાવે." આવી જ રીતે આસીફ વોહરાની કાકીએ

આ સાહેદની માતાને જણાવેલું કે, "અમારા આસિફને આણંદથી અહીં વડોદરા ખાતે બે–ત્રણ દિવસ માટે કોઈ ચુડાસમા સાહેબ છે તેમની પાસે લાવેલા અને તેમના બતાવ્યા મુજબની બધી વાતો કોર્ટમાં બોલવાનું આસિફને કહેલું જે લોકો આસિફને ઘરે છોડવા આવેલા તેમણે ઘરવાળાઓને ધમકીઓ પણ આપેલી હતી." આમ આ સાહેદની જેલ મુલાકાતમાં આ સાહેદની માતા દ્વારા ઉપરોક્ત વાતો જાણવા મળેલી એટલે આ સાહેદને એ વાતનો ડર–ભય લાગતો હતો કે અહીં જેલમાં તથા બહાર તેમના પરિવારને કોઈપણ પ્રકારનો ખતરો ઊભો થઈ શકે છે અને આ સાહેદ સાથે કશું પણ થઈ શકે છે.

વધુમાં સાહેદ જણાવે છે કે, તા.૪/૧૨/૨૦૦૮ ના રોજ એ.સી.પી. આર.વી.અસારી નામ. ઉજ્જૈન કોર્ટથી આ સાહેદની કસ્ટડી લઈ અમદાવાદ લઈને આવ્યા તેના પહેલા જ પોલીસે આ સાહેદ વિરૂધ્ધ તેમના ખોટા કેસને અનુરૂપ ખોટી વાર્તા બનાવીને તૈયાર રાખેલી હતી અને ઘણા બધા ખોટા સાહેદો ઊભા કરી આ સાહેદ વિરૂધ્ધ ખોટા નિવેદનો તેમજ પંચનામાઓ બનાવીને તૈયાર કરી રાખેલા હતા. અમદાવાદ, સુરત ક્રાઈમબ્રાન્ચના અધિકારીઓએ પોતપોતાની રીતે ઊભી કરેલ ખોટી કહાનીને અનુરૂપ આ સાહેદ વિરૂધ્ધ જે ખોટા પુરાવા અને સાહેદોના ખોટા નિવેદનો ઊભા કરેલા હોવાથી ચાર્જશીટોમાં તથા સાહેદોની જુબાનીઓમાં રજૂ થયેલ કાગળો, દસ્તાવેજોથી જ વિસંગતતાઓ અને વિરોધાભાસ નરી આંખે સ્પષ્ટ દેખાય તેમજ જણાઈ આવે છે જે આ સાહેદની નિર્દોષતાની હકીકત પુરવાર કરે છે. વધુમાં આ સાહેદના જણાવ્યા મુજબ આ કેસમાં અમદાવાદ પોલીસે રજૂ કરેલ ચાર્જશીટોમાં તથા અમદાવાદ કેસના સાહેદોની જુબાનીઓમાં રજૂ થયેલ કાગળો, દસ્તાવેજોમાં જણાવ્યા મુજબ તા.૭–જુલાઈ–૨૦૦૮ થી લઈને તા.૧૦–જુલાઈ–૨૦૦૮ સુધીના સળંગ ચાર દિવસોની અમદાવાદ શહેરમાં આ સાહેદની કહેવાતી કામગીરી દર્શાવી અમદાવાદ ખાતે હાજરી બતાવવામાં આવેલી છે. જ્યારે આ કેસમાં સુરત પોલીસે રજૂ કરેલ ચાર્જશીટોમાં તથા સુરત કેસના સાહેદોની જુબાનીઓમાં રજૂ થયેલ કાગળો, દસ્તાવેજોમાં જણાવ્યા મુજબ તા.૭–જુલાઈ–

૨૦૦૮ થી લઈને તા.૧૦–જુલાઈ–૨૦૦૮ સુધીના સળંગ ચાર દિવસોની સુરત શહેરમાં આ સાહેદની કહેવાતી કામગીરી દર્શાવી સુરત ખાતે હાજરી બતાવવામાં આવેલી છે. અમદાવાદ અને સુરત પોલીસે બતાવેલી આ સાહેદ બાબતે આ કહેવાતી કામગીરી ખોટી છે. વધુમાં સાહેદ જણાવે છે કે અમદાવાદ, સુરત ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓએ ઊભા કરેલા કહેવાતા પંચનામાઓ માટે કોઈપણ જગ્યાએ આ સાહેદને લઈ ગયેલા નથી. કોઈપણ ચીજવસ્તુઓ કે દસ્તાવેજો શોધી બતાવેલા નથી કે આ સાહેદની રૂબરૂમાં કોઈપણ જાતના પંચનામાની કોઈ જ કાર્યવાહી થયેલી નથી. કહેવાતા પંચનામાઓ પોલીસે ખોટા ઊભા કરેલા છે. આ કેસમાં રજૂ થયેલ મુદ્દામાલમાંથી કોઈપણ મુદ્દામાલની આ સાહેદે ક્યારેય ખરીદી કરેલી નથી કે ખરીદી કરીને કોઈને આપેલ નથી તથા ઉપયોગમાં પણ લીધેલ નથી કે ક્યારેય કોઈપણ જાતના બોમ્બ બનાવેલા નથી તેમજ બોમ્બ બનાવતા શીખવાડવાની કોઈ ટ્રેનીંગ કોઈને પણ આપેલી નથી. આ કેસમાં આ સાહેદ ઉપર આક્ષેપ મુકવામાં આવેલ કહેવાતા મોબાઈલો અને સીમકાર્ડની આ સાહેદે ક્યારેય ખરીદી કરેલી નથી કે ખરીદી કરીને કોઈને આપેલ નથી. આ કહેવાતા મોબાઈલો અને સીમકાર્ડ આ સાહેદે ક્યારેય વાપરેલા નથી કે કોઈને વાપરવા આપેલ નથી કે આ સાહેદની માલિકીના પણ નથી. આ સાહેદે કોઈ મકાન ભાડે રાખેલ નથી કે કોઈને રહેવા માટે ભાડે અપાવેલ નથી. આ કેસમાં આક્ષેપીત ભાડાના મકાનો ભાડે રાખવા બાબત કે તેમાં રોકાણ બાબત કે બીજા કોઈને રોકાવા સાથે લઈ જવા બાબત કે અન્ય રીતે રોકાણ કરાવવા બાબતેની તમામ વાતો પોલીસે ખોટી ઊભી કરેલી છે. આ કેસમાં જણાવેલા કહેવાતા વાઘમોન તથા હાલોલ–પાવાગઢના કેમ્પોમાં આ સાહેદે હાજરી આપેલી નથી તથા તેમાં કોઈપણ પ્રકારનો ભાગ લીધેલો નથી તેમજ વર્ષ–૨૦૦૮ મા આ સાહેદ કોઈપણ હોટલોમાં રોકાયેલા નથી. આ સાહેદ દિલ્હી, વાપી, પુના, હૈદરાબાદ, મેંગ્લોર, કેરાલા વિગેરે જગ્યાઓએ ગયેલા નથી.

સાહેદ વધુમાં જણાવે છે કે, પોલીસે ચાર્જશીટોમાં આ સાહેદના ઘણા બધા ઉર્ફે તથા ઉપનામો દર્શાવેલા છે જેવાં કે અસ્ફાક ઈકબાલભાઈ શેખ,

સમીર આઈ. કીરાની, રિઝવાન, મુસા, અબ્દુલ કાદીર નામો જણાવેલા છે પરંતુ આ નામોથી ક્યારેય ઓળખાયેલો નથી અને આ બધા નામો તેના નથી. પોલીસે પોતાની ખોટી કહાનીને અનુરૂપ આ બધા ખોટા નામો ઉપજાવી કાઢેલા છે તથા ઉર્ફે નામો બાબતે ચાર્જશીટોમાં જે દસ્તાવેજો રજુ થયેલા છે તે પોલીસે ખોટા ઊભા કરેલા છે. આ સાહેદ તેના અસલ નામે ઓળખાય છે અને તે અસલ નામ બાબતે શાળા તથા યુનિવર્સિટીના આ સાહેદના રીઝલ્ટ અને શાળા છોડ્યાનાં પ્રમાણપત્રની લીસ્ટ આંક–૯૩૩૯ થી કુલ–૧૧ દસ્તાવેજો રજૂ કરેલા છે. સાહેદ વધુમાં જણાવે છે કે તા.૩૦/૯/૨૦૦૯ ના રોજ પોલીસ ઇન્સ્પેકટર એ.એફ. સિંધી કેરાલાની પોલીસને લઈને સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે આવેલા અને જનરલ સુબેદારની ઑફિસ મોટી પેટી ઉપર બોલાવવામાં આવેલો. તા.૩૦/૯/૨૦૦૯ ના રોજ કેરાલાના મુંડાક્કયામ પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૫૭/૨૦૦૮ માં સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતેથી આ સાહેદની ખોટી રીતે ધરપકડ બતાવવામાં આવેલી. કેરાલાનો સેશન્સ કેસ નં.૨/૨૦૧૧ /NIA થી નામ. સેશન્સ કોર્ટમાં ચાલી જતા નામ. કોર્ટે તા.૧૪/૫/૨૦૧૮ ના રોજ આ સાહેદને નિર્દોષ જાહેર કરી છોડી મુકવાનો હુકમ કરેલો છે. કેરાલા કેસના આ આરોપીના ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ ના નિવેદન તથા કેરાલા કેસના એરેસ્ટ મેમોની સહી સિક્કાવાળી પ્રમાણિત નકલ રજૂ રાખેલ છે. સાહેદ વધુમાં જણાવે છે કે ઉજ્જૈનનો આ સાહેદ પરનો કેસ અપરાધ પ્રકરણ ક્રમાંક ૨૩૬૨/૨૦૦૯ થી ઉજ્જૈનની નામ. કોર્ટમાં ચાલી જતા નામ. કોર્ટે તા.૨૨/૮/૨૦૧૯ ના રોજ નિર્દોષ જાહેર કરી છોડી મુકવાનો હુકમ કરેલો છે. ઉજ્જૈન કેસનો ચુકાદો તેમજ તે કેસને લગતા દસ્તાવેજોની સહી સિક્કાવાળી પ્રમાણિત નકલો આંક–૯૩૧૭, ૯૩૧૮, ૯૩૧૯, ૯૩૨૦, ૯૩૨૧, ૯૩૨૨, ૯૩૨૩ અગાઉ નામ. કોર્ટમાં રજૂ કરેલી છે તથા ચુકાદાની નકલને ટેન્ટેટીવ આંક–૯૨૫૮ થી રજૂ કરેલ છે.

સાહેદ વધુમાં જણાવે છે કે આ કેસના કહેવાતા સાહેદો અને ગુપ્ત સાહેદો નામ. કોર્ટમાં આ સાહેદ વિરૂધ્ધ જે જુબાની આપી ગયેલા છે તે તદ્દન

ખોટી અને ક્રાઈમબ્રાન્ચના કહેવા અને શીખવાડવાથી ઉપજાવી કાઢેલ છે. નામ. કોર્ટમાં જુબાની આપતા પહેલા કહેવાતા સાહેદોને ક્રાઈમબ્રાન્ચના અધિકારીઓ સી.સી.ટી.વી. ફુટેજ તથા ફોટા દ્વારા આ સાહેદનો દેખાવ તેમજ શારીરિક વર્ણન બતાવી દેતા હતા જેથી કહેવાતા સાહેદો નામ.કોર્ટમાં ઓળખીને જતાં હતા અને તે અંગે નામ.કોર્ટમાં પહેલા પણ કેસ ચાલતી વખતે આ સાહેદે મૌખિક તથા લેખિતમાં અરજીઓ કરેલી હતી. આ કેસની કાર્યવાહી દરમિયાન કહેવાતા મહત્વના ગુપ્ત સાહેદોની જ્યારે નામ. કોર્ટમાં જુબાનીઓ શરૂ થવાની હતી ત્યારે આરોપીઓનો દેખાવ તેમજ શારીરીક વર્ણન કહેવાતા સાહેદોને બતાવી નામ. કોર્ટમાં ઓળખ કરાવવા માટે ક્રાઈમબ્રાન્ચના અધિકારીઓએ આરોપીઓને સાબરમતી સેન્ટ્રલ જેલમાં જ્યાં રાખવામાં આવેલા છે ત્યાં ૨૦૦ ખોલીના મેઈન ગેટ પાસેની દિવાલ ઉપર અસામાન્ય ૬ ફૂટની ઉંચાઈએ ગેરકાયદેસર રીતે એક સી.સી.ટી.વી. કેમેરો લગાવેલ હતો. તા.૩૦/૧૧/૨૦૧૭ ના રોજ આ કેસના એક તપાસ અધિકારી શ્રી કે.કે.પટેલ સાહેદ નં.૧૦૫૧ કે જે હાલમાં એ.ટી.એસ. માં એ.સી.પી. ના હોદ્દા ઉપર કાર્યરત છે તથા ક્રાઈમ બ્રાન્ચના પી.આઈ. કે.જી. ચૌધરી તથા હેડ કોન્સ્ટેબલ ગોપાલ શર્મા ત્રણે જણાં સી.સી.ટી.વી. કેમેરાના ટેક્નીશિયન સાથે આવી આખા ૨૦૦ ખોલી વિસ્તારનો સર્વે કરીને ગયેલા. ત્યારબાદ બીજા દિવસે એટલે કે તા.૧/૧૨/૨૦૧૭ ના રોજ ૨૦૦ ખોલીના મેઈન ગેટ પાસેની દિવાલ ઉપર અસામાન્ય ૬ ફુટની ઉંચાઈએ એક શંકાસ્પદ સી. સી.ટી.વી. કેમેરો લગાવેલ હતો. ૨૦૦ ખોલીમાં ત્રણ સી.સી.ટી.વી. કેમેરા ૧૨ ફુટની ઉંચાઈએ લગાડવામાં આવેલા છે જે આખા ૨૦૦ ખોલી વિસ્તારને આવરી લે છે. આ ત્રણેય સી.સી.ટી.વી. કેમેરાનો કન્ટ્રોલ રૂમ ૨૦૦ ખોલીની હદમાં જ કેમેરાથી ૧૦ મીટરના અંતરે આવેલ છે. જ્યારે ૨૦૦ ખોલીના મેઈન ગેટ પાસેની દિવાલ ઉપર અસામાન્ય ૬ ફુટની ઉંચાઈએ લગાડવામાં આવેલ શંકાસ્પદ સી. સી.ટી.વી. કેમેરાનો કન્ટ્રોલ રૂમ ૨૦૦ ખોલીની સામે આવેલ વીડિયો કોર્ટરૂમની પાછળ ૨૦૦ મી. ના અંતરે આવેલ હોસ્પિટલમાં હતું. આમ આ શંકાસ્પદ સી. સી.ટી.વી. કેમેરા બાબતે આ સાહેદે તા.૧/૧૨/૨૦૧૭ ના રોજ નામ. કોર્ટમાં

મૌખિકમાં ફરિયાદ કરેલી હતી ત્યારે નામ. કોર્ટ તરફથી વીડિયો કોર્ટ રૂમમાં હાજર જેલ અમલદારને તપાસ કરી જાણ કરવાની સુચના આપવામાં આવેલી. ત્યારબાદ આ શંકાસ્પદ સી.સી.ટી.વી. કેમેરા બાબતે તા.૫/૧૨/ ૨૦૧૭ મંગળવારના રોજ જેલ સુપરિન્ટેન્ડેન્ટ સાહેબના રાઉન્ડમાં પણ ફરિયાદ કરેલ હતી તો જેલ સત્તાવાળાઓ તરફથી આ કેમેરાને હટાવવાની બાંહેધરી આપવામાં આવેલી પરંતુ આ શંકાસ્પદ સી.સી.ટી.વી. કેમેરાને હટાવવાની કોઈ કાર્યવાહી ન થતા અમોએ નામ. કોર્ટને ઉદ્દેશીને જગ્યાના નકશા સાથે આંક–૬૭૯૫ વાળી અરજી લખેલ હતી જે આ કામમાં સામેલ રાખેલ છે અને સદર અરજીમાં આ સાહેદ પોતાની તથા બીજા સહ આરોપી નં. ૧, ૨ અને ૫૭ નાઓની સહીઓ ઓળખી બતાવે છે.

વધુમાં આ સાહેદ જણાવે છે કે ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓએ ૨૦૦ ખોલીના મેઈન ગેટ પાસેની દિવાલ ઉપર અસામાન્ય ૬ ફુટની ઉંચાઈએ ગેરકાયદેસર રીતે એક સી.સી.ટી.વી. કેમેરો લગાવી તેના દ્વારા આરોપીઓનો દેખાવ તેમજ શારીરિક વર્ણન કહેવાતા સાહેદોને બતાવી નામ. કોર્ટમાં ઓળખ કરાવવામાં આવતી હતી. આ કેસના કહેવાતા સાહેદો અને ગુમ સાહેદોની જુબાનીઓની કાર્યવાહી પૂર્ણ થઈ ગયા બાદ અને આરોપીઓના ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ ના નિવેદનોની કાર્યવાહી માટે નામ. કોર્ટ સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે આવવાની હતી તે પહેલા જ આ શંકાસ્પદ સી.સી. ટી.વી. કેમેરો હટાવી લેવામાં આવેલ હતો. વધુમાં આ સાહેદ જણાવે છે કે તા.૩૧/૩/૨૦૦૮ ના રોજ વડોદરા ક્રાઈમ બ્રાન્ચના પોલીસ ઈન્સ્પેકટર કે.ડી. પંડ્યા સાહેબે ગેરકાયદેસર રીતે આ સાહેદની ક્સ્ટડી મધ્યપ્રદેશ સ્ટેટ આઈ.બી.ના માણસોને સોંપેલ હતી અને આ જ પોલીસ ઈન્સ્પેકટર કે.ડી.પંડ્યા સાહેબ કે જે ડિસેમ્બર–૨૦૦૮ મા જ્યારે આ સાહેદને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ ખાતે રિમાન્ડ ઉપર લાવવામાં આવ્યો ત્યારે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાં એડમીન પોલીસ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા. તા.૩૧/૩/૨૦૦૮ ના રોજ વડોદરા ક્રાઈમ બ્રાન્ચના અધિકારીનું નામ આ સાહેદને ખબર ન હતી પરંતુ જ્યારે

ડિસેમ્બર–૨૦૦૮ મા અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ ખાતે લાવ્યા ત્યારે મધ્યપ્રદેશ સ્ટેટ આઈ.બી.ના માણસોને જે અધિકારીએ સોંપેલો તે જ અધિકારીને આ સાહેદને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાં જોયેલા તો તે વખતે આ સાહેદે એક કોન્સ્ટેબલને એ અધિકારીનું નામ પુછેલું તો તે કોન્સ્ટેબલે જણાવેલું કે, "આ એડમીન પોલીસ ઈન્સ્પેકટર કે.કે.પંડ્યા સાહેબ છે." પછી આ સાહેદ સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે આવ્યા ત્યારે રફિયુદ્દીને જણાવેલું કે, "મધ્યપ્રદેશ સ્ટેટ આઈ.બી. ના માણસો તને લઈ ગયા ત્યારે વડોદરા ક્રાઈમ બ્રાન્ચમાં પોલીસ ઈન્સ્પેકટર પંડ્યા કરીને અધિકારી હતા." ત્યારબાદ પોલીસ ઈન્સ્પેકટર પંડ્યા સાહેબની વડોદરા ક્રાઈમ બ્રાન્ચ ખાતેની ફરજ બજાવવા બાબતેની માહિતી માટે આર.ટી.આઈ.ની અરજી જેલમાંથી કરેલી તેમાં પોલીસ ઈન્સ્પેકટર પંડ્યા સાહેબનું નામ કે.કે.પંડ્યા લખેલું કેમ કે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના કોન્સ્ટેબલે તેમનું નામ કે.કે.પંડ્યા જણાવેલું. પછી વડોદરા શહેર પોલીસ કમિશનરની કચેરી તરફથી આર.ટી.આઈ. ની અરજીના જવાબમાં જે માહિતી મળેલી તેના દ્વારા જાણવા મળેલું કે પંડ્યા સાહેબનું સાચું નામ કે.ડી.પંડ્યા છે. પોલીસ ઈન્સ્પેકટર કે.ડી.પંડ્યા સાહેબની ફરજ બાબતે વડોદરા શહેર પોલીસ કમિશનર અને ગાંધીનગર ડી.જી.પી. ઑફિસોએ આર.ટી.આઈ. ની અરજીઓ કરેલી અને તે અરજીઓના જવાબમાં જે માહિતીઓ મળેલી તે કાગળો આંક–૯૩૩૯ ના લીસ્ટથી અનુક્રમ નં.૭ અને ૮ થી રજૂ કરેલ છે.

સાહેદ વધુમાં જણાવે છે કે વર્ષ–૨૦૦૮મા પોલીસ રીમાન્ડ દરમ્યાન ડી.સી.પી. અભય ચુડાસમા આ કેસના ઘણા બધા આરોપીઓને આ કેસમાં તાજના સાક્ષી બનવાની ઓફર કરતા હતા અને જ્યારે પણ કેસનો ચુકાદો આવે ત્યારે માફી અપાવીને છોડાવી દેવાની બાંહેધરી આપતા હતા. આ કેસના ચાર આરોપીઓને રીમાન્ડ દરમિયાન અભય ચુડાસમાએ ધાક–ધમકીઓ, માનસિક–શારીરિક ત્રાસ અને લાલચો આપી તેમની પાસે જબરદસ્તીથી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ ના નિવેદનો અપાવેલા. જેમાં આરોપી નં.૨ ઈમરાન ઈબ્રાહિમ શેખ, આરોપી નં. ૨૧ મહેદી હસન અબ્દુલ હબીબ

અન્સારી, આરોપી નં. ૨૪ ઉમર અશોક કાળાભાઈ કબીરા અને આરોપી નં.૩૫ રફિયુદ્દીન સરફુદ્દીન કાપડીયા ચારેય પાસે જબરદસ્તીથી અભય ચુડાસમાએ બીજા સહઆરોપીઓ વિરૂદ્ધ ખોટા પુરાવા ઊભા કરવા માટે આંક –૮૬૧૯, આંક–૮૬૨૩, આંક–૮૬૨૭ અને આંક–૮૬૩૧ વાળા કહેવાતા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ ના નિવેદનો અપાવેલા. સાહેદ વધુમાં જણાવે છે કે આ કેસ જ્યારે ચાર્જ ફ્રેમ થવાનો હતો તેના પહેલા ડી.સી.પી. અભય ચુડાસમા અને એ.સી.પી. મયુર ચાવડા બંને જેલ ઉપર આવીને કેસના બે સહઆરોપીઓ પૈકી આરોપી નં.૨૭ મોહમ્મદ ઈસ્માઈલ મોહમ્મદ ઈસાક મન્સુરી અને આરોપી નં.૨૩ ઐયાઝ રઝાક મીંયા બંનેને ઑફિસમાં બોલાવીને ગુના કબૂલાત માટે ધાક ધમકીઓ અને લાલચો આપેલી. ડી.સી.પી. અભય ચુડાસમાએ બંનેને જણાવેલું કે, "કેસ ચાર્જફ્રેમ થાય તે દિવસે તમે કોર્ટમાં ગુનો કબૂલી લેશો તો તમને માફી અપાવી દઈશ." અભય ચુડાસમાએ મોહમ્મદ ઈસ્માઈલને કહેલું કે, "ઈસ્માઈલ તારા ગોમતીપુર વિસ્તારનો ઝાકીર કુરેશી મારા કહેવાથી આ કેસમાં વિટનેશ બની ગયો તો મેં ઝાકીરને મકાન અપાવી દીધું અને ફર્નીચરનો ધંધો પણ સેટ કરાવી દીધો છે. ઈસ્માઈલ જો તું પણ અમારા કહેવા પ્રમાણે કરીશ તો તને પણ બધી જ વસ્તુઓ અપાવીને સેટલ કરાવી દઈશ." અભય ચુડાસમાએ મોહમ્મદ ઈસ્માઈલ અને ઐયાઝને કહેલું કે, "જો તમારી ઈચ્છા હશે તો હું તમને વિદેશમાં પણ સેટલ કરાવી દઈશ અને જણાવેલું કે હવે તમારે વિચાર કરવાનો છે કે આખી જિંદગી જેલમાં રહેવું છે કે છુટવું છે." કેસ ચાર્જફ્રેમ વખતે ક્રાઈમબ્રાન્ચના અધિકારીઓ દ્વારા આરોપીઓને ગુના કબૂલાત કરાવવાના પ્રયાસો ચાલુ છે આ વાત આ સાહેદના વકીલો સુધી પહોંચતા તેમણે આરોપીઓને તમે જે ગુનો કરેલ નથી તેની ખોટી કબૂલાત ન કરવા સમજાવેલ તેથી ઈસ્માઈલ અને ઐયાઝે તે વખતે અભય ચુડાસમાને ગુના કબૂલાત માટે સાફ ના પાડી દેતા અભય ચુડાસમા ત્યાંથી ગુસ્સે થઈને જતા રહેલાં.

સાહેદ વધુમાં જણાવે છે કે, આ કેસ ચાર્જફ્રેમ થઈ ગયા બાદ પણ આ કેસના તપાસ અધિકારીઓ જેલની અંદર અમારા યાર્ડોમાં આવીને મુલાકાતો

લેતા હતા અને કેટલાક આરોપીઓને અલગથી ઑફિસમાં બોલાવીને ગુના કબૂલાત માટે ખૂબ જ સમજાવતા અને ધમકાવતા પણ હતા. સૌથી વધારે એ.સી.પી. મયુર ચાવડા અને પોલીસ ઇન્સ્પેકટર એ.એફ.સિંધી જેલમાં આવીને આરોપીઓને મળતા હતા. પોલીસ ઇન્સ્પેકટર એ.એફ.સિંધી ડી.સી.બી.માંથી એ.ટી.એસ. માં બદલી થઈને ગયા પછી પણ ઘણીવાર જેલમાં આવીને મળતા હતાં. એ.ટી.એસ.મા ગયા પછી પોલીસ ઇન્સ્પેકટર એ.એફ.સિંધી એકવાર જેલમાં આવ્યા ત્યારે આ સાહેદ છોટા ચક્કર યાર્ડ નં.૪/૧ માં રહેતા હતા. તે વખતે પોલીસ ઇન્સ્પેકટર એ.એફ. સિંધીએ આ સાહેદને ગંદી ગાળો બોલીને કહેલ કે, "બસ અમને તમારામાંથી એક તાજનો સાક્ષી મળી જાય એટલે અમારે તો તને ફાંસી અપાવી ફાંસીના માંચડે જ લટકાવવો છે" તેવી મને ધમકી આપેલ હતી. તેમજ આ અધિકારીઓ જ્યારે જેલમાં આવતા ત્યારે કહીને જતા હતા કે "તમને કંઈપણ મેસેજ મોકલવો હોય તો તમારી ઘરની મુલાકાત અને વકીલ મુલાકાત વખતે ડી.સી.બી. અને એ.ટી.એસ. ના જે કોન્સ્ટેબલ, હેડ કોન્સ્ટેબલ હાજર હોય છે તેમના દ્વારા અમને મેસેજ મોકલી દેશો તો અમે આવીને તમને મળી લઈશું." તેના પછી આ કેસના આરોપીઓ જ્યારે ઘરની મુલાકાત અથવા વકીલ મુલાકાત વખતે મુલાકાત રૂમમાં જતા હતા ત્યારે ત્યાં ડી.સી.બી. ના હેડ કોન્સ્ટેબલ ઉદય, એ.ટી.એસ.ના હેડ કોન્સ્ટેબલ ગોપાલ શર્મા અને મુલાકાત જેલર એ.આઈ. શેખ ત્રણે જણા મળીને સહઆરોપીઓને કહેતા કે "સાહેબ તમને ગુના કબૂલાત કરવા માટે કહી ગયા તો તે બાબતે કાંઈ વિચાર કર્યો કે નહીં. અને સમજાવતા કે જો તમે ગુનો કબૂલી લેશો તો તમને ફાયદો જ છે. તમને માફી મળશે તો તમે વહેલા છુટશો. જો ગુનો કબૂલશો તો કેસ વહેલો ચાલી જશે અને જો ગુનો નહીં કબૂલો તો કેસ એટલું ધીરે ધીરે ચાલશે કે વર્ષો સુધી જેલમાં જ પડ્યા રહેશો અને તમને જામીન પણ નહીં મળે." આ ત્રણેય જણાં કોઈને કોઈ આરોપીને મુલાકાત દરમિયાન આવી રીતે ગુના કબૂલાત માટે ખૂબ જ દબાણ કરતા હતા. ઘરની તેમજ વકીલ મુલાકાત પત્યા પછી ગોપાલ શર્મા કેટલાક આરોપીઓને મુલાકાત રૂમની આસપાસ અથવા રૂમની બહાર બાકડા ઉપર

બેસીને એક–બે કલાક સુધી સતત સમજાવતો રહેતો હતો. આ કેસના કેટલાંક આરોપીઓને અહીં સાબરમતી સેન્ટ્રલ જેલથી ટ્રાન્સફર કરી બીજા રાજ્યોની જેલોમાં રાખવામાં આવેલા છે જેવા કે, દિલ્હી, ભોપાલ, મુંબઈ, બેંગ્લોર, કેરાલા વિગેરે જગ્યાઓએ રાખવામાં આવેલા છે તો તેમાંથી કેટલાક આરોપીઓ જ્યારે અહીં સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે હતા ત્યારે ગોપાલ શર્મા તેમને પણ મળતો હતો.

વધુમાં સાહેદ જણાવે છે કે, ત્યારબાદ ડિસેમ્બર–૨૦૧૮મા આરોપી નં.૨૩ ઐયાઝની ગોપાલ શર્મા સાથે ગુના કબૂલાત બાબતે વાતચીત ચાલુ હતી તે અંગે ઐયાઝે ડિસેમ્બરમાં જ આ સાહેદને વીડિયો કોર્ટ રૂમમાં વાત કરેલ હતી. આ સાહેદને ૨૦૦ ખોલીમાં રાખેલ અને ઐયાઝ તે વખતે એટલે કે ડિસેમ્બર–૨૦૧૮ મા અંડાસેલ હાઈ સિક્યુરિટીમાં રહેતો હતો. નામ. કોર્ટની તારીખ ઉપર ઐયાઝ સાથે વીડિયો કોર્ટ રૂમમાં મુલાકાત થતી હતી. આ સાહેદ અને ઐયાઝ બંને જણા એકબીજાને જેલ બહાર ૨૦૦૯ ની સાલ પહેલા ઓળખતા ન હતા. એક જ કેસમાં સહઆરોપીઓ હોવાથી નામ. કોર્ટની તારીખો ઉપર મળતા અને જેલમાં કેટલીક વાર એક જ યાર્ડમાં સાથે રહ્યા હોવાથી બંને વચ્ચે સારૂ બનતું હતું જેથી એકબીજા જોડે કેસ બાબતે ચર્ચા કરતા હતા. તેમજ ડિસેમ્બર ૨૦૧૮ માં નામ. કોર્ટની તારીખ ઉપર વીડિયો કોર્ટ રૂમમાં ઐયાઝે આ સાહેદને કહેલું કે, "કયામુદ્દીન ગુના કબૂલાત બાબતે તારૂ શું કહેવું છે અને આ અંગે તું શું વિચારે છે." ઐયાઝને કહેલું કે, "જે ગુનો આપણે કર્યો જ નથી તો તે ગુનો આપણે કેવી રીતે કબૂલ કરી લઈએ." ઐયાઝે કહેલું કે, "ભલેને આપણે કોઈ ગુનો કરેલ નથી તેમ છતાં પોલીસે આપણી ઉપર લગાવેલા આરોપો અને ગુનો કબૂલી લઈશું તો આપણને માફી મળી જશે અને વહેલા છુટી જઈશું." ઐયાઝ કહેવા લાગેલ કે "આપણી જિંદગીના ૧૦ વર્ષ તો જેલમાં બરબાદ થઈ ગયા અને હજુ કેટલા વર્ષો બગડશે તે ખબર નથી. જો જેલમાંથી છુટવા મળતું હોય તો ખોટો ગુનો પણ કબૂલી લેવામાં શું વાંધો છે?" તેના ઉપર ઐયાઝને કહેલું કે "ઐયાઝ તને પણ ખબર છે કે પોલીસે આપણા બધાને આ કેસમાં ખોટી રીતે

ફસાવ્યા છે. જો આ કેસ ચાલી જશે તો આપણને જરૂર ન્યાય મળશે અને આપણે છુટી જઈશું." તેના ઉપર ઐયાઝે આ સાહેદ સાથે દલીલ કરેલી કે "કયામુદ્દીન તું બહારનો માહોલ જોતો નથી કે હમણાં બહાર કેટલો ખતરનાક મુસ્લિમ વિરોધી માહોલ બનેલો છે. ગુજરાત અને દિલ્હી બંને જગ્યાએ મોદીની મુસ્લિમ વિરોધી સરકાર છે અને આ કટ્ટર હિંદુવાદી સરકાર આપણને ક્યાંથી છોડવાની છે? આ કેસમાં આપણે બધા નિર્દોષ છીએ છતાં આજ સુધી આપણને કોઈ કોર્ટે જામીન નથી આપી અને કેસ પણ પુરો કરતાં નથી." ત્યારબાદ ઐયાઝે જણાવેલું કે "કયામુદ્દીન તું ન્યૂઝપેપરોમાં વાંચતો નથી કે આ મોદી સરકાર તેના વિરોધીઓને જે હિંદુઓ જ છે તેમને કોઈપણ હિસાબે છોડતી નથી તો આપણે તો મુસલમાન છીએ તો આપણને ક્યાંથી છોડશે? રાજકીય પાર્ટીના મોટામોટા નેતાઓ તેમજ હાર્દિક પટેલ, જિગ્નેશ મેવાણી, કનૈયાકુમાર જેવા યુવાનોને તેમજ મોટામોટા પ્રોફેસરો, વકીલો, ડૉક્ટરોને નક્સલવાદી હોવાના આરોપો મુકીને દેશદ્રોહના ખોટા કેસો બનાવી ફસાવીને જેલમાં નાખી દે છે. જ્યારે આપણી ઉપર તો પોલીસે ત્રાસવાદી હોવાના આરોપો લગાવેલા છે તો આપણને ક્યાંથી છોડશે?" પછી ઐયાઝે કહેલું કે, "મને તો બહુ જ ડર લાગે છે કે આપણી જિંદગી અહીંયા જેલમાં જ નીકળી જશે. મારે તો કાંઈપણ કરીને બસ છુટવું જ છે." ઐયાઝે કહેલું કે, "શરૂઆતમાં કેસ ચાર્જફ્રેમ વખતે અભય ચુડાસમાએ કરેલ ગુના કબૂલાતની ઓફરને મેં તે જ સમયે સ્વીકારી લીધી હોત તો સારૂ થતું કે જેલમાં મારા આટલા વર્ષો બગડતા નહીં. અભય ચુડાસમા તરફથી પહેલી વાર મળેલ ઓફરની એ તક ગુમાવવાનો મને આજે ઘણો જ અફસોસ થાય છે." ઐયાઝને કહેલું કે, "તું નામ. કોર્ટ ઉપર ભરોસો રાખ નામ. કોર્ટ આપણી સાથે અન્યાય નહીં કરે." ઐયાઝે આ વાતનો જવાબ આપેલ કે, "કયામુદ્દીન તને આપણી સામેના જ હિંદુ–મુસ્લિમ ભેદભાવના બે ઉદાહરણો બતાવું છું કે જેમાં કોર્ટ શું કરે છે. કયામુદ્દીન આપણે પાછલા ૧૦ વર્ષોથી જેલમાં છીએ અને લતીફ ગેંગના માણસો આપણા પહેલાથી પાછલા ૨૪–૨૫ વર્ષોથી સાબરમતી સેન્ટ્રલ જેલમાં છે. આ બધા ફક્ત મુસ્લિમ હોવાના કારણે સરકાર તેમને માફી નથી આપતી અને છોડતી પણ નથી. જ્યારે

બીજી તરફ મક્કા–મસ્જિદ, અજમેર શરિફ, માંલેગાંવ, સમજૌતા એક્સપ્રેસ વિગેરે બોમ્બ બ્લાસ્ટ કેસોમાં હિંદુવાદી સંગઠનોના અસીમાનંદ, સાધ્વી પ્રજ્ઞા, કર્નલ પુરોહિત વિગેરે લોકો પકડાયેલા અને તે કેસોમાં તેમની વિરૂદ્ધ એવિડન્સ હતા તથા અસીમાનંદનો ૧૬૪ નો નિવેદન હતો તેમ છતાં કોર્ટે આ બધા ને નિર્દોષ છોડી દીધા. આ બધા ફક્ત હિંદુઓ હોવાના કારણે આટલા ખતરનાક આતંકવાદી અને દેશદ્રોહી કેસોમાં તેમને તરત જામીન મળી જાય છે અને કેસોમાંથી નિર્દોષ છુટી પણ જાય છે." ઐયાઝને કહેલું કે "ઐયાઝ આપણો અલ્લાહતાલા તો જાણે જ છે કે આપણે કોઈ ખોટું કામ કર્યું નથી અને તે અલ્લાહતાલાના બનાવેલ કુદરતી નિયમો મુજબ બધાને ઈન્સાફ મળે જ છે એટલે કુદરતી નિયમો પ્રમાણે આપણને પણ જરૂર ન્યાય મળશે જ."

સાહેદ વધુમાં જણાવે છે કે, પછી ઐયાઝ આ સાહેદને સમજાવવા લાગેલો કે, "કયામુદ્દીન તારી, મારી અને મોહમ્મદ ઈસ્માઈલ ઉપર પોલીસે ચાર્જશીટોમાં બહુ જ ખતરનાક કલમો અને આરોપો લગાવેલા છે. આ આરોપો દ્વારા આજના ખતરનાક માહોલમાં પોલીસ આપણને ફાંસીથી ઓછી સજા નહીં કરાવે એટલે આપણા ત્રણે પાસે છુટવાનો બસ એક જ રસ્તો છે કે આપણે ત્રણે ગુનાની કબૂલાત કરી માફી મેળવી લઈએ." પછી ઐયાઝે કહેલું કે, "હમણાં મારી ગોપાલ શર્મા જોડે ગુના કબૂલાત બાબતે વાતચીત ચાલી રહી છે અને ગોપાલ શર્માએ કહ્યું છે કે, ઐયાઝ તું ગુના કબૂલાત માટે અમે કહીએ તે રીતે કોર્ટમાં એક અરજી કરી દે. તેનાં પછી અમે બધું સંભાળી લઈશું અને તને કેસમાંથી તરત માફી અપાવીને છોડાવી દઈશું." જેથી તેના ઉપર ઐયાઝને આ સાહેદે કહેલું કે, "ઐયાઝ આપણા સહઆરોપીઓએ બબ્બેવાર પ્રયત્નો કરવા છતાં હમણાં સુધી નામ. સુપ્રિમ કોર્ટે જામીન આપેલા નથી અને આ રીતે ફક્ત એક અરજી કરવાથી કોઈ કોર્ટ ક્યાંથી તરત માફી આપીને છોડી દેશે" તો ઐયાઝે જણાવેલું કે, "ગોપાલ શર્માએ માફીની પાક્કી ગેરન્ટી આપી છે અને કહેલ છે કે નીચેથી ઉપર સુધી બધી જ કોર્ટો અમારી જ છે એટલે અમે જે કહીશું તે મુજબ જ બધું થશે. ગોપાલ શર્માએ કહેલ છે કે કેસમાં ભલેને તમારો કેટલો પણ મોટો રોલ બતાવેલ

હોય તો પણ અમારે જો તમને માફી અપાવવી હશે તો અમે કોર્ટને કહીશું તો કોર્ટે માફી આપવી જ પડશે." ઐયાઝે એવું પણ કહેલું કે, "ગોપાલ શર્માએ તો ત્યાં સુધી પણ બાંહેધરી આપેલી છે કે જેલમાંથી છુટ્યા પછી અમે તને આર્થિક રીતે બધી મદદ કરી મકાન અપાવી અને કામ ધંધો પણ સેટલ કરાવીને આપીશું." પછી ઐયાઝ આ સાહેદને સમજાવવા લાગેલો કે "કયામુદ્દીન તારે મારે અને મોહમ્મદ ઈસ્માઈલે જેલથી છુટવાનો આ બહુ જ સરસ મોકો છે મેં મોહમ્મદ ઈસ્માઈલને તો આ આખી વાત કરીને સમજાવેલ છે અને તું પણ આની ઉપર સારી રીતે વિચાર કરી લે તો આપણે ત્રણે સાથે મળી ગુનાની કબૂલાત કરી માફી મેળવી જેલથી વહેલાં છુટી જઈએ." વધુમાં આ સાહેદના જણાવ્યા મુજબ સાથે ઉપરોક્ત વાતચીત થયાનાં થોડા દિવસો બાદ તા.૩૦/૧૨/૨૦૧૮ ના રોજ ઐયાઝને અંડાશેલથી કાઢીને કસ્તુરબા સેલમાં એકલો મુકી દીધેલો. પછી ઐયાઝ વીડિયો કોર્ટ તારીખ ઉપર આવતા આ સાહેદે ઐયાઝને પુછેલું કે "કેમ તને ત્યાં એકલો મુકેલો છે?" તો ઐયાઝે કહેલું કે "ગોપાલ શર્મા સાથે મારી ગુના કબૂલાત બાબતે જે વાતચીત ચાલી રહી છે તો ગોપાલ શર્માએ જ સીનિયર જેલર અસલમ કુરેશીને કહીને મને એકલા રહેવાની અલગથી સારી વ્યવસ્થા કરાવી આપેલી છે. ગોપાલ શર્માએ કસ્તુરબા સેલમાં ઘણી બધી સવલતો કરાવી આપી છે. તમને બધાને જે સવલતો જેલમાં નહીં મળતી હોય તે તમામ સવલતોની વ્યવસ્થા કસ્તુરબા સેલમાં મળશે." તેના ઉપર આ સાહેદે ઐયાઝને પુછેલું કે "શું તું ગોપાલ શર્માના કહેવાથી ગુનાની કબૂલાત કરી રહ્યો છે?" તો ઐયાઝે કોઈ જવાબ આપેલો નહીં અને હસીને કહેવા લાગેલો કે "એ તો સમય આવશે તો બધુ જ ખબર પડી જશે." પછી ફેબ્રુઆરી મહિના સુધી આ મુદ્દે ઐયાઝ સાથે ચર્ચા થયેલી. ઐયાઝને કસ્તુરબા સેલમાં એકલો રાખવામાં આવ્યો તેના બે અઢી મહિના પછી અચાનક ઐયાઝે ગુના કબૂલાતની આંક–૮૦૫૬ વાળી અરજી કરતાં આ સાહેદને પાક્કી ખાતરી થઈ ગયેલી કે ગોપાલ શર્માએ ઐયાઝને માફીની તેમજ આર્થિક મદદની લાલચો આપી અને ધાક–ધમકીઓ દ્વારા દબાણપૂર્વક અરજી કરાવેલી છે.

સાહેદ વધુમાં જણાવે છે કે, આ કેસનાં ઘણાં આરોપીઓને પાછલા ૧૨ વર્ષોમાં વારંવાર ગુના કબૂલાત કરવા માટે ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓ તરફથી ધાક–ધમકીઓ અને લાલચો મળતી રહેલી છે. સને–૨૦૦૮ની સાલમાં રિમાન્ડથી લઈને હમણાં સુધી તપાસ એજન્સી દ્વારા કેવી રીતે અને કયા–કયા અધિકારીઓએ આ કેસના આરોપીઓને ગુના કબૂલાત કરાવવાના પ્રયાસો કર્યા છે તે બાબતે અને આરોપી નં.૨૩ ઐયાઝ રઝાક મીંયાએ ગુના કબૂલાતની આંક–૮૦૫૬ વાળી અરજી લખી તેના પહેલા આ સાહેદની ઐયાઝ સાથે જે કાંઈપણ ચર્ચા અને વાતચીત થયેલી તે બાબતે વિગતવાર વર્ણન કરતી અરજી આ સાહેદે નામ. કોર્ટને લખેલ હતી જે આંક–૮૨૪૬ થી નામ. કોર્ટના રેકર્ડ ઉપર છે જે અરજી આંક–૯૩૩૯ ના લીસ્ટથી રજૂ કરેલ છે. સાહેદ વધુમાં જણાવે છે કે જેલમાં આ સાહેદના સહઆરોપીઓ દ્વારા જાણવા મળેલું કે, જે આરોપીઓ પોલીસ રિમાન્ડ દરમિયાન ઐયાઝ સાથે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાં હતા ત્યારે તેમણે જોયેલું કે રિમાન્ડ દરમિયાન ઐયાઝનો એક ભાઈ રિયાઝ કે જે પેરામિલેટ્રી ફોર્સમાં સર્વિસ કરે છે તે મળવા આવતો હતો ત્યારે ઐયાઝને તેના ભાઈ રિયાઝ સાથે અભય ચુડાસમાની ઑફિસમાં મુલાકાત આપવામાં આવતી હતી અને ઐયાઝ જ્યારે તેના ભાઈ રિયાઝ સાથે મુલાકાત કરીને પાછો આવતો ત્યારે ખુશ દેખાતો હતો અને કહેતો હતો કે "મારો ભાઈ મિલેટ્રિમાં છે એટલે કોઈપણ પ્રયત્નો કરી મને છોડાવી દેશે." જેલમાં આ સાહેદ ઐયાઝ સાથે ૧૦ વર્ષ સુધી રહેલો એટલે આ સાહેદે જોયેલું કે ઐયાઝનો સ્વભાવ સ્વાર્થી, ઝઘડાળું અને ઈર્ષ્યાવાળો હતો. ઐયાઝ પોતાના નાના અમથા સ્વાર્થ કે ફાયદા માટે સામેવાળા વ્યક્તિનું કેટલું પણ નુકસાન થતું હોય તો પણ કોઈપણ હદ સુધી જઈ શકતો હતો. ઐયાઝે પોતાના અંગત સ્વાર્થ અને ફાયદા માટે ગોપાલ શર્મા તેમજ ક્રાઈમબ્રાન્ચના અધિકારીઓએ આપેલી લાલચો અને કહેવા સમજાવવાથી તથા બીજા આરોપીઓને ખોટી સજા કરાવવા માટે નામ. કોર્ટમાં ખોટી જુબાની આપેલી છે અને નામ. કોર્ટને સાચી હકીકત જણાવવા માટે આ સાહેદે તેની સ્વેચ્છાએ અને કોઈના પણ દબાણ વગર જુબાની આપેલી છે. સાહેદ વધુમાં જણાવે છે કે તેઓને

જેલમાંથી કોઈ અરજી કરવી હોય તો તેની પ્રક્રિયા મુજબ સૌ પ્રથમ જેલ સુપરિન્ટેન્ડેન્ટ સાહેબના રાઉન્ડમાં કાગળ માટે કારણ બતાવી અરજ કરવાની હોય છે. જો સુપરિન્ટેન્ડેન્ટ સાહેબને કાગળ માંગવાનું કારણ વાજબી અને બરાબર લાગે તો આપવાની હા પાડે અને રાઉન્ડમાં જે સિપાહી અરજી લખી રહ્યો હોય તે કેદીનું નામ અને નંબર અને કાગળ માંગવાનું કારણ લખી લે. ત્યારબાદ બે ત્રણ દિવસ પછી અરજીના કાગળો મળે ત્યારે એક રજિસ્ટરમાં અરજીના કાગળોનો સિરિયલ નંબર, કાગળોની સંખ્યા લખી તે રજિસ્ટરમાં કેદીની સહી લેવામાં આવે છે. પછી કેદીની અરજી લખાઈ ગયા પછી તે અરજીને સુબેદાર પેટી (ઑફિસ) ઉપર રાખવામાં આવેલ રજિસ્ટરમાં એન્ટ્રી કરવામાં આવે છે. જે એન્ટ્રીમાં કેદીનું નામ અને તે અરજી જ્યાં મોકલવામાં આવવાની હોય ત્યાંનું સરનામું લખવાનું હોય છે. ત્યારબાદ સુબેદાર તે અરજીને યુ.ટી. (અન્ડર ટ્રાયલ) શાખામાં મોકલવામાં આવે છે. ત્યારબાદ યુ.ટી. શાખામાં અન્ડરટ્રાયલ જેલર સાહેબ તે અરજીમાં સહી સિક્કા કરે છે અને ત્યારબાદ નાયબ અધીક્ષક સાહેબના કવરીંગ લેટર ઉપર સહી થઈ તે અરજીને રવાના કરવામાં આવે છે. આ આખી પ્રક્રિયામાં અઠવાડીયા જેટલું સમય લાગે છે. જો કોઈ કેદીએ પોતાની અરજી વહેલી રવાના કરવી હોય તો રાઉન્ડમાં જેલ સુપરિન્ટેન્ડેન્ટ સાહેબને અરજ કરવી પડે અને અરજ કર્યા પછી પણ તે અરજી જેલથી રવાના થવામાં ઓછામાં ઓછા ત્રણ દિવસ લાગે છે. વધુમાં આ સાહેદે આંક–૯૩૩૯/૧ થી તેમના મોબાઈલ નંબર ૯૮૯૮૭૩૧૪૭૯ ના એપ્લીકેશન ફોર્મની નકલ કે જે મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં.૨૦૩/૨૦૦૮ ના કામે રજૂ થયેલ ચાર્જશીટના કાગળોમાંથી સિક્કાવાળી નકલ રજૂ કરેલી છે. આ અરજી આ સાહેદે ઉપરોક્ત મોબાઈલ નંબર મેળવવા માટે મોબાઈલ કંપનીને કરેલી હતી અને જ્યારે આ મોબાઈલ નંબર લીધો ત્યારે તેમાં ભરેલી વિગતો સાચી છે તે આ સાહેદના ધ્યાનમાં છે. નિશાની આંક–૯૩૩૯/૨ વાળી વડોદરા ખાતે કારેલીબાગ પોલીસ સ્ટેશનમાં આ સાહેદ વિરૂધ્ધ નોંધાયેલ ગુના રજી.નં. ૨૦૨/૨૦૦૪ ના કેસની વિગતો મેળવવા આર.ટી.આઈ. અરજી કરેલી. તે અરજી તા.૭/૧/૨૦૧૯ ના

રોજ કરેલ હતી જેનો જાવક નં. યુ.ટી.પી./૨/૩/૨૦૧૯ તા.૧૦/૧/૨૦૧૯ છે અને આ આર.ટી.આઈ.ની અરજીના જવાબમાં કારેલીબાગ પોલીસ સ્ટેશન તરફથી ક્રમાંક જાવક નં.૧૫૭૩ /૧૯ તા.૧૭/૪/૨૦૧૯ થી માહિતી મળેલી હતી. કારેલીબાગ પોલીસ સ્ટેશન તરફથી જે જવાબ મળેલો તે અસલ જવાબ આંક–૯૩૪૦ થી રજૂ રાખેલ છે.

સાહેદ વધુમાં નિશાની આંક–૯૩૩૯/૩ વાળો નામદાર ઉજ્જૈન કોર્ટમાં લખેલ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ના નિવેદનની સહી સિક્કાવાળી પ્રમાણિત નકલ કે જે દસ્તાવેજ આંક–૯૩૨૩ થી રજૂ રાખેલ ગયેલ છે. તેમજ નિશાની આંક–૯૩૩૯/૪ વાળો આ સાહેદના અસલ નામ બાબતેના શાળા તથા યુનિવર્સિટીના રિઝલ્ટ અને શાળા છોડ્યા અંગેના પ્રમાણપત્રની નકલો છે જે કુલ–સાત દસ્તાવેજો સંયુક્ત આંક–૯૩૪૧ થી રજૂ રાખેલ છે. તેમજ નિશાની આંક–૯૩૩૯/૫ વાળો નામ. કેરાલા સેશન્સ કોર્ટને લખેલ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૩ ના નિવેદનની નકલ તથા આ અરજી જેલથી જાવક નંબર યુ.ટી.પી./૨/૫૨/૨૦૧૮ તા.૧૬/૨/૨૦૧૮ આ અરજી તા.૮/૨/૨૦૧૮ ના રોજ લખેલી હતી તેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. તેમજ નિશાની આંક–૯૩૩૯/૬ વાળી કેરાલાના મુંડક્કયામ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં.૨૫૭/૨૦૦૮ માં તા.૩૦/૯/ ૨૦૦૯ ના રોજ સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતેથી આ સાહેદની ધરપકડ બતાવેલ તે એરેસ્ટ મેમોની સહી સિક્કાવાળી પ્રમાણિત નકલ આંક–૯૩૪૨ થી રજૂ રાખેલ છે. તેમજ નિશાની આંક–૯૩૩૯/૭ વાળો પોલીસ ઇન્સ્પેક્ટર કે.ડી.પંડ્યા સાહેબ તા.૩૧/૩/ ૨૦૦૮ ના રોજ ડી.સી.બી. પોલીસ સ્ટેશન વડોદરા શહેર ખાતે ફરજ બજાવતા હતા તે અંગેની માહિતી મેળવવા અંગે વડોદરા શહેર પોલીસ કમિશનરની કચેરીને કરેલ આર.ટી.આઈ. અરજી તા.૧૭/૬/૨૦૨૦ માં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે જેનો જાવક નં.યુ.ટી.પી.૨/૧૭/૨૦૨૦ તા.૨૨/૬/ ૨૦૨૦ સંદર્ભેની આર.ટી.આઈ.ની અરજીના જવાબમાં વડોદરા શહેર પોલીસ

કમિશનરની કચેરી તરફથી ક્રમાંક ક–૧/વહટ/૧૧૧૫૪/૨૦૨૦ તા.૧૯/૮/૨૦૨૦ થી માહિતી મળેલી તે પત્ર આંક–૯૩૪૩ થી રજૂ રાખેલ છે.

વધુમાં આ સાહેદ નિશાની આંક–૯૩૩૯/૮ વાળો પોલીસ ઇન્સ્પેક્ટર કે.ડી.પંડ્યા સાહેબ ડિસેમ્બર–૨૦૦૮ માં ડી.સી.બી. પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર ખાતે ફરજ બજાવતા હતા તે અંગેની માહિતી મેળવવા માટે ડી.જી.પી. ઑફિસ ગાંધીનગર ખાતે તા.૨૫/૮/૨૦૨૦ ના રોજ આર.ટી.આઈ. ની અરજી કરેલી જેનો જાવક નં.યુ.ટી.પી./૨/૨૬/૨૦૨૦, તા.૩૧/૮/૨૦૨૦ માં પોતાની સહી ઓળખી બતાવે છે. ડી.જી.પી. ઑફિસથી આ અરજી જાવક નંબર ક્રમાંક ક–૧/૧૬/પોઈ/તબદીલ આર.ટી.આઈ./ ૨૮૭૬/૨૦૨૦ તા.૧૮/૯/૨૦૨૦ થી તબદીલ થઈને પોલીસ કમિશનરની કચેરી અમદાવાદ ખાતે મોકલવામાં આવેલ. ત્યારબાદ તે અરજી જાવક ક્રમાંક ઈ/૪૮/આઈડી/૪૯૭/૨૦૨૦ તા.૨૨/૯/૨૦૨૦ થી તબદીલ થઈને પોલીસ કમિશનરની કચેરી વહીવટી શાખા અમદાવાદ શહેર (એ–૧ શાખા) ને મોકલવામાં આવેલ. ત્યારબાદ જાવક ક્રમાંક એ–૧/૭૩૯/આર.ટી.આઈ/૨૩૬૦/૨૦ તા.૩૦/૯/૨૦૨૦ થી પોલીસ કમિશનરની કચેરી અમદાવાદ શહેર તરફથી આ સાહેદને માહિતી મળેલી હતી જે પત્ર છે. તા.૧૮/૯/૨૦૨૦, તા.૨૨/૯/૨૦૨૦, તા.૩૦/૯/૨૦૨૦ આ ત્રણેય પત્રો આંક–૯૩૪૪ થી ૯૩૪૬ સુધી રજૂ રાખેલ છે. વધુમાં નિશાની આંક–૯૩૩૯/૯ વાળો ક્રાઈમબ્રાંચના અધિકારીઓએ નામ. કોર્ટમાં કહેવાતા સાહેદો દ્વારા આરોપીઓની ઓળખ કરાવવા માટે સાબરમતી સેન્ટ્રલ જેલમાં જ્યાં રાખવામાં આવેલા ત્યાં ૨૦૦ ખોલીના મેઈન ગેટ પાસેની દિવાલ ઉપર ગેરકાયદેસર રીતે એક સી.સી. ટી.વી. કેમેરો લગાવેલો હતો તે બાબતેની નામ. કોર્ટને ફરિયાદ કરતી આંક–૬૭૯૫ વાળી અરજીની નકલમાં આ સાહેદ પોતાની તથા બીજા ૪૫ સહઆરોપીઓની સહીઓ ઓળખી બતાવે છે. તેમજ નિશાની આંક–૯૩૩૯/૧૦ વાળો ૨૦૦૮ ની સાલમાં પોલીસ રિમાન્ડથી લઈને હમણાં સુધી તપાસ એજન્સી દ્વારા કેવી રીતે અને કયા–કયા અધિકારીઓએ આ કેસના

આરોપીઓને ગુના કબૂલાત કરાવવાના પ્રયાસો કર્યા છે તે બાબતે અને આરોપી નં.૨૩ એયાઝ રઝાક મીયાએ ગુના કબૂલાતની આંક–૮૦૫૬ વાળી અરજી નામ. કોર્ટને લખી તેના પહેલા આ સાહેદે એયાઝ સાથે જે કાંઈપણ ચર્ચા અને વાતચીત થઈ હતી તે બાબતે વિગતવાર વર્ણન કરતી આંક–૮૨૪૬ વાળી અરજીમાં પોતાની સહી ઓળખી બતાવે છે. તેમજ નિશાની આંક–૯૩૩૯/૧૧ વાળુ નામ. સુપ્રિમ કોર્ટનું ૨૦૦૮ની સાલનું કેલેન્ડરની ઝેરોક્ષ તથા તેની સાથે ઈસ્લામિક કેલેન્ડર ૨૦૦૮ ની ઝેરોક્ષ જે ઈસ્લામિક હિજરી ૧૪૨૮ થી ૧૪૩૦ સુધીનું છે. આ કેલેન્ડર પ્રમાણે પવિત્ર રમજાન માસ ૨૦૦૮ની સાલમાં સપ્ટેમ્બર માસમાં આવેલ હતો જે માર્ક–એ થી રજૂ રાખેલ છે.

આરોપીની ફરિયાદપક્ષ તરફથી ઊલટતપાસ થયેલી છે તે ધ્યાને લઈએ તો ૨૦૦ ખોલીમાં સમયે સમયે આરોપીની ખોલી બદલાતી રહે છે તે કબૂલ કરે છે. ૨૦૦ ખોલીમાં બોમ્બ બ્લાસ્ટના જ આરોપીઓ રાખવામાં આવે છે તે હકીકત નકારી છે અને સ્વૈચ્છાએ જણાવેલુ છે કે બીજા કેસના આરોપીઓ પણ છે. સહઆરોપી ઈમરાન શેખ વડોદરાનો છે તે કબૂલ કરે છે. અમદાવાદ ખાતે મેટ્રો કોર્ટમાં સૌપ્રથમ હાજર કરવામાં આવ્યા ત્યારે રીમાન્ડ અરજી વખતે વકીલશ્રી એમ.એમ. શેખ હાજર રહેતા તે હકીકત નકારી છે અને સાહેદ જણાવે છે કે મુન્સી કરીને એડવોકેટ હતા. મેટ્રો કોર્ટમાં મારા વકીલ તરીકે મુન્સી સાહેબ અને કે.જી. શેખ આવતા હતા તેમ જણાવે છે. અમદાવાદમાં કુલ–૨૦ અને સુરતના કુલ–૧૫ ગુનાઓમાં અટક થયેલી છે તે કબૂલ કરે છે. બંને ભાઈઓ વતી વકીલ તરીકે એમ. એમ.શેખ છે તે કબૂલ કરે છે. ૨૦૧૪ની સાલમાં નામદાર ગુજરાત હાઈકોર્ટમાં તથા ભાઈએ સુપ્રિમ કોર્ટમાં જામીન અરજી કરેલી તે કબૂલ કરે છે. દરેક આરોપીએ તેમના બચાવમાં વકીલો રોકેલા છે તે કબૂલ કરે છે. જે વકીલશ્રી લીગલ એઈડના વકીલ તરીકે રોકાયેલા છે તેઓ પણ આ કેસના અન્ય આરોપીઓ માટે રોકાયેલા છે તો તેનો જવાબ હા માં આપેલો છે. મધ્ય પ્રદેશના કેસમાં કુરેશી વકીલ રોકેલા છે તે કબૂલ કરે છે. દિલ્હીના કેસમાં પણ વકીલ એસ. એન.ખાન છે તે કબૂલ કરે છે. દિલ્હી ખાતે જે જામો અમદાવાદથી લઈ જાય છે

જામો ત્યાંથી પરત લાવે છે તે પ્રશ્નના જવાબમાં એ જ જામો પરત લઈને આવે છે તેમ જણાવે છે. ક્રાઈમ બ્રાન્ચનો જામો હોય છે તે ખોટુ બોલે છે તો તે હકીકત નકારી છે. તેનો અર્થ એવો થાય કે આરોપીને દિલ્હી ખાતે ક્રાઈમ બ્રાન્ચનો જામો લઈને જાય છે પરંતુ આરોપીની આ હકીકત ખોટી છે. જેલ તંત્ર દ્વારા પોલીસ કમીશનરની કચેરીમાંથી જામો મંગાવવામાં આવે છે અને કમિશનરની કચેરીનો જામો આરોપીને લઈને જતો હોય છે. વધુ ઊલટતપાસ ધ્યાને લઈએ તો રીમાન્ડ અરજી સમયે મેટ્રો કોર્ટ અમદાવાદમાં રજૂ કરવામાં આવતા ત્યારે વકીલશ્રીઓ હાજર રહેતા હતા? તે પ્રશ્નના જવાબમાં આરોપી જણાવે છે કે વકીલશ્રીઓ સાથે વાત કરવા દેવામાં આવતી ન હતી. મારા મત પ્રમાણે આરોપીની આ હકીકત પણ ખોટી છે ક્રિમીનલ પ્રોસીજર કોડની જોગવાઈ પ્રમાણે જયારે કોઈ પણ આરોપીને મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવે ત્યારે મેજિસ્ટ્રેટ આરોપીને પુછતા જ હોય છે અને વકીલ સાથે વાત કરવા દેવામાં પણ આવતી હોય છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો જેલમાં સગા સંબંધીઓ તેમજ વકીલશ્રીઓ સાથે મુલાકાતો લેવા દેવામાં આવતી હતી તે કબૂલ કરે છે. કેસની ઈન્સાફી કાર્યવાહી વખતે પણ કોર્ટ તરફથી વધારે સમય મુલાકાત અપાવવામાં આવેલી છે તે પ્રશ્નના જવાબમાં વધારે મુલાકાત આપવામાં આવતી હતી તેમ જણાવે છે.

વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા મેટ્રો કોર્ટ અમદાવાદમાં સૌપ્રથમ તા.૫.૧૨.૨૦૦૮ ના રોજ રજૂ કરેલો અને તે દિવસે રીમાન્ડ માંગવામાં આવેલા ત્યારે મુન્સી સાહેબને જોયેલાનુ જણાવે છે. આ મુન્સી સાહેબ વકીલ તરીકે હતા તે ખોટુ કહે છે તો તે હકીકત નકારી છે. રીમાન્ડ માંગતી અરજી બાબતે વાંધો લેવા શ્રી એમ.એમ.શેખે દલીલો કરેલી? તેવા પ્રશ્નના જવાબમાં આરોપી જણાવે છે કે તે વખતે હું પાછળ ઉભેલો હતો વાંધો કોને લીધો તે ખબર નથી. આ હકીકત પણ આરોપીની માની શકાય તેમ નથી કારણકે આરોપી કાયદાનો જાણકાર છે અને રીમાન્ડ અરજી વખતે બંને પક્ષ તરફથી અદાલતમાં દલીલો થતી હોય ત્યારે તે પાછળ ઉભેલો હોય તો પણ પોતાના વતી રીમાન્ડ અરજી લગત કયા વકીલ

દલીલ કરે છે તે ચોકકસપણે જાણ્યુ જ હોય તેમ છતાં આરોપી સાચી હકીકત છુપાવવાનો પ્રયત્ન કરે છે. જયારે જયારે રીમાન્ડ અરજીઓ મુકાયેલી ત્યારે ત્યારે વકીલશ્રીઓ હાજર રહીને વાંધો લેતા હતા તે કબૂલ કરે છે. વકીલશ્રી એમ. એમ. શેખ બીજા આરોપીઓ વતી હાજર રહયા હોય તો ખબર નથી. ૨૦૧૦ની સાલમા નામદાર સુપ્રિમ કોર્ટમાં અરજી કરેલી આ અરજીમાં આરોપી પોતે તથા તેનો ભાઈ અરજદારો હતા કે કેમ તે યાદ નથી. આ સાહેદની આ હકીકત પણ ખોટી છે નામદાર સુપ્રિમ કોર્ટમાં અરજી કરી હોય તે યાદ ન હોય તેવી હકીકત મનાય નહીં. નામદાર સુપ્રિમ કોર્ટમાં કરેલી અરજીમાં અરજદાર નં.૧૨ તરીકે રફીયુદીન અને અરજદાર નં.૩૬ તરીકે તમે હતા તેવા પ્રશ્નના જવાબમાં આરોપી જણાવે છે કે વકીલશ્રીઓ ઘણી બધી અરજીઓ કરતા હતા અને સહીઓ લેતા હતા નામદાર સુપ્રિમ કોર્ટમાં અરજી કરેલી કે કેમ તે યાદ નથી તેમ જણાવે છે. તમારા પત્નીએ સલીમ તરીકે ઉદેશીને નામદાર સુપ્રિમ કોર્ટ સમક્ષ સોગંદનામા સ્વરૂપે હકીકત જણાવેલાની હકીકત ખોટી ? તેવા પ્રશ્નના જવાબમાં આરોપી જણાવે છે કે આવુ કોઈ સોગંદનામુ કરેલુ નથી. મયુર ચાવડા, ઉષા રાડા, આર.વી.અસારી અને વી.આર.ટોળીયા આ કેસોની તપાસ કરતા હતા તે પ્રશ્નના જવાબમાં જણાવે છે કે તપાસ કરેલી કે કેમ તેની મને ખબર નથી પરંતુ તેઓ રીમાન્ડ દરમ્યાન મને રજૂ કરતા હતા. મારા મત પ્રમાણે આ આરોપીને ચાર્જશીટના તમામ પેપર્સની નકલો આપેલી છે અને દરેક કેસોમાં આ ચાર તપાસ કરનાર અધિકારીઓ છે તેઓની સહીઓ છે આરોપીને રજૂ કર્યા તે પ્રોડકશન રીપોર્ટ રીમાન્ડ અરજીઓ ઉપર આ અધિકારીઓની સહીઓ છે અને નામ છે તેમ છતાં આ સાહેદ કાયદાનો જાણકાર હોવા છતા જુઠી હકીકત જણાવે છે. તપાસના કાગળો મળેલાનું કબૂલ કરે છે.

સેન્ટ્રલ જેલ ખાતે નિયમ મુજબ જુદા–જુદા જજ સાહેબ તથા મેજિસ્ટ્રેટ સાહેબો સમયાંતરે મુલાકાત લેતા હોય છે તે પ્રશ્નના જવાબમાં સાહેબ જણાવે છે કે અમોને સેન્ટ્રલ જેલ ખાતે છોટા ચકકરમાં રાખવામાં આવેલા હતા અને હાલ ૨૦૦ ખોલીમાં રાખેલા છે. સાહેબોને ત્યાં લાવવામાં આવતા નથી. જેલમાં આવ્યા પછી પોતે ગ્રેજયુએટ થયેલા છે તે કબૂલ કરે છે. હયુમન રાઈટસનો

કોર્સ કરેલાનું જણાવે છે. આર.ટી.આઈ.ના કાયદા હેઠળ માહિતી માંગવાની શરૂઆત ૨૦૧૨ના વર્ષથી કરેલાનું જણાવે છે. કેદીઓના કાયદાકીય અધિકારોની જાણકારી માટે જેલમાં લીગલ સર્વિસ વિભાગ છે ત્યાંથી માર્ગદર્શન મળેલાનુ જણાવે છે. અબ્બાસ સમેજાની માહિતી આ આરોપીની સહીથી મંગાવવામાં આવેલી તે કબૂલ કરે છે. ૨૦૧૩ ની સાલમાં માહિતી માંગતી જે અરજી લખેલી તે કોને લખેલી તેની ખબર નથી પરંતુ આરોપી જણાવે છે કે તેમા સહી મે કરેલી. આમ આરોપીનું વર્તન ધ્યાને લેતા અરજી કોણે લખી તેની ખબર નથી પરંતુ સહી તેણે કરેલી તે જોતા આરોપી હકીકત છુપાવતા હોવાનું સ્પષ્ટ જણાય છે. જે અરજીઓ કરેલી તે જુદી–જુદી બાબતો વિષે જેવી કે રમઝાન માસમાં ખોરાક બાબતે, નમાઝ બાબતે, કેસ ઝડપથી ચાલે તે માટે અરજીઓ કરેલી તે કબૂલ કરે છે. વકીલશ્રીઓએ તમારી સુચના વગર ઊલટતપાસ કરેલી છે તેવી કોઈ અરજી તમે આપેલી નથી તેવા પ્રશ્નના જવાબમાં જણાવે છે કે આવી કોઈ અરજી આપી નથી. વકીલશ્રીઓએ મારી સુચના લીધી નથી તે ખોટુ જણાવે છે તો તે હકીકત નકારી છે. દિલ્હીના કેસમાં ઈ.પી.કો.કલમ–૩૦૨, ૩૦૭ નુ તહોમતનામું ફરમાવવામાં આવેલુ હોઈ શકે છે. સ્વેચ્છાએ જણાવેલુ છે કે મે જોયેલુ નથી મારા ધ્યાનમાં નથી અગાઉ જણાવ્યુ તેમ આરોપી કાયદાનો જાણકાર છે કઈ–કઈ જગ્યાએ કેટલા કેસો કોર્ટોમાં ચાલે છે તેનાથી સંપૂર્ણ વાકેફ છે બીજા આરોપીઓને અરજીઓ પણ લખી આપે છે તેમ છતાં દિલ્હીના કેસમાં કઈ કલમોનુ તહોમતનામુ ફરમાવેલુ છે તે ધ્યાનમાં નથી તો તે હકીકત માની શકાય નહીં. વધુમાં દિલ્હીના કેસોમાં તમોને ચાર્જશીટોની નકલો આપવામાં આવેલી છે તે પ્રશ્નના જવાબમાં જણાવે છે કે મારા વકીલ સાહેબોએ લીધેલી છે. આમ આ આરોપી ઘણી બધી હકીકતો છુપાવવાનો પ્રયત્ન કરે છે. દિલ્હી કોર્ટમાં તહોમતનામુ વાંચી બતાવેલુ તે બાબતે જણાવે છે કે મને અંગ્રેજીમા વાંચી બતાવેલુ મારૂ અંગ્રેજી સારૂ નથી અને આખી કોર્ટ જામાથી ભરેલી હતી જે પ્રોસીડીંગ ચાલતુ હતુ તે આગળ ચાલતુ હતુ અને અમોને પાછળ ઉભા રાખેલા એટલે મે આખુ તહોમતનામું સાંભળેલુ નહીં. આ હકીકત ધ્યાને લેતા આરોપી

દિલ્હીની કોર્ટ ઉપર પણ આક્ષેપ કરે છે તેવુ કહી શકાય. દિલ્હીની કોર્ટે ફરમાવેલુ તહોમતનામું આરોપીએ સાંભળેલુ ન હોય તો તે હરગીજ માની શકાય નહીં. દિલ્હીની કોર્ટમાં તહોમતનામુ સાંભળેલુ નથી તેવી કોઈ અરજી કોર્ટમાં આપેલી નથી તે પ્રશ્નના જવાબમાં જણાવે છે કે મારા વકીલ હાજર હતા અને કોવીડ ચાલતો હોવાથી કેસ હાલ બંધ છે. આ જવાબ ધ્યાને લેતા આરોપી સાચા જવાબ આપવાનું ટાળે છે તે સ્પષ્ટ છે. તા.૭.૧૨.૨૦૧૭ ના રોજ સાહેદ જાકીર હુસેને ઓળખી બતાવેલો છે તો તે કબૂલ કરે છે અને સાહેદે સ્વૈચ્છાએ જણાવેલુ છે કે, ક્રાઈમ બ્રાન્ચવાળોએ ૨૦૦ ખોલીના મેઈન ગેટ પાસે સી.સી.ટી.વી. કેમેરા મુકેલા છે અને તેના ફુટેજ અને ફોટો દ્વારા ઓળખી બતાવડાવેલો છે. આ હકીકત ધ્યાને લેતા આરોપીનો આક્ષેપ ખોટો છે. જેલ તંત્ર આખી જુદી જગ્યા છે તેના સુપરિન્ટેન્ડેન્ટ, આઈ.જી. અને ડી.જી. અલગ છે. જેલ તંત્ર અને ક્રાઈમ બ્રાન્ચને કોઈ લેવા દેવા નથી તેમ છતાં આરોપી ક્રાઈમ બ્રાન્ચ ઉપર ખોટા આક્ષેપ મુકતા હોવાનુ સ્પષ્ટ જણાય છે. આરોપીએ આ સ્વૈચ્છાએ હકીકત જણાવેલી છે જેથી ફરિયાદપક્ષના વકીલશ્રીએ વાંધો લીધેલો હતો.

તા.૩.૧.૨૦૧૮ ના રોજ સાહેદ જાકીર હુસેનની ઊલટતપાસ મુલત્વી રાખેલી તે પ્રશ્નના જવાબમાં જણાવે છે કે મુલત્વી કરેલી હશે મારા ધ્યાનમાં નથી. આ હકીકત પણ આરોપીની સદંતરપણે જુઠી છે. આ આરોપી રોજેરોજ વીડિયો કોન્ફરન્સ દ્વારા હાજર હોય છે ઈન્સાફી કાર્યવાહી ધ્યાનથી જુવે છે અને સાંભળે છે દરેક વિગતો તેને ખબર છે તેમ છતાં પણ સાહેદ જાકીર હુસેનની ઊલટતપાસ મુલત્વી રાખવા બાબતે સ્પષ્ટ જણાવતો નથી. જાકીર હુસેને સી.સી.ટી.વી. ફુટેજ તેમજ ફોટાના આધારે ઓળખેલો તે બાબતેની કોઈ અરજી કોર્ટને આપેલી નથી તે સ્વીકારે છે. આંક-૬૭૯૫ થી આરોપીએ ૨૦૦ ખોલી પાસેથી સી.સી.ટી.વી. કેમેરા હટાવવા જે અરજી આપેલી તે અરજીમાં પણ જાકીર હુસેને સી.સી.ટી.વી.ના આધારે ઓળખી બતાવેલાની હકીકત જણાવી નથી તે કબૂલ કરે છે. આંક-૬૭૯૫ વાળી અરજી નામંજૂર થતા નામદાર હાઈકોર્ટમાં કોઈ રીવીઝન અરજી કરેલ નથી તે કબૂલ કરે છે. આંક-૬૭૯૫ ની

અરજીમાં જે હકીકત જણાવેલી હતી તે હકીકત નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષની રીવીઝન અરજીમાં જણાવેલી ન હતી તે કબૂલ કરે છે. સાહેદ જાકીર હુસેનને આરોપી બનાવવા માટે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં જે રીવીઝન અરજી દાખલ કરેલી તે તા.૧૪.૯.૨૦૧૮ ના રોજ નામંજૂર થયેલી છે તે કબૂલ કરે છે. ઓળખ અંગે ખોટો બચાવ ઉભો કરવા માટે આંક–૬૭૯૫ વાળી અરજી ઉભી કરેલી હતી તો તે હકીકત નકાર છે. નામદાર કોર્ટમાં જે જે અરજીઓ કરેલી તે ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં લખેલી છે તે કબૂલ કરે છે. મારે જુબાની આપવી છે તેવી અરજી આંક–૯૧૬૯ થી પોતે સહી કરીને આપેલી છે તે કબૂલ કરે છે. ઉજ્જૈન કોર્ટના દસ્તાવેજી પુરાવાઓનું લીસ્ટ જાતે તૈયાર કરીને વકીલ સાહેબોને આપેલાનું જણાવે છે. આંક–૯૩૩૯ વાળુ લીસ્ટ પોતાના હસ્તાક્ષરમાં તૈયાર થયેલાનું કબૂલ કરે છે. બીજા આરોપીઓને પણ તમે અરજી લખી આપેલી છે એ પ્રશ્નના જવાબમાં આરોપીએ જણાવેલુ છે કે જે આરોપીઓ ગુજરાત બહારના છે અને ગુજરાતી આવડતુ નથી તેઓની અરજી લખી આપેલી છે. આરોપી ઐયાઝ શેખની માફી માંગતી અરજી આંક–૮૦૫૬ ના અનુસંધાને આંક–૮૨૪૬ વાળી અરજી કરેલી તે પ્રશ્નના જવાબમાં જણાવે છે કે ગોપાલ શર્મા અને ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓની ફરિયાદ કરવા માટે આંક–૮૨૪૬ વાળી અરજી કરેલી હતી તેમ જણાવે છે. ઐયાઝ શેખને માફી આપતો હુકમ જાહીદ કુત્બુદીન શેખ તથા તમે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં રીવીઝન અરજી નં.૪૫૯/૨૦૧૯ થી પડકારેલો હતો તે કબૂલ કરે છે. તા.૨.૫.૨૦૧૯ નાં રોજ ઐયાઝ શેખને માફી આપતો હુકમ નામદાર ગુજરાત હાઈકોર્ટે મંજૂર રાખેલો તે કબૂલ કરે છે. આંક–૮૧૧૦ થી તા.૨.૪.૨૦૧૯ ના રોજ ઐયાઝ શેખની કબૂલાત પરત ખેંચવા દબાણ કરવા બાબતેની અરજી કરેલી હોય તો ખબર નથી. આંક–૩૨૩૪ વાળુ સ્વીમીંગ પુલના ફોર્મ બાબતે પ્રશ્ન પુછતા તે ફોર્મનો ખોટો પુરાવો ઉભો કરેલો છે તેમ જણાવે છે. એમ.પી. કોર્ટમાંથી દિલ્હી કોર્ટમાં રજૂ કર્યા ત્યારે તમે અથવા તમારા વકીલશ્રીએ લેખિત રજૂઆત કરેલી નહીં માટે સરતપાસ સાથે એવી કોઈ લેખિત રજૂઆત રજૂ કરેલી નથી તેના જવાબમાં જણાવે છે કે તે વખતે વકીલ હાજર ન હતા અને હું

ખૂબ જ ડરેલો અને ગભરાયેલો હતો તે સમયે લેખિતમાં કે મૌખિકમાં રજૂઆત કરેલી નહીં. ઘણા વર્ષો સુધી ક્રાઈમ બ્રાન્ચના આધિકારીઓનો ડર હતો તેમ જણાવે છે. આવા ખોટા ખુલાસા કરે છે તો તે હકીકત નકારે છે. એૅયાઝ તથા બીજી વ્યકિતઓના નામે સરકાર, પોલીસ, ચોકકસ હિન્દુ સમુદાય, નામદાર અદાલતો, નામદાર સર્વોચ્ચ અદાલત, પોલીસ અધિકારીઓ, પોલીસ કર્મચારીઓ, એૅયાઝ શેખ, તેનો ભાઈ, જેલ ઓથોરીટી તથા રાજયના પોલીસ વિરૂધ્ધ ખોટા આક્ષેપો કરેલાની હકીકત નકારે છે. તા.૩૧.૩.૨૦૦૮ ના રોજથી પોલીસે ગેરકાયદેસર રીતે ગોંધી રાખેલાની હકીકત ખોટી જણાવે છે તો તે હકીકત નકારી છે. રીમાન્ડ દરમ્યાન શારીરિક અને માનસીક ત્રાસ આપ્યા અંગેની તેમજ પિતાજીને ખોટા કેસોમાં ફસાવી દેવાની ધમકી આપેલાની હકીકત ખોટી છે તો તે હકીકત નકારે છે. તા.૮.૭.૨૦૦૯ ના રોજ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ ને ઉદ્દેશીને લખેલ પત્ર બતાવવામાં આવેલ છે તે જોઈને જણાવે છે કે આ અરજી અમદાવાદ મધ્યસ્થ જેલની કચેરી દ્વારા નાયબ અધીક્ષક અમદાવાદ મધ્યસ્થ જેલના પત્ર સાથે મોકલવામાં આવેલ હતી જે આંક–૯૩૫૦ થી રજૂ છે. આંક–૯૩૫૦ થી રજૂ કરેલ દસ્તાવેજથી વિરોધાભાસી અને ખોટો પુરાવો આપેલો છે તો તે હકીકત નકારે છે. તા.૨૦.૬.૨૦૦૯ ના રોજનો મધ્યસ્થ જેલનો પત્ર આંક–૯૩૫૧ થી રજૂ છે. આંક–૯૩૫૧ થી વિરોધાભાસી હકીકત અને ખોટો પુરાવો આપતા હોવાની હકીકત નકારી છે.

આમ, આરોપીએ જાતે સોગંદ ઉપર જુબાની આપેલી છે અને ફરિયાદપક્ષ દ્વારા તેઓની ઊલટતપાસ થયેલી છે. ઊલટતપાસ દરમ્યાન બચાવ પક્ષ તરફથી ઘણા બધા વાંધા લેવામાં આવેલા છે કે આવા પ્રશ્નો ના પુછાય, રેકર્ડ ઉપરની હકીકત છે, ખોટા પ્રશ્નો છે વિગેરે વિગેરે. કોર્ટના શિષ્ટાચાર તેમજ કોર્ટનું વાતાવરણ બગડે તેવા પ્રયત્નો કરવામાં આવેલા છે. જે બંને પક્ષના વકીલશ્રીઓ માટે ઉચીત નથી. ફરિયાદપક્ષના વકીલશ્રીને પ્રશ્નો પુછવા ઘણી વખત બચાવ પક્ષના વકીલશ્રીઓએ અટકાવવાનો નિરર્થક પ્રયત્ન કરેલો છે. આ તબકકે જો ફરિયાદપક્ષના સાહેદોની ઊલટતપાસ જોવામાં આવે તો બચાવપક્ષ

તરફથી પણ ઘણા બધા એટલે કે વધારે પ્રમાણમાં બીનજરૂરી તેમજ સાહેદોને ત્રાસ ઉપજાવે એવા પ્રશ્નો પુછવામાં આવેલા છે તેમ સ્પષ્ટ જણાય આવે છે તેમ છતાં ફરિયાદપક્ષને આ આરોપીને સવાલ પુછવા બાબતે દરેક તબકકે વાંધાઓ લેવામાં આવેલા છે. મારી દ્રષ્ટિએ તમામ વાંધાઓ ખોટા છે. આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લેતા તા.૩૧.૩.૨૦૦૮ ના રોજ રાત્રે ૮–૯ વાગે આરોપી તથા તેનો ભાઈ રફીયુદ્દિન ઘર પાસે ઉભેલા હતા ત્યારે પોલીસના બે માણસો સાદા ડ્રેસમાં આવેલા અને મોબાઈલ છીનવી લીધેલા ત્યારબાદ તેઓને ક્રાઈમ બ્રાન્ચની ઑફિસ વડોદરા ખાતે લઈ ગયેલા ત્યાં મધ્ય પ્રદેશથી સાહેબો આવેલા હતા ત્યારબાદ તેઓને બુરખો ઓઢાડી વાહનમાં બેસાડી એક ફાર્મ હાઉસ ઉપર લઈ ગયેલા. ઘણા મહિનાઓ સુધી તેઓને ગોંધી રાખેલા, ગેરકાયદેસર કસ્ટડીમાં રાખેલા અને મારપીટ કરેલી. ઘણા મહીનાઓ સુધી એટલે કેટલા મહિનાઓ સુધી તે સ્પષ્ટ જણાવેલુ નથી. ધારો કે આરોપીને અને તેના ભાઈને ઘણા મહિનાઓ સુધી ગેરકાયદેસર રીતે ગોંધી રાખ્યા હોય તો તે અંગેની કોઈ ફરિયાદ આરોપી કે તેના ભાઈએ કરેલી નથી એટલુ જ નહીં આરોપીના ઘરના સભ્યોએ પણ ઘણા મહીનાઓ સુધી કાંઈ કર્યુ નથી તે હકીકત છે. આરોપીને ગેરકાયદેસર રીતે ગોંધી રાખેલો હોત તો આરોપીના કુટુંબીજનો કોર્ટને આશરો લેત પરંતુ આવુ કાંઈ બનેલુ નથી. વધુમાં આરોપીના કહેવા પ્રમાણે મધ્ય પ્રદેશ આઈ.બી.ના માણસો કામ કરવા માટે દબાણ કરતા હતા પરંતુ કયુ કામ કરવા દબાણ કરતા હતા તે અંગે કોઈ ખુલાસો નથી. આરોપી એમ પણ જણાવે છે કે પોતે બેહોશી હાલતમાં રહેતા હતા અને પોલીસ હાથથી કશુક લખાવતી હતી પરંતુ મારા મત પ્રમાણે આ શકય નથી આરોપી બેહોશ હોય અને પોલીસ તેના હાથથી લખાવે તે શકય નથી. કયાં લખાવ્યુ? શું લખાવ્યુ? તે અંગે પણ કોઈ ખુલાસો આરોપી તર્ફે નથી. વધુમાં આરોપીના કહેવા પ્રમાણે ૨૫ દિવસ સુધી ભોપાલમાં તેને ગેરકાયદેસર રીતે રાખેલો તો ભોપાલ ખાતે પણ તેને કોઈ પણ કોર્ટમાં ગોંધી રાખ્યા અંગેની રજૂઆત કરી નથી કે અરજી આપી નથી. તા.૧૦.૧૧.૨૦૦૮ ના રોજ તેને ઉજ્જૈન કોર્ટમાં રજૂ કરેલો ત્યારે પણ તેણે આવી કોઈ અરજી આપેલી નથી. અગાઉ આરોપીએ

જણાવેલુ છે કે, તા.૩૧.૩.૨૦૦૮ ના રોજ વડોદરા ક્રાઈમ બ્રાન્ચે પોતાને મધ્ય પ્રદેશ પોલીસને સોંપેલો જયારે તેને ઉજ્જૈન કોર્ટમાં ૧૦.૧૧.૨૦૦૮ નાં રોજ રજૂ કરેલો. આમ આશરે આઠેક માસ સુધી આરોપીને ગોંધી રાખેલ હોય તેવી કોઈ હકીકત નથી કે તે અંગે કોઈ પુરાવો નથી. આરોપીને આઠેક માસ સુધી ગેરકાયદેસર રીતે પોલીસે ગોંધી રાખેલો હોય તે શકય નથી. કારણ કે દેશમાં જંગલ રાજ નથી કે આવુ ગેરકાયદેસર રાજય નથી. અગાઉ ચર્ચા કરી તેમ ધારો કે તેને આઠ માસ સુધી આરોપીને ગોંધી રાખેલો હોય તો તેના કુટુંબીજનોએ શું કર્યુ? તે પ્રશ્ન છે. વધુમાં આરોપીની હકીકત એવી છે કે ઉજ્જૈન કોર્ટમાં તા.૧૦.૧૧. ૨૦૦૮ ના રોજ ઉજ્જૈન મહાકાલ પોલીસ સ્ટેશનના ગુનામાં રજૂ કર્યા પછી કોર્ટે રીમાન્ડ આપેલા અને આરોપીને ભોપાલ લઈ ગયેલા ત્યાં એનકાઉન્ટર કરવાની ધમકી આપેલી ૨૨.૧૧.૨૦૦૮ ના રોજ રીમાન્ડ પુરા થતા દિલ્હીની સ્પેશ્યલ સેલના સંજીવ કુમાર યાદવને કોર્ટે સોંપેલો અને દિલ્હી કોર્ટે તા.૨૩.૧૧.૨૦૦૮ થી તા.૩૦.૧૧.૨૦૦૮ સુધી રીમાન્ડ ઉપર સોંપેલો. વધુમાં આરોપીના કહેવા પ્રમાણે તેને દિલ્હી કેસમાં પણ ફસાવેલો છે ત્યાં પણ તેને શારીરિક અને માનસિક ત્રાસ આપી કોરા કાગળ ઉપર સહીઓ કરાવેલી. કેટલા કાગળો ઉપર કેટલી સહીઓ લીધી તે અંગે પણ કોઈ ખુલાસો નથી. જુબાનીમાં આરોપીએ જણાવેલુ છે કે દિલ્હી ખાતે તેઓના વકીલ કુરેશી સાહેબ હતા. જો આરોપીને માનસિક અને શારીરિક ત્રાસ આપી દિલ્હી પોલીસે આરોપીની કોરા કાગળ ઉપર સહીઓ લીધી હોય તો તેમના વકીલશ્રી કુરેશી સાહેબે અદાલતને તે મુજબની કોઈ અરજી આપેલી નથી. આરોપીના કહેવા પ્રમાણે તે પોતે ખૂબ જ ડરી ગયેલો અને ભયમાં હતો તો આરોપીના વકીલે શું કર્યુ? તે પ્રશ્ન છે.

તા.૪.૧૨.૨૦૦૮ ના રોજ ઉજ્જૈન કોર્ટે આરોપીને અમદાવાદથી આવેલા પોલીસ અધિકારી આર.વી.અસારીને અમદાવાદના કેસમાં સોંપેલો. આરોપીના કહેવા પ્રમાણે ઉજ્જૈનથી અમદાવાદ આવતા રસ્તામાં તેને ખૂબ ડરાવેલો, ધમકાવેલો, ગંદી ગાળો આપેલી, એનકાઉન્ટર કરવાની ધમકી આપેલી, ચહેરા ઉપર કાળો બુરખો નાખી હાથકડી અને દોરડાથી બાંધેલો,

માથામાં જોરથી ફેંટ મારેલી અને માથા ઉપર રીવોલ્વર ટાંકેલી હતી. ત્યારબાદ રાત્રે ક્રાઈમ બ્રાન્ચમાં અભય ચુડાસમા તથા બીજા અધિકારીઓ હાજર હતા. તેમને જણાવેલુ કે ચુપચાપ માની જા અને ગુનો કબૂલ કર નહીંતર એન્કાઉન્ટર થઈ જશે જો આ પ્રમાણેનુ વર્તન પોલીસે કરેલુ હોય તો આરોપીએ આ કેસની ઈન્સાફી કાર્યવાહી પુરી થઈ ત્યાં સુધી કોઈપણ પ્રકારની લેખિતમાં અરજી આપેલી નથી. આગળ આરોપીના કહેવા પ્રમાણે મયુર ચાવડાએ થપ્પડો મારેલી જેથી મને ખોટો ફસાવો છો ફસાવશો નહીં તેવી વિનંતીઓ કરેલી ત્યારે પગે દંડા બાંધી દીધેલા, દંડા મારેલા ટેબલ ઉપર સુવડાવી ઉપર બેસી ગયેલા અને ચકકીના પટાથી માથામાં મારતા હતા તેના કારણે ખૂબ દુખાવો થતો હતો અને બેસાતુ ન હતુ. અભય ચુડાસમાએ એન્કાઉન્ટર કરવાની ધમકી આપેલી. આમ જો આરોપીને તા.૪.૧૨.૨૦૦૮ નાં રોજ ઉજ્જૈનથી અમદાવાદ લાવતી વખતે અને લાવ્યા પછી રાત્રે ક્રાઈમ બ્રાન્ચની ઑફિસમાં આટલો બધો ત્રાસ આપેલો હોય માર મારેલો હોય તો તા.૫.૧૨.૨૦૦૮ ના રોજ આરોપીને મેટ્રો કોર્ટ નં.૧૧ સમક્ષ રજૂ કર્યો ત્યારે આવી કોઈ અરજી કે રજૂઆત મેજિસ્ટ્રેટને કરેલ નથી. આરોપીને રજૂ કરેલ તે પ્રોડકશન રીપોર્ટ ધ્યાને લેતા આરોપીએ પોલીસ સામે ગેરવર્તનની કોઈ ફરિયાદ કરેલી નથી તેની નોંધ મેજિસ્ટ્રેટે કરેલી છે તથા કેસનુ અસલ રેકર્ડ ધ્યાને લેતા તપાસ કરનાર અધિકારીએ તા.૫.૧૨.૨૦૦૮ ના રોજ આ આરોપીના રીમાન્ડ માંગતી અરજી મેજિસ્ટ્રેટ સમક્ષ મુકેલી તે અરજી તથા અરજી લગત હુકમ રેકર્ડમાં સામેલ છે તે વંચાણે લેતા આરોપીને રીમાન્ડ અરજી બાબતે ધારાશાસ્ત્રીશ્રી રોકવાનુ જણાવતા તેણે જણાવેલ છે કે તેના કુટુંબના માણસોનો સંપર્ક કર્યા પછી ધારાશાસ્ત્રી રોકશે આ અરજીમાં અત્યારે હાલ તેને કોઈ ધારાશાસ્ત્રીની સહાયની જરૂર નથી તેવી રજૂઆત કરેલી છે. જો આરોપી આવી રજૂઆત મેજિસ્ટ્રેટ સમક્ષ કરી શકતો હોય તો તેને શારીરિક અને માનસીક ત્રાસ આપેલો તેવી રજૂઆત કેમ ન કરે ? તેને રજૂ કર્યાનો રીપોર્ટ ધ્યાને લઈએ તો આરોપીને તા.૫.૧૨.૨૦૦૮ ના રોજ ૩.૧૫ કલાકે રજૂ કરેલો હતો અને પોલીસ સામે અત્યાચારની કે ગેરવર્તણૂકની કોઈ ફરિયાદ નથી તેવો હુકમ કરી તેને

જયુડીશીયલ કસ્ટડીમાં લીધેલો છે. મેજીસ્ટ્રેટની સહી તથા સિકકો છે અને આરોપીની પણ સહી છે. જો આરોપીને શારીરિક અને માનસીક ત્રાસ આપેલો હોત તો ચોકકસપણે તેને મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂઆત કરી હોત અથવા તેની શારીરિક પરિસ્થિતિ ખરાબ હોત તો પણ મેજીસ્ટ્રેટશ્રીએ તેને સારવાર માટે મોકલેલો હોત. પરંતુ તેને કોઈપણ પ્રકારની શારીરિક તકલીફ ન હતી તેવુ આ રેકર્ડ જોતા સ્પષ્ટ છે માટે આરોપીને શારીરિક માનસીક ત્રાસ આપ્યાની હકીકત તદ્દન ખોટી હોવાનું માલુમ પડે છે. અગાઉ ઉપર ઊલટતપાસ દરમ્યાન આરોપીએ જણાવેલુ છે કે મેટ્રો કોર્ટમાં જયારે તેને રજૂ કરવામાં આવ્યો હતો ત્યારે વકીલશ્રી મુન્શી, કે.જી.શેખ, એમ.એમ.શેખ હાજર રહી રીમાન્ડ અરજી અંગે દલીલો કરતા હતા. જો આરોપીને આટલો બધો ત્રાસ આપ્યો હોય, શરીરમાં તકલીફ હોય તો આ વકીલશ્રીઓએ શું કર્યુ ? તેમને કેમ રજૂઆત ના કરી? કે કોઈ અરજી કોર્ટને કેમ આપી નથી? માટે આરોપીની તમામ હકીકત તદ્દન અને તદ્દન ખોટી છે.

વધુમાં આરોપીના કહેવા પ્રમાણે પંચનામાઓ તથા નિવેદનો ક્રાઇમ બ્રાન્ચની ઑફિસમાં તૈયાર હતા પોતે કોઈ ટ્રેનીંગ આપી નથી, બોમ્બ બનાવ્યા નથી, મકાનો ભાડે રાખેલા નથી, મોબાઈલ કે સીમ કાર્ડો ખરીદેલા નથી, કેમ્પોમાં હાજરી આપેલી નથી અને ઉર્ફે તરીકે પોતાના કોઈ નામ નથી, પોતાને કોઈ જગ્યાએ લઈ જવામાં આવેલો નથી. પરંતુ આ તમામ હકીકત આરોપીની સ્પષ્ટપણે જુઠી અને ખોટી છે. વધુમાં આરોપીની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો સહઆરોપી નં.૨૩ એૈયાઝ સૈયદનાઓએ આ આરોપીને જણાવેલુ કે મોદી સરકાર મુસ્લિમ વિરોધી છે, મુસલમાનોને છોડશે નહીં, દેશદ્રોહના કેસોમાં ફસાવી દેશે અને તેને બે ઉદાહરણ આપેલા જેવા કે લતીફ ગેંગના માણસો ૨૪–૨૫ વર્ષથી જેલમાં છે બધા મુસ્લિમ છે સરકાર માફી આપતી નથી અને છોડતી પણ નથી અને બીજી તરફ માલેગાંવ, સમજોતા એકસપ્રેસના કેસોમાં હિન્દુ સંગઠનોના અસીમાનંદ, સાધ્વી પ્રજ્ઞા, કર્નલ પુરોહીતને છોડી મુકેલા છે. જેથી લલચાઈને એૈયાઝે માફી મેળવેલી છે. વધુમાં આરોપીના કહેવા પ્રમાણે હિન્દુ હોવાના કારણે દેશદ્રોહના ગુનામાં જામીન મળી જાય છે તેવુ એૈયાઝે કહેલુ. નામદાર સુપ્રીમ કોર્ટે

પણ જામીન આપેલા નથી તેવુ પણ ઐયાઝે કહેલુ, ગોપાલ શર્માએ કહેલુ કે ઉપરથી નીચે સુધી તમામ કોર્ટો અમારી છે અમે કહીએ એમ થશે જેથી મેં ગુનાની કબૂલાત કરી દીધી છે તેવુ ઐયાઝે કહેલુ. વધુમાં આરોપીના કહેવા પ્રમાણે ઐયાઝ સ્વભાવે સ્વાર્થી ઝઘડાળુ અને ઈર્ષાવાળો માણસ છે. આમ આ આરોપીએ સાહેદ તરીકે સોગંદ ઉપર જુબાનીમાં ઐયાઝનુ નામ આગળ કરીને પોતાના મનની હકીકત જણાવેલી છે તેવુ ચોકકસપણે કહી શકાય. વધુમાં આરોપીના કહેવા પ્રમાણે જેલ તંત્ર દ્વારા કેદીઓને અરજીઓ લખવા માટે જે કંઈ કાગળો પુરા પાડવામાં આવે છે તે મર્યાદીત પ્રમાણમાં આપવામાં આવે છે અને સહીઓ લેવામાં આવે છે કાગળો આપવાનો દિવસ નકકી હોય છે. આ પ્રમાણેની હકીકતો જણાવી ઐયાઝ સૈયદે ગુનાની કબૂલાત કરી ૧૨ થી ૧૪ પાનાના જે અરજી લખેલી તે અરજીના કાગળો બાબતે શંકા ઉપજાવેલી છે. આરોપીની સમગ્ર જુબાની ધ્યાને લેતા એવુ સ્પષ્ટપણે માલુમ પડે છે કે આરોપી એકલો જ સાચો છે અમદાવાદ પોલીસ, સુરત પોલીસ, એમ.પી. પોલીસ, દિલ્હી પોલીસ અને જેલ ઓથોરીટી તમામ ખોટી છે જુઠી છે અને ખોટા કેસો ઉભા કરેલા છે. આ ઉપરાંત મેટ્રો કોર્ટથી લઈને નામદાર સુપ્રીમ કોર્ટ સુધી આરોપીએ ખોટા આક્ષેપ મુકવામાં કોઈ કચાસ રાખેલી નથી. આરોપીએ પોતાની જુબાનીમાં ઘણા બધા ઉલટ સુલટ જવાબો આપેલા છે સીધા જવાબો આપેલા નથી. ઘણી બધી હકીકતો છુપાવવાનો પ્રયત્ન કરેલો છે, સાચા જવાબો આપવાનું ટાળેલુ છે તે અદાલતના પણ ધ્યાનમાં છે, તેના વકીલશ્રીઓએ ઘણી વખત કોર્ટના વાતાવરણથી વિરૂધ્ધ વર્તન પણ કરેલુ છે જેથી મારા મંતવ્ય પ્રમાણે આરોપીની સમગ્ર જુબાનીનું કોઈ મૂલ્ય નથી કોઈ વિશ્વસનીયતા નથી.

આરોપીએ પોતાની જુબાનીમાં આંક–૯૩૪૦ થી ૯૩૪૬ સુધીના જે કંઈ દસ્તાવેજી પુરાવા રજૂ કર્યા છે તે પુરાવા રજૂ કરવાથી આરોપીનો બચાવ પુરવાર થતો નથી કે આ કેસોના મૂળને કોઈ અસર થતી નથી તેમ હું માનુ છું. આ ઉપરાંત આરોપીએ ઉજ્જૈન કોર્ટમાં સાહેદોની જુબાનીથી લઈને ઉજ્જૈન કોર્ટના ચુકાદાની નકલના તમામ દસ્તાવેજો રજૂ કરેલા છે. પરંતુ તેથી કરીને પણ

આરોપી અમદાવાદ અને સુરતના બનાવોમાં સંડોવાયેલો નથી તે બચાવ પુરવાર થતો નથી. આરોપીએ તા.૮.૭.૨૦૦૯ ના રોજ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં. ૧૧ ને ઉદ્દેશીને યુટી જેલર અમદાવાદ મધ્યસ્થ જેલ દ્વારા પોલીસ મારઝુડ કરી બળજબરીથી નિવેદનો લીધા છે તે બાબતની અરજી મોકલેલી અને તે અરજી અમદાવાદ મધ્ય જેલની કચેરીના જાવક નં.૩૮૫૧/૨૦૦૯ તા.૮.૭.૨૦૦૯ નાં રોજ મોકલેલી હતી જે આંક–૯૩૫૦ થી રજૂ કરેલી છે. આ અરજીની હકીકત ધ્યાને લઈએ તો તા.૩૧.૩.૨૦૦૮ ના રોજ વડોદરા ક્રાઈમ બ્રાન્ચની પોલીસ લઈ ગયેલી અને પછી એમ.પી. પોલીસને સોંપેલો અને ઘણા મહીનાઓ સુધી ગેરકાયેદસર કસ્ટડીમાં રાખી મુકેલાની હકીકત આ અરજીમાં લખેલી નથી. અરજી મુજબ તા.૪.૧૨.૨૦૦૮ ના રોજ અમદાવાદ પોલીસ ભોપાલથી લઈ આવેલી અને ભોપાલ ખાતે ૧૨ દિવસ સુધી ગેરકાયેદસર ગોંધી રાખેલો ઉજ્જૈનમાં ખોટો કેસ બનાવેલો, દિલ્હીના કેસમાં પણ ફસાવી દીધેલો. અમદાવાદ ખાતે ઘણા ઓફીસરોએ પુછપરછ કરેલી અને અમદાવાદ સીરીયલ બ્લાસ્ટનો ગુનો કબૂલી લેવા મારઝુડ કરેલી. તા.૭.૧૨.૨૦૦૯ ના રોજ સુરત ડી.સી.બી. પોલીસે કબજો લીધેલો અને એક માસ સુધી રીમાન્ડ લીધેલા. આ અરજી લગત મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ નાઓએ તા.૧૪.૭.૨૦૦૯ ના રોજ હુકમ કરેલો છે. આ હુકમમાં મેજિસ્ટ્રેટે સ્પષ્ટ લખેલુ છે કે "અરજદાર આરોપીને તપાસ કરનાર અમલદાર દ્વારા અત્રેની અદાલતમાં જયારે પણ રજૂ કરવામાં આવતા ત્યારે તેમના તરફથી બચાવ માટે ધારાશાસ્ત્રી હાજર રહેતા હતા અને ખુલ્લી અદાલતમાં તેમને પોલીસ અધિકારી દ્વારા કોઈ શારીરિક મારઝુડ કરવામાં આવેલી છે કે કેમ ? તે બાબતે પુછતા તેનો ચોકકસપણે ઈન્કાર કરતો હતો અને જયારે અરજદાર/આરોપીને કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવતો ત્યારે તેના પ્રોડકશન રીપોર્ટ ઉપર પણ સદર બાબતે અરજદાર/આરોપીની સહીઓ મેળવવામાં આવેલી છે. આમ આરોપી અથવા તેમના ધારાશાસ્ત્રીશ્રીઓ કોર્ટ સમક્ષ પોલીસ વિરૂધ્ધ કોઈ ફરિયાદ કરતા ન હતા પરંતુ પાછળથી જેલમાંથી આ અરજી મોકલી આપેલ હોય તેના ઉપર કોઈ વિચારણા કરી શકાય તેમ નથી".

વધુમાં મેજીસ્ટ્રેટના હુકમમાં "અરજદાર/આરોપી જયુડીશીયલ કસ્ટડીમાં હોય તથા સલામતીની દ્રષ્ટિએ આરોપીને જેલ બહાર કાઢવાના ન હોવાથી અત્રેની અદાલતનું કોર્ટનુ સીટીંગ સાબરમતી સેન્ટ્રલ જેલમાં પણ રાખવામાં આવતુ હતુ અને જયારે કોર્ટનુ સીટીંગ સાબરમતી સેન્ટ્રલ જેલમાં હતુ તે વખતે પણ આરોપીની રૂબરૂ મુલાકાત અત્રેની અદાલત દ્વારા કરવામાં આવતી હતી અને તેમની જેલ ઓથોરીટી વિરૂધ્ધ પણ કોઈ ફરિયાદ છે કે કેમ ? તે બાબતે પુછતા તેઓ દ્વારા કોર્ટના જેલ સીટીંગ વખતે પણ કોઈ ફરિયાદ રજૂ કરવામાં આવેલી નથી. વીડિયો કોન્ફરન્સ દ્વારા પણ પુરાવા નોંધતા હતા ત્યારે પણ અત્રેની અદાલતને કોઈ ફરિયાદ કરેલી નથી". આ હકીકત ધ્યાને લેતા આરોપીને કોઈ શારીરિક કે માનસિક ત્રાસ આપેલો નથી અને સોગંદ ઉપર તદ્દન ખોટી જુબાની આપેલી હોવાનુ માલુમ પડે છે.

આરોપીના ભાઈ આરોપી નં.૩૫ રફીયુદીન કાપડીયાએ તા.૧૭.૬. ૨૦૦૯ ના રોજ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ ને ઉદેશીને યુટી જેલર અમદાવાદ મધ્યસ્થ જેલ દ્વારા પોલીસ વિરૂધ્ધ ફરિયાદ તથા આપ સમક્ષ આવેલ નિવેદન પાછુ ખેચવા બાબતની અરજી મોકલેલી અને તે અરજી અમદાવાદ મધ્યસ્થ જેલની કચેરીના જાવક નં.૩૨૧૦/૨૦૦૯ તા.૨૦.૬. ૨૦૦૯ ના રોજ મોકલેલી હતી જે આંક–૯૩૫૧ થી રજૂ કરેલી છે. આ અરજી મુજબ આરોપી નં.૩૫ રફીયુદીનને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાં ૧૮ દિવસ ગેરકાયદેસર ગોંધી રાખેલો, શારીરિક અને માનસિક પરિસ્થિતિ સારી ન હતી અને રીમાન્ડ દરમ્યાન કેટલાક કોરા અને લખેલા કાગળ ઉપર સહીઓ લીધેલી તે સહીઓવાળા કાગળો સ્વીકારશો નહીં તેવી વિનંતી કરેલી છે. આ અરજી લગત પણ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ નાઓએ આંક–૯૩૫૦ વાળી અરજી લગત જે હુકમ કરેલો છે તે જ પ્રકારનો હુકમ આ અરજી હેઠળ કરેલો છે અને આ અરજી પણ વિચારણા હેઠળ લઈ શકાય નહીં તેવુ મેજિસ્ટ્રેટશ્રીએ જણાવેલુ છે.

આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયાએ પોતે બચાવના સાહેદ તરીકે જે જુબાની આ અદાલત સમક્ષ આપેલી છે તે જુબાની સોગંદ ઉપર આપી છે,

જુબાની ધ્યાને લેતા તે એકલો જ સાચો છે, તેને જ સાચુ કર્યુ છે અને બાકી બધુ જ ખોટુ છે, દરેક અજન્સીઓ, અદાલતો બધુ જ ખોટુ કરીને આરોપીને સંડોવી રાખેલો છે તે મુજબ તેની સમગ્ર હકીકત છે. તેની સોગંદ ઉપરની જુબાનીમાં આક્ષેપો સિવાય બીજી કોઈ હકીકત નથી. તેણે જણાવેલી હકીકત સબંધે કોઈ સબળ પુરાવો નથી ફકત મોઢાની વાત છે, તેના કહેવા પ્રમાણે શારીરિક અને માનસીક ત્રાસ ઘણો જ આપેલો છે તો તેની ફરિયાદ કરી નથી, તબીબી સારવાર કરાવી નથી, સારવારના કાગળો રજૂ કર્યા નથી. તો પ્રશ્ન એ છે કે તેને ઘણો જ માર મારેલો તો તે બધી શારીરિક તકલીફ શું દવા વિના, સારવાર વિના સારી થઈ ગઈ ? માટે આરોપીની સોગંદ ઉપરની જુબાની સદંતરપણે માની શકાય તેમ નથી.

આરોપી નં.૩૭ કયામુદ્દિન કાપડીયા બાબતે ખાસ સરકારી વકીલશ્રી અમિતભાઇ પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે ફરિયાદપક્ષ દ્વારા કેસ પુરવાર કરવામાં આવેલ છે અને તેની સામે કેસ પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલ છે. જેવા કે સાહેદ નં.૯૫૭, ૧૦૦૪, ૧૦૯૮, ૧૧૦૫, ૧૧૦૬, ૧૧૧૫, ૧૧૧૭, ૧૧૩૧, ૧૧૪૧, ૮૬૪, ૯૨૪, ૯૨૭, ૯૨૯, ૯૩૦, ૯૪૩, ૯૫૦, ૯૫૨, ૯૫૬, ૯૮૧, ૧૦૧૬, ૧૦૬૭, ૧૦૯૭, ૧૧૨૨, ૮૧૬, ૮૨૨, ૮૨૪, ૮૩૪, ૮૪૨, ૮૭૦, ૮૭૨, ૮૭૩, ૮૮૩, ૮૯૩, ૮૯૮, ૯૦૦, ૯૭૪, ૧૦૮૨, ૧૦૮૮, ૫૭૯, ૫૮૮, ૫૮૯, ૩૪૨, ૩૯૨, ૫૯૩, ૫૯૫, ૫૯૭, ૫૯૯, ૬૦૩, ૭૯૭, ૭૯૮, ૭૯૯, ૮૦૧, ૮૦૩, ૮૦૭, ૮૧૧, ૮૭૪, ૮૮૧, ૮૯૧, ૮૯૭, ૯૦૭, ૯૦૮, ૯૨૩, ૯૨૮, ૯૩૯, ૯૪૨, ૯૬૯, ૯૭૦, ૯૯૦, ૧૦૧૦, ૧૦૧૭, ૧૦૧૮, ૧૦૨૨, ૧૦૩૨, ૧૦૩૩, ૧૦૩૪, ૧૦૩૭, ૧૦૪૦, ૧૦૪૩, ૧૦૫૬, ૧૦૬૦, ૧૦૬૨, ૧૦૯૬, ૧૦૯૯, ૧૧૧૩, ૭૮૬, ૭૮૭, ૭૯૦, ૭૯૨, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૧૧૫૫, ૧૧૬૩ આ ઉપરાંત આરોપી નં.૦૨ તથા આરોપી નં.૩૫ના કબૂલાત નિવેદનો છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતાં આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના

બનાવો તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

આરોપી નં.૩૭ના વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપીની ઓફિશીયલ અટક તા.૦૮/૦૪/૨૦૧૨ ના રોજ કરવામાં આવેલી હતી અને તેની ગેરકાયદેસર અટક તા.૩૧/૦૩/૨૦૦૮ થી મધ્યપ્રદેશ પોલીસ, આઇ.બી તથા એસ.ટી.એફ. દ્વારા કરવામાં આવેલી હતી. વકીલશ્રી એમ.એમ. શેખની દલીલ સાથે હું સંમત નથી કારણ કે, આ આરોપીની ગેરકાયદેસર અટક તા.૩૧/૦૩/૨૦૦૮ ના રોજ કરવામાં આવેલી હોય તો તે બતાવવા માટે કોઇ દસ્તાવેજી પુરાવો નથી.તા.૩૧/૦૩/૨૦૦૮ ના રોજ આ આરોપીને મધ્યપ્રદેશ પોલીસે અટક કરેલ નથી. પરંતુ તે ફરાર થઇ ગયેલ હતો. મધ્યપ્રદેશ પોલીસ માર્ચ–૨૦૦૮ મા આરોપીના ઘરે એને શોધવા માટે આવેલી હતી પરંતુ મધ્યપ્રદેશ પોલીસ તેને શોધવા માટે વડોદરા આવેલી છે તેવી જાણ થતા તે ફરાર થઇ ગયેલો હતો અને તે મુજબનો પુરાવો સાહેદ નં.૧૧૪૧ ઐયાઝ સૈયદ તથા સાહેદ નં.૧૧૧૫ મહમદ ઉંમર ઉસ્માનનાઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે. એટલુ જ નહિ આરોપી નં.૩૫નું કબૂલાત નિવેદન ધ્યાને લેતા તેણે પણ કબૂલાત નિવેદનમાં આ આરોપી નં.૩૭ ફરાર થઇ ગયેલાનું જણાવેલ છે.

વધુમાં વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે આંક–૧૧૨ના તહોમતનામાં મુજબના ઘણા બધા આક્ષેપો મુકવામાં આવેલા છે તે પૈકી જેવા કે, આરોપીએ દાણીલીમડા સોસાયટી તથા વટવા ખાતે ઉમરાવનગરમાં મકાન ભાડે રાખીને બોમ્બ બનાવેલાં, ગેસના બોટલ તથા સાઇકલો ખરીદેલી, આરોપી નં.૨૮નાઓ મારફતે મારૂતિ–૮૦૦ ગાડીમાં ગેસના બોટલો મુકવામાં આવેલા અને તે ગાડી સિવીલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટર પાસે મુકીને બ્લાસ્ટ કરેલાં, એલ.જી. હોસ્પિટલમાં પણ ગાડીમાં ગેસના બોટલો મુકી બ્લાસ્ટ કરાયેલા, આ ઉપરાંત અમદાવાદમાં સ્વિમીંગપુલમાં પ્રવેશ મેળવવા માટે ફોર્મ ભરી ખોટા નામો અને ઓળખ આપેલી, જુદી–જુદી કંપનીઓના મોબાઇલ કનેકશનો મેળવવા માટે ખોટા પુરાવા રજૂ કરી સીમ કાર્ડ મેળવેલા,

વાપી મુકામે ઇન્ટર કોન્ટીનેન્ટલ હોટલમાં ખોટા રૂમ બુક કરાવી હોટલ રજીસ્ટરમાં ખોટા નામે એન્ટ્રી કરેલી અને તે જ પ્રમાણે પુના ખાતે કમલેશ્વર હોટલમાં રોકાવા ખોટા નામે રૂમ બુક કરાવેલા વિગેરે પ્રકારના આક્ષેપો કરવામાં આવેલા છે. આ ઉપરાંત આ આરોપીએ અન્ય આરોપીઓ સાથે સુરત અને અમદાવાદમાં મકાનો ભાડે રાખી બોમ્બ તૈયાર કરેલ, "સીમી"ની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ શરૂ રાખેલ અને સીમીની પ્રવૃત્તિને ટેકો આપેલો વગેરે આક્ષેપો પણ છે.

વધુમાં વકીલશ્રી એમ.એમ.શેખ દાણીલીમડા અલમહમદી સોસાયટીવાળા મકાન નં.૧૦ બાબતે દલીલ કરતા જણાવે છે કે, આ મકાનનું સૌપ્રથમ પંચનામુ તા.૧૯/૦૯/૨૦૦૮ ના રોજ તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડાનાઓએ પંચોની હાજરીમાં આંક–૬૬૫૬ વાળુ બનાવેલુ હતું. આ મકાનના માલિક સાહેદ નં.૯૪૩ કુખરાજબાનુને ફરિયાદપક્ષે તપાસેલ છે. પરંતુ આ સાહેદ મકાનના માલિક છે તે સાબિત કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલાં છે. તેઓની જુબાની તરફ તરફ ધ્યાન દોરીને વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે, આ સાહેદે મકાન પોતાનુ છે તે બતાવવા સૌપ્રથમ પોલીસ તેમની પાસે આવી ત્યારે કોઇ દસ્તાવેજી પુરાવો આપેલો ન હતો પરંતુ પાછળથી બે મહિના બાદ મકાનનો દસ્તાવેજ ઉભો કરીને પોલીસમાં રજૂ કરેલો છે.વકીલશ્રી એમ.એમ.શેખની દલીલ સાથે હું સંમત નથી કારણ કે, કુખરાજબાનુએ જાતે સોગંદ ઉપર અદાલત સમક્ષ કહેતા હોય કે, આ મકાન મારી માલિકીનું છે તો તે સાચુ માનવુ પડે. મકાનની માલિકી પુરવાર કરવા માટે દસ્તાવેજોની જરૂર પડે પરંતુ આ ફોજદારી કેસ છે અને સાહેદ કહેતા હોય કે આ મકાન મારી માલિકીનું છે તો અદાલતે તેના ઉપર આધાર રાખવો પડે. સૌ પ્રથમ પોલીસ આ સાહેદ પાસે આવી ત્યારે તેની પાસે મકાનને લગતા દસ્તાવેજો ન હતા પરંતુ પોલીસ જવાબ લઇ ગઇ ત્યારબાદ સોસાયટીના ચેરમેન, સેક્રેટરી પાસેથી આ સાહેદે દસ્તાવેજો મેળવેલા છે અને પોલીસમાં રજૂ કરેલા. અમદાવાદ શહેરમાં ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં એવા કેટલાય મકાનો છે કે તે મકાનના માલિકો પાસે માલિકીના દસ્તાવેજો હોતા નથી. આ દસ્તાવેજો પહેલાથી ખોટા

ઉભા કરેલા હોવાની હકીકત સાથે હું સંમત નથી. એટલુ જ નહિ મકાનના દસ્તાવેજો ખોટા ઉભા કરેલા છે કે, સાચા છે તે મહત્ત્વની બાબત નથી અને તેથી અમદાવાદ શહેરમાં થયેલા બોમ્બ બ્લાસ્ટના મૂળને તેનાથી કોઇ અસર થતી નથી તેમ હું માનું છું. આ મકાન કુખરાજબાનુનું હતુ તે સાબિત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા સાહેદ નં.૯૨૮ ઇબ્રાહિમભાઇને પણ તપાસેલા છે. તેઓની જુબાની તથા સાહેદ નં.૯૫૨ મહમદ સૈયદની જુબાની ધ્યાને લેતાં આ બંને સાહેદોએ સાહેદ કુખરાજબાનુનુ મકાન આ આરોપીને ભાડે અપાવેલુ હતુ. મકાન માલિક કુખરાજબાનુએ આ આરોપીને અદાલતમાં જુબાની દરમ્યાન ઓળખી બતાવેલા નથી અને નહી ઓળખવાનું કારણ એવું આપેલું છે કે, બનાવને ઘણો સમય થઇ ગયેલો છે માટે ઓળખી શકતા નથી. સાહેદે આપેલ કારણ વાજબી અને સાચુ છે તેમ હું માનું છું કે દસ વર્ષ બાદ આરોપીને જોયેલ છે જેથી દસ વર્ષના સમય દરમ્યાન આરોપીના શરીર અને દેખાવમાં કુદરતી રીતે ફેરફાર થઇ ગયેલા હોય તેથી કરીને આરોપીને ઓળખી શકે નહિ. આ કુખરાજબાનુની રૂબરૂમાં આરોપીની ઓળખ પરેડ નહિ કરાવવાથી ફરિયાદપક્ષના કેસને કોઇ અસર થતી નથી તેમ હું માનું છું. વધુમાં વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડાની જુબાની મુજબ સાહેદ નં.૯૨૮ ઇબ્રાહિમભાઇ અને સાહેદ નં.૯૫૨ મહમદસૈયદનાઓના નિવેદનો લીધા ત્યારે બંને સાહેદોએ તેઓના નિવેદનોમાં અલમહમદી સોસાયટીવાળુ મકાન નં.૧૦ ભાડે રાખનાર કયામુદ્દિન કાપડીયા હતા તેવું નામ જણાવેલ નથી પરંતુ મારા મત પ્રમાણે નામ જણાવેલ ન હોય તેથી કરીને આરોપી બદલાઇ જતા નથી. આ સાહેદોના નિવેદનમાં કયામુદ્દિન કાપડીયાના નામનો ઉલ્લેખ નથી તેથી કરીને એવુ કહિ શકાય નહિ કે આ આરોપીએ અલમહમદી સોસાયટીવાળુ મકાન નં.૧૦ વાળુ મકાન ભાડે રાખેલું ન હતું. આ સિવાય પણ રેકર્ડ ઉપર બીજા સમર્થનકારી પુરાવા છે કે આરોપી નં.૩૭નાએ આ મકાન ભાડે રાખેલું હતું. વધુમાં વકીલશ્રી એમ.એમ. શેખ સાહેદ નં.૮૩૪ મહેન્દ્રભાઇ રાવળની જુબાની તરફ ધ્યાન દોરીને દલીલ કરે છે કે, તપાસ કરનાર અધિકારીએ આ સાહેદને પંચ તરીકે રાખેલ અને આંક–

૫૬૨૮ વાળુ પંચનામું બનાવેલું. આ સાહેદ ગોમતીપુર ગામનો છે અને ક્રાઇમ બ્રાન્ચની કચેરી તેમના ગામથી પાંચ કિ.મી. દુર છે. આ સાહેદ સિલેકટેડ પંચ છે પરંતુ તેઓની દલીલ સાથે હું સંમત નથી કારણ કે, આ સાહેદનું ગામ ક્રાઇમ બ્રાન્ચની ઑફિસથી ૫-૬ કિ.મી. દુર હોવાના કારણે આ સાહેદ પંચમાં રહિ શકે નહિ તેવો કાયદાનો કોઇ અફર નિયમ નથી. આ સાહેદની હાજરીમાં આ આરોપી કયામુદ્દિન કાપડીયાએ જે જગ્યાએ બોમ્બ સાથેની સાઇકલ મુકેલી તે જગ્યા તથા અલમહમદી સોસાયટીવાળુ મકાન વિગેરે બતાવેલા હતાં. આ પંચ સાહેદને ખોટુ બોલવાનો કોઇ પ્રશ્ન નથી. વધુમાં વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે, તા.૧૯/૦૯/૨૦૦૮ ના રોજ પંચોની હાજરીમાં તપાસ કરનાર અધિકારીએ દાણીલીમડા સોસાયટીના મકાનવાળું પંચનામું આંક-૬૬૫૬ વાળુ બનાવેલું હતું. તે વખતે એફ.એસ.એલ.ના અધિકારીઓ તથા ફોટોગ્રાફર અને ફિંગર પ્રિન્ટવાળા પણ હાજર હતાં. આ મકાનના વીજળીના મીટરનો ગ્રાહક નંબર ૨૪૩૭૧૨૭ છે જયારે મકાનમાંથી લાઇટ બિલ કબજે કરેલ તેનો ગ્રાહક નંબર ૨૦૧૩૪૦૬ છે જે લાઇટ બિલ આંક-૬૬૩૦ થી રજૂ કરેલું છે. મારા મત પ્રમાણે આ ગ્રાહક નંબર જુદો-જુદો હોય તેથી કરીને એવું કહી શકાય નહિ કે, આ મકાનમાં આરોપીઓ રહેલા ન હતાં કે બોમ્બ બનાવેલા ન હતા. અમદાવાદ શહેરમાં ઘણી બધી જગ્યાઓ ઉપર ઘણા બધા વિસ્તારોમાં વીજળીની ચોરી થાય છે. વીજ ચોરી કરતા કોઇ પકડાય જાય તો ટોરેન્ટ પાવર કંપની વીજળીનું કનેકશન રદ્ધ કરી દેતી હોય છે ત્યારપછી કેસ દાખલ થાય અને ટોરેન્ટ પાવર કંપની જે કાંઇ રકમ આકારે તે જો તે ગ્રાહક ભરી દે તો અને ફરીથી વીજળીના કનેકશનની માંગણી કરે તો ફરીથી ટોરેન્ટ પાવર કંપની તે ગ્રાહકને વીજળીનું કનેકશન પુરૂ પાડે છે માટે ફરીથી જો કનેકશન પુરૂ પાડેલું હોય તો સ્વાભાવિકપણે તેનો ગ્રાહક નંબર જુદો આવે. કબજે કરવામાં આવેલ લાઇટ બિલનો ગ્રાહક નંબર જુદો છે તેનાથી બનાવના મૂળને કોઇ અસર થતી નથી તેમ હું માનું છું.બિલનો ગ્રાહક નંબર જુદો હોવાથી મકાન જુદુ થઇ જતુ નથી.

વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે, આંક–૬૬૫૬ વાળા પંચનામાની કાર્યવાહી દરમ્યાન જે કાંઇ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ છે તે પ્રતિબંધિત કે ગેરકાયદેસર વસ્તુઓ નથી અને બજારમાં સહેલાઇથી મળતી વસ્તુઓ છે. તેઓની દલીલ સાથે હું સંમત છું કે ઘણી બધી એવી વસ્તુઓ કબજે કરવામાં આવેલી છે કે, જે વસ્તુઓ કોઇપણ વ્યકિતના ઘરમાં હોઇ શકે. પરંતુ જે વસ્તુઓ મળી છે તેમાં લાલ–કાળા રંગના વાયરના ગુંચળા, સેલો ટેપનો રોલ, સીડી, લોખંડની કાતર, ગુજરાત સમાચાર વૈભવ નામનુ દૈનિક ગુજરાતી પત્ર, ડયુરા સેલ ૯ વોલ્ટની બેટરી, શકિત બેટરી, લોખંડના છરા વગેરે મળેલ અને એવા જ પ્રકારની વસ્તુઓ જે તે સ્થળ ઉપર બોમ્બ બ્લાસ્ટ થયેલ ત્યાંથી પણ મળી આવેલી છે. જેથી પણ સંજોગો એવા બને છે કે, આ મકાનમાંથી મળી આવેલ વસ્તુઓથી મકાનમાં બોમ્બ બનાવેલા તે તરફ નિર્દેશ કરે છે. વધુમાં વકીલશ્રી એમ.એમ. શેખ દલીલ કરતા જણાવે છે કે, અલમહમદી સોસાયટીવાળા મકાન નં.૧૦ની આજુબાજુ રહેતા લોકોના નિવેદનો લીધેલા નથી જેથી મકાનમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ થતી હોવા બાબતને સમર્થન મળતુ નથી પરંતુ મારા મત પ્રમાણે મકાનમાંથી જે મુદ્દામાલ મળી આવેલ છે તે મુદ્દામાલ ધ્યાને લેતા આ મકાનમાં બોમ્બ બનાવવામાં આવેલ હતાં તે તરફ સીધો નિર્દેશ કરે છે. વટવાવાળા ઉમરાવનગરના મકાન બાબતે વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે, તે મકાનના માલિક સાહેદ નં.૧૧૦૬ ફિરોઝ શેખ છે અને તેમણે આ મકાન તેમના પડોશી સઇદુ રહેમાનની ભલામણથી આ આરોપી તથા બીજા આરોપી અબ્દુલ સુભાનને ભાડે આપેલાની હકીકત છે. આ મકાન ઉપર ત્રીજો એક માણસ "મુફતી" કરીને આવતો હતો તેવો ફરીયાદપક્ષનો આક્ષેપ છે. પરંતુ આ મકાનમાં આરોપી રહેલા હોય તે હકીકત ફરિયાદપક્ષ સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે. આ મકાનના માલિક ફિરોઝ શેખ છે તે બતાવવા ફરિયાદપક્ષ દ્વારા કોઇ દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ નથી. જે માણસોને મકાન ભાડે આપેલું તેની ઓળખ પરેડ મેજિસ્ટ્રેટ રૂબરૂ કરાવેલ નથી. પરંતુ મારા મત પ્રમાણે મેજિસ્ટ્રેટ રૂબરૂ તેની ઓળખ પરેડ નહિ કરાવવાથી આ મકાન સાહેદ

ફિરોઝ શેખે આ આરોપીને તથા સહઆરોપી અબ્દુલસુભાનને ભાડે આપેલ નથી તેવી હકીકત નિકળી આવતી નથી. આ મકાનના માલિક ફિરોજ શેખ સોગંદ ઉપર અદાલતમાં જણાવતા હોય કે મકાન મારી માલિકીનુ છે તો તે માટે દસ્તાવેજી પુરાવાની જરૂર નથી કારણ કે મકાનની માલિકી નક્કી કરવાની નથી. વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા એમ પણ જણાવે છે કે, સાહેદ ફિરોઝ શેખ તથા સાહેદ નં.૧૧૪૧ ઐયાઝ સૈયદના પુરાવામાં વિરોધાભાસ છે. પરંતુ બંનેનો પુરાવો ધ્યાને લેતાં કોઇ મહત્વનો વિરોધાભાસ હોય તેવી કોઇ હકીકત નથી. સાહેદ ફિરોઝ શેખ જણાવે છે કે, આ મકાન સૈયદુ રહેમાન મારફતે બે વ્યકિતઓને ભાડે અપાવેલુ. સાહેદ ઐયાઝ સૈયદના કહેવા પ્રમાણે પણ આ મકાન ફિરોઝ શેખનુ હતુ અને તે કયામુદ્દિન કાપડીયાને તથા અબ્દુલ સુભાનને ભાડે અપાવેલુ. સાહેદ ઐયાઝ સૈયદ જયારે જયારે મકાન ઉપર આ બંને આરોપીઓને મળવા જતો હતો ત્યારે ત્રીજો એક મુફતી કરીને ત્યાં હાજર હતો. કયારેક મકાન ઉપર તાળુ હોવાના કારણે ઐયાઝ સૈયદ પરત આવતો રહેતો હતો. તપાસ કરનાર અધિકારીએ તા.૧૮/૦૮/૦૮ ના રોજ વટવા ખાતેના મકાનનું પંચનામું બનાવેલું હતું અને મકાનમાંથી કાળા, લાલ વાયરના ટુકડા, બોલ્ટ, ઇલેકટ્રીક ટેપના લાલ–કાળા અને વપરાયા વગરના ટુકડા, ૪૦ નંગ છરા વગેરે મળેલ જે કબજે કરેલ હતા. આ હકીકત ધ્યાને લેતા આ વસ્તુઓ અમદાવાદ શહેરમાં જે તે જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ થયેલા એ જગ્યાઓ ઉપરથી પણ મળી આવેલ હતી જેથી બનાવને સમર્થન મળતુ હોવાના સંજોગ બને છે માટે એવું કહિ શકાય કે આ મકાનમાં પણ આરોપીઓએ બોમ્બ બનાવેલા હતા. વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે, આ મુદ્દામાલનું પરીક્ષણ એફ.એસ. એલ.માં કરવામાં આવેલ તેનો અભિપ્રાય આંક–૫૯૩૫ થી રજૂ કરેલ છે અને તે અભિપ્રાય પ્રમાણે પૃથક્કરણ દરમ્યાન આ વસ્તુઓમાંથી કોઇ વિસ્ફોટક ઘટકો મળેલા ન હતાં તેવી દલીલ સાથે હું સંમત છું કે અભિપ્રાય પ્રમાણે છરા, બોલ્ટ અને વાયરના ટુકડામાંથી વિસ્ફોટક ઘટકો મળેલા નથી પરંતુ જયાં સુધી વસ્તુઓને સંબંધ છે, આ તમામ વસ્તુઓ જે તે સ્થળે જે તે બોમ્બ બ્લાસ્ટવાળા

સ્થળોએથી મળી આવેલ છે. તે વસ્તુ જ આ સ્થળ ઉપર બોમ્બ બનાવેલાની હકીકતને સમર્થન કરે છે. સાહેદ નં.૮૭૨ કર્ણવ પટેલની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરે છે કે, આ સાહેદની હાજરીમાં વટવાવાળા મકાનનું પંચનામું કરેલ છે પરંતુ આ પંચ સીલેકટેડ અને ટ્યુટર પંચ છે. પંચનામાની વિગતે અક્ષરસહ જુબાની આપેલ છે. આ સાહેદ પંચનામાની વિગતે અક્ષરસહ જુબાની આપેલ છે તેનો અર્થ એવો નથી કે આ સાહેદ ટ્યુટર પંચ છે. સાહેદની યાદદાસ્ત સારી હોય અને જુબાની આપતા પહેલા યાદદાસ્ત તાજી કરવા માટે પંચનામું વાંચેલું હોય તો પંચનામા પ્રમાણે અક્ષરસહ જુબાની આપી શકે. અક્ષરસહ જુબાની આપી છે તેથી કરીને તેના ઉપર શંકા ઉભી કરી શકાય નહિ.

વધુમાં વકીલશ્રી એમ.એમ.શેખ ગેસના બોટલ તથા સાઇકલની ખરીદી બાબતે આ આરોપીની ભૂમિકા તરફ ધ્યાન દોરી દલીલ કરે છે કે, સાહેદ નં.૯૨૭ મહમદ હનીફ દુધવાલાની કાલુપુર ખાતે "રોયલ ગેસ સ્ટવ" નામની દુકાન આવેલી છે. આ સાહેદે આરોપી કયામુદ્દિન કાપડીયાને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સમક્ષ ઓળખી બતાવેલ છે પરંતુ અદાલતમાં જુબાની દરમ્યાન ઓળખી બતાવેલ નથી. મારા મત પ્રમાણે તેને નહિ ઓળખવાનું જે કારણ આપેલું છે તે યોગ્ય અને વાજબી કારણ છે. આ સાહેદની ઊલટતપાસ તરફ ધ્યાન દોરી વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે, આરોપીએ ગેસના બોટલ તેમની દુકાનેથી ખરીદ કરેલ હોય તે બાબતે દુકાનના કોઇ સ્ટીકર કે નિશાની કરેલા નથી અને આવા બોટલ કાલુપુર બજારમાં બીજી દુકાનોમાં પણ વેચાય છે. આ સાહેદની જુબાની ધ્યાને લેતા વકીલશ્રી એમ.એમ.શેખની દલીલ સાથે હું સંમત છું કે આવા ગેસના બોટલ કાલુપુર બજારમાં વેચાય છે પરંતુ આરોપી કયામુદ્દિન કાપડીયા પકડાયા પછી તેણે આજ દુકાનને કેમ બતાવી? માટે એવું સ્પષ્ટ છે કે આરોપીએ આ દુકાન ઉપરથી ગેસના બોટલ ખરીદેલા હોવાથી તેણે આ જે દુકાન બતાવેલી છે અને દુકાન બતાવ્યા અંગેનું તેનું વર્તન પુરાવાના કાયદાની કલમ–૮ મુજબ ગ્રાહ્ય છે.

વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે, અલમહમદી સોસાયટીના મકાન નં.૧૦ વાળુ મકાન આ આરોપીએ આંક–૬૦૮૩વાળુ પંચનામાની વિગતે બતાવેલું હતું પરંતુ આ જ મકાનનું પંચનામા અગાઉ તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૪ ઉષા રાડાએ બનાવેલું હતું જે આંક–૬૬૫૬ થી રેકર્ડ ઉપર છે માટે આ જગ્યાનું જ્ઞાન તપાસનીશ અધિકારીને હતું. ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લઈએ તો અલમહમદી સોસાયટીના મકાન નં.૧૦માં આ આરોપી તથા બીજા સહઆરોપીઓએ ભેગા મળીને બોમ્બ બનાવેલા હતાં. જેમ જેમ આરોપી પકડાતા ગયા અને આ મકાનની માહિતી આપતા ગયા તેમ તેમ જે તે તપાસ કરનાર અધિકારી આ મકાન ઉપર આરોપીએ આપેલ માહિતી મુજબ ગયેલા અને પંચોની હાજરીમાં પંચનામા બનાવેલા છે. પુરાવાના કાયદાની કલમ–૨૭ પ્રમાણે તે પંચનામું પુરાવામાં ગ્રાહ્ય ન હોય તેમ છતાં મકાન ઉપર દોરી જવાનું જે તે આરોપીનું વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે. વધુમાં વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે, સાહેદ નં.૮૦૩ દિનેશ ચૌધરીને સાથે રાખીને તપાસ કરનાર અધિકારી જુદી–જુદી દુકાનો ઉપર ગયેલા પરંતુ આરોપીએ ખરીદ કરેલ ગેસના સીલીન્ડરો, ઈલેકટ્રીક વસ્તુઓ, મોબાઈલ ફોન અને સીમ કાર્ડ ખરીદેલા હોય તો તે અંગેનો કોઇ દસ્તાવેજી પુરાવો રજુ કરેલો નથી પરંતુ મારા મત પ્રમાણે સામાન્ય રીતે આપણા ભારતદેશમાં આવી કોઇ વસ્તુઓ ગ્રાહક ખરીદે તો મોટાભાગના દુકાનદારો આવી વસ્તુઓના બીલો આપતા હોતા નથી અને ગ્રાહક પણ બીલની માગણી કરતા હોતા નથી. કોઇ વસ્તુ ગેરેંટી કે વોરંટીમા હોય તો દુકાનદાર બીલ આપતા હોય છે અને તે બીલ ગ્રાહક ઘણી વખત સાચવતા હોય છે અને ઘણી વખત વસ્તુ ગેરેંટીમાં હોવા છતા પણ ગ્રાહકને જરૂર પડે ત્યારે બીલ મળી આવતુ હોતુ નથી. માટે આ વસ્તુઓના બીલો તપાસ કરનાર અધિકારીએ કબજે કરેલ ન હોય કારણ કે દુકાનદારોએ આ વસ્તુઓના બીલો બનાવેલા પણ ન હોય અને ગ્રાહકને આપેલ પણ ન હોય. બીલ રજૂ નહિ કરવાના કારણે ફરિયાદપક્ષના મૂળને કોઇ અસર થતી નથી તેમ હું માનું છું.

વકીલશ્રી એમ.એમ.શેખ સાઇકલોની ખરીદી બાબતે દલીલ કરતા જણાવે છે કે, ફરિયાદપક્ષના કેસ મુજબ ૧૮ જેટલી સાઇકલો ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલાં. પરંતુ નવ જેટલી સાઇકલો કબજે કરવામાં આવેલી છે. આ સાઇકલો કોણે ખરીદી, કયાંથી ખરીદી, કઇ તારીખે ખરીદી તે અંગેનો કોઇ પુરાવો રજૂ થયેલો નથી. વકીલશ્રી એમ.એમ.શેખની દલીલ સાથે હું સંમત છું કે આ સાઇકલોની ખરીદી કરી તે અંગેનો કોઇ દસ્તાવેજી પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી પરંતુ સાથે સાથે એ પણ જોવુ પડે કે મુદ્દામાલ કબજે કરવામાં આવેલ. સાઇકલો નવી નથી પરંતુ જૂની છે. એ જૂની સાઇકલો કોઇ દુકાનદાર પાસેથી ખરીદ કરેલ હોય કે અન્ય કોઇ વ્યકિત પાસેથી ખરીદ કરેલી હોય એવુ પણ બને અને જૂની સાઇકલો ખરીદ કર્યા અંગેના બિલો કોઇ આપે પણ નહિ અને કોઇ ગ્રાહક માંગે પણ નહિ પરંતુ સત્ય હકીકત એ છે કે અમદાવાદમાં જે સીરીયલ બોમ્બ બ્લાસ્ટ થયેલા તે પૈકી મોટા ભાગના બોમ્બ બ્લાસ્ટ સાઇકલ પર મુકીને કરવામાં આવેલા છે. વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે, આરોપી નં.૨૭ નાઓએ આંક–૬૦૬૪, આંક–૬૦૬૮ તથા આંક–૫૫૪૫ના પંચનામાથી દસ સાઇકલોની દુકાનો બતાવેલી છે તે પૈકી પાંચ દુકાનદારોને તપાસવામાં આવેલાં છે. આ દુકાનદારોએ આરોપીને સાઇકલ વેચવા અંગેનો કોઇ દસ્તાવેજી પુરાવો રજૂ કરેલો નથી પરંતુ મે અગાઉ ચર્ચા કરી તેમ જૂની સાઇકલો છે અને તેનો કોઇ દસ્તાવેજી પુરાવો ન હોય.

વધુમાં વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે, ફરિયાદપક્ષના કેસ મુજબ આ બનાવમાં ચાર ગાડીઓનો ઉપયોગ થયેલો છે. તે પૈકી ગાડી નં.MH–43–R–3569 જેનો ખોટો નં.GJ–06–CD–3569 કાળા કલરની તથા બીજી ગાડી જેનો નં.MH–06–AF–8294 જેનો ખોટો નં.GJ–06–CD–2908 લાલ કલરની હતી, આ બંને ગાડીઓ અનુક્રમે વાશી અને પનવેલ પોલીસ સ્ટેશન, મુંબઇ ખાતેથી ચોરી કરેલાનો આક્ષેપ છે. અને તે બંને ગાડીઓનો સુરત ખાતે બોમ્બ પ્લાન્ટેશનના ગુનામાં ઉપયોગ થયેલાની હકીકત છે. જયારે ગાડી નં.MH–06–AF–9719 જેનો ખોટો નં.GJ–06–CD–9718

સીલ્વર કલરની જયારે ગાડી નં.MH–05–H–5764 જેનો ખોટો નં.GJ–04–HF–5764 સફેદ કલરની, આ બંને ગાડીઓ પનવેલ તથા નેરૂલ પોલીસ સ્ટેશન મુંબઇ વિસ્તારમાંથી ચોરી લાવીને અમદાવાદ બોમ્બ બ્લાસ્ટમાં ઉપયોગ લીધેલાનો ફરિયાદપક્ષનો આક્ષેપ છે. આ ગાડીઓના માલિકો અનુક્રમે સાહેદ નં.૧૦૪૫ નીતાબેન માધવ,સાહેદ નં.૧૦૪૬ પ્રદિપભાઇ વેલ્હાલ, સાહેદ નં.૯૮૦ વિશ્વનાથ વાઘમારેનાઓને ફરિયાદપક્ષે તપાસેલા છે. જયારે ચોથી ગાડીના માલિક મળી આવેલા નથી. આ તમામ સાહેદોએ આરોપી નં.૨૮, ૬૯ તથા ૭૦નાઓએ આ ગાડી ચોરી કરેલાની હકીકત જણાવેલ નથી. પરંતુ મારા મત પ્રમાણે આ ગાડી તેઓના માલિકોને જોતા ચોરવામાં આવેલ નથી. ગાડીઓ ચોરાઇ ગયેલ તે અંગેની ફરિયાદ જે તે પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ છે પરંતુ ચોરી કરનાર કોણ હતા તે ફરિયાદમાં નથી. મારા મત પ્રમાણે ચોરી કરનારનું ફરિયાદમાં નામ ન હોય તે સ્વાભાવિક છે કારણ કે ગાડીઓ માલિકોની ગેરહાજરી કે જાણ બહાર ચોરી હોય છે. વકીલશ્રી એમ. એમ. શેખ દલીલ કરતા એમ પણ જણાવે છે કે, આ ગાડીઓની ચોરી અંગેના કેસો દાખલ થયેલાં. જેમાં આરોપી નં.૨૮, ૬૯ અને ૭૦નાઓ વિરૂધ્ધ ઇન્સાફી કાર્યવાહી થયેલ પરંતુ જે તે અદાલતે આ ત્રણેય આરોપીઓને નિર્દોષ ઠરાવીને છોડી મુકેલ છે. પરંતુ મારા મત પ્રમાણે ચોરીના કેસોમાં ભાગ્યે જ કોઇ આરોપીને કોઇક અદાલતે સજા કરેલ હોય. ચોરીના કેસોમાં સીધો પુરાવો ન હોવાને કારણે કે વસ્તુ કે વાહન ચોરનાર વ્યકિતને ચોરીને લઇ જતા કયારેય કોઇ વ્યકિતએ જોયેલ ન હોય માટે ચોરનાર વ્યકિત સામે કયારેય ગુનો સાબિત થતો હોતો નથી. પરંતુ ચોરી કરનાર વ્યકિતને પોલીસ તપાસ દરમ્યાન પકડે અને તે વ્યકિત ગુનો કબૂલ કરે કે મે આ વસ્તુ કે વાહન ચોરેલ હતુ, આ જગ્યાએથી ચોરેલ હતુ તો તે અંગેની જો ફરિયાદ દાખલ થયેલ હોય તો પોલીસ તે ફરિયાદના કામે ચોરનાર વ્યકિતની એરેસ્ટ કરે, તેની સામે ચાર્જશીટ દાખલ કરે છે પરંતુ ખરેખર તે વ્યકિત સામે ગુનો પુરવાર થતો નથી. ચોરીના ગુના પુરવાર થતા નથી તેનો અર્થ એવો ન થાય કે આરોપીઓએ ગાડીઓની ચોરી કરેલ નથી.

વધુમાં વકીલશ્રી એમ.એમ. શેખ દલીલ કરતા જણાવે છે કે, આ વાહનો મુંબઈ થી વડોદરા અને અમદાવાદ કેવી રીતે આવ્યા તે દર્શાવતો કોઇ પુરાવો નથી. ટોલ પ્લાઝાના સી.સી.ટી.વી. ફુટેજ રજૂ કરેલ નથી પરંતુ મારા મત પ્રમાણે ટોલ પ્લાઝાના સી.સી.ટી.વી. ફુટેજ હરગીજપણે મળે નહિ. આ ગાડી જુલાઇ–૨૦૦૮માં મુંબઈથી સુરત, વડોદરા અને અમદાવાદ આવેલ છે. જયારે આરોપીઓ ઘણા મોડા પકડાયેલા છે અને સામાન્ય રીતે સી.સી.ટી.વી. ફુટેજ એમ મહિના સુધી રહેતા હોય છે પછી તે આપોઆપ સીસ્ટમમાંથી ડિલીટ થઇ જતા હોય છે. જેથી સ્વાભાવિક છે કે, સી.સી.ટી.વી. ફુટેજનો પુરાવો મળી નહિ.

વધુમાં વકીલશ્રી એમ.એમ. શેખ મોબાઇલ કંપનીના કનેકશન વિશે દલીલ કરતા જણાવે છે કે, ફરિયાદપક્ષના આક્ષેપ પ્રમાણે આઇડીયા, એરટેલ અને વોડાફોન કંપનીના જુદા–જુદા મોબાઇલ નંબરોનો ઉપયોગ આરોપીઓએ કરેલ છે પરંતુ તે અંગેનો કોઇ સીધો પુરાવો કે મોબાઇલ કોલ ડિટેઇલ્સ રજૂ કરવામાં આવેલ નથી. મારા મત પ્રમાણે જુદા–જુદા આરોપીઓએ જુદા–જુદા મોબાઇલ ફોનનો ઉપયોગ જાન્યુઆરી–૨૦૦૮ થી લઇને જુલાઇ–૨૦૦૮ના સમય દરમ્યાન કરેલ છે અને આરોપીઓની અટક કર્યા પછી આ મોબાઇલ નંબરોની જાણ તપાસ કરનાર અધિકારીને થયેલ પરંતુ અગાઉ ચર્ચા કરી તેમ મોબાઇલ કંપનીમાંથી પણ અમુક સમય પછી કોલ ડિટેઇલ્સનો રેકર્ડ આપોઆપ સીસ્ટમમાંથી ડિલીટ થઇ જતો હોય છે માટે તપાસ કરનાર અધિકારી મોબાઇલ કંપની પાસે કોલ ડિટેઇલ્સ માંગે તો પણ મળે નહિ. કોલ ડિટેઇલ્સ રજૂ કરેલ નથી તેનો અર્થ એવો નથી કે આરોપીએ આ મોબાઇલ નંબરોનો ઉપયોગ કરેલો નથી.

વધુમાં વકીલશ્રી એમ.એમ. શેખ તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર, સાહેદ નં.૧૧૫૩ આર.વી. અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડાની જુબાની તરફ ધ્યાન દોરીને દલીલ કરે છે કે, આ તપાસ કરનાર અધિકારીઓએ નોડલ ઓફિસર પાસેથી આંક–૩૨૦૦, આંક–૩૨૧૫ અને આંક–૬૩૪૭ વાળા પંચનામા દ્વારા

મોબાઇલ ફોનના સીમ કાર્ડ મેળવવા જે અરજી તથા દસ્તાવેજો રજૂ કરેલા તે કબજે કરેલ છે પરંતુ આ દસ્તાવેજો આરોપીઓએ બીજાના નામના રજૂ કરીને મોબાઇલના સીમ કાર્ડ મેળવેલા હોય તેવા કોઇ પુરાવા નથી.જે વ્યકિતના નામનો તથા દસ્તાવેજોનો ઉપયોગ કરી આરોપીએ મોબાઇલના સીમ કાર્ડ ખરીદેલ છે તેઓને પણ ફરિયાદપક્ષે તપાસેલ છે અને તેઓની જુબાની ધ્યાને લેતા તેઓના સરનામાં તથા નામો અરજી ફોર્મમાં ખોટા હોવાની હકીકત જણાવેલી છે.

વકીલશ્રી એમ.એમ. શેખ સાહેદ નં.૬૦૩ પીન્ટુ સોલંકીની જુબાની તરફ ધ્યાન દોરીને દલીલ કરે છે કે, આ સાહેદને તપાસ કરનાર અધિકારીએ તા. ૧૦/૧૨/૨૦૦૮ના રોજ લાલ દરવાજા પાસે આવેલ સ્વિમીંગ પુલની ઑફિસમાં પંચ તરીકે બોલાવેલા અને ત્યાંથી પોલીસે આંક–૩૨૩૨ના પંચનામાની વિગતે અસફાક શેખ નામ લખેલ એક અરજી ફોર્મ કબજે કરેલ પરંતુ આ અરજીમાં આરોપી નં.૩૭ના અક્ષરો નથી પરંતુ આ અરજી ફોર્મ બાબતે સાહેદ નં.૧૧૪૧ એૈયાઝ સૈયદની જુબાની ધ્યાને લઇએ તો એૈયાઝ સૈયદ સ્પષ્ટ જણાવે છે કે, આરોપી કયામુદ્દિન કાપડીયાએ સ્વિમીંગ પુલનું ફોર્મ મંગાવેલ અને તે મે લાવી આપેલુ અને ફોર્મ કયામુદ્દિન કાપડીયાએ અસફાક શેખનું નામ લખીને ખોટુ સરનામું લખવામાં આવેલું. ફોર્મમાં સાહેદ નં.૧૧૪૧ એૈયાઝ સૈયદે વિગત ભરેલી અને સહી આરોપી કયામુદ્દિન કાપડીયાએ કરેલી હોવાની હકીકત એૈયાઝ સૈયદ જણાવે છે. ફોર્મ ઉપરનો ફોટો કયામુદ્દિન કાપડીયાનો છે તેવી હકીકત પણ સાહેદ એૈયાઝ સૈયદ જણાવે છે. આ બાબતે વકીલશ્રી એમ. એમ. શેખ દલીલ કરતા જણાવે છે કે, આ ફોટો તપાસ કરનાર અધિકારીએ પહેલેથી ખોટો ઉભો કરેલ છે. ફોર્મમાં અસફાક શેખ લખેલ છે તે નામ આરોપી નં.૩૭નું નથી. આ ફોર્મ ઉપરનો ફોટો જે સ્ટેપલર પીનથી લગાવેલ છે તે ફોટો આરોપી નં.૩૭ કયામુદ્દિન કાપડીયાનો છે તે સ્પષ્ટ છે. વકીલશ્રી એમ. એમ. શેખના કહેવા પ્રમાણે તપાસ કરનાર અધિકારીએ આ ફોર્મ બનાવટી અને ખોટુ ઉભું કરેલું છે. તેની દલીલ સાથે હું સંમત નથી. તપાસ કરનાર અધિકારીએ પંચોની હાજરીમાં આ ફોર્મ સ્નાનાગારની ઑફિસમાંથી કબજે કરેલ છે. આ ફોર્મ ઉપર આરોપીનો ફોટો ખોટો

લગાવવાનું કોઇ કારણ સ્નાનાગારના અધિકારીને નથી કે તપાસ કરનાર અધિકારીને પણ નથી. વધુમાં વકીલશ્રી એમ. એમ. શેખ દલીલ કરતા જણાવે છે કે, આ ફોર્મમાંની વિગત સાથે સાહેદ એૅયાઝ સૈયદે ભરેલી હોય તો તેના હસ્તાક્ષરના નમૂના તપાસ કરનાર અધિકારીએ મેળવેલા નથી. માટે આવુ કોઇ ફોર્મ આરોપી કયામુદ્દિન કાપડીયાએ મંગાવેલું નથી અને સાહેદ એૅયાઝ સૈયદ જુઠી હકીકત જણાવે છે પરંતુ તેઓની દલીલ સાથે હું સંમત નથી.

આઇડીયા કંપની, ભારતી એરટેલ તથા વોડાફોન કંપનીમાંથી સીમ કાર્ડ ખરીદવા આરોપીએ જે ફોર્મ ભરેલા તેના માટે આરોપીના હસ્તાક્ષરના નમૂના એફ.એસ.એલ.માં મોકલવામાં આવેલાં. તે હસ્તાક્ષરના નમૂનાનું પૃથક્કરણ કરનાર અધિકારી સાહેદ નં.૯૯૦ કૌશિકકુમાર વ્યાસ છે અને તેમણે આંક–૬૯૧૩થી અભિપ્રાય આપેલ છે અને અભિપ્રાયના કારણો આંક–૬૯૧૪ થી રજૂ કરેલ છે. તે પ્રમાણે માર્ક– એસ–૧ થી એસ–૩૦ અને એન–૧નું લખાણ તકરારી લખાણ ડી–૦૧, ડી–૩/૧ થી ડી–૩/૩, ડી–૪, ડી–૫/૧ થી ડી–૫/૩, ડી–૬ થી ડી–૧૦ તેણે જ લખેલ હોવાનો અભિપ્રાય આપેલ છે.

વકીલશ્રી એમ.એમ.શેખ વાપી ખાતેની હોટલ ઇન્ટર કોન્ટીનેન્ટલમાં ખોટા નામે રૂમ બુક કરાવેલાના આક્ષેપ બાબતે દલીલ કરતા જણાવે છે કે, સાહેદ નં.૧૧૨૨ ઇસ્માઇલ બગાનાઓ હોટલ ઇન્ટર કોન્ટીનેન્ટલના સુપરવાઇઝર તરીકે નોકરી કરતા હતાં. પોલીસે હોટલનું રજીસ્ટર ચેક કરીને પાના નં.૧૭૪ અને ૧૭૫ માંગેલ જે ફાડીને આ સાહેદ પોલીસને આપેલા હતાં જે આંક–૬૪૯૮ થી રજૂ કરેલ છે. પરંતુ તપાસ કરનાર અધિકારીએ આ સુપરવાઇઝરના કોઇ હસ્તાક્ષરના નમૂના મેળવેલા નથી. પરંતુ તપાસ કરનાર અધિકારીએ આરોપીના હસ્તાક્ષરના નમૂના મેળવેલા છે અને હસ્તાક્ષરના નમૂનાનું પૃથક્કરણ કરનાર એફ.એસ.એલ. અધિકારી સાહેદ નં.૧૧૧૩ની જુબાની ધ્યાને લઇએ તો માર્ક– એસ–૧ થી એસ–૧૨ અને એન થી એન–૧ આપેલ અક્ષરો તકરારી અક્ષરો ડી અને ડી–૧ સાથે મળતા આવતા હોવાની હકીકત છે અને તે મુજબનો અભિપ્રાય આંક–૭૯૮૭ થી આપેલો હતો.

અભિપ્રાય ઉપર આવવાના કારણો આંક–૭૯૮૮ થી રજૂ છે. આ વૈજ્ઞાનિક પુરાવો ધ્યાને લેતાં હોટલ રજીસ્ટરમાં આ આરોપીએ એન્ટ્રી કરેલાની હકીકત છે.

વધુમાં વકીલશ્રી એમ. એમ.શેખ પુના ખાતે આવેલ હોટલ કમલેશ્વરમાં ખોટા નામે એન્ટ્રી કરેલ હોવાના આક્ષેપ સંબંધે દલીલ કરતા જણાવે છે કે, સાહેદ નં.૯૬૯ સુનિલ અગ્રવાલ તેની હોટલમાં સમીર આઇ.કિરાની નામનો માણસ ઉતરેલો તે પોલીસને જણાવેલ હતુ અને પોલીસ તે વ્યકિતને લઇને આ સાહેદ પાસે ગયેલી હતી.

વધુમાં વકીલશ્રી એમ.એમ. શેખ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી ઉપર આરોપી નં.૪૪, ૪૫ અને ૬૩ સાથે સુરતમાં મકાન ભાડે રાખી બોમ્બ બનાવેલા અને સુરત શહેરના જુદા–જુદા વિસ્તારમાં મુકેલા તેવો આક્ષેપ છે. સુરતમાં આવેલ રીવર વ્યુ સોસાયટીમાં આવેલ મકાન બાબતે દલીલ કરતા જણાવે છે કે, તે મકાનના માલિક સાહેદ નં.૧૧૨૩ લીયાકતઅલી શેખ છે અને તેમને આ મકાન ભાડે આપવાનું હોવાથી શરીફભાઇ એક ભાડૂઆતને લઇને તેમની પાસે આવેલા તેનુ નામ યાકુબ છે તેમ જાણવા મળેલ. આ વ્યકિતએ મકાન ભાડે રાખેલ અને મકાનની ચાવી લઇ ગયેલ, ત્યારપછી આવેલ નહિ. મકાન માલિકે તે વ્યકિતને મકાનમાં રહેતો જોયેલ નથી. પરંતુ ફરિયાદપક્ષના અન્ય પુરાવા પણ ધ્યાને લઇએ તો રીવર વ્યુ સોસાયટીવાળા મકાનમાંથી પણ છરા, ચપ્પુ, કાતર, કટર, પ્લાસ્ટિકની થેલી વગેરે મળી આવેલ જે સાહેદ નં.૪૪૬ સંજય પટેલની હાજરીમાં આંક–૨૭૫૭ વાળા પંચનામાની વિગતે કબજે કરેલ છે. જે મુદ્દામાલ મકાનમાંથી મળી આવેલો તેવો જ મુદ્દામાલ સુરત શહેરમાં જે તે જગ્યાઓ ઉપરથી જીવંત બોમ્બ મળી આવેલા તે ડિફ્યુઝ કર્યા પછી તેમાથી નીકળેલ સામગ્રી જેવો જ આ મુદ્દામાલ છે જેથી એવુ કહિ શકાય કે રીવર વ્યુ સોસાયટીવાળા મકાનમાં આ આરોપીઓએ ભેગા મળી બોમ્બ બનાવેલા હતા. સુરત ખાતે આવેલ માસ્ટર હાઉસ નામની બિલ્ડિંગના મકાન બાબતે વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે, આ મકાનના માલિક સાહેદ નં.૯૬૪ અબ્દુલ ફરીદ શેખ છે. આ મકાન પણ આરોપીઓએ ભાડે રાખ્યાનો કોઇ પુરાવો

નથી પરંતુ મારા મત પ્રમાણે સામાન્ય રીતે રૂા.૨૦૦૦ અને રૂા.૩૦૦૦ સુધીના નાના–નાના મકાનો અથવા એકાદ રૂમ કોઈ મકાન માલિક ભાડે આપે અથવા ભાડૂઆત ભાડે લે તો તે અંગેનો કોઈ કરાર સામાન્ય રીતે કરવામાં આવતો હોતો નથી માટે મકાન ભાડે લીધેલાનો કોઈ લેખિત પુરાવો ન હોય પરંતુ મકાન માલિક સ્વયં પોતે જણાવે છે તેમ મકાન આરોપીઓએ ભાડે રાખેલાનું સ્પષ્ટપણે છે.

વધુમાં વકીલશ્રી એમ.એમ.શેખ હાલોલ–પાવાગઢ ખાતેના કેમ્પમાં આરોપી નં.૩૭ ની હાજરી બાબતે દલીલ કરે છે કે, સાહેદ નં.૧૧૦૫ ઈદ્રીશ ફકિર જે ખુંદપીર દરગાહ ઉપર મુજાવર તરીકે કામ કરતા હતા તેવી જે ફરિયાદપક્ષની હકીકત છે તે મુજબ સાહેદ ઈદ્રિશ ફકિરે આરોપી કયામુદ્દિનને ઓળખી બતાવેલ નથી અને તેનું નામ પણ તેણે જણાવેલું નથી. સાહેદ નં.૧૦૬૭ અંબાલાલ બારીયા, સાહેદ નં.૯૭૨ રામકાભાઈ કેસરીયા, સાહેદ નં.૯૮૧ પ્રવિણભાઈ કટારીયાની જુબાની તરફ ધ્યાન દોરી વકીલશ્રી શેખ દલીલ કરતા જણાવે છે કે, આ ત્રણેય સાહેદો આકસ્મિક સાહેદો છે. આ ત્રણેય સાહેદોએ ૨૦૦ મીટર દુરથી ૨૦ થી ૨૫ અજાણ્યા માણસોને ટોળામાં જોયેલા અને એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ સમક્ષ ઓળખ પરેડ દરમ્યાન ઘણા આરોપીઓને ઓળખી બતાવેલાની હકીકત છે અને ઘણા આરોપીઓને જુબાની દરમ્યાન અદાલતમાં ઓળખી બતાવેલાની હકીકત છે પરંતુ તેઓને જે આરોપીઓને ઓળખી બતાવેલા છે એ ખોટા ઓળખી બતાવેલા છે. આરોપી કયામુદ્દિન કાપડીયાને ઓળખી બતાવેલા નથી. પાવાગઢ હેલીકૈલ વાવ નજીક તાલીમ આપેલ જગ્યા આરોપી નં.૦૧નાએ બતાવેલી હતી અને તે સ્થળેથી મળી આવેલ છરા તથા તુટેલા કુગ્ગા ઉપર એમોનિયમ નાઈટ્રેટ જેવો વિસ્ફોટક પદાર્થ મળી આવેલ નથી પરંતુ સમગ્ર પુરાવો ધ્યાને લેતા આરોપી નં.૩૭ હાલોલ–પાવાગઢ ખાતેના કેમ્પમાં હાજર હતો અને બોમ્બ કેવી રીતે બનાવવો તેની તાલીમ આપેલી હતી તે સ્પષ્ટ છે.

વધુમાં વકીલશ્રી એમ.એમ. શેખ "સીમી" સંસ્થા ઉપર મુકેલ પ્રતિબંધ બાબતે દલીલ કરતા જણાવે છે કે, "સીમી" નામની સંસ્થામાં આ આરોપી સભ્ય હોય તેવો કોઇ દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવ્યો નથી પરંતુ

મારા મત પ્રમાણે "સીમી" નામની સંસ્થા ભારત સરકાર દ્વારા પ્રતિબંધિત થયેલી છે જેથી તે અંગેનો કોઇ દસ્તાવેજી પુરાવો મળે નહિ પરંતુ સાહેદ નં .૯૫૭ ઝાકિરહુસેન કુરેશી તેમજ સાહેદ નં.૧૧૪૧ ઐયાઝ સૈયદની જુબાની ધ્યાને લેતાં સીમી નામની સંસ્થા ગુપ્ત રીતે કાર્યરત છે અને આરોપી નં.૩૭ તેનો કાર્યકર છે તેવું સ્પષ્ટ બને છે. વધુમાં વકીલશ્રી એમ.એમ. શેખ દલીલ કરતા જણાવે છે કે, સાહેદ ઝાકિરહુસેન કુરેશી તથા સાહેદ ઐયાઝ સૈયદ સીમી બાબતે વિરોધાભાસી નિવેદનો કરે છે પરંતુ મારા મત પ્રમાણે બંને સાહેદોની જુબાની ધ્યાને લેતા સ્પષ્ટ બને છે કે સીમીની મીંટીંગો જુદી–જુદી જગ્યાઓ ઉપર થયેલ છે. આરોપી નં.૩૭ તેમાં સક્રિય રીતે કાર્યકર છે. એક સીમીની મીટીંગ આરોપી સમસુદ્દિનના નાનાના ત્યાં થયેલ છે તે જણાઇ આવે છે. આ બાબતે વકીલશ્રી એમ.એમ. શેખ દલીલ કરતા જણાવે છે કે, આરોપી સમસુદ્દિનના નાનાના ઘરે સીમીની કોઇ મીટીંગો થયેલ નથી અને તે બાબતે બચાવપક્ષે સાહેદ હાસમ હુસેનભાઇ શેખને તપાસવામાં આવેલ છે અને દલીલ કરે છે કે, આ સાહેદ સમસુદ્દિનના નાના છે. તેનુ ઘર નાનુ છે અને તેના ઘરે મીટીંગો થયેલી નથી. પરંતુ બીજી તરફ સાહેદ ઝાકિરહુસેન કુરેશી અને સાહેદ ઐયાઝ સૈયદનાઓ છે અને તેની જુબાની મુજબ સમસુદ્દિનના નાનાના ઘરે મીટીંગો થયેલી છે તે સિવાય રેકર્ડ ઉપરના અન્ય પુરાવા ધ્યાને લઇએ તો અમદાવાદ શહેરમાં જુદી–જુદી જગ્યાઓ ઉપર વારંવાર સીમીની મીટીંગો થયેલી છે જેમાં આ કેસના આરોપીઓ પૈકી ઘણા આરોપીઓ સક્રિય રીતે હાજર રહેલા છે.

વધુમાં વકીલશ્રી એમ.એમ. શેખ જુદી–જુદી પરચુરણ વસ્તુઓની ખરીદી કર્યા બાબતે દલીલ કરતા જણાવે છે કે, ફરિયાદપક્ષના આક્ષેપો પ્રમાણે સાહેદ નં.૧૦૩૭ શબ્બીરભાઇ રંગવાલાને ત્યાંથી કાતર ખરીદેલી, સાહેદ નં.૧૦૧૭ વિનોદભાઇને ત્યાંથી બેટરી અને બલ્બ ખરીદેલા, સાહેદ નં.૧૦૧૮ મોહનભાઇને ત્યાંથી વાયરો ખરીદેલા, સાહેદ નં.૧૦૩૩ સલીમભાઇ શેખને ત્યાંથી કેન્વાસ ખરીદેલું, સાહેદ નં.૧૦૩૨ ખાલીદ શેખને ત્યાંથી કારનું કવર ખરીદેલું, સાહેદ નં.૧૦૨૨ શૈલેષભાઇને ત્યાંથી પ્લાસ્ટિકની બેગો ખરીદેલાના

આક્ષેપો છે પરંતુ આ સાહેદોએ આ વસ્તુ ખરીદ કર્યા અંગેના કોઇ બિલો પોલીસમાં આપેલા નથી અને આ સાહેદોએ આરોપીને આળખી બતાવેલા નથી પરંતુ મારા મત પ્રમાણે આરોપીને નહિ ઓળખવાના આ સાહેદોએ જે કારણો આપેલા છે તે વાજબી છે. ઘણા લાંબા સમય પછી આ સાહેદો આરોપીઓને ઓળખી બતાવે નહિ. તેની દુકાન ઉપર રોજે રોજ અસંખ્ય ગ્રાહકો આવતા હોય માટે પણ ઓળખી શકે નહિ અને જે નાની–નાની વસ્તુઓ ખરીદેલી છે અને આ સાહેદોએ વેચેલી છે, આ વસ્તુઓનું સામાન્ય રીતે બીલ કોઇ વેપારી આપતા હોતા નથી અને કોઇ ગ્રાહક લેતા હોતા નથી અને આ હકીકત એવી હકીકત નથી કે બનાવના મૂળને અસર કરે.

વધુમાં વકીલશ્રી એમ.એમ. શેખ દલીલ કરતા જણાવે છે કે, આરોપી નં.૦૨નું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન તા.૧૪/૧૧/૨૦૦૮નારોજ મેજિસ્ટ્રેટ સમક્ષ લખાવેલું જે આંક–૮૬૧૯ થી રજૂ કરેલ છે પરંતુ આ નિવેદન કાયદા મુજબ નોંધાયેલું નથી અને તે પણ આરોપી નં.૦૨નાઓએ પરત ખેંચેલ છે. પરત ખેંચ્યા અંગેની અરજી આપેલી છે અને તે નિવેદન પરત ખેંચેલ છે. પરંતુ આ નિવેદન કાયદા મુજબનું નિવેદન છે તે અંગેની વિસ્તુત ચર્ચા આ ચુકાદામાં આરોપીના કબૂલાત નિવેદનો બાબતે જે ચર્ચા કરી છે તેમાં વિગતે જણાવેલ છે.

વકીલશ્રી એમ. એમ. શેખ દલીલ કરતા જણાવે છે કે, આરોપી નં.૩૭ કયામુદ્દિન કાપડીયા વિરૂધ્ધ ફરમાવેલ ચાર્જ બાબતે જે પુરાવા રજૂ થયેલા છે તે મુજબ આરોપી નં.૨૭ મહમદ ઈસ્માઇલ સાથે અલમહમદી સોસાયટીવાળું મકાન નં.૧૦ ભાડે રાખેલાની વિગત, ગેસના બોટલો તથા સાઇકલ ખરીદ કર્યાની વિગતો, આરોપી નં.૨૮ સાથે મારૂતિ ગાડીમાં વિસ્ફોટકો મુકીને અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં તેમજ એલ.જી. હોસ્પિટલમાં બ્લાસ્ટ કરવાની વિગત, અમદાવાદમાં સ્વિમીંગ પુલમાં પ્રવેશની વિગત, જુદી–જુદી કંપનીઓના મોબાઇલ કનેકશનો લેવા માટે ખોટી અરજીઓ અને ખોટા પુરાવા રજૂ કરી સીમ કાર્ડ મેળવવાની વિગત, વાપી મુકામે ઇન્ટર કોન્ટીનેન્ટલ હોટલમાં તથા પુનાની

હોટલ કમલેશ્વરમાં ખોટા નામે રૂમ બુક કરવાની વિગતો તથા અન્ય આક્ષેપો ફરિયાદપક્ષ સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે. આ ઉપરાંત સુરતમાં આરોપી નં.૪૩, ૪૪, ૪૫, ૬૩ અને ૬૪ સાથે મકાન ભાડે રાખી બોમ્બ બનાવવાની હકીકત સાબિત કરવામાં નિષ્ફળ ગયેલા છે. આરોપી નં.૩૭ ની તપાસ કરનાર અધિકારીએ રાજકીય કારણોસર "બલીનો બકરો" બનાવવા માટે પુરાવો ઉભો કરેલો છે. વકીલશ્રી એમ. એમ. શેખની દલીલ સાથે હું સંમત નથી. આ આરોપી વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા જે પુરાવા રજૂ કરેલા છે તેની અગાઉ ઉપર વિસ્તૃત ચર્ચા કરી છે. તમામ પુરાવા ધ્યાને લેતા આરોપી સામે આંક–૧૨૨ વાળા તહોમતનામામાં જણાવ્યા મુજબનો આક્ષેપ ફરિયાદપક્ષ પુરવાર કરે છે અને પુરવાર થાય તે માટે પુરાવો રજૂ કરેલો છે. આ આરોપી કોઇ ઉદ્યોગપતિ નથી કે મોટો વેપારી નથી કે રાજકીય નેતા નથી કે જેથી કરીને તપાસ કરનાર અધિકારી આ આરોપીને "બલીનો બકરો" બનાવે. તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી વિરૂધ્ધ જે પુરાવો એકત્રિત કરેલ છે તે પુરાવા પરથી સ્પષ્ટપણે કહી શકાય કે આ આરોપી આ ગુનામાં સક્રિય રીતે સંડોવાયેલ છે.

વકીલશ્રી એમ.એમ. શેખ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપીએ બચાવના સાહેદ નં.૦૮ તરીકે સોગંદ ઉપર અદાલતમાં જુબાની આપેલ છે. તેની જુબાની સત્ય છે. જુબાનીમાં તેણે સત્ય હકીકત જણાવેલી છે. આ આરોપી જે જુબાની આપેલી છે તેની અગાઉ ઉપર ચર્ચા કરી છે તેથી તેનું પુનરાવર્તન કરવુ જરૂરી નથી પરંતુ મારૂ સ્પષ્ટ મંતવ્ય પ્રમાણે આ આરોપીએ પોતાની જુબાનીમાં ફકત આક્ષેપો જ કરેલા છે અને તે આક્ષેપો સંબંધે કોઇ દસ્તાવેજી પુરાવો રજૂ કરેલો નથી. આ આરોપીની જુબાની ધ્યાને લેતાં મધ્યપ્રદેશની સરકાર અને મધ્યપ્રદેશ પોલીસે ખોટી રીતે આરોપીની અટક કરી તેના ઉપર ખોટો કેસ કરી શારીરિક, માનસિક ત્રાસ ગુજાર્યો તે જ રીતે દિલ્હીની પોલીસ અને દિલ્હીની સરકાર પણ આ આરોપીને ખોટા કેસમાં સંડોવી શારીરિક, માનસિક ત્રાસ આપ્યો. તે જ રીતે ગુજરાત સરકાર અને ગુજરાતની અમદાવાદ અને સુરતની પોલીસે પણ ખોટા કેસોમાં સંડોવી શારીરિક, માનસિક ત્રાસ

આપ્યો. એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓએ ખોટી ઓળખ પરેડ કરાવેલી છે. મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટશ્રીએ સહઆરોપીઓના ખોટા કબૂલાત નિવેદનો નોંધ્યા, તપાસ કરનાર અધિકારીઓએ ખોટી તપાસો કરી વડોદરા ક્રાઇમ બ્રાન્ચ મધ્યપ્રદેશ પોલીસને ખોટી રીતે સોંપી દીધા. સાબરમતિ સેન્ટ્રલ જેલના અધિકારીઓએ આ આરોપી સાથે પૂર્વગ્રહ રાખી ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ સાથે મળીને આરોપી વિરૂધ્ધ ખોટો પુરાવો ભેગો કરેલ. ટૂંકમાં તમામે ખોટુ કરેલું છે. ફકત આજ આરોપીએ સાચુ કામ કરેલ છે, પોતે જ સાચો છે તેવી તેમની હકીકત છે. આ ઉપરાંત આ આરોપીની જુબાની ધ્યાને લેતા સરકાર વિરૂધ્ધ પણ ઘણા આક્ષેપો છે. તથા પોતાના મનની વાતો સહઆરોપી એૈયાઝ સૈયદનાઓ મને આવુ કહેલું, મને તેવું કહેલું તેમ કહિને પોતાના મનની વાત મુકેલ છે. તે મુજબ આ અદાલતે, નામદાર હાઇકોર્ટે, નામદાર સુપ્રિમ કોર્ટે જાણી બુજીને જામીન આપેલ નથી તેવો તેનો અર્થ નિકળે છે. હિન્દુ લોકોને જામીન મળે છે. આપણે મુસ્લિમ હોવા થઈ જામીન મળતા નથી તેવા સદંતર પાયાવિહોણા ખોટા આક્ષેપો કરેલા છે. આ આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ના નિવેદનમાં પણ તેમની જુબાનીમાં જે હકીકત જણાવેલ છે તે જ હકીકત નિવેદનમાં પણ છે. ટૂંકમાં આક્ષેપો સિવાય બીજું કાંઇ નથી. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ બાબતે વકીલશ્રી એમ.એમ. શેખ નીચે મુજબના ચુકાદા પર આધાર રાખેલ છે.

અ.નં.	**ચુકાદો**	**ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ના નિવેદન બાબતે નિર્ણીત મુદ્દાઓ પૈકીનો નિર્ણીત થયેલો એક મુદ્દો**
૧	ઉપાલાબિક્ષમ વિરૂધ્ધ સ્ટેટ ઓફ આંધ્રપ્રદેશ ૨૦૧૯ (૧૩) સુપ્રિમ કોર્ટ કેસીસ, પાના નં.૮૦૨	પેરા–૯ મુજબ ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ના નિવેદનમાં આરોપીએ મરણ જનારની લાશ બતાવ્યાની હકીકત મુજબનું કબૂલાત નિવેદન પોલીસ તપાસ દરમ્યાન આપેલાની હકીકત નિકળેલી. નામદાર કોર્ટે ઠરાવેલ કે, ફરિયાદપક્ષનો

		કેસ શંકાસ્પદ છે. પરંતુ આ ચુકાદાની હકીકત હાથ ઉપરના કેસની હકીકતથી અલગ હકીકત છે. આ કેસમાં ઉપર મુજબની વિગતે ચર્ચા કર્યા પ્રમાણે આરોપી વિરૂધ્ધ પ્રત્યક્ષ , પરોક્ષ અને સાંયોગિક ઘણા પુરાવા છે.
૨	રીના હઝારીકા વિરૂધ્ધ સ્ટેટ ઓફ આસામ ૨૦૧૮ (૪) ક્રાઇમ્સ, સુપ્રિમ કોર્ટ, પાના નં.૨૯૫	પેરા–૧૬ મુજબ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ તે આરોપીનો રદ્ધ ન કરી શકાય તેવો અધિકાર છે તેને નિર્દોષિત બતાવાનો આરોપીનો કાનુની અધિકાર છે જે ભારતીય બંધારણની અનુચ્છેદ–૨૧ હેઠળ આપવામાં આવેલો છે. પેરા–૧૭ મુજબ ગુનાની ઇન્સાફી કાર્યવાહી કરનાર અદાલત કે નામદાર હાઇકોર્ટ દ્વારા આરોપીએ ક્રિ .પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળના નિવેદનમાં આરોપીએ જે હકીકત જણાવેલ તે વિચારણામાં લીધેલી નહિ જે બચાવ લીધેલ તે સુસંગત નથી તેમ કહેવાય નહિ. જો આરોપીએ જણાવેલ હકીકત વિચારણામાં ન લેવાય તો આરોપીને પૂર્વગ્રહ થાય. પરંતુ આ હાથ ઉપરના કેસમાં ઉપર મુજબની વિગતે આરોપીએ આપેલ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ના નિવેદનની સંપૂર્ણ વિગતો આ અદાલતે ધ્યાને લીધેલ

		છે.
૩	મહેશ્વર ટીંગા વિરૂધ્ધ સ્ટેટ ઓફ ઝારખંડ ૨૦૨૦(૪), ક્રાઈમ્સ, સુપ્રિમ કોર્ટ, પાના નં.૧૮૪	પેરા–૯ મુજબ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળ અદાલત દ્વારા પુછવામાં આવેલ પ્રશ્નો આરોપીની સામે ઉપયોગમાં ના લેવાય. તેને વિચારણામાંથી બાકાત રાખવા અદાલતે ન્યાયના સિધ્ધાંત મુજબ આરોપીની સામેના પુરાવાનો ખુલાસો આપવાની આરોપીને તક આપવાની છે આરોપીએ ફકત પોતાનો સંબંધિત બચાવ શંકા વિના મુકવાનો છે. આ કેસમાં આરોપીએ ક્રિ.પ્રો. કોડની કલમ–૩૧૩ના વિશેષ નિવેદનમાં સંબંધિત બચાવ મુકવાનો જે પ્રયત્ન કર્યો છે તે મારા સ્પષ્ટ મંતવ્ય પ્રમાણે ખોટો અને ઉપજાવી કાઢેલ છે. તે સંબંધમાં એક પણ દસ્તાવેજી પુરાવો આરોપીએ રજૂ કરેલો નથી.
૪	રવિન્દ્રકુમાર પાલ વિરૂધ્ધ રીપબ્લીક ઓફ ઇન્ડિયા ૨૦૧૧(૨), સુપ્રિમ કોર્ટ કેસીસ, પાના નં.૪૯૦	પેરા–૨૦ મુજબ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ના નિવેદનમાં આરોપીએ કહેલ કે, તેને ધાક–ધમકીથી અને માર મારીને કબૂલાત નિવેદન લીધેલ તથા તે નિવેદન પરત ખેંચવા આરોપીએ જણાવેલ. નામદાર અદાલતે ઠરાવેલ કે, તેની કબૂલાત મનાઇ નહિ. પરંતુ આ કેસમાં આરોપીએ મેજિસ્ટ્રેટ સમક્ષ કોઇ કબૂલાત કરતુ

		નિવેદન કરેલ હોય અને તે નિવેદન તેણે પરત ખેંચેલ હોય તેવી કોઇ હકીકત નથી માટે આ ચુકાદો આરોપીને મદદરૂપ થતો નથી.

આરોપી નં.૩૮ મહંમદ સેફ ઉર્ફે રાહુલ સાદાબ એહમદ ઉર્ફે મીસ્ટર શેખનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૩૮ મહંમદ સેફ ઉર્ફે રાહુલ સાબાદ એહમદ ઉર્ફે મીસ્ટર શેખનાઓએ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ નાં રોજ જુદી–જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી–જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા–જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમણે કઈ–કઈ ભૂમિકા ભજવેલી છે તે સાબિત કરવા માટે ફરીયાદપક્ષ દ્વારા જે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે.આ આરોપીની સાહેદો રૂબરૂ ઓળખ પરેડ કરાવનાર મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૮૮ તરીકે લક્ષ્મણભાઈ કેશવલાલ પારઘીને તપાસવામાં આવેલા છે અને તેઓની જુબાની ધ્યાને લેતા આ આરોપીની સામે મુકવામાં આવેલ આક્ષેપો મુજબના કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા એકબીજાની મદદગારી કરીને અમદાવાદ શહેરમાં જુદી–જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરેલા છે તેમજ સુરતની જુદી–જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલ હોવાનું ફલીત થાય છે. આ ઉપરાંત,

ફરિયાદપક્ષ દ્વારા આ કામે શેખ મહંમદ રસીદ ફરીદમભાઈને સાહેદ નં.૯૩૩ તરીકે આંક–૬૬૦૨ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ આર.એમ. પાન પાર્લરના નામથી પાનનો ગલ્લો ચલાવે છે. આ પાન પાર્લર સને–૨૦૦૮ ની સાલ કરતાં અગાઉ ચાર પાંચ વર્ષથી ચાલુ હતુ. તેમના પાન પાર્લર બેરલ માર્કેટ, ચંડોળા, ઢાળની અંદર આવેલ છે અને પાન પાર્લરમાં પાન મસાલા, ઠંડા પીણાં, આઈસ્ક્રીમ, પાણીના પાઉચ, વેફરના તૈયાર પેકેટ વિગેરે રાખે છે. તા.૨૦/૯/૨૦૦૮ ના રોજ લેડીઝ પોલીસ તેમની પાસે આવેલી. જુલાઈ મહિનામાં બોમ્બ બ્લાસ્ટ થયેલા હતા તે બાબતે પુછવા આવેલા હતા. આ સાહેદને પુછેલુ કે અમૂક આરોપીઓ અહીં રહેતા હતા અને તે તમારી દુકાન ઉપર વસ્તુઓ લેવા આવતા હતા ? જેથી સાહેબને કહેલુ કે અહીંયા વસ્તી છે માટે ખબર નહીં. જો વારંવાર આવે તો જોઉં તો ઓળખી શકે અને આ સાહેદ અહીંયાના રહેવાસીઓને નામથી પણ જાણે છે અને જોયેથી ઓળખે છે.

સાહેદ વધુમાં જણાવે છે કે, ત્યારબાદ પહેલી તારીખે પોલીસના માણસો તેમની પાસે આવેલા અને એક ચીઠ્ઠી આપેલી અને જણાવેલુ કે, ઓળખ પરેડ માટે પાંચ વાગે કોર્ટમાં હાજર થઈ જજો જેથી આ સાહેદ ઘરેથી ચાર વાગે નીકળી અને ચીઠ્ઠીમાં કોર્ટ નં.૧ કલેકટર ગ્રાઉન્ડ લખેલુ હતુ ત્યાં ગયેલા અને પટ્ટાવાળાને મળેલા. પટ્ટાવાળાને ચીઠ્ઠી બતાવેલ તો અંદર રૂમમાં લઈ જઈને બેસાડેલા. થોડી વાર પછી પટ્ટાવાળા પાછા આવેલા અને મને બીજા રૂમમાં લઈ ગયેલા. બીજા રૂમમાં ગયો ત્યારે ખુરશી ઉપર મેજિસ્ટ્રેટ સાહેબ બેઠા હતા અને બે માણસ બાજુમાં ઉભેલા હતા અને છ માણસ સામેની સાઈડે ઉભેલા હતા. સાહેબે નામ પુછેલુ અને કહેલુ કે આ ઉભેલા માણસોમાંથી છોકરાને તમો ઓળખો છો ? આ સાહેદે તે છ માણસોને જોયા તે પૈકી એક છોકરો લાગેલો કે તે તેમના પાન પાર્લર ઉપર આવતો હતો. જેથી સાહેબને કહેલ કે આ છોકરાને ઓળખુ છુ. સાહેબે કહેલુ કે તમે કેવી રીતે ઓળખો છો તેને હાથ પકડીને બહાર કાઢો. બોમ્બ બ્લાસ્ટ થયા તે પહેલાં તે છોકરો તેમના પાનના ગલ્લા ઉપર આઈસ્ક્રીમ અને પાણીના પાઉચ લેવા માટે છ સાત વખત આવેલો જેથી તેને ઓળખેલો. તેને ઓળખ્યા

પછી સાહેબે તેનું નામ પુછેલુ તો તેણે તેનું નામ મહંમદ શેફ સાદાબ જણાવેલ અને તે દિલ્હીનો રહેવાસી હોવાનું જણાવતો હતો. સાહેબે આ સાહેદનુ આઈ.ડી. પ્રુફ માંગેલુ અને નામ, સરનામું લખેલુ અને જવાનું કહેલ તેથી જતો રહેલો. આ સાહેદને આરોપી બતાવતા ઓળખી શકતા નથી અને જણાવેલ છે કે જે વખતે તેને જોયો ત્યારે તે છોકરા જેવો હતો અને અત્યારે જોયેલા આરોપીઓ શરીરમાં મોટા છે તથા ચહેરા ઉપર દાઢીઓ છે, માટે ઓળખી શકતા નથી.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદની દુકાન ચંડોળા તળાવ તરફથી અંદરના ભાગે વસ્તીમાં આવેલી છે અને દુકાન પોતાની માલીકીની છે. દુકાનના હિસાબ કિતાબ રાખે છે. દુકાન ઉપર ૧૦૦–૧૫૦ માણસો રોજ આવતા જતા હોય છે. દુકાનની આજુબાજુ નબીનગર, આઈશા ડુપ્લેક્ષ તથા અલમહમદી સોસાયટી આવેલી છે. અલમહમદિ સોસાયટીમાં ૧૮ થી ૨૦ બંગલા આવેલા છે. આ બંગલા કોની માલીકીના છે અને તેમા કોણ રહે છે તેની માહિતી નથી. બોમ્બ બ્લાસ્ટમાં કોનો હાથ હતો તેની જાણકારી ન હતી. બોમ્બ બ્લાસ્ટ થયો તે જ દિવસે પોલીસ આવેલી અને પુછપરછ કરેલી. પોલીસને જે જણાવેલુ તે પોલીસે લખેલુ હતુ. પોલીસે તે દિવસે ૪–૫ ફોટા બતાવેલા અને પુછેલુ કે આમાંથી કોઈ તમારી દુકાને આવતો હતો ? તો આ સાહેદે ના પાડેલી. ૪–૫ ફોટા બતાવ્યા તે વખતે આ લોકો નાસતા ભાગતા ફરે છે તેવુ પોલીસે બતાવેલુ નહીં. પોલીસ કુલ–બે વખત આવેલી. બીજી વખત મેજિસ્ટ્રેટ કોર્ટમાં જઈ આવ્યા પછી આવેલી. પોલીસ જે વ્યકિતની પુછપરછ કરવા આવેલી હતી તે વ્યકિત કોણ છે તેની ખબર નથી. પહેલી વખત પોલીસ આવી ત્યારે તે વ્યકિતના દેખાવ વિશે કોઈ માહિતી આપેલી નહીં. બોમ્બ બ્લાસ્ટમાં જે માણસો સંડોવાયેલા છે તે માણસોને અથવા તે પૈકી કોઈ એકને ઓળખુ છું તેવી પોલીસને માહિતી આપેલી ? તેવા પ્રશ્નના જવાબમાં સાહેદે જણાવેલુ છે કે પોલીસને કહેલુ કે હું જોઉ તો ઓળખી શકુ. પહેલી વખત પોલીસ આવી અને ઓળખ પરેડ પછી આવી એ બે વચ્ચે મહીના દોઢ મહિનાનો સમય થયો હશે. મેજિસ્ટ્રેટ કોર્ટમાં જવા માટેનું સમન્સ આપેલાનું જણાવે છે. સમન્સ બજાવ્યા બાબતે પોલીસે સહી

લીધેલી નહીં. પટ્ટાવાળાએ બીજા રૂમમાં બેસાડેલા ત્યાં એકલા આ સાહેદ હતા. બીજી વખત પોલીસ આવી ત્યારે મેજિસ્ટ્રેટ કોર્ટમાં થયેલ કાર્યવાહીની હકીકત લખાવેલી. કોર્ટ રૂમમાં છ વ્યકિતઓ ઉભેલી હતી તથા બીજી બે વ્યકિતઓ સાહેબ પાસે ઉભેલી હતી. જે ફોટા બતાવેલા તેની ઉપર સહી લીધેલી નહીં. જે માણસ દુકાન ઉપર આવેલો તે કઈ-કઈ તારીખે અને કયા સમયે આવેલો અને શું ખરીદેલ તે હકીકત પોલીસને જણાવેલી ? તેના જવાબમાં સાહેદે જણાવેલુ છે કે બોમ્બ બ્લાસ્ટ થયો તેના પહેલા સળંગ ૫-૬ વખત સાડા પાંચ થી છ ની અંદર પાણીના પાઉચ તથા આઈસ્ક્રીમ લેવા આવતો હતો બીજી કોઈ વસ્તુ લેતો ન હતો. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો જવાબ લખાવ્યા પછી પોલીસે વાંચી સંભળાવેલાનું કબૂલ કરે છે. આ સાહેદ જે વસ્તુઓ પોતાની દુકાનમાં વેચે છે તેવી વસ્તુઓ આજુબાજુની બીજી દુકાનમાં પણ વેચાય છે તેમ જણાવે છે.આ સાહેદની દુકાનની આજુબાજુ બીજી ઘણી બધી દુકાનો અને હોટલો આવેલી છે તે કબૂલ કરે છે. દુકાનના આગળના ત્રણ રસ્તા થઈ અલમહમદી સોસાયટી તથા બીજી સોસાયટીમાં જઈ શકાય છે તે કબૂલ કરે છે. પ્રથમ વખત પોલીસે જવાબ લીધો ત્યારપછી પોલીસની અવર-જવર અને તપાસ અલમહમદી સોસાયટીમાં થતી હતી તે કબૂલ કરે છે. તા.૩.૧૧.૨૦૦૮ પહેલા આ સાહેદ ઓળખવા ગયેલા તે વ્યકિતના ફોટા પોલીસે બતાવેલા તો તે હકીકત નકારી છે. તા.૧૯.૯.૨૦૦૮ ની સાંજે પહેલી વખત આ નામવાળી વ્યકિતના ફોટા પોલીસે બતાવેલાની હકીકત નકારી છે. પોલીસના કહેવાથી અને પોલીસના સમજાવેલા હોવાથી ખોટી હકીકત જણાવે છે તો તે હકીકત નકારી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ આર.એમ.પાન પાર્લર નામનો ગલ્લો બેરલ માર્કેટમાં ચલાવે છે. આરોપી નં.૩૮ મહમદ શેફ ઉર્ફે રાહુલ સાબાદ આ સાહેદના પાન પાર્લર ઉપરથી ૫ થી ૬ વખત પાણીના પાઉચ તથા આઈસ્ક્રીમ લઈ ગયેલ હતો અને આ સાહેદે તા.૧.૧૨. ૨૦૦૮નારોજ એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાહેદ નં.૫૮૮ લક્ષમણભાઈ કેશવલાલ પારઘીનાઓ રૂબરૂ આરોપી નં.૩૮ ને આંક-૩૧૪૮ વાળા પંચનામાની વિગતે

ઓળખી બતાવેલો હતો. આ સાહેદે ઓળખ પરેડની કાર્યવાહીમાં તા.૧.૧૨. ૨૦૦૮ ના રોજ ભાગ લીધેલો હતો. જયારે તેઓની જુબાની તા.૨૫.૧૦.૨૦૧૭ ના રોજ થયેલી છે જેથી દસ વર્ષનો સમય થયો હોવાથી આ સાહેદે અદાલત રૂબરૂ આરોપીને ઓળખી શકેલ નથી. તેનુ કારણ સાહેદે પોતાની સરતપાસમાં આપેલુ છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે હરીશ ઉર્ફે ભોલુ મહાદેવભાઈ પુરસાનીને સાહેદ નં.૮૪૨ તરીકે આંક–૫૭૯૩ થી તપાસવામાં આવેલા છે અને આ સાહેદની જુબાનીની હકીકત આરોપી નં.૩૭ બાબતે ફરિયાદપક્ષ દ્વારા જે પુરાવો રજૂ થયેલો છે તેમા વિગતવાર ચર્ચા કરેલી છે જેથી ફરીથી પુનરાવર્તન કરવામાં આવતુ નથી. પરંતુ તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં. ૨૦૩/૨૦૦૮ નાં કામે તા.૩.૧૧.૨૦૦૮ નાં રોજ આ સાહેદ તથા બીજા પંચ હરીશકુમાર રાજપુતને ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે બોલાવેલા. ત્યાં એક આરોપી હાજર હતો જેનુ નામ આરોપી નં.૩૮ મહમદ સેફ ઉર્ફે રાહુલ શર્મા હતુ તે કંઈક કહેવા અને બતાવવા માંગતો હતો માટે બે પંચો, આરોપી તથા પોલીસ સ્ટાફ સાથે તપાસ કરનાર અધિકારી આરોપીના બતાવ્યા પ્રમાણે ગયેલા. આરોપીએ કહેલુ કે તા.૧૨.૭.૨૦૦૮ ના રોજ ન્યુ દિલ્હી થી આશ્રમ એકસપ્રેસમાં પોતે તથા તેના બે મિત્રો છોટા સાજીદ અને બડા સાજીદ અમદાવાદ આવેલા અને કાલુપુર રેલવે સ્ટેશને ઉતરીને રીક્ષામાં બેસી ગીતા મંદિર ચાર રસ્તા ગયેલા અને ત્યાંથી બીજો એક મિત્ર આરોપી નં.૩૭ કયામુદ્દિન કાપડીયા મળેલો. ત્યાંથી ફરી રીક્ષા પકડી ચંડોળા તળાવ બેરલ માર્કેટ પાસે અલમહમદી સોસાયટીના મકાનમાં રોકાયેલા અને તે મકાનમાં બોમ્બ બનાવેલા હતા જેનો ઉપયોગ તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ અમદાવાદમાં અલગ–અલગ જગ્યાઓએ કરેલો તે જગ્યાઓ બતાવવા માંગતો હતો અને તે જગ્યાઓ બતાવેલી. આ ઉપરાંત આરોપી નં.૩૮ નાઓએ કાલુપુર રેલવે સ્ટેશનના પ્રવેશ ગેટની એન્ટ્રી પાસેની જગ્યા જયાં આરોપી નં.૩૭

કયામુદીન કાપડીયા મળેલો તેનુ જે પંચનામુ બનાવેલુ તે આંક–પ૭૯૪ થી રજૂ છે. પંચનામામાં આ ઉપરોકત વિગત જણાવેલી છે.

આંક–પ૭૯૪ વાળુ પંચનામુ બનાવનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ ની આ સંબંધે જુબાની ધ્યાને લઈએ તો તેઓ પોતાની જુબાનીના પેરા નં.૩.૨૮ માં જણાવેલુ છે કે, તા.૩.૧૧.૨૦૦૮ના રોજ રીમાન્ડ ઉપરના આરોપી મહમદ સેફ ઉર્ફે રાહુલ શર્મા પોતાની સ્વખુશીથી બતાવવા માંગતો હતો જેથી પંચોને બોલાવેલા અને પંચોને સાથે રાખી આરોપીને લઈ તેને બતાવ્યા મુજબની ત્રણ જગ્યાઓ ઉપર ગયેલા અને તે અંગેનુ પંચનામું આંક–પ૭૯૪ વાળુ બનાવવામાં આવેલુ જે આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે શૈલેષભાઈ પ્રભુદાસભાઈ ડાભીને સાહેદ નં.૮૭૩ તરીકે આંક–૬૦૮૬ થી તપાસવામાં આવેલા છે અને આ સાહેદની જુબાનીની હકીકત આરોપી નં.૩૭ બાબતે ફરિયાદપક્ષ દ્વારા જે પુરાવો રજૂ થયેલો છે તેમા વિગતવાર ચર્ચા કરેલી છે જેથી ફરીથી પુનરાવર્તન કરવામાં આવતુ નથી. પરંતુ તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના નં.૨૦૩/૨૦૦૮ નાં કામે તા.૫.૧૧.૨૦૦૮ નાં રોજ આ સાહેદ તથા બીજા પંચ બાબુસીંગ ફકીરસીંગ રાજપુતનાઓને ક્રાઈમ બ્રાન્ચ કચેરીએ બોલાવેલા. ત્યાં આરોપી નં.૩૮ મહમદ સેફ ઉર્ફે રાહુલ શર્મા હાજર હતો અને તે કંઈ કહેવા અને બતાવવા માંગતો હોવાથી પંચોએ તેનુ નામ ઠામ પુછેલુ અને ત્યારબાદ તપાસ કરનાર અધિકારી, પંચો, આરોપી પોલીસ સ્ટાફ સાથે આરોપીના બતાવ્યા મુજબના રસ્તે ગયેલા અને આરોપીએ કહેલુ કે દાણીલીમડા મકાનમાં અમે રહેતા હતા ત્યાંથી પોતે, છોટા સાજીદ તથા બડા સાજીદ ત્રણેય થેલીમાં બોમ્બ લઈ અજીત મીલ ચાર રસ્તા ગયેલા. ત્યાં આફ્રીદી નામના માણસે સાઇકલ આપેલી. સાઇકલને સ્ટેયરીંગ ઉપર બોમ્બ લગાવીને જે જગ્યાએ મુકેલો તે જગ્યા તથા જે બસ સ્ટેન્ડે ભેગા થવાના હતા તે જગ્યા બતાવવા માંગતો હતો અને બતાવેલી. આ ઉપરાંત તેને જણાવેલુ કે અજીતમીલ ચાર રસ્તા લઈ જાવ તો જે જગ્યાએ બોમ્બવાળી સાઇકલ મુકેલી તે બતાવુ. ત્યારબાદ આરોપીએ

પોતાને આફ્રીદીએ સાઇકલ આપેલી તે અજીતમીલ ચાર રસ્તા થાંભલા પાસેથી જગ્યા તથા બોમ્બ સાથેની સાઇકલ બાગેફીરદોસ પોલીસ લાઈન વિભાગ–૨ ની સામે મુકેલી તે જગ્યા તથા પોતે તથા છોટા સાજીદ અને બડા સાજીદ ભેગા થવાના હતા તે હાટકેશ્વર સર્કલ પાસેની બસ સ્ટેન્ડવાળી જગ્યા તથા છોટા સાજીદ અને બડા સાજીદે આશાપુરા ટ્રાવેલ્સ શાકમાર્કેટ પાસે બોમ્બ મુકેલો તે જગ્યાઓ બતાવવાનું કહેલુ અને બતાવેલી તે અંગેનુ પંચનામુ આંક–૬૦૮૭ વાળુ બનાવવામાં આવેલુ. આ પંચનામામાં ઉપરોકત તમામ હકીકત જણાવેલી છે.

આંક–૬૦૮૭ વાળુ પંચનામુ બનાવનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ નાઓની આ સંબંધે જુબાની ધ્યાને લઈએ તો તેઓ પોતાની જુબાનીના પેરા–૩.૩૧ મા જણાવેલી છે અને આંક–૬૦૮૭ વાળા પંચનામામાં તપાસ કરનાર અધિકારીએ પોતાની સહી ઓળખી બતાવેલ છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે બળદેવભાઈ કસ્તુરચંદ પ્રજાપતિને સાહેદ નં.૮૫૩ તરીકે આંક–૬૬૫૫ થી તપાસવામાં આવેલા છે અને આ સાહેદની જુબાનીની હકીકત આરોપી નં.૧ બાબતે ફરિયાદપક્ષ દ્વારા જે પુરાવો રજૂ થયેલો છે તેમા વિગતવાર ચર્ચા કરેલી છે જેથી ફરીથી પુનરાવર્તન કરવામાં આવતુ નથી. પરંતુ આ આરોપી પુરતી હકીકત ધ્યાને લઈએ તો આ પંચ સાહેદની હાજરીમાં તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડાનાઓએ આંક–૬૬૫૬ નુ પંચનામુ બનાવી અલમહમદી સોસાયટી મકાન નં.૧૦ માંથી આરોપી નં.૧ જાહીદ કુત્બુદ્દિન શેખનાઓના બતાવ્યા મુજબ તથા એફ.એસ.એલ. અધિકારી સાહેદ નં.૮૪૯ ગૌરીદત્ત દયાનિધિ શર્માની સુચના મુજબ જે મુદ્દામાલ કબજે કરેલો તે મુદ્દામાલો પૈકી એક મુદ્દામાલ તરીકે એક સીડી મળી આવેલી હતી અને તે સીડી પણ તમામ મુદ્દામાલ સાથે આંક–૫૭૬૪ વાળી રવાનગી નોંધ તૈયાર કરીને એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે પૃથક્કરણ માટે મોકલી આપેલ હતી અને તેનુ પૃથક્કરણ કરનાર અધિકારી સાહેદ નં.૯૫૮ અનિલભાઈ ચતુરભાઈ પ્રજાપતિનાને ફરીયાદપક્ષે આંક–૬૭૨૦ની તપાસેલા છે. તેઓની

સરતપાસ ધ્યાને લઈએ તો તેઓ ફિંગર પ્રિન્ટ વિભાગમાં ગાંધીનગર એફ.એસ. એલ. ખાતે સપ્ટેમ્બર–૧૯૯૬ થી ફરજ બજાવે છે તેમની કામગીરીમાં આંગળાની છાપોનું વર્ગીકરણ, પરિક્ષણ અને સરખામણી કરી અભિપ્રાય આપવાનો છે. તા.૧૯.૯. ૨૦૦૮ ના રોજ ખાડીયા પોલીસ સ્ટેશન અમદાવાદ ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૭૧/૨૦૦૮ ના કામે એસ.એમ.જોષી સાહેબે તેમની સાથે જવા સુચના આપેલી જેથી ફીંગર પ્રિન્ટના ફોટોગ્રાફર નિલેશ પટેલ તથા અન્ય અધિકારીઓ અમદાવાદ ખાતે ક્રાઈમ બ્રાન્ચની કચેરીએ ગયેલા. તપાસ કરનાર અધિકારીએ વિનંતી રીપોર્ટ આપેલો ત્યાંથી સરકારી વાહનમાં દાણીલીમડા અલમહમદી સોસાયટી, મકાન નં.૧૦ ઉપર ગયેલા. ત્યાં સંયુકતપણે તપાસ કરેલી અને મકાનમાંથી પ્લાસ્ટિકની બેગો, સીડી, સ્ટીલના વાસણો વિગેરે મળેલ, સ્ટીલનું ડોલચુ મળેલુ જેની ઉપરથી ચાન્સ પ્રિન્ટોના ફોટા પાડેલા અને તેની ફોટોગ્રાફસ વિભાગના રજીસ્ટરમાં નોંધ કરેલી. શકદારો કે તહોમતદારો પકડાયા હોય તો તેમની હથેળીના છાપો બે નકલમાં મોકલી આપવા જણાવવામાં આવેલુ. આ કામે કુલ–૪૭ આરોપીઓની સર્ચ સ્લીપો તા.૩.૩. ૨૦૦૯ ના રોજ મળેલી તેની સરખામણી કરતા આરોપી નં.૩૮ મહંમદ સેફ ઉર્ફે રાહુલ શર્મા ઉર્ફે કેરીએવા સન ઓફ સાદાબ અહેમદ શેખના જમણા હાથના અંગુઠાની છાપ મળી આવેલ હતી. તપાસ કરનાર અધિકારીએ જે વિનંતી પત્ર આપેલો તે આંક–૬૭૨૧ થી રજૂ છે. એનલાર્જ ફોટોગ્રાફ આંક–૬૭૨૨ થી રજૂ છે, ફોટાના નેગેટીવ આંક–૬૭૨૩ થી રજૂ છે. આંગળાની છાપો મોકલવા અંગેનો પત્ર જોષી સાહેબે મોકલેલો તે આંક –૬૭૨૪ થી રજૂ છે. આરોપીઓના આંગળાના છાપોનું લીસ્ટ મળેલુ જે સંયુકત રીતે આંક–૬૭૨૫ થી રજૂ છે. એનલાર્જ ફોટો તથા ફોટાની નેગેટીવ આંક–૬૭૨૬ થી રજૂ છે. હસ્તલેખિત અભિપ્રાય જોષી સાહેબની સહીવાળો આંક–૬૭૨૭ થી રજૂ છે તથા ફોરવર્ડીંગ પત્ર આંક–૬૭૨૮ થી રજૂ છે. સાહેદને મુદ્દામાલ ડોલચુ બતાવવામાં આવેલુ છે તે જોઈને જણાવેલુ છે કે તેનો ફોટો ફોટોગ્રાફર નિલેષ પટેલે પાડેલ હતો. ક્રાઈમ સીન વીઝીટેશન રજીસ્ટરની નકલ આંક–૬૭૨૯ થી રજૂ છે. રજિસ્ટર રજૂ કરવા

અંગેનો હુકમ આંક–૬૭૩૧ થી રજૂ છે. અસલ રજીસ્ટર સાથે કમ્પેર કરી તેની નકલ રજૂ કરેલી જે આંક–૬૭૩૨ થી રજૂ છે. એન્ટ્રી નં.૬૯ ના બંને પાનાની નકલ આંક–૬૭૩૩ થી રજૂ છે. હવે આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ તપાસ કરનાર અધિકારી તથા અન્ય એફ.એસ.એલ. અધિકારીઓ સાથે સ્થળ ઉપર ગયેલા નથી, સ્થળની વિઝીટ કરેલી નથી કે ત્યાંથી કોઈ મુદ્દામાલ કબજે કરવામાં આવેલો નથી તેવી કોઈ હકીકત નીકળી આવતી નથી. આ ઉપરાંત મુદ્દામાલ ડોલચુ કે જેના ઉપર ચાન્સ પ્રિન્ટ હતી તે આરોપી નં.૩૮ની ફીંગર પ્રિન્ટ સાથે મળતી આવતી નથી તેવી પણ કોઈ હકીકત નીકળી આવતી નથી. ઊલટતપાસ દરમ્યાન જનરલ પ્રશ્નો પુછવામાં આવેલા છે. આરોપીઓને ફળદાયી થાય તેવી કોઈ હકીકત નીકળી આવતી નથી.

આંક–૨૮૯૪ વાળુ પંચનામુ અમરાઈવાડી પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૭૩/૨૦૦૮ ના કામે બનાવવાળી જગ્યા અમરાઈવાડી ન્યુ હરીનારાયણ પાર્ક કોમ્પ્લેક્ષ જયોતિ મોબાઈલની દુકાન સામેની જગ્યાનું તપાસ કરનાર અધિકારીએ પંચો રૂબરૂ બનાવેલુ અને તે પંચનામા પંચ સાહેદ નં.૪૮૨ શંકરસિંહ પ્રતાપસિંહ ગોહીલનાઓને આંક–૨૮૯૩ તરીકે ફરિયાદપક્ષે તપાસેલા છે. તેઓની જુબાની તથા આંક–૨૮૯૪ વાળા પંચનામાની વિગતવાર ચર્ચા ફરિયાદપક્ષ દ્વારા બનાવ પુરવાર કરવા માટે જે પુરાવા રજૂ કરવામાં આવેલા છે તે પુરાવાની આગળ ઉપર ચર્ચા કરેલી છે .જેથી આ સાહેદના પુરાવા અને પંચનામાની વિગતોનું મૂલ્યાંકનનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી. ત્યારબાદ આરોપી નં.૩૮ મહમદ સેફ ઉર્ફે રાહુલ સાબાદની અટક કર્યા બાદ તેને આ જગ્યા પંચો રૂબરૂ બતાવેલી તેનુ પંચનામું આંક–૬૦૮૭ થી રજૂ કરેલુ છે.

આંક–૨૮૯૪ વાળા પંચનામાની વિગતે સ્થળ ઉપરથી જે મુદ્દામાલ સાઇકલો કબજે કરવામાં આવેલી તે સાઇકલ સાહેદ નં.૮૮૦ અયુબભાઈ કાસમભાઈ મલેકનાઓએ ઓળખેલી તેઓને આંક–૬૨૯૫ થી તપાસવામાં આવેલા છે અને તેઓના કહેવા પ્રમાણે તેમની દુકાને એક શખ્સ સાઇકલ લઈને આવેલો અને તેમાં લોક નખાવવાનું કહેલુ પરંતુ આ સાહેદ પાસે

લોક ન હોવાથી સાહેદ નં.૧૦૩૮ ઈનાયતભાઈ મોમીન પાસેથી રૂા.૩૫/– કે ૪૦/– મા લોક લાવેલા અને લોક નાખી આપેલુ તે બાબતે રૂા.૪૫/– ગ્રાહક પાસેથી લીધેલા હતા. તે સાઇકલ તા.૨૫.૮.૨૦૦૮ ના રોજ આ સાહેદે આંક–૨૮૯૪ વાળા પંચનામાની કાર્યવાહી દરમ્યાન ઓળખી બતાવેલી હતી. જેની પાસેથી લોક લાવેલા હતા તે સાહેદ નં.૧૦૩૮ ઈનાયત મોહમદઈસ્માઈલ મોમીનને આંક–૭૦૫૧ થી તપાસેલા છે. તેઓની જુબાની ધ્યાને લઈએ તો તા.૨૩.૭.૨૦૦૮ ના રોજ તેઓ દુકાન ઉપર હાજર હતા ત્યારે સાહેદ નં.૮૮૦ અયુબભાઈ તેમની દુકાન ડબલ ચાવીનું લોક ખરીદવા આવેલા અને તે લોક રૂા.૪૦/– માં અયુબભાઈને વેચેલુ હતુ તેમ જણાવે છે.

આ આરોપી નં.૩૮ મહંમદ સેફ ઉર્ફે રાહુલ સાબાદ એહમદ ઉર્ફે મીસ્ટર શેખે ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઈન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો. કોડની કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે તે પ્રશ્નના જવાબમાં તેણે ફરિયાદપક્ષના પુરાવા સબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના બચાવ માટે જે હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦ મા જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

આ ઉપરાંત આ આરોપીએ પોતાના બચાવમાં નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા સને–૨૦૦૮ની સાલમાં બહાર પાડવામાં આવેલ કલેન્ડર રજૂ કરેલુ છે જેને કામચલાઉ આંક–૯૨૩૬ આપવામાં આવેલો છે. આ કેલેન્ડર રજૂ કરવાથી અમદાવાદમાં બનેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોને તેમજ સુરતમાં થયેલ બોમ્બ પ્લાન્ટેશનના મૂળને અસર થતી નથી તેમ હું માનુ છું. આ ઉપરાંત આ આરોપીની સાથે અન્ય બીજા સહઆરોપી (૧) જીશાન અહેમદ, (૨) જીયાઉર રહેમાન, (૩) શાકીબ નીસાર, (૪) મહમદ શકીલનાઓ સાથે કુલ પાંચ આરોપીઓને મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૩/૨૦૦૮ ના કામે તા.૨૮.૧૦.૨૦૦૮નારોજ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧ સમક્ષ રજૂ કર્યા તેનો પ્રોડકશન રીપોર્ટ આંક –૯૨૩૭ થી રજૂ કરેલો છે. આ રીપોર્ટમાં

મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧ દ્વારા હુકમ થયેલો છે કે આરોપીઓને પોલીસ સામે કોઈ ફરિયાદ નથી. આ ઉપરાંત આ જ ગુનાના કામે આ આરોપીઓની પોલીસ કસ્ટડી લેવા માટે તપાસ કરનાર અધિકારીએ અરજી આપેલી હતી અને તે અરજી લગત મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧ નાઓએ આરોપીઓની પોલીસ કસ્ટડી આપેલી તે હુકમની પ્રમાણીત નકલ રજૂ થયેલી છે. આંક–૯૨૩૭ તથા રીમાન્ડ અરજી લગત થયેલ હુકમ બંને ઉપર મેજીસ્ટ્રેટની સહીઓ છે તથા આરોપીઓની પણ સહીઓ લેવામાં આવેલ છે.આ આરોપીએ પોતાના બચાવમાં અન્ય કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજૂ કર્યા નથી.

આરોપી નં.૩૮ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૯૩૩, ૮૪૨, ૮૭૩, ૯૫૩, ૫૮૮, ૩૪૩, ૩૪૪, ૩૪૫, ૪૮૨, ૯૫૮, ૭૮૬, ૭૮૭, ૭૮૮, ૭૯૦, ૭૯૨, ૭૯૫, ૮૦૫, ૧૧૫૪, ૧૧૬૧, ૧૧૬૩ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતા આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલ સુ.શ્રી નિત્યા રામાકૃષ્ણન તથા વકીલશ્રી સોમનાથ વત્સ દલીલ કરતા જણાવે છે કે, પુરાવાના કાયદાની કલમ–૨૭ મુજબના પંચનામા બાબતે જે દલીલો કરવામાં આવેલી છે તે જ દલીલો આ આરોપી માટે પણ છે તે ધ્યાને લેવા વિનંતી કરેલી છે. વધુમાં દલીલ કરતા જણાવે છે કે આ આરોપીની સંડોવણી બાબતે ફરિયાદપક્ષ દ્વારા કોઈ પુરાવો રજૂ થયેલો નથી. આ આરોપીને તા.૨૭.૧૦.૨૦૦૮ ના રોજ અટક કરવામાં આવેલો છે. બાગેફીરદોસ સોસાયટીમાં આવેલા કચરા પેટીમાંથી બોમ્બ મળેલો પરંતુ તે બોમ્બ કોને મુકેલો તેની તપાસ થયેલી નથી અને તે અંગો કોઈ પુરાવો નથી. આ આરોપીએ તે જગ્યા બતાવેલી નથી કે જગ્યા ઉપરથી કોઈ સાઇકલ કબજે કરવામાં આવેલી નથી. પરંતુ સાહેદ નં.૮૭૩ શૈલેષભાઈ ડાભીની જુબાની ધ્યાને

લઈએ તો તા.૫.૧૧.૨૦૦૮ ના રોજ તપાસ કરનાર અધિકારીએ આ સાહેદની હાજરીમાં આરોપીએ બાગેફીરદોસ પોલીસ લાઈન વિભાગ–૨ વાળી જગ્યા બતાવેલી હતી જેનુ પંચનામુ આંક–૬૦૮૭ થી રજૂ કરેલુ છે. જેથી ચોકકસપણે કહી શકાય કે આ જગ્યા આરોપીએ બતાવેલી હતી. વધુમાં દલીલ કરતા જણાવવામાં આવે છે કે આ આરોપીને અલમહમદી સોસાયટીના મકાન નં.૧૦ સાથે સાંકળતો કોઈ પુરાવો રજૂ થયેલો નથી. મકાન માલીક સાહેદ કુખરાજબાનુએ આરોપી નં.૩૮ ને ઓળખ પરેડ દરમ્યાન મેજિસ્ટ્રેટ રૂબરૂ કે અદાલતમાં ઓળખી બતાવેલો નથી. સાહેદ નં.૯૨૮ મહમદ ઈબ્રાહીમ શેખની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરવામાં આવેલ છે કે આ સાહેદ અલમહમદી સોસાયટીમાં પાણી પુરૂ પાડે છે અને તે જણાવતા નથી કે આરોપી નં.૩૮ આ મકાનમાં રોકાયેલો હતો. પરંતુ મારા મત પ્રમાણે આ આરોપી અલમહમદી સોસાયટી મકાન નં.૧૦ માં આરોપી નં.૩૭ ની સાથે રોકાયેલો હતો, તેઓ બોમ્બ બનાવતા હતા તેવા પુરાવા રેકર્ડ ઉપર છે અને આવી કામગીરી કરતા હોય ત્યારે સ્વાભાવિક છે કે તેઓને કોઈ જુવે નહીં કે ઓળખે નહીં તેની કાળજી રાખે . આ ઉપરાંત સાહેદ નં.૯૨૮ અલમહમદી સોસાયટીમાં પાણી પુરૂ પાડતા હતા તેનો અર્થ એવો નથી કે અલમહમદી સોસાયટીના દરેક મકાનોમાં રહેતા વ્યકિતઓને ઓળખતા હોય. એવુ પણ બને કે સાહેદ નં.૯૨૮ અલમહમદી સોસાયટીમાં જાય ત્યારે આરોપીને મકાનની બહાર જોયેલો ન હોય જયારે આરોપી મકાનની બહાર નીકળે ત્યારે સાહેદ નં.૯૨૮ ત્યાં હાજર ન હોય તેવુ પણ બને માટે સાહેદ નં.૯૨૮ નાઓએ આરોપીને જોયેલો ન હોય તેનો અર્થ એવો નથી કે આ આરોપી મકાનમાં રોકાયેલો ન હતો. આ ઉપરાંત આવી ગેરકાયદેસર કામગીરી કે પ્રવૃત્તિ કોઇ વ્યકિત કરતી હોય ત્યારે તેને પણ ડર રહેતો હોય કે મને કોઇ જોઇ જશે તો વાત જાહેર થશે માટે ગેરકાયદેસર પ્રવૃત્તિ કરનાર આવી ઘણી બધી સાવચેતી રાખતા હોય છે અને પોતાને કોઇ જોઇ ના જાય તે માટે પ્રયત્નો પણ કરે. સાહેદ નં.૯૩૩ શેખ મહંમદ રશીદની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરે છે કે આ સાહેદની દુકાનેથી આરોપી પાણીના પાઉચ અને આઇસ્ક્રીમ લઈ જતો હતો તેમ

જણાવે છે પરંતુ આ સાહેદે આરોપીને અદાલતમાં ઓળખી બતાવેલો નથી. આરોપી નં.૩૮ પાસેથી કોઈ રીકવરી કે ડીસ્કવરી થયેલી નથી. પરંતુ મારા મત પ્રમાણે આ આરોપી તપાસ કરનાર અધિકારી તથા પંચને લઈને આ મકાન ઉપર દોરીને લઈ ગયો તે પહેલા આ મકાનનું પંચનામુ થઈ ગયેલુ હતુ અને સૌપ્રથમ આ મકાન ઉપર આરોપી નં.૧ તા.૧૯/૦૯/૨૦૦૮ ના રોજ દોરીને લઈ ગયેલો હતો તથા મકાનમાંથી મુદ્દામાલ આંક–૬૬૫૬ ના પંચનામાની વિગતે પણ કબજે કરેલો હતો માટે તપાસ કરનાર અધિકારી આ આરોપીને લઈને મકાન ઉપર ગયા ત્યારે સ્વાભાવિક છે કે કોઈ રીકવરી કે ડીસ્કવરી ન થાય.

વધુમાં દલીલ કરતા જણાવવામાં આવેલ છે કે આ મકાનમાંથી તપાસ કરનાર અધિકારીએ એક તુટેલી સીડી કબજે કરેલી હતી આ સીડી ઉપર કોઈપણ પ્રકારની ફીંગર પ્રીન્ટ આવે નહીં. સીડી ઉપર ફીંગર પ્રિન્ટ આવી તેનો અર્થ એવો નથી કે આરોપી આ ગુનામાં સંડોવાયેલો છે. સીડી સિવાય મકાનમાં રહેલ અન્ય કોઈ ચીજવસ્તુઓ ઉપર કોઈપણ પ્રકારના ફીંગર પ્રિન્ટ મળેલા નથી માટે તુટેલી સીડી ઉપર આરોપીની ફીંગર પ્રીન્ટ મળી આવેલી તે શંકાસ્પદ છે. આ સિવાય આરોપીની સંડોવણીનો બીજો કોઈ સમર્થનકારી પુરાવો નથી. વધુમાં દલીલ કરવામાં આવે છે કે આરોપીની ફીંગર પ્રીન્ટ આ સીડી ઉપર પોલીસે ખોટી ઉભી કરેલી છે પરંતુ આ દલીલ સાથે હું સંમત નથી. પોલીસને એવો કોઈ અંગત રસ ન હોય કે આ આરોપીની ખોટી ફીંગર પ્રિન્ટ ઉભી કરે. ફીંગર પ્રીન્ટ દરેક વ્યકિતની અલગ–અલગ હોય છે જેથી ખોટી ફીંગર પ્રીન્ટ ઉભો કરવાનો કોઈ પ્રશ્ન નથી. કોઈ પણ બે વ્યકિતઓની ફીંગર પ્રિન્ટ કયારેય મળતી આવતી નથી માટે ફીંગર પ્રીન્ટ ખોટી ઉભી કરવી તે શકય નથી. વધુમાં દલીલ કરવામાં આવે છે કે એફ.એસ.એલ.ના રીપોર્ટમાં સીડી તુટેલી હતી કે નહીં તેનો ઉલ્લેખ કરવામાં આવેલો નથી જયારે પંચનામામાં સીડી તુટેલી હોવાનો ઉલ્લેખ છે જેથી આ વિરોધાભાસ છે. પરંતુ મારા મત પ્રમાણે આ વિરોધાભાસ કહેવાય નહીં. સીડી તુટેલી હતી કે સારી હતી તે અગત્યની વસ્તુ નથી પરંતુ સીડી હતી અને તેની ઉપર આરોપી નં.૩૮ ના ફીંગર પ્રિન્ટના નિશાન મળી આવ્યા છે તે મહત્વની

વસ્તુ છે. એફ.એસ.એલ. અધિકારી સાહેદ નં.૮૪૯ ગૌરીદત્ત શર્માની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરે છે કે તેમને તપાસ કરનાર અધિકારીને આ સીડી કબજે લેવાની સુચના આપેલી હતી આ સાહેદ બીજુ કાંઈ જણાવતા નથી. આંક–૫૯૧૩ વાળા સ્થાનિક રીપોર્ટમાં ફોટોગ્રાફી કર્યાનો ઉલ્લેખ કરવામાં આવેલો નથી. ફોટોગ્રાફર નિલેશ પટેલ હાજર હતા તેમ છતાં તેમને તપાસવામાં આવેલા નથી. સીડી ઉપર કોઈ માર્કીંગ કરેલુ નથી માટે સીડીની ઓળખ થાય નહીં. સાહેદ નં.૯૫૮ અનિલભાઈ પ્રજાપતિની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરે છે કે સીડી ઉપર માર્ક આપવામાં આવેલા નથી તે આ સાહેદે કબૂલ કરેલુ છે. આ સાહેદની જુબાનીના પેરા–૩૧ મુજબ સીડીનો ફોટો લીધા પછી ફોટોગ્રાફ ઉપર માર્ક આપેલાનું જણાવે છે પરંતુ ફોટો જોઈ શકાય તેવા નથી. આંક–૬૭૨૨ વાળો ફોટો સીડીનો છે પરંતુ સીડીના વર્ણનની સરખામણી થતી નથી. આંક–૬૭૨૨ એનલાર્જ કરેલા ફોટોની કોપી છે. સીડી ઉપરની ફીંગર પ્રીન્ટની સરખામણી કર્યા વિના ખોટી ઉભી કરેલી છે. ફોટોગ્રાફસ સ્થળ ઉપરથી લીધાનો કોઈ રેફરન્સ નથી અને આ ફોટોગ્રાફ છ દિવસ મોડા કેમીકલ એનલાઈઝરને મોકલેલા છે, એટલુ જ નહીં કામગીરીની કોઈ વર્કશીટ બનાવેલી નથી, ડ્રોઇંગ બનાવેલુ છે પરંતુ કોર્ટમાં રજુ કરેલુ નથી. પરંતુ મારા મત પ્રમાણે સાહેદ નં.૯૫૮ ની જુબાની ધ્યાને લેતા સીડી ઉપરની ફીંગર પ્રીન્ટની ચકાસણી આ સાહેદે કરેલી છે અને સીડી ઉપરની ફીંગર પ્રીન્ટ આરોપી નં.૩૮ નાઓની લીધેલી આંગળાની છાપ સાથે મળતી આવે છે તેવો અભિપ્રાય સાહેદ નં.૯૫૮ નાઓએ આંક–૬૭૨૭ વાળો આપેલો છે. સાહેદ નં.૯૫૮ નાઓ આ અભિપ્રાય ઉપર કેવી રીતે આવેલા તે હકીકત તેમને પોતાની જુબાનીમાં જણાવેલી છે આ સાહેદે આપેલો અભિપ્રાય વૈજ્ઞાનિક અભિપ્રાય છે અને ફરજના ભાગરૂપે કામગીરી કરીને આપેલો છે જેથી આ અભિપ્રાય નહીં માનવાને કોઈ કારણ નથી.વધુમાં દલીલ કરતા જણાવવામાં આવે છે કે સાહેદ નં.૯૫૮ નાઓએ સીમીલારીટી અને ડીસીમીલારીટી ધ્યાને લીધેલ નથી. સાહેદ નં.૯૫૮ ને મૂળભૂત જરૂરિયાતોની ખબર નથી, ફીંગર પ્રિન્ટ તપાસવા અંગેના પુસ્તકો વાંચેલા નથી તેમજ પ્રસ્થાપિત થયેલી કાર્યવાહીને

અનુસરેલા નથી. પરંતુ આ સાહેદની જુબાનીના પેરા–૧ ધ્યાને લઈએ તો આ સાહેદે ફીંગર પ્રિન્ટ એક્ષપર્ટ તરીકેને ત્રણ વર્ષ સુધી તાલીમ લીધેલી છે અને ભારત સરકારના ગૃહ મંત્રાલય દ્વારા લેવાતી "ઓલ ઈન્ડિયા બોર્ડ ફોર ધ એકઝામીનેશન ઓફ ફીંગર પ્રીન્ટ એક્ષપર્ટ" ની પરીક્ષા ૧૯૯૯ની સાલમાં દિલ્હી ખાતે પાસ કરેલી છે જેથી ચોકકસપણે કહી શકાય કે આ સાહેદ ફીંગર પ્રીન્ટના એક્ષપર્ટ છે. આ સાહેદની ઊલટતપાસમાં વકીલશ્રીઓ દ્વારા જે પ્રશ્ન પુછવામાં આવેલા છે તે પ્રશ્નો બાબતે આ સાહેદે થોડા ઘણા વિરોધાભાસી જવાબો આપેલા છે પરંતુ ફીંગર પ્રિન્ટના વિજ્ઞાન બાબતે વકીલશ્રીઓ કરતા આ સાહેદ પાસે જ્ઞાન વધારે છે તે ચોકકસ છે અને માટે આ સાહેદે આપેલો અભિપ્રાય વૈજ્ઞાનિક અભિપ્રાય હોય નહીં માનવાને કોઈ કારણ નથી. ફીંગર પ્રીન્ટ એક્ષપર્ટના પુરાવા બાબતે વકીલશ્રી સુ.શ્રી નિત્યા રામાક્રિષ્ણન તથા વકીલશ્રી સોમનાથ વત્સ નીચે મુજબના ચુકાદાઓ ઉપર આધાર રાખેલો છે.

અ.નં.	**ચુકાદો**	**ચુકાદામાં નિર્ણીત થયેલા મુદ્દાઓ પૈકા એક્ષપર્ટના એવીડન્સ ઉપર નિર્ણીત થયેલ મુદ્દો**
૧	સુલેમાન ઉસ્માન મેમણ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, એ.આઈ.આર. ૧૯૬૧ ગુજરાત, પાન નં.૧૨૦	પેરા–૧૨ મુજબ એક્ષપર્ટનો અભિપ્રાય પુરાવામાં સુસંગત છે પરંતુ તે અભિપ્રાય તેને કેવી રીતે આપ્યો, કયા આધારે આપ્યો તથા અભિપ્રાય ઉપર આવવાના કારણો અને તેને લગતી સામગ્રી અદાલત સમક્ષ મુકવી પડે ત્યારે જ તે અભિપ્રાય સુસંગત છે. આ કેસમાં સાહેદ નં.૯૫૮ નાઓની જુબાની ધ્યાને લેતા તુટેલી સીડી ઉપર આરોપી નં.૩૮ ની ફીંગર પ્રીન્ટ મળી આવેલી તે અંગે જે અભિપ્રાય અને કારણો

		આપેલા છે તે જુબાનીમાં જણાવેલા છે.
૨	સ્ટેટ ઓફ હિમાચલ પ્રદેશ વિરૂધ્ધ જયલાલ (૧૯૯૯) ૭ સુપ્રિમ કોર્ટ કેસીસ, પાન નં.૨૮૦	પેરા–૧૮ મુજબ નિષ્ણાંત તે હકીકતનો સાહેદ નથી તેનો પુરાવો સલાહ રૂપી પુરાવો છે. નિષ્ણાંત સાહેદની ફરજ છે કે તેને વૈજ્ઞાનિક પધ્ધતિથી અભિપ્રાય આપ્યો છે તે અદાલતને જણાવવુ જોઈએ. નિષ્ણાંતે આપેલા કારણો અને વિગતોની પુરી સામગ્રી રજૂ કરે તેના ઉપર તેની ભરોસાપાત્રતા છે.
૩	હરી ઓમ વિરૂધ્ધ સ્ટેટ ૨૦૨૧ ઓનલાઈન સુપ્રિમ કોર્ટ પાન નં.૨	પેરા–૩૮ મુજબ પંચનામા મુજબ ગુજરનારના મકાનમાંથી કોન્સ્ટેબલ ધર્મેન્દ્રસીંગે ફીંગર પ્રિન્ટ લીધેલી. આ ફીંગર પ્રિન્ટ એક ગ્લાસ ઉપરથી લીધેલી, કઈ પધ્ધતિથી લીધેલી તે જણાવેલુ નહીં. ફીંગર પ્રિન્ટના ફોટોગ્રાફ એફ.એસ.એલ. માં મોકલેલા તે ફોટોગ્રાફ કઈ પધ્ધતિથી લીધેલા અને કઈ પધ્ધતિથી ટેસ્ટ કરેલા તે જણાવેલુ નહીં અને તે માટે સંબંધિત વ્યકિતને સાહેદ તરીકે તપાસેલા નહીં. જયારે આ કેસમાં હકીકત તદ્દન જુદી છે. આ કેસમાં એફ.એસ.એલ.અધિકારીએ સીડી ઉપરથી ફીંગર પ્રીન્ટ લીધેલી છે પોલીસે લીધેલી નથી તથા કઈ પધ્ધતિથી ચકાસી તેની વિગતવાર હકીકત સાહેદ નં.૯૫૮ નાઓએ પોતાની જુબાનીમાં જણાવેલી છે.

વધુમાં દલીલ કરવામાં આવે છે કે ફીંગર પ્રિન્ટ એક્ષપર્ટનો રીપોર્ટ તથા તેની જુબાની વિશ્વાસપાત્ર નથી કારણ કે ફીંગર પ્રિન્ટ એક્ષપર્ટે તટસ્થ રીપોર્ટ આપેલો નથી. પરંત મારા મત પ્રમાણે બચાવપક્ષ તરફથી કઈ રીતે અને કયા આધારે દલીલ કરવામાં આવે છે. આ સાહેદે આપેલો રીપોર્ટ તટસ્થ નથી તે અંગે કોઈ ખુલાસો કરવામાં આવતો નથી. વકીલ સુ.શ્રી નિત્યા રામાક્રિષ્ણન તથા વકીલશ્રી સોમનાથ વત્સ દલીલ કરતા જણાવે છે કે આ આરોપી આ કહેવાતા ગુનાઓમાં સંડોવાયેલો નથી. પરંતુ ઉપર વિગતે જે પુરાવા રજૂ થયા છે તે ધ્યાને લેતા આ આરોપી આ કહેવાતા ગુનામાં સંડોવાયેલો છે તેમ હું માનુ છું.

આરોપી નં.૩૯ જીશાન એહમદ ઉર્ફે જીશાન ઈસાન એહમદ શેખનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૩૯ જીશાન એહમદ ઉર્ફે જીશાન ઈસાન એહમદ શેખનાઓએ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ જુદી-જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી-જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા-જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમણે કઈ-કઈ ભૂમિકા ભજવેલી છે તે સાબિત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે તે મુજબ,

ફરિયાદપક્ષ દ્વારા આ કામે મોહનભાઈ વર્ધરાજ નાયકરને સાહેદ નં.૮૭૧ તરીકે આંક-૬૦૭૮ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૪/૧૧/૨૦૦૮ ના રોજ આ સાહેદ તેમના વેપારના ફેરા માટે નરોડા થી સરદારનગર થી ગાંધીનગર તરફ જઈ રહ્યા હતાં ત્યારે ત્યાં

એફ.એસ.એલ.ની કચેરી પાસે પોલીસવાળા ભાઈએ આ સાહેદને તથા તેમની સાથેના ધર્મેશભાઈને રોકેલાં. પોલીસવાળા ભાઈએ જણાવેલ કે, તમને એફ.એસ.એલ.ની ઑફિસમાં સાહેબ બોલાવે છે. તેથી આ સાહેદે તેમની બાઈક એફ.એસ.એલ. કચેરીના પાર્કીંગમાં પાર્ક કરેલી. આ વખતે તેમની સાથે વેપારનું નાઈટ્રેસનું પોટલું હતું તે લઈને પોલીસવાળા સાથે ઉપર ગયેલાં. તેઓ એફ.એસ.એલ. કચેરીના પહેલા માળ પર લઈ ગયેલાં. ત્યાં એક ચાવડા સાહેબ કરીને સાહેબ હતાં. બીજા ચાર–પાંચ પોલીસમેન, હાથકડી બાંધેલ ત્રણ આરોપીઓ, એક સિવીલ ડ્રેસમાં સાહેબ વિગેરે હતાં અને પોલીસમેને સાહેબ સાથે ઓળખાણ કરાવેલી. ત્યાં એફ.એસ.એલ.ના મન્સુરી સાહેબ સાથે ઓળખાણ કરાવેલી. ત્રણ આરોપી હતાં. ત્રણ આરોપીઓએ કહેલું કે "તારીખ ૨૬ના રોજ જે બોમ્બ બ્લાસ્ટ થયેલાં તેમાં અમે દિલ્હી થી મણીનગર આવેલાં" ચાવડા સાહેબે આરોપીઓના નામ પુછેલાં તે વખતે તેઓ બંને પંચો, પોલીસવાળા કોન્સટેબલ હતાં. તે વખતે ચાવડા સાહેબે કહેલ કે, આરોપીઓ સાઇકલ ઓળખી બતાવવા માંગે છે. તો તમે પંચમાં રહેશો? તો 'હા' પાડેલી. ચાવડા સાહેબે તેમની સામે નામ પુછતાં એક આરોપીનું નામ જીશાન, બીજાનું નામ મહમદ શકીલ અને ત્રીજાનું નામ જીયા ઉર રહેમાન હતું. સાઇકલ ઓળખી બતાવવા માટે આરોપીઓને સાથે લઈ બાજુમાં એક રૂમ હતો તે રૂમ એફ.એસ.એલ.ના સાહેબે ચાવીથી ખોલેલો અને અંદર ગયેલાં અંદર મોટો રૂમ હતો. ત્યાં દસ–પંદર સાઇકલો પડેલી હતી. એમાંથી બે સાથે સાઇકલો જીશાને ઓળખી બતાવેલી. તેમાં એક બ્લુ સાઇકલ હતી. બીજી ચેતક લખેલી સાઇકલ હતી. આ આરોપીએ કહેલું કે, "મણીનગર ખાતે પાનના ગલ્લા પર મુકેલી. બીજી ચેતક લખેલ સાઇકલ હતી તે મણીનગર બસ ડેપો પાસે મુકેલી હતી". બીજી સાઇકલ મહમદ શકીલે ઓળખી બતાવેલી. આરોપીએ કહેલું કે, "આ સાઇકલ મણીનગર ચાની હોટલ પાસે મુકેલી". ત્રીજા આરોપી જીયાએ ચોથી સાઇકલ ઓળખી બતાવેલી અને કહેલું કે, "આ સાઇકલ તેઓએ શિવાની કોમ્પલેક્ષ ખાતે મુકેલી". આ સાઇકલની ઓળખ પછી આરોપીઓએ કહેલું તે લખાવેલું. ઉપર મુજબની કાર્યવાહીનું

પંચનામુ બનાવવામાં આવેલ જે આંક–૬૦૭૯ થી રજૂ છે. આ પંચનામામાં સાહેદ પોતાની તેમજ ધર્મેન્દ્રભાઈની સહીઓ ઓળખી બતાવે છે તેમજ સે.કે.નં. ૩૨૧/૨૦૦૯ ના કામે મુદ્દામાલ આર્ટીકલ લીસ્ટ આંક–૩૪૫૩નો અનુક્રમ નં.૧ વાળી સાઇકલ તથા સે.કે.નં.૩૧૯/૨૦૦૯ ના કામે મુદ્દામાલ આર્ટીકલ લીસ્ટ આંક–૨૦૧૯ નો અનુક્રમ નં.૨ વાળી સાઇકલ તથા સે.કે.નં.૬૧/૨૦૦૯ ના કામે મુદ્દામાલ આર્ટીકલ લીસ્ટ આંક–૩૧૯૭નો અનુક્રમ નં.૩ અને ૪વાળી સાઇકલો પૈકી બ્લ્યુ કલરની સાઇકલ ઓળખી બતાવેલ છે અને આરોપીઓને ઓળખી શકે નહીં તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પંચનામા સમયે આ સાહેદ અમરાઈવાડીમાં રહેતા હતા અને ફેરીનું કામ મોટર સાઇકલ ઉપર કરતા હતા. પોતાના રહેણાંકના સ્થળેથી ૨૦–૨૨ કિ.મી.ના અંતરે એફ.એસ.એલ. કચેરી આવે છે તેમ જણાવે છે. મણીનગર રેલવે સ્ટેશન રહેણાંકથી વિપરીત્ત દિશામાં આવે છે. રહેણાંક થી એફ.એસ.એલ. વિસ્તાર જવા માટે દોઢથી બે કલાક જેટલો સમય લાગે. ઉતાવળ હોવાથી પંચનામામાં સહી કરીને જતા રહેલાની હકીકત નકારે છે. પંચનામાની શરૂઆત કરતા પહેલા જે કાર્યવાહી કરવામાં આવેલી તેની કોઈ નોંધ કરવામાં આવેલી નહીં. જે પોલીસવાળા ભાઈએ રોકેલા તે ડ્રેસમાં હતા. પ્રાથમિક વાતચીતમાં ૫ થી ૧૦ મિનિટનો સમય પસાર થયેલો તે કબૂલ કરે છે. આરોપી તરફથી આ કબૂલાત્મક પ્રશ્ન પુછવામાં આવેલ હોવાથી એવુ કહી શકાય કે આ સાહેદને પોલીસે બોલાવેલા અને પ્રાથમિક પુછપરછ કરેલી હતી જે સ્વીકૃત હકીકત કહી શકાય. પંચનામાના પહેલા પાને મથાળે પંચનામુ શરૂ કર્યાનો સમય કલાક ૧૩.૦૦ લખેલો તે બાબતે હાજર સાહેદે કોઈ વાંધો લીધેલો નહીં. આ પણ કબૂલાત્મક પ્રશ્ન હોય પંચનામાનું મથાળુ લખવામાં આવેલુ હતુ તે પણ સ્વીકૃત હકીકત કહી શકાય. પોલીસ અધિકારી ચાવડા સાહેબે આ સાહેદની રૂબરૂમાં સહી કરેલાની હકીકત કબૂલ કરે છે. જેથી એવુ પણ કહી શકાય કે આ પંચનામુ કરવામાં આવેલુ હતુ અને ચાવડા સાહેબે આ સાહેદની રૂબરૂમાં પંચનામામાં સહી કરેલી હતી તે પણ સ્વીકૃત હકીકત છે.

પંચનામુ વાંચતી વખતે કોઈ હકીકત લખવાની રહી જવા પામેલ હોય તેવુ બનેલ નથી. પંચનામામાં ૧૦–૧૫ સાઇકલો હોવાની હકીકત લખાવેલી નથી. પંચનામામાં સાઇકલોની સંખ્યા બાબતો ઉલ્લેખ નથી તે કબૂલ કરે છે. ચાવીથી દરવાજો ખોલવામાં આવેલો કે કેમ? તેવી હકીકત પંચનામામાં લખેલ નથી તે કબૂલ કરે છે. પંચનામુ પુરૂ કર્યા બાદ બે સહીઓ કરેલી અને પંચનામુ શરૂ કરતા પહેલા કોઈ સહીઓ કરેલી નહીં તેમ જણાવે છે. તપાસ કરનાર અધિકારી કે એફ.એસ.એલ.ના અધિકારી બીજા રૂમમાં પ્રવેશતા પહેલા કોઈપણ જગ્યાએ સહીઓ કરેલ નથી તે કબૂલ કરે છે. તપાસ કરનાર અધિકારી, આરોપીઓ તથા એફ.એસ.એલ. અધિકારીઓ કેટલા સમય પહેલાથી લોબીમાં ઉભા હતા તેની તમોને ખબર નથી તે કબૂલ કરે છે. જયારે રૂમમાં પ્રવેશ્યા તેના પછી આ સાઇકલ ઉપરથી કોઈ વસ્તુ કે કવર કાઢવામાં આવેલ હોય તેવુ બન્યુ નથી. સાઇકલ ઉપરથી કોઈ સીલ કાઢવામાં આવેલ નથી તે કબૂલ કરે છે. જે મુદ્દામાલ સાઇકલ જુબાની વખતે બતાવવામાં આવેલી એ સાઇકલ તે હાલમાં એફ.એસ.એલ.માં જોયેલાનું જણાવે છે. મુદ્દામાલ સાઇકલ બતાવેલી નથી અને તૈયાર પંચનામામાં સહી કરેલાની હકીકત નકારેલી છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ તામિલનાડુના વતની છે તો તે કબૂલ કરે છે. આંક–૬૦૭૯ વાળુ પંચનામુ વાંચવા આપેલુ પરંતુ વાંચી શકેલા નહીં તેમ જણાવે છે. એફ.એસ.એલ. કચેરી એકાંત વિસ્તાર છે તે હકીકત નકારે છે. જે પોલીસવાળા બોલાવવા આવેલા તે કચેરીના પહેલા માળે લઈ ગયેલા. આરોપીઓ શું કામ ધંધો કરતા હતા તેની ખબર નથી. આરોપીઓ પોલીસ કસ્ટડીમાં કેટલા દિવસથી હતા તેની જાણકારી નથી. મન્સુરી સાહેબને પંચનામામાં સહી કરી તે અગાઉ કયારેય જોયેલા નહીં. પંચનામામાં સહી કરી તે દિવસે ૪–૫ પોલીસ કોન્સ્ટેબલો અને એક અધિકારી હાજર હતા. ચાવડા સાહેબનો હોદ્દો ખબર નથી. સાઇકલ ઉપર ઓળખ સંબંધે કોઈ નોંધ કે ચીઠ્ઠી મુકેલી નહીં. પોલીસના કહેવા અને સમજાવવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૩/૨૦૦૮ ના કામે તા.૪.૧૧.૨૦૦૮ નાં રોજ આ સાહેદ તથા બીજા પંચ ધર્મેન્દ્ર ત્રિભુવન ચૌહાણનાઓને ગાંધીનગર એફ .એસ.એલ. કચેરી ખાતે બોલાવેલા અને ત્યાં આરોપી નં.૩૯ જીશાન અહેમદ ઉર્ફે જીશાન, આરોપી નં.૪૦ જીયાઉર રહેમાન અબ્દુલ રહેમાન તથા આરોપી નં.૪૨ મહમદ શકીલ યામીનખાન લુહારનાઓ હાજર હતા અને તેમને મણીનગર વિસ્તારમાં જે જે જગ્યા ઉપર બોમ્બવાળી સાઇકલો મુકેલી તે સાઇકલો ઓળખી બતાવવાનું જણાવેલ. ત્યારબાદ પંચોની હાજરીમાં તેઓએ પોતાના નામો જણાવેલા ત્યારબાદ એફ.એસ.એલ. અધિકારી જે.એફ.મન્સુરીએ બાજુમાં આવેલ એક રૂમ ખોલેલો જે રૂમમાં કેટલીક સાઇકલો બોમ્બ બ્લાસ્ટવાળી પડેલી હતી અને તેમાંથી આરોપી જીશાન અહેમદનાઓએ વાદળી રંગની રેન્જર બ્રેક સાઇકલ જેની ઉપર એચજઈ-૫૨૪૪૨૪ નંબર લખેલો હતો તે ઓળખી બતાવેલી. તેવી જ રીતે આરોપી મહમદ સકીલ યામીન ખાન લુહારે કાળા રંગની કાટવાળી જુના જેવી સાઇકલ જેના સ્ટેયરીંગ ઉપર અંગ્રેજીમાં એ ૧ લખેલ હતુ તે ઓળખી બતાવેલી તથા આરોપી જીયાઉર રહેમાને એ૧ કંપનીની રેન્જર વાયર બ્રેકવાળી સાઇકલ ઓળખી બતાવેલી અને તે અંગેનુ પંચનામુ આંક-૬૦૭૯ વાળુ બનાવવામાં આવેલુ.

આંક-૬૦૭૯ વાળુ પંચનામુ બનાવનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીના પેરા નં.૩.૩૦ મા પંચનામા મુજબની હકીકત જણાવેલી છે. સદર પંચનામામાં તપાસ અધિકારીએ પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આંક-૬૦૭૯ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે, પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "આરોપીઓએ પોતાના નામ સરનામા જણાવેલા" તથા "મણીનગર વિસ્તારમાં જે-જે જગ્યાઓ ઉપર બોમ્બવાળી સાઇકલો મુકેલી તે તે

સાઇકલો ઓળખી બતાવીએ" તથા ત્રણેય આરોપીઓએ આંક–૬૦૭૯ વાળા પંચનામામાં જણાવ્યા મુજબની જે જે સાઇકલો ઓળખી બતાવેલાનું જણાવેલુ છે તે વિગેરે પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપીઓએ પોતે આપેલ માહિતી પ્રમાણેની સાઇકલો એફ.એસ.એલ.ની ઑફિસ ખાતે હતી અને તેમની માહિતી આરોપીઓને જ હોય માટે તેમને આપેલ માહિતી મુજબ જે સાઇકલો મળી આવેલી તે હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય. આ ઉપરોકત આ સાઇકલો બોમ્બ મુકતા પહેલા આ આરોપીઓએ જોયેલી હતી અને તે સાઇકલો ઉપર બોમ્બની થેલીઓ ભરાવી જે તે સ્થળો ઉપર મુકેલી જેથી તેઓએ આ સાઇકલો ઓળખી બતાવેલી. આ વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે.

આ આરોપી નં.૩૯ જીશાન એહમદ ઉર્ફે જીશાન ઈસાન એહમદ શેખે ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે તે પ્રશ્નના જવાબમાં તેને ફરિયાદપક્ષના પુરાવા સંબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના બચાવ માટે જે હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦ મા જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી. આ ઉપરાંત આ આરોપીએ પોતાના બચાવમાં અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ નથી.

આરોપી નં.૩૯ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૩૩૬, ૩૫૧, ૩૫૩, ૮૭૧, ૭૮૬, ૭૮૭, ૭૯૦, ૭૯૨, ૭૯૫, ૮૦૫, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૬૩ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતા આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલ સુ.શ્રી નિત્યા રામાકિષ્ણન તથા વકીલશ્રી સોમનાથ વત્સ દલીલ કરતા જણાવે છે કે, સાહેદ નં.૪ હર્ષદભાઈ હાલાણી મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૩/૨૦૦૮ના કામના ફરિયાદી છે. આ જગ્યાનુ પંચનામુ આંક–૧૭૫૨ થી ૨જૂ છે. આ પંચનામુ તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ રાત્રે બનાવવામાં આવેલુ છે. પંચ સાહેદ નં.૩૩૬ કવલજીતસીંગ અરોરાનાઓની હાજરીમાં આ પંચનામુ બનાવવામાં આવેલુ છે અને પંચનામાની વિગતે સ્થળ ઉપરથી સાઇકલ કબજે કરવામાં આવેલી છે તે તપાસ અર્થે એફ.એસ.એલ. માં મોકલેલી છે. વધુમાં દલીલ કરતા જણાવે છે કે આ જગ્યાનો નકશો પણ બનાવવામાં આવેલો છે. સાહેદ નં.૬૨૮ કાર્તિક જોષી દ્વારા તા.૧૨.૯.૨૦૦૮ પછી બનાવવામાં આવેલો છે, જે આંક–૩૩૬૬ થી ૨જૂ છે. સાઇકલ એફ.એસ.એલ.માં તપાસ માટે રવાનગી નોંધ આંક–૩૪૫૦ થી મોકલવામાં આવેલી છે અને પંચ સાહેદ નં.૮૭૧ મોહનભાઈ નાયકરની હાજરીમાં આંક–૬૦૭૯ વાળુ પંચનામુ બનાવેલુ છે. ફરિયાદપક્ષના આક્ષેપ પ્રમાણે આ સાહેદની હાજરીમાં આરોપીએ એફ.એસ.એલ. ખાતે આવેલા એક રૂમમાં ૧૦–૧૫ સાઇકલો પડેલી હતી તે સાઇકલોમાંથી આરોપીએ સાઇકલ ઓળખી બતાવેલી છે પરંતુ તમામ સાઇકલો જૂના જેવી હતી અને તેમાંથી સાઇકલ ઓળખવી સહેલી નથી આ સિવાય આ આરોપી સામે અન્ય કોઈ પુરાવો રજૂ કરવામાં આવેલો નથી.વકીલ સુ.શ્રી નિત્યા રામાકિષ્ણન તથા વકીલશ્રી સોમનાથ વત્સનાઓની દલીલ સાથે હું સંમત નથી કારણ કે જે તે વખતે આરોપીએ અલમહમદી સોસાયટી ઉપરથી બોમ્બવાળી સાઇકલ મેળવીને મણીનગર ખાતે પાનના ગલ્લા પાસે મુકેલી હતી જેથી તેને તે સાઇકલ ઓળખી બતાવેલી છે. તે અંગેનું પંચનામુ આંક–૬૦૭૯ વાળુ બનાવેલુ છે. આ આરોપી ગુનામાં સંડોવાયેલો છે માટે જ તેણે સાઇકલ ઓળખી બતાવી હતી તથા જે જગ્યાએ તેણે સાઇકલ મુકેલી હતી તેનું તેને પૂરૂ જ્ઞાન હતું માટે આ આરોપીની આ ગુનાઓમાં સંડોવણી છે તેમ હું માનુ છું.

આરોપી નં.૪૦ ઝીયાઉર રહેમાન ઉર્ફે મોન્ટુ ઉર્ફે ઝીયા અબ્દુલ રહેમાન તેલીનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૪૦ ઝીયાઉર રહેમાન ઉર્ફે મોન્ટુ ઉર્ફે ઝીયા અબ્દુલ રહેમાન તેલીનાઓએ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ નાં રોજ જુદી–જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી–જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા–જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમણે કઈ–કઈ ભૂમિકા ભજવેલી છે તે સાબિત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે તે મુજબ,

ફરિયાદપક્ષ દ્વારા આ કામે નરેન્દ્રભાઈ બેચરદાસ કહારને સાહેદ નં.૮૮૫ તરીકે આંક–૬૩૧૭ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૪/૧૧/૨૦૦૮ ના રોજ ગાયકવાડ હવેલી ક્રાઈમ બ્રાન્ચની ઑફિસમાં તેમને બોલાવેલા. ત્યાં તેમની સાથે બીજા એક ભાઈ ક્રાઈમ બ્રાન્ચમાં હતાં. સાહેબે એવું કહેલું કે બોમ્બ કાંડનો બનાવ બનેલ છે તેથી જગ્યા જોવા જવાનું છે. તેથી તેઓએ તૈયાર છે તેમ જણાવેલુ. ત્યાં જે ભાઈ હતાં તેનું નામ જીયાઉર રહેમાન હતું પણ ઘણો સમય થયેલ હોવાથી ચોક્કસ યાદ નથી. આ ભાઈનું નામ સાહેબે પુછેલું. એ ભાઈએ જગ્યા બતાવાનું કહેલું "તેમણે મણીનગર સ્ટેશન પાસેથી સાઇકલ લીધેલ તે જગ્યા બતાવવાનું કહેલું". પછી બધા સરકારી વાહનમાં ગયેલાં. ત્યાં મણીનગર સ્ટેશને પહોંચેલાં. જે તહોમતદાર હતો તેને જગ્યા બતાવવાનું કહેતાં દક્ષિણી સોસાયટી ગયેલાં અને ત્યાંથી જમણી બાજુ ગાડી વળાવેલી. ત્યાં સ્વામિનારાયણ મંદિરની પાસે શિવાની એવન્યુ છે ત્યાં

“તેમણે સાઇકલ મુકેલી તેવું તહોમતદારે કહેલું”. પછી પંચનામું પુરૂ કરેલું અને સહી કરેલી. સાહેદ આંક–૬૩૧૮ વાળા પંચનામામાં તેમની તથા પ્રમોદભાઈની સહીઓ ઓળખી બતાવે છે. સાહેદને પંચનામુ વાંચી સંભળાવતા સાહેદ જણાવે છે કે પંચનામામાં લખેલ હકીકત જેવી કે "આરોપીનું અમો પંચો રૂબરૂ નામ, ઠામ પુછતાં પોતે પોતાનું નામ નામ જીયાઉર રહેમાન અબ્દુલ રહેમાન મુસ્લિમ રહે, એ–૧૫ જોગાબાઈ, ઓખલા, ન્યુ દિલ્હી હોવાનું જણાવે છે. જે અમો પંચો રૂબરૂ જણાવે છે કે ગઈ તા.૨૬/૦૭/૨૦૦૮ના રોજ પોતે તથા પોતાના સાથીદારો મણીનગર વિસ્તારમાં બોમ્બવાળી સાઇકલ મુકેલ પરંતુ પોતે અમદાવાદથી અજાણ્યા હોવાથી પોતાને મણીનગર પોલીસ સ્ટેશને લઈ જવામાં આવે તો ત્યાંથી જે જગ્યાએ સાઇકલ મુકેલ તે જગ્યા બતાવી શકું તેમ છે. અને તે જગ્યા પોતે પોતાની સ્વખુશીથી બતાવવા માગતો હોય" આ હકીકત સાચી છે. વધુમાં પંચનામામાં લખેલ હકીકત જેવી કે "મણીનગર રેલવે સ્ટેશન આવતાં આરોપી જીયાઉર રહેમાનનાએ મણીનગર રેલવે સ્ટેશનની સામે આવેલ એ.એમ.ટી.એસ. બસ સ્ટેન્ડ પાસે વાહન ઉભું રાખવાનો ઈશારો કરતાં સરકારી વાહન ઉભું રાખી, આરોપી આગળ ચાલી એક કોમ્પલેક્ષ પાસે જઈ ઉભો રહી જણાવે છે કે" આ હકીકત સાચી છે. તેમજ પંચનામામાં લખેલ હકીકત જેવી કે "બીજા ચાર રસ્તા પાસે આવતાં આરોપીએ વાહન ઉભું રાખવાનો ઈશારો કરતાં વાહન ઉભું રાખી આરોપી સાથે નીચે ઉતરતાં એક બિલ્ડિંગ પાસે સામેના ભાગે ઉભો રહી જણાવે છે. જે જગ્યા જોતાં મણીનગર જવાહરચોક ચાર રસ્તા પાસે આવેલ શિવાની એવન્યુમાં આવેલી લક્ષ્મી જવેલર્સની દુકાન સામે રોડ પરની છે” આ હકીકત સાચી હોવાનું જણાવેલ છે. આ સાહેદને સને–૨૦૧૫ ના વર્ષમાં પેરાલીસીસ થયેલ છે અને ખેંચ આવી ગયેલ જેથી આરોપીને ઓળખી શકે નહીં તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદની સાથે જે ભાઈ હતા તે દિલ્હીની રહેવાસી હોવાનું જાણે છે તે કબૂલ કરે છે. તેઓ ગુજરાતી ભાષા જાણતા ન હતા.પોલીસ કાર્યવાહી દરમ્યાન આરોપી અમદાવાદ કે

ગુજરાતના રહીશ છે કે કેમ તે હકીકત ખુલ્યાની ખબર નથી. સને–૨૦૧૫ ની સાલમાં આ સાહેદે મચ્છીનો ધંધો બંધ કરેલો. સને–૨૦૧૫ મા ધંધાના સ્થળ ઉપર જતા હતા તે કબૂલ કરે છે. આ સાહેદ દુકાન સિવાય ફુટપાથ ઉપર પણ ધંધો કરે છે તે કબૂલ કરે છે. પંચનામામાં દર્શાવેલ સરનામા ઉપર ઘણા વર્ષોથી રહે છે તે કબૂલ કરે છે. આંક–૬૩૧૮ વાળા પંચનામાના બીજા પંચનુ નામ યાદ નથી. બીજા પંચ ક્રાઈમ બ્રાન્ચની તપાસમાં અગાઉ જોડાયેલા હોય તો તેની ખબર નથી. બીજા પંચ નવીનચંદ્ર ગુજરી ગયેલા છે . પંચ તરીકે પુરાવો આપવા અદાલતમાં કેટલીવાર આવેલા છે તે યાદ નથી. આંક–૬૩૧૮ વાળુ પંચનામુ કોણ લખાવતુ હતુ તે યાદ નથી. પંચનામાની કાર્યવાહી દરમ્યાન તપાસનીશ અધિકારી આ સાહેદની સાથે હતા તે કબૂલ કરે છે. જેથી આ પ્રશ્નનો અર્થ એવો થાય કે આરોપી તથા આ પંચ સાહેદની હાજરીમાં તપાસ કરનાર અધિકારીએ આંક–૬૩૧૮ વાળુ પંચનામુ બનાવેલુ હતુ. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો આરોપી હિન્દી ભાષામાં વાતચીત કરતો હોય અને ગુજરાતીમાં રૂપાંતર કરી પંચનામુ લખવામાં આવેલ છે કે કેમ ? તેનો ઉલ્લેખ પંચનામામાં કરવામાં આવેલો કે કેમ? તે ધ્યાનમાં નથી. આરોપી પોલીસ કસ્ટડીમાં કયારથી હતો તે ખબર નથી. કઈ દિશા તરફથી પંચનામાવાળા સ્થળે આવેલા તે ધ્યાનમાં નથી. જવેલર્સની દુકાનની આજુબાજુ અને ઉપર નીચે કઈ દુકાનો આવેલી છે તે ધ્યાનમાં નથી. જવેલર્સની દુકાન કોઈ કોમ્પ્લેક્ષમાં હતી કે કેમ તે યાદ નથી. પોલીસે જુબાની વંચાવેલી અને સમજાવેલી અને તે મુજબ પુરાવો આપવાનું જણાવેલુ હતુ તો તે હકીકત નકારી છે. પોલીસ કેસને ટેકો આપવા તેમજ જુદા–જુદા કેસોમાં પંચ તરીકે રહેલા હોવાથી ખોટી જુબાની આપે છે તો તે હકીકત નકારી છે. આ ઉપરાંત આ સાહેદ કયાં રહે છે, કયા રસ્તે ગયેલા, કયા સ્થળ પછી કયુ સ્થળ આવ્યુ, કઈ દુકાનો કયાં આવેલી, ભૈરવનાથ ચાર રસ્તાથી જવાહર ચોકવાળા રસ્તાની વિગત વિગેરે બાબતે સુસંગત ન હોય તેવા પ્રશ્નો પુછવામાં આવેલા છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો મણીનગર રેલવે સ્ટેશનથી જવાહર ચોક પહોંચતા વચ્ચે ઘણા બધા વળાંકો અને ચાર રસ્તા આવે તે કબૂલ

કરે છે. મણીનગર રેલવે સ્ટેશનથી સીધુ જવાહર ચોક જવેલર્સની દુકાન સામે વાહન ઉભુ રહેલુ કે કેમ? તે યાદ નથી. જીપમાં કઈ વ્યકિત કયાં બેસેલી તે યાદ નથી. આરોપીને અગાઉ ઓળખતા ન હતા તો તે કબૂલ કરે છે. જીપ ગઈ અને પાછી આવી તે દરમ્યાન આરોપી સાથે આ સાહેદને કોઈ વાતચીત થયેલી નહીં તે કબૂલ કરે છે. આરોપીને મોઢા ઉપર બુરખો ઓઢાડવામાં આવેલો કે કેમ? તે યાદ નથી. આ સાહેદ તથા તેના કુટુંબીજનો અનેક વખત ક્રાઈમ બ્રાન્ચ પોલીસના બોલાવવાથી પંચમાં જતા હોય છે તો તે હકીકત નકારી છે. આરોપીએ કહેલુ કે મણીનગર રેલવે સ્ટેશન પાસેથી સાઇકલ લીધેલી તેવુ સરતપાસમાં જણાવેલ છે તે હકીકત પંચનામામાં લખાવેલ નથી. સાઇકલની ચાવી અંગે ચર્ચા થયેલી કે કેમ તે યાદ નથી. આરોપીએ કઈ–કઈ જગ્યાએ રેકી કરેલી તે જાણવા મળેલુ નહીં.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મુયર ચાવડાનાઓએ મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૩/૨૦૦૮ ના કામે તા.૪.૧૧.૨૦૦૮ ના રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ પ્રમોદ ચૌહાણનાઓને ક્રાઈમ બ્રાન્ચ કચેરી ખાતે બોલાવેલા. ત્યાં પોલીસ કસ્ટડીમાં આરોપી જીયાઉર રહેમાન ઉર્ફે મોન્ટુ હાજર હતો અને પંચોની હાજરીમાં પોતે પોતાનું નામ જણાવેલુ તથા પોતાને મણીનગર રેલ્વે સ્ટેશન લઈ જવામાં આવે તો ત્યાંથી જે જગ્યાએ સાઇકલ મુકેલ તે જગ્યા બતાવી શકે તેમ જણાવતા પંચો, પોલીસ સ્ટાફ, આરોપીને તપાસ કરનાર અધિકારી આરોપીએ આપેલ માહિતી મુજબ તેના બતાવ્યા મુજબના રસ્તે ગયેલા અને આરોપીએ જે જગ્યા ઉપર બોમ્બવાળી સાઇકલો મુકેલી તે જગ્યા બતાવેલી અને તે અંગેનુ પંચનામુ આંક–૬૩૧૮ થી બનાવવામાં આવેલુ. આ પંચનામુ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીના પેરા ૩.૨૯ માં પંચનામાની વિગત મુજબની હકીકત જણાવેલી છે અને સદર આંક–૬૩૧૮ વાળા પંચનામામાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આંક–૬૩૧૮ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે, પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત

બતાવેલી છે તે જેવી કે "પોતાનુ નામ સરનામુ તથા પોતાને મણીનગર રેલવે સ્ટેશન લઈ જવામાં આવે તો ત્યાંથી જે જગ્યાએ સાઇકલ મુકેલી તે જગ્યા બતાવુ" તથા "આરોપીએ આગળ ચાલી એક કોમ્પ્લેક્ષ પાસે જઈ ઉભો રહેલો અને જણાવેલુ કે ગઈ તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ પોતાના સાથીદારો મીરઝા સાદાબ બેગ તથા જીશાન મહમદ તથા મહમદ શકીલ સાથે અહીંયા આવેલો અને આ જગ્યા ઉપર અગાઉથી બે સાઇકલો મુકેલી હતી તે પૈકી એક રેન્જર સાઇકલ હતી તે મેં લીધેલી અને એક કાળા કલરની જુના જેવી સાઇકલ હતી તે મહમદ શકીલે લીધેલી. મે આ સાઇકલ લઈને જે જગ્યાએ રેકી કરેલી હતી તે જગ્યા ઉપર મુકવા નીકળી ગયેલો" તથા "સોહમ પ્લાઝા થઈ બીજા ચાર રસ્તા પાસે આવતા આરોપીએ વાહન ઉભુ રખાવેલુ, નીચે ઉતરેલો અને એક બિલ્ડિંગની પાસે સાઇકલ મુકેલાનું જણાવેલ" તથા "મણીનગરમાં જે જે જગ્યાઓ ઉપર રેકી કરેલી તે જગ્યાઓ બતાવુ" વિગેરે પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપીએ પોતે આપેલ માહિતી પ્રમાણેની જે–જે જગ્યાએ આવેલી હતી તે જગ્યાઓનું ત્યાં અસ્તિત્વ છે માટે આ જગ્યાઓ હોવાની માહિતી તેને પોતાને હતી જેથી તે હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય. આ ઉપરાંત, આ જગ્યાઓની માહિતી આ આરોપીને હતી. આ જગ્યા ઉપર આ આરોપીએ બોમ્બવાળી સાઇકલ મુકેલી જેથી પંચો તથા તપાસ કરનાર અધિકારીને તે આ જગ્યા ઉપર દોરી ગયેલો. આરોપીનું દોરી જવાનું વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે મોહનભાઈ વર્ધરાજ નાયકરને સાહેદ નં.૮૭૧ તરીકે આંક–૬૦૭૮ થી તપાસવામાં આવેલા છે અને આ સાહેદની જુબાનીની હકીકત આરોપી નં.૩૯ બાબતે ફરિયાદપક્ષ દ્વારા જે પુરાવો રજૂ થયેલો છે તેમા વિગતવાર ચર્ચા કરેલી છે જેથી ફરીથી પુનરાવર્તન કરવામાં આવતુ નથી. પરંતુ તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૩/૨૦૦૮ ના કામે તા.૪.૧૧.૨૦૦૮ નાં રોજ આ સાહેદ તથા બીજા પંચ ધર્મેન્દ્ર ત્રિભુવન ચૌહાણનાઓને ગાંધીનગર એફ.એસ.એલ. કચેરી ખાતે બોલાવેલા અને ત્યાં આરોપી નં.૩૯ જીશાન અહેમદ

ઉર્ફે જીશાન, આરોપી નં.૪૦ જીયાઉર રહેમાન અબ્દુલ રહેમાન તથા આરોપી નં.૪૨ મહમદ શકીલ યામીનખાન લુહારનાઓ હાજર હતા અને તેમને મણીનગર વિસ્તારમાં જે–જે જગ્યા ઉપર બોમ્બવાળી સાઇકલો મુકેલી તે સાઇકલો ઓળખી બતાવવાનું જણાવેલ.ત્યારબાદ પંચોની હાજરીમાં તેઓએ પોતાના નામો જણાવેલા અને એફ.એસ.એલ. અધિકારી જે.એફ.મન્સુરીએ બાજુમાં આવેલ એક રૂમ ખોલેલો જે રૂમમાં કેટલીક સાઇકલો બોમ્બ બ્લાસ્ટવાળી પડેલી હતી અને તેમાંથી આરોપી જીશાન અહેમદનાઓએ વાદળી રંગની રેન્જર બ્રેક સાઇકલ જેની ઉપર એચ૪ઈ–૫૨૪૪૨૪ નંબર લખેલો હતો તે ઓળખી બતાવેલી. તેવી જ રીતે આરોપી મહમદ સકીલ યામીન ખાન લુહારે કાળા રંગની કાટવાળી જૂના જેવી સાઇકલ જેના સ્ટેયરીંગ ઉપર અંગ્રેજીમાં એ ૧ લખેલ હતુ તે ઓળખી બતાવેલી તથા આરોપી જીયાઉર રહેમાને એ૧ કંપનીની રેન્જર વાયર બ્રેકવાળી સાઇકલ ઓળખી બતાવેલી અને તે અંગેનુ પંચનામું આંક–૬૦૭૯ વાળુ બનાવવામાં આવેલુ. આંક–૬૦૭૯ વાળુ પંચનામું બનાવનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીના પેરા નં.૩.૩૦ મા પંચનામા મુજબની હકીકત જણાવેલી છે. સદર પંચનામામાં તપાસ અધિકારીએ પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ આરોપી નં.૪૦ ઝીયાઉર રહેમાન ઉર્ફે મોન્ટુ ઉર્ફે ઝીયા અબ્દુલ રહેમાન તેલીએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે તે પ્રશ્નના જવાબમાં તેને ફરિયાદપક્ષના પુરાવા સંબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના બચાવ માટે જે હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦ માં જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

આ ઉપરાંત આ આરોપીએ પોતાના બચાવમાં મણીનગર રેલવે સ્ટેશનેથી ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી કેટલા અંતરે આવેલી છે તે બતાવવા માટે ગુગલ મેપ ઈન્ટરનેટ ઉપરથી ડાઉનલોડ કરીને તેની નકલ કામચલાઉ આંક–

૯૨૩૯ થી રજૂ કરેલી છે અને આ નકલ ઈન્ટરનેટ ઉપરથી મેળવેલી હોય પુરાવાના કાયદાની કલમ–૬૫(બી) મુજબનું પ્રમાણપત્ર આરોપીના વકીલશ્રી સોમનાથ વત્સનાઓએ આપેલુ છે અને તે પણ કામચલાઉ આંક–૯૨૩૮ થી રજૂ કરેલુ છે. મણીનગર રેલવે સ્ટેશનેથી ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી જેટલા પણ અંતરે હોય તે મહત્વનું નથી. તે અંતરથી બનાવના મુળને અસર થતી નથી. આ અંતરથી આરોપીએ સાઇકલ ઓળખી બતાવી નથી તેવું કહેવાશે નહી.

આરોપી નં.૪૦ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૮૮૫, ૩૩૪, ૩૩૫, ૩૫૨, ૮૭૧, ૭૮૬, ૭૮૭, ૭૯૦, ૭૯૨, ૭૯૫, ૮૦૫, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૬૩ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતા આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલ સુ.શ્રી નિત્યા રામાકૃિષ્ણન તથા વકીલશ્રી સોમનાથ વત્સ દલીલ કરતા જણાવે છે કે, સાહેદ નં.૮૮૫ નરેન્દ્ર કહારની હાજરીમાં આરોપીને સાથે રાખી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ આંક–૬૩૧૮ વાળુ પંચનામુ બનાવેલુ છે. આ પંચનામુ ફરિયાદપક્ષના આક્ષેપ પ્રમાણે આરોપીએ મણીનગર સ્ટેશન પાસેથી સાઇકલ લીધેલી તે જગ્યા બતાવતુ તેમજ સ્વામિનારાયણ મંદિર પાસે શીવાની એવન્યુ આવેલુ છે તે જગ્યા પાસે સાઇકલ મુકેલી તે અંગેનુ છે. પરંતુ આ પંચનામુ કબૂલાત સ્વરૂપનું હોય પુરાવામાં ગ્રાહ્ય નથી. પરંતુ મારા મત પ્રમાણે બનાવ બન્યા બાદ આરોપી પકડાયેલ છે અને પકડાયા પછી તેને જે જગ્યા ઉપરથી બોમ્બવાળી સાઇકલ મેળવેલી અને જે જગ્યા ઉપર બોમ્બવાળી સાઇકલ મુકેલી આ બંને જગ્યા તેને જોયેલી, જગ્યાઓનું તેને જ્ઞાન હતુ માટે તેને આ જગ્યાઓ બતાવેલી. જેથી પુરાવાના કાયદાની કલમ–૮ હેઠળ આ પંચનામુ પુરાવામાં ગ્રાહ્ય છે.વધુમાં દલીલ કરતા જણાવવામાં આવેલ છે કે આંક–૬૩૧૮ વાળુ પંચનામુ કલાક ૧૦.૩૦ વાગે શરૂ કરવામાં

આવેલુ છે અને કલાક ૧૨.૩૦ વાગે પુરૂ કરવામાં આવેલુ છે ત્યારબાદ તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ નાઓએ કલાક ૧૩.૦૦ વાગે ગાંધીનગર ખાતે આરોપીની હાજરીમાં આરોપીએ સાઇકલ બતાવેલી તે અંગેનુ પંચનામુ બનાવેલુ છે. દલીલ કરતા જણાવવામાં આવેલ છે કે એક જ તપાસ કરનાર અધિકારી એક જગ્યાએ પંચનામુ પુરૂ કરી ૩૫ કી.મી. દુર આવેલી એફ.એસ. એલ.ની કચેરી ખાતે અડધા કલાકમાં પહોંચી જઈ બીજુ પંચનામુ બનાવે તે શકય નથી. પરંતુ મારા મત પ્રમાણે સમયમાં વધ–ઘટ હોઈ શકે છે. તપાસ કરનાર અધિકારીએ આંક–૬૩૧૮ વાળુ પંચનામુ પૂરૂ કર્યા બાદ અર્ધા કલાકમાં નહીં પરંતુ પોણા કલાકમાં પણ મણીનગર રેલવે સ્ટેશન પાસેથી ગાંધીનગર એફ.એસ. એલ. ખાતે સહેલાઈથી પહોંચી શકે. સાહેદ નં.૮૮૫ ની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરવામાં આવેલ છે કે, આંક–૬૩૧૮ વાળુ પંચનામુ બનાવ્યુ ત્યારે પોલીસે કોઈની પુછપરછ કરેલી નથી. આરોપીએ એફ.એસ.એલ. કચેરી ખાતે સાઇકલ ઓળખી બતાવ્યાનુ પંચનામુ આંક–૬૦૭૯ વાળુ બનાવેલુ હતુ પરંતુ આ પંચનામુ બનાવતા પહેલા સાઇકલનુ પૃથક્કરણ થઈ ગયેલુ હતુ. મારા મત પ્રમાણે બનાવ તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ બનેલો અને ત્યારબાદ સાઇકલ એફ. એસ.એલ. ખાતે પૃથક્કરણ માટે મોકલેલી હતી જેથી સ્વાભાવિક છે કે આરોપી પકડાઈ જતા પહેલા સાઇકલનું પૃથક્કરણ થઈ ગયેલુ હોય અને સાઇકલનું પૃથક્કરણ થઈ ગયેલુ હોવાથી તે સાઇકલ સીલબંધ પણ ન હોય. વધુમાં દલીલ કરતા જણાવવામાં આવે છે કે, આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ ના વિશેષ નિવેદનમાં સાચી હકીકતો જણાવેલી છે. ક્રિમીનલ કાર્યવાહીઓમાં દરેક મુદ્દામાલ સીલબંધ હાલતમાં હોવો જોઈએ પરંતુ એફ.એસ. એલ. અધિકારીઓના પુરાવા ધ્યાને લેતા જે મુદ્દામાલ પૃથક્કરણ માટે આવેલો તે સીલબંધ હાલતમાં ન હતો. પરંતુ એફ.એસ.એલ.અધિકારીઓના પુરાવા મુજબ મુદ્દામાલ સૌપ્રથમ કચેરીમાં આવે છે અને નિયામકશ્રી તે મુદ્દામાલ તપાસે અને ત્યારબાદ કોઈક પૂર્તતા કરવાની હોય ત્યારે પરત મોકલવામાં આવે છે અને પૂર્તતા ન હોય તો જે તે વિભાગમાં પૃથકકરણ અર્થે મોકલી આપવામાં આવે છે.

જેથી આ મુદ્દામાલ સીલબંધ હાલતમાં ન હતો તેમ કહી શકાય નહીં. વધુમાં દલીલ કરવામાં આવે છે કે એફ.એસ.એલ.માં મુદ્દામાલને ફરીથી સીલ કરવામાં આવેલો નથી પરંતુ મારા મત પ્રમાણે એક વખત મુદ્દામાલનું પૃથક્કરણ થઈ જાય અને તેનો અભિપ્રાય આપી દેવામાં આવે ત્યારબાદ તે મુદ્દામાલને ફરીથી સીલ કરવાની જરૂર હોતી નથી તેમ હું માનુ છું. વકીલ સુ.શ્રી નિત્યા રામાકૃિષ્ણન તથા વકીલશ્રી સોમનાથ વત્સ દલીલ કરતા જણાવે છે કે આ આરોપી આ કહેવાતા ગુનાઓમાં સંડોવાયેલો નથી. પરંતુ ઉપર વિગતે જે પુરાવા રજૂ થયા છે તે ધ્યાને લેતા આ આરોપી આ કહેવાતા ગુનામાં સંડોવાયેલો છે તેમ હું માનુ છું.

આરોપી નં.૪૧ સાકીબનિસાર નિસારએહમદ આઝમીનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૪૧ સાકીબનિસાર નિસારએહમદ આઝમીનાઓએ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ જુદી–જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી–જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા–જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમણે કઈ–કઈ ભૂમિકા ભજવેલી છે તે સાબિત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા આ આરોપી સામે પ્રત્યક્ષ દસ્તાવેજી કે મૌખિક પુરાવો રજૂ કરેલો નથી. પરંતુ આ આરોપી અમદાવાદ ખાતે થયેલ સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોવાળા ગુનાઓમાં સંડોવાયેલો છે તે બતાવવા માટે જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ જુદા જુદા ગુનાઓમાં ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૧૯૬, અનલોફુલ એકટીવીટી (પ્રિવેન્શન) એકટની કલમ–૪૫, એક્ષપ્લોઝીવ સબસ્ટન્ટ એકટની કલમ–૭, આર્મ્સ એકટની કલમ –૩૯ મુજબના ગુનાઓની ચાર્જશીટ દાખલ કરવા તેમજ આરોપી સામે ગુનાની ઈન્સાફી

કાર્યવાહી કરવા માટે સક્ષમ અધિકારીઓ પાસેથી મંજૂરીઓ મેળવવા માટે દરખાસ્તો મોકલેલી અને જે તે સક્ષમ અધિકારીઓએ આ આરોપી સામે જુદા–જુદા ગુનાના કામે ઉપરોકત કાયદાની જુદી–જુદી કલમો હેઠળ ચાર્જશીટ દાખલ કરવા તેમજ ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે મંજૂરીઓ આપેલી હતી તે રજૂ કરેલી છે. આ દરખાસ્તો તથા મંજુરીઓ અંગેના પુરાવાની હવે પછી ચર્ચા કરીશું.

આ આરોપી નં.૪૧ સાકીબનિસાર નિસારએહમદ આઝમીએ ક્રિ. પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે તે પ્રશ્નના જવાબમાં તેને ફરિયાદપક્ષના પુરાવા સંબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના બચાવ માટે જે હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦ મા જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી. આ ઉપરાંત આ આરોપીએ પોતાના બચાવમાં અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ નથી.

આરોપી નં.૪૧ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૭૮૬, ૭૮૭, ૭૯૦, ૭૯૨, ૭૯૫, ૮૦૫, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૬૩ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતા આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલ સુ.શ્રી નિત્યા રામાકૃષ્ણન તથા વકીલશ્રી સોમનાથ વત્સ દલીલ કરતા જણાવે છે કે આ આરોપી સામે ફરિયાદપક્ષ દ્વારા કોઈ જ પુરાવા રજૂ કરવામાં આવેલા નથી. ફકત મંજૂરીઓ સિવાય બાજો કોઈ પુરાવો નથી અને આ આરોપીને ગુનામાં ખોટી રીતે સંડોવી દીધેલ છે તેમ જણાવેલ છે. બચાવપક્ષની આ દલીલ સાથે હું સંમત છું કે જે તે તપાસ કરનાર અધિકારીઓ આ આરોપી માટે જુદા–જુદા કાયદાઓ હેઠળની

મંજૂરી મેળવવા માટે દરખાસ્તો કરેલી અને દરખાસ્તો સાથે અ,બ,ક,ડ પત્રકો મોકલેલા અને તે પત્રકો સાથે આરોપી વિરૂધ્ધ એકત્રિત કરેલા પુરાવા મોકલેલા પરંતુ તેવા કોઈ પુરાવો ફરિયાદપક્ષે રજૂ કરેલા નથી. જેથી વકીલ સુ.શ્રી નિત્યા રામાકૃિષ્ણન તથા વકીલશ્રી સોમનાથ વત્સની દલીલ સાથે હું સંમત છું કે આ આરોપીની સંડોવણી બાબતે ફરિયાદપક્ષ દ્વારા અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજૂ થયેલા નથી. જેથી આ આરોપી આ કહેવાતા ગુનામાં સંડોવાયેલો નથી તેમ હું માનુ છું.

આરોપી નં.૪૨ મહંમદ શકીલ યામીનખાન લુહારનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૪૨ મહંમદ શકીલ યામીનખાન લુહારનાઓએ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ જુદી–જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી–જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા–જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમણે કઈ–કઈ ભૂમિકા ભજવેલી છે તે સાબિત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે તે મુજબ,

ફરિયાદપક્ષ દ્વારા આ કામે દુર્ગેશભાઈ કનુભાઈ પટેલને સાહેદ નં.૮૯૬ તરીકે આંક–૬૪૨૧ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૨/૧૧/૨૦૦૮ ના રોજ આ સાહેદને સવારના ૧૧.૦૦ વાગ્યાની આસપાસ ક્રાઈમ બ્રાન્ચની ઓફિસે બોલાવેલા અને ત્યારે તેમની સાથે જીગર વિષ્ણુભાઈ પટેલને પણ બોલાવેલા. આ સાહેદ ક્રાઈમ બ્રાન્ચની ઓફિસે ગયો ત્યારે એક સાહેબ હતા અને બીજા બે પોલીસના માણસો તથા એક ઈસમ ત્યાં હાજર હતા. આ સાહેદ ત્યાં ગયા પછી સાહેબે કહેલુ કે આ માણસને

મણીનગરના ગુનામા એરેસ્ટ કરેલો છે અને તે કંઈક કહેવા અને બતાવવા માંગે છે તો પંચમા રહેશો જેથી 'હા' પાડેલી. ત્યાર પછી સાહેબે તે ઈસમની પુછપરછ કરવાનું જણાવતાં આ સાહેદે તે ઈસમનું નામ પુછેલુ, કયાંથી આવ્યો છે તે પણ પુછેલુ, તેની ઉંમર પણ પુછેલી તો તેમને પોતાનું નામ મહમદ શકીલ લુહાર જણાવેલુ અને તે દિલ્હીથી આવુ છું તેમ જણાવેલુ અને તેણે તેની ઉંમર ૨૪ વર્ષ જણાવેલ. આરોપીએ એવુ પણ જણાવેલુ કે, હું આ સીટીથી અજાણ્યો છુ મને મણીનગર રેલવે સ્ટેશને લઈ જવામાં આવે તો હું જગ્યા બતાવી શકુ. તેણે બોમ્બવાળી સાઇકલવાળી જગ્યા બતાવવાનું જણાવેલુ. ત્યારબાદ આ ઈસમે તેનુ સ્ટેટમેન્ટ લખાવેલુ. સાહેદ જણાવે છે કે તે ઈસમે જે કહેલુ તે પોલીસને લખાવેલુ. ત્યારબાદ સુમો ગાડીમાં પોલીસના સાહેબ, પોલીસના બે માણસો તે ઈસમ મહમદ શકીલ તથા ડ્રાઈવર અને આ સાહેદ તથા જીગર બેઠેલા. જીપમાં બધા બેઠા પછી સાહેબે ડ્રાઈવરને કહેલુ કે ગાડી મણીનગર રેલવે સ્ટેશન લઈ લ્યો. ગાડી મણીનગર રેલવે સ્ટેશનની સામે પહોચ્યા પછી તે ઈસમે કહેલુ કે "ગાડી આજગ્યાએ ઉભી રાખો". ગાડી ઉભી રાખ્યા પછી પોલીસના સાહેબ, બે કોન્સ્ટેબલ તે ઈસમ તથા તેઓ બંને નીચે ઉતરેલા. ત્યારબાદ મહમદ શકિલ ચાલતો ચાલતો આગળ ગયેલો અને ત્યાં આગળ તે ઉભો રહેલો અને તે જગ્યા રૂપ કોમ્પલેક્ષ, મણીનગર, રેલવે સ્ટેશનની સામે હતી અને કહેલુ કે "અહીંયા મુકેલી, બે સાઇકલ મે તથા મારા સાથીદારે લીધેલી". આ મહમદે એમ કહેલુ કે "મે બ્લેક કલરની જૂની સાઇકલ અને મારા સાથીદાર જીયાએ રેન્જર સાઇકલ લીધેલી". પછી આરોપીએ જણાવેલુ કે "સાઇકલો લીધા પછી અમે પોત પોતાની જગ્યાએ બોમ્બવાળી સાઇકલો મુકવા ગયેલા". મહમદ શકીલે આ જે વાત કરી તે પોલીસને તે જગ્યાએ લખાવેલી. ત્યારબાદ મહમદ શકીલે "તેણે સાઇકલ મુકેલી તે જગ્યા બતાવવાનું કહેતા" બધા ચાલતાં ચાલતાં મણિનગર રેલવે સ્ટેશનની આગળ પશ્ચિમ તરફ સીધો રસ્તો પડે છે ત્યાં ચાર રસ્તાથી જમણી સાઈડે એક વડનું ઝાડ આવેલુ છે ત્યાં ગયેલા અને ત્યાં જઈને મહમદ શકીલે ઝાડની નીચે સાઇકલ મુકેલાનું બતાવેલુ. ઝાડની પાછળ મહાલક્ષ્મી માર્કેટ એવુ કંઈક હતુ

બાકી આજુબાજુ શું હતુ તે હાલ યાદ નથી. ત્યાં જઈને તેણે જે કહેલુ તે પ્રમાણે પોલીસને લખાવેલુ અને ત્યાંથી તે કાલુપુર રેલવે સ્ટેશન ગયેલાનું કહેલુ. જે કાંઈ જોયુ તે પ્રમાણે લખાવેલુ. આ કાર્યવાહીનું પંચનામુ બનાવવામાં આવેલુ જે આંક–૬૪૨૨ થી ૨જૂ છે તે પંચનામામાં સાહેદ પોતાની તથા જીગરભાઈની અને સાહેબની સહીઓ ઓળખી બતાવે છે. સાહેદને અમદાવાદ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આરોપીઓને વીડિયો કોન્ફરન્સ ટી.વી. સ્ક્રીન થકી ચાર–ચારની સંખ્યામાં તથા ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે રાખેલ ૧૦ આરોપીને ચાર–ચાર ના ગ્રુપમાં બતાવવામાં આવતા આરોપીને ઓળખી શકતા નથી અને જણાવેલ છે કે જયારે આરોપીને જોયો ત્યારે કલીન શેવ હતા અને હાલ આરોપીઓ દાઢીવાળા હોવાથી ઓળખી શકતો નથી.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ તથા બીજા પંચ જીગરભાઈ ઓઢવ ગામ અમદાવાદ ખાતે રહે છે તે કબૂલ કરે છે. ઓઢવ ગામ ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદની ઑફિસથી આશરે ૧૫ થી ૧૭ કિ.મી.ના અંતરે આવેલુ છે તે કબૂલ કરે છે. પંચ તરીકે રહેવાનો અનુભવ નથી તે કબૂલ કરે છે અને કોઈ પોલીસના માણસોને ઓળખતા નથી. જે પોલીસના માણસોએ બોલાવેલા તેમના નામ, સરનામા હોદ્દાની ખબર નથી. જે લખાણમાં સહીઓ કરેલી તે લખાણ આ સાહેદના હસ્તાક્ષરમાં લખાયેલ નહીં પરંતુ પોલીસ કોન્સ્ટેબલે લખેલું તેમ જણાવે છે. પંચનામામાં લખેલી વિગત સિવાય બીજા કોઈ ઘટના યાદ નથી. કેસનો સમન્સ કયારે મળ્યો અને કઈ–કઈ તારીખે જુબાની આપવા આવેલા તે યાદ નથી. આરોપીને પોલીસે કેટલા દિવસથી રીમાન્ડ ઉપર રાખેલો તેની ખબર નથી. આરોપીને તે કયારથી રીમાન્ડ ઉપર છે તે પુછેલુ નહીં. તેવી કોઈ વિગત મેળવ્યાનો પ્રયત્ન કરેલો નથી તે કબૂલ કરે છે. પોલીસના કહેવાથી અને સમજાવવાથી ખોટી જુબાની આપે છે તે હકીકત નકારે છે. પોલીસ સ્ટેશનેથી બહાર નીકળ્યા તે વખતે એક સહી કરેલી, બીજી સહી મહાલક્ષ્મી માર્કેટની બહાર જગ્યા ઉપર કરેલી. સરતપાસમાં જે જગ્યાએથી સાઇકલો લીધેલાનું જણાવેલુ તે જગ્યા બતાવેલાની હકીકત જે સરતપાસમાં લખાવેલી છે તે

પંચનામામાં લખાવેલી.પોલીસ સ્ટેશનમાં સહી કર્યા પછી જીપમાં બેસી મણીનગર જવા નીકળેલા. આરોપીએ પોતાનુ નામ સરનામુ અને ઉંમર સિવાય બીજી કોઈ હકીકત જણાવેલી નહીં. મણીનગર રેલવે સ્ટેશનની સામે ચોકકસ કઈ જગ્યાએ જવાનું છે તે જગ્યાનું વર્ણન આરોપીએ પોલીસ સ્ટેશનમાંથી નીકળતા પહેલા આપેલુ નહીં. પરંતુ મારા મત પ્રમાણે તે વર્ણન આપે જ નહીં કારણ કે આ લીડીંગ પંચનામુ છે અને જે જગ્યાએ જવાનુ હતુ તે જગ્યાની માહિતી આરોપીને જ હતી માટે આરોપીને સાથે રાખી તે કહે તે જગ્યા ઉપર જવાનુ હતુ. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો મણીનગર રેલવે સ્ટેશન સામે પહેલી જગ્યાએ ગયા ત્યાંથી બીજી જગ્યા જે મહાલક્ષ્મી માર્કેટ પાસે છે તે બે વચ્ચે આશરે અડધો કિ.મી.નું અંતર હશે. બીજી જગ્યા ઉપર જે વડ હતો તે જગ્યા બતાવેલી અને તેના માપ લેવામાં આવેલા નહીં. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો પંચનામાની તમામ વિગતો સમજીને અને જાણીને લખાવેલી તે કબૂલ કરે છે. જે જગ્યા આરોપીએ છેલ્લા બતાવી તે જગ્યા ઉપર ક્રાઈમ બ્રાન્ચવાળા આરોપીને લઈ ગયા છે કે કેમ? તે આરોપીને પુછેલુ નહીં. મહાલક્ષ્મી કોમ્પ્લેક્ષની સામે અને બાજુમાં બીજી દુકાનો આપેલી છે. આરોપી જે ભાષા બોલતો હતો તે ભાષામાં રૂપાંતર કરી ગુજરાતીમાં લખવામાં આવેલુ તે બાબતનો પંચનામામાં ઉલ્લેખ નથી તે કબૂલ કરે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૩/૨૦૦૮ નાં કામે તા.૨.૧૧.૨૦૦૮ ના રોજ આ સાહેદ તથા બીજા પંચ જીગર વિષ્ણુભાઈ પટેલને ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે બોલાવેલા. ત્યાં આરોપી નં.૪૨ મહમદ શકીલ યામીનખાન લુહાર હાજર હતો અને તેને પંચો રૂબરૂ પોતાનું નામ, ઠામ બતાવેલુ તથા તે કંઈ કહેવા અને બતાવવા માંગતો હતો માટે પંચો, સ્ટાફ, આરોપીને લઈ તપાસ કરનાર અધિકારી આરોપીના બતાવ્યા મુજબ ગયેલા. તેને તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ પોતે તથા તેના સાથીદારોએ મણીનગર વિસ્તારમાં બોમ્બવાળી સાઇકલો મુકેલી અને તે જગ્યાઓથી અજાણ હતો માટે તેને જણાવેલુ કે તેને મણીનગર રેલવે સ્ટેશન લઈ

જવામાં આવે તો પોતે જગ્યા બતાવી શકે. ત્યારબાદ તેને મણીનગર રેલવે સ્ટેશન લઈ જવામાં આવેલો અને ત્યાંથી રેલવે સ્ટેશન સામે વડના ઝાડવાળી જગ્યા બતાવેલી જે અંગેનુ પંચનામુ આંક–૬૪૨૨ વાળુ બનાવેલુ.

આંક–૬૪૨૨ વાળુ પંચનામુ બનાવનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીના પેરા–૩.૨૭ માં પંચનામા મુજબની હકીકત જણાવેલી છે અને આંક–૬૪૨૨ વાળા પંચનામામાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આ સાહેદની ઊલટતપાસ પેરા–૧૦૧ ધ્યાને લેતા સાહેદને એવો પ્રશ્ન પુછવામાં આવેલો છે કે આંક–૬૪૨૨ વાળુ પંચનામુ આરોપી મહમદ શકીલનાઓએ બોમ્બવાળી સાઇકલો મુકેલી તે જગ્યા તા.૨.૧૧.૨૦૦૮ નાં રોજ બતાવેલાનું જણાવતા કહેવાતુ પંચનામુ કરેલુ છે. સાહેદે જવાબ આપેલો છે કે તેની અટક તા.૨૭.૧૦.૨૦૦૮ ના રોજ કરેલી હતી અને પંચનામુ તા.૨.૧૧. ૨૦૦૮ ના રોજ કરેલુ છે તે પંચનામુ આરોપીએ બતાવેલી જગ્યાનું કરેલુ છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ જગ્યાઓ અગાઉથી જાણતા હતા કારણ કે બીજા તપાસ કરનાર અધિકારીઓએ અગાઉ પંચનામા કરેલા હતા તો તે હકીકત નકારી છે. આરોપી મહમદ શકીલ સામે કોઈ પુરાવો મળતો ન હતો માટે તેની સામે પુરાવો ઉભો કરવા ખોટુ પંચનામુ ઉભુ કરેલુ છે તો તે હકીકત નકારે છે.

આંક–૬૪૨૨ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે, પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે, "આરોપીએ પોતાનુ નામ સરનામુ જણાવેલુ" તથા "તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ પોતે તથા તેના સાથીદારોએ મણીનગર વિસ્તારમાં બોમ્બવાળી સાઇકલો મુકેલી અને તે જગ્યાઓથી અજાણ હતો માટે તેને જણાવેલુ કે તેને મણીનગર રેલવે સ્ટેશન લઈ જવામાં આવે તો પોતે જગ્યા બતાવી શકે" તથા "એ.એમ.ટી.એસ. બસ સ્ટેન્ડ પાસે વાહન ઉભુ રાખવા ઈશારો કરતા" તથા "આગળ ચાલી કોમ્પ્લેક્ષ પાસે જઈને ઉભો રહેલો અને જણાવેલુ કે તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ પોતાના સાથીદારો મીરજા સાદાબ બેગ તથા જીસાન અહેમદ તથા જાયાઉર રહેમાન સાથે અહીંયા આવેલો, અહીંયા બે સાઇકલો મુકેલી

હતી તે પૈકી જૂના જેવી સાઇકલ મેં લીધેલી" તથા "જે જગ્યાએ આ બોમ્બવાળી સાઇકલ મુકેલી તેની તા.૧૨.૭.૨૦૦૮ ના રોજ રેકી કરેલી અને તે જગ્યા બતાવેલી ત્યારબાદ રીક્ષામાં બેસી કાલુપુર રેલવે સ્ટેશને જતા રહેલાની" વિગેરે પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપીએ પોતે આપેલ માહિતી પ્રમાણે જે–જે જગ્યાએ બતાવેલી તે જગ્યાઓનું ત્યાં અસ્તિત્વ છે માટે આ જગ્યાઓ હોવાની માહિતી તેને પોતાને હતી જેથી તે હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય.આ ઉપરાંત આ જગ્યા આ આરોપીએ જોયેલી હતી. આ જગ્યા ઉપર આરોપીએ બોમ્બવાળી સાઇકલ મુકેલી હતી માટે તપાસ કરનાર અધિકારીને તથા પંચોને આ જગ્યા ઉપર દોરી ગયેલો. આરોપીનું આ દોરી જવાનું વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે. આ જગ્યાઓ પોલીસની જાણીતી હતી કે પોલીસ અગાઉ આ જગ્યા ઉપર ગયેલી તેથી કરીને આ આરોપીએ જગ્યા જોઇ નથી તેમ મનાય નહિ.

આ આરોપી નં.૪૨ મહંમદ શકીલ યામીનખાન લુહારે ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે તે પ્રશ્નના જવાબમાં તેને ફરીયાદ પક્ષના પુરાવા સંબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના બચાવ માટે જે હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦ મા જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી. આ ઉપરાંત આ આરોપીએ પોતાના બચાવમાં અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ નથી.

આરોપી નં.૪૨ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૮૯૬, ૩૫૩, ૮૭૧, ૭૮૬, ૭૮૭, ૭૯૦, ૭૯૨, ૭૯૫, ૮૦૫, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૬૩ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતા આ આરોપી

અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલ સુ.શ્રી નિત્યા રામાકિષ્ણન તથા વકીલશ્રી સોમનાથ વત્સ દલીલ કરતા જણાવે છે કે, સાહેદ નં.૭૯૬ દુર્ગેશ પટેલનાઓની હાજરીમાં આ આરોપીએ તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાને મણીનગર રેલવે સ્ટેશન પાસે આવેલ રૂપ કોમ્પ્લેક્ષવાળી જગ્યા બતાવેલી કે જયાંથી તેને બોમ્બવાળી સાઇકલ મેળવેલ હતી તથા મણીનગર ચાર રસ્તા મહાલક્ષ્મી માર્કેટ કે જયાં બોમ્બવાળી સાઇકલ મુકેલી તે જગ્યા બતાવેલી જેનુ પંચનામુ આંક–૬૪૨૨ વાળુ બનાવેલુ. વધુમાં દલીલ કરતા જણાવવામાં આવેલ છે કે આંક–૬૪૨૨ વાળુ પંચનામુ પુરાવાના કાયદાની કલમ–૨૭ હેઠળ ગ્રાહ્ય નથી કારણ કે આ પંચનામુ કબૂલાત સ્વરૂપનું પંચનામુ છું તે ધ્યાને લેવાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આ પંચનામુ આરોપીએ જે જગ્યા ઉપરથી બોમ્બવાળી સાઇકલ મેળવેલી અને જે જગ્યા ઉપર બોમ્બવાળી સાઇકલ મુકેલી તે જગ્યા બતાવતુ પંચનામુ છે. આ જગ્યાની માહિતી આરોપીને હતી. આરોપી આ જગ્યા ઉપરથી સાઇકલ મેળવેલી અને બીજી જગ્યા ઉપર સાઇકલ મુકેલી. બંને જગ્યાઓનું તેને જ્ઞાન હતુ માટે જ તે આ જગ્યાઓ ઉપર પોલીસ તથા પંચને દોરીને લઈ ગયેલો છે જેથી બનાવ પછીના આરોપીના વર્તન બાબતે પુરાવાના કાયદાની કલમ–૮ હેઠળ આ પંચનામુ પુરાવામાં ગ્રાહ્ય છે તેમ હું માનુ છું. વકીલ સુ.શ્રી નિત્યા રામાકિષ્ણન તથા વકીલશ્રી સોમનાથ વત્સ દલીલ કરતા જણાવે છે કે આ આરોપી આ કહેવાતા ગુનાઓમાં સંડોવાયેલો નથી. પરંતુ ઉપર વિગતે જે પુરાવા રજૂ થયા છે તે ધ્યાને લેતા આ આરોપી આ કહેવાતા ગુનામાં સંડોવાયેલો છે તેમ હું માનુ છું.

આરોપી નં.૪૩ અનીક ઉર્ફે ખાલીદ શફીક સૈયદનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૪૩ અનીક ઉર્ફે ખાલીદ શફીક સૈયદનાઓ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ જુદી–જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી–જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા–જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમને કઈ–કઈ ભૂમિકા ભજવેલી છે તે સાબિત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે તે પૈકી આ આરોપીની સાહેદો રૂબરૂ ઓળખ પરેડ કરાવનાર મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૭૫ તરીકે કીર્તનભાઈ ચતુરભાઈ પટેલને તથા સાહેદ નં.૫૮૯ તરીકે ઈન્દ્રવીર વજુભા ઝાલાનાઓને તપાસવામાં આવેલા છે અને તેઓ તમામની જુબાની ધ્યાને લેતા આ આરોપીની સામે મુકવામાં આવેલ આક્ષેપો મુજબના કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા એકબીજાની મદદગારી કરીને અમદાવાદ શહેરમાં જુદી–જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરેલા છે તેમજ સુરતની જુદી–જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલ હોવાનું ફલીત થાય છે. આ ઉપરાંતઃ–

ફરિયાદપક્ષ દ્વારા આ કામે ભાવેશ ભુપતભાઈ ઠક્કરને સાહેદ નં. ૧૧૨૯ તરીકે આંક–૮૦૯૪ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ સને–૨૦૦૮ના અરસામાં ગાડી લે–વેચનો ધંધો કરતા હતા અને આજે પણ કરે છે. તેઓ "જય જલારામ ઓટો કન્સલટન્ટ" આ ધંધો કરે છે. અને ટુ વ્હિલર સેકન્ડ હેન્ડ ગાડીનો ધંધો કરે છે. પોલીસે એટલા માટે બોલાવેલા કે તેમને ત્યાં એક કાઈનેટીક હોન્ડા એક ઈસમ લેવા આવેલા હતા. આ ઈસમ તેમને ત્યાં તા.૨૩/૭/૨૦૦૮ ના રોજ આવેલા હતા. આ ઈસમ તેમને ત્યાં ડાયરેકટ આવેલા હતા. આ સાહેદને ત્યાં જે માણસો કામ કરતા હોય તેને આવીને પુંછેલું અને જે માણસને પુંછેલું તેનું નામ દિનેશ હતું. તેમને ત્યાં એક

બીજો મુકેશ પણ કામ કરે જેથી આ લોકો તેને આ સાહેદ પાસે લઈને આવેલાં. તેણે કહેલું કે મારે રૂા.૧૦,૦૦૦/– સુધીની ગાડી જોઈએ છે. આ સાહેદ પાસે એક હોન્ડા કાઈનેટીક હતી જેનો નં.૩૮૦૧ હતો તે ગાડી તેમને બતાવેલી. આ ગાડી બંધ પડેલી હતી. જેથી તે માણસે કહેલું કે તમે કમ્પ્લીટ કરીને આપો તો લેવા આવું. જેથી મીકેનીક જે ધીરૂભાઈ કરીને હતાં તેમને ગાડી કમ્પ્લીટ કરવાનું કહેલું. એક–બે કલાકમાં ગાડી કમ્પ્લીટ કરી નાંખેલી. ત્યારબાદ તે ઈસમ એક–બે કલાક પછી આવેલા અને ગાડી ચેક કરેલી. આ સાહેદે તેને કહેલું કે જો ઓ.કે. હોય તો પેમેન્ટ આપી દો. જેથી તે ભાઈએ રૂા.૧૦,૦૦૦/– રોકડા આપેલાં. ત્યારબાદ આ સાહેદે તેને તેનું નામ અને એડ્રેસ બોલવાનું કહેલું. તેમની પાસે મોટર વાહન વેચાણ કરાર નોટ હતી તેમાં નામ, એડ્રેસ અને મોબાઈલ નંબર લખેલો અને રેવન્યુ ટિકિટ લગાવી તેમની સહી કરાવેલી પછી કહેલું કે નામ ટ્રાન્સફરનું શું કરવાનું તો તે ઈસમે કહેલું કે હું કાલે આવી જઈશ.

સાહેદને આંક–૨૮૦૪ વાળી બુકમાં ગાડી લેવા માટે આવેલાની સહી ઓળખી બતાવે છે. સાહેદનો એક મિત્ર ગાડી લે–વેચનો ધંધો કરતો મિત્ર ઝાકિરનો તેમની ઉપર ફોન આવેલો કે ભાઈ આ ગાડીની બુક તારા પાસે છે? તે આ ગાડી વેચેલી છે અને કહેલું કે આ ગાડી નં.૩૮૦૧ કાઈનેટીકની આર.સી. બુક તમારા પાસે છે? જેથી આ સાહેદે હા કહેલુ અને આર.સી. બુક તેમની પાસે છે તમે ઑફિસમાં જઈને લઈ લ્યો. જેથી ઝાકિરભાઈએ આર.સી. બુક તેમને ત્યાંથી મેળવી લીધેલી. સાહેદ વધુમાં જણાવેલ છે કે જે ઈસમ કાઈનેટીક લેવા માટે આવેલો હતો તેની ઉંમર આશરે ૨૨ થી ૨૫ વર્ષ જેટલી હશે અને તેની ઉંચાઈ સવા પાંચ થી સાડા પાંચ ફુટ જેટલી હશે અને તે બ્લેક કલરનો દેખાતો હતો અને તે પતલો હતો અને તેને એકદમ વાંકડીયા વાંકડિયા વાળ હતાં.

આ સાહેદ વધુમાં જણાવે છે કે બે–અઢી મહિના બાદ ચોકબજારમાં લગભગ કિલ્લામાં બોલાવેલા. કિલ્લામાં એક મોટો રૂમ હતો તેમાં બોલાવેલા. ત્યાં તેમને જે ગાડી લઈ ગયેલા તેને ઓળખવા માટે બોલાવેલા હતા. અંદર ગયા પછી સાઈડ ઉપર ઉભા રાખેલા. ત્યાં સામેની સાઈડે લગભગ છોકરાઓ ઉભેલા હતા

અને કહેલું કે આમાંથી કયો ઈસમ તમારે ત્યાંથી કાઇનેટીક લઇ ગયેલો હતો તેને બતાવો. તો તેમની પાસેથી જે ઈસમ કાઇનેટીક લઇ ગયેલો હતો તેનું ફેસ જોવાથી તેને ઓળખી ગયેલા અને તેનો હાથ પકડીને સાઇડ ઉપર પોલીસના માણસો ઉભેલા હતા ત્યાં તેને લાવેલા અને કહેલું કે આ ઈસમ તેમને ત્યાંથી ગાડી લઇ ગયેલા હતા. આ સાહેદ આરોપીને ઓળખી શકતા નથી કારણ કે દસેક વર્ષનો સમય થઇ ગયેલો છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો ચોક બજારમાં આ સાહેદને બોલાવ્યા તે ઑફિસ કયા સાહેબની હતી તેની ખબર નથી. ઑફિસમાં બોલાવવા બાબતે ફોન કરીને જાણ કરેલી હતી. ઑફિસે કયા સમયે બોલાવેલા તેનો ચોકકસ ખ્યાલ નથી. પરંતુ સાહેદ જણાવે છે કે બારેક વાગે બોલાવેલા હશે. આ સાહેદ શોરૂમ ઉપરથી ઑફિસે ગયેલા. આ સાહેદ ઑફિસમાં ગયા ત્યારે ૮–૧૦ છોકરાઓ લાઈનમાં ઉભેલા હતા. સાહેબે આ છોકરાઓ સાથે આ સાહેદની કોઈ વાતચીત કરાવેલી નહીં. લાઈનમાં ઉભેલા છોકરાઓ સિવાય બીજા કોઈ છોકરાઓ હતા કે કેમ? તેનો ખ્યાલ નથી. છોકરાઓ તથા પોલીસવાળા કેટલા સમય પહેલાથી અંદર હતા તેવી કોઈ પુછપરછ કરેલી નહીં. રૂમમાંથી નીકળીને આ સાહેદ સીધા પોતાની ઑફિસે ગયેલા. જલારામ ઓટો કન્સલટન્ટ પોતાની છે તેના હિસાબી ચોપડા રાખે છે અને ઈન્કમટેક્ષ ભરે છે. વાહનોની ખરીદી અને લે વેચના ઘણા વ્યવહારો થાય છે તે કબૂલ કરે છે. વાહનની ખરીદી વખતે તેની માલીકી અને ઓળખ અંગેના દસ્તાવેજો લેવામાં આવે છે તે કબૂલ કરે છે. આર.ટી.ઓ.ના ટ્રાન્સફર ફોર્મની વિગતો પણ રાખે છે. વર્ષ દરમ્યાન આ સાહેદને ત્યાંથી ઘણી બધી વ્યકિતઓ વાહન ખરીદે છે અને વેચે છે. જે વ્યકિત પાસેથી કાઇનેટીક ખરીદેલુ તેની ઓળખના પુરાવા ખરીદનાર વ્યકિતને આપેલા નહીં. જે વ્યકિત પાસેથી રૂા.૧૦૦૦૦/– લીધેલા તે વ્યકિતને આ વાહન વેચ્યુ છે તેની જાણ ખરીદનાર વ્યકિતને કરેલી નહીં. પરંતુ મારા મત પ્રમાણે કોઈ વ્યકિત વાહનોની લે વેચ કરનારને ત્યાં પોતાનુ વાહન વેચી દે ત્યારબાદ વાહનની લે વેચ કરનાર વ્યકિત કોઈ ત્રાહિત વ્યકિતને તે વાહન વેચે તે વાહન કોને વેચ્યુ કયારે

વેચ્યુ અને કેટલી કિંમતે વેચ્યુ તેની જાણ અગાઉના માલીકને કરવાની હોતી નથી અને આવી જાણ કરવી જોઈએ તેવા કોઈ નિયમો નથી. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો તા.૨૯.૮.૨૦૦૮ ના રોજ પોલીસે જવાબ લેવા માટે નોટિસ કે સમન્સ આપેલો નહીં. પરંતુ જો પોલીસે નોટીસ કે સમન્સ આપેલો ન હોય તો તેનો અર્થ એવો નથી કે પોલીસે આ સાહેદનો જવાબ લીધો નથી. પોલીસે ચોક બજાર પોલીસ સ્ટેશને બોલાવેલા. પોલીસે મોટર વેચાણનું જે રજીસ્ટર આ સાહેદ પાસેથી મેળવેલુ તે મેળવ્યા પછી પોલીસે કોઈ પહોંચ આપેલી નહીં. પોલીસે બેસાડી રાખ્યા હોય અને ધાક ધમકી આપેલી હોય તેવુ બનેલુ નહીં. તે દિવસે પોલીસ સ્ટેશનમાં બીજા માણસો હતા કે કેમ? તેનો ખ્યાલ નથી. પોલીસે બે માણસો બહારથી બોલાવ્યા હોય અને લખાણ કર્યુ હોય તેવુ બનેલુ નથી. તા. ૨૯.૮.૨૦૦૮ ના દિવસે સરતપાસમાં જણાવ્યા મુજબ પોલીસ રૂબરૂ કોઈ કાઈનેટીક હોન્ડા વેચાણ આપવાની વિગતો જણાવેલી નથી કે કોઈ ઈસમ વિશે વાત કરી નથી તો તે હકીકત નકારે છે. પોલીસના કહેવાથી દુકાનના ખોટા વાહન વેચાણનો ચોપડો રજૂ કરેલો છે તો તે હકીકત નકારી છે. પોલીસના કહેવાથી અને સમજાવવાથી ખોટી જુબાની આપેલાની હકીકત નકારી છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો ખરીદ અને વેચાણ એક જ ચોપડામાં કરે છે અને તેનુ ફોર્મ પણ એક જ પ્રકારનું છે તે કબૂલ કરે છે. વાહન વેચાણના ચોપડામાં વેચાણ અંગેની વિગતો છાપેલી છે તે કબૂલ કરે છે. વાહન ખરીદે ત્યારે વેચાણ કરનાર વ્યકિતનું નામ, વાહનની વિગત, કિંમત લખીને ફોર્મની નીચે વેચાણ આપનારની સહી લેવામાં આવે છે. કાઈનેટીક હોન્ડા ખરીદ કર્યુ હોય અને ચોપડામાં તેની નોંધ કરી હોય તેવા કોઈ દસ્તાવેજ પોલીસને આપેલા નહીં. ખરીદનારની સહી દરેક વખતે સ્ટેમ્પ ઉપર લેવામાં આવતી ન હતી તે કબૂલ કરે છે. ચોપડો પ્રિન્ટેડ છે અને માર્કેટમાં મળી આવે છે તે કબૂલ કરે છે. ધંધાનું રેકર્ડ સાચી રીતે નિભાવતા નથી તો તે હકીકત નકારે છે. ચોપડાના આધારે બુકસ ઓફ એકાઉન્ટ નિભાવતા નથી તો તે હકીકત પણ નકારી છે. આ કિસ્સામાં કોરૂ પાન હતુ તેમાં પોલીસના કહેવાથી તેમા લખાણ કરીને દુરૂપયોગ કરેલો છે તો તે હકીકત નકારી છે. કહેવાતુ

કાઈનેટીક વેચાણ કરેલાની હકીકત જે જણાવી છે તેવુ કોઈ કાઈનેટીક વેચાણ કરેલુ નથી તો તે હકીકત નકારી છે. કાઈનેટીક વેચાણ કર્યા અંગેના દસ્તાવેજો પોલીસના કહેવાથી પાછળથી ઉભા કરેલાની હકીકત નકારી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ સુરત ખાતે "જલારામ ઓટો કન્સલટન્ટ" ના નામથી ગાડીઓ લે વેચાણનો ધંધો કરે છે. તા.૨૩.૭.૨૦૦૮ ના રોજ આરોપી નં.૪૩ અનીક ઉર્ફે ખાલીદ સન ઓફ સફીક સૈયદનાઓએ આ સાહેદને ત્યાંથી કાઈનેટીક મોપેડ ખરીદેલુ અને તે અંગેનો વાહન વેચાણ કરાર થયેલો હતો. આ કાઈનેટીકની કિંમત રૂા. ૧૦૦૦૦/– નકકી કરેલી અને કાઈનેટીકનો નં.૩૮૦૧ હતો. કાઈનેટીકની રકમ આરોપી નં.૪૩ નાઓએ આ સાહેદને રોકડમાં ચુકવેલ હતી. વાહન વેચાણનો કરાર કરીને આ સાહેદે આરોપીની સહી કરાવેલી હતી. સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવો બન્યા બાદ આરોપી નં.૪૩ અનીક ઉર્ફે ખાલીદ સન ઓફ સફીક સૈયદ પકડાયા બાદ તા.૧૮.૧૧.૨૦૦૮ નાં રોજ આ સાહેદે આરોપી નં.૪૩ ને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૭૫ કીર્તન ચતુરભાઈ પટેલનાઓની રૂબરૂમાં આંક–૩૦૯૪ ના ઓળખ પરેડના પંચનામા દરમ્યાન ઓળખી બતાવેલો છે. એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૭૫ કીર્તન ચતુરભાઈ પટેલની જુબાનીની ચર્ચા અલગથી આગળ ઉપર કરેલી છે માટે તેનુ પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે ગુલામહુસેન અબ્દુલરસીદ પઠાણને સાહેદ નં.૧૧૩૮ તરીકે આંક–૮૧૬૫ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ સને–૨૦૦૮ના વર્ષમાં કસક, ભરૂચ ખાતે આવેલા અપ્સરા એપાર્ટમેન્ટના ફલેટ નં. એ/૮માં રહેતા હતા. આ સિવાય આ સાહેદ પાસે એક બીજું મકાન શેરપુરા ગામમાં આવેલું હતું. શેરપુરાનું મકાન દહેજ બાયપાસ, મેઈન રોડ ઉપર આવેલુ હતું. આ મકાન તેમની પત્નીના નામે હતું. સને–૨૦૦૮ની સાલમાં ગુજરાત મોટર રીવાઈન્ડીંગના નામથી ઈલેકટ્રીકનું કામકાજ કરતા હતા. તેમની દુકાન પટેલ સુપર માર્કેટમાં હતી. શેરપુરાવાળુ મકાન

ખાલી હતું. તેમને આ મકાનમાં સને–૨૦૦૮ ના જુન–જુલાઇ માસમાં રીપેરીંગનું કામકાજ ચાલતુ હતું. સાહેદ વધુમાં જણાવે છે કે તા.૨/૯ ના રોજ રાત્રે અગિયાર વાગ્યે તેમની ઉપર ચાવડા સાહેબનો ફોન આવેલો અને શેરપુરાવાળા મકાન ઉપર આવો તેમ કહેતા પંદરેક મિનિટમાં મકાન ઉપર પહોંચી ગયેલા. આ સાહેદ ત્યાં પહોંચ્યો ત્યારે ત્યાં સાહેબ હતા અને તેમની સાથે પાંચ–આઠ માણસો હતાં. સાહેબે નામ, સરનામું પુંછેલું. સાહેબે પુંછેલું કે આ મકાન કોનું છે? તો જણાવેલું કે મકાન તેમનુ છે. આ સાહેદને કહેલું કે મકાન જોવાનું છે અને મકાનની ચાવી માંગેલી. પરંતુ ચાવી તેમની પાસે ન હતી જેથી તાળુ તોડી નાંખવા કહેતા તાળું તોડી નાંખેલું. મકાનમાં લાઇટ ચાલુ કરી આપેલી. ત્યારબાદ સાહેબ હતા, એફ.એસ.એલ. વાળા હતા અને પબ્લિકના બે માણસો હતા તેમણે મકાનમાં તપાસ કરેલી. તેમની સાથે એક આરોપી પણ હતો. પોલીસે તેમનું કામ પતાવીને બહાર જતા રહેલાં અને ચાવડા સાહેબે આ સાહેદને બધુ પુછેલું.

સાહેદ વધુમાં જણાવે છે કે તેમના મકાનનું કામ પતી ગયેલું હતું અને ત્યારપછી ચા પીવા બાજુમાં ગયેલાં. આ વાત તા.૭ કે ૮/જુલાઇ/૨૦૦૮ ની હતી. તેમની બાજુમાં નઝીરભાઇની કિટલી છે ત્યાં ચા પીવા ગયેલાં. તે વખતે નઝીરભાઇએ પુછેલું કે મકાન ભાડે આપવું છે. તો કહેલું કે જો કોઇ કંપનીવાળા સારા માણસો હોય તો મકાન ભાડે આપીશ. બીજા દિવસે નઝીરભાઇનો ફોન આવેલો અને જણાવેલું કે એક માણસને મકાન જોઇએ છે તો આવી જાઓ. જેથી આ સાહેદ નઝીરભાઇની કિટલી ઉપર ગયેલા. કિટલી ઉપર ગયા ત્યારે જે ભાઇને મકાન ભાડે લેવાનું હતું તે ભાઇ ત્યાં બેઠેલા હતાં. ત્યારબાદ આ સાહેદ, નઝીરભાઇ તથા તે ભાઇ ચાલતા ચાલતા મકાન ઉપર ગયેલાં. ત્યારબાદ ત્યાં ભાડાની વાત થયેલી અને ભાડાની રકમ રૂા.૧૦,૦૦૦/– કહેલી. આ ભાઇએ મકાન અંદરથી જોયેલું નહિ અને બહારથી જોયેલું અને ભાડુ વધારે છે તેમ કહિ જતા રહેલાં. ત્યારબાદ બીજા દિવસે નઝીરભાઇનો આ સાહેદ ઉપર ફોન આવેલો અને જણાવેલું કે તે ભાઇ આવ્યા છે અને તમે આવી જાઓ. તે વખતે લગભગ ત્રણ–સાડા ત્રણ વાગ્યાનો સમય થયેલો હતો. ત્યારબાદ ચાર સાડા ચાર વાગ્યે

નઝીરભાઇ પાસે પહોંચેલો. નઝીરભાઇનો ફોન આવ્યો ત્યારે જી.આઇ.ડી.સી. માં હતા જેથી વાર લાગશે તેવું કહેલું. જે ભાઇએ મકાન ભાડે રાખવાનું હતું તેના પણ બે–ત્રણ ફોન આવેલા અને તેમણે જણાવેલું કે વહેલા આવો, મારે ઉતાવળ છે. ત્યારબાદ આ સાહેદ ત્યાં પહોંચી ગયેલા અને તે વખતે આ સાહેદ, નઝીરભાઇ અને તે ભાડે રાખનાર ભાઇ હતાં. ત્યારબાદ તેઓ ત્રણેય ઘર ઉપર ચાલતા ચાલતા ગયેલાં અને પછી ઘર ખોલીને જોયેલું અને રૂા.૫૦૦૦/– ભાડુ નકકી કરેલું અને રૂા.૧૦,૦૦૦/– ડિપોઝીટ નકકી કરેલી. તે ભાઇએ કહેલું કે ડિપોઝીટ બીજા દિવસે આપીશ અને ત્યારબાદ બીજા દિવસે ડિપોઝીટ રૂા.૧૦,૦૦૦/– આપેલી. ડિપોઝીટ આપ્યા પછી મકાનની ચાવી આપેલી. જે વખતે તે ભાઇને મકાનની ચાવી આપી ત્યારે તેણે પોતાનું નામ રફિક શેખ જણાવેલું અને તે મહારાષ્ટ્રનો રહેવાસી હતો. આ સાહેદે તેમને કહેલું કે આઇ.ડી. પ્રુફ આપવું પડશે. તે ભાઇએ કહેલું કે અત્યારે આઇ.ડી. પ્રુફ નથી, ફરી આવીશ ત્યારે લઇ આવીશ. ત્યારબાદ તે ભાઇએ ચાવી લઇને રહેવાનું શરૂ કરી દિધેલું. ડિપોઝીટ લઇને આવ્યા ત્યારે તે ભાઇ વેગનઆર ગાડી GJ–6 જેવી હતી તે લઇને આવેલાં હતાં. આ ગાડીનો કલર સીલ્વર કલર હતો. ત્યારબાદ આ સાહેદ એક–બે વખતે તે ભાઇને મળવા માટે ગયેલા પરંતુ તે ભાઈ સાથે મુલાકાત થયેલી નહિ.

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ બોમ્બ બ્લાસ્ટના બે–ત્રણ દિવસ અગાઉ તેઓ દહેજ મુકામે જતા હતા ત્યારે લાલ કલરની વેગન આર ગાડી તેમના બંગ્લાની સામે ઉભેલી હતી તે ત્યાં જોયેલી હતી. તે દિવસે રફિકભાઇનો ફોન આવેલો કે તેઓ રાજસ્થાન કામથી જાઉં છું. રફિકભાઇ થોડા કોલેજીયન ટાઇપના હતા, કુલ બાયનું ટી શર્ટ પહેરેલું હતું, ગોરા સરખા હતા અને ૨૭/૨૮ વર્ષની ઉંમર હોય તેવા હતાં. ત્યારબાદ તા.૧૨/૯/૨૦૦૮ ના રોજ ચાવડા સાહેબ આવેલા અને પુછપરછ કરેલી તેમજ મોબાઇલ નંબર તેમને આપેલાં. ત્યારબાદ રફિકભાઇનો બોમ્બ બ્લાસ્ટ પછી ત્રણ–ચાર દિવસે ફોન આવેલો કે તેમના ઘરવાળા આવવા દેતા નથી તો આ સાહેદે કહેલું કે તમે ફેમીલી સાથે આવો નહિં તો તમને ઘરમાં રહેવા નહિ દઉં. ત્યારબાદ પોલીસવાળા ભાઇ તા.૧૪/

૧૨/૨૦૦૮ ના રોજ એક સમન્સ લઈને તેમની પાસે આવેલાં અને જણાવેલું કે અમદાવાદ આવવાનું છે અને તેઓ એડ્રેસ લઈને આવેલાં. ત્યારબાદ આ સાહેદ તથા નઝીરભાઈ બંને સાથે તા.૧૬/૧૨/૨૦૦૮ ના રોજ ઘી કાંટા કોર્ટ, અમદાવાદ ગયેલા. ઘી કાંટા કોર્ટમાં ગયા પછી એક ભાઈ ત્યાં બેઠા હતાં તેમને પુછેલું તો તેમણે ત્યાં બેસાડેલાં અને તેઓ કોર્ટમાં ગયેલાં. ત્યારબાદ પંદરેક મિનિટ પછી બોલાવેલો. ત્યાં અંદર સાહેબ બેઠેલાં હતાં અને બીજા અઢારેક માણસો ત્યાં ઉભેલાં હતાં. સાહેબે ત્યાં ઓળખ પરેડ માટે કહેલું. જે માણસો તેમને ત્યાં રહેતા હતા તે ત્રણ માણસોની ઓળખાણ કરેલી અને બતાવેલાં. સાહેબે કહેલું કે તમે જેને ઓળખો છો તેને એક–એક કરીને લઈ આવો. જેથી આ સાહેદ ત્રણેયને લઈ આવેલા. સાહેબે તે ત્રણેયનું નામ પુંછેલું. તેઓના નામમાં (૧) અકબર (૨) ફૈઝુલ અને ત્રીજાનું નામ અત્યારે યાદ નથી. સાહેબે આ સાહેદને પુંછેલું કે તમે આ લોકોને કઈ રીતે ઓળખો છો? તો કહેલું કે આ લોકો તેમના ઘરમાં રહેતાં હતાં. ત્યારબાદ નઝીરભાઈની પાસે પણ ઓળખ પરેડ કરાવેલી. આરોપીઓને જોયે દસ વર્ષ જેટલો સમય થયેલો હોવાથી આ સાહેદ ઓળખી શકતા નથી.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો તા.૨.૯.૨૦૦૮ના રોજ પોલીસે આ સાહેદને ફોન કરીને બોલાવ્યા ત્યારે પુછપરછ કરીને નિવેદન લીધેલુ. પુછપરછ કરી તે પહેલા મકાનનું તાળુ તોડી નાખેલુ તો તે હકીકત નકારી છે. આ સાહેદના જતા પહેલા સાંજના સાત વાગ્યાથી ત્યાં પંચનામુ શરૂ કરવામાં આવેલુ તો તે હકીકત નકારી છે. આ હકીકતનો અર્થ એવો થાય કે આ સાહેદ સ્થળ ઉપર ગયા તે પહેલા મકાનનું તાળુ તોડવામાં આવેલુ હતુ નહીં અને પંચનામુ લખવાની પણ શરૂઆત થયેલી ન હતી. તાળુ આ સાહેદની હાજરીમાં તોડવામાં આવેલુ તે કબુલ કરે છે. પોલીસે ૪ થી ૫ વખત પુછપરછ કરેલી તો તે હકીકત નકારી છે. તા.૩.૯.૨૦૦૮, તા.૬.૯.૨૦૦૮, તા.૧૨.૯.૨૦૦૮, તા.૧૬.૧૨.૨૦૦૮ના રોજ પુછપરછ કરેલાની હકીકત નકારી છે. તા.૬.૯.૨૦૦૮ ના રોજ સુરતના પોલીસ ઇન્સ્પેકટરનાઓએ પુછપરછ કરી હોય તેવુ બન્યુ નથી. મકાન પતિના

નામ પર હતુ તે અંગેનો દસ્તાવેજી પુરાવો પોલીસને આપેલો નહીં તે કબૂલ કરે છે. મકાન ભાડે આપ્યા બાબતે તે વ્યકિત સાથે કોઈ ભાડા ચીઠ્ઠી કરેલી નહીં તે કબૂલ કરે છે. રૂા.૧૦૦૦૦/– તે ભાઈ પાસેથી ડીપોઝીટની રકમ લીધી તે અંગે કોઈ રસીદ આપેલી નહીં તે કબૂલ કરે છે. ત્રણ માણસો મકાનમાં રહેતા હતા તેવુ પોલીસને જણાવેલુ નથી તે કબૂલ કરે છે. મકાન ભાડે આપ્યા પછી અવાર નવાર તે વ્યકિત સાથે ફોન ઉપર વાત થતી હતી તે કબૂલ કરે છે. આ પ્રશ્નનો અર્થ ધ્યાને લઈએ તો આ સાહેદે આરોપીને મકાન ભાડે આપેલુ હતુ અને ભાડે આપ્યા બાદ તેની સાથે આ સાહેદને અવાર નવાર ફોન પર વાત થતી હતી તે હકીકત સ્વીકૃત હકીકત છે. ત્યારપછી તે વ્યકિત તેના ગામ જતો રહેલો તે કબૂલ કરે છે. પોલીસે મોબાઈલ નં.૯૪૨૬૮ ૭૦૨૭૧ આ સાહેદનો કબજે કરેલો તેનુ પંચનામુ કર્યાની ખબર નથી. મોબાઈલ કબજે કર્યાની કોઈ રસીદ આપેલ નથી. પોલીસે આ સાહેદના મોબાઈલની કોલ ડીટેઈલ કાઢેલી તે કોલ ડીટેઈલ આ સાહેદને આપેલ નથી તેમ જણાવે છે. રફીકભાઈ હિન્દી ભાષા જાણતા હતા તે સિવાય બીજી ભાષા જાણતા હોય તો ખબર નથી. રફીકભાઈ હિન્દી ભાષા જાણે છે તેવુ પોલીસને જણાવેલુ નથી તો તે હકીકત નકારી છે. રફીકભાઈ સિવાય બીજા બે વ્યકિતઓને ઓળખેલા તેઓના વર્ણન પોલીસને આપેલા નહીં. આ ત્રણેય માણસો આ સાહેદના મકાનમાં રહેતા હતા તેવુ પોલીસને જણાવેલુ નથી તો તે હકીકત નકારે છે. આ ત્રણ વ્યકિતઓ મકાનમાં રહેતી ન હતી માટે બીજી બે વ્યકિતઓના વર્ણન પોલીસને આપેલા નથી તો તે હકીકત નકારે છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો ૧૮ માણસોમાંથી ૩ માણસોને એકપછી એક આ સાહેદે ઓળખી બતાવેલા. ત્રણેય વખત ઉભા રાખેલા માણસો એક સરખા હતા. રફીક ત્રીજા નંબર ઉપર ઉભેલો હતો. બીજા નંબરના અને ત્રીજા નંબરના વ્યકિતઓને જે ઓળખેલા તે કયા નંબર ઉપર ઉભેલા હતા તેનો ખ્યાલ નથી. ૧૮ માણસો કોણ હતા અને કેવા હતા તેનો ખ્યાલ નથી. ઓળખ પરેડ દરમ્યાન આવા કોઈ માણસોને ઓળખ્યા નથી તો તે હકીકતને નકારી છે. રફીક નામના માણસને મકાન ભાડે આપેલુ ન હતુ તો તે હકીકત નકારી છે. ગેટની બે ચાવી

બનાવીને એક ચાવી આ સાહેદે તેને આપી હોય તેવુ બન્યુ નથી. વેગન આર ગાડી જોયેલી પરંતુ તેનો નંબર ખબર નથી. મકાન રીફકભાઈને ભાડે આપેલુ તે બાબતે આ સાહેદ ઉપર કોઈ કેસ થયેલો નથી. પોલીસે કેસ કર્યો નથી માટે અને પોલીસના કહેવાથી જુબાની આપતા હોવાની હકીકત નકારી છે. રાત્રે ૧૧ વાગે આ સાહેદ ઉપર ચાવડા સાહેબનો ફોન આવેલો તે પહેલા ચાવડા સાહેબને મળવાનો પ્રસંગ બનેલો નથી. ચાવડા સાહેબને કયારેય ફોન નંબર આપેલો નથી તો તે કબૂલ કરે છે. ચાવડા સાહેબને ફોન નંબર આપેલો ન હોય તેનો અર્થ એવો નથી કે ચાવડા સાહેબે આ સાહેદને ફોન કર્યો નથી. આ સાહેદનો ફોન નંબર ચાવડા સાહેબે ગમે તે વ્યકિત પાસેથી મેળવીને કરેલો હોય શકે. આ સાહેદની પડોશમાં યાકુબભાઈ પોલીસવાળા રહે છે તે કબૂલ કરે છે. આ યાકુબભાઈ ભરૂચમાં અભય ચુડાસમા સાહેબની અંદરમાં ઘણો સમય રહેલા હોય તો ખબર નથી. યાકુબભાઈ સાથે સારા સબંધો છે તો તે હકીકત નકારી છે. યાકુબભાઈએ જણાવેલુ હતુ કે તમે આ રીતે જવાબો આપજો માટે તે રીતે તમે જવાબો આપો છો તો તે હકીકત નકારી છે. મકાન કોઈને ભાડે આપેલુ નથી અને મેજિસ્ટ્રેટ રૂબરૂ કયારેય ગયેલા નથી કે કોઈ વ્યકિતને ઓળખેલો નથી તો તે હકીકત નકારી છે. યાકુબભાઈના કહેવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ ભરૂચ મુકામે રહે છે અને ભરૂચ ખાતે શેરપુરાના નાકા પાસે એક મકાન પોતાની માલીકીનું આવેલુ છે. તા.૮.૭.૨૦૦૮ નાં રોજ એક નઝીરભાઈની કીટલી ઉપર ચા પીતા હતા ત્યારે મકાન ભાડે આપવા બાબતે વાતચીત થયેલી. નઝીરભાઈની કીટલી ઉપર આરોપી નં.૪૫ ફજલે રહેમાન બેઠેલો હતો અને તેને આ સાહેદનું મકાન રૂા.૫૦૦૦/– ના ભાડાથી ભાડે રાખેલુ હતુ અને આ મકાનમાં આરોપી નં.૪૫ ફજલે રહેમાન, આરોપી નં.૪૩ અનીક સફીક સૈયદ, આરોપી નં.૪૪ અકબર ઈસ્માઈલ ચૌધરીનાઓ સાથે રહેતા અને મકાનમાં આ લોકોએ બોમ્બ બનાવેલા હતા. સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવો બન્યા બાદ આરોપી નં.૪૩ અનીક ઉર્ફે ખાલીદ સન ઓફ સફીક સૈયદ પકડાયા બાદ તા.૧૬.૧૨.૨૦૦૮ નાં

રોજ આ સાહેદે આરોપી નં.૪૩ ને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૮૯ ઈન્દ્રવીર વજુભા ઝાલાનાઓની રૂબરૂમાં આંક–૩૧૬૫ ના ઓળખ પરેડના પંચનામા દરમ્યાન ઓળખી બતાવેલો છે. એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં. ૫૮૯ ઈન્દ્રવીર વજુભા ઝાલાની જુબાનીની ચર્ચા અલગથી આગળ ઉપર કરેલી છે માટે તેનુ પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

ફરીયાદપક્ષ દ્વારા આ કામે અભિષેક ઋષિકેશ શુકલને સાહેદ નં. ૧૧૦૮ તરીકે આંક–૭૯૩૮ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૨૫/૭/૨૦૦૮ ના રોજ પોલીસે આ સાહેદને સુરત ડી.સી. બી. ક્રાઈમ બ્રાન્ચ ઑફિસમાં બોલાવેલા. તેમની સાથે બીજા એક તેજસભાઇ કરીને પણ હતાં. ત્યાં એક તીરમીજી સાહેબ કરીને હતાં તથા બીજા બે –ત્રણ પોલીસના અધિકારીઓ હતાં. ત્યાં કોઇક વ્યકિત હતો. સુરતમાંથી બોમ્બ પકડાયેલા હતા જેથી તે વ્યકિત બતાવીને કહેલું કે આ વ્યકિતએ બોમ્બ અંગેનો સામાન જયાંથી લીધો હતો તે જગ્યા સ્વૈચ્છિક રીતે બતાવવા માંગે છે અને તેનું પંચનામું કરવાનું છે જેથી હા પાડેલી. તે વખતે બીજા તેજસભાઇ પણ સાથે હતા અને તેમણે પણ હા પાડેલી.ત્યારબાદ બધા ત્યાં ઉપરથી નીચે રોડ ઉપર આવેલાં. નીચે આવવામાં આ સાહેદ, તેજસભાઇ, મુખ્ય ઇન્સ્પેકટર સાહેબ હતા તે, આરોપી હતો તે તથા બીજા પોલીસના માણસો નીચે આવેલાં. જે સ્વૈચ્છાથી બતાવવા માંગતો હતો તેનું નામ અનીક સૈયદ હતું.

સાહેદ વધુમાં જણાવે છે કે નીચે આવ્યા પછી બધા લોકો સરકારી ગાડીમાં બેઠેલાં. જે આરોપી હતો તેણે ત્યાંથી રસ્તો બતાવેલો. તેઓ ત્યાંથી મુગલીસરાઇ થઇ સૈયદપુરા પમ્પીંગ પાસેથી રામપુરાવાલા રોડ ઉપર ગયેલાં. તે રોડ ઉપર જમણી તરફ રામપુરા પેટ્રોલ પંપ આવેલા અને ત્યાં ગાડી થોભાવેલી અને આરોપીએ બતાવેલું અને કહેલું કે "આ જગ્યા ઉપરથી મે ૧૦ લીટર પેટ્રોલ લીધું હતું". આ જગ્યા ઉપર પેટ્રોલ પંપ હતો. ત્યાંથી ફરી બધા ગાડીમાં બેઠેલાં. ત્યાંથી સીધા રોડે લાલ દરવાજા તરફ લઇ ગયેલા અને ત્યાંથી જમણી તરફ દિલ્હી ગેટ તરફના રોડે લઇ ગયેલા અને ત્યાં દિલ્હી ગેટ પોલીસ ચોકી આવેલી

અને ત્યાં ગાડી થોભાવેલી. ત્યાં સામે એક નાની દુકાન હતી અને ત્યાં પ્લાસ્ટીકનો સામાન વેચાતા હતા તે દુકાન આરોપીએ બતાવેલી અને કહેલું કે "અહિંયાથી મે પાંચ–છ કેરબા લીધા હતાં". ત્યાંથી બધા ફરી ગાડીમાં બેઠેલાં અને પાછા રોડે દિલ્હી ગેટ તરફ થઇ કતારગામ રોડે લઇ ગયેલા. રસ્તો આરોપીએ બતાવેલો. ત્યાં કતારગામ ઉપર એક અનાથ આશ્રમ છે અને તેની સામે પણ એક પેટ્રોલપંપ આવેલો છે અને ત્યાં તેણે પેટ્રોલપંપ બતાવેલો અને ત્યાંથી પણ આરોપીએ "દસ લીટર પેટ્રોલ લીધું હતું" તેવું જણાવેલું. ત્યાંથી બધા પાછા ફરી ગાડીમાં બેઠેલાં અને ડી.સી.બી. સુરત બ્રાન્ચ ઉપર પાછા ગયેલાં. આ જે કાંઇ બન્યું તે અંગે સાહેબે બધુ લખેલું. ઉપરોકત કાર્યવાહીનું પંચનામુ બનાવવામાં આવેલુ જે આંક–૭૯૩૯ થી ૨જૂ છે તે પંચનામામાં સાહેદ પોતાની તથા તેજસભાઈની સહીઓ ઓળખી બતાવે છે. સાહેદ આરોપી અનીક સૈયદને ઓળખી શકતા નથી અને જણાવે છે કે દસ વર્ષ જેટલો સમય થઇ ગયેલો હોવાથી ઓળખી શકે નહીં.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ ૧૨ ધોરણ સુધી ભણેલા છે. ઘણો સમય થઈ ગયેલો હોવાથી કઈ તારીખે કયા બનાવો બનેલા તે યાદ નથી. જુબાનીના દિવસે જે વિગતો જણાવી તે પંચનામામાં સહી કરી તે દિવસે જણાવેલી હતી તે સિવાય બીજી વાતો યાદ નથી. અનીક નામના માણસને પંચનામામાં સહી કરી તે અગાઉ કયારેય જોયેલો નહીં. તે વ્યકિત શું કામ ધંધો કરે છે તેની ખબર નથી અને તે વિશે પોલીસે માહિતી આપેલી નહીં. આરોપી પાસેથી પણ આવી કોઈ માહિતી મેળવેલી નહીં. અનીક નામના માણસને પોલીસે કેટલા દિવસ પહેલા પકડેલો અને તે કયારથી રીમાન્ડ ઉપર છે તે અંગેની માહિતી પોલીસ કે આરોપી પાસેથી મેળવેલી નહીં. આરોપીને પોલીસે મારઝુડ કરેલી કે કેમ તેની માહિતી મેળવેલી નહીં. રામપુર પેટ્રોલ પંપ ઉપર પેટ્રોલ વેચાતુ હતુ, બીજી કોઈ ચીજવસ્તુઓ વેચાતી હોય તે જોયેલ નથી. રામપુરા પેટ્રોલ પંપ ઉપર જઈ પોલીસે કોઈની પુછપરછ કરી હોય તેવુ બનેલુ નથી તો તે કબૂલ કરે છે. અનીક નામના માણસે આ પેટ્રોલ પંપ ઉપરથી પેટ્રોલ ખરીદયુ હોય

તેવો કોઈ દસ્તાવેજી પુરાવો મેળવેલો નહીં. પરંતુ મારા મત પ્રમાણે પેટ્રોલ પંપ ઉપરથી જયારે કોઈ વ્યકિત પોતાના બેચક્કી વાહનમાં ૧૦૦ કે ૧૫૦ રૂપિયાનું પેટ્રોલ ભરાવે ત્યારે સામાન્ય રીતે કોઈ બીલ આપવામાં આવતુ નથી કે લેવામાં પણ આવતુ હોતુ નથી. ધારો કે કોઈ વ્યકિત પેટ્રોલ ભરાવે અને બીલની માંગણી કરે તો મોટાભાગે પેટ્રોલ પંપ ઉપર બીલમાં ફકત રકમ લખીને આપી દેવામાં આવતુ હોય છે. બીલમાં પેટ્રોલ ભરાવનારનું પુરૂ નામ કે વાહનનો પુરો નંબર, સમય, તારીખ લખતા હોતા નથી માટે આવો કોઈ દસ્તાવેજી પુરાવો ન હોવાથી આરોપીએ પેટ્રોલ ભરાવેલુ નથી તેમ માની શકાય નહીં. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો પેટ્રોલ પંપ ઉપર અનીક નામની વ્યકિત પેટ્રોલ લેવા આવી હતી તેવુ કોઈ વ્યકિતએ જણાવેલુ નહીં. જે દુકાનેથી પ્લાસ્ટિકના કેરબા લીધેલાનું સરતપાસમાં જણાવેલુ છે તે દુકાનની બહાર પ્લાસ્ટિકના કેરબા મુકેલા હતા તે દુકાન ઉપર બેઠેલ વ્યકિતની પોલીસે પુછપરછ કરેલી. શું વાતચીત થયેલી તેની ખબર નથી. દુકાન ઉપરથી કેરબા વેચ્યા અંગેના કોઈ બીલો કે દસ્તાવેજો કબજે કર્યા હોય તો ખબર નથી. નીલમ પેટ્રોલ પંપ ઉપર પેટ્રોલ વેચાતુ હતુ તે કબૂલ કરે છે. અનીક નામના માણસે આ પેટ્રોલ પંપ ઉપરથી પેટ્રોલ ખરીદેલુ હોય તે અંગેનો કોઈ દસ્તાવેજી પુરાવો મેળવેલો નથી. સરતપાસમા જણાવ્યા પ્રમાણેની કોઈ કામગીરી કરવામાં આવેલી નથી તો તે હકીકત નકારે છે. આરોપી પંચોને લઈને પંચોની હાજરીમાં કોઈ જગ્યાએ લઈ ગયેલો નથી તો તે હકીકત નકારી છે. તૈયાર પંચનામામાં સહી કરેલાની હકીકત નકારી છે. પોલીસના કહેવાથી અને સમજાવવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારી છે. પોલીસ સ્ટેશનમાં આરોપીએ કેરબા કયાંથી ખરીદેલા અને પેટ્રોલ કયાંથી ખરીદેલુ તે જણાવેલુ નહીં તો તે હકીકત નકારી છે. પોલીસ સ્ટેશનથી નીકળતા પહેલા આ સાહેદને આરોપી સાથે કોઈ વાતચીત થયેલી નહીં. પંચનામા મુજબ દરેક જગ્યાએ ફરીને પાછા આવ્યા પછી પોલીસ સ્ટેશનમાં સહીઓ કરેલી તો તે હકીકત નકારે છે. પોલીસ કોઈ જગ્યાએ લઈ ગયેલી નથી અને પોલીસ સ્ટેશનમાં બેસીને પંચનામુ તૈયાર કરેલુ અને તેમા સહી કરેલી તો તે હકીકત નકારી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાથે મદદમાં રહેનાર અધિકારી સાહેદ નં.૧૧૨૦ એસ.જે. તીરમીજીએ કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી.નં.૧૭૬/૨૦૦૮ ના કામે તા.૨૦.૧૧.૨૦૦૮ ના રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ તેજસ અશોકભાઈ મરચાવાલાને ડી.સી.બી. પોલીસ સ્ટેશન સુરત ખાતે બોલાવેલા. ત્યાં આરોપી નં.૪૩ અનીક સફીક સૈયદ હાજર હતો અને તે કંઈક કહેવા અને બતાવવા માંગતો હતો માટે પંચો, પોલીસ સ્ટાફ અને આરોપીને લઈને તપાસ કરનાર અધિકારી આરોપીના કહેવા અને બતાવ્યા મુજબની જગ્યાઓ ઉપર જવા નીકળેલા. આરોપીએ જણાવેલુ કે ગુનાના કામમાં વપરાયેલ પ્લાસ્ટીકના કેન ખરીદેલા તે જગ્યા તથા પેટ્રોલ પંપ કે જયાંથી પેટ્રોલ લીધેલુ તે જગ્યાઓ બતાવવા માંગે છે. જેથી તે તમામ જગ્યાઓનું પંચનામુ પંચોની હાજરીમાં આંક–૭૯૩૯ વાળુ બનાવવામાં આવેલુ.

આંક–૭૯૩૯વાળુ પંચનામુ બનાવના અધિકારી સાહેદ નં.૧૧૨૦ એસ.જે.તીરમીજીનાઓની જુબાની ધ્યાને લઈએ તો પેરા નં.૨ ધ્યાને લઈએ તો તા.૨૦/૧૧/૨૦૦૮ ના રોજ શ્રી એન.બી.પરમારનાઓએ આજ ગુનાના કામે આ સાહેદને તપાસ કરવા અંગેનો રીપોર્ટ આપેલો. જેથી તા.૨૦/૧૧/૨૦૦૮ ના રોજ આ સાહેદે બે પંચોને બોલાવેલાં અને તેઓને પંચમાં રહેવા સમજ કરેલી અને બે પંચો રૂબરૂ તહોમતદાર અનીક સ/ઓ સફિક સૈયદ ઉર્ફે ખાલીદનાઓ સ્વખુશીથી આ ગુનામાં વપરાયેલ પ્લાસ્ટિકના કેન તથા પેટ્રોલપંપ વાળી જગ્યા આગળ ચાલી બતાવવા માંગતા હોય તે અંગેનું પ્રાથમિક પંચનામું કલાક ૧૩.૧૫ વાગ્યે પૂર્ણ કરેલું અને ત્યારબાદ આરોપીએ બતાવ્યા મુજબની જગ્યાએ સરકારી વાહનમાં ગયેલાં અને આરોપીએ આગળ ચાલી રામપુરા ઓટો સેલ્સ એન્ડ સર્વિસીઝ નામનો એક પેટ્રોલપંપ બતાવેલો અને ત્યારબાદ આરોપીના બતાવ્યા મુજબ સરકારી વાહનમાં દિલ્હી ગેટ તરફથી હોટલ કમ્ફર્ટ ઈનની સામે એક પરચુરણ સાધન સામગ્રીની દુકાન કે જેની આગળ પ્લાસ્ટીકના કેનો વિગેરે પડેલા હતા તે જગ્યા "આરોપીએ બતાવેલી." જે જગ્યાના માલીક પ્રવિણચંદ્ર મોતીરામ

પલસાણાવાળા હાજર હતાં. ત્યારબાદ આરોપીના બતાવ્યા મુજબ આગળ વધેલા અને તેઓએ બાળ અનાથાશ્રમ પાસે રોડની સામેની બાજુએ પેટ્રોલપંપ બતાવેલો જે નિલમ પેટ્રોલીયમ નામનો હતો. જે પેટ્રોલપંપના માલીક પણ હાજર હતાં. આ અંગેનું પંચનામું બે પંચોની રૂબરૂમાં કલાક ૧૪.૩૦ વાગ્યે પૂર્ણ કરેલું અને તેમાં બે પંચોની સહીઓ મેળવેલી અને રૂબરૂ તરીકે આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે જે પંચનામુ આંક–૭૯૩૯ થી ૨જૂ રાખેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો સુરત બોમ્બ પ્લાન્ટેશનના બનાવોની તપાસમાં આ સાહેદ મદદનીશ પોલીસ કમિશનર એન. બી.પરમારની સાથે પ્રથમથી હતા તેમ જણાવે છે. તેઓની સાથે તપાસમાં મદદમાં રહેવુ તેવો હુકમ પોલીસ કમિશનર સાહેબે કરેલાનું જણાવે છે. એન.બી. પરમાર સાહેબે આવા હુકમની કોપી આપેલી નથી. તા.૧૯,૨૦,૨૮ મી તારીખે આ કેસોની તપાસ કરેલી તે સિવાય બીજી તારીખોએ પણ કેસોની તપાસ કરેલી હતી. બીજી તપાસ કઈ કઈ તારીખે કરેલી તે કહી શકે નહીં. બેંગ્લોર કઈ તારીખે ગયેલા અને કયા આરોપીને મેળવીને તપાસ અધિકારીને સોંપેલો તે ચોકકસ કહી શકે નહીં. પરમાર સાહેબે જે તપાસ સોંપેલી તે તપાસની કામગીરી તપાસ કરનાર અધિકારી તરીકે કરેલી તે કબૂલ કરે છે. તા.૨૦.૧૧.૨૦૦૮ ના રોજ આરોપી અનીક સફીક સૈયદની કસ્ટડી ડી.સી.બી. પોલીસ સ્ટેશનમાંથી મેળવેલી. આરોપીની કસ્ટડી મેળવ્યા બાબતેની કોઈ નોંધ લોકઅપ રજીસ્ટર કે કસ્ટડી રજીસ્ટરમાં કરેલી નહીં. આરોપી ગુજરાતનો રહેવાસી ન હતો તે કબૂલ કરે છે. પ્રથમ ભાગના પંચનામામાં આરોપી કયાંનો રહેવાસી છે અને તે કઈ ભાષા જાણે છે તેનો ઉલ્લેખ કરેલો નથી તે કબૂલ કરે છે. રામપુરા પેટ્રોલ પંપના માણસે આરોપીને ઓળખ્યો હોય અને તેનુ નિવેદન લીધુ હોય તેવુ બન્યુ નથી. પેટ્રોલ પંપ ઉપરથી પેટ્રોલ ખરીદયાનો કોઈ દસ્તાવેજ કે બીલ મેળવેલુ નથી. તે જ રીતે મિલન પેટ્રોલ પંપ ઉપરથી આરોપીએ ૧૦ લીટર પેટ્રોલ ખરીદયુ હોય તો તેનો પણ કોઈ દસ્તાવેજ કે બીલ મેળવેલુ નથી. આરોપી કોઈ જગ્યાએ લઈ ગયો નથી

કે સરતપાસમાં જણાવ્યા મુજબના કોઈ પંચનામા કરેલા નથી તો તે હકીકત નકારી છે.

આંક–૭૯૩૯ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે, પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "આરોપીએ પોતાનુ નામ ઠામ જણાવેલુ તથા રોડની જમણી બાજુ આવેલ પેટ્રોલ પંપ તરફ ઈશારો કરી ગાડી થોભાવવાનું જણાવેલુ તથા ૨૫.૭.૨૦૦૮ ના રોજ એક સફેદ કેનમાં આ પંપ ઉપરથી ૧૦ લીટર પેટ્રોલ લીધેલાનું જણાવેલુ તે તથા અનીકે જમણી બાજુ દિલ્હી ગેટ તરફ સરકારી વાહન લેવડાવેલુ તે તથા તા.૨૫.૭.૨૦૦૮ ના રોજ ૧૦–૧૦ લીટરના સફેદ રંગના પ–૬ કેરબા ખરીદેલાનું જણાવેલુ" વિગેરે પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપીએ પોતે આપેલ માહિતી પ્રમાણેની જગ્યાઓ ઉપર પેટ્રોલ પંપ આવેલો છે અને પેટ્રોલ પંપનું ત્યાં અસ્તિત્વ છે માટે આ પેટ્રોલ પંપ હોવાની માહિતી તેને પોતાને હતી જેથી તે હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય. આ ઉપરાંત આ જગ્યાઓની માહિતી આરોપીને હતી, આરોપીએ આ જગ્યાઓ ઉપરથી પ્લાસ્ટિકના કેન લઇ પેટ્રોલપંપ ઉપર પેટ્રોલ ભરાવેલુ તેથી પંચો તથા પંચનામુ બનાવનાર અધિકારીને આરોપી આ જગ્યાઓ ઉપર દોરી ગયેલા, આરોપીનુ આ દોરી જવાનુ વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે જીગ્નેશ હિંમતલાલ શાહને સાહેદ નં. ૧૧૧૦ તરીકે આંક–૭૯૪૫ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ સુરત ડી.સી.બી. પોલીસ સ્ટેશનમાં આ સાહેદને તા.૨૮/૧૧/૨૦૦૮ ના રોજ સાંજના આશરે ચારેક વાગ્યે બોલાવેલ હતા. ત્યાં બીજા એક રતનસિંહ કરીને હતા તેમને પણ બોલાવેલાં. પોલીસ સ્ટેશનમાં ગયા ત્યારે ત્યાં એક પરમાર સાહેબ કરીને હતાં અને પોલીસ સ્ટેશનમાં અંદર ગયા ત્યારે ત્યાં બે આરોપી હતાં. ત્યાં પરમાર સાહેબે તેમની ઓળખ બતાવીને કહેલું કે કાપોદ્રા પોલીસ સ્ટેશન તરફનો બોમ્બનો એક કેસ થયેલો છે અને આ બે આરોપી પકડાયેલા છે અને તમારી હાજરીમાં તેમની પુછતાછ કરૂ છું તો પંચમાં રહેશો?

જેથી "હા" પાડેલી અને તેમની સાથેના રતનસિંહે પણ "હા" પાડેલી. ત્યારબાદ તેઓની હાજરીમાં સાહેબે પેલા બે આરોપીઓના નામ પુંછેલાં. તે આરોપીઓના નામમાં એક મહમદ અકબર ચૌધરી હતું અને બીજા આરોપીનું નામ અનીક સફિક સૈયદ હતું અને આ નામો આરોપીઓએ જણાવેલા હતાં. આ આરોપીઓએ કહેલું કે "અમે ભાડે રહીએ છિએ તે જગ્યા અમે તમને બતાવીએ".

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ આ આરોપીઓ જગ્યા બતાવવા આગળ–આગળ ચાલેલા અને સાહેબ, પોલીસના માણસો તેઓ પંચો પાછળ–પાછળ ચાલેલા અને બહાર નીકળ્યા ત્યારે બહાર ટાટા સુમો ગાડી હતી તેમાં આરોપીઓને પાછળની સીટમાં બેસાડેલા અને સાહેબ ડ્રાઇવરની બાજુની સીટ ઉપર બેઠેલાં. આરોપીઓની બાજુમાં બે પોલીસવાળા બેઠેલા અને તે લોકોની પાછળ બે પંચો હતાં. સાહેબે ડ્રાઇવરને કહેલું કે આરોપી કહે તે રીતે તમે ગાડી ચલાવો. ત્યારબાદ બધા ડી.સી.બી. પોલીસ સ્ટેશનથી ચોક તરફ આરોપીએ બતાવ્યા મુજબ ગયેલાં. ત્યાંથી વરીયાવી બજાર રોડ SMC તરફ ગયેલા પછી આરોપીએ કહેલું કે "ડાબી બાજુ અંદર લઇ લ્યો". ત્યાંથી ડાબી બાજુ અંદર ગયા ત્યાં પાલીયા ગ્રાઉન્ડ તરફ વરી માતાના મંદિર તરફ જતા ખાડી પુલ ક્રોસ કરી થોડા આગળ ગયા ત્યારે આરોપીઓએ જમણી તરફ અંદર જવાનું કહેલું અને ત્યાંથી થોડા આગળ ગયા પછી આરોપીઓએ ગાડી ઉભી રખાવેલી. ત્યાં બધા બહાર નીકળેલા અને આરોપી ત્યાંથી "સોસાયટી તરફ લઇ જતા હતાં." ત્યાંથી એક આરોપીઓએ ઇશારો કરીને જણાવેલું કે "અમે આ મકાનમાં ભાડે રહેતા હતાં". આ મકાનવાળી સોસાયટી "રીવર વ્યુ સોસાયટી" હતી અને તેમાં ડી/૩૪ નંબરનું મકાન હતું અને તે મકાન ઉપર તાળું લાગેલું હતું. આ કાર્યવાહીનું પંચનામુ બનાવવામાં આવેલુ જે આંક–૭૯૪૬ વાળા પંચનામામાં સાહેદ પોતાની તથા રતનસિંહની સહિઓ ઓળખી બતાવે છે. આરોપીઓને જોયે દસેક વર્ષ જેટલો સમય થયેલો હોવાથી ઓળખી શકે નહીં તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદનું રહેવાનું ગોપીપુરા છે અને વેપાર મહિધરપુરામાં કરે છે. ગોપીપુરા અને મહિધરપુરાથી

ક્રાઈમ બ્રાન્ચની ઑફિસ ૨,૩ કિ.મી. દુર આવેલી છે. પોલીસ સ્ટેશનમાં જે બે આરોપીઓને જોયેલા તેમની સાથે નામ સિવાય બીજી કોઈ વાતચીત થયેલી નહીં. આ સાહેદની હાજરીમાં તેઓનુ નામ, સરનામુ પુછેલુ તે સિવાય તેમની સાથે બીજી કોઈ વાતચીત થયેલી નહીં. પ્રથમ સહી પોલીસ સ્ટેશનની બહાર ગાડીમાં બેસીને કરેલી. ગાડીમાં બેઠા પછી ડ્રાઈવરને બે પૈકી કોને સુચના આપી તે પંચનામામાં લખાવેલુ નથી. જે જગ્યાએ ગાડી ઉભી રાખેલી ત્યાંથી સોસાયટી ૧૦ થી ૧૨ ફુટ દુર હતી. તે સોસાયટીમાં ઘણા મકાનો આવેલા છે તે કબૂલ કરે છે. આરોપીઓએ ગાડી પાસે ઉભા રહીને આંગળી કરીને મકાન બતાવેલુ. સોસાયટીમાંથી પોલીસે કોઈ કાગળો કબજે કરેલા નહીં. તે મકાન બે માળનુ હતુ. મકાનનો નીચેનો ભાગ પોલીસે બતાવેલો. સોસાયટીનો ગેટ કઈ દિશામાં હતો તે યાદ નથી. સોસાયટીના મકાનો બંને બાજુ લાઈનમાં હતા તે લાઈનો કઈ દિશા તરફની હતી તે કહી શકે નહીં. સોસાયટીની બહાર સોસાયટીના નામનુ બોર્ડ હતુ તેવુ પંચનામામાં લખ્યુ નથી તો તે હકીકત કબૂલ કરી છે. સરતપાસમાં જણાવ્યા મુજબ જે દિવસે પંચનામામાં સહી કરી ત્યારે આરોપીઓએ કોઈ હકીકત જણાવેલી નથી તો તે હકીકત નકારેલી છે. આરોપીએ કોઈ માહિતી આપેલી નથી કે કોઈ જગ્યા બતાવી નથી તો તે હકીકત નકારી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમારનાઓએ કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી.નં.૧૭૫/૨૦૦૮ નાં કામે તા.૨૮.૧૧.૨૦૦૮ ના રોજ આ સાહેદ તથા બીજા પંચ રતનસિંહ સુરજસિંહ રાજપુતનાઓએ ડી.સી.બી.પોલીસ સ્ટેશન સુરત ખાતે બોલાવેલા. ત્યાં આરોપીઓ (૧) મહમદ અકબર ઈસ્માઈલ ચૌધરી તથા (૨) અનીક સફીક સૈયદનાઓ હાજર હતા. તેઓ કાંઈ કહેવા અને બતાવવા માંગતા હોવાથી પંચો, પોલીસ સ્ટાફ અને આરોપીને લઈને તપાસ કરનાર અધિકારી આરોપીઓના બતાવ્યા મુજબના રસ્તે ગયેલા. આરોપીઓએ જણાવેલુ કે અમે જે મકાનમાં ભાડેથી રોકાયેલા તે મકાન ડી-૩૪, રીવર વ્યુ

સોસાયટીવાળુ હતુ જેથી તે મકાન ઉપર જઈ તપાસ કરનાર અધિકારીએ બે પંચોની હાજરીમાં આંક–૭૯૪૬ વાળુ પંચનામુ બનાવેલુ.

આંક–૭૯૪૬ વાળુ પંચનામુ બનાવનાર અધિકારી સાહેદ નં. ૧૧૫૫ એન.બી.પરમારની સરતપાસના પેરા નં. ૪૪ ધ્યાને લઈએ તો તા. ૨૮/૧૧/૦૮ ના રોજ કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી.નં. ૧૭૫/ ૨૦૦૮ ના કામના આરોપીઓ (૧) મોહમદ અકબર ઈસ્માઈલ ચૌધરી તથા (૨) અનીક સફિક સૈયદ ઉર્ફે ખાલીદ કાંઇક કહિ કાંઇક બતાવવા માંગતા હોવાથી તે અંગેનું પંચનામું કરવા સારૂ બે પંચોને ડી.સી.બી. પોલીસ સ્ટેશન ખાતે બોલાવડાવેલા અને બે પંચોને પંચમાં રહેવા અંગેની સમજ કરેલી અને તેઓએ સ્વખુશી બતાવતા તે અંગેના પંચનામા દરમિયાન આરોપીઓના નામ, ઠામ પુંછવામાં આવેલાં તે સમયે તેઓએ તેઓના નામ "(૧) મોહમદ અકબર ઈસ્માઈલ ચૌધરી તથા (૨) અનીક સફિક સૈયદ ઉર્ફે ખાલીદ " જણાવેલાં અને તેઓએ વધુમાં એવું જણાવેલું કે, "ચાલો અમારી સાથે અમો જે મકાનમાં ભાડેથી રોકાયેલ તે મકાન બતાવી દઇએ." ત્યારબાદ આરોપીઓને સાથે રાખી સરકારી વાહનમાં રવાના થયેલાં. આ અંગેનું પ્રાથમિક પંચનામું કરવામાં આવેલું. ત્યારબાદ આરોપીઓએ આ પંચનામા દરમિયાન પંચો રૂબરૂ ડી/૩૪, રીવર વ્યુ સોસાયટીવાળા મકાનની જગ્યા બતાવેલ. આ અંગેનું પંચનામું બે પંચોના જોયા, લખાવ્યા મુજબનું પંચનામામાં જણાવ્યા મુજબના સમયે કરવામાં આવેલું હતું અને ત્યારબાદ બે પંચોની પંચનામામાં સહીઓ મેળવેલી. આંક–૭૯૪૬ વાળા પંચનામામાં બે પંચોની તથા રૂબરૂ તરીકે આ સાહેદ તેમની સહીઓ ઓળખી બતાવે છે.

આંક–૭૯૪૬ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "આરોપીઓએ પોતાનુ નામ ઠામ જણાવેલા તથા આરોપીઓએ વાહન ડાબી તરફ લેવા જણાવતા કુલવાડી ભરી માતા તરફ વાહન લઈ આગળ જતા ખાડીપુલ થઈ વાહન જમણી તરફ લેવડાવેલુ અને વાહન થોભાવવાનો ઈશારો કરેલો તે તથા આ મકાન અમોએ ભાડે રાખેલુ હતુ અને તેમાં

રહેતા હતા" વિગેરે પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપીઓએ આપેલ માહિતી પ્રમાણેની જગ્યા ઉપર મકાન આવેલુ હતુ જેથી મકાનનું ત્યાં અસ્તિત્વ છે માટે આ મકાન હોવાની માહિતી તેઓને પોતાને હતી જેથી તે હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય. આ ઉપરાંત આ મકાન આરોપીઓએ જ જોયેલુ હતુ તેમાં તેઓ રહેતા હતા તેની માહીતી આરોપીઓને જ હતી જેથી પંચો તથા તપાસ કરનાર અધિકારીઓને આરોપીઓ આ મકાન ઉપર દોરી ગયેલા, આરોપીઓનુ આ દોરી જવાનુ કૃત્ય પુરાવામાં ગ્રાહ્ય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે કિશનભાઈ ગોવિંદભાઈ તિજવીજને સાહેદ નં.૪૫૫ તરીકે આંક–૨૮૦૨ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૨૯/૮/૨૦૦૮ ના રોજ ચોક બજાર કૂર્જા પોલીસ ચોકીમાં એન.બી.પરમાર પોલીસ અધિકારીએ તેમને બોલાવેલા. તેઓ રાતના નવથી સાડા નવના અરસામાં જતા હતા ત્યારે પોલીસે રોકીને કચેરીમાં બોલાવેલા. તેમની સાથે તેમના મિત્ર જીગ્નેશ મોદી પણ ત્યાં હાજર હતા. પોલીસ ચોકીમાં બીજા પોલીસ અધિકારીઓ પણ હાજર હતા. તેઓને બોલાવ્યા બાદ પોલીસે એવુ જણાવેલુ કે સુરતમાં બોમ્બ મુકવામાં આવેલા તેમાં જહીર પટેલનાઓનું કાઈનેટીક ખરીદ કરેલ છે તે કાઈનેટીક જેની પાસેથી ખરીદ કરેલ હતું તે ભાઈ આવેલા છે અને તેમની પાસેથી વેચાણ કરાર બુક કબજે લેવાની છે તો પંચમાં રહેશો તેથી હા પાડેલી. ત્યાં ભાવેશભાઈ ઠક્કર હતા. તેઓએ એક કરાર બુક રજૂ કરેલી. જે તેમની રૂબરૂ કબજે કરવામાં આવેલી. તે કાઈનેટીક હોન્ડાનો નંબર જીજે–બીઈ–૩૮૦૧ હતો. આ કાઈનેટીક જે ખરીદ કરેલ હતી તે બાબતે આ વેચાણ કરાર બુકમાં નોંધ કરેલી હતી તે નોંધ જોયેલી. તેમાં ૪૬ નંબરની એન્ટ્રી હતી. તેમાં એક ગ્રીન કલરના કાગળમાં નામ લખેલુ હતું. આ બાબતે પંચનામુ કરી જે બુક હતી તેમાં સહી કરેલી હતી. સાહેદ આંક–૨૮૦૩ વાળા પંચનામામાં પોતની તથા જીજ્ઞેશ મોદીની તથા રૂબરૂ તરીકે પોલીસ અધિકારીની સહીઓ ઓળખી બતાવે છે. વધુમાં સાહેદ જણાવે છે કે તેમને પંચનામામાં એવુ લખાવેલ કે, "વાહન વેચાણ કરાર બુકમાં વાહન ખરીદનાર

રમેશ સુરેશ જાદવ હે. ચૌટાબજાર વગેરે લખેલ છે". સાહેદને સેશન્સ કેસ નં.૪૧૮/૨૦૦૯ ના મુદ્દામાલ લીસ્ટ આંક–૨૩૫૦ ના અનુક્રમ નં.૭૮વાળી પાકા પુંઠાની વેચાણ કરાર બુક જોઈને કહે છે કે તે એક પ્રીન્ટેડ વેચાણ કરાર ફોર્મ છે અને તેમાં નીચે રેવન્યુ ટિકિટ ઉપર એક સહી છે જેમાં વાહન ખરીદનાર તરીકે રમેશ જાદવનું નામ છે અને તેમાં કાઈનેટીક અને રજીસ્ટ્રેશન નં.૩૮૦૧ લખેલ એન્ટ્રી નં.૪૬ વેચાણ કરાર તેઓની હાજરીમાં કબજે કરેલ તે આંક–૨૮૦૪ વાળી કરાર બુકમાં સાહેદ પોતાની તથા જીગ્નેશભાઈની સહીઓ ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ ૯.૩૦ વાગ્યાના અરસામાં પોલીસ ચોકીમાં ગયેલા. પોલીસ ચોકીમાં ગયા ત્યારે પંચનામુ લખાયેલુ તૈયાર હતુ તો તે હકીકત નકારી છે. પોલીસ ચોકીમાં હાજર રહેલ પોલીસ અધિકારીએ બધી વિગતો સમજાવેલી તો તે હકીકત નકારી છે. તૈયાર પંચનામામાં સહી કરેલાની હકીકત પણ નકારી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમારનાઓએ કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી. નં.૧૭૬/૨૦૦૮ ના કામે તા.૨૮.૮.૨૦૦૮ ના રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ જીગ્નેશ રમેશચંદ્ર મોદીનાઓને ડી.સી.બી.પોલીસ સ્ટેશન સુરત ખાતે બોલાવેલા. આ ગુનાના કામે આરોપી જહીર ઐયુબ પટેલનાઓએ તથા તેની સાથેના સહઆરોપીએ કતારગામ,ગોતાલાવાડી ખાતે આવેલ જલારામ ઓટો કન્સલટન્ટ નામની દુકાનમાંથી એક જૂની કાઈનેટીક હોન્ડા મોપેડ ખરીદ કરેલી જે અંગે જલારામ ઓટો કન્સલટન્ટની વેચાણ બુક કબજે કરવાની હતી ત્યા ભાવેશભાઈ ભુપતભાઈ સાહેદ નં.૧૨૨૯ હાજર હતા. તેમને પોતાનુ નામ ઠામ જણાવેલુ અને તેમને જણાવેલુ કે એક ઈસમને હોન્ડા મોપેડ નં.જીજે–૫–બીઈ–૩૮૦૧ પસંદ તા.૨૩.૭.૨૦૦૮ નાં રોજ પડેલુ જેથી રૂા.૧૦૦૦૦/– માં સોદો નકકી કરેલો અને વેચાણ કરાર વખતે કરાર બુકમાં એન્ટ્રી નં.૪૬ કરેલી. આ રજીસ્ટર આંક–૨૮૦૩ ના પંચનામાની વિગતે કબજે કરેલુ અને રજીસ્ટરને આંક–૨૮૦૪ આપવામાં આવેલો. આંક–૨૮૦૪ વાળા રજીસ્ટરમાં પાના નં.૪૬

ઉપર બે પંચોની તથા તપાસ કરનાર અધિકારીની સહી છે. ખરીદનાર તરીકે રમેશ સુરેશ જાદવ અને વેચનાર તરીકે ધર્મેન્દ્ર અરજીભાઈના નામ છે.

આંક–૨૮૦૩ વાળુ પંચનામુ બનાવનાર સાહેદ નં.૧૧૫૫ એન. બી.પરમારનાઓએ આ હકીકત અંગે પોતાની જુબાનીના પાના નં.૧૦ ઉપર જણાવેલુ છે અને આંક–૨૮૦૩વાળા પંચનામામાં તથા આંક–૨૮૦૪ વાળા રજીસ્ટરના પાના નં.૪૬ ઉપર પરમારનાઓ પોતાની સહી ઓળખી બતાવે છે.

આંક–૨૮૦૩ના પંચનામાની વિગતે જલારામ ઓટો કન્સલટન્ટનો વાહન વેચાણનું રજીસ્ટર આંક–૨૮૦૪ને તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમારનાઓએ પંચ સાહેદ નં.૪૫૫ કિશનભાઈ ગોવિંદભાઈ તીજવીજની હાજરીમાં કબજે કરેલુ અને ત્યારબાદ આરોપી નં.૪૩ અનીક સફીક સૈયદને આ ગુનાના કામે અટક કર્યા બાદ સાહેદ નં.૧૧૦૯ વિકાસ બાલુભાઈ ભોઈની હાજરીમાં આરોપી અનીક સફીક સૈયદના હસ્તાક્ષરના નમૂના આંક–૭૯૪૨ વાળા પંચનામાની વિગતે મેળવેલા અને તે નમુના આંક–૭૯૮૦વાળી રવાનગી નોંધથી એફ.એસ.એલ. ગાંધીનગરને ચકાસણી માટે મોકલી આપેલા હતા. આંક–૭૯૭૧માં જણાવ્યા મુજબ (૧) હસ્તાક્ષર/સહીઓના નમૂના માર્ક–એસ૧ થી એસ૩૬, (૨) એક લીટીવાળા કાગળમાં અંગ્રેજીમાં એક પેરેગ્રાફ લખી આપેલ તે માર્ક–એન, (૩) વેચાણ રજીસ્ટર માર્ક–ડી થી મોકલી આપેલા હતા.

ઉપરોકત નમૂનાઓની એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે ચકાસણી કરનાર સાહેદ નં.૧૧૧૩ મહેશ મનુભાઈ વડગામાનાઓ હતા. તેઓની જુબાનીના પેરા નં.૨ મુજબ કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી.નં.૧૭૬/૨૦૦૮ ના કામે મદદનીશ પોલીસ કમિશનર, સી–ડિવિઝન, સુરત શહેરનાઓ આ સાહેદની કચેરીને મોકલવામાં આવેલ પત્ર તથા અભિપ્રાય આપવા સારૂ દસ્તાવેજની વિગત સહિતનો વિનંતી રીપોર્ટ કે જે પ્રમાણપત્રની સાથે છે જે આંક–૭૯૭૧ થી રજૂ રાખેલ છે. વધુમાં આ સાહેદે તપાસ કરનાર અમલદાર તરફ મોકલવામાં આવેલ પત્ર આંક–૭૯૭૨ થી રજૂ કરેલ છે જેમાં નાયબ મુખ્ય હસ્તાક્ષર નિષ્ણાંતશ્રી આર.એન.ગુણાની સહી છે તે સહી આ સાહેદે ઓળખી

બતાવેલી છે. વધુમાં આ સાહેદે રીપોર્ટની સાથે સામેલ ચેક લીસ્ટ આંક–૭૯૭૩ થી રજૂ કરેલ છે. વધુમાં આ સાહેદની જુબાની ધ્યાને લેતા ફોરવર્ડિંગ પત્ર તથા તેની સાથેના દસ્તાવેજો આ સાહેદની કચેરીને મળ્યા બાદ વિભાગના વડાશ્રી આર.એન. ગુણાએ આ અભિપ્રાય આપવા અંગેની કામગીરી આ સાહેદને સોંપેલી.

વધુમાં આ સાહેદ જણાવે છે કે, તેઓને સરખામણી હેતુસર મોકલવામાં આવેલ ઉપરોકત કેસના દસ્તાવેજોમાં તકરારી દસ્તાવેજ તરીકે મોટર વાહન વેચાણનો કરાર વાહન નં.BE–3803 જે પેજને ૪૬ નંબર આપેલ છે તેમાં તકરારી સહિ તરીકે માર્ક–ડી આપેલ હતો. જેમાં તેમની કચેરીનો એ.બી. કેસનં. ૩/૦૯ આપેલ અને તેમાં ટૂંકી સહી કરેલી. જેમાં લાલ પેન્સીલથી માર્ક–ડી આપેલ તકરારી સહી તપાસેલ અને આ માર્કની બાજુમાં આ સાહેદના હસ્તાક્ષરમાં નંબર લખેલ છે અને ટૂંકી સહી કરેલી છે. વધુમાં સાહેદ જણાવે છે કે આંક–૭૯૪૩ વાળા આરોપી અનીક ઉર્ફે ખાલીદ સફિક સૈયદના સ્પેસીમેન સીગ્નેચરના નમુના તરીકે મળેલ માર્ક એસ–૧ થી એસ–૩૬ જોઇને કહે છે કે આ દસ્તાવેજો તેમને તકરારી દસ્તાવેજો સાથે ઉપર જણાવેલ તપાસ કરનાર અમલદારના પત્ર સાથે મળેલ હતાં. જે તમામ છ કાગળોમાં નમૂનાની સહીઓને માર્ક આપવામાં આવેલ હતા તે મળતાં તેમાં પણ દરેક પાના ઉપર માર્ક આપેલાં અને એ.બી.કેસ નં. ૩/૦૯ આપેલાં ત્યાં ટૂંકી સહી કરેલી જે માર્કવાળા આ સાહેદના હસ્તાક્ષર તથા ટૂંકી સહી ઓળખી બતાવે છે. આ તમામ સ્પેસીમેન સહીઓ તકરારી સહી સાથે સરખામણી કરેલી. વધુમાં આ સ્પેસીમેન સહીઓ સાથે તપાસ કરનાર અમલદાર તરફથી કુદરતી લખાણ માર્ક–એન મોકલવામાં આવેલ. જે આ સ્પેસીમેન સીગ્નેચરના દસ્તાવેજોની સાથે સામેલ છે તે જોઇને જણાવે છે કે આ માર્ક–એન વાળો દસ્તાવેજ મળેલો તેને પણ માર્ક–એન આપેલો અને તેની સાથે એ.બી.કેસ નં.૩/૦૯ લખેલ તથા ટૂંકી સહી કરેલી. આ માર્ક–એન આપેલ દસ્તાવેજમાં અંગ્રેજીમાં એન તથા AB 3/09 આ સાહેદના હસ્તાક્ષરમાં છે તથા તેની સાથે ટૂંકી સહી છે જે ઓળખી બતાવે છે. આ માર્ક–એન વાળા દસ્તાવેજ

આંક–૭૯૭૬ થી રજૂ છે. આમ ઉપરોકત તકરારી દસ્તાવેજ, નમૂનાના દસ્તાવેજો તથા કુદરતી દસ્તાવેજોની તપાસણી કરી તલસ્પર્શી પરીક્ષણ કરી જરૂરી વૈજ્ઞાનિક સાધનોની મદદથી આ સાહેદ એવા અભિપ્રાય ઉપર આવેલા કે "જે વ્યકિતએ વાદળી કુંડાળું કરેલ સ્ટાન્ડર્ડ લખાણ અને સહી જેને માર્ક–એસ ૧ થી એસ ૩૬ અને એન આપેલ છે તે જ વ્યકિતએ લાલ કુંડાળું કરેલ તકરારી સહી માર્ક–ડી લખેલ છે." જે અભિપ્રાય ઉપર આવી અભિપ્રાય તૈયાર કરી તેમાં સહિ કરેલી. આ અભિપ્રાય ઉપર સાથી કર્મચારી શ્રીમતી ડી.જે.શાહ કે જે પણ આસીસ્ટન્ટ એકઝામીનર ઓફ કવેશ્ચન ડોકયુમેન્ટ તરીકે તેમના વિભાગની અંદર ફરજ બજાવે છે જેમણે પણ આ કેસ તપાસી અભિપ્રાય ઉપર સહિ કરેલી. જે અભિપ્રાય આંક–૭૯૭૭ થી રજૂ છે અને અભિપ્રાય ઉપર આવવાના કારણો આંક–૭૯૭૮ થી રજૂ છે. આ અભિપ્રાય તથા તેના કારણોમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે તથા સાથેના અધિકારી ડી.જે.શાહની પણ સહીઓ ઓળખી બતાવે છે. આ સાહેદની ઊલટતપાસ આરોપી નં.૩૭ સામે ફરિયાદપક્ષે જે પુરાવા રજૂ કર્યા છે તેમાં ચર્ચા કરેલ છે જેથી ઊલટતપાસનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

ફરીયાદપક્ષ દ્વારા આ કામે વિકાસ બાલુભાઈ ભોઈને સાહેદ નં. ૧૧૦૯ તરીકે આંક–૭૯૪૧ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૧૬/૧૧/૨૦૦૮ ના રોજ ડી.સી.બી પોલીસ સ્ટેશને સુરત ખાતે તેમને સવારના અગિયાર વાગ્યે બોલાવેલા. પોલીસ સ્ટેશનમાં એક બીજા ભાઇ હતા. એક પરમાર સાહેબ કરીને હતા. તેમને પોતાનો પરીચય આપેલો તથા બીજા ત્રણ ચાર પોલીસના માણસો હતા. ત્યાં એક આરોપી હતો. સાહેબે કહેલું કે હસ્તાક્ષરનાં નમૂનાનાં પંચ જોઇએ છે તો પંચમાં રહેશો તેવું કહેતા હા પાડેલી તથા તેમની સાથે બીજા સુનીલભાઇ હતા તેમણે પણ હા પાડેલી. સાહેબે તેમની રૂબરૂમાં આરોપીનું નામ પુછેલું તો તેને પોતાનું નામ અનીક સફીક સૈયદ જણાવેલું તે મહારાષ્ટ્ર, પુનાનો હોવાનું જણાવેલું તે પછી સાહેબે ત્યાં જલારામ કન્સલટન્ટનો ચોપડો કાઢેલો. ત્યારબાદ આરોપીને બોલાવી ચોપડામાં તેની સહી બતાવેલી. સાહેબે પુછેલું કે આ સહિ કોની છે તો આરોપીએ જણાવેલું કે

"સહી મારી છે" જેથી પરમાર સાહેબે તેની ઉપર લાલ પેન્સિલથી ટીક કરેલી અને રાઉન્ડ કરેલું. રાઉન્ડ કરીને તેની ઉપર "ડી" કરેલું. ત્યારબાદ સાહેબે સહી કરવા માટે આરોપીને છ પેપર આપેલા અને એક પાના ઉપર છ સહીઓ લીધેલી અને છ પાનાઓ ઉપર કુલ છત્રીસ સહીઓ લીધેલી. આ સહીઓ આરોપીએ કરેલી. ત્યારબાદ સહી બાબતે બ્લુ પેન્સિલથી રાઉન્ડ કરેલો અને તેને એસ ૧ થી એસ ૩૬ આપેલો. આ કાર્યવાહીનું પંચનામુ બનાવવામાં આવેલુ જે આંક–૭૯૪૨ થી રજૂ છે. આ પંચનામામાં સાહેદ પોતાની તથા સુનીલભાઈની સહી ઓળખી બતાવે છે તેમજ આંક–૨૮૦૪ વાળો દસ્તાવેજ કે જે માર્ક એસ ૧ થી એસ ૩૬ વાળા કુલ–૬ કાગળો સાથે રજીસ્ટર રાખવામાં આવેલ જેમાં છ સહીઓ આરોપીએ કરેલી હતી. દરેક કાગળ આ સાહેદે તથા સુનીલભાઈએ સહી કરેલી જે ઓળખી બતાવે છે જે આંક–૭૯૪૩ થી રજૂ રાખેલ છે. સાહેદ આરોપીને દસ વર્ષનો સમય થયેલ હોવાથી ઓળખી શકતા નથી તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ આઠ ધોરણ સુધી ભણેલા છે અને અંગ્રેજી બોલતા, વાંચતા, લખતા આવડતુ નથી. ચૌટા બજાર સુરત ખાતે રસ્તા ઉપર પથારો કરીને લેડીઝ હોજીયરીનો ધંધો કરે છે. પોલીસવાળા હેરાન ન કરે માટે તેમને સહકાર આપવો પડે તો તે હકીકત નકારી છે. બનાવના દિવસે પેટ્રોલ પુરાવવા માટે પોલીસ સ્ટેશન પાસે થઈને જતા હતા ત્યારે પોલીસે ઉભા રાખેલા. તે દિવસે પથારો ખોલેલો નહીં તો તે હકીકત નકારી છે. સાહેદ જણાવે છે કે પથારો મારી મમ્મી અને ભાઈ પણ સંભાળે છે. જે પોલીસના માણસ મળેલા તેને પોતાનુ નામ કે હોદ્દો કે ઓળખાણ આપેલી નહીં. અનીક નામના આરોપીને અગાઉ કયારેય જોયેલો નહીં. અનીક નામનો માણસ પોલીસ કસ્ટડીમાં કેટલા સમયથી હતો તેની માહિતી મેળવેલી નહીં. તે શું કામ ધંધો કરે છે તેના માતા–પિતા કોણ છે તેની માહિતી મળેલી નહીં. તેની સાથે કોઈ વાતચીત કરેલી નહીં. પરમાર સાહેબના રૂમમાં ચોપડો પડેલો હતો તે કાગળમાં કે કપડામાં લપેટીને સીલ કર્યુ હોય તેવુ બન્યુ નથી. આ ચોપડો પોલીસ કયાંથી લાવેલી અને કેવી રીતે લાવેલી તેની ખબર નથી. ચોપડામાંથી

પોલીસે પાન નં.૪૬ કાઢીને બતાવેલુ. ચોપડાને આ સાહેદે હાથમાં લીધો હોય અને બધા પાના જોઈ તેમાં સહી કરી હોય તેવુ બન્યુ નથી. સ્પેસીમેન સીગ્નેચર કે ડીસપ્યુટેડ સીગ્નેચર કોને કહેવા તે જાણકારી આપેલી નહીં. પંચનામુ કોને લખેલુ તેની ખબર નથી. સરતપાસમાં જણાવ્યા મુજબ આંક–૭૯૪૨ વાળુ પંચનામુ કરવામાં આવેલુ નથી તો તે હકીકત નકારી છે. પંચનામામાં જણાવ્યા મુજબ કોઈ આરોપીએ આ સાહેદની હાજરીમાં નમૂનાના હસ્તાક્ષર જુદા–જુદા છ પાના ઉપર કરી આપેલા નથી તો તે હકીકત નકારી છે. પોલીસના કહેવાથી તૈયાર પંચનામા ઉપર સહી કરેલાની હકીકત નકારી છે. ચોપડામાં જે લખાણ લખેલુ હતુ તે વાચેલુ નહીં. સહીઓ લીધી તે સિવાય ત્યાં બીજુ કોઈ લખાણ કરવામાં આવેલુ નહીં. કોઈ જગ્યાએ સહીઓ કરેલી નથી પરંતુ પોલીસના કહેવાથી પોલીસ સ્ટેશનમાં જઈ તૈયાર પંચનામા ઉપર સહીઓ કરેલાની હકીકત નકારી છે. આંક–૨૮૦૪ વાળા ચોપડાના પાના નં.૪૬ ઉપર જલારામ ઓટો કન્સલટન્ટ કયાંય લખેલુ નથી.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમારનાઓએ કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી.નં.૧૭૬/૨૦૦૮ ના કામે તા.૧૬.૧૧.૨૦૦૮ ના રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ સુનીલ જગદીશચંદ્ર ઠકકરનાઓને ડી .સી.બી. પોલીસ સ્ટેશન, સુરત ખાતે બોલાવેલા. આ ગુનાના કામે આરોપી અનીક ઉર્ફે ખાલીદ સફીક સૈયદનાઓ હાજર હતા અને તેમના હસ્તાક્ષરના નમૂના મેળવવાના હતા. જેથી તપાસ કરનાર અધિકારીએ પંચોની હાજરીમાં આંક–૭૯૪૨ વાળુ પંચનામુ બનાવી આરોપીના હસ્તાક્ષરના નમૂના મેળવેલા.

આંક–૭૯૪૨ વાળુ પંચનામુ બનાવનાર સાહેદ નં.૧૧૫૫ એન.બી. પરમારનાઓએ આ હકીકત અંગે પોતાની જુબાનીના પાના નં.૨૬,૨૭ ઉપર જણાવેલુ છે અને આંક–૭૯૪૨ વાળા પંચનામામાં તથા હસ્તાક્ષરના નમૂનાવાળા કુલ–છ પાના આંક–૭૯૪૩ મા પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

આ આરોપીને મુંબઈ મુકામે તલોજા સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલા છે. તેઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ મુજબનું પોતાનું નિવેદન વીડિયો કોન્ફરન્સ દ્વારા નોંધાવવાનું જણાવવામાં આવેલુ પરંતુ આરોપીએ જણાવેલુ કે પોતાને મુંબઈ તલોજા સેન્ટ્રલ જેલ ખાતેથી અમદાવાદ સેન્ટ્રલ જેલ ખાતે ટ્રાન્સફર કરવામાં આવે અને ત્યારબાદ પોતાનું નિવેદન નોંધાવશે. પોતે વીડિયો કોન્ફરન્સ દ્વારા નિવેદન નોંધાવવા માંગતા નથી તેમ તેઓના વકીલશ્રીની હાજરીમાં સ્પષ્ટપણે જણાવેલુ છે. આ આરોપી સાથે મુંબઈ તલોજા સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલા બીજા આરોપી નં.૩૦, ૩૩, ૪૪ નાઓએ તેઓનુ નિવેદન વીડિયો કોન્ફરન્સ દ્વારા નોંધાવેલુ છે તેમ છતાં આ આરોપીએ વીડિયો કોન્ફરન્સ દ્વારા પોતાનુ નિવેદન નોંધાવેલુ નથી અને નિવેદન નોંધાવવાની ખુલ્લી અદાલતમાં વીડિયો કોન્ફરન્સમાં સ્પષ્ટ ના પાડેલી છે. જેથી એવુ કહી શકાય કે ફરિયાદપક્ષ દ્વારા પોતાની વિરૂધ્ધ જે પુરાવો રજૂ થયો છે તે અંગે કોઈ ખુલાસો કરવા માંગતા નથી. જે આરોપીઓએ પોતાના નિવેદનો વીડિયો કોન્ફરન્સ દ્વારા નોંધાવેલા અને નિવેદનો નોંધાવ્યા બાદ તેની પ્રિન્ટ કાઢવામાં આવેલી. ત્યારબાદ અત્રેની સિટી સિવિલ કોર્ટ અમદાવાદના પ્રિન્સીપાલ જજ સાહેબના ઑફિસ ઓર્ડર નં. ૨૩૩/૨૦ તા.૫.૩.૨૦૨૦ તથા ૪૭૭/૨૦૨૦ તા.૩૦.૭. ૨૦૨૦ ના હુકમથી અત્રેની અદાલતના બેન્ચ કલાર્કશ્રી જે.જે.પરમાર મુંબઈ તલોજા સેન્ટ્રલ જેલ ખાતે આરોપી નં.૩૦, ૩૩, ૪૪ ના નિવેદનો ઉપર સહીઓ કરાવવા ગયા ત્યારે પણ આ આરોપીએ પોતાના બચાવમાં કોઈપણ પ્રકારનું લેખિત નિવેદન આપેલુ નથી.

આરોપી નં.૪૩ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૧૧૨૯, ૧૧૩૮, ૧૧૦૮, ૧૧૧૦, ૫૭૫, ૫૮૯, ૩૩૩, ૪૫૫, ૧૧૦૯, ૧૧૧૩, ૭૮૬, ૭૮૭, ૭૯૦, ૭૯૨, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૧૧૨૦, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતા આ

આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી તથા આરોપી નં.૪૪, ૪૫ નાઓએ ભરૂચ મુકામે શેરપુરાના નાકા પાસે આવેલ મકાન સાહેદ નં.૧૧૩૮ ગુલામહુસેન પઠાણનુ ભાડે રાખેલુ હતુ તેવો આક્ષેપ છે. સાહેદ નં.૧૧૩૮ ની જુબાની ધ્યાને લેતા મકાન ભાડે આપ્યા બાબતે કોઈ ભાડા ચીઠ્ઠી કરેલી નથી પરંતુ મારા મત પ્રમાણે દરેક શહેરમાં કે દરેક ગામમાં જે પણ મકાનો ભાડે અપાતા હોય છે તેમા મોટા ભાગના મકાનો બાબતે ભાડે આપ્યા અંગેનો ભાડા ચીઠ્ઠી કરવામાં આવતી હોતી નથી. પરંતુ સાહેદ જણાવે છે કે આ મકાન તેમને ભાડે આપેલુ તો તે મૌખિક પુરાવો ધ્યાને રાખવો પડે. વધુમાં વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે મકાન માલિકે ડિપોઝીટની રકમ મેળવેલી પરંતુ તેની રસીદ આપેલી નથી. પોલીસે મકાન માલીકનો મોબાઈલ ફોન કબજે કરેલો છે પરંતુ તેની પણ રસીદ આપેલી નથી કે મોબાઈલની કોલ ડીટેઈલ રજૂ કરેલી નથી. પરંતુ મારા મત પ્રમાણે કોલ ડીટેઈલ રજૂ નહીં થવાના કારણે આ મકાન ભાડે આપેલુ નથી તેવુ કહી શકાય નહીં અને ઘણા સમય પછી કોલ ડિટેઈલ મળે પણ નહીં.સાહેદ નં.૧૧૩૮ ગુલામ હુસેને સાહેદ નં.૫૮૯ ઈન્દ્રવીર ઝાલા રૂબરૂની ઓળખ પરેડમાં આરોપી નં.૪૩ ને ઓળખી બતાવેલો છે. ઓળખ પરેડ બાબતે વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, રફીક નામના માણસને મકાન માલીક ગુલામ હુસેનને એક જ વખત જોયેલો છે અને બીજા બે માણસોને મકાન માલીકે જોયેલા નથી તેમ છતાં ઓળખ પરેડમાં તે બંને માણસોને પણ ઓળખી બતાવેલા છે માટે ઓળખ પરેડ ખોટી છે. પરંતુ સાહેદ નં.૫૮૯ ની જુબાની ધ્યાને લઈએ તો મકાન માલિક ગુલામ હુસેને આરોપી નં.૪૩, ૪૪, ૪૫ નાઓને ઓળખ પરેડમાં ઓળખી બતાવેલા છે. સાહેદ ગુલામ હુસેને ઓળખ પરેડમાં રફીકનો ઉલ્લેખ કરેલો છે અને સાહેદ નં.૫૮૯ ની જુબાની મુજબ ગુલામ હુસેને રફીકને ઓળખેલો તે રફીક એટલે આરોપી નં.૪૫ છે.

સુરતના બનાવો બાબતે વકીલશ્રી એલ.આર.પઠાણ દલાલ કરતા જણાવે છે કે, સાહેદ નં.૧૧૨૯ ભાવેશ ઠક્કરનાઓની જુબાની મુજબ તેમને આરોપીને કાઈનેટીક વેચેલુ પરંતુ આખો નંબર જણાવતા નથી. કરારમાં નામ, સરનામુ લખવામાં આવેલુ નથી, રૂા.૧૦૦૦૦/–ની વેચાણ રસીદ આપેલી પરંતુ તેમાં રેવન્યુ ટિકિટ લગાવેલી નથી. પરંતુ મારા મત પ્રમાણે તેનો અર્થ એવો નથી કે કાઈનેટીક આ સાહેદે આરોપી નં.૪૩ને વેચેલુ નથી. સાહેદે પોતે સ્પષ્ટ જણાવેલુ છે કે, અનીક નામના માણસને કાઈનેટીક વેચેલુ હતુ. આ સાહેદે આરોપી નં.૪૩ ને સાહેદ નં.પ૭૫ કીર્તન પટેલની રૂબરૂની ઓળખ પરેડમાં ઓળખી બતાવેલો છે જેથી એવુ કહી શકાય કે આ સાહેદે આરોપી નં.૪૩ ને પોતાનું કાઈનેટીક રૂા.૧૦૦૦૦/– માં વેચાણ આપેલુ હતુ. વકીલશ્રી એલ.આર. પઠાણ દલીલ કરતા એમ પણ જણાવે છે કે, આ કાઈનેટીક સાહેદ નં.૧૧૨૯ ભાવેશ ઠક્કરના નામ ઉપર ન હતુ અને વેચાણ કર્યુ ત્યારે તેની જાણ મૂળ માલિકને કરેલી નથી. પરંતુ તેઓની આ દલીલ સાથે હું સંમત નથી,આર.ટી. ઓ.માં કાઈનેટકનું નામ ફેર થયુ ન હોય તો તેના કારણે મૂળ માલીકનુ નામ ચાલતુ હોય. એક વખતે આ સાહેદે મૂળ માલીક પાસેથી કાઈનેટીક વેચાણ રાખેલુ હોય તો પછી ફરી તેના ફરી વેચાણ વખતે મૂળ માલિકને જણાવવાની જરૂર હોતી નથી. વકીલશ્રી એલ.આર.પઠાણ સાહેદ નં.૧૧૦૮ અભિષેક શુકલની જુબાની તરફે ધ્યાન દોરી દલીલ કરે છે કે પોલીસે તેમને એક વ્યકિત બતાવેલો અને તેને બોમ્બ અંગેનો સામાન ખરીદેલો હતો તે જગ્યા બતાવવા માંગતો હતો તેમ કહી જે જગ્યાએથી ૧૦ લીટર પેટ્રોલ ખરીદવામાં આવેલુ તે રામપુરા પેટ્રોલપંપવાળી જગ્યા, બોમ્બ અંગેનો સામાન ખરીદેલો તે જગ્યા આ સાહેદ રૂબરૂ બતાવેલી પરંતુ પેટ્રોલ પંપ ઉપર કામ કરતા કર્મચારીએ આરોપી નં.૪૩ પેટ્રોલ ખરીદવા આવેલો હોવાની હકીકત જણાવેલ નથી. પરંતુ મારા મત પ્રમાણે પેટ્રોલપંપ ઉપર રોજેરોજ અસંખ્ય માણસો પેટ્રોલ ભરાવવા આવતા હોવાથી પેટ્રોલપંપનો કર્મચારી ચોકકસ કહી શકે નહીં. વધુમાં વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે પેટ્રોલ પંપ ઉપરથી પેટ્રોલ ખરીદ કર્યા અંગેનો કોઈ પુરાવો કબજે કરેલો નથી,

કેરબા ખરીદ કર્યાનો પણ કોઈ પુરાવો રજૂ થયેલો નથી. પરંતુ સામાન્ય રીતે જોઈએ તો કોઈપણ વ્યકિત પેટ્રોલ પંપ ઉપરથી પેટ્રોલ ભરાવે ત્યારે તે અંગેનું બીલ કોઈ ગ્રાહક લેતા નથી અને પેટ્રોલ પંપવાળા બીલ આપતા હોતા નથી. તે જ રીતે એક–બે કેરબા ખરીદીનું પણ કોઈ દુકાનદાર બીલ આપતા હોતા નથી અને ગ્રાહકો બીલનો આગ્રહ પર રાખતા નથી. વકીલશ્રી એલ. આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, આંક–૭૯૩૯ વાળુ પંચનામુ જે તે જગ્યા ઉપર બનાવેલુ નથી પરંતુ પોલીસ સ્ટેશનમાં બેસીને બનાવવામાં આવેલુ છે તો તે હકીકત સાથે હું સંમત નથી. વકીલશ્રી એલ.આર.પઠાણ સાહેદ નં.૧૧૨૯ નાઓએ ઓળખ પરેડ દરમ્યાન આરોપીને ઓળખી બતાવેલ તે બાબતે દલીલ કરતા જણાવેલ છે કે સાહેદ નં.૧૧૨૯ નાઓએ આરોપીને અદાલતમાં ઓળખી બતાવેલો નથી. પરંતુ મારા મત પ્રમાણે ઘણા લાંબા સમય પછી સાહેદે જુબાની આપેલી હોવાથી આરોપીને જુબાની દરમ્યાન ઓળખી શકે નહીં. ઓળખ પરેડ કરાવનાર સાહેદ નં.પ૭૫ કીર્તન પટેલની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરેલ છે કે ઓળખ પરેડની યાદીમાં ઈનવર્ડ નંબર લખવામાં આવેલો નથી અને પંચનામુ શરૂ કર્યાનો સમય પંચનામામાં લખવામાં આવેલ નથી. પરંતુ મારા મત પ્રમાણે યાદીમાં ઈનવર્ડ નંબર કે પંચનામામાં પંચનામુ શરૂ કર્યાનો નંબર લખેલો ન હોવાથી તે પંચનામુ ગેરકાયદેસર બનતુ નથી. વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે સાહેદ નં.પ૭૫ નાઓએ ઓળખ પરેડના સાત પંચનામાઓ બનાવેલા છે. પરંતુ કચેરીના વિસ્તારના પંચોને પંચમાં લીધેલા નથી. જુદી–જુદી જગ્યાઓ ઉપર રહેતા પંચોને પંચ તરીકે લીધેલા છે. પરંતુ મારા મત પ્રમાણે આ વિસ્તારના પંચો ન મળે તો શું? કચેરી વિસ્તારના પંચો ન મળવાથી બીજા વિસ્તારના પંચોને પંચ તરીકે રાખેલા હોવાથી તે પંચનામુ ખોટુ છે તેવુ અનુમાન થઈ શકે નહીં. આરોપી નં.૪૩, ૪૪ નાઓ ભાડેથી રહેતા હતા તે મકાન બતાવવા અંગેનુ સંયુકત પંચનામુ સાહેદ નં.૧૧૧૦ જીગ્નેશ શાહની હાજરીમાં બનાવવામાં આવેલુ છે પરંતુ બે આરોપીઓનુ સાથે પંચનામુ થઈ શકે નહીં કયા આરોપીએ મકાન બતાવેલુ તે સ્પષ્ટ બનતુ નથી. પરંતુ આંક–૭૯૪૬ વાળુ પંચનામુ ધ્યાને

લઈએ તો બંને આરોપીએ ડી–૩૪ રીવરવ્યુ સોસાયટીવાળુ મકાન બતાવેલુ છે. સાહેદ નં.૧૧૧૦ ની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરવામાં આવેલ છે કે સોસાયટીના નાકે ૪–૫ મિનિટ ઉભા રહેલા અને ત્યારબાદ જીપમાં બેસી પાછા આવેલાનું સાહેદ જણાવે છે જેથી પંચનામુ સ્થળ ઉપર લખાયેલુ નથી અને સોસાયટીનુ નામ પંચનામામાં લખવામાં આવેલુ નથી. વકીલશ્રી એલ.આર. પઠાણની આ દલીલ સાથે હું સંમત નથી. સાહેદ નં.૧૧૧૦ની જુબાની ધ્યાને લેતા જે તે સ્થળો ઉપર પંચનામુ લખાયેલુ છે. સોસાયટીનું નામ પંચનામામાં લખવામાં ન આવેલુ હોવાથી પંચનામુ ગેરકાયદેસર બનતુ નથી. વધુમાં વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, સાહેદ નં.૧૧૨૦ સલીમઉદ્દીન તીરમીજીનાઓ આરોપીને લઈને જે જગ્યા ઉપરથી આરોપીએ પેટ્રોલ ખરીદેલુ તથા કેરબા ખરીદેલા તે જગ્યાના પંચનામા બનાવેલા પરંતુ પેટ્રોલ પંપના માલીક હાજર હોવા છતાં આરોપીની ઓળખ પરેડ પેટ્રોલ પંપના માલીક રૂબરૂ કરાવેલી નથી. સાહેદ નં.૧૧૧૩ મહેશકુમાર વડગામાનાઓની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરવામાં આવેલ છે કે આ સાહેદે આરોપી નં.૪૩ ના હસ્તાક્ષરના નમુનાનું પૃથક્કરણ કરેલુ પરંતુ કઈ પધ્ધતિથી પૃથક્કરણ કરેલુ તે જણાવતા નથી. તેઓ જે અભિપ્રાય ઉપર આવેલા તે અભિપ્રાયના કારણો આપેલા નથી માટે કાઈનેટીક વેચાણ કરારમાં આરોપીના હસ્તાક્ષરો છે કે કેમ? તે જાણી શકાય નહીં. પરંતુ તેઓની આ દલીલ સાથે હું સંમત નથી. સાહેદ નં.૧૧૧૩ હસ્તાક્ષરના નિષ્ણાંત વ્યકિત છે અને તેમના કહેવા પ્રમાણે હસ્તાક્ષરો આરોપી નં.૪૩ ના છે તેવો તેમને અભિપ્રાય આપેલો છે જે આંક–૭૯૭૭ થી રજૂ કરેલો છે. આ સાહેદ વૈજ્ઞાનિક સાહેદ હોય તેમને આપેલો અભિપ્રાય ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૯૩ હેઠળ પુરાવામાં ગ્રાહય છે. વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી આ કહેવાતા ગુનાઓમાં સંડોવાયેલો નથી. પરંતુ ઉપર વિગતે જે પુરાવા રજૂ થયા છે તે ધ્યાને લેતા આ આરોપી આ કહેવાતા ગુનામાં સંડોવાયેલો છે તેમ હું માનુ છું.

આરોપી નં.૭૪ મોહંમદ અકબર ઉર્ફે સઈદ ઉર્ફે યાકુબ ઉર્ફે વિનોદ ઈસ્માઈલ ચૌધરીનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૭૪ મોહંમદ અકબર ઉર્ફે સઈદ ઉર્ફે યાકુબ ઉર્ફે વિનોદ ઈસ્માઈલ ચૌધરીનાઓ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ નાં રોજ જુદી-જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી-જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા-જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમને કઈ કઈ ભૂમિકા ભજવેલી છે તે સાબિત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે તે પૈકી આ આરોપીની સાહેદો રૂબરૂ ઓળખ પરેડ કરાવનાર મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૭૫ તરીકે કીર્તનભાઈ ચતુરભાઈ પટેલને તથા સાહેદ નં. ૫૮૯ તરીકે ઈન્દ્રવીર વજુભા ઝાલાનાઓને તપાસવામાં આવેલા છે અને તેઓ તમામની જુબાની ધ્યાને લેતા આ આરોપીની સામે મુકવામાં આવેલ આક્ષેપો મુજબના કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા એકબીજાની મદદગારી કરીને અમદાવાદ શહેરમાં જુદી-જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરેલા છે તેમજ સુરતની જુદી-જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલ હોવાનું ફલીત થાય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે લીયાકતઅલી ગુલામરસુલહુસેન શેખને સાહેદ નં.૧૧૨૩ તરીકે આંક-૮૦૭૮ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ સુરતમાં તેમના જન્મથી રહે છે અને સને-૨૦૦૮ ની સાલમાં વરીયાવી બજાર, રૂબી કોમ્પલેક્ષ ખાતે રહેતા હતા. તેમનુ બીજુ મકાન ભરીમાતા રોડ, કુલવાડી, રીવર વ્યુ સોસાયટીમાં આવેલું હતું. આ

મકાનને ગ્રાઉન્ડ ફલોર અને એક માળ ઉપર હતો. સને–૨૦૦૮ ના વર્ષમાં આ મકાનનો ઉપરનો માળ રસીદભાઇ નામના માણસને ભાડે આપેલો હતો અને રસીદભાઇ પાસેથી રૂા.૨૨૦૦/– માસીક ભાડુ લેતા હતા. ગ્રાઉન્ડ ફલોરના ભાગે એક મરાઠી કુટુંબ રહેતું હતું અને તે ત્રણ મહિનામાં ખાલી કરીને ગયેલ. જેથી આ નીચેનો ભાગ ભાડે આપવાનો હતો. બાજુમાં શરીફભાઇ કરીયાણાની દુકાન ચલાવે છે તેમને વાત કરેલી. આ મકાન માટે શરીફભાઇ ભાડુઆત લાવેલાં. આ શરીફભાઇ તા.૧૮/૭/૨૦૦૮ના રોજ ભાડૂઆત લાવેલાં. આ સાહેદે ભાડૂઆતને જણાવેલુ કે તેમનુ નામ યાકુબ છે અને તે ભાડૂઆતે પણ જણાવેલું કે તેમનુ નામ યાકુબ છે. જે ભાડુઆત તરીકે છોકરો આવેલો હતો તે આશરે ૨૫ થી ૩૦ વર્ષનો હતો. તેણે કહેલું કે "મારૂ ફેમીલી બોમ્બે રહે છે અને મારે મકાન ભાડે જોઇએ છે". આ સાહેદે તેને રૂા.૧૦,૦૦૦/– ડિપોઝીટ કહેલી તો તેણે રૂા. ૭૦૦૦/– ડિપોઝીટ આપેલી. આ સાહેદે તેની પાસેથી પ્રુફ કાર્ડ અને બે ફોટા માંગેલા તો તેણે કહેલું કે, હું ફેમીલી લઇને આવું ત્યારે આપીશ. રૂા.૭૦૦૦/– આ સાહેદે તેમના ચોપડામાં લખેલા અને ત્યારપછી તે તેનું ફેમીલી લેવા ગયેલો. આ સાહેદ પાસેથી સાફ સફાઇ કરવા માટે મકાનની ચાવી લઇ ગયેલો. ત્યારપછી તે આવેલો જ નહિ. આ સાહેદે બે,ચાર વખત ધક્કા ખાધેલા પરંતુ મકાન ઉપર તાળું જોયેલું.

સાહેદ વધુમાં જણાવે છે કે, ત્યારબાદ તા.૨૮/૮ ના રોજ પોલીસ આવેલી અને પુંછેલું કે તમારા મકાનમાં ભાડૂઆત હતો? તો "હા" પાડેલી. ત્યારબાદ કિલ્લામાં તા.૨૮/૮ ના રોજ ગયેલા. ત્યારપછી પોલીસ સ્ટેશનમાં બોલાવેલા. સાહેદ જણાવે છે કે એક વખત કિલ્લામાં ઓળખ માટે બોલાવેલા. ઓળખ માટે ગયા ત્યારે એક રૂમમાં લઇ ગયેલાં. રૂમમાં માણસો ઉભેલા તે બતાવેલાં. આ સાહેદે ઓળખી બતાવેલ કે છ ફુટ ઉંચો અને વાળ ઉંચા અને બોડીમાં છે. આ સાહેદે ત્યાં તેને આંગળી કરી ઓળખી બતાવેલો. પછી ત્યાં સાહેબે લખી લીધેલું અને ત્યારબાદ જવા દિધેલો. સાહેદ નિ.૮૦૭૭/૧ વાળો દસ્તાવેજ જે તેમના મકાનની વેરા પાવતી છે તેમજ મકાનના કબ્જા સહિતના

વેચાણ દસ્તાવેજની ઝેરોક્ષ જે માર્ક–એ અને બી રજૂ રાખેલ છે. સાહેદ આરોપીને ઓળખી શકે નહીં તેમ જણાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો અમીનાબેન પાસેથી આ સાહેદ મકાન ભાડે રાખ્યા પછી મકાનમાં ૩–૪ ભાડૂઆતો આવેલા અને ગયેલા. આ ભાડૂઆતો કઈ તારીખે આવેલા અને કઈ તારીખે ખાલી કરીને ગયા તે ચોકકસ કહી શકે નહીં. આવેલા ભાડૂઆતોને ભાડાની કોઈ પહોચ આપેલી નથી તે કબૂલ કરે છે. યાકુબ નામનો માણસ આ સાહેદ પાસે કયારે આવેલો તેની કોઈ નોંધ રાખેલી નથી તે કબૂલ કરે છે. પોલીસે ચાવી આપેલી નહીં. આ સાહેદ જયારે મકાન ઉપર ગયા ત્યારે તાળુ હતુ અને યાકુબને જોયેલો નહીં. પોલીસે કિલ્લામાં બોલાવ્યા ત્યારે ત્યાં બોલાવવા માટે કોઈ લખાણ કે નોટીસ આપેલી નહીં. કિલ્લામાં ગયા ત્યારે બપોરના ૧૧.૩૦ વાગ્યાનો સમય હતો. એક રૂમમાં મેજિસ્ટ્રેટ સાહેબ બેઠેલા હતા તેમનો હોદ્દો તથા નામની ખબર નથી. ત્યાં એક રૂમમાં ગયા ત્યારે ૧૦,૧૨ માણસો એક લાઈનમાં ઉભેલા હતા. આ માણસો કયાંથી આવેલા, કેટલા વાગે આવેલા અને કયારે આવેલા તેવુ મેજિસ્ટ્રેટ સાહેબે કહેલુ નહીં. આંગળીથી બતાવ્યા બાદ ૧,૨ મિનિટ પછી જતા રહેલા. આ સાહેદના મકાનમાં યાકુબ નામની કોઈ વ્યકિત કયારેય પણ ભાડૂઆત તરીકે આવેલી નથી તો તે હકીકત નકારે છે. આવી કોઈ વ્યકિતને મેજિસ્ટ્રેટ રૂબરૂ ઓળખી બતાવેલી નથી તો તે હકીકત પણ નકારી છે. પોલીસે ધાક ધમકી આપી નિવેદન ખોટી રીતે લખાવી લીધાની હકીકત નકારી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ કરીયાણાનો વેપાર કરે છે. તા.૧૮.૭.૨૦૦૮ ના રોજ સાંજના સાડા પાંચ છ વાગે શરીફભાઈ શેખ એક છોકરાને એટલે કે આરોપ નં.૪૪ મહમદ અકબર ઈસ્માઈલ ચૌધરીને લઈને આ સાહેદની દુકાન ઉપર આવેલા અને રૂમ ભાડે જોઈએ છે તેવી વાત કરેલી. આ સાહેદે તેને જણાવેલુ કે ઓળખના પુરાવા આપવા પડશે. ત્યારે તેને જણાવેલુ કે મુંબઈથી ફેમેલી લાવીશ ત્યારે પુરાવા આપીશ. ત્યારબાદ રૂા. ૧૦૦૦૦/– ડિપોઝીટ પેટે નકકી કરેલા અને રૂા.૭૦૦૦/– આપેલા. ત્યારબાદ

આ સાહેદે પોતાની માલીકીનું મકાન નં.ડી–૩૪ કે જે રીવરવ્યુ સોસાયટીમાં સુરત ખાતે આવેલુ હતુ તે ભાડે આપેલુ હતુ. સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવો બન્યા બાદ આરોપી નં.૪૪ મોહંમદ અકબર ઉર્ફે સઈદ ઉર્ફે યાકુબ ઉર્ફે વિનોદ ઈસ્માઈલ ચૌધરી પકડાયા બાદ તા.૧૮.૧૧.૨૦૦૮ ના રોજ આ સાહેદે આરોપી નં.૪૪ ને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેદ નં.પ૭૫ કીર્તન ચતુરભાઈ પટેલનાઓની રૂબરૂમાં આંક–૩૦૯૦ના ઓળખ પરેડના પંચનામા દરમ્યાન ઓળખી બતાવેલો છે. એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.પ૭૫ કીર્તન ચતુરભાઇ પટેલની જુબાનીની ચર્ચા આગળ ઉપર કરેલી છે માટે તેનુ પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે ગુલામહુસેન અબ્દુલરસીદ પઠાણને સાહેદ નં.૧૧૩૮ તરીકે આંક–૮૧૬૫ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ સને–૨૦૦૮ના વર્ષમાં કસક, ભરૂચ ખાતે આવેલા અપ્સરા એપાર્ટમેન્ટના ફલેટ નં. એ/૮ માં રહેતા હતા. આ સિવાય આ સાહેદ પાસે એક બીજું મકાન શેરપુરા ગામમાં આવેલું હતું. શેરપુરાનું મકાન દહેજ બાયપાસ, મેઈન રોડ ઉપર આવેલુ હતું. આ મકાન તેમની પત્નીના નામે હતું. સને–૨૦૦૮ની સાલમાં ગુજરાત મોટર રીવાઇન્ડીંગના નામથી ઇલેકટ્રીકનું કામકાજ કરતા હતા. તેમની દુકાન પટેલ સુપર માર્કેટમાં હતી. શેરપુરાવાળુ મકાન ખાલી હતું. તેમને આ મકાનમાં સને–૨૦૦૮ ના જુન–જુલાઇ માસમાં રીપેરીંગનું કામકાજ ચાલતુ હતું. સાહેદ વધુમાં જણાવે છે કે તા.૨/૯ ના રોજ રાત્રે અગિયાર વાગ્યે તેમની ઉપર ચાવડા સાહેબનો ફોન આવેલો અને શેરપુરાવાળા મકાન ઉપર આવો તેમ કહેતા પંદરેક મિનિટમાં મકાન ઉપર પહોંચી ગયેલા. આ સાહેદ ત્યાં પહોંચ્યો ત્યારે ત્યાં સાહેબ હતા અને તેમની સાથે પાંચ–આઠ માણસો હતાં. સાહેબે નામ, સરનામું પુંછેલું. સાહેબે પુંછેલું કે આ મકાન કોનું છે? તો જણાવેલું કે મકાન તેમનુ છે. આ સાહેદને કહેલું કે મકાન જોવાનું છે અને મકાનની ચાવી માંગેલી. પરંતુ ચાવી તેમની પાસે ન હતી જેથી તાળુ તોડી નાંખવા કહેતા તાળું તોડી નાંખેલું. મકાનમાં લાઇટ ચાલુ કરી આપેલી. ત્યારબાદ સાહેબ હતા, એફ. એસ.એલ. વાળા હતા અને પબ્લિકના બે માણસો હતા તેમણે મકાનમાં તપાસ

કરેલી. તેમની સાથે એક આરોપી પણ હતો. પોલીસે તેમનું કામ પતાવીને બહાર જતા રહેલાં અને ચાવડા સાહેબે આ સાહેદને બધુ પુંછેલું.

સાહેદ વધુમાં જણાવે છે કે તેમના મકાનનું કામ પતી ગયેલું હતું અને ત્યારપછી ચા પીવા બાજુમાં ગયેલાં. આ વાત તા.૭ કે ૮/જુલાઇ/૨૦૦૮ ની હતી. તેમની બાજુમાં નઝીરભાઇની કિટલી છે ત્યાં ચા પીવા ગયેલાં. તે વખતે નઝીરભાઇએ પુછેલું કે મકાન ભાડે આપવું છે. તો કહેલું કે જો કોઇ કંપનીવાળા સારા માણસો હોય તો મકાન ભાડે આપીશ. બીજા દિવસે નઝીરભાઇનો ફોન આવેલો અને જણાવેલું કે એક માણસને મકાન જોઇએ છે તો આવી જાઓ. જેથી આ સાહેદ નઝીરભાઇની કિટલી ઉપર ગયેલા. કિટલી ઉપર ગયા ત્યારે જે ભાઇને મકાન ભાડે લેવાનું હતું તે ભાઇ ત્યાં બેઠેલા હતાં. ત્યારબાદ આ સાહેદ, નઝીરભાઇ તથા તે ભાઇ ચાલતા ચાલતા મકાન ઉપર ગયેલાં. ત્યારબાદ ત્યાં ભાડાની વાત થયેલી અને ભાડાની રકમ રૂા.૧૦,૦૦૦/– કહેલી. આ ભાઇએ મકાન અંદરથી જોયેલું નહિ અને બહારથી જોયેલું અને ભાડુ વધારે છે તેમ કહી જતા રહેલાં. ત્યારબાદ બીજા દિવસે નઝીરભાઇનો આ સાહેદ ઉપર ફોન આવેલો અને જણાવેલું કે તે ભાઇ આવ્યા છે અને તમે આવી જાઓ. તે વખતે લગભગ ત્રણ–સાડા ત્રણ વાગ્યાનો સમય થયેલો હતો. ત્યારબાદ ચાર સાડા ચાર વાગ્યે નઝીરભાઇ પાસે પહોંચેલો. નઝીરભાઇનો ફોન આવ્યો ત્યારે જી.આઇ.ડી.સી. માં હતા જેથી વાર લાગશે તેવું કહેલું. જે ભાઇએ મકાન ભાડે રાખવાનું હતું તેના પણ બે–ત્રણ ફોન આવેલા અને તેમણે જણાવેલું કે વહેલા આવો, મારે ઉતાવળ છે. ત્યારબાદ આ સાહેદ ત્યાં પહોંચી ગયેલા અને તે વખતે આ સાહેદ, નઝીરભાઇ અને તે ભાડે રાખનાર ભાઇ હતાં. ત્યારબાદ તેઓ ત્રણેય ઘર ઉપર ચાલતા ચાલતા ગયેલાં અને પછી ઘર ખોલીને જોયેલું અને રૂા.૫૦૦૦/– ભાડુ નક્કી કરેલું અને રૂા.૧૦,૦૦૦/– ડિપોઝીટ નક્કી કરેલી. તે ભાઇએ કહેલું કે ડિપોઝીટ બીજા દિવસે આપીશ અને ત્યારબાદ બીજા દિવસે ડિપોઝીટ રૂા.૧૦,૦૦૦/– આપેલી. ડિપોઝીટ આપ્યા પછી મકાનની ચાવી આપેલી. જે વખતે તે ભાઇને મકાનની ચાવી આપી ત્યારે તેણે પોતાનું નામ રફિક શેખ જણાવેલું અને તે

મહારાષ્ટ્રનો રહેવાસી હતો. આ સાહેદે તેમને કહેલું કે આઇ.ડી. પ્રુફ આપવું પડશે. તે ભાઇએ કહેલું કે અત્યારે આઇ.ડી. પ્રુફ નથી, ફરી આવીશ ત્યારે લઇ આવીશ. ત્યારબાદ તે ભાઇએ ચાવી લઇને રહેવાનું શરૂ કરી દિધેલું. ડિપોઝીટ લઇને આવ્યા ત્યારે તે ભાઇ વેગન આર ગાડી GJ-6 જેવી હતી તે લઇને આવેલાં હતાં. આ ગાડીનો કલર સીલ્વર કલર હતો. ત્યારબાદ આ સાહેદ એક-બે વખતે તે ભાઇને મળવા માટે ગયેલા પરંતુ તે ભાઈ સાથે મુલાકાત થયેલી નહિ.

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ બોમ્બ બ્લાસ્ટના બે-ત્રણ દિવસ અગાઉ તેઓ દહેજ મુકામે જતા હતા ત્યારે લાલ કલરની વેગન આર ગાડી તેમના બંગ્લાની સામે ઉભેલી હતી તે ત્યાં જોયેલી હતી. તે દિવસે રફિકભાઇનો ફોન આવેલો કે તેઓ રાજસ્થાન કામથી જાય છે. રફિકભાઇ થોડા કોલેજીયન ટાઇપના હતા, કુલ બાંયનું ટી શર્ટ પહેરેલું હતું, ગોરા સરખા હતા અને ૨૭/૨૮ વર્ષની ઉંમર હોય તેવા હતાં. ત્યારબાદ તા.૧૨/૯/૨૦૦૮ ના રોજ ચાવડા સાહેબ આવેલા અને પુછપરછ કરેલી તેમજ મોબાઇલ નંબર તેમને આપેલાં. ત્યારબાદ રફિકભાઇનો બોમ્બ બ્લાસ્ટ પછી ત્રણ-ચાર દિવસે ફોન આવેલો કે તેમના ઘરવાળા આવવા દેતા નથી તો આ સાહેદે કહેલું કે તમે ફેમીલી સાથે આવો નહિં તો તમને ઘરમાં રહેવા નહિ દઉં. ત્યારબાદ પોલીસવાળા ભાઇ તા.૧૪/૧૨/૨૦૦૮ ના રોજ એક સમન્સ લઇને તેમની પાસે આવેલાં અને જણાવેલું કે અમદાવાદ આવવાનું છે અને તેઓ એડ્રેસ લઇને આવેલાં. ત્યારબાદ આ સાહેદ તથા નઝીરભાઇ બંને સાથે તા.૧૬/૧૨/૨૦૦૮ ના રોજ ઘી કાંટા કોર્ટ, અમદાવાદ ગયેલા. ઘી કાંટા કોર્ટમાં ગયા પછી એક ભાઇ ત્યાં બેઠા હતાં તેમને પુછેલું તો તેમણે ત્યાં બેસાડેલાં અને તેઓ કોર્ટમાં ગયેલાં. ત્યારબાદ પંદરેક મિનિટ પછી બોલાવેલો. ત્યાં અંદર સાહેબ બેઠેલાં હતાં અને બીજા અઢારેક માણસો ત્યાં ઉભેલાં હતાં. સાહેબે ત્યાં ઓળખ પરેડ માટે કહેલું. જે માણસો તેમને ત્યાં રહેતા હતા તે ત્રણ માણસોની ઓળખાણ કરેલી અને બતાવેલાં. સાહેબે કહેલું કે તમે જેને ઓળખો છો તેને એક-એક કરીને લઇ આવો. જેથી આ સાહેદ ત્રણેયને લઇ આવેલા. સાહેબે તે ત્રણેયનું નામ પુંછેલું. તેઓના નામમાં

(૧) અકબર (૨) ફૈઝુલ અને ત્રીજાનું નામ અત્યારે યાદ નથી. સાહેબે આ સાહેદને પુંછેલું કે તમે આ લોકોને કઇ રીતે ઓળખો છો? તો કહેલું કે આ લોકો તેમના ઘરમાં રહેતાં હતાં. ત્યારબાદ નઝીરભાઇની પાસે પણ ઓળખ પરેડ કરાવેલી. આરોપીઓને જોયે દસ વર્ષ જેટલો સમય થયેલો હોવાથી આ સાહેદ ઓળખી શકતા નથી.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો તા.૨.૯.૨૦૦૮ ના રોજ પોલીસે આ સાહેદને ફોન કરીને બોલાવ્યા ત્યારે પુછપરછ કરીને નિવેદન લીધેલુ. પુછપરછ કરી તે પહેલા મકાનનું તાળુ તોડી નાખેલુ તો તે હકીકત નકારી છે. આ સાહેદના જતા પહેલા સાંજના સાત વાગ્યાથી ત્યાં પંચનામુ શરૂ કરવામાં આવેલુ તો તે હકીકત નકારી છે. આ હકીકતનો અર્થ એવો થાય કે આ સાહેદ સ્થળ ઉપર ગયા તે પહેલા મકાનનું તાળુ તોડવામાં આવેલુ હતુ નહીં અને પંચનામુ લખવાની પણ શરૂઆત થયેલી ન હતી. તાળુ આ સાહેદની હાજરીમાં તોડવામાં આવેલુ તે કબૂલ કરે છે. પોલીસે ૪ થી ૫ વખત પુછપરછ કરેલી તો તે હકીકત નકારી છે. તા.૩.૯.૨૦૦૮, તા.૬.૯.૨૦૦૮, તા.૧૨.૯.૨૦૦૮, તા.૧૬.૧૨.૨૦૦૮ના રોજ પુછપરછ કરેલાની હકીકત નકારી છે. તા.૬.૯. ૨૦૦૮ ના રોજ સુરતના પોલીસ ઇન્સ્પેકટરનાઓએ પુછપરછ કરી હોય તેવુ બન્યુ નથી. મકાન પતિના નામ પર હતુ તે અંગેનો દસ્તાવેજી પુરાવો પોલીસને આપેલો નહીં તે કબૂલ કરે છે. મકાન ભાડે આપ્યા બાબતે તે વ્યકિત સાથે કોઈ ભાડા ચીઠ્ઠી કરેલી નહીં તે કબૂલ કરે છે. રૂા.૧૦૦૦૦/– તે ભાઈ પાસેથી ડિપોઝીટની રકમ લીધી તે અંગે કોઈ રસીદ આપેલી નહીં તે કબૂલ કરે છે. ત્રણ માણસો મકાનમાં રહેતા હતા તેવુ પોલીસને જણાવેલુ નથી તે કબૂલ કરે છે. મકાન ભાડે આપ્યા પછી અવાર નવાર તે વ્યકિત સાથે ફોન ઉપર વાત થતી હતી તે કબૂલ કરે છે. આ પ્રશ્નનો અર્થ ધ્યાને લઈએ તો આ સાહેદે આરોપીને મકાન ભાડે આપેલુ હતુ અને ભાડે આપ્યા બાદ તેની સાથે આ સાહેદને અવાર નવાર ફોન પર વાત થતી હતી તે હકીકત સ્વીકૃત હકીકત છે. ત્યારપછી તે વ્યકિત તેના ગામ જતો રહેલો તે કબૂલ કરે છે. પોલીસે મોબાઈલ નં.૯૪૨૬૮૭૦૨૭૧ આ

સાહેદનો કબજે કરેલો તેનુ પંચનામુ કર્યાની ખબર નથી. મોબાઈલ કબજે કર્યાની કોઈ રસીદ આપેલ નથી. પોલીસે આ સાહેદના મોબાઈલની કોલ ડીટેલ કાઢેલી તે કોલ ડીટેલ આ સાહેદને આપેલ નથી તેમ જણાવે છે. રફીકભાઈ હિન્દી ભાષા જાણતા હતા તે સિવાય બીજી ભાષા જાણતા હોય તો ખબર નથી. રફીકભાઈ હિન્દી ભાષા જાણે છે તેવુ પોલીસને જણાવેલુ નથી તો તે હકીકત નકારી છે. રફીકભાઈ સિવાય બીજા બે વ્યકિતઓને ઓળખેલા તેઓના વર્ણન પોલીસને આપેલા નહીં. આ ત્રણેય માણસો આ સાહેદના મકાનમાં રહેતા હતા તેવુ પોલીસને જણાવેલુ નથી તો તે હકીકત નકારે છે. આ ત્રણ વ્યકિતઓ મકાનમાં રહેતી ન હતી માટે બીજી બે વ્યકિતઓના વર્ણન પોલીસને આપેલા નથી તો તે હકીકત નકારે છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો ૧૮ માણસોમાંથી ૩ માણસોને એકપછી એક આ સાહેદે ઓળખી બતાવેલા. ત્રણેય વખત ઉભા રાખેલા માણસો એક સરખા હતા. રફીક ત્રીજા નંબર ઉપર ઉભેલો હતો. બીજા નંબરના અને ત્રીજા નંબરના વ્યકિતઓને જે ઓળખેલા તે કયા નંબર ઉપર ઉભેલા હતા તેનો ખ્યાલ નથી. ૧૮ માણસો કોણ હતા અને કેવા હતા તેનો ખ્યાલ નથી. ઓળખ પરેડ દરમ્યાન આવા કોઈ માણસોને ઓળખ્યા નથી તો તે હકીકતને નકારી છે. રફીક નામના માણસને મકાન ભાડે આપેલુ ન હતુ તો તે હકીકત નકારી છે. ગેટની બે ચાવી બનાવીને એક ચાવી આ સાહેદે તેને આપી હોય તેવુ બન્યુ નથી. વેગન આર ગાડી જોયેલી પરંતુ તેનો નંબર ખબર નથી. મકાન રફીકભાઈને ભાડે આપેલુ તે બાબતે આ સાહેદ ઉપર કોઈ કેસ થયેલો નથી. પોલીસે કેસ કર્યો નથી માટે અને પોલીસના કહેવાથી જુબાની આપતા હોવાની હકીકત નકારી છે. રાત્રે ૧૧ વાગે આ સાહેદ ઉપર ચાવડા સાહેબનો ફોન આવેલો તે પહેલા ચાવડા સાહેબને મળવાનો પ્રસંગ બનેલો નથી. ચાવડા સાહેબને કયારેય ફોન નંબર આપેલો નથી તો તે કબૂલ કરે છે. ચાવડા સાહેબને ફોન નંબર આપેલો ન હોય તેનો અર્થ એવો નથી કે ચાવડા સાહેબે આ સાહેદને ફોન કર્યો નથી. આ સાહેદનો ફોન નંબર ચાવડા સાહેબે ગમે તે વ્યકિત પાસેથી મેળવીને કરેલો હોય શકે. આ સાહેદની પડોશમાં યાકુબભાઈ પોલીસવાળા રહે છે

તે કબૂલ કરે છે. આ યાકુબભાઈ ભરૂચમાં અભય ચુડાસમા સાહેબની અંદરમાં ઘણો સમય રહેલા હોય તો ખબર નથી. યાકુબભાઈ સાથે સારા સબંધો છે તો તે હકીકત નકારી છે. યાકુબભાઈએ જણાવેલુ હતુ કે તમે આ રીતે જવાબો આપજો માટે તે રીતે તમે જવાબો આપો છો તો તે હકીકત નકારી છે. મકાન કોઈને ભાડે આપેલુ નથી અને મેજિસ્ટ્રેટ રૂબરૂ કયારેય ગયેલા નથી કે કોઈ વ્યકિતને ઓળખેલો નથી તો તે હકીકત નકારી છે. યાકુબભાઈના કહેવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારી છે.

આમ આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ ભરૂચ મુકામે રહે છે અને ભરૂચ ખાતે શેરપુરાના નાકા પાસે એક મકાન પોતાની માલીકીનું આવેલુ છે. તા.૮.૭.૨૦૦૮ નાં રોજ એક નઝીરભાઈની કીટલી ઉપર ચા પીતા હતા ત્યારે મકાન ભાડે આપવા બાબતે વાતચીત થયેલી. નઝીરભાઈની કીટલી ઉપર આરોપી નં.૪૫ ફજલે રહેમાન બેઠેલો હતો અને તેને આ સાહેદનું મકાન રૂા.૫૦૦૦/– ના ભાડાથી ભાડે રાખેલુ હતુ અને આ મકાનમાં આરોપી નં.૪૫ ફજલે રહેમાન, આરોપી નં.૪૩ અનીક સફીક સૈયદ, આરોપી નં.૪૪ અકબર ઈસ્માઈલ ચૌધરીનાઓ સાથે રહેતા અને મકાનમાં આ લોકોએ બોમ્બ બનાવેલા હતા. સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવો બન્યા બાદ આરોપી નં.૪૪ અકબર ઈસ્માઈલ ચૌધરી પકડાયા બાદ તા.૧૬.૧૨.૨૦૦૮ ના રોજ આ સાહેદે આરોપી નં.૪૪ ને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૮૯ ઈન્દ્રવીર વજુભા ઝાલાનાઓની રૂબરૂમાં આંક–૩૧૬૫ ના ઓળખ પરેડના પંચનામા દરમ્યાન ઓળખી બતાવેલો છે. એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૮૯ ઈન્દ્રવીર વજુભા ઝાલાની જુબાનીની ચર્ચા આગળ ઉપર કરેલી છે માટે તેનુ પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે દિપક રામચંદ્ર માલીને સાહેદ નં.૪૫૮ તરીકે આંક–૨૮૧૩ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સર તપાસ મુજબ તા.૨૯/૮/૨૦૦૮ ના રોજ બપોરે સાડા બાર એક વાગ્યાના અરસામાં પોલીસે તેમને સુરત ડી.સી.બી. પોલીસ સ્ટેશન જે ચોક બજાર કુર્જામાં

આવેલ છે ત્યાં લઈ ગયેલા. ત્યાં એ.સી.પી. પરમાર સાહેબને મેળવી આપેલા. આ સાહેદ ત્યાં ગયા ત્યારે અગાઉ એક ભાઈ ઉભા હતા જેમની સરનેમ સોનવણે કરીને હતી. પરમાર સાહેબે સમજાવેલુ કે બોમ્બ કાંડનો આરોપી લોકઅપમાં હોઈ તેણે બોમ્બ બનાવવાની સામગ્રી ખરીદેલી, જે દુકાનેથી સામગ્રી ખરીદેલી તે દુકાનના માલીક નટ બોલ્ટ રજૂ કરે છે તે બાબતનું પંચનામુ કરવાનું છે જેથી બંને જણાએ "હા" પાડેલી. દુકાન માલીકનું નામ જયેશભાઈ પટેલ હતુ. જયેશભાઈ ત્યાં હતા તેમની દુકાનનું નામ "કમલા હાર્ડવેર" હતુ. તેઓએ ત્રણ નટ–બોલ્ટ અને એક બોલ્ટ એસ.પી.આઈ. માર્કાવાળો રજૂ કરેલ. નટ બે ઈંચ જેટલી લંબાઈની હતી. બીજો એક અડધા ઈંચની લંબાઈનો હતો. તે જોયેલા અને એક પ્લાસ્ટીકના બોક્ષમાં નટ બોલ્ટ મુકવામાં આવેલા અને સ્લીપ મુકીને દોરીથી બાંધી તેના ઉપર લાખથી સીલ કરવામાં આવેલ. આ બાબતનુ પંચનામુ કરવામાં આવેલુ જે આંક–૨૮૧૪ થી રજૂ છે, આ પંચનામામાં સાહેદ પોતાની તથા ભુરીયા કીશનની તથા રૂબરૂ તરીકે પોલીસની સહીઓ ઓળખી બતાવે છે. સાહેદને સેશન્સ કેસ નં. ૪૧૮/૨૦૦૯ ના મુદ્દામાલ લિસ્ટ આંક–૨૩૫૦ નો અનુક્રમ નં. ૭૪ થી ૭૭ વાળો મુદ્દામાલ બતાવતા સાહેદ તે ઓળખી બતાવે છે.

સાહેદ વધુમાં જણાવે છે કે તા.૭/૧/૨૦૦૯ ના રોજ પોલીસે ફરીથી બોલાવેલા. પોલીસે ડી.સી.બી. પોલીસ સ્ટેશને બોલાવેલા. ત્યાં આરોપી કોઈ ઘર બતાવવુ હતુ માટે પોલીસે બોલાવેલા હતા. ત્યાં બે આરોપી હતાં. એકનું નામ સૈયદ નૌશાદ અને બીજાનું નામ અહેમદબાવા હતુ. આ બેના નામ પરમાર સાહેબે કહેલાં. ત્યારબાદ તેઓને સરકારી વાહનમાં બેસાડેલા અને સહી લીધેલી. આરોપીઓએ કહેલુ કે અમે મેંગ્લોરથી આવેલા છીએ અને અમોને રસ્તો ખબર નથી તો તમને અમો સાથે રાખી રસ્તો બતાવે છે. બીજુ કાંઈ કહેલુ નહી. ગાડીમાં બેઠા પછી એસ.પી. સાહેબ હતાં. નૌશાદે રસ્તો બતાવેલો અને સૈયદપુરા પમ્પીંગ સ્ટેશન ઉપર લઈ ગયેલા. ત્યાં એકને ચોકી પર બેસાડેલા અને ત્યારબાદ નૌશાદ ઘર બતાવવા લઈ ગયેલો. તે ધાસ્તીપુરા પાસે એક ખાડી આવે છે અને તેની આગળ એક સોસાયટી છે, સોસાયટીની ચોથી ગલીમાં, ડી/૩૪ વાળુ મકાન

બતાવેલુ. આ સોસાયટીનું નામ "રીવર વ્યુ" હતું. ત્યારબાદ આરોપી કહેતો હતો કે "થોડો ટાઈમ પહેલા અમે ભાડે રહેલા". પછી તેને લઈને ચોકી ઉપર આવેલા. ત્યારબાદ ત્યાંથી અહેમદબાવાને લઈને નીકળેલા. તે પણ તેજ રસ્તા ઉપર લઈ ગયેલા. તેણે પણ મકાન બતાવેલુ અને કહેલુ કે "અમે અહીંયા બીજા માણસો સાથે રહેલા". આ મકાન પણ ડી/૩૪ વાળુ જ મકાન હતુ અને સોસાયટી પણ જે રીવર વ્યુ હતી. આ કાર્યવાહીનું પંચનામુ બનાવવામાં આવેલુ જે આંક–૮૫૨૯ થી રજૂ છે, આ પંચનામામાં સાહેદ પોતાની તથા અન્ય પંચની સહી ઓળખી બતાવે છે. દસ વર્ષનો સમય થયેલ હોવાથી સાહેદ આરોપીઓને ઓળખી શકે નહીં તેમ જણાવેલ છે. તેમજ પંચનામામાં એવુ લખેલ છે કે "આરોપીઓએ નામ જણાવ્યા પછી જણાવેલ છે કે અમો ગઈ તા.૨૬/૭/૨૦૦૮ પહેલા સુરત ખાતે આવેલા તે વખતે અમો જે ભાડાના મકાનમાં રોકાયેલા તે ભાડાનું મકાન બતાવી દઈએ છીએ". આ હકીકત સાચી હોવાનું જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો મુદ્દામાલ ઓળખ સબંધે કોઈ નિશાની કરવામાં આવેલી નહીં તે કબૂલ કરે છે. આથી આ મુદ્દામાલ બીજો પણ હોઈ શકે તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે જયારે પંચનામાની વિગતે કોઈ મુદ્દામાલ કબજે કરેલો હોય ત્યારે તે મુદ્દામાલ કબજે કર્યા પછી તેની મુદ્દામાલ પાવતી પોલીસ સ્ટેશનમાં તૈયાર કરવાની હોય છે અને તેમા મુદ્દામાલનું વિગતે વર્ણન લખીને તેની કિંમત લખાતી હોય છે. જેથી તે મુદ્દામાલ બદલાઈ જવાનો કોઈ પ્રશ્ન નથી. મુદ્દામાલ ઉપર નિશાની કરવી જોઈએ તેવી કાયદામાં કોઈ જોગવાઈ નથી માટે મુદ્દામાલ બીજો પણ હોઈ શકે તે હકીકત સ્વીકારવા યોગ્ય નથી. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો કમલા હાર્ડવેરની આજુબાજુ દુકાનો છે તેના નામો વાંચેલા નહીં. પોલીસે પંચનામુ લખેલુ તે કબૂલ કરે છે. આવી કોઈ કાર્યવાહી કરેલી નથી અને ખોટી જુબાની આપે છે તો તે હકીકત પણ નકારેલી છે. નટ બોલ્ટ કબજે લીધા બાબતે જુબાની આપેલી છે તે યાદ છે. પંચનામાની ડીટેઈલ અગાઉ જુબાની આપી ત્યારે યાદ ન હતી. ઓગસ્ટ–૨૦૦૮ માં પંચનામામાં સહી કરી ત્યારે પોલીસને પોતાનો સંપર્ક નંબર આપેલો નહીં.

૨૦૧૦ માં રાંદેર વિસ્તારમાં આવેલા રામનગર મુકામે રહેવા ગયેલા. જરૂર પડે તો બોલાવજો એવુ પોલીસને કહીને આવેલાની હકીકત નકારી છે. બીજુ પંચનામુ કર્યુ ત્યારે નવા સરનામાની પોલીસને ખબર ન હતી. પરંતુ સાહેદ જણાવે છે કે બીજા પાસેથી મોબાઈલ નંબર લઈને ફોન કરેલો. પંચનામામાં સહી કરી તે પહેલા તે માણસોને જોયેલા નહીં. આ લોકો કયાં રહેતા અને શું કામગીરી કરતા હતા તેની જાણકારી મળેલી નહીં. પરંતુ સાહેદ જણાવે છે કે તેઓ મેંગ્લોરમાં રહેતા હતા તેવી જાણકારી મળેલી. બે માણસો જે પોલીસ કસ્ટડીમાં હતા તેઓને પોલીસે કયારથી પકડેલા અને કયાથી પકડી લાવેલા તથા તેઓ રીમાન્ડ ઉપર હતા કે કેમ? તેની જાણકારી મળેલી નહીં. તે બે માણસો સાથે કોઈ વાતચીત કરેલી નહીં તે કબૂલ કરે છે. અહેમદ બાવાને સૈયદપુરા પોલીસ ચોકીમાં બેસાડેલો તેવુ પંચનામામાં લખેલુ છે તે કબૂલ કરે છે. સૈયદપુરા પોલીસ ચોકીથી વાહન ચલાવીને નિકળ્યા પછી ખાડીપુલ પાસે વાહન રોકયુ હોય તેવુ બનેલુ નથી. રસ્તામાં જતી વખતે આરોપીએ વાહન ઉભુ રખાવી બીજા માણસોને પુછયુ હોય તેવુ બનેલુ નથી. ગાડીમાંથી ઉતર્યા પછી બે પૈકી કોઈ પણ આરોપી મુંજવણમાં મુકાયા હોય અને મકાન યાદ આવતુ ન હોય તેવુ બનેલુ નહીં. તા.૭.૧.૨૦૦૯ ના રોજની પંચનામાની કાર્યવાહીમાં ભાગ લીધેલો નથી અને તૈયાર પંચનામામાં સહીઓ કરેલી છે તો તે હકીકત નકારી છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો પોલીસ સ્ટેશનમાંથી નીકળતા પહેલા તેઓ કઈ સોસાયટીમાં રહેલા અને કયા નંબરનુ મકાન હતુ તે સંબંધમાં પોલીસે કોઈ પુછપરછ કરેલી નહીં. પરમાર સાહેબ અગાઉ બીજા કોઈ આરોપીને લઈને આ જગ્યા ઉપર ગયેલા બાબતે કોઈ માહિતી આપેલી નહીં. રસ્તામાં હતા ત્યારે કોઈ માહિતી આરોપીઓએ આ સાહેદની હાજરીમાં આપેલી નહીં તે કબૂલ કરે છે. સોસાયટીના તમામ મકાનો ત્રણ માળના હતા. જે મકાન બતાવેલુ તે ગેટની ડાબી બાજુ હતુ. મકાન ઉપર ગયા ત્યારે મકાનની સ્થિતિ અંગે નોંધ કરવામાં આવેલી નહીં. સોસાયટીની ઑફિસ ઉપર પોલીસ પંચોને લઈ ગયેલી હોય તેવુ બન્યુ નથી. આ સાહેદની હાજરીમાં મકાનના માલીકને શોધવાનો કે તેનુ નામ જાણવાનો પ્રયત્ન કરેલો નહીં. અહેમદ બાવાને

આ સાહેદની સાથે આવેલા પોલીસ સિવાય બીજા પોલીસને સોંપેલો. અહેમદ બાવાને લઈ ગયા ત્યારે નૌશાદને પણ ચોકીમાં રાખેલો. બંને આરોપીઓએ મકાન ૫–૬ મહિના પહેલા ભાડે રાખેલાનું જણાવેલુ તે અંગેની નોંધ પંચનામામાં કરેલી. કેટલા સમય માટે ભાડે રાખવામાં આવેલુ તેવુ પુછપરછ કરેલી નહીં. સુરતના ઘણા બધા કેસોમાં પોલીસ આ સાહેદને પંચ તરીકે બોલાવે છે તો તે હકીકત નકારે છે.

આમ આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમારનાઓએ કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી.નં.૧૭૬/૨૦૦૮ નાં કામે તા.૭.૧.૨૦૦૯ ના રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ કિશોરભાઈ કાકુભાઈ શાહનાઓને ડી.સી.બી.પોલીસ સ્ટેશન સુરત ખાતે બોલાવેલા. આ ગુનાના કામે આરોપી મહમદ નૌશાદ મહમદ ઈરસાદ(આરોપી નં.૪૬) તથા અહેમદ બાવા ઉર્ફે અબ્બુ સન ઓફ અબુ બકરનાઓ(આરોપી નં.૪૭) હાજર હતા અને તેઓ કંઈ કહેવા અને બતાવવા માંગતા હતા જેથી પંચો, પોલીસ સ્ટાફ, આરોપીઓને લઈને તપાસ કરનાર અધિકારી આરોપીઓના જણાવ્યા અને બતાવ્યા મુજબના રસ્તે ગયેલા. સૌપ્રથમ સૈયદપુરા પંપીંગ સ્ટેશન ઉપર લઈ ગયેલા અને ત્યાં એક આરોપીને ચોકી ઉપર બેસાડેલો અને ત્યારબાદ મહમદ નૌશાદ ઘર બતાવવા લઈ ગયેલો. રીવરવ્યુ સોસાયટી મકાન નં.ડી–૩૪ કે જે ચોથી ગલીમાં આવેલુ હતુ તે આરોપીએ બતાવેલુ અને તેને કહેલુ કે આ મકાનમાં થોડો સમય પહેલા અમે ભાડે રહેલા હતા. ત્યારપછી આરોપી નં.૪૬ મહમદ નૌશાદને લઈને પાછા સૈયદપુરા ચોકી ઉપર આવેલા. ત્યાં તેને બેસાડીને ફરીથી આરોપી નં.૪૭ અહેમદ બાવાને લઈને નીકળેલા અને તેને પણ આ જ મકાન બતાવેલુ અને કહેલુ કે અમે અહીંયા આ મકાનમાં બીજા માણસો સાથે રહેલા હતા.

આંક–૮૫૨૯ વાળુ પંચનામુ બનાવનાર અધિકારી સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમારનાઓની જુબાનીના પેરા નં.૫૭ ધ્યાને લેતા તા.૭/૧/૨૦૦૯ ના રોજ કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી.નં.૧૭૬/૦૮ ના

કામના આરોપીઓ (૧) મોહમદ નૌશાદ મોહમદ ઈર્શાદ સૈયદ તથા (૨) અહેમદબાવા સ/ઓ અબુબકરનાઓ કાંઇક કહી કાંઇક બતાવવા માંગતા હોવાથી તે અંગેનું પંચનામું કરવા સારૂ બે પંચોને ડી.સી.બી. પોલીસ સ્ટેશન ખાતે બોલાવડાવેલા અને બે પંચોને પંચમાં રહેવા અંગેની સમજ કરેલી અને તેઓએ સ્વખુશી બતાવતા તે અંગેના પંચનામા દરમિયાન આરોપીઓના નામ, ઠામ પુંછવામાં આવેલાં તે સમયે તેઓએ તેઓના નામ "(૧) મોહમદ નૌશાદ મોહમદ ઈર્શાદ સૈયદ તથા (૨) અહેમદબાવા સ/ઓ અબુબકર" જણાવેલાં અને તેઓએ વધુમાં એવું જણાવેલું કે "અમો જે ભાડાના મકાનમાં રોકાયેલ તે ભાડાનું મકાન બતાવી દઇએ છીએ અને અમોને સૈયદપુરા પમ્પીંગ સ્ટેશન લઇ જવામાં આવે તો ત્યાંથી અમોએ રસ્તો જોયો છે ત્યાંથી બતાવી દઇએ." ત્યારબાદ આરોપીઓને સાથે રાખી સરકારી વાહનમાં રવાના થયેલાં. આ અંગેનું પ્રાથમિક પંચનામું કરવામાં આવેલું. ત્યારબાદ આરોપીઓએ સૈયદપુરા પોલીસ ચોકી નજીક ગયા બાદ આરોપી મોહમદ નૌશાદ બતાવે તે રીતે ડ્રાઇવરને સુચના આપેલી. આરોપી અહેમદબાવાને સૈયદપુરા પોલીસ ચોકીમાં યોગ્ય જાપ્તા હેઠળ રાખેલાં. ત્યારબાદ આ પંચનામા દરમિયાન પંચો રૂબરૂ આરોપી મોહમદ નૌશાદે ડી/૩૪, રીવર વ્યુ સોસાયટીવાળા મકાનની જગ્યા બતાવેલ. ત્યારબાદ તેને સૈયદપુરા પોલીસ ચોકી લાવી યોગ્ય જાપ્તા હેઠળ બેસાડેલા અને ત્યારબાદ અહેમદબાવા જગ્યા બતાવવા માંગતા હોવાથી તેને પણ યોગ્ય જાપ્તા સાથે પંચો સાથે વાહનમાં બેસાડેલ. ત્યારબાદ આરોપી અહેમદબાવાએ "ડી/૩૪, રીવર વ્યુ સોસાયટીવાળા મકાનની જગ્યા પંચો રૂબરૂ બતાવેલી." આ અંગેનું પંચનામું બે પંચોના જોયા, લખાવ્યા મુજબનું પંચનામામાં જણાવ્યા મુજબના સમયે કરવામાં આવેલું હતું અને ત્યારબાદ બે પંચોની પંચનામામાં સહીઓ લીધેલી. આંક–૮૫૨૯ વાળા પંચનામામાં સાહેદ પોતાની તથા બે પંચોની સહીઓ ઓળખી બતાવે છે. આ સાહેદની ઊલટતપાસ પેરા નં.૧૪૮ ધ્યાને લઈએ તો આંક–૮૫૨૯ વાળા પંચનામાના પંચોને તપાસવામાં આવેલા ન હોય તો યાદ નથી. આ પંચનામાના

પંચો હયાત છે કે કેમ? તે કહી શકે નહીં. આ પંચનામાના પંચો પોલીસ સ્ટેશનથી ૫,૬ કી.મી.ના અંતરે રહેતા હોય તો ખ્યાલ નથી.

આંક–૮૫૨૯ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "પોતાના નામ સરનામાં જણાવેલા તથા અમો ગઈ તા.૨૬.૭.૨૦૦૮ પહેલા સુરત ખાતે આવેલા તે વખતે જે ભાડાના મકાનમાં રોકાયેલા તે ભાડાનુ મકાન બતાવીએ તથા આરોપીઓએ સૈયદપુરા પોલીસ ચોકી પાસે વાહન ઉભુ રખાવેલુ અને ત્યાં એક આરોપીને મુકી વારાફરથી બંને આરોપીઓને મકાન ઉપર લઈ જઈ બંને આરોપીઓએ વારાફરથી મકાન બતાવેલુ" વિગેરે પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપીઓએ પોતે આપેલ માહિતી પ્રમાણેની જગ્યાએ મકાન આવેલુ હતુ તે મકાનનું ત્યાં અસ્તિત્વ છે માટે આ મકાન હોવાની માહિતી તેને પોતાને હતી જેથી તે હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય. આ પંચનામા વાળા મકાનમાં બંને આરોપીઓ બનાવો બનતા પહેલા રોકાયેલા હતા અને મકાનની માહિતી આરોપીઓને હતી જેથી પંચો તથા તપાસ કરનાર અધિકારીને આ બંને આરોપીઓ વારાફરતી આ જગ્યા ઉપર દોરી ગયેલા છે, આરોપીઓનુ આ દોરી જવાનુ વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે જીગ્નેશ હિંમતલાલ શાહને સાહેદ નં. ૧૧૧૦ તરીકે આંક–૭૯૪૫ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ સુરત ડી.સી.બી. પોલીસ સ્ટેશનમાં આ સાહેદને તા.૨૮/૧૧/૨૦૦૮ ના રોજ સાંજના આશરે ચારેક વાગ્યે બોલાવેલ હતા. ત્યાં બીજા એક રતનસિંહ કરીને હતા તેમને પણ બોલાવેલાં. પોલીસ સ્ટેશનમાં ગયો ત્યારે ત્યાં એક પરમાર સાહેબ કરીને હતાં અને પોલીસ સ્ટેશનમાં અંદર ગયા ત્યારે ત્યાં બે આરોપી હતાં. ત્યાં પરમાર સાહેબે તેમની ઓળખ બતાવીને કહેલું કે કાપોદ્રા પોલીસ સ્ટેશન તરફનો બોમ્બનો એક કેસ થયેલો છે અને આ બે આરોપી પકડાયેલા છે અને તમારી હાજરીમાં તેમની પુછતાછ કરૂ છું તો પંચમાં રહેશો?

જેથી "હા" પાડેલી અને તેમની સાથેના રતનસિંહે પણ "હા" પાડેલી. ત્યારબાદ તેઓની હાજરીમાં સાહેબે પેલા બે આરોપીઓના નામ પુંછેલાં. તે આરોપીઓના નામમાં એક મહમદ અકબર ચૌધરી(આરોપી નં.૪૪) હતું અને બીજા આરોપીનું નામ અનીક સફિક સૈયદ(આરોપી નં.૪૩) હતું અને આ નામો આરોપીઓએ જણાવેલા હતાં. આ આરોપીઓએ કહેલું કે "અમે ભાડે રહીએ છીએ તે જગ્યા અમે તમને બતાવીએ".

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ આ આરોપીઓ જગ્યા બતાવવા આગળ–આગળ ચાલેલા અને સાહેબ, પોલીસના માણસો તેઓ પંચો પાછળ–પાછળ ચાલેલા અને બહાર નીકળ્યા ત્યારે બહાર ટાટા સુમો ગાડી હતી તેમાં આરોપીઓને પાછળની સીટમાં બેસાડેલા અને સાહેબ ડ્રાઇવરની બાજુની સીટ ઉપર બેઠેલાં. આરોપીઓની બાજુમાં બે પોલીસવાળા બેઠેલા અને તે લોકોની પાછળ તેઓ બે પંચો બેસેલા હતાં. સાહેબે ડ્રાઇવરને કહેલું કે આરોપીઓ કહે તે રીતે તમે ગાડી ચલાવો. ત્યારબાદ બધા ડી.સી.બી. પોલીસ સ્ટેશનથી ચોક તરફ આરોપીઓએ બતાવ્યા મુજબ ગયેલાં. ત્યાંથી વરીયાવી બજાર રોડ SMC તરફ ગયેલા પછી આરોપીએ કહેલું કે "ડાબી બાજુ અંદર લઇ લ્યો". ત્યાંથી ડાબી બાજુ અંદર ગયા ત્યાં પાલીયા ગ્રાઉન્ડ તરફ વરી માતાના મંદિર તરફ જતા ખાડી પુલ ક્રોસ કરી થોડા આગળ ગયા ત્યારે આરોપીઓએ જમણી તરફ અંદર જવાનું કહેલું અને ત્યાંથી થોડા આગળ ગયા પછી આરોપીઓએ ગાડી ઉભી રખાવેલી. ત્યાં બધા બહાર નીકળેલા અને આરોપીઓ ત્યાંથી "સોસાયટી તરફ લઇ જતા હતાં." ત્યાંથી એક આરોપીઓએ ઇશારો કરીને જણાવેલું કે "અમે આ મકાનમાં ભાડે રહેતા હતાં". આ મકાનવાળી સોસાયટી રીવર વ્યુ સોસાયટી હતી અને તેમાં ડી/૩૪ નંબરનું મકાન હતું અને તે મકાન ઉપર તાળું લાગેલું હતું. આ કાર્યવાહીનું પંચનામુ બનાવવામાં આવેલુ જે આંક–૭૯૪૬ વાળા પંચનામામાં સાહેદ પોતાની તથા રતનસિંહની સહિઓ ઓળખી બતાવે છે. આરોપીઓને જોયે દસેક વર્ષ જેટલો સમય થયેલો હોવાથી ઓળખી શકે નહીં તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદનું રહેવાનું ગોપીપુરા છે અને વેપાર મહીધરપુરામાં કરે છે. ગોપીપુરા અને મહિધરપુરાથી ક્રાઈમ બ્રાન્ચની ઑફિસ ૨–૩ કિ.મી. દુર આવેલી છે. પોલીસ સ્ટેશનમાં જે બે આરોપીઓને જોયેલા તેમની સાથે નામ સિવાય બીજી કોઈ વાતચીત થયેલી નહીં. આ સાહેદની હાજરીમાં તેઓનુ નામ, સરનામુ પુછેલુ તે સિવાય તેમની સાથે બીજી કોઈ વાતચીત થયેલી નહીં. પ્રથમ સહી પોલીસ સ્ટેશનની બહાર ગાડીમાં બેસીને કરેલી. ગાડીમાં બેઠા પછી ડ્રાઈવરને બે પૈકી કોને સુચના આપી તે પંચનામામાં લખાવેલુ નથી. જે જગ્યાએ ગાડી ઉભી રાખેલી ત્યાંથી સોસાયટી ૧૦ થી ૧૨ ફુટ દુર હતી. તે સોસાયટીમાં ઘણા મકાનો આવેલા છે તે કબૂલ કરે છે. આરોપીએ ગાડી પાસે ઉભા રહીને આંગળી કરીને મકાન બતાવેલુ. સોસાયટીમાંથી પોલીસે કોઈ કાગળો કબજે કરેલા નહીં. તે મકાન બે માળનુ હતુ. મકાનનો નીચેનો ભાગ પોલીસે બતાવેલો. સોસાયટીનો ગેટ કઈ દિશામાં હતો તે યાદ નથી. સોસાયટીના મકાનો બંને બાજુ લાઈનમાં હતા તે લાઈનો કઈ દિશા તરફની હતી તે કહી શકે નહીં. સોસાયટીની બહાર સોસાયટીના નામનુ બોર્ડ હતુ તેવુ પંચનામામાં લખ્યુ નથી તો તે હકીકત કબૂલ કરી છે. સરતપાસમાં જણાવ્યા મુજબ જે દિવસે પંચનામામાં સહી કરી ત્યારે આરોપીઓએ કોઈ હકીકત જણાવેલી નથી તો તે હકીકત નકારેલી છે. આરોપીએ કોઈ માહિતી આપેલી નથી કે કોઈ જગ્યા બતાવી નથી તો તે હકીકત નકારી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમારનાઓએ કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી.નં.૧૭૫/૨૦૦૮ ના કામે તા.૨૮.૧૧.૨૦૦૮ ના રોજ આ સાહેદ તથા બીજા પંચ રતનસિંહ સુરજસિંહ રાજપુતનાઓએ ડી.સી.બી.પોલીસ સ્ટેશન સુરત ખાતે બોલાવેલા. ત્યાં આરોપીઓ (૧) મહમદ અકબર ઈસ્માઈલ ચૌધરી તથા (૨) અનીક સફીક સૈયદનાઓ હાજર હતા. તેઓ કાંઈ કહેવા અને બતાવવા માંગતા હોવાથી પંચો, પોલીસ સ્ટાફ અને આરોપીને લઈને તપાસ કરનાર અધિકારી આરોપીઓના બતાવ્યા મુજબના રસ્તે ગયેલા. આરોપીઓએ

જણાવેલુ કે અમે જે મકાનમાં ભાડેથી રોકાયેલા તે મકાન ડી–૩૪, રીવરવ્યુ સોસાયટીવાળુ હતુ જેથી તે મકાન ઉપર જઈ તપાસ કરનાર અધિકારીએ બે પંચોની હાજરીમાં આંક–૭૯૪૬ વાળુ પંચનામુ બનાવેલુ.

આંક–૭૯૪૬ વાળુ પંચનામુ બનાવનાર અધિકારી સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમારની સરતપાસના પેરા નં.૪૪ ધ્યાને લઈએ તો તા. ૨૮/૧૧/૦૮ ના રોજ કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી.નં. ૧૭૫/ ૨૦૦૮ ના કામના આરોપીઓ (૧)મોહમદ અકબર ઈસ્માઈલ ચૌધરી તથા (૨) અનીક સફિક સૈયદ ઉર્ફે ખાલીદ કાંઇક કહી કાંઇક બતાવવા માંગતા હોવાથી તે અંગેનું પંચનામું કરવા સારૂ બે પંચોને ડી.સી.બી. પોલીસ સ્ટેશન ખાતે બોલાવડાવેલા અને બે પંચોને પંચમાં રહેવા અંગેની સમજ કરેલી, તેઓએ સ્વખુશી બતાવતા તે અંગેના પંચનામા દરમિયાન આરોપીઓના નામ, ઠામ પુંછવામાં આવેલાં તે સમયે તેઓએ તેઓના નામ "(૧)મોહમદ અકબર ઇસ્માઇલ ચૌધરી તથા (૨)અનીક સફિક સૈયદ ઉર્ફે ખાલીદ " જણાવેલાં અને તેઓએ વધુમાં એવું જણાવેલું કે, "ચાલો અમારી સાથે અમો જે મકાનમાં ભાડેથી રોકાયેલ તે મકાન બતાવી દઇએ." ત્યારબાદ આરોપીઓને સાથે રાખી સરકારી વાહનમાં રવાના થયેલાં. આ અંગેનું પ્રાથમિક પંચનામું કરવામાં આવેલું. ત્યારબાદ આરોપીઓએ આ પંચનામા દરમિયાન પંચો રૂબરૂ ડી/૩૪, રીવર વ્યુ સોસાયટીવાળા મકાનની જગ્યા બતાવેલ. આ અંગેનું પંચનામું બે પંચોના જોયા, લખાવ્યા મુજબનું પંચનામામાં જણાવ્યા મુજબના સમયે કરવામાં આવેલું હતું અને ત્યારબાદ બે પંચોની પંચનામામાં સહીઓ મેળવેલી. આંક–૭૯૪૬ વાળા પંચનામામાં બે પંચોની તથા રૂબરૂ તરીકે આ સાહેદ તેમની સહીઓ ઓળખી બતાવે છે.

આંક–૭૯૪૬ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "આરોપીઓએ પોતાના નામ ઠામ જણાવેલા તથા આરોપીઓએ વાહન ડાબી તરફ લેવા જણાવતા કુલવાડી ભરી માતા તરફ વાહન

લઈ આગળ જતા ખાડીપુલ થઈ વાહન જમણી તરફ લેવડાવેલુ, ત્યારબાદ વાહન થોભાવવાનો ઈશારો કરેલો તે તથા આ મકાન અમોએ ભાડે રાખેલુ હતુ અને તેમાં રહેતા હતા" વિગેરે પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપીઓએ આપેલ માહિતી પ્રમાણેની જગ્યા ઉપર મકાન આવેલુ હતુ જેથી મકાનનું ત્યાં અસ્તિત્વ છે માટે આ મકાન હોવાની માહિતી તેઓને પોતાને હતી જેથી તે હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય. આ ઉપરાંત આ મકાનની માહીતી આરોપીઓને હતી, મકાનમાં તેઓ રોકાયેલા હતા માટે પંચો તથા તપાસ કરનાર અધિકારીને આરોપીઓ આ જગ્યા ઉપર દોરી ગયેલા જેથી આરોપીઓનુ આ દોરી જવાનુ વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે.

આ આરોપી નં.૪૪ મોહંમદ અકબર ઉર્ફે સઈદ ઉર્ફે યાકુબ ઉર્ફે વિનોદ ઈસ્માઈલ ચૌધરીએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઈન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે તે પ્રશ્નના જવાબમાં તેને ફરિયાદપક્ષના પુરાવા સંબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના બચાવ માટે જે હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦ મા જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી. આ ઉપરાંત આ આરોપીએ પોતાના બચાવમાં અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ કરેલો નથી.

આરોપી નં.૪૪ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૧૧૨૩, ૧૧૩૮, ૪૫૮, ૧૧૧૦, ૫૭૫, ૫૮૯, ૭૮૬, ૭૮૭, ૭૯૦, ૭૯૨, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતા આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, સાહેદ નં.૧૧૩૮ ગુલામ હુસેનની જુબાનીની ચર્ચા આરોપી નં.૪૩ માટે દલીલો કરવામાં આવેલી તે દરમ્યાન કરેલી છે જેથી તેનુ પુનરાવર્તન કરવા માંગતા નથી. આ સાહેદના કહેવા પ્રમાણે આરોપી નં.૪૩,૪૪,૪૫ ને ઓળખી બતાવેલા છે પરંતુ આ સાહેદે આ આરોપીઓને એક જ વખત જોયેલા હતા માટે ઓળખ પરેડમાં ઓળખી બતાવેલાનુ શંકાસ્પદ કહી શકાય. સાહેદ નં.૧૧૧૦ જીગ્નેશ શાહની જુબાની બાબતે જણાવે છે કે આ સાહેદની જુબાનીની ચર્ચા પણ આરોપી નં.૪૩ માં કરેલી છે. સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડાની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરે છે કે આ સાહેદે પુના ખાતે જઈ જે મકાનોના પંચનમાઓ બનાવેલા તે પંચનામાઓ આંક–૮૩૫૧, ૮૩૫૨ થી રજૂ કરેલા છે. આંક–૮૩૫૧ વાળુ પંચનામુ ઈકબાલ ભટકલ અને યાસીન ભટકલ રહેતા હતા તે જગ્યા બાબતેનું છે જયારે આંક–૮૩૫૨ વાળુ પંચનામુ આરોપી મુંબઈ ખાતે જે જગ્યાએથી અનસીકયોર્ડ વાઈફાઈ હેક કરેલુ તે જગ્યા બતાવતુ પંચનામુ છે. પરંતુ આ બંને પંચનામાના પંચોને ફરિયાદપક્ષે તપાસેલા નથી જેથી આ પંચનામા પુરવાર થયેલા ગણાય નહીં. આવા સંજોગોમાં સાહેદ નં.૧૧૫૪નો પુરાવો જ રેકોર્ડ ઉપર છે. વકીલશ્રી એલ.આર.પઠાણની દલીલ સાથે હું સંમત છું કે આ બંને પંચનામાના પંચોને ફરિયાદપક્ષ દ્વારા તપાસવામાં આવેલા નથી પરંતુ આ પંચનામાઓની હકીકત પંચનામા બનાવનાર અધિકારીની જુબાનીથી પણ સાબીત કરી શકાય. સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડાની જુબાની બાબતે દલીલ કરવામાં આવેલી છે કે આ સાહેદે સાચા જવાબો આપવાનું ટાળેલુ છે અને તેમની જુબાનીને સ્વતંત્ર પુરાવાથી કોઈ સમર્થન મળતુ નથી. આ બંને પંચનામા તા.૨૧.૧૨.૨૦૦૮ ના રોજ બનાવવામાં આવેલા છે. તા.૨૦.૧૨.૨૦૦૮ ના રોજ સાહેદ ઉષા રાડા આ આરોપીને લઈને પુના તથા મુંબઈ ખાતે ગયેલ હતા અને તા.૨૪.૧૨.૨૦૦૮ ના રોજ અમદાવાદ ખાતે પરત આવેલા છે. આ સમય દરમ્યાન આ આરોપી અમદાવાદ ખાતે હતો જ નહીં તેમ છતાં આ આરોપીને અમદાવાદ ખાતે બતાવવામાં આવેલો છે. આ અંગે વકીલશ્રી એલ.આર.પઠાણ

આરોપી નં.૪૫ નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ ના નિવેદન સાથે આંક–૯૨૧૨ નો દસ્તાવેજ રજૂ કરેલો છે. સાથે સાથે એનેક્ષર–૫ રજૂ કરેલુ છે તે ધ્યાને લઈ દલીલ કરે છે કે આરોપી નં.૪૪,૪૫ ને તા.૨૩.૧૨.૨૦૦૮ ના રોજ અટક બતાવી રજૂ કરવામાં આવેલા છે. આ આરોપીને લઈ સાહેદ ઉષા રાડા પુના અને મુંબઈ મુકામે ગયેલા હતા તેમ છતાં તા.૨૩.૧૨.૨૦૦૮ ના રોજ આ આરોપીને સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારીએ આ આરોપીની અટક અંગેનો રીપોર્ટ કોર્ટમાં રજૂ કરેલો છે જેથી એવુ કહી શકાય કે સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા આ આરોપીને લઈને પુના અને મુંબઈ ગયેલા જ નથી. પરંતુ વકીલશ્રી એલ.આર. પઠાણની દલીલ સાથે હું સંમત નથી. આ આરોપીને લઈને સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા તા.૨૦.૧૨.૨૦૦૮ ના રોજ પુના અને મુંબઈ ખાતે ગયેલ હતા અને તા.૨૪.૧૨.૨૦૦૮ ના રોજ અમદાવાદ ખાતે પરત આવેલા છે તે દરમ્યાન તા.૨૧.૧૨.૨૦૦૮ ના રોજ સાહેદ ઉષા રાડાએ આંક–૮૩૫૧, ૮૩૫૨ ના પંચનામા બનાવેલા છે. રેકર્ડ જોતા આ આરોપીને તા.૧૯.૧૨.૨૦૦૮ ના રોજ મેજીસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવેલો અને તેના રીમાન્ડ મંજૂર થયેલા છે જેથી બીજા દિવસે તા.૨૦.૧૨.૨૦૦૮ ના રોજ સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા આ આરોપીને લઈને પુના અને મુંબઈ ખાતે ગયેલા છે. એનેક્ષર–૫ મુજબ તા.૨૩. ૧૨.૨૦૦૮ ના રોજ આર.વી.અસારીએ આ આરોપીની અટક ગણી લેવાનો ફકત રીપોર્ટ કરેલો છે. આ આરોપી રીમાન્ડ ઉપર હતો જેથી બીજા ગુનામાં અટક ગણવાનો રીપોર્ટ કરવામાં આવેલો છે. આમ, બચાવપક્ષ તરફથી ગુંચવાડો ઉભો કરવાનો પ્રયત્ન કરવામાં આવેલો છે અને જુદી–જુદી તારીખો બતાવેલી છે. વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા એમ પણ જણાવે છે કે, આ બંને પંચનામાના પંચોને તપાસવામાં આવેલા નથી કારણ કે આ પંચોનું અસ્તિત્વ જ નથી. પરંતુ તેઓની દલીલ સાથે હું સંમત નથી. આ પંચો મળી આવતા ન હોવાથી ફરિયાદપક્ષ દ્વારા તપાસવામાં આવેલા નથી. બનાવ ૧૦–૧૨ વર્ષ પહેલા બનેલો છે. આ પંચો બનાવ વખતે જે જગ્યા ઉપર રહેતા હતા તે જગ્યા ઉપર આજે રહેતા પણ ન હોય અને જગ્યા બદલેલી હોય તેવુ બને. તેના કારણે

પંચો મળી આવતા ન હોવાથી તપાસવામાં આવેલા નથી તેનો અર્થ એવો ન થાય કે પંચોનુ અસ્તિત્વ જ નથી.

વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે સાહેદ નં.૧૧૨૩ લીયાકતઅલીની જુબાની મુજબ એક શરીફભાઈ નામના વ્યકિત મારફતે તેમને મકાન ભાડે આપેલુ, તે યાકુબભાઈ કરીને છોકરો હતો અને તે ૨૫–૩૦ વર્ષની ઉંમરનો હતો તેમ જણાવે છે. ભાડુ નકકી કરીને તે છોકરો મકાનની ચાવી લઈ ગયેલો પછી આવેલો જ નથી. તેમ છતાં સાહેદે આરોપીને મેજિસ્ટ્રેટ રૂબરૂ ઓળખી બતાવેલો છે તે શંકાસ્પદ છે. ઊલટતપાસ તરફ ધ્યાન દોરી દલીલ કરવામાં આવેલ છે કે ભાડૂઆતો કઈ તારીખે આવેલા અને કઈ તારીખે મકાન ખાલીને ગયા તે ચોકકસ આ સાહેદ કહી શકે તેમ નથી. મકાન ભાડે રાખનાર સાથે ભાડાનો કરાર થયો નથી કે ભાડાની રસીદ પણ આપેલી નથી. યાકુબ નામનો છોકરો કયારે આવેલો તેની નોંધ કરેલી નથી. રૂા.૭૦૦૦/–ડીપોઝીટ પેટે લીધેલાનું જણાવે છે પરંતુ રૂા.૭૦૦૦/–ની ડીપોઝીટની રસીદ આપવામાં આવેલી નથી. પરંતુ મારા મત પ્રમાણે બચાવ પક્ષને કયાથી ખબર હોય કે રસીદ તેમને આપવામાં આવેલી નથી અને ડીપોઝીટની રસીદ ભાડૂઆતને આપેલી નથી તેનો અર્થ એવો ન થાય કે મકાન ભાડે આપેલુ જ નથી. વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા એમ પણ જણાવેછે કે આરોપીને પોલીસ સ્ટેશનમાં સાહેદે જોયેલો હતો માટે ઓળખ પરેડ દરમ્યાન તેને ઓળખી બતાવેલો છે પરંતુ મારા મત પ્રમાણે આવી કોઈ હકીકત રેકર્ડ ઉપર નથી. સાહેદ નં.પ૭૫ કીર્તનભાઈ ચતુરભાઈની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરેલ છે કે આ સાહેદની જુબાનીના પેરા–૨૭ થી ૩૩, ૩૭ થી ૩૯ બાબતે અગાઉ દલીલો કરવામાં આવેલી છે જેથી પુનરાવર્તન કરવા માંગતા નથી પરંતુ તેઓ જણાવે છે કે સાહેદોને મેજિસ્ટ્રેટે સમન્સ કાઢેલા નથી. સાહેદોને અને આરોપીઓને પોલીસે ઓળખ પરેડ માટે રજૂ કરેલા છે અને ઓળખ પરેડના નિયમોનું મેજિસ્ટ્રેટશ્રીએ પાલન કરેલુ નથી. પરંતુ આ અંગેની વિસ્તૃત ચર્ચા ઓળખ પરેડ અંગેના પેરામાં કરેલી છે તે ધ્યાને લેતા મેજિસ્ટ્રેટશ્રીએ ઓળખ

પરેડના નિયમોનું પાલન કરેલુ છે તેમ હું માનુ છું. વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે આ આરોપી આ કહેવાતા ગુનાઓમાં સંડોવાયેલો નથી. પરંતુ ઉપર વિગતે જે પુરાવા રજૂ થયા છે તે ધ્યાને લેતા આ આરોપી આ કહેવાતા ગુનામાં સંડોવાયેલો છે તેમ હું માનુ છું.

આરોપી નં.૪૫ ફઝલે રહેમાન ઉર્ફે રફીક ઉર્ફે સલાઉદ્દીન મુસદ્દીકખાન દુરાનીનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૪૫ ફઝલે રહેમાન ઉર્ફે રફીક ઉર્ફે સલાઉદ્દીન મુસદ્દીકખાન દુરાનીનાઓ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ જુદી-જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી-જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા-જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમને કઈ-કઈ ભૂમિકા ભજવેલી છે તે સાબિત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે તે પૈકી આ આરોપીની સાહેદો રૂબરૂ ઓળખ પરેડ કરાવનાર મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૭૫ તરીકે કીર્તનભાઈ ચતુરભાઈ પટેલને તથા સાહેદ નં. ૫૮૯ તરીકે ઈન્દ્રવીર વજુભા ઝાલાનાઓને તપાસવામાં આવેલા છે અને તેઓ તમામની જુબાની ધ્યાને લેતા આ આરોપીની સામે મુકવામાં આવેલ આક્ષેપો મુજબના કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા એકબીજાની મદદગારી કરીને અમદાવાદ શહેરમાં જુદી-જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરેલા છે તેમજ સુરતની જુદી-જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલ હોવાનું ફલીત થાય છે. આ ઉપરાંતઃ-

ફરિયાદપક્ષ દ્વારા આ કામે ઈરફાનભાઈ અબ્દુલાભાઈ દાઉવાને સાહેદ નં.૯૪૫ તરીકે આંક–૬૬૩૭ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ સને–૨૦૦૮ના વર્ષમાં તેઓ ભરૂચ ખાતે નર્મદા ચોકડી પાસે આવેલ નર્મદા હોટલમાં રીસેપ્શનીસ્ટ તરીકે નોકરી કરતા હતા અને હોટલના માલીક હારૂનભાઈ વજીર મુખી હતા. તા.૧૨.૧૨.૨૦૦૮ ના રોજ પોલીસે હરીમંગલા હોટલ ઉપર તેમની નર્મદા ગેસ્ટ હાઉસના રજીસ્ટરમાંથી એન્ટ્રી નં.૯૬૬ બતાવવાનુ કહેલુ અને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાંથી આવેલ સાહેબે તે રજીસ્ટરના પાના જપ્ત કરેલા.સાહેદ આંક–૬૫૧૭ વાળા રજીસ્ટરના પાનાની એન્ટ્રી નં.૯૬૬ મા રફીક હબીબ શેખના નામની અને આવવાની તા.૨.૭.૨૦૦૮ અને જવાની તા.૪.૭.૨૦૦૮ લખેલી અને મુલાકાતીના ખાનામાં રફીક હબીબ શેખે સહી કરેલી અને બીજા કોલમના અક્ષરો આ સાહેદે લખેલા તે ઓળખી બતાવે છે. આ સાહેદને ફરીથી રીકોલ કરવા માટે ફરિયાદપક્ષે આંક–૮૧૩૮ થી અરજી આપેલી અને તે મંજૂર થતા સાહેદની વધુ સરતપાસ લેવામાં આવેલી છે અને તેઓની વધુ સરતાસમાં તેઓ જણાવે છે કે પોલીસે પ્રથમ વખત જવાબ લીધા પછી સુરત ચોક બજાર કિલ્લામાં મેજિસ્ટ્રેટની ઑફિસમાં તા.૧૯.૧૧.૨૦૦૮ ના રોજ બોલાવેલા. જયાં આરોપી હતો તેને ઓળખવા બોલાવેલા. આરોપીને ઓળખ્યા પછી તે જતા રહેલા. મેજિસ્ટ્રેટ સાહેબ પાસે જે આરોપી હતો તેની ઓળખાણ આપેલી. બીજા બધા હોટલવાળા હતા એટલે અંદાજે તેને ઓળખેલો. વધુમાં આ સાહેદ જણાવે છે કે જેને ઓળખેલો તે રફીક હબીબ શેખ હતો અને તે ભરૂચ નર્મદા હોટલમાં રોકાયેલો હતો. આ રફીક હબીબ શેખને તે વખતે ઓળખેલો તેને હાલ ૧૦ વર્ષનો સમય થઈ ગયેલ હોવાથી ઓળખી શકુ નહીં તેમ જણાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો નર્મદા ગેસ્ટ હાઉસમાં આ સાહેદ સાથે કુલ–૩ માણસો કામ કરતા હતા. એૈયુબભાઈ તથા અબ્દુલ હફીજનાઓ પણ કામ કરતા હતા. હરીમંગલા હોટલમાં કોણ–કોણ કામ કરે છે તેની ખબર નથી. પોલીસે હરીમંગલા હોટલ ઉપર બોલાવ્યા તે બાબતે કોઈ

નોટિસ કે સમન્સ આપેલો નથી. શેઠ હારૂનભાઈએ કહેલુ કે આપની હોટલનું રજીસ્ટરનું પાનુ લઈ જાઓ અને ત્યાં આપી આવો તેમ જણાવેલુ. પોલીસે તે પાનાનું શું કર્યું તેની ખબર નથી. રજિસ્ટરનું પાનુ લીધુ તે બાબતે પોલીસે કોઈ પહોચ આપી નથી. રજિસ્ટરના પાના સિવાય પોલીસને બીજી કોઈ વસ્તુ આપેલી નહીં. રફીક હબીબ શેખના ઓળખ માટેના કોઈ દસ્તાવેજો આ સાહેદે પોલીસને આપેલા નહીં. ગ્રાહક હોટલમાં રોકાય ત્યારે ગ્રાહક જે ભાડુ આપે તેનુ બીલ આપવામાં આવે છે તે કબૂલ કરે છે. આવા બીલ બુકની નકલ પોલીસને આપેલી નહીં તે કબૂલ કરે છે. રજીસ્ટરનું પાનુ આપ્યા પછી પોલીસે આ સાહેદની સહી લીધેલી કે કેમ? તે યાદ નથી. પોલીસે આ સાહેદનુ નામ સરનામુ લખીને જવા દીધેલા. સરતપાસમાં જણાવ્યા મુજબ હોટલ રજીસ્ટરનું પાનુ લઈને હોટલ હરીમંગલા ઉપર ગયેલાની વિગત ખોટી જણાવે છે તો તે હકીકત નકારે છે. પોલીસના કહેવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારે છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો રજિસ્ટરના તમામ ખાનાઓમાં આ સાહેદની સાથેના માણસો વિગતો ભરતા હતા તે કબૂલ કરે છે. પાનુ પોલીસને આપ્યાની જાણકારી આ સાહેદના શેઠે ટેક્ષ અધિકારીને આપેલી નથી. જે રજીસ્ટર આપેલુ તેમાં સરકારી અધિકારીના સહી સિકકા હતા કે કેમ?તેનો ખ્યાલ નથી. આરોપીએ તેની ઓળખના કોઈ કાગળો આપેલા નહીં તે કબૂલ કરે છે. સાહેબે હરીમંગલા હોટલ ઉપર રજીસ્ટર લઈને બોલાવ્યા ત્યારે પુછપરછ કરેલી નહીં. હોટલ ઉપર જે માણસો રોકાયેલા તેની ઓળખ અંગેની જાણકારી છે તેવુ જણાવેલુ નથી તે કબૂલ કરે છે. કારણ આપતા સાહેદ જણાવે છે કે ૧૦ વર્ષ થયેલ હોવાથી યાદ નથી. આરોપી હોટલમાં રોકાયો ત્યારે એન્ટ્રી રજીસ્ટરમાં આ સાહેદના અક્ષરોમાં એન્ટ્રી કરેલી છે તેમ જણાવે છે. પોલીસ અધિકારીએ રજીસ્ટર તપાસ્યા અંગેનો કોઈ શેરો કરેલો કે કેમ? તે યાદ નથી.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ નર્મદા ગેસ્ટ હાઉસ ભરૂચ ખાતે નોકરી કરતા હતા અને આરોપી નં.૪૫ ફજલે રહેમાન દુરાની તા.૨.૭.૨૦૦૮ ના રોજ આ હોટલ નર્મદાના ગેસ્ટ હાઉસ રૂમ નં.

૧૦૬ માં રોકાયેલો હતો અને તે અંગેની રજીસ્ટરમાં એન્ટ્રી નં.૧૦૬ માં નોંધ કરેલી. હોટલના રજીસ્ટરનું પાનુ પોલીસના કહેવાથી આ સાહેદે હોટલ હરીમંગલા ઉપર જઈને પોલીસને રજુ કરેલુ. આંક–૬૫૧૭ વાળુ રજીસ્ટરનું પાનુ ધ્યાને લેતા એન્ટ્રી નં.૯૦૬, રૂમ નં.૧૦૬ લખીને મુલાકાતીના નામમાં રફીક હબીબ શેખ ઉં.વ.૨૨ લખવામાં આવેલી છે. આ નોંધ તા.૨.૭.૨૦૦૮ ના રોજ કલાક ૧૦.૩૦ વાગે નોંધેલી છે અને આ વ્યકિત હોટલમાંથી તા.૪.૭.૨૦૦૮ નાં રોજ ૧૦.૩૦ કલાકે ગયેલો છે. આ પાના ઉપર બે પંચોની તથા તપાસ કરનાર અધિકારીની સહીઓ છે. સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવો બન્યા બાદ આરોપી નં.૪૫ ફઝલે રહેમાન ઉર્ફે રફીક ઉર્ફે સરાઉદ્દીન મુસદ્દીકખાન દુરાની પકડાયા બાદ તા.૧૯.૧૧.૨૦૦૮ ના રોજ આ સાહેદે આરોપી નં.૪૫ ને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૭૫ કીર્તનભાઈ ચતુરભાઈ પટેલનાઓની રૂબરૂમાં આંક–૩૦૯૭ ના ઓળખ પરેડના પંચનામા દરમ્યાન ઓળખી બતાવેલો છે. એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૭૫ કીર્તનભાઇ ચતુરભાઇ પટેલની જુબાનીની ચર્ચા આગળ ઉપર કરેલી છે માટે તેનુ પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે ગુલામભાઈ આદમભાઈ પટેલને સાહેદ નં.૯૪૬ તરીકે આંક–૬૬૩૮ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેમની ભરૂચ મુકામે કસક પાસે "હોટલ રેવન" નામની હોટલ છે અને હોટલ ઉપર આ સાહેદ તથા તેમનો બાબો બેસે છે. તા.૧૨.૧૨.૨૦૦૮ નાં રોજ પોલીસે હોટલ હરીમંગલા પર હોટલનું રજીસ્ટર લઈને બોલાવેલા જેથી આ સાહેદ ત્યાં ગયેલા. સાહેદ આંક–૬૫૧૮ વાળા હોટલના રજીસ્ટરના પાના નં. ૧૦૫ અને ૧૦૬ ની એન્ટ્રી નં.૨૧૯ મા રફીક એસ.કે. નામ લખેલ છે અને વીજીટર સીગ્નેચરના કોલમમાં આવનાર ગ્રાહક રફીક એસ.કે.ની સહી છે. આ ગ્રાહક તેમની હોટલમાં તા.૮.૭.૨૦૦૮ ના રોજ રોકાયેલા અને સીરીયલ નં.૨૧૯ માં ગ્રાહકનુ નામ, ઉંમર, નેશનાલીટી, એડ્રેસ, ઓકયુપેશન, કયાંથી આવ્યા અને કયાં જવાના વિગેરે વિગતો ગ્રાહકે લખેલી અને તે સિવાયના બીજા અક્ષરો આ

સાહેદના છે તેમ જણાવેલ છે. આ ગ્રાહકને રૂમ નં.૧૦૭ ફાળવેલ અને ગ્રાહક તા.૯.૭.૨૦૦૮ ના રોજ કલાક ૩.૧૫ વાગે ચેકઆઉટ થયેલાનું જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ ધોરણ–૭ પાસ થયેલા છે. અંગ્રેજી બોલતા વાંચતા આવડતુ નથી. આંક–૬૫૧૮ આ સાહેદ જોઈને જણાવે છે કે એન્ટ્રી નં.૨૧૯ માં મારી સહી નથી. એન્ટ્રી નં.૨૧૯ વાળી વ્યકિતની ઓળખ બાબતેના કોઈ પુરાવા આ સાહેદે રજૂ કરેલા નહીં તે કબૂલ કરે છે. આ સાહેદની હોટલમાં કોઈ માણસ રોકાઈ અને તે જે ભાડુ આપે તેનુ બીલ આપે છે તે કબૂલ કરે છે. હોટલની બીલ બુક પોલીસને આપેલી નહીં તે કબૂલ કરે છે. એન્ટ્રી નં.૨૧૯ ના ગ્રાહકે ભાડાની જે રકમ આપેલી તે ભાડાનો કોઈ પુરાવો પોલીસને આપેલો નહીં તે કબૂલ કરે છે. પોલીસ આ સાહેદની હોટલ ઉપર આવી હોય અને પોલીસને રજીસ્ટરનું પાન આપેલ હોય તેવુ બનેલુ નથી. તા.૧૨.૧૨. ૨૦૦૮ ના રોજ પોલીસે હોટલ હરીમંગલા ઉપર બોલાવ્યા હોય અને આ સાહેદ રજીસ્ટર લઈને ગયેલા તેવુ પોલીસ જવાબમાં લખાવ્યુ નથી તે કબૂલ કરે છે. રજીસ્ટરનું પાનુ પોલીસને આપેલુ તે બાબતે પોલીસે આ સાહેદની સહી લીધેલી નહીં. આ સાહેદની હોટલ ઉપરથી આ સાહેદે પોલીસવાળાને કોઈ વાત કરેલી નહીં. સરતપાસમાં જણાવ્યા પ્રમાણે પોલીસના બોલાવવાથી તા.૧૨.૧૨. ૨૦૦૮ ના રોજ હોટલ હરીમંગલા ઉપર ગયેલા નથી કે રજીસ્ટરનું પાનુ રજૂ કરેલુ નથી તો તે હકીકત નકારે છે. પોલીસના કહેવાથી અને સમજાવવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારે છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો જે રજીસ્ટર લઈને ગયેલા તે ચાલુ રજીસ્ટર હતુ. ૧ થી ૧૦૦ પાનામાં પાછળના ૧૦૦ પાના ઉપર મેજીસ્ટ્રેટ સાહેબના સહી સીકકા હતા તે કબૂલ કરે છે. જેટલી વ્યકિત હોટલમાં આવે તે દરેકની નોંધ કરવી પડે તે કબૂલ કરે છે. દરેક વ્યકિતની અલગ અલગ નોંધ કરેલી નથી તે હકીકત નકારે છે. રજીસ્ટરના પાના તા.૧૨.૧૨.૨૦૦૮ ના રોજ પોલીસે લીધેલા હોય તેવો કોઈ શેરો આંક–૬૫૧૮ ઉપર કરેલ નથી તે કબૂલ કરે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ "રેવન" હોટલના માલીક છે અને તેમની હોટલમાં તા.૮.૭.૨૦૦૯ ના રોજ એક ગ્રાહક રફીક એસ.કે. નામનો રોકાયેલો અને તેની એન્ટ્રી નં.૨૧૯ હોટલ રજીસ્ટરના પાના નં.૧૦૫, ૧૦૬ ઉપર કરેલી હતી. જે રજીસ્ટરના સીરીયલ નં. ૨૧૯ માં ગ્રાહકે પોતાનું નામ, ઉંમર, નેશનાલીટી, એડ્રેસ, ઓકયુપેશન, કયાંથી આવ્યા, કયાં જવાના છે વિગેરે વિગતો ભરેલી અને ગ્રાહકે તેમા સહી કરેલી. આ હોટલ રજીસ્ટરનું પાનુ આ સાહેદે આંક-૬૫૧૮ થી રજૂ કરેલુ છે. હોટલ રજીસ્ટરના પાના આંક-૬૫૧૮ ધ્યાને લઈએ તો સીરીયલ નં.૨૧૯ ઉપર રફીક એસ.કે. અંગ્રેજીમાં લખેલુ છે, ઉં.વ.૨૩, હોટલમાં આવ્યાની તા.૮.૭.૨૦૦૮ કલાક સાંજના ૪.૧૫ અને હોટલ છોડી ગયાની તા.૯.૭.૨૦૦૮ સાંજના ૩.૧૫ કલાક લખેલી છે. આ પાના ઉપર બે પંચોની તથા તપાસ કરનાર અધિકારીની સહીઓ છે. સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવો બન્યા બાદ આરોપી નં. ૪૫ ફઝલે રહેમાન ઉર્ફે રફીક ઉર્ફે સરાઉદ્દીન મુસદ્દીકખાન દુરાની પકડાયા બાદ તા. ૧૯.૧૧.૨૦૦૮ ના રોજ આ સાહેદે આરોપી નં.૪૫ ને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેદ નં.૫૭૫ કીર્તનભાઈ ચતુરભાઈ પટેલનાઓની રૂબરૂમાં આંક-૩૦૯૭ ના ઓળખ પરેડના પંચનામા દરમ્યાન ઓળખી બતાવેલો છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે અસ્ફાક અહેમદ સૈયદને સાહેદ નં.૯૬૬ તરીકે આંક-૬૭૭૭ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ રીયલ એસ્ટેટ કન્સલટન્ટ તરીકે "અલ્ફા કોમ્યુનિકેશન રીયલ એસ્ટેટ કન્સલટન્ટ"ના નામથી કામ કરે છે. અમદાવાદ પોલીસે તેમની પૂછપરછ કરી જવાબ લીધેલો તા.૨૧.૧૨.૨૦૦૮ ના રોજ જવાબ લીધેલો.

સાહેદ વધુમાં જણાવે છે કે તેમની પાસે બે પ્રકારના ગ્રાહકો આવતા હોય છે તેમાં એક જસ્ટ ડાયલ એટલે કે ઓન લાઇન અને બીજા રૂબરૂમાં આવતા હોય છે. સને-૨૦૦૭ મા તેમની પાસે એક ગ્રાહક ડૉ.અનવર બાગવાન આવેલા અને તેની સાથે બીજા એક ગોરા સરખા કે જે હાઇટમાં હતા તે ભાઇ હતા. આ લોકો તેમની પાસે ફ્લેટની ઇન્કવાયરી માટે આવેલા. તેઓને ભાડાથી ફર્નિશ્ડ

ફ્લેટ જોઇતો હતો. આ સાહેદે તેઓને ત્રણ–ચાર ફ્લેટો બતાવેલાં. ત્યારબાદ આ સાહેદના એક સાથી અખ્તર મેમણને ફોન કરેલો અને જણાવેલું કે તમારી પાસે ફ્લેટ છે ? તો તેમણે કહેલું કે તેમની પાસે ફર્નિશ્ડ ફ્લેટ છે. જેથી આ સાહેદ, ડૉક્ટર સાહેબ તથા તેના મિત્રને લઇને અખ્તર મેમણ સાહેબની ઓફિસે ગયેલા. ત્યારબાદ અખ્તરભાઇ બધાને લઇ ફ્લેટ બતાવવા માટે લઇ ગયેલાં. આ ફ્લેટ અશોકા મ્યૂઝમાં "એચ" બ્લોકમાં હતો. આ લોકોને તે ફ્લેટ પસંદ આવેલો. તો અખ્તરભાઇએ તે લોકોને કહેલું કે રૂા.૧૨,૦૦૦/–ભાડુ અને રૂા.૪૦,૦૦૦/– ડીપોઝીટ જણાવેલી. જેથી આ લોકોએ આ રકમ ઓછી કરવા જણાવેલું. તો અખ્તરભાઇએ કહેલું કે તેઓ ફ્લેટના માલીક નથી ફ્લેટના માલીકને મળાવું અને તે ઓછું કરી આપે તો તમે તમારી ઓફર આપો. જેથી ફ્લેટના માલીકને ફોન કરેલો અને ત્યાં મળવા લઇ ગયેલા. ત્યાં ગયા પછી માલીકે તેનો પ્રોફાઇલ પૂછેલો તો અનવરભાઇએ કહેલું કે હું ડૉક્ટર છું અને મારે પત્ની અને બાળકો છે. ત્યારબાદ બીજી વખત મીટીંગ થયેલી અને રૂા.૯,૦૦૦/–ભાડુ અને રૂા. ૩૦,૦૦૦/– ડીપોઝીટ નક્કી થયેલી અને રૂા.૧૦,૦૦૦/– કમિશન નક્કી કરેલું. આ મકાન જુલાઇ મહિનામાં જોયેલું અને ભાડા અંગેનું રજીસ્ટર એગ્રીમેન્ટ ઓગષ્ટ–૨૦૦૭ બનાવેલું. તે વખતે પોલીસ વેરીફીકેશન પણ કરાવેલું. એગ્રીમેન્ટ થયા પછી ડીપોઝીટ લીધેલી અને મકાનની ચાવી અનવરભાઇને સોંપેલી. અનવરભાઇ સાથે ગોરા સરખો છોકરો આવેલો તે મિત્ર બતાવેલો તે સિવાય તેની બાબતે બીજું કાંઇ બતાવેલું નહીં.

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારપછી તા.૧૨.૧.૨૦૦૯ ના રોજ આ સાહેદ અમદાવાદ આવેલા. આ માટે સાહેબે ગુજરાતીમાં લખેલી એક ચીઠ્ઠી આપેલી અને જણાવેલું કે અમદાવાદ કોર્ટમાં આવવાનું છે અને ત્યાં પરેડ જેવું કંઇક લખેલું હતું જેથી આવવાનું થયેલું. તા.૧૨.૧.૨૦૦૯ ના રોજ અમદાવાદ સ્ટેશને ઉતરેલા અને રીક્ષાવાળાને ચિઠ્ઠી બતાવી અને રીક્ષાવાળાભાઇ કોર્ટમાં લઇ ગયેલા. કોર્ટમાં ગયા ત્યારે જજ સાહેબ બેઠેલા હતા અને બે છોકરા ઉભેલા હતાં અને સામે ૭–સાત માણસો ઉભા હતા. જજ સાહેબે આ સાહેદનું નામ પુછેલું.

જજ સાહેબે કહેલું કે જેને ફ્લેટ અપાવેલો તેને તમે ઓળખો. તે વખતે ત્યાં જેને ફ્લેટ આપેલો તે બાગવાન ન હતો પરંતુ તેની સાથે જે દોસ્ત આવેલો હતો તેને ઓળખેલો અને હાથ પકડીને લાવેલો. તેનું શરૂઆતનું નામ એફથી શરૂ થતું હતું અને લાસ્ટમાં દુરાની સરનેમ હતી.

સાહેદને અમદાવાદ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીને વીડિયો કોન્ફરન્સ ટી.વી.સ્ક્રીન થકી ચાર–ચારની સંખ્યામાં અને ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીને વીડિયો કોન્ફરન્સ ટી.વી.સ્ક્રીન થકી ત્રણ–ત્રણની સંખ્યામાં બતાવવામાં આવતા સાહેદ આરોપીને ઓળખી શકતા નથી અને જણાવેલ છે કે દસ વર્ષનો સમય થઇ ગયેલો છે અને બધાની દાઢી મોટી થઇ ગયેલી છે માટે આજે તેને ઓળખી શકતા નથી.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો જે પોલીસના માણસે અમદાવાદ આવવા ચીઠ્ઠી આપેલી તેના નામ હોદ્દો કે વર્ણન યાદ નથી. તે ચીઠ્ઠી સમન્સ ન હતો પરંતુ સાદા કાગળ ઉપર લખેલી હતી. આ ચીઠ્ઠી અમદાવાદ આવતા પહેલા એક દિવસ અગાઉ મળેલાનું યાદ નથી. અમદાવાદ આવ્યા અંગેની જાણ અમદાવાદ પોલીસને કરેલી નહીં તે કબૂલ કરે છે. જેથી એવુ કહી શકાય કે આ સાહેદને મેજિસ્ટ્રેટ તરફથી ચીઠ્ઠી મળેલી હતી. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની પોલીસ આ સાહેદને મળવા માટે કોર્ટમાં આવેલી નહીં તે કબૂલ કરે છે. મેજિસ્ટ્રેટ સાહેબ પાસે ઉભેલા બે છોકરાઓ શું કામગીરી કરતા હતા તે જણાવી શકે નહીં. જે ૫–૬ માણસો ઉભેલા હતા તે પૈકી પાંચેક માણસો કલીન સેવવાળા હતા અને બાકીના ૧–૨ ને નાની દાઢી હતી. મેજિસ્ટ્રેટ સાહેબની રૂમમાં ૨૦–૨૫ મિનિટ રોકાયેલા તે દરમ્યાન જે પુછવામાં આવેલુ તે કહેલુ. દલાલીના કામ માટે ઘણા ગ્રાહકો આવતા હોય છે તે કબૂલ કરે છે અને દરેકના નામ ખબર ન હોય તે કબૂલ કરે છે. આ સાહેદ પાસે મકાન ભાડે લેવા અનવર બાગવાન આવેલા તે કબૂલ કરે છે. અનવર બાગવાન સાથે દોસ્ત બનીને આવેલા ભાઈને કયારેય જોયેલા નહીં તે કબૂલ કરે છે. આ વ્યકિત કયા રહેતો હતો અને શું કામ ધંધો કરતો હતો તેની ખબર નથી. પોલીસને તે વ્યકિતનું વર્ણન આપ્યુ હોય અને

પોલીસે તેનો સ્કેચ બનાવ્યો હોય તેવુ બન્યુ નથી. અનવર બાગવાન ૨–૩ વખત આ સાહેદ પાસે આવેલો તેમ જણાવે છે. અનવર બાગવાનને ફેબ્રુઆરી ૨૦૦૮ માં સીકંદરાબાદ ખાતે મેડીકલમાં એડમીશન મળ્યા પછી ત્યાં રહેવા જતો રહયો હોય તો ખબર નથી. અનવર બાગવાનને લઈને એક જ વખત અખતર ભાઈને ત્યાં ગયેલાનું કબૂલ કરે છે. સરતપાસમાં જણાવ્યા પ્રમાણેની કોઈ હકીકત બનેલી નથી અને પોલીસના કહેવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ પુના ખાતે રીયલ એસ્ટેટની દલાલીનું કામ કરતા હતા. તે દરમ્યાન આરોપી નં.૩૨ આસીફ હસન શેખ તથા આરોપી નં.૫૧ ડૉ.અનવર બાગવાનનાઓને એક ફલેટ નં. ૩૦૨, "એચ" બિલ્ડિંગ કે જે અશોકા મ્યૂઝ, કોંડવાખુર્દવાળો ફલેટ તેના માલીક રેઝા નબાતીયન પાસેથી પોતાના મીત્ર અખતર મહમદ હનીફ મેમન સાથે મળી રૂા.૩૦૦૦૦/– ડીપોઝીટ નક્કી કરી માસીક ભાડુ રૂા.૯૦૦૦/– થી ભાડે અપાવેલો હતો. સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવો બન્યા બાદ આરોપી નં. ૪૫ ફઝલે રહેમાન ઉર્ફે રફીક ઉર્ફે સરાઉદ્દીન મુસદ્દીકખાન દુરાની પકડાયા બાદ તા.૧૨.૧.૨૦૦૯ નાં રોજ આ સાહેદે આરોપી નં.૪૫ ને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેદ નં.૫૮૯ ઈન્દ્રવીર વજુભા ઝાલાનાઓની રૂબરૂમાં આંક–૩૧૮૨ ના ઓળખ પરેડના પંચનામા દરમ્યાન ઓળખી બતાવેલો છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે નરેશભાઈ અંબાલાલ મહેતાને સાહેદ નં.૯૮૩ તરીકે આંક–૬૮૪૬ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ છેલ્લા ૧૫ વર્ષથી "હાર્દીક પ્લાયવુડ એન્ડ હાર્ડવેર" ના નામથી ભરૂચ મુકામે વેપાર કરે છે. તેમની દુકાન ડી/૩૩, પટેલ સુપર માર્કેટ, સ્ટેશન રોડ, ભરૂચ આવેલી છે. તેમની દુકાનમાં પ્લાયવુડ, હાર્ડવેર, ખીલીઓ, પતરા તથા બિલ્ડિંગને લગતો સરસામાન રાખીને છુટક વેચાણ કરે છે. વધુમાં સાહેદ જણાવે છે કે તા.૧૮.૧૧.૨૦૦૮ ના રોજ સુરતથી પોલીસ આવેલી અને પુછેલું કે તમે શું વેચાણ કરો છે ? તો જણાવેલું કે પ્લાયવુડ, હાર્ડવેર તથા

બિલ્ડિંગ મટીરીયલનો સરસામાન છુટક વેચાણ કરે છે. પોલીસના સાહેબે એમ પણ પુછેલું કે કોઇ વ્યક્તિ તમારે ત્યાંથી પતરા તથા ખીલ્લીઓ લઇ ગયેલો તો જવાબ આપેલો કે તેમની દુકાનેથી છુટકમાં આ બધો સરસામાન ઘણા બધા લોકો લઇ જતાં હોય છે. સાહેબે એમ પણ પુછેલું કે કોઇ રફીક નામનો માણસ ખીલી કે પતરૂ લઇ ગયેલો હતો? તો જણાવેલું કે ઘણા ગ્રાહકો આવે છે તેથી દરેકને ઓળખી શકું નહીં. પરંતુ જો બતાવવામાં આવે તો ઓળખી શકે.

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ બીજા દિવસે આ સાહેદ ઉપર સુરત ક્રાઇમ બ્રાન્ચમાંથી ફોન આવેલો અને તે જ દિવસે સુરત મુકામે ચોક બજાર કિલ્લામાં બોલાવેલા. રફીક નામનો માણસ આ સાહેદને ત્યાંથી ખીલી તથા પતરા લઇ ગયેલો હતો અને તેને ઓળખવા માટે સુરત બોલાવેલા હતા. જેથી સુરત મુકામે નાના ચોક કિલ્લામાં મેજિસ્ટ્રેટ સાહેબ પાસે સાંજે સાડા ચાર પોણા પાંચ વાગે ગયેલા. ત્યાં મેજિસ્ટ્રેટ સાહેબ પાસે ગયેલા. સાહેબે નામ, સરનામું પુછેલું અને પછી કહેલું કે તમે સામે બાજુના રૂમમાં જઇને બેસો. જેથી થોડે દુર જે રૂમ હતો તેમાં જઇને બેઠેલો. ત્યારબાદ પોણા કલાકથી એક કલાકના સમય દરમિયાન મેજિસ્ટ્રેટ સાહેબે બોલાવેલા. ત્યાથી બીજી એક રૂમમાં લઇ ગયેલા. ત્યાં મેજિસ્ટ્રેટ સાહેબ બેઠેલા હતાં તેમણે નામ, સરનામું પુછેલું તથા બીજા બે માણસો ત્યાં ઉભા હતાં અને લાઇનમાં બીજા દસેક માણસો ઉભેલા હતાં. આ સાહેદને સાહેબે જે માણસ પતરા અને ખીલી લઇ ગયેલો હતો તેની ઓળખ માટે કહેલું. ત્યારબાદ લાઇનમાં ઉભેલાં માણસોને એક એક કરીને ધ્યાનથી જોયેલાં અને તે પૈકી તેમની પાસેથી ખીલી તથા પતરા લઇ ગયેલો હતો તે ઉંચો સરખો, લગભગ સાડા છ ફુટ જેટલો ઉંચો હતો અને આછી દાઢી હતી અને એકદમ ગોરો એટલે કે ઉજળા જેવો હતો. તે વ્યક્તિ ઉભેલાં માણસોમાં આઠમા નવમા નંબરે ઉભેલો હતો તેને ઓળખેલો અને હાથ પકડીને લાઇનમાંથી બહાર કાઢી જણાવેલું કે આ વ્યક્તિ હતો. આ માણસને લાઇનમાંથી બહાર કાઢ્યા પછી સાહેબે બહાર બેસવાનું જણાવેલું. આરોપીનું નામ ફજલે રહેમાન હતું તેવું જાણવા મળેલું. સાહેદને વીડિયો કોન્ફરન્સ ટી.વી. સ્ક્રીન થકી ચાર ચારની સંખ્યામાં અને

ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ વીડિયો કોન્ફરન્સ ટીવી સ્ક્રીન થકી ત્રણ–ત્રણની સંખ્યામાં આરોપીઓને બતાવવામાં આવતા સાહેદ આરોપીને ઓળખી શકતા નથી.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદની દુકાન જે જગ્યાએ આવેલી છે તેની આજુબાજુ બીજી ઘણી બધી દુકાનો આવેલી છે તે કબૂલ કરે છે. આ દુકાન માર્કેટમાં આવેલી હોવાથી માર્કેટમાં ઘણા બધા લોકોની અવર–જવર રહેતી હોય છે તે કબૂલ કરે છે. આ માર્કેટમાં બીજી પણ હાર્ડવેર અને પ્લાયવુડની દુકાનો આવેલી છે તો તે હકીકત નકારે છે. આ સાહેદની દુકાન ૧૫ વર્ષથી આવેલી છે. વસંતભાઈ ડાહ્યાભાઈ પટેલ દુકાન ઉપર ૧૩ વર્ષથી કામ કરે છે. પોલીસ આવી ત્યારે વસંતભાઈની પુછપરછ કરેલી નહીં. ગ્રાહકને માલ આપવાનું કામ આ સાહેદ તથા વસંતભાઈ બંને જણા કરે છે. પતરાને દુકાનમાં રોલથી રાખવામાં આવે છે અને ખીલ્લીઓ બોક્ષમાં રાખે છે. ખીલ્લીઓને વજન ઉપર વેચે છે તે કબૂલ કરે છે. પતરા ગ્રાહક માંગે તે પ્રમાણે આપે છે. ઈન્કમ ટેક્ષ અને સેલ્સ ટેક્ષ ભરતા નથી તો તે હકીકત નકારે છે. દરેક ગ્રાહકને બીલ આપતા નથી પરંતુ ગ્રાહક બીલ માંગે તો આપે છે. બીલ આપ્યા પછી ગ્રાહકની સહી બીલ ઉપર લેતા નથી. તા.૧૮.૧૧.૨૦૦૮ ના રોજ પોલીસ આવી ત્યારે ખરીદી કે વેચાણના બીલો આપેલા નહીં. રફીક નામનો માણસ કઈ તારીખે કેટલા વાગે દુકાન ઉપર આવેલો તેવી કોઈ માહિતી પોલીસે આપેલી નહીં. તા.૧૮.૧૧. ૨૦૦૮ ના રોજ પોલીસ દુકાને આવી ત્યારે રફીક નામના માણસને લઈને આવેલી નહીં. તા.૧૮.૧૧.૨૦૦૮ ના રોજ પોલીસે ખીલ્લીઓ તથા પતરા બતાવ્યા હોય અને જોયેલા હોય તેવુ બનેલુ નહીં. પરંતુ મારા મત પ્રમાણે જે જે સ્થળો ઉપર બોમ્બ બ્લાસ્ટ થયેલા હતા તે તે સ્થળો ઉપર ખીલ્લીઓ અને પતરાઓ ચારે તરફ ઉડીને પડેલા હતા અને જે તે તપાસ કરનાર અધિકારીઓએ ખીલ્લીઓ તથા પતરા પંચનામાઓની વિગતે કબજે કરી એફ.એસ.એલ.માં મોકલેલા હતા માટે પોલીસ આ સાહેદની દુકાન ઉપર તા.૧૮.૧૧.૨૦૦૮ ના રોજ ગઈ ત્યારે પતરા અને ખીલ્લીઓ લઈ જવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

તા.૧૮.૧૧.૨૦૦૮ ના રોજ પોલીસે ખીલ્લીઓ લઈ જનાર વ્યકિતનું વર્ણન આપ્યુ હોય અને પોલીસે તે વ્યકિતનુ ચિત્ર બનાવ્યુ હોય તેવુ બન્યુ નથી. તા.૧૮.૧૧.૨૦૦૮ પહેલા કોઈ શંકાસ્પદ માણસ ખીલ્લીઓ અને પતરા લઈ ગયેલો છે તેવી કોઈ માહિતી ભરૂચ ખાતે કોઈ પોલીસ સ્ટેશનમાં જઈને આપેલી નથી. પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદની દુકાને જે કોઈ વ્યકિત ખીલ્લીઓ અને પતરા લેવા આવે તે શંકાસ્પદ છે કે કેમ તે નક્કી કરી શકે નહીં. સામાન્ય રીતે વેપારી કોઈ પણ ગ્રાહકને ગ્રાહકની રીતે જોતો હોય છે. ખીલ્લીઓ અને પતરા તે વ્યકિત શા માટે લઈ જાય છે અને તેનો ઉપયોગ શું કરશે તે દુકાનદારને કોઈપણ ગ્રાહક જણાવતા હોતા નથી.ગ્રાહકને ખીલ્લીઓ અને પતરા ખરીદવા સાથે નિસ્બત હોય છે જયારે દુકાન દારને ખીલ્લીઓ અને પતરા વેચવા સાથે નિસ્બત હોય છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો ભરૂચ શહેરમાં ઘણા બધા મુસ્લિમ માણસો રહે છે અને ત્યાં રફીક નામના ઘણા માણસો રહે છે તે કબૂલ કરે છે. તા.૧૯.૧૧.૨૦૦૮ નાં રોજ સુરતથી ફોન આવેલો તેની કોઈ નોંધ કરેલી નથી. સુરત મુકામે જવાનું છે તેવી કોઈ યાદી કે કાગળ પોલીસના માણસે રૂબરૂમાં આવીને આપેલો નથી. સુરતમાં કઈ કોર્ટો કઈ–કઈ જગ્યાઓએ આવેલી છે તેની માહિતી નથી. ખીલ્લી તથા પતરા રફીક નામનો માણસ લઈ ગયેલો તે રફીકનું નામ પોલીસને આપેલુ નહીં તે કબૂલ કરે છે. મેજિસ્ટ્રેટ સાહેબ પાસેથી ચોકમાં આવેલી પોલીસની ઑફિસે ગયો ત્યારે તે વ્યકિતનું નામ ફજલે રહેમાન છે તેવુ જાણવા મળેલુ. પોલીસના કહેવાથી મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં ગયેલા તે અંગેનો કોઈ લેખિત પુરાવો નથી. સરતપાસમાં જણાવ્યા પ્રમાણે કોઈ વ્યકિતને કયારેય ખીલ્લીઓ કે પતરાઓ વેચ્યા નથી તો તે હકીકત નકારે છે. તા.૧૯.૧૧.૨૦૦૮ ના દિવસે પોલીસે અગાઉથી આરોપીને બતાવેલો હોવાથી ઓળખ પરેડ દરમ્યાન તેને ઓળખી બતાવેલો તે હકીકત નકારે છે. ઓળખ પરેડના પંચનામાની વિગતો વારંવાર સમજાવવાથી અને પોલીસના કહેવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારે છે. કેટલા જથ્થામાં ખીલ્લીઓ અને પતરા વેચેલા તેવુ પોલીસને જણાવેલુ નહીં તે કબૂલ કરે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ ભરૂચ ખાતે "હાર્દીક પ્લાયવુડ એન્ડ હાર્ડવેર" નામની દુકાન ચલાવી વેપાર ધંધો કરે છે અને દુકાનમાં ખીલ્લીઓ તથા પતરાઓ વેચે છે. અમદાવાદ ખાતે સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવો બનેલા તે અગાઉ તથા સુરત ખાતે બોમ્બ પ્લાન્ટેશનના બનાવો બનેલા તે અગાઉ આરોપી નં.૪૫ ફજલે રહેમાન આ સાહેદની દુકાનેથી પતરા અને ખીલ્લીઓ ખરીદ કરીને લઈ ગયેલ હતો. સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવો બન્યા બાદ આરોપી નં. ૪૫ ફઝલે રહેમાન ઉર્ફે રફીક ઉર્ફે સરાઉદ્દીન મુસદ્દીકખાન દુરાની પકડાયા બાદ તા.૧૨.૧.૨૦૦૯ ના રોજ આ સાહેદે આરોપી નં.૪૫ ને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૮૯ ઈન્દ્રવીર વજુભા ઝાલાનાઓની રૂબરૂમાં આંક–૩૧૮૨ના ઓળખ પરેડના પંચનામા દરમ્યાન ઓળખી બતાવેલો છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે રાધેશ્યામ મદનલાલ ઠકકરને સાહેદ નં.૯૮૪ તરીકે આંક–૬૮૫૧ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ "જીન્દલ સીલ્ક મીલ" ના નામે હરીઓમ માર્કેટ, રીંગરોડ ખાતે દુકાન ચલાવે છે અને ભાગીદાર તરીકે રમેશભાઈ જીન્દાલ છે. તા.૨.૧૦. ૨૦૦૮ ના રોજ પોલીસે આવીને પુછેલ કે તમારી પાસેથી બે માણસો કાપડ લઈ ગયેલા તો આ સાહેદે જણાવેલ કે ઘણા બધા લોકો લઈ જાય છે. પોલીસે એવુ પુછેલ કે થોડા દિવસ પહેલા બે માણસો કપડા લઈ ગયેલા તેને ઓળખી શકો તો જણાવેલ કે સામે આવે તો ઓળખી શકે. સાહેદ આંક–૬૦૨૭ વાળી તેમની દુકાનની ચલણ બુક તેમના હસ્તાક્ષરમાં લખેલાનું ઓળખી બતાવે છે તેમજ સદર ચલણમાં રફીકભાઈ નામના માણસે ઈન્ડિગો કાપડ ૨૪૮ મીટર રૂા. ૯.૭૫ પ્રતિ મીટરના ભાવે રૂા.૨૪૧૮/– નું લીધેલાનું જણાવેલ છે. આ સાહેદ જણાવે છે કે બે માણસ કપડા ખરીદવા આવેલા તે પૈકી એક બટકો અને મોઢા પર ખીલ જેવા ડાઘા હતા અને ઘઉંવર્ણનો હતો અને બીજો વ્યકિત લાંબો અને મજબુત હતો. સાહેદને સે.કે.નં.૪૧૮/૨૦૦૯ ના મુદ્દામાલ લીસ્ટ અંક–૨૩૫૦ ના આર્ટીકલ

નં.૧૯ વાળા પીળા, કથ્થઈ, મરૂણ અને ભુરા રંગનુ કાપડ જે તેમની દુકાનેથી વેચેલાનું ઓળખી બતાવે છે.

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ તા.૬.૧૦.૨૦૦૮ નાં રોજ મેજિસ્ટ્રેટની કચેરી ચોક બજાર કીલ્લામાં બોલાવેલ જેથી કચેરીમાં ગયેલા અને ત્યાં મેજિસ્ટ્રેટ સાહેબને મળેલા અને નામ, સરનામુ પુછેલુ. ત્યારબાદ મેજિસ્ટ્રેટ સાહેબે પુછેલ કે તમારી દુકાનમાંથી બે માણસો કાપડ લઈ ગયેલા હતા તેને ઓળખી શકો. ત્યારપછી થોડીવાર બહાર બેસવાનું કહેલુ અને એક રૂમમાં બેસાડેલા. ત્યારબાદ અડધા પોણા કલાક પછી ફરી બોલાવેલ. ત્યાં મેજિસ્ટ્રેટ સાહેબ હતા અને બીજા બે માણસો હતા અને તે સિવાય બીજા કોઈ માણસો હતા નહીં. ત્યાં સાહેદનુ નામ સરનામુ અને ઓળખપત્ર માગેલુ. પછી દસેક જણાને બોલાવેલા અને કહેલ કે આમાથી તમે બેને ઓળખી શકો જેથી હા પાડેલી. ત્યાં લાઈનમાં માણસો ઉભા હતા તેમાંથી એક માણસને પકડી બહાર કાઢેલો. સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ એક મહિના બાદ અગિયાર મહિનામાં ફરી મેજિસ્ટ્રેટની ઑફિસે ગયેલા અને સાહેબે આ સાહેદનું નામ, સરનામુ પુછેલુ અને બીજા માણસને ઓળખી શકશો જેથી હા પાડેલી. ત્યારબાદ બહાર રૂમમાં બેસવાનું જણાવેલ અને થોડીવાર પછી ફરી બોલાવેલા અને ફરીથી નામ, સરનામુ પુછેલુ ત્યાં બે માણસ હતા અને મેજિસ્ટ્રેટ સાહેબ પણ હતા. ત્યાં દસ અજાણ્યા માણસો હતા અને તેમાંથી ઓળખવા માટે કહેલુ. ત્યારબાદ એક માણસને કાઢીને મેજિસ્ટ્રેટ સાહેબ સામે લાવેલા. સાહેદ વધુમાં જણાવે છે કે પ્રથમ વખત અને બીજી વખત જેમને ઓળખી બતાવેલા તે આ સાહેદને ત્યાંથી દુકાનેથી કાપડ લઈ ગયેલા તેમ જણાવે છે. ઘણો સમય થયેલ હોવાથી બંને માણસોને ઓળખી શકે નહીં તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પોલીસે આ સાહેદના ૩ વખત જે નિવેદનો લીધેલા તે વખતે કેવુ કાપડ હતુ તેની કોઈ જાણકારી પોલીસને આપેલી નહીં તે કબૂલ કરે છે. નિવેદનો લીધા તે વખતે પોલીસે કાપડ લીધેલુ નહીં તે કબૂલ કરે છે. કાપડ વેચ્યા પછી જુબાનીના દિવસે પ્રથમ વખત તે જોયેલુ

છે તે કબૂલ કરે છે. પોલીસે આ કાપડ જયાંથી પણ કબજે કરેલુ તે આ સાહેદની હાજરીમાં કબજે કરેલુ નહીં તે કબૂલ કરે છે. આવુ કાપડ સુરતમાં ઘણી બધી દુકાનોમાં મળે છે તે કબૂલ કરે છે. ઓળખમાં બોલાવ્યા તે બાબતે નોટીસ કે સમન્સ બજાવેલો નથી. પોલીસ જયારે દુકાને આવેલી ત્યારે આ સાહેદના ભાગીદાર રમેશભાઈને કહેલુ કે બીલ બનાવનાર ભાગીદારને મોકલજો જેથી આ સાહેદ રાજસ્થાનથી આવ્યા પછી ગયેલા. રાજસ્થાનથી કઈ તારીખે પાછા આવેલા તે યાદ નથી. મેજિસ્ટ્રેટ સાહેબને વર્ણન આપ્યાનું પોલીસને જણાવેલુ નહીં તે કબૂલ કરે છે. જે ૧૦ માણસો ઑફિસમાં હતા તે બધા એકસરખા હતા. તે માણસોમાં કેટલા હિન્દુ હતા અને કેટલા મુસ્લિમ હતા તેની ખબર નથી. તે લોકોના નામ સરનામા આ સાહેદે પુછેલા નહીં તે કબૂલ કરે છે. કાપડ લઈ જનારનું વર્ણન મેજિસ્ટ્રેટ સાહેબે લખેલુ કે કેમ? તેનો ખ્યાલ નથી. બધા માણસો બટકા અને ખીલવાળા હતા તો તે હકીકત નકારે છે. બે માણસો જે દુકાને આવેલા તે પૈકી રફીક નામ કોને લખાવેલુ તે કહી શકે નહીં. બીજી વખતે જે ઓળખ કરી તે વખતે ૧૦ માણસો હતા પરંતુ તે કેવા હતા તેનો ખ્યાલ નથી. તે લોકોનું વર્ણન આપી શકે નહીં તે કબૂલ કરે છે. તેઓના નામ સરનામા પણ આ સાહેદની હાજરીમાં લીધેલા નહીં તે કબૂલ કરે છે. બીજી વખત ઓળખેલો માણસ કયા નંબરે ઉભેલો હતો તે કહી શકે નહીં. ઓળખ પરેડમાં ગયા જ નથી અને પોલીસના કહેવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારી છે. કાપડની દુકાન આ સાહેદ તથા તેમના ભાગીદાર ચલાવે છે તે અંગેનો કોઈ પુરાવો પોલીસને આપેલો નહીં. દુકાનમાં માલ ખરીદ વેચવાના તેમજ ટેક્ષ વિગેરેના ચોપડા રાખે છે તે કબૂલ કરે છે. સ્ટોક રજીસ્ટરની નકલ પોલીસને આપેલી નથી. છેલ્લા છ મહિનાથી માલ ખરીદ કર્યા અંગેના કોઈ ચોપડા પોલીસને આપેલા હોય તેવુ બનેલુ નથી. આ સાહેદ રાજસ્થાન ગયા ત્યારે રમેશભાઈએ ફોન કરીને જણાવેલુ હોય કે પોલીસ આપણી દુકાને આવેલી અને પુછપરછ કરે છે આવુ ફોન ઉપર કહેલુ હોય તો યાદ નથી. સુરતમાં કઈ કોર્ટો કઈ–કઈ જગ્યાએ આવેલી છે તેની ખબર નથી. મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં ગયા તે દરમ્યાન પોલીસના કોઈ

માણસે ચીઠ્ઠી કે કાગળ આપેલો હોય તેવુ બનેલુ નથી. પ્રથમ વખત પોલીસ આવી ત્યારે તે વ્યકિતઓનું વર્ણન આપેલુ હોય અને પોલીસે ફોટા બનાવેલા હોય તેવુ બનેલ નથી. કાપડ લઈ જનાર શંકાસ્પદ વ્યકિતઓ ૧૫–૨૦ કે તેથી વધારે દિવસથી અમારી કસ્ટડીમાં છે તેવુ પોલીસે જણાવેલુ નહીં. આંક–૬૦૨૭ વાળી બુકમાં રફીકભાઈનું નામ લખેલુ છે પરંતુ તેમની સહી નથી. બીલ બુકમાં સીરીયલ નંબરો હાથથી લખેલા છે તે કબૂલ કરે છે. આંક–૬૦૨૭ વાળી બુકમાં કયા કયા કલરના દુપટ્ટાનું વેચાણ કરેલુ તેનુ વર્ણન લખેલુ નથી તે કબૂલ કરે છે. સરતપાસમાં જણાવ્યા પ્રમાણે તા.૧૨.૭.૨૦૦૮ ના અરસામાં આ સાહેદની દુકાનેથી બે અજાણ્યા માણસોએ ઈન્ડીગો દુપટ્ટાનું ૨૪૮ મીટર કાપડ ખરીદ કરી લઈ ગયેલા નહીં તો તે હકીકત નકારી છે.સરતપાસમાં જણાવ્યા પ્રમાણે બે વખત જુદા જુદા સમયે કોર્ટમાં જઈને બે વ્યકિતઓને ઓળખેલ નથી તો તે હકીકત પણ નકારી છે. પોલીસના કહેવાથી અને સમજાવવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ "હરીઓમ માર્કેટ" માં જીન્દલ સીલ્કમીલના નામથી સુરત મુકામે કાપડનો વેપાર ધંધો કરે છે. અમદાવાદમાં થયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવો તેમજ સુરત ખાતે થયેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવો અગાઉ તા.૧૨.૭.૨૦૦૮ ના રોજ આરોપી નં.૪૫ ફજલે રહેમાન દુરાની તથા આરોપી નં.૬૩ મહમદ તનવીર બંને આ સાહેદની દુકાનેથી ઈન્ડિગો દુપટ્ટાનું ૨૪૮ મીટર કાપડ ખરીદ કરીને લઈ ગયેલા હતા. સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવો બન્યા બાદ આરોપી નં. ૪૫ ફઝલે રહેમાન ઉર્ફે રફીક ઉર્ફે સરાઉદ્દીન મુસદ્દીકખાન દુરાનીને પકડાયા બાદ તા.૧૭.૧૧.૨૦૦૮ ના રોજ આ સાહેદે આરોપી નં.૪૫ ને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૭૫ કીર્તન ચતુર પેટલનાઓની રૂબરૂમાં આંક–૩૦૮૬ ના ઓળખ પરેડના પંચનામા દરમ્યાન ઓળખી બતાવેલો છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે ગુલામહુસેન અબ્દુલરસીદ પઠાણને સાહેદ નં.૧૧૩૮ તરીકે આંક–૮૧૬૫ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદની

સંપુર્ણ જુબાનીની હકીકત આરોપી નં.૪૩ બાબતે ફરિયાદપક્ષ દ્વારા જે પુરાવો રજૂ થયો છે તેમાં જણાવેલી છે જેથી તેનુ પુનરાવર્તન કરવામાં આવતુ નથી. પરંતુ આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ ભરૂચ મુકામે રહે છે અને ભરૂચ ખાતે શેરપુરાના નાકા પાસે એક મકાન પોતાની માલિકીનું આવેલુ છે. તા. ૮.૭.૨૦૦૮ ના રોજ એક નઝીરભાઈની કીટલી ઉપર ચા પીતા હતા ત્યારે મકાન ભાડે આપવા બાબતે વાતચીત થયેલી. નઝીરભાઈની કીટલી ઉપર આરોપી નં. ૪૫ ફજલે રહેમાન બેઠેલો હતો અને તેને આ સાહેદનું મકાન રૂા.૧૦૦૦૦/– ના ભાડાથી ભાડે રાખેલુ હતુ અને આ મકાનમાં આરોપી નં.૪૫ ફજલે રહેમાન, આરોપી નં.૪૩ અનીક સફીક સૈયદ, આરોપી નં.૪૪ અકબર ઈસ્માઈલ ચૌધરીનાઓ સાથે રહેતા અને મકાનમાં આ લોકોએ બોમ્બ બનાવેલા હતા. સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવો બન્યા બાદ આરોપી નં.૪૫ ફઝલે રહેમાન ઉર્ફે રફીક ઉર્ફે સરાઉદ્દીન મુસદ્દીકખાન દુરાનીને પકડાયા બાદ તા .૧૬.૧૨. ૨૦૦૮ ના રોજ આ સાહેદે આરોપી નં.૪૪ ને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેદ નં.૫૮૯ ઈન્દ્રવીર વજુભા ઝાલાનાઓની રૂબરૂમાં આંક–૩૧૬૫ ના ઓળખ પરેડના પંચનામા દરમ્યાન ઓળખી બતાવેલો છે. એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૮૯ની જુબાનીની ચર્ચા આગળ ઉપર કરેલી છે માટે તેનુ પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે બ્રિજેશ ભુપેન્દ્રભાઈ દુધવાળાને સાહેદ નં.૯૦૯ તરીકે આંક–૬૫૦૦ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓને તા.૨૧/૮/૨૦૦૮ ના રોજ પોલીસે કુરજા ચોક બજાર ક્રાઈમ બ્રાન્ચની ઓફિસે સવારના અગિયાર વાગ્યે બોલાવેલા. તેમની સાથે બીજા એક ભાઈને પણ બોલાવેલા. આ સાહેદ ક્રાઈમ બ્રાન્ચની ઑફિસમાં પહોંચ્યો ત્યાં પરમાર સાહેબ હાજર હતા. પરમાર સાહેબે ત્યાં એક ભાઈને ઉભા રાખેલા હતા. તે ઉભેલા ભાઈને કોઈક જગ્યાએ વેરીફીકેશન માટે લઈ જવાના હતા જેથી પંચમાં રહેવાનું કહેતા હા પાડેલી. જે ભાઈ ઉભેલા હતા તે એક આરોપી હતો તેનું નામ ફજલુ રહેમાન હતુ અને પુનાના રહેવાસી હતો. તે આરોપી જગ્યા બતાવવા માટે

તેઓને લઈ ગયેલા. ત્યારબાદ પોલીસની ગાડીમાં આ સાહેદ, પરમાર સાહેબ, આરોપી અને તેમની સાથેના બીજા પંચ અને બે પોલીસ વાળા ગાડીમાં બેસી ચોક બજારથી ભાગા તળાવ આગળ થઈ દરવાજાથી વરાછા રોડ ઉપર ગયેલા. આરોપી જેમ જેમ રસ્તો બતાવતો હતો તેમ ડ્રાઈવરે ગાડી ચલાવેલી અને આ ગાડી એક એલ.પી.જી. પંપ પાસે લઈ ગયેલા. તે એલ.પી.જી. પંપનુ નામ "વનાઝ પંપ" હતુ. ત્યાં બધા નીચે ઉતરેલા ત્યાં એલ.પી.જી. ભરાવેલુ અને તે અંગે આરોપીની ત્યાં પુછતાછ કરતા હતા. ત્યાં એક કલ્પેશભાઈ કરીને એક ભાઈને બોલાવેલા. આ ભાઈને એલ.પી.જી. ભરવામાં આવે તેની બીલ બુક લઈને બોલાવવામાં આવેલા અને તેમણે બીલ બુક બતાવેલી અને કહેલુ કે એક સીલ્વર કલરની વેગનઆર ગાડી વડોદરા પાસીંગની આવેલી અને તેમાં ગેસ ભરી દીધેલ અને તેનું બીલ, બીલ બુકમાંથી નીકળેલુ તે બીલ જોયેલુ. ત્યારબાદ પોલીસે આ બીલ બુક કલ્પેશભાઈ પાસેથી મેળવીને કબજે કરેલી. આંક–૬૫૦૧ થી કબજે કરેલ બીલ બુકના બીલ નં.૧૮૬૫૪ તા.૧૦.૭.૨૦૦૮ જેમાં વાહન નં. જી.જે.–૬– સી.ડી–૯૭૧૯ લખેલો અને તેના પર આ સાહેદ પોતાની તથા બીજા પંચની તથા રૂબરૂ તરીકે પરમાર સાહેબની સહીઓ ઓળખી બતાવે છે. ઉપરોકત કાર્યવાહીનું પંચનામુ બનાવવામાં આવેલુ જે આંક–૬૫૦૨ થી ૨જૂ છે જે પંચનામામાં સાહેદ પોતાની તેમજ બીજા પંચની તથા રૂબરૂ તરીકે પરમાર સાહેબની સહીઓ ઓળખી બતાવે છે. સાહેદને અમદાવાદ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીઓને વીડિયો કોન્ફરન્સ ટી.વી. સ્ક્રીન થકી ચાર –ચાર ની સંખ્યામાં અને ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીઓને વીડિયો કોન્ફરન્સ ટી.વી. સ્ક્રીન થકી ત્રણ–ત્રણની સંખ્યામાં બતાવવામાં આવતા સાહેદ આરોપીને ઓળખી શકતા નથી.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો હરીગંગા એપાર્ટમેન્ટ ચૌટા બજાર ખાતે જન્મથી રહે છે અને પોતે પોતાના ઘરની નીચે ગાયો રાખે છે. કુરજા રોડ ઉપર આવેલી ડી.સી.બી.ની ઑફિસે જવાનુ થતુ હોય છે. પંચનામાના દિવસે તેમની ગાયો પાણી પીવા ઓવારા ઉપર ગયેલી હતી અને ત્યાં પોલીસ

મળેલી. ઓવારાની આજુબાજુ વસ્તી છે તે કબૂલ કરે છે. ઓવારાથી ડી.સી.બી. ઑફિસે જતા બે મિનિટ થાય. જે પોલીસે બોલાવેલો તે પોલીસના માણસોએ પોતાના નામો જણાવેલા નહીં. સાહેબ કેમ બોલાવે છે તેનુ કારણ પોલીસોએ જણાવેલુ નહીં. પરમાર સાહેબને બનાવ પહેલા ઓળખતા હતા તો તે હકીકત નકારી છે. પોલીસે બોલાવવાથી આનાકાની કરેલી નહીં અને તરત જ ગયેલા. ત્યાં એક આરોપી હતો અને તેને પોલીસે ધાક ધમકી આપેલી હોય કે માર મારેલો હોય તે જાણવા મળેલુ નહીં. તે વ્યકિત કેટલા દિવસથી પોલીસ કસ્ટડીમાં છે તે જાણવા મળેલુ નહીં. ઑફિસે પહોચ્યા પછી પોલીસના સાહેબે આપણે બધાએ જીપમાં બેસીને જવાનું છે તેમ કહેલુ તે કબૂલ કરે છે. કુરજાથી કાપોદ્રા ચાર રસ્તા ૧૫ થી ૨૦ કીમી દુર છે તે કબૂલ કરે છે. કુરજાથી કાપોદ્રા જતા વચ્ચે ઘણા બધા પેટ્રોલ પંપ આવે તે કબૂલ કરે છે. ગાડી કુરજાથી ઉપડીને કાપોદ્રા ચાર રસ્તા ઉપર ગઈ તે દરમ્યાન કોઈ પેટ્રોલ પંપ પર ઉભી રહેલી નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપીએ રસ્તો બતાવેલો અને તેના કહેવા પ્રમાણે ગાડી જતી હતી માટે આરોપી કહે તો ગાડી ઉભી રહેવાની હતી, આરોપીએ કહેલુ ન હોય તો કાપોદ્રા જતા રસ્તામાં કયાંય ગાડી ઉભી ન રહે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો પંચનામા પ્રમાણે જે આરોપી હતો તે પુનાનો હતો તે કબૂલ કરે છે. પંચનામા પ્રમાણે ગેસ પુરાવ્યાની વાત તા.૧૦.૭.૨૦૦૮ ના રોજની છે તે કબૂલ કરે છે. બીલ બુક પણ તા.૧૦.૭.૨૦૦૮ થી તા.૧૩.૭.૨૦૦૮ ની છે તે કબૂલ કરે છે. બીલ બુક ઉપરથી વાહનનો કલર કે તેની કંપની વિશેની માહિતી મળેલી નહીં તે કબૂલ કરે છે. બીલ બુક લઈને આવનાર વ્યકિતની પુછપરછ કરી તેનુ નિવેદન લેવામાં આવેલુ નથી તે કબૂલ કરે છે. બીલ બુકના લખાણ બાબતે પુછપરછ કરી હોય તેવુ બનેલુ નથી. પોલીસના કહેવાથી અને શીખવાડવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારી છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો કલ્પેશભાઈ બીલબુક લઈને આવેલ હતા. તા.૧૦.૭.૨૦૦૮ ના રોજ બીજી બીલ બુકનો ઉપયોગ થયો હોય તે અંગેની પુછપરછ કરેલી નહીં. પેટ્રોલ પંપને અડીને દુકાનો આવેલ છે તો તે હકીકત નકારી છે. જયાં ઓવારો આવેલો છે તે નદી કિનારે

આવેલો છે તે કબૂલ કરે છે. પોલીસ સ્ટેશનમાં પહોચ્યા પછી જે ભાઈ હાજર હતા તેની આ સાહેદે પુછપરછ કરેલી નથી. આંક–૬૫૦૧ ના બીલ બુકનુ બીલ કોને બનાવેલુ તે જાણવા મળેલુ નહીં. કલ્પેશભાઈ બીલ બુક લઈને કેટલા સમયે આવેલા તેનો ખ્યાલ નથી. કલ્પેશભાઈ કઈ હેસીયતથી નોકરી કરે છે તેવી પુછપરછ કરેલી નહીં.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમારનાઓએ કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી.નં.૧૭૬/૨૦૦૮ ના કામે તા.૨૧.૧૧.૨૦૦૮ ના રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ ઈશાન મહેશભાઈ ચાંપાનેરીયાનાઓને ડી.સી.બી. પોલીસ સ્ટેશન સુરત ખાતે બોલાવેલા અને ત્યાં આરોપી નં.૪૫ ફજલે રહેમાન હાજર હતો. પંચો રૂબરૂ તે કંઈક કહેવા અને બતાવવા માંગતો હોવાથી પંચો, સ્ટાફના માણસો તથા આરોપીને લઈ તપાસ કરનાર અધિકારી આરોપીના કહેવા અને બતાવ્યા મુજબના રસ્તે જવા નીકળેલા. આરોપીએ જણાવેલુ કે "અમદાવાદ શહેરમાં બોમ્બ બ્લાસ્ટ થયેલા અને સુરત શહેરમાંથી જીવતા બોમ્બ મળેલા તેના અગાઉ તા.૧૦.૭.૨૦૦૮ નાં રોજ મે તથા મારી સાથેના તલ્હાએ સીલ્વર રંગની વેગનઆર કાર નં.જીજે–૬–સીડી–૯૭૧૯ મા આશરે રૂા.૫૦૦/– નો ગેસ પુરાવેલો હતો તે પેટ્રોલ પંપવાળી જગ્યા બતાવવાનું કહેતા" આંક–૬૫૦૨ ના પંચનામાની વિગતે જગ્યાનુ પંચનામુ કરીને પેટ્રોલ પંપ ઉપરથી આંક–૬૫૦૧ વાળી બીલ બુક કબજે કરેલી હતી. આ બીલ બુક કાર્બન કોપી વાળી બીલ બુક છે અને તા.૧૦.૭.૨૦૦૮ ના રોજ ઉપરોકત નંબરવાળી કારમાં રૂા.૫૦૦/– નો એલ.પી.જી. ગેસ ભરાવેલો છે.

આંક–૬૫૦૧ વાળી બીલ બુક કબજે કરનાર તથા આંક–૬૫૦૨ વાળુ પંચનામુ બનાવનાર અધિકારી સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમારની જુબાનીના પેરા નં.૩૯ ધ્યાને લેતા તા.૨૧/૧૧/૨૦૦૮ ના રોજ કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી. નં.૧૭૬/૨૦૦૮ ના કામના આરોપી ફઝલે રહેમાન ઉર્ફે સલાઉદ્દિન ઉર્ફે રફિક મુસદ્દિકખાન દુરાની કાંઇક કહી કાંઇક બતાવવા

માંગતા હોવાથી તે અંગેનું પંચનામું કરવા સારૂ બે પંચોને ડી.સી.બી. પોલીસ સ્ટેશન ખાતે બોલાવડાવેલા અને બે પંચોને પંચમાં રહેવા અંગેની સમજ કરેલી અને તેઓએ સ્વખુશી બતાવતા તે અંગેના પંચનામા દરમિયાન આરોપીનું નામ, ઠામ પુંછવામાં આવેલું તે સમયે તેઓએ તેઓનું નામ "ફઝલે રહેમાન ઉર્ફે સલાઉદ્દિન ઉર્ફે રફિક મુસદ્દિકખાન દુરાની" હોવાનું જણાવેલું ત્યારબાદ આરોપી બતાવે તે જગ્યાએ જવા રવાના થયેલાં. આ અંગેનું પ્રાથમિક પંચનામું કરવામાં આવેલું. ત્યારબાદ આરોપીએ આ પંચનામા દરમિયાન પંચો રૂબરૂ વનાઝ ગેસ પંપ વાળી જગ્યા કે જે જગ્યાએથી તેઓ વેગનઆર કાર નં.GJ-06-CD-9719 માં ગેસ પુરાવેલો તે જગ્યા બતાવેલ. તે પંચનામા દરમિયાન આ ગેસ પંપની બીલબુક સાહેદ કલ્પેશ રસીકભાઈનાઓએ રજૂ કરેલી જે પણ પંચનામાની વિગતે કબ્જે કરવામાં આવેલી. આ અંગેનું પંચનામું બે પંચોના જોયા, લખાવ્યા મુજબનું પંચનામામાં જણાવ્યા મુજબના સમયે કરવામાં આવેલું હતું અને ત્યારબાદ બે પંચોની પંચનામામાં સહીઓ મેળવેલી. આંક-૬૫૦૧ માં તથા આંક-૬૫૦૨ માં સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

આંક-૬૫૦૨વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "આરોપીએ પોતાનુ નામ સરનામુ જણાવેલ તે તથા અમદાવાદ શહેરમાં બોમ્બ બ્લાસ્ટ થયેલા અને સુરત શહેરમાંથી જીવતા બોમ્બ મળેલા તે અગાઉ તા.૧૦.૭.૨૦૦૮ ના રોજ મે તથા મારી સાથેના તલ્હાએ સીલ્વર રંગની વેગનઆર કાર નં.જીજે-૬-સીડી-૯૭૧૯ માં આશરે ૫૦૦ નો ગેસ પુરાવેલો હતો" વિગેરે પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપીએ પોતે આપેલ માહિતી પ્રમાણેની જગ્યાએ પેટ્રોલ પંપ આવેલો હતો તેની માહિતી તેને પોતાને હતી જેથી તે હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય. આ ઉપરાંત વનાઝ પેટ્રોલપંપ ઉપરથી આરોપીએ એલ.પી.જી. ભરાવેલ તેની માહિતી આરોપીને જ હતી માટે પંચો તથા તપાસ

કરનાર અધિકારીને તે પંપ ઉપર આરોપી દોરી ગયેલો, આરોપીનું આ જગ્યા ઉપર દોરી જવાનુ વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે અમર સુરેશસિંહ રાજપુતને સાહેદ નં.૯૧૮ તરીકે આંક–૬૫૪૩ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ સુરત મુકામે છેલ્લા ૧૫–૧૬ વર્ષથી રહે છે અને ડ્રાઈવીંગ કરે છે. તા.૨૮.૧૧.૨૦૦૮ ના રોજ પોલીસે તેમને સુરત મુકામે ચોક બજારમાં સવારના અગિયારથી સવા અગિયાર વાગ્યાના સમયની આસપાસ બોલાવેલા. તેઓ ત્યાં ગયા ત્યારે એક સાહેબ ત્યાં બેઠેલા હતા અને તેમની બાજુમાં બે–ત્રણ પોલીસના માણસો ઉભા હતા અને એક આરોપી ત્યાં બેઠેલો હતો. જે આરોપી બેસેલો હતો તેનું નામ પુછેલુ તો તેણે તેનું નામ ફઝલુ રહેમાન બતાવેલુ. તે પુના, મહારાષ્ટ્રનો રહેવાસી હોવાનું જણાવેલુ. આ સાહેદ સાથે એક મિત્ર અભય ઝવેરી પણ ત્યાં હતો. ત્યાં સાહેબે કહેલુ કે આ આરોપી છે તે કંઈક કહેવા અને બતાવવા માંગે છે તેનુ પંચનામું કરવાનુ છે માટે પંચમા રહેશો ? તો હા પાડેલી. આરોપીએ કહેલુ કે "અમે જે રૂમ ભાડે રાખેલ હતો તે રૂમ હું તમોને બતાવવા માંગુ છું". ત્યારબાદ આ સાહેદ તથા તેમની સાથેના ભાઈ ઝવેરી, સાહેબ, પોલીસના બે – ત્રણ માણસો તથા આરોપી ઑફિસની બહાર નીકળેલા અને ત્યાં એક ગાડી ઉભેલી હતી તેમાં બધા બેઠેલા. ત્યારબાદ આરોપીએ કહેલુ કે "આ મ્યુનિસિપાલિટી ઑફિસ તરફ જે રસ્તો જાય છે તે રસ્તે ગાડી લઈ લ્યો". જેથી ગાડી તે રસ્તે લીધેલી અને તે રસ્તેથી આગળ હરિયાળી બજાર તેમની આગળ સૈયદપુરા પંપીગ આવેલુ અને ત્યાં આગળ આરોપીએ કહેલુ કે "આ ગલીમાં ગાડી લઈ લ્યો". જેથી તે ગલીમાં ગાડી લીધેલી અને ત્યાં ગાડી ઉભી રખાવેલી. જયાં ગાડી ઉભી રખાવેલી ત્યાં એક બેટરીની દુકાન હતી તેની બાજુમાં એક નવુ બાંધકામ ચાલુ હતુ અને તેની બાજુમાં એક જુની બિલ્ડિંગ હતી જેનુ નામ માસ્ટર હાઉસ હતુ ત્યાં આરોપીએ ઈશારો કરેલો અને કહેલુ કે "ઈધર ચલો" જેથી અમે બધા સીડી ચડીને મકાનના ત્રીજા માળ ઉપર ગયેલા. ત્યાં ૨૧ નંબરનો રૂમ બતાવેલો જે રૂમ બંધ હતો અને રૂમની એક બાજુમાં સંડાસ હતુ અને બીજી બાજુ

રૂમ નં.૨૦ હતો. આ મુજબની કાર્યવાહીનું પંચનામુ બનાવવામાં આવેલુ જે આંક–૬૫૪૪ વાળા પંચનમામાં સાહેદ પોતાની તથા અભયભાઈની અને રૂબરૂ તરીકે સાહેબની સહીઓ ઓળખી બતાવે છે. સાહેદને અમદાવાદ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીઓને વીડિયો કોન્ફરન્સ ટી.વી. સ્ક્રીન થકી ચાર– ચાર ની સંખ્યામાં બતાવવામાં આવતા સાહેદ આરોપીને ઓળખી શકતા નથી અને જણાવેલ છે કે આરોપીને તે વખતે નાની દાઢી હતી અને તેનો બાંધો સામાન્ય હતો જયારે આજરોજ જે આરોપીઓ બતાવવામાં આવ્યા તેમાં આરોપીઓને દાઢી મોટી છે અને ટોપીઓ પહેરેલી છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ ગુજરાતી લખી વાંચી શકતા નથી તે કબૂલ કરે છે. પંચનામુ વાચેલુ નહીં તે પણ કબૂલ કરે છે. ધોરણ–૮ સુધી હિન્દી માધ્યમમાં ભણેલા છે તેમ જણાવે છે. જે જગ્યા ઉપર ગયેલા તે જગ્યા આ સાહેદના ઘરથી ૪–૫ કી.મી. દુર આવેલી છે. તે જગ્યાવાળો રૂમ કયારે ભાડે રાખવામાં આવેલો તેની ખબર નથી તે કબૂલ કરે છે. તે રૂમના માલીક કોણ હતા તેની પુછપરછ આ સાહેદે કરેલી નથી તે કબૂલ કરે છે. રૂમ ખોલેલો નહીં માટે તે રૂમ રહેવા લાયક છે કે કેમ ?તે કહી શકે નહીં. રૂમ બતાવવાની વાત થયેલી નહીં તો તે હકીકત નકારી છે. જગ્યા ઉપર લઈ જનાર આરોપીની દાઢી ઓછી અને નાની હતી તો તેની નોંધ કરેલી નથી તે કબૂલ કરે છે. પોલીસના કહેવાથી તમામ હકીકત જણાવે છે તો તે હકીકત નકારે છે. આરોપી કોઈ જગ્યા ઉપર લઈ ગયો નથી અને તૈયાર પંચનામામાં સહી કરેલાની હકીકત નકારે છે. આરોપીને જોયેલો નથી માટે સરતપાસ વખતે ઓળખી બતાવેલ નથી તો તે હકીકત નકારી છે. આરોપી કેટલા દિવસથી પોલીસ રીમાન્ડ ઉપર હતો તેની માહિતી પોલીસે આપેલી નહીં તે કબૂલ કરે છે. આરોપીની માનસિક અને શારીરિક સ્થિતિની જાણકારી આપેલી કે કેમ? તે યાદ નથી. આરોપીને અગાઉ કયારે જોયેલો નહીં. આરોપીની ઓળખ બાબતે કોઈ ઓળખપત્ર પોલીસે બતાવેલુ કે કેમ? તે યાદ નથી. આરોપીનુ નામ પોલીસે જણાવેલુ અને પોલીસ સ્ટેશનમાં તેને બતાવેલો તો તે હકીકત નકારે છે.

આરોપીએ પોતાનુ નામ ઠામ સિવાય બીજુ કંઈ જણાવેલુ નહીં તો તે હકીકત નકારે છે. જે મકાન ઉપર ગયેલા તે મકાનના રૂમની ચાવી બતાવેલુ નહીં. મકાનના માલીક કોણ હતા અને કયાં રહેતા હતા તેની જાણકારી મળેલી નહીં. રૂમના માલીકની તપાસ કરીને બોલાવવાની કોશીશ કરેલી નહીં. રૂમનુ તાળુ ખોલવાની કે તોડવાની કોશીશ કરેલી નહીં તે કબૂલ કરે છે. આજુબાજુના લોકોને બોલાવી આ આરોપી રૂમમાં રહેતો હતો તેવી પુછપરછ કરેલી નહીં તો તે હકીકત કબૂલ કરે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમારનાઓએ કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી.નં.૧૭૫/૨૦૦૮ ના કામે તા.૨૮.૧૧.૨૦૦૮ ના રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ અભય યોગેન્દ્રભાઈ ઝવેરીનાઓને ડી.સી.બી. પોલીસ સ્ટેશન સુરત ખાતે બોલાવેલા અને ત્યાં આરોપી નં.૪૫ ફજલે રહેમાન હાજર હતો. પંચો રૂબરૂ તે કંઈક કહેવા અને બતાવવા માંગતો હોવાથી પંચો, સ્ટાફના માણસો તથા આરોપીને લઈ તપાસ કરનાર અધિકારી આરોપીના કહેવા અને બતાવ્યા મુજબના રસ્તે જવા નીકળેલા અને મ્યુનિસિપલ કોર્પોરેશન વરીયાળી બજાર થઈ સૈયદપુરા પંપીંગ સ્ટેશન તરફ ઈશારો કરી વાહન થોભાવેલુ અને ત્યાં નીચે ઉતરીને એક મકાન બતાવેલુ તે જગ્યાનું આંક-૬૫૪૪ વાળુ પંચનામુ બનાવેલુ.

આંક-૬૫૪૪ વાળુ પંચનામુ બનાવનાર અધિકારી સાહેદ નં. ૧૧૫૫ એન.બી.પરમારની જુબાનીના પેરા નં.૪૪ ધ્યાને લેતા તા.૨૮/૧૧/ ૨૦૦૮ ના રોજ કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી.નં.૧૭૫/૨૦૦૮ ના કામના આરોપી ફઝલે રહેમાન ઉર્ફે સલાઉદ્દિન ઉર્ફે રફિક મુસદ્દિકખાન દુરાની કાંઇક કહિ કાંઇક બતાવવા માંગતા હોવાથી તે અંગેનું પંચનામું કરવા સારૂ બે પંચોને ડી.સી.બી. પોલીસ સ્ટેશન ખાતે બોલાવડાવેલા અને બે પંચોને પંચમાં રહેવા અંગેની સમજ કરેલી અને તેઓએ સ્વખુશી બતાવતા તે અંગેના પંચનામા દરમિયાન આરોપીનું નામ, ઠામ પુંછવામાં આવેલું તે સમયે તેઓએ તેઓનું નામ

"ફઝલે રહેમાન ઉર્ફે સલાઉદ્દિન ઉર્ફે રફિક મુસદ્દિકખાન દુરાની" હોવાનું જણાવેલું અને તેઓએ વધુમાં એવું જણાવેલું કે "ચાલો મારી સાથે હું જે મકાનમાં ભાડેથી રોકાયેલ તે મકાન બતાવી દઉં છું." ત્યારબાદ આરોપીને સાથે રાખી સરકારી વાહનમાં રવાના થયેલાં. આ અંગેનું પ્રાથમિક પંચનામું કરવામાં આવેલું. ત્યારબાદ આરોપીએ આ પંચનામા દરમિયાન પંચો રૂબરૂ માસ્ટર હાઉસ બિલ્ડિંગવાળી જગ્યા બતાવી આગળ ચાલી ત્રીજા માળના મકાનની જગ્યા બતાવેલ. આ અંગેનું પંચનામું બે પંચોના જોયા, લખાવ્યા મુજબનું પંચનામામાં જણાવ્યા મુજબના સમયે કરવામાં આવેલું હતું. આંક–૬૫૪૪ વાળા પંચનામામાં બે પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

આંક–૬૫૪૪ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે, પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "આરોપીએ પોતાનુ નામ સરનામુ જણાવેલુ તથા ચાલો મારી સાથે હું જે મકાનમાં ભાડેથી રોકાયેલ તે મકાન બતાવી દઉં છું તથા મ્યુનિસિપલ કોર્પોરેશન વરીયાળી બજાર થઈ વાહન જમણી બાજુ લેવાનું જણાવેલુ તથા ઈશારો કરી વાહન થોભાવવાનું જણાવેલુ તથા માસ્તર હાઉસ બિલ્ડિંગના પશ્ચિમ દક્ષિણ ખુણે આવેલ દાદર વાટે ઉપર જઈ ત્રીજા માળે એક બંધ મકાન જણાવેલુ" વિગેરે પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપીએ પોતે આપેલ માહિતી પ્રમાણેની જગ્યાએ સદર મકાન આવેલુ હતુ તેની માહિતી તેને પોતાને હતી જેથી તે હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય. આ ઉપરાંત આ મકાનમાં આરોપી રહેતો હતો તેની માહિતી આ આરોપીને જ હતી માટે પંચો તથા તપાસ કરનાર અધિકારીને આરોપી આ મકાન ઉપર દોરી ગયેલો, આરોપીનુ આ દોરી જવાનુ વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે રીઝવાન યાસીનભાઈ શેખને સાહેદ નં.૯૭૫ તરીકે આંક–૬૮૧૫ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૧૨/૧૨/૨૦૦૮ નાં રોજ પોલીસે એ.બી.સી. ચોકડી,

હરીમંગલા હોટલ ખાતે બોલાવેલા. ત્યાં બીજા એક ભાઈ કમલેશભાઈ મોદીને પણ બોલાવેલા. પોલીસે બોલાવ્યા ત્યારે બપોરના આશરે ત્રણેક વાગ્યા હશે. ત્યાં ચાવડા સાહેબે કહેલુ કે અમદાવાદ બોમ્બ બ્લાસ્ટ થયેલા હતા તેમા એક આરોપીને પકડેલો છે. તે કંઈક કહેવા અને બતાવવા માંગે છે. જેથી પંચમાં રહેવાનું કહેલુ. જેથી બંનેએ પંચમાં રહેવાની "હા" પાડેલી.

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ તે આરોપીનું નામ પુછેલુ તો તેણે તેનુ નામ ફજલે રહેમાન દુરાની બતાવેલુ અને રહે. મહારાષ્ટ્ર હોવાનું જણાવેલુ. તે કંઈક કહેવા અને બતાવવા માંગતો હતો. તેણે એવુ કહેલુ કે "અમદાવાદ બોમ્બ બ્લાસ્ટ થયા તે પહેલા અમે શેરપુરામાં એક મકાન ભાડે રાખેલુ અને એક સાજીદ મન્સુરીનું મકાન જોયેલુ છે તે હું બતાવવા માંગુ છું". પછી બધા નીકળેલા અને ત્યાં ગાડીમાં બેઠેલા. ગાડીમાં ડ્રાઈવર હતા, ચાવડા સાહેબ અને એક આરોપી હતો અને પોલીસના માણસો હતા અને આ સાહેદ હતા. આ સાહેદે આ બધુ લખાવેલુ અને ત્યારપછી આરોપીએ "પશ્ચિમ રોડ તરફ જવાનું કહેલુ". આ બધુ લખાવ્યા પછી ગાડીમાં સહી કરેલી. આરોપીના કહેવા મુજબ ડ્રાઈવરે ગાડી પશ્ચિમ દિશા તરફ ચલાવેલી. ત્યારબાદ ગાડી નંદેવાળ બ્રીજ ઉપર થઈને શ્રવણ ચોકડીએ ગયેલા અને ત્યાંથી ઉમરાજ પાટીયા પાસેથી થોડે આગળ જઈને શેરપુરા પાસે "આરોપીએ ગાડી ઉભી રખાવેલી". ત્યાંથી થોડા આગળ ગયા પછી આરોપીએ ડાબી સાઈડ તરફ એક બંગલો બતાવેલો. તે બંગલો કમ્પાઉન્ડ વોલ વાળો હતો અને તે બંગલા ઉપર "જનરલ ઈલેકટ્રીકલ્સ વર્કસ" એવુ લખેલુ હતુ અને બહારના ભાગે તાળુ હતુ. તેની સામે એક મટન શોપ હતી અને વજન કાંટો હતો. ત્યારબાદ પાછા ગાડીમાં આવેલા. ગાડીમાં ડ્રાઈવર, ચાવડા સાહેબ, આરોપી, પોલીસવાળા ભાઈઓ, આ સાહેદ તથા કમલેશભાઈ બેઠેલા. ત્યારબાદ આરોપીએ "ડ્રાઈવરને પશ્ચિમ તરફ આગળ જવા જણાવેલુ". થોડે આગળ જઈ રેલ્વે ક્રોસીંગ પસાર કર્યા પછી ચાર રસ્તા પાસે ગાડી ઉભી રખાવેલી અને ડાબે તરફ જવાનું કહેલુ અને બધા આગળ ગયેલા અને ત્યાં મકાનોની રો હાઉસ હતી અને તેની વચ્ચેના રસ્તાએ ગાડી ઉભી રખાવેલી અને

બધા નીચે ઉતરેલા અને ત્યાં આગળ લુકમાન સોસાયટીનું બોર્ડ લાગેલુ હતુ. ત્યાંથી થોડે આગળ જઈને "૩૩ નંબરનું મકાન આરોપીએ બતાવેલુ". ત્યાં આજુબાજુ સોસાયટીના બીજા મકાનો હતા. આ બાબતે પોલીસે ત્યાં પંચનામુ કરેલુ અને તેમાં આ સાહેદની તથા કમલેશભાઈએ સહીઓ કરેલી જે પંચનામુ આંક–૬૮૧૬ વાળુ રજૂ રાખેલ છે જે પંચનામામાં પંચ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો નવેમ્બર–૨૦૦૮માં કયાં હતા તે કહી શકે તેમ નથી તો તે કબૂલ કરે છે. જુબાની આપી તેના આગલા દિવસે અમદાવાદ આવ્યા અને રોકાયા તે દરમ્યાન કોર્ટમાં શું કરવાનું છે તે જણાવવામાં આવેલુ તો તે હકીકત નકારેલી છે. જુબાની આપી તેના આગલા દિવસે ચાવડા સાહેબ મળેલા તો તે હકીકત પણ નકારી છે. આ સાહેદની હાજરીમાં આરોપીને લઈ બંને જગ્યાઓ ઉપર જઈ પંચનામુ કરેલુ નથી તો તે હકીકત નકારી છે. આ સાહેદની હાજરીમાં પંચનામાની કોઈ કાર્યવાહી થયેલી નથી તો તે હકીકત પણ નકારેલી છે. આરોપીને કયારેય જોયેલો નથી તો તે હકીકત પણ નકારેલી છે. પોલીસને મદદ કરવા અને પોલીસના દબાણથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત પણ નકારી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ સરખેજ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૧૮૧/૨૦૦૮ ના કામે તા.૧૨.૧૨.૨૦૦૮ ના રોજ આ સાહેદ તથા બીજા પંચ કમલેશ મોદીને ભરૂચ મુકામે એ.બી.સી. ચોકડી પાસે બોલાવેલા ત્યાં આરોપી નં.૪૫ ફજલે રહેમાન મુસદ્દીકખાન તથા પોલીસ સ્ટાફના માણસો પણ હાજર હતા અને આરોપી નં.૪૫ નાઓએ જણાવેલુ કે શેરપુરા મુકામે જે મકાન આરોપી નં.૧૪ સાજીદ મન્સુરીએ જે ભાડે રાખેલુ તે જોયેલુ અને તે બતાવવા માંગે છે જેથી તપાસ કરનાર અધિકારીએ આરોપી તથા પંચોની હાજરીમાં આરોપીએ બતાવ્યા મુજબ તે મકાન ઉપર જઈ મકાનનું પંચનામુ આંક–૬૮૧૬ વાળુ કરેલુ હતુ. આ હકીકત સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓ

પોતાની જુબાનીના પેરા નં.૧૮.૨ મા પણ જણાવે છે કે આરોપી ફજલે રહેમાન મુસદ્દીખાને જણાવેલુ કે અમદાવાદ શહેરમાં કરવામાં આવેલ સીરીયલ બ્લાસ્ટ અગાઉ ભરૂચ શહેરમાં મકાન ભાડે રાખી શેરપુરા વિસ્તારમાં આવેલ મકાન તેમજ સાજીદ મન્સુરીનું મકાન પોતે સ્વખુશીથી બતાવવા માંગે છે તેનુ પ્રાથમિક પંચનામુ કરી આરોપીએ શેરપુરા ખાતે આવેલ મકાન તથા લુકમાન સોસાયટીનું મકાન બતાવેલુ અને તે અંગેનુ પંચનામુ આંક-૬૮૧૬ વાળુ બનાવેલુ, પંચનામામાં સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. આ બાબતે સાહેદ નં. ૧૧૬૩ ની ઊલટતપાસના પેરા નં.૯૮ ધ્યાને લઈએ તો ભરૂચ શેરપુરાવાળુ મકાન તૌકીરે કે રફીકે ભાડે રાખ્યુ છે તેવો પુરાવો તપાસ દરમ્યાન મળેલો નથી તો તે હકીકત નકારી છે. મકાન ભાડે રાખનાર અને માલીક વચ્ચે ટેલીફોન ઉપર વાતચીત થયેલી તો તે બાબતેનો મોબાઈલ ફોન કબજે કરેલો નથી.

આંક-૬૮૧૬ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી રજૂઆત અને દલીલ એવી છે કે પંચનામામાં આરોપીએ જણાવેલુ કે, "પોતાનું નામ ફજલે રહેમાન હોવાનું જણાવેલ" તથા "પંચો રૂબરૂ પશ્ચિમ તરફ હંકારવાનું કહેતા નાની રેલવે લાઈન ક્રોસ કરી ચાર રસ્તા આવતા ડાબી બાજુ હંકારવા કહેલ" આ હકીકત આરોપી વિરૂધ્ધ પુરાવામાં ગ્રાહ્ય નથી. બચાવપક્ષની દલીલ સાથે હું સંમત છું પરંતુ આરોપીના કહેવા પ્રમાણે જવા નીકળેલા ત્યાં રેલવે લાઈન આવેલી હતી તો તે રેલ્વે લાઈન આવતી હોવાની હકીકત પુરાવામાં ગ્રાહ્ય છે. આ ઉપરાંત આ બંને મકાનોમાં આરોપી બીજા સહ આરોપીઓ સાથે રોકાયેલો હતો, મકાનો તેણે જોયેલા હતા માટે પંચો તથા તપાસ કરનાર અધિકારીને આરોપી આ મકાનો ઉપર દોરી ગયેલો, આરોપીનું આ દોરી જવાનુ વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે અકબર સદરૂદ્દીન સોરઠીયાને સાહેદ નં.૯૮૬ તરીકે આંક-૬૮૫૬ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓને તા.૨૧.૧૨.૨૦૦૮ ના રોજ પોલીસે બન્ડ ગાર્ડન પોલીસ સ્ટેશને સાંજના પોણા પાંચ વાગ્યે બોલાવેલા. તેમની સાથે બીજા એક શરીફભાઇને પણ પોલીસે બોલાવેલાં હતાં. જે પોલીસ સ્ટેશનમાં બોલાવેલા ત્યાં

અમદાવાદની પોલીસ હતી. તે પોલીસમાં એક મેડમ હતાં. તે મેડમે કહેલું કે આ એક આરોપી છે અને તેણે અમદાવાદ બોમ્બ બ્લાસ્ટ કેસમાં પકડેલો છે અને તે કંઇ બતાવવા અને કહેવા માંગે છે તો પંચમાં રહેશો? તો આ સાહેદ તથા બીજા શરીફભાઇએ પંચમાં રહેવાની "હા" પાડેલી. ત્યારબાદ આ સાહેદે તે આરોપીનું નામ પુછેલું તો તેણે તેનું નામ "ફજલુ રહેમાન ઉર્ફે રફીક" જણાવેલું અને તે મહારાષ્ટ્રનો હતો. ત્યારબાદ ગાડીમાં પોલીસના મેડમ આગળના ભાગે બેઠેલા, બે પોલીસના માણસો પાછળ બેઠેલા અને વચ્ચે આરોપી બેઠેલો હતો અને તેઓ બંને પંચો ગાડીના પાછળના ભાગે બેઠેલા. ત્યારબાદ આરોપીએ "ડાયરેક્શન બતાવ્યું તે પ્રમાણે પોલીસે ગાડી ચલાવેલી". ગાડી સ્ટેશન રોડ ઉપર સાધુ વાસવાણી રોડ ઉપર લઇ ગયેલાં. ત્યાં આરોપીએ "એક ઑફિસ બતાવેલી." જ્યાંથી તેણે ટિકિટ ખરીદેલી હતી. તે ઑફિસનું નામ "ગ્લોબ ટ્રાવેલ્સ" હતું. આ ઑફિસ નીતા ટ્રાવેલ્સ તથા બીજી ઘણી ટ્રાવેલ્સોની ટિકિટ વેચતી હતી. ત્યાં ઑફિસમાં ગયેલાં અને ઑફિસમાં રાહુલ કરીને એક વ્યક્તિ બેઠેલો હતો. ત્યાં આરોપીએ જણાવેલું કે "હું આ ઓફીસેથી ત્રણ વખત ટ્રાવેલ કરીને અમદાવાદ ગયેલો છું અને અહીંયાથી મેં ટિકિટ લીધેલી હતી." ત્યારબાદ સાહેબે તે રાહુલને જે દિવસે આરોપીએ મુસાફરી કરેલી હતી તે દિવસની ટિકિટ કાઢવાનું કહેલું. આરોપીએ ત્યાં ત્રણ તારીખો જણાવેલી તે તારીખોમાં એક તા.૧.૭.૨૦૦૮, બીજી તા.૭.૭.૨૦૦૮ તથા ત્રીજી તા.૧૮.૭.૨૦૦૮ની તારીખો હતી. ત્યારબાદ ઑફિસમાં બેઠેલા રાહુલે તપાસ કરીને આ ત્રણેય તારીખોની ટિકિટોની કાર્બન કોપીઓ કાઢેલી. આ ટિકિટોમાં તેનું નામ વેરીફાય કરેલું અને આ ટિકિટો રફીકના નામથી બુક કરાવેલી હતી. ત્યારબાદ સાહેબે તેઓને આ ત્રણેય ટિકિટો બતાવેલી અને તે ટિકિટો મેચ કરેલી અને ત્યારબાદ ટિકિટો ઉપર આ સાહેદે તથા શરીફે સહીઓ કરેલી. સાહેદ આંક–૬૮૦૦ વાળી ત્રણેય ટિકિટોમાં પોતાની તથા શરીફભાઈની તથા રૂબરૂ તરીકે મેડમની સહીઓ ઓળખી બતાવે છે. આ કાર્યવાહીનું પંચનામુ બનાવવામાં આવેલુ જે આંક–૬૮૫૭ વાળા પંચનામામાં સાહેદ પોતાની તથા શરીફભાઈની સહીઓ ઓળખી બતાવે છે. વધુમાં સાહેદને

પંચનામામાં લખેલ હકીકત જેવી કે "જુલાઇ માસમાં તા.૧.૭.૦૮, તા.૭.૭.૦૮ તથા તા.૧૮.૭.૦૮ના રોજ પુનાથી લકઝરી બસમાં મુસાફરી કરેલ તે ટીકીટો મેં જે જગ્યાએથી બુક કરાવેલ તે જગ્યા હું બતાવી શકું." તે સાચી હોવાનું જણાવેલ છે. સાહેદ દસેક વર્ષનો સમય થયેલ હોવાથી આરોપીને ઓળખી શકે નહીં તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો ઑફિસમાંથી ટિકિટોની કાર્બન કોપીઓ જે કાઢેલી તે જુદા–જુદા બંચમાં કાઢેલી હતી. દરેક બંચમાં ૧૦૦–૧૦૦ કોપીઓ હતી. કાર્બન કોપીઓ ઉપર ટ્રાવેલ્સના નામ તરીકે એકમાં નીતા અને બીજી બેમાં પટેલ લખેલ હતુ. કાર્બન કોપીઓ ઉપર ગ્લોબ ટ્રાવેલ્સનું નામ લખેલ ન હતુ. પંચનામામાં પટેલ લખેલી બે ટિકિટો અને નીતા લખેલી એક ટિકિટ હતી. પંચનામુ વાંચ્યુ પછી સહી કરેલી. આરોપીનું પંચોએ નામ સરનામુ પુછેલુ તે સિવાય બીજી કોઈ પુછપરછ કરેલી નહીં. ટ્રાવેલ્સની ઑફિસ કઈ જગ્યાએ આવેલી છે તે પંચોને પોલીસ સ્ટેશનથી નીકળતા પહેલા આરોપીએ જણાવેલુ નહીં. ઑફિસે ગયા પછી ત્યાં બેઠેલા વ્યકિતએ ત્રણ બંડલમાંથી આ કાર્બન ટિકિટો ફાડીને આપેલી. આ ત્રણેય બંડલો કઈ તારીખથી લઈને કઈ તારીખ સુધીના વપરાયેલા હતા તેવી કોઈ માહિતી લીધેલી નહીં. હું જે જગ્યાએથી ટ્રાવેલ્સમાં ગયેલો તે જગ્યા બતાવવા માંગુ છું તે સિવાય બીજી કોઈ વિશેષ માહિતી આરોપીએ આપેલી નહીં. તા.૧૮.૭.૨૦૦૮ ની કાર્બન ટિકિટોમાં ટેલીફોન નંબરો લખેલા નથી તે કબૂલ કરે છે. ટ્રાવેલ્સની ઑફિસે જતા પહેલા આરોપી કઈ તારીખે પુનાથી કયાં ગયેલો તેવી માહિતી મળેલી નહીં. મહમદ સરીફ આવતા પહેલા પોલીસ સ્ટેશનથી નીકળવાની કાર્યવાહી પુરી થઈ ગયેલ હતી તે હકીકત નકારે છે. પોલીસ સ્ટેશનમાં પ્રાથમિક પંચનામાની કાર્યવાહી પૂરી થઈ તેનો સમય પાંચ વાગ્યાનો લખેલો. દોઢેક કલાક કાર્યવાહી ચાલેલી અને તે પુરી થયા પછી ત્યાંથી નીકળી ગયેલાનું કબૂલ કરે છે. બુકોની ઉપર ગુજરાતની ટિકિટો માટેની બુકો છે તેવુ વાંચવામાં આવેલુ નહીં. ટ્રાવેલ્સમાં હાજર વ્યકિતની પંચો રૂબરૂ ટિકિટો બાબતે પુછપરછ કરેલી નહીં.પંચનામુ ગાજરાતી ભાષામાં લખાવેલુ.

પંચનામુ હિન્દી ભાષામાં લખાવ્યુ હોય અને પોલીસે ગુજરાતી ભાષામાં લખ્યુ હોય તેવુ બનેલુ નથી. ટેક્ષીનો ધંધો કરતા હોવાથી પોલીસ બોલાવે ત્યારે જવુ પડે તો તે હકીકત નકારી છે. પોલીસના કહેવાથી મારી રૂબરૂમાં કાર્યવાહી થયેલી છે તેવુ જણાવતા હોવાની હકીકત નકારી છે. આ પંચોની રૂબરૂમાં કોઈ માહિતી આપેલી નહીં તો તે હકીકત નકારી છે. આરોપી કોઈ જગ્યાએ લઈ ગયેલો નહીં તો તે હકીકત પણ નકારી છે. આંક–૬૮૦૦વાળી ટિકિટો પાછળથી ઉભી કરેલાની હકીકત નકારી છે. પોલીસ સ્ટેશનમાં ગયા ત્યારે આરોપી પહેલાથી હાજર હતો. આરોપીને કોણ લાવેલુ અને કેટલા દિવસથી પકડી લાવેલા તે બાબતે પુછપરછ કરેલી નહીં.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડાનાઓએ રામોલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૩૨૧/૨૦૦૮ નાં કામે તા.૨૧.૧૨.૨૦૦૮ ના રોજ આ સાહેદ તથા બીજા પંચ મહમદ શરીફખાન મયુદીનખાનને બંડગાર્ડન પોલીસ સ્ટેશને બોલાવેલા ત્યાં આરોપી નં.૪૫ ફજલે રહેમાન મુસદ્દીકખાન તથા પોલીસ સ્ટાફના માણસો પણ હાજર હતા અને આરોપી નં.૪૫નાઓએ જણાવેલુ કે પુનાથી લકઝરી બસમાં બેસીને મુસાફરી કરેલી તે પુના સાધુ વાસવાણી સર્કલ પાસે આવેલી નીતા ટ્રાવેલની ઑફિસવાળી જગ્યા બતાવેલી અને તે જગ્યાએથી ત્રણ ટિકિટોની કાર્બન કોપી આંક–૬૮૦૦વાળી કબજે કરેલી. આ અંગેનુ પંચનામુ આંક–૬૮૫૭ વાળુ કરેલુ હતુ. આ હકીકત સાહદે નં.૧૧૫૪ ઉષા રાડાનાઓ પોતાની જુબાનીના પેરા નં.૨.૬૩ ધ્યાને લેતા તા.૨૧/૧૨/૨૦૦૮ ના રોજ આરોપી ફઝલે રહેમાન ઉર્ફે સલાઉદ્દિન ઉર્ફે રફિક સ /ઓ મુસદ્દિક ખાન દુરાનીનાઓ પોતાના સ્વૈચ્છાએ કાંઇક બતાવવા માંગતા હોવાથી તે અંગેનું પંચનામું કરવા સારૂ બે પંચોને બંડગાર્ડન પોલીસ સ્ટેશન ખાતે બોલાવેલાં ત્યારબાદ પંચો રૂબરૂ આ આરોપીનું નામ, ઠામ પુંછવામાં આવેલું અને તેઓએ પોતાનું નામ જણાવેલું અને ત્યારબાદ પંચો રૂબરૂ આરોપીએ જણાવેલું કે "જુલાઇ માસમાં તા.૧/૭/૨૦૦૮, તા.૭/૭/૨૦૦૮ તથા તા.૧૮/૭/૨૦૦૮ ના

રોજ પુનાથી લકઝરી બસમાં મુસાફરી કરવા જે જગ્યાએથી ટિકિટો બુક કરાવેલી તે જગ્યા બતાવી શકું" આરોપી જગ્યા બતાવવા માંગતા હતા તે જગ્યાએ જવા રવાના થયેલાં અને તે અંગેનું પ્રાથમિક પંચનામું પંચોના લખાવ્યા મુજબનું પૂર્ણ કરેલું અને ત્યારબાદ આરોપી તથા જામાના અન્ય માણસો સાથે સરકારી વાહનમાં બેસેલા અને આરોપીએ બતાવેલ એક ઑફિસ કે જયાં નીતા વોલ્વો લખેલું હતું તે બતાવેલ ત્યાં જઈને તપાસ કરતાં એક રાહુલ પરીયાની નામના ઈસમ હાજર હતાં. તેઓની જરૂરી પુછપરછ કરેલી હતી અને આ પંચનામા દરમિયાન તે રાહુલ પરીયાનીએ રજૂ કરેલ ટિકિટ બુકની કાર્બન કોપી પંચનામાની વિગત અનુસારની કબ્જે લેવામાં આવેલી. આ રીતે પંચોના જોયા લખાવ્યા મુજબનું પંચનામું પૂર્ણ કરવામાં આવેલું અને ત્યારબાદ પંચોની સહીઓ મેળવેલી. આંક–૬૮૫૭ વાળા પંચનામામાં તથા આંક–૬૮૦૦ વાળી ત્રણ ટિકિટમાં સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે. આંક–૬૮૦૦થી રજૂ થયેલ ટિકિટો તા.૧/૭/૨૦૦૮, તા.૭/૭/૨૦૦૮ તથા તા.૧૮/૭/૨૦૦૮ ના રોજની હોવાનું માલુમ પડે છે તમામ ટિકિટો ઉપર બે પંચોની તથા તપાસ કરનાર અધિકારી સહી હોવાનું માલુમ પડે છે.

આંક–૬૮૫૭ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી રજૂઆત અને દલીલ એવી છે કે પંચનામામાં આરોપીએ જણાવેલુ કે, "તેને પોતાનુ નામ સરનામુ તથા જુલાઇ માસમાં તા.૧.૭.૦૮, તા.૭.૭.૦૮ તથા તા.૧૮.૭.૦૮ના રોજ પુનાથી લકઝરી બસમાં મુસાફરી કરેલ તે ટિકિટો મેં જે જગ્યાએથી બુક કરાવેલ તે જગ્યા હું બતાવી શકું" તથા "વાહન સાધુ વાસવાણી સર્કલ તરફ લેવાનું કહેલુ અને એક મોટો શોરૂમ આવતા વાહન ઉભુ રખાવેલુ તથા ઈશારો કરી એક ઑફિસ બતાવેલી" આ હકીકત આરોપી વિરૂધ્ધ પુરાવામાં ગ્રાહ્ય નથી. બચાવપક્ષની દલીલ સાથે હું સંમત છું પરંતુ આરોપીના કહેવા પ્રમાણે જવા નીકળેલા ત્યાં નીતા ટ્રાવેલ્સની ઑફિસ આવેલી તો તે ઑફિસ હોવાની હોવાની હકીકત પુરાવામાં ગ્રાહ્ય છે. આ ઉપરાંત આ જગ્યાઓ ઉપર ટ્રાવેલ્સની ઑફિસ આવેલી છે તથા ટ્રાવેલ્સમાં આરોપીએ મુસાફરી કરેલી તેની માહિતી આરોપીને જ

હતી માટે તે પંચો તથા તપાસ કરનાર અધિકારીને દોરી ગયેલો, આ દોરી જવાનું આરોપીનુ વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે શંકરભાઈ સુદામભાઈ બદાણેને સાહેદ નં.૪૫૯ તરીકે આંક–૨૮૧૫ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ બચપણથી સુરતમાં રહે છે અને તા.૩૦/૮/૨૦૦૮ ના રોજ પોલીસે તેમને હરિઓમ માર્કેટમાં આવેલ દુકાન નં.૫૬૭ જેનુ નામ જીન્દાલ સીલ્ક મીલ્સ છે તે સ્થળ પાસે બોલાવેલ. આ સાહેદ તે સમયે આ માર્કેટમાં સીક્યુરીટીમાં નોકરી કરતા હતા. તેમની જેમ બીજા એક ભાઈ જેમનું નામ રીતેશભાઈ સુરેશભાઈ ભાટીયાને પણ બોલાવેલા. આ દુકાનમાં બધા જતાં દુકાનમાં હાજર ભાઈ નામે રમેશભાઈ જીન્દાલનાએ તેમની રૂબરૂ એક બીલબુક રજુ કરેલ. સાહેદ સેશન્સ કેસ નં.૪૧૮/૨૦૦૯ ના મુદ્દામાલ લીસ્ટ નં.૨૩૫૦ ના અનુક્રમ નં.૭૩ વાળી બીલબુક જોઈને જણાવે આ બીલબુકના છેલ્લા પાને તેમની તથા તેમની સાથેના પંચ રીતેશભાઈ તથા બીલબુક રજૂ કરનાર રમેશભાઈની સહીઓ ઓળખી બતાવે છે જે આંક–૨૮૧૭ થી રજૂ રાખેલ છે. ઉપર મુજબની જે કાર્યવાહી કરવામાં આવેલ તેનુ પંચનામુ બનાવવામાં આવેલ જે આંક–૨૮૧૬ થી રજૂ છે આ પંચનામામાં સાહેદ પોતાની તથા રીતેશભાઈની અને રૂબરૂ તરીકે પોલીસની સહીઓ ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ ધોરણ–૧૦ સુધી ભણેલા છે, કાયદાની ભાષા અને કલમો જાણતા નથી. પંચનામામાં આવી કલમો લખવાનું પોલીસને જણાવેલુ નથી. પંચનામુ પોલીસવાળા લખતા હતા કોણ બોલતુ હતુ તેની ખબર નથી. આ સાહેદની હાજરીમાં બીલબુક કબજે કરેલ નથી તો તે હકીકત નકારી છે. પોલીસે આ સાહેદની રૂબરૂમાં કોઈ કાર્યવાહી કરેલી નથી તો તે હકીકત નકારે છે. બીલ બુક અંગે કંઈ જાણતા નથી તો તે હકીકત નકારી છે. ખોટી જુબાની આપતા હોવાની હકીકત પણ નકારી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આંક–૨૮૧૬ વાળુ પંચનામુ તથા આંક–૨૮૧૭ વાળી બીલ બુક પંચનામાની વિગતે કબજે

કરનાર સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમારનાઓએ કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી.નં.૧૭૬/૨૦૦૮ નાં કામે તા.૩૦.૮.૨૦૦૮ ના રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ રીતેશ સુરેશભાઈ ભાટીયાનાઓને રીંગ રોડ ટેક્ષટાઈલ માર્કેટ હરીઓમ માર્કેટના ગ્રાઉન્ડ ફલોર ઉપર આવેલ જીન્દાલ સીલ્ક મીલ્સ દુકાન નં.એલ–૫૬૭ સુરત ખાતે બોલાવેલા. ત્યાં પોલીસ સાથે રીમાન્ડ ઉપર આરોપી નં. ૬૩ તનવીર પઠાણનાઓએ આરોપી નં.૪૫ સાથે બોમ્બ બ્લાસ્ટ પહેલા જે દુકાનેથી કાપડ ખરીદેલુ તે દુકાનેથી બીલબુક કબજે લેવાની હતી. ત્યાં કાઉન્ટર ઉપર રમેશકુમાર માણેકલાલ જીંદાલ હાજર હતા અને તેમને ગુલાબી પુઠ્ઠાવાળી બાઈન્ડીંગ કરેલી કેશ મેમો જેના પુઠ્ઠા ઉપર અંગ્રેજીમાં ૨૪.૬.૨૦૦૮ થી તા.૧૯.૭.૨૦૦૮ તથા હિન્દીમાં જય હનુમાન તથા જીંદાલ સીલ્ક મીલ લખેલી હતી તે આંક–૨૮૧૬ના પંચનામાની વિગતે કબજે કરેલી હતી. આંક–૨૮૧૭ વાળી બીલ બુક ધ્યાને લેતા બીલ બુકમાં બે પંચોની તથા તપાસ કરનાર અધિકારી સહી હોવાનું માલુમ પડે છે.

આંક–૨૮૧૬ વાળુ પંચનામુ બનાવનાર પોલીસ અધિકારી સાહેદ નં. ૧૧૫૫ એન.બી.પરમારની જુબાનીનો પેરા નં.૭ ધ્યાને લેતા આરોપી તન્વીર પઠાણનાઓએ જે જિંદાલ સીલ્ક મીલ્સમાંથી કાપડની ખરીદી કરેલી હતી તે જિંદાલ સીલ્કના રમેશકુમાર માણેકલાલ જિંદાલનાઓ પોતાની દુકાનની ઓર્ડર વિથ કેશમેમો રજૂ કરતા હોવાથી તે કબ્જે લેવા સારૂનું પંચનામું કરવા માટે બે પંચોને જિંદાલ સીલ્ક મીલ્સની દુકાને બોલાવેલા અને તે પંચનામા દરમિયાન સાહેદ સદર બીલબુક (કેશમેમો) રજૂ કરતા તે પંચનામાની વિગતે કબ્જે લેવામાં આવેલ અને તે અંગેનું પંચનામું પંચનામામાં જણાવેલ સમયે કરવામાં આવેલું અને પંચોના લખાવ્યા મુજબ લખી લીધેલુ. આંક–૨૮૧૭ વાળી બીલબુકના પાના નં.૬૭ ઉપરની સાહેદ પોતાની તથા પંચોની સહીઓ ઓળખી બતાવે છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે યોગેશ કનૈયાલાલ પંડ્યાને સાહેદ નં.૯૧૨ તરીકે આંક–૬૫૧૫ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ ભરૂચ મુકામે જન્મથી રહે છે અને પુજા પાઠના માલ

સામાનનો વેપાર કરે છે. આ સાહેદને આશરે આઠ નવ વર્ષ પહેલાં પોલીસે હરીમંગલમ હોટલ, એ.બી.સી. ચોકડી પાસે જુના હાઈવે ભરૂચ ખાતે બોલાવેલા. તેમની સાથે બીજા એક પંચ હરેશકુમાર કૃષ્ણકાંત બારોટ હતા. ત્યાં પોલીસના આશરે પાંચ–છ માણસો હતા. ત્યાં એક આરોપી પણ હતો જેનું નામ ફઝલે રહેમાન ઉર્ફે દુરાની હતુ. ત્યાં હોટલની એક ચેમ્બરમાં બોલાવેલા ત્યાં પોલીસના સાહેબે મેનેજર પાસે એક રજીસ્ટર ચોપડો મંગાવેલો તે ચોપડો કસ્ટમર હોટલમાં ઉતરે તે બાબતનો હતો. તે વખતે ચોપડામાં નોંધ બતાવેલી. સાહેદ સેશન્સ કેસ નં.૩૩૪/૨૦૦૯ ના મુદ્દામાલ લીસ્ટ આંક–૩૨૦૩ ના આર્ટીકલ નં.૨૦ પૈકીની નોંધ નં.૮૯૪૬ જોઈને જણાવે છે કે તે નોંધ બાબતે ચાવડા સાહેબે આરોપીને પુછેલુ કે આ ચોપડામાં તમારી જે નોંધ કરેલી છે તે તથા તેમાં કરેલી સહી તમે આ પંચોને બતાવો જેથી તે નોંધ તથા સહી આરોપીએ બતાવેલી. નોંધ નં.૮૯૪૬ ઉપર જે રાઉન્ડ કરેલ છે તે બાબતે આરોપીએ કહેલુ કે, "આ હોટલમાં હું ઉતર્યો ત્યારે આ એન્ટ્રી મારા હસ્તાક્ષરમાં અંગ્રેજીમાં કરેલી હતી". ત્યારપછી તે એન્ટ્રી પાસે ક્રાઈમ બ્રાન્ચના અધિકારી સાહેબે આ સાહેદની તથા તેમની સાથેના બીજા પંચ હરેશભાઈની સહી કરાવેલી અને રૂબરૂ તરીકે ચાવડા સાહેબે સહીઓ કરેલી જે ઓળખી બતાવે છે જે આંક–૬૫૧૬ થી રજૂ રાખેલ છે.

સાહેદ વધુમાં જણાવે છે કે તે વખતે આજ સ્થળે બીજા એક હોટલ નર્મદાના મેનેજર પણ ત્યાં હાજર હતા અને તેમણે એક ચોપડો રજૂ કરેલો. આ સાહેદ સેશન્સ કેસ નં.૩૩૪/૨૦૦૯ ના મુદ્દામાલ લીસ્ટ આંક–૩૨૦૩ ના આર્ટીકલ નં. ૨૨ વાળા બે પાન સેલો ટેપથી જોડેલા તે જોઈને જણાવે છે કે તે દિવસે ૯૬૬ વાળી એન્ટ્રી તેઓને બતાવેલી અને આ એન્ટ્રી બાબતે આરોપીએ કહેલુ કે "હું આ નર્મદા હોટલમાં ઉતરેલો હતો અને તે વખતે જે નોંધ હોટલમાં કરેલી તે નોંધની સામે મે સહી કરેલી હતી". તે નોંધ ઉપર છેલ્લે કુંડાળાવાળા ભાગે આરોપીએ અંગ્રેજીમાં સહી કરેલી તે સહી છે. આ કાર્યવાહી પુરી થયા પછી પોલીસે આ ચોપડાના બંને પાન ઉપર આ સાહેદની તેમજ બીજા પંચ હરેશભાઈની

સહીઓ કરાવેલી તથા ચાવડા સાહેબે રૂબરૂ તરીકે સહી કરેલી જે ઓળખી બતાવે છે જે આંક–૬૫૧૭ થી રજૂ રાખેલ છે.

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ આજ સ્થળે ત્રીજા એક રેવા હોટલના એક ભાઈ રજીસ્ટર સાથે ત્યાં હાજર હતા. આ સાહેદ સેશન્સ કેસ નં. ૩૩૪/૨૦૦૯ ના મુદ્દામાલ લીસ્ટ આંક–૩૨૦૩ ના આર્ટીકલ નં.૨૧ બે પાન સેલોટેપથી જોડેલા તે જોઈને જણાવે છે કે આ રજીસ્ટરના આ પાન ઉપર એન્ટ્રી નં.૨૧૯ છે તે બાબતે કોણે શું કહેલુ તેનો બહુ ખ્યાલ નથી. તે દિવસે તેઓને જે એન્ટ્રી બતાવેલી તે જ એન્ટ્રી નં.૨૧૯ આ જ છે. આ બંને પાન ઉપર કાર્યવાહી પુરી થયા પછી આ સાહેદ તથા બીજા પંચ હરેશકુમારની સહી ચાવડા સાહેબે લીધેલી અને રૂબરૂ તરીકે ચાવડા સાહેબે પણ સહી કરેલી જે ઓળખી બતાવે છે જે આંક–૬૫૧૮ થી રજૂ રાખેલ છે.

સાહેદ વધુમાં જણાવે છે કે જે તમામ પાન આર્ટીકલ નં.૨૦, ૨૧ અને ૨૨ થી રજૂ કરેલ છે તે તમામ તે દિવસે તેઓને બતાવેલા અને એન્ટ્રી નં.૨૧૯ બાબતે આરોપી ફઝલૈ રહેમાને કહેલુ કે "આ સહી અંગ્રેજીમાં મે કરેલી" તેવુ જાણાવેલુ. આ સ્થળ ઉપર આશરે દોઢ–બે કલાક સુધી રોકાયેલાં. તે દરમ્યાન આ કાર્યવાહીનું ત્યાં પંચનામું લખવામાં આવેલુ જે આંક–૬૫૧૯ થી રજૂ છે આ પંચનામામાં સાહેદ પોતાની તથા હરેશકુમારની તથા રૂબરૂ તરીકે પોલીસના સાહેબની સહીઓ ઓળખી બતાવે છે. સાહેદને અમદાવાદ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીઓને વીડિયો કોન્ફરન્સ ટી.વી. સ્ક્રીન થકી ચાર–ચારની સંખ્યામાં અને ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીઓને વીડિયો કોન્ફરન્સ ટી.વી. સ્ક્રીન થકી ત્રણ–ત્રણની સંખ્યામાં બતાવવામાં આવતા સાહેદ આરોપીને ઓળખી શકતા નથી અને જણાવેલ છે કે બનાવને આઠ–નવ વર્ષનો સમય થયેલો હોવાથી ઓળખી શકે નહીં. અને ત્રણેય હોટલોના રજીસ્ટર લાવનાર અને બતાવનાર પૈકી હોટલ હરીમંગલના જે માણસ હતા તેમનું નામ બારૈયા ભાવીન કુમાર હતુ અને બાકીની બે નામની ખબર નથી તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ શ્રીજી મંદિરમાં રહે છે અને મંદિરની બાજુમાં પોતાની દુકાન છે. દુકાનનું કોઈ નામ નથી. પરંતુ આ સાહેદની દુકાનને રઘુ મહારાજની દુકાન તરીકે ઓળખે છે. આ દુકાનથી એ.બી.સી. ચોકડી ૮ થી ૧૦ કીમી દુર છે તે કબૂલ કરે છે. હોટલ હરીમંગલા હાઈવે ઉપર આવેલી છે તે કબૂલ કરે છે. દુકાનેથી એ.બી.સી. ચોકડી ઉપર જતી વખતે વચ્ચે ઘણી બધી દુકાનો તથા રહેણાંકના મકાનો આવેલા છે તે કબૂલ કરે છે. આ રસ્તા ઉપર ઘણા બધા લોકોની અવર–જવર ૨૪ કલાક રહેતી હોય છે તે કબૂલ કરે છે. ક્રાઈમ બ્રાન્ચના માણસો હાઈવે ઉપર મળેલા તે કબૂલ કરે છે. જેથી એવુ કહી શકાય કે આ સાહેદને ક્રાઈમ બ્રાન્ચના માણસોએ પંચ તરીકે રહેવા બોલાવેલા હતા. પોલીસે બોલાવ્યા ત્યારે કોઈ આનાકાની કરેલી નહીં તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે આનાકાની કરવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. જયારે પોલીસ કોઈ કાર્યવાહી કરવા માટે સ્વતંત્ર વ્યકિત જરૂરી હોય અને કોઈ વ્યકિતને બોલાવે ત્યારે કોઈ પણ નાગરિકે પોલીસને મદદ કરવાની હોય છે. પોલીસના માણસો હોવાનું લાગેલુ માટે તેમની સાથે ગયેલાની હકીકત નકારે છે. ક્રાઈમ બ્રાન્ચના માણસો ઉપર વિશ્વાસ રાખીને ગયેલાની હકીકત કબૂલ કરે છે. ક્રાઈમ બ્રાન્ચના માણસો હોટલ હરીમંગલમના એક રૂમમાં લઈ ગયેલા તે કબૂલ કરે છે. તે રૂમમાં પોલીસના સાહેબ, પોલીસના માણસો, બે પંચો તથા ફજલુ હાજર હતા તે કબૂલ કરે છે. આરોપીઓ તરફથી પુછવામાં આવેલો આ પ્રશ્ન ધ્યાને લેતા હોટલ હરીમંગલમ ઉપર તપાસ કરનાર અધિકારી આરોપી ફજલુને લઈને ગયેલા હતા અને ત્યાં પંચનામુ બનાવેલુ તે હકીકત સ્વીકારવામાં આવેલી છે તેવુ કહી શકાય. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા આ જ રૂમમાં તમામ કાગળો ઉપર સહીઓ કરેલાનું કબૂલ કરે છે. તમામ લખાણ પોલીસના જુદા–જુદા માણસો લખતા હતા તો તે હકીકત નકારી છે. પરંતુ સાહેદે જણાવેલુ છે કે લખાણ સાહેબના રાઈટર લખતા હતા. આરોપી ફજલુને અગાઉ કયારેય જોયેલો નહીં. સાહેબ તથા બીજા માણસો કેટલા સમય પહેલાથી ત્યાં હતા અને શું કામગીરી કરતા હતા તેનો ખ્યાલ નથી. તે બાબતની કોઈ માહિતી આપેલી નહીં તે કબૂલ

કરે છે. પંચોએ કુલ–૩ રજીસ્ટરો જોયેલા તે કબૂલ કરે છે. આ રજીસ્ટરોમાંથી પાના ફાડીને બહાર કાઢવામાં આવેલા તે કબૂલ કરે છે. આ હકીકત ધ્યાને લેતા ત્રણ રજીસ્ટરોમાંથી પંચનામાની વિગતે પાના ફાડવામાં આવેલાની હકીકત પણ સ્વીકૃત હકીકત છે. રજીસ્ટરના ૨–૨ પાના જે ફાડેલા તે ત્રણેય રજીસ્ટરોના પાનાને સેલોટેપથી જોઈન્ટ કરેલા તે કબૂલ કરે છે. તમામ પાનાઓ પ્લાસ્ટિકની સેલોટેપથી જોડેલા હોય તેવુ નથી તે કબૂલ કરે છે. સરતપાસ વખતે ત્રણેય રજીસ્ટરો બતાવેલા નથી તે કબૂલ કરે છે. આરોપી ફજલુનું શારીરિક વર્ણન આપી શકે નહીં. આરોપી કઈ ભાષા બોલતો હતો તેનો ખ્યાલ નથી. સરતપાસમાં જણાવ્યા પ્રમાણે પંચનામાની વિગતો મુજબ કોઈ કાર્યવાહી થયેલી નથી તે હકીકત નકારે છે. આરોપીએ કોઈ વાતચીત કરી ચોપડાની નોંધો વિશે કોઈ જાણકારી આપેલી નથી તો તે હકીકત પણ નકારે છે. પોલીસે પંચોની હાજરીમાં પાનાઓ કબજે કર્યા નથી તો તે હકીકત પણ નકારી છે. પોલીસે પંચનામુ વારંવાર વાચી સંભળાવેલુ હોવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારી કાઢેલી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ સરખેજ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં.૧૮૧/૨૦૦૮ ના કામે તા.૧૨.૧૨.૨૦૦૮ ના રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ હરેશકુમાર બારોટનાઓને ભરૂચ ખાતે એ.બી.સી. ચોકડી નજીક આવેલ હોટલ હરીમંગલામાં આવેલ ચેમ્બરમાં બોલાવેલા હતા. આરોપી નં.૪૫ અગાઉ ભરૂચ મુકામે આવી હરીમંગલા હોટલ, નર્મદા હોટલ, રેવન હોટલમાં રોકાયેલો અને હોટલોના રજીસ્ટરોમાં તેને એન્ટ્રીઓ કરેલી તેમાના હસ્તાક્ષરની ચકાસણી માટે હસ્તાક્ષર લેવાના હતા તેમજ રજીસ્ટરના જરૂરી ઉતારા કબજે કરવાના હતા. જેથી તપાસ કરનાર અધિકારીએ પંચમાં રહેવાનું જણાવેલુ હતુ. ત્યાં હોટલ હરીમંગલાના રીસેપ્સનીસ્ટ બારીયા ભાવીનભાઈ વિજયભાઈ હાજર હતા અને તેમને રજીસ્ટરના પાના નં.૮૪ ઉપર જોતા નીચેના ભાગે એન્ટ્રી નં. ૮૯૪૬ એસ.કે.રફીક લખેલુ હતુ તે રજૂ કરેલુ. તે વખતે આરોપી નં.૪૫ હાજર

હતો અને તેને જણાવેલુ કે કોલમ નં.૧ થી ૯ અને કોલમ નં.૧૩ ના હસ્તાક્ષરો પોતાના છે. આ ઉપરાંત ત્યાં બીજા એક ગુલામભાઈ પટેલ પણ હાજર હતા અને તેમને હોટલ રેવનના રજીસ્ટરમાની એન્ટ્રી નં.૨૧૯, પાના નં.૧૦૬ ઉપર રફીક એસ.કે. લખેલ તે રજૂ કરેલી અને નં.૪૫ હાજર હતો અને તેને જણાવેલુ કે હસ્તાક્ષરો પોતાના છે. ત્યારબાદ ત્યાં ત્રીજા વ્યકિત ઈરફાનભાઈ અબ્દુલા દાઉવા હાજર હતા અને તેમને હોટલ નર્મદા ગેસ્ટ હાઉસનું રજીસ્ટર રજૂ કરેલુ. તે રજીસ્ટરના પાના નં.૯૪૦ ઉપર એન્ટ્રી નં.૯૬૬ કે જયાં રફીક હબીબ શેખ લખેલુ હતુ તે રજૂ કરેલુ. આ બાબતે ઈરફાનભાઈને પુછતા ગુજરાતીની તમામ એન્ટ્રીઓ પોતે કરેલી છે. ત્યાં હાજર આરોપી નં.૪૫ નાઓએ જણાવેલુ કે આ રજીસ્ટરમાં અંગ્રેજીમાં સહી કરેલ છે તે પોતે કરેલ છે. આ ત્રણેય રજીસ્ટરના પાનાઓ ફાડીને પોલીસે તપાસ અર્થે કબજે કરેલા. આ ત્રણેય રજીસ્ટરના પાનાઓ અનુક્રમે આંક–૬૫૧૬, ૬૫૧૮, ૬૫૧૭ થી રજૂ કરેલા છે અને તેમા પંચનામાની વિગત મુજબ એન્ટ્રીઓની હકીકત લખેલી છે અને પંચોની તથા તપાસ કરનાર અધિકારીની સહીઓ છે.

આંક–૬૫૧૯ વાળા પંચનામાની વિગતે હોટલ હરી મંગલાના રજીસ્ટરનું પાનુ આંક–૬૫૧૬ વાળુ તથા હોટલ રેવનના રજીસ્ટરનું પાનુ આંક–૬૫૧૮ વાળુ તથા હોટલ નર્મદાના રજીસ્ટરનું પાનુ આંક–૬૫૧૭ વાળુ કબજે કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીના પેરા નં. ૧૮.૨ ધ્યાને લેતા તા.૧૨/૧૨/૨૦૦૮ ના રોજ ભરૂચ ખાતેની હરીમંગલા હોટલ, નર્મદા હોટલ તથા રેવન હોટલમાં આરોપી ફઝલે રહેમાન રોકાયેલ હોવાની હકીકતોના આધારે આ હોટલનું રજીસ્ટરની એન્ટ્રીઓ હસ્તાક્ષરની ચકાસણી માટે કબ્જે કરવાના હોવાથી તે અંગેનું પંચનામું કરવા હરીમંગલા હોટલ, ભરૂચ ખાતે બે પંચોને બોલાવેલાં અને પંચોને આ પંચનામા અંગેની જરૂરી સમજ કરેલી અને પંચોએ સ્વખુશી બતાવેલી. ત્યારબાદ હોટલ હરીમંગલાના રીસેપ્શનીસ્ટે એક રજીસ્ટર રજૂ કરેલું તેના પાના નં.૮૪ ની એન્ટ્રી નં.૮૯૪૬ તપાસના કામે જરૂરી હોવાથી તે ધરાવતું આ પાનું કબ્જે કરવામાં આવેલું તથા ત્યારબાદ હોટલ રેવનના

ગુલામભાઇ પટેલનાઓએ તેમની હોટલનું રજીસ્ટર બતાવતાં તે હોટલના રજીસ્ટરના પાના નં.૧૦૬ની એન્ટ્રી નં.૨૧૯ ધરાવતું પાનું કબ્જે કરવામાં આવેલું. વધુમાં આ પંચનામા દરમિયાન નર્મદા ગેસ્ટ હાઉસના ઇરફાનભાઇએ તેમની નર્મદા ગેસ્ટ હાઉસનું રજીસ્ટર બતાવતા તેના પાના નં.૧૪૦ ની એન્ટ્રી નં.૯૬૬ ધરાવતું પાનું આ પંચનામાની વિગતે કબ્જે કરવામાં આવેલ અને તે અંગેનું પંચનામું પંચોના જોયા લખાવ્યા મુજબનું પૂર્ણ કરવામાં આવેલું. આંક–૬૫૧૯ વાળા પંચનામામાં તથા આંક–૬૫૧૬ થી ૬૫૧૮ સુધીના રજીસ્ટરના કબજે કરવામાં આવેલા પાના ઉપર સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે રમેશભાઈ શંકરભાઈ આહીરને સાહેદ નં. ૯૧૩ તરીકે આંક–૬૫૨૪ થી તપાસવામાં આવેલા છે.તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૧૪/૧૨/૨૦૦૮ ના રોજ આશરે અઢીથી ત્રણ વાગ્યે આ સાહેદને પોલીસે ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશને બોલાવેલા તે વખતે તેમની સાથે તેમના મિત્ર કમલેશભાઈ પણ હતા. તે દિવસે આ સાહેદ તથા તેમના મિત્ર ભદ્રકાલી મંદિર પાસેથી પસાર થતા હતા તે વખતે મંદીરની પાછળના ભાગે બસ સ્ટોપ તરફ જતા હતા ત્યારે ખાનગી ડ્રેસમાં બે પોલીસના માણસો મળેલા અને આ પોલીસના માણસોએ કહેલુ કે એક સરકારી કામ છે તો તમે આવશો જેથી હા પાડેલી. ત્યારબાદ તે પોલીસના માણસો ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનમાં પહેલાં માળે લઈ ગયેલા. ત્યાં ત્રણ–ચાર પોલીસના માણસો તથા પોલીસના સાહેબ હાજર હતા તે ઉપરાંત એક આરોપી પણ ત્યાં હાજર હતો. સાહેબે કહેલુ કે આ આરોપી સરખેજ બોમ્બ બ્લાસ્ટનો આરોપી છે. સાહેબે ત્યાં કહેલુ કે આ આરોપી ભરૂચ ખાતે જુદી–જુદી ત્રણ હોટલમાં રોકાયેલો તે હોટલના રજીસ્ટરના પાના અહીં લાવીયા છીએ તે ઓળખવાના છે. તેઓએ આરોપીને પુછેલુ કે આ સહીઓ તમારી છે તો આરોપીએ જણાવેલુ કે "હા આ સહીઓ મારી છે" તે આરોપીનું નામ પુછેલુ તો તેણે તેનુ નામ ફઝલુ રહેમાન, રહે. મહારાષ્ટ્ર રાજયનો હોવાનું જણાવેલુ. ત્યાં પોલીસે હરીમંગલા હોટલના રજીસ્ટરનું પાનું બતાવેલુ જે

આંક–૬૫૧૬ વાળા રજીસ્ટરના પાના નં.૮૪ ઉપર એન્ટ્રી નં.૮૯૪૬ વાળી જોઈને આરોપીએ કહેલુ કે "આ રજીસ્ટરમાં કોલમ નં.૧૩ મા મારી સહી છે". ત્યારબાદ સાહેબે તે આરોપીને કોરા છ કાગળો આપેલા અને તમામ કાગળોમાં આરોપી પાસે સહીઓ કરાવેલી. સાહેદ નિ.૩૪૮૫/૩૨૦ વાળા દસ્તાવેજ જે માર્ક–એસ/૧ થી એસ/૬ વાળા છ કાગળ જોઈને જણાવે છે કે આ લખાણ આરોપીએ લખેલુ હતું. આ દરેક પાના ઉપર આ સાહેદ પોતાની તથા કમલેશભાઈની તથા રૂબરૂ તરીકે પોલીસના સાહેબની સહીઓ ઓળખી બતાવે છે.

વધુમાં સાહેદ જણાવે છે કે ત્યારબાદ પોલીસે બીજી રેવન હોટલના રજીસ્ટરના પાના બતાવેલા. તે પાના આરોપીને બતાવી આરોપીને પુછેલુ કે આ રજીસ્ટરમાં સહીઓ તમારી છે તો આરોપીએ જણાવેલુ કે, "હા, આ સહીઓ મારી છે" જે આંક–૬૫૧૮ વાળા હોટલ રેવનના રજીસ્ટરના પાન જોઈને જણાવે છે કે આ તે જ પાના છે આ પાનાની એન્ટ્રી નં.૨૧૯ જોઈને આરોપીએ કહેલુ કે "વીઝીટર સીગ્નેચરના કોલમમાં આ મારી સહી છે". સાહેદ નિ.૩૪૮૫/૩૨૦ વાળા દસ્તાવેજ જે માર્ક–એસ/૭ થી એસ/૧૨ વાળા છ કાગળો જોઈને જણાવે છે કે આ લખાણ તેમની રૂબરૂ આરોપીએ લખેલુ હતુ. આ દરેક પાના ઉપર આ સાહેદ પોતાની તથા કમલેશભાઈની તથા રૂબરૂ તરીકે પોલીસના સાહેબની સહીઓ ઓળખી બતાવે છે. સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ પોલીસના સાહેબે હોટલ નર્મદાના રજીસ્ટરના બીજા બે પાના બતાવેલા જે આંક–૬૫૧૭ વાળા જોઈને જણાવે છે કે આ તે જ બે પાના છે જેની એન્ટ્રી નં.૯૬૬ બતાવેલી તે જોઈને આરોપીએ કહેલુ કે "સીગ્નેચર ઓફ વીઝીટરના કોલમમા સહી છે તે મારી સહી છે". સાહેદ નિ. ૩૪૮૫/૩૨૦ વાળા દસ્તાવેજ જે માર્ક–એસ/૧૩ થી એસ/૧૮ વાળા છ કાગળો જોઈને જણાવે છે કે આ લખાણ તેમની રૂબરૂ આરોપીએ લખેલુ હતુ. આ દરેક પાના ઉપર આ સાહેદ પોતાની તથા કમલેશભાઈની તથા રૂબરૂ તરીકે પોલીસના સાહેબની સહીઓ ઓળખી બતાવે છે.

સાહેદ વધુમાં જણાવે છે કે, ત્યારબાદ પોલીસના સાહેબે આરોપીને એક લીટીવાળો કાગળ આપેલો અને ઑફિસની અંદર પસ્તી પડેલી હતી તેમાંથી એક કાગળ લઈ આરોપીને આપેલો અને કહેલુ કે આ કાગળમાં લખેલા અક્ષરો વાળો એક ફકરો આ લીટીવાળા કાગળમાં લખો તે કાગળ અંગ્રેજીમાં હતો અને આરોપીએ તેમની સામે તે પસ્તીવાળા કાગળમાંથી એક ફકરો લીટીવાળા કાગળમાં લખેલો. સાહેદ નિ.૩૪૮૫/૩૨૦ વાળા દસ્તાવેજ જે માર્ક–એન/૧ થી રજૂ છે તે લખાણ તેમની રૂબરૂ આરોપીએ લખેલુ હતુ અને તેમાં આ સાહેદ પોતાની અને કમલેશભાઈની અને રૂબરૂ તરીકે પોલીસના સાહેબની સહીઓ ઓળખી બતાવે છે. તેમજ નિ.૩૪૮૫/૩૨૦ વાળા દસ્તાવેજ જે માર્ક–એસ/૧ થી એસ/૧૮ તથા એન/૧ વાળા તમામ દસ્તાવેજો સંયુકત આંક–૬૫૨૫ થી રજૂ રાખેલ છે. તેમજ હોટલ હરીમંગલા તથા હોટલ રેવનના રજીસ્ટરના પાન અનુક્રમે આંક–૬૫૧૬ તથા ૬૫૧૮ મા લાલ સર્કલની અંદર કરેલ હસ્તાક્ષર બાબતે આરોપીએ કહેલુ કે "આ મારા હસ્તાક્ષર છે અને આ લખાણ મે લખેલુ હતુ". નિ.૯૭/૬૫૬ વાળુ પંચનામુ જે આંક–૬૫૨૬ થી રજૂ છે તેમાં સાહેદ પોતાની તથા કમલેશભાઈની અને રૂબરૂ તરીકે પોલીસના સાહેબની સહીઓ ઓળખી બતાવે છે. આ સાહેદને અમદાવાદ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીઓને વીડિયો કોન્ફરન્સ ટી.વી. સ્ક્રીન થકી ચાર–ચારની સંખ્યામાં અને ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીઓને વીડિયો કોન્ફરન્સ ટી.વી. સ્ક્રીન થકી ત્રણ–ત્રણની સંખ્યામાં બતાવવામાં આવતા સાહેદ આરોપીને ઓળખી શકતા નથી અને જણાવેલ છે કે ઘણો સમય થયેલો હોવાથી આરોપીને ઓળખી શકતા નથી.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો બે પોલીસના માણસો લાલ દરવાજા બસ સ્ટેન્ડ પાસે મળેલા તે કબૂલ કરે છે. તે વખતે બસમાં બેસી ઘરે જવાની તૈયારી કરતા હતા તે કબૂલ કરે છે. લાલ દરવાજા તે અમદાવાદમાં મોટામાં મોટુ પબ્લીક સ્ટેશન છે તે કબૂલ કરે છે. ત્યાં ઘણા માણસોની અવર જવર રહેતી હોય છે તે કબૂલ કરે છે. લાલ દરવાજા બસ સ્ટેન્ડ થી ગાયકવાડ

હવેલી પોલીસ સ્ટેશન બે થી અઢી કી.મી. દુર છે તે કબૂલ કરે છે. પોલીસ સ્ટેશને રીક્ષામાં બેસાડી લઈ ગયેલાનુ જણાવે છે. કયા રસ્તેથી લઈ જવામાં આવેલા તે જગ્યાના ચોકકસ નામો યાદો નથી. પોલીસ સ્ટેશનમાં પહેલા માળે રૂમમાં ગયેલા. ત્યાં ૩–૪ માણસો સાહેબ તથા આરોપી હાજર હતા. હાજર આરોપીને પોલીસે કેટલા દિવસથી રીમાન્ડ ઉપર રાખેલો છે તેની કોઈ માહિતી આપેલી નહીં કે તે અંગે પંચોએ પુછપરછ કરેલી નહીં. પંચનામામાં જણાવ્યા મુજબની કાર્યવાહી કરવા માટે આરોપી સ્વૈચ્છા બતાવે છે કે ધાક ધમકીથી માહિતી આપવા તૈયાર થયેલ છે તેવી માહિતી આપવામાં આવેલ નહીં. આરોપીએ કઈ ભાષામાં વાતચીત કરેલી તેની નોંધ પંચનામામાં કરેલી નથી તે કબૂલ કરે છે. આરોપી ગુજરાતી ભાષા સિવાય બીજી ભાષામાં બોલતો હોય અને ગુજરાતી ભાષામાં રૂપાંતર કરી પંચનામુ લખવામાં આવ્યુ હોય તેવી નોંધ કરેલી નથી તે કબૂલ કરે છે. પંચનામાની કાર્યવાહી દરમ્યાન રૂમમાં હાજર વ્યકિત પૈકી કોઈ વ્યકિત બહાર ગયેલ નથી કે બહારથી કોઈ વ્યકિત રૂમમાં આવેલી નહીં તે કબૂલ કરે છે. આંક–૬૫૧૬ થી ૬૫૧૮ વાળા રજીસ્ટરના પાના ટેબલ ઉપર પડેલ હતા તે કબૂલ કરે છે. આ પાના પોલીસ કયાંથી લાવેલી, કેવી રીતે લાવેલી તેની કોઈ માહિતી આપેલી નહીં. પાનાવાળા અસલ રજીસ્ટર બતાવેલા નહીં. રજીસ્ટરના પાના સેલોટેપ મારીને પંચોની હાજરીમાં એક કરવામાં આવેલા. પોલીસે એક લીટીવાળો કાગળ આપી પસ્તીમાંથી કાગળ કાઢી આરોપીને લખવા આપેલો અને આરોપીએ તેમા લખેલુ તેવુ પંચનામામાં લખેલ નથી તે કબૂલ કરે છે. સરતપાસમાં જણાવ્યા મુજબની કોઈ કાર્યવાહી થયેલી નથી કે તેમા ભાગ લીધેલો નથી તો તે હકીકત નકારી છે. પોલીસે વારંવાર પંચનામુ વાંચી સંભળાવી સમજાવેલુ જેથી ખોટી જુબાની આપેલી છે તો તે હકીકત નકારે છે. પંચનામુ થયુ તે દરમ્યાન આરોપી સાથે વાતચીત થયેલી. આંક–૬૫૨૫ વાળા તમામ કાગળો ઉપર એક સાથે આરોપીની સહીઓ તથા લખાણ કરાવેલુ. આંક–૬૫૧૬ થી ૬૫૧૮ વાળા રજીસ્ટરના પાના સીલ તોડીને કોઈ ડબ્બામાથી કાઢયા હોય તેવુ બનેલ નથી.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ સરખેજ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં.૧૮૧/૨૦૦૮ ના કામે તા.૧૪.૧૨.૨૦૦૮ ના રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ કમલેશ બ્રહ્મભટ્ટનાઓને ગાયકવાડ હવેલી ક્રાઈમ બ્રાન્ચ કચેરીએ બોલાવેલા અને સમજ કરેલી કે સીરીયલ બોમ્બ બ્લાસ્ટ જે અમદાવાદમાં થયેલા તે ગુનાઓમાં તથા સુરત શહેરમાં મળી આવેલા બોમ્બ અંગેના ગુનાઓમાં સંડોવાયેલ વ્યકિત રફીક શેખ ખોટા નામે ભરૂચ ખાતે જુદી-જુદી હોટલોમાં રોકાયેલો અને હોટલ રજીસ્ટરોમાં એન્ટ્રીઓ કરેલી. તે રજીસ્ટરના પાના કબજે કરવામાં આવેલા છે માટે આરોપીના હસ્તાક્ષરના તથા સહીના નમુનાઓ પંચો રૂબરૂ કબજે કરવાના છે જેથી આ સાહેદને પંચમાં રાખેલા. ત્યારબાદ ત્યાં આરોપી નં. ૪૫ ફજલે રહેમાન હાજર હતો જેને સૌપ્રથમ હોટલ હરી મંગલાના રજીસ્ટરના પાના બતાવી પેજ નં.૮૪ ઉપર છેલ્લે નીચે સીરીયલ નં.૯૮૪૬ વાળી એન્ટ્રી પોતે કરેલી હોવાનું જણાવેલુ જેથી તેને કોરા છ કાગળ આપેલા અને દરેક કાગળ ઉપર છ મળીને કુલ-૩૬ સહીઓના નમૂના પંચો રૂબરૂ કરી આપેલા. ત્યારબાદ ત્યાં આરોપી નં.૪૫ ફજલે રહેમાનને હોટલ રેવન રજીસ્ટરના પાના બતાવી પેજ નં. ૧૦૬ ઉપર છેલ્લે નીચે સીરીયલ નં.૨૧૯ વાળી એન્ટ્રી પોતે કરેલી હોવાનું જણાવેલુ જેથી તેને કોરા છ કાગળ આપેલા અને દરેક કાગળ ઉપર છ મળીને કુલ-૩૬ સહીઓના નમૂના પંચો રૂબરૂ કરી આપેલા. ત્યારબાદ ત્યાં આરોપી નં. ૪૫ ફજલે રહેમાનને હોટલ નમર્દા ગેસ્ટ હાઉસ રજીસ્ટરના પાના બતાવી પેજ નં. ૧૪૦ ઉપર છેલ્લે નીચે સીરીયલ નં.૯૬૬ વાળી એન્ટ્રી પોતે કરેલી હોવાનું જણાવેલુ જેથી તેને કોરા છ કાગળ આપેલા અને દરેક કાગળ ઉપર છ મળીને કુલ-૩૬ સહીઓના નમૂના પંચો રૂબરૂ કરી આપેલા. આ અંગેનુ પંચનામુ આંક-૬૫૨૬ વાળુ બનાવવામાં આવેલુ. આ તમામ નમૂનાઓ આંક-૬૫૨૫ થી રજૂ કરેલા છે. જે લીલા કલરના પાનાઓ છે. આરોપીના પોતાના હસ્તાક્ષરો છે અને કબજે કર્યા બાબતે પંચો તથા તપાસ કરનાર અધિકારીની સહીઓ છે. આરોપીને લીટીવાળો કાગળ આપી તેમાં અંગ્રેજીમાં લખાણ લખાવેલુ છે. તે લખાણ તથા

સફેદ કલરના કાગળોમાં પણ કાગળો આપીને તેમાં પણ આરોપીની સહીઓ કરાવેલી છે. આ તમામ નમૂનાઓના લખાણ તેમજ હસ્તાક્ષરના નમૂના આંક–૨૫૬૫ વાળા છે.

આંક–૬૫૧૬ થી ૬૫૧૮ વાળા રજીસ્ટરના પાના તથા આંક–૬૫૨૫ થી મેળવવામાં આવેલ આરોપી નં.૪૫ ફજલે રહેમાનના હસ્તાક્ષરના નમૂના તથા અંગ્રેજીમાં લખેલ કુદરતી લખાણ તપાસ કરનાર અધિકારીએ ચકાસણી અર્થે એફ.એસ.એલ.ગાંધીનગરને આંક–૬૮૯૨ ના રીપોર્ટ સાથે મોકલી આપેલા હતા. આંક–૬૮૯૨ ના રીપોર્ટ મુજબઃ–

(૧) હોટલ હરીમંગલાની એન્ટ્રી મુજબના હસ્તાક્ષર/સહીઓના નમૂના માર્ક–S1 થી S6

(૨) હોટલ રેવનની એન્ટ્રી મુજબના હસ્તાક્ષર/સહીઓના નમૂના માર્ક–S7 થી S12

(૩) હોટલ નર્મદાની એન્ટ્રી મુજબના હસ્તાક્ષર/સહીઓના નમૂના માર્ક–S13 થી S18

(૪) એક લીટીવાળા કાગળમાં અંગ્રેજી ભાષામાં એક પેરેગ્રાફ લખી આપેલ તે માર્ક–N1

(૫) હોટલ હરીમંગલાના રજીસ્ટરનું પાનું માર્ક–D1

(૬) હોટલ રેવનના રજીસ્ટરનું પાનું માર્ક–D2

(૭) હોટલ નર્મદાના રજીસ્ટરનું પાનું માર્ક–D3

ઉપરોકત હસ્તાક્ષરના નમૂના તથા ચકાસણી કરનાર એફ.એસ.એલ. અધિકારી સાહેદ નં.૯૯૦ કૌશિક પુજાલાલ વ્યાસનાઓએ ચકાસણી કરીને આંક–૬૮૯૩ વાળો અભિપ્રાય આપેલો અને અભિપ્રાય ઉપર આવવાના કારણો આંક–૬૮૯૪ વાળા આપેલા છે. અભિપ્રાય તથા કારણો મુજબ Resultant upon a careful and thorough examination of all the documents, relating to this case, with necessary scientific aids, such as magnifying lenses, VSC–5000, etc.

the opinion is The person who wrote the standard writings and signatures marked S1 to S18 and N1 also wrote the red encircled disputed writings and signatures marked D1/1 to D1/3, D2/1, D2/2 and D3. આ મુજબનો અભિપ્રાય આપવામાં આવેલો તે અભિપ્રાય અને કારણોમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે તથા આ અભિપ્રાય આંક–૬૮૯૫ વાળા ફોરવર્ડીંગ પત્ર સાથે તપાસ કરનાર અધિકારી મયુર ચાવડાને મોકલી આપેલ હતો. આ અભિપ્રાય મુજબ એન્ટ્રીઓમાં જે સહીઓ કરેલી હતી તે સહીઓ આરોપી નં.૪૫ ફજલે રહેમાનનાઓ કરેલી છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે ભાવીનકુમાર વિજયકુમાર બારીયાને સાહેદ નં.૯૪૪ તરીકે આંક–૬૬૩૬ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ સને–૨૦૦૮ ની સાલમાં આ સાહેદ હોટલ હરિમંગલા, જી.એન.એફ.સી. ચોકડી પાસે આવેલી ત્યાં રીસેપ્શનીસ્ટ તરીકે ફેબ્રુઆરી ૨૦૦૮ થી નોકરી કરતા હતા. તા.૧૨/૧૨/૨૦૦૮ ના રોજ પોલીસ તેમની પાસે આવેલી. પોલીસ બે–ત્રણ માણસો આવેલા અને પુછપરછ કરેલી અને અમુક તારીખ આપેલી અને કહેલુ કે રજીસ્ટર ચેક કરવાનું છે. આ સાહેદે હોટલનું એન્ટ્રી રજીસ્ટર બતાવેલુ. આ સાહેદને સાહેબે તા.૪/૭/૨૦૦૮ ની તારીખ આપેલી હતી અને તે તારીખ વાળા દીવસની એન્ટ્રી એસ.કે.રફીકના નામની હતી. આ રજીસ્ટર ચાલુ હતુ માટે તેમાંથી પાનુ કાપીને સાહેબને આપેલુ. તે પાનાને સાહેબે સેલોટેપથી જોઈન્ટ કરેલુ. આ વખતે સાહેબે પછી બીજા બે પંચોને બોલાવેલા. ત્યારબાદ પોલીસ તે પાનું સાથે લઈ ગયેલી. આ સાહેદ આંક–૬૫૧૬ વાળુ રજીસ્ટરનું પાનુ જોઈને જણાવે છે કે જે હોટલ હરિમંગલાના ૮૯૪૬ નંબરની એન્ટ્રી એસ.કે. રફીકના નામની છે. જેમાંના એન્ટ્રીના કોલમ નં. ૧,૪, ૭,૮ અને ૯ માં એસ.કે. રફીકના અક્ષરો છે અને જે સહી છે તે જે ગેસ્ટ રોકાયેલા હતા તેમણે કરેલી હતી. કોલમ નં.૨ તથા અન્ય બીજા કોલમોમાં આ સાહેદની સાથેના જયાબેનના હસ્તાક્ષરો છે. આ આખી એન્ટ્રી તેમની રૂબરૂમાં થયેલી તે ઓળખી બતાવે છે. આ ગેસ્ટ રૂમ નં.૧૦૪ માં રોકાયેલા અને તેઓ તા.૪/૭/

૨૦૦૮ ના રોજ સવારે ૧૧.૧૫ કલાકે રોકાયેલા અને બીજા દીવસે તા.૫/૭/ ૨૦૦૮ ના રોજ સાંજના ૭.૧૨ કલાકે રૂમ ખાલી કરેલાનું જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આંક–૬૫૧૬નું રજીસ્ટરનું પાનામાં આ સાહેદના હસ્તાક્ષર નથી તે કબૂલ કરે છે. હોટલનું આખુ રજીસ્ટર આજે કયાં છે તેની ખબર નથી. કઈ તારીખનો ઉતારો જોઈએ છે તે પોલીસે કહેલુ નહીં તે કબૂલ કરે છે. પોલીસે તે દિવસે રફીક નામના માણસને લાવેલી હતી અને બતાવેલો હતો તેમ જણાવે છે. તે માણસને પોલીસ કયાંથી લાવેલી અને કયારે લાવેલી તે જણાવેલ નથી. આ રફીકે આ સાહેદની હાજરીમાં તેના ઓળખના પુરાવા આપ્યા હોય અને જોયા હોય તેવુ બન્યુ નથી. પરંતુ આ રફીક પોલીસ કસ્ટડીમાં હતો માટે તેની પાસે તેની ઓળખના પુરાવા ન હોય માટે આ સાહેદની હાજરીમાં ઓળખના પુરાવા પોલીસને આપવાનો કોઈ પ્રશ્ન નથી. પોલીસ હોટલ ઉપર આવી ત્યારે આ સાહેદ હોટલ ઉપર હાજર હતા. આ સાહેદની હાજરીમાં રફીકે પોલીસ સાથે વાતચીત કરી હોય તેવુ બન્યુ નથી. તા.૪.૭. ૨૦૦૮ ની તારીખમાં એન્ટ્રી એસ.કે.રફીકના નામની હતી તે રજીસ્ટર ચાલુ હતુ અને તેમાંથી પાન ફાડી આપેલાનું જણાવે છે. તા.૧૨.૧.૨૦૦૮ ના રોજનું રજીસ્ટરનું પાનુ પોલીસ લઈ ગયેલી નથી તો તે હકીકત નકારે છે. આંક–૬૫૧૬ ના પાનાની એન્ટ્રી નં.૮૯૪૬ અંગેની વિગતો પોલીસના કહેવાથી ખોટી બોલતા હોવાની હકીકત નકારી છે. પોલીસ રફીક નામના વ્યકિતને લઈને આવેલી ન હતી તો તે હકીકત પણ નકારે છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો રજીસ્ટરમાં કેટલા પાના છે તેના પેજ નંબર લખવામાં આવે છે તે કબૂલ કરે છે. રૂમમાં કેટલી વ્યકિત રોકાય છે તેના બધાના નામ નિયમ મુજબ લખવા પડે તો તે હકીકત નકારી છે. જે વ્યકિતને લઈને પોલીસ આવેલી તેના હસ્તાક્ષરના નમૂના આ સાહેદની રૂબરૂમાં લેવામાં આવેલા નહીં.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ ભરૂચ ખાતે જી.એન.એફ.સી. ચોકડી પાસે આવેલી હરીમંગલા હોટલમાં રીસેપ્સનીસ્ટ તરીકે નોકરી ૨૦૦૮ની સાલમાં કરતા હતા. આ કામના આરોપી

નં. ૪૫ ફજલે રહેમાન તા.૪.૭.૨૦૦૮ ના રોજ આ હોટલમાં એસ.કે.રફીકના નામથી રોકાયેલો અને તે રોકાણ અંગે હોટલના રજીસ્ટરમાં એન્ટ્રી નં.૮૯૪૬ કરેલી હતી અને આ હોટલના રજીસ્ટરનું સદર એન્ટ્રીવાળુ પાનુ આ સાહેદે પોલીસ સમક્ષ રજૂ કરેલુ હતુ.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે હમીદભાઈ ઉમરભાઈ મેમણને સાહેદ નં.૯૪૭ તરીકે આંક–૬૬૪૦ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ સને–૨૦૦૮ના વર્ષમાં તેઓ પેટ્રોલ પંપનો ધંધો કરતા હતા. આ સાહેદનો પેટ્રોલ પંપ શેરપુરા ગામ નજીક, દહેજ બાયપાસ રોડ, ભરૂચ ખાતે આવેલો છે. તેમના પેટ્રોલપંપ ઉપર કુલ–૧૪ માણસો કામ કરે છે જે વાહનો પેટ્રોલ પંપ ઉપર પેટ્રોલ ભરાવવા આવે તે પેટ્રોલ ભર્યા અંગેનું બીલ બનાવવામાં આવે છે. જે ગ્રાહકો પેટ્રોલ ભરાવવા આવે તે ઉતાવળમાં હોય તો તેઓ પોતાનો વાહન નંબર પુરેપુરા લખાવતા નથી. સાહેદ વધુમાં જણાવે છે કે પોલીસ તા. ૧૨/૧૨/૨૦૦૮ ના રોજ તેમના પેટ્રોલપંપ ઉપર આવેલી. તેમના પેટ્રોલપંપ ઉપર પોલીસ આવી ત્યારે તેમની સાથે એક આરોપી હાથકડી પહેરાવેલો હતો. તેનું નામ ફજલુ રહેમાન કરીને હતુ. સાહેબો સાદા ડ્રેસમાં હતાં અને તેમણે જણાવેલુ કે આ ફજલુ રહેમાન છે અને તે હાથકડી પહેરેલ માણસે જણાવેલુ કે મે અહીંયથી પેટ્રોલ ભરાવેલ હતુ. તેણે વેગન આર ગાડીમાં પેટ્રોલ ભરાવ્યાનું કહેલુ અને ગાડીનો નં.૯૭૧૮ કે ૯૭૧૯ હતો. તેણે રૂા.૩૦૦/– નું પેટ્રોલ ભરાવ્યાનું કહેલું. આરોપીએ જણાવેલુ કે મે તા.૧૫/૭/૨૦૦૮ થી તા.૧૭/૭/૨૦૦૮ દરમ્યાન રૂા.૩૦૦/–નું પેટ્રોલ ભરાવેલ હતુ. તેમની ચકાસણી માટે આ સાહેદે બીલબુક કઢાવેલી અને ચેક કરેલુ. બીલમાંથી અસલ પ્રત ગ્રાહકને આપેલી હતી અને તેની ઝેરોક્ષ કોપી આ સાહેદે જોયેલી. જેમાં તા.૧૭/૭/૨૦૦૮ માં બીલ નં. ૧૬૨ થી ગાડી નં.૯૭૧૯ ની વિગત માલુમ પડેલી. સાહેદને નિ.૬૬૪૧/૧ પેટ્રોલ પંપના બીલબુકની ઝેરોક્ષ ઓળખી બતાવે છે જે માર્ક–એ થી રજૂ રાખેલ છે. ઘણો સમય થયેલો હોવાથી આરોપીને ઓળખી શકે નહીં તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદે ફજલે રહેમાનનું નામ પુછેલુ નહીં તો તે કબૂલ કરે છે. આ વ્યકિતની પોલીસે આ સાહેદ રૂબરૂ ઓળખ પરેડ કરાવેલી નથી તો તે કબૂલ કરે છે. આ સાહેદને ત્યાં બીલ બુક ડબલ કોપીમાં રાખવામાં આવે છે તો તે કબૂલ કરે છે. પોલીસને આ સાહેદે બીલ બુકના પાનાની ઝેરોક્ષ કોપી આપેલી અને પોલીસે તેની કોઈ પહોચ આપી નથી તે કબૂલ કરે છે. આ સાહેદની હાજરીમાં પંચનામુ બનાવવામાં આવેલુ નથી તો તો હકીકત નકારે છે. જે તે તારીખે ફજલે રહેમાન પેટ્રોલ ભરાવવા આવેલો તે અંગેની જાત માહિતીની નથી તે કબૂલ કરે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ ભરૂચ ખાતે શેરપુરા નજીક દહેજ બાયપાસ રોડ ઉપર આવેલા પેટ્રોલ પંપના માલીક છે. તા.૧૭.૭.૨૦૦૮ ના રોજ આરોપી નં.૪૫ ફજલે રહેમાને વેગનાર ગાડીમાં રૂા.૩૦૦/– નુ પેટ્રોલ ભરાવેલુ અને તે અંગેનુ બીલ નં.૧૬૨ બનાવેલુ અને તેની ઝેરોક્ષ નકલ પોલીસને આપેલી. ફરિયાદ પક્ષ તરફથી આ નકલ માર્ક–એ થી રજૂ કરવામાં આવેલી છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે ઈરફાન ગુલામમોયુદ્દીન શેખને સાહેદ નં. ૯૪૮ તરીકે આંક–૬૬૪૨ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ સને–૨૦૦૮ ના વર્ષમાં આ સાહેદ ગેરેજમાં વાહન રીપેરીંગનું કામકાજ શેરપુરા, ભરૂચ મુકામે કરતા હતા. તા.૧૨/૧૨/૨૦૦૮ ના પોલીસ આ સાહેદ પાસે આવેલી અને એક આરોપી પણ હતો સાહેબે જણાવેલુ અને તેનુ નામ ફજલુ રહેમાન હતું. સાહેબે તે માણસને બતાવીને પુંછેલુ કે આ ભાઈને તમે ઓળખો છે ? તે ભાઈને જોઈને આ સાહેદને લાગેલુ કે આ ભાઈની ગાડી બંધ પડી ગયેલ હતી જેથી આ સાહેદને ગેરેજ ઉપર બોલાવવા આવેલા હતા. તે મહિનો જુલાઈ મહિનો હતો. વરસાદ પડતો હતો ત્યારે આ ભાઈ બોલાવવા આવેલા. જેથી આ સાહેદ તે ભાઈને તેમના સ્કૂટર ઉપર બેસાડીને શેરપુરા ગામે, વજન કાંટા પાસે સામે બંગલો આવેલો હતો તેની પાછળ મારૂતિ વેગનઆર ગાડી હતી. આ ભાઈએ આવીને આ સાહેદને કહેલુ હતું કે મારી કાર બંધ પડી ગઈ છે માટે તમે

આવીને જોઈ લ્યો. સાહેદ વધુમાં જણાવે છે કે ત્યાં જઈને જોયુ તો તે વેગન આર ગાડી હતી અને તેને ચેક કરેલી. તે ગાડીમાં ગેસ કીટનો પ્રોબ્લેમ હતો અને ગેસ કીટ સ્પાર્ક થતી ન હતી જેથી રીપેર કરેલી અને ગાડી ચાલુ કરી આપેલી અને રૂા.૧૮૦/–ચાર્જ લીધેલો. ઘણો સમય થયેલ હોવાથી સાહેદ આરોપીને ઓળખી શકતા નથી.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ ભાડેથી ગેરેજ ચલાવે છે તે બાબતેનો કોઈ લેખિત પુરાવો પોલીસને આપેલ નથી. જગ્યાના માલીકનું નામ રફીકભાઈ છે તેઓનું આખુ નામ અને સરનામુ પોલીસને જણાવેલુ નહીં તે કબૂલ કરે છે. આરોપીનું નામ ફજલે રહેમાન હતુ તે પોલીસે જણાવેલુ તે કબૂલ કરે છે. ગાડી બંધ પડી ત્યારે આરોપી આવેલો અને આ સાહેદે જોયેલો તે પહેલા જોયેલો નહીં તેમ જણાવે છે. તે જ રીતે સાહેબ આરોપીને લઈને આ સાહેદની પાસે આવ્યા ત્યારે આરોપીને જોયેલો અને ત્યારપછી જોયેલો નથી તેમ જણાવે છે. આ સાહેદની રૂબરૂમાં આરોપીની ઓળખ પરેડ કરાવેલી નથી તે કબૂલ કરે છે. ગાડી બંધ પડી ગયેલી તેવુ તે માણસે આ સાહેદને જણાવેલુ તે હકીકત પોલીસને જણાવી નથી તો તે નકારે છે. ગાડી સ્પાર્ક થતી નથી તેવુ પોલીસને જણાવેલુ નથી તો તે હકીકત પણ નકારે છે. આ સાહેદ ગેરેજ ચલાવતા નથી કે વાહનનું રીપેરીંગ કરતા નથી તો તે હકીકત નકારે છે. ઈન્ડિયન પેટ્રોલ પંપ પાસે સાહેદનું ગેરેજ આવેલુ નથી અને પોલીસના સમર્થનમાં ખોટી જુબાની આપે છે તો તે હકીકત પણ નકારે છે.

આમ આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદનું ગેરેજ દહેજ બાયપાસ રોડ ઉપર આવેલા ઈન્ડિયન પેટ્રોલપંપ ઉપર જુલાઇ ૨૦૦૮ની સાલમાં હતુ. આરોપી નં.૪૫ ફજલે રહેમાન જુલાઈ–૨૦૦૮ મા વેગનઆર ગાડી બંધ થઈ જતા આ સાહેદ પોતાના સ્કૂટર ઉપર પોતાના ગેરેજથી શેરપુરા ગામે વજન કાંટા સામે આવેલ બંગલા ઉપર ગયેલા જયાં મારૂતી વેગનાર ગાડી હતી અને તે ગાડીમાં ગેસકીટનો પ્રોબ્લેમ થયેલો અને તે આ સાહેદે રીપેર કરેલો રીપેરીંગ ચાર્જ રૂા.૧૮૦/– લીધેલાનું જણાવે છે. આ ઉપરાંત આ સાહેદની

ઊલટતપાસ ધ્યાને લેતા આરોપી નં.૪૫ આ સાહેદ પાસે આવેલો ત્યારે જોયેલો છે અને પોલીસ લઈને આવેલી હતી ત્યારે પણ જોયેલો છે. આ સાહેદ રૂબરૂ પોલીસે આરોપીની ઓળખ પરેડ કરાવેલી નથી તેનો અર્થ એવો નથી કે આ બંને પ્રસંગોએ આરોપીને જોયેલો નથી. આરોપીને લઈને પોલીસ આવેલી હતી તે હકીકત પણ સ્વીકૃત હકીકત છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે વલીભાઈ નુરભાઈ મન્સુરીને સાહેદ નં.૯૪૯ તરીકે આંક–૬૬૪૩ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ ખેતીવાડી કરે છે તથા સાથે મકાનો ભાડે અપાવવાની દલાલીનું કામ કરે છે. આ સાહેદ વડદલા ગામમાં રહે છે અને નંદેવાડ ગામની આજુબાજુના મકાનો ભાડે અપાવવાનું કામકાજ કરે છે. તા.૧૨/૧૨/૨૦૦૮ના રોજ પોલીસ તેમની પાસે આવેલી હતી. પોલીસ સાથે એક આરોપી પણ હતો. સાહેબે આવીને કહેલુ કે આ આરોપીને તમો ઓળખો છો ? તો સાહેબને કહેલું કે "મકાન માટે તેમની ઉપર ફોન આવેલો હતો માટે ઓળખુ છું". ફોન આવ્યા પછી તે ભાઈને લઈને વડદલા મુકામે મકાન બતાવવા માટે લઈ ગયેલો. પરંતુ તેમને મકાન પસંદ આવેલુ નહી. આ ભાઈનો ફોન તેમની ઉપર નર્મદા હોટલ ઉપર આવેલો જેથી નર્મદા હોટલ ઉપરથી લઈ ગયેલો. તે ભાઈએ તેમનું નામ રફીક કહેલું. અને આ ભાઈનો ફોન આ સાહેદના મોબાઈલ નંબર ઉપર આવેલો હતો તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદનો મોબાઈલ ફોન પોલીસે જપ્ત કરેલો નથી તે કબૂલ કરે છે. કોઈ ભાઈ આ સાહેદને મળ્યો નથી કે મકાન ભાડે લેવાની વાત થયેલી નથી તે હકીકત નકારી છે. મકાનો ભાડે આપવાનું કામ કરે છે તેવી હકીકત પોલીસને જણાવેલી નહીં તો તે નકારે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ વડદલા ગામમાં રહે છે અને તેઓના ગામમાં તેમના મકાનની આજુબાજુ જે મકાનો આવેલા છે તે મકાનો પૈકી કોઈકને મકાન ભાડે આપવુ હોય તો ભાડે અપાવવાનું કામ કરે છે. જુલાઈ–૨૦૦૮ મા રફીકભાઈ નામના માણસને મકાન

ભાડે અપાવવા માટે આ સાહેદ તે રફીકને લઈને વડદલા ગામે ગયેલા પરંતુ તેને મકાન પસંદ આવેલુ નહીં જેથી આ સાહેદ તે રફીકભાઈને હોટલ નર્મદા ઉપર મુકી આવેલા હતા.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે અબ્દુલ રીઝવાન અબ્દુલ રાઉફ પેન્ટરને સાહેદ નં.૯૬૨ તરીકે આંક–૬૭૪૭ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ સને–૨૦૦૮ના વર્ષમાં મેટ્રો શુઝ કંપનીમાં નોકરી કરતા હતા અને કંપની ભાગા તળાવ, સુરત મુકામે આવેલી હતી. તેઓ ત્યાં સેલ્સમેન તરીકે નોકરી કરતા હતા. તેમની કંપનીમાં દિલાવર હસન જટનવાલા મેનેજર હતા અને તેઓ બીલ અને કેશ અંગેનું કામકાજ કરતા હતા. પોલીસ તેમની કંપની ઉપર આવેલી તે દિવસે આ સાહેદ રજા ઉપર હતા અને બીજા દિવસે મેનેજરે કહેલું કે ક્રાઇમ બ્રાંચમાં જા એટલે આ સાહેદ બીજા દિવસે ક્રાઇમ બ્રાંચની ઑફિસે ગયેલા. આ સાહેદ ત્યાં ગયા ત્યારે એક સાહેબ હાજર હતા અને સાહેબે પૂછયું કે આ કસ્ટમરને તમે એટેન્ડ કરેલા તો હા જણાવેલ અને ત્યારપછી સાહેબે વેચાણ અંગેની વિગતો પૂછેલી અને બીલમાં આ સાહેદનુ નામ હતુ. આ સાહેદનું નામ બીલમાં એટલા માટે આવેલુ કે તેમણે કસ્ટમરને એટેન્ડ કરેલા. સાહેદ નિ.૬૭૪૬ સાથેનો દસ્તાવેજ જે મેટ્રો કંપનીનાં બીલની ઝેરોક્ષ નકલ છે તે જોઇને જણાવે છે કે તે બીલ તા.૧૩/૭/૨૦૦૮ ના રોજનું છે. આ બીલની વિગત મુજબ તેમાં જે પેન્ટર રીઝવાન લખેલું છે તે આ સાહેદનુ નામ છે જે નામ ગ્રાહકને એટેન્ડ કરેલો તે બાબતે લખેલુ. આ સાહેદે જે કસ્ટમરને એટેન્ડ કરેલા તેમનું નામ તલાભાઇ હતુ તથા ફઝલે રહેમાન હતુ જે હાઇટ બોડીમાં હતા તેમને એટેન્ડ કરેલા. ક્રાઇમ બ્રાન્ચની ઑફિસમાં પઠાણ સાહેબે તેમને આરોપી બતાવેલો જે તેમના શો રૂમમાં આવેલો તે હતો. ઘણો સમય થઈ ગયેલ હોવાથી આરોપીને ઓળખી શકે નહીં તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો મેટ્રો સુઝમાં આ સાહેદ સેલ્સમેન હતા, પગાર આપવામાં આવતો ન હતો પરંતુ દર માસે કમીશન આપવામાં આવતુ હતુ. જુલાઇ–૨૦૦૮ના મહિનામાં જે કમિશન મળેલુ તેનુ રેકર્ડ

પોલીસને આપેલુ નહીં. પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદને જે કંઈ કમીશન મળતુ હતુ તેને અને આ કેસની હકીકતને કોઈ લેવા દેવા નથી કે સુસંગતતા નથી. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા આ સાહેદ પેન્ટર અટક લખાવતા હતા તેનો કોઈ દસ્તાવેજી પુરાવો પોલીસે માંગેલો નહીં તેમ જણાવે છે. ગ્રાહકને જયારે એટેન્ડ કરે ત્યારે તેની સાથે સંબંધ વધારવાનો પ્રયત્ન કરવામાં આવે છે તો તે કબૂલ કરે છે. આવેલી બંને વ્યકિતઓના નામ પોલીસને જણાવેલા નહીં અને તેઓના નામ પોલીસે જણાવ્યા હોય તેવુ બન્યુ નથી. આ ઈશમોના નામમાં ફજલે રહેમાન ઉર્ફે રફીક પોલીસના કહેવાથી જાણવા મળેલા તેવુ જવાબમાં લખાવેલુ નથી તેમ જણાવે છે. આ ગ્રાહક આવ્યો તે દિવસે બીજા કેટલા ગ્રાહકો એટેન્ડ કરેલા તે કહી શકે નહીં. આ સાહેદના શોરૂમમાંથી આવી કોઈ વ્યકિતને બુટનુ વેચાણ કર્યું નથી અને આવો કોઈ માણસ ત્યાં આવ્યો નથી પરંતુ પોલીસના કહેવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારી છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે રાહુલ કુમાર પરીયાનીને સાહેદ નં.૯૭૧ તરીકે આંક–૬૭૯૯ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ છેલ્લા ૧૦ વર્ષ ઉપરથી "નીતા વોલ્વો" નામની ટ્રાવેલ્સ કંપનીમાં નોકરી કરે છે. સને–૨૦૦૮ની સાલમાં આ સાહેદની પોતાની બુકીંગ ઑફિસ પુનામાં હતી અને ૧૫–૨૦ ટ્રાવેલ્સ કંપનીનું બુકીંગનુ કામ કરતા હતા તેઓ નીતા ટ્રાવેલ્સ, પટેલ ટ્રાવેલ્સ વિગેરે કંપનીની ટિકિટ બુકીંગનું કામ કરતા હતા. તેઓ ટિકિટ બે કોપીમાં આપતા હતા તેમાં અસલ ટિકિટ પેસેન્જરને આપતા હતા અને તેની કાર્બન કોપી તેમના રેકર્ડ માટે રહેતી હતી. ટિકિટમાં પેસેન્જર જે નામ બતાવે તે નામ તથા તેનો મોબાઈલ નંબર લખવામાં આવતો હતો અને ટિકિટના કામ બાબતે કંપની કમિશન આપતી હતી.

સાહેદ વધુમાં જણાવે છે કે તા. ૨૧/૧૨/૨૦૦૮ ના રોજ પોલીસ તેમની ઑફિસ ઉપર આવેલી. પોલીસમાં એક લેડી ઓફિસર, બે–ત્રણ બીજા ઓફિસરો, બે સિવીલ ડ્રેસમાં માણસો હતા અને એક આરોપી હતો. આરોપીનું નામ ફજલે રહેમાન ઉર્ફે રફીક હતુ. પોલીસના મેડમે આ સાહેદને ત્રણ તારીખ

આપેલી તે પૈકી તા.૧/૭/૨૦૦૮, તા.૭/૭/૨૦૦૮ અને તા.૧૮/૭/૨૦૦૮ આપેલી અને કહેલુ કે આ ત્રણ તારીખોનો રેકર્ડ જોઈએ છે અને કહેલુ કે રફીક નામના પેસેન્જરે મુસાફરી કરી છે તો તેનો રેકર્ડ જોઈએ છે. જેથી આ સાહેદે મેડમને કહેલુ કે ચેક કરવુ પડશે થોડો સમય આપો. ૨૦–૨૫ મિનિટના સમયમાં ત્રણેય દિવસોની ટિકિટની કાર્બન કોપી શોધેલી જે મળેલી. ત્યારબાદ મેડમે કહેલુ કે આ ટિકિટોની કોપી જપ્ત કરવી પડશે. ત્યારબાદ સિવીલ ડ્રેસમાં જે માણસો હતાં તેમની સાથે કો–ઓર્ડીનેટ કરી પંચનામું મેડમે કરેલુ અને પોલીસને ત્રણેય ટિકિટોની કાર્બન કોપી તેમજ ઝેરોક્ષ કોપી આપેલી. ત્યારબાદ મેડમે તે પેસેન્જર ઓળખવાનું કહેતાં તેને ઓળખેલો કારણ કે પંદર દીવસમાં ત્રણ વખત ટિકિટ બુક કરાવેલી હતી. તેણે આ ટિકિટ રફીકના નામથી બુક કરાવેલી હતી. તે વ્યકિતનું નામ ફજલે રહેમાન હતુ તેવુ પોલીસના મેડમે કહેલુ. સાહેદ સેશન્સ કેસ નં. ૩૯૩/૨૦૦૯ ના મુદ્દામાલ લીસ્ટથી રજૂ થયેલ મુદ્દામાલ અનુક્રમ નં.૧ થી ૩ ની વિગતવાળી ટિકિટોમાં પોતાના હસ્તાક્ષર ઓળખી બતાવે છે જે આંક–૬૮૦૦ થી રજૂ રાખેલ છે. નવ વર્ષનો સમય થયેલો હોવાથી આરોપીને ઓળખી શકે નહીં તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદની ઑફિસમાં ૨૦ થી ૨૫ ટ્રાવેલ્સ કંપનીનું બુકીંગ થતુ હતુ તે કબૂલ કરે છે. આ સાહેદની પોતાની ટ્રાવેલ્સ કંપની નથી તે પણ કબૂલ કરે છે. સવારથી સાંજ સુધી ઘણા લોકો બુકીંગ કરાવવા આવતા હોય છે તે કબૂલ કરે છે. આ બુકીંગ વ્યકિત પોતે આવીને કરાવી જતા હોય છે અથવા ટેલીફોન ઉપર કરે છે તે કબૂલ કરે છે. મે ૨૦૦૯ માં કઈ તારીખે ઑફિસ બંધ કરી તેની ખબર નથી. જુબાની આપી ત્યારે આ સાહેદ કોલાપુર ડીવીઝનમાં નીતા ટ્રાવેલ્સની ઑફિસમાં મેનેજર તરીકે ફરજ બજાવતા હતા. આંક–૬૮૦૦ થી રજૂ કરેલ ટીકિટોની કાર્બન કોપીમાં આ સાહેદની સહી નથી તેમ જણાવે છે. પહોંચ બુકમાં ૧૦૦ પહોંચો રહેતી હતી. અસલ ૧૦૦ પહોંચ પેસેન્જરોને આપવામાં આવતી હતી તે કબૂલ કરે છે. કાર્બન કોપીવાળી પહોંચબુક આ સાહેદની પાસે રહેતી હતી. આંક–૬૮૦૦ ની પહોંચ

બુક જુલાઇ–૨૦૦૮ ની હતી તે કબૂલ કરે છે. પોલીસે નિવેદન લીધુ ત્યારે ડિસેમ્બર–૨૦૦૮ નો મહિનો ચાલતો હતો. પોલીસે નિવેદન લીધુ ત્યારે વપરાય ગયેલી બુકો પણ ત્યાં પડેલી હતી. જેથી ત્યાં પડેલી પહોંચ બુકોમાંથી કોપીઓ ફાડીને આપેલાનું કબૂલ કરે છે. ટિકિટો કબજે કર્યા બાબતે મેડમે પહોંચ આપીને સહી લીધેલી નહીં તેમ જણાવે છે. જે માણસ આવે તે પોતાના માટે જ બુકીંગ કરે છે તેવુ હોતુ નથી. બુકીંગ કરાવવા આવનાર વ્યકિત જે નામ બતાવે તેનુ વેરીફીકેશન કરવામાં આવતુ ન હતુ તે કબૂલ કરે છે. મોબાઈલ નંબરનું પણ વેરીફીકેશન કરવામાં આવતુ ન હતુ તે કબૂલ કરે છે. પોલીસે આ સાહેદના હસ્તાક્ષરના નમુના લીધા નથી. પોલીસના કહેવાથી અલગ–અલગ નંબરવાળી બુકો માંથી કાર્બન કોપીઓ ફાડીને આપેલાની હકીકત નકારે છે. અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચ પોલીસ આવી છે તેમ કહીને પુનાની ક્રાઇમ બ્રાન્ચની ઓફિસે બોલાવેલાની હકીકત નકારે છે. તા.૨૧.૧૨.૨૦૦૮ ના દિવસે આ સાહેદની ઑફિસમાં પોલીસ કોઈ ફજલે રહેમાન નામના આરોપીને લઈને આવેલી નહીં તે હકીકત નકારે છે. આ સાહેદે પોતાની ઑફિસમાં આ વ્યકિતની કોઈ ટિકિટોનું બુકીંગ કરેલુ નથી તો તે હકીકત નકારે છે. પોલીસના દબાણથી પુના મુકામે ક્રાઇમ બ્રાન્ચની ઑફિસે જઈ નિવેદન લખાવેલાની હકીકત નકારે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ પુના ખાતે આવેલ નીતા વોલ્વો નામની ટ્રાવેલ્સ કંપનીમાં જુલાઇ–૨૦૦૮મા નોકરી કરતા હતા. તા.૧.૭.૨૦૦૮, તા.૭.૭.૨૦૦૮, તા.૧૮.૭.૨૦૦૮ ના રોજ આરોપી નં. ૪૫ નાઓએ આ ટ્રાવેલ્સ મારફતે મુસાફરી કરેલી હતી અને મુસાફરી કરવા માટે આ સાહેદની ઑફિસમાંથી આરોપીને પહોંચ બુકોમાંથી પહોંચો આપેલી. તેને જે પહોંચો આપેલી તેની કાર્બન કોપીઓ આ સાહેદ પોલીસમાં નિવેદન આપીને રજૂ કરેલી હતી.

આ આરોપી નં.૪૪ ફઝલે રહેમાન ઉર્ફે રફીક ઉર્ફે સરાઉદ્દીન મુસદ્દીક ખાન દુરાનીએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો.

કોડની કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે તે પ્રશ્નના જવાબમાં તેને ફરિયાદપક્ષના પુરાવા સંબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના બચાવ માટે જે હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦ મા જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

આ ઉપરાંત આરોપી નં.૪૫ નાઓએ આંક–૯૨૧૨ ના એનેક્ષર–૧ થી રામોલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં.૩૨૧/૨૦૦૮ ના કામે આ આરોપી તથા બીજા સહઆરોપીઓ મહંમદઆરીફ , મહંમદઅકબર, અનીક સૈયદ, અફઝલ ઉસ્માની, મહમદ ઝાકીર, મહમદઆરીફ ઉર્ફે આરીફ બદર, આસીફ શેખ, મોબીન શેખ, મહમદ મનસુર, જીશાન અહેમદ, અબ્દુલ રહેમાન, નીશાર અહેમદ આજમી, શકીલ મળીને કુલ–૧૪ આરોપીઓના રીમાન્ડ માંગતી અરજી મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ ને તપાસ કરનાર અધિકારીએ કરેલી અને તે લગત કરેલો હુકમ રજૂ કરેલ છે. હુકમમાં મેજિસ્ટ્રેટની સહી તથા સિકકો છે અને તમામ આરોપીઓની સહીઓ લેવામાં આવેલી છે. આ રીમાન્ડ અરજી વખતે આરોપીઓના ધારાશાસ્ત્રીશ્રીઓએ રજૂઆતો કરેલી તે પણ હુકમમાં લખેલી છે.

આ ઉપરાંત આરોપી નં.૪૫ નાઓએ આંક–૯૨૧૨ ના એનેક્ષર–૨ થી સરખેજ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં.૧૮૧/૨૦૦૮ નાં કામે આ આરોપી તથા બીજા સહઆરોપીઓ મહંમદઆરીફ, મહંમદઅકબર, અનીક સૈયદ, અફઝલ ઉસ્માની, મહમદ ઝાકીર, મહમદઆરીફ ઉર્ફે આરીફ બદર, આસીફ શેખ, મોબીન શેખ, મહમદ મનસુર, જીશાન અહેમદ, અબ્દુલ રહેમાન, નીશાર અહેમદ આજમી, શકીલનાઓને મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ દ્વારા જાવક નં. ૧૦૦/ ૨૦૦૮ તા.૧૮.૧૨.૨૦૦૮ ના રોજ સુપરિન્ટેન્ડેન્ટશ્રી સાબરમતી સેન્ટ્રલ જેલને આ આરોપીઓનો કબજો રામોલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં.૩૨૧/ ૨૦૦૮ નાં કામે તપાસ અંગે સોંપવા યાદી કરેલી તે યાદીની પ્રમાણીત નકલ છે.

આ ઉપરાંત આરોપી નં.૪૫ નાઓએ આંક–૯૨૧૨ ના એનેક્ષર–૩ થી રામોલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં.૩૨૧/૨૦૦૮ નાં કામે આ આરોપી

તથા બીજા સહઆરોપીઓ મહંમદઆરીફ , મહંમદઅકબર, અનીક સૈયદ, અફઝલ ઉસ્માની, મહમદ ઝાકીર, મહમદઆરીફ ઉર્ફે આરીફ બદર, આસીફ શેખ, મોબીન શેખ, મહમદ મનસુર, જીશાન અહેમદ, અબ્દુલ રહેમાન, નીશાર અહેમદ આજમી, શકીલનાઓનો કબજો મેળવવા મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧ ને તા.૧૮.૧૨.૨૦૦૮ ના રોજ તપાસ કરનાર અધિકારીએ પત્ર લખેલો તે પત્ર તથા મેજીસ્ટ્રેટ દ્વારા કબજો સોંપવાનો જે હુકમ થયેલો તેની પ્રમાણીત નકલ છે.

આ ઉપરાંત આરોપી નં.૪૫ નાઓએ આંક–૯૨૧૨ ના એનેક્ષર–૪ થી રામોલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં.૩૨૧/૨૦૦૮ ના કામે આ આરોપી તથા બીજા સહઆરોપીઓ મહંમદઆરીફ , મહંમદઅકબર, અનીક સૈયદ, અફઝલ ઉસ્માની, મહમદ ઝાકીર, મહમદઆરીફ ઉર્ફે આરીફ બદર, આસીફ શેખ, મોબીન શેખ, મહમદ મનસુર, જીશાન અહેમદ, અબ્દુલ રહેમાન, નીશાર અહેમદ આજમી, શકીલનાઓનો કબજો મેળવવા મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧ ને તા.૧૯.૧૨.૨૦૦૮ ના રોજ આરોપીઓને રજૂ કર્યા તે અંગેનો રીપોર્ટ છે અને તેની ઉપર મેજિસ્ટ્રેટનો હુકમ છે તેની પ્રમાણીત નકલ છે.

આ ઉપરાંત આરોપી નં.૪૫ નાઓએ આંક–૯૨૧૨ ના એનેક્ષર–૫ થી મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં.૨૦૫/૨૦૦૮ નાં કામે આ આરોપી તથા બીજા સહઆરોપીઓ ઐયાઝ સૈયદ, જાહીદ શેખ, સમસુદીન શેખ, મહમદ ઉસ્માન મનસુરી, અબુબસર મુકતી, કમુરીદન નાગોરી, હાફીજ હુસેન, સીબલી અબ્દુલ કરીમ, મહમદઅલી, જીશાન અહેમદ, જીયાઉપર રહેમાન, શાકીબ નીશાર, મહમદ શકીલ, આમીર પરવેજ, મહમદ જાકીર શેખ, મહમદ આરીફ શેખ, આસીફ બસીર શેખ, મહમદ નમસુર, મોબીન શેખ, રફીયુદીન કાપડીયા, અનીક સૈયદ, મહમદ અકબર ચૌધરીનાઓને કસ્ટડીમાં રાખી લેવા બાબતનો પ્રોડકશન રીપોર્ટ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧ ને તા.૨૩.૧૨. ૨૦૦૮ ના રોજ કરેલો અને તે લગત મેજિસ્ટ્રેટનો હુકમ છે તેની પ્રમાણીત નકલ છે.

આ ઉપરાંત આરોપી નં.૪૫ નાઓએ આંક–૯૨૧૨ ના એનેક્ષર–૬ થી ઈસનપુર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં.૧૯૦/૨૦૦૮ ના કામે આ આરોપી તથા બીજા સહઆરોપીઓ જીસાન અહેમદ, જીયાઉર રહેમાન, સાકીબ નીશાર, મહમદ શકીલ, મહમદ આરીફ, મહમદ અકબર ચૌધરી, અનીક સૈયદ, અફજલ ઉસ્માની, મહમદ જાકીર, મહમદ આરીફ બદર, મહમદ આસીફ હસન, મુબીન શેખ, મહમદ મનસુર, મહમદ ઈસ્માઈલ મન્સુરી, રફીયુદીન કાપડીયાનાઓને કસ્ટડીમાં રાખી લેવા બાબતનો પ્રોડકશન રીપોર્ટ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ ને તા.૨૩.૧૨.૨૦૦૮ ના રોજ કરેલો અને તે લગત મેજિસ્ટ્રેટનો હુકમ છે તેની પ્રમાણીત નકલ છે.

આ ઉપરાંત આરોપી નં.૪૫ નાઓએ આંક–૯૨૧૨ ના એનેક્ષર–૭ થી મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં.૨૦૬/૨૦૦૮ ના કામે આ આરોપી તથા બીજા સહઆરોપીઓ મહમદ જાકીર, મહમદ આરીફ બરૂદીન શેખ, આસીફ હુસેન, મહમદ મનસુર, મુબીન શેખ, અનીક સૈયદ, રફીયુદીન કાપડીયા, મહમદ અકબર ચૌધરીનાઓને કસ્ટડીમાં રાખી લેવા બાબતનો પ્રોડકશન રીપોર્ટ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧ ને તા.૨૩.૧૨.૨૦૦૮ ના રોજ કરેલો અને તે લગત મેજિસ્ટ્રેટનો હુકમ છે તેની પ્રમાણીત નકલ છે.

આ ઉપરાંત આરોપી નં.૪૫ નાઓએ આંક–૯૨૧૨ ના એનેક્ષર–૮ થી રામોલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૩૨૨/૨૦૦૮ ના કામે આ આરોપી તથા બીજા સહઆરોપીઓ જીસાન અહેમદ, જીયાઉર રહેમાન, સાકીબ નીશાર, મહમદ શકીલ, મહમદ આરીફ, મહમદ અકબર ચૌધરી, અનીક સૈયદ, અફઝલ ઉસ્માની, મહમદ જાકીર, મહમદ આરીફ બદર, મહમદ આસીફ હસન, મુબીન શેખ, મહમદ મનસુરનાઓને કસ્ટડીમાં રાખી લેવા બાબતનો પ્રોડકશન રીપોર્ટ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ ને તા.૨૩.૧૨.૨૦૦૮ ના રોજ કરેલો અને તે લગત મેજિસ્ટ્રેટનો હુકમ છે તેની પ્રમાણીત નકલ છે.

આ ઉપરાંત આરોપી નં.૪૫ નાઓએ આંક–૯૨૧૨ ના એનેક્ષર–૯ થી રામોલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં.૩૨૨/૨૦૦૮ ના કામે આ આરોપી

તથા બીજા સહઆરોપીઓ જીસાન અહેમદ, જીયાઉર રહેમાન, સાકીબ નીશાર, મહમદ શકીલ, મહમદ આરીફ, મહમદ અકબર ચૌધરી, અનીક સૈયદ, અફઝલ ઉસ્માની, મહમદ જાકીર, મહમદ આરીફ બદર, મહમદ આસીફ હસન, મુબીન શેખ, મહમદ મનસુરનાઓને કસ્ટડીમાં રાખી લેવા બાબતનો પ્રોડકશન રીપોર્ટ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ ને તા.૨૩.૧૨.૨૦૦૮ ના રોજ કરેલો અને તે લગત મેજિસ્ટ્રેટનો હુકમ છે તેની પ્રમાણીત નકલ છે.

આ ઉપરાંત આરોપી નં.૪૫ નાઓએ આંક–૯૨૧૨ ના એનેક્ષર–૧૦ થી રામોલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં.૩૨૨/૨૦૦૮ ના કામે આ આરોપી તથા બીજા સહઆરોપીઓ જીસાન અહેમદ, જીયાઉર રહેમાન, સાકીબ નીશાર, મહમદ શકીલ, મહમદ અકબર ચૌધરી, અનીક સૈયદ, મહમદ જાકીર, મહમદ આરીફ બદર, મહમદ આસીફ હસન, મુબીન શેખ, મહમદ મનસુર, હાફીજ હુસેન, સીબલી અબ્દુલ કરીમ, કમરૂદીન નાગોરી, આમીલ પરવાજ, એૈયાઝ સૈયદ, જાહીદ શેખ, સમસુદીન શેખ, મહમદ ઉસ્માન અગરબત્તીવાલા, મહમદ અલી, રફીયુદીન કાપડીયા, અબુ બસરનાઓને કસ્ટડીમાં રાખી લેવા બાબતનો પ્રોડકશન રીપોર્ટ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ ને તા.૨૪.૧૨.૨૦૦૮ ના રોજ કરેલો અને તે લગત મેજિસ્ટ્રેટનો હુકમ છે તેની પ્રમાણીત નકલ છે.

આ ઉપરાંત આરોપી નં.૪૫ નાઓએ આંક–૯૨૧૨ ના એનેક્ષર–૧૧ થી ઓઢવ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૩૩૮/૨૦૦૮ ના કામે આ આરોપી તથા બીજા સહઆરોપીઓ જીસાન અહેમદ, જીયાઉર રહેમાન, સાકીબ નીશાર, મહમદ શકીલ, મહમદ આરીફ મીરજા, મહમદ અકબર, અનીક, અપઝલ ઉસ્માની, મહમદ જાકીર, મહમદ આરીફ બદર, મહમદ આરીફ બદરૂદીન શેખ, મુબીન શેખ, મહમદ મનસુરનાઓને કસ્ટડીમાં રાખી લેવા બાબતનો પ્રોડકશન રીપોર્ટ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ ને તા.૨૩.૧૨.૨૦૦૮ ના રોજ કરેલો અને તે લગત મેજિસ્ટ્રેટનો હુકમ છે તેની પ્રમાણીત નકલ છે.

આ ઉપરાંત આરોપી નં.૪૫ નાઓએ આંક–૯૨૧૨ ના એનેક્ષર–૧૨ થી ઓઢવ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં.૩૩૯/૨૦૦૮ ના કામે આ આરોપી તથા બીજા સહઆરોપીઓ જીસાન અહેમદ, જીયાઉર રહેમાન, સાકીબ નીશાર, મહમદ શકીલ, મહમદ આરીફ મીરજા, મહમદ અકબર, અનીક, અપઝલ ઉસ્માની, મહમદ જાકીર, મહમદ આરીફ બદર, મહમદ આરીફ બદરૂદીન શેખ, મુબીન શેખ, મહમદ મનસુરનાઓને કસ્ટડીમાં રાખી લેવા બાબતનો પ્રોડકશન રીપોર્ટ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ ને તા.૨૩.૧૨.૨૦૦૮ ના રોજ કરેલો અને તે લગત મેજિસ્ટ્રેટનો હુકમ છે તેની પ્રમાણીત નકલ છે.

આ ઉપરાંત આરોપી નં.૪૫ નાઓએ આંક–૯૨૧૨ ના એનેક્ષર–૧૩ થી બાપુનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૦/૨૦૦૮ ના કામે આ આરોપી તથા બીજા સહઆરોપીઓ જાહીદ શેખ, સમસુદીન શેખ, મહમદ ઉસ્માન અગરબત્તીવાલા, અબુબસર મુકતી, કમરૂદીન નાગોરી, આમીનલ પરવાજ, હાફીજ હુસેન, સીબલી અબ્દુલ કરીમ, ઐયાઝ સૈયદ, મહમદ અલી, જીસાન અહેમદ, જીયાઉર રહેમાન, સાકીબ નીશાર, મહમદ શકીલ, મહમદ જાકીર શેખ, મહમદ સાદીક શેક, મહમદ આરીફ બદરૂદીન શેખ, આસીફ હસન શેખ, મહમદ મનસુર, મોબીન શેખ, રફીયુદીન કાપડીયા, અનીક સૈયદ, મહમદ અકબર ચૌધરી, મહમદ સાજીદ, યુનુસ મન્સુરી, સફદરહુસેન નાગોરી, રજીયુદીન નાસર, મહમદ ઈસ્માઈલ, અફજલ ઈસ્માની, મહમદ આરીફ મીરઝાનાઓને કસ્ટડીમાં રાખી લેવા બાબતનો પ્રોડકશન રીપોર્ટ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧ ને તા.૨૩.૧૨.૨૦૦૮ ના રોજ કરેલો અને તે લગત મેજિસ્ટ્રેટનો હુકમ છે તેની પ્રમાણીત નકલ છે.

આ ઉપરાંત આરોપી નં.૪૫ નાઓએ આંક–૯૨૧૨ ના એનેક્ષર–૧૪ થી રામોલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૩૨૧/૨૦૦૮ નાં કામે આ આરોપી તથા બીજા સહઆરોપીઓ મહમદ આરીફ, મહમદ અકબર ચૌધરી, અનીક સૈયદ, અફજલ ઉસ્માની, મહમદ જાકીર શેખ, મદમદ આરીફ બદર,

આસીફ હસન, મુબીન શેખ, મહમદ મનસુર, જીસાન અહેમદ, જીયાઉર રહેમાન, શાકીબ નીશાર, શકીલનાઓને કસ્ટડીમાં રાખી લેવા બાબતનો પ્રોડકશન રીપોર્ટ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ ને તા.૨૩.૧૨.૨૦૦૮ ના રોજ કરેલો અને તે લગત મેજિસ્ટ્રેટનો હુકમ છે તેની પ્રમાણીત નકલ છે. આરોપીને પુછવામાં આવેલુ કે તમારે વિશેષમાં કાંઇ કહેવુ છે? તો તેના જવાબમાં આરોપીએ જે હકીકતો લખાવી છે તે બાબતે કોઇ બીજો મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ કરેલો નથી, આરોપીએ વધુમાં જણાવેલ છે કે તેને આ ગુનામાં ખોટો અટક કરેલો તથા તેને સીમી સાથે કોઇ સબંધ નથી, પોતે કાવતરામાં સામેલ નથી, તેણે કોઇ જગ્યા બતાવી નથી વિગેરે પ્રકારની જે હકીકતો જણાવી છે તે માનવા યોગ્ય નથી.

આરોપી નં.૪૫ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૮૫૫, ૮૬૧, ૯૪૫, ૯૪૬, ૯૬૬, ૯૮૩, ૯૮૪, ૧૧૩૮, ૯૦૯, ૯૧૮, ૯૭૫, ૯૮૬, ૫૭૫, ૫૮૯, ૪૫૯, ૯૧૨, ૯૧૩, ૯૪૪, ૯૪૫, ૯૪૬, ૯૪૭, ૯૪૮, ૯૪૯, ૯૬૨, ૯૭૧, ૯૯૦, ૭૮૬, ૭૮૭, ૭૯૦, ૭૯૨, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૧૧૫૩, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતા આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, સાહેદ નં.૯૪૪ ભાવીન બારીયા તથા સાહેદ નં.૯૪૫ ઈરફાન દાઉવા તથા સાહેદ નં.૯૪૬ ગુલામભાઈ પટેલ આ ત્રણેય જુદી જુદી હોટલોના માલીકો અને મેનેજરો છે. સાહેદ નં.૯૪૪ હોટલ હરી મંગલા ભરૂચના રીસેપ્સનીસ્ટ છે અને આ સાહેદની હોટલ ઉપર હોટલ નર્મદા અને હોટલ રેવનના રીસેપ્સનીસ્ટોને તપાસ કરનાર અધિકારીએ બોલાવેલા અને હોટલોના રજીસ્ટરના પાનાઓ કબજે કરેલા છે. આરોપીઓ આ હોટલો ઉપર રોકાયા હોય તેવા કોઈ દસ્તાવેજો કબજે કરેલા નથી. અગાઉ આ હોટલો ઉપર તપાસ કરનાર

અધિકારીઓ ગયેલા છે અને તે વખતે કોઈના નિવેદનો લીધેલા નથી કે રજીસ્ટરના પાનાઓ કબજે કરેલા નથી. પરંતુ મારા મત પ્રમાણે આ કેસ સાંયોગિક પુરાવા ઉપરનો કેસ છે. ફરિયાદોમાં આરોપીઓના નામ નથી, બનાવોમાં કોણ સંડોવાયેલા છે તેની ઈન્કવાયરી કરવા માટે અગાઉ તપાસ કરનાર અધિકારીઓ આ હોટલો ઉપર ગયેલા હોય અને ઈન્કવાયરી કરેલી હોય તેવુ બની શકે પરંતુ તે વખતે રજીસ્ટરના પાનાઓ કબજે નહીં કરવાથી બનાવના મુળને કોઈ અસર થતી નથી તેમ હું માનુ છું. સાહેદ નં.૯૪૪ની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરવામાં આવે છે કે રજીસ્ટરના પાના પોલીસ લઈ ગયેલી તે બાબતે કોઈ સરકારી અધિકારી એટલે કે મામલતદારને જાણ કરવામાં આવેલી નથી. પરંતુ મારા મત પ્રમાણે રજીસ્ટરના પાના પોલીસ લઈ ગયેલી છે તેવી જાણ મામલતદારને ન કરેલી હોવાના કારણે સાહેદની જુબાની ખોટી છે તેમ કહી શકાય નહીં. રજીસ્ટરમાં વ્યકિતદીઠ એન્ટ્રી કરવામાં આવેલી નથી તથા રજીસ્ટરના પાના પોલીસને આપ્યા છે તેની નોંધ કરેલી નથી તેના કારણે રજિસ્ટર ખોટુ છે તેવુ પણ માની શકાય નહીં. સાહેદ નં.૯૪૫ની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરવામાં આવેલ છે કે નર્મદા હોટલના રજીસ્ટરમાં એન્ટ્રી નં.૯૬૬ રફીક હબીબ શેખના નામની છે પરંતુ તે બાબતે પોલીસે આખુ રજીસ્ટર કબજે કરેલુ નથી. રજીસ્ટરના પાનાની કોઈ પહોંચ પોલીસે આપેલી નથી. રફીક હબીબ શેખના કોઈ દસ્તાવેજો આ સાહેદે પોલીસને આપેલા નથી, બીલ બુક પોલીસને આપેલી નથી પરંતુ મારા મત પ્રમાણે બીલ બુક રજૂ કરેલી ન હોય કે પહોંચ આપેલી ન હોય તેથી કરીને નિભાવવામાં આવેલુ આ રજીસ્ટર ખોટુ છે તેમ કહી શકાય નહીં. વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે ખોટા પુરાવા ઉભા કરવા માટે આ સાહેદે પોલીસને રજીસ્ટરના પાનાઓ ફાડીને આપેલા છે પરંતુ મારા મત પ્રમાણે જયારે પોલીસ હોટલ ઉપર ઈન્કવાયરી કરવા આવે અને ગંભીર ગુના બાબતેની ઈન્કવાયરી હોય ત્યારે પોલીસ રજીસ્ટરના પાના માંગે તો આ સાહેદે આપવાની ફરજ છે. તપાસ કરનાર અધિકારી એ.સી.પી. કક્ષાના અધિકારી છે અને તપાસમાં મદદ કરવાની દરેક નાગરિકની ફરજ પણ છે. પોલીસ રજીસ્ટરના પાના માંગે અને

જો આ સાહેદ ન આપે તો સાહેદની વિરૂધ્ધ પણ કાર્યવાહી થાય માટે પોલીસ રજીસ્ટરના પાના માંગે તો આપવા પડે તેમ હું માનુ છું. સાહેદ નં.૯૪૬ની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરવામાં આવે છે કે આ સાહેદ હોટલ રેવનના માલીક છે અને તા.૧૨.૧૨.૨૦૦૮ ના રોજ રજીસ્ટર લઈને હોટલ હરીમંગલા ઉપર પોલીસે બોલાવેલા હતા. આ રજીસ્ટરમાં તા.૮.૭.૨૦૦૮ ના રોજ એન્ટ્રી નં.૨૧૯ રફીક એસ.કે. નામની છે પરંતુ આખુ રજીસ્ટર પોલીસે કબજે કરેલુ નથી કે આરોપીની સાહેદ રૂબરૂ ઓળખ પરેડ કરાવેલી નથી કે ઓળખવાનો પ્રયત્ન કરાવેલો નથી. એન્ટ્રીમાં જે નામ જણાવેલુ છે તેની ઓળખના કોઈ પુરાવા રજૂ કરેલા નથી. પરંતુ સાહેદોની જુબાનીઓ ધ્યાને લેતા તે વખતે ઓળખના પુરાવા લેવા જોઈએ તેવુ જરૂરી ન હતુ અને તેના કારણે ઓળખના પુરાવા મેળવેલા ન હોય અને પોલીસ સમક્ષ રજૂ કરેલા ન હોય. વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા એમ પણ જણાવે છે કે પોલીસે ચોકકસ રજીસ્ટર લઈને આવવાની સુચના આપેલી ન હોવા છતાં આ સાહેદ ચોકકસ રજીસ્ટર લઈને હોટલ હરીમંગલા ઉપર ગયેલા છે જેથી એવુ કહી શકાય કે કયુ રજીસ્ટર લાવવાનું છે તે પોલીસે નક્કી કરેલુ હતુ. પરંતુ આ અગાઉ ચર્ચા કરી છે તેમ અગાઉ આ હોટલો ઉપર તપાસ કરનાર અધિકારી ઈન્કવાયરી માટે ગયેલા હતા અને ઈન્કવાયરી કરેલી છે જેથી સાહેદને ખબર જ હોય કે પોલીસ જયારે પણ ફરી બોલાવશે ત્યારે ચોકકસ દિવસના રજીસ્ટરની જ માંગણી કરે જેથી આ સાહેદ ચોકકસ રજીસ્ટર લઈને ગયેલા છે. સાહેદ નં.૯૪૫ ની જુબાનીના પેરા–૧૧ ધ્યાને લઈ દલીલ કરતા જણાવે છે કે આ સાહેદ પાસે મેજિસ્ટ્રેટ રૂબરૂ આરોપીની ઓળખ પરેડ કરાવેલી જ નથી. આ સાહેદ મેજિસ્ટ્રેટ પાસે ગયા ત્યારે પોલીસ અને તે માણસ સિવાય બીજુ કોઈ હતુ નહીં તેમ જણાવે છે. પંરતુ મારા મત પ્રમાણે આ સાહેદની ઊલટતપાસમાં જુદા અર્થમાં પ્રશ્ન પુછવામાં આવેલો છે અને તેનાથી જુદા અર્થમાં જવાબ આપેલો છે. સાહેદ ચોકકસપણે સમજી શકેલા નથી. જેથી અટપટા પ્રશ્નો પુછીને આરોપીઓએ પોતાની તરફેણમાં જવાબો મેળવવાનો પ્રયત્ન કરેલો છે.

સાહેદ નં.૯૧૨ યોગેશ પંડ્યા, સાહેદ નં.૯૧૩ રમેશ આહીરની જુબાનીઓ તરફ ધ્યાન દોરી દલીલ કરવામાં આવેલ છે કે ત્રણેય હોટલો ઉપરથી રજીસ્ટરના જે પાનાઓ કબજે કરેલા તેના પંચ સાહેદો છે. પંચનામુ આંક–૬૫૧૯ થી રજૂ છે અને પાનાઓ આંક–૬૫૧૬ થી ૬૫૧૮ સુધી રજૂ કરેલા છે. સાહેદ નં.૯૧૨ ના કહેવા પ્રમાણે ત્રણ રજીસ્ટરો જોયેલા અને તેમાંથી પાના ફાડીને આપેલાનું જણાવે છે જે વિરોધાભાસી છે. પાના સેલોટેપથી ચોંટાડેલાનું સાહેદ જણાવે છે પરંતુ અદાલતમાં પાના સાહેદને બતાવતા તે સેલોટેપથી ચોંટાડેલા નથી માટે રજીસ્ટરોના પાનાઓ સાથે ચેડા થયેલા છે. વકીલશ્રી એલ.આર. પઠાણની આ દલીલ સાથે પણ હું સંમત નથી તેમને ચોકકસ કયા આંકથી રજૂ થયેલા પાનાઓ બતાવેલા છે તે સ્પષ્ટ નથી. જેથી અટપટા સવાલો પુછવામાં આવેલા છે. વધુમાં તેઓ દલીલ કરતા જણાવે છે કે સાહેદ નં.૯૧૩ ની જુબાની ધ્યાને લેતા પાનાઓ કબજે કરવાની પ્રક્રિયા તપાસ કરનાર અધિકારીએ ખોટી કરેલી છે. આ સાહેદની હાજરીમાં હસ્તાક્ષરના કોઈ નમૂના મેળવવામાં આવેલા નથી.

સાહેદ નં.૯૯૦ કૌશિક વ્યાસની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરવામાં આવેલ છે કે આ સાહેદે આરોપી નં.૪૫ ના હસ્તાક્ષરના નમૂના કયારે તપાસવા લીધા અને કયારે તપાસ્યા તેની કોઈ નોંધ રાખી નથી. એક જ પધ્ધતિથી અક્ષરો તપાસેલાનું જણાવે છે. પરંતુ મારા મત પ્રમાણે હસ્તાક્ષરના નમૂના કયારે તપાસ્યા તેની કોઈ અલગથી નોંધ આ સાહેદે રાખેલી ન હોય અને રાખી હોય તો પણ તે પોતાની સવલત માટે રાખેલી હોય તેવી નોંધને અદાલત સમક્ષ રજૂ કરવી જરૂરી નથી. અદાલત સમક્ષ ફકત અભિપ્રાય રજૂ કરવાનો છે અને તે આ સાહેદે રજૂ કરેલો છે. હોટલના રજીસ્ટરોમાં આરોપી નં.૪૫ નાઓએ એન્ટ્રી કરેલી છે અને તેના હસ્તાક્ષરોના નમૂના લઈ સાહેદ નં.૯૯૦ એ ચકાસેલા છે અને આ એન્ટ્રી આરોપી નં.૪૫ નાઓએ કરેલી છે તેવો અભિપ્રાય આંક–૬૮૯૩ થી રજૂ કરેલો છે અને અભિપ્રાય ઉપર આવવાનો કારણો આંક–૬૮૯૪ થી રજૂ કરેલા છે. આ સાહેદે આપેલો રીપોર્ટ વૈજ્ઞાનિક પધ્ધતિથી અક્ષરોની

ચકાસણી કરીને આપેલો છે. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૯૩ હેઠળ વંચાણે લઈ શકાય.

સાહેદ નં.૯૪૭ હમીદ મેમણની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરવામાં આવેલ છે કે આ સાહેદના પેટ્રોલપંપ ઉપરથી આરોપીએ ગાડીમાં પેટ્રોલ ભરાવેલાનો આક્ષેપ છે. પરંતુ તે અંગેનો કોઈ દસ્તાવેજી પુરાવો રજૂ કરેલો નથી. કઈ ગાડીમાં પેટ્રોલ ભરાવ્યુ તે ગાડીનો નંબર આ સાહેદને ખબર નથી, પેટ્રોલ વેચાણનુ બીલ અસલ રજૂ કરેલ નથી. પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદના પેટ્રોલ પંપ ઉપર દરરોજ ઘણી ગાડીઓ પેટ્રોલ ભરાવવા આવતી હોય માટે ગાડીનો નંબર આ સાહેદને યાદ ન રહે. સાહેદ નં.૯૪૮ ઈરફાન શેખની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરવામાં આવેલ છે કે આ સાહેદ પાસે આરોપીએ પોતાની વેગનાર કાર રીપેર કરાવેલી પરંતુ ગાડીનો કલર કેવો હતો તે આ સાહેદ જણાવતા નથી, આ સાહેદ રૂબરૂ આરોપીની ઓળખ પરેડ કરાવેલી નથી. પરંતુ આ સાહેદની જુબાની ધ્યાને લેતા આ સાહેદ સમક્ષ પોલીસ આરોપીને લઈને ગઈ ત્યારે આરોપીને ઓળખી બતાવેલો હતો. સાહેદ નં.૯૪૯ વલીભાઇ મન્સુરીની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરવામાં આવેલ છે કે મકાન બાબતે આ સાહેદ ઉપર આરોપીનો ફોન આવેલો એવો આક્ષેપ છે પરંતુ ફોન ઉપરથી વ્યકિત ઓળખાય નહીં. આ સાહેદની જુબાની ધ્યાને લેતા આ આરોપી વડદલા મુકામે મકાન શોધવા માટે ગયો ત્યારે આ સાહેદ સાથે ભેગો થયેલો હતો અને બંને જણ વડદલા મુકામેથી નર્મદા હોટલ ઉપર આવેલાનું માલુમ પડે છે. સાહેદ નં.૯૭૧ રાહુલ પરીયાનીની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરવામાં આવેલ છે કે આ સાહેદની નીતા વોલ્વોની ઑફિસ ઉપર તા.૧.૭.૨૦૦૮, તા.૭.૭.૨૦૦૮ તથા તા.૧૮.૭.૨૦૦૮ ના રોજ રફીકના માણસે ટિકિટો બુક કરાવેલી હોય તેવી કોઈ હકીકત જણાવતા નથી અને આરોપીની આ સાહેદ રૂબરૂ ઓળખ પરેડ કરાવેલી નથી. પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદની ઑફિસ ઉપર દિવસ દરમ્યાન ઘણા લોકો બસની ટિકિટ બુક કરાવવા જતા હોય માટે ચોકકસ વ્યકિતને આ સાહેદ ઓળખી શકે નહીં. ટિકિટોના નંબરો જુદા–જુદા છે અને ખોટા છે તેવી દલીલ

ટિકિટોના નંબરો જોઈને કરવામાં આવે છે પરંતુ સાહેદે ખુલાસો કરેલો છે કે દરેક રાજય માટે અલગ–અલગ બુકો રાખવામાં આવે છે જેથી ટીકીટોના ઉપરના નંબરો અલગ–અલગ થઈ શકે. વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે આરોપીની આ સાહેદ રૂબરૂ કોઈ ઓળખ પરેડ કરાવવામાં આવેલી નથી. પરંતુ સાહેદ નં.૯૮૬ અકબર સોરઠીયા પંચ સાહેદ છે જેથી પંચ રૂબરૂ કોઈ ઓળખ પરેડ કરાવવાની જરૂરીયાત હોતી નથી. આંક–૬૮૦૦ વાળી ટિકિટો તરફ ધ્યાન દોરી દલીલ કરવામાં આવેલ છે કે આ ટીકીટો "ગ્લોબ ટ્રાવેલ્સ" માંથી ઈસ્યુ થઈ હોય તેવુ નથી. પરંતુ આ સાહેદની જુબાની ધ્યાને લેતા સાહેદે ખુલાસો કરેલો છે કે અમારી ઑફિસમાંથી નીતા ટ્રાવેલ્સ તથા બીજી ટ્રાવેલ્સની ટિકિટો પણ વેચવામાં આવતી હતી. સાહેદ નં.૯૭૫ રીઝવાન શેખની જુબાની તરફ ધ્યાનો દોરી દલીલ કરવામાં આવેલ છે કે આ સાહેદ પંચ સાહેદ છે. ભરૂચ ખાતે શેરપુરામાં આવેલુ મકાન સાજીદ મન્સુરીએ ભાડે રાખેલુ તે આ આરોપી બતાવવા માંગતો હતો તેવુ આરોપીએ જણાવેલાની હકીકત આ સાહેદ જણાવતા નથી. મકાનની સ્પષ્ટ ઓળખ થતી નથી. પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદની જુબાની ધ્યાને લેતા ભરૂચ શેરપુરા ખાતે આવેલુ મકાન આરોપી નં.૪૫ નાઓએ ભાડે રાખેલાનું જણાવે છે તથા બીજુ મકાન લુકમાન પાર્કમાં પણ બતાવેલીની હકીકત જણાવે છે. સાહેદ નં.૯૮૩ નરેશ મહેતાની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરે છે કે આ સાહેદની દુકાનેથી આરોપી હાર્ડવેરનો સામાન ખરીદીને લઈ ગયેલો પરંતુ આરોપીનુ વર્ણન આ સાહેદે પોલીસને આપેલુ નથી. મારા મત પ્રમાણે આવુ વર્ણન આ સાહેદ આપી શકે પણ નહીં. કારણ કે આ સાહેદની દુકાન ઉપર રોજેરોજ કેટલાય ગ્રાહકો હાર્ડવેરનો સામાન ખરીદવા આવતા હોય માટે દરેકના વર્ણન આપી શકે નહીં પરંતુ આ સાહેદે સુરત મુકામે મેજિસ્ટ્રેટ રૂબરૂ આરોપીને ઓળખ પરેડ દરમ્યાન ઓળખી બતાવેલો છે. વધુમાં દલીલ કરતા જણાવે છે કે આ સાહેદ પાસેથી આરોપીએ સામાન ખરીદેલો હોય તો તેના બીલો રજૂ કરેલા નથી. સાહેદે સ્પષ્ટતા કરેલી છે કે કોઈ ગ્રાહક બીલ માંગે તો આપે છે અને બીલ ન માંગે તો આપતા નથી. સામાન્ય રીતે દુકાનદાર આવી નાની મોટી વસ્તુઓના

બીલો આપતા હોતા નથી અને કોઈપણ ગ્રાહક બીલો લેતા પણ હોતા નથી. દલીલ કરતા એમ પણ જણાવવામાં આવેલ છે કે જુબાની દરમ્યાન આ સાહેદે આરોપીને અદાલત રૂબરૂ ઓળખી બતાવેલો નથી પરંતુ બનાવ બાદ ૧૦ વર્ષ પછી જુબાની આપેલી હોવાથી આ સાહેદ આરોપીને ઓળખી શકેલા નથી અને નહીં ઓળખવાનું જે કારણ આપેલુ છે તે સાચુ છે તેમ હું માનુ છું. વધુમાં વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે નટ–બોલ્ટ અને હાર્ડવેરનો સામાના આખા ગુજરાતમાં વેચાતો હોય છે માટે આરોપી આ જ દુકાનેથી નટ–બોલ્ટ અને સામાન ખરીદી ગયેલો તે હકીકત પુરવાર થતી નથી. પરંતુ મારા મત પ્રમાણે આરોપી પોલીસ કસ્ટડીમાં હતો ત્યારે પંચોની હાજરીમાં આ દુકાન તે બતાવવા માંગતો હોવાથી દુકાન ઉપર લઈ ગયેલો છે. જો તેને આ દુકાન ઉપરથી સામાન ખરીદેલો ન હતો તો આ દુકાન ઉપર લઈ ગયો શા માટે ? આ આરોપીના વર્તન ઉપરથી કહી શકાય કે આ આરોપીએ આ સાહેદની દુકાનમાંથી સામાન ખરીદેલો હતો. વકીલશ્રી એલ.આર.પઠાણ સાહેદ નં.૯૬૨ અબ્દુલ પેન્ટર કે જે મેટ્રો સુઝ કંપનીમાં સુરત ખાતે નોકરી કરતા હતા તેમની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરે છે કે આ સાહેદની દુકાનેથી આરોપીએ બુટ ખરીદેલાની હકીકત પુરવાર થતી નથી કે બુટના કોઈ બીલ રજૂ કરેલા નથી. સાહેદ નં.૯૦૯ બ્રિજેશ દુધવાલાની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરે છે કે વડોદરા પાર્સીંગની વેગન આર ગાડીમાં આ સાહેદે વનાઝ પંપ ઉપરથી એલ.પી.જી. ગેસ ભરેલો અને પંપ ઉપરથી બીલ બુક આંક–૬૫૦૧ થી કબજે કરવામાં આવેલી જેનુ પંચનામુ આંક–૬૫૦૨ થી બનાવવામાં આવેલુ. પરંતુ આ જ આરોપીએ વનાઝ પંપ ઉપરથી ગેસ ભરાવેલાની હકીકત પુરવાર થતી નથી. સાહેદ નં.૯૧૮ અમર રાજપુતની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરવામાં આવેલ છે કે ફરિયાદપક્ષના કેસ પ્રમાણે આરોપી નં.૪પનાએ સુરતમાં માસ્તર હાઉસ નામનુ મકાન ભાડે રાખેલુ તેનુ પંચનામુ આંક–૬૫૪૪ વાળુ બનાવેલુ પરંતુ આ સાહેદે આરોપીને જુબાની દરમ્યાન અદાલતમાં ઓળખી બતાવેલો નથી. પંચ સાહેદ ગુજરાતી જાણતા નથી અને પંચનામુ તેમને વાંચેલુ નથી જેથી આવા પંચનામા ઉપર

ભરોસો રાખી શકાય નહીં. પરંતુ તેઓની દલીલ સાથે હું સંમત નથી. સાહેદને ગુજરાતી ભાષા આવડતી ન હોય તેથી કરીને તે પંચમાં રહી શકે નહીં તેવુ નથી. પંચનામામાં સાહેદે સહી કરેલી છે તેનો અર્થ એવો થાય કે પંચનામુ તેને લખાવેલુ છે. વકીલશ્રી એલ.આર. પઠાણ દલીલ કરતા જણાવે છે કે આ મકાનનું પંચનામુ નવેમ્બર–૨૦૦૮ મા બનાવેલુ છે તે અગાઉ તપાસ કરનાર અધિકારી આ જગ્યા ઉપર ગયેલા હતા. પરંતુ મારા મત પ્રમાણે આરોપીને આ મકાનની જાણકારી હતી, મકાન તેને ભાડે રાખેલુ હતુ અને મકાન તેને જોયેલુ હતુ જેથી તે મકાન ઉપર લઈ ગયેલો હતો. સાહેદ નં.૪૫૯ શંકરભાઈ બદાણે તથા સાહેદ નં.૮૬૧ રમેશભાઈ જિંદાલની જુબાનીઓ તરફ ધ્યાન દોરી દલીલ કરવામાં આવેલ છે કે આ સાહેદોની દુકાનો ઉપરથી ઈન્ડિગો માર્કાનું કાપડ ખરીદી ગયેલાની હકીકત પુરવાર થતી નથી. કાપડ ખરીદીના બીલો રજૂ કરેલા નથી. બંને સાહેદોની જુબાનીઓમાં વિરોધાભાસ છે. બંને સાહેદો કાપડના કલર બાબતે વિરોધાભાસી હકીકત જણાવે છે. આરોપીની ઓળખ પરેડ ઘણા લાંબા સમય પછી કરાવવામાં આવેલી છે. પરંતુ મારા મત પ્રમાણે આરોપીની ઓળખ પરેડ આ સાહેદો રૂબરૂ મોડી કરાવેલી છે તેમ છતાં આરોપીને ઓળખ પરેડ દરમ્યાન ઓળખી બતાવેલો છે. આ આરોપી અમદાવાદ અને સુરતના ઘણા બનાવોમાં સંડોવાયેલો હોવાથી અને તપાસો વધારે હોવાથી ઓળખ પરેડ મોડી કરાવેલી છે તેથી કરીને તેનો લાભ આરોપીને મળે નહીં. વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે આ આરોપી આ કહેવાતા ગુનાઓમાં સંડોવાયેલો નથી. પરંતુ ઉપર વિગતે જે પુરાવા રજૂ થયા છે તે ધ્યાને લેતા આ આરોપી આ કહેવાતા ગુનામાં સંડોવાયેલો છે તેમ હું માનુ છું.

આરોપી નં.૪૬ મોહંમદ નૌશાદ મોહંમદ ઈરશાદ સૈયદનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૪૬ મોહંમદ નૌશાદ મોહંમદ ઈરશાદ સૈયદનાઓ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ જુદી–જુદી ૨૪ જગ્યાઓ ઉપર

બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી–જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા–જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમણે કઈ–કઈ ભૂમિકા ભજવેલી છે તે સાબિત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે તે મુજબ,

ફરિયાદપક્ષ દ્વારા આ કામે દિપક રામચંદ્ર માલીને સાહેદ નં.૪૫૮ તરીકે આંક–૨૮૧૩ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૨૯/૮/૨૦૦૮ ના રોજ બપોરે સાડા બાર એક વાગ્યાના અરસામાં પોલીસે તેમને સુરત ડી.સી.બી. પોલીસ સ્ટેશન જે ચોક બજાર કૂર્જીમાં આવેલ છે ત્યાં લઈ ગયેલા. ત્યાં એ.સી.પી. પરમાર સાહેબને મેળવી આપેલા. આ સાહેદ ત્યાં ગયા ત્યારે અગાઉ એક ભાઈ ઉભા હતા જેમની સરનેમ સોનવણે કરીને હતી. પરમાર સાહેબે સમજાવેલુ કે બોમ્બ કાંડનો આરોપી લોકઅપમાં હોઈ તેણે બોમ્બ બનાવવાની સામગ્રી ખરીદેલી જે દુકાનેથી સામગ્રી ખરીદેલી તે દુકાનના માલીક નટ–બોલ્ટ રજૂ કરે છે તે બાબતનું પંચનામુ કરવાનું છે જેથી બંને જણાએ 'હા' પાડેલી. દુકાન માલીકનું નામ જયેશભાઈ પટેલ હતુ. જયેશભાઈ ત્યાં હતા તેમની દુકાનનું નામ "કમલા હાર્ડવેર" હતુ. તેઓએ ત્રણ નટબોલ્ટ અને એક બોલ્ટ એસ.પી.આઈ. માર્કાવાળો રજૂ કરેલ. નટ બે ઈંચ જેટલી લંબાઈની હતી. બીજો એક અડધા ઈંચની લંબાઈનો હતો. તે જોયેલા અને એક પ્લાસ્ટિકના બોક્ષમાં નટ–બોલ્ટ મુકવામાં આવેલા અને સ્લીપ મુકીને દોરીથી બાંધી તેના ઉપર લાખથી સીલ કરવામાં આવેલ. આ બાબતનુ પંચનામુ કરવામાં આવેલુ જે આંક–૨૮૧૪ થી રજૂ છે. આ પંચનામામાં સાહેદ પોતાની તથા ભુરીયા કિશનની તથા રૂબરૂ તરીકે પોલીસની સહીઓ ઓળખી બતાવે છે. સાહેદને સેશન્સ કેસ નં.૪૧૮/૨૦૦૯ ના મુદ્દામાલ લીસ્ટ આંક–૨૩૫૦ નો અનુક્રમ નં. ૭૪ થી ૭૭ વાળો મુદ્દામાલ બતાવતા સાહેદ તે ઓળખી બતાવે છે.

સાહેદ વધુમાં જણાવે છે કે,તા. ૭/૧/૨૦૦૯ ના રોજ પોલીસે ફરીથી બોલાવેલા. પોલીસે ડી.સી.બી. પોલીસ સ્ટેશને બોલાવેલા.ત્યાં આરોપીએ કોઈ ઘર બતાવવુ હતુ માટે પોલીસે બોલાવેલા હતા. ત્યાં બે આરોપી હતાં. એકનું નામ સૈયદ નૌશાદ અને બીજાનું નામ અહેમદબાવા હતુ. આ બેના નામ પરમાર સાહેબે કહેલાં. ત્યારબાદ તેઓને સરકારી વાહનમાં બેસાડેલા અને સહી લીધેલી. આરોપીઓએ કહેલુ કે, અમે મેંગ્લોરથી આવેલા છીએ અને અમોને રસ્તો ખબર નથી તો તમને અમો સાથે રાખી રસ્તો બતાવે છે. બીજુ કાંઈ કહેલુ નહી. ગાડીમાં બેઠા પછી એ.સી.પી. સાહેબ હતાં. નૌશાદે રસ્તો બતાવેલો અને સૈયદપુરા પમ્પીંગ સ્ટેશન ઉપર લઈ ગયેલા. ત્યાં એકને ચોકી પર બેસાડેલા અને ત્યારબાદ નૌશાદ ઘર બતાવવા લઈ ગયેલો. તે ધાસ્તીપુરા પાસે એક ખાડી આવે છે અને તેની આગળ એક સોસાયટી છે, સોસાયટીની ચોથી ગલીમાં, ડી/૩૪ વાળુ મકાન બતાવેલુ. આ સોસાયટીનું નામ "રીવર વ્યુ" હતું. ત્યારબાદ આરોપી કહેતો હતો કે, "થોડો ટાઈમ પહેલા અમે ભાડે રહેલા". પછી તેને લઈને ચોકી ઉપર આવેલા. ત્યારબાદ ત્યાંથી અહેમદબાવાને લઈને નીકળેલા. તે પણ તેજ રસ્તા ઉપર લઈ ગયેલા. તેણે પણ મકાન બતાવેલુ અને કહેલુ કે "અમે અહીંયા બીજા માણસો સાથે રહેલા". આ મકાન પણ ડી/૩૪ વાળુ જ મકાન હતુ અને સોસાયટી પણ જે રીવર વ્યુ હતી. આ કાર્યવાહીનું પંચનામુ બનાવવામાં આવેલુ જે આંક–૮૫૨૯ થી ૨જૂ છે. આ પંચનામામાં સાહેદ પોતાની તથા અન્ય પંચની સહી ઓળખી બતાવે છે. દસ વર્ષનો સમય થયેલ હોવાથી સાહેદ આરોપીઓને ઓળખી શકે નહીં તેમ જણાવેલ છે. તેમજ પંચનામામાં એવુ લખેલ છે કે, "આરોપીઓએ નામ જણાવ્યા પછી જણાવેલ છે કે અમો ગઈ તા. ૨૬/૭/૨૦૦૮ પહેલા સુરત ખાતે આવેલા તે વખતે અમો જે ભાડાના મકાનમાં રોકાયેલા તે ભાડાનું મકાન બતાવી દઈએ છીએ". આ હકીકત સાચી હોવાનું જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો મુદ્દામાલ ઓળખ સંબંધે કોઈ નિશાની કરવામાં આવેલી નહીં તે કબૂલ કરે છે. આથી આ મુદ્દામાલ

બીજો પણ હોઈ શકે તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે જયારે પંચનામાની વિગતે કોઈ મુદ્દામાલ કબજે કરેલો હોય ત્યારે તે મુદ્દામાલ કબજે કર્યા પછી તેની મુદ્દામાલ પાવતી પોલીસ સ્ટેશનમાં તૈયાર કરવાની હોય છે અને તેમા મુદ્દામાલનું વિગતે વર્ણન લખીને તેની કિંમત લખાતી હોય છે. જેથી તે મુદ્દામાલ બદલાઈ જવાનો કોઈ પ્રશ્ન નથી. મુદ્દામાલ ઉપર નિશાની કરવી જોઈએ તેવી કાયદામાં કોઈ જોગવાઈ નથી માટે મુદ્દામાલ બીજો પણ હોઈ શકે તે હકીકત સ્વીકારવા યોગ્ય નથી. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો કમલા હાર્ડવેરની આજુબાજુ દુકાનો છે તેના નામો વાંચેલા નહીં. પોલીસે પંચનામુ લખેલુ તે કબૂલ કરે છે. આવી કોઈ કાર્યવાહી કરેલી નથી અને ખોટી જુબાની આપે છે તો તે હકીકત પણ નકારેલી છે. નટ–બોલ્ટ કબજે લીધા બાબતે જુબાની આપેલી છે તે યાદ છે. પંચનામાની ડીટેઈલ અગાઉ જુબાની આપી ત્યારે યાદ ન હતી. ઓગસ્ટ–૨૦૦૮ મા પંચનામામાં સહી કરી ત્યારે પોલીસને પોતાનો સંપર્ક નંબર આપેલો નહીં. ૨૦૧૦ મા રાંદેર વિસ્તારમાં આવેલા રામનગર મુકામે રહેવા ગયેલા. જરૂર પડે તો બોલાવજો એવુ પોલીસને કહીને આવેલાની હકીકત નકારી છે. બીજુ પંચનામુ કર્યુ ત્યારે નવા સરનામાની પોલીસને ખબર ન હતી. પરંતુ સાહેદ જણાવે છે કે બીજા પાસેથી મોબાઈલ નંબર લઈને ફોન કરેલો. પંચનામામાં સહી કરી તે પહેલા તે માણસોને જોયેલા નહીં. આ લોકો કયાં રહેતા અને શું કામગીરી કરતા હતા તેની જાણકારી મળેલી નહીં. પરંતુ સાહેદ જણાવે છે કે તેઓ મેંગ્લોરમાં રહેતા હતા તેવી જાણકારી મળેલી. બે માણસો જે પોલીસ કસ્ટડીમાં હતા તેઓને પોલીસે કયારથી પકડેલા અને કયાંથી પકડી લાવેલા તથા તેઓ રીમાન્ડ ઉપર હતા કે કેમ? તેની જાણકારી મળેલી નહીં. તે બે માણસો સાથે કોઈ વાતચીત કરેલી નહીં તે કબૂલ કરે છે. અહેમદ બાવાને સૈયદપુરા પોલીસ ચોકીમાં બેસાડેલો તેવુ પંચનામામાં લખેલુ છે તે કબૂલ કરે છે. સૈયદપુરા પોલીસ ચોકીથી વાહન ચલાવીને નિકળ્યા પછી ખાડીપુલ પાસે વાહન રોકયુ હોય તેવુ બનેલુ નથી. રસ્તામાં જતી વખતે આરોપીએ વાહન ઉભુ રખાવી બીજા માણસોને પુછયુ હોય તેવુ બનેલુ નથી. ગાડીમાંથી ઉતર્યા પછી બે પૈકી કોઈ પણ આરોપી મુંજવણમાં મુકાયા હોય અને

મકાન યાદ આવતુ ન હોય તેવુ બનેલુ નહીં. તા.૭.૧.૨૦૦૯ ના રોજની પંચનામાની કાર્યવાહીમાં ભાગ લીધેલો નથી અને તૈયાર પંચનામામાં સહીઓ કરેલી છે તો તે હકીકત નકારી છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો પોલીસ સ્ટેશનમાંથી નીકળતા પહેલા તેઓ કઈ સોસાયટીમાં રહેલા અને કયા નંબરનુ મકાન હતુ તે સબંધમાં પોલીસે કોઈ પુછપરછ કરેલી નહીં. પરમાર સાહેબ અગાઉ બીજા કોઈ આરોપીને લઈને આ જગ્યા ઉપર ગયેલા બાબતે કોઈ માહિતી આપેલી નહીં. રસ્તામાં હતા ત્યારે કોઈ માહિતી આરોપીઓએ આ સાહેદની હાજરીમાં આપેલી નહીં તે કબૂલ કરે છે. સોસાયટીના તમામ મકાનો ત્રણ માળના હતા. જે મકાન બતાવેલુ તે ગેટની ડાબી બાજુ હતુ. મકાન ઉપર ગયા ત્યારે મકાનની સ્થિતિ અંગે નોંધ કરવામાં આવેલી નહીં. સોસાયટીની ઑફિસ ઉપર પોલીસ પંચોને લઈ ગયેલી હોય તેવુ બન્યુ નથી. આ સાહેદની હાજરીમાં મકાનના માલીકને શોધવાનો કે તેનુ નામ જાણવાનો પ્રયત્ન કરેલો નહીં. અહેમદ બાવાને આ સાહેદની સાથે આવેલા પોલીસ સિવાય બીજા પોલીસને સોંપેલો. અહેમદ બાવાને લઈ ગયા ત્યારે નવસાદને પણ ચોકીમાં રાખેલો. બંને આરોપીઓએ મકાન ૫-૬ મહિના પહેલા ભાડે રાખેલાનું જણાવેલુ તે અંગેની નોંધ પંચનામામાં કરેલી. કેટલા સમય માટે ભાડે રાખવામાં આવેલુ તેવી પુછપરછ કરેલી નહીં. સુરતના ઘણા બધા કેસોમાં પોલીસ આ સાહેદને પંચ તરીકે બોલાવે છે તો તે હકીકત નકારે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમારનાઓએ કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુન્હા રજીસ્ટર નં.૧૭૬/૨૦૦૮ નાં કામે તા.૭.૧.૨૦૦૯ ના રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ કિશોરભાઈ કાકુભાઈ શાહનાઓને ડી.સી.બી.પોલીસ સ્ટેશન, સુરત ખાતે બોલાવેલા. આ ગુનાના કામે આરોપી મહમદ નવસાદ મહમદ ઈરસાદ (આરોપી નં.૪૬) તથા અહેમદ બાવા ઉર્ફે અબ્બુ સન ઓફ અબુબકરનાઓ (આરોપી નં.૪૭) હાજર હતા અને તેઓ કંઈ કહેવા અને બતાવવા માંગતા હતા જેથી પંચો, પોલીસ સ્ટાફ, આરોપીઓને લઈને તપાસ

કરનાર અધિકારી આરોપીઓના જણાવ્યા અને બતાવ્યા મુજબના રસ્તે ગયેલા. સૌપ્રથમ સૈયદપુરા પંપીંગ સ્ટેશન ઉપર લઈ ગયેલા અને ત્યાં એક આરોપીને ચોકી ઉપર બેસાડેલો અને ત્યારબાદ મહમદ નૌશાદ ઘર બતાવવા લઈ ગયેલો. રીવર વ્યુ સોસાયટી મકાન નં.ડી–૩૪ કે જે ચોથી ગલીમાં આવેલુ હતુ તે આરોપીએ બતાવેલુ અને તેણે કહેલુ કે આ મકાનમાં થોડો સમય પહેલા અમે ભાડે રહેલા હતા. ત્યારપછી આરોપી નં.૪૬ મહમદ નૌશાદને લઈને પાછા સૈયદપુરા ચોકી ઉપર આવેલા. ત્યાં તેને બેસાડીને ફરીથી આરોપી નં.૪૭ અહેમદ બાવાને લઈને નીકળેલા અને તેણે પણ આ જ મકાન બતાવેલુ અને કહેલુ કે અમે અહીંયા આ મકાનમાં બીજા માણસો સાથે રહેલા હતા.

આંક–૮૫૨૯ વાળુ પંચનામુ બનાવનાર અધિકારી સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમારનાઓની જુબાનીના પેરા નં.૫૭ ધ્યાને લેતા તા.૭/૧/૨૦૦૯ ના રોજ કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુન્હા રજીસ્ટર નં.૧૭૬/૦૮ ના કામના આરોપીઓ (૧) મોહમદ નૌશાદ મોહમદ ઈર્શાદ સૈયદ તથા (૨) અહેમદબાવા સ/ઓ અબુબકરનાઓ કાંઈક કહિ કાંઈક બતાવવા માંગતા હોવાથી તે અંગેનું પંચનામું કરવા સારૂ બે પંચોને ડી.સી.બી. પોલીસ સ્ટેશન ખાતે બોલાવડાવેલા અને બે પંચોને પંચમાં રહેવા અંગેની સમજ કરેલી અને તેઓએ સ્વખુશી બતાવતા તે અંગેના પંચનામા દરમિયાન આરોપીઓના નામ, ઠામ પુંછવામાં આવેલાં તે સમયે તેઓએ તેઓના નામ "(૧) મોહમદ નૌશાદ મોહમદ ઈર્શાદ સૈયદ તથા (૨) અહેમદબાવા સ/ઓ અબુબકર" જણાવેલાં અને તેઓએ વધુમાં એવું જણાવેલું કે, "અમો જે ભાડાના મકાનમાં રોકાયેલ તે ભાડાનું મકાન બતાવી દઈએ છીએ અને અમોને સૈયદપુરા પમ્પીંગ સ્ટેશન લઈ જવામાં આવે તો ત્યાંથી અમોએ રસ્તો જોયો છે ત્યાંથી બતાવી દઈએ." ત્યારબાદ આરોપીઓને સાથે રાખી સરકારી વાહનમાં રવાના થયેલાં. આ અંગેનું પ્રાથમિક પંચનામું કરવામાં આવેલું. ત્યારબાદ આરોપીઓએ સૈયદપુરા પોલીસ ચોકી નજીક ગયા બાદ આરોપી મોહમદ નૌશાદ બતાવે તે રીતે ડ્રાઈવરને સુચના આપેલી. આરોપી અહેમદબાવાને સૈયદપુરા પોલીસ ચોકીમાં યોગ્ય જામા

હેઠળ રાખેલાં. ત્યારબાદ આ પંચનામા દરમિયાન પંચો રૂબરૂ આરોપી મોહમદ નૌશાદે ડી/૩૪, રીવર વ્યુ સોસાયટીવાળા મકાનની જગ્યા બતાવેલ. ત્યારબાદ તેને સૈયદપુરા પોલીસ ચોકી લાવી યોગ્ય જાપ્તા હેઠળ બેસાડેલા અને ત્યારબાદ અહેમદબાવા જગ્યા બતાવવા માંગતા હોવાથી તેને પણ યોગ્ય જાપ્તા સાથે પંચો સાથે વાહનમાં બેસાડેલ. ત્યારબાદ આરોપી અહેમદબાવાએ "ડી/૩૪, રીવર વ્યુ સોસાયટીવાળા મકાનની જગ્યા પંચો રૂબરૂ બતાવેલી." આ અંગેનું પંચનામું બે પંચોના જોયા, લખાવ્યા મુજબનું પંચનામામાં જણાવ્યા મુજબના સમયે કરવામાં આવેલું હતું અને ત્યારબાદ બે પંચોની પંચનામામાં સહીઓ લીધેલી. આંક–૮૫૨૯ વાળા પંચનામામાં સાહેદ પોતાની તથા બે પંચોની સહીઓ ઓળખી બતાવે છે. આ સાહેદની ઊલટતપાસ પેરા નં.૧૪૮ ધ્યાને લઈએ તો આંક–૮૫૨૯ વાળા પંચનામાના પંચોને તપાસવામાં આવેલા ન હોય તો યાદ નથી. આ પંચનામાના પંચો હયાત છે કે કેમ? તે કહી શકે નહીં. આ પંચનામાના પંચો પોલીસ સ્ટેશન થી ૫–૬ કિ.મી.ના અંતરે રહેતા હોય તો ખ્યાલ નથી.

આંક–૮૫૨૯ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે, પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "પોતાના નામ, સરનામાં જણાવેલા તથા અમો ગઈ તા.૨૬.૭.૨૦૦૮ પહેલા સુરત ખાતે આવેલા તે વખતે જે ભાડાના મકાનમાં રોકાયેલા તે ભાડાનુ મકાન બતાવીએ તથા આરોપીઓએ સૈયદપુરા પોલીસ ચોકી પાસે વાહન ઉભુ રખાવેલુ અને ત્યાં એક આરોપીને મુકી વારાફરથી બંને આરોપીઓને મકાન ઉપર લઈ જઈ બંને આરોપીઓએ વારાફરથી મકાન બતાવેલુ" વિગેરે પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપીઓએ પોતે આપેલ માહિતી પ્રમાણેની જગ્યાએ મકાન આવેલુ હતુ તે મકાનનું ત્યાં અસ્તિત્વ છે માટે આ મકાન હોવાની માહિતી તેને પોતાને હતી જેથી તે હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય. આ પંચનામાવાળા બંને મકાનમાં બનાવો બનતા પહેલા બંને આરોપીઓ રોકાયેલા હતા અને આ મકાનોની માહિતી બંને આરોપીઓને હતી. જેથી પંચો તથા તપાસ કરનાર

અધિકારીને આ બંને આરોપીઓ વારાફરતી આ મકાનો ઉપર દોરી ગયેલા. આ દોરી જવાનું તેમનુ વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે.

તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૫ નાઓએ આંક–૮૫૩૧ વાળા પંચનામાની વિગતે હોટલ અભિલાષા ટુરીસ્ટ હોમ, કન્નુર કેરાલા ખાતેથી કબજે કરેલ હોટલ રજીસ્ટરનું પાનુ તથા આરોપી નં.૪૬ ના હસ્તાક્ષરના નમૂના મેળવેલા તે એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે આંક–૭૯૭૯ ના રીપોર્ટ સાથે ચકાસણી માટે મોકલી આપેલા હતા. એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે ચકાસણી કરનાર સાહેદ નં.૧૧૧૩ મહેશકુમાર મનુભાઈ વડગામાનાઓ હતા. તેઓની સમગ્ર જુબાનીનું મૂલ્યાંકન ફરિયાદપક્ષ દ્વારા આરોપી નં .૩૭ કયામુદ્દિન કાપડીયા બાબતે જે પુરાવા રજૂ થયેલા છે તેમાં ચર્ચા કરેલી છે. જેથી તેનુ પુનરાવર્તન અત્રે કરવામાં આવતુ નથી. પરંતુ તેમના આંક–૭૯૮૪ ના અભિપ્રાય મુજબ હોટલ રજીસ્ટરમાં જે એન્ટ્રી કરેલી તે અક્ષરો આરોપીના હસ્તાક્ષર સાથે મળતા આવે છે.

આ આરોપી નં.૪૬ મોહંમદ નૌશાદ મોહંમદ ઈરશાદ સૈયદે ક્રિ.પ્રો. કોડ કલમ–૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજુ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે તે પ્રશ્નના જવાબમાં તેને ફરિયાદપક્ષના પુરાવા સંબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના બચાવ માટે જે હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦ મા જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

આ ઉપરાંત આ આરોપીએ પોતાના બચાવમાં અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ નથી. પરંતુ અંગ્રેજીમાં લખેલ પાના નં.૧ થી ૨ નું નિવેદન રજૂ કરેલ છે. તે નિવેદન ધ્યાને લેતા આરોપી પોતે મેંગ્લોર, કર્ણાટકનો રહેવાસી છે, ગુજરાતી સમજી શકતા નથી કે લખી શકતા નથી. ભારતનુ બંધારણ અને કાયદાને અનુસરે છે. તા.૫.૧.૨૦૦૯ ના રોજ ગુજરાત પોલીસ તેઓને લઈ

આવેલી છે અને હાલના કેસમાં ફસાવી દીધેલ છે. પોતાની સામે કોઈ પુરાવો નથી તેમ જણાવેલ છે.

આરોપી નં.૪૬ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૪૫૮, ૯૫૯, ૧૧૧૩, ૭૮૬, ૭૮૭, ૭૮૮, ૭૯૦, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતાં આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવો તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સીમીનો સભ્ય નથી અને સભ્ય હોવા બાબતે કોઈ પુરાવો નથી. તપાસ કરનાર અધિકારી એન.બી.પરમારને આ આરોપીના ત્રણ પંચનામો બનાવેલા છે પરંતુ પંચોને તપાસેલા નથી. આ આરોપીએ મકાન નં.ડી–૩૪ રીવર વ્યુ સોસાયટી સુરતવાળુ મકાન બતાવેલુ તેટલી જ હકીકત છે. પરંતુ મારા મત પ્રમાણે આ આરોપીએ પંચ સાહેદ સાહેદ નં.૪૫૮ દિપક માલીની હાજરીમાં આ મકાન બતાવેલુ. મકાનનું તેને જ્ઞાન હતુ, મકાન તેણે જોયેલુ હતુ, મકાનમાં થોડો સમય ભાડે રહેલા હતા અને આ મકાનમાંથી અગાઉ મુદ્દામાલ છરા, બોલ્ટ વિગેરે કબજે કરવામાં આવેલા હતા અને આ મુદ્દામાલનો ઉપયોગ બોમ્બ બનાવવામાં થયેલો છે. આ મકાન ઉપર આ આરોપી પોતે પંચ તથા તપાસ કરનાર અધિકારીને દોરીને લઈ ગયેલો જેથી આ દોરી જવાનું વર્તન પુરાવામાં ગ્રાહય છે. જેથી આ આરોપી ગુનામાં સંડોવાયેલો હોવાનો એક સંજોગ ઉભો કરે છે. વધુમાં વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, તપાસ કરનાર અધિકારીઓએ આ પંચનામુ પાછળથી ઉભુ કરેલુ છે પરંતુ તેઓની દલીલ સાથે હું સંમત નથી કારણ કે તપાસ કરનાર અધિકારીએ આ આરોપીને સંડોવવા માટે કોઇ અંગત હિત ના હોય અને તેમણે જે કામગીરી કરી છે તે ફરજના ભાગરૂપે કરેલી છે. વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, સાહેદ નં.૧૧૨૩

લીયાકતઅલી શેખ મકાનનાં માલિક છે અને આ આરોપીને મકાન ભાડે આપેલુ તેવુ તેઓ કહેતા નથી. પરંતુ મારા મત પ્રમાણે આ મકાન આરોપીને ભાડે આપેલુ નથી પરંતુ બીજા આરોપીને ભાડે આપેલુ હતુ અને તે આરોપી સાથે આ આરોપી રહેતો હતો. આ મકાન સૌપ્રથમ આરોપી નં.૬૩ નાએ તા.૨૮.૮.૨૦૦૮ ના રોજ બતાવેલુ હતુ. ત્યારબાદ આ આરોપીને અટક કર્યા બાદ તા.૭.૧.૨૦૦૯ ના રોજ આ આરોપીએ મકાન બતાવેલુ છે. વધુમાં આરોપી તરફથી વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, આરોપી હોટલમાં ખોટા નામે રોકાયેલો હોય તે અંગેનો કોઈ પુરાવો નથી. માત્ર તપાસ કરનાર અધિકારીની જુબાની મનાય નહીં. આરોપી નં.૪૬ ના ખોટા હસ્તાક્ષરના નમુના ઉભા કરેલા છે પરંતુ મારા મત પ્રમાણે વકીલશ્રી આર.કે.શાહની આ દલીલના સંબંધમાં તેમની પાસે જ કોઈ દસ્તાવેજી પુરાવા નથી. તપાસ કરનાર અધિકારીને આરોપી સાથે કોઈ દુશ્મનાવટ નથી કે જેથી કરીને આ આરોપીના ખોટા હસ્તાક્ષરના નમૂના મેળવે. વધુમાં વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, અભિલાષા ટુરીસ્ટ હોમનુ રજીસ્ટર કબજે કરવામાં આવેલુ નથી. ફકત રજીસ્ટરના પાના કબજે કરેલા છે. આ રજીસ્ટરના પાના કબજે કરનાર સાહેદે જણાવેલુ છે કે રજીસ્ટર ચાલુ હતુ જેથી તપાસ કરનાર અધિકારીએ પાના મેળવેલા. હસ્તાક્ષરના નમૂનાની ચકાસણી કરનાર સાહેદ નં.૧૧૧૩ એફ.એસ.એલ. અધિકારી મહેશકુમાર વડગામાની જુબાનીની ચર્ચા કરતા વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરે છે કે, આ સાહેદે આરોપીના કયા હસ્તાક્ષરો જોયા અને હસ્તાક્ષરોમાં કઈ સીમીલારીટી જોયેલી તે જણાવતા નથી અને અદાલતમાં ડેમોસ્ટ્રેશન પણ કરેલુ નથી. પરંતુ મારા મત પ્રમાણે અદાલતમાં હસ્તાક્ષરનું ડેમોસ્ટ્રેશન કરવા માટે એફ.એસ.એલ. લેબોરેટરી અદાલતમાં લાવવી પડે તે શકય નથી અને સાક્ષી બોક્ષમાં ઉભા રહીને એફ.એસ. એલ.અધિકારી ડેમોસ્ટ્રેશન કરે તે પણ શકય નથી. વધુમાં વકીલશ્રી આર.કે. શાહ દલીલ કરતા જણાવે છે કે આરોપી હોટલમાં પોતાના નામે રહે તેવો કોઈ નિયમ નથી. તેઓની આ દલીલ સાથે હું સંમત નથી કારણ કે કોઈપણ વ્યકિત કોઈપણ હોટલમાં રોકાવવા માટે જાય ત્યારે રોકાનાર વ્યકિતએ જ પોતાના નામે

હોટલના રજીસ્ટરમાં એન્ટ્રી કરવાની હોય છે, ખોટા નામે એન્ટ્રી કરી હોટલમાં રહેવુ તે પણ એક ગુનો છે. વધુમાં વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, આરોપીએ કોઈ ખોટા દસ્તાવેજો બનાવેલા નથી અને જો બનાવેલા હોય તો હોટલના માલિકને નુકસાન થાય, પબ્લિકને કોઈ નુકસાન થતુ નથી. કોઈપણ દસ્તાવેજ અપ્રમાણિકપણે બનાવેલો હોવો જોઈએ આ કેસમાં હોટલના માલીક સાથે કોઈ અપ્રમાણિકતા કરેલી નથી કે હોટલના માલીક સાથે છેતરપીંડી પણ કરેલી નથી. આરોપી ખોટા નામે રહેલા હોય તેથી કરીને બોમ્બ બ્લાસ્ટના કેસોમાં તેઓની સંડોવણી છે તેમ સાબિત થઈ શકે નહીં. પરંતુ તેઓની આ દલીલ સાથે હું સંમત નથી. હોટલમાં ખોટા નામે રોકાયા તેની પાછળનો ઈરાદો મહત્વનો છે. આરોપીએ હોટલના માલીકને નહીં પરંતુ તે જે ગુનામાં સામેલ છે તે ગુનાથી સમગ્ર સમાજને નુકસાન થયેલુ છે અને સમાજ સાથે તેને છેતરપીંડી કરેલી છે તેમ કહેવાય. આરોપી સાચો જ હતો અને તે આ ગુનામાં સંડોવાયેલો ન હતો તો તેને સાચા નામે હોટલમાં રહેવા માટે કોઈ પ્રતિબંધ ન હતો. તેણે પોતાના સાચા નામથી હોટલ રજીસ્ટરમાં એન્ટ્રી કરવી જોઇતી હતી. જેથી ઈરાદો મહત્વનો છે.

વધુમાં વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી હોટલ અભિલાષા ટુરીસ્ટ હોમમાં રોકાયેલો હોય અને ખોટા નામે એન્ટ્રી કરી હોય તેવો પણ કોઈ પુરાવો નથી. પરંતુ મારા મત પ્રમાણે સાહેદ નં.૧૧૧૩ ની જુબાની ધ્યાને લેતા આ આરોપી અભિલાષા ટુરીસ્ટ હોમમાં રોકાયેલો અને રજીસ્ટરમાં જે એન્ટ્રી કરેલી તે એન્ટ્રીના હસ્તાક્ષરો આરોપીના હસ્તાક્ષરના નમૂના સાથે મળતા આવેલા હોવાનો અભિપ્રાય આપેલો છે. એફ.એસ.એલ. અધિકારી આરોપીને ઓળખતા નથી કે તેની સાથે કોઇ દુશ્મનાવટ પણ નથી. તેમણે વૈજ્ઞાનિક પધ્ધતિથી આરોપીના હસ્તાક્ષના નમૂનાનું પૃથક્કરણ કરીને પોતાનો અભિપ્રાય આપેલો છે. તેમણે જે કોઇ કામગીરી કરેલી છે તે તેમની ફરજના ભાગરૂપે કરેલી છે. જે નહિ માનવાને કોઇ કારણ નથી. જેથી ઉપર મુજબની વિગતે જે પુરાવા રજૂ થયા છે તે તેમામ ધ્યાને લેતા આરોપી આ કહેવાતા ગુનામાં

સંડોવાયેલો છે તેમ હું માનું છું તેમજ આ આરોપી આ કાવતરાના ગુનામાં સંડોવાયેલો છે તેમ હું માનુ છું.

આરોપી નં.૪૭ એહમદ બાવા ઉર્ફે અબુ અબુબકર બરેલવીનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૪૭ એહમદ બાવા ઉર્ફે અબુ અબુબકર બરેલવીનાઓએ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ જુદી-જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી-જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા-જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમણે કઈ-કઈ ભૂમિકા ભજવેલી છે તે સાબિત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે તે મુજબ,

ફરિયાદપક્ષ દ્વારા આ કામે દિપક રામચંદ્ર માલીને સાહેદ નં.૪૫૮ તરીકે આંક-૨૮૧૩ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૨૯/૮/૨૦૦૮ ના રોજ બપોરે સાડા બાર એક વાગ્યાના અરસામાં પોલીસે તેમને સુરત ડી.સી.બી. પોલીસ સ્ટેશન જે ચોક બજાર, કૂર્જામાં આવેલ છે ત્યાં એ.સી.પી.પરમાર સાહેબને મેળવી આપેલા. આ સાહેદ ત્યાં ગયા ત્યારે અગાઉ એક ભાઈ ઉભા હતા જેમની સરનેમ સોનવણે કરીને હતી. પરમાર સાહેબે સમજાવેલુ કે બોમ્બ કાંડનો આરોપી લોકઅપમાં હોઈ તેણે બોમ્બ બનાવવાની સામગ્રી ખરીદેલી. જે દુકાનેથી સામગ્રી ખરીદેલી તે દુકાન માલીક નટ-બોલ્ટ રજૂ કરે છે તે બાબતનું પંચનામુ કરવાનું છે જેથી બંને જણાએ 'હા' પાડેલી. દુકાન માલીકનું નામ જયેશભાઈ પટેલ હતુ. જયેશભાઈ ત્યાં હતા તેમની દુકાનનું નામ "કમલા હાર્ડવેર" હતુ. તેઓએ ત્રણ નટ-બોલ્ટ અને એક બોલ્ટ

એસ.પી.આઈ. માર્કાવાળો રજૂ કરેલ. નટ બે ઇંચ જેટલી લંબાઈની હતી. બીજો એક અડધા ઇંચની લંબાઈનો હતો. તે જોયેલા અને એક પ્લાસ્ટિકના બોક્ષમાં નટ–બોલ્ટ મુકવામાં આવેલા અને સ્લીપ મુકીને દોરીથી બાંધી તેના ઉપર લાખથી સીલ કરવામાં આવેલ. આ બાબતનુ પંચનામુ કરવામાં આવેલુ જે આંક–૨૮૧૪ થી રજૂ છે. પંચનામામાં સાહેદ પોતાની તથા ભુરીયા કિશનની તથા રૂબરૂ તરીકે પોલીસની સહીઓ ઓળખી બતાવે છે. સાહેદને સેશન્સ કેસ નં. ૪૧૮/૨૦૦૯ ના મુદ્દામાલ લિસ્ટ આંક–૨૩૫૦ નો અનુક્રમ નં. ૭૪ થી ૭૭ વાળો મુદ્દામાલ બતાવતા સાહેદ તે ઓળખી બતાવે છે.

સાહેદ વધુમાં જણાવે છે કે તા. ૭/૧/૨૦૦૯ ના રોજ પોલીસે ફરીથી બોલાવેલા. પોલીસે ડી.સી.બી. પોલીસ સ્ટેશને બોલાવેલા. ત્યાં આરોપીને કોઈ ઘર બતાવવુ હતુ માટે પોલીસે બોલાવેલા હતા. ત્યાં બે આરોપી હતાં. એકનું નામ સૈયદ નૌશાદ અને બીજાનું નામ અહેમદબાવા હતુ. આ બેના નામ પરમાર સાહેબે કહેલાં. ત્યારબાદ તેઓને સરકારી વાહનમાં બેસાડેલા અને સહી લીધેલી. આરોપીઓએ કહેલુ કે, અમે મેંગ્લોરથી આવેલા છીએ અને અમોને રસ્તો ખબર નથી તો તમને અમો સાથે રાખી રસ્તો બતાવે છે. બીજુ કાંઈ કહેલુ નહી. ગાડીમાં બેઠા પછી એ.સી.પી. સાહેબ હતાં. નૌશાદે રસ્તો બતાવેલો અને સૈયદપુરા પમ્પીંગ સ્ટેશન ઉપર લઈ ગયેલા. ત્યાં એકને ચોકી પર બેસાડેલા અને ત્યારબાદ નૌશાદ ઘર બતાવવા લઈ ગયેલો. તે ધાસ્તીપુરા પાસે એક ખાડી આવે છે અને તેની આગળ એક સોસાયટી છે, સોસાયટીની ચોથી ગલીમાં, ડી/૩૪ વાળુ મકાન બતાવેલુ. આ સોસાયટીનું નામ "રીવર વ્યુ" હતું. ત્યારબાદ આરોપી કહેતો હતો કે "થોડો ટાઈમ પહેલા અમે ભાડે રહેલા". પછી તેને લઈને ચોકી ઉપર આવેલા. ત્યારબાદ ત્યાંથી અહેમદબાવાને લઈને નીકળેલા. તે પણ તેજ રસ્તા ઉપર લઈ ગયેલા. તેણે પણ મકાન બતાવેલુ અને કહેલુ કે "અમે અહીંયા બીજા માણસો સાથે રહેલા". આ મકાન પણ ડી/૩૪ વાળુ જ મકાન હતુ અને સોસાયટી પણ જે રીવર વ્યુ હતી. આ કાર્યવાહીનું પંચનામુ બનાવવામાં આવેલુ જે આંક–૮૫૨૯ થી રજૂ છે. આ પંચનામામાં સાહેદ પોતાની તથા અન્ય પંચની

સહી ઓળખી બતાવે છે. દસ વર્ષનો સમય થયેલ હોવાથી સાહેદ આરોપીઓને ઓળખી શકે નહીં તેમ જણાવેલ છે. તેમજ પંચનામામાં એવુ લખેલ છે કે, "આરોપીઓએ નામ જણાવ્યા પછી જણાવેલ છે કે અમો ગઈ તા. ૨૬/૭/ ૨૦૦૮ પહેલા સુરત ખાતે આવેલા તે વખતે અમો જે ભાડાના મકાનમાં રોકાયેલા તે ભાડાનું મકાન બતાવી દઈએ છીએ". આ હકીકત સાચી હોવાનું જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો મુદ્દામાલ ઓળખ સબંધે કોઈ નિશાની કરવામાં આવેલી નહીં તે કબૂલ કરે છે. આથી આ મુદ્દામાલ બીજો પણ હોઈ શકે તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે જયારે પંચનામાની વિગતે કોઈ મુદ્દામાલ કબજે કરેલો હોય ત્યારે તે મુદ્દામાલ કબજે કર્યા પછી તેની મુદ્દામાલ પાવતી પોલીસ સ્ટેશનમાં તૈયાર કરવાની હોય છે અને તેમાં મુદ્દામાલનું વિગતે વર્ણન લખીને તેની કિંમત લખાતી હોય છે. જેથી તે મુદ્દામાલ બદલાઈ જવાનો કોઈ પ્રશ્ન નથી. મુદ્દામાલ ઉપર નિશાની કરવી જોઈએ તેવી કાયદામાં કોઈ જોગવાઈ નથી માટે મુદ્દામાલ બીજો પણ હોઈ શકે તે હકીકત સ્વીકારવા યોગ્ય નથી. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો કમલા હાર્ડવેરની આજુબાજુ દુકાનો છે તેના નામો વાંચેલા નહીં. પોલીસે પંચનામુ લખેલુ તે કબૂલ કરે છે. આવી કોઈ કાર્યવાહી કરેલી નથી અને ખોટી જુબાની આપે છે તો તે હકીકત પણ નકારેલી છે. નટ–બોલ્ટ કબજે લીધા બાબતે જુબાની આપેલી છે તે યાદ છે. પંચનામાની ડીટેઈલ અગાઉ જુબાની આપી ત્યારે યાદ ન હતી. ઓગસ્ટ–૨૦૦૮ મા પંચનામામાં સહી કરી ત્યારે પોલીસને પોતાનો સંપર્ક નંબર આપેલો નહીં. સને–૨૦૧૦ મા રાંદેર વિસ્તારમાં આવેલા રામનગર મુકામે રહેવા ગયેલા.જરૂર પડે તો બોલાવજો એવુ પોલીસને કહીને આવેલાની હકીકત નકારી છે.બીજુ પંચનામુ કર્યુ ત્યારે નવા સરનામાની પોલીસને ખબર ન હતી.પરંતુ સાહેદ જણાવે છે કે, બીજા પાસેથી મોબાઈલ નંબર લઈને ફોન કરેલો. પંચનામામાં સહી કરી તે પહેલા તે માણસોને જોયેલા નહીં. આ લોકો કયાં રહેતા અને શું કામગીરી કરતા હતા તેની જાણકારી મળેલી નહીં. પરંતુ સાહેદ જણાવે છે કે તેઓ મેંગ્લોરમાં રહેતા હતા તેવી જાણકારી મળેલી. બે માણસો જે પોલીસ કસ્ટડીમાં હતા તેઓને

પોલીસે કયારથી પકડેલા અને કયાંથી પકડી લાવેલા તથા તેઓ રીમાન્ડ ઉપર હતા કે કેમ? તેની જાણકારી મળેલી નહીં. તે બે માણસો સાથે કોઈ વાતચીત કરેલી નહીં તે કબૂલ કરે છે. અહેમદ બાવાને સૈયદપુરા પોલીસ ચોકીમાં બેસાડેલો તેવુ પંચનામામાં લખેલુ છે તે કબૂલ કરે છે. સૈયદપુરા પોલીસ ચોકીથી વાહન ચલાવીને નિકળ્યા પછી ખાડીપુલ પાસે વાહન રોકયુ હોય તેવુ બનેલુ નથી. રસ્તામાં જતી વખતે આરોપીએ વાહન ઉભુ રખાવી બીજા માણસોને પુછયુ હોય તેવુ બનેલુ નથી. ગાડીમાંથી ઉતર્યા પછી બે પૈકી કોઈપણ આરોપી મુંજવણમાં મુકાયા હોય અને મકાન યાદ આવતુ ન હોય તેવુ બનેલુ નહીં. તા.૭.૧.૨૦૦૯ ના રોજની પંચનામાની કાર્યવાહીમાં ભાગ લીધેલો નથી અને તૈયાર પંચનામામાં સહીઓ કરેલી છે તો તે હકીકત નકારી છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો પોલીસ સ્ટેશનમાંથી નીકળતા પહેલા તેઓ કઈ સોસાયટીમાં રહેલા અને કયા નંબરનુ મકાન હતુ તે સંબંધમાં પોલીસે કોઈ પુછપરછ કરેલી નહીં. પરમાર સાહેબ અગાઉ બીજા કોઈ આરોપીને લઈને આ જગ્યા ઉપર ગયેલા બાબતે કોઈ માહિતી આપેલી નહીં. રસ્તામાં હતા ત્યારે કોઈ માહિતી આરોપીઓએ આ સાહેદની હાજરીમાં આપેલી નહીં તે કબૂલ કરે છે. સોસાયટીના તમામ મકાનો ત્રણ માળના હતા. જે મકાન બતાવેલુ તે ગેટની ડાબી બાજુ હતુ. મકાન ઉપર ગયા ત્યારે મકાનની સ્થિતિ અંગે નોંધ કરવામાં આવેલી નહીં. સોસાયટીની ઑફિસ ઉપર પોલીસ પંચોને લઈ ગયેલી હોય તેવુ બન્યુ નથી. આ સાહેદની હાજરીમાં મકાનના માલીકને શોધવાનો કે તેનુ નામ જાણવાનો પ્રયત્ન કરેલો નહીં.અહેમદ બાવાને આ સાહેદની સાથે આવેલા પોલીસ સિવાય બીજા પોલીસને સોંપેલો. અહેમદ બાવાને લઈ ગયા ત્યારે નવસાદને પણ ચોકીમાં રાખેલો. બંને આરોપીઓએ મકાન ૫-૬ મહિના પહેલા ભાડે રાખેલાનું જણાવેલુ તે અંગેની નોંધ પંચનામામાં કરેલી. કેટલા સમય માટે ભાડે રાખવામાં આવેલુ તેવુ પુછપરછ કરેલી નહીં. સુરતના ઘણા બધા કેસોમાં પોલીસ આ સાહેદને પંચ તરીકે બોલાવે છે તો તે હકીકત નકારે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમારનાઓએ કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુન્હા રજીસ્ટર નં.૧૭૬/૨૦૦૮ ના કામે તા.૭.૧.૨૦૦૯ ના રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ કિશોરભાઈ કાકુભાઈ શાહનાઓને ડી.સી.બી.પોલીસ સ્ટેશન સુરત ખાતે બોલાવેલા. આ ગુનાના કામે આરોપી મહમદ નૌસાદ મહમદ ઈરસાદ (આરોપી નં.૪૬) તથા અહેમદ બાવા ઉર્ફે અબ્બુ સન ઓફ અબુબકરનાઓ (આરોપી નં.૪૭) હાજર હતા અને તેઓ કંઈ કહેવા અને બતાવવા માંગતા હતા જેથી પંચો, પોલીસ સ્ટાફ, આરોપીઓને લઈને તપાસ કરનાર અધિકારી આરોપીઓના જણાવ્યા અને બતાવ્યા મુજબના રસ્તે ગયેલા. સૌપ્રથમ સૈયદપુરા પંપીંગ સ્ટેશન ઉપર લઈ ગયેલા અને ત્યાં એક આરોપીને ચોકી ઉપર બેસાડેલો અને ત્યારબાદ મહમદ નૌશાદ ઘર બતાવવા લઈ ગયેલો. રીવર વ્યુ સોસાયટી મકાન નં.ડી–૩૪ કે જે ચોથી ગલીમાં આવેલુ હતુ તે આરોપીએ બતાવેલુ અને તેને કહેલુ કે આ મકાનમાં થોડો સમય પહેલા અમે ભાડે રહેલા હતા. ત્યારપછી આરોપી નં.૪૬ મહમદ નૌશાદને લઈને પાછા સૈયદપુરા ચોકી ઉપર આવેલા. ત્યાં તેને બેસાડીને ફરીથી આરોપી નં.૪૭ અહેમદ બાવાને લઈને નીકળેલા અને તેને પણ આ જ મકાન બતાવેલુ અને કહેલુ કે અમે અહીંયા આ મકાનમાં બીજા માણસો સાથે રહેલા હતા.

આંક–૮૫૨૯ વાળુ પંચનામુ બનાવનાર અધિકારી સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમારનાઓની જુબાનીના પેરા નં.૫૭ ધ્યાને લેતા તા.૭/૧/૨૦૦૯ ના રોજ કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુન્હા રજીસ્ટર નં.૧૭૬/૦૮ ના કામના આરોપીઓ (૧) મોહમદ નૌશાદ મોહમદ ઈર્શાદ સૈયદ તથા (૨) અહેમદબાવા સ/ઓ અબુબકરનાઓ કાંઇક કહી કાંઇક બતાવવા માંગતા હોવાથી તે અંગેનું પંચનામું કરવા સારૂ બે પંચોને ડી.સી.બી. પોલીસ સ્ટેશન ખાતે બોલાવડાવેલા અને બે પંચોને પંચમાં રહેવા અંગેની સમજ કરેલી અને તેઓએ સ્વખુશી બતાવતા તે અંગેના પંચનામા દરમિયાન આરોપીઓના નામ, ઠામ પુંછવામાં આવેલાં તે સમયે તેઓએ તેઓના નામ "(૧) મોહમદ

નૌશાદ મોહમદ ઈર્શાદ સૈયદ તથા (૨) અહેમદબાવા સ/ઓ અબુબકર" જણાવેલાં અને તેઓએ વધુમાં એવું જણાવેલું કે, "અમો જે ભાડાના મકાનમાં રોકાયેલ તે ભાડાનું મકાન બતાવી દઈએ છીએ અને અમોને સૈયદપુરા પમ્પીંગ સ્ટેશન લઈ જવામાં આવે તો ત્યાંથી અમોએ રસ્તો જોયો છે ત્યાંથી બતાવી દઈએ." ત્યારબાદ આરોપીઓને સાથે રાખી સરકારી વાહનમાં રવાના થયેલાં. આ અંગેનું પ્રાથમિક પંચનામું કરવામાં આવેલું. ત્યારબાદ આરોપીઓએ સૈયદપુરા પોલીસ ચોકી નજીક ગયા બાદ આરોપી મોહમદ નૌશાદ બતાવે તે રીતે ડ્રાઇવરને સુચના આપેલી. આરોપી અહેમદબાવાને સૈયદપુરા પોલીસ ચોકીમાં યોગ્ય જાપ્તા હેઠળ રાખેલાં. ત્યારબાદ આ પંચનામા દરમિયાન પંચો રૂબરૂ આરોપી મોહમદ નૌશાદે ડી/૩૪, રીવર વ્યુ સોસાયટીવાળા મકાનની જગ્યા બતાવેલ. ત્યારબાદ તેને સૈયદપુરા પોલીસ ચોકી લાવી યોગ્ય જાપ્તા હેઠળ બેસાડેલા અને ત્યારબાદ અહેમદબાવા જગ્યા બતાવવા માંગતા હોવાથી તેને પણ યોગ્ય જાપ્તા સાથે પંચો સાથે વાહનમાં બેસાડેલ. ત્યારબાદ આરોપી અહેમદબાવાએ "ડી/૩૪, રીવર વ્યુ સોસાયટીવાળા મકાનની જગ્યા પંચો રૂબરૂ બતાવેલી." આ અંગેનું પંચનામું બે પંચોના જોયા, લખાવ્યા મુજબનું પંચનામામાં જણાવ્યા મુજબના સમયે કરવામાં આવેલું હતું અને ત્યારબાદ બે પંચોની પંચનામામાં સહીઓ લીધેલી. આંક–૮૫૨૯ વાળા પંચનામામાં સાહેદ પોતાની તથા બે પંચોની સહીઓ ઓળખી બતાવે છે. આ સાહેદની ઊલટતપાસ પેરા નં.૧૪૮ ધ્યાને લઈએ તો આંક–૮૫૨૯ વાળા પંચનામાના પંચોને તપાસવામાં આવેલા ન હોય તો યાદ નથી. આ પંચનામાના પંચો હયાત છે કે કેમ? તે કહી શકે નહીં. આ પંચનામાના પંચો પોલીસ સ્ટેશનથી ૫–૬ કિ.મી.ના અંતરે રહેતા હોય તો ખ્યાલ નથી.

આંક–૮૫૨૯ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે, પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે, "પોતાના નામ સરનામાં જણાવેલા તથા અમો ગઈ તા.૨૬.૭.૨૦૦૮ પહેલા સુરત ખાતે આવેલા તે વખતે જે ભાડાના મકાનમાં રોકાયેલા તે ભાડાનુ મકાન બતાવીએ તથા આરોપીઓએ સૈયદપુરા પોલીસ ચોકી

પાસે વાહન ઉભુ રખાવેલુ અને ત્યાં એક આરોપીને મુકી વારાફરતી બંને આરોપીઓને મકાન ઉપર લઈ જઈ બંને આરોપીઓએ વારાફરતી મકાન બતાવેલુ" વિગેરે પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપીઓએ પોતે આપેલ માહિતી પ્રમાણેની જગ્યાએ મકાન આવેલુ હતુ તે મકાનનું ત્યાં અસ્તિત્વ છે માટે આ મકાન હોવાની માહિતી તેને પોતાને હતી જેથી તે હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય. આ પંચનામાવાળા બંને મકાનમાં બનાવો બનતા પહેલા બંને આરોપીઓ રોકાયેલા હતા અને આ મકાનોની માહિતી બંને આરોપીઓને હતી. જેથી પંચો તથા તપાસ કરનાર અધિકારીને આ બંને આરોપીઓ વારાફરતી આ મકાનો ઉપર દોરી ગયેલા. આ દોરી જવાનું તેમનુ વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે સતિષ વામનરાવ પૌવનીકરને સાહેદ નં.૧૧૧૧ તરીકે આંક–૭૯૪૯ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૧૪/૨/૨૦૦૯ ના રોજ પોલીસે તેમને ક્રાઇમ બ્રાન્ચની ઑફિસે બોલાવેલા. ત્યાં એક અધિકારી સાહેબ બેઠેલા હતાં. તે સાહેબ બટકા અને જાડીયા જેવા હતાં અને સાહેબે કહેલું કે આ નીચે એક બેઠેલો છે તે આરોપી છે. ત્યાં પાછળ સામેની સાઇડ ઉપર ચાર–પાંચ પોલીસવાળા ઉભેલા હતાં. તેમને બોલાવ્યા તે રીતે બીજા એક પબ્લિકના માણસને બોલાવેલા હતા અને તેનું નામ ઇકબાલભાઇ હતું. સાહેબે એવું કહેલું કે આ એક આરોપી છે અને તે કાંઇક કહેવા અને બતાવવા માંગે છે. જેથી તેઓએ હા પાડેલી. સાહેબે આરોપીને પુંછેલું કે ભાઇ તું તારૂ નામ બતાવ . આરોપીએ તેમનું નામ અહેમદબાવા જણાવેલું અને તે કર્ણાટકનો હતો. આરોપીએ એવું કહેલું કે, "હું કાંઇક કહેવા અને બતાવવા માંગુ છું" અને આરોપીએ એવું પણ કહેલું કે, "હું તથા યાસીન તા.૧૪/૭/૨૦૦૮ ના રોજ પુનાથી અમદાવાદ ખાતે જમાલપુર સરદાર બ્રિજ થઇ નદી ઉપરથી પૂર્વ દિશામાં AMTS ના બસ સ્ટોપની પાછળના ભાગમાં પાર્કિંગ આવેલું છે ત્યાં અમે લકઝરીમાંથી ઉતરેલાં". આરોપીએ એવું પણ કહેલું

કે, "અમોને એક ભાઇ લેવા આવેલો હતો અને તે રીક્ષામાં બેસાડી એક મકાન ઉપર લઇ ગયેલો હતો તે કહેવા અને બતાવવા માંગું છું".

સાહેદ વધુમાં જણાવે છે કે, ત્યાંથી સાહેબ, તેઓ બંને પંચો, પોલીસ અને ઇકબાલ તથા આરોપી સરકારી ગાડી કે જે નીચે ઉભેલી હતી તેમાં બેસેલાં. તે સમયે સાહેબે ડ્રાઇવરને કહેલું કે આરોપી જે રસ્તો બતાવે તે રસ્તે ગાડી લઇ લ્યો. ત્યાંથી ગાડી ચાલેલી અને જમાલપુરથી સરદાર પટેલ બ્રિજ સાબરમતી થઇને પશ્ચિમદિશામાં AMTS બસ સ્ટેન્ડની પાછળના ભાગમાં પાર્કિંગ આવેલું "ત્યાં આરોપીએ ગાડી ઉભી રખાવેલી." ત્યાં બધા નીચે ઉતરેલાં. આ જગ્યા પાલડી AMTS નું બસ સ્ટોપની બાજુમાં પાર્કિંગ હતું. ત્યાં "આરોપીએ કહેલું કે, અમે અહીંયા બસમાંથી ઉતરેલા અને એક માણસ આવેલો હતો અને અમોને રીક્ષામાં એક મકાન ઉપર લઇ ગયેલો હતો તે જગ્યા બતાવવા માગું છું." ત્યાંથી બધા ગાડીમાં બેસીને ત્યાંથી પાછા સરદાર પટેલ બ્રિજ, જમાલપુર, દાણીલીમડા, ચંડોળા તળાવ બસ સ્ટોપ થઇ જમણી બાજુ ઢાળમાં ઉતરેલાં અને થોડે આગળ ગયા ત્યાં પાનનો ગલ્લો આવેલો. તેનાથી સહેજ આગળ ગયા ત્યારે અલમહમદી સોસાયટી આવેલી અને "તેમાં અંદર આરોપીએ ગાડી લેવડાવેલી અને આગળની સાઈડે સોસાયટીની અંદર પહેલી લાઇને ગાડી ઉભી રખાવેલી." આ જગ્યા આખી આરોપીએ બતાવેલી. ત્યાં બધા નીચે ઉતરેલાં અને ત્યાં "આરોપીએ આંગળી કરીને એક મકાન ઉપર બતાવેલું." તે નીચેનું મકાન હતું, ટેનામેન્ટ હતું અને બંધ હતું. ત્યાં મકાનની બાજુમાં ખુલ્લા મેદાન જેવુ હતું. ત્યાં સાહેબે પંચનામું બનાવેલુ જે આંક–૭૯૫૦ વાળા પંચનામામાં સાહેદ પોતાની તથા ઈકબાલભાઈની સહીઓ ઓળખી બતાવે છે. આ સાહેદને એવુ જણાવે છે કે, તેઓને આરોપી બતાવવામાં આવેલ તો ઓળખી શકે જેથી કોર્ટ દ્વારા એવો પ્રશ્ન પુછવામાં આવેલો તમે ચોકકસ ઓળખી શકો ? તો તેના જવાબમાં જણાવે છે 'હા' તેઓ ચોકકસ ઓળખી શકે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ બાપુનગર વિસ્તારમાં હીરા ઘસવાનું કામ કરે છે. પંચનામામાં સહી કરી તે દિવસે કામ ઉપર

જતા હતા તો તે હકીકત નકારી છે. સાહેદે જણાવેલુ છે કે ખમાસા ખાતે માસીની દીકરીના લગ્નમાં જતા હતા. ગોમતીપુર થી ખમાસા વચ્ચે ૪–૫ કિ.મી.નુ અંતર છે તે કબૂલ કરે છે. ખમાસા થી ગાયકવાડ હવેલી જવુ હોય તો રસ્તામાં ઘણા બધા મકાનો અને દુકાનો આવે તો તે હકીકત નકારે છે. પંચનામામાં સહી કરી અને જુબાની આપી તે વચ્ચે ૧૦ થી ૧૨ વર્ષનો સમય થયો છે તે કબૂલ કરે છે. તે દિવસે ચોકકસ કોની સાથે વાતો કરેલી તે યાદ નથી. ઈકબાલ નામનો માણસ આ સાહેદ પહોચ્યા તે વખતે તે ૧૦ થી ૧૨ મિનિટ પહેલા આવેલાનું જાણેલુ. જે આરોપી નીચે બેસાડેલો હતો તેનો પોલીસ કેમ પકડી લાવેલી અને કયાંથી પકડી લાવેલી તેની માહિતી પોલીસે આપેલી નહીં. તે આરોપીને પોલીસે મારઝુડ કરી હોય તે બાબતે આ સાહેદે પુછપરછ કરેલી નહીં. ગાયકવાડ હવેલીથી પાલડી એ.એમ.ટી.એસ. બસ સ્ટેન્ડના પાછળના ભાગે ગાડીમાં બેસીને આવવુ હોય તો ૧૫ થી ૨૦ મિનિટનો સમય થાય. દાણીલીમડા થઈ ચેડોળા તળાવ જવુ હોય તો ૩૦ થી ૪૦ મિનિટ થાય. પાલડી ચાર રસ્તાથી અલમહમદી સોસાયટી ઉપર પહોંચ્યા તે દરમ્યાન વચ્ચે ૪–૫ વખત ગાડી ઉભી રાખી હોય અને આરોપી નીચે ઉતર્યો હોય તેવુ બનેલુ નથી. પંચનામાની અંદર અલમહમદી સોસાયટી ઉપર બોર્ડ મારેલુ હોય અને વાંચેલુ હોય તેવુ લખાવેલ નથી. પંચનામામાં મકાનનો નંબર લખેલો હોય અને તે જોઈને વાંચેલો હોય તેવુ લખેલુ નથી તે કબૂલ કરે છે. સોસાયટીમાં ઘણા મકાનો છે તે કબૂલ કરે છે. આ મકાન આરોપીએ આંગળી કરીને મેદાનમાં ઉભા રહીને બતાવેલુ તો તે હકીકત નકારી છે. મારા મત પ્રમાણે આરોપીએ મેદાનમાં ઉભા રહીને મકાન બતાવેલુ કે મકાન પાસે જઈને મકાન બતાવેલુ જયાંથી મકાન બતાવ્યુ તે જગ્યાનું મહત્વ નથી પરંતુ આરોપીએ મકાન બતાવેલુ છે તે હકીકત છે. મકાનની સામેની લાઈનમાં બીજા મકાનો હતા તે કબૂલ કરે છે. આ મકાન કોની માલીકીનું હતુ તે બાબતે ત્યાં કોઈ તપાસ કરેલી નહીં. મકાન પાસે જઈને તેનુ તાળુ ખોલવાનો પ્રયત્ન કરેલો નહીં. મકાનને આંગળી કરીને બતાવ્યા પછી મકાનના દરવાજા પાસે અમે ગયેલા નહીં તેમ જણાવે છે. પંદરેક મિનિટ સુધી ત્યાં રોકાયેલા. પોલીસના માણસો આજુબાજુ

તપાસ કરવા ગયા હોય તેવુ બન્યુ નથી. પંદર મિનિટના સમય દરમ્યાન પંચનામુ લખેલુ. સરતપાસમાં જણાવ્યા પ્રમાણે તા.૧૭.૨.૨૦૦૯ ના રોજ આરોપી કોઈ જગ્યાએ લઈ ગયેલો નથી તો તે હકીકત નકારે છે. તૈયાર પંચનામામાં સહી કરેલાની હકીકત નકારે છે. પોલીસના કહેવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયાનાઓએ શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ ના કામે તા.૧૭.૨.૨૦૦૯ ના રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ મહમદ ઈકબાલ અબ્દુલ ગફાર શેખનાઓને ક્રાઈમ બ્રાન્ચ કચેરી અમદાવાદ ખાતે બોલાવેલા. આ ગુનાના કામે આરોપી નં.૪૭ અહેમદ બાવા ઉર્ફે અબુ સનઓફ અબુબકર બરેલવીનાઓ હાજર હતા અને તેઓ કંઈ કહેવા અને બતાવવા માંગતા હતા જેથી પંચો, પોલીસ સ્ટાફ, આરોપીઓને લઈને તપાસ કરનાર અધિકારી આરોપીઓના જણાવ્યા અને બતાવ્યા મુજબના રસ્તે ગયેલા. તેને એમ જણાવેલુ કે તા.૧૪.૭.૨૦૦૮ ના રોજ પોતે તથા યાસીનનાઓ પુના ખાતેથી ખાનગી લકઝરી બસમાં બેસી અમદાવાદ ખાતે જમાલપુર ચાર રસ્તા આવેલા. ત્યારબાદ થોડે દુર એ.એમ.ટી.એસ. બસ સ્ટેન્ડની પાસે આવેલ પાર્કીંગમાં બસ ઉભી રહેલી અને પોતાને એક ઈસમ લેવા માટે આવેલો. તે ઈસમ પોતાને તથા યાસીનને ઓટો રીક્ષામાં બેસાડી એક મકાન ખાતે લઈ ગયેલો તે જગ્યાઓ બતાવવા માંગતો હોવાથી પંચોની હાજરીમાં આંક–૭૯૫૦ વાળુ પંચનામુ બનાવેલુ.

આંક–૭૯૫૦ વાળુ પંચનામુ બનાવનાર તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયા ગુજરી ગયેલા છે માટે સીરીયલ બોમ્બ બ્લાસ્ટોની તપાસ કરનાર તપાસ ટીમો પૈકીના અન્ય એક તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ પોતાની જુબાનીના પેરા નં.૩૧.૨૬ મા આ બાબતે જણાવેલ છે તથા આંક–૭૯૫૦ વાળા પંચનામામાં આ સાહેદે વી.આર. ટોળીયાની સહી ઓળખી બતાવેલી છે.

આંક–૭૯૫૦ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "પોતાનુ નામ સરનામુ જણાવેલુ" તથા "તા.૧૪.૭.૨૦૦૮ ના રોજ પોતે તથા યાસીનનાઓ પુના ખાતેથી ખાનગી લકઝરી બસમાં બેસી અમદાવાદ ખાતે જમાલપુર ચાર રસ્તા આવેલા. ત્યારબાદ થોડે દુર એ.એમ.ટી.એસ. બસ સ્ટેન્ડની પાસે આવેલ પાર્કીંગમાં બસ ઉભી રહેલી અને પોતને એક ઈસમ લેવા માટે આવેલો. તે ઈસમ પોતાને તથા યાસીનને ઓટો રીક્ષામાં બેસાડી એક મકાન ખાતે લઈ ગયેલો" તથા "અલમહમદી સોસાયટીની પહેલી ગલી પાસે આવતા તેને વાહન જમણી બાજુ લેવડાવેલુ અને ખુલ્લી જગ્યાએ વાહન ઉભુ રખાવેલુ" તથા "તા.૧૪.૭.૨૦૦૮ નાં રોજ પોતે તથા યાસીન આ મકાનમાં ૨–૩ દિવસ રોકાયેલા હતા, બીજા ત્રણેક છોકરાઓ પણ ત્યાં આવેલા હતા" તથા "અમો જે બેગ લઈને આવેલા તે બેગ મકાનમાં મુકેલી" વિગેરે પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપીએ પોતે આપેલ માહિતી પ્રમાણેની જગ્યાએ મકાન આવેલુ હતુ તે મકાનનું ત્યાં અસ્તિત્વ છે માટે આ મકાન હોવાની માહિતી તેને પોતાને હતી જેથી તે હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય.આરોપી આ મકાન ઉપર ગયેલો તેની માહિતી આ આરોપીને હતી જ માટે પંચો અને તપાસ કરનાર અધિકારીને તે આ મકાન ઉપર દોરી ગયેલો. આરોપીનું આ દોરી જવાનું વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે.

આ આરોપી નં.૪૭ એહમદ બાવા ઉર્ફે અબુ અબુબકર બરેલવીએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઈન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે તે પ્રશ્નના જવાબમાં તેને ફરિયાદપક્ષના પુરાવા સંબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના બચાવ માટે જે હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦ માં જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

આ ઉપરાંત આ આરોપીએ પોતાના બચાવમાં અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ નથી. પરંતુ અગ્રેજી ભાષામાં લખેલ પાના નં.૧ થી ૨ માં પોતાનુ લેખિત નિવેદન આપેલુ છે અને તે મુજબ તેઓ મેંગ્લોર, કર્ણાટકના રહેવાસી છે, તેઓની પત્ની બિમાર રહે છે. ગુજરાતની પોલીસ તેઓને અટક કરીને લઈ ગયેલી હતી અને ગુજરાતના બ્લાસ્ટ કેસોમાં આરોપી બનાવી દીધેલ છે. પોતે આ ગુનામાં નિર્દોષ છે અને ખોટી રીતે સંડોવેલો છે. ફરિયાદપક્ષે પોતાની સામે કોઈ સબળ પુરાવો રજૂ કરેલ નથી જેથી આ ગુનામાંથી મુકત કરવા જણાવેલુ છે.આ લેખિત નિવેદનમાં તેને ફરિયાદપક્ષ તરફથી રજૂ થયેલા પુરાવા વિશે કાંઇ જ હકીકત જણાવેલી નથી કે પુરાવાનું ખંડન કરવા માટે પણ કોઇ હકીકત જણાવેલી નથી.

આરોપી નં.૪૭ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૪૫૮, ૧૧૧૧, ૭૮૬, ૭૮૭, ૭૮૮, ૭૯૦, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતાં આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવો તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સીમીનો સભ્ય નથી અને સભ્ય હોવા બાબતે કોઈ પુરાવો નથી. તપાસ કરનાર અધિકારી એન.બી.પરમારને આ આરોપીના ત્રણ પંચનામો બનાવેલા છે પરંતુ પંચોને તપાસેલા નથી. આ આરોપીએ મકાન નં.ડી–૩૪ રીવર વ્યુ સોસાયટી સુરતવાળુ મકાન બતાવેલુ તેટલી જ હકીકત છે. પરંતુ મારા મત પ્રમાણે આ આરોપીએ પંચ સાહેદ સાહેદ નં.૪૫૮ દિપક માલીની હાજરીમાં આ મકાન બતાવેલુ. મકાનનું તેને જ્ઞાન હતુ, મકાન તેણે જોયેલુ હતુ, મકાનમાં થોડો સમય ભાડે રહેલા હતા અને આ મકાનમાંથી અગાઉ મુદ્દામાલ છરા, બોલ્ટ વિગેરે કબજે કરવામાં આવેલા હતા અને આ મુદ્દામાલનો ઉપયોગ બોમ્બ

બનાવવામાં થયેલો છે. આ મકાન ઉપર આ આરોપી પોતે પંચ તથા તપાસ કરનાર અધિકારીને દોરીને લઈ ગયેલો જેથી આ દોરી જવાનું વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે. આ આરોપી ગુનામાં સંડોવાયેલો હોવાનો એક સંજોગ ઉભો કરે છે. વધુમાં વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, તપાસ કરનાર અધિકારીઓએ આ પંચનામુ પાછળથી ઉભુ કરેલુ છે પરંતુ તેઓની દલીલ સાથે હું સંમત નથી કારણ કે તપાસ કરનાર અધિકારીએ આ આરોપીને સંડોવવા માટે કોઇ અંગત હિત ના હોય તેમણે જે કામગીરી કરેલી છે તે ફરજના ભાગરૂપે કરેલી છે. વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, સાહેદ નં.૧૧૨૩ લીયાકત અલી શેખ મકાનના માલીક છે અને આ આરોપીને મકાન ભાડે આપેલુ તેવુ તેઓ કહેતા નથી. પરંતુ મારા મત પ્રમાણે આ મકાન આરોપીને ભાડે આપેલુ નથી પરંતુ બીજા આરોપીને ભાડે આપેલુ હતુ અને તે આરોપી સાથે આ આરોપી રહેતો હતો. આ મકાન સૌપ્રથમ આરોપી નં.૬૩ નાએ તા.૨૮.૮.૨૦૦૮ ના રોજ બતાવેલુ હતુ. ત્યારબાદ આ આરોપીને અટક કર્યા બાદ તા.૭.૧.૨૦૦૯ ના રોજ આ આરોપીએ મકાન બતાવેલુ છે.

વધુમાં વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, તા.૨૩.૧૨.૨૦૦૮ ના રોજ આ આરોપીને ઓઢવ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૩૩૮/૨૦૦૮ ના કામે અટક કરેલો છે. આ આરોપી સીમીનો સભ્ય હોય તેવો કોઈ પુરાવો નથી અને કેરાલા કે હાલોલ કેમ્પમાં હાજર રહેલો નથી. આ આરોપી વિરૂધ્ધ તપાસ કરનાર અધિકારીને કોઈ પુરાવા મળેલા ન હોવાથી આંક–૭૯૫૦ વાળુ પંચનામુ ઉભુ કરેલુ છે. પરંતુ મારા મત પ્રમાણે પુરાવા ધ્યાને લેતા આ આરોપી કર્ણાટકનો છે અને તા.૧૪.૭.૨૦૦૮ ના રોજ પુનાથી અમદાવાદ બસમાં આવેલો અને જમાલપુર સરદાર બ્રિજ પાસે એ.એમ.ટી.એસ. બસ સ્ટેન્ડ પાસે ઉતરેલો અને ત્યાં એક ભાઈ તેને લેવા આવેલો અને રીક્ષામાં બેસી અલમહમદી સોસાયટી મકાન નં.૧૦ ઉપર ગયેલો. આ જગ્યાઓ ઉપર આરોપી પોતે પંચ તથા તપાસ કરનાર અધિકારીને દોરીને લઈ ગયેલો હતો. જેથી આ દોરી જવાનું વર્તન તેની વિરૂધ્ધ એક સંજોગ ઉભો કરે છે. આરોપી આ

મકાનમાં અન્ય સહઆરોપીએ સાથે રોકાયેલો હતો. મકાનમાંથી બોમ્બ બનાવવાની વિવિધ સામગ્રી મળેલી. જેથી અનુમાન થઇ શકે કે આ આરોપી પણ અન્ય આરોપીઓની સાથે આ મકાનમાં રહીને બોમ્બ બનાવેલા હતા. ફરિયાદપક્ષ દ્વારા ઉપર મુજબની વિગતે જે મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજૂ થયા છે તે તથા બંને પક્ષની દલીલો ધ્યાને લેતા આ આરોપી પણ આ કાવતરાના ગુનામાં સંડોવાયેલો છે તેમ હું માનુ છું.

આરોપી નં.૪૮ સરકુદ્દીન ઉર્ફે સરકુ ઈ.ટી. સૈનુદ્દીન ઉર્ફે અબ્દુલ સત્તાર ઉર્ફે અબ્દુલ સલામ ઉર્ફે સલીમનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૪૮ સરકુદ્દીન ઉર્ફે સરકુ ઈ.ટી. સૈનુદ્દીન ઉર્ફે અબ્દુલ સત્તાર ઉર્ફે અબ્દુલ સલામ ઉર્ફે સલીમનાઓએ અમદાવાદ શહેરમાં તા.૨૬–૭–૨૦૦૮ના રોજ જુદી–જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી–જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા–જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમણે કઈ કઈ ભૂમિકા ભજવેલી છે તે સાબિત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે તે મુજબ,

ફરિયાદપક્ષ દ્વારા આ કામે જય હર્ષદરાય પંચાલને સાહેદ નં.૧૧૬૨ તરીકે આંક–૮૫૯૧ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૪/૫/૨૦૦૯ ના રોજ તેઓને ક્રાઇમ બ્રાન્ચની ઑફિસે આશરે બપોરના બે વાગ્યે બોલાવેલા. તેમની સાથે બીજા એક આમીરભાઇને પણ બોલાવેલાં. ત્યાં ચાવડા સાહેબેની ઑફિસમાં બે પોલીસવાળા હતા અને ત્યાં એક આરોપી હતો. ચાવડા સાહેબે જણાવેલ કે, મણીનગરમાં બોમ્બ બ્લાસ્ટ થયેલા

હતાં તે સંદર્ભમાં આરોપીને એરેસ્ટ કરેલો અને હાલ રીમાન્ડ ઉપર છે. તો તે આરોપી તેની રાજીખુશીથી બોમ્બમાં જે ટાઇમર ચીપનો વપરાશ થયેલો તે પોતાની સ્વખુશીથી બનાવી આપવા માંગે છે તો તે બાબતે પંચનામું કરવાનું હતું. જેથી હા પાડેલી. ત્યાં બીજા બે અધિકારીઓ એફ.એસ.એલ.ના આવેલાં હતાં. ચાવડા સાહેબે તે બંનેનું પણ ઈન્ટ્રોડકશન આપેલું. ત્યારબાદ પંચનામું શરૂ કરેલું. ત્યારપછી આ સાહેદ તથા આમીરભાઇએ જે આરોપી હતો તેનું નામ, સરનામું પુંછેલું. તેણે તેનું નામ "સરફુદ્ધિન સ/ઓ ઈટી સૈનુદ્ધિન, પોતે કેરલનો રહેવાસી છે અને મલયાલમ અને અંગ્રેજી ભાષાનો જાણકાર છે" તેમ જણાવેલું. ત્યારપછી આરોપીએ એવું કહેલું કે, "બોમ્બમાં જે ટાઇમર ચીપ વપરાયેલી હતી તે એણે પોતે તેના પિતાએ અને બીજા બે વ્યકિત અબ્દુલ રહિમ અને ઉમર હાજીએ બનાવેલી". આરોપીએ પછી તે પ્રકારની સામગ્રી મંગાવેલી. તે પ્રકારની એટલે કે બોમ્બમાં ટાઇમર ચીપ બનાવવાની વિવિધ વસ્તુઓ મંગાવેલી. આ વસ્તુઓમાં જે યાદ છે તેમાં અલગ કલરના વાયર હતાં, શોલ્ડર હતું, શોલ્ડરીંગ કરવાનું લેડ, ડાયોડ વિગેરે હતુ. તે પછી આરોપીએ એક એ/૪ સાઇઝનો કાગળ, કુટપટ્ટી અને પેન્સિલ માંગેલ. ત્યારપછી તેણે એ/૪ સાઇઝનો કાગળ ટેબલ ઉપર મુકીને કુટપટ્ટી અને પેન્સિલથી એક ડાયોગ્રામ દોરેલો. ત્યારપછી જે વિવિધ વસ્તુઓ હતી તેને ડાયોગ્રામ મુજબ એસેમ્બલ કરેલી. એસેમ્બલ કર્યા પછી જે ફાઇનલ થઇ ગઇ તે પછી આરોપીએ કહેલું કે "આ પ્રકારની ચીપ બોમ્બ બ્લાસ્ટમાં વપરાયેલી". આ બનાવેલી વસ્તુનું એફ.એસ.એલ.ના બે અધિકારીએ ઓબ્ઝર્વેશન કરેલું અને પછી તેને જમા લેવા જણાવેલું. ત્યારપછી એક પ્લાસ્ટિકના ટ્રાન્સપરન્ટ બોક્ષમાં તે ચીપને મુકીને દોરાથી બાંધી અને બોક્ષને દોરાથી ચાર બાજુ બાંધેલું અને એક કાપલીમાં આ સાહેદની તથા આમીરની તથા ચાવડા સાહેબની સહીઓ લઇ તેને લાખથી સીલ કરેલું. આ સ્લીપ બોક્ષની ઉપર દોરાના ભાગે મુકેલી. જે ડાયોગ્રામ બનાવેલો તેમાં પણ આ સાહેદે, આમીરે અને ચાવડા સાહેબે સહીઓ કરેલી. આ જે કાર્યવાહી થયેલી તે બાબતે પંચનામું કરવામાં આવેલું. જે આંક–૮૫૯૨ થી રજૂ છે.આ પંચનામામાં સાહેદ પોતાની

તથા આમીરભાઈ તથા રૂબરૂ તરીકે સાહેબની સહીઓ ઓળખી બતાવે છે. સાહેદને સે.કે.નં.૩૨૪/૨૦૦૯ ના કામના મુદ્દામાલ લીસ્ટ આંક–૨૦૩૪ના અનુક્રમ નં.૧ વાળો મુદ્દામાલ કે જે બોક્ષ ઉપર ૦૯/પી/૭૮ નંબર લખેલો તેમાંથી પંચસ્લીપ નીકળેલ તે પંચ સ્લીપમાં સાહેદ પોતાની તથા આમીરભાઈની અને રૂબરૂ તરીકે ચાવડા સાહેબની સહીઓ ઓળખી બતાવે છે. જે આંક–૮૫૯૩ થી રજૂ રાખેલ છે તેમજ મુદ્દામાલ સર્કીટ જે આરોપીએ આ સાહેદની હાજરીમાં બનાવેલાનું જણાવેલ છે તે ઓળખી બતાવે છે. તેમજ આંક–૮૫૯૪ થી મુદ્દામાલ આર્ટીકલ નં.૨ જે એક ખાખી કલરના કવરમાંથી ડાયાગ્રામ નીકળેલ જેના ઉપર આ સાહેદ પોતાની તથા આમીરભાઈ તથા રૂબરૂ તરીકે ચાવડા સાહેબની સહી ઓળખી બતાવે છે જે આંક–૮૫૯૪ થી રજૂ રાખેલ છે. આરોપીને જોયે દસેક વર્ષનો સમય થયેલો હોવાથી ઓળખી શકે નહિ તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદે એમ.બી.એ. સુધીનો અભ્યાસ કરેલો છે. પંચનામામાં સહી કરી ત્યારે બી.બી.એ.મા અભ્યાસ કરતા હતા. જે આરોપી હતો તેને અંગ્રેજી અને મલયાલમ સિવાય બીજી કોઈ ભાષા આવડતી ન હતી. પંચનામુ પોલીસવાળા ભાઈના હસ્તાક્ષરમાં લખાયેલુ. સાહેદ જણાવે છે કે મોટા ભાગનું મે લખાવેલુ અને વચ્ચે વચ્ચે આમીરભાઈએ લખાવેલુ. ઈલેકટ્રોનિકસ કે ઈલેકટ્રીકલનો કોઈ કોર્સ કરેલો નથી. બીજા પંચ આમીરભાઈ પઠાણને સહી કરી તે પહેલા જોયેલા ન હતા કે તેમને ઓળખતા ન હતા. અંગ્રેજી ભાષા સારી રીતે જાણતા હતા તો તે કબૂલ કરે છે. ચાવડા સાહેબ પણ અંગ્રેજી ભાષા લખીને સમજી શકતા હતા તે કબૂલ કરે છે. સરકુદ્દિન અંગ્રેજી ભાષા બોલતો હતો તે ભાષામાં પંચનામુ લખેલુ નથી તો તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે આરોપી સરકુદ્દિન અંગ્રેજી ભાષામાં બોલતો હતો અને તે ભાષામાં પંચનામુ લખેલુ નથી માટે પંચનામુ આ સાહેદની હાજરીમાં થયુ નથી તેમ કહી શકાય નહીં. ક્રાઈમ બ્રાન્ચની ઓફિસે પહોચ્યા તે પહેલા સરકુદ્દિન નામની વ્યકિતને અગાઉ કયારેય જોયેલી નહીં. આ સરકુદ્દિન કેટલા દિવસ પહેલાથી પોલીસ રીમાન્ડ ઉપર હતો તેની જાણકારી આપેલી હશે પરંતુ જુબાની

આપી તે દિવસે યાદ નથી. આરોપીને તેનુ નામ અને સરનામુ પુછેલુ તે સિવાય બીજી વિગત પુછેલી નહીં. આરોપીના નામ વિશે પોલીસે આરોપીનું આઈ.ડી. કાર્ડ બતાવેલુ નહી .પંચનામામાં સહી કરી તે પહેલા એફ.એસ.એલ.ના અધિકારીઓને ઓળખતા ન હતા. એફ.એસ.એલ.ના અધિકારીઓની કામગીરી બાબતે અથવા તેમના હોદ્દા બાબતે પુછપરછ કરેલી નહીં. તેઓ કઈ બાબતે નિષ્ણાંત છે તે અંગેની પુછપરછ કરેલી નહી. આંક–૮૫૯૪ વાળા ડાયાગ્રામ ઉપર એફ.એસ.એલ.ના અધિકારીઓએ સહીઓ કરેલી નહી. તા.૪.૫.૨૦૦૯ ના રોજ ક્રાઈમ બ્રાન્ચની ઑફિસમાં જવાનું છે તેવી જાણ તે જ દિવસે થયેલી. કૉલેજથી સ્કૂટર લઈને એલિસબ્રિજ થઈ આવતા હતા ત્યારે પોલીસે આઈ.પી. મિશન સર્કલ પાસે રોકેલા. જયાં રોકેલા ત્યાંથી ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે જતા વચ્ચે રસ્તામાં ટ્રાફિકના વાહનો, રહેણાંકના મકાનો અને લોકોની અવર–જવર રહેતી હોય છે તે કબૂલ કરે છે. ક્રાઈમ બ્રાન્ચની ઑફિસમાં જવુ હોય તો ગાયકવાડ હવેલી થઈને જવાય તો યાદ નથી. જે પોલીસના માણસોએ રોકેલા તેમના નામ હોદ્દાની ખબર નથી. એફ.એસ.એલ.ના અધિકારીઓએ ચીપ જોયા પછી કોઈ કામગીરી કરેલી નહીં અને ચીપ જોયા પછી બીજા સાધનો મંગાવી કોઈ ટેસ્ટીંગ કરેલુ નહીં. ચીપ સાથે કોઈ વાયરો જોડી બલ્બ સળગાવ્યો હોય તેવુ બન્યુ નથી. ચીપ કઈ રીતે કામગીરી કરે છે તેનુ સ્થળ ઉપર કોઈ ટેસ્ટીંગ કરેલુ નહીં. પોલીસવાળા ભાઈ સાધનો કઈ જગ્યાએથી અને કેવી રીતે લાવેલા તેની માહિતી નથી. આ સાધનો તમો ઓળખતા હતા તેવા પ્રશ્નના જવાબમાં સાહેદે જણાવેલુ છે કે, અલગ–અલગ કલરના વાયર, સોલ્ડર તથા સરકીટને ઓળખતો હતો. ડાયાગ્રામ એક જ કોપીમાં બનાવેલો. ડાયાગ્રામ બનાવતી વખતે રબ્બરનો ઉપયોગ કરી છેકછાક કરેલી હોય તો યાદ નથી. ડાયાગ્રામ દોર્યા પછી પેન્સીલથી કે રબ્બરથી છેકછાક કરી ફરીથી દોરેલુ હોય તો તે બાબતે કહી શકે નહીં. ડાયાગ્રામ જોઈને સાહેદ જણાવે છે કે, રબ્બરનો ઉપયોગ થયો છે કે કેમ તથા છેકછાક થયેલી છે કે કેમ? તે કહી શકે નહીં. આઈ.સી.ના અર્થની ખબર નથી. આઈ.સી.નો અર્થ સમજાવેલાનું યાદ નથી. સરતપાસમાં જણાવ્યા મુજબની

કાર્યવાહીનું પંચનામુ થયુ તે વખતે હાજર ન હતા તો તે હકીકત નકારી છે. પંચોની હાજરીમાં ઈલેકટ્રીક ટાઈમરવાળી ચીપ બનાવેલી હોય અને તે કબજે કરેલી નથી તો તે હકીકત નકારી છે. પોલીસના કહેવાથી અને સમજાવવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારી છે.વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો સૌપ્રથમ ડાયાગ્રામ બનાવવામાં આવેલો અને પછી સરકીટ બનાવેલી. ડાયાગ્રામમાં કયા આર્ટીકલનો કયા ઉપયોગ કરવામાં આવેલો છે તે બતાવેલુ નહીં. પોલીસવાળા કેટલા સમયમાં આર્ટીકલ લઈને પાછા આવેલા તે પંચનામામાં નહીં લખાવવાનું કારણ આપતા સાહેદ જણાવે છે કે, અગાઉ પંચમાં રહેલા ન હતા માટે અનુભવ ન હતો. ચીપ તૈયાર થયા પછી પંચોની હાજરીમાં તૈયાર થઈ છે તે બતાવવા તેની ઉપર કોઈ નિશાની કરેલી નથી. ચીપ ઉપર કયા આર્ટીકલ પછી કયો આર્ટીકલ લગાવેલો તે હકીકત પંચનામામાં લખાવેલી નથી. ડબ્બા ઉપર જે સીલ કરવામાં આવેલા તે કેટલા સીલ અને કયાં કરવામાં આવેલા તે યાદ નથી. સીલનુ પોલીસે શું કરેલુ તેની ખબર નથી. પંચનામુ અંગ્રેજીમાં નહીં લખવાનું કોઈ કારણ આપી શકે નહીં. ડાયાગ્રામ કે ચીપ બનાવવાની કોઈ કામગીરી આ સાહેદની હાજરીમાં થયેલી નથી તો તે હકીકત નકારે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં.૨૦૬/૨૦૦૮ ના કામે તા.૪.૫.૨૦૦૯ ના રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ આમીરખાન ઉસ્માનખાન પઠાણનાઓને ક્રાઈમ બ્રાન્ચ કચેરી, અમદાવાદ ખાતે બોલાવેલા. આ ગુનાના કામે આરોપી નં.૪૮ સૈનુદીન ઉર્ફે અબ્દુલ સત્તારનાઓ હાજર હતા અને તેઓ કંઈ કહેવા અને બતાવવા માંગતા હતા જેથી પંચો, પોલીસ સ્ટાફ, એફ.એસ.એલ. અધિકારીઓને હાજર રાખેલા અને ત્યારબાદ આરોપીએ પોતાનુ નામ, ઠામ જણાવેલુ અને જણાવેલુ કે મને ટાઈમર ચીપ જે બનાવમાં વપરાયેલી તે માટે ચીજવસ્તુઓ પોતાને મંગાવી આપવામાં આવે તો તેવી ટાઈમર ચીપ બનાવી આપવા માંગુ છું તેમ જણાવતા તપાસ કરનાર અધિકારીએ જુદી-જુદી ચીજ વસ્તુઓ જેવી કે માઈક્રો કન્ટ્રોલર,

ડાયોડ, ડીસ્ક કેપ, કેપેસીટર, કનેકટર, સોકેટ, સોલ્ડરીંગ રોડ, અલગ–અલગ કલરના વાયર મંગાવી આપેલા અને તે લાવ્યા બાદ આરોપીઓએ સરકીટો તૈયાર કરેલી અને તે અંગેનો ડાયોગ્રામ પણ બનાવેલો. આ અંગેનુ પંચોની હાજરીમાં આંક–૮૫૯૨ વાળુ પંચનામુ બનાવેલુ.

આંક–૮૫૯૨ વાળુ પંચનામુ બનાવનાર તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ પોતાની જુબાનીના પેરા નં.૧૪.૮ ધ્યાને લેતા તેઓ જણાવે છે કે, તા.૪/૫/૨૦૦૯ ના રોજ રીમાન્ડ ઉપરના આરોપી સરફુદ્દિન ઉર્ફે સરીફ સ/ઓ ઇ.ટી.સૈનુદ્દિનનાઓ પોતાની સ્વખુશીથી ઇલેકટ્રીક ટાઇમર ચીપ બનાવી બતાવી માંગતા હોવાથી તે અંગેનું પંચનામું કરવા સારૂ ક્રાઇમ બ્રાન્ચ કચેરીએ પંચોને બોલાવેલાં અને તેઓને પંચનામા અંગેની સમજ કરેલી અને તેઓએ પંચમાં રહેવા સ્વખુશી બતાવેલી. વધુમાં એફ.એસ.એલ. અધિકારીશ્રીઓને પણ બોલાવવા અંગે જરૂરી તજવીજ કરેલી અને એફ.એસ. એલ. અધિકારીશ્રીઓ પંચનામા દરમ્યાન હાજર રહેલાં. વધુમાં જણાવે છે કે, પંચો રૂબરૂ પંચો તથા અન્ય હાજર તમામની રૂબરૂમાં આરોપીનું નામ, ઠામ પુંછતા તેણે પોતાનું નામ "સરફુદ્દિન ઉર્ફે સરીફ સ/ઓ ઇ.ટી.સૈનુદ્દિન ઉર્ફે અબ્દુલ સત્તાર ઉર્ફે સલીમ" જણાવેલું અને પોતાનું સરનામું જણાવેલું. આ આરોપી "અંગ્રેજી તથા મલયાલમ" જાણતો હોવાનું પણ પંચોને જણાવેલું. આરોપીએ પોતે ગુનામાં વપરાયેલ ટાઇમર ચીપ સ્વખુશીથી બનાવી બતાવવા માંગે છે તેમ પંચો રૂબરૂ જણાવતાં જુદી–જુદી ચીજવસ્તુઓ મંગાવવામાં આવેલી. વધુમાં આરોપીને કોરો કાગળ, કુટપટ્ટી, પેન્સિલ આપવામાં આવતા તેણે કોરા કાગળમાં સર્કિટ ડાયગ્રામ તૈયાર કરેલો અને ત્યારબાદ આરોપીએ જણાવેલ ચીજવસ્તુઓ તેને આપતાં આરોપીએ તે તમામ પાર્ટસનો ઉપયોગ કરી શોલ્ડરીંગ કરી એક સર્કિટ પંચો રૂબરૂ તૈયાર કરેલ જેને એફ.એસ.એલ.અધિકારીની સુચના મુજબ પ્લાસ્ટિકના બોક્ષમાં મુકી તેના ઉપર પંચનામાની વિગતે પંચ સ્લીપ મુકીને સીલ કરવામાં આવેલ. આરોપીએ પંચો રૂબરૂ જે કાંઇ જણાવ્યું તે અંગેનું તથા પંચોના જોયા મુજબનું પંચનામું પંચોએ લખાવતાં તે પંચનામું પૂર્ણ કરવામાં

આવેલું અને બે પંચોએ તે પંચનામામાં સહીઓ કરેલી અને રૂબરૂમાં આ સાહેદે સહીઓ કરેલી. પંચનામા દરમ્યાન જે ડાયગ્રામ આરોપીએ દોરી આપેલ તેમાં પણ બે પંચોની સહીઓ મેળવેલી અને રૂબરૂમાં આ સાહેદે સહી કરેલી. આંક–૮૫૯૨ વાળા પંચનામામાં સાહેદ પોતાની તથા પંચોની સહીઓ ઓળખી બતાવે છે. તેમજ આંક–૮૫૯૪ બતાવવામાં આવે છે તે જોઈને જણાવે છે કે આ સર્કિટ ડાયગ્રામ આરોપીએ આ સાહેદની તથા પંચો રૂબરૂ તૈયાર કરેલ તેમાં પંચોની તથા રૂબરૂ તરીકેની પોતાની સહીઓ ઓળખી બતાવે છે. તેમજ આંક–૮૫૯૩ વાળી પંચસ્લીપ પોતાની તથા પંચોની સહીઓ ઓળખી બતાવે છે તેમજ સે.કે. નં.૩૨૪/૨૦૦૯ ના મુદ્દામાલ લીસ્ટ આંક–૨૦૩૪ ના લીસ્ટ–૨ ના મુદ્દામાલ આર્ટીકલ અનુક્રમ નં.૧ વાળો મુદ્દામાલ જોઈને જણાવે છે કે આ તે જ મુદ્દામાલ સર્કિટ છે જે આરોપીએ પંચો રૂબરૂ તથા એફ.એસ.એલ. અધિકારીઓની રૂબરૂ બનાવી આપેલ. આંક–૫૫૮૮ જોઈને જણાવે છે કે તે યાદી આ સાહેદે એફ.એસ. એલ.અધિકારીને આપેલી જેમાં પોતાની સહી ઓળખી બતાવે છે તેમજ તેના પાછળના ભાગે એફ.એસ.એલ. અધિકારીશ્રીનો અહેવાલ છે. વધુમાં આરોપી સરફુદ્દિન ઉર્ફે શરીફનાઓએ પંચો રૂબરૂ જે ઈલેકટ્રીક ટાઈમર સર્કિટ બનાવી આપેલી તે કબ્જે લેવામાં આવેલ મુદ્દામાલ એફ.એસ.એલ. માં મોકલવા સારૂ રવાનગી નોંધ તૈયાર કરેલ અને મુદ્દામાલ એફ.એસ.એલ.ને મોકલેલ.આંક–૫૬૪૨વાળી રવાનગી નોંધમાં સાહેદ તેમની સહી તથા સત્તા અંગેના પ્રમાણપત્રમાં પણ પોતાની સહી ઓળખી બતાવે છે. તેમજ મુદ્દામાલ એફ.એસ. એલ.ને મળતાં એફ.એસ.એલ.એ પહોંચ આપેલી જે આંક–૫૬૪૩ થી રજૂ રાખેલ છે.

આ સાહેદની ઊલટતપાસના પેરા–૬૫ ધ્યાને લઈએ તો આંક–૮૫૯૨ વાળુ પંચનામુ આરોપી સરફુદ્દિન ઉર્ફે શરીફને લગતુ છે તે કબૂલ કરે છે. આરોપી હિન્દી અને ગુજરાતી ભાષા જાણતો નથી તેવુ પંચનામામાં જણાવેલુ છે તે કબૂલ કરે છે. ઊલટતપાસના પેરા–૧૧૮ ધ્યાને લેતા આંક–૮૫૯૨ વાળા પંચનામા દરમ્યાન એફ.એસ.એલ. અધિકારી હાજર હતા તે બતાવવા એફ.એસ.

એલ. અધિકારી સહી લીધી નથી તે કબૂલ કરે છે. ઊલટતપાસના પેરા–૧૩૭ ધ્યાને લેતા આંક–૮૫૯૨ વાળુ પંચનામુ બનાવતી વખતે આરોપી સરફુદ્દિનને જે પ્રશ્ન પુછેલા તેના જવાબો તેને જે ભાષામાં આપેલા તે ભાષાના જાણકારને પંચનામુ બનાવ્યુ ત્યારે હાજર રાખેલાનું જણાવે છે. આરોપી જે ભાષા જાણતો હતો તે ભાષા તેઓ જાણે છે તેવો શેરો પંચનામા ઉપર લીધેલો નથી. આ ટાઈમર ચીપ બનાવવા માટે આર્ટીકલની જાણકારી લેખિતમાં આરોપી પાસેથી મેળવેલી નહીં. જેને પણ આર્ટીકલ લેવા મોકલેલા તેણે આ આર્ટીકલો સિવાય બીજી કોઈ માહિતી આપેલી નહીં. આર્ટીકલોની કિંમત સરકાર દ્વારા ચુકવવામાં આવેલી કે જાતે ભોગવેલી તે કહી શકે નહીં. ડાયોગ્રામ આરોપીએ બનાવેલો છે તે માટે આરોપીની સહી લીધેલી નહીં. ડાયોગ્રામ પ્રમાણે તૈયાર થયેલી સરકીટ કાર્ય કરે છે કે કેમ? તે અંગે જે તે વખતે પ્રયોગ કરી શકાય નહીં તેવો અભિપ્રાય એફ.એસ. એલ. પાસેથી લીધેલો નથી.

આંક–૮૫૯૨ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે, પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "પોતાનુ નામ, સરનામુ જણાવેલુ" તથા "પોતાને ગુજરાતી કે હિન્દી ભાષા આવડતી નથી, અંગ્રેજી ભાષામાં તમામ વિગત જણાવુ છું તથા પોતે તથા પોતાના પિતા અબ્દુલ સત્તાર ઉર્ફે ઈ.ટી.સૈયુદીન તથા અબ્દુલ રહીમ તેમજ ઉમર હાજીનાઓએ ભેગા મળી સરકીટ બનાવેલી" તથા "પોતાની સ્વખુશીથી ઈલેકટ્રીક ટાઈમર ચીપ બનાવી આપવા માંગે છે" તથા "કોરા કાગળમાં ડાયોગ્રામ તૈયાર કરી આપેલી વસ્તુઓનો સોલ્ડરીંગ કરી ટાઈમર ચીપ બનાવેલી" વિગેરે પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં. આંક–૮૫૯૪ વાળો ડાયોગ્રામ અને તે સાથે તૈયાર કરેલી ચીપ અને તે બંને કાર્યવાહી અંગેનુ પંચનામુ આંક–૮૫૯૨ વાળુ બનાવવામાં આવેલુ તે ધ્યાને લેતા અમદાવાદ ખાતે થયેલા થયેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં તથા સુરત ખાતે જે બોમ્બ પ્લાન્ટેશન થયેલા તે તમામ બોમ્બમાં જે ટાઈમ ચીપ વપરાયેલ હતી તે આરોપી નં.૪૮ તથા ૪૯ નાઓએ બનાવેલી હતી. આ ચીપ બનાવવાનું જ્ઞાન આરોપીને હતું. તેણે ચીપો

બનાવેલી હશે જ માટે પંચોની હાજરીમાં ડાયાગ્રામ બનાવી ચીપ તૈયાર કરેલી. આ ચીપ બનાવવાનું આરોપીનું વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે.

આ આરોપી નં.૪૮ સરફુદ્દીન ઉર્ફે સરફુ ઈ.ટી. સૈનુદ્દીન ઉર્ફે અબ્દુલ સત્તાર ઉર્ફે અબ્દુલ સલામ ઉર્ફે સલીમે ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઈન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે તે પ્રશ્નના જવાબમાં તેણે ફરિયાદપક્ષના પુરાવા સંબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના બચાવ માટે જે હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦ માં જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

આ ઉપરાંત આ આરોપીએ પોતાના બચાવમાં અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ નથી. પરંતુ અગ્રેજી ભાષામાં લખેલ એક પાનાનું પોતાનુ લેખિત નિવેદન આપેલુ છે. ગુજરાતના બ્લાસ્ટ કેસોમાં ખોટી રીતે આરોપી બનાવી દીધેલો છે. છેલ્લા ૧૧ વર્ષથી જેલમાં હોય પોતાનુ જીવન વ્યર્થ બનેલુ છે જેથી ગંભીર ગુનામાંથી તેઓને મુકત કરવા વિનંતી કરેલી છે.આ સિવાય બીજો કોઈ મૌખિક કે દસ્તાતેજી પુરાવો રજૂ કરેલો નથી.

આરોપી નં.૪૮ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકિલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૧૧૬૨, ૭૮૬, ૭૮૭, ૭૮૯, ૭૯૦, ૭૯૪, ૮૦૫, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતાં આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવો તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે આ ગુનામાં સંડોવણી બાબતેનો ફરિયાદપક્ષ તરફથી કોઈ પુરાવો રજૂ થયેલો નથી. વકીલશ્રી આર.કે.શાહની દલીલ સાથે હું સંમત છું કે

આ આરોપીની આ ગુનાઓમાં સંડોવણી છે તે બાબતે ફરિયાદપક્ષ તરફથી જે પુરાવા રજૂ થયેલા છે તે પુરાવા પુરતા નથી અને આરોપીની સંડોવણી શંકાસ્પદ છે તેમ હું માનું છું.

આરોપી નં.૪૯ સરકુદ્દીન ઉર્ફે સરકુ ઈ.ટી. સૈનુદ્દીન અબ્દુલ સત્તાર ઉર્ફે અબ્દુલ સલામ ઉર્ફે સલીમનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૪૯ સરકુદ્દીન ઉર્ફે સરકુ ઈ.ટી. સૈનુદ્દીન અબ્દુલ સત્તાર ઉર્ફે અબ્દુલ સલામ ઉર્ફે સલીમનાઓએ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭. ૨૦૦૮ નાં રોજ જુદી-જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી-જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા-જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમણે કઈ કઈ ભૂમિકા ભજવેલી છે તે સાબિત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે જે મુજબ,

ફરિયાદપક્ષ દ્વારા આ કામે જય હર્ષદરાય પંચાલને સાહેદ નં.૧૧૬૨ તરીકે આંક-૮૫૯૧ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૪/૫/૨૦૦૯ ના રોજ તેઓને ક્રાઇમ બ્રાન્ચની ઓફિસે આશરે બપોરના બે વાગ્યે બોલાવેલ. તેમની સાથે બીજા એક આમીરભાઇને પણ બોલાવેલાં. ત્યાં ચાવડા સાહેબેની ઑફિસમાં બે પોલીસવાળા હતા અને ત્યાં એક આરોપી હતો. ચાવડા સાહેબે જણાવેલ કે મણીનગરમાં બોમ્બ બ્લાસ્ટ થયેલા હતાં તે સંદર્ભમાં આરોપીને એરેસ્ટ કરેલો અને હાલ રીમાન્ડ ઉપર છે. તો તે આરોપી તેની રાજીખુશીથી બોમ્બમાં જે ટાઇમર ચીપનો વપરાશ થયેલો તે

પોતાની સ્વખુશીથી બનાવી આપવા માંગે છે તો તે બાબતે પંચનામું કરવાનું હતું. જેથી 'હા' પાડેલી. ત્યાં બીજા બે અધિકારીઓ એફ.એસ.એલ.ના આવેલાં હતાં. ચાવડા સાહેબે તે બંનેનું પણ ઈન્ટ્રોડકશન આપેલું. ત્યારબાદ પંચનામું શરૂ કરેલું. ત્યારપછી આ સાહેદ તથા આમીરભાઇએ જે આરોપી હતો તેનું નામ, સરનામું પુંછેલું. તેણે તેનું નામ "સરફુદ્દિન સ/ઓ ઈટી સૈનુદ્દિન, પોતે કેરલનો રહેવાસી છે અને મલયાલમ અને અંગ્રેજી ભાષાનો જાણકાર છે" તેમ જણાવેલું. ત્યારપછી આરોપીએ એવું કહેલું કે, "બોમ્બમાં જે ટાઇમર ચીપ વપરાયેલી હતી તે એણે પોતે તેના પિતાએ અને બીજા બે વ્યકિત અબ્દુલ રહિમ અને ઉમર હાજીએ બનાવેલી". આરોપીએ પછી તે પ્રકારની સામગ્રી મંગાવેલી. તે પ્રકારની એટલે કે બોમ્બમાં ટાઇમર ચીપ બનાવવાની વિવિધ વસ્તુઓ મંગાવેલી. આ વસ્તુઓમાં જે યાદ છે તેમાં અલગ કલરના વાયર હતાં, શોલ્ડર હતું, શોલ્ડરીંગ કરવાનું લેડ, ડાયોડ વિગેરે હતુ. તે પછી આરોપીએ એક એ/૪ સાઈઝનો કાગળ, કુટપટ્ટી અને પેન્સિલ માંગેલ. ત્યારપછી તેણે એ/૪ સાઈઝનો કાગળ ટેબલ ઉપર મુકીને કુટપટ્ટી અને પેન્સિલથી એક ડાયોગ્રામ દોરેલો. ત્યારપછી જે વિવિધ વસ્તુઓ હતી તેને ડાયોગ્રામ મુજબ એસેમ્બલ કરેલી. એસેમ્બલ કર્યા પછી જે ફાઇનલ થઇ ગઇ તે પછી આરોપીએ કહેલું કે "આ પ્રકારની ચીપ બોમ્બ બ્લાસ્ટમાં વપરાયેલી". આ બનાવેલી વસ્તુનું એફ.એસ.એલ.ના બે અધિકારીએ ઓબ્ઝર્વેશન કરેલું અને પછી તેને જમા લેવા જણાવેલું. ત્યારપછી એક પ્લાસ્ટીકના ટ્રાન્સપરન્ટ બોક્ષમાં તે ચીપને મુકીને દોરાથી બાંધી અને બોક્ષને દોરાથી ચાર બાજુ બાંધેલું અને એક કાપલીમાં આ સાહેદની તથા આમીરની તથા ચાવડા સાહેબની સહીઓ લઇ તેને લાખથી સીલ કરેલું. આ સ્લીપ બોક્ષની ઉપર દોરાના ભાગે મુકેલી. જે ડાયોગ્રામ બનાવેલો તેમાં પણ આ સાહેદે, આમીરે અને ચાવડા સાહેબે સહીઓ કરેલી. આ જે કાર્યવાહી થયેલી તે બાબતે પંચનામું કરવામાં આવેલું. જે આંક–૮૫૯૨ થી ૨જૂ છે. આ પંચનામામાં સાહેદ પોતાની તથા આમીરભાઈ તથા રૂબરૂ તરીકે સાહેબની સહીઓ ઓળખી બતાવે છે. સાહેદને સે.કે.નં.૩૨૪/૨૦૦૯ ના કામના મુદ્દામાલ લીસ્ટ આંક–૨૦૩૪ ના

અનુક્રમ નં.૧ વાળો મુદ્દામાલ કે જે બોક્ષ ઉપર ૦૯/પી/૭૮ નંબર લખેલો તેમાંથી પંચસ્લીપ નીકળેલ પંચ સ્લીપમાં સાહેદ પોતાની તથા આમીરભાઈની અને રૂબરૂ તરીકે ચાવડા સાહેબની સહીઓ ઓળખી બતાવે છે જે આંક–૮૫૯૩ થી રજૂ રાખેલ છે તેમજ મુદ્દામાલ સર્કીટ જે આરોપીએ આ સાહેદની હાજરીમાં બનાવેલાનું જણાવેલ છે તે ઓળખી બતાવે છે. તેમજ આંક–૮૫૯૪ થી મુદ્દામાલ આર્ટીકલ નં.૨ જે એક ખાખી કલરના કવરમાંથી ડાયાગ્રામ નીકળેલ જેના ઉપર આ સાહેદ પોતાની તથા આમીરભાઈની તથા રૂબરૂ તરીકે ચાવડા સાહેબની સહી ઓળખી બતાવે છે. જે આંક–૮૫૯૪ થી રજૂ રાખેલ છે. આરોપીને જોયે દસેક વર્ષનો સમય થયેલો હોવાથી ઓળખી શકે નહિ તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદે એમ.બી.એ. સુધીનો અભ્યાસ કરેલો છે. પંચનામામાં સહી કરી ત્યારે બી.બી.એ.માં અભ્યાસ કરતા હતા. જે આરોપી હતો તેને અંગ્રેજી અને મલયાલમ સિવાય બીજી કોઈ ભાષા આવડતી ન હતી. પંચનામુ પોલીસવાળા ભાઈના હસ્તાક્ષરમાં લખાયેલુ. સાહેદ જણાવે છે કે મોટા ભાગનું મે લખાવેલુ અને વચ્ચે વચ્ચે આમીરભાઈએ લખાવેલુ. ઈલેકટ્રોનિકસ કે ઈલેકટ્રીકલનો કોઈ કોર્સ કરેલો નથી. બીજા પંચ આમીરભાઈ પઠાણને સહી કરી તે પહેલા જોયેલા ન હતા કે તેમને ઓળખતા ન હતા. અંગ્રેજી ભાષા સારી રીતે જાણતા હતા તો તે કબૂલ કરે છે. ચાવડા સાહેબ પણ અંગ્રેજી ભાષા લખીને સમજી શકતા હતા તે કબૂલ કરે છે. સરફુદ્દિન અંગ્રેજી ભાષા બોલતો હતો તે ભાષામાં પંચનામું લખેલુ નથી તો તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે આરોપી સરફુદ્દિન અંગ્રેજી ભાષામાં બોલતો હતો અને તે ભાષામાં પંચનામુ લખેલુ નથી માટે પંચનામુ આ સાહેદની હાજરીમાં થયુ નથી તેમ કહી શકાય નહીં.ક્રાઈમ બ્રાન્ચની ઓફિસે પહોંચ્યા તે પહેલા સરફુદ્દિન નામની વ્યકિતને અગાઉ કયારેય જોયેલી નહીં. આ સરફુદ્દિન કેટલા દિવસ પહેલાથી પોલીસ રીમાન્ડ ઉપર હતો તેની જાણકારી આપેલી હશે પરંતુ જુબાની આપી તે દિવસે યાદ નથી. આરોપીને તેનુ નામ અને સરનામુ પુછેલુ તે સિવાય બીજી વિગત પુછેલી નહીં. આરોપીના નામ વિશે પોલીસે આરોપીનું આઈ.ડી.

કાર્ડ બતાવેલુ નહીં .પંચનામામાં સહી કરી તે પહેલા એફ.એસ.એલ.ના અધિકારીઓને ઓળખતા ન હતા. એફ.એસ.એલ.ના અધિકારીઓની કામગીરી બાબતે અથવા તેમના હોદ્દા બાબતે પુછપરછ કરેલી નહીં. તેઓ કઈ બાબતે નિષ્ણાંત છે તે અંગેની પુછપરછ કરેલી નહીં. આંક–૮૫૯૪ વાળા ડાયાગ્રામ ઉપર એફ.એસ.એલ.ના અધિકારીઓએ સહીઓ કરેલી નહીં. તા.૪.૫.૨૦૦૯ ના રોજ ક્રાઇમ બ્રાન્ચની ઑફિસમાં જવાનું છે તેવી જાણ તે જ દિવસે થયેલી. કૉલેજથી સ્કૂટર લઈને એલિસબ્રિજ થઈ આવતા હતા ત્યારે પોલીસે આઈ.પી. મિશન સર્કલ પાસે રોકેલા. જયાં રોકેલા ત્યાંથી ક્રાઇમ બ્રાન્ચની ઓફિસે જતા વચ્ચે રસ્તામાં ટ્રાફિકના વાહનો, રહેણાંકના મકાનો અને લોકોની અવર–જવર રહેતી હોય છે તે કબૂલ કરે છે. ક્રાઇમ બ્રાન્ચની ઑફિસમાં જવુ હોય તો ગાયકવાડ હવેલી થઈને જવાય તો યાદ નથી. જે પોલીસના માણસોએ રોકેલા તેમના નામ હોદ્દાની ખબર નથી. એફ.એસ.એલ.ના અધિકારીઓએ ચીપ જોયા પછી કોઈ કામગીરી કરેલી નહીં અને ચીપ જોયા પછી બીજા સાધનો મંગાવી કોઈ ટેસ્ટીંગ કરેલુ નહીં. ચીપ સાથે કોઈ વાયરો જોડી બલ્બ સળગાવ્યો હોય તેવુ બન્યુ નથી. ચીપ કઈ રીતે કામગીરી કરે છે તેનુ સ્થળ ઉપર કોઈ ટેસ્ટીંગ કરેલુ નહીં. પોલીસવાળા ભાઈ સાધનો કઈ જગ્યાએથી અને કેવી રીતે લાવેલા તેની માહિતી નથી. આ સાધનો તમો ઓળખતા હતા તેવા પ્રશ્નના જવાબમાં સાહેદે જણાવેલુ છે કે, અલગ–અલગ કલરના વાયર, સોલ્ડર તથા સરકીટને ઓળખતો હતો. ડાયાગ્રામ એક જ કોપીમાં બનાવેલો. ડાયાગ્રામ બનાવતી વખતે રબ્બરનો ઉપયોગ કરી છેકછાક કરેલી હોય તો યાદ નથી. ડાયાગ્રામ દોર્યા પછી પેન્સીલથી કે રબ્બરથી છેકછાક કરી ફરીથી દોરેલુ હોય તો તે બાબતે કહી શકે નહીં. ડાયાગ્રામ જોઈને સાહેદ જણાવે છે કે રબ્બરનો ઉપયોગ થયો છે કે કેમ? તથા છેકછાક થયેલી છે કે કેમ? તે કહી શકે નહીં. આઈ.સી.ના અર્થની ખબર નથી. આઈ.સી.નો અર્થ સમજાવેલાનું યાદ નથી. સરતપાસમાં જણાવ્યા મુજબની કાર્યવાહીનું પંચનામુ થયુ તે વખતે હાજર ન હતા તો તે હકીકત નકારી છે. પંચોની હાજરીમાં ઈલેકટ્રીક ટાઈમરવાળી ચીપ બનાવેલી હોય અને તે કબજે કરેલી નથી

તો તે હકીકત નકારી છે. પોલીસના કહેવાથી અને સમજાવવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારી છે.વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો સૌપ્રથમ ડાયાગ્રામ બનાવવામાં આવેલો અને પછી સરકીટ બનાવેલી. ડાયાગ્રામમાં કયા આર્ટીકલનો કયાં ઉપયોગ કરવામાં આવેલો છે તે બતાવેલુ નહીં. પોલીસવાળા કેટલા સમયમાં આર્ટીકલ લઈને પાછા આવેલા તે પંચનામામાં નહીં લખાવવાનું કારણ આપતા સાહેદ જણાવે છે કે, અગાઉ પંચમાં રહેલા ન હતા માટે અનુભવ ન હતો. ચીપ તૈયાર થયા પછી પંચોની હાજરીમાં તૈયાર થઈ છે તે બતાવવા તેની ઉપર કોઈ નિશાની કરેલી નથી. ચીપ ઉપર કયા આર્ટીકલ પછી કયો આર્ટીકલ લગાવેલો તે હકીકત પંચનામામાં લખાવેલી નથી. ડબ્બા ઉપર જે સીલ કરવામાં આવેલા તે કેટલા સીલ અને કયાં કરવામાં આવેલા તે યાદ નથી. સીલનુ પોલીસે શું કરેલુ તેની ખબર નથી. પંચનામુ અંગ્રેજીમાં નહીં લખવાનું કોઈ કારણ આપી શકે નહીં. ડાયાગ્રામ કે ચીપ બનાવવાની કોઈ કામગીરી આ સાહેદની હાજરીમાં થયેલી નથી તો તે હકીકત નકારે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં.૨૦૬/૨૦૦૮ ના કામે તા.૪.૫.૨૦૦૯ ના રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ આમીરખાન ઉસ્માનખાન પઠાણનાઓને ક્રાઈમ બ્રાન્ચ કચેરી અમદાવાદ ખાતે બોલાવેલા. આ ગુનાના કામે આરોપી નં.૪૮ સૈનુદીન ઉર્ફે અબ્દુલ સત્તારનાઓ હાજર હતા અને તેઓ કંઈ કહેવા અને બતાવવા માંગતા હતા જેથી પંચો, પોલીસ સ્ટાફ, એફ.એસ.એલ. અધિકારીઓને હાજર રાખેલા અને ત્યારબાદ આરોપીએ પોતાનુ નામ, ઠામ જણાવેલુ અને જણાવેલુ કે મને ટાઈમર ચીપ જે બનાવમાં વપરાયેલી તે માટે ચીજ વસ્તુઓ પોતાને મંગાવી આપવામાં આવે તો તેવી ટાઈમર ચીપ બનાવી આપવા માંગુ છું તેમ જણાવતા તપાસ કરનાર અધિકારીએ જુદી–જુદી ચીજવસ્તુઓ જેવી કે માઈક્રો કન્ટ્રોલર, ડાયોડ, ડીસ્ક કેપ, કેપેસીટર, કનેકટર, સોકેટ, સોલ્ડરીંગ રોડ, અલગ અલગ કલરના વાયર મંગાવી આપેલા અને તે લાવ્યા બાદ આરોપીઓએ સરકીટો તૈયાર

કરેલી અને તે અંગેનો ડાયોગ્રામ પણ બનાવેલો. આ અંગેનુ પંચોની હાજરીમાં આંક–૮૫૯૨ વાળુ પંચનામુ બનાવેલુ.

આંક–૮૫૯૨ વાળુ પંચનામુ બનાવનાર તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ પોતાની જુબાનીના પેરા નં.૧૪.૮ ધ્યાને લેતા તેઓ જણાવે છે કે, તા.૪/૫/૨૦૦૯ ના રોજ રીમાન્ડ ઉપરના આરોપી સરફુદ્દિન ઉર્ફે સરીફ સ/ઓ ઇ.ટી.સૈનુદ્દિનનાઓ પોતાની સ્વખુશીથી ઇલેકટ્રીક ટાઇમર ચીપ બનાવી બતાવી માંગતા હોવાથી તે અંગેનું પંચનામું કરવા સારૂ ક્રાઇમ બ્રાન્ચ કચેરીએ પંચોને બોલાવેલાં અને તેઓને પંચનામા અંગેની સમજ કરેલી અને તેઓએ પંચમાં રહેવા સ્વખુશી બતાવેલી. વધુમાં એફ.એસ.એલ. અધિકારીશ્રીઓને પણ બોલાવવા અંગે જરૂરી તજવીજ કરેલી અને એફ.એસ. એલ.અધિકારીશ્રીઓ પંચનામા દરમિયાન હાજર રહેલાં. વધુમાં જણાવે છે કે, પંચો રૂબરૂ પંચો તથા અન્ય હાજર તમામની રૂબરૂમાં આરોપીનું નામ, ઠામ પુંછતા તેણે પોતાનું નામ "સરફુદ્દિન ઉર્ફે સરીફ સ/ઓ ઇ.ટી.સૈનુદ્દિન ઉર્ફે અબ્દુલ સત્તાર ઉર્ફે સલીમ" જણાવેલું અને પોતાનું સરનામું જણાવેલું. આ આરોપી "અંગ્રેજી તથા મલયાલમ" જાણતો હોવાનું પણ પંચોને જણાવેલું. આરોપીએ પોતે ગુનામાં વપરાયેલ ટાઇમર ચીપ સ્વખુશીથી બનાવી બતાવવા માંગે છે તેમ પંચો રૂબરૂ જણાવતાં જુદી–જુદી ચીજવસ્તુઓ મંગાવવામાં આવેલી. વધુમાં આરોપીને કોરો કાગળ, ફુટપટ્ટી, પેન્સિલ આપવામાં આવતા તેણે કોરા કાગળમાં સર્કિટ ડાયગ્રામ તૈયાર કરેલો અને ત્યારબાદ આરોપીએ જણાવેલ ચીજવસ્તુઓ તેને આપતાં આરોપીએ તે તમામ પાર્ટસનો ઉપયોગ કરી શોલ્ડરીંગ કરી એક સર્કિટ પંચો રૂબરૂ તૈયાર કરેલ જેને એફ.એસ.એલ.અધિકારીની સુચના મુજબ પ્લાસ્ટિકના બોકસમાં મુકી તેના ઉપર પંચનામાની વિગતે પંચ સ્લીપ મુકીને સીલ કરવામાં આવેલ. આરોપીએ પંચો રૂબરૂ જે કાંઇ જણાવ્યું તે અંગેનું તથા પંચોના જોયા મુજબનું પંચનામું પંચોએ લખાવતાં તે પંચનામું પૂર્ણ કરવામાં આવેલું અને બે પંચોએ તે પંચનામામાં સહીઓ કરેલી અને રૂબરૂમાં આ સાહેદે સહીઓ કરેલી. પંચનામા દરમિયાન જે ડાયગ્રામ આરોપીએ દોરી આપેલ તેમાં

પણ બે પંચોની સહીઓ મેળવેલી અને રૂબરૂમાં આ સાહેદે સહી કરેલી. આંક–૮૫૯૨ વાળા પંચનામામાં સાહેદ પોતાની તથા પંચોની સહીઓ ઓળખી બતાવે છે. તેમજ આંક–૮૫૯૪ બતાવવામાં આવે છે તે જોઈને જણાવે છે કે, આ સર્કિટ ડાયગ્રામ આરોપીએ આ સાહેદની તથા પંચો રૂબરૂ તૈયાર કરેલ તેમાં પંચોની તથા રૂબરૂ તરીકેની પોતાની સહીઓ ઓળખી બતાવે છે. તેમજ આંક–૮૫૯૩ વાળી પંચસ્લીપ પોતાની તથા પંચોની સહીઓ ઓળખી બતાવે છે તેમજ સે.કે.નં. ૩૨૪/૨૦૦૯ ના મુદ્દામાલ લીસ્ટ આંક–૨૦૩૪ ના લીસ્ટ–૨ ના મુદ્દામાલ આર્ટીકલ અનુક્રમ નં.૧ વાળો મુદ્દામાલ જોઈને જણાવે છે કે આ તે જ મુદ્દામાલ સર્કિટ છે જે આરોપીએ પંચો રૂબરૂ તથા એફ.એસ.એલ. અધિકારીઓની રૂબરૂ બનાવી આપેલ. આંક–૫૫૮૮ જોઈને જણાવે છે કે તે યાદી આ સાહેદે એફ.એસ. એલ.અધિકારીને આપેલી જેમાં પોતાની સહી ઓળખી બતાવે છે તેમજ તેના પાછળના ભાગે એફ.એસ.એલ. અધિકારીશ્રીનો અહેવાલ છે. વધુમાં આરોપી સરકુદ્દિન ઉર્ફે શરીફનાઓએ પંચો રૂબરૂ જે ઈલેકટ્રીક ટાઈમર સર્કિટ બનાવી આપેલી તે કબ્જે લેવામાં આવેલ મુદ્દામાલ એફ.એસ.એલ.મા મોકલવા સારૂ રવાનગી નોંધ તૈયાર કરેલ અને મુદ્દામાલ એફ.એસ.એલ.ને મોકલેલ.આંક–૫૬૪૨ વાળી રવાનગી નોંધમાં સાહેદ તેમની સહી તથા સત્તા અંગેના પ્રમાણપત્રમાં પણ પોતાની સહી ઓળખી બતાવે છે. તેમજ મુદ્દામાલ એફ.એસ. એલ.ને મળતાં એફ.એસ.એલ.એ પહોંચ આપેલી જે આંક–૫૬૪૩ થી રજૂ રાખેલ છે.

આ સાહેદની ઊલટતપાસના પેરા–૬૫ ધ્યાને લઈએ તો આંક–૮૫૯૨ વાળુ પંચનામુ આરોપી સરકુદ્દિન ઉર્ફે શરીફને લગતુ છે તે કબૂલ કરે છે. આરોપી હિન્દી અને ગુજરાતી ભાષા જાણતો નથી તેવુ પંચનામામાં જણાવેલુ છે તે કબૂલ કરે છે. ઊલટતપાસના પેરા–૧૧૮ ધ્યાને લેતા આંક–૮૫૯૨ વાળા પંચનામા દરમ્યાન એફ.એસ.એલ. અધિકારી હાજર હતા તે બતાવવા એફ.એસ. એલ.અધિકારી સહી લીધી નથી તે કબૂલ કરે છે. ઊલટતપાસના પેરા–૧૩૭ ધ્યાને લેતા આંક–૮૫૯૨ વાળુ પંચનામુ બનાવતી વખતે આરોપી સરકુદ્દિનને જે

પ્રશ્ન પુછેલા તેના જવાબો તેને જે ભાષામાં આપેલા તે ભાષાના જાણકારને પંચનામુ બનાવ્યુ ત્યારે હાજર રાખેલાનું જણાવે છે. આરોપી જે ભાષા જાણતો હતો તે ભાષા તેઓ જાણે છે તેવો શેરો પંચનામા ઉપર લીધેલો નથી. આ ટાઈમર ચીપ બનાવવા માટે આર્ટીકલની જાણકારી લેખિતમાં આરોપી પાસેથી મેળવેલી નહીં. જેણે પણ આર્ટીકલ લેવા મોકલેલા તેને આ આર્ટીકલો સિવાય બીજી કોઈ માહિતી આપેલી નહીં. આર્ટીકલોની કિંમત સરકાર દ્વારા ચુકવવામાં આવેલી કે જાતે ભોગવેલી તે કહી શકે નહીં. ડાયોગ્રામ આરોપીએ બનાવેલો છે તે માટે આરોપીની સહી લીધેલી નહીં. ડાયોગ્રામ પ્રમાણે તૈયાર થયેલી સરકીટ કાર્ય કરે છે કે કેમ તે અંગે જે તે વખતે પ્રયોગ કરી શકાય નહીં તેવો અભિપ્રાય એફ.એસ.એલ. પાસેથી લીધેલો નથી.

આંક–૮૫૯૨ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે, પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "પોતાનુ નામ, સરનામુ જણાવેલુ" તથા "પોતાને ગુજરાતી કે હિન્દી ભાષા આવડતી નથી, અંગ્રેજી ભાષામાં તમામ વિગત જણાવુ છું તથા પોતે તથા પોતાના પિતા અબ્દુલ સત્તાર ઉર્ફે ઈ.ટી.સૈયુદીન તથા અબ્દુલ રહીમ તેમજ ઉમર હાજીનાઓએ ભેગા મળી સરકીટ બનાવેલી" તથા "પોતાની સ્વખુશીથી ઈલેકટ્રીક ટાઈમર ચીપ બનાવી આપવા માંગે છે" તથા "કોરા કાગળમાં ડાયોગ્રામ તૈયાર કરી આપેલી વસ્તુઓનો સોલ્ડરીંગ કરી ટાઈમર ચીપ બનાવેલી" વિગેરે પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં. આંક–૮૫૯૪ વાળો ડાયોગ્રામ અને તે સાથે તૈયાર કરેલી ચીપ અને તે બંને કાર્યવાહી અંગેનુ પંચનામુ આંક–૮૫૯૨ વાળુ બનાવવામાં આવેલુ તે ધ્યાને લેતા અમદાવાદ ખાતે થયેલા થયેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં તથા સુરત ખાતે જે બોમ્બ પ્લાન્ટેશન થયેલા તે તમામ બોમ્બમાં જે ટાઈમ ચીપ વપરાયેલ હતી તે આરોપી નં.૪૮ તથા ૪૯ નાઓએ બનાવેલી હતી. આ ચીપ બનાવવાનું જ્ઞાન આરોપીને હતુ. તેને ચીપો બનાવેલી હશે જ માટે પંચોની હાજરીમાં ડાયગ્રામ બનાવી ચીપ તૈયાર કરેલી. આ ચીપ બનાવવાનું આરોપીનું વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે.

આ આરોપી નં.૪૯ સરકુદ્દીન ઉર્ફે સરકુ ઈ.ટી. સૈનુદ્દીન અબ્દુલ સત્તાર ઉર્ફે અબ્દુલ સલામ ઉર્ફે સલીમે ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઈન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે તે પ્રશ્નના જવાબમાં તેને ફરિયાદપક્ષના પુરાવા સબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના બચાવ માટે જે હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦ મા જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

આ ઉપરાંત આ આરોપીએ પોતાના બચાવમાં અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ નથી. પરંતુ અગ્રેજી ભાષામાં લખેલ પાના નં.૧ થી ૨ માં પોતાનુ લેખિત નિવેદન આપેલુ છે. ગુજરાતના બ્લાસ્ટ કેસોમાં ખોટી રીતે આરોપી બનાવી દીધેલ છે. તપાસ કરનાર અધિકારીઓએ કોઈ જાતની પ્રશ્નોત્તરી કરેલી નથી. ૧૦ ધોરણ સુધી મલયાલમ ભાષામાં અભ્યાસ કરેલો છે તે સિવાય બીજી કોઈ ભાષા આવડતી નથી. પોતાની સામે ખોટા આક્ષેપો મુકેલા છે, પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કોઈ વ્યકિતઓના સંપર્કમાં આવેલા નથી. ભારતના કાયદાને માન આપનાર નાગરિક છે. જેથી આ ગુનામાંથી તેઓને મુકત કરવા વિનંતી કરેલી છે. આ સિવાય બીજો કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ કરેલો નથી.

આરોપી નં.૪૯ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૮૩૦, ૧૧૬૨, ૭૮૬, ૭૮૭, ૭૮૯, ૭૯૦, ૭૯૪, ૮૦૫, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતાં આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવો તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, સાહેદ નં.૧૧૬૨ જય પંચાલની હાજરીમાં તપાસ કરનાર અધિકારીએ આ

આરોપી પાસે ટાઇમર ચીપનો ડાયગ્રામ બનાવડાવી ડેમોસ્ટ્રેશન કરાવેલુ છે અને તે અંગેનુ પંચનામુ આંક–૮૫૯૨ થી રજૂ કરેલુ છે. પરંતુ આ પંચનામુ કલમ–૧૬૨થી હીટ થાય છે તે માટે વકીલશ્રી આર.કે.શાહ નીચે મુજબના ચુકાદા પર આધાર રાખેલો છે.

અ.નં.	**ચુકાદો**	**નિર્ણીત મુદ્દાઓ પૈકી સી.આર.પી.સી. કલમ–૧૬૨ અંગે નિર્ણીત થયેલો મુદ્દો**
૧	રામ કિશન મીઠાલાલ શર્મા વિરૂધ્ધ સ્ટેટ ઓફ બોમ્બે, એ.આઈ.આર.–૧૯૫૫, સુપ્રિમ કોર્ટ, પાન નં.૧૦૪	ચુકાદાની હેડ નોટ–સી અને પેરા–૧૯ મુજબ "સાયન્સ એન્ડ ગેસ્ચર" પોલીસ સમક્ષ બનાવેલો ડાયોગ્રામ આરોપી વિરૂધ્ધ પુરાવામાં ગ્રાહય નથી. પરંતુ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદાની હકીકત અત્રે હાથ ઉપરના કેસની હકીકત અલગ છે જેથી આ ચુકાદો લાગુ પડશે નહીં.

વધુમાં વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે આ આરોપીને તા.૧૫.૪.૨૦૦૯ ના રોજ અટક કરેલો છે અને પંચનામુ આંક–૮૫૯૨ તા.૪.૫.૨૦૦૯ ના રોજ બનાવેલુ છે. આરોપીએ "સોલ્ડરીંગ મશીન મંગાવેલુ અને ડાયોગ્રામ બનાવેલો અને જણાવેલુ કે, આવી ચીપ બોમ્બ બ્લાસ્ટમાં વપરાયેલી હતી" તો તે હકીકત પુરાવામાં ગ્રાહ્ય નથી. વકીલશ્રી આર. કે.શાહની દલીલ સાથે હું સંમત છું કે આ કબૂલાત્મક હકીકત આરોપીની વિરૂધ્ધ પુરાવામાં ગ્રાહય નથી પરંતુ આ આરોપીએ પંચ સાહેદની હાજરીમાં જે ડાયોગ્રામ બનાવેલો તે ડાયોગ્રામ એફ.એસ.એલ. અધિકારી સાહેદ નં.૮૩૫ હિતેશ જયંતિલાલ ત્રિવેદી તથા સાહેદ નં.૮૩૦ અમૃતભાઈ વશરામભાઈ હિંગરાજીયાના હાજરીમાં બનાવેલો હતો અને તે ડાયોગ્રામ એફ.એસ.એલ.માં આંક–૫૬૪૨ ની રવાનગી નોંધ સાથે પૃથક્કરણ અર્થે મોકલેલો તે પૃથકકરણનો રીપોર્ટ આંક – ૫૬૪૪ પ્રમાણે અમદાવાદમાં થયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટોના કેસોમાં જે

ટાઈમર ડીવાઈસની સરકીટ વપરાયેલી હતી તેનાથી આ અલગ પ્રકારની સરકીટ છે તેવો અભિપ્રાય છે. જયારે સુરત શહેરના બોમ્બ પ્લાન્ટેશનના કેસોમાં વપરાયેલ ટાઈમર સરકીટની આઈ.સી. પી.સી.બી. ઉપરની ટાઈમર સરકીટની આઈ.સી. એકસરખી છે તેવો અભિપ્રાય આપેલો છે. આ ઉપરાંત સુરત બોમ્બ પ્લાન્ટેશનના કેસોમાં બોમ્બની સામગ્રી મળેલી તેમાંથી ટાઈમર ચીપ તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૩૬ સુજાતા મજમુદારનાઓએ આંક–૭૧૧૭ ના પંચનામાની વિગતે કબજે કરેલી અને ત્યારબાદ તે ટાઈમર ચીપને બેંગ્લોર ખાતે સેન્ટ્રલ રીસર્ચ લેબોરેટરીમાં તપાસ માટે મોકલેલી હતી અને તેનો રીપોર્ટ આંક–૮૦૯૯ થી રજૂ કરેલો છે. આ રીપોર્ટ મુજબ ટાઈમર ચીપ કમ્પ્લીટ હતી, પી.આઈ. સી. માઈક્રો કન્ટ્રોલર અને બીજી સામગ્રી કાર્યરત હતી, ટાઈમર ડીવાઈસ યોગ્ય હતુ જેમાં બે કલાક અને પંદર મીનીટનો સમય ફીકસ કરેલો હતો. સરકીટ સંપૂર્ણ રીતે કાર્યરત હતી પરંતુ બીજા એલીમેન્ટસના કારણે તે સરકીટ ફેલ ગયેલી હતી. આ હકીકત ધ્યાને લેતા સુરત ખાતે બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં જે બોમ્બ મુકવામાં આવેલા હતા અને તે બોમ્બની સામગ્રીમાંથી જે ટાઈમર ચીપ મળેલી તે ચાલુ હાલતમાં હતી. આ આરોપીએ આ ટાઈમર ચીપ જુદા–જુદા સાધનોથી ડાયોગ્રામ બનાવીને બનાવેલી હતી. આરોપીનું આ વર્તન તેની વિરૂધ્ધ એક સંજોગ ઉભો કરે છે કે આ આરોપી પણ આ ગુનાના કાવતરામાં સામેલ હતો અને મદદગારી કરેલી છે તેમ હું માનુ છું.

આરોપી નં.૫૦ સૈકુર રહેમાન ઉર્ફે સૈકુ ઉર્ફે સૈફ અબ્દુલ રહેમાનનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૫૦ સૈકુર રહેમાન ઉર્ફે સૈકુ ઉર્ફે સૈફ અબ્દુલ રહેમાનનાઓએ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ નાં રોજ જુદી–જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી–જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના

હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા–જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમણે કઈ–કઈ ભૂમિકા ભજવેલી છે તે સાબિત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે તે મુજબ...

ફરિયાદપક્ષ દ્વારા આ કામે ભરતકુમાર શંકરલાલ પરમારને સાહેદ નં.૮૨૫ તરીકે આંક–૫૫૪૮ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ જન્મથી રાયખડ રહે છે અને છુટક મજૂરીનું કામકાજ કરે છે. આજથી સાત–આઠ વર્ષ પહેલાં આ સાહેદ તેના મિત્ર હનિફભાઈ સાથે શાકમાર્કેટ જતા હતા ત્યારે વચ્ચે ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન આવતાં ત્યાં પોલીસના માણસોએ ઉભા રાખેલ અને કહેલ કે, તમારૂ કામ છે. આથી આ સાહેદ અને હનિફભાઈ ક્રાઈમ બ્રાન્ચમાં અંદર ગયેલાં અને ત્યાં સાહેબ બેઠા હતાં. બે–ત્રણ પોલીસવાળા હતાં અને એક આરોપી હતાં. આ સાહેદે અને તેમના મિત્ર હનિફભાઈએ આરોપીની પુછપરછ કરીને નામ પુછેલું. આરોપીએ પોતાનું નામ સૈકુર અન્સારી બતાવેલું. આરોપીએ તેનું સરનામું પણ બતાવેલું. આરોપીએ એવું કહેલ કે, "હું જે જગ્યાએથી બોમ્બની થેલી લાવેલો અને જે જગ્યાએ મુકેલી તે જગ્યા બતાવવા માગુ છું". આ કાર્યવાહીની તારીખ લગભગ ૧૭/૭/૨૦૦૯ જેવી હતી. પછી આરોપીએ એવું કહેલ કે, "મને તમે દાણીલીમડા, અલ–મહમદ સોસાયટી લઈ લો ત્યાં હું બતાવું છું". ત્યાંથી તેઓ, આરોપી, ત્રણ પોલીસવાળા અને સાહેબ નીકળેલાં અને ત્યાં એક સરકારી વાહન પડેલ હતું. પછી બધા વાહનમાં બેઠા ત્યારે સાહેબે ડ્રાઈવરને એવું કહેલ કે, દાણીલીમડા અલ–મહમદી સોસાયટી લઈ લ્યો. ત્યાં દાણીલીમડા સોસાયટીમાં ઉતરતાં આરોપીએ એક મકાન બતાવેલું અને કહેલ કે, "હું આ મકાનમાંથી બોમ્બ ભરેલી થેલી હું અને મારો મિત્ર જુનેદ લઈને આવેલાં. વધુમાં એમ પણ જણાવેલું કે, અલ–મહમદ સોસાયટીમાંથી પછી અમે ચાલતાં ચાલતાં રસ્તા ઉપર આવેલાં. ત્યાંથી અમે રોડ

ઉપરથી શટલ રીક્ષામાં બેસીને નારોલ સર્કલ ઉતરેલાં". આરોપી અને તેના મિત્રએ ઉપરોક્ત જણાવેલ બનાવ ક્યારે અને કયા દિવસનો હતો તેની કોઈ વિગત જણાવેલી નહીં. ત્યારબાદ આ સાહેદ અને તેમની સાથેના હનિફભાઈ, આરોપી, પોલીસના સાહેબ અને પોલીસના બીજા માણસો જે વાહનમાં આવેલાં તે વાહનમાં બેસી આરોપી જે રસ્તો બતાવતો હતો તે રસ્તે નીકળેલાં. બધા નારોલ સર્કલ પહોંચેલાં. નારોલ જવા માટે દાણીલીમડા સોસાયટીથી મેઈન રોડ ઉપર આવી ચંડોળા તળાવ અને ત્યાંથી જમણી તરફ વળતાં નારોલ પહોંચેલાં. આ રસ્તો આરોપીએ બતાવેલો. ત્યાં આરોપીએ ઉભા રાખી જણાવેલું કે, "બાદમાં મારી સાથે તે સમયે જે મારા મિત્ર હતાં તે મિત્ર સાઇકલ લાવેલા અને મારી પાસેની જે બોમ્બની થેલી હતી તે બોમ્બની થેલી સાઇકલ પર વીંટાળી સાઇકલ ત્યાં મુકી હું અને મારો મિત્ર ત્યાંથી નીકળી ગયેલાં". પછી આ સાહેદ અને તેમના મિત્ર હનિફે રાઈટર પાસે આરોપીએ જે કહેલું તે લખાવેલું. નારોલ સર્કલ પાસે આરોપીએ જે જગ્યા બતાવેલી ત્યાં મિત્તલ સાઇકલ સ્ટોર નામની એક દુકાન પણ હતી. આ કાર્યવાહીનું પંચનામુ બનાવવામાં આવેલુ જે આંક–૫૫૪૯ થી રજૂ છે. આ સાહેદ પંચનામામાં પોતાની તથા હનીફભાઈની સહીઓ ઓળખી બતાવે છે. આ સાહેદને ટીવી સ્ક્રીનમાં ચાર–ચારની સંખ્યામાં આરોપીઓને બતાવવામાં આવતા આરોપીને ઓળખી શકતા નથી અને જણાવેલ છે કે જે તે વખતે આરોપીને જોયા ત્યારે બીલકુલ છોકરા જેવા લાગતા હતાં. આજે બધા દાઢીવાળા હોવાથી ઓળખી શકે નહીં તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ ધોરણ–૮ સુધી ભણેલા છે. અંગ્રેજી તારીખ અને મહિના સબંધે જાણકારી નથી. પોલીસવાળા જરૂરી માણસોને પંચો તરીકે લઈ જાય છે તો તે હકીકત નકારી છે. પંચનામાની કાર્યવાહી સિવાય અગાઉ ક્રાઈમ બ્રાન્ચ હવેલી પોલીસ સ્ટેશન ગયેલા નથી. પોલીસની કામગીરી અને કાર્યવાહીથી વાકેફ છે તો તે હકીકત નકારી છે. પંચનામુ પોલીસ સ્ટેશનમાં વાંચીને સહી કરેલી. ગાયકવાડ હેવીલ પોલીસ સ્ટેશનને બોલાવેલાની હકીકત નકારેલી છે. જુબાની કેવી રીતે આપવાની

છે તે પોલીસે શીખવાડેલાની હકીકત નકારેલી છે. પંચનામામાં સહી કરી તે અગાઉ આરોપીને જોયેલો નથી. આરોપી શું કામ ધંધો કરતો હતો, તે કયાંથી આવે છે, તે કઈ ભાષા જાણતો હતો તેની ખબર નથી. પંચનામાની તારીખે આરોપીના દેખાવ કે શારીરિક બાંધા સંબંધેનુ વર્ણન પંચનામામાં કરેલુ નથી તે કબૂલ કરે છે. પોલીસના શીખવાડયા મુજબ પુરાવો આપે છે તો તે હકીકત નકારેલી છે. પંચનામાની કાર્યવાહી વખતે હાજર ન હતા તો તે હકીકત પણ નકારી છે. તૈયાર પંચનામામાં સહીઓ કરેલાની હકીકત નકારેલી છે. દાણીલીમડા અલમહમદી સોસાયટીમાં ગયેલા નથી કે આરોપીએ સ્થળ બતાવેલુ નથી તો તે હકીકત પણ નકારી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડાનાઓએ વટવા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં.૨૧૮/૨૦૦૮ ના કામે તા.૧૭.૭.૨૦૦૯ ના રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ હનીફ ઈન્દુભાઈ શેખનાઓને ક્રાઈમ બ્રાન્ચની કચેરી અમદાવાદ ખાતે બોલાવેલા અને ત્યાં આરોપી નં.૫૦ સૈકુર રહેમાન ઉર્ફે સૈફ અબ્દુલ રહેમાન હાજર હતો. પંચો રૂબરૂ તે કંઈક કહેવા અને બતાવવા માંગતો હોવાથી પંચો, સ્ટાફના માણસો તથા આરોપીને લઈ તપાસ કરનાર અધિકારી આરોપીના કહેવા અને બતાવ્યા મુજબના રસ્તે જવા નીકળેલા. આરોપીએ જણાવેલુ કે પોતે તથા પોતાના વતનના મહમદ આરીફ ખાનનાઓ બંને જણા દાણીલીમડા અલમહમદી સોસાયટીમાંથી નીકળી નારોલ સર્કલ નજીક જે જગ્યાએ બોમ્બ સાથેની સાઇકલ મુકેલી તે જગ્યા પોતાને અલમહમદી સોસાયટીમાં લઈ જવામાં આવે તો ત્યાંથી બતાવવા તૈયાર છે. જેથી તેને બતાવેલી જગ્યાઓનું પંચનામુ આંક–૫૫૪૯ વાળુ બનાવેલુ હતુ.

આંક–૫૫૪૯ વાળુ પંચનામુ બનાવનાર અધિકારી સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડાનાઓની જુબાનીના પેરા નં.૫.૨૨ ધ્યાને લઈએ તો તેઓ જણાવે છે કે, તા.૧૭/૭/૨૦૦૯ ના રોજ આ આરોપી સૈકુરહેમાન ઉર્ફે સૈકુ ઉર્ફે સૈફ સ/ઓ અબ્દુલ રહેમાન અન્સારીનાઓ કંઈક કહેવા અને બતાવવા માંગતો

હોવાથી બે પંચોને ક્રાઇમ બ્રાન્ચની કચેરીએ બોલાવેલા અને તેઓને પંચમાં રહેવા અંગેની સમજ કરેલી. ત્યારબાદ પંચો રૂબરૂ આ આરોપીનું નામ, સરનામું પુંછવામાં આવતા આરોપીએ તેનુ "સૈકુરહેમાન ઉર્ફે સૈકુ ઉર્ફે સૈફ સ/ઓ અબ્દુલ રહેમાન અન્સારી" બતાવેલું અને આરોપીએ પંચો રૂબરૂ જણાવેલું કે, "પોતે તથા પોતાના વતનના મહમદ આરીફખાન ઉર્ફે જુનેદ સ/ઓ જફરઆલમ ખાન, રહે.નસીરપુર, આઝમગઢ, યુ.પી.ના બંને જણા મળી દાણીલીમડા ખાતે અલમહમદી સોસાયટીમાંથી નીકળી નારોલ સર્કલ નજીક જે જગ્યાએ બોમ્બ સાથેની સાઇકલ મુકેલી તે જગ્યા પોતાને અલમહમદી સોસાયટીમાં લઇ જવામાં આવે તો તે જગ્યા આગળ ચાલી સ્વખુશીથી બતાવવા તૈયાર છું." તે પ્રમાણે પોલીસ અધિકારી માણસો પંચો સાથે દાણીલીમડા ખાતે આવેલ અલમહમદી સોસાયટી મકાન નં.૧૦ તેમજ નારોલ સર્કલ, મિત્તલ સેલ્સ એન્ડ સર્વિસ નામની ઑફિસની આગળ, મિત્તલ ચેમ્બર્સ સામે ખુલ્લી જગ્યા આવેલ "તે જગ્યા બતાવેલી." આ મુજબનું પંચનામું કરેલુ. આંક–૫૫૪૯ વાળા પંચનામામાં સાહેદ પોતાની તથા પંચોની સહીઓ ઓળખી બતાવે છે.

આંક–૫૫૪૯ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે, પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "પોતે પોતાનુ નામ તથા સરનામુ" તથા "પોતે તથા પોતાના વતનના મહમદ આરીફખાન ઉર્ફે જુનેદ સ/ઓ જફરઆલમ ખાન, રહે.નસીરપુર, આઝમગઢ, યુ.પી.ના બંને જણા મળી દાણીલીમડા ખાતે અલમહમદી સોસાયટીમાંથી નીકળી નારોલ સર્કલ નજીક જે જગ્યાએ બોમ્બ સાથેની સાઇકલ મુકેલી તે જગ્યા પોતાને અલમહમદી સોસાયટીમાં લઇ જવામાં આવે તો તે જગ્યા આગળ ચાલી સ્વખુશીથી બતાવવા તૈયાર છું" તથા "અલમહમદી સોસાયટીમાંથી વાહન બહાર કઢાવી બેરલ માર્કેટમાં થઈ મેઈન રોડ ઉપર થઈ નારોલ સર્કલ આવતા વાહન ઉભુ રખાવેલુ" વિગેરે પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપીએ પોતે આપેલ માહિતી પ્રમાણેની જે–જે જગ્યાઓ આવેલી હતી તે જગ્યાઓનું ત્યાં અસ્તિત્વ છે

માટે આ જગ્યાઓ હોવાની માહિતી તેને પોતાને હતી જેથી તે હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય. આ ઉપરાંત આ જગ્યાઓ ઉપર આરોપી ગયેલો હતો, જગ્યાની માહિતી તેને હતી માટે જ તે પંચો તથા તપાસ કરનાર અધિકારીને આ જગ્યાઓ ઉપર દોરી ગયેલો. આરોપીનું આ દોરી જવાનું વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે નિતેષ મોહનભાઈ વૈશ્યને સાહેદ નં.૮૬૯ તરીકે આંક–૬૦૬૯ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ તથા તેમનો મિત્ર ભવાનીસિંગ રાયખડથી આવતાં હતાં. સાતમો મહિનો, ૨૦૦૯નું વર્ષ હતું અને ૮મી તારીખ હતી. તેઓને જય સુંદરી હોલ પાસે બે પોલીસવાળાએ રોકેલાં અને તેઓ બંનેને સરકારી કામ માટે ક્રાઈમ બ્રાન્ચ ઑફિસમાં બોલાવેલાં. ત્યાં એક સાહેબ બેસેલ હતાં, ત્રણ પોલીસવાળા હતાં, એક આરોપી હથકડી લગાવેલ બેસેલ હતો. જે સાહેબ બેઠા હતાં તેણે કહેલું કે આનું નામ સેકુર રહેમાન છે અને ઉર્ફે ઉર્ફે પણ કંઈ નામ કહેલું પણ તે યાદ નથી. સાહેબે કહેલું કે આ બોમ્બ કાંડનો આરોપી છે અને તેણે પકડેલ છે. આ જે કહે તે તમે પુછો. પછી તેઓએ આરોપીનું નામ પુછેલું. આરોપીએ પોતાનું નામ સેકુર રહેમાન, રહે. ઉત્તરપ્રદેશ, આઝમગઢનો રહેવાશી હોવાનું જણાવેલું. આરોપીએ કહેલું કે, "આરોપી અને તેના મિત્રોએ બોમ્બ કાંડ કરેલો તે બાબતે મકાન બતાવવા માગે છે. આ મકાન કે જ્યાં આરોપી રહેલાં તે મકાન". આથી તેઓ પંચો, સાહેબ, ત્રણ પોલીસમેન અને આરોપી નીચે ઉતરેલાં અને પોલીસવાનમાં બેસેલાં. આરોપીએ કહેલું કે "અહીંયાથી મને ખ્યાલ નથી. કાલુપુર રેલવે સ્ટેશન લઈ લો". આરોપી પોલીસ ગાડીમાં વચ્ચે બેઠા હતાં આજુબાજુ પોલીસવાળા બેઠા હતાં. પછીથી ગાડી કાલુપુર રેલવે સ્ટેશન લઈ ગયેલ. બધા રેલવે સ્ટેશનના કંપાઉન્ડમાં નીચે ઉતરેલાં. અને પાછા ફરીથી ગાડીમાં બેઠા હતાં ત્યાંથી આરોપીએ ગાડી આગળ ચલાવવાનું કહેલું. પછીથી સારંગપુર પાણીની ટાંકી થઈ ન્યૂ કલોથ માર્કેટ થઈને કાંકરીયા ફુટબોલ ગ્રાઉન્ડ થઈને અપ્સરા–આરાધના ટોકીઝ થઈને શાહઆલમ દરવાજા થઈને ચંડોળા તળાવ ગયેલાં. જ્યાં આરોપી લઈ ગયેલો. ચંડોળા તળાવની સામે એક ઢાળ પડતો હતો ત્યાં ઢાળની

અંદર ગયેલાં. ત્યાં આર.એમ. પાનનો ગલ્લો હતો તે બાજુ થઈને સોસાયટીની અંદર ગાડી આરોપીએ જવા દીધેલી. બધા આ સોસાયટીની અંદર ઉતરેલાં. ત્યાં આગળ સોસાયટીમાં આરોપીએ એક ઘર બતાવેલું. તે મકાન પાકું હતું અને આગળ ખુલ્લી જગ્યા હતી. તે સોસાયટીનું નામ અલ–મહમદી સોસાયટી હતું. આરોપીએ કહેલું કે "હું અને મારા સાથીદાર અહીંયા રહેલાં અને બે ગાડી અહીંયા પડેલી". આ કાર્યવાહીનું પંચનામુ બનાવવામાં આવેલુ જે આંક–૬૦૭૦ વાળા પંચનામામાં સાહેદ પોતાની તથા ભવાનીસિંગની અને રૂબરૂ તરીકે સાહેબની સહીઓ ઓળખી બતાવે છે. સાહેદને ટી.વી. સ્ક્રીન થકી ચાર–ચારની સંખ્યામાં આરોપીઓ બતાવવામાં આવતા આરોપીને ઓળખી શકતા નથી અને જણાવેલ છે કે જે તે વખતે આરોપી ક્લીન સેવમાં અને બટકા સરખા હતાં અને આજે આરોપીઓ દાઢી સાથેના છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ ધોરણ–૫ સુધી ગુજરાતી માધ્યમમાં ભણેલા છે અને મજુરી કામ કરે છે. પંચનામાની તારીખે મજુરી કામે ગયેલા નહીં તે કબૂલ કરે છે. પંચનામામાં લખેલ કાયદા અને કલમ અંગે જાણકારી નથી. પંચનામુ રાઈટર લખતા હતા તે રાઈટરનું નામ ખબર નથી. પોલીસ અધિકારી સાથે કોઈ વાતચીત કરેલી નહીં. પોલીસ અધિકારીઓએ પોતાની ઓળખાણ આપેલી નથી. આરોપીને અગાઉથી ઓળખતા ન હતા કે તેને જોયેલો ન હતો. આરોપીના નામની જાણકારી તેમના કહેવાથી થયેલી. આરોપીના શારીરિક વર્ણનની વિગત પંચનામામાં લખાવેલી કે કેમ? તેની ખબર નથી. અમદાવાદ રેલવે સ્ટેશન ઉપર પાર્કીંગ પ્લોટસ કેટલા પ્રકારના છે તે કહી શકે નહીં. રેલવેમાં પ્રવેશ કરવા માટે બે ગેટ હોય છે. પંચનામામાં કયા પાર્કીંગ પ્લોટમાં ગયેલા તેવી હકીકતનો ઉલ્લેખ છે કે કેમ તેની ખબર નથી. પંચનામામાં કમ્પાઉન્ડ વોલની ચારેય દિશાનો ઉલ્લેખ છે કે કેમ? તેની ખબર નથી. રેલવે સ્ટેશન થી શાહઆલમ બેરલ માર્કેટ ૫–૬ કિ.મી.ના અંતરે છે તે કબૂલ કરે છે અને ત્યાં પહોચતા અર્ધો કલાક થયેલો તેમ જણાવે છે. શાહઆલમ બેરલ માર્કેટ ગયા ત્યાં સુધી રસ્તામાં કયાંય રોકાયેલા નહીં. રસ્તામાં આરોપી દ્વારા કોઈ

વ્યકિતને પુછપરછ કરવામાં આવેલી નહીં. આર.એમ. પાનના ગલ્લાના માલીક અંગે કોઈ જાણકારી જણાવી શકે તેમ નથી. પાનના ગલ્લાને અડીને અલમહમદી સોસાયટી આવેલી છે તો તે હકીકત નકારે છે. ગલીને અડીને આજુબાજુ મકાનો છે તે કબૂલ કરે છે. સોસાયટીમાં અંદાજે કેટલા મકાનો હશે તે કહી શકે નહીં. સોસાયટીમાં કોઈ મકાનની અંદર ગયેલા નથી. પંચનામામાં આરોપીએ કયા નંબરનુ મકાન બતાવેલુ તેનો ઉલ્લેખ નથી તે કબૂલ કરે છે. પોલીસના કહેવાથી અને શીખવાડવાથી તથા વારંવાર પંચનામુ વાંચી, સંભળાવી, સમજાવેલુ હોવાથી ખોટી જુબાની આપે છે તો તે હકીકત નકારે છે. પંચનામામાં બીજી સહી સોસાયટીમાં કરવામાં આવેલી તે કબૂલ કરે છે. આ પ્રશ્નનો અર્થ એવો થાય કે બીજા ભાગનુ પંચનામુ મકાન ઉપર થયેલુ છે અને ત્યારબાદ પંચોએ સહીઓ કરેલી છે તેમ કહી શકાય. પંચનામુ આ સાહેદના મિત્રએ વાચેલુ અને ત્યારબાદ બંને પંચોએ સહીઓ કરેલી તે કબૂલ કરે છે. બીજા સ્થળ ઉપર પણ આ જ કાર્યવાહી અનુસરવામાં આવેલી તે કબૂલ કરે છે. પંચનામાના અંત ભાગમાં તારીખમાં કરવામાં આવેલ ફેરફાર અંગે કંઈ કહી શકે નહીં. આરોપીના નામ, સરનામા સિવાય બીજી બધી કોઈ પુછપરછ કરેલી કે કેમ? તે સમય થઈ ગયો હોવાથી કહી શકે નહીં. આરોપી કેટલા સમયથી પોલીસ કસ્ટડીમાં હતા તેનો ખ્યાલ નથી. પંચનામાવાળી જગ્યા ઉપર બીજા ઘણા પંચનામા થઈ ગયેલા હોવા છતાં આરોપીને ગુનામા સંડોવવા પંચનામામાં સહીઓ કરેલી છે તો તે હકીકત નકારી છે. સોસાયટીના નામ અને ઓળખ સંબંધે કોઈ નિવેદનો કે પુરાવા લેવામાં આવેલા નથી તે કબૂલ કરે છે. મકાનમાંથી કોઈ વસ્તુ કબજે કરવામાં આવેલ નથી તે કબૂલ કરે છે. પહેલા માળે ગયેલા અને ત્યાં જે કાર્યવાહી થઈ તે અંગે લખાણ કરવામાં આવેલુ કે કેમ? તેની માહિતી નથી.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયાનાઓએ શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ ના કામે તા.૮.૭.૨૦૦૯ ના રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ ભવાનીસિંહ હરિસિંહ મહાવતનાઓને ક્રાઈમ બ્રાન્ચની કચેરી

અમદાવાદ ખાતે બોલાવેલા અને ત્યાં આરોપી નં.૫૦ સૈકુર રહેમાન ઉર્ફે સૈફ અબ્દુલ રહેમાન હાજર હતો. પંચો રૂબરૂ તે કંઈક કહેવા અને બતાવવા માંગતો હોવાથી પંચો, સ્ટાફના માણસો તથા આરોપીને લઈ તપાસ કરનાર અધિકારી આરોપીના કહેવા અને બતાવ્યા મુજબના રસ્તે જવા નીકળેલા. આરોપીએ જણાવેલુ કે, જુલાઈ માસમાં અમદાવાદ શહેરમાં જે બોમ્બ બ્લાસ્ટ થયેલા તે બોમ્લ બ્લાસ્ટના કામ માટે હું દિલ્હીથી આતીફ બસર તથા બીજા માણસો સાથે બે વાર ટ્રેન દ્વારા અમદાવાદ આવેલો અને આ બનાવ બન્યો તે દિવસે બીજા માણસો સાથે જે મકાનમાં રહેલો તે મકાન બતાવવા માંગુ છું પરંતુ રેલવે સ્ટેશનેથી રસ્તો જોયેલો છે માટે રેલવે સ્ટેશન લઈ જવામાં આવે તો હું મકાન બતાવવા ખુશી છું. જેથી આરોપીને કાલુપુર સ્ટેશને લઇ ગયેલા અને ત્યાંથી આ આરોપીએ જે મકાન બતાવેલુ તે મકાનની જગ્યા બતાવતુ પંચનામુ આંક–૬૦૭૦ વાળુ બનાવવામાં આવેલુ.

આંક–૬૦૭૦ વાળુ પંચનામુ બનાવનાર તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયા ગુજરી ગયેલા છે માટે સીરીયલ બોમ્બ બ્લાસ્ટોની તપાસ કરનાર તપાસ ટીમો પૈકીના અન્ય એક તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ પોતાની જુબાનીના પાના નં.૨૧૫ મા આ બાબતે જણાવેલ છે તથા આંક–૬૦૭૦ વાળા પંચનામામાં આ સાહેદે વી.આર.ટોળીયાની સહી ઓળખી બતાવેલી છે.

આંક–૬૦૭૦ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે, પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "પોતે પોતાનુ નામ તથા સરનામુ" તથા "જુલાઈ માસમાં અમદાવાદ શહેરમાં જે બોમ્બ બ્લાસ્ટ થયેલા તે બોમ્લ બ્લાસ્ટના કામ માટે હું દિલ્હી થી આતીફ બસર તથા બીજા માણસો સાથે બે વાર ટ્રેન દ્વારા અમદાવાદ આવેલો અને આ બનાવ બન્યો તે દિવસે બીજા માણસો સાથે જે મકાનમાં રહેલો તે મકાન બતાવવા માંગુ છું પરંતુ રેલવે સ્ટેશનેથી રસ્તો જોયેલો છે માટે રેલવે સ્ટેશન લઈ જવામાં આવે તો હું મકાન બતાવવા ખુશી છું" તથા "આરોપીએ

વાહન રેલવે સ્ટેશન કમ્પાઉન્ડમાંથી બહાર લેવડાવેલુ અને સારંગપુર પાણીની ટાંકી થઈ ન્યુ કલોથ માર્કેટ થઈ શાહઆલમ દરગાહ થઈ બેરલ માર્કેટના બસ સ્ટેન્ડની જમણી બાજુ વાહન લેવડાવેલુ" તથા "પોતે તથા બીજાઓએ આ જગ્યાએ બોમ્બ તૈયાર કરેલ અને બનાવના દિવસે અહીંયા બે ગાડીઓ પણ કવર ઓઢાડેલી પડેલી હતી જેમા એક સિલ્વર કલરની વેગન આર કાર તથા સફેદ કલરની ફ્રન્ટી પણ પડેલ હતી જેમા બોમ્બ ગોઠવી બીજા માણસો લઈ ગયેલા અને પોતે બોમ્બની થેલી લઈ ગયેલ" વિગેરે પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં. આ ઉપરોકત આ રસ્તાની તથા મકાનની માહિતી આરોપીને હતી તે અગાઉ આ મકાન ઉપર આવેલો અને રોકાયેલો માટે પંચો તથા તપાસ કરનાર અધિકારીને આ જગ્યા ઉપર દોરી જઇ જગ્યા બતાવેલી. આરોપીનું આ મકાન બતાવવાનું વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે.

આંક–૧૭૯૨ વાળુ પંચનામુ વટવા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૧૮/૨૦૦૮ ના કામે બનાવવાળી જગ્યા વટવા નારોલ સર્કલ મિત્તલ ચેમ્બર્સ પાસેની જગ્યાનું તપાસ કરનાર અધિકારીએ પંચો રૂબરૂ બનાવેલુ અને તે પંચનામા પંચ સાહેદ નં.૩૪૦ યોગેશકુમાર કાળુસિંહ ચૌહાણનાઓને આંક–૧૭૯૧ તરીકે ફરિયાદપક્ષે તપાસેલા છે. તેઓની જુબાની તથા આંક–૧૭૯૨ વાળા પંચનામાની વિગતવાર ચર્ચા ફરિયાદપક્ષ દ્વારા બનાવ પુરવાર કરવા માટે જે પુરાવા રજૂ કરવામાં આવેલા છે તે પુરાવાની આગળ ઉપર ચર્ચા કરેલી છે. જેથી આ સાહેદના પુરાવા અને પંચનામાની વિગતોનું મૂલ્યાંકનનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી. ત્યારબાદ આરોપી નં.૫૦ સૈકુર રહેમાન ઉર્ફે સૈકુની અટક કર્યા બાદ તેને આ જગ્યા પંચો રૂબરૂ બતાવેલી તેનુ પંચનામુ આંક–૫૫૪૯ થી રજૂ કરેલુ છે.

આ ઉપરાંત વટવા, નારોલ સર્કલ મિત્તલ ચેમ્બર્સવાળી જગ્યા ઉપરથી આંક–૧૭૯૨ ના પંચનામાની વિગતે જે સાઇકલ કબજે કરેલી તે સાઇકલ તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૦૭૦ વિનય શુકલનાઓએ પંચ સાહેદ નં.૩૯૨ રમેશ કાનાભાઈ પરમારની હાજરીમાં આંક–૨૨૮૪ના

પંચનામાની વિગતે સીલ કરેલી હતી અને સીલ કર્યા અંગેની પંચ સ્લીપ આંક–૨૨૮૫ થી રજૂ છે. સાહેદ નં.૧૦૭૦ વિનય શુકલ પોતાની જુબાનીના પાના નં.૧૧ ઉપર આ પંચનામુ તથા પંચ સ્લીપ ઉપર પોતાની સહીઓ ઓળખી બતાવેલી છે.

આંક–૧૭૯૮ વાળુ પંચનામુ દાણીલીમડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૧૪૦/૨૦૦૮ ના કામે બનાવવાળી જગ્યા વટવા–નારોલ સર્કલ હનુમાનજીના મંદિર પાછળની જગ્યાનું તપાસ કરનાર અધિકારીએ પંચો રૂબરૂ બનાવેલુ અને તે પંચનામા પંચ સાહેદ નં.૩૪૧ અયુબ અબ્દુલ શેખનાઓને આંક–૧૭૯૭ તરીકે ફરિયાદપક્ષે તપાસેલા છે. તેઓની જુબાની તથા આંક–૧૭૯૮ વાળા પંચનામાની વિગતવાર ચર્ચા ફરિયાદપક્ષ દ્વારા બનાવ પુરવાર કરવા માટે જે પુરાવા રજૂ કરવામાં આવેલા છે તે પુરાવાની આગળ ઉપર ચર્ચા કરેલી છે. જેથી આ સાહેદના પુરાવા અને પંચનામાની વિગતોનું મુલ્યાંકનનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી. ત્યારબાદ આરોપી મુજીબ શેખ (મરણ ગયેલ છે) ની અટક કર્યા બાદ તેને આ જગ્યા પંચો રૂબરૂ બતાવેલી તેનુ પંચનામુ આંક–૬૮૦૮ થી રજૂ કરેલુ છે.

આ ઉપરાંત વટવા–નારોલ સર્કલ હનુમાનજીના મંદિર પાછળવાળી જગ્યા ઉપરથી આંક–૧૭૯૨ ના પંચનામાની વિગતે જે સાઇકલ કબજે કરેલી તે સાઇકલ તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૦૭૦ વિનય શુકલનાઓએ પંચ સાહેદ નં.૩૯૨ રમેશ કાનાભાઈ પરમારની હાજરીમાં આંક–૨૩૬૫ ના પંચનામાની વિગતે સીલ કરેલી હતી. સાહેદ નં.૧૦૭૦ વિનય શુકલ પોતાની જુબાનીના પાના નં.૪ ઉપર આ પંચનામા ઉપર પોતાની સહી ઓળખી બતાવેલી છે.

આ આરોપી નં.૫૦ સૈકુર રહેમાન ઉર્ફે સૈકુ ઉર્ફે સૈફ અબ્દુલ રહેમાને ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે તે પ્રશ્નના જવાબમાં તેને

ફરિયાદપક્ષના પુરાવા સંબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના બચાવ માટે જે હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦ મા જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી. આ ઉપરાંત આ આરોપીએ પોતાના બચાવમાં અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ નથી.

આરોપી નં.૫૦ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૮૨૫, ૮૬૯, ૩૪૦, ૩૯૨, ૭૮૭, ૭૮૯, ૭૯૦, ૮૦૫, ૧૧૫૪, ૧૧૬૩ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતા આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલ સુ.શ્રી નિત્યા રામાકૃિષ્ણન તથા વકીલશ્રી સોમનાથ વત્સ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપીને સાથે રાખીને તપાસ કરનાર અધિકારીએ બે પંચનામાઓ બનાવેલા છે. એક પંચનામુ આરોપીએ મકાન બતાવ્યાનું અને બીજુ પંચનામુ જગ્યાની રેકી કરવા અંગેનુ બનાવેલુ છે. ફરિયાદપક્ષના કેસ પ્રમાણે બનાવવાળી જગ્યા નારોલ સર્કલ પાસે મિત્તલ ચેમ્બર સામે રોડ ઉપર છે. આ જગ્યાનુ પંચનામુ સાહેદ નં.૩૪૦ યોગેશ ચૌહાણની હાજરીમાં આંક–૧૭૯૨ વાળુ બનાવેલુ છે અને આ જગ્યા એક કાદરભાઈ નામના વ્યકિતએ બતાવેલી હતી. સાહેદ નં.૩૪૦ ની જુબાની મુજબ સ્થળ ઉપર સાઇકલ હતી અને સાઇકલ ઉપર થેલી ભરાવેલ હતી જે ફાટેલ હતી. આ સાઇકલ કઈ કંપનીની હતી તે હકીકત પંચનામામાં છે, કંપની, કલર વિગેરે હકીકત પણ પંચનામામાં છે. આ સાઇકલ કબજે કર્યા બાદ એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે તપાસ માટે મોકલેલી છે. વધુમાં દલીલ કરતા જણાવવામાં આવેલ છે કે આ સાઇકલ સાહેદ નં.૩૯૨ રમેશ પરમારની હાજરીમાં આંક–૨૩૬પવાળા પંચનામાની વિગતે કબજે કરીને સીલ કરવામાં આવેલ છે અને રવાનગી નોંધ આંક–૫૭૧૭ થી તા.૩૧.૮.૨૦૦૮ ના રોજ એફ.એસ.એલ.

ગાંધીનગર ખાતે મોકલેલી છે. આ સાઇકલનું પૃથકકરણ સાહેદ નં.૮૪૦ જાનમહમદ મન્સુરીએ કરેલુ છે અને તેનો અભિપ્રાય આંક–૫૭૧૯થી રજૂ કરેલો છે. આ જગ્યાનો નકશો સાહેદ નં.૬૯૦ અમૃતભાઈ રાવળનાઓએ બનાવેલો છે જે આંક–૩૩૮૦ થી રજૂ કરેલો છે. સાહેદ નં.૧૦૭૦ વિનય શુકલનાઓની જુબાની વંચાણે લઈ દલીલ કરે છે કે આ જગ્યાની મુલાકાત આ સાહેદે કરેલી છે પરંતુ મારા મત પ્રમાણે આ જગ્યા ઉપર બ્લાસ્ટ થયેલો હતો જેથી સ્વાભાવિક છે કે પોલીસ આ જગ્યાની મુલાકાત લે. વધુમાં દલીલ કરવામાં આવે છે કે જુલાઇ ૨૦૦૯ મા આ આરોપીની અટક થયેલી છે અને સાહેદ નં.૮૬૯ નિતેષ વૈશ્યની હાજરીમાં સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ આરોપીએ જગ્યા બતાવ્યા અંગેનુ પંચનામુ આંક–૬૦૭૦ વાળુ બનાવેલુ છે. પરંતુ આ પંચનામુ પુરાવામાં ગ્રાહ્ય નથી. મારા મત પ્રમાણે આ પંચનામુ પુરાવાના કાયદાની કલમ–૮ હેઠળ આરોપીની વર્તણૂક તરીકે ગ્રાહ્ય છે. આરોપી મોડો પકડાયેલો છે અને પકડાયા પછી તેને આ જગ્યા બતાવેલી જેથી પોલીસે જગ્યાનુ પંચનામુ તેને આપેલી માહિતીના આધારે બનાવેલુ છે. વધુમાં દલીલ કરવામાં આવે છે કે સાહેદ નં.૮૫૦ ભરત પરમારનાઓની હાજરીમાં સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડાનાઓએ આંક–૫૫૪૯ વાળુ પંચનામુ બનાવેલુ છે. આ પંચનામુ અલમહમદી સોસાયટીવાળુ મકાન બતાવ્યા અંગેનુ તેમજ નારોલ સર્કલવાળી જગ્યા બતાવ્યા અંગેનુ બનાવવામાં આવેલુ છે. આંક–૫૫૪૯ વાળુ પંચનામુ કબૂલાત સ્વરુપનું છે માટે પુરાવામાં ગ્રાહ્ય નથી પરંતુ પંચ સાહેદ નં.૮૨૫ તથા આંક–૫૫૪૯વાળા પંચનામાની હકીકત ધ્યાને લઈએ તો આ આરોપીએ અલમહમદી સોસાયટીમાંથી બોમ્બ મેળવેલો અને નારોલ સર્કલ પાસે મુકેલો તે જગ્યાની અને આ હકીકતની માહિતી તેને હતી માટે જ તેને આ જગ્યાઓ પંચની હાજરીમાં પોલીસને બતાવેલી છે. આરોપીનુ આ વર્તન પુરાવાના કાયદાની કલમ–૮ હેઠળ ગ્રાહ્ય છે. વધુમાં દલીલ કરવામાં આવે છે કે આ જગ્યા બતાવતા પંચનામાની હકીકતને સ્વતંત્ર પુરાવાથી સમર્થન મળતુ નથી તથા સ્થળ ઉપરથી કોઈ વસ્તુ કબજે કરવામાં આવેલી નથી. પરંતુ મારા મત પ્રમાણે બનાવ તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ બનેલો

હતો અને તે દિવસે આંક–૧૭૯૨ ના પંચનામાની વિગતે મુદ્દામાલ સાઇકલ કબજે કરવામાં આવેલી હતી. આ આરોપીને જુલાઈ–૨૦૦૯ મા એટલે કે બનાવના એક વર્ષ બાદ અટક કરેલો છે જેથી સ્થળ ઉપરથી કોઈ મુદ્દામાલ મળે નહીં તે સ્વાભાવિક છે. વકીલ સુશ્રી નિત્યા રામાકૃષ્ણન તથા વકીલશ્રી સોમનાથ વત્સ દલીલ કરતા જણાવે છે કે આ આરોપી આ કહેવાતા ગુનાઓમાં સંડોવાયેલો નથી. પરંતુ ઉપર વિગતે જે પુરાવા રજૂ થયા છે તે ધ્યાને લેતા આ આરોપી આ કહેવાતા ગુનામાં સંડોવાયેલો છે તેમ હું માનુ છું.

આરોપી નં.૫૧ ડૉ. અનવર અબ્દુલગની બાગવાનનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૫૧ ડૉ. અનવર અબ્દુલગની બાગવાનનાઓ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ જુદી–જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી–જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા–જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમને કઈ–કઈ ભૂમિકા ભજવેલી છે તે સાબિત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે તે મુજબઃ–

ફરિયાદપક્ષ દ્વારા આ કામે અખ્તર મહંમદ હનીફ મેમણને સાહેદ નં. ૯૬૫ તરીકે આંક–૬૭૭૬ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓની ઑફિસ મયુર પંપ, શોપ નં.બી/૧, શીતલ પેટ્રોલ પંપની સામે, કોન્ડવા ખુર્દ, પુના ખાતે આવેલી છે અને છેલ્લા પંદર–સત્તર વર્ષથી રીયલ એસ્ટેટની દલાલીનું કામ કરે છે. પોલીસે તા.૨૧.૧૨.૨૦૦૮ ના રોજ તેમનુ નિવેદન લીધેલું. પુના ખાતે ડૉ.અનવર બાગવાન તથા તેનો ભાઇ આસીફઉલ હસન શેખનાઓએ ભાડા ઉપર ફ્લેટ લીધો હતો. આ ફ્લેટ નં.૩૦૨,

"એચ" બિલ્ડિંગ, અશોક મ્યૂઝ, કોન્ડવા ખુર્દ ખાતે હતો. આ સાહેદ ફ્લેટના કેર ટેકર હતા અને તેના માલીક રેઝા નાબાતીયન હતાં. આ સાહેદનો એક મિત્ર આસ્ફાક સૈયદ પણ રીયલ એસ્ટેટની દલાલીનું કામ કરે છે તેનો આ સાહેદ ઉપર ફોન આવેલો કે "તારી પાસે ફ્લેટ છે એક કસ્ટમર આવેલા છે". ત્યારપછી આ લોકો આ સાહેદની ઑફિસ ઉપર આવેલા. આ અસ્ફાક સૈયદની સાથે ફ્લેટ લેવા વાળા બે માણસો પણ સાથે હતા. તે પૈકી એકનું નામ અનવર બાગવાન જણાવેલું જેને ફ્લેટ લેવાનો હતો. જેથી આ સાહેદ ઉપર જણાવ્યા મુજબના ફ્લેટ ઉપર આ લોકોને લઇને ગયેલો. તેઓને ફ્લેટ બતાવેલો અને આ ફ્લેટની ડિપોઝીટ રૂા.૩૦,૦૦૦/– જણાવેલું અને ભાડુ રૂા.૯,૦૦૦/– જણાવેલું. ત્યારબાદ તેની સાથે રૂા.૧૦,૦૦૦/– નું કમિશન નક્કી કરેલું. ત્યારપછી તે લોકોએ કહેલું કે બે–ત્રણ દિવસ પછી જણાવીશું.

સાહેદ વધુમાં જણાવે છે કે, ત્યારપછી બે–ત્રણ દિવસ પછી અસ્ફાક સૈયદનો આ સાહેદ ઉપર ફોન આવેલો અને તેણે જણાવેલું કે તે વ્યક્તિનો ભાઇ આવેલો છે અને તેને ફ્લેટ બતાવવાનો છે. ત્યારબાદ તે વ્યક્તિનો ભાઇ આવેલો અને તેણે તેનું નામ આસીફ હસન શેખ જણાવેલું અને તેને લઇને ફ્લેટ ઉપર ગયેલા અને ફ્લેટ બતાવેલો. ફ્લેટ જોયા પછી તેણે કહેલું કે ફાઇનલ કરવું છે તો આ સાહેદે જણાવેલુ કે હવે માલીક પાસે જવું પડશે. ત્યારબાદ ફ્લેટના માલીક રેઝા નાબાતીયનને ત્યાં ઇમામવાડા કેમ્પ ખાતે લઇને ગયેલા. ત્યાં અનવર બાગવાને જણાવેલું કે "આ મારો ભાઇ છે અને તે અભ્યાસ કરે છે અને હું ડૉક્ટરી કરૂ છું અને અમારે કુટુંબ સાથે રહેવા માટે ફ્લેટ જોઇએ છે". જેથી મકાન માલીકે એગ્રીમેન્ટ કરવાનું જણાવેલું અને એગ્રીમેન્ટ કર્યા પછી મકાનની ચાવી સોંપવાનું જણાવેલું. આ વખતે પણ ડીપોઝીટ અને ભાડાની રકમ અગાઉ ચર્ચા થાય મુજબ નક્કી થયેલી. ત્યારબાદ આ લોકો સાથે એગ્રીમેન્ટ કરેલું અને ફ્લેટની ચાવી જુલાઇ–૨૦૦૭ મા આપેલી. જ્યારે ચાવી આપેલી ત્યારે તે વ્યક્તિએ ડિપોઝીટની રકમ રૂા.૩૦,૦૦૦/– માલીકને આપેલી અને એક મહિનાનું ભાડું આપેલું તથા આ સાહેદને રૂા.૧૦૦૦૦/– કમિશન આપેલું. આ

કમિશન આ સાહેદે તથા અસ્ફાક સૈયદે રૂા.૫૦૦૦–રૂા.૫૦૦૦/– વહેંચી લીધેલું. આ વ્યક્તિ સાથે ૧૧ મહિના માટે એગ્રીમેન્ટ કરેલું અને તે એગ્રીમેન્ટ સમય પુરો થવા આવ્યો ત્યારે તે વ્યક્તિએ એગ્રીમેન્ટનો સમય લંબાવવા માટે જણાવેલું તો કહેલું કે માલીકને મળવું પડશે. ત્યારપછી તેઓએ ત્રણ,ચાર મહિનાનું ભાડું આપેલું અને તે ભાડુ માલીકને આપેલું અને ત્યારપછી અનવર બાગવાને જણાવેલું કે, હું બહાર જાંઉ છું અને મારો ભાઇ ફ્લેટમાં રહેશે અને તે ભાડુ આપશે.

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ તા.૨૧.૧૨.૨૦૦૮ ના રોજ ફ્લેટના માલીકનો ફોન આવેલો અને જણાવેલું કે ફ્લેટમાં કંઇક પ્રોબ્લેમ થયેલો છે અને પોલીસ આવેલી છે અને તમને બોલાવે છે. તે પોલીસ બોમ્બેની હતી. ત્યારબાદ આ સાહેદ તે ફ્લેટ ઉપર ગયેલા. ત્યાં એક સાહેબ હતા, એક મેડમ હતાં અને બીજા પોલીસના માણસો હતો. તે પોલીસના સાહેબોએ ફ્લેટના માલીક સાથે વાતચીત કરેલી અને ત્યાં બધાને એરેસ્ટ કરેલા કારણ કે ફ્લેટમાંથી બ્લાસ્ટીંગનો સામાન મળેલો અને ત્યાં પણ મુંબઇ પોલીસે નિવેદન નોંધેલું અને તે વખતે થયેલું એગ્રીમેન્ટ બતાવેલું ત્યારબાદ પોલીસે ફ્લેટ સીલ કરેલો.

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ જાન્યુઆરી મહિનામાં પોલીસના એક માણસ આ સાહેદ પાસે ચિઠ્ઠી લઇને આવેલા અને કહેલું કે આ તારીખે આ ચિઠ્ઠી લઇને અમદાવાદ કોર્ટમાં આવવાનું છે. જેથી આ સાહેદ અમદાવાદ ખાતે કોર્ટમાં આવેલા. ત્યાં તેમને બેસાડેલા અને ત્યારપછી ઘણા સમય બાદ ઉપરના માળે લઇ ગયેલાં. આ સાહેદ સાથે ફ્લેટના માલિકને પણ બોલાવેલા હતા અને તેઓ બંને સાથે આવેલા હતાં. કોર્ટમાં પહેલા માલીકને બોલાવેલાં અને ત્યારપછી આ સાહેદને બોલાવેલા. માલીકને પહેલા બોલાવ્યા પછી ૧૫–૨૦ મિનિટ બાદ તેમને મોકલી દીધેલા અને પછી આ સાહેદને બોલાવેલા. ત્યાં કોર્ટમાં સાહેબ હતા, બીજા માણસો પણ હતા અને બીજા પાંચ–છ માણસો ત્યાં હતાં. ત્યાં સાહેબે નામ પુછેલું, આઇ.ડી. પ્રુફ માંગેલું જેથી ડ્રાઇવીંગ લાયસન્સ આપેલું. સાહેબે કહેલું કે આમાંથી તમે જેને ઓળખતા હોય

તેનો હાથ પકડીને બહાર લઈ આવો. જેથી આ સાહેદે તે માણસોમાંથી એક માણસનો હાથ પકડીને બહાર લઈ આવેલા. સાહેબે પુછેલું કે આને તમે કેવી રીતે ઓળખો ? તો જણાવેલું કે આને ફ્લેટ ભાડે અપાવેલો હતો. તેનું નામ આસીફ ઉર્ફ હસન શેખ જણાવેલું. પછી આ સાહેદને બહાર મોકલેલો.

સાહેદને અમદાવાદ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીને વીડિયો કોન્ફરન્સ ટી.વી.સ્ક્રીન થકી ચાર–ચારની સંખ્યામાં અને ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીને વીડિયો કોન્ફરન્સ ટી.વી.સ્ક્રીન થકી ત્રણ–ત્રણની સંખ્યામાં બતાવતા સાહેદ આરોપીને ઓળખી શકતા નથી.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદને ગુજરાતી આવડતુ નથી તે કબૂલ કરે છે. મુંબઈ પોલીસે જે નિવેદન લીધેલુ તે નિવેદન લેનાર સાહેબને જાણતા નથી. નિવેદનમાં નામ આસીફ ઉલ હસન જણાવેલુ નથી પરંતુ માત્ર હસન જણાવેલુ છે તો તે હકીકત નકારી છે. પોલીસ અને મકાન માલીક વચ્ચે શું વાતચીત થયેલી અને ફ્લેટમાંથી શું મળેલુ તે જાણતા નથી તો તે હકીકત નકારી છે. ફ્લેટમાં રહેવાવાળા કેવા હતા તેનુ વર્ણન પોલીસને લખાવેલુ નથી તે કબૂલ કરે છે. મુંબઈ પોલીસ આવી ત્યારે આ સાહેદ સાથે ફ્લેટના માલીક હતા. અમદાવાદની પોલીસે નિવેદનમાં શું લખ્યુ તેની ખબર નથી તો તે હકીકત નકારી છે. ફ્લેટમાં રહેવાવાળા નિયમિત ભાડુ આપતા હતા તે કબૂલ કરે છે. આ લોકો ફ્લેટમાં રહ્યા તે દરમ્યાન તેઓ ખોટુ કામ કરે છે તેવી જાણકારી મળેલી નહીં તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે આ લોકો ખોટુ કામ કરતા હોય તો તેની જાહેરાત ન કરે અને ખોટુ કામ કરતા હોય તો તે કામની બીજા કોઈને માહિતી ન મળે તેની પણ કાળજી રાખતા હોય છે માટે ફ્લેટમાં રહેવાવાળા ખોટુ કામ કરતા હોવાની માહિતી આ સાહેદને ન મળે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો અમદાવાદથી એક સાહેબ ચીઠ્ઠી લઈને આવેલા તેમને ઓળખતા નથી. તે ચીઠ્ઠીમાં કોર્ટનું નામ લખેલુ હતુ. અમદાવાદ મુકામે આ સાહેદ તથા ફ્લેટના માલીક રેઝા નબાતીયન આવેલા. કોર્ટમાં ઓળખવા માટે ગયા ત્યારે ૫–૬ માણસો ઉભેલા હતા. તે સરખી ઉંચાઈના ન હતા. તે પૈકી

કેટલા દાઢીવાળા હતા તે કહી શકે નહીં, કેટલા હિન્દુ હતા, કેટલા મુસ્લિમ હતા તે કહી શકે નહીં. અશોકા મ્યૂઝમાં ૧૪ થી ૧૫ ટાવરો આવેલા છે. ડૉ.અનવર બાગવાનનું ઓળખપત્ર જોયેલુ. તે હૈદરાબાદનો હતો તેવુ યાદ છે. ડોકટરે જણાવેલુ કે હું મારી ફેમેલી સાથે રહેવાનો છું તો તે હકીકત કબૂલ કરી છે. આ પ્રશ્નનો અર્થ એવો થાય કે અનવર બાગવાને ફલેટ ભાડે રાખેલો હતો. મુંબઈની પોલીસ આવીને ગઈ તે પછી ગુજરાતની પોલીસ કયારે આવેલી તે યાદ નથી. અનવર બાગવાનને જે ફલેટ ભાડે અપાવેલો તે ફલેટ "એચ" બિલ્ડિંગ અને ફલેટ નં.૩૦૨ હતો. ફલેટનો સમય પુરો થયા પછી તે માણસ સમય લંબાવવા આ સાહેદ પાસે આવેલો અને ૨–૩ માસનું ભાડુ આપેલુ અને તે ભાડુ માલીકને આપેલાની હકીકત પોલીસમાં જણાવેલી નથી. અનવર અને તેની ફેમેલી ફેબ્રુઆરી–૨૦૦૮થી આ ફલેટમાં રહેતુ ન હતુ તો તે હકીકત નકારી છે. અનવરને કૃષ્ણા ઈન્સ્ટીટયુટ મેડીકલ સાઈન્સ સીકંદરાબાદ ખાતે એડમીશન મળતા કુટુંબ સાથે ત્યાં ગયેલો તો તે હકીકત નકારી છે. ક્રાઈમ બ્રાન્ચની ઑફિસમાં તે માણસે રહેવાસી એ/૩૦૩, કુમાર પ્રગતિ બિલ્ડિંગ, એન.આઈ.ડી.એન. રોડ કોંડવા પુનાનુ જણાવેલુ પરંતુ સાહેદ જણાવે છે કે પહેલા તે આ જગ્યાએ રહેતો હતો. મેજિસ્ટ્રેટ કોર્ટમાં આવેલા અને કામ પતાવીને પાછા ગયા તે બતાવવા કોઈ દસ્તાવેજી પુરાવો નથી. પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદ જે મેજિસ્ટ્રેટ રુબરૂ ઓળખ પરેડ માટે હાજર થયેલા અને મેજિસ્ટ્રેટે ઓળખ પરેડનું જે પંચનામુ બનાવેલુ તેથી વિશેષ બીજો પુરાવો હોઈ શકે નહીં. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો અનવરભાઈ પાસેથી લીધેલ ભાડાની રકમ અંગે રસીદ આપી નથી. મેજિસ્ટ્રેટશ્રીએ સમન્સ મોકલેલો નથી તો તે હકીકત નકારી છે. મેજિસ્ટ્રેટની કોર્ટવાળુ બીલ્ડીંગ કેટલા માળનું હતુ તે યાદ નથી. અનવરભાઈ સાથે તેનો ભાઈ રહેતો ન હતો તો તે હકીકત નકારી છે. અનવરભાઈએ પોતાના પિતાનુ નામ અબ્દુલ ગની બતાવેલુ હોય તો યાદ નથી. ફલેટના માલીકે કેર ટેકર તરીકે આ સાહેદને રાખ્યા હોય તેનુ લખાણ થયુ નથી. જુલાઇ–૨૦૦૭ પહેલા કઈ–કઈ તારીખોએ ફલેટ ઉપર ગયેલા તે યાદ નથી. રૂા.૩૦૦૦૦/– ડિપોઝીટ નક્કી

કરેલી અને રૂા.૧૦૦૦૦/– કમીશન મળેલુ તે બતાવવા કોઈ દસ્તાવેજી પુરાવો નથી. મેજિસ્ટ્રેટ સાહેબ પ્રશ્ન પુછતા હતા અને આ સાહેદ જવાબ આપતા હતા તે લખાતા હતા તો તે કબૂલ કરે છે. જેથી અર્થ એવો થાય કે આ સાહેદે ઓળખ પરેડની કાર્યવાહીમાં ભાગ લીધેલો છે અને આરોપીને ઓળખી બતાવેલો છે. ઓળખ પરેડની કામગીરી કેટલો સમય ચાલેલી તેનો ખ્યાલ નથી. સાહેદે ખુલાસો કરેલો છે કે દસ વર્ષ પહેલાની વાત છે માટે સમયનો ખ્યાલ નથી. મેજિસ્ટ્રેટ સાહેબને ઓળખપત્ર બતાવેલુ. એક આરોપીને ઓળખેલો. પુના થી અમદાવાદ મુકામે ટ્રેનમાં આવેલા હતા. એગ્રીમેન્ટ ૧૧ માસનું થયેલુ તે પુરૂ થયા પછી લંબાવેલુ કે કેમ તે યાદ નથી. એગ્રીમેન્ટ બન્યા પછી જે વ્યકિત ત્યાં રહેવા આવેલી તેને ત્યાં જવા આવવાનો કે મળવાનો પ્રસંગ બનેલો નહીં. સરતપાસમાં જે પુરાવો આપ્યો છે તે બાબતે પોલીસે વારંવાર સમજાવેલુ અને શીખવાડેલુ માટે ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારેલી છે. આ ફલેટ કોણે–કોણે ભાડે અપાવેલો તે યાદ નથી. ફલેટનું એગ્રીમેન્ટ મકાન માલીક રેઝા નબાતીયન અને ભાડુઆત અનવર બાગવાન વચ્ચે થયેલુ તે કબૂલ કરે છે. અનવર બાગવાને ૩ માસનું ભાડુ આપ્યા પછી કહેલુ કે હવેથી હું બહાર જાવ છું અને ભાડુ આપવા મારો ભાઈ આવશે. જાન્યુઆરી–૨૦૦૮ પછી અનવર બાગવાન મળેલો નથી તે કબૂલ કરે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ પુના ખાતે રીયલ એસ્ટેટની દલાલીનું કામ કરતા હતા. તે દરમ્યાન આરોપી નં.૩૨ આસીફ હસન શેખ તથા આરોપી નં.૫૧ ડૉ.અનવર બાગવાનનાઓને એક ફલેટ નં.૩૦૨, "એચ"બિલ્ડિંગ કે જે અશોકા મ્યૂઝ, કોંડવાખુર્દ વાળો ફલેટ તેના માલીક રેઝા નબાતીયન પાસેથી રૂા.૩૦૦૦૦/– ડીપોઝીટ નકકી કરી માસીક ભાડુ રૂા.૯૦૦૦/– થી ભાડે અપાવેલો હતો અને ત્યારબાદ આ સાહેદે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૮૯ ઈન્દ્રવીર વજુભા ઝાલાની હાજરીમાં તા.૯.૧.૨૦૦૯ ના રોજ ઓળખ પરેડની કાર્યવાહી દરમ્યાન ઓળખી બતાવેલો હતો.

સાહેદ નં.૯૬૫ અખ્તર મહમદ હનીફ મેમનનાઓ દ્વારા ઓળખ પરેડ આરોપી નં.૫૧ ડૉ. અનવર બાગવાનનાઓની સાહેદ નં.૫૮૯ ઈન્દ્રવીર વજુભા ઝાલાનાઓએ કરાવેલી અને તેઓ પણ પોતાની જુબાની આ ઓળખ પરેડ કરાવ્યાની હકીકત જણાવી છે તથા ઓળખ અંગેનુ પંચનામુ આંક–૩૧૭૯ વાળુ બનાવ્યુ હતુ. ઓળખ પરેડ કરાવનાર મેજિસ્ટ્રેટ ઈન્દ્રવીર વજુભા ઝાલાની જુબાનીની ચર્ચા આગળ ઉપર કરેલ છે માટે તેનુ પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે અસ્ફાક અહેમદ સૈયદને સાહેદ નં.૯૬૬ તરીકે આંક–૬૭૭૭ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ રીયલ એસ્ટેટ કન્સલટન્ટ તરીકે અલ્ફા કોમ્યુનિકેશન રીયલ એસ્ટેટ કન્સલટન્ટના નામથી કામ કરે છે. અમદાવાદ પોલીસે તેમની પુછપરછ કરી જવાબ લીધેલો તા.૨૧.૧૨.૨૦૦૮ ના રોજ જવાબ લીધેલો.

સાહેદ વધુમાં જણાવે છે કે તેમની પાસે બે પ્રકારના ગ્રાહકો આવતા હોય છે તેમાં એક "જસ્ટ ડાયલ" એટલે કે ઓન લાઈન અને બીજા રૂબરૂમાં આવતા હોય છે. સને–૨૦૦૭ મા તેમની પાસે એક ગ્રાહક ડૉ.અનવર બાગવાન આવેલા અને તેની સાથે બીજા એક ગોરા સરખા કે જે હાઈટમાં હતા તે ભાઈ હતા. આ લોકો તેમની પાસે ફ્લેટની ઈન્કવાયરી માટે આવેલા. તેઓને ભાડાથી ફર્નિશ્ડ ફ્લેટ જોઈતો હતો. આ સાહેદે તેઓને ત્રણ–ચાર ફ્લેટો બતાવેલાં. ત્યારબાદ આ સાહેદના એક સાથી અખ્તર મેમણને ફોન કરેલો અને જણાવેલું કે તમારી પાસે ફ્લેટ છે ? તો તેમણે કહેલું કે તેમની પાસે ફર્નિશ્ડ ફ્લેટ છે જેથી આ સાહેદ, ડૉક્ટર સાહેબ તથા તેના મિત્રને લઈને અખ્તર મેમણ સાહેબની ઓફિસે ગયેલા. ત્યારબાદ અખ્તરભાઈ બધાને લઈ ફ્લેટ બતાવવા માટે લઈ ગયેલાં. આ ફ્લેટ અશોકા મ્યૂઝમાં "એચ" બ્લોકમાં હતો. આ લોકોને તે ફ્લેટ પસંદ આવેલો. તો અખ્તરભાઈએ તે લોકોને કહેલું કે બાર હજાર ભાડુ અને ચાલીસ હજાર ડિપોઝીટ જણાવેલી. જેથી આ લોકોએ આ રકમ ઓછી કરવા જણાવેલું. તો અખ્તરભાઈએ કહેલું કે તેઓ ફ્લેટના માલીક નથી ફ્લેટના માલીકને મળાવું અને તે ઓછું કરી

આપે તો તમે તમારી ઓફર આપો. જેથી ફ્લેટના માલીકને ફોન કરેલો અને ત્યાં મળવા લઇ ગયેલા. ત્યાં ગયા પછી માલીકે તેનો પ્રોફાઇલ પૂછેલો તો અનવરભાઇએ કહેલું કે હું ડૉક્ટર છું અને મારે પત્ની અને બાળકો છે. ત્યારબાદ બીજી વખત મીટીંગ થયેલી અને રૂા.નવ હજાર ભાડુ અને ત્રીસ હજાર ડિપોઝીટ નક્કી થયેલી અને દસ હજાર કમિશન નક્કી કરેલું. આ મકાન જુલાઇ મહિનામાં જોયેલું અને ભાડા અંગેનું રજીસ્ટર એગ્રીમેન્ટ ઓગસ્ટ–૨૦૦૭ મા બનાવેલું. તે વખતે પોલીસ વેરીફીકેશન પણ કરાવેલું. એગ્રીમેન્ટ થયા પછી ડિપોઝીટ લીધેલી અને મકાનની ચાવી અનવરભાઇને સોંપેલી. અનવરભાઇ સાથે ગોરા સરખો છોકરો આવેલો તે મિત્ર બતાવેલો તે સિવાય તેની બાબતે બીજું કાંઇ બતાવેલું નહીં.

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારપછી તા.૧૨.૧.૨૦૦૯ ના રોજ આ સાહેદ અમદાવાદ આવેલા. આ માટે સાહેબે ગુજરાતીમાં લખેલી એક ચીઠ્ઠી આપેલી અને જણાવેલું કે અમદાવાદ કોર્ટમાં આવવાનું છે અને ત્યાં પરેડ જેવું કંઇક લખેલું હતું જેથી આવવાનું થયેલું. તા.૧૨.૧.૨૦૦૯ ના રોજ અમદાવાદ સ્ટેશને ઉતરેલા અને રીક્ષાવાળાને ચિઠ્ઠી બતાવી અને રીક્ષાવાળાભાઇ કોર્ટમાં લઇ ગયેલા. કોર્ટમાં ગયા ત્યારે જજ સાહેબ બેઠેલા હતા અને બે છોકરા ઉભેલા હતાં અને સામે છ–સાત માણસો ઉભા હતા. જજ સાહેબે આ સાહેદનું નામ પુછેલું. જજ સાહેબે કહેલું કે જેને ફ્લેટ અપાવેલો તેને તમે ઓળખો. તે વખતે ત્યાં જેને ફ્લેટ આપેલો તે બાગવાન ન હતો પરંતુ તેની સાથે જે દોસ્ત આવેલો હતો તેને ઓળખેલો અને હાથ પકડીને લાવેલો. તેનું શરૂઆતનું નામ એફથી શરૂ થતું હતું અને લાસ્ટમાં દુરાની સરનેમ હતી.

સાહેદને અમદાવાદ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીને વીડિયો કોન્ફરન્સ ટી.વી.સ્ક્રીન થકી ચાર–ચારની સંખ્યામાં અને ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીને વીડિયો કોન્ફરન્સ ટી.વી.સ્ક્રીન થકી ત્રણ–ત્રણની સંખ્યામાં બતાવવામાં આવતા સાહેદ આરોપીને ઓળખી શકતા

નથી અને જણાવેલ છે કે દસ વર્ષનો સમય થઇ ગયેલો છે અને બધાની દાઢી મોટી થઇ ગયેલી છે માટે આજે તેને ઓળખી શકતા નથી.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો જે પોલીસના માણસે અમદાવાદ આવવા ચીઠ્ઠી આપેલી તેના નામ હોદ્દો કે વર્ણન યાદ નથી. તે ચીઠ્ઠી સમન્સ ન હતો પરંતુ સાદા કાગળ ઉપર લખેલી હતી. આ ચીઠ્ઠી અમદાવાદ આવતા પહેલા એક દિવસ અગાઉ મળેલાનું યાદ નથી. અમદાવાદ આવ્યા અંગેની જાણ અમદાવાદ પોલીસને કરેલી નહીં તે કબૂલ કરે છે. જેથી એવુ કહી શકાય કે આ સાહેદને મેજિસ્ટ્રેટ તરફથી ચીઠ્ઠી મળેલી હતી. અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચની પોલીસ આ સાહેદને મળવા માટે કોર્ટમાં આવેલી નહીં તે કબૂલ કરે છે. મેજિસ્ટ્રેટ સાહેબ પાસે ઉભેલા બે છોકરાઓ શું કામગીરી કરતા હતા તે જણાવી શકે નહીં. જે ૫–૬ માણસો ઉભેલા હતા તે પૈકી પાંચેક માણસો કલીન સેવવાળા હતા અને બાકીના ૧–૨ ને નાની દાઢી હતી. મેજિસ્ટ્રેટ સાહેબની રૂમમાં ૨૦–૨૫ મિનિટ રોકાયેલા તે દરમ્યાન જે પુછવામાં આવેલુ તે કહેલુ. દલાલીના કામ માટે ઘણા ગ્રાહકો આવતા હોય છે તે કબૂલ કરે છે અને દરેકના નામ ખબર ન હોય તે કબૂલ કરે છે. આ સાહેદ પાસે મકાન ભાડે લેવા અનવર બાગવાન આવેલા તે કબૂલ કરે છે. અનવર બાગવાન સાથે દોસ્ત બનીને આવેલા ભાઈને કયારેય જોયેલા નહીં તે કબૂલ કરે છે. આ વ્યકિત કયા રહેતો હતો અને શું કામ ધંધો કરતો હતો તેની ખબર નથી. પોલીસને તે વ્યકિતનું વર્ણન આપ્યુ હોય અને પોલીસે તેનો સ્કેચ બનાવ્યો હોય તેવુ બન્યુ નથી. અનવર બાગવાન ૨–૩ વખત આ સાહેદ પાસે આવેલો તેમ જણાવે છે. અનવર બાગવાનને ફેબ્રુઆરી–૨૦૦૮ મા સીકંદરાબાદ ખાતે મેડીકલમાં એડમીશન મળ્યા પછી ત્યાં રહેવા જતો રહયો હોય તો ખબર નથી. અનવર બાગવાનને લઈને એક જ વખત અખતરભાઈને ત્યાં ગયેલાનું કબૂલ કરે છે. સરતપાસમાં જણાવ્યા પ્રમાણેની કોઈ હકીકત બનેલી નથી અને પોલીસના કહેવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ પુના ખાતે રીયલ એસ્ટેટની દલાલીનું કામ કરતા હતા. તે દરમ્યાન આરોપી નં.૩૨ આસીફ હસન શેખ તથા આરોપી નં.૫૧ ડૉ.અનવર બાગવાનનાઓને એક ફ્લેટ નં.૩૦૨, "એચ" બિલ્ડિંગ કે જે અશોકા મ્યૂઝ, કોંડવાખુર્દવાળો ફ્લેટ તેના માલીક રેઝા નબાતીયન પાસેથી પોતાના મીત્ર અખતર મહમદ હનીફ મેમન સાથે મળી રૂા.૩૦૦૦૦/– ડીપોઝીટ નકકી કરી માસીક ભાડુ રૂા.૯૦૦૦/– થી ભાડે અપાવેલો હતો અને ત્યારબાદ આ સાહેદે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૮૯ ઈન્દ્રવીર વજુભા ઝાલાની હાજરીમાં તા.૯.૧.૨૦૦૯ ના રોજ ઓળખ પરેડની કાર્યવાહી દરમ્યાન આરોપીને ઓળખી બતાવેલો હતો.

સાહેદ નં.૯૬૬ અસ્ફાક અહેમદ સૈયદનાઓ દ્વારા ઓળખ પરેડ દરમ્યાન આરોપી નં.૫૧ ડૉ. અનવર બાગવાનનાઓની સાહેદ નં.૫૮૯ ઈન્દ્રવીર વજુભા ઝાલાનાઓએ કરાવેલી અને તેઓએ પણ પોતાની જુબાનીમાં આ ઓળખ પરેડ કરાવ્યાની હકીકત જણાવી છે તથા ઓળખ અંગેનુ પંચનામુ આંક–૩૧૮૨ વાળુ બનાવ્યુ હતુ. ઓળખ પરેડ કરાવનાર મેજિસ્ટ્રેટ ઈન્દ્રવીર વજુભા ઝાલાની જુબાનીની ચર્ચા આગળ ઉપર કરેલ છે માટે પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે રેઝા આદમભાઈ નબતીયાનને સાહેદ નં.૯૬૭ તરીકે આંક–૬૭૮૦ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ સને–૨૦૦૮ના વર્ષમાં તેમના કુટુંબમાં તેમની પત્ની, માતા, બે પુત્રીઓ હતી. તેમનો ફ્લેટ કોન્ડવા ખુર્દ, પુના ખાતે અશોકા મ્યૂઝ સોસાયટીમાં હતો. આ ફ્લેટ ગોપીપુરમ કો.ઓ.હા.સો.લી.માં હતો. આ ફ્લેટનો નંબર એચ–૩૦૨ હતો. આ ફ્લેટ જ્યારથી લીધો હતો ત્યારથી ભાડા ઉપર આપતાં હતા. અમદાવાદ પોલીસે તેમની પાસે આવેલી અને નિવેદન તા.૨૧.૧૨.૨૦૦૮ ના રોજ લીધેલું. આ સાહેદે એક અનવર બાગવાન નામના વ્યકિતને અખ્તર મેમણ મારફત ફ્લેટ ભાડે આપેલો હતો તેની સાથે આ સાહેદને ભાડા અને ડિપોઝીટ બાબતે વાતચીત થયેલી. તેની સાથે રૂા.૩૦,૦૦૦/– ડિપોઝીટ નક્કી કરેલી અને ભાડુ રૂા.૯,૦૦૦/– નક્કી કરેલું. આ ફ્લેટ અનવર બાગવાને

પોતાના તથા પોતાના કુટુંબ માટે તથા તેના ભાઈ માટે રહેવા ભાડે લીધેલો હતો. આ ફ્લેટ ભાડે આપવા બાબતે અનવર બાગવાન સાથે એગ્રીમેન્ટ કરેલો. આ એગ્રીમેન્ટ રજીસ્ટર કરાવેલું અને એગ્રીમેન્ટ રજીસ્ટર થયા પછી તેને ફ્લેટની ચાવી આપેલી. અનવર બાગવાન પ્રથમ વખત આ સાહેદ પાસે આવ્યા ત્યારે તેની સાથે અખ્તર મેમણ હતાં તથા એક બીજો છોકરો પણ હતો જેને અનવર બાગવાને તેના ભાઈ હોવાની ઓળખાણ આપેલી. ચાવી આપી ત્યારે રૂા.૩૦,૦૦૦/– ડીપોઝીટ અને રૂા. ૯,૦૦૦/– ભાડુ મળેલું અને ૧૧ મહીના સુધીનું એગ્રીમેન્ટ કરેલું અને ૧૦ માસ સુધી નિયમિત ભાડુ આપેલું. દસ મહિના થયા પછી ફ્લેટ ખાલી કરવાનું જણાવેલું અને કહેલું કે એક મહિનાનું ભાડુ રૂા.૩૦,૦૦૦/–ની ડિપોઝીટમાંથી કાપી લઉ છું અને બાકીની ડિપોઝીટ પાછી આપું છું માટે તમે ફ્લેટ ખાલી કરો. તો અનવર બાગવાને કહેલું કે રમજાન મહિનો આવે છે અને છોકરાઓની પરીક્ષા પણ આવે છે તો એક બે મહિનાની મુદત આપો. જેથી અખ્તર મેમણને સંપર્ક કરેલો અને એકબીજાની સમજૂતિથી લેખિત કરાર કર્યા વિના બે માસ સુધીનો સમય વધારી આપેલો. ત્યારપછી એક મહિનો પણ થયેલો નહિ અને આ સાહેદને જાણવા મળેલું કે તેમના ફ્લેટ ઉપર મુંબઈની પોલીસ આવેલી અને કોઈકને પોલીસે પકડેલાં છે. આ બાબતે પ્રથમ સોસાયટીના લોકોએ ફોન કરેલો અને આવી હકીકત બની છે તમે ફ્લેટ ઉપર આવી જાઓ, જેથી આ સાહેદ ફ્લેટ ઉપર ગયેલા. તો મુંબઈ પોલીસે કહેલું કે અમે તમારા ભાડૂઆતને પકડેલા છે. મુંબઈ પોલીસે એમ પણ કહેલું કે તમારે ત્યાં જે ભાડૂઆત ફ્લેટમાં રહે છે તેમની પાસેથી જેહાદી બુક મળેલી છે અને થોડો બોમ્બ બનાવવાનો સામાન મળેલો છે. ત્યારપછી મુંબઈ પોલીસે આ સાહેદને નિવેદન લખાવવા માટે મુંબઈ બોલાવેલ અને સાથે એગ્રીમેન્ટ મંગાવેલું. જેથી આ સાહેદ મુંબઈ મુકામે ક્રાઈમ બ્રાન્ચની ઓફિસે ગયેલો અને ત્યાં નિવેદન લીધેલું અને અસલ એગ્રીમેન્ટ પોલીસને આપેલું.

સાહેદ વધુમાં જણાવે છે કે અમદાવાદ પોલીસે તેમનુ નિવેદન લીધા પછી તે જતાં રહેલા અને થોડા દિવસો પછી એક ઓફિસર આ સાહેદ પાસે

આવેલ અને જણાવેલું કે તમારે તા.૯.૧.૨૦૦૯ ના રોજ અમદાવાદ આવવું પડશે અને જ્યાં અમદાવાદ મુકામે આવવાનું હતું તેનું સરનામુ એક કાગળ ઉપર લખીને આપેલું. ત્યારબાદ આ સાહેદ તથા અખ્તર મેમણ તા.૯.૧.૨૦૦૯ ના રોજ ટ્રેનમાં બેસી પુનાથી અમદાવાદ આવેલા. અમદાવાદ ઉતર્યા પછી ચીઠ્ઠી રીક્ષાવાળાને બતાવેલી અને અમદાવાદમાં જૂની કલેક્ટર કચેરી કમ્પાઉન્ડમાં સાંજના સાડા ચાર વાગ્યે આવેલા અને પાંચ વાગ્યે કોર્ટમાં જવાનું હતું. ત્યારબાદ કોર્ટમાં ગયેલા અને તેમની પાસેનો કાગળ એક વકીલને બતાવેલો. વકીલશ્રીએ પહેલા માળે જઇ ત્યાં કાગળ બતાવવાનું કહેલું જેથી પહેલાં માળે ગયેલાં અને ત્યાં એક પટ્ટાવાળો બેઠેલો હતો. તે પટ્ટાવાળાને કાગળ બતાવીને પુછેલું કે ક્યાં જવાનું છે તો પટ્ટાવાળાએ કહેલું કે તમારે અહીંયા આવવાનું છે બરાબર છે. પટ્ટાવાળાએ આ સાહેદ પાસે કાગળ માંગેલો અને કહેલું કે, કાગળ આપો અંદર જઇ સાહેબને બતાવું. ત્યારબાદ તે પટ્ટાવાળો પાંચ–દસ મિનિટ બાદ બહાર આવેલો અને જણાવેલુ સાહેબે બાજુના રૂમમાં બેસવાનું કહેલું છે તમે ત્યાં બેસો જેથી બાજુના રૂમમાં બેઠેલાં. ત્યારપછી પંદર મિનિટ પછી પટ્ટાવાળો ત્યાં આવેલો અને કહેલું કે તમોને સાહેબ અંદર બોલાવે છે જેથી અંદર સાહેબ પાસે ગયેલા. આ સાહેદ અંદર ગયા ત્યારે સાહેબ ટેબલ–ખુરશી ઉપર બેઠેલાં હતા તથા તેમની સામે બે માણસો ઉભેલા હતાં અને થોડે દુર છ માણસો ઉભેલા હતાં. સાહેબે પ્રથમ નામ અને સરનામું પુછેલું અને નામ, સરનામું લખાવેલું અને સાહેબ કાંઇક લખતા હતાં. સાહેબે આઇ.ડી. કાર્ડ માગેલું જે બતાવેલું. સાહેબે કહેલું કે સામે જે માણસો ઉભા છે તમે જેને ઓળખતા હોવ તેનો હાથ પકડીને બહાર લાઓ જેથી આ સાહેદ થોડે આગળ ગયેલા અને છ માણસોને વારાફરતી જોયેલાં તે પૈકી એક માણસને ઓળખેલો અને તેનો હાથ પકડીને બહાર કાઢી લાવેલો. બહાર કાઢેલા વ્યક્તિનું સાહેબે નામ પુંછેલું તો તેણે પોતાનું નામ સાહેબને આસીફ ઉર્ફે હસન શેખ હોવાનું જણાવેલું. આ વ્યક્તિ અનવર બાગવાનની સાથે આ સાહેદની દુકાન ઉપર એગ્રીમેન્ટ કરવા આવેલો હતો તેથી ઓળખેલા. આ ઉપરાંત એગ્રીમેન્ટ થયા પછી બે–ત્રણ વખત ફ્લેટ ઉપર તપાસ કરવા ગયેલા

ત્યારે તે માણસને ત્યાં જોયેલો. જ્યારે એગ્રીમેન્ટ માટે અનવર બાગવાન આવ્યો ત્યારે અનવર બાગવાને કહેલું કે આ મારો ભાઇ છે મારી સાથે રહેશે. ઓળખ પુરી થયા પછી સાહેબે મને ત્યાંથી જવા માટે કહેલું.

આ સાહેદને નિ.ક૭૭૯ સાથે રજૂ કરેલ એક દસ્તાવેજની ઝેરોક્ષ નકલ બતાવતા જોઇને જણાવે છે કે જે એગ્રીમેન્ટ રજીસ્ટ્રેશનની રસીદ છે તથા તેની સાથે એગ્રીમેન્ટની કોપી જે અસલ મુંબઇ પોલીસને આપેલો. આ એગ્રીમેન્ટ તેમની અને અનવર બાગવાન વચ્ચે થયેલો. આ એગ્રીમેન્ટ કોન્ડવા સબ રજીસ્ટ્રાર રૂબરૂ રજીસ્ટર કરવામાં આવેલો જેમાં આ સાહેદ પોતાની તથા અનવર બાગવાનની સહી ઓળખી બતાવે છે જે માર્ક–એ થી રજૂ રાખેલ છે. આઠ–દસ વર્ષનો સમય થઇ ગયેલો હોય આરોપીને બતાવવામાં આવે તો ઓળખી શકે નહીં તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ ફલેટ ૨૦૦૮ના વર્ષ પહેલા ૮–૧૦ વર્ષ અગાઉ ખરીદેલ હતો અને તેમા કયારેય રહેવા ગયેલ નથી. બનાવના અરસામાં ફલેટ ભાડે આપીએ ત્યારે ભાડે આપ્યા જાણ પોલીસ સ્ટેશનમાં કરવાની ન હતી તેમ જણાવે છે. મકાનનું ભાડુ જે આપવામાં આવતુ હતુ તે અખતર મેમણ દ્વારા આપવામાં આવતુ હતુ અને તેની કોઈ રસીદ આપેલી નહીં. અખતર મેમણની ઑફિસ અશોકા મ્યૂઝની નજીકમાં હતી તેમ જણાવે છે. ૨૦૦૮ સુધીમાં આશરે ૭ થી ૮ ભાડૂઆતોને આ ફલેટ ભાડે આપેલો હતો. મુંબઈથી પોલીસ આવેલી અને નિવેદન લીધેલુ, કોણે નિવેદન લીધેલુ તે યાદ નથી. અમદાવાદ પોલીસ કેટલો સમય પછી આવેલી તે ચોકકસ યાદ નથી. અમદાવાદ પોલીસે આપેલા કાગળો વાંચેલા હતા. જયાંથી હાથ પકડીને માણસને કાઢેલો ત્યાં છ માણસ હતા અને લગભગ એકસરખા હતા. હાથ પકડીને માણસને બહાર કઢયો ત્યારે પોલીસના કોઈ માણસ હાજર હતા નહીં. મેજિસ્ટ્રેટ કોર્ટમાંથી ક્રાઇમ બ્રાન્ચની ઑફિસે ગયેલા ત્યાં એક મેડમ હતા તેનુ નામ યાદ નથી. પોલીસ સ્ટેશનમાં અર્ધો કલાક રોકાઈને જતા રહેલા. મુંબઈ ક્રાઇમ બ્રાન્ચમાં બોલાવ્યા ત્યારે કોને ફલેટ ભાડે આપેલો અને શું એગ્રીમેન્ટ

થયેલુ તે બાબતે વાતચીત થયેલી અને એગ્રીમેન્ટ રજૂ કરેલુ. એગ્રીમેન્ટ રજૂ કર્યા બાબતે પોલીસે કોઈ રસીદ આપેલી નહીં. આવુ કોઈ એગ્રીમેન્ટ થયેલુ નથી તો તે હકીકત નકારેલી છે. મુંબઈ પોલીસે જેહાદી બુક અને બોમ્બ બનાવવાનો સામાન બતાવેલો નહીં તે કબૂલ કરે છે. ૧૦ માસ સુધી ભાડુ નિયમિત મળેલુ તેવુ પોલીસને જણાવેલુ નથી તે પ્રશ્નના જવાબમાં સાહેદ જણાવે છે કે મને પુછેલુ નથી માટે લખાવેલુ નથી. અનવર બાગવાન સાથે આસીફ હસન શેખ દુકાન ઉપર એગ્રીમેન્ટ કરવા આવેલો તેથી તેને ઓળખેલો તેવુ પોલીસના નિવેદનમાં લખાવેલુ નથી તેના જવાબમાં સાહેદ જણાવે છે કે મને પુછેલુ નથી માટે લખાવેલુ નથી. તે વ્યકિત કેવો દેખાય છે તેનુ વર્ણન મેજિસ્ટ્રેટ સાહેબે પુછેલુ નહીં. ઓળખ કર્યા પછી કોર્ટની બહાર નીકળ્યા ત્યારે અખતર મેમણ મળેલા નહીં. આ લોકો ફલેટમાં રહ્યા ત્યાં સુધી સોસાયટીના કોઈ મેમ્બર તરફથી આ લોકો કાંઈ ખોટુ કરે છે તેવી જાણકારી આપવામાં આવેલી નહીં તો તે હકીકત નકારી છે. સાહેદે જણાવેલુ છે કે બે વખત પડોશીએ સોસાયટીને ફરિયાદ કરેલ હતી. ફરિયાદ એવી કરેલી હતી કે અહીંયા બહુ લોકો આવજા કરે છે માટે અગવડતા ઉભી થાય છે. આવી ફરિયાદ કયારે આવેલી તે યાદ નથી. આવી ફરિયાદ આવેલી નથી તો તે હકીકત નકારી છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો ફલેટ ભાડે આપવો હોય તો તેનુ વેરીફીકેશન કરાવવુ અને રેન્ટ એગ્રીમેન્ટની કોપી જે તે પોલીસ સ્ટેશનમાં આપી તેની જાણ કરવી જોઈએ તેવો પરીપત્ર હોય તો ખબર નથી. એગ્રીમેન્ટની કોપી અખતર મેમણને આપેલી નહીં. અશોકા મ્યૂઝ ઉપર મુંબઈ પોલીસ કયારે આવેલી તે તારીખ જણાવી શકે નહીં. તે વખતે અખતર મેમણ ૪–૫ વર્ષ અગાઉથી આ સાહેદના સંપર્કમાં હતો તેમ જણાવે છે. ફલેટનુ ભાડુ અખતર મેમણ લાવી આપતો હતો તે કબૂલ કરે છે. ભાડૂઆત બાબતેની દરેક બાબત જણાવવાની જવાબદારી અખતર મેમણની હતી તે કબૂલ કરે છે. અખતર મેમણ ભાડૂઆત સાથે સીધો વ્યવહાર કરતા હતા તો તે હકીકત નકારી છે. ફલેટની અંદર ભાડૂઆત સાથે તેનો ભાઈ રહેતો હતો તે બતાવવા કોઈ દસ્તાવેજી પુરાવો નથી. મહારાષ્ટ્ર પોલીસે આ નિવેદન લીધુ તે વાત ગુજરાત પોલીસને કરેલી કે કેમ

તે યાદ નથી. અમદાવાદ આવવાનું જણાવવા જે પોલીસના માણસ આવેલા તે કયાંની પોલીસ હતી તે ખબર નથી પરંતુ ગુજરાતની પોલીસ હશે તેમ માનેલુ. અમદાવાદ પહોંચ્યા પછી કોર્ટમાં ગયેલા અને કોર્ટમાંથી ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે ગયા ત્યા સુધીમાં પોલીસના માણસો મળેલા નહીં. અખતર મેમણ ફલેટના કેર ટેકર હતા અને તેને ભાડૂઆતનુ પોલીસ રૂબરૂ વેરીફીકેશન કરાવેલુ હોય તો ખબર નથી. અમુક કામગીરી અખતર મેમણ જાણ બહાર કરતો હતો તો તે હકીકત નકારી છે. ફલેટ ભાડે આપ્યા પછી ભાડૂઆતની જે ફરિયાદ આવેલી તે ચોકકસ યાદ નથી પરંતુ ચારેક માસ પછી આવેલાનું જણાવે છે. પોલીસે ફલેટનો કબજો આપ્યો ત્યારે ફલેટની સ્થિતિ અંગે પંચનામુ કરેલુ કે કેમ ? તે યાદ નથી. એગ્રીમેન્ટ સિવાય કોઈ ભાડૂઆત સાથે કાર્યવાહી કરતા નથી. આરોપીને ઓળખતા નથી અને કયારેય અમદાવાદ આવેલા નથી પરંતુ પોલીસના કહેવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારી છે.

આમ આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ પુના ખાતે ફલેટ નં.૩૦૨, "એચ" બિલ્ડિંગ કે જે અશોકા મ્યૂઝ, કોંડવા ખુર્દવાળા ફલેટના માલીક છે અને તેમને આ ફલેટ અખતર મહમદ હનીફ મેમણ તથા અસ્ફાક અહેમદ સૈયદ મારફતે આરોપી નં.૩૨ આસીફ હસન શેખ તથા આરોપી નં.૫૧ ડૉ.અનવર બાગવાનને ૨૦૦૮ ની સાલમાં રૂા.૩૦૦૦૦/– ડિપોઝીટ નકકી કરી માસીક ભાડુ રૂા.૯૦૦૦/– થી ભાડે અપેલો હતો અને ભાડાની રકમ અખતર મેમણ દ્વારા ચુકવવામાં આવતી હતી. આ સાહેદે માર્ક–એ થી ભાડાનું એગ્રીમેન્ટ રજૂ કરેલુ છું. એગ્રીમેન્ટ કરનાર તરીકે આ સાહેદનું નામ છે અને ભાડે રાખનાર તરીકે અનવર અબદુલ ગની બાગવાન એટલે કે આરોપી નં.૫૧ છે. આ એગ્રીમેન્ટ સબરજીસ્ટ્રાર સમક્ષ ૨૦૦૭ મા નોંધાયેલુ છે .એગ્રીમેન્ટમાં બે સાક્ષીઓની પણ સહીઓ છે. ત્યારબાદ આ સાહેદે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૮૯ ઈન્દ્રવીર વજુભા ઝાલાની હાજરીમાં તા.૯.૧.૨૦૦૯ ના રોજ ઓળખ પરેડની કાર્યવાહી દરમ્યાન આરોપીને ઓળખી બતાવેલો હતો.

સાહેદ નં.૯૬૭ રેઝા આદમભાઈ નબતીયાનનાઓ દ્વારા ઓળખ પરેડ આરોપી નં.૫૧ ડૉ. અનવર બાગવાનનાઓની સાહેદ નં.૫૮૯ ઈન્દ્રવીર વજુભા ઝાલાનાઓએ કરાવેલી અને તેઓએ પણ પોતાની જુબાનીમાં આ ઓળખ પરેડ કરાવ્યાની હકીકત જણાવી છે તથા ઓળખ અંગેનુ પંચનામુ આંક–૩૧૭૯ વાળુ બનાવ્યુ હતુ. ઓળખ પરેડ કરાવનાર મેજિસ્ટ્રેટ ઈન્દ્રવીર વજુભા ઝાલાની જુબાનીની ચર્ચા આગળ ઉપર કરેલ છે માટે પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

આ આરોપી નં.૫૧ ડૉ. અનવર અબ્દુલગની બાગવાને ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે તે પ્રશ્નના જવાબમાં તેને ફરિયાદપક્ષના પુરાવા સબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના બચાવ માટે જે હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦ મા જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

આ ઉપરાંત આ આરોપીએ પોતાના બચાવમાં મકોકા કેસ નં. ૪/૨૦૦૯ મુંબઈ ખાતે તેઓની અટક કરી અને તા.૫.૯.૨૦૦૯ ના રોજ અટક પંચનામુ બનાવેલુ તેની નકલ કામચલાઉ આંક–૯૨૨૮ થી રજૂ કરેલી છે તથા KIMS હોસ્પિટલનું પ્રમાણપત્ર તા.૨૪.૧૦.૨૦૧૯ નુ કામચલાઉ આંક–૯૨૨૯ થી રજુ કરેલુ છે. આ પ્રમાણપત્ર મુજબ આ હોસ્પિટલમાં આ આરોપી તાલીમી તરીકે ફેબ્રુઆરી ૨૦૦૮ થી જાન્યુઆરી ૨૦૦૯ ના પ્રથમ અઠવાડીયા સુધી હતા તે અંગેનુ પ્રમાણપત્ર છે. આ પ્રમાણપત્ર સાબિત કરવા માટે આરોપીએ હોસ્પિટલના કોઈ વ્યકિતને તપાસેલા નથી.

આરોપી નં.૫૧ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૯૬૫, ૯૬૬, ૯૬૭, ૭૮૭, ૭૮૯, ૭૯૦, ૭૯૪, ૭૯૫, ૮૦૫, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતા આ આરોપી

અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, સાહેદ નં.૯૬૫ અખ્તર અહેમદ મેમણનાઓ પુના ખાતે એસ્ટેટ દલાલીના એજન્ટ છે અને સાહેદ નં.૯૬૭ રેઝા આદમ નબાતીયન પુના ખાતે અશોકા મ્યૂઝમાં આવેલા મકાનના માલીક છે. ફરિયાદપક્ષના કેસ પ્રમાણે સાહેદ નં.૯૬૭ નુ મકાન સાહેદ નં.૯૬૫ મારફતે આરોપી નં.૩૨ તથા ૫૧ નાઓએ ભાડે રાખેલુ હતુ. ફરિયાદપક્ષનો પુરાવો ધ્યાને લેતા આ મકાન આરોપી નં.૩૨ તથા ૫૧ નાઓએ ભાડે રાખેલાની હકીકત માલુ પડે છે. વધુમાં વકીલશ્રી એલ. આર. પઠાણ દલીલ કરતા જણાવે છે કે ગુજરાત પોલીસ આ મકાન ઉપર ગઈ તે પહેલા મુંબઈની પોલીસે મકાનનું સર્ચ કરેલુ હતુ અને ગુનામાં સંડોવતી કેટલીક વસ્તુઓ મળી આવેલી. પરંતુ ગુજરાત પોલીસને કોઈ વસ્તુ મળેલી નથી. આ મકાનમાં આરોપીઓ રહેલા તે માત્રથી તેમની વિરૂધ્ધ ગુનો બનતો નથી. પરંતુ મારા મત પ્રમાણે મુંબઈ પોલીસે આ મકાનનું સર્ચ કરીને ગુનામાં સંડોવતી વસ્તુઓ કબજે કરેલી હોય તો ગુજરાત પોલીસને તે વસ્તુ મળે નહીં. વધુમાં વકીલશ્રી એલ.આર. પઠાણ દલીલ કરતા જણાવે છે કે સાહેદ નં.૯૬૫ની જુબાનીના પેરા–૩ મુજબ તા.૨૧.૧૨.૨૦૦૮ ના રોજ મુંબઈ પોલીસ આવેલી અને બધાને એરેસ્ટ કરેલા તથા મકાનમાંથી બ્લાસ્ટીંગનો સામાન મળેલો તેમ જણાવે છે પરંતુ કયો સામાન મળેલો તે આ સાહેદ જણાવતા નથી. પરંતુ મારા મત પ્રમાણે મુંબઈ પોલીસે આ સાહેદને સામાન બતાવેલો ન હોય તો આ સાહેદ કયો સામાન મળેલો તે કહી શકે નહીં. પરંતુ એક હકીકત ચોકકસ છે કે બ્લાસ્ટીંગ એટલે બ્લાસ્ટ કરવાનો સામાન કહેવાય અને તે આ મકાનમાંથી મળેલો છે. વધુમાં વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, સાહેદ નં.૯૬૭ નાઓએ આરોપીઓને મકાન ભાડે આપેલુ અને તેનુ એગ્રીમેન્ટ બનાવેલુ તે એગ્રીમેન્ટ મુંબઈ પોલીસને આપેલુ પરંતુ રસીદ આપેલી નથી. મકાનમાંથી જેહાદી બુક અને બોમ્બ બનાવવાનો સામાન મળેલાની વાત આ સાહેદને મુંબઈ પોલીસે

કરેલી છે. આ સંબંધમાં વકીલશ્રી એલ.આર. પઠાણ સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડાની જુબાનીના પેરા–૪૨, ૪૪ તરફ ધ્યાન દોરી દલીલ કરે છે કે અશોકા મ્યૂઝ ફલેટ ઉપર ગયા ત્યારે મુંબઈ પોલીસે સીલ કરેલુ કે કેમ? તે બાબતે તેઓ જણાવતા નથી. જયારે મકાન માલીકના કહેવા પ્રમાણે મુંબઈ પોલીસે ફલેટ સીલ કરેલો અને છ માસ પછી કબજો સોંપેલો હતો. જેથી એક હકીકત સ્પષ્ટ બને છે કે આ આરોપીઓ આ મકાનમાં રહેલા છે અને મકાનમાંથી બ્લાસ્ટીંગનો સામાન મુંબઈ પોલીસે કબજે કરેલો હતો. વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડાનાઓએ અશોકા મ્યૂઝવાળા ફલેટનું પંચનામુ કરેલાનુ તેમને યાદ નથી. મકાનમાં ગેરકાયદેસર પ્રવૃત્તિ થતી હતી કે કેમ? તે પણ તેમને યાદ નથી અને તેમને જવાબો આપવાનું ટાળેલુ છે. પરંતુ મારા મત પ્રમાણે આ કેસનું રેકર્ડ ઘણુ મોટુ છે. તપાસ કરનાર અધિકારી ઉષા રાડાએ ૫ થી ૬ ફરીયાદોની તપાસ એક સાથે કરેલી છે અને ૧૦ વર્ષ બાદ અદાલતમાં જુબાની આપેલી હોવાથી ઘણી બધી હકીકતો યાદ ન હોય જેથી એવુ કહી શકાય નહીં કે સાહેદે જવાબો આપવાનું ટાળેલુ છે. વધુમાં વકીલશ્રી એલ. આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે ફલેટ ઉપરથી કયા આરોપીને પકડેલો તે અંગે પુરાવો નથી, ફલેટમાંથી કઈ વસ્તુ મળેલી તે અંગે પુરાવો નથી, ફલેટમાં ગેરકાયદેસર પ્રવૃત્તિ થતી હતી તે અંગે પુરાવો નથી. જેથી આ આરોપી આ ગુનામાં સંડોવાયેલો છે તે પુરવાર થતુ નથી. પરંતુ મારા મત પ્રમાણે ગુજરાત પોલીસ આ ફલેટ ઉપર ગઈ તે પહેલા મુંબઈ પોલીસ ફલેટ ઉપર ગયેલી છે, મકાનમાંથી બ્લાસ્ટીંગનો સામાન કબજે કરેલો છે અને આરોપીઓને અટક કરેલા છે આ હકીકત સાહેદ નં.૯૬૭ તથા ૯૬૫ નાઓએ જણાવેલી છે. મુંબઈ પોલીસે કબજે કરેલો મુદ્દામાલ અમદાવાદના કેસોમાં ન હોય તે સ્વાભાવિક છે. તેનો અર્થ એવો ન થાય કે આ ફલેટમાંથી બ્લાસ્ટીંગનો સામાન મળેલો નથી.

વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે એગ્રીમેન્ટમાં જે વ્યકિતને ફલેટ ભાડે આપેલો તેનુ નામ નથી તેમ સાહેદ નં.૯૬૫ જણાવે છે. જેથી એગ્રીમેન્ટ થયેલુ નથી અને આરોપી નં.૩૨ ને ફલેટ ભાડે આપેલો નથી.

પરંતુ મારા મત પ્રમાણે સાહેદ નં.૯૬૫ તથા ૯૬૭ બંને જણાવે છે કે આરોપી નં.૫૧ નાઓને ફલેટ ભાડે આપેલો હતો. એગ્રીમેન્ટમાં આરોપીનું નામ ન હોવાના કારણે આ ફલેટ તે આરોપીઓને ભાડે આપેલો નથી તેવુ અનુમાન કરી શકાય નહીં. દસ્તાવેજી પુરાવો રેકર્ડ ઉપર નથી પરંતુ મકાન માલીક તથા મકાન ભાડે અપાવનાર વ્યકિતનો મૌખિક પુરાવો રેકર્ડ ઉપર છે અને તે મુજબ આરોપી નં.૫૧ નાઓએ મકાન ભાડે રાખેલુ હતુ પરંતુ મકાનમાં આરોપી નં.૩૨ રહેતો હતો અને તે નહીં માનવાને કોઈ કારણ નથી અને આ સાહેદો ખોટી હકીકત જણાવે છે તેવુ પણ કહી શકાય નહીં કારણ કે આરોપીઓ સાથે તેઓને કોઈ દુશ્મનાવટ નથી. વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે આ આરોપી આ કહેવાતા ગુનાઓમાં સંડોવાયેલો નથી. તેઓની દલીલ સાથે હું સંમત છું કે આરોપી નં.૫૧ નાઓએ સાહેદ નં.૯૬૫ અખ્તરમહમદ મેમણ દ્વારા સાહેદ નં.૯૬૭ નો ફલેટ નં.૩૦૨, એચ બિલ્ડિંગ અશોકા મ્યૂઝ, પુના ખાતે આવેલો તે માસીક રૂા.૧૦૦૦૦/– ના ભાડાથી ભાડે રાખેલો હતો અને મકાન ભાડે રાખ્યા બાદ આરોપી નં.૫૧ ને હૈદરાબાદ ખાતે મેડીકલમાં એડમીશન મળવાથી ત્યાં જતો રહેલો જયારે આરોપી નં.૩૨ ફલેટમાં રહેતો હતો અને ભાડાની રકમ પણ આરોપી નં.૩૨ ચુકવતો હતો. જેથી જે કંઈ ગુનાહિત પ્રવૃતિ કરેલી હોય તે માટે તથા ફલેટમાંથી મળી આવેલ બ્લાસ્ટીંગના સામાન બાબતે આરોપી નં.૫૧ જવાબદાર બનતો નથી તેમ હું માનુ છું. આ સિવાય આ આરોપીએ અમદાવાદ બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં અને સુરત બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં અન્ય આરોપીઓને કોઈ મદદગારી કરી હોય, મીટીંગોમાં હાજર રહયો હોય, જેહાદી ભાષણો કરેલા હોય, બોમ્બ બનાવેલા હોય, કોઈ જગ્યાએ બોમ્બ મુકયા હોય તેવી કોઈ હકીકત પુરવાર થતી નથી.ફરિયાદપક્ષ તરફથી જે પુરાવો રજૂ થયેલો છે તે પુરતો નથી અને આ પુરાવા ઉપરથી આરોપીની સંડોવણી શંકાસ્પદ છે તેમ હું માનું છું.

આરોપી નં.૫૨ મોહંમદ યાસીન ફરીદખાન ઉર્ફે મોહંમદ યાસીન ઉર્ફે ગુલરેઝ અબ્દુલ હમીદખાન જાતે ખાનનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં)

સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૫૨ મોહંમદ યાસીન ફરીદખાન ઉર્ફે મોહંમદ યાસીન ઉર્ફે ગુલરેઝ અબ્દુલ હમીદખાન જાતે ખાનનાઓ અમદાવાદ શહેરમાં તા.૨૬. ૭. ૨૦૦૮ ના રોજ જુદી–જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી–જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા–જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમને કઈ કઈ ભૂમિકા ભજવેલી છે તે સાબિત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે તે મુજબઃ–

ફરિયાદપક્ષ દ્વારા આ કામે અતુલ કીશોરભાઈ શેઠને સાહેદ નં.૮૧૬ તરીકે આંક–૫૪૮૪ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૮/૧૨/૨૦૦૮ ના રોજ તેઓને પોલીસવાળાએ ક્રાઈમ બ્રાન્ચ હવેલીએ બોલાવેલા. તેઓ ક્રાઈમ બ્રાન્ચ ગયા ત્યારે ત્યાં એક સાહેબ હતાં, બીજા ત્રણ પોલીસવાળા હતાં, બીજા એક પંચ હતાં અને બીજા એક આરોપી હતાં. ત્યાં સાહેબે તેઓને ઓળખાણ કરાવી કે આ બોમ્બ બ્લાસ્ટનો આરોપી છે. તે કંઈક કહેવા અને બતાવવા માગે છે. તો તમે પંચમાં રહેશો? જેથી આ સાહેદે અને બીજા રણજીતભાઈએ "હા" પાડેલી ત્યારબાદ તેઓએ તે આરોપીનું નામ પુછેલું. તેમણે તેમનું નામ "મહમદ ઈસ્માઈલ" બતાવેલું. તેનુ સરનામું પુછેલું. તેમણે તેમનું સરનામું ટોલનાકા, ગોમતીપુર બતાવેલું. ત્યાં હવેલી ક્રાઈમ બ્રાન્ચ ઑફિસે આ પંચનામું પુરૂ કરેલું. આ પંચનામું એટલે જે નામ, સરનામા વાળું હતું તે. ત્યાં આરોપી કંઈ કહેવા અને બતાવવા માગતો હોય બધા સરકારી ગાડીમાં બેસેલાં. આરોપી ડ્રાઈવરની બાજુની સીટમાં બેસેલો. તેની બાજુમાં એક પોલીસવાળા બેસેલાં. પાછળ બે પંચો, સાહેબ અને બીજા બે

પોલીસવાળા બેસેલાં. ક્રાઈમબ્રાન્ચ હવેલીથી એણે જે રસ્તો બતાવ્યો એ રસ્તે સરકારી વાહનમાં ખમાસા થઈને આસ્ટોડીયા થઈને સારંગપુર સર્કલ પછી બ્રીજ આવે છે તે ઉતરી જમણી બાજું એ.એમ.ટી.એસ. બસ સ્ટેન્ડ આવેલું હતું ત્યાં આરોપીએ ઉભા રાખવાનું કહેલું. ત્યાં બધા ઉતરેલાં. ત્યાં સહેજ આગળ જતાં લોખંડનો દરવાજો હતો. ત્યાં "મહાવીર ફ્લેટ" લખેલ હતું. ત્યાં લોખંડના દરવાજાની અંદર જતાં મહાવીર ફ્લેટની આગળ, મસ્જિદ આગળ આરોપીએ તેનો ફ્લેટ હતો તે બતાવેલો. આ ફ્લેટનું નામ "અલ અમન એપાર્ટમેન્ટ" હતું. આરોપીએ ઈશારાથી પહેલાં માળનો ફ્લેટ બતાવેલો. ત્યાં પહેલાં માળે ઉપર સાઈડે જતાં ઈશારાથી આરોપીએ છેલ્લો ફ્લેટ બતાવેલો. ફ્લેટ ખુલ્લો હતો. જેમાં અંદર જતાં એક રૂમ, એક બેડ રૂમ હતો. બેડ રૂમમાં અંદર જતાં આરોપીએ માળીયું બતાવ્યું અને માળીયા ઉપરથી આરોપીએ એક પંખો ઉતારેલો. આ પંખો ટેબલ ફેન હતો. આ ટેબલ ફેન વાદળી અને વ્હાઈટ કલરનો હતો. ઓરીએન્ટ કંપનીનો સિક્કો લાગેલો હતો. આરોપીએ કહેલ કે આ પંખો જયાં દાણીલીમડા બોમ્બ બનાવેલ ત્યાં યાસીન અને કયામુદ્દીન આ પંખો લાવેલ. ત્યાંથી આ સાહેદ તેમના ઘરે લાવ્યા હતા. આ પંખા બાબતે પંચનામું કર્યુ હતું. બીલ્ડીંગની આજુબાજુ શું આવેલું છે તેનું વર્ણન આરોપીના મકાન ઉપર લખવામાં આવેલું. પંચનામું આરોપીએ અમને જે કહેલું અને આ સાહેદે જે જોયેલું તે પોલીસને લખાવેલું. આંક–૫૪૮૫ વાળા પંચનામામાં સાહેદ પોતાની તથા રણજીતભાઈની સહીઓ ઓળખી બતાવેલ છે તેમજ કબજે કરવામાં આવેલ મુદ્દામાલ પંખો ઓળખી બતાવે છે, આરોપીને બતાવવામાં આવે તો ઓળખી શકે કે નહી તે અંગે જણાવતા કહે છે કે આઠ વર્ષ જેટલો સમય થયેલો છે. જે તે સમયે જોયેલો. તે વખતે તેણે સાદા ચશ્મા પહેરેલાં હતાં. આછી મુછ અને દાઢી હતાં. કપાળ થોડું મોટુ હતું. સાહેદને ટીવી સ્ક્રીન ઉપર ચાર ચારની સંખ્યામાં આરોપીઓ બતાવવામાં આવે છે. તે જોઈને કહે છે કે પંચનામાના આરોપીને ઓળખી શકતા નથી કારણ કે આ સાહેદ દાઢીના કારણે વર્ણન કરી શકતા નથી તેમ જણાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પોતાના ઘરથી ક્રાઈમ બ્રાન્ચ હવેલી પોલીસ સ્ટેશન પાંચ થી છ કી.મી. દુર છે તે કબૂલ કરે છે. ક્રાઈમ બ્રાન્ચ પોલીસને ઓળખતા નથી. બનાવના અરસામાં કોઈ પોલીસ મેનને ઓળખતા ન હતા. પોલીસ દ્વારા તેમને ત્યાં માલની ખરીદી કરતા આવતા હોવાથી ઓળખતા હતા. જે પોલીસવાળાને ઓળખે છે તેના હોદ્દા કહી શકે તેમ નથી. પંચનામાના દિવસે જમાલપુર થી જગન્નાથ મંદિર થઈ ગાયકવાડ હવેલી થઈ ખમાસાવાળા રસ્તે લાલ દરવાજા થઈને મીરઝાપુર જવાનું હતુ. જે ત્રણ–ચાર પોલીસવાળાઓને જોયેલા તેનુ શારીરિક વર્ણન આપી શકે નહીં. અગાઉ કોઈ પંચનામાની કાર્યવાહીમાં રહેલા નથી. પંચનામાની વિગતો જોતા આરોપી કે મિલકતના કબજેદાર અથવા માલીક છે તે દર્શાવતા કોઈ વેરાની પહોંચ રજૂ કરેલી નથી કે કબજે કરેલી નથી તો તે કબૂલ કરે છે. સ્થળ ઉપર ગયા ત્યારે ઘર ખુલ્લુ હતુ તે કબૂલ કરે છે. ઘરમાં હાજર વ્યકિતઓનો ઉલ્લેખ પંચનામામાં કરેલો નથી. ઘરની આજુબાજુ રહેતા વ્યકિતઓની પુછપરછ કરેલ નથી. આરોપીની શારીરિક સ્થિતિ અને દેખાવનું વર્ણન પંચનામામાં કરેલ નથી તે કબૂલ કરે છે. કેવી રીતે જુબાની આપવી તે વિશે સમજાવવામાં આવેલુ તો તે હકીકત નકારી છે. આરોપીના ફોટા અગાઉથી બતાવવામાં આવેલાની હકીકત નકારેલી છે. પોલીસના કહેવાથી અને સમજાવવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ સરખેજ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૧૮૧/૨૦૦૮ ના કામે આ પંચ સાહેદ તથા બીજા પંચ રણજીત પુકાજી સીંઘલનાઓની હાજરીમાં તા.૮.૧૨.૨૦૦૮ ના રોજ હાલના આરોપી નં.૨૭ મહંમદ ઈસ્માઈલ અબ્દુલ રાજીકને લઈને તે કંઈ કહેવા અને બતાવવા માંગતો હોવાથી સરકારી ગાડીમાં બેસી અલઅમન એપાર્ટમેન્ટના પહેલા માળે આવેલા મકાનમાં આરોપી લઈ ગયેલો અને માળીયામાંથી એક ઓરીયન્ટ કંપનીનો ટેબલ ફેન ઉતારેલો અને જણાવેલુ કે આ પંખો દાણીલીમડામાં બોમ્બ

બનાવેલા ત્યાં આરોપી નં.૫૨ મોહંમદ યાસીન ફરીદ ખાનનાઓ અને આરોપી નં. ૩૭ કયામુદ્દીન કાપડીયાનાઓ લાવેલા હતા. બચાવપક્ષ તરફથી એવી દલીલ અને રજૂઆત કરવામાં આવેલ છે કે આ સાહેદને પંચનામુ લખાવવાનો અનુભવ નથી અને અગાઉ પંચનામાની કાર્યવાહીમાં કયારેય રહયા નથી જેથી માની શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદને પંચનામુ લખાવવાનો અનુભવ ન હોય તેથી કરીને પંચનામુ ખોટુ બનાવેલુ છે તેવુ કહી શકાય નહીં.

આંક–૫૪૮૫ વાળા પંચનામુ બનાવનાર અધિકારી સાહેદ નં. ૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાની આ સંબંધે ધ્યાને લઈએ તો જુબાનીના પેરા નં.૬૪ મા તપાસ કરનાર અધિકારી જણાવે છે કે આંક–૫૪૮૫ વાળુ પંચનામુ તેમની રૂબરૂમાં બનાવવામાં આવેલુ અને આ પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે. આંક–૫૪૮૫ વાળુ પંચનામુ તેની હાજરીમાં બનાવેલુ નથી તો તે હકીકત નકારેલી છે. વધુમાં જુબાનીના પેરા નં.૧૧૮ ધ્યાને લઈએ તો મુદ્દામાલ કબજે કર્યા બાબતે સીઝર મેમો આપેલો નથી. તેમજ પેરા નં.૧૬૨ ધ્યાને લઈએ તો આંક–૫૪૮૫ વાળા પંચનામામાં ૧૦ બાય ૧૨ ના બેડરૂમને ઉલ્લેખ છે પરંતુ કોઈ સીલીંગ ફેનનો ઉલ્લેખ નથી તે કબૂલ કરે છે. ટેબલ ફેન ઘર વપરાશ માટે મુકેલો હતો તો તે હકીકત નકારેલી છે. મુદ્દામાલ તરીકે પંખાને ખોટી રીતે કબજે કરેલો છે તો તે હકીકત નકારી છે.

આંક–૫૪૮૫ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "આ ટેબલ પંખો વસીમ ઉર્ફે યાસીન તથા કયામુદ્દીન ઉર્ફે રીજવના બંને જણાઓએ આ ટેબલ ફેન લાવી દાણીલીમડાવાળા મકાનમાં કે જે મકાનમાં બોમ્બ બનાવવામાં આવેલા ત્યાં મુકેલો અને તેનો ઉપયોગ તે મકાનમાં થતો હતો અને તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ આ પંખો પોતે દાણીલીમડાવાળા મકાનમાંથી લાવીને પોતાના માળીયામાં આ જગ્યાએ રાખેલ હોવાનું" આરોપી વિરૂધ્ધ પુરાવામાં ઉપયોગમાં લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપીએ પંચો રૂબરૂ તપાસ કરનાર અધિકારીને જે માહિતી આપેલી તે માહિતીના આધારે

અલઅમન એપાર્ટમેન્ટના પહેલા માળે આવેલ ફલેટના માળીયામાંથી જે પંખો મળી આવેલો તે પંખો મળી આવવાની હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય. આ ઉપરાંત આ ફલેટમાં પંખો લાવીને આ આરોપીએ મુકેલો તેની માહિતી આ આરોપીને જ હતી માટે પંચો તથા તપાસ કરનાર અધિકારીને આરોપી આ ફલેટ ઉપર દોરી ગયેલો, આરોપીનું આ દોરી જવાનુ વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે.

આ આરોપી નં.૫૨ મોહંમદ યાસીન ફરીદખાન ઉર્ફે મોહંમદ યાસીન ઉર્ફે ગુલરેઝ અબ્દુલ હમીદખાન જાતે ખાને ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે? તે પ્રશ્નના જવાબમાં તેને ફરિયાદપક્ષના પુરાવા સંબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના બચાવ માટે જે હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં. ૨૦ માં જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી. આ ઉપરાંત આ આરોપીએ પોતાના બચાવમાં અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ કરેલો નથી.

આરોપી નં.૫૨ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૮૧૬, ૭૮૭, ૭૮૯, ૭૯૦, ૭૯૪, ૮૦૫, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતા આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલશ્રી ડી.ડી.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપીને તા.૧૮.૭.૨૦૦૯ ના રોજ અટક કરેલો છે. આંક–૧૧૨૨ ના તહોમતનામા મુજબ આ આરોપીએ બનાવોમાં કોઈ ચોકકસ ભૂમિકા ભજવેલી હોય તેવુ કોઈ સ્પષ્ટ તહોમતનામુ નથી. આ આરોપી અમદાવાદમાં થયેલા બોમ્બ બ્લાસ્ટના બનાવો પહેલા ૭ માસ અગાઉથી ઈન્દોર જેલ ખાતે

સજા ભોગવી રહેલો હતો. ફરિયાદપક્ષના આક્ષેપ પ્રમાણે આ આરોપી, આરોપી નં.૩૭ સાથે અલમહમદી સોસાયટી મકાન નં.૧૦ મા પંખો લઈ આવેલો હતો પરંતુ તે અંગેનો કોઈ સ્વતંત્ર પુરાવો નથી. આ આરોપી અલમહમદી સોસાયટીમાં આવેલો જ નથી. તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાના–ઓએ પંખો કબજે કર્યા અંગેનુ આંક–૫૪૮૫ વાળુ પંચનામુ પંચ સાહેદ નં.૮૧૬ અતુલ શેઠની હાજરીમાં ખોટુ બનાવેલુ છે. આ પંચનામાની વિગતે આરોપી નં.૨૭ ના ઘરેથી પંખો કબજે કરવામાં આવેલો નથી અને આ પંખાનુ બનાવો સાથે કોઈ જોડાણ નથી. વધુમાં દલીલ કરતા જણાવવામાં આવેલ છે કે આંક–૫૪૮૫ વાળુ પંચનામુ તથા આંક–૬૦૫૧ વાળુ પંચનામુ બંને તા.૮.૧૨.૨૦૦૮ ના રોજ એક જ સમયે બનાવવામાં આવેલા છે તે શકય નથી. વધુમાં દલીલ કરતા જણાવવામાં આવેલ છે કે, આંક–૬૦૫૧ અને ૬૦૫૨ વાળા બંને પંચનામાનો બીજો ભાગ એકસરખો જ છે અને બંને પંચનામુ લખનાર એક જ વ્યકિત છે. બધા પંચનામાના પંચો ઉભા કરેલા છે. પંચનામા ઉભા કરેલાની હકીકત અને દલીલ સાથે હું સંમત નથી. આ આરોપી સામે ફરિયાદપક્ષ દ્વારા કોઈ પુરાવા રજૂ કરવામાં આવેલા નથી. તેઓની આ દલીલ સાથે હું સંમત છું. આ આરોપી વાઘમોન ખાતે ડિસેમ્બર–૨૦૦૭ ની તાલીમ દરમ્યાન હાજર રહેલો છે અને તે અંગે અર્નાકુલમ (કેરાલા) ખાતે ફરિયાદ નોંધાયેલી તે ફરિયાદના કામે કુલ–૩૮ આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવેલુ અને તે ચાર્જશીટમાં આ આરોપી, આરોપી નં.૧૨ તરીકે છે અને તે કામે આ આરોપીને વાઘમોન ખાતે તાલીમ કેમ્પના ગુનામાં એન.આઈ.એ. કોર્ટ અર્નાકુલમ દ્વારા સેશન્સ કેસ નં.૨/૨૦૧૧ ના કામે નિર્દોષ ઠરાવી છોડી મુકેલ છે તેની સહી સીકકાવાળી પ્રમાણીત નકલ બચાવપક્ષ તરફથી આંક–૯૪૨૧ થી રજૂ થયેલી છે. આ ચુકાદા સામે ફરિયાદપક્ષ દ્વારા અપીલ કરવામાં આવેલી છે કે કેમ? તે રેકર્ડ ઉપર નથી. આ ઉપરાંત આ આરોપી હાલોલ–પાવાગઢ ખાતેના કેમ્પમાં હાજર રહ્યાનો કોઈ પુરાવો રેકર્ડ ઉપર નથી. અમદાવાદમાં બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં અને સુરત બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં આ આરોપીએ કોઈ કામગીરી કરેલી હોય કે તેણે કોઈ ભૂમિકા ભજવેલી

હોય તે અંગેનો પણ કોઈ પુરાવો રેકર્ડ ઉપર નથી. વકીલશ્રી ડી.ડી.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી આ ગુનાઓમાં સંડોવાયેલો છે તેવો બીજો કોઈ સ્વતંત્ર પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ ઉપરાંત આ આરોપીને અર્નાકુલમ કોર્ટ દ્વારા વાઘમોન ખાતેના તાલીમ હાજર રહ્યા બાબતે ઈન્સાફી કાર્યવાહીના અંતે તકસીરવાન ઠરાવી સજા કરેલ છે જેથી તે જ તાલીમ કેમ્પમાં હાજર રહેવા બાબતે તેની સામે ફરીથી ઈન્સાફી કાર્યવાહી થઈ શકે નહીં કે ફરીથી તેને તે જ ગુના માટે તકસીરવાન ઠરાવી શકાય નહીં. આ અંગે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૦૦ ધ્યાને લીધેલી છે અને તે અંગેની વિગતવાર ચર્ચા આરોપી નં.૬૫ અંગે જે દલીલો કરવામાં આવેલી છે તે દરમ્યાન કરેલી છે. આમ, ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો પુરાવો પુરતો પુરાવો નથી અને આ પુરાવા પરથી આરોપીની સંડોવણી શંકાસ્પદ છે તેમ હું માનું છું.

આરોપી નં.૫૩ મોહંમદ ઈરફાન ઉર્ફે વકીલ ઉર્ફે કરીમ મોહંમદ નકીબ મન્સુરીનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૫૩ મોહંમદ ઈરફાન ઉર્ફે વકીલ ઉર્ફે કરીમ મોહંમદ નકીબ મન્સુરીનાઓ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ જુદી–જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી–જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા–જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમને કઈ કઈ ભુમિકા ભજવેલી છે તે સાબીત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા આ આરોપી સામે પ્રત્યક્ષ દસ્તાવેજી કે મૌખિક પુરાવો રજૂ કરેલો નથી પરંતુ આ આરોપી અમદાવાદ ખાતે થયેલ સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોવાળા ગુનાઓમાં સંડોવાયેલો છે તે

બતાવવા માટે જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ જુદા જુદા ગુનાઓમાં ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ –૧૯૬, અનલોફુલ એકટીવીટી (પ્રિવેન્શન) એકટની કલમ–૪૫, એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ–૭, આર્મ્સ એકટની કલમ–૩૯ મુજબના ગુનાઓની ચાર્જશીટ દાખલ કરવા તેમજ આરોપી સામે ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે મંજુરીઓ મેળવવા માટે સક્ષમ અધિકારી સમક્ષ દરખાસ્તો મોકલેલી અને જે તે સક્ષમ અધિકારીએ આ આરોપી સામે જુદા–જુદા ગુનાના કામે ઉપરોકત કાયદાની જુદી–જુદી કલમો હેઠળ ચાર્જશીટ દાખલ કરવા તેમજ ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે મંજૂરીઓ આપેલી હતી તે રજૂ કરેલી છે. આ દરખાસ્તો તથા મંજૂરીઓ અંગેના પુરાવાની હવે પછી ચર્ચા કરીશું.

આ આરોપી નં.૫૩ મોહંમદ ઈરફાન ઉર્ફે વકીલ ઉર્ફે કરીમ મોહંમદ નકીબ મન્સુરીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઈન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો. કોડની કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે? તે પ્રશ્નના જવાબમાં તેને ફરિયાદપક્ષના પુરાવા સંબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના બચાવ માટે જે હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦ મા જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

આ ઉપરાંત આ આરોપીએ પોતાના બચાવમાં અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ નથી પરંતુ આરોપીએ હિન્દી ભાષામાં કુલ પાના નં.૧ અને ૨ મુજબનુ લેખિત નિવેદન રજુ કરેલુ છે. આ નિવેદન મુજબ પોતાને ધાર્મિક અથવા રાજનૈતિક સંગઠન સાથે કોઈ સંબંધ નથી. પોતાનુ પુરૂ નામ મહમદ ઈરફાન સન ઓફ નકીબ મન્સુરી છે. પોતાની ઓળખ પરેડ થયેલી નથી. પોતાની રૂબરૂમાં કોઈ પંચનામુ થયેલુ નથી. પોલીસે ધમકાવીને કોરા કાગળો ઉપર હસ્તાક્ષરો કરાવેલા છે. ગુજરાતીમાં શું લખેલુ હતુ તેની ખબર નથી. આ કેસમાં પોતે નિર્દોષ છે અને પોતાની વિરૂધ્ધ કોઈ પુરાવા નથી તેમ જણાવે છે.

આરોપી નં.૫૩ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી

અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૭૮૭, ૭૮૯, ૭૯૦, ૭૯૪, ૮૦૫, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતા આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલ શ્રી કે.જી.શેખ દલીલ કરતા જણાવે છે કે આ આરોપીને પણ અમદાવાદ અને સુરતના કેસોમાં જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ અટક કરેલો છે અને તેના રીમાન્ડ મેળવેલા છે. આરોપી સામે ફરમાવવામાં આવેલા તહોમતનામામાં આ આરોપીની આ બનાવોમાં કોઈ સ્પષ્ટ ભૂમિકા નથી. સાહેદ નં.૭૮૭, ૭૮૯, ૭૯૦, ૮૦૫ આ સાહેદો જુદા–જુદા કાયદા હેઠળ ઈન્સાફી કાર્યવાહી શરૂ કરવા માટે મંજુરી આપનાર સાહેદો છે. તેઓની જુબાનીઓ ધ્યાને લેતા આ આરોપી વિરૂધ્ધ કેવા પુરાવા રજુ કરેલા તે આ સાહેદો જણાવતા નથી અને આરોપી વિરૂધ્ધ પુરાવો ન હોવા છતાં આ સાહેદોએ ખોટી મંજૂરીઓ આપેલી છે. પરંતુ આ સાહેદોની જુબાનીઓ ધ્યાને લેતા આરોપી વિરૂધ્ધ અ,બ,ક,ડ પત્રક કે જેમા ફરિયાદ, ચહેરા નિશાન પત્રક, પંચનામા વિગેરે ધ્યાને લઈને મંજૂરીઓ આપેલ છે તેવી હકીકત જણાવેલી છે. પરંતુ આ આરોપી વિરૂધ્ધ કેવા અને કયા પ્રકારના પુરાવા મંજૂરી આપનાર અધિકારીઓ સમક્ષ રજૂ કરવામાં આવેલા તે જણાવેલુ નથી. વકીલ શ્રી કે.જી.શેખ દલીલ કરતા જણાવે છે કે આ આરોપી વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા કોઈ સ્વતંત્ર પુરાવા રજૂ કરવામાં આવેલા નથી. તેઓની આ દલીલ સાથે હું સંપૂર્ણ સંમત છું કે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવામાં આ આરોપી વિરૂધ્ધ ગુનામાં સંડોવણી બાબતેના પુરાવા નથી.

આરોપી નં.૫૪ નાસીર એહમદ લીયાકતઅલી પટેલનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મુલ્યાંકન...

આ આરોપી નં.૫૪ નાસીર એહમદ લીયાકતઅલી પટેલનાઓ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ જુદી–જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી–જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા–જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમને કઈ–કઈ ભૂમિકા ભજવેલી છે તે સાબીત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારાઆ આરોપી સામે પ્રત્યક્ષ દસ્તાવેજી કે મૌખિક પુરાવો રજૂ કરેલો નથી પરંતુ આ આરોપી અમદાવાદ ખાતે થયેલ સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોવાળા ગુનાઓમાં સંડોવાયેલો છે તે બતાવવા માટે જુદા જુદા તપાસ કરનાર અધિકારીઓએ જુદા–જુદા ગુનાઓમાં ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૧૯૬, અનલોફુલ એકટીવીટી (પ્રિવેન્શન) એકટની કલમ–૪૫, એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ–૭, આર્મ્સ એકટની કલમ –૩૯ મુજબના ગુનાઓની ચાર્જશીટ દાખલ કરવા તેમજ આરોપી સામે ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે મંજૂરીઓ મેળવવા સક્ષમ અધિકારી સમક્ષ દરખાસ્તો મોકલેલી અને જે તે સક્ષમ અધિકારીએ આ આરોપી સામે જુદા–જુદા ગુનાના કામે ઉપરોકત કાયદાની જુદી–જુદી કલમો હેઠળ ચાર્જશીટ દાખલ કરવા તેમજ ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે મંજૂરીઓ આપેલી હતી તે રજૂ કરેલી છે. આ દરખાસ્તો તથા મંજૂરીઓ અંગેના પુરાવાની હવે પછી ચર્ચા કરીશું.

આ આરોપી નં.૫૪ નાસીર એહમદ લીયાકતઅલી પટેલે ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઈન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે? તે પ્રશ્નના જવાબમાં તેને ફરિયાદ પક્ષના પુરાવા સંબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના બચાવ માટે જે હકીકત

જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦ મા જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

આ ઉપરાંત આ આરોપીએ પોતાના બચાવમાં રવિન્દ્રનાથ નામદેવ કદમને આંક–૯૩૦૬ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મુજબ કર્ણાટક યુનિવર્સિટીમાં તેઓ રજીસ્ટ્રાર (ઇવેલ્યુએશન) તરીકે છેલ્લા પાંચ–છ મહિનાથી ફરજ બજાવે છે અને કોર્ટના સમન્સ આધારે જુબાની આપવા આવેલ છે. સાહેદ વધુમાં જણાવે છે કે, આરોપી નં.૫૪ નસીર અહેમદ લીયાકતઅલી પટેલનાઓએ જાહેર માહિતી અધિકારી કર્ણાટક યુનિવર્સિટી ધારવાડનાઓને તા.૧૦/૧/૨૦૧૨ ના રોજ આર.ટી.આઇ. હેઠળ માહિતી માંગતી અરજી આપેલી હતી. આ અરજીના જવાબમાં યુનિવર્સિટીએ રૂા.૫૦૮/– પોસ્ટલ ઓર્ડરથી યુનિવર્સિટીમાં જમા કરાવવા માટે પત્ર અરજદારને તા.૨૭/૨/૨૦૧૨ ના રોજ લખેલો. જે પત્ર આ સાહેદની યુનિવર્સિટીનો છે. અરજદારની અરજી તથા તે અરજી સંબંધે યુનિવર્સિટીએ રકમ જમા કરાવવા લખેલ પત્ર સંયુકત આંક–૯૩૦૭ થી રજૂ રાખેલ છે. વધુમાં સાહેદ જણાવે છે કે તે અરજીના અરજદાર નસીરઅહેમદ પટેલ નાઓએ જાહેર માહિતી અધિકારી કર્ણાટક યુનિવર્સિટી ધારવાડને તા. ૨૪/૪/૨૦૧૨ ના રોજ પત્ર લખીને માહિતી માંગેલી અને તેની સાથે રૂા. ૫૦૮/– યુનિવર્સિટીમાં જમા કરાવેલી તે રકમ પોસ્ટલ ઓર્ડરથી જમા કરાવેલી તે પોસ્ટલ ઓર્ડરની કાઉન્ટર સ્લીપ કુલ–૬ આંક–૯૩૦૮ થી રજૂ રાખેલ છે.

સાહેદ વધુમાં જણાવે છે કે, ઉપરોકત મુજબની રકમ પોસ્ટલ ઓર્ડરથી જમા થયા બાદ યુનિવર્સિટી તરફથી તા.૧૦/૫/૨૦૧૨ ના રોજ ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ, સાબરમતી સેન્ટ્રલ જેલ, અમદાવાદને પત્ર દ્વારા અરજદારને માહિતી પુરી પાડેલી. તે પત્રમાં યુનિવર્સિટીના જે તે વખતના જાહેર માહિતી અધિકારીની સહી છે. પત્ર સાથે પુરી પાડવામાં આવેલી માહિતી આરોપીએ પોતાના વિશેષ નિવેદન સાથે પાના નં.૬ થી ૧૩ સુધી રજૂ કરેલી છે. જે સંયુકત આંક–૯૩૦૯ થી રજૂ છે તેમાં આ સાહેદની તેમની યુનિવર્સિટીના જે તે વખતના જાહેર માહિતી અધિકારીની સહી તથા યુનિવર્સિટીનો સિક્કો છે તેમ

જણાવે છે. તેમજ આ સાહેદ વધુમાં જણાવે છે કે નસીર અહેમદ પટેલના નામની પરીક્ષા આપવા અંગેની હોલ ટિકિટ જોતા જે B.Sc. ના ત્રીજા સેમેસ્ટરની છે અને તેનો રોલ નં.૭૦૬૨૦૨૦૪૩ છે. આ રોલ નંબર આ સાહેદની યુનિવર્સિટી તરફથી આપવામાં આવે છે. આ નંબર અલગ–અલગ વિદ્યાર્થીને અલગ અલગ આપવામાં આવે છે અને આ નંબર ડિગ્રી મળે ત્યાં સુધી ચાલે છે. સદર હોલ ટિકિટ આંક–૯૩૧૦ થી રજૂ રાખેલ છે.

આ સાહેદની ફરિયાદપક્ષ તરફે ઊલટતપાસ થયેલી છે તે ધ્યાને લેતા આ સાહેદને પરીક્ષાની કાર્યવાહી અંગે કોઈ જાત માહિતી નથી. સરતપાસમાં જે હકીકત જણાવી તે દસ્તાવેજો આધારે જણાવેલી છે તે કબૂલ કરે છે. આમ આ સાહેદ દ્વારા આ આરોપી ડિસેમ્બર–૨૦૦૭ મા કોલેજમાં પરીક્ષાના સમયે વ્યસ્ત હતા જેથી કેરાલાના કેમ્પોમાં તેમની હાજરી ન હતી તે બતાવવા પ્રયત્ન કરેલો છે. તેઓનુ લેખિત નિવેદન ધ્યાને લેતા નીસાર અહેમદ પટેલ છે ઉર્ફે તરીકે કોઈ નામ નથી તેમ જણાવે છે.

આરોપી નં.૫૪ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૭૮૭, ૭૮૯, ૭૯૦, ૭૯૪, ૮૦૫, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતા આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલ શ્રી કે.જી.શેખ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપીને પણ અમદાવાદ અને સુરતના કેસોમાં જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ અટક કરેલો છે અને તેના રીમાન્ડ મેળવેલા છે. આરોપી સામે ફરમાવવામાં આવેલા તહોમતનામામાં આ આરોપીની આ બનાવોમાં કોઈ સ્પષ્ટ ભૂમિકા નથી. સાહેદ નં.૭૮૭, ૭૮૯, ૭૯૦, ૮૦૫ આ સાહેદો જુદા–જુદા કાયદા હેઠળ ઈન્સાફી કાર્યવાહી શરૂ કરવા માટે મંજૂરી આપનાર સાહેદો છે.

તેઓની જુબાનીઓ ધ્યાને લેતા આ આરોપી વિરૂધ્ધ કેવા પુરાવા રજુ કરેલા તે આ સાહેદો જણાવતા નથી અને આરોપી વિરૂધ્ધ પુરાવો ન હોવા છતાં આ સાહેદોએ ખોટી મંજૂરીઓ આપેલી છે. પરંતુ આ સાહેદોની જુબાનીઓ ધ્યાને લેતા આરોપી વિરૂધ્ધ અ,બ,ક,ડ પત્રક કે જેમા ફરિયાદ, ચહેરા નિશાન પત્રક, પંચનામા વિગેરે ધ્યાને લઈને મંજૂરીઓ આપેલ છે તેવી હકીકત જણાવેલી છે. પરંતુ આ આરોપી વિરૂધ્ધ કેવા અને કયા પ્રકારના પુરાવા મંજૂરી આપનાર અધિકારીઓ સમક્ષ રજૂ કરવામાં આવેલા તે જણાવેલુ નથી. વકીલ શ્રી કે.જી.શેખ દલીલ કરતા જણાવે છે કે આ આરોપી વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા કોઈ સ્વતંત્ર પુરાવા રજૂ કરવામાં આવેલા નથી. તેઓની આ દલીલ સાથે હું સંપૂર્ણ સંમત છું કે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવામાં આ આરોપી વિરૂધ્ધ ગુનામાં સંડોવણી બાબતેના પુરાવા નથી.

આરોપી નં.૫૫ શકીલ એહમદ અબ્દુલ સલીમ માલીનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૫૫ શકીલ એહમદ અબ્દુલ સલીમ માલીનાઓ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ જુદી–જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી–જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા–જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમને કઈ–કઈ ભૂમિકા ભજવેલી છે તે સાબીત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા આ આરોપી સામે પ્રત્યક્ષ દસ્તાવેજી કે મૌખિક પુરાવો રજુ કરેલો નથી પરંતુ આ આરોપી અમદાવાદ ખાતે થયેલ સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોવાળા ગુનાઓમાં સંડોવાયેલો છે તે બતાવવા માટે જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ જુદા–જુદા ગુનાઓમાં ફોજદારી કાર્યરીતિ અધિનિયમની

કલમ–૧૯૪, અનલોકુલ એકટીવીટી (પ્રિવેન્શન) એકટની કલમ–૪૫, એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ–૭, આર્મ્સ એકટની કલમ –૩૯ મુજબના ગુનાઓની ચાર્જશીટ દાખલ કરવા તેમજ આરોપી સામે ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે મંજૂરીઓ મેળવવા સક્ષમ અધિકારી સમક્ષ દરખાસ્તો મોકલેલી અને જે તે સક્ષમ અધિકારીએ આ આરોપી સામે જુદા–જુદા ગુનાના કામે ઉપરોકત કાયદાની જુદી–જુદી કલમો હેઠળ ચાર્જશીટ દાખલ કરવા તેમજ ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે મંજૂરીઓ આપેલી હતી તે રજૂ કરેલી છે. આ દરખાસ્તો તથા મંજૂરીઓ અંગેના પુરાવાની હવે પછી ચર્ચા કરીશું.

આ આરોપી નં.૫૫ શકીલ એહમદ અબ્દુલ સલીમ માલીએ ક્રિ.પ્રો. કોડ કલમ–૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઈન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે? તે પ્રશ્નના જવાબમાં તેણે ફરિયાદપક્ષના પુરાવા સંબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના બચાવ માટે જે હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦ મા જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

આ ઉપરાંત આ આરોપીએ પોતાના બચાવમાં અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ નથી પરંતુ આરોપીએ અંગ્રેજી ભાષામાં કુલ પાના નં. ૧ અને ૨ મુજબનુ લેખિત નિવેદન રજૂ કરેલુ છે. આ નિવેદન મુજબ તેઓને કર્ણાટકના ખોટા કેસમાં સંડોવેલા અને તે કેસમાંથી પોતે નિર્દોષ છુટી ગયેલા છે. ત્યારબાદ અમદાવાદ પોલીસે એરેસ્ટ કરેલા અને સુરતની પોલીસ પણ ટ્રાન્સફર વોરન્ટથી લઈ ગયેલી હતી. પોતાનુ ઉર્ફે તરીકે કોઈ નામ નથી. પોતાની સામે કોઈ સાહેદ નથી કે પંચનામા પોતાની વિરૂધ્ધમાં નથી. પોલીસ કસ્ટડી દરમ્યાન શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવેલો હતો. ગુજરાતી વાંચી સમજી શકતા નથી. આ કેસમાં પોતે નિર્દોષ છે ન્યાય આપવા વિનંતી કરી છે.

આરોપી નં.૫૫ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે

અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૭૮૭, ૭૮૯, ૭૯૦, ૭૯૪, ૮૦૫, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતા આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલ શ્રી કે.જી.શેખ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપીને પણ અમદાવાદ અને સુરતના કેસોમાં જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ અટક કરેલો છે અને તેના રીમાન્ડ મેળવેલા છે. આરોપી સામે ફરમાવવામાં આવેલા તહોમતનામામાં આ આરોપીની આ બનાવોમાં કોઈ સ્પષ્ટ ભૂમિકા નથી. સાહેદ નં.૭૮૭, ૭૮૯, ૭૯૦, ૮૦૫ આ સાહેદો જુદા–જુદા કાયદા હેઠળ ઈન્સાફી કાર્યવાહી શરૂ કરવા માટે મંજૂરી આપનાર સાહેદો છે. તેઓની જુબાનીઓ ધ્યાને લેતા આ આરોપી વિરૂધ્ધ કેવા પુરાવા રજૂ કરેલા તે આ સાહેદો જણાવતા નથી અને આરોપી વિરૂધ્ધ પુરાવો ન હોવા છતાં આ સાહેદોએ ખોટી મંજૂરીઓ આપેલી છે. પરંતુ આ સાહેદોની જુબાનીઓ ધ્યાને લેતા આરોપી વિરૂધ્ધ અ,બ,ક,ડ પત્રક કે જેમા ફરિયાદ, ચહેરા નિશાન પત્રક, પંચનામા વિગેરે ધ્યાને લઈને મંજૂરીઓ આપેલ છે તેવી હકીકત જણાવેલી છે. પરંતુ આ આરોપી વિરૂધ્ધ કેવા અને કયા પ્રકારના પુરાવા મંજૂરી આપનાર અધિકારીઓ સમક્ષ રજૂ કરવામાં આવેલા તે જણાવેલુ નથી. વકીલશ્રી કે.જી.શેખ દલીલ કરતા જણાવે છે કે આ આરોપી વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા કોઈ સ્વતંત્ર પુરાવા રજૂ કરવામાં આવેલા નથી. તેઓની આ દલીલ સાથે હું સંપૂર્ણ સંમત છું કે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવામાં આ આરોપી વિરૂધ્ધ ગુનામાં સંડોવણી બાબતેના પુરાવા નથી.

આરોપી નં.૫૬ નદીમ અબ્દુલ નઈમ સૈયદનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૫૬ નદીમ અબ્દુલ નઈમ સૈયદનાઓ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ જુદી–જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી–જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા–જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમને કઈ–કઈ ભૂમિકા ભજવેલી છે તે સાબીત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા આ આરોપી સામે પ્રત્યક્ષ દસ્તાવેજી કે મૌખિક પુરાવો રજૂ કરેલો નથી પરંતુ આ આરોપી અમદાવાદ ખાતે થયેલ સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોવાળા ગુનાઓમાં સંડોવાયેલો છે તે બતાવવા માટે જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ જુદા–જુદા ગુનાઓમાં ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૧૯૬, અનલોફુલ એકટીવીટી (પ્રિવેન્શન) એકટની કલમ–૪૫, એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ–૭, આર્મ્સ એકટની કલમ–૩૯ મુજબના ગુનાઓની ચાર્જશીટ દાખલ કરવા તેમજ આરોપી સામે ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે મંજુરીઓ મેળવવા સક્ષમ અધિકારી સમક્ષ દરખાસ્તો મોકલેલી અને જે તે સક્ષમ અધિકારીએ આ આરોપી સામે જુદા–જુદા ગુનાના કામે ઉપરોકત કાયદાની જુદી–જુદી કલમો હેઠળ ચાર્જશીટ દાખલ કરવા તેમજ ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે મંજૂરીઓ આપેલી હતી તે રજૂ કરેલી છે. આ દરખાસ્તો તથા મંજૂરીઓ અંગેના પુરાવાની હવે પછી ચર્ચા કરીશું.

આ આરોપી નં.૫૬ નદીમ અબ્દુલ નઈમ સૈયદે ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઈન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે? તે પ્રશ્નના જવાબમાં તેણે ફરિયાદપક્ષના પુરાવા સંબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના બચાવ માટે જે હકીકત

જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦ માં જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

આ ઉપરાંત આ આરોપીએ પોતાના બચાવમાં અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ નથી. પરંતુ આરોપીએ અંગ્રેજી ભાષામાં કુલ પાના નં. ૧ અને ૨ મુજબનુ લેખિત નિવેદન રજૂ કરેલુ છે. આ નિવેદન મુજબ તા.૨૬.૫. ૨૦૦૮ ના રોજ કર્ણાટક પોલીસે તેઓને અટક કરેલા અને ત્યારબાદ અમદાવાદના કેસોમાં સંડોવેલા છે. કર્ણાટકના કેસમાં પોતે નિર્દોષ છુટેલા છે. પોતાનુ ઉર્ફે તરીકે કોઈ નામ નથી. પોતાની સામે કોઈ સાહેદ નથી કે પંચનામા પોતાની વિરૂધ્ધમાં નથી. પોલીસ કસ્ટડી દરમ્યાન શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવેલો હતો. ગુજરાતી વાંચી સમજી શકતા નથી. આ કેસમાં પોતે નિર્દોષ છે ન્યાય આપવા વિનંતી કરી છે.

આરોપી નં.૫૬ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૭૮૭, ૭૮૯, ૭૯૦, ૭૯૪, ૮૦૫, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતા આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલ શ્રી કે.જી.શેખ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપીને પણ અમદાવાદ અને સુરતના કેસોમાં જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ અટક કરેલો છે અને તેના રીમાન્ડ મેળવેલા છે. આરોપી સામે ફરમાવવામાં આવેલા તહોમતનામામાં આ આરોપીની આ બનાવોમાં કોઈ સ્પષ્ટ ભૂમિકા નથી. સાહેદ નં.૭૮૭, ૭૮૯, ૭૯૦, ૮૦૫ આ સાહેદો જુદા–જુદા કાયદા હેઠળ ઈન્સાફી કાર્યવાહી શરૂ કરવા માટે મંજૂરી આપનાર સાહેદો છે. તેઓની જુબાનીઓ ધ્યાને લેતા આ આરોપી વિરૂધ્ધ કેવા પુરાવા રજૂ કરેલા તે આ સાહેદો જણાવતા નથી અને આરોપી વિરૂધ્ધ પુરાવો ન હોવા છતાં આ

સાહેદોએ ખોટી મંજૂરીઓ આપેલી છે. પરંતુ આ સાહેદોની જુબાનીઓ ધ્યાને લેતા આરોપી વિરૂધ્ધ અ,બ,ક,ડ પત્રક કે જેમા ફરિયાદ, ચહેરા નિશાન પત્રક, પંચનામા વિગેરે ધ્યાને લઈને મંજૂરીઓ આપેલ છે તેવી હકીકત જણાવેલી છે. પરંતુ આ આરોપી વિરૂધ્ધ કેવા અને કયા પ્રકારના પુરાવા મંજૂરી આપનાર અધિકારીઓ સમક્ષ રજૂ કરવામાં આવેલા તે જણાવેલુ નથી. વકીલ શ્રી કે.જી.શેખ દલીલ કરતા જણાવે છે કે આ આરોપી વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા કોઈ સ્વતંત્ર પુરાવા રજૂ કરવામાં આવેલા નથી. તેઓની આ દલીલ સાથે હું સંપૂર્ણ સંમત છું કે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવામાં આ આરોપી વિરૂધ્ધ ગુનામાં સંડોવણી બાબતેના પુરાવા નથી.

આરોપી નં.૫૭ ડો. અસદુલ્લાહ એચ.એ. ઉર્ફે અસ્લમ ઉર્ફે અસદ અબુબકર એચ.નાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૫૭ ડૉ. અસદુલ્લાહ એચ.એ. ઉર્ફે અસ્લમ ઉર્ફે અસદ અબુબકર એચ.નાઓ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ જુદી-જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી-જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા-જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમણે કઈ-કઈ ભૂમિકા ભજવેલી છે તે સાબિત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે. તે ધ્યાને લેતા સહઆરોપી નં.૨ ઈમરાન ઈબ્રાહીમ શેખનાઓએ ક્રિ.પ્રો.કોડની કલમ-૧૬૪ મુજબનુ કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, અમદાવાદ સમક્ષ લખાવેલુ જે આ કામે આંક-૮૬૧૯

થી રજૂ કરેલુ છે તે ધ્યાને લેતા આ આરોપી ઉપર મુકવામાં આવેલ આક્ષેપ મુજબના કાવતરામાં સામેલ હોવાનું ફલીત થાય છે.

આ આરોપી નં.૫૭ ડૉ. અસદુલ્લાહ એચ.એ. ઉર્ફે અસ્લમ ઉર્ફે અસદ અબુબકર એચ.એ નાઓએ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઈન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે? તે પ્રશ્નના જવાબમાં તેણે ફરિયાદપક્ષના પુરાવા સંબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના બચાવ માટે જે હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦ મા જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

આ ઉપરાંત આ આરોપીએ પોતાના બચાવમાં અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ નથી. પરંતુ આરોપીએ અંગ્રેજી ભાષામાં કુલ પાના નં. ૧ અને ૨ મુજબનુ લેખિત નિવેદન રજૂ કરેલુ છે. આ નિવેદન મુજબ તા. ૯.૧. ૨૦૦૮ ના રોજ કર્ણાટક પોલીસે તેઓને અટક કરેલા અને ત્યારબાદ અમદાવાદના કેસોમાં સંડોવેલા છે. કર્ણાટકના કેસમાં પોતે નિર્દોષ છુટેલા છે. પોતાનુ ઉર્ફે તરીકે કોઈ નામ નથી. પોતાની સામે કોઈ સાહેદ નથી કે પંચનામા પોતાની વિરૂધ્ધમાં નથી. પોલીસ કસ્ટડી દરમ્યાન શારીરિક અને માનસીક ત્રાસ આપવામાં આવેલો હતો. ગુજરાતી વાંચી સમજી શકતા નથી. આ કેસમાં પોતે નિર્દોષ છે ન્યાય આપવા વિનંતી કરી છે.

આરોપી નં.૫૭ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૭૮૭, ૭૮૯, ૭૯૦, ૭૯૪, ૮૦૫, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ છે. આ ઉપરાંત આ આરોપી નં.૨ નું કબૂલાત નિવેદન પણ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતા આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલશ્રી કે.જી.શેખ દલીલ કરતા જણાવે છે કે આ આરોપી સામે ફરિયાદપક્ષ દ્વારા કોઈ પુરાવા રજૂ કરવામાં આવેલા નથી. પરંતુ તેઓની આ દલીલ સાથે હું સંમત નથી. ફરિયાદપક્ષ દ્વારા ઉપર મુજબની વિગતે જે પુરાવા રજૂ કરવામાં આવેલા છે તે પૈકી આરોપી નં.૨ નું કબૂલાત નિવેદન ધ્યાને લઈએ તો આ આરોપી વાઘમોન ખાતે ડિસેમ્બર–૨૦૦૭ની તાલીમ દરમ્યાન હાજર રહેલો છે અને તે અંગે અર્નાકુલ્લમ (કેરાલા) ખાતે ફરિયાદ નોંધાયેલી તે ફરિયાદના કામે કુલ–૩૮ આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવેલુ અને તે ચાર્જશીટમાં આ આરોપી, આરોપી નં.૨૪ તરીકે છે અને તે કામે આ આરોપીને વાઘમોન ખાતે તાલીમ કેમ્પના ગુનામાં એન.આઈ.એ. કોર્ટ અર્નાકુલ્લમ દ્વારા સેશન્સ કેસ નં.૨/૨૦૧૧ ના કામે તકસીરવાન ઠરાવેલો છે તેની સહી સિક્કાવાળી પ્રમાણીત નકલ બચાવપક્ષ તરફથી આંક–૯૪૨૧ થી રજૂ થયેલી છે. આ ચુકાદા સામે ફરિયાદપક્ષ દ્વારા અપીલ કરવામાં આવેલી છે કે કેમ તે રેકર્ડ ઉપર નથી. આ ઉપરાંત આ આરોપી હાલોલ–પાવાગઢ ખાતેના કેમ્પમાં હાજર રહ્યાનો કોઈ પુરાવો રેકર્ડ ઉપર નથી. અમદાવાદમાં બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં અને સુરત બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં આ આરોપીએ કોઈ કામગીરી કરેલી હોય કે તેને કોઈ ભૂમિકા ભજવેલી હોય તે અંગો પણ કોઈ પુરાવો રેકર્ડ ઉપર નથી. વકીલશ્રી કે.જી.શેખ દલીલ કરતા જણાવે છે કે આ આરોપી આ ગુનાઓમાં સંડોવાયેલો છે તેવો બીજો કોઈ સ્વતંત્ર પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ ઉપરાંત આ આરોપીને અર્નાકુલ્લમ કોર્ટ દ્વારા વાઘમોન ખાતેના તાલીમ હાજર રહયા બાબતે ઈન્સાફી કાર્યવાહીના અંતે તકસીરવાન ઠરાવી સજા કરેલ છે જેથી તે જ તાલીમ કેમ્પમાં હાજર રહેવા બાબતે તેની સામે ફરીથી ઈન્સાફી કાર્યવાહી થઈ શકે નહીં કે ફરીથી તેને તે જ ગુના માટે તકસીરવાન ઠરાવી શકાય નહીં. આ અંગે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૦૦ ધ્યાને લીધેલી છે અને તે અંગેની વિગતવાર ચર્ચા આરોપી નં.૬૫ અંગે જે દલીલો કરવામાં આવેલી છે તે દરમ્યાન કરેલી છે. આમ, આ આરોપીની વિરૂધ્ધ

રજૂ થયેલા પુરાવા પુરતા નથી અને આ આરોપીને આ ગુનામાં સંડોવણી શંકાસ્પદ છે તેમ હું માનું છું.

આરોપી નં.૫૮ મોહંમદ સમી ઉર્ફે અબ્દુલ સમી રાજ એહમદ બાગેવાડીનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૫૮ મોહંમદ સમી ઉર્ફે અબ્દુલ સમી રાજ એહમદ બાગેવાડીનાઓ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ જુદી-જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી-જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા-જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમને કઈ-કઈ ભૂમિકા ભજવેલી છે તે સાબીત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા આ આરોપી સામે પ્રત્યક્ષ દસ્તાવેજી કે મૌખિક પુરાવો રજૂ કરેલો નથી પરંતુ આ આરોપી અમદાવાદ ખાતે થયેલ સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોવાળા ગુનાઓમાં સંડોવાયેલો છે તે બતાવવા માટે જુદા-જુદા તપાસ કરનાર અધિકારીઓએ જુદા-જુદા ગુનાઓમાં ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ -૧૯૬, અનલોફુલ એકટીવીટી (પ્રિવેન્શન) એકટની કલમ-૪૫, એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ-૭, આર્મ્સ એકટની કલમ-૩૯ મુજબના ગુનાઓની ચાર્જશીટ દાખલ કરવા તેમજ આરોપી સામે ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે મંજૂરીઓ મેળવવા સક્ષમ અધિકારી સમક્ષ દરખાસ્તો મોકલેલી અને જે તે સક્ષમ અધિકારીએ આ આરોપી સામે જુદા-જુદા ગુનાના કામે ઉપરોકત કાયદાની જુદી-જુદી કલમો હેઠળ ચાર્જશીટ દાખલ કરવા તેમજ ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે મંજૂરીઓ

આપેલી હતી તે રજૂ કરેલી છે. આ દરખાસ્તો તથા મંજૂરીઓ અંગેના પુરાવાની હવે પછી ચર્ચા કરીશું.

આ આરોપી નં.૫૮ મોહંમદ સમી ઉર્ફે અબ્દુલ સમી રાજ એહમદ બાગેવાડીએ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો. કોડની કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે? તે પ્રશ્નના જવાબમાં તેણે ફરિયાદપક્ષના પુરાવા સંબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના બચાવ માટે જે હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦ મા જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

આ ઉપરાંત આ આરોપીએ પોતાના બચાવમાં અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ નથી. પરંતુ આરોપીએ અંગ્રેજી ભાષામાં કુલ પાના નં. ૧ અને ૨ મુજબનુ લેખિત નિવેદન રજૂ કરેલુ છે. આ નિવેદન મુજબ આ કેસમાં પોતે તદ્દન નિર્દોષ છે. બેચરલ ઓફ આર્કિટેકટનો અભ્યાસ કરેલો છે. આ ગુનામાં ખોટી રીતે તેઓને સંડોવેલા છે. સુરત પોલીસે પણ સુરતના કેસોમાં સંડોવી દીધેલા છે. કેસ ઘણા લાંબા સમયથી ચાલે છે પોતાની સામે એક પણ પુરાવો નથી માટે પોતાની આ લેખિત રજૂઆત ધ્યાને લેવા વિનંતી કરેલી છે.

આરોપી નં.૫૮ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૭૮૭, ૭૮૯, ૭૯૦, ૭૯૪, ૮૦૫, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતા આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલશ્રી ડી.ડી.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપીને તા.૧૬.૭.૨૦૦૯ ના રોજ અટક કરવામાં આવેલો હતો. આ આરોપીને પણ અમદાવાદ અને સુરતના કેસોમાં જુદા–જુદા તપાસ

કરનાર અધિકારીઓએ અટક કરેલો છે અને તેના રીમાન્ડ મેળવેલા છે. આરોપી સામે ફરમાવવામાં આવેલા તહોમતનામામાં આ આરોપીની આ બનાવોમાં કોઈ સ્પષ્ટ ભૂમિકા નથી. સાહેદ નં.૭૮૭, ૭૮૯, ૭૯૦, ૮૦૫ આ સાહેદો જુદા-જુદા કાયદા હેઠળ ઈન્સાફી કાર્યવાહી શરૂ કરવા માટે મંજૂરી આપનાર સાહેદો છે. તેઓની જુબાનીઓ ધ્યાને લેતા આ આરોપી વિરૂધ્ધ કેવા પુરાવા રજૂ કરેલા તે આ સાહેદો જણાવતા નથી અને આરોપી વિરૂધ્ધ પુરાવો ન હોવા છતાં આ સાહેદોએ ખોટી મંજૂરીઓ આપેલી છે. આ સાહેદોની જુબાનીઓ ધ્યાને લેતા આરોપી વિરૂધ્ધ અ,બ,ક,ડ પત્રક કે જેમા ફરિયાદ, ચહેરા નિશાન પત્રક, પંચનામા વિગેરે ધ્યાને લઈને મંજુરીઓ આપેલ છે તેવી હકીકત જણાવેલી છે. પરંતુ આ આરોપી વિરૂધ્ધ કેવા અને કયા પ્રકારના પુરાવા મંજૂરી આપનાર અધિકારીઓ સમક્ષ રજૂ કરવામાં આવેલા તે જણાવેલુ નથી. વકીલશ્રી ડી.ડી. પઠાણ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા કોઈ સ્વતંત્ર પુરાવા રજૂ કરવામાં આવેલા નથી. તેઓની આ દલીલ સાથે હું સંપૂર્ણ સંમત છું કે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવામાં આ આરોપી વિરૂધ્ધ ગુનામાં સંડોવણી બાબતેના પુરાવા નથી.

વધુમાં આ આરોપીને અર્નાકુલ્લમ (કેરાલા) ખાતે ફરિયાદ નોંધાયેલી તે ફરિયાદના કામે કુલ-૩૮ આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવેલુ અને તે ચાર્જશીટમાં આ આરોપી, આરોપી નં.૧૧ તરીકે છે અને તે કામે આ આરોપીને વાઘમોન ખાતે તાલીમ કેમ્પના ગુનામાં એન.આઈ.એ. કોર્ટ અર્નાકુલ્લમ દ્વારા સેશન્સ કેસ નં.૨/૨૦૧૧ ના કામે તકસીરવાન ઠરાવેલો છે તેની સહી સીક્કાવાળી પ્રમાણિત નકલ બચાવપક્ષ તરફથી આંક-૯૪૨૧ થી રજૂ થયેલી છે. આ ચુકાદા સામે ફરિયાદપક્ષ દ્વારા અપીલ કરવામાં આવેલી છે કે કેમ? તે રેકર્ડ ઉપર નથી. આ ઉપરાંત આ આરોપી હાલોલ-પાવાગઢ ખાતેના કેમ્પમાં હાજર રહ્યાનો કોઈ પુરાવો રેકર્ડ ઉપર નથી. અમદાવાદમાં બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં અને સુરત બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં આ આરોપીએ કોઈ કામગીરી કરેલી હોય કે તેને કોઈ ભૂમિકા ભજવેલી હોય તે અંગો પણ કોઈ પુરાવો

રેકર્ડ ઉપર નથી. વકીલશ્રી ડી.ડી.પઠાણ દલીલ કરતા જણાવે છે કે આ આરોપી આ ગુનાઓમાં સંડોવાયેલો છે તેવો બીજો કોઈ સ્વતંત્ર પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ ઉપરાંત આ આરોપીને અર્નાકુલ્લમ કોર્ટ દ્વારા વાઘમોન ખાતેના તાલીમ હાજર રહ્યા બાબતે ઈન્સાફી કાર્યવાહીના અંતે તકસીરવાન ઠરાવી સજા કરેલ છે જેથી તે જ તાલીમ કેમ્પમાં હાજર રહેવા બાબતે તેની સામે ફરીથી ઈન્સાફી કાર્યવાહી થઈ શકે નહીં કે ફરીથી તેને તે જ ગુના માટે તકસીરવાન ઠરાવી શકાય નહીં. આ અંગે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૦૦ ધ્યાને લીધેલી છે અને તે અંગેની વિગતવાર ચર્ચા આરોપી નં.૬૫ અંગે જે દલીલો કરવામાં આવેલી છે તે દરમ્યાન કરેલી છે.

આરોપી નં.૫૯ મોહંમદ અંસાર ઉર્ફે સીદ્દીક નદવી અબ્દુલ રઝાક જાતે મુસ્લિમનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૫૯ મોહંમદ અંસાર ઉર્ફે સીદ્દીક નદવી અબ્દુલ રઝાક જાતે મુસ્લિમનાઓ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ જુદી–જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી–જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા–જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમણે કઈ–કઈ ભૂમિકા ભજવેલી છે તે સાબિત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે તે ધ્યાને લેતા સહઆરોપી નં.૨ ઈમરાન ઈબ્રાહીમ શેખનાઓએ ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબનુ કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ અમદાવાદ સમક્ષ લખાવેલુ જે આ કામે આંક–૮૬૧૯ થી રજૂ કરેલુ છે તથા સહઆરોપી નં.૨૧ મહેદીહસન ઉર્ફે વીકકી અબ્દુલ હબીબ અન્સારીનાઓએ

ક્રિ.પ્રો. કોડની કલમ–૧૬૪ મુજબનુ કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ અમદાવાદ સમક્ષ લખાવેલુ જે આ કામે આંક–૮૬૨૩ થી રજૂ કરેલુ છે તથા સહઆરોપી નં.૩૫ રફીયુદ્દીન સરકુદ્દીન કાપડીયાનાઓએ ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબનુ કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ અમદાવાદ સમક્ષ લખાવેલુ જે આ કામે આંક–૮૬૩૧ થી રજૂ કરેલુ છે તે તમામ કબૂલાતવાળા નિવેદનો ધ્યાને લેતા આ આરોપી ઉપર મુકવામાં આવેલ આક્ષેપ મુજબના કાવતરામાં સામેલ હોવાનું ફલીત થાય છે.

આ આરોપી નં.૫૯ મોહંમદ અંસાર ઉર્ફે સીદ્દીક નદવી અબ્દુલ રઝાક જાતે મુસ્લીમે ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે? તે પ્રશ્નના જવાબમાં તેણે ફરિયાદપક્ષના પુરાવા સંબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના બચાવ માટે જે હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦ મા જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

આ ઉપરાંત આ આરોપીએ પોતાના બચાવમાં અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ નથી. પરંતુ આરોપીએ અંગ્રેજી ભાષામાં કુલ પાના નં. ૧ થી ૭ મુજબનુ લેખિત નિવેદન રજૂ કરેલુ છે. આ નિવેદન મુજબ તા.૨૬.૭. ૨૦૦૮ ના રોજ અમદાવાદમાં થયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં ગુજરાત પોલીસે ખોટી રીતે અટક કરીને સંડોવેલા છે. પોતાને અમદાવાદ સેન્ટ્રલ જેલ ખાતેથી ઈન્દોર સેન્ટ્રલ જેલ ખાતે અને ત્યાંથી મે–૨૦૧૭ મા ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે ટ્રાન્સફર કરેલા છે. ઈન્દોર કોર્ટે પોતાને સજા કરેલી છે . આ કેસની ઈન્સાફી કાર્યવાહીમાં રોજેરોજ હાજર રહેલા છે. કોર્ટે પોતાના વકીલને ટ્રાન્સફર કરવા અંગે રજૂઆત કરવા દીધેલી નથી. કોર્ટની કાર્યવાહી સમજાતી નથી. વીડિયો કોન્ફરન્સમાં ઘણી સમસ્યાઓના કારણે કેસની કાર્યવાહી સમજી શકેલા નથી. જેલ અધિકારીઓ તરફથી પેન કે કાગળ આપવામાં આવતા નથી. જેલ અધિકારીઓ દ્વારા માનવ અધિકારોનો ભંગ થયેલો છે. સમગ્ર નિવેદન

ધ્યાને લઈએ તો આરોપીએ અદાલત તેમજ જેલ તંત્ર સામે પાયાવીહીન આક્ષેપો કરેલા છે તે સિવાય બીજી કોઈ હકીકત નિવેદનમાં નથી.

આરોપી નં.૫૯ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૭૮૭, ૭૮૯, ૭૯૦, ૭૯૪, ૮૦૫, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ છે. આ ઉપરાંત આરોપી નં.૦૨, ૨૧, ૩૫ ના કબૂલાત નિવેદનો પણ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતા આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપીનુ નામ આરોપી નં.૨,૨૧ ના કબૂલાત નિવેદનોમાં જણાવેલુ છે પરંતુ તે સિવાય બીજો કોઈ સ્વતંત્ર પુરાવો આ સાહેદ વિરૂધ્ધ નથી. વધુમાં દલીલ કરતા જણાવવામાં આવે છે કે, સહઆરોપીનું કબૂલાત નિવેદન બીજા આરોપી સામે ઉપયોગમાં લઈ શકાય પરંતુ તે માટે બીજો સમર્થનકારી પુરાવો રેકર્ડ ઉપર હોવો જોઈએ. આ કેસમાં આરોપી સામે બીજો કોઈ સમર્થનકારી પુરાવો નથી. કોઈ સાહેદે આ આરોપીને ઓળખી બતાવેલો નથી. પરંતુ મારા મત પ્રમાણે એક સહઆરોપીએ પોતાના કબૂલાત નિવેદનમાં આ આરોપી બાબતે કંઈક હકીકત જણાવેલી હોય તો માની શકાય કે અન્ય સમર્થનકારી પુરાવાની જરૂર પડે પરંતુ આરોપી નં.૨,૨૧ અને ૩૫ ના તમામ નિવેદનો ધ્યાને લેતા આરોપી નં.૫૯નાઓ વાઘમોન તથા હાલોલ–પાવાગઢ ખાતેના કેમ્પોમાં હાજર રહેલો છે તથા તેને જેહાદી ભાષણો કરેલાનું પણ નિવેદનોમાં સ્પષ્ટ છે. આરોપી નં.૩૫નું નિવેદન સોગંદ ઉપર લીધેલુ છે તે ગેરકાયદેસર છે અને વંચાણે લેવાય નહી પરંતુ એક સંજોગ તરીકે જોઇ શકાય. વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપીઓ આ કહેવાતા ગુનાઓમાં સંડોવાયેલો નથી.

પરંતુ ઉપર વિગતે જે પુરાવા રજૂ થયા છે તે ધ્યાને લેતા આ આરોપીઓ આ કહેવાતા ગુનામાં સંડોવાયેલો છે તેમ હું માનુ છું.

આરોપી નં.૬૦ સાદુલી ઉર્ફે હારીઝ અબ્દુલ કરીમ જાતે મુસ્લિમનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૬૦ સાદુલી ઉર્ફે હારીઝ અબ્દુલ કરીમ જાતે મુસ્લિમનાઓ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ જુદી-જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી-જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા-જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમણે કઈ-કઈ ભૂમિકા ભજવેલી છે તે સાબિત કરવા માટે ફરીયાદપક્ષ દ્વારા સહઆરોપી નં.૨૩ કે જે એપ્રુવર બનેલા છે તે ઐયાઝ રઝાકમીંયા સૈયદને સાહેદ નં.૧૧૪૧ તરીકે આંક-૮૧૯૧ થી તપાસેલા છે. તેઓનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા તેમજ સહઆરોપી નં.૭૬ મંજર ઈમામ ઉર્ફે આલમ ઉર્ફે જમીન અલીઈમામનાઓએ ક્રિ.પ્રો.કોડની કલમ-૧૬૪ મુજબનુ કબૂલાત નિવેદન જે.એમ.એફ.સી. કોર્ટ-૫ સમક્ષ લખાવેલુ જે આ કામે આંક-૯૦૨૧ થી રજૂ કરેલુ છે તે ધ્યાને લેતા આ આરોપી ઉપર મુકવામાં આવેલ આક્ષેપ મુજબના કાવતરામાં સામેલ હોવાનું ફલીત થાય છે.

આ આરોપી નં.૬૦ સાદુલી ઉર્ફે હારીઝ અબ્દુલ કરીમ જાતે મુસ્લિમે ક્રિ.પ્રો.કોડની કલમ-૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઈન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ-૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે? તે પ્રશ્નના જવાબમાં તેણે

ફરિયાદપક્ષના પુરાવા સબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના બચાવ માટે જે હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦ મા જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

આ ઉપરાંત આ આરોપીએ પોતાના બચાવમાં અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ નથી. પરંતુ આરોપીએ અંગ્રેજી ભાષામાં કુલ પાના નં. ૧ થી ૯ મુજબનુ લેખિત નિવેદન રજૂ કરેલુ છે. આ નિવેદન મુજબ તા.૨૬.૭. ૨૦૦૮ ના રોજ અમદાવાદમાં થયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં ગુજરાત પોલીસે ખોટી રીતે અટક કરીને સંડોવેલા છે. પોતાને અમદાવાદ સેન્ટ્રલ જેલ ખાતેથી ઈન્દોર સેન્ટ્રલ જેલ ખાતે અને ત્યાંથી મે–૨૦૧૭ મા ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે ટ્રાન્સફર કરેલા છે. ઈન્દોર કોર્ટે પોતાને સજા કરેલી છે . આ કેસની ઈન્સાફી કાર્યવાહીમાં રોજેરોજ હાજર રહેલા છે. કોર્ટે પોતાના વકીલને ટ્રાન્સફર કરવા અંગે રજૂઆત કરવા દીધેલી નથી. કોર્ટની કાર્યવાહી સમજાતી નથી. વીડિયો કોન્ફરન્સમાં ઘણી સમસ્યાઓના કારણે કેસની કાર્યવાહી સમજી શકેલા નથી. જેલ અધિકારીઓ તરફથી પેન કે કાગળ આપવામાં આવતા નથી તથા પોતે કેસ સબંધી જે કંઈ નોંધ કરે છે તે નોંધ પોતાના વકીલશ્રીઓને પણ જેલ તંત્ર દ્વારા આપવા દેવામાં આવતી નથી. જેલ અધિકારીઓ દ્વારા માનવ અધિકારોનો ભંગ થયેલો છે. સમગ્ર નિવેદન ધ્યાને લઈએ તો આરોપીએ અદાલત તેમજ જેલ તંત્ર સામે પાયાવિહીન આક્ષેપો કરેલા છે તે સિવાય બીજી કોઈ હકીકત નિવેદનમાં નથી.

આરોપી નં.૬૦ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૭૮૭, ૭૮૯, ૭૯૦, ૭૯૪, ૮૦૫, ૧૧૪૧, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ છે.આ ઉપરાંત આરોપી નં.૭૬નું કબૂલાત નિવેદન પણ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતા આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ

બ્લાસ્ટના બનાવોમાં તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે ફરિયાદપક્ષ દ્વારા કોઈ પુરાવા રજૂ કરવામાં આવેલ નથી. આરોપી નં.૭૬ ના કબૂલાત નિવેદનમાં જ આ આરોપીના નામનો ઉલ્લેખ કરવામાં આવેલો છે. સાહેદ નં.૧૧૪૧ એયાઝ સૈયદની જુબાની મુજબ સમસુદ્દીનના નાના ના ઘરે આ આરોપી હાજર હતો તેવુ જણાવે છે પરંતુ સમસુદ્દીનાના નાનાનું ઘર કયાં આવેલુ છે તે ચોકકસ સાહેદ નં.૧૧૪૧ જણાવતો નથી તથા સમસુદ્દીનના નાના ના ઘરે કોઈ નિર્ણય થયેલો ન હતો. પરંતુ મારા મત પ્રમાણે સમસુદ્દીનના નાના ના ઘરે ફકત એક જ વખત અને ફકત એક જ મીટીંગ થઈ હોય તેવુ નથી, બીજી ઘણી જગ્યાઓએ મીટીંગો થયેલી છે અને સમસુદ્દીનના નાના ના ઘરે થયેલી મીટીંગમાં આ આરોપી હાજર હતો. આ ઉપરાંત આરોપી નં.૭૬ ના કબૂલાત નિવેદનમાં પણ વાઘમોન મુકામે આ આરોપી તાલીમ કેમ્પમાં હાજર હતો. વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપીઓ આ કહેવાતા ગુનાઓમાં સંડોવાયેલો નથી. પરંતુ ઉપર વિગતે જે પુરાવા રજૂ થયા છે તે ધ્યાને લેતા આ આરોપીઓ આ કહેવાતા ગુનામાં સંડોવાયેલો છે તેમ હું માનુ છું.

આરોપી નં.૬૧ ડૉ.એહમદબેગ ઉર્ફે મુબારક ખ્વાજાબેગ મીરઝાનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૬૧ ડૉ.એહમદબેગ ઉર્ફે મુબારક ખ્વાજાબેગ મીરઝાનાઓ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ જુદી-જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી-જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા-જુદા આરોપીઓ સાથે

કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમને કઈ–કઈ ભૂમિકા ભજવેલી છે તે સાબીત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા આ આરોપી સામે પ્રત્યક્ષ દસ્તાવેજી કે મૌખિક પુરાવો રજૂ કરેલો નથી પરંતુ આ આરોપી અમદાવાદ ખાતે થયેલ સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોવાળા ગુનાઓમાં સંડોવાયેલો છે તે બતાવવા માટે જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ જુદા–જુદા ગુનાઓમાં ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ –૧૯૬, અનલોફુલ એકટીવીટી (પ્રિવેન્શન) એકટની કલમ–૪૫, એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ–૭, આર્મ્સ એકટની કલમ–૩૯ મુજબના ગુનાઓની ચાર્જશીટ દાખલ કરવા તેમજ આરોપી સામે ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા મંજૂરીઓ મેળવવા માટે સક્ષમ અધિકારી સમક્ષ દરખાસ્તો મોકલેલી અને જે તે સક્ષમ અધિકારીએ આ આરોપી સામે જુદા–જુદા ગુનાના કામે ઉપરોકત કાયદાની જુદી–જુદી કલમો હેઠળ ચાર્જશીટ દાખલ કરવા તેમજ ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે મંજૂરીઓ આપેલી હતી તે રજૂ કરેલી છે. આ દરખાસ્તો તથા મંજૂરીઓ અંગેના પુરાવાની હવે પછી ચર્ચા કરીશું.

આ આરોપી નં.૬૧ ડૉ.એહમદબેગ ઉર્ફે મુબારક ખ્વાજાબેગ મીરઝાએ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદ પક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઈન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો. કોડની કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે? તે પ્રશ્નના જવાબમાં તેણે ફરિયાદપક્ષના પુરાવા સંબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના બચાવ માટે જે હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦ મા જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

આ ઉપરાંત આ આરોપીએ પોતાના બચાવમાં અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ નથી. પરંતુ આરોપીએ અંગ્રેજી ભાષામાં કુલ પાના નં. ૧ થી ૪ મુજબનુ લેખિત નિવેદન રજૂ કરેલુ છે. આ નિવેદન મુજબ અમદાવાદમાં

થયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં ગુજરાત પોલીસે ખોટી રીતે અટક કરીને સંડોવેલા છે. પોતાને અમદાવાદ ખાતેના બોમ્બ બ્લાસ્ટના કેસોમાં ખોટી રીતે આરોપી બનાવી કસ્ટડીમાં રાખેલા છે. તેઓને અમદાવાદથી ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે ટ્રાન્સફર કરેલા છે. ઈન્દોર કોર્ટે પોતાને સજા કરેલી છે. આ કેસની ઈન્સાફી કાર્યવાહીમાં રોજેરોજ હાજર રહેલા છે. કોર્ટે પોતાના વકીલને ટ્રાન્સફર કરવા અંગે રજૂઆત કરવા દીધેલી નથી. કોર્ટની કાર્યવાહી સમજાતી નથી. વીડિયો કોન્ફરન્સમાં ઘણી સમસ્યાઓના કારણે કેસની કાર્યવાહી સમજી શકેલા નથી. જેલ અધિકારીઓ તરફથી પેન કે કાગળ આપવામાં આવતા નથી તથા પોતે કેસ સંબંધી જે કંઈ નોંધ કરે છે તે નોંધ પોતાના વકીલશ્રીઓને પણ જેલ તંત્ર દ્વારા આપવા દેવામાં આવતી નથી. આ કેસમાં તમામ સાહેદો વીડિયો કોન્ફરન્સ દ્વારા તપાસવામાં આવેલા છે. અમદાવાદ અને ભોપાલ વચ્ચે વીડિયો કોન્ફરન્સ સીસ્ટમ યોગ્ય રીતે કામ કરતી નથી. જેલ અધિકારીઓ દ્વારા માનવ અધિકારોનો ભંગ થયેલો છે. સમગ્ર નિવેદન ધ્યાને લઈએ તો આરોપીએ અદાલત તેમજ જેલ તંત્ર સામે પાયાવિહીન આક્ષેપો કરેલા છે તે સિવાય બીજી કોઈ હકીકત નિવેદનમાં નથી.

આરોપી નં.૬૧ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૭૮૭, ૭૮૯, ૭૯૦, ૭૯૪, ૮૦૫, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતા આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલ શ્રી કે.જી.શેખ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપીને પણ અમદાવાદ અને સુરતના કેસોમાં જુદા-જુદા તપાસ કરનાર અધિકારીઓએ અટક કરેલો છે અને તેના રીમાન્ડ મેળવેલા છે. આરોપી સામે ફરમાવવામાં આવેલા તહોમતનામામાં આ આરોપીની આ બનાવોમાં કોઈ

સ્પષ્ટ ભૂમિકા નથી. સાહેદ નં.૭૮૭, ૭૮૯, ૭૯૦, ૮૦૫ આ સાહેદો જુદા–જુદા કાયદા હેઠળ ઈન્સાફી કાર્યવાહી શરુ કરવા માટે મંજૂરી આપનાર સાહેદો છે. તેઓની જુબાનીઓ ધ્યાને લેતા આ આરોપી વિરૂધ્ધ કેવા પુરાવા રજૂ કરેલા તે આ સાહેદો જણાવતા નથી અને આરોપી વિરૂધ્ધ પુરાવો ન હોવા છતાં આ સાહેદોએ ખોટી મંજૂરીઓ આપેલી છે. પરંતુ આ સાહેદોની જુબાનીઓ ધ્યાને લેતા આરોપી વિરૂધ્ધ અ,બ,ક,ડ પત્રક કે જેમા ફરિયાદ, ચહેરા નિશાન પત્રક, પંચનામા વિગેરે ધ્યાને લઈને મંજૂરીઓ આપેલ છે તેવી હકીકત જણાવેલી છે. પરંતુ આ આરોપી વિરૂધ્ધ કેવા અને કયા પ્રકારના પુરાવા મંજૂરી આપનાર અધિકારીઓ સમક્ષ રજૂ કરવામાં આવેલા તે જણાવેલુ નથી. વકીલ શ્રી કે.જી.શેખ દલીલ કરતા જણાવે છે કે આ આરોપી વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા કોઈ સ્વતંત્ર પુરાવા રજૂ કરવામાં આવેલા નથી. તેઓની આ દલીલ સાથે હું સંપૂર્ણ સંમત છું કે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવામાં આ આરોપી વિરૂધ્ધ ગુનામાં સંડોવણી બાબતેના પુરાવા નથી.

આરોપી નં.૬૨ કામરાન ઉર્ફે ફઝીલત હુસેન હાજી સાહીદ સીદ્દીકીનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૬૨ કામરાન ઉર્ફે ફઝીલત હુસેન હાજી સાહીદ સીદ્દીકીનાઓ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ જુદી–જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી–જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા–જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમને કઈ–કઈ ભૂમિકા ભજવેલી છે તે સાબીત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા આ આરોપી સામે પ્રત્યક્ષ

દસ્તાવેજી કે મૌખિક પુરાવો રજૂ કરેલો નથી પરંતુ આ આરોપી અમદાવાદ ખાતે થયેલ સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોવાળા ગુનાઓમાં સંડોવાયેલો છે તે બતાવવા માટે જુદા-જુદા તપાસ કરનાર અધિકારીઓએ જુદા-જુદા ગુનાઓમાં ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ -૧૯૬, અનલોફુલ એકટીવીટી (પ્રિવેન્શન) એકટની કલમ-૪૫, એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ-૭, આર્મ્સ એકટની કલમ-૩૯ મુજબના ગુનાઓની ચાર્જશીટ દાખલ કરવા તેમજ આરોપી સામે ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા મંજૂરીઓ મેળવવા માટે સક્ષમ અધિકારી સમક્ષ દરખાસ્તો મોકલેલી અને જે તે સક્ષમ અધિકારીએ આ આરોપી સામે જુદા-જુદા ગુનાના કામે ઉપરોકત કાયદાની જુદી-જુદી કલમો હેઠળ ચાર્જશીટ દાખલ કરવા તેમજ ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે મંજૂરીઓ આપેલી હતી તે રજૂ કરેલી છે. આ દરખાસ્તો તથા મંજૂરીઓ અંગેના પુરાવાની હવે પછી ચર્ચા કરીશું.

આ આરોપીને ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલા છે. તેઓએ ક્રિ.પ્રો.કોડની કલમ-૩૧૩ મુજબનું પોતાનું નિવેદન વીડિયો કોન્ફરન્સ દ્વારા નોંધાવવાનું જણાવવામાં આવેલુ પરંતુ આરોપીએ જણાવેલુ કે પોતાને ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતેથી અમદાવાદ સેન્ટ્રલ જેલ ખાતે ટ્રાન્સફર કરવામાં આવે અને ત્યારબાદ પોતાનું નિવેદન નોંધાવશે. પોતે વીડિયો કોન્ફરન્સ દ્વારા નિવેદન નોંધાવવા માંગતા નથી તેમ તેઓના વકીલશ્રીની હાજરીમાં સ્પષ્ટપણે જણાવેલુ છે. આ આરોપી સાથે ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલા બીજા આરોપી નં.૧૧, ૧૨, ૧૩, ૫૨, ૫૯, ૬૦, ૬૧ નાઓએ તેઓનુ નિવેદન વીડિયો કોન્ફરન્સ દ્વારા નોંધાવેલુ છે તેમ છતાં આ આરોપીએ વીડિયો કોન્ફરન્સ દ્વારા પોતાનુ નિવેદન નોંધાવેલુ નથી અને નિવેદન નોંધાવવાની ખુલ્લી અદાલતમાં વીડિયો કોન્ફરન્સમાં સ્પષ્ટ ના પાડેલી છે જેથી એવુ કહી શકાય કે ફરિયાદપક્ષ દ્વારા પોતાની વિરૂધ્ધ જે પુરાવો રજૂ થયો છે તે અંગે કોઈ ખુલાસો કરવા માંગતા નથી. જે આરોપીઓએ પોતાના નિવેદનો વીડિયો કોન્ફરન્સ દ્વારા નોંધાવેલા અને નિવેદનો નોંધાવ્યા બાદ તેની પ્રિન્ટ કાઢવામાં આવેલી.

ત્યારબાદ અત્રેની સિટી સિવિલ કોર્ટ અમદાવાદના પ્રિન્સીપાલ જજ સાહેબના ઑફિસ ઓર્ડર નં. ૨૩૩/૨૦ તા.૫.૩.૨૦૨૦ તથા ૪૭૭/૨૦૨૦ તા.૩૦.૭.૨૦૨૦ ના હુકમથી અત્રેની અદાલતના બેન્ચ કલાર્કશ્રી જે.જે.પરમાર ભોપાલ ખાતે આરોપી નં.૧૧, ૧૨, ૧૩, ૫૨, ૫૯, ૬૦, ૬૧ ના નિવેદનો ઉપર સહીઓ કરાવવા ગયા ત્યારે આરોપીએ હાથથી હિન્દી ભાષામાં લખેલુ પોતાનું નિવેદન પાના નં.૧ અને ૨ શ્રી જે.જે.પરમારને જેલરશ્રી ભોપાલ સેન્ટ્રલ જેલની હાજરીમાં સોંપેલુ.

આરોપીએ હાથથી હિન્દી ભાષામાં લખેલુ પોતાનું નિવેદન પાન નં. ૧ અને ૨ રજૂ કરેલ છે. આ નિવેદન ધ્યાને લેતા ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે જે પરિસ્થિતિ છે તેના કારણે પોતે નિવેદન નોંધાવવા અસમર્થ છે. આ પરિસ્થિતિ માં જેલ તંત્ર દ્વારા દુરવ્યવહાર કરવામાં આવે છે ધમકીઓ આપવામાં આવે છે. ન્યૂઝ પેપર, ટુથ બ્રશ, પેપર, પેન વિગેરે કોઈ વસ્તુ આપવામાં આવતી નથી. વારંવાર કોર્ટની અવમાનના કરવામાં આવે છે. જેથી તેઓને અમદાવાદ ખાતે ટ્રાન્સફર કરવામાં આવે તેની રાહ જોવે છે. આ સિવાય બીજી કોઈ હકીકત જણાવી નથી. આ મુજબ આ આરોપીએ પોતાની લેખિત રજૂઆત કરેલી છે આ સિવાય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ કરેલો નથી.

આરોપી નં.૬૨ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમીત પટેલ દલીલ કરતા જણાવે છે કે આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૭૮૭, ૭૮૯, ૭૯૦, ૭૯૪, ૮૦૫, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતા આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલશ્રી કે.જી.શેખ દલીલ કરતા જણાવે છે કે આ આરોપીને પણ અમદાવાદ અને સુરતના કેસોમાં જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ અટક કરેલો છે અને તેના રીમાન્ડ મેળવેલા છે. આરોપી સામે

ફરમાવવામાં આવેલા તહોમતનામામાં આ આરોપીની આ બનાવોમાં કોઈ સ્પષ્ટ ભૂમિકા નથી. સાહેદ નં.૭૮૭, ૭૮૯, ૭૯૦, ૮૦૫ આ સાહેદો જુદા–જુદા કાયદા હેઠળ ઈન્સાફી કાર્યવાહી શરૂ કરવા માટે મંજૂરી આપનાર સાહેદો છે. તેઓની જુબાનીઓ ધ્યાને લેતા આ આરોપી વિરૂધ્ધ કેવા પુરાવા રજૂ કરેલા તે આ સાહેદો જણાવતા નથી અને આરોપી વિરૂધ્ધ પુરાવો ન હોવા છતાં આ સાહેદોએ ખોટી મંજૂરીઓ આપેલી છે. પરંતુ આ સાહેદોની જુબાનીઓ ધ્યાને લેતા આરોપી વિરૂધ્ધ અ,બ,ક,ડ પત્રક કે જેમા ફરિયાદ, ચહેરા નિશાન પત્રક, પંચનામા વિગેરે ધ્યાને લઈને મંજૂરીઓ આપેલ છે તેવી હકીકત જણાવેલી છે. પરંતુ આ આરોપી વિરૂધ્ધ કેવા અને કયા પ્રકારના પુરાવા મંજૂરી આપનાર અધિકારીઓ સમક્ષ રજૂ કરવામાં આવેલા તે જણાવેલુ નથી. વકીલ શ્રી કે.જી.શેખ દલીલ કરતા જણાવે છે કે આ આરોપી વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા કોઈ સ્વતંત્ર પુરાવા રજૂ કરવામાં આવેલા નથી. તેઓની આ દલીલ સાથે હું સંપૂર્ણ સંમત છું કે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવામાં આ આરોપી વિરૂધ્ધ ગુનામાં સંડોવણી બાબતેના પુરાવા નથી.

આરોપી નં.૬૩ મોહંમદ તનવીર ઉર્ફે તલ્હા મોહંમદ અખ્તર પઠાણનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૬૩ મોહંમદ તનવીર ઉર્ફે તલ્હા મોહંમદ અખ્તર પઠાણનાઓ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ જુદી–જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી–જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા–જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમને કઈ–કઈ ભૂમિકા

ભજવેલી છે તે સાબિત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. આ ઉપરાંત આ આરોપીની સાહેદો રૂબરૂ ઓળખ પરેડ કરાવનાર મેજીસ્ટ્રેટ સાહેદ નં.પ૭પ તરીકે કીર્તનભાઈ ચતુરભાઈ પટેલને તપાસવામાં આવેલા છે અને તેઓની જુબાની ધ્યાને લેતા આ આરોપીની સામે મુકવામાં આવેલ આક્ષેપો મુજબના કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા એકબીજાની મદદગારી કરીને અમદાવાદ શહેરમાં જુદી–જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરેલા છે તેમજ સુરતની જુદી–જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલ હોવાનું ફલીત થાય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે રસિકભાઈ નરસિંહભાઈ પટેલને સાહેદ નં.૮૧૩ તરીકે આંક–પ૪૭૮ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ સને–૨૦૦૮ના વર્ષમાં સુરત મહાનગરપાલિકાના ફાયર અને ઈમરજન્સી સર્વિસ ખાતામાં ઈન્ચાર્જ સબ ઓફિસર હતા. તા.૧/૯/૨૦૦૮ ના રોજ તેમના ફાયર કંટ્રોલ રૂમ તરફથી જણાવવામાં આવેલું કે, વી.આર.કમ કોઝ વે પુલ પાસે જવું અને પોલીસને મદદ કરવી જેથી આ સાહેદ તેમના સબ ઓફીસર અશોકભાઈ સાંલુકે તથા બીજા ફાયરમેન લક્ષ્મીનારાયણ ગુપ્તા, હેમંત વાય ધાડગે, પરેશભાઈ બી. પટેલ, ગીરીશભાઈ શેલત વિગેરેનાઓ ફાઈટર ગાડી લઈને કોઝ વે પાસે પહોંચેલાં. તે વખતે સવારના લગભગ ૧૦.૩૦ વાગ્યાનો સમય થયેલો. ત્યાં ગયાં ત્યારે પોલીસની ગાડી તથા બીજા માણસો ત્યાં હતાં. બીજો એક આરોપી ત્યાં હતો જેની અટક પઠાણ હતી. આરોપી કયા કામનો હતો તેની ખબર નથી. ત્યાં આરોપી અને બીજા બે ત્રણ માણસો હતાં. આરોપીએ આંગળી ચીંધી પોલીસને કહેલ કે બોમ્બ પાણીમાં નાંખી દીધેલ છે આથી પોલીસે અમુક બતાવેલ એરીયામાં શોધખોળ કરવા કહેલુ, તે મુજબ શોધખોળ કરેલી પરંતુ કંઈ મળી આવેલ નહીં તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો ફાયર સ્ટેશનમાં ફાયર બ્રિગેડ અને તેને લગતા તમામ દસ્તાવેજો રાખવામાં આવે છે તે કબૂલ કરે છે.

ફાયર સ્ટેશનમાં ફાયર કન્ટ્રોલ રૂમ હોતો નથી. ફાયર કન્ટ્રોલની માહિતી ફાયર સ્ટેશનમાં નોંધવામાં આવે છે તો તે હકીકત નકારી છે. ફાયર કન્ટ્રોલની કોઈ પણ વર્ધિનો લેખિત પુરાવો હોતો નથી તે કબૂલ કરે છે. તા.૧.૯.૨૦૦૮ ના રોજ આ સાહેદે જે કોઈ કાર્યવાહી કરી તેનો લેખિતમાં પુરાવો નથી તે કબૂલ કરે છે. છેલ્લા ૮ વર્ષમાં શું–શું ફરજ કયા કયા સ્થળે અને કઈ તારીખે કરેલી તે કહી શકે નહીં તે કબૂલ કરે છે. આ સાહેદ કામગીરી સંબંધેની કોઈ અંગત નોંધ કે ડાયરી રાખતા નથી તે કબૂલ કરે છે. કન્ટ્રોલ મેસેજ મળ્યા પછી પંદરેક મિનિટમાં વી.આર.કોઝવે ઉપર પહોચેલા તે કબૂલ કરે છે. આરોપીઓ તરફથી આ કબૂલાત્મક પ્રશ્ન પુછવામાં આવેલો છે જેથી એવુ કહી શકાય કે આ સાહેદને કન્ટ્રોલ ઉપરથી મેસેજ મળતા કોઝવે ઉપર પહોચેલા હતા તે હકીકત કબૂલાત્મક હકીકત બને છે. આ સાહેદની સાથે રાકેશ ગાવીત અને ગૌરાંગ પારેખ નીકળેલા તે કબૂલ કરે છે જેથી એવુ કહી શકાય કે આ સાહેદ એકલા ગયેલા નથી પરંતુ અન્ય બે અધિકારીઓ પણ સાથે ગયેલા છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો સ્થળ ઉપર પહોચ્યા ત્યારે પોલીસની ગાડી અને ૨–૩ માણસો હતા. પબ્લીકના ૨–૩ માણસો ગાડી પાસે હતા તેઓને ઓળખતા નથી. પબ્લીકના માણસો સાથે આ સાહેદે વાતચીત કરેલી નહીં. પબ્લિકના માણસોને કોણે બોલાવેલા તે વિશે આ સાહેદ જાણતા નથી. પાણીમાં કેટલા એરીયામાં શોધ કરવી તે પોલીસે બતાવેલુ. સ્થળ ઉપર આ સાહેદની ટીમ અને આરોપી વચ્ચે કોઈ વાતચીત થયેલી નથી.

આમ આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ સુરત મહાનગરપાલિકામાં ફાયર એન્ડ ઈમરજન્સી ખાતાના ઈન્ચાર્જ સબ ઓફિસર તરીકે સને–૨૦૦૮ની સાલમાં નોકરી કરતા હતા. કન્ટ્રોલ તરફથી મેસેજ મળેલો કે સુરત ખાતે બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં અટક કરવામાં આવેલ આરોપી નં.૬૩ મોહંમદ તનવીર પઠાણનાઓએ કોઝ વે પુલ ઉપરથી પાઈપ બોમ્બ પાણીમાં નાખી દીધેલો છે અને તેને તે જગ્યા બતાવેલી છે. જેથી આ સાહેદ સ્ટાફના માણસો સાથે સ્થળ ઉપર ગયેલા અને પાણીમાં પાઈપ બોમ્બની શોધખોળ કરેલી પરંતુ પાઈપ બોમ્બ મળી આવેલો નહીં.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે ગૌરાંગ રણજીતભાઈ પારેખને સાહેદ નં.૮૧૪ તરીકે આંક–૫૪૭૯ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ સને–૨૦૦૮ના વર્ષમાં સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્ટ્રોમ ડ્રેનેજ ખાતામાં કતારગામ ઝોનમાં ટેકનિકલ આસિસ્ટન્ટ તરીકે કામ કરતા હતા. તેમના ડેપ્યુટી ઈજનેર કંસારા સાહેબે ફોન કરીને જણાવેલ કે ધાસ્તીપુરા, ભરીમાતા રોડ પાસે જે ખાડી આવેલ છે તે ખાડી ઉપર પોલીસ ખાતાની મદદ માટે જવાનું છે. જેથી આ સાહેદ તેમના ચાર કામદારો નામે યશવંતભાઈ, વસંતભાઈ, સમીરભાઈ અને નારણભાઈનાઓને લઈને ધાસ્તીપુરા, ભરીમાતા રોડ પાસે આવેલ ખાડી પાસે ગયેલાં. ત્યાં પોલીસના ત્રણ–ચાર માણસો, બે સીવીલ ડ્રેસમાં પોલીસ અને એક આરોપી હતો તે આરોપી બોમ્બ બ્લાસ્ટના કેસનો હતો તેનું નામ તનવીર પઠાણ હતું. પોલીસે એવી સુચના આપેલી કે તનવીરે નદીમાં મોબાઈલ નાંખેલ છે. તે જે સ્પોટ બતાવે તે જગ્યાથી મોબાઈલ શોધવાનો છે. પછી તનવીરે ખાડીમાં લોકેશન બતાવેલ તેથી તે લોકેશન ઉપર ખાડીમાં તેમના ચાર માણસોને ઉતારીને મોબાઈલ શોધવાની કામગીરી સોંપેલી. તે કામગીરી અંદાજીત બેથી અઢી કલાક ચાલેલી પરંતુ મોબાઈલ મળેલો નહી તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદને જે કામગીરી સોપવામાં આવે તે બજાવવાની હોય છે. કેટલીકવાર બહાર જવાનુ પણ થાય છે. આવી કામગીરી ઓફીશીયલ હોય છે. સુચનાઓનું રજીસ્ટર રાખવામાં આવે છે. સુચનાની આધારે કામગીરી કરી છે તેનો કોઈ લેખિત આધાર રાખવામાં આવતો નથી. છેલ્લા ૮ વર્ષમાં કયા સ્થળે કઈ તારીખે શું કામગીરી કરેલી તે કહી શકે નહીં. સ્થળ ઉપર ૨–૩ પોલીસવાળા હતા. પોલીસવાળાઓ સાથે વાતચીત આ સાહેદને થયેલી નથી. પોલીસની સાથે રહેલા બીજા માણસો કોણ હતા અને કયાંથી આવેલા તે બાબતે આ સાહેદને તેમની સાથે વાતચીત થયેલી નથી. વરસાદની સીઝન હોવાથી ખાડીમાં ખૂબ પાણી હતુ તે કબૂલ કરે છે. સરતપાસમાં જણાવ્યા મુજબના સ્થળે ગયેલા નથી કે કોઈ કાર્યવાહી કરી નથી તો તે હકીકત

નકારે છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો ડ્રેનેજનો છેલ્લો પાઈપ ખાડીમાં પડે છે તે કબૂલ કરે છે. ચોમાસાની સીઝનમાં ૧૫ દિવસે ખાડીની સફાઈ કરવામાં આવે છે. સ્થળ ઉપર ગયા તે પહેલા અંદાજે કેટલા દિવસ પહેલા ખાડીમાં સફાઈ કરેલી તે કહી શકે નહીં. સફાઈ અંગેનુ રેકર્ડ આ સાહેદ રાખતા નથી. ઓફિસેથી નીકળ્યા ત્યારે ખાડીના પાણીમાં મોબાઈલ ફોનની તપાસ કરવાની છે તેની જાણ કરવામાં આવી હોય તેવુ બન્યુ નથી.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ સુરત મહાનગરપાલિકામાં સ્ટ્રોમ ડ્રેનેજ ખાતાના ટેકનીકલ આસીસ્ટન્ટ તરીકે સને–૨૦૦૮ની સાલમાં નોકરી કરતા હતા. કન્ટ્રોલ તરફથી મેસેજ મળેલો કે સુરત ખાતે બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં અટક કરવામાં આવેલ આરોપી નં.૬૩ મોહંમદ તનવીર પઠાણનાઓએ ભરીમાતા રોડ ઉપર આવેલ ખાડીમાં મોબાઈલ નાખી દીધેલો અને તેને તે જગ્યા બતાવેલી છે. જેથી આ સાહેદ સ્ટાફના માણસો સાથે સ્થળ ઉપર ગયેલા અને પાણીમાં મોબાઈલ ફોનની શોધખોળ કરેલી પરંતુ પાઈપ બોમ્બ મળી આવેલો નહીં.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે રાકેશભાઈ મકનભાઈ ગાવીતને સાહેદ નં.૮૧૫ તરીકે આંક–૫૪૮૦ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ સને–૨૦૦૮ ના વર્ષમાં સુરત મહાનગરપાલિકાના ફાયર એન્ડ ઈમરજન્સી ખાતામાં નોકરી કરતા હતા. તેમની ફરજ મુગલીસરા ફાયર સ્ટેશનમાં હતી. તે વખતે તેમનો હોદ્દો ફાયરમેન તરીકેનો હતો. તેઓને ફાયર કંટ્રોલ દ્વારા સંદેશો મળેલો કે કોઝ વે ઉપર જવાનું છે જેથી સબ ઓફિસર પટેલ સાહેબ, બીજા ફાયરમેન તથા આ સાહેદ કોઝ વે પુલ પાસે ગયેલાં. તેઓ લગભગ ૧૦.૦૦–૧૦.૧૫ વાગે નીકળેલાં અને ૧૦.૩૦ વાગે ત્યાં પહોંચેલાં. ત્યાં પોલીસનો સ્ટાફ હતો, પોલીસની ગાડી હતી, બીજા બે–ત્રણ માણસો હતાં. આ સાહેદના પટેલ સાહેબ પોલીસના સ્ટાફને મળેલાં. પોલીસના ભાઈએ કીધેલું કે એક ભાઈ અહીંયા છે તેઓ પાણીમાં આંગળી ચીંધીને બતાવે છે કે અહીંયા પાણીમાં પાઈપ બોમ્બ નાંખવામાં આવેલો. જેથી રસિક પટેલ સાહેબે આ સાહેદને

વર્ધી આપેલ કે પાણીમાં જઈને પાણીમાં ઉતરો અને અંદર પાઈપ બોમ્બની તપાસ કરો જેથી આ સાહેદ અને તેમના ફાયર સ્ટાફે પાણીમાં દોઢ બે કલાક તપાસ કરેલી પરંતુ કંઈ મળી આવેલું નહીં. જે ભાઈ હતાં તેનું નામ તનવીર પઠાણ હતુ તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો મુગલીસરા ફાયર સ્ટેશન બહુ મોટુ સ્ટેશન છે ત્યાં ૧૦ ડ્રાઈવરો અને ૧૯ ફાયરમેન શીફટ મુજબ કામ કરે છે. આ સાહેદે કરેલ કામગીરીનો કોઈ લેખિત પુરાવો નથી તે કબૂલ કરે છે. આ સાહેદની કામગીરી સંબંધેની અંગત ડાયરી રાખતા નથી. છેલ્લા ૮ વર્ષોમાં ફાયરમેન તરીકે ઘણી જગ્યાએ કામગીરી કરેલી છે.

આમ આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ સુરત મહાનગર પાલીકામાં ફાયર એન્ડ ઈમરજન્સી ખાતાના ફાયરમેન તરીકે ૨૦૦૮ની સાલમાં નોકરી કરતા હતા. કન્ટ્રોલ તરફથી મેસેજ મળેલો કે સુરત ખાતે બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં અટક કરવામાં આવેલ આરોપી નં.૬૩ મોહંમદ તનવીર પઠાણનાઓએ કોઝવે પુલ ઉપરથી પાઈપ બોમ્બ પાણીમાં નાખી દીધેલો છે અને તેને તે જગ્યા બતાવેલી છે. જેથી આ સાહેદ સ્ટાફના માણસો સાથે સ્થળ ઉપર ગયેલા અને પાણીમાં પાઈપ બોમ્બની શોધખોળ કરેલી પરંતુ પાઈપ બોમ્બ મળી આવેલો નહીં.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે જયેશભાઈ મનુભાઈ પટેલને સાહેદ નં.૮૫૫ તરીકે આંક–૬૦૧૦ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ સને–૨૦૦૮ના વર્ષમાં તેમના ફોઈના દિકરા નૈલેશભાઈ કનુભાઈ પટેલની દુકાનમાં નોકરી કરતા હતા. તેમની આ દુકાનનું નામ "કમલા હાર્ડવેર માર્ટ" હતું. આ દુકાન સિનેમા રોડ, કિશોર કોલ્ડ્રીંકસની પાસે, રજત હોસ્પિટલ પાસે આવેલ છે. તેમને મુખ્યત્વે નટ–બોલ્ટ અને વાયસર વેચવાનો ધંધો છે. તેમને જુદી–જુદી કંપની જેવી કે SPI, LMS, BABA, CM, MOTI વગેરે માર્કાના નટ–બોલ્ટ વેચવાનો ધંધો હતો. આ સાહેદ આ દુકાનમાં બીલ બનાવવાનું, કેશ લેવાનું વગેરે કામ કરતા હતા. તેમની દુકાનમાંથી મોટાભાગે

ડાઇંગ હાઉસવાળા અને લુમ્સવાળા તથા દુકાનદારો નટ–બોલ્ટ લઈ જતાં હોય છે. વર્ષ–૨૦૦૮ના સાતમાં મહિનામાં એક છોકરો તેમને ત્યાંથી નટ–બોલ્ટ ખરીદવા આવેલો. પરંતુ તેની પાસે સાઈઝો ન હતી. તેમણે નટ–બોલ્ટ માંગેલા, સાઈઝો તેમને ખબર ન હતી તેથી તેમણે તેમનું વિઝટીંગ કાર્ડ આપવા કહેલું કે તમે ક્યાંથી આવ્યા છો? તેમ પુછેલુ તો તેમણે બતાવ્યું તે પ્રમાણેની નટ–બોલ્ટની સાઈઝો તેમને બતાવેલી તેમણે આશરે ૧૫–૧૬ કિલો જેટલો નટ–બોલ્ટ અને વાયસરનો માલ આપેલો. આ ઈસમ અડધો–એક કલાક રોકાયેલો અને બીજી વખત આવે તો કયા હિસાબે માલ આપવો તે માટે તેમનું કાર્ડ માંગેલું પરંતુ કાર્ડ આપેલ નહી અને કહેલ કે બીજીવાર આવીશ ત્યારે કાર્ડ આપીશ. પોલીસ તા.૨૭ કે ૨૮ મી તારીખે આવેલાં અને તેઓએ બીજા દિવસે સુરતમાં જે કુરજા ડી.સી.બી.ની ઑફિસ છે ત્યાં બોલાવેલા. બીજા દિવસે તા.૨૯/૮/૨૦૦૮ ના રોજ સવારે અગ્યાર એક વાગ્યે ડી.સી.બી. ઑફિસે ગયેલો. ત્યાં તેમની પુછપરછ કરેલી. ત્યારબાદ પોલીસે કહેલ કે મેજિસ્ટ્રેટ સાહેબ પાસે જવાનું છે જે થોડું દુર છે.

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ પોલીસ સ્ટેશનેથી મેજિસ્ટ્રેટ સાહેબની ઑફિસ કે જે કિલ્લામાં આવેલી છે ત્યાં ગયેલા. ત્યાં મેજિસ્ટ્રેટ સાહેબની ઑફિસમાં મેજિસ્ટ્રેટ સાહેબે બેસાડેલાં. ત્યાં ઑફિસમાં મેજિસ્ટ્રેટ સાહેબે કહેલ કે તમારા ત્યાંથી જે છોકરો નટ–બોલ્ટ લઈ ગયેલ છે તેને તમે ઓળખી બતાવશો? ત્યાં આઠથી દસ માણસોને ઉભા રાખેલ હતાં. મેજિસ્ટ્રેટ સાહેબે આ સાહેદને છોકરાને ઓળખી શકશે તેવું કેહતાં જે છોકરાને ઓળખતા હતા તેનો હાથ પકડી બહાર કાઢેલ. પછી આ છોકરાને તેનું નામ પુછતાં તેને પોતાનું નામ તન્વીર મહમદ અખ્તર કહેલું. આ છોકરો તેમની દુકાને નટ–બોલ્ટ લેવા આવેલો. આ સાહેદે આ આરોપીને તેનું રહેણાંક પુછતાં તેને કતારગામના રહેવાસી હોવાનું જણાવેલું. સાહેદને ટી.વી. સ્ક્રીન થકી ચાર–ચારની સંખ્યામાં આરોપીઓ બતાવવામાં આવતા આરોપીને ઓળખી શકતા નથી અને જણાવેલ છે કે આઠ વર્ષ પહેલાં તેને ક્લીન સેવમાં જોયેલાં. આજે બધા દાઢીવાળા છે. તેથી ઓળખી

શકતા નથી તેમ જણાવેલ છે તેમજ મુદ્દામાલ લીસ્ટ આંક–૨૩૫૦નો ક્રમાંક નં.૭ વાળા લોખંડના બોલ્ટ બતાવવામાં આવતા બોલ્ટ ઉપર કંપનીના SPI માર્કાના છે જે આ સાહેદ વેચે છે તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો ધંધા ઉપર આ સાહેદની કામગીરી માત્ર બીલ બનાવીને પૈસા લેવાની છે બીજી કોઈ કામગીરી કરતા નથી, હિસાબો લખતા નથી અને સેલ્સમેનનું કામ પણ કરતા નથી. આ સાહેદ ધંધાની બીલબુક રાખે છે. પોલીસે બીલબુક કબજે કરેલ નથી કે પોલીસને આપેલી નથી. દૈનિક વેચાણની નોંધ હિસાબી ચોપડામાં થાય છે તે કબૂલ કરે છે. હિસાબી ચોપડા પોલીસમાં રજૂ કરેલા નથી કે પોલીસે માંગેલા નથી. સરતપાસમાં જણાવેલ બ્રાન્ડવાળો માલ સુરતમાં આ સાહેદ સિવાય બીજા કોઈ રાખતા નથી. જે છોકરો માલ લેવા આવેલો તે અંદાજે ૧૫ થી ૨૫ વર્ષનો હશે. તે છોકરો દુબળો પાતળો અને ઘઉંવર્ણનો હતો, તેની ઉંચાઈ પાંચ ફુટની આસપાસ હશે. પ્રથમ વખત પોલીસે બોલાવ્યા ત્યારે નિવેદન લીધેલુ કે કેમ? તે યાદ નથી. પોલીસે કિલ્લામાં જઈને મેજિસ્ટ્રેટને મળવાનું કહેલુ. કયા મેજિસ્ટ્રેટને મળવાનું કહેલુ તેમનુ નામ ચોકકસ યાદ નથી. મેજિસ્ટ્રેટનો હોદ્દો શું હતો તેની ખબર નથી. મેજિસ્ટ્રેટે રૂમમાં બેસાડેલા ત્યાં ઓળખ વિધિ થયેલાની હકીકત નકારે છે. ઑફિસમાં ઉભા રાખેલા વ્યકિતઓની કોઈ પુછપરછ કરેલી નહીં. કાર્યવાહી પુરી થયા બાદ નીકળી ગયેલા. નટ–બોલ્ટના વેચાણ વખતે બે સેલ્સ મેન નોકરી કરતા હતા, એક અબ્બાસભાઈ અને બીજા લક્ષ્મણભાઈ હતા. તે છોકરાને અબ્બાસભાઈએ એટેન્ડ કરેલો. વેચાણ આપેલ નટ–બોલ્ટની સાઈઝ કહી શકે નહીં. તે છોકરો દુકાનમાં અર્ધો કલાક રોકાયેલો તેવી હકીકત પોલીસ નિવેદનમાં લખાવેલી નથી તે હકીકત નકારે છે. બીજી વખત માલ લેવા આવે ત્યારે વીઝીટીંગ કાર્ડ માંગેલુ તો તે હકીકત નકારે છે. બતાવવામાં આવેલો મુદ્દામાલ અગાઉ કયારેય બતાવવામાં આવેલો નથી. ડી.સી.બી. પોલીસ કચેરી તરફથી બોલાવવા સંબંધે કોઈ સમન્સ કે નોટિસ બજાવેલી નથી.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ સુરત ખાતે "કમલા હાર્ડવેર" ના નામની દુકાન ઉપર સને–૨૦૦૮ની સાલમાં નોકરી કરતા હતા. આરોપી નં.૬૩ મહમદ તનવીર પઠાણ જુલાઈ–૨૦૦૮માં કમલા હાર્ડવેરમાંથી નટ–બોલ્ટ ખરીદીને લઈ ગયેલ હતો. સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવો બન્યા બાદ આરોપી નં. ૬૩ મહમદ તનવીર પઠાણને પકડાયા બાદ તા. ૨૯.૮.૨૦૦૮ ના રોજ આ સાહેદે આરોપી નં.૬૩ ને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેદ નં.૫૭૫ કીર્તનભાઈ ચતુરભાઈ પટેલનાઓની રૂબરૂમાં આંક–૩૦૭૯ ના ઓળખ પરેડના પંચનામા દરમ્યાન ઓળખી બતાવેલો છે. આ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેદ નં.૫૭૫ કીર્તનભાઇ ચતુરભાઇ પટેલની જુબાનીની આગળ ઉપર ચર્ચા કરી છે માટે તેનુ પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે અહમદનુર અબ્દુલ રહીમ તંબુવાલાને સાહેદ નં.૮૫૯ તરીકે આંક–૬૦૧૮ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ જન્મથી સુરતમાં રહે છે અને ચોકબજારમાં તાડપત્રીનો ધંધો કરે છે. સને–૨૦૦૮ના સપ્ટેમ્બર માસમાં પોલીસ કોઈ વ્યક્તિને લઈને તેમની દુકાને આવેલી તે વ્યક્તિનું નામ તન્વીર હતું. તન્વીર તેમને ત્યાંથી ગાડીનું કવર લઈ ગયેલ હોવાથી તેની પુછપરછ માટે પોલીસ આવેલી. આ સાહેદે તન્વીરને રૂા.૩૦૦/– કે રૂા.૩૫૦/–મા કવર વેચેલું. વધુમાં સાહેદ સેશન્સ કેસ નં.૪૧૨/૨૦૦૯ ના કામના આંક–૨૩૩૬વાળા મુદ્દામાલ લીસ્ટની અનુક્રમ નં.૩૭ મા જણાવેલ કવર તેમની દુકાનનું હોવાનું ઓળખી બતાવે છે. સાહેદને ટી.વી. સ્ક્રીન થકી ચાર–ચારની સંખ્યામાં આરોપીઓ બતાવવામાં આવતા આરોપીને ઓળખી શકતા નથી અને જણાવેલ છે કે લાંબો સમય થયેલ હોવાથી ઓળખી શકે નહીં.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદનો ધંધો સારો નથી તે હકીકત નકારે છે. આ સાહેદની દુકાને માત્ર ૫ થી ૧૦ ગ્રાહકો આવે છે તો તે હકીકત નકારે છે. ધંધો સારો ચાલે છે અને દૈનિક ૫૦–૬૦ ગ્રાહકો આવે છે તો

તે કબૂલ કરે છે. કઈ તારીખે કયો ગ્રાહક આવેલો તે કહી શકે નહીં. માલ વ્યવહારના હિસાબી ચોપડાઓ અને બીલો રાખે છે. માલ વેચાણના બીલની બે પ્રત રાખે છે. તે પૈકી અસલ પ્રત ગ્રાહકને આપે છે. તનવીરને માલ વેચાણનુ બીલ આપેલુ કે કેમ તે યાદ નથી. ઘણા સમય પછી કોઈ માલ બતાવવામાં આવે તો તેને ઓળખી શકે પરંતુ બીલ પરથી તે વ્યકિતને માલ આપવામાં આવેલ છે તે રીતે ઓળખી શકે નહીં. પોલીસ બીલ બુક લઈ ગયેલી કે કેમ? તે ધ્યાનમાં નથી. પોલીસ આ સાહેદ પાસે આવી ત્યારે તનવીરનું બીલ બતાવવામાં આવેલુ કે કેમ? તે યાદ નથી. ડી.સી.બી. પોલીસ સ્ટેસને બોલાવવામાં આવેલા તો તે હકીકત નકારી છે. બતાવવામાં આવેલ મુદ્દામાલ કવર તેની નિશાની ઉપરથી ઓળખી બતાવેલ છે તેવી હકીકત પોલીસ નિવેદનમાં લખાવેલી નથી. પોલીસના કહેવાથી અને પોલીસને મદદ કરવા ખોટી રીતે મુદ્દામાલ ઓળખી બતાવેલો છે તો તે હકીકત નકારેલ છે. બનાવના અરસામાં કેટલા કવરનુ વેચાણ થયેલુ તે યાદ નથી. મુદ્દામાલ કારનું કવર બીજી દુકાનોવાળા પણ વેચતા હશે. દરેક કવર ઉપર મોડલના નામ લખવામાં આવતા હતા. કવર ઉપર ઓળખ માટે કોઈ નિશાની કરવામાં આવતી ન હતી તે કબૂલ કરે છે. બીજા શહેરોમાં પણ ઘણી બધી વ્યકિતઓ કારનું કવર બનાવી તેનુ વેચાણ કરતા હોય છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ સુરત ખાતે ચોક બજારમાં "એ.એમ.તાડપતરીવાળા" ના નામથી દુકાન ચલાવે છે. જુલાઇ–૨૦૦૮ની સાલમાં આરોપી નં.૬૩ મહમદ તનવીર પઠાણનાઓ દુકાન ઉપર ગયેલા અને વેગન આર કારને ઢાંકવા માટે પ્લાસ્ટીકનું કવર રૂા.૩૫૦/– આપીને ખરીદ કરેલુ હતુ.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે રમેશ માણેકલાલ જીંદાલને સાહેદ નં.૮૬૧ તરીકે આંક–૬૦૨૬ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ છેલ્લાં આશરે વીસેક વર્ષથી તેઓ સુરત ખાતે રીંગરોડ આવેલ હરિઓમ માર્કેટમાં ધંધો કરે છે. તેઓ જીંદાલ સિલ્ક મિલ્સના નામે ધંધો કરે છે અને જેન્ટસ એન્ડ લેડીઝ કાપડનો ધંધો કરે છે. તેમના ભાગીદાર રાધેશ્યામભાઈ

ઠક્કર છે. તેમની દુકાને પોલીસના સાહેબ તેમની સાથે ત્રણ–ચાર માણસ તથા આરોપી આવેલાં. સાહેબે પુછેલું કે આમને તમારે ત્યાંથી કાપડ લીધેલું છે? તો ત્યારે કહેલું કે તે દિવસે તેમના ભાગીદાર રાધેશ્યામભાઈ હતાં અને રાધેશ્યામભાઈએ ઈન્ડિગો કાપડ વેચેલું હતું. તેમને ત્યાં આગળ પોલીસ રફીક કે તન્વીરને લઈને આવેલ. આ સાહેદે તેના જૂના કેશ મેમો જોયેલાં. જેમાંથી રફીકના નામનો કેશ મેમો મળેલો. જે બીલ અંદાજે રૂા.૨૪૦૦/– નુ હતું અને ૨૦૦ મીટર આસપાસનું હતું અને તે વખતે સાહેબને કેશ મેમો બુક આપેલી. સાહેદને સેશન્સ કેસ નં.૪૧૮/૨૦૦૯ ના મુદ્દામાલ આર્ટીકલ લીસ્ટ આંક–૨૩૫૦ પૈકી અનુક્રમ નં.૭૩ વાળી બીલબુક કેશ મેમો જેમાં પાના નં. ૧ થી ૯૧ ના નંબરોનો સીરીયલ નં.૬૭ વાળા પાના ઉપર રફીકભાઈ, ઈન્ડિગો ૨૪૮ મીટર, ૩.૯.૭૫ મીટરના એ રીતે રૂા.૨૪૧૮/– લખેલાં તેમા તેમના ભાગીદાર રાધેશ્યામભાઈના હસ્તાક્ષરમાં છે જે ઓળખી બતાવે છે જે આંક–૬૦૨૭ થી રજૂ રાખેલ છે. આંક–૨૮૧૭ વાળી બીલબુકનું છેલ્લા પાના જેના ઉપર પંચોની સહી અને રજૂ કરનાર તરીકે સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે તેમજ સેશન્સ કેસ નં.૪૧૮/૨૦૦૯ ના મુદ્દામાલ આર્ટીકલ લીસ્ટ આંક–૨૩૫૦ પૈકી અનુક્રમ નં.૧૯ વાળો મુદ્દામાલ કાપડ આ સાહેદની દુકાનનુ હોવાનુ ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો બનાવના અરસામાં આ સાહેદની દુકાનમાં એક વ્યકિત નોકર તરીકે કામ કરતા હતા. આ સાહેદની દુકાન ભરચક વિસ્તારમાં આવેલી છે તે કબૂલ કરે છે. દુકાનમાંથી ગ્રાહક નીચે ઉતર્યા પછી તેને ઓળખી શકે નહીં તે કબૂલ કરે છે. પરંતુ સાહેદે જણાવેલુ છે કે વારંવાર માલ લેવા આવે તો તેને કયુ કાપડ આપેલુ તે યાદ રહે છે. બતાવવામાં આવેલ મુદ્દામાલ કાપડ રફીક નામની વ્યકિત જ લઈ ગયા હતા તે કહી શકે નહીં તે કબૂલ કરે છે. પરંતુ સાહેદ ખુલાસામાં જણાવે છે કે બીલ ભાગીદારે બનાવેલુ હતુ. બતાવવામાં આવેલ મુદ્દામાલ કાપડ સુરતના બજારમાં મળે છે તે કબૂલ કરે છે. બતાવવામાં આવેલ કાપડ બીજી દુકાનનું હોય તો તેને ઓળખી શકે નહીં તો તે હકીકત નકારી છે. માલ વેચાણનુ કામ આ સાહેદ તથા તેમના ભાગીદાર કરે છે.

માલ બતાવવાનું કામ નોકર કરે છે તે કબૂલ કરે છે. જે ગ્રાહકને કપડુ વેચેલુ હોય તે સમયે કોણ ગ્રાહક આવેલા તે ઓળખી શકે નહીં તે કબૂલ કરે છે. આંક–૨૩૫૦ વાળા મુદ્દામાલ કાપડ જોઈને સાહેદ જણાવે છે કે લોટ નંબર વંચાતો નથી. બતાવવામાં આવેલુ કપડુ કેટલા મીટરનું છે તે કહી શકે નહીં. સાહેદે જણાવેલુ છે કે કાપડ કપાયેલુ છે. કાપડ વેચાયુ ત્યારે કેટલા મીટરનું હતુ તે પણ કહી શકે નહીં તે કબૂલ કરે છે. કવોલીટીના આધારે સાહેદ જણાવે છે કે આ કાપડ તેમની દુકાનનું છે. ઈન્ડિગો કવોલીટી આ સાહેદની છે. બતાવવામાં આવેલ કાપડ ઉપર કોઈ જગ્યાએ ઈન્ડિગો લખેલુ નથી તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદ જે કાપડનો ધંધો કરે છે તે કાપડ સહેલાઈથી ઓળખી શકે. કાપડ ઉપર નંબર ન હોવાના કારણે આ કાપડ આ સાહેદની દુકાનનું નથી તેવુ અનુમાન થઈ શકે નહીં. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ કાપડનો તાકો ૧૧૦ મીટરનો આવે છે. કાપડ ઉપર આ સાહેદના માણસનું રાઈટીંગ છે. કાપડ આ સાહેદની દુકાનમાંથી વેચાયેલુ છે તે સંબંધે કોઈ વિશેષ નિશાની કરવામાં આવેલી નથી તે કબૂલ કરે છે. બતાવવામાં આવેલા કાપડમાં લોટ નંબર, કવોલીટી કે ચોકના લખાણ કે નિશાની જોવા મળતી નથી. આ વિગતના અભાવે કાપડ આ સાહેદની દુકાનનું નથી તો તે હકીકત નકારે છે. બીલ બુક કમ કેશ બુકનું પહેલુ પાનુ આંક–૬૦૨૭ વાળુ બતાવવામાં આવે છે તે જોઈને સાહેદ જણાવે છે કે તે ઓર્ડર કમ કેશ મેમો છે. તેમાં કાપડનો લોટ અને રંગનો ઉલ્લેખ નથી. કયા રંગનુ કેટલા મીટર કાપડ છે તેનો ઉલ્લેખ નથી તે કબૂલ કરે છે. તાકામાંથી ૪૮ મીટર કાપીને આપેલ છે તે કબૂલ કરે છે. તેનો અર્થ એવો થાય કે આ સાહેદની દુકાનેથી આરોપી તનવીરે ૪૮ મીટર કાપડ ખરીદેલુ અને આ સાહેદે તાકામાંથી કાપીને આપેલુ હતુ. આંક–૬૦૨૭ વાળા બીલ ઉપર કાપડ લેનારની સહી નથી તે કબૂલ કરે છે. પોલીસને કાપડ ખરીદ કર્યાનુ બીલ આપેલ નથી તે કબૂલ કરે છે. આ મુદ્દામાલ કાપડ કયારે ખરીદેલુ તે કહી શકે નહીં. પોલીસને ઈન્ડિગો કાપડના કોઈ નમૂના આપેલા નથી. પોલીસે તનવીર અંગેની કોઈ માહિતી આપેલી નથી. આ સાહેદ તથા તેમના ભાગીદાર રાધેશ્યામભાઈ સાથે

કુરજા રોડ પોલીસ સ્ટેસને ગયેલા તે કબૂલ કરે છે. ઓર્ડર કમ કેશ મેમો બુક ૫૦ પેઝની હતી. ઓર્ડર કમ કેશ મેમોમાં તમામ હસ્તાક્ષરો ભાગીદારના છે તો તે હકીકત નકારી છે. પોલીસ રફીક કે તનવીર નામના માણસને દુકાન ઉપર કયારેય લઈને આવેલી નથી તો તે હકીકત નકારે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ સુરત ખાતે હરીઓમ માર્કેટમાં "જીન્દાલ સીલ્ક મીલ્સ" ના નામની દુકાન ધરાવી ૨૦૦૮ ની સાલમાં કાપડનો વેપાર કરતા હતા. તા.૧૨.૭.૨૦૦૮ ના રોજ આરોપી નં.૬૩ મહમદ તનવીર પઠાણ તથા તેનો મિત્ર રફીક બંને આ સાહેદની દુકાનેથી ઈન્ડિગો માર્કાનું દુપટ્ટાનું કાપડ ૨૪૮ મીટર રૂા.૨૪૧૮/– આપીને ખરીદ કરેલ હતુ અને તે અંગેનુ જે બીલ બનાવેલુ તે બીલ બુક આંક–૬૦૨૭ વાળી આ સાહેદે પોલીસ સમક્ષ રજૂ કરેલી. આંક–૬૦૨૭ વાળુ બીલ કાર્બન કોપી છે અને તેમા તા.૧૨.૭.૨૦૦૮ લખેલી છે. આ બીલ રફીકના નામનુ છે. ઈન્ડિગો લખીને ૨૪૮ મીટર ૯/૭૫ અને રકમ રૂા.૨૪૧૮/– લખેલી છે. બીલ બુકના છેલ્લા પાને બંને પંચોની સહીઓ છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે રાધેશ્યામ મદનલાલ ઠકકરને સાહેદ નં.૯૮૪ તરીકે આંક–૬૮૫૧ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ "જીંદાલ સીલ્ક મીલ"ના નામે હરીઓમ માર્કેટ, રીંગરોડ ખાતે દુકાન ચલાવે છે અને ભાગીદાર તરીકે રમેશભાઈ જીંદાલ છે. તા.૨.૧૦. ૨૦૦૮ ના રોજ પોલીસે આવીને પુછેલ કે તમારી પાસેથી બે માણસો કાપડ લઈ ગયેલા તો આ સાહેદે જણાવેલ કે ઘણા બધા લોકો લઈ જાય છે. પોલીસે એવુ પુછેલ કે થોડા દિવસ પહેલા બે માણસો કપડા લઈ ગયેલા તેને ઓળખી શકો તો જણાવેલ કે સામે આવે તો ઓળખી શકે. સાહેદ આંક–૬૦૨૭ વાળી તેમની દુકાનની ચલણ બુક તેમના હસ્તાક્ષરમાં લખેલાનું ઓળખી બતાવે છે. તેમજ સદર ચલણમાં રફીકભાઈ નામના માણસને ઈન્ડિગો કાપડ ૨૪૮ મીટર રૂા.૯.૭૫ પ્રતિ મીટરના ભાવે રૂા.૨૪૧૮/–નું લીધેલાનું જણાવેલ છે. આ સાહેદ જણાવે છે કે બે માણસ કપડા ખરીદવા આવેલા તે પૈકી એક બટકો અને મોઢા પર

ખીલ જેવા ડાઘા હતા અને ઘઉંવર્ણનો હતો અને બીજો વ્યકિત લાંબો અને મજબુત હતો. સાહેદને સેશન્સ કેસ નં.૪૧૮/૨૦૦૯ ના મુદ્દામાલ લીસ્ટ અંક–૨૩૫૦ ના આર્ટીકલ નં.૧૯ વાળા પીળા, કથ્થઈ, મરૂણ અને ભુરા રંગનુ કાપડ જે તેમની દુકાનેથી વેચેલાનું ઓળખી બતાવે છે.

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ તા.૬.૧૦.૨૦૦૮ નાં રોજ મેજિસ્ટ્રેટની કચેરી ચોક બજાર કિલ્લામાં બોલાવેલ જેથી કચેરીમાં ગયેલા અને ત્યાં મેજિસ્ટ્રેટ સાહેબને મળેલા ત્યાં નામ, સરનામુ પુછેલુ. ત્યારબાદ મેજિસ્ટ્રેટ સાહેબે પુછેલ કે તમારી દુકાનમાંથી બે માણસો કાપડ લઈ ગયેલા હતા તેને ઓળખી શકો. ત્યારપછી થોડીવાર બહાર બેસવાનું કહેલુ અને એક રૂમમાં બેસાડેલા. ત્યારબાદ અડધા પાણા કલાક પછી ફરી બોલાવેલ. ત્યાં મેજિસ્ટ્રેટ સાહેબ હતા અને બીજા બે માણસો હતા અને તે સિવાય બીજા કોઈ માણસો હતા નહીં. ત્યાં સાહેદનુ નામ સરનામુ અને ઓળખપત્ર માગેલુ. પછી દસેક જણાને બોલાવેલા અને કહેલ કે આમાથી તમે બેને ઓળખી શકો જેથી હા પાડેલી. ત્યાં લાઈનમાં માણસો ઉભા હતા તેમાંથી એક માણસને પકડી બહાર કાઢેલો. સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ એક મહિના બાદ અગિયાર મહિનામાં ફરી મેજિસ્ટ્રેટની ઑફિસે ગયેલા અને સાહેબે આ સાહેદનું નામ, સરનામુ પુછેલુ અને બીજા માણસને ઓળખી શકશો જેથી હા પાડેલી. ત્યારબાદ બહાર રૂમમાં બેસવાનું જણાવેલ અને થોડીવાર પછી ફરી બોલાવેલા અને ફરીથી નામ, સરનામુ પુછેલુ અને બે માણસ હતા અને મેજિસ્ટ્રેટ સાહેબ હતા અને ત્યાં દસ અજાણ્યા માણસો હતા અને તેમાંથી ઓળખવા માટે કહેલુ. ત્યારબાદ એક માણસને કાઢીને મેજિસ્ટ્રેટ સાહેબ સામે લાવેલા. સાહેદ વધુમાં જણાવે છે કે પ્રથમ વખત અને બીજી વખત જેમને ઓળખી બતાવેલા તે આ સાહેદને ત્યાંથી દુકાનેથી કાપડ લઈ ગયેલા તેમ જણાવે છે. ઘણો સમય થયેલ હોવાથી બંને માણસોને ઓળખી શકે નહીં તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પોલીસે આ સાહેદના ૩ વખત જે નિવેદનો લીધેલા તે વખતે કેવુ કાપડ હતુ તેની કોઈ જાણકારી પોલીસને

આપેલી નહીં તે કબૂલ કરે છે. નિવેદનો લીધા તે વખતે પોલીસે કાપડ લીધેલુ નહીં તે કબૂલ કરે છે. કાપડ વેચ્યા પછી જુબાનીના દિવસે પ્રથમ વખત તે જોયેલુ છે તે કબૂલ કરે છે. પોલીસે આ કાપડ જયાંથી પણ કબજે કરેલુ તે આ સાહેદની હાજરીમાં કબજે કરેલુ નહીં તે કબૂલ કરે છે. આવુ કાપડ સુરતમાં ઘણી બધી દુકાનોમાં મળે છે તે કબૂલ કરે છે. ઓળખમાં બોલાવ્યા તે બાબતે નોટીસ કે સમન્સ બજાવેલો નથી. પોલીસ જયારે દુકાને આવેલી ત્યારે આ સાહેદના ભાગીદાર રમેશભાઈને કહેલુ કે બીલ બનાવનાર ભાગીદારને મોકલજો જેથી આ સાહેદ રાજસ્થાનથી આવ્યા પછી ગયેલા. રાજસ્થાનથી કઈ તારીખે પાછા આવેલા તે યાદ નથી. મેજિસ્ટ્રેટ સાહેબને વર્ણન આપ્યાનું પોલીસને જણાવેલુ નહીં તે કબૂલ કરે છે. જે ૧૦ માણસો ઑફિસમાં હતા તે બધા એકસરખા હતા. તે માણસોમાં કેટલા હિન્દુ હતા અને કેટલા મુસ્લિમ હતા તેની ખબર નથી. તે લોકોના નામ સરનામા આ સાહેદે પુછેલા નહીં તે કબૂલ કરે છે. કાપડ લઈ જનારનું વર્ણન મેજિસ્ટ્રેટ સાહેબે લખેલુ કે કેમ તેનો ખ્યાલ નથી. બધા માણસો બટકા અને ખીલવાળા હતા તો તે હકીકત નકારે છે. બે માણસો જે દુકાને આવેલા તે પૈકી રફીક નામ કોને લખાવેલુ તે કહી શકે નહીં. બીજી વખતે જે ઓળખ કરી તે વખતે ૧૦ માણસો હતા પરંતુ તે કેવા હતા તેનો ખ્યાલ નથી. તે લોકોનું વર્ણન આપી શકે નહીં તે કબૂલ કરે છે. તેઓના નામ સરનામા પણ આ સાહેદની હાજરીમાં લીધેલા નહીં તે કબૂલ કરે છે. બીજી વખત ઓળખેલો માણસ કયા નંબરે ઉભેલો હતો તે કહી શકે નહીં. ઓળખ પરેડમાં ગયા જ નથી અને પોલીસના કહેવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારી છે. કાપડની દુકાન આ સાહેદ તથા તેમના ભાગીદાર ચલાવે છે તે અંગેનો કોઈ પુરાવો પોલીસને આપેલો નહીં. દુકાનમાં માલ ખરીદ વેચવાના તેમજ ટેક્ષ વિગેરેના ચોપડા રાખે છે તે કબૂલ કરે છે. સ્ટોક રજીસ્ટરની નકલ પોલીસને આપેલી નથી. છેલ્લા છ મહીનાથી માલ ખરીદ કર્યા અંગેના કોઈ ચોપડા પોલીસને આપેલા હોય તેવુ બનેલુ નથી. આ સાહેદ રાજસ્થાન ગયા ત્યારે રમેશભાઈએ ફોન કરીને જણાવેલુ હોય કે પોલીસ આપણી દુકાને આવેલી અને પુછપરછ કરે છે આવુ ફોન

ઉપર કહેલુ હોય તો યાદ નથી. સુરતમાં કઈ કોર્ટો કઈ–કઈ જગ્યાએ આવેલી છે તેની ખબર નથી. મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં ગયા તે દરમ્યાન પોલીસના કોઈ માણસે ચીઠ્ઠી કે કાગળ આપેલો હોય તેવુ બનેલુ નથી. પ્રથમ વખત પોલીસ આવી ત્યારે તે વ્યકિતઓનું વર્ણન આપેલુ હોય અને પોલીસે ફોટા બનાવેલા હોય તેવુ બનેલ નથી. કાપડ લઈ જનાર શંકાસ્પદ વ્યકિતઓ ૧૫–૨૦ કે તેથી વધારે દિવસથી અમારી કસ્ટડીમાં છે તેવુ પોલીસે જણાવેલુ નહીં. આંક–૬૦૨૭ વાળી બુકમાં રફીકભાઈનું નામ લખેલુ છે પરંતુ તેમની સહી નથી. બીલ બુકમાં સીરીયલ નંબરો હાથથી લખેલા છે તે કબૂલ કરે છે. આંક–૬૦૨૭ વાળી બુકમાં કયા કયા કલરના દુપટ્ટાનું વેચાણ કરેલુ તેનુ વર્ણન લખેલુ નથી તે કબૂલ કરે છે. સરતપાસમાં જણાવ્યા પ્રમાણે તા.૧૨.૭.૨૦૦૮ના અરસામાં આ સાહેદની દુકાનેથી બે અજાણ્યા માણસોએ ઈન્ડિગો દુપટ્ટાનું ૨૪૮ મીટર કાપડ ખરીદ કરી લઈ ગયેલા નહીં તો તે હકીકત નકારી છે. સરતપાસમાં જણાવ્યા પ્રમાણે બે વખત જુદા–જુદા સમયે કોર્ટમાં જઈને બે વ્યકિતઓને ઓળખેલ નથી તો તે હકીકત પણ નકારી છે. પોલીસના કહેવાથી અને સમજાવવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ "હરીઓમ માર્કેટ" માં "જીંદાલ સીલ્ક મીલ"ના નામથી સુરત મુકામે કાપડનો વેપાર ધંધો કરે છે. અમદાવાદમાં થયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવો તેમજ સુરત ખાતે થયેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવો અગાઉ તા.૧૨.૭.૨૦૦૮ નાં રોજ આરોપી નં.૪૫ ફજલે રહેમાન દુરાની તથા આરોપી નં.૬૩ મહમદ તનવીર બંને આ સાહેદની દુકાનેથી ઈન્ડિગો દુપટ્ટાનું ૨૪૮ મીટર કાપડ ખરીદ કરીને લઈ ગયેલા હતા. સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવો બન્યા બાદ આરોપી નં.૬૩ મોહંમદ તનવીર ઉર્ફે તલ્હા મોહંમદ અખ્તર પઠાણને પકડાયા બાદ તા. ૧૮.૧૧.૨૦૦૮ ના રોજ આ સાહેદે આરોપી નં.૬૩ ને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૭૫ કીર્તન ચતુર પેટલનાઓની રૂબરૂમાં આંક–૩૦૮૨ ના ઓળખ પરેડના પંચનામા દરમ્યાન ઓળખી બતાવેલો છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે સંજયભાઈ ગોરધનભાઈ પટેલને સાહેદ નં.૪૪૬ તરીકે આંક–૨૭૫૬ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૨૮/૭/૨૦૦૮ ના રોજ ચોક બજાર પાસેથી નીકળતા હતા ત્યારે એન.એસ.ચૌધરી પોલીસ સબઇન્સ્પેકટરે તેમને ઉભા રાખેલા અને એવુ કહેલુ કે સાહેબ પાસે અંદર આવો થોડુ કામ છે તેથી તેમની સાથે ગયેલો. આ વખતે બપોરના બાર વાગ્યાની આજુબાજુનો સમય થયો હશે. આ સાહેદને ક્રાઈમ બ્રાન્ચ પોલીસ સ્ટેશનમાં પરમાર પાસે લઈ ગયેલા. ત્યાં એક અજયભાઈ પટેલ હાજર હતા. પરમાર સાહેબે કહેલું કે કાપોદ્રા પોલીસ સ્ટેશનના સેકન્ડ ગુના રજી.નં.૧૭૬/૦૮ના કામે આરોપી તનવીર પઠાણ જે રીમાન્ડ ઉપર છે તે ગુના અંગે કાંઈક બોલવા અને બતાવવા માંગે છે તો તમે પંચ તરીકે રહેવા ખુશી છો? જેથી બંને પંચોએ "હા" પાડેલી. ત્યાં આગળ આ આરોપી તનવીર પઠાણ હાજર હતો. આરોપીની ઓળખાણ પોલીસ અધિકારી પરમાર સાહેબે આપેલી. આ તનવીરે જણાવેલુ કે "મે ભાડે અપાવેલ મકાન હું બતાવવા માંગુ છે".

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યાં આગળ ટાટાની ગાડી હતી બધા તેમાં બેસેલા અને તનવીર જે પ્રમાણે રસ્તો બતાવતો હતો તે પ્રમાણે પહેલા મુગલીસરાથી વરીયાવી બજાર, ત્યાંથી તેણે ઈશારો કરી ડાબી બાજુ વળવાનું જણાવ્યુ તેથી ત્યાં આગળ જતા પાલીયા ગ્રાઉન્ડ આવેલુ. ત્યારબાદ એક નાની ખાડીનો પુલ આવેલો ત્યાંથી તનવીરે જમણી બાજુ વળવાનું કહેતા ત્યાં વાહન લીધેલુ. ત્યાં જમણી બાજુ વળ્યા પછી તેણે એક મકાન બતાવ્યુ અને ત્યાં ઉભા રાખવાનું કહ્યુ. તનવીરે આંગળી બતાવી કહેલુ કે આ મકાન મે ભાડે અપાવેલ. આ મકાન આગળ જઈને જોતા મકાનને તાળુ મારેલુ હતું. બાજુમાં મકાનની ચાવી છે તેવી પુછપરછ કરેલી. ચાવી ન મળતા પરમાર સાહેબે ગાડીમાંથી લોખંડના સળીયા જેવી ટ્રોમી મંગાવેલી. જેનાથી તાળુ તોડેલુ. આ તાળુ તોડેલુ તે જગ્યા રીવર વ્યુ સોસાયટીનું મકાન હતું. આ તાળુ તોડ્યુ તે વખતે તનવીર, આ સાહેદ તથા બીજા પંચ તથા પરમાર સાહેબ તથા અન્ય પોલીસના અધિકારીઓ હતા. આ તાળુ તોડયા પછી બધા અંદર ગયેલા. પહેલા એક રૂમ જોયેલો. જે રૂમ આશરે

૧૨ x ૧૪ જેવો હશે. આ રૂમ જે હતો તેમાંથી પાંચ નાના છરા, એક લાંબુ ચપ્પુ, એક કાતર, એક કટર, એક વ્હાઈટ પ્લાસ્ટિકની કારપેટ જોયેલું બીજો એક રૂમ પણ જોયેલો તે વચ્ચેનો રૂમ હતો બીજુ એક રસોડુ પણ જોયેલુ. આ બીજા રૂમમાં એક નારંગી કલરની થેલી, ત્રણ પ્લાસ્ટિકના વ્હાઈટ કલરના પારદર્શક ડબ્બા, એક પાંચ લીટરની ડોલ, બે ઓશીકા, એક ચોરસ ઓશીકુ, એક ચાદર, બે જેકેટ તેમાં એક વ્હાઈટ કલરનું જેકેટ હતુ. તેમજ ત્રણ થાળી જે રસોડામાં હતી. એક નાના બાટલો ચુલાવાળા ગેસનો હતો. એક ચમચો, પ્લાસ્ટિકની ચટાઈ, સાત કાળી થેલી, પચાસ ભુરી થેલી, એક બોલ્ટ મળેલ, તે વખતે એફ.એસ.એલ. ના માણસો આવેલા હતા તેઓએ બધા રૂમમાંથી ધુળની રજકણો પરિક્ષણ માટે લીધેલી. તે વખતે રમેશભાઈ વાયરમેન થકી એક લાઈટનું બોર્ડ કઢાવેલુ.

સાહેદ વધુમાં જણાવે છે કે તેઓએ જે કાંઈ જોયુ તેમાં છરા અને નટ બંને બે ડબીમાં મુકેલા પછી સહીવાળી કાપલી ડબી ઉપર લગાવી લાખથી સીલ મારેલું. બાકીની જેટલી વસ્તુઓ હતી તે કાપડમાં સીવીને પેક કરેલી અને પછી સહીઓ લઈ તેના ઉપર મુકી લાખથી સીલ કરવામાં આવેલુ. આ કાર્યવાહીનુ જે પંચનામુ બનાવવામાં આવેલ તે આંક–૨૭૫૭ થી રજૂ છે. આ પંચનામામાં સાહેદ પોતાની તેમજ અજયભાઈની અને રૂબરૂ તરીકે સાહેબની સહીઓ ઓળખી બતાવે છે. આરોપીઓને વીડિયો કોન્ફરન્સ થકી બતાવવામાં આવતા સાહેદ આરોપીને ઓળખી બતાવે છે.

સાહેદને પંચનામુ વાંચી સંભળાવતા જણાવે છે કે પંચનામામાં લખેલ હકીકત "લોખંડની પિત્તળના હાથા વાળી એક કાતર જેના હાથા ઉપર બે તારા અને અંગ્રેજીમાં ઝેડ એન્ડ સન્સ લખેલ છે જે કાતરના બે પાના વચ્ચે લાલ રંગનું નાનુ પ્લાસ્ટિક છે જે કાતરના પાનાની લંબાઈ સાડા તેર સે.મી. તથા હાથાની લંબાઈ તેર સે.મી. છે જે કાતરને પારદર્શક પ્લાસ્ટિકની કોથળીમાં મુકી કાપડમાં દોરી વડે સીવી લઈ જેના ઉપર અમો પંચોની સહીઓ વાળી કાપલી બાંધી લાખ વડે પોલીસ ઈન્સ્પેકટર ડી.સી.બી. સુરત શહેરના માર્કાવાળુ સીલ કરી માર્ક –એ/૨ આપેલ" તે ખરી હોવાનું જણાવેલ છે. વધુમાં પંચનામામાં

લખેલ હકીકત "સફેદ રંગની પ્લાસ્ટિકની શીટ એક જેની લંબાઈ ૪–૮ અને પહોળાઈ ૨–૧૧–૧/૨ છે જેની એક બાજુની ધાર ઉપર સેલોટેપ લગાડેલાના નિશાન છે જે નિશાન વાળા ભાગે સીટ પર ચીકણા પદાર્થના અવશેષ જણાય છે. જે અંગે એફ.એસ. એલ. અધિકારીઓએ ચુના વડે પ્રાથમિક કસોટી કરતા તેમાંથી એમોનિયાની વાસ આવે છે જેની ગડી વાળી કાપડમાં સીવી લઈ દોરી વડે અમો પંચોની કાપલી બાંધી લાખ વડે પોલીસ ઈન્સ્પેકટર ડી.સી.બી. સુરત શહેરના માર્કાવાળુ સીલ કરી માર્ક–એ/૯ આપેલ" તે ખરી હોવાનું જણાવેલ છે. સાહેદને સેશન્સ કેસ નં. ૪૧૮/૨૦૦૯ ના મુદ્દામાલ લીસ્ટ આંક–૨૩૫૦ ના ક્રમાંક નં. ૩૪ થી ૬૭ નો તમામ મુદ્દામાલ બતાવવામાં આવતા સાહેદ મુદ્દામાલ ઓળખી બતાવે છે તેમજ મુદ્દામાલ સાથે નીકળે પંચ સ્લીપો આંક–૨૭૫૮ થી ૨૭૬૧ માં સાહેદ પોતાની તેમજ અજયભાઈની સહીઓ ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ ધો.૧૦ સુધી ભણેલા છે અને હીરાની દલાલીનું કામ કરે છે. પંચનામાના દિવસે ક્રાઈમ બ્રાન્ચ પોલીસ સ્ટેશનની બાજુમાં આવેલ પેટ્રોલ પંપ ઉપર પેટ્રોલ પુરાવવા ગયેલા હતા. બીજા પંચ અજયભાઈને અગાઉ કયારેય મળેલા નથી. આ સાહેદ અગાઉ કયારેય પોલીસ સ્ટેશનમાં ગયેલા નથી. અગાઉ કોઈ પંચનામાની કાર્યવાહી જોયેલી કે કરેલી નથી તે કબૂલ કરે છે. પોલીસ સ્ટેશનની કાર્યવાહી અંગે કોઈ જાણકારી નથી. પંચનામુ પોલીસે લખેલુ છે તો તે હકીકત નકારે છે. સાહેદ જણાવે છે કે પંચનામુ મેં લખાવેલુ. પંચનામામાં આરોપીની ઓળખાણ પરમાર સાહેબે કરાવેલી તેવો ઉલ્લેખ નથી તો તે હકીકત નકારી છે. આરોપીની જાહેરાત સંબંધી કોઈ પુછપરછ કરેલી નથી. પંચનામા વખતે પંચો, આરોપી, પરમાર સાહેબ અને ચૌધરી સાહેબ તથા બીજા પોલીસ અધિકારીઓ હતા. વાહનમાં પંચો, પરમાર સાહેબ, આરોપી અને ત્રણ પોલીસવાળા હતા. ડ્રાઈવર મકાન ઉપર સીધો લઈ ગયેલો તો તે હકીકત નકારી છે. સાહેદે જણાવેલુ છે કે આરોપીએ બતાવેલુ તે મુજબ ગયેલા. રસ્તામાં કોઈ વાતચીત થયેલી નહીં. મકાન ઉપર ૧૫ મિનિટમાં પહોંચેલા. મુદ્દામાલ સામાન ઘરવખરી સ્વરૂપનો છે જે સામાન્ય માણસના ઘરમાં

હોય છે તે કબૂલ કરે છે. કેટલી કાપલીઓ ઉપર સહીઓ કરેલી તેની ખબર નથી તો તે કબૂલ કરે છે. પરંતુ સાહેદ જણાવે છે કે આર્ટીકલની સંખ્યામાં સહીઓ કરેલી. મકાન ઉપર તાળુ તોડતા આજુબાજુના માણસો ભેગા થયેલા. મકાનની ચાવી માટે ત્યાં હાજર માણસોની પોલીસે પુછપરછ કરેલી. આખુ પંચનામુ પોલીસ ભાષામાં લખવામાં આવેલુ છે. મકાન ઉપર પોલીસ પોતાની મરજીથી ગયેલી તો તે હકીકત નકારે છે. સરતપાસમાં જણાવેલ મુદ્દામાલ મકાન ઉપરથી કબજે કરેલ નથી તો તે હકીકત નકારી છે. પંચનામામાં લખેલી વિગત આ સાહેદની હાજરીમાં લખવામાં આવેલી છે તે કબૂલ કરે છે. આ પ્રશ્નનો અર્થ એવો થાય કે પંચનામામાં લખેલી વિગત આ સાહેદે લખાવેલી છે જે આરોપીઓ તરફથી કબૂલ કરવામાં આવેલી છે તેમ કહી શકાય. ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમારનાઓએ કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી.નં.૧૭૬/૨૦૦૮ નાં કામે તા.૨૮.૮.૨૦૦૮ ના રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ અજય મંજીભાઈ પટેલનાઓને ડી.સી.બી. પોલીસ સ્ટેશન સુરત ખાતે બોલાવેલા અને ત્યાં આરોપી નં.૬૩ તનવીર પઠાણ હાજર હતો. પંચો રૂબરૂ તે કંઈક કહેવા અને બતાવવા માંગતો હોવાથી પંચો, સ્ટાફના માણસો તથા આરોપીને લઈ તપાસ કરનાર અધિકારી આરોપીના કહેવા અને બતાવ્યા મુજબના રસ્તે જવા નીકળેલા. આરોપીએ જણાવેલુ કે જે મકાન ભાડે અપાવેલ તે મકાન બતાવી દઉ. જેથી આરોપી વરીયાવી બજાર થઈ વાહન લેવડાવેલુ અને એક જગ્યાએ ઈશારો કરી વાહન થોભાવડાવેલુ અને ત્યાં આંગળી ચીંધી જણાવેલુ કે આ મકાન મેં ભાડે અપાવેલુ. આ મકાન બંધ હતુ, દરવાજે તાળુ હતુ, તાળાની ચાવી પોતાની પાસે નહીં હોવાનું જણાવેલુ જેથી સરકારી વાહનમાંથી ટોમી મંગાવી મકાનના દરવાજા ઉપર તાળુ તોડેલુ અને ત્યારબાદ પંચો ,પોલીસ અધિકારી, આરોપીને સાથે રાખી મકાનમાં પ્રવેશ કરેલો અને તે મકાનમાંથી

જુદા–જુદા પ્રકારનો મુદ્દામાલ આંક–૨૭૫૭ ના પંચનામાની વિગતે કબજે કરેલો હતો.

આંક–૨૭૫૭ વાળુ પંચનામુ બનાવનાર અધિકારી સાહેદ નં. ૧૧૫૫ એન.બી.પરમારનાઓની જુબાનીના પેરા નં.૪ ધ્યાને લેતા તા.૨૮/૮/૨૦૦૮ ના રોજ કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી.નં.૧૭૬/૨૦૦૮ ના કામના પોલીસ રીમાન્ડ ઉપર હતા તે આરોપીઓ તન્વીર મોહમદ અખ્તર પઠાણનાઓ કંઇક કહિ કંઇક બતાવવા માંગતા હોવાથી તે અંગે પંચનામું કરવાનું હોવાથી બે પંચોને બોલાવેલા અને તેઓને પંચમાં રહેવા અંગેની સમજ કરેલી અને તેઓએ સ્વખુશી બતાવતા પંચો રૂબરૂ આરોપીનું નામ, ઠામ પુંછતા તેણે પોતાનું નામ "તન્વીર અખ્તર પઠાણ" બતાવેલું અને ત્યારબાદ આરોપીએ "ચાલો મે જે મકાન ભાડે અપાવેલ તે બતાવી દઉં" તેવું જણાવતાં હોઇ આરોપી, પંચો તથા પોલીસના માણસો સરકારી વાહનમાં બેસેલાં અને આરોપી કહે તે રસ્તે વાહન હંકારવા ડ્રાઇવરને સુચના આપેલી. તે અંગેનું પ્રાથમિક પંચનામું પૂર્ણ કર્યા બાદ સરકારી વાહનમાં રવાના થયેલાં અને ત્યારબાદ આરોપીએ "બતાવેલ મકાનની" તપાસ પંચો રૂબરૂ કરવામાં આવેલી અને તે મકાનના રૂમમાંથી ચટ્ટાઇ, ચાદરો વિગેરે તથા કાતર, કટ્ટર, હેકસોબ્લેડ, મોતી લખેલ નટ વિગેરે મળી આવેલા તે સમયે એફ.એસ.એલ.ના અધિકારીઓ તથા ફિંગર એકસપર્ટ અધિકારીને બોલાવી જરૂરી તપાસ કરાવેલી અને મકાનમાંથી મળી આવેલ ચીજવસ્તુઓ પંચનામાની વિગતે કબ્જે લેવામાં આવેલી. તે સમયે આરોપીએ બતાવેલ "મકાન નં.ડી/૩૪" ના મકાન માલીકને પણ બોલાવવામાં આવેલ. જે પંચનામું પંચોના લખાવ્યા મુજબનું લખી લેવામાં આવેલું. આંક–૨૭૫૭ વાળા પંચનામામાં સાહેદ પોતાની તથા પંચોની સહીઓ ઓળખી બતાવે છે. વધુમાં આંક–૨૭૬૬ વાળી યાદી જે એફ.એસ.એલ., સુરતના અધિકારીઓને આપવામાં આવેલ તેમાં પણ આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. એફ. એસ.એલ.ના અધિકારીઓ તરફથી આ પંચનામા દરમિયાન જે કાર્યવાહી કરવામાં આવેલી હતી તે અંગેનો ગુના સ્થળનો પ્રાથમિક અહેવાલ સાયન્ટિફિક ઓફિસર,

ઇન્વેસ્ટીગેશન વાન, સુરત તરફથી આપવામાં આવેલો જે આંક–૨૭૬૭ થી રજૂ રાખેલ છે. તેમજ આંક–૨૭૫૮ થી ૨૭૬૧ વાળી પંચસ્લીપોમાં પણ આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આંક–૨૭૫૭ ની વિગતે કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ પણ ઓળખી બતાવેલ છે. આ સાહેદની ઊલટતપાસના પેરા–૧૩૯ ધ્યાને લેતા આરોપી તનવીર પઠાણ અને જહીર પટેલની કસ્ટડી મેળવ્યા પછી તેઓના રહેણાંકના સરનામાની ખબર પડેલી તેમ જણાવે છે. તેઓના રહેણાંકના સરનામાની માહિતી મળી ગયેલી હતી માટે તેઓના ઘરની જડતી કરવા બંને આરોપીઓને લઈ જવાની જરૂર ન હતી તો તે હકીકત નકારે છે. આ પ્રશ્નનો અર્થ એવો થાય કે તપાસ કરનાર અધિકારી બંને આરોપીઓને લઈને તેઓના ઘરની જડતી કરવા માટે પંચોને સાથે રાખીને ગયેલા હતા તે સ્વીકારે છે તેમ કહી શકાય. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા બંને આરોપીઓ પોતાના ઘરે રહે છે તે અંગેના કોઈ દસ્તાવેજી પુરાવા મળેલા નહીં. આ સાહેદ જે તપાસ કરતા હતા તેની કેસ ડાયરી બનાવેલી પરંતુ રજૂ કરવા તૈયાર નથી. તનવીર પઠાણે કહેવાતી રીવર વ્યુ સોસાયટીવાળુ મકાન બતાવેલુ તે મકાનમાંથી ઓસામાબીન લાદેનના ફોટાવાળુ છાપુ મળેલાનુ જે કહે છે તે છાપુ કયુ હતુ તે કહી શકે નહીં. ઊલટતપાસના પેરા નં.૧૪૦ ધ્યાને લેતા ગેસનો બાટલો અને છાપુ ગુનાહિત વસ્તુ નથી તે કબૂલ કરે છે. ઊલટતપાસના પેરા નં.૧૪૧ ધ્યાને લેતા તનવીર પઠાણે રીવર વ્યુ સોસાયટીવાળુ મકાન ભાડે રાખ્યા અંગેનો કોઈ ભાડા કરાર મળેલો નહીં તે કબૂલ કરે છે. સાહેદે જણાવેલુ છે કે ભાડા કરાર બનાવેલો નહીં. તનવીર પઠાણે આવુ કોઈ મકાન ભાડે રાખેલુ નહીં માટે ભાડા કરાર કરેલો નહીં તો તે હકીકત નકારી છે.

આંક–૨૭૫૭ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે, પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "આરોપીએ પોતાનુ નામ સરનામુ" તથા "જે મકાન ભાડે અપાવેલ તે મકાન બતાવુ દઉ" તથા "આરોપીએ બતાવ્યા મુજબના રસ્તે વાહન ચાલેલુ" તથા "મકાન પાસે જઈ ઈશારો કરી વાહન થોભાવડાવેલુ" તથા "નીચે

ઉતર્યા પછી આંગળી ચીંધી મકાન બતાવેલુ" વિગેરે પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપીએ પોતે આપેલ માહિતી પ્રમાણેની જગ્યાએ મકાન આવેલુ હતુ તે મકાનનું ત્યાં અસ્તિત્વ છે માટે આ મકાન હોવાની માહિતી તેને પોતાને હતી જેથી તે હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય. આ મકાનમાં આરોપી રોકાયેલો તેની માહિતી આરોપીને હતી તેમજ મકાન તેણે જોયેલુ હતુ માટે પંચો તથા તપાસ કરનાર અધિકારીને આરોપી આ મકાન ઉપર દોરી ગયેલા, આ દોરી જવાનુ આરોપીનુ વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે.

તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમારનાઓએ આંક–૨૭૫૭ વાળા પંચનામુ સાહેદ નં.૭૫૬ તથા એફ.એસ.એલ. અધિકારી સાહેદ નં.૪૪૩ નાઓની હાજરીમાં બનાવેલુ અને પંચનામાની વિગતે મકાનમાંથી મળી આવેલો તમામ મુદ્દામાલ રવાનગી નોંધ આંક–૫૭૭૪ થી એફ.એસ.એલ. ગાંધીનગરને પૃથકકરણ અર્થે મોકલી આપેલ હતો. આ તમામ મુદ્દામાલોનું જુદા જુદા ત્રણ એફ.એસ.એલ. અધિકારીઓએ પૃથક્કરણ કરેલુ તે પૈકી સાહેદ નં.૮૩૫ હિતેષ જયંતિલાલ ત્રિવેદીએ કેટલાક મુદ્દામાલનું પૃથક્કરણ કરીને આંક–૫૮૩૪ વાળો અહેવાલ આપેલો તેમજ સાહેદ નં.૮૪૪ તેજલબેન શાહે પણ કેટલાક મુદ્દામાલનું પૃથકકરણ કરેલુ અને આંક–૫૮૨૬ વાળો અહેવાલ આપેલો. તેવી જ રીતે સાહેદ નં.૮૪૦ જાનમહંમદ ફકીરમહંમદ મન્સુરીએ પણ કેટલાક મુદ્દામાલનું પૃથકકરણ કરેલુ અને આંક–૫૭૭૬ વાળો અહેવાલ આપેલો હતો. એફ.એસ.એલ. અધિકારીઓએ જે જે મુદ્દામાલનું પૃથકકરણ કરેલુ અને જે જે અહેવાલો આપેલા તે તમામની વિગતવાર ચર્ચા કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૧૭૬/૨૦૦૮ ના કામે બનાવ પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે પુરાવા રજૂ થયેલા છે તે પુરાવાના કામે કરેલી છે માટે ફરીથી તેનુ પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે કલ્પેશ ઈશ્વરભાઈ પટેલને સાહેદ નં.૪૫૧ તરીકે આંક–૨૭૯૩ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ આ સાહેદને કે.એસ.પટેલ સાહેબે

ચોક બજાર, કુર્જી પોલીસ સ્ટેશન પાસે બોલાવેલા આ વખતે રાતના એક વાગ્યાનો સમય થયો હશે. પટેલ સાહેબે પોલીસ સ્ટેશનમાં અંદર લઈ ગયેલા. પોલીસ સ્ટેશનમાં તેમની સાથે બીજા એક ભાઈ નિલેશભાઈને પણ બોલાવેલા. પોલીસ સ્ટેશનમાં સુજાતા મેડમ પાસે લઈ ગયેલ હતાં. સાહેબે સમજ કરેલી કે એક આરોપી જેનું નામ તનવીર મહંમદ પઠાણ છે તે કંઈ કહેવા અને બતાવવા માંગે છે તે બાબતે પંચનામુ કરવાનું છે. તેથી પંચમાં રહેવા હા પાડેલી. આ તનવીરભાઈએ કંઈ કહેવા માંગે છે અને બતાવવા માંગે છે તેવુ જણાવેલ. ત્યારબાદ બધા ગાડીમાં બેઠેલા. ગાડીમાં સુજાતા મેડમ તથા વચ્ચે તનવીર તથા તેની આજુબાજુ બે કોન્સ્ટેબલ બેઠેલા અને પાછળ બંને પંચો બેઠેલા. ગાડીમાં બેઠા પછી તનવીરે રસ્તો બતાવેલો. તનવીર જેમ જેમ રસ્તો બતાવતો ગયો તે પ્રમાણે ડ્રાઈવર ગાડી લેતાં ગયા અને ત્યાંથી ડૉકટર હાઉસ પાસે જઈને ગાડી ઉભી રાખેલી. બધા ગાડીમાંથી બહાર નીકળેલા. આરોપી તનવીરે ત્યાં આંગળી બતાવીને કહેલું કે "આ જગ્યાએ બોમ્બ બનાવવાનો સામાન અને બોમ્બ લાલ કલરની વેગનઆરમાં મુકેલ હતો" ત્યાં સોનલ ભેલ કરીને જગ્યા હતી. ત્યાં આગળના ભાગે ગીતાંજલી ટોકીઝનો મેઈન રોડ પડે છે. આ જગ્યા મેઈન રોડ પર જ આવેલી છે. ત્યાર પછી બધા પાછા ગાડીમાં બેસી ગયેલા. પછી ત્યાંથી આગળ જવાનો અમોને રસ્તો તનવીરે બતાવેલો. ત્યાંથી સર્કલ વળીને મહારાણા ગાર્ડન તરણકુંડ આગળ ગાડી તનવીરે ઉભી રખાવેલી. પછી બધા તે જગ્યાએ ગાડીમાંથી નીચે ઉતરેલા. ત્યાં આંબાના ઝાડ પર આંગળીથી જગ્યા બતાવેલી "ત્યાં એક બોમ્બ મુકેલાનું તેમણે અમોને જણાવેલુ." આ જગ્યા મેઈન ગેઈટની બહાર આંબાના ઝાડ હતા ત્યાં હતી. ત્યાર પછી ત્યાંથી બધા ગાડીમાં બેઠેલા અને ત્યાર પછી તનવીરે રસ્તો બતાવેલો અને લંબે હનુમાન રોડથી વળીને અમને પુણા જનરલ હોસ્પિટલ પાસે લઈ ગયેલા. ત્યાં મેઈન રોડ ઉપર ગાડી ઉભી રખાવેલી. ત્યાં એક હાર્ડવેરની દુકાન છે ત્યાં આંગળી બતાવેલી અને "ત્યાં એક બ્લેક કલરની વેગન આરમાં બોમ્બ બનાવવાનો સામાન મુકેલો તેવુ તનવીરે કહેલું." ત્યાં આગળથી હીરાબજાર મીની સર્કલ પાસે નીકળાય. ત્યાર પછી પાછા ગાડીમાં

બધા બેસી ગયેલા. ત્યાંથી સીધુ ઓવરબ્રિજ બાજુ ગાડી લેવડાવેલી અને ત્યાં લાઈટના થાંભલા પાસે ગાડી ઉભી રખાવેલી. ત્યાં આગળ એક જાહેરાતનું બોર્ડ હતુ. આ જગ્યા આરોપીએ બ્રિજ ઉપરથી ઉભા રહીને બતાવેલી. આરોપીએ આંગળી બતાવીને આ જગ્યા બતાવેલી. આ જગ્યા બ્રિજ ઉપરથી એક હોર્ડીંગ્સ હતુ તે બતાવેલુ અને "આ જગ્યાએ બોમ્બ મુક્યાનું જણાવેલુ." ત્યાંથી બધા પાછા ગાડીમાં બેસી ગયેલા. ત્યાંથી સીધો રસ્તો પટેલ સમાજની વાડી પાસે જતો હતો ત્યાં આગળ ઉભા રહેલા. આ જગ્યાએ પણ તનવીરે ઉભા રાખેલા. પછી બધા ગાડીમાં બહાર ઉતરેલા. ત્યાં એક મંડપનો ગેટ બનાવેલો હતો. ત્યાં આંગળી બતાવીને "આ જગ્યાએ મે બોમ્બ મુકેલો" તેવુ જણાવેલુ. આ પટેલ સમાજની વાડી બોમ્બે માર્કેટ મેઈન રોડ ઉપર આવેલી. ત્યાંથી પાછા ગાડીમાં બેસી ગયેલા અને સીધો મેઈન રોડ તનવીરે બતાવેલો અને ત્યાં બોમ્બે માર્કેટ પાછળ મેઈન રોડ ઉપર ટોરેન્ટ પાવરનું પાવર સપ્લાયનું કમ્પાઉન્ડ છે. ત્યાં દિવાલ પાસે આંગળી બતાવી તનવીરે કહેલ કે "અહીંયા બોમ્બ મુકેલ છે" તેવુ જણાવેલુ. ત્યાંથી પાછા બધા ગાડીમાં બેસી ગયેલ અને ત્યાથી વરાછા વાળો મેઈન રોડ પકડીને ત્યાંથી આરોપીએ રાજહંસ મેઈન સર્કલ પાસેથી ગાડી લેવડાવેલી. ત્યાંથી અરવિંદ બજરંગ કાંટા પાસે ગાડી ઉભી રખાવેલી. ત્યાં છાપરાની દિવાલ પાસે આંગળી બતાવીને "તેમણે બોમ્બ મુકયાનું જણાવેલુ." ત્યાંથી પાછા ગાડીમાં બેસી ગયેલા. ત્યાંથી તનવીરે ગાડી લેવડાવતા ગાડી આગળ ચલાવેલી અને ફ્રીશ લેડીઝ કટલરી દુકાન છે ત્યાં દુકાન પાસે ગાડી ઉભી રખાવેલી અને દુકાન પાસે આંગળી બતાવી "ત્યાં બોમ્બ મુકેલ હોવાનું જણાવેલુ." ત્યાંથી ચાલતા આરોપી ક્રિષ્ણા કોમ્પ્લેક્ષ પાસે લઈ ગયેલા અને રાધે નામની દુકાન છે ત્યાં પાઈન લાઈન પાસે આંગળી બતાવેલી અને "ત્યાં એક બોમ્બ બાંધ્યાનું જણાવેલુ." ત્યાથી થોડા ચાલતા આગળ ગયેલા અને ત્યાં ઓમકાર જવેલર્સ નામની દુકાનના શટર ઉપર આંગળી બતાવેલ અને તનવીરે કહેલ કે "અહીંયા એક બોમ્બ મુકેલો." ત્યાં પાછા બધા ગાડીમાં બેસી ગયેલા અને ત્યાંથી તનવીરે રસ્તો બતાવેલો અને માતાવાળી ચોક પાસે થઈને ત્યાં

પીપળાના ઝાડ પાસે લઈ ગયેલાં અને ત્યાં આંગળી બતાવતા "ત્યાં એક બોમ્બ મુક્યાનું જણાવેલુ." ત્યાથી બધા ગાડીમાં બેસી ગયેલા અને આરોપી અમરોલી બ્રિજ તરફના રસ્તે લઈ ગયેલા અને ત્યાં મહાકાલ મંદિર બ્રિજ ચઢતાની સાથે કોર્નર ઉપર આંગળી બતાવીને તનવીરે કહેલુ કે, "અહીંયા બોમ્બ મુકેલ." આ અમરોલી બ્રિજથી અમરોલી જવાય. ત્યાં નજીક હનુમાનનું મંદિર છે. ત્યાર પછી બધા ગાડીમાં બેસી ગયેલા અને લાઈન ટોકીઝ થઈને ચોક બજાર મકાઈ પુલ પાસે કે.ટી.કોમર્સ કોલેજના ગેટ પાસે તનવીરે ગાડી ઉભી રખાવેલ. ત્યાં સામેની સાઈડે એક એડવર્ટાઈઝનું બોર્ડ છે ત્યાં તનવીરે આંગળી બતાવીને કહેલુ કે "અહીંયા બોમ્બ મુકેલ." ત્યાંથી બધા ગાડીમાં ફરી બેઠેલા અને સીટી લાઈટ રોડ મહેશ્વરી ભવન સર્કલ પાસે ગાડી ઉભી રખાવેલી. ત્યાં આગળ ટાયરની ડીઝાઈનનું એક સર્કલ હતુ. ત્યાં તનવીરે આંગળી બતાવેલી અને "અહીં બોમ્બ મુકેલાનું જણાવેલુ." આ તનવીર જેમ જેમ જગ્યા બતાવતો ગયો તેમ પોલીસને લખાવતા ગયેલાં અને તે બાબતનું લખાણ કરાવેલ. આ કાર્યવાહીનું પંચનામુ બનાવવામાં આવેલ જે આંક–૨૭૯૪ વાળા પંચનામામાં સાહેદ પોતાની તથા નિલેષભાઈની તથા રૂબરૂ તરીકે પોલીસ અધિકારીની સહીઓ ઓળખી બતાવે છે.

વધુમાં આ સાહેદને આંક–૨૭૯૪ વાળુ પંચનામુ વાંચી, સંભળાવતા સાહેદ જણાવે છે કે પંચનમામાં લખેલ હકીકત જેવી કે "તમામ ગાડીમાં બેસી આરોપીએ વાહન લંબે હનુમાન રોડ થઈ રચના સર્કલથી ડાબી બાજુ કાપોદ્રા ચાર રસ્તાની જમણી બાજુ રોંગ સાઈડના રોડે ઈન્ડિયન ઓઈલ પેટ્રોલ પંપ થઈ વરાછા ઓવરબ્રિજના સુરત તરફ જવાના બ્રિજ ઉપર ચડી થોડે આગળ જઈ આરોપીએ ગાડી ઉભી રખાવેલી. તેમાં નીચે ઉતરી આરોપીએ આગળ ચાલી આંગળી ચીંધી ઓવરબ્રિજની ઉત્તર તરફની દિવાલ પાસે બે બોમ્બ મુકેલાનુ જણાવે છે. આ જગ્યાએ જતા ઈલેકટ્રીક પોલ નં. વી.બી.એલ.૯૬ પાસે આવેલ જાહેરાત બોર્ડની પાસે આવેલ લોખંડની ફ્રેમમાં બોમ્બ મુક્યાનુ જણાવેલ" તે સાચી હોવાનું જણાવેલ છે. વધુમાં પંચનામામાં લખેલ હકીકત જેવી કે, "ત્યાર

બાદ ગાડીમાં બેસી આરોપીએ વાહન લેવા જણાવતાં હંકારી થોડે આગળ જતાં ગાડી ઉભી રખાવી તમામ નીચે ઉતરી આરોપી આગળ ચાલી આંગળી ચીંધી ઓવરબ્રિજની ઉત્તરે અલ્પા રેસ્ટોરેન્ટ સામે ઓવરબ્રિજના હોર્ડીંગ્સમાં બે બોમ્બ અલગ–અલગ જગ્યાએ મુકેલાનું જણાવે છે." તેમજ ઓવરબ્રિજની દક્ષિણએ ગીતાંજલી ત્રણ રસ્તા ભાવના ફોર્ડ શો રૂમની ઓવરબ્રિજ ઉપરની હોર્ડીંગ્સમાં એક બોમ્બ મુકેલાનું જણાવે છે" તે સાચી હોવાનું જણાવેલ છે. વધુમાં પંચનામામાં લખેલ હકીકત જેવી કે "ત્યારબાદ તમામ ગાડીમાં બેસી આરોપીએ વાહન હંકારાવતા ઓવરબ્રિજ પસાર કરી જમણી તરફ ગાડી લેવડાવી ઉમીયા માતા રોડ થઈ કે.પી. સંઘવી સર્કલથી આગળ આવતાં ભવાની જેમ્સ સર્કલ પાસે ગાડી થોભાવતાં તેમાંથી નીચે ઉતરી આરોપીએ આગળ ચાલી આંગળી બતાવતા જગ્યા બતાવતા જે જગ્યા ભવાની જેમ્સ સર્કલની ઉત્તર દિશા તરફના ડિવાઈડરમાં એક અંદરના ભાગે બોમ્બ મુકેલાનું જણાવેલ છે" તે સાચી હોવાનું જણાવેલ છે. વધુમાં પંચનામામાં લખેલ હકીકત જેવી કે "ત્યાર બાદ તમામ ગાડીમાં બેસી આરોપીએ વાહન ભવાની સર્કલની જમણી સાઈડે પટેલ નગર ઓવરબ્રિજ ચડી પસાર કરી કતારગામ જવાના છેડે ઉતરી નગીનાવાડી સર્કલ, કતારગામ જી.આઈ.ડી.સી. રોડ, કાંસા નગર, કતારગામ વોર્ડ નં.૩૨ નોર્થ ઝોન આરોગ્ય વોર્ડ ઑફિસ સામે ગાડી ઉભી રખાવી તમામ નીચે ઉતરી આરોપી આગળ ચાલી આંગળી ચીંધી જે જગ્યા જોતા ઉપરોકત ઑફિસની સામે ગજેરા સર્કલની અંદર આવેલ ઈલેકટ્રીક પોલની પૂર્વ–પશ્ચિમ અને ઉત્તરે ત્રણ બોમ્બ મુકેલાનું જણાવે છે" તે સાચી હોવાનું જણાવેલ છે. વધુમાં પંચનામામાં લખેલ હકીકત જેવી કે, "ત્યારબાદ તમામ ગાડીમાં બેસી આરોપીએ ગાડી વળાવી અમરોલી જકાતનાકા જઈ ગજેરા સર્કલ કાંસાનગર, અલ્કાપુરી રોડ થઈ પટેલ નગર ઓવરબ્રિજ નીચે ડાબી બાજુએથી થોડા આગળ જઈ જમણી બાજુ વીર સાવરકર ઉધાન થઈ સુમુલ ડેરી રોડ થઈ આયુર્વેદિક સર્કલથી જમણી બાજુ હોટલ આગળ થઈ લાલ દરવાજાથી ડાબી બાજુ ઉના પાણી રોડ થઈ આરાધના રેસ્ટોરેન્ટ થઈ હીરાબજાર મેઈન રોડ મયંક મેટલર પાસે આરોપીએ ગાડી ઉભી

રખાવી તમામ નીચે ઉતરી આરોપીએ આગળ ચાલી આંગળી ચીંધી મયંક મેટલરના શટર ઉપર એક બોમ્બ મુકેલાનું જણાવે છે" તે સાચી હોવાનું જણાવેલ છે. વધુમાં પંચનામામાં લખેલ હકીકત જેવી કે "ત્યારબાદ આરોપીએ જદાખાડી ખાતે બોમ્બ મુકયાનું જણાવતાં" તમામ ચાલતા હીરાબજાર પોલીસ ચોકીથી જદાખાડી કામનાથ મહાદેવ રોડ ઉપર આવતાં આરોપીએ ઉભા રહી જે જગ્યાએ બોમ્બ મુકેલ તે જગ્યા બતાવતા જે જોતા જીનીયસ ઈન્સ્ટ્રુમેન્ટ નામની દુકાનના બોર્ડની અંદર એક બોમ્બ મુકેલાનું જણાવે છે" તે સાચી હોવાનું જણાવેલ છે. સાહેદને ટી.વી. સ્ક્રીન ઉપર બે–બે ના ગ્રુપમાં દરેક આરોપીઓ બતાવવામાં આવતા આરોપીને ઓળખી શકતા નથી અને જણાવેલ છે કે જે તે વખતે આરોપી ક્લીન સેવમાં હતો અને હાલમાં બતાવવામાં આવતાં આરોપીઓની દાઢી વધેલી જેથી ઓળખી શકે નહીં તેમ જણાવેલ છે તથા એમ પણ જણાવેલ છે કે આજરોજ આરોપી તનવીર મહમદ અખ્તર પઠાણને વીડિયો કોન્ફરન્સ મારફતે બતાવવામાં આવે છે તે જોઈને જણાવે છે કે તેને અત્યારે દાઢી ઉગેલી છે અને આ આરોપી તે જ છે જે પંચનામાની વિગતે જણાવેલ છે જેને જોયે હું ઓળખુ છું. આમ આ આરોપીને આ સાહેદે વધેલી દાઢીમાં કોર્ટ રૂબરૂ ઓળખેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પંચનામુ રાત્રીના સમયે થયેલ હોવાથી આખી રાત જાગેલા તે કબૂલ કરે છે. પોલીસે પોતાની રીતે પંચનામુ લખેલુ તો તે હકીકત નકારી છે. પંચનામામાં તનવીરના ચહેરા ઉપર દાઢી હોવા કે ન હોવા અંગેનો કોઈ ઉલ્લેખ નથી તે કબૂલ કરે છે. બીજા પંચ ચીરાગને બોલાવેલ ત્યારે પંચનામામાં જવાનુ છે તે હકીકતથી માહિતગાર ન હતા. રાત્રે એક વાગે ફોન આવેલો હોય તો ચોકકસ કહી શકે નહીં. બીજા પંચ ચીરાગે કામ બાબતે કશુ જણાવેલુ નહીં તે કબૂલ કરે છે. આ ચીરાગ સોસાયટીની બહાર મળેલો ત્યારે વાતચીતમાં જણાવેલુ કે પોલીસ સ્ટેશનમાં જવાનુ છે. પંચનામાની કાર્યવાહી કે પોલીસ કાર્યવાહી અંગે કોઈ જાણકારી નથી. પંચનામુ આ સાહેદની હાજરીમાં લખાયેલુ નથી તો તે હકીકત નકારી છે. પંચનામાની જગ્યાઓ પોલીસે બતાવેલી તો તે હકીકત નકારી છે. પંચનામાવાળી જગ્યા તનવીરે બતાવેલી નથી પરંતુ

પોલીસે જાતે લખેલી છે તો તે હકીકત નકારી છે. પોલીસ સ્ટેશનમાં બેસીને તૈયાર પંચનામામાં સહી કરેલાની હકીકત નકારી છે. પંચનામુ આ સાહેદની હાજરીમાં થયેલુ નથી અને ખોટી જુબાની આપે છે તો તે હકીકત નકારે છે. બનારસી પાન સેન્ટરથી ડાબી બાજુ વડનુ ઝાડ આવેલુ છે તે ઝાડ બતાવેલુ. બ્રીજની બંને બાજુએ રોડ છે તે કબૂલ કરે છે. પંચનામાવાળી તમામ જગ્યાઓ જોયેલી નથી કે પોલીસે બતાવેલી નથી તો તે હકીકત નકારે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૩૬ સુજાતા પ્રકાશ મજમુદારનાઓએ કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી.નં.૧૭૬/૨૦૦૮ નાં કામે તા.૨૭.૮.૨૦૦૮ ના રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ નીલેશ ભગવાનભાઈ સેલરનાઓને ડી.સી.બી. પોલીસ સ્ટેશન સુરત ખાતે બોલાવેલા અને ત્યાં આરોપી નં.૬૩ તનવીર મહમદ અખ્તર પઠાણ હાજર હતો. પંચો રૂબરૂ તે કંઈક કહેવા અને બતાવવા માંગતો હોવાથી પંચો, સ્ટાફના માણસો તથા આરોપીને લઈ તપાસ કરનાર અધિકારી આરોપીના કહેવા અને બતાવ્યા મુજબના રસ્તે જવા નીકળેલા અને આરોપીએ જુદા–જુદા રસ્તે વાહન લેવડાવીને (૧) બરોડા પ્રિસ્ટેજ, ડૉકટર હાઉસ બિલ્ડિંગ, દુકાન નં.જી/૫ની સામે, પાર્કિંગવાળી જગ્યા (૨) વરાછા મહારાણા પ્રતાપ ઉદ્યાન, તરણકુંડ, આંબાના ઝાડવાળી જગ્યા (૩) પુણા જનરલ હોસ્પિટલ સામે, અંબિકા પાર્ક એપાર્ટમેન્ટ શોપીંગ સેન્ટરમાં આવેલ સૌરાષ્ટ્ર હાર્ડવેરની સામે પાર્કિંગવાળી જગ્યા (૪) જે.બી.શોપીંગ સેન્ટરમાં આવેલી બંસરી પાન સેન્ટરની સામે આવેલ પીપળાના ઝાડ નજીકની જગ્યા (૫) અનીલ ચોકસીના વજન કાંટા પાસે આવેલ વડના ઝાડવાળી જગ્યા તથા તેની સામે પતરાની દિવાલ ઉપર લગાડવામાં આવેલ જાહેરાતના બોર્ડવાળી જગ્યા (૬) વરાછા ઓવરબ્રિજ પોલ નં.૯૮ ઉપર લગાડવામાં આવેલ હોર્ડિંગ્સના બોર્ડવાળી જગ્યા (૭) માનગઢ ચોક પટેલ સમાજની વાડી સામેની જગ્યા (૮) બરોડા પ્રિસ્ટેજ સમર્પણ કાપડ કેન્દ્રની દુકાન પાસેની જગ્યા (૯) ક્રિષ્ના કોમ્પ્લેક્ષના પહેલા માળે રાધે ફેશનની દુકાન પાસે ડ્રેનેજ પાઇપ તથા દિવાલની વચ્ચેવાળી

જગ્યા (૧૦) બરોડા પ્રિસ્ટેજ રમઝાનઅલી બિલ્ડિંગમાં આવેલી ઓમકાર જવેલર્સ નામની દુકાનના બોર્ડવાળી જગ્યા (૧૧)બરોડા પ્રિસ્ટેજ જૂની શકિતવિજય સોસાયટી, ટોરેન્ટ પાવરના સબટ્રાન્સફોર્મરવાળી જગ્યા (૧૨)વરાછા ઓવરબ્રિજના સુરત તરફ જવાના બ્રિજ ઉપર આવેલ ઈલેકટ્રીક પોલ ઉપરના જાહેરાત બોર્ડની પાછળ લોખંડની ફ્રેમવાળી જગ્યા (૧૩)વરાછા ઓવર બ્રિજની ઉત્તરે અલ્પા રેસ્ટોરેન્ટની સામે બ્રિજના હોર્ડિંગ્સવાળી જગ્યા (૧૪)ગીતાંજલી ત્રણ રસ્તા, ભાવના ફ્લોર શો રૂમના ઓવરબ્રિજના હોર્ડિંગ્સવાળી જગ્યા (૧૫)એ.કે. રોડ ભવાની જેમ્સના સર્કલવાળી જગ્યા (૧૬)કતારગામ ગજેરા સર્કલવાળી જગ્યા (૧૭)અમરોલી બ્રિજ, લંકા વિજય હનુમાન મંદિરની બાજુમાં આવેલી જગ્યા (૧૮)મહિધરપુરા હિરા બજાર મયંક મેટલરના શટર વાળી જગ્યા (૧૯)હીરાબજાર, જદાખાડી, કામનાથ મહાદેવ રોડ, જીનીયસ ઇન્સ્ટ્રુમેન્ટના બોર્ડવાળી જગ્યા (૨૦) ચોપાટી ગાર્ડન આગળ સીટી બસ સ્ટોપમાં આવેલ એડવર્ટાઇઝીંગના હોર્ડિંગ્સવાળી જગ્યા (૨૧) સીટી લાઇટ હોસ્પિટલ આગળ આવેલ પ્રેમપ્રકાશ આશ્રમ ચોક સર્કલવાળી જગ્યાઓ પંચો રૂબરૂ આંક–૨૭૯૪ ના પંચનામાની વિગતે બતાવેલી. આ ઉપરાંત આ જગ્યાઓ પૈકી પુણા જનરલ હોસ્પિટલ સામે અંબીકા પાર્ક એપાર્ટમેન્ટ શોપીંગ સેન્ટરમાં આવેલ સૌરાષ્ટ્ર હાર્ડવેરની સામે પાર્કીંગવાળી જગ્યા ઉપર વેગન આર કાર જીજે–૬–સીડી–૩૫૬૯ પાર્ક કરેલી હતી અને તે ગાડીના કાચ તોડીને પુંઠાનુ બોક્ષ કાઢેલુ જેમા ડીટોનેટર, છરા, સેલોપેટ, નટ–બોલ્ટ વિગેરે મળી આવેલા તેવી હકીકત સાહેદ નં.૪૨૨ રામવિનોદસિંહ રાજપુતનાઓએ પણ પોતાની જુબાનીમાં જણાવેલી છે અને તે અંગેનુ પંચનામુ આંક–૨૩૮૫ વાળુ બનાવવામાં આવેલુ હતુ જેની વિગત કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી. નં.૧૭૬/૨૦૦૮ ના કામે બનાવ પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે પુરાવો રજૂ થયેલ છે તેમાં વિગતે ચર્ચા કરેલી છે.

આંક–૨૭૯૪ વાળુ પંચનામુ બનાવનાર તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૩૬ સુજાતા પ્રકાશ મજમુદારની જુબાની ધ્યાને લઈએ તો કાપોદ્રા

પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી.નં.૧૭૬/૨૦૦૮ ના કામની તપાસ પોલીસ કમિશનરશ્રી, સુરત શહેરના હુકમ અનુસાર તા.૪/૮/૨૦૦૮ ના રોજ મળેલી. આ ગુનાની તપાસ મળ્યા બાદ સુરત ખાતે કાર્યરત કેટલાક કટ્ટરવાદી સંગઠનો જેવા કે સીમી વિગેરે ગ્રુપ સાથે સંકળાયેલ લોકોની માહિતી એકઠી કરવામાં આવેલ. દરમિયાન એક ખીદમત ગ્રુપ તરીકે કાર્યરત સંગઠનના કેટલાક લોકોની પુછપરછ કરવામાં આવેલી. તા.૧૫/૮/૨૦૦૮ ના રોજ ખીદમત ગ્રુપના સભ્યો પૈકી મહમદ ફાઇઝ મહમદ અમીન સરફનાઓનું નિવેદન લીધેલું. ત્યારબાદ તા.૧૭/૮/૨૦૦૮ ના રોજ ખીદમત ગ્રુપના સભ્યો પૈકી ફારૂક ઉર્ફે ફા અબ્દુલ રસીદ મોહમદ હનીફ માસ્ટરનાઓનું નિવેદન લીધેલું. આ બંને જણાએ તેઓના નિવેદનમાં એવું લખાવેલું છે કે, "સાજીદ મન્સુરી ધોરણ–૧૨માં ભણતો હતો ત્યારે તે વખતે સને–૧૯૯૩માં સીમીમાં જોડાઇ ગયેલો હતો અને તે વખતે સીમીની ઑફિસ સંગ્રામપુરા, ટપાલ બેન્ડની ગલીમાં હતી" અને "કોલેજ કાળ દરમિયાન સાજીદ મન્સૂરી કટ્ટર ઇસ્લામિક વિચારો ધરાવતો હતો અને તેણે પણ મને સીમીમાં જોડાઇ જવા ઘણી વખત કહેલું પરંતુ તે વખતે હું ભણવાની સાથે સાથે મારા ભાઇના બ્યુટીકમાં કામ કરતો હોવાથી સીમીમાં જોડાયેલો નહિ" તથા "આ વખતે તેની સાથે લીંબાયતમાં રહેતા તાલીબ અને અજમુદ્દિન હતા અને તેઓની સાજીદે મને ઓળખાણ કરાવેલી " તથા "સાજીદે મને જણાવેલું કે આ બંને તેના ખાસ મિત્રો છે અને તારી ઓળખાણ કરાવવા લાવેલ છું અને તેઓ કાંઇ મદદ માંગે તો આપ જે તેવી વાત કરેલી તેમજ લીંબાયતમાં રહેતા મસીઉદ્દિનની પણ ઓળખાણ કરાવેલી અને તેણે રફિક પટેલ સાથે મળીને ખીદમત ગ્રુપ શરૂ કરેલાનું જણાવેલું" તથા "ગયા ડિસેમ્બર માસમાં સાજીદ મન્સુરી બીજા એક માણસ સાથે મારા ઘરે આવ્યો ત્યારે તેણે તેની સાથેના માણસની ઓળખાણ મુફતી તરીકે આપેલી " તથા "તેણે રફિકનો પણ સંપર્ક કરેલો અને ખીદમત ગ્રુપના સભ્યો સાથે મકકાઇ પુલ ઉપર રાત્રીના સમયે મુલાકાત ગોઠવેલ અને હું મારી મોટરસાઇકલ ઉપર સાજીદ મન્સુરી તથા મુફતીને લઇને મકકાઇપુલ વિવેકાનંદ બ્રિજ અડાજણના છેડા તરફ ગયેલો ત્યાં રફિક પટેલ, આરીફ પટેલ,

ઈસ્માઇલ શેખ, તન્વીર પઠાણ, જહિર પટેલ, અદનાન ગુજરાતી, અબ્દુલ કરીમવિગેરે હાજર હતા અને સાજીદ તથા મુફ્તીએ ઈસ્લામ બાબતે તકરીર કરેલી જેમાં ઈસ્લામ ધર્મને અનુસરવું જોઇએ અને મુસ્લિમો લોકશાહીમાં માનતા નથી અને એક જ રાજા હોવા જોઇએ અને તેણે શરીયત મુજબના કાયદા ઘડી રાજય ચલાવવું જોઇએ તેમજ હાલ ચુંટણી આવી રહિ છે તેમાં કોઇપણ પક્ષને મત આપવો જોઇએ નહિ અને મુસ્લિમો ઉપર જોર જુલમ થયો છે તે બાબતે કાંઇક થવું જોઇએ તે ટોપીક ઉપર તકરીર કરેલી અને જેહાદ ઉપર તકરીર કરેલી " તથા "બ્રિજ ઉપરની મુલાકાત બાદ બે–ત્રણ મહિના બાદ સાજીદ મન્સુરી સાથે મુલાકાત થયેલી તે વખતે કોઇ ખાસ વાતચીત થયેલી નહિ." ત્યારબાદ તા.૨૪/૮/૨૦૦૮ ના રોજ ખીદમત ગ્રુપના સભ્યો પૈકી મહમદ આરીફ મહમદ બાબર કાતરાવાલાનાઓનું નિવેદન લીધેલું. ત્યારબાદ તા.૨૫/૮/૨૦૦૮ ના રોજ ખીદમત ગ્રુપના સભ્યો પૈકી (૧) અબ્દુલ કયુમ અબ્દુલ વહાબ મેમણ (૨) આબેદુલ્લા નુરૂલ્લા સૈયદનાઓના નિવેદનો લીધેલાં. સાહેદ વધુમાં જણાવે છે કે ગુનાની તપાસ દરમિયાન તેઓને તહોમતદાર મોહમદ તન્વીર મોહમદ અખ્તર પઠાણ વિરૂધ્ધ તેમની અટક કરવા જેટલા પુરતા પુરાવા મળેલા હતાં. આ તહોમતદાર તા.૨૬/૮/૨૦૦૮ ના રોજ મળી આવેલ. આ તહોમતદાર મોહમદ તન્વીર મોહમદ અખ્તર પઠાણનાઓની શરીર સ્થિતિનું પંચનામું બે પંચો રૂબરૂ કરેલુ અને આરોપી પાસેથી જે વસ્તુઓ મળેલી તેનો ઉલ્લેખ પંચનામામાં કરવામાં આવેલ. આંક–૭૬૯૨ વાળુ પંચનામામાં સાહેદ બે પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે. નામદાર કોર્ટના રેકર્ડમાંથી સેશન્સ કેસ નં. ૪૩૮/૨૦૦૯ ના કામે ચાર્જશીટ સાથેનું તહોમતદાર મોહમદ તન્વીર મોહમદ અખ્તર પઠાણ તથા મહમદ ઝહિર ઐયુબભાઇ પટેલનાઓના ચહેરા નિશાન પત્રક તથા એરેસ્ટ મેમોમાં સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે. જેમાં આ બંને તહોમતદારોના ફોટા છે.

સાહેદ વધુમાં જણાવે છે કે ગુનાની તપાસ દરમિયાન તહોમતદાર મોહમદ ઝહિર ઐયુબભાઇ પટેલ વિરૂધ્ધ તેમની અટક કરવા જેટલા પુરતા પુરાવા

મળેલા હતાં. આ તહોમતદાર તા.૨૬/૮/૨૦૦૮ ના રોજ મળી આવેલ. આ તહોમતદાર મોહમદ ઝહિર ઐયુબભાઇ પટેલનાઓની શરીર સ્થિતિનું પંચનામું બે પંચો રૂબરૂ કરેલુ અને આંક–૨૮૦૯ વાળા પંચનમામાં સાહેદ બે પંચોની તથા પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

સાહેદ વધુમાં જણાવે છે કે તા.૨૭/૮/૨૦૦૮ ના રોજ આ કામે અટક કરેલ આરોપી મોહમદ તન્વીર મોહમદ અખ્તર પઠાણનાઓ ગુના સંબંધે કંઇક કહેવા, બતાવવા માંગતા હોવાથી તે અંગેનું પંચનામું કરવા સારૂ બે પંચો નામે કલ્પેશ ઇશ્વરભાઇ પટેલ તથા નિલેષ ભગવાનભાઇનાઓને બોલાવડાવેલા અને તેઓને પંચમાં રહેવા સમજ કરતા તેઓ સ્વખુશી બતાવતાં આરોપીનું પંચો રૂબરૂ નામ તથા સરનામું પુંછવામાં આવેલું જે આરોપી જણાવતા તે પંચનામામાં લખવામાં આવેલું. વધુમાં આરોપી તન્વીરે પંચો રૂબરૂ જણાવેલું કે "અમોએ સુરત શહેરમાં જે–જે જગ્યાએ બોમ્બ મુકેલાં તે જગ્યાઓ બતાઉં છું, ચાલો મારી સાથે" તેવું જણાવતાં સરકારી વાહનમાં આરોપીને જાપ્તા સાથે બેસાડેલ ત્યારબાદ અમોએ ડ્રાઇવરને આરોપી જણાવે તે મુજબ લઇ જવા જરૂરી સુચના આપેલી. ત્યારબાદ આરોપી તન્વીરના બતાવ્યા મુજબની આંક–૨૭૯૪ વાળા પંચનામામાં બતાવ્યા મુજબની જુદી–જુદી કુલ–૨૧ જગ્યાઓએ ગયેલાં. સદર આંક–૨૭૯૪વાળા પંચનામામાં સાહેદ બે પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો ગુનાઓની તપાસ સંભાળ્યા પછી ચારેય બનાવવાળા સ્થળોની વીઝિટ કરેલી. સુરત શહેરમાં બોમ્બ પ્લાન્ટેશનના તા.૨૭.૭.૨૦૦૮ થી શરૂ થયેલા બનાવો બાબતેની તપાસ ટીમમાં શરૂઆતથી જ સંકળાયેલા હતા તે કબૂલ કરે છે. તપાસ ટીમના વડા કોણ હતા તે યાદ નથી. તપાસ મળ્યા પછી તનવીરને લઈને બતાવેલી ચારેય જગ્યાઓ ઉપર ગયેલા. તા.૨૭.૭.૨૦૦૮ થી લઈને તા.૧૦.૮.૨૦૦૮ ના સમય દરમ્યાન સુરત શહેરમાં જુદી–જુદી પંદર જગ્યાઓ ઉપર બોમ્બ પ્લાન્ટેશન થયાની જાણ થયેલી. કોઈ વ્યકિત બોમ્બ પ્લાન્ટ કરતા હોય કે શંકાસ્પદ વસ્તુ મુકતા હોય અને કોઇકે

જોયા હોય તેવા કોઈ સાહેદ મળી આવેલા નહીં તે કબૂલ કરે છે. ચોકકસ કેટલી ઉંચાઈ ઉપર બોમ્બ પ્લાન્ટ કરેલા તે કહી શકે નહીં. તા.૬.૮.૨૦૦૮ ના રોજ એક માઈક્રોચીપ બેંગ્લોર મુકામે મોકલેલી તે કબૂલ કરે છે. તે માઈક્રો ચીપ કયાંથી મેળવેલી તે યાદ નથી. માઈક્રોચીપને બેંગ્લોર મોકલતા પહેલા કપડામાં લપેટીને સીલ કરી હોય તો યાદ નથી. પંચનામામાં માઈક્રોચીપ કઈ કંપનીની છે તથા તેની ઓળખ અંગેના કોઈ ચિન્હો બતાવેલા નથી તે કબૂલ કરે છે. તનવીર પઠાણ ખીદમત ગ્રુપ સાથે સંકળાયેલો હતો તેની જાણકારી મળેલી. આ સાહેદની તપાસ દરમ્યાન કોઈ ગુનાહિત મુદ્દામાલ કે સાહિત્ય તનવીર પઠાણ પાસેથી મળેલુ નહીં તેમ જણાવે છે. સરતપાસમાં જણાવ્યા મુજબની કોઈ તપાસ જાતે કરેલી નથી તો તે હકીકત નકારે છે. આંક–૨૭૯૪ વાળુ પંચનામુ આરોપીના બતાવ્યા અને કહ્યા મુજબ પંચોની હાજરીમાં બનાવેલુ નથી તો તે હકીકત નકારે છે. ઉચ્ચ પોલીસ અધિકારીઓના નિર્દેશ મુજબ ખોટી તપાસ કરેલી હોવાની હકીકત નકારેલ છે. માઈક્રોચીપ બેંગ્લોર ખાતે રીસર્ચ સેન્ટરમાં મોકલી તે સેન્ટરના અધિકારી સાથે વાતચીત થયેલી પરંતુ તેનો રેકર્ડ રાખેલો નથી. ડીટોનેટર ડીફ્યુઝ કરવા માટે પરવાનગી માંગેલી તે ડીટોનેટરની આઈડેન્ટીટીના પુરાવા કોર્ટમાં રજૂ કરેલા નહીં. પોલીસ કમિશનરશ્રીએ સોંપેલી તપાસનો લેખિત હુકમ રજૂ કરેલો નથી તે કબૂલ કરે છે. તનવીરે જે–જે જગ્યાઓ બતાવી તે–તે જગ્યાઓના અગાઉ પંચનામા થયેલા હતા તે કબૂલ કરે છે. આ ચારેય કેસોની ચીપો સિવાય બીજા કેસોની ચીપો જોવાનો પ્રસંગ બનેલો નથી તે કબૂલ કરે છે. તનવીર વિરૂધ્ધ કોઈ પુરાવો નહીં મળતો હોવાથી આંક–૨૭૯૪ વાળુ પંચનામુ ઉભુ કરેલુ છે તો તે હકીકત નકારે છે.

આંક–૨૭૯૪ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે, પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "આરોપીએ પોતાનુ નામ ઠામ જણાવેલુ તથા જુદી–જુદી જે ૨૧ જગ્યાઓ ઉપર આરોપી લઈ ગયેલો અને જગ્યા બતાવેલી" વિગેરે પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપીએ પોતે

આપેલ માહિતી પ્રમાણેની જે–જે જગ્યાએ બતાવેલી હતી તે જગ્યાઓનું ત્યાં અસ્તિત્વ છે માટે આ જગ્યાઓ હોવાની માહિતી તેને પોતાને હતી જેથી તે હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય. આ તમામ જગ્યાઓ ઉપર આરોપી તથા બીજા સહઆરોપી ગયેલા હતા, આ જગ્યા કયાં–કયાં આવેલી છે તેની સંપૂર્ણ માહિતી આરોપીને હતી માટે પંચો તથા તપાસ કરનાર અધિકારીને તે તમામ જગ્યાઓ ઉપર આરોપી દોરી ગયેલા, આ જગ્યાઓ ઉપર દોરી જવાનુ વર્તન આરોપીનુ પુરાવામાં ગ્રાહ્ય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે સુનિલ રામસાહેબ ગુપ્તાને સાહેદ નં.૪૫૨ તરીકે આંક–૨૭૯૫ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓને કુર્જા પોલીસ સ્ટેશનમાં પોલીસે તા.૧/૯/૨૦૦૮ ના રોજ બોલાવેલા. તેમની જેમ બીજા એક મુકેશભાઈ પાટીલને પણ બોલાવેલા. આ વખતે સવારના લગભગ નવ વાગેલા. તે વખતે પોલીસના મલેક સાહેબ હતાં. આ પોલીસ અધિકારીએ એવુ જણાવેલું કે આ વ્યકિત બોમ્બ બ્લાસ્ટમાં પકડાયેલ છે અને તે કંઈક બતાવવા માંગે છે તો સાક્ષી તરીકે રહેશો. આથી આ સાહેદ અને તેમની સાથેના બીજા ભાઈએ હા પાડેલી. જે વ્યકિત આરોપીમાં પકડાયેલ હતો તેનું નામ તનવીર પઠાણ હતું. આરોપીએ બોમ્બ જે જગ્યાએ નાખેલ છે તે બતાવવા માંગતો હતો. આ વાતચીત પછી બધા બહાર જવા માટે નીકળેલા અને એક સરકારી વાહનમાં બેઠેલા. આ વાહનમાં બે પંચો, બે પોલીસ અધિકારીઓ એક મોટા સાહેબ તથા આરોપી પણ સાથે બેઠેલો. ગાડીમાં બેઠા પછી આરોપીએ કહ્યું કે આ બાજુ ચાલો જેથી તે સાઈડે ગયેલા. આરોપી જેમ જેમ રસ્તો બતાવતા ગયા તેમ તેમ ડ્રાઈવર ગાડી ચલાવતા હતા. કોઝવે પાસે પહોંચેલા. આરોપીએ કોઝવેના ગેઈટ પાસે ગાડીને ઉભી રખાવેલી. ગાડી મોટી હોવાથી અંદર જાય તેમ ન હતી. ત્યાંથી તેઓ, પોલીસવાળા, આરોપી બધા એક સાથે આરોપી બતાવતા હતાં તેમ ચાલીને જતાં હતા. બધા કોઝવેના બ્રિજ પાસે વચ્ચે ગયેલા. ત્યાં પાણીમાં આરોપીએ ઈશારો કરેલો અને એવુ કહેલુ કે, "પાઈપ બોમ્બને પાણીમાં નાંખેલ છે." આથી ત્યાં ફાયરબ્રિગેડ વાળાને બોલાવવામાં આવેલા. ફાયરબ્રીગેડ

વાળા અડધો કલાકમાં આવેલા. ત્યાં નવ–દસ જણા પાણીમાં ઉતરેલા અને ત્યાં બધુ જોયેલુ પણ કાંઈ હાથમાં આવેલુ નહીં. આ કાર્યવાહીનું પંચનામુ બનાવવામાં આવેલુ જે આંક–૨૭૯૬ વાળા પંચનામામાં સાહેદ પોતાની તેમજ મુકેશભાઈની તથા મલેક સાહેબની સહીઓ ઓળખી બતાવે છે. સાહેદને ટી.વી. સ્ક્રીન ઉપર બે–બે ના ગ્રુપમાં દરેક આરોપીઓ બતાવવામાં આવતા આરોપીને ઓળખી શકતા નથી અને જણાવેલ છે કે ઘણો સમય થઈ ગયો હોવાથી ઓળખી શકતો નથી.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ ત્રણ ધોરણ ભણેલા છે, કાયદાની કલમ અંગે જાણકારી નથી. પંચનામાનુ લખાણ આ સાહેદની સાથેના બીજા ભાઈએ લખાવેલુ છે તે ભાઈને ઓળખતા નથી. તે ભાઈ સાથે કોઈ વાતચીત થયેલી નહીં તો તે હકીકત નકારે છે. સરકારી વાહનમાં સૌથી છેલ્લા આરોપી બેઠેલો હતો તે હકીકત નકારે છે. આ પ્રશ્નનો અર્થ એવો થાય કે આરોપીને લઈ તપાસ કરનાર અધિકારી પંચોને સાથે રાખી વાહનમાં ગયેલા હતા તેમ કહી શકાય. આરોપી પોલીસ વાહનમાં વચ્ચે બેઠો હતો અને આજુબાજુ પોલીસવાળા બેઠા તેમ જણાવે છે. ચાલુ વાહને આ સાહેદને કોઈની સાથે વાતચીત કરવાનો પ્રસંગ બનેલો નહીં. કોઝવે ઉપર પબ્લિકના માણસો ન હતા. કોઝવે ઉપર પહોંચ્યા પછી મલેક સાહેબે ફાયર બ્રિગેડવાળાને ફોન કરેલો. ફાયર બ્રિગેડના ૧–૨ બંબા આવેલા. પાણીમાં કોઈ પોલીસવાળા ઉતરેલા નહીં. પાણીમાં શોધખોળ કલાક સવા કલાક ચાલેલી. પંચનામામાં સહી કરીને પછી જતા રહેલા. પંચનામાની ભાષા પોલીસની ભાષા છે તો તે હકીકત નકારી છે. પંચનામાની વિગતો ખબર નથી તો તે હકીકત નકારી છે. સોગંદ ઉપર ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારી છે.

આમ આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાથે મદદમાં રહેનાર અધિકારી સાહેદ નં.૧૦૪૪ એન.એસ. મલીકનાઓએ કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી.નં.૧૭૬/૨૦૦૮ ના કામે તા.૧.૯.૨૦૦૮ ના રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ મુકેશ કિશોરભાઈ

પાટીલનાઓને ડી.સી.બી. પોલીસ સ્ટેશન સુરત ખાતે બોલાવેલા અને ત્યાં આરોપી નં.૬૩ તનવીર પઠાણ હાજર હતો. પંચો રૂબરૂ તે કંઈક કહેવા અને બતાવવા માંગતો હોવાથી પંચો, સ્ટાફના માણસો તથા આરોપીને લઈ તપાસ કરનાર અધિકારી આરોપીના કહેવા અને બતાવ્યા મુજબના રસ્તે જવા નીકળેલા અને આરોપીએ જણાવેલુ કે, પોતાના રહેણાંકના મકાન રીવર વ્યુ સોસાયટી એફ–૧ વિભાગ ૧ ના પહેલા માળે પાઈપ બોમ્બ બનાવી મુકી રાખેલો અને પોલીસમાં પકડાઈ જવાની બીકે તા.૧૦.૮.૨૦૦૮ ના રોજ સવારના નવ વાગે પોતાની સ્પેન્ડર મોટર સાઇકલ નં.જીજે–૫–ડીકે–૩૭૧૭ ઉપર જઈને તે પાઈપ બોમ્બ કોઝવે પુલ ઉપરથી પાણીમાં નાખી દીધેલો તે જગ્યા બતાવેલી અને તેનુ પંચનામુ આંક–૨૭૯૬ બનાવવામાં આવેલુ.

આંક–૨૭૯૬ વાળુ પંચનામુ બનાવનાર તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૦૪૪ એન.એસ.મલીકની જુબાની ધ્યાને લઈએ તો તેઓ ૨૦૦૮મા સુરત શહેર ટ્રાફિક શાખામાં પોલીસ ઇન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા તે દરમિયાન સુરત શહેર ખાતે મળી આવેલા બોમ્બ અનુસંધાને ગુનાઓ નોંધવામાં આવેલા તે ગુનાઓ શોધી કાઢવા તેમજ તપાસ કરવા સારૂ એક ટીમની રચના કરવામાં આવેલ. જે ટીમના તેઓ સભ્ય હતાં. તે દરમિયાન આ કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૧૭૬/૨૦૦૮ના કામના તપાસ કરનાર અધિકારી શ્રી એન.બી.પરમાર, મદદનીશ પોલીસ કમિશનર, સી–ડિવિઝન, સુરત શહેરનાઓએ હુકમ લખી મીરાં રોડ, મુંબઈ ખાતે પકડાયેલા બે આરોપીઓને આ ગુનાના કામે શકદાર તરીકે તપાસ કરવા સારૂ જણાવતાં તેઓને તપાસવા મુંબઈ મુકામે, મીરાં રોડ પોલીસ સ્ટેશન ખાતે ગયેલા અને ત્યાં જઇ શકદારોને મેળવીને તેમની તપાસ કરેલી અને તેઓ આ ગુનાના કામે કાંઇ જાણતા ન હોય તે અંગેનો લેખિત રીપોર્ટ આ ગુનાના તપાસ કરનાર અધિકારીને પાઠવેલો.

વધુમાં સાહેદ જણાવે છે કે ત્યારબાદ આ કામે પકડાયેલા આરોપી તન્વીર મહમદ અખ્તર પઠાણ રહે. રીવર વ્યુ સોસાયટી, પોતાની સ્વૈચ્છાએ

કાંઇક બતાવવા માંગતો હોય જે અનુસંધાને તે જે બતાવે તે અનુસંધાને વિગતવારની પુછપરછ કરી અને તેનું પંચનામું કરી અહેવાલ પાઠવવા જણાવતાં જે અનુસંધાને બે પંચોને બોલાવી અને પકડાયેલ આરોપી તન્વીરની ઓળખ પંચોને આપી તે જે કાંઇ કહેતો હતો તે પંચોને સાથે રાખી અને વિગતવારનું પ્રાથમિક પંચનામું કરેલું અને પ્રાથમિક પંચનામામાં આરોપીએ જણાવેલ કે "મે મારા નિવાસ સ્થાને અસ્ફાક, જાહિર, વિગેરે સાથે મળીને પાઇપ બોમ્બ બનાવેલ. જે પાઇપ બોમ્બ પોલીસના ભયથી ડરીને હું મારી મોટર સાઇકલ ઉપર સીંગળજ કોઝવે માં નાંખી આવેલ છુ અને તે જગ્યા હું સ્વખુશીથી બતાવવા માંગું છું." જેથી પંચો તથા આરોપી તથા પોલીસના માણસો સાથે સરકારી ગાડીમાં બેસી આરોપીના બતાવ્યા મુજબના રસ્તે પાઇપ બોમ્બ નાંખેલી જગ્યાએ આવેલા અને તેણે તે જગ્યા બતાવતા ત્યાં કોઝવેમાં પાણી હોય તેણે નાંખેલ પાઇપ બોમ્બ શોધવા માટે ફાયર બ્રિગેડના માણસોને બોલાવી પાઇપ બોમ્બની શોધખોળ કરતા સદર કોઝવેમાંથી પાઇપ બોમ્બ મળી આવેલ નહિ જેથી પંચનામાની વિગતે પંચનામું આંક–૨૭૯૬ વાળુ કરેલુ. જેમાં સાહેદ બે પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહિઓ ઓળખી બતાવે છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો ગુનાની તપાસ કરવા માટેની જે ટીમ બનાવેલી તે બનાવવા માટે કોઈ લેખિત હુકમ થયેલો કે કેમ? તે યાદ નથી. આરોપી તન્વીરની કસ્ટડી કયારે મેળવેલી તે બતાવવા આ સાહેદ પાસે દસ્તાવેજી પુરાવા નથી. તે જ રીતે કસ્ટડી પરત સોંપી હોય તે બતાવવા માટે પણ પુરાવો નથી. પંચનામુ કરતા પહેલા આરોપીને જે જે પુછપરછ કરેલી તે અંગેનો પુરાવો આ સાહેદ પાસે નથી. પંચનામુ કરવાનુ છે તેટલા પુરતી કાર્યવાહી સુપરત કરવામાં આવેલી તો તે હકીકત નકારે છે. પંચોને બોલાવ્યા પછી આરોપીની જે પુછપરછ કરેલી તે આ સાહેદે કરેલી તેમ જણાવે છે. પંચનામામાં મોટર સાઇકલનો જે ઉલ્લેખ કરેલ છે તે બાબતે તપાસ કરેલી નથી. આ સાહેદે જે કંઈ કાર્યવાહી કરેલી તેનો લેખિત રીપોર્ટ તપાસ કરનાર અધિકારીને કરેલો. ફાયર બ્રિગેડને લેખિતમાં જાણ કરેલી નહીં. ફાયર બ્રિગેડના માણસો સ્થળ ઉપર આવ્યાનો દસ્તાવેજી પુરાવો નથી. તેઓ શું–શું શાધનો

લઈને આવેલા તેનો ઉલ્લેખ પંચનામામાં નથી તે કબૂલ કરે છે. પાઈપ બોમ્બની સાઈઝ તથા તેને કન્ટેન્સ વિશે પુછપરછ કરેલી નહીં. ફરિયાદમાં જો કોઈ પાઈપ બોમ્બનો ઉલ્લેખ ન હોય તો તેનો ખ્યાલ નથી. આ સાહેદના પુરાવાને સાહેદ નં.૮૧૩ રસીકભાઈ પટેલ તથા સાહેદ નં.૮૧૪ ગૌરાંગ પારેખ તથા સાહેદ નં.૮૧૫ રાકેશ ગાવીતનાઓની જુબાનીઓથી પુરતુ સમર્થન મળે છે.

આંક–૨૭૯૬ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "આરોપીએ પોતાનુ નામ ઠામ જણાવેલુ તથા આરોપી જેમ જેમ રસ્તો બતાવતા ગયા તેમ તેમ ડ્રાઈવર ગાડી ચલાવતા હતા. કોઝવે પાસે પહોંચેલા. આરોપીએ કોઝવેના ગેઈટ પાસે ગાડીને ઉભી રખાવેલી. ત્યાંથી તેઓ, પોલીસવાળા, આરોપી બધા એક સાથે આરોપી બતાવતા હતાં તેમ ચાલીને જતાં હતા. બધા કોઝવેના બ્રિજ પાસે વચ્ચે ગયેલા. ત્યાં પાણીમાં આરોપીએ ઈશારો કરેલો અને એવુ કહેલુ કે, પાઈપ બોમ્બને પાણીમાં નાંખેલ છે" વિગેરે પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપીએ પોતે આપેલ માહિતી પ્રમાણેની જે જગ્યા બતાવેલી તે જગ્યા ઉપર કોઝવે હતો અને તેમાં પાણી હતુ તો તે હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય. આ જગ્યા ઉપર પાઇપ બોમ્બ ફેંકી દીધેલો તેની તથા જગ્યા ત્યાં છે તેની જાણકારી આરોપીને હતી માટે પંચો તથા તપાસ કરનાર અધિકારીને તે જગ્યાઓ ઉપર આરોપી દોરી ગયેલા, આરોપીનુ આ જગ્યા ઉપર દોરી જવાનુ વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે મેહુલકુમાર અરૂણભાઈ જડીયાને સાહેદ નં.૪૫૬ તરીકે આંક–૨૮૦૫ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૪/૯/૨૦૦૮ ના રોજ સાંજે પોણા છ થી છ વાગ્યાના સમયે આ સાહેદ તથા તેનો મિત્ર ચોક બજાર કુર્જી પોલીસ ચોકી પાસેથી પસાર થતા હતા તે વખતે પોલીસ કોન્સ્ટેબલ દિનેશભાઈએ બોલાવેલા અને કહેલુ કે કામ છે તેથી અંદર આવો. તેમણે કહેલુ કે સુરતમાં મળી આવેલ બોમ્બ સંબંધે આરોપી રિમાન્ડ ઉપર છે અને એન.બી.પરમાર સાહેબ આ બાબતે મળવા માંગે

છે. તેથી અંદર એન.બી.પરમાર સાહેબને મળેલા અને જે ઘટનાક્રમ બનેલો છે એટલે કે બોમ્બ વિસ્ફોટકમાં પકડાયેલા તેની માહિતી આપેલી કે એક આરોપી રિમાન્ડ ઉપર છે તે આરોપી ગુનાની જાણ માટે એટલેકે જગ્યા બતાવવા માંગે છે ત્યાં જવાનું હોઈ તેના પંચનામામાં રહેવા તૈયાર છો જેથી સ્વૈચ્છિક મંજૂરી દર્શાવેલી. મંજૂરી દર્શાવી પછી જે આરોપી હતો તેનું નામ સાહેબે તનવીર પઠાણ જણાવેલુ. આરોપી આ ગુનાના સંદર્ભે કોઈ જગ્યાએ તપાસ માટે લઈ જવા માટે કહી રહ્યો હતો. આ સાહેદે પણ આરોપીનુ નામ પુંછેલુ પરંતુ આરોપીએ કાંઈ જણાવેલ નહી કે બોલ્યો પણ નહી. ત્યાર બાદ બધા બહારના રસ્તા તરફ જવા નીકળેલા. આ વખતે બંને પંચો, પરમાર સાહેબ, બે કોન્સ્ટેબલ તથા પોલીસની જીપ પાછળ હતી તેમજ આરોપી તનવીર પણ સાથે હતો.

સાહેદ વધુમાં જણાવે છે કે, બધા વાહનમાં બેસી મુગલીસરાઇના રસ્તે થઈ વરીયાવી બજાર થઈ સૈયદપુરા પમ્પીંગ સ્ટેશન જવાના રસ્તે આગળ વધ્યા. આ રસ્તો તનવીરે જેમ જેમ બતાવ્યા તેમ તેમ આગળ ગયેલા. ત્યાં સૈયદપુરા પમ્પીંગ સ્ટેશનની ડાબી બાજુ એક બેટરીની દુકાન હતી. ત્યાં એક માસ્ટર હાઉસ કરીને એક બિલ્ડિંગની આગળ તે સમયે એક નવુ બાંધકામ ચાલતુ હતું ત્યાં તનવીરે ગાડી થોભાવવા માટે કહ્યુ. એક રફીક નામનો ઈસમે ત્યાં ઘર ભાડે રાખેલુ. તે જગ્યા બતાવવા લઈ જતો હતો. ત્યાં વાહનને ઉભુ રાખી આગળ ચાલતા ગયેલા. માસ્તર હાઉસ નામની બિલ્ડિંગના ત્રીજા માળ સુધી આરોપી લઈ ગયેલો. ત્યાં ખૂણામાં એક લોબી પડે છે તે જગ્યાએ ૨૧ નંબરની પાસે લઈ ગયેલ અને તેણે “આ રૂમ ભાડે રાખેલ છે તેવુ જણાવેલુ.” આ રૂમને તાળુ હતુ. ત્યાં બાજુની ૨૦ નંબરની રૂમમાં શરાફતભાઈ કરીને એક ભાઈ હતા. તેમને પુંછવામાં આવ્યુ. તેમણે જણાવેલ કે આ ફરીદ માસ્ટરનું બિલ્ડિંગ છે અને બે દિવસ પહેલા આ રૂમ ભાડે અપાયેલ. ત્યાં સાહેબને શંકા ગયેલી. મકાનને તાળુ હોવાથી તેમણે કોન્સ્ટેબલ પાસેથી તાળુ તોડવા માટે ટોમી મંગાવેલી અને પછી તાળુ તોડીને આરોપીની સાથે સાહેબ તથા બધા અંદર ગયેલા. અંદર જતાં માલુમ પડેલુ કે એક મોટો રૂમ હતો અને દિવાલો કરેલી હતી અને મોટા રૂમમાંથી ત્રણ

રૂમો બનાવેલ છે. તેમાં પહેલો રૂમ આશરે ૧૨ x ૧૫ ની સાઈઝનો હતો અને ત્યાં તપાસ કરતાં કોઈ વસ્તુ મળેલી નહી. ત્યારબાદ બીજા રૂમની તપાસ કરવામાં આવેલ. જે રૂમ આશરે ૧૨ x ૧૦ ની સાઈઝનો હતો. તેમાં પણ કાંઈ વસ્તુ મળેલી નહી. ત્યાર બાદ ત્રીજા રૂમમાં પણ તેજ પરિસ્થિતિ બનેલી હતી. સાહેબને શંકા ગયેલી કે કોઈ એવી પ્રવૃત્તિ અહીંયા થઈ હશે અને તેથી વધુ ઝીણવટભરી તપાસ માટે એફ.એસ.એલ. ના અધિકારીને બોલાવવામાં આવેલા. જેમનું નામ ડી.એન. પટેલ સાહેબ હતું. કોઈ પણ શંકાસ્પદ માહિતી ત્યાંથી મળેલી નહીં. આ સઘળી કાર્યવાહીનું પંચનામુ કરેલુ જે આંક–૨૮૦૬ થી ૨જૂ છે. આ પંચનામામાં સાહેદ પોતાની તથા વિપુલભાઈની સહીઓ ઓળખી બતાવે છે. સાહેદને ટી.વી. સ્કીન ઉપર બે–બે ના ગ્રુપમાં આરોપીઓને બતાવવામાં આવતા સાહેદ આરોપીને ઓળખી શકતા નથી અને જણાવેલ છે કે જે તે વખતે આ આરોપીને આછી દાઢી સાથે જોયેલો હતો તેથી ઓળખી શકતા નથી.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ એસ.વાય. બી.કોમ. સુધી ભણેલા છે. પંચનામાની સઘળી પ્રક્રિયાને બે–સવા બે કલાકનો સમય થયો હતો. સમગ્ર સમય દરમ્યાન આ સાહેદ તનવીર સાથે રહેલા તે કબૂલ કરે છે. આ બે પ્રશ્નના અર્થ ધ્યાને લેતા પંચનામાની કાર્યવાહી થયેલી છે અને પંચોની સાથે તનવીર હાજર હતો તે સ્વીકૃત હકીકત બને છે. આરોપીના દાઢીના વર્ણન અંગે કોઈ ઉલ્લેખ કરેલ નથી તે કબૂલ કરે છે. ઘણો લાંબો સમય થયો હોવાથી આરોપીને ઓળખી શકેલ નથી. એન.બી.પરમાર પોલીસ અધિકારી સાથે આ સાહેદને કોઈ સબંધ નથી. તનવીર દસેક દિવસથી પોલીસ કસ્ટડીમાં હતો તે હકીકત એન.બી.પરમાર સાહેબે જણાવેલી. રફીકને મકાન ભાડે આપેલીની હકીકત કબૂલ કરે છે. રફીકની શોધખોળ પોલીસે કરેલી કે કેમ? તેની ખબર નથી. પંચનામામાં લખેલી ભાષા પોલીસની છે તે કબૂલ કરે છે. પંચનામુ પોલીસે લખાવેલાની હકીકત નકારે છે. પરંતુ સાહેદ જણાવે છે કે પંચનામાની વિગત હું બોલતો હતો અને બીજા પંચ વિપુલભાઈ બાજુમાં હતા. આરોપીએ કોઈ સ્થળ બતાવેલ નથી તો તે હકીકત નકારે છે. પરંતુ આગળ ઉપર સાહેદને આરોપી સાથે

હતો તેવો કબૂલાત્મક પ્રશ્ન પુછવામાં આવેલો છે અને તેની વિરૂધ્ધ આરોપીએ સ્થળ બતાવેલ નથી તેવો પ્રશ્ન પુછાયેલ છે. તૈયાર પંચનામામાં સહીઓ કરેલાની હકીકત નકારી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમારનાઓએ કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી.નં.૧૭૬/૨૦૦૮ નાં કામે તા.૪.૯.૨૦૦૮ ના રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ વિપુલ ભગુભાઈનાઓને ડી.સી.બી. પોલીસ સ્ટેશન સુરત ખાતે બોલાવેલા અને ત્યાં આરોપી નં.૬૩ તનવીર પઠાણ હાજર હતો. પંચો રૂબરૂ તે કંઈક કહેવા અને બતાવવા માંગતો હોવાથી પંચો, સ્ટાફના માણસો તથા આરોપીને લઈ તપાસ કરનાર અધિકારી આરોપીના કહેવા અને બતાવ્યા મુજબના રસ્તે જવા નીકળેલા અને આરોપીએ જણાવેલુ કે ચાલો રફીકે જે મકાન ભાડે રાખેલ તે બતાવી દઉ જેથી આરોપી સૈયદપુરા પમ્પીંગ સ્ટેશન તરફ વાહન લઈ જવાનું જણાવેલુ અને નવા બંધાઈ રહેલા મકાનની બાજુની ગલીમાં વાહન ઉભુ રખાવેલુ અને રફીકે જે મકાન ભાડે રાખેલુ તે મકાન બતાવેલુ. ત્યારબાદ તે મકાનના દરવાજા ઉપરનું તાળુ ટોમી મંગાવીને તોડેલુ અને મકાનની અંદરનું વિગતવાર પંચનામુ આંક-૨૮૦૬ વાળુ બનાવવામાં આવેલુ.

આંક-૨૮૦૬ વાળુ પંચનામુ બનાવનાર તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમારની જુબાનીના પેરા-૧૨ ધ્યાને લઈએ તો તા.૪/૯/૨૦૦૮ ના રોજ રીમાન્ડ ઉપરના આરોપી તન્વીર મોહમદ અખ્તર પઠાણનાઓ ગુનાના કામે કાંઇક કહિ કાંઇક બતાવવા માંગતા હોવાથી તે અંગેનું પંચનામું કરવા સારૂ બે પંચોને કચેરી ખાતે બોલાવેલાં અને બે પંચોને પંચનામા અંગે સમજ કરેલી અને તેઓએ સ્વખુશી બતાવતા આરોપીનું નામ, ઠામ બે પંચો રૂબરૂ પુંછવામાં આવેલું. આરોપીએ પંચો તથા આ સાહેદની રૂબરૂ પોતાનું નામ જણાવી જણાવેલુ કે "ચાલો રફિકે જે મકાન ભાડે રાખેલું તે બતાવી દઉ" તેમ જણાવતા આરોપી, પંચો તથા બધા સરકારી વાહનમાં બેસેલ અને રવાના થયેલાં. ત્યારબાદ આરોપી કહે તે પ્રમાણે વાહન હંકારવા ડ્રાઇવરને સુચના

આપેલી. ત્યારબાદ આરોપીએ બતાવેલ રસ્તે આગળ ગયેલાં અને આરોપીએ સૈયદપુરા પમ્પીંગ સ્ટેશન નજીક સ્ટોવેલ બેકરીની દુકાનની બાજુમાં ગલી તરફ આવેલ બિલ્ડિંગ કે જે માસ્ટર હાઉસ નામની બિલ્ડિંગમાં હતું તેનું ત્રીજા માળનું મકાન બતાવેલું અને તે અંગેનું વિગતવારનું પંચનામું પંચોના જોયા લખાવ્યા મુજબનું લખી લેવામાં આવેલું. આંક–૨૮૦૬ વાળા પંચનામામાં સાહેદ બે પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

આંક–૨૮૦૬ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે, "આરોપીએ પોતાનુ નામ ઠામ જણાવેલુ તથા ચાલો રફિકે જે મકાન ભાડે રાખેલું તે બતાવી દઉં" તથા "આરોપીએ સૈયદપુરા પમ્પીંગ સ્ટેશન નજીક સ્ટોવેલ બેકરીની દુકાનની બાજુમાં ગલી તરફ આવેલ બિલ્ડિંગ કે જે માસ્તર હાઉસ નામની બિલ્ડિંગમાં હતું તેનું ત્રીજા માળનું મકાન બતાવેલું" વિગેરે પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપીએ પોતે આપેલ માહિતી પ્રમાણેની જે જગ્યા બતાવેલી તે જગ્યા ઉપર મકાન હતુ તો તે હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય. વધુમાં આ મકાન આરોપીએ જોયેલુ હતુ, મકાન ઉપર આરોપી ગયેલો હતો તેની માહિતી આરોપીને હતી માટે પંચો તથા તપાસ કરનાર અધિકારીને આ મકાન ઉપર આરોપી દોરી ગયેલા, આરોપીનુ આ દોરી જવાનુ કૃત્ય પુરાવામાં ગ્રાહ્ય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે રોબીન પ્રકાશચંદ્ર પીત્તળવાલાને સાહેદ નં.૪૬૪ તરીકે આંક–૨૮૫૦ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૫/૧૦/૨૦૦૮ ના રોજ સાંજના આશરે પાંચ કલાકે આ સાહેદ ચોક બજારમાંથી પસાર થતા હતા ત્યારે પોલીસે તેમને રોકીને એવુ જણાવેલ કે કામ છે. ત્યારબાદ તેઓને ડી.સી.બી. પોલીસ સ્ટેશને લઈ ગયેલા. ત્યાં એક સાહેબ બેઠા હતાં તેમનું નામ પરમાર સાહેબ હતુ. ત્યાં એક આરોપી બેઠેલ હતા તે બતાવેલ અને કહેલ કે આ આરોપી કાંઈક કહેવા માંગે છે તો સાથે રહેવાનું છે. પરમાર સાહેબે આરોપીનું નામ તનવીર પઠાણ હોવાનું જણાવેલુ. આ

આરોપી કોઈ કોઈન બોક્ષ ઉપરથી ફોન કરેલા તે બતાવવા માંગતા હોઈ પંચ તરીકે રહેવાનું કહેતા હા પાડેલી. આ સાહેદ સાથે તે વખતે કુશલ ચંદારાણા કરીને બીજા પંચ હાજર હતા. ત્યારબાદ બધા પોલીસના વાહનમાં બેઠેલા. આ વાહનમાં ડ્રાઈવર, પરમાર સાહેબ, આરોપી તથા પોલીસવાળા તથા તેઓ બંને પંચો બેઠેલા હતા. ત્યાંથી નીકળી મુગલીસરાઇ રોડ ઉપરથી સૈયદપુરા રોડ ખાતે આવેલા. આ જગ્યા આરોપી બતાવતા હતા. બધા સૈયદપુરા પોલીસ સ્ટેશન સામે એક જગ્યા હતી જે જગ્યા વાડીયા હાઉસ નામે ઓળખાય છે. ત્યાં એક કોઈન બોક્ષ હતુ. તે કોઈન બોક્ષ આરોપી મહંમદ તનવીરે બતાવેલુ અને ત્યાંથી તેણે ફોન કરેલો. ત્યાંથી બધા આગળ નીકળેલા અને સૈયદપુરા મેઈન રોડ ઉપર આવેલા અને સૈયદપુરા પમ્પીંગ સેન્ટર પાસે "નાઝ પાન સેન્ટર" નામની દુકાન હતી. ત્યાં એક કોઈન બોક્ષ હતો જે બતાવવામાં આવેલ. ત્યાંથી આગળ વેડ રોડ તરફ જતાં આનંદનગર પાસે "એહમદ પાન સેન્ટર" નામનો પાનનો ગલ્લો હતો. આ રસ્તો ફટાકડા વાડી તરીકે ઓળખાય છે. ત્યાં એક કોઈન બોક્ષ હતો તે બતાવવામાં આવેલ. ત્યાંથી આગળ ગોતાલાવાડી થઈને લાલ દરવાજા પાસે આવેલા. ત્યાં "દિનેશ જૈન" નામની કરિયાણાની દુકાન હતી. ત્યાં એક કોઈન બોક્ષ હતો તે પણ બતાવવામાં આવેલ. તેના ઉપરથી ફોન કરવામાં આવેલો. ત્યાં લાલ દરવાજાથી આગળ જતાં એક મોટી શેરી છે ત્યાં એક કોઈન બોક્ષ હતુ. જયાં "સતીષ ચપ્પલ માર્ટ" નામની દુકાન આવેલી છે. ત્યાંથી આગળ ગયેલા અને સ્ટેશન રોડ તરફ લઈ ગયેલા. સ્ટેશન રોડ પાસે એક આયુર્વેદિક કૉલેજ આવેલી છે. આ કૉલેજની સામે "આનંદ હોટલ" આવેલી છે. આ હોટલના ગેટ પાસે પાનનો ગલ્લો આવેલો છે. ત્યાં એક કોઈન બોક્ષ આવેલુ છે ત્યાંથી ફોન કરેલો. ત્યાંથી આગળ ગરનાળુ પાર કરતા એ.કે.રોડ અશ્વિની કુમાર રોડ ઉપર આવેલા. ત્યાં ઉમીયા માતાનું મંદિર આવેલુ છે. આ મંદિર પાસે "પ્રમુખ દર્શન એપાર્ટમેન્ટ" આવેલુ છે. ત્યાં એક દુકાન "કનૈયા ડેરી" નામની આવેલી છે. તે જગ્યા બતાવવામાં આવેલી અને ત્યારબાદ બધા લોકો ત્યાં ઉતરી ગયેલા. ત્યાં પોલીસ વાળા લખતા ગયેલ અને બધુ વાંચેલુ. ઉપરોકત બધી જગ્યાઓ આરોપી મહંમદ

તનવીર પઠાણે બતાવેલી. આ કાર્યવાહીની પંચનામુ કરવામાં આવેલુ જે આંક–૨૮૫૧ મા સાહેદ પોતાની અને કુશલભાઈની તથા પોલીસ અધિકારીની રૂબરૂ તરીકે સહી ઓળખી બતાવે છે. સાહેદને ટી.વી. સ્ક્રીન ઉપર તમામ આરોપીઓને બે–બે નાના ગ્રુપમાં બતાવવામાં આવતા સાહેદ આરોપીને ઓળખી શકતા નથી.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ સેનેટરી વેરનો ધંધો કરે છે. પંચનામાની તારીખે ધંધા માટે ગયેલા નહીં. જે પોલીસ બોલાવવા આવેલી તેને પોતાની ઓળખાણ આપેલી નહીં. પંચનામા અગાઉ પોલીસ અધિકારી પરમાર સાહેબને ઓળખતા ન હતા. પોલીસ સ્ટેશનમાં માત્ર પરમાર સાહેબ હાજર હતા તો તે હકીકત નકારી છે. પંચનામાની તારીખ અગાઉ આરોપીને ઓળખતા ન હતા. આરોપીના પરિવારના સભ્યો તથા તેના ધંધા અંગે જાત માહિતી નથી. આરોપીની ઓળખાણ પરમાર સાહેબે આપેલી. આરોપીના ઓળખ સંબંધેના કોઈ દસ્તાવેજો બતાવેલા નહીં. પોલીસ સ્ટેશનમાં બેસીને તૈયાર પંચનામામાં સહી કરેલાની હકીકત નકારી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમારનાઓએ વરાછા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી.નં.૩૬૫/૨૦૦૮ નાં કામે તા.૫.૧૦.૨૦૦૮ ના રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ કુશલ શીરીષચંદ્ર ચંદારાણાનાઓને ડી.સી.બી. પોલીસ સ્ટેશન સુરત ખાતે બોલાવેલા અને ત્યાં આરોપી નં.૬૩ તનવીર પઠાણ હાજર હતો. પંચો રૂબરૂ તે કંઈક કહેવા અને બતાવવા માંગતો હોવાથી પંચો, સ્ટાફના માણસો તથા આરોપીને લઈ તપાસ કરનાર અધિકારી આરોપીના કહેવા અને બતાવ્યા મુજબના રસ્તે જવા નીકળેલા અને આરોપીએ જણાવેલુ કે ગઈ તા.૧૨.૭.૨૦૦૮ થી તા.૨૬.૭.૨૦૦૮ દરમ્યાન સુરત શહેરમાંથી અલગ–અલગ જગ્યાઓ ઉપર જઈ કોઈન બોક્ષમાંથી અસ્ફાક અને તેના સાથીદાર રફીકને મોબાઈલ નં.૯૭૧૨૩ ૮૧૧૫૭ ઉપર કોન્ટેકટ કરી વાતચીતો કરેલી તે તમામ કોઈન બોક્ષવાળી જગ્યાઓ બતાવવા ખુશી છું જેથી આરોપીએ (૧) સૈયદપુરા પમ્પીંગ સ્ટેશન સામે વાડીયા હોલ બિલ્ડિંગમાં કોટવાલની વાડી, દુકાન નં.૧

ગાયત્રી કમ્પ્યુટર ટાઇપીંગ સેન્ટરવાળી જગ્યા (૨)સૈયદપુરા ઉભી શેરી, જયંતિલાલ ચુનીલાલ નામની દુકાન (૩)સૈયદપુરા પમ્પીંગ સ્ટેશનની સામે આવેલ નાઝ પાન સેન્ટરવાળી જગ્યા (૪)વેડરોડ ફટાકડાવાળી આનંદનગર–૧ પાસે, હમીદખાનના પાનના ગલ્લાવાળી જગ્યા (૫)લાલ દરવાજા પટેલવાડી નં. ૩, દિનેશ જૈનની કરીયાણાવાળી જગ્યા (૬) લાલ દરવાજા, મોટી શેરી, સતિષ ચંપલ માર્ટવાળી જગ્યા (૭)આયુર્વેદીક કૉલેજ સામેના આનંદના ગેટ પાસે ગ્રાઉન્ડ ફલોરપર આવેલ પાનના ગલ્લાવાળી જગ્યા (૮)એ.કે.રોડ અંકુર સોસાયટી વિ.૩, પ્રમુખ દર્શન એપાર્ટમેન્ટમાં કનૈયા ડેરી નામની દુકાનવાળી કોઇન બોક્ષવાળી જગ્યા બતાવેલી અને તે જગ્યાનુ પંચનામુ આંક–૨૮૫૧ વાળુ બનાવવામાં આવેલુ.

આંક–૨૮૫૧ વાળુ પંચનામુ બનાવનાર તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમારની જુબાનીના પેરા–૨૦ મા પંચનામામાં જણાવેલ વિગત મુજબની હકીકત જણાવેલ છે અને આંક–૨૮૫૧ વાળા પંચનામામાં સાહેદ બે પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે. આ સાહેદની ઊલટતપાસના પેરા નં.૧૪૪ ધ્યાને લઈએ તો આરોપી તનવીરે બોક્ષવાળી જગ્યાઓ બતાવેલી નથી તો તે હકીકત નકારે છે. કોઈન બોક્ષ ઉપરથી ટેલીફોન થયા હોય તેવા કોલ રેકોર્ડ મેળવેલા નથી તે કબૂલ કરે છે. કયારે ફોન થયેલા તે તપાસમાં ખુલેલુ નથી તો તે હકીકત નકારે છે. કોઈન બોક્ષવાળી જગ્યાઓ બતાવેલાનું પંચનામુ ઉભુ કરેલુ છે તો તે હકીકત પણ નકારી છે. ઊલટતપાસના પેરા નં.૧૬૧ ધ્યાને લઈએ તો કોઈન બોક્ષના અસ્તિત્વ અંગેનો કોઈ દસ્તાવેજી પુરાવો રજૂ કરેલાનું યાદ નથી.

આંક–૨૮૫૧ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "આરોપીએ પોતાનુ નામ ઠામ જણાવેલુ" તથા "ગઈ તા.૧૨.૭.૨૦૦૮ થી તા.૨૬.૭.૨૦૦૮ દરમ્યાન સુરત શહેરમાંથી અલગ–અલગ જગ્યાઓ ઉપર જઈ કોઈન બોક્ષમાંથી અસ્ફાક અને તેના સાથીદાર રફીકને

મોબાઈલ નં.૯૭૧૨૩ ૮૧૧૫૭ ઉપર કોન્ટેક કરી વાતચીતો કરેલી તે તમામ કોઈન બોક્ષવાળી જગ્યાઓ બતાવવા ખુશી છું" તથા "પંચનામાની વિગતે જુદી–જુદી કોઈન બોક્ષવાળી જગ્યાઓ બતાવેલી" વિગેરે પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં પરંતુ આ તમામ કોઈન બોક્ષ વાળી જગ્યાઓ ઉપર આરોપી ગયેલો હતો, જગ્યાઓની માહીતી તેને હતી માટે જ પંચો તથા તપાસ કરનાર અધિકારીને આરોપી આ જુદી–જુદી જગ્યાઓ ઉપર દોરી ગયેલો, આરોપીનું આ દોરી જવાનુ વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે સંજય ભગવાનદાસ ભંડારીને સાહેદ નં.૪૬૭ તરીકે આંક–૨૮૫૯ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ બચપનથી અડાજણ વિસ્તારમાં રહે છે અને કોન્ટ્રાકટર તરીકે કામ કરે છે અને કામકાજ કરવાના સ્થળ બદલાતા રહે છે. તા.૩૦/૮/૨૦૦૮ ના રોજ સવારે દસેક વાગ્યે આ સાહેદ સૈયદપુરા તરફ જતા હતા ત્યારે પોલીસે રસ્તામાં ઉભા રાખી એવુ જણાવેલુ કે સાહેબ બોલાવે છે. આથી તેઓ ડી.સી.બી. પોલીસ સ્ટેશને ગયેલા. તેઓ અંદર ગયા તે પહેલાં પોલીસ સ્ટેશનમાં રવિ વરોલીયા નામનો વ્યકિત ત્યાં હાજર હતો. પોલીસ સ્ટેશનમાં ત્યાં પોલીસ અધિકારીઓ અન્ય પોલીસ કર્મચારી તથા તનવીર નામનો એક આરોપી હાજર હતો. ત્યાં હાજર પોલીસ અધિકારીએ પોતાનું કે.એસ. દેસાઈ જણાવેલુ કે વરાછામાં બોમ્બ મળ્યા છે તે બાબતે આરોપી કાંઈક કહેવા માંગે છે અને જે મોબાઈલ અનુસંધાને હતુ અને આરોપીએ એવુ જણાવેલુ કે જો તમે મને લઈ જવા માંગતા હોય તો, મોબાઈલ મે જે જગ્યાએ ફેંકયો છે તે જગ્યા હું બતાવવા તૈયાર છુ. ત્યારપછી પંચો, પોલીસ સ્ટાફ તથા તનવીર અને ફોટોગ્રાફર ગાડીમાં બેઠા તે પછી તનવીર રસ્તો બતાવતો હતો. ત્યાંથી આઈ.પી.મીશન સ્કૂલથી મુગલીસરાઇ સરકારી કચેરી થઈને ઘાસતીપુરા થઈને લેફટ સાઈડ ટર્ન મારી પાલીયા ગ્રાઉન્ડ તરફ લઈ ગયેલ. ત્યાંથી ભરી માતા રોડ તરફ લઈ ગયેલા. ત્યાં પુલની ડાબી બાજુએ ગાડી તનવીરે ઉભી રખાવેલી. એસ.પી. સાહેબે તનવીરની હાથકડી છોડી નાંખતા તનવીર પત્થર નાંખીને મોબાઈલ નાંખેલો તે જગ્યા બતાવેલી. ત્યાં

ડહોળું પાણી હતુ ત્યાં એસ.એમ.સી.ના માણસો અને સાહેબ પારેખભાઈ હતા. તેઓએ પાણીની અંદર શોધ કરેલી પરંતુ કંઈ મળેલુ નહી. એસ.એમ.સી.ના માણસોને પોલીસ અધિકારી દેસાઈએ બોલાવેલા. આ કાર્યવાહીનું પંચનામુ બનાવેલુ જે આંક–૨૮૬૦ થી ૨જૂ છે આ પંચનામામાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. ઘણો સમય થયેલો હોવાથી સાહેદ આરોપીને ઓળખી શકતા નથી.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પોલીસ સ્ટેશને આ સાહેદ ગયા ત્યારે રવિ નામની વ્યકિત હાજર હતી, તે વ્યકિત કયારથી અને કેટલા સમય પહેલાથી હાજર હતી તે કહી શકે નહીં. રવિ સાથે કોઈ જગ્યાએ વાતચીત કરવાનો પ્રસંગ બનેલો નહીં. પોલીસ સ્ટેશનમાં ગયા ત્યારે એસ.પી., પોલીસ સબઇન્સ્પેકટર તથા ૪–૫ પોલીસ કોન્સ્ટેબલ હાજર હતા. તેઓએ શું કાર્યવાહી કરેલી તેની ખબર નથી. ખાડીવાળા બ્રિજ ઉપર હાજર રહેલા માણસોના નામો ખબર નથી. ખાડીવાળા બ્રિજ ઉપર પહોંચ્યા ત્યારે ત્યાં એસ.એમ.સી.ના ૪–૫ માણસો હાજર હતા. તેઓની સાથે વાતચીત કરવાનો પ્રસંગ બનેલો નહીં. આ સાહેદ નારાયણ મારૂતિ અને યશવંત સાલુજી, સમીરભાઈ અને રમેશભાઈને ઓળખતા નથી. આ લોકો સ્થળ ઉપર કઈ રીતે આવેલા તેની ખબર નથી. પોલીસ સ્ટેશને ગયા ત્યારે ફોટોગ્રાફર હાજર હતા નહીં. પોલીસ સ્ટેશનમાં વિડીયોગ્રાફી થયેલી કે કેમ તે જાણતા નથી. સ્થળ ઉપર વિડીયોગ્રાફરની હાજરી હતી નહીં તો તે હકીકત નકારી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાથે મદદમાં રહેનાર અધિકારી સાહેદ નં.૧૦૪૮ કે.એસ. દેસાઈનાઓએ કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી.નં.૧૭૬/૨૦૦૮ ના કામે તા.૩૦.૮.૨૦૦૮ ના રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ રવિકુમાર ગીરીશભાઈ વરોલીયાનાઓને ડી.સી.બી. પોલીસ સ્ટેશન સુરત ખાતે બોલાવેલા અને ત્યાં આરોપી નં.૬૩ તનવીર પઠાણ હાજર હતો. પંચો રૂબરૂ તે કંઈક કહેવા અને બતાવવા માંગતો હોવાથી પંચો, સ્ટાફના માણસો તથા આરોપીને લઈ

તપાસ કરનાર અધિકારી આરોપીના કહેવા અને બતાવ્યા મુજબના રસ્તે જવા નીકળેલા અને આરોપીએ જણાવેલુ કે ગઈ તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ રાત્રીના ૧૦ થી ૧૧ વાગ્યાના સુમારે મે મારો નોકીયા કંપનીનો મોડલ નં.૧૧૦૮ નો ધાસતીપુરા ભરીમાતા રોડ ઉપર આવેલ ખાડીના પુલ ઉપરથી ખાડીના પાણીમાં ફેંકી દીધેલ છે તે જગ્યા બતાવવા લઈ જઉ તેમ કહેલુ અને સરકારી વાહનમાં જઈ તે ખાડીવાળી જગ્યા બતાવેલી અને તે જગ્યાનુ પંચનામુ આંક–૨૮૬૦ વાળુ બનાવવામાં આવેલુ.

આંક–૨૮૬૦ વાળુ પંચનામુ બનાવનાર તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૦૪૮ કે.એસ.દેસાઈની જુબાની ધ્યાને લઈએ તો તા.૩૦/૮/૨૦૦૮ ના રોજ આ કેસના અમલદાર તરફથી સુચના આપવામાં આવેલી. તેથી સુચના મુજબ રીમાન્ડ ઉપરના આરોપી તન્વીર મોહમદઅખ્તર પઠાણનાઓ આ ગુનાના કામે કંઇક કહેવા અને બતાવવા માંગતો હોય જેથી તેનું પંચો રૂબરૂ પંચનામું કરી તે જે કહેવા અને બતાવવા માંગતો હોય તે મુજબની કાર્યવાહી કરવા સુચના આપેલી. જેથી બે પંચોના માણસોને ડી.સી.બી. ઑફિસે બોલાવી તેઓને પોતાની અને આ ગુનાના આરોપીની ઓળખ આપેલી. આરોપીએ પંચોની રૂબરૂમાં પોતે કંઇક કહેવા અને બતાવવા માંગતો હોવાનું જણાવતા આગળની કાર્યવાહી પંચો મારફતે કરવાની હોય પંચોએ પોતાની સ્વખુશી બતાવતા પંચોએ લખાવ્યા મુજબ આ ગુનાનું પંચનામું કરવામાં આવેલું. બધા સરકારી વાહનમાં આરોપીના કહેવા પ્રમાણે ડી.સી.બી. કચેરીએથી નીકળી એસ.એમ.સી. ભારાય માતા રોડ ઉપર આવેલ ખાડી પાસે આવતા પંચો રૂબરૂ આરોપીએ વાહન ઉભુ રખાવી અને પોતે આ ગુનાના કામે વાપરેલ નોકીયા કંપનીનો ૧૧૦૮ મોડલનો મોબાઇલ જયારે અમદાવાદમાં બોમ્બ બ્લાસ્ટ થયા તે દિવસે રાત્રે દસથી અગિયારના ગાળામાં આ ખાડીમાં નાંખી દિધેલાનું જણાવતાં ખાડીમાં પાણીમાં ઉતરી મોબાઇલ શોધવા માટે આ ગુનાના આઇ.ઓ.શ્રીએ એસ.એમ.સી.ને યાદી લખીને આપેલી અને તેના આધારે એસ.એમ.સી.ના ચાર માણસોને સ્થળ ઉપર બોલાવી તાપી નદી તરફ પાણીનું વહેણ જતું હતું તે વહેણ આશરે બે થી અઢી કુટ

જેટલું ઉંડું હતુ તેમાં બ્રિજ થી તાપી નદીના પાળા સુધીના વિસ્તારમાં પાણીમાં ઉતરી ચારેક માણસો મારફતે તપાસ કરાવેલી. પરંતુ આ ગુનાનો મોબાઇલ મળી આવેલો નહિ પરંતુ પંચનામા દરમિયાન બીજી કોઇ ચીજવસ્તુ પણ કબ્જે લેવામાં આવેલ નહિ. આંક–૨૮૬૦ વાળા પંચનામામાં સાહેદ બે પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો તા.૨૮.૭.૨૦૦૮ થી તા.૨.૮.૨૦૦૮ ના સમય દરમ્યાન આ સાહેદને પરમાર સાહેબ તરફથી લેખિતમાં યાદીઓ મળેલી તથા મૌખિકમાં આદેશો મળેલા હતા તેમ જણાવે છે. પરમાર સાહેબે કઈ–કઈ તારીખે કેમ્પ ડી.સી.બી. કચેરી ખાતે રાખેલો તે જણાવી શકે નહીં. આ સમય દરમ્યાન મૌખિકમાં કેટલી વખત જણાવેલુ તે પણ કહી શકે નહીં. આ પંચનામાની કાર્યવાહી સિવાય બીજી પણ કાર્યવાહી કરેલી, કેટલી કાર્યવાહી કરેલી તે યાદ નથી. આરોપી તનવીર પઠાણને પરમાર સાહેબે કેવી રીતે પકડેલો અને કયાંથી પકડેલો તેની માહિતી નથી. તા.૩૦.૮.૨૦૦૮ નાં રોજ સવારના દશ વાગ્યાની આજુબાજુ આરોપી તનવીર પઠાણનો કબજો આ સાહેદને મળેલો તેમ જણાવે છે. આંક–૨૮૬૦ વાળા પંચનામામાં જે જગ્યા બતાવેલી છે તે ભરીમાતા રોડ ઉપર ખાડીના પુલ પાસે હતી તે કબૂલ કરે છે. આ પ્રશ્નનો અર્થ ધ્યાને લેતા આરોપીએ આંક–૨૮૬૦ વાળા પંચનામાવાળી જગ્યા બતાવેલાનું આરોપી તરફથી કબૂલ કરવામાં આવેલુ છે તેમ કહી શકાય. આંક–૨૮૬૦ વાળુ પંચનામુ કરવા ગયા ત્યારે ફાયર બ્રિગેડના તરવૈયાઓને આ સાહેદે બોલાવેલા હોય તેવુ બનેલુ નથી. મોબાઈલમાં સીમકાર્ડ હતુ કે નહીં તે જાણવા મળેલુ નહીં. આંક–૨૮૬૦ વાળુ પંચનામુ પંચનામામાં જણાવેલી વિગતો મુજબનુ અને આરોપીના કહેવા અને બતાવ્યા મુજબ લખેલુ નથી તો તે હકીકત નકારી છે. પંચનામુ તૈયાર કરીને પાછળથી પંચોની સહીઓ કરાવેલાની હકીકત નકારી છે. પંચનામા દરમ્યાન કયુ આર્ટીકલ કઈ જગ્યાએ નાખેલુ તેની માહિતી મળેલી. આ માહિતી પોલીસ સ્ટેશનમાંથી નીકળતા પહેલા મળેલી તે કબૂલ કરે છે. આ પ્રશ્નનો અર્થ એવો થાય કે આરોપીએ મોબાઈલ ફોન ભરીમાતાના પુલ પાસેની ખાડીમાં

નાખી દીધેલો તેવી માહિતી આરોપીએ પોલીસ સ્ટેશનમાં આપેલી હતી તે આરોપી તરફથી સ્વીકારવામાં આવેલુ છે તેમ કહી શકાય. તપાસ કરવા માટે એસ.એમ.સી.ના માણસોને બોલાવવા માટે યાદી આ સાહેદે કરેલી નથી પરંતુ સાહેદ જણાવે છે તે તપાસ કરનાર અધિકારીએ કરેલી હતી. એસ.એમ.સી.ના માણસોને બોલાવીને કોઈ કામગીરી કરેલી નથી તો તે હકીકત નકારે છે.

આંક–૨૮૬૦ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "આરોપીએ પોતાનુ નામ ઠામ જણાવેલુ" તથા "જો તમે મને લઈ જવા માંગતા હોય તો, મોબાઈલ મે જે જગ્યાએ ફેંકયો છે તે જગ્યા હું બતાવવા તૈયાર છુ" તથા "તનવીર રસ્તો બતાવતો હતો અને આઈ.પી.મીશન સ્કૂલથી મોગલીસરા સરકારી કચેરી થઈને ઘાસતીપુરા થઈને લેફટ સાઈડ ટર્ન માર્યા પછી ગ્રાઉન્ડ તરફ લઈ ગયેલ. ત્યાંથી ભરી માતા રોડ તરફ લઈ ગયેલા. ત્યાં પુલની ડાબી બાજુએ ગાડી તનવીર ઉભી રખાવેલી" તથા "તનવીર પત્થર નાંખીને મોબાઈલ નાંખેલો તે જગ્યા બતાવેલી" વિગેરે પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે ઊલટતપાસમાં આરોપીઓ તરફથી કબૂલાત્મક પ્રશ્ન પુછવામાં આવેલા છે તે ધ્યાને લેતા તેમજ આરોપીએ ખાડીવાળી જગ્યા બતાવવાનું જણાવેલુ તે જગ્યાની માહિતી આરોપીને જ હતી અને આરોપી ખાડીવાળી જગ્યા ઉપર પંચોને તથા તપાસ કરનાર અધિકારીને લઈ ગયેલ અને તે જગ્યા ઉપર ખાડી હતી માટે ખાડીવાળી જગ્યા પુરાવામાં વિચારણામાં લઈ શકાય. આરોપીનુ આ જગ્યા ઉપર પંચો તથા તપાસ કરનાર અધિકારીને દોરીને લઈ જવાનુ વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે અબ્બાસભાઈ ઈસ્માઈલભાઈ મુલતાનીને સાહેદ નં.૯૬૦ તરીકે આંક–૬૭૪૧ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદની જુબાનીની વિગતવાર ચર્ચા ફરિયાદપક્ષ તરફથી આરોપી નં.૨૯ મોહમદ જાકીર વિરૂધ્ધ જે પુરાવા રજૂ કરવામાં આવેલા છે તે પુરાવામાં ચર્ચા કરેલી છે. જેથી તેનુ પુનરાવર્તન કરવામાં આવતુ નથી. પરંતુ ટૂંકમાં એટલુ જણાવુ છું કે આ

સાહેદની હાજરીમાં આંક–૬૭૪૨ વાળુ પંચનામુ બનાવવામાં આવેલુ અને તે જગ્યાઓ આરોપી નં.૨૯ નાઓએ બતાવેલી હતી અને આરોપી નં.૨૯ નાઓએ આપેલી માહિતી પ્રમાણે આરોપી નં.૩૦ સાદીક, આરોપી નં.૩૧ આરીફ બદર અને આરોપી નં.૬૩ તનવીર પઠાણનાઓએ "આજવા સ્વીટસ" નામની દુકાન બતાવેલી હતી કે જે તે દુકાન ઉપર મુકવામાં આવેલ કોઈન બોક્ષ ઉપરથી એકબીજાને ફોન કરવામાં આવેલા હતા.

આંક–૨૬૨૯ વાળુ પંચનામુ વરાછા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૩૬૬/૨૦૦૮ ના કામે બનાવવાળી જગ્યા ઉપરથી સાહેદ પ્રફુલભાઈ પટેલનાઓએ મળી આવેલ બોમ્બ પૈકી ક્રાંતિ મેદાનમાંથી મળી આવેલ બોમ્બ ખરેખર જે જગ્યાએ મુકવામાં આવેલ અને ત્યાંથી સાહેદે તે બોમ્બ ક્રાંતિ મેદાનમાં ફેકી દીધેલો ખરેખર જે જગ્યાએ હતો તે જગ્યા આ સાહેદે તપાસ કરનાર અધિકારીને બતાવતા પંચો રૂબરૂ પંચનામુ બનાવેલુ અને તે પંચનામા પંચ સાહેદ નં. ૪૩૬ હર્ષદભાઈ મકનભાઈ પટેલનાઓને આંક–૨૬૨૮ તરીકે ફરિયાદપક્ષે તપાસેલા છે. તેઓની જુબાની તથા આંક–૨૬૨૯ વાળા પંચનામાની વિગતવાર ચર્ચા ફરિયાદપક્ષ દ્વારા બનાવ પુરવાર કરવા માટે જે પુરાવા રજૂ કરવામાં આવેલા છે તે પુરાવામાં આગળ ઉપર કરેલી છે. જેથી આ સાહેદના પુરાવા અને પંચનામાની વિગતોનું મૂલ્યાંકનનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી. ત્યારબાદ આરોપી નં.૬૩ ની અટક કર્યા બાદ તેને આ જગ્યા પંચો રૂબરૂ બતાવેલી તેનુ પંચનામુ બનાવેલુ જે આંક–૨૭૯૪ થી રજૂ કરેલુ છે અને તે પંચનામાના પંચ સાહેદ નં.૪૫૧ કલ્પેશ ઈશ્વરભાઈ પટેલનાઓએ પણ પોતાની જુબાનીમાં આરોપી તનવીર પઠાણનાઓએ આ જગ્યાઓ બતાવેલાની હકીકત જણાવેલી છે અને આ જ હકીકત સાહેદ નં.૧૧૩૬ સુજાતા મજમુદારે પોતાની જુબાનીના પેરા નં.૧૦ મા જણાવેલી છે જેથી એકબીજાની જુબાનીને સમર્થન મળે છે.

આંક–૨૭૦૮ વાળુ પંચનામુ ડી.સી.બી. પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૩૦૧૯/૨૦૦૮ ના કામે બનાવવાળી જગ્યા ઉપરથી સાહેદ લલ્લુભાઈ ઠાકોરભાઈ પટેલનાઓએ નુપુર હોસ્પિટલ પાસેથી મળી આવેલ બોમ્બ

ખરેખર જે જગ્યાએ એટલે કે શ્રીપ્રેમ પ્રકાશ આશ્રમ રોડ સર્કલ ખાતે મુકવામાં આવેલ અને ત્યાંથી સાહેદે તે બોમ્બ નુપુર હોસ્પિટલ પાસે ફેકી દીધેલો ખરેખર જે જગ્યાએ હતો તે જગ્યા આ સાહેદે તપાસ કરનાર અધિકારીને બતાવતા પંચો રૂબરૂ પંચનામુ બનાવેલુ અને તે પંચનામાના પંચ સાહેદ નં.૪૪૨ ભરતભાઈ સુરેશભાઈ પાટીલનાઓને આંક-૨૭૦૭ તરીકે ફરિયાદપક્ષે તપાસેલા છે. તેઓની જુબાની તથા આંક-૨૭૦૮ વાળા પંચનામાની વિગતવાર ચર્ચા ફરિયાદપક્ષ દ્વારા બનાવ પુરવાર કરવા માટે જે પુરાવા રજૂ કરવામાં આવેલા છે તે પુરાવામાં આગળ ઉપર કરેલી છે. જેથી આ સાહેદના પુરાવા અને પંચનામાની વિગતોનું મૂલ્યાંકનનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી. ત્યારબાદ આરોપી નં.૬૩ ની અટક કર્યા બાદ તેને આ જગ્યા પંચો રૂબરૂ બતાવેલી તેનુ પંચનામુ આંક-૨૭૯૪ થી રજૂ કરેલુ છે અને તે પંચનામાના પંચ સાહેદ નં.૪૫૧ કલ્પેશ ઈશ્વરભાઈ પટેલનાઓએ પણ પોતાની જુબાનીમાં આરોપી તનવીર પઠાણનાઓએ આ જગ્યાઓ બતાવેલાની હકીકત જણાવેલી છે અને આ જ હકીકત સાહેદ નં.૧૧૩૬ સુજાતા મજમુદારે પોતાની જુબાનીના પેરા નં.૧૦ મા જણાવેલી છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે સમીર ગોપાલભાઈ સોનાવાલાને સાહેદ નં.૪૫૪ તરીકે આંક-૨૮૦૦ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૨૨.૯.૨૦૦૮ ના રોજ આ સાહેદ તથા તેમના મિત્ર મોટર સાઇકલ ઉપર જતા હતા ત્યારે ચોક બજાર કુર્જા પાસે આવતા પોલીસે તેઓને બોલાવેલા. ત્યાં પરમાર સાહેબ હાજર હતા. આ સાહેદ સાથે તેમનો મિત્ર રવિ પણ હતો. પોલીસ અધિકારીએ જણાવેલુ કે સુરતમાં બોમ્બ પકડાયા છે તે સબંધે આરોપી પાસેથી હીરો હોન્ડા મોટર સાઇકલ કબજે કરવાનું છે. તે આરોપીનું નામ તનવીર પઠાણ હતુ. આ સાહેદે પંચમાં રહેવાની ખુશી બતાવેલી. પોલીસે બાઇક કબજે કરેલ તે આરોપી તનવીર પઠાણના ભાઈ સલીમ પઠાણ પાસેથી કબજે કરેલુ. આ મોટર સાઇકલનો નં.જીજે-૫-ડીકે-૩૭૧૭ હતો. આમ, આ કાર્યવાહીનું પંચનામુ કરવામાં આવેલુ જે પંચનામુ આંક-૨૮૦૧ થી રજૂ છે આ

પંચનામામાં સાહેદ પોતાની તેમજ રવિભાઈની સહી અને રૂબરૂ તરીકે પોલીસ અધિકારીની સહીઓ ઓળખી બતાવે છે. તેમજ સેશન્સ કેસ નં.૪૧૨/૨૦૦૯ ના મુદ્દામાલ લીસ્ટ આંક–૨૩૩૬ના ક્રમાંક–૪૨ વાળુ મોટર સાઇકલ પણ ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો મોટર સાઇકલ પોલીસ સ્ટેશનમાં પડેલુ હતુ તે કબૂલ કરે છે. આ સાહેદની હાજરીમાં પંચનામુ થયેલુ નથી કે મોટર સાઇકલ કબજે કરેલુ નથી તો તે હકીકત નકારે છે. તૈયાર પંચનામામાં સહી કરેલાની હકીકત નકારે છે. પોલીસને મદદ કરવા ખોટી જુબાની આપતા હોવાની હકીકત પણ નકારે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમારનાઓએ કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી.નં.૧૭૬/૨૦૦૮ ના કામે તા.૨૨.૯.૨૦૦૮ ના રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ રવિભાઈ અશોકકુમારનાઓને ડી.સી.બી. પોલીસ સ્ટેશન સુરત ખાતે બોલાવેલા અને ત્યાં આરોપી નં.૬૩ મહમદ તનવીર હાજર હતો અને તેને ગુનામાં ઉપયોગમાં લીધેલ હીરો હોન્ડા મોટર સાઇકલ તેનો ભાઈ મોહમદ સલીમ મોહમદ અખ્તર પઠાણનાઓ રજૂ કરતા હતા. જેથી તે મોટર સાઇકલ નં.જીજે–૫–ડીકે–૩૭૧૭ આંક–૨૮૦૧ ના પંચનામાની વિગતે કબજે કરેલુ. આ હકીકત તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમારે પોતાની જુબાનીના પેરા નં.૧૭ મા જણાવેલી છે અને આંક–૨૮૦૧ વાળા પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવી છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે દિપક રામચંદ્ર માલીને સાહેદ નં.૪૫૮ તરીકે આંક–૨૮૧૩ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદની જુબાનીની વિગતવાર ચર્ચા ફરિયાદપક્ષ તરફથી આરોપી નં.૪૪ મોહમદ અકબર ઈસ્માઈલ ચૌધરી વિરૂધ્ધ જે પુરાવા રજૂ કરવામાં આવેલા છે તે પુરાવામાં કરેલી છે. જેથી તેનુ પુનરાવર્તન કરવામાં આવતુ નથી. પરંતુ ટૂંકમાં એટલુ જણાવુ છું કે આ સાહેદની હાજરીમાં આંક–૨૮૧૪ વાળુ પંચનામુ બનાવવામાં આવેલુ અને તે

પંચનામા મુજબ આરોપી નં.૬૩ નાઓએ બોમ્બ બનાવવાની સામગ્રી જે દુકાનેથી ખરીદેલી તે દુકાન "કમલા હાર્ડવેર" ના માલીક સાહેદ નં.૮૫૫ જયેશ પટેલનાઓએ ત્રણ નટ–બોલ્ટ અને એક બોલ્ટ એસ.પી.આઈ. માર્કાના રજૂ કરેલા હતા અને આ જ હકીકત સાહેદ નં.૮૫૫ જયેશ પટેલનાઓ પોતાની જુબાનીમાં જણાવે છે તથા આ જ હકીકત સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર પોતાની જુબાનીના પાના નં.૮ ઉપર પણ જણાવેલ છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે શંકરભાઈ સુદામભાઈ બદાણેને સાહેદ નં.૪૫૯ તરીકે આંક–૨૮૧૫ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ બચપણથી સુરતમાં રહે છે અને તા.૩૦/૮/૨૦૦૮ ના રોજ પોલીસે તેમને હરિઓમ માર્કેટમાં આવેલ દુકાન નં.૫૬૭ જેનુ નામ જીન્દાલ સીલ્ક મીલ્સ છે તે સ્થળ પાસે બોલાવેલ. આ સાહેદ તે સમયે આ માર્કેટમાં સીક્યુરીટીમાં નોકરી કરતા હતા. તેમની જેમ બીજા એક ભાઈ જેમનું નામ રીતેશભાઈ સુરેશભાઈ ભાટીયાને પણ બોલાવેલા. આ દુકાનમાં બધા જતાં દુકાનમાં હાજર ભાઈ નામે રમેશભાઈ જીન્દાલનાએ તેમની રૂબરૂ એક બીલબુક રજૂ કરેલ. સાહેદ સેશન્સ કેસ નં.૪૧૮/૨૦૦૯ ના મુદ્દામાલ લીસ્ટ નં.૨૩૫૦ ના અનુક્રમ નં.૭૩ વાળી બીલબુક જોઈને જણાવે આ બીલબુકના છેલ્લા પાને તેમની તથા તેમની સાથેના પંચ રીતેશભાઈ તથા બીલબુક રજૂ કરનાર રમેશભાઈની સહીઓ ઓળખી બતાવે છે જે આંક–૨૮૧૭ થી રજૂ રાખેલ છે. ઉપર મુજબની જે કાર્યવાહી કરવામાં આવેલ તેનુ પંચનામુ બનાવવામાં આવેલ જે આંક–૨૮૧૬ થી રજૂ છે. આ પંચનામામાં સાહેદ પોતાની તથા રીતેશભાઈની અને રૂબરૂ તરીકે પોલીસની સહીઓ ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ ધો.૧૦ સુધી ભણેલા છે, કાયદાની ભાષા અને કલમો જાણતા નથી. પંચનામામાં આવી કલમો લખવાનું પોલીસને જણાવેલુ નથી. પંચનામુ પોલીસવાળા લખતા હતા કોણ બોલતુ હતુ તેની ખબર નથી. આ સાહેદની હાજરીમાં બીલબુક કબજે કરેલ નથી તો તે હકીકત નકારી છે. પોલીસે આ સાહેદની રૂબરૂમાં કોઈ કાર્યવાહી કરેલી નથી

તો તે હકીકત નકારે છે. બીલ બુક અંગે કંઈ જાણતા નથી તો તે હકીકત નકારી છે. ખોટી જુબાની આપતા હોવાની હકીકત પણ નકારી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આંક–૨૮૧૬ વાળુ પંચનામુ તથા આંક–૨૮૧૭ વાળી બીલ બુક પંચનામાની વિગતે કબજે કરનાર સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમારનાઓએ કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી.નં.૧૭૬/૨૦૦૮ નાં કામે તા.૩૦.૮.૨૦૦૮ ના રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ રીતેશ સુરેશભાઈ ભાટીયાનાઓને રીંગ રોડ ટેક્ષટાઈલ માર્કેટ હરીઓમ માર્કેટના ગ્રાઉન્ડ ફલોર ઉપર જીંદાલ સીલ્ક મીલ્સ દુકાન નં.એલ–૫૬૭ સુરત ખાતે બોલાવેલા. ત્યાં પોલીસ સાથે રીમાન્ડ ઉપર આરોપી નં.૬૩ તનવીર પઠાણનાઓએ આરોપી નં.૪૫ સાથે બોમ્બ બ્લાસ્ટ પહેલા જે દુકાનેથી કાપડ ખરીદેલુ તે દુકાનેથી બીલબુક કબજે લેવાની હતી. ત્યાં કાઉન્ટર ઉપર રમેશકુમાર માણેકલાલ જીંદાલ હાજર હતા અને તેમને ગુલાબી પુઠ્ઠાવાળી બાઈન્ડીંગ કરેલી કેશ મેમો જેના પુઠ્ઠા ઉપર અંગ્રેજીમાં તા.૨૪.૬.૨૦૦૮ થી તા.૧૯.૭.૨૦૦૮ તથા હિન્દીમાં જય હનુમાન તથા જીંદાલ સીલ્ક મીલ લખેલુ હતુ તે આંક–૨૮૧૬ ના પંચનામાની વિગતે કબજે કરેલી હતી. આંક–૨૮૧૭ વાળી બીલ બુક ધ્યાને લેતા બીલ બુકમાં બે પંચોની તથા તપાસ કરનાર અધિકારીની સહી હોવાનું માલુમ પડે છે.

આંક–૨૮૧૬ વાળુ પંચનામુ બનાવનાર પોલીસ અધિકારી સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમારની જુબાનીનો પેરા નં.૭ ધ્યાને લેતા આરોપી તન્વીર પઠાણનાઓએ જે જિંદાલ સીલ્ક મીલ્સમાંથી કાપડની ખરીદી કરેલી હતી તે જિંદાલ સીલ્કના રમેશકુમાર માણેકલાલ જિંદાલનાઓ પોતાની દુકાનની ઓર્ડર વિથ કેશમેમો રજૂ કરતા હોવાથી તે કબ્જે લેવા સારૂનું પંચનામું કરવા માટે બે પંચોને જિંદાલ સીલ્ક મીલ્સની દુકાને બોલાવેલા અને તે પંચનામા દરમિયાન સાહેદ સદર બીલબુક (કેશમેમો) રજૂ કરતા તે પંચનામાની વિગતે કબ્જે લેવામાં આવેલ અને તે અંગેનું પંચનામું પંચનામામાં જણાવેલ સમયે કરવામાં આવેલું

અને પંચોના લખાવ્યા મુજબ લખી લીધેલુ. આંક–૨૮૧૭ વાળી બીલબુકના પાના નં.૬૭ ઉપરની સાહેદ પોતાની તથા પંચોની સહીઓ ઓળખી બતાવે છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે લક્ષ્મણભાઈ મનજીભાઈ ગામીને સાહેદ નં.૪૬૩ તરીકે આંક–૨૮૪૮ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ કતારગામથી પસાર થતા હતા ત્યારે પોલીસ અધિકારી રાઠોડે ઉભા રાખેલા અને કહેલું કે કામ છે તો ચોકબજાર પોલીસ સ્ટેશને જવાનું છે. આથી ચોકબજાર પોલીસ સ્ટેશને ગયેલાં ત્યાં એક બીજા પોલીસ અધિકારી બેઠા હતાં. તે પોલીસ અધિકારી પરમાર સાહેબ હતાં. પરમાર સાહેબે સમજાવેલ કે બોમ્બ મુકેલા હતાં તેનું પંચનામુ કરવાનું છે તો આવશો આથી રાજીખુશીથી આવવા હા પાડેલી. આ સાહેદ સાથે તે વખતે બીજા એક વ્યકિત અનીલભાઈ મરાઠી હાજર હતાં.

સાહેદ વધુમાં જણાવે છે કે, પોલીસ સ્ટેશનેથી સરકારી વાહનમાં તેઓ, જહીર, તનવીર તથા પોલીસ અધિકારીઓ નીકળેલા. જહીર પટેલે જગ્યા બતાવેલી. જે જગ્યા રૂબી કોમ્પ્લેક્ષની પાછળ, નટરાજ કમ્પાઉન્ડ ખાતે પોતાનું ઘર બતાવેલુ. આ ઘર ઝુંપડપટ્ટીમાં હતુ અને તેનો દરવાજો ઉત્તર દિશાનો હતો. બધા ઘરમાં દાખલ થતાં એક લોખંડનો પલંગ હતો તેમજ પલંગની ગાદી નીચે ચેક કરતા પેપર કટીંગ મળી આવેલો તેમાં ઓસામાબીન લાદેનનો લેખ મળી આવેલો. એક રીલાયન્સ કંપનીની ગેસબુક મળેલી. સાથે એક સીલીન્ડર પણ હતો. આ તમામ ચીજ વસ્તુઓ કબજે કરેલી અને આ બાબતેનું વિગતે પંચનામુ કરેલુ. સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારપછી આરોપી તનવીરના બતાવ્યા મુજબ તેના ઘરે ગયા. જે સ્થળ એફ–૧ ઉપર બ્લોક હતો. ત્યાં આરોપીના મકાનમાં દાખલ થતાં એક પલંગ હતો. જેને ચેક કરતા ત્યાંથી એક નોટબુક મળી આવેલી. જેમાં લખાણ હતું. તે નોટબુકના પાછળના પાને પંચોએ સહી કરેલી અને ગેસનો સીલીન્ડર હતો તે કબજે કર્યો અને પંચોએ સહીઓ કરી અને તે મુદ્દામાલ લઈને ફરી ચોક બજાર પોલીસ સ્ટેશન આવેલા. આ કાર્યવાહીનું પંચનામુ કરવામાં આવેલુ જે આંક–૨૮૪૯ થી ૨જૂ છે. આ પંચનામામાં સાહેદ પોતાની તથા

અનીલભાઈની તેમજ રૂબરૂ તરીકે પોલીસ અધિકારીની સહીઓ ઓળખી બતાવે છે. સાહેદ આરોપીને ઓળખી શકતા નથી કારણ કે ઘણો સમય થઈ ગયેલ હોવાથી શારીરિક બાંધામાં ફેરફાર થઈ ગયેલ હોય. આ સાહેદને સેશન્સ કેસ નં. ૪૧૮/૨૦૦૯ના મુદ્દામાલ લિસ્ટ આંક–૨૩૫૦ ના મુદ્દામાલ ક્રમાંક–૨૯ થી ૩૩ વાળો તમામ મુદ્દામાલ બતાવતા ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદને બતાવવામાં આવેલો તમામ મુદ્દામાલ પોલીસ સ્ટેશને જોયેલો તો તે હકીકત નકારે છે. સાહેદ જણાવે છે કે આરોપીના ઘરે જોયેલો હતો. આ સાહેદ નવ ધોરણ સુધી ભણેલા છે. પોલીસ અધિકારી રાઠોડને ઓળખતા નથી. રાઠોડ સાહેબે રોકેલા. ત્યારબાદ પોલીસ સ્ટેશને લઈ ગયા ત્યારે રાત્રીના ૮.૩૦ વાગ્યાનો સમય થયો હતો. પોલીસ અધિકારી પરમાર સાહેબને ઓળખતા નથી. બંને આરોપીઓને બનાવ પહેલા કયારેય જોયેલા ન હતા કે તેમને ઓળખતા ન હતા. બંને આરોપીઓ સાથે વાતચીત કરવાનું બનેલુ નથી. બંને આરોપીઓના સ્થળ વચ્ચે ૨ થી ૩ કીમીનું અંતર હતુ તો તે હકીકત નકારી છે. પંચનામામાં જે સ્થળનો ઉલ્લેખ છે તે સ્થળે જતા ત્યાં માલીકી સંબંધેનુ કોઈ બોર્ડ જોવા મળેલુ નહીં. જહીર અને તનવીરનો દેખાડ કર્યા પછી તે મુજબના મકાનમાંથી નામજોગ કોઈ દસ્તાવેજો મળેલા નહીં. મુદ્દામાલ નોટ બુકમાં આરોપીઓની કોઈ સહીઓ લેવામાં આવેલી નહીં તે કબૂલ કરે છે.બનાવના સ્થળે જતા ત્યાં હાજર વ્યકિતઓ હોઈ તો તેની સાથે વાતચીત કરવાનો પ્રસંગ બનેલો નથી તે કબૂલ કરે છે. તૈયાર પંચનામામાં સહીઓ કરેલાની હકીકત નકારે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમારનાઓએ કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી.નં.૧૭૬/૨૦૦૮ નાં કામે તા.૨૭.૮.૨૦૦૮ ના રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ અનિલ મરાઠીનાઓને ડી.સી.બી. પોલીસ સ્ટેશન સુરત ખાતે બોલાવેલા અને ત્યાં આરોપી નં.૬૩ મહમદ તનવીર તથા આરોપી નં.૬૪ ઝહીર પટેલનાઓ હાજર હતા અને બંને આરોપીઓના ઘરની જડતી તપાસ

કરવાની હતી જેથી આરોપીઓ, પંચો અને પોલીસ સ્ટાફ સાથે તપાસ કરનાર અધિકારી સરકારી વાહનમાં બેસી આરોપીઓના બતાવ્યા મુજબના રસ્તે ગયેલા. પ્રથમ આરોપી નં.૬૪ જહીર પટેલનાઓએ રૂબી કોમ્પ્લેક્ષની પાછળ નટરાજ કમ્પાઉન્ડમાં આવેલ પોતાનુ મકાન બતાવેલુ અને તે મકાનની જડતી તપાસ કરેલી અને મકાનમાં પલંગ ઉપર પાથરેલ ગાદી નીચેથી ઓસામાબીન લાદેનના ફોટાવાળુ દૈનિક પેપરનુ અર્ધુ પાનુ મળેલુ જે કવરમાં મુકી સીલ કરેલુ. આ ઉપરાંત રીલાયન્સ ગેસના સીલીન્ડરની બુક તથા ગેસ સીલીન્ડર મળી આવેલ તે કબજે કરેલ. ત્યારબાદ આરોપી નં.૬૩ તનવીર પઠાણનાઓએ પોતાનુ મકાન એફ–૧, રીવર વ્યુ સોસાયટી, ભરીમાતા રોડવાળુ મકાન બતાવેલુ અને મકાનમાંથી ગાદી નીચે એક જુની નોટ બુક હતી તે નોટબુકના પાના નં.૧૮ ઉપર બોલપેનથી લખેલુ હતુ કે "વંજારાને જો કીયા અગર દુસરી કોમ કે ઉપર બોલા તો પુરા ગુજરાત હીલા દેતે મગર હમ ચુપ હૈ" તે લખેલ બુક તથા બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી ઘરમાં રાખેલ રીલાયન્સ કંપનીનો ગેસનો બોટલ વિગેરે આંક–૨૮૪૯ ના પંચનામાની વિગતે કબજે કરેલ. નોટ બુકના પાન નં.૧૮ ઉપર જે લખાણ લખેલુ હતુ તે બાબતે આરોપીએ કોઇ ખુલાસો ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં કરેલો નથી. આ લખાણ ધ્યાને લેતાં કટ્ટરવાદી લખાણ છે જે આરોપીને આ બનાવમાં સંડોવતો વધારાનો સંજોગ છે.

આંક–૨૮૪૯ વાળુ પંચનામુ બનાવનાર તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમારની જુબાનીના પેરા નં.૩ ધ્યાને લઈએ તો તા. ૨૭/૮/૨૦૦૮ ના રોજ આરોપીઓ નામે મોહમદ તન્વીર મોહમદ અખ્તર પઠાણ તથા જહિર ઐયુબભાઇ પટેલનાઓને સાથે રાખી તેઓના ઘરની જડતી તપાસ કરવાની હોવાથી બે પંચોને ડી.સી.બી. પોલીસ સ્ટેશન ખાતે બોલાવેલા અને તેઓને પંચનામા અંગે સમજ કરેલી. ત્યારબાદ આરોપીઓને સાથે રાખી પોતે તથા પંચો સરકારી વાહનમાં બેસેલા અને આરોપી જહિર ઐયુબભાઇ પટેલનું મકાન કે જે રૂબી કોમ્પ્લેક્ષ પાછળ નટરાજ કમ્પાઉન્ડમાં આવેલું હતું તે આરોપીએ બતાવેલ તે મકાનમાંથી એક દૈનિકપત્ર કે જેના ઉપર ઓસામાબીન લાદેનનો

ફોટો હતો તે તથા રીલાયન્સ ગેસ કંપનીની સીલીન્ડરની બુક કે જે સમીમબાનુના નામની હતી તે તથા લાલ કલરનો રીલાયન્સ ગેસ કંપનીનો બાટલો પંચનામાની વિગતે કબ્જે લીધેલ. ત્યારબાદ આરોપી તન્વીરનાઓએ તેમનું રીવર વ્યુ સોસાયટીવાળુ મકાન બતાવતાં તેમાંથી પણ ઉશ્કેરણીજનક લખાણવાળી જૂની નોટબુક તથા રીલાયન્સ કંપનીનો ગેસ સીલીન્ડર પંચનામાની વિગતે કબ્જે કરવામાં આવેલો. જે અંગેનું પંચનામુ બનાવવામાં આવેલ જે આંક–૨૮૪૯ થી રજૂ છે. આ પંચનામામાં સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસના પેરા નં.૧૩૯ ધ્યાને લઈએ તો બંને આરોપીઓ પોત પોતાના ઘરમાં રહે છે તે બતાવવા દસ્તાવેજી પુરાવા મળેલા નથી. આવા દસ્તાવેજો મળેલા ન હોવાની હકીકત કેસ ડાયરીમાં લખેલી છે કે કેમ તે જોયા વિના કહી શકે નહીં. ઓસામાબીન લાદેનના ફોટાવાળુ છાપુ જે મળેલુ તે કયુ છાપુ હતુ તે કહી શકે નહીં. ઊલટતપાસના પેરા નં.૧૫૩ ધ્યાને લઈએ તો છાપામાં ઓસામાબીન લાદેનનો જે ફોટો હતો તે લાદેનના ફોટા ઉપરાંત તેને લગતો આર્ટીકલ પણ હતો તે કબૂલ કરે છે. તે આર્ટીકલ કોને પબ્લિશ કરેલો અને તે કયા દૈનિક પત્રમાં હતો તેની તપાસ કરેલી નહીં તેમ જણાવે છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે ઉમેશ જયંતિભાઈ માસ્તરને સાહેદ નં.૮૫૩ તરીકે આંક–૬૦૦૭ થી તપાસવામાં આવેલા છે. તેઓની જુબાનીની વિગતવાર ચર્ચા ફરિયાદપક્ષ દ્વારા કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી.નં. ૧૭૮/૨૦૦૮ ના કામે બનાવ પુરવાર કરવા માટે જે પુરાવા રજૂ કરેલા છે તેમાં કરેલી છે. વધુમાં આરોપી નં.૬૩ નાઓને આ ગુનાના કામે અટક કર્યા બાદ આરોપી નં.૬૩ તનવીર પઠાણનાઓએ આંક–૨૭૫૭ વાળા પંચનામાની વિગતે સ્વીચબોર્ડ ખોલી આપેલુ હતુ. આ પંચનામાની વિગતવાર ચર્ચા આગળ ઉપર કરેલી હોય જેથી તેનુ પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે પ્રતિકકુમાર રમેશભાઈ વસાવાને સાહેદ નં.૮૫૪ તરીકે આંક–૬૦૦૮ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની

સરતપાસ મુજબ સને–૨૦૦૮ ના વર્ષમાં આ સાહેદ સુરત કામરેજ રોડ કઠોદરા પાટીયા પાસે આવેલ વનાઝ રોશની ઓટો એલ.પી.જી. ગેસ પમ્પ ઉપર નોકરી કરતા હતા. તેમનુ કામ ગેસ પુરવાનું હતું અને પમ્પ ઉપર ૧૨–૧૨ કલાકની બે શીફટ ચાલતી હતી અને અઠવાડીયે શીફટ બદલાતી હતી. રાત્રીના શીફટમાં ત્રણ માણસો અને દિવસની શીફટમાં પાંચ માણસો કામ કરતાં હતાં. પોલીસે તેમને મોટર કારમાં તેમના પંપ ઉપરથી ગેસ ભરેલ કે કેમ? તે બાબતે બીલ સાથે પુછપરછ કરેલી અને ગાડી નંબર આપેલાં. સાહેદને સેશન્સ કેસ નં.૪૧૮/૨૦૦૯ ના મુદ્દામાલ આર્ટીકલ નં.૨૮ કે જેના છેલ્લા પાના ઉપર આંક–૨૭૯૦ આપવામાં આવેલ છે. જે બીલબુકની બુક છે જે પૈકીની તા.૨૫/૭/૨૦૦૮ ના રોજના બીલોની કાર્બન કોપીની અસલ કસ્ટમરને આપવામાં આવે છે. જે પૈકી બીલ નં.૨૧૨૫૦ વાળા હસ્તાક્ષરો આ સાહેદના છે. જેમાં GJ–6–CD–2908 લખેલ છે તે તથા તા.૨૫/૭/૨૦૦૮, રૂપિયા અને અન્ય વિગત જે લખેલ છે જે તેમના હસ્તાક્ષરમાં છે તથા તેમાં ટૂંકી સહી છે તે કેશીયર સાહેબની સહી છે જે ઓળખી બતાવે છે. જે બીલ નં.૨૧૨૫૦ વાળા પાનાને આંક–૬૦૦૯ થી રજૂ રાખેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ ધોરણ–૭ સુધી ગુજરાતી માધ્યમમાં ભણેલા છે. અંગ્રેજી લખતા આવડે છે. એલ.પી.જી. ગેસનો લીટરનો ભાવ જુલાઈ–૨૦૦૮માં રૂા.૩૮.૯૮ હતો તે કબૂલ કરે છે. ગેસ કિલોમાં વેચાય છે તો તે હકીકત નકારી છે. પોલીસે ગ્રાહકનુ અસલ બીલ બતાવેલુ કે કેમ? તે યાદ નથી. જે વ્યકિતએ ગેસ ભરાવેલો તેનુ શારીરિક વર્ણન પોલીસને આપેલુ નથી. તે વ્યકિતને લઈને પોલીસ આ સાહેદ પાસે આવેલી નથી કે ઓળખ માટે આ સાહેદને મેજિસ્ટ્રેટ રૂબરૂ લઈ ગયેલા નથી તો તે હકીકત નકારી છે. ગ્રાહકો ગેસના બીલ લેતા નથી તો તે હકીકત નકારી છે. પોલીસે ડી.સી.બી. પોલીસ સ્ટેશને બોલાવીને જવાબ દીધેલો તે કબૂલ કરે છે. આંક–૬૦૦૯વાળી બીલ બુક પોલીસના કહેવાથી પોલીસ સ્ટેશનમાં તૈયાર કરેલી તે હકીકત નકારે છે. પોલીસના કહેવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારી છે. કોઈ

પણ ડીસ્પેન્સર પર ગેસ પુરનાર વ્યકિત બીલ બનાવી કેશીયર પાસે મોકલે છે તે કબૂલ કરે છે. બીલ નં.૨૧૧૮૨ તા.૨૫.૭.૨૦૦૮ નું જોઈને જણાવે છે કે આ બીલ મારા હસ્તાક્ષરમાં છે. બીલ નં.૨૧૪૩૭ થી ૨૧૪૯૨ સુધીના હસ્તાક્ષરો એકસરખા છે તે કબૂલ કરે છે. ગેસ પુરાવવા આવતી ગાડીઓના કલરની નોંધ બીલમાં રાખવામાં આવતી નથી. બનાવના અરસામાં પમ્પ ઉપર સીસીટીવી કેમેરા હતા નહીં. બતાવવામાં આવેલ બીલબુકમાં વાહન કયા સમયે આવેલુ તે કહી શકે નહીં. પુછપરછ વખતે પોલીસે કોઈ લખાણ બતાવેલુ નથી. પોલીસ સ્ટેશનમાં કોરા કાગળ ઉપર સહી લીધેલી કે કેમ? તે યાદ નથી.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ "વનાઝ રોશની ઓટો એલ.પી.જી. ગેસ સ્ટેશન" ખાતે નોકરી કરતા હતા. આ ગુનાના કામે તા.૨૫.૭.૨૦૦૮ નાં રોજ વેગન આર કાર નં.જીજે-૦૬-સીડી-૨૯૦૮ ગેસ ભરાવવા માટે આવેલી અને ૨૭.૬૩ લીટર ગેસ પુરાવેલો અને તે ગેસ પુરાવ્યા અંગેનુ બીલ નં.૨૧૨૫૦ રૂા.૮૪૩/- નુ બનાવેલુ જેમાં આ સાહેદ કેશીયરની સહી ઓળખી બતાવે છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે શીરીષકુમાર ઠાકોરભાઈ ગામીને સાહેદ નં.૮૫૬ તરીકે આંક-૬૦૧૨ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ સને-૨૦૦૮ના વર્ષમાં વનાઝ રોશની ઓટો એલ.પી.જી. ગેસ સ્ટેશન પર કેશીયર તરીકે નોકરી કરતા હતા. તેમના આ ગેસ સ્ટેશન સુરત મુકામે કામરેજ રોજ કઠોદરા પાટીયાથી આગળ આવેલ હતો. તેમના પેટ્રોલપંપ ઉપર ૧૨-૧૨ કલાકની બે શીફ્ટ ચાલતી હતી. રાત્રીની શીફ્ટમાં ત્રણ માણસો તથા દિવસે પાંચ માણસો કામ કરતા હતાં. તેમના પંપ ઉપર ગેસ ભરવા માટેની ત્રણ ડિસ્પેન્સરી હતી. તેમને ત્યાં રાજુભાઈ, પ્રતિકભાઈ તથા રાજુભાઈ વસાવા કામ કરતા હતાં. કેશીયરમાં આ સાહેદ તથા ઈશ્વરભાઈ વસાવા કામ કરતા હતાં. તા.૨૫/૭/૨૦૦૮ ના રોજ આ સાહેદ દિવસની પાળીમાં સવારના ૮ થી રાતના ૮ વાગ્યા સુધી ફરજ પર હાજર હતા તે વખતે પ્રતિકભાઈ વસાવાએ એક બીલ બનાવી પૈસા કાપવા માટે આપેલાં. બીલબુકની ઑફિસ કોપી ડી.સી.બી.

ઑફિસ સુરત ચોક બજાર ખાતે રજૂ કરેલી. આ સાહેદે આંક–૬૦૦૯ વાળા બીલમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ પોતાના શેઠ ગીરધરભાઈના કહેવાથી પોલીસ સ્ટેશને ગયેલા. તા.૩.૮.૨૦૦૮ ના રોજ પોલીસ ગેસ પંપ ઉપર તપાસ કરવા આવેલી. પોલીસ જે બીલ લઈને આવેલી તેની બીલબુક શોધીને પોલીસ સ્ટેશને ગયેલા. રોજના ૧૫૦ થી ૨૦૦ ગ્રાહકો પંપ ઉપર આવે છે. કયુ વાહન, કયા સમયે પંપ ઉપર આવેલુ તેનો રેકર્ડ રાખવામાં આવતો નથી. બીલબુક ઉપરથી ગેસ પુરાવવા આવેલ વાહન કઈ કંપનીનું છે તે તથા કયા કલરનું છે તે તથા કેટલા વાગે આવેલુ તે કહી શકાય નહીં તે કબૂલ કરે છે. ત્રણેય ડીસ્પેન્સરી ઉપર કોઈ ચોકકસ વ્યકિતની નિમણૂક કરવામાં આવતી નથી. પંપ ઉપર કામ કરતી વ્યકિતને કોઈ અલગ–અલગ બીલ બુક આપવામાં આવતી નથી. પોલીસ તરફથી કોઈ રસીદ આપવામાં આવેલી નહીં. આ સાહેદની રૂબરૂમાં પોલીસે લખાણ કરેલુ કે કેમ તે યાદ નથી. આંક–૨૭૯૦ વાળી બીલ બુકની નોંધ હિસાબી નોંધમાં રાખવામાં આવતી હતી. આંક–૬૦૦૯ના બીલમાંની સહી જોઈને જણાવે છે કે મારા સિવાય અન્ય કોઈ વ્યકિત ઓળખી શકે નહીં. બધા પુરાવા શેઠ ગીરધરભાઈએ પોલીસના કહેવાથી ઉભા કરેલાની હકીકત નકારે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ "વનાઝ રોશની ઓટો એલ.પી.જી. ગેસ સ્ટેશન" ખાતે નોકરી કરતા હતા. આ ગુનાના કામે તા.૨૫.૭.૨૦૦૮ નાં રોજ વેગનઆર કાર નં.જીજે–૦૬–સીડી–૨૯૦૮ ગેસ ભરાવવા માટે આવેલી અને ૨૭.૬૩ લીટર ગેસ પુરાવેલો અને તે ગેસ પુરાવ્યા અંગેનુ બીલ નં. ૨૧૨૫૦ રૂા.૮૪૩/– નું બનાવેલુ અને તે બીલની બીલ બુક પોલીસના કહેવાથી રજૂ કરેલાનું જણાવે છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે રાજેશ ધીરૂભાઈ ઘેલાણીને સાહેદ નં.૮૬૨ તરીકે આંક–૬૦૨૮ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ તથા તેમના ભાઈ છેલ્લાં ૧૯૯૮ના વર્ષથી ભગવતી

રેફ્રીજરેશન સર્વિસના નામથી એર કન્ડીશન, રેફ્રીજરેટર, ડીપ ફ્રીઝર વિગેરે રીપેરીંગ કરવાનો ધંધો કરે છે. આ ધંધો સનરાઈઝ ચેમ્બરમાં દુકાન નં.૬૩ માં કરે છે. સને–૨૦૦૮ના વર્ષમાં તેમની દુકાનમાં તન્વીર મહમદ પઠાણ નોકરી કરતો હતો. આ તન્વીરભાઈ તેમને ત્યાં આગળ એ.સી. રીપેરીંગનું કામ કરતાં હતાં. આ તન્વીરને શરૂઆતમાં મહીને રૂ.૨૮૦૦/– પગાર આપતાં હતાં અને છેલ્લે તેને લગભગ રૂ.૮૦૦૦/– પગાર આપતાં હતાં. આ તન્વીરે તેમને ત્યાં ચાર વર્ષ નોકરી કરેલી હતી. આ સાહેદને વરાછા, કતારગામમાં મુખ્ય કામ હોવાથી તન્વીરભાઈને મોબાઈલ ફોન કોન્ટેકટ કરી શકીએ તે હેતુથી આપેલો. આ મોબાઈલ રીલાયન્સ કંપનીનો હતો. આ મોબાઈલ ફોન તેઓએ લોનથી લીધેલો એક ટુ વ્હીલરની સાથે સ્કીમમાં મળેલો. આ ટુ વ્હીલર ધ્રુવ ઓટોમોબાઈલમાંથી લીધેલ હતું. આ સાહેદે શરૂઆતમાં આ ફોન વાપરેલો અને ત્યારપછી અંદાજે ત્રણેક વર્ષ મોબાઈલ ફોન તેની પાસે રહેલો અને છેલ્લે પણ તે મોબાઈલ ફોન તેની પાસે જ હતો. આ મોબાઈલના ફોન નંબર ચોક્કસ યાદ નથી પરંતુ ૯૩૭૪૫...૬૬૯ હતો. તન્વીરભાઈને રીલાયન્સનો જ મોબાઈલ નંબર વાપરવા આપેલો. તેનું રૂા.૧૫૦/– સુધીનું ભાડુ આ સાહેદ ભરતા હતાં અને બીજુ ભાડુ તન્વીર ભરતો હતો.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો મોટર સાઈકલના કાગળો પોલીસને આપેલા કે કેમ? તે યાદ નથી. મોબાઈલના કોઈ કેસ પેપર્સ આપવામાં આવતા ન હતા તેમ જણાવે છે. મોબાઈલની વિગત દર્શાવતો કોઈ પુરાવો આ સાહેદ પાસે નથી તે કબૂલ કરે છે. પોલીસ રૂબરૂના જવાબમાં મોબાઈલના કલરની વિગત છે કે કેમ? તેની ખબર નથી. પોલીસે જવાબ માટે એક વખત બોલાવેલા અને તે વખતે મોબાઈલ જોયેલો નહીં. ધંધાના હિસાબી ચોપડા રાખે છે. રૂા.૧૫૦/– સુધીનુ મોબાઈલ બીલ પેઢીમાંથી ભરાતુ હતુ તે કબૂલ કરે છે. બીલ ભરપાઈ કર્યા અંગેના પુરાવા પોલીસને આપેલા નથી. આ સાહેદના મોટા ભાઈનું નામ સુરેશભાઈ છે અને તેમની પાસે મોબાઈલ ન હતો. સુરેશભાઈનો જવાબ લીધેલો કે કેમ? તેની ખબર નથી. તનવીરના પગાર

સંબંધેનો આધાર પુરાવો પોલીસને આપેલો કે કેમ? તે યાદ નથી. તનવીરના પ્રવૃત્તિ બાબતે આ સાહેદને શંકા ગયેલી નહીં. તનવીરને રીલાયન્સ કંપનીનો કોઈ મોબાઈલ વાપરવા આપેલો નથી. પરંતુ પોલીસના કહેવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારે છે.

આમ આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ "ભગવતી રેફ્રીજરેશન સર્વીસ" ના નામથી સુરત મુકામે એરકંડીશન તથા રેફ્રીજરેટર રીપેરીંગ કરવાનો ધંધો કરે છે. આરોપી નં.૬૩ મહમદ તનવીર પઠાણ બનાવ પહેલા છેલ્લા ચાર વર્ષથી એ.સી. રીપેરીંગ કરવાની નોકરી આ સાહેદને ત્યાં કરતો હતો અને તે વખતે તેને રીલાયન્સ કંપનીનો મોબાઈલ જેનો નં. ૯૮૨૫૪૨૩૨૮૩ વાપરવા માટે આપેલો હતો.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે અબ્દુલ રીઝવાન અબ્દુલ રાઉફ પેન્ટરને સાહેદ નં.૯૬૨ તરીકે આંક–૬૭૪૭ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ સને–૨૦૦૮ ના વર્ષમાં મેટ્રો શુઝ કંપનીમાં નોકરી કરતા હતા અને કંપની ભાગા તળાવ, સુરત મુકામે આવેલી હતી. તેઓ ત્યાં સેલ્સમેન તરીકે નોકરી કરતા હતા. તેમની કંપનીમાં દિલાવર હસન જટનવાલા મેનેજર હતા અને તેઓ બીલ અને કેશ અંગેનું કામકાજ કરતા હતા. પોલીસ તેમની કંપની ઉપર આવેલી તે દિવસે આ સાહેદ રજા ઉપર હતા અને બીજા દિવસે મેનેજરે કહેલું કે ક્રાઇમ બ્રાંચમાં જા એટલે આ સાહેદ બીજા દિવસે ક્રાઇમ બ્રાન્ચની ઑફિસે ગયેલા. આ સાહેદ ત્યાં ગયા ત્યારે એક સાહેબ હાજર હતા અને સાહેબે પૂછયું કે આ કસ્ટમરને તમે એટેન્ડ કરેલા તો હા જણાવેલ અને ત્યારપછી સાહેબે વેચાણ અંગેની વિગતો પૂછેલી અને બીલમાં આ સાહેદનુ નામ હતુ. આ સાહેદનું નામ બીલમાં એટલા માટે આવેલુ કે તેમને કસ્ટમરને એટેન્ડ કરેલા. સાહેદ નિ.૬૭૪૬ સાથેનો દસ્તાવેજ જે મેટ્રો કંપનીનાં બીલની ઝેરોક્ષ નકલ તા. ૧૩/૭/૨૦૦૮ ના રોજનું છે. આ બીલની વિગત મુજબ તેમાં જે પેન્ટર રીઝવાન લખેલું છે તે આ સાહેદનુ નામ છે જે નામ ગ્રાહકને એટેન્ડ કરેલો તે બાબતે લખેલુ. આ સાહેદે જે કસ્ટમરને એટેન્ડ કરેલા તેમનું નામ તલાભાઇ હતુ તથા ફઝલે

રહેમાન હતુ જે હાઇટ બોડીમાં હતા તેમને એટેન્ડ કરેલા. ક્રાઇમ બ્રાન્ચની ઑફિસમાં સાહેબે તેમને આરોપી બતાવેલો જે તેમના શો રૂમમાં આવેલો તે હતો. ઘણો સમય થઈ ગયેલ હોવાથી આરોપીને ઓળખી શકે નહીં તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો મેટ્રો સુઝમાં આ સાહેદ સેલ્સમેન હતા, પગાર આપવામાં આવતો ન હતો પરંતુ દર માસે કમીશન આપવામાં આવતુ હતુ. જુલાઇ–૨૦૦૮ના મહિનામાં જે કમીશન મળેલુ તેનુ રેકર્ડ પોલીસને આપેલુ નહીં. પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદને જે કંઈ કમીશન મળતુ હતુ તેને અને આ કેસની હકીકતને કોઈ નિષ્બત નથી. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા આ સાહેદ પેન્ટર અટક લખાવતા હતા તેનો કોઈ દસ્તાવેજી પુરાવો પોલીસે માંગેલો નહીં તેમ જણાવે છે. ગ્રાહકને જયારે એટેન્ડ કરે ત્યારે તેની સાથે સંબંધ વધારવાનો પ્રયત્ન કરવામાં આવે છે તો તે કબૂલ કરે છે. આવેલી બંને વ્યકિતઓના નામ પોલીસને જણાવેલા નહીં અને તેઓના નામ પોલીસે જણાવ્યા હોય તેવુ બન્યુ નથી. આ ઈસમોના નામમાં ફજલે રહેમાન ઉર્ફે રફીક પોલીસના કહેવાથી જાણવા મળેલા તેવુ જવાબમાં લખાવેલુ નથી તેમ જણાવે છે. આ ગ્રાહક આવ્યો તે દિવસે બીજા કેટલા ગ્રાહકો એટેન્ડ કરેલા તે કહી શકે નહીં. આ સાહેદના શોરૂમમાંથી આવી કોઈ વ્યકિતને બુટનુ વેચાણ કર્યું નથી અને આવો કોઈ માણસ ત્યાં આવ્યો નથી પરંતુ પોલીસના કહેવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારી છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે દિલીપભાઈ આંબાભાઈ પટેલને સાહેદ નં. ૧૦૯૪ તરીકે આંક–૭૬૯૧ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ આ સાહેદને તા.૨૬/૮/૨૦૦૮ ના રોજ પોલીસે ચોક બજાર, કુરજા ડી.સી.બી. પોલીસ સ્ટેશનમાં બોલાવેલા. આ સાહેદ ગયા ત્યારે ત્યાં બીજા એક ભાઇ હતાં. આ સાહેદ બાઇકમાં પેટ્રોલ પુરાવવા જતા હતા ત્યારે કોઇક ગઢવી સાહેબ હતા તેમણે બોલાવેલા હતા અને પોલીસ સ્ટેશનમાં લઇ ગયેલાં. ત્યાં એક મેડમ હાજર હતા અને તે ડી.સી.પી. હતાં. એક આરોપી કે જેણે બોમ્બ મુકેલાં હતા તેમના શરીરના ચેકઅપ માટે બોલાવેલા હતાં જેથી તેના

પંચમાં રહેલા. ત્યાં મેડમે આરોપીનું નામ પુંછેલું તો તેણે તેનું નામ મોહમદ તન્વીર, રહે. સુરતનો હોવાનું જણાવેલું. આ સાહેદને આરોપીનું શરીર બતાવેલું તો તેના શરીર ઉપર કોઇ વસ્તુનુ નિશાન ન હતું તેણે બ્લુ કલરનો શર્ટ અને બ્લેક કલરનું જીન્સ પહેરેલું હતું. આરોપીને કહેવામાં આવેલું કે તારા ખિસ્સામાં હોય તે તું કાઢ તો આરોપીએ "ડાબી સાઇડના ખિસ્સામાંથી તેણે જાતે એક પાકિટ કાઢેલું" તેમાં તેનું ચુંટણી કાર્ડ હતું જેમાં મોહમદ તન્વીર લખેલું હતું. આ ઉપરાંત રેલવેની ટિકિટ નવી દિલ્હીથી મુંબઇની તા.૨૨/૮ એવી કાંઇક તારીખની હતી તે નીકળેલી તથા એક બસની ટિકિટ હતી તથા પાસપોર્ટ બનાવવા માટેની પેપરમા છાપેલી એડ હતી તથા પરચુરણ રૂા.ત્રણેક હજાર જેટલા હતાં. આ કાર્યવાહીનું પંચનામુ બનાવવામાં આવેલુ જે આંક–૭૬૯૨ વાળા પંચનામામાં સાહેદ પોતાની તેમજ અન્ય પંચની તથા રૂબરૂ તરીકે મેડમની સહીઓ ઓળખી બતાવે છે. ઘણા વર્ષો થયેલ હોવાથી આરોપીને ઓળખી શકે નહીં તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પોલીસે બોલાવ્યા ત્યારે આ સાહેદ તેમના મિત્રની રાહ જોઈને ઉભા હતા અને પેટ્રોલ પુરાવેલુ નહીં. પેટ્રોલ પંપ તથા પોલીસ સ્ટેશન વચ્ચે ઘણી બધી દુકાનો છે તથા રોડ ઉપર વાહનોની અવર–જવર રહેતી હોય છે તે કબૂલ કરે છે. પોલીસ સ્ટેશને પહોચ્યા ત્યારે આઠેક વાગેલા હતા. ત્યાં હાજર સુજાતા મેડમને કયારેય અગાઉ જોયેલા નહીં. આરોપીને તા.૨૨.૮.૨૦૦૮ ના રોજ મુંબઈથી લાવેલા છીએ તેવુ જણાવેલુ નહીં. આરોપીને કયારે પકડેલો અને કયાંથી પકડેલો તે વિગત આરોપીને પુછેલી નથી. આરોપીની અંગ જડતી આ સાહેદની હાજરીમાં કરવામાં આવેલી નહીં તો તે હકીકત નકારે છે. કોઈ ચીજવસ્તુઓ કબજે કરવામાં આવેલી નહીં તો તે હકીકત પણ નકારે છે. તૈયાર પંચનામામાં સહી કરેલાની હકીકત પણ નકારે છે.

આમ આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આંક–૭૬૯૨ વાળુ પંચનામુ તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૩૬ સુજાતા પ્રકાશ મજમુદારનાઓએ કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી.નં.૧૭૬/૨૦૦૮ ના કામે તા.૨૬.૮.૨૦૦૮ ના રોજ આ સાહેદ તથા બીજા પંચ રઘુભાઈ પટેલનાઓને

ડી.સી.બી. પોલીસ સ્ટેશને બોલાવીને કરેલુ. આ પંચનામા મુજબ આરોપી નં.૬૩ પોલીસ સ્ટેશનમાં હાજર હતો અને પંચો રૂબરૂ તેના શરીરની અંગ જડતી કરતા તેની પાસેના કાળા રંગના પાકીટમાંથી ચુંટણીપંચનું ઓળખપત્ર આરોપીના નામનુ, રેલવેની એક ટિકિટ દિલ્હી થી મુંબઈની, એસ.ટી. બસની ટિકિટ, પેપર કટીંગ જેમા પાસપોર્ટ બનાવવો છે તેવુ લખેલ તે તથા ૧૦૦૦ ની નોટ નંગ–૨ પંચનામાની વિગતે કબજે કરેલ. આ હકીકત સાહેદ નં.૧૧૩૬ સુજાતા પ્રકાશ મજમુદાર પોતાની જુબાનીના પાના નં.૬ માં જણાવેલી છે અને આંક–૭૬૯૨ વાળા પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે.

આ આરોપી નં.૬૩ મોહંમદ તનવીર ઉર્ફે તલ્હા મોહંમદ અખ્તર પઠાણે ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો. કોડની કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે? તે પ્રશ્નના જવાબમાં તેને ફરિયાદપક્ષના પુરાવા સબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના બચાવ માટે જે હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦ મા જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી. આ ઉપરાંત આ આરોપીએ પોતાના બચાવમાં અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ કરેલો નથી. આરોપી નં.૬૩ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૮૧૩, ૮૧૪, ૮૧૫, ૮૫૫, ૮૫૭, ૮૫૯, ૮૬૧, ૯૮૪, ૪૪૬, ૪૫૧, ૪૫૨, ૪૫૬, ૪૬૪, ૪૬૭, ૯૬૦, ૫૭૫, ૪૨૨, ૪૨૩, ૪૨૪, ૪૨૫, ૪૨૬, ૪૨૭, ૪૨૮, ૪૨૯, ૪૩૦, ૪૩૧, ૪૩૨, ૪૩૩, ૪૩૫, ૪૩૬, ૪૩૭, ૪૩૮, ૪૩૯, ૪૪૦, ૪૪૧, ૪૪૨, ૪૫૪, ૪૫૮, ૪૫૯, ૪૬૩, ૮૫૩, ૮૫૪, ૮૫૬, ૮૬૨, ૮૮૧, ૯૬૨, ૧૦૯૪, ૧૦૪૧, ૧૦૯૯, ૧૧૦૩, ૭૮૭, ૭૯૨, ૭૯૪, ૧૧૧૯, ૧૧૩૬, ૧૦૪૪, ૧૧૫૫ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતા

આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, સાહેદ નં.૧૦૨૧ યશ કંસારા, સાહેદ નં.૧૦૨૩ જીતેન્દ્ર સોની, સાહેદ નં.૧૦૨૪ શબ્બીર સૈયદ, સાહેદ નં.૧૦૨૫ યુસુફ પટેલનાઓની જુબાનીઓ તરફ ધ્યાન દોરી દલીલ કરવામાં આવેલ છે કે આ તમામ સાહેદો ટેલીફોનવાળી જગ્યાઓ વાળા સાહેદો છે તે જગ્યાઓ આરોપી નં.૧૪નાઓએ બતાવેલી છે તેવો આક્ષેપ છે. આ જગ્યાઓ ઉપરથી આરોપી નં.૧૪નાઓએ આરોપી નં.૬૩ને ફોન કરેલા તેવો પણ આક્ષેપ છે પરંતુ આ હકીકત સાબીત કરવા માટે કોઈ સ્વતંત્ર કે સબળ પુરાવો નથી. સાહેદ નં.૪૬૪ રોબીન પીત્તળવાલાની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરવામાં આવેલ છે કે આરોપી નં.૬૩ નાઓએ આ પંચ સાહેદની હાજરીમાં જુદી–જુદી આઠ જગ્યાઓ ઉપરથી ફોન કરેલા તે જગ્યાઓ બતાવેલી અને તેનુ પંચનામુ આંક–૨૮૫૧ વાળુ બનાવેલુ છે. પરંતુ આ સાહેદે આરોપીને જુબાની દરમ્યાન ઓળખી બતાવેલો નથી. પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદે આરોપીને નહીં ઓળખવાનું જે કારણ આવેલુ છે તે યોગ્ય અને વાજબી છે. લાંબા સમય પછી આરોપીને ઓળખી બતાવે નહીં. વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે આ જગ્યાઓ ઉપર ટેલીફોનનું અસ્તિત્વ હતુ તે સાબિત થતુ નથી પરંતુ મારા મત પ્રમાણે આ બનાવ સને–૨૦૦૮ની સાલમાં બનેલા અને આ સાહેદે જુબાની ૨૦૧૯ મા આપેલી છે માટે જે તે સ્થળો ઉપરથી ટેલિફોનના માલીકોએ ટેલીફોન બોક્ષ કાઢી પણ નાખેલા હોય. જેથી અત્યારે ટેલિફોન બુથનુ અસ્તિત્વ ના હોય તો એવુ કહી શકાય નહી કે ૨૦૦૮માં ત્યાં ટેલિફોન બુથ ન હતું.

સાહેદ નં.૧૦૯૪ દિલીપ પટેલની જુબાની તરફ ધ્યાન દોરી વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, આ સાહેદની હાજરીમાં આરોપીને અટક કરેલો હતો અને તેનુ પંચનામુ આંક–૭૬૯૨ વાળુ બનાવવામાં આવેલુ છે. આરોપીને અટક કર્યો ત્યારે તેના ખીસ્સામાંથી નીકળેલી વસ્તુઓ

પરત આપી દેવામાં આવેલી છે. આ સંબંધે સાહેદ નં.૧૧૩૬ સુજાતા મજમુદારની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરે છે કે આ સાહેદે આરોપીને તા.૨૬.૮.૨૦૦૮ ના રોજ અટક કરેલો છે. સાહેદ નં.૪૫૧ કલ્પેશ પટેલની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરવામાં આવેલ છે કે, આ સાહેદની હાજરીમાં સાહેદ નં.૧૧૩૬ સુજાતા મજમુદારનાઓ આરોપીને લઈને સુરત શહેરની કુલ–૧૯ જગ્યાઓ ઉપર ગયેલા અને તે અંગેનુ પંચનામુ આંક–૨૭૯૪ વાળુ બનાવવામાં આવેલુ છે. આ પંચનામુ રાત્રિના સમયે બનાવેલુ છે. આ તમામ જગ્યાઓ ઉપરથી બોમ્બ મળી આવેલા એવો ફરિયાદપક્ષનો કેસ છે. આ બનાવોની ફરિયાદો આરોપીને અટક કરતા પહેલા નોંધાઈ ગયેલ હતી જેથી આરોપીને અટક કર્યા બાદ આ તમામ જગ્યાઓ ઉપર જઈને આંક–૨૭૯૪ વાળુ જે પંચનામુ બનાવેલુ છે તેનો કોઈ અર્થ નથી અને તે પુરાવામાં ગ્રાહ્ય નથી પરંતુ મારા મત પ્રમાણે જયારે પણ આ ૧૯ જગ્યાઓ ઉપરથી જીવંત બોમ્બ મળી આવેલા તે જ વખતે બોમ્બને ડીફ્યુઝ કર્યા બાદ જે તે પોલીસ સ્ટેશનોમાં ફરિયાદો નોંધાયેલી હતી. બોમ્બ મળી આવ્યાની જાહેરાત થતા પોલીસ જે તે સ્થળો ઉપર ગયેલી છે અને બોમ્બ ડીફ્યુઝ કરી સ્થળ સ્થિતિના પંચનામા બનાવેલા છે અને મુદ્દામાલ કબજે કરેલો છે. આ જગ્યાઓ ઉપર બોમ્બ કોણે મુકેલા તેવી કોઈ વ્યકિતઓને કોઈએ જોયેલી નથી. જીવંત બોમ્બ મળી આવેલા છે માટે ફરિયાદો નોંધવી જ પડે. જયાં સુધી આરોપી ન મળી આવે ત્યાં સુધી આ બોમ્બ જે તે જગ્યા ઉપર પડી રહેવા દેવાય નહીં કે આરોપી ન મળી આવે ત્યાં સુધી ફરિયાદ નોંધાવવી જોઈએ નહીં કે આરોપી ન મળી આવે ત્યાં સુધી પોલીસે આ જગ્યા ઉપર જવુ જોઈએ તેવુ હોતુ નથી. આરોપી પકડાય ગયા પછી આ જગ્યાઓની માહિતી આરોપીને હતી માટે જ તે પંચ તથા તપાસ કરનાર અધિકારીને લઈને આ જગ્યાઓ બતાવેલી છે. જેથી આ જગ્યાઓની માહિતી પોલીસને હતી તે ચોકકસ છે પરંતુ તેના સંજોગો ધ્યાને લેવા પડે અને આરોપી જો આ જગ્યાઓ બતાવતો હોય તો પોલીસે જગ્યાઓ જોયેલી છે માટે આરોપીએ જગ્યા બતાવેલી તે પુરાવામાં ગ્રાહ્ય નથી તો તેવી દલીલ સાથે હું સંમત નથી. જે તે જગ્યાઓ ઉપર પોલીસ ગઈ ત્યારે તે જગ્યા ઉપર કામગીરી

કરવા માટે ગયેલી હતી અને જગ્યાઓ ઉપર જાય તો જ બોમ્બ ડીફ્યુઝ થાય તથા જગ્યાનું પંચનામુ કરી મુદ્દામાલ કબજે થઈ શકે માટે એવુ કહી ના શકાય કે પોલીસે આ જગ્યા અગાઉથી જોયેલી હતી. જો આમ જ પુરાવાનુ મૂલ્યાંકન કરવાનુ હોય તો આવા કેસો કયારેય પુરવાર થાય જ નહીં માટે આવા કેસોમાં પુરાવાનું મૂલ્યાંકન અલગ રીતે કરવુ પડે.

સાહેદ નં.૪૫૨ સુનીલ ગુપ્તાની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરે છે કે, આ સાહેદની હાજરીમાં તપાસ કરનાર અધિકારીએ સુરત ખાતે આવેલ કોઝવેમાંથી સાહેદ નં.૮૧૩ રસિક પટેલ, સાહેદ નં.૮૧૫ રાકેશ ગાવીતનાઓની મદદથી આરોપીએ પાણીમાં નાખી દીધેલો પાઈપ બોમ્બ શોધેલો પરંતુ મળી આવેલો નહીં અને સુરતના બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં પાઈપ બોમ્બનો ઉપયોગ થયેલો નથી. વકીલશ્રી એલ.આર.પઠાણની દલીલ સાથે હું સંમત છું કે સુરત શહેરના કુલ–૨૯ બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં પાઈપ બોમ્બ મળી આવેલો નથી. સાહેદ નં.૪૫૨ બાબતે દલીલ કરવામાં આવે છે કે આ સાહેદ રીક્ષા ચલાવે છે અને ટ્રાફીક પોલીસ તેને ઓળખે છે માટે પંચ સાહેદની જુબાની વિશ્વાસપાત્ર નથી. પંરતુ તેઓની આ દલીલ સાથે હું સંમત નથી. પંચ સાહેદ રીક્ષા ચલાવતો હોય તે પંચ તરીકે ન રહે તેવો કોઈ નિયમ નથી. સાહેદ નં.૮૧૩ ની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરવામાં આવેલ છે કે આ સાહેદના કહેવા પ્રમાણે નદીમાં શોધખોળ કરવાની જગ્યા પોલીસે બતાવેલી પરંતુ શોધખોળ વખતે આરોપી પણ સાથે હતો અને આરોપીએ પોલીસને જે જગ્યા ઉપર પાઈપ બોમ્બ નાખી દીધેલાનું જણાવેલુ તે જગ્યા ઉપર શોધખોળ કરવાનું તપાસ કરનાર અધિકારીએ સાહેદ નં.૮૧૩ ને જણાવેલુ છે.

સાહેદ નં.૪૬૭ સંદીપ ભંડારીની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરવામાં આવેલ છે કે આ સાહેદ પંચ સાહેદ છે અને તપાસ કરનાર અધિકારીએ આ સાહેદની હાજરીમાં સાહેદ નં.૮૧૪ ગૌરાંગ પારેખની મદદથી ધાસતીપુરા પાસે આવેલ ખાડીમાંથી આરોપીએ પાણીમાં નાખી દીધેલો મોબાઈલ ફોન શોધવાનો પ્રયત્ન કરેલો પરંતુ મળી આવેલો નહીં. વકીલશ્રી એલ.આર.પઠાણની દલીલ

સાથે હું સંમત છું કે પાણીમાં નાખી દીધેલો મોબાઈલ ફોન મળી આવેલો નથી. સાહેદ નં.૮૧૪ બાબતે દલીલ કરતા જણાવે છે કે ખાડીમાં ઉતરીને ચાર માણસોએ મોબાઈલની શોધખોળ કરેલી પરંતુ સાહેદ સ્વીમીંગ જાણતા નથી છતાં ખાડીમાં મોબાઈલ શોધવાની હકીકત માની શકાય નહીં. પરંતુ આ સાહેદની જુબાની ધ્યાને લેતા આ સાહેદ પાણીમાં ઉતરેલા નથી પરંતુ મોબાઈલ શોધવા માટે મજુરોને પાણીમાં ઉતારેલા છે. સાહેદ નં.૪૬૭ ની હાજરીમાં મોબાઈલ ફોન શોધવાની કામગીરીનું પંચનામુ આંક–૨૮૬૦ વાળુ બનાવેલુ. આરોપીએ જગ્યા જોયેલી હતી માટે સીધુ જગ્યા ઉપર જ પહોંચી જવાય તેના બદલે આંક–૨૮૬૦ વાળા પંચનામામાં આરોપીએ બતાવેલા રસ્તે ગયાની હકીકત જણાવેલી છે. પરંતુ મારા મત પ્રમાણે ધાસતીપુરાની ખાડી પાસે જવાના બીજા ઘણા રસ્તા હોય શકે. આરોપી કયા રસ્તે આ જગ્યા ઉપર આવેલો તે ફકત આરોપી જ કહી શકે જેથી પંચ સાહેદની હાજરીમાં તેને રસ્તો બતાવેલો છે તેવુ કહી શકાય. વકીલશ્રી એલ. આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે પંચ સાહેદ નં.૪૬૭ સંજય ભંડારીના કહેવા પ્રમાણે મોબાઈલ શોધ કરતી વખતે વિડીયોગ્રાફી કરવામાં આવેલી પરંતુ તે વિડીયોગ્રાફી રજૂ કરવામાં આવેલ નથી કે વિડીયોગ્રાફરને તપાસવામાં આવેલ નથી માટે એવુ કહી શકાય કે મોબાઈલ ફોનની શોધખોળ પાણીમાં કરવામાં આવેલ નથી પરંતુ તેઓની આ દલીલ સાથે હું સંમત નથી. વિડીયોગ્રાફરને તપાસવો કે કેમ તે ફરિયાદપક્ષે નકકી કરવાનું છે. વિડીયોગ્રાફી રજૂ કરી કે કેમ તે પણ ફરિયાદપક્ષે નક્કી કરવાનું છે. પરંતુ સાહેદ નં.૮૧૪, ૪૬૭ ની જુબાની ધ્યાને લેતા ધાસતીપુરાની ખાડીમાં આરોપીની હાજરીમાં મોબાઈલની શોધખોળ કરવામાં આવેલી હતી પરંતુ મોબાઈલ મળી આવેલો નથી. સાહેદ નં.૮૧૪ની જુબાની ધ્યાને લઈએ તો ખાડીમાં દર ૧૫ દિવસે સફાઈ કરવામાં આવે છે આરોપીએ મોબાઈલ ફોન ખાડીમાં નાખી દીધા પછી ઘણા સમય બાદ મોબાઈલની શોધખોળ થયેલી છે પરંતુ તે અગાઉ ખાડીમાં થયેલી સાફ–સફાઈના કારણે મોબાઈલ કચરામાં જતો રહેલો હોવાના કારણે પણ મોબાઈલ મળી આવેલો નથી તેવુ કહી શકાય તેમ છે.

સાહેદ નં.૮૬૨ રાજેશ ઘેલાણીની જુબાની તરફ ધ્યાન દોરી વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરે છે કે, આ સાહેદની દુકાને આરોપી નં.૬૩ નોકરી કરતો હતો અને નોકરી દરમ્યાન તેની સાથે વાતચીત કરવા માટે મોબાઈલ ફોન આરોપીને આપવામાં આવેલો હતો. શરૂઆતમાં આ સાહેદે ત્રણ વર્ષ સુધી મોબાઈલ ફોન વાપરેલો હતો અને ત્યારબાદ આ સાહેદ આ ફોન આરોપીને વાપરવા આપેલો હતો અને મોબાઈલનું બીલ ભર્યાનો પુરાવો રજૂ કરેલો નથી. પરંતુ મારા મત પ્રમાણે સાહેદ નં.૮૬૨ સ્પષ્ટ જણાવે છે કે, આરોપી નં.૬૩ તેમની દુકાન ઉપર નોકરી કરતો હતો જેથી તેને આ ફોન વાપરવા આપેલો હતો માટે બીલ ભર્યા અંગેનો પુરાવો રજૂ નહીં થવાના કારણે એવુ કહી શકાય નહીં કે આ ફોન આરોપીને વાપરવા આપેલો ન હતો. સાહેદ નં.૮૫૩ ઉમેશભાઈ માસ્તરની જુબાની તરફ ધ્યાન દોરી વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરે છે કે પોલીસે પાંડોલ એરીયામાં આ સાહેદને એક મકાન ઉપર બોલાવેલા અને મકાનમાંથી સ્વીચબોર્ડ કઢાવેલુ, આ મકાનની ઓળખ સાબીત થતી નથી. સ્વીચબોર્ડ કઢાવીને પોલીસ કયાં લઈ ગઈ તે રેકર્ડ ઉપર આવતુ નથી. આ સ્વીચબોર્ડ સાથે આરોપીને કોઈ લેવા દેવા નથી. સાહેદ નં.૪૫૬ સીરીશકુમાર ગામીની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરવામાં આવેલ છે કે માસ્ટર હાઉસવાળા મકાનનું પંચનામુ આંક–૨૮૦૬ વાળુ આ સાહેદની હાજરીમાં બનાવેલુ પરંતુ આ સાહેદની હાજરીમાં આરોપીનુ નામ પુછેલુ ત્યારે તે કાંઈ બોલેલો નહીં તેમ આ સાહેદ જણાવે છે જેથી આ સાહેદની હાજરીમાં આરોપીએ મકાન અંગે કોઈ માહિતી આપેલી નથી. પરંતુ મારા મત પ્રમાણે હકીકત એવી છે કે મકાન રફીકે રાખેલુ હતુ અને આ આરોપી પણ મકાન ઉપર આવતો હતો. સાહેદ નં.૪૬૩ લક્ષ્મણ ગામીની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરવામાં આવેલ છે કે આ સાહેદની હાજરીમાં રૂબી કોમ્પ્લેક્ષના પાછળના ભાગે નટરાજ કમ્પાઉન્ડ ખાતે આવેલ ઘર આરોપી નં.૬૩,૬૪ નાઓએ બતાવેલુ અને તેનુ પંચનામુ આંક–૨૮૪૯ વાળુ બનાવેલુ છે અને મકાનમાંથી નોટબુક તથા ગેસનો સીલીન્ડર પોલીસે કબજે કરેલો છે. આ ગેસના સીલીન્ડરનો ઉપયોગ સુરત

બોમ્બ પ્લાન્ટેશનના કેસોમાં થયેલો નથી. વકીલશ્રી એલ.આર.પઠાણની આ દલીલ સાથે હું સંમત છું કે સુરતમાં ૨૯ જગ્યાઓ ઉપરથી જે જીવંત બોમ્બ મળેલા તે પૈકી એક પણ બોમ્બમાંથી ગેસના સીલીન્ડર મળી આવેલા નથી. વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, મકાનમાંથી જે નોટબુક મળેલી તેમાનુ લખાણ ગુના સાથે સાંકળી શકાય નહીં કારણ કે બોલવાની દરેક વ્યકિતને સ્વતંત્રતા છે. મકાનમાંથી મળી આવેલા ગેસના સીલીન્ડર જેવો સીલીન્ડર દરેક વ્યકિતના ઘરમાં હોય. સાહેદ નં.૮૫૯ અહમદનુર તંબુવાલાની જુબાની તરફ ધ્યાન દોરીર દલીલ કરે છે કે આ સાહેદની દુકાનેથી આરોપી નં.૬૩ નાઓએ ગાડીનું કવર ખરીદેલાની હકીકત પુરવાર થતી નથી. કવર વેચાણનું બીલ આ સાહેદે આપેલાનું પણ યાદ નથી અને આ કવર પોલીસ સ્ટેશનમાં સાહેદે ઓળખી બતાવેલુ નથી. વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે આ આરોપી આ કહેવાતા ગુનાઓમાં સંડોવાયેલો નથી. પરંતુ ઉપર વિગતે જે પુરાવા રજૂ થયા છે તે ધ્યાને લેતા આ આરોપી આ કહેવાતા ગુનામાં સંડોવાયેલો છે તેમ હું માનુ છું.

આરોપી નં.૬૪ મોહંમદ ઝહીર અૈયુબભાઈ પટેલનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૬૪ મોહંમદ ઝહીર અૈયુબભાઈ પટેલનાઓ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ જુદી-જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી-જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા-જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમને કઈ-કઈ ભૂમિકા ભજવેલી છે તે સાબિત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે તે મુજબઃ-

ફરિયાદપક્ષ દ્વારા આ કામે સમીમબાનુ જાફરએહમદ સૈયદને સાહેદ નં.૮૫૭ તરીકે આંક–૬૦૧૪ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ સને–૨૦૦૮ ના વર્ષમા મોટા વરાછા હાસા હાઉસ વિસ્તારમા રહેતા હતા. તે વખતે તેમના કુટુંબમાં બે દીકરીઓ સાથે રહેતી હતી. તેમની પાસે રિલાયન્સના ગેસના બે બાટલા હતા તે જ્યારે ખરીદેલા ત્યારે હસ્તેથી ખરીદેલા. આ ગેસના બાટલા "સર્જન ગેસ એજન્સી" પાસેથી લીધેલા હતા અને આ ગેસના બાટલા આ સાહેદ ઘરમાં વાપરતા હતા. ત્યાર પછી તેમની છોકરીઓને અબ્રામા પી.પી. સવાણી સ્કૂલ દુર પડતી હોવાથી મોટા વરાછા ખાતે રહેવા ગયેલાં. તેથી ગેસનું કનેક્શન દીલ્હી ગેટથી લક્ષ્મી ગેસ સેન્ટર મોટા વરાછા ખાતે ટ્રાન્સફર કરાવેલ. રિલાયન્સના ગેસના બાટલાના ભાવ વધી ગયેલ હોવાથી આ સાહેદે ભારત કંપનીના ગેસનું કનેક્શન લીધેલું અને આ રિલાયન્સ ગેસના બાટલા ફાજલ પડેલાં. તેથી તેમની પડોશમા રહેતા મોઈન અલાઉદ્દીન અંસારીને કોઈને બાટલા લેવા હોય તો વેચવા વાત કરેલી. પછી મોઈન અંસારી બાટલો લેવા આવેલા. ત્યારે તેની સાથે એક ભાઈ આવેલા. જેની સાથે એક દાઢીવાલા ભાઈ હતા તેથી આ સાહેદે દાઢીવાલા ભાઈ કોણ છે તેવું પુંછતા તેણે તેનુ નામ જહીર પટેલ હોવાનું જણાવેલું. આ સાહેદે મોઈનને સાડા ચાર હજાર રૂપીયામા બાટલા આપવાની વાત કરેલી. જહીર પટેલે ત્યારે એવું કહેલું કે સાડા ચારમા નહીં પરંતુ ચારમાં લઈશ. પછી આ સાહેદ, જહીર અને મોઈનભાઈ બંનેને બે બાટલા, ચોપડી અને રેગ્યુલેટર સાથે આપેલા જે ગેસની ચોપડી હતી. આ સાહેદ ચોપડી અને બાટલા ઓળખી શકે પરંતુ જહીરભાઈ પટેલને ઓળખી શકું નહીં કારણ કે તેમને ક્યારેય જોયેલા નહી અને માત્ર બાટલા લેવા આવેલા ત્યારે જ જોયેલા તેવુ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો ૨૦૦૮માં આ સાહેદની બંને દીકરીઓ ટીચર તરીકે નોકરી કરતી હતી. લાઈટબીલ અને ગેસ સબંધેની કામગીરી બંને દીકરીઓ કરતી હતી. ગેસ ખરીદી સંબંધેના કોઈ બીલ પોલીસને આપેલા નથી તે કબૂલ કરે છે. આ સાહેદે ૧૦ વર્ષ પહેલા બાટલા ખરીદેલા પરંતુ

તે ખરીદેલાના પુરાવા નથી. બાટલા વેચાણ બાબતે કોઈ લખાણ કરેલુ નથી તે કબૂલ કરે છે. બાટલા કઈ તારીખે કયા માસમાં વેચેલા તેનો લેખિત પુરાવો નથી. આ સાહેદને ડી.સી.બી. પોલીસ સ્ટેશન સુરત ખાતે બોલાવેલા તે કબૂલ કરે છે. બનાવના અરસામાં ઘણા બધા મુસ્લિમોને આ કચેરીમાં બોલાવી પુછપરછ કરવામાં આવતી હતી તે કબૂલ કરે છે. આ સાહેદની દીકરી તથા સગા વ્હાલાને વારંવાર કચેરીએ બોલાવતા હતા તે હકીકત નકારે છે. મોઈન સલાઉદીન પડોશી તરીકે હતા. આ મોઈન આ સાહેદના ઘરે વારંવાર આવતા હતા તે હકીકત નકારે છે. પોલીસે જવાબ લીધો ત્યારે બંને દીકરીઓ હાજર હતી નહીં. બનાવના અરસામાં આ સાહેદના પતિ હયાત હતા પરંતુ સાથે રહેતા ન હતા. પોલીસે કયારેય ચોપડી લાવીને આપેલી નથી કે બતાવેલી નથી. આ સાહેદે ગેસના બાટલા ઝહીર પટેલને વેચેલા નથી તે હકીકત નકારે છે. પોલીસે જવાબ વાંચી સંભળાવેલો નથી તો તે હકીકત નકારે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો ૨૦૦૮ની સાલમાં આ સાહેદ વરાછા હાશા હાઉસ વિસ્તારમાં રહેતા હતા અને તેમની પાસે રીલાયન્સ કંપનીના ગેસના બે બોટલ હતા જે તેમને હમેથી ખરીદેલા હતા. પરંતુ બીજે રહેવા જતા આ ગેસનું કનેકશન વરાછા ખાતે ટ્રાન્સફર કરાવેલુ હતુ. રીલાયન્સ કંપનીના ગેસના બાટલાના ભાવ વધી ગયેલા હોવાથી ભારત કંપનીના ગેસનુ કનેકશન લીધેલુ જેથી રીલાયન્સ કંપનીના બાટલા ફાજલ પડેલા. ત્યારબાદ મોઈલ અલાઉદીન અન્સારી એક દાઢીવાળા ભાઈને લઈને આવેલા. તેમનુ નામ જહીર હતુ. તેઓને આ બે બોટલ વેચેલા હતા.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે મહમદ આસિમ અબ્દુલ રઉફ અંસારીને સાહેદ નં.૮૫૮ તરીકે આંક–૬૦૧૭ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ સને–૨૦૦૮ ના વર્ષમાં મોટા વરાછા હાસા હાઉસ વિસ્તારમા રહેતા હતા અને કુટુંબમાં બે દીકરીઓ હતી. આ સાહેદે રીલાયન્સના ગેસના બે બાટલા હમેથી ખરીદેલા અને ઘરમાં વાપરતા હતા. ત્યાર પછી આ સાહેદની છોકરીઓને અબ્રામા પી.પી. સવાણી સ્કૂલ દુર પડતી હોવાથી મોટા

વરાછા ખાતે રહેવા ગયેલાં. તેથી ગેસનું કનેક્શન દીલ્હી ગેટથી લક્ષ્મી ગેસ સેન્ટર મોટા વરાછા ખાતે ટ્રાન્સફર કરાવેલ. રીલાયન્સના ગેસના બાટલાના ભાવ વધી ગયેલ હોવાથી ભારત કંપનીના ગેસનું કનેક્શન લીધેલું અને આ રિલાયન્સ ગેસના બાટલા ફાજલ પડેલાં. તેથી આ સાહેદના પડોશમા રહેતા મોઈન અલાઉદ્દીન અંસારીને બાટલા વેચવા વાત કરેલી. પછી મોઈન અંસારી બાટલો લેવા આવેલા. ત્યારે તેની સાથે એક ભાઈ આવેલા. જેની સાથે એક દાઢીવાલા ભાઈ હતા તેથી દાઢીવાલા ભાઈ કોણ છે તેવું પુંછતા તેણે તેનુ નામ જહીર પટેલ હોવાનું જણાવેલું. મોઈનને સાડા ચાર હજાર રૂપીયામા બાટલા આપવાની વાત કરેલી. જહીર પટેલે ત્યારે એવું કહેલું કે સાડા ચારમા નહીં પરંતુ ચારમા લઈશ. પછી જહીર અને મોઈનભાઈ બંનેને બે બાટલા, ગેસની ચોપડી અને રેગ્યુલેટર આપેલા. સાહેદે આરોપીને માત્ર બાટલા લેવા આવેલો ત્યારે જોયેલ હોવાથી ઓળખી શકે નહીં તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદની પંચરની દુકાનથી વરીયાવી પોલીસ ચોકી પાંચ મીટર દુર છે. પોલીસને જયારે પંચની જરૂર પડે ત્યારે પોલીસ સ્ટેશન જઈ પંચનામામાં સહી કરે છે તો તે હકીકત નકારી છે. પંચરની લારી ફુટપાથ ઉપર છે તે કબૂલ કરે છે. પોલીસ ૧૮ વર્ષથી આ સ્થળેથી લારી હટાવતા નથી તે કબૂલ કરે છે. હસમુખભાઈ સુરતમાં પરનામી મંદિર પાસે રહે છે. હસમુખભાઈએ આ સાહેદને સાઇકલનું બીલ આપેલુ. બીલ કઈ જગ્યાની દુકાન અને તારીખનુ હતુ તેની ખબર નથી. આ બીલની ઝેરોક્ષ પોલીસને આપેલી. પોલીસે પહોંચ આપેલી કે કેમ? તે યાદ નથી. સાઇકલ ખરીદ વેચાણના ચોપડા રાખતા નથી. સાઇકલ ડી.સી.બી. ફુરજા પોલીસ સ્ટેશનમાં જમા કરાવેલી તે કબૂલ કરે છે. સાઇકલ જમા કરાવ્યા બાબતની પહોંચ લીધેલી કે કેમ? તે ધ્યાનમાં નથી. સાઇકલ ઉપર સહી કે સ્લીપ લગાડેલી નથી. બીજા સાઇકલ વાળાઓને પણ પોલીસે બોલાવેલા અને પુછપરછ કરી સાઇકલો કબજે લીધેલી તે કબૂલ કરે છે. જે સ્થિતિમાં બહાર સાઇકલ જોયેલી તે જ સ્થિતિમાં મુદ્દામાલ બતાવવામાં આવેલો તે કબૂલ કરે છે. મહમદ જહીર નામના વ્યકિતને ઓળખતા

નથી તો તે હકીકત નકારી છે. જહીર પટેલ નામની વ્યકિતને સાઇકલ વેચેલી નથી તો તે હકીકત નકારે છે. પોલીસના કહેવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારે છે. સાઇકલ જમા કરાવી તેના ૨–૩ દિવસ અગાઉ સાઇકલ જમા કરાવવાનું કહેવામાં આવેલુ. મુદ્દામાલ સાઇકલ જે બતાવવામાં આવી તે હીરો કંપનીની ૨૨ ઇંચની સાઇકલ છે. સાઇકલનો ફ્રેમ નંબર શું છે તેની ખબર નથી. સાઇકલ આપવા ગયા ત્યારે હસમુખભાઈ પણ સાથે આવેલા.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ પાસેથી આરોપી નં.૬૪ મહમદ જહીર અયુબ પટેલે સાઇકલ ખરીદેલી હતી અને તે વખતે તેને જોયેલો હતો તેમ જણાવે છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે હસમુખભાઈ કરશનભાઈ રાઠોડને સાહેદ નં.૮૮૨ તરીકે આંક–૬૩૦૨ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ આ સાહેદ સને–૨૦૦૮ ના વર્ષમાં સૈયદપુરા, માછીવાર, સુરત ખાતે રહેતા હતા અને દિનેશભાઈ ગુટખાનો વેપાર કરતા હતાં તેમના ત્યાં નોકરી કરતા હતા અને જુદી–જુદી નોકરી કરતા હતા. આ સાહેદે પાનના ગલ્લા પર ગુટકા ડીલીવરીનું કામ કરવાનું રહેતું હતું અને સાઇકલ પર ગુટકા આપવા જતાં હતાં અને તેમની પાસે હીરો જેટ સાઇકલ હતી જે ૨૨ ની સાઈઝની હતી. સાઇકલ જુની હોવાથી અવારનવાર ખર્ચા આવતાં હતાં જેથી સાઇકલ વેચી નાંખી હતી. આ સાહેદને હાસીમભાઈ સાથે ઓળખાણ થયેલી હતી અને હાસીમભાઈએ કહેલું કે એક વ્યક્તિ ઓળખીતો છે અને તેને સાઇકલ જોઈએ છે. તેથી હાસીમભાઈને રૂા. ૫૦૦/– મા સાઇકલ વેચેલી. હાસીમભાઈને પુછેલું ત્યારે તેમને કહેલું કે તેનો કોઈ ઓળખીતો છે, તેને સાઇકલ વેચેલી. જેનું નામ ઝહીર હતું. હાસીમભાઈએ ઝહીરને સાઇકલ વેચેલી. ચાર દિવસ પછી હાસીમભાઈને ઝહીરભાઈએ કહેલું કે, સાઇકલને કારણે ઘરે ઝગડા થાય છે તેથી પાછી લઈ લો. પછી આ સાહેદે સાઇકલ પાછી લઈ લીધેલી અને કહેલું કે બીજો ગ્રાહક હોય તો સાઇકલ વેચી મારજો. તેમ કરીને સાઇકલ હાસીમભાઈ પાસે રહેવા દીધેલી. સાહેદને નિ.

૬૩૦૧/૧ વાળુ ઝેરોક્ષ બીલ બતાવતા તે જોઈને જણાવે છે કે તે બીલ તેમના ભાઈ ગીરીશભાઈનું સાઇકલ લીધેલ તે બાબતનુ છે જે ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ ધોરણ–૧૦ સુધી ભણેલા છે. આ સાહેદનો ભાઈ રીલાયન્સ મોબાઈલ કાર્ડનો ધંધો કરે છે. તેનુ નામ ગીરીશભાઈ છે. આ ગીરીશભાઈને પોલીસે બોલાવેલા નથી. બતાવવામાં આવેલ બીલ તે ઝેરોક્ષ નકલ છે. અસલ બીલની કોઈ હકીકત સાહેદ કહી શકે તેમ નથી તે કબૂલ કરે છે. હાસીમભાઈને કઈ તારીખે સાઇકલ વેચવા આપેલી તે કહી શકે નહીં. સાઇકલ કઈ તારીખે ખરીદેલી તે બીલ જોયા વિના કહી શકે નહીં. હાસીમભાઈની સાઇકલની દુકાન વરીયાવી પોલીસ ચોકી પાછળ આવેલી છે તે કબૂલ કરે છે. તેઓની દુકાનમાં ઘણી બધી સાઇકલોની લે–વેચ થાય છે તે કબૂલ કરે છે. તેઓ સાઇકલો ભાડે પણ આપે છે તે કબૂલ કરે છે. હાસીમભાઈ પાસેથી લીધેલી સાઇકલનુ કોઈ લખાણ કરેલુ નથી. પોલીસે ૨૦૦૮ ની સાલમાં કઈ તારીખે જવાબ લીધેલો તે યાદ નથી. પોલીસે સાઇકલ કબજે કરેલી તેની પહોચ આપેલી નથી. હાસીમભાઈને સાઇકલ આપ્યા પછી સાઇકલનુ શું થયુ તેની ખબર નથી તે કબૂલ કરે છે. જહીરભાઈ નામની ઘણી બધી વ્યકિતઓ સુરતમાં રહે છે તે કબૂલ કરે છે. હાસીમભાઈને સાઇકલ વેચવા માટે આપેલી નથી તો તે હકીકત નકારે છે. પોલીસના કહેવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારે છે. સાઇકલ ખરીદીનું બીલ આ સાહેદના નામનુ લીધેલુ નથી. ચારેક દિવસ બાદ હાસીમ અંસારી મળેલો અને વાત કરેલી કે તારી સાઇકલ જેને વેચી છે તે જહીર પટેલ સાઇકલ આપી દેવા માંગે છે જેથી આ સાહેદે હા પાડેલી અને રૂા.૫૦૦/– હાસીમને પરત આપી દીધેલા આ હકીકત પોલીસ નિવેદનમાં લખાવેલી છે તે કબૂલ કરે છે. હાસીમભાઈ તથા આ સાહેદ બંને સાઇકલ સાથે પોલીસ સ્ટેશનમાં ગયેલાનું કબૂલ કરે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ પાસેથી હાસીમભાઈએ જે સાઇકલ ખરીદેલી હતી તે સાઇકલના માલીક આ સાહેદ

હતા અને તે સાઇકલ આરોપી નં.૬૪ મોહમદ જહીર પટેલને વેચેલી હતી. બાદમાં તે સાઇકલ જહીર પટેલે પરત કરેલી હતી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે અબ્દુલરસીદ ઈબ્રાહીમભાઈ બનારસીને સાહેદ નં.૯૬૧ તરીકે આંક–૬૭૪૩ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ ૧૯૯૩થી ધાસ્તીપુરા, સુરત મુકામે સાઇકલ રીપેરીંગનું કામકાજ કરતા હતા અને રૂબી કોમ્પ્લેક્ષમાં સલમાન સાઇકલ માર્ટ નામની દુકાન આવેલી હતી. તા.૨૯.૮.૨૦૦૮ ના રોજ પોલીસે સાઇકલ જમા કરાવવાનું કહેતા સાઇકલ જમા કરાવેલી. આ સાહેદની દુકાનની પાછળના ભાગે ગલીમાં નટરાજ એસ્ટેટ પાસે એક છોકરાનું ઘર હતુ અને તે છોકરો લારી પર સામાન વેચતો હતો અને લારીમાં હવા ભરવા માટે આવતો હતો એક વખત સાઇકલ રીપેર કરાવવા મુકી ગયેલો પરંતુ પાછો આવેલ નહીં. આ સાહેદે તે સાઇકલની સીટ, બ્રેકો, સ્ટેન્ડ વિગેરે લગાવેલુ. બનાવને દસ વર્ષનો સમય થયેલ હોવાથી સાહેદ આરોપી જહીર પટેલને ઓળખી બતાવતા નથી.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો તા.૨૯.૮.૨૦૦૮ ના રોજ સાઇકલ બાબતે કહેવા માટે પોલીસ સ્ટેશને ગયા હોય તેવુ બનેલુ નથી તે કબૂલ કરે છે. પોલીસ કોઈ આરોપીને પકડીને આ સાહેદની દુકાન ઉપર લઈ આવ્યા હોય તેવુ પણ બનેલુ નથી.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ સાઇકલ રીપેરીંગનુ કામ કરે છે અને આરોપી નં.૬૪ જહીર પટેલે લીધેલી સાઇકલ રીપેર કરાવવા માટે આ સાહેદ પાસે આવેલો હતો અને તે પોલીસમાં રજૂ કરેલી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે સુલેમાનભાઈ ઈસ્માઈલભાઈ સીદાતને સાહેદ નં.૪૪૯ તરીકે આંક–૨૭૮૬ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૨૯/૭/૨૦૦૮ ના રોજ ડી.સી.બી. પોલીસ સ્ટેશન સુરતના પોલીસે બોલાવેલો. તે વખતે રાત્રીના અગિયાર વાગ્યાનો સમય થયો હશે અને તેમને સરવૈયા સાહેબે બોલાવેલા અને એન.બી.પરમાર સાહેબ પાસે લઈ ગયેલા. પરમાર સાહેબે સમજાવેલુ કે રિમાન્ડ ઉપરના આરોપી ગુનો કરવામાં

વાપરેલ કાયનેટીક હોન્ડા એક સાહેદ રજૂ કરે છે અને તે કબજે કરવાનુ છે તો પંચમાં રહેશો જેથી પંચમાં રહેવા માટે હા પાડેલી. ત્યાં આગળ એક બસીરભાઈ ગુલામમહંમદ કરીને એક ભાઈ હતા. તેઓએ એક કાઈનેટીક હોન્ડા કાળા કલરનું રજૂ કરેલુ. જેનો નં.જીજે–૫–બીઈ–૩૮૦૧ હતો. જેનો એન્જીન નંબર અને ચેચીસ નંબર જોયેલો અને પંચનામામાં લખાવેલા. આ કાઈનેટીક હોન્ડા તેમની રૂબરૂમાં કબજે કરવામાં આવેલ. સદર કાર્યવાહીનું પંચનામુ બનાવવામાં આવેલ જે આંક–૨૭૮૭ થી રજૂ છે આ પંચનામામાં સાહેદ પોતાની તથા તેમની સાથેના પંચ યુસુફભાઈની તથા રૂબરૂ તરીકે મદદનીશ પોલીસ કમિશનરની સહીઓ ઓળખી બતાવે છે. આ સાહેદને સેશન્સ કેસ નં.૪૧૮/૨૦૦૯ ના મુદ્દામાલ લીસ્ટના આંક–૨૩૫૦ ના આર્ટીકલ નં.૭૨ વાળુ કાયનેટીક હોન્ડા કાળા કલરનું બતાવવામાં આવતા સાહેદ તે ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ ધોરણ–૯ સુધી ભણેલા છે. પોલીસ ઈન્સ્પેકટર સરવૈયા સાહેબે તમારૂ કામ છે તેમ કહીને બોલાવેલા. ફ્રુટનો ધંધો કરતો હોવાથી પોલીસ અધિકારી ઓળખતા હતા. પોલીસ સ્ટેશનમાં ગયા ત્યારે કઈ–કઈ વ્યકિતઓ કયારે અને કેટલા સમય પહેલા આવેલી તે સબંધેની માહિતી મળેલી નહીં. કોઈ વ્યકિત સાથે પોલીસ સ્ટેશનમાં વાતચીત કરવાનો પ્રસંગ બનેલો નથી. સ્કૂટર પોલીસ સ્ટેશનમાં કયાંથી અને કોના થકી લાવવામાં આવેલુ તેની જાણકારી નથી. તૈયાર પંચનામામાં સહી કરેલાની હકીકત નકારી છે. પોલીસના કહેવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમારનાઓએ કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી.નં.૧૭૬/૨૦૦૮ ના કામે તા.૨૯.૮.૨૦૦૮ ના રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ યુસુફ દાઉદ શેખનાઓને ડી.સી.બી. પોલીસ સ્ટેશન સુરત ખાતે બોલાવેલા અને ત્યાં આરોપી નં.૬૩, ૬૪ હાજર હતા અને ત્યાં એક વ્યકિત જેનુ નામ બસીર ગુલામ મહમદ પટેલ હતુ. આરોપીઓએ ગુનાના કામે ઉપયોગમાં

લીધેલ કાઈનેટીક હોન્ડા રજૂ કરેલુ જેનો નં.જીજે–૫–બીઈ–૩૮૦૧ હતો જેનો ચેસીસ નંબર અને એન્જીન નંબર લખીને આંક–૨૭૮૭ ના પંચનામાની વિગતે કબજે કરેલ.

આંક–૨૭૮૭ વાળુ પંચનામુ તપાસ કરનાર અધિકારી સાહેદ નં. ૧૧૫૫ એન.બી.પરમારનાઓ જુબાનીના પાના નં.૧૦ મા પંચનામા પ્રમાણેની હકીકત જણાવે છે અને આંક–૨૭૮૭ વાળા પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. આ સાહેદની ઊલટતપાસના પેરા નં.૧૪૩ ધ્યાને લઈએ તો આરોપી જહીરે સાઇકલો અને કાઈનેટીક હોન્ડા મોપેડ ખરીદેલી તેની જાત માહિતી નથી તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે જહીરે જે પણ સાઇકલો કે કાઈનેટીક ખરીદેલા હોય તે આ બનાવો બનતા પહેલા ખરીદેલા હતા જેથી આ સાહેદને તેની જાત માહિતી ન હોય.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે કિશનભાઈ ગોવિંદભાઈ તીજવીજને સાહેદ નં.૪૫૫ તરીકે આંક–૨૮૦૨ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૨૯/૮/૨૦૦૮ ના રોજ ચોક બજાર કુર્જી પોલીસ ચોકીમાં એન.બી.પરમાર પોલીસ અધિકારીએ તેમને બોલાવેલા. તેઓ રાતના નવથી સાડા નવના અરસામાં જતા હતા ત્યારે પોલીસે રોકીને કચેરીમાં બોલાવેલા. તેમની સાથે તેમના મિત્ર જીજ્ઞેશ મોદી પણ ત્યાં હાજર હતા. પોલીસ ચોકીમાં બીજા પોલીસ અધિકારીઓ પણ હાજર હતા. તેઓને બોલાવ્યા બાદ પોલીસે એવુ જણાવેલુ કે સુરતમાં બોમ્બ મુકવામાં આવેલા તેમાં જહીર પટેલનાઓનું કાઈનેટીક ખરીદ કરેલ છે તે કાઈનેટીક જેની પાસેથી ખરીદ કરેલ હતું તે ભાઈ આવેલા છે અને તેમની પાસેથી વેચાણ કરાર બુક કબજે લેવાની છે તો પંચમાં રહેશો તેથી હા પાડેલી. ત્યાં ભાવેશભાઈ ઠક્કર હતા. તેઓએ એક કરાર બુક રજૂ કરેલી. જે તેમની રૂબરૂ કબજે કરવામાં આવેલી. તે કાઈનેટીક હોન્ડાનો નંબર જીજે–બીઈ–૩૮૦૧ હતો. આ કાઈનેટીક જે ખરીદ કરેલ હતી તે બાબતે આ વેચાણ કરાર બુકમાં નોંધ કરેલી હતી તે નોંધ જોયેલી. તેમાં ૪૬ નંબરની એન્ટ્રી હતી. તેમાં એક ગ્રીન કલરના કાગળમાં નામ લખેલુ હતું. આ

બાબતે પંચનામુ કરી જે બુક હતી તેમાં સહી કરેલી હતી. સાહેદ આંક–૨૮૦૩ વાળા પંચનામામાં પોતાની તથા જીજ્ઞેશ મોદીની તથા રૂબરૂ તરીકે પોલીસ અધિકારીની સહીઓ ઓળખી બતાવે છે. વધુમાં સાહેદ જણાવે છે કે તેમને પંચનામામાં એવુ લખાવેલ કે "વાહન વેચાણ કરાર બુકમાં વાહન ખરીદનાર રમેશ સુરેશ જાદવ ઠે. ચૌટાબજાર વગેરે લખેલ છે". સાહેદને સેશન્સ કેસ નં.૪૧૮/૨૦૦૯ ના મુદ્દામાલ લીસ્ટ આંક–૨૩૫૦ ના અનુક્રમ નં.૭૮ વાળી પાકા પુંઠાની વેચાણ કરાર બુક જોઈને કહે છે કે તે એક પ્રિન્ટેડ વેચાણ કરાર ફોર્મ છે અને તેમાં નીચે રેવન્યુ ટિકિટ ઉપર એક સહી છે જેમાં વાહન ખરીદનાર તરીકે રમેશ જાદવનું નામ છે અને મેઈક કાઈનેટીક અને રજીસ્ટ્રેશન નં.૩૮૦૧ લખેલ એન્ટ્રી નં.૪૬ વેચાણ કરાર તેઓની હાજરીમાં કબજે કરેલ તે આંક–૨૮૦૪ મા સાહેદ પોતાની તથા જીજ્ઞેશભાઈની સહીઓ ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ ૯.૩૦ વાગ્યાના અરસામાં પોલીસ ચોકીમાં ગયેલા. પોલીસ ચોકીમાં ગયા ત્યારે પંચનામુ લખાયેલુ તૈયાર હતુ તો તે હકીકત નકારી છે. પોલીસ ચોકીમાં હાજર રહેલ પોલીસ અધિકારીએ બધી વિગતો સમજાવેલી તો તે હકીકત નકારી છે. તૈયાર પંચનામામાં સહી કરેલાની હકીકત પણ નકારી છે.

આમ આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમારનાઓએ કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી.નં.૧૭૬/૨૦૦૮ ના કામે તા.૨૮.૮.૨૦૦૮ ના રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ જીગ્નેશ રમેશચંદ્ર મોદીનાઓને ડી.સી.બી.પોલીસ સ્ટેશન સુરત ખાતે બોલાવેલા. આ ગુનાના કામે આરોપી જહીર ઐયુબ પટેલનાઓએ તથા તેની સાથેના સહઆરોપીએ કતારગામ, ગોટાલાવાડી ખાતે આવેલ જલારામ ઓટો કન્સલટન્ટ નામની દુકાનમાંથી એક જુની કાઈનેટીક હોન્ડા મોપેડ ખરીદ કરેલી જે અંગે જલારામ ઓટો કન્સલટન્ટની વેચાણ બુક કબજે કરવાની હતી ત્યા ભાવેશભાઈ ભુપતભાઈ સાહેદ નં.૧૨૨૯ હાજર હતા. તેમને પોતાનુ નામ ઠામ જણાવેલુ અને તેમને જણાવેલુ કે એક ઈસમને હોન્ડા મોપેડ નં.જીજે–૫–બીઈ–

૩૮૦૧ પસંદ તા.૨૩.૭.૨૦૦૮ ના રોજ પડેલુ જેથી રૂા.૧૦૦૦૦/– મા સોદો નક્કી કરેલો અને વેચાણ કરાર વખતે કરાર બુકમાં એન્ટ્રી નં.૪૬ કરેલી. આ રજીસ્ટર આંક–૨૮૦૩ ના પંચનામાની વિગતે કબજે કરેલુ અને રજીસ્ટરને આંક–૨૮૦૪ આપવામાં આવેલો. આંક–૨૮૦૪ વાળા રજીસ્ટરમાં પાના નં.૪૬ ઉપર બે પંચોની તથા તપાસ કરનાર અધિકારીની સહી છે. ખરીદનાર તરીકે રમેશ સુરેશ જાદવ અને વેચનાર તરીકે ધર્મેન્દ્ર અરજીભાઈના નામ છે.

આંક–૨૮૦૩ વાળુ પંચનામુ બનાવનાર સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમારનાઓએ આ હકીકત અંગે પોતાની જુબાનીના પાના નં.૧૦ ઉપર જણાવેલુ છે અને આંક–૨૮૦૩ વાળા પંચનામામાં તથા આંક–૨૮૦૪ વાળા રજીસ્ટરના પાના નં.૪૬ ઉપર એન.બી.પરમારનાઓ પોતાની સહી ઓળખી બતાવે છે.

આંક–૨૮૦૩ ના પંચનામાની વિગતે જલારામ ઓટો કન્સલટન્ટનુ વાહન વેચાણનું રજીસ્ટર આંક–૨૮૦૪, તપાસ કરનાર અધિકારી સાહેદ નં. ૧૧૫૫ એન.બી.પરમારનાઓએ પંચ સાહેદ નં.૪૫૫ કિશનભાઈ ગોવિંદભાઈ તીજવીજની હાજરીમાં કબજે કરેલુ અને ત્યારબાદ આરોપી નં.૪૩ અનીક સફીક સૈયદને આ ગુનાના કામે અટક કર્યા બાદ સાહેદ નં.૧૧૦૯ વિકાસ બાલુભાઈ ભોઈની હાજરીમાં આરોપી અનીક સફીક સૈયદના હસ્તાક્ષરના નમુના આંક–૭૯૪૨ વાળા પંચનામાની વિગતે મેળવેલા અને તે નમુના આંક–૭૯૮૦ વાળી રવાનગી નોંધથી એફ.એસ.એલ. ગાંધીનગરને ચકાસણી માટે મોકલી આપેલા હતા. આંક–૭૯૭૧ માં જણાવ્યા મુજબ (૧) હસ્તાક્ષર/સહીઓના નમૂના માર્ક એસ–૧ થી એસ–૩૬ (૨) એક લીટીવાળા કાગળમાં અંગ્રેજીમાં એક પેરેગ્રાફ લખી આપેલ તે માર્ક–એન (૩) વેચાણ રજીસ્ટર માર્ક–ડી થી મોકલી આપેલા હતા.

ઉપરોકત નમુનાઓનું એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે ચકાસણી કરનાર સાહેદ નં.૧૧૧૩ મહેશ મનુભાઈ વડગામાનાઓ હતા. તેઓની જુબાનીના પેરા નં.૨ મુજબ કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી.નં.૧૭૬/૨૦૦૮ ના

કામે મદદનીશ પોલીસ કમિશનર, સી–ડિવિઝન, સુરત શહેરનાઓ આ સાહેદની કચેરીને મોકલવામાં આવેલ પત્ર તથા અભિપ્રાય આપવા સારૂ દસ્તાવેજની વિગત સહીતનો વિનંતી રીપોર્ટ કે જે પ્રમાણપત્રની સાથે છે જે આંક–૭૯૭૧ થી રજૂ રાખેલ છે. વધુમાં આ સાહેદે તપાસ કરનાર અમલદાર તરફ મોકલવામાં આવેલ પત્ર આંક–૭૯૭૨ થી રજૂ કરેલ છે જેમાં નાયબ મુખ્ય હસ્તાક્ષર નિષ્ણાંતશ્રી આર.એન.ગુણાની સહી છે તે સહી આ સાહેદે ઓળખી બતાવેલી છે. વધુમાં આ સાહેદે રીપોર્ટની સાથે સામેલ ચેક લીસ્ટ આંક–૭૯૭૩ થી રજૂ કરેલ છે. વધુમાં આ સાહેદની જુબાની ધ્યાને લેતા ફોરવર્ડિંગ પત્ર તથા તેની સાથેના દસ્તાવેજો આ સાહેદની કચેરીને મળ્યા બાદ વિભાગના વડાશ્રી આર.એન.ગુણાએ આ અભિપ્રાય આપવા અંગેની કામગીરી આ સાહેદને સોંપેલી.

વધુમાં આ સાહેદ જણાવે છે કે તેઓને સરખામણી હેતુસર મોકલવામાં આવેલ ઉપરોકત કેસના દસ્તાવેજોમાં તકરારી દસ્તાવેજ તરીકે મોટર વાહન વેચાણનો કરાર વાહન નં.BE–3803 જે પેજને ૪૬ નંબર આપેલ છે તેમાં તકરારી સહી તરીકે માર્ક–ડી આપેલ હતો. જેમાં તેમની કચેરીનો એ.બી. કેસનં.૩/૦૯ આપેલ અને તેમાં ટૂંકી સહી કરેલી. જેમાં લાલ પેન્સિલથી માર્ક–ડી આપેલ તકરારી સહી તપાસેલ અને આ માર્કની બાજુમાં આ સાહેદના હસ્તાક્ષરમાં નંબર લખેલ છે અને ટૂંકી સહી કરેલી છે. વધુમાં સાહેદ જણાવે છે કે આંક–૭૯૪૩ વાળા આરોપી અનીક ઉર્ફે ખાલીદ સફિક સૈયદના સ્પેસીમેન સીગ્નેચરના નમુના તરીકે મળેલ માર્ક એસ–૧ થી એસ–૩૬ જોઇને કહે છે કે આ દસ્તાવેજો તેમને તકરારી દસ્તાવેજો સાથે ઉપર જણાવેલ તપાસ કરનાર અમલદારના પત્ર સાથે મળેલ હતાં. જે તમામ છ કાગળોમાં નમૂનાની સહીઓને માર્ક આપવામાં આવેલ હતા તે મળતાં તેમાં પણ દરેક પાના ઉપર માર્ક આપેલાં અને એ.બી.કેસ નં.૩/૦૯ આપેલાં અને ટૂંકી સહી કરેલી જે માર્કવાળા આ સાહેદના હસ્તાક્ષર તથા ટૂંકી સહી ઓળખી બતાવે છે. આ તમામ સ્પેસીમેન સહીઓ તકરારી સહી સાથે સરખામણી કરેલી. વધુમાં આ સ્પેસીમેન સહીઓ સાથે તપાસ કરનાર અમલદાર તરફથી કુદરતી લખાણ માર્ક–એન મોકલવામાં આવેલ. જે આ

સ્પેસીમેન સીગ્નેચરના દસ્તાવેજોની સાથે સામેલ છે તે જોઇને જણાવે છે કે આ માર્ક–એન વાળો દસ્તાવેજ મળેલો તેને પણ માર્ક–એન આપેલો અને તેની સાથે એ.બી.કેસ નં.૩/૦૯ લખેલ તથા ટૂંકી સહી કરેલી. આ માર્ક–એન આપેલ દસ્તાવેજમાં અંગ્રેજીમાં એન તથા AB 3/09 આ સાહેદના હસ્તાક્ષરમાં છે તથા તેની સાથે ટૂંકી સહી છે જે ઓળખી બતાવે છે. આ માર્ક–એન વાળા દસ્તાવેજ આંક–૭૯૭૬ થી રજૂ છે. આમ ઉપરોકત તકરારી દસ્તાવેજ, નમૂનાના દસ્તાવેજો તથા કુદરતી દસ્તાવેજોની તપાસણી કરી તલસ્પર્શી પરીક્ષણ કરી જરૂરી વૈજ્ઞાનિક સાધનોની મદદથી આ સાહેદ એવા અભિપ્રાય ઉપર આવેલા કે "જે વ્યકિતએ વાદળી કુંડાળું કરેલ સ્ટાન્ડર્ડ લખાણ અને સહી જેને માર્ક એસ–૧ થી એસ–૩૬ અને એન આપેલ છે તે જ વ્યકિતએ લાલ કુંડાળું કરેલ તકરારી સહી માર્ક–ડી લખેલ છે." જે અભિપ્રાય ઉપર આવી અભિપ્રાય તૈયાર કરી તેમાં સહી કરેલી. આ અભિપ્રાય ઉપર સાથી કર્મચારી શ્રીમતી ડી.જે.શાહ કે જે પણ આસીસ્ટન્ટ એકઝામીનર ઓફ કવેશ્ચન ડૉકયુમેન્ટ તરીકે તેમના વિભાગની અંદર ફરજ બજાવે છે તેમણે પણ આ કેસ તપાસી અભિપ્રાય ઉપર સહી કરેલી. જે અભિપ્રાય આંક–૭૯૭૭ થી રજૂ છે અને અભિપ્રાય ઉપર આવવાના કારણો આંક–૭૯૭૮ થી રજૂ છે. આ અભિપ્રાય તથા તેના કારણોમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે તથા સાથેના અધિકારી ડી.જે.શાહની પણ સહીઓ ઓળખી બતાવે છે. આ સાહેદની ઊલટતપાસ આરોપી નં.૩૭ સામે ફરિયાદપક્ષે જે પુરાવા રજૂ કર્યા છે તેમાં ચર્ચા કરેલ છે જેથી ઊલટતપાસનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે ભદ્રેશ ગોવિંદભાઈ તીજવીજને સાહેદ નં.૪૫૭ તરીકે આંક–૨૮૦૮ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ આ સાહેદને ચોક બજાર કૂર્જા ખાતે આવેલ ડી.સી.બી. પોલીસ સ્ટેશનના નરેન્દ્રસિંહ અમરસિંહે તા.૨૬/૮/૨૦૦૮ ના રોજ રાત્રીના પોણા અગીયારથી અગીયાર વાગ્યાના અરસામાં બોલાવેલા અને મદદનીશ પોલીસ કમિશનર પાસે લઈ ગયેલા. તેમનું નામ સુજાતા મેડમ હતું. આ સાહેદ ગયા તે વખતે ત્યાં પોલીસ સ્ટેશનમાં શ્યામભાઈ કરીને એક ભાઈ હતા. તેઓને આ

મદદનીશ પોલીસ કમિશનર સાહેબે એવી સમજ કરેલી કે એક આરોપીની શરીર સ્થિતિનું પંચનામુ કરવાનું છે તો પંચમાં રહેશો તેથી પંચમા રહેવા હા પાડેલી. સાહેદ વધુમાં જણાવે છે કે કાપોદ્રા પોલીસ સ્ટેશનના સેકન્ડ ગુના રજી. નં. ૧૭૬/૨૦૦૮ ના આરોપી હતા. આ આરોપીને કોઈ પરમાર સાહેબ લાવેલા હતાં. આરોપીનું નામ મોહંમદ ઝહીર ઐયુબભાઈ પટેલ હતુ. તેઓએ જે કપડા પહેરેલા હતાં. તેનું વર્ણન પંચનામામાં લખાવેલુ. તેમના શરીર ઉપર કોઈ ચિન્હો જોયેલા ન હતાં. આ મુજબનુ પંચનામુ કરવામાં આવેલુ જે આંક–૨૮૦૯ વાળા પંચનામામાં સાહેદ પોતાની તથા શ્યામભાઈની તથા સુજાતા સાહેબની સહીઓ ઓળખી બતાવે છે. આ સાહેદની ઊલટતપાસ કરવામાં આવેલ નથી.

આમ આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૩૬ સુજાતા મજમુદારનાઓએ કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી.નં.૧૭૬/૨૦૦૮ ના કામે તા.૨૬.૮.૨૦૦૮ ના રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ શ્યામ ભુપેન્દ્ર દુધવાલાનાઓને ડી .સી.બી. પોલીસ સ્ટેશન સુરત ખાતે બોલાવેલા અને ત્યાં આરોપી નં.૬૪ હાજર હતા અને તેનુ શરીર સ્થિતિનુ પંચનામુ આંક–૨૮૦૯ વાળુ બનાવેલુ. આ હકીકત પંચનામુ તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૩૬ સુજાતા મજમુદારનાઓની જુબાનીના પાના નં.૭ મા પંચનામા પ્રમાણેની હકીકત જણાવેલ છે અને આંક–૨૮૦૯ વાળા પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે સંજય બંસીલાલ દલાલને સાહેદ નં. ૪૬૦ તરીકે આંક–૨૮૧૯ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૨૯/૮/૨૦૦૮ ના રોજ આ સાહેદ વેડ દરવાજાથી તેમના ઘર તરફ જતા હતા તે વખતે એક પોલીસવાળા ભાઈએ તેમને ચોક બજાર કુર્જા ડી.સી.બી. પોલીસ સ્ટેશન ખાતે બોલાવેલા. આ વખતે આ સાહેદના મિત્ર કમલેશભાઈ ભીમજીભાઈ વ્યાસનાઓને પણ બોલાવેલા. પોલીસ સ્ટેશનમાં એ.સી.પી. એન.બી.પરમાર સાહેબ હતા. તે વખતે તેઓ તથા બીજી બે ત્રણ વ્યકિતઓ ત્યાં ઉભી હતી. તે દરમ્યાન સાહેબે એવુ કહેલુ કે સુરતમાં જે બોમ્બ

પકડાયેલાં તેનો આરોપી રિમાન્ડ ઉપર છે જે આરોપીએ પોતાનું નામ જહીર પટેલ હોવાનું જણાવેલુ. તેઓને પુંછવામાં આવ્યુ કે પંચ તરીકે રહેશો તો હા પાડેલી. જહીર પટેલે ઓળખાણ આપી ત્યારબાદ તેમની સાથે પોલીસ સ્ટેશનમાં અન્ય માણસો હતાં તેમાંથી એક ભાઈ જેમની સરનેમ બનારસી હતી તેમણે એક મરૂન કલરની લેડીઝ સાઇકલ લઈને આવ્યા અને જહીરભાઈએ કહ્યું કે "આ સાઇકલ તેમની પાસેથી લીધેલી." ત્યારબાદ બીજા અન્સારીભાઈ હતાં તેમણે એક કાળા કલરની રેગ્યુલર જેન્ટસ સાઇકલ લઈને આવ્યા અને મુકેલી ત્યારે જહીરભાઈએ કહેલુ કે "આ બંને સાઇકલો મે બોમ્બ પ્લાન કરવા માટે લીધેલી" આ સાઇકલ તેઓએ જોયેલી અને તેના નંબર હતાં તે લઈ પંચનામામાં લખેલા. આ કાર્યવાહીનું પંચનામુ બનાવવામાં આવેલુ જે આંક–૨૮૨૦ થી ૨જૂ છે આ પંચનામામાં સાહેદ પોતાની તથા કમલેશભાઈ તથા પોલીસની રૂબરૂ તરીકેની સહીઓ ઓળખી બતાવેલ છે. આ સાહેદને ટી.વી. સ્ક્રીન ઉપર તમામ આરોપીઓને બે–બે ના ગ્રુપમાં બતાવવામાં આવતા સાહેદ આરોપીને ઓળખી બતાવે છે તેમજ સેશન્સ કેસ નં.૪૧૮/૨૦૦૯ ના મુદ્દામાલ લીસ્ટ આંક–૨૩૫૦ ના આર્ટીકલ ક્રમાંક નં. ૭૦, ૭૧ વાળી મુદ્દામાલ સાઇકલો ઓળખી બતાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પંચનામામાં જે કંઈ જોયુ અને જે કંઈ સાંભળ્યુ તેનો ઉલ્લેખ છે તે કબૂલ કરે છે. બનારસી પાસેથી મરૂન કલરની સાઇકલ ખરીદેલી તે હકીકતનો ઉલ્લેખ પંચનામામાં નથી તે કબૂલ કરે છે. જહીરભાઈએ એવુ જણાવેલુ કે અબ્દુલ અન્સારી પાસેથી કાળા રંગની જેમ્સ સાઇકલ ખરીદેલી તે આ છે તો તે હકીકતનો ઉલ્લેખ પંચનામામાં નથી તે કબૂલ કરે છે. મુદ્દામાલવાળી સાઇકલ આર્ટીકલ નં.૭૦ જોઈને જણાવે છે કે હેન્ડલના નીચેના ભાગેથી મરૂન કલર દેખાય છે. મુદ્દામાલ સાઇકલ ઉપર ઓળખ સબંધેના નિશાન કરેલ નથી તે કબૂલ કરે છે. આવી સાઇકલ બજારમાં વેચાતી મળે છે તે કબૂલ કરે છે. સાઇકલનો ચેસીસ નંબર કહી શકે નહીં. મુદ્દામાલવાળી સાઇકલ આર્ટીકલ નં.૭૧ જોઈને જણાવે છે કે આગળનુ વ્હિલ તુટેલાની હકીકત પંચનામામાં લખેલી નથી. જુબાનીના દિવસે આ સાઇકલ આખી તુટેલી હાલમાં

છે તે કબૂલ કરે છે. મુદ્દામાલવાળી સાઇકલો ખરેખર હતી જ નહીં તો તે હકીકત નકારી છે. સાઇકલની ઓળખ સંબંધેના કોઈ નિશાન કે ચિન્હ કરેલા નહીં. સાઇકલ કાળા કલરની નથી તો તે હકીકત નકારી છે. ઓળખી બતાવેલી સાઇકલ જેવી કોઈ સાઇકલ કબજે કરેલી નથી તો તે હકીકત નકારે છે. જે આરોપીને ઓળખી બતાવેલો છે તે જહીર પટેલ તે તારીખે લોકઅપમાં હતો જ નહીં તો તે હકીકત નકારે છે. જહીર પટેલનો ફોટો પોલીસે બતાવેલો માટે તેને ઓળખેલો છે તો તે હકીકત નકારે છે. જહીર પટેલને ખોટી રીતે ઓળખેલો છે તો તે હકીકત નકારે છે. પંચનામુ પરમાર સાહેબની પાસે બેઠેલા પોલીસવાળા લખતા હતા. પોલીસના કહેવાથી તૈયાર પંચનામામાં સહી કરેલાની હકીકત નકારેલી છે. સાઇકલની ફ્રેમ સિવાય તેના દરેક ભાગ બદલી શકાય છે તે કબૂલ કરે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમારનાઓએ કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી.નં.૧૭૬/૨૦૦૮ ના કામે તા.૨૯.૮.૨૦૦૮ ના રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ કમલેશ ભીમજીભાઈ વ્યાસનાઓને ડી.સી.બી. પોલીસ સ્ટેશન સુરત ખાતે બોલાવેલા અને ત્યાં આરોપી નં.૬૪ હાજર હતો અને તેને બનાવના કામે ઉપયોગમાં લીધેલી સાઇકલ સાહેદોની હાજરીમાં રજૂ કરતા હતા જે કબજે લેવાની હતી. આ વખતે બે ઈસમો ત્યાં હાજર હતા. પ્રથમ ઈસમે પોતાનુ નામ અબ્દુલ રસીદ ઈબ્રાહીમ બનારસી જણાવેલુ અને તેને એક સાઇકલ લેડીઝ ફ્રેમવાળી એટલાસ કંપનીની વાયર બ્રેકવાળી મરૂન રંગની રજૂ કરેલી તથા બીજી વ્યકિતએ પોતાની નામ મહમદ હાસીમ અબ્દુલ અન્સારી જણાવેલુ અને તેને એક સાઇકલ જેન્ટસ ફ્રેમવાળી ૨૨ ઇંચની સાઇઝવાળી રજૂ કરેલી. આ બંને સાઇકલો પોલીસે રૂા.૩૦૦-૩૦૦ કિંમત નક્કી કરીને આંક-૨૮૨૦ ના પંચનામાથી કબજે કરેલી હતી.

આંક-૨૮૨૦ વાળુ પંચનામુ તપાસ કરનાર અધિકારી સાહેદ નં. ૧૧૫૫ એન.બી.પરમારનાઓએ પોતાની જુબાનીના પાના નં.૯ માં પંચનામા પ્રમાણેની હકીકત જણાવેલ છે અને આંક-૨૮૦૯ વાળા પંચનામામાં પોતાની

સહી ઓળખી બતાવેલ છે. આ સાહેદની ઊલટતપાસના પેરા નં.૧૪૩ ધ્યાને લઈએ તો આરોપી જહીરે સાઇકલો અને કાઈનેટીક હોન્ડા મોપેડ ખરીદેલી તેની જાત માહિતી નથી તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે જહીરે જે પણ સાઇકલો કે કાઈનેટીક ખરીદેલા હોય તે આ બનાવો બનતા પહેલા ખરીદેલા હતા જેથી આ સાહેદને તેની જાત માહિતી ન હોય.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે લક્ષ્મણભાઈ મનજીભાઈ ગામીને સાહેદ નં.૪૬૩ તરીકે આંક–૨૮૪૮ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૨૭/૭/૨૦૦૮ ના રોજ કતારગામથી પસાર થતા હતા ત્યારે પોલીસ અધિકારી રાઠોડે ઉભા રાખેલા અને કહેલું કે કામ છે તો ચોકબજાર પોલીસ સ્ટેશને જવાનું છે. આથી ચોકબજાર પોલીસ સ્ટેશને ગયેલાં ત્યાં એક બીજા પોલીસ અધિકારી બેઠા હતાં. તે પોલીસ અધિકારી પરમાર સાહેબ હતાં. પરમાર સાહેબે સમજાવેલ કે બોમ્બ મુકેલા હતાં તેનું પંચનામુ કરવાનું છે તો આવશો આથી રાજીખુશીથી આવવા "હા" પાડેલી. આ સાહેદ સાથે તે વખતે બીજા એક વ્યકિત અનીલભાઈ મરાઠી હાજર હતાં.

સાહેદ વધુમાં જણાવે છે કે પોલીસ સ્ટેશનેથી સરકારી વાહનમાં તેઓ, જહીર, તનવીર તથા પોલીસ અધિકારીઓ નીકળેલા. જહીર પટેલે જગ્યા બતાવેલી. જે જગ્યા રૂબી કોમ્પ્લેક્ષની પાછળ, નટરાજ કમ્પાઉન્ડ ખાતે પોતાનું ઘર બતાવેલુ. આ ઘર ઝુંપડપટ્ટીમાં હતુ અને તેનો દરવાજો ઉત્તર દિશાનો હતો. બધા ઘરમાં દાખલ થતાં એક લોખંડનો પલંગ હતો તેમજ પલંગની ગાદી નીચે ચેક કરતા પેપર કટીંગ મળી આવેલો તેમાં ઓસામાબીન લાદેનનો લેખ મળી આવેલો. એક રીલાયન્સ કંપનીની ગેસબુક મળેલી સાથે એક સીલીન્ડર પણ હતો. આ તમામ ચીજવસ્તુઓ કબજે કરેલી અને આ બાબતેનું વિગતે પંચનામુ કરેલુ. સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારપછી આરોપી તનવીરના બતાવ્યા મુજબ તેના ઘરે ગયા. જે સ્થળ એફ–૧ ઉપર બ્લોક હતો. ત્યાં આરોપીના મકાનમાં દાખલ થતાં એક પલંગ હતો. જેને ચેક કરતા ત્યાંથી એક નોટબુક મળી આવેલી. જેમાં લખાણ હતું. તે નોટબુકના પાછળના પાને પંચોએ સહી કરેલી અને ગેસનો

સીલીન્ડર હતો તે કબજે કર્યો અને પંચોએ સહીઓ કરી અને તે મુદ્દામાલ લઈને ફરી ચોક બજાર પોલીસ સ્ટેશન આવેલા. આ કાર્યવાહીનું પંચનામુ કરવામાં આવેલુ જે આંક–૨૮૪૯ થી રજૂ કરેલ છે. આ પંચનામામાં સાહેદ પોતાની તથા અનીલભાઈની તેમજ રૂબરૂ તરીકે પોલીસ અધિકારીની સહીઓ ઓળખી બતાવે છે. સાહેદ આરોપીને ઓળખી શકતા નથી કારણ કે ઘણો સમય થઈ ગયેલ હોવાથી શારીરિક બાંધામાં ફેરફાર થઈ ગયેલ હોય. આ સાહેદને સેશન્સ કેસ નં. ૪૧૮/૨૦૦૯ ના મુદ્દામાલ લિસ્ટ આંક–૨૩૫૦ ના મુદ્દામાલ ક્રમાંક–૨૯ થી ૩૩ વાળો તમામ મુદ્દામાલ બતાવતા ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદને બતાવવામાં આવેલો તમામ મુદ્દામાલ પોલીસ સ્ટેશને જોયેલો તો તે હકીકત નકારે છે. સાહેદ જણાવે છે કે આરોપીના ઘરે જોયેલો હતો. આ સાહેદ નવ ધોરણ સુધી ભણેલા છે. પોલીસ અધિકારી રાઠોડને ઓળખતા નથી. રાઠોડ સાહેબે રોકેલા ત્યારબાદ પોલીસ સ્ટેશને લઈ ગયા ત્યારે રાત્રીના ૮.૩૦ વાગ્યાનો સમય થયો હતો. પોલીસ અધિકારી પરમાર સાહેબને ઓળખતા નથી. બંને આરોપીઓને બનાવ પહેલા કયારેય જોયેલા ન હતા કે તેમને ઓળખતા ન હતા. બંને આરોપીઓ સાથે વાતચીત કરવાનું બનેલુ નથી. બંને આરોપીઓના સ્થળ વચ્ચે ૨ થી ૩ કી.મી.નું અંતર હતુ તો તે હકીકત નકારી છે. પંચનામામાં જે સ્થળનો ઉલ્લેખ છે તે સ્થળે જતા ત્યાં માલિકી સંબંધેનુ કોઈ બોર્ડ જોવા મળેલુ નહીં. જહીર અને તનવીરના દેખાડ કર્યા પછી તે મુજબના મકાનમાંથી નામજોગ કોઈ દસ્તાવેજો મળેલા નહીં. મુદ્દામાલ નોટબુકમાં આરોપીઓની કોઈ સહીઓ લેવામાં આવેલી નહીં તે કબૂલ કરે છે. બનાવના સ્થળે જતા ત્યાં હાજર વ્યકિતઓ હોઈ તો તેની સાથે વાતચીત કરવાનો પ્રસંગ બનેલો નથી તે કબૂલ કરે છે. તૈયાર પંચનામામાં સહીઓ કરેલાની હકીકત નકારે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમારનાઓએ કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી.નં.૧૭૬/૨૦૦૮ ના કામે તા.૨૭.૮.૨૦૦૮ ના રોજ આ પંચ

સાહેદ તથા બીજા પંચ અનિલ મરાઠીનાઓને ડી.સી.બી. પોલીસ સ્ટેશન સુરત ખાતે બોલાવેલા અને ત્યાં આરોપી નં.૬૩ મહમદ તનવીર તથા આરોપી નં.૬૪ ઝહીર પટેલનાઓ હાજર હતા અને બંને આરોપીઓના ઘરની જડતી તપાસ કરવાની હતી જેથી આરોપીઓ, પંચો અને પોલીસ સ્ટાફ સાથે તપાસ કરનાર અધિકારી સરકારી વાહનમાં બેસી આરોપીઓના બતાવ્યા મુજબના રસ્તે ગયેલા. પ્રથમ આરોપી નં.૬૪ ઝહીર પટેલનાઓએ રૂબી કોમ્પ્લેક્ષની પાછળ નટરાજ કમ્પાઉન્ડમાં આવેલ પોતાનુ મકાન બતાવેલુ અને તે મકાનની જડતી તપાસ કરેલી અને મકાનમાં પલંગ ઉપર પાથરેલ ગાદી નીચેથી ઓસામાબીન લાદેનના ફોટાવાળુ દૈનિક પેપરનુ અર્ધુ પાનુ મળેલુ જે કવરમાં મુકી સીલ કરેલુ. આ ઉપરાંત રીલાયન્સ ગેસના સીલીન્ડરની બુક તથા ગેસ સીલીન્ડર મળી આવેલ તે કબજે કરેલ. ત્યારબાદ આરોપી નં.૬૩ તનવીર પઠાણનાઓએ પોતાનુ મકાન એફ–૧, રીવર વ્યુ સોસાયટી, ભરીમાતા રોડવાળુ મકાન બતાવેલુ અને મકાનમાંથી ગાદી નીચે એક જૂની નોટ બુક હતી તે નોટબુકના પાના નં.૧૮ ઉપર બોલપેનથી લખેલુ હતુ કે "વંજારાને જો કીયા અગર દુસરી કોમ કે ઉપર બોલા તો પુરા ગુજરાત હીલા દેતે મગર હમ ચુપ હૈ" તે લખેલ બુક તથા બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી ઘરમાં રાખેલ રીલાયન્સ કંપનીનો ગેસનો બોટલ વિગેરે આંક–૨૮૪૯ ના પંચનામાની વિગતે કબજે કરેલ. નોટબુકના પાન નં.૧૮ ઉપર જે લખાણ લખેલુ હતી તે બાબતે આરોપીએ કોઇ ખુલાસો ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ ના વિશેષ નિવેદનમાં કરેલો નથી. આ લખાણ ધ્યાને લેતાં કટ્ટરવાદી લખાણ છે જે આરોપીને આ બનાવમાં સંડોવતો વધારાનો સંજોગ છે.

આંક–૨૮૪૯ વાળુ પંચનામુ બનાવનાર તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમારની જુબાનીના પેરા નં.૩ ધ્યાને લઈએ તો તા. ૨૭/૮/૨૦૦૮ ના રોજ આરોપીઓ નામે મોહમદ તન્વીર મોહમદ અખ્તર પઠાણ તથા જહિર એયુબભાઇ પટેલનાઓને સાથે રાખી તેઓના ઘરની જડતી તપાસ કરવાની હોવાથી બે પંચોને ડી.સી.બી. પોલીસ સ્ટેશન ખાતે બોલાવેલા અને તેઓને પંચનામા અંગે સમજ કરેલી અને ત્યારબાદ આરોપીઓને સાથે રાખી

પોતે તથા પંચો સરકારી વાહનમાં બેસેલા અને આરોપી જહિર ઐયુબભાઇ પટેલનું મકાન કે જે રૂબી કોમ્પ્લેક્ષ પાછળ નટરાજ કમ્પાઉન્ડમાં આવેલું હતું તે આરોપીએ બતાવેલ તે મકાનમાંથી એક દૈનિકપત્ર કે જેના ઉપર ઓસામાબીન લાદેનનો ફોટો હતો તે તથા રીલાયન્સ ગેસ કંપનીની સીલીન્ડરની બુક કે જે સમીમબાનુના નામની હતી તે તથા લાલ કલરનો રીલાયન્સ ગેસ કંપનીનો બાટલો પંચનામાની વિગતે કબ્જે લીધેલ. ત્યારબાદ આરોપી તન્વીરનાઓએ તેમનું રીવર વ્યુ સોસાયટીવાળુ મકાન બતાવતાં તેમાંથી પણ ઉશ્કેરણીજનક લખાણવાળી જૂની નોટબુક તથા રીલાયન્સ કંપનીનો ગેસ સીલીન્ડર પંચનામાની વિગતે કબ્જે કરવામાં આવેલો. જે અંગેનું પંચનામુ બનાવવામાં આવેલ જે આંક–૨૮૪૯ થી રજૂ છે, આ પંચનામામાં સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસના પેરા નં.૧૩૯ ધ્યાને લઈએ તો બંને આરોપીઓ પોત પોતાના ઘરમાં રહે છે તે બતાવવા દસ્તાવેજી પુરાવા મળેલા નથી. આવા દસ્તાવેજો મળેલા ન હોવાની હકીકત કેસ ડાયરીમાં લખેલી છે કે કેમ તે જોયા વિના કહી શકે નહીં. ઓસામાબીન લાદેનના ફોટાવાળુ છાપુ જે મળેલુ તે કયુ છાપુ હતુ તે કહી શકે નહીં. ઊલટતપાસના પેરા નં.૧૫૩ ધ્યાને લઈએ તો છાપામાં ઓસામાબીન લાદેનનો જે ફોટો હતો તે લાદેનના ફોટા ઉપરાંત તેને લગતો આર્ટીકલ પણ હતો તે કબૂલ કરે છે. તે આર્ટીકલ કોને પબ્લિશ કરેલો અને તે કયા દૈનિક પત્રમાં હતો તેની તપાસ કરેલી નહીં તેમ જણાવે છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે ઈમ્તીયાઝ હુસેનભાઈ સૈયદને સાહેદ નં. ૧૦૭૯ તરીકે આંક–૭૩૬૮ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ સને–૨૦૦૮ ની સાલમાં રીક્ષા ચલાવતા હતા. આ સાહેદ નઝલુદ્દિન બંગાલીની રીક્ષા ભાડેથી ચલાવતા હતા. આ સાહેદ જહિરભાઇને ઓળખતા હતા. તે લોકો ૨૦૦૮ ની સાલમાં કેરમ રમતા હતાં. તેઓ એક સંસ્થા જેનું નામ "ખીદમત ગ્રુપ" નામની સંસ્થા ચલાવતા હતાં. કેરમ રમતા હતા ત્યાં ઉપરના ભાગે આ સાહેદનું ઘર હતુ. જહિરે આ સાહેદને કહેલું કે, "મારે મોબાઇલ

રૂા.૫૦૦/–મા વેચવાનો છે". આ મોબાઈલ તેમની પાસેથી રૂા.૫૦૦/– મા આ સાહેદે વેચાણ રાખેલો. દસ વર્ષનો સમય થઈ ગયેલો હોવાથી જહિરભાઈને ઓળખી શકુ નહીં તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો જહીરભાઈની ઓળખ પરેડ કોર્ટમાં લઈ જઈને કે પોલીસ સ્ટેશનમાં આ સાહેદ રૂબરૂ કરાવેલી નથી. જહીર નામના ઘણા બધા માણસો હોય છે તે કબૂલ કરે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો ૨૦૦૮ ની સાલમાં આ સાહેદ રીક્ષા ચલાવતા હતા અને જહીરભાઈને ઓળખતા હતા. ૨૦૦૮ ની સાલમાં તેઓ કેરમ રમતા હતા અને ખીદમત ગ્રુપ નામની સંસ્થા તેઓ ચલાવતા હતા. ઉપરના ભાગે આ સાહેદનુ ઘર આવેલુ છે. જહીરે રૂા.૫૦૦/–મા મોબાઈલ વેચવાનુ કહેલુ જેથી આ સાહેદે રૂા.૫૦૦/–મા જહીર પાસેથી મોબાઈલ ખરીદ કરેલ હતો. આમ આ સાહેદ આરોપી નં.૬૪ જહીર પટેલને સારી રીતે ઓળખે છે.

આ આરોપી નં.૬૪ મોહંમદ ઝહીર એૈયુબભાઈ પટેલે ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઈન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે? તે પ્રશ્નના જવાબમાં તેણે ફરીયાદ પક્ષના પુરાવા સંબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના બચાવ માટે જે હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦ મા જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી. આ ઉપરાંત આ આરોપીએ પોતાના બચાવમાં અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ કરેલો નથી.

આરોપી નં.૬૪ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકિલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૮૫૭, ૮૫૮, ૮૮૨, ૪૪૯, ૪૫૫, ૪૫૭, ૪૬૦, ૪૬૩, ૮૮૧, ૧૦૭૯, ૧૦૯૯, ૭૯૨, ૭૯૪, ૧૧૩૬, ૧૧૫૫ છે. આ ઉપરાંત આરોપી નં.૨

નું કબૂલાત નિવેદન પણ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતાં આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવો તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકિલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપીની ઓફીશીયલ અટક તા.૨૬.૮.૨૦૦૮ ના રોજ કરવામાં આવેલી છે.આંક–૧૨૨ થી ફરમાવવામાં આવેલા તહોમતનામાં મુજબ આરોપી નં.૪૩,૪૫ અને ૬૩ ની સાથે બોમ્બ બનાવવાની સામગ્રી ખરીદ કરેલી તથા આરોપી નં.૩૭ અને ૪૪ સાથે સુરતમાં મકાન ભાડે રાખેલુ અને બોમ્બ તૈયાર કરેલા, પરંતુ તે બતાવવા માટે ફરિયાદપક્ષ દ્વારા કોઈ સબળ પુરાવો રજૂ થયેલો નથી. આ આરોપી વિરૂધ્ધ ફરિયાદપક્ષે સાહેદ નં.૮૮૧, ૮૫૭, ૮૫૮, ૮૮૨, ૯૬૧, ૧૦૭૯ તથા પંચ સાહેદ નં.૪૫૭, ૪૬૦ ને તપાસવામાં આવેલા છે. વધુમાં વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે, સાહેદ નં.૮૮૧ અદનાનનાઓએ ફરિયાદપક્ષની હકીકતને સમર્થન કરેલુ નથી. સાહેદ નં.૮૫૭ સમીનબાનુ સૈયદનાઓની જુબાની મુજબ રીલાયન્સ કંપનીના ગેસના બોટલ મોઈન અન્સારી દ્વારા એક ભાઈને રૂા.૪૦૦૦/– માં વેચેલા અને તે ભાઈનું નામ ઝહીર પટેલ હતુ તેવુ જાણવા મળેલુ. આરોપીને જુબાની દરમ્યાન ઓળખી બતાવેલો નથી. તેઓની દલીલ સાથે હું સંમત છું કે આ સાહેદે આરોપીને ઓળખી બતાવેલા નથી. આરોપીને કેમ ઓળખ્યો નથી તેનું કારણ પણ સાહેદે આપેલું છે કે ઘણો સમય થઇ ગયો હોવાથી આરોપી ઓળખી શકાય નહિ. વધુમાં વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે, સુરત ખાતે બોમ્બ પ્લાન્ટેશનના કેસોમાં ગેસના બાટલાઓનો ઉપયોગ થયેલો નથી. વકીલશ્રી શેખની આ દલીલ સાથે પણ હું સંમત છું કે સુરતમાં ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ પ્લાન્ટેશન થયેલા અને ૨૯ જીવંત બોમ્બ મળેલા તે પૈકી એક પણ જગ્યા ઉપર ગેસના બાટલાનો ઉપયોગ થયેલો નથી. વકીલશ્રી એમ.એમ.શેખ સાહેદ નં.૮૮૨ હસમુખ રાઠોડની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરે છે કે આ સાહેદે પોતાની હીરો જેટ સાઇકલ વેચવા માટે હાસીમભાઈને આપેલી, કઈ તારીખે વેચવા

આપેલી તે કહી શકે તેમ નથી. તેઓની જુબાનીના પેરા–૫ મુજબ ઝહીરભાઈ નામની વ્યકિતને તેઓ કયારેય મળેલા નથી. તેઓની આ દલીલ સાથે પણ હું સંમત છું કે આ સાહેદે જુબાનીના પેરા–૫ મા ઝહીરભાઈ નામની વ્યકિતને કયારેય મળેલા નથી તે જણાવેલુ છે. સાહેદ નં.૯૮૧ અબ્દુલરસીદ બનારસી પણ આરોપી વિરૂધ્ધ કોઈ હકીકત જણાવતા નથી. સાહેદ નં.૧૦૭૯ ઈમ્તીયાઝ સૈયદને મોબાઈલ ફોન બાબતે, સાહેદ નં.૪૬૦ સંજય દલાલને સાઇકલ બાબતે તપાસવામાં આવેલા છે. પરંતુ સુરત બોમ્બ પ્લાન્ટેશનના કેસોમાં સાઇકલોનો ઉપયોગ થયેલો નથી. વકીલશ્રી શેખની દલીલ સાથે હું સંમત છું કે સુરત બોમ્બ પ્લાન્ટેશનના કેસોમાં સાઇકલોનો ઉપયોગ થયેલો નથી. આ આરોપીએ અન્ય સહઆરોપી નં.૪૩, ૪૫, ૬૩ સાથે બોમ્બ બનાવવાની સામગ્રી ખરીદેલી હોય તેવો કોઈ સબળ પુરાવો રજૂ થયેલો નથી. અગાઉ ચર્ચા કરી તેમ આ આરોપી વિરૂધ્ધ જે સાહેદો તપાસવામાં આવેલા છે તે રીલાયન્સ ગેસના બોટલ, સાઇકલો અને મોબાઈલ બાબતે તપાસવામાં આવેલા છે પરંતુ આ વસ્તુઓનો ઉપયોગ બોમ્બ પ્લાન્ટેશન કરવામાં થયેલો નથી. જીવંત બોમ્બ ડીફ્યુઝ કર્યા પછી છરા, નટબોલ્ટ, ડીટોનેટર, બેટરી, ઘડિયાળ, સેલોટેપ, વાયરો વિગેરે વસ્તુઓ નીકળેલી. આ વસ્તુઓ ખરીદવામાં આ આરોપી પણ અન્ય આરોપીઓ સાથે સામેલ હતો તેવો કોઈ પુરાવો રજૂ થયો નથી તેમ હું માનુ છું. આરોપી નં.૩૭,૪૪ અને ૬૩ ની સાથે રહી આ આરોપીએ સુરત શહેરમાં મકાનો ભાડે રાખેલા હોય તેવો પણ કોઈ સીધો પુરાવો રજૂ થયો નથી. આ આરોપીએ આંક–૨૮૪૯ વાળા પંચનામાની વિગતે પંચ સાહેદ નં.૪૬૩ લક્ષ્મણભાઈ ગામીની હાજરીમાં પોતાનુ ઘર રૂબી કોમ્પ્લેક્ષની પાછળ નટરાજ કમ્પાઉન્ડ ખાતે બતાવેલુ તેવી હકીકત છે પરંતુ તેના ઘરની જડતી કરતા ગેસબુક તથા રીલાયન્સ કંપનીનો ગેસનો સીલીન્ડર મળેલુ છે. જે ગેસ સીલીન્ડર મળેલા તેવા ગેસ સીલીન્ડર દરેક વ્યકિતના ઘરમાં પણ હોય છે. ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવાઓમાં આ આરોપીની આ ગુનામાં સંડોવણી છે તે બતાવતો જે પુરાવો રજૂ થયો છે તે પુરતો નથી અને આરોપીની આ ગુનામાં સંડોવણી શંકાસ્પદ છે તેમ હું માનું છું.

આરોપી નં.૬૫ મોહંમદ યુનુસ ઉર્ફે ઉમર ઉર્ફે ખાલીદ મોહંમદ સાબીરનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૬૫ મોહંમદ યુનુસ ઉર્ફે ઉમર ઉર્ફે ખાલીદ મોહંમદ સાબીરનાઓ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ જુદી-જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી-જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા-જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમને કઈ-કઈ ભૂમિકા ભજવેલી છે તે સાબિત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે તે મુજબઃ-

ફરિયાદપક્ષ દ્વારા આ કામે ગિરીન્દ્રન ભાસ્કરન નાયરને સાહેદ નં. ૧૧૪૭ તરીકે આંક-૮૨૫૦ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૧૩/૧/૨૦૧૦ ના રોજ કોલાહેલ્મેડ, ટી પોઈન્ટ પાસે પોલીસે બોલાવેલા હતા અને ગુજરાતની પોલીસ આવેલી હતી જેમાં મયુર ચાવડા સાહેબ આવેલાં હતાં. પોલીસની સાથે એક અનિલકુમાર હતો અને બીજો મહમદ યુનુસ હતો. સમય હોય તો અમારી સાથે આવશો તેમ કહેલું જેથી તેમની સાથે ગયેલાં. સાક્ષી જે કહે તે પ્રમાણે લખાવવાનું હતું તેથી તેઓ સાક્ષી તરીકે સાથે ગયેલાં. આ સાહેદ સાથે "જોજો" નામની વ્યકિત હતી. અનિલકુમાર વાઘમોન પાસે નોકરી કરતા હતાં. પોલીસે અનીલકુમારને ઘણા ફોટા બતાવ્યા હતાં. અનિલકુમારે ૨૬ ફોટાના લોકોને જાણતા હોવાનું જણાવેલું. આ ૨૬ ફોટામાંથી ૨૧ ફોટા મહમદ યુનુસે ઓળખી બતાવેલાં. એક કાગળમાં ૨૧ ફોટા ચોંટાડીને

નીચે સહીઓ લીધેલી આંક–૮૨૫૧ વાળા ૨૧ ફોટોગ્રાફસવાળા કાગળમાં સાહેદ પોતાની તથા જોજોની તેમજ પોલીસની સહીઓ ઓળખી બતાવે છે.

સાહેદ વધુમાં જણાવે છે કે બીજી વખત તેમને કુરશીયમલા નામના સ્થળે બોલાવવામાં આવેલા. તે વખતે તેમની સાથે અનીલકુમાર, મયુર ચાવડા સાહેબ અને મહમદ યુનુસ અને અન્ય પોલીસ પણ હતી. ટ્રેનીંગ જયાં થઇ હતી ત્યાં લઇ જવામાં આવેલાં. પોલીસવાળા અને મહમદ યુનુસ તે સ્થળો ઉપર લઇ ગયેલાં. મહમદ યુનુસ જે જગ્યાએ ટ્રેનીંગ લીધી હતી તે જગ્યાએ લઇ ગયેલાં જેમા એક કબરવાળી જગ્યા હતી અને કબર ઉપર લીલા કલરનુ કાપડ લગાવેલું હતું તે જગ્યા હતી. તેના પછી એક બ્રિજ ક્રોસ કરીને રોડ હતો. આખું સ્થળ વાઘમોનના નામથી ઓળખાતું હતું તેમાં અલગ અલગ જગ્યા બતાવેલી. તેમણે બાઇકની પ્રેકટીસ કરી હતી, ફાયરીંગની પ્રેકટીસ કરી હતી અને સ્વીમીંગની પ્રેકટીસ કરેલી હતી વિગેરે જગ્યા બતાવેલી. આ બાબતનું પંચનામુ બનાવવામાં આવેલુ જે આંક–૮૨૫૨ થી રજૂ છે આ પંચનામામાં સાહેદ પોતાની તથા જોજોની તથા મયુર ચાવડાની સહીઓ ઓળખી બતાવે છે. દસ વર્ષ થઈ ગયેલ હોવાથી આરોપીને ઓળખી શકે નહીં તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ વાઘમોન ખાતે મરીયા નામની હોટલમાં નોકરી કરતા હતા. આ સાહેદ નોકરી કરતા હતા તે સ્થળેથી પંચનામા માટે બોલાવવામાં આવેલા તે સ્થળ ઉપર વાહન મારફતે ૧૫ મિનિટમાં જઈ શકાય તેમ જણાવે છે. એક પોલીસવાળા ઓળખતા હતા અને તેમને આ સાહેદને પંચનામા માટે બોલાવેલા. તે પોલીસવાળા ભાઈ કેરાલીયન હતા. ગુજરાતની પોલીસ બોલાવવા આવેલી હોય તેવુ બનેલ નથી. પછી ખબર પડેલી કે ચાવડા સાહેબ હતા. ચાવડા સાહેબે આઈ.ડી. પ્રુફ માંગેલુ કે કેમ? તે યાદ નથી. પંચનામામાં સહી કરતા પહેલા ચાવડા સાહેબને ઓળખતા ન હતા. મહમદ યુનુસને પંચનામામાં સહી કરી તે પહેલા કયારેય જોયેલો નહીં. આ પ્રશ્નનો અર્થ એવો થાય કે તપાસ કરનાર અધિકારી મયુર ચાવડા આરોપી નં.૬૫ મહમદ યુનુસને લઈને વાઘમોન (કેરાલા) ખાતે ગયેલા હતા અને ત્યાં પંચનામુ

બનાવેલુ ત્યારે આ સાહેદે તેને જોયેલો હતો તે સ્વીકૃત હકીકત છે તેમ કહી શકાય. ગુજરાત પોલીસ મહમદ યુનુસને લઈને આવી તે અંગે કોર્ટનો કોઈ હુકમ બતાવેલો નહીં. મહમદ યુનુસને પોલીસે કયારે પકડેલો, કેવી રીતે પકડેલો અને કયાથી પકડેલો તેની ખબર નથી. મહમદ યુનુસ ઉજ્જૈનનો હતો અને હિન્દી જાણતો હતો તેવુ જાણેલુ. વાઘમોન કોટ્ટાયમ જિલ્લામાં આવેલુ ટુરીસ્ટ સ્થળ છે તે કબૂલ કરે છે. આ સ્થળ ઉપર દેશ વિદેશના ઘણા લોકો આવતા હોય છે તે કબૂલ કરે છે. વાઘમોન ખુબ મોટી જગ્યા છે અને ચારેય બાજુ જંગલો છે. વાઘમોન એલાપોર રોડ ઉપર ટી સેન્ટર આવેલુ છે તે કબૂલ કરે છે. પંચનામામાં સહી કરી તે સ્થળથી કબરવાળી જગ્યા ચાલતા જઈએ તો ૧૦ થી ૧૫ મિનિટમાં જઈ શકાય તેટલા અંતરે આવેલી છે તેમ જણાવે છે. રોડની સાઈડમાં નાની નાની દુકાનો છે તે કબૂલ કરે છે. પાઈનવેલીની પાસે એક રીસોર્ટ છે આ રીસોર્ટમાં ઘણા બધા લોકો રહેવા માટે આવે છે તે કબૂલ કરે છે. આંક–૮૨૫૨ વાળા પંચનામા દરમ્યાન બહારથી કોઈ વ્યકિતને પોલીસે બોલાવી હોય અને તેનો જવાબ લીધો હોય તેવુ બન્યુ નથી. આંક–૮૨૫૧ વાળા પંચનામામાં ફોટાઓની પાછળ આરોપીઓના નામો લખેલા ન હતા કે ત્યાં પંચોની સહીઓ લીધેલી નહીં તે કબૂલ કરે છે. અનીલકુમારને પંચનામાના સમયે જોયેલા. તે અનીલકુમાર સાથે આ સાહેદે વાતચીત કરેલી નહીં. સરતપાસમાં જણાવેલા બંને પંચનામાઓમાં માત્ર સહીઓ કરેલી તો તે હકીકત નકારી છે. આ સાહેદની હાજરીમાં કોઈ વ્યકિતએ કોઈ જગ્યા બતાવેલી નથી તો તે હકીકત પણ નકારી છે. આંક–૮૨૫૧, ૮૨૫૨ વાળા બંને પંચનામા જુબાની આપતા પહેલા પોલીસે વાંચી સંભળાવી સમજાવેલા જેથી ખોટી જુબાની આપે છે તો તે હકીકત નકારી છે. આ સાહેદની હાજરીમાં અનીલકુમારે કોઈપણ જગ્યાએ સહી કરી નથી. બંને પંચનામાના પંચોએ અંગ્રેજીમાં સહીઓ કરેલી. પંચનામુ અર્ધુ સમજેલા અને બાકીનું મલીયાલમમાં સમજાવેલુ. અનીલકુમારને ફોટા બતાવતી વખતે તેમની સહી લીધેલી હોય તો યાદ નથી. આ સાહેદના કહેવા પ્રમાણે અનીલકુમારે ૨૬

ફોટા ઓળખી બતાવેલા. તે ફોટા ઉપર અનીલકુમારની કોઈ સહી આ સાહેદ રૂબરૂ કરેલી નહીં.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ નરોડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં.૪૦૦/૨૦૦૮ ના કામે તા.૧૩.૧.૨૦૧૦ ના રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ જોજો જયોર્જનાઓને વાઘમોન મુકામે બોલાવેલા અને ત્યાં આરોપી નં.૬૫ તથા એક અનીલકુમાર હાજર હતા અને પોલીસની સાથે આ સાહેદ ગયેલા. સાથેના અનીલભાઈ વાઘમોન પાસે નોકરી કરતા હતા અને તે અનીલભાઈ ૨૬ ફોટાવાળા લોકોને ઓળખે છે તેમ જણાવેલુ જેથી તેઓને ૨૬ ફોટા બતાવેલા જેમાંથી મહમદ યુનુસને ઓળખી બતાવેલો. તમામ ફોટાઓ એક કાગળ ઉપર ચોટાડીને પંચોની સહીઓ લીધેલી. આ લોકોએ વાઘમોન ખાતેના જંગલોમાં તાલીમ લીધેલી હતી અને તે જગ્યા એક કબરવાળી જગ્યા હતી તથા ત્યાં બાઈક ચલાવવાની પ્રેકટીસ તથા ફાયરીંગની પ્રેકટીસ પણ કરેલી હતી. તે અંગેના બે અલગ–અલગ પંચનામા બનાવેલા જે આંક–૮૨૫૧ અને ૮૨૫૨ થી રજૂ કરેલા છે.

આંક–૮૨૫૧ અને ૮૨૫૨ વાળા પંચનામા બનાવનાર તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીના પેરા નં. ૨૭.૩ ધ્યાને લેતા આરોપી નં.૬૫ મહમદ યુનુસને લઈને તા.૧૩.૧.૨૦૧૦ ના રોજ વાઘમોન મુકામે ગયેલા. ત્યાં બે પંચોને બોલાવેલા અને એક સાહેદ પી.ડી. અનીલકુમારને જુદા–જુદા ૧૦૦ ફોટા બતાવેલા જે પૈકી ૨૬ ફોટાની ઓળખ સાહેદે કરેલી. આ ૨૬ ફોટાઓ પૈકી ૨૧ ફોટાને ઓળખેલા અને જણાવેલુ કે વાઘમોન કેમ્પમાં તેઓ હાજર હતા. આ અંગેનુ આંક–૮૨૫૧ વાળુ પંચનામુ બનાવેલુ. વધુમાં આ સાહેદની જુબાની ધ્યાને લેતા આરોપી મહમદ યુનુસ ખાલીદનાઓએ તાલીમ કેમ્પવાળી જગ્યા બતાવવાની સ્વખુશી બતાવતા પંચોની હાજરીમાં તેને જગ્યા બતાવેલી અને તે અંગેનુ પંચનામુ આંક–૮૨૫૨ વાળુ

બનાવેલુ. આ બંને પંચનામાં આ સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસના પેરા નં.૧૦૯ ધ્યાને લેતા સાહેદને એવો પ્રશ્ન પુછવામાં આવેલો છે કે આંક–૮૨૫૧ વાળા પંચનામા દરમ્યાન જે ફોટા ઓળખાવેલા તે ફોટા તમારી હાજરીમાં પાડવામાં આવેલા નહીં? તો સાહેદે જવાબ આપેલો છે કે હાલ યાદ નથી. ઊલટતપાસના પેરા નં.૧૧૦ ધ્યાને લેતા જે ૧૦૦ ફોટા બતાવવામાં આવેલા તે સિવાય બાકીના ફોટા કયા ગયેલા તેનો ખ્યાલ નથી. જેને ફોટા પાડેલા તેઓના નિવેદનો લીધા નથી તે કબૂલ કરે છે. આરોપી મહમદ યુનુસને સાથે રાખી તા.૧૩.૧.૨૦૧૦ ના રોજ વાઘમોન મુકામે કેમ્પવાળી જગ્યા બતાવ્યાનું જે કહેવાતુ પંચનામુ કરેલુ તે જગ્યાએ અગાઉ ૧૯.૧૧.૨૦૦૮ ના રોજ તમે ગયેલા તેના જવાબમાં સાહેદે જણાવેલુ છે કે આ આરોપીએ કહ્યા પ્રમાણેનુ પંચનામુ બનાવેલુ છે. આ બંને તારીખોએ ત્યાંથી કોઈ વસ્તુ કબજે કરેલી નથી તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે તા.૧૯.૧૧. ૨૦૦૮ અને તા.૧૩.૧.૨૦૧૦ ના રોજ આ સાહેદે આ જગ્યાના પંચનામા બનાવેલા છે જે આરોપીએ તાલીમ લીધા બાદ ઘણા સમય પછી પંચનામા બનાવેલા હતા અને જગ્યા ઉપર આરોપીઓએ કોઈ ચીજવસ્તુ મુકી રાખેલી ન હતી કે ત્યાં છોડી દીધેલી ન હતી. જેથી સ્વાભાવિક છે કે જગ્યા ઉપરથી કોઈ ચીજવસ્તુ કબજે થઈ શકે નહીં. આંક–૮૨૫૧, ૮૨૫૨ વાળા પંચનામાઓમાં અર્નાકુલમ બસ ડેપોની બાજુમાં આવેલી મસ્જિદનો ઉલ્લેખ નથી તો તે યાદ નથી. પરંતુ આંક–૮૨૫૧, ૮૨૫૨ વાળા પંચનામાઓ પૈકી એક ફોટા બતાવ્યા અંગેનુ છે અને બીજુ તાલીમવાળી જગ્યા બતાવ્યા અંગેનુ છે. અર્નાકુલમ બસ ડેપોની બાજુમાં મસ્જિદ છે કે કેમ તે અંગેનુ પંચનામુ નથી.

આ આરોપી નં.૬૫ મોહંમદ યુનુસ ઉર્ફે ઉમર ઉર્ફે ખાલીદ મોહંમદ સાબીરે ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઈન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે?

તે પ્રશ્નના જવાબમાં તેણે ફરિયાદપક્ષના પુરાવા સંબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના બચાવ માટે જે હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦ મા જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી. આ ઉપરાંત આ આરોપીએ પોતાના બચાવમાં અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ કરેલો નથી.

આરોપી નં.૬૫ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૧૧૪૭, ૭૮૧, ૭૮૯, ૭૯૦, ૮૦૪, ૮૦૫, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતા આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, સાહેદ નં.૧૧૪૭ ગીરીચંદ્રન નાયર કેરાલાના વતની છે તેઓ અંગ્રેજી ભાષા થોડી ઘણી જાણે છે, બીજી ભાષા તેમને આવડતી નથી અને તેમની હાજરીમાં તપાસ કરનાર અધિકારીએ કુલ–૨ પંચનામા બનાવેલા છે. આંક–૮૨૫૧ વાળુ પંચનામુ ફોટોગ્રાફસ બતાવીને આરોપીઓને ઓળખ્યા અંગેનુ છે અને આંક–૮૨૫૨ વાળુ પંચનામુ વાઘમોન કેમ્પ ખાતેની જગ્યા બતાવ્યા અંગેનુ છે. આરોપી નં.૬૫ મધ્યપ્રદેશનો વતની છે અને તેને પણ હિન્દી ભાષા સીવાય બીજી કોઈ ભાષા આવડતી નથી. સાહેદ નં.૧૧૪૭ ની હાજરીમાં આરોપીઓના ફોટા બતાવવામાં આવેલા છે અને તેનુ પંચનામુ આંક–૮૨૫૧ વાળુ પુરાવામાં ગ્રાહ્ય નથી. પંચનામાના પાછળના ભાગે લગાવેલા ફોટાઓ ઉપર કોઈની સહીઓ નથી. ૨૧ આરોપીઓના ફોટા ઓળખ્યા તેઓના નામો સ્પષ્ટ બનતા નથી. પંચનામા વખતે એક અનીલકુમાર હાજર હતા તેઓને તપાસવામાં આવેલા નથી. આ અનીલકુમારે ૨૬ ફોટાઓ ઓળખી બતાવેલા પરંતુ અનીલકુમારની સહી લીધેલી નથી. આરોપી નં.૬૫ નાઓએ વાઘમોન કેમ્પવાળી

જગ્યા બતાવેલાનો આક્ષેપ છે. તપાસ કરનાર અધિકારીએ આ સાહેદના મોઢામાં જવાબ મુકીને પ્રશ્ન પુછેલો છે જેથી સાહેદે જણાવેલુ છે કે જગ્યા યુનુસે બતાવેલી. વધુમાં તેઓ દલીલ કરતા જણાવે છે કે આરોપી સાથે પંચ સાહેદને કોઈ વાતચીત થયેલ નથી તેવુ પંચ સાહેદ જણાવે છે. જે જગ્યા બતાવ્યાનો આક્ષેપ છે તે વસ્તીવાળી જગ્યા છે. રોડની આજુબાજુ નાની નાની દુકાનો છે તે દુકાનોવાળાઓને તપાસ્યા નથી. પરંતુ મારા મત પ્રમાણે આંક–૬૨૫૨ વાળુ પંચનામુ ધ્યાને લેતા વાઘમોન કેમ્પવાળી જગ્યા ઉપર જતી વખતે રોડની બંને સાઈડે નાની–નાની દુકાનો છે તે હકીકત છે પરંતુ તે દુકાનોથી ઘણે આગળ કેમ્પવાળી જગ્યા છે અને ત્યાં જંગલ છે, વસ્તીવાળી જગ્યા નથી. આ જગ્યાનુ પંચનામુ અગાઉ થઈ ગયેલુ હોવાથી ફરી વખત બનાવેલુ પંચનામુ પુરાવામાં ગ્રાહ્ય નથી. આ સિવાય આ આરોપી સામે ફરિયાદપક્ષ દ્વારા અન્ય કોઈ બીજો પુરાવો રજૂ કરવામાં આવેલ નથી. વધુમાં વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી વાઘમોન કેમ્પમાં હાજર થયેલો તે અંગેની એક ફરીયાદ અર્નાકુલ્લમ ખાતે નોંધાયેલી જેમાં કુલ–૩૮ આરોપીઓ હતા તે પૈકી આ આરોપી તે ફરિયાદના કામે આરોપી નં.૨૩ હતો. તે ફરિયાદના કામે સેશન્સ કેસ નં.૨/૨૦૧૧ દાખલ થયેલો અને તે કામે હાલના આરોપીને એન.આઈ.એ. કોર્ટ દ્વારા તા.૧૪/૦૫/૨૦૧૮ ના રોજ નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવેલો છે જે ચુકાદાની પ્રમાણિત નકલ આંક–૯૪૨૧થી રજૂ છે. જેથી આ આરોપી સામે વાઘમોન કેમ્પમા હાજર રહ્યા બાબતે ફરીથી ઈન્સાફી કાર્યવાહી ચાલી શકે નહીં. આ બાબતે તેમને ક્રિ.પ્રો.કોડની કલમ–૩૦૦ વંચાણે લીધેલી છે.

કલમ–૩૦૦ એક વખત સજા પામેલી અથવા નિર્દોષ મુકત કરાએલી વ્યકિત પર એ જ ગુન્હા માટે ઈન્સાફી કાર્યવાહી ચલાવી શકાય નહીં...

(૧) હકૂમત ધરાવતી કોઈ સક્ષમ અદાલતે કોઈ વ્યકિત પર કોઈ ગુન્હા માટે ઈન્સાફી કાર્યવાહી ચવાલી હોય તથા તે ગુન્હા માટે તેને સજા કરી હોય કે નિર્દોષ મુકત કરી હોય, ત્યારે સજા કર્યાનો કે નિર્દોષ મુકત કરતો તે આદેશ અમલમાં

હોય ત્યાં સુધી તે વ્યકિત પર એ ગુન્હા માટે કે તેના પર જે ગુન્હાનું તહોમત મૂકવામાં આવ્યું હોય તે કરતા અલગ ગુન્હાનું તહોમત એ જ હકીકતો પરથી કલમ ૨૨૧ ની પેટા–કલમ(૧) હેઠળ મૂકી શકાયું હોતો કે તેની પેટા–કલમ(૨) હેઠળ જે ગુન્હા માટે તેને સજા કરી શકાઈ હોત તે ગુન્હા માટે તેના પર ફરીથી ઈન્સાફી કાર્યવાહી ચલાવી શકાશે નહીં.

(૨) કોઈ ગુન્હા માટે નિર્દોષ મુકત કરાએલી કે સજા પામેલી વ્યકિત પર તેની પહેલાં ચલાવેલી ઈન્સાફી કાર્યવાહીમાં કલમ ૨૨૦ ની પેટા–કલમ(૧) હેઠળ જુદા જ ગુન્હા માટે અલગ તહોમત મૂકી શકાયું હોત તે ગુન્હા માટે, રાજય સરકારની સંમતિથી, તેની સામે ત્યારબાદ ઈન્સાફી કાર્યવાહી કરી શકાશે.

(૩) કોઈ વ્યકિત એવા કોઈ કૃત્યથી બનતા ગુન્હા માટે સજા પામે કે જેના પરિણામો તે કૃત્યો સાથે જોતા જે માટે સજા થવા પામી હોય તે ગુન્હા કરતા અલગ ગુન્હો દર્શાવતા હોય ત્યારે જે પરિણામો સજા થવા સમયે આવ્યા ન હોય અથવા આવ્યા હોય તો અદાલતને જાણ ન હોય, તો તે માટે તેવા ઉપર જણાવેલ ગુન્હા માટે ત્યારબાદ ઈન્સાફી કાર્યવાહી કરી શકાશે.

(૪) કોઈ કૃત્યથી બનતા ગુન્હા માટે નિર્દોષ મુકત કરાએલી કે સજા માપેલી કોઈ વ્યકિત સામે નિર્દોષ મુકત કે સજા કરી હોય છતાં તેણે કરેલા તે કૃત્યથી થયેલા અન્ય કોઈ ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવા પ્રથમ ઈન્સાફી કાર્યવાહી ચલાવનાર અદાલત સક્ષમ ન હોય ત્યારે તે અન્ય ગુન્હાનું તહોમત મૂકીને તેની સામે ઈન્સાફી કાર્યવાહી ચલાવી શકશે.

(૫) કલમ ૨૫૮ હેઠળ મુકત કરાએલી વ્યકિત પર, તેને મુકત કરનાર કોઈ પણ અદાલત અથવા તેવી અદાલત જેને આધીન હોય તે અન્ય અદાલતની સંમતિ સિવાય તે જ ગુન્હા માટે ફરીથી ઈન્સાફી કાર્યવાહી ચલાવી શકશે નહીં.

(૬) સામાન્ય ખંડ અધિનિયમ ૧૮૯૭ (૧૮૯૭ નો ૧૦ મો) ની કલમ ૨૬ અથવા આ સંહિતાની કલમ ૧૮૮ ના પ્રબંધોને આ કલમના કારણે કોઈ અસર થશે નહીં.

સમજૂતીઃ આ કલમ હેતુઓ માટે ફરિયાદ રદ કરવી કે આરોપીને બિનતહોમતે મુકત કરવા તે નિર્દોષ મુકત કર્યા ગણાશે નહીં.

આમ, કલમ–૩૦૦ મુજબ આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો અથવા સજા કરવાનો હુકમ અમલમાં હોય ત્યારે તે જ ગુના સંબંધી આરોપી સામે ફરીથી ઈન્સાફી કાર્યવાહી થઈ શકે નહીં. આ આરોપીને વાઘમોન ખાતે તાલીમ કેમ્પના ગુનામાંથી એન.આઈ.એ. કોર્ટ અર્નાકુલ્લમ દ્વારા સેશન્સ કેસ નં.૨/૨૦૧૧ ના કામે નિર્દોષ ઠરાવી છોડી મુકેલ છે તેની સહી સિકકાવાળી પ્રમાણીત નકલ બચાવપક્ષ તરફથી રજૂ થયેલી છે. આ ચુકાદા સામે ફરિયાદપક્ષ દ્વારા અપીલ કરવામાં આવેલી છે કે કેમ? તે રેકર્ડ ઉપર નથી. આ ઉપરાંત આ આરોપી હાલોલ–પાવાગઢ ખાતેના કેમ્પમાં હાજર રહ્યાનો કોઈ પુરાવો રેકર્ડ ઉપર નથી. અમદાવાદમાં બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં અને સુરત બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં આ આરોપીએ કોઈ કામગીરી કરેલી હોય કે તેણે કોઈ ભૂમિકા ભજવેલી હોય તે અંગો પણ કોઈ પુરાવો રેકર્ડ ઉપર નથી. વકીલશ્રી એલ.આર. પઠાણ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી આ ગુનાઓમાં સંડોવાયેલો છે તેવો બીજો કોઈ સ્વતંત્ર પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી . વકીલશ્રી એલ.આર.પઠાણની દલીલ સાથે હું સંમત છું કે વાઘમોન ખાતેના કેસમાં આરોપીને છોડી મુકવામાં આવ્યો છે. જયારે હાલોલ–પાવાગઢના તાલીમ કેમ્પોની હાજરી વિશે કે સુરત, અમદાવાદના બનાવોમાં સંડોવાયેલા હોવા વિશે આ આરોપી સામે કોઇ પુરાવા રજૂ થયો નથી. કલમ–૩૦૦ બાબતે આ અદાલતના ધ્યાનમાં છે તેવા નીચે મુજબના ચુકાદા ધ્યાનમાં લીધેલા છે.

અ.નં.	ચુકાદો	ચુકાદામાં નિર્ણીત મુદ્દાઓ પૈકીનો ક્રિ.પ્રો.કોડની કલમ–૩૦૦ અંગે નિર્ણીત થયેલો એક મુદ્દો
૧	પ્રીતમસિંગ વિરૂધ્ધ પંજાબ રાજય એ.આઇ.આર.–૧૯૫૬ સુપ્રિમ કોર્ટ, પાના નં.૪૧૫	દિવાના કાર્યવાહી સંહિતા કલમ–૧૧ હેઠળ પૂર્વ નિર્ણય એટલે "રેસ જયુડિકેટા"ની જોગવાઇ કરવામાં આવી છે. ભારતીય પુરાવાના અધિનિયમની કલમ–૧૧૫ હેઠળ "એસ્ટોપલ" એટલે કે પ્રતિબંધ અંગેની જોગવાઇ કરવામાં આવી છે. ફોજદારી કાર્યવાહીમાં પણ આ ચુકાદાથી સર્વપ્રથમ વખત સર્વોચ્ચ અદાલતે આ નિયમ લાગુ પડે છે તેવુ પ્રતિપાદિત કરેલું છે.
૨	(૧) લાલતા વિરૂધ્ધ ઉત્તરપ્રદેશ રાજય એ.આઇ.આર.–૧૯૭૦ સુપ્રિમ કોર્ટ, પાના નં.૧૩૩૧ (૨) મણિપુર વહિવટતંત્ર વિરૂધ્ધ બીરાસિંગ એ.આઇ.આર.–૧૯૬૫, સુપ્રિમ કોર્ટ, પાના નં.૮૭	એક સક્ષમ અદાલત દ્વારા ચુકાદો હકીકતના મુદ્દા ઉપર આપવામાં આવે ત્યારબાદ એ પક્ષકારો વચ્ચે એક જ વ્યવહાર માટે તે નિર્ણય આખરી ગણાય અને તેથી તે અંગેનો પુરાવો ફરીથી લેવા સામે પ્રતિબંધ છે. આ કેસમાં ડિસેમ્બર–૨૦૦૭માં વાઘમોન મુકામેના તાલીમ કેમ્પમાં આ આરોપીની હાજરી બાબતે અર્નાકુલમ સેશન્સ કોર્ટમાં કેસ નં.૦૨/૧૧ના કામે એન. આઇ.એ. કોર્ટ દ્વારા પુરાવાના અંતે આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરેલો છે જેથી વાઘમોન મુકામેની

		તાલીમ કેમ્પમાં આરોપીની હાજરી બાબતે આ આરોપીને આ કેસમાં તકસીરવાન ઠરાવી શકાય નહી.

ઉપર મુજબના ચુકાદા અને રજૂ થયેલા પુરાવા તથા બચાવપક્ષની દલીલ ધ્યાને લેતા આ ગુના સાથે સંડોવાયેલો નથી. ફરિયાદપક્ષ તરફથી રજૂ થયેલો પુરાવો પુરતો નથી અને આ ગુનામાં આરોપીની સંડોવણી શંકાસ્પદ છે તેમ હું માનું છું.

આરોપી નં.૬૬ મોહંમદ સફીક ઉર્ફે દાદાભાઈ ઉર્ફે ઠાકુર ઉર્ફે રફીક ઉર્ફે અલી અબ્દુલબારી અંસારીનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૬૬ મોહંમદ સફીક ઉર્ફે દાદાભાઈ ઉર્ફે ઠાકુર ઉર્ફે રફીક ઉર્ફે અલી અબ્દુલબારી અંસારીનાઓ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ નાં રોજ જુદી-જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી-જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા-જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમને કઈ કઈ ભૂમિકા ભજવેલી છે તે સાબિત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે તે પૈકી જનરલ સાહેદ તરીકે સાહેદ નં.૧૧૦૫ તરીકે ઈદ્રીશ ગુલાબશા ફકીર દિવાનનાઓને તપાસેલા છે અને તેઓની જુબાનીઓ ધ્યાને લેતા આ આરોપીની સામે મુકવામાં આવેલ આક્ષેપો મુજબના કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા એકબીજાની મદદગારી કરીને અમદાવાદ શહેરમાં જુદી-જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરેલા છે તેમજ સુરતની જુદી-જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ

કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલ હોવાનું ફલીત થાય છે. આ ઉપરાંત સહઆરોપી નં.૩૫ રફીયુદ્દીન સરફુદ્દીન કાપડીયાનાઓએ સી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબનુ કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, અમદાવાદ સમક્ષ લખાવેલુ તે ધ્યાને લેતા પણ આ આરોપી તેઓની ઉપર મુકવામાં આવેલ આક્ષેપ મુજબના કાવતરામાં સામેલ હોવાનું ફલીત થાય છે. આ ઉપરાંતઃ–

ફરિયાદપક્ષ દ્વારા આ કામે પ્રજ્ઞેશભાઈ ગોવિંદભાઈ રાજપુતને સાહેદ નં.૧૦૬૮ તરીકે આંક–૭૨૫૧ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ આ સાહેદને પોલીસે ગાયકવાડ હવેલી ક્રાઇમ બ્રાન્ચની ઓફિસે બોલાવેલા હતા. તેઓને સને–૨૦૦૯ ના વર્ષની ૨૪ મી તારીખે બોલાવેલા. તેઓને ક્રાઇમ બ્રાન્ચમાં બોલાવેલા તે વખતે તેમની સાથે એક બીજા ખેમજીભાઇ કરીને ભાઇ હતાં. તે વખતે સવારે સાત–સાડા સાત વાગ્યાનો સમય થયેલો હતો. ત્યાં સાહેબે બોમ્બ બ્લાસ્ટનો આરોપી હતો તેના પંચનામા માટે બોલાવેલા હતા તેથી પંચમાં રહેવા માટે "હા" પાડેલી હતી. ત્યાં આગળ મોહમદ શફિક કરીને આરોપી હતો અને તે ઉજજૈનનો હતો. આરોપીએ આતંકવાદી ટ્રેનીંગ લીધી હતી તે જગ્યા બતાવવા માંગતા હતા. સાહેબે કહેલું અને પછી આરોપીએ કહેલું કે "હું જગ્યા બતાવવા માંગું છું". ત્યાં તેઓએ આરોપીનું નામ, એડ્રેસ પુછેલું અને પછી ગાડીમાં બેસેલા. આરોપીએ એવું કહેલું કે "હાલોલ ચોકડી લઇ જાઓ તો હું જગ્યા બતાવું."

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ ત્યાંથી નીચે આવેલા અને ગાડીમાં બેસેલા. ગાડીમાં આરોપી, સાહેબ, ચારેક પોલીસવાળા અને તેઓ બે જણા બેસેલા હતાં. આરોપીએ "હાલોલ ચોકડી તરફ લેવાનું કહેલું" તેથી ત્યાં નારોલ ચોકડી થઇ હાઇ વે થઇ હાલોલ ચોકડી ગયેલાં. ત્યાં હાલોલ ચોકડી પાસે ગાડી ઉભી રાખેલી અને ત્યાં બધા નીચે ઉતરેલાં અને ત્યાં આજુબાજુ જોઇ તેણે કહેલું કે "પાવાગઢ બાજુ ગાડી લઇ લ્યો." ત્યારબાદ ત્યાંથી આગળ ગયેલા ત્યારે એક દરગાહ પાસે આરોપીએ "ગાડી ઉભી રખાવેલી." ત્યારપછી તે દરગાહ ઉપર લઇ ગયેલા. આરોપીએ કહેલું કે "અહીંયા તે લોકો રહેતા હતાં." પછી ત્યાંથી

આગળ લઇ ગયેલાં. ત્યાં એક વાવ હતી. ત્યાં તેણે ગાડી ઉભી રખાવેલી. તે ત્યાં વાવ પાસે લઇ ગયેલ. ત્યાંથી પગદંડી જેવો રસ્તો હતો ત્યાંથી અંદર લઇ ગયેલ ત્યાં આરોપીએ જગ્યા બતાવેલ. ત્યાંથી થોડે આગળ બીજી જગ્યાએ લઇ ગયેલાં ત્યાં તળાવ હતું. તે પહેલા જે જગ્યા હતી ત્યાં એક ઝાડ હતું અને ત્યાં તેણે કહેલું કે "અમે કુગ્ગા ફોડવાની ટ્રેનીંગ લેતા હતાં." તળાવ જોયેલું અને પછી બધા બહાર આવેલાં. બહાર આવીને પાછા ગાડીમાં બેઠેલા હતાં અને ત્યાંથી આગળ લેવાનું કહેલું. ગાડીમાં બેઠા તે પહેલા પંચનામાનું લખાણ કરવામાં આવેલું. ગાડીમાં બેઠા પછી આરોપીએ ગાડી આગળ લઇ જવાનું કહેલું. ત્યાં આગળ એક મહાદેવના મંદિર જેવું હતું ત્યાં આરોપીએ ગાડી ઉભી રખાવેલી અને ત્યાં એક ઝરણું હતું ત્યાં તે લઇ ગયેલ. ત્યાં આરોપીએ "દોરડાની કે એવી ટ્રેનીંગ લીધાનું કહેલું હતું." ત્યાંથી પાછા ગાડીમાં બેસેલાં અને પાવાગઢ તરફ ગયેલાં. તે જગ્યાએ તહોમતદાર લઇ ગયેલો. ત્યાં ગાડીમાં બેઠા તે પહેલા પણ લખવાનું હતું તે લખેલું. ગાડીમાં બેઠા પછી આરોપીએ ગાડી આગળ જવા દેવાનું કહેલું. ત્યાંથી આગળ એક મસ્જિદ છે ત્યાં ગાડી ઉભી રાખી અને તહોમતદારે કહેલું કે "અહિંયા અમે નમાજ પઢેલી હતી." ત્યાંથી પાછા ગાડીમાં આગળ ગયેલાં. પછી ત્યાંથી આગળ લઇ જઇ તહોમતદારે ગાડી ઉભી રખાવેલી અને કહેલ કે "અહીંયા ખુલ્લી જગ્યા છે ત્યાં બાઇકની ટ્રેનીંગ લીધેલી." આ કાર્યવાહીનું પંચનામુ બનાવવામાં આવેલુ જે આંક–૭૨પ૨ થી ૨જૂ છે, આ પંચનામામાં સાહેદ પોતાની તથા ખેમજીભાઈની સહીઓ ઓળખી બતાવેલ છે. ઘણો સમય થયેલ હોવાથી આરોપીને ઓળખી શકે નહીં તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો રાયખડ પોલીસ સ્ટેશન આ સાહેદના ઘરથી નજીકમાં છે તે કબૂલ કરે છે. આ સાહેદના ઘર પાસે ગેરેજ છે તે કબૂલ કરે છે. આ ગેરેજ આ સાહેદનુ પોતાનુ છે. જાહેર રસ્તાઓ ઉપર આવતી જતી રીક્ષાઓનુ રીપેરીંગ કામકાજ કરે છે તે કબૂલ કરે છે. ગેરેજના કામ માટે પોલીસવાળા બોલાવતા હોય છે તો તે હકીકત નકારે છે. જે દિવસે પોલીસે બોલાવેલા તે દિવસે ગેરેજ ચાલુ હતુ. તે વખતે જે રીક્ષા રીપેરીંગ માટે આવેલી તે

ખેમજીભાઈની હતી તે કબૂલ કરે છે. જે પોલીસના માણસ બોલાવવા આવેલા તેને તેનુ નામ સરનામુ કે હોદો આપેલો નહીં. પરંતુ સાહેદ જણાવે છે કે ક્રાઈમ બ્રાન્ચમાંથી આવેલા હતા. ક્રાઈમ બ્રાન્ચના મોટા સાહેબોને ઓળખતા નથી તે કબૂલ કરે છે. જે પોલીસ અધિકારી પાસે ગયેલા તેનુ નામ યાદ નથી તેમને અગાઉ કયારેય જોયેલા નહીં. તે દિવસે આખો દિવસ કયા ગયેલા અને કયા ફરેલા તે અંગેની માહિતી ઘરવાળાઓને ન હતી. પોલીસ સ્ટેશનમાં જે આરોપી હતો તે આરોપીને પોલીસે કયારે, કઈ તારીખે અને કયાંથી પકડેલો તેની માહિતી આપેલી નહીં. તે આરોપી પોલીસ કસ્ટડીમાં કેટલા દિવસથી હતો તેની માહિતી પોલીસે આપેલી નહીં. જે આરોપી હતો તે મહમદ સફીક હતો તે બતાવવા કોઈ દસ્તાવેજી પુરાવો પોલીસે બતાવેલો નહીં. આરોપીનું નામ સરનામુ પુછેલુ તે સિવાય બીજુ કાંઈ પુછેલુ નહીં. જે જગ્યાએ જવાનુ હતુ ત્યાં પોલીસ તા.૨૮.૯.૨૦૦૮ ના રોજ ગયેલી હતી તેવુ પોલીસે જણાવેલુ નહીં. પાવાગઢ ખાતે મહાકાળી માનુ મંદિર આવેલુ છે તે કબૂલ કરે છે. રાયખડ વિસ્તારમાં મુસ્લિમ લોકોની ગીચ વસ્તી છે તે કબૂલ કરે છે. ત્યાં ઘણી બધી મસ્જિદો અને દરગાહો આવેલી છે તે કબૂલ કરે છે. પંચનામામાં જે મસ્જિદનો ઉલ્લેખ કરેલો છે ત્યાં લોકોને નમાજ પઢતા જોયેલા. આ સાહેદ મસ્જિદની અંદર ગયેલા નહીં પરંતુ બહાર ઉભા રહેલા. જે વાવ જોયેલી તે ૮–૧૦ ફુટ પહોળી હતી. વાવમાંથી પાણી કાઢવા માટેના દોરડા હતા કે કેમ? તેની ખબર નથી. દરગાહ ઉપર ૨–૩ મિનિટ રોકાયેલા. દરગાહ ઉપર બોર્ડ જોયેલુ પરંતુ અત્યારે ધ્યાનમાં નથી. ટ્રેનીંગવાળી જે જગ્યા જે વ્યકિતએ આંગળી ચીંધીને બતાવેલી ત્યાં ૨–૩ મિનિટ સુધી ઉભા રહેલા અને ત્યાંથી આગળ ગયેલા. વાવથી મહાદેવના મંદિરે જીપમાં બેસીને ગયેલા. ત્યાં પહોંચવામાં કેટલો સમય થયેલો તે યાદ નથી. જીપમાંથી ઉતર્યા પછી ૨–૩ મિનિટ સુધી મંદિરે રોકાયેલા. ત્યાં આગળના ભાગે કબુતરખાનાનું બોર્ડ મારેલુ હતુ અને વાહનો આવતા જતા હતા. પંચનામુ પંચો કહેતા હતા તેમ લખવામાં આવતુ હતુ. પંચનામાનુ તમામ લખાણ આ સાહેદ લખાવતા હતા અને પોલીસ લખતી હતી તે કબૂલ કરે છે. આ પ્રશ્નનો અર્થ ધ્યાને લઈએ તો આ જુદી–જુદી જગ્યાઓનું જે

પંચનામુ બનાવ્યુ તે પંચનામુ જગ્યા ઉપર જઈને પંચોએ લખાવેલુ છે તેમ કહી શકાય. સરતપાસમાં જણાવ્યા મુજબ આંક–૭૨૫૨ વાળુ પંચનામુ પંચોની હાજરીમાં કરવામાં આવેલુ નથી તો તે હકીકત નકારી છે. બંને પંચોએ પોલીસ સ્ટેશનમાં સહીઓ કરેલાની હકીકત નકારેલી છે. પંચનામાની વિગતો વારંવાર વાંચી સંભળાવેલી છે માટે ખોટી જુબાની આપે છે તો તે હકીકત નકારી છે. પોલીસ સ્ટેશનેથી નીકળતા પહેલા હાલોલ ચોકડી સિવાય બીજી કોઈ જગ્યાની માહિતી આપેલાનુ ધ્યાનમાં નથી. હાલોલ ચોકડીથી પાવાગઢના જંગલ આશરે કેટલા દુર હશે તેનો અંદાજ નથી. પાવાગઢના જંગલની માહિતી આપેલી હોવા છતાં ગાડી ત્યાં સુધી નહીં લઈ જવાનું કારણ આપી શકે નહીં. હાલોલ ચોકડીથી નીકળી દરગાહ ઉપર જતા પહેલા આરોપી કોઈ બીજી જગ્યાએ લઈ ગયેલા હોય તેવુ બનેલુ નથી. દરગાહ ઉપર પહોચતા પહેલા એકમીનાર મસ્જિદ ઉપર ગયા હોય તેવુ બનેલુ નથી. આરોપીએ જયા રોકાણ કરેલુ તે જગ્યા ઉપર શું થયેલુ તેમજ ત્યાં તેમને કોઈક જોઈ ગયેલુ કે કેમ? તથા ત્યાં કોઈક આવેલુ કે કેમ? તે વિશે માહિતી આપેલી નહીં.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં.૨૦૩/૨૦૦૮ ના કામે તા.૨૪.૧૧.૨૦૦૯ ના રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ ખેમજીભાઈ રતનજીભાઈ પટેલનાઓને ક્રાઈમ બ્રાન્ચની કચેરીએ બોલાવેલા અને ત્યાં આરોપી નં.૬૫ મહમદ સફીક હાજર હતો. પંચો રૂબરૂ તે કંઈક કહેવા અને બતાવવા માંગતો હોવાથી પંચો, સ્ટાફના માણસો તથા આરોપીને લઈ તપાસ કરનાર અધિકારી આરોપીના કહેવા અને બતાવ્યા મુજબના રસ્તે જવા નીકળેલા. આરોપીએ જણાવેલુ કે જાન્યુઆરી–૨૦૦૮ મા હાલોલ પાવાગઢ ખાતે જંગલોમાં જેહાદી ટ્રેનીંગમાં પોતાના સાથીદારોની સાથે ટ્રેનીંગ લીધેલી અને પોતે ઈન્દોરથી ટ્રેનમાં બેસીને વડોદરા આવેલો અને ત્યાંથી હાલોલ કેમ્પમાં ગયેલો. જો તેને હાલોલ ચોકડી લઈ જવામાં આવે તો ટ્રેનીંગવાળી જગ્યાઓ બતાવી શકે. ત્યારબાદ આરોપીએ એકમીનાર મસ્જિદવાળી જગ્યા,

દરગાહની ધરમશાળામાં પોતે રોકાયેલા તે જગ્યા, ખુંદપીરની દરગાહવાળી જગ્યા, પતરાવાળી ધરમશાળાવાળી જગ્યા, જંગલમાં જયાં ટેન્ટ બાંધેલો તે જગ્યા, રસ્સી બાંધીને ટ્રેનીંગ લીધેલી તે જગ્યા, કુગ્ગા બાંધીને એરગન વડે ફાયરીંગ કરેલુ તે જગ્યા, મહાદેવના મંદિરવાળી જગ્યા, શક્કરખાન દરગાહવાળી જગ્યા, હેલીકૈલ વાવવાળી વિગેરે જગ્યાઓ બતાવેલી અને તે અંગેનુ પંચનામુ આંક–૭૨૫૨ વાળુ બનાવવામાં આવેલુ.

આંક–૭૨૫૨ વાળુ પંચનામુ બનાવનાર તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીના પેરા નં.૩.૩૬ ધ્યાને લઈએ તો તા.૨૪/૧૧/૨૦૦૯ ના રોજ રીમાન્ડ ઉપરના આરોપી મહમદ સફિક ઉર્ફે દાદાભાઇ ઉર્ફે ઠાકુર ઉર્ફે રફિક સ /ઓ અબ્દુલબારી અન્સારીનાઓ પોતાની સ્વખુશીથી બતાવવા અને કહેવા માંગતા હોય તે અંગેનું પંચનામું કરવા સારૂ બે પંચોને બોલાવેલા અને તેઓને પંચમાં રહેવા અંગેની સમજ કરેલી. તેઓએ સ્વખુશી બતાવેલી અને પંચો રૂબરૂ આરોપીનું નામ, ઠામ પુંછવામાં આવેલું અને આરોપીએ નામ, ઠામ જણાવેલું. ત્યારબાદ આરોપીએ જણાવેલું કે "જાન્યુઆરી–૨૦૦૮ મા હાલોલ–પાવાગઢ ખાતેના જંગલોમાં જેહાદી ટ્રેનીંગ કેમ્પમાં પોતે પોતાના સાથીદારો સાથે ટ્રેનીંગ લીધેલી તે કેમ્પમાં પોતે ઇન્દોરથી વડોદરા રેલવે સ્ટેશન ગયેલા અને ત્યાંથી હાલોલ ટ્રેનીંગ કેમ્પમાં પોતાને લઇ જવામાં આવેલ" અને પોતાને હાલોલ ચોકડી લઇ જવામાં આવે તો કેમ્પમાં જે કાંઇ કાર્યવાહી કરેલ તે વિગત કહેવા અને બતાવવા માંગું છું જેથી સરકારી વાહનમાં આરોપી, પંચો સહીત બધા જવા રવાના થયેલાં. ત્યારબાદ આરોપીને હાલોલ ચોકડી લઇ ગયેલાં. જયાં વાહન ઉભું રખાવી આરોપી નીચે ઉતરેલ ત્યારબાદ આરોપીના બતાવ્યા મુજબની જગ્યાઓ જેવી કે એક મીનાર મસ્જિદ, ખુંદપીર દરગાહની ધર્મશાળા, હેલીકૈલ વાવ, જંગલવાળી ખુલ્લી જગ્યા કે જયાં ટેન્ટ બાંધેલો હતો તે બતાવી ત્યારબાદ આરોપીએ એક તળાવ જેવી જગ્યા તથા પોતે રસ્સી બાંધી તાલીમ લીધેલી વિગેરે જગ્યાઓ તથા મોટર સાઇકલની ટ્રેનીંગ લીધેલી તે જગ્યાઓ બતાવેલી અને આરોપીએ પંચો રૂબરૂ જે જણાવેલ તે તથા

પંચોએ જે કાંઇ જોયું તે અનુસારનું પંચોના લખાવ્યા મુજબનું પંચનામું કરેલુ. આંક–૭૨૫૨ વાળા પંચનામામાં પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસના પેરા નં.૧૨૪ ધ્યાને લઈએ તો ઈદ્રીશ ગુલાબશા ફકીર દરગાહ ઉપર નોકરી કરતા હતા તે અંગે કોઈ દસ્તાવેજી પુરાવો મેળવેલો નથી અને તે બાબતે કોઈ ટ્રસ્ટીઓના નિવેદનો લીધા નથી. આ સાહેદ ત્યાં ગયા ત્યારે ધર્મશાળા બંધ હતી તે કબૂલ કરે છે. ધર્મશાળા કેટલા સમયથી બંધ હતી તે અંગે કોઈ પુરાવો મેળવેલો હોય તો જોઈને કહી શકે. ધર્મશાળા કયારથી બંધ છે તે બતાવવા ટ્રસ્ટીઓના નિવેદનો લીધા નથી. આરોપીઓ ખુંદપીરની દરગાહ ઉપર જઈને રોકાયેલા તે બતાવવા માટે ઈદ્રીશ ગુલાબશા ફકીરના નિવેદન સિવાય બીજો કોઈ પુરાવો નથી તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે આરોપી ૩ દિવસ સુધી દરગાહ ઉપર રોકાયેલા હતા અને દરગાહ ઉપર દેખરેખ રાખવાનુ કામ સાહેદ નં.૧૧૦૫ ઈદ્રીશ ગુલાબશા ફકીર કરતા હતા માટે આરોપીઓ દરગાહ ઉપર રોકાયેલા હતા તે અંગેનો ઉત્તમ પુરાવો ઈદ્રીશ ગુલાબશા ફકીર સિવાય બીજો કોઈ હોય શકે નહીં. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા દોરડાથી ટ્રેનીંગ લીધેલી તે જગ્યાની બાજુમાં મંદિર હતુ તો તે યાદ નથી. મંદિરના પુજારીનુ નિવેદન લીધેલુ નથી. આંક–૭૨૫૨ વાળા પંચનામાવાળી જગ્યા મહમદ સફીકે બતાવેલી નથી તો તે હકીકત નકારે છે. આરોપીને ગુનામાં સંડોવવા માટે પંચનામામાં જગ્યાનો ઉલ્લેખ કરેલાની હકીકત નકારે છે.

આંક–૭૨૫૨ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે, "આરોપીએ પોતાનુ નામ સરનામુ" તથા "જાન્યુઆરી–૨૦૦૮ મા હાલોલ–પાવાગઢ ખાતેના જંગલોમાં જેહાદી ટ્રેનીંગ કેમ્પમાં પોતે પોતાના સાથીદારો સાથે ટ્રેનીંગ લીધેલી તે કેમ્પમાં પોતે ઇન્દોરથી વડોદરા રેલવે સ્ટેશન ગયેલા અને ત્યાંથી હાલોલ ટ્રેનીંગ કેમ્પમાં પોતાને લઇ જવામાં આવેલ" અને પોતાને હાલોલ ચોકડી લઇ જવામાં આવે તો કેમ્પમાં જે કાંઇ કાર્યવાહી કરેલ

તે વિગત કહેવા અને બતાવવા માંગું છું જેથી સરકારી વાહનમાં આરોપી, પંચો તથા બધા જવા રવાના થયેલાં. ત્યારબાદ આરોપીને હાલોલ ચોકડી લઈ ગયેલાં. જયાં વાહન ઉભું રખાવી આરોપી નીચે ઉતરેલ ત્યારબાદ આરોપીના બતાવ્યા મુજબની જગ્યાઓ જેવી કે એકમીનાર મસ્જિદ, ખુંદપીર દરગાહની ધર્મશાળા, હેલીકૈલ વાવ, જંગલવાળી ખુલ્લી જગ્યા કે જયાં ટેન્ટ બાંધેલો હતો તે બતાવી ત્યારબાદ આરોપીએ એક તળાવ જેવી જગ્યા તથા પોતે રસ્સી બાંધી તાલીમ લીધેલી વિગેરે જગ્યાઓ તથા મોટર સાઇકલની ટ્રેનીંગ લીધેલી તે જગ્યાઓ બતાવેલી" વિગેરે પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપીએ પોતે આપેલ માહિતી પ્રમાણેની જે–જે જગ્યાએ આવેલી હતી તે જગ્યાઓનું ત્યાં અસ્તિત્વ છે માટે આ જગ્યાઓ હોવાની માહિતી તેને પોતાને જ હતી જેથી તે હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય. આ તમામ જગ્યાઓ ઉપર આરોપી ગયેલો હતો તેણે આ તમામ જગ્યાઓ જોયેલી હતી, જગ્યાની સંપૂર્ણ માહિતી તેને હતી માટે પંચો તથા તપાસ કરનાર અધિકારીને આ જગ્યાઓ ઉપર દોરી જઇ આરોપીએ આ તમામ જગ્યાઓ બતાવેલી છે, આ જગ્યાઓ ઉપર દોરી જવાનું આરોપીનુ વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે.

આ આરોપી નં.૬૬ મોહંમદ સફીક ઉર્ફે દાદાભાઈ ઉર્ફે ઠાકુર ઉર્ફે રફીક ઉર્ફે અલી અબ્દુલબારી અંસારીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજુ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે? તે પ્રશ્નના જવાબમાં તેણે ફરિયાદપક્ષના પુરાવા સબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના બચાવ માટે જે હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં. ૨૦માં જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી. આ ઉપરાંત આ આરોપીએ પોતાના બચાવમાં અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ કરેલો નથી.

આરોપી નં.૬૬ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે

અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૧૧૦૫, ૧૦૬૮, ૭૮૧, ૭૮૯, ૭૯૦, ૮૦૪, ૮૦૫, ૧૧૫૪, ૧૧૫૫, ૧૧૬૩ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતા આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે. આ ઉપરાંત આ આરોપી નં.૨ નુ કબૂલાત નિવેદનો પણ છે.

જયારે આરોપી તરફથી વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, સાહેદ નં.૧૦૬૮ પ્રજ્ઞેશ રાજપુર પંચ સાહેદની હાજરીમાં આરોપીએ પાવાગઢવાળી તાલીમ કેમ્પવાળી જગ્યાઓ આરોપી નં.૬૬ નાઓએ બતાવેલી તે જગ્યાનું પંચાનામુ આંક–૭૨૫૨ વાળુ બનાવવામાં આવેલુ છે આ સિવાય આ આરોપી વિરૂધ્ધ બીજો કોઈ પુરાવો નથી. આંક–૭૨૫૨ વાળુ પંચનામુ પાછળથી બનાવેલુ છે. વધુમાં તેઓ દલીલ કરતા જણાવે છે કે, સાહેદ નં.૧૦૬૮ની જુબાની ધ્યાને લેતા આ પંચનામુ સ્થળ ઉપર ગયા વિના જ બનાવેલુ છે. પરંતુ તેઓની દલીલ સાથે હું સંમત નથી. સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો પાવાગઢવાળી જગ્યાઓ ઉપર આરોપી દોરીને લઈ ગયેલો છે અને જગ્યા ઉપર જઈ પંચનામુ બનાવેલુ છે. આ જગ્યાઓ તેણે જોયેલી હતી. જગ્યાઓ ઉપર તે ગયેલો હતો અને જગ્યાઓનુ તેને જ્ઞાન હતું.વધુમાં વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે આતંકવાદી તાલીમ લીધેલી તેવુ પોલીસે આ સાહેદને જણાવેલુ છે. આ સાહેદે આરોપીને પુછેલુ નથી કઈ–કઈ જગ્યા ઉપર આરોપી લઈ જવા માંગે છે તે જગ્યાઓના નામ આરોપીએ જણાવેલા હોય તેવુ આ સાહેદ જણાવતા નથી. પરંતુ આંક–૭૨૫૨ વાળુ પંચનામુ ધ્યાને લઈએ તો આરોપી કાંઈક બતાવવા અને જણાવવા માંગે છે તેવુ લખેલુ છે અને તેથી જ આરોપીના કહેવા અને બતાવ્યા પ્રમાણેના રસ્તે સાહેદ નં.૧૦૬૮ તપાસ કરનાર અધિકારી તથા આરોપી સાથે ગયેલા છે. વધુમાં વકીલશ્રી દલીલ કરતા જણાવે છે કે સાહેદની જુબાનીના પેરા–૩ મા જણાવે છે કે મહાદેવના મંદિર પાસે આરોપીએ ગાડી ઉભી રખાવેલાનું જણાવે છે પરંતુ મંદિર પાસે ગાડી જાય તેમ નથી. પરંતુ

મારા મત પ્રમાણે મંદિર પાસે એટલે મંદિરના પગથીયા કે ઓટલા પાસે નહીં પરંતુ નજીકમાં થોડે દુર કહી શકાય. વધુમાં દલીલ કરતા જણાવે છે કે આ જગ્યા ઉપર ગાડી જાય તેમ નથી અને ત્યાં રોડ નથી તો આ હકીકત આરોપી તરફથી સાબીત થવી જોઈએ. પરંતુ આ બાબતે કોઈ પુરાવો રજૂ થયેલો નથી. વધુમાં વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે આ સાહેદની જુબાની મુજબ કુવા ઉપર તથા દરગાહ ઉપર ૨–૩, ૨–૩ મિનિટ ઉભા રહેલા તેવુ જણાવે છે જેથી એવુ કહી શકાય કે આ સાહેદ પાવાગઢ મુકામે ગયા નથી. પરંતુ મારા મત પ્રમાણે ૨–૩, ૨–૩ મિનિટ સાહેદે આશરે જણાવેલી છે તેને માટે તેને ઘડિયાળમાં સમય જોયેલો નથી અને ઘણા સમય પછી જુબાની આપેલી હોવાથી કેટલી મિનિટ ત્યાં રોકાયેલા તે ચોકકસ જણાવી શકે નહીં તેથી કરીને એવુ ના કહી શકાય કે આરોપી તથા તપાસ કરનાર અધિકારી સાથે આ સાહેદ હાલોલ–પાવાગઢ ગયેલા નથી. વધુમાં દલીલ કરતા જણાવે છે કે આ સાહેદ રીક્ષા રીપેરીંગનું કામ છે પોલીસે તેનુ ઘર જોયેલુ છે. પંચનામાના દિવસે તેમના ગેરેજ ઉપર એક રીક્ષા રીપેર થવા આવેલી તેમ છતાં આ સાહેદ પંચમાં રહેવા ગયેલા છે તેથી કરીને પણ એવુ કહી શકાય કે આ સાહેદ પાવાગઢ ખાતે ગયેલા નથી. પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદના ગેરેજ ઉપર રીપેરીંગ માટે રીક્ષા આવેલી હોવાથી તેઓ પાવાગઢ મુકામે પંચમાં રહેવા માટે ગયા નથી તેવુ અનુમાન થઈ શકે નહીં પાવાગઢથી આવ્યા પછી પણ તેઓ આવેલી રીક્ષાનું રીપેરીંગ કરી શકે છે. વધુમાં વકીલશ્રી એલ. આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે આ સાહેદ એકમીનાર મસ્જિદનું નામ જણાવતા નથી પરંતુ ફકત મસ્જિદ હતી તેમ જણાવે છે. મારા મત પ્રમાણે આ સાહેદ કયારેય એકમીનાર મસ્જિદ ઉપર ગયેલા નથી અને મસ્જિદનું નામ એકમીનાર છે તેવી આ સાહેદને ખબર નથી માટે મસ્જિદ તરીકેનો ઉલ્લેખ કરેલો છે. વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે આ આરોપી આ કહેવાતા ગુનાઓમાં સંડોવાયેલો નથી. પરંતુ ઉપર વિગતે જે પુરાવા રજૂ થયા છે તે ધ્યાને લેતા આ આરોપી આ કહેવાતા ગુનામાં સંડોવાયેલો છે તેમ હું માનુ છું.

આરોપી નં.૬૭ હસીબરજા ઉર્ફે સમીમભાઈ ફિરદોશરજા સૈયદનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૬૭ હસીબરજા ઉર્ફે સમીમભાઈ ફિરદોશરજા સૈયદનાઓ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ જુદી-જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી-જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા-જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમણે કઈ કઈ ભુમિકા ભજવેલી છે તે સાબિત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા આ આરોપી સામે પ્રત્યક્ષ દસ્તાવેજી કે મૌખિક પુરાવો રજૂ કરેલો નથી પરંતુ આ આરોપી અમદાવાદ ખાતે થયેલ સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોવાળા ગુનાઓમાં સંડોવાયેલો છે તે બતાવવા માટે જુદા જુદા તપાસ કરનાર અધિકારીઓએ જુદા-જુદા ગુનાઓમાં ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ -૧૯૬, અનલોફુલ એકટીવીટી (પ્રિવેન્શન) એકટની કલમ-૪૫, એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ-૭, આર્મ્સ એકટની કલમ-૩૯ મુજબના ગુનાઓની ચાર્જશીટ દાખલ કરવા તેમજ આરોપી સામે ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા મંજુરીઓ મેળવવા માટે સક્ષમ અધિકારી સમક્ષ દરખાસ્તો મોકલેલી અને જે તે સક્ષમ અધિકારીએ આ આરોપી સામે જુદા-જુદા ગુનાના કામે ઉપરોકત કાયદાની જુદી-જુદી કલમો હેઠળ ચાર્જશીટ દાખલ કરવા તેમજ ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે મંજૂરીઓ આપેલી હતી તે રજૂ કરેલી છે. આ દરખાસ્તો તથા મંજૂરીઓ અંગેના પુરાવાની હવે પછી ચર્ચા કરીશું.

આ આરોપી નં.૬૭ હસીબરજા ઉર્ફે સમીમભાઈ ફિરદોશરજા સૈયદે ક્રિ.પ્રો.કોડની કલમ-૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે

રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે? તે પ્રશ્નના જવાબમાં તેને ફરિયાદપક્ષના પુરાવા સંબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના બચાવ માટે જે હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦ મા જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી. આ ઉપરાંત આ આરોપીએ પોતાના બચાવમાં અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ કરેલો નથી.

આરોપી નં.૬૭ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૭૮૯, ૭૯૦, ૮૦૪, ૮૦૫, ૧૧૩૫, ૧૧૫૨, ૧૧૫૪, ૧૧૬૩ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતા આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલશ્રી કે.જી.શેખ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે ફરમાવવામાં આવેલ તહોમતનામા મુજબ આ આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૨૧૨ તેમજ અનલોકુલ એકટીવીટી (પ્રિવેન્શન) એકટની કલમ–૧૯ મુજબના ગુનાનો આક્ષેપ છે. પરંતુ આ ગુનાઓ સાબીત કરવા માટે ફરિયાદપક્ષ તરફથી કોઈ દસ્તાવેજી પુરાવા રજૂ થયેલા નથી. એટલુ જ નહીં ફરિયાદપક્ષ દ્વારા તપાસવામાં આવેલા સાહેદો તેમજ જુદા–જુદા પોલીસ અધિકારીઓ અને તપાસ કરનાર અધિકારીઓએ પણ તેઓની જુબાનીમાં તે હકીકત જણાવેલી નથી કે આ બનાવોમાં સંડોવાયેલા આરોપીઓને બનાવ બન્યા બાદ આ આરોપીએ તેઓને આશરો આપેલો હોય કે છુપાવેલા હોય. વકીલશ્રી કે. જી. શેખની આ દલાલ સાથે હું સંપૂર્ણપણે સંમત છું કે આ આરોપીની સંડોવણી બાબતે ફરિયાદપક્ષ દ્વારા અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજૂ થયેલા નથી. જેથી આ આરોપી આ કહેવાતા ગુનામાં સંડોવાયેલો નથી તેમ હું માનુ છું.

આરોપી નં.૬૮ મોહમદ હબીબ ઉર્ફે હબીબ ફલાહી ઉર્ફે મહમદ તૈયબ અબુલજૈસ શેખનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૬૮ મોહમદ હબીબ ઉર્ફે હબીબ ફલાહી ઉર્ફે મહમદ તૈયબ અબુલજૈશ શેખનાઓ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ જુદી-જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી-જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા-જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમને કઈ-કઈ ભૂમિકા ભજવેલી છે તે સાબીત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા આ આરોપી સામે પ્રત્યક્ષ દસ્તાવેજી કે મૌખિક પુરાવો રજૂ કરેલો નથી પરંતુ આ આરોપી અમદાવાદ ખાતે થયેલ સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોવાળા ગુનાઓમાં સંડોવાયેલો છે તે બતાવવા માટે જુદા-જુદા તપાસ કરનાર અધિકારીઓએ જુદા જુદા ગુનાઓમાં ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ -૧૯૬, અનલોફુલ એકટીવીટી (પ્રિવેન્શન) એકટની કલમ-૪૫, એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ-૭, આર્મ્સ એકટની કલમ-૩૯ મુજબના ગુનાઓની ચાર્જશીટ દાખલ કરવા તેમજ આરોપી સામે ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા મંજૂરીઓ મેળવવા માટે સક્ષમ અધિકારી સમક્ષ દરખાસ્તો મોકલેલી અને જે તે સક્ષમ અધિકારીએ આ આરોપી સામે જુદા-જુદા ગુનાના કામે ઉપરોકત કાયદાની જુદી-જુદી કલમો હેઠળ ચાર્જશીટ દાખલ કરવા તેમજ ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે મંજૂરીઓ આપેલી હતી તે રજૂ કરેલી છે. આ દરખાસ્તો તથા મંજૂરીઓ અંગેના પુરાવાની હવે પછી ચર્ચા કરીશું.

આ આરોપી નં.૬૮ મોહમદ હબીબ ઉર્ફે હબીબ ફલાહી ઉર્ફે મહમદ તૈયબ અબુલજૈસ શેખે ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજુ થયેલા પુરાવાનો ઈન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે? તે પ્રશ્નના જવાબમાં તેણે ફરિયાદપક્ષના પુરાવા સંબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના બચાવ માટે જે હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦ મા જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

આ ઉપરાંત આ આરોપીએ પોતાના પાસપોર્ટની ઝેરોક્ષ નકલ કામચલાઉ આંક–૯૨૪૦ થી રજૂ કરેલી છે. આઝમગઢ (ઉત્તરપ્રદેશ) વિધાનસભા મત ક્ષેત્રની ૨૦૦૭ ના સાલની મતદાર યાદી કામચલાઉ આંક–૯૨૪૧ થી રજૂ કરેલી છે. તે જ રીતે સને–૨૦૦૮ ના સાલની મતદાર યાદી કામચલાઉ આંક–૯૨૪૨ થી રજૂ કરેલી છે. તે જ રીતે ૨૦૧૧ ના સાલની મતદાર યાદી કામચલાઉ આંક–૯૨૪૩થી રજૂ કરેલી છે. આ દરેક યાદીઓમાં આરોપીનું નામ છે. આ ઉપરાંત આરોપીએ બોર્ડ ઓફ એરેબીક એન્ડ પર્શીયનની તા.૧૬.૮.૨૦૦૫ ની માર્કશીટ કામચલાઉ આંક–૯૨૪૪ થી રજૂ કરેલી છે જેમાં આ આરોપીનું નામ છે. ભારતના ચુંટણી પંચ તરફથી આપવામાં આવેલ ચુંટણી કાર્ડ કામચલાઉ આંક–૯૨૪૫ થી રજૂ કરેલુ છે આ કાર્ડ આરોપીના નામનુ છે અને આરોપીનો ફોટો છે. આ ઉપરાંત આરોપીએ મદ્રસ્તુલ ઈલ્હા સરાઈનીર આઝમગઢ તરફથી આપવામાં આવેલ ઓળખપત્ર તા.૧૦.૯.૨૦૦૩ કામચલાઉ આંક–૯૨૪૬ થી રજૂ કરેલુ છે. ગોપીનાથ લઘુ માધ્યમિક વિદ્યાલય શ્રીકૃષ્ણ નગર કુંજીયારી આઝમગઢની માર્કશીટ તા.૧૬.૫.૨૦૦૨ની કામચલાઉ આંક–૯૨૪૭ થી રજૂ કરેલી છે આ માર્કશીટમાં પણ આરોપીનું નામ છે. આ ઉપરાંત આરોપીએ "કનેકશન ઓફ સીમી" નું પાના નં.૧ થી ૫૮ કામચલાઉ આંક–૯૨૪૮ થી રજૂ કરેલુ છે. આ આંક–૯૨૪૮ ધ્યાને લેતા પોલીસ ઈન્સ્પેકટર ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ શહેરનો સિકકો લગાવીને ક્રાઈમ બ્રાન્ચ તરફથી આરોપીએ મેળવીને રજૂ કરેલ છે. આમ આરોપીએ આંક–૯૨૪૦ થી ૯૨૪૮ સુધીના જે દસ્તાવેજો

રજૂ કરેલા છે તે દસ્તાવેજોને આંકે પાડવા અરજી આરોપીએ આંક–૯૧૭૬ થી આપેલી હતી. બંને પક્ષની દલીલો સાંભળ્યા બાદ આરોપીએ રજૂ કરેલા ઉપરોકત દસ્તાવેજોને કામચલાઉ આંક આપી કામમાં સામેલ કરવામાં આવેલ હતા.

આ દસ્તાવેજો કામચલાઉ આંકોથી સામેલ કર્યા બાદ આરોપીના વકીલશ્રીએ કામચલાઉ આંક–૯૨૪૮ થી રજૂ કરેલ "કનેકશન ઓફ સીમી (બંધારણ)" ને ડી–એકઝીબીટ કરવા માટે એટલે કે પુરાવામાં વંચાણે ન લેવા આંક–૯૨૫૪થી અરજી આપેલી હતી પરંતુ તેઓની આ અરજી મંજૂર રાખી શકાય નહીં કારણ કે આ દસ્તાવેજને આંકે પાડવા માટે આરોપીએ જ વિનંતી કરેલી અને બંને પક્ષની દલીલ સાંભળીને આ દસ્તાવેજને આંક આપવામાં આવેલો છે માટે પાછળથી આ દસ્તાવેજને ડી–એકઝીબીટ કરી શકાય નહીં. આ સંબંધમાં **આર. વેંકટરામન રેડ્ડી વિરૂધ્ધ રાધાકિશન રેડ્ડી, સિવિલ અરજી નં. ૩૫૪૨/૨૦૧૮ તા.૨૭.૧૧.૨૦૧૯** નો ચુકાદો ધ્યાને લઈએ તો ઈન્સાફી કાર્યવાહીમાં કોઈ દસ્તાવેજને આંક આપવામાં આવેલો હોય ત્યારે પાછળથી તે દસ્તાવેજને ડી–એકઝીબીટ કરી શકાય નહીં. આરોપી તરફથી આંક–૯૨૪૦ થી ૯૨૪૭ સુધી રજૂ થયેલા દસ્તાવેજોની ઝેરોક્ષ નકલ જોતા આરોપી આઝમગઢ વિધાનસભા ક્ષેત્રના મતદાર છે અને તેઓએ રજૂ કરેલ જુદી–જુદી માર્કશીટો ધ્યાને લેતા ફરિયાદપક્ષના પુરાવાને ખંડન થાય તેવી કોઈ હકીકત નીકળી આવતી નથી. આંક–૯૨૪૮ નો દસ્તાવેજ ધ્યાને લેતા સીમીનું બંધારણ હોવાનું માલુમ પડે છે અને સીમી દ્વારા જે કંઈ પ્રવૃતિઓ થતી હોય છે તેનુ વિવરણ આ દસ્તાવેજમાં પાના નં.૧ થી ૫૮ મા છે. ભારતમાં ક્ષેત્રદીઠ સીમીના કાર્યકર્તાઓ અને સભ્યો કોણ–કોણ છે તેનુ પણ લીસ્ટ આપેલુ છે.

આરોપી નં.૬૮ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૭૮૦, ૭૮૯, ૮૦૪, ૮૦૮, ૮૭૫, ૧૧૪૬, ૧૧૫૪, ૧૧૬૩ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતા આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ

બ્લાસ્ટના બનાવોમાં તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલ સુ.શ્રી નિત્યા રામાક્રિષ્ણન તથા વકીલશ્રી સોમનાથ વત્સ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે ફરિયાદપક્ષ દ્વારા કોઈ જ પુરાવા રજૂ કરવામાં આવેલા નથી. ફકત મંજૂરીઓ સિવાય બાજો કોઈ પુરાવો નથી અને આ આરોપીને ગુનામાં ખોટી રીતે સંડોવી દીધેલ છે તેમ જણાવેલ છે. બચાવપક્ષની આ દલીલ સાથે હું સંમત છું કે જે તે તપાસ કરનાર અધિકારીઓ આ આરોપી માટે જુદા-જુદા કાયદાઓ હેઠળની મંજૂરી મેળવવા માટે દરખાસ્તો કરેલી અને દરખાસ્તો સાથે અ,બ,ક,ડ પત્રકો મોકલેલા અને તે પત્રકો સાથે આરોપી વિરૂધ્ધ એકત્રિત કરેલા પુરાવા મોકલેલા પરંતુ તેવા કોઈ પુરાવો ફરિયાદપક્ષે રજૂ કરેલા નથી. જેથી વકીલ સુ.શ્રી નિત્યા રામાક્રિષ્ણન તથા વકીલશ્રી સોમનાથ વત્સની દલીલ સાથે હું સંમત છું કે આ આરોપીની સંડોવણી બાબતે ફરિયાદપક્ષ દ્વારા અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજૂ થયેલા નથી. જેથી આ આરોપી આ કહેવાતા ગુનામાં સંડોવાયેલો નથી તેમ હું માનુ છું.

આરોપી નં.૬૯ આમીન ઉર્ફે રાજા ઐયુબ નઝીર શેખનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૬૯ આમીન ઉર્ફે રાજા ઐયુબ નઝીર શેખનાઓ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ જુદી-જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી-જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા-જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા

આ કૃત્ય કરવા માટે તેમને કઈ–કઈ ભૂમિકા ભજવેલી છે તે સાબિત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે તે મુજબઃ–

ફરિયાદપક્ષ દ્વારા આ કામે હસનઅલી અહેમદભાઈ સુણસરાને સાહેદ નં.૯૮૫ તરીકે આંક–૬૮૫૨ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ વલસાડ મુકામે ભાડેથી હોટલ ચલાવે છે. સને–૨૦૦૮ ની સાલમાં તેઓ હોટલ શ્રીનાથ એન્ડ ગેસ્ટ હાઉસમાં મેનેજર તરીકે નોકરી કરતા હતા. આ હોટલ વલસાડ તાલુકામાં આવેલી અને તે પારડી હાઈ–વે ઉપર છે. આ હોટલના માલિક મીનાબેન જતીનકુમાર દેસાઈ હતા. આ હોટલમાં કુલ–૮ રૂમ હતા તે પૈકી બે રૂમ સ્ટાફ માટે હતા અને છ રૂમ ગ્રાહકો માટે હતા. તે વખતે હોટલમાં કુલ–૧૮ થી ૨૦ માણસોનો સ્ટાફ હતો. ગેસ્ટ હાઉસ માટે કોઈ ગ્રાહક આવે તો તેની નોંધ રજીસ્ટરમાં કરવામાં આવતી હતી. તે વખતે આ સાહેદની ફરજનો સમય રાત્રીના આઠથી નવ વાગ્યાથી શરૂ થઈ સવાર સુધીનો રહેતો હતો.

આંક–૨૮૫૮ વાળુ હોટલ રજીસ્ટર જોઈને કહે છે કે તે હોટલ શ્રીનાથ એન્ડ ગેસ્ટ હાઉસનું રજીસ્ટર છે અને આ રજીસ્ટરની એન્ટ્રી નં.૪૨૪ જોઈને કહે છે કે તેના કોલમ નં.૨ માં કિશન વણઝારી, અમીન શેખ, ઉસ્માની એમ ત્રણ નામ લખવામાં આવેલા છે. કોલમ નં.૩ માં તેઓની ઉંમર લખવામાં આવેલી છે. કોલમ નં.૪ મા મેલ લખેલું છે. કોલમ નં.૫ મા સરનામુ લખેલું છે. કોલમ નં.૬ મા ધંધો લખેલો છે. કોલમ નં.૭ મા ત્રણ વ્યક્તિ લખવામાં આવેલું છે. કોલમ નં.૮ મા તેઓ મુંબઈથી આવેલા તે લખેલું છે. એલોટેડ રૂમના કોલમમાં તેઓને આપવામાં આવેલ રૂમ નં.૧૦૨ લખેલું છે તથા નેશનાલીટીના કોલમમાં ઈન્ડિયન લખેલું છે. સહીના કોલમમાં સહી કરેલી છે તથા તેમની ગાડીનો નંબર લખેલો છે. આ ગાડીનો નંબર જીજે–૬–સીડી–૩૫૬૯ લખેલો છે. કોન્ટેક નંબરમાં એક ૯૮૯૨૧૦૦૭૫૯ તથા બે ૯૯૮૭૦૬૮૦૫૬ લખેલા છે. આ કોલમોની તમામ વિગતો ગ્રાહકે લખેલી હતી. આવ્યાનો સમય તથા તેઓ ગયા તે સમય તથા તારીખ આ સાહેદની હોટલના સ્ટાફે લખેલો છે. આ રજીસ્ટર

પારડીથી પોલીસ આવેલી તેમને આપેલું હતું. આ રજીસ્ટરના છેલ્લું પાનુ જોઈને કહે છે કે તેમાં હોટલના રબ્બર સ્ટેમ્પ ઉપર મેનેજર તરીકે તેમની સહી કરેલી છે તે સહી ઓળખી બતાવે છે.

સાહેદ વધુમાં જણાવે છે કે આ એન્ટ્રી કરનાર ગ્રાહકો તા.૯/૭/૨૦૦૮ ના રોજ રાત્રે ૧૧.૦૦ વાગ્યે આવેલા હતા. ગાડી નંબર એન્ટ્રીમાં લખેલો છે તે નંબરવાળી ગાડી વેગન આર ગાડી હતી. આ ગાડી બે હતી પરંતુ એક ગાડીનો નંબર એન્ટ્રીમાં લખેલો છે. એક ગાડીનો કલર બ્લેક હતો. આ લોકો હિન્દી ભાષામાં વાતો કરતા હતા. આ લોકોને હોટલમાં ૧૦૨ નંબરનો રૂમ ફાળવેલો હતો. ત્યારબાદ બીજા દિવસે સવારે સવા નવ વાગ્યે આ લોકો હોટલ છોડી ગયેલા. બીજા દિવસે સવારે આ લોકોએ હોટલમાં નીચે રેસ્ટોરન્ટ છે ત્યાં નાસ્તો પણ કરેલો. તે વખતે આ લોકોની ઉંમર ૨૫ થી ૩૦ વર્ષની વચ્ચે હોય તેવી હતી. વધુમાં જણાવેલ છે કે ત્યારપછી પોલીસે તા.૨૯/૧૦/૨૦૦૮ ના રોજ સુરત ખાતે કિલ્લા કોર્ટમાં બોલાવેલો. સાહેદ જણાવે છે કે તારીખ લખાવેલી છે પરંતુ ચોક્કસ યાદ નથી. તેઓ કિલ્લા કોર્ટમાં ગયા ત્યારે એક માણસ બોલાવવા આવેલો જેથી કોર્ટમાં ગયેલા ત્યાં સાહેબે નામ પુછેલું અને પછી કહેલું કે તમે બહાર બેસો જેથી બહાર બેસેલા. ત્યારપછી ૧૫–૨૦ મિનિટ બાદ પાછો બોલાવેલો અને કહેલું કે તમારી હોટલમાં કોણ રોકાયેલા હતા તેઓની ઓળખપરેડ કરવાની છે. ત્યાં બીજા બે માણસો પણ હતા ત્યાં એ લોકોએ ૧૧ માણસો ઉભા રાખેલા અને કહેલું કે તમારી હોટલમાં જે રોકાયેલા હતા તેમને તમે ઓળખો. જેમાંથી આ સાહેદ એક જણને ઓળખી બતાવેલો કે જે મારી હોટલમાં રોકાયેલો હતો.

વધુમાં સાહેદ જણાવે છે કે, ત્યારબાદ સને–૨૦૧૧ની સાલમાં સુરત કોર્ટમાં બોલાવેલો. ત્યાં મારૂ નામ, સરનામુ પુછેલું અને તે લખેલું અને ત્યારબાદ તેઓને બહાર બેસવાનું કહેતાં બહાર બેઠેલો અને ત્યારબાદ ૧૫–૨૦ મિનિટ બાદ ફરી અંદર બોલાવેલા. ત્યાં પંદરેક માણસો ઉભા રાખેલા હતા અને તેમાંથી બે માણસોને ઓળખેલા. આ માણસોને ઓળખવા માટે કહેલું કે તમારી

હોટલમાં જે માણસો રોકાયેલા હતા તે પૈકીના બે માણસોને ઓળખો? જેથી આ સાહેદે તે માણસો પૈકી બે માણસોને ઓળખેલા. આ સાહેદ જે ત્રણ માણસોને ઓળખેલા તે ત્રણેય માણસોને બતાવવામાં આવે તો ઘણો સમય થઈ ગયેલો હોવાથી તેઓને ઓળખી શકે નહીં તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો હોટલ શ્રીનાથમાં તેઓ બનાવ વખતે મેનેજર તરીકે નોકરી કરતા હતા તે બતાવવા પોલીસને દસ્તાવેજી પુરાવો આપેલો નહીં. હોટલ શ્રીનાથમાં કામ કરતા કર્મચારીઓનું હાજરી પત્રક રાખવામાં આવે છે તે કબૂલ કરે છે. આંક–૨૮૫૮ વાળા રજીસ્ટરમાં એન્ટ્રી જે જોઈ તે આ સાહેદના હસ્તાક્ષરમાં નથી. એન્ટ્રીની અંદર "ચેક ઈન" ની જે એન્ટ્રી છે તે ગ્રાહકે કરેલી અને "ચેક આઉટ" ની એન્ટ્રી હોટલના સ્ટાફે કરેલાનું જણાવે છે. તા.૯.૭.૨૦૦૮ ના રોજ એન્ટ્રી નં.૪૨૪ ના ગ્રાહકોને રૂમ નં.૧૦૨ આપવામાં આવેલો અને તેનો ચાર્જ વસુલ કરેલો, તેનુ બીલ આપવામાં આવેલુ કે કેમ? તે કહી શકે નહીં. રજીસ્ટરમાં રૂમનો ચાર્જ લખવામાં આવેલો નથી તે કબૂલ કરે છે. પોલીસે બીલબુક કબજે કરેલી કે કેમ? તે યાદ નથી. ગ્રાહક હોટલમાં રોકાય અને ચાર્જ આપે તેનો અગત્યનો પુરાવો બીલબુક છે તે કબૂલ કરે છે. બીલબુક સરતપાસ દરમ્યાન બતાવવામાં આવેલ નથી તે કબૂલ કરે છે. એન્ટ્રી નં.૪૨૪ ના ગ્રાહકો હોટલમાં આવ્યા અને બીજે દિવસે ગયા તે દરમ્યાન હોટલ ઉપર આ સાહેદ હતા કે કેમ? તેનો દસ્તાવેજી પુરાવો નથી. તા.૯.૭.૨૦૦૮ ના દિવસે હોટલમાં વોચમેન કોણ હતા તેની ખબર નથી. કોઈપણ વાહન પાર્કીંગમાં પાર્ક થાય ત્યારે વાહનનો નંબર ચેક કરતા નથી. તા.૯.૭.૨૦૦૮ ના દિવસથી તા. ૧૦.૭.૨૦૦૮ ના રોજ સાંજના ૪.૦૦ વાગ્યા સુધી કોઈ નવો ગ્રાહક આવેલો નથી તે કબૂલ કરે છે. તા.૯.૭.૨૦૦૮ ના સમય દરમ્યાન હોટલમાં ઘણા ગ્રાહકો આવેલા. રજીસ્ટરના પાના નં.૧ થી ૪૨ ઉપર કરવામાં આવેલી એન્ટ્રીઓમાં વાહનોના નંબરો લખેલા નથી તે કબૂલ કરે છે. તા.૯.૭.૨૦૦૮ થી લઈને તા. ૨૩.૧૦.૨૦૦૮ ના દિવસે પોલીસ પ્રથમ વખત આવી તે દરમ્યાન આ ગ્રાહકો વિશેની માહિતી કોઈને આપેલી નહીં. પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદ હોટલમાં

મેનેજર છે. રોજેરોજ તેઓની હોટલમાં ઘણા બધા ગ્રાહકો રોકાવવા આવતા હોય અને રોકાઈને જતા હોય કયો ગ્રાહક શું કામ કરે છે અને તે પાછો કયાં જશે તેની નોંધ કે માહિતી મેળવવી આ સાહેદ માટે જરૂરી નથી અને આવી માહિતી મેળવીને કોઈને કહેવાની જરૂર પણ હોતી નથી. એન્ટ્રી નં.૪૨૪ વાળા ગ્રાહકો બોમ્બ બ્લાસ્ટ કરવાના છે તેવી જો તેને માહિતી હોત તો તેને પોલીસને ચોકકસપણે જાણ કરી હતો. પરંતુ એન્ટ્રી નં.૪૨૪ ના ગ્રાહકો પણ રોજેરોજ આવતા ગ્રાહકો જેવા જ ગ્રાહકો છે તેવુ આ સાહેદને ચોકકસપણે માનવાને કારણ છે માટે કોઈને પણ માહિતી આ ગ્રાહકો વિશેની આપી ન હોય તેથી કરીને આરોપી હોટલમાં રોકાયેલા નથી તેવુ અનુમાન થઈ શકે નહીં. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા સરતપાસમાં જણાવ્યા પ્રમાણે હોટલ શ્રીનાથમાં મેનેજર તરીકે કામ કરતા ન હતા તો તે હકીકત નકારી છે. તા.૯.૭.૨૦૦૮ ના દિવસે એન્ટ્રી નં.૪૨૪ ના કોઈ પેસેન્જરો મારૂતિ વેગન આર કાર જીજે–૬–સીડી–૩૫૬૯ લઈને આવેલા નહીં તો તે હકીકત પણ નકારી છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો સુરત ખાતે ઓળખ પરેડમાં બે વખત ગયેલા. આ સાહેદની હોટલમાં જુદા–જુદા રાજયોના લોકો પણ રોકાય છે તે કબૂલ કરે છે. રોકાયેલા લોકોની ભાષા ઉપરથી ખબર પડે નહીં કે તે કયા રાજયનો છે તે કબૂલ કરે છે. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચની પોલીસ પણ આવેલી કે કેમ? તે કહી શકે નહીં. મુંબઈ મુકામે જેલમાં ઓળખ પરેડ માટે ગયેલા તેવુ બનેલુ છે. કયા કેસમાં ગયેલા તેનો નંબર ખ્યાલ નથી. મુંબઈ ખાતે ઓળખ પરેડમાં ગયા ત્યારે આરોપીને ઓળખી શકેલા નહીં તે કબૂલ કરે છે. પોલીસના કહેવાથી અને સમજાવવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારે છે.

આમ આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ હોટલ શ્રીનાથ નેશનલ હાઈવે નં.૮ મા પારડી, જિલ્લોઃવલસાડ ખાતે મેનેજર તરીકે નોકરી કરતા હતા અને આ ગુનાના આરોપીઓ પૈકી આરોપી નં.૨૮ અફઝલ ઉર્ફે અફસર મુતલ્લીબ ઉસ્માની તથા આરોપી નં.૭૦ મોબીન ઉર્ફે મુબીન ઉર્ફે ઈરફાન અબ્દુલ શકુરખાન તથા આરોપી નં.૬૯ આમીન ઉર્ફે રાજા અયુબભાઈ શેખનાઓ હોટલ શ્રીનાથ, અમદાવાદમાં થયેલા બોમ્બ બ્લાસ્ટ અગાઉ રોકાયેલા

હતા અને આ સાહેદની હોટલના રજીસ્ટરમાં એન્ટ્રી નં.૪૨૪ કરેલી અને રૂમ નં. ૧૦૨ રહેવા માટે આપેલો હતો. આ આરોપીઓ વેગનઆર કાર લઈને આવેલા હતા. તપાસ કરનાર અધિકારીએ પોતાની તપાસ દરમ્યાન આ સાહેદનું નિવેદન લીધેલુ હતુ અને આ સાહેદને સુરત ખાતે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સમક્ષ આરોપીઓની ઓળખ પરેડ માટે લઈ જવામાં આવેલા હતા. ઓળખ પરેડ કરાવનાર એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સાહદે નં.પ૭૫ હતા અને તેમને પંચોની હાજરીમાં ડમી માણસો બોલાવીને આ કામના આરોપી નં.૨૮ અફઝલ ઉસ્માનીની ઓળખ પરેડ કરાવેલી અને ઓળખ પરેડ દરમ્યાન સાહેદ નં.૯૮૫ હસનઅલીનાઓએ આ આરોપીને તા.૨૯.૧૧.૨૦૦૮ ના રોજની ઓળખ પરેડની કાર્યવાહી દરમ્યાન ઓળખી બતાવેલા હતા. આ સાહેદે પોતાની સરતપાસ દરમ્યાન આ આરોપીને કોર્ટમાં ઓળખી બતાવેલ નથી અને કારણ આપેલુ છે કે ઘણો સમય થયેલ હોવાથી આરોપીને ઓળખી શકેલા નથી. આ સાહેદની હકીકત માનવાને કારણ છે કારણ કે આ આરોપી તા.૯.૭.૨૦૦૮ નાં રોજ હોટલમાં રોકાવવા માટે ગયેલો ત્યારે આ સાહેદે તેને જોયેલો. ત્યારબાદ તા.૨૯.૧૧.૨૦૦૮ ના રોજ આ સાહેદે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સમક્ષ આ આરોપીને ફરીથી જોયેલો અને ઓળખ પરેડ દરમ્યાન ઓળખી બતાવેલ. આમ આ આરોપીને ફરીથી જોવાનો પ્રસંગ આશરે ચારથી સાડા ચાર માસમાં ઉભો થયેલો માટે ઓળખ પરેડ દરમ્યાન આ સાહેદે આ આરોપીને ઓળખેલ હતો. સાડા ચાર માસના સમય દરમ્યાન સાહેદની યાદશકિત પણ તાજી રહેતી હોય છે તેમજ આરોપીના શરીરનો બાંધો પણ બદલાયેલો ન હોય. જયારે આ સાહેદની જુબાની આ અદાલતમાં તા.૧૪.૩.૨૦૧૮ ના રોજ એટલે કે મેજિસ્ટ્રેટ રૂબરૂ ઓળખ પરેડ થઈ તેના દસ વર્ષ બાદ થયેલી છે. આ ૧૦ વર્ષના સમય દરમ્યાન આ સાહેદે આરોપીને જોયેલો નથી જેથી આરોપીનો ચહેરો આ સાહેદના મગજમાં યાદદાસ્ત તરીકે રહેલો ન હોય. એટલુ જ નહીં ૧૦ વર્ષના સમયમાં આરોપીનો શારીરિક બાંધો પણ બદલાય ગયેલો હોય જેથી સ્વાભાવિક છે કે આ સાહેદ આરોપીને જુબાની દરમ્યાન ઓળખી શકે નહીં. જે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સમક્ષ

આ સાહેદે આરોપીને ઓળખી બતાવેલો અને ઓળખ પરેડની જે કંઈ કાર્યવાહી થયેલી તે ઑફિસ સમય દરમ્યાન થયેલી છે અને મેજિસ્ટ્રેટશ્રીએ પોતાની ફરજના ભાગરૂપે ઓળખ પરેડની કાર્યવાહી કરેલી છે જેથી તે નહીં માનવાને કોઈ કારણ નથી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે કનૈયાલાલ ધીરજલાલ રાજાને સાહેદ નં.૯૮૨ તરીકે આંક–૬૮૪૨ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ નાયબ મામલતદાર બીનખેતી સુરત તરીકે ફરજ બજાવતા હતા તે દરમિયાન સપ્ટેમ્બર/ઓક્ટોબર–૨૦૧૧ ના સમયગાળામાં તેમની પાસે વધારાના એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ તરીકે હવાલો હતો. તે દરમિયાન વી.વી. રાઠોડ, મદદનીશ પોલીસ કમિશનર એફ ડીવીઝન, સુરતનાઓ તરફથી તા.૩૦. ૯.૨૦૧૧ ના રોજનો રીપોર્ટ તેમની કચેરીમાં તા.૧.૧૦.૨૦૧૧ ના રોજ આવેલો. આ રીપોર્ટથી કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી.નં. ૧૭૬/૨૦૦૮ના કામે બે આરોપીઓ નામે એક મોબીન ઉર્ફે મુબીન ઉર્ફે ઇરફાન અબ્દુલ સકુરખાન તથા બીજા આમીન ઉર્ફે રાજા ઐયુબ શેખનાઓની સાહેદ હસનઅલી અહેમદઅલી સુણસરા, રહે. રૂમ નં.૧૦૫, કિલ્લા પારડી, ઇલીયાસ એપાર્ટમેન્ટ, જિ.વલસાડનાઓ દ્વારા ઓળખ પરેડ કરવાનું જણાવવામાં આવેલું અને તે અંગેનો સમય તથા તારીખ તથા સ્થળ નક્કી કરી જાણ કરવા જણાવવામાં આવેલું. આ રીપોર્ટ મળતાં ઓળખ પરેડ તા.૩.૧૦.૨૦૧૧ ના રોજ તેમની કચેરીમાં કલાક ૧૬.૦૦ વાગે યોજવા અંગેનું જણાવેલું. આ સાહેદને જે યાદી મળેલી તે અંગે સ્થળપ્રત આપેલ તે આંક–૬૮૪૩ મા સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

સાહેદ વધુમાં જણાવે છે કે આ યાદી મળી તે જ દિવસે તપાસ કરનાર અધિકારીને આરોપી અને સાહેદ એકબીજાને જોઇ ન શકે તે રીતે ઓળખ પરેડ માટે રજૂ કરવા અને તપાસ કરનાર અધિકારીને પણ હાજર રહેવા જણાવેલું. ત્યારબાદ તા.૩.૧૦.૨૦૧૧ ના રોજ સાંજે ૪.૦૦ વાગ્યે આ ઓળખ પરેડ બે તટસ્થ અને પ્રતિષ્ઠિત પંચોની હાજરીમાં રાખેલ જેમાં પંચ નં.૧ રાજુભાઇ

સુખલાલ પાટીલ, ધંધોઃડ્રાઈવર, રહે. પ્લોટ નં.૧૯૧, દ્વારકેશનગર, લીંબાયત, સુરત તથા પંચ નં.૨ શેખ રહીમ શેખ જબ્બાર, ધંધોઃડ્રાઈવર, રહે. રૂકસાના મકાનમાં, રૂસ્તમપુરા, પોલીસ ચોકી પાસે, સુરતનાઓ હતા. આ પંચોને આરોપીઓની સાહેદ દ્વારા ઓળખ કરવા અંગેનું પંચનામું કરવા સમજ કરતાં પંચોએ સંમતિ દર્શાવી અને આ પંચોને ચેમ્બરની બાજુની રૂમમાં બેસાડેલા. ત્યારબાદ સાહેદ હાજર થતાં તેમની વિગત પુછતાં તેમનું નામ હસનઅલી અહેમદઅલી સુણસરા, રહે. રૂમ નં.૧૦૫, કિલ્લા પારડી, ઈલીયાસ એપાર્ટમેન્ટ, જિ.વલસાડ હોવાનું જણાવેલ.

સાહેદ વધુમાં જણાવે છે કે આ ઓળખ પરેડના સાહેદ હાજર થતાં તેઓને જિલ્લા સેવા સદન–૨ મા આવેલી શિક્ષણ અધિકારીની કચેરી બહાર બાકડા ઉપર બેસાડેલા અને ત્યારબાદ એ.એસ.આઈ. પ્રકાશભાઈ ભાગવતભાઈ સોનવણે બકલ નં.૬૮૫ ડી.સી.બી. પોલીસ સ્ટેશન, સુરત દ્વારા આ કામના બે આરોપીને રજૂ કરેલા જેમાં એક આરોપી મોબીન ઉર્ફે મુબીન ઉર્ફે ઈરફાન અબ્દુલ સકુરખાન, ઉ.વ.૩૨, રહે.પ્લોટ નં.૨૦૪, આનંદ વિહાર, ફૈઝ–૩, ગાઝીયા બાદ, યુ.પી. મૂળ રહે. પ્લોટ નં.૬૬, સેરેશાહ, સુરીનગર, ઈન્દોર, મધ્યપ્રદેશ તથા બીજા આરોપી આમીન ઉર્ફે રાજા ઐયુબભાઈ શેખ , ઉ.વ.૨૯, રહે.મકાન નં.૧૩, ખજરાના પેલેસ, ઈન્દોર, મધ્યપ્રદેશનાઓ હતા.

સાહેદ વધુમાં જણાવે છે કે, આરોપીઓ ડી.સી.બી. પોલીસ સ્ટેશનની કસ્ટડીમાં હતા. આરોપીઓ હાજર થતાં તેઓને ચેમ્બરમાં બેસાડેલા. ત્યારબાદ આરોપીઓને મળતાં આવતાં ચહેરા, મોઢા અને ઉંચાઈ, ઉંમરવાળા કુલ–૧૫ શખ્સોને બોલાવડાવેલાં અને તેઓ તમામના નામ, સરનામાં પુછીને વિગતવાર પંચનામામાં લખેલાં. ત્યારબાદ ઓળખ પરેડમાં સમાવેલ તમામ શખ્સો તથા આ સાહેદ તથા પંચો તથા આરોપીઓ તમામ હાજર હતાં તેની ખાતરી કરેલી અને આ સિવાય અન્ય કોઈ ત્રાહિત ઈસમ કે પોલીસના કોઈ માણસ હાજર ન હતાં તેની ખાતરી કરેલી. ત્યારબાદ પંચ નં.૧ રાજુભાઈ પાટીલને આ કામના સાહેદ હસનઅલી સુણસરાને બોલાવી લાવવાનું જણાવેલું. જેથી

રાજુભાઈ ઓળખ પરેડનું સ્થળ છોડી સાહેદને આ કામના સાહેદ હસનઅલી સુણસરાને બોલાવી લાવવાનું જણાવેલું જેથી તેઓ ઓળખ પરેડનું સ્થળ છોડી સાહેદને બોલાવવા શિક્ષણ અધિકારીની કચેરીએ ગયેલાં. ત્યારબાદ ઓળખ પરેડમાં રાખવામાં આવેલાં પંચ નં.૨ શેખ રહિમ શેખ જબ્બારને બે આરોપીઓને બોલાવી લાવવાનુ જણાવેલું. જેથી જબ્બારભાઈ આ સાહેદની ચેમ્બરમાં ગયેલાં અને બંને આરોપીને બોલાવી લાવી આ સાહેદ સમક્ષ રજુ કરેલાં. તે બંને આરોપીઓના વારાફરતી નામ પુછેલાં તો તે પૈકી પ્રથમ આરોપીએ પોતાનું નામ મોબીન ઉર્ફે મુબીન ઉર્ફે ઇમરાન અબ્દુલ સકુરખાન હોવાનું જણાવેલું તથા બીજાએ પોતાનું નામ અમીન ઉર્ફે રાજા ઐયુબ શેખ જણાવેલું . આ બંને આરોપીઓને આ પ્રસ્તુત ગુનાની અને ઓળખ પરેડ બાબતે હિન્દી ભાષામાં સમજ આપેલી અને દેખાવમાં કે પોશાકમાં પરિવર્તન કે ફેરફાર કરવો હોય તો તેઓને તેમ કરવાની છુટ આપેલી. પરંતુ તેમણે ફેરફાર કરેલો નહીં. ત્યારબાદ આ આરોપીઓને લાઇનમા ઉભા રાખેલા ઇસમો સાથે પોતાની મનપસંદ જગ્યાએ ઉભા રહેવાનું જણાવેલું. જેથી આરોપી નં.૧ ઇસમ નં.૧૧ અને ૧૨ ની વચ્ચે અને આરોપી નં.૨ ઇસમ નં.૩ અને ૪ ની વચ્ચે જઇને ઉભા રહેલા.

સાહેદ વધુમાં જણાવે છે કે, ત્યારબાદ સાહેદને બોલાવવા ગયેલા પંચ નં.૧ સાહેદ હસનઅલીને લઇને આ સાહેદ રૂબરૂ પરેડના સ્થળે હાજર થયેલાં અને હાજર થયેલ સાહેદનું નામ પુછતાં તેણે પોતાનું નામ હસનઅલી સુણસરા જણાવેલું. ત્યારબાદ આ સાહેદને ગુનાની તેમજ ઓળખ પરેડ અંગેની સંપૂર્ણ સમજ આપેલી અને આ ગુનાના આરોપીઓ લાઇનમાં ઉભેલાં ઇસમો સાથે પોતાની મનપસંદ જગ્યાએ ઉભા રહેલાં છે તો તમે તેઓને નજરે જોયે તેઓને ઓળખતાં હોવ તો તે તેઓને ઓળખી બતાવી તેઓના હાથ પકડી લાઇનમાંથી બહાર કાઢી સમક્ષ રજૂ કરવા જણાવેલું. જેથી આ સાહેદ ધ્યાનથી તે તરફ જોઇ ઓળખ પરેડમાં ઉભા રાખેલાં ઇસમો પૈકી એક પછી એક બે ઇસમોને ઓળખી બતાવી તેઓના હાથ પકડી લાઇનમાંથી બહાર કાઢી રજૂ કરેલાં. ત્યારબાદ સાહેદને પરેડનું સ્થળ છોડી અને ચાલ્યા જવાની સૂચના આપેલી અને તેઓ

પરેડનું સ્થળ છોડીને ગયા બાદ તેમણે ઓળખી બતાવી બહાર કાઢેલાં શખ્સોનું નામ પુછતાં તે પૈકી એક આરોપીએ પોતાનું નામ મોબીન ઉર્ફે મુબીન ઉર્ફે ઈરફાન અબ્દુલ સકુરખાન જણાવેલું તથા બીજાએ પોતાનું નામ રાજા ઉર્ફે આમીન એૈયુબ શેખ હોવાનું જણાવેલું. આમ આ સાહેદે ઓળખ પરેડમાં સમાવેલાં ઈસમો પૈકી બે સાચા આરોપીને ઓળખી બતાવેલાં હતાં. આ ઓળખ પરેડની સમગ્ર કાર્યવાહી દરમિયાન આરોપીઓ ક્યાં ઉભાં હતાં તેની સાહેદને કોઇ પણ રીતે જાણ ન થાય તેમજ ઓળખ પરેડ તટસ્થતાપૂર્વક થાય અને તેની કાયદેસરતા જળવાઇ રહે તે માટેની સંપૂર્ણ સાવચેતી લીધેલી હતી અને આ ઓળખ પરેડ આ સાહેદની કચેરીમાં બંધ બારણે સાચી રીતે કરવામાં આવેલી હતી અને ઓળખ પરેડમાં આરોપીઓને તેમની મનપસંદ જગ્યાએ ઉભા રહેવાની તેમજ હાવભાવ, દેખાવ, પોશાકમાં પરીવર્તન કરવાની સંપૂર્ણ છુટ આપેલી હતી. આ કાર્યવાહીનું જે પંચનામુ બનાવવામાં આવેલુ જે આંક–૬૮૪૪ થી રજૂ છે આ પંચનામામાં સાહેદ પોતાની તેમજ પંચોની સહીઓ ઓળખી બતાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો ઓળખ પરેડની કાર્યવાહી કરી તે પહેલા ૩–૪ મહિનાથી એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ તરીકેનો ચાર્જ સંભાળેલો હતો. ઓળખ પરેડ વખતે કાયમી ધોરણે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ તરીકેની ફરજ બજાવતા ન હતા. મૂળ હોદ્દો નાયબ મામલતદાર તરીકેનો હતો. અગાઉ ઓળખ પરેડ કરાવવાના પ્રસંગો બનેલા હતા. ઓળખ પરેડ કરાવવાની સંપૂર્ણ કાર્યવાહીથી વાકેફ છે તે કબૂલ કરે છે. તા.૧.૧૦.૨૦૧૧ થી તા.૩.૧૦. ૨૦૧૧ સુધીના સમયમાં આ જ ઑફિસમાં ફરજ બજાવતા હતા. તા.૧.૧૦. ૨૦૧૧ ના રોજ ઓળખ પરેડનો પત્ર મળ્યા પછી તાત્કાલિક ઓળખ પરેડ નહીં કરાવવાનું કારણ આપી શકે નહીં. તા.૧.૧૦.૨૦૧૧ ના રોજનો પત્ર કેવી રીતે અને કયા સમયે મળેલો તેની નોંધ પત્ર ઉપર કરેલી નથી. પંચોને લાવનાર વ્યકિત કઈ જગ્યાએથી પંચો લઈ આવેલી તેની નોંધ કરેલી નથી. આ સાહેદની ઑફિસની બહાર આજુબાજુ બીજી ઘણી બધી સરકારી ઑફિસો આવેલી છે તે કબૂલ કરે છે. ઑફિસની આજુબાજુ રહેણાંકના મકાનો તેમજ કોમર્શીયલ મકાનો

આવેલા છે તે હકીકત નકારે છે. પંચોના માણસોને બોલાવવા માટે કલાર્કને મોકલેલો. પંચોને બોલાવ્યા તે પહેલ હેડ કોન્સ્ટેબલ પ્રકાશભાઈ આરોપીઓને લઈને આવી ગયા હતા તો તે હકીકત નકારી છે. ડમી ઈસમોને બોલાવી લાવનાર વ્યકિતને કેવા માણસો લાવવા તેવી કોઈ સુચના આપેલી નહીં. ડમી માણસો, આરોપીઓ, પંચો અને સાહેદો કેટલા વાગે આવેલા તે સમયની નોંધ કોઈ જગ્યાએ કરેલી નથી તે કબૂલ કરે છે. પોલીસની યાદીમાં આરોપીઓના નામ સરનામા, ગુનાની વિગત તેમને ભજવેલો ભાગ, આરોપીઓના ચહેરા નિશાન પત્રકો વિગેરેની માહિતી હતી તે કબૂલ કરે છે. સાહેદને હાજર રહેવા પોલીસને કોઈ સુચના આપી હોય તેવી નોંધ કરેલી નથી. તા.૩.૧૦.૨૦૧૧ નાં રોજ સાંજના ચાર વાગ્યે પોતાની કચેરીમાં ઓળખ માટે હાજર થવુ તેવો સમન્સ સાહેદોને મોકલેલો નથી તે કબૂલ કરે છે. સાહેદને બેસાડેલા તે જગ્યા ઑફિસોના કોમ્પ્લેક્ષમાં ત્રીજા માળે હતી અને આ સાહેદની ઑફિસ ચોથા માળે હતી. ઑફિસોવાળા કોમ્પ્લેક્ષમાં આગળ લોબીઓ આવેલી છે તે કબૂલ કરે છે. આરોપીઓને આ સાહેદની સમક્ષ કેવી સ્થિતિમાં લાવવામાં આવેલા તેની નોંધ કોઈ જગ્યાએ કરેલી નથી તે કબૂલ કરે છે. આરોપીઓને રજૂ કર્યા તે વખતે કઈ કઈ સાવચેતી લીધેલી છે તે અંગેની પોલીસને પુછપરછ કરેલી હોય તેવી નોંધ કરેલી નથી. ઑફિસમાં પત્ર આવતો જતો હોય તો તે બાબતેનો આવક–જાવક રજીસ્ટર નીભાવવામાં આવે છે. આંક–૬૮૪૩ વાળી યાદી ઉપર પોલીસ સ્ટેશનનો જાવક નંબર અને આ સાહેદની ઑફિસનો આવક નંબર લખેલો નથી તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે યાદી ઉપર પોલીસ સ્ટેશનનો જાવક નંબર કે આ સાહેદની ઑફિસનો આવક નંબર લખેલો ન હોય તો તેનો અર્થ એવો નથી કે આ યાદી ખોટી છે. યાદી લખનાર તપાસ અધિકારીની સહી છે જે ખોટી હોવાનું અનુમાન થઈ શકે નહીં. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો યાદી મળી તે બાબતે એન્ડ્રોસમેન્ટ સિવાય બીજી કોઈ જગ્યાએ નોંધ કરી નથી તે કબૂલ કરે છે. યાદીમાં તા.૩૦.૯.૨૦૧૧ લખવામાં આવેલી છે પરંતુ તે યાદી કયારે લખાયેલી તે ખબર નથી તે કબૂલ કરે છે. મારા મત પ્રમાણે આ યાદી લખનાર

તપાસ કરનાર અધિકારી છે તેમને યાદી કયા સમયે, કઈ તારીખે લખેલી તેની માહિતી આ સાહેદને ન હોય યાદીમાં તા.૩૦.૯.૨૦૧૧ લખવામાં આવેલી છે જેથી આ યાદી તા.૩૦.૯.૨૦૧૧ ના રોજ લખવામાં આવેલી હોવાનું કહી શકાય. પંચ નં.૧ સાહેદને લઈને કેટલા સમયમાં આવી ગયેલા તે યાદ નથી. પંચ નં.૧ સાહેદને બોલાવી લાવ્યો તે પહેલા ડમી ઈસમો આવી ગયેલા હતા. ડમી ઈસમો દેખાવે કેવા હતા તે અંગેની કોઈ નોંધ કરેલી નથી. ડમી ઈસમો દેખાવે કેવા હતા તે જુબાનીના દિવસે કહી શકે નહીં. તા.૩.૧૦.૨૦૧૧ ના રોજ ઓળખ પરેડ રાખી છે તે અંગેની લેખિત જાણકારી પોલીસને આપેલી નથી તો તે હકીકત નકારે છે. તા.૩૦.૯.૨૦૧૧ ના રોજનો પત્ર તા.૧.૧૦.૨૦૧૧ ના રોજ ઑફિસમાં કેવી રીતે આવેલો તે અંગેની નોંધ કરેલી નથી તે કબૂલ કરે છે. ઓળખ પરેડ કરાવતી વખતે કઈ–કઈ સાવચેતી લીધેલી તે અંગેની નોંધ પંચનામામાં કરેલી નથી તો તે હકીકત નકારે છે. ઈન્ચાર્જ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ તરીકે ઓળખ પરેડ કરાવવાની સત્તા હતી નહીં તો તે હકીકત નકારે છે. આંક–૬૮૪૩ વાળી યાદી તેમાં જણાવેલી તારીખે મળેલી નથી તો તે હકીકત નકારી છે. પોલીસને મદદ કરવા પાછળથી પંચનામુ તથા યાદી ઉભી કરેલી છે તો તે હકીકત પણ નકારી છે. ચાર વાગ્યા પહેલા મરજી પ્રમાણે ઓળખ પરેડની કાર્યવાહી કરવાના હતા તો તે હકીકત નકારી છે. પંચનામાની કાર્યવાહી ચાર વાગે શરૂ થઈ પાંચ વાગે પુરી કરેલી તો તે હકીકત કબૂલ કરે છે. આ પ્રશ્નનો અર્થ એવો થાય આ સાહેદે આ આરોપીઓની ઓળખ પરેડ કરાવેલી છે અને તેનુ પંચનામુ બનાવેલુ છે તે આરોપીઓ તરફથી કબૂલ કરવામાં આવેલ છે તેમ કહી શકાય. એક કલાક પંચનામાની કાર્યવાહી ચાલેલી તે દરમ્યાન ઑફિસની બહાર કઈ વ્યકિતઓ શું–શું કામગીરી કરતી હતી તે જોયેલુ નહીં. આરોપીઓ કેટલા સમયથી પોલીસ કસ્ટડીમાં છે તે આરોપીઓને પુછેલુ નહીં. તા.૧.૧૦.૨૦૧૧ થી તા.૩.૧૦.૨૦૧૧ ના સમય દરમ્યાન તમોને પોલીસે આરોપીઓ બતાવ્યા છે કે કેમ? તેવુ સાહેદોને પુછેલુ નહીં તે કબૂલ કરે છે. સાહેદ હસનઅલીએ આરોપીઓને કયા કારણસર ઓળખેલા તે હકીકત પંચનામામાં લખેલી નથી તે કબૂલ કરે છે.

સરતપાસમાં જણાવ્યા પ્રમાણે ઓળખ પરેડની કોઈ વિધિ કરેલી નથી તો તે હકીકત નકારે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ ઈન્ચાર્જ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ તરીકે સુરત ખાતે ફરજ બજાવતા હતા અને તપાસ કરનાર અધિકારીએ તા.૧.૧૦.૨૦૧૧ ના રોજ આરોપી નં.૬૯ આમીર ઉર્ફે રાજા ઐયુબ શેખ તથા આરોપી ન .૭૦ મોહમદ મોબીન ઉર્ફે મુબીન શકુરખાનની ઓળખ પરેડ કરાવવા માટે આવેલી યાદીના આધારે તા.૩.૧૦. ૨૦૧૧ ના રોજ આ સાહેદે આ બંને આરોપીઓની ઓળખ પરેડ પોતાની રૂબરૂમાં સાહેદ નં.૯૮૫ નાઓ સમક્ષ કરાવેલી હતી અને ઓળખ પરેડ દરમ્યાન આરોપી નં.૬૯,૭૦ નાઓને ઓળખી બતાવેલા હતા.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે કમલેશ રમણીકલાલ વસંતને સાહેદ નં.૮૦૨ તરીકે આંક–૫૩૨૧ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ હાલમાં નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડિયા, પ્રોજેક્ટ ઈમ્પ્લીમેનટેશન યુનિટ, અમદાવાદ ખાતે મેનેજર ટેકનિકલ તરીકે ફરજ બજાવે છે. અમદાવાદ વડોદરા એકસપ્રેસ વે કંપની લીમીટેડ નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડિયાની સબસીડરી કંપની હતી. તે તા.૧/૧/૨૦૧૩ થી આ પ્રોજેક્ટ બીલ્ટ ઓપરેટ એન્ડ ટ્રાન્સફરના ધોરણે ખાનગી કન્સેસનર (મેસર્સ આઈ.આર. બી. કંપની)ને આપવામાં આવતાં ઉપરોક્ત કંપની બંધ કરવામાં આવેલ છે. ૨૦૦૮ ના અરસામાં અમદાવાદ વડોદરા એકસપ્રેસ વે કંપની લીમીટેડ દ્વારા અમદાવાદ–વડોદરા એકસપ્રેસ વેનું સંચાલન થતું હતું. તે સમયે મેનેજર ટેક્નીકલ શ્રી રવીન્દ્ર એન.માથુર હતાં. શ્રી રવીન્દ્ર એન.માથુર સાથે આ સાહેદને ૨૦૧૨–૧૩ ના વર્ષમાં કામ કરવાનું બનેલુ જેથી તેઓની સહીઓ ઓળખે છે. તેઓ હાલમાં કાર્યપાલક ઈજનેર, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, રાજકોટ ખાતે ફરજ બજાવે છે. આ સાહેદ હાલમાં નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડિયાના એકસપ્રેસ વેના ચાર્જમાં હોવાથી અને જે તે વિભાગનું સાહિત્ય આ સાહેદની

ઑફિસમાં છે. આંક–૫૩૨૨ વાળો પત્ર અમદાવાદ–વડોદરા એકસપ્રેસ વે કંપની લીમીટેડના મેનેજરને ઉદ્દેશીને મોકલવામાં આવેલ તે ઓળખી બતાવેલ છે.

સાહેદ વધુમાં નિ.૩૪૮૫/૨૯૨ જોઈને જણાવે છે કે આ પત્ર અમદાવાદ વડોદરા એકસપ્રેસ વે કંપની લીમીટેડના તરફથી તા.૫/૧/૨૦૦૯ ના રોજ ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ, ઈન્વેસ્ટીગેશન ટીમ, ક્રાઈમ બ્રાન્ચને મોકલવામાં આવેલો અને તેની સાથે અમદાવાદ–વડોદરા એકસપ્રેસ વેના અમદાવાદ તથા વડોદરા ટોલ પ્લાઝાના વાહનોની અવરજવરની વિગતો મોકલી આપવામાં આવેલી. આ પત્રમાં પ્રોજેક્ટ ડાયરેક્ટ વતી રવીન્દ્ર એન. માથુરની સહી છે જે સહી ઓળખી બતાવે છે. જેની સાથે જે તે સમયના ટોલ ઓપરેટર સી થ્રી સિક્યોરીટી કંપની દ્વારા તૈયાર કરવામાં આવેલ કોમ્પ્યુટરાઈઝ્ડ વિગતો સામેલ હતી. જે વિગતનું પ્રથમ પાનું તા.૧૬/૭/૨૦૦૮ ના વાહન મુવમેન્ટની માંગ્યા મુજબની માહિતીનું હતુ અને બીજુ પાનું તા.૨૩/૭/૨૦૦૮ ના વાહન મુવમેન્ટની માંગ્યા મુજબની માહિતીનું હતુ. બીજા પાનાની પાછળના ભાગનું પાનું તા.૨૩/૭/૨૦૦૮ ના વાહન મુવમેન્ટની માંગ્યા મુજબની માહિતીનું હતુ અને ત્રીજુ પાનું તા.૨૩/૭/૨૦૦૮ ના વાહન મુવમેન્ટની માંગ્યા મુજબની માહિતીનું હતુ. ત્રીજાપાનાની પાછળના ભાગનું પાનું તા.૧૪/૭/ ૨૦૦૮ ના વાહન મુવમેન્ટની માંગ્યા મુજબની માહિતીનું હતુ અને ચોથું પાનું તા.૧૦/૭/ ૨૦૦૮ ના વાહન મુવમેન્ટની માંગ્યા મુજબની માહિતીનું હતુ તથા પાંચમું પાનું તા.૧૨/૭/૨૦૦૮ ના વાહન મુવમેન્ટની માંગ્યા મુજબની માહિતીનું હતુ અને છઠ્ઠું પાનું તા.૩૦/૭/૨૦૦૮ ના વાહન મુવમેન્ટની માંગ્યા મુજબની માહિતીનું હતુ. આ તમામમાં જે તે સમયના ટોલ ઓપરેટર સી થ્રી સિક્યોરીટી દ્વારા સીલ મારીને આપવામાં આવેલ જે પાના સંયુકત આંક–૫૩૨૩ થી રજૂ રાખેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો જે પુરાવો જુબાનીના દિવસે જાહેર કર્યો તે બાબતે પોલીસે કોઈ જવાબ લીધેલો નથી તે કબૂલ કરે છે. ૨૦૦૮ ની સાલમાં તેઓ સુરેન્દ્રનગર ખાતે માર્ગ અને મકાન વિભાગમાં ફરજ

બજાવતા હતા. આંક–૫૩૨૩ વાળો દસ્તાવેજ સહી કરીને રજૂ કરેલો નથી તે કબૂલ કરે છે. હાલની સરકારની નીતિ મુજબ તમામ ટોલ બુથ ઉપર સી.સી. ટી.વી. કેમેરા હોય છે તે કબૂલ કરે છે. પરંતુ આ બાબતે સાહેદે સ્પષ્ટતા કરેલી છે કે ૨૦૦૮ ની સાલમાં સી.સી.ટી.વી. કેમેરા ન હતા. રજૂ કરેલ દસ્તાવેજોમાં માત્ર વાહનના નંબર છે પરંતુ વાહન કયા જિલ્લા અને રાજયના છે તેનો ઉલ્લેખ નથી તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે જયારે પણ કોઈ વાહન ટોલબુથ ઉપરથી પસાર થાય ત્યારે તે કયા જિલ્લાનું અને કયા રાજયનું છે તે નોંધાતુ હોતુ નથી પરંતુ ફકત વાહનનો નંબર નોંધાય છે. આંક–૫૩૨૩ વાળો દસ્તાવેજ કોને તૈયાર કર્યો તે કહી શકે તેમ નથી. આંક–૫૩૨૩ વાળા પત્રના સહીકર્તાને ઓળખતા નથી. આ સિવાય બીજી કોઈ હકીકત આ સાહેદની જુબાનીમાં નીકળી આવતી નથી.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડિયા અમદાવાદ ખાતે મેનેજર ટેકનીકલ તરીકે ફરજ બજાવે છે અને અમદાવાદ–વડોદરા એકસપ્રેસ વે તેઓના ચાર્જમાં છે. તા.૧૬.૭.૨૦૦૮ તથા તા.૨૩.૭.૨૦૦૮ ના રોજ એકસપ્રેસ વે ઉપરથી પસાર થયેલા વાહનોની માહિતી તેમને રજૂ કરેલી છે અને બોમ્બ બ્લાસ્ટમાં ઉપયોગમાં લેવાયેલ વાહન એમએચ–૦૫–એચ–૫૭૬૪, જીજે–૬–સીડી–૯૭૧૮ તથા જીજે–૬–સીડી–૨૯૦૮ વાળા વાહનો એકસપ્રેસ વે ઉપરથી પસાર થયેલ હતા અને આ નંબરોની માહિતી આ સાહેદ પુરી પાડેલી છે. જેથી સ્પષ્ટપણે કહી શકાય કે આ નંબરોવાળા વાહનો અમદાવાદ ખાતે બોમ્બ બ્લાસ્ટ થતા પહેલા આવેલા છે અને અમદાવાદ ખાતે આ વાહનો લાવ્યા પછી વાહનોનો ઉપયોગ અમદાવાદમાં બોમ્બ બ્લાસ્ટ કરવા માટે થયેલો હોવાનું માલુમ પડે છે. આંક–૫૩૨૩ વાળો દસ્તાવેજ ધ્યાને લઈએ તો તા.૧૬.૭.૨૦૦૮ ના રોજ કલાક ૧૮.૨૮ વાગે વાહન નં.૨૯૦૮ તથા તા.૧૬.૭.૨૦૦૮ ના રોજ કલાક ૧૮.૨૭ વાગે વાહન નં.૫૭૬૪ તથા તા.૨૩.૭.૨૦૦૮ નાં રોજ કલાક ૧૮.૨૧ વાગે

વાહન નં.૯૭૧૭ પસાર થયેલા તે માલુમ પડે છે. આ માહિતી પ્રોજેકટ ડાયરેકટરનાઓએ પોતાના ફોરવર્ડીંગ પત્ર દ્વારા આપેલી છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે ઉમંગભાઈ રમેશભાઈ ઠક્કરને સાહેદ નં.૮૮૪ તરીકે આંક–૬૩૧૪ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૨૬/૯/૨૦૧૧ ના રોજ તેઓ પ્રાઈમસના રીપેરીંગ કામ માટે કાલુપુર ટાવર ગયેલ હતા. ત્યાં ઝકરીયા મસ્જિદ પાસે પ્રિન્સ હોટલે પોલીસે બોલાવેલા. આ સાહેદ સાથે બીજા સુકેતુભાઈ કરીને પણ હાજર હતાં. ત્યાં ટોળીયા સાહેબ કરીને સાહેબ હતાં, ક્રાઈમ બ્રાન્ચના બીજા માણસો, એક આરોપી હતો. સાહેબે એવું કહેલું કે, હોટલનું રજીસ્ટર જમા કરવાનું છે તો પંચમાં સહી કરશો? તેથી આ સાહેદ અને સુકેતુભાઈએ હા પાડેલી. ત્યાં આગળ હોટલના મેનેજર હાજર હતા જેનું નામ રાજેશભાઈ બારીયા હતું. રાજેશભાઈએ સાહેબને રજીસ્ટર સોંપેલું. આ રજીસ્ટર હોટલમાં કસ્ટમરો રોકાય તે બાબતનું હતું. જે આછા લાલ કલર જેવું, જૂના જેવું હતું. ટોળીયા સાહેબે આ રજીસ્ટરમાં ખોલીને કંઈક જોયેલું. તેમાં આરોપીની રોકાયાની એન્ટ્રી હતી. જે આરોપી હતાં તેનું નામ આમીન શેખ હતું. સાહેદને સેશન્સ કેસ નં.૩૮/૨૦૦૯ ના કામે રજૂ થયેલ મુદ્દામાલ લીસ્ટ આંક–૬૩૦૮ ના અનુક્રમ નં.૧ વાળા રજીસ્ટરની એન્ટ્રી નંબર ૧૩૨૬ વાળા પેજ ઉપર સાહેદ પોતાની તથા સુકેતુભાઈની અને રૂબરૂ તરીકે ટોળીયા સાહેબની સહીઓ ઓળખી બતાવે છે જેને આંક–૬૩૧૫ થી રજૂ રાખેલ છે. આ સાહેદે આરોપીને પુછતાં આરોપીએ જણાવેલું કે "આ એન્ટ્રી મારી છે અને હું અહીંયા રોકાયેલો". આ કાર્યવાહીનું પંચનામુ બનાવવામાં આવેલુ જે આંક–૬૩૧૬ થી રજૂ છે. આ પંચનામામાં સાહેદ પોતાની તથા સુકેતુભાઈની અને રૂબરૂ તરીકે ટોળીયા સાહેબની સહીઓ ઓળખી બતાવે છે. આરોપીને જોયે ઘણો સમય થયેલ હોવાથી ઓળખી શકે નહીં તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો જે જગ્યાએ પ્રાયમસ રીપેરીંગ કરાવવા ગયેલા તે દુકાનનું નામ યાદ નથી. આ સાહેદે પંચનામા પહેલા પ્રાયમસ લઈ લીધેલો હતો અને તે અંગેનુ કોઈ બીલ લીધેલુ નહીં. પ્રાયમસની

દુકાન અને પ્રિન્સ હોટલ વચ્ચે અર્ધો કીમીનું અંતર હશે. આ સાહેદે પંચનામુ લખાવેલુ. આ સાહેદની હાજરીમાં પોલીસે આરોપી કે હોટલ માલીકની કોઈ પુછપરછ કરેલી નથી. રજીસ્ટર મેનેજરે પોલીસ રૂબરૂ રજૂ કરેલુ અને તે ટોળીયા સાહેબે ચેક કરેલુ. આ સાહેદની હાજરીમાં આરોપીની સહીના નમૂના લીધેલા નહીં. રજીસ્ટર કબજે કર્યા પછી પોલીસે આરોપીની કોઈ પુછપરછ કરેલી નહીં. મુદ્દામાલ રજીસ્ટર જોઈને જણાવે છે કે પુઠ્ઠા ઉપરનું લખાણ અગાઉથી લખેલુ હતુ. ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારે છે. મુદ્દામાલ રજીસ્ટર કબજે કરતી વખતે આરોપીને કોઈ પહોંચ આપવામાં આવેલી નહીં તે કબૂલ કરે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયનાઓએ શાહીબાગ પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી. નં.૨૩૬/૨૦૦૮ ના કામે તા.૨૬.૯.૨૦૧૧ ના રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ સુકેતુ નટવરલાલ ઠાકોરનાઓને કાલુપુર મકેરીવાડ જકરીયા મસ્જિદ પાસે હોટલ પ્રિન્સ પેલેસ ખાતે બોલાવેલા અને ત્યાં આરોપી નં.૨૮ અફઝલ ઉસ્માની તથા આરોપી નં.૬૯ આમીન ઉર્ફે રાજા તા .૧૭.૭.૨૦૦૮ ના રોજ પ્રિન્સ હોટલમાં રોકાયેલા હતા અને તેનુ રજીસ્ટર કબજે કરવાનુ હતુ ત્યાં હોટલના મેનેજર રાજેશભાઈ બારીયા હાજર હતા અને તેમને એક લાલ કલરનું રજીસ્ટર જેના પુંઠ્ઠા ઉપર ૦૧ થી ૧૫૦૦ લખેલ છે અને તા.૧૭.૪.૨૦૦૮ થી શરૂ કરી તા.૨૫.૭.૨૦૦૮ સુધીનું છે અને તેમા એન્ટ્રી નં.૧ થી ૧૪૯૯ સુધીની છે જેમા એન્ટ્રી નં.૧૩૨૬ માં આમીન શેખ તથા અફઝલ શેખના નામની એન્ટ્રી કરેલી છે. તે રજીસ્ટર આંક–૬૩૧૬ ના પંચનામાની વિગતે કબજે કરેલુ હતુ. આંક–૬૩૧૫ વાળુ રજીસ્ટર ધ્યાને લેતા તેમાં એન્ટ્રી નં.૧૩૨૬ મા આમીન શેખ તથા અફઝલ શેખના નામો લખેલા છે, મોબાઈલ ફોન નં.૯૮૯૨૧૦૦૭૨૫ લખેલો છે અને સહીના કોલમમાં સહી કરેલ છે. આ રજીસ્ટરમાં બે પંચોની તથા રૂબરૂ તરીકે તપાસ અધિકારીની સહી છે.

આંક–૬૩૧૬ વાળુ પંચનામુ કરનાર તથા આંક–૬૩૧૫ વાળુ રજીસ્ટર કબજે કરનાર તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયા ગુજરી ગયેલા છે

માટે સીરીયલ બોમ્બ બ્લાસ્ટોની તપાસ કરનાર તપાસ ટીમો પૈકીના અન્ય એક તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ પોતાની જુબાનીના પાના નં.૨૧૫ પેરા નં.૩૧.૨૮ માં આ બાબતે જણાવેલ છે તથા આંક–૬૩૧૬ વાળા પંચનામામાં આ સાહેદે વી.આર.ટોળીયાની સહી ઓળખી બતાવેલી છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે મુકેશભાઈ આશાભાઈ ઠાકોરને સાહેદ નં.૯૧૧ તરીકે આંક–૬૫૧૦ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ આ સાહેદ તા.૨૩/૯/૨૦૧૧ ના રોજ જમાલપુર જગન્નાથના મંદિરે ગયેલા. તે વખતે બપોરના આશરે સાડા ત્રણથી પોણાં ચારનો થયો હતો. આ સાહેદ તથા એક બીજા રીક્ષાવાળા ભાઈ દેવીસીંગનાઓ ત્યાં મંદિર પાસે ઉભા હતા. તે વખતે એક પોલીસવાળા ભાઈ બાઈક લઈને આવેલા અને કહેલુ કે ક્રાઈમ બ્રાન્ચ ઑફિસે સાહેબ બોલાવે છે જેથી ક્રાઈમ બ્રાન્ચની ઓફિસે ગયેલો. ત્યાં સાહેબ કહેલુ કે, ૨૦૦૮ના બોમ્બ બ્લાસ્ટના કેસના આરોપીને પકડેલ છે. તે પહેલાં કાલુપુર ઝકકરીયા મસ્જિદની બાજુમા આવેલી પ્રિન્સ પેલેસ હોટલમાં રોકાયેલો હતો તથા સાહેબે એમ પણ કહેલુ કે હોટલ રજીસ્ટર પ્રમાણે જે એન્ટ્રી થયેલી છે તેના સહીના નમૂના લેવાના છે માટે તમે પંચમાં રહેશો ? જેથી પંચમાં રહેવા હા પાડેલી. ત્યાં જે આરોપીને પકડેલો હતો તેને જોયેલો. ત્યાં હાજર આરોપીનું નામ પુછેલું તો તેણે તેનુ નામ "અમીન શેખ" તેવુ કંઈક બતાવેલુ. તેણે રહેવાનું સરનામુ ઈન્દોરનું બતાવેલુ. સાહેદને સેશન્સ કેસ નં.૩૮/૨૦૦૯ ના મુદ્દામાલ લીસ્ટ આંક–૬૩૦૮ના અનુક્રમ નં.૧ વાળા લખાણના રજીસ્ટરમાં પાના નં.૮૯ પર લખાયેલુ જે અનુક્રમ નં.૧૩૨૬ ઉપર લખાયેલુ. ત્યારબાદ સાહેબે આરોપીને કહેલુ કે હું છ કાગળ તને આપુ છું તે કાગળ ઉપર રજીસ્ટર મુજબ લખી આપ. આરોપીએ કહેલુ કે "અનુક્રમ નં.૧૩૨૬વાળુ લખાણ મારૂ લખેલુ છે" આરોપીને આ એન્ટ્રી મુજબનું જે લખાણ લખેલુ. જે લખાણના કુલ–૮ પાના પર સાહેદ પોતાની તથા દેવીસીંગની તેમજ રૂબરૂ તરીકે સાહેબની સહીઓ ઓળખી બતાવે છે જે આંક–૬૫૧૧થી રજૂ રાખે છે. સદર કાર્યવાહીનું પંચનામુ

બનાવવામાં આવેલ જે આંક–૬૫૧૨ વાળા પંચનામામાં સાહેદ પોતાની તથા દેવીસીંગની તેમજ રૂબરૂ તરીકે સાહેબની સહીઓ ઓળખી બતાવે છે. સાહેદ આરોપીને ઓળખી શકતા નથી અને જણાવેલ છે કે જે તે વખતે આરોપીને દાઢી ન હતી અને આજે મોટા ભાગના આરોપીઓને દાઢી હોવાથી ઓળખી શકે નહીં.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ જન્મથી પાલડી ગામમાં રહે છે અને શાકભાજીની લારી ચલાવે છે અને દીવાન બલ્લુભાઈ સ્કુલની પાછળ લારી લઈને ઉભા રહે છે. પંચનામામાં સહી કરી તે દિવસે લારી બંધ રાખેલી તે કબૂલ કરે છે. પંચનામામાં રહેવાનુ છે અને આજે ધંધો બંધ રાખજે તેવુ સાહેબે કહેલુ તો તે હકીકત નકારી છે. જગન્નાથ મંદિર ખાતે દેવીસીંગની રીક્ષામાં આવેલા. દેવીસીંગ પાલડી વિસ્તારના સ્કૂલોના બાળકોની વર્ધિ કરે છે. દેવીસીંગ પાલડી ગામની બહાર રીક્ષા લઈને ઉભેલા અને ત્યાં આ સાહેદ તેઓને મળેલા. રીક્ષામાં આવ્યા પછી જમાલપુર બ્રિજ પાસે પોલીસના માણસો મળેલા તે હકીકત નકારી છે. પોલીસના માણસ જગન્નાથ મંદિર જતા પહેલા ચોકકસ કઈ જગ્યાએ મળેલા તે કહી શકે નહીં. પોલીસે દંડો બતાવીને રીક્ષા રોકેલાની હકીકત નકારી છે. તે દિવસે મુખ્ય કામ મંદિરે દર્શન કરવાનુ હતુ તો તે હકીકત નકારી છે. આમીન શેખ છેલ્લા બે માસથી પોલીસ કસ્ટડીમાં છે તેવુ પોલીસે જણાવેલુ નહીં. આમીન શેખને પોલીસે ધાક ધમકી આપેલી છે કે કેમ? તેવુ પણ જણાવેલુ નહીં. પોલીસ સ્ટેશનમાં ગયા ત્યારે રજીસ્ટર અને કાગળો પોલીસ પાસે હતા તે કબૂલ કરે છે. તે રજીસ્ટર તથા કાગળો કયાંથી અને કેવી રીતે લાવેલા તે પોલીસે કહેલુ નહીં. રજીસ્ટરમાં અને કાગળો ઉપર સહી કરતા પહેલા રજીસ્ટર કે કાગળો પંચોને ચકાસવા આપેલા નહીં. આ સાહેદની જુબાની દરમ્યાન બચાવ પક્ષ તરફથી ૧૩૯૮ અને ૨૨૭૧ ના આંકડા કાગળ ઉપર લખવાનું જણાવતા સાહેદે કાગળ અને પેન આપતા સાહેદે ૧૩૯૮ તથા ૨૨૭૧ લખી બતાવેલ છે જે કાગળને આંક–૬૫૧૩ થી રજૂ કરેલ છે. સરતપાસમાં જણાવ્યા પ્રમાણે આ સાહેદની હાજરીમાં આમીન શેખ નામની વ્યકિતએ પોલીસ સ્ટેશનમાં કોઈ વિગત જણાવેલી નથી તો તે હકીકત નકારી છે. આમીન શેખ નામની વ્યકિતએ કોઈ

લખાણો લખેલા નથી તો તે હકીકત પણ નકારી છે. પોલીસે પંચનામુ વારંવાર વાંચી સંભળાવેલુ હોવાથી ખોટી જુબાની આપે છે તો તે હકીકત નકારી છે. જુબાની વખતે આરોપીને ઓળખી શકેલા નથી તો તે હકીકત નકારે છે. હોટલના રજીસ્ટરમાં કેટલા પાના હતા તેનો ખ્યાલ નથી. હોટલ રજીસ્ટરના દરેક પાના જોયેલા નથી.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયનાઓએ શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં. ૨૩૬/૨૦૦૮ નાં કામે તા.૨૬.૯.૨૦૧૧ નાં રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ દેવીસીંગ બાબુભાઈ ચુડાસમાનાઓને ગાયકવાડ ક્રાઈમ બ્રાન્ચની ઑફિસ ખાતે બોલાવેલા અને ત્યાં આરોપી નં.૬૯ આમીન ઉર્ફે રાજા હાજર હતો . આ આરોપી કાલુપુર ખાતે આવેલી પ્રિન્સ હોટલમાં તેના સાથીદાર અફઝલ શેખ સાથે તા.૧૭.૭.૨૦૦૮ ના રોજ રોકાયેલો હતો અને તે હોટલનુ રજીસ્ટર આંક–૬૩૧૬ ના પંચનામાની વિગતે કબજે કરેલુ હતુ તે રજીસ્ટરમાં એન્ટ્રી નં.૧૩૨૬ આરોપી નં.૬૯ નાઓના હસ્તાક્ષરમાં થયેલી હતી. જેથી પંચોની હાજરીમાં હાજર આરોપી નં.૬૯ આમીન ઉર્ફે રાજા સન ઓફ અયુબ શેખનાઓને તે રજીસ્ટર બતાવેલુ અને રજીસ્ટરમાં એન્ટ્રી નં.૧૩૨૬ બતાવીને તે પ્રમાણેનુ લખાણ લખી આપી સહી કરી આપવાનું જણાવેલુ. ત્યારબાદ આરોપીને છ કાગળોમાં કુલ–૩૬ નમૂના સહીઓના લીધેલા અને તેને માર્ક એસ–૧ થી એસ–૬ આપેલો. આ ઉપરાંત આરોપીને અંગ્રેજી તથા હિન્દી ભાષામાં કુદરતી લખાણ લખી આપવાનું જણાવતા અંગ્રેજીમાં પેરેગ્રાફ પંચો રૂબરૂ લખી આપેલો જેને માર્ક એન –૧ આપેલો. આ ઉપરાંત હિન્દી ભાષામાં એક પેરેગ્રાફ લખી આપેલો જેને માર્ક એન–૨ આપેલો. આ કાર્યવાહીનું પંચનામુ આંક–૬૫૧૨ વાળુ બનાવેલુ અને સહીના નમુના કાગળોને સંયુકત આંક–૬૫૧૧ આપવામાં આવેલો.

આંક–૬૩૧૨ વાળુ પંચનામુ કરનાર તથા આંક–૬૩૧૧ ના સહીના નમૂના મેળવનાર તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયા ગુજરી ગયેલા છે માટે સીરીયલ બોમ્બ બ્લાસ્ટોની તપાસ કરનાર તપાસ ટીમો પૈકીના

અન્ય એક તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ પોતાની જુબાનીના પાના નં.૨૧૫ પેરા નં.૩૧.૨૯ માં આ બાબતે જણાવેલ છે તથા આંક–૬૩૧૨ વાળા પંચનામામાં આ સાહેદે વી.આર.ટોળીયાની સહી ઓળખી બતાવેલી છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે સુરેશકુમાર રામચરણ શર્માને સાહેદ નં.૯૧૬ તરીકે આંક–૬૫૩૬ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ આ સાહેદને તા.૩૧/૮/૨૦૧૧ ના રોજ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના સાહેબે સુરત રેલવે સ્ટેશન બોલાવેલા. આ સાહેદ સાથે બીજા એક ભાઈ દેવપ્રકાશને પણ પોલીસે બોલાવેલા. આ સાહેદને બોલાવ્યા ત્યારે પોલીસના સાહેબ સાથે બે આરોપી હતા. ત્યાં સાહેબે કહેલુ કે, આ ભાઈએ ગાડી ચોરી કરેલી હતી અને અહીંયા તે ગાડી પાર્ક કરેલી હતી. તે જગ્યાનું પંચનામું કરવાનુ છે જેથી સરકારી કામકાજ હોવાથી પંચમાં રહેવાની હા પાડેલી. તે આરોપીઓનું નામ પુછેલુ તો તે આરોપી પૈકી એકનાએ તેનુ નામ મુબીન કહેલુ અને બીજાએ તેનુ નામ આમીન જણાવેલુ. બંને આરોપીઓના આખા નામ હાલ યાદ નહીં હોવાનું જણાવેલ છે. તે લોકો એમ.પી.(મધ્યપ્રદેશ)ના હોવાનું જણાવેલુ. આ આરોપીઓએ કહેલુ કે, "અહીંયા સુરત રેલવે સ્ટેશનના પાર્કીંગમાં અમે ગાડી પાર્ક કરેલી હતી." આ જગ્યા સુરત રેલવે સ્ટેશનની સામે પ્રીમિયમ પાર્કીંગવાળી હતી અને તેમાં એસ.એસ. એન્ટરપ્રાઈઝનો કોન્ટ્રાકટ હતો. આ જગ્યાની પૂર્વ દિશાએ સ્ટેશનનું બિલ્ડિંગ તથા રેલવે કોર્ટ હતી તથા બીજી બાજુ રીક્ષા પાર્કીંગ હતુ અને ત્રીજી બાજુ કાર પાર્કીંગ હતુ અને ચોથી બાજુ રીઝર્વેશન કાઉન્ટર આવેલુ હતુ. આ જગ્યા જોયા બાબતે પંચનામું બનાવવામાં આવેલુ જે આંક–૬૫૩૭ થી રજૂ છે આ પંચનામામાં સાહેદ પોતાની તથા દેવપ્રકાશભાઈની તથા રૂબરૂ તરીકે સાહેબની સહીઓ ઓળખી બતાવે છે. સાહેદ આરોપીઓને ઓળખી શકતા નથી કારણ કે ઘણા વર્ષો થયેલ હોવાથી ઓળખી શકે નહીં તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પંચનામામાં સહી કરી તે દિવસે રેલવે સ્ટેશનના પાર્કીંગમાં રહેતા હતા, ત્યાં જમતા હતા અને નોકરી

પણ કરતા હતા તે કબૂલ કરે છે. પંચનામાના દિવસે જમવાનું જમી રહ્યા પછી બાર વાગ્યા બાદ પોલીસના માણસો આવેલા. ફોર વ્હીલ ગાડી પાર્કીંગમાં આવે તે ગાડીને લાઈનસર કરાવવાની ફરજ આ સાહેદ બજાવતા હતા. પોલીસના માણસો સાથે આવેલા આરોપીઓ તેમજ પોલીસના માણસોને અગાઉ કયારેય જોયેલા નથી કે મળેલા નથી. પ્રીમીયમ પાર્કીંગની સાથે મોટુ જનરલ પાર્કીંગ પણ છે તે કબૂલ કરે છે. પોલીસના માણસો આરોપીઓને લઈને કયારે આવેલા તેનો ખ્યાલ નથી. દેવીપ્રકાશ ચોરસીયા હિન્દી ભાષી છે અને તેમને હિન્દીમાં સહી કરેલી તે કબૂલ કરે છે. તૈયાર પંચનામામાં સહીઓ કરેલાની હકીકત નકારી છે. સરતપાસમાં જણાવ્યા મુજબ પંચનામામાં લખેલી વિગતો મુજબની કોઈ કાર્યવાહી કરેલી નથી તો તે હકીકત નકારે છે. આ સાહેદ એક સહી તીરૂપતી હોટલ ગયા ત્યારે અને એક સહી પાર્કીંગમાં હતા ત્યારે કરેલી. પાર્કીંગમાં રોજ કેટલી ગાડીઓ પાર્ક થવા આવે છે તે કહી શકે નહીં.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાથે મદદમાં રહેનાર અધિકારી સાહેદ નં.૧૦૬૯ પી.જી. વાઘેલાનાઓએ મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં.૨૦૩/૨૦૦૮ નાં કામે તા.૩૧.૮.૨૦૧૧ ના રોજ આ સાહેદ તથા બીજા પંચ દેવીપ્રકાશ ચોરસીયાનાઓને સુરત રેલવે સ્ટેશન ખાતે બોલાવેલા. ત્યાં બે આરોપીઓ નં.૬૯ આમીન ઉર્ફે રાજા અને આરોપી નં .૭૦ મોહમદ મોબીનનાઓ પોલીસ પાસે કસ્ટડીમાં હાજર હતા અને તેમને અમદાવાદ શહેરના સીરીયલ બોમ્બ બ્લાસ્ટ તથા સુરત શહેરના બોમ્બ પ્લાન્ટેશનના ગુનાઓમાં વપરાયેલ ફોર વ્હીલ ગાડીઓ મુંબઈ મુકામેથી ચોરી કરીને અમદાવાદ તથા સુરત પહોંચાડેલી અને તે ગાડીઓનો ઉપયોગ બોમ્બ મુકવા તથા બોમ્બ પ્લાન્ટ કરવા થયેલો. આ ગાડીઓ તેમને સુરત રેલવે સ્ટેશન ખાતે પાર્કીંગમાં પાર્ક કરેલી અને તે જગ્યા આ બંને આરોપીઓએ બતાવેલી અને તે અંગેનુ પંચનામુ આંક–૬૫૩૭ વાળુ બનાવેલુ.

આંક–૬૫૩૭ વાળુ પંચનામુ બનાવનાર તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૦૬૯ પી.જી.વાઘેલાનાઓની જુબાનીના પેરા નં.૨ ધ્યાને લેતા આરોપીઓ નામે મુબીન ઉર્ફે ઈરફાન સકુરખાન રહે.ખજરાના, ઈન્દોર તથા આમીન ઉર્ફે રાજા એયુબ શેખ, રહે.ખજરાના પેલેસ, ઈન્દોરનાઓએ જણાવેલ કે "તેઓએ ચોરી કરેલ વાહનો સુરત રેલવે સ્ટેશન ખાતે પાર્કિંગમાં મુકેલ હતાં." જેથી તા.૩૧/૮/૨૦૧૧ ના રોજ અમો સુરત રેલવે સ્ટેશન પાર્કિંગમાં ગયેલા અને ત્યાં બે પંચોના માણસોને બોલાવી હકીકત સમજાવી તેઓને પંચમાં રહેવા જણાવતા પંચોએ સ્વખુશી દર્શાવતા તેઓને પંચમાં હાજર રાખેલ. આ આરોપીઓએ સુરત રેલવે સ્ટેશન પાર્કિંગવાળી જગ્યા બતાવતા સદર જગ્યાનું વિગતવારનું પંચનામું પંચોના લખાવ્યા મુજબ લખી લીધેલ. આંક–૬૫૩૭ વાળા પંચનામામાં પંચોની તથા પોતાની સહીઓ ઓળખી બતાવે છે. આ સાહેદની ઊલટતપાસના પેરા નં.૨૫ ધ્યાને લઈએ તો બંને આરોપીઓની અલગ અલગ પુછપરછ કરવાનું યોગ્ય જણાયેલુ નહીં. આંક–૬૫૩૭ વાળા પંચનામામાં આરોપીઓએ આપેલી માહિતી અલગ અલગ બતાવેલી નથી તે કબૂલ કરે છે. આંક–૬૫૩૭ તથા ૬૮૧૯ વાળા પંચનામા કર્યા તે પહેલા કહેવાતુ વાહન મુંબઈથી ચોરાયેલુ છે તેવી માહિતી મળેલી.

આંક–૬૫૩૭ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "પોતાના નામ સરનામા" તથા "જુલાઇ–૨૦૦૮માં તેઓએ મુંબઈ ખાતેથી ચોરી કરેલ બે વેગન આર કાર રેલવે સ્ટેશનના પાર્કીંગમાં લાવીને મુકેલી તે જગ્યા" વિગેરે પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપીએ પોતે આપેલ માહિતી પ્રમાણેની તે જગ્યા ઉપર પાર્કીંગ આવેલુ હતુ તે પાર્કીંગનુ ત્યાં અસ્તિત્વ છે માટે આ પાર્કીંગ હોવાની માહિતી તેઓને પોતાને જ હતી જેથી તે હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય. સુરત મુકામે રેલવે સ્ટેશનના પાર્કીંગમાં આ આરોપી ગયેલા હતા ત્યાં વાહન પાર્ક કરેલુ હતુ તેની માહીતી આરોપીને હતી માટે પંચો તથા તપાસ કરનાર

અધિકારીને તે જગ્યા ઉપર આરોપી દોરી ગયેલા, આ દોરી જવાનુ વર્તન આરોપીનુ પુરાવામાં ગ્રાહ્ય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે વિજયભાઈ મનજીભાઈ વાડીકરને સાહેદ નં.૯૨૦ તરીકે આંક–૬૫૫૦ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ સને–૨૦૦૮ ની સાલમાં ઝકકરીયા મસ્જિદ પાસે આવેલ પ્રિન્સ હોટલમાં રીસેપ્નીસ્ટ તરીકે કામ કરતા હતા. હોટલમાં જે કોઈ ગ્રાહક આવે તો તેની રજીસ્ટરમાં એન્ટ્રી કરાવવાની અને તે ગ્રાહકને જે રૂમ આપ્યો હોય તે રૂમ વેઈટર દ્વારા ચાવી આપીને તે ગ્રાહકને ફાળવવાનો હોય છે. તેમને ત્યાં રજીસ્ટરમાં એન્ટ્રી જે તે ગ્રાહક કરે છે અને રજીસ્ટરમાં જે એન્ટ્રી કરવામાં આવે છે તેમાં ગ્રાહકનું નામ, તેની ઉંમર, તેનું સરનામુ, તે ગ્રાહક ક્યાંથી આવેલો છે, પછી તે ગ્રાહક પાછો ક્યાં જવાનો છે તે લખાવવામાં આવે છે. હોટલમાં તેમના કામકાજનો સમય સવારે ૭.૦૦ થી રાત્રિના ૮.૦૦ કલાક સુધીનો હતો.

સાહેદ વધુમાં જણાવે છે કે તા.૧૭/૭/૨૦૦૮ ના રોજ અમીન શેખ તથા અફજલ શેખ નામના ગ્રાહક આવેલા અને તેમણે આ સાહેદના રજીસ્ટરમાં સવારના કલાક ૧૧.૩૦ વાગ્યે એન્ટ્રી કરેલી. આ બે ગ્રાહક આવેલા તેમની રજીસ્ટરમાં એન્ટ્રી નં.૧૩૨૬ કરાવેલી. આંક–૬૪૧૫ વાળુ અસલ રજીસ્ટર આ સાહેદની પ્રિન્સ હોટલનું છે તે રજીસ્ટરમાં નોંધવામાં આવેલ એન્ટ્રી નં.૧૩૨૬ જોઈને કહે છે કે આ એન્ટ્રીમાં અમીન શેખ તથા અફજલ શેખ ગ્રાહક તરીકે આવેલા તેના નામ લખેલા છે. આ એન્ટ્રીમાં બંને મેલ બતાવેલા છે તથા તેઓનું સરનામુ હિન્દીમાં નોંધાયેલુ છે. આ એન્ટ્રીમાં ડિપાર્ચર ટાઈમ વાળા હસ્તાક્ષરો આ સાહેદના છે જ્યારે એન્ટ્રીના બાકીના તમામ કોલમના હસ્તાક્ષરો ગ્રાહકના છે. આ અક્ષરો બે ગ્રાહકો પૈકીના એક ગ્રાહક અમીન શેખના છે. આ બંને ગ્રાહકો તેમની હોટલ ઉપર આવેલા અને તેમણે એન્ટ્રી નં.૧૩૨૬ મા જે વિગતો લખેલી તે તથા તેઓ ગયા ત્યારે ડિપાર્ચર ટાઈમ લખેલો તે તમામ અક્ષરો તે જ છે અને એન્ટ્રી પણ તે જ છે અને રજીસ્ટર પણ તે જ છે જે ઓળખી બતાવે છે. તા.૧૭/૭/ ૨૦૦૮ ના રોજ આ એન્ટ્રીવાળા જે બે ગ્રાહક તેમની પાસે આવેલા

તે ઘણો સમય થયેલ હોવાથી ઓળખી શકે નહી અને એન્ટ્રી નં.૧૩૨૬ વાળુ સમગ્ર લખાણ તેમની હાજરીમાં લખાયેલાનું જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પ્રિન્સ હોટલમાં નોકરી કરતા હોવા બાબતે કોઈ પુરાવો પોલીસ સમક્ષ રજૂ કરેલો નથી તે હકીકત નકારે છે. પ્રિન્સ હોટલમાં રીસેપ્સનીસ્ટ તરીકે નિમણૂક પામેલા તે બાબતેનો નિમણૂક પત્ર રજૂ કરેલો નહીં. ફરજ બાબતેનું કોઈ લખાણ આપેલુ નથી. પ્રિન્સ હોટલમાં છ માસ સુધી નોકરી કરેલી. પોલીસ અફજલને લઈને આવેલી નથી તો તે હકીકત નકારી છે જેથી તેનો અર્થ એવો થાય કે પોલીસ આ સાહેદ સમક્ષ અફજલને લઈને આવેલી હતી. રજીસ્ટરમાં કયા આરોપીએ એન્ટ્રી કરેલી છે તે કહી શકુ નહીં તો તે હકીકત નકારી છે. તેનો અર્થ એવો થાય કે રજીસ્ટરમાં એન્ટ્રી કરનાર તે આ સાહેદ જાણે છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો પ્રશ્ન એવો પુછવામાં આવેલો છે કે તમે પોલીસ રૂબરૂ એવુ જણાવેલુ નથી કે અફજલે એવુ કીધુ કે એન્ટ્રી અમીન શેખે કરેલી છે તો જવાબમાં સાહેદે જણાવેલુ છે કે પોલીસ ત્યાં બેઠેલા હતા ત્યારે અફજલે પોલીસને કહેલુ કે અમીન શેખે કરેલી છે. પોલીસ આવી ત્યારે ફકત ઝેરોક્ષ કોપી રજૂ કરેલી, અસલ રજીસ્ટર જોયેલુ નહીં તો તે હકીકત નકારી છે. એન્ટ્રી અફજલે કરેલી છે કે અમીને કરેલી છે તે તમે કહી શકો નહીં તો તે હકીકત સાહેદે નકારેલી છે. અમીનને જોવાનો પ્રસંગ બનેલો નથી તો તે હકીકત પણ નકારેલી છે. ઘણા ગ્રાહકો પૈકી કયો ગ્રાહક કયારે આવેલો અને કેટલો સમય રોકાયેલો તે કેવો દેખાતો તો તેનુ વર્ણન આપી શકે નહીં તો તે કબૂલ કરે છે. મારા મત પ્રમાણે આ સાહેદની હોટલમાં ઘણા લોકો રોકાવવા આવતા હોય તેઓના વર્ણન કહી શકે નહીં અને વર્ણન યાદ પણ ન રહે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો ૧૩૨૬ નંબરની એન્ટ્રીના ગ્રાહકોના શારીરિક વર્ણનની નોંધ કરવામાં આવેલી નથી તો તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે હોટલ રજીસ્ટરોમાં ગ્રાહકના શારીરિક વર્ણનની નોંધ કરવાની હોતી નથી. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો ક્રાઈમ બ્રાન્ચ તરફથી જવાબ આપવા માટે ફોન આવેલો તે કબૂલ કરે છે. અફજલના કે અમીનના શારીરિક વર્ણન આપી શકે નહીં. બનાવ બાદ આ

સાહેદ દસ વર્ષ પછી જુબાની આપતા હોવાથી અમીન કે અફજલના શારીરિક વર્ણન આપી શકે નહીં કારણ કે તે યાદ પણ ન રહે. એટલુ જ નહીં દશ વર્ષ પછી આ બંનેને સાહેદ ઓળખી શકે પણ નહીં. આ સમય દરમ્યાન આ સાહેદે બંને વ્યકિતઓને જોયેલા પણ નથી માટે સ્વાભાવિક છે કે જુબાની દરમ્યાન ઓળખી શકે નહીં. પોલીસે વારંવાર જવાબ વાંચી, સંભળાવી, સમજાવતા ખોટી જુબાની આપેલી છે તો તે હકીકત પણ નકારી છે. એન્ટ્રીના અક્ષરો અમીન શેખના છે તેવુ પોલીસ નિવેદનમાં લખાવેલુ નથી તો તે હકીકત કબૂલ કરેલી છે. પરંતુ મારા મત પ્રમાણે પોલીસ નિવેદનમાં આ હકીકત નહીં લખાવવાથી આમીન તથા અફજલ આ સાહેદની હોટલમાં રોકાયેલા નથી તે હકીકત નકારી શકાય નહીં.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ રીલીફ રોડ જકકરીયા મસ્જિદ પાસે આવેલ હોટલ પ્રિન્સ પેલેસમાં રીસેપ્સનીસ્ટ તરીકે નોકરી કરતા હતા અને તેમની હોટલમાં તા.૧૭.૭.૨૦૦૮ ના રોજ આરોપી નં.૬૯ આમીન શેખ તથા આરોપી નં.૨૮ અફજલ ઉર્ફે અફસર ઉસ્માની રોકાયેલા હતા અને હોટલના રજીસ્ટરમાં ૧૧.૩૦ વાગે એન્ટ્રી નં.૧૩૨૬ થી એન્ટ્રી કરેલી હતી. જયારે પોલીસે આ સાહેદનો જવાબ લીધો ત્યારે આ સાહેદે આરોપીઓને ઓળખી બતાવેલા હતા. આ બનાવ બાદ દસ વર્ષ પછી સાહેદે જુબાની આપેલી હોવાથી કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલા નથી, નહીં ઓળખવા માટેનું કારણ સાહેદે જે આપેલુ છે તે યોગ્ય અને વાજબી છે તેમ હું માનુ છું.

હોટલ પ્રિન્સ પેલેસમાંથી તપાસ કરનાર અધિકારીએ હોટલ રજીસ્ટરના એન્ટ્રી નં.૧૩૨૬ ના ઉતારાની નકલ જે મેળવેલી તે પૃથક્કરણ અર્થે એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે મોકલી આપેલી અને તેનું પૃથક્કરણ કરનાર અધિકારી સાહેદ નં.૯૮૭ મનોહર મોહનદાસ તહીલીઆનીને ફરિયાદપક્ષે તપાસેલા છે. તેઓની સરતપાસ ધ્યાને લઈએ તો જુબાનીના પેરા નં.૨.૧ માં તેઓ જણાવે છે કે હોટલ પ્રિન્સના રજીસ્ટરના પાના નં.૮૯ ઉપર એન્ટ્રી નં.૧૩૨૬ ની સામે હિન્દીમાં લખાણો અને અંગ્રેજીમાં લેટર અને આંકડાઓ તથા સહી કરેલ છે તે લખાણને લાલ પેન્સિલથી કુંડાળુ કરી માર્ક ડી–૧ આપેલ છે તે

રજીસ્ટરના પાનાને સહી પુરતો આંક–૬૩૧૫ આપવામાં આવેલો છે અને આ રજીસ્ટરની એન્ટ્રી નં.૧૩૨૬ બતાવવામાં આવેલ છે. તે એન્ટ્રી આ સાહેદે તપાસેલી છે અને તપાસતા અભિપ્રાય ઉપર આવેલા કે એન્ટ્રીમાં લાલ કુંડાળાની બહાર એ.બી. કેસ નં.૫૪૬/૨૦૧૧ લખેલ છે તે એન્ટ્રીને આંક આપવા રજુઆત કરેલી. આ ઉપરાંત આમીન ઉર્ફે રાજા શેખના નમૂનાઓ કુલ –૬ પાના જેને સંયુકત આંક–૬૫૧૧ આપેલ છે તેની પણ તપાસણી કરેલી. આ ઉપરાંત આમીન શેખના લીટીવાળા કાગળ ઉપર લખેલ અંગ્રેજીમાં અને હિન્દીમાં લખેલા કુદરતી લખાણો પણ આ સાહેદે તપાસેલા છે. આ દસ્તાવેજો આ સાહેદને તપાસણી અર્થે તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયા તરફથી સત્તાના પ્રમાણપત્ર સાથે મળેલા જે ફોરવર્ડીંગ લેટર તથા પ્રમાણપત્ર આંક –૬૮૬૩ થી રજૂ છે. આ દસ્તાવેજો તપાસ્યા બાદ તા.૨૫.૧.૨૦૧૨ નાં રોજ આ સાહેદે અભિપ્રાય આપેલો અને તેમાં પોતાની સહી ઓળખી બતાવેલી છે. આ અભિપ્રાય આંક–૬૮૬૪ થી રજૂ કરેલો છે તથા અભિપ્રાયના કારણો આંક–૬૮૬૫ થી રજૂ કરેલા છે. વધુમાં આ સાહેદના કહેવા પ્રમાણે તમામ તકરારી નમુના અને કુદરતી દસ્તાવેજોની રૂટીન પ્રમાણે રેકર્ડ માટે તેની સીડી તૈયાર કરેલી. આ અભિપ્રાય વૈજ્ઞાનિક સાધનોની મદદથી તપાસ કરીને આપવામાં આવેલો હતો અને પોતાના ફોરવર્ડીંગ પત્ર સાથે મોકલી આપેલો. આ ફોરવર્ડીંગ પત્ર આંક–૬૮૬૬ થી રજૂ કરેલો છે. આ સાહેદે આપેલ અભિપ્રાય ધ્યાને લેતા એન્ટ્રી નં.૧૩૨૬ વાળા અક્ષરો આરોપી નં.૬૯ આમીન ઉર્ફે રાજાના કુદરતી લખાણો સાથે મળતા આવે છે તેવો અભિપ્રાય છે. આ અભિપ્રાય વૈજ્ઞાનિક પધ્ધતિથી આપેલો હોય નહીં માનવાને કોઈ કારણ નથી.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા કમ્પેરીઝન માટે જે દસ્તાવેજો આવેલા તેના ફોટોગ્રાફસ લીધેલા નથી તે કબૂલ કરે છે. સહીઓ તથા હસ્તાક્ષરની તપાસણી માટે લખાણની મૂળભૂત લાક્ષણીકતાઓ તથા જનરલ કેરેકટરીસ્ટીક ધ્યાને રાખે છે. ઉપરોકત અક્ષરોના કમ્પેરીઝન માટે વળાંક સિવાય બીજા કોઈ કારણો તે દસ્તાવેજમાં દર્શાવેલા નથી તે હકીકત નકારે છે. તકરારી

દસ્તાવેજનું લખાણની સરખામણી કરવા માટે નમૂનાનું લખાણ તે જ સ્થિતિમાં અને તેટલી જ જગ્યામાં લેવા જરૂરી છે તે કબૂલ કરે છે. પરંતુ સાહેદે જણાવેલુ છે કે તે આદેશાત્મક નથી. નમૂનાનું લખાણ તકરારી લખાણના સ્વરૂપમાં લખાયેલુ નથી તો તે હકીકત નકારી છે. ડી–૧ તકરારી દસ્તાવેજમાં અમીન શબ્દમાં "મ" જે દીર્ઘાઈ છે તે સાથેના નમૂનાનો દીર્ઘાઈ સરખો નથી તો તે હકીકત કબૂલ કરી છે. આ સાહેદને પ્રશ્ન પુછવામાં આવેલો છે કે તમે આપેલા કારણોની અંદર અક્ષરોના ઢોળાવ, લોકેશન, તેની દિશા, એલાઈનમેન્ટ, અક્ષરોમાના નીચેના ભાગનું અંતર અને તેના આકાર અંગે ઉપરના અને નીચેના પ્રોજેકશન અંગે લખાણોના શેડ અંગે અને દબાણના ડીસ્ટ્રીબ્યુટ માટે કોઈ કારણો આપવામાં આવેલા નથી. તો સાહેદે જણાવેલુ છે કે નમૂનાના લખાણો બોલ પોઈન્ટ પેનમાં લખાયેલા છે તેથી અક્ષરો ઉપર આપવામાં આવેલ દબાણ, શેડીંગ વિગેરે કેરેકટરીસ્ટને તપાસી શકાય નહીં તેથી કારણો જણાવેલા નથી .વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો રીજનીંગમાં કોઈ પણ અક્ષરો કે આંકડામાં વિભિન્નતા નથી તેવા કારણો આપેલા નથી તો તે હકીકત નકારી છે. દસ્તાવેજોનું મેગ્નીફીકેશન કેટલી ડીગ્રી સુધી કરેલુ છે તે રીપોર્ટમાં જણાવવુ આવશ્યક નથી તો તે હકીકત નકારી છે. આ કેસમાં રીપોર્ટ સાથે આવી મેગ્નીફાઈડ કોપી રજૂ કરી નથી તે કબૂલ કરે છે. સાહેદે જણાવેલુ છે કે તે જરૂરી નથી. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો જે રીજનીંગ રજૂ કરેલા છે તેમાં બીજા કોઈ અધિકારીની સહી નથી તે કબૂલ કરે છે. તા.૨૫.૧.૨૦૧૨ ના રોજ તપાસ પુરી કરીને તેનો અભિપ્રાય તૈયાર કરેલો તે શ્રી આર.એન.ગુનાને કયારે મોકલેલો તે યાદ નથી. આર.એન.ગુનાએ આ દસ્તાવેજો તપાસ્યા અંગેનો કોઈ લેખિત પુરાવો રજૂ કરેલ નથી તે કબૂલ કરે છે. વધુમાં આ સાહેદને પ્રશ્ન પુછવામાં આવેલો છે કે તમારા ઓપીનીયનની અંદર આર.એમ.ગુના સહમત છે તેવો શેરો કરેલો નથી તો સાહેદે જવાબ આપેલો છે કે મારી સહી ઉપરાંત તેમને પણ સહી કરેલી છે માટે અભિપ્રાયને એન્ડોસ કરેલો છે. દસ્તાવેજોની તપાસણી કેટલીવાર કરેલી તેવી કોઈ હકીકત દસ્તાવેજમાં જાહેર કરી નથી તે કબૂલ કરે છે. તકરારી લખાણનું

પરિક્ષણ એડમીટેડ લખાણ કે સહીને ધ્યાનમાં રાખીને કરેલ નથી તો તે હકીકત નકારી છે. કોઈપણ હોશિયાર વ્યકિતને કોઈ લખાણ બતાવી તે જ પ્રમાણે લખવાનું વારંવાર કહેવામાં આવે અને લખાવવામાં આવે તો તે બે લખાણો વચ્ચે કંઈક અંશે સરખામણી આવે તેવી શકયતા છે તો તે હકીકત નકારી છે. એક જ વ્યકિતને એક જ લખાણ વારંવાર કરાવવામાં આવે તો તેમાં કુદરતી ફેરફાર આવે તે કબૂલ કરે છે. દસ્તાવેજો તપાસવા તમે કઈ પધ્ધતિ અપનાવેલી તેના જવાબમાં સાહેદે જણાવેલુ છે કે વૈજ્ઞાનિક પધ્ધતિ અપનાવેલી . પોલીસ અધિકારીના કહેવાથી તેના સમર્થનમાં ખોટો રીપોર્ટ આપેલાની હકીકત નકારેલી છે. તકરારી દસ્તાવેજો અને કુદરતી દસ્તાવેજો કયા ઈન્સ્ટ્રુમેન્ટથી લખાયેલા છે તે રીપોર્ટમાં જણાવેલુ નથી તે કબૂલ કરે છે. મારા મત પ્રમાણે લખવા માટે ઈન્સ્ટ્રુમેન્ટ વપરાતુ નથી પરંતુ બોલપેન કે ઈંકપેન વપરાય છે અને તે કઈ પેનથી લખાયેલ છે તેનુ પૃથકકરણ કરવાનું હોતુ નથી ફકત અક્ષરોનું પૃથકકરણ કરવાનું હોય છે માટે આવા પ્રશ્ન પુછવાનો કોઈ અર્થ નથી. સચોટ અભિપ્રાય માટેનું કોઈ સંપુર્ણ સાયન્સ નથી તો તે હકીકત નકારી છે. દસ્તાવેજોની ચકાસણી વખતે તકરારી દસ્તાવેજ, હસ્તાક્ષરના નમૂના અને કુદરતી દસ્તાવેજની જરૂર પડે તે કબૂલ કરે છે. આ ત્રણ પૈકી કોઈ એક ઘટક ન હોય તો સચોટ અભિપ્રાય આપી શકાય નહીં તો તે હકીકત નકારી છે.

સમગ્ર પુરાવો ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી વી.આર. ટોળીયાનાઓએ પંચ સાહેદ નં.૮૮૪ ઉમંગ રમેશભાઈ ઠકકરનાઓની હાજરીમાં આંક–૬૩૧૬ વાળુ પંચનામુ બનાવી એક લાલ કલરનું હોટલ રજીસ્ટર જેમાં એન્ટ્રી નં.૧૩૨૬ મા આમીન શેખ તથા અફજલ શેખનાઓએ તા.૧૭.૭.૨૦૦૮ નાં રોજ ૧૧.૩૦ વાગે નોંધ કરેલી હતી અને તે આ કામે આંક–૬૩૧૫ થી રજૂ કરેલુ છે તથા સાહેદ નં.૯૨૦ વિજયભાઈ મનજીભાઈ વાડીકરનાઓએ હોટલ રજીસ્ટરના ઉતારાની નકલ રજૂ કરેલી હતી. ત્યારબાદ તપાસ કરનાર અધિકારીએ પંચ સાહેદ નં.૯૧૧ મુકેશભાઈ ઠાકોરની હાજરીમાં આંક–૬૫૧૨ વાળુ પંચનામુ બનાવી આરોપીના હસ્તાક્ષરના નમૂના મેળવેલા જેને માર્ક એસ–૧ થી એસ–૬

આપવામાં આવેલો તથા હિન્દી ભાષામાં આરોપી પાસે પેરેગ્રાફ લખાવેલો જેના માર્ક એન–૧ આપવામાં આવેલો તથા અંગ્રેજી ભાષામાં આરોપી પાસે પેરેગ્રાફ લખાવેલો અને તેને માર્ક એન–૨ આપવામાં આવેલો. જયારે પ્રિન્સ હોટલના રજીસ્ટરને માર્ક ડી–૧ આપવામાં આવેલો જેને આંક–૬૩૧૫ આપવામાં આવેલો છે. આ રજીસ્ટર અને હસ્તાક્ષરોનું પૃથક્કરણ કરનાર અધિકારી સાહેદ નં.૯૮૭ મનોહર મોહનદાસ તહેલીઆનીએ કરેલુ અને તેમના અભિપ્રાય પ્રમાણે એન્ટ્રી નં.૧૩૨૬ ના અક્ષરો આરોપી નં.૬૯ આમીર ઉર્ફે રાજાના હસ્તાક્ષરો સાથે મળતા આવે છે તેવો અભિપ્રાય આપેલો જે આંક–૬૮૬૩ થી રજૂ છે. અભિપ્રાય ઉપર આવવાના કારણો આંક–૬૮૬૫ થી રજૂ છે. અભિપ્રાય તથા કારણોમાં એફ.એસ.એલ. અધિકારીએ પોતાની સહી ઓળખી બતાવેલી છે અને આંક–૬૮૬૬ વાળા ફોરવર્ડીંગ પત્ર સાથે આ અભિપ્રાય તપાસ કરનાર અધિકારીને મોકલી આપેલો છે. જેથી એવુ કહી શકાય કે રજીસ્ટરની એન્ટ્રી નં.૧૩૨૬નું લખાણ આરોપી નં.૬૯ નાઓએ કરેલુ હતુ. આરોપીઓ તરફથી કરવામાં આવેલ ઊલટતપાસ ધ્યાને લેતા આરોપીઓને મદદરૂપ થાય તેવી હકીકત નીકળી આવતી નથી. આ સાહેદ હસ્તાક્ષર નિષ્ણાંત છે. હસ્તાક્ષરની સરખામણી બાબતે તેમની પાસે પુરૂ જ્ઞાન છે અને તાલીમ પણ મેળવેલી છે. જેથી આ સાહેદે જે કંઈ અભિપ્રાય આપેલો છે તે નહીં માનવાને કોઈ કારણ નથી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે શોએબ શફીર શેખને સાહેદ નં.૯૭૬ તરીકે આંક–૬૮૧૮ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ તા.૩૦.૮.૨૦૧૧ ના રોજ આશરે દોઢ વાગ્યે ઘરેથી જમીને દુકાન ઉપર જઇ રહ્યા હતા ત્યારે અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચના પોલીસ ઇન્ડિયન ઓઇલ નગર કોલોની પાસે ઉભેલાં હતાં ત્યાં બોલાવેલા. ત્યાં બીજા એક બાદલભાઇને પણ બોલાવેલા. ઇન્ડિયન ઓઇલ નગર કોલોની ગોવંડીમાં આવેલી છે. પોલીસે જણાવેલું કે અમદાવાદ બોમ્બ બ્લાસ્ટ કેસમાં બે આરોપીઓ પકડેલાં છે અને તેઓ જગ્યા બતાવવા માંગે છે. તે લોકોએ ગાડી ચોરીને જ્યાં પાર્ક કરી હતી તે જગ્યા બતાવવા માંગે છે તેવું પોલીસે કહેલું અને પંચનામું

કરવાનું છે. સાહેબે પુછેલું કે પંચમાં રહેશો? તો પંચમાં રહેવાની હા પાડેલી અને તેમની સાથેના બીજા ભાઇએ પણ હા પાડેલી. ત્યારપછી તેઓની રૂબરૂમાં સાહેબે આરોપીઓનું નામ પુછેલું તો આરોપીએ પોતાનું નામ "મોહંમદ મોબીન જણાવેલું" અને બીજાએ તેનું નામ "આમીન રઝાક તેવું કંઇક જણાવેલું." આ લોકોના પુરા નામ હાલ યાદ નથી. આ લોકો ઇન્દોર, મધ્યપ્રદેશના રહેવાસી હોવાનું જણાવેલું. આ લોકોએ તેમના નામ, સરનામાં બતાવ્યા પછી જે જગ્યાએ ગાડી પાર્ક કરી હતી તે જગ્યા બતાવેલી. આરોપીઓએ એવું જણાવેલું કે "અમે બે વેગન આર ગાડી એક સીલ્વર કલરની અને બીજી કાળા કલરની ચોરી કરીને અહીંયા પાર્ક કરી હતી તેવું જણાવેલું હતું." આ જગ્યા પાસે રોડ છે અને ત્યાં ગાડીઓ પાર્ક કરવા માટેની મોટી જગ્યા આવેલી હતી અને ત્યાં કિંજલ બિલ્ડિંગ આવેલું હતું. આ કીંજલ બિલ્ડિંગ ઇન્ડિયન ઓઇલની બાજુમાં આવેલુ હતુ. આ કાર્યવાહીનું પંચનામુ બનાવવામાં આવેલુ જે આંક–૬૮૧૯ વાળા પંચનામામાં સાહેદ પોતાની તથા બાદલભાઈની સહીઓ ઓળખી બતાવેલી છે. સાહેદને અમદાવાદ સેન્ટ્રલ જેલ ખાતા રાખવામાં આવેલ આરોપીને વીડિયો કોન્ફરન્સ ટી.વી. સ્ક્રીન થકી ચાર ચારની સંખ્યામાં અને ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીને વીડિયો કોન્ફરન્સ ટી.વી. સ્ક્રીન થકી ત્રણ ત્રણની સંખ્યામાં બતાવવામાં આવતા સાહેદ આરોપઓને ઓળખી બતાવતા નથી અને જણાવેલ છે કે તેઓએ જે આરોપીઓ જોયેલાં તે પૈકી એક આરોપી ઉંચો અને ગોરો હતો અને તેને નાની નાની દાઢી હતી અને બીજાને પણ નાની નાની દાઢી અને મુંછ હતી. જ્યારે આજે જે આરોપીઓ જોયાં તેઓને મોટા ભાગે લાંબી દાઢી છે અને ઘણાને નાની દાઢી છે જેથી ઓળખી શકે નહીં તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ ગોવંડીમાં આકાશ કોમ્યુનીકેશનની સામે કેના માર્કેટ પાસે મુંબઈ ખાતે રહે છે અને દુકાન શીવાજી નગરમાં આવેલી છે. દુકાન ઉપર આ સાહેદ તથા તેમના ભાગીદાર મોસીન શેખ બેસે છે. પોલીસે આ સાહેદની હાજરીમાં બંને આરોપીઓના નામ ઠામ પુછેલા તથા ગાડીઓ કયાં રાખેલી હતી તે પુછેલુ. પંચનામુ આ સાહેદ

લખાવતા હતા. બંને આરોપીઓએ એવુ લખાવેલુ હોય કે અમે બે વેગન આર ગાડીઓ એક કાળા કલરની અને એક સીલ્વર કલરની ચોરી કરીને અહીંયા પાર્ક કરેલી હતી તે હકીકત પંચનામામાં લખેલી ન હોય તો યાદ નથી. પાર્કીંગવાળી જગ્યા જે હતી તે જગ્યાએ ગાડીઓ પાર્ક કરેલી હતી અને રોડ હતો. પોલીસે જયારે રોકેલા ત્યારે પંચમાં રહેવાનુ જણાવેલુ હતુ. આરોપીઓ પોલીસ કસ્ટડીમાં કયારથી છે તે અંગેની પુછપરછ કરેલી નહીં. પંચનામાવાળી જગ્યા ઉપર આરોપીઓને કયારે લાવવામાં આવેલા તે અંગેની પણ પુછપરછ કરેલી નહીં. પંચનામાવાળા સ્થળે કોઈએ બોલાવેલા નથી અને ત્યાં કોઈ આરોપીને જોયેલો નથી તો તે હકીકત નકારે છે. આ સાહેદની રૂબરૂમાં પંચનામુ કરવામાં આવેલુ નથી તો તે હકીકત નકારે છે. પોલીસના કહેવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાથે મદદમાં રહેનાર અધિકારી સાહેદ નં.૧૦૬૯ પી.જી. વાઘેલાનાઓએ મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં.૨૦૩/૨૦૦૮ નાં કામે તા.૩૦.૮.૨૦૧૧ ના રોજ આ સાહેદ તથા બીજા પંચ બાદલ રમેશભાઈ થાપરનાઓને મુંબઈ ગોવંદી ખાતે ઈન્ડિયન ઓઈલ કોલોનીના પાછળના ભાગે જાહેર રોડ ઉપર બોલાવેલા. ત્યાં બે આરોપીઓ નં.૬૯ આમીન ઉર્ફે રાજા અને આરોપી નં.૭૦ મોહમદ મોબીનનાઓ પોલીસ પાસે કસ્ટડીમાં હાજર હતા અને તેમને અમદાવાદ શહેરના સીરીયલ બોમ્બ બ્લાસ્ટ તથા સુરત શહેરના બોમ્બ પ્લાન્ટેશનના ગુનાઓમાં વપરાયેલ ફોર વ્હીલ ગાડીઓ મુંબઈ મુકામેથી ચોરી કરીને અમદાવાદ તથા સુરત પહોંચાડેલી અને તે ગાડીઓનો ઉપયોગ બોમ્બ મુકવા તથા બોમ્બ પ્લાન્ટ કરવા થયેલો. આ ગાડીઓ તેમને જયા પાર્ક કરેલી હતી તે જગ્યા આ બંને આરોપીઓએ બતાવેલી અને તે અંગેનુ પંચનામુ આંક–૬૮૧૯ વાળુ બનાવેલુ.

આંક–૬૮૧૯ વાળુ પંચનામુ બનાવનાર તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૦૬૯ પી.જી.વાઘેલાનાઓની જુબાનીના પેરા નં.૨ ધ્યાને લેતા આ

કામના આરોપીઓએ પોતે જે જગ્યાએ ચોરી કરેલ વાહનો પાર્ક કરેલ તે જગ્યા બતાવવા સ્વખુશી બતાવતા બંને આરોપીઓને સાથે રાખી તેઓના બતાવ્યા મુજબ ઈન્ડિયન ઓઈલ કોલોની સામે, માનખુર્દ ખાતેના રોડ ઉપર લઈ આવતા ત્યાં રસ્તે જતા બે પંચોને બોલાવી પંચોની હકીકત સમજાવી પંચોને પંચમાં રહેવા જણાવતાં પંચોએ સ્વખુશી બતાવતા આ સ્થળે આરોપીએ બતાવેલ જગ્યા જોતાં સદર જગ્યા ઈન્ડિયન ઓઈલ કોલોનીના પાછળના ભાગે જાહેર રોડ ઉપરની જગ્યા બતાવેલી. જે જગ્યાએ કાળા કલરની તથા સીલ્વર કલરની વેગન આર કાર પાર્ક કરેલ હોવાનું જણાવેલું. જે જગ્યા જોતાં તે સમયે બંને બાજુએ વાહનો પાર્ક થયેલ હતાં. જે જગ્યાની વિગતવારની નોંધ પંચનામામાં કરેલી હતી અને પંચોના લખાવ્યા મુજબનું પંચનામું લખી લીધેલ. આંક–૬૮૧૯ વાળા પંચનામામાં પંચોની તથા પોતાની સહિઓ ઓળખી બતાવે છે. આ સાહેદની ઊલટતપાસના પેરા નં.૨૫ ધ્યાને લઈએ તો બંને આરોપીઓની અલગ–અલગ પુછપરછ કરવાનું યોગ્ય જણાયેલુ નહીં. આંક–૬૫૩૭ વાળા પંચનામામાં આરોપીઓએ આપેલી માહિતી અલગ–અલગ બતાવેલી નથી તે કબૂલ કરે છે. આંક–૬૫૩૭ તથા ૬૮૧૯ વાળા પંચનામા કર્યા તે પહેલા કહેવાતુ વાહન મુંબઈથી ચોરાયેલુ છે તેવી માહિતી મળેલી.

આંક–૬૮૧૯ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "પોતાના નામ સરનામા" તથા "જુલાઈ–૨૦૦૮માં તેઓએ મુંબઈ ખાતેથી ચોરી કરેલ બે વેગન આર કાર ઈન્ડિયન ઓઈલ કોલોનીની પાછળના ભાગે જાહેર રોડ ઉપર પાર્ક કરેલી હતી તે જગ્યા બતાવવા માંગીએ છીએ" વિગેરે પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપીએ પોતે આપેલ માહિતી પ્રમાણેની તે જગ્યા ઉપર પાર્કીંગ આવેલુ હતુ તે પાર્કીંગનુ ત્યાં અસ્તિત્વ છે માટે આ પાર્કીંગ હોવાની માહિતી તેઓને પોતાને જ હતી જેથી તે હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય. આ જગ્યાઓ ઉપર આરોપી ગયેલા હતા, આ જગ્યાઓ આરોપીએ જોયેલી હતી અને આ

જગ્યાઓની માહીતી આરોપીને હતી માટે પંચો તથા તપાસ કરનાર અધિકારીને આ જગ્યાઓ ઉપર આરોપી દોરી ગયેલા, દોરી જવાનુ આરોપીનુ વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે કમલ જશવંતલાલ થાપરને સાહેદ નં.૯૭૭ તરીકે આંક–૬૮૨૦ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ સને–૨૦૦૩/૦૪ ની સાલથી નંબર પ્લેટ અને સાઇન બોર્ડ બનાવવાનું કામ કરે છે અને તેમની દુકાન જે.કે. ચેમ્બર્સ, સેક્ટર–૧૭, વાશી, નવી મુંબઇ ખાતે આવેલી છે અને "પપ્પુ રેડીયમ"ના નામથી ધંધો કરે છે. તેમની ભાડાની દુકાન હતી અને દુકાનના માલીક અવતાર પોદાર નામની વ્યક્તિ હતાં. તા.૩૦.૮.૨૦૧૧ ના રોજ અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચની પોલીસ તેમની દુકાન ઉપર આવેલી. પોલીસ આવી ત્યારે તેની સાથે બે આરોપીઓ હતાં. તે આરોપીઓના નામ એક મોબીન અને બીજા રાજા હતાં. તેઓના પુરા નામ હાલ યાદ નથી. પોલીસે આવીને કહેલુ કે અમદાવાદમાં બોમ્બ બ્લાસ્ટ થયેલાં તેના બે આરોપીઓ છે અને તેમની ગાડીઓની જે નંબર પ્લેટો બનાવેલી છે તે તમે બનાવેલી છે. આ સાહેદે પોલીસને જણાવેલું કે આ લોકોને જાણું છું પહેલા પણ તેમની પાસે ઘણી વખત નંબર પ્લેટ બનાવડાવેલી છે. આ લોકો એટલે મોબિન અને રાજા. પહેલા તે લોકો જ્યારે નંબર પ્લેટ બનાવવા આવેલાં ત્યારે ગાડીઓ લઇને આવતાં હતા અને તેમની નંબર પ્લેટો બીજા રાજ્યોની બનાવેલી. ત્યારબાદ છેલ્લે આ લોકો સને–૨૦૦૮ની સાલમાં આવેલાં અને તેમણે બે ગુજરાતની નંબર પ્લેટ બનાવેલી હતી અને તેનો નં.જીજે.૬ હતો અને આગળનો નંબર યાદ નથી અને તે વેગન આર ગાડી હતી. આ નંબર પ્લેટો બનાવવાના તેમણે રૂા.૪૦૦ આપેલાં હતાં. આ નંબર પ્લેટો બનાવડાવવા આ લોકો આવ્યા ત્યારે એવું કહેલું કે, અમારી ગાડીઓ ગેરેજમાં રાખેલી છે અને તમે નંબર પ્લેટો બનાવીને રાખો અમે લેતાં જઇશું. ત્યારબાદ તેઓ એક બે કલાક પછી આવેલાં અને વિનંતી કરેલી કે અમારી ગાડીઓનું કામ પુરૂ થયેલું નથી અને નંબર પ્લેટો આપો. આ લોકો રેગ્યુલર આવતાં હતાં અને દર વખતે ગાડીઓ લઇને આવતાં

હતાં માટે તે લોકોને નંબર પ્લેટો આપેલી. આ લોકો રેગ્યુલર આવતાં હતાં, બીલ માંગતાં ન હતાં જેથી બીલ આપેલાં ન હતાં તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદને ગુજરાતી ભાષા આવડતી નથી. સને–૨૦૦૩–૨૦૦૪ થી લઈને સને–૨૦૧૧ સુધીમાં દરરોજ ૪ થી ૫ ગાડીઓની નંબર પ્લેટો બનાવતા હતા. રોજની ૪–૫ નંબર પ્લેટો બનાવતા હતા તે કબૂલ કરે છે. જે નંબર પ્લેટો બનાવતા હતા તે અંગેની કોઈ નોંધ રાખતા ન હતા. જે ગ્રાહકોને બીલ આપેલા તેની પણ નોંધ કરેલી નથી. ૨૦૦૩ થી ૨૦૧૧ સુધીમાં કેટલા લોકો નંબર પ્લેટો બનાવવા આવેલા તેને ઓળખી શકો નહીં તો સાહેદે જવાબ આપેલો છે કે જે નિયમિત આવતા હોય તેને ઓળખી શકે. નિયમીત આવતા ગ્રાહકોએ કેવી કેવી નંબર પ્લેટો બનાવડાવેલી તે કહી શકે નહીં. જે નંબર પ્લેટો બનાવતા હતા તે ગાડી જોઈને બનાવતા હતા. ગાડીની તુટેલી નંબર પ્લેટ હોય તથા નવી ગાડીની નંબર પ્લેટ બનાવવાની હોય તો તે બનાવતા હતા. જે ગ્રાહકોની પેપર ઉપરથી નંબર પ્લેટ બનાવવાની હતી તેમની પાસેથી તે ગાડીને લગતા પેપરની માંગણી કરેલી નહીં. નંબર પ્લેટ માટે ગાડીની આર.સી. બુક માંગતા ન હતા. આ બે લોકોને આ સાહેદ ઓળખતા હતા તે રીતે આ બંને લોકો પણ આ સાહેદને ઓળખતા હતા તે કબૂલ કરે છે. આ પ્રશ્નનો અર્થ એવો થાય કે આ બંને આરોપીઓ આ સાહેદને ઓળખતા હતા અને આ સાહેદ પણ બંને આરોપીઓને ઓળખતા હતા તે હકીકત આરોપીઓ તરફથી કબૂલ કરવામાં આવેલી છે તેમ કહી શકાય. ઘણા નિયમીત ગ્રાહકો છે અને તેઓને નામથી ઓળખે છે તે કબૂલ કરે છે. જે નંબર પ્લેટો બાબતે પોલીસે પુછપરછ કરેલી તે નંબર પ્લેટો કઈ તારીખે અને કયા મહીનામાં બનાવેલી તે પોલીસને જણાવેલુ નહીં. પોલીસના કહેવાથી અને પોલીસને મદદ કરવા ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ વાસી નવી મુંબઈ ખાતે જે.કે.ચેમ્બર્સ સેકટર–૧૭ મા દુકાન નં.૨૩ રાખીને "પપ્પુ રેડીયમ" ના નામે દુકાન ધરાવી સને–૨૦૦૮ની સાલમાં વેપાર ધંધો કરતા હતા.

આરોપી નં.૬૯ આમીન અર્ફે રાજા તથા આરોપી નં.૭૦ મોહમદ મુબીનનાઓ તેઓની દુકાનેથી ગુજરાતના નંબર પ્લેટવાળી બે નંબર પ્લેટ બનાવડાવેલી અને તે પેટે રૂા.૪૦૦/– આ સાહેદને આપેલા હતા. આ બંને આરોપીઓ પહેલા પણ ઘણી વખત આ સાહેદ પાસે નંબર પ્લેટો બનાવડાવેલી હતી અને એકબીજાને સારી રીતે ઓળખતા હતા.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે યુસુફ દાઉદભાઈ શેખને સાહેદ નં.૧૦૭૮ તરીકે આંક–૭૩૬૪ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૧/૧૦/૨૦૧૧ ના રોજ ડી.સી.બી. પોલીસ સ્ટેશન, સુરત મુકામે બોલાવેલા. એ.સી.પી. વી.વી.રાઠોડ તેમને મળેલા અને કહેલું કે સને–૨૦૦૮ની સાલના બોમ્બકાંડની તપાસના કામે એક આરોપી એરેસ્ટ કરેલો છે તેને બતાવવા માંગીએ છીએ. ત્યાં એક આરોપીનું નામ, ઠામ પુંછેલું તેણે તેનું નામ મોહમદ મુબીન, રહે.ઈન્દોરનો હોવાનું જણાવેલું. સાહેદ વધુમાં જણાવે છે કે ત્યાં આ સાહેદને એવું પણ કહેલું કે આ લોકો બોમ્બેથી કાર લઈને અમદાવાદ ડિલીવરી કરવા જવાના હતા અને રસ્તામાં વલસાડ ખાતે શ્રીનાથ હોટલમાં રોકાયેલા હતાં. ત્યાં સાહેબે આ સાહેદને હોટલનું રજીસ્ટર પાકા પુંઠાનું ૨૦૦ પાનાનું બતાવેલું. જે રજીસ્ટરમાં ૪૩ નંબરના પાના ઉપર એન્ટ્રી નં.૪૨૪ પાડેલી હતી અને તેમાં ત્રણ નામો લખેલા હતાં. તે નામોમાં એક મોહમદ મુબીન ઉસ્માની, બીજા અમીન શેખ અને ત્રીજા કિશન વણઝારા કરીને હતાં. તેના ઉપર લાલ સર્કલથી રાઉન્ડ કરીને માર્ક કરેલું. ત્યાં મોહમદ મુબીનને કહેલું કે આ જે લખેલું છે તે પ્રમાણે લખો. ત્યારબાદ પોલીસે તેને આછા લીલા કલરના છ કાગળ આપેલાં. આ છ કાગળ ઉપર આરોપી મોહમદ મુબીને કાળી પેનથી લખાણ લખેલું અને ત્યારબાદ તેની ઉપર ભુરા કલરથી સર્કલ કરેલું અને આ સાહેદની સહિઓ લીધેલી. તેમાંથી એક કુદરતી જૂનુ લખેલું કાગળ મળી આવેલું. તેની ઉપર ગ્રીન સર્કલ કરવામાં આવેલું અને તેની ઉપર પણ સહીઓ કરવામાં આવેલી. આ સાહેદ સાથે બીજા ભાઇએ પણ સહી કરેલી. આ સાહેદ આંક–૨૮૫૮વાળુ રજીસ્ટર જોઇને જણાવે છે કે આ રજીસ્ટરના પાના નં.૪૩ ઉપર

એન્ટ્રી નં.૪૨૪ ઉપર જે લખાણ છે તે પ્રમાણે આરોપીઓના નમૂના લીધેલાં. સાહેદ નિ.૬૮૫૩/૪ વાળા દસ્તાવેજમાં માર્ક એસ–૧ થી એસ–૬ સુધીનું ભુરા કલરની પેન્સિલનું અંદરનું લખાણ આરોપી મોહમદ મુબીનનાઓએ લખેલુ અને દરેક કાગળ ઉપર આ સાહેદ પોતાની તથા બીજા પંચની તથા રૂબરૂ તરીકે સાહેબની સહીઓ ઓળખી બતાવે છે જે આંક–૭૩૬૫ થી રજૂ રાખેલ છે. વધુમાં આ સાહેદ નિ.૬૮૫૩/૩ વાળા દસ્તાવેજમાં માર્ક કરવામાં આવેલ જેમાં પાછળના ભાગે આ સાહેદ પોતાની તથા બીજા પંચની સહીઓ ઓળખી બતાવેલ છે જે માર્ક–એન વાળુ લખાણ આંક–૭૩૬૬ થી રજૂ રાખેલ છે. ઉપરોકત કાર્યવાહીનું પંચનામુ બનાવવામાં આવેલુ જે આંક–૭૩૬૭ થી રજૂ છે આ પંચનામામાં સાહેદ પોતાની તથા બીજા પંચની અને રૂબરૂ તરીકે સાહેબની સહીઓ ઓળખી બતાવે છે. આ સાહેદને આરોપીઓ બતાવવામાં આવતા સાહેદ આરોપીઓને ઓળખી શકતા નથી અને જણાવેલ છે કે ઘણો સમય થયેલો હોવાથી આરોપી તેમના ધ્યાનમાં આવતા નથી.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ ધો.૬ સુધી ભણેલા છે અને ચોક બજાર સુરત ખાતે પેન્ટીંગનુ કામ કરે છે. ડી.સી.બી. ક્રાઈમ બ્રાન્ચના બોર્ડ રંગેલા હોવાની હકીકત કબૂલ કરે છે. ડી.સી.બી. પોલીસ સ્ટેશનમાં આવવા જવાના પ્રસંગો બને છે તો તે હકીકત નકારી છે. આ પંચનામુ કર્યુ તેના ૮–૧૦ વર્ષ પહેલા ડી.સી.બી. પોલીસ સ્ટેશનનું બોર્ડ રંગેલુ હતુ. પોલીસ સ્ટેશનમાં કઈ કઈ તારીખે ગયેલા તે યાદ નથી. પંચનામામાં સહી કરી તે દિવસે કેબીન ચાલુ હતી. સહી કરીને આવ્યા પછી કેબીન ફરી ચાલુ કરેલાની હકીકત કબૂલ કરે છે. કેબીન અને પોલીસ સ્ટેશન વચ્ચે ઘણી બધી દુકાનો અને મકાનો આવેલા છે તે કબૂલ કરે છે. પોલીસ સ્ટેશન તથા કેબીનની આગળ લોકોની અવર જવર રહેતી હોય છે તે કબૂલ કરે છે. આંક–૨૮૫૮ વાળુ રજીસ્ટર રાઠોડ સાહેબે બતાવેલુ તે કબૂલ કરે છે. આ રજીસ્ટર કયાંથી લાવેલા તે પણ કહેલુ. રજીસ્ટર હાથમાં લઈને તપાસેલુ નહીં. રાઠોડ સાહેબ ૨૦૦૮ મા આ રજીસ્ટર લઈને આવેલા હોય તેવો કોઈ દસ્તાવેજી પુરાવો બતાવેલો નહીં.

પંચનામામાં સહી કરતા અગાઉ આરોપી મોહમદ મુબીનને જોયેલો નહીં. તે શું કામ ધંધો કરે છે તેના માતા–પિતા કોણ છે તેની તપાસ કરેલી નહીં. રજીસ્ટરને કપડામાં લપેટીને સીલ કરેલુ હોય તેવુ બનેલુ નથી. બાકીના કાગળોને કવરમાં મુકીને કવર બંધ કરી તેની ઉપર સીલ કરી સિકકા મારેલા હોય તેવુ બન્યુ નથી. સરતપાસમાં જણાવ્યા મુજબ પંચનામાની કોઈ કાર્યવાહીમાં હાજર રહેલા નથી તો તે હકીકત નકારી છે. મોહમદ મુબીનના કોઈ નમૂનાના હસ્તાક્ષર લીધેલા નથી કે રજીસ્ટર કબજે કરેલુ નથી તો તે હકીકત નકારી છે. આરોપીનું નામ પુછેલુ તે સિવાય રજીસ્ટરના લખાણ માટે પુછપરછ કરેલી તે સિવાય બીજુ યાદ નથી. આરોપીએ આ સાહેદની રૂબરૂમાં કોઈ ચીજવસ્તુ રજૂ કરેલી નહીં. લીલા કલરના છ કાગળો આરોપીના લખાણ કરતા પહેલા કોરા હતા. તે કાગળોની અંદર આરોપીએ શું લખાણ લખેલુ તે વાંચેલુ નહીં. રજીસ્ટર આંક–૨૮૫૮ મા એન્ટ્રી નં.૪૨૪ ઉપર સર્કલ કરેલુ નહીં. આંક–૭૩૬૭ ના બીજા પાના ઉપર માર્ક–ડી આપવામાં આવ્યુ છે તે બીજા અક્ષરો કરતા નાના અને અલગ છે તે કબૂલ કરે છે. આ સાહેદની હાજરીમાં કાગળો ઉપર કોઈ નિશાની કરવામાં આવેલી નહીં. રાઠોડ સાહેબ ઓળખતા હતા માટે તેમને મદદ કરવા ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૪૬ વી.વી.રાઠોડનાઓએ કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી.નં.૧૭૬/૨૦૦૮ નાં કામે તા.૧.૧૦.૨૦૧૧ ના રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ અશોક ચંદુભાઈ પરમારનાઓને ડી.સી.બી. પોલીસ સ્ટેશન સુરત ખાતે બોલાવેલા અને ત્યાં આરોપી નં.૭૦ હાજર હતો અને તે તથા તેના સાથીદારો મુંબઈથી વાહનોની ચોરી કરીને સુરત તથા અમદાવાદ ખાતે ડીલીવરી કરવા સારૂ નીકળેલા અને રસ્તામાં પારડી કાતે નેશનલ હાઈવેની હોટલમાં રાત્રી રોકાણ કરેલુ અને હોટલના રજીસ્ટરમાં પોતાના હસ્તાક્ષરમાં ખોટા નામો લખી નોંધ કરેલી જેથી સદર આરોપીના હસ્તાક્ષરના નમૂના લેવાના હતા અને તેની

હાજરીમાં આંક–૭૩૬૭ વાળા પંચનામાની વિગતે આરોપીના હસ્તાક્ષરના નમૂના તથા કુદરતી લખાણ અંગ્રેજી અને હિન્દીમાં આંક–૭૩૬૬ વાળુ કરાવેલુ.

આંક–૭૩૬૭વાળુ પંચનામુ કરનાર તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૪૬ વી.વી.રાઠોડની જુબાનીના પેરા નં.૬ ધ્યાને લેતા તા.૧/૧૦/૨૦૧૧ ના રોજ કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી.નં. ૧૭૬/૨૦૦૮ ના કામે આરોપીઓ (૧)આમીન ઉર્ફે રાજા એયુબ શેખ તથા (૨) મુબીન ઉર્ફે ઇરફાન અબ્દુલ સકુરખાનનાઓની પુછપરછ દરમિયાન આ આરોપીઓ હોટલ શ્રીનાથમાં રોકાયેલા હતાં. આ હોટલનું રજીસ્ટર અગાઉના તપાસ કરનાર અમલદારે કબ્જે લીધેલું હતું. તે રજીસ્ટરની એન્ટ્રી મુજબના આરોપી મુબીન ઉર્ફે ઇરફાન અબ્દુલ સકુરખાનના હસ્તાક્ષરના નમૂના લેવાના હોવાથી બે પંચોને બોલાવેલાં અને તેઓને સમજ કરેલી જેઓએ પંચમાં રહેવાની સ્વખુશી બતાવતાં પંચો રૂબરૂ આ આરોપીને અગાઉ કબ્જે કરવામાં આવેલ હોટલ શ્રીનાથ એન્ડ ગેસ્ટ હાઉસનું રજીસ્ટર બતાવેલું અને તેના પેજ નં.૪૩ અનુક્રમ નં.૪૨૪ ઉપર બ્લેક પેનથી લખેલ લખાણ તથા સહીના નમુના આરોપીને રજીસ્ટર મુજબના કોલમોવાળા કોરા પાના આપીને લખવા જણાવેલું અને તે મુજબ આરોપીએ કુલ–૬ પાના ઉપર લખાણ તથા પોતાની સહી કરીને આપેલી. જે તમામની ફરતે ભુરી પેનથી સર્કલ કરી માર્ક એસ–૧ થી એસ–૬ આપવામાં આવેલા અને તે પંચો રૂબરૂ કબ્જે કરવામાં આવેલાં. તેવી જ રીતે આ આરોપીનું કુદરતી લખાણ આરોપીના સામાનવાળી થેલીમાંથી મળી આવેલું હતું તે પણ પંચો રૂબરૂ કબ્જે કરી તેને પણ ગ્રીન પેન્સિલથી સર્કલ કરી માર્ક–એન આપવામાં આવેલ તથા તે પાનાની પાછળના ભાગે અંગ્રેજીવાળા નામ, સરનામાની ફરતે ગ્રીન પેન્સિલથી સર્કલ કરી માર્ક એન–૧ આપવામાં આવેલ. આ લખાણ પણ પંચો રૂબરૂ કબ્જે કરવામાં આવેલ અને આ અંગેનું પંચનામું પંચોના લખાવ્યા મુજબનું લખી લીધેલ. આંક–૨૮૫૮ વાળુ રજીસ્ટર જોઇને જણાવે છે કે આ રજીસ્ટરના પાના નં. ૪૩ ઉપરની એન્ટ્રી નં.૪૨૪ મુજબનું લખાણ તથા સહી મુજબના નમૂનાના હસ્તાક્ષર પંચો રૂબરૂ મેળવેલાં. તેમજ આંક–૭૩૬૫ વાળા છ પાના ઉપર પંચોની

તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે. તેમજ આંક–૭૩૬૬ વાળા કુદરતી લખાણ છે જે પંચો રૂબરૂ કબ્જે કરવામાં આવેલ જેમાં પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવેલ છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે આલમભાઈ મોહમદસલીમ અંસારીને સાહેદ નં.૧૦૮૦ તરીકે આંક–૭૩૬૯ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૨/૧૦/૨૦૧૦ ના રોજ પોલીસે આ સાહેદને સુરત રેલવે સ્ટેશનની સામે ટ્રાફિક પોલીસ સ્ટેશને બોલાવેલા. આ સાહેદ ત્યાં પહોંચ્યો ત્યારે આગળથી ત્રણ–ચાર માણસો હાજર હતાં. ત્યાં રાઠોડ સાહેબ હાજર હતાં. રાઠોડ સાહેબે ક્રાઇમ બ્રાન્ચનો સાહેબ તરીકે ઓળખાણ આપેલી. ત્યાં બે –ત્રણ પોલીસવાળા પણ હતા. રાઇટર લખતા હતાં. રાઠોડ સાહેબે કહેલું કે બે આરોપીઓ છે જે પૈકી એક આમીન અને બીજો મુબીન હતો. આ લોકોની ઇન્કવાયરી કરતા હતાં અને આ બાબતે પંચનામું કરવાનું હતું. પંચનામામાં સાક્ષીમાં રહેવાનું હતું અને તેઓએ હા પાડેલી હતી. ત્યારબાદ ત્યાં રેલ્વેની પાર્કિંગમાં આમીનને રાઠોડ સાહેબ લઇ ગયેલાં અને જગ્યા આરોપીએ બતાવેલી અને ત્યાં આમીને કહેલું કે "આ જગ્યાએ બાઇક હતું અને તેની ડિલિવરી આપેલી હતી." ત્યારપછી તેને લઇને પાછા ચોકીમાં આવેલા અને ત્યારબાદ બીજા મુબીનને આ જ જગ્યા ઉપર લઇ ગયેલા. મુબીને પણ આમીનના જેવી જ વાત કરેલી. ત્યારબાદ મુબીનને લઇને પાછા ચોકી ઉપર આવેલાં. આ કાર્યવાહીનું પંચનામુ બનાવવામાં આવેલુ જે આંક–૭૩૭૦ થી રજૂ છે આ પંચનામામાં સાહેદે પોતાની તથા રાઠોડ સાહેબની સહીઓ ઓળખી બતાવેલ છે. આ સાહેદને કોર્ટ દ્વારા એવુ સવાલ પુછવામાં આવેલ છે કે આરોપીઓએ જે જગ્યા બતાવેલી તે કાર પાર્કિંગની હતી કે બાઇક પાર્ક થાય તેવી હતી? તેના જવાબમાં સાહેદે જણાવેલ છે કે કાર પાર્ક થાય તેવી હતી. આઠ વર્ષનો સમય થયેલ હોવાથી સાહેદ આરોપીઓને ઓળખી શકે નહીં તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ સેન્ટ્રલ બસ ડેપો ઉપર આવેલી દુકાનમાં નોકરી કરે છે અને બિહારના વતની છે. ગુજરાતી

લખતા વાંચતા આવડતુ નથી. રેલવે સ્ટેશનની સામે દુકાનો અને હોટલો છે તે કબૂલ કરે છે. પોલીસ દુકાનેથી બોલાવી ગયેલી. પંચનામુ ટ્રાફિક પોલીસ ચોકી ઉપર લખેલુ અને સહી કરવાનું કહેતા સહી કરેલી. ચાલીને પાર્કીંગમાં ગયેલા, રાઠોડ સાહેબ આગળ ચાલતા હતા તે કબૂલ કરે છે. રાઠોડ સાહેબ પાર્કીંગમાં પહોચેલા અને સાથે સાથે પંચો પણ પાર્કીંગમાં પહોંચેલા તે કબૂલ કરે છે. આ પ્રશ્નનો અર્થ ધ્યાને લેતા પંચનામુ બનાવનાર અધિકારી વી.વી.રાઠોડ પંચો તથા આરોપીઓને લઈને પાર્કીંગમાં ગયેલા અને પંચનામુ બનાવેલુ હતુ તેમ કહી શકાય. આ પાર્કીંગ પહેલા ફોર વ્હીલરનું પાર્કીંગ છે અને બીજુ ટુ વ્હીલરનું પાર્કીંગ છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૪૬ વી.વી.રાઠોડનાઓએ કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી.નં.૧૭૬/૨૦૦૮ ના કામે તા.૨.૧૦.૨૦૧૧ ના રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ રામકુમાર રામનાથ દુબેનાઓને ટ્રાફિક પોલીસ ચોકી સુરત ખાતે બોલાવેલા અને ત્યાં આરોપી નં.૬૯, ૭૦ નાઓ હાજર હતા અને તે તથા તેના સાથીદારો મુંબઈથી વાહનોની ચોરી કરીને સુરત તથા અમદાવાદ ખાતે ડીલીવરી કરવા સારૂ નીકળેલા હતા અને સુરત ખાતે આરોપીઓએ કારની ડીલીવરી જે જગ્યાએ આપેલી તે જગ્યા બતાવતા આંક–૭૩૭૦ વાળુ પંચનામુ બનાવેલુ.

આંક–૭૩૭૦ વાળુ પંચનામુ કરનાર તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૪૬ વી.વી.રાઠોડની જુબાનીના પેરા નં.૬ ધ્યાને લેતા તા.૨/૧૦/૨૦૧૧ ના રોજ કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી.નં.૧૭૬/૨૦૦૮ ના કામના રીમાન્ડ ઉપરના આરોપીઓ (૧)આમીન ઉર્ફે રાજા એૈયુબ શેખ તથા (૨) મુબીન ઉર્ફે ઈરફાન અબ્દુલ સકુરખાનનાઓ જે જગ્યા બતાવવા માંગતા હતા તે જગ્યાનું પંચનામું કરવાનું હોવાથી બે પંચોને બોલાવેલા અને બે પંચોએ સ્વખુશી બતાવતા બંને પંચો રૂબરૂ આરોપીના નામ, ઠામ પુંછેલું અને ત્યારબાદ આરોપીઓ જે જગ્યા બતાવવા માંગતા હતાં તે જોવા સારૂ બંને આરોપીઓને સાથે રાખેલા અને આરોપીએ બતાવ્યા મુજબની જગ્યાએ ગયેલા જે જગ્યા જોતાં તે

સુરત રેલ્વે સ્ટેશનની પાર્કિંગવાળી જગ્યા હતી. આ અંગેનું વિગતવારનું પંચનામું પંચોના લખાવ્યા મુજબનું લખી લેવામાં આવેલું. જે આંક–૭૩૭૦ વાળા પંચનામામાં પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવેલ છે.

આંક–૭૩૭૦ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "પોતાનુ નામ સરનામુ" તથા "સને–૨૦૦૮ ના વર્ષમાં અમદાવાદ શહેરમાં થયેલ બોમ્બ બ્લાસ્ટ તથા સુરતમાં મળી આવેલ બોમ્બના ગુનામાં ઉપયોગમાં લેવાયેલ મારૂતી વેગન આર કારો અગાઉ પકડાયેલ આરોપી અફઝલ ઉસ્માનીને મુંબઈથી ચોરી કરી સુરતમાં જે જગ્યાએ ડીલીવરી આપેલ તે જગ્યા બતાવુ" વિગેરે પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપીએ પોતે આપેલ માહિતી પ્રમાણે તે જગ્યાનું ત્યાં અસ્તિત્વ છે માટે આ જગ્યા હોવાની માહિતી તેઓને પોતાને જ હતી જેથી તે હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય. આરોપીને આ જગ્યાની માહિતી હતી માટે પંચો તથા તપાસ કરનાર અધિકારીને આરોપી આ જગ્યા ઉપર દોરી ગયેલો, આરોપીનુ આ દોરી જવાનુ વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે.

આ આરોપી નં.૬૯ આમીન ઉર્ફે રાજા ઐયુબ નઝીર શેખે ક્રિ.પ્રો. કોડ કલમ–૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઈન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે? તે પ્રશ્નના જવાબમાં તેને ફરિયાદપક્ષના પુરાવા સંબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના બચાવ માટે જે હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦ મા જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

આ ઉપરાંત આ આરોપીએ પોતાના બચાવમાં ફોજદારી ન્યાયાલય પનવેલના જાવક નં.૨૬૨૩/૨૦૧૬ તા.૨૫.૧૧.૨૦૧૬ ના રોજ આરોપી અફઝલ ઉસ્માની, મોબીન ખાન ઉર્ફે ઈરફાન અબ્દુલ સકુર તથા આમીન શેખનાઓને ક્રિમીનલ કેસ નં.૩૪૫/૨૦૧૫ ના કામે તા.૨૫.૧૧.૨૦૧૬ ના

રોજ છોડી મુકવાનો હુકમ કરેલો તે દર્શાવતો પત્ર કામચલાઉ આંક–૯૨૫૯ થી રજૂ કરેલો છે અને તે પત્રની સાથે ક્રિમીનલ કેસ નં.૩૪૫/૨૦૧૫ ના ચુકાદાની નકલ પણ સામેલ છે. આ ઉપરાંત ફોજદારી ન્યાયાલય પનવેલના જાવક નં. ૨૬૨૪/૨૦૧૬ તા.૨૫.૧૧.૨૦૧૬ ના રોજ આરોપી અફઝલ ઉસ્માની, તથા આમીન શેખનાઓને ક્રિમીનલ કેસ નં.૩૪૩/૨૦૧૫ નાં કામે તા.૨૫.૧૧. ૨૦૧૬ ના રોજ છોડી મુકવાનો હુકમ કરેલો તે દર્શાવતો પત્ર કામચલાઉ આંક– ૯૨૬૦ થી રજૂ કરેલો છે. આ ઉપરાંત સહાયક પોલીસ આયુકત ગૃહ વિભાગ નવી મુંબઈના જાવક નં.૯૨/૨૦૧૭ તા.૯.૧.૨૦૧૭ નાં રોજ ગુના રજીસ્ટર નં.૨૧૫/૨૦૦૮ નાં કામે તા.૨૫.૬.૨૦૧૨ નાં રોજ આરોપી અફઝલ ઉસ્માની, મોબીન અબ્દુલ, આમીર શેખનાઓને દોષમુકત જાહેર કરેલા તે અંગેનો પત્ર કામચલાઉ આંક–૯૩૨૪ થી રજૂ કરેલ છે. આ આરોપી તરફથી રજૂ થયેલા આ ત્રણેય દસ્તાવેજો ધ્યાને લેતા ફરિયાદપક્ષ દ્વારા જે કંઈ પુરાવા રજૂ થયેલા છે તેનુ ખંડન થાય તેવી હકીકત આ દસ્તાવેજોમાંથી નીકળી આવતી નથી.

આરોપી નં.૬૯ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૯૮૫, ૯૮૨, ૮૦૨, ૮૮૪, ૯૧૧, ૯૧૬, ૯૨૦, ૯૭૬, ૯૭૭, ૯૮૭, ૧૦૭૮, ૧૦૮૦, ૭૮૦, ૭૮૯, ૮૦૪, ૮૦૮, ૮૭૫, ૧૦૭૫, ૧૦૮૯, ૧૧૪૬, ૧૧૫૪, ૧૧૬૩ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતા આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે સાહેદ નં.૯૮૦ વિશ્વનાથ વાઘમારે, સાહેદ નં.૧૦૪૫ નીતાબેન માધવ, સાહેદ નં.૧૦૪૬ પ્રદિપ વેહલાલ આ ત્રણેય સાહેદોની ગાડીઓ ચોરાયેલી હતી તેવી હકીકત છે. સાહેદ નં.૯૮૦ નાઓએ ગાડીના દસ્તાવેજ આંક–૬૬૩૩ થી, સાહેદ નં.૧૦૪૫ નાઓએ ગાડીના દસ્તાવેજ આંક–૭૦૬૮

થી, સાહેદ નં.૧૦૪૬નાઓએ ગાડી ચોરાયાની ફરિયાદ તથા દસ્તાવેજો અનુક્રમે આંક–૭૦૭૦, ૭૦૭૧ થી રજૂ કરેલા છે. આ ત્રણેય સાહેદોને પોલીસે ગાડીઓ બતાવેલી નથી. પરંતુ મારા મત પ્રમાણે તેઓની ગાડીઓ ચોરાય ગયેલી હતી અને તે ગાડીઓ પોલીસને મળેલી ન હતી. જેથી સાહેદોને ગાડીઓ બતાવેલી ન હોય. પરંતુ આ ત્રણેય સાહેદોની ગાડીઓ ચોરાયેલી હતી તેની ફરિયાદો જે તે પોલીસ સ્ટેશનમાં મુંબઈ ખાતે નોંધાયેલી હતી. ગાડી ચોરીના કેસનો ચુકાદો આંક–૭૦૭૨ થી રજૂ કરેલો છે. વધુમાં વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, આ ગાડીઓ મુંબઈથી ચોરાઈ ગયા પછી સુરત અને અમદાવાદ મુકામે કેવી રીતે આવી તે અંગે કોઈ પુરાવો નથી. ફરિયાદપક્ષના કેસ પ્રમાણે ચાર ગાડીઓના નંબરો બદલીને સુરત તથા અમદાવાદના બનાવોમાં તેનો ઉપયોગ થયેલો છે પરંતુ આ અંગે સબળ પુરાવો નથી. ફરિયાદપક્ષનો આક્ષેપ એવો પણ છે કે આરોપીઓ મુંબઈથી નીકળી સુરત તથા અમદાવાદ આવતા હતા તે દરમ્યાન જુદી–જુદી હોટલો ઉપર રોકાયેલા હતા. આ અંગેના સાહેદ નં.૯૮૫ હસન અલી સુનસરાને તપાસવામાં આવેલા છે તેઓ શ્રીનાથ ગેસ્ટ હાઉસ વલસાડના મેનેજર છે, હોટલનું રજીસ્ટર આંક–૨૮૫૮ થી રજૂ કરેલુ છે તે રજીસ્ટરની એન્ટ્રી નં.૪૨૪ માં કિશન વણઝારી, અમીન શેખ અને ઉસ્માનીના નામો લખવામાં આવેલા છે. સાહેદ નં.૪૬૬ હેમાંગ ઉપાધ્યાયની હાજરીમાં હોટલનું રજીસ્ટર કબજે કરવામાં આવેલુ છે તેનુ પંચનામુ આંક–૨૮૫૭ થી રજૂ છે અને તેમના કહેવા પ્રમાણે એન્ટ્રી નં.૪૨૪ ના અક્ષરો અલગ પેનથી લખાયેલાનું જણાવે છે પરંતુ મારા મત પ્રમાણે અલગ પેનથી અક્ષરો લખાયેલાનું મહત્વ નથી પરંતુ હોટલમાં કોણ રોકાયેલા અને તેઓના નામ શું હતા તે મહત્વનું છે. વધુમાં દલીલ કરતા જણાવવામાં આવેલ છે કે આ રજીસ્ટર દોરીથી બાંધીને સીલ કરેલ નથી માટે શંકા ઉપજાવે છે. સાહેદ નં.૯૮૫ ની જુબાની મુજબ રજીસ્ટરના કોલમની તમામ વિગતો ગ્રાહકે લખેલાનું જણાવે છે. આ વિગતો લખાય ત્યારે સાહેદ નં.૯૮૫ ત્યાં હાજર ન હતા. એન્ટ્રી નં.૪૨૪ લખનાર વ્યકિતનું નામ જણાવેલુ નથી કે તેને તપાસેલા નથી. પરંતુ મારા મત પ્રમાણે હોટલના મેનેજર

સાહેદ નં.૯૮૫ છે અને તેમને જણાવેલુ છે કે એન્ટ્રી નં.૪૨૪ ની તમામ વિગતો ગ્રાહકે લખેલી છે જે નહીં માનવાને કોઈ કારણ નથી. વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે સાહેદ નં.૯૮૫ને રિસેસ સમય પછી જુબાની શીખવાડવામાં આવેલી છે જેથી તેઓએ રિસેસ સમય પહેલા કરેલી ભુલો સુધારેલી છે. પરંતુ તેઓની આ દલીલ સાથે હું સંમત નથી. વધુમાં દલીલ કરવામાં આવેલ છે કે એન્ટ્રી નં.૪૨૪ ના ગ્રાહકો પાસેથી ચાર્જ લીધો છે કે કેમ તે આ સાહેદ કહી શકે તેમ નથી. રજીસ્ટરમાં રૂમનો ચાર્જ લખેલો નથી પરંતુ મારા મત પ્રમાણે રજીસ્ટરમાં રુમનો ચાર્જ લખેલો ન હોય તેથી કરીને એન્ટ્રીવાળા વ્યકિતઓ હોટલમાં રોકાયા નથી તેવુ અનુમાન થઈ શકે નહીં. ઘણી વખત એવુ બનતુ હોય છે કે હાઈવે ઉપરની હોટલોમાં રાત્રિના સમયે કોઈ ગ્રાહક આવે અને સવારના સમયે વહેલા જતા રહેતા હોય તેવા ગ્રાહકો માટે હોટલ માલીકો ઉચ્ચક ચાર્જ લેતા હોય છે અને તેની પાછળનો હેતુ હોટલ માલીકોનો ટેક્ષ બચાવવા અંગેનો હોય છે. વધુમાં વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, રજીસ્ટરની ઘણી એન્ટ્રીઓમાં વાહનોના નંબરો લખેલા નથી ફકત એન્ટ્રી નં.૪૨૪ ના ગ્રાહકોનો વાહન નંબર લખેલો છે પરંતુ આ અંગેનો વાંધો ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન લેવામાં આવેલો નથી જેથી દલીલના તબકકે આ વાંધો સ્વીકારી શકાય નહીં. સાહેદ નં.૧૧૧૩ મહેશ વડગામાની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરવામાં આવે છે કે આ સાહેદે હસ્તાક્ષર અંગેનો અભિપ્રાય આંક–૭૯૯૦ થી રજૂ કરેલો છે પરંતુ એન્ટ્રીના હસ્તાક્ષરો અંગે નિર્ણય આપવા આ સાહેદ અસમર્થ હતા ચોકકસ અભિપ્રાય આ સાહેદ આપી શકે તેમ નથી. સાહેદ નં.૯૮૫ની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરવામાં આવે છે કે બનાવના બીજા દિવસે સવારે રેસ્ટોરન્ટમાં આ ત્રણ જણા જે રોકાયેલા તે નાસ્તો કરતા હતા ત્યારે જોયેલા. રેસ્ટોરન્ટમાં ઘણા બધા લોકો નાસ્તો કરતા હતા તે પૈકી આ ત્રણ લોકોને આ સાહેદે ઓળખેલા હોય તે શકય નથી. પરંતુ મારા મત પ્રમાણે તે શકય છે કારણ કે આ ત્રણ લોકો રાત્રે હોટલમાં રોકાયેલા હતા અને બીજે દિવસે સવારે રેસ્ટોરન્ટમાં નાસ્તો કરતા હતા જેથી સ્વાભાવિક છે કે આ સાહેદે તેઓને

ઓળખેલા હોય. આ સાહેદ નં.૯૮૫ હોટલના મેનેજર છે રજીસ્ટરમાં એન્ટ્રી આ સાહેદે ન કરી હોય પરંતુ સાહેદની હાજરી હોટલ ઉપર હોય જ છે તેમ કહી શકાય. આરોપીઓની ઓળખ પરેડ બાબતે દલીલ કરતા જણાવવામાં આવેલ છે કે સાહેદ નં.૯૮૫ દ્વારા આરોપીઓની ઓળખ પરેડ ઘણા લાંબા સમય પછી કરાવવામાં આવેલી છે જે ઓળખ પરેડનો અર્થ નથી. આરોપીને ઓળખી શકે તેવા કોઈ કારણો સાહેદ પાસે નથી તેમ છતાં સાહેદે ઓળખી બતાવેલા છે પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદની હોટલ ઉપર આ ત્રણેય આરોપીઓ રોકાયેલા હતા, રાત્રે અને સવારે રેસ્ટોરન્ટમાં તેઓને જોયેલા હતા જેથી ઓળખી શકે. વધુમાં દલીલ કરતા જણાવવામાં આવેલ છે કે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૯૮૨ કનૈયાલાલ રાજાની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરવામાં આવેલ છે કે પોલીસ ચાદી મળ્યા પછી આ સાહેદે તાત્કાલિક આરોપીઓની ઓળખ પરેડ કરાવેલા નથી. પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદની જુબાની મુજબ આ સાહેદની તા.૧.૧૦.૨૦૧૧ ના રોજ ઓળખ પરેડનો રીપોર્ટ મળેલો અને તા.૩.૧૦. ૨૦૧૧ ના રોજ ઓળખ પરેડ રાખેલી છે જેથી ઓળખ પરેડમાં વિલંબ થયેલો નથી તેમ કહી શકાય. વધુમાં દલીલ કરતા જણાવવામાં આવેલ છે કે ઓળખ પરેડમાં સાહેદે હાથ પકડીને બહાર કાઢેલ વ્યકિતઓના નામો સાહેદની હાજરીમાં પુછવામાં આવેલ નથી. પરંતુ મારા મત પ્રમાણે નામોનુ બહુ મહત્વ નથી, સાહેદે આરોપીઓને ઓળખીને હાથ પકડીને બહાર કાઢેલા છે નામ ગમે તે હોઈ શકે છે પરંતુ હાથ પકડીને બહાર કાઢવાનું કામ અગત્યનું છે. વકીલશ્રી એલ.આર.પઠાણ સાહેદ ન.૯૧૬ સુરેશ શર્માની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરવામાં આવેલ છે કે, આ સાહેદની હાજરીમાં સુરત મુકામે રેલવે સ્ટેશનના પાર્કીંગવાળી જગ્યાનું પોલીસે પંચનામુ બનાવેલુ હતુ જે આંક–૬૫૩૭ થી રજૂ છે પરંતુ આ સાહેદ પાર્કીંગમાં નોકરી કરે છે માટે આ સાહેદને પંચ તરીકે લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદ પાર્કીંગમાં નોકરી કરતા હોવાના કારણે તેઓ પંચ તરીકે રહી શકે નહીં તેવો કોઈ કાનૂની નિયમ નથી. સાહેદ નં.૧૦૮૦ આલમ અન્સારીની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરવામાં આવેલ છે કે, સુરત રેલવે

સ્ટેશન પાસે ફરિયાદપક્ષના કેસ પ્રમાણે કારની ડિલીવરી એક આરોપીએ બીજાને સોંપેલી તેવો આક્ષેપ છે. આ જગ્યાનું પંચનામુ આંક–૭૩૭૦ થી રજૂ કરેલુ છે પરંતુ પંચ સાહેદ બાઈકની ડિલીવરી આપ્યાનું જણાવે છે. મારા મત પ્રમાણે પંચનામુ થયા પછી ઘણા વર્ષો બાદ જુબાની આપેલી હોવાથી સાહેદની કહેવામાં કાંઈ ભુલ થાય તેવી બની શકે તેના માટે સમગ્ર પંચનામુ ખોટુ છે તેમ કહી શકાય નહીં. સાહેદ નં.૯૬૮ અર્જુનસિંગ પરિહારની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરવામાં આવેલ છે કે આ સાહેદની હાજરીમાં પનવેલ ખાતે આવેલી હોટલ બાલાજીમાંથી આંક–૬૭૮૩ વાળુ રજીસ્ટરનું પાનુ આંક–૬૭૮૨ ના પંચનામાની વિગતે કબજે કરેલુ છે. પરંતુ આ જગ્યાની માહિતી આરોપીએ આપેલી નથી. સાહેદ નં.૯૬૮ દ્વારા આરોપીઓની ઓળખ પરેડ કરાવેલી નથી અને પંચનામાના બંને પંચો બાલાજી હોટલમાં નોકરી કરતા હતા પરંતુ અગાઉ ચર્ચા કરી તેમ હોટલમાં કે પાર્કીંગમાં નોકરી કરતા હોવાના કારણે વ્યકિત પંચ તરીકે રહી શકે નહીં તેવો કોઈ નિયમ નથી. એટલુ જ નહીં પંચનામા વખતે અન્ય કોઈ વ્યકિતઓ ત્યાં હાજર ન હોય તો પણ તપાસ કરનાર અધિકારી હોટલમાં નોકરી કરતા માણસોને હાજર રાખી પંચનામુ બનાવી શકે છે. સાહેદ નં.૯૭૭ કમલ થાપરની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરવામાં આવેલ છે કે ફરિયાદપક્ષના આક્ષેપ પ્રમાણે આ સાહેદે ગાડીની નંબર પ્લેટો તૈયાર કરેલી. આ સાહેદ પાસે પોલીસ બે આરોપીઓને લઈને ગયેલી છે. આ લોકોએ નંબર પ્લેટો તમારી પાસેથી બનાવડાવેલી છે તેવુ પોલીસે કહેલુ છે પરંતુ સાહેદની જુબાની ધ્યાને લેતા પોલીસ જે બે આરોપીઓને લઈને આવેલી તેઓ અગાઉ પણ નંબર પ્લેટો બનાવડાવી જતા હતા તેવી હકીકત જણાવે છે. નંબર પ્લોટોના નંબરો સાહેદે જણાવેલા નથી તેનો અર્થ એવો નથી કે આ આરોપીઓએ સાહેદ પાસે નંબર પ્લેટો બનાવડાવેલી નથી. આ સાહેદ રોજેરોજ ઘણી નંબર પ્લેટો બનાવતા હોય જેથી તમામ નંબર પ્લેટોના નંબરો મોઢે ન હોય તથા નંબર પ્લેટોનું બીલ બનાવેલુ નથી અને બીલ આપ્યુ નથી તેથી કરીને એવુ ન કહી શકાય કે નંબર પ્લેટો આ સાહેદે બનાવેલી નથી. સામાન્ય રીતે નંબર પ્લેટો બનાવનાર

વ્યકિતઓ બીલબુકો રાખતા હોતા નથી અને બીલો આપતા હોતા પણ નથી. વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, આ નંબર પ્લેટો બનાવનાર સાહેદ નં.૯૭૭ ગુનાનો સાથી ગણાય પરંતુ તેઓની આ દલીલ સાથે હું સંમત નથી. આ સાહેદનો ધંધો નંબર પ્લેટો બનાવવાનો છે તેનો ઈરાદો નંબર પ્લોટો બનાવીને ગેરકાયદેસર કામ કરવાનો નથી પરંતુ નંબર પ્લેટો બનાવીને સાહેદનો ઈરાદો પૈસા કમાવવાનો છે માટે આ સાહેદને ગુનાના સાથી તરીકે માની શકાય નહીં. સાહેદ નં.૧૦૭૫ વિજયસિંહ જાડેજાની દલીલ તરફ ધ્યાન દોરી દલીલ કરવામાં આવે છે કે આ સાહેદે પનવેલમાં આવેલ હોટલ શ્રીદત્તના રજીસ્ટરનું પાનુ આંક–૭૩૧૯ વાળુ આંક–૭૩૧૮ ના પંચનામાની વિગતે કબજે કરેલુ છે. આ રજીસ્ટરમાં એન્ટ્રી કરનાર વ્યકિતને તપાસવામાં આવેલા નથી અને આંક–૭૩૧૮ વાળા પંચનામાના પંચ સાહેદોને પણ તપાસવામાં આવેલા નથી જેથી આંક–૭૩૧૯ વાળી એન્ટ્રી સાબીત થતી નથી.

સાહેદ નં.૮૮૪ ઉમંગ ઠકકરની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરવામાં આવેલ છે કે આ સાહેદની હાજરીમાં પ્રીન્સ હોટલના રજીસ્ટરનું પાનુ આંક–૬૩૧૫ વાળુ આંક–૬૩૧૬ ના પંચનામાની વિગતે કબજે કરેલુ છે પરંતુ આંક–૬૩૧૬ના પંચનામામાં આરોપીએ કહેલુ કે, હું આ હોટલમાં રોકાયેલો હતો તેવી હકીકત પંચનામામાં નથી. રજીસ્ટરની એન્ટ્રી પુરવાર થતી નથી. સાહેદ નં.૯૨૦ વિજય વાડીકરની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરે છે કે આ હોટલના આ સાહેદ રીસેપ્સનીસ્ટ છે અને તેમના કહેવા પ્રમાણે રજીસ્ટરમાં એન્ટ્રી આવનાર ગ્રાહક કરતા હતા. આંક–૬૩૧૫ વાળા રજીસ્ટરના પાનામાં એન્ટ્રીવાળા હસ્તાક્ષરો આરોપી નં.૬૯ તથા ૨૮ ના છે અને ડીપાર્ચરવાળા હસ્તાક્ષરો આ સાહેદના છે. વધુમાં દલીલ કરતા જણાવવામાં આવેલ છે કે, આ રજીસ્ટર કબજે કર્યા પછી આ સાહેદનુ નિવેદન બે માસ પછી નોંધેલુ છે પરંતુ મારા મત પ્રમાણે નિવેદન બે માસ પછી નોંધેલુ હોવાથી નિવેદન ખોટુ આપેલુ છે તેવુ અનુમાન કરી શકાય નહીં. એન્ટ્રીના અક્ષરો આરોપી નં.૬૯ ના છે તેવુ પોલીસ નિવેદનમાં લખાવેલુ નથી તે સાહેદે કબૂલ કરેલુ છે માટે અક્ષરો આરોપી નં.૬૯ ના છે તે અંગે

કોઈ સીધો પુરાવો ન હતો માટે સાહેદ નં.૯૧૧ મુકેશભાઈ ઠાકોરની હાજરીમાં આરોપીના હસ્તાક્ષરના નમૂના મેળવેલા છે. પરંતુ તેઓની આ દલીલ સાથે હું સંમત નથી. તપાસ કરનાર અધિકારીને તપાસ દરમ્યાન આરોપી નં.૬૯ તથા ૨૮ હોટલ પ્રિન્સમાં રોકાયેલાનું તપાસમાં માલુમ પડતા સ્વાભાવિક છે કે તેની પુષ્ટી માટે આરોપીના હસ્તાક્ષરના નમૂના મેળવે. હસ્તાક્ષરના નમૂના મેળવવાથી હસ્તાક્ષર સાબીત થતા નથી પરંતુ એફ.એસ.એલ. અધિકારી દ્વારા તેને ચકાસવામાં આવે ત્યારબાદ જ હસ્તાક્ષરો કોના છે તે નકકી થઈ શકે. આરોપીના હસ્તાક્ષરના નમૂના મેળવ્યા બાદ એફ.એસ.એલ. અધિકારી સાહેદ નં.૯૮૭ મનોહર તહેલીયાનીનાઓએ હસ્તાક્ષરના નમૂનાનું પૃથકકરણ કરેલુ અને અભિપ્રાય આંક–૬૮૬૪ થી તથા અભિપ્રાય ઉપર આવવાના કારણો આંક–૬૮૬૫ થી રજૂ કરેલા છે. તે ધ્યાને લેતા રજીસ્ટરની એન્ટ્રી નં.૧૩૨૬ વાળા અક્ષરો આરોપી નં.૬૯ ના છે. દલીલ એવી કરવામાં આવે છે કે આ સાહેદને સીલબંધ દસ્તાવેજો મળેલા નથી પરંતુ આ સાહેદની જુબાની ધ્યાને લેતા દસ્તાવેજો તેમની ઑફિસમાં આવે છે અને ત્યારબાદ ચકાસણી અર્થે આ સાહેદ તરફ આવેલા છે. જેથી સીલબંધ આવેલા ન હોય તે સ્વાભાવિક છે. દલીલ એવી પણ કરવામાં આવે છે કે હસ્તાક્ષરો એનલાર્જ કરવામાં આવેલા નથી. આ સાહેદ વૈજ્ઞાનિક સાહેદ છે તેમને જે કંઈ કામગીરી કરેલી છે તે ફરજના ભાગરૂપે કરેલી છે અને વૈજ્ઞાનિક પધ્ધતિથી હસ્તાક્ષરોની ચકાસણી કરેલી છે. તેમને આપેલો અભિપ્રાય ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૯૩ હેઠળ ગ્રાહ્ય છે જે નહીં માનવાને કોઈ કારણ નથી. સાહેદ નં.૧૦૦૦ મુલીયાનાની જુબાની તરફ ધ્યાન દોરી રજૂઆત કરવામાં આવેલ છે કે, મુદ્દામાલ તરીકે કબજે લીધેલ ગાડીની એન્જીનવાળો ભાગ આ સાહેદે જુબાની દરમ્યાન જોયેલો છે પરંતુ એન્જીન ઉપરના નંબરો જોવા મળેલા નથી. મારા મત પ્રમાણે ન જ જોવાય કારણ કે બોમ્બ બ્લાસ્ટ વખતે ગાડીના એન્જીનને ઘણુ નુકસાન થયેલુ છે તથા આ એન્જીન લોખંડનુ હોય ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે રાખવામાં આવેલુ છે અને બનાવ પછી ૧૧ વર્ષ બાદ આ સાહેદ એન્જીનનો નંબર જોવા ગયેલા છે જેથી

સ્વાભાવિક છે કે નંબર સ્પષ્ટપણે જોઈ શકાય નહીં. વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે આ આરોપી આ કહેવાતા ગુનાઓમાં સંડોવાયેલો નથી. પરંતુ ઉપર વિગતે જે પુરાવા રજૂ થયા છે તે ધ્યાને લેતા આ આરોપી આ કહેવાતા ગુનામાં સંડોવાયેલો છે તેમ હું માનુ છું.

આરોપી નં.૭૦ મોહમદ મોબીન ઉર્ફે મુબીન ઉર્ફે ઈરફાન અબ્દુલ સકુરખાનનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૭૦ મોહમદ મોબીન ઉર્ફે મુબીન ઉર્ફે ઈરફાન અબ્દુલ સકુરખાનનાઓ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ જુદી-જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી-જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા-જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમને કઈ-કઈ ભૂમિકા ભજવેલી છે તે સાબિત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે તે મુજબઃ-

ફરિયાદપક્ષ દ્વારા આ કામે હસનઅલી અહેમદભાઈ સુણસરાને સાહેદ નં.૯૮૫ તરીકે આંક-૬૮૫૨ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ વલસાડ મુકામે ભાડેથી હોટલ ચલાવે છે. સને-૨૦૦૮ ની સાલમાં તેઓ હોટલ શ્રીનાથ એન્ડ ગેસ્ટ હાઉસમાં મેનેજર તરીકે નોકરી કરતા હતા. આ હોટલ વલસાડ તાલુકામાં આવેલી અને તે પારડી હાઈ-વે ઉપર છે. આ હોટલના માલિક મીનાબેન જતીનકુમાર દેસાઈ હતા. આ હોટલમાં કુલ-૮ રૂમ હતા તે પૈકી બે રૂમ સ્ટાફ માટે હતા અને છ રૂમ ગ્રાહકો માટે હતા. તે વખતે હોટલમાં કુલ-૧૮ થી ૨૦ માણસોનો સ્ટાફ હતો. ગેસ્ટ હાઉસ માટે કોઈ

ગ્રાહક આવે તો તેની નોંધ રજીસ્ટરમાં કરવામાં આવતી હતી. તે વખતે આ સાહેદની ફરજનો સમય રાત્રીના આઠ થી નવ વાગ્યાથી શરૂ થઈ સવાર સુધીનો રહેતો હતો.

આંક–૨૮૫૮ વાળુ હોટલ રજીસ્ટર જોઈને કહે છે કે તે હોટલ શ્રીનાથ એન્ડ ગેસ્ટ હાઉસનું રજીસ્ટર છે અને આ રજીસ્ટરની એન્ટ્રી નં.૪૨૪ જોઈને કહે છે કે તેના કોલમ નં.૨ મા કિશન વણઝારી, અમીન શેખ, ઉસ્માની એમ ત્રણ નામ લખવામાં આવેલા છે. કોલમ નં.૩ મા તેઓની ઉંમર લખવામાં આવેલી છે. કોલમ નં.૪ મા મેલ લખેલું છે. કોલમ નં.૫ મા સરનામુ લખેલું છે. કોલમ નં.૬ મા ધંધો લખેલો છે. કોલમ નં.૭ મા ત્રણ વ્યક્તિ લખવામાં આવેલું છે. કોલમ નં.૮ મા તેઓ મુંબઈથી આવેલા તે લખેલું છે. એલોટેડ રૂમના કોલમમાં તેઓને આપવામાં આવેલ રૂમ નં.૧૦૨ લખેલું છે તથા નેશનાલીટીના કોલમમાં ઈન્ડિયન લખેલું છે. સહીના કોલમમાં સહી કરેલી છે તથા તેમની ગાડીનો નંબર લખેલો છે. આ ગાડીનો નંબર જીજે–૬–સીડી–૩૫૬૯ લખેલો છે. કોન્ટેક નંબરમાં એક ૯૮૯૨૧૦૦૭૫૯ તથા બે ૯૯૮૭૦૬૮૦૫૬ લખેલા છે. આ કોલમોની તમામ વિગતો ગ્રાહકે લખેલી હતી. આવ્યાનો સમય તથા તેઓ ગયા તે સમય તથા તારીખ આ સાહેદની હોટલના સ્ટાફે લખેલો છે. આ રજીસ્ટર પારડીથી પોલીસ આવેલી તેમને આપેલું હતું. આ રજીસ્ટરના છેલ્લું પાનુ જોઈને કહે છે કે તેમાં હોટલના રબ્બર સ્ટેમ્પ ઉપર મેનેજર તરીકે તેમની સહી કરેલી છે તે સહી ઓળખી બતાવે છે.

સાહેદ વધુમાં જણાવે છે કે આ એન્ટ્રી કરનાર ગ્રાહકો તા.૯/૭/૨૦૦૮ ના રોજ રાત્રે ૧૧.૦૦ વાગ્યે આવેલા હતા. ગાડી નંબર એન્ટ્રીમાં લખેલો છે તે નંબરવાળી ગાડી વેગન આર ગાડી હતી. આ ગાડી બે હતી પરંતુ એક ગાડીનો નંબર એન્ટ્રીમાં લખેલો છે. એક ગાડીનો કલર બ્લેક હતો. આ લોકો હિન્દી ભાષામાં વાતો કરતા હતા. આ લોકોને હોટલમાં ૧૦૨ નંબરનો રૂમ ફાળવેલો હતો. ત્યારબાદ બીજા દિવસે સવારે સવા નવ વાગ્યે આ લોકો હોટલ છોડી ગયેલા. બીજા દિવસે સવારે આ લોકોએ હોટલમાં નીચે રેસ્ટોરન્ટ છે ત્યાં

નાસ્તો પણ કરેલો. તે વખતે આ લોકોની ઉંમર ૨૫ થી ૩૦ વર્ષની વચ્ચે હોય તેવી હતી. વધુમાં જણાવેલ છે કે ત્યારપછી પોલીસે તા.૨૯/૧૦/૨૦૦૮ ના રોજ સુરત ખાતે કિલ્લામાં કોર્ટે બોલાવેલો. સાહેદ જણાવે છે કે તારીખ લખાવેલી છે પરંતુ ચોક્કસ યાદ નથી. તેઓ કિલ્લામાં કોર્ટ ગયા ત્યારે એક માણસ બોલાવવા આવેલો જેથી કોર્ટમાં ગયેલો ત્યાં સાહેબે નામ પુછેલું અને પછી કહેલું કે તમે બહાર બેસો જેથી બહાર બેસેલા. ત્યારપછી ૧૫–૨૦ મિનિટ બાદ પાછો બોલાવેલો અને કહેલું કે, તમારી હોટલમાં કોણ રોકાયેલા હતા તેઓની ઓળખપરેડ કરવાની છે. ત્યાં બીજા બે માણસો પણ હતા ત્યાં એ લોકોએ ૧૧ માણસો ઉભા રાખેલા અને કહેલું કે તમારી હોટલમાં જે રોકાયેલા હતા તેમને તમે ઓળખો. જેમાંથી આ સાહેદ એક જણને ઓળખી બતાવેલો કે જે મારી હોટલમાં રોકાયેલો હતો.

વધુમાં સાહેદ જણાવે છે કે ત્યારબાદ સને ૨૦૧૧ ની સાલમાં સુરત કોર્ટમાં બોલાવેલો. ત્યાં મારૂ નામ, સરનામુ પુછેલું અને તે લખેલું અને ત્યારબાદ તેઓને બહાર બેસવાનું કહેતાં બહાર બેઠેલો અને ત્યારબાદ ૧૫–૨૦ મિનિટ બાદ ફરી અંદર બોલાવેલા. ત્યાં પંદરેક માણસો ઉભા રાખેલા હતા અને તેમાંથી બે માણસોને ઓળખેલા. આ માણસોને ઓળખવા માટે કહેલું કે તમારી હોટલમાં જે માણસો રોકાયેલા હતા તે પૈકીના બે માણસોને ઓળખો? જેથી આ સાહેદે તે માણસો પૈકી બે માણસોને ઓળખેલા. આ સાહેદ જે ત્રણ માણસોને ઓળખેલા તે ત્રણેય માણસોને બતાવવામાં આવે તો ઘણો સમય થઈ ગયેલો હોવાથી તેઓને ઓળખી શકે નહીં તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો હોટલ શ્રીનાથમાં તેઓ બનાવ વખતે મેનેજર તરીકે નોકરી કરતા હતા તે બતાવવા પોલીસને દસ્તાવેજી પુરાવો આપેલો નહીં. હોટલ શ્રીનાથમાં કામ કરતા કર્મચારીઓનું હાજરી પત્રક રાખવામાં આવે છે તે કબૂલ કરે છે. આંક–૨૮૫૮ વાળા રજીસ્ટરમાં એન્ટ્રી જે જોઈ તે આ સાહેદના હસ્તાક્ષરમાં નથી. એન્ટ્રીની અંદર "ચેક ઈન" ની જે એન્ટ્રી છે તે ગ્રાહકે કરેલી અને "ચેક આઉટ" ની એન્ટ્રી હોટલના સ્ટાફે કરેલાનું જણાવે

છે. તા.૯.૭.૨૦૦૮ ના રોજ એન્ટ્રી નં.૪૨૪ ના ગ્રાહકોને રૂમ નં.૧૦૨ આપવામાં આવેલો અને તેનો ચાર્જ વસુલ કરેલો, તેનુ બીલ આપવામાં આવેલુ કે કેમ? તે કહી શકે નહીં. રજીસ્ટરમાં રૂમનો ચાર્જ લખવામાં આવેલો નથી તે કબૂલ કરે છે. પોલીસે બીલબુક કબજે કરેલી કે કેમ? તે યાદ નથી. ગ્રાહક હોટલમાં રોકાય અને ચાર્જ આપે તેનો અગત્યનો પુરાવો બીલબુક છે તે કબૂલ કરે છે. બીલબુક સરતપાસ દરમ્યાન બતાવવામાં આવેલ નથી તે કબૂલ કરે છે. એન્ટ્રી નં.૪૨૪ ના ગ્રાહકો હોટલમાં આવ્યા અને બીજે દિવસે ગયા તે દરમ્યાન હોટલ ઉપર આ સાહેદ હતા કે કેમ? તેનો દસ્તાવેજી પુરાવો નથી. તા.૯.૭.૨૦૦૮ ના દિવસે હોટલમાં વોચમેન કોણ તા તેની ખબર નથી. કોઈપણ વાહન પાર્કીંગમાં પાર્ક થાય ત્યારે વાહનનો નંબર ચેક કરતા નથી. તા.૯.૭.૨૦૦૮ ના દિવસથી તા. ૧૦.૭.૨૦૦૮ ના રોજ સાંજના ૪.૦૦ વાગ્યા સુધી કોઈ નવો ગ્રાહક આવેલો નથી તે કબૂલ કરે છે. તા.૯.૭.૨૦૦૮ ના સમય દરમ્યાન હોટલમાં ઘણા ગ્રાહકો આવેલા. રજીસ્ટરના પાના નં.૧ થી ૪૨ ઉપર કરવામાં આવેલી એન્ટ્રીઓમાં વાહનોના નંબરો લખેલા નથી તે કબૂલ કરે છે. તા.૯.૭.૨૦૦૮ થી લઈને તા. ૨૩.૧૦.૨૦૦૮ ના દિવસે પોલીસ પ્રથમ વખત આવી તે દરમ્યાન આ ગ્રાહકો વિશેની માહિતી કોઈને આપેલી નહીં. પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદ હોટલમાં મેનેજર છે. રોજેરોજ તેઓની હોટલમાં ઘણા બધા ગ્રાહકો રોકાવવા આવતા હોય અને રોકાઈને જતા હોય કયો ગ્રાહક શું કામ કરે છે અને તે પાછો કયાં જશે તેની નોંધ કે માહિતી મેળવવી આ સાહેદ માટે જરૂરી નથી અને આવી માહિતી મેળવીને કોઈને કહેવાની જરૂર પણ હોતી નથી. એન્ટ્રી નં.૪૨૪ વાળા ગ્રાહકો બોમ્બ બ્લાસ્ટ કરવાના છે તેવી જો તેને માહિતી હોત તો તેણે પોલીસને ચોકકસપણે જાણ કરી હોત. પરંતુ એન્ટ્રી નં.૪૨૪ ના ગ્રાહકો પણ રોજેરોજ આવતા ગ્રાહકો જેવા જ ગ્રાહકો છે તેવુ આ સાહેદને ચોકકસપણે માનવાને કારણ છે માટે કોઈને પણ માહિતી આ ગ્રાહકો વિશેની આપી ન હોય તેથી કરીને આરોપી હોટલમાં રોકાયેલા નથી તેવુ અનુમાન થઈ શકે નહીં. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા સરતપાસમાં જણાવ્યા પ્રમાણે હોટલ શ્રીનાથમાં મેનેજર તરીકે કામ કરતા ન હતા

તો તે હકીકત નકારી છે. તા.૯.૭.૨૦૦૮ ના દિવસે એન્ટ્રી નં.૪૨૪ ના કોઈ પેસેન્જરો મારૂતિ વેગન આર કાર જીજે–૬–સીડી–૩૫૬૯ લઈને આવેલા નહીં તો તે હકીકત પણ નકારી છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો સુરત ખાતે ઓળખ પરેડમાં બે વખત ગયેલા. આ સાહેદની હોટલમાં જુદા–જુદા રાજયોના લોકો પણ રોકાય છે તે કબૂલ કરે છે. રોકાયેલા લોકોની ભાષા ઉપરથી ખબર પડે નહીં કે તે કયા રાજયનો છે તે કબૂલ કરે છે. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચની પોલીસ પણ આવેલી કે કેમ? તે કહી શકે નહીં. મુંબઈ મુકામે જેલમાં ઓળખ પરેડ માટે ગયેલા તેવુ બનેલુ છે. કયા કેસમાં ગયેલા તેનો નંબર ખ્યાલ નથી. મુંબઈ ખાતે ઓળખ પરેડમાં ગયા ત્યારે આરોપીને ઓળખી શકેલા નહીં તે કબૂલ કરે છે. પોલીસના કહેવાથી અને સમજાવવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારે છે.

આમ આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ હોટલ શ્રીનાથ નેશનલ હાઈવે નં.૮ મા પારડી, જિલ્લોઃ વલસાડ ખાતે મેનેજર તરીકે નોકરી કરતા હતા અને આ ગુનાના આરોપીઓ પૈકી આરોપી નં.૨૮ અફઝલ ઉર્ફે અફસર મુતલ્લીબ ઉસ્માની તથા આરોપી નં.૭૦ મોબીન ઉર્ફે મુબીન ઉર્ફે ઈરફાન અબ્દુલ શકુરખાન તથા આરોપી નં.૬૯ આમીન ઉર્ફે રાજા અય્યુબભાઈ શેખનાઓ હોટલ શ્રીનાથમાં હોટલમાં અમદાવાદમાં થયેલા બોમ્બ બ્લાસ્ટ અગાઉ રોકાયેલા હતા અને આ સાહેદની હોટલના રજીસ્ટરમાં એન્ટ્રી નં. ૪૨૪ કરેલી અને રૂમ નં.૧૦૨ રહેવા માટે આપેલો હતો. આ આરોપીઓ વેગન આર કાર લઈને આવેલા હતા. તપાસ કરનાર અધિકારીએ પોતાની તપાસ દરમ્યાન આ સાહેદનું નિવેદન લીધેલુ હતુ અને આ સાહેદને સુરત ખાતે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સમક્ષ આરોપીઓની ઓળખ પરેડ માટે લઈ જવામાં આવેલા હતા. ઓળખ પરેડ કરાવનાર એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સાહદે નં.પ૭૫ હતા અને તેમને પંચોની હાજરીમાં ડમી માણસો બોલાવીને આ કામના આરોપી નં.૨૮ અફઝલ ઉસ્માનીની ઓળખ પરેડ કરાવેલી અને ઓળખ પરેડ દરમ્યાન સાહેદ નં.૯૮૫ હસનઅલીનાઓએ આ આરોપીને તા.૨૯.૧૧.૨૦૦૮ નાં રોજની ઓળખ પરેડની કાર્યવાહી દરમ્યાન ઓળખી બતાવેલા હતા. આ સાહેદે પોતાની

સરતપાસ દરમ્યાન આ આરોપીને કોર્ટમાં ઓળખી બતાવેલ નથી અને કારણ આપેલુ છે કે ઘણો સમય થયેલ હોવાથી આરોપીને ઓળખી શકેલા નથી. આ સાહેદની હકીકત માનવાને કારણ છે કારણ કે આ આરોપી તા.૯.૭.૨૦૦૮ ના રોજ હોટલમાં રોકાવવા માટે ગયેલો ત્યારે આ સાહેદે તેને જોયેલો. ત્યારબાદ તા.૨૯.૧૧.૨૦૦૮ ના રોજ આ સાહેદે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સમક્ષ આ આરોપીને ફરીથી જોયેલો અને ઓળખ પરેડ દરમ્યાન ઓળખી બતાવેલ. આ આરોપીને ફરીથી જોવાનો પ્રસંગ આશરે ચારથી સાડા ચાર માસમાં ઉભો થયેલો માટે ઓળખ પરેડ દરમ્યાન આ સાહેદે આ આરોપીને ઓળખેલ હતો. આમ સાડા ચાર માસના સમય દરમ્યાન સાહેદની યાદશકિત પણ તાજી રહેતી હોય છે તેમજ આરોપીના શરીરનો બાંધો પણ બદલાયેલો ન હોય. જયારે આ સાહેદની જુબાની આ અદાલતમાં તા.૧૪.૩.૨૦૧૮ ના રોજ એટલે કે મેજિસ્ટ્રેટ રૂબરૂ ઓળખ પરેડ થઈ તેના દસ વર્ષ બાદ થયેલી છે. આ ૧૦ વર્ષના સમય દરમ્યાન આ સાહેદે આરોપીને જોયેલો નથી જેથી આરોપીનો ચહેરો આ સાહેદના મગજમાં યાદદાસ્ત તરીકે રહેલો ન હોય. એટલુ જ નહીં ૧૦ વર્ષના સમયમાં આરોપીનો શારીરિક બાંધો પણ બદલાય ગયેલો હોય જેથી સ્વાભાવિક છે કે આ સાહેદ આરોપીને જુબાની દરમ્યાન ઓળખી શકે નહીં. જે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સમક્ષ આ સાહેદે આરોપીને ઓળખી બતાવેલો અને ઓળખ પરેડની જે કંઈ કાર્યવાહી થયેલી તે ઑફિસ સમય દરમ્યાન થયેલી છે અને મેજિસ્ટ્રેટશ્રીએ પોતાની ફરજની ભાગરૂપે ઓળખ પરેડની કાર્યવાહી કરેલી છે જેથી તે નહીં માનવાને કોઈ કારણ નથી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે કનૈયાલાલ ધીરજલાલ રાજાને સાહેદ નં.૯૮૨ તરીકે આંક–૬૮૪૨ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ નાયબ મામલતદાર બીનખેતી સુરત તરીકે ફરજ બજાવતા હતા તે દરમિયાન સપ્ટેમ્બર/ઓક્ટોબર–૨૦૧૧ ના સમયગાળામાં તેમની પાસે વધારાના એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ તરીકે હવાલો હતો. તે દરમ્યાન વી.વી.રાઠોડ, મદદનીશ પોલીસ કમિશનર એફ ડીવીઝન, સુરતનાઓ તરફથી તા.૩૦.૯. ૨૦૧૧ ના રોજનો રીપોર્ટ તેમની કચેરીમાં તા.૧.૧૦.૨૦૧૧ ના રોજ આવેલો.

આ રીપોર્ટથી કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી.નં.૧૭૬/ ૨૦૦૮ ના કામે બે આરોપીઓ નામે એક મોબીન ઉર્ફે મુબીન ઉર્ફે ઇરફાન અબ્દુલ સકુરખાન તથા બીજા આમીન ઉર્ફે રાજા ઐયુબ શેખનાઓની સાહેદ હસનઅલી અહેમદઅલી સુણસરા, રહે. રૂમ નં.૧૦૫, કિલ્લા પારડી, ઇલીયાસ એપાર્ટમેન્ટ, જિ.વલસાડ દ્વારા ઓળખ પરેડ કરવાનું જણાવવામાં આવેલું અને તે અંગેનો સમય તથા તારીખ તથા સ્થળ નક્કી કરી જાણ કરવા જણાવવામાં આવેલું. આ રીપોર્ટ મળતાં ઓળખ પરેડ તા.૩.૧૦.૨૦૧૧ ના રોજ તેમની કચેરીમાં કલાક ૧૬.૦૦ વાગે યોજવા અંગેનું જણાવેલું. આ સાહેદને જે યાદી મળેલી તે અંગે સ્થળપ્રત આપેલ તે આંક–૬૮૪૩ મા સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

સાહેદ વધુમાં જણાવે છે કે આ યાદી મળી તે જ દિવસે તપાસ કરનાર અધિકારીને આરોપી અને સાહેદ એકબીજાને જોઇ ન શકે તે રીતે ઓળખ પરેડ માટે રજુ કરવા અને તપાસ કરનાર અધિકારીને પણ હાજર રહેવા જણાવેલું. ત્યારબાદ તા.૩.૧૦.૨૦૧૧ના રોજ સાંજે ૪.૦૦ વાગ્યે આ ઓળખ પરેડ બે તટસ્થ અને પ્રતિષ્ઠિત પંચોની હાજરીમાં રાખેલ જેમાં પંચ નં.૧ રાજુભાઇ સુખલાલ પાટીલ, ધંધોઃ ડ્રાઇવર, રહે. પ્લોટ નં.૧૯૧, દ્વારકેશનગર, લીંબાયત, સુરત તથા પંચ નં.૨ શેખ રહીમ શેખ જબ્બાર, ધંધોઃડ્રાઇવર, રહે. રૂકસાના મકાનમાં, રૂસ્તમપુરા, પોલીસ ચોકી પાસે, સુરતનાઓ હતા. આ પંચોને આરોપીઓની સાહેદ દ્વારા ઓળખ કરવા અંગેનું પંચનામું કરવા સમજ કરતાં પંચોએ સંમતિ દર્શાવી અને આ પંચોને ચેમ્બરની બાજુની રૂમમાં બેસાડેલા. ત્યારબાદ સાહેદ હાજર થતાં તેમની વિગત પુછતાં તેમનું નામ હસનઅલી અહેમદઅલી સુણસરા, રહે. રૂમ નં.૧૦૫, કિલ્લા પારડી, ઇલીયાસ એપાર્ટમેન્ટ, જિ.વલસાડ હોવાનું જણાવેલ.

સાહેદ વધુમાં જણાવે છે કે આ ઓળખ પરેડના સાહેદ હાજર થતાં તેઓને જિલ્લા સેવા સદન–૨ માં આવેલી શિક્ષણ અધિકારીની કચેરી બહાર બાકડા ઉપર બેસાડેલા અને ત્યારબાદ એ.એસ.આઇ. પ્રકાશભાઇ ભાગવતભાઇ સોનવણે બ.નં.૬૮૫ ડી.સી.બી. પોલીસ સ્ટેશન, સુરત દ્વારા આ કામના બે

આરોપીને રજૂ કરેલા જેમાં એક આરોપી મોબીન ઉર્ફે મુબીન ઉર્ફે ઇરફાન અબ્દુલ સકુરખાન, ઉ.વ.૩૨, રહે.પ્લોટ નં.૨૦૪, આનંદ વિહાર, ફેઝ–૩, ગાઝીયાબાદ, યુ.પી. મૂળ રહે. પ્લોટ નં.૬૬, સેરેશાહ, સુરીનગર, ઇન્દોર, મધ્યપ્રદેશ તથા બીજા આરોપી આમીન ઉર્ફે રાજા ઐયુબભાઇ શેખ , ઉ.વ.૨૯, રહે. મકાન નં.૧૩, ખજરાના પેલેસ, ઇન્દોર, મધ્યપ્રદેશનાઓ હતા.

સાહેદ વધુમાં જણાવે છે કે આરોપીઓ ડી.સી.બી. પોલીસ સ્ટેશનની કસ્ટડીમાં હતા. આરોપીઓ હાજર થતાં તેઓને ચેમ્બરમાં બેસાડેલા. ત્યારબાદ આરોપીઓને મળતાં આવતાં ચહેરા, મોઢા અને ઉંચાઇ, ઉંમરવાળા કુલ–૧૫ શખ્સોને બોલાવડાવેલાં અને તેઓના તમામના નામ, સરનામાં પુછીને વિગતવાર પંચનામામાં લખેલાં. ત્યારબાદ ઓળખ પરેડમાં સમાવેલ તમામ શખ્સો તથા આ સાહેદ તથા પંચો તથા આરોપીઓ તમામ હાજર હતાં તેની ખાત્રી કરેલી અને આ સિવાય અન્ય કોઇ ત્રાહિત ઇસમ કે પોલીસના કોઇ માણસ હાજર ન હતાં તેની ખાતરી કરેલી. ત્યારબાદ પંચ નં.૧ રાજુભાઇ પાટીલને આ કામના સાહેદ હસનઅલી સુણસરાને બોલાવી લાવવાનું જણાવેલું. જેથી રાજુભાઈ ઓળખ પરેડનું સ્થળ છોડી સાહેદને આ કામના સાહેદ હસનઅલી સુણસરાને બોલાવી લાવવાનું જણાવેલું જેથી તેઓ ઓળખ પરેડનું સ્થળ છોડી સાહેદને બોલાવવા શિક્ષણ અધિકારીની કચેરીએ ગયેલાં. ત્યારબાદ ઓળખ પરેડમાં રાખવામાં આવેલાં પંચ નં.૨ શેખ રહિમ શેખ જબ્બારને બે આરોપીઓને બોલાવી લાવવાનુ જણાવેલું. જેથી જબ્બારભાઈ આ સાહેદની ચેમ્બરમાં ગયેલાં અને બંને આરોપીને બોલાવી લાવી આ સાહેદ સમક્ષ રજૂ કરેલાં. તે બંને આરોપીઓના વારાફરથી નામ પુછેલાં તો તે પૈકી પ્રથમ આરોપીએ પોતાનું નામ મોબીન ઉર્ફે મુબીન ઉર્ફે ઇમરાન અબ્દુલ સકુરખાન હોવાનું જણાવેલું તથા બીજાએ પોતાનું નામ અમીન ઉર્ફે રાજા ઐયુબ શેખ જણાવેલું. આ બંને આરોપીઓને આ પ્રસ્તુત ગુનાની અને ઓળખ પરેડ બાબતે હિન્દી ભાષામાં સમજ આપેલી અને દેખાવમાં કે પોશાકમાં પરિવર્તન કે ફેરફાર કરવો હોય તો તેઓને તેમ કરવાની છુટ આપેલી. પરંતુ તેમણે ફેરફાર કરેલો નહીં. ત્યારબાદ આ આરોપીઓને લાઇનમા ઉભા

રાખેલા ઈસમો સાથે પોતાની મનપસંદ જગ્યાએ ઉભા રહેવાનું જણાવેલું. જેથી આરોપી નં.૧ ઈસમ નં.૧૧ અને ૧૨ ની વચ્ચે અને આરોપી નં.૨ ઈસમ નં.૩ અને ૪ ની વચ્ચે જઈને ઉભા રહેલા.

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ સાહેદને બોલાવવા ગયેલા પંચ નં.૧ સાહેદ હસનઅલીને લઈને આ સાહેદ રૂબરૂ પરેડના સ્થળે હાજર થયેલાં અને હાજર થયેલ સાહેદનું નામ પુછતાં તેણે પોતાનું નામ હસનઅલી સુણસરા જણાવેલું. ત્યારબાદ આ સાહેદને ગુનાની તેમજ ઓળખ પરેડ અંગેની સંપૂર્ણ સમજ આપેલી અને આ ગુનાના આરોપીઓ લાઈનમાં ઉભેલાં ઈસમો સાથે પોતાની મનપસંદ જગ્યાએ ઉભા રહેલાં છે તો તમે તેઓને નજરે જોયે તેઓને ઓળખતાં હોવ તો તે તેઓને ઓળખી બતાવી તેઓના હાથ પકડી લાઈનમાંથી બહાર કાઢી સમક્ષ રજૂ કરવા જણાવેલું. જેથી આ સાહેદ ધ્યાનથી તે તરફ જોઈ ઓળખ પરેડમાં ઉભા રાખેલાં ઈસમો પૈકી એક પછી એક બે ઈસમોને ઓળખી બતાવી તેઓના હાથ પકડી લાઈનમાંથી બહાર કાઢી રજૂ કરેલાં. ત્યારબાદ સાહેદને પરેડનું સ્થળ છોડી અને ચાલ્યા જવાની સુચના આપેલી અને તેઓ પરેડનું સ્થળ છોડીને ગયા બાદ તેમણે ઓળખી બતાવી બહાર કાઢેલાં શખ્સોનું નામ પુછતાં તે પૈકી એક આરોપીએ પોતાનું નામ મોબીન ઉર્ફે મુબીન ઉર્ફે ઈરફાન અબ્દુલ સકુરખાન જણાવેલું તથા બીજાએ પોતાનું નામ રાજા ઉર્ફે આમીન ઐયુબ શેખ હોવાનું જણાવેલું. આમ આ સાહેદે ઓળખ પરેડમાં સમાવેલાં ઈસમો પૈકી બે સાચા આરોપીને ઓળખી બતાવેલાં હતાં. આ ઓળખ પરેડની સમગ્ર કાર્યવાહી દરમિયાન આરોપીઓ ક્યાં ઉભાં હતાં તેની સાહેદને કોઈપણ રીતે જાણ ન થાય તેમજ ઓળખ પરેડ તટસ્થતાપૂર્વક થાય અને તેની કાયદેસરતા જળવાઈ રહે તે માટેની સંપૂર્ણ સાવચેતી લીધેલી હતી અને આ ઓળખ પરેડ આ સાહેદની કચેરીમાં બંધ બારણે સાચી રીતે કરવામાં આવેલી હતી અને ઓળખ પરેડમાં આરોપીઓને તેમની મનપસંદ જગ્યાએ ઉભા રહેવાની તેમજ હાવભાવ, દેખાવ, પોશાકમાં પરીવર્તન કરવાની સંપૂર્ણ છુટ આપેલી હતી. આ કાર્યવાહીનું જે

પંચનામુ બનાવવામાં આવેલુ જે આંક–૬૮૪૪ થી રજૂ છે. આ પંચનામામાં સાહેદ પોતાની તેમજ અન્ય પંચની સહીઓ ઓળખી બતાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો ઓળખ પરેડની કાર્યવાહી કરી તે પહેલા ૩–૪ મહિનાથી એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ તરીકેનો ચાર્જ સંભાળેલો હતો. ઓળખ પરેડ વખતે કાયમી ધોરણે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ તરીકેની ફરજ બજાવતા ન હતા. મૂળ હોદ્દો નાયબ મામલતદાર તરીકેનો હતો. અગાઉ ઓળખ પરેડ કરાવવાના પ્રસંગો બનેલા હતા. ઓળખ પરેડ કરાવવાની સંપૂર્ણ કાર્યવાહીથી વાકેફ છે તે કબૂલ કરે છે. તા.૧.૧૦.૨૦૧૧ થી તા.૩.૧૦. ૨૦૧૧ સુધીના સમયમાં આ જ ઑફિસમાં ફરજ બજાવતા હતા. ૧.૧૦.૨૦૧૧ નાં રોજ ઓળખ પરેડનો પત્ર મળ્યા પછી તાત્કાલિક ઓળખ પરેડ નહીં કરાવવાનું કારણ આપી શકે નહીં. તા.૧.૧૦.૨૦૧૧ ના રોજનો પત્ર કેવી રીતે અને કયા સમયે મળેલો તેની નોંધ પત્ર ઉપર કરેલી નથી. પંચોને લાવનાર વ્યકિત કઈ જગ્યાએથી પંચો લઈ આવેલી તેની નોંધ કરેલી નથી. આ સાહેદની ઑફિસની બહાર આજુબાજુ બીજી ઘણી બધી સરકારી ઑફિસો આવેલી છે તે કબૂલ કરે છે. ઑફિસની આજુબાજુ રહેણાંકના મકાનો તેમજ કોમર્શીયલ મકાનો આવેલા છે તે હકીકત નકારે છે. પંચોના માણસોને બોલાવવા માટે કલાર્કને મોકલેલો. પંચોને બોલાવ્યા તે પહેલ હેડ કોન્સ્ટેબલ પ્રકાશભાઈ આરોપીઓને લઈને આવી ગયા હતા તો તે હકીકત નકારી છે. ડમી ઈસમોને બોલાવી લાવનાર વ્યકિતને કેવા માણસો લાવવા તેવી કોઈ સુચના આપેલી નહીં. ડમી માણસો, આરોપીઓ, પંચો અને સાહેદો કેટલા વાગે આવેલા તે સમયની નોંધ કોઈ જગ્યાએ કરેલી નથી તે કબૂલ કરે છે. પોલીસની યાદીમાં આરોપીઓના નામ સરનામા, ગુનાની વિગત તેમને ભજવેલો ભાગ, આરોપીઓના ચહેરા નિશાન પત્રકો વિગેરેની માહિતી હતી તે કબૂલ કરે છે. સાહેદને હાજર રહેવા પોલીસને કોઈ સુચના આપી હોય તેવી નોંધ કરેલી નથી. તા.૩.૧૦.૨૦૧૧ ના રોજ સાંજના ચાર વાગ્યે પોતાની કચેરીમાં ઓળખ માટે હાજર થવુ તેવો સમન્સ સાહેદોને મોકલેલો નથી તે કબૂલ કરે છે. સાહેદને બેસાડેલા તે જગ્યા ઑફિસોના

કોમ્પ્લેક્ષમાં ત્રીજા માળે હતી અને આ સાહેદની ઑફિસ ચોથા માળે હતી. ઑફિસોવાળા કોમ્પ્લેક્ષમાં આગળ લોબીઓ આવેલી છે તે કબૂલ કરે છે. આરોપીઓને આ સાહેદની સમક્ષ કેવી સ્થિતિમાં લાવવામાં આવેલા તેની નોંધ કોઈ જગ્યાએ કરેલી નથી તે કબૂલ કરે છે. આરોપીઓને રજૂ કર્યા તે વખતે કઈ કઈ સાવચેતી લીધેલી છે તે અંગેની પોલીસને પુછપરછ કરેલી હોય તેવી નોંધ કરેલી નથી. ઑફિસમાં પત્ર આવતો જતો હોય તો તે બાબતેનો આવક–જાવક રજીસ્ટર નીભાવવામાં આવે છે. આંક–૬૮૪૩ વાળી યાદી ઉપર પોલીસ સ્ટેશનનો જાવક નંબર અને આ સાહેદની ઑફિસનો આવક નંબર લખેલો નથી તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે યાદી ઉપર પોલીસ સ્ટેશનનો જાવક નંબર કે આ સાહેદની ઑફિસનો આવક નંબર લખેલો ન હોય તો તેનો અર્થ એવો નથી કે આ યાદી ખોટી છે. યાદી લખનાર તપાસ અધિકારીની સહી છે જે ખોટી હોવાનું અનુમાન થઈ શકે નહીં. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો યાદી મળી તે બાબતે એન્ડોસમેન્ટ સિવાય બીજી કોઈ જગ્યાએ નોંધ કરી નથી તે કબૂલ કરે છે. યાદીમાં તા.૩૦.૯.૨૦૧૧ લખવામાં આવેલી છે પરંતુ તે યાદી કયારે લખાયેલી તે ખબર નથી તે કબૂલ કરે છે. મારા મત પ્રમાણે આ યાદી લખનાર તપાસ કરનાર અધિકારી છે તેમને યાદી કયા સમયે કઈ તારીખે લખેલી તેની માહિતી આ સાહેદને ન હોય યાદીમાં તા.૩૦.૯.૨૦૧૧ લખવામાં આવેલી છે જેથી આ યાદી તા.૩૦.૯.૨૦૧૧ ના રોજ લખવામાં આવેલી હોવાનું કહી શકાય. પંચ નં.૧ સાહેદને લઈને કેટલા સમયમાં આવી ગયેલા તે યાદ નથી. પંચ નં.૧ સાહેદને બોલાવી લાવ્યો તે પહેલા ડમી ઈસમો આવી ગયેલા હતા. ડમી ઈસમો દેખાવે કેવા હતા તે અંગેની કોઈ નોંધ કરેલી નથી. ડમી ઈસમો દેખાવે કેવા હતા તે જુબાનીના દિવસે કહી શકે નહીં. તા.૩.૧૦.૨૦૧૧ ના રોજ ઓળખ પરેડ રાખી છે તે અંગેની લેખિત જાણકારી પોલીસને આપેલી નથી તો તે હકીકત નકારે છે. તા.૩૦.૯.૨૦૧૧ ના રોજનો પત્ર તા.૧.૧૦.૨૦૧૧ ના રોજ ઑફિસમાં કેવી રીતે આવેલો તે અંગેની નોંધ કરેલી નથી તે કબૂલ કરે છે. ઓળખ પરેડ કરાવતી વખતે કઈ કઈ સાવચેતી લીધેલી તે અંગેની નોંધ પંચનામામાં કરેલી નથી તો તે

હકીકત નકારે છે. ઈન્ચાર્જ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ તરીકે ઓળખ પરેડ કરાવવાની સત્તા હતી નહીં તો તે હકીકત નકારે છે. આંક–૬૮૪૩ વાળી યાદી તેમાં જણાવેલી તારીખે મળેલી નથી તો તે હકીકત નકારી છે. પોલીસને મદદ કરવા પાછળથી પંચનામુ તથા યાદી ઉભી કરેલી છે તો તે હકીકત પણ નકારી છે. ચાર વાગ્યા પહેલા મરજી પ્રમાણે ઓળખ પરેડની કાર્યવાહી કરવાના હતા તો તે હકીકત નકારી છે. પંચનામાની કાર્યવાહી ચાર વાગે શરૂ થઈ પાંચ વાગે પુરી કરેલી તો તે હકીકત કબૂલ કરે છે. આ પ્રશ્નનો અર્થ એવો થાય આ સાહેદે આ આરોપીઓની ઓળખ પરેડ કરાવેલી છે અને તેનુ પંચનામુ બનાવેલુ છે તે આરોપીઓ તરફથી કબૂલ કરવામાં આવેલ છે તેમ કહી શકાય. એક કલાક પંચનામાની કાર્યવાહી ચાલેલી તે દરમ્યાન ઑફિસની બહાર કઈ વ્યકિતઓ શું શું કામગીરી કરતી હતી તે જોયેલુ નહીં. આરોપીઓ કેટલા સમયથી પોલીસ કસ્ટડીમાં છે તે આરોપીઓને પુછેલુ નહીં. તા.૧.૧૦.૨૦૧૧ થી તા.૩.૧૦. ૨૦૧૧ ના સમય દરમ્યાન તમોને પોલીસે આરોપીઓ બતાવ્યા છે કે કેમ? તેવુ સાહેદોને પુછેલુ નહીં તે કબૂલ કરે છે. સાહેદ હસનઅલીએ આરોપીઓને કયા કારણસર ઓળખેલા તે હકીકત પંચનામામાં લખેલી નથી તે કબૂલ કરે છે. સરતપાસમાં જણાવ્યા પ્રમાણે ઓળખ પરેડની કોઈ વિધિ કરેલી નથી તો તે હકીકત નકારે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ ઈન્ચાર્જ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ તરીકે સુરત ખાતે ફરજ બજાવતા હતા અને તપાસ કરનાર અધિકારીએ તા.૧.૧૦.૨૦૧૧ ના રોજ આરોપી નં.૬૯ આમીર ઉર્ફે રાજા ઐયુબ શેખ તથા આરોપી ન .૭૦ મોહમદ મોબીન ઉર્ફે મુબીન શકુરખાનની ઓળખ પરેડ કરાવવા માટે આવેલી યાદીના આધારે તા.૩.૧૦. ૨૦૧૧ ના રોજ આ સાહેદે આ બંને આરોપીઓની ઓળખ પરેડ પોતાની રૂબરૂમાં સાહેદ નં.૯૮૫ નાઓ સમક્ષ કરાવેલી હતી અને ઓળખ પરેડ દરમ્યાન આરોપી નં.૬૯,૭૦ નાઓને ઓળખી બતાવેલા હતા.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે હેમાંગ ગુણવંતરાય ઉપાધ્યાયને સાહેદ નં.૪૬૬ તરીકે આંક–૨૮૫૬ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૨૩/૧૦/૨૦૦૮ ના રોજ બપોરના સમયે ડી.સી.બી. પોલીસ સ્ટેશન, સુરત શહેરના પોલીસે આ સાહેદને નેશનલ હાઈવે નં.૮ પાસે આવેલ હોટલ શ્રીનાથ એન્ડ ગેસ્ટ હાઉસ પાસે બોલાવેલા. જયારે પોલીસે બોલાવેલ ત્યારે તે ગેસ્ટ હાઉસ પાસે આવેલ પેટ્રોલ પંપ કે જયાં નોકરી કરે છે ત્યાં હાજર હતા. તેમની સાથે બીજા એક ભાઈ જયદીપભાઈ દેસાઈને બોલાવેલા. જયદીપભાઈને આ સાહેદ ઓળખે છે કારણકે તે પણ આ ગેસ્ટ હાઉસની નજીક કામ કરે છે. સાહેદ વધુમાં જણાવે છે કે તેઓ ગેસ્ટ હાઉસમાં કાઉન્ટર પાસે ગયેલા તે સ્થળે તે વખતે પોલીસવાળા તથા એક ઈસમ નામે હસનભાઈ અને હોટલના બીજા માણસો હતા. હસનભાઈ આ સ્થળે રજીસ્ટર બતાવેલુ. સાહેદ સેશન્સ કેસ નં. ૪૧૨/૨૦૦૯ ના મુદ્દામાલ લીસ્ટ આંક–૨૩૩૬ ના આર્ટીકલ નં.૪૩ વાળુ અસલ રજીસ્ટર જોઈને જણાવે છે કે આ તે જ રજીસ્ટર છે જેના અંત ભાગમાં તેઓએ તથા પોલીસ અધિકારીએ સહીઓ કરેલી. આ રજીસ્ટરના પાના નં.૪૩ ઉપર એન્ટ્રી નં.૪૨૪ આ સાહેદે જે તે વખતે જોયેલી અને તેના ઉપર લાલ પેનથી રાઉન્ડ કરેલ. પોલીસ અધિકારીએ ત્યાં એવુ જણાવેલુ કે આ નોંધ માની વિગતના વ્યકિતઓ કોઈ ગુનામાં સંડોવાયેલા છે માટે આ રજીસ્ટર કબજે કરવાનું છે અને તેનુ પંચનામું કરવાનુ પણ જણાવેલુ. આ કાર્યવાહીનું પંચનામુ બનાવવામાં આવેલુ જે આંક–૨૮૫૭ થી રજૂ છે આ પંચનામામાં સાહેદ પોતાની તથા જયદીપભાઈની અને રૂબરૂ તરીકે પોલીસ અધિકારીની સહીઓ ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો હાલમાં બાલાખાડી તા.પારડી મુકામે ખુશી રેસીડેન્સીમાં રહે છે. પેટ્રોલ પંપ ઉપર પોલીસ બોલાવવા આવેલી. પેટ્રોલપંપ અને ગેસ્ટ હાઉસ વચ્ચે ૨૦૦–૩૦૦ ફુટનું અંતર છે. ત્યાં વચ્ચે મકાનો અને દુકાનો આવેલી છે તો તે હકીકત નકારી છે. શ્રીનાથ ગેસ્ટ હાઉસ રોડ ઉપર આવેલુ છે અને ત્યાંથી ઘણા બધા માણસો અને વાહનો પસાર

થાય છે તે કબૂલ કરે છે. પોલીસવાળા બપોરના સવા ત્રણના અરસામા બોલાવવા આવેલા તે કબૂલ કરે છે. શ્રીનાથ ગેસ્ટ હાઉસ ઉપર પોલીસ કયારે આવેલી તે કહી શકે નહીં. શ્રીનાથ ગેસ્ટ હાઉસના માલીક હસનભાઈને ઓળખે છે અને મિત્ર છે. મુદ્દામાલ રજીસ્ટર પાન નં.૪૩ ઉપર નોંધ નં.૪૨૪ બ્લેક પેનની લખાયેલ છે જે આંક–૨૮૫૮ થી રજૂ છે. પાના નં.૪૩ ઉપર સબંધીત એન્ટ્રી નં.૪૨૪ સિવાય બાકીના અક્ષરો જુદા છે તે કબૂલ કરે છે. તા.૨૩.૧૦.૨૦૦૮ ના રોજ કોઈ કાર્યવાહી કરવામાં આવેલી નથી કે રજીસ્ટર કબજે કરેલ નથી તો તે હકીકત નકારી છે. પોલીસના કહેવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૭ આર.આર.સરવૈયાનાઓએ કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી.નં. ૧૭૫/૨૦૦૮ નાં કામે તા.૨૩.૧૦.૨૦૦૮ ના રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ જયદિપ ગુણવંતરાય ઉપાધ્યાયનાઓને હોટલ શ્રીનાથ એન્ડ ગેસ્ટ હાઉસના કાઉન્ટર ઉપર પારડી ખાતે બોલાવેલા હતા. સુરતમાં થયેલ બોમ્બ પ્લાન્ટેશનના ગુનામાં ઉપયોગમાં લીધેલ વેગન આર કાર કબજે કરેલ હતી તે કાર આરોપી અફજલ ઉસ્માની, આમીન શેખ, ઈરફાન ઉર્ફે કિશન વણઝારીનાઓ ચોરી કરીને લઈ આવેલા અને મુંબઈ થી સુરત જતી વખતે પારડી મુકામે નેશનલ હાઈવે નં.૮ ઉપર આવેલી શ્રીનાથ ગેસ્ટ હાઉસમાં રોકાયેલા હતા અને તે માટે હોટલનું રજીસ્ટર કબજે કરવાનું હતુ. ત્યાં કાઉન્ટર ઉપર હસનઅલી સુનસરાનાઓ હાજર હતા અને તેમને એક રજીસ્ટર પાકા પુઠ્ઠાનું ગુલાબી કલરનું ડીઝાઈનવાળુ રજૂ કરેલુ હતુ અને તે રજીસ્ટર આંક–૨૮૫૭ ના પંચનામાની વિગતે કબજે કરેલુ. વધુમાં રજીસ્ટરના પાના નં.૪૩ ઉપર અનુક્રમ નં.૪૨૪ ઉપર બ્લેક પેનથી વિગત ભરેલી હતી જેને આંક–૨૮૫૮ આપવામાં આવેલો છે.

આંક–૨૮૫૭ વાળુ પંચનામુ બનાવનાર તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૭ આર.આર.સરવૈયાનાઓની જુબાનીના પેરા નં.૫ ધ્યાને લેતા

તેઓ એ.સી.પી. એન.બી.પરમાર સાહેબની ટીમમાં હતા ત્યારે આપેલી સુચના અનુસાર કિલ્લા પારડી, નેશનલ હાઇ–વે નં.૮ ઉપર આવેલ હોટલ શ્રીનાથ એન્ડ ગેસ્ટ હાઉસ ખાતે કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી. નં.૧૭૫/૨૦૦૮ના ગુનાની તપાસના કામે આરોપી અફઝલ ઉસ્માની, અમીન શેખ અને ઇરફાનનાઓ શ્રીનાથ ગેસ્ટ હાઉસમાં રોકાયાનું જણાઇ આવેલું હોવાથી તે હોટલનું રજીસ્ટર કબ્જે કરવાનું હોવાથી બે પંચોને બોલાવેલાં અને બે પંચોને આ અંગેના પંચનામામાં રહેવાની સમજ કરેલી અને તેઓએ સ્વખુશી બતાવતા પંચનામું કરેલું જે દરમિયાન હોટલ શ્રીનાથ એન્ડ ગેસ્ટ હાઉસના હસનઅલી સુણસરાનાઓએ એક રજીસ્ટર કે જેનું પુંઠું ગુલાબી કલરની ડિઝાઇનવાળુ હતું તે રજૂ કરેલું. જેને બે પંચો રૂબરૂ જોતાં તે રજીસ્ટરના પાના નં.૪૩ ના અનુક્રમ નં.૪૨૪ વાળી એન્ટ્રી ચેક કરેલી અને તે એન્ટ્રીની વિગત પંચનામામાં લખવામાં આવેલી અને તે રજીસ્ટર પંચો રૂબરૂ કબ્જે કરવામાં આવેલું અને તે રજીસ્ટરના પાના નં.૨૦૦ વાળા પાના ઉપર બે પંચોએ તથા રૂબરૂ તરીકે પોતે સહી કરેલી અને તે સમયે હસનઅલી સુણસરાની પણ સહી લીધેલી. આંક–૨૮૫૮ વાળા રજીસ્ટરના સીરીયલ નં.૪૩ વાળા પાનાની એન્ટ્રી નં.૪૨૪ જોઇને જણાવે છે કે તે એન્ટ્રીમાં GJ–06–CD–3569 નો પણ ઉલ્લેખ છે. આ એન્ટ્રી ધરાવતું રજીસ્ટર જે કબ્જે કરવામાં આવેલું તે અંગેનુ આંક–૨૮૫૭ વાળા પંચનામામાં સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકેની પોતાની સહીઓ ઓળખી બતાવે છે. આ સાહેદની ઊલટતપાસના પેરા નં.૧૧ ધ્યાને લઈએ તો પારડી સુરત ડી.સી.બી. પોલીસ સ્ટેશનની હદમાં નથી તે કબૂલ કરે છે. પારડીનું અલગથી પોલીસ સ્ટેશન છે. આંક–૨૮૫૭ વાળુ પંચનામુ કરીને પારડી પોલીસ સ્ટેશને ગયેલા હોય તો યાદ નથી. પારડી પોલીસ સ્ટેશનના કોઈ અધિકારીને બોલાવીને હાજર રાખેલાનું યાદ નથી. રજીસ્ટર કબજે કર્યા પછી રજીસ્ટર કબજે કર્યા અંગે પહોચ આપેલાનુ યાદ નથી . આરોપીની હાજરીમાં આ રજીસ્ટર કબજે કરેલુ નથી. ઊલટતપાસના પેરા નં.૧૨ ધ્યાને લઈએ તો આંક–૨૮૫૭ વાળુ પંચનામુ પોલીસ સ્ટેશનમાં સુરત મુકામે તૈયાર કરેલુ છે તો તે હકીકત નકારી છે. શ્રીનાથ હોટલવાળાએ આંક–૨૮૫૮ વાળી

એન્ટ્રી નં.૪૨૪ તૈયાર કરીને ખોટી રીતે રજીસ્ટર આપેલુ છે તો તે હકીકત નકારી છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે કમલેશ રમણીકલાલ વસંતને સાહેદ નં.૮૦૨ તરીકે આંક–૫૩૨૧ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ હાલમાં નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડિયા, પ્રોજેક્ટ ઈમ્પ્લીમેન્ટેશન યુનિટ, અમદાવાદ ખાતે મેનેજર ટેકનિકલ તરીકે ફરજ બજાવે છે. અમદાવાદ–વડોદરા એકસપ્રેસ વે કંપની લીમીટેડ નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડિયાની સબ્સીડરી કંપની હતી. તે તા.૧/૧/૨૦૧૩ થી આ પ્રોજેક્ટ બીલ્ટ ઓપરેટ એન્ડ ટ્રાન્સફરના ધોરણે ખાનગી કન્સેસનર (મેસર્સ આઈ.આર. બી. કંપની) ને આપવામાં આવતાં ઉપરોક્ત કંપની બંધ કરવામાં આવેલ છે. ૨૦૦૮ ના અરસામાં અમદાવાદ–વડોદરા એકસપ્રેસ વે કંપની લીમીટેડ દ્વારા અમદાવાદ–વડોદરા એકસપ્રેસ વેનું સંચાલન થતું હતું. તે સમયે મેનેજર ટેક્નીકલશ્રી રવીન્દ્ર એન.માથુર હતાં. શ્રી રવીન્દ્ર એન.માથુર સાથે આ સાહેદને ૨૦૧૨–૧૩ ના વર્ષમાં કામ કરવાનું બનેલુ જેથી તેઓની સહીઓ ઓળખે છે. તેઓ હાલમાં કાર્યપાલક ઈજનેર, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, રાજકોટ ખાતે ફરજ બજાવે છે. આ સાહેદ હાલમાં નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડિયાના એકસપ્રેસ વેના ચાર્જમાં હોવાથી અને જે તે વિભાગનું સાહીત્ય આ સાહેદની ઑફિસમાં છે. આંક–૫૩૨૨ વાળો પત્ર અમદાવાદ વડોદરા એકસપ્રેસ વે કંપની લીમીટેડના મેનેજરને ઉદ્દેશીને મોકલવામાં આવેલ તે ઓળખી બતાવેલ છે.

સાહેદ વધુમાં નિ.૩૪૮૫/૨૯૨ જોઈને જણાવે છે કે આ પત્ર અમદાવાદ વડોદરા એકસપ્રેસ વે કંપની લીમીટેડના તરફથી તા.૫/૧/૨૦૦૯ ના રોજ ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ, ઈન્વેસ્ટીગેશન ટીમ, ક્રાઈમ બ્રાન્ચને મોકલવામાં આવેલો અને તેની સાથે અમદાવાદ વડોદરા એક્ષપ્રેસ વેના અમદાવાદ તથા વડોદરા ટોલ પ્લાઝાના વાહનોની અવરજવરની વિગતો મોકલી આપવામાં આવેલી. આ પત્રમાં પ્રોજેક્ટ ડાયરેક્ટ વતી રવીન્દ્ર એન . માથુરનાઓની સહી જે સહી ઓળખી બતાવે છે. જેની સાથે જે તે સમયના ટોલ

ઓપરેટર સીથ્રી સિક્યોરીટી કંપની દ્વારા તૈયાર કરવામાં આવેલ કોમ્પ્યુટરાઈઝ્ડ વિગતો સામેલ હતી. જે વિગતનું પ્રથમ પાનું તા.૧૬/૭/૨૦૦૮ના વાહન મુવમેન્ટની માંગ્યા મુજબની માહિતીનું હતુ અને બીજુ પાનું તા.૨૩/૭/૨૦૦૮ ના વાહન મુવમેન્ટની માંગ્યા મુજબની માહિતીનું હતુ. બીજા પાનાની પાછળના ભાગનું પાનું તા.૨૩/૭/૨૦૦૮ ના વાહન મુવમેન્ટની માંગ્યા મુજબની માહિતીનું હતુ અને ત્રીજુ પાનું તા.૨૩/૭/૨૦૦૮ ના વાહન મુવમેન્ટની માંગ્યા મુજબની માહિતીનું હતુ. ત્રીજા પાનાની પાછળના ભાગનું પાનું તા.૧૪/૭/૨૦૦૮ ના વાહન મુવમેન્ટની માંગ્યા મુજબની માહિતીનું હતુ અને ચોથું પાનું તા.૧૦/૭/૨૦૦૮ ના વાહન મુવમેન્ટની માંગ્યા મુજબની માહિતીનું હતુ તથા પાંચમું પાનું તા.૧૨/૭/૨૦૦૮ ના વાહન મુવમેન્ટની માંગ્યા મુજબની માહિતીનું હતુ અને છઠ્ઠું પાનું તા.૩૦/૭/૨૦૦૮ ના વાહન મુવમેન્ટની માંગ્યા મુજબની માહિતીનું હતુ. આ તમામમાં જે તે સમયના ટોલ ઓપરેટર સીથ્રી સિક્યોરીટી દ્વારા સીલ મારીને આપવામાં આવેલ જે પાના સંયુકત આંક–૫૩૨૩ થી રજૂ રાખેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો જે પુરાવો જુબાનીના દિવસે જાહેર કર્યો તે બાબતે પોલીસે કોઈ જવાબ લીધેલો નથી તે કબૂલ કરે છે. ૨૦૦૮ની સાલમાં તેઓ સુરેન્દ્રનગર ખાતે માર્ગ અને મકાન વિભાગમાં ફરજ બજાવતા હતા. આંક–૫૩૨૩ વાળો દસ્તાવેજ સહી કરીને રજૂ કરેલો નથી તે કબૂલ કરે છે. હાલની સરકારની નિતી મુજબ તમામ ટોલ બુથ ઉપર સી.સી. ટી.વી. કેમેરા હોય છે તે કબૂલ કરે છે. પરંતુ આ બાબતે સાહેદે સ્પષ્ટતા કરેલી છે કે સને–૨૦૦૮ની સાલમાં સી.સી.ટી.વી. કેમેરા ન હતા. રજૂ કરેલ દસ્તાવેજોમાં માત્ર વાહનના નંબર છે પરંતુ વાહન કયા જિલ્લા અને રાજયના છે તેનો ઉલ્લેખ નથી તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે જયારે પણ કોઈ વાહન ટોલબુથ ઉપરથી પસાર થાય ત્યારે તે કયા જિલ્લાનું અને કયા રાજયનું છે તે નોંધાતુ હોતુ નથી પરંતુ ફકત વાહનનો નંબર નોંધાય છે. આંક–૫૩૨૩ વાળો દસ્તાવેજ કોને તૈયાર કર્યો તે કહી શકે તેમ નથી. આંક–૫૩૨૩ વાળા પત્રના સહીકર્તાને

ઓળખતા નથી. આ સિવાય બીજી કોઈ હકીકત આ સાહેદની જુબાનીમાં નીકળી આવતી નથી.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડિયા અમદાવાદ ખાતે મેનેજર ટેકનીકલ તરીકે ફરજ બજાવે છે અને અમદાવાદ/વડોદરા એકસપ્રેસ વે તેઓના ચાર્જમાં છે. તા.૧૬.૭.૨૦૦૮ તથા તા.૨૩.૭.૨૦૦૮ ના રોજ એકસપ્રેસ વે ઉપરથી પસાર થયેલા વાહનોની માહિતી તેમને રજૂ કરેલી છે અને બોમ્બ બ્લાસ્ટમાં ઉપયોગમાં લેવાયેલ વાહન એમએચ-૦૫-એચ-૫૭૬૪, જીજે-૬-સીડી-૯૭૧૮ તથા જીજે-૬-સીડી-૨૯૦૮ વાળા વાહનો એકસપ્રેસ વે ઉપરથી પસાર થયેલ હતા અને આ નંબરોની માહિતી આ સાહેદ પુરી પાડેલી છે. જેથી સ્પષ્ટપણે કહી શકાય કે આ નંબરોવાળા વાહનો અમદાવાદ ખાતે બોમ્બ બ્લાસ્ટ થતા પહેલા આવેલા છે અને અમદાવાદ ખાતે આ વાહનો લાવ્યા પછી વાહનોનો ઉપયોગ અમદાવાદમાં બોમ્બ બ્લાસ્ટ કરવા માટે થયેલો હોવાનું માલુમ પડે છે. આંક-૫૩૨૩ વાળો દસ્તાવેજ ધ્યાને લઈએ તો તા.૧૬.૭.૨૦૦૮ ના રોજ કલાક ૧૮.૨૮ વાગે વાહન નં.૨૯૦૮ તથા તા.૧૬.૭.૨૦૦૮ ના રોજ કલાક ૧૮.૨૭ વાગે વાહન નં.૫૭૬૪ તથા તા.૨૩.૭.૨૦૦૮ ના રોજ કલાક ૧૮.૨૧ વાગે વાહન નં.૯૭૧૭ પસાર થયેલા તે માલુમ પડે છે. આ માહિતી પ્રોજેકટ ડાયરેકટરનાઓએ પોતાના ફોરવર્ડીંગ પત્ર દ્વારા આપેલી છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે સુરેશકુમાર રામચરણ શર્માને સાહેદ નં.૯૧૬ તરીકે આંક-૬૫૩૬ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ આ સાહેદને તા.૩૧/૮/૨૦૧૧ ના રોજ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના સાહેબે સુરત રેલવે સ્ટેશન બોલાવેલા. આ સાહેદ સાથે બીજા એક ભાઈ દેવપ્રકાશને પણ પોલીસે બોલાવેલા. આ સાહેદને બોલાવ્યા ત્યારે પોલીસના સાહેબ સાથે બે આરોપી હતા. ત્યાં સાહેબે કહેલુ કે આ ભાઈએ ગાડી ચોરી કરેલી હતી અને અહીંયા તે ગાડી પાર્ક કરેલી હતી. તે જગ્યાનું પંચનામું કરવાનુ છે જેથી સરકારી કામકાજ હોવાથી પંચમાં રહેવાની હા પાડેલી. તે આરોપીઓનું નામ

પુછેલુ તો તે આરોપી પૈકી એકનાએ તેનુ નામ મુબીન કહેલુ અને બીજાએ તેનુ નામ આમીન જણાવેલુ. બંને આરોપીઓના આખા નામ હાલ યાદ નહીં હોવાનું જણાવેલ છે. તે લોકો એમ.પી.(મધ્યપ્રદેશ)ના હોવાનું જણાવેલુ. આ આરોપીઓએ કહેલુ કે, "અંહીયા સુરત રેલવે સ્ટેશનના પાર્કીંગમાં અમે ગાડી પાર્ક કરેલી હતી." આ જગ્યા સુરત રેલવે સ્ટેશનની સામે પ્રીમિયમ પાર્કીંગ વાળી હતી અને તેમાં એસ.એસ. એન્ટરપ્રાઈઝનો કોન્ટ્રાકટ હતો. આ જગ્યાની પૂર્વ દીશાએ સ્ટેશનનું બિલ્ડિંગ તથા રેલવે કોર્ટ હતી તથા બીજી બાજુ રીક્ષા પાર્કીંગ હતુ અને ત્રીજી બાજુ કાર પાર્કીંગ હતુ અને ચોથી બાજુ રીઝર્વેશન કાઉન્ટર આવેલુ હતુ. આ જગ્યા જોયા બાબતે પંચનામું બનાવવામાં આવેલુ જે આંક–૬૫૩૭ થી રજૂ છે આ પંચનામામાં સાહેદ પોતાની તથા દેવપ્રકાશભાઈની તથા રૂબરૂ તરીકે સાહેબની સહીઓ ઓળખી બતાવે છે. સાહેદ આરોપીઓને ઓળખી શકતા નથી કારણ કે ઘણા વર્ષો થયેલ હોવાથી ઓળખી શકે નહીં તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પંચનામામાં સહી કરી તે દિવસે રેલવે સ્ટેશનના પાર્કીંગમાં રહેતા હતા, ત્યાં જમતા હતા અને નોકરી પણ કરતા હતા તે કબૂલ કરે છે. પંચનામાના દિવસે જમવાનું જમી રહ્યા પછી બાર વાગ્યા બાદ પોલીસના માણસો આવેલા. ફોર વ્હીલ ગાડી પાર્કીંગમાં આવે તે ગાડીને લાઈનસર કરાવવાની ફરજ આ સાહેદ બજાવતા હતા. પોલીસના માણસો સાથે આવેલા આરોપીઓ તેમજ પોલીસના માણસોને અગાઉ કયારેય જોયેલા નથી કે મળેલા નથી. પ્રીમીયમ પાર્કીંગની સાથે મોટુ જનરલ પાર્કીંગ પણ છે તે કબૂલ કરે છે. પોલીસના માણસો આરોપીઓને લઈને કયારે આવેલા તેનો ખ્યાલ નથી. દેવીપ્રકાશ ચોરસીયા હિન્દી ભાષી છે અને તેમને હિન્દીમાં સહી કરેલી તે કબૂલ કરે છે. તૈયાર પંચનામામાં સહીઓ કરેલાની હકીકત નકારી છે. સરતપાસમાં જણાવ્યા મુજબ પંચનામામાં લખેલી વિગતો મુજબની કોઈ કાર્યવાહી કરેલી નથી તો તે હકીકત નકારે છે. આ સાહેદ એક સહી તિરૂપતી હોટલ ગયા ત્યારે અને એક સહી પાર્કીંગમાં હતા ત્યારે કરેલી. પાર્કીંગમાં રોજ કેટલી ગાડીઓ પાર્ક થવા આવે છે તે કહી શકે નહીં.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાથે મદદમાં રહેનાર અધિકારી સાહેદ નં.૧૦૬૯ પી.જી. વાઘેલાનાઓએ મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં.૨૦૩/૨૦૦૮ ના કામે તા.૩૧.૮.૨૦૧૧ નાં રોજ આ સાહેદ તથા બીજા પંચ દેવીપ્રકાશ ચોરસીયાનાઓને સુરત રેલવે સ્ટેશન ખાતે બોલાવેલા. ત્યાં બે આરોપીઓ નં.૬૯ આમીન ઉર્ફે રાજા અને આરોપી નં .૭૦ મોહમદ મોબીનનાઓ પોલીસ પાસે કસ્ટડીમાં હાજર હતા અને તેમને અમદાવાદ શહેરના સીરીયલ બોમ્બ બ્લાસ્ટ તથા સુરત શહેરના બોમ્બ પ્લાન્ટેશનના ગુનાઓમાં વપરાયેલ ફોર વ્હીલ ગાડીઓ મુંબઈ મુકામેથી ચોરી કરીને અમદાવાદ તથા સુરત પહોંચાડેલી અને તે ગાડીઓનો ઉપયોગ બોમ્બ મુકવા તથા બોમ્બ પ્લાન્ટ કરવા થયેલો. આ ગાડીઓ તેમને સુરત રેલવે સ્ટેશન ખાતે પાર્કીંગમાં પાર્ક કરેલી અને તે જગ્યા આ બંને આરોપીઓએ બતાવેલી અને તે અંગેનુ પંચનામુ આંક–૬૫૩૭ વાળુ બનાવેલુ.

આંક–૬૫૩૭ વાળુ પંચનામુ બનાવનાર તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૦૬૯ પી.જી.વાઘેલાનાઓની જુબાનીના પેરા નં.૨ ધ્યાને લેતા આરોપીઓ નામે મુબીન ઉર્ફે ઈરફાન સકુરખાન રહે.ખજરાના, ઈન્દોર તથા આમીન ઉર્ફે રાજા ઐયુબ શેખ, રહે.ખજરાના પેલેસ, ઈન્દોરનાઓએ જણાવેલ કે "તેઓએ ચોરી કરેલ વાહનો સુરત રેલવે સ્ટેશન ખાતે પાર્કિંગમાં મુકેલ હતાં." જેથી તા.૩૧/૮/૨૦૧૧ ના રોજ અમો સુરત રેલવે સ્ટેશન પાર્કિંગમાં ગયેલા અને ત્યાં બે પંચોના માણસોને બોલાવી હકીકત સમજાવી તેઓને પંચમાં રહેવા જણાવતા પંચોએ સ્વખુશી દર્શાવતા તેઓને પંચમાં હાજર રાખેલ. આ આરોપીઓએ સુરત રેલવે સ્ટેશન પાર્કિંગવાળી જગ્યા બતાવતા સદર જગ્યાનું વિગતવારનું પંચનામું પંચોના લખાવ્યા મુજબ લખી લીધેલ. આંક–૬૫૩૭ વાળા પંચનામામાં પંચોની તથા પોતાની સહીઓ ઓળખી બતાવે છે. આ સાહેદની ઊલટતપાસના પેરા નં.૨૫ ધ્યાને લઈએ તો બંને આરોપીઓની અલગ–અલગ પુછપરછ કરવાનું યોગ્ય જણાયેલુ નહીં. આંક–૬૫૩૭ વાળા પંચનામામાં

આરોપીઓએ આપેલી માહિતી અલગ–અલગ બતાવેલી નથી તે કબૂલ કરે છે. આંક–૬૫૩૭ તથા આંક–૬૮૧૯ વાળા પંચનામા કર્યા તે પહેલા કહેવાતુ વાહન મુંબઈથી ચોરાયેલુ છે તેવી માહિતી મળેલી.

આંક–૬૫૩૭ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "પોતાના નામ સરનામા" તથા "જુલાઈ–૨૦૦૮માં તેઓએ મુંબઈ ખાતેથી ચોરી કરેલ બે વેગન આર કાર રેલવે સ્ટેશનના પાર્કીંગમાં લાવીને મુકેલી તે જગ્યા" વિગેરે પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપીએ પોતે આપેલ માહિતી પ્રમાણેની તે જગ્યા ઉપર પાર્કીંગ આવેલુ હતુ તે પાર્કીંગનુ ત્યાં અસ્તિત્વ છે માટે આ પાર્કીંગ હોવાની માહિતી તેઓને પોતાને જ હતી જેથી તે હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય. સુરત મુકામે રેલવે સ્ટેશનના પાર્કીંગમાં આ આરોપી ગયેલા હતા અને ત્યાં વાહન પાર્ક કરેલુ હતુ તેની માહીતી આરોપીને હતી માટે પંચો તથા તપાસ કરનાર અધિકારીને આરોપી જગ્યા ઉપર દોરી ગયેલા, આ દોરી જવાનુ વર્તન આરોપીનુ પુરાવામાં ગ્રાહ્ય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે શોએબ શફીર શેખને સાહેદ નં.૯૭૬ તરીકે આંક–૬૮૧૮ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ તા.૩૦.૮.૨૦૧૧ ના રોજ આશરે દોઢ વાગ્યે ઘરેથી જમીને દુકાન ઉપર જઈ રહ્યા હતા ત્યારે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના પોલીસ ઈન્ડિયન ઓઈલ નગર કોલોની પાસે ઉભેલાં હતાં ત્યાં બોલાવેલા. ત્યાં બીજા એક બાદલભાઈને પણ બોલાવેલા. ઈન્ડિયન ઓઈલ નગર કોલોની ગોવંડીમાં આવેલી છે. પોલીસે જણાવેલું કે અમદાવાદ બોમ્બ બ્લાસ્ટ કેસમાં બે આરોપીઓ પકડેલાં છે અને તેઓ જગ્યા બતાવવા માંગે છે. તે લોકોએ ગાડી ચોરીને જ્યાં પાર્ક કરી હતી તે જગ્યા બતાવવા માંગે છે તેવું પોલીસે કહેલું અને પંચનામું કરવાનું છે. સાહેબે પુછેલું કે પંચમાં રહેશો? તો પંચમાં રહેવાની હા પાડેલી અને તેમની સાથેના બીજા ભાઈએ પણ હા પાડેલી. ત્યારપછી તેઓની રૂબરૂમાં સાહેબે

આરોપીઓનું નામ પુછેલું તો આરોપીએ પોતાનું નામ "મોહંમદ મોબીન જણાવેલું" અને બીજાએ તેનું નામ "આમીન રઝાક તેવું કંઇક જણાવેલું." આ લોકોના પુરા નામ હાલ યાદ નથી. આ લોકો ઇન્દોર, મધ્યપ્રદેશના રહેવાસી હોવાનું જણાવેલું. આ લોકોએ તેમના નામ, સરનામાં બતાવ્યા પછી જે જગ્યાએ ગાડી પાર્ક કરી હતી તે જગ્યા બતાવેલી. આરોપીઓએ એવું જણાવેલું કે "અમે બે વેગન આર ગાડી એક સીલ્વર કલરની અને બીજી કાળા કલરની ચોરી કરીને અહીંયા પાર્ક કરી હતી તેવું જણાવેલું હતું." આ જગ્યા પાસે રોડ છે અને ત્યાં ગાડીઓ પાર્ક કરવા માટેની મોટી જગ્યા આવેલી હતી અને ત્યાં કિંજલ બિલ્ડિંગ આવેલું હતું. આ કીંજલ બિલ્ડિંગ ઇન્ડિયન ઓઇલની બાજુમાં આવેલુ હતુ. આ કાર્યવાહીનું પંચનામુ બનાવવામાં આવેલુ જે આંક–૬૮૧૯ વાળા પંચનામામાં સાહેદ પોતાની તથા બાદલભાઈની સહીઓ ઓળખી બતાવેલી છે. સાહેદને અમદાવાદ સેન્ટ્રલ જેલ ખાતા રાખવામાં આવેલ આરોપીને વીડિયો કોન્ફરન્સ ટી.વી. સ્ક્રીન થકી ચાર ચારની સંખ્યામાં અને ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીને વીડિયો કોન્ફરન્સ ટી.વી. સ્ક્રીન થકી ત્રણ ત્રણની સંખ્યામાં બતાવવામાં આવતા સાહેદ આરોપઓને ઓળખી બતાવતા નથી અને જણાવેલ છે કે તેઓએ જે આરોપીઓ જોયેલાં તે પૈકી એક આરોપી ઉંચો અને ગોરો હતો અને તેને નાની નાની દાઢી હતી અને બીજાને પણ નાની નાની દાઢી અને મુંછ હતી. જ્યારે આજે જે આરોપીઓ જોયાં તેઓને મોટા ભાગે લાંબી દાઢી છે અને ઘણાને નાની દાઢી છે જેથી ઓળખી શકે નહીં તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ ગોવંડીમાં આકાશ કોમ્યુનિકેશનની સામે કેના માર્કેટ પાસે મુંબઈ ખાતે રહે છે અને દુકાન શીવાજી નગરમાં આવેલી છે. દુકાન ઉપર આ સાહેદ તથા તેમના ભાગીદાર મોસીન શેખ બેસે છે. પોલીસે આ સાહેદની હાજરીમાં બન્ને આરોપીઓના નામ ઠામ પુછેલા તથા ગાડીઓ કયાં રાખેલી હતી તે પુછેલુ. પંચનામુ આ સાહેદ લખાવતા હતા. બંને આરોપીઓએ એવુ લખાવેલુ હોય કે અમે બે વેગન આર ગાડીઓ એક કાળા કલરની અને એક સીલ્વર કલરની ચોરી કરીને અહીંયા પાર્ક

કરેલી હતી તે હકીકત પંચનામામાં લખેલી ન હોય તો યાદ નથી. પાર્કીંગવાળી જગ્યા જે હતી તે જગ્યાએ ગાડીઓ પાર્ક કરેલી હતી અને રોડ હતો. પોલીસે જયારે રોકેલા ત્યારે પંચમાં રહેવાનુ જણાવેલુ હતુ. આરોપીઓ પોલીસ કસ્ટડીમાં કયારથી છે તે અંગેની પુછપરછ કરેલી નહીં. પંચનામાવાળી જગ્યા ઉપર આરોપીઓને કયારે લાવવામાં આવેલા તે અંગેની પણ પુછપરછ કરેલી નહીં. પંચનામાવાળા સ્થળે કોઈએ બોલાવેલા નથી અને ત્યાં કોઈ આરોપીને જોયેલો નથી તો તે હકીકત નકારે છે. આ સાહેદની રૂબરૂમાં પંચનામુ કરવામાં આવેલુ નથી તો તે હકીકત નકારે છે. પોલીસના કહેવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાથે મદદમાં રહેનાર અધિકારી સાહેદ નં.૧૦૬૯ પી.જી.વાઘેલાએ મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં.૨૦૩/૨૦૦૮ નાં કામે તા.૩૦.૮.૨૦૧૧ ના રોજ આ સાહેદ તથા બીજા પંચ બાદલ રમેશભાઈ થાપરનાઓને મુંબઈ ગોવંદી ખાતે ઈન્ડિયન ઓઈલ કોલોનીના પાછળના ભાગે જાહેર રોડ ઉપર બોલાવેલા. ત્યાં બે આરોપીઓ નં.૬૯ આમીન ઉર્ફે રાજા અને આરોપી નં.૭૦ મોહમદ મોબીનનાઓ પોલીસ પાસે કસ્ટડીમાં હાજર હતા અને તેમને અમદાવાદ શહેરના સીરીયલ બોમ્બ બ્લાસ્ટ તથા સુરત શહેરના બોમ્બ પ્લાન્ટેશનના ગુનાઓમાં વપરાયેલ ફોર વ્હીલ ગાડીઓ મુંબઈ મુકામેથી ચોરી કરીને અમદાવાદ તથા સુરત પહોંચાડેલી અને તે ગાડીઓનો ઉપયોગ બોમ્બ મુકવા તથા બોમ્બ પ્લાન્ટ કરવા થયેલો. આ ગાડીઓ તેમને જયા પાર્ક કરેલી હતી તે જગ્યા આ બંને આરોપીઓએ બતાવેલી અને તે અંગેનુ પંચનામુ આંક-૬૮૧૯ વાળુ બનાવેલુ.

આંક-૬૮૧૯ વાળુ પંચનામુ બનાવનાર તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૦૬૯ પી.જી.વાઘેલાનાઓની જુબાનીના પેરા નં.૨ ધ્યાને લેતા આ કામના આરોપીઓએ પોતે જે જગ્યાએ ચોરી કરેલ વાહનો પાર્ક કરેલ તે જગ્યા બતાવવા સ્વખુશી બતાવતા બંને આરોપીઓને સાથે રાખી તેઓના બતાવ્યા

મુજબ ઈન્ડિયન ઓઈલ કોલોની સામે, માનખુર્દ ખાતેના રોડ ઉપર લઈ આવતા ત્યાં રસ્તે જતા બે પંચોને બોલાવી પંચોની હકીકત સમજાવી પંચોને પંચમાં રહેવા જણાવતાં પંચોએ સ્વખુશી બતાવતા આ સ્થળે આરોપીએ બતાવેલ જગ્યા જોતાં સદર જગ્યા ઈન્ડિયન ઓઈલ કોલોનીના પાછળના ભાગે જાહેર રોડ ઉપરની જગ્યા બતાવેલી. જે જગ્યાએ કાળા કલરની તથા સીલ્વર કલરની વેગન આર કાર પાર્ક કરેલ હોવાનું જણાવેલું. જે જગ્યા જોતાં તે સમયે બંને બાજુએ વાહનો પાર્ક થયેલ હતાં. જે જગ્યાની વિગતવારની નોંધ પંચનામામાં કરેલી હતી અને પંચોના લખાવ્યા મુજબનું પંચનામું લખી લીધેલ. આંક–૬૮૧૯ વાળા પંચનામામાં પંચોની તથા પોતાની સહિઓ ઓળખી બતાવે છે. આ સાહેદની ઊલટતપાસના પેરા નં.૨૫ ધ્યાને લઈએ તો બંને આરોપીઓની અલગ–અલગ પુછપરછ કરવાનું યોગ્ય જણાયેલુ નહીં. આંક–૬૫૩૭ વાળા પંચનામામાં આરોપીઓએ આપેલી માહિતી અલગ–અલગ બતાવેલી નથી તે કબૂલ કરે છે. આંક–૬૫૩૭ તથા ૬૮૧૯ વાળા પંચનામા કર્યા તે પહેલા કહેવાતુ વાહન મુંબઈથી ચોરાયેલુ છે તેવી માહિતી મળેલી.

આંક–૬૮૧૯ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "પોતાના નામ સરનામા" તથા "જુલાઈ–૨૦૦૮માં તેઓએ મુંબઈ ખાતેથી ચોરી કરેલ બે વેગન આર કાર ઈન્ડિયન ઓઈલ કોલોનીની પાછળના ભાગે જાહેર રોડ ઉપર પાર્ક કરેલી હતી તે જગ્યા બતાવવા માંગીએ છીએ" વિગેરે પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપીએ પોતે આપેલ માહિતી પ્રમાણેની તે જગ્યા ઉપર પાર્કીંગ આવેલુ હતુ તે પાર્કીંગનુ ત્યાં અસ્તિત્વ છે માટે આ પાર્કીંગ હોવાની માહિતી તેઓને પોતાને જ હતી જેથી તે હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય. આ જગ્યાઓ ઉપર આરોપી ગયેલા હતા, જગ્યાઓની તેમને માહિતી હતી માટે પંચો તથા તપાસ કરનાર અધિકારીને આ જગ્યાઓ ઉપર આરોપી દોરી ગયેલા, આ દોરી જવાનુ આરોપીનુ વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે કમલ જશવંતલાલ થાપરને સાહેદ નં. ૯૭૭ તરીકે આંક–૬૮૨૦ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ સને–૨૦૦૩/૦૪ ની સાલથી નંબર પ્લેટ અને સાઇન બોર્ડ બનાવવાનું કામ કરે છે અને તેમની દુકાન જે.કે. ચેમ્બર્સ, સેક્ટર–૧૭, વાશી, નવી મુંબઇ ખાતે આવેલી છે અને "પપ્પુ રેડીયમ"ના નામથી ધંધો કરે છે. તેમની ભાડાની દુકાન હતી અને દુકાનના માલીક અવતાર પોદાર નામની વ્યક્તિ હતાં. તા.૩૦.૮.૨૦૧૧ ના રોજ અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચની પોલીસ તેમની દુકાન ઉપર આવેલી. પોલીસ આવી ત્યારે તેની સાથે બે આરોપીઓ હતાં. તે આરોપીઓના નામ એક મોબીન અને બીજા રાજા હતાં. તેઓના પુરા નામ હાલ યાદ નથી. પોલીસે આવીને કહેલુ કે અમદાવાદમાં બોમ્બ બ્લાસ્ટ થયેલાં તેના બે આરોપીઓ છે અને તેમની ગાડીઓની જે નંબર પ્લેટો બનાવેલી છે તે તમે બનાવેલી છે. આ સાહેદે પોલીસને જણાવેલું કે આ લોકોને જાણું છું પહેલા પણ તેમની પાસે ઘણી વખત નંબર પ્લેટ બનાવડાવેલી છે. આ લોકો એટલે મોબીન અને રાજા. પહેલા તે લોકો જ્યારે નંબર પ્લેટ બનાવવા આવેલાં ત્યારે ગાડીઓ લઇને આવતાં હતા અને તેમની નંબર પ્લેટો બીજા રાજ્યોની બનાવેલી. ત્યારબાદ છેલ્લે આ લોકો સને–૨૦૦૮ની સાલમાં આવેલાં અને તેમણે બે ગુજરાતની નંબર પ્લેટ બનાવેલી હતી અને તેનો નં.જીજે.૬ હતો અને આગળનો નંબર યાદ નથી અને તે વેગન આર ગાડી હતી. આ નંબર પ્લેટો બનાવવાના તેમણે રૂા.૪૦૦ આપેલાં હતાં. આ નંબર પ્લેટો બનાવડાવવા આ લોકો આવ્યા ત્યારે એવું કહેલું કે અમારી ગાડીઓ ગેરેજમાં રાખેલી છે અને તમે નંબર પ્લેટો બનાવીને રાખો અમે લેતાં જઇશું. ત્યારબાદ તેઓ એક બે કલાક પછી આવેલાં અને વિનંતી કરેલી કે અમારી ગાડીઓનું કામ પુરૂ થયેલું નથી અને નંબર પ્લેટો આપો. આ લોકો રેગ્યુલર આવતાં હતાં અને દર વખતે ગાડીઓ લઇને આવતાં હતાં માટે તે લોકોને નંબર પ્લેટો આપેલી. આ લોકો રેગ્યુલર આવતાં હતાં, બીલ માંગતાં ન હતાં જેથી બીલ આપેલાં ન હતાં તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદને ગુજરાતી ભાષા આવડતી નથી. સને–૨૦૦૩–૨૦૦૪ થી લઈને સને–૨૦૧૧ સુધીમાં દરરોજ ૪ થી ૫ ગાડીઓની નંબર પ્લેટો બનાવતા હતા. રોજની ૪–૫ નંબર પ્લેટો બનાવતા હતા તે કબૂલ કરે છે. જે નંબર પ્લેટો બનાવતા હતા તે અંગેની કોઈ નોંધ રાખતા ન હતા. જે ગ્રાહકોને બીલ આપેલા તેની પણ નોંધ કરેલી નથી. ૨૦૦૩ થી ૨૦૧૧ સુધીમાં કેટલા લોકો નંબર પ્લેટો બનાવવા આવેલા તેને ઓળખી શકે નહીં તો સાહેદે જવાબ આપેલો છે કે જે નિયમીત આવતા હોય તેને એળખી શકુ. નિયમીત આવતા ગ્રાહકોએ કેવી કેવી નંબર પ્લેટો બનાવડાવેલી તે કહી શકે નહીં. જે નંબર પ્લેટો બનાવતા હતા તે ગાડી જોઈને બનાવતા હતા. ગાડીની તુટેલી નંબર પ્લેટ હોય તથા નવી ગાડીની નંબર પ્લેટ બનાવવાની હોય તો તે બનાવતા હતા. જે ગ્રાહકોની પેપર ઉપરથી નંબર પ્લેટ બનાવવાની હતી તેમની પાસેથી તે ગાડીને લગતા પેપરની માંગણી કરેલી નહીં. નંબર પ્લેટ માટે ગાડીની આર.સી. બુક માંગતા ન હતા. આ બે લોકોને આ સાહેદ ઓળખતા હતા તે રીતે આ બંને લોકો પણ આ સાહેદને ઓળખતા હતા તે કબૂલ કરે છે. આ પ્રશ્નનો અર્થ એવો થાય કે આ બંને આરોપીઓ આ સાહેદને ઓળખતા હતા અને આ સાહેદ પણ બંને આરોપીઓને ઓળખતા હતા તે હકીકત આરોપીઓ તરફથી કબૂલ કરવામાં આવેલી છે તેમ કહી શકાય. ઘણા નિયમીત ગ્રાહકો છે અને તેઓને નામથી ઓળખે છે તે કબૂલ કરે છે. જે નંબર પ્લેટો બાબતે પોલીસે પુછપરછ કરેલી તે નંબર પ્લેટો કઈ તારીખે અને કયા મહીનામાં બનાવેલી તે પોલીસને જણાવેલુ નહીં. પોલીસના કહેવાથી અને પોલીસને મદદ કરવા ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ વાસી નવી મુંબઈ ખાતે જે.કે.ચેમ્બર્સ સેકટર–૧૭ માં દુકાન નં.૨૩ રાખીને "પપ્પુ રેડીયમ" ના નામે દુકાન ધરાવી સને–૨૦૦૮ની સાલમાં વેપાર ધંધો કરતા હતા. આરોપી નં.૬૯ આમીન અર્ઈ રાજા તથા આરોપી નં.૭૦ મોહમદ મુબીનનાઓ તેઓની દુકાનેથી ગુજરાતના નંબર પ્લેટવાળી બે નંબર પ્લેટ બનાવડાવેલી અને

તે પેટે રૂા.૪૦૦/– આ સાહેદને આપેલા હતા. આ બંને આરોપીઓ પહેલા પણ ઘણી વખત આ સાહેદ પાસે નંબર પ્લેટો બનાવડાવેલી હતી અને એકબીજાને સારી રીતે ઓળખતા હતા.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે યુસુફ દાઉદભાઈ શેખને સાહેદ નં.૧૦૭૮ તરીકે આંક–૭૩૬૪ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૧/૧૦/૨૦૧૧ ના રોજ ડી.સી.બી. પોલીસ સ્ટેશન, સુરત મુકામે બોલાવેલા. એ.સી.પી. વી.વી.રાઠોડ તેમને મળેલા અને કહેલું કે સને–૨૦૦૮ની સાલના બોમ્બકાંડની તપાસના કામે એક આરોપી એરેસ્ટ કરેલો છે તેને બતાવવા માંગીએ છીએ. ત્યાં એક આરોપીનું નામ, ઠામ પુંછેલું તેણે તેનું નામ મોહમદ મુબીન, રહે.ઈન્દોરનો હોવાનું જણાવેલું. સાહેદ વધુમાં જણાવે છે કે ત્યાં આ સાહેદને એવું પણ કહેલું કે આ લોકો બોમ્બેથી કાર લઈને અમદાવાદ ડિલીવરી કરવા જવાના હતા અને રસ્તામાં વલસાડ ખાતે શ્રીનાથ હોટલમાં રોકાયેલા હતાં. ત્યાં સાહેબે આ સાહેદને હોટલનું રજીસ્ટર પાકા પુંઠાનું ૨૦૦ પાનાનું બતાવેલું. જે રજીસ્ટરમાં ૪૩ નંબરના પાના ઉપર એન્ટ્રી નં. ૪૨૪ પાડેલી હતી અને તેમાં ત્રણ નામો લખેલા હતાં. તે નામોમાં એક મોહમદ મુબીન ઉસ્માની, બીજા અમીન શેખ અને ત્રીજા કિશન વણઝારા કરીને હતાં. તેના ઉપર લાલ સર્કલથી રાઉન્ડ કરીને માર્ક કરેલું. ત્યાં મોહમદ મુબીનને કહેલું કે આ જે લખેલું છે તે પ્રમાણે લખો. ત્યારબાદ પોલીસે તેને આછા લીલા કલરના છ કાગળ આપેલાં. આ છ કાગળ ઉપર આરોપી મોહમદ મુબીને કાળી પેનથી લખાણ લખેલું અને ત્યારબાદ તેની ઉપર ભુરા કલરથી સર્કલ કરેલું અને આ સાહેદની સહિઓ લીધેલી. તેમાંથી એક કુદરતી જૂનુ લખેલું કાગળ મળી આવેલું. તેની ઉપર ગ્રીન સર્કલ કરવામાં આવેલું અને તેની ઉપર પણ સહીઓ કરવામાં આવેલી. આ સાહેદ સાથે બીજા ભાઈએ પણ સહી કરેલી. આ સાહેદ આંક–૨૮૫૮ વાળુ રજીસ્ટર જોઈને જણાવે છે કે આ રજીસ્ટરના પાના નં.૪૩ ઉપર એન્ટ્રી નં.૪૨૪ ઉપર જે લખાણ છે તે પ્રમાણે આરોપીઓના નમૂના લીધેલાં. સાહેદ નિ.૬૮૫૩/૪ વાળા દસ્તાવેજમાં માર્ક એસ–૧ થી એસ–૬ સુધીનું ભુરા

કલરની પેન્સિલનું અંદરનું લખાણ આરોપી મોહમદ મુબીનનાઓએ લખેલુ અને દરેક કાગળ ઉપર આ સાહેદ પોતાની તથા બીજા પંચની તથા રૂબરૂ તરીકે સાહેબની સહીઓ ઓળખી બતાવે છે જે આંક–૭૩૬૫ થી રજૂ રાખેલ છે. વધુમાં આ સાહેદ નિ.૬૮૫૩/૩ વાળા દસ્તાવેજમાં માર્ક કરવામાં આવેલ જેમાં પાછળના ભાગે આ સાહેદ પોતાની તથા બીજા પંચની સહીઓ ઓળખી બતાવેલ છે જે માર્ક–એન વાળુ લખાણ આંક–૭૩૬૬ થી રજૂ રાખેલ છે. ઉપરોકત કાર્યવાહીનું પંચનામુ બનાવવામાં આવેલુ જે આંક–૭૩૬૭ થી રજૂ છે આ પંચનામામાં સાહેદ પોતાની તથા બીજા પંચની અને રૂબરૂ તરીકે સાહેબની સહીઓ ઓળખી બતાવે છે. આ સાહેદને આરોપીઓ બતાવવામાં આવતા સાહેદ આરોપીઓને ઓળખી શકતા નથી અને જણાવેલ છે કે ઘણો સમય થયેલો હોવાથી આરોપી તેમના ધ્યાનમાં આવતા નથી.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ ધોરણ–૬ સુધી ભણેલા છે અને ચોક બજાર સુરત ખાતે પેન્ટીંગનુ કામ કરે છે. ડી.સી.બી. ક્રાઈમ બ્રાન્ચના બોર્ડ રંગેલા હોવાની હકીકત કબૂલ કરે છે. ડી.સી.બી. પોલીસ સ્ટેશનમાં આવવા જવાના પ્રસંગો બને છે તો તે હકીકત નકારી છે. આ પંચનામુ કર્યુ તેના ૮–૧૦ વર્ષ પહેલા ડી.સી.બી. પોલીસ સ્ટેશનનું બોર્ડ રંગેલુ હતુ. પોલીસ સ્ટેશનમાં કઈ કઈ તારીખે ગયેલા તે યાદ નથી. પંચનામામાં સહી કરી તે દિવસે કેબીન ચાલુ હતી. સહી કરીને આવ્યા પછી કેબીન ફરી ચાલુ કરેલાની હકીકત કબૂલ કરે છે. કેબીન અને પોલીસ સ્ટેશન વચ્ચે ઘણી બધી દુકાનો અને મકાનો આવેલા છે તે કબૂલ કરે છે. પોલીસ સ્ટેશન તથા કેબીનની આગળ લોકોની અવર–જવર રહેતી હોય છે તે કબૂલ કરે છે. આંક–૨૮૫૮ વાળુ રજીસ્ટર રાઠોડ સાહેબે બતાવેલુ તે કબૂલ કરે છે. આ રજીસ્ટર કયાંથી લાવેલા તે પણ કહેલુ. રજીસ્ટર હાથમાં લઈને તપાસેલુ નહીં. રાઠોડ સાહેબ ૨૦૦૮ માં આ રજીસ્ટર લઈને આવેલા હોય તેવો કોઈ દસ્તાવેજી પુરાવો બતાવેલો નહીં. પંચનામામાં સહી કરતા અગાઉ આરોપી મોહમદ મુબીનને જોયેલો નહીં. તે શું કામ ધંધો કરે છે તેના માતા પિતા કોણ છે તેની તપાસ કરેલી નહીં. રજીસ્ટરને

કપડામાં લપેટીને સીલ કરેલુ હોય તેવુ બનેલુ નથી. બાકીના કાગળોને કવરમાં મુકીને કવર બંધ કરી તેની ઉપર સીલ કરી સીકકા મારેલા હોય તેવુ બન્યુ નથી. સરતપાસમાં જણાવ્યા મુજબ પંચનામાની કોઈ કાર્યવાહીમાં હાજર રહેલા નથી તો તે હકીકત નકારી છે. મોહમદ મુબીનના કોઈ નમૂનાના હસ્તાક્ષર લીધેલા નથી કે રજીસ્ટર કબજે કરેલુ નથી તો તે હકીકત નકારી છે. આરોપીનું નામ પુછેલુ તે સિવાય રજીસ્ટરના લખાણ માટે પુછપરછ કરેલી તે સિવાય બીજુ યાદ નથી. આરોપીએ આ સાહેદની રૂબરૂમાં કોઈ ચીજવસ્તુ રજૂ કરેલી નહીં. લીલા કલરના છ કાગળો આરોપીના લખાણ કરતા પહેલા કોરા હતા. તે કાગળોની અંદર આરોપીએ શું લખાણ લખેલુ તે વાંચેલુ નહીં. રજીસ્ટર આંક–૨૮૫૮ મા એન્ટ્રી નં. ૪૨૪ ઉપર સર્કલ કરેલુ નહીં. આંક–૭૩૬૭ ના બીજા પાના ઉપર માર્ક–ડી આપવામાં આવ્યુ છે તે બીજા અક્ષરો કરતા નાના અને અલગ છે તે કબૂલ કરે છે. આ સાહેદની હાજરીમાં કાગળો ઉપર કોઈ નિશાની કરવામાં આવેલી નહીં. રાઠોડ સાહેબ ઓળખતા હતા માટે તેમને મદદ કરવા ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૪૬ વી.વી.રાઠોડનાઓએ કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી.નં.૧૭૬/૨૦૦૮ ના કામે તા.૧.૧૦.૨૦૧૧ ના રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ અશોક ચંદુભાઈ પરમારનાઓને ડી.સી.બી. પોલીસ સ્ટેશન સુરત ખાતે બોલાવેલા અને ત્યાં આરોપી નં.૭૦ હાજર હતો અને તે તથા તેના સાથીદારો મુંબઈથી વાહનોની ચોરી કરીને સુરત તથા અમદાવાદ ખાતે ડીલીવરી કરવા સારૂ નીકળેલા અને રસ્તામાં પારડી ખાતે નેશનલ હાઈવેની હોટલમાં રાત્રી રોકાણ કરેલુ અને હોટલના રજીસ્ટરમાં પોતાના હસ્તાક્ષરમાં ખોટા નામો લખી નોંધ કરેલી જેથી સદર આરોપીના હસ્તાક્ષરના નમૂના લેવાના હતા અને તેની હાજરીમાં આંક–૭૩૬૭ વાળા પંચનામાની વિગતે આરોપીના હસ્તાક્ષરના નમૂના તથા કુદરતી લખાણ અંગ્રેજી અને હિન્દીમાં આંક–૭૩૬૬ વાળુ કરાવેલુ.

આંક–૭૩૬૭ વાળુ પંચનામુ કરનાર તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૪૬ વી.વી.રાઠોડની જુબાનીના પેરા નં.૬ ધ્યાને લેતા તા.૧/૧૦/૨૦૧૧ ના રોજ કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી.નં.૧૭૬/૨૦૦૮ ના કામે આરોપીઓ (૧) આમીન ઉર્ફે રાજા ઐયુબ શેખ તથા (૨) મુબીન ઉર્ફે ઇરફાન અબ્દુલ સકુરખાનનાઓની પુછપરછ દરમિયાન આ આરોપીઓ હોટલ શ્રીનાથમાં રોકાયેલા હતાં. આ હોટલનું રજીસ્ટર અગાઉના તપાસ કરનાર અમલદારે કબ્જે લીધેલું હતું. તે રજીસ્ટરની એન્ટ્રી મુજબના આરોપી મુબીન ઉર્ફે ઇરફાન અબ્દુલ સકુરખાનના હસ્તાક્ષરના નમૂના લેવાના હોવાથી બે પંચોને બોલાવેલાં અને તેઓને સમજ કરેલી જેઓએ પંચમાં રહેવાની સ્વખુશી બતાવતાં પંચો રૂબરૂ આ આરોપીને અગાઉ કબ્જે કરવામાં આવેલ હોટલ શ્રીનાથ એન્ડ ગેસ્ટ હાઉસનું રજીસ્ટર બતાવેલું અને તેના પેજ નં.૪૩ અનુક્રમ નં.૪૨૪ ઉપર બ્લેક પેનથી લખેલ લખાણ તથા સહીના નમુના આરોપીને રજીસ્ટર મુજબના કોલમોવાળા કોરા પાના આપીને લખવા જણાવેલું અને તે મુજબ આરોપીએ કુલ–૬ પાના ઉપર લખાણ તથા પોતાની સહી કરીને આપેલી. જે તમામની ફરતે ભુરી પેનથી સર્કલ કરી માર્ક એસ–૧ થી એસ–૬ આપવામાં આવેલા અને તે પંચો રૂબરૂ કબ્જે કરવામાં આવેલાં. તેવી જ રીતે આ આરોપીનું કુદરતી લખાણ આરોપીના સામાનવાળી થેલીમાંથી મળી આવેલું હતું તે પણ પંચો રૂબરૂ કબ્જે કરી તેને પણ ગ્રીન પેન્સિલથી સર્કલ કરી માર્ક–એન આપવામાં આવેલ તથા તે પાનાની પાછળના ભાગે અંગ્રેજીવાળા નામ, સરનામાની ફરતે ગ્રીન પેન્સિલથી સર્કલ કરી માર્ક એન–૧ આપવામાં આવેલ. આ લખાણ પણ પંચો રૂબરૂ કબ્જે કરવામાં આવેલ અને આ અંગેનું પંચનામું પંચોના લખાવ્યા મુજબનું લખી લીધેલ. આંક–૨૮૫૮ વાળુ રજીસ્ટર જોઇને જણાવે છે કે આ રજીસ્ટરના પાના નં.૪૩ ઉપરની એન્ટ્રી નં.૪૨૪ મુજબનું લખાણ તથા સહી મુજબના નમૂનાના હસ્તાક્ષર પંચો રૂબરૂ મેળવેલાં. તેમજ આંક–૭૩૬૫ વાળા છ પાના ઉપર પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે. તેમજ આંક–૭૩૬૬

વાળા કુદરતી લખાણ છે જે પંચો રૂબરૂ કબ્જે કરવામાં આવેલ જેમાં પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવેલ છે.

સાહેદ નં.૧૧૫૭ આર.આર.સરવૈયાનાઓએ પંચ સાહેદ નં.૪૬૬ હેમાંગ ગુણવંતરાય ઉપાધ્યાયની હાજરીમાં આંક–૨૮૫૭ નુ પંચનામુ બનાવીને હોટલ શ્રીનાથ એન્ડ ગેસ્ટહાઉસનું રજીસ્ટર કબજે કરેલુ હતુ. આ રજીસ્ટર સાહેદ નં.૯૮૫ હસનઅલી અહેમદભાઈ સુનસરાએ રજૂ કરેલુ હતુ. તા.૧૦.૭.૨૦૦૮ કલાક ૯.૧૫ એ.એમ. બ્લ્યુ પેનથી લખીને આંક–૨૮૫૮ આપવામાં આવેલ અને રજીસ્ટર કબજે કરેલ. ત્યારબાદ આરોપી નં.૭૦ મોહમદ મોબીનનાઓના હસ્તાક્ષરોના નમુના સાહેદ નં.૧૦૭૮ યુસુફ દાઉદ શેખની હાજરીમાં આંક–૭૬૬૭ ના પંચનામાની વિગતે મળવેલ અને તે હસ્તાક્ષરના નમૂના એફ.એસ. એલ. ગાંધીનગર માટે ચકાસણી માટે આંક–૭૯૮૯ ના રીપોર્ટ સાથે મોકલી આપેલા અને એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે હસ્તાક્ષરના નમૂનાની ચકાસણી કરનાર અધિકારી સાહેદ નં.૧૧૧૩ મહેશકુમાર મનુભાઈ વડગામાનાઓ હતા અને તેમને હસ્તાક્ષરના નમુનાની ચકાસણી કરી આંક–૭૯૯૦ વાળો અભિપ્રાય આપેલો તથા અભિપ્રાય ઉપર આવવાના કારણો આંક–૭૯૯૧ થી આપેલા હતા. આ એફ.એસ.એલ. અધિકારી મહેશકુમાર મનુભાઈ વડગામાનાઓની સમગ્ર જુબાનીની વિગતે ચર્ચા ફરિયાદપક્ષ દ્વારા આરોપી નં. ૩૭ વિરૂધ્ધ જે પુરાવા રજૂ કરેલા છે તેમાં કરેલી છે. જેથી આ સાહેદની જુબાનીનું અત્રે પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે આલમભાઈ મોહમદસલીમ અંસારીને સાહેદ નં.૧૦૮૦ તરીકે આંક–૭૩૬૯ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૨/૧૦/૨૦૧૦ ના રોજ પોલીસે આ સાહેદને સુરત રેલ્વે સ્ટેશનની સામે ટ્રાફિક પોલીસ સ્ટેશને બોલાવેલા. આ સાહેદ ત્યાં પહોંચ્યો ત્યારે આગળથી ત્રણ–ચાર માણસો હાજર હતાં. ત્યાં રાઠોડ સાહેબ હાજર હતાં. રાઠોડ સાહેબે ક્રાઇમ બ્રાન્ચનો સાહેબ તરીકે ઓળખાણ આપેલી. ત્યાં બે–ત્રણ પોલીસ વાળા પણ હતા. રાઇટર લખતા હતાં. રાઠોડ સાહેબે કહેલું

કે બે આરોપીઓ છે જે પૈકી એક આમીન અને બીજો મુબીન હતો. આ લોકોની ઇન્કવાયરી કરતા હતાં અને આ બાબતે પંચનામું કરવાનું હતું. પંચનામામાં સાક્ષીમાં રહેવાનું હતું અને તેઓએ હા પાડેલી હતી. ત્યારબાદ ત્યાં રેલવેની પાર્કિંગમાં આમીનને રાઠોડ સાહેબ લઇ ગયેલાં અને જગ્યા આરોપીએ બતાવેલી અને ત્યાં આમીને કહેલું કે "આ જગ્યાએ બાઇક હતું અને તેની ડિલિવરી આપેલી હતી." ત્યારપછી તેને લઇને પાછા ચોકીમાં આવેલા અને ત્યારબાદ બીજા મુબીનને આ જ જગ્યા ઉપર લઇ ગયેલા. મુબીને પણ આમીનના જેવી જ વાત કરેલી. ત્યારબાદ મુબીનને લઇને પાછા ચોકી ઉપર આવેલાં. આ કાર્યવાહીનું પંચનામુ બનાવવામાં આવેલુ જે આંક–૭૩૭૦ થી રજૂ છે. આ પંચનામામાં સાહેદે પોતાની તથા રાઠોડ સાહેબની સહીઓ ઓળખી બતાવેલ છે. આ સાહેદને કોર્ટ દ્વારા એવુ સવાલ પુછવામાં આવેલ છે કે આરોપીઓએ જે જગ્યા બતાવેલી તે કાર પાર્કિંગની હતી કે બાઇક પાર્ક થાય તેવી હતી? તેના જવાબમાં સાહેદે જણાવેલ છે કે કાર પાર્ક થાય તેવી હતી. આઠ વર્ષનો સમય થયેલ હોવાથી સાહેદ આરોપીઓને ઓળખી શકે નહીં તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ સેન્ટ્રલ બસ ડેપો ઉપર આવેલી દુકાનમાં નોકરી કરે છે અને બિહારના વતની છે. ગુજરાતી લખતા વાંચતા આવડતુ નથી. રેલવે સ્ટેશનની સામે દુકાનો અને હોટલો છે તે કબૂલ કરે છે. પોલીસ દુકાનેથી બોલાવી ગયેલી. પંચનામુ ટ્રાફીક પોલીસ ચોકી ઉપર લખેલુ અને સહી કરવાનું કહેતા સહી કરેલી. ચાલીને પાર્કીંગમાં ગયેલા, રાઠોડ સાહેબ આગળ ચાલતા હતા તે કબૂલ કરે છે. રાઠોડ સાહેબ પાર્કીંગમાં પહોચેલા અને સાથે સાથે પંચો પણ પાર્કીંગમાં પહોંચેલા તે કબૂલ કરે છે. આ પ્રશ્નનો અર્થ ધ્યાને લેતા પંચનામુ બનાવનાર અધિકારી વી.વી.રાઠોડ પંચો તથા આરોપીઓને લઈને પાર્કીંગમાં ગયેલા અને પંચનામુ બનાવેલુ હતુ તેમ કહી શકાય. આ પાર્કીંગ પહેલા ફોર વ્હીલરનું પાર્કીંગ છે અને બીજુ ટુ વ્હીલરનું પાર્કીંગ છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૪૬ વી.વી.રાઠોડનાઓએ કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી.નં.૧૭૬/૨૦૦૮ ના કામે તા.૨.૧૦.૨૦૧૧ ના રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ રામકુમાર રામનાથ દુબેનાઓને ટ્રાફિક પોલીસ ચોકી સુરત ખાતે બોલાવેલા અને ત્યાં આરોપી નં.૬૯, ૭૦ નાઓ હાજર હતા અને તે તથા તેના સાથીદારો મુંબઈથી વાહનોની ચોરી કરીને સુરત તથા અમદાવાદ ખાતે ડીલીવરી કરવા સારૂ નીકળેલા હતા અને સુરત ખાતે આરોપીઓએ કારની ડીલીવરી જે જગ્યાએ આપેલી તે જગ્યા બતાવતા આંક–૭૩૭૦ વાળુ પંચનામુ બનાવેલુ.

આંક–૭૩૭૦ વાળુ પંચનામુ કરનાર તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૪૬ વી.વી.રાઠોડની જુબાનીના પેરા નં.૬ ધ્યાને લેતા તા.૨/૧૦/૨૦૧૧ ના રોજ કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી.નં.૧૭૬/૨૦૦૮ ના કામના રીમાન્ડ ઉપરના આરોપીઓ (૧) આમીન ઉર્ફે રાજા ઐયુબ શેખ તથા (૨) મુબીન ઉર્ફે ઈરફાન અબ્દુલ સકુરખાનનાઓ જે જગ્યા બતાવવા માંગતા હતા તે જગ્યાનું પંચનામું કરવાનું હોવાથી બે પંચોને બોલાવેલા અને બે પંચોએ સ્વખુશી બતાવતા બંને પંચો રૂબરૂ આરોપીના નામ, ઠામ પુંછેલું અને ત્યારબાદ આરોપીઓ જે જગ્યા બતાવવા માંગતા હતાં તે જોવા સારૂ બંને આરોપીઓને સાથે રાખેલા અને આરોપીએ બતાવ્યા મુજબની જગ્યાએ ગયેલા જે જગ્યા જોતાં તે સુરત રેલ્વે સ્ટેશનની પાર્કિંગવાળી જગ્યા હતી. આ અંગેનું વિગતવારનું પંચનામું પંચોના લખાવ્યા મુજબનું લખી લેવામાં આવેલું. જે આંક–૭૩૭૦ વાળા પંચનામામાં પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવેલ છે.

આંક–૭૩૭૦ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "પોતાનુ નામ સરનામુ" તથા "સને–૨૦૦૮ ના વર્ષમાં અમદાવાદ શહેરમાં થયેલ બોમ્બ બ્લાસ્ટ તથા સુરતમાં મળી આવેલ બોમ્બના ગુનામાં ઉપયોગમાં લેવાયેલ મારૂતી વેગન આર કારો અગાઉ પકડાયેલ આરોપી અફઝલ ઉસ્માનીને મુંબઈથી ચોરી કરી સુરતમાં જે જગ્યાએ ડીલીવરી આપેલ તે

જગ્યા બતાવુ" વિગેરે પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપીએ પોતે આપેલ માહિતી પ્રમાણે તે જગ્યાનું ત્યાં અસ્તિત્વ છે માટે આ જગ્યા હોવાની માહિતી તેઓને પોતાને જ હતી જેથી તે હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય. આરોપીને આ જગ્યાની માહિતી હતી માટે પંચો તથા તપાસ કરનાર અધિકારીને આરોપી આ જગ્યા ઉપર દોરી ગયેલા, આરોપીનુ આ દોરી જવાનુ વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે.

આ આરોપી નં.૭૦ મોહમદ મોબીન ઉર્ફે મુબીન ઉર્ફે ઈરફાન અબ્દુલ સકુરખાને ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે? તે પ્રશ્નના જવાબમાં તેણે ફરિયાદપક્ષના પુરાવા સંબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના બચાવ માટે જે હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦ મા જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

આ ઉપરાંત આ આરોપીએ પોતાના બચાવમાં આંક–૯૨૫૯, ૯૨૬૦ અને ૯૩૨૪ થી દસ્તાવેજો રજૂ કરેલા છે જેની ચર્ચા આરોપી નં.૬૯ મા કરેલી છે જેથી પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

આરોપી નં.૭૦ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૯૮૫, ૯૮૨, ૪૬૬, ૮૦૨, ૯૧૬, ૯૭૬, ૯૭૭, ૯૮૭, ૧૦૭૮, ૧૦૮૦, ૧૧૧૩, ૭૮૦, ૭૮૯, ૮૦૪, ૮૦૮, ૮૭૫, ૧૦૭૫, ૧૦૮૯, ૧૧૪૬, ૧૧૫૪, ૧૧૫૭, ૧૧૬૩ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતા આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી બાબતેની દલીલો આરોપી નં.૬૯ ની સાથે જ કરવામાં

આવેલી છે જેથી આરોપી નં.૭૦ ની દલીલો પણ આ આરોપી નં.૬૯ ની છે તે મુજબ ધ્યાને લેવા વિનંતી કરેલી છે. વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપીઓ આ કહેવાતા ગુનાઓમાં સંડોવાયેલો નથી. પરંતુ ઉપર વિગતે જે પુરાવા રજૂ થયા છે તે ધ્યાને લેતા આ આરોપીઓ આ કહેવાતા ગુનામાં સંડોવાયેલો છે તેમ હું માનુ છું.

આરોપી નં.૭૧ મોહમદશાહીદ ઉર્ફે અબ્દુલશાહીદ ઉર્ફે ઉસ્માન અબ્દુલહમીદ નાગોરીનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૭૧ મોહમદશાહીદ ઉર્ફે અબ્દુલશાહીદ ઉર્ફે ઉસ્માન અબ્દુલ હમીદ નાગોરીનાઓ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ જુદી– જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી–જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા–જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમને કઈ–કઈ ભૂમિકા ભજવેલી છે તે સાબીત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા આ આરોપી સામે પ્રત્યક્ષ દસ્તાવેજી કે મૌખિક પુરાવો રજૂ કરેલો નથી.પરંતુ આ આરોપી અમદાવાદ ખાતે થયેલ સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોવાળા ગુનાઓમાં સંડોવાયેલો છે તે બતાવવા માટે જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ જુદા–જુદા ગુનાઓમાં ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ –૧૯૬, અનલોફુલ એકટીવીટી (પ્રિવેન્શન) એકટની કલમ–૪૫, એક્ષપ્લોઝીવ સબસ્ટન્ટ એકટની કલમ–૭, આર્મ્સ એકટની કલમ –૩૯ મુજબના ગુનાઓની ચાર્જશીટ દાખલ કરવા તેમજ આરોપી સામે ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા મંજૂરીઓ મેળવવા માટે સક્ષમ અધિકારી સમક્ષ દરખાસ્તો મોકલેલી અને જે તે સક્ષમ અધિકારીએ

આ આરોપી સામે જુદા–જુદા ગુનાના કામે ઉપરોકત કાયદાની જુદી–જુદી કલમો હેઠળ ચાર્જશીટ દાખલ કરવા તેમજ ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે મંજૂરીઓ આપેલી હતી તે રજૂ કરેલી છે. આ દરખાસ્તો તથા મંજૂરીઓ અંગેના પુરાવાની હવે પછી ચર્ચા કરીશું.

આ આરોપી નં.૭૧ મોહમદશાહીદ ઉર્ફે અબ્દુલશાહીદ ઉર્ફે ઉસ્માન અબ્દુલહમીદ નાગોરીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઈન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે? તે પ્રશ્નના જવાબમાં તેણે ફરિયાદપક્ષના પુરાવા સંબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના બચાવ માટે જે હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦ મા જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

આ ઉપરાંત આ આરોપીએ પોતાના બચાવમાં હિન્દી ભાષામાં લખેલ કુલ બે પનાનું નિવેદન રજૂ કરેલ છે. તે નિવેદન મુજબ પોતાને આ કેસમાં ફસાવવામાં આવેલો છે, કેસ સાથે કોઈ લેવાદેવા નથી, પોતે ગુજરાતમાં કે કેરાલા ગયેલા નથી. ધાર્મિક અથવા રાજનૈતિક સંગઠન સાથે સંબંધ નથી. ગુનાહીત પ્રવૃતિઓમાં સામેલ થયેલા નથી. આ કેસમાં ઓળખ પરેડ કરાવવામાં આવેલી નથી. પોલીસે લખેલા કાગળો ઉપર સહીઓ કરાવેલી છે. કાગળોમાં ગુજરાતી ભાષામાં લખેલુ હતુ પરંતુ પોતાને ગુજરાતી ભાષા લખતા વાંચતા આવડતુ નથી. પોતે આ કેસમાં નિર્દોષ છે તેવી રજૂઆત કરેલી છે. આ સિવાય અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ કરેલો નથી.

આરોપી નં.૭૧ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકિલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૭૮૦, ૭૯૩, ૭૯૬, ૮૦૮, ૧૧૩૯, ૧૧૫૪, ૧૧૬૩ છે. આ ઉપરાંત આ આરોપી નં.૨ નું કબૂલાત નિવેદન પણ છે.આ સાહેદોના પુરાવા

ધ્યાને લેતાં આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવો તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપીની ઓફીશીયલ અટક તા.૩.૫.૨૦૧૩ ના રોજ કરવામાં આવેલી છે. આંક–૧૩૦૦ થી ફરમાવવામાં આવેલા તહોમતનામામાં આ આરોપીએ કોઈ ચોકકસ ભૂમિકા ભજવી હોય તેવો કોઈ આક્ષેપ નથી. તેઓની દલીલ સાથે હું સંમત છું કે આ આરોપી આ કાવતરામાં કે જુદી–જુદી જગ્યાએ થયેલી મીટીંગોમાં, તાલીમ કેમ્પોમાં હાજર રહેલો હોય કે આ બનાવોમાં કોઈ સક્રિય કામગીરી કરી હોય તેવો પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવામાં નથી.આ આરોપી કાવતરામાં સામેલ થયેલ હોય અને આ કહેવાતા બનાવોમાં કોઈ ભૂમીકા ભજવેલી હોય તેવો કોઈ પુરાવો નથી તેમ હું માનુ છું.

આરોપી નં.૭૨ અબ્દુલસત્તાર પી ઉર્ફે મન્સુર અબ્દુલરજાક મુસ્લિમનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૭૨ અબ્દુલસત્તાર પી ઉર્ફે મન્સુર અબ્દુલરજાક મુસ્લિમનાઓ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ નાં રોજ જુદી–જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી–જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા–જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમને કઈ–કઈ ભૂમિકા ભજવેલી છે તે સાબિત કરવા માટે ફરીયાદપક્ષ દ્વારા જે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. તે ધ્યાને લેતા સહઆરોપી નં.૨ ઈમરાન ઈબ્રાહીમ શેખનાઓએ ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબનુ કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન

મેજીસ્ટ્રેટ, અમદાવાદ સમક્ષ લખાવેલુ જે આ કામે આંક–૮૬૧૯ થી રજૂ કરેલુ છે તે કબૂલાતવાળા નિવેદનો ધ્યાને લેતા આ આરોપી ઉપર મુકવામાં આવેલ આક્ષેપ મુજબના કાવતરામાં સામેલ હોવાનું ફલીત થાય છે.

આ આરોપી નં.૭૨ અબ્દુલસત્તાર પી ઉર્ફે મન્સુર અબ્દુલરજાક મુસ્લિમે ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે? તે પ્રશ્નના જવાબમાં તેણે ફરિયાદપક્ષના પુરાવા સંબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના બચાવ માટે જે હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦ મા જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી. આ ઉપરાંત આ આરોપીએ પોતાના બચાવમાં અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ કરેલો નથી.

આરોપી નં.૭૨ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૭૮૦, ૭૯૬, ૮૦૮, ૧૧૪૪, ૧૧૫૪, ૧૧૬૩ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતા આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે. આ ઉપરાંત આ આરોપી નં.૨ નુ કબૂલાત નિવેદન પણ છે.

જયારે આરોપી તરફથી વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે આ આરોપી સામે ફરિયાદપક્ષ દ્વારા કોઈ પુરાવા રજૂ કરવામાં આવેલા નથી. પરંતુ તેઓની આ દલીલ સાથે હું સંમત નથી. ફરિયાદપક્ષ દ્વારા ઉપર મુજબની વિગતે જે પુરાવા રજૂ કરવામાં આવેલા છે તે પૈકી આરોપી નં.૨ નુ કબૂલાત નિવેદન ધ્યાને લઈએ તો આ આરોપી વાઘમોન ખાતે ડિસેમ્બર–૨૦૦૭ ની તાલીમ દરમ્યાન હાજર રહેલો છે અને તે અંગે અર્નાકુલ્લમ (કેરાલા) ખાતે ફરિયાદ નોંધાયેલી તે ફરિયાદના કામે કુલ–૩૮ આરોપીઓ સામે ચાર્જશીટ

દાખલ કરવામાં આવેલુ અને તે ચાર્જશીટમાં આ આરોપી, આરોપી નં.૬ તરીકે છે અને તે કામે આ આરોપીને વાઘમોન ખાતે તાલીમ કેમ્પના ગુનામાં એન.આઈ.એ. કોર્ટ અર્નાકુલ્લમ દ્વારા સેશન્સ કેસ નં.૨/૨૦૧૧ ના કામે તા.૧૪/૦૫/૧૯૯૮ ના રોજ તકસીરવાન ઠરાવેલો છે તેની સહી સિક્કાવાળી પ્રમાણીત નકલ બચાવપક્ષ દ્વારા આંક–૯૪૨૧ થી રજૂ થયેલી છે. આ ચુકાદા સામે ફરિયાદપક્ષ દ્વારા અપીલ કરવામાં આવેલી છે કે કેમ? તે રેકર્ડ ઉપર નથી. આ ઉપરાંત આ આરોપી હાલોલ–પાવાગઢ ખાતેના કેમ્પમાં હાજર રહ્યાનો કોઈ પુરાવો રેકર્ડ ઉપર નથી. અમદાવાદમાં બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં અને સુરત બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં આ આરોપીએ કોઈ કામગીરી કરેલી હોય કે તેને કોઈ ભૂમિકા ભજવેલી હોય તે અંગો પણ કોઈ પુરાવો રેકર્ડ ઉપર નથી.વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે આ આરોપી આ ગુનાઓમાં સંડોવાયેલો છે તેવો બીજો કોઈ સ્વતંત્ર પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી . આ ઉપરાંત આ આરોપીને અર્નાકુલ્લમ કોર્ટ દ્વારા વાઘમોન ખાતેના તાલીમ હાજર રહ્યા બાબતે ઈન્સાફી કાર્યવાહીના અંતે તકસીરવાન ઠરાવી સજા કરેલ છે જેથી તે જ તાલીમ કેમ્પમાં હાજર રહેવા બાબતે તેની સામે ફરીથી ઈન્સાફી કાર્યવાહી થઈ શકે નહીં કે ફરીથી તેને તે જ ગુના માટે તકસીરવાન ઠરાવી શકાય નહીં. આ અંગે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૦૦ ધ્યાને લીધેલી છે અને તે અંગેની વિગતવાર ચર્ચા આરોપી નં.૬૫ અંગે જે દલીલો કરવામાં આવેલી છે તે દરમ્યાન કરેલી છે. આમ, આ આરોપી વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા જે પુરાવો રજૂ થયેલો છે તે પુરતો નથી અને આ આરોપીની આ ગુનામાં સંડોવણી શંકાસ્પદ છે તેમ હું માનું છું.

આરોપી નં.૭૩ અફાક ઈકબાલ ઉર્ફે ઈકવાલ ઉર્ફે દાનીશ રીયાઝ ઉર્ફે સાકી નુરૂલહોદા સૈયદનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૭૩ અફાક ઈકબાલ ઉર્ફે ઈકવાલ ઉર્ફે દાનીશ રીયાઝ ઉર્ફે સાકી નુરૂલહોદા સૈયદનાઓ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ

જુદી–જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી–જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા–જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમને કઈ–કઈ ભૂમિકા ભજવેલી છે તે સાબિત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. તે ધ્યાને લેતા સહઆરોપી નં.૭૬ મંજરઈમામ ઉર્ફે આલમ ઉર્ફે જમીન અલીઈમામનાઓએ ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબનુ કબૂલાત નિવેદન જે.એમ.એફ.સી.કોર્ચી–૫ સમક્ષ લખાવેલુ જે આ કામે આંક–૯૦૨૧ થી રજૂ કરેલુ છે તે કબુલાતવાળુ નિવેદન ધ્યાને લેતા આ આરોપી ઉપર મુકવામાં આવેલ આક્ષેપ મુજબના કાવતરામાં સામેલ હોવાનું ફલીત થાય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે મહંમદ શરીફ હુસેનભાઈ મન્સુરીને સાહેદ નં.૯૧૫ તરીકે આંક–૬૫૩૧ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૧૪.૭.૨૦૧૧ ના રોજ રાત્રે ૮.૩૦ કલાકે પોલીસે આ સાહેદને ક્રાઈમ બ્રાન્ચની ઓફિસે બોલાવેલા. ગાયકવાડ હવેલીની બહાર રાજેશ્વરી હોટલ ઉપર આ સાહેદ બેઠેલા હતા ત્યારે એક પોલીસવાળા ભાઈ આવેલા અને કહેલુ કે સાહેબ ઑફિસમાં બોલાવે છે જેથી ક્રાઈમ બ્રાન્ચની ઑફિસમાં ગયેલો. ત્યાં ઑફિસમાં ગયા ત્યારે એક મેડમ ત્યાં હાજર હતા તેમનુ નામ ઉષા રાડા હતુ. તે સીવાય ત્યાં બીજા ત્રણ–ચાર પોલીસના માણસો પણ હતા. તે સીવાય એક ભેરૂસીંગ કરીને એક ભાઈ હતા. તે સીવાય બીજા એક ભાઈ પણ હતા જેમનું નામ અફાક ઈકબાલ હતુ. ભેરૂસીંગ આ સાહેદ સાથેના પંચ હતા. ત્યાં પોલીસના સાહેબે કહેલુ કે આ એક ભાઈ હાજર છે તેમને ખાડીયાના ગુનામાં પકડેલા છે અને તેમણે પોતાના ઈ–મેઈલથી બીજાને ઈ–મેઈલ કરેલા છે. જે આરોપી હાજર હતો તેનું નામ ઈકબાલ હતુ અને જે નાસતો ફરતો આરોપી હતો. તેનુ નામ અબુબકર ફૈસલ હતુ. આ રૂમમાં કમ્પ્યુટર પણ હતા. સાહેબે કહેલુ કે આ માણસે ઈ–મેઈલ

કરેલા છે તે ચેક કરવાના છે અને તે શંકાસ્પદ લાગશે તો કબજે કરવાના છે. ત્યારબાદ હાજર આરોપીએ સાહેબને ઈ–મેઈલ નંબર આપેલો. આ આરોપીએ તેનો પોતાનો અને અબુ ફૈસલનો નંબર આપેલો. આ ઈ–મેઈલ એડ્રેસો હાલ યાદ નથી ત્યારબાદ આરોપીએ કમ્પ્યુટરમાં પોતાનો પાસવર્ડ નાંખેલો તથા ફૈસલનો પણ પાસવર્ડ નાંખેલો. ત્યારબાદ કમ્પ્યુટરના સ્ક્રીન ઉપર લખાણ આવેલુ તે સાહેબે વંચાવેલુ. તે લખાણ સાહેબે વંચાવ્યા પછી તેની પ્રીન્ટ કાઢેલી. આ સાહેદને સેશન્સ કેસ નં.૩૯૧/૨૦૧૧ ના કામે રજૂ થયેલ મુદ્દામાલ આર્ટીકલ નં. ૧ થી ૬ વાળા દસ્તાવેજો જે ઈ–મેઈલની પ્રિન્ટો છે જેમાં સાહેદ પોતાની તથા ભેરૂસીંગની તેમજ રૂબરૂ તરીકે ઉષા રાડાની સહીઓ ઓળખી બતાવે છે જે આંક–૬૫૩૨ થી ૨જૂ રાખલે છે. સદર કાર્યવાહીનું પંચનામુ બનાવવામાં આવેલુ જે આંક–૬૫૩૩ થી ૨જૂ છે આ પંચનામામાં સાહેદ પોતાની તથા ભેરૂસીંગની તેમજ રૂબરૂ તરીકે ઉષા રાડાની સહીઓ ઓળખી બતાવે છે. સાહેદ આરોપીને ઓળખી શકતા નથી અને જણાવેલ છે કે જયારે આરોપીને જોયેલો ત્યારે તે પાતળો હતો અને તેને નાની દાઢી હતી અને છ વર્ષ થઈ ગયેલા અને અત્યારે જે આરોપી બતાવ્યા તેમાં તે આરોપીની દાઢી મોટી છે અને શરીર મોટા થઈ ગયેલા છે માટે ઓળખી શકતા નથી.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ રેડીમેઈડ કાપડનો વેપાર કરે છે. પોલીસના માણસે સાહેબ શું કામ બોલાવે છે તે જણાવેલુ નહીં. પોલીસે ઘણી વખત બોલાવીને પુછપરછ કરેલી નહીં તો તે હકીકત નકારે છે. આરોપી સાથે પોલીસ સ્ટેશનમાં વાતચીત કરેલી. તેનુ નામ પુછયુ તો તેણે તેનુ નામ અફાક ઈકબાલ બતાવેલુ. બીજા ભાઈ ત્યાં હાજર હતા તેનુ નામ પુછેલુ તો તેનુ નામ ભેરૂસીંગ જણાવેલુ. કોમ્પ્યુટરમાં જે લખાઈને આવેલુ તે બાબતે આરોપીને પુછેલુ. પાસવર્ડ નંબર જે આપવામાં આવેલા તે પંચનામામાં લખેલા કે કેમ? તેનો ખ્યાલ નથી. પંચનામુ બંને પંચોએ લખાવેલુ. આજે પાસવર્ડ જણાવી શકે નહીં. પાસવર્ડ નંબર આરોપીએ આપેલા અને સાહેદે કમ્પ્યુટર ચાલુ કરેલુ. પાસવર્ડ આપેલાની હકીકત પંચનામામાં લખાવેલી કે કેમ? તેની ખબર નથી.

આરોપીએ પાસવર્ડ નંબર કમ્પ્યુટરમાં નાખેલાની હકીકત લખવાની રહી ગઈ છે કે ધ્યાન ઉપર આવેલી કે કેમ? તે કહી શકે નહીં. કમ્પ્યુટર કયા પોલીસ અધિકારીએ ચલાવેલુ તે પોલીસ અધિકારીનું નામ પંચનામામાં લખવામાં આવેલુ કે કેમ? તેનો ખ્યાલ નથી. કમ્પ્યુટર જે અધિકારીએ ચાલુ કરેલુ તે અધિકારીની પંચનામામાં કોઈ સહી લેવામાં આવેલી નહીં. સરતપાસમાં જે હકીકત જણાવી તે સિવાય બીજી કોઈ હકીકતથી વાકેફ નથી તે કબૂલ કરે છે. આંક–૬૫૩૨વાળા છ ઈ–મેઈલ સિવાય બીજુ કોઈ પ્રમાણપત્ર મેળવેલાનો ખ્યાલ નથી. કમ્પ્યુટરમાં કોઈ ખામી આવી હોય અને તે શું ખામી આવી હતી તે બાબતે પુછપરછ કરેલી નહીં. આંક–૬૫૩૨ વાળી કોપીઓ કયા સમયે કમ્પ્યુટરમાંથી કાઢવામાં આવેલી તે સમય લખેલો નથી તે કબૂલ કરે છે. આ કોપીઓ પોલીસે આ સાહેદ પોલીસ સ્ટેશનમાં જતા પહેલા કાઢેલાની હકીકત નકારી છે. પોલીસના બાતમીદાર હોવાથી પોલીસને મદદ કરવા ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારી છે. આંક–૬૫૩૨વાળા ઈ–મેઈલ અંગ્રેજી ભાષામાં છે અને તે આ સાહેદે જોયેલા. પંચનામામાં કુલ છ ઈ–મેઈલની માહિતી ગુજરાતીમાં લખાવેલી છે. આરોપીને કયારથી પકડેલો તે બાબતે પોલીસને કે આરોપીને પુછેલુ નહીં. આંક–૬૫૩૩ ના પંચનામામાં જણાવેલી વિગતો મુજબની કોઈ કાર્યવાહીમાં ભાગ લીધેલો નથી તો તે હકીકત નકારી છે. પોલીસે આ સાહેદની હાજરીમાં કોઈપણ પ્રકારની પ્રિન્ટ કાઢેલી નથી તો તે હકીકત પણ નકારી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડાનાઓએ ખાડીયા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં. ૭૧/૨૦૦૮ ના કામે તા.૧૪.૭.૨૦૧૧ ના રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ ભેરૂસીંગ પ્રેમસીંગ રાજપુતનાઓને ક્રાઈમ બ્રાન્ચ કચેરી અમદાવાદ ખાતે બોલાવેલા અને ત્યાં આરોપી નં.૭૩ અફાક ઈકબાલ હાજર હતો. પંચો રૂબરૂ તે કંઈક કહેવા માંગતો હોવાથી પંચો, સ્ટાફના માણસો તથા આરોપીને તપાસ કરનાર અધિકારીએ સાથે રાખેલા. વધુમાં આ આરોપીએ ત્યાં જણાવેલુ કે તેના ઈ–મેઈલ આઈ.ડી. નં.imaam16@yahoo.com થી પોતે આ ગુનાના

કામે નાસતા ફરતા આરોપી ડો.અબુ ફેસલ ઉર્ફે ફઈમ ઉર્ફે કુરકાન સાથે તેના ઈ–મેઇલ આઇ.ડી. નં.imaambhai@yahoo.in ઉપર એકબીજા સાથે સંપર્કમાં રહેલા. તે ઈ–મેઇલ આઇ.ડી. સરકારી કમ્પ્યુટરમાં ખોલી બતાવેલા જે કુલ છ ઈ–મેઇલની પ્રિન્ટ કાઢીને તપાસ અર્થે આંક–૬૫૩૨ વાળી કબજે કરેલી હતી અને તે અંગેનુ પંચનામુ આંક–૬૫૩૩ વાળુ બનાવવામાં આવેલુ.

આંક–૬૫૩૩ વાળુ પંચનામુ બનાવનાર તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડાની જુબાનીના પેરા નં.૨.૧૦૮ ધ્યાને લઈએ તો આરોપી અફાક ઇકબાલ ઉર્ફે ઇકવાલ ઉર્ફે દાનીશ રીયાઝ ઉર્ફે સાફી સ /ઓ નુરૂલહોદ્દા સૈયદ તથા આરોપી ડૉ.ફૈસલનાઓ પોતાના ઇ–મેઇલ આઇ.ડી.થી એક બીજાના સંપર્કમાં રહેલા હોવાથી આ બંને આરોપીઓના ઇ–મેઇલ આઇ.ડી. ચેક કરવાના હોવાથી બે પંચોને ક્રાઇમ બ્રાન્ચ કચેરીએ બોલાવી અને તેઓને પંચમાં રહેવા અંગેની સમજ કરેલી અને તેઓએ સ્વખુશી બતાવતાં પંચો રૂબરૂ આ બંને આરોપીઓના ઇ–મેઇલ આઇ.ડી. ક્રાઇમ બ્રાન્ચના ટેકનીકલ સેલમાં સરકારી કમ્પ્યુટર ઉપર ચેક કરવાના હતા તે સમયે આરોપીનું નામ, ઠામ પંચો રૂબરૂ પુછવામાં આવેલું જે તેઓએ "અફાક ઇકબાલ ઉર્ફે ઇકવાલ ઉર્ફે દાનીશ રીયાઝ ઉર્ફે સાફી સ/ઓ નુરૂલહોદ્દા સૈયદ" હોવાનું જણાવેલું ત્યારબાદ બે પંચો રૂબરૂ આરોપીએ જણાવેલું કે "તેના ઇ–મેઇલ આઇ.ડી. નંબરથી પોતે આ ગુનાના કામના નાસતા ફરતા આરોપી ડૉ.અબુફૈસલના ઇમેઇલ આઇ.ડી. ઉપર ઇ–મેઇલ કરેલ" અને ત્યારબાદ તેઓએ જણાવેલ ઇ–મેઇલના આધારે આરોપીના બતાવ્યા મુજબ તપાસ કરતા જે જે મેસેજ તેમના ઇ–મેઇલ આઇ.ડી. માં જણાઇ આવેલ તે પંચોના જણાવ્યા મુજબ લખી લેવામાં આવેલ તે ઇ–મેઇલની ભાષા સાંકેતિક હોવાનું પણ તે સમયે આરોપીએ જણાવેલું. પંચનામા દરમ્યાન આ તમામ ઇ–મેઇલોની પ્રિન્ટ કાઢવામાં આવેલી અને પંચનામુ બનાવેલુ જે આંક–૬૫૩૩ વાળા પંચનામામાં તથા આંક–૬૫૩૨ વાળા તમામ દસ્તાવેજોમાં સાહેદ પંચોની તથા પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ પેરા નં.૧૧૬ ધ્યાને લઈએ તો આંક–૬૫૩૨ વાળા ઈ–મેઇલ કોણે કોણે મોકલ્યા તે ઈ–મેઇલ જોઈને કહી શકાય નહીં તો તે હકીકત નકારે છે. સાહેદે ઇ–મેઇલ જોઈને જણાવેલુ છે કે આરોપી અફાક ઈકબાલ ઉર્ફે દાનીસે પોતાના ઇ–મેઇલ આઇ.ડી. ઈમામભાઈ ઉપરથી અન્ય આરોપીને મોકલેલ છે અને આરોપીના ઉર્ફે નામ પણ છે. આંક–૬૫૩૨ તે યાહુ મેલની પ્રીન્ટ આઉટ છે અને તે કુલ–છ પાનામાં છે તે કબૂલ કરે છે. “ફ્રોમ" માં ઈમામભાઈ અને "ટુ" માં ઈમામઅહેમદ લખેલુ છે તે કબૂલ કરે છે. તમામ પાનામાં આરોપી અફાક ઈકબાલ ઉર્ફે દાનીસ લખેલુ નથી તે કબૂલ કરે છે. આ ઇ–મેઇલ જોઈને કોઈ ત્રાહિત વ્યકિત કહી શકે નહીં કે આ ઇ–મેઇલ અફાકે કરેલા છે તો તે બાબતે કહી શકે નહીં. આ ઇ–મેઇલ અફાક ઈકબાલે કર્યા છે તેવુ કહેવાનો અભિપ્રાય વ્યકિતગત અભિપ્રાય છે તો તે હકીકત નકારી છે. ઇ–મેઇલના પાના ઉપર અફાકનો ફોટો નથી તો તે હકીકત કબૂલ કરી છે. ઇ–મેઇલમાં અફાક ઈકબાલ ઉર્ફે દાનીસના નામનો ઉલ્લેખ નથી પરંતુ સાહેદ જણાવે છે કે નામોનો ઉલ્લેખ કરવો જરૂરી નથી સંબોધનમાં નામના બદલે "ભાઈ" શબ્દનો ઉપયોગ કરેલો છે.

આંક–૬૫૩૩ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "પોતે પોતાનુ નામ તથા સરનામુ જણાવેલુ" તથા "તેના ઇ–મેઇલ આઇ.ડી. નં.imaam16@yahoo.com થી પોતે આ ગુનાના કામે નાસતા ફરતા આરોપી ડૉ.અબુ ફેસલ ઉર્ફે ફઈમ ઉર્ફે ફુરકાન સાથે તેના ઇ–મેઇલ આઇ.ડી. નં.imaambhai@yahoo.in ઉપર એકબીજા સાથે સંપર્કમાં રહેલા. તે ઇ–મેઇલ આઇ.ડી. સરકારી કમ્પ્યુટરમાં ખોલી બતાવેલા". ત્યારબાદ તપાસ કરનાર અધિકારીએ સરકારી કમ્પ્યુટરમાંથી પ્રિન્ટર દ્વારા આ ઈ–મેઇલોની કુલ–છ કોપીઓ કાઢેલી જેમા બંને વચ્ચે તા.૧૭.૨.૨૦૧૧, તા.૨૧.૧૨.૨૦૧૦, તા.૧૧.૧૨.૨૦૧૦, તા.૨૯.૧૧.૨૦૧૦, તા.૨૦.૧૧.૨૦૧૦ અને તા.૨.૧૦.૨૦૧૦ ના રોજ જે વાતચીતો થયેલી તેની પ્રિન્ટ આઉટ છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે શૈલેષ હરીપ્રસાદ બુધેલીયાને સાહેદ નં.૯૨૧ તરીકે આંક–૬૫૫૧ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ વડોદરા મુકામે જન્મથી રહે છે. તા.૨૧/૬/૨૦૧૧ ના રોજ આ સાહેદને ત્યાં સુરતથી મહેમાન આવેલા હતા તેઓને મુકવા માટે વડોદરા રેલ્વે સ્ટેશન ઉપર જવાનું થયેલુ. આ સાહેદ મહેમાનને મુકીને આવતા હતા ત્યારે પોલીસ અધિકારીએ રેલવે પ્લેટફાર્મ પર ઉભા રાખેલા. પોલીસ એક સાઈડમાં લઈ ગયેલી અને પોલીસે કહેલુ કે અમદાવાદ બોમ્બ બ્લાસ્ટનો આરોપી વાદળી કલરનું ચેકસ શર્ટ અને કાળા કલરનું પેન્ટ તથા ચશ્માં પહેરીને ટ્રેનમાં આવી રહેલો છે, તો આપણે વોચમાં રહીને તેમને પકડવાનો છે. પોલીસે આવનાર આરોપીનું નામ દાનીશ સૈયદ જણાવેલુ. આ સાહેબે એવુ પણ કહેલુ કે આ આરોપી હૈદરાબાદ થી રાજકોટ જતી ટ્રેનમાં આવવાનો છે. ત્યારબાદ આ સાહેદ, પોલીસના સાહેબ તથા પોલીસના બીજા માણસો પ્લેટફાર્મ પાસે આવેલા દાદર પાસે છુટા છુટા ઉભા રહેલા. આ ઉપરાંત આ સાહેદ સાથે બીજા એક ભાઈ રાજુભાઈ કરીને હતા તે પણ ત્યાં ઉભા રહેલા. બધા પ્લેટફોર્મ નં.૧ ઉપર ઉભા રહેલા અને આશરે ૨૦–૨૫ મિનિટના સમય પછી હૈદરાબાદ તરફથી એક ટ્રેન પ્લેટફોર્મ નં.૧ ઉપર આવેલી અને ઉભી રહેલી ત્યારપછી તેમાંથી પેસેન્જરો ઉતરતા હતા અને દરવાજા તરફ પેસેન્જરો જતા હતા. આ વખતે આ સાહેદ તથા રાજુભાઈ ઉભેલા હતા અને બાજુમાં પોલીસ ઈન્સ્પેકટર સાહેબ ઉભા હતા અને તેઓએ ઈશારાથી જણાવેલુ કે બાતમીવાળી વ્યકિત આવી રહેલી છે. ત્યારબાદ તેઓને તે આરોપીનું જે વર્ણન આપેલુ તે જ વર્ણનવાળી વ્યકિત આવતી હતી તે જોયેલુ. આ વ્યકિત આવી એટલે તેને બોલાવીને એક સાઈડમાં લીધેલો. ત્યારબાદ, આ વ્યકિતનું નામ પોલીસે પુછેલુ તો તેણે તેનું નામ "દાનીશ સૈયદ" કહેલુ ઉર્ફે બીજુ શું હતુ તે યાદ નથી. પોલીસે જયારે નામ પુછયુ ત્યારે આ સાહેદ તથા તેમની સાથેના રાજુભાઈ હાજર હતા. ત્યારબાદ પોલીસના અધિકારી સાહેબે તેની જડતી લીધેલી તો જડતી દરમિયાન તેના ખીસ્સામાંથી ફોટાવાળુ ચુંટણી કાર્ડ નીકળેલુ. ત્યારપછી ડ્રાઈવીંગ લાઈસન્સ હતુ તે પણ નીકળેલુ તે સીવાય

તેની પાસેથી રેલવેની ટિકિટ પણ નીકળેલી. તેમના પેન્ટનું ખીસ્સુ તપાસતાં તેમાંથી આશરે ૩.૧૫૦૦/– નીકળેલા. સાહેદને સેશન્સ કેસ નં.૩૯૦/૨૦૧૧ ના મુદ્દામાલ આર્ટીકલ નં.૧ થી ૩ કે જેમા રેલવેની ટિકિટ હૈદરાબાદ થી વડોદરાની તથા ચુંટણી કાર્ડ તેમજ ડ્રાઈવીંગ લાઈસન્સ ઓળખી બતાવે છે. આ કાર્યવાહીનું પંચનામુ બનાવવામાં આવેલુ જે આંક–૬૫૫૨ થી ૨જૂ છે આ પંચનામામાં સાહેદ પોતાની તથા રાજુભાઈની તથા પોલીસ અધિકારીની રૂબરૂ તરીકે સહીઓ ઓળખી બતાવે છે. સાહેદ આરોપીને ઓળખી બતાવતા નથી અને જણાવેલ છે કે આજરોજ જે આરોપીઓ બતાવેલા તે પૈકીના કેટલાક આરોપીને મોટી દાઢી છે, કેટલાકને નાની દાઢી છે તેમજ કેટલાકને આછી દાઢી છે. કેટલાક આરોપીને મુંછો નથી પરંતુ દાઢી છે. કેટલાકે માથે ટોપી પહેરેલી છે અને કેટલાક આરોપીએ ટોપી પહેરેલ નથી માટે ઓળખી શકતા નથી.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પંચનામામાં તારીખ લખાવેલી કે કેમ? તે યાદ નથી. પરંતુ સાહેદે પંચનામુ જોઈને તારીખ લખેલી નથી તેમ જણાવે છે. પંચનામાની શરૂઆત કેવી રીતે થાય અને તેનો અંત કેવી રીતે થાય તથા તેમા અગત્યની વસ્તુ શું છે તેની જાણકારી નથી. પોલીસે સીલ બાબતેની કોઈ જાણકારી આપેલી નહીં. અગાઉ મુદ્દામાલ બાબતેની જાણકારી કે અનુભવ ન હતો તે કબૂલ કરે છે. પંચનામા મુજબ જે વસ્તુઓ આરોપી પાસેથી મળેલી તે વસ્તુઓ પંચોની હાજરીમાં કવરમાં મુકી દોરીથી બાંધી સીલ કરીને તેની ઉપર પંચોની સહીઓવાળી સ્લીપ મુકી હોય તેવુ બન્યુ નથી. બતાવવામાં આવેલ રેલવેની રીઝર્વેશન ડબ્બાની ટિકિટ નથી તે કબૂલ કરે છે. આવનાર વ્યકિત ટ્રેનના કયા ડબ્બામાં બેસીને આવતી હતી તેવી વિગત પંચનામામાં નથી તે કબૂલ કરે છે. આવનાર વ્યકિતનું શારીરિક વર્ણન પંચનામામાં લખેલુ નથી તે કબૂલ કરે છે. હૈદરાબાદવાળી ટ્રેનમાંથી ઘણા બધા પેસેન્જરો ઉતરેલા તે કબૂલ કરે છે. પંચનામુ જોતા તે વ્યકિતએ ભાગી જવાનો કે પોલીસ સાથે બળ પ્રયોગ કરવાનો પ્રસંગ બનેલો નહીં તે કબૂલ કરે છે. દાદર પાસે અકસ્માતે જ એ વ્યકિત મળી ગયેલો તો તે હકીકત નકારી છે. સાહેદ જણાવે છે કે દાદરથી આશરે ૫–૭

કુટના અંતરે મળેલો. તે વ્યકિત ડબ્બામાંથી ઉતરતો હતો ત્યારે જ ઓળખેલો તો તે હકીકત નકારે છે. તે વ્યકિતને ડબ્બામાંથી ઉતરતો આ સાહેદે જોયેલો નહીં તે કબૂલ કરે છે. જે વ્યકિતને રોકેલી તે વ્યકિતને પોલીસ ઈન્સ્પેકટર સાહેબે આંગળીથી ઈશારો કરીને બતાવેલી. સરતપાસમાં જણાવ્યા મુજબ તેમજ પંચનામામાં જણાવ્યા મુજબ પંચોની હાજરીમાં કોઈપણ આરોપીને પોલીસે અટક કરેલી નથી કે તેની પાસેથી કોઈ ચીજવસ્તુ કબજે કરેલી નથી તો તે હકીકત નકારે છે. પોલીસે પંચનામુ વારંવાર વાંચી, સંભળાવેલુ હોવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારે છે. સ્ટેશનમાં મુખ્ય ગેટમાં પ્રવેશ કર્યા પછી પ્લેટફોર્મ નં.૧ ની બંને દિશાઓ તરફ પ્લેટફોર્મ નં.૨ ઉપર જવાનો બ્રિજ છે તો તે કબૂલ કરે છે. પંચોની પાસે પ્લેટફોર્મ ટિકિટ હતી તે બતાવવા પંચનામામાં ઉલ્લેખ કરેલો નથી. સાહેદ જણાવે છે કે સ્ટેશન ઉપર જતા પહેલા પ્લેટફોર્મ ટિકિટ લીધેલી. ટ્રેન આવતા પહેલા તે આરોપી આવવાનો છે તથા તે આરોપીનું વર્ણન તથા તે કયા ગુનામાં સંડોવાયેલો છે તેનુ વર્ણન લખાઈ ગયેલુ તો તે હકીકત નકારે છે. સાહેદ જણાવે છે કે પંચનામાનુ લખાણ થયેલુ તે ટ્રેન આવ્યા પછી આરોપીને પકડેલો અને તેની પાસેથી વસ્તુઓ કબજે કર્યા પછી પંચનામુ લખાયેલુ. જે માણસ પાસેથી જે દસ્તાવેજો કબજે કરેલા તે પોલીસે જોવા માટે પંચોને આપેલા. પોલીસે તે દિવસે નહીં પરંતુ તે પહેલા ઘણા દિવસોથી આરોપીને અટક કરેલો હતો માટે પંચનામામાં તારીખ લખી નથી તો તે હકીકત નકારે છે. પ્લેટફોર્મ નં.૨ ઉપરથી પ્લેટફોર્મ નં.૧ ઉપર આવ્યા અને સમગ્ર કાર્યવાહી થઈ તે દરમ્યાન બીજી કોઈ ટ્રેન આવેલી નહીં તો તે હકીકત નકારે છે. પંચનામાની કાર્યવાહી ચાલતી હતી તે દરમ્યાન વડોદરા શહેરમાંથી પ્લેટફોર્મ નં.૧ ઉપર ઘણા બધા લોકોની અવર-જવર રહેતી હતી.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૦૫૧ કનુભાઈ કિશોરભાઈ પટેલનાઓએ મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં.૨૦૩/૨૦૦૮ ના કામે આ પંચ સાહેદ તથા બીજા પંચ રાજુ ગણપતરાવ ઉત્તેકરનાઓને વડોદરા રેલવે સ્ટેશનના મુખ્ય ગેટ

પાસે બોલાવેલા અને ત્યાં અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટના કામે સંડોવાયેલ વોન્ટેડ આરોપી અફાક ઈકબાલ ઉર્ફે દાનીસ હૈદરાબાદ થી રાજકોટની ટ્રેન નં.૮૭૮૪ માં તા.૨૦.૬.૨૦૧૧ ના રોજ બેસી વડોદરા ખાતે આવનાર હતો. જેથી ત્યાં વોચમાં રહેવાનું હતુ. તે દરમ્યાન કલાક ૧૧.૦૦ ની આસપાસ ટ્રેન નં.૮૭૮૪ વડોદરા સ્ટેશને આવીને ઉભી રહેલી અને ટ્રેનમાંથી પેસેન્જરો ઉતરતા હતા. તેમાંથી મળેલ માહિતી મુજબના વર્ણનવાળી વ્યકિતને રોકેલો અને તેને નામ પુછતા પોતાની નામ અફાક ઈકબાલ ઉર્ફે દાનીસ જણાવેલુ. જેથી પંચો રૂબરૂ તેની અંગજડતી કરતા હૈદરાબાદ થી વડોદરાની એક રેલવે ટિકિટ, એક ઈલેકશન કાર્ડ આરોપીના નામનુ તથા એક ડ્રાઈવીંગ લાયસન્સ આરોપીના નામનુ અને રૂા.૧૫૦૦/–રોકડા મળેલા જે આંક–૬૫૫૨ ના પંચનામાની વિગતે કબજે કરેલ.

આંક–૬૫૫૩ વાળુ પંચનામુ બનાવનાર તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૦૫૧ કનુભાઈ કિશોરભાઈ પટેલની જુબાની ધ્યાને લઈએ તો આરોપી તેઓ તા.૨૧/૬/૨૦૧૧ ના રોજ પોલીસ ઈન્સ્પેકટર એસ.ઓ.જી. ક્રાઈમ શાખા અમદાવાદ ખાતે ફરજ બજાવતા હતા.તેઓને તા.૨૧/૬/૨૦૧૧ ના રોજ બાતમી મળેલ કે અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટમાં વોન્ટેડ આરોપી નામે દાનીશ રીયાઝ આજરોજ હૈદરાબાદ થી રાજકોટ થી ટ્રેનમાં બરોડા આવનાર છે. જેણે શરીરે બ્લુ કલરનું ચેકસ શર્ટ તથા કાળા રંગનું પેન્ટ તથા ચશ્મા પહેરેલ છે. જે બાતમી આધારે પોલીસ માણસો સાથે વડોદરા રેલવે સ્ટેશને ગયેલા અને ત્યારબાદ બે પંચોના માણસોને બોલાવેલા અને બાતમી અંગે કાર્યવાહીની સમજ આપેલી. આ સાહેદે પંચમાં રહેવા સ્વખુશી બતાવેલી. ત્યારબાદ આ સાહેદ તથા અન્ય પોલીસના માણસો તથા તેમની સાથે પંચો વડોદરા રેલવે સ્ટેશન ખાતે વોચમાં ગોઠવાયેલાં. ત્યારબાદ બાતમીના વર્ણનવાળો વ્યકિત આવતા તેને બાજુ ઉપર લઈ તે ઈસમની પંચો રૂબરૂ પુછપરછ કરતાં તેણે પોતાનું નામ દાનીશ અસ્ફાક ઉર્ફે સાફી જણાવેલું જે પોતે મુળ બરીયાતુ બસ્તી રાંચીનો હોવાનું તથા હાલ હૈદરાબાદનો હોવાનું જણાવેલું. જેની પંચો રૂબરૂ અંગજડતી કરતાં તેની

પાસેથી એક રેલવેની ટિકિટ હૈદરાબાદ થી વડોદરા તા.૨૦/૬/૨૦૧૧ ની તથા તેમનું ડ્રાઇવીંગ લાયસન્સ તથા તેનું ઇલેકશન કાર્ડ અને રોકડ રૂા. ૧૫૦૦/– મળી આવેલાં. જેથી આ બાબતેનું પંચનામું કરેલું અને પંચનામા દરમિયાન તેણે મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી. નં. ૨૦૩/૨૦૦૮ ના કામે અટક કરેલો. આંક–૬૫૫૨ વાળા પંચનામામાં સાહેદ પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહિઓ ઓળખી બતાવે છે. સાહેદ વધુમાં જણાવે છે કે પંચનામાના કાર્યવાહી પૂર્ણ થયા બાદ વડોદરા રેલવે પોલીસ સ્ટેશનના ચાર્જ અમલદારનાઓને આ સાહેદે કરેલ કાર્યવાહી અંગે સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા બાબતેનો રીપોર્ટ આપેલો. જે રીપોર્ટ આધારે આ સાહેદની ઓફિસ કોપીમાં જરૂરી શેરો કરી સ્ટેશન ડાયરીમાં એન્ટ્રી નં.૨૫/૧૧ કલાક ૧૪.૩૦ તા.૨૧/૬/ ૨૦૧૧ થી નોંધ કરી તેવા પ્રકારનો શેરો કરી આપેલો. આંક–૭૦૮૫ વાળો ચાર્જ અમલદારને આપેલો રીપોર્ટમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે તેમજ આ રીપોર્ટમાં રેલવે પોલીસ સ્ટેશન વડોદરાનો સિકકો તથા ચાર્જ અમલદારની સહિ છે તથા સ્ટેશન ડાયરી એન્ટ્રી નંબર તથા શેરો છે જે પણ ઓળખી બતાવે છે.

વધુમાં સાહેદ જણાવે છે કે ત્યારબાદ તેઓ આરોપીને લઇને અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચમાં આવેલા અને આરોપી અફાક ઇકબાલ ઉર્ફે દાનીશ રીયાઝ ઉર્ફે સાફિ સ/ઓ નુરૂલ હોદ્દા સૈયદનાઓ અંગે કરેલ કાર્યવાહીના કાગળો રીપોર્ટ સાથે સોંપેલા અને પકડયા રજીસ્ટરે દાખલો રાખવા સુચના કરેલ, મુદ્દામાલ પાવતી ફાડી તપાસના કાગળો મદદનીશ પોલીસ કમિશનરને સોંપવા જાણ કરેલી. જેના આધારે ચાર્જ અમલદારે સ્ટેશન ડાયરી એન્ટ્રી નં.૧૦/૧૧ થી જરૂરી નોંધ કરેલી. આંક–૭૦૮૬ વાળો ચાર્જ અમલદાર, ક્રાઇમ બ્રાન્ચનાઓને આપેલા, રીપોર્ટમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આંક–૭૦૮૭ થી આ સાહેદના રીપોર્ટ આધારે પી.એસ.ઓ.એ સ્ટેશન ડાયરીમાં એન્ટ્રી નં.૧૦/૧૧ કરેલી તેમાં પીએસઓ અમદાવાદ શહેરનાઓની સહી ઓળખી બતાવે છે તેમજ આ સાહેદે આરોપી પાસેથી કબજે કરેલ મુદ્દામાલ હૈદરાબાદ થી વડોદરાની રેલવે ટિકિટ, ડ્રાઇવીંગ લાયસન્સ, ઇલેકશન કાર્ડ વિગેરે ઓળખી બતાવેલ છે. પરંતુ

આરોપીને જોયે સાત વર્ષ જેટલો સમય થયેલો હોવાથી ઓળખી શકે નહીં તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો જે કેસમાં પંચનામુ કરેલુ તે કેસની તપાસ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ કરતી હતી તે કબૂલ કરે છે. તે કેસના તપાસનીશ અધિકારી મયુર ચાવડા હતા તે કબૂલ કરે છે. એસ.ઓ.જી. બ્રાન્ચ તે ક્રાઈમ બ્રાન્ચનો એક ભાગ હોવાથી સીરીયલ બોમ્બ બ્લાસ્ટની તપાસમાં મદદ કરતી હતી. અમદાવાદ એસ.ઓ.જી. સીરીયલ બોમ્બ બ્લાસ્ટના કેસોની તપાસ સાથે સંકળાયેલી હતી તે કબૂલ કરે છે. એસ.ઓ.જી.ની ઑફિસે સીરીયલ બોમ્બ બ્લાસ્ટના કેસોની તપાસ કરવી તેવો અલગથી કોઈ લેખિત હુકમ થયેલો નહીં. આંક–૬૫૫૨ વાળા પંચનામામાં તારીખ લખેલી નથી તે કબૂલ કરે છે. આરોપી પાસેથી કબજે કરવામાં આવેલી રેલવેની ટિકિટ, ચુંટણી કાર્ડ તેમજ લાયસન્સ ઉપર પંચોની સહીઓ લીધેલી નથી તે કબૂલ કરે છે. આરોપી તરફથી આ કબૂલાત્મક પ્રશ્ન પુછવામાં આવેલો છે અને તે મુજબ આરોપી પાસેથી રેલવેની ટિકિટ, ચુંટણી કાર્ડ અને લાયસન્સ કબજે લેવામાં આવેલુ છે તે કબૂલ કરવામાં આવેલુ છે તેમ કહી શકાય. આ ત્રણેય દસ્તાવેજો કબજે કર્યા પછી કવરમાં મુકી દોરી બાંધી સીલ કર્યા હોય તેવુ બન્યુ નથી. મયુર ચાવડાને મળેલ બાતમી બાબતેની કોઈ ચીઠ્ઠી કે કાગળ મયુર ચાવડાએ આપેલો નથી. મયુર ચાવડા સાથે ચર્ચા કર્યા અંગેનો અને વડોદરા ગયા અંગેનો કોઈ દસ્તાવેજી પુરાવો નથી. હૈદરાબાદથી ટ્રેન વડોદરા રેલવે સ્ટેશન ઉપર કેટલા વાગે આવવાની હતી અને કયા પ્લેટફોર્મ પર આવવાની હતી તે પંચનામામાં લખેલુ નથી તે કબૂલ કરે છે. વડોદરા રેલવે સ્ટેશન ઉપર કેટલા વાગે પહોંચેલા તે ચોકકસ સમય યાદ નથી. જે માણસની બાતમી મળેલી તેને પહેલેથી ઓળખતા ન હતા તે કબૂલ કરે છે. બાતમી આપનાર વ્યકિત પોલીસને સાથે ન હતો. ટ્રેન કયા પ્લેટફોર્મ પર આવેલી તે યાદ નથી. જે વ્યકિત ટ્રેનમાં આવવાનો હતો તેનુ શારીરિક વર્ણન પંચનામામાં લખેલુ નથી તે કબૂલ કરે છે. આંક–૬૫૫૨ વાળુ પંચનામુ મયુર ચાવડાએ બનાવેલુ તે હકીકત નકારે છે. આરોપીને તા.૧૭.૬.૨૦૧૧ ના રોજ

હૈદરાબાદની ઑફિસેથી અટક કરી અમદાવાદ ખાતે લાવીને ગેરકાયદેસર કસ્ટડીમાં રાખેલાની હકીકતને નકારે છે. આંક–૬પપ૨ વાળુ પંચનામુ ખોટી રીતે તૈયાર કરી વડોદરા રેલવે પોલીસ સ્ટેશનમાં તે બાબતેનો ખોટો રીપોર્ટ કરી સ્ટેશન ડાયરીમાં ખોટી એન્ટ્રી કરાવેલી છે તો તે હકીકત નકારે છે. વડોદરા મુકામે ચોકકસ કેટલા વાગે જવા નીકળેલા તે યાદ નથી. અમદાવાદ થી વડોદરા જવા નીકળ્યા ત્યારે રસ્તામાં ગાડી ખરાબ થઈ ગયેલ હોય અને બીજી ગાડી મંગાવેલી હોય તો યાદ નથી. પંચનામુ કર્યુ ત્યારે આરોપી કઈ કંપનીમાં નોકરી કરતો હતો તે જાણવા મળેલુ. તે કંપનીના નામનો ઉલ્લેખ પંચનામામાં કરેલો નથી તે કબૂલ કરે છે. આરોપીનો સહકર્મચારી ચંદ્રશેખર હતો તે જાણવા મળેલુ કે કેમ તે યાદ નથી. તા.૧૭.૬.૨૦૧૧ ના રોજ આરોપીને હૈદરાબાદ ખાતે તેની કંપનીની ઑફિસમાંથી તેના એચ.આર. તથા સહકર્મચારીની હાજરીમાં એરેસ્ટ કરેલો તો તે હકીકત નકારેલી છે.આરોપીને પકડવા ખાનગી વાહનમાં ગયેલાની હકીકત નકારી છે. મુદ્દામાલવાળી ટિકિટ બીજા કોઈ પાસેથી કબજે કરેલાની હકીકત નકારે છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે જયપ્રકાશ રામચંદ્ર ગઢાને સાહેદ નં.૯૯૩ તરીકે આંક–૬૯૩૩ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ જુન–૨૦૧૧ મા હૈદરાબાદ ખાતે એપેક્ષ નામની કંપનીમાં સીસ્ટમ એડમીનીસ્ટ્રેટર તરીકે ફરજ બજાવતા હતા. તેમની કંપનીનો ધંધો ઇ–પબ્લીકેશન, હાર્ડ કોપીમાંથી સોફટ કોપીમાં ડેટા ટ્રાન્સફર કરવાનો હતો. તે વખતે તેમના એચ.આર. સુરેન્દ્ર રેડ્ડી કરીને હતાં .પોલીસ તેમની પાસે જુન/જુલાઇ–૨૦૧૧ના વર્ષમાં આવેલી અને તે વખતે પોલીસના સાથે અફાક ઇકબાલ હતો. તે તેમની કંપનીમાં આ સાહેદના જુનીયર તરીકે કામ કરતો હતો. તે જુનીયર સીસ્ટમ એડમીનીસ્ટ્રેટર તરીકે કામ કરતો હતો અને તેના કામમાં ટેકનીકલ પ્રોબલેમ દુર કરવાનું હતું. તેણે બે વર્ષ જેટલું કામ કરેલું. તે સામાન્ય રીતે બહુ ઓછુ બોલતો હતો અને તે ઑફિસ વર્ક સિવાય બીજી કોઇ વાત કરતો ન હતો. તે કામ સિવાય બહુ બોલતો ન હતો અને દિવસમાં રોજ પાંચ વખત નમાજ પઢતો હતો. તે પોતે રાંચીનો હોવાનું જણાવેલુ હતું. તેણે તેના ચાર મોબાઇલ

નંબરો આપેલા હતા જે નંબરો આ સાહેદે પોલીસને આપેલા હતા. આ સાહેદ જયારે તેને ફોન કરતા ત્યારે તેનો ફોન કવરેજમાં આવતો ન હતો. તે જયારે મોબાઇલ ફોન આવતો ત્યારે તે બહાર જઇને વાત કરતો હતો. તેણે બે વર્ષ સુધી નોકરી કરેલી અને પોલીસ લઇને તેને આ સાહેદ પાસે આવી તેના ત્રણ–ચાર મહિનાથી તે નોકરી છોડી ગયેલો હતો. પોલીસને આ સાહેદે તેની રજાઓ અંગેની માહિતી આપેલી. આરોપી બે વર્ષથી કામ કરતો હોવાથી ઓળખે છે તેમ જણાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ આંધ્રપ્રદેશના વતની છે અને માતૃભાષા તેલુગુ છે. આ સાહેદની કંપની એપેક્ષ કંપની છે અને ૩૦૦ માણસો તેમાં કામ કરતા હતા. જયારે આ સાહેદ કંપનીમાં પોતાની ફરજ ઉપર આવતા અને ફરજ પુરી કરીને જતા હતા ત્યારે આરોપી પણ ફરજ પુરી કરીને જતો તો તે હકીકત નકારી છે. તેની વર્તણૂક બીજા સાથે અને આ સાહેદ સાથે સામાન્ય પ્રકારની રહેતી હતી તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે આરોપી આ સાહેદ સાથે જે કંપનીમાં નોકરી કરતો હતો તે કંપનીના સહ કર્મચારીઓ સાથે તેનુ વર્તન સારૂ જ હોય અને વર્તન સારૂ હોવાના કારણે કંપનીના બહાર પણ તેનુ વર્તન સારૂ જ હોય તેવુ અનુમાન થઈ શકે નહીં. ફરજ પુરી કરીને ગયા પછી બહાર તેનુ વર્તન કેવુ હોય છે તેની જાણ સહકર્મચારીઓને ન હોય. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા તે કંપનીમાં કામ કરતો હતો ત્યારે તેને કોઈ પ્રેમીકા હતા કે કેમ? તેની ખબર નથી. ઑફિસની બહાર જઈને તે ફોન ઉપર વાતો કરતો હતો ત્યારે કોની સાથે શું વાતો કરતો હતો તેની ખબર નથી. સાહેદે જણાવેલુ છે કે તેને જે વાતો કરેલી તે શેર કરતો ન હતો. કોની સાથે વાતો કરતો હતો તે પુછેલુ નહીં તે કબૂલ કરે છે. આ સાહેદે તેના ઘરની કયારેય મુલાકાત લીધી નથી. ઑફિસ સમય બાદ કયારેક ઑફિસ કામ માટે ફોન કરતો હતો તે કહી શકે નહીં. આરોપીની શંકાસ્પદ વર્તણૂક બાબતે સાથી કર્મચારી કે બોસને વાત કરેલી નહીં. આરોપી અફાક ઈકબાલ તથા આ સાહેદ સર્વર રૂમમાં સાથે કામ કરતા હતા તો તે હકીકત નકારી છે. સર્વર રૂમમાં અવાજના કારણે એકબીજા સાથે

ફોન પર વાત કરવાનું સહેલુ ન હતુ તો તે હકીકત નકારી છે. સાથે ૨–૩ કલાક કામ કરતા હતા ચોકકસ કયા સમયે કામ કરતા હતા તે કહી શકે નહીં. અફાક ઈકબાલે આ સાહેદને ચાર ફોન નંબરો આપેલા તે કઈ સાલમાં આપેલા તે ચોકકસ કહી શકે નહીં. પોલીસને આરોપીએ આપેલા નંબરો આપેલા નથી તો તે હકીકત નકારે છે અને સાહેદ જણાવે છે કે પોલીસે તે નંબરો મને આપેલા હતા. અફાક ઈકબાલને ત્યાં પૈસા ઉછીના લેવા જતા હતા તો તે હકીકત નકારે છે. આજે પણ અફાક ઈકબાલને પૈસા પાછા આપવાના બાકી છે તો તે હકીકત નકારે છે. સરતપાસમાં જણાવ્યા મુજબની કોઈ હકીકત બનેલી નથી તો તે હકીકત નકારે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ હૈદરાબાદ ખાતે એપેક્ષ કંપનીમાં એડમીનીસ્ટ્રેટર તરીકે જુન–જુલાઈ ૨૦૧૧મા ફરજ બજાવતા હતા અને તે વખતે આરોપી નં.૭૩ અફાક ઈકબાલ આ સાહેદની સાથે જૂનીયર તરીકે કામ કરતો હતો જેથી તેને આ સાહેદ સારી રીતે ઓળખે છે.

આ આરોપી નં.૭૩ અફાક ઈકબાલ ઉર્ફે ઈકવાલ ઉર્ફે દાનીશ રીયાઝ ઉર્ફે સાકી નુરૂલહોદા સૈયદે ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઈન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે? તે પ્રશ્નના જવાબમાં તેણે ફરિયાદપક્ષના પુરાવા સંબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના બચાવ માટે જે હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦ માં જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી. આ ઉપરાંત આ આરોપીએ પોતાના બચાવમાં અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ કરેલો નથી.

આરોપી નં.૭૩ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૯૧૫, ૯૨૧, ૯૩૩, ૭૮૦, ૭૮૯, ૭૯૩, ૮૦૪, ૮૦૮, ૮૭૫,

૧૦૫૧, ૧૧૪૬, ૧૧૫૪, ૧૧૬૩ છે. આ ઉપરાંત આરોપી નં.૭૬ નું કબૂલાત નિવેદન પણ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતા આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલશ્રી ડી.ડી.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપીને તા.૨૧.૬.૨૦૧૧ ના રોજ અટક કરેલો છે અને આંક–૧૯૩૫ ના તહોમતનામાં મુજબ આ આરોપી સામે કોઈ સ્પષ્ટ આક્ષેપ કરતુ તહોમતનામુ ફરમાવેલુ નથી. તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડાનાઓએ સાહેદ નં.૯૧૫ મહમદ શરીફ મન્સુરીની હાજરીમાં આ આરોપીએ કમ્પ્યુટરમાં પોતાનો તથા અબુ ફેસલનો પાસવર્ડ નાખીને ટી.વી. સ્ક્રીન ઉપર જે લખાણ આવેલુ તેની પ્રિન્ટ કાઢેલી જે આંક–૬૫૩૨ થી રજૂ છે પરંતુ કયા કમ્પ્યુટરમાંથી આ પ્રિન્ટ આઉટ કાઢવામાં આવેલી, કમ્પ્યુટર કોના કબજામાં હતુ અને આ લખાણ યોગ્ય રીતે સ્ટોર કરવામાં આવેલ હતુ કે કેમ? તે બાબતે પુરાવાના કાયદાની કલમ–૬૫(બી) મુજબનું પ્રમાણપત્ર નથી. તેઓની આ દલીલ સાથે હું સંમત છું કે, આંક–૬૫૩૨ વાળી પ્રિન્ટ આઉટ ઝેરોક્ષ નકલો છે અને તેની સાથે કલમ–૬૫(બી) મુજબનું પ્રમાણપત્ર રજૂ થયેલુ નથી. આ કમ્પ્યુટર કોની માલિકીની હતુ તે અંગે પણ કોઈ પુરાવો નથી. વધુમાં વકીલશ્રી ડી.ડી.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સાહેદ નં.૯૯૩ જયપ્રકાશ ગઢ્ઢાની સાથે હૈદરાબાદ મુકામે એપેક્ષ કંપનીમાં કામ કરતો હતો. પરંતુ આ સાહેદની જુબાની મુજબ આરોપી કોઈ સાથે વધુ બોલતો ન હતો અને ફોન આવે ત્યારે તે બહાર જઈને વાત કરતો હતો તેમ જણાવે છે. જેથી નોકરી દરમ્યાન કોઈની પ્રાઈવેસીનો ભંગ ન થાય તે માટે ફોન ઉપર વાત કરતો હોય તેથી તેની વર્તણૂક શંકાસ્પદ છે તેમ કહેવાય નહીં. સાહેદ નં.૯૨૧ શૈલેષ બુધેલીયાની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરે છે કે આ સાહેદની હાજરીમાં આરોપીને વડોદરા રેલવે સ્ટેશન ઉપરથી અટક કરવામાં આવેલો છે. આંક–૬૫૫૨ વાળુ પંચનામુ બનાવવામાં આવેલુ છે અને તેની પાસેથી ટિકિટ વિગેરે કબજે કરેલુ

પરંતુ તે વસ્તુ કોર્ટમાં રજૂ કરેલી નથી. આ સાહેદે આરોપીને અદાલતમાં જુબાની દરમ્યાન ઓળખી બતાવેલો નથી. આમ, આ આરોપી સામે ફરિયાદપક્ષ દ્વારા કોઈ પુરાવા રજૂ કરવામાં આવેલા નથી. તેઓની આ દલીલ સાથે હું સંમત છું. ફરિયાદપક્ષ દ્વારા ઉપર મુજબની વિગતે જે પુરાવા રજૂ કરવામાં આવેલા છે તે પૈકી આરોપી નં.૭૬ નુ કબૂલાત નિવેદન ધ્યાને લઈએ તો આ આરોપી વાઘમોન ખાતે ડિસેમ્બર–૨૦૦૭ ની તાલીમ દરમ્યાન હાજર રહેલો છે અને તે અંગે અર્નાકુલ્લમ (કેરાલા) ખાતે ફરિયાદ નોંધાયેલી તે ફરિયાદના કામે કુલ–૩૮ આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવેલુ અને તે ચાર્જશીટમાં આ આરોપી, આરોપી નં.૩૩ તરીકે છે અને તે કામે આ આરોપીને વાઘમોન ખાતે તાલીમ કેમ્પના ગુનામાં એન.આઈ.એ. કોર્ટ અર્નાકુલ્લમ દ્વારા સેશન્સ કેસ નં.૨/૨૦૧૧ ના કામે તકસીરવાન ઠરાવેલો છે તેની સહી સિક્કાવાળી પ્રમાણિત નકલ બચાવપક્ષ તરફથી આંક–૯૪૨૧ થી રજૂ થયેલી છે. આ ચુકાદા સામે ફરિયાદપક્ષ દ્વારા અપીલ કરવામાં આવેલી છે કે કેમ? તે રેકર્ડ ઉપર નથી. આ ઉપરાંત આ આરોપી હાલોલ–પાવાગઢ ખાતેના કેમ્પમાં હાજર રહ્યાનો કોઈ પુરાવો રેકર્ડ ઉપર નથી. અમદાવાદમાં બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં અને સુરત બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં આ આરોપીએ કોઈ કામગીરી કરેલી હોય કે તેણે કોઈ ભૂમિકા ભજવેલી હોય તે અંગો પણ કોઈ પુરાવો રેકર્ડ ઉપર નથી. વકીલશ્રી ડી.ડી.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી આ ગુનાઓમાં સંડોવાયેલો છે તેવો બીજો કોઈ સ્વતંત્ર પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી . આ ઉપરાંત આ આરોપીને અર્નાકુલ્લમ કોર્ટ દ્વારા વાઘમોન ખાતેના તાલીમ હાજર રહ્યા બાબતે ઈન્સાફી કાર્યવાહીના અંતે તકસીરવાન ઠરાવી સજા કરેલ છે જેથી તે જ તાલીમ કેમ્પમાં હાજર રહેવા બાબતે તેની સામે ફરીથી ઈન્સાફી કાર્યવાહી થઈ શકે નહીં કે ફરીથી તેને તે જ ગુના માટે તકસીરવાન ઠરાવી શકાય નહીં. આ અંગે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૦૦ ધ્યાને લીધેલી છે અને તે અંગેની વિગતવાર ચર્ચા આરોપી નં.૬૫ અંગે જે દલીલો કરવામાં આવેલી છે તે દરમ્યાન કરેલી છે.આમ, આ

આરોપી વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા જે પુરાવો રજૂ થયેલો છે તે પુરતો નથી અને આ આરોપીની આ ગુનામાં સંડોવણી શંકાસ્પદ છે તેમ હું માનું છું.

આરોપી નં.૭૪ મહમદ અબરાર ઉર્ફે મુન્ના ઉર્ફે ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલા ઉર્ફે ઈબ્રાહીમ બાબુખાન મણીયારનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૭૪ મહમદ અબરાર ઉર્ફે મુન્ના ઉર્ફે ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલા ઉર્ફે ઈબ્રાહીમ બાબુખાન મણીયારનાઓ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭. ૨૦૦૮ ના રોજ જુદી-જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી-જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા-જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમને કઈ કઈ ભૂમિકા ભજવેલી છે તે સાબિત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે તે પૈકી જનરલ સાહેદ તરીકે સાહેદ નં.૧૧૦૫ તરીકે ઈદ્રીશ ગુલાબશા ફકીર દિવાનનાઓને તપાસેલા છે તથા અગત્યના સાહેદ તરીકે સાહેદ નં.૯૭૨ રામકાભાઈ દેવકરભાઈ કેસરીયાને તથા સાહેદ નં.૯૮૧ તરીકે પ્રવિણભાઈ હમીરભાઈ કટારીયાનાઓને તપાસેલા છે. તેઓ તમામની જુબાની ધ્યાને લેતા આ આરોપીની સામે મુકવામાં આવેલ આક્ષેપો મુજબના કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા એકબીજાની મદદગારી કરીને અમદાવાદ શહેરમાં જુદી-જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરેલા છે તેમજ સુરતની જુદી-જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલ હોવાનું ફલીત થાય છે. આ ઉપરાંતઃ-

આ ઉપરાંત સહઆરોપી નં.૩૫ રફીયુદ્દીન સરકુદ્દીન કાપડીયાએ ક્રિ.પ્રો.કોડની કલમ-૧૬૪ મુજબનુ કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ

અમદાવાદ સમક્ષ લખાવેલુ તે ધ્યાને લેતા પણ આ આરોપી તેઓની ઉપર મુકવામાં આવેલ આક્ષેપ મુજબના કાવતરામાં સામેલ હોવાનું ફલીત થાય છે. આ ઉપરાંતઃ–

ફરિયાદપક્ષ દ્વારા આ કામે મુકંદ જીવણલાલ જાદવને સાહેદ નં.૯૧૪ તરીકે આંક–૬૫૨૭ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૧૧.૬.૨૦૧૨ ના રોજ સવારના આ સાહેદ તથા તેમનો મિત્ર પ્રથમેશ પટેલ ચાલવા માટે નીકળ્યા ત્યારે જમાલપુર ચાર રસ્તા પાસે બે પોલીસે ઉભા રાખેલા અને કહેલુ કે એક સરકારી કામ માટે તમારી જરૂર છે તો તમે આવી શકશો ? જેથી "હા" કહેલુ. ત્યારબાદ પોલીસ સાથે ક્રાઈમ બ્રાન્ચની ઑફિસ ગાયકવાડ હવેલી ખાતે આવેલી છે ત્યાં ગયેલા. ત્યાં ઉપરના માળે સાહેબની કેબીનમાં ગયેલા. ત્યાં ઑફિસમાં ગયા ત્યારે ઑફિસની અંદર એક સાહેબ, હાથકડી લગાડેલો એક આરોપી તથા બીજા ત્રણ પોલીસ કર્મચારી હાજર હતા. સાહેબે ક્રાઈમ બ્રાન્ચના અધિકારી તરીકે ઓળખાણ આપેલી અને તેમનુ નામ મયુર ચાવડા જણાવેલુ. સાહેબે કહેલુ કે આ એક આરોપી છે તે મણીનગર બોમ્બ બ્લાસ્ટ કેસનો આરોપી છે અને તે હાલ રીમાન્ડ ઉપર છે અને તે કંઈ કહેવા અને બતાવવા માંગે છે. જેથી આ સાહેદે તે આરોપીનું નામ પુછેલુ તો તેણે તેનુ નામ મહમદ અબરાર બાબુખાન મણીયાર જણાવેલુ અને પોતાની ઉ.વ.૩૨ જણાવેલી તેમજ પોતાનું રહેવાનું ઉજ્જૈન મહાકાલ રોડ પેટ્રોલપંપની બાજુમાં જણાવેલુ. આરોપીએ એવુ જણાવેલુ કે "જાન્યુઆરી–૨૦૦૮ મા પાવાગઢના જંગલોમાં આંતકવાદી કેમ્પમાં તાલીમ અમે મેળવેલી તે હું બતાવવા માંગુ છુ પરંતુ તમે મને હાલોલ ચોકડી લઈ જાઓ તો હું ત્યાંથી તમોને બતાવી શકું." ત્યારબાદ આ સાહેદે સાહેબને વાત કરેલી કે આરોપી આ રીતે જવાનું જણાવે છે. ત્યારબાદ આ સાહેદ તેમના મિત્ર પ્રથમેશ પટેલ, સાહેબ અને ત્રણ પોલીસ કર્મચારી આરોપી સહિત ઑફિસ નીચે આવી સરકારી ગાડીમાં બેઠેલા. ત્યારબાદ સાહેબે ડ્રાઈવરને એવી સુચના આપેલી કે ગાડી હાલોલ ચોકડી જવા દો. ગાડી ઑફિસથી નીકળી જમાલપુર–નારોલ ચોકડી–એકસપ્રેસ હાઈવે ઉપર થઈ વડોદરાથી

પાવાગઢ જવાના રસ્તે હાલોલ ચોકડી તરફ ગાડી લીધેલી. આગળ જતાં હાલોલ ચોકડી આવેલી ત્યાં આરોપીએ ગાડી ઉભી રખાવેલી અને ત્યાં આરોપી સહિત બધા ગાડી માંથી નીચે ઉતરેલા. ત્યાં આરોપીએ ચારેય બાજુ જોયેલુ અને જે રસ્તો પાવાગઢ તરફ જતો હતો તે રસ્તા તરફ તેણે ઈશારો કરી કહેલુ કે, "આ રસ્તા ઉપર ગાડી લઈ લ્યો" ત્યારબાદ આરોપી સહિત બધા ગાડીમા બેઠેલા અને આરોપીએ બતાવેલ રસ્તે ગાડી જવા દીધેલી. થોડે આગળ ૩–૪ કિ.મી. જતાં એક દરગાહ આવેલી ત્યાં આરોપીએ ગાડી ઉભી રખાવેલી. ત્યાં આરોપી સહિત બધા ગાડીમાંથી નીચે ઉતરેલા. ત્યારબાદ આરોપી દરગાહમાં લઈ ગયેલ. આ દરગાહનું નામ "ખુંદપીર દરગાહ ટ્રસ્ટ" હતુ . ત્યાં અંદર એક દરગાહ હતી અને એક ભાઈ ત્યાં હાજર હતા તે ભાઈનું નામ પુછતાં તે ભાઈએ પોતાનું નામ ઈદ્રીશભાઈ ફકીર જણાવેલુ અને તેમનું સરનામું પુંછતાં તેઓ ત્યાં જ રહેતા હોવાનું જણાવેલુ અને તેઓ પોતે દરગાહના મુજાવર હોવાનું જણાવેલુ. ત્યારબાદ ઈદ્રીશભાઈ સાથે વાત કરતાં જણાવેલુ કે, આ આરોપીને ઓળખો છો ? આ તમારી ધર્મશાળામાં રોકાયેલો હતો. ત્યારબાદ ઈદ્રીશભાઈએ જણાવેલુ કે, હું ચહેરાથી ઓળખી શકું તેમ નથી. ત્યારબાદ "આરોપીએ તે જે ધર્મશાળામાં રહેતા હતા તે પતરાવાળી ધર્મશાળા અમોને બતાવેલી". તેમજ ત્યાં આરોપીએ "હેન્ડપંપ બતાવીને કહેલુ કે અમે અહીંયા ન્હાતા હતા તથા હાથ પગ ધોઈને દરગાહ ઉપર નમાઝ પણ પઢતા હતા. ત્યારબાદ આરોપીએ " એક લોખંડનો ઝાંપો બતાવેલો અને કહેલુ કે, અમે આ જગ્યાએથી ટાટા સુમો ગાડી લઈ અવર–જવર કરતા હતા". અને એવુ પણ જણાવેલુ કે “આ ટ્રેનીંગના છેલ્લા દિવસે સફદર નાગોરીએ જેહાદી પ્રવચન આપેલુ.” ત્યારબાદ આરોપીએ "આગળ બીજી જગ્યા ટ્રેનીંગ દરમ્યાન જે હતી તે બતાવવાનું જણાવેલુ અને ટેન્ટ રાખી રહ્યા હતા તે બધુ બતાવવાનું જણાવેલુ.”

સાહેદ વધુમાં જણાવે છે કે, ત્યારબાદ આરોપી સહિત બધા ગાડીમાં બેસેલાં અને આરોપી જે જગ્યાએ લઈ જવા માંગતો હતો તે જગ્યાએ જવા નીકળેલા. થોડે આગળ જતાં આરોપીએ "એકમિનાર મસ્જિદનું બોર્ડ આવતાં

ગાડી તે તરફ વાળવાની સુચના આપેલી" અને ગાડી તે તરફ લેતાં આગળ જતાં એક મિનાર મસ્જિદ આવેલી ત્યાં આરોપીએ ગાડી ઉભી રખાવેલી." ત્યાં બધા આરોપી સહિત ડ્રાઈવર સીવાય નીચે ઉતરેલા. ત્યારબાદ આરોપીએ "એક મિનાર મસ્જિદ બતાવેલી". તે મસ્જિદ તરફ જોતાં મસ્જિદની ફરતે લોખંડની જાળીઓ લગાવેલી હતી ત્યાં આરોપીએ એવુ જણાવેલુ કે "અમે આંતકવાદી કેમ્પ દરમિયાન હું તથા મારા સાથીદારો આ મસ્જિદે નમાઝ પઢતાં હતા." ત્યારબાદ આરોપીએ આગળ બીજી જગ્યા બતાવવા કહેલું જયાં તેમનો કેમ્પ નાંખેલો હતો તે જગ્યા બતાવવાનુ કહેલુ "ત્યાં જતાં પહેલાં એક મિનાર મસ્જિદ ઉપર જે કાંઈ હકીકત બની તે આરોપીને સાથે રાખી પોલીસ કર્મચારીને લખાવેલી. ત્યારબાદ બધા આરોપી સહિત ગાડીમાં બેસી આરોપીએ બતાવેલી જગ્યા તરફ જવા રવાના થયેલા. ત્યારબાદ થોડે આગળ જતાં એક "હેલીકૈલ વાવ " નું બોર્ડ આવેલુ ત્યાં આરોપીએ ગાડી વાળવાનું જણાવેલુ. ત્યારબાદ ગાડી તે તરફ વાળ્યા પછી આગળ જતાં એક હેલીકૈલ વાવ આવેલી ત્યાં આરોપીએ "ગાડી ઉભી રખાવેલી." ત્યાં આરોપી સહિત બધા ગાડી માંથી નીચે ઉતરેલા અને આરોપી જગ્યા ઉપર જતો હતો અને બધા પાછળ પાછળ જતાં હેલીકૈલ વાવ પાસે લોંખડની જાળીઓ લગાવેલી હતી. તેની બાજુમાં કાંટાવાળી તારની વાડની અંદર થઈ આરોપી જંગલ તરફ આશરે ૧૫૦ મીટર લઈ આવેલો. ત્યાં જતાં અંદાજીત ૩૦–૪૦ મીટર જેટલુ ખુલ્લી જગ્યા હતી. તે પહાડી વિસ્તાર હતો તેના હીસાબે ત્યાં પથ્થરો પડેલા હતી. ત્યાં આરોપીએ જણાવેલુ કે "અંહીયા હું તથા મારા સાથીદારોએ ટેન્ટ નાંખેલો હતો અન એરગનથી શુંટીગ કરતા હતા કુગ્ગાઓને ફોડતા હતા તેમજ પથ્થરો ઉપર ક્રાઉલીંગ એટલે કે, કોણીથી ચાલવાની ટ્રેનીંગ લીધેલી હતી તેવુ જણાવેલુ." ત્યારબાદ થોડેક આગળ જતાં આશરે ૩૦–૪૦ ફુટ પહાડની પાછળ એક તળાવ હતુ ત્યાં આરોપીએ જણાવેલુ કે "અહીંયા હું તથા મારા સાથીદારો સ્વીમિંગની તાલીમ લેતાં હતા". ત્યારબાદ આરોપીએ જણાવેલુ કે "અમે રસી ઉપર સરકવાની જે તાલીમ લીધેલી તે પણ હું તમને બતાવુ" તેમ કહેતાં બધા પરત આવતાં અને આ બધુ પોલીસ કર્મચારીને આરોપીને સાથે રાખી લખાવી દીધેલુ.

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ જે પગદંડી રસ્તેથી ગયેલા તે જ પગદંડી રસ્તેથી પરત આવેલા અને ત્યારબાદ બધા આરોપી સહિત ગાડીમાં બેઠેલા અને આરોપીએ જણાવેલ જગ્યા ઉપર જવા રવાના થયેલા. ત્યારબાદ આગળ જતાં પાવાગઢ મેઈન ગેટ પાસે આરોપીએ "ગાડી ઉભી રાખવાનું કહેલુ" ત્યાં ઉભી રાખેલી અને બધાં આરોપી સહિત ગાડીમાંથી નીચે ઉતરેલા. ત્યારબાદ આરોપી પાવાગઢની બાજુમાં પગદંડી રસ્તો જંગલ તરફ જતો દેખાતો હતો ત્યાં લઈ ગયેલા. ત્યાં આગળ જતાં સકકરખાન દરગાહ આવેલી. ત્યાંથી આરોપી સીધે સીધા આગળ લઈ ગયેલો. ત્યાં એક મહાદેવનું મંદિર આવેલુ. ત્યાંથી પણ આગળ લઈ ગયેલો ત્યાં એક પહાડ ઉપરથી ઝરણું પડતુ હતુ ત્યાં આરોપીએ જણાવેલુ કે “અંહીયા હું અને મારા સાથીદારો રસ્સા ઉપર સરકવાની તાલીમ લીધેલી તેમજ ઝરણાં પાસ ન્હાતા ધોતા હતા અને નમાઝ પઢતા હતા ત્યારબાદ ત્યાં આરોપીએ બે ઝાડ બતાવેલા.” તે બે ઝાડ વચ્ચેનુ અંતર આશરે ૩૦ ફુટ જેટલુ હતુ. જે ઝાડ ખાખરાનું હતુ. આરોપીએ ત્યારબાદ એવુ કહેલુ કે “આ બે ઝાડ વચ્ચે દોરડું બાંધી જવા– આવવાની દોરડાં ઉપર તાલીમ લેતા હતાં.” આ બતાવ્યા પ્રમાણે આરોપીએ જણાવ્યુ કે “જે બાઈક શીખતા હતા અને બાઈક ઉપરથી ચડવા ઉતરવાની જે ટ્રેનીંગ લેતા હતા તે પણ હું તમને બતાવુ.” ત્યારબાદ પોલીસ કર્મચારીને આરોપીને સાથે રાખી તેની સમક્ષ આ બધી વિગત લખાવેલી. ત્યાંથી બધા પરત આવેલા અને આરોપી સહિત ગાડીમાં બેઠેલા અને આરોપીએ બતાવેલી જગ્યાએ જવા માટે ગાડી રવાના કરેલી. આગળ જતાં એક ફોરેસ્ટ ચેક પોસ્ટ આવેલી. ત્યાંથી ડાબી બાજુ મેઈન રોડ ઉપર ગાડી લેવાની સુચના "આરોપીએ આપેલી”. ત્યારબાદ આગળ જતાં એક મોટુ તળાવ આવેલુ ત્યાં આરોપીએ ગાડી ઉભી રખાવેલી.” ત્યાં આરોપી સહિત બધા નીચે ઉતરેલા. ત્યાં ઉતરતાં ડાબી સાઈડ તરફ "કબુતરખાના" તેવુ લખેલુ બોર્ડ વાંચેલુ અને જમણી તરફ એક મોટુ તળાવ હતુ. આ બંને વચ્ચે પાકી ડામરની એક સડક જતી હતી તે આરોપીએ બતાવીને જણાવેલ કે “અહીંયા હું અને મારા સાથીદારો બાઈક પરથી ચડવા તેમજ ઉતરવાની તેમજ ફાસ્ટ બાઈક ચલાવવાની તાલીમ મેળવેલી

હતી." ત્યારબાદ આરોપીએ જણાવેલ કે, "અહીંયા આગળ કંઈ કરવાનુ રહેતુ ન હતુ માટે અહીયા તાલીમ દરમ્યાન બે દીવસ અને એક રાત્રી રોકાયેલા હતા. ત્યારબાદ અહીયાથી અમે વડોદરા ટાટા સુમોમાં ગયેલા અને ત્યારબાદ હું મારા ઘરે વડોદરા રેલવે સ્ટેશનેથી ઉજ્જૈન તરફ જતો રહેલો." ત્યાં પોલીસ કર્મચારીને બધી વિગત લખાવી દીધેલી. આ કાર્યવાહીનું પંચનામુ બનાવવામાં આવેલુ જે આંક–૬૫૨૮ થી રજૂ છે આ પંચનામામાં સાહેદ પોતાની તથા પ્રથમેશ પટેલની તથા રૂબરૂ તરીકે મયુર ચાવડાની સહીઓ ઓળખી બતાવે છે. સાહેદ આરોપીને ઓળખી શકતા નથી અને જણાવેલ છે કે પંચનામા વખતે જે આરોપી હતા તે વખતે તે આરોપીને દાઢી નાની નાની હતી અને તે સીંગલ બોડીનો હતો જયારે આજે જે આરોપી બતાવ્યા તે પૈકીના મોટા ભાગના આરોપીની દાઢી મોટી છે તથા કેટલાક ચશ્માં અને કેટલાક ટોપી પહેરેલી છે માટે ઓળખી શકતો નથી.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો બીજા પંચ પ્રથમેશ પટેલ નોકરી કરે છે. આ સાહેદ બુક બાઈન્ડીંગનુ કામ કરે છે. તે અંગેની કોઈ દુકાન નથી તે કબૂલ કરે છે. કામકાજના હિસાબો રાખતા નથી તો તે હકીકત નકારે છે. પંચનામામાં સહી કરી તે દિવસે કયો વાર હતો તેનો ખ્યાલ નથી. પાવાગઢ જવુ હોય તો અમદાવાદ થી વડોદરા જવાય તે કબૂલ કરે છે. વડોદરા પછી ગોલ્ડન ચોકડી કે વાઘોડીયા ચોકડી હોય તો ખ્યાલ નથી. વડોદરાથી હાલોલ જવુ હોય તો ગોલ્ડન ચોકડી થઈને જવાય તો તેનો ખ્યાલ નથી. વડોદરા થી હાલોલ લગભગ ૬૦–૭૦ કી.મી. દુર હોય તો ખ્યાલ નથી. વડોદરાથી હાલોલ જવુ હોય તો કઈ દિશામાં વળાય તેનો ખ્યાલ નથી. જીપમાં ૭–૮ માણસો હતા. હાલોલ ચોકડીથી પાવાગઢ કયા રસ્તે આવેલુ છે તેનો ખ્યાલ નથી. હાલોલ ચોકડીથી પાવાગઢ આશરે ૮ થી ૧૦ કી.મી. દુર હશે. આરોપી રસ્તો બતાવતો હતો માટે કયા રસ્તે ગયેલા તેનો ખ્યાલ નથી. આ પ્રશ્નનો અર્થ ધ્યાને લેતા આરોપી પાવાગઢ જવાનો રસ્તો બતાવતો હતો તે હકીકત કબૂલ કરવામાં આવેલી છે તેમ કહી શકાય. વડોદરા એકસપ્રેસ વે પુરો થયા પછી હાલોલ જવાનો રસ્તો કેટલે દુર આવેલો છે તેનો ખ્યાલ નથી. હાલોલ ચોકડીથી ૨–૩ મિનિટમાં

જ પાવાગઢ જવાનો રસ્તો આવતો હોય તો ખ્યાલ નથી. પંચનામામાં લખાવેલા સ્થળો સિવાયના સ્થળોનું વર્ણન કહી શકે નહીં તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદની રૂબરૂમાં આરોપીએ જે જે સ્થળો બતાવેલા તે તે સ્થળો આ સાહેદે જોયેલા માટે તે સ્થળોનું વર્ણન આ સાહેદ જણાવી શકે, બીજા સ્થળોનું વર્ણન જણાવી શકે નહીં. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો આરોપી છેલ્લા ૧૫–૨૦ દિવસોથી કસ્ટડીમાં હતો તેવી માહિતી પોલીસે આપેલી નહીં. સામાન્ય રીતે રીમાન્ડમાં પોલીસ આરોપીની ઈન્કવાયરી કરે, પુછપરછ કરે અને ગુનાની માહિતી મેળવી ગુનાની કબૂલાત કરાવે તો તે હકીકત કબૂલ કરે છે. આ સાહેદ એક સામાન્ય વ્યકિત છે રીમાન્ડ કે ઈન્કવાયરીની તેને ખબર ન હોય પરંતુ આવા સામાન્ય વ્યકિતને સમજવામાં તકલીફ પડે તેવા પ્રશ્નો પુછીને આરોપી તરફે બચાવ ઉભો કરવાનો પ્રયત્ન કરવામાં આવેલો છે તે સ્પષ્ટ બને છે. રીમાન્ડ ઉપર આરોપી હોય ત્યારે પોલીસ કબૂલાત જ કરાવે તેવુ હોતુ નથી. પરંતુ કાયદાથી અજ્ઞાન એવા સાહેદને આવા પ્રશ્નો પુછીને પોલીસે ગુનાની કબૂલાત કરાવેલી છે તેવુ રેકર્ડ ઉપર લાવવા પ્રયત્ન કરવામાં આવેલો છે પરંતુ તે માની શકાય નહીં. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો આરોપીને માર માર્યો છે કે ધાક–ધમકી આપી છે તેવી કોઈ હકીકત પોલીસે જણાવેલી નથી. આરોપી કઈ ભાષામાં જવાબ આપતો હતો તેનો ઉલ્લેખ પંચનામામાં કરેલો નથી. આરોપી કડકડાટ ગુજરાતી બોલતો હતો તે હકીકત નકારી છે. આરોપીની ભાષામાંથી રૂપાંતર કરીને લખાવ્યુ હોય તેવુ બનેલુ નથી તો તે હકીકત કબૂલ કરે છે. હાલોલ ચોકડીથી પાવાગઢ જઈએ એટલે ખુંદપીરની દરગાહ આવે. હાલોલ ચોકડીથી ખુંદપીરની દરગાહ અર્ધો કીમી દુર હશે તો તે હકીકત નકારી છે. સાહેદે જણાવેલુ છે કે ૪–૫ કીમી દુર હશે. ખુંદપીરની દરગાહથી શકકરખાનની દરગાહ આશરે ૩ થી ૪ કી.મી. દુર હશે. હેલીકૈલ વાવ એકાદ કી.મી. દુર હશે. દરગાહ અને મસ્જિદમાં શું ફેર હોય તેની ખબર નથી. દરગાહ ઉપરના માણસે કહેલુ કે હું ઈદ્રીશ ફકીર છું માટે તે ફકીર છે તેવુ જાણેલુ. હાલોલથી દરગાહ કઈ દિશામાં છે અને કેટલી મોટી છે તેનો ખ્યાલ નથી. દરગાહની પાછળ એક મોટુ કમ્પાઉન્ડ આવેલુ છે તે કબૂલ કરે

છે. ધર્મશાળાને એક રૂમ હતો અને તે પતરાવાળો હતો તે હકીકત નકારી છે. સાહેદ જણાવે છે કે ૬–૭ પતરાવાળા રૂમ હતા. રૂમોની અંદર ગયેલા નહીં તે બંધ હતા. ધર્મશાળામાં કોઈ રહેતુ હોય તે અંગેના દસ્તાવેજ જોયેલા નહીં કે મળેલા નહીં. ફકીરની પુછપરછ કરી પોલીસે નિવેદન લીધુ હોય તેવુ બનેલુ નથી. જે તે સ્થળે કયા કયા સમયે પહોંચેલા તે સમય લખાવેલો નથી તે કબૂલ કરે છે. એકમીનાર મસ્જિદ સીંગલ માળની હતી. મસ્જિદમાં નમાજ પઢવાની કોઈ વ્યવસ્થા હતી નહીં. મસ્જિદ આર્કીયોલોજીકલ ખાતા દ્વારા સંરક્ષીત હોય તો ખબર નથી. ઈમારત કેટલી લાંબી અને પહોળી હતી તે કહી શકે નહીં. મુસ્લિમ લોકો નમાજ પઢતા પહેલા હાથ પગ ધોતા હોય અને તે ધોવાની વ્યવસ્થા હોય તો ખબર નથી. એક મીનાર મસ્જિદનું બોર્ડ છે તે જોયેલુ. આ મસ્જિદ ૩–૪ માળ જેટલી ઉંચી હશે. એક મીનાર મસ્જિદથી હેલીકૈલ વાવ પહોંચવામાં ૧૦ થી ૧૫ મિનિટ થયેલી. હેલીકૈલ વાવ પર સીકયુરીટીવાળા જોયેલા નહીં. પંચનામામાં લખેલ સિવાય વાવની આજુબાજુની કોઈ ઈમારત કે કોઈ વસ્તુ વિશે જાણતા નથી. પહાડ ઉપર જવા માટે બીજો કોઈ રસ્તો ન હોય તો ખ્યાલ નથી. હેલીકૈલ વાવની અંદર રહીને જવાય છે તો તે હકીકત નકારે છે. રસ્તો હેલીકૈલ વાવની બહાર થઈને પહાડ ઉપર જવાનો છે તો તે કબૂલ કરે છે. ખુલ્લી જગ્યાની પાસે કવોરી આવેલી છે તો તે હકીકત નકારે છે. તળાવ કેટલુ ઉંડુ હતુ તેનો ખ્યાલ નથી. તળાવમાં ભેંસોને તરતી જોયેલી નહીં. ૩૦ થી ૪૦ ફુટવાળી જગ્યા ખુલ્લી અને પથ્થરોવાળી હતી તે કબૂલ કરે છે. દરગાહની આજુબાજુ શું છે તેનો ખ્યાલ નથી. દરગાહ પાસે કોઈ તળાવ હોય તો જોયેલુ નથી. આ જગ્યાએથી આગળ મહાદેવના મંદિર ગયેલા નહીં. ઝરણાની પાસે મહાદેવનું મંદિર જોયેલુ નથી. મંદિરમાં ગયેલા નથી. મંદિર પાસેથી જે રસ્તો જાય તે રસ્તેથી ઝરણા તરફ જવાય તે કબૂલ કરે છે. ઝરણાના પાણી સિવાય ત્યાં બીજી કોઈ વ્યવસ્થા પાણી પીવા માટે ન હતી તે કબૂલ કરે છે. શકકરખાનની દરગાહથી મંદિર પાસેના ઝરણા સુધી પહોંચવામાં ૨૦ થી ૨૫ મિનિટનો સમય થયો હશે. ચેક પોસ્ટની પાસે ઐતિહાસીક જામા મસ્જિદ જોયેલી નહીં. તળાવની પાસે કોઈ ઐતિહાસિક ઈમારત

જોયેલી નહીં. તળાવની પાસે જે રસ્તો હતો તે પાકો રસ્તો હતો. સરતપાસમાં જણાવ્યા મુજબ અને આંક–૬૫૨૮ ના પંચનામામાં જણાવેલી વિગતો મુજબની કોઈ કાર્યવાહીમાં ભાગ લીધેલો નથી તો તે હકીકત નકારે છે. સરતપાસમાં જણાવ્યા મુજબ આરોપી મહમદ અબરાર બાબુખાન મણીયાર પંચનામામાં જણાવ્યા પ્રમાણે કોઈ સ્થળે લઈ ગયેલો નથી કે કોઈ જગ્યાઓ બતાવેલી નથી તો તે હકીકત નકારી છે. પોલીસે પંચનામાની વિગતો વાંચી, સંભળાવેલી માટે ખોટી જુબાની આપે છે તો તે હકીકત નકારી છે.

વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે બોલાવ્યા ત્યારે આરોપી કયા કયા સ્થળે લઈ જવા માંગે છે તે તમામ સ્થળોના નામ બતાવેલા. સાહેદે જણાવેલુ છે કે સ્થળોના નામ નહોતા આપેલા પરંતુ હાલોલ ચોકડીએ લઈ જવાનું જણાવેલુ. દરેક સ્થળે લખાણ પૂરૂ કરતા પહેલા ત્યારપછી કયા સ્થળ લઈ જવા માંગે છે તે હકીકત પંચનામામાં લખેલી નહીં. પોલીસ સ્ટેશનમાં જે કંઈ કાર્યવાહી થઈ તે લખાણ કર્યા પછી પોલીસ સ્ટેશનમાં સહી કરેલી નહીં તો તે હકીકત નકારે છે. આરોપી જે જગ્યા બતાવવા માંગતો હતો તે જગ્યા ઉપર પોલીસ અગાઉ જઈ આવેલી હતી કે કેમ? તેની માહિતી મળેલી નહીં. પોલીસ સ્ટેશનમાં આરોપીને જે સ્થિતિમાં જોયેલો તે જ સ્થિતિમાં કાર્યવાહી પુરી કરીને પરત આવ્યા ત્યારે પણ હતો. આ પ્રશ્નનો અર્થ એવો થાય કે આરોપી હાલોલ–પાવાગઢ ખાતે પંચો તથા પોલીસને લઈને જગ્યાઓ બતાવવા ગયેલો હતો. હાલોલ ચોકડીથી પાવાગઢ જવાનો રસ્તો ઈશારાથી અને બોલીને બતાવેલો. દરેક બાબત પંચનામામાં લખાવેલ નથી. સાહેબની પરવાનગીથી આરોપી સાથે વાતચીત કર્યાની હકીકત પંચનામામાં લખાવેલી નથી તે કબૂલ કરે છે. શકકરખાન દરગાહથી કહેવાતા ટ્રેનીંગના સ્થળે ચાલતા ગયેલા તે રસ્તા ઉપર મહાદેવનુ મંદિર આવેલુ છે તે પંચનામામાં લખાવેલુ બાકી શું શું આવેલુ છે તે લખાવેલુ નહીં. મંદિર ઉપર પોલીસે પંચોની હાજરીમાં કોઈ ઈન્કવાયરી કરેલી નહીં. ખાખરાના ઝાડ મંદિરથી દેખાય તેવા હતા તો તે હકીકત નકારી છે. આરોપીએ એકમીનાર મસ્જિદ બતાવેલી તેવુ પંચનામામાં લખેલુ નથી તો તે

હકીકત નકારી છે. દરગાહમાં દાખલ થવા એક આગળ અને પાછળ એમ બે રસ્તા છે. દરગાહનો દરવાજો કઈ દિશામાં હતો તેનો ખ્યાલ નથી. તરવાની ટ્રેનીંગ આરોપીએ લીધેલાનું જે જણાવેલુ છે તે જગ્યા પહાડમાંથી પથ્થરો કાઢતા જે ખાડો પડેલો તેમાં પાણી હતુ તે જગ્યા હતી તો તે હકીકત નકારી છે. પોલીસ સાથે આ સ્થળ ઉપર ગયેલા નથી કે પંચોની રૂબરૂમાં આરોપીએ કોઈ માહિતી આપેલી નથી તો તે હકીકત નકારી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં.૨૦૩/૨૦૦૮ ના કામે તા.૧૧.૬.૨૦૧૨ નાં રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ પ્રથમેશ રમણલાલ પટેલનાઓને ક્રાઈમ બ્રાન્ચ કચેરી અમદાવાદ ખાતે બોલાવેલા અને ત્યાં આરોપી નં.૭૪ મહમદ અબરાર બાબુખાન મણીયાર હાજર હતો. પંચો રૂબરૂ તે કંઈક કહેવા અને બતાવવા માંગતો હોવાથી પંચો, સ્ટાફના માણસો તથા આરોપીને લઈ તપાસ કરનાર અધિકારી આરોપીના કહેવા અને બતાવ્યા મુજબના રસ્તે જવા નીકળેલા. આરોપીએ જણાવેલુ કે જાન્યુઆરી ૨૦૦૮ માં હાલોલ/પાવાગઢ ખાતે જંગલમાં આતંકવાદી ટ્રેનીંગ કેમ્પમાં પોતે તથા પોતાના સાથીદારો સાથે હાજર રહી ટ્રેનીંગ લીધેલી અને પોતાને હાલોલ ચોકડી ખાતે લઈ જવામાં આવે તો કેમ્પવાળી જગ્યા બતાવી શકું જેથી હાલોલ પાવાગઢ ખાતે જઈ આરોપીએ જુદી-જુદી જે જગ્યાઓ બતાવી તે જગ્યાનું વિગતવાર પંચનામુ આંક-૬૫૨૮ વાળુ બનાવેલુ.

આંક-૬૫૨૮ વાળુ પંચનામુ બનાવનાર તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીના પેરા નં.૩.૪૨ ધ્યાને લઈએ તો તા.૧૧/૬/૨૦૧૨ ના રોજ રીમાન્ડ ઉપરના આરોપી મહમદ અબરાર ઉર્ફે મુન્ના ઉર્ફે ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ્લા ઉર્ફે ઈબ્રાહિમ સ/ઓ બાબુખાન મણીયારનાઓ પોતાની સ્વખુશીથી બતાવવા અને કહેવા માંગતા હોય તે અંગેનું પંચનામું કરવા સારૂ બે પંચોને બોલાવેલા અને પંચોને પંચમાં રહેવા અંગેની સમજ કરેલી અને પંચોએ સ્વખુશી બતાવેલી. પંચો રૂબરૂ આરોપીનું નામ, ઠામ પુંછવામાં આવેલું

અને આરોપીએ પોતાનુ નામ ઠામ જણાવેલુ. ત્યારબાદ આરોપીએ જણાવેલું કે "જાન્યુઆરી–૨૦૦૮માં હાલોલ–પાવાગઢ ખાતેના જંગલોમાં જેહાદી ટ્રેનીંગ કેમ્પમાં પોતે પોતાના સાથીદારો સાથે ટ્રેનીંગ લીધેલી તે જગ્યા બતાવી શકું" જેથી સરકારી વાહનમાં આરોપી, પંચો તથા બધા જવા રવાના થયેલાં. ત્યારબાદ આરોપીને હાલોલ ચોકડી લઇ ગયેલાં. ત્યારબાદ આરોપીએ ખુંદપીર દરગાહ, ધર્મશાળા, એક મીનાર મસ્જિદ, જંગલવાળી ખુલ્લી જગ્યા કે જયાં અગાઉ ટેન્ટ બાંધેલો હતો વિગેરે જગ્યાઓ બતાવેલી તે અંગેનું પંચનામું પંચોના જોયા લખાવ્યા મુજબનું લખી પૂર્ણ કરવામાં આવેલુ છે જે આંક–૬૫૨૮ થી રજૂ છે આ પંચનામામાં પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે. આ સાહેદની ઊલટતપાસના પેરા નં.૧૨૪ ધ્યાને લઈએ તો ઈદ્રીશ ગુલાબશા ફકીર ખુંદપીર દરગાહ ઉપર નોકરી કરતો હતો તે બતાવવા દસ્તાવેજી પુરાવો મેળવેલો નથી કે ટ્રસ્ટીઓના નિવેદન લીધેલા નથી. ધરમશાળા કેટલા સમયથી બંધ હતી તેનો પુરાવો મેળવેલો કે કેમ? તે જોઈને કહી શકે. આરોપીઓ ધરમશાળા ઉપર રોકાયેલા તે બતાવવા બીજા ઘણા પુરાવાઓ ભેગા કરેલા છે અને ચાર્જશીટ સાથે રજુ કરેલા છે તેમ જણાવે છે. દોરડાથી ટ્રેનીંગ લીધેલાનું જે જણાવેલુ છે તેની બાજુમાં મંદિર હતુ અને મંદિરની બાજુમાં પુજારીનુ રહેણાંક હતુ તો તે યાદ નથી. અગાઉ આ જગ્યાનુ પંચનામુ આંક–૭૦૫૩ વાળુ તા.૨૭.૮.૨૦૦૮ ના રોજ વી. આર. ટોળીયાએ બનાવેલુ હોય તો ખ્યાલ નથી.

આંક–૬૫૨૮ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે, પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "આરોપીએ પોતાનું નામ સરનામુ જણાવેલુ" તથા "જાન્યુઆરી–૨૦૦૮ મા હાલોલ પાવાગઢ ખાતે જંગલમાં આતંકવાદી ટ્રેનીંગ કેમ્પમાં પોતે તથા પોતાના સાથીદારો સાથે હાજર રહી ટ્રેનીંગ લીધેલી અને પોતાને હાલોલ ચોકડી ખાતે લઈ જવામાં આવે તો કેમ્પવાળી જગ્યા બતાવી શકું તેમ જણાવી આરોપીએ ખુંદપીર દરગાહ, ધર્મશાળા, એક મીનાર મસ્જિદ, જંગલવાળી ખુલ્લી જગ્યા કે જયાં અગાઉ ટેન્ટ બાંધેલો હતો વિગેરે જગ્યાઓ

બતાવેલી" વિગેરે પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપીએ પોતે આપેલ માહિતી પ્રમાણે જે–જે જગ્યાએ બતાવેલી હતી તે જગ્યાઓનું ત્યાં અસ્તિત્વ છે માટે આ જગ્યાઓ હોવાની માહિતી તેને પોતાને જ હતી જેથી તે હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય. આ ઉપરાંત આ જુદી–જુદી જગ્યાઓ ઉપર આરોપી ત્યાં ગયેલો હતો, રહેલો હતો તથા તાલીમ લીધેલી હતી માટે આ જગ્યાઓ તેણે જોયેલી હતી તથા તે અંગેની માહિતી આરોપીને હતી માટે પંચો તથા તપાસ કરનાર અધિકારીને તે જગ્યાઓ ઉપર દોરી ગયેલો, દોરી જવાનુ આરોપીનુ વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે દાનાજી ભુરાજી રાજપુતને સાહેદ નં.૭૮૪ તરીકે આંક–૪૦૮૨ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૪.૬.૨૦૧૨ ના રોજ તેઓ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ તરીકે મેટ્રો એરીયા કોર્ટ નં.૨, ઘી કાંટા અમદાવાદ ખાતે ફરજ ઉપર હતા. ત્યાં તેમનુ મુખ્ય કામગીરી ડાઇંગ ડેકલેરેશન, ઈન્કવેસ્ટ પંચનામા, આરોપીઓની ઓળખ પરેડ વિગેરેને લગતી હતી. તે દીવસે મદદનીશ પોલીસ કમિશનરશ્રી ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર તરફથી મણીનગર પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુના રજી.નં. ૨૦૩/૨૦૦૮ ના કામે એક આરોપીની બે સાહેદોથી ઓળખ પરેડ કરવા માટે યાદી પાઠવવામાં આવેલી. આ ઓળખ પરેડ આરોપી નામે મહમદ અબરાર ઉર્ફે મુન્ના ઉર્ફે ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ્લા ઉર્ફે ઈબ્રાહીમ સ /ઓ બાબુખાન મણીયાર જે મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં.૨૦૩/૨૦૦૮ ઈ.પી.કો.કલમ–૩૦૨ વિગેરેને લગતી હતી. આ યાદી આ સાહેદે રીસીવ કરેલી જેમાં મયુર ચાવડાની સહી ઓળખી બતાવે છે તેમજ આ યાદી સંબંધે સાહેદે પત્ર લખી તા.૬.૬.૨૦૧૨ ના ૧૪:૦૦ કલાકે ઓળખ પરેડનો સમય આપેલ હતો તેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. સદર યાદી તથા સાહેદે લખેલ પત્ર સંયુકત આંક–૪૦૮૩ થી રજૂ રાખેલ છે. ત્યારબાદ તેઓ ઓળખ પરેડ કરવા બાબત આપેલ સમય બાબતે ક્રાઇમ બ્રાન્ચને લખેલ તા.૪.૬.૨૦૧૨ વાળો પત્ર રીસીવ કરનાર ડી.સી.બી. અમદાવાદના હેડ કોન્સ્ટેબલનાઓ હતા જે આંક–

૪૦૮૪ વાળા પત્રમાં સાહેદ પોતાની તથા હેડ કોન્સ્ટેબલની સહીઓ ઓળખી બતાવે છે.

સાહેદ વધુમાં જણાવે છે કે તા.૬.૬.૨૦૧૨ ના રોજ તેઓ મેટ્રો એરીયા કોર્ટ નં.૨ ઘી કાંટા, અમદાવાદ ખાતે ફરજ ઉપર હતા ત્યારે ૨.૧૦ વાગ્યે કોર્ટ રૂમની અંદર અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ તરફથી એક આરોપીને તેઓની સમક્ષ ઢાંકેલ ચહેરે બુરખો ઓઢાડીને રજૂ કરવામાં આવેલો. આ બુરખો ઓઢાડીને આરોપીને રજૂ કરવા બાબતની સુચના ઓળખ પરેડ કરવાના સમય આપતા પત્રમાં આપેલી હતી. જેથી બે પંચોની હાજરીમાં કોર્ટ રૂમના તમામ બારી બારણાં બંધ કરીને આ ઓળખ પરેડની કાર્યવાહી શરૂ કરવામાં આવેલી. આ પંચોને સાહેદે પોતાના પટ્ટાવાળા મારફત બોલાવેલા હતા. રજૂ કરેલ આરોપીને તેનુ નામ પુછતાં તેણે તેનુ નામ મહમદ અબરાર ઉર્ફે મુન્નો ઉર્ફે ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ્લા ઉર્ફે ઈબ્રાહીમ તે બાબુખાન મણીયારનો પુત્ર ઉ.વ.૩૨ રહે. જરીનું કારખાનુ ગ્રીન પાર્ક કોલોની ગોલ્ડન પેટ્રોલપંપની ગલી પાસે મહાકાલ રોડ, ઉજ્જૈન, મધ્યપ્રદેશ જણાવેલુ હતુ. ત્યારબાદ આ આરોપીને જોઈને તેના જેવા દેખાવ, ઉંચાઈ, ઉંમર, પહેરવેશવાળા પાંચ અન્ય ઈસમોને બોલાવી લાવવા પટ્ટાવાળાને સુચના આપેલી. જેથી થોડા સમય બાદ એક પછી એક પાંચ અન્ય ઈસમો કોર્ટ રૂમમાં આવતાં તેમના નામ, સરનામાં પુછી તેની ખરાઈ કરી, પંચનામામાં તેમના નામ સરનામાં નોંધેલા. ત્યારબાદ આ પાંચ ઈસમોને લાઈનમાં ઉભા રાખી દીધેલા. ત્યારબાદ ૨.૪૦ વાગ્યે આ કામના બંને સાહેદો આવી ગયેલ છે તેની પટ્ટાવાળાએ જાણ કરેલી. જેથી બંને સાહેદોને સ્ટાફ રૂમમાં અલગથી બેસાડી તેમનું ધ્યાન રાખવા જણાવેલુ અને તેઓ કોઈની સાથે વાતચીત ન કરે તેની ખાસ સુચના આપેલી. ત્યારબાદ આ ઓળખ પરેડના કામે આ આરોપીને ઉભેલા અન્ય ડમી ઈસમોની વચ્ચે ઉભા રાખતાં પહેલાં તેને કપડાં બદલવાની ઈચ્છા વિશે પુછતાં આરોપીએ ના પાડેલી. આ આરોપીને ઉભેલા માણસોની વચ્ચે તેની ઈચ્છા મુજબની જગ્યાએ ઉભા રહેવા જણાવતાં તે ઉભેલા માણસોની લાઈનમાં અનુક્રમ નં.૨ અને ૩ ની વચ્ચે ઉભા રહી ગયેલા. ત્યારબાદ પટ્ટાવાળાને

બોલાવીને સાહેદ નં.૧ ને કોર્ટ રૂમની અંદર મોકલવા જણાવેલુ. તેથી એક ઈસમ કોર્ટ રૂમમાં આવેલ. આ સાહેદે તેમને બેસાડીને તેમનું નામ, સરનામુ પુછતાં તેમણે તેમનું નામ રામકાભાઈ દેવકરણભાઈ કેસરીયા ઉ.વ. ૨૮, ધંધોઃ દુધનો વેપાર, રહે. પાવાગઢ પંચાયત ઑફિસની પાછળ તા. હાલોલ, જિ. પંચમહાલ જણાવેલુ. આ અંગેની ખરાઈ પણ કરેલી. ત્યારબાદ આ સાહેદને ઓળખ પરેડની કાર્યવાહીની સમજ આપેલી અને જણાવેલુ કે આ કામના આરોપીને જોઈને ઓળખી શકતા હોય તો લાઈનની નજીક જઈ જોઈને હાથ પકડીને લાઈનની બહાર કાઢવા જણાવેલુ. જેથી આ સાહેદ ઉભા થઈને લાઈનની નજીક ગયેલા. તેમણે એક પછી એક તમામ ઈસમોને નજીકથી જોયેલા. જોયા બાદ તેમણે લાઈનમાંથી એક ઈસમનો હાથ પકડીને લાઈનમાંથી બહાર કાઢેલ. આ ઈસમને તેમનું નામ, સરનામું પુછતાં તેમણે તેમનું નામ મહમદ અબરાર ઉર્ફે મુન્નો ઉર્ફે ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ્લા ઉર્ફે ઈબ્રાહીમ તે બાબુખાન મણીયારનો પુત્ર ઉ .વ. ૩૨ રહે. જરીનું કારખાનું ગ્રીન પાર્ક કોલોની, ગોલ્ડન પેટ્રોલપંપની ગલી પાસે, મહાકાલ રોડ, ઉજ્જૈન, મધ્યપ્રદેશ જણાવેલુ. સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ આ સાહેદને આ આરોપીને કઈ રીતે ઓળખી શકેલા છો તે અંગે પુછતાં તેમણે જણાવેલુ કે, "સને–૨૦૦૮ ના જાન્યુઆરી માસમાં ઉત્તરાયણના દિવસે હાલોલ રોડ ઉપર જુની વાવ પાસે કમલેશની કવોરી પાસે જંગલ જેવા વિસ્તારમાં ભેંસ શોધવા ગયેલો. ત્યારે તેમની સાથે તેમનો મિત્ર બાબુ પણ હતો. ત્યા તેઓએ તંબુ જેવુ જોયેલુ. ત્યાં ૧૪–૧૫ માણસો હતા કોઈ તાલીમ લેતાં હોય તેમ લાગેલુ. એક દાઢીવાળા ઈસમે તેઓને ધમકાવીને ભાગી જવા કહેલુ. તે વખતે સવારના અગીયાર વાગ્યા આસપાસનો સમય હતો. દિવસના અજવાળે આ ઈસમને નજરે જોયેલો. જેથી ઈસમને ઓળખે છે".

સાહેદ વધુમાં જણાવે છે કે આ સાહેદ આ આરોપીને ઓળખવામાં સફળ થયેલા હતા. ત્યારબાદ આ સાહેદને પટાવાળાને બોલાવીને બીજા સાહેદને ન મળે તે રીતે કોર્ટ બિલ્ડિંગથી બહાર મોકલવા સુચના આપેલી હતી. ત્યારબાદ બીજા સાહેદથી આ આરોપીની ઓળખ પરેડ કરાવતાં પહેલાં આરોપીને તેના

કપડાં બદલવાની ઈચ્છા વિશે પુછતાં તેણે હા પાડેલી. તેથી તેણે પોતાનો શર્ટ ઉતારીને એક ડમી ઈસમનું શર્ટ પોતે પહેરી લીધેલુ. ત્યારબાદ આ આરોપીને ઉભેલા ડમી ઈસમોની વચ્ચે ઉભા રહી જવા જણાવતાં તે તેની ઈચ્છા મુજબ લાઈનમાં ક્રમ નં.૧ અને ૨ ની વચ્ચે ઉભા રહી ગયેલા. ત્યારબાદ પટ્ટાવાળા મારફતે પોકાર પડાવીને આ કામના બીજા સાહેદને કોર્ટ રૂમમાં બોલાવેલા. તેમને બેસાડીને તેમનુ નામ, સરનામું પુછતાં તેમણે તેમનું નામ પ્રવિણભાઈ હમીરભાઈ કટારીયા ઉ.વ.૪૭ ધંધોઃ–ડ્રાઈવીંગ, રહે. કથોલા, તા. હાલોલ. જિ. પંચમહાલ જણાવેલુ. ત્યારબાદ આ સાહેદને ઓળખ પરેડની કાર્યવાહીની સમજ આપવામાં આવેલી અને જણાવેલ કે લાઈનમાં ઉભેલા ઈસમો પૈકીમાં આ કામનો આરોપી ઉભેલ હોય અને જોઈને ઓળખી શકતા હોય તો લાઈનની નજીક જઈને જોઈને હાથ પકડીને લાઈનની બહાર કાઢવા જણાવેલ. તેથી આ સાહેદ ઉભા થઈને ઉભેલા ઈસમોની પાસે ગયેલા અને તમામ ઈસમોને એક પછી એક નજીકથી જોયેલા. તેમને જોયા બાદ લાઈનમાંથી એક ઈસમને હાથ પકડીને બહાર કાઢેલા. આ ઈસમનું નામ પુછતાં તેણે તેનુ નામ નામ મહમદ અબરાર ઉર્ફે મુન્નો ઉર્ફે ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ્લા ઉર્ફે ઈબ્રાહીમ તે બાબુખાન મણીયારનો પુત્ર ઉ .વ. ૩૨ રહે. જરીનું કારખાનું ગ્રીન પાર્ક કોલોની, ગોલ્ડન પેટ્રોલપંપની ગલી પાસે, મહાકાલ રોડ, ઉજ્જૈન, મધ્યપ્રદેશ જણાવેલુ. સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ આ સાહેદને આ આરોપીને કઈ રીતે ઓળખી શકેલા છો તે અંગે પુછતાં તેમણે જણાવેલ કે "સને–૨૦૦૮માં જાન્યુઆરી માસમાં હાલોલ રોડ ઉપર મારી ગાડીને પંચર પડતાં કંડકટર પંચર કરાવવા ગયેલો. હું અને મારો મિત્ર જંગલ જેવા વિસ્તારમાં ગયેલા. ત્યાં એક બંધ કવોરી જેવુ હતુ ત્યાં એક તંબુ બાંધેલો હતો ત્યાં અમે ૨૫ થી ૩૦ જેટલા માણસો જોયેલા. તેઓ જુવાન હતા. તેમાં કેટલાક દાઢીવાળા હતા. તે વખતે સાંજના પઃ૩૦ આસપાસનો સમય હતો. તે વખતે અજવાળુ હતુ. ત્યાં આ ઈસમને જોયેલો હોવાથી ઓળખે છે." આમ આ સાહેદ આ આરોપીને ઓળખવામાં સફળ થયેલ હતા. ત્યારબાદ આ સાહેદને કોર્ટ રૂમની બહાર જવા દેવામાં આવેલા. આ કામની ઓળખ પરેડ બંધ બારણે લાઈટના

અજવાળે કરવામાં આવેલી હતી. ઉપર મુજબની ઓળખ પરેડની કાર્યવાહીનું પંચનામુ બનાવવામાં આવેલુ છે જે આંક–૪૦૮૫ થી રજૂ છે આ પંચનામામાં સાહેદ પોતાની તથા પંચોની સહીઓ ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ તરીકે આશરે ૧૦૦ થી વધુ ઓળખ પરેડ કરાવેલી છે. ઓળખ પરેડ કરનાર સાહેદો અને આરોપીની ઓળખને આજે ઘણો સમય થઈ ગયો હોવાથી આરોપીને ઓળખી શકે નહીં તે કબૂલ કરે છે. પોલીસ અધિકારી, સાહેદો અને પંચો સાથે થયેલ વાતચીત સંબંધેની કોઈ અલગ નોંધ રાખેલી નથી. કોર્ટના જાપા સામે ઉભા રહેવાથી સામે ખુલ્લુ મેદાન દેખાઈ આવે છે તે કબૂલ કરે છે. વાહનોને આ કચેરીમાં આવતા પહેલા મુખ્ય દરવાજા પાસે રોકવામાં આવે છે તો તે હકીકત નકારે છે. કમ્પાઉન્ડમાં વકીલો, અસીલો અને લોકોની અવર–જવર ખૂબ જ રહે છે તે કબૂલ કરે છે. ઓળખ પરેડની કાર્યવાહી દરમ્યાન લોકોને, વકીલોને તેમજ પક્ષકારોને કોર્ટ કમ્પાઉન્ડમાંથી બહાર કાઢવામાં આવેલા નથી તે કબૂલ કરે છે. પંચનામામાં નીચેના ભાગની મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧ ની ભૌગોલિક સ્થિતિનું કોઈ વર્ણન નથી તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે ઓળખ પરેડની કાર્યવાહી થતી હોય અને તે અંગેનુ પંચનામુ બનાવવાનું હોય ત્યારે કોર્ટની ભૌગોલિક સ્થિતિનું વર્ણન પંચનામામાં લખવુ જોઈએ તેવી કોઈ આદેશાત્મક જોગવાઈ નથી અને ભૌગોલિક સ્થિતિ પંચનામામાં લખવી તે જરૂરી પણ નથી. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો પંચનામાની કાર્યવાહીના સમય દરમ્યાન પોતાના રૂમની બહાર ગયેલા નથી. પંચનામુ શરૂ કરતા પહેલા કોર્ટ કમ્પાઉન્ડમાં પોલીસ, આરોપી અને સાહેદ કયા સમયે આવેલા તે કહી શકે નહીં. તા.૫.૬.૨૦૧૨ ના રોજ ઓળખ પરેડ ન રાખવા સંબંધેનુ કોઈ કારણ આપી શકે નહીં. ઓળખ પરેડની કાર્યવાહી શકય તેટલી ઝડપથી કરવી જોઈએ તે હકીકત સાથે સહમત છે. ઓળખ પરેડ સંબંધેના પંચનામાની કાર્યવાહીમાં સમય એ રીતે ગોઠવવો જોઈએ કે સાહેદો આરોપીઓને પંચનામાની કાર્યવાહી અગાઉ જોઈ શકે નહીં તે કબૂલ કરે છે. સાહેદોને પ્રથમ બોલાવી સલામત જગ્યાએ બેસાડી બાદમાં આરોપીઓને

બોલાવતા આ નિયમનું પાલન સારી રીતે થયેલુ ગણાય તો તે હકીકત નકારે છે. આરોપીને સાહેદો બતાવવા નહીં તેવી સુચના આપેલાનું કબૂલ કરે છે. આંક–૪૦૮૩ ની પોલીસ યાદીમાં પોલીસમેનને આપેલી સુચનામાં કોઈ લેખિત હકીકત જણાવેલી નથી તે કબૂલ કરે છે. કચેરીની રૂમની બહાર નીકળી સાહેદોની કાયદેસર ખરાઈ કરેલી નથી તે કબૂલ કરે છે. સાહેદ નં.૧ ચોકકસ કયા સમયે આવેલા તે કહી શકે નહીં. સાહેદ નં.૨ પણ ચોકકસ કેટલા સમયે આવેલ તે કહી શકે નહીં. સાહેદોની ઓળખ સંબંધે તેઓની પાસે પુરાવાઓ ચકાસેલાનું જણાવે છે પરંતુ તેની નોંધ પંચનામામાં કરેલી નથી. આ કેસમાં હાજર રહી કાર્યવાહી કરવા બાબતે સાહેદોની સહીઓ લીધેલી નથી. આરોપીને કેટલા સમયથી કસ્ટડીમાં રાખેલો છે તેવો પ્રશ્ન આરોપીને પુછેલો નથી. આરોપીને રજૂ કર્યો ત્યારે માથાથી ગળે સુધી બુરખો ઓઢાડેલો હતો તે કબૂલ કરે છે. પટ્ટાવાળા મોહનભાઈને સુચના આપ્યા પછી ૧૫–૨૦ મિનિટમાં ડમી માણસો બોલાવી લાવેલા. પંચનામામાં આરોપીના શારીરિક બંધારણ તેમજ રંગનો ઉલ્લેખ નથી તે કબૂલ કરે છે. પંચનામામાં આરોપીની સહી લીધેલી નથી તે કબૂલ કરે છે. આંક–૪૦૮૩, ૪૦૮૪ ના દસ્તાવેજો પાછળથી તૈયાર કરેલા તો તે હકીકત નકારી છે. આંક–૪૦૮૫ વાળુ પંચનામુ પંચોની હાજરીમાં લખાવ્યા મુજબ લખેલુ નથી તો તે હકીકત નકારી છે. ડમી માણસોના શારીરિક બંધારણ અંગે અને દાઢી અંગે કોઈ ઉલ્લેખ પંચનામામાં નથી તે કબૂલ કરે છે. પંચનામાની કાર્યવાહી પાછળથી ખોટી ઉભી કરેલી છે તો તે હકીકત પણ નકારે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ કેસમાં આ સાહેદે બે સાક્ષીઓની પોતાના રૂબરૂ આરોપીની ઓળખ પરેડ કરાવેલી છે. મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૩/૨૦૦૮ ના કામે આંક–૪૦૮૫ વાળુ પંચનામુ બનાવેલુ છે અને તે પંચનામામાં સાહેદ નં.૯૭૨ રામકા દેવકરણ કેસરીયા તથા સાહેદ નં.૯૮૧ પ્રવિણભાઈ હમીરભાઈ કટારીયાનાઓએ આ સાહેદની રૂબરૂમાં આરોપી નં.૭૪ મહમહ અબરાર બાબુખાન મણીયારને બંને સાહેદોએ ઓળખી બતાવેલા છે. આ સાહેદ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ તરીકે ઘી

કાંટા કોર્ટ નં.૨ મા ફરજ બજાવતા હતા અને તેમને ઉપરોકત જણાવેલ સાહેદો દ્વારા તેમની રૂબરૂમાં ઉપરોકત જણાવેલા આરોપીની ઓળખ પરેડની વિધિ કરાવવામાં આવેલી હતી. આ સાહેદે જે કોઈ કાર્યવાહી કરેલી તે ફરજના ભાગ રૂપે કરવામાં આવેલી હતી. આ સાહેદને આરોપી સાથે કોઈ દુશ્મનાવટ નથી, આરોપીને કે સાહેદોને તેઓ ઓળખતા ન હતા જેથી આ સાહેદની જુબાની નહીં માનવાને કોઈ કારણ રહેતુ નથી.

આ આરોપી નં.૭૪ મહમદ અબરાર ઉર્ફે મુન્ના ઉર્ફે ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલા ઉર્ફે ઈબ્રાહીમ બાબુખાન મણીયારે ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે? તે પ્રશ્નના જવાબમાં તેણે ફરિયાદપક્ષના પુરાવા સંબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના બચાવ માટે જે હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં. ૨૦ મા જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી. આ ઉપરાંત આ આરોપીએ પોતાના બચાવમાં અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ કરેલો નથી.

આરોપી નં.૭૪ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકિલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૧૧૦૫, ૯૭૨, ૯૮૧, ૯૧૪, ૭૮૪, ૭૮૦, ૭૯૧, ૮૦૪, ૮૦૮, ૮૭૫, ૧૧૪૬, ૧૧૫૪, ૧૧૬૩ છે. આ ઉપરાંત આ આરોપી નં.૩૫ નું કબૂલાત નિવેદન પણ છે.આ સાહેદોના પુરાવા ધ્યાને લેતાં આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવો તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકિલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપીની ઓફિશીયલ અટક તા.૩.૪.૨૦૧૨ ના રોજ કરવામાં આવેલી છે. આંક–૧૯૩૫ થી ફરમાવવામાં આવેલા તહોમતનામામાં આ

આરોપીએ કોઈ ચોકકસ ભૂમિકા ભજવી હોય તેવો કોઈ આક્ષેપ નથી. ફરીયાદ પક્ષના કેસ પ્રમાણે તપાસ કરનાર અધિકારી મયુર ચાવડા આ આરોપીને લઈ પંચ સાહેદ નં.૯૧૪ મુકુંદ જીવણલાલ જાદવની હાજરીમાં તા.૧૧.૬.૨૦૧૨ ના રોજ હાલોલ–પાવાગઢ કેમ્પવાળી જગ્યાનું પંચનામુ બનાવેલુ છે અને જુદી–જુદી જગ્યાઓ જેવી કે ખુંદપીરની દરગાહ, એકમીનાર મસ્જિદ, હેલીકૈલ વાવ તથા વાવથી ૧૫૦ મીટર દુર ખુલ્લી જગ્યા, સકકરખાનની દરગાહ, મહાદેવનું મંદિર વિગેરે સ્થળો બતાવેલા છે. પરંતુ આ પંચ સાહેદે પંચમાં રહેતા પહેલા આ આરોપીને માર માર્યો છે કે કેમ ? કે તેને ધાક–ધમકી આપવામાં આવેલી છે કે કેમ ? તે અંગેની પુછપરછ કરેલી નથી. પરંતુ મારા મત પ્રમાણે તપાસ કરનાર અધિકારી કોઈ આરોપીએ આપેલી માહિતીના આધારે આરોપીની હાજરીમાં પંચનામુ બનાવવાનું હોય ત્યારે પંચ સાહેદને બોલાવે અને તેની હાજરીમાં પંચનામુ બનાવે. પંચ સાહેદે આરોપીને માર માર્યો છે કે કેમ ? અથવા ધાક–ધમકી આપી છે કે કેમ ? અથવા લોભ લાલચ આપેલી છે કે કેમ ? વિગેરે પંચ સાહેદોએ આરોપીને પુછવુ જોઈએ તેવી કોઈ આદેશાત્મક જોગવાઈ નથી. આ પ્રમાણે પંચ સાહેદોએ આરોપીને આ હકીકત પુછેલી ન હોય તેથી કરીને પંચનામુ ખોટુ છે તેવુ અનુમાન થઈ શકે નહીં.

વધુમાં વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી ઉજ્જૈન મધ્યપ્રદેશનો વ્યકિત છે, ગુજરાતી કે અંગ્રેજી ભાષા તેને આવડતી નથી. પંચનામુ આંક–૬૫૨૮ વાળુ આરોપીની ભાષામાં લખીને તેનુ રૂપાંતર કરેલુ હોય તેવુ બન્યુ નથી અને તે અંગેનો ઉલ્લેખ પંચનામામાં નથી. પરંતુ સાહેદની જુબાનીમાં સાહેદે જણાવેલુ છે કે આ આરોપી તુટક–તુટક ગુજરાતી બોલતો હતો અને આ આંક–૬૫૨૮ વાળુ પંચનામુ ગુજરાતી ભાષામાં લખાયેલુ છે. વકીલશ્રી એમ.એમ.શેખ આ પંચ સાહેદની જુબાનીના પાના નં.૧૪ ઉપર ધ્યાન દોરી દલીલ કરતા જણાવે છે કે ખુંદપીરની દરગાહ ઉપર હાજર ફકીરનું નિવેદન લીધેલુ હોય તેવુ બનેલુ નથી. હેલીકૈલ વાવ પાસે ૧૫૦ મીટર દુર ખુલ્લી જગ્યા ઉપર ગયેલા ત્યાં આવેલુ તળાવ કેટલુ લાંબુ અને પહોળુ છે તેનો આ

સાહેદને ખ્યાલ નથી. પરંતુ મારા મત પ્રમાણે આ બનાવ બન્યા બાદ ૧૦–૧૧ વર્ષ પછી આ સાહેદે અદાલતમાં જુબાની આપેલી હોવાથી તે ખુલ્લી જગ્યાની બાજુમાં આવેલુ તળાવ કેટલુ લાંબુ અને પહોળુ છે તે યાદ ન રહે અને યાદ પણ રાખવાનુ ના હોય. ફકત તળાવ હતુ તે યાદ રહે તે પુરતુ છે. વધુમાં વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે આ આરોપીને જુન–૨૦૧૨ મા અટક કરવામાં આવેલો છે અને આ આરોપીએ હાલોલ–પાવાગઢ ખાતેની તાલીમ કેમ્પવાળી જે જગ્યાઓ બતાવેલી છે તે જગ્યાઓ ઉપર અગાઉ આ કેસોના તપાસનીશ અધિકારીઓ ગયેલા છે અને પુરાવાના કાયદાની કલમ–૨૭ ના પંચનામા બનાવેલા છે. જેથી આ આરોપીને સાથે રાખીને આ જગ્યાઓનું જે પંચનામુ બનાવેલુ છે તે કલમ–૨૭ હેઠળનુ પંચનામુ કહેવાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આ કેસમાં ઘણા બધા આરોપીઓ છે અને હાલોલ–પાવાગઢ ખાતેના કેમ્પમાં રેકર્ડ ઉપરના પુરાવા મુજબ ૨૫–૩૦ આરોપીઓ હતા જે જે આરોપી પકડાય અને આ જગ્યાઓની માહિતી આપે તો સ્વાભાવિક છે કે તપાસ કરનાર અધિકારી તે આરોપીને લઈને આ જગ્યા ઉપર જઈ પંચનામુ બનાવે. આ પંચનામુ પુરાવાના કાયદાની કલમ–૨૭ હેઠળ પુરાવામાં ગ્રાહ્ય ન ગણાય તો પણ પુરાવાના કાયદાની કલમ–૮ હેઠળ આરોપીની વર્તણૂક તરીકે ગ્રાહય છે. વધુમાં વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે, સાહેદ નં.૧૧૦૫ ઈદ્રીશ ફકીરનાઓ આ આરોપીને જુબાની દરમ્યાન અદાલતમાં ઓળખી બતાવેલો નથી. તેઓની દલીલ સાથે હું સંમત છું કે, આ સાહેદે આરોપીને જુબાની દરમ્યાન ઓળખી બતાવેલો નથી. સાહેદ નં.૯૭૨ રામકાભાઈ કેસરીયાની જુબાની તરફ ધ્યાન દોરી તેઓ દલીલ કરે છે કે આ સાહેદ પણ આરોપીને અદાલતમાં ઓળખી બતાવતા નથી. આ સાહેદ ઢોર ચરાવનાર વ્યકિત છે અને તેઓને સમય, દિશા, અંતર કે કુટમાં ખબર પડતી નથી. આ સાહેદ ગામડાના વ્યકિત છે, ઢોર ચરાવે છે માટે સમય કે દિશા વિગેરેમાં ખબર ન પડે તે સ્વાભાવિક છે. તેથી કરીને આ સાહેદે આરોપીઓને જંગલમાં જોયા નથી તેમ કહી શકાય નહીં. સાહેદ નં.૯૮૧ પ્રવિણભાઈ કટારીયાના જુબાની તરફ ધ્યાન દોરી તેઓ દલીલ કરે છે કે આ

સાહેદ પણ આરોપીને ઓળખી શકતા નથી પરંતુ આ સાહેદની જુબાની ધ્યાને લઈએ તો તા.૬.૬.૨૦૧૨ ની ઓળખ પરેડમાં આ સાહેદે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૭૮૪ દાનાજી રાજપુત સમક્ષ એક આરોપીને ઓળખી બતાવેલો અને તેનુ નામ મોહમદ ઉર્ફે મુન્નો હતો જે આ જ આરોપી છે. આ આરોપીનું નામ મોહમદ અબ્રાર હોય તો તેની આ સાહેદને ખબર ન હોય. વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે આ આરોપી આ કહેવાતા ગુનાઓમાં સંડોવાયેલો નથી. પરંતુ ઉપર વિગતે જે પુરાવા રજૂ થયા છે તે ધ્યાને લેતા આ આરોપી આ કહેવાતા ગુનામાં સંડોવાયેલો છે તેમ હું માનુ છું.

આરોપી નં.૭૫ મોહમ્મદ રફીક ઉર્ફે જાવિદ ઉર્ફે આલમ જેબ આફીદી મસકુર અહેમદનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૭૫ મોહમ્મદ રફીક ઉર્ફે જાવિદ ઉર્ફે આલમ જેબ આફીદી મસકુર અહેમદનાઓ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ જુદી–જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી–જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા–જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમને કઈ કઈ ભૂમિકા ભજવેલી છે તે સાબિત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે તે પૈકી જનરલ સાહેદ તરીકે સાહેદ નં.૯૫૭ તરીકે ઝાકીર હુસેન અબ્દુલ જબ્બાર કુરેશીનાઓને તપાસેલા છે તેઓ તમામની જુબાની ધ્યાને લેતા આ આરોપીની સામે મુકવામાં આવેલ આક્ષેપો મુજબના કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા એકબીજાની મદદગારી કરીને અમદાવાદ શહેરમાં જુદી–જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરેલા છે તેમજ

સુરતની જુદી–જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલ હોવાનું ફલીત થાય છે. આ ઉપરાંતઃ–

આ ઉપરાંત સહઆરોપી નં.૨ ઈમરાન ઈબ્રાહીમ શેખ તથા આરોપી નં.૩૫ રફીયુદ્દીન સરફુદ્દીન કાપડીયાનાઓએ ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબનુ કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ અમદાવાદ સમક્ષ લખાવેલુ તે ધ્યાને લેતા પણ આ આરોપી તેઓની ઉપર મુકવામાં આવેલ આક્ષેપ મુજબના કાવતરામાં સામેલ હોવાનું ફલીત થાય છે. આ ઉપરાંતઃ–

ફરિયાદપક્ષ દ્વારા આ કામે શૈલેષભાઈ પ્રભુદાસભાઈ ડાભીને સાહેદ નં.૮૭૩ તરીકે આંક–૬૦૮૬ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૫/૧૧/૨૦૦૮ના રોજ ક્રાઈમ બ્રાન્ચ પોલીસે તેઓને ક્રાઈમ બ્રાન્ચ કચેરીમાં બોલાવેલ. આ વખતે આ સાહેદ સાથે બાબુસીંગ હતાં. ત્યાં ક્રાઈમ બ્રાન્ચની ઑફિસમાં ચાવડા સાહેબ હતા. તેમની સાથે એક આરોપી પહેરામાં હતો જેને નીચે બેસાડેલો. ત્યાં બે–ત્રણ પોલીસવાળા પણ હતાં. સાહેબે એવું કહેલું કે આરોપીને બોમ્બ કેસમાં પકડેલ છે. તો તે કંઈ કહેવા અને કંઈ બતાવવા માગે છે. જેથી પંચનામું કરવાનું છે તો પંચમાં રહેશો? તેથી "હા" પાડેલી. તેથી આ સાહેદે આરોપીને પુછયું કે તું શું કહેવા અને બતાવવા માગે છે? તો તેણે પોતાનું નામ મહમદ સેફ ઉર્ફે રાહુલ શર્મા કહેલું. આરોપીએ તેના ગામનું નામ આઝમગઢનો અને હાલમાં દીલ્હીનો હોવાનું કહેલું. આરોપીએ એવું કહેલું કે "અમે જે દાણીલીમડા મકાનમાં રહેતાં હતાં, ત્યાંથી હું છોટા સાજીદ, બડા સાજીદ ત્રણે થેલીમાં બોમ્બ લઈ અજીતમીલ ચાર રસ્તા ગયા તે જગ્યા મને લઈ જાવ તો ત્યાં મને સાઇકલ આપેલી, સાઇકલ ઉપર બોમ્બ સ્ટેરીંગ પર લગાવીને જે જગ્યાએ મુકેલો તે જગ્યા ત્યારપછી અમે બસ સ્ટેન્ડે ભેગા થવાના હતાં તે જગ્યા બતાવવા માગુ છું. આરોપીએ કહેલું કે આફ્રીદી નામના માણસે સાઇકલ ત્યાં તેને આપેલી. તેથી અજીતમીલ ચાર રસ્તા મને લઈ જાવ તો જે જગ્યા પર મેં બોમ્બવાળી સાઇકલ મુકેલી તે જગ્યા બતાવું". પછી બધુ લખેલું અને ક્રાઈમ બ્રાન્ચની ઑફિસથી નીચે ઉતરેલાં. ત્યાં આગળ એક સરકારી ગાડી પડેલી હતી.

સાહેબ, આરોપી, બે પોલીસવાળા, તેઓ બંને પંચો સરકારી વાહનમાં બેસેલાં. સાહેબે ડ્રાઈવરને સુચના આપેલી કે અજીતમીલ ચાર રસ્તા પાસે ગાડી લઈ લો. ત્યારપછી બધા ગાડીની બહાર ઉભા રહીને પંચનામું લખેલું, આ સાહેદે, બાબુસીંગ અને સાહેબે સહી કરેલી.

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ મ્યુનિસિપલ કોર્પોરેશન થઈ રાયપુરથી સારંગપુર બ્રિજ ઉતરી રખિયાલ થી નીલકંઠ રેસ્ટોરન્ટથી અજીતમીલ ચાર રસ્તા ઉભા રહેલાં, સાહેબે આરોપીને કહેલ કે અજીતમીલ ચાર રસ્તા આવ્યા. તેથી સાહેબ, આરોપી, બે પોલીસવાળા, તેઓ બંને પંચો નીચે ઉતરેલાં. ત્યાં આરોપીએ જોયેલું કે, બરાબર છે અજીતમીલ ચાર રસ્તા. પછી રેસ્ટોરન્ટની આગળ એક થાંભલો હતો ત્યાં આરોપી ચાલતો આગળ ગયેલો. આરોપીએ કહેલું કે "એ થાંભલા પાસે આફ્રીદીએ તેને સાઇકલ આપેલી અને ત્યાંથી જે જગ્યાએ સાઇકલ પર થેલી ભરાવીને બોમ્બ મુકેલ તે જગ્યા બતાવવા માગુ છું અને બસ સ્ટેન્ડે હું, છોટા સાજીદ, બડા સાજીદ ભેગા થવાના હતાં તેવું કહેલું" ત્યાં લખાણ કર્યા પછી ત્યાંથી સાહેબ, બે પોલીસવાળા, આરોપી અને તેઓ બંને પંચો, બધા ગાડીમાં બેસેલાં. પછી સાહેબે ડ્રાઈવરને સુચના આપેલી કે આરોપી જે રસ્તે કહે તે જગ્યા ગાડી હંકારવી અને જયાં કહે ત્યાં ગાડી ઉભી રાખવી. પછી આરોપીએ કહેલું તે રીતે ગાડી લીધેલી. તે રસ્તો ગુજરાત બોટલીંગથી નાગરવેલ હનુમાનથી સ્વસ્તિક ચાર રસ્તાથી અમરાઈવાડી પોસ્ટ ઑફિસની આગળ હાટકેશ્વર ત્યાં આગળ આરોપીએ ગાડી ડાબીબાજુ વળાવવા કહેલું અને ત્યાં આગળ જતાં ઉભી રાખવાનું કહેતાં ગાડી ઉભી રાખેલી. ત્યાં બધા આરોપી સહિત નીચે ઉતરેલાં. ત્યાં નીચે ઉતરેલાં ત્યાં આરોપીએ કચરાની પેટી હતી ત્યાં જગ્યા બતાવેલી. આ કચરાની પેટી બાગે ફીરદોશ પોલીસ લાઈન વિભાગ–૨ ની સામે હતી. ત્યાં આરોપીએ કહેલું કે "આ જગ્યાએ સાઇકલ સ્ટેરીંગ પર બોમ્બવાળી થેલી લગાવીને મુકેલી હતી". ત્યાં આગળ પણ લખાણ કરેલું. ત્યાં આરોપીએ કહેલું કે "જે બસ સ્ટેન્ડ આગળ હું, છોટા સાજીદ, બડા સાજીદ ભેગા થવાના હતાં તે જગ્યા બતાવું". ત્યાંથી પંચો, સાહેબ, આરોપી અને પોલીસવાળા બધા ગાડીમાં

બેસેલાં. પછી આરોપીએ ગાડી વળાવવાનું કહેલું. એટલે ગાડી વળાવીને આગળ જતાં હાટકેશ્વર સર્કલ તરફ સાઈડમાં બસ સ્ટેન્ડ આવતાં ગાડી આરોપીએ ઉભી રાખવાનું કહેલું અને તેઓ પંચો, પોલીસવાળા, સાહેબ અને આરોપી બધા નીચે ઉતરેલાં. ત્યાં આરોપીએ બસ સ્ટેન્ડ બતાવેલું અને આરોપીએ કહેલું કે "હું, છોટા સાજીદ, બડા સાજીદ અહીંયા ભેગા થઈ અમદાવાદ રેલવે સ્ટેશન રીક્ષામાં બેસીને જતાં હતાં". આ જગ્યાએ બસ સ્ટેન્ડ ઉપર હાટકેશ્વર મહાદેવ લખેલ હતું. ૨૦૦, ૩૦૦ નંબરના રૂટ લખેલાં હતાં. ત્યાં "આશાપુરા ટ્રાવેલ્સ" નામની દુકાન હતી. આરોપીએ કહેલું કે, "આ આશાપુરા ટ્રાવેલ્સ શાકમાર્કેટ પાસે છોટા સાજીદ, બડા સાજીદે બોમ્બ મુકેલ". ત્યાં આગળ લખાણ થયેલું અને તે લખાણ વાંચેલું અને પછી સહીઓ કરેલી.

આમ, ઉપર મુજબની કાર્યવાહીનુ પંચનામુ બનાવેલુ જે આંક–૬૦૮૭ વાળા પંચનામામાં સાહેદ તેમની તથા બાબુસીંગની અને રૂબરૂ તરીકે સાહેબની સહીઓ ઓળખી બતાવે છે. આરોપીને ટી.વી. સ્ક્રીન થકી ચાર–ચારની સંખ્યામાં બતાવવામાં આવતા ઓળખી શકતા નથી અને જણાવેલ છે કે આજે જોયેલ આરોપીઓ ટોપી તેમજ દાઢી સાથેના છે. આ સાહેદે જયારે આરોપીને જોયેલ ત્યારે માથાના વાળ ઝીણા હતાં અને મુછના દોરા ફુટેલ હતાં.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પંચનામામાં કરેલ વિગતો બાબતે ડાયરીમાં કોઈ નોંધ કરેલી નથી. પંચનામામાં દર્શાવ્યા સિવાય પંચનામાના સમય દરમ્યાન કઈ વ્યકિત સાથે શું વાત થઈ તે કહી શકે નહીં. આરોપીનું શારીરિક વર્ણન પંચનામામાં લખેલુ નથી તે કબૂલ કરે છે. પંચનામાના આરોપીને પંચનામાની તારીખ અગાઉ કયારેય જોયેલો નથી કે તેને મળેલા નથી તે કબૂલ કરે છે. પોલીસ સાથે કચેરીમાં જોયેલ વ્યકિત કેટલા સમયથી રીમાન્ડ ઉપર છે તેની માહિતી પોલીસે આપેલી નહીં તે કબૂલ કરે છે. પંચનામાની તારીખે ઘરની બહાર નીકળેલા તે હકીકત નકારે છે. ગાયકવાડ હવેલીવાળો રસ્તો સાંકડો અને ગીચ વસ્તીવાળો છે તે કબૂલ કરે છે. ગાયકવાડ હવેલીમાં પ્રવેશ કરવાનો દરવાજો કઈ દિશામાં આવેલો છે તે કહી શકે નહીં. પોલીસના કહેવાથી અને

સમજાવવાથી જુબાની આપેલાની હકીકત નકારેલી છે. સરતપાસમાં જણાવ્યા મુજબ પંચનામાની કાર્યવાહી થયેલી નથી કે કોઈ પણ સ્થળે ગયેલા નથી તો તે હકીકત નકારી છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો પંચનામામાં દર્શાવેલ ત્રણેય જગ્યા ઉપર ગયા ત્યારે ટ્રાફિક હતો જ નહીં તેમ જણાવે છે. ઉપરોકત ત્રણેય જગ્યાએ આ સાહેદને કોઈ વ્યકિત સાથે વાતચીત થયેલ નથી તે કબૂલ કરે છે. અગાઉ પંચનામાની કાર્યવાહીમાં ભાગ લેતા હતા તો તે હકીકત નકારે છે. આરોપી હિન્દી બોલતા હતા અને તે વાતચીત પંચનામામાં ગુજરાતીમાં લખવામાં આવતી હતી તે કબૂલ કરે છે. જેથી એવુ કહી શકાય કે પંચનામામાં જે માહિતી આપવાની જે હકીકત છે તે માહિતી આરોપીએ આપેલી હતી અને પંચનામામાં તે લખવામાં આવેલી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં.૨૦૩/૨૦૦૮ ના કામે તા.૫.૧૧.૨૦૦૮ ના રોજ આ સાહેદ તથા બીજા પંચ બાબુસીંગ ફકીરસીંગ રાજપુતનાઓને ક્રાઈમ બ્રાન્ચ કચેરીએ બોલાવેલા. ત્યાં આરોપી નં.૩૮ મહમદ સેફ ઉર્ફે રાહુલ શર્મા હાજર હતો અને તે કંઈ કહેવા અને બતાવવા માંગતો હોવાથી પંચોએ તેનુ નામ ઠામ પુછેલુ અને ત્યારબાદ તપાસ કરનાર અધિકારી, પંચો, આરોપી પોલીસ સ્ટાફ સાથે આરોપીના બતાવ્યા મુજબના રસ્તે ગયેલા અને આરોપીએ કહેલુ કે દાણીલીમડા મકાનમાં અમે રહેતા હતા ત્યાંથી પોતે, છોટા સાજીદ તથા બડા સાજીદ ત્રણેય થેલીમાં બોમ્બ લઈ અજીત મીલ ચાર રસ્તા ગયેલા. ત્યાં આફ્રીદી નામના માણસે સાઇકલ આપેલી. સાઇકલને સ્ટેયરીંગ ઉપર બોમ્બ લગાવીને જે જગ્યાએ મુકેલો તે જગ્યા તથા જે બસ સ્ટેન્ડે ભેગા થવાના હતા તે જગ્યા બતાવવા માંગતો હતો અને બતાવેલી. આ ઉપરાંત તેને જણાવેલુ કે અજીતમીલ ચાર રસ્તા લઈ જાવ તો જે જગ્યાએ બોમ્બવાળી સાઇકલ મુકેલી તે બતાવુ. ત્યારબાદ આરોપીએ પોતાને આફ્રીદીએ સાઇકલ આપેલી તે અજીતમીલ ચાર રસ્તા થાંભલા પાસેથી જગ્યા તથા બોમ્બ સાથેની સાઇકલ બાગેફીરદોસ પોલીસ લાઈન વિભાગ–૨ ની

સામે મુકેલી તે જગ્યા તથા પોતે તથા છોટા સાજીદ અને બડા સાજીદ ભેગા થવાના હતા તે હાટકેશ્વર સર્કલ પાસેની બસ સ્ટેન્ડવાળી જગ્યા તથા છોટા સાજીદ અને બડા સાજીદે આશાપુરા ટ્રાવેલ્સ શાકમાર્કેટ પાસે બોમ્બ મુકેલો તે જગ્યાઓ બતાવવાનું કહેલુ અને બતાવેલી તે અંગેનુ પંચનામુ આંક–૬૦૮૭ વાળુ બનાવવામાં આવેલુ. આ પંચનામામાં ઉપરોકત તમામ હકીકત જણાવેલી છે.

આંક–૬૦૮૭ વાળુ પંચનામુ બનાવનાર અધિકારી સાહેદ નં. ૧૧૬૩ મયુર ચાવડાનાઓની આ સબંધે જુબાની ધ્યાને લઈએ તો તેઓએ આ હકીકત પોતાની જુબાનીના પેરા ૩.૩૧ મા જણાવેલી છે અને આંક–૬૦૮૭ વાળા પંચનામામાં તપાસ કરનાર અધિકારીએ પોતાની સહી ઓળખી બતાવેલ છે.

આંક–૬૦૮૭ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ મારે જે જગ્યાએ સાઇકલ સાથેનો બોમ્બ મુકવાનો હતો તે જગ્યા અગાઉ મે રેકી કરેલી હતી. તા.૨૬.૭. ૨૦૦૮ ના રોજ હું અલમહમદી સોસાયટી દાણીલીમડામાં જે મકાનમાં રોકાયેલો હતો ત્યાંથી કયામુદ્દિનની સુચના મુજબ હું તથા છોટા સાજીદ અને બડા સાજીદનાઓ ત્રણેય જુદી–જુદી થેલીઓ લઈ એક રીક્ષામા બેસી અજીતમીલ ચાર રસ્તા ગયેલા. ત્યાં છુટા છુટા ઉભા રહેલા. કયામુદ્દિને સુચના આપેલી કે, આલમજેબ આફ્રીદી નામનો માણસ મળશે અને બોમ્બ મુકવાની સાઇકલો આપશે તે જુદી–જુદી જગ્યાએ મુકવી" વિગેરે પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપીએ પોતે આપેલ માહિતી પ્રમાણેની જગ્યાઓ ત્યાં અસ્તિત્વ છે માટે તે હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય. આ ઉપરાંત આ જગ્યાઓની આરોપીએ રેકી કરેલી હતી તથા આ જગ્યાઓ જોયેલી હતી, જગ્યાઓની તેને માહિતી માટે માટે પંચો તથા તપાસ કરનાર

અધિકારીને આરોપી આ જગ્યાઓ ઉપર દોરી ગયેલો, આરોપીનુ આ જગ્યા ઉપર દોરી જવાનુ વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે ચેતનભાઈ ગોવિંદભાઈ પ્રજાપતિને સાહેદ નં.૯૭૪ તરીકે આંક–૬૮૦૭ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૧૧/૮/૨૦૧૨ ના રોજ તેઓને ક્રાઇમ બ્રાન્ચની ઑફિસે બોલાવેલ. તેમની મારી સાથે તેમના કાકા ગોરધનભાઇ પારેખ પણ હતા. તેઓને બોલાવ્યા ત્યારે આશરે સાડા ત્રણ વાગ્યાનો સમય થયેલા હશે. તેઓ ઑફિસમાં ગયા ત્યારે સામે એક મેડમ બેઠેલા હતા અને સાઇડમાં ત્રણ પોલીસના માણસો ઉભેલા હતા અને એક આરોપી ત્યાં બેઠેલો હતો અને ત્યાં મેડમે કહેલું કે અમદાવાદમાં બોમ્બ બ્લાસ્ટ થયેલા છે તેના આરોપીને પકડેલા છે તો તેનું પંચનામું કરવાનું છે તો તેમાં રહેશો? અને સાહેબે કહેલું કે આરોપીને પકડેલા છે તે જે જગ્યા બતાવે અને કંઇક કહે તેનું પંચનામું કરવાનું છે. જેથી પંચમાં રહેવાની હા પાડેલી. પછી આ સાહેદ તથા તેમના કાકાએ આરોપીનું નામ પુછેલું તો આરોપીએ પોતાનું નામ મુજીબ શેખ જણાવેલું. આરોપીએ તેનું સરનામું પણ જણાવેલુ પરંતુ અત્યારે સરનામું યાદ નથી. પરંતુ ફતેહવાડી કહેલું. આરોપીએ એવું પણ કહેલું કે, "અમદાવાદમાં બોમ્બ બ્લાસ્ટ થયેલા ત્યારે ક્યામુદ્દીનના કહેવાથી ત્રણ સાઇકલો આપેલી તે સાઇકલ ઐયાઝ તથા આફ્રિદી નામ આપેલું તે સાથે સાઇકલો જ્યાં મુકેલી તે જગ્યા હું બતાવવા માંગું છું તેમ જણાવેલું." આ અંગેનુ પ્રાથમિક પંચનામું કરેલુ અને આ સાહેદે તથા તેમના કાકાએ સહીઓ કરેલી.

સાહેદ વધુમાં જણાવે છે કે, પંચનામામાં સહીઓ કર્યા પછી ઑફિસમાંથી બહાર આવેલા અને ત્યાં ગેટ પાસે ગાડી પડેલી હતી તે ગાડીમાં આગળના ભાગે મેડમ બેઠેલા હતા. વચ્ચેના ભાગે આરોપી બેઠેલો અને તેની આજુબાજુ બે પોલીસના માણસો બેઠેલા અને પાછળના ભાગે આ સાહેદ, તેમના કાકા તથા પોલીસના એક ભાઇ બેઠેલા. ગાડીમાં બેઠા પછી મેડમે ડ્રાઇવરને કહેલું કે આ આરોપી જે જગ્યાએ ગાડી લઇ જવાનું કહે તે જગ્યાએ ગાડી લઇ લ્યો.

ત્યારબાદ ગાયકવાડ હવેલીમાંથી બહાર નીકળી આરોપીએ જગ્યા બતાવેલી અને જમણા હાથે વળી જમાલપુર દરવાજા થઇ સરદાર પટેલ પુલ ઉપર થઇને એન.આઇ.ડી. થઇ મહાલક્ષ્મી પાંચ રસ્તા અને ત્યાંથી વિશાલા સર્કલ પાસે પહોંચેલા. ત્યાથી થોડે આગળ ગયા પછી આરોપીએ "યુ ટર્ન લેવડાવેલો". યુ ટર્ન લેવડાવ્યા પછી થોડે આગળ એક મોટું અંબર ટાવર હતું ત્યાં આરોપીએ ગાડી ઉભી રખાવેલી. પછી બધા ગાડીમાંથી નીચે ઉતરેલા. નીચે ઉતર્યા પછી આરોપી આગળ ચાલતાં ગયેલા અને બધા પાછળ ચાલતા હતા. ત્યા અંબર ટાવરમાં એ નંબરના બ્લોકના પાર્કીંગમાં લઇ ગયેલાં. ત્યાં ક્યામુદ્દીને આપેલી સાઇકલો જ્યાં મુકેલી તે જગ્યા બતાવેલી. તે જગ્યા જોઇ અને ત્યારપછી પોલીસવાળા ભાઇને લખાવેલું. ત્યારપછી મુજીબ શેખે એવું કહેલું કે, "હું, ઐયાઝ શેખ તથા આફ્રિદી ત્રણ જણા જ્યાં સાઇકલો લઇ ગયેલા અને ક્યામુદ્દીનને આપેલી તે જગ્યા હું બતાવું". ત્યારપછી બધા ગાડીમાં બેસી ગયેલા. ત્યારપછી મેડમે ડ્રાઇવરને કહેલું કે, આરોપી જે જગ્યા બતાવે તે જગ્યા ઉપર ગાડી લઇ લ્યો. ત્યારપછી બધા સીધા સીધા ગયેલા અને વિશાલા સર્કલ પછી આરોપીએ ગાડી જમણી બાજુ વાળવા કહેલું. ત્યાંથી વિશાલા પુલ વટાવી નારોલ સર્કલ પાસે પહોંચેલા અને સર્કલ પાસે મુજીબે ગાડી સાઇડમાં ઉભી રાખવાનું કહેલું. ત્યાં બધા ગાડીમાંથી નીચે ઉતરેલા. ત્યાંથી થોડે આગળ ચાલતા ચાલતા ગયેલા અને ત્યાં હનુમાનજીનું મંદિર આવેલું. ત્યાં પાસે ઉભા રહીને આરોપીએ જગ્યા બતાવેલી. આ જગ્યા નારોલ સર્કલ પાસે હનુમાનજીના મંદિર પાસે હતી. ત્યાં આરોપીએ કહેલું કે "અમે આ સાઇકલો ક્યામુદ્દીનને આપીને પાર્ક કરેલી". હનુમાનજીના મંદિર પાસે આજુબાજુ જગ્યા જોઇ પાલીસવાળા ભાઇને લખાવેલું. ઉપર મુજબની વિગતવાળુ પંચનામુ બનાવેલુ તે આંક–૬૮૦૮ થી રજૂ રાખેલ છે જેમાં સાહેદ પોતાની તથા બીજા પંચ તેમના કાકાની સહીઓ ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો ગોરધનભાઈ અંબાલાલ આ સાહેદના સગા કાકા નથી પરંતુ આ સાહેદના મિત્રના પપ્પા છે. આ સાહેદ રેતીનો ધંધો કરે છે અને તેઓની પાસે લાયસન્સ નથી. બનાવના દિવસે આ

સાહેદના કાકાની નોકરી ચાલુ હતી. પંચનામાના દિવસે આ સાહેદનો વેપાર ધંધો ચાલુ હતો. પંચનામામાં સહી કરી તે પહેલા કયારેય પંચનામામાં ગયેલા નથી. પંચનામુ લખાવવાનો અનુભવ નથી. પંચનામામાં સહી કરી તે પહેલા મેડમને જોયેલા નથી તેમના હોદાની ખબર નથી. પંચનામામાં સહી કરી તે પહેલા આરોપીનો પરીચય ન હતો. તે દિવસે બપોરના સમયે પોલીસવાળા આવેલાની હકીકત નકારે છે. બનાવના દિવસે આ સાહેદ તથા તેમના કાકા બહેરામપુરા જતા હતા ત્યારે પોલીસે રોકેલાની હકીકત પંચનામામાં લખાવી નથી તે કબૂલ કરે છે. સરતપાસમાં જે હકીકત જણાવી છે તે પોલીસના કહેવાથી જણાવેલાની હકીકત નકારે છે. પંચનામુ પોલીસ મેડમના હસ્તાક્ષરમાં નથી. પંચનામુ લખનારના નામની ખબર નથી. અંબર ટાવર કોની માલિકીનો છે તેમા કોણ રહે છે તેની ખબર નથી. ટાવર કેટલા માળનો છે તે કહી શકે નહીં. ટાવરની કઈ દિશામાં પાર્કીંગ છે તેની અત્યારે ખબર નથી. કોઈ પણ માણસ આ જગ્યાએ પાર્કીંગ કરે તેવી જગ્યા હતી તે કબૂલ કરે છે. આમ આ જગ્યા ઉપર કોઈ પણ માણસ પાર્કીંગ કરે તેવી જગ્યા હતી માટે આરોપીઓએ ત્યાં આવીને બોમ્બવાળી સાઇકલ મુકેલી હોય તેવુ ચોકકસપણે કહી શકાય. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો નારોલ સર્કલ કેટલુ લાંબુ અને પહોળુ છે તે કહી શકે નહીં. મંદિરની આજુબાજુ કોઈ ઈમારતો નથી. મંદિરની આજુબાજુ લોખંડની રેલીંગ હતી તો તે હકીકત નકારે છે. આંક–૬૮૦૮ વાળા પંચનામામાં જણાવ્યા મુજબની કોઈ કામગીરી કરી નથી તો તે હકીકત પણ નકારે છે. પંચનામાવાળા સ્થળ ઉપર આરોપી આવેલો નથી કે તેને જગ્યા બતાવી નથી તો તે હકીકત પણ નકારે છે. પંચનામુ વાંચી સંભળાવી સમજાવેલુ હોવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત પણ નકારી છે. પોલીસ સ્ટેશનથી નીકળ્યા ત્યારે આરોપી કયા સ્થળ ઉપર લઈ જવા માંગતો હતો તે હકીકત જણાવેલી નહીં. બંને પંચોની હાજરીમાં પોલીસે ત્રીજી વ્યકિતને પુછપરછ કરી હોય તેવુ બનેલ નથી. આરોપીએ ઈશારો કરીને જગ્યા બતાવેલી તે હકીકત પંચનામામાં લખાવેલ નથી તો તે હકીકત નકારે છે. અંબર ટાવર એક કરતા વધારે માળનું છે. અંબર ટાવરની કમ્પાઉન્ડ વોલ હતી નહીં. જે જગ્યા

આરોપીએ બતાવેલી તેની ચતુર દિશાનુ વર્ણન આપી શકે નહીં. નારોલ સર્કલની આજુબાજુ ચાર રસ્તા પડે છે તે કબૂલ કરે છે. સર્કલ અને મંદિર વચ્ચેના ભાગમાં વાહન વ્યવહાર ચાલુ રહે છે તે કબૂલ કરે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડાનાઓએ ખાડીયા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં. ૭૧/૨૦૦૮ ના કામે તા.૧૧.૮.૨૦૧૨ ના રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ ગોરધન અંબાલાલ પારેખનાઓને ક્રાઈમ બ્રાન્ચની કચેરીએ બોલાવેલા. ત્યાં આરોપી મુજીબ શેખ (મરણ ગયેલ છે તે અંગેની પુરસીસ ફરિયાદપક્ષ દ્વારા આંક–૬૮૦૯ થી રજૂ થયેલી છે) હાજર હતો. પંચોએ તેનુ નામ ઠામ પુછેલુ અને તે કંઈ કહેવા અને બતાવવા માંગતો હતો. જેથી તપાસ કરનાર અધિકારી પોતે, પંચો, પોલીસ સ્ટાફ તથા આરોપીને લઈ આરોપીના બતાવ્યા મુજબના રસ્તે ગયેલા અને આરોપીએ જણાવેલુ કે જુલાઈ–૨૦૦૮ મા અમદાવાદમાં જે સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવો બનેલા તેમા ઉપયોગમાં લેવાયેલ સાઇકલો કયામુદ્દિન કાપડીયાના કહેવા મુજબ આલમજેબ આફ્રીદી તથા એૈયાઝનાઓએ પોતાને ત્રણ સાઇકલો આપેલી તે સાઇકલો પોતે જયાં મુકેલી તે જગ્યા બતાવવા માંગુ છું. તેમ જણાવતા આરોપીએ અંબર ટાવરના પાર્કીંગવાળી જગ્યા તથા નારોલ સર્કલ પાસે આવેલ હનુમાનજીના મંદિર પાસેની જગ્યા બતાવેલી અને તેનુ પંચનામુ આંક–૬૮૦૮ વાળુ બનાવવામાં આવેલુ.

આંક–૬૮૦૮ વાળુ પંચનામુ બનાવનાર તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડાની જુબાનીના પેરા ૧.૧૨૭ ધ્યાને લઈએ તો તેઓ જણાવે છે કે રીમાન્ડ ઉપરના આરોપી મુજીબ શેખનાઓ કંઈ કહેવા અને બતાવવા માંગતા હોવાથી તા.૧૧.૨.૨૦૧૨ ના રોજ ક્રાઈમ બ્રાન્ચની કચેરીએ બે પંચોને બોલાવેલા, પંચોએ તેઓનુ નામ પુછતા તેને પોતાનુ નામ મુજીબ શેખ જણાવેલુ અને તેને એવુ પણ જણાવેલુ કે અમદાવાદમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં બોમ્બવાળી સાઇકલો આરોપી નં.૩૭ કયામુદ્દિન કાપડીયાના કહેવા પ્રમાણે આરોપી નં.૨૩ એૈયાઝ સૈયદ તથા આરોપી નં.૭૫ આલમજેબ આફ્રીદીએ

ત્રણ સાઇકલો આપેલી અને તે સાઇકલો અંબર ટાવરના બ્લોક નં.એ ની નીચે પાર્કીંગની જગ્યામાં તથા નારોલ સર્કલ ઉપર આવેલ હનુમાનજીના મંદિર પાસે મુકેલી તે જગ્યાઓ બતાવેલી અને તેનુ પંચનામુ કરેલુ. આંક–૬૮૦૮ વાળા પંચનામામાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસના પેરા–૩૮ ધ્યાને લઈએ તો તા. ૧૪. ૧૨.૨૦૦૮ ના રોજ આરોપી મુજીબ મણીનગર પોલીસ સ્ટેશનના ગુનામાં તપાસ કરનાર અધિકારી મયુર ચાવડાના કબજામાં હતો તો તે કહી શકે તેમ નથી. તા.૧૧.૮.૨૦૧૨ ના રોજ આરોપી મુજીબે સાઇકલ મુકેલાની જગ્યા બતાવેલાનું પંચનામુ રૂબરૂમાં કરવામાં આવેલાની હકીકત કબૂલ કરવામાં આવે છે જેથી એવુ ચોકકસપણે કહી શકાય કે આરોપી મુજબી શેખ કે જે મરણ ગયેલ છે તેને આંક–૬૮૦૮ વાળા પંચનામાની હકીકત જણાવેલી અને તે પંચનામાની વિગતવાળુ પંચનામુ બનાવવામાં આવેલુ હતુ. વધુમાં ઊલટતપાસના પેરા–૬૧ ધ્યાને લઈએ તો આંક–૬૮૦૮ વાળુ પંચનામુ જે જગ્યા બતાવવા અંગેનુ કરેલુ તે પહેલા તે અંગેનો પુરાવો અન્ય તપાસનીશ અધિકારીની તપાસમાં ખુલેલો કે કેમ? તે અંગેનો પુરાવો પંચનામુ કર્યું ત્યારે મળેલો નહીં.

આંક–૬૮૦૮ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે, "પોતે પોતાનુ નામ મુજીબ શેખ જણાવેલુ અને કયામુદ્દીન કાપડીયાના કહેવા મુજબ આલમજેબ આફ્રીદી તથા એૈયાઝ સૈયદે બોમ્બવાળી સાઇકલો આપેલી અને તે સાઇકલો જયાં મુકેલી તે જગ્યા બતાવવા માંગુ છું" તથા "આરોપીએ સરકારી વાહનમાં બેસીને રસ્તો બતાવેલો તથા તે અંબર ટાવરના પાર્કીંગ પાસે જઈ પાર્કીંગવાળી જગ્યા બતાવેલી" તથા "નારોલ સર્કલ પાસે હનુમાનદાદાના મંદિર પાસેની જગ્યા બતાવેલી" વિગેરે પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપીએ પોતે આપેલ માહિતી પ્રમાણેની જે–જે જગ્યાએ આવેલી હતી તે જગ્યાઓનું ત્યાં અસ્તિત્વ છે જેથી તે હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય. આ ઉપરાંત આ જગ્યાઓ

ઉપર આરોપી ગયેલો હતો, આ જગ્યાની માહીતી આરોપીને હતી માટે પંચો તથા તપાસ કરનાર અધિકારીને આરોપી આ જગ્યા ઉપર લઇ ગયેલો, આ જગ્યા ઉપર દોરી જવાનુ આરોપીનુ વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે નલીનભાઈ જયંતીલાલ જાડાવાલાને સાહેદ નં.૧૦૮૨ તરીકે આંક–૭૩૮૬ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૨૪/૩/૨૦૧૬ ના રોજ તેઓ જગન્નાથ મંદિરથી ગાયકવાડ હવેલી થઇ જતા હતા ત્યારે પોલીસે ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનમાં બોલાવેલા. આ સાહેદ ઑફિસમાં ગયા ત્યારે એક અધિકારી હતા, બીજા એક ભાઇ બેઠેલા હતા, સ્ટાફના માણસો હતા અને આ સાહેદને કહેવામાં આવેલું કે આ આરોપી બોમ્બ બ્લાસ્ટના કેસનો છે અને ખાડીયામાં બોમ્બ બ્લાસ્ટ થયેલા તેના પંચનામામાં રહેવા સંમત છો? તો હા પાડેલી. આરોપીને આ સાહેદે પ્રથમ નામ પુંછેલું તો આરોપીએ તેનું નામ મોહમદ રફિક ઉર્ફે આલમજેબ જણાવેલું અને જુહાપુરાનો રહેવાસી હોવાનું જણાવેલું અને આરોપીએ બોમ્બ બ્લાસ્ટમાં ઉપયોગમાં લીધેલી સાઇકલો બતાવવાનું જણાવેલું. બોમ્બ બ્લાસ્ટ પહેલા સાઇકલો કયાં મુકેલી હતી તે બતાવવાનું પણ જણાવેલું. અધિકારી, બીજા માણસો, બીજા પંચ, આ સાહેદ તથા આરોપી બધા નીચે આવ્યાં. ત્યારબાદ ગેટની બહાર આવેલા અને ત્યાં એક સરકારી વાહન હતું. ત્યારબાદ સરકારી વાહનમાં આ સાહેદ, બીજા પંચ, અધિકારી, સ્ટાફના માણસો તથા આરોપી તે વાહનમાં બેઠેલાં. વાહનમાં બેઠા પછી સાહેબે કહેલું કે હવે "કયાં જવાનું છે તે અમને બધાને બતાવ." ત્યારબાદ મેઇને ગેટની બહાર આરોપીએ "જમણી બાજુ ઇશારો કરેલો." ત્યાંથી તે બોલતા ગયેલા અને તે પ્રમાણે વાહન લઇ ગયેલાં અને વાહન જમાલપુર માર્કેટના પુલ ઉપર થઇને એન.આઇ.ડી. થઇને, મહાલક્ષ્મી છ રસ્તા બાજુ તેણે બતાવ્યા પ્રમાણે ગયેલાં. ત્યાંથી આગળ ધીરે ધીરે ગુમાનગર તરફ આગળ વધેલાં. ત્યાંથી જુહાપુરા સર્કલ પાસે ગાડી સાઇડમાં આવેલા સર્વિસ રોડ ઉપર લેવડાવેલી અને ત્યાં આગળ જતા પોલીસ ચોકી પાસે આરોપીએ "ગાડી ઉભી રખાવેલી." ત્યાં બધા નીચે ઉતરેલાં. આરોપી

આગળ જયાં સાઇકલો મુકેલી હતી ત્યાં લઇ ગયેલા. ત્યાં બધા અંદર ગયેલા અને આરોપીએ જણાવેલું કે "મે આ પાર્કિંગમાં એક સાઇકલ મુકેલી." આ જગ્યા યુનિક એપાર્ટમેન્ટની હતી. ત્યાંથી બધા ગાડીમાં બેઠેલાં. ત્યારબાદ આરોપીના કહેવા પ્રમાણે સરખેજ તરફ થોડે આગળ ગાડી લીધેલી. ત્યારબાદ આરોપીએ ગાડી યુ–ટર્ન વળાવેલી અને થોડે દુર ગયા પછી જણાવેલું કે "અહીંયા મે બીજી સાઇકલ મુકેલી હતી તે જગ્યા બતાવું." તે જગ્યા અંબર ટાવરની હતી. અંબર ટાવરમાં ગયા પછી આરોપીએ "એ" બ્લોક બતાવેલો." ત્યારબાદ બધા ત્યાંથી ગાડીમાં બેસેલા અને બધુ લખાવતા પણ હતાં. ત્યાંથી આરોપીએ ગાડી વિશાલા સર્કલ તરફ ગાડી લેવડાવેલી. ત્યાંથી આગળ નારોલ સર્કલ તરફ ગયેલા અને ત્યાં "આરોપીએ ગાડી ઉભી રખાવેલી." ત્યાં બધા નીચે ઉતરેલાં. ત્યાં આરોપીએ કહેલું કે "હનુમાનજીના મંદિર પાસે આ સાઇકલો અમે મુકેલી." ત્યારબાદ આરોપીએ કયામુદ્દિન નામના કોઇ માણસને સાઇકલો આપેલી તે જગ્યા બતાવેલી. આ કાર્યવાહીનું પંચનામુ બનાવવામાં આવેલુ જે આંક–૭૩૮૭ વાળા પંચનામામાં સાહેદ પોતાની તથા તેમની સાથેના પંચની સહીઓ ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પ્રથમ જે જગ્યા ઉપર ગયેલા તે જગ્યા પાસે પોલીસ ચોકી હતી તે ચોકી કેવી હતી તે ચોકકસ કહી શકે નહીં. તે જગ્યાએ યુનીક એપાર્ટમેન્ટ હતુ તે કબૂલ કરે છે. પાર્કીંગમાં કેટલા બ્લોક હતા તે કહી શકે નહીં. ગેટમાંથી દાખલ થયા બાદ ૧૫–૨૦ ડગલા પછી સાઇકલવાળી જગ્યા બાતાવેલી. જે જગ્યાએ સાઇકલ મુકેલાનું જણાવેલુ તે જગ્યાની આજુબાજુનું વર્ણન લખાવેલુ નહીં. અંબર ટાવરના કેટલા બ્લોક હતા તેનો ખ્યાલ નથી. બંને બ્લોકમાં આગળના ભાગે દુકાનો છે તેની ખબર નથી. અંબર ટાવરના બંને બ્લોક તથા કમ્પાઉન્ડ વોલ વચ્ચે પાર્કીંગ હોય તો ખબર નથી. જે જગ્યાએ સાઇકલો મુકેલાનું જણાવેલુ તે જગ્યાએ પાર્કીંગનો વિસ્તાર કેટલો હતો તે લખાવેલુ નહીં. હનુમાનજીનું મંદિર સરખેજ થી નારોલ ચાર રસ્તા જઈએ ત્યારે ડાબી તરફ આવે તે કબૂલ કરે છે. મંદિરને લાગીને રોડ આવેલા છે તે કબૂલ કરે છે. મંદિરની પાછળ લારીઓવાળા ઉભા રહેતા હોય તો ખબર નથી.

ત્રણેય જગ્યાએ સાઇકલો કઈ તારીખે મુકેલી તે તારીખ આરોપીને પુછેલી નહીં. આરોપી કઈ જગ્યા ઉપર લઈ જવા માંગે છે તે પોલીસ સ્ટેશનમાંથી નીકળતા પહેલા જણાવેલુ નહીં. સાઇકલોવાળી જગ્યાની જાણકારી પોલીસ અધિકારીને પહેલાથી હતી કે કેમ તેની પુછપરછ કરેલી નહીં. પંચનામુ આ સાહેદ તથા કલ્પેશભાઈ વારાફરતી લખાવતા હતા. પંચનામામાં કલ્પેશભાઈએ શું લખાવ્યુ તે પંચનામુ જોઈને કહી શકે નહીં. પોલીસ સ્ટેશનમાં તૈયાર પંચનામામાં સહી કરેલાની હકીકત નકારી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાથે મદદમાં રહેનાર અધિકારી સાહેદ નં.૧૧૧૬ કનુભાઈ નરોત્તમ પટેલનાઓએ ખાડીયા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં.૭૧/૨૦૦૮ નાં કામે તા.૨.૪.૨૦૧૬ ના રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ કલ્પેશ કિશોરકુમાર ઓઝાનાઓને ક્રાઇમ બ્રાન્ચની કચેરીએ બોલાવેલા. ત્યાં આરોપી નં.૭૫ મોહમદ રફીક ઉર્ફે જાવીદ હાજર હતો. પંચોએ તેનુ નામ ઠામ પુછેલુ અને તે કંઈ કહેવા અને બતાવવા માંગતો હતો. જેથી તપાસ કરનાર અધિકારી પોતે, પંચો, પોલીસ સ્ટાફ તથા આરોપીને લઈ આરોપીના બતાવ્યા મુજબના રસ્તે ગયેલા અને આરોપીએ જણાવેલુ કે જુલાઈ–૨૦૦૮ મા અમદાવાદમાં જે સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવો બનેલા તેમા ઉપયોગમાં લેવાયેલ સાઇકલો મે તથા કયામુદીન કાપડીયા તથા મુજીબ શેખ તથા એૈયાઝ સૈયદનાઓએ જે જગ્યાઓ ઉપર મુકેલી તે જગ્યાઓ બતાવવાની તૈયારી બતાવેલી અને તેને અંબર ટાવરના પાર્કીંગવાળી જગ્યા તથા નારોલ સર્કલ પાસે આવેલ હનુમાનજીના મંદિર પાસેની જગ્યા બતાવેલી અને તેનુ પંચનામુ આંક–૭૩૮૭ વાળુ બનાવવામાં આવેલુ.

આંક–૭૩૮૭ વાળુ પંચનામુ બનાવનાર તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૧૬ કનુભાઈ નરોત્તમ પટેલની જુબાનીના પેરા નં.૪ ધ્યાને લઈએ તો તા.૨૩/૪/૨૦૧૬ ના રોજ મહંમદ રફીક ઉર્ફે જાવિદ ઉર્ફે આલમજેબ આફ્રીદી સન/ઓફ મસકુર અહેમદનાઓની પુછપરછ કરતા આ આરોપી પોતાની સ્વખુશીથી કંઇક કહેવા તથા બતાવવા માગતો હોઇ પંચનામુ કરવા માટે બે

પંચોને બોલાવેલ અને પંચોએ પંચમાં રહેવાની સ્વખુશી બતાવેલી અને પંચોની રૂબરૂમા આરોપીનું નામ ઠામ પુછેલુ. ત્યારબાદ આરોપીએ પંચો રૂબરૂ જણાવેલ કે "જુલાઈ–૨૦૦૮ના સીરીયલ બ્લાસ્ટ થયેલ ત્યારે ઉપયોગમાં લેવાયેલ સાઇકલો મેં તથા કયામુદ્દીન કાપડીયા, મુજીબ અને એૈયાઝ સૈયદે જે જગ્યાએ મુકેલ તે બતાવવા માગુ છું" ત્યારબાદ ડ્રાઇવરને સુચના આપેલ કે આરોપી કહે તે મુજબ વાહન હંકારવુ ત્યારબાદ આરોપીએ જે જે જગ્યા બતાવી તે તે જગ્યા પર ગયેલા અને તે અંગેની વિગતવાર નોંધ પંચોએ પંચનામામાં લખાવેલી. આંક–૭૩૮૭ વાળા પંચનામામાં પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે. તેઓની ઊલટતપાસના પેરા–૧૦ ધ્યાને લઈએ તો ખાડીયા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી. નં.૭૧/૨૦૦૮ તથા સરખેજ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં. ૧૮૧/૨૦૦૮ નાં કામે અગાઉના તપાસ કરનાર અધિકારીઓ ગુનાવાળી જગ્યાઓ ઉપર આરોપીઓને કે અન્ય કોઈ વ્યકિતને લઈ જઈને તપાસ કરી હોય તો ખબર નથી. આંક–૭૩૮૭ વાળુ પંચનામુ આરોપીના કહેવા અને બતાવ્યા પ્રમાણે બનાવેલુ નથી તો તે હકીકત નકારી છે.

આંક–૭૩૮૭ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "પોતે પોતાનુ નામ સરનામુ જણાવેલુ અને કયામુદ્દીન કાપડીયા, મુજીબ શેખ, એૈયાઝ સૈયદ તથા પોતે બોમ્બવાળી સાઇકલો જયાં મુકેલી તે જગ્યા બતાવવા માંગુ છું" તથા "આરોપીએ સરકારી વાહનમાં બેસીને રસ્તો બતાવેલો તથા તે અંબર ટાવરના પાર્કીંગ પાસે જઈ પાર્કીંગવાળી જગ્યા બતાવેલી" તથા "નારોલ સર્કલ પાસે હનુમાનદાદાના મંદિર પાસેની જગ્યા બતાવેલી" વિગેરે પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપીએ પોતે આપેલ માહિતી પ્રમાણેની જે જે જગ્યાએ આવેલી હતી તે જગ્યાઓનું ત્યાં અસ્તિત્વ છે જેથી તે હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય. આ જગ્યાઓ ઉપર આરોપી ગયેલો હતો અને આ જગ્યાઓની માહિતી આરોપીને

હતી માટે પંચો તથા તપાસ કરનાર અધિકારીને આ જગ્યા ઉપર આરોપી દોરી ગયેલો, જગ્યા ઉપર દોરી જવાનુ આરોપીનુ વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે સંતોષસીંગ વિશ્રામસીંગ રાજપુતને સાહેદ નં.૧૧૦૨ તરીકે આંક–૭૭૯૭ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૧/૫/૨૦૧૬ ના રોજ આ સાહેદને પોલીસે ગાયકવાડ હવેલીમાં ક્રાઇમ બ્રાન્ચની ઓફિસે લગભગ એક વાગ્યે બોલાવેલા. આ સાહેદ ત્યાં ગયા પછી ત્યાં એક બીજો માણસ પણ આવેલો. ત્યાં એક કે.એન. પટેલ સાહેબ હાજર હતાં. સાહેબે કહેલું કે,સને–૨૦૦૮ની સાલના બોમ્બ બ્લાસ્ટના કેસમાં એક આરોપીને પકડેલ છે અને તે કાંઇ કહેવા અને બતાવવા માંગે છે તો પંચમાં રહેશો? જેથી પંચમાં રહેવાની હા પાડેલી. ત્યાં બીજા બે–ત્રણ પોલીસના સાહેબો હતા અને એક આરોપી હતો. ત્યાં સાહેબોએ આરોપીનું નામ પુંછેલું તો તેણે તેનું નામ રફિક ઉર્ફે જાવીદ કહેલું. ત્યારપછી આ સાહેદે તેને પુંછેલું કે શું છે? તો આરોપીએ કહેલું કે "અમે લોકોએ જાન્યુઆરી–૨૦૦૮માં બોમ્બ બ્લાસ્ટની ટ્રેનીંગ લીધેલી અને તે જગ્યા અમે બતાવવાના છીએ." ત્યારપછી કે.એન.પટેલ સાહેબ અને બધા બહાર નીકળેલા અને બહાર નીકળીને સુમો ગાડીમાં બેઠેલા. આરોપીએ ડ્રાઇવરને કહેલું કે "ગાડી હાલોલ–પાવાગઢ સાઇડે લઇ લ્યો". ત્યાંથી જમાલપુર થઇ નારોલ ત્યાંથી એકસપ્રેસ હાઇવે ત્યાંથી વડોદરા અને ત્યાંથી પાવાગઢ તરફ ગયેલા અને રસ્તામાં હાલોલ ચોકડી આવેલી ત્યાં ગાડી આરોપીએ ઉભી રખાવેલી ત્યાં બધા નીચે ઉતરેલા અને આજુબાજુ જોયેલું અને ત્યારપછી પાછા ગાડીમાં બેઠેલા અને ગાડી પાવાગઢ રોડ તરફ લેવા જણાવેલું. પાવાગઢ મેઇન રોડ ઉપર એક દરગાહ હતી અને ત્યાં આરોપી દરગાહ ઉપર લઇ ગયેલો અને આ દરગાહ ઉપર "ખુંદપીરનું" બોર્ડ લાગેલું હતું. લોકો બધા અંદર ગયેલાં. ત્યાં અંદર એક માણસ મળેલો અને તે ત્યાં દેખરેખ રાખતો હતો. અંદર એક હેન્ડપંપ હતો અને આગળ ધર્મશાળા જેવું બનેલું હતું. આરોપીએ ત્યાં કહેલું કે, "અમે અહીંયા હાથ–પગ ધોઇને નમાજ પઢતા હતાં." તે બધું જોઇને બધા પાછા નીકળતા હતા ત્યારે ત્યાં દેખરેખ રાખનાર માણસે તેની

પાસેના ચોપડામાં સાહેબની, આરોપીની અને બધા લોકોની સહીઓ કરાવેલી. ત્યાં એક પાછળનો દરવાજો આરોપીએ બતાવેલો અને જણાવેલું કે "અહિંયાથી અમારી ગાડીની અવરજવર રહેતી હતી અને અમે આવતા જતા હતાં." ત્યારબાદ બહાર નીકળીને આરોપીએ "આગળ ગાડી હાંકવાનું કહેલું." બધા ગાડીમાં બેઠેલા અને આગળ એકમીનારવાળી મસ્જિદ ઉપર આરોપી લઇ ગયેલાં. આ મસ્જિદ એકમીનાર વાળી મસ્જિદ હતી અને ત્યાં આરોપીએ કહેલું કે "અહિંયા અમે નમાજ પઢતા હતાં." ત્યારબાદ બધા ત્યાંથી બહાર આવેલા અને આરોપીએ "ત્યાંથી આગળ જવાનું કહેલું." આ મસ્જિદ ઉપર એક માણસ પણ મળેલો હતો જે ત્યાં દેખરેખ રાખતો હતો. ત્યારબાદ બધા ગાડીમાં બેસી ગયેલાં અને આરોપીએ કહેલું કે "વાવ તરફ લઇ લ્યો." બધા લોકો ત્યાં ગયેલાં. ત્યાં આરોપી લઇ ગયેલો અને બધા ગાડીમાંથી નીચે ઉતરેલાં. તે જગ્યા વાવ હતી. ત્યારબાદ ત્યાંથી બધા થોડે આગળ ચાલેલાં. ત્યાં આગળ આરોપીએ "એક જગ્યા બતાવેલી" અને જણાવેલું કે "અમે અહીંયા તંબુ બાંધીને ટ્રેનીંગ કરતા હતાં." ત્યાંથી થોડે આગળ જંગલ જેવા રસ્તે લઇ ગયેલા. ત્યાં એક તળાવ હતું અને ત્યાં જઇને કહેલું કે, "અમે અહિંયા સ્વીમીંગની ટ્રેનીંગ લેતા હતાં." ત્યાંથી બધા બહાર આવેલા અને આગળ પાવાગઢ તરફ લઇ જવા જણાવેલું. ત્યાંથી બધાને એક જગ્યાએ લઇ ગયેલો અને "તે જગ્યા ઉપર બાઇકની ટ્રેનીંગ કરતા હતાં અને ત્યાં કબુતરખાના જેવું હતું અને સુમસામ એરીયા હતો." આ કાર્યવાહીનું પંચનામુ બનાવવામાં આવેલુ જે આંક–૭૭૯૮ થી રજૂ છે આ પંચનામામાં સાહેદ પોતાની તથા તેમની સાથેના પંચની તેમજ રૂબરૂ તરીકે સાહેબની સહીઓ ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો કે.એન.પટેલ સાહેબને કયારેય જોયેલા નહીં અને તેમને ઓળખતા ન હતા. સાહેબે એવુ કહેલુ નથી કે અમારા ઓફિસરો અત્યાર સુધીમાં ૫–૬ વખત પાવાગઢ–હાલોલ જઈ આવ્યા છે અને ફરી જવાનું છે. બહારગામ જઈને ૨–૩ કલાકમાં પાછુ આવવાનું છે તેવુ સાહેબે કહેલુ. સાહેબે કહેલુ કે, આરોપી જગ્યા બતાવવાનો છે અને હાલોલ/ પાવાગઢ ખાતે જવાનું છે માટે ૨–૩ કલાક થશે. અમદાવાદ થી હાલોલ/

પાવાગઢ ૧૫૦ થી ૧૭૫ કી.મી. દુર છે તે કબૂલ કરે છે. ત્રણ કલાકમાં જઈને આવી ન શકાય તે કબૂલ કરે છે. બંને પંચોને પાવાગઢ મુકામે પોલીસ મુકીને આવતા રહેલા હોય તેવુ બન્યુ નથી. હાલોલ થી પાવાગઢ કઈ દિશામાં આવ્યુ તેની ખબર નથી. દરગાહ ઉપર કયારેય ગયેલા નથી. મસ્જિદની અંદર કયારેય ગયેલા નથી. દરગાહ પાસે આવેલી ધર્મશાળાને ખોલીને અંદર ગયેલા નહીં. ધર્મશાળા દુરથી બતાવેલી તે કબૂલ કરે છે. આ પ્રશ્નનો અર્થ એવો થાય કે આ સાહેદ તથા બીજા પંચ તથા આરોપીને લઈ તપાસ કરનાર અધિકારી દરગાહ ઉપર ગયેલા હતા. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો તારની વાડ, વાવ પાસે હોય અને તેને તોડીને અથવા નીચે થઈને ઉપર ગયેલા હોય તેવુ બનેલુ નથી. વાવના ગેટની બાજુમાં પગદંડીવાળા રસ્તે પહાડ ઉપર ગયાનું યાદ નથી. પરંતુ સાહેદ જણાવે છે કે પહાડ ઉપર ગયેલા. ત્યાં જે તળાવ હતુ તે મોટુ ન હતુ પરંતુ ખાડો હતો તેમ જણાવે છે. પંચનામુ બંને પંચોએ લખાવેલુ. કોઈ સ્થળેથી દસ્તાવેજો કબજે કર્યા હોય તેવુ બન્યુ નથી . સ્થળો ઉપર કોઈ ફોટોગ્રાફી કે વિડીયોગ્રાફી કરી હોય તેવુ બન્યુ નથી. તમામ જગ્યાઓ ઉપર કોઈપણ માણસ જઈ આવી શકે તેવી જગ્યાઓ હતી. સરતપાસમાં જણાવ્યા મુજબ પંચનામાની કાર્યવાહી થયેલી નથી અને તૈયાર પંચનામામાં સહી કરી છે તે હકીકત નકારી છે. ડ્રાઈવરને ક્રાઈમ બ્રાન્ચથી નીકળતી વખતે જે સુચના આપેલી તે સુચનાનો તેને અમલ કરેલો તેમ જણાવે છે. વાહનના ડ્રાઈવરને વાહન પાવાગઢ નજીક લઈ જવા સુચના આપેલી તે કબૂલ કરે છે. તે જગ્યા ઉપર પહોચ્યા ત્યાં સુધી વચ્ચે ગાડી ઉભી રાખેલી નહીં તો તે હકીકત નકારી છે. ત્યાં બે ધર્મશાળા હતી તે પૈકી એક તુટેલી હાલતમાં હતી અને બીજી સારી હતી. મુખ્ય રોડથી એકમીનાર મસ્જિદ કેટલી અંદર હશે તે કહી શકે નહીં. મુખ્ય રોડથી વાવ કેટલી અંદર હશે તે પણ કહી શકે નહીં. મુખ્ય રોડથી તંબુવાળી જગ્યા કેટલી અંદર હશે તે પણ કહી શકે નહીં. હાલોલ થી પાવાગઢનો રસ્તો બે વાહનો પસાર થઈ શકે તેટલો પહોળો છે તે કબૂલ કરે છે. કબુતરખાના પાસે રોડ તેટલો જ પહોળો છે તો તે હકીકત નકારી

છે. દરગાહ અને વાવ છોડી તે વખતે પંચનામામાં સહી કરેલી નહીં. પોલીસના કહેવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૧૬ કનુભાઈ નરોત્તમ પટેલનાઓએ ખાડીયા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં.૭૧/૨૦૦૮ ના કામે તા.૧.૫.૨૦૧૬ ના રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ જયોતસિંહ રામસેવકસિંહ તોમરનાઓને ક્રાઈમ બ્રાન્ચની કચેરીએ બોલાવેલા. ત્યાં આરોપી નં.૭૫ મોહમદ રફીક ઉર્ફે જાવીદ હાજર હતો. પંચોએ તેનુ નામ ઠામ પુછેલુ અને તે કંઈ કહેવા અને બતાવવા માંગતો હતો. જેથી તપાસ કરનાર અધિકારી પોતે, પંચો, પોલીસ સ્ટાફ તથા આરોપીને લઈ આરોપીના બતાવ્યા મુજબના રસ્તે ગયેલા અને આરોપીએ જણાવેલુ કે જાન્યુઆરી–૨૦૦૮ મા પાવાગઢ–હાલોલ ખાતેના જંગલોમાં પોતે તથા પોતાના સાથીદારો સાથે આતંકવાદી તાલીમ કેમ્પ યોજી તાલીમ લીધેલી અને પોતાને પાવાગઢ લઈ જવામાં આવે તો તે તાલીમવાળી જગ્યા બતાવી શકે. જેથી આરોપીએ ખુંદપીર દરગાહવાળી જગ્યા, હેલીકૈલ વાવવાળી જગ્યા અને ત્યાંથી ઉપર પહાડવાળી જગ્યા, એકમીનાર મસ્જિદવાળી જગ્યા, કબુતરખાનાવાળી જગ્યા વિગેરે જગ્યાઓ બતાવેલી તેનુ પંચનામુ આંક–૭૭૯૮ વાળુ બનાવવામાં આવેલુ.

આંક–૭૭૯૮ વાળુ પંચનામુ બનાવનાર તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૧૬ કનુભાઈ નરોત્તમ પટેલની જુબાનીના પેરા નં.૪ ધ્યાને લઈએ તો તા.૧/૫/૨૦૧૬ ના રોજ મહંમદ રફીક ઉર્ફે જાવિદ ઉર્ફે આલમજેબ આફ્રીદી સન/ઓફ મસકુર અહેમદનાઓની પુછપરછ ચાલુ હતી ત્યારે આ આરોપી પોતાની સ્વખુશીથી કંઇક કહેવા તથા બતાવવા માગતો હોઇ પંચનામુ કરવા માટે બે પંચોને બોલાવેલ અને પંચોએ પંચમાં રહેવાની સ્વખુશી બતાવેલી અને પંચોની રૂબરૂમા આરોપીનું નામ ઠામ પુછેલુ. ત્યારબાદ આરોપીએ પંચો રૂબરૂ જણાવેલ કે "જાન્યુઆરી–૨૦૦૮માં પાવાગઢ હાલોલ ખાતેના જંગલોમાં પોતાના સાથીદારો સાથે આંતકવાદી તાલીમ કેમ્પ યોજી તાલીમ લીધેલ અને પોતાને

પાવાગઢ નજીક લઇ જવામાં આવે તો પોતે તાલીમ લીધેલી જગ્યા બતાવી શકે અને કેમ્પમાં જે કંઇ કાર્યવાહી કરેલ તે બતાવી શકું". ત્યારબાદ આરોપી, પંચો તથા પોલીસ સ્ટાફ સાથે આરોપીએ બતાવ્યા મુજબની જગ્યા પર ગયેલા જે જગ્યા હાલોલ–પાવાગઢ રોડ ઉપર ખુંદપીર દરગાહ બતાવેલી ત્યારબાદ મીનારા મસ્જિદ બતાવેલી ત્યારબાદ હેલીકૈલ વાવ બતાવેલી ત્યારબાદ કબુતરખાના વાળી જગ્યા બતાવેલી. આ જગ્યા ઉપર પંચનામું કરવામાં આવેલું. આંક–૭૭૯૮ વાળા પંચનામામાં પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે. તેઓની ઊલટતપાસના પેરા ૧૪ ધ્યાને લઈએ તો આંક–૭૭૯૮ વાળુ પંચનામુ આરોપીના કહેવા અને બતાવ્યા પ્રમાણે બનાવેલુ નથી તો તે હકીકત નકારી છે.

આંક–૭૭૯૮ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે, પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "પોતે પોતાનુ નામ સરનામુ જણાવેલુ" તથા "જાન્યુઆરી ૨૦૦૮ મા પાવાગઢ હાલોલ ખાતેના જંગલોમાં પોતાના સાથીદારો સાથે આંતકવાદી તાલીમ કેમ્પ યોજી તાલીમ લીધેલ અને પોતાને પાવાગઢ નજીક લઇ જવામાં આવે તો પોતે તાલીમ લીધેલી જગ્યા બતાવી શકે અને કેમ્પમાં જે કંઇ કાર્યવાહી કરેલ તે બતાવી શકું" તથા "આરોપીએ ખુંદપીર દરગાહવાળી જગ્યા, હેલીકૈલ વાવવાળી જગ્યા અને ત્યાંથી ઉપર પહાડવાળી જગ્યા, એકમીનાર મસ્જિદવાળી જગ્યા, કબુતરખાનાવાળી જગ્યા વિગેરે જગ્યાઓ બતાવેલી" વિગેરે પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપીએ પોતે આપેલ માહિતી પ્રમાણેની જે જે જગ્યાએ આવેલી હતી તે જગ્યાઓનું ત્યાં અસ્તિત્વ છે જેથી તે હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય. આરોપી આ જગ્યાઓ ઉપર ગયેલો ત્યાં ટ્રેનીંગ લીધેલી હતી, આરોપીએ આ જગ્યાઓ જોયેલી હતી અને તમામ જગ્યાઓની તેને માહિતી હતી માટે પંચો તથા તપાસ કરનાર અધિકારીને દોરીને આરોપી તે જગ્યા ઉપર લઇ ગયેલો, આ જગ્યાઓ ઉપર દોરી જવાનુ આરોપીનુ વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે નિતેશ ભીખાભાઈ રાજપુતને સાહેદ નં. ૧૧૦૭ તરીકે આંક–૭૯૩૬ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૨૭/૪/૨૦૧૬ ના રોજ તેઓ એલિસબ્રિજ જતા હતા ત્યારે વિકટોરીયા ગાર્ડન પાસે આ સાહેદ અને તેમના મિત્ર કૃણાલને બે પોલીસવાળાઓએ ઉભા રાખેલાં. ત્યાંથી ક્રાઇમ બ્રાન્ચની ઓફિસે લઇ ગયેલાં. ત્યાં આગળ ગયા ત્યારે ત્યાં પટેલ સાહેબ હતાં. પટેલ સાહેબે કહેલું કે આ આરોપી છે અને તે તમોને કાંઇક કહેવા અને બતાવવા માંગે છે તો તમે તેના પંચમાં ઉભા રહેશો? જેથી હા, પાડેલી. ત્યારબાદ આરોપીને પુંછતા તેણે પોતાનું નામ આલમજેબ આફ્રિદી જણાવેલું. આ સાહેદે આરોપીને પુંછેલું કે તમે શું કહેવા અને શું બતાવવા માંગો છો? તો તેણે કહેલું કે, "તા.૨૬/૦૭/૨૦૦૮ ના રોજ અમદાવાદમાં જે બોમ્બ બ્લાસ્ટ થયેલા તેમાં વપરાયેલા ગેસના સીલીન્ડર જયાંથી ખરીદ કરેલા તે જગ્યા બતાવવા માંગું છું". આરોપીએ એવું પણ કહેલું કે "તેણે તથા તેના બે મિત્રો અબ્દુલ રાજીક અને મુજીબ શેખનાઓએ ખરીદેલા હતાં". આ બધુ ત્યાં આગળ લખાવડાવેલું. લખાવ્યા પછી ત્યાં સહી કરેલી અને સાહેબે પણ સહી કરેલી.

સાહેદે વધુમાં જણાવેલ છે કે, ત્યારબાદ બધા ત્યાંથી નીચે આવેલા અને સરકારી વાહનમાં આરોપી સાથે બેઠેલાં. સરકારી વાહનમાં આ સાહેદ, કૃણાલ, પટેલ સાહેબ, આરોપી અને બીજા ચાર પોલીસવાળાઓ બેઠેલાં. બેઠા પછી પટેલ સાહેબે ડ્રાઇવરને સુચના આપેલી કે આ આરોપી કહે તે પ્રમાણે ગાડી ચલાવજો. ગાડીમાં બેઠા પછી ગાડી ત્યાંથી બહાર કાઢેલી અને રાયખડ તરફથી લઇ વિકટોરીયા ગાર્ડન થઇ અને લાલ દરવાજા તરફ થઇ સીદી સૈયદની જાળી થઇ ઘી કાંટા ચાર રસ્તા થઇ કાલુપુર પોલીસ સ્ટેશન પાસે બાજુમાં કાલુપુર ટાવર તરફ જવાના રસ્તે થોડે આગળ ગાડી આરોપીએ ઉભી રખાવેલી. આ રસ્તો આલમજેબ આફ્રિદીએ બતાવેલો. ગાડી ઉભી રાખ્યા પછી બધા નીચે ઉતરેલા અને સામે એક સ્કૂલ છે તેના ઝાંપા પાસે ડ્રાઇવર સિવાય અમે બધા ગયેલાં ત્યાં આલમજેબ આફ્રિદીએ ઉભા રાખેલા અને જણાવેલું કે "સામે ડિલક્ષ કરીને ગેસ

સ્ટવની દુકાન બતાવેલી અને કહેલું કે તેની સાથેનો અબ્દુલ રાજીક ડિલક્ષમાં ગયેલો અને બીજો મુજીબ શેખ કાલુપુર ટાવર બાજુ ગયેલો અને થોડીવારમાં તે લોકો ગેસના બાટલા લઇને આવેલાં અને રીક્ષામાં બેસી બોટલ લઇ ચંડોળા તળાવ તરફ અલમહમદી સોસાયટીમાં ગયેલાં". આ બધી વાત ત્યાં લખાવડાવેલી. આમ આંક–૭૯૩૭ વાળા પંચનામામાં સાહેદ પોતાની તથા કૃણાલની સહીઓ ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો કાલુપુર ટાવરથી સ્વામિનારાયણ મંદિર ચાલતા જઈએ તો ૪ થી ૫ મિનિટ થાય તો તે હકીકત નકારી છે. આ સાહેદનું ઘર સ્વામિનારાયણ મંદિરની બાજુમાં છે તે કબૂલ કરે છે. પોલીસવાળાઓએ આ સાહેદની મોટર સાઇકલ વીકટોરીયા ગાર્ડન એલિસબ્રીજ પાસે રોકેલી તો તે હકીકત કબૂલ કરે છે. આરોપીઓ તરફથી આ કબૂલાત્મક પ્રશ્ન પુછવામાં આવેલો છે માટે અર્થ એવો થાય કે પોલીસવાળાઓએ આ સાહેદની મોટર સાઇકલ રોકેલી તે કબૂલ કરવામાં આવેલુ છે. આ સાહેદ તથા તેના મિત્રને રોકયા ત્યારે પોલીસે બીજા કોઈ માણસોને રોકેલા કે કેમ? તે ધ્યાનમાં નથી. પોલીસે જયાં રોકેલા ત્યાંથી ક્રાઈમ બ્રાન્ચની ઑફિસ દોઢેક કી.મી. દુર છે તેમ જણાવે છે. જયાં રોકેલા તે રસ્તા ઉપર લોકોની અને વાહનોની અવર જવર હોય છે તે કબૂલ કરે છે. ગાયકવાડ હવેલીની અંદર દુકાનો, મકાનો જોયેલા નથી. રસ્તાઓ ઉપર ઘણા બધા મકાનો, દુકાનો તથા વાહનોની અને લોકોની અવર જવર નથી તેવુ એટલા માટે કહે છે કે તે સ્થળે ગયેલા નથી તો તે હકીકત નકારે છે. "ડીલક્ષ" સ્ટવ નામની દુકાન કાલુપુર ટાવર પાસે આવેલી છે તો તે હકીકત નકારે છે, પરંતુ સાહેદે જણાવેલુ છે કે આ દુકાન કાલુપુર ટાવરથી અડધા કી.મી.ના ઓછા અંતરે છે. પંચનામાના દિવસે રવિવાર હતો કે કેમ? તેની ખબર નથી. તા. ૨૬.૭.૨૦૦૮ ના રોજ મુજીબ શેખ તથા અબ્દુલ રાજીક નામની વ્યકિતઓ ડીલક્ષ દુકાનેથી ગેસના બોટલ લઈ ગઈ છે તેવી ખાતરી માટે દુકાન ઉપર પોલીસ લઈ ગયેલી નહીં તે કબૂલ કરે છે. ડીલક્ષ સ્ટવની દુકાને જઈ ગેસના સીલીન્ડરો બતાવીને ખાતરી કરાવેલી નહીં. ડીલક્ષ સ્ટવ નામની દુકાન ઉપર

ગેસના સીલીન્ડરો વેચાય છે તેની ખાતરી કરવા જાતે ગયેલા નથી. આલમજેબ આફ્રીદી નામના માણસે કયારેય જોયેલો નહીં તે કબૂલ કરે છે. આ માણસ પોલીસ કસ્ટડીમાં કે પોલીસ રીમાન્ડ ઉપર કેટલા દિવસથી હતો તેની માહિતી મળેલી નહીં. તેને મારઝુડ કરેલી કે કેમ? તેવી કોઈ માહિતી પોલીસ તરફથી કે આરોપી તરફથી મળેલી નહીં. તૈયાર પંચનામામાં સહી કરેલાની હકીકત નકારેલી છે. પંચનામાવાળા સ્થળ ઉપર આરોપી લઈ ગયેલો નથી તે હકીકત પણ નકારેલી છે. ડીલક્ષ નામની દુકાન આરોપીએ બતાવેલ નથી તો તે હકીકત પણ નકારેલી છે. અબ્દુલ રાજીક ડીલક્ષ નામની દુકાન ઉપર જઈ શું કરીને આવેલો તેવી કોઈ હકીકત તમોને જણાવેલી નહીં તે પ્રશ્નના જવાબમાં સાહેદે જણાવેલુ છે કે તે સીલીન્ડર લઈને આવેલો તેવુ જણાવેલુ.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૧૬ કે.એન.પટેલનાઓએ ખાડીયા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં.૭૧/૨૦૦૮ ના કામે તા.૨૭.૪.૨૦૧૬ ના રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ કૃણાલ પંકજભાઈ ભટ્ટનાઓને ક્રાઈમ બ્રાન્ચ કચેરીએ બોલાવેલા અને ત્યાં આરોપી નં.૭૫ મહમદ રફીક ઉર્ફે જાવીદ ઉર્ફે આલમજેબ આફ્રીદીનાઓ હાજર હતા અને તેને પંચો રૂબરૂ તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ અમદાવાદ શહેરમાં જે બોમ્બ બ્લાસ્ટ થયેલા તે માટે બ્લાસ્ટમાં ઉપયોગમાં લેવાયેલ ગેસના સીલીન્ડરો આ આરોપી તથા મુજીબ શેખ તથા આરોપી નં.૨૭ અબ્દુલ રાજીકનાઓએ જે જગ્યાએથી ખરીદ કરેલ હતા તે જગ્યા બતાવવામાં માંગતા હોય તે જગ્યા ઉપર ગયેલા અને જગ્યાનું પંચનામાની વિગતે પંચનામુ આંક–૭૯૩૭ વાળુ લખવામાં આવેલુ. પંચનામુ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૧૬ કે.એન.પટેલનાઓએ આ હકીકત પોતાની જુબાનીના પેરા નં.૪ માં જણાવેલ છે કે ખાડીયા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં.૭૧/૨૦૦૮ ના કામે આરોપી નં.૭૫ મહમદ રફીક ઉર્ફે જાવેદ ઉર્ફે આલમજેબ આફ્રીદીની પુછપરછ કરેલી અને તેને પંચો રૂબરૂ જણાવેલુ કે જુલાઈ–૨૦૦૮ મા સીરીયલ બ્લાસ્ટ થયેલ તેમાં તેને પોતે, મુજીબ તથા આરોપી નં.૨૭ અબ્દુલ રાજીકે બ્લાસ્ટમાં ઉપયોગમાં લીધેલ ગેસના બોટલો જે

જગ્યાએથી ખરીદેલા તે જગ્યા બતાવવાની સ્વખુશી બતાવતા જગ્યા ઉપર જઈ આંક–૭૯૩૭ વાળુ પંચનામુ પંચો રૂબરૂ બનાવેલુ. આંક–૭૯૩૭ વાળા પંચનામામાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આ સાહેદની ઊલટતપાસના પેરા નં.૧૪ ધ્યાને લઈએ તો આંક–૭૯૩૭ વાળા પંચનામામાં આરોપીના કહેવા અને બતાવ્યા મુજબના પંચોની હાજરીમાં લખવામાં આવેલુ નથી તે હકીકત નકારેલી છે. આ સિવાય બીજી કોઈ હકીકત ઊલટતપાસ દરમ્યાન નીકળી આવતી નથી.

આંક–૭૯૩૭ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "પોતે પોતાનું નામ મહમદ રફીક ઉર્ફે જાવીદ ઉર્ફે આલમ જેબ આફ્રીદી જણાવેલુ તથા તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ અમદાવાદમાં થયેલ સીરીયલ બોમ્બ બ્લાસ્ટમાં ઉપયોગમાં લેવાયેલ ગેસના સીલીન્ડરો તેને પોતે મુજીબ શેખ તથા અબ્દુલ રાજીકનાઓએ ખરીદેલ તે જગ્યા બતાવુ" તથા "આરોપીના જણાવ્યા મુજબના રસ્તે વિકટોરીયા ગાર્ડન, લાલ દરવાજા થઈ કાલુપુર મ્યુનિસિપલ ગુજરાતી શાળા નં.૨/૧૭ ના ઝાંપા પાસે ગાડી ઉભી રખાવેલી અને ગેસ સીલીન્ડર ખરીદવા માટે જે દુકાને ગયેલા તે દુકાન બતાવેલી" વિગેરે પંચનામામાં જે કબૂલાત્મક હકીકતો છે તે આરોપી વિરૂધ્ધ પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપીએ આપેલી માહિતીના આધારે જગ્યા ઉપર જઈ જે દુકાન જોયેલ તે દુકાનની હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય. આ ઉપરાંત આરોપી આ જગ્યા ઉપર ગયેલો હતો જગ્યાની તેને માહિતી માટે પંચો તથા તપાસ કરનાર અધિકારીને આ જગ્યા ઉપર દોરી ગયેલો, આ દોરી જવાનુ આરોપીનુ વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે રાજેશભાઈ જાદવભાઈ ચૌહાણને સાહેદ નં.૧૧૧૪ તરીકે આંક–૭૯૯૯ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૨૬/૪/૨૦૧૬ ના રોજ આ સાહેદને ક્રાઇમ બ્રાન્ચની ઑફિસે બોલાવવામાં આવેલા. આ સાહેદ ક્રાઇમ બ્રાન્ચની ઑફિસે

પહોંચ્યો ત્યારે ત્યાં પટેલ સાહેબ સિવાય બીજા બે–ચાર પોલીસ અધિકારીઓ હતા, એક ભાઇ બેઠેલો હતો તે આરોપી હતો અને ત્યાં બીજા એક ભાઇ પણ બેઠેલા હતા અને તે ભાઇનું નામ દિનેશભાઇ હતું. પોલીસ અધિકારી સાહેબે એવી વાત કરેલી કે જે આરોપી બેઠેલો છે તે કાંઇક કહેવા, સમજાવવા અને બતાવવા માંગે છે. ત્યારબાદ આરોપીનું નામ પુંછેલું અને તેનું નામ આલમજેબ આફ્રિદી હતું. તે જુહાપુરા, અમદાવાદનો રહેવાસી હોવાનું જણાવેલું. આરોપીએ પોલીસ અધિકારી સમક્ષ એવું કહેલું કે "તેણે સાઇકલ અને બોમ્બ જયાંથી લીધેલા અને તે સાઇકલ અને બોમ્બ જે જગ્યા ઉપર મુકેલા તે જગ્યા હું તમને બતાવવા માંગું છું." ત્યારબાદ પોલીસ અધિકારી સાહેબે આરોપીને સુચના આપેલી અને ડ્રાઇવર સાથે બધા નીચે ગયેલાં. ત્યાં એક સરકારી વાહન નીચે ઉભેલું હતું. તે વાહનમાં બધા પોલીસ અધિકારી સાથે બેઠેલાં. ત્યારપછી પોલીસ અધિકારી સાહેબે સુચના આપેલી કે આરોપી જે જગ્યા બતાવે છે તે જગ્યાએ ગાડી લઇ લ્યો. ત્યાંથી ગાડી ડાબી બાજુ ટર્ન મારી દાણીલીમડા થઇ ચંડોળા તળાવ પાસે ગાડી લઇ ગયેલાં. આ રસ્તો આરોપીએ બતાવેલો. ચંડોળા તળાવ લઇ ગયા પછી ગાડી ઢાળ ઉતારી સહેજ આગળ જઇને ગાડી આરોપીએ "ઉભી રખાવેલી." આ જગ્યાએ એક નાનું મેદાન હતું અને એક સોસાયટી હતી. આ સોસાયટીનું નામ અલમહમદી હતું. આ સોસાયટી આરોપીએ બતાવેલી. ત્યાં આરોપીએ કહેલું કે "અહીંયાથી બોમ્બ અને સાઇકલ લીધેલા હતા" ત્યાંથી ગાડી ચાલુ કરેલી બધા પાછા ગાડીમાં બેઠેલાં. ત્યાંથી આરોપીએ ફરીથી બીજો રસ્તો બતાવેલો અને ગોમતીપુર થઇ શિતલ સિનેમા પાસે ગયેલા અને ત્યાં ગાડી ઉભી રખાવેલી. ત્યાં આરોપીએ કહેલું કે "અહીંયાથી અમોને સાઇકલ અને બોમ્બ મળેલાં." ત્યાંથી બધા ફરી ગાડીમાં બેઠેલા અને આરોપીએ ફરીથી બીજો રસ્તો બતાવેલો. ત્યાંથી બધા સોનીની ચાલીથી જમણી બાજુ રાજેન્દ્ર પાર્કની અંદર બાજુ લઇ ગયેલો. ત્યાં થોડે આગળ જઇ ગાડી ફરીથી વેરા ઉપર ઉભી રખાવેલી. ત્યાંથી ઉતરીને નજીક શાકમાર્કેટમાં આરોપી લઇ ગયેલો. ત્યાં બાજુમાં પોસ્ટ ઑફિસ હતી અને ત્યાં "બોમ્બ મુકેલો હતો તેવું અમોને જણાવેલું." ત્યાંથી આરોપીએ બધાને ફરીથી બીજી જગ્યા ઉપર

ગાડી લઇ જવાનું જણાવેલું. ત્યાંથી આરોપી બધાને ફરીથી ઠક્કરનગર ચાર રસ્તા પાસે યુ ટર્ન મારીને ગાડી આગળ એક જગ્યા ઉપર ઉભી રખાવેલી. આ જગ્યા ખોડીયાર નગર ચાર રસ્તા પાસે હતી અને તે ચોક્કસ જગ્યા મયુર ડેરીની સામે હતી. ત્યાં આરોપીએ કહેલું કે "અહિંયા પકોડીની લારીની નીચે બોમ્બ મુકેલો હતો." આ કાર્યવાહીનું પંચનામુ બનાવવામાં આવેલુ જે આંક–૮૦૦૦ થી રજૂ છે. આ પંચનામામાં સાહેદ પોતાની તથા દિનેશભાઈની તેમજ રૂબરૂ તરીકે સાહેબની સહીઓ ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ ગારમેન્ટનો ધંધો કરે છે અને ધંધાના હિસાબી ચોપડા રાખતા નથી. પંચનામામાં સહી કરી તે દિવસે ઓઢવ/વસ્ત્રાલમાં રહેતા હતા. તે દિવસે કોઈ કામકાજ હતુ નહીં તો તે હકીકત નકારી છે. પંચનામામાં સહી કરી તે દિવસે અજીતભાઈના કારખાને ગયેલા હતા. અજીતભાઈનું કારખાનુ ખમાસા ચાર રસ્તા પાસે જમાલપુર તરફ આવેલુ છે તે કબૂલ કરે છે. જમાલપુર દરવાજા તરફેના રસ્તે વાહનોની અને લોકોની અવર જવર ચાલુ હતી તે કબૂલ કરે છે. પોલીસે કહેલુ કે એક સરકારી કામ છે અને તમારે પોલીસ સ્ટેશને આવવુ પડશે. બીજા પંચ દિનેશ નાયકને અગાઉ જોયેલા નહીં. તેઓ શું કામ ધંધો કરતા હતા અને કયાં રહેતા હતા તેની ખબર નથી. જે આરોપી જોયેલો તેને અગાઉ કયારેય જોયેલો નહીં. આરોપી ઘણા સમયથી અમારી કસ્ડીમાં છે તેવુ પોલીસે કહેલુ નહીં. આરોપીને કયારથી અને કેવી રીતે પકડી લાવેલા તેની ખબર નથી. પંચનામુ કોના હસ્તાક્ષરમાં છે તેની ખબર નથી. બધુ લખાણ તૈયાર હતુ અને પંચનામામાં સહી કરેલી તો તે હકીકત નકારે છે. અલમહમદી સોસાયટીનું બોર્ડ મારેલુ હોય અને તે જોયુ હોય અને તે પંચનામામાં લખાવેલુ હોય તેવુ બનેલુ નથી તે કબૂલ કરે છે. સોસાયટીમા આવેલા મકાનો ઉપર નંબરો લખેલા હોય તો તે પંચનામામાં નથી તે કબૂલ કરે છે. પોલીસે આ સાહેદની હાજરીમાં અલમહમદી સોસાયટી ઉપર કોઈની પુછપરછ કરી હોય અને નિવેદન લીધુ હોય તેવુ બનેલુ નથી. સરતપાસમાં જણાવ્યા મુજબ પંચનામાની તારીખે કોઈ આરોપીના બતાવ્યા મુજબ પોલીસની સાથે સરકારી

વાહનમાં બેસી જુદી–જુદી જગ્યાઓ ઉપર ગયેલા હોય તેવુ બનેલુ નથી તો તે હકીકત નકારે છે. પોલીસે અજીતભાઈ સાથે કોઈ વાતચીત કરેલી નહીં. ૨૦૦૮ ની સાલમાં અમદાવાદમાં બોમ્બ બ્લાસ્ટ થયાની જાણકારી હતી. પોલીસ સ્ટેશનથી નીકળ્યા પછી આરોપીને છુટો મુકી દીધો હોય અને પંચો પાછળ પાછળ ગયા હોય તેવુ બન્યુ નથી. પોલીસના કહેવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૧૬ કનુભાઈ નરોત્તમ પટેલનાઓએ ખાડીયા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં.૭૧/૨૦૦૮ ના કામે તા.૨૬.૪.૨૦૧૬ ના રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ દિનેશ નાયકનાઓને ક્રાઇમ બ્રાન્ચની કચેરીએ બોલાવેલા. ત્યાં આરોપી નં.૭૫ મોહમદ રફીક ઉર્ફે જાવીદ હાજર હતો. પંચોએ તેનુ નામ ઠામ પુછેલુ અને તે કંઈ કહેવા અને બતાવવા માંગતો હતો. જેથી તપાસ કરનાર અધિકારી પોતે, પંચો, પોલીસ સ્ટાફ તથા આરોપીને લઈ આરોપીના બતાવ્યા મુજબના રસ્તે ગયેલા અને આરોપીએ જણાવેલુ કે, તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ જે બોમ્બ બ્લાસ્ટ અમદાવાદ શહેરમાં થયેલા તે બોમ્બ બ્લાસ્ટના ગુનામાં પોતે જે જગ્યાએથી બોમ્બ તથા સાઈકલ મેળવેલ અને જે જગ્યાએ બોમ્બ તથા સાઇકલ મુકેલ તે જગ્યાઓ બતાવવા માંગુ છું તેમ કહી આરોપીએ અલમહમદી સોસાયટીની પાસેની ખુલ્લી જગ્યા તથા સોસાયટીના નાકેથી ગોમતીપુર શિતલ સિનેમા પાસે ગયેલા તે જગ્યા તથા રાજેન્દ્ર પાર્ક ચાર રસ્તાથી આગળ વેરા પાસે આવેલ પોસ્ટ ઑફિસ પાસેની જગ્યા તથા ખોડીયારનગર મયુર ડેરી સામે શાક માર્કેટમાં પકોડીની લારી પાસેની જગ્યા વિગેરે જગ્યાઓ બતાવેલુ તેનુ પંચનામુ આંક–૮૦૦૦ વાળુ બનાવવામાં આવેલુ.

આંક–૮૦૦૦ વાળુ પંચનામુ બનાવનાર તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૧૬ કનુભાઈ નરોત્તમ પટેલની જુબાનીના પેરા નં.૪ ધ્યાને લઈએ તો તા.૨૬/૪/૨૦૧૬ ના રોજ મહંમદ રફીક ઉર્ફે જાવિદ ઉર્ફે આલમજેબ આફ્રીદી સન/ઓફ મસકુર અહેમદનાઓની પુછપરછ ચાલુ હતી ત્યારે આ

આરોપી પોતાની સ્વખુશીથી કંઈક કહેવા તથા બતાવવા માગતો હોઈ પંચનામુ કરવા માટે બે પંચોને બોલાવેલ અને પંચોએ પંચમાં રહેવાની સ્વખુશી બતાવેલી અને પંચોની રૂબરૂમા આરોપીનું નામ સરનામુ પુછેલુ. ત્યારબાદ આરોપીએ પંચો રૂબરૂ જણાવેલ કે "ગઈ તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ બોમ્બ બ્લાસ્ટ અમદાવાદ શહેરમાં થયેલા તે ગુનામાં પોતે જે જગ્યાએથી બોમ્બ તથા સાઈકલ મેળવેલ અને જે જગ્યાએ મુકેલ તે જગ્યા સ્વખુશીથી આગળ ચાલી બતાવવા માંગતો હોઈ" તેમ જણાવેલુ. ત્યારબાદ આરોપી, પંચો તથા પોલીસ સ્ટાફ સાથે આરોપીએ બતાવ્યા મુજબની જગ્યા પર ગયેલા જે જગ્યા નબીનગરથી અલમહમદી સોસાયટીમાં મકાન નં.૧૦ વાળી આવેલી હતી અને ત્યાં આરોપીએ અન્ય જગ્યા બતાવેલી તે જગ્યા શીતલ સિનેમાવાળી હતી ત્યારબાદ આરોપીએ રાજેન્દ્ર પાર્ક પાસે આવેલ વ્હેરા પાસેની પોસ્ટ ઑફિસ પાસે શાકભાજી માર્કેટ પાસે આવેલી જગ્યા બતાવેલી. ત્યારબાદ ખોડીયાર નગર મયુર ડેરી સામે શાકભાજી માર્કેટ વાળી જગ્યા પણ બતાવેલી. આંક–૮૦૦૦ વાળા પંચનામામાં પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે. તેઓની ઊલટતપાસના પેરા–૧૪ ધ્યાને લઈએ તો આંક–૮૦૦૦ વાળુ પંચનામુ આરોપીના કહેવા અને બતાવ્યા પ્રમાણે બનાવેલુ નથી તો તે હકીકત નકારી છે.

આંક–૮૦૦૦ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "પોતે પોતાનુ નામ સરનામુ જણાવેલુ" તથા " ગઈ તા.૨૬/૭/૨૦૦૮ ના રોજ બોમ્બ બ્લાસ્ટ અમદાવાદ શહેરમાં થયેલા તે ગુનામાં પોતે જે જગ્યાએથી બોમ્બ તથા સાઈકલ મેળવેલ અને જે જગ્યાએ મુકેલ તે જગ્યા સ્વખુશીથી આગળ ચાલી બતાવવા માંગુ છું" તથા "આરોપીએ અલમહમદી સોસાયટીની પાસેની ખુલ્લી જગ્યા તથા સોસાયટીના નાકેથી ગોમતીપુર શીતલ સિનેમા પાસે ગયેલા તે જગ્યા તથા રાજેન્દ્ર પાર્ક ચાર રસ્તાથી આગળ વેરા પાસે આવેલ પોસ્ટ ઑફિસ પાસેની જગ્યા તથા ખોડીયારનગર મયુર ડેરી સામે શાક માર્કેટમાં પકોડીની લારી પાસેની જગ્યા" વિગેરે પુરાવામાં

વિચારણામાં લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપીએ પોતે આપેલ માહિતી પ્રમાણેની જે–જે જગ્યાએ આવેલી હતી તે જગ્યાઓનું ત્યાં અસ્તિત્વ છે જેથી તે હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય. આ ઉપરાંત આ તમામ જગ્યાઓ ઉપર આરોપી ગયેલો હતો, જગ્યાઓની તેને માહિતી માટે પંચો તથા તપાસ કરનાર અધિકારીને આ જગ્યાઓ ઉપર દોરી ગયેલો, આ દોરી જવાનુ આરોપીનુ વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે.

આંક–૧૭૯૮ વાળુ પંચનામુ દાણીલીમડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૧૪૦/૨૦૦૮ ના કામે બનાવવાળી જગ્યા નારોલ સર્કલ હનુમાનજીના મંદિર પાછળવાળી જગ્યાનું તપાસ કરનાર અધિકારીએ પંચો રૂબરૂ બનાવેલુ અને તે પંચનામા પંચ સાહેદ નં.૩૯૨ રમેશભાઈ કાનાભાઈ પરમારનાઓને આંક–૨૨૮૩ તરીકે ફરિયાદપક્ષે તપાસેલા છે. તેઓની જુબાની તથા આંક–૧૭૯૮ વાળા પંચનામાની વિગતવાર ચર્ચા ફરિયાદપક્ષ દ્વારા બનાવ પુરવાર કરવા માટે જે પુરાવા રજૂ કરવામાં આવેલા છે તે પુરાવાની આગળ ઉપર કરેલી છે. જેથી આ સાહેદના પુરાવા અને પંચનામાની વિગતોનું મૂલ્યાંકનનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી. ત્યારબાદ આરોપી મુજીબ શેખને અટક કર્યા પછી સાહેદ નં.૯૭૪ ની હાજરીમાં આંક–૬૮૦૮ વાળા પંચનામાની વિગતે જગ્યા પંચો રૂબરૂ બતાવેલી .આ ઉપરાંત આરોપી નં.૭૫ મહમદ રફીક ઉર્ફે જાવીદનાઓની અટક કર્યા બાદ આ આરોપીએ પણ પંચ સાહેદ નં.૧૦૮૨ નલિન જયંતિલાલ જાડાવાલાની હાજરીમાં આંક–૭૩૮૭ ના પંચનામાની વિગતે જગ્યા બતાવેલી હતી.

આ આરોપી નં.૭૫ મોહમ્મદ રફીક ઉર્ફે જાવિદ ઉર્ફે આલમ જેબ આફ્રીદી મસકુર અહેમદે ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે? તે પ્રશ્નના જવાબમાં તેણે ફરિયાદપક્ષના પુરાવા સંબંધી જે હકીકત જણાવી તે

તથા પોતાના બચાવ માટે જે હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦ મા જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

આ ઉપરાંત આ આરોપીએ પોતાના બચાવમાં અંગ્રેજી ભાષામાં લખેલ કુલ–બે પાનાનું નિવેદન રજૂ કરેલ છે. તે નિવેદન મુજબ સને–૨૦૦૫ ની સાલથી પોતે વ્યવસાય કરે છે અને તેઓ નિર્દોષ છે. બનાવ સાથે તેઓને કોઈ સબંધ નથી. પોતે કોઈ પણ જગ્યાએ કોઈ મીટીંગમાં હાજરી આપેલી નથી. ભારત દેશની વિરૂધ્ધ કોઈ કૃત્યમાં સામેલ થયેલા નથી. કોઈપણ જગ્યાએ તાલીમ કેમ્પમાં ભાગ લીધેલો નથી. પોતે કોઈ દુકાનેથી સાઇકલ ખરીદેલી નથી. પોતાની હાજરીમાં કોઈ પંચનામુ બનાવવામાં આવેલ નથી. ગેસ સીલીન્ડરો ખરીદવા માર્કેટમાં કયારેય ગયેલા નથી. પંચનામામાં જણાવેલી તમામ જગ્યાઓ ઉભી કરવામાં આવેલી છે. કોઈ જગ્યાએ બોમ્બ મુકેલો નથી જેથી આ ગુનામાંથી મુકત કરવા વિનંતી કરેલ છે. આ સિવાય અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ કરેલો નથી.

આરોપી નં.૭૫ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકિલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૯૫૭, ૮૭૩, ૯૭૪, ૧૦૮૨, ૧૧૦૨, ૧૧૦૭, ૧૧૧૪, ૩૩૭, ૩૩૯, ૩૪૧, ૩૯૨, ૧૧૪૩, ૧૦૮૫, ૧૦૯૫, ૧૧૦૧, ૧૧૦૪, ૧૧૧૬, ૧૧૧૮, ૧૧૪૦, ૧૧૫૬, ૧૧૫૯ છે. આ ઉપરાંત આરોપી નં.૨ અને ૩૫ ના કબૂલાત નિવેદનો પણ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતાં આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવો તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે આ આરોપીની ઓફીશીયલ અટક તા.૨૧.૪.૨૦૧૬ ના રોજ કરવામાં આવેલી છે. આંક–૭૯૪૪ થી ફરમાવવામાં આવેલા તહોમતનામા મુજબ આ આરોપીએ આરોપી નં.૩, ૩૭, ૨૩, ૨૮, ૩૧, ૩૬, ૩૭, ૩૮, ૩૯,

૪૦, ૪૨, ૫૯, ૫૦ નાઓની સાથે વિસ્ફોટક ભરેલી સામગ્રીથી બનાવેલ બોમ્બ અમદાવાદ શહેરના જુદા-જુદા વિસ્તારોમાં મુકીને ૫૬ વ્યકિતઓના મૃત્યુ નિપજાવેલ છે તથા એલ.જી. હોસ્પિટલ તથા સિવિલ હોસ્પિટલને નુકસાન કરેલુ છે. વધુમાં આ આરોપી "સીમી" સંસ્થામાં જોડાઈ જુદી-જુદી જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરી આતંક ફેલાવેલ છે. આ ચાર્જ પુરવાર કરવા માટે સાહેદ નં.૧૦૮૨ નલિનભાઈ જાડાવાલા, સાહેદ નં.૧૧૧૪ રાજેશ ચૌહાણ, સાહેદ નં.૧૧૦૭ નિતેષ રાજપુત, સાહેદ નં.૧૧૦૨ સંતોષસીંગ રાજપુત, સાહેદ નં.૯૫૭ જાકીર કુરેશીને ફરિયાદપક્ષે તપાસેલા છે. પરંતુ આ સાહેદોના પુરાવાથી આરોપી સાથે ગુનો સાબિત થતો નથી. વધુમાં વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે આરોપીએ કયામુદ્દીન નામના માણસને સાઇકલો આપેલી તે જગ્યા બતાવેલી પરંતુ કઈ જગ્યા ઉપર સાઇકલો આપેલી તે જગ્યા બતાવતો નથી અને સાહેદ નં.૧૦૮૨ નલીનભાઈ જાડાવાલા પણ આ હકીકત જણાવતા નથી. પરંતુ સાહેદ નલીન જાડાવાલાની જુબાની ધ્યાને લઈએ તો આરોપીએ કઈ જગ્યાએ સાઇકલો આપેલી તે જણાવતા નથી પરંતુ આરોપીએ બોમ્બવાળી સાઇકલો અંબર ટાવર પાસે તેમજ નારોલ હનુમાનજીના મંદિર પાસે મુકેલી તે હકીકત જણાવે છે. વધુમાં વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે ફરિયાદપક્ષના આક્ષેપ પ્રમાણે આરોપીએ બીજી સાઇકલવાળી જગ્યા અંબર ટાવર પાસે બતાવેલી પરંતુ ત્યાં બોમ્બ બ્લાસ્ટ થયેલો નથી અને સાઇકલ પાર્ક કરતા કોઈકે જોયો હોય તેવો પુરાવો રજૂ થયેલો નથી. તેમજ અંબર ટાવરમાં રહેતા કોઈ વ્યકિતઓના નિવેદનો લીધેલા નથી. પરંતુ આંક-૭૩૮૭ વાળુ પંચનામુ ધ્યાને લઈએ તો અંબર ટાવર પાસેની જગ્યા ખુલ્લી જગ્યા હતી, ત્યાં ઘણા બધા વાહનો પણ પાર્ક થાય છે માટે દિવસ દરમ્યાન કોઈપણ વ્યકિત કે આ આરોપી ત્યાં સાઇકલ મુકે તો કોઈ બીજી વ્યકિતનું ધ્યાન ન જાય કારણ કે નિત્યક્રમ પ્રમાણે ઘણા લોકો ત્યાં સાઇકલો કે વાહનો મુકે અને લઈ જાય. જેથી સાઇકલ પાર્ક કરતા આરોપીને કોઈએ પણ જોયો ન હોય પરંતુ આ જગ્યા ઉપર બોમ્બવાળી સાઇકલ મુકેલી હતી તે સત્ય હકીકત છે.

વધુમાં વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે, પંચનામાના દિવસે પંચ સાહેદ ક્રાઇમ બ્રાન્ચની ઑફિસથી બે–અઢી કિ.મી. દુર હતા અને આ પંચ સાહેદ સીલેકટેડ પંચ છે. બે થી અઢી કિ.મી.ના અંતરમાં અસંખ્ય રહેઠાણો, મકાનો અને દુકાનો આવેલી છે. પરંતુ મારા મત પ્રમાણે બે થી અઢી કી.મી.ના અંતરમાં ઘણા બધા માણસો હોય તે પૈકી તપાસ કરનાર અધિકારી કોઈક માણસને પંચમાં રહેવા માટે બોલાવી શકે છે, ધારો કે આ પંચ સાહેદને બોલાવ્યા ન હોત તો બીજી કોઈ વ્યકિતને પણ પંચ સાહેદ તરીકે તપાસ કરનાર અધિકારીએ બોલાવેલા હોત અને પંચનામું બનાવેલુ હોત.વધુમાં વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે, "ડીલક્ષ સ્ટવ" નામની દુકાને પોલીસ ગયેલી નથી કે આરોપીને ત્યાં લઈ ગયેલ નથી. ગેસના બાટલા વેચાય છે તેવી કોઈ ખરાઈ કરેલી નથી. સાહેદ નં.૧૧૦૨ સંતોષસીંગ રાજપુતની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરવામાં આવેલ છે કે આ સાહેદની હાજરીમાં તપાસ કરનાર અધિકારીએ આરોપીને સાથે રાખી હાલોલ–પાવાગઢ ખાતે તાલીમ કેમ્પવાળી જુદી–જુદી જગ્યાઓ આરોપીએ બતાવેલી તે અંગેનુ પંચનામુ આંક–૭૭૯૮ થી રજૂ કરેલુ છે. પરંતુ આ જગ્યાઓ તપાસ કરનાર અધિકારીઓના ધ્યાનમાં હતી માટે આ પંચનામાથી ફરિયાદપક્ષને સમર્થન મળતુ નથી. પરંતુ મેં આ અગાઉ બીજા આરોપી બાબતે ચર્ચા કરી છે તેમાં પણ જણાવેલુ છે કે હાલોલ–પાવાગઢ ખાતેના કેમ્પમાં ઘણા બધા આરોપીઓ હાજર હતા જેથી જે જે આરોપીઓ પકડાતા ગયા અને તેમને માહિતી આપી તે પ્રમાણે તપાસ કરનાર અધિકારીઓ આ જગ્યાઓ ઉપર જઈને આરોપીના બતાવ્યા પ્રમાણે પંચોની હાજરીમાં પંચનામાઓ કરેલા છે. જેથી આ પંચનામુ પુરાવાના કાયદાની કલમ–૨૭ હેઠળ પુરાવામાં ગ્રાહય ન ગણાય પરંતુ કલમ–૮ હેઠળ આરોપીની વર્તણૂક તરીકે ગ્રાહય ગણાય તેમ હું માનુ છું. આરોપી આ જગ્યાઓ ઉપર ગયેલો હતો. જગ્યાઓની તેને માહિતી હતી માટે તે દોરીને ત્યાં લઇ ગયેલો. વકીલશ્રી એમ. એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે, પંચ સાહેદ નં.૧૧૦૨ સંતોષસીંગ રાજપુતનાઓને બીજા પંચ બાબતે અને તેના રહેઠાણ બાબતે કાંઈ ખબર નથી.

પરંતુ મારા મત પ્રમાણે બીજો પંચ શું ધંધો કરે છે, કયાં રહે છે તે અંગેની કોઈ જાણકારી પંચનામાના બીજા પંચે મેળવવી જરૂરી હોતી નથી. સાહેદની જુબાનીના પેરા–૬ ધ્યાને લઈએ તો આરોપીઓ તરફથી એવો કબૂલાત્મક પ્રશ્ન પુછવામાં આવેલો છે કે બધી જગ્યાઓ દુરથી બે–બે મિનિટ જોઈને નીકળી ગયેલા તો તેનો જવાબ પંચ સાહેદે હકારમાં આપેલો છે માટે એવુ પણ કહી શકાય કે આ આરોપી, પંચ સાહેદ તથા તપાસ કરનાર અધિકારીને દોરીને હાલોલ–પાવાગઢ ખાતેની જુદી–જુદી જગ્યાઓ બતાવવા લઈ ગયેલો હતો તે સ્વીકારવામાં આવેલુ છે. વધુમાં વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે સાહેદ નં.૯૫૭ જાકીર કુરેશીની જુબાનીથી પણ આ આરોપી સામે કેસ પુરવાર થતો નથી. પરંતુ સાહેદ જાકીર કુરેશીની જુબાની ધ્યાને લઈએ તો આ આરોપી જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગોમાં હાજર રહેલો છે તેવી હકીકત તેને જણાવેલી છે તથા જુબાની દરમ્યાન અદાલતમાં આ આરોપીને સાહેદે ઓળખી બતાવેલો છે. વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે આ આરોપી આ કહેવાતા ગુનાઓમાં સંડોવાયેલો નથી. પરંતુ ઉપર વિગતે જે પુરાવા રજૂ થયા છે તે ધ્યાને લેતા આ આરોપી આ કહેવાતા ગુનામાં સંડોવાયેલો છે તેમ હું માનુ છું.

આરોપી નં.૭૬ મંજર ઈમામ ઉર્ફે આલમ ઉર્ફે જમીલ અલી ઈમામનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૭૬ મંજર ઈમામ ઉર્ફે આલમ ઉર્ફે જમીલ અલી ઈમામનાઓ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ જુદી–જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી–જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા–જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને

પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમણે કઈ–કઈ ભૂમિકા ભજવેલી છે તે સાબિત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. તે ધ્યાને લેતા આ આરોપી નં.૭૬ મંજર ઈમામ ઉર્ફે આલમ ઉર્ફે જમીલ સન ઓફ અલીઈમામનાઓએ ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબનું નિવેદન જયુડીશીયલ મેજીસ્ટ્રટ ફર્સ્ટ કલાસ, કોચ્ચી–૫ નાઓ સમક્ષ લખાવેલુ જે આ કામે આંક–૯૦૨૧ થી રજૂ કરેલુ છે તે ધ્યાને લેતા આ આરોપી ઉપર મુકવામાં આવેલ આક્ષેપ મુજબના કાવતરામાં સામેલ હોવાનું ફલીત થાય છે.

આ આરોપી નં.૭૬ મંજર ઈમામ ઉર્ફે આલમ ઉર્ફે જમીલ અલીઈમામે ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે? તે પ્રશ્નના જવાબમાં તેણે ફરિયાદપક્ષના પુરાવા સંબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના બચાવ માટે જે હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦ મા જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

આ ઉપરાંત આ આરોપીએ પોતાના બચાવમાં તા.૭.૪.૨૦૧૪ નાં રોજ સુપરિન્ટેન્ડેન્ટશ્રી સેન્ટ્રલ જેલ તિહાર ખાતેથી સુપરિન્ટેન્ડેન્ટશ્રીની યાદી સાથે સ્પેશ્યલ જજ,એન.આઈ.એ. કેસ અર્નાકુલ્લમ, કેરાલાને ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબનું નિવેદન પરત ખેચવા માટે અરજી મોકલેલી . સુપરિન્ટેન્ડેન્ટશ્રી તિહાર જેલનાઓની યાદી કામચલાઉ આંક–૯૨૩૦ થી રજૂ કરેલી છે અને તેની સાથે આરોપીએ નિવેદન પરત ખેચતી જે અરજી મોકલેલી તેની નકલ રજૂ કરેલી છે. આરોપીએ આ અરજીમાં જણાવેલુ છે કે પોતાને એન.આઈ.એ. હૈદરાબાદ દ્વારા તા.૩.૫.૨૦૧૩ ના રોજ અટક કરવામાં આવેલો હતો. પોતાને ખોટી રીતે આતંકવાદ કેસમાં ફસાવેલો છે. તા.૩.૩.૨૦૧૩ ના રોજ કલાક ૭.૦૦ એ.એમ. વાગે અટક કરીને રાંચી ખાતે ૯.૦૦ એ.એમ.વાગ્યે તા.૪.૩.૨૦૧૩ ના રોજ રજૂ કરેલો તે દરમ્યાન ભયંકર રીતે માનસિક અને

શારીરિક ત્રાસ આપવામાં આવેલો અને ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબનુ નિવેદન કેરાલા જજ સમક્ષ લખાવવા દબાણ કરેલુ .એન.આઈ.એ.ના અધિકારીઓએ વારંવાર મુલાકાત લઈ દબાણ કરીને નિવેદન નોંધાવડાવેલુ છે. પોતાને ૧૪ દિવસ સુધી પોલીસ કસ્ટડીમાં રાખી ખૂબ જ શારીરિક અને માનસિક ત્રાસ આપેલો છે અને કોરા કાગળો ઉપર સહીઓ લઈ લીધેલી. જેથી પોતાનું નિવેદન આ અરજીથી પરત ખેચે છે તેવી વિનંતી કરેલી છે. અરજીમાં યોગેશ શર્મા, જેલ વીઝીટીંગ વકીલની સહી છે તથા આરોપીના અંગુઠાનુ નિશાન છે. આરોપીએ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ રાંચી કેરાલા સમક્ષ ક્રિ.પ્રો. કોડની કલમ–૧૬૪ મુજબનુ નિવેદન તા.૧૫.૩.૨૦૧૩ ના રોજ નોંધાવેલુ હતુ. જયારે આ નિવેદન પરત ખેંચતી અરજી તા.૭.૧૧.૨૦૧૪ ના રોજ જેલમાંથી આરોપીએ મોકલેલી છે. આ અરજી ઘણા લાંબા સમય બાદ મોકલેલી છે તે અંગેનો કોઈ ખુલાસો આરોપીએ કરેલો નથી કે આ સંબંધમાં કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો પણ આરોપીએ રજૂ કરેલો નથી. આરોપીને શારીરિક, માનસિક ત્રાસ આપ્યાની ફરિયાદ પણ તેણે જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, કોર્ટ–૫ સમક્ષ કરેલી નથી કે એન.આઈ.એ. કોર્ટ સમક્ષ પણ કરેલી નથી , સારવારના કોઈ કાગળો આરોપીએ રજૂ કર્યા નથી જેથી આરોપીની અરજીની હકીકત માનવા યોગ્ય નથી.

આરોપી નં.૭૬ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૧૦૮૫, ૧૦૮૬, ૧૦૯૩, ૧૦૯૫, ૧૧૦૧, ૧૧૧૮, ૧૧૫૬, ૧૧૫૯ છે. આ ઉપરાંત આ આરોપી નં.૭૬ નુ પોતાનુ કબૂલાત નિવેદન પણ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતા આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલશ્રી ડી.ડી.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે ફરિયાદપક્ષ દ્વારા કોઈ પુરાવા રજૂ કરવામાં

આવેલા નથી. તેઓની આ દલીલ સાથે હું સંમત છું. ફરિયાદપક્ષ દ્વારા ઉપર મુજબની વિગતે જે પુરાવા રજૂ કરવામાં આવેલા છે તે પૈકી આ આરોપી નં.૭૬ નુ પોતાનું કબૂલાત નિવેદન ધ્યાને લઈએ તો આ આરોપી વાઘમોન ખાતે ડિસેમ્બર–૨૦૦૭ ની તાલીમ દરમ્યાન હાજર રહેલો છે અને તે અંગે અર્નાકુલ્લમ (કેરાલા) ખાતે ફરિયાદ નોંધાયેલી તે ફરિયાદના કામે કુલ–૩૮ આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવેલુ અને તે ચાર્જશીટમાં આ આરોપી, આરોપી નં.૩૪ તરીકે છે અને તે કામે આ આરોપીને વાઘમોન ખાતે તાલીમ કેમ્પના ગુનામાં એન.આઈ. એ. કોર્ટ અર્નાકુલ્લમ દ્વારા સેશન્સ કેસ નં.૨/૨૦૧૧ ના કામે તકસીરવાન ઠરાવેલો છે તેની સહી સિકકાવાળી પ્રમાણીત નકલ બચાવપક્ષ તરફથી આંક–૯૪૨૧ થી રજૂ થયેલી છે. આ ચુકાદા સામે ફરિયાદપક્ષ દ્વારા અપીલ કરવામાં આવેલી છે કે કેમ? તે રેકર્ડ ઉપર નથી. આ ઉપરાંત આ આરોપી હાલોલ–પાવાગઢ ખાતેના કેમ્પમાં હાજર રહ્યાનો કોઈ પુરાવો રેકર્ડ ઉપર નથી. અમદાવાદમાં બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં અને સુરત બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં આ આરોપીએ કોઈ કામગીરી કરેલી હોય કે તેને કોઈ ભૂમિકા ભજવેલી હોય તે અંગો પણ કોઈ પુરાવો રેકર્ડ ઉપર નથી. વકીલશ્રી ડી.ડી.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી આ ગુનાઓમાં સંડોવાયેલો છે તેવો બીજો કોઈ સ્વતંત્ર પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ ઉપરાંત આ આરોપીને અર્નાકુલ્લમ કોર્ટ દ્વારા વાઘમોન ખાતેના તાલીમ હાજર રહ્યા બાબતે ઈન્સાફી કાર્યવાહીના અંતે તકસીરવાન ઠરાવી સજા કરેલ છે જેથી તે જ તાલીમ કેમ્પમાં હાજર રહેવા બાબતે તેની સામે ફરીથી ઈન્સાફી કાર્યવાહી થઈ શકે નહીં કે ફરીથી તેને તે જ ગુના માટે તકસીરવાન ઠરાવી શકાય નહીં. આ અંગે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૦૦ ધ્યાને લીધેલી છે અને તે અંગેની વિગતવાર ચર્ચા આરોપી નં.૬૫ અંગે જે દલીલો કરવામાં આવેલી છે તે દરમ્યાન કરેલી છે.આમ, આ આરોપી વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા જે પુરાવો રજૂ થયેલો છે તે પુરતો નથી અને આ આરોપીની આ ગુનામાં સંડોવણી શંકાસ્પદ છે તેમ હું માનું છું.

આરોપી નં.૭૭ સુહેબ પોટ્ટનીકલ અબ્દુલ કાદર પોટ્ટનીકલનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૭૭ સુહેબ પોટ્ટનીકલ અબ્દુલ કાદર પોટ્ટનીકલ નાઓએ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ જુદી-જુદી ૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી-જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા-જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમણે કઈ-કઈ ભૂમિકા ભજવેલી છે તે સાબિત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા આ આરોપી સામે પ્રત્યક્ષ દસ્તાવેજી કે મૌખિક પુરાવો રજૂ કરેલો નથી. પરંતુ આ આરોપી અમદાવાદ ખાતે થયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોવાળા ગુનાઓમાં સંડોવાયેલો છે તે બતાવવા માટે જુદા-જુદા તપાસ કરનાર અધિકારીઓએ જુદા-જુદા ગુનાઓમાં ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૧૯૬, અનલોફુલ એકટીવીટી (પ્રિવેન્શન) એકટની કલમ-૪૫, એક્ષપ્લોઝીવ સબસ્ટન્ટ એકટની કલમ-૭, આર્મ્સ એકટની કલમ-૩૯ મુજબના ગુનાઓની ચાર્જશીટ દાખલ કરવા તેમજ આરોપી સામે ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા મંજૂરીઓ મેળવવા માટે સક્ષમ અધિકારી સમક્ષ દરખાસ્તો મોકલેલી અને જે તે સક્ષમ અધિકારીએ આ આરોપી સામે જુદા-જુદા ગુનાના કામે ઉપરોકત કાયદાની જુદી-જુદી કલમો હેઠળ ચાર્જશીટ દાખલ કરવા તેમજ ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે મંજૂરીઓ આપેલી હતી તે રજૂ કરેલી છે. આ દરખાસ્તો તથા મંજૂરીઓ અંગેના પુરાવાની હવે પછી ચર્ચા કરીશું.

આ આરોપી નં.૭૭ સુહેબ પોટ્ટનીકલ અબ્દુલ કાદર પોટ્ટનીકલે ક્રિ.પ્રો.કોડની કલમ-૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષ તર્ફે

રજૂ થયેલા પુરાવાનો ઈન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે? તે પ્રશ્નના જવાબમાં તેણે ફરિયાદપક્ષના પુરાવા સંબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના બચાવ માટે જે હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦ મા જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી. આ ઉપરાંત આ આરોપીએ પોતાના બચાવમાં અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ કરેલો નથી.

આરોપી નં.૭૭ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૧૦૮૬, ૧૦૯૫, ૧૧૦૧, ૧૧૦૪, ૧૧૪૦, ૧૧૫૬, ૧૧૫૯ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતાં આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવો તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપીની ઓફિશીયલ અટક તા.૨૩.૫.૨૦૧૭ ના રોજ કરવામાં આવેલી છે.આંક–૭૨૪૫ થી ફરમાવવામાં આવેલા તહોમતનામા મુજબ આ આરોપી સામે કોઈ ચોકકસ ભૂમિકા ભજવ્યા અંગેનો કોઈ આક્ષેપ નથી. વકીલશ્રી એમ.એમ. શેખની દલીલ સાથે હું સંમત છું. ફરિયાદપક્ષ દ્વારા આ કામે આરોપીઓ વિરૂધ્ધ જે પુરાવાઓ રજૂ થયા છે તે પુરાવાઓમાં આ આરોપી આ ગુનાઓમાં સંડોવાયેલો હોય તેવો કોઈ પુરાવો રજૂ થયેલો નથી તેમ હું માનુ છું.

આરોપી નં.૭૮ તૌસીફખાન ઉર્ફે અતીક સગીર અહેમદખાન પઠાણનાઓ આ બનાવોમાં (આ ગુનાઓમાં) સંડોવાયેલા છે તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે તે પુરાવાનું મૂલ્યાંકન...

આ આરોપી નં.૭૮ તૌસીફખાન ઉર્ફે અતીક સગીર અહેમદખાન પઠાણનાઓ અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ જુદી–જુદી ૨૪

જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકેલા અને બોમ્બ બ્લાસ્ટ કરેલા તથા સુરત ખાતે જુદી–જુદી ૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા અને તેમાં જુદા–જુદા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે અન્ય આરોપીઓની મદદગારીથી આ બનાવોને અંજામ આપવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે કંઈ કૃત્ય કરેલુ છે તથા આ કૃત્ય કરવા માટે તેમને કઈ–કઈ ભૂમિકા ભજવેલી છે તે સાબિત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા જે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે તે પૈકી જનરલ સાહેદ તરીકે સાહેદ નં.૧૧૦૫ તરીકે ઈદ્રીશ ગુલાબશા ફકિર દિવાનનાઓને તપાસેલા છે તે ધ્યાને લેતા તથા સહઆરોપી નં.૨ ઈમરાન ઈબ્રાહીમ શેખનાઓએ ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબનુ કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ અમદાવાદ સમક્ષ લખાવેલુ જે આ કામે આંક–૮૬૧૯ થી રજૂ કરેલુ છે તે કબૂલાતવાળુ નિવેદન ધ્યાને લેતા આ આરોપી ઉપર મુકવામાં આવેલ આક્ષેપ મુજબના કાવતરામાં સામેલ હોવાનું ફલીત થાય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે આનંદ દાઉલાલ શ્રીવાસ્તવને સાહેદ નં.૧૦૮૧ તરીકે આંક–૭૩૮૪ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૫/૧૨/૨૦૧૭ ના રોજ પોલીસે તેમને ક્રાઇમ બ્રાન્ચની ઑફિસ, અમદાવાદ ખાતે બોલાવેલા અને તેમની આગળની ચાલીમાં રહેતા અશોક પટેલને પણ બોલાવેલાં. ત્યાં એક તહોમતદાર હતો અને પોલીસે કહેલું કે તેનું નામ, સરનામું પુંછો? તો તેનું નામ પુંછેલું. આરોપીએ તેનું નામ "તૌફિકખાન પઠાણ, જુહાપુરાનો" હોવાનું જણાવેલું. ત્યાં બીજા સાહેબો જે હતા તેમણે કહેલું કે આ કાંઇક કહેવા માંગે છે. જેથી તેને પુંછેલું કે ભાઇ તું શું કહેવા માંગે છે? તો આરોપીએ કહેલું કે "અમદાવાદમાં જે બોમ્બ બ્લાસ્ટ થયેલા તે પહેલા દરિયાપુરમાં "સીમી" સાથે મીટીંગ કરેલી તે જગ્યા હું બતાવવા માંગું છું." તે સમયે ત્યાં જે લખનાર હતા તેમણે બધું લખેલું. સાહેદ વધુમાં જણાવે છે કે ત્યાં જે સાહેબ હતા તેમણે જણાવેલું કે તેઓને સાક્ષી માટે જગ્યા ઉપર આવવું પડશે.

જેથી "હા" પાડેલી. ત્યારબાદ બધા ક્રાઇમની ઑફિસમાંથી બહાર આવેલાં. ત્યાં સરકારી વાહન પડેલું હતું. તે વાહનમાં તહોમતદાર, તેઓ બંને, ત્રણ–ચાર પોલીસ અને સાહેબ વાહનમાં બેઠેલાં. સાહેબે ડ્રાઇવરને કહેલું કે આ તહોમતદાર રસ્તો બતાવે ત્યાં ગાડી લઇ લ્યો. ત્યારબાદ ક્રાઇમની ઑફિસથી બધા બહાર નીકળેલાં. ત્યારબાદ તહોમતદારે "ડાબી સાઇડે ગાડી જવા દેવાનું કહેલું." ગાડી રાયખડ ચાર રસ્તા થઇ, વિકટોરીયા ગાર્ડન થઇ, લાલ દરવાજાથી લકી હોટલ થઇ, દિલ્હી ચકલા સુધી ગાડી ગયા પછી આરોપીએ "ગાડી ઉભી રખાવેલી" અને જમણી સાઇડ ઉપર દરિયાપુરમાં રસ્તો જાય છે ત્યાં તંબુ ચોકીથી થોડે આગળ જઇ તહોમતદારે "ગાડી ઉભી રખાવેલી." ગાડી ઉભી રાખ્યા પછી બધા બહાર ઉતરેલાં અને ત્યારબાદ સામેની સાઇડે બધાને લઇ ગયેલો. આરોપી આગળ ચાલતો હતો અને બધા તેની સાથે સાથે ચાલતા હતાં. આરોપીએ કોઇક "ઘર બતાવેલું." તે ઘર બે માળનું હતું. જે સાહેબો હતા તેઓ ઘરમાં ગયેલા અને તે ઘરમાં કોઇક વ્યકિત હતાં. ઘર બતાવ્યા પછી બહાર આવેલાં. આ કાર્યવાહીનું પંચનામુ બનાવવામાં આવેલુ જે આંક–૭૩૮૫ વાળા પંચનામામાં સાહેદ પોતાની તથા અશોકભાઈની સહીઓ ઓળખી બતાવે છે. સાહેદને આરોપીઓ બતાવવામાં આવતા સાહેદ આરોપીને ઓળખી શકતા નથી.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદની હેર કટીંગની દુકાન જગન્નાથ મંદિરની ચાલીની પાછળ આવેલી છે અને બાજુમાં તેમનુ ઘર છે. પંચનામામાં સહી કરી તે દિવસે સવારે દુકાન ખોલેલી હતી. બપોરના સમયે દુકાન બંધ કરીને સામાન લેવા અશોકભાઈ સાથે જતા હતા ત્યારે પોલીસે બોલાવેલા. પંચનામામાં સહી કરતા અગાઉ ત્યાં હાજર આરોપીને જોયેલો નહીં. પોલીસ સ્ટેશનમાં ગયા ત્યારે હાજર આરોપીને પોલીસે કેટલા સમય અગાઉથી પકડેલો અને કયાંથી પકડી લાવેલા અને તેને કેમ પકડેલો તેની ખબર નથી. આરોપીએ જે મકાન બતાવેલુ તે મકાનની અંદર આ સાહેદ ગયેલા નહીં. મકાનમાંથી દાઢીવાળી એક વ્યકિત બહાર આવેલી અને તેની સાથે વાતચીત થયેલી તે કબૂલ કરે છે. જે જગ્યાએ મકાન હતુ ત્યાં આજુબાજુ મુસ્લિમ લોકોના

મકાનો હતા તે કબૂલ કરે છે. જે વ્યકિત મકાનમાંથી બહાર આવેલી તે વ્યકિતએ માલીકી કે કબજા બાબતેનો કઈ દસ્તાવેજ પોલીસને આપેલો નહીં. તૈયાર પંચનામામાં સહી કરેલાની હકીકત નકારે છે. પંચનામાની વિગતેની કોઈ કાર્યવાહીમાં રહેલા નથી તો તે હકીકત નકારી છે. મકાનમાંથી બહાર આવનાર વ્યકિતને પંચોની હાજરીમાં પોલીસે કાંઈ પુછેલુ નહીં. મકાન મારી માલીકીનું છે તેવુ તે વ્યકિતએ પોલીસને જણાવેલુ નહીં.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૯ આર.એન.ઝાલાનાઓએ શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં.૨૩૬/૨૦૦૮ ના કામે તા.૫.૧૨.૨૦૧૭ ના રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ અશોક અમતરલાલ પટેલનાઓને ક્રાઈમ બ્રાન્ચની કચેરીએ બોલાવેલા. ત્યાં આરોપી નં.૭૮ તૌસીફખાન પઠાણ હાજર હતો. પંચોએ તેનુ નામ ઠામ પુછેલુ અને તે કંઈ કહેવા અને બતાવવા માંગતો હતો. જેથી તપાસ કરનાર અધિકારી પોતે, પંચો, પોલીસ સ્ટાફ તથા આરોપીને લઈ આરોપીના બતાવ્યા મુજબના રસ્તે ગયેલા અને આરોપીએ જણાવેલુ કે જુલાઈ–૨૦૦૮ મા અમદાવાદમાં અમોએ જે બોમ્બ બ્લાસ્ટ કરેલા તે અગાઉ હું સીમીના સભ્યો સાથે જે મીટીંગમાં હાજર રહેલો અને બોમ્બ બ્લાસ્ટ અંગે ચર્ચા કરેલી તે મીટીંગવાળુ મકાન બતાવવા માંગુ છું તેમ કહી તેને વાહન દરિયાપુર તંબુ ચોકીથી થોડે આગળ ઉભુ રખાવી હાથથી ઈશારો કરી મકાન બતાવેલુ અને તે મકાન બતાવ્યાનું પંચનામુ આંક–૭૩૮૫ વાળુ બનાવવામાં આવેલુ.

આંક–૭૩૮૫ વાળુ પંચનામુ બનાવનાર તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૯ આર.એન.ઝાલાની જુબાનીના પેરા નં.૮ ધ્યાને લઈએ તો તા.૫/૧૨/૨૦૧૭ ના રોજ આરોપી તૌસીફખાન ઉર્ફે અતીક સ/ઓ સગીરખાન પઠાણનાઓ પોતાની સ્વખુશીથી કાંઇક કહેવા અને બતાવવા માંગતા હોવાથી ક્રાઈમ બ્રાન્ચ કચેરીએ બે પંચોને બોલાવડાવેલાં અને બે પંચોને પંચનામા અંગે જરૂરી સમજ કરેલી અને ત્યારબાદ બે પંચોએ સ્વખુશી દર્શાવતા આરોપીનું નામ, ઠામ પુછવામાં આવતાં આરોપીએ પંચો રૂબરૂ પોતાનું નામ "તૌસીફખાન ઉર્ફે

અતીક સ/ઓ સગીરઅહેમદખાન પઠાણ" હોવાનું જણાવેલું અને સ્વખુશીથી એવું પણ જણાવેલું કે "જુલાઇ–૨૦૦૮માં અમદાવાદમાં અમોએ જે બોમ્બ બ્લાસ્ટ કરેલા તે અગાઉ હું સીમીના સભ્ય સાથે જે મીટીંગમાં હાજર રહેલો અને બોમ્બ બ્લાસ્ટ અંગે ચર્ચા કરેલ તે મીટીંગવાળું મકાન આગળ ચાલી મારી મરજીથી બતાવવા માંગું છું." ત્યારબાદ આરોપી બતાવે તે મુજબ વાહન હંકારવા અમોએ ડ્રાઇવરને સુચના આપેલી અને ત્યારબાદ આરોપીએ દરિયાપુર તંબુ ચોકીથી આગળ જતાં "વાહન ઉભું રખાવેલું" અને આરોપીએ પંચો રૂબરૂ આગળ ચાલી "એક મકાન બતાવેલ." જે મકાન દરિયાપુર લીમડી ચોક, ઢાલગરવાડ ખાતેનું મકાન હતું. જે અંગેની વિગતવારની નોંધ પંચનામામાં કરવામાં આવેલી. આંક–૭૩૮૫ વાળા પંચનામામાં પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે. તેઓની ઊલટતપાસના પેરા–૧૪ ધ્યાને લઈએ તો આંક–૭૩૮૫ વાળુ પંચનામુ આરોપીના કહેવા અને બતાવ્યા પ્રમાણે બનાવેલુ નથી તો તે હકીકત નકારી છે.

આંક–૭૩૮૫ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે, પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "પોતે પોતાનુ નામ સરનામુ જણાવેલુ" તથા "જુલાઇ–૨૦૦૮ મા અમદાવાદમાં અમોએ જે બોમ્બ બ્લાસ્ટ કરેલા તે અગાઉ હું સીમીના સભ્યો સાથે જે મીટીંગમાં હાજર રહેલો અને બોમ્બ બ્લાસ્ટ અંગે ચર્ચા કરેલી તે મીટીંગવાળુ મકાન બતાવવા માંગુ છું અને આરોપીએ વાહન દરિયાપુર તંબુ ચોકીથી થોડે આગળ ઉભુ રખાવી હાથથી ઈશારો કરી મકાન બતાવેલુ" વિગેરે પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપીએ પોતે આપેલ માહિતી પ્રમાણેની જે મકાન બતાવેલુ તે મકાનનું ત્યાં અસ્તિત્વ છે જેથી તે હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય. આ ઉપરાંત આ આરોપી મકાન ઉપર ગયેલો હતો, મિટીંગોમાં હાજર રહેલો હતો તેની માહિતી આરોપીને હતી માટે પંચો તથા તપાસ કરનાર અધિકારીને આરોપી આ મકાન ઉપર દોરી ગયેલો, આ દોરી જવાનુ આરોપીનુ વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે મહેન્દ્રભાઈ વિષ્ણુભાઈ પાટીલને સાહેદ નં.૧૦૮૩ તરીકે આંક–૭૩૯૧ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૧/૧૨/૨૦૧૭ ના રોજ ગાયકવાડ હવેલી ક્રાઇમ બ્રાન્ચની ઑફિસ ખાતે આ સાહેદને બોલાવેલા ત્યાં બીજા એક ભાઇને પણ બોલાવેલા હતાં. ત્યાં ઑફિસમાં એક ઝાલા સાહેબ કરીને હતાં. ઝાલા સાહેબે કહેલું કે બોમ્બ બ્લાસ્ટમાં એક આરોપીને પકડેલો છે અને તેનું પંચનામું કરવાનું અને તે કંઇક કહેવા માંગે છે તો પંચમાં રહેવા તૈયાર છો? જેથી 'હા' પાડેલી. સાહેદે વધુમાં જણાવેલ છે કે ત્યારબાદ આ સાહેદે તે આરોપીનું નામ પુંછેલું તો આરોપીએ તેનું નામ તૌસીફખાન પઠાણ જણાવેલું અને જુહાપુરા બાજુનો હતો. આરોપીએ એવું પણ કહેલું કે "અમે આતંકવાદી ટ્રેનીંગ લીધી હતી તે જગ્યાનો મને અહિથી ખ્યાલ આવશે નહિ જેથી મને પાવાગઢ તરફ લઇ જાઓ." ત્યારબાદ બધા ગાડીમાં બેઠેલા.

સાહેદ વધુમાં જણાવે છે કે, ત્યારબાદ સાહેબે ડ્રાઇવરને કહેલું કે ગાડી પાવાગઢ તરફ લઇ લ્યો. ત્યારબાદ બહાર નીકળી નારોલ તરફ ગયેલાં. ગાડીમાં આ સાહેદ, ઝાલા સાહેબ, આરોપી, બીજા બે–ત્રણ પોલીસના માણસો તથા આ સાહેદ સાથે બીજો એક ભાઇ હતો તે બધા ગાડીમાં બેસીને ગયેલાં. નારોલ થી એકસપ્રેસ હાઇવે ઉપર ચડેલાં. ત્યાંથી સીધા પાવાગઢ–હાલોલના રસ્તે ગયેલાં. હાલોલ ચોકડી ગયા પછી આરોપીએ ઇશારાથી સાહેબને "ગાડી ઉભી રાખવાનું જણાવેલું." ગાડી ઉભી રાખ્યા પછી ડ્રાઇવર સિવાય બધા નીચે ઉતરેલાં. બહાર આવ્યા પછી આરોપીએ ચારેય બાજુ જોયેલું. ત્યારબાદ પાવાગઢ તરફ જે રસ્તો જતો હતો તે તરફ જવા "ઇશારો કરેલો." ત્યારબાદ બધા અડધો–પોણો કિ.મી. ગયેલાં. ત્યાં એક નાકે દરગાહ આવેલી. દરગાહ આવ્યા પછી આરોપી બધાને "ગેટની અંદર લઇ ગયેલાં." તે દરગાહ "ખુંદપીરની દરગાહ" હતી તેવું અંગ્રેજીમાં તથા ગુજરાતીમાં પણ લખેલું હતું. ગેટમાં ગયા પછી એક મૌલાના જેવા ભાઇ જે સંભાળતા હતા તે મળેલાં. ત્યાં અંદર બે ધર્મશાળા જેવું હતું. આ મૌલાના જેવા ભાઇની સાહેબે પુછપરછ કરેલી અને તે મૌલાના જેવા ભાઇએ

જણાવેલું કે તે અહીંયા દેખભાળ માટે આઠ–દસ વર્ષથી રહે છે. ત્યારબાદ તૌસીફ ત્યાં આગળ લઇ ગયેલો અને જણાવેલું કે, "અમે અહીંયા રોકાતા હતાં." ત્યાંથી આગળ આરોપી લઇ ગયેલો અને ત્યાં એક દિવાલ હતી અને એક હેડ પંપ હતો આ હેડ પંપ પાસે "અમે નાતા–ધોતા હતા અને નમાજ પઢતા હતા તેવું જણાવેલું." ત્યાંથી બધાને આરોપી થોડે આગળ લઇ ગયેલો અને ત્યાં દિવાલ હતી અને ગેટ હતો. ત્યાં આરોપીએ જણાવેલું કે "અમે અહિંયાથી ટાટા સુમો જેવી ફોર વ્હિલર ગાડી લાવતા હતા અને લઇ જતા હતાં." ત્યારબાદ બધા બહાર આવેલાં.

સાહેદ વધુમાં જણાવે છે કે, ત્યારબાદ ત્યાંથી તે જ રોડ ઉપર અડધો પોણો કિ.મી. આગળ ગયેલાં. ત્યાં ગાડી સાઇડમાં ઉભી રખાવેલી અને ત્યાંથી પછી અડધો–પોણો કિ.મી. તૌસીફ બધાને અંદર લઇ ગયેલો. અંદર ગયા પછી ત્યાં એક કિલ્લો મોટો હતો. તેનું નામ "એક મીનારા" જેવું હતું અને દરગાહ જેવું હતું. ત્યારબાદ ત્યાં એક કાકા મળેલા જે પગી તરીકે ત્યાં દેખભાળ કરતા હતાં. અંદર ગયા ત્યારે તે કાકા સામેથી પુછવા આવેલાં. સાહેબે તેમની પુછપરછ કરેલી તો કાકાએ કહેલું કે, તે અહિંયા રખેવાળી કરે છે. વધુમાં સાહેદ જણાવે છે કે ત્યારબાદ તૌસીફ બધાને "આગળ" લઇ ગયેલો. ત્યાં એક ઓટલા જેવું હતું. ત્યાં આજુબાજુ લોખંડની પાઇપ જેવું રેલીંગ જેવું બાંધેલું હતું અને ત્યાં તૌસીફે જણાવેલું કે "અમે અહિંયા નમાજ પઢવા આવતા હતાં." ત્યાંથી થોડે આગળ લઇ ગયેલો અને ત્યાં એક કુવો હતો જેની ઉપર રેલીંગ કરીને બંધ કરેલો હતો. ત્યાંથી તૌસીફ આગળ લઇ ગયેલો અને ત્યાંથી બહાર નીકળી ગયેલા. ત્યારબાદ અમે ગાડીમાં બેસીને મેઇન રોડ ઉપર આવેલાં. ત્યારબાદ એક–દોઢ કિ.મી. આગળ લઇ ગયેલો અને સાઇડમાં ગાડી ઉભી રખાવેલી. ત્યાં એક વાવ જેવું હતું. આ વાવ "હેલીકૈલ વાવ" જેવું હતું. ત્યાં વાવની બાજુમાં તારના એન્ગલો બાંધેલા હતા અને ત્યાં સાઇડમાં એક રસ્તો હતો. ત્યાં બધાને તૌસીફ "લઇ ગયેલો." ત્યાં રસ્તા ઉપર જવા જેવું ન હતું જેથી તાર કુદાવીને લઇ ગયેલો. ત્યાં પેદલ જવા જેવી જગ્યા હતી. ત્યાંથી આશરે ૨૦૦ મીટર અંદર લઇ ગયેલો. ત્યાં ઢાળ જેવું હતું અને

પહાડ જેવું હતું અને તે ઉપર–નીચે હતું. ત્યાંથી નીચે લઇ ગયો ત્યારે ત્યાં ૪૦–૫૦ ફુટ ખુલ્લી જગ્યા હતી. ત્યાં તૌસીફે જણાવેલું કે, "અમે બધા સાથીદારો અહીંયા ટેન્ટ બાંધીને રહેતા હતા અને એરગનથી ફુગ્ગા ફોડવાની તેમજ ચાલવાની ટ્રેનીંગ કરતા હતાં." ત્યાંથી ફરી ૪૦–૫૦ મીટર અંદર આગળ લઇ ગયેલો. ત્યાં ગયા ત્યારે એક ખાડા જેવું તળાવ હતું અને આજુબાજુ પહાડ હતો. નીચે પાણી ભરેલું હતું ત્યાં આ લોકો તરવાની ટ્રેનીંગ કરતા હતાં. આ કાર્યવાહીનું પંચનામુ બનાવવામાં આવેલુ જે આંક–૭૩૯૨ વાળા પંચનામામાં સાહેદ પોતાની તથા તેમની સાથેના બીજા પંચની તેમજ ઝાલા સાહેબની સહીઓ ઓળખી બતાવે છે. સાહેદને આરોપીઓ બતાવવામાં આવતા આરોપીને ઓળખી બતાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ મહારાષ્ટ્રીયન છે અને ગુજરાતમાં સાત ધોરણ ભણેલા છે. આ સાહેદના ઘરની પાસે વિક્રમ મીલની ચાલી આવેલી છે તે કબૂલ કરે છે. બીજા પંચે પોતાનુ નામ સરનામુ અને ધંધો શું કરે છે તે જણાવેલુ તો તે હકીકત નકારે છે. બીજા પંચ સાથે કોઈ વાતચીત કરેલી નહીં. રીક્ષા લઈને જતા હતા ત્યારે પોલીસે રોકેલા. રીક્ષાનું લાઈસન્સ અને બેઝ પોતાની પાસે ન હતા તેથી પંચનામામાં તે લખાવેલુ નથી તે કબૂલ કરે છે. પંચનામુ જે ભાઈએ લખેલુ તેનુ નામ યાદ નથી. ખુંદપીરની દરગાહના જે સંચાલક હતા તેનુ નામ આ સાહેદે પુછેલુ નહીં. તે સંચાલક સાથે વાતચીત કરેલી તે વાતચીત ધર્મશાળા બાબતે હતી. સંચાલક આજે મળે તો ઓળખી શકે નહીં તે કબૂલ કરે છે. ઝાલા સાહેબે કાકા પાસેથી ચોપડો લીધેલો અને તેમા સહીઓ કરેલી કે કેમ? તેની ખબર નથી. રજીસ્ટર કેવુ હતુ કેટલુ લાંબુ પહોળુ હતુ તે કહી શકે નહીં. એકમીનાર મસ્જિદ ઉપર એક પગી હાજર હતો તેનુ નામ સરનામુ ખબર નથી. એકમીનાર પાસે દરગાહ અને મજાર જોયેલી તે કબૂલ કરે છે. આ જગ્યા ઉપર કોઈ પણ માણસ વગર ટોકે આવજા કરી શકે તેવી સ્થિતિ હતી. વાવમાં કોઈપણ માણસ ઉતરી શકે તેમ હતુ કે કેમ? તે કહી શકે નહીં. તળાવ પર્વતની ઉપર હતુ તો તે હકીકત નકારી છે. હેલીકૈલ વાવની બાજુમાંથી

પર્વત ઉપર ગયેલા નહીં પરંતુ નીચે ખાડા તરફ ગયેલા જયા પાણીનો ખાડો હતો. હેલીકૈલ વાવની તારની વાડથી આ ખાડો ૧૫૦–૨૦૦ મીટર દુર હતો અને તે નીચે હતો તે કબૂલ કરે છે. સરતપાસમાં જણાવ્યા મુજબ પંચનામાની કોઈ કાર્યવાહીમાં ભાગ લીધેલો નથી તો તે હકીકત નકારી છે. પોલીસના કહેવાથી અને સમજાવવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારી છે. પોલીસ સ્ટેશનમાંથી નીકળતા પહેલા આરોપી કઈ જગ્યાએ લઈ જવા માંગે છે તે જણાવેલુ ન હતુ તે કબૂલ કરે છે. અમદાવાદથી નીકળીને દરગાહ ઉપર પહોચ્યા ત્યાં સુધી શું કાર્યવાહી થયેલ તેની હકીકત લખાવેલી નહીં તે કબૂલ કરે છે. દરગાહ ઉપર ગયા તે ગેટ એક ગાડી પસાર થઈ શકે તેવો હતો. ગાડી મસ્જિદની આગળ ખુલ્લા મેદાન સુધી જઈ શકે તેવી હતી તો તે હકીકત નકારી છે. ગેટથી મસ્જિદ સુધી ગાડી જઈ શકે તેમ હતી તો તે કબૂલ કરે છે. સંચાલકને સાથેના આરોપી બતાવીને પોલીસે કોઈ પુછપરછ કરેલી નહીં. દરગાહ ઉપર સાથે આવેલો માણસ કેટલો સમય સુધી રોકાયેલો તેવી પુછપરછ કરેલી નહીં. પાછળ જે ઝાંપો હતો ત્યાંથી આવજા થતી હતી તે બતાવવા માટે તે જગ્યાની સ્થિતિનું વર્ણન પંચનામામાં કરેલુ નહીં. રોડથી અર્ધો કીમી અંદર ગયેલા અને ત્યાં એકમીનાર જેવી મસ્જિદ હતી તેવુ પંચનામામાં લખાવેલુ નથી તો તે હકીકત નકારી છે. વાવ પાસે જે તારની વાડ હતી તે જુની હતી.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૯ આર.એન.ઝાલાનાઓએ શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં.૨૩૬/૨૦૦૮ નાં કામે તા.૧.૧૨.૨૦૧૭ ના રોજ આ પંચ સાહેદ તથા બીજા પંચ રશ્મીકાંત પરષોત્તમભાઈ પરમારનાઓને ક્રાઈમ બ્રાન્ચની કચેરીએ બોલાવેલા. ત્યાં આરોપી નં.૭૮ તોસીફખાન પઠાણ હાજર હતો. પંચોએ તેનુ નામ ઠામ પુછેલુ અને તે કંઈ કહેવા અને બતાવવા માંગતો હતો. જેથી તપાસ કરનાર અધિકારી પોતે, પંચો, પોલીસ સ્ટાફ તથા આરોપીને લઈ આરોપીના બતાવ્યા મુજબના રસ્તે ગયેલા અને આરોપીએ જણાવેલુ કે જાન્યુઆરી–૨૦૦૮ માં પાવાગઢ–હાલોલ ખાતેના જંગલોમાં પોતે તથા પોતાના અન્ય સાથીદારો

સાથે આતંકવાદી તાલીમ કેમ્પ યોજી તાલીમ લીધેલી અને પોતાને પાવાગઢ લઈ જવામાં આવે તો તે તાલીમવાળી જગ્યા બતાવી શકે. જેથી આરોપીએ ખુંદપીર દરગાહવાળી જગ્યા, હેલીકૈલ વાવવાળી જગ્યા અને ત્યાંથી ઉપર પહાડવાળી જગ્યા, એકમીનાર મસ્જિદવાળી જગ્યા, કબુતરખાનાવાળી જગ્યા વિગેરે જગ્યાઓ બતાવેલુ તેનુ પંચનામુ આંક–૭૩૯૨ વાળુ બનાવવામાં આવેલુ.

આંક–૭૩૯૨ વાળુ પંચનામુ બનાવનાર તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૯ આર.એન.ઝાલાની જુબાનીના પેરા નં.૮ ધ્યાને લઈએ તો તા.૧/૧૨/૨૦૧૭ ના રોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં. ૨૩૬/૨૦૦૮ ના કામે આરોપી તૌસીફખાન ઉર્ફે અતીકનાઓ કસ્ટડીમાં હતો તે પોતાની સ્વખુશીથી ગુના સંબંધે કાંઇ કહેવા અને બતાવવા માંગતા હોવાથી ક્રાઇમ બ્રાન્ચ કચેરીએ બે પંચોને બોલાવડાવેલાં અને બે પંચોને પંચનામા અંગે જરૂરી સમજ કરેલી અને ત્યારબાદ બે પંચોએ સ્વખુશી દર્શાવતા આરોપીનું નામ, ઠામ પુંછવામાં આવતાં આરોપીએ પંચો રૂબરૂ પોતાનું નામ "તૌસીફખાન ઉર્ફે અતીક સ/ઓ સગીર અહેમદખાન પઠાણ" હોવાનું જણાવેલું અને સ્વખુશીથી એવું પણ જણાવેલું કે "જાન્યુઆરી–૨૦૦૮ મા પાવાગઢ–હાલોલ ખાતેના જંગલોમાં પોતાના સાથીદારોની સાથે આતંકવાદી તાલીમ કેમ્પ યોજી તાલીમ લીધેલી અને જો પોતાને પાવાગઢ નજીક લઇ જવામાં આવે તો પોતે તાલીમ કેમ્પ વાળી જગ્યા બતાવી શકે અને આ કેમ્પમાં જે કાર્યવાહી કરેલી તે તમામ વિગત કહેવા અને બતાવવા માંગું છું" તેમ જણાવેલુ. ત્યારબાદ પાવાગઢ તરફ રોડ પાસે આરોપીએ "વાહન ઉભું રખાવેલું" અને ત્યારબાદ આરોપીએ બતાવેલી અલગ અલગ જગ્યાઓએ ગયેલા જયાં આરોપીએ "જગ્યાઓ બતાવેલી" જે અંગેની વિગતવારની નોંધ પંચનામામાં કરવામાં આવેલી. આંક–૭૩૯૨ વાળા પંચનામામાં પંચોની તથા રૂબરૂ તરીકે પોતાની સહીઓ ઓળખી બતાવે છે. તેઓની ઊલટતપાસના પેરા નં.૨૩ ધ્યાને લઈએ આરોપી તોસીફ ખાન ઉર્ફે અતીકને પોલીસ સબઇન્સ્પેકટર ગોસ્વામી બિહારથી અટક કરીને લઈ આવી શાહીબાગ પોલીસ સ્ટેશનના ગુનામાં અટક કરવાનો રીપોર્ટ કરેલો નહીં. કયા

પ્રકારની તાલીમ લીધેલી તે અંગેની પુછપરછ તેને પાવાગઢ મુકામે લઈ જવા નીકળ્યા તે પહેલા પોલીસ સ્ટેશનમાં કરેલી નહીં. ઊલટતપાસના પેરા નં.૨૫ ધ્યાને લેતા આરોપી તોસીફ ખાને કયા કયા આરોપી સાથે અને કયા કયા સમયે ટ્રેનીંગ લીધેલી તે બાબતે તેની પુછપરછ કરેલાનું યાદ નથી. આરોપી સાથે ટ્રેનીંગમાં બીજી કેટલી વ્યકિતઓ હતી તે અંગેની પુછપરછ આરોપીને કરેલી નહીં. પાવાગઢ ખાતે જે કવોરીનો પંચનામામાં ઉલ્લેખ છે તે કવોરીનુ ક્ષેત્રફળ જાણવાનો પ્રયત્ન કરેલાનું યાદ નથી. ખાડાની અંદર જે તે સમયે કેટલુ ઉંડુ પાણી હતુ તે જાણવાનો પ્રયત્ન કરેલો નહીં. એકમીનાર મસ્જિદ ઉપર કોઈ ગુનાહિત પ્રવૃત્તિ થઈ હોય તેવુ પંચનામામાં ખુલે છે તે કબૂલ કરે છે. તો આંક–૭૩૯૨ વાળુ પંચનામુ આરોપીના કહેવા અને બતાવ્યા પ્રમાણે બનાવેલુ નથી તો તે હકીકત નકારી છે.

આંક–૭૩૯૨ વાળા પંચનામા બાબતે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે પંચનામામાં આરોપીએ કબૂલ કર્યાની જે હકીકત બતાવેલી છે તે જેવી કે "પોતે પોતાનુ નામ, સરનામુ જણાવેલુ" તથા "જાન્યુઆરી–૨૦૦૮ મા પાવાગઢ હાલોલ ખાતેના જંગલોમાં પોતાના સાથીદારો સાથે આંતકવાદી તાલીમ કેમ્પ યોજી તાલીમ લીધેલ અને પોતાને પાવાગઢ નજીક લઇ જવામાં આવે તો પોતે તાલીમ લીધેલી જગ્યા બતાવી શકે અને કેમ્પમાં જે કંઇ કાર્યવાહી કરેલ તે બતાવી શકું" તથા "આરોપીએ ખુંદપીર દરગાહવાળી જગ્યા, હેલીકૈલ વાવવાળી જગ્યા અને ત્યાંથી ઉપર પહાડવાળી જગ્યા, એકમીનાર મસ્જિદવાળી જગ્યા, કબુતરખાનાવાળી જગ્યા વિગેરે જગ્યાઓ બતાવેલી" વિગેરે પુરાવામાં વિચારણામાં લઈ શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આરોપીએ પોતે આપેલ માહિતી પ્રમાણેની જે જે જગ્યાએ આવેલી હતી તે જગ્યાઓનું ત્યાં અસ્તિત્વ છે જેથી તે હકીકત પુરાવામાં વિચારણામાં લઈ શકાય.

આ આરોપી નં.૭૮ તૌસીફખાન ઉર્ફે અતીક સગીર અહેમદખાન પઠાણે ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં

ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલા પુરાવાનો ઇન્કાર કરેલો છે અને આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં વિશેષમાં કંઈ કહેવુ છે? તે પ્રશ્નના જવાબમાં તેને ફરીયાદ પક્ષના પુરાવા સબંધી જે હકીકત જણાવી તે તથા પોતાના બચાવ માટે જે હકીકત જણાવી તે આ ચુકાદાના પેરા નં.૨૦ મા જણાવેલી છે માટે ફરીથી તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી. આ ઉપરાંત આ આરોપીએ પોતાના બચાવમાં અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ કરેલો નથી.

આરોપી નં.૭૮ બાબતે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપી સામે કેસ પુરવાર થયેલો છે અને કેસ પુરવાર થાય તેટલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. જેવા કે સાહેદ નં.૧૧૦૫, ૧૦૮૧, ૧૦૮૩, ૧૦૮૬, ૧૦૯૫, ૧૧૦૧, ૧૧૦૪, ૧૧૫૬, ૧૧૫૭, ૧૧૫૯ છે. આ ઉપરાંત આરોપી નં.૨ નુ કબૂલાત નિવેદન પણ છે. આ સાહેદોના પુરાવા ધ્યાને લેતાં આ આરોપી અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવો તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સંડોવાયેલો છે.

જયારે આરોપી તરફથી વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે, આંક–૭૨૪૫ થી ફરમાવવામાં આવેલા તહોમતનામામાં મુજબ આ આરોપી સામે કોઈ ચોકકસ ભૂમિકા ભજવ્યા અંગેનો કોઈ આક્ષેપ નથી. આ આરોપી રીમાન્ડ ઉપર હતો ત્યારે તા.૧.૧૨.૨૦૧૭ ના રોજ હાલોલ–પાવાગઢવાળી જગ્યા બતાવેલાનુ પંચનામુ આંક–૯૩૯૨ થી રજૂ કરેલુ છે. આ પંચનામુ સાહેદ નં.૧૦૮૩ મહેન્દ્ર પાટીલની હાજરીમાં બનાવેલુ હતુ. પરંતુ આ પંચનામુ તપાસ કરનાર અધિકારીએ ઉભુ કરેલુ છે. વકીલશ્રી એમ.એમ.શેખની દલીલ સાથે હું સંમત નથી કારણ કે આ આરોપીને અટક કર્યા બાદ તેને આપેલી માહિતી મુજબ તપાસ કરનાર અધિકારી, પંચ તથા આરોપીને લઈને હાલોલ–પાવાગઢ ખાતેની જુદી–જુદી જગ્યાઓ ઉપર ગયેલા છે. જેથી આ પંચનામુ ખોટુ છે તેમ કહેવાય નહીં. પંચ સાહેદને આરોપી તરફથી વકીલશ્રીએ ઘણા ઊલટ

સુલટ પ્રશ્નો પુછેલા છે કે દરગાહ અને મજાર જોયેલી ? કિલ્લો કોને કહેવાય ? કિલ્લો મોટો હતો કે નાનો હતો ? વિગેરે પ્રશ્નોના જવાબો સાહેદે જે આપેલા હોય તે મહત્વના નથી પરંતુ આ સાહેદની હાજરીમાં આરોપીએ જુદી–જુદી જગ્યાઓ બતાવેલી તે મહત્વનુ છે. હાલોલ–પાવાગઢના તાલીમ કેમ્પમાં આ આરોપી હાજર રહેતો માટે તેણે તમામ જગ્યાઓ જોયેલી હતી અને તે જગ્યાઓ ઉપર તે દોરી ગયેલો માટે દોરી જવાનું તેનું વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે. વધુમાં વકીલશ્રી એમ. એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે, સાહેદ નં.૧૦૮૧ આનંદ શ્રીવાસ્તવની હાજરીમાં આરોપીએ દરિયાપુરમાં સીમીની મીટીંગ થયેલી તે જગ્યા બતાવેલી તેવો આક્ષેપ છે. પરંતુ આ સાહેદે આરોપીને અદાલત સમક્ષ જુબાની દરમ્યાન ઓળખી બતાવ્યો નથી. આરોપીએ જે મકાન બતાવેલુ તે મકાનમાં અંદર આ સાહેદ ગયેલા નથી. પરંતુ મારા મત પ્રમાણે આરોપીએ જે મકાન બતાવેલુ હતુ તે મકાનમાં આ સાહેદ અંદર દાખલ થયા ન હોય તો તેનો અર્થ એવો નથી કે આ સાહેદની હાજરીમાં આરોપીએ મકાન બતાવેલુ નથી. વધુમાં વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે આ સાહેદની જુબાનીના પેરા–૯ પ્રમાણે મકાનમાંથી બહાર આવનાર વ્યકિતને પોલીસે કાંઈ પુછેલુ નહીં. પરંતુ આ સાહેદની હાજરીમાં મકાનમાંથી બહાર આવનાર વ્યકિતને પોલીસે પુછેલુ હોય કે ન પુછેલુ હોય તે મહત્વનું નથી પરંતુ આરોપીએ આ મકાન બતાવેલુ તે મહત્વનુ છે. આરોપીએ માહિતી આપેલી હતી કે આ મકાનમાં સીમીની મીટીંગ થયેલી અને તે માહિતીના આધારે આરોપી આ મકાન ઉપર પંચ તથા તપાસ કરનાર અધિકારીને દોરી લઈ ગયેલો માટે દોરી જવાનું વર્તન પુરાવામાં ગ્રાહય છે અને આ જગ્યાએ આ આરોપી મીટીંગમાં હાજર હતો તે બતાવવાનો સંજોગ ઉભો કરે છે. સાહેદ નં.૧૧૦૫ ઈદ્રીશ ફકીરે પોતાની જુબાની દરમ્યાન આ આરોપીને અદાલતમાં ઓળખી બતાવેલો નથી. સાહેદ ઈદ્રીશ ફકીરના કહેવા પ્રમાણે દરગાહ ઉપર ૨૦ થી ૨૫ માણસો રોકાયેલા હતા તે પૈકી સાહેદ ઈદ્રીશે ઘણા આરોપીઓને જુબાની દરમ્યાન ઓળખી બતાવેલા છે. આ આરોપીનો ચહેરો યાદ ન હોય તો તેને ન પણ ઓળખી બતાવે તેવુ બને. પરંતુ આરોપી જ આ જગ્યા ઉપર દોરી ગયેલો હોય તે

દોરી જવાનુ વર્તન પુરાવામાં ગ્રાહ્ય છે તે ધ્યાને લેતા આ આરોપી હાલોલ–પાવાગઢ ખાતેના તાલીમ કેમ્પોમાં હાજર હતો તેમ કહી શકાય. આરોપી નં.૨ એ પણ પોતાના કબૂલાત નિવેદનમાં આ આરોપી હાલોલ–પાવાગઢ ખાતેના કેમ્પમાં હાજર હતો તેવી હકીકત જણાવેલી છે. વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે આ આરોપી આ કહેવાતા ગુનાઓમાં સંડોવાયેલો નથી. પરંતુ ઉપર વિગતે જે પુરાવા રજૂ થયા છે તે ધ્યાને લેતા આ આરોપી આ કહેવાતા ગુનામાં સંડોવાયેલો છે તેમ હું માનુ છું.

(૭૫) ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા અગત્યના સાહેદોના પુરાવાનું મૂલ્યાંકનઃ–

ફરિયાદપક્ષ દ્વારા આ કામે રફીકભાઈ હુસેનભાઈ અબદાલને સાહેદ નં.૯૨૯ તરીકે આંક–૬૫૮૭ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ છેલ્લા ૨૦ વર્ષથી વટવા, બીબી તળાવ, ચાર રસ્તા પાસે ખાવા–પીવાની હોટલ ચલાવે છે. તેમની હોટલનું નામ ગરીબ નવાજ છે. આ સાહેદ તેમની હોટલમાં વેઝ–નોનવેઝ બંને પ્રકારનું જમવાનું રાખે છે અને હોટલનો સમય સવારે ૯:૦૦ વાગ્યાથી રાત્રીનાં ૧૧:૦૦ વાગ્યા સુધી છે. તા.૨૪/૮/૨૦૦૮ ના રોજ પોલીસ તેમની પાસે આવેલી અને આવીને પુંછેલું કે, હોટલ તમારી છે? તો હા, પાડેલી. આ સાહેદને એમ પણ કહેલું કે, મણીનગરમાં બોમ્બ બ્લાસ્ટ થયેલો છે તે આરોપીએ કહેલું છે કે વટવા મુકામે એક હોટલમાં જમતાં હતાં અને તેની સાથે તેના બે સાથી પણ હતા તેમ પોલીસે જણાવેલું. આ સાહેદે સાહેબને કહેલું કે તેમની હોટલમાં ઘણા બધા લોકો જમવા આવતાં હોય છે. આ સાહેદે સાહેબને એમ પણ કહેલું કે, તે વ્યકિત ૧૦ દિવસ સુધી તેમને ત્યાં તેના બે સાથીદારો સાથે જમવા આવતો હતો અને ટિફિન પણ લઇ જતો હતો. ત્યારબાદ પોલીસ જતી રહેલી ત્યારપછી તા.૨૬ મી તારીખે સાંજે એક પોલીસવાળા ભાઇ આવેલાં અને જણાવેલું કે જૂની કલેકટર ઑફિસ, ઘી કાંટા કમ્પાઉન્ડમાં ઓળખ પરેડ માટે જવાનું છે. ત્યારબાદ ૨૭ મી તારીખે સાંજે સાડા પાંચ વાગ્યે ઘી કાંટા કોર્ટમાં ગયેલા. આ સાહેદ ત્યાં પહોંચ્યા પછી ત્યાં બે–

ત્રણ કલાર્ક બેઠેલાં હતાં તેમને જઇને પુંછેલું અને લખેલું એડ્રેસ બતાવેલું તો તેણે ત્યાં ઉભા રહેવાનું કહેલું. ત્યારબાદ એક રૂમમાં બેસાડેલો અને ૧૦ મિનિટ પછી એક પટ્ટાવાળા ભાઇ આવેલાં અને કોર્ટમાં લઇ ગયેલાં અને દરવાજો બંધ કરી દીધેલો. આ સાહેદ અંદર ગયા ત્યારે પબ્લિકના બે માણસ ત્યાં ઉભેલાં હતાં, જજ સાહેબ બેઠેલાં હતાં અને સામે છ માણસો ઉભેલાં હતાં. સાહેબે આ સાહેદેનુ નામ, સરનામું પુંછેલું. સાહેબે ઓળખપત્ર માંગતાં આ સાહેદે તેમનુ ચુંટણી કાર્ડ આપેલું અને જોઇને પાછું આપેલું. સાહેબે તેમને કહેલું કે, આ છ માણસોમાંથી આરોપીને ઓળખો છો? આ સાહેદે બધાને ૫–૧૦ મિનિટ જોયેલાં અને ત્યારપછી એક માણસને હાથ પકડીને લાઇનમાંથી બહાર કાઢેલો. બહાર કાઢેલ માણસનું સાહેબે નામ, સરનામું પુંછેલું. તો તેણે તેનું નામ અબુબસર શેખ જણાવેલું. તેનું સરનામું અત્યારે ખ્યાલ નથી પરંતુ તે યુ.પી.ના આઝમગઢનો હોવાનું જણાવેલું. સાહેબે પુંછેલું કે આ માણસને તમે કેવી રીતે ઓળખો છો? તો મેં સાહેબને કહેલું કે આ માણસ આ સાહેદને ત્યાં હોટલ ઉપર ૧૦ દિવસ સુધી તેના બે સાથીદાર સાથે જમવા આવતો હતો. ત્યારબાદ સાહેબે જવાનું કહેલું જેથી જતો રહેલો.

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ તે દિવસે તેમની હોટલ ઉપર ગયા પછી સાંજે ૭–૮ વાગ્યે ચાવડા સાહેબ તથા પોલીસવાળા આવેલાં અને જવાબ લીધેલો અને ઓળખ પરેડમાં જે હકીકત બનેલી તે સાહેબને લખાવેલી. આ સાહેદ વધુમાં જણાવે છે કે જે માણસોને ઓળખેલો તે જો બતાવવામાં આવે તો તેને ઓળખવાનો પ્રયત્ન કરૂ. સાહેદને ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીને વીડિયો કોન્ફરન્સ ટી.વી. સ્ક્રીન થકી તથા અમદાવાદ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીને વીડિયો કોન્ફરન્સ ટી.વી. સ્ક્રીન થકી બતાવવામાં આવતા આરોપીને ઓળખી શકતા નથી અને જણાવે છે કે બનાવને આઠ વર્ષ થયેલાં હોવાથી આરોપીને ઓળખી શકતા નથી. બનાવ વખતે તે માણસ પાતળો હતો અને થોડી દાઢી હતી અને અત્યારે બધા માણસો જાડા છે અને દાઢી વાળા છે અને માથે ટોપીવાળા છે માટે ઓળખી શકતા નથી.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો જોવામાં આવેલા બધાને ટોપી નથી તથા બધા જાડા નથી અને બધા દાઢીવાળા નથી તે કબૂલ કરે છે. સાહેદે જણાવેલુ છે કે ઘણાને નાની દાઢી છે અને ઘણાને મોટી દાઢી છે. આરોપી દોઢ માસ પહેલા બે સાથીદારો સાથે દસ દિવસ સુધી જમવા આવેલો તેવુ પોલીસને કહેલુ નહીં તો તે હકીકત નકારેલી છે. તેની સાથે આવનાર તેના સાથીદારોના વર્ણન પોલીસને આપેલા નહીં તો તે કબૂલ કરે છે. પોલીસ તેનુ નિવેદન લઈને ગઈ ત્યારપછી ઓળખ પરેડ માટે બોલાવેલા તો તે કબૂલ કરે છે. આ પ્રશ્નનો અર્થ એવો થાય કે આ સાહેદ ઓળખ પરેડ માટે ગયેલા હતા તેમ કહી શકાય. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા લાઈનમાં ઉભા હતા તે સરખી ઉંમરવાળા હતા અને થોડા જાડા મોટા હતા આવા કોઈ વર્ણન મેજિસ્ટ્રેટ સાહેબને જણાવેલા નહીં. જે માણસને ઓળખેલો તે લાઈનમાં કયા નંબરે ઉભો રહેલો તે કહી શકે તેમ નથી. મેજિસ્ટ્રેટ સાહેબને કહેલુ કે દસ દિવસ સુધી તે તેના સાથીદારો સાથે ખાવા આવતો હતો અને ટિફિન લઈ જતો હતો માટે ઓળખેલો છે. આવી કોઈ હકીકત મેજિસ્ટ્રેટ સાહેબને કહેલી નથી તો તે હકીકત નકારે છે. મેજિસ્ટ્રેટ સાહેબે ઓળખપત્ર માંગેલુ અને તે બતાવેલુ. પોલીસે આરોપીનું નામ અબુબસર જણાવેલુ જેથી તેનુ નામ અબુબસર છે તેવુ જણાવે છે તો તે હકીકત નકારે છે. આરોપીનું નામ જજ સાહેબે પુછેલુ નથી તો તે હકીકત પણ નકારે છે. સાહેદ હોટલના માલીક છે તેવો કોઈ દસ્તાવેજ રજૂ કરેલો નહીં તો તે કબૂલ કરે છે. સાહેદની હોટલ ઉપર કોઈ ગ્રાહક એકલા પણ આવે અને સાથીદારો સાથે પણ આવે તે કબૂલ કરે છે. રોજેરોજ આવતા ગ્રાહકોમાંથી બધાને ઓળખી શકે નહીં તે કબૂલ કરે છે. બધા ગ્રાહકોના વર્ણન આપી શકે નહીં તે પણ કબૂલ કરે છે. પોલીસે જણાવેલુ કે આરોપી તમારે ત્યાં જમવા માટે આવતો હતો તો તે હકીકત નકારી છે. પોલીસે ઓળખ પરેડ કરાવડાવેલી નથી તો તે હકીકત પણ નકારે છે. આરોપી હોટલ ઉપર આવતો હતો તે પહેલા અને બનાવ પછી તેને જોવાનો પ્રસંગ બન્યો નથી. આ પ્રશ્નનો પણ અર્થ એવો થાય કે જયારે આરોપી હોટલ ઉપર આવેલો હતો ત્યારે આ સાહેદે તેને જોયેલો છે.

વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા સાહેદના ભાઈનું નામ સલીમભાઈ છે અને પોલીસે તેની પુછપરછ કરી નથી. પોલીસે જણાવેલુ કે આરોપી પકડેલો છે અને તે તમારી હોટલ ઉપર જમવા આવતો હતો અને ટિફિન લઈ જતો હતો તો તે કબૂલ કરે છે. પોલીસે ઓળખાવેલો તે માણસ સાથે વાતચીત કરેલી નહીં તે કબૂલ કરે છે. ચોકકસ કયા સમયે ટિફિન લઈ જતો હતો તેનો ખ્યાલ નથી. પોલીસે ૨૬મી તારીખે કોર્ટમાં જવાની જાણ કરેલી હતી. પોલીસે કાગળ લખીને આપેલો અને તેમાં કોર્ટનું સરનામુ હતુ. કયા નંબરની કોર્ટમાં ગયેલા તેનો ખ્યાલ નથી. જે વ્યકિતને ઓળખેલો તે કયા ગુનામાં છે અને કયારથી છે તેનો ખ્યાલ ન હતો. કોઈ વ્યકિત હોટલ ઉપર જમવા આવતો ન હતો તો તે હકીકત નકારી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ વટવા મુકામે બીબી તળાવ ચાર રસ્તા પાસે ગરીબ નવાજના નામે હોટલ ધરાવી વેપાર ધંધો કરતા હતા અને તેમની હોટલ ઉપર આરોપી નં.૧૫ મુફતી ઉર્ફે અબુબસર તથા આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયા તથા અબ્દુલ સુભાન ઉર્ફે તૌકીરનાઓ અમદાવાદમાં બોમ્બ બ્લાસ્ટ થયા તે અગાઉ વટવા ખાતે ઉમરાવનગર ખાતેના મકાનમાં રહેતા હતા અને તે લોકો ત્યાં રહેતા હતા દરમ્યાન આ સાહેદની હોટલ ઉપર જમવા માટે આવતા હતા અને પોતાની સાથે ટીફીન પણ લઈ જતા હતા. આ સાહેદ રૂબરૂ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સમક્ષ આરોપીઓની ઓળખ પરેડ તા.૨૭.૮.૨૦૦૮ ના રોજ કરાવેલી હતી અને તે પૈકી આરોપી નં.૧૫ મુફતી ઉર્ફે અબુબસર શેખને ઓળખી બતાવેલો હતો. આ અંગેનુ પંચનામુ આંક–૩૦૫૪ વાળુ બનાવવામાં આવેલુ હતુ. આ સાહેદે જે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સમક્ષ ઓળખ પરેડ માટે ગયેલા તે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૭૧ રમણભાઈ સેંધાભાઈ પણ પોતાની જુબાનીના પેરા નં.૭,૮ મા જણાવેલી છે. જેથી આરોપી નં.૧૫ ને આ સાહેદે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સમક્ષ ઓળખી બતાવેલાની હકીકતને સમર્થન મળે છે. આ સાહેદ એક સ્વતંત્ર સાહેદ છે. ફરિયાદપક્ષ તરફે કોઈ મિત્રતા નથી કે આરોપીઓ સાથે તેમને

કોઈ દુશ્મનાવટ નથી માટે આ સાહેદની જુબાની નહીં માનવાને કોઈ કારણ રહેતુ નથી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે મહંમદ ફારૂક અજીજભાઈ મેમણને સાહેદ નં.૯૩૮ તરીકે આંક–૬૬૧૭ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ સને–૨૦૦૮ના વર્ષમાં તેઓ કાલુપુર ખાતે એવરગ્રીન નામના સ્ટોરમાં નોકરી કરતા હતા જે કાલુપુર ટાવર પાસે આવેલો છે. તેમની નોકરીનો સમય સાડા નવથી રાત્રી સુધીનો હતો. તેમની સ્ટોરના શેઠ મહમદીભાઈ રંગવાલા હતા. તેમની સ્ટોર રવિવારે કયારેક ચાલુ રાખતા અને કયારેક બંધ રાખતા અને આ સાહેદનો માસીક રૂા.૨૭૦૦/–પગાર મળતો હતો. ૨૦૦૮ના આઠમાં મહિનામાં પોલીસ આવેલી અને બોમ્બ બ્લાસ્ટમાં વાસણો વપરાયેલા છે તે આ સાહેદની દુકાનેથી ખરીદેલા હતા તેવુ પુછેલ અને જવાબ લીધેલ. ત્યારબાદ છ–સાત દિવસ પછી બીજા એક સાહેબ આવેલા અને ઘી કાંટા કોર્ટમાં આવવુ પડશે તેવુ જણાવી એક ચીઠ્ઠી લખી આપેલી. ત્યારપછી આ સાહેદ ઘી કાંટા ગયેલ અને ત્યાં જઈ પટ્ટાવાળાને ચીઠ્ઠી બતાવેલી જેથી પટ્ટાવાળાએ કહેલ કે સાહેબને વાત કરે છે. ત્રણ–ચાર કલાક બેસાડેલા અને ત્યારબાદ એક રૂમમાં લઈ ગયેલા જયાં ઘણા બધા માણસો હતા. આ સાહેદ અંદર ગયા પછી મેજિસ્ટ્રેટ સાહેબે આ સાહેદને તેનુ નામ પુછેલુ અને આઈ.ડી. પ્રુફ માંગેલુ. ત્યાં ઘણા માણસો ઉભેલા હતા અને મેજિસ્ટ્રેટ સાહેબે કહેલુ કે તમારે આમાંથી ઓળખાણ કરવાની છે જેથી ત્યાં બધા માણસો લાઈનમાં ઉભેલા હતા તેમને જોયેલા. પછી જે માણસે વાસણો લીધેલા હતા તેને ઓળખી બતાવેલ છે અને હાથ પકડીને બહાર કાઢવાનું કહેતા બહાર કાઢેલા. સાહેબે તેનુ નામ પુછતા યુનુસ મન્સુરી જણાવેલ અને બાપુનગરના હોવાનું જણાવેલ.

સાહેદ વધુમાં જણાવે છે કે, ત્યારપછી થોડા દિવસ બાદ એક સાહેબ તેમની પાસે આવેલા અને ક્રાઈમ બ્રાન્ચની ઑફિસમાં લઈ ગયેલા અને ત્યાં એક રૂમમાં એક મેડમ પાસે લઈ ગયેલા અને વાસણો જોવા માટે લઈ ગયેલા અને તે વાસણો જે માણસને ઓળખેલો તે લઈ ગયેલો તેવુ જણાવેલુ. સાહેદ

વધુમાં જણાવે છે કે જે માણસ વાસણો લઈ ગયેલો અને જેમને ઓળખ પરેડમાં ઓળખી બતાવેલા હતા તેઓને ઓળખી શકે. જેથી સાહેદને અમદાવાદ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીઓને વીડિયો કોન્ફરન્સ ટી.વી. સ્ક્રીન થકી બતાવવામાં આવતા નીચે મુજબના આરોપીને ઓળખી બતાવે છે.

(૧)આરોપી નં.૮ યુનુસ મોહંમદભાઈ મન્સુરી

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો ૨૦૦૮ના ઓગસ્ટ મહિનાના છેલ્લા દિવસોમાં કઈ–કઈ વ્યકિત કેટલા કેટલા વાસણો લઈ ગયેલા તેની વિગતો જણાવી શકે તેમ નથી. દુકાનમાં જે વાસણો વેચાતા હતા તેના સ્ટોક અંગેની નોંધ રાખવામાં આવતી હતી તેમ જણાવે છે. દુકાનમાં બંધ સ્ટોક અને ઉઘડતા સ્ટોકની બંને વિગતો રાખવામાં આવે છે કે કેમ? તેનો ખ્યાલ નથી. દુકાનમાં ચોપડા રાખવામાં આવે છે અને તેમાં દુકાનના શેઠ નોંધ કરતા હોય છે. માલની સરખામણી બીજા દિવસે દુકાન ખોલે ત્યારે કરવામાં આવતી નથી. કાલુપુર વિસ્તારમાં વાસણોની એક કરતા વધારે દુકાનો આવેલી છે તો તે હકીકત નકારે છે. સાહેદ જણાવે છે કે અમારી દુકાન સિવાય બીજી કોઈ દુકાનોમાં વાસણો વેચાતા નથી. તમારી દુકાનમાંથી દિવસ દરમ્યાન તમે કોને ડોયો આપ્યો, કોને તપેલી આપી તેની કોઈ વિગત જણાવી શકો ? તો જવાબમાં સાહેદે જણાવેલુ છે કે દિવસ દરમ્યાન વેચાયેલા વાસણોની વિગત આપી શકું. દુકાન ઉપર રોજ અસંખ્ય ગ્રાહકો આવે છે તો તે કબૂલ કરે છે. દુકાન ઉપર આવતા ગ્રાહકોના વર્ણન આપી શકે નહીં તે કબૂલ કરે છે. દુકાનના શેઠ કયા દિવસે કઈ કંપનીનો માલ ખરીદીને લાવેલા તે કહી શકે નહીં તો તે હકીકત નકારી છે. દુકાનમાં સવારે કોણ આવેલુ હોય, સાંજે કોણ આવેલુ હોય તો તે કહી શકે નહીં. દુકાનમાંથી વેચાતા વાસણો ઉપર નિશાનીઓ કરીએ છીએ તેવી કોઈ હકીકત આજ દિન સુધી કોઈને કહેલી નથી તે કબૂલ કરે છે. પોલીસ સ્ટેશનમાં વાસણો બતાવ્યા ત્યારે સીલપેક કરેલી હાલતમાં ન હતા પરંતુ ખુલ્લા હતા. પોલીસ સ્ટેશનમાં જયારે વાસણો બતાવ્યા તે વખતે જે હાલમાં વાસણો હતા તેવા જ હાલમાં આજે પણ છે. મારા મત પ્રમાણે જે તે વખતે પોલીસે વાસણો કબજે કરેલા

હતા અને કબજે કર્યા પછી આ સાહેદે જુબાની આપી ત્યાં સુધી આ વાસણો વપરાયેલા નથી માટે વાસણોને કોઈ ઘસારો પડે નહીં અને તેના કારણે વાસણો તે જ હાલતમાં છે તેમ કહી શકાય. પોલીસ સ્ટેશનમાં વાસણો બતાવ્યા પછી તે વાસણોનું શું કરેલુ તેની ખબર નથી. ચોરીના વાસણોની ઓળખ કરવાની હોય ત્યારે ઓળખ માટે જવાનો પ્રસંગ બને છે તે કબૂલ કરે છે. દુકાનના શેઠની પુછપરછ કરેલી હોય તો આઈડીયા નથી. દુકાનના ચોપડા કે બીલ બુકો બતાવવાનો પ્રસંગ બનેલો કે કેમ?તેનો ખ્યાલ નથી. પોલીસ આવે તો ગભરાઈ જવુ પડે અને કહે તેમ કરવુ પડે તે કબૂલ કરે છે. પરંતુ સાહેદે ખુલાસો કરેલો છે કે પોલીસ પુછે તો જવાબ આપવો પડે. યુનુસભાઈ ઉંચા, લાંબા અને પહોળા છે તે કબૂલ કરે છે. આ યુનુસભાઈને સારી રીતે ઓળખે છે તે કબૂલ કરે છે. જે કંઈ કાર્યવાહી મેજિસ્ટ્રેટ કોર્ટમાં થઈ તે પછી ત્યાંથી જતા રહેલા તે કબૂલ કરે છે. આ પ્રશ્નનો અર્થ એવો થાય કે મેજિસ્ટ્રેટ કોર્ટમાં ઓળખ પરેડની કાર્યવાહી થયેલી છે તે આરોપી તરફથી કબૂલ કરવામાં આવે છે. પોલીસના કહેવાથી અને શીખવાડવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારી છે. મેજિસ્ટ્રેટ સાહેબ પાસે બોલાવ્યા તે પહેલા વાસણો બતાવવામાં આવેલા નહીં. પોલીસે પ્રથમ વખત પુછ્યુ ત્યારે વાસણો મારી દુકાનના છે કે કેમ? તેની ખબર ન હતી તો તે કબૂલ કરે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ કાલુપુર ખાતે આવેલ એવરગ્રીન સ્ટોરમાં નોકરી કરતા હતા અને આરોપી નં.૮ આ સાહેદની દુકાનેથી વાસણો ખરીદીને લઈ ગયેલ હતો. આ સાહેદે ઓળખ પરેડ દરમ્યાન આરોપીને ઓળખી બતાવેલો છે તથા જુબાની દરમ્યાન અદાલત રૂબરૂ પણ ઓળખી બતાવેલો છે. આ સાહેદે જુબાની દરમ્યાન તેમની દુકાનેથી ખરીદ કરવામાં આવેલા વાસણો પણ ઓળખી બતાવેલા છે. આ સાહેદ એક સામાન્ય વ્યકિત છે, માટે આ સાહેદ એક સ્વતંત્ર સાહેદ છે. ફરિયાદપક્ષ તરફે કોઈ મિત્રતા નથી કે આરોપીઓ સાથે તેમને કોઈ દુશ્મનાવટ નથી માટે આ સાહેદની જુબાની નહીં માનવાને કોઈ કારણ રહેતુ નથી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે ઝાકીર હુસેન અબ્દુલ જબ્બાર કુરેશીને સાહેદ નં.૯૫૭ તરીકે આંક–૬૬૮૭ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ જુહાપુરા, અમદાવાદમાં રહે છે. તેઓ જુહાપુરામાં રહેવા માટે ગયા તે પહેલા ગોમતીપુરમાં નુરભાઇ ધોબીની ચાલી, આમ્રપાલી સિનેમાની સામે રહેતા હતા. સને–૨૦૦૮ની સાલની આસપાસ તેઓ જુહાપુરામાં રહેતા હતા ત્યારે પોલીસે તેમનો જવાબ લીધો તે પહેલા એક માસ અગાઉથી જુહાપુરામાં રહેવા ગયા હતા. તેમના પિતાજી "રોયલ ફર્નિચર" ના નામથી મિસ્ત્રી કામ દાણીલીમડા, અમદાવાદ ખાતે કરતાં હતાં. આ સાહેદ કોમર્સમાં ધોરણ–૧૨ પાસ થયેલા અને તેઓ ધોબીની ચાલીમાં રહેતા હતા તે વખતે ફિરોઝને ઓળખતા હતા. આ ફિરોઝ ધોબીની ચાલીમાં મેઇન ગેઇટની પાસેના જ મકાનમાં રહેતો હતો. આ ફીરોઝ નાનપણનો આ સાહેદનો મિત્ર હતો અને તે એમ્બ્રોડરીનું કામ સી.જી. રોડ ખાતે કરતો હતો ત્યારે તેની સાથે અબ્દુલ રાજીક પણ કામ કરતો હતો અને આ અબ્દુલ રાજીકની ઓળખાણ ફીરોઝે આ સાહેદ સાથે કરાવેલી. આ અબ્દુલ રાજીક અલઅમન ફ્લેટ, રાજપુર ટોલનાકા, ગોમતીપુર ખાતે રહેતો હતો. આ સાહેદની ઓળખાણ અબ્દુલ રાજીક સાથે થયા પછી આ અબ્દુલ રાજીક જ્યારે જ્યારે ફિરોઝને મળવા આવતો ત્યારે તે આ સાહેદને પણ મળતો હતો. ત્યારબાદ આ સાહેદને તેમની સાથે મિત્રતા થતા બંને એકબીજાના ઘરે આવતાં જતાં હતાં.

વધુમાં સાહેદ જણાવે છે કે, ત્યારબાદ સને–૨૦૦૭ના નવેમ્બર માસમાં અબ્દુલ રાજીકે આ સાહેદના મોબાઇલ પર ફોન કરેલો અને કહેલું કે, “હું તથા ફિરોઝ સી.જી.રોડથી નીકળીએ છીએ અને તું કામદાર મેદાન આવી જા ત્યાં એક જગ્યાએ દર્શે કુરાનનો પ્રોગ્રામ રાખેલો છે" જેથી આ સાહેદ તેની મોટર સાઇકલ લઇને રાત્રે ૮.૩૦ વાગે નીકળેલો અને કામદાર મેદાન ગયેલો અને ત્યાં ગયો ત્યારે અબ્દુલ રાજીક તથા ફિરોઝ એ.એમ.ટી.એસ. બસમાં ત્યાં આવેલા અને ત્યાંથી ઇબ્રાહીમ અન્સારીને ત્યાં લઇ ગયેલાં. તેઓ ત્યાં ગયા ત્યારે ઇબ્રાહીમ અંસારી, ગ્યાસુદ્દીન અંસારી ગોમતીપુરનો, જાવેદ શેખ ગોમતીપુરનો

અને અસ્લમ ગોમતીપુરનો હતાં તેમની સાથે અબ્દુલ રાજીકે આ સાહેદની ઓળખાણ કરાવેલી. પછી જાવેદ શેખે કુરાન વાંચેલું અને કયામત અને જેહાદની વાતો કરેલી. ત્યારપછી આ પ્રોગ્રામ પુરો થયેલો. ત્યારબાદ અબ્દુલ રાજીકે કહેલું કે, "દર સોમવારે અહીં અમે પ્રોગ્રામ રાખીએ છીએ અને તને બોલાવીએ ત્યારે તારે આવી જવાનું" જેથી આ સાહેદે ઠીક છે ટાઇમ હશે તો આવીશ તેવુ જણાવેલુ. ત્યારપછી અબ્દુલ રાજીક પ્રોગ્રામમાં બોલાવવા માટે ફોન કરતો હતો પરંતુ આ સાહેદ પાસે ધંધામાં ટાઇમ ન હોવાથી જતો ન હતો. વધુમાં સાહેદ જણાવે છે કે ત્યારબાદ જાન્યુઆરી–૨૦૦૮ મા અબ્દુલ રાજીકે ફોન કરીને આ સાહેદને ઇબ્રાહીમ અંસારીને ત્યાં બોલાવેલો. તે પહેલા શમશુદ્દીન શેખ તથા ઐયાઝ સાથે ઓળખાણ થયેલી અને આ ઓળખાણ પણ ઇબ્રાહીમ અંસારીને ત્યાં થયેલી. આ સાહેદ અબ્દુલ રાજીકના બોલાવવાથી ઇબ્રાહીમ અંસારીના ઘરે ત્રણ થી ચાર વખત ગયેલો ત્યારે ઓળખાણ થયેલી. આ ઇબ્રાહીમ અંસારી ગોમતીપુરના હતાં. શમશુદ્દીન દરિયાપુરના હતાં અને ઐયાઝ વટવા, સૈયદવાડીના હતા. ઇબ્રાહીમ અંસારીને ત્યાં બોલાવ્યો ત્યારે તે લોકોએ કુરાન વાંચેલું. તે વખતે બધા લોકો હતાં જેમા અબ્દુલ રાજીક, ગ્યાસુદ્દીન અંસારી, જાવેદ શેખ, ઇબ્રાહીમ અંસારી અને શમશુદ્દીન શેખ અને ઐયાઝ હતા. પછી અબ્દુલ રાજીકે તકરીર કરેલી. આ તકરીર ૨૦૦૨ માં જે મુસલમાનો મરી ગયેલાં તેનો બદલો લેવા કરી હતી અને જેહાદની વાતો કરેલી. પછી આ સાહેદ આ પ્રોગ્રામમાંથી જતો રહેલો અને ત્યાં જવાનું બંધ કરી દીધેલું. પછી અબ્દુલ રાજીક આ સાહેદને પ્રોગ્રામમાં બોલાવવા માટે મળવા આવતો હતો અને ફોન પણ કરતો હતો. પરંતુ આ સાહેદે ના પાડી દીધેલી કે ધંધામાં ટાઇમ નથી.

વધુમાં આ સાહેદની સરતપાસ પ્રમાણે ત્યારપછી માર્ચ–૨૦૦૮ મા અબ્દુલ રાજીકનો આ સાહેદ ઉપર ફોન આવેલો અને ફોનમાં કહેલું કે, "ઘણા દિવસથી પ્રોગ્રામમાં આવેલો નથી. તું દરિયાપુર લીમડી પાસે આવી જા. અહીંયા ધાર્મિક પ્રોગ્રામ રાખેલો છે." જેથી આ સાહેદ તેની મોટર સાઇકલ લઇને રાત્રે દરિયાપુર, લીંમડી પાસે ગયેલો. ત્યાં અબ્દુલ રાજીક લેવા માટે આવેલો અને

શમશુદ્દીન શેખના નાનાના ઘરે લઇ ગયેલો. ત્યાં બધા લોકો હાજર હતા. આ લોકોમાં શમશુદ્દીન શેખ, અબ્દુલ રાજીક, મુજીબ શેખ, યુનુસ મન્સુરી, આરીફ કાગજી, અબ્દુલ સુભાન ઉર્ફે તૌકિર, મુફ્તી આઝમગઢનો અને બીજા લોકો પણ હતા અને બીજા રીયાઝ હતાં. અબ્દુલ રાજીકે આ લોકો સાથે આ સાહેદની ઓળખાણ કરાવેલી. આ વખતે તૌકીરે તકરીર કરેલી કે, ૨૦૦૨ મા મુસલમાનોની જાનહાની થઇ છે તે મુસ્લિમ વિરોધી સરકારના કારણે થઇ છે. આવી સરકારને હટાવવા માટે જાહેર જનતામાં આતંક ફેલાવવાનો છે અને ઇસ્લામિક શાસન લાવવાની પણ વાત કરેલી અને જેહાદ કરવાનું કહેલું. ત્યારપછી મુફ્તીએ તકરીર (ભાષણ) કરેલી કે સીમી બહુ મજબૂત થઇ ગઇ છે અને ઇન્ડિયાના બધા શહેરમાં સીમીના કાર્યકર્તાઓ થઇ ગયેલાં છે. જેથી આપણે બધા મળીએ અને આવી મુસલમાન સરકાર વિરૂધ્ધ જેહાદ કરીએ. આ સાહેદને ત્યાં માલુમ પડેલું કે આ લોકો સીમીના કાર્યકર્તા છે અને સરકાર વિરૂધ્ધ, દેશની વિરૂધ્ધ ગેરકાનૂની વાતો કરે છે.

વધુમા આ સાહેદ જણાવે છે કે માર્ચ મહીનામાં આ વાત બન્યા પછી વીસ–પચ્ચીસ દિવસ બાદ આ સાહેદ તેમના ધંધાના કામથી કાલુપુર મોટર સાઇકલ લઇને જઇ રહ્યા હતા ત્યારે સારંગપુર બ્રિજના છેડે અબ્દુલ રાજીક, જાહીદ શેખ, મુજીબ, ગ્યાસુદ્દીન, જાવેદ શેખ આ લોકો ત્યાં ઉભેલા હતાં. આ સાહેદે તેમને જોયાં એટલે તેમની પાસે ગયેલા. તે વખતે અબ્દુલ રાજીક અને જાહીદ શેખ બંને રડતાં હતા અને "મારા ભાઇઓની ધરપકડ થઇ ગયેલી છે." તેમ કહેતાં હતા અને એવું પણ કહેતાં હતા કે, "તમે લોકો કશું પણ કરતાં નથી અને પોલીસને આપણી તાકાતની ખાતરી કરાવવી જોઇએ અને સરકાર વિરૂધ્ધ જનતામાં ધડાકા કરવા જોઇએ." અને મુજીબ અને ગ્યાસુદ્દીન તેને સમજાવતાં હતાં તે અબ્દુલ રાજીક ખુબ જ ગુસ્સામાં હતો. પછી આ સાહેદને જાવેદે જણાવેલું કે, "તેને ઘરે મુકી આવ." ત્યારપછી આ સાહેદ તેની મોટર સાઇકલ ઉપર અબ્દુલ રાજીકને મુકવા માટે તેના ઘરે જવા નીકળેલો. રસ્તામાં અબ્દુલ રાજીકને પુછેલું કે, "શું થયેલું?" તો તેણે જણાવેલું કે, "ઇન્દોરમાં સીમીના કાર્યકર્તાઓની

ધરપકડ થયેલી છે અને આવા મુસ્લિમો ઉપરના અત્યાચારનો બદલો લેવા જ પડશે." પછી તેના ઘરે પહોંચેલાં અને તેને તેના ઘર પાસે ઉતારીને આ સાહેદ પોતાના ઘરે ગયેલો. જાહીદ શેખ જુહાપુરાનો હતો. જાવેદ શેખ ગોમતીપુરનો હતો. ગ્યાસુદ્દીન ગોમતીપુરનો હતો. મુજીબ જુહાપુરાનો હતો.

સાહેદ વધુમાં જણાવે છે કે, ત્યારપછી દસ–પંદર દિવસ બાદ અબ્દુલ રાજીકને મળવા માટે તેના ઘરે ગયેલો. ત્યાં જાણવા મળેલું કે, તે "એમ.પી. ગયેલો છે." ત્યારપછી દસ–પંદર દિવસ બાદ અબ્દુલ રાજીક આ સાહેદને મળવા આવેલો. તેણે કહેલું કે, "હું ઈન્દોર જઈને આવેલો છું અને જે પોલીસવાળાઓએ સીમીના લોકોને પકડેલાં છે તેઓના ઘર જોઈને આવેલો છું અને હું સીમીના બીજા લોકોને પણ મળીને આવેલો છું અને એમ પણ કહેલું કે આ લોકોને છોડાવવા માટે જનતામાં આતંક ફેલાવવો પડશે."મેં તેની આ વાતો ઉપર ધ્યાન આપેલું નહીં. ત્યારબાદ તે મારી પાસેથી જતો રહેલો". તેણે આ સાહેદને એમ પણ કહેલું કે, "હું જે આ જગ્યા જોઈને આવેલો છું તેની ખબર સીમીના માણસોને આપવાની છે." વધુમાં સાહેદ જણાવે છે કે, ત્યારબાદ લગભગ જુન માસમાં અબ્દુલ રાજીકે આ સાહેદને ફોન કરીને ઈબ્રાહીમ અંસારીના ઘરે બોલાવેલો. જેથી આ સાહેદ રાત્રે ત્યાં ગયેલો. ત્યાં ગયો ત્યારે ઈબ્રાહીમ અંસારી, અબ્દુલ રાજીક, ગ્યાસુદ્દીન, જાવેદ શેખ અને મુફ્તી હતાં. ત્યાં મુફ્તીએ કહેલું કે, "સીમીના લોકો પકડાઇ ગયેલાં છે તેનાથી ગભરાવવાની વાત નથી અને અમે ઈસ્લામિક શાસન મેળવીને રહીશું." ત્યારબાદ, બધા જતાં રહેલાં. બાદમાં, આ સાહેદને અબ્દુલ રાજીકે રોકેલો અને મુફ્તીને યુનુસ મન્સુરીને ત્યાં મુકવા માટે જણાવેલું. જેથી અબ્દુલ રાજીક અને મુફ્તી ત્રણ સવારી મોટર સાઇકલ ઉપર બેસીને યુનુસ મન્સુરીના ઘરે ગયેલાં. આ યુનુસ મન્સુરીનું ઘર અજીત મીલ રેસીડેન્સીમાં આવેલું હતું. યુનુસ મન્સુરીના ઘર પાસે મુફ્તીને ઉતારેલો. આ મુફ્તી એટલે અબુબશર ઉર્ફે મુફ્તી હતો.

વધુમાં આ સાહેદ જણાવે છે કે ત્યારબાદ બે ત્રણ દિવસ પછી અબ્દુલ રાજીક આ સાહેદ પાસે આવેલો અને નરોડા પાટીયા, ગુલબર્ગ

સોસાયટી, નરોડા ગામ આ જગ્યાએ જઈને આવેલો છું તેમ કહેલું અને કહેલું કે, "નરોડા ગામમાં કૂવો આજે પણ કાળો છે અને નરોડા ગામમાં મુસ્લિમ લોકોના જે ઘરો બળી ગયેલાં હતાં તે વેરાન પડેલા છે અને ત્યાં એક મસ્જિદ છે અને હું મસ્જિદના બાંગી સાહેબને મળીને તેની માહીતી એકઠી કરી લાવ્યો છું અને આ બધી માહિતી સીમીના લોકોને બતાવવાની છે." ત્યારબાદ, બે ત્રણ દિવસ પછી અબ્દુલ રાજીકે આ સાહેદને ફોન કરીને તેના ઘર પાસે રાજપુર ટોલનાકા બોલાવેલો. જેથી આ સાહેદ રાત્રે તેના ઘર પાસે ગયેલો. ત્યાં અબ્દુલ રાજીક મળેલો અને ૨૦૦૨ માં જે મુસલમાનો મરી ગયેલાં હતાં તે વિશે વાત કરેલી અને કહેલું કે "અમે ચૂપ બેઠા છીએ બહુ જલદી આ લોકોને ખબર પડી જશે." ત્યારપછી આ સાહેદ તેના ઘરે જતો રહેલો. વધુમાં સાહેદ જણાવે છે કે ત્યારબાદ, અઠવાડીયા પછી અબ્દુલ રાજીકનો આ સાહેદ ઉપર ફોન આવેલો અને યુનુસ મન્સુરીના ઘરે અબ્દુલ્લા ઉર્ફે મુફ્તી તેના ઘરે આવેલો છે માટે બોલાવેલો. જેથી આ સાહેદ તથા અબ્દુલ રાજીક ગાડી ઉપર યુનુસ મન્સુરીના ઘરે ગયેલાં. યુનુસ મન્સુરીના ઘરે ગયા ત્યારે ત્યાં યુનુસ મન્સુરી, અબ્દુલ રાજીક, મુફ્તી અને અલીમ ત્યાં હતાં. ત્યાં મુફ્તી બોલેલો કે, "આપણે બહું જલદી ઈસ્લામીક શાસન મેળવવાનું છે તે માટેની બધી તૈયારીઓ થઈ ગઈ છે." પછી યુનુસ મન્સુરી જમવાનું મંગાવેલું. અને બધા સાથે જમેલા. ત્યારબાદ આ સાહેદ અબ્દુલ રાજીકને લઈને તેના ઘરે મુકવા ગયેલો અને ત્યાં અબ્દુલ રાજીકને મુકીને સાહેદ પોતાના ઘરે ગયેલો.

વધુમાં સાહેદ જણાવે છે કે ત્યારબાદ લગભગ તા.૨૦ જુલાઈની આસપાસ અબ્દુલ રાજીક આ સાહેદના ઘરે આવેલો. આ વખતે આ સાહેદે તેનો ફોન નંબર બદલેલો હતો. આ સાહેદનો જુનો નં.૯૯૦૪૯ ૭૧૧૮૮ હતો તેને બદલીને નવો નં.૯૭૧૪૪ ૬૬૨૨૭ લીધેલો. તેણે આ સાહેદને કહેલું કે, તારો ફોન નંબર બંધ આવી રહ્યો છે. જેથી આ સાહેદે કહેલું કે, મેં જુનો નંબર બદલેલો છે અને નવો નંબર લીધેલો છે. તેણે આ સાહેદ પાસે જુના નંબરનું સીમ કાર્ડ માંગેલું અને કહેલું કે, "મારા પપ્પા માટે થોડા દિવસ જોઈએ છે." જેથી આ સાહેદે

તેનુ જુનું સીમ કાર્ડ આપેલું. ત્યારબાદ ૨૩ જુલાઇની આસપાસ આ સાહેદે તેના જુના નંબર ઉપર ફોન કરેલો તો રાજીકે ફોન ઉપાડેલો. આ સાહેદે તેને પુછેલું કે, તું ક્યાં છો? અને આ સાહેદે તેનુ સીમ કાર્ડ પરત માંગેલું પરંતુ તે કાંઇ બોલેલો નહીં અને એવું જણાવેલું કે, "હું કામમાં છું." તેમ કહી ફોન કાપી નાંખેલો. ત્યારબાદ આ સાહેદ અબ્દુલ રાજીકના ઘરે ગયેલો. તે તેના ઘર ઉપર ન હતો. ત્યારબાદ ૨૪ મી તારીખે અબ્દુલ રાજીકનો આ સાહેદ ઉપર ફોન આવેલો અને કહેલું કે, "કાલે હું કામમાં હતો." અને તેના ઘરના દરવાજા બંધ થતાં ન હતાં જેથી રીપેરીંગ કરવાનું કહેલું. જેથી સાંજના તેના ઘરે દરવાજો જોવા ગયેલો. આ સાહેદે ત્યાં જઇને તેની મમ્મીને પુછેલું કે, ક્યાં છે રાજીક? તો તેની મમ્મીએ મને કહેલું કે, "બે દિવસથી તેની ઉપર ઘણા ફોન આવે છે માટે તે ઘરમાં રોકાતો નથી." ત્યારબાદ આ સાહેદ દરવાજો જોઇને ત્યાંથી જતો રહેલો.

વધુમાં આ સાહેદે જણાવેલુ છે કે, ત્યારબાદ ૨૫ મી જુલાઇના રોજ અબ્દુલ રાજીકના ઘરે દરવાજો રીપેર કરવા ગયેલો. તે વખતે અબ્દુલ રાજીક તેના ઘર ઉપર હાજર ન હતો. આ સાહેદે તેના ઘરનો દરવાજો રીપેર કરેલો. ત્યારબાદ અબ્દુલ રાજીક આવેલો અને તે દિવસે રાત્રે અબ્દુલ રાજીક આ સાહેદને દરિયાપુર લીમડી લઇ ગયેલો. ત્યાં આગળ ઇમરાન પુંઠાવાલા, યુનુસ મન્સુરી, શમશુદ્દીન શેખ અને અબ્દુલ રાજીક આ લોકો હતાં. ત્યાં આ લોકો એવી વાતો કરતાં હતાં કે, "કેવા મુસલમાનો છે કે આ લોકો રથયાત્રાનું સ્વાગત કરે છે." ત્યારપછી આ લોકો આ સાહેદથી થોડા દુર જઇને વાતો કરવા લાગેલા. વધુમાં જણાવેલ છે કે ત્યારબાદ ૨૬–જુલાઇ–૨૦૦૮ ના રોજ સવારના સમયે આ સાહેદ તેમના ધંધાના સ્થળે તેમના પિતાજી તથા ભાઇઓની સાથે હતા તે દિવસે સાંજે આજુબાજુના લોકોથી જાણવા મળેલું કે, અમદાવાદ શહેરમાં અલગ–અલગ જગ્યાએ બ્લાસ્ટ થયેલાં છે અને બહુ લોકોની જાનહાની થયેલી છે.

સાહેદ વધુમાં જણાવે છે કે, ત્યારબાદ ૨૭ મી તારીખે આ સાહેદ તેમની મોટર સાઇકલ લઇને સવારના સમયે સારંગપુર તરફ ગયેલા. ત્યાં પી.સી. ઓ. ઉપરથી અબ્દુલ રાજીકને ફોન કરેલો. તેણે ફોન ઉપાડેલો અને તે ત્યાં

નજીકમાં જ હતો. જેથી મળવા આવેલો. તે યુનુસ મન્સુરી સાથે યુનુસ મન્સુરીની મોટર સાઇકલ ઉપર આવેલો. આ સાહેદે તેને પુંછેલું કે, ક્યાં છે? તો તેણે કહેલું કે, દરિયાપુર શમશુદ્દીનને મળીને આવેલો છું." ત્યારપછી તે તેની સાથે આ સાહેદને યુનુસ મન્સુરીને ત્યાં લઇ ગયેલો. ત્યાં અબ્દુલ રાજીકના હાથમાં છાપુ હતું. તે વાંચીને બંને હસતાં હતાં. ત્યારપછી અબ્દુલ રાજીકે પુછેલું કે, "બાપુનગર જુની ચાલી ક્યાં છે? તો આ સાહેદે કહેલું કે, તેણે જોઇ છે. આ સાહેદે તેને એવું પુછેલું કે, શું કામ છે? તો જણાવેલું કે, "ત્યાં મારો એક દોસ્ત આવેલો છે." તો આ સાહેદે પુછેલું કે કોણ દોસ્ત? તો જણાવેલું કે, "આફ્રિદી." આ આફ્રિદી તેના ઘરે ઝગડો કરીને આવેલો છે અને તેના મામા અલ્તાફભાઇને ત્યાં રોકાયેલો છે. જેથી બધાએ અલ્તાફભાઇનું નામ પુછીને ઘરની તપાસ કરેલી. અલ્તાફભાઇનું ઘર મળતા તે ઘરમાં આફ્રિદી એકલો હતો અને ઘરમાં ન્યૂઝ ચેનલનું ટીવી ચાલુ હતું. આ સાહેદે તેને જોયો તો તે ખૂબ ડરેલો હતો અને ટીવીમાં સમાચાર આવતાં હતાં કે, "નારોલ સર્કલ પાસે એક ચહેરાની ઓળખાણ થયેલી છે." આ સમાચાર બોમ્બ બ્લાસ્ટને લગતાં હતાં. તે બાદ આ સાહેદ પર તેના માસીના દિકરાનો ફોન આવેલો. જેથી ત્યાંથી જતો રહેલો. ટી.વી.માં સમાચાર આવતાં હતા તે પહેલા અબ્દુલ રાજીકે આ સાહેદને થોડો દુર કરેલો અને આફ્રિદી અને તે બંને અંદરો–અંદર વાતો કરતાં હતાં.

વધુમાં આ સાહેદની સરતપાસ પ્રમાણે વીસ,પચ્ચીસ મિનિટ પછી અબ્દુલ રાજીકે આ સાહેદને ફોન કરેલો અને રખિયાલમાં મચ્છી માર્કેટ પાસે બોલાવેલો. જેથી મચ્છી માર્કેટ ગયેલો. ત્યાં પુછેલું કે, "દુકાન જઇશ" જેથી આ સાહેદે હા પાડેલી. ત્યારબાદ આ સાહેદ આફ્રીદીને લઇને જાહીદ શેખને ત્યાં દાણીલીમડા મુકવા માટે જણાવેલું. ત્યારબાદ ત્રણ સવારીમાં અબ્દુલ રાજીક, આફ્રિદી અને આ સાહેદ ત્રણેય નીકળેલા. રસ્તામાં અબ્દુલ રાજીકે જણાવેલું કે, "મને ઘર પાસે ઉતારી દે" અને એમ પણ જણાવેલું કે, "મારા બે મહેમાનો વડોદરા બસમાં નીકળ્યા છે તે લોકો સારી રીતે પહોંચી જાય તે માટે મને ચિંતા છે." જેથી પુછેલું કે કોણ મહેમાન? પરંતુ કાંઇ જણાવેલું નહીં. એટલામાં તેનું ઘર

આવેલું અને તે તેના ઘરે ઉતરી ગયેલો. ત્યારબાદ આફ્રીદીને લઇ જાહીદ શેખની દુકાને છોડેલો. ત્યાં જાહીદ શેખ તેની દુકાન ઉપર હાજર હતો. તે દુકાન મોબાઇલની હતી. ત્યાં જાહીદ શેખે ચા નાસ્તો મંગાવેલો. ત્યારબાદ બંને જાહીદ શેખની મોટર સાઇકલ ઉપર દરિયાપુરનું કહીને નીકળી ગયેલાં અને આ સાહેદ તેની દુકાને ગયેલો. વધુમાં સાહેદ જણાવે છે કે, ત્યારબાદ ૨૮ મી તારીખે ફિરોજે રાત્રે આ સાહેદને ફોન કરીને ગોમતીપુર સર્કલ પાસે બોલાવેલો. જેથી ગોમતીપુર સર્કલ પાસે ગયેલો. ત્યાં અબ્દુલ રાજીક હતો. ત્યાં ચાલતાં ચાલતાં અબ્દુલ રાજીકના ઘર પાસે જે બસ સ્ટેન્ડ છે ત્યાં ગયેલા. ત્યાં અબ્દુલ રાજીક બોલેલો કે, "આવા બોમ્બ બ્લાસ્ટના કામ માટે ભરોસામંદ સાથી હોવા જોઇએ જે બંને એકબીજાની લેટરીન ધોઇ લે" અને એમ પણ જણાવેલું કે, "ઘર ઉપર જાઓ અને ટીવી ચાલુ કરો અને એકદમ નોર્મલ બનીને સમાચાર જુઓ" અને એમ પણ જણાવેલું કે, "પોતાને એવો અહેસાસ ન થવો જોઇએ કે આ કામ મેં કર્યું છે." ત્યારબાદ તેણે ૨૦૦૨ મા મરણ પામેલાં મુસલમાનો વિશે વાતો કરેલી.

સાહેદ વધુમાં જણાવે છે કે, ત્યારબાદ ૨૯ મી તારીખે અબ્દુલ રાજીકે આ સાહેદને ફોન કરીને તેના ઘર પાસે લગભગ સવારે બોલાવેલો. જેથી તેના ઘરે ગયેલો તો તેણે કહેલું કે, "હું મારી પત્ની અને બાળકો સાથે અજમેર જઇ રહ્યો છું અને મને મારા પિતાજીએ ટિકિટો કરાવી આપી છે." તેણે એમ પણ કહેલું કે, "હું આઇડીયાનું નવું સીમ કાર્ડ મારા પપ્પા માટે લાવેલો છું." તેમ કહી તેના દસ્તાવેજો જાહીદ શેખની દુકાને આપવાના છે તેમ કહેલું. ત્યારપછી તેણે તેના પપ્પાનો એક ફોટો અને ઇલેક્શન કાર્ડ આપેલું. આ દસ્તાવેજો લઇ જાહીદ શેખની દુકાને આપેલા. વધુમાં આ સાહેદ જણાવે છે કે તેઓને યાદ આવેલુ કે, યુનુસ મન્સુરીના ઘરે આવ્યા પછી બે–ત્રણ દિવસ બાદ અબ્દુલ રાજીકે ફોન કરીને તેના ઘર પાસે બોલાવેલો અને જણાવેલું કે, "તારી પાસે કોઇ હિન્દુ મિત્રના દસ્તાવેજ હોય તો મને આપ અને મારે એક પાનકાર્ડ બનાવવુ છે." પરંતુ આ સાહેદે ના પાડેલી. ત્યારબાદ ૧ ઓગષ્ટના રોજ સવારમાં અબ્દુલ રાજીકનો આ સાહેદ ઉપર પી.સી.ઓ. ઉપરથી ફોન આવેલો અને મોબાઇલ રીપેરીંગ માટે આપેલો છે તેવું

પુછતા હતાં જેથી આ સાહેદે ના પાડેલી કે મારી પાસે તારો મોબાઇલ નથી. તે જ દિવસે સાંજે ફિરોજ તેનો ફોન લઇને આ સાહેદ પાસે આવેલો. આ ફોન અબ્દુલ રાજીકનો લઇને આવેલો હતો. તે ફોન તેની પાસેથી લઇને આ સાહેદે તેના ઘરે રાખી દીધેલો.

વધુમાં સાહેદ જણાવે છે કે, ત્યારબાદ ૩ ઓગષ્ટના રોજ સવારમાં મુજીબ શેખનો આ સાહેદ ઉપર ફોન આવેલો અને જુહાપુરા તથા અમદાવાદના હાલ પુછેલાં. આ સાહેદે કહેલું કે, "મારા ધંધામાં મને સમય નથી અને મને કાંઇ ખબર નથી." આ સાહેદે તેને પુછેલું કે તું ક્યાં છે? પરંતુ તે કંઇ બોલ્યા વિના ફોન કાપી નાંખેલો. ત્યારબાદ થોડીવાર પછી અબ્દુલ રાજીકનો આ સાહેદ ઉપર ફોન આવેલો. તેણે પણ અમદાવાદ બાબતે પુછેલું. આ સાહેદે તેને પણ તે જ જવાબ આપેલો કે, "મને કાંઇ ખબર નથી." ત્યારબાદ આ સાહેદે મોબાઇલમાં જોયું તો અબ્દુલ રાજીક તથા મુજીબ શેખનો એક જ નંબર ઉપરથી ફોન આવેલો હતો. આ નંબર એમ.પી. મધ્યપ્રદેશનો હતો.

વધુમાં આ સાહેદ જણાવે છે કે ત્યારબાદ ૭ ઓગસ્ટ–૨૦૦૮ ના રોજ આ સાહેદ તેની પત્નીને લેવા માટે માટે એમ.પી.માં ગ્વાલીયર મુકામે જતા હતા અને સાંજે છ વાગ્યે કાલુપુર રેલવે સ્ટેશને ગયેલો. ત્યારે સાંજે અબ્દુલ રાજીકનો આ સાહેદ ઉપર ફોન આવેલો અને પુંછેલું કે ક્યાં છે? તો આ સાહેદે કહેલું કે, હું ગ્વાલીયર મારી પત્નીને લેવા જાઉં છું. તો તેણે આ સાહેદની ટ્રેનની વિગત પુછેલી. તેને જણાવેલું કે, વેરાવળ–જબલપુર એક્સપ્રેસમાં ડબ્બા નં.એસ/૫ અને સીટ નં.૬૩ જણાવેલો અને રીઝર્વેશન છે તેમ જણાવેલું. તેણે આ સાહેદને જણાવેલું કે, "ઠીક છે હું રતલામ મળવા આવું છું." ત્યારપછી ટ્રેનમાં બેસી ગયો. ત્યારબાદ રાતના અઢી–ત્રણ વાગે ટ્રેન રતલામ સ્ટેશને પહોંચેલી. ત્યારે અબ્દુલ રાજીક મળેલો. તે એકલો આવેલો હતો. તેણે અમદાવાદના મિત્રોના હાલ પુછેલાં. તો કહેલું કે, મને કોઇ મળતું નથી. મને ખબર નથી. ત્યારબાદ અબ્દુલ રાજીકે કહેલું કે, "હું નાગદા સુધી સાથે આવું છું" અને આ સાહેદ સાથે ટ્રેનમાં બેસી ગયેલો. સાથે બેઠા પછી તેને પુંછેલું કે, શું થયું? તો તેણે

જણાવેલું કે, "અમદાવાદ શહેરમાં જે બોમ્બ બ્લાસ્ટ થયેલા છે તેનો આઇડીયા તૌકિર તથા ક્યામુદ્દીન કાપડીયાને આવ્યો હતો" અને એમ પણ જણાવેલું કે, "આ લોકો ઇન્ડિયન મુજાહિદ્દીનના સંપર્કમાં હતાં અને હું તે બંનેના સંપર્કમાં હતો." તે એમ પણ બોલેલો કે, "અમદાવાદ શહેરમાં ૨૦૦૨ ના બદલા લેવા માટે બોમ્બ બ્લાસ્ટ કરવા માટે જે પણ વસ્તુની જરૂર પડે તે ઇન્ડિયન મુજાહિદ્દીન પુરી પાડશે." ત્યારબાદ તેણે એમ પણ જણાવેલું કે, "તૌકિર અને ક્યામુદ્દીન અમદાવાદ રહેવા આવ્યા અને અમે લોકો તેઓના સંપર્કમાં હતાં." ત્યારપછી તેણે એમ પણ જણાવેલું કે, "અલગ–અલગ વિસ્તારમાં રેકી કર્યા પછી અમુક વિસ્તારમાં બોમ્બ મુકવાના છે તેણે ફરી એમ પણ જણાવેલું કે, હું તથા આફ્રિદી અને મુજીબ અને ઐયાઝ તે બંનેના સંપર્કમાં પહેલાથી જ હતાં અને તૌકિર ઇન્ડિયન મુજાહિદ્દીનના માણસોના સંપર્કમાં હતો અને બોમ્બ બનાવવા માટે જે પણ ચીજવસ્તુની જરૂરત પડશે તે ઇન્ડિયન મુજાહિદ્દીન પુરી પાડશે." અને તેણે એમ પણ કહેલું કે, "જે પણ વસ્તુ ખુટતી હતી તે આજુબાજુના વિસ્તારમાંથી લઇ આવેલ." ત્યારપછી તેણે એમ પણ કહેલું કે, "બોમ્બ બ્લાસ્ટ કરવા માટે જે રેકી કરેલી હતી તે અમુક જગ્યાએ રાજીકે કહ્યું કે, હું અને આફ્રિદી, મુજીબ, ક્યામુદ્દીન અને ઐયાઝ બોમ્બવાળી સાઇકલ મુકી હતી." તેણે એમ પણ કહેલું કે, "બાકીની જગ્યા યુ.પી.થી આવેલાં ઇન્ડિયન મુજાહિદ્દીનના લોકોએ બોમ્બવાળી સાઇકલ મુકેલી અને બોમ્બ બ્લાસ્ટ થયા પછી યુ.પી.ના જે લોકો હતાં તે પાછા જતાં રહેલાં અને તેણે એમ પણ કહેલું કે, સિવિલ અને એલ.જી. હોસ્પિટલમાં જે બોમ્બ વાળી ગાડી હતી તે મુંબઇના ઇન્ડિયન મુજાહિદ્દીનના લોકોએ લાવેલ હતી." અને તેણે એમ પણ કહેલું કે, "સુરતમાં જે બોમ્બ ફુટેલાં ન હતાં તેનો તે અફસોસ કરી રહ્યો હતો અને તેણે એમ પણ જણાવેલું કે, ખબર નથી કે, અમારા ભાઇઓથી શું ભુલ થઇ કે બોમ્બ ન ફુટ્યા." ત્યારબાદ તેણે એમ પણ જણાવેલું કે, "તૌકિરે અમોને અમદાવાદ છોડવાનું કહેલું અને અત્યારે હું, મુજીબ અને તૌકિર સાથે છીએ અને બાકીનાઓની મને ખબર નથી." ત્યારબાદ નાગદા નજીક આવવા લાગેલું અને તેણે જણાવેલું કે, "તું અમદાવાદ જાય તો મારા માતા પિતાનું ધ્યાન

રાખજે." ત્યારપછી તેણે એમ પણ જણાવેલું કે, "મારે કાંઇક કામ હશે તો હું ફોન કરીશ." ત્યારબાદ અબ્દુલ રાજીક નાગદા ઉતરી ગયેલો. ક્યામુદ્દીન કાપડીયા વડોદરાનો હતો. આ ક્યામુદ્દીન કાપડીયાને આ સાહેદને રાજીકે મેળવેલો હતો.

વધુમાં આ સાહેદ જણાવે છે કે આ બધી વિગત સૌ પ્રથમ ૧૭/ઓક્ટોબર૨/૨૦૦૮ ના રોજ મયુર ચાવડા સાહેબનાઓને જણાવેલી અને તેમણે નિવેદન નોંધેલું. ત્યારપછી તા.૨૪.૧૦.૨૦૦૮ ના રોજ કોર્ટનો સમન્સ આવેલો. આ સમન્સ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૫ નો હતો. આ સમન્સ ૨૪ મી તારીખે સવારના આ સાહેદને મળેલો. ત્યારપછી બપોરના ચાર વાગ્યાની આસપાસ કોર્ટમાં ગયેલો અને સમન્સ કોર્ટના કલાર્કને બતાવેલો અને થોડીવાર બેસવાનું કહેલું. ત્યારપછી આ સાહેદને સાહેબની કેબીનમાં મોકલેલો. કેબીનમાં ગયા પછી સાહેબે પહેલા નામ પુછેલું અને કેવી રીતે આવ્યો છે? તે પુછેલું. તો જણાવેલું કે, તેઓ જાતે મારી મોટર સાઇકલ સીટી ૧૦૦ બજાજ ઉપર આવેલો છું. સાહેબે એમ પણ પુછેલું કે, "તમારી સાથે કોણ પોલીસના માણસ આવેલાં છે?" તો ના પાડેલી. એમ પણ પુછેલું કે, "કોઇએ લોભ લાલચ આપેલી છે?" તો ના પાડેલી. સ્ટેટમેન્ટ આપવા માટે સમય આપેલો અને એમ પણ જણાવેલું કે, "ક્રાઇમ બ્રાન્ચના માણસોએ તમારી ઉપર કોઇ દબાણ કર્યું છે?" તો ના પાડેલી અને તા.૫.૧૧.૨૦૦૮ ના રોજ સાડા ત્રણ વાગ્યાની આસપાસ હાજર રહેવા જણાવેલું. ત્યારબાદ, તા.૫.૧૧ ના રોજ ત્રણ સાડા ત્રણ વાગ્યાના અરસામાં કોર્ટ નં.૫ માં ગયેલો. સાહેબે પુંછેલું કે, "સ્વૈચ્છાએ નિવેદન આપવા માંગો છો?" તો જણાવેલું કે "હા, હું દેશની મદદ કરવા માંગું છું." ત્યારબાદ જેમ બોલતો હતો તેમ સાહેબ લખતાં હતાં અને નિવેદન આપેલું. નિવેદન લખાવ્યા પછી સાહેબે નિવેદન વાંચવા આપેલું. વાંચ્યા પછી સાહેબે નિવેદન ઉપર આ સાહેદની સહીઓ કરાવેલી. ત્યારબાદ આ સાહેદને પોતાનું મેજિસ્ટ્રેટ રૂબરૂનું નિવેદન સીલબંધ કવરમાંથી ખોલીને બતાવવામાં આવતા જેમાં પોતાની સહી દરેક પાના ઉપર ઓળખી બતાવી છે. જે નિવેદન આંક–૬૬૮૮ થી રજૂ રાખેલ છે. વધુમાં આ સાહેદ જણાવે છે કે તેઓ પોતે હિન્દી ભાષામાં બોલતા હતા અને

નિવેદન મેજિસ્ટ્રેટ સાહેબે ગુજરાતીમાં નોંધેલુ ત્યારબાદ હિન્દી ભાષામાં વાંચી સંભળાવેલાનું જણાવે છે. આ નિવેદન આ સાહેદના લખાવ્યા મુજબ ખરૂ છે જેથી સહી કરી આપેલાનું જણાવે છે. આ સાહેદે પોતાના મેજિસ્ટ્રેટ રૂબરૂના નિવેદન આંક–૬૬૮૮ ના તથા અદાલત રૂબરૂની તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં જે આરોપીઓના નામ તેમને જણાવેલા છે તે આરોપીઓને ઓળખી બતાવવા માટે આ સાહેદને અમદાવાદ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલા આરોપીઓ તથા ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલા આરોપીઓને વીડિયો કોન્ફરન્સ દ્વારા ચાર–ચારના ગ્રુપમાં ઉભા કરીને સાહેદને ઓળખ માટેનું જણાવતા આ સાહેદે નીચે મુજબના આરોપીઓને ઓળખી બતાવેલા છે.

(૧) આરોપી નં.૧ જાહીદ ઉર્ફે જાવેદ કુતબુદ્દીન શેખ

(૨) આરોપી નં.૪ સમસુદ્દીન ઉર્ફે સમસુ શાહબુદ્દીન શેખ

(૩) આરોપી નં.૫ ગ્યાસુદ્દીન ઉર્ફે ગ્યાસુ અબ્દુલસલીમ અંસારી

(૪) આરોપી નં.૬ મોહમદ આરીફ મોહંમદ ઈકબાલ કાગઝી

(૫) આરોપી નં.૮ યુનુસ મોહંમદભાઈ મન્સુરી

(૬) આરોપી નં.૧૫ અબુબસર ઉર્ફે મુકતી ઉર્ફે અબ્દુલ રસીદ ઉર્ફે અબ્દુલ્લા અબુબકર શેખ

(૭) આરોપી નં.૧૮ જાવેદઅહેમદ સદીર અહેમદ શેખ (સૈયદ)

(૮) આરોપી નં.૨૩ એયાઝ રજાકમીંયા સૈયદ

(૯) આરોપી નં.૨૭ મહમદ ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ રાજીક ઉર્ફે મુસફ ઉર્ફે કુરકાન મહમદ ઈશાક મન્સુરી

(૧૦) આરોપી નં.૩૭ કયામુદ્દીન ઉર્ફે મુસા ઉર્ફે અશપાક ઉર્ફે અબ્દુલ કાદીર ઉર્ફે રીઝવાન ઉર્ફે સમીર સરકુદ્દીન કાપડીયા

(૧૧) આરોપી નં.૭૫ મોહમ્મદ રફીક ઉર્ફે જાવિદ ઉર્ફે આલમજેબ આફ્રીદી મસકુર અહેમદ

આ સાહેદની જુબાનીના દિવસે આ કેસના કુલ–૭૮ આરોપીઓ પૈકી આરોપી નં.૩૦,૪૩,૪૪,૪૬,૪૭,૪૮,૪૯ અને ૭૨ બતાવવામાં આવેલા

નથી. કારણ કે, બાકીના આરોપીઓ પૈકી આરોપી નં.૩૦,૪૩,૪૪,૪૬,૪૭ તલોજા જેલમાં છે અને આરોપી નં.૪૮,૪૯ અને આરોપી નં.૭૦ અર્નાકુલમ જેલમાં છે. તલોજા જેલ, મુંબઈ તથા અર્નાકુલમ જેલ કેરળ જેલ ખાતે વીડિયો કોન્ફરન્સ ફેસીલીટી નથી જેથી ત્યાંની જેલમાં રાખેલા આરોપીઓની હાજરી મુકિતની અરજી તેમના વકીલશ્રીઓ દ્વારા આપવામાં આવે છે. સરતપાસમાં જે વ્યક્તિઓના નામો આપ્યા તે પૈકી મુજીબ શેખ તથા અબ્દુલ સુભાન ઉર્ફે તૌકીર હાજર નથી. મુજીબ શેખ મરણ પામેલ છે તથા અબ્દુલ સુભાન ઉર્ફે તૌકીર પકડાયેલ ન હોવાથી તેની સામે ચાર્જ ફ્રેમ થયેલ નથી. આ ઉપરાંત ફરિયાદપક્ષ દ્વારા આંક–૬૬૯૦ થી અરજી આપેલી છે તે મુજબ આ સાહેદને પ્રશ્ન પુછવામાં આવેલ છે કે, આ જુબાની આપવા માટે તેમને કોઇ ધાક–ધમકી, દબાણ કે લાલચ કોઇ વ્યક્તિ તરફથી આપવામાં આવેલ છે તો આ સાહેદે જવાબમાં "ના" જણાવેલુ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા દર્શે કુરાનના પ્રોગ્રામમાં કુરાનની આયાતો વાંચવામાં અને તેને સમજાવવામાં આવે છે તે કબૂલ કરે છે. દર્શે કુરાનની મીટીંગમાં રાજીક , ફિરોઝ, ઈબ્રાહીમ અન્સારી, ગ્યાસુદ્દીન, અસ્લમ, ઈબ્રાહીમ, જાવેદ, સમસુદ્દીન, યુનુસ મન્સુરી, અલીમ, મુજીબ વિગેરેનાઓ આવતા હતા તે કબૂલ કરે છે. બચાવપક્ષ તરફથી પુછવામાં આવેલ આ પ્રશ્ન ધ્યાને લેતા દર્શે કુરાનના પ્રોગ્રામમાં આ માણસો હાજર રહેતા હતા તે હકીકત સાચી હોવાનું માલુમ પડે છે. વધુમાં આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો દર્શે કુરાનનો પ્રોગ્રામ પુરો થયા પછી દરેક પોત પોતાના કામે જતા રહેતા હતા તો આ સાહેદને ખબર નથી. તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ બોમ્બ બ્લાસ્ટ થયા તે માટે કોઈએ રેકી કરવાનું, સાઇકલ લાવવાનું, સાઇકલ ઉપર બોમ્બ મુકવાનું, બોમ્બનુ મટીરીયલ લાવવાનું કામ કોઈને સોંપેલ નહીં તેમ જણાવે છે. ઈસ્લામિક શાસન કેવા પ્રકારનું હોવુ જોઈએ તેની આ સાહેદને ખબર નથી. ગુજરાતમાં સને–૨૦૦૨ મા કોમી રમખાણો થયેલા તેમાં ઘણા મુસ્લિમ લોકો મરણ પામેલા અને ઘણા મુસ્લિમોની મિલકતોને નુકસાન થયેલાનું કબૂલ

કરે છે. મુસ્લિમો મરણ પામેલા અને મિલકતોને નુકસાન થવાથી મુસ્લિમ સમુદાય દુઃખી હતો તે કબૂલ કરે છે. આમ, આ પ્રશ્નનો અર્થ જોઈએ તો સને ૨૦૦૨ની સાલમાં ગુજરાતમાં જે કોમી તોફાનો થયેલા તેમા ઘણા મુસ્લિમ લોકો મરણ પામેલા અને મિલકતોને નુકસાન થયેલુ જેથી મુસ્લિમ સમાજ દુઃખી હતો તે સ્પષ્ટ છે અને તે અંગેની મુસ્લિમ સમાજમાં ચર્ચાઓ પણ થતી હતી. અમદાવાદના કોઈપણ પોલીસ સ્ટેશનમાંથી આ સાહેદ ઉપર નોટિસ કે સમન્સ આવેલો નહીં તેમ જણાવે છે. આ સાહેદના મોટા ભાઈ અબ્બાસભાઈ છે અને અબ્બાસભાઈનો મિત્ર મહેકુજભાઈ છે તે હકીકત નકારે છે. મહેકુજ તે નુરભાઈ ધોબીની ચાલીમાં અસામાજિક તત્ત્વ છે તે કબૂલ કરે છે. આ સાહેદનો ભાઈ અબ્બાસ ક્રાઈમ બ્રાન્ચનો બાતમીદાર છે તો તે હકીકત નકારી છે.

વધુમાં આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો તા.૨૬.૭. ૨૦૦૮ ના રોજ બ્લાસ્ટ થયા ત્યારે સાહેદની પત્ની ગર્ભવતી હતી તે કબૂલ કરે છે. ઓગસ્ટ–૨૦૦૮ મા પોતાની પત્નીને ગ્વાલિયર લેવા ગયેલાનું કબૂલ કરે છે. ગ્વાલિયરથી પરત આવ્યા તે માટેની રેલવેની રીઝર્વેશન ટિકિટ નથી તે કબૂલ કરે છે. ગ્વાલિયર મુકામે પત્નીને લેવા માટે ગયા તે રેલવેની રીઝર્વેશન ટિકિટ પોલીસને જમા કરાવેલ નથી તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે આવી રીઝર્વેશન ટિકિટ પોલીસ સમક્ષ જમા કરાવવી જ જોઈએ તેવો કોઈ આદેશાત્મક નિયમ નથી અને તેને બોમ્બ બ્લાસ્ટના બનાવો સાથે કોઈ સંબંધો નથી. રેલવેના ડબ્બામાં કઈ શીટ ઉપર બેઠેલા તે નંબર કોઈને જણાવેલો નથી. મારા મત પ્રમાણે આવો નંબર જણાવવો જરૂરી પણ નથી. અમદાવાદ શહેરમાં કેટલી કોર્ટો હતી તેમજ કઈ–કઈ કોર્ટો કયાં કયાં બેસતી હતી અને શું–શું કામગીરી કરતી હતી તેની ખબર નથી. ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૧ તથા ૧૬૪ બાબતે કોઈ ખબર નથી. પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદ સામાન્ય વ્યકિત છે, કાયદાનો અભ્યાસ કરેલો નથી માટે આ કલમો અને તેમાં જણાવેલી જોગવાઈઓની ખબર ન હોય. તા.૨૪.૧૦.૨૦૦૮ પહેલા મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં ગયેલા ન હતા. મેજિસ્ટ્રેટ સાહેબનું નામ અને વર્ણન આપી શકે તેમ નથી. આંક–૬૬૮૮ વાળુ નિવેદન

બતાવીને આ સાહેદને પુછવામાં આવેલુ છે કે નિવેદનમાં સહી સિવાયના અક્ષરો મેજિસ્ટ્રેટ સાહેબના છે. આ સાહેદે મેજિસ્ટ્રેટ રૂબરૂ નિવેદન લખાવેલુ છે પરંતુ કાયદાની જોગવાઈ મુજબ વ્યકિતએ મેજિસ્ટ્રેટ સમક્ષ નિવેદન લખાવવાનું હોય છે અને તે નિવેદન મેજિસ્ટ્રેટે લખવાનું હોય છે સાહેદે જાતે લખવાનું હોતુ નથી અને નિવેદનમાં ફકત સાહેદે સહી કરવાની હોય છે. નિવેદનના પાન નં.૨ ઉપર તારીખ લખેલી નથી તે, છેલ્લા પાન ઉપર તારીખ લખેલી છે તે, ૧૬.૧૫ નો અર્થ ૪.૧૫ વાગે થાય છે તે વિશે પ્રશ્ન પુછવામાં આવેલા છે પરંતુ તેનો અર્થ એવો નથી કે સાહેદે મેજિસ્ટ્રેટ સમક્ષ નિવેદન લખાવેલુ નથી.

વધુમાં આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો જુલાઇ–૨૦૦૮ માં તેઓ શું કામ કરતા તે વિશે, મોબાઈલ ફોન વાપરતા હતા કે કેમ તે વિશે, તેના નંબર વિશે, ઋતુરાજ નાણાંવટી અને રોહિત વર્માને ઓળખતા હોવા બાબતે પ્રશ્નો પુછવામાં આવેલા છે પરંતુ આવા પ્રશ્નો પુછવાથી આ સાહેદે નિવેદન લખાવ્યુ નથી તેનો અર્થ એવો નથી કે સાહેદે નિવેદન લખાવેલુ નથી. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો નામદાર હાઈકોર્ટની નોટીસ નીકળેલી તેમાં વકીલ ફી અભય ચુડાસમા સાહેબે ચુકવેલાની હકીકત નકારેલી છે. અભય ચુડાસમા સાહેબ કોર્ટમાં સાથે આવેલાની હકીકત નકારેલી છે. કોર્ટમાં કેવી રીતે જુબાની આપવી તેનું માર્ગદર્શન અભય ચુડાસમાએ આપેલાની હકીકત નકારેલી છે. તા.૨૦.૭.૨૦૦૮ થી તા.૨૫.૧૧.૨૦૦૮ સુધી અમદાવાદ શહેરની ક્રાઈમ બ્રાન્ચની પોલીસ કસ્ટડીમાં હોવાની હકીકત નકારેલી છે. આ સાહેદ ક્રાઈમ બ્રાન્ચની કસ્ટડીમાં હતા ત્યારે બીજા ઈબ્રાહીમ અન્સારી, અલીમ, ફીરોઝ, ઈલીયાસ, યાકુબ, રીયાઝ, જાહીદ, યુનુસ, સમસુદ્દીન, ગ્યાસુદ્દીન અને આરીફ કાગજીનાઓ પણ હતા તો તે હકીકત નકારેલી છે. ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓ આ સાહેદને પલાઠીવાળી બેસાડી ઉંચકીને અધ્ધરથી નીચે પછાડતા હતા તો તે હકીકત નકારેલી છે. ગુપ્ત જગ્યાએ ઈલેકટ્રીક કરન્ટ આપતા હોવાની હકીકત નકારેલી છે. પાછળ હાથ રાખીને બેસાડી રાખતા હોવાની હકીકત પણ નકારેલી છે. તા.૫.૧૧.૨૦૦૮ ના રોજ મેજિસ્ટ્રેટ સમક્ષ નિવેદન આપેલાનું જણાવે છે.

પોલીસના કહેવા અને સમજાવ્યા મુજબ નિવેદન આપેલાની હકીકત નકારેલી છે. ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓએ જુહાપુરામાં નવુ મકાન અપાવવા તથા ફર્નીચરનો ધંધો શરૂ કરાવવા મદદ કરેલાની હકીકત નકારેલી છે. ચાવડા સાહેબના ઘરે જઈ ફર્નીચર બનાવેલાની હકીકત નકારેલી છે.

વધુમાં આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો તા.૨૫.૭. ૨૦૦૮ પહેલા જે જે બનાવો અંગે જણાવેલુ છે તેની તારીખો નહીં જણાવવાનું કોઈ કારણ આપી શકે નહીં. ૨૦૦૨ની સાલમાં બનેલા બનાવોના બદલા લેવાની તેમજ જેહાદ કરવાની વાત પોલીસ નિવેદનમાં લખાવેલી નથી તે હકીકત નકારેલી છે. અબ્દુલ રાજીક આ સાહેદના ઘરે આવેલો ત્યારે શું કામ આવેલો એ હકીકત પોલીસ નિવેદનમાં લખાવેલી નથી તો તે નકારે છે. વધુમાં આ સાહેદની ઊલટતપાસ પ્રમાણે કામદાર મેદાન આવી જવાનું અબ્દુલ રાજીકે કહેલાનું, અબ્દુલ રાજીક તથા ફિરોઝ એ.એમ.ટી.એસ. બસમાં ત્યાં આવેલાનું અને આવ્યા પછી ઈબ્રાહીમ અન્સારીને ત્યાં ગયેલાનું, ઈબ્રાહીમ અન્સારીને ત્યાં જાવેદ શેખ, અસ્લમ વગેરે હતા તેમને કુરાન વાંચેલાનું, કયામત અને જેહાદની વાતો કરીને પ્રોગ્રામ પુરો કરેલાનું તથા અબ્દુલ રાજીકે દર સોમવારે પ્રોગ્રામમાં આવવાનું જણાવેલુ આ તમામ હકીકત મેજિસ્ટ્રેટ રૂબરૂના નિવેદનમાં લખાવેલી નથી તેના જવાબમાં સાહેદે જણાવેલુ છે કે મુખ્ય મુખ્ય લખાવેલુ છે.

વધુમાં આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદે મેજિસ્ટ્રેટ રૂબરૂના નિવેદનમાં જે હકીકતો લખાવી નથી તેવી ઘણી બધી હકીકતો પોતાની સરતપાસમાં જણાવી છે તેવા પ્રશ્નના જવાબમાં સાહેદે સ્પષ્ટ જણાવેલુ છે કે મુખ્ય મુખ્ય હકીકતો લખાવેલી છે. જે હકીકતો મુખ્ય ન હતી માટે લખાવેલી ન હતી તે કબૂલ કરે છે. સાહેદે એમ પણ જણાવેલુ છે કે એવી ખબર ન હતી કે જે હકીકત ક્રાઈમ બ્રાન્ચમાં લખાવેલી છે તે તમામ હકીકત મેજિસ્ટ્રેટ સાહેબ રૂબરૂ પણ લખાવવી પડે. ટૂંકમાં આ સાહેદની સમગ્ર ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદે પોતાની સરતપાસમાં બનાવ સંબંધી જે વિગતવાર હકીકતો જણાવેલી છે તે તમામ હકીકતો આંક–૬૬૮૮ વાળા મેજિસ્ટ્રેટ રૂબરૂના નિવેદનમાં લખાવેલી

નથી તે રેકર્ડ ઉપર લાવવાનો બચાવપક્ષ તરફથી પ્રયત્ન કરવામાં આવેલો છે. પરંતુ સમગ્ર ઊલટતપાસ ધ્યાને લેતા આ સાહેદે પોતાની સરતપાસમાં કયા આરોપીએ શું કામગીરી કરેલી, કયાં–કયાં મીટીંગો થયેલી, મીટીંગોમાં કેવા– કેવા ભાષણો, તકરીરો થયેલી તથા કેવી રીતે બોમ્બ બનાવવામાં આવેલા અને કઈ– કઈ જગ્યાએ કોણે–કોણે બોમ્બ મુકેલા તે બાબતે બચાવપક્ષ તરફથી ઊલટતપાસમાં પુછવામાં આવેલા નથી. વધુમાં આ કામમા બચાવપક્ષના કુલ ૧૧ વકીલશ્રીઓ છે, અલગ–અલગ આરોપીઓના અલગ–અલગ વકીલશ્રીઓ છે પરંતુ તમામ આરોપીઓ તરફે એક જ પ્રકારની ઊલટતપાસ થયેલી છે કોઈ ચોકકસ આરોપી સંબંધે ઊલટતપાસ કરવામાં આવેલી નથી. આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લેતાં, કયા આરોપીએ આ બનાવમાં શું ભૂમિકા ભજવેલી તેની વિગત નીચે મુજબ છે.

અ.નં.	ભજવેલી ભૂમિકા	સંકળાયેલા આરોપીઓ
૧	કામદાર મેદાનમાં દર્શે કુરાનનો પ્રોગ્રામ રાખનાર અને ઈબ્રાહિમ અંસારીને ત્યાં તકરીર તથા ભાષણો કરનાર	આરોપી નં.૦૧, ૦૪, ૦૫, ૨૩,૨૭
૨	ઈબ્રાહિમ અંસારીને ત્યાં તકરીર કરનાર	આરોપી નં.૨૭
૩	સમસુદ્દિન શેખના નાનાના ઘરે પ્રોગ્રામમાં હાજર રહેનાર	આરોપી નં.૦૪, ૦૬, ૦૮, ૧૫, ૧૮, ૨૩, ૨૭, ૩૭, ૭૫
૪	સમસુદ્દિનના નાનાના ઘરે તકરીર કરનાર, ઈસ્લામિક શાસન તથા જનતામાં આતંક ફેલાવવાનું કહેનાર	આરોપી નં.૧૫
૫	ઈબ્રાહિમ અંસારીને ત્યાં ફરીથી મીટીંગો કરનાર	આરોપી નં.૦૧, ૦૫, ૦૮, ૧૫
૬	નરોડા પાટીયા તથા ગુલબર્ગ સોસાયટીની મુલાકાત લેનાર	આરોપી નં.૨૭
૭	યુનુસ અંસારીને ઘરે ભેગા થઈ જેહાદિ અને બદલો લેવાની વાતો કરનાર	આરોપી નં.૦૮, ૧૫,૨૭

૮	દરીયાપુર લીમડી પાસે જુલાઇ–૨૦૦૮માં મીટીંગ કરનાર	આરોપી નં.૦૪, ૦૮, ૨૭

આ સાહેદ બાબતે સરકારી વકીલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, ફરિયાદપક્ષના આ અગત્યના સાહેદ છે અને બનાવને લગતી તમામ હકીકત આ સાહેદે જણાવેલી છે. સાહેદની જુબાની વિશ્વાસપાત્ર છે. આ ઉપરાંત આ સાહેદે જુબાની દરમ્યાન અદાલતમાં ઘણા આરોપીઓને ઓળખી બતાવેલા છે. આ સાહેદની જુબાની ધ્યાને લેતા આરોપીઓ આ ગુનામાં સંડોવાયેલા હોવાનુ સ્પષ્ટ છે. જયારે બચાવપક્ષ તરફથી વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, સાહેદ નં.૯૫૭ ઝાકીર હુસેનની ઓળખાણ ફીરોજે કરાવેલી પરંતુ તે ફીરોજને આ કામે સાહેદ નં.૧૧૦૬થી તપાસવામા આવેલા છે. પરંતુ વકીલશ્રી આર.કે.શાહની અહીંયા ભૂલ થાય છે સાહેદ નં.૧૧૦૬ ફિરોજની જુબાની ધ્યાને લઈએ તો મકાન ભાડે અપાવનાર સાહેદ છે. સાહેદ ઝાકીર હુસેન જે ફિરોજની હકીકત જણાવે છે તે ફિરોજને ફરિયાદપક્ષે તપાસેલો નથી. સાહેદ ઝાકીરના કહેવા પ્રમાણે આરોપી અબ્દુલ રાજીકનો ફોન આવતા ઈબ્રાહીમ અન્સારીને ત્યા ગયેલાનુ જણાવે છે. આ ઈબ્રાહીમ અન્સારીને ફરિયાદપક્ષે તપાસેલા નથી. જેથી આ સાહેદનો પુરાવો માની શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે ફરિયાદપક્ષ દ્વારા ઈબ્રાહીમ અન્સારીને ન તપાસવાથી બનાવના મૂળને કોઈ અસર થતી નથી તથા સાહેદ ઝાકિરની જુબાની ખોટી છે તેમ ના કહેવાય. વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા એમ પણ જણાવે છે કે, સાહેદ ઝાકીર પણ દરેક મીટીંગોમાં હાજર રહેલો હતો જેથી તે પણ ગુનાનો સાથી છે અને ગુનામાં તેની પણ સંડોવણી છે. પરંતુ મારા મત પ્રમાણે સાહેદ ઝાકીરની ગુનામાં સંડોવણી નથી. સાહેદ ઝાકીરને આરોપી બનાવવા માટે આરોપીઓ તરફથી આ અદાલતમાં અરજી આપવામાં આવેલી તે નામંજૂર કરવામાં આવેલી અને ત્યારબાદ આરોપીઓ તરફથી નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ રીવીઝન અરજી દાખલ કરવામાં આવેલી અને તે રીવીઝન અરજી પણ નામદાર ગુજરાત હાઈકોર્ટે રદ્ધ કરેલી હતી. કોઇ વ્યકિત મિટીંગમાં હાજર રહેવાથી કાવતરામાં સામેલ છે તેમ

મનાઈ નહિ. આ મુદ્દા બાબતે વકીલશ્રી આર.કે.શાહ નીચે મુજબના ચુકાદા ઉપર આધાર રાખે છે.

અ.નં.	ચુકાદો	ચુકાદામાં નિર્ણીત થયેલ મુદ્દાઓ પૈકી ગુનાના સાથી અંગે નિર્ણીત થયેલ મુદ્દો
૧	જાહીદ કુત્બુદ્દીન શેખ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૧૯ (૧) જીએલઆર, પાન નં.૬૨૮ ગુજરાત	ચુકાદાના પેરા–૨૧ મુજબ ગુમ સાહેદ મીટીંગોમાં આરોપીઓ સાથે હાજર રહેલો તેથી કરીને એવુ અનુમાન ન થાય કે સાહેદ સહકાવતરૂ કરનાર છે અને તે ગુનામાં સામેલ છે.

ઉપરોકત ચુકાદાના અનુસંધાને વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, સાહેદ ઝાકીરનાઓ મીટીંગોમાં હાજર રહેલો છે અને તે જ પ્રમાણે આ કેસના આરોપીઓ પૈકી ઘણા આરોપીઓ મીટીંગોમાં હાજર રહેલા છે બીજી કોઈ ભૂમિકા ભજવેલી નથી. જો આ સાહેદ કાવતરામાં સામેલ ન હોય તો મીટીંગોમાં ફકત હાજર રહેનાર બીજા આરોપીઓ પણ કાવતરામાં સામેલ નથી તેમ કહી શકાય. પરંતુ તેઓની દલીલ સાથે હું સંમત નથી. સાહેદ ઝાકીરને આરોપી બનાવવા માટેની અરજી નામદાર ગુજરાત હાઈકોર્ટ રદ્ધ કરેલી છે અને તે સામે આરોપીઓ નામદાર સુપ્રીમો કોર્ટ સમક્ષ ગયેલા નથી. અન્ય આરોપીઓ બાબતે આરોપીઓ તરફથી આ પ્રમાણેની દાદ માંગતી કોઈ અરજી કરવામાં આવેલી નથી. જેથી અન્ય સહઆરોપીઓ કાવતરામાં સામેલ નથી તેવુ કહી શકાય નહીં. વધુમાં વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, સાહેદ ઝાકીરની જુબાનીને અન્ય કોઈ પુરાવાથી સમર્થન મળતુ નથી. પરંતુ મારા મત પ્રમાણે ફરિયાદપક્ષ દ્વારા ઘણા બધા અગત્યના સાહેદો તપાસવામાં આવેલા છે તે સાહેદોના પુરાવાની ચર્ચા કરેલી છે તે તમામ સાહેદોની જુબાનીઓ ધ્યાને લેતા સાહેદ ઝાકીરને જુબાનીને સમર્થન મળે છે તેમ હું માનુ છું. વધુમાં વકીલશ્રી આર. કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, સાહેદ ઝાકીરનું સૌપ્રથમ નિવેદન

તા.૧૭.૧૦.૦૮ ના રોજ સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ લીધેલું છે. આ મયુર ચાવડાએ મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૩/૦૮ના કામની તપાસ તા.૩૧.૮.૨૦૦૮ ના રોજ સંભાળેલી હતી તેમ છતાં આ સાહેદનુ નિવેદન મોડુ લીધેલુ છે તેનો કોઈ ખુલાસો નથી. પરંતુ મારા મત પ્રમાણે અમદાવાદની ૨૦ જેટલી ફરિયાદોની તપાસ એકસાથે ચાલતી હતી જેથી નિવેદન મોડુ લેવાય તો તેનો અર્થ એવો નથી કે સાહેદ ઝાકીરનું નિવેદન લીધુ જ નથી અથવા ખોટુ લીધેલુ છે. વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા એમ પણ જણાવે છે કે, સાહેદ ઝાકીરના કહેવા પ્રમાણે મીટીંગોમાં ગોધરાનો બદલો લેવાની વાત થતી હતી. ગોધરાનો બનાવ ૨૦૦૨ની સાલમાં બનેલો હતો અને અમદાવાદ શહેરમાં બોમ્બ બ્લાસ્ટ ૨૦૦૮ની સાલમાં થયેલા. આમ ગોધરાના બનાવ પછી ૬ વર્ષ બાદ અમદાવાદમાં બનાવ બનેલા છે જેથી ઉશ્કેરાટ રહે નહીં. પરંતુ આ દલીલ સાથે પણ હું સંમત નથી. સમગ્ર પુરાવો ધ્યાને લેતા ૨૦૦૨ ની સાલથી ૨૦૦૮ ની સાલ સુધી આરોપીઓ વચ્ચે જુદી–જુદી જગ્યાઓ ઉપર જુદા–જુદા સ્થળો ઉપર અને જુદા–જુદા સમયે ઘણી જ વખત મીટીંગો અને આયોજનો થયેલા છે અને તેના પરિણામરૂપે આ બનાવો બનેલા છે. વધુમાં વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે સાહેદ ઝાકીર ગુનામાં સાથી છે માટે એકમાત્ર તેના પુરાવા ઉપર આધાર રાખી આરોપીઓને સજા થઈ શકે નહીં તે માટે તેઓ નીચે મુજબના ચુકાદા ઉપર આધાર રાખેલ છે.

અ.નં.	**ચુકાદો**	**ચુકાદામાં નિર્ણીત થયેલ મુદ્દાઓ પૈકી ગુનાના સાથી અંગે નિર્ણીત થયેલ મુદ્દો**
૧	આદમ સુલેમાન અજમેરી વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત (૨૦૧૪) ૭, સુપ્રીમ કોર્ટ કેસીસ, પાન નં.૭૧૬	ચુકાદાના પેરા–૧૪૯ મુજબ ગુનાના સાથીનો પુરાવો માત્ર સહઆરોપીને સજા કરવા માટે પુરતો નથી. કારણ કે ગુનાના સાથીનો પુરાવો ઘણો નબળો પુરાવો છે. ચુકાદાના પેરા–૧૩૬ મુજબ ગુનાના સાથીના પુરાવા ઉપરથી સહઆરોપીઓને

		સજા થઈ શકે પરંતુ મહત્વની બાબતોથી સમર્થન મળવુ જોઈએ. ચુકાદાના પેરા–૧૪૩ મુજબ ગુનાના સાથીનો પુરાવો સ્વીકારવા યોગ્ય છે કે કેમ તે અદાલતે નક્કી કરવુ જોઈએ. ગુનાના સાથીનો પુરાવો વિશ્વાસપાત્ર અને કુદરતી હોવો જોઈએ

આ ચુકાદા ઉપર આધાર રાખી વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, સાહેદ ઝાકીર હુસેન ગુનાનો સાથી છે માટે તેનો પુરાવો વિશ્વાસપાત્ર નથી. પરંતુ તેમની આ દલીલ સાથે હું સંમત નથી સાહેદ ઝાકીર હુસેનનો પુરાવો વિશ્વાસપાત્ર છે સાથે–સાથે તેના પુરાવાને બીજા ઘણા સાહેદોના પુરાવાથી સમર્થન પણ મળેલ છે.

વકીલશ્રી એમ.એમ.શેખ આ સાહેદ નં.૯૫૭ ઝાકીર હુસેન કુરેશીની જુબાની બાબતે ધ્યાન દોરી દલીલ કરે છે કે, આ સાહેદે પોતાનુ પોલીસ રૂબરૂનુ નિવેદન સૌપ્રથમ તા.૧૭.૧૦.૨૦૦૮ ના રોજ તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડા સમક્ષ નોંધાવેલુ છે અને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનુ મેજિસ્ટ્રેટ સમક્ષનુ નિવેદન તા.૫.૧૧.૨૦૦૮ ના રોજ નોંધાવેલુ છે. આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લેતા આ સાહેદ ગુનાનો સહભાગી છે અને બનાવો બન્યા બાદ ત્રણ માસ સુધી મૌન રહેલો છે અને ત્યારબાદ એકાએક તપાસ કરનાર અધિકારી મયુર ચાવડા સમક્ષ પ્રગટ થયેલો છે. આ સાહેદ "એકાએક પ્રગટ" થયેલો તેવા શબ્દો કટાક્ષમય શબ્દોનો ઉપયોગ કરવામાં આવેલો છે. પરંતુ આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ આ કેસના અન્ય આરોપીઓ સાથે સીમીની મીટીંગોમાં હાજર રહેલો હતો અને બનાવો બન્યા બાદ બનાવોની ફરિયાદો નોંધાઈ અને તપાસો શરુ થઈ તથા તપાસો દરમ્યાન એક પછી એક આરોપીઓ પકડાતા ગયા જેથી આ સાહેદને પણ એવુ ચોકકસપણે લાગે કે પોતાને પણ આ ગુનામાં પોલીસ પકડશે તેના કારણે તે

ત્રણ માસ સુધી આ બનાવોની જાણ કરવા માટે અથવા તપાસ કરનાર અધિકારી સમક્ષ નિવેદન આપવા માટે ગયો ન હોય તેથી કરીને આ સાહેદની જુબાની ભરોસાપાત્ર નથી તેમ મનાય નહીં. એટલુ જ નહીં કાવતરાના બનાવોમાં સામાન્ય રીતે કોઈ સીધો પુરાવો મળતો નથી. તેવા સંજોગોમાં મોટા ભાગે કેસ પુરવાર ન થતા આરોપી છટકી જતા હોય છે પરંતુ ગુનામાં ભાગીદાર કોઈક સાક્ષીએ ગુના સંબંધી પુરાવો આપેલો હોય તો તે પુરાવાના આધારે ગુનાના આરોપી છટકી જઈ શકે નહીં. સાહેદ ઝાકીર હુસેન તપાસ કરનાર અધિકારી સમક્ષ જે પ્રમાણે નિવેદન આપેલુ છે તેવુ જ નિવેદન મેજિસ્ટ્રેટ રૂબરૂ પણ આપેલુ છે. વકીલશ્રી એમ.એમ. શેખ આ સાહેદ ઝાકીર હુસેનનું નિવેદન મોડુ લખાવેલુ છે માટે તે પુરાવામાં ધ્યાને લેવાય નહીં તેવી દલીલ સાથે તેઓ નીચે મુજબના ચુકાદા ઉપર આધાર રાખેલ છે.

અ.નં.	**ચુકાદો**	**ચુકાદામાં નિર્ણીત થયેલ મુદ્દાઓ પૈકી મોડુ નિવેદન નોંધવા બાબતે નિર્ણીત થયેલ મુદ્દો**
૧	સ્ટેટ ઓફ આંધ્રપ્રદેશ વિરૂધ્ધ એસ.સવર્ણા લતા, (૨૦૦૯) ૩, સુપ્રિમ કોર્ટ કેસીસ, પાન નં.૮૭૩	પેરા–૨૦ થી ૨૩ મુજબ બનાવ બન્યા બાદ તપાસ કરનાર અધિકારીએ સાહેદોના નિવેદનો તથા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબના નિવેદનો તરત જ લેવામાં આવેલા નહીં અને નિવેદનો મોડા લેવામાં આવેલા તે અંગે કોઈ ખુલાસો જુબાનીમાં આપવામાં આવેલો નહીં માટે આરોપીને નિર્દોષ ઠરાવેલ. પરંતુ હાલના કેસમાં તમામ સંજોગો જુદા છે. આ કેસ સાંયોગિક પુરાવા ઉપર આધારિત છે, ફરિયાદોમાં કોઈ આરોપીના

		નામ નથી. તપાસો દરમ્યાન તપાસોની વિગતોના આધારે આરોપીઓને પકડવામાં આવેલા છે. બનાવ એટલા ગંભીર છે કે સાહેદો શોધવા પણ મુશ્કેલ હતા. તેના કારણે આ કેસમાં સાહેદોના નિવેદનો મોડા લેવામાં આવેલા છે તેનાથી નિવેદનો ખોટા છે તેમ માનવુ યોગ્ય નથી.
૨	જગજીત સીંઘ વિરૂધ્ધ પંજાબ અને હરિયાણા, ૨૦૦૫, સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ) પાન નં.૮૯૩	પેરા–૩૦ મુજબ તપાસ કરનાર અધિકારીએ બનાવ પછી ત્રીજા દિવસે સૌપ્રથમ સાહેદનુ નિવેદન નોંધેલુ. મેજિસ્ટ્રેટશ્રીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનુ નિવેદન છ દિવસ બાદ નોંધેલુ. ઈન્સાફી કાર્યવાહી ચલાવનાર અદાલતે નોંધેલુ કે મોડુ નિવેદન નોંધવાથી આરોપીને કોઈ પૂર્વગ્રહ થતો નથી. ત્યારબાદ નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલુ છે કે મોડા નિવેદનો નોંધવાનો કોઈ યોગ્ય ખુલાસો તપાસ કરનાર અધિકારીએ આપેલો નથી. આ કેસોની પરિસ્થિતિ અને સંજોગો જોતા સાહેદોના નિવેદનો મોડા નોંધવામાં આવેલા છે તેથી તે નિવેદનો ખોટા છે કે ઉભા કરેલા છે તેમ માનવુ યોગ્ય નથી.
૩	ડૉ. કૃષ્ણપાલ વિરૂધ્ધ	પેરા–૪ મુજબ નજરે જોનાર સાહેદોના નિવેદનો નોંધવામાં થયેલા વિલંબ અંગે

	સ્ટેટ ઓફ ઉત્તર પ્રદેશ, ૧૯૯૬ (૩) જી.એલ.આર. પાન નં.૩૩૩ સુપ્રિમ કોર્ટ	ફરિયાદપક્ષ દ્વારા કોઈ ખુલાસો કરવામાં આવેલો નહીં. નામદાર અદાલતે ઠરાવેલુ છે કે ફકત આ કારણસર અદાલતમાં ભરોસાપાત્ર અને સંતોષકારક પુરાવાને અનિચ્છનીય રીતે કાઢી નાખવો જોઈએ નહીં. પેરા–૯ મુજબ જો ફરિયાદપક્ષના સાહેદ દ્વારા ભરોસાપાત્ર પુરાવો રજૂ કરવામાં આવેલો હોય ત્યારે પોલીસ દ્વારા ખામીયુકત તપાસના કારણે આરોપીને છોડી મુકવો જોઈએ નહીં.

વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા એમ પણ જણાવે છે કે, સાહેદ ઝાકીર હુસેન મીટીંગોમાં હાજર હતો તેમ છતાં તેને કોઈ કૃત્ય કરેલુ નથી તે માની શકાય નહીં. સાહેદ ઝાકીર હુસેન પાસે અન્ય કોઈ સહઆરોપીઓએ બનાવોમાં ઉપયોગમાં લીધેલ કોઈ સામગ્રી પણ મંગાવી ન હોય તો તે પણ માની શકાય નહીં. જો સાહેદ ઝાકીર હુસેન મીટીંગોમાં હાજર રહ્યો હોય તો ચોકકસપણે તેને આ બનાવોમાં નાની મોટી કોઈપણ પ્રકારની કામગીરી કરેલી હોય પરંતુ સાહેદ ઝાકીર હુસેન કોઈ પણ જગ્યાઓમાં મીટીંગોમા હાજર રહેલ નથી પરંતુ તપાસ કરનાર અધિકારીઓને આરોપીઓ વિરૂધ્ધ કોઈ પુરાવો મળતો ન હતો માટે આ સાહેદને ઉભો કરેલો છે. વકીલશ્રી એમ.એમ.શેખની દલીલ સાથે હું સંમત નથી. સાહેદ ઝાકીર હુસેનની અદાલત રૂબરૂની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો સને–૨૦૦૭ની સાલથી સાહેદ ઝાકીર હુસેન અન્ય બીજા સહઆરોપીઓ આરોપી નં.૧, ૨, ૩, ૪, ૫, ૬, ૮, ૨૭ વિગેરેનાઓના સંપર્કમાં આવેલો હતો અને જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગોમાં હાજર રહેલો છે. મીટીંગોમાં કયામત અંગે ચર્ચાઓ થયેલી, જેહાદની વાતો થયેલ, ભારતમાં

ઈસ્લામિક શાસન સ્થાપવાની ચર્ચા થયેલી, ગોધરાનો બદલો લેવાની વિગેરે ઘણી બધી ચર્ચાઓ થયેલાની હકીકત તેણે જણાવેલી છે. આ સાહેદની જુબાનીથી આરોપીઓ વચ્ચે જે કાવતરૂ અને સમજણ થયેલ હતી તેની વિગતો બહાર આવેલી છે. વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા એમ પણ જણાવે છે કે, સાહેદ ઝાકીર હુસેનનો પુરાવો વિશ્વાસપાત્ર નથી અને તેના પુરાવાને પુરતુ સમર્થન પણ મળતુ નથી. પરંતુ તેઓની દલીલ સાથે હું સંમત નથી. સાહેદ ઝાકીર હુસેનના પુરાવાને સાહેદ નં.૧૧૪૧ એૈયાજ સૈયદ તથા આરોપી નં.૨, ૨૧,૨૪ ના કબૂલાત નિવેદનોથી પણ પુરતુ સમર્થન મળે છે તે સિવાય પણ રેકર્ડ ઉપર બીજા ઘણા પુરાવા છે. વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે આ સાહેદે અન્ય આરોપીઓ સાથે ફોન ઉપર વાતચીત કરેલાનું પણ જણાવેલુ છે પરંતુ તપાસ કરનાર અધિકારીઓએ ફોનની કોલ ડીટેલ મેળવેલ નથી.જો કોલ ડીટેલ મેળવવામાં આવેલી હોત તો આ સાહેદ તથા અન્ય આરોપીઓ વચ્ચે ફોન ઉપર વાતચીત થયેલી હતી કે કેમ? તે રેકર્ડ ઉપર આવી શકત. પરંતુ આ સાહેદે જે કંઈ ફોન ઉપર વાત કરેલી છે તે ૨૦૦૭ તથા ૨૦૦૮ ના શરૂઆતના સમયમાં કરેલી હતી. બનાવ જુલાઇ–૨૦૦૮માં બનેલો માટે લાંબા સમય સુધી ફોનની કોલ ડીટેઇલ જે તે ફોન કંપનીઓમાં સચવાયેલી ન હોય તેના કારણે પણ ફોનની કોલ ડીટેઇલ મળી શકે નહીં. એવી પણ દલીલ કરવામાં આવેલી છે કે તપાસ એજન્સીએ સાહેદ ઝાકીર હુસેનની ગેરકાયદેસર અટક કરી તેને મારઝુડ કરી ધાક–ધમકી આપીને સાહેદ તરીકે ઉભો કરેલો છે પરંતુ મારા મત પ્રમાણે બચાવપક્ષનો આ આક્ષેપ છે. આક્ષેપના સમર્થનમાં કોઈ દસ્તાવેજી પુરાવો રજૂ કરેલો નથી. સાહેદ ઝાકીર હુસેનની ગેરકાયદેસર અટક કરી તેને મારઝુડ કર્યાની હકીકત સાહેદે પોતાની ઊલટતપાસમાં નકારેલી છે. સાહેદ ઝાકીર હુસેનની આ અદાલત સમક્ષ સરતપાસ પુરી થયા બાદ તેને આરોપી બનાવવા માટે આ અદાલત સમક્ષ બચાવપક્ષ તરફથી આંક–૬૬૯૫ થી અરજી આપવામાં આવેલી. બંને પક્ષની દલીલો સાંભળીને તે અરજી તા.૧૫.૭.૨૦૧૭ ના રોજ નામંજૂર કરવામાં આવેલી હતી. ત્યારબાદ આરોપીઓએ નામદાર ગુજરાત

હાઈકોર્ટ સમક્ષ ક્રિમીનલ રીવીઝન અરજી નં.૧૨૨૫/૨૦૧૭ દાખલ કરેલી અને આરોપીઓની તે રીવીઝન અરજી તા.૧૪.૯.૨૦૧૮ ના રોજ નામદાર ગુજરાત હાઈકોર્ટે નામંજૂર કરેલી છે.બચાવપક્ષ તરફથી આ સાહેદની મીટીંગોમાં હાજરી બાબતે વિરોધાભાસી હકીકતો રેકર્ડ ઉપર આવે છે એવો બચાવ મુકવાનો પ્રયત્ન કર્યો છે કે જાકિર મીટીંગમાં હાજર હતો તો તે માત્રથી તે કાવતરામાં સામેલ હોવાનું મનાય નહિ. બીજી એવી હકીકત છે કે તે મીટીંગોમાં હાજર જ ન હતો તો સાચી હકીકત કઇ તે પ્રશ્ન છે.

વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે, સાહેદ ઝાકીર હુસેનની જુબાની હાસ્યાસ્પદ છે. આ "હાસ્યાસ્પદ" વાળા શબ્દો કટાક્ષમય શબ્દો છે. તેમની દલીલ પ્રમાણે તા.૭.૮.૨૦૦૮ ના રોજ વેરાવળ–જબલપુર એકસપ્રેસ ટ્રેનમાં આરોપી નં.૨૭, સાહેદ ઝાકીર હુસેનને મળેલો અને નાગદા સુધી તે સાથે બેસીને ગયેલો તે દરમ્યાન ચાલતી ટ્રેનમાં તા.૨૭.૭.૨૦૦૮ થી તા.૨૯.૭. ૨૦૦૮ દરમ્યાન જે કાંઈ બનેલુ તેની વિગત જણાવેલી તો ચાલુ ટ્રેનમાં આ વિગતો જણાવવી શકય નથી. પરંતુ મારા મત પ્રમાણે રતલામ થી નાગદા ટ્રેનમાં જવા માટે ૪૦–૪૫ મિનિટનો સમય થાય છે માટે સહેલાયથી આટલી વાત બંને વચ્ચે થઈ શકે. વધુમાં દલીલ એવી પણ છે કે સાહેદ ઝાકીર હુસેને રેલવેમાં મુસાફરી કરેલી તે બતાવવા તપાસ કરનાર અધિકારીએ રીઝર્વેશનના કોઈ દસ્તાવેજ મેળવેલા નથી. પરંતુ મારા મત પ્રમાણે બનાવ પહેલા ૧૦ થી ૧૨ માસ પહેલાનો આ સમય હતો અને આટલા જૂના રીઝર્વેશનના દસ્તાવેજો રેલવેમાંથી મળી શકે નહીં માટે બચાવપક્ષ તરફથી આવા બધા જે બચાવો લેવાનો પ્રયત્ન કરેલો છે તે ખોટો છે તેમ હું માનુ છું અને સાહેદ જાકિર રતલામ જતો હતો તે ટ્રેનના રીઝર્વેશનને લગતો દસ્તાવેજ કે ટિકિટ મેળવવી જરૂરી પણ નથી.

વકીલશ્રી એલ.આર.પઠાણ સાહેદ નં.૯૫૭ જાકીર હુસેન કુરેશીની જુબાનીની ચર્ચા કરતા દલીલ કરે છે કે, આ સાહેદ દરિયાપુર લીંમડી પાસે ધાર્મિક પ્રોગ્રામમાં ગયેલાનું જણાવે છે અને તે જગ્યા ઉપર સમસુદ્દીનના નાના ના ઘરે

અબ્દુલ રાજીક લઈ ગયેલો. પરંતુ ત્યાં વીડિયો કેસેટો ચાલુ કરીને બતાવેલાની હકીકત સાહેદ જાકીર જણાવતો નથી. તાલીબાન, અલકાયદા, હમાસ વિશે પણ જુબાનીમાં કાંઈ જણાવતો નથી. સરકાર શું કરે છે ? તે વિશે કોઈ પણ વ્યકિત ચર્ચા કરી શકે છે તેને કાવતરૂ કહેવાય નહીં. આ તબકકે સાહેદ નં.૧૧૪૧ એૈયાજ સૈયદની જુબાની ધ્યાને લઈએ તો દરિયાપુરમાં સમસુદ્ધીનના નાના ના ઘરે મીટીંગમાં સાહેદ એૈયાજ તથા સાહેદ જાકીર બંને હાજર હતા. સાહેદ એૈયાજે તે મીટીંગમાં વીડિયો કેસેટો ચાલુ કરીને બતાવેલાની હકીકત જણાવેલી છે. સાહેદ એૈયાજ અને સાહેદ જાકીર એક જ પ્રકારની સરખી જુબાની આપે તે શકય નથી. સાહેદ જાકીરે વીડિયો કેસેટ ચાલુ કરીને ત્યાં ચર્ચાઓ થયેલાની હકીકત જણાવી ન હોય તેથી કરીને સાહેદ એૈયાજ ખોટી હકીકત જણાવે છે તેમ માની શકાય નહીં. વધુમાં વકીલશ્રી એલ.આર.પઠાણ સાહેદ જાકીર હુસેનની ઊલટતપાસ તરફ ધ્યાન દોરી દલીલ કરે છે કે સમસુદ્ધીનના નાના ના ઘરે જાકીર હાજર જ હતો નહીં માટે તેનો પુરાવો વિશ્વાસપાત્ર નથી અને સમસુદ્ધીનના નાના ના ઘરે કોઈ ગેરકાયદેસર કૃત્ય કરવાની ચર્ચા થયેલી નથી પરંતુ તેઓની દલીલ સાથે હું સંમત નથી સાહેદ જાકીર અને સાહેદ એૈયાજ બંને જણાવે છે કે સમસુદ્ધીનના નાના ના ઘરે સીમીની મીટીંગમાં તેઓ હાજર હતા અને બંનેની જુબાનીઓ ઘણી બધી બાબતો એકસરખી છે. સમસુદ્ધીનના નાના ના ઘરે કોઈ ગેરકાયદેસર કૃત્ય કરવાની ચર્ચા થયેલી નથી તે માની શકાય નહીં. કારણ કે સીમીની મીટીંગ હોય અને સીમીના સભ્યો મીટીંગમાં હાજર થાય તો તેઓ સીમીના ઉદ્દેશ પ્રમાણે જ ચર્ચા કરે અને કામ કરે તે અનુમાન ચોકકસપણે થઈ શકે. શું ચર્ચાઓ થયેલી તેની વિગત હરગિજપણે પ્રસિધ્ધ થાય નહીં અને મીટીંગમાં હાજર રહેનારાઓ તે જાહેર પણ કરે નહીં. વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, સાહેદ જાકીર હુસેને પોતાની જુબાનીમાં સમસુદ્ધીનના નાના ના ઘરે "રીયાજ" પણ હાજર હતો તેમ જણાવે છે. આ રીયાજને ફરિયાદપક્ષે સાહેદ નં.૧૧૫૧ તરીકે તપાસેલો છે પરંતુ તેને ફરિયાદપક્ષની હકીકતને સમર્થન કરેલુ નથી. પરંતુ મારા મત પ્રમાણે આ રીયાજે જાણી જોઈને ઈરાદાપૂર્વક ફરિયાદપક્ષની હકીકતને

સમર્થન કરેલુ નથી તેમ કહી શકાય. જો તે હાજર હતો તેવુ પ્રસ્થાપિત થાય તો તેને પણ આ ગુનામાં આરોપી તરીકે આવી જવાનો ભય રહે માટે પણ ફરિયાદપક્ષની હકીકતને સમર્થન કરેલુ ન હોય. વકીલશ્રી એલ.આર.પઠાણ બચાવના સાહેદ નં.૧ હુસેન હાસમભાઈની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરે છે કે આ સાહેદ સમસુદ્દીનના નાના છે અને તેમના ઘરે મીટીંગ થયેલાની હકીકત નકારે છે. પોતાના ઘરનું સરનામું પણ તેમણે આપેલુ છે. પરંતુ સમગ્ર રેકર્ડ ધ્યાને લેતા તેઓનુ સરનામુ રેકર્ડ ઉપર નથી. વધુમાં તેઓ દલીલ કરે છે કે સાહેદ એૈયાજ, સમસુદ્દીનના નાનાનું ઘર દરિયાપુર પોલીસ ચોકીની સામે આવેલાનું જણાવે છે પરંતુ સમસુદ્દીનના નાનાનું ઘર દરિયાપુર પોલીસ ચોકી પાસે આવેલુ જ નથી. વકીલશ્રી એલ.આર.પઠાણની દલીલ સાથે હું સંમત નથી કારણ કે સમસુદ્દીનના નાનાએ પોતાના મકાન બાબતેનો કોઈ ચોકકસ દસ્તાવેજી પુરાવો રજૂ કરેલો નથી. આ ઉપરાંત તે આરોપી નં.૪ના નાના થતા હોવાથી કોઈપણ સંજોગોમાં ફરિયાદપક્ષને મદદ કરતી હકીકત જણાવે નહીં.

સાહેદોના ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ બાબતેના નિવેદનો અંગે વકીલશ્રી કે.જી.શેખ દલીલ કરતા જણાવે છે કે સાહેદોના આ કલમ હેઠળના નિવેદનો સ્વૈચ્છાએ નોંધાવવામાં આવેલા નથી પરંતુ પોલીસના દબાણથી નોંધાવવામાં આવેલા છે. તેમ છતાં આ નિવેદનોનો ઉપયોગ ફકત વિરોધાભાસ માટે થઈ શકે. આ સંબંધમાં તેઓ નીચે મુજબના ચુકાદા ઉપર આધાર રાખે છે.

અ.નં.	**ચુકાદો**	**નિર્ણીત થયેલ મુદ્દા પૈકી સાહેદોના ક્રિ.પ્રો.કો. કલમ–૧૬૪ ના નિવેદન બાબતે નિર્ણીત થયેલ મુદ્દો**
૧	સ્ટેટ ઓફ ઉત્તરપ્રદેશ વિરૂધ્ધ વીરસીંઘ ૨૦૦૪ (૧૦)	પેર–૫ મુજબ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબના સાહેદોના નિવેદનોનો ઉપયોગ સાહેદોએ જણાવેલી હકીકતને સમર્થન માટે કે તેને જણાવેલી

	સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૧૧૭	હકીકતોના વિરોધાભાસ માટે ઉપયોગમાં લેવાય તે સિવાય બીજી રીતે નિવેદનોને ઉપયોગમાં લેવાય નહીં.
૨	મારૂતિ રામા નાયક વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર, ૨૦૦૩ (૧૦) સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૬૭૦	પેરા–૭ મુજબ સાહેદે પોતાનુ નિવેદન મોડુ નોંધાવેલુ હોય અને તેનો કોઈ ખુલાસો આપેલ નહીં તો તેવા સંજોગોમાં સાહેદનું વિચારણા હેઠળ લઈ શકાય નહીં.

આ સાહેદ બાબતે વકીલશ્રી ડી.ડી.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, આ સાહેદને ફરિયાદપક્ષ દ્વારા તૈયાર કરવામાં આવેલો છે. આ સાહેદે પોતાની જુબાનીમાં જે હકીકતો જણાવેલી છે તે ખોટી જણાવેલી છે. સાહેદ નં.૧૧૫૧ રીયાજ સીદ્દીકીનાઓની જુબાની ધ્યાને લેતા સાહેદ જાકીર હુસેનની જુબાની ખોટી પડે છે. સાહેદ નં.૧૧૫૧ નાઓએ જણાવેલુ છે કે જાકીર હુસેને પોલીસ ચોકી પાસે તેઓને બોલાવેલા અને મેં જે રીતે જુબાની આપેલી છે તે રીતે તુ જુબાની આપ પરંતુ આ સાહેદે જાકીરના કહેવા પ્રમાણે નહીં પરંતુ સત્ય હકીકતો જણાવતી જુબાની આપેલી છે. સાહેદ નં.૧૧૫૧ નાઓએ પોલીસ સમક્ષ કોઈપણ પ્રકારનું નિવેદન આપેલુ નથી તેમ જણાવે છે. પરંતુ મારા મત પ્રમાણે સાહેદ નં.૧૧૫૧નાઓએ ફરિયાદપક્ષની હકીકતને સમર્થન કરેલુ નથી માટે સાહેદ નં.૯૫૭ થી વિરોધાભાસી જુબાની આપે તે સ્વાભાવિક છે જયારે પોલીસ સમક્ષ નિવેદન લખાવેલુ નથી તો તે હકીકત માની શકાય તેમ નથી. વધુમાં વકીલશ્રી ડી.ડી. પઠાણ દલીલ કરતા જણાવે છે કે સાહેદ જાકીર હુસેન તેની પત્નીને લેવા માટે ગ્વાલીયર મુકામે જતો હતો ત્યારે આરોપી નં.૨૭ રતલામથી નાગદા સુધી સાથે મુસાફરી કરેલી અને બનાવ વિશે જે હકીકત જણાવેલી તે ખોટી છે કારણ કે આટલી હકીકત જણાવવા માટે આરોપી નં.૨૭ રતલામ સુધી ન જાય. સાહેદ જાકીર હુસેન તેની પત્નીને લેવા માટે જે ટ્રેનમાં ગયેલો તે ટ્રેનની

રેલવે ટિકિટ, ડબ્બાની વિગત અને રીઝર્વેશનની વિગત મળી શકે તેમ છતાં તપાસ કરનાર અધિકારીએ મેળવેલી નથી. તેઓની આ દલીલ સાથે હું સંમત નથી કારણ કે આરોપી નં.૨૭ નાઓએ સાહેદ જાકીર હુસેન સાથે જયારે મુસાફરી કરી તેના ૩–૪ માસ પછી આ વિગત હરગિજપણે મળે નહીં.

આમ, આ સાહેદ ઝાકીર હુસેન અબ્દુલ જબ્બાર કુરેશીની સમગ્ર જુબાની ધ્યાને લેતા આ સાહેદ સને–૨૦૦૭ની સાલના નવેમ્બર માસમાં આરોપી અબ્દુલ રાજીક સાથે મળેલા અને ત્યારબાદ તેની સાથે દર્શે કુરાનના પ્રોગ્રામોમાં અને મીટીંગોમાં ગયેલા છે અને સરતપાસમાં જણાવ્યા મુજબના ત્યાં આરોપીઓ સાથે તેઓની ઓળખાણ થયેલી. દર્શે કુરાનના પ્રોગ્રામોમાં કુરાનનું વાંચણ થયેલુ ઉપરાંત સને–૨૦૦૨ની સાલમાં ગુજરાતમાં જે કોમી તોફાનો થયેલા તેમાં ઘણા મુસ્લિમ માણસો મરણ પામેલા અને મુસ્લિમોની મિલકતોને નુકસાન થયેલુ તેનો બદલો લેવાની વાતો થયેલી, જેહાદી ભાષણો થયેલા, પ્રવર્તમાન સરકાર હટાવી મુસ્લિમ શાસન સ્થાપિત કરવાની તથા અમદાવાદ શહેરામાં બોમ્બ બ્લાસ્ટો કરી બદલો લેવાની વાતો પણ થયેલી હોવાની હકીકત નીકળી આવે છે. આ ઉપરાંત સરતપાસમાં જણાવેલા ઈસમોએ એકબીજાને ફોન કરી સીમકાર્ડ નાશ કરેલા છે, બોમ્બ બ્લાસ્ટ કરવા માટે જરૂરી વસ્તુઓ "ઈન્ડિયન મુજાહિદ્દીન" પુરી પાડશે, રાજીક, આફ્રીદી, મુજીબ, કયામુદ્દીન અને એૈયાઝે બોમ્બવાળી સાઇકલો જે તે જગ્યા ઉપર મુકેલાની હકીકત પણ આ સાહેદે જણાવેલી છે. સુરત શહેરમાં પણ જુદી–જુદી જગ્યાઓ ઉપર બોમ્બ મુકેલાની હકીકત પણ આ સાહેદ જણાવે છે. આ સાહેદે પોતાની જુબાની દરમ્યાન ઉપર જણાવ્યા મુજબના કુલ–૧૧ આરોપીઓને પણ ખૂબ જ સહેલાઈથી અને સ્પષ્ટ રીતે ઓળખી બતાવેલા છે. આ સાહેદે મેજિસ્ટ્રેટ રૂબરૂ આંક–૬૬૮૮ વાળુ જે નિવેદન નોંધાવેલુ તે નિવેદનમાં જે હકીકત જણાવી છે તેનાથી વિશેષ હકીકત પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં લખાવેલી છે. આ બનાવ બન્યા બાદ ઘણા લાંબા સમય પછી આ સાહેદે જુબાની આપેલી છે જેથી નિવેદનની હકીકત અને જુબાનીની હકીકત થોડા ઘણા અંશે જુદી પડે તે સ્વાભાવિક છે. વકીલશ્રી એલ.

આર. પઠાણ દલીલ કરતા જણાવે છે કે, આ સાહેદે પોલીસ રૂબરૂ લખાવેલા નિવેદનથી જુદી હકીકત મેજિસ્ટ્રેટ રૂબરૂના નિવેદનમાં લખાવી છે પંરતુ સાહેદે આ બાબતે ખુલાસો કરેલો છે કે, મુખ્ય–મુખ્ય હકીકતો લખાવેલી હતી. આ સાહેદે ઉચ્ચ અભ્યાસ કરેલો નથી કે જેથી કરીને પોલીસ સમક્ષ જે હકીકત લખાવી તે જ હકીકત મેજિસ્ટ્રેટ સમક્ષ લખાવવી જોઇએ તેવી સમજ હોય માટે થોડા ઘણા વિરોધાભાસ કે અમુક હકીકત છોડી દિધેલી હોય તેવું રહેવાનુ તેથી કરીને સાહેદનો સમગ્ર પુરાવો ફેંકી દેવાય નહિ. આ સાહેદે મેજિસ્ટ્રેટ રૂબરૂ જે નિવેદન નોંધાવેલુ છે તે નિવેદન પુરાવાના કાયદાની કલમ–૮૦ તથા ૧૧૪(ઈ) ની જોગવાઈઓ મુજબ પુરાવામાં ગ્રાહ્ય છે.આ સાહેદની જુબાનીને તાજના સાક્ષી આરોપી નં.૨૩નાઓની જુબાનીથી પણ સમર્થન મળે છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે રામકાભાઇ દેવકરણભાઇ કેસરીયાને સાહેદ નં.૯૭૨ તરીકે આંક–૬૮૦૨ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ પાવાગઢ મુકામે પંચાયત ઑફિસના પાછળના ભાગે રહે છે. સને–૨૦૦૮ના વર્ષમાં તેઓ ભેંસો ચરાવતા હતા અને આશરે ૩૦–૩૫ જેટલી ભેંસો હતી અને ભેંસો ચરાવીને દુધનો ધંધો કરતાં હતા. વધુમાં સાહેદ જણાવે છે કે પોલીસ આઠમા મહીનાની ૨૭ મી તારીખે આવેલી. તેઓ કમલેશ ક્વોરી હેલીકૈલ વાવ પાસે ભેંસો ચરાવતા હતા. ત્યા પાંચ છ પોલીસના માણસો ઉભેલા હતા. પોલીસે આ સાહેદને જોયેલા અને ત્યાં બોલાવેલા. પોલીસે પુછેલુ કે અહીંયા ઉતરાયણના દિવસે કોઇ તંબુ બાંધીને ટ્રેનીંગ કરતાં હોય તેવું જોયેલું? જેથી આ સાહેદે કહેલું કે "હા" સાહેબ જોયેલું.

વધુમાં સાહેદ જણાવે છે કે, ઉત્તરાયણના દિવસે બાબુભાઇના ઘરે ગયેલા. ત્યારે બાબુભાઇએ કહેલું કે, તેમની ભેંસો ઘરે આવેલી નથી અને ખોવાઈ ગયેલી છે. જેથી આ સાહેદે કહેલુ કે ચાલો શોધવા જઇએ જેથી આ સાહેદ અને બાબુભાઇ ભેંસો શોધવા નીકળેલા અને પહેલા પાતાળ તળાવ પાસે ગયેલા પણ ત્યાં ભેંસો હતી નહીં. ત્યાંથી ચાલતા ચાલતા જંગલમાં કમલેશ ક્વોરીની ખીણ છે ત્યાં ગયેલા. ભેંસો જોવા જતા હતા ત્યારે ત્યાં તંબુ બાંધેલો હતો અને દુરથી જોયું

ત્યારે એવું લાગેલું કે આ ફોરેસ્ટવાળાઓ હશે માટે જોવા જઈએ. ત્યારબાદ તંબુ પાસે ગયેલાં તંબુ પાસે ઉભા રહ્યા ત્યારે કોઈક કોણી વડે ચાલતાં હતા. ત્યાં ૨૫–૩૦ જણા હતા. કોઈ ચાલતા હતા અને કોઈક તારની અંદર બાંધેલા ફુગ્ગા બંદુકથી ફોડતા હતા. તેઓ ત્યાં આગળ અડધો પોણો કલાક ઉભા રહેલા. ત્યાર પછી એક માણસ અંદરથી તેમની પાસે આવેલો અને કહેલું કે, "ક્યું ખડા હૈ યહાં" જેથી આ સાહેદ કહેલું કે અમારી ભેંસો ખોવાઇ ગયેલી છે. તે જોવા આવ્યા છીએ. ત્યારપછી તેઓ ચાલતાં ચાલતાં આગળ ગયેલાં ત્યાં ખીણમાં ભેંસો હતી. ત્યારબાદ ભેંસો હાંકીને ઘરે જતાં રહેલાં. તેઓ તંબુ પાસે પહોંચ્યા ત્યારે આશરે સાડા બાર, એકનો સમય થયેલો હશે. સાહેબને એવુ કહેલું કે તે લોકો ઉંચા સરખા હતા અને ઝીણી–ઝીણી દાઢી હતી અને બીજા કોઇક ગોરા હતા. બીજા ઊંચા સરખા પાંચ, સાડા પાંચ ફુટના હતા. તેઓ હિન્દી ભાષામાં બોલતાં હતા. આ બાબતે પોલીસે જવાબ લીધેલો.

વધુમાં સાહેદ જણાવે છે કે, પોલીસે જ્યારે જવાબ લીધો ત્યારે એવું પણ કહેલું કે, આ લોકોને તમને બતાવીએ તો ઓળખી શકો? જેથી આ સાહેદે કહેલું કે "હા" સાહેબ ઓળખી શકીએ. સાહેદ વધુમાં જણાવે છે કે જવાબ લીધા પછી ઘરે ગયેલા અને એક દિવસ પછી એક પોલીસવાળા ભાઇ આવેલા અને એવુ કહેલું કે તમારે ઓળખ પરેડ માટે અમદાવાદ આવવાનું છે અને એક કાગળ આપેલું હતું અને ૩૦ તારીખે કોર્ટમાં ગયેલા. કોર્ટમાં ગયા ત્યારે બહાર વકીલો બધા ઉભા હતાં તેમને કાગળ બતાવેલો. વકીલોએ કહેલુ કે, ત્યાં આગળ જાઓ ત્યાં એક પટ્ટાવાળા ભાઇ ઉભેલાં હતા. પટ્ટાવાળાને મળેલા, તેમની સાથે સાહેદ પ્રવિણભાઇ, બાબુભાઇ અને અંબાલાલ હતાં. પટ્ટાવાળા ભાઇને મળ્યા પછી કહેલુ કે આ રૂમમાં બેસો. ત્યારબાદ ૨૦–૨૫ મિનિટ બાદ ત્યાં કોર્ટમાં અંદર બોલાવેલા, અંદર બોલાવ્યા ત્યારે એક સાહેબ ખુરશીમા બેઠેલા હતા અને બીજા બે જણાં પણ હતા, બીજા ૬૦(સાંઇઠ) માણસો પણ હતા. અંદર ગયા પછી સાહેબે પહેલા આ સાહેદનું નામ, સરનામુ પુછેલું અને આઇ કાર્ડ બતાવેલું. ત્યાં જે બીજા ૬૦(સાંઇઠ) માણસો ઉભા હતા તેમાં સાહેબે કહેલું કે તમે ઓળખતાં

હોવ તો હાથ પકડીને બહાર કાઢો જેથી આ સાહેદે જેમને ઓળખતા હતા તેમને બહાર કાઢેલા. આ સાહેદે ૭(સાત) જણાને બહાર કાઢેલા. તંબુ પાસે જે ટ્રેનીંગ કરતાં હતાં. તેમને ઓળખતા હતા જેથી તેમને બહાર કાઢેલાં. ૭ (સાત) જણાના નામ પૈકી એકનું નામ "ઇમરાન" હતું, બીજાનું નામ "સફદર" હતું, બીજા એકનું નામ "મહમદ" હતું, બીજા એકનું નામ "યુનુસ" હતું. આમ આટલાના નામ યાદ છે બીજાના નામ યાદ નથી. સાહેબે તેમના નામ લખેલાં અને પછી જતા રહેલા. ત્યાં બાબુભાઇ તથા બીજાઓની રાહ જોતાં એક કલાક સુધી ઉભા રહેલા અને કલાક પછી તે લોકો આવેલા અને ક્રાઇમ બ્રાન્ચની ઑફિસનું સરનામું તે પોલીસવાળા ભાઇ આવેલાં હતાં તેમણે આપેલું હતું જેથી બધા ક્રાઇમ બ્રાન્ચની ઓફીસે ગયેલા.

શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ ના કામે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, મેટ્રોપોલીટન એરીયા કોર્ટ નં.૨, અમદાવાદની રૂબરૂમાં આ સાહેદ દ્વારા આરોપી નં.૧, ૨, ૬, ૮, ૯, ૧૦ અને ૧૨ નાઓની ઓળખ પરેડ પંચો રૂબરૂ કરાવવામાં આવેલી જે અંગેનુ પંચનામુ આંક–૩૦૬૧ થી રજૂ કરવામાં આવેલુ છે અને આ ઓળખ પરેડ તા.૩૦.૮.૨૦૦૮ ના રોજ રાખવામાં આવેલી અને ઓળખ પરેડ દરમ્યાન પણ આ સાહેદે આરોપી નં.૧, ૨, ૬, ૮, ૯, ૧૦ અને ૧૨ નાઓને ઓળખી બતાવેલા છે.

મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૩/૨૦૦૮ ના કામે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, મેટ્રોપોલીટન એરીયા કોર્ટ નં.૨, અમદાવાદની રૂબરૂમાં આ સાહેદ દ્વારા આરોપી નં.૧, ૨, ૬, ૮, ૯, ૧૦, ૧૨ અને ૭૪ નાઓની ઓળખ પરેડ પંચો રૂબરૂ કરાવવામાં આવેલી જે અંગેનુ પંચનામુ આંક–૪૦૮૫ થી રજૂ કરવામાં આવેલુ છે અને આ ઓળખ પરેડ તા.૬.૬.૨૦૧૨ ના રોજ રાખવામાં આવેલી અને ઓળખ પરેડ દરમ્યાન પણ આ સાહેદે આરોપી નં.૧, ૨, ૬, ૮, ૯, ૧૦, ૧૨ અને ૭૪ નાઓને ઓળખી બતાવેલા છે.

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ સને–૨૦૧૨ ના છઠ્ઠા મહિનામાં એક પોલીસવાળા તેમની પાસે આવેલા. તેમણે પાછો એક કાગળ

આપેલો અને કહેલુ કે, તમારે અમદાવાદ કોર્ટમાં ઓળખ પરેડ માટે આવવાનું છે. પોલીસવાળા તે ભાઇને કહેલું કે મારે એકલાને આવવાનું છે? તો કહેલું કે, ના તમારે તથા પ્રવિણભાઇએ આવવાનું છે. ત્યારબાદ ૬(છ)તારીખે કોર્ટમાં આવેલા અને કોર્ટમાં જે જગ્યાએ જવાનું હતું ત્યાં કોર્ટમાં ગયેલા. કોર્ટમાં ગયા પછી પટ્ટાવાળાને મળેલા. પટાવાળાએ અંદર બેસો તેમ કહેતાં ત્યાં બેઠેલા અને ૧૦–૧૫ મિનિટ પછી કોર્ટમાં બોલાવેલો. કોર્ટમાં ગયો ત્યારે એક જજ સાહેબ બેઠેલા હતાં. બીજા બે જણાં પણ હતા અને બીજા ૬(છ) જણાં હતાં. સાહેબે પહેલા આ સાહેદનું નામ, સરનામું પુછેલું અને પેલા ૬(છ) જણાં ઉભેલા હતાં તેથી કહેલું કે આમાંથી તમે કઇ રીતે ઓળખો? ૬(છ) જણને ઉભા રાખેલા હતાં તેમાંથી એક જણને ઓળખતા હતા અને તેને હાથ પકડીને બહાર કાઢેલો. બહાર કાઢ્યા પછી સાહેબે તેનું નામ પુછેલું અને કહેલું કે તમે આને કઇ રીતે ઓળખો ? તો સાહેબને કહેલું કે આગળ પહેલા તંબુ બાંધેલો હતો ત્યાં આ પણ હતો. તેનું નામ મુન્નો કરીને હતું. ત્યારબાદ આ સાહેદ બહાર જતા રહેલા અને બહાર ઉભા રહેલા. પંદર–વીસ મિનિટ ઉભા રહ્યા પછી પ્રવિણભાઇ આવેલા. આ વખતે સાડા ચાર વાગ્યાનો સમય થયેલો હશે. આ સાહેદ વધુમાં જણાવે છે કે જે માણસોને ઓળખેલા તે જો બતાવવામાં આવે તો તેને ઓળખવાનો પ્રયત્ન કરૂ જેથી ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીને વીડિયો કોન્ફરન્સ દ્વારા ટી.વી. સ્ક્રીન થકી તથા અમદાવાદ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીને વીડિયો કોન્ફરન્સ દ્વારા ટી.વી. સ્ક્રીન થકી બતાવવામાં આવતા નીચે મુજબના બે આરોપીને ઓળખી બતાવે છે.

(૧) આરોપી નં.૮ યુનુસ મોહંમદભાઈ મન્સુરી

(૨) આરોપી નં.૧૨ સફદરહુસેન ઉર્ફે હુસેનભાઈ ઉર્ફે ઈકબાલભાઈ જહીરૂદ્દીન ઉર્ફે જહરૂલહસન નાગોરી

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો ઓળખ પરેડ વખતે આ સાહેદ, પ્રવિણભાઈ, બાબુભાઈ તથા અંબાલાલભાઈનાઓ સાથે ગયેલા હતા તે કબૂલ કરે છે. પોલીસે કયારેય પુછેલ નથી કે તમે ઓળખી શકશો ? તો આ સાહેદે

નકારેલુ છે. પોલીસના બોલાવવાથી ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે ગયેલાની હકીકત નકારે છે. ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે પોલીસે સમજ કરેલી કે ઓળખ પરેડ માટે જવાનું છે તો તે હકીકત પણ નકારી છે. પોલીસે કાગળ આપેલો તેમાં કોર્ટનું નામ, સરનામુ લખેલુ હતુ. આવો કાગળ આપેલો નથી તો તે હકીકત પણ નકારી છે. ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે આરોપીઓને બતાવેલા તો તે હકીકત પણ નકારેલી છે. મેજિસ્ટ્રેટ સાહેબ પાસે વર્ણન લખાવડાવેલુ. ચારેય જણાઓની હાજરીમાં મેજિસ્ટ્રેટ સાહેબે નામ પુછેલાની હકીકત નકારેલી છે. ઓળખ પરેડ પુરી થયા પછી કમ્પાઉન્ડમાં જતા રહેલા તે વખતે બીજા ત્રણ સાહેદો હાજર હતા તો તે હકીકત નકારી છે. ઓળખ પરેડ માટે ગયા ત્યારે કોઈ કાગળ આપેલો નહીં તો તે હકીકત નકારેલી છે. ઓળખ પરેડ વખતે જે માણસો ઉભા રાખેલા તે કઈ કોમના હતા તે કહી શકે નહીં પરંતુ મારા મત પ્રમાણે લાઈનમાં ઉભા રાખેલા માણસો કઈ કોમના છે તે આ સાહેદે જોવાનું હોતુ નથી અને ઓળખ પરેડમાં કોમ મહત્વની નથી ફકત ડમી માણસો લાવવાના હોય છે. વધુમાં આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા તેઓ શું ધંધો કરે છે તે વિશે, તેઓને કેટલા વીઘા જમીન છે, ખેતી કેવી રીતે કરે છે, કમલેશ કોરીની અંતર કેટલુ હશે તે વિશે, હેલીકૈલ વાવ ઉંચાઈ ઉપર છે કે કેમ? તે વિશે, તંબુ કેટલો મોટો અને પહોળો હતો તથા તે શાનો બનાવેલો હતો તે વિશે અર્થહીન પ્રશ્નો પુછવામાં આવેલા છે.

વધુમાં આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા ચારેય સાહેદો મેજિસ્ટ્રેટ પાસે સાથે ગયેલા, જે રૂમમાં બેસાડેલા તે રૂમમાં શું શું હતુ તે યાદ નથી. દાખલ થયા ત્યારે પ્રથમ કોર્ટ આવે કે રૂમ આવે તે યાદ નથી. હેલીકૈલ વાવ ટુરીસ્ટ જગ્યા છે તો તે હકીકત નકારેલી છે. હેલીકૈલ વાવ પાસે પ્રવાસીઓને આવતા જોયેલા નથી તો તે હકીકત કબૂલ કરી છે. હેલીકૈલ વાવ ઉપર કયારેય ગયા નથી તો તે હકીકત નકારેલી છે. ઉત્તરાયણના દિવસે જે કાંઈ જોયેલુ તે બાબતે પોલીસને ફરિયાદ કરવા ગયા નથી. મારા મત પ્રમાણે ઉત્તરાયણના દિવસે આ સાહેદે જંગલમાં જે કંઈ જોયુ, જે માણસોને જોયા તેઓ શું પ્રવૃત્તિ કરતા હતા તે પ્રવૃત્તિમાં તેઓ ગેરકાયદેસર કામ કરવા કરતા હતા તેવી આ સાહેદને

ખબર ન હોય. આ ઉપરાંત આ લોકો જંગલમાં તાલીમ મેળવતા હતા કોઈ ગુનો કરતા ન હતા જો ગુનો કરતા હોય તો આ સાહેદ પોલીસને જાણ કરવા જાય પરંતુ આ લોકો જંગલમાં ગુનાહિત કૃત્ય કરતા હતા કે કેમ? તે આ એક ગામડાના ઓછુ ભણેલા માણસને ખબર ન હોય. આ આરોપીઓ આ પ્રવૃતિ શા માટે કરે છે તેમનો ઈરાદ્દો શું છે તેની માહિતી આ સાહેદને ના હોય. વધુમાં આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પાવાગઢની તળેટીએથી આ જગ્યા ઉપર ચાલીને ૧૫ મિનિટમાં જવાતુ હોય તો ખબર નથી. આ સાહેદ પાવાગઢમાં જન્મથી રહે છે તે કબૂલ કરે છે, પાવાગઢ ગામમાં કેટલા મકાન હશે તેની ખબર નથી. ગ્રામ પંચાયતની ઑફિસ કેટલી મોટી હશે, કેવા કલરની છે, સાહેદના ઘરમાં કેટલા માણસો છે, સૌથી મોટુ કોણ છે, ભેંસોનું દુધ ડેરીમાં ભરવા જાય છે કે કેમ? પાવાગઢથી હાલોલ ચોકડી વચ્ચે ઐતિહાસિક મસ્જિદો અને ઈમારતો જોવા ગયેલા છે કે કેમ? નાનો ભાઈ શું કામ કરે છે તે વિશે ઘણા બધા નિરર્થક પ્રશ્નો પુછેલા છે જેને બનાવ સાથે કોઈ સુસંગતતા નથી. આ ઉપરાંત પાવાગઢ થી અમદાવાદ કેવી રીતે આવેલા, કોર્ટ કયા સ્થળે આવેલી છે, પહ્લાવાળા કોણ હતા, પાવાગઢ થી ખુંદપીર દરગાહ કેટલા અંતરે છે, ટીંબી પાટીયા ચાંપાનેરથી કેટલુ દુર છે, મોટર સાઇકલ રાખે છે કે કેમ વિશે પણ નિરર્થક પ્રશ્નો પુછેલ છે જે બનાવ સાથે સુસંગત નથી.

વધુમાં આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા બનાવના દિવસે કોઈ અસામાન્ય ઘટના બની હોય તેવુ બનેલ નથી તે કબૂલ કરે છે. ઓળખ પરેડ માટે આવેલો સમન્સ આ સાહેદ પાસે અત્યારે નથી. મેજિસ્ટ્રેટ સાહેબનો શું હોદ્દો હતો તેની ખબર નથી. અગાઉ ચર્ચા કરી તેમ આ સાહેદ સામાન્ય ગામડાનો માણસ છે મેજિસ્ટ્રેટના હોદ્દાની તેઓને ખબર ન હોય, મેજિસ્ટ્રેટની કામગીરીની પણ આ સાહેદને માહીતી ના હોય. વધુમાં આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા આરોપી સફદરભાઈને ઓળખ્યા તે દાઢીવાળા અને ઉંમરવાળા છે તે કબૂલ કરે છે. ત્યારબાદ એવો પ્રશ્ન પુછવામાં આવેલો છે કે સફદરભાઈ મોટી ઉંમરવાળા અને ઋષ્ટપુષ્ઠ દેખાય છે તો સાહેદે જવાબ આપેલો છે કે ચહેરો જોઈને ઓળખેલા છે.

જે જગ્યાએ તંબુ બાંધેલો હતો તે જગ્યાની પાસે કમલેશ કવોરી હતી તે કબૂલ કરે છે. આરોપીઓ તરફથી આ કબૂલાત્મક પ્રશ્ન પુછવામાં આવેલો છે અને કબૂલ કરવામાં આવેલ છે કે જે જગ્યાએ તંબુ બાંધવામાં આવેલ હતો તેની પાસે કમલેશ કવોરી હતી જેથી આ જગ્યા ઉપર તંબુ બાંધેલાનું સ્પષ્ટ બને છે. તંબુ પાસે કવોરી હતી અને કવોરીની આગળ પાણીનો ખાડો તો તે કબૂલ કરે છે. આ પ્રશ્ન ઉપરથી પણ સ્પષ્ટ બને છે કે સરતપાસમાં જણાવેલા વ્યકિતઓએ તથા બીજાઓએ ત્યાં તંબુ બાંધેલો હતો. તંબુ પાસે ફોરેસ્ટના માણસો અવર જવર કરતા હોય તે કબૂલ કરે છે. ૨૦૦૮ના ઉત્તરાયણના તહેવારના અરસામાં કોઈ વ્યકિતઓને તંબુ પાસે જોયેલા નથી તે હકીકત નકારેલી છે. પોલીસે વારંવાર જવાબો વાંચી સંભળાવેલા હોવાથી અને પોલીસના કહેવાથી ખોટી જુબાની આપે છે તે હકીકત નકારી છે. જુબાની આપી તે પહેલા કોઈ પણ આરોપીને જોયેલા નથી તો તે હકીકત નકારી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ પાવાગઢ મુકામે પંચાયતની પાછળ રહે છે અને પશુપાલન તથા વેપાર કરે છે. ૨૦૦૮ ની સાલના ઉત્તરાયણના દિવસે તેમના મિત્ર બાબુભાઈ સાથે ખોવાયેલી ભેંસો શોધવા પાવાગઢના જંગલમાં કમલેશ કવોરીની ખીણ પાસે ભેંસો શોધતા શોધતા ગયા ત્યારે ત્યાં તંબુ બાંધેલો જોયેલો અને ૨૫ થી ૩૦ માણસો કોણી વડે ચાલતા હતા અને કેટલાક બંદુકથી કુગ્ગા ફોડતા હતા તે જોયેલા હતા અને પોલીસે આ સાહેદની પુછપરછ કરી જવાબ લીધેલો છે. ત્યારબાદ મેજિસ્ટ્રેટ રૂબરૂ આ સાહેદને ઓળખ પરેડ માટે બોલાવવામાં આવેલા અને ઓળખ પરેડ દરમ્યાન આ સાહેદે ચુકાદાના શીર્ષકમાં જણાવેલા આરોપી નં.૧, ૨, ૬, ૮, ૯, ૧૦ અને ૧૨ નાઓને ઓળખી બતાવેલા છે. આ ઓળખ પરેડ અંગેનું પંચનામુ આંક–૩૦૬૧ થી ૨જૂ છે અને અદાલતમાં સરતપાસ દરમ્યાન આ સાહેદે આરોપી નં.૮ અને ૧૨ નાઓને ઓળખી બતાવેલા છે. બાકીના આરોપીઓને ઓળખી બતાવેલા નથી. આંક–૩૦૬૧ થી ૨જૂ કરેલ ઓળખ પરેડના પંચનામા મુજબ ઓળખ પરેડ તા.૩૦.૮.૨૦૦૮ ના રોજ થયેલી છે જયારે આ સાહેદની જુબાની

તા.૧૪.૨.૨૦૧૮ ના રોજ થયેલી છે એટલે કે દસ વર્ષ પછી આપેલી છે જેથી સ્વાભાવિક છે કે આ દસ વર્ષના સમય દરમ્યાન આ સાહેદે આરોપીઓને જોયેલા ન હોય અને દસ વર્ષ પછી બતાવવામાં આવેલા છે જેથી દસ વર્ષમાં કોઈપણ વ્યકિતનુ શરીરનું બંધારણ ચહેરા સહિત બદલાય જતુ હોય છે જેથી ઓળખી શકે નહીં તે સ્વાભાવિક છે. પરંતુ આ સાહેદ ગામડાના એક સામાન્ય વ્યકિત છે, ખેતી અને પશુ પાલનનો ધંધો કરે છે માટે તા.૩૦.૮.૨૦૦૮ ના રોજ ઓળખ પરેડના પંચનામા વખતે જે આરોપીઓને ઓળખી બતાવેલા છે તે ચોકકસ છે તેમ છતાં પણ જુબાની દરમ્યાન આ આરોપીઓ પૈકી આરોપી નં.૮ અને ૧૨ ને સ્પષ્ટ રીતે ઓળખી બતાવેલા છે માટે આ સાહેદ એક સ્વતંત્ર સાહેદ છે, ગામડાના રહેવાસી છે. ફરિયાદપક્ષ તરફે કોઈ મિત્રતા નથી કે આરોપીઓ સાથે તેમને કોઈ દુશ્મનાવટ નથી માટે આ સાહેદની જુબાની નહીં માનવાને કોઈ કારણ રહેતુ નથી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે પ્રવિણભાઇ હમીરભાઇ કટારીયાને સાહેદ નં.૯૮૧ તરીકે આંક–૬૮૩૫ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ સને–૨૦૦૮ની સાલમાં ડ્રાઇવીંગ કરતા હતા અને તેમની પાસે તે વખતે બજાજ પેસેન્જર જીપ હતી. આ જીપ હાલોલ થી ભમરીયા અને ભમરીયાથી હાલોલની વચ્ચે ફેરવતા હતા. તેમની સાથે જીપ ઉપર એક અશ્વિનભાઇ ભારતભાઇ નાયક નામના વ્યકિત કન્ડકટર તરીકે રાખેલા હતા અને આ સાહેદનું ગામઃકથોલા, પાવાગઢથી સાત કી.મી. દુર છે.

સાહેદ વધુમાં જણાવે છે કે તેઓ તેમની ગાડી લઇને નીકળેલા ત્યારે પોલીસે તા.૨૭/૮/૨૦૦૮ ના રોજ હેલીકૈલ વાવ પાસે ઉભા રાખેલા અને પોલીસે પુછેલું કે હેલીકૈલ વાવની સામે કાંઇ જોયેલું હતું? એવું પણ પુછેલું કે અહીંયા કોઇક ટ્રેનીંગ લેતા માણસોને જોયેલાં? આ ઉત્તરાયણના સમય દરમ્યાનનુ પુછેલું. આ સાહેદે સાહેબને કહેલું કે ઉત્તરાયણના દિવસે તેમની ગાડીની પાછળનું ટાયર પંચર થયેલું. તે વખતે તેઓ ભમરીયાથી હાલોલ જતા હતા અને પંચર પડયું ત્યારે લગભગ અઢી વાગ્યાનો સમય હતો. પંચર પડયું ત્યારે તેમની ગાડીમાં પેસેન્જરો હતાં. પેસેન્જરોમાં એક આ સાહેદના મિત્ર

અંબાલાલ વેચાતભાઇ હતા જે હાલોલ આવતા હતા તેમને કથોલા બસ સ્ટેન્ડ ઉપરથી બેસાડેલા હતા. તે દિવસે તેમની સાથે ગાડીમાં અશ્વિન ભારતભાઇ કન્ડકટર તરીકે હતાં. તેમની ગાડીને પંચર હેલીકૈલ વાવની સામે પડેલું જેથી ગાડી ઉભી રાખીને જેક ચડાવી ટાયર કાઢેલું અને કન્ડક્ટર અશ્વિન પંચર કરાવવા પાવાગઢ મુકામે ગયેલો અને જીપના પેસેન્જરોને બીજી ગાડી આવતી હતી તેમાં મોકલી આપેલા. આ વખતે આ સાહેદ તથા તેમનો મિત્ર અંબાલાલ બંને ચાલતાં ચાલતાં હેલીકૈલ વાવ તરફ ગયેલાં. હેલીકૈલ વાવની સામેના ભાગે એક મોટી કવોરી છે જે કમલેશ કવોરીના નામે ઓળખાય છે અને ત્યાં મોટી ખીણ છે. તેઓ બંને હેલીકૈલ વાવ પાસે ઉભા રહેલાં ત્યારે કોઇક બોલતાં હોય તેવો અવાજ સંભળાયેલો. ત્યાં એક તારની વાડ હતી તે તાર નીચેથી જે તરફથી અવાજ આવતો હતો તે તરફ ગયેલાં. ત્યાં જઇને જોયું તો પંદર–વીસ જણાઓનું ટોળું ઉભેલું હતું. બે ચાર જણા ત્યાં હાથની કોણી ઉપર ચાલતાં હતાં. ત્યાં બે ઝાડ વચ્ચે એક દોરી બાંધેલ હતી અને ત્યાં કુગ્ગા ટીંગાડેલા હતાં અને ત્યાં બંદુકથી ફાયરીંગ કરી નિશાન તાકતાં હતા. આ લોકો અજાણ્યા લોકો હતાં. આજુબાજુ રહેતાં હોય તેવા ન હતા. જે બોલવાનો અવાજ આવતો હતો તે હિન્દી ભાષામાં આવતો હતો. આ બધું જોયું તે વખતે આશરે બપોરના ત્રણેક વાગેલા હશે. આ માણસો સિવાય ત્યાં એક તંબુ તાણેલો હતો. પોલીસે એવું પણ કહેલું કે તે માણસોને ઓળખી શકો? તો કહેલું કે જો બતાવો તો ઓળખી શકે.

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારપછી બીજા કે ત્રીજા દિવસે ભમરીયા મુકામે એક પોલીસવાળા ભાઇ આવેલા અને એક કાગળ આપી ગયેલાં કે ઓળખ પરેડ માટે ૩૦ તારીખે અમદાવાદ ઘી કાંટા કોર્ટમાં આવવાનું છે. આ સાહેદે પોલીસવાળા ભાઇને પુછેલું કે તેઓએ એકલાએ આવવાનું છે કે બીજા કોઇને પણ આવવાનું છે. તો પોલીસવાળાએ એવું કહેલું કે પાવાગઢના બે માણસો છે અને તમારી સાથે અંબાલાલ હતાં તે બધાએ આવવાનું છે.

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ ૩૦ મી તારીખે આ સાહેદ તથા અંબાલાલ અમદાવાદ મુકામે આવેલાં. તેઓ એકસપ્રેસ હાઇવે ઉતરીને

રીક્ષાવાળાને સરનામું બતાવ્યું જેથી તે રીક્ષાવાળો ઘી કાંટા કોર્ટે લઇ આવેલો. તેઓ એક વાગ્યે અમદાવાદમાં આવેલાં અને બપોરના બે વાગ્યાથી સાંજના આઠ વાગ્યા સુધી બંને જણા કોર્ટમાં રોકાયેલાં. કોર્ટમાં પટ્ટાવાળા પાસે જઇને પોલીસે આપેલો કાગળ બતાવેલો. પટ્ટાવાળાએ કહેલુ હમણા ઉભા રહો સાહેબને કાગળ બતાવી આવું. ત્યારબાદ પટ્ટાવાળો બહાર આવેલો અને એક રૂમમાં બેસવા કહેલું. પાંચ–દસ મિનિટ બેઠા પછી એક રામકાભાઇ તથા બીજા બાબુભાઇ પણ આવેલાં. આ સાહેદે તેઓને પુંછેલું કે તમે કેમ આવ્યા છો? તો તેઓએ કહેલું કે અહીં કોર્ટમાં બોલાવેલાં છે. ત્યારબાદ પાંચ–દસ મિનિટ બાદ અંબાલાલને કોર્ટમાં બોલાવેલો. ત્યારપછી અડધા કલાક બાદ રામકાભાઇને બોલાવેલાં. ત્યારપછી અડધા કલાક બાદ બાબુભાઇને બોલાવેલ અને ત્યારપછી અડધા કલાક બાદ આ સાહેદને બોલાવેલા. આ સાહેદ કોર્ટ રૂમમાં ગયા ત્યારે એક સાહેબ ટેબલ–ખુરશી ઉપર બેઠેલા હતાં અને બાજુમાં બે માણસો ઉભેલાં હતાં અને સામેની સાઇડે દસ–દસ માણસોની ૬(છ) લાઇન હતી. સાહેબે પહેલા નામ અને ઠેકાણુ પુછેલું જે આપેલું અને સાહેબે આઇ.ડી. પણ પુછેલું તો લાયસન્સ આપેલુ જે સાહેબે જોઇને પાછું આપેલુ. સાહેબે કહેલું કે આ લાઇનોમાંથી તમે કોઇકને ઓળખી શકશો? જેથી સાહેબને કહેલું કે હા, હું ઓળખી શકીશ. વારાફરતી ૬(છ) લાઇનો જોયેલી અને તેમાંથી આ સાહેદ જેઓને ઓળખતો હતા તેવા નવ માણસોને હાથ પકડીને બહાર કાઢેલાં. બહાર કાઢયા પછી સાહેબે તેઓના નામ પુછેલાં. બહાર કાઢ્યા પછી સાહેબને આ સાહેદે કહેલું કે આ લોકોને હેલીકૈલ વાવ પાસે જોયેલાં હતાં. સાહેબે તેઓના નામ પુછેલાં તે પૈકી એકનું નામ સફદર નાગોરી કરીને હતું, બીજાનું નામ યુનુસ મન્સુરી હતું, ત્રીજાનું નામ નામ સાજીદ કરીને હતું, ચોથાનું નામ આમીર કરીને હતું, પંચમાનું નામ એક અગરબત્તીવાળો કરીને બોલેલો પરંતુ આખુ નામ ખબર નથી, છઠ્ઠાનું નામ કમરૂદ્દીન કરીને હતું અને સાતમાનું, આઠમાનું અને નવમાનું નામ યાદ નથી.

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ તા.૧૨/૯/૨૦૦૮ ના આગળના દિવસે પોલીસના માણસ ભમરીયા મુકામે આવેલા. પોલીસે તેઓને

ફરી એક કાગળ લખીને આપેલો અને કહેલું કે ફરી અમદાવાદ મુકામે આવવાનું છે અને અંબાલાલની સાથે જવાનું છે. ત્યારબાદ ૧૨ મી તારીખે સવારે ઘરેથી નીકળીને અમદાવાદ મુકામે આવેલાં. અમદાવાદ આવીને પાછા કોર્ટમાં ગયેલાં. કોર્ટમાં પાંચ વાગ્યે બોલાવેલા. પાંચ વાગ્યે કોર્ટમાં ગયેલા. ત્યાં પટ્ટાવાળા ભાઇ સફેદ કપડાં પહેરીને ઉભેલાં અને તેમને કાગળ આપેલો અને ત્યાં તેમને બેસાડેલાં. ત્યારબાદ પાંચેક મિનિટ પછી પટ્ટાવાળા ભાઇ અંબાલાલને બોલાવવા આવેલા અને તે કોર્ટ રૂમમાં ગયેલા. ત્યારબાદ અડધા કલાક પછી આ સાહેદને કોર્ટ રૂમમાં બોલાવેલો. કોર્ટ રૂમમાં ગયા પછી સાહેબે નામ, સરનામુ પુછેલું જે જણાવેલું અને ઓળખપત્ર માગેલું જેથી લાયસન્સ બતાવેલું. ત્યાં સામે ૬(છ) માણસો ઉભેલાં હતા. ત્યાં સાહેબ બેઠેલાં હતા અને તેમની બાજુમાં બે માણસો ઉભેલાં હતા. સાહેબે કહેલું કે આ લોકોમાંથી તમે કોઇકને ઓળખી શકશો? તો ત્યાં દરેકને જોયા પછી એક માણસને ઓળખી બતાવેલો. સાહેબે પુછેલુ કે તમે કેમ આને ઓળખેલો? તો સાહેબને જણાવેલું કે આ માણસને હેલીકૈલ વાવ પાસે તંબુ તાણેલો હતો ત્યાં જોયેલો. બહાર કાઢેલ માણસનું સાહેબે નામ પુછેલું તો તેણે પોતાનુ નામ અબ્બાસ કચ્છ ભૂજનો જણાવેલું.

વધુમાં સાહેદ જણાવે છે કે, ત્યારબાદ તા.૧૬/૧૨/૨૦૦૮ ના રોજ અમદાવાદ કોર્ટમાં બોલાવેલા અને આ બાબતેની જાણ આગળના દિવસે પોલીસવાળાએ આવીને કરેલી. તા.૧૬/૧૨/૨૦૦૮ ના રોજ અમદાવાદ ઘી કાંટા કોર્ટ આશરે ચાર વાગ્યે પહોંચેલા તે દિવસે આ સાહેદ અને અંબાલાલ બંનેને બોલાવેલા હતા. પહેલા અંબાલાલને કોર્ટમાં બોલાવેલા અને ત્યારપછી અડધા કલાક બાદ આ સાહેદને કોર્ટમાં બોલાવેલા. અંદર સાહેબ હતા અને તેમની સાથે બે માણસ ઉભેલા હતા અને સામે ૬(છ) માણસો ઉભેલા હતા. સાહેબે આ સાહેદનું નામ પુછેલું અને સરનામું પુછેલું અને ત્યારબાદ નામ, સરનામું લખાવેલું અને સાહેબે આઇ.ડી.પ્રુફ પણ માગેલું અને લાયસન્સ બતાવેલું. ત્યારપછી સાહેબે સામે ઉભેલાં માણસોમાંથી વ્યકિતને ઓળખી બતાવવાનું કહેલું આ સાહેદે ઉભેલા ૬(છ) માણસમાંથી એક વ્યક્તિને બહાર કાઢેલો અને તેનું નામ

સાહેબે પુછેલું તો તેણે તેનું નામ જણાવેલુ પરંતુ હાલ નામ યાદ નથી. સાહેબે એવું પણ પુછેલું કે આ વ્યક્તિને તમે કઈ રીતે ઓળખો છો? તો સાહેબને જણાવેલુ કે આ વ્યક્તિને હેલીકૈલ વાવ પાસે તંબુ તાણેલો હતો ત્યાં જોયેલો હતો.

વધુમાં સાહેદ જણાવે છે કે, ત્યારપછી તા.૬/૬/૨૦૧૨ ના રોજ અમદાવાદ મુકામે કોર્ટમાં બોલાવેલા. આ દિવસેના આગળના દિવસે પોલીસે અમદાવાદ આવવા બાબતેની જાણ કરેલી. આ સાહેદ અમદાવાદ થી ઘી કાંટા કોર્ટ આશરે બપોરે પહોંચેલા તે દિવસે કોર્ટમાં રામકાભાઇ પણ હતા. પહેલા રામકાભાઇને કોર્ટમાં બોલાવેલા અને ત્યારપછી આ સાહેદને કોર્ટમાં બોલાવેલા. અંદર સાહેબ હતા તેમણે આ સાહેદનું નામ, સરનામુ પુછેલું જે લખાવેલું. સાહેબ પાસે બે માણસ ઉભેલાં હતા અને સામે ૬(છ) માણસો ઉભેલા હતા. સાહેબ આઇ.ડી. પ્રુફ પણ માગેલું અને લાયસન્સ બતાવેલું. ત્યારપછી સાહેબે સામે ઉભેલા માણસોમાંથી વ્યક્તિને ઓળખી બતાવવાનું કહેલુ. આ સાહેદે સામે ઉભેલાં ૬(છ) માણસમાંથી એક વ્યક્તિને બહાર કાઢેલો અને તેનું નામ સાહેબે પુછેલુ તો તેણે તેનુ નામ મહમદ ઉર્ફે મુન્નો તેવું હતુ. સાહેબે એવુ પણ પુછેલું કે આ વ્યક્તિને તમે કઇ રીતે ઓળખો છો? તો સાહેબને જણાવેલુ કે આ વ્યક્તિને હેલીકૈલ વાવ પાસે તંબુ તાણેલો હતો ત્યાં જોયેલો હતો.

સાહેદ વધુમાં જણાવે છે કે જે લોકોને કમલેશ ક્વોરી પાસે તંબુ તાણેલો હતો ત્યાં જોયેલા હતા અને જેમને ઓળખ પરેડમાં ઓળખી બતાવેલા હતા તેઓને ઓળખી શકે. જેથી સાહેદને ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીઓને વીડિયો કોન્ફરન્સ દ્વારા ટી.વી.સ્ક્રીન થકી બતાવતા તથા અમદાવાદ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીને વીડિયો કોન્ફરન્સ દ્વારા ટી.વી. સ્ક્રીન થકી બતાવવામાં આવતા નીચે મુજબના આરોપીઓને ઓળખી બતાવે છે.

(૧) આરોપી નં.૧૦ આમીલ પરવાજ ઉર્ફે સીકંદર કાજી સૈકુદ્દીન શેખ

(૨) આરોપી નં.૧૨ સફદરહુસેન ઉર્ફે હુસેનભાઈ ઉર્ફે ઈકબાલભાઈ જહીરૂદ્દીન ઉર્ફે જહીરૂલહસન નાગોરી

(૩) આરોપી નં.૧૩ હાફીજહુસેન ઉર્ફે અદનાન ઉર્ફે તમીમ તાજુદ્દીન મુલ્લા

(૪) આરોપી નં.૧૪ અબ્બાસ ઉંમર સમેજા

(૫) આરોપી નં.૩૧ મહંમદ આરીફ ઉર્ફે આરીફ બદર ઉર્ફે લદન બદરૂદ્દીન શેખ ઉર્ફે જુમ્મન શેખ

(૬) આરોપી નં.૩૨ આસીફ ઉર્ફે હસન બશીરૂદ્દીન શેખ

(૭) આરોપી નં.૩૫ રફ્યુદ્દીન સરકુદ્દીન કાપડીયા (મુસ્લિમ)

(૮) આરોપી નં.૩૬ મહંમદ આરીફ નસીમ અહેમદ મીરઝા

(૯) આરોપી નં.૪૫ ફજલે રહેમાન ઉર્ફે સલાઉદ્દીન ઉર્ફે રફીક મુસદ્દીકખાન દુરાની

(૧૦) આરોપી નં.૫૪ નાસીર અહેમદ લીયાકતઅલી પટેલ

(૧૧) આરોપી નં.૬૧ ડૉ.અહેમદબેગ ઉર્ફે મુબારક ખ્વાજાબેગ મીરઝા

(૧૨) આરોપી નં.૬૨ કામરાન ઉર્ફે ફજીલતહુસેન હાજીસાહીદ સીદ્દીકી

(૧૩) આરોપી નં.૭૫ મોહમ્મદ રફીક ઉર્ફે જાવિદ ઉર્ફે આલમજેબ આફ્રીદી મસકુર અહેમદ

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો હાલોલથી ભમરીયા વચ્ચે ચાર ગામડાઓ આવે છે. ગાડીને જે જગ્યાએ પંચર પડેલુ તે જગ્યાએથી હાલોલ ૭(સાત) કિ.મી. દુર છે. આ જગ્યા ભમરીયા ગામથી ૧૨ કિ.મી.ના અંતરે હતી. ટાયરને પંચર થઈને દોઢ કલાક પછી આવેલો. હાલોલ–પાવાગઢ રોડ ઉપર ઐતિહાસિક સ્થળો આવેલા છે તો તે હકીકત નકારે છે. જંગલના સ્થળો, જુમા મસ્જિદ, બાબરી મસ્જિદ, હેલીકૈલ વાવ જોયેલી છે. હાલોલ–પાવાગઢની ડાબી બાજુએ ખુંદપીરની દરગાહ આવેલી છે તે કબૂલ કરે છે. ત્યાંથી આગળ જઈએ તો એકમીનાર મસ્જિદ આવેલી છે તે પણ કબૂલ કરે છે. આ મસ્જિદ રોડ ઉપરથી દેખાય છે તો તે હકીકત નકારી છે. ભમરીયાથી હાલોલ અને હાલોલથી ભમરીયા ગેરકાયદેસર રીતે પેસેન્જરો ભરીને જતા હતા તો તે હકીકત નકારી છે.

પોલીસ હેલીકૈલ વાવની સામે રોડ ઉપર મળેલી. હેલીકૈલ વાવની આજુબાજુ ફરતે ફેન્સીંગની વાડ કરેલી છે તેમ જણાવે છે. ફેન્સીંગની વાડ દસ હજાર ચો.મી. જેટલી હશે તેમ જણાવે છે. ફેન્સીંગ સુધીની ચારેય બાજુની જગ્યા ઉપર ઘાસ ઉગેલુ છે તો તે હકીકત નકારે છે. હેલીકૈલ વાવમાં દાખલ થવુ હોય તો ત્યાં લગાવેલા ગેટ મારફતે દાખલ થઈ શકાય. હેલીકૈલ વાવથી કમલેશ કવોરી ૩૦૦ મીટર દુર હશે તેમ જણાવે છે. મુખ્ય રોડથી કવોરી અર્ધો કિ.મી. દુર છે. કમલેશ કવોરી ઉપર જવા માટે રોડ ઉપરથી કોઈ અલગ રસ્તો નથી. હેલીકૈલ વાવની તારની વાડમાં છીંડુ પાડેલુ છે ત્યાંથી જવાય. કવોરી ઉપર પહોંચ્યા પછી કેટલો સમય રોકાયેલા તે હકીકત પોલીસને જણાવેલી. હિન્દીમાં વાતો કરતા હતા તેવો અવાજ સાંભળીને કમલેશ કવોરી તરફ ગયેલાનું લખાવેલુ નથી તે કબૂલ કરે છે. આ સાહેદ તથા અંબાલાલ બંને જીપ ગાડીમાં હતા નહીં તો તે હકીકત નકારેલી છે. આરોપીઓ તરફથી એવો પ્રશ્ન પુછવામાં આવેલો છે કે "તમે તંબુ પાસે ભેગા થયેલા લોકોમાં અમુક લોકો કોણીથી ચાલતા હતા તથા અમુક લોકો બંદુકથી કુગ્ગા ફોડતા હતા તથા તંબુ બાંધેલો જોયેલો તે બધી હકીકત નજીકના પોલીસ સ્ટેશન અથવા ફોરેસ્ટ ડીપાર્ટમેન્ટના કોઈ ઓફીસરને કરેલી?" તો સાહેદે જવાબ આપેલો છે કે મને એવી ખબર ન હતી કે આ લોકો ખોટુ કામ કરતા હશે. મારા મત પ્રમાણે આ સાહેદનો જવાબ સાચો છે. કારણ કે આ લોકો ખોટુ કામ કરતા હતા કે સાચુ કામ કરતા હતા તેની આ સાહેદને ખબર ન હોય માટે પોલીસને જઈને જાણ કરે નહીં અને કદાચ જાણતા હોય તો પણ ગામડાના સામાન્ય માણસો પોલીસને જાણ કરવામાં ખચકાતા હોય છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો મેજિસ્ટ્રેટ રૂબરૂ ઓળખેલા ચારેય આરોપીઓ જગ્યા ઉપર શું–શું કરતા હતા તે મેજીસ્ટ્રેટને જણાવેલુ નહીં. પરંતુ મારા મત પ્રમાણે જગ્યા ઉપર ૨૦ થી ૨૫ લોકો જુદી–જુદી તાલીમ લેતા હતા અગાઉ કયારેય આ લોકોને આ સાહેદે જોયેલા ન હતા, તેઓના નામની ખબર ન હતી માટે મેજિસ્ટ્રેટ રૂબરૂ ઓળખેલા ચારેય આરોપીઓ શું શું કામ કરતા હતા તે મેજિસ્ટ્રેટ પુછે તો પણ આ સાહેદ જણાવી શકે નહીં.

વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો મેજિસ્ટ્રેટ કોર્ટનો સમન્સ મળેલો નહીં તે બાબતે, પોલીસે કાગળ આપેલો તેમાં કઈ વિગતો લખેલી, કોર્ટનું સરનામુ લખેલુ હતુ કે કેમ? મેજિસ્ટ્રેટનુ નામ લખેલુ હતુ કે કેમ? પક્ષકારોને કાપલી આપેલી તે બાબતે, મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટ કેટલી દુર હતી? કેટલો સમય ત્યાં બેઠેલા? દરવાજો બંધ કરેલો કે કેમ? રૂમમા બાંકડો હતો કે કેમ? ત્યાં પોટલા પડેલા હતા કે કેમ? કલાર્ક કયાં બેઠેલા? વિગેરે પ્રશ્નો પુછેલા છે જે બનાવ સાથે સુસંગત નથી. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો લાઈનમાં કેટલા માણસોને ઓળખેલા તે યાદ નથી, તેને કેવા કપડા પહેરેલા તે યાદ નથી, ગાડીમાં પંચર પડેલાની વાત ખોટી કહે છે તો તે હકીકત નકારી છે.

વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો જીવનમાં રોજબરોજ બનતા બનાવો કે કોઈ ખાસ બનાવોની નોંધ કરવામાં આવતી હોય તેવુ બનેલુ નથી. પરંતુ મારા મત પ્રમાણે ગામડાના સામાન્ય વ્યકિત આવી નોંધ કયારેય રાખતા હોતા નથી માટે આવા પ્રશ્નો પુછવાનો કોઈ અર્થ નથી. હેલીકૈલ વાવ ઐતિહાસિક સંરક્ષિત ઈમારત હોવાથી ત્યાં સિકયોરીટીના માણસો બેસે છે તો તે હકીકત નકારી છે. કમલેશ કવોરીનું કોઈ બોર્ડ હોય અને કોઈકે બતાવ્યુ હોય તેવુ બનેલુ નથી. સાહેદે એમ પણ જણાવેલુ છે કે ત્યાં વાહનોની અવર–જવર થતી હતી. તે જગ્યાએ કમલેશ કવોરી હતી તેવુ લોકોની વાતો ઉપરથી જાણેલાનું જણાવેલ છે. આ જગ્યા ઉપર આ સાહેદ કયારેય ગયેલા નથી તો તે હકીકત કબૂલ કરી છે. એકમીનાર મસ્જિદ અંદર જઈને કયારેય જોયેલી નથી. પાવાગઢ, ચાપાંનેર તથા આજુબાજુ આવેલ ઐતિહાસીક ઈમારતોને કારણે દેશ વિદેશમાંથી ઘણા લોકો ત્યાં આવે છે તો તે હકીકત નકારેલી છે. હાલોલ થી પાવાગઢ તરફથી ૪–૫ કિ.મી.ના અંતરે ખુંદપીરબાવાની દરગાહ આવેલી છે તો તે હકીકત કબૂલ કરેલી છે. દરગાહ ઉપર મુસ્લિમ લોકોની અવર–જવર રહેતી હોય છે તો તે પણ કબૂલ કરે છે. દરગાહથી બે કી.મી. દુર રોડ ઉપર હેલીકૈલ વાવનું બોર્ડ મુકેલુ છે તો તે હકીકત નકારે છે. હેલીકૈલ વાવની આજુબાજુ જંગલ વિસ્તાર છે ત્યાં જંગલ ખાતાના અધિકારીઓને અવર–જવર કરતા જોયેલા નથી. મારા મત પ્રમાણે આ

સાહેદે સ્પષ્ટ જણાવેલુ છે કે તેઓ આ જગ્યા ઉપર કયારેય ગયા નથી માટે સ્વાભાવિક છે કે જંગલ ખાતાના અધિકારીઓને અવર–જવર કરતા જોયેલા ન હોય. જંગલમાં જવા માટે જંગલ ખાતાની પરવાનગી લીધેલી નહીં તો તે કબૂલ કરે છે. પરંતુ આ સાહેદ ગામડામાં રહે છે, પાવાગઢની આજુબાજુ તેમનુ ગામ છે અને ગામના લોકો ત્યાં નજીક જંગલમાં જતા હોય તો તેના માટે પરવાનગી લેવી જરૂરી હોતી પણ નથી. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો ૨૦–૨૫ માણસોનું ટોળુ બેઠેલુ હતુ તો તે હકીકત નકારે છે. આ પ્રશ્નનો અર્થ જોવામાં આવે તો ૨૦ થી ૨૫ માણસો બેઠેલા હતા તે કબૂલ કરીને પ્રશ્ન પુછવામાં આવેલો છે. બધા માણસો ગોળાકારમાં ઉભેલા હતા તો તે હકીકત કબૂલ કરે છે. આ પ્રશ્નનો અર્થ જોવામાં આવે તો બધા માણસો ત્યાં ગોળાકારમાં ઉભેલા હતા જેથી આ બધા ત્યાં હાજર હતા તે હકીકત કબૂલ કરે છે તેમ કહી શકાય. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો તંબુ ત્રિકોણમાં તાણેલો હતો તો આ હકીકત સાહેદ કબૂલ કરે છે. આમ આ પ્રશ્નનો અર્થ એવો થાય કે ત્યાં ત્રિકોણમાં તંબુ તાણેલો હતો તે હકીકત આરોપીઓ તરફથી કબૂલ કરવામાં આવેલ છે તેમ કહી શકાય. આ ઉપરાંત આ તંબુ ૭–૮ ફૂટ લાંબો અને ૭–૮ ફૂટ પહોળો અને ૭–૮ ફૂટ ઉંચો હતો આ હકીકત પણ સાહેદે કબૂલ કરી છે જેથી ચોકકસપણે એવુ કહી શકાય કે સ્થળ ઉપર તંબુ બાંધવામાં આવેલો હતો. તંબુમાં જવાનો દરવાજો જોયેલો નથી મારા મત પ્રમાણે આ સાહેદ દુર ઉભેલા હતા જેથી સ્વાભાવિક છે કે તંબુનો દરવાજો જોઈ શકે નહીં. પરંતુ સાહેદ એમ પણ જણાવે છે કે તંબુ પીળા કલરના કપડાનો બનાવેલો હતો. વધુમાં સાહેદ એમ પણ જણાવે છે કે બે ઝાડ વચ્ચે ૮–૧૦ ફૂટનું અંતર હતુ, જમીનથી તાર પાંચેક ફુટ ઉપર બાંધેલા હતા અને ત્યાં ૫–૬ કુગ્ગા ટીંગાડેલા હતા. વધુમાં જયાં કુગ્ગા ફોડાતા હતા તેની નજીકમાં તંબુ હતો આ હકીકત પણ સાહેદે કબૂલ કરી છે જેથી એવુ કહી શકાય કે તંબુની નજીક બે ઝાડ વચ્ચે દોરી બાંધીને કુગ્ગા ફોડવામાં આવતા હતા તે આરોપીઓ તરફથી કબૂલ કરવામાં આવે છે તેમ કહી શકાય. જે માણસ કુગ્ગા ફોડતો હતો તેની પાછળના ભાગે આ સાહેદ ઉભેલા અને તે ત્રીસેક ફુટ દુર ઉભેલા હતા. કુગ્ગા ફોડનાર પાસે

જઈને કોઈ વાતચીત થયેલી નહીં પરંતુ અગાઉ ચર્ચા થઈ તેમ આ સાહેદ દુર ઉભેલા હતા અને કુગ્ગા ફોડનાર અજાણી વ્યકિત હતા જેથી તેની પાસે જઈ કોઈ વાતચીત કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો હેલીકૈલ વાવ પાસે પોલીસ મળેલી તેમાં એક સાહેબ હતા જેનું નામ ટોળીયા સાહેબ હતુ. પોલીસના નામોની ખબર નથી. સરતપાસ દરમ્યાન આરોપીઓની ઓળખ પરેડ વખતે ખુબ જ ધ્યાનથી, શાંતિથી અને આરોપીઓના ચશ્મા અને ટોપી ઉતરાવીને, ધ્યાનપૂર્વક જોઈને ઓળખેલા હતા તે કબૂલ કરે છે. તે વખતે કોઈ આરોપીના નામ આપી શકેલા નહીં તે કબૂલ કરે છે. મારા મત પ્રમાણે આ સાહેદ આરોપીઓને ઓળખતા ન હતા અને તેમને કોઈ દિવસ મળેલા નથી જેથી તે નામો આપી શકેલા નહીં પરંતુ તેઓને જોયેલા હતા અને ઓળખ પરેડ દરમ્યાન ઓળખી બતાવેલા છે. આરોપીઓને ઓળખતા પહેલા અનેક વખત અમદાવાદની ક્રાઈમ બ્રાન્ચની ઑફિસમાં પોલીસે બોલાવીને આરોપીઓ ઓળખાવેલા તો તે હકીકત નકારેલી છે. પોલીસના કહેવાથી અને વારંવાર સમજાવવાથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારેલી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ મુ.કઠોલા, તા.હાલોલ ખાતે રહે છે અને તા.૧૪.૧.૨૦૦૮ ના રોજ પોતાની જીપ લઈને હાલોલથી ભમરીયા પેસેન્જરોની અવર-જવર માટે ફેરવતા હતા અને જીપના કન્ડકટર તરીકે અશ્વિનભાઈ નાયક હતા. તા.૨૭.૮.૨૦૦૮ ના રોજ હેલીકૈલ વાવ પાસે પોલીસે તેમને ઉભા રાખેલા અને પુછેલુ કે ઉત્તરાયણ વખતે અહીંયા કોઈકને તાલીમ લેતા જોયેલા જેથી આ સાહેદે પોલીસને જણાવેલુ હતુ કે તા.૧૪.૧.૨૦૦૮ ના રોજ પોતાની જીપ લઈને જતા હતા ત્યારે હેલીકૈલ વાવ પાસે આવતા ગાડીને પંચર પડેલુ જેથી જીપના કન્ડકટરને પંચર કરવા મોકલેલો હતો અને આ સાહેદ તથા અંબાલાલ હેલીકૈલ વાવ પાસે ગયેલા ત્યાં નજીકમાં કમલેશ કવોરીની ખીણ આવેલી છે ત્યાં બોલવાનો અવાજ આવતો હતો જેથી આ સાહેદ તથા અંબાલાલ ત્યાં જોવા માટે ગયેલા અને ત્યાં જઈને જોયુ તો એક તંબુ લગાવેલો હતો, બે ઝાડ વચ્ચે દોરી બાંધીને માણસો કુગ્ગા ફોડતા હતા અને

હિન્દી જેવી ભાષા બોલતા લોકો ત્યાં હાજર હતા. આ તમામ હકીકત જે જોયેલી તે બાબતે પોલીસે આ સાહેદની પુછપરછ કરી જવાબ લીધેલો છે. ત્યારબાદ શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ ના કામે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૭૧ રમણભાઈ સોલંકીનાઓએ ઓળખ પરેડ યોજેલી અને તે અંગેનુ પંચનામુ આંક–૩૦૬૧ થી ૨જૂ છે જે પંચનામા વખતે આ સાહેદે આરોપી નં.૨, ૬, ૭, ૮, ૯, ૧૦ અને ૧૧ નાઓને ઓળખી બતાવેલા છે અને આંક–૩૧૩૩ વાળા ઓળખ પરેડ પંચનામા વખતે આ સાહેદે આરોપી નં. ૧૬ ને ઓળખી બતાવેલા છે તથા આંક–૩૧૬૨ વાળા ઓળખ પરેડના પંચનામા વખતે આ સાહેદે આરોપી નં.૩૭ ને ઓળખી બતાવેલા છે. આ ઉપરાંત મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૩/૨૦૦૮ ના કામે આ સાહેદે આંક–૪૦૮૫ વાળા ઓળખ પરેડના પંચનામા વખતે આરોપી નં.૭૪ ને ઓળખી બતાવેલ છે. આ સાહેદ ગામડાના એક સામાન્ય વ્યકિત છે માટે આ સાહેદ એક સ્વતંત્ર સાહેદ છે, ગામડાના રહેવાસી છે. ફરિયાદપક્ષ તર્ફે કોઈ મિત્રતા નથી કે આરોપીઓ સાથે તેમને કોઈ દુશ્મનાવટ નથી માટે આ સાહેદની જુબાની નહીં માનવાને કોઈ કારણ રહેતુ નથી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે અંબાલાલ વેચાતભાઈ બારીયાને સાહેદ નં.૧૦૬૭ તરીકે આંક–૭૨૩૧ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ કથોલા ગામ ખાતે તેમના બાપ–દાદા વખતથી રહે છે અને ખેતીકામ કરે છે અને એસ.એસ.સી. સુધી ભણેલા છે. વધુમાં સાહેદ જણાવે છે કે, તા.૨૭.૮.૨૦૦૮ ના રોજ તેઓ હાલોલ જતા હતા ત્યારે રસ્તામાં રોડ ઉપર પોલીસ ઉભેલી હતી અને આ પોલીસ હેલીકૈલ વાવ પાસે ઉભેલી હતી અને ત્યાં આ સાહેદને રોકેલો. તેમની સાથે બીજા પ્રવિણભાઈ પણ હતાં. તેઓ તથા પ્રવિણભાઈ જીપ ગાડીમાં હાલોલ જતા હતા અને જીપ ગાડી પ્રવિણભાઈ ચલાવતા હતાં. પોલીસે પુંછેલું કે, "અહીંયા ઉત્તરાયણના દિવસે ટ્રેનીંગ ચાલતી હતી તે તમો જાણો છો?" જેથી સાહેબને કહેલું કે ઉત્તરાયણના દિવસે અહીંયા કમલેશ કવોરીની ખીણમા ટ્રેનીંગ જેવું ચાલતું હતું. આ ઉત્તરાયણના દિવસે તેઓ

હાલોલ જતા હતાં. ત્યારે તેમની જીપને હેલીકૈલ વાવ પાસે પંચર પડેલું. જેથી પંચર બનાવવા માટે વ્હિલ લઇને અશ્વિન ભારતભાઇને હાલોલ મોકલેલો હતો અને આ સાહેદ તથા પ્રવિણભાઇ જીપ પાસે ઉભા હતાં. તે દિવસે જીપમાં બીજા ચાર–પાંચ પેસેન્જરો પણ હતા અને તે પેસેન્જરોને બીજા વાહનમાં બેસાડી દીધેલાં. બીજા પેસેન્જરોને બીજા વાહનમાં મોકલ્યા પછી આ સાહેદ તથા પ્રવિણભાઇ ત્યાં થોડીવાર ઉભા રહેલા અને ત્યારપછી ટાઇમ પાસ કરવા હેલીકૈલ વાવ પાસે ગયેલાં. હેલીકૈલ વાવ પાસે ફરતા હતા ત્યારે ખીણની અંદર માણસોનો બોલવાનો અવાજ આવેલો જેથી કોણ છે તે જોવા માટે ખીણ તરફ ગયેલાં. તે જગ્યા કમલેશ કવોરીની ખીણ હતી. ત્યાં જોયું તો એક તંબુ હતો અને ત્યાં વીસ–પચ્ચીસ માણસો હતાં. ત્યાં ઘણા દાઢીવાળા માણસો હતા અને ઘણા દાઢી વગરના હતાં. તે મુસલમાન જેવા લાગતા હતાં. ત્યાં બે ઝાડ વચ્ચે દોરી બાંધેલી હતી અને વચ્ચે કુગ્ગા લટકતા હતા અને આ કુગ્ગાને તે લોકો બંદુક વડે ફોડતા હતા અને બીજા કોણીએ કોણીએ ચાલતા હતાં. તે લોકો અંદરો અંદર હિન્દી ભાષામાં વાતો કરતા હતાં. તે વાતો સંભળાતી હતી પરંતુ શું વાતો કરતા હતા તે સંભળાતું ન હતું. અમે ત્યાં ત્રીસેક મિનિટ ઉભા રહીને જોયેલું. ત્યારપછી તે લોકોએ તેઓને જોયેલાં અને તેઓ જે કામ કાજ કરતા હતા તે બંધ કરી દિધેલું. આ જગ્યાએ ગયા ત્યારે ઉત્તરાયણનો દિવસ હતો અને બપોરના ત્રણ–સાડા ત્રણ વાગેલા હતાં. ત્યારબાદ પોલીસે એવું કહેલું કે તે લોકોને ઓળખી શકો? તો હા કહેલી અને પોલીસે તે દિવસે જવાબ લીધેલો.

વધુમાં સાહેદ જણાવે છે કે, ત્યારબાદ તા.૩૦/૦૮/૨૦૦૮ના રોજ ઓળખ પરેડ માટે બોલાવેલાં. ૩૦ મી તારીખના બે દિવસ પહેલા પોલીસ જાણ કરવા આવેલી. પોલીસે કાગળમાં સરનામું લખીને આપેલું. પોલીસે તે દિવસે આ સાહેદને, પ્રવિણભાઇને, બાબુભાઇ શર્મા અને રામકાભાઇને ઘી કાંટા કોર્ટમાં બોલાવેલાં. તેઓ કોર્ટમાં પુંછતા–પુંછતા ગયેલા અને પટ્ટાવાળાને મળેલા અને પટ્ટાવાળાને કાગળની ચીઠ્ઠી બતાવેલી અને કહેલું કે કયાં જવાનું છે? તો તેણે કહેલું કે આ જ કોર્ટમાં. ત્યારપછી પટ્ટાવાળો તેઓએ જે કાગળીયું આપેલું તે

લઇને સાહેબ પાસે ગયેલો અને બહાર આવીને કહેલું કે તમે બેસો જેથી તેઓ બાજુમા નાની રૂમ હતી ત્યાં બેઠેલાં. જયાં બેઠેલા ત્યાં પહેલા બાબુભાઇ બેઠેલા હતાં. પાંચ–દસ મિનિટ પછી રામકાભાઇ આવેલાં. ત્યારબાદ ૧૫–૨૦ મિનિટ પછી સાહેબે આ સાહેદને અંદર બોલાવેલો. ત્યાં અંદર જજ સાહેબ ખુરશીમાં બેઠેલા હતા અને બે માણસો ઉભેલા હતાં. ત્યાં બીજા ૫૦–૬૦ માણસો લાઇનમાં ઉભેલા હતાં. સાહેબે નામ, સરનામું પુંછેલું અને આઇ.ડી. પ્રુફ માંગેલું. સાહેબે કહેલું કે સામે જે માણસો ઉભા છે તેમાંથી તમે ઓળખતા હોય તેઓને બહાર કાઢો. ત્યારબાદ અડધા પોણા કલાક સુધી નિરીક્ષણ કરીને તે લોકોને જોયેલાં. જેમને આ સાહેદ ઓળખે છે તેવું લાગેલું તે લોકોને બહાર કાઢેલાં. સાહેબે તે લોકોના નામ, સરનામા પુંછેલા અને લખી લીધેલાં. ત્યારબાદ સાહેબે પછી એવુ પુંછેલું કે આ માણસોને તમે કેવી રીતે ઓળખો? તો સાહેબને કહેલું કે ઉત્તરાયણના દિવસે કમલેશ કવોરીની ખીણમાં જોયેલા જેથી ઓળખેલા છે. સાહેદ વધુમાં જણાવે છે કે, આ સાહેદે કોર્ટમાં સાહેબ સમક્ષ જે લોકોને ઓળખેલા અને બહાર કાઢેલા તે ૯(નવ) માણસો હતાં તેઓના નામ અત્યારે યાદ નથી.

વધુમાં સાહેદ જણાવે છે કે, ત્યારબાદ તા.૧૨/૦૯ ના રોજ આ સાહેદને તથા પ્રવિણભાઇને ફરીથી કોર્ટમાં બોલાવેલાં. તા.૧૨/૦૯ ના રોજ પાંચ વાગ્યે બોલાવેલાં. તે દિવસે પણ ઘી કાંટા કોર્ટમાં આવેલાં. ત્યાં પટ્ટાવાળાને કાગળીયુ બતાવીને પુંછેલું કે કઇ કોર્ટમાં જવું. આ કાગળીયું પણ પોલીસ આપવા આવેલી હતી. પટ્ટાવાળાએ કહેલું કે આ જ કોર્ટ છે ત્યારબાદ તે કાગળીયું લઇ તે સાહેબ પાસે ગયેલો અને તેઓને બેસવા કહેલું. જેથી બાજુની રૂમમાં બેઠેલાં. ત્યારબાદ ૧૦–૧૫ મિનિટ બાદ બોલાવેલા. ત્યાં સાહેબ ખુરશીમાં બેઠેલા હતા અને ૨(બે) માણસો ત્યાં ઉભેલા હતાં અને બીજા ૬(છ) માણસો ત્યાં ઉભેલા હતાં. સાહેબે નામ, સરનામું પુંછીને આઇ.ડી. પ્રુફ માંગેલુ. ત્યારબાદ સાહેબે કહેલું કે, સામે ૬(છ) માણસો ઉભા છે તેમાંથી જેને ઓળખતા હોવ તેને હાથ પકડીને બહાર કાઢો. થોડીવાર નિરીક્ષણ કર્યા પછી એક માણસને બહાર કાઢેલો. ત્યારબાદ સાહેબે તેનું નામ, સરનામું પુંછેલુ અને લખેલુ. તેનું નામ અબ્બાસ એવું

કંઈક હતું. અબ્બાસ અને ગામનું નામ કચ્છ, ભૂજ હતું. સાહેબે પુંછેલુ કે આ ભાઈને કેવી રીતે ઓળખો? તો આ સાહેદે સાહેબને કહેલું કે ઉત્તરાયણના દિવસે કમલેશ કવોરીની ખીણમાં આ ભાઈને ટ્રેનીગ લેતા જોયેલો હતો. ત્યારબાદ સાહેબે જવાનું કહેલું જેથી કોર્ટમાંથી નીકળીને કમ્પાઉન્ડમાં ગયેલો.

સાહેદ વધુમાં જણાવે છે કે, ત્યારબાદ ફરી પોલીસ સમન્સ બજાવવા આવેલી અને તા.૧૬/૧૨ ના રોજ ઘી કાંટા કોર્ટમાં હાજર રહેવા કહેલું અને કોર્ટનું કામ પત્યા પછી ક્રાઇમ બ્રાન્ચની ઓફિસે હાજર રહેવું તેવું પણ જણાવેલું. ત્યારબાદ તા.૧૬/૧૨ ના રોજ તેઓ તથા પ્રવિણભાઇ ઘી કાંટા કોર્ટમાં ગયેલાં. ઘી કાંટા કોર્ટમા જઇ પટ્ટાવાળાને મળેલાં. પટ્ટાવાળાએ સાહેબને પુછીને તેઓને બેસવા કહેલું. જેથી આ સાહેદ તથા પ્રવિણભાઇ બાજુની રૂમમાં બેઠેલાં. ત્યારબાદ દસ–પંદર મિનિટ પછી સાહેબે બોલાવેલા. આ સાહેદ અંદર ગયો ત્યારે જજ સાહેબ બેઠેલા હતા અને બે માણસો ઉભેલા હતા તથા છ–સાત માણસો સામે ઉભેલા હતાં. સાહેબે નામ, સરનામું પુંછીને આઇ.ડી. પ્રુફ માંગેલુ. ત્યારબાદ સાહેબે કહેલું કે સામે પહેલા છ–સાત માણસો ઉભેલા છે તેમાંથી જેને ઓળખતા હોવ તેને હાથ પકડી બહાર કાઢો. થોડીવાર નિરીક્ષણ કરીને આ સાહેદ ઓળખે છે તેવું લાગતા એક જણને બહાર કાઢેલો. સાહેબે તેનું નામ, સરનામું પુંછેલુ અને લખેલું. ત્યારબાદ સાહેબે પુછેલું કે આ ભાઇને કેવી રીતે ઓળખો? તો સાહેબને કહેલું કે ઉત્તરાયણના દિવસે જે લોકો ટ્રેનીંગ લેતા હતા તેમાં આ માણસ પણ હતો. સાહેબે તેનું નામ પુછયુ ત્યારે તેણે પોતાનું નામ કયામુદ્દિન કાપડીયા, રહેવાસી વડોદરાનો જણાવેલું. ત્યારબાદ સાહેબે જવાનું કહેલું.

વધુમાં સાહેદ ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીને વીડિયો કોન્ફરન્સ દ્વારા ટી.વી.સ્ક્રીન થકી બતાવતા તથા અમદાવાદ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીને વીડિયો કોન્ફરન્સ દ્વારા ટી.વી. સ્ક્રીન થકી બતાવવામાં આવતા નીચે મુજબના આરોપીઓને ઓળખી બતાવે છે.

(૧) આરોપી નં.૧૨ સફદરહુસેન ઉર્ફે હુસેનભાઈ ઉર્ફે ઈકબાલભાઈ જહીરૂદ્દીન ઉર્ફે જહરૂલહસન નાગોરી

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદ તેમના મિત્ર પ્રવિણભાઈ એક સાથે ઘરેથી જવા માટે નીકળેલા નહીં તે દિવસે આ સાહેદ હાલોલ ખરીદી માટે જતા હતા. બાર–સાડા બાર વાગે ગામના બસ સ્ટેન્ડ પાસે ઉભા હતા ત્યારે પ્રવિણભાઈની જીપ પેસેન્જરો ભરીને આવેલી અને તેમા બેઠેલા, પોલીસ મળેલી ન હોત તો નિવેદન લખાવવા ગયા ન હોત તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદ ગામડાના સામાન્ય વ્યકિત છે. આરોપીઓની ગુનાહિત પ્રવૃત્તિઓની ખબર ન હોય માટે સામે ચાલીને નિવેદન લખાવવા પોલીસ સ્ટેશને ન જાય તે સ્વાભાવિક છે. બનાવના દિવસ પહેલા હેલીકૈલ વાવ ઉપર જવાનો પ્રસંગ બનેલો કે કેમ? તે યાદ નથી. હેલીકૈલ વાવ ઉપર કોઈ પણ ચાર પૈંડાવાળુ વાહન જઈ શકે તો તેની ખબર નથી. હેલીકૈલ વાવ ખુલ્લી જગ્યામાં છે તેના જવાબમાં સાહેદે જણાવેલુ છે કે તારની વાડ છે. ઉત્તરાયણના દિવસે જે કાંઈ જોયેલુ તે અંગેની વાતચીત કોઈની સાથે કરેલી નહીં. મારા મત પ્રમાણે ઉત્તરાયણના દિવસે સરતપાસમાં જણાવેલા વ્યકિતઓ કોઈ ગુનાહિત કૃત્ય કરે છે તેવુ માલુમ પડેલુ હોત તો આ સાહેદ પોલીસને જણાવવા ગયા હોત પરંતુ કોઈ ગુનાહિત કૃત્ય થતુ હોય તેવુ જોયેલુ નથી જેથી પોલીસને જાણ કરવા ન જાય. વધુમાં આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પ્રવિણભાઈની જીપમાં કેટલા પેસેન્જરો હતા, બસ સ્ટોપ પર બીજી જીપ હતી કે નહીં, જીપને પંચર પડેલુ, પેસેન્જરોને બીજી જીપમાં બેસાડેલા, પંચર પડેલુ તે જગ્યાએથી હાલોલ કેટલુ દુર હશે, પંચ પડયા પછી બીજા પેસેન્જરોની માફક ખરીદી કરવા હાલોલ ગયેલા કે કેમ, પ્રવિણભાઈ તથા કંડકટર વ્હીલ કાઢવા રોકાયેલા, કન્ડકટર પંચર કરાવવા ગયેલા વિગેરે જેવા નિરર્થક પ્રશ્નો પુછવામાં આવેલા છે જેને બનાવ સાથે કોઈ સુસંગતતા નથી.

વધુમાં આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો તંબુ કેટલા એરીયામાં બાંધેલો તેની ખબર નથી. મારા મત પ્રમાણે તેની ખબર ન હોય તેનુ માપ પણ જોયેલુ ન હોય કે માપેલુ ન હોય, આ સાહેદે ફકત તંબુ જોયેલો છે તે હકીકત છે. તે લોકો મુસલમાન જેવા લાગતા હતા તે પોલીસ જવાબમાં લખાવેલુ

નથી તે હકીકત નકારેલી છે. તે લોકો શું વાતચીત કરતા હતા તે સમજી શકેલા નહીં તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદ દુર ઉભેલા હતા જેથી તે લોકો શું વાતચીત કરતા હતા તે આ સાહેદે સાંભળેલી ન હોય. કયા માણસો શું કામ કરતા હતા તે કહી શકે તેમ નથી. મેજિસ્ટ્રેટ સાહેબ પાસે જવાની સમજ મૌખિકમાં કરેલાની હકીકત નકારે છે. મેજિસ્ટ્રેટે સાહેબ પાસે બે વખત ગયેલા ત્યારે કોર્ટનું નામ, સરનામુ અને તારીખ આપેલી તે સિવાય બીજી કોઈ માહિતી આપેલી નહીં તે કબૂલ કરે છે. ત્રણેય વખત જુદી–જુદી કોર્ટમાં ગયેલા અને ત્રણેય વખત સાહેબ જુદા–જુદા હતા તે કબૂલ કરે છે. મેજિસ્ટ્રેટ સાહેબે ત્રણેય વખત નામ સરનામુ પુછેલુ અને ઓળખપત્ર માંગેલુ તે સિવાય બીજુ કાંઈ પુછેલુ નહીં. ત્રણેય વખત જયારે રૂમમાં બેઠા ત્યારે રૂમ પાસેથી કોણ પસાર થયેલુ તે કહી શકે તેમ નથી. ઉત્તરાયણના દિવસે આકસ્મિક હાલોલ જવાનું થયેલુ, કયા કામથી હાલોલ જવાનું થયેલુ તે યાદ નથી. બનાવના દિવસે આકસ્મિક તરીતે પ્રવિણભાઈની જીપમાં જતા હતા તે કબૂલ કરે છે. આ પ્રશ્નનો અર્થ ધ્યાને લેતા બનાવના દિવસે આ સાહેદ પ્રવિણભાઈની જીપમાં જતા હતા તે આરોપીઓ તરફથી સ્વિકારવામાં આવે છે તેવુ કહી શકાય. ખુંદપીરની દરગાહથી અર્ધો કિ.મી.ના અંતરે એકમીનાર મસ્જિદ આવેલી છે તે કબૂલ કરેલ છે. હેલીકૈલ વાવ પાસેના જંગલોમાં બીજા લોકો પણ ફરવા જઈ શકે છે તે કબૂલ કરે છે. હાલોલથી પાવાગઢની વચ્ચે ઘણી ઐતિહાસિક ઈમારતો છે તે કબૂલ કરે છે. હેલીકૈલ વાવ પાસે હતા ત્યારે વાતચીત થતી હોવાનો અવાજ આવેલો, તંબુ પાસેથી આશરે ૨૦૦ મીટર દુર ઉભેલા હતા, ત્યાં નજીક જઈને સાંભળવાનો પ્રયત્ન કરેલો નહીં. અમદાવાદ શહેરમાં કઈ–કઈ કોર્ટો કયા–કયા વિસ્તારમાં આવેલી છે તેની ખબર નથી. સરતપાસમાં જણાવ્યા પ્રમાણે સને–૨૦૦૮ના ઉત્તરાયણના તહેવારના અરસામાં કોઈપણ વ્યકિતને તંબુ પાસે જોયેલા નથી તે હકીકત નકારેલી છે. પોલીસે જવાબો વારંવાર વાંચી, સંભળાવેલા હોવાથી જુબાની આપતા હોવાની હકીકત નકારેલી છે. આરોપીઓને ખોટી રીતે ઓળખેલાની હકીકત પણ નકારેલી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ મુ.કઠોલા, તા.હાલોલ ખાતે રહે છે અને તા.૧૪.૧.૨૦૦૮ નાં રોજ પોતાના મિત્ર પ્રવિણભાઈની જીપમાં પેસેન્જર તરીકે બેસીને હાલોલ જવા નીકળેલા ત્યારે હેલીકૈલ વાવ પાસે આવતા ગાડીને પંચર પડેલુ જેથી ત્યાં ઉભા રહી ગયેલા અને પ્રવિણભાઈએ તેની જીપના કન્ડકટરને પંચર કરવા મોકલેલો હતો અને આ સાહેદ તથા પ્રવિણભાઈ હેલીકૈલ વાવ પાસે ગયેલા ત્યાં નજીકમાં કમલેશ કવોરીની ખીણ આવેલી છે ત્યાં બોલવાનો અવાજ આવતો હતો જેથી આ સાહેદ તથા પ્રવિણભાઈ ત્યાં જોવા માટે ગયેલા અને ત્યાં જઈને જોયુ તો એક તંબુ લગાવેલો હતો અને હિન્દી જેવી ભાષા બોલતા લોકો ત્યાં હાજર હતા અને પોલીસે આ સાહેદની પુછપરછ કરી જવાબ લીધેલો છે. ત્યારબાદ મેજિસ્ટ્રેટ રૂબરૂ આ સાહેદને ઓળખ પરેડ માટે બોલાવવામાં આવેલા અને ઓળખ પરેડ દરમ્યાન આ સાહેદે ચુકાદાના શીર્ષકમાં જણાવેલા આરોપીઓ પૈકી આરોપી નં.૧, ૨, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૨, ૧૪, ૧૬ અને ૩૭નાઓને ઓળખી બતાવેલા છે. આ ઓળખ પરેડ અંગેનું પંચનામુ આંક–૩૦૬૧ થી રજૂ છે અને અદાલતમાં સરતપાસ દરમ્યાન આ સાહેદે આરોપી નં.૧૨ને ઓળખી બતાવેલ છે. બાકીના આરોપીઓને ઓળખી બતાવેલા નથી. આંક–૩૦૬૧ થી રજૂ કરેલ ઓળખ પરેડના પંચનામા મુજબ ઓળખ પરેડ તા.૩૦.૮.૨૦૦૮ ના રોજ થયેલી છે જયારે આ સાહેદની જુબાની તા.૧૬.૮.૨૦૧૮ ના રોજ થયેલી છે એટલે કે દસ વર્ષ પછી આપેલી છે જેથી સ્વાભાવિક છે કે આ દસ વર્ષના સમય દરમ્યાન આ સાહેદે આરોપીઓને જોયેલા ન હોય અને દસ વર્ષ પછી બતાવવામાં આવેલા છે જેથી દસ વર્ષમાં કોઈપણ વ્યકિતનુ શરીરનું બંધારણ, ચહેરા સહિત બદલાય જતુ હોય છે જેથી ઓળખી શકે નહીં તે સ્વાભાવિક છે. પરંતુ આ સાહેદ ગામડાના એક સામાન્ય વ્યકિત છે, માટે તા.૩૦.૮.૨૦૦૮ નાં રોજ ઓળખ પરેડના પંચનામા વખતે જે આરોપીઓને ઓળખી બતાવેલા છે તે ચોકકસ છે તેમ છતાં પણ જુબાની દરમ્યાન આ આરોપીઓ પૈકી આરોપી નં.૧૨ને સ્પષ્ટ રીતે ઓળખી બતાવેલા છે માટે આ સાહેદ એક સ્વતંત્ર સાહેદ છે, ગામડાના રહેવાસી છે.

ફરિયાદપક્ષ તરફે કોઈ મિત્રતા નથી કે આરોપીઓ સાથે તેમને કોઈ દુશ્મનાવટ નથી માટે આ સાહેદની જુબાની નહીં માનવાને કોઈ કારણ રહેતુ નથી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે મોહમદયુનુસ અબ્દુલલતીફ સુમરાને સાહેદ નં.૧૦૭૩ તરીકે આંક–૭૨૯૮ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓનું સને–૨૦૦૮ની સાલમાં સાયબરકાફે હતું. આ સાયબર કાફે હોસ્પિટલ રોડ, ભૂજ ખાતે હતું જેનું નામ "ઈન્ફિનીટી ટેકનોલોજી એન્ડ સાયબર કાફે" હતું. આ ઉપરાંત તેઓ આર.ટી.ઓ.ના એજન્ટ તરીકે પણ કામ કરતા હતા. આ ધંધામાં આ સાહેદ તથા તેમના એક મિત્ર ખાલીદ બુખારી ભાગીદાર હતાં. સાહેદ વધુમાં જણાવે છે કે, સપ્ટેમ્બર મહિનાની ૧૩ મી તારીખે પોલીસે તેમનુ સાયબર કાફે સીલ કરાવેલું હતું અને તેમના ભાગીદારે કહેલું કે ક્રાઈમ બ્રાન્ચ, એ.ટી.એસ. ગાયકવાડ હવેલી, અમદાવાદ ખાતે બોલાવેલ છે જેથી ત્યાં ૧૪ મી તારીખે ત્યાં પહોંચેલા. આ સાહેદ ત્યાં પહોંચ્યા ત્યારે ગ્રાઉન્ડ ફલોર ઉપર ટોળિયા સાહેબ હતાં. ત્યાં સાયબર કાફે ઉપરથી કબ્જે કરેલું રજીસ્ટર બતાવેલું. જે આંક–૭૨૨૩ વાળુ રજીસ્ટર આ સાહેદ ઓળખી બતાવે છે અને તે રજીસ્ટરના પાના નં.૧૫૩ ઉપર અનુક્રમ નં.૫ ઉપર ૮ નંબરની કેબીનમાં નામ ઈરફાન લખેલું છે. આ સાહેદે તેને ઓળખતા નથી પરંતુ તેમની સાથેના અબ્બાસભાઈને ઓળખે છે. આ એન્ટ્રીના હસ્તાક્ષર આ સાહેદ તેમના હોવાનું ઓળખી બતાવે છે. તે વખતે આ સાહેદને ત્યાં આ બે–ત્રણ જણા આવેલા હતાં. આ બે–ત્રણ જણા અબ્બાસની સાથે આવેલાં અને આ લોકો સાયબર કાફે ઉપર સર્ફિંગ કરવા માટે આવેલાં હતાં.

આ સાહેદ વધુમાં જણાવે છે કે જે વ્યકિતઓ સર્ફિંગ કરવા માટે આવેલા તે વખતે તેઓની પાસેથી આઇ.ડી. પ્રુફ લીધેલું નહિ કારણ કે તે વખતે ઓળખપત્ર લેવાનો કોઇ કાયદો હતો નહી. વધુમાં સાહેદ જણાવે છે કે ત્યારબાદ પોલીસે ૧૪ મી તારીખ પછી એક અઠવાડીયા બાદ ફોન કરીને ઘી કાંટા કોર્ટમાં બોલાવેલો જેથી આ સાહેદ ૨૦ મી તારીખે ઘી કાંટા કોર્ટમાં ગયેલો અને ઓળખ પરેડ માટે કહેલું હતું. ત્યાં પહોંચ્યા ત્યારે ત્યાં એક સાહેબ હાજર હતા. ત્યાં

સાત–આઠ જણનું ટોળું હતું તે બતાવીને કહેલું કે સાયબર કાફે ઉપર કોણ આવેલું. આ સાહેદે એક જણને બતાવેલો કે "આ ભાઇ આવેલાં." ત્યારપછી સાહેબ પોતે તેની સાથે વાત કરતા હતાં. આ ભાઇ તેમના સાયબર કાફે ઉપર આવેલાં હતાં. જે અબ્બાસ સાથે બે જણા હતા તે પૈકીના તે ભાઇ હતાં. આ સાહેદ સાહેબ પાસે પહોંચ્યા ત્યારે સાહેબે તેમની પાસેથી આઇ.ડી. પ્રુફ માંગેલું. ત્યારપછી થોડીવાર બહાર બેઠેલા. ત્યારબાદ અડધી કલાક, કલાક પછી ફરીથી તે જ રૂમમાં બોલાવેલા સાહેબ એટલે જજ સાહેબ હતાં. ફરીથી ત્યાં અબ્બાસ સાથેના બીજા માણસને ઓળખી બતાવેલો. આ બીજો માણસ પણ સાયબર કાફે ઉપર આવેલો હતો. આ માણસનું નામ પણ અત્યારે યાદ નથી. સાહેબે તેની સાથે પોતે વાત કરેલી અને પછી આ સાહેદને જઇ શકે છે તેવું કહેતા ત્યાંથી જતા રહેલા. અબ્બાસ ભૂજનો લોકલ રહેવાસી છે.

ખાડીયા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૭૧/૨૦૦૮ ના કામે સાહેદ નં.પ૭૧ રમણભાઇ સોલંકી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, મેટ્રોપોલીટન એરીયા કોર્ટ નં.૨, અમદાવાદની રૂબરૂમાં આ સાહેદ દ્વારા આરોપી નં.૧૬ અબ્બાસ ઉંમર સમેજાની ઓળખ પરેડ પંચો રૂબરૂ કરાવવામાં આવેલી જે અંગેનુ પંચનામુ આંક–૩૦૬૮ થી રજૂ કરવામાં આવેલુ છે અને આ ઓળખ પરેડ તા.૨૦.૯. ૨૦૦૮ ના રોજ રાખવામાં આવેલી અને ઓળખ પરેડ દરમ્યાન પણ આ સાહેદે આરોપી નં.૧૬ અબ્બાસ ઉંમર સમેજાને ઓળખી બતાવેલ છે.

મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૩/૨૦૦૮ ના કામે સાહેદ નં.પ૭૧ રમણભાઇ સોલંકી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, મેટ્રોપોલીટન એરીયા કોર્ટ નં.૨, અમદાવાદની રૂબરૂમાં આ સાહેદ દ્વારા આરોપી નં.૧૬ અબ્બાસ ઉંમર સમેજાની ઓળખ પરેડ પંચો રૂબરૂ કરાવવામાં આવેલી જે અંગેનુ પંચનામુ આંક–૩૦૬૫ થી રજૂ કરવામાં આવેલુ છે અને આ ઓળખ પરેડ તા.૨૦.૯. ૨૦૦૮ ના રોજ રાખવામાં આવેલી અને ઓળખ પરેડ દરમ્યાન પણ આ સાહેદે આરોપી નં.૧૬ અબ્બાસ ઉંમર સમેજાને ઓળખી બતાવેલ છે.

વધુમાં સાહેદ ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીને વીડિયો કોન્ફરન્સ દ્વારા ટી.વી.સ્ક્રીન થકી બતાવતા તથા અમદાવાદ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીને વીડિયો કોન્ફરન્સ દ્વારા ટી.વી. સ્ક્રીન થકી બતાવવામાં આવતા આરોપી નં.૧૬ અબ્બાસ ઉમર સમેજાને ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો સને–૨૦૦૮ ના અરસામાં સાયબર કાફે ઉપર બેસીને આર.ટી.ઓ.નું તથા વીમાનું કામ પણ કરતા હતા તે કબૂલ કરે છે. સાયબર કાફે ઉપર આવતી ઘણી બધી વ્યકિતઓને ઓળખી શકે નહીં તો તે પણ કબૂલ કરે છે. અબ્બાસભાઈ સાથે ક્રિકેટ રમતા હતા અને દરરોજ મળવાનું થતુ હોવાથી વર્ષોથી ઓળખે છે તે કબૂલ કરે છે. સપ્ટેમ્બર–૨૦૦૮ થી ડિસેમ્બર ૨૦૦૮ ના અરસામાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની પોલીસ અવારનવાર પુછપરછ માટે બોલાવતી હતી તો તે હકીકત નકારે છે. આંક–૭૨૨૩ વાળુ રજીસ્ટર પોલીસને જાતે આપેલું નહીં તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે પોલીસને તપાસમાં આ રજીસ્ટરમાં આરોપીઓએ એન્ટ્રીઓ કરેલાનું ખુલેલુ જેથી પોલીસે તપાસ દરમ્યાન આ રજીસ્ટર માંગેલુ હોય તો તે આપવુ પડે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો સાયબર કાફે ઉપરથી કમ્પ્યુટર કે કમ્પ્યુટરની કોઈ વસ્તુ પોલીસ લઈ ગયેલાની કોઈ પહોંચ આપેલ નથી તો તે કબૂલ કરે છે. અબ્બાસભાઈ સાથે આવેલી ૨–૩ વ્યકિતઓ સાથે વાતચીત કરીને ચા–નાસ્તો કર્યો હોય તેવુ બન્યુ નથી. અમદાવાદ શહેરમાં કેટલી કોર્ટો કઈ–કઈ જગ્યાએ આવેલી છે તેની માહિતી નથી. આ સાહેદ ભૂજના રહેવાસી છે, સામાન્ય વ્યકિત છે માટે અમદાવાદની કોર્ટોની તેમને માહિતી ન હોય તે સ્વાભાવિક છે. અમદાવાદની કોર્ટમાં જવાની લેખિતમાં માહિતી આપવામાં આવેલી નહીં પરંતુ સાહેદે જણાવેલુ છે કે ફોનથી માહિતી આપેલી. કોર્ટના મેજિસ્ટ્રેટ સાહેબનું નામ ખબર નથી. સાહેબે આ સાહેદ સાથે કોઈ વાતચીત કરેલી નહીં તે કબૂલ કરે છે. સાયબર કાફે ઉપર આવેલા બે ભાઈઓને ક્રાઈમ બ્રાન્ચની ઑફિસમાં બતાવેલા અને તેથી તેઓને મેજિસ્ટ્રેટ રૂબરૂ ઓળખી

બતાવેલાની હકીકત નકારી છે. સાયબર કાફે ઉપર અબ્બાસની સાથે ૨–૩ અજાણ્યા વ્યકિતઓ આવેલા ન હતા તો એ હકીકત પણ નકારી છે.

વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો સાયબર કાફેના રજીસ્ટરમાં ગ્રાહકનું નામ લખતા હતા, સરનામુ લખતા ન હતા. તેઓની ઓળખ અંગેનો કોઈ પુરાવો લેવામાં આવતો ન હતો તે કબૂલ કરે છે. ગ્રાહક કોની ઓળખાણથી આવેલા તે પણ લખતા ન હતા તે કબૂલ કરે છે. રજીસ્ટરના પાના નં.૧૫૨ ઉપર સી/૮ માં સમય ૪.૧૫ થી ૫.૧૯ બેસનાર ગ્રાહકનું નામ ઈરફાન લખેલુ છે અને તેની બાજુમાં અબ્બાસ સમેજા લખેલુ છે તે પાછળથી લખવામાં આવેલુ છે કે કેમ તે કહી શકે તેમ નથી. આ નામો પોલીસે પાછળથી લખેલાની હકીકત નકારી છે. કાફે સીલ કર્યુ તે બાબતની જાણકારી પોલીસે આપેલી નહીં પરંતુ સાહેદે જણાવેલુ છે કે કાફેના ભાગીદારને જાણ કરેલી હતી. કાફે ઉપર આવનાર વ્યકિતઓ દેખાવે કેવા છે તેનુ કોઈ વર્ણન આપેલુ નહીં.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ ભુજ મુકામે ઈન્ફિનીટી સાયબર કાફે ધરાવી વેપાર ધંધો કરે છે અને આરોપી નં.૧૬ તથા બીજા ૨–૩ માણસો તેમના કાફે ઉપર સરફીંગ કરવા આવેલા અને તે અંગેની નોંધ રજીસ્ટરના પાના નં.૧૫૩, અનુક્રમ નં.૫ ઉપર કરેલી. આરોપી નં. ૧૬ અબ્બાસને સારી રીતે ઓળખે છે, ઓળખ પરેડના આંક–૩૦૬૮ ના પંચનામા દરમ્યાન આરોપી નં.૧૬ ને ઓળખી બતાવેલો છે તથા અદાલત સમક્ષ પણ આરોપી નં.૧૬ ને ઓળખી બતાવેલો છે. તે જ રીતે આરોપી નં.૧૨ ને પણ આંક–૩૦૬૫ વાળા ઓળખ પરેડના પંચનામા દરમ્યાન ઓળખી બતાવેલો છે. આ સાહેદને ફરિયાદપક્ષ તર્ફે કોઈ મિત્રતા નથી કે આરોપીઓ સાથે તેમને કોઈ દુશ્મનાવટ નથી માટે આ સાહેદની જુબાની નહીં માનવાને કોઈ કારણ રહેતુ નથી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે મહેતાબ ઈબ્રાહિમ શેખને સાહેદ નં.૧૦૯૭ તરીકે આંક–૭૭૬૭ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ સને–૨૦૦૮/૦૯ પહેલા એટલે કે સને–૧૯૯૮ ની સાલથી કોસંબા ખાતે રહેતા હતા. તેઓ પહેલા જીનીયસ કલાસીસમાં જતા

હતા અને હાલમાં "મહેતાબ કમ્પ્યુટર એકેડેમી" ના નામથી કલાસીસ ચલાવે છે. સાહેદ વધુમાં જણાવે છે કે, હનીફભાઇ મુલ્તાનીના છોકરાઓ દસમાં ધોરણમાં ભણતા હતાં અને તેઓ કલાસમાં આવતાં હતાં. આ હનીફભાઇ મુલ્તાની તે વખતે પોલીસમાં નોકરી કરતા હતાં ત્યારે તેમનું નામ સીમીમાં આવેલું. તે વખતે આ સાહેદે તેમની સાથે વાતચીત કરેલી. ત્યારપછી આ સાહેદ સીમીની મીટીંગમાં લીંબાયત મુકામે ગયેલા હતા. લીંબાયત મુકામે મીટીંગમાં ગયા ત્યારે ત્યાં અકિલ દેશમુખ, તાલીબભાઇ, સમસુદ્દિનભાઇ, આરીફભાઇ, યુનુસભાઇ વિગેરે હાજર હતાં. ત્યાં આ લોકો ધાર્મિક વાતો કરતાં હતાં. આ સિવાય આ લોકોએ બીજી કોઇ વાતો કરી હોય તેવું બનેલું નહિ. લીંબાયત મુકામે મીટીંગમાં ગયા પછી આ સાહેદ શમશુદ્દિનભાઇ, યુનુસભાઇ, આરીફભાઇના સંપર્કમાં આવેલા. આ લોકો અમદાવાદના હતાં. આ લોકો સાથે સંપર્ક થયા પછી સફદરભાઇ સાથે સંપર્ક થયેલો. આ સંપર્ક અમદાવાદમાં થયેલો. આ સંપર્ક પણ એક મીટીંગમાં થયેલો. આ મીટીંગ પણ ધાર્મિક મીટીંગ હતી. સફદરભાઇ અને એ બધા સીમીમાં સંકળાયેલા હતાં. આ સાહેદને હનીફભાઇએ કહેલું કે આ લોકો સાથે સંપર્ક નહિ રાખવો જેથી તેઓની સાથે સંપર્ક વિહોણો થયેલા. તે લોકોના વિચારો બરાબર નથી તેવું જાણતા સંપર્ક વિહોણો થયેલો.

સાહેદ વધુમાં જણાવે છે કે,ત્યારબાદ લગભગ સને–૨૦૦૮ની સાલમાં કયામુદ્દિનભાઇ કોસંબા મુકામે આ સાહેદ પાસે આવેલાં. તેમની સાથે તૌકિરભાઇ હતાં. તેઓ ભાડેથી ઘર લેવા માટે આવેલા પરંતુ ઘર મળેલું નહિ અને આ સાહેદે તેઓને રીસ્પોન્સ આપેલો નહિ તેથી તેઓ પરત ગયેલાં. ત્યારપછી અમદાવાદ–સુરતમાં બોમ્બ બ્લાસ્ટમાં તેમના નામો આવેલાનું જાણેલું.

આ સાહેદે જે ઉપરોકત નામો જણાવ્યા તે પૈકી સમસુદ્દિન, યુનુસભાઇ, આરીફભાઇ, કયામુદ્દિન તથા સફદરભાઇનાઓને બતાવવામાં આવે તો ઓળખવાનો પ્રયત્ન કરેલ. જેથી અમદાવાદ ખાતે સેન્ટ્રલ જેલમાં રાખવામાં આવેલા આરોપીઓને વીડિયો કોન્ફરન્સ દ્વારા ટી.વી.સ્ક્રિનમાં બતાવવામાં આવતા નીચે મુજબના આરોપીઓને ઓળખી બતાવે છે. આ સિવાયના બાકીના

આરોપીઓને નહિ ઓળખવાનું કારણ આ સાહેદે એવું જણાવેલુ છે કે તે લોકો સાથે બહુ વધારે સંપર્ક ન હતો જેથી ઓળખી શકેલ નહિ.

(૧) આરોપી નં.૪ સમસુદ્દીન ઉર્ફે સમસુ શાહબુદ્દીન શેખ

(૨) આરોપી નં.૩૫ રફ્યુદ્દીન સરફુદ્દીન કાપડીયા (મુસ્લિમ)

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો જે જગ્યાએ મીટીંગમાં ગયેલા ત્યાં કુરાન અને હદીશની જાણકારી મેળવવા ગયેલા તો તે હકીકત કબૂલ કરી છે. આ પ્રશ્નનો અર્થ એવો થાય કે મીટીંગ તો કરવામાં આવેલી હતી જ અને તે મીટીંગમાં આ સાહેદ હાજર હતા જ. હવે નક્કી એ કરવાનું છે કે ત્યાં કુરાન અને હદીશની જાણકારી આપવામાં આવતી હતી તેની સાથે જેહાદની વાતો થતી હતી કે કેમ ? સીમીની મીટીંગમાં હોય તો મીટીંગમાં સીમીની કાર્યવાહી અંગે અને તેનો ઉદ્દેશ પાર પાડવાની જ વાતો થાય તેવું ચોકકસપણે અફર અનુમાન થઇ શકે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા આ સાહેદે કુરાને શરીફનું ટ્રાન્સલેશન વાંચેલુ તે કબૂલ કરે છે. હદીશ વિશે જાણકારી છે તે પણ કબૂલ કરે છે. મીટીંગમાં ઘણા બધા માણસો આવે અને કુરાન અને હદીશની વાતો સાંભળીને જતા રહે છે તે કબૂલ કરે છે. જે લોકો મીટીંગમાં આવતા હતા તેમની સાથે કોઈ નજીકનો સંપર્ક ન હતો તે કબૂલ કરે છે. મીટીંગ પછી તે લોકોને ત્યાં જવા આવવાનો કે મળવાનો પ્રસંગ બનેલો નથી. આ મીટીંગમાં ગેરકાનૂની પ્રવૃત્તિ કરવાનું કામ આ સાહેદને સોંપ્યુ હોય તેવુ બનેલ નથી તે કબૂલ કરે છે. તા.૨૭.૨.૨૦૦૯ સુધીમાં બનાવ સંબંધી પોલીસ સ્ટેશને ગયેલા નથી. અમદાવાદમાં થયેલા બોમ્બ બ્લાસ્ટ બાબતે કે સુરતમાં બોમ્બ પ્લાન્ટેશનના બનાવો બાબતે હું કંઈ જાણું છું તેવુ કહેવા તા.૨૭.૨.૨૦૦૯ પહેલા પોલીસ સ્ટેશને ગયેલા નથી. પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદ મીટીંગમાં હાજર રહેતા હતા અને જો પોલીસને કહેવા જાય તો પોતે પણ આ ગુનામાં સંડોવાય જશે તેવા ડરના કારણને પોલીસ સ્ટેશનમાં જાણ કરવા ગયેલા ન હોય તેવુ બની શકે. તેનો અર્થ એવો નથી કે આ સાહેદ મીટીંગો બાબતે કાંઈ જાણતા નથી. સરતપાસમાં જણાવ્યા મુજબ કયારેય કોઈ પણ વ્યકિતને ધાર્મિક મીટીંગમાં મળેલા નથી તો તે હકીકત નકારી છે. ફેબ્રુઆરી–

૨૦૦૯ ના અરસામાં પોલીસ સ્ટેશનમાં બોલાવી ધાક–ધમકી આપેલી અને પોલીસના કહેવા મુજબ નિવેદન આપેલુ અને ખોટી જુબાની આપે છે તો તે હકીકત નકારી છે.

વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા કોઈ ચોકકસ વ્યકિતઓ જ મીટીંગમાં આવે તેવુ ન હતુ તે કબૂલ કરે છે. જેથી એવો અર્થ થાય કે મીટીંગોમાં કોઈ પણ વ્યકિત આવેલા હોય. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા જે નામો આપ્યા તે સિવાય બીજા ઘણા માણસો મીટીંગમાં હતા તે કબૂલ કરે છે.જે લોકો મીટીંગમાં આવતા હતા તેઓના ઓળખપત્રો લેવામાં આવતા ન હતા તે કબૂલ કરે છે. સીમી નામની સંસ્થાને સરકારે સને–૨૦૦૧ની સાલમાં બાન કરેલી છે તેવી જાણકારી હતી તો તે કબૂલ કરે છે. મીટીંગ કોણે ઓર્ગેનાઈઝ કરેલી તેની જાણકારી ન હતી. તૌકીરના નામ સિવાય બીજી કોઈ જાણકારી તેના વિશે ન હતી તે કબૂલ કરે છે. આ તૌકીર આ સાહેદનો મિત્ર થતો ન હતો. તૌકીર સાથે બે વખત મળવાનું થયુ ત્યારે કોઈ વાતચીત થયેલી નહીં. તૌકીરને જયારે જયારે મળવાનો પ્રસંગ બનેલો ત્યારે આ સાહેદ એકલા મળેલા. અમદાવાદ ખાતે તૌકીર મીટીંગમાં મળેલો અને કોસંબા ખાતે આ સાહેદના ઘરની આગળ પાણીની ટાંકી પાસે મળેલો. તૌકીર તે દિવસે બીજા કોઈને મળેલો કે કેમ? તે જાણવા મળેલુ નહીં. કોસંબામાં તે કોને કોને મળેલો તેની જાણકારી આપેલી નહીં. તૌકીર નામનો કોઈ માણસ કોસંબામાં આવેલો નથી અને મળેલો નથી તો તે હકીકત નકારે છે. તૌકીરે મકાન બાબતે કોઈ વાતચીત કરેલી નહીં તો તે હકીકત નકારે છે.

વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા હનીફભાઈનું સીમીમાં નામ આવેલુ તેવુ છાપામાં વાંચેલુ તે કબૂલ કરે છે. લીંબાયત મુકામે મીટીંગમાં ગયેલા તે મીટીંગ સીમીની હતી તેવુ કોઈએ કહેલુ નહીં. આ લોકો સીમી સાથે સંકળાયેલા છે તેવુ સરતપાસમાં જણાવ્યા મુજબ કોઈને નામજોગ કહેલુ નહીં તો તે કબૂલ કરે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ કોસંબા મુકામે "મહેતાબ કમ્પ્યુટર એકેડમી" નામનુ કલાસીસ ચલાવે છે અને

પોલીસમાં નોકરી કરતા હનીફભાઈનું નામ સીમીમાં આવેલુ. ત્યારબાદ આ સાહેદ લીંબાયત મુકામે સીમીની મીટીંગમાં ગયેલા છે અને ત્યાં અકીલ દેશમુખ, તાલીબભાઈ, સમસુદ્દીનભાઈ, આરીફભાઈ, યુનુસભાઈ હાજર હતા અને ત્યાં મીટીંગમાં ગયા પછી સમસુદ્દીનભાઈ, યુનુસભાઈ અને આરીફભાઈના સંપર્કમાં આ સાહેદ આવેલ હતા. આ બધા અમદાવાદના હતા. આ લોકોના સંપર્કમાં આવ્યા બાદ આ બધા અમદાવાદમાં સફદરભાઈને મળેલા. સફદરભાઈ અને આ તમામ લોકો સીમી સાથે સંકળાયેલા હતા. ૨૦૦૮ ની સાલમાં આરોપી કયામુદ્દીન કોસંબા મુકામે આ સાહેદ પાસે આવેલો છે તેની સાથે તૌકીર હતો અને તે ભાડેથી ઘર લેવા આવેલા. પરંતુ ઘર મળેલુ નહીં જેથી પરત ગયેલા હોવાનું આ સાહેદની જુબાની પરથી માલુમ પડે છે. આ સાહેદની જુબાની મુજબ આરોપી નં.૪, ૬, ૮, ૧૨ અને ૩૭ નાઓ સંડોવાયેલા હોવાનું માલુમ પડે છે. આ સાહેદ કોસંબા મુકામે રહેતા એક સામાન્ય વ્યકિત છે અને તેઓ કમ્પ્યુટર એકેડમી ચલાવે છે માટે આ સાહેદ એક સ્વતંત્ર સાહેદ છે, નાના શહેરના રહેવાસી છે. ફરિયાદપક્ષ તરફે કોઈ મિત્રતા નથી કે આરોપીઓ સાથે તેમને કોઈ દુશ્મનાવટ નથી માટે આ સાહેદની જુબાની નહીં માનવાને કોઈ કારણ રહેતુ નથી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે ઈદ્રીશ ગુલાબશા ફકિર દિવાનને સાહેદ નં.૧૧૦૫ તરીકે આંક–૭૯૨૩ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ પાવાગઢ–હાલોલ ખાતે આવેલી ખુંદપીર દરગાહ ઉપર તેઓ મુંજાવર તરીકે કામ કરે છે. તેઓ સને–૨૦૦૬ ની સાલથી ખુંદપીર દરગાહ ઉપર મુંજાવર તરીકે છે. મુંજાવર તરીકે આવ્યા તે પહેલા હોટલમાં નોકરી કરતા હતા. આ ખુંદપીર દરગાહનું સંચાલન મહેંદિ મહેંદિવીયા તાઇ કોમ્યુનીટી ટ્રસ્ટ, ડભોઇ દ્વારા કરવામાં આવે છે. આ સાહેદની અગાઉ મુજાવર તરીકે ફકિર મોહમદ હતાં. આ ટ્રસ્ટના પ્રમુખ સૈયદ નિઝામુદ્દિન હતા અને તેઓએ આ સાહેદને મુજાવર તરીકે નિમણૂક કરેલી. આ સૈયદ નીઝામુદ્દિન એક વર્ષ પહેલા ગુજરી ગયેલાં. તે વખતે ટ્રસ્ટના ઉપપ્રમુખ તરીકે ઈબ્રાહિમભાઇ નુરમહમદ મહુડાવાળા હતાં. ખુંદપીર દરગાહ ઉપર આ સાહેદનો કોઇ પગાર ધોરણ નકકી નથી. આ

જગ્યા ઉપર યાત્રાળુ જે કોઇ બક્ષીસ આપે તેનાથી ગુજરાન ચાલે છે. આ દરગાહ છે ત્યાં બીજી પણ એક દરગાહ આવેલી છે. આ દરગાહ અજરત રાજૂ શાહઆલમ બુખારી રહેમતતુલ્લાની છે. આ દરગાહ ઉપર ચાર ધર્મશાળાઓ આવેલી છે. અંદરના ભાગે ત્રણ કબ્રસ્તાન છે. તેના નંબરો ૧,૨,૩ આપેલા છે. દરગાહની આજુબાજુ કોટ (દિવાલ) બનાવેલી છે. જે કોઇ વ્યકિત મહેંદવી–તાઇ સમાજના જે કોઇ હોય તેઓને આ ધર્મશાળામાં રહેવાની પરવાનગી આપવામાં આવે છે. તેઓની પાસેથી કોઇ ભાડુ લેવામાં આવતુ નથી પરંતુ કોઇ ખુશીથી દાનપેટીમાં મુકે અથવા પાવતી માંગે તો પાવતી બનાવીને આપવામાં આવે છે. આ જગ્યા ઉપર હૈદરાબાદ, કર્ણાટક, મહારાષ્ટ્ર, પીંડીયાલ, પાલનપુર, જયપુર, વડોદરા, ભરૂચ, ડભોઇ, બોડેલી, રાજપીપળા, રૂપાલ, નસવાડી, મીંયાગામ–કરજણ વિગેરે જગ્યાઓએથી તાઇ લોકો અને મહેંદવી લોકો આવે છે. આ લોકોએ મન્નતો માંગેલી હોય તો પુજા કરવા આવતા હોય છે.

વધુમાં આ સાહેદ જણાવે છે કે પહેલી વખત પોલીસ તા.૨૭.૮. ૨૦૦૮ ના રોજ ખુંદપીર દરગાહ ઉપર આવેલી અને પોલીસના જે સાહેબ હતા તે ટોળીયા સાહેબ હતાં. ટોળીયા સાહેબની સાથે એક આરોપી હતો તેનું નામ જાહિદ શેખ હતું. ટોળીયા સાહેબે આ સાહેદની પુછપરછ કરેલી. સાહેબે પુંછેલું કે, "આને તમે ઓળખો છો" તો કહેલું કે હા, તેને ઓળખું છું. સાહેબે પછી પુંછેલું કે, "તમે કેવી રીતે ઓળખો છો?" તો સાહેબને કહેલું કે, તા.૧૩.૧.૨૦૦૮ ના રોજ બપોરના બે વાગ્યે ઇમરાન શેખ, રહે. વાડી, તાઇવાડા, વડોદરાનાઓ દરગાહ ઉપર આવીને મળેલા અને કહેલું કે, હું વાડી, તાઇવાડા, વડોદરાથી આવેલો છું અને તેણે ડૉ.સાદાબનું નામ આપેલું અને કહેલું કે, અમે ૨૦–૨૨ માણસો–છોકરાઓ છીએ અને અમારે અહિંયા બે રાત્રી રોકાણ કરવાનું છે અને જંગલમાં ટ્રેકિંગ કરવાનું છે તો આ સાહેદે તેમને પતરાવાળી ધર્મશાળા ખોલી આપેલી અને સાથે ત્રણ–ચાર બાઇક હતા તથા એક સફેદ ટાટા સુમો ગાડી હતી. ત્યારબાદ સાહેબે જાહિદ શેખની પુછપરછ કરેલી અને તેણે તેઓ રોકાયેલા તે બાબતેનું વર્ણન કરેલું અને એવું પણ કહેલું કે, આ લોકો રોડ બાજુના પાછળના દરવાજાનો

ઉપયોગ કરતા હતાં. તેઓ સવારે નવ વાગ્યે બહાર જંગલમાં નીકળી જતા હતા અને રાત્રે તેઓ કયારે પાછા આવતા હતા તેની આ સાહેદને જાણ ન હતી. આ બધી વાત ટોળીયા સાહેબને કરેલી. ત્યારબાદ ૧૫ મી તારીખે જવાના સમયે ઈમરાન આ સાહેદને મળવા આવેલો અને રૂા.૧૦૦/– બક્ષીસ આપેલી તથા રૂા.૧૦૦/–દાન–પેટીમાં મુકેલાં. આ બાબતે પોલીસે આ સાહેદનો તા.૨૭.૮. ૨૦૦૮ ના રોજ જવાબ લીધેલો.

સાહેદ વધુમાં જણાવે છે કે આ જાહીદ શેખ દરગાહ ઉપર જયારે ત્રણ દિવસ રોકાવા આવેલો ત્યારે તેને જોયેલો અને તે ઈમરાનની સાથે આવેલો. ત્યારબાદ ૧૩ તારીખે એવી કોઈ તારીખે સમન્સ આવેલો કે, તા.૧૫.૯.૨૦૦૮ ના રોજ અમદાવાદ ઘી કાંટા કોર્ટમાં મેજિસ્ટ્રેટ સાહેબ જોડે જવાનું છે. જેથી આ સાહેદ ૧૫ મી તારીખે મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં હાજર થયેલા અને બહાર બાકડા ઉપર બેઠેલા ત્યારે ટોળીયા સાહેબ મળેલા અને મેજિસ્ટ્રેટ સાહેબની રૂમમાં લઈ ગયેલા અને ત્યાં ગયા પછી મેજિસ્ટ્રેટ સાહેબે ટોળીયા સાહેબને રૂમમાંથી બહાર મોકલેલા અને ત્યારપછી મેજિસ્ટ્રેટ સાહેબે નામ, સરનામું પુંછેલું અને પછી સોગંદ લેવડાવેલા અને સાહેબે પુંછેલું કે તમે અહિયા આવ્યા છો તો કોઈની જોર જબરાઈથી કે પૈસાની લાલચથી આવેલા છો? તો આ સાહેદે સાહેબને ના પાડેલી અને કહેલું કે સ્વૈચ્છાથી આવેલો છું તો સાહેબે ચોવીસ કલાક માટે વિચારવાનો ટાઈમ આપેલો અને ૧૬ મી તારીખે ફરીથી બોલાવેલો. ત્યારબાદ ૧૬ મી તારીખે ફરીથી મેજિસ્ટ્રેટ સાહેબ પાસે હાજર થયેલો. સાહેબે આ કેસના બારામાં પુછપરછ કરેલી. સાહેબે પહેલા નામ, સરનામું પુંછેલું અને સોગંદ લેવડાવેલાં અને સહિ કરાવેલી અને ત્યારપછી ટોળીયા સાહેબને જે વર્ણન કરેલું તે વર્ણન બધુ સાહેબને લખાવેલું અને સાહેબને કહેલું કે આ જે બોમ્બ બ્લાસ્ટ થયો છે તેમાં જે નિર્દોષ લોકો મર્યા છે તેમના જે અપરાધી છે તેમને સજા થવી જોઈએ અને ત્યારપછી સહિ કરેલી.

સાહેદ વધુમાં આંક–૭૯૨૪ વાળા મેજિસ્ટ્રેટ સાહેબ સમક્ષ આપેલ નિવેદનમાં પોતાની તથા રૂબરૂ તરીકે મેજિસ્ટ્રેટ સાહેબની સહીઓ ઓળખી

બતાવે છે અને તેમાં લખેલી હકીકત સાચી અને ખરી હોવાનું જણાવેલ છે. વધુમાં સાહેદ જણાવે છે કે ત્યારબાદ તા.૨૮.૯.૨૦૦૮ ના રોજ ક્રાઈમ બ્રાન્ચમાંથી સાહેબ ખુંદપીરની દરગાહ ઉપર આવેલાં અને તે સાહેબનું નામ ચાવડા સાહેબ હતુ. તેમની સાથે બીજા સાત–આઠ ઓફિસરો હતા તથા એક આરોપી હતો. ત્યાં આવીને ચાવડા સાહેબે આ સાહેદની પુછપરછ કરેલી જે આરોપી તે લઈને આવેલા હતા તે આરોપી બતાવેલો અને આ સાહેદને પુંછેલુ કે,"આ આરોપી અહિંયા રોકાયેલો હતો?" જેથી સાહેબને જણાવેલું કે હા, ઉત્તરાયણના ટાઈમમાં તા.૧૩.૧.૨૦૦૮ ના રોજ આ આરોપી અહિંયા રોકાયેલો હતો અને આ આરોપી ઈમરાન વાડી,તાઈવાડા, વડોદરાવાળાની સાથે રોકાયેલો હતો. ચાવડા સાહેબના કહેવાથી તે આરોપીનું નામ "અબ્બાસ" છે તેવી ખબર પડેલી અને તે કચ્છ ભૂજનો હતો. આ અબ્બાસે તે વખતે તેનું આખું નામ જણાવેલું પરંતુ આજે તેનું આખું નામ યાદ નથી. સાહેબે આ સાહેદને પુંછેલું અને અબ્બાસે બધી જગ્યાઓ બતાવેલી. સાહેબે પણ ત્યાં બધી નોંધ કરેલી અને આ સાહેદનું પણ સ્ટેટમેન્ટ લીધેલું. ટોળીયા સાહેબને જે જાણકારી આપેલી તે જાણકારી ચાવડા સાહેબને આપેલી.

વધુમાં આ સાહેદ જણાવે છે કે, ત્યારબાદ ૧૧ મા મહિનામાં વાઘેલા સાહેબ આવેલાં. તેમની સાથે રફિયુદ્દિન કાપડીયા, રહે.વડોદરાનાઓ હતો. ત્યારબાદ તે જ મહિનામાં થોડા દિવસ બાદ ફરીથી ચાવડા સાહેબ આવેલાં અને તેમની સાથે પણ એક આરોપી હતો અને ચાવડા સાહેબના કહેવાથી તેમનું નામ સફિક અન્સારી હતું તેવી ખબર પડેલી. આ આરોપીએ પણ તેઓ જે જગ્યાએ રોકાયેલા હતા તથા જે કાંઇ કરતા હતા તે જગ્યા ચાવડા સાહેબને બતાવેલી. ચાવડા સાહેબ સાથે આ વખતે બીજા ઓફિસરો હતા. આ સફિક અંસારી પણ તા.૧૩.૧.૨૦૦૮ ના રોજ ઈમરાન વાડી, તાઈવાડાની સાથે દરગાહ ઉપર રોકાયેલો હતો. આ દિવસે પણ સાહેબે આ સાહેદનો જવાબ લીધેલો અને અગાઉ સાહેબોને જે જવાબ આપેલો હતો તેવો જવાબ આ વખતે પણ આપેલો.

વધુમાં સાહેદ જણાવે છે કે, ત્યારબાદ બે–ત્રણ વર્ષ બાદ એટલે કે ૨૦૧૨ ના વર્ષમાં ચાવડા સાહેબ મોહમદ અબરારને લઈને આવેલાં. ત્યારબાદ સને–૨૦૧૭ ની સાલમાં ઝાલા સાહેબ આરોપી તૌસીફ પઠાણને લઈને આવેલાં. ત્યારબાદ સને ૨૦૧૮ની સાલમાં રાજપુત સાહેબ આવેલાં. આ રાજપુત સાહેબ અબ્દુલ સુભાન તૌકિરને લઈને આવેલા હતાં. આ ત્રણેય લોકોએ પણ સાહેબોને આગળના આરોપીઓએ જે કાંઈપણ બતાવેલું તે પ્રમાણે જગ્યાઓ બતાવેલી.

આ સાહેદે અદાલત રૂબરૂની તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં જે આરોપીઓના નામ તેમને જણાવેલા છે તે આરોપીઓને ઓળખી બતાવવા માટે આ સાહેદને અમદાવાદ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલા આરોપીઓને વીડિયો કોન્ફરન્સ દ્વારા ચાર ચારના ગ્રુપમાં ઉભા કરીને તથા ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીઓને ત્રણ–ત્રણના ગ્રુપમાં વીડિયો કોન્ફરન્સ દ્વારા સ્ક્રીન ઉપર ઉભા રાખી સાહેદને ઓળખ માટેનું જણાવતા આ સાહેદે નીચે મુજબના આરોપીઓને ઓળખી બતાવેલા છે.

(૧) આરોપી નં.૧૬ અબ્બાસ ઉંમર સમેજા

(૨) આરોપી નં.૩૫ રફીયુદ્દીન સરકુદ્દીન કાપડીયા (મુસ્લિમ)

(૩) આરોપી નં.૩૭ કયામુદ્દીન ઉર્ફે મુસા ઉર્ફે અશપાક ઉર્ફે અબ્દુલ કાદીર ઉર્ફે રીઝવાન ઉર્ફે સમીર સરકુદ્દીન કાપડીયા

(૪) આરોપી નં.૭૪ મોહમદઅબરાર ઉર્ફે મુન્ના ઉર્ફે ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ્લા ઉર્ફે ઈબ્રાહીમ બાબુખાન મણીયાર

જયારે આરોપી નં.૨ ઈમરાન શેખને ઓળખીને જણાવેલ છે કે, આ આરોપી ઈમરાન શેખ છે પરંતુ તે આરોપીનું નામ પુછતાં તેનુ નામ મોહમદ હબીબ શેખ હોવાનું જણાવેલુ છે. આ ઉપરાંત અન્ય એક આરોપીને બતાવી સાહેદે જણાવેલુ કે આ જાવેદ શેખ છે પરંતુ તે આરોપીનું નામ પુછતા તેને પોતાનું નામ મહમહ અબરાર હોવાનું જણાવેલુ હતુ. આમ,બે આરોપીઓને આ સાહેદે ઓળખવામાં ભૂલ કરેલી છે. આ ઉપરાંત બાકીના આરોપીઓને નહીં ઓળખવાનું કારણ આ સાહેદે આપેલુ છે કે અમુક લોકોની દાઢી નાની હતી અને શરીર પાતળુ

હતુ જયારે આજે બોડી વર્ણન ચેન્જ થઈ ગયેલુ છે જેથી ઓળખી શકતા નથી. વધુમાં આ સાહેદે એમ પણ જણાવેલુ છે કે પતરાવાળી ધર્મશાળામાં ઈમરાન શેખ તથા બીજા ૨૦ થી ૨૨ માણસો રોકાયેલા હતા.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો રોજબરોજના કામકાજની આ સાહેદ કોઈ ડાયરી રાખતા નથી, અગત્યની ઘટનાઓ બની હોય તો તે અંગેની પણ કોઈ નોંધ રાખવતા નથી. આ કેસના બનાવો અને તારીખો અંગે પણ કોઈ નોંધ રાખી નથી. જે–જે દિવસોએ નિવેદનો આપ્યા તે દિવસોએ કોની કોની સાથે શું–શું વાતચીત કરેલી તે અંગેની પણ કોઈ નોંધ રાખી નથી. ખુંદપીર બાવાની દરગાહ ઉપર કયારે જોઈન્ટ થયેલા તે તારીખ યાદ નથી. બચાવપક્ષ તરફથી આવા જે પ્રશ્નો પુછવામાં આવેલ છે તે પ્રશ્નોનો કોઈ અર્થ નથી. સામાન્ય રીતે કોઈ પણ સામાન્ય વ્યકિત રોજેરોજના બનાવોની નોંધ કરવા માટે ડાયરી રાખતા હોતા નથી. આ પ્રશ્ન પુછનાર વકીલશ્રીએ પણ રોજેરોજ કેટલા કેસોમાં તેઓ ઊલટતપાસ કરે છે કે કઈ–કઈ કોર્ટોમાં કેટલા કેસો ચલાવે છે તેની નોંધ રાખતા નહીં હોય. આ સાહેદ એક સામાન્ય વ્યકિત છે દરગાહ ઉપર મુજાવર તરીકે કામ કરે છે અને તે રોજેરોજની ઘટનાઓની ડાયરીમાં નોંધ કરતા હોય તેવી અપેક્ષા રાખી શકાય નહીં. વધુમાં આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા દરગાહવાળા ટ્રસ્ટમાં જોડાયા તે અંગેનુ કોઈ નિમણૂક પત્ર નથી. મુજાવર તરીકે કામ કરે છે તે અંગેનું કોઈ પગાર પત્રક કે પુરાવો નથી. મુજાવર તરીકે તેઓ દરગાહ ઉપર કામ કરે છે તે બતાવવા મૌખિક પુરાવા સિવાય બીજો કોઈ પુરાવો નથી. દરગાહ ઉપર જોડાતા પહેલા જે હોટલમાં કામ કરેલુ તે કઈ તારીખે કયાં સુધી કામ કરેલુ તેનો પણ પુરાવો નથી. આ ઉપરાંત આ સાહેદ દરગાહ ઉપર શું કામગીરી કરતા હતા તે વિશે અર્થહીન પ્રશ્નો પુછવામાં આવેલા છે.

વધુમાં આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા દારૂઉલમમાંથી પદવી લીધી હોય તેવો પુરાવો નથી. ઈસ્લામિક ધર્મશાસ્ત્રો જેવા કે કુરાને હદીશનો અભ્યાસ કરેલો નથી. નમાજ માટે અરબી ભાષાની જાણકારી હોવી જોઈએ તે કબૂલ કરે છે. અરબી ભાષામાં નમાજ પઢાવતા નથી તો તે હકીકત

નકારી છે. પોલીસે જે જવાબ લીધેલો તે વાંચેલો નહીં. જવાબ નીચે પોલીસે સહી લીધેલી નહીં તેમ જણાવે છે. કોર્ટમાં જુબાની આપવા માટે ૨૩ મી તારીખે સમન્સ આવેલો, સમન્સ આપવા પોલીસ અધિકારી આવેલા તેનુ નામ ખબર નથી, તેઓને ઓળખી શકે નહીં તેમ જણાવે છે. મેજિસ્ટ્રેટ સાહેબ રૂબરૂ નિવેદન અગાઉ ઓળખ પરેડ કરાવેલી નથી. અમદાવાદથી પોલીસ કોઈ આરોપીને લઈ દરગાહ ઉપર આવેલી હોય તો તે લાવનાર વ્યકિત સિવાય બીજી કોઈ વ્યકિત કે આરોપીના નામ તે વખતે દરગાહ ઉપર આવીને રોકાયા હોય તેવુ જણાવેલુ નથી. જે લોકો દરગાહ ઉપર રોકાવવા આવેલા તે વખતે તેઓના કોઈ નામ, સરનામા નોંધેલા નહીં. સાહેદે જણાવેલુ છે કે, આવુ કોઈ રજીસ્ટર તે વખતે રાખવામાં આવતુ ન હતુ. પોલીસ જવાબમાં કયામુદ્દીન કાપડીયા કે રફીયુદ્દીન કાપડીયાના નામ લખાવેલા નથી તે કબૂલ કરે છે. તા.૧૩ જાન્યુઆરી થી તા.૧૫ જાન્યુઆરી દરમ્યાન કયામુદ્દીન કાપડીયા તથા રફીયુદ્દીન કાપડીયા સાથે કોઈ લેવાદેવા કે આવવા જવાના સંબંધો ન હતા.

વધુમાં આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા ખુંદપીર બાવાની દરગાહ કેટલા એકરમાં ફેલાયેલી છે તે વિશે, દરગાહમાં શું–શું આવેલુ છે તે વિશે, મુખ્ય દરવાજો કઈ તરફ છે તે વિશે, બે દરવાજાઓમાંથી વાહનોની અવર–જવર થાય છે તે વિશે, દક્ષિણ તરફનો દરવાજો મુખ્ય દરવાજાથી કેટલો દુર છે તે વિશે વિગેરે અર્થહીન પ્રશ્નો પુછવામાં આવેલા છે જેને મુખ્ય બાબતો સાથે કોઈ લેવાદેવા નથી. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા ધર્મશાળા ઉપર રહેવા માટે અને રાંધવા માટે રાશનોની વ્યવસ્થા છે તે કબૂલ કરે છે. મહેદેવીયા જમાતના લોકો આવીને ૩–૪ દિવસ રોકાતા હોવાનું કબૂલ કરે છે. જાન્યુઆરી–૨૦૦૮ પહેલા કેટલા લોકો ત્યાં આવેલા અને કેટલા રોકાયેલા તે અંગેનુ કોઈ રજીસ્ટર રાખવામાં આવેલુ નથી. ૨૦૦૮ની સાલમાં કેટલા માણસો આવેલા અને કયાંથી આવેલા તથા કેટલો સમય રોકાયેલા તેની માહિતી આપી શકે તેમ નથી. મહેદેવીયા જમાતના લોકોમાં "શેખ" અટક હોતી નથી તો તે હકીકત નકારી છે. પોલીસ ઈન્સ્પેકટર સીંધી સાહેબ મહેદેવીયા સમાજના હોવાથી દરગાહ ઉપર આવે છે પરંતુ બે

કોન્સ્ટેબલ મહેદેવીયા સમાજના હોય અને દરગાહ ઉપર આવતા હોય તો ખબર નથી. સીંધી સાહેબ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાં નોકરી કરતા હોય અને આ કેસમાં તપાસ કરતા હોય તો ખબર નથી.

વધુમાં આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા તા.૧૩ જાન્યુઆરી થી ૧૫ જાન્યુઆરી દરમ્યાન જે લોકો દરગાહ ઉપર રોકાયેલા તેમને વ્યકિતગત રીતે બોલાવી વાતચીત કરેલી નથી. બે દિવસ દરમ્યાન આ લોકો સાથે કોઈ અપ્રિય ઘટના ઘટી હોય તેવુ બનેલ નથી. આ લોકો દરગાહ ઉપરથી નીકળીને કયાં ગયા તેમની પાછળ આ સાહેદ ગયા હોય તેવુ બનેલુ નથી. પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદ ખુંદપીર દરગાહ ઉપર મુજાવર તરીકે એટલે કે સામાન્ય દેખરેખ રાખવા અંગેનુ કામ કરતા હતા. દરગાહ ઉપર ધર્મશાળામાં જે લોકો રોકાયેલા હોય તે લોકો શું કામે આવેલા છે અને દરગાહ ઉપરથી નીકળીને કયાં જાય છે તથા શું કામગીરી કરે છે તે જોવાની જરૂરિયાત આ સાહેદની હોતી નથી અને આ સાહેદનું તે કામ નથી. તા.૨૮.૮.૨૦૦૮ થી તા.૧૫.૮.૨૦૦૮ સુધીના સમય દરમ્યાન કોઈએ ધાક–ધમકી કે લાલચ કે દબાણ કર્યુ હોય અને પોલીસમાં ફરિયાદ આપી હોય તેવુ બન્યુ નથી. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે જઈ કે હાલોલ પોલીસ સ્ટેશને જઈ મારે મેજિસ્ટ્રેટ રૂબરૂ નિવેદન નોંધાવવુ છે તેવુ કહેલુ નથી. મેજિસ્ટ્રેટ રૂબરૂ નિવેદન નોંધાવા જવાનું છે તેવો સમન્સ મળેલો પરંતુ હાલ કયાં છે તેની ખબર નથી. મેજિસ્ટ્રેટ સાહેબ તેમની ચેમ્બરમાં લઈ ગયેલાનું કબૂલ કરે છે. ચેમ્બરમાં ગયા ત્યારે ટોળીયા સાહેબ અને બીજા પોલીસના માણસો મેજિસ્ટ્રેટ સાહેબની ચેમ્બરની બહાર હતા તો તે હકીકત નકારી છે. મેજિસ્ટ્રેટ સાહેબે સવાલ જવાબના રૂપમાં નિવેદન લીધુ નથી તો તે હકીકત નકારી છે. અમદાવાદ શહેરમાં સીરીયલ બોમ્બ બ્લાસ્ટ થયા તે કોણે કર્યા અને કયારે કર્યા તે બાબતેની પહેલા જાણકારી ન હતી. મારા મત પ્રમાણે આ સાહેદને તેની જાણકારી ન હોય કારણ કે આ દરગાહ ઉપર રહેનાર વ્યકિતઓએ આ સાહેદને તેઓ શું કામગીરી કરવાના છે તેની માહિતી આપેલી ન હોય અને બોમ્બ બ્લાસ્ટ કરવાના છે તેવુ અગાઉથી જણાવેલુ પણ ન હોય.

વધુમાં આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા જાન્યુઆરી–૨૦૦૮ ના અરસામાં ખુંદપીર બાવાની દરગાહ ઉપર ઈમરાન શેખ નામની કોઈ વ્યકિત ડૉ.સાદાબ નામની વ્યકિતના રેફરન્સથી આવેલી નહીં તો તે હકીકત નકારેલી છે. તા. ૧૩ જાન્યુઆરી થી લઈને ૧૫ જાન્યુઆરીની સમય દરમ્યાન દરગાહ ઉપર ૨૦ થી ૨૨ લોકો રોકાયેલા નહીં તો તે હકીકત પણ નકારેલી છે. ક્રાઈમ બ્રાન્ચના પોલીસ ઇન્સ્પેકટર એ.એફ.સીંધી તથા બીજા બે મુસ્લિમ કોન્સ્ટેબલો આરીફ અને મહેબુબ મહેદેવીયા તાઈ સમાજના હોવાથી તેમના દબાણના કારણે ખોટા નિવેદન આપેલાની હકીકત નકારેલી છે. જુબાની કઈ રીતે આપવી તેવુ સમજાવેલુ હોવાથી તેમજ નિવેદનમાં જણાવેલ આરોપીઓના ફોટાઓ બતાવેલા હોવાથી તે પૈકી કેટલાકને ઓળખી બતાવેલા છે તો તે હકીકત નકારી છે. પરંતુ મારા મત પ્રમાણે નિવેદનમાં જણાવ્યા મુજબના આરોપીઓના ફોટા બતાવેલા હોત તો આ સાહેદે પોતાની સરતપાસમાં આઠ આરોપીઓના જે નામો આપેલા તે તમામને જુબાની દરમ્યાન ઓળખી બતાવેલા હોત પરંતુ આ સાહેદે ફકત આરોપી નં.૧૬, ૩૫, ૩૭ અને ૭૪ ને જ ઓળખી બતાવેલા છે. તમામ આરોપીઓને ઓળખી બતાવેલા જેથી આરોપીઓના ફોટા પોલીસે બતાવેલાની હકીકત માની શકાય નહિ.

વધુમાં આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા ખુંદપીર દરગાહના કેટલા ટ્રસ્ટીઓ છે તે વિશે, કેટલા ટ્રસ્ટીઓ સંચાલન કરતા હતા તે વિશે, ટ્રસ્ટીઓ પૈકી કોઈ ટ્રસ્ટી દરગાહ ઉપર રહેતા ન હતા તે વિશે, ટ્રસ્ટી કેટલો સમય દરગાહ ઉપર આવતા હતા તે વિશે, દરગાહ ઉપર સુધારા વધારાનું કામકાજ હોય તો મીટીંગ કરવા બાબતે, આવક સંબંધી કોઈ કાર્યવાહી બાબતે, દરગાહના ખજાનચી બાબતે, દરગાહની રસીદો, હિસાબી ચોપડાઓ કોની પાસે રહે છે તે બાબતે, ખજાનચીની ગેરહાજરીમાં કોણ કાર્યવાહી કરે છે તે બાબતે, આ સાહેદની પત્ની, દીકરીઓ અને દીકરો કયાં રહે છે તે બાબતે, દરગાહ ઉપર સાફ સફાઈ કરવા કોણ આવે છે તે બાબતે, દરગાહ ઉપર પગારદાર માણસો મુકવામાં આવેલા નહીં તે બાબતે પ્રશ્નો પુછવામાં આવેલા છે પરંતુ તેથી કરીને આ સાહેદે

પોતાની સરતપાસમાં જે આરોપીઓ દરગાહ ઉપર તા.૧૩–જાન્યુઆરી–૨૦૦૮ થી લઈ તા.૧૫–જાન્યુઆરી–૨૦૦૮ ના સમય સુધી રોકાયેલા ન હતા તેવી હકીકત નીકળી આવતી નથી.

વધુમાં આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા ૧૫ મી તારીખે મેજિસ્ટ્રેટ સાહેબ પાસે ગયા ત્યારે ટોળીયા સાહેબ કે બીજા કોઈ પોલીસના માણસો હાજર હતા નહીં તેમ જણાવે છે. નિવેદન નોંધતી વખતે રૂમમાં આ સાહેદ તથા મેજિસ્ટ્રેટ સિવાય બીજુ કોઈ હાજર ન હતુ તેમ જણાવે છે. નિવેદનમાં જેવુ લખાવશો તેવુ કોર્ટમાં જણાવવુ પડશે તેવુ મેજિસ્ટ્રેટ સાહેબે કહેલાની હકીકત નકારેલી છે. પોલીસ જયારે જયારે જે જે આરોપીઓને લઈને આ સાહેદ પાસે ગયેલી ત્યારે લખાણ થયેલુ અને તેમા સહી કરેલાનું જણાવે છે. જે જે વ્યકિતઓને લઈને પોલીસ આવેલી તેઓને લાવતા પહેલા મેજિસ્ટ્રેટ સાહેબ પાસે ઓળખ પરેડ કરાવેલી નહીં.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ હાલોલ–પાવાગઢ રોડ ઉપર આવેલી ખુંદપીરની દરગાહ ઉપર મુજાવર તરીકે સામાન્ય પ્રકારનું કામકાજ કરી પોતાનું ગુજરાન ચલાવે છે. આ ખુંદપીર દરગાહ ઉપર તેઓ સને–૨૦૦૬ ની સાલથી સેવા કરે છે. તા.૧૩.૧.૨૦૦૮ ના રોજ આરોપી નં.૨ ઈમરાન ઈબ્રાહીમ શેખ ડૉ.સાદાબના નામથી આ સાહેદને મળેલો અને જણાવેલુ કે ૨૦ થી ૨૨ છોકરાઓ બે દિવસ માટે રોકાવવા આવવાના છે જેથી આ સાહેદે હા પાડેલી અને તા.૧૩.૧.૨૦૦૮ થી તા.૧૫.૧.૨૦૦૮ સુધી ૨૦ થી ૨૨ છોકરાઓ દરગાહ ઉપર રોકાવવા આવેલા. આ સાહેદે દરગાહ ઉપર આવેલી પતરાવાળી ધર્મશાળા ખોલી આપેલી અને તેમા તેઓ રોકાયેલા. દરગાહ ઉપરથી બહાર જવા આવવા માટે તેઓ પાછળના દરવાજાનો ઉપયોગ કરતા હતા. સવારે ૯.૦૦ વાગે આ લોકો જતા રહેતા અને રાત્રે પાછા આવતા હતા. છેલ્લા દિવસે આ લોકોએ આ સાહેદને રૂા.૧૦૦/– બક્ષીસ આપેલી. આ સાહેદ મેજિસ્ટ્રેટ રૂબરૂ નિવેદન નોંધાવેલુ તે આંક–૭૯૨૪ થી ૨જૂ છે જેમાં આ સાહેદે પોતની સહી ઓળખી બતાવી છે. નિવેદનમાં જણાવ્યા મુજબની હકીકતો

પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં અદાલત સમક્ષ જણાવેલી છે. કેટલીક હકીકતો જુબાનીમાં વધારે જણાવેલી છે તે હકીકત છે. પરંતુ આ સાહેદ ઉચ્ચ શિક્ષણ મેળવેલા સાહેદ નથી, સામાન્ય વ્યકિત છે, બનાવ પછી ઘણા સમય બાદ જુબાની આપેલી છે માટે ઘણી હકીકતો મેજિસ્ટ્રેટ રૂબરૂના નિવેદન કરતા જુબાનીમાં વધારે આવી શકે છે. આ સાહેદે મેજિસ્ટ્રેટ રૂબરૂ જે નિવેદન આપેલુ છે તે પુરાવાના કાયદાની કલમ–૮૦ તથા ૧૧૪(ઈ) ધ્યાને લેતા પુરાવામાં ગ્રાહય છે. આ સાહેદની જુબાનીથી સ્પષ્ટ બને છે કે અને અન્ય પુરાવાને સમર્થન મળે છે કે તા.૧૩.૧.૨૦૦૮ થી લઈને તા.૧૫.૧.૨૦૦૮ ના સમય દરમ્યાન પાવાગઢ ખાતે આરોપીઓએ કેમ્પ રાખેલા હતા અને તાલીમો મેળવેલી હતી ઉપરાંત જેહાદી ભાષણો થયેલા. આ હકીકતને આરોપી નં.૩૫ તથા આરોપી નં.૨૧ નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબના જે કબૂલાત નિવેદનો મેજિસ્ટ્રેટ રૂબરૂ નોંધાવેલા તેનાથી સમર્થન મળે છે.

આ સાહેદ બાબતે વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, આ સાહેદ દરગાહ ઉપર મુજાવર તરીકે હતા કે નહિ. અને તેમની પહેલા બીજા એક ફકીર દરગાહ ઉપર હતાં. તેઓને ફરિયાદપક્ષે તપાસેલા નથી પરંતુ આ સાહેદે પોતાની સરતપાસમાં સ્પષ્ટ જણાવેલું છે કે, અગાઉ મુજાવર તરીકે ફકિર મહમદ હતાં. જયારે આરોપીઓ દરગાહ ઉપર ત્રણ દિવસ રોકાયા ત્યારે દરગાહ ઉપર આજ સાહેદ મુજાવર તરીકે હતાં. જેથી અગાઉના મુજાવર ફકિર મહમદનું નિવેદન લેવાનો કે તેમને તપાસવાનો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. વધુમાં વકીલશ્રી આર. કે. શાહ દલીલ કરતા જણાવે છે કે, દરગાહ ઉપર સાફ–સફાઇ કરનારને પણ ફરિયાદપક્ષે તપાસેલા નથી પરંતુ મારા મત પ્રમાણે દરગાહ ઉપર સાફ–સફાઇ કરનારને તપાસવા જરૂરી નથી. આરોપીઓ દરગાહ ઉપર ગયા ત્યારે સાહેદ ઇદ્રિશ ફકિરને મળેલાં. તેમની સાથે વાતચીત કરેલી. સાહેદ ઇદ્રિશ ફકિરે રહેવા માટે પતરાવાળી ધર્મશાળા ખોલી આપેલી. આ તમામ કાર્યવાહી ઇદ્રિશ ફકીર સાથે થયેલી. સાફ–સફાઇ કરવાવાળા સાથે થયેલી નહથી માટે તેમને સાહેદ તરીકે તપાસવાની જરૂરિયાત નથી. આ સાહેદ તટસ્થ સાહેદ છે. અગાઉ

આરોપીઓને કયારેય જોયેલા ન હતાં. આરોપીઓ આ સાહેદના દુશ્મન નથી કે તેમને ખોટી રીતે ફસાવે. તપાસ કરનાર અધિકારીઓને પણ આ સાહેદે અગાઉ જોયેલા નથી કે મળેલા નથી કે જેથી કરીને તેઓને ખોટી હકીકત જણાવી તપાસમાં મદદ કરે. આ સાહેદને જુબાની આપતા આ અદાલતે પ્રત્યક્ષ જોયેલા છે. આ અદાલતે આ સાહેદની જુબાની ખુલ્લી અદાલતમાં નોંધેલી છે. આ સાહેદ વિના સંકોચે સ્વયં સ્પષ્ટ રીતે જુબાની આપી છે. જે નહિ માનવાને મારી પાસે કોઇ કારણ નથી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે ફિરોઝ દિલાવર શેખને સાહેદ નં.૧૧૦૬ તરીકે આંક–૭૯૨૯ થી તપાસવામાં આવેલા છે.તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ સને–૨૦૦૮ની સાલમાં ચપ્પલનો ધંધો કરતા હતા અને તે વખતે તેઓ સીરાઝ બાવાનો કુવો, ઉમરાવનગર, મકાન નં.૩ માં રહેતા હતા અને તેમના પિતાજી તે વખતે ઘર નં.૨૫, અર્શ કોલોની, વટવા, અમદાવાદ ખાતે રહેતા હતાં અને તેઓ રીક્ષા ચલાવતા હતાં. આ સાહેદ જે મકાનમાં રહેતા હતા તે બે માળનું મકાન હતું. મકાનમાં નીચેના ભાગે આ સાહેદ રહેતા હતા. મકાનની ઉપરની ભાગે બીજો એક રૂમ હતો. ઉપરના માળે આવેલા રૂમને પતરા હતાં. જાજરૂ–બાથરૂમ ન હતા અને તે રૂમ ખાલી હતો. તેમના પડોશમાં તે વખતે સઇદુ રહેમાન રહેતાં હતાં. આ સાહેદને મકાનનો ઉપરનો રૂમ ભાડે આપવાનો હતો અને આ સઇદુ રહેમાન બે માણસોને લઇને આવેલાં હતાં. સઇદુ રહેમાને કહેલું કે, આપણા બે માણસો છે અને તેમને રૂમભાડે આપવાનો છે. આ સાહેદે કહેલું કે રૂમ ભાડે આપી દઉ. રૂા.૫૦૦૦/– ડિપોઝીટ અને ભાડુ રૂા.૯૦૦/– લઇશ. આ વખતે આ સાહેદ, સઇદુભાઇ તથા પહેલા બે માણસો હતા અને આ વાત થયેલી. આ લોકો નકકી કરી ડિપોઝીટની રકમ તથા ભાડાની રકમ આપીને જતા રહેલાં. આ લોકો પાંચમા મહિનાની સાતમી તારીખે નકકી કરીને ગયેલા. ત્યારબાદ ૧૦ મી તારીખે આ સાહેદે કહેલું કે પહેલા લોકો કયારે આવવાના છે તો કહેલું કે કોન્ટેક કરીને બોલાવી લઉં છું. ત્યારબાદ આ લોકો પાંચમા મહિનાની દસમી તારીખે આવેલાં. આ લોકો બે જણ હતાં અને આવીને ઉપર ગયેલાં. આવનાર બે વ્યકિત

પૈકી એક વ્યકિત કયામુદ્દિન જાડીયો હતો અને બીજો સુભાન તૌકિર પાતળો હતો. આ નામો સઈદુ રહેમાન આ સાહેદ પાસે આ લોકોને લઈને આવ્યો ત્યારે જણાવેલાં. સઈદુ રહેમાને એમ પણ કહેલું કે આ લોકો યુ.પી. તરફના આપણા ગામ બાજુના છે. આ લોકો આવીને ત્યાં રહેવા લાગેલા અને સવારે આઠ વાગ્યે આ લોકો જતા રહેતા અને સાંજે આઠ વાગ્યે પરત આવતાં. તે લોકોને શુક્રવારે રજા રહેતી હતી અને આ સાહેદ ઉપર ગયા ત્યારે આ લોકો કાર્ડનું છાપકામ કરતા હતાં. આ સાહેદ સુન્ની મુસ્લિમ છે અને આ લોકો અહેલે હદિશવાળા હતા અને નમાજ અલગથી પઢતા હતાં. આ અહેલે હદિશવાળા બહુ જ કટ્ટરવાદીઓ હોય છે. આ લોકો દરગાહ ઉપર જતા નથી અને ડાયરેકટ અલ્લાહમાં માને છે. આ લોકોના બધા કોન્ટેક સીમી–બીમી જેવા સાથે હોય છે. આ સાહેદ આ લોકો સાથે વધારે વાતચીત કરતા ન હતાં.

સાહેદ વધુમાં જણાવે છે કે, આ બે લોકો ત્યાં રહેતા હતા અને એક બીજો માણસ તેમની પાસે ત્યાં આવેલો. તે બટકો સરખો હતો અને નાની દાઢી હતી. તે પણ ઉપર રહેવા આવેલો. આ મકાનની નીચે સાહેદની ચપ્પલની દુકાન હતી અને તે ત્રણેય માણસો નીચે ચપ્પલની દુકાને બટકા સરખાને ચપ્પલ અપાવવા આવેલા તેને આ લોકો મુફતી કહેતા હતાં. આ લોકોએ ચપ્પલ લીધેલા અને આ સાહેદે પુંછેલું કે આ ભાઈ અહીંયા રહેવા આવેલો છે? બે માણસનું કહ્યું હતું અને તમે ત્રીજો માણસ કેમ લાવ્યા? તો તે બે જણાઓએ કહેલું કે આ થોડા દિવસ માટે આવ્યો છે અને પછી જતો રહેશે. ત્યારબાદ તે માણસ થોડા દિવસ પછી જતો રહેલો. આ માણસ જતા રહ્યા પછી બે મહિના બાદ પહેલા બે લોકોએ પણ રૂમને લોક મારી દીધેલું. આ લોકો રહેતા હતા ત્યારે એક બીજો ભાઈ પણ આવતો હતો અને તે લોક જોઈને જતો રહેતો હતો. તે ભાઈનું નામ આ સાહેદે સઈદુ રહેમાનને પુંછતા ઐયાઝ નામ કહેલું અને તે વટવામાં રહે છે તેમ કહેલું. આ લોકોએ રૂમ એવી રીતે ખાલી કરેલો કે તેઓની પાસે નાનો સામાન છે અને ઓટોમાં સામાન લઈ જઈશુ અને બહાર ગામ તેઓની ગાડીઓ ૪૦૭ જાય છે અને તેમાં સામાન લઈ જઈશું. ત્યારબાદ આ લોકો ગયેલા અને ઓટો લઈને આવેલાં.

ઓટોમાં સામાન નાંખી દિધેલો અને કહેલું કે અમે આવીએ છીએ. ત્યારબાદ આ લોકો ગયા અને પછી આવેલા નહિ. આ બાબતે પોલીસે તા.૧૮.૮.૨૦૦૮ના રોજ પોલીસે જવાબ લીધેલો.

સાહેદ વધુમાં જણાવે છે કે, તા.૧૮.૮.૨૦૦૮ ના રોજ રાત્રે નવ વાગ્યે પોલીસ એક બટકો સરખો હતો તેને લઈને આવેલી. તેણે નકાબ બાંધેલો હતો. પોલીસે કહેલું કે તમે આ ભાઈને ઓળખો છો? તો કહેલું કે હા, આ મુફ્તી કહેવાય. આ માણસ ત્યાં રૂમમાં રહેવા આવેલો હતો જેથી તેને જોયેલો હતો. સાથે પોલીસના આઠ–દસ અને બીજા બે–ત્રણ માણસો હતાં. તેમાં લેબોરેટરીવાળા પણ હતાં. તે લોકોએ રૂમમાં ચેક કરેલું અને રૂમમાં એક બારી પાછળ એક થેલી મળેલી જેની અંદર વાયરના ટુકડા, ટેપપટ્ટી, નટ–બોલ્ટ, છરા હતાં. એક પુંઠું નાનું કાર્ટુન હતું. આ લોકો એ બધુ લખીને પછી જતા રહેલાં. તે દિવસે પોલીસે આ સાહેદનો જવાબ લીધેલો.

સાહેદ વધુમાં જણાવે છે કે, ત્યારબાદ આ લોકો જતા રહ્યા પછી એક દિવસ પોલીસવાળા સમન્સ લઈને આવેલાં. આ પોલીસવાળા ૨૦૦૮ ના નવમાં મહિનાની ૮ મી તારીખે આવેલા અને સમન્સ આપીને કહેલું કે ઘી કાંટા કોર્ટમાં કોર્ટ નં.૫ માં જતા રહેજો. જેથી સરનામું પુંછતો પુંછતો કોર્ટ નં.૫ માં ગયેલા. ત્યાં પટ્ટાવાળાએ બેસાડેલો અને કહેલું કે સાહેબને પુછીને આવું. ત્યારબાદ પટ્ટાવાળો આ સાહેદને અંદર લઈ ગયેલો અને ત્યાં અંદર સાહેબનું કેબીન હતુ ત્યાં સાહેબ આ સાહેદને પુંછવા લાગેલા કે તમે શા માટે આવ્યા છો? તો કહેલું કે પેલું નિવેદન છે તે જવાબ લખાવવા આવેલો છું. સાહેબે પુંછેલું કે શેનું? તો કહેલું કે ઘર ભાડે આપેલું હતું અને તેની અંદર જે બોમ્બ બ્લાસ્ટનું કાંડ થયેલું તેના માટે જવાબ લખાવવા આવેલો છું. સાહેબે સોગંદ ખવડાવેલા અને જે કહે જે તે સાચુ કહે જે તેમ કહેલું. ત્યારબાદ જે જે કહેલું તે સાહેબે લખેલું. સાહેબે બે પન્ના ભરેલા, સાહેબે સહિ કરેલી અને આ સાહેદે પણ સહિ કરેલી અને જણાવેલું કે સોચી લે અને કાલે આવજે અને ચોવીસ કલાકનો ટાઈમ આપેલો. ત્યારબાદ આ સાહેદ જતા રહેલા અને બીજા દિવસે સાડા ત્રણ વાગ્યે પાછો ત્યાં

પહોંચી ગયેલો. સાહેબે પુંછેલું કે સોચી લીધું? તો કહેલું કે હા. સાહેબે તે જ કાલ વાળો કાગળ કાઢીને બધું આગળ લખેલું. જે લખેલું તે આ સાહેદે પોતે લખાવેલું અને લખાવ્યા પછી આ સાહેદે પાછી સહી કરેલી. સહી કર્યા પછી જતા રહેલા.

આ સાહેદ આંક–૭૯૩૦ વાળા મેજિસ્ટ્રેટ રૂબરૂના નિવેદનમાં તેમની તથા રૂબરૂ તરીકે મેજિસ્ટ્રેટ સાહેબની સહીઓ ઓળખી બતાવે છે અને નિવેદનમાં લખાવેલી હકીકત સાચી હોવાનું જણાવેલ છે. તેમજ નિવેદન સાથેના સમન્સમાં પણ પોતાની સહી ઓળખી બતાવે છે. સાહેદને સેન્ટ્રલ જેલ, અમદાવાદ ખાતે રાખવામાં આવેલ આરોપીઓને વીડિયો કોન્ફરન્સ દ્વારા ટી.વી. સ્ક્રિન દ્વારા બતાવવામાં આવતા સાહેદ નીચે મુજબના આરોપીઓને ઓળખી બતાવે છે.

(૧) આરોપી નં.૧ જાહીદ ઉર્ફે જાવેદ કુત્બુદ્દીન શેખ

(૨) આરોપી નં.૨૩ ઐયાઝ રજાકમીંયા સૈયદ

(૩) આરોપી નં.૩૭ કયામુદ્દિન ઉર્ફે મુસા ઉર્ફે આશપાક ઉર્ફે અબ્દુલ કાદીર ઉર્ફે રીઝવાન ઉર્ફે સમીર સરકુદ્દીન કાપડીયા

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા આ સાહેદને ગુજરાતી બોલતા–વાંચતા કે લખતા આવડતુ નથી તે કબૂલ કરે છે. મેજિસ્ટ્રેટ સાહેબે હિન્દીમાં પુંછેલું, જવાબ હિન્દીમાં આપેલા અને સાહેદે ગુજરાતીમાં લખેલાનું કબૂલ કરે છે. મેજિસ્ટ્રેટ સાહેબ સમક્ષ પોતાની ઈચ્છાથી ગયેલાનું તે કબૂલ કરે છે. તા.૧૮/૦૮/૨૦૦૮ના રોજ પોલીસે પુછપરછ કરી તે પછી મેજિસ્ટ્રેટ સાહેબ પાસે જઈને લખાવવાનું છે તેવું કહેલું નહિ. આ સાહેદે મેજિસ્ટ્રેટ સાહેબને કહેલું કે ઘર ભાડે આપેલું હતુ અને તેની અંદર જે બોમ્બ બ્લાસ્ટનું કાંડ થયેલું તેના માટે જવાબ લખાવવા માટે આવેલો છું. મેજિસ્ટ્રેટ સાહેબ પાસે જે કાંઇ લખાવેલું તે વાંચેલું નહિ તે કબૂલ કરે છે. મકાન ભાડે આપ્યું તે બાબતે કોઇ રસીદ બનાવેલી નહિ તે કબૂલ કરે છે. ભાડા ચીઠ્ઠી પણ બનાવેલી નહિ તે પણ કબૂલ કરે છે. સઇદુ રહેમાન પ્રથમ વખત બે માણસોને લઇને આવ્યા ત્યારે તેમના નામ, સરનામા પુંછેલા નહિ તે કબૂલ કરે છે. બે માણસોને રૂમ ભાડે આપેલો અને ત્રીજો

જે માણસ આવેલો તે ત્રણેયની મેજિસ્ટ્રેટ રૂબરૂ ઓળખ કરાવેલી નહિ તે કબૂલ કરે છે. પોલીસે ત્રણેયના સ્કેચ બતાવેલા નહિ. મુફ્તીનુ નામ ખબર ન હતુ અને તે પુછેલું પણ નહિ. સીમી સંસ્થામાં કયારેય ગયેલા નથી તે કબૂલ કરે છે. સીમીના કોણ કાર્યકરો છે તે ખબર પડે નહિ. જે લોકોને રૂમ ભાડે આપેલો તે લોકોની સાથે વાતચીત થયેલી નહિ તે કબૂલ કરે છે. આ લોકોને મકાન ભાડે આપ્યાની વાત ખોટી જણાવે છે તો તે હકીકત નકારે છે.

વધુમાં આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા મકાનને કેટલા રૂમ છે તે વિશે, પોતે શું કામ કરે છે તે વિશે, પોતાની દુકાન અંગે કોર્પોરેશનમાંથી દાખલો લીધો છે કે કેમ તે વિશે, તેના સેલ્સ ટેકસ નંબર વિશે, ઈન્કમટેક્ષ રીટર્ન બાબતે, ધંધાની હિસાબી ચોપડા બાબતે, બાજુના મકાનમાં કોણ રહે છે તે બાબતે પ્રશ્નો પુંછવામાં આવેલા છે જે બનાવ સાથે સુસંગત નથી. વધુમાં ઊલટ તપાસ ધ્યાને લેતાં. બે વ્યકિતઓને મળવા ત્રીજી વ્યકિત આવતી હતી તે મળીને જતો રહેતો હતો તેવું પોલીસ નિવેદનમાં લખાવેલું નથી તે કબૂલ કરે છે. ભાડે રાખનાર વ્યકિતઓ પાસે બીજી વ્યકિતઓ આવજા કરે છે તેવી કોઇ ફરિયાદ સઇદુને કરેલી નહિ. શુક્રવારના દિવસે સાહેદ મકાન ઉપર ગયા ત્યારે તે લોકો કાર્ડ છાપતા હતા. ત્રીજો માણસ મુફ્તી કેટલા દિવસ રહિને જતો રહેલો તે પોલીસને જણાવેલું નહિ. જે દિવસે મકાનમાં સામાન જોયો ત્યારે તે લોકો કોઇ ખરાબ કામ કરતા હોય તેવી શંકા ગયેલી નહિ પરંતુ મારા મત પ્રમાણે ઓળખીતા વ્યકિત મારફતે આ સાહેદે પોતાનું મકાન ભાડે આપેલું હતું અને તે લોકો કાર્ડ છાપતા હતા અને તેથી ખરાબ કામ કરે છે તેવી શંકા ન જાય તે સ્વાભાવિક છે.

વધુમાં આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતાં મકાનના ઉપરના ભાગે જે રૂમ ભાડે આપેલો તે રૂમમાં બે પલંગ સમાય તેટલી જગ્યાવાળો રૂમ હતો. અગાઉ આ રૂમ કોઇને ભાડે આપેલો નહિ અને ત્યારપછી પણ કોઇને ભાડે આપેલો નથી. સામાન્ય રીતે ભાડૂઆત મકાન ખાલીને ગયા પછી મકાનને નુકસાન થયેલુ છે કે કેમ? તેની તપાસ માલીક કરતા હોય તે કબૂલ કરે છે. મકાન ખાલી કરીને ગયા પછી ડિપોઝીટ રૂા.૫૦૦૦/– પાછી માંગેલી નહિ. પંચનામામાં

ઘરનો કબજો મારી પાસે છે તેવું લખાવ્યા સામે વાંધો લીધેલો નહિ પરંતુ પંચનામું આરોપીઓ મકાન ખાલી કરીને ગયા અને આ બનાવ બન્યા તે પછી બનાવેલું છે માટે પંચનામું કર્યું ત્યારે મકાનનો કબજો આ સાહેદનો હતો તે સ્પષ્ટ છે માટે પંચનામામાં વાંધો લેવાનો કોઇ પ્રશ્ન નથી. પોલીસ આવેલી નથી કે પંચનામું કરેલું નથી તો તે હકીકત નકારી છે. તા.૧૮/૦૮/૨૦૦૮ ના રોજ સોસાયટીની અંદર પોલીસની ત્રણ ચાર ગાડીઓ તથા સિકયુરીટીના માણસો આવેલા અને આખી સોસાયટી ઘેરી લીધેલો તો તે હકીકત નકારી છે. પોલીસના માણસોમાં ચાવડા સાહેબ હતા કે કેમ? તો તેની ખબર નથી. નકાબ પહેરીને આવેલી વ્યકિત ઘરની બહાર ઉભેલી હતી તે કબૂલે છે. પોલીસના માણસોએ તે નકાબવાળી વ્યકિત સાથે વાતચીત કરાવેલી નહિ. નરોડા પાટીયા કેસમાં આ સાહેદ સાક્ષી હતા તે કબૂલ કરે છે. તે કેસના કારણે ચોવીસ કલાક એસ.આર.પી. સિકયુરીટી મળેલી છે તે કબૂલ કરે છે. રૂા.૫૦૦૦/– ડિપોઝીટ લઇને રૂા.૯૦૦/–ના ભાડાથી રૂમ કયામુદ્દિન કાપડીયાને અને તેની સાથે આવેલા બે માણસોને ભાડે આપેલો ન હતો તો તે હકીકત નકારી છે. પોલીસ સાથે વર્ષોથી સંબંધો છે તો તે હકીકત પણ નકારે છે. મેજિસ્ટ્રેટ રૂબરૂ ખોટી વિગતો જાહેર કરી ખોટુ નિવેદન લખાવેલું છે તો તે હકીકત પણ નકારે છે.

આ સાહેદ બાબતે સરકારી વકીલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ સાહેદનુ મકાન વટવા ખાતે આવેલુ હતુ અને તે મકાન સઈદુ રહેમાન મારફતે આરોપી કયામુદ્દિન કાપડીયા તથા અબ્દુલ સુભાન તૌકીરને માસીક રૂા.૯૦૦/– નું ભાડુ તેમજ રૂા.૫૦૦૦/– ડીપોઝીટ નકકી કરીને ભાડે આપેલુ હતુ અને તે મકાનમાં આ આરોપીઓ ગેરકાયદેસર પ્રવૃતિઓ કરતા હતા. જયારે વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, સઈદુ રહેમાનને ફરિયાદ પક્ષે તપાસેલા નથી જેથી સઈદુ રહેમાન મારફતે સાહેદે મકાન ભાડે આપેલુ કે કેમ તે પુરવાર થતુ નથી. આ સાહેદે અદાલત રૂબરૂ આરોપી કયામુદ્દિન કાપડીયાને ઓળખેલો નથી તેને જે આરોપીને ઓળખેલો તે જાહીદ હતો અને આ જાહીદે મકાન ભાડે રાખેલુ નથી. આ સાહેદ ફિરોજે આરોપી એયાઝ સૈયદને

ઓળખી બતાવેલો અને પાછળથી કયામુદ્દિન કાપડીયાને ઓળખી બતાવેલો છે. આમ, અદાલત સમક્ષ આરોપીની ઓળખ સાબિત થતી નથી. પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદે આરોપી અબ્દુલ સુભાન તૌકીરને ઓળખેલો નથી તે હકીકત છે કારણ કે તે આરોપી અદાલત સમક્ષ નથી જયારે આરોપી કયામુદ્દિન કાપડીયાને ઓળખી બતાવેલો છે. વધુમાં વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, આરોપીઓના વર્ણન આ સાહેદે ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪નુ નિવેદન મેજિસ્ટ્રેટ સમક્ષ લખાવ્યુ ત્યારે આપેલુ નથી. આંક–૭૯૩૦ થી નિવેદન રજૂ કરેલુ છે પરંતુ તે નિવેદનમાં આરોપીઓના વર્ણન લખવામાં આવેલા નથી. એટલુ જ નહીં તપાસ કરનાર અધિકારીએ મકાનની તપાસ કરી ત્યારે મકાનમાંથી નટ–બોલ્ટ, છરા, ટેપપટ્ટી વિગેરે મળી આવેલ તે પણ પોલીસ નિવેદનમાં લખાવેલુ નથી. પરંતુ મારા મત પ્રમાણે આ હકીકત પોલીસ નિવેદનમાં નહીં લખાવવાથી આ વસ્તુઓ મળી નથી તેવુ કહી શકાય નહીં. તપાસ કરનાર અધિકારીએ આ મુદ્દામાલ પંચોની હાજરીમાં પંચનામાની વિગતે કબેજ કરેલો છે. વધુમાં વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, ફરિયાદપક્ષે જે ગુમ સાહેદોના ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબના નિવેદનો લીધેલા છે તે નિવેદનો સ્વતંત્ર પુરાવો નથી. ગુમ સાહેદોએ પોલીસ રૂબરૂના નિવેદનો લખાવેલા છે તેમ છતાં ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબના નિવેદનો કેમ લેવા પડયા તે અંગેનો કોઈ ખુલાસો ફરિયાદપક્ષ તરફથી રજૂ થયેલો નથી. આ સંબંધમાં વકીલશ્રી આર. કે. શાહ નીચે મુજબના ચુકાદા ઉપર આધાર રાખે છે.

અ.નં.	**ચુકાદો**	**ચુકાદામાં નિર્ણીત થયેલ મુદ્દાઓ પેકી નિવેદન બાબતે નિર્ણીત મુદ્દો**
૧	બાલકરામ વિરૂધ્ધ સ્ટેટ ઓફ યુ.પી.૧૯૭૪ ક્રી.લો.જ. પાન નં.૧૪૮૬	ચુકાદાના પેરા–૪૭ મુજબ બનાવ પછી સાહેદોના નિવેદનો તપાસ કરનાર અધિકારીએ લીધેલા અને ત્યારબાદ ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબના નિવેદન મેજિસ્ટ્રેટ સમક્ષ નોંધાવવામાં

	સુપ્રીમ કોર્ટ	આવેલા. નામદાર અદાલતે ઠરાવેલુ કે ૧૬૪ ના નિવેદનો સાવચેતીપૂર્વક ધ્યાને લેવા પડે કારણ કે સાહેદને એવુ લાગ્યા કરે કે હવે આ નિવેદનથી મારે આગળ પાછળ થઈ શકાશે નહીં તેવો ભય સાહેદને રહે છે.

વધુમાં વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, ક્રિ.પ્રો. કોડની કલમ–૧૬૪ ના નિવેદનો લીધા છે તે પૈકી કોઈ સાહેદ ફરી ગયા હોય ત્યારે તે નિવેદન સ્વતંત્ર પુરાવા તરીકે લઈ શકાય નહીં તે માટે તેઓ નીચે મુજબના ચુકાદા ઉપર આધાર રાખેલ છે.

અ.નં.	**ચુકાદો**	**ચુકાદામાં નિર્ણીત થયેલ મુદ્દાઓ પૈકી નિવેદન બાબતે નિર્ણીત મુદ્દો**
૧	કુલચંદ વિરૂધ્ધ સ્ટેટ ઓફ યુપી ૨૦૦૪ ક્રી.લો.જ. પાન નં.૧૯૦૪ અલ્હાબાદ	ચુકાદાના પેરા–૧૮ મુજબ સાહેદોએ મેજિસ્ટ્રેટ રૂબરૂ નિવેદનો લખાવેલા તે નિવેદનો ઉપર આધાર રાખવા માટે ફરિયાદપક્ષ તરફથી દલીલ કરવામાં આવેલી કે ૧૬૪નુ નિવેદન સ્વતંત્ર પુરાવો છે. નામદાર અદાલતે ઠરાવેલુ કે ૧૬૪ નુ નિવેદન સ્વતંત્ર પુરાવો નથી . આ નિવેદનનો ઉપયોગ વિરોધાભાસ માટે થાય અને તેને સમર્થનકારી પુરાવા માટે જ ઉપયોગમાં લઈ શકાય.

વકીલશ્રી આર.કે.શાહની દલીલ સાથે હું સંમત છું કે સાહેદ નં.૧૧૦૬ ફીરોઝ દીલાવર શેખનાઓએ પોતાનુ નિવેદન પોલીસ સમક્ષ લખાવેલુ હતુ અને ત્યારબાદ મેજિસ્ટ્રેટ સમક્ષ લખાવેલુ છે. જે આ કામે આંક–૭૯૩૦ થી

રજૂ કરેલુ છે. આ નિવેદન એ સ્વતંત્ર પુરાવો નથી. સાહેદના નિવેદનને તેમજ સાહેદે અદાલત રૂબરૂ જે પુરાવો આપ્યો હોય તેને સમર્થન મળવુ જોઈએ અને સમર્થન મળે તો જ તે નિવેદન સમર્થનકારી પુરાવા તરીકે ગ્રાહ્ય રાખી શકાય. આ કેસમાં આ સાહેદ ફીરોઝનાઓએ વટવા મુકામે આવેલુ મકાન સઈદુ રહેમાન મારફતે આરોપી કયામુદ્દિન કાપડીયા તથા અબ્દુલ સુભાન તૌકીરને ભાડે આપેલુ હતુ. આ મકાનમાં આ આરોપીઓ થોડો સમય સુધી રોકાયેલા સવારે ૮ વાગે જતા રહેતા અને રાત્રે ૮ વાગે તેઓ પરત આવતા હતા. મકાનમાં તેઓ કાર્ડનુ છાપકામ કરતા હતા. સાહેદ ફિરોઝના કહેવા પ્રમાણે આ લોકોના સીમી સાથે કોન્ટેકટ હતા. થોડો ટાઈમ રોકાયા પછી આ લોકો મકાનને તાળુ મારીને જતા રહેલા. અમદાવાદમાં સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવો બન્યા બાદ તપાસ કરનાર અધિકારીએ આ મકાન ઉપર જઈ પંચો અને એફ.એસ.એલ. અધિકારીની હાજરીમાં તપાસ કરી ત્યારે મકાનમાંથી વાયરના ટુકડા, ટેપ પટ્ટી, નટ–બોલ્ટ, છરા વિગેરે મળી આવેલુ હતુ. આ વસ્તુઓનો ઉપયોગ બોમ્બ બનાવવામાં થયેલો હશે કારણ કે બોમ્બ બ્લાસ્ટના બનાવવાળી જગ્યાઓ ઉપરથી વાયરના ટુકડાઓ, ટેપ પટ્ટી, નટ–બોલ્ટ, છરા વિગેરે મળી આવેલા છે. જેથી પણ આ સાહેદના નિવેદનને અન્ય પુરાવાથી સમર્થન મળે છે તેમ કહી શકાય.

સાહેદ નં.૧૧૦૬ ફિરોઝ દિલાવર શેખની જુબાનીના પેરા–૭ તરફ ધ્યાન દોરી વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, મેજિસ્ટ્રેટ સાહેબને આ સાહેદે ટૂંકમાં જણાવેલુ હતુ અને મેજિસ્ટ્રેટ સાહેબે લખેલુ હતુ તેમ સાહેદ જણાવે છે માટે મેજિસ્ટ્રેટશ્રીએ આ સાહેદના લખાવ્યા મુજબ નિવેદન લખેલુ નથી તેવુ કહી શકાય. પરંતુ તેમની આ દલીલ સાથે હું સંમત નથી. આ સાહેદે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનુ નિવેદન મેજિસ્ટ્રેટ રૂબરૂ લખાવેલુ છે. આ સાહેદે જે કંઈ વિગતો મેજિસ્ટ્રેટને જણાવી હોય તે વિગતો મેજિસ્ટ્રેટે લખેલી હોય, મેજિસ્ટ્રેટને પોતાની જાતે વિગતો લખી દેવાનું કોઈ કારણ હોતુ નથી. મેજિસ્ટ્રેટશ્રીએ જે કંઈ કાર્યવાહી કરેલી તે ફરજના ભાગ રૂપે કરેલી છે. આરોપીઓ સાથે કોઈ દુશ્મનાવટ નથી કે જેથી કરીને આ સાહેદનુ નિવેદન

આરોપીઓને ગુનામાં સંડોવે તેવુ લખે. વધુમાં વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે આ સાહેદ મેજિસ્ટ્રેટ પાસે તેમની ઈચ્છાથી ગયેલા નથી. પરંતુ મારા મત પ્રમાણે આ બાબતે કોઈ માપદંડ નથી કે મેજિસ્ટ્રેટ સમક્ષ આ સાહેદ પોતાની ઈચ્છાથી ગયેલા નથી. વધુમાં વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે વટવા ઉમરાવ નગર ખાતે આ સાહેદે પોતાનુ મકાન આરોપી નં.૩૭ તથા તૌકીરને ભાડે આપેલાની હકીકત છે પરંતુ ભાડાનો કોઈ કરાર બનાવેલો નથી. તેઓની દલીલ સાથે હું સંમત છું કે ફરિયાદપક્ષે ભાડા અંગેનો કોઈ કરાર રજૂ કરેલો નથી પરંતુ સાથે સાથે વાસ્તવિક હકીકત પણ વિચારણા હેઠળ લેવી પડે. વટવા ખાતે ઉમરાવનગર ગીચ વસ્તીવાળો વિસ્તાર છે અને નાના નાના મકાનો આવેલા છે. આવા વિસ્તારમાં કોઈ વ્યકિત મકાન ભાડે આપે તો તે અંગેના કોઈ કરારો સામાન્ય રીતે કરતા હોતા નથી. તેટલુ જ નહીં ભાડે આપેલા મકાનો લાંબો સમય સુધી ભાડે આપેલા હોતા નથી પરંતુ બે, પાંચ કે છ માસ માટે ભાડે અપાતા હોય છે અને આટલા ટુંકા સમય માટે ભાડે આપેલા કોઈ મકાનોના કરારો કરતા હોતા નથી. એટલુ જ નહીં આવા વિસ્તારોમાં રહેતા માણસો મોટા ભાગે ગરીબ અને અશિક્ષિત હોય છે. મકાન ભાડે આપે ત્યારે ભાડા કરાર કરવો જોઈએ તેનુ જ્ઞાન પણ તે લોકોને હોતુ નથી અને તેના કારણે પણ ભાડા કરારો થતા નથી માટે એવુ કહી શકાય નહીં કે મકાન ભાડે આપેલુ નથી. જે મકાન ભાડે આપેલું તે મકાન નથી પરંતુ મકાનની અંદરનો એક નાનો રૂમ છે અને નાનો રૂમ ભાડે આપ્યાનો કરાર ના જ હોય. આ બાબતે સાહેદ નં.૧૧૪૧ ઐયાજ સૈયદની જુબાની ધ્યાને લેતા પણ આરોપી નં.૩૭ તથા તૌકીરનાઓએ સાહેદ નં.૧૧૦૬ ફિરોઝનું મકાન ભાડે રાખેલાની હકીકત જણાવેલી છે. વધુમાં વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે આ સાહેદે આરોપી નં.૧૫ ને ચપ્પલ વેચેલા હતા તેવી હકીકત છે પરંતુ સાહેદની ચપ્પલની દુકાન હોય તે અંગે કોઈ પુરાવો નથી, સાહેદ ઈન્કમટેક્ષ કે સેલ્સ ટેક્ષ ભરતા નથી. પરંતુ મારા મત પ્રમાણે સાહેદનો બ્રાન્ડેડ બુટ ચપ્પલનો શો–રૂમ નથી કે જેથી તે સેલ્સટેક્ષ અને ઈન્કમટેક્ષ ભરે, ગીચ વસ્તીવાળા વિસ્તારમાં

નાની સરખી દુકાન કરીને ગરીબ લોકોને સસ્તા ભાવે અને સસ્તા ચપ્પલ વેચીને પોતાનુ તથા પોતાના કુટુંબનું ભરણપોષણ કરતા હોય તેવા વેપારી પાસેથી ઈન્કમ ટેક્ષ કે સેલ્સ ટેક્ષ નંબરની માંગણી કરવી તે મશ્કરી સમાન ગણાય. આવા લોકોને ઈન્કમ ટેક્ષ અને સેલ્સ ટેક્ષની ખબર પણ ના હોય. વધુમાં વકીલશ્રી એલ. આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે મકાન ભાડે આપ્યા ત્યારે આ સાહેદ ધંધો કરતા હતા પરંતુ જુબાની આપી ત્યારે તેઓ આ ધંધો કરતા ન હતા. પરંતુ મારા મત પ્રમાણે કોઈપણ વ્યકિત આખી જિંદગી એક જ પ્રકારનો ધંધો કરે તે જરૂરી નથી, પોતાનો ધંધો ગમે ત્યારે પણ બદલી શકે. વધુમાં વકીલશ્રી એલ. આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, વટવા, ઉમરાવનગર ખાતેના મકાનમાંથી જે મુદ્દામાલ મળેલો તે બોમ્બની સામગ્રીને લગતો ન હતો, ભાડે રાખનાર વ્યકિતઓએ મકાન બંધ કરીને ચાવી સાહેદ નં.૧૧૦૬ ફીરોઝ શેખને સોંપીને જતા રહેલાની હકીકત પુરાવામાં છે અને તે લોકો ચાવી આપીને ગયા પછી ૧૫ દિવસ સુધી મકાનનો કબજો સાહેદ ફીરોઝ શેખ પાસે હતો માટે જે કંઈ મુદ્દામાલ મળી આવેલો તેના માટે જવાબદાર સાહેદ ફીરોઝ શેખ છે. વકીલશ્રી એલ.આર. પઠાણની આ દલીલ સાથે હું સંમત નથી કારણ કે સાહેદની જુબાની ધ્યાને લેતા ભાડે લેનાર લોકો મકાન બંધ કરીને ગયા પછી સાહેદ ફીરોઝ શેખે તે મકાન ખોલેલુ ન હતુ. જેથી મકાનમાંથી જે કંઈ મુદ્દામાલ મળેલો તે મકાન ભાડે રાખનાર આરોપી નં.૩૭ તથા તૌકીરનો હતો. વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે સાહેદ ફીરોઝ શેખ અને સાહેદ ઐયાજ સૈયદની જુબાનીઓમાં ઘણા વિરોધાભાસ છે. મકાનમાંથી વાયરના ટુકડા મળેલા છે જે દરેક જગ્યાએ મળતા હોય છે. તેઓની દલીલ સાથે હું સંમત છું કે મકાનમાંથી વાયરના ટુકડાઓ મળેલા છે અને તેના જેવા ટુકડાઓ દરેક જગ્યાએ મળે છે. પરંતુ મકાનમાંથી ફકત વાયરના ટુકડા જ નહીં અંગ્રેજી પેપર, બોલ્ટ, છરા વિગેરે પણ મળેલ છે અને આ મુદ્દામાલ છરા, બોલ્ટ જેવા જ છરા અને બોલ્ટ બોમ્બ બ્લાસ્ટવાળી જગ્યા ઉપરથી પણ મળી આવેલા છે.

આ સાહેદ બાબતે વકીલશ્રી ડી.ડી.પઠાણ દલીલ કરતા જણાવે છે કે આ સાહેદ વટવા મુકામે આવેલ ઉમરાવનગર સોસાયટી મકાન નં.૩ ના માલીક છે. આ સાહેદના કહેવા મુજબ તેમના મકાનના ઉપરના ભાગે આવેલો રૂમ ભાડે આપવાનો હતો માટે સઈદુ રહેમાન બે માણસોને લઈને આવેલો. જયારે સાહેદ નં.૧૧૪૧ એૈયાજ સૈયદ આ હકીકત જણાવતો નથી. સાહેદ નં.૧૧૪૧ જણાવે છે કે આરોપી નં.૩૭ કયામુદ્દીન, તૌકીર અને સાહેદ પોતે ત્રણેયજણા સઈદુ રહેમાન પાસે ગયેલાનું જણાવે છે. જયારે આ સાહેદ નં.૧૧૦૬ તેઓની પાસે બે માણસો આવેલાનું જણાવે છે. કયા બે માણસો આવેલા તેઓના નામ સાહેદ નં.૧૧૦૬ જણાવતા નથી. સઈદુ રહેમાન મરણ ગયેલા હોવાથી ફરિયાદપક્ષે તપાસેલા નથી. સાહેદ નં.૧૧૦૬ તથા સાહેદ નં.૧૧૪૧ નાઓની જુબાનીઓ વિરોધાભાસી છે જેથી તેઓની જુબાની ઉપર ભરોસો રાખી શકાય તેમ નથી. પરંતુ મારા મત પ્રમાણે બનાવ બાદ ઘણા સમય પછી આ બંને સાહેદોએ અદાલતમાં જુબાનીઓ આપેલી હોવાથી થોડાઘણા અંશે જુબાનીઓમાં વિરોધાભાસ આવે તેથી કરીને એવુ કહી શકાય નહી કે આરોપી નં.૩૭ કયામુદ્દીન તથા તૌકીરનાઓએ સાહેદ નં.૧૧૦૬ નું વટવા ઉમરાવનગર ખાતે આવેલુ મકાન ભાડે રાખેલુ નથી.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો સઈદુ રહેમાન તેમની પડોશમાં રહેતા હતા અને તે બે માણસોને લઈને આ સાહેદને મકાનનો ઉપરનો રૂમ ભાડે લેવા માટે આવેલા અને રૂા.૫૦૦૦/– ડિપોઝીટ અને રૂા.૯૦૦/– ભાડુ પાંચમા મહિનાની સાતમી તારીખે નકકી કરેલું અને તે લોકો પાંચમા મહિનાની દસમી તારીખે રહેવા આવેલા તે પૈકી એક કયામુદ્દિન અને બીજો તૌકિર હતો અને તેમને મળવા માટે મુફતી આવતો હતો. આ લોકો રૂમ ખાલી કરીને જતા રહ્યા પછી આ સાહેદને આપેલી ડિપોઝીટની રકમ રૂા.૫૦૦૦/– પરત લેવા આવેલા નથી અને પોલીસ જયારે મકાન ઉપર આવી ત્યારે તેમની સાથે લેબોરેટરીના માણસો પણ હતા અને મકાનમાંથી વાયરના ટુકડા, ટેપપટ્ટી, નટ–બોલ્ટ, છરા, પુંઠાનું નાનુ કાર્ટુન વિગેરે મળી આવેલા અને જપ્ત કરેલા હોવાનું માલુમ પડે છે. આ સાહેદે મેજિસ્ટ્રેટ રૂબરૂ જે નિવેદન આપેલું તે

આંક–૭૯૩૦ થી ૨જૂ છે. જેમાં આ સાહેદે પોતાની સહીઓ કરેલી છે. સહીઓ ઓળખી બતાવેલી છે માટે પુરાવાના કાયદાની કલમ–૮૦ તથા કલમ–૧૧૪(ઇ) મુજબ આ નિવેદન પુરાવામાં ગ્રાહ્ય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે મહમદઉંમર ઉસ્માનભાઇ મન્સુરીને સાહેદ નં.૧૧૧૫ તરીકે આંક–૮૦૦૨ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેમના પિતાનું નામ ઉસ્માનભાઇ ફકિરભાઇ મન્સુરી સને–૨૦૦૮ની સાલમાં પ્લમ્બીંગનું કામ કરતા હતા. તેઓ વાડી વિસ્તારમાં વાડી,તાઇવાડામાં રહે છે. તેઓ સીઝન પુરતો પતંગનો ધંધો શરૂ કરેલો અને પ્લમ્બીંગનું કામ પણ કરેલું. તાઇવાડામાં તેમના મિત્રો કયામુદ્દિન સરકુદ્દિન કાપડીયા, ઉસ્માન અનીસભાઇ અગરબત્તીવાલા, ઇમરાન ઇબ્રાહિમ શેખ આ સાહેદના ફળિયાના છે અને તેઓને બચપણથી ઓળખે છે અને ક્રિકેટ પણ સાથે રમતા હતાં. આ કયામુદ્દિનની સાથે ઇકબાલ શેખ, યાકુતપુરામાં રહેતા હતા તેઓ પણ આવતાં હતાં.

સાહેદ વધુમાં જણાવે છે કે, તા.૭.૧૨.૨૦૦૮ ના રોજ અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચની પોલીસે તેમનો જવાબ લીધેલો. માર્ચ–એપ્રિલ મહિનામાં એમ.પી.ની પોલીસ વડોદરા મુકામે કયામુદ્દિનને શોધવા આવેલી. કયામુદ્દિનને શોધવા આવીને જણાવેલું કે, હાલોલ–કેરાળામાં કંઇક કેમ્પ કરેલું છે અને તેને પકડવાનો છે. કયામુદ્દિન ફરાર હતો. કયામુદ્દિનનો આ સાહેદ ઉપર વાપીથી ફોન આવેલો હતો અને કહેલું કે ઘરમાં વાત કરવી છે અને આ રાત્રે આઠ વાગ્યે ફોન કરીશ તેમ કહી તેણે ફોન કાપી નાંખેલો. ત્યારબાદ રાત્રે આઠ વાગ્યે ફરીથી તેનો ફોન આવેલો જેથી આ સાહેદે તેનો ફોન તેના ભાઇને આપી દીધેલો જેથી તેણે તેના ભાઇ સાથે વાત કરીને ફોન પાછો આપી દિધેલો. તેના ભાઇનું નામ રફિયુદ્દિન છે. ત્યારબાદ બીજા દિવસે કયામુદ્દિનનો ફરીથી ફોન આવેલો. આ ફોન દિલાવર ઘીવાલાનો ફોન નંબર લેવા માટે આવેલો હતો. જેથી દિલાવર ઘીવાલાનો નંબર આપેલો અને ફોન કાપી નાંખેલો.

સાહેદ વધુમાં જણાવે છે કે, ત્યારબાદ જુલાઇ મહિનાના પહેલા વીકમાં કયામુદ્દિનનો ફરીથી ફોન આવેલો અને આ સાહેદને ઓલ્ડ પાદરા રોડ, તાંદલજા બોલાવેલો. જેથી આ સાહેદ તેની બાઇક લઇને તેને મળવા માટે ગયેલો અને તે પણ તેની બાઇક લઇને આવેલો. ત્યારબાદ બાઇક લઇને આગળ ગોત્રી રોડ ઉપર ગયેલાં. ત્યાં એક રેસ્ટોરેન્ટમાં થોડો નાસ્તો કરેલો અને ત્યાં બેઠેલા અને વાતચીત કરેલી. ત્યાં કયામુદ્દિને ગોધરાનો બદલો લેવા વાત કરેલી. તેણે કહેલું કે વડોદરામાં બ્લાસ્ટ કરવાના છે. ગુજરાતમાં જુદી–જુદી જગ્યાએ પણ બ્લાસ્ટ કરવાના છે અને તેના માટે મદદ કર. તેણે એવું પણ જણાવેલું કે એવી ભીડભાડવાળી અને હિન્દુઓની વધારે વસ્તીવાળી જગ્યા હોય ત્યાં જા અને બ્લાસ્ટ કરવા માટે તું રેકી કર. તેણે આ વાત કરી ત્યારે આ સાહેદ ગભરાઇ ગયેલો અને ના પાડેલી. આ સિવાય બીજી કોઇ વાત કરેલી નહિ. ત્યારબાદ ત્યાંથી છુટા પડી ગયેલા. વધુમાં સાહેદ જણાવે છે કે ત્યારબાદ જુલાઇ મહિનામાં અમદાવાદ શહેરમાં બ્લાસ્ટ થયેલાં અને સુરતમાં બોમ્બ પકડાયેલાં અને તેમાં કયામુદ્દિનનું, ઉસ્માન, ઇમરાન, ઇકબાલના નામો આવેલાં તે આ સાહેદે ટી.વી. ઉપર જાણેલું અને ન્યૂઝ પેપર દ્વારા પણ તેઓના નામ આવેલાનું જાણેલું.

વધુમાં સાહેદ જણાવે છે કે પોલીસે આ સાહેદનો જવાબ લીધા પછી આશરે દસેક દિવસ બાદ સમન્સ મળેલો. ત્યારબાદ કોર્ટમાં ૨૨ મી તારીખે ગયેલો. આ સાહેદ અમદાવાદ ઘી કાંટા કોર્ટમાં ગયેલો. તે કોર્ટ ૧૨ નંબરની હતી. ત્યાં કોર્ટમાં કલાર્ક મળેલાં. કલાર્કે એક–બે કલાક બેસાડેલો અને સાંજે મેજિસ્ટ્રેટ સાહેબ પાસે નિવેદન લખાવેલું. આ સાહેદે પોલીસને જવાબ આપેલો હતો તેવું જ મેજિસ્ટ્રેટ સાહેબને નિવેદન આપેલું. આ સાહેદનું નિવેદન સોગંદ ખવડાવીને લીધેલું અને આ સાહેદ કહેતા ગયેલા અને નિવેદન લખતા ગયેલાં. નિવેદન લખાય ગયા પછી આ સાહેદે વંચાવેલું અને પછી સહી લીધેલી. આ સાહેદ આંક–૮૦૦૩ વાળા મેટ્રોપોલીટન કોર્ટ નં.૧૨ નાઓ સમક્ષ લખાવેલા નિવેદનમા તેમની સહી ઓળખી બતાવે છે. નામ.કોર્ટના રેકર્ડમાંથી બતાવવામાં આવે છે અને તેમાં લખેલી હકીકત સાચી હોવાનું જણાવેલ છે.

આમ, આ સાહેદની સરતપાસ ધ્યાને લેતા જે આરોપીઓના નામ જણાવેલા છે તે નીચે મુજબ છે.

(૧) આરોપી નં.૨ ઈમરાન ઈબ્રાહીમ શેખ

(૨) આરોપી નં.૭ મોહંમદ ઉસ્માન ઉર્ફે ઉસ્માન મોહંમદ અનીસ અગરબત્તીવાલા

(૩) આરોપી નં.૩૫ રફીયુદ્દીન સરકુદ્દીન કાપડીયા (મુસ્લિમ)

(૪) આરોપી નં.૩૭ કયામુદ્દીન ઉર્ફે મુસા ઉર્ફે અશપાક ઉર્ફે અબ્દુલ કાદીર ઉર્ફે રીઝવાન ઉર્ફે સમીર સરકુદ્દીન કાપડીયા

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતાં પોલીસ જવાબ લેવા વડોદરા મુકામે આવેલી, પોલીસે પુછપરછ કર્યા પછી સહી લીધેલી નહીં તેમ જણાવે છે. મેજિસ્ટ્રેટ સાહેબે નિવેદન લીધાનું જણાવે છે. મેજિસ્ટ્રેટ સાહેબને નિવેદન આપવુ છે તેવી જાણ પોલીસને કરેલી નહીં તે કબૂલ કરે છે. મેજિસ્ટ્રેટ સાહેબ પાસે ગયા ત્યારે એકલા ગયેલાનું જણાવે છે. મેજિસ્ટ્રેટ સાહેબ પાસે જે લખાવેલુ તે વાંચેલુ નહીં તે કબૂલ કરે છે પરંતુ સાહેદે જણાવેલુ છે કે સાહેબે વંચાવેલુ હતુ. મેજિસ્ટ્રેટ સાહેબ પાસે કેટલા વાગે પહોંચેલા તે સમય યાદ નથી. મેજિસ્ટ્રેટ સાહેબને બધી હકીકત સીધે સીધી લખાવી દીધાનું કબૂલ કરે છે. ગેરકાયદેસર પ્રવૃત્તિના કાયદાનું જ્ઞાન નથી, કોઈ પણ કાયદાનું જ્ઞાન નથી, કઈ કલમો નીચે કયો ગુનો બને તેનુ પણ જ્ઞાન નથી. મારા મત પ્રમાણે આ સાહેદ સામાન્ય વ્યકિત છે તેમને કાયદાનો અભ્યાસ કરેલો નથી માટે તેઓને કાયદાનું જ્ઞાન ન હોય જેથી આ સાહેદને આવા પ્રશ્નો પુછવાનો કોઈ અર્થ નથી. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા મેજિસ્ટ્રેટ સાહેબે નિવેદન લેતા પહેલા કોઈ સુચના આપેલી નહીં. મેજિસ્ટ્રેટ સાહેબે નિવેદન ચેમ્બરમાં લીધેલાનું કબૂલ કરે છે. નિવેદન કેટલા વાગ્યે શરૂ થયેલુ અને કેટલા વાગ્યે પુરૂ થયેલુ તેની ખબર નથી. પરંતુ મારા મત પ્રમાણે નિવેદન આપ્યા બાદ આ સાહેદે ઘણા સમય પછી જુબાની આપેલી હોવાથી સમય યાદ ન હોય અને સમય યાદ રાખવાનો પણ ન હોય. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા પોલીસે પુછપરછ કરી તે પછી દસેક દિવસ

બાદ મેજિસ્ટ્રેટ પાસે ગયેલા. મેજિસ્ટ્રેટ સાહેબ પાસે ગયા તે પહેલા પોલીસે વોચ રાખેલી હતી તો તે હકીકત નકારી છે. મેજિસ્ટ્રેટ સાહેબ પાસે ગયા તે વખતે પોલીસ સાથે હતી તો તે હકીકત નકારી છે. ચેમ્બરમાં આ સાહેદ તથા મેજિસ્ટ્રેટ બે જ હાજર હતા, કલાર્ક હાજર હોવાની હકીકત નકારેલ છે. મેજિસ્ટ્રેટ સાહેબે નિવેદન લખ્યુ નથી તો તે હકીકત નકારેલી છે. મેજિસ્ટ્રેટ સાહેબે જાતે તેમના હસ્તાક્ષરમાં નિવેદન લખ્યુ નથી તો તે હકીકત નકારેલી છે. પોલીસે આ સાહેદનો મોબાઈલ ફોન કબજે કરેલો નથી. કયામુદ્દીને જુલાઈ મહિનામાં ફોન કર્યો તે અંગેનો કોઈ પુરાવો પોલીસને આપેલો નહીં તે કબૂલ કરે છે. કયામુદ્દીને ફોન કરેલો જ નથી તો તે હકીકત નકારેલી છે. પોલીસના કહેવાથી કયામુદ્દીને ફોન કરી ઓલ્ડ પાદરા રોડ ઉપર બોલાવેલો તેમ જણાવે છે તો તે હકીકત નકારેલી છે. વડોદરામાં બ્લાસ્ટ કરવાના છે તો તું મદદ કર તેવુ કયામુદ્દીને કહેલુ નથી તો તે હકીકત નકારી છે. કયામુદ્દીને ઓલ્ડ પાદરા રોડ ઉપર મળવા બોલાવેલાની હકીકત પોલીસને જણાવેલી નથી. આરોપીઓ તરફથી એવો પ્રશ્ન પુછવામાં આવેલો છે કે "તમને ખબર હતી કે કયામુદ્દીન ભાગતો ફરે છે અને પોલીસ તેને શોધે તો તમારી ફરજ હતી કે પોલીસને જાણ કરવી જોઈએ તેવુ તમને ન લાગ્યુ?" તો સાહેદે જણાવેલુ છે કે હું ગભરાયેલો હતો. સ્વાભાવિક છે કે આવો બનાવ બને અને પોલીસ જયારે કયામુદ્દીનને શોધતી હોય ત્યારે પોતે પણ આ ગુનામાં સંડોવાય જશે તેવી બીક અને ભયના કારણે આ સાહેદે આ હકીકત પોલીસને જણાવી ન હોય.

વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા મધ્યપ્રદેશની પોલીસ કઈ તારીખે અને કયા દિવસે આવેલી તેની ખબર નથી પરંતુ માર્ચ, એપ્રિલમાં આવેલાનું જણાવે છે. મધ્યપ્રદેશની પોલીસ આવેલાની હકીકત વાતોવાતથી જાણવા મળેલાનું કબૂલ કરે છે. મધ્યપ્રદેશની પોલીસ આ સાહેદના ઘરે આવેલી અને પુછપરછ કરેલી હોય તો તેવુ બનેલુ નથી. કયામુદ્દીન અને રફીયુદ્દીન વચ્ચે આ સાહેદે વાતચીત કરાવેલી તે વખતે રફીયુદ્દીન મોબાઈલ રાખતો હતો કે કેમ? તે ધ્યાનમા નથી. આવી કોઈ વાતચીત કરાવેલી નથી તો તે હકીકત નકારી છે.

કયામુદ્દીને ઓલ્ડ પાદરા રોડ ઉપર બોલાવ્યો ત્યારે જે વાતચીત થયેલી તેની નોંધ રાખેલી નથી. આવુ કાંઈ બનેલુ નથી માટે નોંધ રાખી નથી તો તે હકીકત પણ નકારી છે. પોલીસના કહેવાથી સાક્ષી બનેલા છે અને પોલીસના કહેવાથી ખોટી હકીકત જુબાનીમાં જણાવેલી છે તો તે હકીકત પણ નકારે છે. ઈમરાન શેખ, ઉસ્માન અગરબત્તીવાલા અને ઈકબાલ શેખ કઈ તારીખે પકડાયેલા તેનો ખ્યાલ નથી.

વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતાં જુલાઈ–૨૦૦૮ થી ૬ ડિસેમ્બર ૨૦૦૮ દરમ્યાન આ સાહેદ વડોદરામાં રહેતા હતા. તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ અમદાવાદમાં બોમ્બ બ્લાસ્ટ થયા પછી રોજીંદુ કામકાજ કરતા હતા. અમદાવાદમાં થયેલા બોમ્બ બ્લાસ્ટ અને સુરતમાં થયેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવ બાબતે જુલાઈ–૨૦૦૮ થી ડિસેમ્બર–૨૦૦૮ના સમય દરમ્યાન અમદાવાદ, સુરત કે વડોદરાના કોઈપણ પોલીસ સ્ટેશનમાં નિવેદન આપવા કે ફરિયાદ આપવા ગયેલા નથી. મારા મત પ્રમાણે ભારતના લોકોની માનસિકતા મુજબ આવા બનાવોની કોઈપણ વ્યકિત સામે ચાલીને પોલીસ સ્ટેશનમાં ફરિયાદ લખાવવા જતી હોતી નથી કારણ કે આવી વ્યકિતઓ પોલીસ તેમજ કોર્ટમાં જવાથી ગભરાતા હોય છે અથવા કેસમાં સંડોવાય જશે તેવી બીકના કારણે જતા હોતા નથી. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા રોજબરોજની પ્રવૃત્તિઓ વિશે કે અગત્યની ઘટનાઓ વિશે કોઈ ડાયરીમાં નોંધ કરી નથી કે આવી કોઈ ડાયરી આ સાહેદે રાખેલી નથી. અમદાવાદ બોમ્બ બ્લાસ્ટ તેમજ સુરતમાં બોમ્બ પ્લાન્ટેશન બાબતેની માહિતી કયામુદ્દીન સિવાય બીજા કોઈ અન્ય મિત્રો દ્વારા જાણવા મળેલી નહીં. બોમ્બ બ્લાસ્ટમાં કયામુદ્દીન સંકળાયેલ છે તે અંગેની માહિતી સૌપ્રથમ તા.૭.૧૨.૨૦૦૮ ના રોજ પોલીસ જવાબમાં જણાવેલી. તા.૭.૧૨. ૨૦૦૮ ના રોજ પોલીસે બોલાવેલા ન હોત તો આવી કોઈ જાણ કરેલી ન હોત. કયામુદ્દીને જુલાઇ ૨૦૦૮ મા જે વાત કરેલી તેની કોઈ ખરાઈ કરેલી નહીં તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે વાતોની ખરાઇ કરવી જોઇએ તેવો કોઇ નિયમ નથી.

વધુમાં આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા કયામુદ્દીને તેના ભાઈ રફીયુદ્દીન સાથે વાતચીત કર્યા અંગેનો કોઈ દસ્તાવેજી પુરાવો નથી. તા.૨.૧૨. ૨૦૦૮ થી તા.૭.૧૨.૨૦૦૮ દરમ્યાન વડોદરામાં રહેતા હતા તે બાબતે કોઈ દસ્તાવેજી પુરાવો નથી. આસીફ ઉસ્માન શેખ, આસીફ વોરા, સાદાબ પાનવાલા, ઈરફાન તથા રફીકબાબા આ સાહેદના મિત્રો છે તે કબૂલ કરે છે. આસીફ નપારા અને રફીકબાબા બંને આ કેસમાં સાક્ષી છે તે કબૂલ કરે છે. આ લોકોને આ સાહેદ પંદર દિવસે મળે છે તેમ જણાવે છે. તા.૭.૧૨.૨૦૦૮ ના રોજ પોલીસને જવાબ આપવા માટે પોલીસ તરફથી કોઈ નોટિસ આવેલી નહીં તેમ જણાવે છે. પરંતુ પોલીસે નોટિસ ન આપી હોય તેનો અર્થ એવો ન થાય કે આ સાહેદે પોલીસ સમક્ષ જવાબ લખાવેલો નથી. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો જવાબ લેવા માટે પોલીસ અધિકારી મયુર ચાવડા, આર.વી.અસારી, એ.એફ. સીંધી આવેલા હતા તો તે હકીકત નકારેલી છે. સાહેદે જણાવેલુ છે કે આર.વી. અસારી આવેલા હતા. જવાબ લીધો ત્યારે મયુર ચાવડા તથા એ.એફ.સીંધી હાજર હોવાની હકીકત નકારી છે. તા.૭.૧૨.૨૦૦૮ થી તા.૨૨.૧૨.૨૦૦૮ દરમ્યાન કોઈના તરફથી ધાક–ધમકી મળી હોય કે બીક લાગી હોય તેવુ બનેલુ નથી. મેજિસ્ટ્રેટ સાહેબ સમક્ષ જવાબ લખાવો તેવુ મૌખિકમાં કે પત્ર દ્વારા અસારી સાહેબને જણાવેલુ નહીં. તા.૨૨.૧૨.૨૦૦૮ નાં રોજ મેજિસ્ટ્રેટ સાહેબ પાસે જવાબ લખાવવાનો છે તેવો સમન્સ મળેલો તે હાલ સાહેદ પાસે નથી. મેજિસ્ટ્રેટ સાહેબે નિવેદન લખ્યા પછી વંચાવેલુ અને સહી લીધેલાનું જણાવે છે આ હકીકત આર.વી.અસારીને જણાવેલી નથી. પ્રોસીજર બાબતેની તમામ હકીકત કોર્ટમાં પ્રથમ વખત જણાવી છે તે કબૂલ કરે છે. આ સાહેદ ઉપર જુગારનો કેસ નોંધાયેલો છે તે કબૂલ કરે છે. ભુરાભાઈ પોલીસના બાતમીદાર તરીકે કામ કરે છે તે કબૂલ કરે છે. પોલીસે રેડ પાડેલી તે વિશે, ભાગવા જતા પગ તુટી ગયેલો તે વિશે, ભુરાભાઈ પોલીસનું કામ પતાવી દેતા હોય છે તે વિશે પ્રશ્નો પુછેલા છે જે અર્થહીન છે અને આવા પ્રશ્નોને બનાવ સાથે કોઈ લેવા દેવા નથી.

વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા તા.૨.૧૨.૨૦૦૮ થી અમદાવાદ શહેરની ક્રાઈમ બ્રાન્ચની કસ્ટડીમાં હતા તો તે હકીકત નકારી છે. આ સાહેદ સાથે વડોદરાના અન્ય વ્યકિતઓને ગેરકાયદેસર અટક કરી મારઝુડ કરી હોવાની હકીકત નકારી છે. ભુરાભાઈએ પોલીસ સાથે આ સાહેદને સાક્ષી બનાવવાનું નકકી કરેલાનું પણ નકારે છે. પોલીસના મારની બીકના કારણે તા.૭.૧૨. ૨૦૦૮ ના રોજ ખોટુ નિવેદન લખાવેલાનું નકારે છે. પોલીસ આ સાહેદ પાસે કેટલી વખત આવેલી તે વિશે, સાહેદના ધંધા વિશે, ધંધો કરવા કોના–કોના ઘરે જાય છે તે વિશે અર્થહીન પ્રશ્નો પુછેલાનું માલુમ પડે છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા માર્ચ–૨૦૦૮ થી ડિસેમ્બર–૨૦૦૮ના સમય દરમ્યાન ઘરે ન્યૂઝ પેપર આવતુ હતુ અને ટી.વી.માં સમાચાર પણ જોતા હતા. ટી.વી.માં તથા ન્યૂઝ પેપરમાં બ્લાસ્ટના પકડાયેલા આરોપીઓના નામો આવતા હતા તે બહુ ધ્યાનમાં નથી.

વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, આ સાહેદની જુબાનીથી આરોપી કયામુદ્દિનની જુબાનીને સમર્થન મળે છે. આ સાહેદના કહેવા પ્રમાણે માર્ચ–૨૦૦૮ મા મધ્યપ્રદેશની પોલીસ વડોદરા મુકામે કયામુદ્દિનને શોધવા આવેલી હતી અને કયામુદ્દિનના કહેવા પ્રમાણે તા.૩૧.૩.૦૮ ના રોજ મધ્યપ્રદેશની પોલીસ પોતાને ગેરકાયદેસર રીતે અટકાયત કરી લઈ ગયેલી હતી. માટે કયામુદ્દિન બનાવ વખતે હાજર ન હતો. પરંતુ આ સાહેદની જુબાની ધ્યાને લઈએ તો સાહેદે સ્પષ્ટ જણાવેલુ છે કે, જુલાઇ મહીનાના પહેલા વીકમાં કયામુદ્દિનનો ફોન આવેલો અને તાંદલજા મુકામે આ સાહેદને બોલાવેલા. જો કયામુદ્દિનને મધ્યપ્રદેશની પોલીસ તા.૩૧.૩.૨૦૦૮ ના રોજ લઈ ગયેલ હોય તો જુલાઇ ૨૦૦૮ મા આ સાહેદ ઉપર કયામુદ્દિને ફોન કેવી રીતે કર્યો ? આ તબકકે વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, આ સાહેદ નં.૧૧૧૫ મહંમદ ઉમર જુઠી હકીકત જણાવે છે કે જુલાઇ–૨૦૦૮ના પહેલા વીકમાં કયામુદ્દિનનો ફોન આવેલો પરંતુ કયામુદ્દિનને મધ્યપ્રદેશ પોલીસ લઈ ગયેલી હતી. વકીલશ્રી આર.કે.શાહની આ દલીલ સાથે હું સંમત નથી કારણ કે આરોપી નં.૨ નું આંક–

૮૬૧૯ વાળુ કબૂલાત નિવેદન ધ્યાને લઈએ તો તેણે સ્પષ્ટ જણાવેલુ છે કે, કયામુદ્દિન ફરાર થઈ ગયેલો હતો. વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, આ સાહેદ ઉપર કયામુદ્દિનનો ફોન આવેલો હતો તો તપાસ કરનાર અધિકારીએ તે ફોન કબજે કરેલો નથી માટે એવુ કહી શકાય કે કયામુદ્દિનનો ફોન આવેલો જ ન હતો પરંતુ મારા મત પ્રમાણે તપાસ કરનાર અધિકારીએ ફોન કબજે કરેલો ન હોય કે ફોનની કોલ ડીટેઇલ મેળવેલી ન હોય તેથી કરીને સાહેદ નં.૧૧૧૫ સોગંદ ઉપર ખોટી હકીકત જણાવે છે તે કહી શકાય નહીં. વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, બનાવ જુલાઇ–૨૦૦૮ મા બનેલા અને આ સાહેદનુ નિવેદન ડિસેમ્બર–૨૦૦૮ મા લેવામાં આવેલુ છે વિલંબથી નિવેદન નોંધવા બાબતે ફરિયાદપક્ષે કોઈ ખુલાસો કરેલ નથી તેમજ કયામુદ્દિનની ઓળખાણ આ સાહેદ દ્વારા કરાવવામાં આવેલી નથી. પરંતુ મારા મત પ્રમાણે વિલંબથી આ સાહેદનુ નિવેદન પોલીસે નોંધેલુ છે તેનો અર્થ એવો નથી કે આ બનાવો બનેલા નથી કે બનાવોમાં કયામુદ્દિનની સંડોવણી નથી. બનાવ બાદ સાહેદનુ નિવેદન ચોકકસપણે વહેલી તકે લેવુ જોઈએ તે દલીલ સાથે હું સંમત છું પરંતુ અગાઉ ઘણી બધી વખત ચર્ચા કરેલી છે કે કુલ–૨૫ જેટલા બનાવો બનેલા હતા અને તે બનાવોની તપાસ ચાર ટીમો દ્વારા થતી હતી જેથી વિલંબથી નિવેદન નોંધવામાં આવેલુ હોય તેથી કરીને ફરિયાદપક્ષનો કેસ ખોટો છે તેમ મનાય નહીં. બીજા સામાન્ય કેસોમાં તરત નિવેદનો નોંધાતા હોય છે પરંતુ આ કેસોની પરિસ્થિતિ અને સંજોગો તદ્દન જુદા છે. વધુમાં આ સાહેદની જુબાની ધ્યાને લેતા આરોપી કયામુદ્દિન તથા આ સાહેદ એકબીજાને ઓળખતા હોવાનુ સ્પષ્ટ છે માટે ઓળખ પરેડ કરાવવાનો પણ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા એમ પણ જણાવે છે કે, આ સાહેદ ઉપર જુગારના કેસો થયેલા માટે પોલીસના સાહેદ બનેલા છે. પરંતુ આ સાહેદ ઉપર જુગારના કેસો થયા છે તે બતાવવા કોઈ દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલો નથી અને આ સાહેદ ઉપર જુગારના કેસો થયેલા હોવાથી સાહેદ તરીકે ના રહેવાય તેવો કોઇ નિયમ નથી.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ મુળ વડોદરાના રહેવાસી છે, દસ ધોરણ સુધી ભણેલા છે અને વડોદરા ખાતે તાઈવાડામાં તેમનો જન્મ થયેલ હતો. આ સાહેદ, આરોપી કયામુદ્દીન, ઉસ્માન અગરબત્તીવાલા અને ઈમરાન ઈબ્રાહીમ શેખ તેમની સાથે ફળીયામાં રહેતા હતા, બચપનથી ક્રિકેટ સાથે રમતા હતા. માર્ચ–એપ્રિલ ૨૦૦૮ માં એમ.પી.ની પોલીસ કયામુદ્દીનને શોધવા આવેલી ત્યારે જાણવા મળેલુ કે કેરાલા અને હાલોલમાં કેમ્પો કરેલા છે. જુલાઇ–૨૦૦૮ મા આ સાહેદને કયામુદ્દીને ઓલ્ડ પાદરા રોડ ઉપર તાંદલજા ખાતે બોલાવેલા અને ગોધરાનો બદલો લેવો છે તેવી આ સાહેદને વાત કરેલી અને એમ પણ જણાવેલુ કે હિન્દુ વસ્તી હોય જયાં ભીડભાડ થતી હોય તેવી અલગ–અલગ જગ્યાઓ ઉપર જુદા–જુદા શહેરોમાં બોમ્બ બ્લાસ્ટ કરવાના છે જેથી આ સાહેદ ગભરાય ગયેલા અને ત્યારબાદ આ બનાવો બન્યા પછી ટી.વી.માં સમાચાર દ્વારા સઘળી હકીકત જાણેલી. આમ, આ સાહેદ સામાન્ય વ્યકિત છે અને આરોપી કયામુદ્દીન, ઈમરાન ઈબ્રાહીમ તથા ઉસ્માન અગરબત્તીવાલાના મિત્ર છે જેથી તેઓની જુબાની નહીં માનવાને કોઈ કારણ નથી. આ સાહેદે મેજિસ્ટ્રેટે સમક્ષ જે નિવેદન આપેલુ તે આંક–૮૦૦૩ થી રજૂ કરેલુ છે, નિવેદનમાં જણાવ્યા મુજબની હકીકત પોતાની સરતપાસમાં જણાવેલી છે. થોડાઘણા અંશે જુદી હકીકતો જણાવી છે તેને વિરોધાભાસ કહી શકાય નહીં કારણ કે નિવેદન આપ્યા બાદ ઘણા લાંબા સમય પછી આ સાહેદે જુબાની આપેલી હોવાથી જુબાનીમાં થોડી જુદી હકીકતો ચોકકસપણે આવે જ. આ સાહેદનું નિવેદન મેજિસ્ટ્રેટશ્રીએ નોંધેલુ છે અને પુરાવાના કાયદાની કલમ–૮૦ અને ૧૧૪(ઈ) ની જોગવાઈ મુજબ પુરાવામાં ગ્રાહય છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે આસીફ ઉસ્માનભાઇ શેખને સાહેદ નં.૧૧૧૭ તરીકે આંક–૮૦૧૯ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ વડોદરા શહેરમાં જન્મથી રહે છે. સને–૨૦૦૮ની સાલમાં સી/૬, શાંતિવન સોસાયટી, મુકિતનગરની પાછળ, તાંદલજા, વડોદરા ખાતે રહેતા હતા. આ સાહેદે અભ્યાસ છોડી દીધા પછી તેમના કાકાની દુકાને

બેસતા હતા. તેમના કાકાની દુકાન ગેંડીગેટ રોડ ઉપર આવેલી છે. તેમના કાકાની દુકાનની બાજુમાં ઇકબાલના મામાની દુકાન આવેલી છે. ઇકબાલ એટલે બોમ્બ બ્લાસ્ટના કેસમાં આરોપી છે તે. આ ઇકબાલનું આખું નામ ઇકબાલ કાસમભાઇ શેખ છે. તેમના કાકાની દુકાન તથા ઇકબાલના મામાની દુકાન બાજુ બાજુમાં છે તેથી ઇકબાલને ઓળખતા હતા.

વધુમાં સાહેદ જણાવે છે કે બોમ્બ બ્લાસ્ટના એકાદ વર્ષ પહેલા તેમની મુલાકાત કયામુદ્દિન કાપડીયા જોડે ઇકબાલે કરાવેલી. આ મુલાકાત મોગલ હોટલની પાછળ ચાની લારી ઉપર કરાવેલી. કયામુદ્દિન કાપડીયા વડોદરામાં તાઇવાડા વિસ્તારમાં રહેતો હતો. આ સાહેદ કયામુદ્દિન કાપડીયાને બે–ત્રણ વખત મળ્યો હશે.કયામુદ્દિન મળ્યા પછી સીમીના કાર્યકરો મધ્યપ્રદેશમાં પકડાયેલા હતાં. તેઓએ પેપરમાં વાંચ્યા મુજબ સફદર નાગોરી તથા અન્ય બીજા હશે. ત્યારપછી આ સાહેદને કયામુદ્દિનને મળવાનું થયેલું નહિ. આ સાહેદ તથા તેનો મિત્ર રફિક એરટેલમાં જોબ કરતા હતા અને ઇકબાલને પણ મળવાનું થતું હતું કારણ કે તેના મામાની શોપ તેમના કાકાની શોપની બાજુમાં હતી. આ સાહેદ અને ઇકબાલ બાઇક ઉપર જતા હતાં તે વખતે રફિક અને તેનો મિત્ર સમીર બંને જહાંગીરપુરા બેઠા હતાં. આ લોકોને જોઇને ઇકબાલે ગાડી ઉભી રાખેલી અને ઇકબાલ ઉતરીને રફિકને મળવા ગયેલો અને તેને કહેલું કે મારે તારૂ કામ છે તુ પછી ફ્રિ થઇને મળજે. ત્યારપછી ઇકબાલે ફોન કરીને આ સાહેદ અને રફિકને બોલાવેલાં. જેથી બંને જમનાબાઇ હોસ્પિટલની પાછળ એક એપાર્ટમેન્ટ છે તેના ભોંયરામાં ટ્યુશન કલાસ ચાલે છે ત્યાં કુરાન પઢવા ગયેલાં. ત્યાં ઇકબાલે કુરાન પઢાવેલું અને ત્યાં સમજાવેલું. ત્યાં અડધો કલાક બેઠેલા અને ત્યાંથી છુટ્ટા પડી ગયેલાં. આ બધુ બોમ્બ બ્લાસ્ટ થયાના ત્રણ–ચાર મહિના પહેલા બનેલું.

વધુમાં સાહેદ જણાવે છે કે ત્યારબાદ ઇકબાલે બીજી વખત પણ ફોન કરીને બોલાવેલાં. જેથી આ સાહેદ તથા રફિક જમનાબાઇ હોસ્પિટલની પાછળ જ એપાર્ટમેન્ટમાં ભોંયતળિયાના ભાગે તે જ જગ્યાએ ગયેલાં. ત્યાં ફરીથી ઇકબાલે કુરાન પઢેલું અને સમજાવેલું. ત્યારપછી ઇકબાલ ૨૦૦૨ ની ધમાલની

વાતો કરતો હતો અને મુસ્લિમો ઉપર જે અત્યાચાર થયેલા છે તેનો આપણે બદલો લેવાનો છે, ઇસ્લામ રાષ્ટ્રની સ્થાપના કરવાની છે, હિન્દુઓ સામે જેહાદ છેડવાની છે આવી બધી વાતો કરતા હતા. આ બધુ ઇકબાલે કહેલું. સાહેદ વધુમાં જણાવે છે કે પછી ઇકબાલે તેઓને મળવા બોલાવેલા અને તે અવાર નવાર મળતો હતો. આ વખતે ઇકબાલે બોલાવ્યા ત્યારે તે એક સ્કુટી અને સાઇકલની વાત કરતો હતો અને સ્કુટી અને સાઇકલ જોઇએ છે અને કહેલું કે, અમદાવાદમાં બ્લાસ્ટ કરવા છે. જેથી આ સાહેદે તેને એવું કહેલું કે આ રેશન કાર્ડ અથવા આઇ ડી પ્રુફ વગર ના થાય. તેણે આ સાહેદને રૂા.૧૨૦૦/– મોબાઇલ લેવા માટે આપેલાં પરંતુ આ સાહેદે મોબાઇલ લીધેલો નહિ અને પૈસા પાછા આપી દિધેલાં. ત્યારપછી તેણે આ સાહેદના મિત્ર બાબાને એક લાયસન્સ આપેલું અને આઇડીયાનું સીમ કાર્ડ કઢાવવાનું છે તેમ કહેલું. ત્યારબાદ સીમ કાર્ડ સયાજીગંજ વિસ્તારમાં આવેલ "શ્રેયસ ગીફટ શોપ"માંથી કઢાવીને આપી દિધેલું. અમદાવાદમાં બોમ્બ બ્લાસ્ટ કરવાના છે તેવું ઇકબાલે કહેલું.

વધુમાં સાહેદ જણાવે છે કે, ત્યારબાદ બોમ્બ બ્લાસ્ટના પંદરેક દિવસ પહેલા ઇકબાલે આ સાહેદને ફોન કરીને જણાવેલું કે, કયામુદ્દિન વડોદરા આવેલો છે અને રફિકને મળવા માંગે છે. તે પછી આ સાહેદ તથા રફિક બંને યશ કોમ્પ્લેક્ષ, ગોત્રી ખાતે જઇ કયામુદ્દિન અને ઇકબાલને મળેલાં. ત્યાંથી આ સાહેદ તથા રફિક આ સાહેદની બાઇક ઉપર અને કયામુદ્દિન તથા ઇકબાલ કયામુદ્દિનની બાઇક ઉપર બેસીને આ સાહેદની સાસરી રૂમાનાપાર્ક, તાંદલજામાં આવેલી છે ત્યાં ગયેલાં. ત્યાં ટેરેસ ઉપર બેઠેલાં. ત્યાં કયામુદ્દિન કાપડીયાએ જણાવેલું કે, અમદાવાદ શહેર, વડોદરા શહેર અને સુરત શહેરમાં બોમ્બ બ્લાસ્ટ કરવાના છે તેના માટે જરૂર પડશે. આ સાંભળીને આ સાહેદ તથા રફિકે તેને ચોખ્ખી ના પાડેલી. જેથી તે લોકો ત્યાંથી જતા રહેલાં.

વધુમાં સાહેદ જણાવે છે કે,ત્યારપછી એક–બે દિવસ પછી ઇકબાલે આ સાહેદને ફોન કરીને મળવા માટે રાવપુરા ટાવર પાસે બોલાવેલો. જેથી આ સાહેદ તેને મળવા માટે ગયેલો. તેણે કહેલું કે એક વેગન આર કાર અને

અલ્ટો કારના કાગળીયા કરી આપ. આ સાંભળીને તેને પુંછેલું કે તારે આનું શું કામ છે. તો તેણે કહેલું કે તેનું અંગત કામ છે. ત્યારપછી આ સાહેદે તેના એક મિત્ર ઓવેશ કાપડીયા પાસેથી તેની વેગન આર કાર વેચવાની હતી જેથી ઓરીઝનલ ડોકયુમેન્ટ લઇને તેની ઝેરોક્ષ કઢાવી અને બીજો એક આ સાહેદનો મિત્ર ઇરફાન મલેક છે જે જહાંગીરપુરામાં ગાડી લે–વેચનો ધંધો કરે છે તેની પાસેથી અલ્ટોકારના કાગળીયા મેળવેલાં. ત્યારબાદ બે દિવસ પછી ઇકબાલને રાવપુરા બોલાવીને બંને ગાડીઓના ઝેરોક્ષ કાગળીયા આપેલા અને ત્યાંથી આ સાહેદ પોતાના ઘરે જતો રહેલો. વધુમાં સાહેદ જણાવે છે કે ત્યારબાદ એક–બે દિવસ બાદ ઇકબાલે પી.સી.ઓ. ઉપરથી ફોન કરીને સરદાર એસ્ટેટ ચાર રસ્તા પાસે બોલાવેલો. ત્યાંથી તે આ સાહેદની બાઇક ઉપર બેઠેલો અને કહેલું કે ગધેડા શાક માર્કેટ પાસે ગાડી લઇ લે જેથી બંને ત્યાં ગયેલાં. ત્યાં સિગારેટ પીધેલી અને થોડીવાર ત્યાં ઉભા રહેલાં. ત્યારબાદ આ સાહેદને ઇકબાલે કહેલું કે, તું હવે કારેલીબાગ, પાણીની ટાંકી શાક માર્કેટ પાસે લઇ લે. જેથી કારેલી બાગ શાકમાર્કેટ ગયેલાં. ત્યાં ઇકબાલ કોઇક જગ્યા શોધતો હોય તેવું લાગેલું. જેથી આ સાહેદે તેને પુંછેલું કે તું શું શોધી રહ્યો છે? તો તેણે કહેલું કે અહીંયા એક સાઇકલ ઉપર થેલી મુકી બ્લાસ્ટ કરવાનો છે. ત્યારબાદ ત્યાંથી આ સાહેદ ઇકબાલને છોડીને નીકળી ગયેલો.

વધુમાં સાહેદ જણાવે છે કે તેના એક–બે દિવસ ઇકબાલે ફરી પાછો ફોન કરીને એસ.ટી. સ્ટેન્ડ પાસે બોલાવેલો. આ વખતે આ સાહેદ સાથે રફિક પણ હતો. તેણે જણાવેલું કે આમા તમોને કશું થશે નહિ. મારી પાસે ગાડી નથી અને મારે કામ પડ્યું છે માટે તમોને બોલાવેલા છે. તે પછી અમે ગાડી ઉપર બેસીને આઇનોકસ થિયેટરની બાજુમાં વેબસાઇટ આવેલુ છે તેના પાર્કિંગમાં ઇકબાલ ગયેલો અને તેણે કહેલું કે બ્લાસ્ટ કરવા માટે આ જગ્યા મને સારી પસંદ છે. ત્યાંથી બધા લોકો છુટ્ટા પડી ગયેલાં. ત્યારબાદ ઇકબાલ આ સાહેદને બોલાવતો હતો અને સમજાવતો હતો કે અલ્લાહના માટે તમારે આ કામ કરવાનું છે અને આપણા મુસ્લિમ ભાઇ–બહેનોનો બદલો લેવાનો છે. ત્યારપછી બોમ્બ

બ્લાસ્ટના ચાર–પાંચ દિવસ પહેલા ઇકબાલે આ સાહેદને ફોન કરીને એસ.ટી. સ્ટેન્ડ ઉપર બોલાવેલો. ત્યાં ઇકબાલે જણાવેલું કે અમદાવાદમાં કામ છે અને આ સાહેદને અમદાવાદ સાથે જવાનું જણાવેલુ અને કામ પતાવીને આવી જઇશું.

સાહેદ વધુમાં જણાવે છે કે, આ અગાઉ ઇકબાલ રફિકને લઇને અમદાવાદ કયામુદ્દિનને મળવા આવેલો હતો અને પાછો આવ્યા પછી રફિક આ સાહેદને મળેલો અને રફિકે કહેલું કે કયામુદ્દિન અને બહારના માણસો તથા ઇકબાલ અમદાવાદમાં બ્લાસ્ટ કરવાના છે. આ સાહેદે તથા રફિકે એવું નકકી કરેલું કે હવે આના પછી આ લોકોને મળવાનું નહિ. સાહેદ વધુમાં જણાવે છે કે તેઓ તથા ઇકબાલ અમદાવાદ ત્રણ સાડા ત્રણ વાગ્યે પહોંચેલાં અને અમદાવાદ આવ્યા પછી ઇકબાલે કયામુદ્દિનને ફોન કરેલો અને કાંઇક વાત કરેલી ત્યારપછી ઇકબાલે કહેલું કે લાલ દરવાજા બસ સ્ટેશન પાસે જવાનું છે. જેથી ત્યાં ગયેલા. ત્યાં કયામુદ્દિન મળેલો અને બાજુમાં બગીચામાં ગયેલાં. ત્યાં ઇકબાલે કહેલું કે મારે કશુંક કામ છે તેમ કહિને ઇકબાલ ત્યાંથી નીકળી ગયેલો. તે પછી આ સાહેદ તથા કયામુદ્દિન બગીચાની બહાર નીકળેલાં અને પથારા ઉપરથી કયામુદ્દિને વીસ રૂપિયાની કિંમતના પચાસ શર્ટ ખરીદેલા અને આ જોતાં આ સાહેદે તેને પુંછેલું કે આટલા બધા શર્ટનું તારે શું કામ છે? તો તેણે મને જણાવેલું કે મારા ઘરે પ્રસંગ છે અને મહેમાનો આવવાના છે અને તેઓને ગીફટમાં આપવાના છે. ત્યાંથી પછી બધા રીક્ષામાં બેસીને સી.ટી.એમ. જવા નીકળેલાં. આ સાહેદે ઇકબાલ વિશે પુંછેલું તો જણાવેલું કે ઇકબાલ સી.ટી.એમ. મળી જશે અને કયામુદ્દિન વચ્ચે કોઇક જગ્યાએ ઉતરી ગયેલો. આ સાહેદ સી.ટી.એમ. પહોંચેલા અને રીક્ષામાંથી ઉતરીને ભાડુ ચુકવેલું.

વધુમાં સાહેદ જણાવે છે કે ત્યારબાદ દસેક મિનિટ બાદ ઇકબાલ પણ સી.ટી.એમ. આવી ગયેલો અને ત્યાંથી ઇન્ટરસીટી બસમાં બેસીને વડોદરા જતા રહેલાં. ત્યારબાદ બોમ્બ બ્લાસ્ટના એકાદ દિવસ પહેલા ઇકબાલે આ સાહેદને ફોન કરીને કડક બજારની મસ્જિદ પાસે બોલાવેલો અને ત્યાં આ સાહેદ અને રફિક ગયેલાં. ઇકબાલે ત્યાં જણાવેલું કે આ મારૂ છેલ્લું કામ છે તે તમે લોકો

કરી આપો. ઇકબાલે એક પેકેટ આપેલું તે અમદાવાદ કયામુદ્દિનને પહોંચાડવાનું હતું અને એક ચીઠ્ઠીમાં કયામુદ્દિનનો નંબર લખી આપેલો. ત્યારબાદ આ સાહેદ ત્યાંથી પોતાના ઘરે કપડા ચેન્જ કરવા ગયેલો. ત્યાંથી આ સાહેદ અને રફિક બસમાં બેસીને અમદાવાદ આવેલા અને કાંકરીયા ખાતે પી.સી.ઓ. ઉપરથી કયામુદ્દિનને ફોન કરેલો. કયામુદ્દિને જણાવેલું કે, નારોલ બાજુ આવો જેથી નારોલ ગયેલા અને ત્યાં કયામુદ્દિન મળેલો અને પેકેટ આપી દિધેલું. ત્યાંથી કયામુદ્દિને આપેલા એડ્રેસ ઉપર ગયેલાં. ત્યાં થોડા છોકરાઓ હતા અને આ સાહેદે ત્યાં કયામુદ્દિનને પુંછેલું કે આ લોકો કોણ છે? તો કયામુદ્દિનને જણાવેલું કે આ મારા મહેમાનો છે અને થોડા દિવસ અમદાવાદ રોકાવાના છે. ત્યાંથી પીણી પીને બહાર નીકળવાના હતા ત્યારે ત્યાં બે કાર પડેલી હતી ત્યાંથી વડોદરા જતા રહેલાં અને વડોદરા આવ્યા પછી રાતના સાડા સાત આઠ વાગ્યે ઇકબાલ પાછો મળેલો અને જણાવેલું કે તું અને રફિક મારો અને કયામુદ્દિનનો સાથ કેમ નથી આપતા ત્યારે આ સાહેદે તેને કહેલું કે અમારો ધર્મ આવી વાતોને ઇજાજત આપતો નથી અને આવું અમે કોઇપણ કામ કરીએ નહિ અને અમે બાળબચ્ચાવાળા માણસો છીએ જેથી તે ગુસ્સે થઇને ત્યાંથી જતો રહેલો.

સાહેદ વધુમાં જણાવે છે કે, બોમ્બ બ્લાસ્ટના બીજા દિવસે ટી.વી. ઉપર સમાચાર જોયા પછી આ સાહેદનું એવું માનવું છે કે આ બોમ્બ બ્લાસ્ટ ઇકબાલ અને કયામુદ્દિને કરાવ્યા હોય તેવું લાગે છે. આ બાબતે પોલીસે ૭ મી તારીખે જવાબ લીધેલો અને બીજો જવાબ ૨૦ મી તારીખે લીધેલો. વધુમાં સાહેદ જણાવે છે કે ૨૦ મી તારીખે જવાબ લીધા પછી પોલીસવાળા આ સાહેદના ઘરે આવેલાં અને મને સમન્સ આપેલો અને જણાવેલું કે બોમ્બ બ્લાસ્ટ બાબતે નિવેદન આપવા કોર્ટમાં જવાનું છે. ત્યારપછી ૨૪ મી તારીખે આ સાહેદ બસમાં બેસીને અમદાવાદ આવીને ઘી કાંટા રોડ ઉપર આવેલી કોર્ટમાં ચોથા–પાંચમા માળે ગયેલો. તે કોર્ટ બાર નંબરની હતી. ત્યાં એક ભાઇ બહાર બેઠેલા હતાં. તેમને સમન્સ બતાવેલો અને તેમણે કહેલું કે અહીંયા બેસો જેથી ત્યાં બેસી ગયેલો. થોડી વાર પછી સાહેબે બોલાવેલો. સાહેબે બોલાવ્યો ત્યારે સમન્સ બતાવેલો

જેથી જણાવેલું કે બોમ્બ બ્લાસ્ટમાં નિવેદન આપવાનું છે અને આ સાહેદ જે હકીકત જાણતા હતા તે બધી હકીકત સાહેબને જણાવેલી અને સાહેબે આ સાહેદને નિવેદન વાંચી સંભળાવેલું અને સહિ કરાવેલી. આ સાહેદ આંક–૮૦૨૦ વાળા મેજિસ્ટ્રેટ રૂબરૂ આપેલ નિવેદનમાં પોતાની તેમજ રૂબરૂ તરીકે સાહેબની સહી ઓળખી બતાવે છે અને તેમાં લખેલ હકીકત સાચી અને ખરી હોવાનું જણાવેલ છે.

વધુમાં આ સાહેદને સેન્ટ્રલ જેલ, અમદાવાદ ખાતે રાખવામાં આવેલ આરોપીઓને વીડિયો કોન્ફરન્સ દ્વારા ટી.વી. સ્ક્રિન દ્વારા બતાવવામાં આવતા આ સાહેદ નીચે મુજબના આરોપીઓને ઓળખી બતાવે છે.

(૧) આરોપી નં.૩ ઈકબાલ ઉર્ફે ઈકરાર કાસમ શેખ

(૨) આરોપી નં.૩૭ કયામુદ્દિન ઉર્ફે મુસા ઉર્ફે આશપાક ઉર્ફે અબ્દુલ કાદીર ઉર્ફે રીઝવાન ઉર્ફે સમીર સરકુદ્દીન કાપડીયા

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતાં તા.૨૬/૦૭/૨૦૦૮થી તા.૦૭/૧૨/૨૦૦૮ ના સમય દરમિયાન આ સાહેદ વડોદરામાં રહેતા હતા તે કબૂલ કરે છે. આ સમય દરમિયાન તેઓ રોજીંદી કામગીરી કરતા હતા તે પણ કબૂલ કરે છે. આ સમય દરમિયાન તેઓને વડોદરા સિવાયના ગુજરાતના અમદાવાદના કોઈપણ પોલીસ સ્ટેશનોમાં જવાનો પ્રસંગ બનેલો નથી. આ સમય દરમિયાન બોમ્બ બ્લાસ્ટના બનાવો બાબતે પોલીસ સ્ટેશનોમાં જઈ અરજી કે ફરિયાદ આપેલી નથી. પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદે કોઈપણ પોલીસ સ્ટેશનમાં જઈ અરજી કે ફરિયાદ આપી ન હોય તો તેનો અર્થ એવો ન થાય કે આ બોમ્બ બ્લાસ્ટના બનાવો બનેલા નથી કે સરતપાસમાં જણાવેલાં આરોપી સંડોવાયેલાં નથી. આ સાહેદને આરોપીઓના કૃત્ય બાબતે માહિતી હતી પરંતુ પોતે પણ આ ગુનામાં સંડોવાઈ જશે તેવો ડર અને ભયના કારણે પોલીસ સ્ટેશનમાં ન ગયા હોઈ તેવું બને. વધુમાં આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો બોમ્બ બ્લાસ્ટના બનાવો બાબતેની હકીકત જાણતા હોવા છતાં પોતાની માતાને, પત્નીને કે બાળકોને કે મિત્રોને પણ જણાવેલી નથી. મારા મત પ્રમાણે

આ બાબત ન જણાવે કારણ કે અગાઉ ચર્ચા કરી તેમ પોતે આ ગુનામાં સંડોવાઇ જશે તેવી બીકના કારણે ન જ જણાવે. સાહેદે ખુલાસામાં પણ જણાવેલું છે કે પોતાને બીક હતી માટે આ હકીકત કોઇને જણાવેલી નથી. વધુમાં આ સાહેદની સરતપાસ ધ્યાને લઇએ તો તા.૦૭/૧૨/૨૦૦૮ના રોજ પોલીસે તેમના ઘરે જવાબ લીધેલો. પ્રથમ જવાબ અસારી સાહેબે લીધેલો. જવાબ લીધા પછી પોલીસ તાંદલજા ખાતેના ટેનામેન્ટ કે જમનાબાઇ હોસ્પિટલની પાછળના ભાગે આવેલા કોમ્પ્લેક્ષના ભોંયતળિયે લઇ ગયેલી નહિ. જવાબ લીધો ત્યારે કયામુદ્દિન ઇકબાલ અને રફિક બાબા કસ્ટડીમાં હતા તેવું અસારી સાહેબે કહેલું નહિ. કયામુદ્દિન અને ઇકબાલને સાથે બેસાડીને નિવેદનની ખરાઇ કરી હોય તેવું બનેલું નથી પરંતુ મારા મત પ્રમાણે અન્ય આરોપીઓના નિવેદનો લીધા હોય તે નિવેદનો સાથે સાહેદના નિવેદનની ખરાઇ કરવી જોઇએ તેવી કાયદામાં કયાંય જોગવાઇ નથી તેથી આવા પ્રશ્નો પુંછવાનો કોઇ અર્થ નથી.

વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતાં જવાબ આપવા માટે નોટીસ કે સમન્સ મળેલો તે વિશે, અસારી સાહેબે ફોન કરેલો કે કેમ તે વિશે, ફોન કરનાર પોલીસના નામ વિશે, કયા નંબર ઉપરથી ફોન કરેલો તે વિશે, કોઇ માહિતી આપવાની બાકી રહી ગઇ હોય તે વિશે, જવાબ લખવામાં કેટલો સમય થયેલો તે વિશે, જવાબ લખાવતી વખતે કોણ–કોણ હાજર હતા તે વિશે, કોમ્પ્લેક્ષના ભોંયરાના ભાગે ટ્યુશન કલાસીસ ચાલતા હતા તે વિશે, ઇકબાલ સાથે વાતચીત થયેલી તે વિશે, ગધેડા માર્કેટ વિશે, આઇનોકસ થિયેટર હોવા વિશે નિરર્થક પ્રશ્નો પુંછવામાં આવેલાં છે જેને બનાવ સાથે કોઇ નિસ્બત નથી. આરોપીઓ તરફથી એવો પ્રશ્ન પુંછવામાં આવેલો છે કે, તમને બોમ્બ બ્લાસ્ટની જાણ થયા પછી પોલીસમાં જઇને જણાવ્યુ તો જવાબમાં સાહેદે જણાવેલું છે કે બીક લાગેલી જેથી પોલીસ પાસે ગયેલાં નહિ. વધુમાં આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઇએ તો બોમ્બ બ્લાસ્ટના એક દિવસ અગાઉ પેકેટ લઇને અમદાવાદ આવેલા તે પેકેટ રફિક પાસે હતુ કે પોતાની પાસે હતુ તેની ખબર નથી. પેકેટમાં શું હતું તે જોયેલું નહિ. પેકેટ થેલીમાં હતુ અને થેલીને ગાંઠ મારેલી હતી. પેકેટનું વજન યાદ નથી.

કયામુદ્દિન સાથે જે છોકરાઓ હતા તે કેટલા હતા તેની ખબર નથી. ૨૦૦૨ની સાલના કોમી રમખાણોમાં ઘણા બધા મુસ્લિમોની જાનમાલની હાની થયેલાનું કબૂલ કરે છે. ઘણા બધા મુસ્લિમો ભેગા થઇને તે જાનહાનીની ચર્ચાઓ કરે છે તે પણ કબૂલ કરે છે. આવી ચર્ચાઓમાં ઘણા લાગણીશીલ થઇ જાય અને ઘણા ઉશ્કેરાટમાં આવી જાય તેની પણ ચર્ચા કરે છે જે કબૂલ કરે છે. આમ આરોપીઓ તરફથી આ પ્રશ્નોનો અર્થ કાઢવામાં આવે તો એવુ કહિ શકાય કે ૨૦૦૨ના તોફાનોમાં મુસ્લિમ લોકોને જાનમાલની હાની થયેલી તેના કારણે ઘણા લોકો ઉશ્કેરાટમાં હતા અને મારા મત પ્રમાણે ઘણા લોકોમાં સાહેદ જણાવે છે તે આરોપીઓનો સમાવેશ થઇ જાય કે આ લોકો ઉશ્કેરાટમાં હતા અને આ ગુનામાં સંડોવાયેલાં છે.

વધુમાં આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઇએ તો રોજે રોજની દૈનિક ડાયરી આ સાહેદ લખતા નથી. ડાયરીમાં કોઇ નોંધ કરેલી નથી. સામાન્ય રીતે કોઇપણ વ્યકિતની રોજેરોજની કાર્યવાહીની ડાયરી પોતે રાખતા હોય તેવું કયાંય હોતું નથી. મેજિસ્ટ્રેટ સાહેબે ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ વિશે સમજાવેલું નહિ પરંતુ મારા મત પ્રમાણે ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ વિશે મેજિસ્ટ્રેટે કાંઇ સમજાવાનું હોતુ નથી. આ ઉપરાતં આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા તે મેજિસ્ટ્રેટ પાસે કયારે ગયા, સમન્સ કયાં છે, સાહેદ શું ધંધો કરે છે, સાહેદના ધંધા માટે લાયસન્સ લીધેલું છે કે કેમ?તે બાબતે પોલીસ જવાબ લેવા માટે આવી ત્યારે ગભરાઇ ગયેલા કે કેમ? ૨૦૦૮ની સાલમાં શું ધંધો કરતા હતા, ઇકબાલના સાળા જહિર સાથે ભાગીદારી કરેલી કે કેમ? સાહેદના પિતા ઉપર બેન્કે લોન બાબતે ફરિયાદો કરેલી કે કેમ? સાહેદના દાદાના સહીયારા મકાન બાબતે મકાન બેન્કે ટાંચમાં લીધેલું તે બાબતે ઘણા બધા નિરર્થક પ્રશ્નો પુંછવામાં આવેલાં છે.

અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટને લગતી કોઇ હકીકતો જાણતા નથી તો તે હકીકત નકારી છે. કયામુદ્દિન કાપડીયા તથા ઇકબાલે બોમ્બ બ્લાસ્ટને લગતી કોઇ વાતચીત કરેલી નથી તો તે હકીકત પણ નકારી છે. તા.૦૭/૧૨/૨૦૦૮ પછી કે તા.૨૦/૧૨/૨૦૦૮ પછી અમદાવાદ મુકામે

આવેલા નથી અને કોઇ નિવેદન આપેલું નથી તો તે હકીકત પણ નકારે છે. તા.૨૪/૧૨/૨૦૦૮ ના રોજ અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચની ઓફિસે આવી તપાસ કરનાર અધિકારીના કહેવા મુજબ ખોટુ નિવેદન આપ્યાની હકીકત નકારે છે. વધુમાં આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતાં આ સાહેદના કાકા તથા ઇકબાલના મામાનો એક જ પ્રકારનો ધંધો હોવાથી હરીફાઇ ચાલતી હતી તે કબૂલ કરે છે પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદના કાકા અને ઇકબાલના મામા વચ્ચે ધંધાકીય હરીફાઇ હોવાના કારણે આ સાહેદે સરતપાસમાં જણાવ્યા મુજબના આરોપીઓ આ બનાવમાં સંડોવાયેલા નથી તેવી કોઇ હકીકત નીકળી આવતી નથી. ઇકબાલની સાથે અમદાવાદ મુકામે આવેલો નથી તો તે હકીકત નકારી છે. પોલીસના કહેવાથી ખોટો પુરાવો ઉભો કરવા અમદાવાદ આવેલાનું ખોટુ જણાવે છે તો તે હકીકત પણ નકારે છે. કડક બજારમાં મસ્જિદ પાસે ઇકબાલે બોલાવેલો ત્યારે ચીઠ્ઠી આપેલી જેમાં નંબરો હતા આ નંબરો પોલીસને કે મેજિસ્ટ્રેટને જણાવેલાં નહિ. કયામુદ્દિને નારોલ કઇ જગ્યાએ બોલાવેલા તે જગ્યા જણાવેલી નહિ. પોલીસે મોબાઇલ ફોન કબ્જે કરેલો નથી તે કબૂલ કરે છે. જાતે પણ મોબાઇલ ફોન રજૂ કરેલો નથી તે કબૂલ કરે છે. પોતાની જાતને બચાવવા પોલીસના દબાણથી ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારે છે. બંને જગ્યાઓ ઉપર ઇકબાલ શા માટે લઇ ગયેલો તેવી કોઇ જાણ કરેલી નહિ. મેજિસ્ટ્રેટ સાહેબ સમક્ષ સ્કુટી અને સાઇકલનો બંદોબસ્ત કરવાનું ઇકબાલે કહેલાનું લખાવેલું નથી તો સાહેદે જણાવેલું છે કે જેટલુ યાદ હતુ તેટલુ લખાવેલું છે. જે ટ્યુશન કલાસીસમાં ગયેલા તે કઇ બિલ્ડિંગમાં હતા તેની ખબર નથી. ટ્યુશન કલાસીસ કોની માલીકીના હતા તેની પણ ખબર નથી. કેટલા વાગ્યે ત્યાં ગયેલા તેની પણ ખબર નથી. પોલીસે ૨૦ દિવસ સુધી કસ્ટડીમાં રાખેલા તો તે હકીકત નકારી છે. આવો કોઇ બનાવ બનેલો નથી તો તે હકીકત પણ નકારી છે. પોલીસે ધાક–ધમકી આપેલી હોવાથી ખોટા સાહેદ બનેલા છે તો તે હકીકત પણ નકારી છે.

વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, આ સાહેદ જમનાબાઇ હોસ્પિટલની પાછળ વડોદરા મુકામે આવેલ એપાર્ટમેન્ટમાં ગયેલા પરંતુ કયારે ગયેલા તે જણાવતા નથી. ત્યાં જેહાદની વાતો થયેલી હતી કે કેમ? તે પણ જણાવતો નથી. પ્રથમ વખત એપાર્ટમેન્ટમાં આ સાહેદ ગયા ત્યારે ત્યાં ફકત કુરાન વાંચવામાં આવેલ, જેહાદની કે ગોધરાકાંડનો બદલો લેવાની વાત થયેલી નથી. તા.૩૧.૩.૦૮ થી કયામુદ્દિનને મધ્યપ્રદેશ પોલીસ લઈ ગયેલી હતી માટે આ સાહેદ કયામુદ્દિનને મળેલા જ નથી. પરંતુ મારા મત પ્રમાણે આરોપી નં.૨ નુ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ નુ નિવેદન તેમજ સાહેદ નં.૧૧૧૫ મહમદ ઉમરની જુબાની ધ્યાને લેતા માર્ચ–૨૦૦૮મા કયામુદ્દિનને મધ્યપ્રદેશ પોલીસ લઈ ગયેલી ન હતી પરંતુ તે ફરાર હતો. વકીલશ્રી આર.કે. શાહ દલીલ કરતા જણાવે છે કે, આરોપી ઈકબાલ, રફીકને લઈને અમદાવાદ ખાતે કયામુદ્દિનને મળવા આવેલાનુ જણાવે છે પરંતુ કયારે મળવા આવેલા તે જણાવતા નથી. પરંતુ મારા મત પ્રમાણે પુરાવો ધ્યાને લેતા સ્પષ્ટ છે કે આ ઈકબાલ, રફીકને લઈને જુલાઇ–૨૦૦૮ મા કયામુદ્દિનને મળવા અમદાવાદ આવેલો હતો. વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, અમદાવાદ શહેરમાં બોમ્બ બ્લાસ્ટ ઈકબાલ અને કયામુદ્દિને કરાવેલાનું આ સાહેદને લાગેલુ પરંતુ તે અંગે કોઈ પુરાવો નથી. આ સાહેદે તા.૨૬.૭.૦૮ થી લઈને તા.૭.૧૨. ૦૮ સુધી વડોદરા શહેરમાં રહેતો હતો તેમ છતાં પોલીસ સમક્ષ નિવેદનો લખાવેલ નથી. પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદ પણ ગુનામાં સંડોવાઈ જશે તે ડરના કારણે પોલીસ સમક્ષ જઈને નિવેદન લખાવ્યુ ન હોય તેવુ બની શકે અને જયારે આવા બનાવો બને ત્યારે દેશનો કોઈ પણ નાગરિક સામે ચાલીને બનાવોની ફરિયાદ કે અરજી પોલીસ સ્ટેશનમાં જઈને આપતો હોતો નથી. પાંચ મહિના સુધી આ સાહેદે કોઈ પણ પોલીસ કાર્યવાહી કરેલી નથી તેનો અર્થ એવો નથી કે આ બનાવો બનેલ નથી. વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, આ સાહેદની જુબાની માનવા યોગ્ય નથી અને જુબાની અકુદરતી છે. પરંતુ સમગ્ર

પુરાવો ધ્યાને લેતા મારા સ્પષ્ટ મંતવ્ય પ્રમાણે આ સાહેદની જુબાની કુદરતી છે તેમ હું માનુ છું.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઇએ તો આ સાહેદ જન્મથી વડોદરાના તાંદલજા વિસ્તારમાં રહે છે. આરોપી ઇકબાલ તથા તેના મામાને સારી રીતે ઓળખે છે. બોમ્બ બ્લાસ્ટના એક વર્ષ પહેલા કયામુદ્દિન કાપડીયા સાથે ઇકબાલે મુલાકાત કરાવેલી અને તેને બે–ત્રણ વખત મળેલાં છે. સીમીના કાર્યકરો મધ્યપ્રદેશમાં પકડાયેલા છે જેમાં સફદર નાગોરી હતો તેવું જાણેલું અને ઇકબાલ, કયામુદ્દિન તથા રફિકની સાથે જમાનાબાઇ હોસ્પિટલની પાછળના ભાગે કોમ્પ્લેક્ષના ભોંયતળિયાના ભાગે ટ્યુશન કલાસીસ ચાલે છે ત્યાં ઇકબાલે કુરાન વાંચેલુ, સમજાવેલું. ૨૦૦૨ ની ધમાલની વાતો થયેલી, મુસ્લિમો પર થયેલા અત્યાચારનો બદલો લેવાનો છે, ઇસ્લામ રાષ્ટ્રની સ્થાપના કરવાની, હિન્દુઓ સામે જેહાદ છેડવાની વાતો થયેલી અને અમદાવાદમાં બ્લાસ્ટ કરવા માટે સ્કુટી અને સાઇકલોની વ્યવસ્થા કરવાની, આઇ.ડી.પ્રુફ વગરના મોબાઇલ મેળવેલાં. આ સાહેદની સાસરી તાંદલજાના મકાનમાં ટેરેસ ઉપર બેસી અમદાવાદ, વડોદરા, સુરતમાં બોમ્બ બ્લાસ્ટ કરવાની યોજના બનાવેલી. વેગનઆર કાર તથા અલ્ટો કારના કાગળીયા મેળવેલાનો તથા વડોદરા શહેરમાં બાઇક ઉપર બેસી જુદી–જુદી જગ્યાઓ ઉપર જઇ જગ્યાઓ જોયેલાનું તેમજ અમદાવાદ ખાતે વારંવાર આવીને રફિક,ઇકબાલ તથા કયામુદ્દિન સાથે ચર્ચાઓ કરેલી હોવાનું આ સાહેદની જુબાની પરથી નીકળી આવે છે. આ સાહેદે મેજિસ્ટ્રેટ રૂબરૂ જે નિવેદન આપેલું તે નિવેદન આંક–૮૦૨૦ થી રજૂ છે. નિવેદનમાં જણાવ્યા મુજબની હકીકતો સરતપાસમાં જણાવેલી છે ઉપરાંત કેટલીક વધુ હકીકતો પણ જણાવેલી છે. બનાવ ૨૦૦૮ ની સાલમાં બનેલા છે અને આ સાહેદે બનાવ પછી ૨૦૧૯ એટલે કે આશરે ૧૧ વર્ષ પછી અદાલતમાં જુબાની આપેલી છે જેથી મુખ્ય બાબતો સિવાય ઘણી બધી બાબતોમાં સુધારા વધારા થયેલા હોય તેથી કરીને આ બનાવ બન્યા નથી તેવું માની શકાય તેમ નથી. આ સાહેદે મેજિસ્ટ્રેટ રૂબરૂ જે નિવેદન આપેલું તે પુરાવાના કાયદાની કલમ–૮૦ તથા

કલમ–૧૧૪(ઇ) મુજબ પુરાવામાં ગ્રાહ્ય છે જેથી પણ નિવેદનમાં જણાવેલી હકીકત નહી માનવાને કોઇ કારણ નથી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે ડૉ.સાદાબ રાજેભાઇ પાનવાલાને સાહેદ નં.૧૧૨૧ તરીકે આંક–૮૦૫૯ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ જન્મથી વાડી, તાઇવાડા, વડોદરા ખાતે રહે છે અને B.H.M.S.નો અભ્યાસ કરેલો છે. આ સાહેદના મિત્રોમાં ઇમરાન ઘીવાલા, દિલાવર ઘીવાલા, ઇરફાન ખાનસાબ, માજીદ પઠાણ, સરીફ અગરબત્તીવાલા, ઇબ્રાહિમ પટેલનાઓ હતાં અને આ બધા મિત્રો તાઇવાડાના છે.

આ સાહેદે ફરિયાદપક્ષની હકીકતને સમર્થન કરેલું નહિ જેથી ખાસ સરકારી વકીલશ્રીની વિનંતીથી તેને ફરી ગયેલા જાહેર કરેલ છે અને ત્યારબાદ અદાલતની પરવાનગીથી સરકારી વકીલશ્રીએ તેની ઊલટતપાસ કરેલી છે. તે ધ્યાને લેતાં આ સાહેદ આર્શીવાદ કલીનીકલ કેર નામની હોસ્પિટલમાં સને–૨૦૦૮ મા નોકરી કરતા હતા તે કબૂલ કરે છે. પિતાશ્રી ફ્રુટની લારી ચલાવે છે અને માતા અમીનાબહેન ઘરકામ કરે છે તે કબૂલ કરે છે. સને–૨૦૦૮ ની સાલમાં લગ્ન થયેલા ન હતા. પાંચમા નંબરના ભાઇનું નામ ઇકબાલ છે. ૨૦૦૮ થી લઇને આજદિન સુધી એટલે કે આ જુબાની આપી તે દિવસ સુધી બોમ્બ બ્લાસ્ટના કેસો બાબતે કોઇપણ કોર્ટમાં કોઇપણ પ્રકારની અરજી કરેલી નથી તે કબૂલ કરે છે. પોલીસ નિવેદન બાબતે આ સાહેદે પોતે કે તેમના કુટુંબીજનોએ કોઇપણ પ્રકારની અરજીઓ કરેલી નથી તે કબૂલ કરે છે. તા.૧૮/૦૯/૨૦૦૮ના રોજ શ્રી વી.આર.ટોળીયાનાઓએ નિવેદન લીધાની હકીકત નકારે છે. પોલીસ રૂબરૂના નિવેદનમાં જે હકીકત લખાવેલી છે તે બાબતે સાહેદને પુંછતા તેનો ઇન્કાર કરેલો છે. આ સાહેદનો મિત્ર ઇમરાન ઇબ્રાહિમ શેખ છે તો તેવી હકીકત નકારે છે. ઇમરાન તેમના મહોલ્લામાં એટલે કે તાઇવાડામાં રહે છે તો તેવી હકીકત નકારે છે. કયામુદ્દિન કાપડીયા તાઇવાડામાં રહે છે તો તે હકીકત કબૂલ કરે છે. ઇમરાન શેખ તથા કયામુદ્દિન તથા આ સાહેદનો જન્મ તાઇવાડામાં થયેલો છે તે કબૂલ કરે છે. તેઓ ક્રિકેટ સાથે રમતા હતા તો તે હકીકત પણ કબૂલ કરે છે.

ઇમરાન શેખનું મકાન આ સાહેદના ઘરથી થોડે દુર છે તો તે પણ કબૂલ કરે છે. કયામુદ્દિન તથા તેનો ભાઇ રફિયુદ્દિન સગા ભાઇઓ છે તો તે પણ કબૂલ કરે છે. તા.૧૩,૧૪, ૧૫– જાન્યુઆરીના દિવસે હાલોલ–પાવાગઢ ખાતે ટ્રેનીંગ કેમ્પ રાખેલો ત્યાં બીજા સીમીના સભ્યો આવવાના છે તેવી કાપડીયાએ વાત કરેલી આ તમામ હકીકત નકારેલી છે. તા.૧૪/૦૧/૦૮ ના રોજ ખુંદપીરની દરગાહ ખાતે ફાતીયા પઢવા જવાનું કહિને બાઇક નં.GJ–AR–8782 લઇને ચાંપાનેર હાલોલની વચ્ચે ખુંદપીરની દરગાહ ઉપર આવેલાની હકીકત નકારે છે. ખુંદપીરની દરગાહ ઉપર ઇમરાન, ઉસ્માન અગરબત્તીવાલ, કયામુદ્દિન કાપડીયા હાજર હોવાની હકીકત નકારે છે. વધુમાં આ સાહેદની ઉલટ તપાસ ધ્યાને લેતા ઉસ્માન અગરબત્તીવાલા તાઇવાડામાં રહે છે તે હકીકત પણ કબૂલ કરે છે. બધાયે નમાઝ પઢેલી અને કયામુદ્દિને પ્રવચન કરેલું તે હકીકત નકારે છે. આ ઉપરાંત સફેદ કલરની ટાટા સુમો ગાડી ત્યાં પડેલી હતી અને ઇમરાન તથા આ સાહેદ ચેવડો તથા સુકા કોપરાનો નાસ્તો લઇ આવેલાનું એકમિનાર મસ્જિદથી ચાલતા પગદંડીવાળા રસ્તે નીકળેલાનું પોલીસ રૂબરૂ લખાવેલાની હકીકત નકારે છે. આ ઉપરાંત કુરાન વાંચીને જેહાદનો ઉલ્લેખ કરેલાનું, સાંજે બધાયે નમાજ પઢેલાનું, કયામુદ્દિને પોણો કલાક પ્રવચન કરેલાનું પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલું તે હકીકત નકારે છે.

વધુમાં આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા ઇમરાન ઇબ્રાહિમ શેખ તથા કયામુદ્દિન કાપડીયા બોમ્બ બ્લાસ્ટના આરોપીઓ છે તેવું ન્યુઝમાં જાણેલાનું જણાવે છે. કયામુદ્દિનનો ભાઇ રફિયુદ્દિન તથા ઉસ્માન અગરબત્તીવાલા પણ કેસમાં પકડાયેલા છે તો તેની ખબર નથી.

આ સાહેદની આરોપીઓ તરફથી થયેલી ઊલટતપાસ ધ્યાને લઇએ તો આ કેસનો સમન્સ બજ્યો જેથી ખબર પડી કે આ સાહેદ બ્લાસ્ટ કેસમાં સાક્ષી છે તે કબૂલ કરે છે. આ કેસમાં સાક્ષી છે તેવી અત્યાર સુધી ખબર પડેલી નહિ તે કબૂલ કરે છે. પરંતુ બનાવ બન્યા બાદ આ સાહેદની પોલીસે પુછપરછ કરેલી છે. તેનો જવાબ લીધો છે તેમ છતાં જણાવે છે કે આ કેસમાં હું સાક્ષી છું તેવી મને

આજદિન સુધી ખબર પડેલી નહિ. આ સાહેદ ડૉકટર છે અને ખબર પડેલી ન હોય તો માની શકાય નહિ જેથી સ્પષ્ટપણે કહિ શકાય કે આ સાહેદ સોગંદ ઉપર જુઠુ બોલે છે. વધુમાં આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા એસ.ઓ.જી. પોલીસ સ્ટેશનમાં પોલીસ વડોદરા મુકામે લઈ ગઈ ત્યારે સીંધ રોડ ગોત્રી સેવાસી ખાતે ફાર્મ હાઉસ ઉપર પણ પોલીસ લઈ ગઈ ત્યારે ઈમરાન ઈબ્રાહિમ શેખ, રફિયુદ્દિન કાપડીયા, ઈકબાલ શેખ, ફારૂક મન્સુરી, સાજીદ મન્સુરી તથા મુસ્લિમ કોમના ઘણા માણસો હતા અને તેઓને પોલીસ મારતી હતી તેમ જણાવે છે. ઊલટતપાસ દરમ્યાન પોલીસે ઘણો અત્યાચાર કરેલાની હકીકત આ સાહેદ જણાવે છે. અમદાવાદ મુકામે લાવીને પણ અત્યાચાર કરેલાનું જણાવે છે. અબ્દુલ અજીજ સીંધી સાહેબ ગાંધીનગર કોર્ટમાં લઈ ગયેલા અને ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબનું નિવેદન લખાવેલાનું જણાવે છે. મેજિસ્ટ્રેટ સાહેબે નિવેદન વાંચવા આપેલું નહિ તેમ પણ જણાવે છે. ૨૦૦૮ થી લઈને આજદિન સુધી ક્રાઈમ બ્રાન્ચ ગાયકવાડ હવેલી ખાતે પોલીસ બોલાવે છે અને પુછપરછ કર્યા કરે છે તેમ પણ જણાવે છે. ખુંદપીરના દરગાહ ઉપર અવારનવાર જાય છે અને ત્યાં ઈદરીશ ગુલાબશા ફકીર નામનો કોઈ મુજાવર નથી તેમ જણાવે છે. પરંતુ મારા મત પ્રમાણે ઈદરીશ ગુલાબશા ફકીર દરગાહ ઉપર મુજાવર ન હોય તો મુજાવર કોણ છે તે આ સાહેદ જણાવતા નથી. ઈમરાન શેખ નામની વ્યકિતએ દરગાહ ઉપર ૨૦ થી ૨૨ માણસોની રહેવાની વ્યવસ્થા કરેલી હોય તેવુ બનેલું નથી તેમ જણાવે છે.

વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, આ સાહેદને અમદાવાદ બોમ્બ બ્લાસ્ટના બનાવોની તેમજ સુરત બોમ્બ પ્લાન્ટેશનના બનાવોની જાણ ટીવી દ્વારા થયેલી હતી. બનાવો પછી આ સાહેદને પણ પોલીસ વડોદરા મુકામે એક ફાર્મ હાઉસ ઉપર લઈ ગયેલી હતી. ત્યાં આ કામના બીજા ઘણા આરોપીઓને પણ રાખવામાં આવેલા હતા. આ સાહેદે જે કંઈ હકીકતો જણાવેલી છે તે સાચી હકીકતો જણાવી છે. આ સાહેદને તપાસ કરનાર અધિકારીઓએ આરોપી બનાવવાની ધમકી આપેલી તેના કારણે આ સાહેદ

સાક્ષી બનેલા છે. વકીલશ્રી આર.કે.શાહ દલીલ સાથે હું સંમત નથી. આ સાહેદને તપાસ કરનાર અધિકારીએ ધમકી આપેલી હોય તેવો કોઈ પુરાવો રજૂ કરવામાં આવેલો નથી. બનાવ સને–૨૦૦૮ની સાલમાં બનેલા અને આ સાહેદે અદાલતમાં જુબાની ૨૦૧૯ ની સાલમાં આવેલી છે. ૧૧ વર્ષના સમય દરમ્યાન આ સાહેદને આરોપી બનાવવાની ધમકી આપેલાની હકીકત જાહેર કરતી કોઈ અરજી તપાસ કરનાર અધિકારીના ઉપલા અધિકારીને કે આ અદાલતને આપેલી નથી જેથી આ સાહેદની હકીકત માની શકાય નહીં.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ આ કેસના આરોપી ઈકબાલ શેખ, કયામુદ્દિન કાપડીયા, રફિયુદ્દિન, ઉસ્માન અગરબત્તીવાલા, સાજીદ મન્સુરી, ઈમરાન શેખ વિગેરેનાઓને સારી રીતે ઓળખે છે. આ સાહેદ પણ પોતાનુ બાઈક લઈને હાલોલ–પાવાગઢ ખાતે ગયેલા છે. ૧૩–જાન્યુઆરી–૨૦૦૮ થી લઈને ૧૫–જાન્યુઆરી–૨૦૦૮ સુધી ટ્રેનીંગ કેમ્પ થયેલા છે, જેહાદી ભાષણો થયેલા છે તેમ છતાં આ સાહેદ જણાવે છે કે આવું કાંઇ થયેલું નથી. આ સાહેદ એમ પણ જણાવે છે કે પોલીસ રૂબરૂ નિવેદન આપેલું નથી. આ કેસમાં સાહેદ છે તેવી પણ ખબર નથી. ઊલટતપાસમાં એમ પણ માલુમ પડે છે કે મેજિસ્ટ્રેટ રૂબરૂ આ સાહેદે નિવેદન આપેલું છે અને એમ પણ જણાવે છે કે સાહેબે વાંચવા આપેલું નહિ. આ સાહેદ ડૉકટર છે અને ભણેલા વ્યકિત છે તેમ છતાં બનાવ બન્યા ત્યારથી લઈને આજદિન સુધી કોઈપણ અદાલત કે કોઈપણ પોલીસ સ્ટેશનમાં તેઓએ કોઈપણ અરજી આપી નથી અને જણાવેલું નથી કે પોલીસે મારો ખોટો જવાબ લીધો છે કે મેજિસ્ટ્રેટશ્રીએ ખોટુ નિવેદન લઇ લીધેલું છે અને ખોટી રીતે સહી કરાવી લીધી છે. જો કે આવુ નિવેદન આ સાહેદની જુબાની દરમ્યાન રજૂ થયેલું નથી પરંતુ માની લઈએ કે ગાંધીનગર કોર્ટમાં પોલીસ લઇ ગયેલી હોય અને મેજિસ્ટ્રેટશ્રીએ સહી કરાવી લીધી હોય તો તે અંગેની કોઇ ફરિયાદ કે રજૂઆત આ સાહેદે કયાંય કરેલી નથી. અગાઉ ચર્ચા કરી તેમ આ સાહેદ સામાન્ય વ્યકિત નથી પરંતુ ડૉકટર છે જેથી એવું સ્પષ્ટપણે કહી શકાય કે આ સાહેદે સમજી વિચારીને સોગંદ ઉપર ખોટી જુબાની આપેલી છે. આ

સાહેદનો સ્પષ્ટ ઈરાદો આરોપીઓને મદદ કરવાનો છે તેવું જણાઇ આવે છે માટે આરોપીઓ તરફથી આ સાહેદની જે ઊલટતપાસ કરવામાં આવેલી છે અને આ સાહેદે આરોપીઓની તરફેણમાં જે હકીકત જણાવી છે તે સદંતર ખોટી છે જે માનવા યોગ્ય નથી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે મહમદરફિક ઉર્ફે બાબા ઇકબાલભાઇ શેખને સાહેદ નં.૧૧૩૧ તરીકે આંક–૮૧૧૮ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ સને–૨૦૦૮ની સાલમાં તેઓ શાંતીવન સોસાયટી, તાંદલજા, વડોદરા ખાતે રહેતા હતા. તે વખતે આ સાહેદ સી.આર.પી. ટેકનોલોજીમાં વેરીફિકેશનનું કામ કરતા હતા. તેમની ઑફિસ તે વખતે એમ.એસ. યુનિવર્સીટીની સામે સયાજીગંજમાં "શ્રેયસ કાર્ડ એન્ડ ગીફ્ટ" માં હતી. આ ઑફિસના માલીક તે વખતે પ્રિતેષભાઇ શાહ હતાં. આ સાહેદ ત્યાં કમિશન ઉપર કામ કરતા હતા. તે અગાઉ એરટેલ સેલફોન કંપનીમાં કામ કરતા હતા. એરટેલ કંપનીમાં કામ કરતા હતા ત્યારે આસીફ ઉસ્માનભાઇ શેખને ઓળખતા હતા. આ આસીફ ઉસ્માન શેખ તેમની સાથે એરટેલ કંપનીમાં કામ કરતા હતા જેથી કંપનીમાં એક જ બાઇક ઉપર જતા હતાં. આ આસીફ ઉસ્માન શેખ ઉપરાંત ઇકબાલ શેખને ઓળખતા હતા. આસીફના કાકાની દુકાન અને ઇકબાલના મામાની દુકાન બાજુ–બાજુમાં આવેલી છે તેથી ઇકબાલ શેખને ઓળખતા હતા. બીજો એક તેમનો મિત્ર જેનું નામ સમીર સૈયદ છે તેને પણ ઓળખે છે. ઇકબાલ શેખ મારફતે કયામુદ્દિન કાપડીયાને ઓળખે છે. આ સાહેદ અને આસીફ મોગલ રેસ્ટોરેન્ટની પાછળ ચાની લારી આવેલી છે ત્યાં ચા પીવા ગયેલાં ત્યારે ત્યાં ઇકબાલ અને કયામુદ્દિન પણ સાથે આવેલાં હતાં. ઇકબાલે ત્યાં કહેલું કે આ મારો મિત્ર છે અને તેનું નામ કયામુદ્દિન કાપડીયા છે. પોલીસે આ સાહેદનો પ્રથમ જવાબ તા.૭.૧૨.૨૦૦૮ ના રોજ લીધેલો. પોલીસે જે જવાબ લીધેલો તે અમદાવાદ બોમ્બ બ્લાસ્ટના બનાવો બાબતે લીધેલો.

સાહેદ વધુમાં જણાવે છે કે, બનાવના ત્રણ–ચાર મહિના પહેલા આ સાહેદ તેના મિત્ર સમીર સાથે જહાંગીરપુરામાં તેના ઘરની પાસે બેઠેલા હતા.

ત્યાંથી મોટર સાઇકલ ઉપર ઇકબાલ અને આસીફ પસાર થતા હતાં. તે લોકોએ આ સાહેદને જોયો અને થોડે દુર આવીને ઉભા રહેલાં. ઇકબાલ બાઇક ઉપરથી નીચે ઉતરેલો અને આ સાહેદને કહેલું કે, તુ "બાદમાં મીલ" મારે તારૂ કામ છે. આ લોકો પછી ત્યાંથી જતા રહેલાં. ત્યારબાદ આસીફ આ સાહેદને જમનાબાઇ હોસ્પિટલ પાછળ બિલ્ડિંગ છે ત્યાં લઇ ગયેલો. ત્યાં બેઝમેન્ટમાં ગયેલાં. બેઝમેન્ટમાં ગયા ત્યારે ત્યાં ઇકબાલ શેખ હતો. ત્યાં ઇકબાલે અડધા–પોણા કલાક સુધી મીનીંગવાળું કુરાન પઢેલું. ત્યારબાદ આ સાહેદ તથા આસીફ છુટા થઇ ગયેલા અને ઘરે ગયેલાં. ત્યારબાદ ત્રણ–ચાર દિવસ બાદ ઇકબાલે ફરીથી આસીફને ફોન કરીને બોલાવેલો અને સાથે બાબાને લઇ આવવા જણાવેલું. ત્યારબાદ જમનાબાઇ હોસ્પિટલની પાછળ આવેલા તે બિલ્ડિંગમાં ઇકબાલ લઇને ગયેલો. બિલ્ડિંગમાં બેઝમેન્ટમાં લઇ ગયેલાં. ત્યાં આ સાહેદ, આસીફ અને ઇકબાલ હતાં. ત્યાં ઇકબાલે ફરી અડધો–પોણા કલાક મીનીંગવાળું કુરાન પઢેલું. ત્યાં સડનલી ઇકબાલે સને–૨૦૦૨ની સાલમાં ધમાલો શરૂ થયેલી હતી તેની વાતો શરૂ કરેલી અને કહેતો હતો કે મુસલમાનો ઉપર બહુ અત્યાચારો થયેલા છે તેનો બદલો લેવાનો છે. તે કહેતો હતો કે બાબરી મસ્જિદ તોડી નાંખેલી તો પણ કાંઇ થયું નહિ અને એના માટે આપણે બદલો લેવાનો છે. તેની વાતો સાંભળીને આ સાહેદ ગભરાઇ ગયેલા અને ત્યાંથી નીકળી ગયેલાં. પછી તે વારંવાર ફોન કરતો હતો પરંતુ આ સાહેદ એવોઇડ કરતાં હતાં. ત્યારપછી આ સાહેદને અચાનક રોડ ઉપર ઇકબાલ મળી ગયેલો. તે કહેતો હતો કે તમે મારો ફોન ઉપાડતા કેમ નથી? અને તમે મને મળવા આવતાં નથી. તે કહેતો હતો કે આટલો બધો અત્યાચાર મુસલમાન ઉપર થાય છે તેનો બદલો લેવાના છીએ. તે બોમ્બ બ્લાસ્ટ કરવાનું કહેતો હતો. તે કહેતો હતો કે અમદાવાદમાં, વડોદરામાં, સુરતમાં બ્લાસ્ટ કરવાના છે. તેણે કહેલું કે, તેના માટે મને એક સાઇકલની અને એક સ્કુટરની વ્યવસ્થા કરી આપો પરંતુ આ સાહેદે ના પાડેલી. તેણે રૂા.૧૨૦૦/– આસીફને આપેલા અને કહેલું કે એક નવો ફોન લાવી આપ. ત્યારબાદ બે–ત્રણ દિવસ બાદ ઇકબાલને મળેલા અને આસીફે રૂા.૧૨૦૦/– પરત આપેલાં. રૂા.૧૨૦૦/–

પાછા આપ્યા પછી તેણે એવું કહેલું કે, મારે એક સીમ કાર્ડ લેવું છે જેથી સયાજીગંજમાં જે દુકાન "શ્રેયસ કાર્ડ ગીફ્ટ શોપ" છે ત્યાં ગયેલાં. ત્યાં ઇકબાલે ડ્રાઇવીંગ લાયસન્સ આપેલું અને તેના વડે એક આઇડીયાનું સીમ કાર્ડ લીધેલું.

સાહેદ વધુમાં જણાવે છે કે, ત્યારબાદ ચાર–પાંચ દિવસ પછી ઇકબાલે આસીફને ફોન કરેલો અને કહેતો હતો કે કયામુદ્દિન મળવા માંગે છે તો તું બાબાને સાથે લઇને આવ. પછી આ સાહેદને આસીફ લઇને ગોત્રીમાં યશ કોમ્પલેક્ષ છે ત્યાં તેણે બોલાવેલા હતા ત્યાં ગયેલાં. ત્યાં ઇકબાલ અને કયામુદ્દિન હતા ત્યાં આ સાહેદ અને આસીફ પહોંચેલાં. ત્યાંથી આસીફ તેની સાસરીમાં લઇ ગયેલો. આસીફની સાસરી તાંદલજામાં છે. ત્યાં પહોંચ્યા પછી આ સાહેદ, કયામુદ્દિન અને ઇકબાલ ટેરેસ ઉપર ગયેલાં. ત્યારબાદ આસીફ પણ એક–બે મિનિટ પછી ટેરેસ ઉપર આવેલો. ત્યાં ઇકબાલે અને કયામુદ્દિને સને–૨૦૦૨ ના રમખાણોની વાતો ચાલુ કરેલી અને કહેતા હતા કે સને–૨૦૦૨ મા ગુજરાતમાં બહુ જુલમ થયો છે તેનો બદલો લેવાનો છે. કયામુદ્દિન કહેતો હતો કે જેહાદ તો ફરજ છે, તમે મુસલમાન છો અને અમારો સાથ આપો. તે કહેતો હતો કે મારા માણસો અમદાવાદમાં, વડોદરામાં અને સુરતમાં બ્લાસ્ટ કરવાના છે. જેથી આ સાહેદે ના પાડેલી કે આમાં ઇન્ટરેસ્ટ નથી. વધુમાં સાહેદ જણાવે છે કે ત્યારપછી બે–ચાર દિવસ બાદ ઇકબાલે ફરીથી આસીફને ફોન કરેલો અને વડોદરામાં એસ.ટી. બસ સ્ટેન્ડ છે ત્યાં બોલાવેલા જેથી આ સાહેદ તથા આસીફ ત્યાં સાથે ગયેલાં અને ઇકબાલ ત્યાં ઉભેલો હતો. ત્યારબાદ ઇકબાલ આ સાહેદની સાથે બાઇક ઉપર બેસી ગયેલો. ઇકબાલે કહેલું કે, આઇનોકસ થિયેટરની બાજુમાં મોલ છે ત્યાં લઇ લ્યો. ત્યાં બેઝમેન્ટના પાર્કિંગમાં ગયેલાં. ત્યાં ઇકબાલે કહેલું કે, આઇનોકસ થિયેટરના મોલમાં, એસ.એસ.જી. હોસ્પિટલ તથા એસ.એસ.જી. હોસ્પિટલની સામે હનુમાનજીનું મંદિર છે ત્યાં બોમ્બ બ્લાસ્ટ કરવાના છે અને તેના માટે અમારે તમારો સાથ જોઇએ છે. ઇકબાલ કહેતો હતો કે તમે મુસલમાન છો અને જેહાદ તો ફરજ છે જેથી તમે કેમ અમારો સાથ આપતા નથી. તેની વાતો સાંભળીને આ સાહેદ ગભરાઇ ગયેલાં.

સાહેદ વધુમાં જણાવે છે કે, ત્યારબાદ ઇકબાલ આ સાહેદને અમદાવાદ લઇને આવેલો હતો અને કહેલું કે પર્સનલ કામ છે સાથે ચાલ જેથી બસ મારફતે અમદાવાદ એસ.ટી. ડેપો ઉપર ઉતરેલાં. ત્યાં ઇકબાલે કોઇન બોકસથી કોઇકને ફોન કરેલો. તે બાદ ઇકબાલ આ સાહેદને રીક્ષામાં બેસાડીને પંદર–વીસ મિનિટ જેવું અંતર હતું અને કોઇક શાક માર્કેટ જેવો એરીયા હતો ત્યાં લઇ ગયેલો. ત્યાં માર્કેટમાં પંદર–વીસ મિનિટ ફરાવેલો. પછી તેણે ફોન કરેલો. આ સાહેદે પુંછેલું કે તું કોને ફોન કરે છે? તેણે કહેલું કે, કયામુદ્દિનને ફોન કરેલો. પછી તે રીક્ષામાં બેસાડીને લઇ ગયેલો. જયાં બહુ બધી લાલ બસો સીટીની હતી ત્યાં લઇ ગયેલો. ત્યાં દસ–પંદર મિનિટ ઉભા રહેલા અને જોયું તો કયામુદ્દિન સામેથી ચાલતો–ચાલતો આવતો હતો. કયામુદ્દિનના હાથમાં એક પ્લાસ્ટિકની બેગ હતી. પછી કયામુદ્દિન, આ સાહેદને તથા ઇકબાલને રીક્ષામાં બેસાડીને એક તળાવ પાસે લઇ ગયેલો. ત્યાં કયામુદ્દિને કહેલું કે અમે લોકો અમદાવાદમાં, સુરતમાં અને વડોદરામાં બોમ્બ બ્લાસ્ટ કરવાના છીએ. તુ અને આસીફ મારો સાથ આપો, તમે મુસલમાન છો. સને–૨૦૦૨ મા ગુજરાતમાં જે દંગાઓ થયેલા હતા તેનો આપણે હિન્દુઓથી બદલો લેવાનો છે. મુસલમાન માટે જેહાદ તો ફરજ છે અને તમે પણ મુસલમાન છો. ત્યારપછી કયામુદ્દિન અને ઇકબાલ જણાવતા હતા કે તું આસીફને સમજાવ. આ વાત સાંભળીને આ સાહેદ ત્યાં સાઇડ ઉપર થઇ ગયેલો. આ સાહેદે જોયું તો કયામુદ્દિને આ ઇકબાલને પૈસાનું બંડલ આપેલું. તે આશરે દસ–બાર હજાર રૂપિયા હશે. ત્યારપછી ઇકબાલ આ સાહેદને વડોદરા લઇ આવેલો. ત્યારપછી રાત્રે આ સાહેદે તેના મિત્ર આસીફ ઉસ્માનને કહેલું કે ઇકબાલ અમદાવાદ લઇ ગયેલો હતો. આસીફને આ સાહેદને કહેલું કે આ લોકો ખોટું કામ કરી બોમ્બ બ્લાસ્ટ કરવાના છે. આ સાહેદે આસીફને કહેલું કે આપણે તો ફેમીલીવાળા લોકો છીએ અને આ લોકો ખુબ માથાભારે લોકો છે અને આપણે હવે તેની સાથે કોન્ટેક રાખવાનો નથી. તેના ત્રણ–ચાર દિવસ પછી ઇકબાલ ફરી આ સાહેદને અમદાવાદ લઇને આવેલો. આ સાહેદ અને ઇકબાલ બસ સ્ટેન્ડ ઉપર ઉતર્યા પછી ઇકબાલે ફોન કરેલો. આ સાહેદે ઇકબાલને પુંછેલું તો તેણે

કહેલું કે કયામુદ્દિનને ફોન કરેલો છે અને ત્યાં પંદર–વીસ મિનિટ પછી કયામુદ્દિન આવેલો. ત્યાંથી કયામુદ્દિન આ સાહેદને અને ઇકબાલને તે જ તળાવવાળી જગ્યા ઉપર લઇ ગયેલો. ત્યાં ગયા પછી કયામુદ્દિન કહેતો હતો કે, હવે અમદાવાદમાં અને સુરતમાં બ્લાસ્ટ કરવાના છે અને વડોદરામાં બોમ્બ બ્લાસ્ટ નથી કરવાના. ત્યારબાદ ઇકબાલ પાછો આ સાહેદને બસમાં વડોદરા લઇ આવેલો. ત્યારપછી બીજા–ત્રીજા દિવસે આ સાહેદને આસીફ કહેતો હતો કે ઇકબાલ અમદાવાદ લઇને આવેલો હતો. તેને કેમ અમદાવાદ લાવેલો તેવું આસીફે કહેલું નહિ. આસીફ કહેતો હતો કે કયામુદ્દિન અને ઇકબાલ અમદાવાદમાં અને સુરતમાં બોમ્બ બ્લાસ્ટ કરવાના છે. આસીફ કહેતો હતો કે આપણે તેઓની સાથે સંપર્કમાં રહેવું નથી. આ લોકો સાથે કોઇભી જાતનો આપણે વહેવાર રાખવાનો નહિ.

વધુમાં સાહેદ જણાવે છે કે, પછી અમદાવાદમાં જે બ્લાસ્ટ થયા તેના એક–બે દિવસ પહેલા ઇકબાલ શેખે આસીફને ફોન કરીને કહેલું કે, બાબાને લઇને કડક બજારની મસ્જિદે આવ. ત્યાં આ સાહેદ અને આસીફ ગયેલાં. ત્યાં ઇકબાલ મળેલો. ઇકબાલ કહેતો હતો કે મારૂ તમે છેલ્લું કામ કરી આપો. આ કામ કર્યા પછી હું તમોને હેરાન નહિ કરૂ અને કોઇભી જાતના તમોને ફોન નહિ કરૂ. આ વાત અમે તેની સાંભળીને અમે તેનું કામ કરવા રાજી થઇ ગયેલાં. ઇકબાલે કહ્યું કે આ મારૂ પાર્સલ તમે અમદાવાદ જઇને કયામુદ્દિનને આપી આવો. ઇકબાલે એક પાર્સલ આસીફને આપેલું. આસીફ તે પાર્સલ લઇને જતો રહેલો. ઇકબાલે આ સાહેદને પણ એક પાર્સલ આપેલું. આ સાહેદ પછી ત્યાંથી તે પાર્સલ લઇને જતો રહેલો. ત્યારબાદ ઘરે ગયેલાં અને કપડા ચેન્જ કરીને આ સાહેદ અને આસીફ એસ.ટી. ડેપો ઉપર આવેલાં અને બસ લઇને અમદાવાદ આવેલાં. આસીફ પાસે ઇકબાલે આપેલો કયામુદ્દિનનો એક નંબર હતો. આસીફે તે નંબર ઉપર ફોન કરેલો. કયામુદ્દિને એક જગ્યા ઉપર બોલાવેલા. ત્યાં પહોંચ્યા અને દસ પંદર મિનિટ રાહ જોયેલી અને ત્યારપછી કયામુદ્દિન ત્યાં આવેલો. ત્યાં કયામુદ્દિન રીક્ષામાં બેસાડતો હતો અને આ સાહેદ ત્યાં સાઇડ ઉપર ઉભેલો હતો અને જોયું તો આસીફે તેની પાસેનું પાર્સલ કયામુદ્દિનને આપેલું. તેઓ રીક્ષામાં બેઠેલા અને

પછી રીક્ષા ચાલવા લાગેલી. પાંચ–દસ મિનિટ પછી કયામુદ્દિને રીક્ષા ઉભી રખાવેલી. કયામુદ્દિને કહેલું કે તમે દુરથી આવ્યા છો, ભુખ્યા હશો ચાલો તમોને પાંઉભાજી ખવડાવું જેથી પાંઉભાજી ખાવા ત્રણેય જણા ત્યાં ઉભા રહેલાં. ત્યાં કયામુદ્દિન આ સાહેદને સામે નાનું ગાર્ડન જેવું હતું ત્યાં લઇ ગયેલો. ઇકબાલે જે પાર્સલ આપેલું હતું તે આ સાહેદે તેને આપેલું. પછી પાંઉભાજીની લારી ઉપર લાવેલાં. ત્યાં કયામુદ્દિન સને–૨૦૦૨ના ગુજરાતમાં જે ધમાલો થયેલી, મુસલમાનો ઉપર જે અત્યાચાર થયેલાં અને તમે મુસલમાન છો અને કયામુદ્દિન કહેતો હતો કે તમે મુસલમાન છો, તમે અમારો સાથ આપો, મુસલમાન માટે જેહાદ ફરજ છે. સને–૧૯૯૬ ની સાલમાં જે બાબરી મસ્જિદ તોડેલી તેનો બદલો લેવાનો છે તેવું કયામુદ્દિન કહેતો હતો. જે જુલમ થયેલા છે સને–૨૦૦૨ મા મુસ્લિમ મહિલા ઉપર તેનો બદલો લેવાનો છે. તે માટે તમે અમારો સાથ આપો. બોમ્બ બ્લાસ્ટ કરવાના છે તો તમે અમારો સાથ આપો. આ સાહેદે તેને કહેલું કે, ઇસ્લામમાં કોઇ જગ્યાએ નિર્દોષોને મારવાનું લખેલું નથી. પછી આ સાહેદે કહેલું કે ઇસ્લામમાં કોઇ જગ્યાએ લખેલું નથી કે તમે દેશ વિરૂધ્ધ કામ કરો અને અમે ફેમીલીવાળા લોકો છીએ તું અમોને હેરાન કરવાનું બંધ કર. આવા કામમાં અમોને તું ના સંડોવીશ. પછી કયામુદ્દિને એડ્રેસની એક પરચી આસીફને આપેલી અને કહેલું કે, તમે આ એડ્રેસ ઉપર આવો તેમ કહિ તે ત્યાંથી જતો રહેલો. ત્યારબાદ પંદર–વીસ મિનિટ સુધી આ સાહેદ અને આસીફ ત્યાં બેઠા રહેલા અને પછી કયામુદ્દિને જે એડ્રેસ આપેલું હતું ત્યાં ગયેલાં. તે જગ્યા ઉપર પહોંચ્યા. ત્યાં કયામુદ્દિન ઓલરેડી પ્રેઝન્ટ હતો. ત્યાં બીજા દસ થી બાર છોકરાઓ હતાં. આસીફે કયામુદ્દિનને પુંછ્યું કે આ છોકરાઓ કોણ છે? તો કયામુદ્દિને કહેલું કે આ મારા મિત્રો છે અને ફરવા આવેલાં છે. ત્યાં આસીફે પાણી પીધેલું અને આ સાહેદ ત્યાંથી નીકળી ગયેલાં. ત્યાં નીચે જોયેલુ તો બે ગાડીઓ ઉભેલી હતી. ત્યારબાદ ત્યાંથી વડોદરા આવેલાં.

સાહેદ વધુમાં જણાવે છે કે, ત્યારપછી રાત્રે ઇકબાલ મળવા આવેલો. ઇકબાલે પુંછેલું કે જે પાર્સલ આપેલા હતા તે તમે કયામુદ્દિનને આપી

દિધેલાં? તો કહેલું કે હા, તે પાર્સલ કયામુદ્દિનને આપી દિધેલાં છે. ઇકબાલ કહેતો હતો કે ભાઇ તમે અમારો સાથ કેમ નથી આપતાં. તમે મુસલમાન છો, તમે અમારી હેલ્પ કરો. આ સાહેદને એવો સવાલ પુછવામાં આવેલ છે કે તમે ના પાડતા હતા તેમ છતાં તમે આ વારંવાર કેમ જતા હતાં? તેના જવાબમાં આ સાહેદ જણાવે છે કે ઇકબાલ તેઓને બહુ ધમકી આપતો હતો કે ખોટા કામમાં સંડોવી દઇશ અને મારી લાગવગ બહુ છે જે તમોને નહિ ખબર હોય.

સાહેદ વધુમાં જણાવે છે કે, બીજા દિવસે સાંજે ટી.વી.માં સમાચાર જોયેલાં કે અમદાવાદમાં બોમ્બ બ્લાસ્ટ થયા છે. આ બાબતે પોલીસે જવાબ લીધેલો. પહેલો જવાબ તા.૭.૧૨.૨૦૦૮ ના રોજ એક સાહેબે લીધેલો. આ જવાબ ઘરે શાંતિવન સોસાયટીમાં લીધેલો. ત્યારપછી બીજી વાર ફોન આવેલો અને કહેલું કે, ક્રાઇમ બ્રાન્ચમાં આવજો. આ સાહેદ તા.૨૦.૧૨.૨૦૦૮ ના રોજ આવેલા હતા. આ સાહેદ અને આસીફ સાથે આવેલાં. પછી બીજા દિવસે આ સાહેદને ત્યાં એક લેટર આવેલો. તે લેટરમાં લખેલું કે બીજા દિવસે અમદાવાદ કોર્ટમાં આવવાનું છે. આ સાહેદ અમદાવાદ મેટ્રોપોલીટન કોર્ટમાં આવેલા અને જે લેટર હતો તે લઇને કોર્ટમાં આવેલા હતા. કોર્ટમાં આવીને એક ચપરાસી હતા તેને પુંછેલું કે આ જગ્યા ઉપર જવું છે તો તેમણે રસ્તો બતાવેલો અને ત્યાં એક ઑફિસની બહાર એક પઠ્ઠાવાળા જેવા ભાઇ બેઠા હતા. તેમને તે લેટર બતાવેલો. આ સાહેદને બહાર ઉભા રાખેલા અને તે ભાઇ લેટર લઇને અંદર ગયેલાં. ત્યારબાદ તે ભાઇ લેટર લઇને પાછા આવેલાં અને ત્યાં બહાર બેસાડેલા. ત્યારપછી ચપરાસી ભાઇ પંદર–વીસ મિનિટ પછી અંદર લઇ ગયેલાં. ત્યાં જજ સાહેબ હતા તેમને લેટર આપેલો. તેમણે પુંછેલું કે તમે કોની સાથે અહીંયા આવ્યા છો? તો કહેલું કે એકલો આવ્યો છું. તેમણે પુંછેલું કે તમે કેમ અહીંયા આવ્યા છો? તો કહેલું કે લેટરમાં લખેલું છે અને નિવેદન આપવાનુ છે અમદાવાદ બ્લાસ્ટ બાબતે. મેજિસ્ટ્રેટ સાહેબે કસમ ખવડાવેલી અને પુંછેલું કે કોઇએ ધાક–ધમકી નથી આપી? કોઇએ કોઇ લાલચ આપી અહીંયા આવવા માટે? તો ના પાડેલી. ત્યારપછી સોગંદ આપ્યા બાદ જે બોલતો હતો તે મેજિસ્ટ્રેટ સાહેબ લખતા હતા

અને બધુ લખાય ગયા પછી મેજિસ્ટ્રેટ સાહેબે છેલ્લા પેજ ઉપર સહિ લીધેલી અને તેમણે પણ સહી કરેલી અને પછી લખેલું વંચાવેલું. તે વાંચતા હતા અને આ સાહેદ સાંભળતા હતા. આ સાહેદ આંક–૮૧૧૯ વાળા નિવેદનમાં તેમની સહી ઓળખી બતાવે છે અને તેમાં લખેલી હકીકત સાચી હોવાનું જણાવેલ છે. સાહેદને સેન્ટ્રલ જેલ, અમદાવાદ ખાતે રાખવામાં આવેલ આરોપીઓને વીડિયો કોન્ફરન્સ દ્વારા ટી.વી. સ્ક્રિન દ્વારા બતાવવામાં આવતા સાહેદ નીચે મુજબના આરોપીઓને ઓળખી બતાવે છે.

(૧) આરોપી નં.૩ ઇકબાલ ઉર્ફે ઈકરાર કાસમભાઇ શેખ

(૨) આરોપી નં.૩૭ કયામુદ્દિન ઉર્ફે મુસા ઉર્ફે આશપાક ઉર્ફે અબ્દુલ કાદીર ઉર્ફે રીઝવાન ઉર્ફે સમીર સરકુદ્દીન કાપડીયા

આ સાહેદને ફરિયાદપક્ષ દ્વારા તા.૩.૪.૨૦૧૯ ના રોજ જુબાની નોંધવા માટે અદાલત સમક્ષ હાજર કરેલ. આ સાહેદે તે જ દિવસે આંક–૮૧૧૫ થી અરજી આપેલી કે તેઓ દુબઈ ખાતે રહે છે અને આંખનું ઓપરેશન કરાવવા માટે આવેલા છે જેથી કોર્ટ તેઓની જુબાની આજરોજ નોંધી લે. આ અરજી ઉપર આરોપીઓના વકીલશ્રીઓએ શેરો કરેલો છે અને અરજી સાંભળવા માટે વિનંતી કરેલી.તે જ દિવસે આરોપીઓના વકીલશ્રીઓએ આંક–૮૧૧૪ થી અરજી આપેલી કે આ કેસના પ્રવર્તમાન સંજોગોના કારણે વકીલશ્રીઓએ કલાક ૩.૦૦ વાગે મીટીંગ રાખેલી છે અને તેમા નિર્ણય લેવાના હોવાથી મુદ્દત માંગેલી. આ અરજી ઉપર ફરિયાદપક્ષ તરફથી શેરો કરવામાં આવેલો છે કે અરજીમાં કોઈ સબળ કારણ જણાવેલ નથી, સાહેદ હાજર છે અને પરદેશના રહીશ છે માટે તેઓની જુબાની તાત્કાલીક નોંધાય તે જરૂરી છે. આંક–૮૧૧૫ તથા ૮૧૧૪ ઉપર તે જ દિવસે અદાલત દ્વારા હુકમ થયેલો. આંક–૮૧૧૪ ની બચાવપક્ષની અરજી મંજૂર કરવામાં આવેલી અને આંક–૮૧૧૫ લગત હુકમ કરવામાં આવેલો કે તા.૪.૪.૨૦૧૯ ના રોજ ૧૦.૪૫ કલાકે સાહેદની જુબાની નોંધવી.

આ સાહેદની ઉપર મુજબની વિગતે તા.૪.૪.૨૦૧૯ ના રોજ સરતપાસ નોંધવામાં આવેલી. સરતપાસ પુરી થયા બાદ આરોપીઓના વકીલશ્રીઓએ આંક–૮૧૨૦ થી અરજી આપેલી કે અગાઉ તપાસેલા સાહેદોની જુબાનીઓ સાથે રાખીને વિચારણા કરવાની છે તથા ભોપાલ સ્થિત કેટલાક આરોપીઓ સાથે ચર્ચા કરવી માટે ૧૫ દિવસનો સમય આપવા વિનંતી કરેલી. ફરિયાદપક્ષ દ્વારા શેરો કરવામાં આવેલો કે ફરિયાદપક્ષના સાહેદ પરદેશથી આવેલા હોવાની હકીકત આ સાહેદનો પુરાવો શરૂ થાય તે પહેલા વકીલશ્રીઓને ખબર હતી. હાલ સાહેદ તેમના બહેનના ઘરે રહે છે. તેમના રક્ષણનો પ્રશ્ન ઉભો થાય તેમ છે. સાહેદ પરદેશ સ્થાયી થયેલા છે. કેસ વીડિયો કોન્ફરન્સ મારફતે ચાલે છે. આરોપીઓના વકીલશ્રીઓ વીડિયો કોન્ફરન્સ મારફતે મુલાકાત લઈ શકે છે જેથી સાહેદ હાજર હોય જુબાની લેવા વિનંતી કરેલી. સાથે સાથે સાહેદે આંક–૮૧૨૪ થી પણ અદાલતને અરજી આપેલી કે તેઓ બે દિવસમાં આંખનુ ઓપરેશન કરાવી ભારત છોડી જવાના છે ત્યાં તેઓની નોકરી ચાલુ છે તા.૮.૪.૨૦૧૯ સુધી તેઓને રજા મળેલી છે જેથી જુબાની નોંધવા વિનંતી કરી છે. બંને પક્ષની દલીલો સાંભળીને સાહેદની સરતપાસ નોંધવામાં આવેલી અને તેઓની ઊલટતપાસ મુલત્વી રાખવામાં આવેલી.

આ સાહેદની ઊલટતપાસ બાકી હતી અને સાહેદ પરદેશ જતા રહેલા. સરકાર વકીલશ્રી અમિત પટેલ આ હકીકત અને સંજોગો સંબંધે દલીલ કરતા જણાવે છે કે, આરોપીઓના વકીલશ્રીઓને જાણ હતી કે આ સાહેદ પરદેશમાં રહે છે અને ટૂંક સમયમાં પરદેશ પરત જનાર છે. આ સાહેદે ફરિયાદ પક્ષને મદદરૂપ થાય તેવી જુબાની આપેલી હોવાથી આરોપીઓ તરફથી આ સાહેદની ઊલટતપાસ જાણી જોઈને કરવામાં આવેલી નથી અને ઊલટતપાસ કરવા માટે બિનજરૂરી સમય માંગેલ હતો. કારણ કે તેઓને ખબર હતી કે સાહેદ પરદેશ જતા રહેવાના છે. આરોપીઓએ ઊલટતપાસની તક જવા દીધેલી છે. આ સાહેદ સંબંધે બચાવપક્ષ તરફથી પણ એવી દલીલ અને રજૂઆત એવી છે કે આ સાહેદ સંબંધે આરોપીઓ સાથે ચર્ચા વિચારણા કરવાની હતી માટે આ સાહેદની

ઊલટતપાસ કરવા માટે મુદ્દત માંગવામાં આવેલી. પરંતુ સાહેદ પરદેશ જતા રહેલા છે અને ઊલટતપાસ માટે હાજર રહેલા નથી જેથી આ સાહેદની ઊલટતપાસ થયેલી ન હોય સાહેદની જુબાની વંચાણે લઈ શકાય નહીં. સરકારી વકીલશ્રી અમિત પટેલ દ્વારા એવી દલીલ અને રજૂઆત છે કે આરોપીઓ તરફથી આ સાહેદની ઊલટતપાસ જાણી જોઈને કરવામાં આવી નથી માટે આ સાહેદની જુબાની ધ્યાને લેવી જોઈએ. મારા મંતવ્ય પ્રમાણે આ સાહેદ પરદેશથી પોતાની આંખનું ઓપરેશન કરાવવા માટે નોકરીમાંથી રજા લઈને અમદાવાદ ખાતે આવેલા હતા અને તેમની બહેનના ઘરે રહેતા હતા. તે દરમ્યાન સાહેદને સમન્સની બજવણી કરવામાં આવેલી અને સાહેદ જુબાની આપવા માટે અદાલત સમક્ષ હાજર રહેલા. આ સાહેદે ફરિયાદપક્ષને મદદરૂપ થાય તે રીતે જુબાની આપેલી હતી જેથી સ્વાભાવિક છે કે આ સાહેદની સરતપાસ બાબતે આરોપીઓના વકીલશ્રીઓ આરોપીઓ સાથે ચર્ચા વિચારણા કરે અને તે માટે તેમને સમયની માંગણી કરેલી અને તે માંગણી અદાલત દ્વારા મંજૂર પણ કરેલી. પરંતુ સાહેદ ટૂંક સમય માટે આવેલા હોવાથી તેઓનો સમય પુરો થતા પરદેશ પરત ગયેલા છે. આવા સંજોગોમાં સાહેદે વધુ સમય લઈને ભારતમાં રોકાવવાનું હતુ અથવા સમય પુરો થતા તેઓ પરદેશ જતા રહ્યા તેમ છતાં ફરીથી સમય લઈને ઊલટતપાસ માટે અદાલત સમક્ષ હાજર થવુ જોઈતુ હતુ. ફરિયાદપક્ષની પણ ફરજ છે કે આ સાહેદ પરદેશ ગયેલા છે તેમ છતાં તેઓને સમન્સ બજાવીને હાજર રાખવા જોઈએ પરંતુ તેમ થઈ શકેલુ નથી. આ સાહેદની ઊલટતપાસ થયેલી નથી તે હકીકત છે. આરોપીઓ તરફથી જાણી જોઈને ઊલટતપાસ કરી નથી તે વાત સાથે હું સંમત નથી. ધારો કે જાણી જોઈને ઊલટતપાસ કરવામાં આવેલી નથી અને સાહેદ પરદેશ જતા રહેલા છે તો સાહેદની ઉપર ફરજ છે કે પોતે ઊલટતપાસ માટે અદાલત સમક્ષ હાજર થાય. અત્યારના સમયમાં પરદેશથી ભારતમાં આવવુ અને ભારતમાંથી પરદેશ જવુ તે મુશ્કેલીભર્યું કામ નથી. તેમ છતાં સાહેદ ઊલટતપાસ માટે અદાલત સમક્ષ હાજર થયેલા નથી. જયારે સાહેદની ઊલટતપાસ થયેલી ન હોય કે બચાવપક્ષને ઊલટતપાસ કરવાની તક મળી ન હોય તો ફકત સરતપાસ

ફરિયાદપક્ષ તરફે ધ્યાને લઈ શકાય નહીં. ઊલટતપાસ વિનાની સરતપાસ ફકત નિવેદન કહેવાય તેને પુરાવો ન કહેવાય અને આવા નિવેદનને પુરાવા તરીકે ગ્રાહ્ય રાખી આરોપીઓ વિરૂધ્ધ વંચાણે લઈ શકાય નહીં. આ સંબંધમાં વકીલશ્રી આર. કે. શાહ નીચે મુજબના ચુકાદા પર આધાર રાખે છે.

અ.નં.	**ચુકાદો**	**ચુકાદામાં નિર્ણીત થયેલ મુદ્દાઓ પૈકી સાહેદની જુબાની બાબતે નિર્ણીત થયેલ મુદ્દો**
૧	અલ મેડીયા એડી વિરૂધ્ધ સ્ટેટ ૧૯૯૬(૧) ક્રાઈમ્સ પાન નં.૪૧૬ (એચ.સી.) મદ્રાસ	ચુકાદાના પેરા–૮ મુજબ ફરિયાદપક્ષના દરેક સાહેદની ઊલટતપાસ કરવાનો બચાવ પક્ષને હકક છે અને સાહેદની ઊલટતપાસ કરવાની હકક બચાવ પક્ષને મળવી જ જોઈએ. સાહેદની ઊલટતપાસ થયેલી ન હોય તેવા સાહેદની જુબાની આરોપી વિરૂધ્ધ વંચાણે લેવાય નહીં.

આ મુદા બાબતે આ અદાલતમાં ધ્યાનમાં છે તેવા નીચે મુજબના ચુકાદાને પણ ધ્યાને લીધેલા છે.

અ.નં.	**ચુકાદો**	**ચુકાદામાં નિર્ણીત થયેલ મુદ્દાઓ પૈકી સાહેદની જુબાની બાબતે નિર્ણીત થયેલ મુદ્દો**
૧	કુલદીપ કુમાર વિરૂધ્ધ સ્ટેટ ઓફ એચ.પી. ૧૯૯૧ (૩) ક્રાઈમ્સ પાન નં.૪૨૬ ડીવીઝન બેન્ચ	ફરિયાદપક્ષના સાહેદની સરતપાસ થયા પછી તે સાહેદની ઊલટતપાસ કરવાની તક બચાવપક્ષને મળેલી ન હોય તો તેવા સાહેદની જુબાની કાયદાની દ્રષ્ટિએ પુરાવા તરીકે વિચારણા હેઠળ લેવાય નહીં. તે માત્ર નિવેદન છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે રીયાઝહુસેન મોહંમદહુસેન સીદ્દિકીને સાહેદ નં.૧૧૫૧ તરીકે આંક–૮૨૬૫ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ આ સાહેદે ધોરણ–૧૧,૧૨ નો અભ્યાસ એફ.ડી. હાયર સેકન્ડરી સ્કૂલ, જુહાપુરા ખાતે કરેલો અને તે વખતે ટેક્ષ પ્રિન્ટ એન્જીનીયર બાપુનગર ખાતે નોકરી પણ કરેલી. તેઓ ધોરણ–૧૨ મા અભ્યાસ કરતા હતા ત્યારે તેમના મિત્રો (૧) સોયેબ સાચોરા (૨) સોહેલ સાચોરા (૩) આલમ જેમ આફ્રીદી હતા અને તેમની સાથે ઈસ્લામ ધર્મ, નમાજ કેવી રીતે પઢવાની અને કુરાને કેવી રીતે પઢવાનું તેની વાતો થતી હતી. કયા વર્ષમાં શું બનેલુ તેની ખબર નથી. તા.૨૬.૭.૦૮ ના રોજ અમદાવાદમાં બોમ્બ બ્લાસ્ટ થયેલા તેના અઠવાડીયા પછી ક્રાઇમ બ્રાન્ચના માણસો રાત્રે ૮.૩૦ વાગે ઘરે આવેલા. પોલીસે જવાબ લીધેલો તે પ્રશ્નના જવાબમાં સાહેદે "ના" જણાવેલુ છે. બ્લાસ્ટના બનાવ વિશે કંઈ જાણતા નથી. મેજિસ્ટ્રેટ સાહેબ પાસે તમારો કોઈ જવાબ લેવામાં આવેલો તે પ્રશ્નના જવાબમાં સાહેદે જણાવેલુ છે કે, ક્રાઈમ બ્રાન્ચમાં હતો ત્યારે પોલીસવાળા ભાઈઓ આવેલા અને મેજિસ્ટ્રેટની કેબીનમાં લઈ ગયેલા. મને બહાર બેસાડી રાખેલો અને આ લોકો અંદર ગયેલા. તેમણે મેજિસ્ટ્રેટ સાથે ચર્ચા કરેલી અંદર બોલાવેલા અને પછી કાગળો ઉપર સહીઓ કરાવેલી. આ સાહેદે ફરિયાદપક્ષની હકીકતને સમર્થન કરેલુ ન હોવાથી ફરિયાદપક્ષના વકીલશ્રીએ આ સાહેદને ફરી ગયેલા જાહેર કરવા વિનંતી કરેલી જેથી તેઓની વિનંતી માન્ય રાખી ફરી ગયેલા જાહેર કરેલા ત્યારબાદ સાહેદની ઊલટતપાસ કરવા પરવાનગી આપેલી હતી. આ સાહેદની ફરિયાદપક્ષ દ્વારા ઊલટતપાસ કરવામાં આવેલી છે.

ઊલટતપાસની મુખ્ય હકીકત ધ્યાને લઈએ તો તા.૧૬.૮.૦૮ ના રોજ પોલીસે જવાબ લીધેલો હતો તે હકીકત નકારી છે. ૨૦૦૫ની સાલના રમજાન માસમાં યાકુબભાઈ મેમનને ત્યાં ઈફતારનો પ્રોગ્રામ થયેલો અને તેમા ગયેલાની હકીકત નકારે છે. પ્રોગ્રામમાં આરીફ કાગજી, સમસુદ્દિન શેખ, યુનુસ મન્સુરી, આલમજેબ, મુજીબ, ગ્યાસુદ્દિન વિગેરેનાઓએ ભાષણ કરેલુ, જેહાદ ચાલુ રાખવાની વાતો થયેલી તો તે હકીકત નકારી છે. મધ્યપ્રદેશમાં સીમીની

મીટીંગ થયેલી મેઈન માણસ સફદર નાગોરી તથા તૌકીરે ભાષણો કરેલાની હકીકત તા.૧૬.૮.૦૮ના પોલીસ નિવેદનમાં લખાવેલાની હકીકત નકારે છે. સાઇકલો ખરીદવા આલમ જેબને રૂા.૫૦૦૦/– આપેલીની હકીકત પોલીસ નિવેદનમાં લખાવેલાની હકીકત નકારી છે. તા.૩૦.૮.૦૮ ના રોજ મેજિસ્ટ્રેટ સાહેબ સમક્ષ હાજર થયેલાની હકીકત નકારી છે. મેજિસ્ટ્રેટ સાહેબે નિવેદન નોંધતા પહેલા સમજ આપેલાની હકીકત નકારી છે. મેજિસ્ટ્રેટ સાહેબે વિચારવાનો સમય આપી તા.૧.૯.૦૮ ના રોજ બપોરના ૧૫.૩૦ કલાકે હાજર રહેવા જણાવેલાની હકીકત નકારી છે. મેજિસ્ટ્રેટ સાહેબે પુછેલુ અને જવાબો આપેલા તે જવાબો મેજિસ્ટ્રેટએ લખી લીધેલાની હકીકત નકારી છે. કુલ–૧૪ પાનાનુ નિવેદન મેજિસ્ટ્રેટ સમક્ષ લખાવેલાની હકીકત નકારી છે. બનાવને લગતી સઘળી હકીકત મેજિસ્ટ્રેટ સમક્ષ લખાવેલાની હકીકત પણ નકારી છે. ફરિયાદપક્ષ તરફથી આ સાહેદના નિવેદનને આંક આપવા માટે વિનંતી કરવામાં આવેલી અને બંને પક્ષને સાંભળીને સહી પુરતો આંક–૮૨૬૬ આપવામાં આવેલો હતો.

ત્યારબાદ આરોપીઓ તરફથી પણ આ સાહેદની ઊલટતપાસ થયેલી છે તે ધ્યાને લઈએ તો તેઓને અટક કર્યા પછી બંને હાથ લાકડીથી બાંધી દીધેલા, દીવાલ જોડે ચોટાડીને બેસાડી દીધેલા, આંખ, કાન, નાક અને મોઢા ઉપર સતત પાણી મારતા હતા જેના કારણે શ્વાસ લેવામાં તકલીફ પડતી હતી. સાહેદ બનાવવાની લાલચ આપી દબાણ કરેલુ. એન્કાઉન્ટર કરી દેવાની ધમકીઓ આપેલી. આંખો ઉપર પટ્ટી બાંધી લાતો મારીને બેસાડી રાખતા હોવાની, અમારા કીધા પ્રમાણે જુબાની આપજે તેવી એસ.પી. મયુર ચાવડાએ ધમકી આપેલી અને ગાંધીનગર તેમની ઓફીસે લઈ ગયેલાની, ટીવી સ્ક્રીન ઉપર આરોપીઓ દેખાય ત્યારે તેમના ટોપી કે ચશ્મા જે પહેર્યા હોય તે કઢાવી દેવાના અને આરોપીઓને ઓળખી બતાવવાના તેવુ કહેલાની હકીકતો આ સાહેદે કબૂલ કરીને જણાવેલી છે. બચાવપક્ષ તરફથી કબૂલાત્મક પ્રશ્નો પુછીને આ સાહેદ પાસે ઉપરોકત વિગતો કબૂલ કરાવેલી છે.

બચાવપક્ષ તરફથી વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, આ સાહેદના નિવેદનને આંક આપવા સામે બચાવપક્ષે વાંધો લીધેલો છે. આ સાહેદે પોલીસ સમક્ષ નિવેદન નોંધાવેલુ હતુ અને ત્યારબાદ મેજિસ્ટ્રેટ સમક્ષ નિવેદન નોંધાવેલુ છે. આ સાહેદે મેજિસ્ટ્રેટ રૂબરૂ નોંધાવેલા નિવેદનનો ઉપયોગ વિરોધાભાસ કે સમર્થન માટે જ થઈ શકે તે સિવાય નિવેદનનું કોઈ મહત્વ નથી. સાહેદનુ પોલીસ રૂબરૂનુ નિવેદન અને ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબનુ નિવેદન તે બંને અલગ વસ્તુ છે. આ સંબંધમાં વકીલશ્રી આર.કે.શાહ પુરાવાના કાયદાની કલમ–૧૪૫ વંચાણે લીધેલી છે.

કલમ–૧૪૫ઃ– અગાઉ કરેલા લેખિત નિવેદનો અંગે ઊલટતપાસઃ–

વિવાદમાં હોય તેવી બાબતને પ્રસ્તુત તેવા પોતે લેખિત કરેલા અથવા લખી લેવાયેલા નિવેદનો તેને બતાવ્યા કે સાબીત કર્યા સિવાય કોઈ સાહેદની ઊલટતપાસ કરી શકાશે, પરંતુ, તે લખાણથી તેનો ખંડન કરવાનો ઈરાદો હોય તો તે લખાણ સાબીત થઈ શકે તે પહેલા તે લખાણનો તે ભાગ કે જેનુ ખંડન કરવાના હેતુ માટે ઉપયોગમાં લેવાનો હોય તે તરફ તેનુ લક્ષ દોરવુ જોઈએ.

આ ઉપરાંત વકીલશ્રી આર.કે.શાહે પુરાવાના કાયદાની કલમ–૧૫૭ વંચાણે લીધેલી છે અને તે મુજબ

કલમ–૧૫૭ઃ– સાહેદના અગાઉના નિવેદનો તે જ હકીકતને લગતી પછીની જુબાનીને સમર્થન આપવા સાબિત કરી શકાશેઃ–

કોઈ સાહેદની જુબાનીનું સમર્થન કરવા માટે એ હકીકત બની તે સંબંધી તે સમયે અથવા તે અરસામાં કરેલુ અથવા તે હકીકતની તપાસ કરવા કાનૂની સત્તા ધરાવતા અધિકારી સમક્ષ સાહેદે તે હકીકત અંગે કરેલુ અગાઉનુ નિવેદન સાબિત કરી શકાશે.

વકીલશ્રી આર.કે.શાહ પુરાવાના કાયદાની ઉપરોકત જોગવાઈઓ ધ્યાને રાખી દલીલ કરે છે કે, આ સાહેદે ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબનુ જે નિવેદન મેજિસ્ટ્રેટ સમક્ષ લખાવેલુ તે જો સાહેદ ફરિયાદપક્ષને મદદ ન કરે તો તે

નિવેદનને વિરોધાભાસ માટે જ વંચાણે લેવાય અને જો સાહેદ ફરિયાદપક્ષને મદદ કરે તો તે નિવેદનને સમર્થન માટે વંચાણે લેવાય. આ સાહેદને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે. રેકર્ડ ઉપરના બીજા પુરાવાથી સમર્થન મળતુ હોય તો જ સાહેદનો પુરાવો ધ્યાને લેવાય. વકીલશ્રી આર.કે.શાહની દલીલ સાથે હું સંમત છું. પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદનુ વર્તન પણ ધ્યાને લેવુ પડે. આ સાહેદને ફરિયાદપક્ષ તરફથી સરતપાસ દરમ્યાન પુછવામાં આવેલુ છે કે તમે કોઈ મેજિસ્ટ્રેટ સાહેબ પાસે ગયા હોય અને મેજિસ્ટ્રેટ સાહેબે તમારો કોઈ જવાબ લીધેલો હોય તેવુ બનેલુ? તો સાહેદે જવાબ આપેલો છે કે ક્રાઈમ બ્રાન્ચમાં હતો ત્યારે પોલીસવાળા ભાઈઓ આવેલા અને મને મેજિસ્ટ્રેટ સાહેબની કેબીનમાં લઈ ગયેલા, મને બહાર બેસાડી રાખેલો અને તે લોકો અંદર ગયેલા અને મેજિસ્ટ્રેટ સાહેબ સાથે તેમણે ચર્ચા કરેલી પછી મને અંદર બોલાવેલો, પછી કાગળો હતા તેમાં મારી સહી લીધેલી અને મેં સહી કરી આપેલી. આ સાહેદનો આ જવાબ સંદતરપણે માની શકાય તેમ નથી. મેજિસ્ટ્રેટશ્રીએ આ સાહેદનુ નિવેદન નોંધવાનુ જે કંઈ કામગીરી કરેલી હતી તે હોદ્દાની રૂએ અદાલતના કામકાજના સમય દરમ્યાન કરેલી હતી અને આ કામગીરી પુરાવાના કાયદાની કલમ–૧૧૪(ઈ) તેમજ કલમ–૮૦ ધ્યાને રાખતા મેજિસ્ટ્રેટશ્રીએ કરેલી કામગીરી કાયદેસરની સાચી છે તેવુ અનુમાન કરવુ પડે. મેજિસ્ટ્રેટશ્રીને આ સાહેદનુ નિવેદન જાતે લખી લેવાનો કોઈ રસ ન હોય. મેજિસ્ટ્રેટશ્રી આ સાહેદનુ નિવેદન તેને પુછયા વીના પણ ન લખે તે સ્વાભાવિક છે. ન્યાયિક પ્રણાલી મુજબ કોર્ટના કામકાજના સમય દરમ્યાન મેજિસ્ટ્રેટશ્રી આવી ન્યાયિક કાર્યવાહી કરે ત્યારે તે સાચી અને કાયદા મુજબની છે તેમ કહેવાય માટે જ પુરાવાના કાયદામાં કલમ–૧૧૪(ઈ) તેમજ ૮૦ ની જોગવાઈ કરેલી છે. આ ઉપરાંત મેજિસ્ટ્રેટશ્રીએ આ સાહેદને ચેમ્બરમાં બોલાવ્યા હોય અને સહીઓ કરવાનુ કહેતા સહીઓ કરી આપેલી પોતે કંઈ જાણતા નથી અને મેજિસ્ટ્રેટશ્રીએ જાતે નિવેદન લખી લીધેલુ છે તેવી કોઈ હકીકત આ ચુકાદો લખાય છે ત્યાં સુધી આ સાહેદે કયાંય મૌખિકમાં કે લેખિતમાં જાહેર કરેલી નથી. આ સાહેદ આરોપી નથી. તેઓ ગમે ત્યારે પણ મેજિસ્ટ્રેટને

અથવા આ અદાલતને લેખિતમાં અરજી આપી જાહેર કરી શકયા હોત પરંતુ તેમ કરેલુ નથી. આ સાહેદનું નિવેદન નોંધવા માટે મેજિસ્ટ્રેટને કોઇ અંગત રસ ના હોય, મેજિસ્ટ્રેટ નિષ્પક્ષ છે. ફરિયાદપક્ષ સાથે સંબંધ નથી. આરોપીઓ કે સાહેદ સાથે દુશ્મનાવટ નથી. મેજિસ્ટ્રેટ શા માટે ખોટુ કૃત્ય કરે માટે આ સાહેદના પુરાવાનું મૂલ્યાંકન કરતી વખતે આ પ્રમાણેની વર્તણૂક આ સાહેદની ધ્યાને રાખવી પડે. મારા સ્પષ્ટ મંતવ્ય પ્રમાણે આ સાહેદે મેજિસ્ટ્રેટ રૂબરૂ આંક–૮૨૬૬ વાળુ નિવેદન સ્વેચ્છાપૂર્વક લખાવેલુ હતુ પરંતુ પાછળથી આરોપીઓને મદદ કરવા માટે ફરી ગયેલા છે તેમ હું માનુ છું. આ સાહેદનો ઈરાદો આરોપીઓને મદદ કરવાનો હોઇ શકે કારણ કે, સરતપાસમાં જણાવેલ આરોપીઓ આ સાહેદના મિત્રો છે. પરંતુ મેજિસ્ટ્રેટ નિષ્પક્ષ છે. બંનેની સરખામણી કરીએ તો અ સાહેદની હકીકત ખોટી છે અને મેજિસ્ટ્રેટે કરેલી કામગીરી સાચી છે તેમ હું માનું છું.

(૭૬) તાજના સાહેદ આરોપી નં.૨૩ એૈયાઝ રઝાકમીંયા સૈયદનાઓના પુરાવાનું મૂલ્યાંકન...

આ કામે ગુનાની ઈન્સાફી કાર્યવાહી આ અદાલતમાં ચાલુ હતી તે દરમ્યાન આ કામના કુલ–૭૮ આરોપીઓ પૈકી આરોપી નં.૨૩ એૈયાઝ રઝાકમીંયા સૈયદનાઓએ તા.૧૧/૩/૨૦૧૯ ના રોજ નાયબ અધીક્ષક મધ્યસ્થ જેલ અમદાવાદનાઓ મારફતે સ્વૈચ્છાએ ગુનાની કબૂલાત કરવા તેમજ સજા માફી મેળવવા માટે લંબાણપૂર્વકનું એક નિવેદન નાયબ અધીક્ષક, મધ્યસ્થ જેલ, અમદાવાદનાઓના ફોરવર્ડિંગ પત્ર સાથે આ અદાલતને કલાક ૨.૫૦ પી.એમ. વાગ્યાએ ડાયસ ઉપર મળેલુ. આ નિવેદન બંધ કવરમાં હતુ જેને ડાયસ ઉપર ખોલવામાં આવેલુ. તે કવર ખોલીને જોતા સદર આરોપીનું કબૂલાત નિવેદન હતુ જેથી તે નિવેદનને સાંભળવા માટે રાખી આંક–૮૦૫૬ આપવામાં આવેલો. ફરિયાદપક્ષને નોટિસ કાઢવામાં આવેલી અને ફરિયાદપક્ષે આંક–૮૦૭૫ થી પોતાનો જવાબ રજૂ કરેલો. ત્યારબાદ ફરિયાદપક્ષની દલીલો, રજૂઆત અને આરોપીની દલીલ અને રજૂઆત ધ્યાને રાખી તેમજ ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ–૩૦૬, ૩૦૭ ની જોગવાઈઓને પણ ધ્યાને રાખી સદર આરોપીને

ગુનામાંથી શરતી માફી આપવાનો હુકમ કરવામાં આવેલો.આંક–૮૦૫૬ હેઠળ જે હુકમ કરવામાં આવેલો તે હુકમ મુજબ...

"(૧)આ કામના આરોપી નં.(૨૩) ઐયાઝભાઈ રજાકભાઈ સૈયદનાઓને નાયબ અધીક્ષક, અમદાવાદ મધ્યસ્થ જેલ મારફત અત્રેની અદાલતને મોકલેલ આંક–૮૦૫૬વાળી કબૂલાત નિવેદનનો ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૩૦૬,૩૦૭ ની જોગવાઈઓ ધ્યાને રાખીને સ્વિકાર કરવામાં આવે છે અને સદર આરોપીને નીચે મુજબની શરતે આ ગુનાઓમાંથી માફી આપવામાં આવે છે.

શરત–આરોપીએ આંક–૮૦૫૬ વાળી નાયબ અધીક્ષક, અમદાવાદ મધ્યસ્થ જેલ મારફતે મોકલેલી કબૂલાત મુજબની તમામ સત્ય હકીકતો આ અદાલત સમક્ષ સોગંદ ઉપર સાક્ષી તરીકે જાહેર કરવાની રહેશે અને આરોપીએ સજા માફીનો સ્વિકાર પણ કરવાનો રહેશે. આ ઉપરાંત–

૧. ફરિયાદપક્ષે સદર આરોપીને સાહેદ તરીકે અદાલત સમક્ષ રજૂ કરવાના રહેશે.

૨. આરોપીને સાહેદ તરીકે આ અદાલત સમક્ષ રજૂ કરવા માટે રીવોક અંગેની કાર્યવાહી નાયબ અધીક્ષકશ્રી, મધ્યસ્થ જેલ, અમદાવાદનાઓએ કરવી.

૩. સદર આરોપીની જુબાની સાહેદ તરીકે ઈન કેમેરા લેવાની રહેશે.

૪. સદર આરોપીનું નામ પ્રિન્ટ મીડીયા કે ઈલેકટ્રોનિક મિડીયામાં જાહેર ન થાય તેનું બંને પક્ષકારોએ ધ્યાન રાખવાનું રહેશે.

૫. સદર આરોપીને મધ્યસ્થ જેલ, અમદાવાદ ખાતે અન્ય આરોપીઓથી અલગ રાખવાની વ્યવસ્થા નાયબ અધીક્ષકશ્રી, મધ્યસ્થ જેલ, અમદાવાદનાઓએ કરવી.

૬. સદર આરોપીને તેમજ તેના પરિવારને પુરતુ પોલીસ રક્ષણ ક્રાઈમ બ્રાન્ચ, અમદાવાદનાઓએ આપવાનું રહેશે.

૭. આરોપીએ આપેલ કબૂલાત નિવેદનની નકલ બચાવપક્ષના વકીલશ્રીને આપવી.

આમ, સદર આરોપી નં.૨૩ એયાઝ રજાકમીંયા સૈયદના ઓએ આંક–૮૦૫૬ થી જે કબૂલાતવાળુ નિવેદન આ અદાલતને મોકલેલુ તે ઉપર આ મુજબનો હુકમ કરવામાં આવેલો. હવે ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૦૬ ની જોગવાઈ મુજબ કોઈપણ વ્યકિતને જો તે કોઈ હકીકતની જાણકારી ધરાવતી હોય તે જાહેર કરવા માટે તેને ધાક–ધમકી, દબાણ, વચન કે લાલચ આપી શકાય નહીં. ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૬ મુજબ તે માટે કોઈ વગ વાપરી શકાય નહીં કે તે મૂળભૂત સિધ્ધાંતની સામે ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૦૬ અપવાદ છે. ઈન્સાફી કાર્યવાહીના કોઈપણ તબકકે ગુનામાં સજા માફી આપવાની સત્તા આ અદાલતને છે અને તે મુજબ આ અદાલતે આ આરોપીને શરતી સજા માફી આપેલી. કોઈપણ ગંભીર પ્રકારના ગુનામાં પુરાવાની કડી પ્રાપ્ત થઈ શકતી નથી અને તેના કારણે તે ગુનામાં સંડોવાયેલી વ્યકિત પુરાવાના અભાવે છટકી જતી હોય છે. માણસની બુધ્ધિમત્તા તથા તેના તર્કને કોઈ હદ નથી. ખૂબ જ કાળજીપૂર્વક અને બુધ્ધિપૂર્વક ગંભીર પ્રકારનો ગુનો કરનાર વ્યકિત કાયદાના હાથમાંથી છટકી ન જાય તે જોવા માટે કલમ–૩૦૬ની રચના કરવામાં આવેલી છે. ગંભીર ગુનામાં જે કોઈ લોકોએ ભાગ લીધેલો હોય, ગુનો કરવામાં મદદગારી કરેલી હોય, ગુનો કરવામાં સામેલ રહેલા હોય તેવી વ્યકિત જ તે ગુનાની કડીબંધ હકીકત જાણતી હોય અને તેવી વ્યકિત દ્વારા જો કોઈ પુરાવો આપવામાં આવે તો તે શ્રેષ્ઠ અને ઉત્તમ પુરાવો છે કારણ કે તેવો પુરાવો ગુનામાં ભાગ લેનારે અને ગુનામાં સંડોવાયેલ વ્યકિતએ આપેલો હોય છે. સામાન્ય રીતે કોઈપણ વ્યકિતએ પોતે ગુનામાં શું ભાગ ભજવ્યો તે અંગે પોતાની વિરૂધ્ધ પુરાવો આપે નહીં, પરંતુ ગુનાની ઈન્સાફી કાર્યવાહીના અંતે જો સજા માફી આપવામાં આવે તો આવો પુરાવો રેકર્ડ ઉપર આવી શકે જેથી કરીને ગંભીર ગુનાના કામે પુરાવાના અભાવે કોઈ ગુનો કરનાર વ્યકિત છટકી જઈ શકે નહીં. ધારો કે અન્ય પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી તો પુરાવાના અભાવે આવા ગંભીર ગુના કરનાર વ્યકિત છટકી જાય અને ભવિષ્યમાં ફરીથી આવા ગુના કરી શકે અને બીજા કોઈ વ્યકિત પણ તે જોઈ ગુનો કરવા પ્રોત્સાહિત થઈ શકે. ગંભીર પ્રકારનો

ગુનો હોય, સમાજ અને દેશ વિરૂધ્ધનો ગુનો હોય તો એવો ગુનો કરનાર વ્યકિત કોઈપણ સંજોગોમાં છટકી જાય તે યોગ્ય નથી. ગુનો કરનારાઓએ કેવી રીતે ગુનો કરેલો, કેમ ગુનો કરેલો, ગુનામાં કોણ સંડોવાયેલા, કોણે શું કામગીરી કરેલી વિગેરે સંબંધી પુરાવો તેમાના જ કોઈ વ્યકિત આપે તો તેવી વ્યકિતને સજા માફી આપવી યોગ્ય છે. માટે આવા પુરાવાથી કોઈ નિર્દોષ વ્યકિત દંડાય નહીં અને ગંભીર ગુનો કરનાર વ્યકિત છટકી જાય નહીં તે માટે આવી વ્યકિતના પુરાવાનું મૂલ્ય છે.

ગુનામાં સંડોવાયેલી વ્યકિત જો પુરાવો આપે તો તેને **"તાજનો સાક્ષી"** કહેવામાં આવે છે અને આ વ્યકિત ઈન્સાફી કાર્યવાહીમાં સક્ષમ સાક્ષી બને છે. કાયદાના સિધ્ધાંત મુજબ સહઆરોપીએ જયારે આવો પુરાવો આપેલો હોય ત્યારે તેના પુરાવા ઉપર અન્ય પુરાવાના સમર્થન વિના પણ જો સજા કરવામાં આવે તો તે ગેરકાયદેસર નથી. સહઆરોપી દ્વારા આપવામાં આવેલો પુરાવો આ કલમ–૩૦૬ હેઠળ માન્ય રાખી શકાય તે માટે કેટલીક શરતો પૂર્ણ થવી જોઈએ અને તે શરતો પૂર્ણ થાય છે કે કેમ? તે અદાલતે જોવુ જોઈએ તે માટે...

(૧) જે સહઆરોપી હોય અને જેનો પુરાવો લેવાનો હોય તે વ્યકિત તે જ ગુનામાં પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે સંકળાયેલી હોવી જોઈએ અથવા સંકળાયેલ હોવાનું માનતી હોવી જોઈએ.

(૨) આવી વ્યકિત પોતાની જાણમાં હોય તે તમામ સંજોગો સંપૂર્ણપણે સચ્ચાઈ પૂર્વક જાહેર કરવા બંધાયેલી હોય અને તે શરત માન્ય રાખવાની તૈયારી બતાવે.

(૩) પેટા કલમ(૨) હેઠળ જે પ્રકારનો ગુનો આવરી લેવામાં આવ્યો છે તેવા ગુનાને લગતી ઈન્સાફી કાર્યવાહી હોય.

(૪) સહઆરોપી પુરાવા આપવા તૈયાર હોય અને તેઓ સજા માફીની શરતો સ્વીકારવા તૈયાર હોય અને તેની જુબાની ત્યારબાદ લેવામાં આવે. આ કામમાં આરોપી નં.૨૩ એૈયાઝ રજાકમીંયા સૈયદને શરતી સજા માફી

આપવામાં આવેલી અને ફરિયાદપક્ષને હુકમ કરેલો કે આ આરોપીને સાહેદ તરીકે તપાસવો. આરોપીએ આ અદાલત દ્વારા ફરમાવવામાં આવેલી તમામ શરતોનો સ્વીકાર કરેલો છે અને ત્યારબાદ અદાલત રૂબરૂ તેને સાહેદ તરીકે તપાસવામાં આવેલો છે.આરોપીઓ તરફથી તેની વિગતવાર અને લંબાણપૂર્વકની ઊલટતપાસ પણ થયેલી છે.

હવે આ આરોપીને આ અદાલત રૂબરૂ રજૂ કરતા ફરિયાદપક્ષ દ્વારા સાહેદ નં.૧૧૪૧ તરીકે આંક–૮૧૯૧ થી તપાસેલા છે. તેઓની સરતપાસ મારા મત પ્રમાણે સંપૂર્ણપણે અત્રે ધ્યાને લેવી જરૂરી છે. કારણ કે આ સાહેદ બંને પક્ષ માટે ખૂબ જ અગત્યના સાહેદ છે. તેઓની સરતપાસ મુજબ તેઓ અમદાવાદના સીરીયલ બોમ્બ બ્લાસ્ટના કેસોમાં આરોપી છે અને તેમનો કેદી નં.૧૨૧/૧૯ છે. તેમનો નંબર દર વર્ષે બદલાય છે. અમદાવાદ શહેરમાં સીરીયલ બોમ્બ બ્લાસ્ટ તા.૨૬–જુલાઇ ૨૦૦૮ નારોજ થયેલાં હતાં અને તે અંગેના વીસ ગુના અમદાવાદમાં નોંધાયેલાં હતાં. આ સાહેદ સામે કલમ–૩૦૨, ૩૦૭, ૩૨૧,૧૨૪, ૧૨૦(બી) તથા એક્ષપ્લોઝીવ એકટની ઘણી બધી કલમો તથા અનલોકુલ એક્ટીવીટી (પ્રિવેન્શન)એકટની ઘણી બધી કલમો હેઠળ ગુનો અન્ય સહઆરોપીઓ સાથે નોંધાયેલો છે.

વધુમાં આ સાહેદના કહેવા મુજબ સને–૨૦૦૦ની સાલમાં તેઓ શાહિબાગ વિસ્તારમાં રહેતા હતા માટે ઘણી વખત સીટીમાં કામ હોય તો ઘણી વખત શાહપુર બાય સેન્ટર વિસ્તારમાંથી આવવા જવાનું થતું હતું. આ સાહેદ જે રસ્તા ઉપરથી નીકળતા હતા તે બાય સેન્ટરમાં એક ઇમારત હતી અને તેની ઉપર **'SIMI'** તેવું બોર્ડ લગાવેલું હતું. નીચે તેનું કુલ ફોર્મ "સ્ટુડન્ટ ઇસ્લામિક મુવમેન્ટ ઓફ ઇન્ડિયા" લખેલું હતું. આ જે બોર્ડ હતું ત્યાં આગળ આસપાસમાં અમુક પોસ્ટરો લગાવેલા હતાં. આ પોસ્ટરોમાં બાબરી મસ્જિદનો ફોટો હતો અને તેની સાથે કાંઇક લખાણ લખેલું હતું. આ સાહેદે જયારે બાબરી મસ્જિદના પોસ્ટર જોયા ત્યારે શા માટે પોસ્ટર લગાવેલા છે? અને તેનો મતલબ શું છે? તે જાણવા માટે તે બિલ્ડિંગના ફર્સ્ટ ફલોર ઉપર ગયેલા. જયારે રૂમમાં એન્ટર થયા ત્યારે ત્યાં

ઑફિસ જેવું હતું. ત્યાં સૌપ્રથમ એક વ્યકિત સાથે તેમની મુલાકાત થયેલી. તેણે આ સાહેદને ત્યાં આવવાનું કારણ પુંછેલું. તો આ સાહેદે જણાવેલું કે બહાર બાબરી મસ્જિદના પોસ્ટર લાગેલા છે તો તે શું કારણથી અને તેનો શું મતલબ છે? અને આ "સીમી" છે તે શું છે? તે ભાઇએ તેઓની ઓળખાણ "આરીફ કાગજી" શાહપુરના રહેવાસી તેવી આપેલી. પછી આરીફ કાગજીએ આ સાહેદને કહેલું કે, આ જે "સીમી" છે તે મુસ્લિમ યુવકોનું સંગઠન છે અને આ સંગઠનનો જે હેતુ છે તે ભારતમાં જે મુસ્લિમો ઉપર જે અત્યાચાર થાય છે તેનો બદલો લેવાનો છે અને આ સિવાય સમગ્ર ભારતમાં ઇસ્લામિક રાજયની સ્થાપના થાય તે માટે મુસ્લિમ યુવકોને તૈયાર કરવાના છે. તેના સિવાય તેણે બાબરી મસ્જિદ વિશે પણ બતાવેલું અને બાબરી મસ્જિદ વિશે એવું બતાવેલું કે, અયોધ્યામાં જે બાબરી મસ્જિદ તોડી પાડવામાં આવી છે તેને ફરીથી બનાવવા પુનઃનિર્માણના બહાને મુસ્લિમોમાં જેહાદની ભાવના પેદા કરવી તે પણ એક "સીમી" સંગઠનનો હેતુ છે. ત્યારપછી આરીફ કાગજીએ એવું કહેલું કે, સંગઠન વિશે તમારે વધારે જાણકારી જોઇએ તો અહીંયા સીમીની ઑફિસમાં રેગ્યુલર વિઝીટ કરવી અને સીમીના લોકોને અહીંયા મળતા રહેવું. ત્યારપછી જયારે પણ આ સાહેદને સમય મળે ત્યારે સીમીની ઑફિસમાં અવારનવાર વિઝીટ કરતા હતા. ત્યાં આગળ બીજા પણ લોકો હતાં અને આરીફ કાગજીએ એવું કહેલું કે, આ બધા "સીમી"ના મેમ્બર છે અને અહીંયા મોટાભાગે ઇસ્લામિક શાસન અને જેહાદની ચર્ચા થાય છે.

વધુમાં આ સાહેદ જણાવે છે કે, તેના પછી વર્ષ ૨૦૦૧માં આ સાહેદે ન્યૂઝ પેપર દ્વારા જાણેલું કે આ જે "સીમી" છે (સ્ટુડન્ટ ઇસ્લામીક મુવમેન્ટ ઓફ ઇન્ડિયા) તે ભારત દેશ વિરૂધ્ધ એકટીવીટી કરે છે એટલે આ સંગઠન ઉપર ભારત સરકાર ગમે ત્યારે પ્રતિબંધ મુકશે અને આ ન્યૂઝ સાંભળ્યા ત્યારે તેઓ "સીમી"ની ઑફિસે ગયેલા ત્યારે તેમની ફરીથી આરીફ કાગજી સાથે મુલાકાત થયેલી. આ સાહેદે તેને પુંછેલું કે "સીમી" ઉપર પ્રતિબંધ મુકાવાનો છે તો આરીફ કાગજીએ એવું કહેલું કે અત્યારે માહોલ એવો ચાલે છે, થોડો ખરાબ માહોલ છે એટલે તું હવે અત્યારે ઑફિસ ઉપર આવવાનું બંધ કરી દે જે અને "સીમી"

સંગઠન માટે ન્યૂઝ પેપર દ્વારા જાણવાનો પ્રયત્ન કરજે જેથી આ સાહેદે ઑફિસ ઉપર જવાનું બંધ કરી દિધેલું. આ જે ચર્ચા થઇ તેના થોડા દિવસ પછી ટી.વી., રેડીયો ઉપર એવા સમાચાર સાંભળેલા કે જે સીમી સંગઠન છે તે ભારત વિરોધી પ્રવૃત્તિ કરે છે અને બાબરી મસ્જિદ પુનઃનિર્માણના બહાને મુસ્લિમ નવયુવકોને ઉશ્કેરે છે એટલે ભારત સરકારે તેની ઉપર પ્રતિબંધ મુકેલો છે. ત્યારબાદ થોડા સમય બાદ ફરીથી ન્યૂઝ પેપરમાં વાંચેલું કે સુરત શહેરમાં "સીમી" સંગઠનના જે કાર્યકરો હતા તે કોઇ ગેરકાયદે મીટીંગ કરતા હતાં એટલે પોલીસે તેમની ધરપકડ કરેલી હતી અને આરીફ કાગજી સાથે મુલાકાત થયેલી હતી તેનું નામ પણ હતું.

વધુમાં સાહેદ સરતપાસમાં જણાવે છે કે, ત્યારબાદ સને–૨૦૦૨ ના ફેબ્રુઆરી માસમાં ગોધરા રેલવે સ્ટેશનમાં રેલવેનો એક ડબ્બો બાળી નાંખવામાં આવેલો અને તેમાં ઘણા બધા કારસેવકોને બાળી નાંખવામાં આવેલાં આ સમાચાર ટી.વી. અને ન્યૂઝ પેપર દ્વારા જાણેલાં. આ ઘટના થઇ પછી બીજા દિવસે સમગ્ર ગુજરાત રાજયમાં સાંપ્રદાયિક માહોલ પેદા થયેલો અને કેટલાક હિન્દુ સંગઠનોએ બંધનું એલાન પણ આપેલું. જેના કારણે સમગ્ર ગુજરાતમાં અને ખાસ કરીને અમદાવાદમાં કોમી તોફાનો ફાટી નીકળેલાં અને આ તોફાનોમાં મુસ્લિમ કોમના લોકોના ઘરો, દુકાનો, મકાનો લુંટીને બાળી નાંખવામાં આવેલાં અને સ્ત્રી, પુરૂષો અને બાળકોને પણ જીવતા બાળી નાંખવામાં આવ્યા હતા અથવા કાપી નાંખવામાં આવ્યા હતાં. આ તોફાનોમાં જે લોકો ઘરબાર છોડીને ભાગ્યા હતા તેમના માટે શાહીબાગ વિસ્તારમાં રાહત કેમ્પ શરૂ કરવામાં આવેલ હતો અને આ કેમ્પમાં તેમના રહેવા–જમવા માટેની સુવિધા કરવામાં આવેલી હતી. આ સિવાય જે મુસ્લિમોને મારી નાંખવામાં આવેલા બાળીને કે કાપીને તે લોકોની લાશોને દફનાવવા માટે આ સાહેદના વિસ્તારના કબ્રસ્તાનમાં લાવવામાં આવેલ અને આ લાશો અને બધુ નજરેથી જોયેલું. આ ઘટનાઓ થઇ અને આ બધું નજરે જોયું તે પછી હિન્દુઓ વિરોધી મનમાં લાગણી પેદા થયેલી.

સાહેદ વધુમાં જણાવે છે કે, ત્યારબાદ સને–૨૦૦૨મા આ બધું થઇ ગયેલું અને તેના પછી લગભગ સને–૨૦૦૫મા આ સાહેદ એકવાર સીટીમાં

શાહપુર વિસ્તારમાંથી પસાર થતા હતા તે દરમ્યાન શાહપુર ચકલામાં એક દુકાનમાં આરીફ કાગજીને બેઠેલો જોયેલો એટલે તેની પાસે ગયેલા અને તેને પુંછેલું કે, અહિંયા આ દુકાનમાં બેઠા છો તો કોની દુકાન છે? તો તેણે કહેલું કે, મારા પિતાજીની દુકાન છે. એટલે આ સાહેદે તેને પુછેલું કે, તમારી સુરતમાં એરેસ્ટીંગ થયેલી તો તેનું શું થયું? તો તેણે જવાબ આપેલો કે, થોડા મહિના જેલમાં રહેલા અને પછી જામીન મળેલાં. તેનો થોડા સમય પસાર થયો પછી આ સાહેદ ફરીથી શાહપુર વિસ્તારમાંથી પસાર થવાનુ થયેલું અને ફરીથી આરીફ કાગજી સાથે દુકાનમાં મુલાકાત થયેલી. આરીફ કાગજી અને આ સાહેદ વચ્ચે વાતચીત થયેલી તો આરીફ કાગજીએ જણાવેલું કે, "સીમી" જે સંગઠન હતું (સ્ટુડન્ટ ઈસ્લામિક મુવમેન્ટ ઓફ ઈન્ડિયા) તેની પ્રવૃત્તિ ઉપર પ્રતિબંધ લાગી ગયો છે માટે ખુલ્લેઆમ પ્રવૃત્તિ થતી નથી પરંતુ ગુપ્ત રીતે સીમીના જે બધા કાર્યકરો છે તેમાંથી કોઈની દુકાને, ઘરે, કારખાને, સીમીની જે જેહાદી વિચારધારા છે તેનો પ્રચાર–પ્રસાર કરીએ છીએ. તો તેણે કહેલું કે, જો તારે પણ આવા સીમીના પ્રોગ્રામમાં આવવું હોય તો આવજે અને આ જે પ્રોગ્રામમાં આવવાનું કહેલું તે પછી ફોનથી કે રૂબરૂમાં ઘરે આવીને આરીફ કાગજી કહિ જતો હતો કે કઈ જગ્યાએ પ્રોગ્રામ છે અને કયાં જમા થવાનું છે. તેમાં એવી પણ વાત થયેલી કે પહેલા ગુજરાતમાં તોફાનો થયેલા ન હતા અને હવે તોફાનો થઈ ગયેલા છે એટલે તેનો બદલો લેવા માટે પણ મુસ્લિમ યુવકોને તૈયાર કરવાના છે. આ જે આરીફ કાગજી સાથે વાત થઈ તે પછી આ સાહેદ એક મીટીંગમાં શાહપુર વિસ્તારમાં ગયેલા અને જયારે તે મીટીંગમાં ગયેલા ત્યારે બીજા પણ લોકો, યુવકો ત્યાં હાજર હતાં. તેમની ઓળખાણ આરીફ કાગજીએ કરાવેલી. તેમાં સમસુદ્દિન શાહબુદ્દિન શેખ, દરીયાપુરનો રહેવાસી તેના સિવાય ગોમતીપુરના અલીમ ઝાકીર અને મોહમદ ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ રાઝીક હતાં. આ સિવાય જુહાપુરાના પણ બે શખ્સો હતા તેમાં એક યાકુબભાઈ અને બીજો મુજીબ કરીને છોકરો હતો. આ જે પ્રોગ્રામ થયા તેમાં સમસુદ્દિન શેખ અને આરીફ કાગજીનાઓ તકરીર કરતાં હતાં અને આ જે ભાષણો થતા તેમાં તે લોકો એવું સમજાવતા કે, વિશ્વમાં અનેક સ્થળોએ જેહાદી

પ્રવૃત્તિઓ ચાલુ છે અને જે જેહાદી સંગઠનો છે તે જે તે દેશની સરકાર સામે જેહાદ કરે છે એટલે આપણે અહીંયા ભારતમાં પણ જેહાદ શરૂ કરવાનો છે. આ જે પ્રોગ્રામ થયેલા તે લગભગ સને–૨૦૦૫ થી લઈને સને–૨૦૦૮ સુધીમાં આવા ઘણા પ્રોગ્રામ થયેલાં. આ જે કાંઈ પ્રોગ્રામ થયેલાં તેમાં સમસુદ્દિન અને આરીફ કાગજી તકરીર કરતાં હતાં.

સાહેદ વધુમાં જણાવે છે કે, તકરીરમાં તેઓ કહેતા હતા કે ભારતમાં ઈસ્લામિક શાસન લાવવા માટે તેમજ ગુજરાતમાં જે તોફાનો થયેલા છે તેનો બદલો લેવા માટે બધી તૈયારી કરવાની છે અને તેના માટે માનસિક અને શારીરિક રીતે મજબુત થવાનું છે. આના જે બધા પ્રોગ્રામ થતા હતા અને આ જે બધા આવેલા હોય અને તે પ્રોગ્રામમાં કાંઈ કન્ફ્યુઝન હોય, જે સાંભળેલું હોય અને તેમાં કાંઈ કન્ફ્યુઝન હોય તો તે લોકો સવાલ પુછે અને સમસુદ્દિન અને આરીફ કાગજી તેના જવાબ આપે અને જેહાદ વિશે તેમને સમજાવે. સને–૨૦૦૫ થી સને–૨૦૦૮ સુધીના સમયમાં આવા જ મોટાભાગે પ્રોગ્રામો થતા હતાં. આ જે પ્રોગ્રામ થતા હતાં તે કોઈ વખતે ઈબ્રાહિમ, અલીમ અને જુહાપુરાના યાકુબભાઇ જે હતા તેમના ઘરે પણ આવા પ્રોગ્રામ થતા હતાં. આ જે પ્રોગ્રામ થયેલા તેવો બીજો એક મોટો પ્રોગ્રામ સને–૨૦૦૮ની શરૂઆતમાં થયેલો. સમસુદ્દિન શાહબુદ્દિન શેખ કે જે દરિયાપુરનો રહેવાસી છે તેમના નાનાના ઘરે પ્રોગ્રામ એટલે મીટીંગ થયેલી. આ પ્રોગ્રામ/મીટીંગ વિશે આ સાહેદને આરીફ કાગજીએ એવું જણાવેલું કે આ મીટીંગ બહુ મહત્વપૂર્ણ છે અને બહારથી પણ ઘણા બધા મહેમાનો આવવાના છે એટલે આ સાહેદને પણ આ મીટીંગમાં હાજર રહેવાનું જણાવેલ જેથી આમંત્રણ આપેલું એટલે તે મીટીંગમાં ગયેલા હતા. આ મીટીંગમાં જયારે તેઓ ત્યાં ગયા ત્યારે ઘણા બધા બીજા લોકો પણ ત્યાં હાજર હતાં. તેમાંથી આરીફ કાગજીએ આ સાહેદની જે લોકો સાથે ઓળખાણ કરાવેલી તેમાં સફદર હુસેન નાગોરી, શીબલી, અબ્દુલ સુભાન ઉર્ફે તૌકિર, કયામુદ્દિન કાપડીયા, મુફતી અબુબશર હતાં. આ સિવાય બીજા ઘણા બધા ત્યાં હતાં. આ સિવાય તેઓ જેને પહેલા પ્રોગ્રામમાં મળતા હતા તે ઝાકિર, મોહમદ ઈસ્માઇલ

ઉર્ફે અબ્દુલ રાઝીક, આરીફ કાગજી અને સમસુદ્ધિન શેખ અને એ લોકો. તેમાં મુખ્યત્વે સફદરહુસેન નાગોરી, અબ્દુલ સુભાન તૌકિર, સમસુદ્ધિન શેખ અને આરીફ કાગજી આ લોકો ભાષણ કરતાં હતાં અને આ ભાષણમાં તેઓ સમગ્ર વિશ્વમાં જે અલગ–અલગ દેશોમાં સંગઠનો હિંસક એકટીવીટી કરે છે અને ઇસ્લામિક શાસન લાવવા માટે જે પ્રયત્ન કરે છે તે વિશે આ લોકો તકરીરમાં કહેતાં હતાં અને એ સિવાય ભારતમાં પણ ઇસ્લામિક શાસન કેમ જરૂરી છે અને ભારતમાં પણ પ્રેકટીકલ જેહાદી એકટીવીટી શરૂ કરવી જરૂરી છે તેવું આ લોકો સમજાવતાં હતાં. આ બે ત્રણ દિવસ જે પ્રોગ્રામ ચાલ્યો તેમાં દિવસે આ ભાષણની એકટીવીટી થતી અને એક દિવસ સાંજે સમસુદ્ધિન શેખ જે તે મકાનના પહેલા માળે આ સાહેદને અને બીજા ઘણા બધા લોકોને લઇ ગયેલો. ત્યાં એક રૂમમાં કલર ટી.વી. અને વી.સી.ડી.પ્લેયર હતાં. પછી વી.સી.ડી. પ્લેયર થ્રુ કેસેટ બતાવવામાં આવતી હતી અને આ જે વિડિયો કેસેટ હોય તેની અંદર તાલીબાન છે, અલકાયદા, હમાસ, વિગેરે સંગઠનો કેવી રીતે હિંસક એકટીવીટી કરે છે જેવી કે સુસાઇટ બોમ્બીંગ, ગેરીલા હુમલા, બોમ્બ વિસ્ફોટો એ બધુ આ વીડિયોમાં બતાવવામાં આવતું હતું. આ સિવાય તેમાં બોમ્બ કઇ રીતે બનાવવા, વિસ્ફોટકો કઇ રીતે બનાવવા તેનું ડેમોન્ટ્રેશન બતાવતા હતાં અને આ જે વીડિયો સી.ડી ચાલતી હતી તેમાં ઓડિયો અને જે ટેકસ લખેલું આવેલું તે અરબી તથા અંગ્રેજીમાં આવે અને જે ઓડિયો સંભળાય તે પણ અરબી અને અંગ્રેજીમાં સંભળાય એટલે સમસુદ્ધિન શેખ તેનું હિન્દીમાં ટ્રાન્સલેશન કરીને સમજાવતો. આ પ્રોગ્રામ બે કે ત્રણ દિવસ ચાલેલો અને પછી મીટીંગમાંથી છુટા પડેલાં. આ જે મીટીંગ થઇ તેના થોડા સમય પછી ન્યૂઝ પેપર દ્વારા એવું જાણેલું કે,મધ્યપ્રદેશના ઇન્દૌર શહેરમાંથી સીમીના કેટલાક કાર્યકરોની ગેરકાયદે પ્રવૃત્તિ બદલ ધરપકડ થયેલી. આ જયારે ન્યૂઝ સાંભળ્યા ત્યારે આ સાહેદ આરીફ કાગજી પાસે ગયેલા અને પુંછેલું કે આ ધરપકડ ઇન્દોરમાંથી થયેલી છે તે શા કારણે થયેલી છે? તો આરીફ કાગજીએ એવું કહેલું કે, જે ધરપકડ થઇ છે તે આપણા સીમીના સફદર નાગોરીના ગ્રુપના છે અને તે લોકો આપણે હવે જે પ્રેકટીકલ એકટીવીટી શરૂ

કરવાની છે તેની તૈયારી કરતા હતાં અને આ લોકો ત્યાં આગળ પકડાઇ ગયેલાં છે. એટલે આ લોકોની પોલીસ પુછપરછ કરશે અને પુછપરછ કરશે એટલે આપણી અત્યાર સુધીની જે મીટીંગો થયેલી છે તે મીટીંગોનો ખુલાસો પણ થશે.એટલે થોડા સમય સુધી આપણે એકબીજાને મળવાનું નથી અને ભવિષ્યમાં ફરીથી કોઇ મીટીંગ કરવાની થશે તો જે તે સમયે જાણ કરી દઇશું અને તે સિવાય આરીફ કાગજીએ એવું પણ કહેલું કે, આપણે જે લોકોને ઓળખીએ છીએ અથવા મળેલા છીએ તે લોકો સિવાય કોઇપણ અજાણ્યા લોકો સાથે કોઇપણ પ્રકારની પ્રવૃતિમાં સામેલ નહિ થવાનું અને એટલે પછી મળવાનું બંધ કરેલું.

આ સાહેદે વધુમાં જણાવેલ છે કે, ત્યારબાદ મે–૨૦૦૮ની સાલમાં મહમદ ઇસ્માઇલ ઉર્ફે અબ્દુલ રાજીકનો આ સાહેદ ઉપર ફોન આવેલો અને ફોન કરીને ઘરની સોસાયટીની બહાર બોલાવતા તેઓ બહાર ગયેલા ત્યારે એવું કહેલું કે, તેમની સાથે બે લોકો છે અને આ લોકો આપણને સીમીની મીટીંગમાં મળતા હતા તે બે સીમીના મિત્રો છે. પછી એણે કહેલુ કે આ બે જણા સીમીના છે તેમની પાસે અત્યારે રહેવા માટે ઘર નથી અને તેના કારણે તે લોકોને બહુ તકલીફ પડે છે માટે શાહીબાગ વિસ્તારમાં જો કોઇ જગ્યાએ ભાડાનું મકાન મળતું હોય તો ભાડેથી મકાન લેવાની વાત કરતા કરતા બધા ચાની કિટલી ઉપર ગયેલાં. ત્યાંથી અબ્દુલ રાજીકે હાથ ઉંચો કરીને બે વ્યકિતઓને બોલાવેલા અને જયારે તે પાછા આવેલા ત્યારે આ સાહેદે તેમને ઓળખેલા તેમાંથી એક કયામુદ્દિન કાપડીયા અને બીજો તૌકિર ઉર્ફે અબ્દુલ સુભાન હતો અને આ બંને માણસોને સમસુદ્દિનના નાના ના ઘરે સીમીની જે મીટીંગ થયેલી હતી તેમાં જોયેલા એટલે ઓળખતો હતો. પછી મોહમદ ઇસ્માઇલે એવું કહેલું કે તેમના ઘરની આસપાસ ભાડાનું મકાન શોધવા ટ્રાય કરી પરંતુ મકાન મળતું નથી એટલે તેઓ આ સાહેદ પાસે લઇને આવેલા. ત્યારપછી કયામુદ્દિન અને તૌકીર ઉર્ફે અબ્દુલ સુભાનને પુંછેલું કે તમે લોકો શું કામ ધંધો કરો છો? તો તૌકિરે કહેલું કે હું કમ્પ્યુટરનું કામ કરૂ છું અને કયામુદ્દિને કહેલું કે હું છાપકામનું કામ કરૂ છું પછી આ સાહેદે તેઓની ફેમીલી વિશે પુંછેલું તો તેમણે કહેલું કે તેઓ ફેમીલી સાથે પત્ની, બાળકો સાથે રહેવા

આવીશુ. પછી આ સાહેદે જે મકાન ભાડાનું જોઇએ છે તે કેવું જોઇએ છે? તો તે લોકોએ કહેલું કે એક કે બે રૂમ રસોડાનું મકાન હશે તો ચાલશે. પછી આ સાહેદે તેમની આસપાસ ભાડાનું મકાન હશે તો શોધવાનો પ્રયત્ન કરીશ તેમ જણાવી છુટા પડેલાં.

વધુમાં આ સાહેદની સરતપાસ મુજબ આ મુલાકાત થઇ તેના પછી આ સાહેદ જે મસ્જિદમાં નમાજ પઢતો હતો ત્યાં આગળ બીજો માણસ પણ સૈયદુ રહેમાન કરીને આવતો હતો એટલે તેને કહેલું કે તારા નજરમાં કોઇને એક–બે રૂમ રસોડાનું ભાડાનું મકાન આપવાનું હોય તો ધ્યાનમાં રાખજે. તો તેણે કહેલું કે સારૂ, હું શોધીશ. પછી એક બે દિવસ ફરીથી નમાજ પઢવાના ટાઇમે મસ્જિદમાં મળેલો એટલે સૈયદુ રહેમાને આ સાહેદને કહેલું કે તેમના પડોશમાં એક મકાન છે, એક રૂમ અને એક ઓસરી જેવું છે અને તે પહેલા માળનું છે તો તે વાત કરી હતી તો તું મકાન જોઇ લે. તો આ સાહેદે તેને એવું કહેલું કે જે તેમના મિત્રો આવવાના છે તેમને પહેલા જાણ કરૂ છું. તે પછી તે લોકો પોતે આવશે અને મકાન માલીક સાથે ડિપોઝીટ અને ભાડુ તે લોકો નક્કી કરી લેશે. પછી બીજા દિવસે મહમદ ઇસ્માઇલ ઉર્ફે અબ્દુલ રાજીકને ફોન કરેલો અને તેને જાણ કરેલી કે તુ જે ભાડાના મકાન વિશે કહેતો હતો તો એક ભાડાનું મકાન છે તો તમે લોકો આવીને જોઇ જાઓ. તે પછી મહમદ ઇસ્માઇલ અને તેની સાથે કયામુદ્દિન કાપડીયા અને તૌકિર અબ્દુલ સુભાન તે ત્રણેય આ સાહેદ પાસે આવેલાં અને પછી ત્યાંથી અબ્દુલ રાજીક પરત જતો રહેલો ત્યારબાદ આ સાહેદ, કયામુદ્દિન અને તૌકિર સુભાન ત્રણેય જણા સૈયદુ રહેમાનની પાસે ગયેલાં અને સૈયદુ રહેમાનને તેના પાડોશમાં જે મકાન હતું ત્યાં લઇ ગયેલા અને ત્યાં અંદર એક વ્યકિત હતી તેને બહાર બોલાવેલ અને તેની ઓળખાણ આપેલી કે આ ફિરોઝ શેખ છે અને તેનું મકાન છે. પછી ફિરોઝ શેખની સાથે ઉપર ઘર જોવા ગયેલાં અને ભાડાની અને ડિપોઝીટની વાત થયેલી. મકાન માલીક ફિરોઝ શેખે કહેલું કે ડિપોઝીટ રૂા.૫૦૦૦/– લઇશ અને રૂા.૯૦૦/– ભાડુ લઇશ અને જયારે મકાન થઇ જશે

ત્યારે તમે રહેવા આવજો. તેણે બાથરૂમ બનાવેલું ન હતું અને બાથરૂમ બનાવવાનું કહેલું.

વધુમાં આ સાહેદ જણાવે છે કે, પછી મે મહિનાની દસ થી પંદર તારીખની વચ્ચે કયામુદ્દિન અને અબ્દુલ તૌકિર મકાનમાં રહેવા માટે આવી ગયેલા તેની જાણ આ સાહેદને સૈયદુ રહેમાન મસ્જિદમાં નમાજ પઢવા આવેલો ત્યારે કરેલી. એટલે પછી આ સાહેદ તે લોકોને મળવા ઘરે ગયેલા અને ત્યાં જઇને પુછેલું કે, તમે તમારા ફેમીલી મેમ્બર પત્ની અને બાળકોને લાવવાના હતા તો શું થયું? તો તૌકિર અને કયામુદ્દિને કહેલું કે, અમે બે જણા પહેલા થોડા દિવસો રહિશું અને અહીંયા રહેવામાં કોઇ તકલીફ કે અગવડ નહિ પડે તો અમે પત્ની અને બાળકોને બોલાવીશું પછી આ સાહેદ ત્યાંથી પરત આવી ગયેલો. તેના પછી જયારે સમય મળે ત્યારે આ સાહેદ તૌકિર અબ્દુલ સુભાન અને કયામુદ્દિનને મળવા જતા હતા. કોઇ વખતે આ બે માંથી એક જ જણ હોય અને કોઇ વખતે તાળું હોય તો બંધ મકાન જોઇને પાછા આવતા. અમે જયારે અહીંયા ત્રણેય જણા ભેગા થતા ત્યારે ગુજરાતના તોફાનોનો બદલો લેવાની ચર્ચા થતી અને આ સાહેદ આ લોકોને મળવા જતા ત્યાં એક દિવસ આ ભાડાના મકાન ઉપર એક ત્રીજી વ્યકિત પણ હાજર હતી અને આ વ્યકિતને પણ આ સાહેદ ઓળખતા હતા. આ વ્યકિતને સમસુદ્દિનના નાના ના ઘરે જે પ્રોગ્રામ/મીટીંગ થયેલી ત્યાં તેને જોયેલો હતો અને તેની સાથે તેમની ઓળખાણ પણ કરાવેલી હતી. તેનું નામ મુફ્તી અબુબશર હતું અને બધા તેને મુફ્તી સાહેબ પણ કહેતાં હતાં. હવે આ જે ત્રીજી વ્યકિત પણ આવી ત્યારે આ સાહેદ તેમની પાસે ગયા ત્યારે આ ત્રણેય લોકોની વચ્ચે એ જ ડિસકશન થતી હતી કે ગુજરાતમાં જે તોફાનો થયા તેનો બદલો લેવાનો છે. તેના પછી મુફ્તી અબુબશર ત્યાં કેટલા દિવસ રહ્યો તેની આ સાહેદને ખબર નથી પણ એક દિવસ કયામુદ્દિન મળેલો અને તેણે કહેલું કે મકાન માલિક ફિરોઝ શેખે આ ત્રીજી વ્યકિત ઘરમાં રહેવા બાબતે વાંધો ઉઠાવેલો છે એટલે કયામુદ્દિને મકાન માલિકને કહિ દીધેલું કે આ તેમના મહેમાન છે અને થોડા સમય પછી અહીંથી જતો રહેશે. આ મકાન વટવા વિસ્તારમાં આવેલું હતું અને

મહમદ ઈસ્માઈલ વટવા ખાતે મળવા આવ્યો ત્યારે આ સાહેદ વટવા ખાતે રહેતા હતા.

વધુમાં આ સાહેદની સરતપાસ મુજબ આ જે લોકો અહિંયા રહ્યા તે દરમ્યાન કયામુદ્દિન અને તૌકિર એક "કોમ્બેટ" નામનું મેગેઝીન આપેલું અને તેની અંદર ગુજરાતમાં સને–૨૦૦૨ ની સાલમાં તોફાનો થયેલા તેની સચિત્ર માહિતી આપેલી હતી. આ સાહેદને કહેલું કે આને વાંચજે. આ સિવાય કયામુદ્દિને આ સાહેદ પાસે સ્વીમીંગ પુલના બે ફોર્મ મંગાવેલા હતાં એટલે લાલ દરવાજા પાસેના સ્વીમીંગ પુલના બે ફોર્મ લાવીને આપેલા હતાં અને પછી જયારે ફોર્મ ભરવાનું થયું ત્યારે કયામુદ્દિન પાસે તે ભાડાના મકાનમાં ગયેલો. તો તેણે એવું કહેલું કે ફોર્મની અંદર નામ અને એડ્રેસ ખોટું નાંખવાનું છે અને તેણે નામ "શેખ અસફાક" કરીને લખાવેલું અને દાણીલીમડાનું એડ્રેસ ખોટે ખોટું લખાવેલું. આ પછી તે જ સમય દરમિયાન કયામુદ્દિન અને આ સાહેદ, અબ્દુલ રાજીકની પાસે ગોમતીપુરમાં ગયેલાં અને ત્યાંથી તેઓ ત્રણેય સાથે નરોડા પાટીયા, નરોડા ગામ અને ગુલબર્ગ સોસાયટીએ ગયેલાં. ત્યાં કયામુદ્દિને અને અબ્દુલ રાજીકે બતાવેલુ કે આ જે નરોડા પાટીયાની ચાલીઓ છે, મકાનો છે અને એક કુવો પણ બતાવેલો અને સને–૨૦૦૨ ના જે કોમી તોફાનો થયેલાં અને આ સ્થળોએ મુસ્લિમોની હત્યાઓ કરવામાં આવેલી અને તેવી જ રીતે ગુલબર્ગ સોસાયટી પણ જોવા માટે ગયેલાં. પછી ત્યાં તેમની વચ્ચે એવી પણ ચર્ચા થયેલી કે આ જે મુસ્લિમોની હત્યાઓ થઇ છે તેનો બદલો લેવાનો છે. આ જે બધા જોઈને આવેલાં તેના થોડા દિવસ પછી આ સાહેદ ફરીથી ભાડાવાળા મકાન ઉપર ગયેલા અને તે મકાન ઉપર ગયા ત્યારે એકલો તૌકિર ઉર્ફે અબ્દુલ સુભાન હાજર હતો જેથી આ સાહેદે પુંછેલું કે કયામુદ્દિન કયાં છે? તો તેણે કહેલું કે બહાર કાંઇક કામથી ગયેલ છે. પછી તેમની વચ્ચે તોફાનોની ચર્ચા થયેલી એટલે વાતવાતમાં અબ્દુલ સુભાને આ સાહેદને પુંછેલું કે આજે કઇ તારીખ છે તને યાદ છે? એટલે આ સાહેદે કહેલું કે આજે ૧૧ જુલાઇ છે. એટલે તૌકિર ઉર્ફે અબ્દુલ સુભાન હસવા લાગેલો. પછી તેણે હસ્તા હસ્તા કીધેલું કે આજના જ દિવસે મુંબઇમાં ટ્રેનોમાં બોમ્બ વિસ્ફોટો થયેલાં

હતાં અને હવે થોડા ટાઇમ પછી અહીંયા ગુજરાતમાં પણ બોમ્બ ધડાકા થવાના છે એટલે આ સાહેદે તૌકિરને પુંછેલું કે અહીંયા કોણ કરવાનું છે? તો તૌકિરે કહેલું કે ટાઇમ આવશે એટલે બધી ખબર પડશે. તેના થોડા સમયપછી તૌકિર અને કયામુદ્દિન આ સાહેદને મસ્જિદમાં નમાજના સમયે મળેલા અને તે લોકોએ એવું કહેલું કે હવે અમે લોકો બે–ત્રણ દિવસમાં મકાન ખાલી કરીને જતા રહિશું. આ સાહેદે તેઓને કારણ પુંછેલું કે કેમ મકાન ખાલી કરવું છે? તો તે લોકોએ કહેલું કે અહિંયા વરસાદ પડે ત્યારે ઘરની આસપાસ અને રસ્તામાં પાણી બહુ ભરાય છે. એટલે અહિંયા રહેવાના નથી અને પત્ની, બાળકોને લાવવાના નથી. તેના એક દિવસ પછી સૈયદુ રહેમાન આ સાહેદને મસ્જિદમાં મળેલો તો તેણે એવી જાણ કરેલી કે તૌકિર અને કયામુદ્દિન જે આ સાહેદના મિત્રો રહેવા આવેલાં હતા તે લોકો મકાન ખાલી કરીને સામાન લઇને જતા રહેલાં છે. આ મકાન ખાલી કરીને તેઓ પંદર તારીખ સુધીમાં ગયેલાં અને પછી ૨૨–જુલાઇએ કયામુદ્દિનનો આ સાહેદને મોબાઇલ ઉપર ફોન આવેલો અને કહેલું કે, વટવા બસ સ્ટેશન બહાર આવ. એટલે આ સાહેદ તેને બહાર મળવા ગયેલો. ત્યારે કયામુદ્દિનની સાથે મહમદ ઇસ્માઇલ ઉર્ફે અબ્દુલ રાજીક પણ હતો. પછી તેઓ ત્રણેય જણા ત્યાંથી ચાલતા–ચાલતા નારોલ બાજુ ગયેલાં. રસ્તામાં તેમની વચ્ચે ફરીથી ગુજરાતના તોફાનોનો બદલો લેવો જોઇએ તેવી ચર્ચા થયેલી. આ ચર્ચા દરમિયાન કયામુદ્દિને પુંછેલું કે, ગુજરાતના તોફાનોનો બદલો લેવાનો મોકો મળે તો તુ સાથ આપીશ. તો આ સાહેદે કહેલું કે હા, હું તૈયાર છું. પછી કયામુદ્દિને કહેલું કે અમારી પાસે બોમ્બ વિસ્ફોટ કરવાનો એક પ્લાન છે તેમાં તારે સામેલ થવું પડશે. આ સાહેદે પછી તેને વધારે વિગતો પુંછેલી કે જે બોમ્બ વિસ્ફોટ કરવાના છે તે કેવી રીતે કરવાના છે? એટલે કયામુદ્દિને કહેલું કે એવી બધી વિગતો નહિ પુછવાની. તને જેટલી સુચના આપવામાં આવે તે પ્રમાણે કરવાનું અને તને જયાં બોલાવવામાં આવે જે તે સમયે ત્યાં આવી જવાનું. ત્યારપછી તેઓ છુટા પડી ગયેલાં.

વધુમાં સાહેદ જણાવે છે કે, ત્યારબાદ બીજા દિવસે એટલે કે લગભગ ૨૩–જુલાઈના રોજ કયામુદ્દિનો આ સાહેદ પર ફોન આવેલો અને કહેલું કે, લાલ દરવાજા, બસ સ્ટેન્ડ ઉપર આવી જા. એટલે આ સાહેદ ઑફિસથી છુટીને લાલ દરવાજા, બસ સ્ટેન્ડ ઉપર ગયેલો. ત્યાં કયામુદ્દિન સાથે મુલાકાત થયેલી તો કયામુદ્દિને એવું કહ્યું કે, અત્યારે આપણે નરોડા ગામ જવાનુ છે અને ત્યાં જે મુસ્લિમોની હત્યા થઇ હતી તે જગ્યા બતાવીશ. પછી ત્યાંથી લોકો કાલુપુર બસમાં ગયેલાં અને કાલુપુરથી શટલમાં બેસીને નરોડા ગામ ગયેલાં. પછી ચાલતા–ચાલતા નરોડા ગામ તરફ ગયેલાં અને ત્યાં એક બજાર હતું અને ત્યાં ઉભા રહેલાં. ત્યાં એક ફ્રુટસલાડની લારીએથી ફ્રુટસલાડ ખરીદીને પીવા લાગેલાં અને તે દરમિયાનમાં કયામુદ્દિને આ સાહેદને સામે એક જગ્યા બતાવેલી અને કહ્યું હતું કે, આ જગ્યા ધ્યાનથી જોઇ લે અને તને જયારે પણ બોમ્બ મુકવાનું કહેવામાં આવે ત્યારે આ જ સ્થળે બોમ્બ લાવીને મુકી દેવાનો. પછી ત્યાંથી પરત આવવા નીકળેલાં અને તે દરમ્યાન કયામુદ્દિને એવું કહેલું કે, આ એક મારો નંબર તારી પાસે રાખ અને ૨૫ મી તારીખે ફોન કરજે એટલે તને આગળનો પ્લાન જણાવીશ.

વધુમાં સાહેદની સરતપાસ મુજબ ૨૫–જુલાઈની રાત્રે તેઓ ઘરેથી ગીતામંદિર બસ સ્ટેન્ડ ઉપર આવેલા અને ત્યાં પાસે એક પી.સી. ઓ. હતું ત્યાંથી કયામુદ્દિને જે નંબર આપેલો તેની ઉપર ફોન જોડ્યો તો કયામુદ્દિને ફોન ઉઠાવેલો અને કહેલું કે, તું થોડીવાર ઉભો રહે હુ આવું છું. પછી જયારે કયામુદ્દિન ગીતામંદિર આવ્યો ત્યારે તેણે આ સાહેદને એવું કહેલું કે, બોમ્બ બ્લાસ્ટ કરવાનો જે દિવસ છે તે કાલે ૨૬–જુલાઈનો દિવસ નક્કી કરવામાં આવેલો છે. એટલે તું કાલે બપોરે ચાર વાગ્યે સારંગપુર પહોંચી જજે અને ત્યાંથી ફરીથી આ જ નંબર ઉપર ફોન કરજે.

સાહેદ વધુમાં જણાવે છે કે, ત્યારબાદ આ સાહેદ તા.૨૬–જુલાઇ–૨૦૦૮ ના રોજ બપોરના ચાર વાગ્યે સારંગપુર બ્રિજ પાસે પહોંચી ગયેલો અને બ્રિજની પાસે એક હોટલમાં પી.સી.ઓ.નું ડબલુ હતું ત્યાંથી કયામુદ્દિનને ફોન કરેલો. કયામુદ્દિને ફોન ઉપાડીને કહેલું કે, તું ત્યાંથી શટલ રીક્ષામાં બેસીને

અજીત મીલ ચાર રસ્તા પહોંચી જા. એટલે આ સાહેદ શટલ રીક્ષામાં બેસીને અજીત મીલ ચાર રસ્તા ગયેલા અને કયામુદ્દિને એવું પણ કહેલું કે, તું ત્યાં પહોંચીને ફરીથી મને ફોન કરજે. અજીત મીલ ચાર રસ્તા ઉપર આ સાહેદ પહોંચ્યા ત્યાં બાજુમાં ચાર રસ્તા ઉપર પી.સી.ઓ.નું ડબલુ હતું ત્યાંથી કયામુદ્દિને ફરીથી ફોન જોડેલો. આ જે ફોન જોડ્યો તે વખતે સામેથી ફોન મહમદ ઇસ્માઇલ ઉર્ફે અબ્દુલ રાજીકે ફોન ઉઠાવેલો. મહમદ ઇસ્માઇલે આ સાહેદને કહેલું કે, તુ અત્યારે ત્યાં જ અજીતમીલ ચાર રસ્તા ઉભો રહે હું થોડીવારમાં આવું છું અને થોડી વાર પછી જ એક ઓટો રીક્ષા આવીને આ સાહેદ પાસે ઉભી રહેલી. તેમાંથી મહમદ ઇસ્માઇલ ઉર્ફે અબ્દુલ રાજીક ઉતરેલો અને તેની પાસે તે વખતે ચારેક પ્લાસ્ટિકની અને કપડાની થેલીઓ હતી જેમાં બોમ્બ હતા અને તે વજનદાર લાગતી હતી. પછી તે રીક્ષામાંથી ઉતરીને તેણે તે ચાર થેલીઓ આ સાહેદના પગ પાસે મુકેલી અને રીક્ષા ડ્રાઇવરને ભાડુ આપેલું અને પછી તે રીક્ષા જતી રહેલી. પછી મહમદ ઇસ્માઇલે કહેલું કે, તું આ થેલીઓનું ધ્યાન રાખ હું થોડી વારમાં આવું છું જેથી આ સાહેદે પુંછેલું કે, કયાં જાય છે? તો તેણે કહેલું કે, હું સામેની સાઇડે જઉં છું. તે પછી તે રોડ ક્રોસ કરીને સામે એક કોમ્પ્લેક્ષ હતું ત્યાં એક પાર્કિંગ હતું અને ત્યાં ઘણી બધી સાઇકલ અને વાહન ઉભેલા હતાં ત્યાંથી તે એક સાઇકલ લઇને મારી પાસે પરત આવેલો. તે સાઇકલ મોટી હતી, જેન્ટસ હતી અને કાળા કલરની હતી. તે સાઇકલ પછી તેણે આ સાહેદ પાસે ઉભી રાખેલી અને તેની પાસે આ જે ચાર થેલીઓ હતી જે નીચે મુકેલી હતી તેમાંથી એક કપડાની થેલી જેમાં બોમ્બ હતો તે સાઇકલના આગળ ગવંડર ઉપર લટકાવેલો અને તેણે કહેલું કે, આ જે થેલી લટકાવેલી છે તે બોમ્બની ડિઝાઇન પ્રમાણે લટકાવેલી છે અને તેમાં તું કાંઇ ફેરફાર ન કરતો. પછી બીજી એક બોમ્બવાળી પ્લાસ્ટીકની થેલી ઉપાડીને સાઇકલના પાછળના કેરીયર ઉપર મુકેલી. આ સાહેદે તેને પુંછેલું કે કયામુદ્દિને આ સાહેદને એક જ જગ્યાએ બોમ્બ મુકવાનું બતાવેલું છે તો આ બીજી થેલી કેમ મુકે છે. તો અબ્દુલ રાજીકે કહેલું કે, અત્યારે ઉતાવળ છે એટલે આ સાઇકલ ઉપર આગળ જે થેલી ભરાવેલી છે તે જે જગ્યા કયામુદ્દિને

બતાવેલી છે ત્યાં સાઇકલ સહિત થેલી મુકી દેજે અને બીજી જે બોમ્બવાળી થેલી છે તે તને જયાં યોગ્ય લાગે અથવા કોઇ બસ હોય સીટી બસ હોય તેમાં તે મુકી દેજે અને આ બંને જે બોમ્બવાળી થેલીઓ છે તેમને મુકવાનું કામ છ વાગ્યા પહેલા પુરૂ કરી દેજે. પછી અબ્દુલ રાજીક ત્યાંથી કયાંક જતો રહેલો. ત્યાંથી લગભગ પોણા પાંચ–પાંચ વાગ્યાના ટાઇમે આ સાહેદ સાઇકલ સાથે બંને બોમ્બ લઇને નરોડાનો જે રોડ છે, સોનીની ચાલી થઇને ત્યાં થઇને સીધો નરોડા ગામ પહોંચેલો. પછી કયામુદ્દિને જે જગ્યા બતાવેલી ત્યાં પહોંચેલો. તે બજારવાળી જગ્યા ઉપર જઇને ચાર–પાંચ આંટા ફેરા કરેલાં અને પછી એકઝેટ કયામુદ્દિને જે લોકેશન બતાવેલું તે લોકેશન ઉપર સાઇકલ ઉભી રાખેલી. તે બજાર જેવી જગ્યા હતી અને ત્યાં ભીડભાડ હતી. પછી સાઇકલ ઉભી રાખી લોક કરી ત્યાંથી ચાવી નીકાળીને કેરીયર ઉપર જે બીજી બોમ્બવાળી થેલી રાખેલી હતી તે લઇને ચાલતો નરોડા એ. એમ.ટી.એસ. બસ સ્ટેશન સુધી ગયેલો. આ સાહેદ જયારે બસ સ્ટેશન ઉપર પહોંચ્યા ત્યારે ત્યાં ૬૬/૩ નંબરની એ.એમ.ટી.એસ. બસ ઉભી હતી અને તેમાં અમુક પેસેન્જરો ચઢતા હતા અને તેમની સાથે આ સાહેદ પણ બોમ્બવાળી થેલી લઇને ચઢી ગયેલા અને બસમાં ચઢ્યા પછી પાછળના દરવાજાની પાછળ બેની જે સીટ હતી ત્યાં બેસી ગયેલા અને બોમ્બવાળી થેલી સીટની નીચે મુકી દીધેલી. પછી બસ ઉપડેલી એટલે આ સાહેદે કંડકટર પાસેથી ટીકીટ લીધેલી અને આગળ પછી જે સૈજપુર, મેમ્કોનું સ્ટેન્ડ આવ્યું ત્યાં ઉતરી ગયેલા. ત્યાં ઉતરવા જતી વખતે ફુટપાથ ઉપર એક ગલ્લો હતો ત્યાં ચાવી ફેંકી દિધેલી અને ત્યાંથી સીધો પાછો હાઇ વે ઉપર આવેલો અને ત્યાંથી શટલમાં બેસીને ઘરે ગયેલો. ઘરે પહોંચ્યા પછી થોડીવાર પછી ટી.વી. ચાલુ કરેલું તો તેની અંદર અમદાવાદ શહેરમાં જે બ્લાસ્ટ થયેલા હતા તેના ન્યૂઝ આવતા હતા અને તેના બીજા દિવસે સવારે ન્યૂઝ પેપર જોયું અને તેમાં નરોડા ગામમાં જે બ્લાસ્ટ થયેલો તેના વિશે વાંચેલું. તેમાં એવું લખેલું હતું કે, બ્લાસ્ટમાં ત્રણ–ચાર જણા ઇન્જર્ડ થયેલા છે અને ૬૬/૩ બસમાં જે બોમ્બ મુકેલો તે કોઇ કારણસર ફુટ્યો નથી અને તે બોમ્બ અરવિંદ મીલ પાસેથી મળેલો.

વધુમાં આ સાહેદ જણાવે છે કે, આ બધુ કરવાનું આ સાહેદનું કારણ એવું છે કે "સીમી" સંગઠનના જે લોકોને મળતા હતા તે લોકો બાબરી મસ્જિદ, ગુજરાતના તોફાનો અને એવી બધી ધાર્મિક બાબતોના બહાને હેઠળ લોકોને ભડકાવતા હતા અને ભારત સરકાર વિરૂધ્ધ લડવા માટે ઉશ્કેરતા હતા અને આ જે ઘટનાઓ ગોધરા કાંડની જોઇ હતી અને બાબરી મસ્જિદના તોડવા વિશે જે સાંભળ્યું હતું તેથી થોડા ભાવુક બની ગયેલા અને તેના કારણે આ લોકો સાથે સીમીના પ્રોગ્રામો/મીટીંગોમાં મળવાનું ચાલુ કરેલું અને આ લોકો દેશ વિરોધી જે પ્રવૃત્તિ કરતા હતા તેમાં આ સાહેદ પણ તેમની સાથે સામેલ થયેલા. આ સાહેદે અધીક્ષકશ્રી, મધ્યસ્થ જેલ સાબરમતી, અમદાવાદ મારફતે આંક–૮૦૫૬ વાળી અરજી (નિવેદન) આ અદાલતને મોકલેલી તેમાં આ સાહેદે પોતાની સહી ઓળખી બતાવેલી છે. તેમજ આ સાહેદે જે જે વ્યકિતઓના નામ જણાવેલા છે તેમને તેઓ ઓળખે છે. તેમ જણાવતા હોય ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીઓને ત્રણ–ત્રણની સંખ્યામાં વિડિયો કોન્ફરન્સ ટી.વી. સ્ક્રિન થકી બતાવવામાં આવતા તે પૈકી સાહેદ એક આરોપીને ઓળખી બતાવે છે અને તે **સફદરહુસેન નાગોરી** હોવાનું જણાવે છે જેથી આરોપીને પોતાનું નામ પુંછતા પોતે પોતાનું નામ **સફદર હુસેન નાગોરી** હોવાનું જણાવે છે.

વધુમાં સાહેદ બીજા આરોપીને જોઇને જણાવે છે કે, આ આરોપીનું નામ **સીબલી અબ્દુલકરીમ** હોવાનું જણાવે છે અને આરોપીને પોતાનું નામ પુંછતા પોતે પોતાનું નામ **સાદુલી** હોવાનું જણાવે છે. આરોપી પોતાનો આરોપી નં.૬૦ હોવાનું જણાવે છે.

વધુમાં સાહેદ ત્રીજા ચાર આરોપીઓ જે ઉભા રાખેલા છે તેમાંથી એક આરોપીને જોઇને જણાવે છે કે, આ આરોપીનું નામ **સીબલી અબ્દુલકરીમ** છે અને આરોપીને પોતાનું નામ પુંછતા પોતે પોતાનું નામ **સીબલી અબ્દુલકરીમ** હોવાનું જણાવે છે.

વધુમાં અમદાવાદ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીઓને ચાર–ચારની સંખ્યામાં વિડિયો કોન્ફરન્સ ટી.વી. સ્ક્રિન થકી બતાવવામાં

આવતા તે પૈકી સાહેદ એક આરોપીને ઓળખી બતાવે છે અને જમણી બાજુ પ્રથમ નંબર ઉભેલા આરોપીને જોઇને જણાવે છે કે, આ આરોપી **મુફ્તી અબુબશર** છે જેથી આરોપીને પોતાનું નામ પુંછતા પોતે પોતાનું નામ **મુફ્તી અબુબશર** હોવાનું જણાવે છે.

વધુમાં આ સાહેદ અન્ય એક આરોપીને ઓળખી બતાવે છે અને જણાવે છે કે, આ આરોપીનું નામ **મહમદ ઈસ્માઇલ ઉર્ફે અબ્દુલ રાજીક** છે જેથી આરોપીને પોતાનું નામ પુંછતા પોતે પોતાનું નામ **મહમદ ઈસ્માઇલ ઉર્ફે અબ્દુલ રાજીક** હોવાનું જણાવે છે.

વધુમાં આ સાહેદ અન્ય એક આરોપીને ઓળખી બતાવે છે અને જણાવે છે કે, આ આરોપીનું નામ **કયામુદ્દિન કાપડીયા** છે જેથી આરોપીને પોતાનું નામ પુંછતા પોતે પોતાનું નામ **કયામુદ્દિન કાપડીયા** હોવાનું જણાવે છે.

વધુમાં સાહેદ અન્ય એક આરોપીને ઓળખી બતાવે છે અને જણાવે છે કે આ આરોપીનું નામ **કાગજી મહમદ આરીફ** છે જેથી આરોપીને પોતાનું નામ પુંછતા પોતે પોતાનું નામ **કાગજી મહમદ આરીફ** હોવાનું જણાવે છે.

વધુમાં સાહેદ અન્ય એક આરોપીને ઓળખી બતાવે છે અને જણાવે છે કે આ આરોપીનું નામ **સમસુદ્દિન શાહબુદ્દિન શેખ** છે જેથી આરોપીને પોતાનું નામ પુંછતા પોતે પોતાનું નામ **સમસુદ્દિન શાહબુદ્દિન શેખ** હોવાનું જણાવે છે.

વધુમાં સાહેદ જણાવે છે કે તેમને જે નામ આપ્યા તે પૈકી **મુજીબ શેખ અને તૌકિર ઉર્ફે અબ્દુલ સુભાન કુરેશી, ઝાકીર કરીને છોકરો તેમજ યાકુબ કરીને એક છોકરો ત્યારપછી એક અલીમ કરીને છોકરો તેમજ ઇબ્રાહિમ કરીને એક ભાઇ પણ આજરોજ નથી**.

વધુમાં સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, ભોપાલ ખાતેના જે આરોપીઓને જોયા તેમાં જે ભૂલ થઇ છે તેમાં પ્રથમ જે આરોપી **સાદુલી** જે આવ્યો અને બીજો આરોપી જે **સીબલી**ને ઓળખ્યો તે બંને સગા ભાઇઓ છે અને તેના કારણે તેના ચહેરા તથા દાઢી સરખા જેવા મળતાં આવે છે.

વધુમાં આ સાહેદને આંક–૩૨૩૪ વાળો દસ્તાવેજ જોઇને જણાવે છે કે, આ તે જ ફોર્મ છે જે જુબાની દરમ્યાન લાલ દરવાજા મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્વીમીંગ પુલનું ફોર્મ છે. આ ફોર્મમાં જે નામ શેખ અસ્ફાક ઇકબાલભાઇ લખેલું છે તથા સરનામાના કોલમમાં લખેલા અક્ષરો આ સાહેદના છે. તેમજ જન્મ તારીખ લખેલી છે તે પણ આ સાહેદે લખેલી છે. ઉંમર અને વ્યવસાય પણ આ સાહેદે તેના હસ્તાક્ષરમાં લખેલા છે અને આ ફોર્મ ઉપર લગાવેલો ફોટો કયામુદ્દિન કાપડીયાનો છે. ફોન નંબર કયામુદ્દિને લખેલો છે અને સહી પણ કયામુદ્દિને કરેલી છે તેમ જણાવેલ છે.

આ સાહેદની આરોપીઓ તરફથી વિગતવાર ઊલટતપાસ કરવામાં આવેલી છે તે ધ્યાને લઈએ તો તેઓ કયાં સુધી ભણેલા છે, આ કેસમાં પકડાતા પહેલા લગ્ન થઈ ગયેલા હતા તે બાબતે, ભાઈ, ભાઈઓ, બહેનો બાબતે, ગોધરા ખાતે ગાડીનો ડબ્બો બાળી નાખવામાં આવેલો તે બાબતે, ડબ્બો કેવી રીતે બળ્યો તે બાબતે, ૧૯૯૨ ની સાલમાં બાબરી મસ્જિદ સહાદત થઈ તે બાબતે, વી.એચ.પી., બજળંગદળ જેવી સંસ્થાઓએ રામ મંદિર અને રામના ફોટા બહાર પાડેલા તે બાબતે, કટ્ટર હિન્દુવાદીઓની વિચારધારા બાબતે, સામાન્ય મુસ્લિમો શું વિચારતા હતા તે બાબતે, મસ્જિદ કયાં બનવી જોઈએ તે બાબતે પ્રશ્નો પુછેલા છે પરંતુ આ પ્રશ્નો બનાવને સુસંગત નથી જેથી તેને ધ્યાને લઈ શકાય નહીં.

વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો આરીફ કાગજીને મળ્યા ત્યારે "સીમી" ઉપર પ્રતિબંધ ન હતો. સીમી ઉપર પ્રતિબંધ કઈ તારીખે મુકેલો તે યાદ નથી. સને–૨૦૦૧ સુધીમાં સીમી ઉપર પ્રતિબંધ મુકાયો તે દરમ્યાન સીમીની ઑફિસે અવાર–નવાર જતા હતા. સીમીની ઑફિસથી શાહપુર પોલીસ સ્ટેશન ચાલીને જઈએ તો ૧૦–૧૫ મિનિટ થાય. સીમીના મેમ્બર બનવા માટે પૈસા આપ્યા હોય અને રસીદ લીધી હોય તેવુ બન્યુ નથી. સને–૨૦૦૧ ની સાલમાં આરીફ કાગજીને મળ્યા ત્યારે સીમીના કોઈ પ્રોગ્રામમાં ગયેલા નહીં કે ભાગ લીધેલો નહીં. હાલોલ અને વાઘમોન કેમ્પમાં ગયેલા નથી. સને–૨૦૦૫ થી સને–૨૦૦૮ ના સમય દરમ્યાન સીમીના ઘણા બધા પ્રોગ્રામો થયેલા જેમાં આ

સાહેદ ગયેલા છે. પ્રોગ્રામો કઈ તારીખે થયેલા તે કહી શકે તેમ નથી. તકરીરો કે ભાષણો થતા હતા તેની નોંધ કોઈ ડાયરીમાં કરેલી નથી. આરોપીઓ તરફથી પુછવામાં આવેલો આ પ્રશ્ન પણ ખોટો પ્રશ્ન છે. કોઈપણ વ્યકિત કોઈ જગ્યાએ જાય અને ભાષણ સાંભળે તો આ દેશમાં એવી કોઈપણ વ્યકિત જોવા મળતી નથી કે ભાષણ પોતાની ડાયરીમાં લખી લે. વધુમાં આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા સીમીના કાર્યકરોમાં અમદાવાદ શહેર, એમ.પી., કેરાલા, કર્ણાટક બાજુના લોકો પણ છે. સફદરહુસેન નાગોરી એમ.પી.નો, સીબલી કેરાલાનો, કયામુદ્દીન વડોદરાનો, મુકતી અબુબસર યુ.પી.નો છે તેમ જણાવે છે. સમસુદ્દીનના નાના ના ઘરે જે પ્રોગ્રામ થયેલો તે ૨–૩ દિવસ ચાલેલાનું જણાવે છે. પ્રોગ્રામ કયારે પુરો થાય તે ચોકકસ કહી શકે નહીં તો તે કબૂલ કરે છે. આરોપીઓ તરફથી આ કબૂલાત્મક પ્રશ્ન પુછવામાં આવેલો છે કે પ્રોગ્રામ કયારે પુરો થાય તે ચોકકસ આ સાહેદ કહી શકે નહીં માટે પ્રોગ્રામ થતા હતા તે હકીકત સત્ય છે. સમસુદ્દીનના નાના ના ઘરે આ સાહેદે ભાષણ આપેલુ નથી તેમ જણાવે છે. સમસુદ્દીનના નાનાનું ઘર દરિયાપુર પોલીસ સ્ટેશનની સામે ગલીમાં છે, તેઓના ઘરે કયા કયા માણસો આવેલા તેની નોંધ કરી નથી. દરિયાપુર પોલીસ સ્ટેશન થી પોલીસના માણસો આવ્યા હોય અને પ્રોગ્રામ અટકાવ્યો હોય તેવુ બન્યુ નથી. પરંતુ મારા મત પ્રમાણે આ પ્રોગ્રામ ખાનગીમાં અને ગુપ્ત રીતે ચાલતા હતા, પોલીસને ખબર ન હોય જેથી પોલીસે પ્રોગ્રામ અટકાવેલા ન હોય, પોલીસે અટકાવેલા નથી તેનો અર્થ એવો ન થાય કે ગુપ્ત રીતે પ્રોગ્રામ થતા ન હતા.

વધુમાં આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા સને–૨૦૦૦ ની સાલમાં શાહીબાગમાં આ સાહેદ ત્યાં રહેતા હતા તે બાબતે સને–૨૦૦૨ ની સાલમાં કોમી રમખાણો કેટલો સમય ચાલેલા તે બાબતે અમદાવાદ શહેરમાં કર્ફયુ કેટલો સમય રહેલો તે, સરીતા દર્શન કોલોનીમાંથી આ સાહેદે મકાન કયારે ખાલી કર્યુ તે બાબતે, આ વિસ્તાર હિન્દુ–મુસ્લિમ ગીચ વસ્તીવાળો છે તે બાબતે, પડોશમાં કોઈ મુસ્લિમના ઘરો ઉપર હુમલો થયો કે નુકસાન થયુ હોય તે બાબતે, કર્ફયુવાળા વિસ્તારમાં આ સાહેદ ગયા હોય તે બાબતે, સને–૨૦૦૨ ના

રમખાણો વખતે મુસ્લિમ સેવા સંસ્થામાં જોડાયા હોય તે બાબતે, કબ્રસ્તાન કયાં આવેલુ છે તે બાબતે, મુસ્લિમ વ્યકિતનું લાશનું કબ્રસ્તાનમાં દફનાવવાની હોય ત્યારે મુસ્લિમ રીત–રિવાજ પ્રમાણે લાશને જનાજામાં કફન પહેરાવી લઈ જતા હોવા બાબતે વિગેરે જેવા ન પુછવા જેવા પ્રશ્નો પુછેલા છે જે બનાવ સાથે કોઈ જ લેવા દેવા કે સુસંગત નથી.

વધુમાં આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા તા.૪/૯/૨૦૦૮ ના રોજ આ ગુનાના કામે એરેસ્ટ થયા બાદ લગભગ ૧૫૮ દિવસ સુધી રીમાન્ડ ઉપર રહયા હોય તો તે યાદ નથી. રીમાન્ડના સમય દરમ્યાન ઘણી વખત પગ ટી આકારમાં રાખવામાં આવતા હતા તો તે હકીકત નકારે છે. મેજિસ્ટ્રેટ સાહેબ પાસે રજૂ કરવામાં આવતા હતા ત્યારે ધમકી આપવામાં આવતી હતી કે માર મારવાની ફરિયાદ કરશો તો એન્કાઉન્ટર કરવામાં આવશે તો તે હકીકત નકારી છે. આ કેસમાં કેટલા ગુપ્ત સાહેદોની જુબાનીઓ નોંધાયેલી છે તે વિશે પણ આ સાહેદને પ્રશ્ન પુછવામાં આવેલા છે. ફરિયાદપક્ષે આ કેસમાં મોટાભાગે જેટલા પણ સાક્ષીઓ તપાસ્યા છે તે મોટાભાગે બધા જ ફરિયાદપક્ષ પ્રમાણે સાચુ બોલીને ગયેલા છે તે હકીકત કબૂલ કરે છે. આ સાહેદને એવો પ્રશ્ન પુછવામાં આવેલો છે કે સાક્ષીઓ અને પંચો ફરિયાદના આક્ષેપ પ્રમાણે બોલીને જાય તો આરોપીઓને સજા થાય તો આ સાહેદે જવાબમાં જણાવેલુ છે કે તે નામદાર કોર્ટ નક્કી કરે. બીજો સવાલ એવો પણ પુછેલો છે કે, તમને એવુ લાગેલુ કે આ કેસમાંથી છુટી જઈશ? તો સાહેદે જવાબમાં જણાવેલુ છે કે હું કહી શકુ નહીં. આમ, આ હકીકત ધ્યાને લેતા સાક્ષી જે કંઈ બોલેલા હોય તેના આધારે સજા કરવી કે કેમ?તે અદાલતે નકકી કરવાનું છે, આ સાહેદને આવા પ્રશ્નો પુછવાનો કોઈ અર્થ નથી. આ કેસમાં થયેલ સાક્ષી પુરાવાની જુબાનીઓ વાંચ્યા પછી કબૂલાત કરવાનો નિર્ણય કરેલો તો તે હકીકત નકારી છે. આ કેસમાં થયેલ સાહેદોની જુબાનીઓ આ સાહેદે કેટલીક વાંચી છે અને કેટલીક વાંચેલી નથી. આ કેસમાં ૫ થી ૬ એડવોકેટ આરોપીઓનો બચાવ કરે છે તે કબૂલ કરે છે. કબૂલાત અરજી કરતા પહેલા અન્ય કોઈ આરોપીની સલાહ લીધેલી નથી પરંતુ સાહેદ જણાવે છે કે

જાહીદ શેખ, કયામુદ્દીન, મહંમદ ઈસ્માઈલ આ લોકો સાથે ચર્ચા કરેલી. ચર્ચા કરી ત્યારે આ લોકોએ કોઈ ધાક–ધમકી આપી નથી તેમ જણાવે છે. આંક–૮૦૫૬ વાળી કબૂલાત અરજી લખવા કાગળ કયા જેલર પાસેથી મેળવેલા, જેલરનું નામ શું, અરજી કયારે લખેલી, કયારે જેલરને આપેલી, કયા સમયે લખેલી, જેની સાથે ચર્ચા કરેલી તેને વાંચવા આપેલી કે કેમ? વિગેરે બાબતે પ્રશ્નો પુછેલા છે પરંતુ આ પ્રશ્ન બનાવને સુસંગત નથી.

વધુમાં આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા આ કેસમાં કોઈપણ આરોપીને કાયમી જામીન આપેલા નથી તે કબૂલ કરે છે. આ સાહેદના પિતા અમદાવાદ કોર્પોરેશનમાં પટ્ટાવાળા તરીકે નોકરી કરતા હતા તે બાબતે, જેલ ઉપર મુલાકાતે આવે છે તે બાબતે, ભાઈ શું કામ ધંધો કરે છે તે બાબતે પ્રશ્નો પુછેલા છે તે પણ બનાવને સુસંગત નથી. તા.૧૪/૩/૨૦૧૯ થી લઈને તા.૧૮/૩/૨૦૧૯ સુધીમાં તપાસ કરનાર અધિકારી કે ક્રાઈમ બ્રાન્ચના અધિકારી આ સાહેદ પાસે આવેલા નથી, તેઓએ કબૂલાત કરાવવાનો પ્રયત્ન કરેલો નથી. સમસુદ્દીન, આરીફ, તૌકીર, રાજીક, મુફતી અબુબસર આ બધા દરગાહમાં માનતા નથી તો તે હકીકત નકારે છે. નવેમ્બર–૨૦૧૮ મા ઈસ્લામી રબીયુલ અવ્વલ માસમાં રોઝો રાખેલો કે કેમ? સમસુદ્દીને ફાતીયાનો પ્રસાદ આપેલો કે કેમ?આ ઉપરાંત બેરેકમાં ટી.વી. મુકવા બાબતે, જેલમાં સફદર નાગોરી, સમસુદ્દીન શેખ, ગાંધી વિચાર પરીક્ષા આપતા હતા તે બાબતે, જેલમાં ઈનામો આપેલા હોવા બાબતે, આ સાહેબને કસ્તુરબા સેલમાં જુદા રાખવામાં આવેલ તે બાબતે, એ.ટી.એસ.ના હેડ કોન્સ્ટેબલ ગોપાલ શર્મા તથા ડી.સી.બી. ના હેડ કોન્સ્ટેબલ ઉદય અમદાવાદ સેન્ટ્રલ જેલ ખાતે છેલ્લા દસ વર્ષથી ફરજ બજાવતા હોવા બાબતે પ્રશ્નો પુછેલા છે તેને પણ બનાવ સાથે કોઈ લેવાદેવા નથી. આવા પ્રશ્નો પુછવાથી બનાવના મુળને અસર થતી નથી.

વધુમાં આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા ગોપાલ શર્માના કહેવાથી અને ક્રાઈમ બ્રાન્ચના સમજાવવાથી આ કેસમાં એપ્રુવર બનવાની તૈયાર બતાવેલાની હકીકત નકારેલી છે. જો એપ્રુવર બનશે તો આ કેસમાંથી છોડાવવા

દરેક પ્રકારની મદદ કરીશું તેવી જણાવેલાની હકીકત પણ નકારેલી છે. ડીસેમ્બર–૨૦૧૮ થી કસ્તુરબા સેલમાં અન્ય આરોપીઓથી અલગ રાખ્યાની હકીકત નકારેલી છે. આંક–૮૦૫૬ વાળી કબૂલાત અરજીમાં કેવી વિગતો લખવી તે સમજાવવામાં આવેલાની હકીકત નકારેલી છે. અરજી બાબતે વારંવાર સમજાવવાથી અને ગોખાવ્યા મુજબ સોગંદ ઉપર જુબાની આપેલાની હકીકત નકારે છે. તપાસ એજન્સીના કહેવા મુજબ અરજીમાં હકીકતો લખેલાની હકીકત નકારેલી છે. સને–૨૦૦૧ ની સાલ પછી કયારેય કોઈ મીટીંગમાં ગયેલા નથી કે સમસુદ્દીન કે આરીફ કાગજીએ ઉશ્કેરણીજનક ભાષણો કરેલા નથી તો તે હકીકત નકારેલી છે. સને–૨૦૦૮ ના અરસામાં વટવા મુકામે કયામુદ્દીન કાપડીયા અને તૌકીરને મકાન ભાડે અપાવવા મદદ કરેલી નથી તો તે હકીકત નકારેલી છે. કયામુદ્દીન કાપડીયાને સ્વીમીંગના કોઈ ફોર્મ લાવી આપેલા નથી કે તેમાં કોઈ વિગતો ભરેલી નથી તો તે હકીકત નકારેલી છે.

વધુમાં આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા ભારત દેશ લોકશાહી તંત્રવાળો દેશ છે, પોતાનો ધર્મ પાળવાનો અને પ્રચાર કરવાનો દરેકને અધિકાર છે તે બાબતે, દેશની શાસન પધ્ધતિ અને બંધારણમાં ફેરફાર થતા હોવા બાબતે, ઈસ્લામિક શાસનમાં કુરાન અને હદીસના નિયમો બાબતે, સાઉદી અરેબીયાની શાસન પધ્ધતિ બાબતે, મહંમદબીન કાશીમ ભારત કયારે આવ્યા તે બાબતે પ્રશ્નો પુછેલા છે જે બનાવ સાથે સુસંગત નથી. આ ઉપરાંત કસ્તુરબા સેલમાં આ સાહેદને ખાંસીની તકલીફ હતી તે બાબતે, ટી.બી.નો ટેસ્ટ કરાવ્યા બાબતે, સહઆરોપી નવેદ કાદરીના રોગ બાબતે, સને–૨૦૦૨ ના કોમી રમખાણો બાદે દુધેશ્વર વિસ્તારમાં ઈરાકીભાઈ કરીને કેમ્પ ચલાવતા હતા તે બાબતે, આ સંસ્થામાં જોડાવવા બાબતે, બચાવ માટે વકીલ જાવેદખાન પઠાણને રોકેલા અને ઘરવાળાઓએ ફી આપી નથી તે બાબતે પણ પ્રશ્નો પુછેલા છે જે બનાવને સુસંગત નથી.

વધુમાં આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા આરીફ કાગજીને મળ્યા તે પહેલા તેને ઓળખતા ન હતા તે કબૂલ કરે છે. જેથી એવુ કહી શકાય કે

આ સાહેદ આરીફ કાગજીને મળેલો હતો. પહેલી વખત કઈ તારીખે મળ્યા તે યાદ નથી. સને–૨૦૦૮ ની સાલમાં કયાં નોકરી કરતા હતા, બસમાં જતા હતા તે બાબતે, નોકરી પર જવુ હોય તો એ.એમ.ટી. એસ. બસમાં લાલ દરવાજા જવુ પડે તે બાબતે, નોકરીવાળા સ્થળ ઉપર કેટલા સમયમાં પહોંચી જવાય તે બાબતે પ્રશ્નો પુછેલા છે તે પણ બનાવને સુસંગત નથી. બનાવના દિવસે કાલુપુરવાળા રસ્તે ઉતરેલા નહીં તે કબૂલ કરે છે. જે જગ્યાએ બસમાંથી ઉતરેલા ત્યાંથી સીધુ કાલુપુર સ્ટેશને જવાય નહીં તો તે હકીકત નકારે છે. બનાવના દિવસે પાછા પોતાના ઘરે નરોડા–નારોલવાળા રસ્તે ગયેલાનું કબૂલ કરે છે. આ પ્રશ્નનો અર્થ એવો થાય કે આ સાહેદ બોમ્બ મુકયા પછી નરોડા થી નારોલવાળા રસ્તે પોતાના ઘરે ગયેલાનું આરોપીઓ તરફથી કબૂલ કરવામાં આવેલ છે તેમ કહી શકાય.

વધુમાં આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા તા.૪/૯/૨૦૦૮ નાં રોજ કયા મેજિસ્ટ્રેટ પાસે રજૂ કરેલા તે બાબતે, કેટલી વખત મેજિસ્ટ્રેટ પાસે રજૂ કરેલા તે બાબતે, આ કેસોના તપાસ કરનાર અધિકારીઓ કોણ હતા તે બાબતે પ્રશ્નો પુછેલા છે તે બનાવને સુસંગત નથી. વધુમાં પોતાની સરતપાસમાં એક્ષપ્લોઝીવ એકટની કલમો તેમજ અનલોકુલ એકટીવીટી(પ્રિવેન્શન) એકટ હેઠળની કલમોના ગુનાઓ નોંધાયાનું જણાવેલુ છે તે પોલીસના કહેવાથી જણાવેલાની હકીકત નકારે છે. સને–૨૦૦૦ ની સાલનો બદલો લેવા માટે મુસલમાનો માટે કોઈ કારણ હતુ નહિ તો તે હકીકત નકારે છે. સાહેદે વધુમાં જણાવેલુ છે કે, બાબરી મસ્જિદનું કારણ અને તેના સિવાય નાના–મોટા રાયોટસ પણ હતા. આ સાહેદે જણાવ્યા તે મુજબના ભાષણો થતા ન હતા તો તે હકીકત નકારેલી છે. આ સાહેદે "સીમી"નું સાહિત્ય જોયેલુ છે જેમાં હિન્દી મેગેઝીન "મુવમેન્ટ" તથા ગુજરાતી મેગેઝીન "ઈકરા" હતુ તેમ જણાવે છે.સને–૧૯૯૨ની સાલમાં બાબરી મસ્જિદ તોડવામાં આવેલી તેની કોર્ટમાં શું પરિસ્થિતિ છે તે તથા બીજા કોઈ ભારતમાં મુસ્લિમ સંગઠનોના ફરીથી નિર્માણના પ્રયત્નો થયેલા કે કેમ? અને તે અંગેના લેખો લખવામાં આવતા હતા તેમ જણાવે છે. આવુ કોઈ સાહિત્ય સાચવી રાખેલુ નથી તે કબૂલ કરે છે. જયુડીશીયલ કસ્ટડીમાં કઈ તારીખે

ગયેલા તે યાદ નથી.સને–૨૦૦૮ થી લઈને સને–૨૦૧૩ ના સમય દરમ્યાન જેલ ખાતે અલગ–અલગ સેલમાં રહેલાનું જણાવે છે. સાહેદ ફીરોઝ અને સાહેદ ઝાકીરની જુબાની થઈ ત્યારે કોર્ટમાં હાજર હતા તેમ કબૂલ કરે છે. તમામ સાક્ષીઓ આ સાહેદની હાજરીમાં તપાસવામાં આવેલા તેમ છતાં ખોટુ બોલો છો તો તે હકીકત નકારેલી છે. તમામ સાક્ષીઓએ વિરૂધ્ધમાં જુબાની આપેલી હોવાની હકીકત જાણતા ફરિયાદપક્ષને ટેકારૂપ જુબાની આપેલી હોવાની હકીકત નકારેલી છે. બોમ્બ કઈ રીતે બનાવવા, શું–શું સાધનો જોઈએ વિગેરે કબૂલાતનામામાં લખાવેલુ નથી તો તે કબૂલ કરે છે.

વધુમાં આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા એ.ટી.એસ. અને ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓ આવીને ગુનો કબૂલ કરવા દબાણ કરતા હતા તો તે હકીકત નકારેલી છે. "જેહાદ" એટલે અન્યાય સામે લડવુ તેવો અર્થ થાય છે તો તે હકીકત નકારે છે. અન્યાયની સામે લડત આપી અને તે અંગે ચર્ચા કરવી તે ગુનાહિત કૃત્ય નથી તો તે કબૂલ કરે છે. પોલીસે નિવેદનો નોંધ્યા પછી મેજિસ્ટ્રેટ પાસે લઈ ગયા હોય તેવુ બન્યુ નથી. કોર્ટની તારીખે દરેક આરોપીને બેરેકમાંથી કોર્ટમાં લાવવામાં આવતા હતા તે કબૂલ કરે છે. સીબલી તથા તેના ભાઈનો ચહેરો તથા દાઢી એકસરખી છે તેવુ જે કહેલુ તે ખોટી ઓળખાણ કરેલી તેનો ખુલાસો ખોટો આપેલો છે તો તે હકીકત નકારે છે. સીબલી અને તેના ભાઈની દાઢી તથા ચહેરા એકસરખા નથી તો તે હકીકત નકારી છે. સીમીની ઑફિસમાં જે વ્યકિતઓ આવતી હતી તે કઈ હેસીયતથી આવતી હતી તેની જાણકારી મૌખિકમાં થયેલાનું જણાવે છે. પ્રોગ્રામો પત્યા પછી એકબીજા સાથે ચર્ચા કરતા હતા તેવુ આજદિન સુધી જાહેર કરેલુ નથી તો તે હકીકત નકારી છે. સમસુદ્દીનના નાના ના ઘરે જે મીટીંગ થયેલાનું જણાવે છે એ મીટીંગમાં શું કાર્યવાહી કરવાનો નિર્ણય લીધેલો તે જાહેર કરેલુ ખરૂ? તો તેના જવાબમાં સાહેદે જણાવેલુ છે કે, મીટીંગમાં કોઈ નિર્ણય લેવાયેલો નહીં.

વધુમાં આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા મુસ્લિમોની હત્યા થયેલી તે જગ્યા નરોડા ગામમાં કયામુદ્દીને બતાવેલી તે જાહેર કરેલી નથી તો તે

હકીકત નકારેલી છે. ફ્રુટસલાડની લારીની સામેવાળી જગ્યા જે બતાવેલી તે પણ જાહેર કરેલી નથી તો તે હકીકત નકારેલી છે. બોમ્બ બ્લાસ્ટ જુદી–જુદી જગ્યાઓ ઉપર થયેલા તેની જાણ ટી.વી. અને ન્યૂઝ પેપરો દ્વારા થયેલી તે સિવાય ઈન્ડિયન મુજાહીદ્દીન દ્વારા ઈ–મેઇલથી તેની જવાબદારી સ્વીકાર્યાની તે જાણેલુ. નરોડામાં મંદિરથી એ.એમ.ટી.એસ. બસ સ્ટેન્ડ સુધી રોડની સાઈડ તરફ ઘણી દુકાનો આવેલી છે તે કબૂલ કરે છે. બોમ્બવાળી સાઇકલ ચોકકસ કઈ જગ્યા ઉપર મુકેલી તે જગ્યા નહીં જણાવવાનું કોઈ કારણ આપી શકો ખરા ? તો તેના જવાબમાં સાહેદે જણાવેલુ છે કે ફ્રૂટસલાડની લારી હતી તેનાથી થોડે આગળ રોડ ઉપર ખુલ્લી જગ્યા હતી ત્યાં બીજી સાઇકલો ઉભેલી હતી તે જગ્યા. પરંતુ મારા મત પ્રમાણે જયારે બનાવ પછી સાહેદ બાર વર્ષ પછી જુબાની આપતા હોય ત્યારે કઈ જગ્યાએ બોમ્બવાળી સાઇકલ મુકેલી તે ચોકકસ જગ્યા કોઈપણ સંજોગોમાં કહી શકે નહીં. એવુ પણ કારણ ખરૂં કે બાર વર્ષના સમયમાં તે જગ્યા અને તેની આજુબાજુ ઘણો ફેરફાર પણ થઈ ગયો હોય. એટલું જ નહીં બાર વર્ષથી આ સાહેદ જયુડીશીયલ કસ્ટડીમાં હોય તે જગ્યા પણ જોયેલ નથી કે હાલ આ જગ્યા પર શું પરિસ્થિતિ છે માટે બોમ્બવાળી સાઇકલ ચોકકસ કઈ જગ્યાએ મુકેલી તેનું કારણ હરગીજ આપી શકાય નહીં.

વધુમાં આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા જે બોમ્બ લઈને ગયેલાનું જણાવે છે તે બોમ્બનું શું થયુ તેની જાણકારી ન્યુઝ પેપર દ્વારા મળેલાનું જણાવે છે. બોમ્બની ઓળખ માટેની કોઈ નિશાની કરેલી નહીં. પરંતુ સાહેદે જણાવેલુ છે કે થેલી ઉપર નંબર લખેલો જોયેલો. જે બસમાં બોમ્બ મુકેલો તે અરવિંદ મીલ પાસેથી મળેલો તે કહી શકે નહીં તો તે હકીકત નકારેલી છે. સાહેદ નં.૫૯૮, ૬૦૩, ૮૧૦, ૮૧૧, ૮૧૨, ૮૧૯, ૯૩૨, ૯૩૭, ૯૩૫, ૯૫૭ અને ૧૧૦૬ ની જુબાનીઓ વાંચ્યા પછી અને વિચાર્યા પછી તે જુબાનીઓને સમર્થન મળે તે માટે કબૂલાત કરેલી હોવાની હકીકત નકારેલી છે.

વધુમાં આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો હાઈસિકયોરીટી કમ્પાઉન્ડમાં કેટલી ખોલી છે તે બાબતે, ૨૦૦ ખોલીના એક યાર્ડમાં કેટલા સેલ

છે તે બાબતે, બેરેકની અંદર ખુલ્લી જગ્યા નથી તે બાબતે, કેટલા વિસ્તારમાં ફરવાની પરવાનગી મળે છે તે બાબતે, એસ.પી. સાહેબનો રાઉન્ડ આવે છે તે બાબતે, રાઉન્ડ દરમ્યાન કોઈ વાંધાજનક વસ્તુ પકડાય તો તે બાબતે, જડતી તપાસની સુબેદારને કઈ રીતે જાણ થાય તે બાબતે, બેરેકમાં સી.સી.ટી.વી. કેમેરા બાબતે, જેલ સુપરિન્ટેન્ડેન્ટનો રાઉન્ડ કેટલા સમયે આવે છે તે બાબતે, કેદીઓને કાગળ કે બુકની જરૂર હોય તો તે બાબતે, કાગળો કયારે આપવામાં આવે છે તે, લખેલુ લખાણ સ્કેન કરવા બાબતે, સગા સંબંધીઓ મુલાકાતે આવે ત્યારે તેની નોંધ કરવા બાબતે, જેલમાં થતા શૈક્ષણિક અને રીફોર્મેટીંગ પ્રોગ્રામો બાબતે, મ્યુઝીકલ પ્રોગ્રામ બાબતે, ગાંધી વિચારધારાના રીઝલ્ટ બાબતે પ્રશ્નો પુછેલા છે જે બનાવ સાથે સદંતરપણે સુસંગત નથી.

વધુમાં આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા જે મકાન તૌકીર અને કયામુદ્દીનને અપાવેલાનું જણાવે છે તેવુ મકાન રીયાઝભાઈને ભાડે અપાવેલાની હકીકત નકારે છે. તે મકાનમાં આ સાહેદનો ભાઈ તથા તેના મિત્રો રોકાતા હતા તે હકીકત નકારે છે. અમદાવાદ શહેરના બોમ્બ બ્લાસ્ટના કેસો સિવાય અન્ય રાજયમાં આ સાહેદ ઉપર કોઈ કેસો નથી તે કબૂલ કરે છે. અન્ય રાજયોમાનાં કેટલાક કેસોમાં આરોપીઓને સજા થયેલી હોવાથી તે જાણ્યા પછી એવુ લાગેલુ કે આ કેસોમાં સજા જ થાય તો તે હકીકત નકારી છે. હ્દય પરિવર્તન થવાથી અને પરિવર્તન થવાના કારણે કબૂલાત કરેલાની હકીકત ખોટી જણાવે છે તો તે હકીકત નકારે છે. જેલની બહાર અને જેલની અંદર ખૂબ દેવુ વધી ગયેલુ હોવાથી છટકવા માટે ખોટી કબૂલાત કરેલી હોવાની હકીકત નકારેલી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ આ કેસમાં કુલ–૭૮ આરોપીઓ પૈકી મુળ આરોપી નં.૨૩ છે. ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન તેને આંક–૮૦૫૬ વાળી કબૂલાત અરજી મોકલેલી અને ફરિયાદપક્ષને સાંભળ્યા બાદ આ આરોપીને શરતી ગુના માફી આપેલી. જે ગુના માફીની શરતો આ આરોપીએ સ્વિકારેલી છે. ત્યારબાદ ફરિયાદપક્ષ તરફથી આ આરોપીને પોતાના સાહેદ તરીકે તપાસેલ છે અને પોતાની આંક–૮૦૫૬ વાળી કબૂલાત

અરજી પ્રમાણે આ આરોપીએ ગુનાને લગતી અને આ ગુનામાં પોતાની તેમજ અન્ય સહઆરોપીઓની જે ભૂમિકા હતી તે શબ્દે–શબ્દ અદાલત રૂબરૂ સોગંદ ઉપર જણાવેલી છે. તેઓની સરતપાસ પ્રમાણે આ બનાવમાં આરોપી આરોપી નં.૪ સમસુદ્દીન ઉર્ફે સમસુ શાહબુદ્દીન શેખ, નં.૬ મોહમદ આરીફ મોહંમદ ઈકબાલ કાગઝી, આરોપી નં.૧૧ સીબલી ઉર્ફે સાબીત અબ્દુલ કરીમ, આરોપી નં.૧૨ સફદરહુસેન ઉર્ફે હુસેનભાઈ ઉર્ફે ઈકબાલભાઈ જહીરૂદ્દીન ઉર્ફે જહરૂલહસન નાગોરી, આરોપી નં.૧૫ અબુબસર ઉર્ફે મુકતી ઉર્ફે અબ્દુલ રસીદ ઉર્ફે અબ્દુલ્લા અબુબકર શેખ, આરોપી નં.૨૭ મહમદ ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ રાજીક ઉર્ફે મુસફ ઉર્ફે કુરકાન મહમદ ઈશાક મન્સુરી, આરોપી નં.૩૭ કયામુદ્દીન ઉર્ફે મુસા ઉર્ફે અશપાક ઉર્ફે અબ્દુલ કાદીર ઉર્ફે રીઝવાન ઉર્ફે સમીન સરફુદ્દીન કાપડીયા તથા આરોપી નં.૫૦ સૈકુર રહેમાન ઉર્ફે સૈકુ ઉર્ફે સૈફ અબ્દુલ રહેમાન અંસારી તથા મુજીબ, તૌકીર, જાકીર, યાકુબ, અલીમ અને ઈબ્રાહીમનાઓ વિશે વિગતવાર હકીકતો જણાવેલી છે. આ ઉપરાંત ઉપરોકત આરોપીઓ પૈકી આરોપી નં.૪, ૬, ૧૧, ૧૨, ૧૫, ૨૭, ૩૭, નાઓને પણ અદાલત રૂબરૂ ઓળખી બતાવેલા છે.

આ સાહેદની જુબાની ધ્યાને લેતા, કયા કયા આરોપીઓ "સીમી"ના કાર્યકરો છે અને જુદી–જુદી જગ્યાઓએ મીટીંગો રાખીને શું ભૂમિકા ભજવી તેની વિગત નીચે મુજબ છે.

અ.નં.	ભજવેલી ભૂમિકા	સંકળાયેલ આરોપીઓ
૧	શાહપુર "સીમી"ની ઑફિસમાં હાજર રહેનાર સભ્ય, સીમીના સક્રિય કાર્યકર, ખાનગીમાં મીટીંગ કરનાર, ભાષણો, તકરીર, ઈસ્લામિક શાસનની સ્થાપના, બાબરી મસ્જિદ તથા ગોધરાનો બદલો, જેહાદી પ્રવૃત્તિઓની સીડીઓ બતાવનાર ગુજરાતના તોફાનોનો બદલો લેવો, નરોડા પાટીયા, ગુલબર્ગ સોસાયટીનું નિરીક્ષણ કરનાર	આરોપી નં.૦૪, ૦૬, ૧૧, ૧૨, ૧૫, ૨૩, ૨૭, ૩૭, ૫૦
૨	અમદાવાદ શહેરમાં તથા વડોદરા શહેરમાં	આરોપી નં.૧૫, ૨૩,

	બોમ્બ બ્લાસ્ટ કરવા માટે જુદી–જુદી જગ્યાઓની રેકી કરનાર	૩૭
૩	બોમ્બવાળી થેલીઓ લાવનાર અને બોમ્બ કયાં મુકવાના છે તેની સુચના આપનાર	આરોપી નં.૨૭
૪	નરોડામાં તથા એ.એમ.ટી.એસ. બસ નં.૬૬/૦૩માં બોમ્બ મુકનાર	આરોપી નં.૨૩

આ સાહેદ બાબતે ફરિયાદપક્ષ તરફથી વિ.વ.શ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ સાહેદ, કયામુદ્દિન કાપડીયા, ઉસ્માન અગરબતીવાલા, ઈકબાલ તથા ઈમરાનને બચપનથી ઓળખે છે માટે ઓળખ પરેડ કરાવવાનો પ્રશ્ન નથી. જયારે આરોપીઓ તરફે વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, આ સાહેદ સમક્ષ આરોપીઓની ઓળખ પરેડ કરાવેલી નથી પરંતુ મારા મત પ્રમાણે આ આરોપી તથા આરોપી કયામુદ્દિન, ઉસ્માન અગરબતીવાલા, ઈમરાન તથા ઈકબાલ આ ચારેય બચપણના મિત્રો છે માટે તેઓને ઓળખતા જ હોય અને જયારે આરોપી ઓળખીતા હોય ત્યારે ઓળખ પરેડ આ સાહેદ સમક્ષ કરાવવી જરૂરી નથી.વકીલશ્રી અમીત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ સાહેદની જુબાનીમાં કોઈ કોન્ટ્રાડીકશન કે ઓમીશન નથી માટે આ સાહેદને નહીં માનવાને કોઈ કારણ નથી. આ સાહેદને જે કંઈ માહિતી હતી તે તેને અદાલત સમક્ષ જુબાની રૂપે જણાવેલી છે સામાન્ય રીતે પોલીસના ડરથી કોઈ વ્યકિત શરૂઆતમાં માહિતી આપવા જતા હોતા નથી. આ સાહેદે પોતાના ગુનાની સ્વૈચ્છાપૂર્વક કબૂલાત કરેલી છે અને અદાલતે યોગ્ય શરતોને આધીન રહી માફી આપેલી છે અને આરોપીએ માફીની શરતોનુ સંપૂર્ણ પાલન કરેલુ છે. બચાવપક્ષ તરફથી વકીલશ્રી આર.કે. શાહ દલીલ કરતા જણાવે છે કે, આ સાહેદના નિવેદનો પોલીસે તપાસના તબકકે લીધેલા હતા તે નિવેદનની નકલો બચાવપક્ષને આપેલી નથી અને ફેર ટ્રાયલ માટે નિવેદનોની નકલો આપવી જોઈએ અને તે ફરિયાદપક્ષની ફરજ પણ હતી. ફરિયાદપક્ષ દ્વારા આ સાહેદના પોલીસ સમક્ષ નોંધાયેલા નિવેદનોની નકલો બચાવપક્ષને આપેલી નથી માટે

ફરિયાદપક્ષની વિરૂધ્ધમાં અનુમાન કરવુ જોઈએ આ મુદ્દા ઉપર આ સાહેદનો પુરાવો માની શકાય નહીં. આ સંબંધમાં વકીલશ્રી આર.કે.શાહ નીચે મુજબના ચુકાદા ઉપર આધાર રાખે છે.

અ.નં.	ચુકાદો	ચુકાદામાં નિર્ણીત થયેલ મુદ્દાઓ પૈકી એપ્રુવર અંગે નિર્ણીત થયેલ મુદ્દો
૧	લાલ ચંદ વિરૂધ્ધ સ્ટેટ ઓફ હરીયાણા ૧૯૮૪ ક્રિ.લો.જ. પાન નં.૧૬૪ સુપ્રીમ કોર્ટ	ચુકાદાના પેરા–૮ મુજબ આરોપીએ બનાવના ૨૦ મહીના બાદ એપ્રુવર થવા માટે અદાલતને અરજી કરેલી . આ આરોપીએ પોલીસ સમક્ષ નિવેદનો નોંધાવેલા તેની નકલો બચાવ પક્ષને આપવામાં આવેલી નહીં માટે એપ્રુવરનો પુરાવો મનાય નહીં. એપ્રુવરનો પુરાવો નબળો પુરાવો છે.

આ ઉપરાંત વકીલશ્રી આર.કે.શાહ પુરાવાના કાયદાની કલમ–૩ વંચાણે લઈ દલીલ કરે છે કે આ સાહેદના પોલીસ રૂબરૂના નિવેદનો તે દસ્તાવેજ ગણાય એટલુ જ નહીં ભારતીય ફોજદારી ધારાની કલમ–૨૯ વંચાણે લઈ દલીલ કરે છે કે દસ્તાવેજ તેને કહેવાય કે જે કોઈ વિગત તે દસ્તાવેજમાં જાહેર થતી હોય તો તે દસ્તાવેજ ગણાય. વધુમાં વકીલશ્રી આર.કે.શાહ સાહેદ નં.૧૧૪૧ ની જુબાની વંચાણે લઈ દલીલ કરે છે કે તેની જુબાનીમાં જે કંઈ હકીકતો જણાવેલી છે તે ઉભી કરેલી છે અને તેને માફીની શરતોનો ભંગ કરેલો છે. આ સાહેદની અટક તા.૪.૯.૦૮ ના રોજ થયેલી હતી અને ૧૦ વર્ષ બાદ પસ્તાવો થતા તેને ગુનાની કબૂલાત કરેલી છે તો તે માની શકાય નહીં પસ્તાવો કયા કારણસર થયો તે અંગેનો કોઈ ખુલાસો સાહેદે આપેલો નથી. આ સાહેદની કબૂલાત અરજી તા.૧૧. ૩.૧૯ ના રોજ આપવામાં આવેલી હતી જેને આંક–૮૦૫૬ આપવામાં આવેલો છે. વધુમાં વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, આ

આરોપીને પસ્તાવો થયાની જે હકીકત જણાવે છે તે ખોટી છે. આ આરોપી વિરૂધ્ધ સાહેદ નં.૫૫૮, ૮૧૯, ૮૧૦, ૮૧૧, ૮૧૨, ૯૫૭, ૧૧૦૬, ૯૩૫ અને ૯૩૭ નાઓએ પુરાવો આપેલો હોવાથી તેને આંક–૮૦૫૬ વાળી અરજી આપીને ગુનાની કબૂલાત કરેલી છે. આ સાહેદને જેલમાં કોઈકે સમજાવેલો છે કે તને સજા થશે અને જેલમાં રહેવુ પડશે માટે કબૂલાત કર જેથી કબૂલાત અરજી કરેલી છે. વકીલશ્રી આર.કે.શાહની દલીલો સાથે હું સંમત નથી કારણ કે આ ગુનાઓની તપાસ ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદનાઓએ કરેલી છે. ક્રાઈમ બ્રાન્ચ, અમદાવાદ અને જેલતંત્ર બંને અલગ–અલગ જગ્યાઓ છે અને બંનેની કામગીરી અલગ–અલગ છે. જેલતંત્ર સાથે સંકળાયેલા પોલીસ અધિકારીઓ કે કર્મચારીઓ ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે આવતા હોતા નથી અને આરોપીને એક વખત જયુડીશીયલ કસ્ટડીમાં લેવામાં આવે અને તેને જેલમાં મોકલી આપે ત્યારબાદ ક્રાઈમ બ્રાન્ચના પોલીસ અધિકારીઓ કે કર્મચારીઓને જેલ ઉપર જઈ આરોપીઓનો સંપર્ક કરવાનો કોઈ પ્રયત્ન થતો હોતો નથી. ધારો કે કોઈક પોલીસ અધિકારીએ જયુડીશીયલ કસ્ટડીમાં રહેલા કોઈક આરોપીની કોઈક ગુનાના કામે પુછપરછ કરવી હોય તો અદાલતની પરવાનગી વિના થઈ શકતી નથી. માટે આરોપી ઐયાઝને જેલમાં કોઈકે ગુનો કબૂલ કરવા સમજાવેલો હોય તે શકય નથી. વધુમાં વકીલશ્રી આર. કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, ઐયાઝની જુબાની પ્રમાણે દરિયાપુરમાં સમસુદ્દિનના નાના ના ઘરે પ્રોગ્રામ થયેલો તેમા બહારથી લોકો આવેલા આ મીટીંગમા સાહેદ નં.૯૫૭ જાકીર હાજર હતો. પરંતુ આ જાકીર પોતાની જુબાનીમાં આ હકીકત જણાવતો નથી તે એમ જણાવે છે કે જાન્યુઆરી–૨૦૦૮ મા ઈબ્રાહીમ અન્સારીને ત્યાં મીટીંગ થયેલી અને ત્યાં ઐયાઝ હાજર હતો જયારે ઐયાઝ પોતાની જુબાનીમાં ઈબ્રાહીમ અન્સારીને ત્યાં મીટીંગ હતી તેવુ જણાવતો નથી. આમ સાહેદ ઐયાઝ તેમજ સાહેદ જાકીરની જુબાનીમાં વિરોધાભાસ છે. પરંતુ મારા મંતવ્ય પ્રમાણે જાન્યુઆરી–૨૦૦૮ મા સમસુદ્દિનના નાના ના ઘરે પ્રોગ્રામ થયેલો કે કેમ? અથવા ઈબ્રાહીમ અન્સારીના ઘરે પ્રોગ્રામ થયેલો કે કેમ? સ્થળનુ મહત્વ નથી પરંતુ પ્રોગ્રામ થયેલા છે તે

હકીકત છે, પ્રોગ્રામ થયો તે મહત્વનું છે. જે કંઈ બનાવો બનેલા તે આ પ્રોગ્રામોમાં થયેલી વાતચીત અને આયોજન મુજબ થયેલા છે. સ્થળને આધીન બનાવો બનેલા નથી. વધુમાં વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, સાહેદ ઐયાઝ પોતાની જુબાનીના પેરા નં.૯, ૧૧ માં જણાવેલુ છે કે મકાન ઉપર કયામુદ્દિન અને તૌકીરને મળવા તે જતો હતો તે વખતે તાળુ જોઈને પાછો આવતો હતો જયારે સાહેદ નં.૧૧૦૬ ફિરોજ તેઓની જુબાનીમાં આ હકીકત જણાવતો નથી માટે સાહેદ ઐયાઝ અને સાહેદ ફિરોજની જુબાનીમાં પણ વિરોધાભાસ છે પરંતુ મારા મત પ્રમાણે સાહેદ નં.૧૧૦૬ ફિરોજે આરોપી કયામુદ્દિન તથા તૌકીરને મકાન ભાડે આપેલુ હતુ જયારે સાહેદ ઐયાઝ આ મકાન ઉપર આ બંને આરોપીને મળવા જતો હતો ત્યારે આ બંને આરોપી ઐયાઝને મળતા હતા કે કેમ? અથવા મકાન ઉપર તાળુ હતુ અને ઐયાઝ તે તાળુ જોઈ પરત આવતો તો તે મહત્વનુ નથી પરંતુ સાહેદ નં.૧૧૦૬ ફિરોજે મકાન કયામુદ્દિન તથા તૌકીરને ભાડે આપેલુ હતુ તે હકીકત છે. મકાન ઉપર તાળુ રહેતુ હતુ તે મહત્વનુ નથી.

વધુમાં વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, બચાવપક્ષ તરફથી સાહેદ નં.૧ તરીકે હુસેન હાસમ શેખને તપાસવામાં આવેલા છે અને તેમને પોતાની જુબાનીમાં સ્પષ્ટ જણાવેલુ છે કે, તેઓના ઘરે કોઈ પ્રોગ્રામ થયેલા નથી મકાન ઘણુ નાનુ છે તેઓ સમસુદ્દિનના કોઈ મિત્રોને ઓળખતા નથી. આ સાહેદ ખોટુ બોલે છે તેવી કોઈ હકીકત ફરિયાદપક્ષની ઊલટતપાસમાં નીકળી આવતી નથી. બચાવપક્ષ તરફથી એવી હકીકત રેકર્ડ ઉપર લાવવામાં પ્રયત્ન કરેલો છે કે આ સાહેદના ઘરે કોઈ મીટીંગો થયેલી ન હતી જો થયેલી હોય તો તે અંગેની લેખિતમાં જાણ પોલીસને કરેલી નથી. વકીલશ્રી આર.કે.શાહ વધુમાં જણાવે છે કે, આ સાહેદના ઘરે કોઈ મીટીંગો જ થયેલી ન હતી તો પોલીસને લેખિતમાં જાણ કરવાનો કોઈ પ્રશ્ન નથી. પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદનુ ઘર નાનુ છે તે બતાવવા માટે આ સાહેદે પોતાના ઘરનો નકશો કે મકાનને લગતો કોઈ દસ્તાવેજ રજૂ કરેલો નથી માટે આ સાહેદનુ ઘર

નાનુ છે તે દસ્તાવેજી પુરાવા વિના માની શકાય નહીં. આ ઉપરાંત નાનુ ઘર હોય તો મીટીંગ ન થાય તેવુ હોતુ નથી.

વધુમાં વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, આ કામે આરોપી નં.૩૭ કયામુદ્દિન કાપડીયાનાઓએ પણ સોગંદ ઉપર જુબાની આપેલી છે. તેઓની જુબાની તથા સાહેદ ઐયાઝની જુબાની વિરોધાભાસી છે. સાહેદ ઐયાઝની તમામ હકીકત ખોટી છે. આરોપી કયામુદ્દિનની જુબાની પ્રમાણે તા.૩૧.૩.૨૦૦૮ ના રોજ તેને પોલીસ લઈ ગયેલી હતી ત્યારબાદ તેને મધ્યપ્રદેશ પોલીસને સોંપેલો અને ઘણા મહિનાઓ સુધી તેને ગેરકાયદેસર કસ્ટડીમાં રાખવામાં આવેલો ત્યારબાદ તેને ઉજ્જૈન કોર્ટમાં રજૂ કરેલો અને ત્યારપછી દિલ્હીના કોઈ કેસમાં પણ તેને લઈ જવામાં આવેલો અને ફરીથી ઉજ્જૈન કોર્ટ સમક્ષ રજૂ કરેલો અને ત્યારબાદ તા.૪.૧૧.૦૮ ના રોજ તેને અમદાવાદના કેસોમાં લાવેલા છે. આવા સંજોગોમાં આરોપી કયામુદ્દિન અને સાહેદ ઐયાઝ વચ્ચે કોઈ મુલાકાતો થયેલી નથી. માટે જો સાહેદ ઐયાઝ કહેતો હોય કે કયામુદ્દિને તેને ફોન કરીને બોલાવેલો, મીટીંગો કરેલી, સાઇકલો સોંપેલી વિગેરે વાતો ખોટી છે. વધુમાં વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, ફરિયાદપક્ષ તરફથી જે પુરાવો રજૂ થયો હોય અને તેનુ જેટલુ મુલ્ય છે તેટલુ જ મુલ્ય બચાવપક્ષના પુરાવાનુ પણ છે આ સંબંધમાં તેઓ નીચે મુજબના ચુકાદા ઉપર આધાર રાખેલ છે.

અ.નં.	**ચુકાદો**	**ચુકાદામાં નિર્ણીત થયેલ મુદ્દાઓ પૈકી બચાવપક્ષના પુરાવા બાબતે નિર્ણીત થયેલ મુદ્દો**
૧	આદમભાઈ સુલેમાન અજમેરી વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૧૪(૭)	ચુકાદાના પેરા–૨૭ મુજબ ફરિયાદ પક્ષનો જે પુરાવો રજૂ થયો હોય અને તેનુ જે મુલ્ય હોય તેટલુ જ મુલ્ય બચાવ પક્ષના પુરાવાનુ પણ છે. ચુકાદાના પેરા–૨૧૮ મુજબ બચાવ

	સુપ્રીમ કોર્ટ કેસીસ પાન નં.૭૧૬	પક્ષનો પુરાવો પણ ફરિયાદ પક્ષના પુરાવાની જેમ જ વંચાણે લેવો જોઈએ તેને રદ કરી શકાય નહીં.

વધુમાં વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, આરોપી નં.૩૭ કયામુદ્દિનને મધ્યપ્રદેશની પોલીસ તા.૩૧.૩.૨૦૦૮ ના રોજ લઈ ગયેલી તે હકીકત તમામ આરોપીઓએ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં પણ જણાવેલી છે જેથી કરીને પણ સાહેદ એયાઝની હકીકત માની શકાય નહીં અને એપ્રુવર તરીકે તેનો પુરાવો સ્વતંત્ર રીતે વંચાણે લઈ શકાય નહીં. આ સંબંધે નીચે મુજબના ચુકાદા ઉપર આધાર રાખે છે.

અ.નં.	**ચુકાદો**	**ચુકાદામાં નિર્ણીત થયેલ મુદ્દાઓ પૈકી એપ્રુવર બાબતે નિર્ણીત થયેલ મુદ્દો**
૧	ભીવા ડોલુ પાટીલ વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર એ.આઈ.આર. ૧૯૬૩, સુપ્રીમ કોર્ટ, પાન નં.૫૯૯	ચુકાદાના પેરા–૪,૬,૭ મુજબ એપ્રુવરના પુરાવાને મહત્વના અને સ્વતંત્ર પુરાવાથી સમર્થન મળવુ જોઈએ અને તે દરેક આરોપી સામે મહત્વની બાબતોથી પણ સમર્થન હોવુ જોઈએ ફકત એપ્રુવરના પુરાવા ઉપરથી આરોપીને સજા કરી શકાય નહીં.

વધુમાં વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, આ કામે ફરિયાદપક્ષ દ્વારા કોઈ સીધો પુરાવો રજૂ થયેલો નથી. એપ્રુવરનો પુરાવો ફકત એક બ્લાસ્ટ માટે આવ્યો છે તેમ પણ માની શકાય નહીં. જયારે ફરિયાદપક્ષ તરફથી વકીલશ્રી અમીત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આરોપી કયામુદ્દિનને તા.૩૧.૩.૨૦૦૮ ના રોજ પોલીસે તેની ગેરકાયદેસર કસ્ટડી લઈ મધ્યપ્રદેશની પોલીસને સોંપેલો અને લાંબો ટાઈમ સુધી પોલીસે તેને ગેરકાયદેસર કસ્ટડીમાં રાખેલો તે હકીકત માની શકાય તેમ નથી. વકીલશ્રી અમીત પટેલની દલીલ સાથે

હું સંમત છું કારણ કે આરોપી નં.૨ ઈમરાન ઈબ્રાહીમ શેખનાઓએ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૫ સમક્ષ તા.૧૪.૧૧.૨૦૦૮ ના રોજ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૧૬૪ મુજબનું જે નિવેદન લખાવેલુ છે તેમા પાના નં.૧૪ ઉપર સ્પષ્ટ લખાવેલુ છે કે, ૩૧ માર્ચે કયામુદ્દિન ફરાર થઈ ગયેલો હતો. આમ આરોપી કયામુદ્દિન ફરાર થઈ ગયેલો એટલે કે નાસી ગયેલો તેમ કહેવાય તેને મધ્યપ્રદેશ પોલીસ લઈ ગયેલી ન હતી તેમ હું માનુ છું. આ ઉપરાંત સાહેદ નં.૧૧૧૫ મહમદઉમર મન્સુરી તેઓની જુબાનીના પેર–૨ માં જણાવે છે કે માર્ચ–એપ્રિલ મહીનામાં મધ્યપ્રદેશની પોલીસ વડોદરા મુકામે કયામુદ્દિનને શોધવા આવેલી હતી. કયામુદ્દિન ફરાર હતો. જેથી પણ એવુ કહી શકાય કે કયામુદ્દિનને એમ.પી. પોલીસ લઈ ગયેલી ન હતી પરંતુ તે ફરાર હતો. વધુમાં સાહેદ નં.૧૧૧૫ મહમદ ઉમરની જુબાનીના પેરા–૩ મુજબ જુલાઈ મહિનાના પહેલા વીકમાં કયામુદ્દિનનો ફોન આવેલો હતો જો કયામુદ્દિનને એમ.પી. પોલીસ લઈ ગયેલી હોય તો આ સાહેદ ઉપર કયામુદીને ફોન જુલાઇ–૨૦૦૮ના પ્રથમ વીકમાં કેવી રીતે કર્યો? આરોપીઓ તરફથી આ સાહેદને એવો પ્રશ્ન પુછવામાં આવેલો હતો કે કયામુદ્દિન ભાગતો ફરતો છે અને પોલીસ તેને શોધે છે તો તમારી ફરજ હતી કે તમારે પોલીસને જાણ કરવી જોઈએ તેના જવાબમાં સાહેદે જણાવેલુ છે કે મે જાણ કરી નથી હું ગભરાયેલો હતો. સાહેદનો આ જવાબ ધ્યાને લેતા પણ સ્પષ્ટ બને છે કે આરોપી કયામુદ્દિન ફરાર હતો. આ ઉપરાંત સાહેદ નં.૧૧૧૫ ની ઊલટતપાસના પેરા–૧૮ માં બચાવપક્ષ તરફથી એવો કબૂલ કરતો પ્રશ્ન પુછવામાં આવેલો છે કે કયામુદીને જુલાઈ–૨૦૦૮ મા જે વાત કરેલી તે વિશે તમે કોઈ ખરાઈ કરેલી નહીં તો તે હકીકત સાહેદે કબૂલ કરેલી છે. આરોપીઓ તરફથી પુછવામા આવેલા આ પ્રશ્નનો અર્થ ધ્યાને લઈએ તો જુલાઈ–૨૦૦૮ મા આ સાહેદને આરોપી કયામુદ્દિને વાત કરેલી હતી તે સ્વિકૃત હકીકત બને છે જેથી કરીને પણ એવુ કહી શકાય કે તા.૩૧.૩.૨૦૦૮ ના રોજ મધ્યપ્રદેશની પોલીસ આરોપી કયામુદ્દિનને લઈ ગયેલી ન હતી પરંતુ તે ફરાર હતો. આ ઉપરાંત સાહેદ નં.૧૧૧૭ આસીફ ઉસ્માન શેખનાઓની જુબાનીના પેરા–૫ ધ્યાને લઈએ તો તે જણાવે છે કે બોમ્બ

બ્લાસ્ટના ૧૫ દિવસ પહેલા ઈકબાલે મને ફોન કરીને જણાવેલુ છે કે કયામુદ્દિન વડોદરા આવેલો છે અને મને અને રફીકને મળવા માગે છે. આ ઉપરાંત એમ પણ જણાવે છે કે હું તથા રફીક મારી બાઈક ઉપર તથા કયામુદ્દિન અને ઈકબાલ કયામુદ્દિનની બાઈક ઉપર બેસીને તાંદલજા ગયેલા અને સાસરીના મકાનના ટેરેસ ઉપર બેઠેલા. આ ઉપરાંત આ સાહેદની જુબાનીના પેરા–૯ ધ્યાને લઈએ તો ઈકબાલ રફીકને લઈને અમદાવાદ કયામુદ્દિનને મળવા આવેલો હતો. આ સાહેદ તથા ઈકબાલ અમદાવાદ પહોચ્યા પછી કયામુદ્દિનને ફોન કરેલો. લાલ દરવાજા, બસ સ્ટેશન પાસે કયામુદ્દિન મળેલો અને બાજુના બગીચામાં ગયેલો. બગીચાની બહાર નીકળી પથારાવાળા પાસેથી કયામુદ્દિને ૨૦ રૂપિયાની કિંમતનું એક શર્ટ એવા કુલ–૫૦ શર્ટ ખરીદેલા. આ સાહેદની તમામ હકીકત ધ્યાને લેતા કયામુદ્દિનને તા.૩૧.૩.૨૦૦૮ ના રોજ મધ્ય પ્રદેશ પોલીસ લઈ ગયેલી હતી તો કયામુદ્દિન, ઈકબાલ તથા આ સાહેદ મળ્યા કેવી રીતે? કયામુદ્દિને શર્ટ કેવી રીતે ખરીદયા જેથી પણ ચોકકસ કહી શકાય કે કયામુદીનને મધ્યપ્રદેશ પોલીસ લઈ ગયેલી ન હતી પરંતુ તે ફરાર થઈ ગયેલો હતો.

ફરિયાદપક્ષ તરફથી વકીલશ્રી અમીત પટેલ દલીલ કરતા જણાવે છે કે, સાહેદ ઐયાઝ પ્રથમ આરોપી નં.૨૩ તરીકે હતા અને ત્યારબાદ તેઓએ આંક–૮૦૫૬ થી કબૂલાત માટે અરજી આપેલી અને ત્યારબાદ ફરિયાદપક્ષના સાહેદ તરીકે તેઓની સાહેદ નં.૧૧૪૧ તરીકે સોગંદ ઉપર જુબાની લીધેલી છે અને તેને પોતાની જુબાનીમાં સીમીની ઑફિસ બાબતે, સીમીના સભ્યો કોણ હતા તે બાબતે, સીમીના સભ્યોની મીટીંગો કયાં–કયાં થતી હતી તે બાબતે, મીટીંગોમાં કોણ ભાષણો કરતુ હતુ તે બાબતે, આ મીટીંગોમાં કુરાન તેમજ જેહાદ કરવાની બાબતે હિન્દુ વસ્તીવાળા વિસ્તારોમાં બોમ્બ બ્લાસ્ટ કરવા તે બાબતે અને તે માટે કેવી તૈયારીઓ કરેવી અને જે જગ્યા ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હતા તે જગ્યાઓની રેકી કોણે કરેલ વિગેરે બાબતે તેને પોતાની જુબાનીમાં સંપુર્ણ હકીકત જણાવી છે. આરોપી નં.૩૭ નાઓ માટે સ્વીમીંગ પુલનુ ફોર્મ તે લઈ આવેલો છે આંક–૩૨૩૪ વાળા ફોર્મ ઉપર આરોપી નં.૩૭ ના કહેવાથી આરોપી

નં.૩૭નો ફોટો લગાવેલો છે અને આ ફોર્મ સાહેદ ઐયાઝે ભરેલુ હતુ. સાહેદ ઐયાઝે જે જગ્યાએથી બોમ્બવાળી સાઇકલો લીધેલી અને જે જગ્યાએ મુકેલી તે જગ્યાઓ બતાવ્યાની હકીકત જણાવી છે. કોને– કોને ફોન કરેલા તે હકીકત પણ તેણે જણાવી છે. આંક–૮૦૫૬ વાળી અરજીની હકીકતને તેની જુબાનીથી પુરતુ સમર્થન મળે છે. માટે સાહેદ ઐયાઝની જુબાની વિશ્વાસનીય છે. આ ઉપરાંત અમીત પટેલ દલીલ કરતા જણાવે છે કે, સાહેદ ઐયાઝની જુબાનીને બીજા સાહેદ નં.૯૫૭ જાકીર હુસેન કે જે અન્ય આરોપીઓ સાથે ગુનાના સાથી તરીકે હતો, સાહેદ ૧૧૦૬ ફીરોજ દીલાવર કે જેને વટવા મુકામે આરોપી નં.૩૭ કયામુદ્દિનને મકાન ભાડે અપાવેલુ તથા સાહેદ નં.૯૩૨ અબ્બાસ હાજી વોરા કે જેને પી.સી.ઓ. ઉપરથી ઐયાઝને ફોન કરેલો તથા આંક–૩૧૩૯ વાળા પંચનામાના વિગતે ઐયાઝને ઓળખી બતાવેલો હતો તથા સાહેદ નં.૯૩૫ કિશનલાલ જાટ કે જેઓની લારી ઉપર ઐયાઝે ફ્રુટ સલાડ પીધેલુ અને આ સાહેદે પણ ઐયાઝને આંક–૩૧૩૯ વાળા પંચનામાની વિગતે ઓળખી બતાવેલો. ઓળખ પરેડ કરાવનાર સાહેદ નં.૫૮૮ લક્ષ્મણ કેશવલાલ પારઘીનાઓ હતા અને તેમને પણ પોતાની જુબાનીમાં ઉપરોકત બંને સાહેદોએ ઐયાઝને ઓળખી બતાવેલાની હકીકત જણાવી છે. સાહેદ નં.૮૧૦ આશીષ કૌશીકભાઈ પટેલ તથા સાહેદ નં.૮૧૨ દક્ષેષ રાવલ આ તમામ સાહેદોની જુબાનીઓથી સાહેદ ઐયાઝની જુબાનીને પુરેપુરૂ સમર્થન મળે છે. આ તબકકે વકીલશ્રી એચ.એમ.ધ્રુવ દલીલ કરતા જણાવે છે કે, સાહેદ ઐયાઝ એપ્રુવર થયેલો છે અને તેની જુબાની વિશ્વાસપાત્ર છે તથા રેકર્ડ ઉપર રજૂ થયેલા બીજા અન્ય પુરાવાથી મહત્વની હકીકતોને સમર્થન મળે છે તેમ છતાં એક તબકકે માની લઇએ કે ઐયાઝના પુરાવાને બીજા પુરાવાથી સમર્થન મળતુ નથી તેમ છતાં સમર્થનકારી પુરાવા વિના પણ એપ્રુવરની જુબાનીના આધારે જો આરોપીને સજા કરવામાં આવે તો તે ગેરકાયદેસર નથી. જેથી તેની ઉપર આધાર રાખી શકાય આ સંબંધમાં તેઓ નીચે મુજબના ચુકાદા ઉપર આધાર રાખે છે.

અ.નં.	ચુકાદો	ચુકાદામાં નિર્ણીત થયેલ મુદ્દાઓ પૈકી

		એપ્રુવર અંગે નિર્ણીત થયેલ મુદ્દો
૧	ચંદ્રન વિરૂધ્ધ સ્ટેટ ઓફ કેરાલા (૨૦૧૧) ૨ સુપ્રીમ કોર્ટ કેસીસ (ક્રિ) પાન નં.૫૫૧	ગુનાના સાથીના પુરાવા ઉપર કયારે આધાર રખાય તે અંગે નામદાર સુપ્રીમ કોર્ટ સમક્ષના આ ચુકાદામાં સાહેદ નં.૫૩ નાઓએ ૩ આરોપીઓ સાથે પોતે દારૂના વેચાણમાં સામેલ હતો અને તેને ફરિયાદ પક્ષના સાહેદ તરીકે તપાસવામાં આવેલો. આ સાહેદને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૦૬ હેઠળ માફી આપવામાં આવેલી ન હતી તથા તેની સામે કાર્યવાહી કરવામાં આવેલી ન હતી તેનો પુરાવો મહત્વની વિગતોને સમર્થન કરતો હતો. નામદાર સુપ્રીમ કોર્ટે ઠરાવેલ કે આ સાહેદના પુરાવા ઉપર આધાર રાખી શકાય.
૨	ચંદ્ર પ્રકાશ વિરૂધ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન ૨૦૧૪ (કંપલીટ) ૩ સુપ્રીમ કોર્ટ કેસીસ (ક્રી) પાન નં.૪૫૭	ચુકાદાના પેરા–૪૩ થી ૫૧ અને ૫૯ નામદાર સુપ્રીમ કોર્ટના ઠરાવ્યા પ્રમાણે એપ્રુવરનો પુરાવો વિશ્વાસપાત્ર હોવો જોઈએ કે જેથી આરોપીને સજા કરવા માટે પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે માની શકાય. દરેક વિગત માટે સમર્થન હોવુ જરૂરી નથી. એપ્રુવરનો પુરાવો તે સમર્થનકારી પુરાવો છે તેને બે ભાગમાં મુલવવો જરૂરી નથી. એપ્રુવર બીજા આરોપીની ગુનામાં સંડોવણી જણાવતો હોય તો તેનો પુરાવો સજા માટે ધ્યાને લેવાય.

૩	લક્ષ્મણદાસ છગનલાલ ભાટીયા વિરૂધ્ધ ધ સ્ટેટ ૧૯૬૮ ક્રી.લો.જ. પાન નં.૧૫૮૪ બોમ્બે	ચુકાદાના પેરા–૨૫ મુજબ ગુનાના સાથીએ સાહેદ તરીકે પુરાવો આપેલો હોય ત્યારે બીજા આરોપીઓ માટે પણ વિચારણામાં લેવાય તથા બીજા આરોપીઓને કોઈ લાભ થતો નથી. તેના પુરાવાના આધારે સજા કરવામાં આવે તો ગેરકાયદેસર નથી.

ખાસ સરકારી વકીલશ્રી અમીત પટેલ દલીલ કરતા જણાવે છે કે મુળ આરોપી નં.૨૩ ઐયાજ સૈયદનાઓએ આ અદાલતને એપ્રુવર થવા માટે અરજી આપેલી હતી અને આ અદાલતે શરતોને આધીન તેને ગુનામાં માફી આપી એપ્રુવર થવા માટેની તેની વિનંતી ગ્રાહ્ય રાખેલી છે. ફરિયાદપક્ષ દ્વારા પણ આરોપી સત્ય હકીકત જણાવે તો તેને એપ્રુવર થવા પરવાનગી આપવી જોઈએ તે પ્રમાણે સંમતિ આપેલી છે અને આરોપીને ફરિયાદપક્ષના સાહેદ તરીકે સાહેદ નં.૧૧૪૧ થી તપાસવામાં આવેલ છે. આ ગંભીર પ્રકારના ગુનાઓમાં સાચી હકીકત રેકર્ડ ઉપર આવે તે માટે આ સાહેદે એપ્રુવર થવાનું પસંદ કરેલ છે અને તેના પુરાવાથી સાચી હકીકત રેકર્ડ ઉપર આવેલી છે જેથી પણ આ સાહેદનો પુરાવો તમામ આરોપીઓ બાબતે સ્વીકારવો જોઈએ. આ સબંધમાં તેઓ નીચે મુજબના ચુકાદાઓ રજૂ કરેલા છે.

અ.નં.	**ચુકાદો**	**આ ચુકાદામાં નિર્ણીત થયેલ મુદ્દાઓ પૈકી એપ્રુવરના પુરાવા અંગ નિર્ણીત થયેલ મુદ્દો**
૧	લેફ્ટનન્ટ કમાન્ડર પાસ્કલ ફર્નાન્ડીસ વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર	પેરા–૧૧ મુજબ ખાસ જજની સત્તા મર્યાદિત નથી. કોઈ પણ આરોપી ગુનાને લગતી તમામ હકીકત જે પોતે જાણતો હોય તે તમામ જાહેર કરવાની શરતે

	૧૯૬૮, ક્રિ.લો.જ. પાન નં.૫૫૦ સુપ્રિમ કોર્ટ	ગુનાની માફી આપી શકાય. આ હકીકત સંપૂર્ણ હોય તથા પોતાને અને અન્ય આરોપી સાથે મદદગારીમાં સંડોવણી થતી હોય તેવી હોય. ગુનાની માફીની અરજી આરોપીઓને આપવાની જરૂર નથી. પેરા–૧૫ મુજબ આરોપીએ માફીની વિનંતી અરજી સીધી અદાલતને મોકલી હોય ત્યારે તે અરજી ફરિયાદપક્ષને રીફર કરવી. ફરિયાદપક્ષને લાગે કે પુરાવા ઉપરથી બીજા આરોપીઓને સજા થાય તેમ નથી તો માફી માગનારને માફી આપવા ફરિયાદપક્ષ સંમત થશે.
૨	રેફરન્સ બાય ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ત્રિવેન્દ્રમ ૧૯૮૮ ક્રિ.લો.જ. પાન નં.૮૧૨ કેરાલા	પેરા–૬ મુજબ ગુનાના સાથીને માફી આપવાનો હેતુ એ છે કે જયારે જુદા જુદા આરોપીઓએ ભેગા મળી કોઈ ગુનો કર્યો હોય ત્યારે પુરાવો મેળવવો મુશ્કેલ બને છે માટે ગુનાના સાથીને માફી આપી ગુનાને લગતી વિગતો રેકર્ડ ઉપર આવી શકે. આવી માફી ગુનાની તમામ સાચી હકીકતો જાહેર કરવાની શરતે આપી શકાય.

આ ઉપરાંત ખાસ સરકારી વકીલ એચ.એમ.ધ્રુવ ચંદ્રપ્રકાશ વિરૂધ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન ૨૦૧૪ (કંપલીટ) ૩ સુપ્રીમ કોર્ટ કેસીસ (ક્રી) પાન નં.૪૫૭ ના પેરા–૩૮ થી ૪૯ ની ચર્ચા કરતા દલીલ કરે છે કે એપ્રુવરની

જુબાનીના મૂલ્યાંકન બાબતે આ ચુકાદામાં વિસ્તૃત ચર્ચા કરેલી છે. પુરાવાના કાયદાની કલમ–૧૩૩ તથા ૧૧૪ ની પણ ચુકાદામાં ચર્ચા કરી છે.એપ્રુવરના પુરાવા ઉપરથી આરોપીને સજા કરવામાં આવે તો ગેરકાયદેસર નથી તેની પણ ચર્ચા કરેલી છે. વધુમાં દલીલ કરે છે કે આ કામમાં ગુનાના સાથી તરીકે સાહેદ નં.૯૫૭ જાકીર હુસેન છે અને એપ્રુવર તરીકે સાહેદ નં.૧૧૪૧ ઐયાઝ સૈયદ છે. બંનેની જુબાની એકબીજાને સમર્થન કરે છે. એટલુ જ નહીં ફરિયાદપક્ષ દ્વારા તપાસવામાં આવેલા ઘણા બધા સાહેદો પણ એકબીજાની હકીકતને સમર્થન કરે છે. વધુમાં દલીલ કરતા જણાવે છે કે સાહેદ જાકીર હુસેન તથા સાહેદ ઐયાઝે મીટીંગો થયેલી, આયોજનો થયેલા, તાલીમો લીધેલી, વાહનોની વ્યવસ્થા કરેલી, જેહાદી ભાષણો થયેલા, સામગ્રી ખરીદેલી, મકાનો ભાડે અપાવેલા અને ભાડે લીધેલા, ગાડીઓની ચોરીઓ કરેલી, સાઇકલો ખરીદેલી, ગેસના બોટલ, નટ–બોલ્ટ ખરીદેલા, જુદી–જુદી હોટલોમાં રહેલા, બોમ્બ બનાવેલા, વાઘમોન તથા પાવાગઢના જંગલોમાં તાલીમ કેમ્પો રાખેલા, જગ્યાઓની રેકીઓ કરેલી, જુદી–જુદી જગ્યાઓ ઉપર સાઇકલ તથા માહિતી ગાડીઓમાં બોમ્બ મુકેલા વિગેરે બાબતે એકબીજાને સમર્થન કરે તેવો પુરાવો આપેલો છે. વકીલશ્રી એચ.એમ. ધ્રુવની દલીલ સાથે હું સંમત છું. ઉપરોકત તમામ મુદાઓ બાબતે ફરિયાદપક્ષ દ્વારા વિસ્તૃત પુરાવા રજૂ થયેલા છે અને તમામ પુરાવાની ચર્ચા આ ચુકાદામાં આગળ ઉપર કરેલી છે માટે તેનું પુનરાવર્તન કરવુ જરૂરી નથી પરંતુ એટલુ ચોકકસ જણાવીશ કે સાહેદ ઐયાઝનો પુરાવો વિશ્વાસપાત્ર છે, ભરોસાપાત્ર છે.

બચાવપક્ષ તરફથી વકીલશ્રી એમ.એમ.શેખ, સાહેદ નં.૧૧૪૧ ઐયાઝ રજાકમીયા સૈયદની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરે છે કે આ સાહેદ આ કેસમાં આરોપી નં.૨૩ તરીકે હતો અને આરોપીએ તા.૧૧.૩.૨૦૧૯ ના રોજ આંક–૮૦૫૬ ની અરજી આ કોર્ટને આપી ગુનાની કબૂલાત કરેલી છે. ફરિયાદપક્ષ તરફથી અરજી બાબતે જવાબ રજૂ થયેલો. ત્યારબાદ આ અદાલતે આરોપીની આંક–૮૦૫૬ વાળી અરજી શરતોને આધીન મંજૂર રાખેલી હતી. જેથી આ સાહેદ ફરિયાદપક્ષના એપ્રુવર બનેલા છે. ફરિયાદપક્ષે આ સાહેદને સાહેદ

નં.૧૧૪૧ થી તપાસેલા છે. વધુમાં તેઓ દલીલ કરતા જણાવે છે કે આ સાહેદની સૌપ્રથમ ઓફીશીયલ એરેસ્ટ તા.૪.૯.૨૦૦૮ ના રોજ તપાસ કરનાર અધિકારી વી.આર. ટોળીયાએ કરેલી હતી. ત્યારબાદ અમદાવાદ શહેરના સીરીયલ બોમ્બ બ્લાસ્ટની કુલ–૨૦ ફરિયાદોના કામે જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ તા.૯.૨.૨૦૦૯ સુધી તેને કુલ–૧૫૦ દિવસ સુધી પોલીસ રીમાન્ડ ઉપર રાખેલો તે દરમ્યાન આ સાહેદ વિરૂધ્ધ કોઈ પુરાવો મળતો ન હતો. જેથી તપાસ કરનાર અધિકારીઓએ આંક–૫૫૧૨, ૫૪૬૩, ૩૨૧૯, ૬૪૭૦, ૫૪૫૮, ૫૪૭૦ ના પંચનામાઓ ઉભા કરેલા છે. વકીલશ્રી એમ.એમ.શેખની આ દલીલ સાથે હું સંમત નથી. જે તે તપાસ કરનાર અધિકારીઓએ તપાસ દરમ્યાન આ સાહેદે આપેલી માહિતીના આધારે પંચોની હાજરીમાં પંચનામાઓ બનાવેલા છે. આ પંચનામાઓ ઉભા કરેલા નથી. વધુમાં વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે આ સાહેદને ૧૫૦ દિવસ સુધી પોલીસ રીમાન્ડ ઉપર રાખવામાં આવેલા તે દરમ્યાન તેને ગુનાની કબૂલાત કરેલી નથી અને ગુનાની કબૂલાત કરવા માટે કોઈ જાહેરાત કરેલી નથી. વકીલશ્રી એમ.એમ.શેખની દલીલ સાથે હું સંમત છું કે આ સાહેદે પોલીસ તપાસ દરમ્યાન અને ત્યારપછી ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન ફરિયાદપક્ષ તરફથી કુલ–૧૧૦૦ સાક્ષી તપાસ્યા ત્યાં સુધી ગુનાની કબૂલાત કરેલી નથી. પરંતુ કાયદાની જોગવાઈ ધ્યાને લેતા ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન કાર્યવાહીના કોઈપણ તબકકે કોઈ પણ આરોપી ગુનાની કબૂલાત કરીને એપ્રુવર થઈ શકે છે. વકીલશ્રી એમ.એમ.શેખ આંક–૮૦૫૬ ની અરજી બાબતે દલીલ કરતા જણાવે છે કે આ સાહેદે અરજીમાં લખેલી હકીકતોને વળગી રહેવાની શરતે તેને અદાલત દ્વારા શરતી માફી આપવામાં આવેલી હતી અને આ સાહેદે અદાલતે ફરમાવેલી શરતોનું પાલન કરેલુ છે અને તે પ્રમાણે જુબાની દરમ્યાન અરજીની હકીકતોને વળગી રહેલ છે. પરંતુ આ સાહેદના પુરાવાને મહત્વની હકીકતોથી સમર્થન મળવુ જોઈએ અને સમર્થન વિના આ સાહેદના પુરાવાને વિશ્વાસપાત્ર માનવો જોઈએ નહીં. તેઓની દલીલ સાથે હું સંમત છું કે એપ્રુવરના પુરાવાને રેકર્ડ ઉપર બીજા પુરાવાથી સમર્થન મળવુ જોઈએ. આ કેસમાં એપ્રુવરના

પુરાવાને સાહેદ નં.૯૫૭ ઝાકીર હુસેન કુરેશી તથા આરોપી નં.૨,૨૧,૨૪ નાઓના ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ ના નિવેદનોથી સમર્થન મળે છે. આ ઉપરાંત ફરિયાદપક્ષ દ્વારા અગત્યના સાહેદો તરીકે બીજા પણ સાહેદો તપાસવામાં આવેલા છે તે તથા પુરાવાના કાયદાની કલમ–૨૭ મુજબ આ સાહેદના સબંધમાં જે પંચનામાઓ તપાસ કરનાર અધિકારીઓએ બનાવેલા છે તે ધ્યાને લેતા સાહેદ એૈયાઝ સૈયદના પુરાવાને પૂરૂ સમર્થન મળે છે તેમ હું માનુ છું.

વધુમાં વકીલશ્રી એમ.એમ.શેખ આ સાહેદ નં.૧૧૪૧ ની સરતપાસ અને ઊલટતપાસ પોતાની દલીલો દરમ્યાન વંચાણે લીધેલી છે અને જણાવે છે કે સને–૨૦૦૨ના કોમી રમખાણોના કારણે સાહેદના મનમાં હિન્દુ વિરોધી લાગણી ઉભી થયેલી તેવા જે કારણો આપેલા છે તે સ્વીકારી શકાય તેમ નથી. પરંતુ સાહેદની જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ સીમીની ઑફિસે શાહપુર વિસ્તારમાં ઘણી વખત ગયેલો છે. આ ઉપરાંત આરોપી સમસુદ્દીનના નાના ના ઘરે પણ સીમીના મીટીંગમાં ગયેલો છે અને આ મીટીંગોમાં સરકાર વિરૂધ્ધ જેહાદ કરવાની, ભારતમાં ઈસ્લામિક શાસન સ્થાપવાની, હિન્દુ વસ્તીવાળા વિસ્તારમાં બોમ્બ બ્લાસ્ટ કરવાની વાતો મીટીંગોમાં સાંભળેલી છે. મીટીંગોમાં ભાષણો કોણ કરતુ હતુ અને કેવા ભાષણો કરેલા તેની વિગત આગળ ઉપર જણાવેલી છે. જેથી એવુ કહી શકાય કે આ મીટીંગોમાં સાહેદ જણાવે છે તેવી ચર્ચાઓ થયેલી છે. વટવા ખાતે આવેલ ઉમરાવનગરવાળા મકાન બાબતે વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે, મકાન ભાડે રાખવા આવનાર વ્યકિતમાં એૈયાઝ સૈયદ પણ હતો તેવી હકીકત સાહેદ નં.૧૧૦૬ ફીરોજ શેખ જણાવતા નથી. સાહેદ નં.૧૧૦૬ ફીરોજ શેખ તથા સાહેદ એૈયાઝ સૈયદની જુબાનીમાં ઘણા બધા વિરોધાભાસ છે જેથી કરીને પણ સાહેદ એૈયાઝ સૈયદની જુબાની માની શકાય નહીં. પરંતુ સાહેદોની જુબાનીઓ ધ્યાને લઈએ તો એવા કોઈ મહત્વના વિરોધાભાસ નથી કે જે વિરોધાભાસથી બનાવોના મુળને અસર કરે. બનાવ બાદ ૧૦ વર્ષ પછી બંને સાહેદોએ જુબાનીઓ આપેલી છે જેથી કરીને પણ નાના નાના વિરોધાભાસ આવી શકે તે સંભવિત છે. વધુમાં વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ

કરતા જણાવે છે કે તા.૨૩.૭.૨૦૦૮ થી તા.૨૬.૭.૨૦૦૮ સુધી સાહેદ ઐયાઝ સૈયદ તથા આરોપી નં.૩૭ અને ૨૭ મોબાઈલ ઉપર એકબીજાના સંપર્કમાં હતા પરંતુ તપાસ કરનાર અધિકારીઓએ આ ત્રણેય આરોપીઓના મોબાઈલ ફોન કે સીમકાર્ડ કબજે કરેલા નથી કે કોલ ડીટેઈલો રજૂ કરેલી નથી. તેઓની દલીલ સાથે હું સંમત છું કે મોબાઈલ ફોન કે સીમકાર્ડ અને કોડ ડીટેલ રજૂ કરેલા નથી. પરંતુ જે તે મોબાઈલ કંપનીઓમાં લાંબો સમય સુધી ડેટા સ્ટોર થતો નથી. આરોપીઓને પકડયા ત્યાર સુધીમાં બનાવને ૩–૪ માસનો સમય થઈ ગયેલો હતો જેથી કરીને પણ ફોનની કોલ ડીટેઈલ મળી શકે નહીં.

વધુમાં વકીલશ્રી એમ.એમ.શેખ સ્વીમીંગ પુલના ફોર્મ બાબતે દલીલ કરતા જણાવે છે કે આરોપી નં.૩૭ નાઓએ સાહેદ ઐયાઝ પાસે લાલ દરવાજા પાસેના સ્વીમીંગ પુલનું ફોર્મ મંગાવ્યાની હકીકત ખોટી છે . સાહેદ નં.૬૦૨ પીન્ટુ સોલીંકીની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરે છે કે આ સાહેદની હાજરીમાં તપાસ કરનાર અધિકારીએ લાલ દરવાજા ખાતે આવેલ સ્વીમીંગ પુલમાંથી આંક–૩૨૩૨ ના પંચનામાની વિગતે ફોર્મ કબજે કરેલુ, તેની ઉપર સ્ટેપ્લર લગાવીને આરોપી નં.૩૭ નો ફોટો લગાવેલો છે. પરંતુ તપાસ કરનાર અધિકારીએ આ ફોટો ઉપજાવી કાઢેલો છે. ફોટોગ્રાફ ઉપર કોઈની સહી નથી. તેઓની દલીલ સાથે હું સંમત છું કે ફોટોગ્રાફ ઉપર આરોપી નં.૩૭ ની કે અન્ય કોઈ વ્યકિતની સહી નથી અને આ ફોટો સ્ટેપ્લર પીનથી લગાવેલો છે. વધુમાં વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે આ સ્વીમીંગ પુલનુ ફોર્મ સાહેદ ઐયાઝે ભરેલાની હકીકત સાહેદ ઐયાઝ પોતાની જુબાનીમાં જણાવે છે પરંતુ તે સાબીત કરવા માટે સાહેદ ઐયાઝના હસ્તાક્ષરના નમૂના મેળવેલા નથી. તેઓની આ દલીલ સાથે પણ હું સંમત છું કે તપાસ કરનાર અધિકારીએ સાહેદ ઐયાઝ સૈયદના હસ્તાક્ષરના નમૂના મેળવેલા નથી. પરંતુ તે પોતે જ જુબાનીમાં જણાવે છે કે આ ફોર્મ આરોપી નં.૩૭ ના કહેવાથી તેને પોતે પોતાના હસ્તાક્ષરમાં ભરેલુ છે. સાહેદે આ હકીકત સોગંદ ઉપર જણાવેલી હોય નહીં માનવાને કોઈ કારણ નથી. વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા એમ પણ જણાવે છે કે સાહેદ

એયાઝ સૈયદે જેલમાંથી આંક–૮૦૫૬ વાળી જે અરજી અદાલતને મોકલેલી છે તે અરજી તેને જાતે લખેલી નથી પરંતુ તપાસનીશ એજન્સી અને એ.ટી.એસ.ના એક અધિકારીશ્રી ગોપાલ શર્મા અને જેલ અધિકારીઓના સાથ સહકારમાં સજામાંથી બચવા માટે લખેલી છે. પરંતુ મારા મત પ્રમાણે આ ફકત આક્ષેપ છે, આ સંબંધમાં બચાવપક્ષ પાસે કોઈ સબળ દસ્તાવેજી કે મૌખિક પુરાવો નથી. આક્ષેપ કરવો સહેલી વાત છે પરંતુ તે આક્ષેપ પુરવાર પણ કરવો જોઈએ. અરજી લખવાના સંજોગો બાબતે વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે અરજી અદાલતને મળ્યા બાદ તેની ખરાઈ અંગે પુછપરછ કરવી જોઈએ, સાહેદને આવી અરજી લખવાનો કોઈ અનુભવ નથી. પરંતુ મારા મત પ્રમાણે કોઈપણ વ્યકિતના જીવનમાં આવી અરજીઓ લખવાનો અનુભવ થતો હોતો નથી. એકાદ વખત કોઈકને આવો પ્રસંગ બનતો હોય છે. અરજી લખવામાં કોઈ અનુભવની જરૂર હોતી નથી પરંતુ જો આરોપી કબૂલાત કરવા માંગતો હોય અને પોતાના મનમાં બનાવ વિશે જે કંઈ હકીકતનો સંગ્રહ કરેલો હોય તે હકીકતને કાગળ ઉપર ઉતારવાની છે. સાહેદ એયાઝ સૈયદની જુબાની મુજબ તેને પોતે એમ.કોમ સુધીનો અભ્યાસ કરેલો છે તે ધ્યાને લેતા પણ આ સાહેદ સહેલાઈથી પોતાની હકીકત કાગળ ઉપર લખી શકે તેમ છે. આ અરજીને જેલમાંથી અદાલતમાં મોકલવાની પ્રક્રિયા બાબતે વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે કોઈ પણ અરજી કે પત્ર કોઈપણ આરોપી તરફથી જેલ અધીક્ષકને મળે ત્યાર પછી તે અરજી કે પત્ર વાંચે, વિચારે અને ત્યારબાદ ૫ થી ૭ દિવસ પછી તે અરજી કે પત્ર અદાલતમાં જાય છે. જયારે આ કેસમાં તપાસનીશ અધિકારી અને જેલસત્તાવાળાઓની સાંઠગાંઠના કારણે એયાઝ સૈયદની અરજી બાબતે "રોકેટ" ગતિએ કાર્યવાહી થયેલી છે. પરંતુ તેઓનો આ આક્ષેપ છે તે સિવાય બીજુ કાંઈ નથી. આવા ગંભીર પ્રકારના ગુનામાં જો કોઈ આરોપી કબૂલાત અરજી લખીને અદાલતને મોકલે ત્યારે કોઈ પણ જેલ ઓથોરીટી તરફથી તે અરજી તાત્કાલિક અદાલતને મોકલી દેવામાં આવે. માટે રોકેટ ગતિએ કાર્યવાહી થયેલાની ટીકાત્મક દલીલ કે હકીકત સાથે હું સંમત નથી.

વધુમાં વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે આંક–૮૦૫૬ વાળી અરજી સાહેદ ઐયાઝ સૈયદે લખી તે પહેલા ત્રણ માસ અગાઉથી તેનુ બ્રેઈન વોશ તપાસ એજન્સી દ્વારા જેલ સત્તાવાળાઓના સહકારથી ચલાવવામાં આવતુ હતુ. પરંતુ આ સંબંધમાં આરોપી તરફથી કોઈ પુરાવો રજૂ થયેલો નથી. તેઓ દલીલ કરતા એમ પણ જણાવે છે કે, તા.૨૬.૭.૨૦૦૮ ના દિવસે ઐયાઝ સૈયદ નોકરી ઉપરથી છુટ્યા પછી જોધપુર ગામથી લાલ દરવાજા બસ સ્ટેન્ડ આવેલો અને ત્યાંથી અડધો–પોણો કલાકમાં સારંગપુર બ્રિજ પાસે પહોંચેલો અને ત્યાંથી શટલ રીક્ષામાં બેસીને અજીતમીલ ચાર રસ્તા ૧૫–૨૦ મિનિટમાં પહોંચેલો અને તે સ્થળે છ વાગે બોમ્બવાળી બે સાઇકલ લીધા બાદ અડધો–પોણો કલાક પછી નરોડા ગામમાં સાઇકલ પાર્ક કરે અને પાછો નરોડા બસ સ્ટેન્ડ પહોંચે અને બસ નં.૬૩/૩ માં બેસીને ચારથી પાંચ સ્ટેન્ડ દુર મેમ્કો બસ સ્ટેન્ડે ઉતરે તે સમગ્ર કામગીરી માની શકાય તેમ નથી. આ બાબતે સાહેદ ઐયાઝ સૈયદની જુબાની ધ્યાને લઈએ તો તેને ત્યાંથી બોમ્બવાળી સાઇકલો મેળવેલી, કોની પાસેથી મેળવેલી, કઈ જગ્યાએ સાઇકલો મુકેલી તે તમામ હકીકતોનું વર્ણન આપેલુ છે. તે પોતે સોગંદ ઉપર જુબાની આપતો હોય તે હકીકત નહીં માનવાને કોઈ કારણ નથી. વકીલશ્રી એમ. એમ.શેખ એપ્રુવરના પુરાવા સબંધે તેઓએ નીચે મુજબના ચુકાદાઓ ઉપર આધાર રાખેલ છે.

અ.નં.	**ચુકાદો**	**ચુકાદામાં નિર્ણીત થયેલા મુદ્દાઓ પૈકી એપ્રુવરના પુરાવા વિશે નિર્ણીત થયેલો મુદ્દો**
૧	રવિન્દ્ર સીંગ વિરૂધ્ધ સ્ટેટ ઓફ હરીયાણા, ૧૯૭૫ (૩) સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૭૪૨	પેરા–૧૨,૧૫ મુજબ ગુનાનો સાથી તે તિરસ્કાર પાત્ર મિત્ર છે , તેની ભરોસા પાત્રતા કે વિશ્વાસનીયતા સાબિત કરવી પડે કે તે ગુનો કરવામાં સાથે હતો. પરંતુ તેના પુરાવાને સ્વતંત્ર પુરાવાથી સમર્થન મળવુ જોઈએ.

		આગળ ઉપર ચર્ચા કરી છે તેમ એપ્રુવર એયાઝ સૈયદના પુરાવાને સાહેદ નં.૯૫૭ જાકીર હુસેન કુરેશી તથા આરોપી નં.૨,૨૧,૨૪ ના કબૂલાત નિવેદનો તથા રેકર્ડ ઉપરના અન્ય પંચનામાઓથી સમર્થન મળે છે.
૨	શ્રીનલ દાસ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ત્રિપુરા, ૨૦૧૧(૯) સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૪૭૯	પેરા–૧૩ થી ૨૩ મુજબ ગુનાનો સાથી એ પુરાવાના કાયદાની કલમ–૩૩ મુજબ સક્ષમ સાહેદ છે પરંતુ તેના પુરાવાને બીજા અગત્યના અને સ્વતંત્ર પુરાવાથી સમર્થન મળવુ જોઈએ. સમર્થનકારી પુરાવા વિના એકલા એપ્રુવરના પુરાવાના આધારે આરોપીને સજા કરવી જોખમી છે. અગાઉ ચર્ચા કરી તેમ આ એપ્રુવરના પુરાવાને બીજા ઘણા પુરાવાથી સમર્થન મળે છે.
૩	બીનાબેન ભુપેન્દ્રભાઈ શાહ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૨૧ જે.એકસ. (ગુજરાત) પાન નં.૧૦૦	પેરા–૧૩ મુજબ એપ્રુવરના પુરાવા ઉપરથી આરોપીને સજા કરી શકાય પરંતુ તેના પુરાવાને મહત્વની હકીકતોથી સમર્થન હોવુ જોઈએ. એપ્રુવરનો પુરાવો બીજા સાહેદોના પુરાવાથી વિપરીત્ત હોવો ના જોઈએ. જો તે પ્રમાણે ના હોય આરોપીને તેના પુરાવા પર આધાર રાખી સજા થાય નહીં. અગાઉ ચર્ચા કરી તેમ આ એપ્રુવરના પુરાવાને બીજા ઘણા પુરાવાથી સમર્થન

		મળે છે.
૪	સી.બી.આઈ. વિરૂધ્ધ એન.કે.અમીન ૨૦૧૦ (૩) જી.એલ.એચ. પાન નં.૭૨૭ (ગુજરાત)	આ ચુકાદામાં આરોપી નં.૧૨ નાએ એપ્રુવર થવા માટે અરજી આપેલી તે અરજીનો બીજા આરોપીઓએ વિરોધ કરેલો ઈન્સાફી કાર્યવાહી કરનાર અદાલતે આ બાબતે નામદાર હાઈકોર્ટને રેફરન્સ કરેલો જેમા નામદાર હાઈકોર્ટે ઠરાવેલુ કે આરોપી, એપ્રુવર ન્યાયના હિતમાં પુરાવો આપવા માંગે છે કે કેમ ? મેજિસ્ટ્રેટને સંતોષ થવો જોઈએ કે એપ્રુવરના પુરાવા વિના અન્ય આરોપીઓને સજા કરી શકાય તેમ નથી તો તે અંગે ઈન્કવાયરી કરવી. આ કેસમાં એપ્રુવરનો પુરાવો છે ઉપરાંત તેના પુરાવાને સમર્થન મળે તેવા બીજા ઘણા પુરાવા રજૂ થયેલા છે.

સાહેદ નં.૧૧૪૧ એૈયાઝ સૈયદની જુબાની બાબતે વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે આ સાહેદની જુબાની ત્રણ ભાગમાં વહેંચી શકાય. (૧) જાન્યુઆરી–૨૦૦૮ પહેલા તેને શું કર્યુ તે (૨) બનાવ બન્યો ત્યાં સુધી તેને શું કર્યુ તે (૩) બનાવ બાદ તેને શું કર્યુ તે. આ સાહેદે બીજા ઘણા બધા આરોપીઓને સંડોવેલા છે અને તેની જુબાની સ્વૈચ્છિક રીતે તેને આપેલી નથી. ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓએ જેલ અધિકારીઓ સાથે મળી જઈને સહકારથી આ સાહેદને જુબાની આપવા તૈયાર કરેલો છે. વકીલશ્રી એલ. આર.પઠાણની આ દલીલ સાથે હું સંમત નથી. ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓએ જેલ અધિકારીઓ સાથે મળીને આ સાહેદને જુબાની આપવા માટે તૈયાર કર્યો હોય

તેવો કોઈ દસ્તાવેજી પુરાવો નથી આ ફકત આક્ષેપ છે. વકીલશ્રી એલ.આર. પઠાણ દલીલ કરતા એમ પણ જણાવે છે કે તા.૩૦.૧૨.૨૦૧૮ થી આ સાહેદને કસ્તુરબા સેલમાં જુદો રાખવામાં આવેલો હતો, તેને કફની તકલીફ હતી તેવુ સાહેદ જણાવે છે અને માટે તેને જેલ અધિકારીઓને અલગ રાખવાની વિનંતી કરતા તેને અલગ રાખવામાં આવેલો હતો. આ સાહેદને કોઈ ગંભીર બિમારી ન હતી તેમ છતાં તેને સામાન્ય કફ રહેતો હોવાના કારણે અલગ રાખવાનો ઉદ્ધેશ્ય તેને એપ્રુવર બનાવવાનો હતો. વકીલશ્રી એલ.આર. પઠાણની આ દલીલ સાથે હું સંમત નથી. સાહેદ ઐયાજે પોતાની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવેલુ છે કે તેને કફની તકલીફ હતી અને સેલ બદલવાની વિનંતી કરતા જેલ અધિકારીઓએ તેને કસ્તુરબા સેલમાં રાખેલો છે. સાહેદ ઐયાજના કહેવા પ્રમાણે તેનો ટી.બી.નો ટેસ્ટ પણ કરવામાં આવેલો હતો. જો ટી.બી.ની શકયતા હોય તો બીજા આરોપીઓથી તેને અલગ રાખવો પડે તે સ્વાભાવિક છે. સાહેદ ઐયાજનો ટી.બી.નો ટેસ્ટ કરાવતા નેગેટીવ આવેલો છે. વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે આ સાહેદ મુળ આરોપી નં.૨૩ તરીકે હતો અને તેને એપ્રુવર બનાવવા માટે પોલીસ દ્વારા લાલચો આપવામાં આવેલી છે. આ બાબતે તેને પ્રશ્નો પુછતા સાહેદે જવાબો આપવાનું ટાળેલુ છે. કસ્તુરબા સેલમાં સાહેદ ઐયાજ સિવાય બીજા કોઈ આરોપી હતા નહીં. પરંતુ મારા મત પ્રમાણે કઈ રીતે એવુ કહી શકાય કે કસ્તુરબા સેલમાં સાહેદ ઐયાજ સિવાય બીજા કોઈ આરોપી ન હતા. આ બાબતે બચાવ પક્ષ તરફથી જેલ ઓથોરીટીના કોઈ અધિકારીને તપાસવામાં આવેલા નથી કે તે અંગેના કોઈ રેકર્ડમાંથી જરૂરી નકલો મેળવીને રજૂ કરેલી નથી. વકીલશ્રી એલ. આર.પઠાણ દલીલ કરતા એમ પણ જણાવે છે કે આ કેસના અન્ય આરોપીઓને પણ ગંભીર બિમારીઓ થયેલી છે અને તેઓને અલગ રાખવામાં આવેલા નથી. પરંતુ મારા મત પ્રમાણે સાહેદ ઐયાજે પોતાને કફ હોવાના કારણે અલગ રાખવાની વિનંતી કરેલી જેથી તેને અલગ રાખવામાં આવેલો. તે જ પ્રમાણે આ કેસના અન્ય આરોપીઓએ પણ પોતાને અલગ રાખવાની વિનંતી જેલ અધિકારીઓને કરેલી હોત તો તેઓને પણ ચોકકસપણે અલગ રાખવામાં આવેલા

હોત. પરંતુ અન્ય આરોપીઓએ પોતાને અલગ રાખવા માટે જેલ અધિકારીઓને વિનંતી કરેલી નથી. વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા એમ પણ જણાવે છે કે કસ્તુરબા સેલમાં આરોપીને લઈ જાય અને પાછો બહાર લાવે ત્યારે તેની એન્ટ્રી કે નોંધ થતી નથી તેમ સાહેદ ઐયાજ જણાવે છે. પરંતુ મારા મત પ્રમાણે કસ્તુરબા સેલમાં કોઈ આરોપીને લઈ જવામાં આવે અને સેલમાંથી પાછો લાવવામાં આવે ત્યારે તેની નોંધ કરવામાં આવે છે કે કેમ ? તેની જાણ સાહેદ ઐયાજને ન હોય પરંતુ જેલ અધિકારીઓને હોય છે.

વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા એમ પણ જણાવે છે કે, સાહેદ ઐયાજ વિરૂધ્ધ ઘણા સાહેદોએ જુબાની આપેલી છે અને તેઓની જુબાનીઓ વીડિયો કોન્ફરન્સ દ્વારા આ સાહેદ ઐયાજે સાંભળેલી છે તેમ છતાં સાહેદ ઐયાજ જણાવે છે કે તેને બીજા સાહેદોની જુબાની સાંભળેલી નથી તો આ તેનુ વર્તન અકુદરતી છે અને મની શકાય નહીં. આ અદાલતે કેસની ઈન્સાફી કાર્યવાહી વીડિયો કોન્ફરન્સમાં ચલાવેલી છે જયારે પણ સાહેદોના પુરાવા નોંધવાની કામગીરી ચાલતી હતી ત્યારે જેલના વીડિયો કોન્ફરન્સ રૂમમાં આ કેસના આરોપીઓ પૈકી અમુક જ આરોપી બેસીને કેસની કાર્યવાહી જોતા હતા અને સાંભળતા હતા. ઘણા આરોપીઓ વીડિયો કોન્ફરન્સ રૂમમાં આવતા અને બહાર જતા રહેતા હતા તે જોવામાં આવેલુ છે. જેથી સાહેદ ઐયાજ કહે છે કે બીજા સાહેદોની જુબાની તેને સાંભળેલી નથી તો તે માની શકાય તેમ છે. વધુમાં વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે જે સાહેદોએ આ સાહેદ ઐયાજ વિરૂધ્ધ જુબાની આપેલી છે તે ઉપરથી તેને એવુ લાગેલુ કે પોતાને સજા થશે જેથી તેને ગુનાની કબૂલાત કરવાની આ અદાલતને અરજી આપેલી હતી અને સજામાંથી છટકવા માટે ખોટી જુબાની આપેલી છે. તેઓની આ દલીલ સાથે હું સંમત નથી. આ કેસમાં કુલ–૧૧૭૧ સાક્ષીઓ તપાસવામાં આવેલા છે અને કુલ–૫૦૦૦ ઉપર દસ્તાવેજી પુરાવા રજૂ થયેલા છે. આ તમામ પુરાવાનું મૂલ્યાંકન આખરી તબકકે કરવાનું છે જેથી સાહેદ ઐયાજે ગુનાની કબૂલાત કરતી અરજી મોકલી ત્યારે તેને સજા જ થશે તેવુ સાહેદ ઐયાજ અનુમાન કરી શકે નહીં.

સાહેદ ઐયાજે પોતાને આ ગુનામાં માફી આપવા માટેની આંક–૮૦૫૬ થી અરજી આપેલી તે બાબતે આ અદાલત દ્વારા તેની ઈન્કવાયરી કરવામાં આવેલી અને ફરિયાદપક્ષની દલીલો સાંભળીને તેને શરતી માફી આપવાનો હુકમ કરેલો હતો તે હુકમ અન્ય આરોપીઓએ નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ પડકારેલ પરંતુ નામદાર ગુજરાત હાઈકોર્ટે પણ સાહેદ ઐયાજને માફી આપતો હુકમ કાયમ કરેલો છે. વકીલશ્રી એલ.આર.પઠાણ કરતા જણાવે છે કે સાહેદ ઐયાજે આંક–૮૦૫૬ વાળી અરજી અદાલતને મોકલ્યા બાદ તેની ઈન્કવાયરી કરી નથી પરંતુ ફરિયાદપક્ષ દ્વારા ઈન્કવાયરી થઈ છે કે નથી થઈ તે આ અદાલતનો વિષય નથી પરંતુ તેની અરજી બાબતે આ અદાલતે જરુરી ઈન્કવાયરી કરેલી છે. વધુમાં વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે ફરિયાદપક્ષે ૧૧૪૦ સાક્ષી તપાસ્યા બાદ એમ લાગેલુ કે પોતાનો કેસ નિષ્ફળ જશે જેથી સાહેદ ઐયાજને એપ્રુવર બનાવી તેની પાસે જુબાની અપાવેલી છે. પરંતુ તેઓનો આ આક્ષેપ છે તેથી વિશેષ કાંઈ નથી. કોઈપણ કેસના કોઈપણ આરોપી ઈન્સાફી કાર્યવાહીના કોઈપણ તબકકે સજા માફી માટે અદાલતને અરજી આપી શકે છે અને તે પ્રમાણે સાહેદ ઐયાજે આ ગુનામાં સજા માફી અંગેની અરજી આપેલી છે. સાહેદ ઐયાજે પોતાની જુબાનીમાં સીમીની મીટીંગો, સીમીના સભ્યો, જેહાદી ભાષણો, જેહાદી સીડીઓ, મકાનો ભાડે રાખ્યાની વિગતો, મકાનોમાં બોમ્બ બનાવ્યાની વિગતો, સાઇકલો મેળવ્યાની વિગતો તથા જુદી–જુદી જગ્યાઓ ઉપર સાઇકલો સાથેના બોમ્બ મુકયાની વિગતોની વિગતવાર હકીકતો જણાવેલી છે જે નહીં માનવાને કોઈ કારણ નથી.

આ સાહેદ બાબતે વકીલશ્રી ડી.ડી.પઠાણ દલીલ કરતા જણાવે છે કે સાહેદ નં.૧૧૪૧ ઐયાજ સૈયદના કહેવા પ્રમાણે આરોપી સમસુદ્દીન તથા આરોપી આરીફ કાગઝી મીટીંગોમાં તકરીર કરતા હતા.જયારે સાહેદ નં.૯૫૭ જાકીર કુરેશી જણાવે છે કે અબ્દુલ રાજીક તકરીર કરતા હતા જેથી આ મહત્વનો વિરોધાભાસ છે. પરંતુ મારા મત પ્રમાણે આરોપીઓના ઉર્ફે તરીકે ઘણા નામો છે. બંને સાહેદોએ આ આરોપીના ઉર્ફે તરીકેના અલગ–અલગ નામો જણાવેલાનું

સ્પષ્ટ બને છે પરંતુ એક હકીકત ચોકકસ છે કે, આ આરોપીઓએ મીટીંગોમાં તકરીરો કરેલી છે. વધુમાં વકીલશ્રી ડી.ડી.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, સાહેદ નં.૧૧૪૧ ના જણાવ્યા પ્રમાણે તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ તેઓ સેટેલાઈટ બાજુ એક ઑફિસમાં નોકરી કરતા હતા અને તેમની નોકરીનો સમય સાંજના ચાર વાગ્યા સુધીનો હતો. આ દિવસે સાહેદે રજા મુકેલી ન હતી તેમ છતાં તે જણાવે છે કે તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ કલાક ૪.૦૦ વાગે સારંગપુર દરવાજા પહોંચી ગયેલો અને ત્યાંથી કયામુદ્દીનને ફોન કરેલો પરંતુ સારંગપુર દરવાજાથી આ સાહેદ નોકરી કરતા હતા તે જગ્યા ૧૨ કી.મી. જેટલી દુર છે માટે ચાર વાગે નોકરી ઉપરથી છુટીને ૧–૨ મિનિટમાં સારંગપુર પહોંચી શકે નહીં માટે આ સાહેદ ખોટી હકીકત જણાવે છે. પરંતુ તેઓની આ દલીલ સાથે હું સંમત નથી કારણ કે એવુ પણ બને કે નોકરી ઉપરથી વહેલો પણ નીકળી ગયેલો હોય માટે ૪.૦૦ વાગે સારંગપુર પહોંચેલો નથી તો તે હકીકત માની શકાય નહીં. બનાવ બાદ ઘણા સમય પછી જુબાની આપેલી હોવાથી સમય લખાવવામાં ભુલ થયેલી હોય તેનો અર્થ એવો નથી કે આ સાહેદ બનાવના દિવસે સારંગપુર જઈ આરોપી કયામુદ્દીનને ફોન કરેલો નથી. એપ્રુવર બાબતે વકીલશ્રી ડી.ડી.પઠાણ નીચે મુજબના ચુકાદાઓ ઉપર આધાર રાખે છે.

અ.નં.	**ચુકાદો**	**ચુકાદામાં નિર્ણીત થયેલા મુદ્દાઓ પૈકી એપ્રુવરના પુરાવા વિશે નિર્ણીત થયેલો મુદ્દો**
૧	– સવર્ણ સીંઘ વિરૂધ્ધ સ્ટેટ ઓફ પંજાબ, એ.આઈ.આર. ૧૯૫૭ પાન નં.૬૩૭ – ભીવા દોલુ પાટીલ	સદર ચુકાદાઓ મુજબ એપ્રુવરનો પુરાવો બે ટેસ્ટમાંથી પસાર થવો જોઈએ. (૧)તે ભરોસા પાત્ર હોવો જોઈએ (૨)તેના પુરાવાને બીજા પુરાવાથી સમર્થન મળવુ જોઈએ અને તેનો પુરાવો બીજા પુરાવા સાથે સરખાપણાનો હોવો જોઈએ.

	વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર, એ.આઈ.આર. ૧૯૬૩ સુપ્રિમ કોર્ટ પાન નં.૫૯૯	

એપ્રુવરના પુરાવા બાબતે બચાવપક્ષ તરફથી દલીલો પૂર્ણ થયા બાદ કાનૂની મુદ્દા ઉપર ખાસ સરકારી વકીલશ્રી એચ.એમ.ધ્રુવ દલીલ કરતા જણાવે છે કે સાહેદ નં.૧૧૪૧ ઐયાજ સૈયદ એપ્રુવર છે. તેની જુબાની મુજબ અમુક હકીકતો તેને સાંભળેલી છે તેવુ તેણે જણાવેલુ છે. બચાવપક્ષ તરફથી એવી દલીલ છે કે એપ્રુવરનો પુરાવો સાંભળેલો પુરાવો છે માટે પુરાવામાં ગ્રાહય નથી. આ અંગે વકીલશ્રી એચ.એમ.ધ્રુવ પુરાવાના કાયદાની કલમ–૩ વંચાણે લીધેલી છે અને જણાવે છે કે સીધો પુરાવો તે પુરાવો છે. જો કોઈ વ્યકિત સાંભળેલી વાત કરે અને તે વાતને બીજા પુરાવાથી સમર્થન મળે તો તેવા સાહેદનો સાંભળેલો પુરાવો પણ માનવો જોઈએ. આ સંબંધમાં વકીલશ્રી એચ. એમ.ધ્રુવ નીચે મુજબના ચુકાદા ઉપર આધાર રાખે છે.

અ.નં.	**ચુકાદો**	**ચુકાદામાં નિર્ણીત થયેલા મુદ્દાઓ પૈકી એપ્રુવરના પુરાવા બાબતે નિર્ણીત થયેલો મુદ્દો**
૧	સ્ટેટ વિરૂધ્ધ નલીની એન્ડ અધર્સ (૧૯૯૯) ૫ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૨૫૩	પેરા–૫૮૧ મુજબ નામદાર સુપ્રિમ કોર્ટના ઠરાવ્યા મુજબ સહકાવતરાખોરનો પુરાવો બીજા સહકાવતરાખોર સામે પુરાવાના કાયદની કલમ–૧૦ હેઠળ વંચાણે લઈ શકાય. ફરિયાદપક્ષે બીજો સ્વતંત્ર પુરાવો પણ રજૂ કરવો જોઈએ અને તે શંકારહિત પુરવાર કરવાની જરૂર નથી. અદાલત પુરાવાના કાયદાની કલમ–૧૦

		હેઠળ સહકાવતરાખોરનો પુરાવો ખતરનાક ગુનેગારોના સંગઠન અંગે વંચાણે લઈ શકે.
૨	સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિરૂધ્ધ દામુ સન ઓફ ગોપીનાથ સિંદે ૨૦૦૦ સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ) પાન નં.૧૦૮૮	પેરા–૪૩ મુજબ જયારે આરોપીઓ વચ્ચે ફોજદારા ધારાની કલમ–૧૨૦(બી) મુજબ કાવતરૂ થયેલુ હોય ત્યારે સહકાવતરાખોરનો પુરાવો પુરાવાના કાયદાની કલમ–૧૦ હેઠળ "સુસંગત હકીકત" બાબતે અન્ય કાવતરાખોર સામે પણ વંચાણે લઈ શકાય. આ પુરાવો "માનવાને વાજબી કારણ" હોવો જોઈએ. આ કેસમાં રેકર્ડ ઉપરનો તમામ પુરાવો ધ્યાને લેતા મારા માનવા મુજબ એપ્રુવર એયાજ સૈયદનો પુરાવો સહકાવતરાખોર તરીકે બીજા આરોપીઓ સામે વંચાણે લઈ શકાય તેમ છે. કારણ કે તમામ આરોપીઓ સમાન ઈરાદાથી કાવતરામાં સામેલ થયેલા છે.

આ સબંધે પુરાવાના કાયદાની કલમ–૧૦ ધ્યાને લઈએ તો...

કલમ–૧૦ સમાન યોજના અંગે કાવતરાખોરે કહેલી કે કરેલી બાબતોઃ–

એક દાવાપાત્ર અપકૃત્ય અથવા એક ગુન્હો કરવા માટે બે અથવા વધુ વ્યકિતઓએ સાથે મળીને કાવતરૂ કર્યુ છે તેવુ માનવા માટે જયારે વાજબી કારણ હોય ત્યારે, તેઓ પૈકીની એકે જયારે તેવો ઈરાદો પ્રથમ સેવ્યો ત્યારબાદ તેમના સામાન્ય ઈરાદાના અનુસંધાને આવી કોઈ વ્યકિતઓ પૈકી એકે તેમના સામાન્ય ઈરાદાને લગતી કોઈ પણ કહેલી, કરેલી કે લખેલી હકીકત આવા

કાવતરામાં સામેલ હોવાનું માનવા પ્રત્યેક વ્યકિત વિરૂધ્ધ, કાવતરાના અસ્તિત્વ સાબિત કરવા માટે તથા આવી કોઈ વ્યકિત તેમાં પક્ષકાર હતી તેવુ દર્શાવવા માટે પણ પ્રસ્તુત છે.

ઉપરોકત જોગવાઈ ધ્યાને લેતા આરોપી એૈયાજ સૈયદનાઓએ એપ્રુવર તરીકે સાહેદ નં.૧૧૪૧ થી ફરિયાદપક્ષના સાહેદ તરીકે જુબાની આપેલી છે અને તેની જુબાની મુજબ આ બનાવોમાં શું ભાગ ભજવેલો છે તથા અન્ય સહઆરોપીઓએ પણ શું ભાગ ભજવેલો છે તે અંગેની સંપૂર્ણ વિગતો સોગંદ ઉપર આ અદાલતમાં જણાવેલી છે. કેટલીક હકીકતો સીધે સીધી જણાવેલી છે તથા કેટલીક હકીકતો પરોક્ષ રીતે તેને જણાવેલી છે. પરંતુ ઉપરોકત ચુકાદાઓ તેમજ કાયદાની જોગોવાઈઓ ધ્યાને લેતા મારા નમ્ર મંતવ્ય પ્રમાણે એપ્રુવરની જુબાની તથા તેનો પુરાવો બીજા તમામ આરોપીઓ સામે વંચાણે લઈ શકાય તેમ છે કારણ કે આ બનાવો સમાન ઈરાદો પાર પાડવા માટે કાવતરાના ભાગ રૂપે એકબીજાની મદદગારીથી બનેલા છે.

બંને પક્ષ તરફથી થયેલી દલીલો અને બંને પક્ષ તરફથી રજૂ થયેલા ચુકાદા ધ્યાને લેતા મારા સ્પષ્ટ મંતવ્ય પ્રમાણે આરોપી નં.૨૩ એૈયાઝ સૈયદ કે જેને ફરિયાદપક્ષના સાહેદ નં.૧૧૪૧ તરીકે તપાસેલો છે તેનો પુરાવો વિશ્વાસપાત્ર અને ભરોસાપાત્ર છે તેમ હું માનુ છું. સાહેદ એૈયાઝનો પુરાવો વિશ્વાસપાત્ર હોવાથી આ કેસના અન્ય આરોપીઓના સંબંધમાં પણ વંચાણે લઈ શકાય તેમ છે કારણ કે અન્ય આરોપીઓએ પણ આ ગુનામાં શું ભૂમિકા ભજવેલી છે તથા ગુનાઓ બાબતે કેવી રીતે કાવતરૂ થયેલુ છે, કાવતરામાં કોણ-કોણ પરોક્ષ અને પ્રત્યક્ષ રીતે સામેલ છે તેની સંપૂર્ણ વિગત જણાવેલી છે તેમ હું માનુ છું.

આ તબકકે પુરાવાના કાયદાની કલમ-૧૧૮ તથા ૧૩૩ તથા ૧૧૪(ખ) ધ્યાને લેવામાં આવે તો...

કલમ-૧૧૮ જુબાની કોણ આપી શકેઃ- જુબાની આપવા માટે સર્વ વ્યકિતઓ સક્ષમ છે, સિવાય કે કુમળી વય, અતિ વૃધ્ધાવસ્થા, માનસિક કે શારીરિક રોગ અથવા તે પ્રકારના અન્ય કોઈ કારણસર તેમને પુછાયેલા પ્રશ્નો સમજી શકે તેમ ન

હોય અથવા તેમને પુછાયેલા પ્રશ્નોના તર્ક સંગત જવાબ આપી શકે તેમ નથી તેવું અદાલતને જણાય.

સમજૂતીઃ– કોઈ પાગલ જુબાની આપવા સક્ષમ નથી, સિવાય કે તેના પાગલપણાના કારણે તેને પુછાયેલા પ્રશ્નો સમજી શકે તેમ ન હોય અથવા તેને પુછાયેલા પ્રશ્નોના તર્ક સંગત જવાબો આપી શકે તેમ ન હોય.

કલમ–૧૩૩ સહઆરોપીઃ–કોઈ આરોપી વ્યકિતની સામે સહઆરોપી સક્ષમ સાહેદ છે, તથા માત્ર સહઆરોપીની સમર્થન વિહોણી જુબાની પરથી કરવામાં આવી હોવાના કારણે કોઈ સજા, ગેરકાનૂની નથી.

કલમ–૧૧૪(ખ) કેટલીક હકીકતોના અસ્તિત્વ અંગે અદાલત અનુમાન કરી શકશેઃ–ચોકકસ કેસની હકીકતોના સંબંધમાં અદાલત કોઈ હકીકતના અસ્તિત્વ વિશે અનુમાન કરી શકે કે જે કુદરતી ઘટના, માનવ વર્તન તથા જાહેર અને અંગત કામકાજના સામાન્ય ક્રમને લક્ષમાં લેતા બનવાનો સંભવ હોય તેમ તેને જણાય.

(ક) ....

(ખ) સહઆરોપી વિશ્વાસને પાત્ર નથી, સિવાય કે મહત્વની વિગતોમાં તેને સમર્થન મળતુ હોય.

ઉપરોકત ત્રણેય જોગવાઈઓ ધ્યાને લઈએ તો આ કામના મૂળ આરોપી નં.૨૩ એયાઝ સૈયદ સાહેદ તરીકે જુબાની આપવા સક્ષમ છે અને તેમની જુબાની આ અદાલત દ્વારા નોંધવામાં આવી છે. આ આરોપીએ ફરિયાદપક્ષના સાહેદ તરીકે સહઆરોપીઓ બાબતે જુબાની આપેલી છે. આરોપી નં.૨૩ એયાઝ સૈયદ આ કેસમાં આરોપી છે તેને ફરિયાદપક્ષના સાહેદ તરીકે જુબાની આપેલી છે. આરોપી હોવાના કારણે તે સાહેદ તરીકેની ક્ષમતા ગુમાવતો નથી. સહઆરોપી સક્ષમ સાહેદ છે તે એક સર્વગ્રાહી નિયમ છે અને આ કલમ–૧૩૩ ના આધારે તેને સાહેદ તરીકે તપાસેલ છે. આરોપી હોવાના કારણે તે માનવી તરીકેનું મૂલ્ય ગુમાવતો નથી. કાયદામાં એવી સ્પષ્ટતા છે કે સહઆરોપીની એકમાત્ર જુબાની પર આધાર રાખીને જો સજા કરવામાં આવે તો તે સજા માત્ર તે કારણે ગેરકાનૂની ગણાતી નથી. સહઆરોપી એટલે એવી વ્યકિત કે જે ગુનો કરવામાં આવેલ હોય

તેમાં અન્ય વ્યકિત સાથે સામેલ હોય. સહઆરોપીમાં ગુનામાં ભાગ લેનાર તમામનો સમાવેશ કરવામાં આવે છે, કોણે શું ભાગ ભજવ્યો તે મહત્વની બાબત નથી. ગુનાહિત કાવતરામાં સામેલ હોય તો તેવી વ્યકિત સહઆરોપી ગણાય, સામાન્ય ઈરાદો ધરાવતી હોય તો તે પણ સહઆરોપી ગણાય, કોઈ ગુનામાં કોઈ વ્યકિત ભાગીદાર હોય તો પણ તે સહઆરોપી ગણાય, દરેક કિસ્સામાં દરેક વ્યકિતએ પ્રત્યક્ષ ભાગ ભજવ્યો હોય તે જરૂરી છે પરંતુ કયારેક કોઈપણ પ્રકારનો ભાગ ભજવ્યો ન હોય છતાં પણ વ્યકિત સહઆરોપી હોઈ શકે. પુરાવાના કાયદાની કલમ–૧૩૩ ની જોગવાઈ સાહેદની ક્ષમતા દર્શાવે છે, જયારે પુરાવાના કાયદાની કલમ–૧૧૪(ખ) સહઆરોપી વિશ્વાસનીય નથી તેમ દર્શાવે છે. આ બંને જોગવાઈઓનો સમન્વય કરીને સહઆરોપીને સાહેદ તરીકે તપાસવો જોઈએ અને તેના પુરાવાનું મૂલ્યાંકન કરવુ જોઈએ તો તે ન્યાયી અને વાજબી ગણાય. તેમ છતાં સહઆરોપીના પુરાવાને સમર્થન મળે તે ઉચિત છે. સમર્થનનો અર્થ એવો નથી કે તમામ હકીકતો કે જે સહઆરોપીએ જણાવી હોય તેને સ્વતંત્ર સાહેદો દ્વારા સમર્થન મળવુ જોઈએ. પ્રત્યક્ષ પુરાવો હોવો જોઈએ તે જરૂરી નથી, સાંયોગિક પુરાવાથી પણ સમર્થન પ્રાપ્ત થઈ શકે છે. સમર્થન આપતો પુરાવો એવો હોવો જોઈએ કે જે આરોપીને સંડોવતો હોય અને સહઆરોપીએ ભજવેલો ભાગ પણ દર્શાવતો હોય.

સહઆરોપીનો પુરાવો વિશ્વાસનીય હોવો જોઈએ, વિશ્વાસનીયતા શબ્દની કોઈ વ્યાખ્યા આપવામાં આવેલી નથી. સાહેદની વિશ્વાસનીયતા નક્કી કરવા કોઈ યંત્ર કે સાધન નથી માટે તેની ચકાસણીના કોઈ સ્પષ્ટ નિયમો પણ નથી. ઈન્સાફી કાર્યવાહી ચલાવતી અદાલત દ્વારા તેની જુબાનીનું મૂલ્યાંકન કરવાનું હોય છે. વિશ્વાસનીયતાનો આધાર વ્યકિતનો દરજજો, શિક્ષણ, વિદ્વતા, હિત, તેના સગા વ્હાલા વિગેરે કોઈ બાબત પર નથી. વિશ્વાસનીયતાનો આધાર દરેક કેસના સંજોગો ઉપર હોય છે. વ્યકિતની સમજદારી તથા બુધ્ધિનો આંક અલગ–અલગ હોય છે. માણસશાસ્ત્ર, માનવીની વૃત્તિઓ, માનવીનો વ્યવહાર, માનવીનું વર્તન, માનવીની નબળાઈ, માનવીમાં ભયગ્રંથી, માનવીની નિષ્ઠા

વગેરે બાબતો તેની જુબાનીના મૂલ્યાંકન વખતે વિચારવાની રહે છે. આ કેસમાં આરોપી નં.૨૩ એયાઝ સૈયદનાઓએ ફરિયાદપક્ષના સક્ષમ સાહેદ તરીકે આ અદાલતમાં હાજર રાખવામાં આવેલા અને સાહેદ તરીકે સાક્ષી બોક્ષમાં ઉભા રહી સોગંદ ઉપર જુબાની આપેલી છે. આ અદાલતે પ્રત્યક્ષ રીતે આ સાહેદને નિહાળેલા છે, બચાવપક્ષ તરફથી પુછવામાં આવેલા પ્રશ્નોનું ધ્યાનપૂર્વક સાંભળીને, સમજીને જવાબો આપેલા છે. બચાવપક્ષ તરફથી પુછવામાં આવતા પ્રશ્નો વખતે સાહેદે કોઈપણ પ્રકારનો ઉશ્કેરાટ કરેલો નથી, અવ્યવસ્થિત કે અનુચિત ઉત્તરો આપેલા નથી. બચાવપક્ષના તમામ વકીલશ્રીઓની ઊલટતપાસ દરમ્યાન ખૂબ જ સ્વસ્થ રીતે, શાંત ચિત્તે જવાબ આપેલા છે. આ અદાલત સમક્ષ આ સાહેદે ખૂબ જ સારી રીતે ભયમુકત જુબાની આપેલી છે અદાલતમાં જુબાની દરમ્યાન તેનુ વર્તન એક સારા સાહેદ તરીકેનું હોય તે રીતે હતું. બચાવપક્ષ તરફથી તેને ઘણી વખત અટપટા, ગુંચવાડાવાળા પ્રશ્નો પુછીને ઉશ્કેરવાનો પ્રયત્ન કરેલો છે. તેની માનસિક નોંધ આ અદાલતે લીધેલી હતી. સાહેદ એયાઝનું વર્તન અને બચાવપક્ષના વકિલશ્રીઓનુ વર્તન તે આ અદાલતે પ્રત્યક્ષ રીતે નિહાળેલુ છે જેથી હું ચોકકસપણે કહી શકું કે આ આરોપીની ફરિયાદપક્ષના સાહેદ તરીકેની જુબાની ખુબ જ વિશ્વાસનીય છે એમ પણ ચોકકસપણે કહિ શકું કે આ સાહેદ એયાઝની એક માત્ર જુબાની ઉપર આધાર રાખી શકાય તેમ છે છતાં પણ તેની જુબાનીને બીજા ઘણા પુરાવાથી સમર્થન મળે જ છે.

આમ, આ સાહેદ આ કેસના મુળ આરોપી નં.૨૩ તરીકે હતા પરંતુ ફરિયાદપક્ષે પોતાના સાહેદ તરીકે તપાસેલ છે. આ સાહેદને જણાવવામાં આવેલી શરતો પ્રમાણે શરતોનો સ્વિકાર કરીને સાહેદે જુબાની આપેલી છે. જેથી આ સાહેદે પોતાની સરતપાસમાં જે કંઈ હકીકત જણાવી તે અને તેમાં જણાવેલ આરોપીઓ કે જેઓએ જે કંઈ કામગીરી કરેલી તે બાબતે આ સાહેદનો પુરાવો તે આરોપીઓની વિરૂધ્ધમાં પણ ઉપયોગમાં લઈ શકાય. તે માટે આ અદાલતના ધ્યાનમાં છે તેવા નામદાર સુપ્રિમ કોર્ટ અને નામદાર જુદી–જુદી હાઈકોર્ટોના કેટલાક ચુકાદા ધ્યાને લીધેલા છે જેવા કે...

અ.નં.	ચુકાદો	ચુકાદામાં નિર્ણીત થયેલા મુદ્દાઓ પૈકી એપ્રુવરના પુરાવા બાબતે નિર્ણીત થયેલો મુદ્દો
૧	સુરેશચંદ્ર બાહરી વિરૂધ્ધ સ્ટેટ ઓફ બિહાર એ.આઈ.આર. ૧૯૯૪ સુપ્રિમ કોર્ટ પાન નં.૨૪૨૦	સજા માફીનો ઉદ્દેશ એવો છે કે કોઈ પણ કેસમાં પુરાવાની ખામીના કારણે કે અપુરતા પુરાવાના કારણે કે સાચો પુરાવો રેકર્ડ ઉપર ન આવવાના કારણે ગુનો કરનારા ગંભીર ગુનામાંથી છટકી જઈ શકે નહીં.
૨	સ્ટેટ ઓફ રાજસ્થાન વિરૂધ્ધ બલવીર એ.આઈ.આર. ૨૦૧૪ સુપ્રિમ કોર્ટ પાન નં.૧૧૧૭	કોઈપણ વ્યકિતની પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે ગુનામાં સંડોવણી તેની પોતાની ગુનાની જવાબદારી સુધી જતી નથી. સજા માફી આપેલ વ્યકિતનો પુરાવો સજા કરવા માટેનો આધાર બની શકે.
૩	બંગારૂ લક્ષ્મણ વિરૂધ્ધ સ્ટેટ એ.આઈ.આર. ૨૦૧૨ સુપ્રિમ કોર્ટ, પાન નં.૮૭૩	સ્પેશીયલ જજને ઈન્સાફી કાર્યવાહીના કોઈપણ તબકકે આરોપીને સજા માફી આપવાની અનિયંત્રિત સત્તા છે.
૪	મગહરસીંગ વિરૂધ્ધ સ્ટેટ ઓફ પંજાબ, એ.આઈ.આર. ૧૯૭૫ સુપ્રિમ કોર્ટ,	સજા માફી માંગનાર જણાવે નહીં કે ગુનામાં સક્રિય ભૂમિકા બજાવી છે પરંતુ તેના કથન ઉપરથી માલુમ પડે કે તેને ગુનામાં છુપી રીતે મદદગારી કરી છે અને તેવો અદાલતને સંતોષ થાય અને

	પાન નં.૧૩૨૦	ત્યારબાદ સજા માફી આપે અને ગુના સંબંધિત સંપૂર્ણ હકીકત તે જાણતો હતો તે તેને જાહેર કરી છે તો આ કલમની જોગવાઈનો ભંગ થતો નથી.
૫	રણધીર બાસુ વિરૂધ્ધ સ્ટેટ ઓફ વેસ્ટ બંગાલ, એ.આઈ.આર. ૨૦૦૦ સુપ્રિમ કોર્ટ પાન નં.૯૦૮	અદાલત કોઈ ગુનાના કામે આરોપીને ગુનામાં સજા માફી આપે ત્યારે તેવી સજા માફી સામે સહઆરોપી પ્રશ્ન ઉઠાવી શકે નહીં. આ પ્રક્રિયા અદાલતના વહીવટની બાબત છે
૬	લચીરામ વિરૂધ્ધ સ્ટેટ ઓફ પંજાબ, એ.આઈ.આર. ૧૯૬૭ સુપ્રિમ કોર્ટ પાન નં.૭૯૨	ગુનાની સજા માફી આપનારનો પુરાવો બે રીતે સંતોષકારક હોવો જોઈએ પ્રથમ– તે સાક્ષી તરીકે ભરોસાપાત્ર હોય આ ટેસ્ટ બધા માટે કોમન છે. અદાલતે પુરાવામાં શોધવુ જોઈએ કે ગુનાની સજા માફીવાળા સાહેદે પુરાવામાં સંભવિતતા દર્શાવી નથીને? બીજો– તેનો પુરાવો અન્ય પુરાવા સાથે પુરતી રીતે સમર્થન કરે છે કે કેમ?
૭	સરવનાભવન વિરૂધ્ધ સ્ટેટ ઓફ મદ્રાસ, એ.આઈ.આર. ૧૯૬૬ સુપ્રિમ કોર્ટ પાન નં.૧૨૭૩	ગુનાની સજા માફીનો પુરાવો બે રીતે ટેસ્ટ કર્યો હોય તો પણ તેને અન્ય પુરાવા સાથે વિચારણા હેઠળ લેવો જોઈએ.
૮	મધરસીંગ વિરૂધ્ધ સ્ટેટ ઓફ પંજાબ,	સાંયોગિક પુરાવાને સ્વતંત્ર રીતે ગુનાની સજા માફીવાળા સાહેદના પુરાવાથી

	એ.આઈ.આર. ૧૯૭૫, સુપ્રિમ કોર્ટ પાન નં.૧૩૨૦	સમર્થન મળતુ હોય ત્યારે તે પુરાવો વિચારણામાં લેવાય.
૯	ત્રિભુવન વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર, એ.આઈ.આર.૧૯૭૩ સુપ્રિમ કોર્ટ પાન નં.૪૫૦	આરોપી પોતાની જાતે ફરિયાદપક્ષના સાહેદ તરીકે અદાલતમાં જુબાની આપે તો તેની જુબાની પુરાવાના કાયદાની કલમ–૧૦ હેઠળ ગ્રાહ્ય છે. પરંતુ આરોપીઓ તરફે ઊલટતપાસની તક મળેલી હોવી જોઈએ.
૧૦	કે.હુસેન વિરૂધ્ધ સ્ટેટ ઓફ તામીલનાડુ (૨૦૦૫)૧ એસ.સી.સી. પાન નં.૨૭૩	સહઆરોપીનો પુરાવો એપ્રુવર તરીકે અદાલતમાં આપવામાં આવ્યો હોય ત્યારે તે પુરાવો પુરાવાના કાયદાની કલમ–૧૦ હેઠળ પુરાવામાં ગ્રાહ્ય છે.
૧૧	બદ્રીરાય વિરૂધ્ધ સ્ટેટ ઓફ બિહાર ૧૯૫૮ સુપ્રિમ કોર્ટ પાન નં.૯૫૩	એપ્રુવરના પુરાવાને સમર્થન જરૂરી છે અને તે ડહાપણનો નિયમ પણ છે. સિવાય કે અદાલતને સંતોષ થાય કે એપ્રુવર સાચુ બોલે છે.
૧૨	સુરેશ વિરૂધ્ધ કુમાર ૧૯૯૧ ક્રિ.લો.જ. પાન નં.૮૫૯ મદ્રાસ	સહઆરોપીના પુરાવામાં બે ચકાસણી કરવી જોઈએ (૧)સાહેદ તરીકે તે મનાવાલાયક છે? (૨)તેના પુરાવાને પુરતુ સમર્થન મળ્યુ છે. આ બે બાબત ફલીત થતી હોય તો જ સહઆરોપી પર આધાર રાખવો જોઈએ.
૧૩	રામપ્રસાદ	સહઆરોપી એક સક્ષમ સાહેદ ગણાય

	વિરૂધ્ધ મહારાષ્ટ્ર રાજય ૧૯૯૯ ક્રિ.લો.જ. પાન નં.૨૮૮૯ સુપ્રિમ કોર્ટ	તથા તેની એકમાત્ર જુબાની માનીને પણ આરોપીને દોષિત ઠરાવી શકાય, પરંતુ વ્યવહારમાં એવુ હંમેશા પ્રસ્થાપિત કરવામાં આવ્યુ છે કે આવી જુબાનીની વિશ્વાસનિયતા માટે ચુસ્ત ચકાસણી આવશ્યક છે તથા સાથોસાથ તેને સમર્થન આપતો પુરાવો હોય તે હીતવાહ ગણાય. નામદાર સુપ્રિમ કોર્ટે વધુમાં એવી પણ સ્પષ્ટતા કરેલી છે કે એક આરોપીનું નામ આરોપીએ આપેલુ નહીં ઠરાવ્યુ કે આરોપીનું નામ ન આપવાથી તેના પુરાવા ઉપર શંકા ઉઠાવવી યોગ્ય નથી. કારણ કે આરોપીનું નામ ન આપ્યુ હોય તે હકીકત બહુ મહત્વની નથી.
૧૪	કે. હાસીમ વિરૂધ્ધ તામીલનાડુ રાજય ૨૦૦૫ ક્રિ.લો.જ. પાન નં.૧૪૩ સુપ્રિમ કોર્ટ	સહઆરોપી જે હકીકત દર્શાવતો હોય તેને શબ્દે શબ્દ સમર્થન મળે તે આવશ્યક નથી. તે પણ જરૂરી નથી કે તે માટે મૌખિક પુરાવો હોવો જોઈએ, સાંયોગિક પુરાવાથી અથવા અન્ય સંજોગો પરથી સહઆરોપીની હકીકતને સમર્થન મળતુ હોય તો તેના પર અવશ્યપણે આધાર રાખી શકાય.
૧૫	ભીવા દોલુ પાટીલ વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર એ.આઈ.આર. ૧૯૬૩	કોઈપણ ગુનામાં સહઆરોપીની જુબાની લેવી તે ગેરકાયદેસર નથી. ગુનાનો સાથી પુરાવો આપવા સક્ષમ છે પરંતુ વ્યવહારૂ રીતે તેના પુરાવાને મહત્વની બાબતોથી

	પાન નં.૫૯૯ સુપ્રિમ કોર્ટ	સમર્થન હોવુ જરૂરી છે.
૧૬	મીનલદાસ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ત્રિપુરા, એ.આઈ.આર. ૨૦૧૧ પાના નં.૩૭૫૩ સુપ્રિમ કોર્ટ	જયારે આરોપીને કોઈ ગુનાના કામે સજા માફી આપી હોય ત્યારે તે આરોપી પોતે આરોપી તરીકે રહેતો નથી પરંતુ તે ફરિયાદપક્ષનો સાહેદ બની જાય છે.
૧૭	સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિરૂધ્ધ રામપાલ (૧૯૮૯) ૨ ક્રાઈમ્સ પાના નં.૨૦૧ મુંબઈ	આ કેસ મુજબ આઠ વ્યકિતઓએ હાઈવે ઉપર લુંટ કરેલી અને પાંચ વ્યકિતઓના મૃત્યુ નીપજાવેલા તથા ત્રણ વ્યકિતઓને ગંભીર ઈજા કરેલી. આ કેસમાં નામદાર હાઈકોર્ટે એપ્રુવરના પુરાવા ઉપર આધાર રાખી આરોપીઓને સજા કરેલી. નામદાર કોર્ટે ઠરાવેલુ કે એપ્રુવરના પુરાવાને બીજો પુરાવો સમર્થન કરતો હોય ત્યારે આરોપીઓને કરવામાં આવેલી સજા યોગ્ય છે.
૧૮	સ્ટેટ ઓફ રાજસ્થાન વિરૂધ્ધ ટેકા ૧૯૭૮ ક્રિ.લો.જ. (એન.ઓ.સી.) પાન નં.૨૪૧, રાજસ્થાન	એપ્રુવરનો પુરાવો બે પ્રકારના ટેસ્ટથી સંતોષકારક હોવો જોઈએ. (૧) તે ભરોસાપાત્ર હોય (૨) તેના પુરાવાને બીજા પુરાવાથી પુરતુ સમર્થન મળતુ હોય
૧૯	સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિરૂધ્ધ અબુ સાલેમ અબ્દુલ કૈયુમ	ચુકાદાના પાના નં.૧૩,૧૪,૧૭ વચ્ચે આરોપીઓ વચ્ચે કાવતરા અંગે ગુનો થયો હોય તે આરોપીઓ પૈકી એક

	અંસારી ક્રિમીનલ અપીલ નં.૧૯૨૫/૨૦૦૮, તા.૦૫/૧૦/૨૦૧૦	સહઆરોપીને સજા માફી આપવામાં આવી હોય ત્યારે ક્રિ.પ્રો.કોડની કલમ–૩૦૬નો ઉદ્દેશ એવો છે કે એક કરતા વધારે આરોપીઓએ ભેગા મળી ગંભીર અને જઘન્ય અપરાધ કર્યો હોય ત્યારે કાવતરાનો પુરાવો રેકર્ડ ઉપર લાવવા માટે સહઆરોપીને આપેલ સજામાંથી તેવો પુરાવો રેકર્ડ ઉપર આવી શકે.

(૭૭) આરોપી નં.૦૨, ૨૧, ૨૪, ૩૫ તથા ૭૬નાઓના ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબના કબૂલાતના નિવેદનો બાબતે મૂલ્યાંકન...

આ કામે કુલ–૭૮ આરોપીઓ પૈકી ચાર આરોપીઓ જેવા કે (૧)આરોપી નં.૨ ઈમરાન ઈબ્રાહીમ શેખ (૨) આરોપી નં.૨૧ મહેંદીહસન ઉર્ફે વીકી અબ્દુલ હમીદ અકબરખાન અંસારી (૩) આરોપી નં.૨૪ ઉંમર ઉર્ફે અશોક કાળાભાઈ કબીરા (૪) આરોપી નં.૩૫ રફીયુદ્દીન સરફુદ્દીન કાપડીયા (મુસ્લિમ) નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનાં નિવેદનો નોંધવા માટે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ સમક્ષ પોતાના કબૂલાત નિવેદનો નોંધવા માટે અરજીઓ આપેલી હતી. જયારે કોઈપણ આરોપી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું નિવેદન પોતાની સ્વૈચ્છાએ જયુડિશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ સમક્ષ નોંધાવવા માંગતા હોય ત્યારે નિવેદન નોંધનાર મેજિસ્ટ્રેટશ્રીએ ક્રિમીનલ મેન્યુઅલ પેરા નં.૩૩ થી ૩૯ તથા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મા જણાવેલી જોગવાઈઓ ધ્યાને રાખીને નિવેદન નોંધવાનું હોય છે.કબૂલાતભર્યા નિવેદન જયારે નોંધવાના હોય ત્યારે ક્રિમીનલ મેન્યુઅલના ઉપરોકત પેરા તેમજ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ ની જોગવાઈઓને અનુસરવી પડે અને કબૂલાતભર્યુ નિવેદન ક્રિમીનલ પ્રોસીજર

કોડની કલમ–૨૮૧ મા જણાવ્યા મુજબની રીતે નોંધવાનું હોય છે. હવે ક્રિમીનલ મેન્યુઅલ પેરા નં.૩૩ થી ૩૯ અને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ ની જોગવાઈઓ ધ્યાને લઈએ તો...

(૧) કબૂલાત નોંધવુ તે ગંભીર પ્રકારનું કાર્ય છે અને કલમ–૧૬૪ નું ચુસ્તપણે મેજિસ્ટ્રેટે પાલન કરવુ જોઈએ.

(૨) આરોપીને કોઈપણ પ્રકારના બંધનમાંથી મુકત કરવા જોઈએ.

(૩) પોલીસ અધિકારીને જગ્યા છોડી જવા જણાવવું જોઈએ.

(૪) કબૂલાત કરનારને વિશ્વાસ આપવો જોઈએ કે તે પોલીસ હવાલામાં નથી પરંતુ મેજિસ્ટ્રેટ સમક્ષ છે.

(૫) કબૂલાત કરનારને સ્પષ્ટ જણાવવું જોઈએ કે તે પોતાની કબૂલાત કે નિવેદન કરવા બંધાયેલો નથી.

(૬) તેમ છતાં તે કબૂલાતભર્યુ નિવેદન કરશે તો તેની વિરૂધ્ધ પુરાવા તરીકે ઉપયોગમાં લેવાશે તેમ સમજાવવું જોઈશે.

(૭) મેજિસ્ટ્રેટે પ્રારંભિક પુછપરછ કરવી જોઈએ અને જોવુ જોઈએ કે આરોપીની કબૂલાત સ્વૈચ્છાપૂર્વક છે કે કેમ ? તથા પોલીસ દ્વારા પ્રલોભન, વચન કે ધમકી આપવામાં આવી નથી તે ચકાસવુ જોઈએ.

(૮) કબૂલાત કરનાર આરોપી કેટલા સમય પહેલાથી પોલીસ હવાલામાં છે તે જાણવુ જોઈએ.

(૯) આરોપીના શરીર ઉપર કોઈ ઈજા હોય તો તે કેવી રીતે થઈ તેની પુછપરછ કરવી જોઈએ.

(૧૦) આરોપીનો પ્રતિભાવ જાણવા માટે તેને વિચારવાનો સમય આપવો જોઈએ અને તેની નોંધ મેજિસ્ટ્રેટે રાખવી જોઈએ.

(૧૧)ફરીથી આરોપીને રજૂ કરવામાં આવે ત્યારે તેની પુછપરછ કરવી જોઈએ, આરોપી સ્વૈચ્છાપૂર્વક કબૂલાત કરવા માંગતા હોય તો તેની કબૂલાત પેટા કલમ–૪ મુજબ નોંધવી જોઈએ.

(૧૨)કબૂલાત સાચી છે કે ખોટી તેની ચકાસણી મેજિસ્ટ્રેટે કરવાની રહે છે.

(૧૩)આરોપીની કબૂલાત નોંધ્યા પછી તે કબૂલાત તેને વાંચી, સંભળાવી, સમજાવવી જોઈશે અને આરોપીએ કબૂલ મંજૂર રાખેલ છે તે મુજબનું પ્રમાણપત્ર કબૂલાતના અંતે મેજિસ્ટ્રેટશ્રીએ આપવાનું રહેશે.

કબૂલાત નોંધતા પહેલા ઉપરોકત જોગવાઇઓનું પાલન થવુ જોઈએ તે આદેશાત્મક છે. સામાન્ય રીતે કોઈપણ આરોપી કે સાહેદની કબૂલાત પોલીસ અધિકારીની સુચનાથી નોંધવામાં આવે છે પરંતુ પોલીસની સુચનાથી જ કબૂલાત નોંધવી જોઈએ તેવી કોઈ આદેશાત્મક જોગવાઈ નથી. આરોપી અથવા સાહેદ જાતે પણ મેજિસ્ટ્રેટ સમક્ષ પોતાની કબૂલાત નોંધાવી શકે છે. તપાસ અથવા ઈન્સાફી કાર્યવાહીનો આરંભ થતા પહેલા કબૂલાત કરવામાં આવે તો આવી કબૂલાત મેજિસ્ટ્રેટશ્રીએ નોંધી લેવાની રહે છે અને તે પુરાવામાં ગ્રાહ્ય છે. આરોપી નિશ્ચિત સંજોગોમાં સક્ષમ વ્યકિત સામે કે તેની રૂબરૂમાં પોતાના હિત વિરૂધ્ધ જયારે નિવેદન કરે ત્યારે તેમાં સચ્ચાઈ હોય છે. કોઈપણ વ્યકિત પોતાના હિત માટે અને હિતના રક્ષણ માટે સજાગ અને સક્રિય રહેતી હોય છે જેથી હિતનું રક્ષણ કરવાનું હોય ત્યારે તેમાં તે વ્યકિતની સભાનતાનું તત્વ હોય છે. પોતાના હિત પર જોખમ ન હોય ત્યારે કોઈ વ્યકિત કાંઈ છુપાવતી હોતી નથી અને એવા સંજોગોમાં કોઈપણ આરોપી કબૂલાતભર્યુ નિવેદન કરે ત્યારે તે સ્વીકૃતિ તરીકે પુરાવમાં ગ્રાહય ગણાય છે. દરેક કબૂલાતમાં સ્વીકૃતિનું તત્વ હોય છે પરંતુ દરેક સ્વીકૃતિ તે કબૂલાત હોતી નથી. સામાન્ય રીતે કબૂલાત બે પ્રકારની હોય છે. (૧) ન્યાયિક કબૂલાત કે જે જયુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ અથવા મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ સમક્ષ કરવામાં આવેલી હોય જયારે (૨) બાહ્ય ન્યાયિક કબૂલાત કે જે કબૂલાત જયુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ અથવા મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ સિવાયના કોઈ અધિકારી સમક્ષ કરવામાં આવેલી હોય. કબૂલાતમાં પ્રલોભન, ધમકી કે વચનના કારણે કોઈ કબૂલાત ન્યાયિક કે બાહ્ય ન્યાયિક કરવામાં આવેલી હોય તે સલામત નથી અને તેની ઉપર આધાર રાખી શકાય નહીં. ન્યાયિક કબૂલાતમાં પણ બે પ્રકાર છે જેવા કે (૧) ચાર્જશીટ થતા પહેલા પોલીસ તપાસ દરમ્યાન જો આરોપી જયુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ અથવા મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ સમક્ષ

પોતાની કબૂલાત કરે તે અને (૨) પોલીસ તપાસ પુરી થઈને ચાર્જશીટ થયા બાદ કોઈ આરોપી જયુડીશીયલ મેજિસ્ટ્રેટ ફસ્ર્ટ કલાસ તેમજ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ સમક્ષ કબૂલાત કરે તે.

સામાન્ય રીતે કોઈપણ વ્યકિતને પોતે કરેલો ગુનો કબૂલ કરવા માટેની ફરજ પાડી શકાય નહીં પરંતુ જો તે વ્યકિત પોતે ગુનો કર્યો છે તે સ્વૈચ્છાએ સક્ષમ અધિકારી સમક્ષ કબૂલાત કરે ત્યારે તેની ઉપર અદાલત ચોકકસપણે આધાર રાખી શકે અને આવી કબૂલાત આરોપી પોતે જ કરે તે કાયદા મુજબ અપેક્ષિત છે. આરોપીની કબૂલાત નોંધતી વખતે કે તે પહેલા પુરાવાના કાયદાની કલમ–૨૪ પણ ધ્યાને લેવી પડે. જો આવી કબૂલાત મેજિસ્ટ્રેટ સમક્ષ કરવામાં આવતી હોય અને મેજિસ્ટ્રેટને એમ લાગે કે આ કબૂલાત (૧) પ્રલોભન, ધમકી અથવા વચનથી થયેલી હોય, (૨) આવુ પ્રલોભન, ધમકી કે વચન કોઈ અધિકૃત વ્યકિત દ્વારા મળેલા હોય, (૩) જેનાથી આરોપીને એમ લાગે કે કબૂલાત કરવાથી તેને કંઈક લાભ થશે અથવા પોતાનું અનિષ્ટ ટાળી શકાશે, (૪) આ પ્રમાણે બુધ્ધિગમ્ય રીતે જો માલુમ પડે તો તેવી કબૂલાત પુરાવામાં પ્રસ્તુત નથી, તેને ગ્રાહ્ય રાખી શકાય નહીં.

હવે આ કામમાં ઉપરોકત ચાર આરોપીઓ કે જેમણે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબની કબૂલાત નોંધવા માટે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧, અમદાવાદને અરજીઓ આપેલી. તે અરજીઓ એક પછી એક આરોપી દીઠ ધ્યાને લઈએ તો...

આરોપી નં.૨ ઈમરાન ઈબ્રાહીમ શેખનાઓએ તા.૭/૧૧/૨૦૦૮ ના રોજ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧, અમદાવાદને ઉદ્દેશીને નરોડા પોલીસ સ્ટેશન ફસ્ર્ટ ગુના રજીસ્ટર નં.૪૦૦/૨૦૦૮ ના કામે પોતાની કબૂલાત નોંધવા જે અરજી આપેલી તે આ કામે આંક–૮૬૧૭ થી રજૂ કરેલી છે. આ અરજીની હકીકત ધ્યાને લેતા આરોપીએ અરજીમાં જણાવેલુ છે કે, <u>"આરોપી ગેરમાર્ગે દોરવાઈને અમદાવાદ શહેરમાં સીમી તથા ઈન્ડિયન મુજાહિદ્દીન સંસ્થાના સભ્યો તથા કાર્યકરો સાથે અજાણતામાં ધાર્મિક રીતે ઈમોશનલ કરી</u>

બોમ્બ બ્લાસ્ટમાં મદદ, આતંકવાદી કેમ્પો, મીટીંગોમાં હાજર રહેલ જેનો પસ્તાવો થાય છે અને ગુના સંબંધે સ્વૈચ્છાએ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંડોવાયેલા હતા અને અન્ય સાથીદારો અંગે સંપૂર્ણપણે વિગત દર્શાવવા કબૂલાત કરવા માંગે છે જેથી કબૂલાત લેવા નમ્ર વિનંતી છે." આ પ્રમાણે અરજી આપેલી છે. જેમાં આરોપીની સહી છે.

આ અરજી આપ્યા બાદ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં .૧૧ના ઓએ આરોપીની અરજી ઉપર હુકમ કરી ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટને તે જ દિવસે યોગ્ય થવા તે અરજી મોકલી આપેલી, તે હુકમમાં મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ ની સહી તથા સિક્કો છે. આ અરજી ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટને તે જ દિવસે મળેલી અને અરજીની પાછળના ભાગે ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટશ્રીએ હુકમ કરેલો છે કે "મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ નાઓએ નિયમ મુજબ નિવેદન નોંધી કોર્ટ નં.૧૧ તરફ મોકલી આપવુ." આ મુજબનો હુકમ અરજીના પાછળના ભાગે ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટે કરેલો જેમાં ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટની સહી તથા સિક્કો છે. આ હુકમ થયા બાદ તે જ દિવસે ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટની ઑફિસનો જાવક નં.૩૦૨/૨૦૦૮ તા.૭/૧૧/ ૨૦૦૮ નારોજ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ ને નિવેદન નોંધવા માટે પત્ર લખેલો જે આ કામે આંક–૮૬૧૮ થી રજૂ છે અને તેમાં ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટશ્રીની સહી છે.

હવે આરોપીની કબૂલાત નોંધવા માટેની અરજી મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ સમક્ષ પહોંચ્યા બાદ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ નાઓ સમક્ષ આરોપીને તા.૧૦/૧૧/૨૦૦૮ ના રોજ કલાક ૧૫.૩૦ વાગ્યે નિવેદન નોંધવા માટે સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતેથી હાજર કરેલ. આ વખતે આરોપી જયુડીશીયલ કસ્ટડીમાં હતો તેવી નોંધ મેજિસ્ટ્રેટશ્રી દ્વારા કરવામાં આવેલી છે. વધુમાં મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં .૫ નાઓએ નોંધેલુ છે કે આરોપીને ચેમ્બરમાં બોલાવેલા. તેઓ મેજિસ્ટ્રેટ છે તેવી ઓળખાણ આપેલી છે. પોલીસને ચેમ્બરની બહાર જવા સુચના આપેલી. આરોપીએ નિવેદન આપવુ તે ફરજિયાત

નથી તેમ છતાં નિવેદન આપશે તો ભવિષ્યમાં તેની વિરૂધ્ધ પુરાવા તરીકે ઉપયોગ થઈ શકાશે તેવી સમજ આપેલી છે. આ ઉપરાંત નિવેદન આપવા માટે તેની ઉપર પોલીસે કે ક્રાઈમ બ્રાન્ચના માણસોએ કોઈ દબાણ કરેલુ નથી ? તે પુછવામાં આવેલુ છે. વકીલની સલાહ લેવી હોય તો લઈ શકો છો તેમ પણ પુછવામાં આવેલુ છે પરંતુ વકીલની સલાહ લેવાની આરોપીએ ના પાડેલી જેથી આરોપીને વિચારવા માટે તા.૧૨/૧૧/૨૦૦૮ નારોજ બપોરના ૧૫.૦૦ કલાકે હાજર રાખવાનો હુકમ કરેલો અને જેલ ઓથોરીટીને તે બાબતે યાદી કરેલી આ મુજબની નોંધ કરવામાં આવેલી અને આરોપીની સહી કરાવી મેજિસ્ટ્રેટે પોતે પણ સહી કરેલી છે. આમ આરોપીને વિચારવા માટે બે દિવસનો સમય મેજિસ્ટ્રેટશ્રીએ આપેલો હતો.

ત્યારબાદ તા.૧૨/૧૧/૨૦૦૮ નારોજ ૧૫.૦૦ કલાકે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ સમક્ષ આરોપીને હાજર કરવામાં આવેલ પરંતુ સમયના અભાવે આરોપીનું કબૂલાતભર્યુ નિવેદન નોંધી શકાય નહીં તેવી નોંધ કરીને આરોપીને તા.૧૪/૧૧/૨૦૦૮ નારોજ કલાક ૧૫.૦૦ વાગ્યે હાજર રાખવાનો હુકમ કરેલો. આ તમામ નોંધ મેજિસ્ટ્રેટશ્રીએ કરેલી છે.

ત્યારબાદ તા.૧૪/૧૧/૨૦૦૮ નારોજ કલાક ૧૬.૫૦ વાગ્યે આરોપીને સાબરમતી સેન્ટ્રલ જેલ ઓથોરીટી દ્વારા મેજિસ્ટ્રેટ સમક્ષ હાજર કરવામાં આવેલ. તે વખતે પણ મેજિસ્ટ્રેટ દ્વારા આરોપીને પુછવામાં આવેલુ છે કે કોઈ પોલીસ કે અન્ય અધિકારી તરફથી દબાણ નથી ને? આ ઉપરાંત જેલમાં પોલીસ મળવા આવેલી હોય કે કોઈ તપાસમાં લઈ ગયેલ હોય કે દબાણ કરેલ હોય તેવુ બનેલ નથી ને? તેમજ સ્વૈચ્છાએ, વિચારીને નિવેદન આપવાનું જણાવતા હોવાથી મેજિસ્ટ્રેટશ્રીએ આરોપીનું નિવેદન નોંધેલુ છે. આ નિવેદન આ કામે આંક–૮૬૧૯ થી રજૂ કરેલુ છે. આ નિવેદનની હકીકત મુજબ...

<u>આરોપી નં.૨ પોતે ઈમરાન ઈબ્રાહીમ શેખ ૨૦૦૪ની સાલમાં ઉસ્માન અગરબત્તીવાલા સાથે સીમી ધાર્મિક કામ કરે છે આથી ઉસ્માન સાથે આવતા જતા હતા. ધીરે ધીરે તેના મોટા પ્રોગ્રામમાં જવા લાગેલા, સીમી ઉપર</u>

પ્રતિબંધ હોય ચોરી છુપીથી જતા હતા. તેમા ઉસ્માન અગરબત્તીવાલા ૨૦૦૧ ની સાલમાં પકડાય ગયેલા. ઉસ્માને સાજીદ મંસુરી અને બીજા મોટા લીડર સફદર નાગોરી, અમીર પરવાઝ સાથે મેળવેલા. શરૂઆતમાં તેઓની સાથે મળેલા સાતમી ડિસેમ્બર–૨૦૦૭ માં કહેલુ કે, ૬,૭ ના રોજ બહાર જવાનું છે, કયાં જવાનું છે તેમ કહેલુ નહીં અને રેલવે સ્ટેશને બોલાવેલા. ઉસ્માન અગરબત્તીવાળા ત્યાં છોડવા માટે આવેલાં. સ્ટેશન ઉપર સાજીદ મન્સુરી અને યુ.પી.થી બરોડા આવેલા અબુ બસર તથા ગુજરાતના કુલ–આઠ લોકો હતા જેમાં આ આરોપી પોતે, સાજીદ મંસુરી, કયામુદ્દીન કાપડીયા, આરીફ કાગજી, જાહીદ શેખ, અબ્દુલ રાઝીક, ગ્યાસુદ્દીન તથા જાવેદ હતા. આ બધા મરૂસાગર એકસપ્રેસમાં બેઠેલા. તા.૯/૧૨/૨૦૦૭ ના રોજ અર્નાકુલ્લમમાં રેલવે સ્ટેશન પર ઉતરેલા, ત્યાં મનસુર કરીને માણસ ફોર વ્હીલરમાં લેવા આવેલો, સ્ટેશનથી થોડે દુર એક મસ્જિદમાં લઈ ગયેલા. ત્યાં સફદર નાગોરી, આમીર પરવાઝ, અદનાન, આલમ શેખ અને બીજા ચારેક માણસો હતા. જે કોણ હતા તેની ખબર નથી.

અદનાને એક વીઝીટીંગ કાર્ડ બતાવેલુ,એકસ્ટ્રીમ એડવેન્ચર જેમાં આલમ શેખ કે આલમ સૈયદના નામ લખેલા અને તેમાં મોબાઈલ નંબર લખેલો હતો પણ યાદ નથી. અદનાને કહેલુ કે આપણે કેમ્પ માટે આવેલા છીએ તે કોઈને જણાવવાનું નહીં, કોઈ બોલે તો કહેવાનું કે અમારી સંસ્થામાં એડવેન્ચર માટે આવેલા છીએ. ત્યાં નહેર નજીક સુમસામ ઈલાકામાં મસ્જિદ હતી ત્યાં લઈ ગયેલા. ત્યાં બીજા ૩૦–૩૫ લોકો હાજર હતા. બે ગાડી ઉભેલી હતી, બે સ્કોર્પીયો, એક મારૂતી ૮૦૦, એક કવોલીશ હતી ત્યાં સફદર નાગોરીએ કોડ નામ આપેલા. ત્યાં જાણવા મળેલુ કે અદનાન તથા અસદઉલ્લા કેમ્પના ઓર્ગેનાઈઝર હતા. જે કોડ નામ આપવામાં આવેલા તેમાં આ આરોપીનું નામ "હેબલ", સાજીદ મન્સુરીનું નામ "ઉસ્માન", કયામુદ્દીનનું નામ "મુસા", ગ્યાસુદ્દીનનું નામ "અબ હનીફ", જાહીદ શેખનું નામ "બીલાલ", આરીફ કાગઝીનું નામ "અબ્દુલ હફીઝ", સીબલીનું નામ "હિદાયત", અદનાનનું નામ "તમીમ", અસદઉલ્લાનું નામ "કુરકાન", અમીર પરવાઝનું નામ "સીકંદર",

સફદર નાગોરીનું નામ "ઈકબાલ", તોકીરનું નામ "રહેમત", નદવીનું નામ "અન્સાર", મુકતીનું નામ "અબ્દુલ રસીદ", મહંમદ અલીનું નામ "અબુ બસર" આપવામાં આવેલ હતા. આ નામો આપવાનું કારણ એકબીજાનાઓ અસલ નામથી ઓળખાય ન શકે.

ત્યાં વાઘમોન નામની જગ્યા પર હીલ સ્ટેશન હતુ તે જગ્યા ઉપર ત્રણ ગૃપ પાડવામાં આવેલા. રાત્રે રોકાવવા માટે ટેન્ટ લગાવેલા ત્યાંથી દસ તારીખે અને બાર તારીખે રોજ અલગ–અલગ ગ્રુપને ટ્રેનીંગ આપવામાં આવતી હતી. જેમાં કોઈને ટ્રેકીંગ જે નદવી આપી રહયો હતો. માઉન્ટેન, બાઈકીંગ, ક્રાઉલીંગ, નાની ઉંચાઈથી જમીન ઉપર ઘસીને જવાનું, સ્વીમીંગની પ્રેકટીસ આપવામાં આવતી હતી, રીવર ક્રોસીંગ, શુટીંગ રોજે રોજ જેહાદી ભાષણની તકરીર થતી હતી, પેટ્રોલ બોમ્બ બનાવવાની ટ્રેનીંગ આપવામાં આવતી હતી.

સ્પીચ સફદર નાગોરી, આમીલ પરવાઝ, તોકીર, સીબલી, મુકતી, અદનાન, નદવી આ લોકો જેહાદી તકરીર ઉપર ઉશ્કેરતા હતા. ખાસકરીને સફદર નાગોરી તકરીરમાં બોલેલા કે આપણે પ્રેકટીકલ કામ કરવા માંગીએ છીએ જેહાદને અમલમાં લાવવા કામ કરીશુ, બે ગ્રુપ પાડવામાં આવશે, એક ગૃપે અમલ કરવાનું કામ કરવાનું હતુ જેમા એકબીજાને કંઈ ખબર નહીં પડે. આ લોકો અફઘાનિસ્તાન જઈને હિઝરતની વાત કરતા હતા અને તકરીરમાં માસકીલીંગ ટાર્ગેટ બનાવવાની વાત કરતા હતા અને ધમાકાની વિરૂધ્ધ નહીં કરતા ખુશ થતા હતા. પોલીટીકલ લીડર નરેન્દ્ર મોદીને ટાર્ગેટ બનાવવાના હતા. બાર તારીખે આખી રાત કેમ્પ ચલાવવાનો હતો. ત્યાંથી અલગ અલગ પોત પોતાની જગ્યાએ ગયેલા. ટિકિટ કેમ્પમાંથી બધાને આપવામાં આવેલી.

આ આરોપી તથા સફદર નાગોરી, સાજીદ મન્સુરી હિલ સ્ટેશનની નીચે ગેસ્ટ હાઉસમાં રોકાયેલા, તેનુ બુકીંગ સફદર નાગોરીએ કરાવેલુ હતુ. તેરમી તારીખે ત્રણેય અર્નાકુલ્લમ સીટીમાં આવેલ બસ ડેપોની સામે મસ્જિદમાં રોકાયેલા. ત્યાં સફદર નાગોરી અલગ થઈ ગયેલા ત્યાં મસ્જિદમાં ત્રણ લોકો મળેલા (૧) જાહીદ, (૨) તોકીર, (૩) યુ.પી.થી ફલાય કરીને આવેલો માણસ

હતો. આ લોકોની ચૌદમી તારીખે ટીકીટ હતી જેથી ત્યાં રોકાયેલા હતા. ચૌદમી તારીખે સવારે તોકીર ફલાય કરીને યુ.પી. જવા રવાનો થઈ ગયેલો. આ આરોપી, જાહીદ અને સાજીદ મન્સુરી રાત્રે ૮.૩૦ વાગે ઓખા–અર્નાકુલ્લમ ગાડીથી આવેલા. આ આરોપી બરોડા સુધી અને જાહીદ અમદાવાદ ગયેલો.

ડિસેમ્બરમાં બકરી ઈદ આવેલી જેમાં સફદર નાગોરી આવેલો હતો અને તેને જણાવેલુ કે ગુજરાતમાં પણ એક કેમ્પ કરવો જોઈએ. આ વાત આ ચાર લોકો સામે કરેલી જેમા આરોપી જાતે, ઉસ્માન, સાજીદ મન્સુરી તથા કયામુદ્દીન કાપડીયા. જગ્યાની તપાસ કરવા માટે પાવાગઢ, હાલોલની જગ્યા બતાવેલી તેને જણાવેલુ કે કેમ્પ માટે હાલોલની જગ્યા સારી છે. જગ્યા જોવા માટે અમદાવાદ થી જાહીદને બોલાવેલો. જાહીદ, કયામુદ્દીન, સાજીદ મન્સુરી, સફદર નાગોરી તથા આ આરોપી, કયામુદ્દીન અને ઉસ્માન અગરબત્તીવાળાની બે બાઈક લઈને પાંચ લોકો ગયેલા હતા. સફદર નાગોરીને જગ્યા પસંદ આવેલી, તેને ખુંદપીરની દરગાહ જોયેલી. સફદર નાગોરીએ જગ્યા જોઈને જણાવેલુ કે એક ગ્રુપ અહીંયા રાખીશું. ત્યારબાદ બધા સાજીદ મન્સુરી કે જેનુ મકાન બરોડા આવેલુ ત્યાં સફદર નાગોરીએ સાજીદને કેમ્પના ઓર્ગેનાઈઝર બનાવેલા અને તે લોકોને મદદ માટે આ આરોપીને, કયામુદ્દીન, જાહીદ અને યુનુસ મન્સુરીને રાખેલા. કયામુદ્દીન અને યુનુસ મન્સુરીને કેમ્પની બહાર કોઈક વસ્તુની જરૂરત પડે તો મદદ કરવાનું કહેલુ. કેમ્પમાં કોણ, કોને કેવી રીતે બોલાવશે તે બાબતે નિર્ણય સફદર નાગોરી તથા સાજીદ મન્સુરીએ કરેલો. જે લોકોને બોલાવવાના હતા તેમની ટિકિટનું બુકીંગ સાજીદ મન્સુરીએ કરેલુ. ત્યારબાદ જે લોકોને ટિકિટ આપવાની હતી તે માટે સાજીદ મન્સુરી જાન્યુઆરીના પહેલા વીકમાં ટિકિટ આપવા માટે રાજસ્થાન ગયેલા હતા, એમ.પી.ના લોકોને બોલાવવાનું કામ સફદર નાગોરીએ કરેલુ, કેમ્પમાં ગાડીની વ્યવસ્થા આ આરોપીએ કરેલી. આ આરોપીએ એક મિત્ર આશીફ દુધવાલાને વાત કરેલી કે તેને ડ્રાઈવર વગરની ગાડી માંગેલી તો તેને ના પાડેલી. ત્યારબાદ આશીફનો એક મિત્ર નાસીરની ટાટા સુમો ભાડે અપાવેલી. નાસીર અને આશીફને કેમ્પ બાબતે કાંઈ ખબર ન હતી તથા સીમી સાથે સંબંધ છે તેની પણ

જાણ ન હતી. આ આરોપીએ ઉત્તરાયણ માટે સાપુતારા ફરવા જવાના નામે ગાડી લીધેલી હતી.

પહેલા કેમ્પની તારીખ ૧૨,૧૩,૧૪ ડિસેમ્બર નક્કી કરવામાં આવેલી હતી અને ત્યારબાદ ૧૨મી જાન્યુઆરીએ કમરૂદ્દીન નાગોરી તથા આઝમગઢનો છોકરો એમ.પી.થી આ આરોપીના ઘરે આવીને રોકાયેલા. ૧૩મી તારીખે આ બધા ગાડી લઈને ગયેલા હતા. સાજીદ મન્સુરીના મકાન ઉપર ગાડી રાખેલી હતી ત્યાંથી ટેન્ટની વ્યવસ્થા યુનુસ મન્સુરીએ કરેલી હતી. તેના માટે વાંસ અને ચાદરની વ્યવસ્થા કયામુદ્દીને કરેલી હતી તે ફરાસખાનાએથી લાવેલો હતો.

૧૨,૧૩ લોકો ટાટા સુમોમાં બેસી ગયેલા અને કેટલાક લોકો બાઈક ઉપર ગયેલા. ટાટા સુમોનું ડ્રાઈવીંગ જાહીદે કરેલુ, કેમ્પની અંદર ઉસ્માન અગરબત્તીવાળા, યુનુસ મન્સુરીની બાઈક હતી. જાહીદ શેખ પણ બાઈક લઈને આવેલો હતો. કેમ્પમાં ૨૫,૨૬ લોકો હતા, અહીંયા પણ કેરાલા કેમ્પની જેમ કોડ નામ આપવામાં આવેલા હતા.

આ આરોપીનું નામ "ઈમ્તીયાઝ", સાજીદનું નામ "સહેજાદ", જાહીદનું નામ "જુલ્ફીકાર", કયામુદ્દીનનું નામ "અબ્દુલ કાદીર", યુનુસનું નામ "આમીન", આરીફ કાગદીનું નામ "સબ્બીર", તોકીરનું નામ "મોહસીન", કમરૂદ્દીનનું નામ "દીલદાર", સફદર નાગોરીનું નામ "ઈકબાલ", આમીલ પરવાઝનું નામ "સીકંદર" હતુ. કેટલાક અસલ નામોમાં જેના કોડ નામ યાદ નથી.

અમદાવાદથી મુજીબ, આલમઝેબ, અફરીદી, તોશીફ, અબ્બાસ ભુજવાલા, વડોદરાથી ઈકબાલ, રફયુદ્દીન, સાદાબ, ઈકબાલ શેખ, રાજસ્થાનથી ત્રણ લોકો હતા એકનું કોડ નામ અબુ બકર હતુ નામ યાદ નથી. એમ.પી.ના ચાર લોકો હતા, જેમાં ત્રણના કોડ નામની ખબર છે જેમાં અલી, સાદ, આઝમ હતા નામ ખબર નથી.

કેરાલા કેમ્પમાં અન્સાર નદવી હતા તે પણ હાલોલ કેમ્પમાં આવેલો હતો. પહેલા બધા લોકો ખુંદપીરની દરગાહ ઉપર પહોંચેલા. દરગાહ ઉપર રહેવાની વ્યવસ્થા આ સાહેદના મિત્ર સાદાબ પાનવાલાએ કરેલી. ત્યાં મુજાવર ઈદ્રીશભાઈ હતા તેની સાથે મુલાકાત વખતે બોલેલા કે ઈદ્રીશભાઈને કેમ્પની ખબર નથી. એવુ જણાવેલુ કે દરગાહ ઉપર દર્શન કરવા આવેલા છે. હાલોલમાં બે ગ્રુપ પાડવામાં આવેલા. એક ગ્રુપ દરગાહમાં રાખવામાં આવેલુ અને એક ગ્રુપ જંગલમાં હેલીકૈલ વાવની નજીક કેમ્પ માટે જગ્યા રાખેલી હતી ત્યાં રાખેલા. આ જગ્યા પાસે એકમીનાર મસ્જિદ હતી. બંને ગ્રુપને એક જ જગ્યા ઉપર તકરીર સંભળાવવામાં આવતી હતી. અહીંયા પણ કેરાલા કેમ્પની માફક ટ્રેનીંગ આપવામાં આવેલી. કમરૂદ્દીન નાગોરી અને સફદર નાગોરીએ લોકોને એ પ્રમાણે જણાવેલુ કે અહીંયા જે ટ્રેનીંગ લો છો, અહીંયા જે આસપાસ મસ્જિદો વેરાન પડેલી છે તેને આબાદ કરવાની છે. ૨૦૦૨ ના દંગામાં મુસલમાનોનું લોહી વહેલુ તેનો બદલો લેવાનો છે. એટલા માટે બધા ટ્રેનીંગ લે. જંગલમાં કેવી રીતે રહેવાનું તેની પ્રેકટીસ બાબતે અન્સાર નદવીએ જણાવેલુ. તોકીર અને આમીલ પરવાઝે જેહાદ ઉપર ઉગ્ર ભાષણ આપેલા હતા. જેહાદ કરીશું તે જન્નત મળશે, મુસલમાનોની ફરજ છે કે જેહાદ કરવા અને મુસલમાનોના ખુનનો બદલો લેવો. કયામુદ્દીને પેટ્રોલ બોમ્બ અને પાઈપ બોમ્બ બનાવવાનું કેમ્પમાં શીખવાડેલુ. દંગા સંબંધે બદલો લેવાની ભાવના રાખવી. કેટલાક લોકોએ પ્રેકટીકલ કામ કરવુ પડશે. બે ગ્રુપ પાડી દેવાશે. એકબીજાને ખબર નહીં પડે તેમ સફદર નાગોરી બોલેલો હતો.

પંદર તારીખે કેમ્પ પુરો થયો તો એમ.પી.ના લોકો હાલોલથી એમ.પી. જવા રવાના થઈ ગયેલા, અમદાવાદ, બરોડા અને રાજસ્થાનના લોકોને બરોડા રેલવે સ્ટેશને ટાટા સુમો દ્વારા છોડવામાં આવેલા. બાકીના બાઈક ઉપર બરોડા આવેલા તે સાજીદ મન્સુરીના ઘરે બે દિવસ રહીને રવાના થઈ ગયેલા. ફેબ્રુઆરીના શરૂઆતમાં અદનાન તથા સફદર નાગોરી આ આરોપીના ઘરે આવેલા. અદનાન કર્ણાટકથી નાસીને આવેલો હતો. કર્ણાટકમાં અસદઉલ્લા અને

રઝીયુદ્દીન નાસર પકડાઈ ગયેલા હતા. આ બંને તે છોકરાઓ માટે અફસોસ કરતા હતા. રઝીયુદ્દીન નાસર ચોરીની બાઈક રાખેલી હતી તેનો ઈરાદો બ્લાસ્ટ કરવાનો હતો પરંતુ તે પકડાઈ ગયેલા. સફદર નાગોરી અને અદનાન આ સાહેદના ઘર ઉપર રોકાયેલા ત્યારે સીબલી આવેલો. આ ત્રણેય આ આરોપના ઘરે રોકાયેલા, ત્યારબાદ રાજસ્થાન જતા રહેલા. સફદર નાગોરી તથા અદનાન એમ.પી. જવા માટે રવાના થયેલા. માર્ચમાં તે પકડાઈ ગયેલા. પહેલા તે બરોડા આવેલા ત્યારે ઉસ્માન અગરબત્તીવાળા, સાજીદ મન્સુરી, સફદર નાગોરી, અદનાન આ ચાર લોકો વાપી ગયેલ હતા. ૨૪,૨૫ માર્ચે મુફતી અબુબસર આ આરોપીના ઘર ઉપર આવેલા. ૨૬મી માર્ચે તોકીર અને સાજીદ મન્સુરી સુરત ગયેલા હતા. અબુબસર યુ.પી. જવા માટે રવાના થઈ ગયેલો. ૨૭ માર્ચે સફદર નાગોરી અને બીજા બાર લોકો પકડાઈ ગયેલા. ૩૧ માર્ચે કયામુદ્દીન નાસી ગયેલો.

જુન–૨૦૦૮ મા મુફતી એક વખત આ આરોપીના ઘરે આવેલો. એક વખત તોકીર પણ આવેલો. ૧૨/૭ ની તારીખે રાત્રે મુકતી અબુબસર આ આરોપીના ઘરે આવેલા. ૧૩મી તારીખે તોકીર પણ આ આરોપીના ઘરે આવેલો અને રોકાયેલા હતા. તોકીર વારંવાર બહાર જતો હતો. ૧૪મી તારીખે ઉસ્માન અગરબત્તીવાળાના લેપટોપ ઉપર તોકીર તથા અબુબસરે એક ઈસ્લામિક સીડી બતાવેલી જે કયામત ઉપર હતી જેનું નામ "end of time" હતુ. એક બ્લેક ફાઈડ ફિલ્મ જોયેલી જે બ્લાસ્ટ ઉપર હતી. ૧૪ મી જુલાઈએ રાત્રે મુફતી યુ.પી. જવાનું છે તેમ કહીને રવાના થઈ ગયેલો. ૧૫ મી જુલાઈએ રાત્રે તોકીર વેસ્ટ બેંગાલનું કહીને જતો રહેલો. ૨૬મી તારીખે બ્લાસ્ટ થયેલા. ત્યારબાદ સાજીદ મન્સુરીનો બપોરે ૩.૦૦–૩.૩૦ વાગે ફોન આ આરોપીના મોબાઈલ ફોન નં.૯૯૯૮૨૪૧૬૦૩ ઉપર આવેલો અને આ આરોપી પાસે સમસુદ્દીનનો નંબર માંગેલો જેથી તેને નંબર આપેલો. પહેલા તેને યુનુસ મન્સુરીનો નંબર માંગેલો પરંતુ આ આરોપી પાસે તે હતો નહીં. ૨૬મી તારીખે સાંજે બ્લાસ્ટ થયા તેની જાણ મીડીયા દ્વારા થયેલી. ત્યારબાદ ઉસ્માન મળતો હતો, બીજા કોઈ મળતા ન

હતા. ત્યારબાદ સાતમી તારીખે બરોડા પોલીસે આ આરોપીને પકડેલો. ત્યારબાદ કોઈ આ આરોપીને મળેલા નથી.

આમ, આ મુજબનું કબૂલાતભર્યુ નિવેદન નોંધીને આરોપીની દરેક પાના ઉપર કુલ–૧૬ સહી કરાવેલી છે અને રૂબરૂ તરીકે મેજિસ્ટ્રેટશ્રીએ સમય ૧૮.૨૦ લખીને પોતે સહી કરેલી છે. ત્યારબાદ તા.૧૪/૧૧/૨૦૦૮ નારોજ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.પનાઓએ પ્રમાણપત્ર આપેલુ છે કે, "સદર આરોપીનું નિવેદન મારી રૂબરૂ અને સાંભળતા લીધેલ છે અને મેં તેના જ શબ્દોમાં લખેલુ છે અને લખ્યા બાદ તેની પાસે વંચાવીને નીચે સહી લીધેલી છે. આરોપીનું આ નિવેદન સ્વૈચ્છાપૂર્વકનું છે તેમજ કોઈપણ જાતના દબાણ વગર આપેલ છે તેવુ મારૂ માનવુ છે." આ પ્રમાણેનું પ્રમાણપત્ર આપીને મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ નાઓએ પોતાની સહી કરેલી છે.

આ નિવેદન નોંધ્યા બાદ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ નાઓને સુપરત કરેલુ અને મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ નાઓએ પોતાના ખાનગી જાવક નં.૧૯/૨૦૦૯ તા.૯/૧૧/૨૦૦૯ ના રોજ પ્રિન્સીપાલ જજ સાહેબશ્રી, સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદને પત્ર સાથે મોકલી આપેલો જે પત્ર આ કામે આંક–૮૬૨૦ થી રજૂ કરેલો છે જેમાં મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ નાઓની સહી તથા સિકકો છે.

આરોપીનું આંક–૮૬૧૯ વાળા નિવેદન પ્રમાણે આ આરોપીએ પોતાના નિવેદનમાં પોતે તથા આરોપી નં.૧ જાહીદ ઉર્ફે જાવેદ કુત્બુદ્દીન શેખ, આરોપી નં.૪ સમસુદ્દીન ઉર્ફ સમસુ શાહબુદ્દીન શેખ, આરોપી નં.૫ ગ્યાસુદ્દીન ઉર્ફે ગ્યાસુ અબ્દુલસલીમ અંસારી, આરોપી નં.૬ મોહમદ આરીફ મોહંમદ ઇકબાલ કાગઝી, આરોપી નં.૭ મોહંમદઉસ્માન ઉર્ફ ઉસ્માન મોહંમદ અનીસ અગરબત્તીવાળા, આરોપી નં.૮ યુનુસ મોહંમદભાઇ મન્સુરી, આરોપી નં.૯ કમરૂદ્દીન ઉર્ફે રાજા ઉર્ફે અબ્દુલ્લા ચાંદમોહંમદ નાગોરી, આરોપી નં.૧૦ આમીલ પરવાજ ઉર્ફે સીકંદર કાજી સૈફુદ્દીન શેખ, આરોપી નં.૧૧ સીબલી ઉર્ફે સાબીત અબ્દુલ કરીમ, આરોપી મોહંમદ અન્સાર ઉર્ફે નદવી ઉર્ફે સિદ્દીક અબ્દુલ રઝાક

મુસ્લિમ, આરોપી નં.૧૨ સફદરહુસેન ઉર્ફે હુસેનભાઇ ઉર્ફે ઇકબાલભાઇ જહીરૂદ્દીન ઉર્ફે જહરૂલહસન નાગોરી, આરોપી નં.૧૩ હાફીજહુસેન ઉર્ફે અદનાન ઉર્ફે તમીમ તાજુદ્દીન, આરોપી નં.૧૪ મોહંમદસાજીદ ઉર્ફે સલીમ ઉર્ફે સજજાદ ઉર્ફે સાદ ગુલામ ખ્વાજા મંસુરી, આરોપી નં.૧૫ અબુબસર ઉર્ફે મુકતી ઉર્ફે અબ્દુલ રસીદ ઉર્ફે અબ્દુલ્લા અબુબકર શેખ, આરોપી નં.૧૬ અબ્બાસ ઉમર સમેજા, આરોપી નં.૩ ઇકબાલ ઉર્ફે ઇકરાર કાસમ શેખ, આરોપી નં.૧૮ જાવેદઅહેમદ સદીર અહેમદ શેખ (સૈયદ), આરોપી નં.૧૯ રઝીયુદ્દીન નાસીર ઉર્ફે રીયાઝુદ્દીન નાસીર ઉર્ફે અબ્દુલ રહેમાન ઉર્ફે મહંમદ ગોષ ઉર્ફે અબુહાજર ઉર્ફે અબ્દુલ રઝાક ઉર્ફે રશીદખાન મૌલાના નસીરૂદ્દીન ઉર્ફે મહંમદ નસીરૂદ્દીન , આરોપી નં.૨૬ મહંમદઅલી ઉર્ફે જમાલ ઉર્ફે જીયા ઉર્ફે યાસીર ઉર્ફે અબુબકર મોહરમઅલી અંસારી, આરોપી નં.૨૭ મહમદ ઇસ્માઇલ ઉર્ફે અબ્દુલ રાજીક ઉર્ફે મુસફ ઉર્ફે કુરકાન મહમદ ઇશાક મન્સુરી, આરોપી નં.૩૫ રફીયુદ્દીન સરફુદ્દીન કાપડીયા(મુસ્લિમ), આરોપી નં.૩૭ કયામુદ્દીન ઉર્ફે મુસા ઉર્ફે અશપાક ઉર્ફે અબ્દુલ કાદીર ઉર્ફે રીઝવાન ઉર્ફે સમીર સરફુદ્દીન કાપડીયા , આરોપી નં.૫૭ ડૉ.અશદુલ્લાહ એચ.એ.ઉર્ફે અસ્લમ ઉર્ફે અસદ ઉર્ફે કુરકાન અબુબકર એચ ., આરોપી નં.૫૯ મોહંમદ અન્સાર ઉર્ફે નદવી ઉર્ફે સીદ્દીક અબ્દુલ રઝાક મુસ્લિમ, આરોપી નં.૭૨ અબ્દુલસત્તાર પી ઉર્ફે મન્સુર અબ્દુલરજાક મુસ્લિમ, આરોપી નં.૭૫ મોહમ્મદ રફીક ઉર્ફે જાવિદ ઉર્ફે આલમજેબ આફીદી મસકુર અહેમદ , આરોપી નં.૭૮ તૌસીફખાન ઉર્ફે અતીક સગીર અહેમદખાન પઠાણનાઓ મળીને આ કેસના કુલ–૭૮ આરોપીઓ પૈકી ઉપર જણાવ્યા મુજબ કુલ–૨૬ આરોપીઓના સંબંધમાં પણ કબૂલાતવાળી હકીકત જણાવેલી છે.

આ ઉપરાંત તૌકીર (જેની સામે ચાર્જ ફ્રેમ થયેલ નથી) તથા મુજીબ કે જે મરણ ગયેલ છે, આલમ શેખ કે જે આરોપી નથી કે સાહેદ તરીકે તપાસ્યા નથી, સાદાબ સાહેદ નં.૧૧૨૧ નાઓ બાબતે પણ હકીકત જણાવેલી છે. આ ઉપરાંત આ આરોપી નં.૦૨ નુ કબૂલાત નિવેદન ધ્યાને લેતા કયા આરોપી, કઇ

જગ્યાના કેમ્પમાં હાજર રહેલા અને કેમ્પમાં શું ભૂમિકા ભજવેલી તે નીચે મુજબની વિગતે છે.

અ.નં.	ભજવેલી ભૂમિકા	સંકળાયેલા આરોપીઓ
૧	જુદી–જુદી જગ્યાઓ ઉપર "સીમી"ના કાર્યક્રમો થયેલા, મીટીંગો થયેલી તેમાં હાજર	આરોપી નં.૦૨ પોતે તથા આરોપી નં.૦૭, ૧૦,૧૨, ૧૪
૨	વાઘમોન (કેરાલા) મુકામે ડિસેમ્બર–૨૦૦૭માં આતંકવાદી તાલીમનો કેમ્પ રાખેલો તેમાં હાજર	આરોપી નં.૦૨ પોતે તથા આરોપી નં.૦૧, ૦૫, ૦૬, ૧૦, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૮, ૨૭,૩૭, ૭૨.
૩	વાઘમોન (કેરાલા) મુકામે ડિસેમ્બર–૨૦૦૭માં આતંકવાદી તાલીમ કેમ્પના ઓર્ગેનાઇઝર	આરોપી નં.૧૨, ૧૩,૫૭.
૪	વાઘમોન (કેરાલા) મુકામે ડિસેમ્બર–૨૦૦૭માં થયેલા આતંકવાદી તાલીમ કેમ્પમાં સામેલ લોકોના "કોડ નેમ" આપનાર	આરોપી નં.૧૨
૫	વાઘમોન (કેરાલા) મુકામે ડિસેમ્બર–૨૦૦૭માં થયેલા આતંકવાદી તાલીમ કેમ્પમાં માઉન્ટેનીંગ, બાઇકિંગ, ક્રાઉલીંગ, જમીન ઉપર ઘસડવું, સ્વીમીંગની તાલીમ આપનાર	આરોપી નં.૫૯
૬	વાઘમોન (કેરાલા) મુકામે ડિસેમ્બર–૨૦૦૭માં થયેલા આતંકવાદી તાલીમ કેમ્પમાં જેહાદી ભાષણો કરનાર	આરોપી નં.૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૫, ૫૯
૭	હાલોલ–પાવાગઢ મુકામે જાન્યુઆરી–૨૦૦૮માં થયેલા આતંકવાદી તાલીમ કેમ્પની જગ્યા જોવા બાઇક લઇને જનાર	આરોપી નં.૦૨ પોતે તથા આરોપી નં.૦૧, ૦૭, ૧૨, ૧૪, ૩૭
૮	હાલોલ–પાવાગઢ મુકામે જાન્યુઆરી–૨૦૦૮માં થયેલા આતંકવાદી તાલીમ કેમ્પમાં હાજર	આરોપી નં.૦૨ પોતે તથા આરોપી નં.૦૭, ૧૨, ૧૪, ૩૭

	રહેનાર	
૯	હાલોલ–પાવાગઢ મુકામે જાન્યુઆરી–૨૦૦૮માં થયેલા આતંકવાદી તાલીમ કેમ્પના ઓર્ગેનાઇઝર	આરોપી નં.૧૨, ૧૪
૧૦	હાલોલ–પાવાગઢ મુકામે જાન્યુઆરી–૨૦૦૮માં થયેલા આતંકવાદી તાલીમ કેમ્પમાં મદદ કરનાર	આરોપી નં.૦૨ પોતે તથા આરોપી નં.૦૧, ૦૮, ૩૭
૧૧	હાલોલ–પાવાગઢ મુકામે જાન્યુઆરી–૨૦૦૮માં થયેલા આતંકવાદી તાલીમ કેમ્પમાં બહારના રાજયોમાંથી બીજા માણસોને લાવવા ટિકિટોનું બુકિંગ કરાવનાર તથા ટિકિટો આપવા જનાર	આરોપી નં. ૧૨, ૧૪
૧૨	હાલોલ–પાવાગઢ મુકામે જાન્યુઆરી–૨૦૦૮માં થયેલા આતંકવાદી તાલીમ કેમ્પમાં ગાડીની વ્યવસ્થા કરનાર	આરોપી નં.૦૨ પોતે
૧૩	હાલોલ–પાવાગઢ મુકામે જાન્યુઆરી–૨૦૦૮માં થયેલા આતંકવાદી તાલીમ કેમ્પમાં ટેન્ટની વ્યવસ્થા કરનાર	આરોપી નં.૦૮, ૩૭
૧૪	હાલોલ–પાવાગઢ મુકામે જાન્યુઆરી–૨૦૦૮માં થયેલા આતંકવાદી તાલીમ કેમ્પમાં બાઇકની વ્યવસ્થા કરનાર	આરોપી નં.૦૧,૦૭, ૦૮
૧૫	હાલોલ–પાવાગઢ મુકામે જાન્યુઆરી–૨૦૦૮માં થયેલા આતંકવાદી તાલીમ કેમ્પમાં પાછળથી સામેલ થનાર	આરોપી નં.૫૯
૧૬	હાલોલ–પાવાગઢ મુકામે જાન્યુઆરી–૨૦૦૮માં થયેલા આતંકવાદી તાલીમ કેમ્પમાં જેહાદી ભાષણો કરનાર	આરોપી નં.૦૯,૧૦, ૧૨, ૫૯

૧૭	હાલોલ–પાવાગઢ મુકામે જાન્યુઆરી–૨૦૦૮માં થયેલા આતંકવાદી તાલીમ કેમ્પમાં પેટ્રોલ બનાવવાનું શિખવાડનાર	આરોપી નં.૩૭
૧૮	આરોપી નં.૦૨ના ઘરે ભેગા થઇ બીજા રાજયોમાં જે પકડાઇ ગયેલા તે બાબતે અફસોસ કરનારા	આરોપી નં.૦૨ પોતે તથા આરોપી નં.૦૭, ૧૧, ૧૨,૧૩, ૧૪, ૧૫,૧૯, ૩૭,૫૭
૧૯	આરોપી નં.૦૨ને કયામત ઉપર ઇસ્લામિક સીડી બતાવનાર	આરોપી નં.૦૭, ૧૫
૨૦	જુદા–જુદા આરોપીની સાથે ફોન ઉપર સંપર્ક કરનાર	આરોપી નં.૦૨ પોતે તથા આરોપી નં.૦૮ અને ૧૪

હવે આ કામમાં ઉપરોકત ચાર આરોપીઓ કે જેમણે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબની કબૂલાત નોંધવા માટે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧, અમદાવાદને અરજીઓ પૈકી બીજા એક આરોપી નં.૨૧ ની અરજી ધ્યાને લઈએ તો...

આરોપી નં.૨૧ મહેંદીહસન ઉર્ફે વીકી અબ્દુલ હમીદ અકબરખાં અંસારીનાઓએ તા.૭/૧૧/૨૦૦૮ ના રોજ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧, અમદાવાદને ઉદ્દેશીને દાણીલીમડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૧૪૦/૨૦૦૮ ના કામે પોતાની કબૂલાત નોંધવા જે અરજી આપેલી તે આ કામે આંક–૮૬૨૧ થી રજૂ કરેલી છે. આ અરજીની હકીકત ધ્યાને લેતા આરોપીએ અરજીમાં જણાવેલુ છે કે, "કોઇકના કહેવાથી ખોટા રસ્તા ઉપર આવી ગયેલા. સીમી અને ઈન્ડિયન મુજાહિદ્દીનનાં કાર્યકર્તાઓ અને સભ્યોએ ધાર્મિક રીતે ઇમોશનલ કરી બોમ્બ બ્લાસ્ટમાં મદદ, આતંકવાદી કેમ્પો તથા મીટીંગોમાં હાજર રહેલ જેનો પસ્તાવો થાય છે અને ગુના સંબંધે સ્વૈચ્છાએ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંડોવાયેલા હતા અને અન્ય સાથીદારો અંગે સંપૂર્ણપણે વિગત દર્શાવવા કબૂલાત કરવા માંગે છે જેથી કબૂલાત લેવા નમ્ર વિનંતી છે." આ પ્રમાણે અરજી આપેલી છે. જેમાં આરોપીની સહી છે.

આ અરજી આપ્યા બાદ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં .૧૧ નાઓએ આરોપીની અરજી ઉપર હુકમ કરી ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટને તે જ દિવસે યોગ્ય થવા તે અરજી મોકલી આપેલી,તે હુકમમાં મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ ની સહી તથા સિક્કો છે. આ અરજી ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટને તે જ દિવસે મળેલી અને અરજીની પાછળના ભાગે ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટશ્રીએ હુકમ કરેલો છે કે "મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ નાઓએ નિયમ મુજબ નિવેદન નોંધી કોર્ટ નં.૧૧ તરફ મોકલી આપવુ." આ મુજબનો હુકમ અરજીના પાછળના ભાગે ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટે કરેલો છે. જેમાં ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટની સહી તથા સિક્કો છે. આ હુકમ થયા બાદ તે જ દિવસે ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટની ઑફિસનો જાવક નં.૩૦૧/૨૦૦૮ તા.૭/૧૧/ ૨૦૦૮ ના રોજ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ ને નિવેદન નોંધવા માટે પત્ર લખેલો જે આ કામે આંક-૮૬૨૨ થી રજૂ છે અને તેમાં ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટશ્રીની સહી છે.

હવે આરોપીની કબૂલાત નોંધવા માટેની અરજી મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ સમક્ષ પહોંચ્યા બાદ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ નાઓ સમક્ષ આરોપીને તા.૧૦/૧૧/૨૦૦૮ ના રોજ કલાક ૧૫.૫૦ વાગ્યે નિવેદન નોંધવા માટે સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતેથી હાજર કરેલ. આ વખતે આરોપી જયુડીશીયલ કસ્ટડીમાં હતો તેવી નોંધ મેજિસ્ટ્રેટશ્રી દ્વારા કરવામાં આવેલી છે. વધુમાં મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં .૫ નાઓએ નોંધેલુ છે કે આરોપીને ચેમ્બરમાં બોલાવેલા. તેઓ મેજિસ્ટ્રેટ છે તેવી ઓળખાણ આપેલી છે. પોલીસને ચેમ્બરની બહાર જવા સુચના આપેલી. આરોપીએ નિવેદન આપવુ તે ફરજિયાત નથી તેમ છતાં નિવેદન આપશે તો ભવિષ્યમાં તેની વિરૂધ્ધ પુરાવા તરીકે ઉપયોગ થઈ શકાશે તેવી સમજ આપેલી છે. આ ઉપરાંત નિવેદન આપવા માટે તેની ઉપર પોલીસે કે ક્રાઈમ બ્રાન્ચના માણસોએ કોઈ દબાણ કરેલુ નથી ને? તે પુછવામાં આવેલુ છે. વકીલની સલાહ લેવી હોય તો લઈ શકો છો તેમ પણ પુછવામાં આવેલુ છે પરંતુ વકીલની સલાહ લેવાની આરોપીએ ના પાડેલી જેથી

આરોપીને વિચારવા માટે સમય આપી તા.૧૨/૧૧/૨૦૦૮ ના રોજ બપોરના ૧૫.૦૦ કલાકે હાજર રાખવાનો હુકમ કરેલો અને જેલ ઓથોરીટીને તે બાબતે યાદી કરેલી આ મુજબની નોંધ કરવામાં આવેલી અને આરોપીની સહી કરાવી મેજિસ્ટ્રેટે પોતે પણ સહી કરેલી છે. આમ આરોપીને વિચારવા માટે બે દિવસનો સમય મેજિસ્ટ્રેટશ્રીએ આપેલો હતો.

ત્યારબાદ તા.૧૨/૧૧/૨૦૦૮ ના રોજ બપોરે આ આરોપીને સાબરમતી સેન્ટ્રલ જેલ ઓથોરીટી દ્વારા મેજિસ્ટ્રેટ સમક્ષ હાજર કરવામાં આવેલ. મેજિસ્ટ્રેટે ૧૭.૧૫ કલાકે આરોપીને ચેમ્બરમાં બોલાવેલા તે વખતે આરોપી તથા મેજિસ્ટ્રેટ સિવાય કોઈ હાજર ન હતુ, પોલીસના માણસોને બહાર રાખેલા, જેલમાં કોઈ દબાણ કરવા આવેલ હોય કે અન્ય રીતે લોભ, લાલચ કે ધમકી આપેલ હોય તેવુ બનેલુ નથી અને વિચારીને સ્વૈચ્છાએ નિવેદન આપવા માંગતા હોય નિવેદન લખુ છું આ મુજબની નોંધ મેજિસ્ટ્રેટશ્રીએ કરેલી અને આરોપીની સહી કરાવી પોતે પણ સહી કરેલી છે. આ નિવેદન આ કામે આંક–૮૬૨૩ થી રજૂ કરેલુ છે. આ નિવેદનની હકીકત મુજબ...

<u>આરોપી ડિસેમ્બર–૨૦૦૭ ના છેલ્લા અઠવાડીયામાં તેમના મિત્રએ પાર્ટીમાં આમંત્રણ આપેલુ તે દિવસે રવિવાર હતો અને કોટામાં નાનતા નામની પીકનીક જગ્યા આવેલી છે ત્યાં પહોંચેલા. ત્યાં જઈને ખાધેલુ, ત્યાં આ આરોપીની મુલાકાત મુનવર કુરેશી, તોફીક કુરેશી અને નજાકત કુરેશી સાથે થયેલી. આ લોકો તરફથી ખાવાનો પ્રોગ્રામ હતો. તોફીક કુરેશીના અગાઉના પેઈન ગેસ્ટ સલીમભાઈ ઉર્ફે સાજીદ મન્સુરી પણ ત્યાં હાજર હતા. ખાવાનું ખાધા પછી જયારે બધા ઘરે જવા લાગ્યા ત્યારે આ આરોપીની વાત સાજીદ મન્સુરી સાથે થયેલી. તેને આ આરોપીના ધંધા બાબતે વાત કરેલી કે દિવાળી પછી મારી સીઝન છે તેમ કહીને તેને કહેલુ કે મેં અતીકઉર રહેમાન અને ઈમરાન અહેમદ ઉર્ફે રાજાની એક ટીકીટ આપી છે જો તું મુડમાં હોય તો ફરવા માટે જજે. ત્યારબાદ બધા ઘરે જતા રહેલા.</u>

બે–ત્રણ દિવસ પછી આ આરોપીએ અતીકઉર રહેમાનનો સંપર્ક કરેલો તો તેને ટિકિટ કાઢીને જણાવેલુ કે આ ટિકિટ કોટા થી સુરતની છે. આ ટિકિટ તા.૧૨/૧/૨૦૦૮ ની કોટા થી સુરત પશ્ચિમ એકસપ્રેસ ટ્રેનની કાઢવામાં આવેલી હતી. ત્યારબાદ આ આરોપી ઘરે આવેલા અને પત્ની તથા સાસરીવાળાઓને જણાવેલુ કે, બારમી તારીખે હું સુરત ફરવા માટે જવાનો છું. બારમી જાન્યુઆરીની રાત્રે આ આરોપી તેની પત્નીને સાસરીમાં મુકી આવેલો અને ૯.૩૦ વાગે અતીકઉર રહેમાનને પોતાના મોબાઈલ ફોન ઉપરથી ફોન કરેલો તો તેને જણાવેલુ કે મારા ઘરે આવી જા ત્યાંથી સાથે નીકળીશુ. ત્યાં ઈમરાન અહેમદ ઉર્ફે રાજા હાજર હતો. ત્યારબાદ ત્રણેય જણા સ્ટેશન જવા રવાના થયેલા. ટ્રેન સુરત માટે રવાના થયેલી. ટિકિટ વેઈટીંગમાં હતી જેથી ટ્રેનની અંદર સ્લીપર કલાસની ગેલેરીમાં યાત્રા કરી રહયા હતા. રતલામ સ્ટેશન પછી ટી.ટી.એ ટિકિટ ચેક કરેલી તો અતીકઉર રહેમાન, ઈમરાન ઉર્ફે રાજાની ટિકિટ અનુચીત લાગેલી જેથી રૂા.૧૦૦૦/–દંડ કરેલો. તા.૧૩/૧/૨૦૦૮ નારોજ સવારે ૮.૦૦ વાગે ગોધરા રેલવે સ્ટેશને ઉતરી ગયેલા અને ગોધરા થી પાછા કોટાની ત્રણ ટિકિટ બનાવેલી. આ આરોપીને કંઈક સારૂ લાગેલુ નહીં. ટ્રેન દહેરાદુન એકસપ્રેસની ટિકિટ હતી. ટ્રેન ગોધરા થી કોટા રવાના થયેલી. બે સ્ટેશન પછી ઈમરાનના મોબાઈલ ફોન ઉપર સાજીદ મન્સુરીનો ફોન આવેલો અને જણાવેલુ કે હું તમારી રાહ જોઉ છું, પરંતુ તમે મળ્યા નહીં. જેથી કહેલુ કે કોટા પાછા જઈ રહયા છીએ તથા પૈસા તેને આપવાની વાત કરેલી અને આગળના સ્ટેશન ઉપર ઉતરી જવા કહેલુ. આગળનું સ્ટેશન પીપલોદ હતુ ત્યાંથી એક પી.સી.ઓ. ઉપરથી અતીકે સાજીદ મન્સુરીને ફોન કરેલો તો તેને ગોધરા આવવા માટે જણાવેલુ. ગોધરા જઈને સાજીદ મન્સુરીને ફોન કરેલો તો તેને હાલોલ આવી જવા જણાવેલુ. હાલોલ આવીને તે જ નંબર ઉપર ફોન કરેલો તો તેને જણાવેલુ કે થોડીવારમાં હું આવુ છું. એક કલાક સુધી તે આવેલો નહીં જેથી ફરી વખત ફોન કરેલો તો તેને કોઈક લોકોને મોકલ્યા છે અને થોડીવારમાં આવશે તેમ જણાવેલુ. ત્યારબાદ એક નૌજવાન અને એક આધેડ ઉંમરનો એક ઈશમ લેવા માટે આવેલો. નૌજવાનનું

નામ ઉસ્માન આગરબત્તીવાળા હતુ તેને આ લોકોને એક ટેમ્પામાં બેસાડી ટેમ્પા ડ્રાઈવરને કોઈ દરગાહ જણાવેલી અને ટેમ્પા ડ્રાઈવરને ત્યાં છોડવા માટે કહેલુ. પંદર મિનિટમાં આ લોકો દરગાહની સામે પહોંચી ગયેલા. ત્યાં એક નૌજવાન મળેલો જેનુ નામ નદવી હતુ. એક કલાક પછી એક વ્હાઈટ કલરની સુમો ત્યાં આવેલી જેમાં સમીમ ઉર્ફે સાજીદ મન્સુરી પણ હાજર હતા. સલીમભાઈને જોઈને અતીક, ઈમરાન અને આ આરોપી તેની પાસે ગયેલા તો તેને કહેલુ કે પીકનીકનો પ્રોગ્રામ છે. અહીંયા એક–બે દિવસ રહીશું, સુમોમાંથી આઠ અથવા દસ લોકો ઉતરેલા અને સામાન દરગાહના મુસાફર ખાનામાં રાખેલો. દરગાહનું નામ "ખુંદપીર" દરગાહ હતુ. ત્યારપછી બધા લોકોને બેસાડીને પાછળ પ્રાચીન જમાનાની મસ્જિદના ગાર્ડનમાં લઈ ગયેલા ત્યાં પહોંચ્યા પછી બધા લોકોની ગણતરી કરેલી. ત્યારબાદ બધાના કેમ્પમાં ડમી નામો આપવામાં આવેલા. બધા લોકોને બે ગ્રૂપમાં ફાળવેલા. આ આરોપીનું નામ "ઔરંગજેબ" રાખેલુ, અતીકનું નામ "અબુ બકર" રાખેલુ, ઈમરાન અહેમદનું નામ "જુલ્ફીકર" રાખેલુ.

જે લોકો આવેલા હતા તેમાં સાત થી આઠ લોકો એમ.પી.ના હતા. આઠ–નવ લોકો ગુજરાતના હતા અને આ આરોપી સાથે કુલ–ત્રણ રાજસ્થાનના હતા. ચાર–પાંચ લોકો ત્યાં સમય ઉપર કેમ્પમાં આવતા હતા જે ૨૦ થી ૨૪ લોકો હતા. સાંજ પડતા ગ્રુપને પાછા દરગાહ ઉપર લાવવામાં આવેલા અને દરગાહ ઉપર સુઈ ગયેલા. બીજુ ગ્રુપ આ ગ્રુપથી ગાયબ હતુ તે ખબર પડેલી નહીં કે તે ગ્રુપ કયાં ગયુ છે. સવારમાં તૈયાર થઈને ફ્રેશ થયા ત્યારે સાજીદભાઈ આ આરોપીના ગ્રુપને લઈ પાવાગઢમાં ટ્રેકીંગ માટે ચાલ્યા ગયેલા. પહાડોમાં ટ્રેકીંગની સાથે ચઢવા–ઉતરવાનું નદવીએ શીખવાડેલુ ત્યાં ખાવાનું ખાધેલુ. સાંજે પાછા ફરેલા ત્યાં સુમો લેવા માટે આવેલી બધાને બેસાડીને એકમીનાર નામની મસ્જિદ ઉપર લઈ ગયેલા ત્યાં બીજુ ગ્રુપ પહેલાથી જ હાજર હતુ. ત્યાં મગરીબની નમાજ અદા કરેલી તે પછી સબ્બીરભાઈ ઉર્ફે આરીફ કાગઝીનાઓએ તકરીર કરેલી. તકરીરનો વિષય હતો જેહાદ. તેને બધા લોકોને જણાવેલુ કે જેહાદ ઈસ્લામની ખાસ ફરજ છે, લોકોએ તેને છોડી દીધી છે. આ ખાસ ફરજ છોડવાનું કારણ

આપણે જુલ્મોનો ભોગ બનીએ છીએ માટે ૨૦૦૨માં ગુજરાતમાં જે આપણી ઉપર અત્યાચાર થયેલા છે અને આપણે લોકોને તેમાં ઘણુ નુકસાન વેઠવુ પડેલુ છે પરંતુ હવે આપણે ૨૦૦૨ના દંગોનો બદલો લેવા માટે તૈયાર છીએ. તેના માટે આપણે જેહાદને ખાસ ફરજ તરીકે અંજામ આપવાનો છે. તકરીર પુરી થયા પછી તે સુમો આ આરોપીના ગ્રુપને હેલીકૈલ વાવ પાસે લઈ ગયેલ ત્યાં પહાડોમાં લાગેલા કેમ્પ ઉપર આખી રાત રોકેલા. સવાર થતા તે દિવસ કેમ્પનો છેલ્લો દિવસ હતો માટે સામાન પેક કરવા લાગેલા. ત્યારબાદ થોડીવાર પછી આ આરોપીએ બે માણસોને આવતા જોયેલા અને આ લોકો વચ્ચે આવેલા. એકનુ નામ હુસેનભાઈ હતુ તેને એમ.પી.ના છોકરાઓ સાથે વીસ મિનિટ વાત કરેલી. ત્યારબાદ તે બંને જતા રહેલા. આ આરોપીએ એમ.પી.ના તે માણસોના નામ પુંછેલા તો સફદરહુસેન જાણવા મળેલુ.ત્યારબાદ વાંસને જમીનમાં લગાવેલો અને મીલેટ્રીવાળા જે રીતે ઘસીને સુતા સુતા નીકળે છે તે પ્રમાણે ટ્રેનીંગ આપેલી. ત્યારબાદ નજીકમાં ભરેલા તળાવમાં તરવા માટેનો અભ્યાસ કરાવેલો ત્યાં જે હાજર હતા તે બધા નાહેલા. નાહ્યા પછી બધો સામાન પેક કરેલો અને સુમો દ્વારા દરગાહ ઉપર પહોંચેલા. થોડીવાર પછી બીજુ ગ્રુપ પણ ત્યાં પહોંચેલુ. ત્યારબાદ મોટર સાઇકલ રેસ લગાવવાનો અભ્યાસ કરેલો અને ફરી પાછા દરગાહની અંદર બધા ભેગા થયેલા.

ત્યાં સલીમભાઈએ બધાને જવા માટેનો શીડ્યુલ સમજાવેલો અને ફરી તકરીર કરેલી કે આ સીલસીલો શરૂ થયો છે. પહેલી તકરીર નદવી નામના માણસે કરેલી, તે દક્ષિણ ભારતનો હતો જેથી આ આરોપી સમજી શકેલા નહીં. બીજી તકરીર તોકીરે કરેલી તેને "લોફાક" નામના અરબી શબ્દ ઉપર કરેલી. ત્રીજી ખાસ તકરીર સફદર નાગોરીએ કરેલી તેને નૌજવાનોને જણાવેલુ કે ઈસ્લામી સામ્રાજય કયાં છે તેમ કહી તેને કેટલાક દેશોના નામ જણાવેલા. જેમા પેલેસ્ટાઈન, અફઘાનિસ્તાનના ઈસ્લામી સામ્રાજય બાબતે બધા લોકોને જણાવેલુ અને હિન્દુસ્તાનમાં ઈસ્લામિક સામ્રાજય લાવવાની વાત કરેલી. તેના માટે આપણે બધાએ તે દેશોની માફક "Mass Killing" વધુમાં વધુ લોકો મરે

એવી પ્રણાલીકાને અંજામ આપવાનો છે. જેહાદ કરીશું અને બોલેલા કે જે લોકો અહીંયા નવા આવેલા છે અને અમારી સાથે ચાલવા માંગતા નથી તેઓ પાછા જતા રહે કારણ કે અમારૂ મિશન કાંટાથી ભરેલુ છે.

આમીલ પરવેઝ નામનો માણસ આવેલો અને તેના હાથમાં એક પાઈપનો ટુકડો હતો. તેણે બધાને પાઈપમાં કેવી રીતે બારૂદ ભરીને વિસ્ફોટ કરવો તેની ટ્રેનીંગ આપેલી અને જગ્યા ઉપર પરિક્ષણ કરેલુ. ત્યારબાદ તે ચાલ્યો ગયેલો. ત્યારપછી આ આરોપી ગભરાઇ ગયેલા અને જલ્દીથી ઘરે જવાનું વિચારતા હતા. આવા લોકો સાથે સંપર્ક નહીં રાખવાનુ વિચારેલુ. ટાટા સુમોમાં એમ.પી.વાળાઓને વડોદરા લઈ ગયેલા. સલીમભાઈએ આ આરોપીને રૂા.૨૦૦૦/– આપેલા અને શાંતિ એકસપ્રેસમાં નાગદા અને ત્યાંથી કોટા પોતાના ઘરે પહોંચી ગયેલા. ત્યારબાદ આ લોકો સાથે ફરી કયારેય મળવુ નહીં તેવુ વિચારેલુ. ત્યારબાદ કોઈ દિવસ કોઈ માણસને મળેલા નથી. આ લોકો સાથે મારે કોઈ સંબંધ નથી.

સુમોના ડ્રાઈવર જાહીદ શેખ હતો. ઓગષ્ટ મહિનામાં જયારે આ આરોપીએ વાત જાણી ત્યારપછી જાતે જયપુર જઈ પોલીસને બધી વાત વિસ્તારથી કરેલી અને ત્યારબાદ ગુજરાત લાવવામાં આવેલો.

આમ, આ મુજબનું કબૂલાતભર્યુ નિવેદન નોંધીને આરોપીની દરેક પાને કુલ–૧૧ સહી કરાવેલી છે અને રૂબરૂ તરીકે મેજિસ્ટ્રેટશ્રીએ સમય ૧૮.૧૦ લખીને પોતે સહી કરેલી છે.ત્યારબાદ તા.૧૨/૧૧/૨૦૦૮ ના રોજ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ નાઓએ પ્રમાણપત્ર આપેલુ છે કે, "સદર આરોપીનું નિવેદન મેં મારી રૂબરૂ અને સાંભળતા લીધેલ છે અને ત્યારબાદ વાંચી સંભળાવેલ છે. આરોપીએ આ નિવેદન સ્વૈચ્છાપૂર્વકનું આપેલ તેવુ મારૂ માનવુ છે." આ પ્રમાણેનું પ્રમાણપત્ર આપીને મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫નાઓએ પોતાની સહી કરેલી છે.

આ નિવેદન નોંધ્યા બાદ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ નાઓને સુપરત કરેલુ અને મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ નાઓએ પોતાના

ખાનગી જાવક નં.૧૮/૨૦૦૯, તા.૯/૧૧/૨૦૦૯ ના રોજ પ્રિન્સીપાલ જજ સાહેબશ્રી, સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદને પત્ર સાથે મોકલી આપેલો જે પત્ર આ કામે આંક–૮૬૨૪ થી રજૂ કરેલો છે જેમાં મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ નાઓની સહી તથા સિકકો છે.

આરોપીનું આંક–૮૬૨૩ વાળા નિવેદન પ્રમાણે આ આરોપીએ પોતાના નિવેદનમાં પોતે તથા આરોપી નં.૧ જાહીદ ઉર્ફે જાવેદ કુત્બુદ્દીન શેખ, આરોપી નં.૬ મોહમદ આરીફ મોહંમદ ઈકબાલ કાગઝી, આરોપી નં.૭ મોહંમદઉસ્માન ઉર્ફે ઉસ્માન મોહંમદ અનીસ અગરબત્તીવાળા, આરોપી નં.૧૦ આમીલ પરવાજ ઉર્ફે સીકંદર કાજી સૈકુદ્દીન શેખ, આરોપી નં.૧૨ સફદરહુસેન ઉર્ફે હુસેનભાઈ ઉર્ફે ઈકબાલભાઈ જહીરૂદ્દીન ઉર્ફે હજરૂલહસન નોગારો , આરોપી નં.૧૪ મોહંમદસાજીદ ઉર્ફે સલીમ ઉર્ફે સજજાદ ઉર્ફે સાદ ગુલામ ખ્વાજા મંસુરી , આરોપી નં.૨૦ અતીકઉર રહેમાન ઉર્ફે અતિક અબ્દુલહકીમ ખીલજી, આરોપી નં.૨૨ ઈમરાન ઉર્ફે અહેમદ ઉર્ફે રાજા સીરાજઅહેમદ હાજી પઠાણ , આરોપી નં.૫૯ મોહંમદ અન્સારી ઉર્ફે નદવી ઉર્ફે સીદ્દીક અબ્દુલ રઝાક મુસ્લિમ તથા તોકીર (જેની સામે ચાર્જ ફ્રેમ થયેલ નથી) તથા અન્ય ૨૦ થી ૨૪ લોકો કે જેના નામ આરોપીએ જણાવેલા નથી. આમ આ કેસના કુલ–૭૮ આરોપીઓ પૈકી કુલ–૯ આરોપીઓના સંબંધમાં પણ કબૂલાતવાળી હકીકત જણાવેલી છે. આ ઉપરાંત આ આરોપી નં.૨૧ નુ કબૂલાત નિવેદન ધ્યાને લેતા કયા આરોપી, કઇ જગ્યાના કેમ્પમાં હાજર રહેલા અને કેમ્પમાં શું ભૂમિકા ભજવેલી તે નીચે મુજબની વિગતે છે.

અ.નં.	ભજવેલી ભૂમિકા	સંકળાયેલા આરોપીઓ
૧	હાલોલ–પાવાગઢ મુકામે જાન્યુઆરી–૨૦૦૮માં થયેલા આતંકવાદી તાલીમ કેમ્પમાં હાજર રહેનાર	આરોપી નં.૨૧ પોતે તથા આરોપી નં.૨૦,૨૨
૨	હાલોલ–પાવાગઢ મુકામે જાન્યુઆરી–૨૦૦૮માં થયેલા આતંકવાદી તાલીમ કેમ્પમાં આરોપી	આરોપી નં.૦૭ અને ૧૪

	નં.૨૦,૨૧ અને ૨૨ને લાવનાર	
૩	હાલોલ–પાવાગઢ મુકામે જાન્યુઆરી–૨૦૦૮માં થયેલા આતંકવાદી તાલીમ કેમ્પમાં ટ્રેકિંગ, પહાડ ઉપર ચઢવું, તરવાની વિગેરે તાલીમ આપનાર	આરોપી નં.૧૪ અને ૫૯
૪	હાલોલ–પાવાગઢ મુકામે જાન્યુઆરી–૨૦૦૮માં થયેલા આતંકવાદી તાલીમ કેમ્પમાં જેહાદી ભાષણો આપનાર	આરોપી નં.૦૬, ૧૦ અને ૧૨
૫	હાલોલ–પાવાગઢ મુકામે જાન્યુઆરી–૨૦૦૮માં થયેલા આતંકવાદી તાલીમ કેમ્પમાં જવા માટે ગાડી ચલાવનાર	આરોપી નં.૦૧
૬	વિસ્ફોટક પદાર્થ ભરી વિસ્ફોટ કરવાની તાલીમ આપનાર	આરોપી નં.૧૦

હવે આ કામમાં ઉપરોકત ચાર આરોપીઓ કે જેમણે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબની કબૂલાત નોંધવા માટે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧, અમદાવાદને અરજીઓ પૈકી બીજા એક આરોપી નં.૨૪ ની અરજી ધ્યાને લઈએ તો...

આરોપી નં.૨૪ ઉંમર ઉર્ફે અશોક કાળાભાઈ કબીરાનાઓએ તા.૭/૧૧/૨૦૦૮નારોજ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧, અમદાવાદને ઉદ્દેશીને દાણીલીમડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૧૪૦/૨૦૦૮ ના કામે પોતાની કબૂલાત નોંધવા જે અરજી આપેલી તે આ કામે આંક–૮૬૨૫ થી રજૂ કરેલી છે. આ અરજીની હકીકત ધ્યાને લેતા આરોપીએ અરજીમાં જણાવેલુ છે કે, "અમદાવાદમાં થયેલ બોમ્બ બ્લાસ્ટ બાબતે મારી ધરપકડ કરવામાં આવેલ છે અને આ બોમ્બ બ્લાસ્ટ બાબતે મારે મારા માટે તથા બીજા માણસો બાબતે આપને કંઈક કહેવાનું છે. મારે જે કહેવુ છે તે આ બોમ્બ બ્લાસ્ટ બાબતે છે અને હું

મારી સ્વખુશીથી આ વસ્તુ કહેવા માંગુ છું તો મને કહેવાનો મોકો આપવા વિનંતી છે." આ પ્રમાણે અરજી આપેલી છે. જેમાં આરોપીની સહી છે.

આ અરજી આપ્યા બાદ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં .૧૧ નાઓએ આરોપીની અરજી ઉપર હુકમ કરી ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટને તે જ દિવસે યોગ્ય થવા તે અરજી મોકલી આપેલી, તે હુકમમાં મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ ની સહી તથા સિક્કો છે. આ અરજી ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટને તે જ દિવસે મળેલી અને અરજીની પાછળના ભાગે ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટશ્રીએ હુકમ કરેલો છે કે "મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ નાઓએ નિયમ મુજબ નિવેદન નોંધી કોર્ટ નં.૧૧ તરફ મોકલી આપવુ." આ મુજબનો હુકમ અરજીના પાછળના ભાગે ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટે કરેલો છે. જેમાં ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટની સહી તથા સિક્કો છે. આ હુકમ થયા બાદ તે જ દિવસે ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટની ઑફિસનો જાવક નં.૩૦૩/૨૦૦૮, તા.૭/૧૧/૦૮ ના રોજ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ ને નિવેદન નોંધવા માટે પત્ર લખેલો જે આ કામે આંક–૮૬૨૬ થી રજૂ છે અને તેમાં ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટશ્રીની સહી છે.

હવે આરોપીની કબૂલાત નોંધવા માટેની અરજી મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ સમક્ષ પહોંચ્યા બાદ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ નાઓ સમક્ષ આરોપીને તા.૧૦/૧૧/૨૦૦૮ ના રોજ કલાક ૧૬.૩૦ વાગ્યે નિવેદન નોંધવા માટે સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતેથી હાજર કરેલ. આ વખતે આરોપી જયુડીશીયલ કસ્ટડીમાં હતો તેવી નોંધ મેજિસ્ટ્રેટશ્રી દ્વારા કરવામાં આવેલી છે. વધુમાં મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ નાઓએ નોંધેલુ છે કે આરોપીને ચેમ્બરમાં બોલાવેલા. તેઓ મેજિસ્ટ્રેટ છે તેવી ઓળખાણ આપેલી છે. પોલીસને ચેમ્બરની બહાર જવા સુચના આપેલી. આરોપીએ નિવેદન આપવુ તે ફરજિયાત નથી તેમ છતાં નિવેદન આપશે તો ભવિષ્યમાં તેની વિરૂધ્ધ પુરાવા તરીકે ઉપયોગ થઈ શકાશે તેવી સમજ આપેલી છે. આ ઉપરાંત નિવેદન આપવા માટે તેની ઉપર પોલીસે કે ક્રાઈમ બ્રાન્ચના માણસોએ કોઈ દબાણ કરેલુ નથી ને? તે

પુછવામાં આવેલુ છે. વકીલની સલાહ લેવી હોય તો લઈ શકો છો તેમ પણ પુછવામાં આવેલુ છે પરંતુ વકીલની સલાહ લેવાની આરોપીએ ના પાડેલી જેથી આરોપીને વિચારવા માટે તા.૧૨/૧૧/૨૦૦૮ ના રોજ બપોરના ૧૫.૦૦ કલાકે હાજર રાખવાનો હુકમ કરેલો અને જેલ ઓથોરીટીને તે બાબતે યાદી કરેલી આ મુજબની નોંધ કરવામાં આવેલી અને આરોપીની સહી કરાવી મેજિસ્ટ્રેટે પોતે પણ સહી કરેલી છે. આમ આરોપીને વિચારવા માટે બે દિવસનો સમય મેજિસ્ટ્રેટશ્રીએ આપેલો હતો.

ત્યારબાદ તા.૧૨/૧૧/૨૦૦૮ ના રોજ બપોરે આ આરોપીને સાબરમતી સેન્ટ્રલ જેલ ઓથોરીટી દ્વારા મેજિસ્ટ્રેટ સમક્ષ હાજર કરવામાં આવેલ. મેજિસ્ટ્રેટે ૧૬.૪૫ કલાકે આરોપીને ચેમ્બરમાં બોલાવેલા તે વખતે આરોપી તથા મેજિસ્ટ્રેટ સિવાય કોઈ હાજર ન હતુ, પોલીસના માણસોને બહાર રાખેલા, જેલમાં કોઈ દબાણ કરવા આવેલ હોય કે અન્ય રીતે લોભ, લાલચ કે ધમકી આપેલ હોય તેવુ બનેલુ નથી અને વિચારીને સ્વૈચ્છાએ નિવેદન આપવા માંગતા હોય નિવેદન લખુ છું આ મુજબની નોંધ મેજિસ્ટ્રેટશ્રીએ કરેલી અને આરોપીની સહી કરાવી પોતે પણ સહી કરેલી છે. આ નિવેદન આ કામે આંક–૮૬૨૭ થી રજૂ કરેલુ છે. આ નિવેદનની હકીકત મુજબ...

<u>તા.૨૦/૭/૨૦૦૮ ના રોજ રાત્રે ૮.૦૦ વાગ્યે કે ૮.૩૦ વાગ્યે સમસુદ્દીનભાઈનો ફોન આ આરોપીના મોબાઈલ ઉપર આવેલ અને એવુ કહેલુ કે, તમે યાકુબભાઈના ઘરે જુહાપુરા આવી જાવ ત્યાં કુરાન હદીશની દર્શ કરવાની છે. તમે જલદી આવી જાવ. આથી આ આરોપી અને ઈલ્યાસભાઈ ત્યાં પહોંચેલા તો ત્યાં (૧) જાવેદભાઈ (૨) સમસુભાઈ (૩) રાજીકભાઈ (૪) યુનુસભાઈ (૫) યાકુબભાઈ બેઠેલા અને કુરાને દર્શ કરતા હતા. પાંચ–સાત મિનીટ પછી કુરાને દર્શ પુરૂ કર્યુ. યાકુબભાઈ ચ્હા બનાવવા રસોડામાં ગયા. ઈલ્યાસભાઈ બહાર આવીને બેઠા. આ દરમ્યાન સમસુભાઈ, યુનુસભાઈ, જાવેદભાઈ, રાજીકભાઈએ જેહાદી વાતો કરેલી. કયાં સુધી આપણે બેસી રહીશું, આપણે કાંઈક કરવુ જોઈએ, જેહાદ એટલે શું તે આ આરોપીને ખબર ન હતી. મુસલમાનો ઉપર જે લોકોએ</u>

જુલ્મ કરેલુ છે તે તથા ૨૦૦૨ ના ગોધરા કાંડનો બદલો લેવો. આ લોકોને આપણે મારીએ તેમ કહેતા હતા. ત્યારબાદ આ આરોપી નમાજ પઢીને ઘરે નીકળી ગયેલા.

આમ, આ મુજબનું કબૂલાતભર્યુ નિવેદન નોંધીને આરોપીની દરેક પાન કુલ–૪ ઉપર સહી કરાવેલી છે અને રૂબરૂ તરીકે મેજિસ્ટ્રેટશ્રીએ સમય ૧૭.૦૫ લખીને પોતે સહી કરેલી છે. ત્યારબાદ તા.૧૨/૧૧/૨૦૦૮ના રોજ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૫ નાઓએ પ્રમાણપત્ર આપેલુ છે કે "સદર આરોપીનું નિવેદન મારી રૂબરૂ સાંભળતા લીધેલ છે અને તે તેના શબ્દોમાં લખેલ છે. આ નિવેદન સ્વૈચ્છાપૂર્વકનું અને કોઈપણ જાતના દબાણ વગર આપવામાં આવેલ હોવાનું મારૂ માનવુ છે. મેં તેને વાંચી સંભળાવેલ છે અને જાતે વાંચવા આપી તેના અક્ષરમાં લખાવી સહી કરાવેલ છે" આ પ્રમાણેનું પ્રમાણપત્ર આપીને મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૫ નાઓએ પોતાની સહી કરેલી છે.

આ નિવેદન નોંધ્યા બાદ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ નાઓને સુપરત કરેલુ અને મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ નાઓએ પોતાના ખાનગી જાવક નં.૧૮/૨૦૦૯ તા.૯/૧૧/૨૦૦૯ નાં રોજ પ્રિન્સીપાલ જજ સાહેબશ્રી, સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદને પત્ર સાથે મોકલી આપેલો જે પત્ર આ કામે આંક–૮૬૨૮ થી રજૂ કરેલો છે જેમા મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ નાઓની સહી તથા સિકકો છે.

આરોપીનું આંક–૮૬૨૩ વાળા નિવેદન પ્રમાણે આ આરોપીએ પોતાના નિવેદનમાં પોતે તથા આરોપી નં.૪ સમસુદ્દીન ઉર્ફે સમસુ શાહબુદ્દીન શેખ, આરોપી નં.૮ યુનુસ મોહંમદભાઈ મન્સુરી, આરોપી નં.૧૮ જાવેદ અહેમદ સગીર અહેમદ શેખ (સૈયદ), આરોપી નં.૨૭ મહમદ ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ રાજીક ઉર્ફે મુસફ ઉર્ફે કુરકાન મહમદ ઈશાક મન્સુરી તથા યાકુબનાઓનું નામ જણાવેલુ છે. આ યાકુબને સાક્ષી બનાવેલા છે પરંતુ સાક્ષી તરીકે તપાસેલ નથી. આમ આ કેસના કુલ–૭૮ આરોપીઓ પૈકી ઉપર જણાવ્યા મુજબ કુલ–૪ આરોપીઓના સંબંધમાં પણ કબૂલાતવાળી હકીકત જણાવેલી છે. આ ઉપરાંત

આ આરોપી નં.૨૪ નુ કબૂલાત નિવેદન ધ્યાને લેતા કયા આરોપીઓએ કઇ જગ્યાએ હાજર રહેલા અને શું ભૂમિકા ભજવેલી તે નીચે મુજબની વિગતે છે.

અ.નં.	ભજવેલી ભૂમિકા	સંકળાયેલા આરોપીઓ
૧	યાકુબભાઇના ઘરે જૂહાપુરામાં ગોધરાકાંડનો બદલો લેવાની મીટીંગમાં હાજર રહેનાર	આરોપી નં.૨૪ પોતે તથા આરોપી નં.૦૪, ૦૮, ૧૮, ૨૭

હવે આ કામમાં ઉપરોકત ચાર આરોપીઓ કે જેમણે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન નોંધવા માટે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧, અમદાવાદને અરજીઓ પૈકી બીજા એક આરોપી નં.૩૫ ની અરજી ધ્યાને લઈએ તો...

આરોપી નં.૩૫ રફીયુદ્ધીન સરકુદ્ધીન કાપડીયા (મુસ્લિમ)નાઓએ તા.૧૯/૧/૨૦૦૯નારોજ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧, અમદાવાદને ઉદ્દેશીને શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ ના કામે પોતાની કબૂલાત નોંધવા જે અરજી આપેલી તે આ કામે આંક–૮૬૨૯ થી રજૂ કરેલી છે. આ અરજીની હકીકત ધ્યાને લેતા આરોપીએ અરજીમાં જણાવેલુ છે કે, "હું રફીયુદ્ધીન સરકુદ્ધીન કાપડીયા જેને હાલમાં ગુજરાતમાં બોમ્બ બ્લાસ્ટના કેસોમાં એરેસ્ટ કરવામાં આવ્યો છે. હું આ કેસ બાબતે જેટલુ જાણું છું તે મારી મરજીથી કોઈના દબાણ વગર આપને કહેવા માંગુ છું. આ બનાવમાં હું જેટલું પણ જાણું છું તે બધી વસ્તુઓ મારે કહેવી છે, મને કોઈનું દબાણ નથી એટલે મને સાંભળવા માટે હું આપને રજૂઆત કરૂ છું." આ પ્રમાણે અરજી આપેલી છે. જેમાં આરોપીની સહી છે.

આ અરજી આપ્યા બાદ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં .૧૧ નાઓએ આરોપીની અરજી ઉપર હુકમ કરી ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટને તે જ દિવસે યોગ્ય થવા તે અરજી મોકલી આપેલી, તે હુકમમાં મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ ની સહી તથા સિકકો છે. આ અરજી ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટને તે જ દિવસે મળેલી અને અરજીની નીચેના ભાગે ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટશ્રીએ

હુકમ કરેલો છે કે "મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ નાઓએ નિયમ મુજબ નિવેદન નોંધવા કાર્યવાહી કરવી" આ મુજબનો હુકમ અરજીના નીચેના ભાગે ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટે કરેલો છે. જેમાં ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટની સહી છે. આ હુકમ થયા બાદ તે જ દિવસે ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટની ઑફિસનો જાવક નં.૩૭/૨૦૦૯, તા.૨૦/૧/૨૦૦૯ ના રોજ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ ને નિવેદન નોંધવા માટે પત્ર લખેલો જે આ કામે આંક–૮૬૩૦ થી રજૂ છે અને તેમાં ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટશ્રીની સહી છે.

હવે આરોપીની કબૂલાત નોંધવા માટેની અરજી મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ સમક્ષ પહોંચ્યા બાદ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ નાઓ સમક્ષ આરોપીને તા.૨૯/૧/૨૦૦૯ ના રોજ નિવેદન નોંધવા માટે સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતેથી હાજર કરેલ અને તે માટે આરોપીની સહી કરાવી મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧ નાઓએ સહી કરી કરેલી અને આરોપીને મેજિસ્ટ્રેટ દ્વારા સમજ આપીને જણાવવામાં આવેલુ છે કે, તે કબૂલાત કરવા બંધાયેલ નથી તથા આવી કબૂલાતનો ઉપયોગ તેની વિરૂધ્ધ પુરાવા તરીકે લઈ શકાય છે તે બાબતે વાકેફ કરેલ છે. આ ઉપરાંત આરોપી સ્વૈચ્છાએ કબૂલાત કરવા માંગે છે કે કેમ ? તેની ચકાસણી બાબતે તે કબૂલાત કોઈના દબાણથી કરે છે કે કેમ? અથવા તો કબૂલાત કરવા માટે કોઈ લાલચ કે પ્રલોભન આપેલ છે કે કેમ? તે બાબતે પુછતા આરોપીએ "ના" જણાવેલ છે. વધુમાં આરોપીને પુછવામાં આવેલુ છે કે પોલીસ દ્વારા ગુનામાંથી મુકિત આપવાની લાલચ આપવામાં આવી છે કે કેમ ? તો આરોપીએ "ના" જણાવેલ છે. વધુમાં આરોપીને સમજ આપેલી છે કે તે મારી સમક્ષ એટલે કે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટશ્રી જી.એમ. પટેલ સમક્ષ હાજર થયેલ છે. આ મુજબની નોંધ મેજિસ્ટ્રેટશ્રીએ કરેલી અને આરોપીની સહી કરાવી પોતે પણ સહી કરી સિકકો કરેલો છે. વધુમાં મેજિસ્ટ્રેટશ્રીએ નોંધેલુ છે કે, ઉપરોકત હકીકતો જણાવ્યા છતાં આરોપી પોતાનું નિવેદન આપવાની હકીકત જણાવે છે જેથી પુખ્ત વિચારણા કરી શકે તે માટે પુરતો સમય આપવો યોગ્ય હોવાથી તા.૩૧/૧/૨૦૦૯ ના રોજ રજૂ કરવા સમજ આપેલી અને આરોપીને

સાબરમતી સેન્ટ્રલ જેલમાં મોકલી આપેલો. આ નોંધ પણ મેજિસ્ટ્રેટ દ્વારા કરવામાં આવેલી છે ત્યારબાદ આરોપીની સહી કરાવી પોતે સહી કરી સિકકો કરેલો છે.

ત્યારબાદ સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતેથી તા.૨૯/૧/૨૦૦૯ નારોજ આરોપીને પોતાનું કબૂલાત નિવેદન નોંધવા માટે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ સમક્ષ રજૂ કરેલ પરંતુ મેજિસ્ટ્રેટશ્રીએ તેને પુખ્ત વિચારણા માટે વધુ સમય આપીને તા.૪/૨/૨૦૦૯ ના રોજ ફરીથી હાજર રાખવા જણાવેલુ અને તા.૪/૨/૨૦૦૯ નારોજ આરોપીને ફરીથી હાજર રાખેલા ત્યારે મેજિસ્ટ્રેટશ્રીએ નિવેદન બાબતે પુછતા આરોપીએ નિવેદન આપવાની હા પાડી છે જે નિવેદન તેની સંમતિથી નોંધવામાં આવેલુ છે. જે નિવેદન ખુલ્લી અદાલતમાં નોંધેલુ છે, પોલીસના માણસો કોર્ટમાં હાજર નથી, માત્ર બે સુરક્ષા ગાર્ડ છે જે જેલમાંથી આરોપીને રજૂ કરવા આવેલા છે તે બે સુરક્ષા ગાર્ડ સલામતી ખાતર કોર્ટમાં છે. આ તમામ હકીકતો આરોપીને સમજાવી છે અને વાકેફ કરેલ છે. આવી નોંધ કરીને મેજિસ્ટ્રેટશ્રીએ આરોપીની સહી કરાવેલી છે અને પોતે પણ સહી કરી સિકકો કરેલો છે. આ નિવેદન આ કામે આંક–૮૬૩૧ થી રજૂ કરેલુ છે. આ નિવેદનની હકીકત મુજબ...

હું રફીયુદ્દીન સરફુદ્દીન કાપડીયા રહેવાસી વડોદરા જણાવુ છું કે કયામુદ્દીન કાપડીયા સગો નાનો ભાઈ છે. આ આરોપી તથા તેના ઘરના તમામ સભ્યો "સુફીઈઝમ" માં માનીએ છીએ. આ આરોપીનો ભાઈ કયામુદ્દીન તેનાથી અલગ "એહલેહદીસ" માં માને છે. જે દરગાહ વગેરેમાં માનતા નથી જયારે આ આરોપી દરગાહ વગેરેમાં માને છે. આ આરોપીના લગ્ન દોઢ વર્ષ પહેલા સઈદાબીબી સાથે થયેલા છે અને ચાર માસનો દીકરો છે. આ આરોપીનો નાનો ભાઈ કયામુદ્દીન, ઉસ્માન અગરબત્તીવાળા અને સમસુદ્દીનના કારણે "સીમી"માં કાર્યકર થયેલો જે બંને સીમાના કાર્યકરો છે.

કયામુદ્દીન ડિસેમ્બર–૨૦૦૭ના મહીનામાં કોઈને પણ કહ્યા વિના ઘરમાંથી જતો રહેલો અને પાંચ–છ દિવસ પછી પરત આવેલો. તેને જણાવેલુ કે,

"કેરાલા" રાજયમાં ટ્રેનીંગમાં ગયેલો હતો. કયામુદ્દીનને મમ્મી પપ્પા ખુબ જ બોલેલા તે કોઈનું સાંભળતો ન હતો. જાન્યુઆરી–૨૦૦૮ ઉત્તરાયણ વખતે ફરવા જવુ છે તેમ કહીને કયામુદ્દીને કહેલુ કે, તું હશે તો ઘરની બહાર જવાની રજા મળશે તેથી આ આરોપી તેની સાથે જાન્યુઆરી–૨૦૦૮ માં ચોંપાનેર દરગાહ ઉપર ગયેલા. ત્યાં ગયા પછી આ આરોપીને ખબર પડેલી કે ત્યાં "સીમી" નો કેમ્પ છે. જેથી આ આરોપીએ કયામુદ્દીનને કહેલુ કે શા માટે મને અહીં લાવેલો છે ? તેને આ આરોપી સાથે પરત વડોદરા જવા સમજાવેલો પણ તે માનેલો નહીં. આ આરોપી ચાંપાનેર દરગાહથી બે કલાક રોકાઈ પાછા વડોદરા ગયેલા.

આ આરોપીને કયામુદ્દીને કેમ્પમાં આવેલા માણસોને ભેગો કરેલો તેમાં આશરે ૨૦–૨૨ જણા હતા જેમાં વડોદરાનો ઉસ્માન અગરબત્તીવાળા, કયામુદ્દીન કાપડીયા, સાજીદ મન્સુરી, ઈકબાલ શેખ, ઈમરાન શેખ, અમદાવાદના આરીફ કાગજી, યુનુસ મન્સુરી, આલમઝેબ આફ્રીદી, મુજીબ, તૌસીફ, જાહીદ શેખ, અબ્બાસ જે ભૂજનો હતો, ઈમરાન, મહેંદી હસન, અતીકઉર રહેમાન જે ત્રણ જણા રાજસ્થાનના હતા તે પણ હાજર હતા.

તૌકીર, સફદર નાગોરી, કમરૂદ્દીન, આમીલ પરવાજ, અન્સાર ઉર્ફે નદવી, આઝમ, અબ્રાર, અફ્રોજ શેખ, સફીક પણ હાજર હતા. ઉપરોકત તમામ ઈસમો ચોંપાનેરની દરગાહ ખાતે હાજર હતા. આ આરોપી ઘરે ગયા પછી આ બનાવની જાણ તેમના પિતાને કરેલી નહીં. કારણ કે આરોપીને વિશ્વાસ હતો કે સમજાવવાથી કયામુદ્દીન આ બધી પ્રવૃત્તિ છોડી દેશે.

કયામુદ્દીન બે–ત્રણ દિવસ પછી વડોદરા પાછો આવેલો. માર્ચ મહીનામાં ઘરે એમ.પી.થી પોલીસ કયામુદ્દીનને શોધવા માટે આવી હતી સાથે વડોદરાની સ્થાનિક પોલીસ પણ હતી. કયામુદ્દીનને આ હકીકતની ખબર પડતા ઘર છોડીને જતો રહેલો. ઉસ્માન અગરબત્તીવાળા અને ઈમરાન શેખે તેને ભગાડી દીધો હતો. કોઈક કોઈક વખતે મોબાઈલ ઉપર ફોન આવતા કયામુદ્દીન અમદાવાદ છે તેની ખબર પડેલી પણ અમદાવાદમાં કઈ જગ્યાએ છે તેની ખબર પડેલી ન હતી.

અમદાવાદમાં બોમ્બ બ્લાસ્ટ થયેલા તેની ખબર આ આરોપીને ટી.વી. ન્યૂઝથી પડેલી. આ આરોપીને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાં લાવેલા ત્યારે ખબર પડેલી કે તેમાં બોમ્બ બ્લાસ્ટ પાછળ કયામુદ્દીનનો હાથ હતો. એપ્રિલ મહીનામાં આ આરોપીના મમ્મી પપ્પાની તબિયત બરાબર ન હતી તેથી કયામુદ્દીને ફોન કરેલા હતા. કયામુદ્દીનના લગ્ન પણ આ સાહેદના લગ્નની સાથે થયેલા હતા. તેની પત્નીનું નામ હરજાના છે, તેને એક દીકરી છે જે ત્રણ માસની છે. કયામુદ્દીન બાર સાયન્સ ભણેલો છે, તે સીમીની કટ્ટરવાદી વિચારસરણી ધરાવે છે.

આમ,આ મુજબનું કબૂલાતભર્યુ નિવેદન નોંધીને આરોપીની દરેક પાન ઉપર એમ કુલ–૫ સહી કરાવેલી છે અને રૂબરૂ તરીકે મેજિસ્ટ્રેટશ્રીએ પોતે સહી કરેલી છે. ત્યારબાદ તા.૪/૨/૨૦૦૮ ના રોજ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧નાઓએ પ્રમાણપત્ર આપેલુ છે કે "મેં જી.એમ.પટેલ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રટ કોર્ટ નં.૧૧ નાએ આ નિવેદન આપનાર રફીયુદ્દીન સરકુદ્દીન કાપડીયા, રહેવાસી વડોદરાને સમજાવ્યુ છે કે કબૂલાત કરવા બંધાયેલો નથી અને તેમ કરશે તો તેને કરેલી કબૂલાત તેની સામે પુરાવામાં ઉપયોગમાં લઈ શકાશે. હું માનુ છું કે આ કબૂલાત સ્વૈચ્છાથી કરવામાં આવી છે જે મારી હાજરીમાં મેં જાતે લખેલી છે. આ કબૂલાત તેને વાંચી, સંભળાવવામાં આવી છે અને તે ખરી હોવાનું તેણે જણાવ્યુ છે અને તેના લખાવ્યા મુજબની મેં લખેલી છે" આ પ્રમાણેનું પ્રમાણપત્ર આપીને મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧ નાઓએ પોતાની સહી અને સિક્કો કરેલો છે.

આરોપીનું આંક–૮૬૩૧ વાળા નિવેદન પ્રમાણે આ આરોપીએ પોતાના નિવેદનમાં પોતે તથા આરોપી નં.૧ જાહીદ ઉર્ફે જાવેદ કુત્બુદ્દીન શેખ, આરોપી નં.૨ ઈમરાન ઈબ્રાહીમ શેખ, આરોપી નં.૩ ઈકબાલ ઉર્ફે ઈકરાર કાસમ શેખ, આરોપી નં.૪ સમસુદ્દીન ઉર્ફે સમસુ શાહબુદ્દીન શેખ, આરોપી નં.૬ મોહમદ આરીફ મોહંમદ ઈકબાલ કાગઝી, આરોપી નં.૭. મોહંમદઉસ્માન ઉર્ફે ઉસ્માન મોહંમદ અનીસ અગરબત્તીવાળા, આરોપી નં.૮ યુનુસ મોહંમદભાઈ

મન્સુરી, આરોપી નં.૯ કમરૂદ્દીન ઉર્ફે રાજા ઉર્ફે અબ્દુલ્લા ચાંદમોહંમદ નાગોરી , આરોપી નં.૧૦ આમીલ પરવાજ ઉર્ફે સીકંદર કાજી સૈકુદ્દીન શેખ, આરોપી નં.૧૨ સફદર હુસેન ઉર્ફે હુસેનભાઈ ઉર્ફે ઈકબાલભાઈ જહીરૂદ્દીન ઉર્ફે જહરૂલહસન નાગોરી, આરોપી નં.૧૪ મોહંમદસાજીદ ઉર્ફે સલીમ ઉર્ફે સજજાદ ઉર્ફે સાદ ગુલામ ખ્વાજા મંસુરી, આરોપી નં.૧૬ અબ્બાસ ઉંમર સમેજા, આરોપી નં.૨૦ અતીકઉર રહેમાન ઉર્ફે અતિક અબ્દુલહકીમ ખીલજી, આરોપી નં.૨૧ મહેંદીહસન ઉર્ફે વીકી અબ્દુલ હમીદ અકબરખાં અંસારી, આરોપી નં. ૨૨ ઈમરાન અહેમદ ઉર્ફે રાજા સીરાજઅહેમદ હાજી પઠાણ, આરોપી નં.૩૭ કયામુદ્દીન ઉર્ફે મુસા ઉર્ફે અશપાક ઉર્ફે અબ્દુલ કાદીર ઉર્ફે રીઝવાન ઉર્ફે સમીર સરફુદ્દીન કાપડીયા, આરોપી નં.૫૯ મોહંમદ અન્સાર ઉર્ફે નદવી ઉર્ફે સીદ્દીક અબ્દુલ રઝાક મુસ્લિમ, આરોપી નં.૬૬ મોહમદ શફીક ઉર્ફે દાદાભાઈ ઉર્ફે ઠાકુર ઉર્ફે રફીક ઉર્ફે અલી અબ્દુલલબારી અંસારી, આરોપી નં.૭૪ મોહમદઅબરાર ઉર્ફે મુન્ના ઉર્ફે ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ્લા ઉર્ફે ઈબ્રાહીમ બાબુખાન મણીયાર, આરોપી નં.૭૫ મોહમ્મદ રફીક ઉર્ફે જાવિદ ઉર્ફે આલમજેબ આફ્રીદી મસકુર અહેમદ, આરોપી નં.૭૮ તૌસીફખાન ઉર્ફે અતીક સગીર અહેમદખાન પઠાણ તથા તોકીર (જેની સામે ચાર્જ ફ્રેમ થયેલ નથી) નાઓનું નામ જણાવેલુ છે. આમ, આ કેસના કુલ–૭૮ આરોપીઓ પૈકી ઉપર જણાવ્યા મુજબ કુલ–૨૪ આરોપીઓના સંબંધમાં પણ કબૂલાતવાળી હકીકત જણાવેલી છે.આ ઉપરાંત આ આરોપી નં.૩૫ નુ કબૂલાત નિવેદન ધ્યાને લેતા કયા આરોપીએ, કઇ જગ્યાના કેમ્પમાં હાજર રહેલા અને કેમ્પમાં શું ભૂમિકા ભજવેલી તે નીચે મુજબની વિગતે છે.

અ.નં.	**ભજવેલી ભૂમિકા**	**સંકળાયેલા આરોપીઓ**
૧	"સીમી"ના કાર્યકરો	આરોપી નં.૦૪, ૦૭,૩૭
૨	હાલોલ–પાવાગઢ ખાતે જાન્યુઆરી–૨૦૦૮માં થયેલા આતંકવાદી તાલીમ કેમ્પમાં હાજર રહેનારાઓ	આરોપી નં.૩૫ પોતે તથા આરોપી નં.૦૧, ૦૨, ૦૩, ૦૬, ૦૭, ૦૮, ૦૯, ૧૦, ૧૨, ૧૪, ૧૬,૨૦, ૨૧, ૨૨, ૩૭, ૫૯, ૬૬, ૭૪,૭૫ અને ૭૮

આ કામમાં ફરિયાદપક્ષ દ્વારા આંક–૭૩૫૦ ના લિસ્ટથી આરોપી નં.૭૬ મંજર ઈમામ ઉર્ફે આલમ ઉર્ફે જમીલ સન ઓફ અલી ઈમામનાઓએ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ ફસ્ર્ટ કલાસ, કોચી–૫ (કેરાલા) સમક્ષ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું નિવેદન નોંધાવેલુ તે નિવેદન રજૂ કરેલુ છે. આ નિવેદન પ્રમાણીત નકલ હોવાથી તેને આંક–૯૦૨૧ આપવામાં આવેલો છે. આ નિવેદન આ આરોપીએ સેશન્સ કેસ નં.૨/૨૦૧૧ ના કામે તા.૧૫/૩/૨૦૧૩ ના રોજ આપેલુ હતુ. આ નિવેદન મુજબ...

જયુડિશીયલ મેજિસ્ટ્રેટ ફસ્ર્ટ કલાસ, કોચી–પનાઓએ આરોપીનું કબૂલાત નિવેદન નોંધતા પહેલા જે કાર્યવાહી કરેલી તેની નોંધ કરેલી છે તે મુજબ તેમને આ નિવેદન ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ અર્નાકુલ્લમના તા.૧૨/૩/૨૦૧૩ના હુકમ મુજબ નોંધેલુ છે. હુકમ મુજબ તેમને જેલ સુપરિન્ટેન્ડેન્ટ કકનાડનાઓને પ્રોડકશન વોરન્ટ મોકલેલુ છે અને તા.૧૩/૩/૨૦૧૩ ના રોજ તે કેસના આરોપી નં.૩૫ ને હાજર રાખવા જણાવેલુ. પરંતુ તા.૧૩/૩/૨૦૧૩ નારોજ તેઓ રજા ઉપર હોય સદર આરોપીને તા.૧૪/૩/૨૦૧૩ ના રોજ ૧૧.૦૦ વાગે રજૂ રાખવા જણાવેલુ. તે દિવસે આરોપીને તેમની સમક્ષ રજૂ કરવામાં આવેલો અને આરોપીને જણાવેલુ છે કે તે ગુનાની કબૂલાત કરવા બંધાયેલ નથી, જે કંઈ પ્રશ્નો પુછવામાં આવે તેના જવાબો આપવા બંધાયેલ નથી અને જો તેમ કરશે તો તેની વિરૂધ્ધ ઉપયોગમાં લેવાશે તેમ જણાવી આરોપીને વિચારવા માટે ૨૪ કલાકનો સમય આપી જેલ ઓથોરીટીને સદર આરોપી તા.૧૫/૩/૨૦૧૩ ના રોજ હાજર રાખવા જાણ કરેલી.

તા.૧૫/૩/૨૦૧૩ ના રોજ કલાક ૨.૦૦ વાગે તે કેસના આરોપી નં.૩૫ મંજર ઈમામ ઉર્ફે આલમ ઉર્ફે જમીલ સન ઓફ અલી ઈમામનાઓને તેમની સમક્ષ હાજર કરવામાં આવેલા અને ફરીથી આરોપીને ભાષા અનુવાદ કરનાર એડવોકેટ રેખા આર. દ્વારા પુછવામાં આવેલુ છે કે તે કબૂલાત નિવેદન સ્વૈચ્છાએ આપવા માંગે છે કે કેમ ? તો તેનો જવાબ "હા" માં આપેલો. વધુમાં મેજિસ્ટ્રેટે નોંધેલુ છે કે આરોપી સ્વૈચ્છાએ નિવેદન આપવા માંગે છે. આરોપીનું કબૂલાત

નોંધતા પહેલા આરોપીને કેટલાક પ્રશ્નો પુછવામાં આવેલા છે. જેમા (૧) પોલીસે તમોને કયારે પુછેલુ ? તો જવાબ આપેલો કે તા.૩/૩/૨૦૧૩ નાં રોજ ૯.૩૦ કલાકે ઝારખંડ મુકામે. (૨) પોલીસે તમોને કેટલો સમય સુધી પુછેલુ ? તો જવાબ આપેલો છે કે તા.૩/૩/૨૦૧૩ ના રોજ એન.આઈ.એ.ની ટીમ દ્વારા એક કલાક અને તા.૪/૩/૨૦૧૩ ના રોજ ૨ થી ૩ કલાક. (૩) પોલીસે કસ્ટડીમાં લેતા પહેલા તમોને કોઈ જગ્યાએ અટકાયતમાં રાખેલા હતા? જો હા તો કયા સંજોગોમાં ? તો આરોપીએ જવાબ આપેલો છે "ના". (૪) તમે નિવેદન આપવા માટે પોલીસને વિનંતી કરેલી? તો જવાબ આપેલો છે કે એન.આઈ.એ. ની ટીમને ઝારખંડ મુકામે તા.૩/૩/૨૦૧૩ ના રોજ જણાવેલુ હતુ કે કબૂલાત કરવા માંગે છે. (૫) તમે આ નિવેદન કોઈના દબાણ કે પ્રભાવ હેઠળ આપો છો? જો હા તો કોના? તો આરોપીએ જવાબમાં "ના" જણાવેલુ છે અને જણાવેલુ છે કે પોતે કબૂલાત નિવેદન સ્વૈચ્છાએ આપવા તૈયાર છે. (૬) તમે જાણો છો કે તમે નિવેદન આપશોતો ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન તમારી વિરૂધ્ધ ઉપયોગમાં લેવાશે? તો આરોપીએ જવાબ "હા" આપેલો છે.

આમ, ઉપરોકત પ્રશ્નોત્તરી કર્યા બાદ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, કોચી–૫ નાઓએ સદર આરોપીનું નિવેદન નોંધેલુ છે. તે નિવેદન મુજબ...

<u>આરોપીનું પોતાનું નામ મંજર ઈમામ ઉર્ફે આલમ ઉર્ફે જમીલ સન ઓફ અલી ઈમામ, રહેવાનું સરનામુ પોસ્ટ બરીયાતુ, રાંચી, જિલ્લો ઝારખંડ, લાયકાત–એમ.એ.ઉર્દુ ગોલ્ડ મેડાલીસ્ટ, રાંચી યુનિવર્સીટીથી થયેલા. બરીયાતુ મુકામે બુક વેચવાનું કામ કરતા હતા. તે વખતે મુસ્લિમ સ્ટુડન્ટ ફેડરેશન (એમ.એસ.એફ.)બિહાર સાથે મુલાકાત થયેલી. આરોપીના દાદા પટણા મુકામે હતા. એમ.એસ.એફ. સાથે ૨૦૦૩થી ઉપરોકત સમય સુધી સંપર્કમાં રહેલા. તે વખતે તેમના ઘણા મિત્રો હતાં. નજીકના મિત્રોમાં દાનીશ રીયાઝ કે જે "એમ.એસ.એફ." ના મુખ્ય નેતા હતા. ઝારખંડ મુકામે એમ.એસ.એફ.ના બે પ્રોગ્રામ કરેલા હતા. આ એમ.એસ.એફ. સાથે એપ્રિલ ૨૦૦૫ થી સંપર્ક બંધ</u>

કરેલો હતો. મુખ્ય નેતા ૨૦૦૫માં નાસી ગયેલા હતા. દાનીશ રીયાઝ મુંબઈ મુકામે જઈને દિલ્હી ન્યુઝ પેપર ઉર્દુ ટાઈમ્સમાં જાન્યુઆરી–૨૦૦૬થી જોડાયેલા. ત્યારબાદ આ આરોપી "શહાદાબ બુક હાઉસ"માં ભાગીદાર તરીકે જોડાયેલા. દુકાન નં.૧, જામામસ્જિદ, નયા નગર, મીરા રોડ, થાને (પશ્ચિમ), મહારાષ્ટ્ર ખાતે હતી. માર્ચ–૨૦૦૬ થી જુલાઈ–૨૦૦૬ના સમય દરમ્યાન તેઓ આ બુક હાઉસ ઉપર હતા તે દરમ્યાન બીજા મિત્રો ઈથશામ સીદ્દીકી જે દાનીશ રીયાઝનો ખાસ મિત્ર હતો, તેની સાથે મિત્રતા થયેલી. તેને આ દાનીશ રીયાઝને મુંબઈ બોલાવેલો હતો. શાહબેગ હિન્દી એક બીજો મિત્ર હતો. સીબલી પણ મિત્ર હતો જે કેરાલાથી હતો તે પણ વારંવાર મુલાકાતે આવતો હતો. તૌકીર, સઈદ અન્સારી, સલીમ વિગેરે પણ આ આરોપીના મિત્રો હતા. ૧૧–જુલાઈ–૨૦૦૬નારોજ મુંબઈની ટ્રેનમાં બ્લાસ્ટ થયેલો. આ બ્લાસ્ટ થયાના એક અઠવાડીયા પછી પોલીસ આ બુકની દુકાન ઉપર આવેલી અને ઈથશામ સીદ્દીકી બાબતે તપાસ કરેલી. આ ઈથશામ સીદ્દીકીને પોલીસે દાનીશ રીયાઝ ફ્લેટના ઉપરથી પકડેલો હતો. આ બંને મુંબઈમાં એક જ ફ્લેટમાં રહેતા હતા. પાછળથી જાણવા મળેલુ કે આ દાનીશ રીયાઝ "સીમી"નો સભ્ય હતો. જયારે મસ્જિદ ઉપર આ આરોપી ગયા ત્યારે શાહબાગ હિન્દીનાએ કહેલુ કે તું અહીંયાથી જતો રહે નહીં તો પોલીસ તને પકડશે. ત્યારબાદ હોટલ ઉપર જતા હતા તે વખતે તૌકીર મળેલો અને તેને કહેલુ કે તું ચિંતા ના કરીશ, જગ્યા તરત જ છોડી દઈશું. ત્યારબાદ નકકી કરેલુ કે મારે છોડી જવુ નથી અને રૂમ ઉપર ગયેલા. તે દિવસે ૧૧ પી.એમ. વાગ્યે એન્ટી ટેરરીસ્ટ સ્કર્વોડ ફ્લેટ ઉપર આપેલી તે વખતે આ આરોપી ફ્લેટ ઉપર હતા. એન્ટી ટેરરીસ્ટ સ્કર્વોડે કેટલોક મુદ્દામાલ જપ્ત કરેલો. ત્યારબાદ કલાક ૩.૦૦ એ.એમ. તે જ દિવસે પોલીસે છોડેલો જેથી ફ્લેટ ઉપર પરત આવેલો. તે દિવસે મસ્જિદ ઉપર જતા હતા ત્યારે આશરે ૨.૦૦પી.એમ. વાગે શાહીબાગ અને તૌકીરને મળેલો તેમને જણાવેલુ કે મુંબઈ છોડી દે અને રાંચી પહોંચી જા. તેમને આ આરોપીના મિત્રોના ફોન નંબર રાંચી જતા પહેલા મેળવેલા. તા.૨/૮/૨૦૦૬ નારોજ શાહબાગ હિન્દીનાએ આ આરોપીના મિત્રને ફોન કરેલો.

તા.૩/૮/૨૦૦૬ ના રોજ ઝી ન્યૂઝ દ્વારા જાણવા મળેલુ કે દાનીશ રીયાઝ અને ઈશથાન સીદ્દીકીને પોલીસે એરેસ્ટ કરેલા છે. ત્યારબાદ એક મહીના પછી અમીલ પરવાઝ આ આરોપી પાસે આવેલા અને જણાવેલુ કે કેટલાક નિર્દોષ લોકોને પોલીસે પકડેલા છે તેમ કહી તેને ફોન નંબર લીધેલો. ત્યારબાદ આ આરોપી નિર્દોષ માણસોની મદદ માટે સીમીને જોઈન્ટ કરેલી. ત્યારબાદ અમીલ પરવાઝ અને તૌકીર આ આરોપીને રાંચી મળેલા. અમીલ પરવાઝ પાંચ વખત અને તૌકીર બે વખત મળેલો. અમીલ પરવાઝ આ આરોપીને કલકત્તા બે વખત અને તૌકીર એક વખત લઈ ગયેલો. હારૂન રસીદ જે સીમીનો સભ્ય હતો તેને મળેલા. હારૂન રસીદ જયારે સીમી ઉપર પ્રતિબંધ હતો ત્યારે જેલમાં હતો જે પાછળથી જાણવા મળેલુ. અમીલ પરવાઝે આ આરોપીને મધ્ય પ્રદેશ મિત્રો સાથે આવવા જણાવેલુ જેથી આ આરોપી તેના બીજા મિત્ર દાનીશ, ચોરલનાં જંગલોમાં કેમ્પમાં ગયેલા ત્યાં સ્વીમીંગ, એરગન શુટીંગની ટ્રેનીંગ આપવામાં આવેલી. ત્યાં ભાષણનો પ્રોગ્રામ પણ તો પરંતુ તે સાંભળી શકેલો નહીં. કારણ કે માઈગ્રેશનની તકલીફને લીધે પોતે સુઈ ગયેલો. ત્યારબાદ બે દિવસ પછી પાછો રાંચી ગયેલો અને પોતાના ધંધો સંભાળેલો. ત્યારબાદ ડીસેમ્બર–૨૦૦૮મા અમીલ પરવાઝ ફરીથી રાંચી મુકામે આવેલો અને બે રેલવેની ટિકિટ નાગપુરની આપીને જણાવેલુ કે તું નાગપુર તારા મિત્ર સાથે જા. ત્યારબાદ એક અઠવાડીયા પછી તે રાંચીથી ટાટા નગર બસ દ્વારા ગયેલો અને ત્યાંથી નાગપુર ટ્રેન દ્વારા ગયેલો અને અમીલ પરવાઝનાઓએ અબુફેસલને ફોનથી મોકલેલો. અબુફેસલ આ આરોપીને અર્નાકુલ્લમ મળેલો હતો. અબુફેસલ સાથે બીજા પણ કેટલાક લોકો હતા. અર્નાકુલ્લમ રેલવે સ્ટેશન ઉપર સીમીના મુખ્ય નેતા સફદર નાગોરી, અમીલ પરવાઝ, સીબલીને મળેલા હતા. ત્યાં રેલવે સ્ટેશન ઉપર ચાર વાહનો હતા અને દસ માણસો હતા બધા વાહનોમાં બેસીને હોટલ ઉપર ગયેલા. ત્યાં મસ્જિદની નજીક નદી ઉપર ન્હાયેલા અને મસ્જિદમાં ગયેલા. સફદર નાગોરીએ બધાને કહેલુ કે આપણે બધાએ અસલ નામથી ઓળખાવવાનું નથી અને અસલ નામથી બોલવાનું નથી. આપણે અહીંયા એડવેન્ચર પ્રોગ્રામ માટે આવેલા છીએ તેમ

જણાવવુ. આશરે ૬.૦૦ પી.એમ. વાગ્યે જંગલમાં ગયેલા. પાછળથી જાણવા મળેલુ કે તે જંગલ "વાઘમાન"માં હતુ. ત્યાં ત્રણ દિવસ રોકાયેલા. ત્યાં પ્લાસ્ટિકની શીટથી ટેન્ટ બનાવેલા હતા પરંતુ માઈગ્રેનના કારણે આ આરોપી સુઈ ગયેલા, દિવસ દરમ્યાન ભાષણો થયેલા હતા. સવારે આઠ વાગ્યાએ ઉઠી ગયેલો. આ આરોપીનું ડમી નામ "હરીશ" રાખેલુ. ત્યાં ત્રણ ગ્રુપ પાડવામાં આવેલા. એક ગ્રુપને સ્વીમીંગમાં જવા જણાવેલુ, બીજા ગ્રુપને તાલીમ આપેલી, ત્રીજા ગ્રુપને બે પૈડાવાળા વાહનોની રેશ લગાવવાની તાલીમ આપેલી. આ આરોપી માઉન્ટેનીંગ ગ્રુપમાં હતા, એરગનથી શુટીંગ કરવાની, માઉન્ટેનીંગ ગ્રુપને આપેલી. દિવસ દરમ્યાન ખજુર અને કેળાનો નાસ્તો આપેલો. માઉન્ટેનીંગ માટે એક બોટલ પાણીની આપેલી, દસ ખજુર, ત્રણ કેળા અને એક લીંબુ આપેલુ.મસ્જિદના લોકોએ જગ્યા છોડી જવાનું જણાવેલુ જેથી સાંજે બીજી જગ્યા ઉપર ગયેલા. આ આરોપીની તંદુરસ્તી સારી ન હોવાથી માનસિક રીતે સ્વસ્થ ન હતો. ત્રણેય ગ્રુપ સ્વીમીંગની, માઉન્ટેનીંગની, રોપ કલાઈબીંગની, જમ્પીંગની અને બે પૈડાવાળા વાહનોની સખત પ્રેકટીસ કરેલી. આ આરોપીએ એરગન શુટીંગની તાલીમ પુરી કરેલી. બીજા દિવસે આ આરોપીની તંદુરસ્તી સારી ન હતી અને ભાષણ સાંભળેલુ. ભાષણનો મુખ્ય વિષય બાબરી મસ્જિદ તુટયા પછી ગુજરાતમાં નિર્દોષ મુસ્લિમો સામે જે અત્યાચારો થયેલા હતા તેની ઉપર હતો. આર.એસ.એસ.ની કાર્યવાહી ઈસ્લામ વિરૂધ્ધની હતી તેની માટે ભાષણ હતુ. આ લેકચર આમીલ પરવાઝે આપેલુ અને તેને મુકતી અબુબસરે સમજાવેલુ. તે પ્રોગ્રામ પ્રશ્ન અને ઉત્તરના રૂપમા હતો. જેહાદ કરીને આર.એસ.એસ., બજરંગદળ સાથે કેવી રીતે વર્તન કરવુ તે હતો. બીજા દિવસે કેમ્પમાં પૈસા કેવી રીતે મેળવવા તે બાબતે પ્રોગ્રામ હતો. જેમાં એક જકાત તથા પૈસા લોકો પાસેથી કેવી રીતે મેળવવા જે મુસ્લિમોની વિરૂધ્ધ હતા, જે અપહરણ કરીને મેળવવા વિગેરે વિષયો હતા. આ પ્રોગ્રામ કેરાલાના સીબલીએ કરેલો હતો. ત્રીજો પ્રોગ્રામ તકરીરનો હતો. એલ.સી.ડી. અને વિડીયો કલીપ ઈન્ટરનેટ ઉપરથી ડાઉલોડ કરીને વિનાશ કેવી રીતે કરવો તે અંગેનો હતો. અમેરીકાની ફોર્સે ઈરાની લોકો ઉપર કેવી રીતે એટેક

કરેલો તે પ્રોગ્રામમાં સમજાવવામાં આવેલો. પેલેસ્ટાઈન લોકો અને ચેચાનીયાના લોકો ઉપર રશીયાની ફોર્સે એટેક કરેલો તે સમજાવવામાં આવેલુ. ત્રીજા દિવસે સીબલીના ભાઈએ કેમ્પના સભ્યોને બે પૈડાના તથા ચાર પૈડાના વાહનોની રેસ કરાવેલી. વાઘમોનનો કેમ્પ આમીલ પરવાઝ, સફદર નાગોરી, સીબલી અને સીબલીના ભાઈ ઝાડોલીનાઓએ ગોઠવેલો હતો. આ આરોપી કાર્યવાહી બાબતે અજાણ હતા પરંતુ પાછળથી જાણવા મળેલુ કે આ કાર્યક્રમ ભારતમાં જેહાદ કરવા માટે હતો. કેમ્પ પછી બે ટીકીટ છત્તીસગઢ–રાંચી સુધીની આપેલી. ત્યારબાદ આમીલ પરવાઝ આ આરોપી પાસે આવેલો અને તેને લઈને કલકત્તા મુકામે હારૂન રસીદને મળેલો અને ત્યાં કેમ્પમાં થયેલા લાભોની ચર્ચા કરેલી. ત્યારબાદ મધ્ય પ્રદેશ લાવવામાં આવેલો અને ત્યાંથી રાંચી પાછો ગયેલો. ત્યારબાદ પાંચ દિવસ પછી મીડીયા દ્વારા જાણવા મળેલુ કે સીમીના મુખ્ય નેતાઓ પકડાઈ ગયેલા છે. તૌકીર પકડાયેલો નથી. તે ચાર મહીના પછી અને ગુજરાત બ્લાસ્ટના એક મહીના પહેલા આ આરોપીને મળેલો તે વખતે આ આરોપી માનસિક રીતે અસ્વસ્થ હતો, ચોકકસ તારીખ યાદ નથી. તૌકીર ૧૦ થી ૧૨ દિવસ રહેલો, તેનો ફોટો ગુજરાત બ્લાસ્ટ વખતે મીડીયામાં જોયેલો હતો. બીજા બે રાઝીક અને મુજીબ, તૌકીર સાથે હતા અને પાંચ ફોટા ટી.વી.માં જાહેર થયેલ હતા. સમાચાર પછી રાઝીકની તબિયત સારી ન રહેતા તેને ડૉકટર પાસે લઈ જવા માટે કેમ્પ છોડી ગયેલ. ત્યારબાદ તૌકીરે કહેલુ કે, તારા મિત્રને બિહાર મળવુ છે અને બિહારમાં રહેવા માટે તેના ઘરે વ્યવસ્થા કરી આપવાનું કહેલુ. પરંતુ આ આરોપીએ ના પાડેલી અને જણાવેલુ કે તું અહીંયાથી જતો રહે જેથી તે જતો રહેલો. ત્રણ મહીના પછી મુજીબ આ આરોપીને ત્યાં આવેલો અને તેની સાથે અબુ ફેઝલ હતો. તે લોકોએ આ આરોપીને અસ્વસ્થ જોઈને જણાવેલુ કે, અમારે રહેવાની વ્યવસ્થા કરવાની છે. પરંતુ આ આરોપીએ ના પાડેલી જેથી તેઓ જગ્યા છોડી જતા રહેલા. ત્યારપછી થોડા દિવસ બાદ બનારસમાં બોમ્બ બ્લાસ્ટ થયેલો. દાનીસ રીયાઝ બનારસના બ્લાસ્ટમાં શંકાસ્પદ તરીકે હતો. ઈન્ડિયન મુજાહિદ્દીનની કામગીરી માટે મદદ કરતા હતા. આ આરોપી સંપૂર્ણપણે અસ્વસ્થ હતા જેથી પોલીસ સમક્ષ

શરણાગતિ કરવાનું વિચારતા હતા પરંતુ સ્થાનિક લોકોએ શરણાગતિ કરવાની ના પડેલી. આ આરોપીનું નામ ૨૦૧૦ના બોમ્બ બ્લાસ્ટમાં પણ જાહેર થયેલુ. જયારે ૨૦૧૧ના એપ્રિલ માસમા હજ પર ગયેલા હતા ત્યારે એન.આઈ.એ.ની ટીમ ઘરે આવેલી, પેપરમાં પણ સમાચાર છપાયેલા. એન.આઈ.એ.ની ટીમ બોમ્બ બ્લાસ્ટના કારણે આવેલી. પહેલા દિવસે લોકલ પોલીસે એન.આઈ.એ.ની ટીમને મળવા દીધેલી નહીં. પરંતુ બીજા દિવસે લોકલ પોલીસની મદદથી એન.આઈ.એ.ની ટીમ આવી ગયેલી અને આ આરોપીનું ઈન્ટ્રોગેશન એક કલાક સુધી કરેલુ અને ત્યારબાદ જતા રહેલા. ત્યારબાદ એન.આઈ.એ.ની ટીમ ફરીથી આરોપી પાસે આવેલી તે વખતે સ્થાનિક લોકોએ એરેસ્ટ કરવા દીધેલ નહીં. આ આરોપી વાઘમોન કેમ્પમાં સંડોવાયેલા હતા. એન.આઈ.એ.ની ટીમે હૈદરાબાદ મુકામે દાનીશની પહેલી જુન–૨૦૧૧ના રોજ ઈન્કવાયરી કરેલી. અબુ ફૈઝલ અને મુજીબ મધ્યપ્રદેશથી પકડાયેલા, દાનીશ રીયાઝ હૈદરાબાદ મુકામેથી તેની ઓફીસેથી પંદર દિવસ બાદ પકડાયેલો. ત્યારબાદ આ આરોપી ઝારખંડ મુકામે ગુલમા ડીસ્ટ્રીકટમાં જતા રહેલા અને ત્યાં તા.૩૦/૬/૨૦૧૧ થી તા.૩/૩/૨૦૧૩ સુધી રહેલા. જયારે રાંચી જતો હતો ત્યારે તા.૩/૩/૨૦૧૩ નારોજ એન.આઈ.એ.ની ટીમે પકડેલો છે.

આ મુજબનું નિવેદન આરોપીનું નોંધ્યા બાદ મેજિસ્ટ્રેટશ્રીએ પ્રમાણપત્ર આપેલુ છે કે, આ નિવેદન કોર્ટના સમયે ખુલ્લી અદાલતમાં નોંધવામાં આવેલુ છે. નિવેદન નોંધતી વખતે કોર્ટ રૂમમાં બેન્ચ કલાર્ક સિવાય પક્ષકાવાળો તથા ટ્રાન્સલેટર રેખાબેન એડવોકેટ હાજર છે. આરોપીએ આ નિવેદન હિન્દી ભાષામાં આપેલુ અને તે જ તેના શબ્દોમાં અંગ્રેજી ભાષામાં રેખાબેન એડવોકેટની મદદથી નોંધેલુ છે. આરોપીને સમજાવેલુ છે કે, તે નિવેદન કરવા બંધાયેલો નથી જો તેમ કરશે તો તેની વિરૂધ્ધ ઉપયોગમાં લેવાશે. મેજિસ્ટ્રેટનું માનવુ છે કે આ નિવેદન તેનુ સ્વૈચ્છિક નિવેદન છે. તેના કહેવા પ્રમાણે એડવોકેટ રેખાની હાજરીમાં સમજાવીને નોંધેલુ છે. તેને વાંચી, સંભળાવેલુ છે જે સાચુ હોવાનું

જણાવેલ છે. ત્યારબાદ નિવેદન ઉપર આરોપીની સહી કરાવેલી છે અને મેજિસ્ટ્રેટે પણ સહી કરેલી છે.

આરોપીનું આંક–૯૦૨૧ વાળા નિવેદન પ્રમાણે આ આરોપીએ પોતાના નિવેદનમાં પોતે તથા આરોપી નં.૧૦ આમીલ પરવાજ ઉર્ફે સીકંદર કાજી સૈફુદ્દીન શેખ, આરોપી નં.૧૧ સીબીલ ઉર્ફે સાબીત અબ્દુલ કરીમ, આરોપી નં.૧૨ સફદર હુસેન ઉર્ફે હુસેનભાઈ ઉર્ફે ઈકબાલભાઈ જહીરૂદ્દીન ઉર્ફે જહરૂલહસન નાગોરી, આરોપી નં.૧૫ અબુબસર ઉર્ફે મુકતી ઉર્ફે અબ્દુલ રસીદ ઉર્ફે અબ્દુલ્લા આબુબકર શેખ, આરોપી નં.૨૭ મહમદ ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ રાજીક ઉર્ફે મુસફ ઉર્ફે કુકરાન મહમદ ઈશાક મન્સુરી, આરોપી નં.૬૦ સાદુર ઉર્ફે હારીસ અબ્દુલકરીમ મુસ્લિમ, આરોપી નં.૭૩ અફાક ઈકબાલ ઉર્ફે ઈકવાલ ઉર્ફે દાનીશ રીયાઝ ઉર્ફે સાકી નુરૂલહોદા સૈયદ તથા ઈથશાન સીદ્દીકી, શાહબાગ, તોકીર, સહીદ અન્સારી, સલીમ, હારૂન રસીદ, અબુફેઝલ, મુઝીબનાઓનું નામ જણાવેલુ છે. આમ, આ કેસના કુલ–૭૮ આરોપીઓ પૈકી ઉપરના કુલ–૭ તથા બીજા જણાવ્યા મુજબ આરોપીઓના સંબંધમાં પણ કબૂલાતવાળી હકીકત જણાવેલી છે. આ ઉપરાંત આ આરોપી નં.૭૬ નુ કબૂલાત નિવેદન ધ્યાને લેતા કયા આરોપીએ, કઈ જગ્યાના કેમ્પમાં હાજર રહેલા અને કેમ્પમાં શું ભૂમિકા ભજવેલી તે નીચે મુજબની વિગતે છે.

અ.નં.	**ભજવેલી ભૂમિકા**	**સંકળાયેલા આરોપીઓ**
૧	"સીમી" ના લીડર અને મીટીંગોના આયોજન કરનાર	આરોપી નં.૭૬ પોતે તથા આરોપી નં.૭૩
૨	"સીમી"ના કાર્યકરો તથા વાઘમોન(કેરાલા) ખાતે ડિસેમ્બર–૨૦૦૭માં આતંકવાદી તાલીમ કેમ્પનું આયોજન કરનાર	આરોપી નં.૧૦, ૧૧, ૧૨
૩	વાઘમોન(કેરાલા) ખાતે ડિસેમ્બર–૨૦૦૭માં આતંકવાદી તાલીમ કેમ્પમાં હાજર રહી જેહાદી ભાષણો કરનાર તથા વ્યવસ્થાઓ કરનાર	આરોપી નં.૧૦, ૧૨, ૧૫, ૨૭, ૬૦

આરોપી નં.૨ ઈમરાન ઈબ્રાહીમ શેખ, આરોપી નં.૨૧ મહેંદી હસન ઉર્ફે વીકી અબ્દુલ હમીદ અકબરખાન અંસારી, આરોપી નં.૨૪ ઉંમર ઉર્ફે અશોક કાળાભાઈ કબીરા, આરોપી નં.૩૫ રફીયુદ્દીન સરકુદ્દીન કાપડીયા (મુસ્લિમ)નાઓએ પોતાના નિવેદનો નોંધાવવા મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ ને જે અરજીઓ આપેલી તે અરજીઓ તથા તેની ઉપર થયેલા હુકમો તથા ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટની યાદીઓ તથા મેજિસ્ટ્રેટશ્રીઓ દ્વારા નોંધવામાં આવેલા નિવેદનો અને આ નિવેદનો મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧નાઓએ નામદાર પ્રિન્સીપાલ જજ, સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ, અમદાવાદને મોકલેલા તે તમામ અસલ દસ્તાવેજો છે અને તેને આંકે પાડવા માટે ફરિયાદપક્ષ દ્વારા આંક–૮૨૭૮ થી અરજી આપવામાં આવેલી. બંને પક્ષની દલીલો સાંભળીને આ તમામ દસ્તાવેજોને પાકો આંક આપી પુરાવામાં સામેલ કરેલ છે. તે જ રીતે આરોપી નં.૭૬ મંજર ઈમામ ઉર્ફે આલમ ઉર્ફે જમીલ સન ઓફ અલી ઈમામનાઓએ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, કોચી–૫ સમક્ષ સેશન્સ કેસ નં.૨/૨૦૧૧ ના કામે નિવેદન નોંધાવેલુ, તે નિવેદનની પ્રમાણીત નકલ ફરિયાદપક્ષ દ્વારા આંક–૭૩૫૦ ના લીસ્ટથી રજૂ કરેલી અને તે પ્રમાણીત નકલ હોવાથી તેને પણ પાકો આંક–૯૦૨૧ આપીને પુરાવામાં સામેલ કરેલ છે.

ઉપરોકત પાંચ આરોપીઓના પાંચેય કબૂલાત નિવેદનો પૈકી (૧)આરોપી નં.૨ ઈમરાન ઈબ્રાહીમ શેખ(૨) આરોપી નં.૨૧ મહેંદી હસન ઉર્ફે વીકી અબ્દુલ હમીદ અકબરખાન અંસારી(૩) આરોપી નં.૨૪ ઉંમર ઉર્ફે અશોક કાળાભાઈ કબીરાનાઓના નિવેદનો મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫, અમદાવાદનાઓએ અનુક્રમે તા.૧૪/૧૧/૨૦૦૮ તથા તા.૧૨/૧૧/૨૦૦૮ ના રોજ લીધેલા છે જયારે (૪)આરોપી નં.૩૫ રફીયુદ્દીન સરકુદ્દીન કાપડીયા (મુસ્લિમ)નાઓનું નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ અમદાવાદના ઓએ તા.૪/૨/૨૦૦૯ નાં રોજ લીધેલુ છે. જયારે (૫)આરોપી નં.૭૬ મંજર ઈમામ ઉર્ફે આલમ ઉર્ફે જમીલ સન ઓફ અલી ઈમામનાઓએ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, કોચી–૫ નાઓએ તા.૧૫/૩/૨૦૧૩ ના રોજ લીધેલુ

છે. આ ઉપરોકત તમામ મેજિસ્ટ્રેટશ્રીઓએ જે તે દિવસે આ આરોપીઓના ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબના જે નિવેદનો લીધેલા છે તે ક્રિમીનલ મેન્યુઅલ પેરા નં.૩૩ થી ૩૯ તેમજ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મા જણાવ્યા મુજબની જોગવાઈ પ્રમાણે લીધેલા છે અને આ નિવેદનો આરોપીઓના લખાવ્યા પ્રમાણે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૮૧ મા જણાવ્યા મુજબની રીતથી લીધેલા છે. ઉપરોકત જોગવાઈઓમાં જણાવ્યા મુજબ આદેશાત્મક જોગવાઈઓનું મેજિસ્ટ્રેટશ્રીઓએ પાલન કરેલુ છે. જયારે આરોપીઓના નિવેદનો નોંધવા માટે સૌપ્રથમ આરોપીઓએ મેજિસ્ટ્રેટશ્રીને પોતાના હસ્તાક્ષરમાં લેખિત અરજી આપી ત્યારે તે દિવસે નિવેદન નોંધેલા નથી તે સમયે આરોપીઓ જયુડિશીયલ કસ્ટડીમાં હતા. નિવેદનો નોંધવા માટે રજૂ કર્યા તે દિવસે પણ આરોપીઓ જયુડિશીયલ કસ્ટડીમાં હતા. તેઓને જે તે જગ્યાની સેન્ટ્રલ જેલ ખાતેથી રજૂ કરવામાં આવેલા હતા. મેજિસ્ટ્રેટશ્રી પોતે મેજિસ્ટ્રેટ છે તેવી આરોપીઓને જાણ કરેલી છે. આરોપીઓ પોતે પોલીસ કસ્ટડીમાં નથી તેવી તેમને ખાતરી કરેલી છે અને કરાવેલી છે. આરોપીઓ પોલીસ પ્રભાવમાં કે પોલીસના દબાણ હેઠળ નથી તેવી પણ ખાતરી કરેલી છે અને કરાવેલી છે. આરોપીઓ આ નિવેદનો પોતાની સ્વૈચ્છાએ કે કોઈ લોભ લાલચમાં આવીને આપવા માંગે છે તેની પણ મેજિસ્ટ્રેટશ્રીઓએ ખાતરી કરેલી છે. તેમ છતાં મેજિસ્ટ્રેટશ્રીઓએ તમામ આરોપીઓને વિચારવા માટે અને પોલીસના પ્રભાવમાંથી બહાર આવવા માટે પુરતો સમય આપેલો છે. નિવેદનો નોંધ્યા તે દિવસે પણ આ તમામ હકીકતોની મેજિસ્ટ્રેટશ્રીઓએ તમામ ખાતરી કરેલી છે, નિવેદનો જો તેઓ નોંધાવશે તો તેમની વિરૂધ્ધ પુરાવા તરીકે ઉપયોગમાં લેવાશે, નિવેદનો કરવા માટે તેઓ બંધાયેલા નથી તે પણ આરોપીઓને સ્પષ્ટરીતે જણાવવામાં આવેલુ છે. નિવેદનો નોંધ્યા ત્યારે પોલીસ કે તપાસ એજન્સીના કોઈ માણસો હાજર રાખેલા નથી. નિવેદનો નોંધ્યા બાદ તમામ આરોપીઓને નિવેદનો વાંચી, સંભળાવેલા છે અને સ્વૈચ્છાપૂર્વક નોંધાવેલા હોવાનું મેજિસ્ટ્રેટશ્રીઓને જણાતા નિવેદનોના તમામ પાન ઉપર આરોપીઓની સહીઓ

કરાવેલી છે અને છેલ્લે રૂબરૂ તરીકે પોતે સહીઓ કરી છે તથા નિવેદન નોંધનાર મેજિસ્ટ્રેટશ્રીઓએ આ નિવેદનો સ્વૈચ્છાપૂર્વકના છે અને આરોપીઓને વાંચી, સંભળાવ્યા છે અને કબુલ મંજૂરી રાખી સહીઓ કરેલી છે તેવા પ્રમાણપત્રો આપેલા છે. આમ, આ તમામ હકીકત ધ્યાને લેતા આ નિવેદનો મેજિસ્ટ્રેટશ્રીઓએ કોર્ટના સમય દરમ્યાન કોર્ટની કાર્યવાહીના ભાગરૂપે, ફરજના ભાગરૂપે કાયદા મુજબ, કાયદાની જોગવાઈઓનું પાલન કરીને નિવેદનો નોંધેલા છે. આ નિવેદનો ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલા અને આ નિવેદનોને આંક પાડવા માટે ફરિયાદપક્ષ દ્વારા આંક–૮૨૭૮ થી અરજી આપવામાં આવેલ.બંને પક્ષોની દલીલ સાંભળીને આરોપીઓએ આપેલી અરજીઓ મેજિસ્ટ્રેટ તથા ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટના હુકમો તથા મેજિસ્ટ્રેટશ્રીઓએ નોંધેલા નિવેદનો અને આ નિવેદનો પ્રિન્સીપાલ જજ સિટી સિવિલ કોર્ટ, અમદાવાદને યાદી સાથે મોકલેલા તે યાદીઓ તમામને આંક આપવામાં આવેલા છે અને પુરાવા તરીકે સામેલ કરેલા છે. આરોપી નં.૩૫ રફિયુદ્દિન કાપડીયાનું કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧નાઓએ સોગંદ ઉપર લીધેલું છે જે ગેરકાયદેસર કહેવાય. તેનું નિવેદન વિચારણા માટે લેવાય નહિ.

મેજિસ્ટ્રેટશ્રીઓએ નોંધેલા નિવેદનો કાયદા મુજબના હોવાથી ફરિયાદપક્ષ દ્વારા ઉપરોકત અરજી આપવામાં આવતા નિવેદનો આંકે પાડી પુરાવામાં ગ્રાહ્ય રાખેલ છે. આ માટે પુરાવાના કાયદાની કલમ–૮૦ તથા ૧૧૪(ઈ) ધ્યાને લેવી પડે.

પુરાવાના કાયદાની કલમ–૮૦ પુરાવાના રેકર્ડ તરીકે રજૂ થયેલા દસ્તાવેજો વિશે અનુમાનઃ–

કોઈ ન્યાયિક કાર્યવાહીમાં અથવા આવો પુરાવો લેવા જેને કાનુનથી અધિકૃત કર્યા હોય તેવા અધિકારી સમક્ષ કોઈ સાહેદે આપેલો પુરાવો અથવા પુરાવાના કોઈ ભાગનો રેકર્ડ અથવા યાદી અથવા કાનૂન મુજબ લેવામાં આવેલુ તથા કોઈ ન્યાયાધીશ કે મેજિસ્ટ્રેટ કે ઉપર જણાવ્યા મુજબના કોઈ અધિકારીએ સહી કર્યાનું જણાતુ હોય તેવા કોઈ કેદી કે આરોપી હોય તે વ્યકિતનું નિવેદન

અથવા કબૂલાત હોવાનું જણાતુ હોય તેવો દસ્તાવેજ અદાલત સમક્ષ રજૂ કરવામાં આવે ત્યારે અદાલત અનુમાન કરશે કે –

દસ્તાવેજ ખરો છે, નિવેદન જે સંજોગોમાં લેવાયું હતું તે વિશે સહી કરનાર વ્યકિતએ તે કર્યુ હતુ તેમ જણાતુ હોય ત્યારે આવો પુરાવો, નિવેદન કે કબૂલાત વિધિવત રીતે લેવાયા હતા તથા ખરાં છે.

આ કેસમાં ઉપરોકત આરોપીઓએ જે કબૂલાત નિવેદનો કરેલા છે તે કાનૂનથી અધિકૃત થયેલા અધિકારી એટલે કે મેજિસ્ટ્રેટ સમક્ષ કરેલા છે. નિવેદનો નોંધ્યા બાદ મેજિસ્ટ્રેટશ્રીઓએ આરોપીઓની સહીઓ કરાવીને પોતે સહીઓ કરેલી છે. આ નિવેદનો કોર્ટની કાર્યવાહી દરમ્યાન અને કોર્ટના સમય દરમ્યાન વિધિવત રીતે લેવાયેલા છે. જેથી કલમ–૮૦ મુજબ અનુમાન કરવુ પડે. હવે સાથે સાથે પુરાવાના કાયદાની કલમ–૧૧૪(ઈ) ધ્યાને લઈએ તો ન્યાયિક તથા અધિકૃત કાર્યો નિયમિત રીતે બજાવવામાં આવ્યા છે. તે મુજબનું અનુમાન આ કેસમાં પણ થઈ શકે છે કે ઉપરોકત ત્રણ મેજિસ્ટ્રેટશ્રીઓએ કુલ–પાંચ આરોપીઓના જે નિવેદનો નોંધેલા છે તે ન્યાયિક તથા અધિકૃત કાર્ય છે અને નિયમીત રીતે બજાવવામાં આવા હોય તે રીતે આ નિવેદનો નોંધવામાં આવેલા છે. કારણ કે જયારે જાહેર કે ન્યાયિક કાર્યો ખોટી રીતે કરવામાં આવે ત્યારે તે કાર્ય કરનારની એક ચોકકસ જવાબદારી ઉભી થતી હોય છે માટે એવુ કાર્ય કરવા ચોકકસાઈ હોવી જરૂરી છે અને માટે તેવા પ્રકારનું અનુમાન કરવામાં આવે છે. જયારે કાયદાથી અધિકૃત થયેલ કોઈપણ મેજિસ્ટ્રેટ કાયદાની જોગવાઈઓ પ્રમાણે કોઈ કબૂલાત નિવેદન નોંધેલ હોય ત્યારે તે નિવેદન યોગ્ય રીતે નોંધેલ છે તેવી કાયદા મુજબ અપેક્ષા હોય છે અને તેમ કરવાની તે અધિકૃત અધિકારીની કે મેજિસ્ટ્રેટની કાયદાકીય ફરજ પણ છે. નિયમબધ્ધ રીતે જયારે નિવેદનો નોંધાયા હોય ત્યારે તે ખોટી રીતે નોંધાયા છે તેવી કોઈ શકયતા હોતી નથી. જો કોઈ વ્યકિત એમ કહે કે આ નિવેદનો અધિકૃત વ્યકિતએ નોંધેલા નથી કે ખામીયુકત છે તો તે સાબિત કરવાની જવાબદારી અને બોજો તેમ કહેનાર વ્યકિત ઉપર હોય છે.

ફરિયાદપક્ષ તરફની દલીલ કરવામાં આવેલી છે કે મેજિસ્ટ્રેટશ્રીઓ કાયદાથી અધિકૃત થયેલા છે, કાયદા દ્વારા પુરાવા નોંધવાની સત્તા આપવામાં આવેલી છે અને તેમની સમક્ષ નોંધાવેલા નિવેદનો કાયદા મુજબ નોંધાયેલા હોવાથી અદાલત દ્વારા યોગ્ય રીતે આંક અપાયેલ છે. અને આરોપી નં.૨,૨૧, ૨૪,૩૫ અને ૭૬ના કબૂલાત નિવેદનો પુરાવા તરીકે રેકર્ડના ભાગ છે. આરોપીઓ તરફથી એવો બચાવ લેવામાં આવેલો છે કે આ નિવેદનો નોંધનાર મેજિસ્ટ્રેટશ્રીઓને તપાસવામાં આવેલા નથી માટે આ નિવેદનો નોંધનાર મેજિસ્ટ્રેટશ્રીઓને અદાલત રૂબરૂ તપાસ્યા વિના તેના તેને આંકે પાડી પુરાવામાં વંચાણે લઈ શકાય નહીં. વધુમાં ખાસ સરકારી વકીલશ્રી એચ.એમ.ધ્રુવ દલીલ કરતા જણાવે છે કે ઉપરોકત આરોપીઓએ મેજિસ્ટ્રેટશ્રીઓ સમક્ષ સ્વૈચ્છાપૂર્વક નિવેદનો નોંધાવેલા છે અને મેજિસ્ટ્રેટશ્રીઓને ખાતરી થયેલી હતી કે આરોપીઓ સ્વૈચ્છાપૂર્વક નિવેદનો નોંધાવવા માંગે છે માટે નિવેદનો નોંધેલા છે. મારા સ્પષ્ટ મત પ્રમાણે જયારે મેજિસ્ટ્રેટશ્રીઓએ કાયદાની જોગવાઈઓ પ્રમાણે નિવેદનો નોંધેલા હોય અને નિવેદનો નોંધવા માટે તેઓ અધિકૃત હોય ત્યારે નિવેદનોને આંકે પાડવા માટે મેજિસ્ટ્રેટશ્રીઓને અદાલત રૂબરૂ બોલાવીને તપાસવા જરૂરી નથી અને મેજિસ્ટ્રેટશ્રીઓને તપાસેલા નથી તે કારણસર તે ખોટા છે તેમ માનવુ જોઈએ નહીં. આ સંબંધમાં વકીલશ્રી ધ્રુવ આ સંબંધમાં નીચે મુજબના ચુકાદો ઉપર આધાર રાખે છે.

અ.નં.	ચુકાદો	નિર્ણીત મુદ્દો
૧	માડી ગંગા વિરૂધ્ધ સ્ટેટ ઓફ ઓરીસ્સા ૧૯૮૧ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૪૧૧	જરૂરી તમામ પ્રશ્નો પુછીને મેજિસ્ટ્રેટશ્રીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું આરોપીનું કબૂલાત નિવેદન નોંધ્યુ હોય અને નોંધ્યા પછી તે નિવેદન સ્વૈચ્છાપૂર્વક આપેલુ છે તેવુ પ્રમાણપત્ર આપેલુ હોય ત્યારે તે કબૂલાત નિવેદન પુરાવામાં ગ્રાહય છે તે નિવેદન ઉપર

		આધાર રાખી આરોપીને સજા કરી શકાય. તેની ભરોસાપાત્રતા માટે મેજિસ્ટ્રેટને તપાસવા જરૂરી નથી.
૨	મનોહરણ વિરૂધ્ધ સ્ટેટ બાય ઈન્સ્પેકટર ઓફ પોલીસ કોઈંબતુર (૨૦૨૦) ૩ સુપ્રિમ કોર્ટ કેસીસ ક્રિમીનલ પાન નં.૨૦૩	ચુકાદાના પેરા ૨૨, ૨૩ મુજબ કોઈ આરોપી મેજિસ્ટ્રેટ સમક્ષ સ્વૈચ્છાપૂર્વક ગુનાની કબૂલાત કરતુ નિવેદન આપે અને મેજિસ્ટ્રેટ પુરતી કાળજી રાખીને કાયદાની જોગવાઈનું પાલન કરીને કબૂલાત નિવેદન નોંધ્યુ હોય તો તે નિવેદન નોંધવા માટે પોલીસે જબરજસ્તી કરી ન હોય તો ભારત દેશમાં તે માન્ય કબૂલાત છે. આ ઉપરાંત ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ ના નિવેદન વખતે આરોપીના વકીલશ્રીની હાજરી હોવી આદેશાત્મક નથી. કલમ–૧૬૪ અને ૩૧૩ના નિવેદન વખતે વકીલની હાજરી જોઈએ સિવાય કે તે ઓડીયો વીડિયોમાં લેવાયેલ હોય.
૩	મોહમદ જમીલુદીન નાસીર વિરૂધ્ધ સ્ટેટ ઓફ વેસ્ટ બેંગાલ ૨૦૧૪(૩) સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ) પાન નં.૨૩૦	ચુકાદાના પેરા ૨૧,૨૩ મુજબ ઈન્સાફી કાર્યવાહી કરનાર અદાલતે આરોપીની કબૂલાત સાવધાનીપૂર્વક વિચારણામાં લેવી. જો અદાલતને જરા પણ શંકા જાય તો તે કબૂલાત રદ કરવી જોઈએ. નામદાર સુપ્રિમ કોર્ટ સમક્ષના કેસમાં આરોપી નં.૧ ની કબૂલાત સ્વૈચ્છાપૂર્વકની હતી કાયદા

		મુજબ નોંધાયેલી હતી. આરોપીને કબૂલાત નોંધવા માટે લાવવામાં આવ્યો ત્યારે તે આરોપી બીજા કેસોમાં પોલીસ કસ્ટડીમાં હતો માટે કબૂલાત નોંધેલી નહીં અને ફરી બોલાવેલો. આરોપીને ફરી બોલાવ્યો ત્યારે મેજિસ્ટ્રેટની ચેમ્બરમાં પોલીસ હાજર હતી નહીં માટે એવુ ન કહેવાય કે આરોપી પોલીસ કસ્ટડીમાં હતો. આ ચુકાદાના પેરા–૪૬ મુજબ કબૂલાત નોંધવામાં નાની–નાની ક્ષતિ હોય તો તે સમર્થનકારક નથી તેમ કહેવાય નહીં કારણ કે તે ગંભીર નથી. આ ચુકાદાના પેરા–૫૬ પ્રમાણે નાની નાની ક્ષતિઓ કબૂલાત નોંધવામાં થાય તેનાથી કબૂલાત અવિશ્વાસનીય બની જતી નથી. જેવી કે ગુનામાં વપરાયેલ હથિયારની રીકવરી નથી, ખોટા હથિયારની રીકવરી નામદાર અદાલતે ઠરાવેલુ કે આ ક્ષતિઓથી કબૂલાત અવિશ્વાસનીય બનતી નથી.
૪	સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિરૂધ્ધ દામુ સન ઓફ ગોપીનાથ સીંદે ૨૦૦૦	પેરા–૧૯ અને ૨૦ મુજબ આરોપીનુ નિવેદન નોંધવા પોલીસ કસ્ટડીમાંથી રજૂ કર્યો હોય તેથી કરીને નિવેદન ભરોસાપાત્ર નથી તેવુ કહી શકાય નહીં. મેજિસ્ટ્રેટએ તે નિવેદન પોલીસનો ડર, ભય મુકત થયા

	સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ) પાન નં.૧૦૮૮	પછી પુરતી વિચારવાની તક આપ્યા પછી નોંધે તો સ્વૈચ્છાપૂર્વકનું છે અને પુરાવામાં ગ્રાહ્ય છે.
૫	એસ.કે.ખેલાફત વિરૂધ્ધ સ્ટેટ ઓફ વેસ્ટ બેંગાલ સી.આર.આર. નં.૫૪૧/૨૦૧૦ કલકત્તા.	ચુકાદાના પેરા–૫ મુજબ ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ નુ નિવેદનને આંક આપી પુરાવામાં ગ્રાહ્ય રાખી શકાય તે માટે વિચારવાની તક આપ્યા પછી નોંધે તો સ્વૈચ્છાપૂર્વકનું છે અને પુરાવામાં ગ્રાહ્ય છે ને તપાસવા જરૂરી નથી. પુરાવાના કાયદાની કલમ–૮૦ હેઠળ તે સાચુ અને અસલી છે તેવુ અનુમાન થાય આ જ નિવેદન તે જાહેર દસ્તાવેજ છે.

વધુમાં ખાસ સરકારી વકીલશ્રી એચ.એમ.ધ્રુવ દલીલ કરતા જણાવે છે કે, મેજિસ્ટ્રેટશ્રીઓને તપાસ્યા વિના આરોપીઓના કબૂલાત નિવેદનો આંકે પાડવા ફરિયાદપક્ષે આંક–૮૨૭૮ થી અરજી આપેલી હતી. આરોપીઓ તરફથી આંક–૮૩૨૩ થી તેનો જવાબ આપવામાં આવેલો હતો અને બંને પક્ષને સાંભળીને નિવેદનોને આંક આપેલા છે. આંક–૮૨૭૮ ની અરજી લગત થયેલ હુકમ સામે આરોપીઓ તરફથી કોઈ અપીલ રીવીઝન કરવામાં આવેલ નથી. વધુમાં તેઓ દલીલ કરતા જણાવે છે કે ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ ની જોગવાઈ મુજબ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોઈ આરોપીનુ કબૂલાત નિવેદન નોંધે ત્યારે સવાલ–જવાબના રૂપમાં નિવેદન નોંધવુ જરૂરી નથી પરંતુ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૮૧ની જોગવાઈ મુજબ નોંધવાનુ રહે છે અને તે પ્રમાણે આ કેસમાં મેજિસ્ટ્રેટશ્રીઓએ કાયદાની જોગવાઈઓનું સંપૂર્ણ પાલન કરી નિવેદન

નોંધેલા છે. માટે પાંચેય આરોપીઓના નિવેદનો પુરાવામાં ગ્રાહ્ય છે અને તે વંચાણે લેવા જોઈએ.

આરોપીઓ તરફથી વિ.વકીલશ્રી આર.કે.શાહ આરોપીઓના કબૂલાત નિવેદનો બાબતે દલીલ કરતા જણાવે છે કે, આરોપીઓના જે કબૂલાત નિવેદનો આ કામે રજૂ થયેલા છે તે કબૂલાત નિવેદનો કહેવાય જ નહીં. કબૂલાત નિવેદનોમાં ગુનાને લગતી તમામ હકીકત આવરી લેવી જોઈએ જે આ કબૂલાત નિવેદનોમાં નથી. આ સંબંધમાં તેઓ નીચે મુજબના ચુકાદાનો આધાર રાખે છે.

અ.નં.	ચુકાદો	ચુકાદામાં નિર્ણીત થયેલ મુદ્દાઓ પૈકિ કબૂલાત નિવેદન બાબતે નિર્ણીત થયેલ મુદ્દો
૧	ઓમપ્રકાશ વિરૂધ્ધ સ્ટેટ ઓફ યુ.પી. એ.આઈ.આર.– ૧૯૬૦ સુપ્રિમ કોર્ટ, પાન નં.૪૦૯	ચુકાદાના પેરા–૭,૮ મુજબ આરોપીનુ કબૂલાત નિવેદન ગુનાની બધી જ હકીકત જણાવતુ હોય તેવુ હોવુ જોઈએ ફકત દોષારોપણ કરતી હોય તેવી કબૂલાત તે કબૂલાત નથી

આરોપી નં.૨ ઈમરાન ઈબ્રાહીમ શેખનુ આંક–૮૬૧૯ વાળુ નિવેદન ધ્યાને લઈ વિ.વકીલશ્રી આર.કે.શાહ વધુમાં દલીલ કરે છે કે, આંક–૮૬૧૭વાળી અરજી જે આરોપીએ આપેલી છે તે અરજીનું ડ્રાફટીંગ આરોપીનુ નથી. આ અરજી તા.૭.૧૧.૨૦૦૮ ના રોજ મેજિસ્ટ્રેટને આપવામાં આવેલી છે અને આરોપીને તા.૧૬.૮.૨૦૦૮ ના રોજ અટક કરેલો છે. ત્રણ માસ બાદ આપેલી અરજી છે જે ખોટી છે અને તે અરજી આરોપીએ આપેલી નથી. મેજિસ્ટ્રેટ સમક્ષ આરોપીને કોણે અને કેવી રીતે રજુ કર્યો તે અંગે સ્પષ્ટ લખવામાં આવેલુ નથી. તે જ રીતે નિવેદનમાં મેજિસ્ટ્રેટનો સિકકો કે નામ લખવામાં આવેલુ નથી. તા.૧૨.૧૧.૨૦૦૮ ના રોજ જેલ ઓથોરીટીને યાદી કરી આવી કોઈ યાદી રજૂ

કરેલી નથી. જેલનો જાવક નં.૩૦/૦૮, તા.૭.૧૧.૦૮ નો જે પત્ર છે તે જાવક નં.૩૦/૦૮ વાળો પત્ર રજૂ થયેલો નથી. નામદાર ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ દ્વારા આરોપીઓના નિવેદનો નોંધવા માટે જે હુકમો થયેલા છે તે હુકમોમાં આરોપીના બદલે "સાહેદ" તેવો શબ્દ પ્રયોગ થયેલો છે તો તે કયા સાહેદ તે અંગેનો કોઈ ખુલાસો ફરિયાદપક્ષ દ્વારા કરવામાં આવેલો નથી. નિવેદનમાં આરોપીની કોઈ ભૂમિકા હોય અને ગુનામાં તેની સંડોવણી હોય તેવી પણ કોઈ હકીકત નિવેદનમાં નથી. મેજિસ્ટ્રેટે આપેલુ પ્રમાણપત્ર પણ કાયદા મુજબ નથી. પ્રમાણપત્ર નીચે પણ મેજિસ્ટ્રેટનો સિકકો કે નામ નથી. તા.૭.૧૧.૨૦૦૮ નારોજ કબૂલાત નોંધવા માટે જે અરજી આપેલી છે તે દિવસે આરોપી બીજા ગુનાઓની કસ્ટડીમાં હતો. આ તબકકે વકીલશ્રી અમીત પટેલ દલીલ કરતા જણાવે છે કે તા.૭.૧૧.૨૦૦૮ ના રોજ આરોપીને મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવેલો હતો અને આરોપી બીજા જે ગુનાઓમાં અટક કરેલો હતો તે ગુનાઓમાં અટક ગણી લેવા માટે મેજિસ્ટ્રેટને વિનંતી કરેલી છે. તા.૭.૧૧.૨૦૦૮ પછી આરોપી પોલીસ કસ્ટડીમાં હતો જ નહી. વકીલશ્રી અમીત પટેલે આરોપી નં.૨, ૨૧,૨૪,૩૫ ના નિવેદનો સંબંધે દલીલ કરતા જણાવે છે કે, આ દરેક નિવેદનો દરેક આરોપીઓએ પોતાની સ્વૈચ્છાએ લખાવેલા છે, નિવેદનો લખાવવા તેઓને કોઈ બળજબરી કરવામાં આવેલી નથી કે પોલીસ દ્વારા ધાક–ધમકી આપવામાં આવેલી નથી તેઓને વિચારવા પુરતો સમય આપેલો છે. આ સંબંધમાં આરોપીના પ્રોડકશન રીપોર્ટ અસલ કેસ પેપરમાં રજૂ થયેલા છે તે ધ્યાને લેતા આરોપીને બાકીના અન્ય ગુનાઓમાં કસ્ટડીમાં ગણી લેવાના રીપોર્ટ કરેલા છે અને તા.૭.૧૧.૨૦૦૮ પછી આરોપી પોલીસ કસ્ટડીમાં ન હતો પરંતુ તે જયુડીશીયલ કસ્ટડીમાં હતો અને ત્યારે આરોપીનું કબૂલાત નિવેદન નોંધવામાં આવેલુ છે તે સ્પષ્ટ બને છે.

આરોપીઓ તરફથી વિ.વ.શ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, આ જ પ્રમાણેની હકીકત આરોપી નં.૨૧ મહેંદી હસન, આરોપી નં.૨૪ અશોક કાળા, આરોપી નં.૩૫ રફીયુદ્દિન કાપડીયાઓના નિવેદનમાં પણ આ

પ્રમાણે જ ઘણી બધી ભુલો અને ક્ષતિઓ છે. આ આરોપીઓ નં.૨૧, ૨૪ ના નિવેદનમાં મેજિસ્ટ્રેટશ્રીઓનુ નામ કે હોદ્દાનુ સીલ નથી. જયારે આરોપી નં.૩૫ ના નિવેદનમાં મેજિસ્ટ્રેટશ્રીએ સોગંદ આપેલા છે અને સોગંદ ઉપર નિવેદન ન નોંધાય. આ સંબંધમાં વકીલશ્રી આર.કે.શાહ નીચે મુજબના ચુકાદા ઉપર આધાર રાખેલ છે.

અ.નં.	**ચુકાદો**	**ચુકાદામાં નિર્ણીત થયેલ મુદ્દાઓ પૈકી સોગંદ ઉપર કબૂલાત નિવેદન બાબતે નિર્ણીત થયેલ મુદ્દો**
૧	અર્જુન રાય વિરૂધ્ધ સ્ટેટ ઓફ સીકકીમ ૨૦૦૪ ક્રિ.લો.જ. પાન નં.૪૭૪૭, સિકકીમ	ચુકાદાના પેર–૧૦ મા જણાવ્યા મુજબ આરોપીને સોગંદ આપીને તેનુ નિવેદન નોંધવામાં આવે તો તે નિવેદન ગેરકાયદેસર છે અને તે વિચારણામાં લેવાય નહીં.
૨	ફિલીપ્સ વિરૂધ્ધ સ્ટેટ ઓફ કર્ણાટક ૧૯૮૦ ક્રિ.લો.જ. પાના નં.૧૭૧ કર્ણાટક	ચુકાદાની હેડ નોટ–સી મુજબ આરોપીને સોગંદ આપી તેનુ કબૂલાત નિવેદન નોંધવામાં આવે તો તે ગેરકાયદેસર છે. કબૂલાત નિવેદન નોંધવા માટે સોગંદ આપવાની કોઈ જોગવાઈ નથી.
૩	અકમન બોરા વિરૂધ્ધ સ્ટેટ ઓફ આસામ ૧૯૮૮ ક્રિ.લો.જ. પાન નં.૫૭૩ ગોવાહાટી	ચુકાદાની હેડ નોટ–એ મુજબ કબૂલાત નિવેદન નોંધવા માટે આરોપીને સોગંદ અપાય તો તે ગેરકાયદેસર છે કબૂલાત નોંધવા માટે જો આરોપીને સોગંદ આપવામાં આવે તો પાછળથી આરોપી તે નિવેદન પરત ખેંચી શકે નહીં.

વિ.વ.શ્રી આર.કે.શાહની દલીલ સાથે હું સંમત છું કે આરોપી નં.૩૫ નુ કબૂલાત નિવેદન નોંધતી વખતે મેજિસ્ટ્રેટશ્રીએ સોગંદ આપેલા છે જેથી તેનુ કબૂલાત નિવેદન વિચારણામાં લઈ શકાય નહીં. વધુમાં વકિલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, આરોપી નં.૨ ને તા.૧૬.૮.૨૦૦૮ ના રોજ આરોપી નં.૨૧ ને તા.૯.૧૦.૨૦૦૮ ના રોજ, આરોપી નં. ૨૪ ને તા.૧૫.૯.૨૦૦૮ ના રોજ અને આરોપી નં.૩૫ ને તા.૨૩.૧૧.૨૦૦૮ ના રોજ અટક કરેલા હતા અને તેઓની અટક કર્યા પછી ૩ માસ બાદ કબૂલાત નિવેદનો નોંધાયેલા છે. માટે આ નિવેદનો કાયદાની પરિભાષા મુજબના નિવેદનો નથી અને તે પુરાવામાં ગ્રાહ્ય રાખી શકાય નહિ. આ સંબંધમાં વકીલશ્રી આર.કે.શાહ નીચે મુજબના ચુકાદા પર આધાર રાખેલો છે.

અ.નં.	**ચુકાદો**	**ચુકાદામા નિર્ણીત થયેલ મુદ્દાઓ પૈકી વિલંબથી આપેલ કબૂલાત નિવેદન બાબતે નિર્ણીત થયેલ મુદ્દો**
૧	નાથુ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ઉત્તરપ્રદેશ એ.આઈ.આર. ૧૯૫૬ સુપ્રિમ કોર્ટ, પાન નં.૫૬	ચુકાદાની હેડ નોટ–ડી મુજબ આરોપીનુ કબૂલાત નિવેદન મોડુ નોંધવાના કારણો આપવા પડે જો મોડુ નિવેદન નોંધવાના કોઈ કારણ આપેલા ન હોય તો તેવા નિવેદનની કિંમત ઘટી જાય છે.

વધુમાં વિ.વ.શ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, આરોપી નં.૨,૨૧,૨૪,૩૫ અને ૭૬ ની કબૂલાત નિવેદનો ઉપર આધાર રાખીને આરોપીઓને સજા થઈ શકે નહીં. આરોપીઓને સજા કરવા માટે અદાલતે અન્ય રેકર્ડ ઉપરનો પુરાવો પણ ધ્યાને લેવો જોઈએ. આરોપીઓની કબૂલાત પુરાવાના કાયદાની કલમ–૩ મુજબ પુરાવો નથી અને કબૂલાત નિવેદનો સ્વતંત્ર પુરાવો પણ નથી માટે આ કબૂલાત નિવેદનોને સ્વતંત્ર પુરાવાથી સમર્થન મળવુ જોઈએ.

કબૂલાત નિવેદનો સીધે સીધા માનીને આરોપીઓને સજા થઈ શકે નહીં. આ સંબંધમાં તેમણે નીચે મુજબના ચુકાદાઓનો આધાર રાખેલો છે.

અ.નં.	**ચુકાદો**	**ચુકાદામાં નિર્ણીત થયેલ મુદ્દાઓ પૈકી કબૂલાત બાબતે નિર્ણીત થયેલ મુદ્દો**
૧	અચ્ચુ નાગેશીયા વિરૂધ્ધ સ્ટેટ ઓફ બિહાર ૧૯૬૬, ક્રિ.લો.જ. પાન નં.૧૦૦ સુપ્રિમ કોર્ટ	ચુકાદાના પેરા–૧૧ મુજબ આરોપીનુ કબૂલાત નિવેદનમાં કબૂલાત કરતી તમામ હકીકત હોવી જોઈએ કબૂલાત નિવેદનના સમર્થનમાં રેકર્ડ ઉપર અન્ય સ્વતંત્ર પુરાવો હોવો જોઈએ આરોપીનુ કબૂલાત નિવેદન તે પુરાવો નથી.
૨	રબીન્દ્ર કુમાર પાલ વિરૂધ્ધ રીપબ્લીક ઓફ ઈન્ડિયા (૨૦૧૧) ૧ સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ) પાન નં.૭૦૬	ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનુ નિવેદન નોંધવા માટે પેટા કલમ ૨ થી ૪ ની જોગવાઈઓનુ પાલન થવુ જોઈએ જો નિવેદન સ્વૈચ્છાપૂર્વકનુ ન હોય તો તેની ઉપર આધાર રાખી શકાય નહીં.
૩	દેવેન્દ્ર પ્રસાદ તિવાર વિરૂધ્ધ સ્ટેટ ઓફ ઉત્તરપ્રદેશ ૧૯૭૮, ક્રિ.લો.જ. પાન નં.૧૬૧૪	હેડ નોટ–બી મુજબ આરોપીનુ કબૂલાત નિવેદન સ્વૈચ્છાપૂર્વકનુ અને પોલીસની ધાક–ધમકી કે દબાણ વિના હોવુ જોઈએ.આરોપીનુ નિવેદન સ્વૈચ્છાપૂર્વકનુ અને પોલીસની ધાક–ધમકીથી કરાવવામાં આવેલુ હોય તો તે પુરાવામાં ગ્રાહ્ય નથી.
૪	આદમભાઈ સુલેમાનભાઈ અજમેરી	પેરા નં.૧૧૨ મુજબ આરોપીનુ કબૂલાત નિવેદન ઓડીયો વીડિયોના ઈલેકટ્રોનીક

	વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત (૨૦૧૪)૭ સુપ્રીમ કોર્ટ કેસીસ, પાન નં.૭૧૬	માધ્યમથી નોંધાવી શકે નિવેદન નોંધતા અગાઉ મેજિસ્ટ્રેટશ્રીએ આરોપીને જણાવવુ જોઈએ કે તે નિવેદન નોંધાવવા બંધાયેલો નથી અને જો તેમ કરશે તો તેની વિરૂધ્ધ પુરાવામાં ઉપયોગમાં લેવાશે. મેજિસ્ટ્રેટને સંતોષ થાય કે નિવેદન સ્વૈચ્છાપૂર્વક લખાવવા માંગે છે ત્યારે જ તે પુરાવામાં ગ્રાહ્ય છે. આ ચુકાદાના પેરા–૧૧૩ મુજબ આરોપીનુ કબૂલાત નિવેદન મુકત રીતે ભય અને દબાણ વિના અને આરોપી જે ભાષા જાણતો હોય તેમાં નોંધવુ જોઈએ.

પરંતુ મારા મત પ્રમાણે આ કબૂલાત નિવેદનો નોંધવા માટે ચારેય આરોપીઓએ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧ ને સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતેથી જેલર મારફત અરજીઓ મોકલેલ હતી અને માટે તેઓના નિવેદનો નોંધવામાં આવેલા છે. આરોપીઓએ આ અરજીઓ સ્વૈચ્છાપૂર્વક મોકલેલી હતી તેમને અરજીઓ મોકલાવ્યા પછી નિવેદનો નોંધવામાં આવેલા છે માટે આ નિવેદનો વિલંબથી નોંધાયેલા છે તેમ કહી શકાય નહીં. આ નિવેદનો તપાસ કરનાર અધિકારીઓના કહેવાથી નોંધાયેલા છે તેવુ પણ નથી. આરોપીઓના કબૂલાતના નિવેદનો જે મેજિસ્ટ્રેટશ્રીઓએ નોંધેલા છે તેઓને અદાલત સમક્ષ તપાસવામાં ફરિયાદપક્ષ દ્વારા સાહેદ તરીકે તપાસેલા નથી. તેઓને સાહેદ તરીકે તપાસવા જરૂરી નથી તે સંબંધમાં આ અદાલતના ધ્યાનમાં છે તેવા નામદાર સુપ્રિમ કોર્ટ તેમજ નામદાર જુદી–જુદી હાઈકોર્ટોના નીચે મુજબના ચુકાદા પણ ધ્યાને લીધેલા છે.

અ.નં.	**ચુકાદો**	**ચુકાદામાં નિર્ણીત થયેલા મુદ્દાઓ પૈકી**

		મેજિસ્ટ્રેટશ્રીઓ તપાસવા બાબતે નિર્ણીત થયેલો મુદ્દો
૧	મનોરંજનસીંગ વિરૂધ્ધ સ્ટેટ ૨૦૦૮– ક્રિ.લો.જ. પાન નં.૪૭૧૯, કલકત્તા (ડીવીઝન બેન્ચ)	અદાલતે કબૂલાત નિવેદન નોંધનાર મેજિસ્ટ્રેટને બોલાવીને તપાસેલા નહીં. ઠરાવવામાં આવ્યુ કે, મેજિસ્ટ્રેટને ન તપાસવાના માત્ર કારણથી જ નોંધવામાં આવેલુ નિવેદન માનવુ જોઈએ નહીં તેવુ નથી.
૨	ગુરૂવિંદાપાલી અન્ના રાવ વિરૂધ્ધ સ્ટેટ ઓફ આંધ્રપ્રદેશ (૨૦૦૩)૨, ક્રાઈમ્સ પાન નં.૭૨	ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ હેઠળ મેજિસ્ટ્રેટ જયારે આરોપીનું કબૂલાત નિવેદન નોંધે ત્યારે તે જાહેર દસ્તાવેજ છે તેને ઔપચારિક સાબિતીની જરૂર નથી અને તે નિવેદન પુરવાર કરવા માટે મેજિસ્ટ્રેટને સમન્સ કાઢી બોલાવવા જરૂરી નથી.
૩	કાશ્મીરાસીંગ વિરૂધ્ધ સ્ટેટ ઓફ એમ.પી., એ.આઈ.આર.–૧૯૫૨ સુપ્રિમ કોર્ટ, પાન નં.૧૫૯	મેજિસ્ટ્રેટે ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું આરોપીનું કબૂલાત નિવેદન ૧૬૪ની જોગવાઈઓનું પાલન કરીને નોંધ્યુ હોય ત્યારે તે નિવેદનને આંક આપવા માટે મેજિસ્ટ્રેટને અદાલત રૂબરૂ તપાસવા જરૂરી નથી.

હવે જયારે કાયદા મુજબ નિવેદનો મેજિસ્ટ્રેટશ્રીઓએ નોંધેલા હોય ત્યારે તે નિવેદનો સુસંગત છે, પુરાવામાં ગ્રાહ્ય પણ છે અને આ નિવેદનો કબૂલાત કરનાર આરોપીઓ સામે ઉપયોગમાં લઈ શકાય છે. તે માટે આ અદાલતના ધ્યાન ઉપર કેટલાક ચુકાદા છે પણ ધ્યાને લીધેલ છે જેવા કે...

અ.નં.	ચુકાદો	ચુકાદામાં નિર્ણીત થયેલ મુદ્દાઓ પૈકી કબૂલાત બાબતે નિર્ણીત થયેલ મુદ્દો
૧	વાટેઈશા વિરૂધ્ધ ગુજરાત રાજય, એ.આઈ.આર.–૧૯૬૩, ગુજરાત પાન નં.૧૩૫	આરોપીની કબૂલાત યોગ્ય રીતે નોંધવામાં આવી હોય અને તે કબૂલાત સ્વૈચ્છાપૂર્વકની અને સત્ય હોય તો આરોપી સામે તે કબૂલાત પુરાવા તરીકે પ્રસ્તુત ગણાય અને તેવી કબૂલાત સજા કરવા માટે આધારભુત અને પુરતો પુરાવો ગણાય.
૨	શંકરીયા વિરૂધ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન, ૧૯૭૮(૩), એસ.સી.સી. પાન નં.૪૩૫. એ.આઈ.આર.–૧૯૭૮ સુપ્રિમ કોર્ટ, પાન નં.૧૩૯૯	– નામદાર સુપ્રિમ કોર્ટના મત પ્રમાણે કબૂલાતના મૂલ્યાંકન માટેના બે ટેસ્ટ (૧)કબૂલાત સંપૂર્ણ અને સ્વૈચ્છાપૂર્વકની છે તે અદાલતે ચકાસવુ જોઈએ,(૨) જો તે સંપુર્ણ અને સ્વૈચ્છાપૂર્વક હોય તેમજ સાચી અને વિશ્વાસપાત્ર હોય ત્યારે કેસના રેકર્ડ ઉપરના પુરાવા તેમજ આજુબાજુના સંજોગો અને શકયતાઓ પણ વિચારણામાં લેવી જોઈએ. – બે દિવસની જયુડિશીયલ કસ્ટડી હોય તો તે બે દિવસનો સમય પોલીસનો પ્રભાવ દુર કરવા માટે પુરતો છે.
૩	મહાબીરસીંગ વિરૂધ્ધ સ્ટેટ ઓફ હરીયાણા એ.આઈ.આર.– ૨૦૦૧ સુપ્રિમ કોર્ટ	જયારે આરોપી પોતે જાતે પોતાની કબૂલાતનું નિવેદન નોંધાવવાના હેતુથી મેજિસ્ટ્રેટ સમક્ષ ઉપસ્થિત થાય ત્યારે પોલીસે તેને હાજર કરવો જોઈએ તે જરૂરી નથી.

	પાન નં.૨૫૦૩	
૪	પ્રિતમ વિરૂધ્ધ સ્ટેટ ઓફ એમ.પી. ૧૯૯૬, ક્રિ.લો.જ. સુપ્રિમ કોર્ટ, પાન નં.૪૪૫૮	– ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ ની પેટા કલમ–૨ મુજબ મેજિસ્ટ્રેટશ્રીએ આરોપીને એ કહેવુ જરૂરી છે કે તે કબૂલાત કરવા માટે બંધાયેલ નથી અને તેમ છતાં તે કબૂલાત કરશે તો તેની વિરૂધ્ધ ઉપયોગમાં લેવાશે. – બીજી આદેશાત્મક જોગવાઈ એ છે કે, મેજિસ્ટ્રેટે આરોપીને પ્રશ્નો પુછવા જોઈએ અને સંતોષ થાય કે કબૂલાત સ્વૈચ્છાપૂર્વક કરે છે તો તેને નોંધવી જોઈએ અને પેટા કલમ–૪ મુજબ પ્રમાણપત્ર આપવુ જોઈએ.
૫	તામિલનાડુ રાજય વિરૂધ્ધ નલીની ૧૯૯૯,ક્રિ.લો.જ. સુપ્રિમ કોર્ટ પાન નં.૩૧૨૪	પોલીસ રીમાન્ડ સમાપ્ત થયા પછી એક દિવસ પહેલા જ આરોપીની કબૂલાત નોંધવામાં આવે તો તે કબૂલાત સ્વૈચ્છાપૂર્વકની નથી તેમ કહેવાય નહીં.
૬	ભેરૂસીંગ વિરૂધ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન, (૧૯૯૪)૨, એસ.સી.સી. પાન નં.૪૬૭	– આરોપીની કબૂલાત નોંધતા પહેલા મેજિસ્ટ્રેટને સંતોષ થવો જોઈએ કે આરોપી પોતે સ્વૈચ્છાપૂર્વક કબૂલાત કરવા માંગે છે. – પોલીસ કસ્ટડી દરમ્યાન આરોપીને જે કોઈ જટીલતા થઈ હોય તેમાંથી તે બહાર આવે તે માટે ઓછામાં ઓછા ચોવીસ

		કલાકનો સમય વિચારવા માટે આપવો જોઈએ.
૭	સ્ટેટ ઓફ આસામ વિરૂધ્ધ અનુપમ દાસ ૨૦૦૮ ક્રિ.લો.જ. ગોવાહાટી, પાન નં.૧૨૭૬	આરોપીની કબૂલાત નોંધતા પહેલા એક દિવસનો સમય વિચારવા માટે આપવામાં આવેલો ત્યારબાદ આરોપીને કબૂલાત નોંધવા માટે મેજિસ્ટ્રેટની ચેમ્બરમાં લાવવામાં આવેલ અને ત્રણ કલાક કોર્ટના પટ્ટાવાળાના નિરીક્ષણ હેઠળ રાખેલો. ઠરાવવામાં આવેલુ કે, આરોપીની કબૂલાત નોંધતા અગાઉ વિચારવા માટે પુરતો સમય આપેલો છે.
૮	હેનરી વેસ્ટ મુલ્લર વિરૂધ્ધ સ્ટેટ ઓફ આસામ એ.આઈ.આર.–૧૯૮૫ સુપ્રિમ કોર્ટ પાન નં.૮૨૩	આરોપીને કબૂલાત નોંધતા અગાઉ વિચારવા માટે તેને માત્ર ત્રણ કલાકનો સમય આપવામાં આવેલો તે માત્રથી કબૂલાતભર્યું નિવેદન રદ્ધ કરી શકાય નહીં.
૯	સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિરૂધ્ધ દામુ ગોપીનાથ શિંદે એ.આઈ.આર., ૨૦૦૦, સુપ્રિમ કોર્ટ, પાન નં.૧૬૯૧	– આરોપીની કબૂલાત નોંધવા માટે તેને પોલીસ કસ્ટડીમાંથી રજૂ કરવામાં આવેલ તે માત્રથી આરોપીનું કબૂલાતભર્યા નિવેદનની નોંધ કરાય નહીં. – આરોપીનુ કબૂલાતભર્યું નિવેદન જયુડિશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ અથવા મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ નોંધી શકે તે આદેશાત્મક જોગવાઈ છે તેનો કોઈ વિકલ્પ નથી.
૧૦	અમીની	આરોપીની કબૂલાત સ્વૈચ્છાપૂર્વકની

	વિરૂધ્ધ સ્ટેટ ઓફ કેરાલા, એ.આઈ.આર– ૧૯૯૮ સુપ્રિમ કોર્ટ, પાન નં.૨૬૦	કબૂલાત છે તે માટે મેજિસ્ટ્રેટશ્રીએ અલગથી કોઈ વિશેષ કારણો આપવાના જરૂર નથી.
૧૧	આસીસ્ટન્ટ કલેકટર સેન્ટ્રલ એકસાઈઝ વિરૂધ્ધ જી. ફર્નાન્ડીઝ (૧૯૮૨)૩ એસ.સી.સી. પાન નં.૫૧૨	આરોપી જે ભાષા જાણતો હતો તે ભાષામાં નિવેદન નોંધેલુ નહીં પરંતુ આરોપી જે ભાષા જાણતો હતો તે ભાષામાં વાંચી સંભળાવી સમજાવેલુ હોય તો તે નિવેદન સજા કરવા માટે નબળુ નથી.
૧૨	આબેદઅલી જમાદાર વિરૂધ્ધ સ્ટેટ ૧૯૮૮– ક્રિ.લો.જ. પાન નં.૩૫૪ કલકત્તા (ડીવીઝન બેન્ચ)	આરોપીનું કબૂલાત નિવેદન મેજિસ્ટ્રેટની ચેમ્બરમાં નોંધવામાં આવેલુ તેથી કરીને તે કબૂલાત નિવેદન ૨૬ કરી શકાય નહીં.
૧૩	પચા દેવેન્દ્ર રાવ વિરૂધ્ધ સ્ટેટ ઓફ આંધ્રપ્રદેશ ૧૯૮૬(૩) ક્રાઈમ્સ પાન નં.૫૩૬	ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ હેઠળ અદાલતમાં નોંધવામાં આવેલુ કબૂલાત નિવેદન તે ન્યાયિક કાર્યવાહી મુજબની ન્યાયિક પ્રક્રિયા છે.
૧૪	પોન અદીથન વિરૂધ્ધ ડેપ્યુટી ડાયરેકટર એન.સી.બી.,	આરોપીએ પોતાની કબૂલાતનું નિવેદન લાલચ, ધમકી કે વચનમાંથી સંપૂર્ણરીતે બહાર નીકળ્યા પછી નોંધાવે તો તે નિવેદન પુરાવામાં ગ્રાહય છે.

	એ.આઈ.આર.– ૧૯૯૯ સુપ્રિમ કોર્ટ, પાન નં.૨૩૫૫	
૧૫	અબ્દુલરઝાક વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર એ.આઈ.આર.–૧૯૭૦ સુપ્રિમ કોર્ટ,પાન નં.૨૮૩	કબૂલાતનું નિવેદન નોંધતા પહેલા આરોપી ચાર દિવસ અગાઉથી જયુડીશીયલ કસ્ટડીમાં હતો. નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલુ કે આ કબૂલાત સ્વૈચ્છિક છે.
૧૬	દગદુ વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર એ.આઈ.આર.–૧૯૭૭ પાન નં.૧૭૫૯ સુપ્રિમ કોર્ટ	જયારે ફરિયાદપક્ષ આરોપીની કબૂલાત ઉપર આધાર રાખીને કેપીટલ પનીશમેન્ટની માંગણી કરે ત્યારે અદાલતે બે ટેસ્ટ લાગુ કરવા જોઈએ. (૧) કબૂલાત પૂર્ણ રીતે સ્વૈચ્છિક હતી કે કેમ ? (૨) કબૂલાત પૂર્ણ રીતે સત્ય છે કે કેમ ?
૧૭	સિધ્ધાર્થ વિરૂધ્ધ સ્ટેટ ઓફ બિહાર એ.આઈ.આર.–૨૦૦૫, સુપ્રિમ કોર્ટ, પાના નં.૪૩૫૨	આરોપીની કબૂલાત તે સામાન્ય રીતે પુરાવાના કાયદાની કલમ–૩ મુજબ પુરાવો નથી. આ કબૂલાત આરોપીની સજા માટેનો માત્ર આધાર નથી પરંતુ તેને બીજા પુરાવા સાથે સમર્થન તરીકે ઉપયોગમાં લઈ શકાય.

આમ, નામદાર સુપ્રિમ કોર્ટ અને નામદાર જુદી–જુદી હાઈકોર્ટોનાં ઉપરોકત ચુકાદાઓ ધ્યાને લેતા ઉપરોકત પાંચેય આરોપીઓએ અલગ–અલગ મેજિસ્ટ્રેટશ્રીઓ સમક્ષ નોંધાવેલા કબૂલાત નિવેદનો તેમની સ્વૈચ્છાપૂર્વક નોંધાવેલા હતા અને મેજિસ્ટ્રેટશ્રીઓ દ્વારા આદેશાત્મક જોગવાઈઓનું પાલન

કરીને નોંધવામાં આવેલા હતા. જેથી આ નિવેદનો તેઓની સામે પુરાવામાં ગ્રાહ્ય છે તેમ હું માનુ છું અને આરોપીઓ વિરૂધ્ધ વિચારણામાં લઈ શકાય.

આરોપીઓ તરફથી એવી દલીલ અને રજૂઆત છે કે, આરોપી નં.૨, ૨૧, ૨૪ અને ૩૫ નાઓએ મેજિસ્ટ્રેટશ્રીઓ સમક્ષ જે કબૂલાત નિવેદનો નોંધાવેલા હતા તે નિવેદનો પાછળથી તેઓને ભૂલ સમજાતા પરત ખેંચેલા છે અને પરત ખેંચતા નિવેદનો આરોપીઓએ ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં આ બાબતે જણાવેલુ છે તથા તે નિવેદનો પરત ખેંચવા માટે આરોપી નં.૨,૨૧,૨૪ નાઓએ જેલર સાબરમતી સેન્ટ્રલ જેલ મારફતે જે અરજીઓ મોકલેલી તેની પ્રમાણિત નકલો આરોપી નં.૨નાએ આંક–૯૨૧૬, આરોપી નં.૨૧નાએ આંક–૯૨૨૬, આરોપી નં.૨૪નાએ આંક–૯૨૨૭ થી રજૂ કરેલી છે. જયારે આરોપી નં.૩૫ નાઓએ આવી કોઈ અરજી કે તેની નકલ રજૂ કરેલી નથી. આરોપી નં.૨,૨૧,૨૪ નાઓના કહેવા પ્રમાણે નોંધવામાં આવેલા કબૂલાત નિવેદનો એ કાયદા મુજબ નિવેદનો નથી અને તે નિવેદનો આરોપીઓએ લખાવેલા નથી પરંતુ પોલીસ કસ્ટડી દરમ્યાન પોલીસે ધાક–ધમકી આપી કોરા કાગળો ઉપર સહીઓ કરાવેલી હતી. આ તબકકે વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે આરોપીઓએ નિવેદનો પરત ખેચેલા છે માટે પુરાવામાં ગ્રાહય ગણી શકાય નહીં અને આ નિવેદનો જે તે આરોપીઓ વિરૂધ્ધ કે અન્ય આરોપીઓ વિરૂધ્ધ પણ પુરાવામાં વાંચી શકાય નહીં કે તેમની વિરૂધ્ધ ઉપયોગમાં પણ લઈ શકાય નહીં. જયારે ફરિયાદપક્ષ તરફથી વિ.વ.શ્રી એચ.એમ.ધ્રુવ અને અમીત પટેલનાઓની દલીલ એવી છે કે આરોપીઓએ જે તે વખતે જે મેજિસ્ટ્રેટ સમક્ષ નિવેદનો નોંધાવેલા હતા તે સ્વૈચ્છાપૂર્વક અને પોતાની સંમતિથી કોઈની પણ ધાક–ધમકી કે લોભ, લાલચ વિના નોંધાવેલા હતા. મેજિસ્ટ્રેટશ્રીઓએ કાયદા મુજબની આદેશાત્મક જોગવાઈઓનું પાલન કરીને તે નિવેદનો નોંધેલા હતા માટે તે કાયદેસરના નિવેદનો છે અને તેની ઉપર આધાર રાખી શકાય. આ નિવેદનો પુરાવામાં પણ ગ્રાહય છે. આ નિવેદનો આરોપીઓ વિરૂધ્ધ તેમજ અન્ય સહઆરોપીઓ વિરૂધ્ધ પણ પુરાવા તરીકે ઉપયોગમાં લઈ

શકાય. આ નિવેદનો પરત ખેંચ્યા અંગેની પ્રમાણીત નકલો આરોપીઓએ ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ ના વિશેષ નિવેદન વખતે રજૂ કરેલી છે. પરંતુ તે પ્રમાણિત નકલોને કોર્ટના રેકર્ડ સાથે સરખામણી કરતા આ નિવેદનો જે તે મેજિસ્ટ્રેટશ્રીઓને મળેલા છે કે કેમ? તે અંગે મેજિસ્ટ્રેટશ્રીઓ દ્વારા તે નિવેદનો ઉપર કોઈ હુકમ, શેરો કે નોંધ કરવામાં આવેલી નથી. એટલુ જ નહીં આ નિવેદનો ઉપર યુ.ટી.જેલરની સહી છે પરંતુ તે નિવેદનો જેલર દ્વારા મેજિસ્ટ્રેટ કોર્ટમાં મોકલવામાં આવ્યા હોય તે અંગે કોઈ પત્ર કે યાદી પણ આ નિવેદનો સાથે નથી જેથી આ નિવેદનો પરત ખેંચેલા નિવેદનો કહી શકાય નહીં. આ સંબંધમાં ખાસ સરકારી વકીલ શ્રી એચ.એમ.ધ્રુવ નીચે મુજબના ચુકાદા ઉપર આધાર રાખેલ છે.

અ.નં.	**ચુકાદો**	**ચુકાદામાં નિર્ણીત થયેલ મુદ્દાઓ પૈકી પરત ખેચેલા કબૂલાત નિવેદન બાબતે નિર્ણીત થયેલ મુદ્દો**
૧	સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિરૂધ્ધ દામુ સન ઓફ ભોગીનાથ શીંદે ૨૦૦૦ સુપ્રીમ કોર્ટ કેસીસ (ક્રિ) પાન નં.૧૦૮૮	ચુકાદાના પેરા–૨૪ થી ૨૬ મા જણાવ્યા મુજબ આરોપીઓના કબૂલાત નિવેદન આધારે આરોપીઓને સજા થઈ શકે જો તે નિવેદનો પરત ખેચેલા હોય તો પણ આરોપીને સજા થઇ શકે નિવેદન આરોપીએ સ્વૈચ્છાપૂર્વક આપેલું હોવું જોઇએ આ કેસમાં આરોપી નં.૨,૨૧, ૨૪ તથા ૭૬નાઓએ જે કબૂલાત નિવેદનો નોંધાવેલા છે તે જે તે વખતે મેજિસ્ટ્રેટશ્રીઓ સમક્ષ પોતાની સ્વૈચ્છાથી નોંધાવેલા હતા તેમ હું માનું છું.
૨	મનોહરન વિરૂધ્ધ	ચુકાદાના પેરા–૨૨,૨૩ મુજબ આરોપીએ કબૂલાત નિવેદન આપેલુ હોય

	સ્ટેટ બાય ઈન્સ્પેકટર ઓફ પોલીસ કોઇંબતુર (૨૦૨૦)૩ સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રી) પાન નં.૨૦૩	અને પાછળથી તે નિવેદન પરત ખેચેલુ હોય તો મુળ કબૂલાત રદ્ધ થતી નથી પરંતુ તેનુ મુલ્ય ઘટે પરત ખેચેલી કબૂલાત હોય તો પણ મુળ કબૂલાત ઉપરથી આરોપીને સજા કરી શકાય પરંતુ સમર્થનકારી પુરાવો હોવો જોઈએ આરોપીએ મેજિસ્ટ્રેટ સમક્ષ સ્વૈચ્છાપૂર્વક દબાણ વિના કબૂલાત કરેલી તા.૧૯.૧૧.૨૦૧૦ ના રોજ મેજિસ્ટ્રેટે યોગ્ય કાળજી રાખી પુછપરછ કરેલી અને આરોપીને વિચારવાનો સમય આપેલો તા.૨૦.૧૧.૨૦૧૦ નારોજ આરોપીનું કુલ– ૧૭ પાનાનુ કબૂલાત નિવેદન નોંધલુ આરોપીએ તે નિવેદન તા.૨૫.૭.૨૦૧૨ ના રોજ પરત ખેંચેલુ નામદાર અદાલતે ઠરાવેલુ કે આ નિવેદન પુરતી વિચારણા કરીને પરત ખેંચેલુ છે.
૩	મહમદ જમીલુદીન નાસીર વિરૂધ્ધ સ્ટેટ ઓફ વેસ્ટ બેંગાલ ૨૦૧૪(૩) સુપ્રીમ કોર્ટ કેસીસ (ક્રિ) પાન નં.૨૩૦	ચુકાદાના પેરા–૫૯,૬૪,૧૩૮ મુજબ આરોપીએ કબૂલાત નિવેદન આપેલુ હોય અને પાછળથી તે નિવેદન પરત ખેંચેલુ હોય તે બાબતે કોઈ મજબૂત કે સ્વતંત્ર પુરાવો રજૂ ન કરે અને ફકત કબૂલાતનો ઈન્કાર કરે તેથી કરીને કબૂલાત પરત ખેચી છે તેમ ન મનાય નામદાર સુપ્રીમ કોર્ટ સમક્ષના આ કેસમા આરોપી ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩

		ના વિશેષ નિવેદનમાં જણાવેલુ કે પોતે નિર્દોષ છે, બનાવ વિશે કોઈ માહિતી નથી પરંતુ કબૂલાત ઉપર તેની સહીઓ હતી છતાં ખોટો બચાવ કરેલો કબૂલાત નિવેદન ઉપર સહીઓ કેવી રીતે અને કેમ કરેલી તે અંગેનો આરોપીએ ખુલાસો કરેલો નહીં નામદાર અદાલતે ઠરાવેલુ કે આ નિવેદન ઉપર આધાર રાખી શકાય.
૪	શ્રી સેઈલ નાગેશી પારે વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર ૧૯૮૫, સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ) પાન નં.૨૩૫	પેરા–૨ મુજબ આરોપીએ કબૂલાત નિવેદન પરત ખેંચેલુ હોય પરંતુ તે કબૂલાત નિવેદનને સામાન્ય સમર્થન અન્ય સ્વતંત્ર પુરાવાથી મળતુ હોય તો તે નિવેદન સહઆરોપી સામે પણ વિચારણા હેઠળ લઈ શકાય.

બંને પક્ષની હકીકતો ધ્યાને લેતા આરોપી નં.૨,૨૧,૨૪ નાઓએ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ સમક્ષ જે કબૂલાત નિવેદનો નોંધાવેલા હતા તે રેકર્ડમાં સામેલ છે અને તેની ચર્ચા ઉપરોકત પેરાઓમાં કરેલી છે. હવે આરોપીઓની હકીકત અને દલીલ પ્રમાણે આ નિવેદનો પરત ખેંચેલા છે અને પરત ખેંચવા અંગેની જે અરજીઓ મેજિસ્ટ્રેટશ્રીને મોકલેલી તેની પ્રમાણિત નકલો ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદન વખતે આરોપીઓએ રજૂ કરેલી છે. દરેક આરોપીઓની એક પછી એક આ પરત ખેંચેલા નિવેદન ધ્યાને લઈએ તો,

આરોપી નં.૨ ઈમરાન ઈબ્રાહીમ શેખનાઓએ પોતાની કબૂલાત પરત ખેંચવા માટે જે અરજી મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧ ને મોકલેલી તે આંક–૯૨૧૬ વાળી ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનની

સાથે રજૂ કરેલી છે જે "સરકાર વિરૂધ્ધ ફરિયાદ" તે વિષય લખીને મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧ ને તા.૨૫/૧૧/ ૨૦૦૮ ના રોજ એક અરજી મોકલેલી છે. તેની પ્રમાણિત નકલ રજૂ કરી છે. આરોપીઓ તરફથી દલીલ છે કે, આ અરજી પરત ખેંચેલુ નિવેદન છે. તે અરજીની હકીકત ધ્યાને લઇએ તો આ આરોપીને તા.૭/૮/૨૦૦૮ થી તા.૧૧/૮/૨૦૦૮ સુધી એસ.ઓ.જી. પોલીસે વડોદરા ખાતે ગેરકાયદેસર રીતે રાખેલો તથા અજાણી જગ્યાએ એક ઘરમાં રાખી મારઝુડ કરેલી. પોલીસે જણાવેલુ કે, અમે કહીએ તેવુ માની લે નહીંતર તારા પિતાજીને મારીશું, માતાને પણ લાવીને તેવો વ્યવહાર કરીશું, માતા વિશે જે વાતો કહેલી તે બતાવી શકે તેમ નથી. તા.૧૧/૮/૨૦૦૮ થી તા.૧૫/૮/૨૦૦૮ સુધી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચમાં રાખેલો અને કોર્ટમાં રજૂ કરતા પહેલા જણાવેલુ કે, જજ સાહેબ પુછે તો બતાવવાનું કે તા.૧૬/૮/ ૨૦૦૮ ના રોજ પકડેલ છે. જજ સાહેબ સમક્ષ સાચી રજૂઆત કરીશ તો પાછળથી અમારી કસ્ટડીમાં આવવાનું છે. શાહીબાગ પોલીસ સ્ટેશનના કેસમાં રીમાન્ડ તા.૧૭/૮/૨૦૦૮ થી તા.૩૦/૮/૨૦૦૮ સુધી હતા. રીમાન્ડ દરમ્યાન વડોદરા ક્રાઇમ બ્રાન્ચની ઑફિસે લઈ ગયેલા. અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચના પોલીસ સબઇન્સ્પેકટર ભરવાડ અને એક કોન્સ્ટેબલ બંને જણાઓએ પિતાજીને માર મારેલ, પિતાજી માટે તે જ રાત્રીએ ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવવી પડેલી અને એસ.એસ.જી. હોસ્પિટલમાં આઈ.સી.યુ.મા રાખેલા. રીમાન્ડ દરમ્યાન મારઝુડ કરી, ધાક–ધમકી આપી બળજબરીપૂર્વક લખી લખાવી સહીઓ કરાવેલી અને જણાવતા કે જજ સાહેબ સમક્ષ કોઈપણ ફરિયાદ કરવી નહીં. વકીલની મુલાકાત મળતી નહીં. પોલીસ સબઇન્સ્પેક્ટર ભરવાડ મમ્મીને ધાક–ધમકી આપતા. માતા પિતાને કંઈ થાય નહીં તે માટે પોલીસ કહે તેમ કરતા. તા.૭/૧૧/૨૦૦૮ ના રોજ જેલ કસ્ટડીમાં મોકલી આપેલો અને જેલમાંથી તા.૧૦/૧૧/૨૦૦૮ ના રોજ તારીખ ઉપર જવાનું છે તેમ કહી કોર્ટમાં લઈ ગયા હતા. ત્યાં ક્રાઇમ બ્રાન્ચના માણસો હાજર હતા. ત્યાં જજ સાહેબની ચેમ્બરમાં લઈ જઈ ધાક–ધમકી આપી હતી અને કંઈક લખેલા કાગળ ઉપર સહી કરાવેલી

તેમાં શું લખેલુ હતુ તેની ખબર નથી. તે પછી તા.૧૨/૧૧/૨૦૦૮ નારોજ તારીખ ઉપર લઈ જવાના બહાને કોર્ટમાં બેસાડી રાખેલ. એ લોકો જજના ચેમ્બરમાં જઈ વાત કરીને પછી લેવા આવેલા. ત્યારબાદ તા.૧૪/૮/૨૦૦૮ (આરોપી દ્વારા તારીખ ખોટી લખવામાં આવી છે ખરેખર તા.૧૪/૧૧/૨૦૦૮ હોવી જોઈએ) ના રોજ તારીખના બહાના હેઠળ ફરીથી કોર્ટમાં લઈ ગયેલા. ત્યાં ક્રાઈમ બ્રાન્ચના ઓફિસર પણ હાજર હતા. ક્રાઈમ બ્રાન્ચના ઓફીસરે જણાવેલુ કે, મેજિસ્ટ્રેટ સાહેબ તને જયાં સહીઓ કરવાનુ કહે તથા જે લખવાનું કહે તે લખી દે. મેજિસ્ટ્રેટ સાહેબે પણ કહેલુ કે, ક્રાઈમ બ્રાન્ચના ઓફિસર જે કહે તે કરી દે નહીં તો તને વધારે રીમાન્ડમાં મોકલી આપીશ. તે પછી ઘણા બધા કાગળો ઉપર સહીઓ લીધેલી અને બળજબરીપૂર્વક લખાવેલુ કે આ કાગળો ઉપર મેં વાંચી સમજી સહીઓ કરેલી છે. પરંતુ હકીકત એ છે કે આ કાગળોમાં શું લખેલુ હતુ તેની ખબર નથી. જેથી નમ્ર વિનંતી છે કે કોઈપણ કાગળો આરોપી વિરૂધ્ધના સ્વિકારવા નહીં.

ઉપર મુજબની વિગતવાર અરજી લખીને કબૂલાત નિવેદન પરત ખેંચતુ નિવેદનના સ્વરૂપમાં આરોપીએ તા.૨૫/૧૧/૨૦૦૮ ના રોજ યુ.ટી. જેલર, મધ્યસ્થ જેલ, અમદાવાદ દ્વારા મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ ને અરજી મોકલેલાની હકીકત છે પરંતુ આ પ્રમાણિત નકલ ધ્યાને લેતા આ અરજી મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧ને મળેલી છે કે કેમ? તે સ્પષ્ટ થતુ નથી. અરજી ઉપર મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટનો કોઈ હુકમ નથી. આ અરજી યુ.ટી. જેલર દ્વારા પોતાના ફોરવર્ડીંગ પત્ર સાથે મોકલવામાં આવી હોય તો તેવો ફોરવર્ડીંગ પત્ર પણ નથી. આ અરજી તા.૨૩/૧૧/૨૦૦૮ ના રોજ આરોપીએ લખેલી છે અને "૨૩" તારીખ ચેકીને "૨૫" મી તારીખ લખવામાં આવેલી છે. આરોપીએ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ રૂબરૂ તા.૭/૧૧/૨૦૦૮ ના રોજ કબૂલાત માટે અરજી આપેલી અને તેનું નિવેદન તા.૧૪/૧૧/૨૦૦૮ ના રોજ નોંધવામાં આવેલુ છે. આમ, અરજી આપ્યા બાદ સાત દિવસ પછી મેજિસ્ટ્રેટશ્રીએ નિવેદન નોંધેલુ છે. અરજી આપી અને નિવેદન નોંધ્યુ ત્યારે આરોપી સેન્ટ્રલ જેલ

સાબરમતી અમદાવાદ ખાતે હતા. જેથી ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓ તેને કોર્ટમાં લાવેલા હોય તે હકીકત તેની માની શકાય નહીં. આરોપીને તા.૧૪/૮/૨૦૦૮ ના રોજ (સાચી તા.૧૪/૧૧/૨૦૦૮) કબૂલાત નિવેદન નોંધવા મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કર્યા ત્યારે આરોપીના કહેવા પ્રમાણે મેજિસ્ટ્રેટની ચેમ્બરમાં ક્રાઈમ બ્રાન્ચના ઓફિસર હાજર હતા. પરંતુ આ હકીકત આરોપીની સદંતરપણે ખોટી હોવાનું હું માનુ છું. મેજિસ્ટ્રેટશ્રીની ચેમ્બર પ્રાઈવેટ ચેમ્બર હોય અને આરોપીને ચેમ્બરમાં બોલાવ્યા ત્યારે ક્રાઈમ બ્રાન્ચના અધિકારી કોઈપણ સંજોગોમાં હાજર ન જ હોય અને હાજર ન હતા તેવી નોંધ મેજિસ્ટ્રેટશ્રીએ કરેલી છે. વધુમાં આરોપીએ મેજિસ્ટ્રેટ ઉપર આક્ષેપ કરેલો છે કે "ક્રાઈમના ઓફિસરે જે કહ્યું તેમ કહી દે નહીં તો તને વધારે રીમાન્ડમાં મોકલી આપીશ". મારા મત પ્રમાણે આરોપીનો આ આક્ષેપ તદ્દન ખોટો છે જે કોઈપણ સંજોગોમાં માની શકાય નહીં. વધુમાં આરોપીની હકીકત એવી છે કે, "તે પછી ઘણા બધા કાગળો ઉપર મારી સહીઓ લીધી અને બળજબરીપૂર્વક લખાવ્યુ કે આ કાગળો ઉપર મે વાંચી સમજીને સહીઓ કરેલી છે". પરંતુ આ મુજબનુ લખાણ આરોપીએ તેના કબૂલાત નિવેદનમાં કયાંય લખેલુ હોય તેવુ માલુમ પડતુ નથી કે મેજિસ્ટ્રેટશ્રીએ પણ આવુ લખાણ આરોપી પાસે સહીઓ કરાવીને લખાવ્યુ હોય તેવુ પણ કયાંય નથી, માટે આરોપીનો આ આક્ષેપ તદ્દન ખોટો અને પાયા વિહોણો છે. આ અંગે આરોપી પાસે કોઈ જ પુરાવો નથી અને જો હોય તો રજૂ કરેલો નથી. તા.૭/૧૧/૨૦૦૮ ના રોજ આરોપીએ કબૂલાત નોંધવા માટે જયારે અરજી આપી ત્યારે તે જયુડીશીયલ કસ્ટડીમાં હતો. ત્યારબાદ કબૂલાત નોંધવા તેને તા.૧૨/૧૧/૨૦૦૮ ના રોજ મેજિસ્ટ્રેટ સમક્ષ હાજર કરેલો ત્યારે પણ તે જયુડીશીયલ કસ્ટડીમાં હતો પરંતુ મેજિસ્ટ્રેટ પાસે સમય ન હોવાથી તેનુ નિવેદન નોંધી શકાયેલુ નહીં અને તા.૧૪/૧૧/૨૦૦૮ નારોજ નિવેદન નોંધવા ફરીથી જયુડીશીયલ કસ્ટડીમાંથી મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવેલ અને તે દિવસે તેનુ કબૂલાત નિવેદન નોંધવામાં આવેલુ છે. આમ તા.૭/૧૧/૨૦૦૮ના રોજ, તા.૧૨/૧૧/૨૦૦૮ ના રોજ અને તા.૧૪/૧૧/૨૦૦૮ ના રોજ પોતે નિવેદન

નોંધાવવા માંગતો નથી તેવી રજૂઆત મેજિસ્ટ્રેટશ્રી સમક્ષ આરોપી કરી શકતો હતો પરંતુ કરેલી નથી. તા.૧૪/૧૧/૨૦૦૮ ના રોજ કબૂલાત નિવેદન નોંધ્યા બાદ ૧૧ દિવસ પછી એટલે કે તા.૨૫/૧૧/૨૦૦૮ ના રોજ પોતે નિવેદન નોંધાવેલુ નથી અને મેજિસ્ટ્રેટ સાહેબે લખાવી લઈ સહીઓ કરાવેલી છે તેવી જે તેની રજૂઆત છે તે તદ્દન ખોટી અને પુખ્ત ચર્ચા વિચારણાના અંતે સોચી, સમજી અને વિચારીને નકકી કરીને આ અરજી તા.૨૫/૧૧/૨૦૦૮ ના રોજ મેજિસ્ટ્રેટશ્રીને મોકલવા માટે યુ.ટી.જેલર સમક્ષ મોકલવામાં આવેલ છે. મેજિસ્ટ્રેટશ્રીએ જે કંઈ કાર્યવાહી કરેલ છે તે અગાઉ ચર્ચા કરી તેમ કોર્ટના સમય દરમ્યાન કોર્ટની કામગીરીના ભાગરૂપે કરેલી છે. આરોપી પાસે મેજિસ્ટ્રેટ ગયેલા નથી અને જણાવેલુ નથી કે તું કબૂલાત કરવા માટે અરજી આપ. આરોપીએ સામે ચાલીને અરજી આપેલી છે. આરોપી સાથે મેજિસ્ટ્રેટને કોઈ દુશ્મનાવટ હોય તેવુ પણ નથી. જે મેજિસ્ટ્રેટશ્રીએ આરોપીનું નિવેદન લીધેલુ છે તે મેજિસ્ટ્રેટશ્રીએ આરોપીના રીમાન્ડ આપેલા નથી, તે મેજિસ્ટ્રેટ સમક્ષ પોલીસે આરોપીને રજૂ રાખેલ નથી કે તે મેજિસ્ટ્રેટની કોર્ટમાં આ આરોપીના કેસ બાબતે કોઈ કાર્યવાહી થયેલ નથી. આ નિવેદન નોંધનાર મેજિસ્ટ્રેટશ્રીએ ફકત ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટશ્રીના હુકમના આધારે આ આરોપીનું કબૂલાત નિવેદન નોંધેલુ છે માટે લાભ ગેરલાભની સરખામણી કરીએ તો આરોપીનું નિવેદન નોંધવા પાછળ મેજિસ્ટ્રેટશ્રીનો કોઈ સ્વાર્થ નથી, કોઈ લાભ નથી. જયારે જે કંઈ લાભ કે નુકસાન થવાનું હતુ તે આરોપીને થવાનું હતુ જેથી પાછળથી કંઈક બીજુ નિવેદન કરે તો તે આરોપી જ કરે કારણ કે નુકસાન તેને થવાનું હતુ, જેમાં મેજિસ્ટ્રેટશ્રીને કોઈ લેવાદેવા નથી માટે આ તમામ હકીકત અને ચર્ચા લક્ષમાં લેતા આરોપીએ નિવેદન પરત ખેંચતી અરજી ખોટી આપેલી છે. અગાઉનું તેનુ કબૂલાતવાળુ નિવેદન તદ્દન સાચુ છે તેમ હું માનુ છું.

આરોપી નં.૨૧ મહેંદી હસન ઉર્ફે વિકકી સન ઓફ અબ્દુલ હબીબ અકબરખાં અન્સારીનાઓએ પોતાની કબૂલાત પરત ખેંચવા માટે જે અરજી મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧ ને મોકલેલી તે આંક–૯૨૨૬ વાળી ક્રિ.પ્રો.

કોડની કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનની સાથે રજૂ કરેલી છે જે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧ ને તા.૨૫/૧૧/૨૦૦૮ ના રોજ એક અરજી મોકલેલી છે. તેની પ્રમાણિત નકલ રજૂ કરી છે. આરોપીઓ તરફથી દલીલ છે કે આ અરજી પરત ખેંચેલુ નિવેદન છે. તેની હકીકત ધ્યાને લઈએ તો આ આરોપીને તા.૮/૧૦/૨૦૦૮ ના રોજ જયપુર જેલથી ગુજરાત લાવેલા અને તા.૭/૧૧/૨૦૦૮ સુધી ક્રાઈમ બ્રાન્ચના રીમાન્ડમાં રાખેલા અને ત્યારથી સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે છે. રીમાન્ડ દરમ્યાન એક મહીના સુધી શારીરિક અને માનસીક સંતુલન ખોઈ બેસેલા, રીમાન્ડ દરમ્યાન ક્રાઈમ બ્રાન્ચવાળાઓએ તેઓના કહેવા પ્રમાણે ઘણુ બધુ લખાવેલુ અને જણાવેલુ કે તું નિર્દોષ છું તેને જલદી જયપુર મોકલી આપીશું. એક મેડમ હિન્દી ભાષામાં લખેલા કાગળો આપેલા અને જણાવેલુ કે, આ પ્રમાણે તું તારા હસ્તાક્ષરોમાં લખી દે. મને અહીંયા કેમ લાવવામાં આવેલો છે તેની ખબર નથી. તા.૧૦/૧૧/ ૨૦૦૮ ના રોજ કોર્ટમાં લઈ ગયેલા ત્યાં ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓ હાજર હતા. જજ સાહેબની ચેમ્બરમાં લઈ ગયેલા ત્યાં પેપર ઉપર સહીઓ કરાવેલી અને જેલમાં મોકલી આપેલા. તા.૧૨/૧૧/૨૦૦૮ ના રોજ ફરીથી ક્રાઈમ બ્રાન્ચના અધિકારી જેલમાંથી લઈ ગયેલ અને જણાવેલુ કે, કોર્ટમાં સાહેબ સામે બહુ બોલવાનું નહીં, જયાં સહી કરવાનું કહે ત્યાં સહી કરી દેવી. જો એવુ નહીં કરે તો ફરીથી ક્રાઈમ બ્રાન્ચના રીમાન્ડમાં સોંપવામાં આવશે જેથી ડરી ગયેલો. મેજિસ્ટ્રેટ સાહેબની ચેમ્બરમાં અધિકારી લઈને ગયેલા અને ઘણા બધા કાગળો ઉપર સહીઓ કરાવેલી અને જણાવેલુ કે "આમાં લખો અને હિન્દીમાં વાંચીને સમજયો છું અને કહે તે પ્રમાણે લખી દે". ત્યારપછી સહીઓ કરાવેલી અને ફરી જેલમાં મોકલી આપેલા.

ઉપર મુજબની વિગતવાર અરજી લખીને કબૂલાત નિવેદન પરત ખેંચતુ નિવેદનના સ્વરૂપમાં આરોપીએ તા.૨૫/૧૧/૨૦૦૮ ના રોજ યુ.ટી. જેલર, મધ્યસ્થ જેલ, અમદાવાદ દ્વારા મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ ને અરજી મોકલેલાની હકીકત છે પરંતુ આ પ્રમાણિત નકલ ધ્યાને લેતા આ અરજી મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧ને મળેલી છે કે કેમ? તે સ્પષ્ટ થતુ નથી.

અરજી ઉપર મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટનો કોઈ હુકમ નથી. આ અરજી યુ.ટી.જેલર દ્વારા પોતાના ફોરવર્ડીંગ પત્ર સાથે મોકલવામાં આવી હોય તો તેવો ફોરવર્ડીંગ પત્ર પણ નથી. આ અરજી તા.૨૩/૧૧/૨૦૦૮ ના રોજ આરોપીએ લખેલી છે અને "૨૩" તારીખ ચેકીને "૨૫"મી તારીખ લખવામાં આવેલી છે. આરોપીએ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ રૂબરૂ તા.૭/૧૧/૨૦૦૮ ના રોજ કબૂલાત માટે અરજી આપેલી અને તેનું નિવેદન તા.૧૨/૧૧/૨૦૦૮ ના રોજ નોંધવામાં આવેલુ છે. આમ અરજી આપ્યા બાદ પાંચ દિવસ પછી મેજિસ્ટ્રેટશ્રીએ નિવેદન નોંધેલુ છે. અરજી આપી અને નિવેદન નોંધ્યુ ત્યારે આરોપી સેન્ટ્રલ જેલ, સાબરમતી અમદાવાદ ખાતે હતા. જેથી ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓ તેને કોર્ટમાં લાવેલા હોય તે હકીકત તેની માની શકાય નહીં. આરોપીને તા.૧૨/૧૧/૨૦૦૮ ના રોજ કબૂલાત નિવેદન નોંધવા મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કર્યા ત્યારે આરોપીના કહેવા પ્રમાણે મેજિસ્ટ્રેટની ચેમ્બરમાં ક્રાઈમ બ્રાન્ચના ઓફિસર હાજર હતા. પરંતુ આ હકીકત આરોપીની સદંતરપણે ખોટી હોવાનું હું માનુ છું. મેજિસ્ટ્રેટશ્રીની ચેમ્બર પ્રાઈવેટ ચેમ્બર હોય અને આરોપીને ચેમ્બરમાં બોલાવ્યા ત્યારે ક્રાઈમ બ્રાન્ચના અધિકારી કોઈ પણ સંજોગોમાં હાજર ન જ હોય અને હાજર ન હતા તેવી નોંધ મેજિસ્ટ્રેટશ્રીએ કરેલી છે. વધુમાં આરોપીની હકીકત એવી છે કે "તે પછી ઘણા બધા કાગળો ઉપર મારી સહીઓ લીધી અને બળજબરીપૂર્વક લખાવ્યુ કે આમાં લખો અને હિન્દીમાં વાંચીને સમજયો છું અને કહે તે પ્રમાણે લખી દે". પરંતુ આ મુજબનુ લખાણ આરોપીએ તેના કબૂલાત નિવેદનમાં કયાંય લખેલુ હોય તેવુ માલુમ પડતુ નથી કે મેજિસ્ટ્રેટશ્રીએ પણ આવુ લખાણ આરોપી પાસે સહીઓ કરાવીને લખાવ્યુ હોય તેવુ પણ કયાંય નથી, માટે આરોપીનો આ આક્ષેપ તદ્દન ખોટો અને પાયા વિહોણો છે. આ અંગે આરોપી પાસે કોઈ જ પુરાવો નથી અને જો હોય તો રજૂ કરેલો નથી. તા.૭/૧૧/૨૦૦૮ ના રોજ આરોપીએ કબૂલાત નોંધવા માટે જયારે અરજી આપી ત્યારે તે જયુડીશીયલ કસ્ટડીમાં હતો. ત્યારબાદ કબૂલાત નોંધવા તેને તા.૧૦/૧૧/૨૦૦૮ ના રોજ મેજિસ્ટ્રેટ સમક્ષ હાજર કરેલો અને ત્યારબાદ તા.૧૨/૧૧/૨૦૦૮ ના રોજ નિવેદન નોંધવા

ફરીથી જયુડિશીયલ કસ્ટડીમાંથી મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવેલ અને તે દિવસે તેનુ કબૂલાત નિવેદન નોંધવામાં આવેલુ છે. આમ તા.૭/૧૧/૨૦૦૮ નારોજ, તા.૧૦/૧૧/૨૦૦૮ ના રોજ અને તા.૧૨/ ૧૧/૨૦૦૮ ના રોજ પોતે નિવેદન નોંધાવવા માંગતો નથી તેવી રજૂઆત મેજિસ્ટ્રેટશ્રી સમક્ષ આરોપી કરી શકતો હતો પરંતુ કરેલી નથી. તા.૧૨/૧૧/૨૦૦૮ ના રોજ કબૂલાત નિવેદન નોંધ્યા બાદ ૧૩ દિવસ પછી એટલે કે તા.૨૫/૧૧/૨૦૦૮ ના રોજ પોતે નિવેદન નોંધાવેલુ નથી અને મેજિસ્ટ્રેટ સાહેબે લખાવી લઈ સહીઓ કરાવેલી છે તેવી જે તેની રજૂઆત છે તે તદ્દન ખોટી અને પુખ્ત ચર્ચા વિચારણાના અંતે સોચી, સમજી અને વિચારીને નકકી કરીને આ અરજી તા.૨૫/૧૧/૨૦૦૮ ના રોજ મેજિસ્ટ્રેટશ્રીને મોકલવા માટે યુ.ટી.જેલર સમક્ષ મોકલવામાં આવેલ છે. મેજિસ્ટ્રેટશ્રીએ જે કંઈ કાર્યવાહી કરેલ છે તે અગાઉ ચર્ચા કરી તેમ કોર્ટના સમય દરમ્યાન કોર્ટની કામગીરીના ભાગરૂપે કરેલી છે. આરોપી પાસે મેજિસ્ટ્રેટ ગયેલા નથી અને જણાવેલુ નથી કે તું કબૂલાત કરવા માટે અરજી આપ. આરોપીએ સામે ચાલીને અરજી આપેલી છે. આરોપી સાથે મેજિસ્ટ્રેટને કોઈ દુશ્મનાવટ હોય તેવુ પણ નથી. જે મેજિસ્ટ્રેટશ્રીએ આરોપીનું નિવેદન લીધેલુ છે તે મેજિસ્ટ્રેટશ્રીએ આરોપીના રીમાન્ડ આપેલા નથી, તે મેજિસ્ટ્રેટ સમક્ષ પોલીસે આરોપીને રજૂ રાખેલ નથી કે તે મેજિસ્ટ્રેટની કોર્ટમાં આ આરોપીના કેસ બાબતે કોઈ કાર્યવાહી થયેલ નથી. આ નિવેદન નોંધનાર મેજિસ્ટ્રેટશ્રીએ ફકત ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટશ્રીના હુકમના આધારે આ આરોપીનું કબૂલાત નિવેદન નોંધેલુ છે માટે લાભ–ગેરલાભની સરખામણી કરીએ તો આરોપીનું નિવેદન નોંધવા પાછળ મેજિસ્ટ્રેટશ્રીનો કોઈ સ્વાર્થ નથી, કોઈ લાભ નથી. જયારે જે કંઈ લાભ કે નુકસાન થવાનું હતુ તે આરોપીને થવાનું હતુ જેથી પાછળથી કંઈક બીજુ નિવેદન કરે તો તે આરોપી જ કરે કારણ કે નુકસાન તેને થવાનું હતુ, જેમાં મેજિસ્ટ્રેટશ્રીને કોઈ લેવાદેવા નથી માટે આ તમામ હકીકત અને ચર્ચા લક્ષમાં લેતા આરોપીએ નિવેદન પરત ખેંચતી અરજી ખોટી આપેલી છે. અગાઉનું તેનુ કબૂલાતવાળુ નિવેદન તદ્દન સાચુ છે તેમ હું માનુ છું.

આરોપી નં.૨૪ ઉંમર ઉર્ફે અશોકભાઈ કાળાભાઈ કબીરાનાઓએ પોતાની કબૂલાત પરત ખેચવા માટે જે અરજી મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧ ને મોકલેલી તે આંક–૯૨૨૭ વાળી ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનની સાથે રજૂ કરેલી છે જે "ફરિયાદ સરકાર વિરૂધ્ધ" તે વિષય લખીને મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ ને તા.૨૫/૧૧/૨૦૦૮ ના રોજ એક અરજી મોકલેલી છે. તેની પ્રમાણિત નકલ રજૂ કરી છે. આરોપીઓ તરફથી દલીલ છે કે આ અરજી પરત ખેંચેલુ નિવેદન છે. તેની હકીકત ધ્યાને લઈએ તો તા.૯/૮/૨૦૦૮ ના રોજ રાત્રે બે થી ત્રણના ગાળા દરમ્યાન પોલીસ ઘરે આવીને ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે લઈ ગયેલી અને કહેલુ કે તું સીમીનો કાર્યકર છે તો આરોપીએ ના પાડેલી અને જણાવેલુ કે સીમીનો માણસ નથી. પોલીસે બોમ્બ બ્લાસ્ટના બારામાં પુછેલુ તો પણ ના પાડેલી કે હું કંઈ જાણતો નથી. પછી બળજબરી કરેલી, મારઝુડ કરેલી અને તા.૧૫/૧૦/૨૦૦૮ સુધી ગોંધી રાખેલો. તા.૧૫/૧૦/૨૦૦૮ થી એરેસ્ટ બતાવેલો. ત્યારબાદ બુરખો પહેરાવી હાથમાં હથકડી નાખી દિવાલ તરફ મોઢુ કરી તા.૬/૧૧/૨૦૦૮ સુધી રીમાન્ડ ઉપર રાખેલો અને કહેલુ કે તારો રોલ કયાંય નથી, તને છોડી દેવામાં આવશે. હવે એક યા બે મહીના થશે. અમારે તારા કાગળ લખીને આપવાના છે, તું છુટી જઈશ, અમે કહીએ તેમ કરતો રહે, શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવેલો. અમે જેમ કહીએ તેમ તુ નહિ કરે તો તને દસ વર્ષની કેદ અથવા ફાંસી થશે. સાહેબે કોરા કાગળમાં સહીઓ કરાવેલી, કાગળ વાંચ્યા વગર સહીઓ કરાવી લેતા વારંવાર ધમકીઓ આપતા, માનસિક ત્રાસ ખૂબ આપેલો, કોર્ટમાં રજૂ કરવામાં આવે ત્યારે કોઈ ફરિયાદ નહીં કરવાની તેમ કહેતા. તા.૭/૧૧/ ૨૦૦૮ ના રોજ સેન્ટ્રલ જેલમાં મોકલી આપેલા. ત્યારબાદ તા.૧૦/૧૧/ ૨૦૦૮ ના રોજ તારીખ છે તેમ કહીને કોર્ટમાં લઈ ગયેલા. એક કાગળમાં સહી કરાવી જજ સાહેબના કેબીનમાં લઈ જઈ પછી પાછા તા.૧૨/૧૧/ ૨૦૦૮ ના રોજ ફરી કોર્ટમાં લઈ ગયેલા. કોરા કાગળમાં સહીઓ કરાવેલી અને કહેલુ કે, "તે આ વાંચી વિચારીને સહી કરી છે" આવુ કહેવાનું જેથી ગભરાઈ ગયેલો અને ખોટી સહીઓ

કરાવેલી. કાગળમાં શું લખ્યુ છે તેનુ ખબર નથી. નિર્દોષ છું, બોમ્બ બ્લાસ્ટમાં કંઈ જાણતો નથી. કોઈ પણ જાતની લેવાદેવા નથી માટે નમ્ર વિનંતી છે કે કોઈપણ કાગળો સહીઓ કરાવેલા છે તે સ્વિકારવામાં ન આવે.

ઉપર મુજબની વિગતવાર અરજી લખીને કબૂલાત નિવેદન પરત ખેંચતુ નિવેદનના સ્વરૂપમાં આરોપીએ તા.૨૫/૧૧/૨૦૦૮ ના રોજ યુ.ટી. જેલર, મધ્યસ્થ જેલ, અમદાવાદ દ્વારા મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ ને અરજી મોકલેલાની હકીકત છે પરંતુ આ પ્રમાણિત નકલ ધ્યાને લેતા આ અરજી મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ ને મળેલી છે કે કેમ? તે સ્પષ્ટ થતુ નથી. અરજી ઉપર મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટનો કોઈ હુકમ નથી. આ અરજી યુ.ટી. જેલર દ્વારા પોતાના ફોરવર્ડીંગ પત્ર સાથે મોકલવામાં આવી હોય તો તેવો ફોરવર્ડીંગ પત્ર પણ નથી. આ અરજી તા.૨૨/૧૧/૨૦૦૮ ના રોજ આરોપીએ લખેલી છે અને "૨૨" તારીખ ચેકીને "૨૫" મી તારીખ લખવામાં આવેલી છે. આરોપીએ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ રૂબરૂ તા.૭/૧૧/૨૦૦૮ ના રોજ કબૂલાત માટે અરજી આપેલી અને તેનું નિવેદન તા.૧૨/૧૧/૨૦૦૮ ના રોજ નોંધવામાં આવેલુ છે. આમ, અરજી આપ્યા બાદ પાંચ દિવસ પછી મેજિસ્ટ્રેટશ્રીએ નિવેદન નોંધેલુ છે. અરજી આપી અને નિવેદન નોંધ્યુ ત્યારે આરોપી સેન્ટ્રલ જેલ, સાબરમતી, અમદાવાદ ખાતે હતા. જેથી ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓ તેને કોર્ટમાં લાવેલા હોય તે હકીકત તેની માની શકાય નહીં. આરોપીને તા.૧૨/૧૧/૨૦૦૮ ના રોજ કબૂલાત નિવેદન નોંધવા મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કર્યા ત્યારે આ આરોપી સાથે ક્રાઈમ બ્રાન્ચના કોઈ માણસ ન હતા તેવી નોંધ મેજિસ્ટ્રેટશ્રીએ કરેલી છે. વધુમાં આરોપીની હકીકત એવી છે કે "તે પછી ઘણા બધા કાગળો ઉપર મારી સહીઓ લીધી અને તે આ વાંચી વિચારીને સહી કરી છે". પરંતુ આ મુજબનુ લખાણ આરોપીએ તેના કબૂલાત નિવેદનમાં કયાંય લખેલુ હોય તેવુ માલુમ પડતુ નથી કે મેજિસ્ટ્રેટશ્રીએ પણ આવુ લખાણ આરોપી પાસે સહીઓ કરાવીને લખાવ્યુ હોય તેવુ પણ કયાંય નથી, માટે આરોપીનો આ આક્ષેપ તદ્દન ખોટો અને પાયા વિહોણો છે. આ અંગે આરોપી પાસે કોઈ જ પુરાવો નથી અને જો

હોય તો રજૂ કરેલો નથી. તા.૭/૧૧/૨૦૦૮ ના રોજ આરોપીએ કબૂલાત નોંધવા માટે જયારે અરજી આપી ત્યારે તે જયુડિશીયલ કસ્ટડીમાં હતો.ત્યારબાદ કબૂલાત નોંધવા તેને તા.૧૦/૧૧/૨૦૦૮ ના રોજ મેજિસ્ટ્રેટ સમક્ષ હાજર કરેલો અને ત્યારબાદ તા.૧૨/૧૧/૨૦૦૮ ના રોજ નિવેદન નોંધવા ફરીથી જયુડિશીયલ કસ્ટડીમાંથી મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવેલ અને તે દિવસે તેનુ કબૂલાત નિવેદન નોંધવામાં આવેલુ છે. આમ, તા.૭/૧૧/૨૦૦૮ ના રોજ, તા.૧૦/૧૧/૨૦૦૮ ના રોજ અને તા.૧૨/૧૧/૨૦૦૮ ના રોજ પોતે નિવેદન નોંધાવવા માંગતો નથી તેવી રજૂઆત મેજિસ્ટ્રેટશ્રી સમક્ષ આરોપી કરી શકતો હતો પરંતુ કરેલી નથી. તા.૧૨/૧૧/૨૦૦૮ ના રોજ કબૂલાત નિવેદન નોંધ્યા બાદ ૧૩ દિવસ પછી એટલે કે તા.૨૫/૧૧/૨૦૦૮ ના રોજ પોતે નિવેદન નોંધાવેલુ નથી અને મેજિસ્ટ્રેટ સાહેબે લખાવી લઈ સહીઓ કરાવેલી છે તેવી જે તેની રજૂઆત છે તે તદ્ધન ખોટી અને પુખ્ત ચર્ચા વિચારણાના અંતે સોચી, સમજી અને વિચારીને નક્કી કરીને આ અરજી તા.૨૫/૧૧/ ૨૦૦૮ ના રોજ મેજિસ્ટ્રેટશ્રીને મોકલવા માટે યુ.ટી.જેલર સમક્ષ મોકલવામાં આવેલ છે. મેજિસ્ટ્રેટશ્રીએ જે કંઈ કાર્યવાહી કરેલ છે તે અગાઉ ચર્ચા કરી તેમ કોર્ટના સમય દરમ્યાન કોર્ટની કામગીરીના ભાગરૂપે કરેલી છે. આરોપી પાસે મેજિસ્ટ્રેટ ગયેલા નથી અને જણાવેલુ નથી કે તું કબૂલાત કરવા માટે અરજી આપ આરોપીએ સામે ચાલીને અરજી આપેલી છે. આરોપી સાથે મેજિસ્ટ્રેટને કોઈ દુશ્મનાવટ હોય તેવુ પણ નથી. જે મેજિસ્ટ્રેટશ્રીએ આરોપીનું નિવેદન લીધેલુ છે તે મેજિસ્ટ્રેટશ્રીએ આરોપીના રીમાન્ડ આપેલા નથી, તે મેજિસ્ટ્રેટ સમક્ષ પોલીસે આરોપીને રજૂ રાખેલ નથી કે તે મેજિસ્ટ્રેટની કોર્ટમાં આ આરોપીના કેસ બાબતે કોઈ કાર્યવાહી થયેલ નથી. આ નિવેદન નોંધનાર મેજિસ્ટ્રેટશ્રીએ ફકત ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટશ્રીના હુકમના આધારે આ આરોપીનું કબૂલાત નિવેદન નોંધેલુ છે માટે લાભ ગેરલાભની સરખામણી કરીએ તો આરોપીનું નિવેદન નોંધવા પાછળ મેજિસ્ટ્રેટશ્રીનો કોઈ સ્વાર્થ નથી, કોઈ લાભ નથી. જયારે જે કંઈ લાભ કે નુકસાન થવાનું હતુ તે આરોપીને થવાનું હતુ જેથી પાછળથી કંઈક બીજુ નિવેદન કરે તો તે

આરોપી જ કરે કારણ કે નુકસાન તેને થવાનું હતુ, જેમાં મેજિસ્ટ્રેટશ્રીને કોઈ લેવાદેવા નથી માટે આ તમામ હકીકત અને ચર્ચા લક્ષમાં લેતા આરોપીએ નિવેદન પરત ખેંચતી અરજી ખોટી આપેલી છે. આરોપી નં.૨,૨૧,૨૪ નાઓએ અગાઉનું તેનુ કબૂલાતવાળુ નિવેદન તદ્દન સાચુ છે તેમ હું માનુ છું.

આમ, આરોપી નં.૨,૨૧,૨૪નાઓના ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબના નિવેદનો તથા તે નિવેદનો પરત ખેંચતા નિવેદનો (અરજીઓ) મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટને ડયુટી જેલર દ્વારા મોકલવામાં આવેલી હતી તથા આરોપી નં.૧૭, ૨૦, ૨૨ નાઓએ પણ સરકાર વિરૂધ્ધ ફરિયાદો મેજિસ્ટ્રેટશ્રીને મોકલેલી હતી.આરોપી નં.૨,૨૧,૨૪ તથા આરોપી નં.૧૭,૨૦,૨૨ ની અરજીઓ ઉપર મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટશ્રીએ જે હુકમ કરેલો તે આંક–૯૧૯૭ થી રજૂ છે. આ હુકમ મુજબ મેજિસ્ટ્રેટશ્રીએ હુકમમાં સ્પષ્ટ નિરીક્ષણ કરેલુ છે કે આરોપીએ મોકલેલી આ અરજીઓ ખોટી છે અને તે વિચારણામાં લેવાય નહીં. આ હુકમ સામે આરોપીઓએ અત્રેની અદાલત સમક્ષ કે નામદાર હાઈકોર્ટ સમક્ષ કોઈ પીટીશન દાખલ કરેલી નથી. મેજિસ્ટ્રેટશ્રીનો હુકમ ધ્યાને લેતા જે અરજી રજૂ કરેલી છે અને તે લગત થયેલ હુકમ આંક–૯૨૦૦ થી રજૂ થયેલો છે. આ હુકમ ધ્યાને લેતા પણ આરોપી નં.૪ સાથે પોલીસ દ્વારા કોઈ ગેરવર્તણૂક થયેલી નથી તેમ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ દ્વારા હુકમમાં નિરીક્ષણ કરવામાં આવેલુ છે. હવે આ પરત ખેંચેલા નિવેદનો આ આરોપીઓ સામે કે અન્ય આરોપીઓ સામે ઉપયોગમાં લઈ શકાય કે કેમ ? આ પરત ખેંચેલા નિવેદનો પુરાવામાં ગ્રાહ્ય રાખી શકાય કે કેમ ? તે મુદ્દો નક્કી કરવાનો છે અને તે માટે આ અદાલતને ધ્યાનમાં છે તેવા નામદાર સુપ્રિમ કોર્ટ તેમજ નામદાર જુદી–જુદી હાઈકોર્ટોના ચુકાદાઓ ધ્યાને લીધેલા છે જેવા કે...

અ.નં.	ચુકાદો	ચુકાદામા નિર્ણીત થયેલ મુદ્દાઓ પૈકી કબૂલાત અને પરત ખેચેલી કબૂલાત બાબતે નિર્ણીત થયેલ મુદ્દો
૧	હેમરાજ	– જયારે કોઈ આરોપી કબૂલાત કરે ત્યારે

	વિરૂધ્ધ અજમેર રાજય ૧૯૫૪, એસ.સી.જે. પાન નં.૪૪૯ એ.આઈ.આર.–૧૯૫૪ સુપ્રિમ કોર્ટ, પાન નં.૪૬૨	તેની તે કબૂલાત સ્વૈચ્છાપૂર્વકની છે કે કેમ ? તે વિચારવાનું રહે છે. પછીના કોઈ પણ તબકકે આરોપી પોતે કરેલી કબૂલાત સ્વૈચ્છાપૂર્વક કરી ન હતી તેમ કહે તો તે કારણે તે કરવામાં આવેલી કબૂલાત અપ્રસ્તુત બની જતી નથી. તેવી કબૂલાત ઉપર આધાર રાખવો કે નહીં તે મુલ્યાંકનનો મુદ્દો છે પરંતુ એ હકીકત પુરવાર થવી જોઈએ કે કરવામાં આવેલી કબૂલાત મુકત અને સ્વૈચ્છાપૂર્વકની છે તથા અધિકાર ધરાવતી વ્યકિત તરફથી પ્રલોભન આપવામાં આવેલ નથી તેમ છતાં આરોપી કહે કે તેને ધમકી આપવામાં આવી હતી અથવા પ્રલોભન આપેલુ હતુ તો તે માત્ર કારણથી કબૂલાત અપ્રસ્તુત બનતી નથી. – આરોપી જણાવે કે કબૂલાત કરવા માટે તેને ધમકી આપવામાં આવી હતી, ત્રાસ આપવામાં આવ્યો હતો કે લાલચ આપવામાં આવી હતી તો તે હકીકત આધારભુત પુરાવા વિના માની શકાય નહીં.
૨	રાજા વિરૂધ્ધ ભગવાનદાશ બિશેશ્વર, ૪૨, મુંબઈ લો રીપોર્ટર	આરોપી કબૂલાત કરે અને પાછળથી તે પાછી ખેંચી લે પરંતુ આવી કબૂલાત સ્વૈચ્છાપૂર્વકની અને રાજીખુશીથી કરવામાં આવેલી હતી તેવું સાબિત થાય

	પાન નં.૯૩૮ રાજા વિરૂધ્ધ કૃષ્ણ બાબાજી, ૩૫, બોમ્બે લો રીપોર્ટર પાન નં.૩૭૧, મુંબઈ	તો કેસના બીજા પુરાવા ઉપરથી તે કબૂલાત ઉપર આધાર રાખી આગળ વધી શકાય. પાછી ખેંચી લીધેલી કબૂલાતના ટેકામાં બીજો સ્વતંત્ર પુરાવો કે આધારભુત પુરાવો હોવો જોઈએ. એવો કોઈ કાયદાનો અબાધીત નિયમ નથી કે કબૂલાત પાછી ખેંચાય તો તે મટી જતી નથી. કબૂલાત પાછી ખેંચાય એટલે અદાલત તેના મૂલ્યાંકનની તપાસ શરૂ કરે છે.
૩	હારૂન હાજમી અબ્દુલ્લા વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર ૧૯૬૮ (૨) એસ.સી.આર.	પાછી ખેંચેલી કબૂલાત ખુબ જ વિચારણા માંગી લે છે. પાછી ખેંચેલ કબૂલાત તેના કબૂલાત કરનાર તથા સહઆરોપીઓ સામે ઘણો દુબળો પુરાવો છે. અદાલતે બીજા સમર્થનકારી પુરાવા ચકાસવા જોઈએ.
૪	પ્યારેલાલ વિરૂધ્ધ સ્ટેટ ઓફ આસામ, એ.આઈ.આર. ૧૯૫૭, સુપ્રિમ કોર્ટ, પાન નં.૨૧૬	આરોપીએ પાછી ખેંચેલી કબૂલાત સજા માટેનો આધાર બની શકે. પરંતુ અદાલતને સંતોષ થવો જોઈએ કે તે કબૂલાત સ્વૈચ્છાપૂર્વકની અને સાચી હતી પરંતુ તેમ છતાં આધારભુત અને સમર્થનકારી પુરાવા વિના તે સજાનો આધાર બની શકે નહીં.
૫	ભેરૂસીંગ વિરૂધ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન,	આરોપીએ પોતાની કબૂલાતવાળુ નિવેદન પરત ખેંચેલુ હોય તો પણ તે કાયદા મુજબ સજાનો આધાર બની શકે. પરંતુ

	(૧૯૯૪)૨ એસ.સી.સી. પાન નં.૪૬૭	અદાલતને સંતોષ થવો જોઈએ કે કબૂલાત નિવેદન સાચુ અને સ્વૈચ્છાપૂર્વકનું હતુ.
૬	રામચંદ્રન વિરૂધ્ધ સ્ટેટ ઓફ યુ.પી., એ.આઈ.આર.– ૧૯૬૮ સુપ્રિમ કોર્ટ, પાન નં.૧૨૭૦	સાહેદ સાક્ષી બોક્ષમાં આવીને જણાવે કે આ કલમ હેઠળ આપવામાં આવેલુ અગાઉનું નિવેદન દબાણ હેઠળ આપવામાં આવેલુ હતુ તો અગાઉનું નિવેદન રદ કરવા માટે પુરતુ કારણ નથી.
૭	જીબોન ભરાલી વિરૂધ્ધ સ્ટેટ ઓફ આસામ ૧૯૬૭–ક્રિ.લો.જ. પાન નં.૪૦૯	કબૂલાતનું નિવેદન ચુસ્ત નિયમ અને જોગવાઈ મુજબ નોંધવામાં આવેલુ હોય અને તે નિવેદન સ્વૈચ્છાપૂર્વકનું હતુ તેવો અદાલતને સંતોષ થયેલો હોય અને નિવેદનમાં બનાવને લગતી તમામ હકીકત જણાવી હોય તો તે નિવેદન પરત ખેંચેલુ હોવા છતાં તે સજાનો આધાર બની શકે.
૮	રામચંદ્ર શર્મા વિરૂધ્ધ સ્ટેટ ઓફ બિહાર, એ.આઈ.આર., ૧૯૬૭, સુપ્રિમ કોર્ટ,પાન નં.૩૪૯	આરોપીએ કબૂલાતવાળુ નિવેદન પરત ખેંચેલુ હોય તો પણ બીજા સમર્થનકારી પુરાવા વિના તેની ઉપર આધાર રાખીને જો સજા કરવામાં આવે તો ગેરકાયદેસર નથી.
૯	ધુલેશ્વર બહેરા વિરૂધ્ધ સ્ટેટ ૧૯૮૨ ક્રિ.લો.જ.	–અદાલતને સંતોષ થાય કે આરોપીનું કબૂલાતવાળુ નિવેદન સાચુ અને સ્વૈચ્છાપૂર્વકનું છે તો તે પરત ખેંચેલુ હોવા છતાં તેના ઉપર આધાર રાખી સજા કરી

	પાન નં.૨૩૪૬, ઓરીસ્સા (ડિવીઝન બેન્ચ)	શકાય. – રેકર્ડ ઉપર મજબુત અને સબળ પુરાવો હોય તો પરત ખેંચેલા નિવેદનના આધારે સહઆરોપીઓને પણ સજા થઈ શકે.
૧૦	હેમચંદ્ર નાયક વિરૂધ્ધ સ્ટેટ ઓફ આસામ ૧૯૮૯, ક્રિ.લો.જ. પાન નં.૨૦૫૮ ગોવાહાટી ડીવીઝન બેન્ચ	કાયદાનો એવો કોઈ નિયમ નથી કે પરત ખેંચેલા નિવેદન ઉપર આધાર રાખી સજા થઈ શકે નહીં.પરંતુ અદાલતને સંતોષ થવો જોઈએ કે તે નિવેદન સાચુ અને સ્વૈચ્છાપૂર્વકનું હતુ.
૧૧	અબ્દુલ ગની વિરૂધ્ધ સ્ટેટ ઓફ યુ.પી., એ.આઈ.આર.– ૧૯૭૩ સુપ્રિમ કોર્ટ,પાન નં.૨૬૪	આરોપીએ પરત ખેંચેલી કબૂલાત કાયદેસર રીતે સજા કરવા માટે આધારભુત મનાય પરંતુ અદાલતને સમર્થનકારી પુરાવાથી સંતોષ થવો જોઈએ કે કરવામાં આવેલી કબૂલાત સાચી અને સ્વૈચ્છાપૂર્વકની હતી.
૧૨	આલોકનાથ દત્ત વિરૂધ્ધ સ્ટેટ ઓફ વેસ્ટ બેંગાલ (૨૦૦૭)૧૨ એસ.સી.સી., પાન નં.૨૩૦	પરત ખેંચવામાં આવેલ કબૂલાત નિવેદન ઉપર સજા કરવી તે પરવાનગી પાત્ર છે. પરંતુ કબૂલાત ખોટી રીતે પરત ખેંચવામાં આવેલી હોય તેમ અદાલતને માલુમ પડવુ જોઈએ.
૧૩	શ્રીશૈલ નાગેશી પરે વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર, એ.આઈ.આર.– ૧૯૮૫	સહઆરોપીઓને સજા કરવા માટે સહઆરોપી દ્વારા પરત ખેંચવામાં આવેલ કબૂલાત નિવેદન વિચારણા હેઠળ લઈ શકાય.

	સુપ્રિમ કોર્ટ,પાન નં.૮૬૬	
૧૪	સુબ્રમણીયમ ગૌઉડન વિરૂધ્ધ સ્ટેટ ઓફ મદ્રાસ એ.આઈ.આર.–૧૯૫૮ સુપ્રિમ કોર્ટ, પાન નં.૬૬	આરોપી દ્વારા પરત ખેંચવામાં આવેલ કબૂલાત નિવેદન પુરતી વિચારણા કરીને પરત ખેંચવામાં આવેલુ છે અને અગાઉનું નિવેદન સાચુ અને સ્વૈચ્છાપૂર્વકનું હતુ તેમ અદાલતને માનવાને કારણ બને તો વિચારણામાં લઈ શકાય.
૧૫	કહરસીંગ વિરૂધ્ધ સ્ટેટ ઓફ દિલ્હી એડમીનીસ્ટ્રેશન, એ.આઈ.આર.–૧૯૮૮, સુપ્રિમ કોર્ટ, પાન નં.૧૮૮૩	જયારે કાવતરૂ પુરવાર થાય ત્યારે પરત ખેંચેલી કબૂલાત બીજા સહઆરોપીઓને સજા કરવા માટે ઉપયોગમાં લઈ શકાય.
૧૬	ફદી વિરૂધ્ધ મધ્યપ્રદેશ રાજય એ.આઈ.આર.– ૧૯૬૪ સુપ્રિમ કોર્ટ, પાન નં.૧૮૫૦	કોઈ આરોપી ગુનાના કામે ગુનાની કબૂલાત કરે ત્યારે તે ગુનો તેને કર્યો છે તેવી તેના તરફથી સ્વીકૃતિ કરવામાં આવી છે તેમ કહેવાય.
૧૭	શીવકુમાર વિરૂધ્ધ રાજય ક્રિ.લો.જ. પાન નં.૩૬૯૦ આંધ્રપ્રદેશ	આરોપીએ ગુનાની કબૂલાત કરી હોય અને ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન તે આરોપી કબૂલાત પાછી ખેંચેલી હોય આવા સંજોગોમાં કબૂલાત નોંધી ત્યારે કબુલાત નોંધનાર મેજિસ્ટ્રેટે તમામ સાવચેતી રાખેલી હોય અને જે ઔપચારિક વિધિ

		કાયદા મુજબ કરવાની હોય તે વિધિ કરે ત્યારબાદ મેજિસ્ટ્રેટને સંતોષ થાય કે કબૂલાત સ્વૈચ્છાપૂર્વકની છે તથા કબૂલાત નોંધવામાં કોઈ ખામી ન હોય ત્યારે તેવી કબૂલાત ઉપર આધાર રાખી શકાય. આ કેસમાં ઉપર ચર્ચા કર્યા મુજબ મેજિસ્ટ્રેટશ્રીએ કબૂલાત નોંધતી વખતે કાયદામાં જણાવ્યા મુજબની જોગવાઈઓનું સંપૂર્ણ પાલન કરેલુ છે.
૧૮	સ્ટેટ ઓફ તામિલનાડુ વિરૂધ્ધ કુટ્ટી એ.આઈ.આર. ૨૦૦૧ સુપ્રિમ કોર્ટ, પાન નં.૨૭૭૮	આરોપીએ કોઈપણ ગુનાના કામે કબૂલાત નોંધાવેલી હોય અને ત્યારબાદ તે કબૂલાતથી તે ના મકકર જાય તેનાથી એવુ અનુમાન ના થઈ શકે કે અગાઉ તેણે કરેલી કબૂલાત સ્વૈચ્છાપૂર્વકની ન હતી.
૧૯	સવર્ણસીંગ વિરૂધ્ધ સ્ટેટ ઓફ પંજાબ, એ.આઈ.આર.–૧૯૫૭ પાન નં.૬૩૭, સુપ્રિમ કોર્ટ	અદાલતે આરોપીના ફકત કબૂલાત નિવેદનના આધારે પણ સજા કરી શકે. જો કે આરોપી તે કબૂલાત નિવેદન પાછળથી પરત ખેંચે ત્યારે અદાલતે તેવા પરત ખેંચેલી કબૂલાત નિવેદનના આધારે સજા કરવા માટે રેકર્ડ ઉપરનો બીજો સમર્થનકારી પુરાવો વિચારણા હેઠળ લેવો જોઈએ.
૨૦	હુકમ વિરૂધ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન,	આરોપીએ કબૂલાત નિવેદન આપેલુ હોય અને પાછળથી તે નિવેદન પરત ખેંચેલુ હોય તો આવુ કબૂલાત નિવેદન પણ સજા

	ક્રિ.લો.જ.– ૧૯૭૬ પાન નં.૧૪૮૦, રાજસ્થાન – પ્યારેલાલ ભાર્ગવ વિરૂધ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન, એ.આઈ.આર. ૧૯૬૩ પાના નં.૧૦૯૪, સુપ્રિમ કોર્ટ	માટેનો આધાર બની શકે. જો તે નિવેદન સાચુ અને સ્વૈચ્છાપૂર્વકનું હોય. વધુમાં એમ પણ ઠરાવેલુ છે કે તેવા નિવેદનને સમર્થન જરૂરી છે તો તેવો કોઈ અકકડ નિયમ નથી.

આમ, આરોપીઓ તરફથી થયેલ દલીલ પ્રમાણે ઉપરોકત આરોપી નં.૨,૨૧,૨૪ નાઓએ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૫ સમક્ષ જે કબૂલાત નિવેદનો નોંધાવેલા છે તે પરત ખેંચેલા છે માટે તેને પુરાવામાં લઈ શકાય નહીં કે પુરાવામાં ગ્રાહ્ય પણ નથી પરંતુ તેઓની દલીલ સાથે હું સંમત નથી. નામદાર સુપ્રિમ કોર્ટ તેમજ નામદાર જુદી–જુદી હાઈકોર્ટોના ચુકાદાઓ ધ્યાને લેતા આ ત્રણેય આરોપીઓએ નિવેદનો પરત ખેંચતી જે અરજીઓ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧ને મોકલેલી તે અદાલતને મળેલી છે કે કેમ? તે બાબતે મેજિસ્ટ્રેટશ્રીનો કોઈ હુકમ નથી તેમ છતાં માની લઈએ કે આ અરજીઓ અદાલતને મળેલી છે તો અગાઉ ચર્ચા કરી તેમ આ અરજી આરોપીઓએ પુખ્ત વિચારણાને અંતે સોચી, સમજીને આપેલી છે અને અરજીમાની હકીકતો તદ્દન પાયા વિહોણી અને ખોટી છે. પોલીસ કસ્ટડી દરમ્યાન આરોપીઓએને ધાક–ધમકી આપી, શારીરિક અને માનસીક ત્રાસ આપીને કોરા કાગળ ઉપર સહીઓ કરાવી લીધી હોય તો તે અંગેની રજૂઆત આરોપીઓએ કયારેય મેજિસ્ટ્રેટ સમક્ષ કરેલ નથી, તેઓને માર મારેલા હોય તો તબીબી સારવાર પણ કરાવવામાં આવેલી નથી, તબીબી સારવાર કરાવવી જરૂરી છે તેવી કોઈ અરજી મેજિસ્ટ્રેટને કે આ અદાલતને આપેલી નથી માટે પોલીસ કસ્ટડીમાં તેઓને માર મારી દબાણ કરી નિવેદનો લખાવેલાની હકીકત માની શકાય તેમ નથી. મેજિસ્ટ્રેટ ઉપર જે આક્ષેપ કરેલા છે તે પણ ખોટા

છે. આ આરોપીઓએ અગાઉ જે કબૂલાતવાળા નિવેદનો આપેલા તે સ્વૈચ્છાપૂર્વક પોતાની મરજીથી અને પોતાની સંપૂર્ણ સંમતિથી આપેલા છે તે સાચા છે તેવી પણ નોંધ મેજિસ્ટ્રેટશ્રીએ કરેલી છે અને તે કબૂલાત નિવેદનો સાચા છે તેવુ હું પણ ચોકકસપણે માનુ છું માટે આ નિવેદનો તેઓની વિરૂધ્ધ પુરાવામાં પ્રસ્તુત છે અને તે વિચારણામાં લઈ શકાય. આ ત્રણ આરોપીઓ સિવાય આરોપી નં.૩૫ રફીયુદ્દીન સરફુદ્દીન કાપડીયાનુ કબૂલાત નિવેદન સોગંદ આપીને લેવામાં આવ્યું છે માટે તે ગેરકાયદેસર છે તે નિવેદન વિચારણા હેઠળ લેવાય નહિ પરંતુ સંજોગો તરીકે મુલવણી કરી શકાય. આરોપી નં.૭૬ મંજર ઈમામનાઓનું પણ કબૂલાત નિવેદન આગળ ચર્ચા કરી તે પ્રમાણે પુરાવામાં ગ્રાહય છે. પરંતુ તેઓએ કરેલા કબૂલાત નિવેદનો પરત ખેંચેલા છે કે કેમ? તે અંગેની કોઈ હકીકત કે પુરાવો રેકર્ડ ઉપર નથી. માટે મારા મંતવ્ય પ્રમાણે આ પાંચેય આરોપીઓના કબૂલાત નિવેદનો પુરાવામાં ગ્રાહય છે.

આ કામે કુલ–૭૮ આરોપીઓ છે. તમામ આરોપીઓ સામે ગુનાની ઈન્સાફી કાર્યવાહી સંયુકત રીતે ચાલે છે. આ કુલ–૭૮ આરોપીઓ પૈકી ઉપરોકત પાંચ આરોપીઓએ કબૂલાત નિવેદનો આપેલા છે અને તે નિવેદનોમાં ઉપરોકત કુલ–૭૮ આરોપીઓ પૈકી કેટલાંક આરોપીઓના નામ આ કબૂલાત નિવેદનોમાં જણાવેલા છે. કબૂલાત નિવેદનોમાં જે–જે આરોપીઓએ જે–જે કાર્યવાહી કે ભૂમિકા ભજવેલી છે તેની હકીકત આ આરોપીઓએ પોતાના કબૂલાત નિવેદનોમાં વર્ણવેલી છે માટે આ પાંચ આરોપીઓ પૈકી આરોપી નં.૦૨, ૨૧, ૨૪ અને ૭૬નાઓના કબૂલાત નિવેદનો અન્ય આરોપીઓ માટે વિચારણા હેઠળ લઈ શકાય કે કેમ? તે મુદ્દાની ચર્ચા કરવાની છે અને તે માટે પુરાવાના કાયદાની કલમ–૩૦ ધ્યાને લેવી પડે.

પુરાવાના કાયદાની કલમ–૩૦:– તે કરનાર વ્યકિતને તથા તે જ ગુના અંગે સંયુકત કાર્યવાહી ચાલતી હોય તેવી અન્યને અસર કરતી સાબિત થયેલી કબૂલાત અંગે વિચારણા:–

જયારે એ જ ગુના માટે એક કરતા વધારે વ્યકિતઓ પર ન્યાયિક કાર્યવાહી ચાલતી હોય તથા પોતાને અને કેટલીક અન્ય વ્યકિતઓને અસર કરતી આવી વ્યકિતઓ પૈકીની એકે કરેલી કબૂલાત સાબિત થાય ત્યારે આવી કબૂલાત કરનાર વ્યકિત તથા આવી અન્ય વ્યકિતઓ વિરૂધ્ધ આવી કબૂલાત અદાલત વિચારણામાં લઈ શકે.

સમજૂતીઃ– આ કલમમાં પ્રયોજવામાં આવેલો શબ્દ "ગુનો" મા ગુનો કરવાની કોશિશ કે મદદગારીનો સમાવેશ થાય છે.

આ કલમના ઉદ્દેશ્ય પ્રમાણે કબૂલાત એ સ્વિકૃતિનો ભાગ છે. સ્વિકૃતિ જે વ્યકિત કરે તેની વિરૂધ્ધ તેનો પુરાવા તરીકે ઉપયોગ કરી શકાય તે સામાન્ય નિયમ છે. કબૂલાત નિર્ણાયક પુરાવો નથી પરંતુ કબૂલાત માનવા લાયક હોય અને કબૂલાત ઉપર જો આધાર રાખવામાં આવે તો તેના આધારે સજા થઈ શકે. આવી કબૂલાત સહઆરોપી સામે પણ વિચારણામાં આ કલમ હેઠળ લઈ શકાય. કોઈ આરોપી ગુનાની કબૂલાત કરે અને તે કબૂલાતની અસર અન્ય આરોપીને થતી હોય તો અદાલત વિચારણામાં લઈ શકે. આવી કબૂલાત એક આરોપી બીજા આરોપી માટે કરતો નથી પરંતુ તે અન્ય આરોપીઓ માટે પણ પ્રસ્તુત ગણી શકાય. કોઈ વ્યકિત સ્વૈચ્છાપૂર્વક જયારે ગુનો કબૂલ કરે ત્યારે તે તેના પરિણામ ભોગવવા તૈયાર હોય છે તેમ માની શકાય. તે પોતાની જાતને ગુનામાં સંડોવે છે અને તેનાથી અન્ય આરોપીને અસર થતી હોય અને અન્ય આરોપીએ તેવી વ્યકિત સાથે મળીને ગુનો કરવા માટેનું જોખમ લીધેલુ તેમ કહી શકાય. આ કલમ હેઠળ એક આરોપીની કબૂલાત અન્ય આરોપી માટે અદાલત "વિચારણામાં લઈ શકે" તેવી સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવેલી છે.

આમ, આ કામે આરોપી નં.૨ ઈમરાન ઈબ્રાહીમ શેખનાઓએ પોતાના કબૂલાત નિવેદનમાં પોતે તથા આરોપી નં.૧ જાહીદ ઉર્ફે જાવેદ કુત્બુદ્ધીન શેખ, આરોપી નં.૩ ઈકબાલ ઉર્ફે ઈકરાર કાસમ શેખ, નં.૪ સમસુદ્ધીન ઉર્ફ સમસુ શાહબુદ્ધીન શેખ, આરોપી નં.૫ ગ્યાસુદ્ધીન ઉર્ફે ગ્યાસુ અબ્દુલસલીમ અંસારી, આરોપી નં.૬ મોહમદ આરીફ મોહંમદ ઈકબાલ કાગઝી, આરોપી નં.૭

મોહંમદઉસ્માન ઉર્ફે ઉસ્માન મોહંમદ અનીસ અગરબત્તીવાળા, આરોપી નં.૮ યુનુસ મોહંમદભાઇ મન્સુરી, આરોપી નં.૯ કમરૂદ્દીન ઉર્ફે રાજા ઉર્ફે અબ્દુલ્લા ચાંદમોહંમદ નાગોરી, આરોપી નં.૧૦ આમીલ પરવાજ ઉર્ફે સીકંદર કાજી સૈફુદ્દીન શેખ, આરોપી નં.૧૧ સિબલી ઉર્ફે સાબીત અબ્દુલ કરીમ, આરોપી મોહંમદ અન્સાર ઉર્ફે નદવી ઉર્ફે સિદ્દીક અબ્દુલ રઝાક મુસ્લિમ , આરોપી નં.૧૨ સફદરહુસેન ઉર્ફે હુસેનભાઇ ઉર્ફે ઇકબાલભાઇ જહીરૂદ્દીન ઉર્ફે જહરૂલહસન નાગોરી, આરોપી નં.૧૩ હાફીજહુસેન ઉર્ફે અદનાન ઉર્ફે તમીમ તાજુદ્દીન , આરોપી નં.૧૪ મોહંમદસાજીદ ઉર્ફે સલીમ ઉર્ફે સજજાદ ઉર્ફે સાદ ગુલામ ખ્વાજા મંસુરી, આરોપી નં.૧૫ અબુબસર ઉર્ફે મુકતી ઉર્ફે અબ્દુલ રસીદ ઉર્ફે અબ્દુલ્લા અબુબકર શેખ, આરોપી નં.૧૬ અબ્બાસ ઉંમર સમેજા, આરોપી નં.૧૮ જાવેદઅહેમદ સદીર અહેમદ શેખ (સૈયદ), આરોપી નં.૧૯ રઝીયુદ્દીન નાસીર ઉર્ફે રીયાઝુદ્દીન નાસીર ઉર્ફે અબ્દુલ રહેમાન ઉર્ફે મહંમદ ગોષ ઉર્ફે અબુહાજર ઉર્ફે અબ્દુલ રઝાક ઉર્ફે રશીદખાન મૌલાના નસીરૂદ્દીન ઉર્ફે મહંમદ નસીરૂદ્દીન , આરોપી નં.૨૬ મહંમદઅલી ઉર્ફે જમાલ ઉર્ફે જીયા ઉર્ફે યાસીર ઉર્ફે અબુબકર મોહરમઅલી અંસારી, આરોપી નં.૨૭ મહમદ ઇસ્માઇલ ઉર્ફે અબ્દુલ રાજીક ઉર્ફે મુસફ ઉર્ફે કુરકાન મહમદ ઇશાક મન્સુરી, આરોપી નં.૩૫ રફીયુદ્દીન સરફુદ્દીન કાપડીયા(મુસ્લિમ), આરોપી નં.૩૭ કયામુદ્દીન ઉર્ફે મુસા ઉર્ફે અશફાક ઉર્ફે અબ્દુલ કાદીર ઉર્ફે રીઝવાન ઉર્ફે સમીર સરફુદ્દીન કાપડીયા , આરોપી નં.૫૭ ડો.અશદુલ્લાહ એચ.એ.ઉર્ફે અસ્લમ ઉર્ફે અસદ ઉર્ફે કુરકાન અબુબકર એચ ., આરોપી નં.૫૯ મોહંમદ અન્સાર ઉર્ફે નદવી ઉર્ફે સીદ્દીક અબ્દુલ રઝાક મુસ્લિમ, આરોપી નં.૭૨ અબ્દુલસત્તાર પી ઉર્ફે મન્સુર અબ્દુલરજાક મુસ્લિમ, આરોપી નં.૭૫ મોહમ્મદ રફીક ઉર્ફે જાવિદ ઉર્ફે આલમજેબ આફીદી મસકુર અહેમદ , આરોપી નં.૭૮ તૌસીફખાન ઉર્ફે અતીક સગીર અહેમદખાન પઠાણનાઓ વિરૂધ્ધ પણ તેઓની આ ગુનાઓમાં સંડોવણી બાબતે માહિતી આપેલી છે. કયા આરોપીએ શું કાર્યવાહી કરી, ગુનામાં શું ભૂમિકા ભજવી તેની પણ સંપૂર્ણ વિગત પોતાના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે.

આમ, આ કામે આરોપી નં.૨૧ મહેંદીહસન ઉર્ફે વીકી અબ્દુલ હમીદ અકબરખાં અંસારીનાઓએ પોતાના કબૂલાત નિવેદનમાં પોતે તથા આરોપી નં.૧ જાહીદ ઉર્ફે જાવેદ કુત્બુદ્ધીન શેખ, આરોપી નં.૬ મોહમદ આરીફ મોહંમદ ઈકિબાલ કાગઝી, આરોપી નં.૭ મોહંમદઉસ્માન ઉર્ફે ઉસ્માન મોહંમદ અનીસ અગરબત્તીવાળા, આરોપી નં.૧૦ આમીલ પરવાજ ઉર્ફે સીકંદર કાજી સૈકુદ્ધીન શેખ, આરોપી નં.૧૨ સફદરહુસેન ઉર્ફે હુસેનભાઈ ઉર્ફે ઈકિબાલભાઈ જહીરૂદ્ધીન ઉર્ફે હજરૂલહસન નાગોરી, આરોપી નં.૧૪ મોહંમદસાજીદ ઉર્ફે સલીમ ઉર્ફે સજજાદ ઉર્ફે સાદ ગુલામ ખ્વાજા મંસુરી, આરોપી નં.૨૦ અતીક ઉર રહેમાન ઉર્ફે અતિક અબ્દુલ હકીમ ખીલજી, આરોપી નં.૨૨ ઈમરાન ઉર્ફે અહેમદ ઉર્ફે રાજા સીરાજ અહેમદ હાજી પઠાણ, આરોપી નં.૫૯ મોહંમદ અન્સારી ઉર્ફે નદવી ઉર્ફે સીદ્દીક અબ્દુલ રઝાક મુસ્લિમ તથા તોકીર (જેની સામે ચાર્જ ફ્રેમ થયેલ નથી) તથા અન્ય ૨૦ થી ૨૪ લોકો કે જેના નામ આરોપીએ જણાવેલા નથી. તેઓ વિરૂધ્ધ પણ તેઓની આ ગુનાઓમાં સંડોવણી બાબતે માહિતી આપેલી છે. કયા આરોપીએ શું કાર્યવાહી કરી, ગુનામાં શું ભૂમિકા ભજવી તેની પણ સંપૂર્ણ વિગત પોતાના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે.

આમ, આ કામે આરોપી નં.૨૪ ઉંમર ઉર્ફે અશોક કાળાભાઈ કબીરાનાઓએ પોતાના કબૂલાત નિવેદનમાં પોતે તથા આરોપી નં.૪ સમસુદ્ધીન ઉર્ફે સમસુ શાહબુદ્ધીન શેખ, આરોપી નં.૮ યુનુસ મોહંમદભાઈ મન્સુરી, આરોપી નં.૧૮ જાવેદઅહેમદ સદીરર અહેમદ શેખ (સૈયદ), આરોપી નં.૨૭ મહમદ ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ રાજીક ઉર્ફે મુસફ ઉર્ફે કુરકાન મહમદ ઈશાક મન્સુરીનાઓ વિરૂધ્ધ પણ તેઓની આ ગુનાઓમાં સંડોવણી બાબતે માહિતી આપેલી છે. કયા આરોપીએ શું કાર્યવાહી કરી, ગુનામાં શું ભૂમિકા ભજવી તેની પણ સંપૂર્ણ વિગત પોતાના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે.

આમ, આ કામે આરોપી નં.૩૫ રફીયુદ્ધીન સરકુદ્ધીન કાપડીયા (મુસ્લિમ) નાઓએ પોતાના કબૂલાત નિવેદનમાં પોતે તથા આરોપી નં.૧ જાહીદ ઉર્ફે જાવેદ કુત્બુદ્ધીન શેખ, આરોપી નં.૨ ઈમરાન ઈબ્રાહીમ શેખ, આરોપી નં.૩

ઈકબાલ ઉર્ફે ઈકરાર કાસમ શેખ, આરોપી નં.૪ સમસુદ્દીન ઉર્ફે સમસુ શાહબુદ્દીન શેખ, આરોપી નં.૬ મોહમદ આરીફ મોહંમદ ઈકબાલ કાગઝી, આરોપી નં.૭. મોહંમદઉસ્માન ઉર્ફે ઉસ્માન મોહંમદ અનીસ અગરબત્તીવાળા, આરોપી નં.૮ યુનુસ મોહંમદભાઈ મન્સુરી, આરોપી નં.૯ કમરૂદ્દીન ઉર્ફે રાજા ઉર્ફે અબ્દુલ્લા ચાંદમોહંમદ નાગોરી, આરોપી નં.૧૦ આમીલ પરવાજ ઉર્ફે સીકંદર કાજી સૈફુદ્દીન શેખ, આરોપી નં.૧૨ સફદરહુસેન ઉર્ફે હુસેનભાઈ ઉર્ફે ઈકબાલભાઈ જહીરૂદ્દીન ઉર્ફે જહરૂલહસન નાગોરી, આરોપી નં.૧૪ મોહંમદસાજીદ ઉર્ફે સલીમ ઉર્ફે સજ્જાદ ઉર્ફે સાદ ગુલામ ખ્વાજા મંસુરી, આરોપી નં.૧૬ અબ્બાસ ઉંમર સમેજા, આરોપી નં.૨૦ અતીકઉર રહેમાન ઉર્ફે અતિક અબ્દુલહકીમ ખીલજી, આરોપી નં.૨૧ મહેંદીહસન ઉર્ફે વીકી અબ્દુલ હમીદ અકબરખાં અંસારી, આરોપી નં. ૨૨ ઈમરાન અહેમદ ઉર્ફે રાજા સીરાજઅહેમદ હાજી પઠાણ , આરોપી નં.૩૭ કયામુદ્દીન ઉર્ફે મુસા ઉર્ફે અશફાક ઉર્ફે અબ્દુલ કાદીર ઉર્ફે રીઝવાન ઉર્ફે સમીર સરફુદ્દીન કાપડીયા, આરોપી નં.૫૯ મોહંમદ અન્સાર ઉર્ફે નદવી ઉર્ફે સીદ્દીક અબ્દુલ રઝાક મુસ્લિમ, આરોપી નં.૬૬ મોહમદ શફીક ઉર્ફે દાદાભાઈ ઉર્ફે ઠાકુર ઉર્ફે રફીક ઉર્ફે અલી અબ્દુલલબારી અંસારી, આરોપી નં.૭૪ મોહમદઅબરાર ઉર્ફે મુન્ના ઉર્ફે ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ્લા ઉર્ફે ઈબ્રાહીમ બાબુખાન મણીયાર , આરોપી નં.૭૫ મોહમ્મદ રફીક ઉર્ફે જાવિદ ઉર્ફે આલમજેબ આફ્રીદી મસકુર અહેમદ , આરોપી નં.૭૮ તૌસીફખાન ઉર્ફે અતીક સગીર અહેમદખાન પઠાણ તથા તોકીર (જેની સામે ચાર્જ ફ્રેમ થયેલ નથી)નાઓ વિરૂધ્ધ પણ તેઓની આ ગુનાઓમાં સંડોવણી બાબતે માહિતી આપેલી છે. કયા આરોપીએ શું કાર્યવાહી કરી, ગુનામાં શું ભૂમિકા ભજવી તેની પણ સંપૂર્ણ વિગત પોતાના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે.

આમ, આ કામે આરોપી નં.૭૬ મંજર ઈમામ ઉર્ફે આલમ ઉર્ફે જમીલ સન ઓફ અલી ઈમામનાઓએ પોતાના કબૂલાત નિવેદનમાં પોતે તથા આરોપી નં.૧૦ આમીલ પરવાજ ઉર્ફે સીકંદર કાજી સૈફુદ્દીન શેખ, આરોપી નં.૧૧ સીબીલ ઉર્ફે સાબીત અબ્દુલ કરીમ, આરોપી નં.૧૨ સફદરહુસેન ઉર્ફે હુસેનભાઈ ઉર્ફે ઈકબાલભાઈ જહીરૂદ્દીન ઉર્ફે જહરૂલહસન નાગોરી, આરોપી નં.૧૫ અબુબસર

ઉર્ફે મુકતી ઉર્ફે અબ્દુલ રસીદ ઉર્ફે અબ્દુલ્લા આબુબકર શેખ , આરોપી નં.૨૭ મહમદ ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ રાજીક ઉર્ફે મુસફ ઉર્ફે કુકરાન મહમદ ઈશાક મન્સુરી, આરોપી નં.૬૦ સાદુર ઉર્ફે હારીસ અબ્દુલકરીમ મુસ્લિમ , આરોપી નં.૭૩ અફાક ઈકબાલ ઉર્ફે ઈકવાલ ઉર્ફે દાનીશ રીયાઝ ઉર્ફે સાકી નુરૂલહોદ્દા સૈયદ તથા ઈશાન સીદ્દીકી, તૌકીર, સહીદ અન્સારી, સલીમ, હારૂન રસીદ, અબુફેઝલ, મુઝીબનાઓ વિરૂધ્ધ પણ તેઓની આ ગુનાઓમાં સંડોવણી બાબતે માહિતી આપેલી છે. કયા આરોપીએ શું કાર્યવાહી કરી, ગુનામાં શું ભૂમિકા ભજવી તેની પણ સંપૂર્ણ વિગત પોતાના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે.

આમ, ઉપરોકત પાંચેય આરોપીઓએ જે તે વખતે જે તે મેજિસ્ટ્રેટ સમક્ષ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનાં જે કબૂલાત નિવેદનો નોંધાવ્યા તેમાં પોતે તથા ઉપરોકત આરોપીઓ તમામે ભેગા મળી કાવતરાના ભાગરૂપે કાવતરૂ કરેલુ, મીટીંગો કરેલી, વાઘમોન (કેરાલા) મુકામે તાલીમ કેમ્પનું આયોજન કરેલુ અને ત્યાં એકબીજાની મદદગારીથી પહોંચેલા, મસ્જિદોમાં રોકાવાની વ્યવસ્થા કરેલી, વાહનોની વ્યવસ્થા કરેલી અને કેમ્પમાં જુદી–જુદી તાલીમો આપવાની અને લેવાની કામગીરી કરેલી તેમજ જેહાદી ભાષણો, તકરીરો કરેલી. સરકાર વિરૂધ્ધ ભાષણો કહેલા ત્યારબાદ કેમ્પ પુરો થયા પછી કેમ્પમાં ભાગ લીધેલ દરેક વ્યકિતને પોતાના ઘરે પહોંચવા ટ્રેનની ટિકિટોની પણ વ્યવસ્થા કરેલી હતી. આ ઉપરાંત સંતોષ ન થતા ગુજરાતમાં પણ આવો ટ્રેનીંગ પ્રોગ્રામ કરવાનું વિચારેલુ તેના માટે એકબીજાનો સંપર્ક કરેલો, તે અંગે ચર્ચાઓ કરેલી, હાલોલ અને પાવાગઢના જંગલોની વાત કરેલી, વાહનો લઈને જગ્યાઓ જોવા ગયેલા, જગ્યાઓ પસંદ પડેલી, કેમ્પમાં કોને–કોને લાવવાના છે તે નક્કી કરવામાં આવેલુ. મધ્યપ્રદેશ, રાજસ્થાન, ગુજરાત તથા અન્ય જગ્યાઓએથી વ્યકિતઓને ત્યાં લાવવા માટે ટ્રેનની ટી–ટિકિટોની વ્યવસ્થા કરેલી અને ટિકિટો જે તે વ્યકિતઓને પહોંચાડવામાં આવેલી, હાલોલ અને પાવાગઢ જવા માટે ચાર પૈડા તથા બે પૈડાવાળા વાહનોની વ્યવસ્થા કરેલી, જંગલમાં રહેવા માટે ટેન્ટની વ્યવસ્થા કરેલી, ત્યાં જઈને જુદી–જુદી તાલીમો આપવાની તથા લેવાની

કામગીરી કરેલી, જેહાદી ભાષણ તથા તકરીરો કરેલી, સરકાર વિરૂધ્ધ ષડયંત્ર કરવાનો વાતો કરેલી, કેમ્પમાંથી પરત જવા માટે પણ વ્યવસ્થાઓ કરેલી. કેમ્પ પુરો થયા પછી પણ અવારનવાર એકબીજાને મળેલા. અમુક આરોપી મધ્યપ્રદેશમાં અને અમુક આરોપી કર્ણાટકમાં પકડાઈ ગયેલા તેવી ખબર પડતા અમુક આરોપી ફરાર થઈ ગયેલા તથા બંને જગ્યાઓ ઉપર પોતાના અસલ નામો છુપાવી બીજા નામો ધારણ કરેલા. આમ, ઉપરોકત પાંચ આરોપીઓના કબૂલાત નિવેદનો ધ્યાને લેતા આવા પ્રકારના આયોજન, કાવતરૂ એકબીજાની મદદગારીથી કરવામાં આવેલુ છે અને અમદાવાદમાં થયેલા બોમ્બ બ્લાસ્ટના બનાવો તેમજ સુરતમાં થયેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોના ઘણા સમય અગાઉથી એટલે કે આશરે એકાદ વર્ષ પહેલાથી આ પ્રકારની કાર્યવાહી આ લોકોએ કરેલી હોવાનું આ નિવેદનો ઉપરથી સ્પષ્ટ છે.

ઉપરોકત પાંચેય આરોપીઓએ જે કબૂલાત નિવેદનો નોંધાવેલા તેમાં પોતે શું કામગીરી કરેલી તે જણાવેલુ છે તથા અન્ય આરોપીઓએ શું કામગીરી કરેલી તે પણ જણાવેલુ છે. કયા આરોપીએ શું કામ કર્યુ તેની વિગત વિગતવાર વર્ણવેલી છે. માટે પુરાવાના કાયદાની કલમ–૩૦ પ્રમાણે આ પાંચેય આરોપીઓના કબૂલાત નિવેદનો અન્ય સહઆરોપીઓ માટે પણ વિચારણા હેઠળ લઈ શકાય. ફરિયાદપક્ષ તરફથી દલીલ એવી છે કે આ તમામ આરોપીઓએ ભેગા મળી કાવતરાના ભાગરૂપે પોતાનો સામાન્ય ઈરાદો બર લાવવા એકબીજાની મદદગારી કરી અનેક વખત મીટીંગો કરેલી છે અને આયોજનો કરેલા છે. વાઘમોન તથા પાવાગઢ મુકામે કેમ્પોના આયોજન કરી તાલીમો આપેલી છે તથા લીધેલી છે. ભારત સરકાર વિરૂધ્ધ તેમજ ગુજરાત સરકાર વિરૂધ્ધ જેહાદી ભાષણો કરી સરકારો સામે યુધ્ધ છેડવાનો પ્રયત્ન કરેલો છે. જુદી–જુદી જાતિ અને ધર્મ વચ્ચે વૈમનસ્ય ઉભુ કરેલું છે. આ કબૂલાત નિવેદનો પુરાવામાં ગ્રાહય હોય કબૂલાત કરનાર આરોપીઓ ઉપરાંત કબૂલાત નિવેદનોમાં જણાવ્યા મુજબના તમામ આરોપીઓ સામે પણ ગ્રાહ્ય રાખી શકાય. જયારે આરોપીઓ તરફથી દલીલ એવી છે કે પાંચેય આરોપીઓના કબૂલાત નિવેદનો પુરાવામાં ગ્રાહ્ય નથી. જે તે વખતે

બળજબરીપૂર્વક નિવેદનો ક્રાઈમ બ્રાન્ચના માણસોએ લખાવડાવેલા હતા. સ્વૈચ્છાપૂર્વકના નિવેદનો ન હતા માટે તે નિવેદનો પરત ખેંચેલા છે માટે આ નિવેદનો હરગિજ પુરાવામાં ગ્રાહ્ય નથી માટે નિવેદનો કરનાર આરોપીઓ કે અન્ય કોઈ સહઆરોપી સામે આ નિવેદનો વિચારણા હેઠળ લઈ શકાય નહીં. પરંતુ મારા મંતવ્ય પ્રમાણે પાંચેય આરોપીઓએ જે કબૂલાત નિવેદનો નોંધાવેલા હતા તે સ્વૈચ્છાપૂર્વકના નોંધાવેલા હતા. તેઓને વિચારવા માટે પુરતો સમય આપેલો હતો. આરોપીઓએ કબૂલાત નિવેદનો પરત ખેંચતી જે અરજીઓ આપેલી છે તેટલા માત્રથી કબૂલાત નિવેદનોનું મૂલ્ય સમાપ્ત થતુ નથી. આ બાબતે અગાઉ પણ મેં ચર્ચા કરેલી છે કે આરોપીઓએ કબૂલાત નિવેદનો સોચી, સમજીને પરત ખેંચેલા હોય તો તેના ઉપર પણ આધાર રાખી શકાય છે અને તે અંગે નામદાર સુપ્રિમ કોર્ટ અને નામદાર જુદી–જુદી હાઈકોર્ટોનાં ચુકાદાઓ નોંધેલા છે. હવે આ પાંચેય આરોપીઓના જે કબૂલાત નિવેદનો છે તે તમામ આરોપીઓ માટે પણ વિચારણા હેઠળ લઈ શકાય ફરિયાદપક્ષ તરફથી વિ.વ.ધ્રુવ દલીલ કરતા જણાવે છે કે આરોપી નં.૨,૨૧,૨૪,૩૫,૭૬ નાઓએ આપેલા કબૂલાત નિવેદનો પુરાવાની કાયદાની કલમ–૩૦ની જોગવાઈઓ ધ્યાને લેતા અન્ય સહઆરોપીઓ સામે પણ પુરાવામાં ગ્રાહય છે અને તે નિવેદન આધારે અન્ય આરોપીઓને પણ તકસીરવાન ઠરાવી શકાય. જયારે વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપીઓના કબૂલાત નિવેદનો બીજા આરોપીઓ માટે વિચારણા હેઠળ લઈ શકાય નહીં. આ આરોપીઓએ આપેલા કબૂલાતના નિવેદનોને બીજા સમર્થનકારી અને સ્વતંત્ર પુરાવાથી સમર્થન મળતુ હોય ત્યારે જે તે આરોપી પુરતી જ તે કબૂલાત પુરાવામાં ગ્રાહ્ય રખાય બીજા સ્વતંત્ર પુરાવાથી અદાલતને સંતોષ થવો જોઈએ આ સંબંધમાં તેઓ નીચે મુજબના ચુકાદા ઉપર આધાર રાખે છે.

અ.નં.	ચુકાદો	ચુકાદામાં નિર્ણીત થયેલ મુદ્દાઓ પૈકી કબૂલાત નિવેદન બાબતે નિર્ણીત થયેલ મુદ્દો

૧	આદમભાઈ સુલેમાન અજમેરી વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત (૨૦૧૪)૭ સુપ્રિમ કોર્ટ કેસીસ, પાન નં.૭૧૬	પેરા નં.૧૮૬ મુજબ આરોપીનુ કબૂલાત નિવેદન પુરાવામા ગ્રાહય છે પરંતુ તે નિવેદન માત્ર આરોપીને તકસીરવાન ઠરાવવા માટે પુરતુ નથી અદાલતે તેના સમર્થન માટે રેકર્ડ ઉપરનો બીજો સ્વતંત્ર પુરાવો ધ્યાને લેવો જોઈએ અને તે પુરાવાથી અદાલતને સંતોષ થવો જોઈએ કારણ કે આરોપીનુ કબૂલાત નિવેદન પુરાવાની કાયદાની કલમ–૩ પ્રમાણે પુરાવો નથી. આરોપીએ કબૂલાત નિવેદન પરત ખેચેલુ હોય તો તે નિવેદન બીજા સમર્થનકારી પુરાવા વિના તેની ઉપર પણ આધાર રાખી શકાય નહી

વકીલશ્રી એમ.એમ. શેખ આરોપી નં.૨, ૨૧, ૨૪, ૩૫ નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબના જે કબૂલાત નિવેદનો મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ સમક્ષ લખાવેલા હતા તે બાબતે દલીલ કરતા જણાવે છે કે આરોપીઓની કબૂલાત નોંધતા પહેલા મેજિસ્ટ્રેટશ્રીએ આરોપી પાસેથી તેની કસ્ટડી બાબતની તથા કસ્ટડીમાં તેને જે ટ્રીટમેન્ટ આપવામાં આવી હોય તેની સર્ચીંગ ઈન્કવાયરી કરીને ખાત્રી કરવી જોઈએ કે પ્રોસીકયુશનમાં રસ ધરાવતી કોઈ વ્યકિત તરફથી કોઈ લાગવગ કરવામાં આવેલી નથી. આ કેસમાં આરોપી નં.૨ નુ આંક–૮૬૧૯, આરોપી નં.૨૧નુ આંક–૮૬૨૩, આરોપી નં.૨૪ નુ આંક–૮૬૨૭ તથા આરોપી નં.૩૫ નુ આંક–૮૬૩૧ વાળા નિવેદનો ધ્યાને લઈએ તો આરોપીઓએ કબૂલાત નોંધવા માટેની જે અરજીઓ આપેલી હતી તે અરજીઓ આપ્યા બાદ નામદાર ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટના હુકમથી મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ તથા ૧૧ નાઓએ અલગ–અલગ તારીખોના

દિવસે આરોપીઓના ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબના નિવેદનો નોંધેલા છે અને તે નિવેદનો નોંધતા પહેલા કલમમાં જણાવ્યા પ્રમાણેની જોગવાઈઓ તેમજ ક્રિમીનલ મેન્યુઅલમાં જણાવ્યા પ્રમાણે ઈન્કવાયરી કરેલી હોવાનું સ્પષ્ટ છે. ઈન્કવાયરી કર્યા બાદ મેજિસ્ટ્રેટશ્રીઓએ આરોપીઓને વિચારવા માટે વધુ સમય પણ આપેલો છે. મેજિસ્ટ્રેટશ્રીઓને સંપૂર્ણ ખાતરી થયેલી કે આરોપીઓ પોતાની સ્વૈચ્છાએ કોઈ પણ જાતની ધાક–ધમકી કે લાલચમાં આવ્યા સિવાાય નિવેદનો નોંધાવવા માંગે છે જેથી મેજિસ્ટ્રેટશ્રીઓએ આરોપીઓના નિવેદનો નોંધેલા છે. વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે મેજિસ્ટ્રેટશ્રીઓએ નિવેદનો નોંધતા પહેલા સર્ચીંગ ઈન્કવાયરી કરેલી નથી અને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મા જણાવેલી જોગવાઈઓનું પાલન કરેલુ નથી માટે કબૂલાતોની કોઈ કિંમત નથી. આ બાબતે વકીલશ્રી એમ. એમ.શેખ નીચે મુજબના ચુકાદા પર આધાર રાખેલ છે.

અ.નં.	**ચુકાદો**	**ચુકાદામાં નિર્ણીત થયેલ મુદ્દાઓ પૈકી કબૂલાત નિવેદન બાબતે નિર્ણીત મુદ્દો**
૧	રવિન્દ્રકુમાર પાલ વિરૂધ્ધ રીપબ્લીક ઓફ ઈન્ડિયા, ૨૦૧૧ (૨) સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૪૯૦	ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ નુ નિવેદન નોંધવા માટે આ ચુકાદાના પેરા–૨૯ માં કુલ–૧૧ માર્ગદર્શક સિધ્ધાંતો આપેલા છે તેનુ અનુસરણ કરવુ જોઈએ. વકીલશ્રી એમ.એમ.શેખની દલીલ પ્રમાણે હાલના કેસમાં મેજિસ્ટ્રેટશ્રીઓએ સર્ચીંગ ઈન્કવાયરી કરેલી નથી, આરોપીઓ કયારથી કસ્ટડીમાં છે તે પુછેલુ નથી, નિવેદનો નોંધ્યા પછી આરોપીઓને પાછા પોલીસ કસ્ટડીમાં નહીં મોકલવામાં આવે તેવી ખાતરી આપેલી નથી. અગાઉ ચર્ચા કરી છે તેમ મેજિસ્ટ્રેટશ્રીઓએ

		ઈન્કવાયરી કરેલી છે. આરોપીઓને નિવેદનો નોંધવા માટે જેલમાંથી રજૂ કરવામાં આવેલા હતા અને નિવેદનો નોંધ્યા બાદ ફરી જેલમાં મોકલેલા છે. આ ચુકાદો સને– ૨૦૧૧ ની સાલનો છે જયારે આરોપીઓના નિવેદનો સને–૨૦૦૮ ની સાલમાં નોંધાયેલા છે.

પરંતુ તેમની દલીલ સાથે હું સંમત નથી. આરોપીઓના કબૂલાત નિવેદનો નોંધતા પહેલા મેજિસ્ટ્રેટશ્રીઓએ સર્ચીંગ ઈન્કવાયરી પણ કરેલી છે અને કલમ–૧૬૪ ના નિયમોનું પાલન પણ કરેલુ છે. વધુમાં વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે આ ચારેય આરોપીઓના કબૂલાત નિવેદનો તેઓની અટક કર્યા પછી પોલીસ રીમાન્ડ ઉપર હતા તે દરમ્યાન લેવામાં આવેલા છે. પરંતુ તેઓની દલીલ સાથે હું સંમત નથી. આરોપીઓના કબૂલાત નિવેદનો ધ્યાને લેતા આરોપીઓ જયારે જયુડીશીયલ કસ્ટડીમાં હતા ત્યારે કબૂલાત નિવેદનો નોંધવા માટે તેઓને જેલ ઓથોરીટી દ્વારા મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવેલા હતા. આરોપી જયારે પોલીસ કસ્ટડીમાં ન હોય ત્યારે તે જયુડીશીયલ કસ્ટડીમાં હોય છે અને તેથી જ આરોપીઓને જેલ ઓથોરીટી દ્વારા રજૂ કરવામાં આવેલા છે. વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા એમ પણ જણાવે છે કે, કબૂલાત નિવેદનો નોંધ્યા ત્યારે પોલીસના માણસો હાજર હતા પરંતુ તેવુ નથી પોલીસના માણસો એટલે જેલમાંથી મેજિસ્ટ્રેટ સમક્ષ આરોપીઓને લાવવા માટે જામાના માણસો હતા અને જામાના માણસો પણ પોલીસ જ હોય છે. વધુમાં વકીલશ્રી એમ.એમ. શેખ દલીલ કરતા જણાવે છે કે, આ આરોપીઓના કબૂલાત નિવેદનો પોતાને આ ગુનામાં સંડોવે તેવા નિવેદનો નથી. કબૂલાત નિવેદન તેને જ કહેવાય કે આરોપીએ પોતે પણ આ ગુનો કરેલો છે. પરંતુ મારા મત પ્રમાણે આ કાવતરાનો કેસ છે, સાંયોગિક પુરાવા ઉપર આધારિત છે, પ્રત્યક્ષ પુરાવા ઓછા છે.

આરોપીઓના કબૂલાત નિવેદનો મુજબ વાઘમોન તેમજ હાલોલ–પાવાગઢ ખાતે તેઓ કેમ્પોમાં હાજર રહેલા અને મીટીંગોમાં હાજર રહેલા. કેમ્પોમાં શું કાર્યવાહી થયેલી તે અંગે વિગતો આપેલી છે. જેથી આ વિગતો તેઓને આ ગુનામાં સંડોવે તેવી વિગતો છે તથા સંજોગો ઉપરથી પણ એવુ કહી શકાય કે આ કબૂલાતો તેઓને આ ગુનામાં સંડોવે છે. વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે આરોપી સફદર નાગોરીએ ખુંદપીર દરગાહમાં કોઈ ભાષણ આપેલુ નથી કે સાહેદ ઈદ્રીશ ફકીર પણ ભાષણ અંગેની વાત કરતો નથી. પરંતુ સાહેદ ઈદ્રીશ ફકીરની જુબાની ધ્યાને લઈએ તો તે ફકત દરગાહ ઉપર જ રહેતો હતો કારણ કે તે દરહાગનો મુજાવર છે, આરોપીઓ સાથે કોઈ જગ્યાએ ગયેલો નથી માટે સફદર નાગોરી ભાષણો કરતો હતો કે કેમ તેની સાહેદ ઈદ્રીશ ફકીરને જાણ ન હોય. વધુમાં વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે ચારેય આરોપીઓને લાંબા સમય સુધી રીમાન્ડ ઉપર રાખવામાં આવેલા તે દરમ્યાન લાલચ, ધમકી અને ત્રાસ આપીને કબૂલાત નિવેદનો તપાસ કરનાર અધિકારીએ નોંધાવેલા છે. કયા સંજોગોમાં આ નિવેદનો નોંધાવવાની તેમને ફરજ પડેલી તેનો ખુલાસો ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં આરોપીઓએ કરેલો છે. આ નિવેદનો ધાક–ધમકીથી અપાવેલા હોવાથી આરોપીઓએ આ નિવેદનો પરત ખેચેલા છે. જેથી પરત ખેચેલા નિવેદનો ઉપર પણ આધાર રાખી શકાય નહીં. પરત ખેચેલા નિવેદનો ઉપર આધાર રાખી શકાય કે કેમ તે અંગેની ચર્ચા હવે પછી કરીશું.

વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા એમ પણ જણાવે છે કે, આરોપીઓના કબૂલાત નિવેદનો નોંધનાર મેજિસ્ટ્રેટશ્રીઓને ફરીયાદ પક્ષ દ્વારા તપાસવામાં આવેલા નથી. જેથી કરીને આરોપીઓને પૂર્વગ્રહ થયેલો છે. પરંતુ તેઓની દલીલ સાથે હું સંમત નથી. આરોપીઓની કબૂલાત નોંધનાર મેજિસ્ટ્રેટશ્રીઓને તપાસવા જરૂરી નથી. તેઓએ જે કંઈ કામગીરી કરેલી છે તે ફરજના ભાગરૂપે કરેલી છે, તેમની કાર્યવાહી ન્યાયિક કાર્યવાહી છે. જેથી તેમની કામગીરી ઉપર શંકા ઉપજાવવી યોગ્ય નથી.

વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે આરોપી નં.૨,૨૧,૨૪,૩૫ તથા ૭૬ નાઓએ કરેલા કબૂલાત નિવેદનો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા છે. પરંતુ આ નિવેદનો જે તે મેજિસ્ટ્રેટશ્રીઓએ કાયદાની જોગવાઈઓ પ્રમાણે લીધેલા નથી. પરંતુ મારા મત પ્રમાણે જે મેજિસ્ટ્રેટશ્રીઓએ આ આરોપીઓના કબૂલાત નિવેદનો લીધેલા છે તેની વિગતવાર ચર્ચા ઉપર મુજબ કરેલી છે તેમ છતાં ચોકકસપણે કહી શકાય તેમ છે કે આ કબૂલાત નિવેદનો કાયદાની જોગવાઈઓનું પાલન કરીને લીધેલા છે. વધુમાં વકીલશ્રી એલ.આર. પઠાણ દલીલ કરતા જણાવે છે કે, કબૂલાત નિવેદનો નોંધ્યા પછી જે તે આરોપીને ફરીથી પોલીસ કસ્ટડીમાં મોકલી શકાય નહીં તેમ છતાં ફરીથી પોલીસ કસ્ટડીમાં મોકલવામાં આવેલા છે. પરંતુ આ આરોપીઓના કબૂલાત નિવેદનો ધ્યાને લઈએ તો આરોપી નં.૨ નું કબૂલાત નિવેદન તા.૧૪.૧૧.૨૦૦૮ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૪૦૦/૨૦૦૮ ના કામે લેવામાં આવેલુ છે જે આંક–૮૬૧૯ થી રજૂ છે. આરોપી નં.૨૧ નું કબૂલાત નિવેદન તા.૧૨.૧૧. ૨૦૦૮ ના રોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૧૪૦/૨૦૦૮ ના કામે લેવામાં આવેલુ છે જે આંક–૮૬૨૩ થી રજૂ છે. આરોપી નં.૨૪ નુ કબૂલાત નિવેદન તા.૧૨.૧૧.૨૦૦૮ ના રોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૧૪૦/૨૦૦૮ ના કામે લેવામાં આવેલુ છે જે આંક–૮૬૨૭ થી રજૂ છે. આરોપી નં.૩૫ નું કબૂલાત નિવેદન તા.૪.૨. ૨૦૦૯ ના રોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ ના કામે લેવામાં આવેલુ છે જે આંક–૮૬૩૧ થી રજૂ છે. આમ આ ચારેય આરોપીઓના કબૂલાત નિવેદનો કુલ–૩ ફરિયાદોના કામે નોંધાયેલા છે. અમદાવાદ શહેરમાં બનેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોની કુલ–૨૦ ફરિયાદો નોંધાયેલી છે. જેથી બાકીની કુલ–૧૭ ફરિયાદોના કામે તપાસ કરનાર અધિકારીઓને તપાસ દરમ્યાન આરોપીઓની પોલીસ કસ્ટડીની જરૂર હોય તો તે માંગી શકે છે. આ આરોપીઓના નિવેદનો નોંધ્યા પછી દાણીલીમડા, નરોડા, શાહીબાગના ગુનાઓની ફરિયાદોમાં આ આરોપીઓને રીમાન્ડ ઉપર સોંપ્યા હોય

તેવો કોઈ પુરાવો નથી અને આ ત્રણ પોલીસ સ્ટેશનોની આ ફરિયાદોના કામે જયુડીશીયલ કસ્ટડી થયા પછી આરોપીઓને પોલીસ કસ્ટડી સોંપેલા નથી. સને–૨૦૦૮ ની સાલમાં કુલ–૨૦ ફરિયાદોની ભેગી તપાસ થતી ન હતી કે ભેગી ઈન્સાફી કાર્યવાહી પણ થતી ન હતી જેથી જે ગુનાના કામે જે આરોપીએ કબૂલાત નિવેદન આપ્યુ તેથી કરીને બીજા ગુનાઓના કામે તે આરોપીઓને પોલીસ કસ્ટડીમાં ન સોંપાય તેવુ નથી. વધુમાં વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે આરોપીઓના કબૂલાત નિવેદન ધ્યાને લેતા તેઓ આ ગુનામાં સંડોવાય તેવી હકીકત તેઓ જણાવતા નથી. પરંતુ મારા મત પ્રમાણે કબૂલાત નિવેદનોમાં આ આરોપીઓ તથા બીજા સહઆરોપીઓ કે જેઓના નામ કબૂલાત નિવેદનોમાં જણાવેલા છે તે બધા ભેગા મળીને ડિસેમ્બર–૨૦૦૭ મા વાઘમોન ખાતે તાલીમ કેમ્પ રાખેલો હતો તથા જાન્યુઆરી– ૨૦૦૮મા હાલોલ–પાવાગઢ ખાતે તાલીમ કેમ્પ રાખેલો હતો. આ તાલીમ કેમ્પોમાં કોણે શું ભાગ ભજવેલો, કોણે શું કાર્યવાહી કરેલી, કેવી તાલીમો લીધેલી, કોણે ભાષણો કરેલા વિગેરે હકીકતો જણાવેલી છે. તે તમામ હકીકતો કાવતરાના ભાગરૂપે છે તેમ કહી શકાય. જેથી આ સંયુકત બનાવોના કાવતરામાં આ હકીકતો સાથે સંજોગોની મેળવણી કરતા એવુ ચોકકસપણે કહી શકાય કે આ તાલીમ કેમ્પો ગુનાના ભાગ રૂપે યોજવામાં આવેલા હતા.

આરોપી નં.૨,૨૧,૨૪ અને ૩૫ ના ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબના કબૂલાત નિવેદનો બાબતે વકીલશ્રી ડી.ડી. પઠાણ દલીલ કરતા જણાવે છે કે આ ચારેય આરોપીઓના કબૂલાત નિવેદનો કાયદામાં જણાવેલી આદેશાત્મક જોગવાઈ પ્રમાણે નોંધાયેલા નથી. કબૂલાત નિવેદનો નોંધનાર મેજિસ્ટ્રેટશ્રીઓને ફરિયાદપક્ષ દ્વારા તપાસવામાં આવેલા નથી માટે આરોપીઓને પૂર્વગ્રહ થયેલો છે કે સાચી હકીકત રેકર્ડ ઉપર આવી શકેલી નથી. આ કબૂલાત નિવેદનો પોલીસે ધાક–ધમકી અને દબાણ હેઠળ બળજબરી કરીને નોંધાવડાવેલા છે. જેથી આ તમામ આરોપીઓએ પોતાના કબૂલાત નિવેદનો પરત ખેચેલા છે માટે નિવેદનો પરત ખેચેલા હોય ત્યારે તે નિવેદનો ઉપર આધાર

રાખી શકાય નહીં. આ બાબતે વકીલશ્રી ડી.ડી.પઠાણ નીચે મુજબના ચુકાદા ઉપર આધાર રાખે છે.

અ.નં.	ચુકાદો	ચુકાદામાં નિર્ણીત થયેલ મુદ્દાઓ પૈકી કબૂલાત નિવેદનો બાબતે નિર્ણીત મુદ્દો
૧	ધનંજય રેડ્ડી વિરૂધ્ધ સ્ટેટ ઓફ કર્ણાટક એ.આઈ.આર. ૨૦૦૧ સુપ્રિમ કોર્ટ પાન નં.૧૫૧૨	પેરા–૧૭ મુજબ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મા જણાવ્યા મુજબની આદેશાત્મક જોગવાઈ મુજબ કબૂલાત નિવેદન નોંધાવવુ જોઈએ. પેરા–૧૮ મુજબ આ કબૂલાત નિવેદન કલમ–૨૮૧ ની જોગવાઈઓ મુજબ નોંધાવવુ જોઈએ. પેરા.–૧૯ મુજબ મેજિસ્ટ્રેટે આરોપીનું કબૂલાત નિવેદન નોંધતી વખતે ઘણી કાળજી અને સાવચેતીથી તેમજ કાયદાની આદેશાત્મક જોગવાઈ મુજબ નિવેદન નોંધ્યા પછી તે નિવેદન સ્વૈચ્છાએ કોઈ પણ જાતના દબાણ વિના આપેલુ છે તેની ખાતરી કરી પ્રમાણપત્ર આપેલુ હોય તો તે પુરાવામા ગ્રાહ્ય ગણાય.
૨	ભગવાન સીંઘ વિરૂધ્ધ સ્ટેટ ઓફ એમ.પી. (૨૦૦૩) ૩ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૨૧	પેરા–૨૯ મુજબ કલમ–૧૬૪ નું નિવેદન કલમમાં જણાવેલ આદેશાત્મક જોગવાઈ મુજબ નોંધાવવુ જોઈએ. – નિવેદન નોંધતા પહેલા મેજિસ્ટ્રેટે સર્ચીંગ ઈન્કવાયરી કરવી જોઈએ. – આરોપીને પોલીસ કસ્ટડીમાંથી રજૂ કરેલો હોય ત્યારે કબૂલાત કરાવવા

		દબાણ કરેલાની શકયતા નકારી શકાય નહીં. – કબૂલાત પ્રશ્ન અને જવાબના રૂપમાં નોંધવી. આ કેસમાં ઉપરોકત કબૂલાત નિવેદનો ધ્યાને લઈએ તો તે નોંધતા પહેલા મેજિસ્ટ્રેટશ્રીઓએ સર્ચીંગ ઈન્કવાયરી કરેલી છે તથા મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ દ્વારા કબૂલાત નિવેદનો નોંધેલા હોવાથી પ્રશ્ન જવાબના રૂપમાં નોંધવાની જરૂર નથી.
૩	આલોકનાથ દત્તા વિરુધ્ધ સ્ટેટ ઓફ વેસ્ટ બેંગાલ (૨૦૦૭) ૧૨ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૩૦	પેરા–૫ મુજબ કબૂલાત નિવેદન પરત ખેચેલુ હોય ત્યારે અદાલતને સંતોષ થવો જોઈએ કે પ્રથમ વખતે આપેલુ નિવેદન સ્વૈચ્છાપૂર્વકનું હતુ. – પરત ખેચેલુ નિવેદન સહઆરોપી સામે વંચાણે લેવાય નહીં. – કબૂલાત નિવેદન કલમ–૧૬૪ મા જણાવેલ જોગવાઈ મુજબ લેવુ જોઈએ. પેરા–૫૫ મુજબ પરત ખેચેલુ નિવેદન હોય ત્યારે તેની ઉપર આધાર રાખવા માટે સ્વતંત્ર અને સમર્થનકારી પુરાવાની જરૂર પડે. આ કેસમાં આરોપી નં.૨,૨૧,૨૪ અને ૩૫ નાઓએ આપેલા કબૂલાત નિવેદનો તેમની સ્વૈચ્છાથી અને કોઈપણ જાતના

		દબાણ વિના આપેલા છે તેવો આ અદાલતને પુરો સંતોષ છે તથા આ નિવેદનો કાયદા મુજબ નોંધાયેલા છે.
૪	શીવપ્પા વિરૂધ્ધ સ્ટેટ ઓફ કર્ણાટક (૧૯૯૫) ૨ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૭૬	પેરા–૮ મુજબ આરોપીને પોલીસ કસ્ટડીમાંથી કબૂલાત માટે રજૂ કરવામાં આવે ત્યારે કબૂલાત નિવેદન નોંધ્યા પછી પાછો તેને પોલીસ કસ્ટડીમાં સોંપવામાં આવશે નહીં તેવી ખાતરી મેજિસ્ટ્રેટે આરોપીને કરાવવી જોઈશે. પરંતુ આ કેસમાં આરોપીઓના કબૂલાત નિવેદનો ધ્યાને લેતા આરોપીઓને સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતેથી રજૂ કરવામાં આવેલા છે.
૫	સુરીન્દર કુમાર ખન્ના વિરૂધ્ધ ઈન્ટેલીજન્ટ ઓફિસર ડાયરેકટર ઓફ રેવન્યુ ઈન્ટેલીજન્ટ, એ.આઈ.આર. ૨૦૧૮ સુપ્રિમ કોર્ટ પાન નં.૩૫૭૪	સહઆરોપીનું કબૂલાત નિવેદન તે સ્વતંત્ર પુરાવા તરીકે બીજા આરોપી સામે વંચાણે લઈ શકાય નહીં. બીજા સ્વતંત્ર પુરાવા વિના તે કબૂલાતને સજા અંગેનો આધાર બનાવી શકાય નહીં. આ કેસમાં ઉપરોકત આરોપીઓના કબૂલાત નિવેદનોની સાથે સાથે ચુકાદામાં વિસ્તૃત ચર્ચા કર્યા પ્રમાણે બીજા ઘણા બધા સમર્થનકારી પુરાવા છે.

આમ, આરોપી નં.૨,૨૧,૨૪,૩૫,૭૬ ના મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ સમક્ષના નિવેદનોની વિગતવાર ચર્ચા કરી સાથે સાથે બંને પક્ષની વિસ્તારપૂર્વકની દલીલો આ મુદ્દા ઉપરની ધ્યાને લીધી તથા બંને પક્ષ દ્વારા નામદાર સુપ્રીમ કોર્ટ તેમજ નામદાર હાઈકોર્ટોના ચુકાદા આ મુદ્દા ઉપર રજૂ

કરવામાં આવેલા તે ધ્યાને લીધા તેમજ આ અદાલતના ધ્યાનમાં તેવા પણ ચુકાદા આ મુદ્દા ઉપર ધ્યાને લીધા. તમામ હકીકત અને ચર્ચા લક્ષમાં લેતા આરોપી નં.૨,૨૧,૨૪ નાઓએ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૫, અમદાવાદ તથા આરોપી નં.૩૫ નાઓએ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧, અમદાવાદ તથા આરોપી નં.૭૬ નાઓએ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, કોચી–૫ સમક્ષ ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબના જે કબૂલાત નિવેદનો નોંધાવેલા હતા તે પોતાની સ્વૈચ્છાએ સ્વતંત્ર રીતે પોલીસની ધમકી કે દબાણ વિના નોંધાવેલા હતા. આ નિવેદનો મેજિસ્ટ્રેટશ્રીઓએ કાયદાની ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ની તેમજ ક્રિમીનલ મેન્યુઅલના પેરા–૩૩ થી ૩૯માં જણાવેલ જોગવાઈ મુજબ નોંધેલા હતા. નિવેદન નોંધાવવામાં આવ્યા ત્યારે આરોપીઓ જયુડીશીયલ કસ્ટડીમાં હતા તેઓને વિચારવા માટે પુરતો સમય આપેલ હતો અને ત્યારબાદ નિવેદનો નોંધેલા છે. જેથી આ અદાલતને આ નિવેદનો ઉપર સંતોષ છે. આરોપી નં.૨,૨૧,૨૪ નાઓએ નિવેદનો પરત ખેચવા જે અરજીઓ મેજિસ્ટ્રેટશ્રીઓને જેલમાંથી મોકલેલી તે પુરતો વિચાર કરીને સોચી સમજીને પોતાનો બચાવ ઉભો કરવા મોકલેલી હતી. તેમ હું માનુ છું. આ નિવેદનોમાં આરોપીઓએ પોતે તથા અન્ય સહઆરોપીઓના સંબંધમાં પણ હકીકતો જણાવેલી છે અને પુરાવાના કાયદાની કલમ–૩૦ પ્રમાણે આ નિવેદનો અન્ય આરોપીઓ માટે પણ વિચારણા હેઠળ લઈ શકાય તેમ હું માનુ છું અને તે માટે આ અદાલતના ધ્યાનમાં છે તેવા નામદાર સુપ્રિમ કોર્ટ અને નામદાર જુદી–જુદી હાઈકોર્ટોના ચુકાદાઓ ધ્યાને લીધેલા છે જેવા કે...

અ.નં.	**ચુકાદો**	**ચુકાદામાં નિર્ણીત થયેલ મુદ્દાઓ પૈકી કબૂલાત નિવેદનો સહ આરોપીઓને લાગુ પડવા બાબતે નિર્ણીત મુદ્દો**
૧	તામીલનાડુ રાજય વિરૂધ્ધ નલીની	આરોપીએ કબૂલાત નિવેદન સ્વૈચ્છાપૂર્વક આપેલુ હોય અને તેમાં અન્ય આરોપીઓને સંડોવેલા હોય અને નોંધ્યુ

	ક્રિ.લો.જ. ૧૯૯૯ પાન નં.૩૧૨૪ સુપ્રિમ કોર્ટ	હોય કે અન્ય આરોપીઓએ પણ ભૂમિકા ભજવેલી છે તો તે આરોપીઓને પણ લાગુ પડશે અને તેવી કબૂલાત અન્ય આરોપીઓ વિરૂધ્ધમાં પુરાવા તરીકે ગ્રાાહ્ય રાખી શકાય.
૨	માઈલ વહાનન વિરૂધ્ધ આઈ.ઓ.એન.સી.બી. ચેન્નાઈ, ક્રિ.લો.જ. ૨૦૦૭ (એન.ઓ.સી.) ૭ મદ્રાસ	પુરાવાના કાયદાની કલમ–૩૦ લાગુ પાડવા માટે જે આરોપીએ કબૂલાત નિવેદન આપેલુ હોય તેની સાથે અન્ય આરોપીઓની પણ સંયુકત ઈન્સાફી કાર્યવાહી ચાલતી હોવી જોઈએ.
૩	રાજા વિરૂધ્ધ કુપર ૩૬, બોમ્બે લો રીપોર્ટર, પાન નં.૭૪૭	ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૪૨ પ્રમાણે પુછાયેલા પ્રશ્નો દરમ્યાન આરોપી નિવેદન કરે અને તેમા બીજા સહઆરોપીઓને સંડોવેલ હોય તો તેવા સહઆરોપીઓ સામે તે નિવેદન પુરાવામાં ગ્રાહય છે.
૪	ચંદ્રકાન્ત ચીમનલાલ દેસાઈ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત (૧૯૯૨)૧ એસ.સી.સી. પાન નં.૪૭૩ – હરીચરણ કુરડી અને જોગીયા હજામ વિરૂધ્ધ	સહઆરોપીએ કરેલી ગુનાની કબૂલાત પુરાવાના કાયદાની કલમ–૩ હેઠળ પુરાવો નથી પરંતુ પુરાવાના કાયદાની કલમ–૩૦ હેઠળ એવી કબૂલાત અન્ય આરોપીઓ માટે અદાલત વિચારણાામાં લઈ શકશે અને અદાલતે તે માટે બીજા સમર્થનકારી પુરાવો રેકર્ડ ઉપ હોય તો તે ચકાસવો જોઈએ તે માટે અદાલતે વિવેકબુધ્ધિની સત્તા છે.

	સ્ટેટ ઓફ બિહાર (૧૯૬૪)૬ એસ.સી.આર. પાન નં.૬૨૩ – કાશ્મીરાસીંગ વિરૂધ્ધ સ્ટેટ ઓફ બિહાર એ.આઈ.આર.૧૯૫૨ સુપ્રિમ કોર્ટ પાન નં.૧૫૯	
૫	દેવેન્દ્ર પ્રસાદ તિવાર વિરૂધ્ધ ઉત્તરપ્રદેશ રાજય, ક્રિ.લો.જ.–૧૯૭૮ પાન નં.૧૬૧૪ સુપ્રિમ કોર્ટ	આરોપીની કબૂલાતવાળા નિવેદન ઉપર અદાલત આધાર રાખે તે પહેલા આજુબાજુના બીજા સંજોગો, શકયતાઓ વિગેરેમાં અદાલતે ઝીણવટપૂર્વક અને સાવચેતીપૂર્વક અભ્યાસ કરી ધ્યાને લેવુ જોઈએ.
૬	સ્ટેટ ઓફ રાજસ્થાન વિરૂધ્ધ રાજારામ (૨૦૦૩)૮ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૧૮૦	ન્યાયિક કે બાહ્ય ન્યાયિક કબૂલાત આરોપીએ જો સ્વૈચ્છાપૂર્વકની કરેલી હોય તો તેવી કબૂલાત ઉપર સજા કરી શકાય અને તે કબૂલાત સજા માટેનો આધાર બની શકે.
૭	પ્રકાશ ધવલ ખેરનાર વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર, એ.આઈ.આર. ૨૦૦૨ સુપ્રિમ કોર્ટ, પાન નં.૩૪૦	આરોપી નં.૨ ની કબૂલાતભર્યુ નિવેદન ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ હેઠળ મેજિસ્ટ્રેટે નોંધેલુ. જો આરોપી નં.૧ તથા નં.૨ સામે ગુના અંગે સંયુકત ઈન્સાફી કાર્યવાહી ચાલતી હોય તો આરોપી નં.૨ નું કબૂલાતવાળુ નિવેદન આરોપી નં.૧ માટે પણ ગ્રાહ્ય છે.

૮	ક્રિમીનલ અપીલ નં.૧૧૨૦/૨૦૧૦, રાજ ઉર્ફે અયપ્પન વિરૂધ્ધ સ્ટેટ ઓફ તામીલનાડુ, તા.૪/૧/૨૦૨૦	પુરાવાના કાયદાની કલમ–૩૦ મુજબ જો ઈન્સાફી કાર્યવાહી સંયુકત રીતે બીજા આરોપીઓ સાથે પણ ચાલતી હોય તો સહઆરોપીએ કરેલી કબૂલાતવાળુ નિવેદન બીજા સહઆરોપી સામે પણ પુરાવામાં ગ્રાહય છે.
૯	હરીચરણ કુર્મી વિરૂધ્ધ સ્ટેટ ઓફ બિહાર, એ.આઈ.આર.–૧૯૬૪ સુપ્રિમ કોર્ટ, પાન નં.૧૧૮૪	એક સહઆરોપીની કબૂલાતવાળુ નિવેદન બીજા સહઆરોપીની ગુનામા ભૂમિકા નક્કી કરવા માટે વિચારણા હેઠળ લઈ શકાય.
૧૦	અમ્મીની વિરૂધ્ધ સ્ટેટ ઓફ કેરાલા, એ.આઈ.આર.– ૧૯૯૮ સુપ્રિમ કોર્ટ, પાન નં.૨૬૦	એક આરોપીના કબૂલાત નિવેદન ઉપરથી માલુમ પડે કે અન્ય સહઆરોપી પણ ગુનો કરવાના કાવતરામાં સામેલ હતો તો તેવુ કબૂલાત નિવેદન અન્ય સહઆરોપી સામે પણ ઉપયોગમાં લઈ શકાય.
૧૧	બદ્રીપ્રસાદ પ્રજાપતિ વિરૂધ્ધ સ્ટેટ ઓફ એમ.પી., ક્રિ.લો.જ. ૨૦૦૫, પાન નં.૧૮૫૬, મધ્યપ્રદેશ	એક આરોપીની કબૂલાતવાળુ નિવેદન પુરાવાના કાયદાની કલમ–૩૦ હેઠળ સહઆરોપી માટે પણ વિચારણામાં લેવાય તે માટે સંયુકત કાર્યવાહી હોય, કબૂલાતનું નિવેદન હોય, તે નિવેદન આરોપીને અને સહઆરોપીને અસર કરતુ હોય અને તે કબૂલાત નિવેદન પુરવાર થયેલુ હોય તો વિચારણા હેઠળ લઈ

		શકાય.
૧૨	સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિરૂધ્ધ કલમ અહેમદ મહંમદ વકીલ અન્સારી (૨૦૧૩)૧૨ એસ.સી.સી. પાન નં.૧૭	આરોપીની કબૂલાતવાળુ નિવેદન સામાન્ય રીતે જે આરોપી કબૂલાત નિવેદન કરે તેની સામે ઉપયોગમાં લેવાય પરંતુ પુરાવાના કાયદાની કલમ–૩૦ તેમાં અપવાદ છે. આ કલમ મુજબ તે નિવેદન બીજા સહઆરોપી સામે પણ વિચારણામાં લેવાય.
૧૩	હારૂન વિરૂધ્ધ સ્ટેટ એ.આઈ.આર.–૧૯૬૮ સુપ્રિમ કોર્ટ,પાન નં.૮૩૨	જો કોઈ આરોપી ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન મરણ જાય અને તેની કબૂલાતવાળુ નિવેદન રેકર્ડ ઉપર આવેલુ હોય તો તે કબૂલાતવાળુ નિવેદન બીજા સહઆરોપીઓ સામે ઉપયોગમાં લઈ શકાય. તે સંપુર્ણ પુરાવો નથી તેની સાથે બીજો સંતોષકારક પુરાવો રેકર્ડ ઉપર હોવો જોઈએ.
૧૪	ભણા ખાલપાભાઈ પટેલ વિરૂધ્ધ આસીસ્ટન્ટ કલેકટર કસ્ટમ એ.આઈ.આર.–૧૯૯૮ સુપ્રિમ કોર્ટ, પાન નં.૧૪૮૭	એક આરોપીના કબૂલાતવાળા નિવેદન ઉપરથી અન્ય સહઆરોપીની સંડોવણી સાબીત થતી હોય અને તે કબૂલાતવાળુ નિવેદન પુરાવામાં ગ્રાહ્ય હોય તો તે નિવેદન ઉપર અન્ય આરોપીને પણ સજા કરી શકાય.

આમ, ઉપરોકત ચુકાદાઓ ધ્યાને લેતા આરોપીઓના કબૂલાત નિવેદનો અન્ય સહઆરોપીઓના સંબંધમાં પણ પુરાવામાં ગ્રાહ્ય છે અને વિચારણા હેઠળ લઈ શકાય તેમ હું માનું છું.

(૭૮) જુદા–જુદા આરોપીઓની ઓળખ પરેડ કરાવનાર ફરિયાદપક્ષ તરફથી રજૂ થયેલ એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓના પુરાવાનું મૂલ્યાંકન...

ફરિયાદપક્ષ દ્વારા આ કામે રમણભાઇ સેંધાભાઇ સોલંકીને સાહેદ નં. પ૭૧ તરીકે આંક–૩૦પ૧ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૨૭/૨/૨૦૦૮ ના રોજથી તેઓ અમદાવાદ સીટી ખાતે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ તરીકે ફરજ બજાવતા હતા અને આ હોદ્દા ઉપર તા. ૩૧/૧૨/૨૦૦૮ સુધી ફરજ બજાવેલી. આ હોદ્દા ઉપર ફરજ પરેડ અંગેની કાર્યવાહી, મરણ જનારના ઇન્કવેસ્ટ પંચનામાની કામગીરી તથા મરણોન્મુખ નિવેદન લેવાની કામગીરી તથા સામાન્ય પ્રકારના ન્યાયિક સોગંદનામા કરવાની ફરજ બજાવેલ છે. આ સમય દરમ્યાન કામકાજની કચેરી ઘી કાંટા, અમદાવાદ ખાતે હતી. આ સ્થળે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટની કુલ–૨ કોર્ટ હતી. તે વખતે બીજા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ તરીકે શ્રી એલ.કે.પારઘી પણ ફરજ બજાવતા હતા. આ ફરજ દરમ્યાન પટ્ટાવાળા તથા કલાર્ક તરીકે કુલ–૬ વ્યકિતઓ હતાં.

સાહેદ વધુમાં જણાવે છે કે તેમને ફોજદારી કેસ સંબંધે ઓળખ પરેડની કામગીરી સંબંધેની કાર્યવાહીમાં સંબંધિત પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારી રૂબરૂ પોતાના રિપોર્ટ સાથે હાજર થાય છે. આવા અહેવાલને વંચાણે લઇ તેનો સમય અને તારીખ નક્કી કરવામાં આવે છે. સાહેદ વધુમાં જણાવે છે કે સૌ પ્રથમ તા.૨૬/૮/૨૦૦૮ ના રોજ અમદાવાદ શહેરમાં થયેલ બોમ્બ બ્લાસ્ટના બનાવો સંબંધે નાયબ પોલીસ અધિકારીશ્રી એમ.જે.ચાવડા નાઓએ મણીનગર પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુના રજી.નં.૨૦૩/૨૦૦૮, આઇ.પી.સી. કલમ ૧૨૦–બી તથા ૧૨૧–એ વિગેરે સંબંધે આરોપી મુફતી ઉર્ફે અબુબસર ઉર્ફે અબ્દુલરસીદ સન ઓફ અબુબકર શેખ, રહે.બીનાપુરા, જિલ્લો–આઝમગઢ, ઉત્તર પ્રદેશનાઓની ઓળખ કરાવવાના કામે ઓળખ પરેડ રિપોર્ટ રજૂ કરેલ. જે ઓળખ પરેડ રિપોર્ટ આધારે તા.૨૭/૮/૨૦૦૮ ના રોજ સાંજના ૧૭.૩૦ કલાકે

એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧ ખાતે ઓળખ પરેડ કરવા ઠરાવેલ તથા આરોપીને ઢાંકેલ ચહેરે બુરખો ઓઢાડીને પહેલા રજૂ કરવા અને ત્યારબાદ ફરિયાદી/સાહેદને પંદર મિનિટ પછી રજૂ કરવા સુચના આપેલ. આ સાહેદે આંક–૩૦૫૨ વાળી ઓળખ પરેડની યાદી રજૂ રાખેલ છે અને સદર યાદી આધારે કરવામાં આવેલ ઓળખ પરેડ કરવાનો પત્ર આંક–૩૦૫૩ થી રજૂ રાખેલ છે જેમાં સાહેદ પોતાની સહી તથા અક્ષરો ઓળખી બતાવે છે.

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ ઓળખ પરેડ સંબંધે તા. ૨૭/૦૮/૨૦૦૮ ના રોજ સીનીયર ભુસ્તરશાસ્ત્રીશ્રી ભુસ્તર અને ખનિજ વિકાસ ખાતુ, ઘી કાંટા, અમદાવાદ ખાતે ઓળખ પરેડની કામગીરી સારૂ બે પંચો મોકલી આપવા પત્ર લખેલ. જે અન્વયે તા.૨૭/૮/૨૦૦૮ ના રોજ બે પંચોને ૧૭.૦૦ કલાકે આ સાહેદની કચેરીએ મોકલી આપેલાં. આ બે પંચો પૈકી અનુક્રમે ૧.જયદીપ સરોજકુમાર ભણસાલી અને ૨.પ્રહલાદ મન્છારામભાઇ પુરોહિતનાઓ હતા. ત્યારબાદ આ કામના તપાસ અધિકારીશ્રીએ તેમની સમક્ષ આરોપીને રજૂ કરેલ. તે વખતે બુરખો ઓઢાડીને ઢાંકેલ ચહેરે રજૂ કરવામાં આવેલ. તેને જોયા બાદ તેઓએ તેના જેવા બીજા પાંચ ડમી માણસોને પહ્લાવાળા મારફતે બહારથી બોલાવેલા. તેઓ આવતાં તેઓને કોર્ટ રૂમમાં બેસાડી પંચો તથા ડમી માણસો આવ્યા બાદ તેમને કોર્ટમાં બેસાડેલા. ઓળખ પરેડ તા.૨૭/૮/૨૦૦૮ ના રોજ ૧૭.૩૦ કલાકે કોર્ટ નં.૧ ના કોર્ટ રૂમમાં શરૂ કરવામાં આવેલ. બહારથી બોલાવેલ તમામ માણસોને એક સીધી લાઇનમાં ઉભા રાખવામાં આવેલ. ત્યારબાદ આ કામના આરોપી અબુબસર ઉર્ફે અબ્દુલ રશીદ ઉર્ફે અબ્દુલ્લા ઉર્ફે મુકિત અબુબક્ષ શેખને તેમનું નામ સરનામું પુછી તે અંગેની નોંધ કરેલી, ત્યારબાદ તેમને પુછવામાં આવ્યું કે તમોને અહીં ક્યાંથી લાવ્યા ત્યારે તેણે જણાવેલ કે પોલીસ કસ્ટડીમાંથી પોલીસની ગાડીમાં અહી લાવવામાં આવેલ છે. કઇ જગ્યાએથી લાવેલ તેની ખબર નથી. પરંતુ ચાવડા સાહેબ પાસે રીમાન્ડ ઉપર હતો તેવું આરોપીએ જણાવેલુ ત્યારબાદ પુછવામાં આવ્યું કે સરકારી વાહનમાં તમારી સાથે કોણ–કોણ હતું. તો તેણે જણાવેલુ કે પોલીસ કર્મચારીઓ સિવાય બહારની કોઇ

વ્યકિત ન હતી. ત્યારબાદ પુછવામાં આવ્યું કે તમોને અહીં લાવતાં પહેલા આ કામના સાહેદ સાથે આમને સામને ઓળખાણ કરાવવામાં આવેલ છે કે કેમ? તો તેણે એમ જણાવેલુ કે મને કોઈપણ માણસ સાથે ઓળખાણ કરાવવામાં આવેલ નથી. બાદમાં આરોપીને ઉભેલ માણસોની લાઈનમાં તેમની મનપસંદ જગ્યાએ ઉભા રાખતાં પહેલા તેણે પહેરેલ કપડાં બદલવાની ઈચ્છા વિશે પુછતા તેણે ના પાડેલ છે. ત્યારબાદ આરોપી ઉભેલ લાઈનમાં અનુ. નં.૧ અને ૨ ની વચ્ચે ઉભા રહેલ છે. ત્યારબાદ આ કામના સાહેદને પટ્ટાવાળા મારફતે બહારથી બોલાવતાં તેઓ કોર્ટ રૂમમાં આવતાં તેમને તેમનું નામ સરનામું પુછતા તેઓએ રફીકભાઇ હુસેનભાઇ અબદાદ, ઉ.વ.૪૧, ધંધો–વેપાર, રહે. મકાન નં. એ/૩૪, અલફલા સોસાયટી, રસુલાબાદ, શાહઆલમ, અમદાવાદ લખાવેલુ.

વધુમાં સાહેદ જણાવે છે કે, ત્યારબાદ આ કામના સાહેદને ઓળખ પરેડની સમજણ આપી જણાવેલુ કે આ કામના આરોપી ઉભેલ માણસોની લાઈનમાં ઉભા છે. જો તમો તેમને ઓળખતા હોય તો દરેકના મોં જોતા–જોતા આગળ વધીને ઉભેલ માણસોની લાઈનમાંથી આરોપીને હાથ પકડી બહાર કાઢી બતાવો. તો આ કામના સાહેદે ઉભેલ માણસોની લાઈન નજીક જઈને દરેકના મોં જોતા–જોતાં આગળ વધીને એક ઈસમને બહાર કાઢેલ જેનું નામ સરનામું પુછતાં તેનું નામ સરનામું નીચેની વિગતે લખાવેલ છે. અબુબસર ઉર્ફે અબ્દુલરસીદ ઉર્ફે અબ્દુલ્લા ઉર્ફે મુકિત અબુબકર શેખ, ધંધો–હાલમાં કંઈ નહી, પહેલા ભણાવતો હતો. ગામ–બીનાપરા, તા.નિઝામાબાદ, જિ.આઝમગઢ (યુ.પી.) ત્યારબાદ આ કામના સાહેદને આરોપીની ઓળખ સંબંધે પુછતાં તેમણે જણાવેલુ કે વટવા ખાતે ગરીબ નવાજ હોટલનો વ્યવસાય કરે છે અને તેની હોટલ સવારે નવથી રાત્રીના અગિયાર વાગ્યા સુધી ખુલ્લી હોય છે તથા રોજના સો થી દોઢથી માણસો જમવા માટે આવે છે. તેની હોટલમાં વેજ તથા નોનવેજ બંને પ્રકારનું ભોજન પીરસાય છે. આ કામના આરોપી દોઢ માસ પહેલાં તેની હોટલ ઉપર સળંગ દસ દિવસ સુધી ફકત દિવસે જમવા માટે આવતાં હતા. તેમની સાથે અન્ય બે માણસો પણ સાથે આવતાં. જમીને બીલના પૈસા આપી દેતાં. એક વખત આરોપી હોટલમાંથી

ટિફિનમાં જમવાનું લઇ ગયેલ. આમ આરોપી તેની હોટલ ઉપર સતત દસ દિવસ સુધી જમવા માટે આવેલ હોવાથી તેને ઓળખેલો.

વધુમાં સાહેદ જણાવે છે કે ત્યારબાદ આ કામના સાહેદને પટ્ટાવાળા મારફતે બહાર મોકલી કોર્ટ રૂમના દરવાજા બંધ કરેલા. ઓળખ પરેડમાં સાહેદ આરોપીને ઓળખી બતાવવામાં સફળ રહેલ. ઓળખ પરેડ લાઇટના અજવાળામાં બંધ બારણે કરવામાં આવેલ. ઓળખ પરેડ દરમ્યાન પોલીસ સ્ટાફ કે બહારની કોઇ વ્યકિત કોર્ટ રૂમમાં હાજર ન હતી. આ કાર્યવાહીનું પંચનામું બંને સરકારી પંચોની હાજરીમાં કરવામાં આવેલ અને તે બદલ પંચોની સહીઓ લઇ ઓળખ પરેડ પંચનામું સાંજના ૧૮.૧૫ કલાકે તા.૨૭/૮/૨૦૦૮ ના રોજ પૂરૂ કરી તે અંગેની આ સાહેદે હોદ્દા સાથેની સહી કરી ઓળખ પરેડ પંચનામાની નકલ તપાસ અધિકારીને આપવામાં આવેલી. તે અંગે અસલ ઓળખ પરેડ પંચનામામાં તેમની સહી મેળવેલી. જે ઓળખ પરેડ પંચનામુ આંક–૩૦૫૪ મા સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે તેમજ પંચોને બોલાવવા માટેની યાદી આંક–૩૦૫૫ થી રજૂ રાખેલ છે.

વધુમાં સાહેદ જણાવે છે કે ત્યારબાદ તા.૨૮/૮/૨૦૦૮ ના રોજ આ સાહેદની ઑફિસના સરનામે નાયબ પોલીસ અધીક્ષક તપાસ ટીમ ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદના શ્રી વી.આર. ટોળીયાનાઓએ તા.૨૮/૮/૨૦૦૮ ના રોજ લખેલ ઓળખ પરેડ કરવા અંગેની યાદી મળેલી. જે યાદી શાહીબાગ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ફર્સ્ટ ગુના રજી.નં. ૨૩૬/૦૮ ઇ.પી.કોડની કલમ–૩૦૨, ૩૦૭ વિગેરે યાદીમાં જણાવેલ વિગતે સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે થયેલ બોમ્બ બ્લાસ્ટ સંબંધે આરોપીઓની સાહેદોથી ઓળખ પરેડ કરવા અંગેની યાદી હતી. જે યાદી સ્વીકારી ઓળખ પરેડ તા.૩૦/૮/૨૦૦૮ ના રોજ બપોરના ૧૪.૦૦ કલાકે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ કોર્ટ નં. ૧ ના કોર્ટ રૂમમાં ઓળખ પરેડ રાખવા ઠરાવી તમામ આરોપીઓને ઢાંકેલા ચહેરે બુરખો ઓઢાડી રજૂ કરવા તથા ફરિયાદી સાહેદને પંદર મિનિટ પછી રજૂ કરવા અંગેની સુચના આપેલી જે આંક–૩૦૫૭ વાળી યાદીમાં સાહેદ પોતાની તથા પોલીસ અધિકારીની સહી ઓળખી

બતાવે છે તેમજ આંક–૩૦૫૮ વાળી ટોળીયા સાહેબે જે યાદી પાઠવેલી તે રજૂ રાખેલ છે. સદર યાદી અનુસંધાને ઓળખ પરેડ કરવા માટે સરકારી પંચો સીનીયર ભુસ્તરશાસ્ત્રીની કચેરી, ઘી કાંટા, અમદાવાદ ખાતેથી બોલાવવા માટે તા. ૩૦/૮/૨૦૦૮ ના રોજ પત્ર લખેલ. જે પત્રની સ્થળપ્રત આંક–૩૦૫૯ થી રજૂ રાખેલ છે.

સાહેદ વધુમાં જણાવે છે કે આ કામે સરકારી પંચો ૧૩.૩૦ કલાકે તા.૩૦/૮/૨૦૦૮ ના રોજ આવેલ અને ત્યારબાદ ૧૪.૦૦ કલાકે આ કામના આરોપીઓને તેઓની સમક્ષ બુરખો ઓઢાડીને ઢાંકેલ ચહેરે રજૂ કરવામાં આવેલ. આ આરોપીઓને રજૂ કરવામાં આવ્યા ત્યારે હાથકડી કે દોરડા બાંધવામાં આવેલ ન હતા તથા આ કામના સાહેદ હાજર ન હતા. આમ આરોપીઓ તથા પંચોને કોર્ટ રૂમમાં બેસાડી ઓળખ પરેડ પંચનામું ૧૪.૦૦ કલાકે શરૂ કરવામાં આવ્યું. તમામ આરોપીઓને જોયા બાદ તેમના જેવા શરીરે બાંધો, ઉંચાઇ, દેખાવ ધરાવતાં પચાસ ડમી માણસોને પડદાવાળા મારફતે બહારથી બોલાવેલ. તેમને કોર્ટ રૂમમાં બેસાડી તમામના નામ સરનામા નોંધ કરેલ. ત્યારબાદ તમામને "યુ" આકારની લાઇનમાં ઉભા રાખવામાં આવેલ. ત્યારબાદ આ કામના આરોપીઓને નજીક બોલાવી તેમના નામ સરનામા પુછતા અનુક્રમે નં.૧ જાહીદ કુત્બુદ્દીન શેખ ઉ.વ.૩૧, ધંધો–મોબાઇલની દુકાન, રહે. સીંધી એવન્યુ, પોપટલાલના મકાનમાં, વિશાલા હોટલની સામે, જુહાપુરા, અમદાવાદ, નં.૨ ઇમરાન ઇબ્રાહીમ શેખ ઉ.વ.૨૩, ધંધોઃ સાડીનો કાપડ ફેરી, રહે. પાંજરા ઘર, મસ્જિદની સામે, તાઇવાડા, વડોદરા. નં.૩ ઇકબાલ કાસમ શેખ ઉ.વ.૩૧, ધંધો–કરીયાણાની દુકાન, રહે. મકાન નં.૩, જી–૩, યાકુબપુરા, કબીર કોમ્પલેક્ષ, ભોઇવાડા, વડોદરા, નં.૪ મહંમદ આરીફ મહંમદ ઇકબાલ કાગજી ઉ.વ.૩૪, ધંધો– કાપડ વેચવાનો, રહે. ઘર નં.૧૭૯, સગરવાડ, પથ્થરવાળી મસ્જિદ પાસે, શાહપુર, અમદાવાદ, નં.૫ મહંમદ ઉસ્માન મહંમદ અનીસ અગરબત્તીવાલા ઉ.વ.૨૪, ધંધો–અગરબત્તી વેચવાનો, રહે. મહંતનો ખાંચો, વાડી,તાઇવાડા, વડોદરા, નં.૬ યુનુસભાઇ મહંમદભાઇ મન્સુરી, ઉ.વ.૩૧, ધંધો–બાંધણી વેચવાનો, રહે.

સી–૧૩૨ ઈજીતમીલ સોસાયટી, અજીતમીલ ચાર રસ્તા, બાપુનગર, અમદાવાદ, નં.૭ મહંમદ સાજીદ ઉર્ફે સલીમ ઉર્ફે સજજાદ ઉર્ફે સાદ સન ઓફ ગુલામ ખ્વાજા મનસુરી ઉ.વ.૩૫, ધંધો–મજૂરી, રહે.૪/૩૦૧૩, બેગમપુરા, સુરત તથા હાલ મકાન નં.૩૩, લુકખાન પાર્ક, જુબેર રોડ, ભરૂચ, નં.૮ કમરૂદ્દીન ચાંદમહંમદ નાગોરી. ઉ.વ.૩૫, ધંધો–વેપાર. રહે. નાગોરી મહોલ્લા, થાના મહાકાલ, ઉજ્જૈન, નં.૯ આમીલ પરવાઝ કાજી સેકુદ્દીન ઉ.વ.૩૪, ધંધો–ખેતી, રહે. છોટા બજાર, મામા મસ્જીદ રોડ, છોટાબજાર થાના, ઉન્હેલ. જી. ઉજ્જૈન, નં.૧૦ સફદર નાગોરી જહરૂલહસન ઉર્ફે જહીરૂદ્દીન નાગોરી ઉ.વ.૩૮, ધંધો. મીકેનીકલ એન્જીનીયર, રહે. નાગોરી મહોલ્લા, થાના મહીદપુર, જિ.ઉજ્જૈન. ત્યારબાદ તમામ આરોપીઓને પુછવામાં આવ્યું કે તમોને અહીં ક્યાંથી લાવવામાં આવેલ છે. તો તેમણે જણાવેલ કે ગાયકવાડ હવેલી, ક્રાઇમ બ્રાન્ચ પોલીસ સ્ટેશનમાંથી લાવવામાં આવેલ છે. ત્યારબાદ પુછવામાં આવ્યુ કે તમારી સાથે કોણ કોણ હતું. તો તેમણે જણાવેલુ કે અમારી સાથે પોલીસ સ્ટાફના માણસો હતા. ત્યારબાદ પુછવામાં આવ્યું કે તમોને અહીં લાવતાં પહેલા આ કામના સાહેદો સાથે આમને સામને ઓળખાણ કરાવવામાં આવેલ છે કે કેમ? તો તેમણે ના પાડેલ. ત્યારબાદ આ કામના આરોપીઓને "યુ" આકારની ઉભેલ માણસોની લાઇનમાં તેમની મનપસંદ જગ્યાએ ઉભા રાખતાં પહેલાં તેમણે પહેરેલ કપડાં બદલવાની ઇચ્છા વિશે પુછતાં તેમણે તેમ કરવાની ના પાડેલ છે. ત્યારબાદ તમામ આરોપીઓ ઉભેલ માણસોની લાઇનમાં પંચનામામાં દર્શાવેલ વિગતે અનુક્રમ નંબર મુજબ ગોઠવાઇ ગયેલા. ત્યારબાદ આ કામના સાહેદ નં.૧ ને પટ્ટાવાળા મારફતે બહારથી બોલાવતાં તેઓ કોર્ટ રૂમમાં આવતાં તેમને તેમનું નામ સરનામું પુછતાં તેમનું નામ સરનામું પુછતા તેમને નામ બારૈયા અંબાલાલ વેચાતભાઇ, ઉ.વ.૪૦, ધંધો–ખેતી, ગામ કથોલા, તા.હાલોલ, જિ.પંચમહાલ. ત્યારબાદ આ કામના સાહેદને ઓળખ પરેડની સમજણ આપી અને જણાવેલુ કે આ કામના આરોપીઓ ઉભેલ માણસોની લાઇનમાં ઉભા છે. જો તમો તેમને ઓળખતાં હોય તો લાઇન નજીક જઇ દરેકના મોં જોતા જોતા આગળ વધીને

ઉભેલ માણસોની લાઇનમાંથી આરોપીઓને હાથ પકડી બહાર કાઢી ઓળખી બતાવો. તો આ કામના સાહેદ ઉભેલ માણસોની લાઇનમાંથી કુલ–૯ માણસો અનુક્રમે નં.૧ કમરૂદ્દીન ચાંદમહંમદ, નં.૨ આમીલ પરવાઝ કાજી સૈકુદ્દીન, નં.૩ સફદર નાગોરી જહરૂલહસન ઉર્ફે જહીરૂદ્દીન નાગોરી, નં.૪ મહંમદ આરીફ મહંમદ ઇકબાલ કાગજી, નં.૫ મહંમદ સાજીદ ઉર્ફે સલીમ ઉર્ફે સજજાદ ઉર્ફે સાદ સન ઓફ ગુલામખ્વાજા મનસુરી , નં.૬ મહંમદ ઉસ્માન મહંમદ અનીસ અગરબત્તીવાલા, નં.૭ જાહીદ કુત્બુદ્દીન શેખ, નં.૮ યુનુસ મહંમદભાઇ પંઢેરી, નં. ૯ ઇમરાન ઇબ્રાહીમભાઇ શેખનાઓને લાઇનમાંથી બહાર કાઢેલ છે. ઉભેલ માણસોની લાઇનમાંથી અનુક્રમ નં.૩ ના આરોપીને બહાર કાઢેલ નથી. ત્યારબાદ બહાર કાઢેલ આરોપીઓની ઓળખ સંબંધમાં સાહેદને પુછતાં તેમણે જણાવેલુ કે "હું ઉતરાયણનો તહેવાર હોવાથી હાલોલ ખાતે પેસેન્જર જીપમાં જતો હતો ત્યારે રસ્તામાં કમલેશ કવોરી નાળું આવેલ છે. ત્યાં અમારી જીપને પંકચર પડતાં જીપમાં બેઠેલ માણસો જતાં રહેલ. બાદમાં હું અને જીપના માલીક ત્યાં હતા. પછી કંડકટરને પંકચર બનાવવા માટે મોકલેલ. ત્યારબાદ કંડકટર પરત આવતાં તે ગાડીમાં ટાયર ફીટ કરતો હતો તે સમય દરમ્યાન હું અને ગાડીના માલીક થોડો આગળ જતા ત્યાં ઉપરોકત માણસો એક જૂથ થઇને વાતો કરતાં હતા. આ અંગે અમોએ તેમને કોઇ પુછપરછ કરેલ નહી. આ લોકોને સાંજના ચારથી પાંચની વચ્ચે જોયેલા હોઇ આ લોકોને અમે ઓળખીએ છીએ."

વધુમાં સાહેદ જણાવે છે કે ત્યારબાદ આ કામના સાહેદ નં.૧ ને પઙ્ચાવાળા મારફતે બહાર મોકલી કોર્ટ રૂમના દરવાજા બંધ કરેલા. ત્યારબાદ આ કામના સાહેદ નં.૨થી આરોપીઓની ઓળખ કરાવવાના કામે પ્રથમ આરોપીઓને ઉભેલ માણસોની લાઇનમાં તેમની મનપસંદ જગ્યાએ ઉભા રાખતાં પહેલા તેમણે પહેરેલ કપડા બદલવાની ઇચ્છા વિશે પુછતા તેમણે ના પાડેલ. ત્યારબાદ આરોપીઓ ઉભેલ માણસોની લાઇનમાં પંચનામાની જણાવેલ વિગતે અનુક્રમ નંબર મુજબ ઉભા રહેલ. ત્યારબાદ આ કામના સાહેદ નં.૨ ને પઙ્ચાવાળા મારફતે બહારથી બોલવતાં તેઓને કોર્ટ રૂમમાં આવતાં તેમનું નામ સરનામું પુછતાં તેમણે

નામ રામકાભાઇ દેવકરણભાઇ કેસરીયા. ઉ.વ.૨૪, દુધનો વેપાર, રહે. પંચાયત ઑફિસની પાછળ, પાવાગઢ, તા.હાલોલ, જિ.પંચમહાલ જણાવેલુ.

વધુમાં સાહેદ જણાવે છે કે ત્યારબાદ આ કામના સાહેદ નં.૨ ને ઓળખ પરેડની સમજણ આપી જણાવેલુ કે આ કામના આરોપીઓ ઉભેલ માણસોની લાઇન વચ્ચે ઉભા છે. જો તમો તેમને ઓળખતાં હોય તો લાઇન નજીક જઇને દરેકના મોં જોતાં જોતાં આગળ વધીને ઉભેલ લાઇનના માણસોમાંથી આરોપીઓના હાથ પકડી બહાર કાઢી ઓળખી બતાવો. તો આ કામના સાહેદ નં. ૨ ઉભેલ માણસોની લાઇન નજીક જઇને દરેકના મોં જોતા જોતા આગળ વધીને ઉભેલ માણસોની લાઇનમાંથી કુલ–૭ માણસોને બહાર કાઢેલ છે. જેમા નં.૧ ઇમરાન ઇબ્રાહીમ શેખ, નં.૨ કમરૂદ્દીન નાગોરી, નં.૩ યુનુસ મહંમદભાઇ મનસુરી, નં.૪ જાહીદ કુત્બુદ્દીન શેખ, નં.૫ આમીલ પરવાઝ કાજી સૈફુદ્દીન, નં.૬ સફદર નાગોરી ઉર્ફે જહરૂલ હસન ઉર્ફે જહીરૂદ્દીન નાગોરી, નં.૭ મહંમદઆરીફ મહંમદ ઇકબાલ કાગજી. ત્યારબાદ આ કામના સાહેદને ઉપરોકત માણસોની ઓળખ સંબંધે પુછતાં તેમણે જણાવેલ કે "હું કમલેશ ક્વોરી આગળ મારી ભેંસો ચરાવવા ગયેલ, ભેંસો ન દેખાતાં હું ત્યાંથી થોડે દુર ગયેલ ત્યારે કમલેશ ક્વોરીના નાળા આગળથી થોડે દૂર એક તંબુ બાંધેલ હતો અને ત્યાં આ માણસો ઉભા હતા અને એક જુથમાં બધા વાતો કરતાં હતા. શું વાતો કરતાં હતા તેની અમને ખબર નથી પરંતુ મેં આ લોકોને બપોરના બારથી એકની વચ્ચે જોયેલા હોવાથી જોયે તેમને ઓળખું છું. ”

વધુમાં સાહેદ જણાવે છે કે આ કામના સાહેદ નં.૨ એ પોલીસ રિપોર્ટના અનુક્રમ નં.૩ ઇકબાલ કાસમ શેખ, નં.૫ મહંમદ ઉસ્માન, નં.૭ મહંમદ સાજીદનાઓને ઓળખી બતાવેલ નથી. ત્યારબાદ આ કામના સાહેદને પટ્ટાવાળા મારફતે બહાર મોકલી કોર્ટ રૂમના દરવાજા બંધ કરેલા. ત્યારબાદ આ કામના સાહેદ નં.૩ થી આરોપીઓને ઓળખ કરવાના કામે ફરીથી આરોપીઓને ઉભેલ માણસોની લાઇનમાં તેમની મનપસંદ જગ્યાએ ઉભા રાખતાં પહેલા તેમણે પહેરેલ કપડાં બદલવાની ઇચ્છા વિશે પુછતાં તેમણે તેમ કરવાની ના પાડેલ.

ત્યારબાદ આરોપીઓ પંચનામામાં જણાવેલ વિગતે અનુક્રમ નંબર મુજબ ગોઠવાઈ ગયેલ. ત્યારબાદ આ કામના સાહેદ નં.૩ ને પટ્ટાવાળા મારફતે બહારથી કોર્ટ રૂમમાં બોલવતાં તેઓ કોર્ટ રૂમમાં આવતાં તેમને તેમનું નામ સરનામું પુછતાં બાબુલાલ સોહનલાલ શર્મા. ઉ.વ.૪૦, ધંધો–દુધ વેચવાનો, રહે. ટીંબી પાટીયા, ખુંદપીરની દરગાહ આગળ, હાલોલ જવાના રોડ ઉપર, ગામ– ટીંબી, તા.હાલોલ. આ કામના સાહેદને ઓળખ પરેડની સમજણ આપી જણાવેલુ કે આ કામના આરોપીઓ ઉભેલ માણસોની લાઈનમાં ઉભા છે. જો તમો તેમને ઓળખતાં હોય તો લાઈન નજીક જઈને દરેકના મોં જોતાં જોતાં આગળ વધીને ઉભેલ માણસોની લાઈનમાંથી આરોપીઓને બહાર કાઢી ઓળખી બતાવો. આ કામના સાહેદે ઉભેલ માણસોની લાઈન નજીક જઈને દરેકના મોં જોતાં જોતાં આગળ વધીને ઉભેલ માણસોની લાઈનમાંથી કુલ–૧૦ માણસોને બહાર કાઢેલ છે. જેમા નં.૧ આમીલ પરવાઝ કાજીસૈફુદ્દીન, નં.૨ ઈમરાન ઈબ્રાહીમ શેખ, નં.૩ જાહીદ કુત્બુદ્દીન શેખ, નં.૪ ઈકબાલ કાસમ શેખ, નં.૫ મોહંમદ સાજીદ ઉર્ફે સલીમ ઉર્ફે સજજાદ ઉર્ફે સાદ ગુલામ ખ્વાજા મન્સુરી, નં.૬ કમરૂદ્દીન ચાંદ મહંમદ નાગોરી, નં.૭ મહંમદ આરીફ મહંમદ ઈકબાલ કાગજી, નં.૮ યુનુસ મહંમદભાઈ, નં.૯ મહંમદ ઉસ્માન મહંમદ અનીસ તથા નં. ૧૦ સફદર નાગોરી જહુરૂલહસન ઉર્ફે જહરૂદ્દીન. ત્યારબાદ આ કામના સાહેદ નં.૩ ને ઉપરોકત ઈસમોની ઓળખ સબંધે પુછતાં જણાવેલ કે "હું કમલેશ કવોરીની ખીણ આગળ આ લોકો તંબુ બાંધીને બહાર ઉભા હતા. હું તથા રાયકા દેવકા ચારણની ભેંસો ખોવાઈ ગયેલ તે શોધવા માટે ગયેલ. આ લોકો બધા ભેગા મળીને વાતો કરતાં હતા. શું વાતો કરતાં હતા તે અમને ખબર નથી. આ સમયે બપોરના બારથી એકની વચ્ચેનો હોઈ બપોરના સમયે અજવાળું હોઈ આ લોકોને જોયે હુ ઓળખું છું. વિશેષ હું જાણતો નથી." ત્યારબાદ આ કામના સાહેદ નં.૩ ને પટ્ટાવાળા મારફતે બહાર મોકલી કોર્ટ રૂમના દરવાજા બંધ કર્યા. ત્યારબાદ આ કામના સાહેદ નં.૪ થી આરોપીઓની ઓળખ કરાવવાના સંબંધે ફરીથી આરોપીઓની ઉભેલ માણસોની લાઈનમાં તેમની મનપસંદ જગ્યાએ ઉભા રાખતાં પહેલાં તેમણે પહેરેલ કપડા

બદલવાની ઇચ્છા વિશે પુછતાં તેમણે તેમ કરવાની ના પાડેલ. બાદમાં તમામ આરોપીઓ પંચનામામાં જણાવેલ વિગતે ઉભેલ માણસોની વચ્ચે ગોઠવાઇ ગયેલ. ત્યારબાદ આ કામના સાહેદ નં.૪ ને પટ્ટાવાળા મારફતે બહારથી કોર્ટ રૂમમાં બોલવતાં તેમને તેમનું નામ સરનામું પુછતાં પ્રવિણભાઇ હમીરભાઇ કટારીયા, ઉ.વ.૪૩, ગામઃ કથોલા, તા.હાલોલ, જિ.પંચમહાલ. ત્યારબાદ આ કામના સાહેદ નં.૪ ને ઓળખ પરેડની સમજણ આપી અને જણાવેલ કે આ કામના આરોપીઓ ઉભેલ માણસોની વચ્ચે ઉભા છે. જો તમો તેમને ઓળખતાં હોય તો લાઇન નજીક જઇ દરેકના મોં જોતાં જોતાં આગળ વધીને ઉભેલ માણસોની લાઇનમાંથી આરોપીઓને હાથ પકડી બહાર કાઢી ઓળખી બતાવો. તો આ કામના સાહેદ નં. ૪ ઉભેલ માણસોની લાઇન નજીક જઇને દરેકના મોં જોતાં જોતાં આગળ વધીને ઉભેલ માણસોની લાઇનમાંથી કુલ–૧૦ ઇસમોને બહાર કાઢેલ જેમા નં.૧ સફદર નાગોરી, નં.૨ આમીલ પરવાઝ, નં.૩ મહંમદ સાજીદ, નં.૪ કમરૂદ્દીન ચાંદ મહંમદ, નં.૫ મહંમદ ઉસ્માન, નં.૬ યુનુસ મહંમદ, નં.૭ મહંમદ આરીફ મહંમદ ઇકબાલ, નં.૮ ઇમરાન ઇબ્રાહીમ, નં.૯ અજહરખાન, નં.૧૦ મોહંમદ ઇકબાલ. ત્યારબાદ આ કામના સાહેદ નં.૪ ને આરોપીઓની ઓળખ સંબંધે પુછતાં તેમણે જણાવેલ કે "હું પેસેન્જર જીપ ચલાવું છું અને ભામરીયાથી હાલોલ અને હાલોલથી ભામરીયા વચ્ચે શટલ મારૂ છું. બનાવના દિવસે મારી જીપ ગાડીને પંકચર પડતાં મેં મારા કંડકટરને પંકચર બનાવવા માટે પાવગઢ મોકલેલ અને તેને આવતાં મોડું થતાં મારો મિત્ર જેનું નામ અંબાલાલ વેચાતભાઇ છે અમે બંને જણા રોડની અંદરની સાઇડે જતાં કમલેશ કવોરીના નાળાથી આગળ ખીણ આવેલ છે ત્યાં ઉપરોકત ઇસમો તંબુની બહાર ઉભા હતા અને એક જૂથમાં બધા અંદરો અંદર વાતો કરતાં હતાં. શુ વાતો કરતાં હતાં તેની અમને ખબર નથી. પરંતુ સાંજના ચારથી પાંચની વચ્ચે આ લોકોને જોયેલાં અને દિવસનું અજવાળું હોવાથી આ લોકોને જોયે ઓળખીએ છીએ. આનાથી વધારે હું કાંઇ જાણતો નથી." વધુમાં સાહેદ જણાવે છે કે ત્યારબાદ આ કામના સાહેદ નં.૪ ને પટ્ટાવાળા મારફતે બહાર મોકલી કોર્ટ રૂમના દરવાજા બંધ

કરેલા. સાહેદ નં.૪ એ કુલ–૧૦ માણસો પૈકી અનુ. નં.૧ જાહિદ કુત્બુદ્દીન શેખ તથા અનુ.નં.૩ ઇકબાલ કાસમ શેખનાઓને ઓળખી બતાવેલ નથી. બાકીના આઠ ઇસમોને તેમણે ઓળખી બતાવેલ.

વધુમાં સાહેદ જણાવે છે કે ત્યારબાદ આ કામના સાહેદ નં.૫ થી આરોપીઓની ઓળખ પરેડના કામે ફરીથી આરોપીઓને ઉભેલ માણસોની લાઇન વચ્ચે તેમની મનપસંદ જગ્યાએ ઉભા રાખતાં પહેલાં તેમણે પહેરેલ કપડાં બદલવાની ઇચ્છા વિશે પુછતાં તેમણે તેમ કરવાની ના પાડેલ. બાદમાં આરોપીઓ ઉભેલ માણસોની લાઇનમાં પંચનામાની વિગતે અનુક્રમ નંબર મુજબ ગોઠવાઇ ગયેલ છે. ત્યારબાદ આ કામના સાહેદ નં.૫ ને પટ્ટાવાળા મારફતે બહારથી કોર્ટ રૂમમાં બોલવતાં તેઓ કોર્ટ રૂમમાં આવતાં તેમને તેમનું નામ સરનામું પુછતાં મહંમદ ફારૂક અજીજભાઇ મેમણ ઉ.વ.૨૮, ધંધો–નોકરી, રહે. કડીયાભાઇ ડાહ્યાભાઇની ચાલી, રખીયાલ, અમદાવાદ. ત્યારબાદ આ કામના સાહેદ નં.૫ને ઓળખ પરેડની સમજણ આપી જણાવેલુ કે આ કામના આરોપીઓ ઉભેલ માણસોની લાઇન વચ્ચે ઉભાં છે જો તમો તેમને ઓળખતાં હોય તો લાઇન નજીક જઇને દરેકના મોં જોતાં જોતાં આગળ વધીને ઉભેલ માણસોની લાઇનમાંથી આરોપીઓને હાથ પકડી બહાર કાઢી ઓળખી બતાવો તો આ કામના સાહેદ નં.૫ ઉભેલ માણસોની લાઇન નજીક જઇને દરેકના મોં જોતાં જોતાં આગળ વધીને ઉભેલ માણસોની લાઇનમાંથી એક ઇસમને બહાર કાઢેલ જેનું નામ સરનામું પુછતા યુનુસમહંમદ મન્સુરી, રહે. સી.૧૩૨, અજીતમીલ સોસાયટી, અજીતમીલ ચાર રસ્તા, બાપુનગર, અમદાવાદ. વધુમાં સાહેદ જણાવે છે કે ત્યારબાદ સાહેદ નં.૫ ને આરોપીની ઓળખ સંબંધે પુછતાં તેમણે જણાવેલ કે "હું કાલુપુર ટાવર પાસે વાસણની દુકાનમાં રૂા.૩૦૦૦/– ના માસીક પગારથી નોકરી કરૂ છું. દુકાનનું નામ એવરગ્રીન વાસણ ભંડાર છે જ્યાં આ માણસ મારી દુકાને વાસણ લેવા માટે આવેલ અને તપેલી થાળી, સાણસી, ચમચો, લાઇટર જેવી વસ્તુઓ ખરીદ કરીને લઇ ગયેલ. તે અંગેનું કાચુ બીલ પણ આપેલ. આ માણસ મારી દુકાને સવારે નવથી દશની વચ્ચે આવેલ હોવાથી જોયે તેને ઓળખું

છું. આનાથી વિશેષ હું કાંઇ જાણતો નથી." ત્યારબાદ આ કામના સાહેદ નં.૫ ને પઙ્ચાવાળા મારફતે કોર્ટ બહાર મોકલી કોર્ટ રૂમના દરવાજા બંધ કરેલા . સાહેદ નં.૫ એ કુલ–૧૦ આરોપીઓ પૈકી ફકત અનુ. નં.૬ ના આરોપીને ઓળખી બતાવેલ. બાકીના આરોપીઓને ઓળખી બતાવેલ નથી.

વધુમાં સાહેદ જણાવે છે કે આ કામની ઓળખ પરેડ બંધ બારણે લાઇટના અજવાળામાં કરવામાં આવેલ છે. ઓળખ પરેડ દરમ્યાન કોર્ટ રૂમમાં પોલીસ સ્ટાફ કે બહારની કોઇ વ્યકિત હાજર ન હતી. ઉપર મુજબનું પંચનામું બે સરકારી પંચોની હાજરીમાં કરવામાં આવેલ છે તથા પંચનામું પૂરૂ થયા પછી બંને પંચોની મારી રૂબરૂમાં સહી મેળવી પંચનામું ૨૦.૧૫ કલાકે તા.૩૦/૮/૨૦૦૮ ના રોજ પૂરૂ કરેલુ જે આંક–૩૦૬૧ વાળા પંચનામાં સાહેદ પોતાની તથા પંચોની સહીઓ ઓળખી બતાવે છે.

વધુમાં સાહેદ જણાવે છે કે, તા.૧૮/૯/૨૦૦૮ ના રોજ તેમની કચેરીના સરનામે બપોરના ૧૫.૦૦ કલાકે નાયબ પોલીસ અધીક્ષકશ્રી તપાસ ટીમ ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદનાઓએ ઓળખ પરેડ કરવા અંગેનો રિપોર્ટ રજૂ કરેલ. જે જોતાં મણીનગર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ફર્સ્ટ ગુના રજી.નં. ૨૦૩/૦૮ ઇ. પી.કો.ની કલમ ૩૦૨, ૩૦૭ વિગેરેથી આરોપી સફદર નાગોરી ઉર્ફે જહરૂલ હુસેનનાઓની આ કામના સાહેદથી ઓળખ કરવાના કામે ઓળખ પરેડ યાદી રજૂ કરેલ જે યાદી આંક–૩૦૬૨ મા સાહેદે સ્વીકાર્યા બાબતની તેમની સહી ઓળખી બતાવેલ છે. યાદી સ્વીકારીને તા.૨૦/૯/૨૦૦૮ ના રોજ સાંજના ૧૬.૦૦ કલાકે ઓળખ પરેડ કોર્ટ નં.૧ ના કોર્ટ રૂમમાં રાખવા ઠરાવેલ અને આરોપીને બુરખો ઓઢાડી ઢાંકેલ ચહેરે રજૂ કરવા તથા સાહેદને ત્યારબાદ પંદર મિનિટ પછી રજૂ કરવા સુચનાની યાદી નાયબ પોલીસ અધીક્ષકશ્રીને મોકલેલ જે આંક–૩૦૬૩ મા આ સાહેદ તેમની સહી ઓળખી બતાવે છે. સદર યાદી અનુસંધાને સાહેદે તા.૧૮/૯/૨૦૦૮ ના રોજ ભુસ્તરશાસ્ત્રીશ્રી, સીનીયર ભુસ્તરશાસ્ત્રીની કચેરી, ઘી કાંટા, અમદાવાદને બે સરકારી પંચો મોકલી આપવા

માટે પત્ર લખેલ જે આંક–૩૦૬૪ વાળા પત્રમાં સાહેદ તેની સહી ઓળખી બતાવે છે.

વધુમાં સાહેદ જણાવે છે કે તા.૨૦/૯/૨૦૦૮ ના સાંજના ૧૬.૦૦ કલાકે આ કામના પંચો તથા આરોપી આવેલ. પંચનામામાં જણાવેલ વિગતે પંચોના નામ સરનામા લખેલ અને ૧૬.૦૦ કલાકે ઓળખ પરેડ પંચનામું શરૂ કરેલ. આરોપીને ૧૬.૦૦ કલાકે આ સાહેદ સમક્ષ બુરખો ઓઢાડી ઢાંકેલ ચહેરે રજૂ કરેલ. આરોપીને જોયા બાદ તેની ઊંચાઇ, ઉંમર તથા શરીરે તેના જેવો બાંધો ધરાવતા બીજા પાંચ ડમી માણસોને પટ્ટાવાળા મારફતે બહારથી બોલાવી કોર્ટ રૂમમાં આવતાં તેમના નામ, સરનામા તેમના લખાવ્યા મુજબના નોંધી લીધેલ. ત્યારબાદ આ કામના સાહેદ આવ્યા અંગેની પટ્ટાવાળાએ જાણ કરતાં સાહેદને કોર્ટ રૂમની પશ્ચિમ દિશાએ આવેલાં રૂમમાં બેસાડવા માટે પટ્ટાવાળાને જણાવેલુ અને જ્યાં સુધી ના બોલાવું ત્યાં સુધી સાહેદને ત્યાંથી બહાર ન જવા દેવા તેવી સુચના આપેલી. આમ બહારથી આવેલ તમામ ડમી માણસોને એક સીધી લાઇનમાં ઉભા રાખવામાં આવ્યા. ત્યારબાદ આ કામના આરોપીને નજીક બોલાવી તેનું નામ સરનામું પુછતાં સફદરહુસેન જહરૂલહસેન ઉર્ફે જહુરૂદ્દીન નાગોરી, ઉ.વ.૩૮, ધંધોઃવેપાર (એન્જીનીયર), રહે. નાગોરી મહોલ્લા, થાના મહીધરપુરા, જિ.ઉજ્જૈન. ત્યારબાદ આ કામના આરોપીને પુછવામાં આવ્યું કે તમોને અહીંયાં ક્યાંથી લાવવામાં આવેલ છે તો તેણે જણાવેલ કે અમોને ક્રાઇમ બ્રાન્ચના પોલીસ અધિકારી તેમના સરકારી વાહનમાં ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદથી અહીંયા લાવેલ છે. ત્યારબાદ પુછવામાં આવ્યું કે સદર વાહનમાં તમારી સાથે કોણ–કોણ હતું. તો તેમણે જણાવેલ કે પોલીસના માણસો સિવાય બહારની કોઇ વ્યકિત અમારી સાથે ન હતી. ત્યારબાદ પુછવામાં આવ્યું કે તમોને અહીં લાવતાં પહેલા આ કામના સાહેદ સાથે આમને સામને ઓળખાણ કરાવવામાં આવેલ છે કે કેમ? તો તેણે ના પાડેલ છે. બાદમાં આરોપીને ઉભેલ માણસોની લાઇનમાં તેની મનપસંદ જગ્યા ઉપર ઉભો રાખતાં પહેલાં તેણે પહેરેલ કપડાં બદલવાની ઇચ્છા વિશે પુછતાં તેણે તેમ કરવાની ના પાડેલ છે. બાદમાં આરોપી ઉભેલ માણસોની

લાઇનમાં અનુક્રમ નં.૪ અને ૫ વચ્ચે ઉભા રહેલ. ત્યારબાદ આ કામના સાહેદને પડ્ડાવાળા મારફતે બહારથી બોલવતાં તેઓ કોર્ટ રૂમમાં આવતાં તેમને તેમનું નામ સરનામું પુછતાં મહંમદયુનુસ અબ્દુલલતીફ સુમરા, ઉ.વ.૩૧, રહે. ૯– નંદનવન નગર, મેહંદી કોલોની, સુરલબીટ મંદિર રોડ, ભૂજ. ત્યારબાદ આ કામના સાહેદને ઓળખ પરેડની સમજણ આપીને જણાવેલ કે આ કામના આરોપી ઉભેલ માણસોની વચ્ચે ઉભા છે જો તમો તેમને ઓળખતાં હો તો લાઇન નજીક જઇને દરેકનાં મોં જોતાં જોતાં આગળ વધીને ઉભેલ માણસોની લાઇનમાંથી આરોપીને હાથ પકડી બહાર કાઢી ઓળખી બતાવો તો આ કામના સાહેદે ઉભેલ માણસોની લાઇન નજીક જઇને દરેકનાં મોં જોતાં જોતાં એક ઇસમને બહાર કાઢેલ જેનું નામ સરનામું પુછતાં સફદર જહરૂલહુસેન ઉર્ફે જહીરૂદ્દીન નાગોરી, ઉ.વ.૩૮, ધંધો–વેપાર, રહે. નાગોરી મ્હોલ્લા, થાના–મહેદપુર, જિ.ઉજ્જૈન જણાવેલુ. ત્યારબાદ આ કામના સાહેદને આરોપીની ઓળખ સંબંધે પુછતાં તેમણે જણાવેલુ કે, "આ ભાઇને પહેલેથી હું ઓળખતો નથી પરંતુ આ ઇસમ મારા ધંધાના સ્થળે એટલે કે ડૉ. રામરાવ હાઉસ ખાતેના બિલ્ડિંગ કે જે ભૂજમાં હોસ્પિટલ રોડ ઉપર આવેલ છે જ્યાં આ ઇસમ ફેબ્રુઆરી માસમાં આવેલ. મારા રજીસ્ટરમાં તે અંગેની નોંધ કરેલ છે. હું સાયબર કાફેનો ધંધો કરૂ છું. આ ઇસમ ભૂજના એક સ્થાનિક ઇસમ જેનું નામ અબ્બાસ સમેજા છે જેની સાથે આવેલ અને સાયબર કાફે ઉપર ઇન્ટરનેટ સર્ફીંગના કામે આવેલ. તે સમયે સાંજના ચારથી પાંચ વચ્ચેનો હોઇ અને અજવાળુ હોવાથી તથા મારા સાયબર કાફેમાં એક કલાક રોકાયેલ હોવાથી જોયે તેને હું ઓળખું છું."

વધુમાં સાહેદ જણાવે છે કે, ત્યારબાદ આ કામના સાહેદને પડ્ડાવાળા મારફતે બહાર મોકલી કોર્ટ રૂમના દરવાજા બંધ કરેલા. ઓળખ પરેડમાં સાહેદ આરોપીને ઓળખી બતાવવામાં સફળ રહેલ. ઓળખ પરેડ લાઇટના અજવાળામાં બંધ બારણે કરવામાં આવેલ. ઓળખ પરેડ દરમ્યાન કોર્ટ રૂમમાં બહારની કોઇ વ્યકિત કે પોલીસ સ્ટાફ હાજર ન હતાં. ઓળખ પરેડ બે સરકારી પંચોની હાજરીમાં કરવામાં આવેલ. આંક–૩૦૬૫ વાળા ઓળખ પરેડનું પંચનામું

પૂરું કર્યાં સમય ૧૭.૧૦ કલાકે તા.૨૦/૯/૨૦૦૮ પંચનામુ પૂરું થયા બાદ પંચોની તથા રૂબરૂ તરીકે તેમની સહી ઓળખી બતાવે છે.

વધુમાં સાહેદ જણાવે છે કે તા.૧૮/૯/૨૦૦૮ ના રોજ ઇન્ચાર્જ મદદનીશ પોલીસ કમિશનર, મહિલા સેલ તપાસ ટીમ, ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ તરફથી પણ તે સમયે ઓળખ પરેડ કરવા અંગેની યાદી મળેલ. જેમાં જણાવેલ વિગતે ખાડીયા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં.૭૧/૦૮ ઇ.પી.કો. કલમ ૩૦૨, ૩૦૭ વિગેરેના રિપોર્ટથી જણાવ્યા મુજબ આરોપી જાહીદ કુત્બુદ્દીન શેખનાઓની સાહેદથી ઓળખ પરેડ કરવા અંગેની યાદી મળેલ. જે યાદી આંક–૩૦૬૬ થી રજૂ રાખેલ છે. સદર યાદી આધારે ઓળખ પરેડ તા.૨૦/૦૯/૦૮ ના રોજ ૧૭.૦૦ કલાકે કોર્ટ નં. ૧ મા રાખવા ઠરાવેલ તથા આરોપીને ઢાંકેલ ચહેરે બુરખો ઓઢાડી રજૂ કરવા તથા સાહેદ ફરિયાદીને ત્યારબાદ રજૂ કરવા સુચના આપેલી તે અંગે આંક–૩૦૬૭ વાળી યાદીમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

સાહેદ વધુમાં જણાવે છે કે, આ કામે અગાઉના પંચનામામાં જે સરકારી પંચો બોલાવેલ તે પંચો આ પંચનામામાં પણ હાજર રહેલ. પંચનામું ૧૭.૨૦ કલાકે તા.૨૦/૯/૨૦૦૮ ના રોજ શરૂ કરવામાં આવેલ. તે સમયે ૧૭.૨૦ કલાકે આરોપીને તેઓની સમક્ષ રજૂ કરવામાં આવેલ. આરોપીને જોયા બાદ તેની ઉંમર, ઊંચાઇ, દેખાવ તથા શરીરે તેના જેવો બાંધો ધરાવતાં બીજા પાંચ ડમી માણસોને બહારથી પટ્ટાવાળા મારફતે કોર્ટ રૂમમાં બોલાવેલાં. તેઓ કોર્ટ રૂમમાં આવતાં તેમના નામ સરનામા નોંધી તેમને એક સીધી લાઇનમાં ઉભા રાખવામાં આવેલ. ત્યારબાદ પટ્ટાવાળાએ આ કામના સાહેદ આવ્યા અંગેની કોર્ટ રૂમમાં જાણ કરતાં પટ્ટાવાળાને સુચના આપી કે આ કામના સાહેદને કોર્ટ રૂમની પશ્ચિમ દિશામાં આવેલ રૂમમાં બેસાડવો તથા તેઓ ના બોલાવે ત્યાં સુધી તેને રૂમમાંથી બહાર નહી જવા દેવા તથા તેમનું ધ્યાન રાખવુ.

વધુમાં સાહેદ જણાવે છે કે ત્યારબાદ આ કામના આરોપીને નજીક બોલાવી તેને તેનું નામ સરનામું પુછતાં જાહીદ કુત્બુદ્દીન શેખ, ઉ.વ.૩૧, ધંધો–

મોબાઇલ રીપેરીંગની દુકાન, રહે. સીંધી એવન્યુ, પોપટલાલના મકાનમાં, વિશાલા હોટલની સામે, જુહાપુરા, અમદાવાદ. ત્યારબાદ આરોપીને પુછવામાં આવ્યું કે તમોને અહીંયા ક્યાંથી અને કેવી રીતે લાવવામાં આવેલ છે? તો તેમણે જણાવેલુ કે મને ગાયકવાડ હવેલી ક્રાઇમ બ્રાન્ચ પોલીસ સ્ટેશનથી તેમના સરકારી વાહનમાં અહીંયા લાવવામાં આવેલ છે. ત્યારબાદ પુછવામાં આવ્યું કે તમારી સાથે તે વાહનમાં કોણ–કોણ હતુ? તો તેણે જણાવેલ કે સરકારી વાહનમાં પોલીસ સ્ટાફના માણસો સિવાય બહારની કોઇ વ્યકિત અમારી સાથે ન હતી. ત્યારબાદ પુછવામાં આવ્યું કે તમોને અહીંયા લાવતાં પહેલાં આ કામના સાહેદ સાથે આમને સામને ઓળખાણ કરાવવામાં આવેલ કે કેમ? તો તેણે ના પાડેલ. બાદમાં આરોપીને ઉભેલ માણસોની લાઇનમાં તેની મનપસંદ જગ્યાએ ઉભો રાખતાં પહેલાં તેણે પહેરેલ કપડાં બદલવાની ઇચ્છા વિશે પુછતાં તેણે ના પાડેલ. ત્યારબાદ આરોપી ઉભેલ માણસોની લાઇનમાં અનુક્રમ નં.૩ અને ૪ ની વચ્ચે ઉભા રહી ગયેલ ત્યારબાદ આ કામના સાહેદને પટ્ટાવાળા મારફતે બહારની કોર્ટ રૂમમાં બોલાવતાં તેઓ કોર્ટ રૂમમાં આવતાં તેમને તેમનું નામ સરનામું પુછતાં મહંમદ યુનુસ અબ્દુલ લતીફ સુમરા, ઉ.વ.૩૧, ધંધો–સાયબરકાફે, રહે.૯ નંદનવન નગર, મહેંદી કોલોની, સુરલબીટ, મંદિર રોડ, ભૂજ. ત્યારબાદ આ કામના સાહેદને ઓળખ પરેડની સમજણ આપી જણાવેલુ કે આ કામના આરોપી ઉભેલ માણસોની લાઇન વચ્ચે ઉભા છે જો તમો તેમને ઓળખતાં હોય તો લાઇન નજીક જઇને દરેકના મોં જોતાં જોતાં આગળ વધીને ઉભેલ માણસોની લાઇનમાંથી આરોપીને હાથ પકડીને બહાર કાઢી ઓળખી બતાવો તો આ કામના સાહેદે ઉભેલ માણસોની લાઇન નજીક જઇને દરેકના મોં જોતાં જોતાં આગળ વધીને ઉભેલ માણસોની લાઇનમાંથી એક ઇસમને બહાર કાઢેલ જેનું નામ સરનામું પુછતાં જાહીદ કુત્બુદ્દીન શેખ, ઉ.વ.૩૧, ધંધો–મોબાઇલની દુકાન, રહે. સિંધી એવન્યું, પોપટલાલના મકાનમાં, વિશાલા હોટલની સામે, જુહાપુરા, અમદાવાદ. ત્યારબાદ આ કામના સાહેદને આરોપીની ઓળખ સબંધે પુછતાં તેણે જણાવેલ કે "આરોપી મારા ધંધાના સ્થળે ભૂજ ખાતે ડૉ.રામરાવ હાઉસ

ખાતેના બિલ્ડિંગના સ્થાનિક વ્યકિત જેનું નામ અબ્બાસ સમેજા છે. આમ ત્રણ વ્યકિત મારા સાયબર કાફેમાં સાંજના ચારથી પાંચની વચ્ચે ફેબ્રુઆરી માસમાં આવેલાં અને બે ઈસમો બહાર લોબીમાં બેઠેલાં અને આ ઈસમ દુકાનની અંદર ઈન્ટરનેટ સર્ફીંગ કરવા એક કલાક જેટલું રોકાયેલા અને આરોપીએ મારી દુકાનમાં એક કલાક સુધી ઈન્ટરનેટ સર્ફીંગ કરેલ તેને નજરો નજર જોયેલ હોવાથી જોયે તેને હું ઓળખું છું."

ત્યારબાદ આ કામના સાહેદને પઙ્ચાવાળા મારફતે બહાર મોકલી કોર્ટ રૂમના દરવાજા બંધ કરેલા . આ કામે ઓળખ પરેડમાં સાહેદ આરોપીને ઓળખી બતાવવામાં સફળ રહેલ. ઓળખ પરેડ પંચનામું બંધ બારણે લાઈટના અજવાળામાં કરવામાં આવેલ. ઓળખ પરેડ દરમ્યાન કોર્ટ રૂમમાં પોલીસ સ્ટાફ કે બહારની કોઈ વ્યકિત હાજર ન હતી. ઉપર મુજબનું પંચનામું બે સરકારી પંચોની રૂબરૂમાં કરવામાં આવેલ. જે આંક–૩૦૬૮ વાળુ પંચનામું ૧૮.૧૫ કલાકે તા. ૨૦/૯/૨૦૦૮ ના રોજ પૂરૂ કરી પંચોની તથા રૂબરૂ તરીકે સાહેદે પોતાની સહીઓ ઓળખી બતાવેલી છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો નિયમ અનુસાર ઓળખ પરેડ માટે ડમી માણસો હોવા જરૂરી છે તે કબૂલ કરે છે. દરેક આરોપીની અલગ–અલગ ઓળખ કરાવવી જોઈએ તો તે નકારે છે. પોલીસ યાદીમાં ઓળખ પરેડ કેવી રીતે કરવી તે અંગેની કોઈ સુચના આપેલી નથી. મારા મત પ્રમાણે પોલીસે સુચના આપવાની હોતી નથી ઓળખ પરેડ કરાવવાની જવાબદારી અને ફરજ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટની છે અને કાયદામાં જણાવેલી જોગવાઈ મુજબ ઓળખ પરેડ કરાવવાની હોય છે. પોલીસની સુચના મુજબ ઓળખ પરેડ કરાવવાની હોતી નથી. આરોપીના ચહેરા ઉપરથી પઙ્ચાવાળાએ બુરખો ઉતારેલાની હકીકત પંચનામામાં નથી તે કબૂલ કરે છે. સાક્ષીઓને કોણે અને કયાં બેસાડેલા તે કહી શકે તેમ નથી. તમામ પંચનામાઓમાં આરોપીઓના શારીરિક વર્ણન, દેખાવ અને પહેરવેશ સંબંધે કોઈ વિવરણ પંચનામામાં કરેલુ નથી તે કબૂલ કરે છે. આ સાહેદની રૂબરૂમાં રજૂ કરવામાં આવેલા દસ આરોપીઓને જોતા

એવુ લાગેલુ કે આરોપીઓ મુસ્લિમ કોમના છે તો તે કબુલ કરે છે. ડમી માણસો સંબંધે તેમના શારીરિક વર્ણન કે પોશાકનો ઉલ્લેખ પંચનામામાં કરેલો નથી તો તે કબૂલ કરે છે. મોટા ભાગના ડમી માણસો મજૂર વર્ગના હતા તે કબૂલે છે. સાક્ષીઓની ઓળખ સબંધે કાયદેસરનો કોઈ દસ્તાવેજી પુરાવો કે અંગુઠાનું નિશાન લીધેલુ નથી તે કબૂલ કરે છે. સાક્ષી આરોપીઓને કેવી રીતે ઓળખશે તે બાબતેના કોઈ ખાસ ચિન્હ કે નિશાન આપેલા નહીં તે કબૂલ કરે છે. સાક્ષીઓએ આરોપીઓને ઓળખવામાં કેટલો સમય લીધેલો તે કહી શકે તેમ નથી. આંક–૩૦૬૧ વાળા પંચનામામાં સાહેદે જણાવેલા આરોપીઓના નામ જાહેર કરેલ નથી પરંતુ પુછપરછ કરતા નામની જાહેરાત થયેલી તે કબૂલ કરે છે. સાહેદ રામકાભાઈ, સાહેદ બાબુલાલ, સાહેદ પ્રવિણભાઈનાઓએ આરોપીઓને કયારે અને કેટલા સમય પહેલા જોયેલા તેની જાહેરાત આ સાહેદ રૂબરૂ કરેલી નથી તે કબૂલ કરે છે. આંક–૩૦૬૧ વાળા પંચનામામાં પાના નં.૮ ઉપર ચેકચાક થયેલ છે તે બાબતે સાહેદે જણાવેલુ છે કે ખોટુ નામ લખાયેલુ હોવાથી ફરીથી લખીને ટૂંકી સહી કરેલી છે. આંક–૩૦૬૧ વાળા પંચનામામાં સાહેદ અંબાલાલ વેચાતભાઈની ઓળખ પછી બીજા સાહેદને બોલાવતી વખતે આરોપીઓને કપડા બદલવા સંબંધે કોઈ સુચના આપવામાં આવેલી હોય તેવી કોઈ હકીકતનો ઉલ્લેખ પંચનામામાં કરેલો નથી તે કબુલ કરે છે. કેટલા આરોપીઓ તેમજ ડમી માણસોમાં દાઢીવાળા અને ચશ્માવાળા કેટલા હતા તે કહી શકે તેમ નથી. આંક–૩૦૬૫ વાળા પંચનામામાં સમય સુધારણા સરતચુકથી લખાયેલ હોવાનું બનેલ છે. આ સમય ખાલી રાખીને પાછળથી ભરેલ હોવાની હકીકત નકારેલી છે. આંક–૩૦૫૨ તથા ૩૦૬૨ મા કયા સાક્ષીથી ઓળખ પરેડ કરવાની છે તેની કોઈ જાહેરાત કરેલી નથી. આંક–૩૦૬૮ વાળા પંચનામામાં પાન નં.૧ અને ૨ ઉપર સમય સંબંધે સરતચુકથી ચેકચાક થયેલાનું જણાવે છે. આ પંચનામામાં પણ સમયમાં સુધારો કરી ઉમેરો કરેલ હોવાની હકીકત નકારેલી છે. પોલીસ યાદીમાં લખેલ ઓળખ સંબંધેના કારણો થકી પંચનામુ તૈયાર કરેલ હોવાની હકીકત નકારી છે.

વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો ઘી કાંટા કલેકટર કચેરીમાં દરવાજા બાબતે, વાહન પાર્કીંગ બાબતે, કમ્પાઉન્ડ બાબતે, કચેરીના બારણા કઈ દિશામાં છે તે બાબતે, ખુલ્લા મેદાન બાબતે, કચેરીમાં આવતા જતા માણસો જોઈ શકાય કે કેમ? તે બાબતે, ડાયસ કેટલુ લાંબુ અને પહોળુ છે તે બાબતે, ખુરશીઓની લાઈનો કેટલી છે તે બાબતે, લાકડાની બેન્ચો કેટલી છે તે બાબતે, કચેરીના ફર્નીચર બાબતે પ્રશ્નો પુછવામાં આવેલા છે જે સુસંગત નથી.

વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો સરતપાસમાં જણાવ્યા મુજબ પંચનામાની વિગતે પંચનામુ કરવામાં આવેલ નથી તો તે હકીકત નકારેલી છે. તૈયાર પંચનામામાં પંચોની સહીઓ લીધેલાની હકીકત નકારી છે. તપાસ કરનાર અધિકારીના કહેવા મુજબ પંચનામાઓ લખેલાની હકીકત નકારી છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ કેસમાં આ સાહેદે ઘણા બધા સાક્ષીઓની પોતાના રૂબરૂ ઘણા બધા આરોપીઓની ઓળખ પરેડ કરાવેલી છે. શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ ના કામે આંક–૩૦૬૧ વાળુ પંચનામુ બનાવેલુ છે અને તે પંચનામામાં સાહેદ નં. ૯૭૨ રામકાભાઈ દેવકરણ કેસરીયાએ તથા સાહેદ નં.૧૦૬૭ અંબાલાલ વેચાતભાઈ બારીયા તથા બાબુલાલ સોહનલાલ શર્મા કે જે મરણ ગયેલ હોવાથી ફરિયાદપક્ષે તપાસેલા નથી તથા સાહેદ નં.૯૮૧ પ્રવિણભાઈ હમીરભાઈ કટારીયા તથા સાહેદ નં.૯૩૮ મહંમદ ફારૂક અજીજભાઈ મેમણનાઓએ આ સાહેદની રૂબરૂમાં આરોપી નં.૧, ૨, ૩, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૨, ૧૪ નાઓને ઓળખી બતાવેલા છે. આ સાહેદે ઓળખ પરેડ અંગેની તમામ કાર્યવાહી યોગ્ય રીતે કરેલી છે.

આ ઉપરાંત ખાડીયા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૭૧/૨૦૦૮ ના કામે આંક–૩૦૬૮ વાળુ પંચનામુ બનાવેલુ છે અને તે પંચનામામાં સાહેદ નં.૧૦૭૩ મહંમદ યુનુસ અબ્દુલ લતીફ સુમરાનાઓએ આ સાહેદની રૂબરૂમાં આરોપી નં.૧૬ નાઓને ઓળખી બતાવેલા છે. આ સાહેદ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ તરીકે ઘી કાંટા કોર્ટ નં.૨ મા ફરજ બજાવતા હતા અને તેમણે ઉપરોકત

જણાવેલ સાહેદો દ્વારા તેમની રૂબરૂમાં ઉપરોકત જણાવેલા આરોપીઓની ઓળખ પરેડની વિધિ કરાવવામાં આવેલી હતી. આ સાહેદે જે કાંઈ કાર્યવાહી કરેલી તે ફરજના ભાગરૂપે કરેલી હતી. આ સાહેદને આરોપીઓ સાથે કોઈ દુશ્મનાવટ નથી, આરોપીઓને કે સાહેદોને તેઓ ઓળખતા ન હતા જેથી આ સાહેદની જુબાની નહીં માનવાને કોઈ કારણ રહેતુ નથી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે કીર્તનભાઈ ચતુરભાઈ પટેલને સાહેદ નં. પ૭પ તરીકે આંક–૩૦૭૬ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ એપ્રિલ–૨૦૦૭ ના સમયથી સુરત શહેરના વધારાના એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ તરીકે ફરજ બજાવતા હતા. આ હોદ્દા ઉપર ડીસેમ્બર–૨૦૦૮ સુધી ફરજ બજાવેલી. આ સાહેદની કામગીરીનું સ્થળ સુરતમાં ચોક બજાર, કિલ્લામાં આવેલ વિસ્તાર હતુ. આ સાહેદની કામગીરી કરવાના સ્થળે મામલતદારશ્રી ચોર્યાશી તાલુકો તથા તે વિસ્તારના પોલીસ ઈન્સ્પેકટરની કચેરી પણ હતી અને તેમના સ્ટાફમાં એક કલાર્ક અને એક પટ્ટાવાળા ભાઈ હતાં. વધારાના એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ તરીકે કામગીરીમાં ક્રિમીનલ પ્રોસીઝર કોડ હેઠળની જોગવાઈના ચેપ્ટર કેસો, ઈન્કવેસ્ટ પંચનામા કરવાના હતાં તેમજ ઓળખ પરેડની કામગીરી પણ કરવાની હતી. ઓળખ પરેડની કામગીરી જયારે કરવાની થાય ત્યારે જે તે પોલીસ અધિકારી તરફથી લેખિત યાદી પાઠવવામાં આવતી અને તે ધ્યાને લીધા બાદ પંચો બોલાવવાની કામગીરી કરતા અને ઓળખ પરેડનું આયોજન કરતા. વધુમાં સાહેદ જણાવે છે કે તેઓને શ્રી એન.બી. પરમાર મદદનીશ પોલીસ કમિશનર સી–ડીવીઝન, સુરત શહેરનાઓ તરફથી તા.૨૯/૮/૨૦૦૮ ના રોજ કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી. નં.૧૭૬/૨૦૦૮ ના કામે એક આરોપીની ત્રણ સાહેદો મારફતે ઓળખ પરેડ કરાવવા જણાવવામાં આવેલું. આરોપી પોલીસ કસ્ટડીમાં હોઇ તા.૨૯/૮/૨૦૦૮ ના રોજ ઓળખ પરેડ યોજવાનું નક્કી કરી આરોપીને અન્ય કોઇ વ્યકિત જોઇ ન શકે તે માટે બુરખો ઓઢાડી તેમની કચેરીમાં ૩.૩૦ કલાકે ઓળખ પરેડ કરવા રૂબરૂ કરવા જણાવેલું. જે ઓળખપરેડ કરવા માટે યાદી પાઠવેલ હતી તે

આંક–૩૦૭૭ થી રજૂ રાખેલ છે અને ત્યારબાદ પોલીસવાળાને ઓળખપરેડ રાખવા માટે સમય અને સ્થળ લખી એક યાદી આપેલી જે યાદી આંક–૩૦૭૮ થી રજૂ રાખેલ છે અને તેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

વધુમાં સાહેદે જણાવેલ છે કે ઓળખ પરેડના પંચનામાની કામગીરી શરૂ કરતાં અગાઉ બે પંચોને બોલાવવામાં આવેલાં. તે પૈકી પંચ નં.૧ કનકસિંહ નટવરસિંહ ચંપાવત તથા પંચ નં.૨. જીમ્મીકુમાર કાન્તીભાઈ માળી હતાં. પંચોને ઓળખ પરેડની સમજ આપતા તેઓએ પંચો તરીકે રહેવા સંમતી આપેલી. તેઓને આ સાહેબની ચેમ્બરની બાજુના રૂમમાં બેસાડેલા. ત્યારબાદ સાહેદો રજૂ થયા. સાહેદોની વિગતમાં સાહેદ નં.૧ બીમલેશકુમાર બિંદુનાથ ઝા તથા સાહેદ નં.૨ અબ્બાસ ઈબ્રાહીમ કાચવાલા તથા સાહેદ નં.૩ જયેશ મનુભાઈ પટેલનાઓ હતા. સાહેદોને આ સાહેદની ઑફિસની બાજુમાં આવેલ મામલતદાર ચોર્યાશીની કચેરીમાં બેસાડેલાં. ત્યારબાદ મદદનીશ પોલીસ કમિશનર સી–ડીવીઝન મારફતે આરોપીને રજૂ કરેલા. તહોમતદારનું નામ પોલીસ રિપોર્ટ મુજબ તનવીર s/o. મહંમદ અખ્તર પઠાણ હતુ. ત્યારબાદ આરોપીને મળતાં આવતાં ઉંચાઇ, ઉંમર, શારીરિક બાંધો, પહેરવેશવાળા આઠ ડમી માણસો આ સાહેદના કારકુન તથા પટ્ટાવાળા બહારથી લાવેલ. ત્યારબાદ ઓળખ પરેડના રૂમમાં પરેડ શરૂ કરવામાં આવી. સૌ પ્રથમ પંચ નં.૧ શ્રી કનકસિંહને પ્રથમ સાહેદશ્રી બીમલેશકુમારને બોલાવવા માટે મોકલ્યા અને પંચ નં.૨ ને ચેમ્બરમાંથી આરોપીને બોલાવી લાવવા મોકલ્યા. આરોપી હાજર થતાં તેનો બુરખો કાઢી ઓળખ પરેડની સમજ આપી અને તેને તેના પહેરવેશમાં ફેરફાર કરવો છે કે કેમ? તે અંગે પુછતાં આરોપીએ કપડા બદલેલ. ત્યારબાદ આરોપીને લાઇનમાં ઉભેલા ડમી માણસોમાં તેની મનપસંદ જગ્યાએ ઉભા રહેવા જણાવતાં આરોપી લાઇનમાં અનુક્રમ નં.૪ અને ૫ ની વચ્ચે ઉભા રહેલા. ત્યારબાદ પંચ નં.૧ સાથે સાહેદ હાજર થતાં તેનું નામ પુછતાં તેણે પોતાનું નામ બીમલેશકુમાર બીંદુનાથ ઝા જણાવેલું. તેણે આરોપીને ગુના બાદ ફરીથી જોયા નથી તેવું પુછતાં તેણે ના જણાવેલું. સાહેદને તેઓ આરોપીને નજરે જોઇ ઓળખી શકતાં હોય તો લાઇનમાં

ઉભેલા માણસોમાંથી આરોપીનો હાથ પકડી આ સાહેદ સમક્ષ રજૂ કરવા જણાવેલું. સાહેદે લાઇનમાં ઉભેલા માણસો તરફ ધ્યાનથી જોયેલુ અને એક માણસને રજૂ કરેલો. રજૂ કરેલ માણસને તેનું નામ પુછતાં તેણે પોતાનું નામ તનવીર s/o મહંમદ અખતર પઠાણ હોવાનું જણાવેલ.

વધુમાં સાહેદ જણાવે છે કે, ત્યારબાદ પંચ નં.૧ ને સાહેદ નં.૨ બોલાવી લાવવા માટે બહાર મોકલ્યા અને આરોપીને તેના કપડાં બદલવા છે કે કેમ? તેમ જણાવતાં તેણે ફરીથી કપડા બદલેલ. ત્યારબાદ આરોપીને તેની મનપસંદ જગ્યાએ ઉભા રહેવાનું જણાવતાં તેઓ લાઇનમાં અનુક્રમ નં.૨ અને ૩ વચ્ચે ઉભા રહેલા. ત્યારબાદ પંચ નં.૧ સાહેદ નં.૨ સાથે હાજર થયેલા. સાહેદને તેનું નામ પુછતાં તેણે પોતાનું નામ અબ્બાસ ઇબ્રાહિમ કાચવાલા જણાવેલું. સાહેદે આરોપીને ફરીથી જોયા નથી તેવું તેણે જણાવેલું. સાહેદ આરોપીને નજરે જોઇ ઓળખી શકતાં હોય તો લાઇનમાં ઉભેલા માણસોથી તે માણસને હાથ પકડી બહાર કાઢી આ સાહેદ સમક્ષ રજૂ કરવા જણાવેલુ સાહેદે લાઇન તરફ ધ્યાનથી જોયેલુ અને એક ઇસમને હાથ પકડીને રજૂ કરેલ હતો. સાહેદને બહાર જવાનું જણાવતાં તે બહાર ચાલ્યા ગયેલા અને હાથ પકડી બહાર કાઢેલ માણસને તેનું નામ પુછતાં તેણે પોતાનું નામ તનવીર s/o મહંમદ અખ્તર પઠાણ જણાવેલું.

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ પંચ નં.૧ ને આ કામના ત્રીજા સાહેદ જયેશ મનુભાઇ પટેલને બોલાવવા માટે બહાર મોકલ્યાં અને આરોપીને પહેરવેશ બદલવાનું પુછતાં તેણે પોતાના કપડા બદલેલ. આરોપીને તેની મનપસંદ જગ્યાએ લાઇનમાં ઉભા રહેવાનું જણાવતાં તેઓ લાઇનમાં અનુક્રમ નં. ૬ અને ૭ ની વચ્ચે ઉભા રહેલ. ત્યારબાદ સાહેદને બોલાવવા ગયેલ પંચ શ્રી કનકસિંહ સાહેદ સાથે હાજર થયેલા સાહેદને તેનું નામ પુછતાં તેઓએ પોતાનું નામ જયેશ મનુભાઇ પટેલ જણાવેલું. સાહેદે આરોપીને ફરીથી જોયેલ છે કે કેમ? તેવું પુછતા તેઓએ ફરીથી જોયેલ નથી તેવું જણાવેલ જેથી સાહેદ આરોપીને નજરે જોઇ ઓળખી શકતા હોય તો લાઇનમાંથી તે માણસને હાથ પકડી આ

સાહેદ સમક્ષ રજૂ કરવા જણાવેલુ સાહેદે લાઈન તરફ ધ્યાનથી જોયેલુ અને એક માણસને હાથ પકડી રજૂ કરેલ હતો. ત્યારબાદ સાહેદને ઓળખ પરેડનું સ્થળ છોડી ચાલ્યા જવાનું કહતાં તેઓ બહાર ચાલ્યા ગયેલ. સાહેદે ઓળખી બતાવેલ માણસને તેનું નામ પુછતા તનવીર s/o મહંમદ અખતર પઠાણ હોવાનું જણાવેલુ આ ઓળખ પરેડનું પંચનામું ૧૬.૧૫ થી શરૂ કરી ૧૭.૩૦ વાગ્યે પુરૂ કરેલુ. ઉપર મુજબની કાર્યવાહીનું જે પંચનામુ બનાવવામાં આવેલુ તે આંક–૩૦૭૯ થી રજૂ છે જેમાં આ સાહેદ તેમની તથા પંચોની સહીઓ ઓળખી બતાવે છે.

સાહેદ વધુમાં જણાવે છે કે તેઓને મદદનીશ પોલીસ કમિશનર, સી–ડીવીઝન, સુરત શહેરનાઓ તરફથી તા.૩/૧૦/૨૦૦૮ ના રોજ વરાછા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી.નં.૩૬૫/૦૮ ના કામે એક આરોપીની એક સાહેદ મારફતે ઓળખ પરેડ કરાવવા જણાવવામાં આવેલું. જે ઓળખ પરેડ કરવા માટે યાદી પાઠવેલ હતી જે આંક–૩૦૮૦ થી રજૂ રાખેલ છે. ત્યારબાદ પોલીસવાળાને ઓળખપરેડ રાખવા માટે સમય અને સ્થળ લખી એક યાદી આપેલી જે યાદી આંક–૩૦૮૧ થી રજૂ રાખેલ છે અને તેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

સાહેદ વધુમાં જણાવે છે કે ઓળખ પરેડ બે પ્રતિષ્ઠિત અને પંચોની હાજરીમાં રાખેલ. પંચોમાં પંચ નં.૧ રોશન અરૂણભાઈ નાયક અને પંચ નં.૨ રૂપેશ રમેશભાઈ પરમાર. પંચો હાજર થતાં તેઓને ઓળખ પરેડની સમજ કરતાં તેઓએ પંચો તરીકે રહેવા સંમતિ આપતા તેઓને ચેમ્બરની બાજુની રૂમમાં બેસાડેલા. ત્યારબાદ સાહેદ હાજર થતા સાહેદની વિગત નોંધેલ અને સાહેદનું નામ રાધેશ્યામ મદનલાલ ઠક્કર હતુ. સાહેદને મામલતદાર ચોર્યાશીની કચેરીમાં બેસાડેલા. ત્યારબાદ આ કામના એક આરોપી બુરખો પહેરેલ તેને પોલીસ સબ ઇન્સ્પેક્ટરશ્રી ડી.સી.બી. પોલીસ સ્ટેશન, સુરત શહેરનાઓ તરફથી રજૂ કરવામાં આવેલ. પોલીસ રીપોર્ટ મુજબ આરોપીનું નામ તનવીર s/o મહંમદ અખતર પઠાણ હતુ. ત્યારબાદ આરોપીને મળતાં આવતાં ઊંચાઇ, ઉંમર, શારીરિક

બાંધાવાળા, પહેરવેશવાળા દસ ડમી શખ્સો કારકુન તથા પટ્ટાવાળા બહારથી લઇ આવેલ. તેઓને ઓળખ પરેડની રૂમમાં લાઇનમાં ઉભા રાખેલા ત્યારબાદ બંધ બારણે ઓળખ પરેડ શરૂ કરવામાં આવેલી. સૌપ્રથમ આ કામના પંચશ્રી રોશનભાઇને આ કામના સાહેદ રાધેશ્યામભાઇને બોલાવવા માટે બહાર મોકલેલા તેઓ બહાર જતાં પંચ નં. ૨ ને આ કામના આરોપીને ચેમ્બરમાંથી બોલાવી લાવવા મોકલેલા. આરોપી હાજર થતાં તેનો બુરખો હટાવી તેને ઓળખ પરેડની સમજ આપી અને તેઓ દેખાવ પોશાકે પહેરવેશમાં ફેરફાર કરવા માંગે છે કે કેમ? તેમ જણાવતાં આરોપીએ ના જણાવેલ. આરોપીને લાઇનમાં ઉભેલાં શખ્સોમાં મનપસંદ જગ્યાએ ઉભા રહેવા જણાવતાં તેઓ અનુક્રમ નં.૫ અને ૬ ની વચ્ચે ઉભા રહેલા. ત્યારબાદ સાહેદને બોલાવવા ગયેલાં પંચ રોશનભાઇ સાહેદ સાથે હાજર થયેલા. સાહેદને તેનું નામ પુછતાં તેણે પોતાનું નામ રાધેશ્યામ મદનલાલ ઠક્કર હોવાનું જણાવેલ. સાહેદને ગુનાની વિગત પુછી અને તેઓએ ફરીથી સાહેદને જોયેલ નથી તેની ખાતરી કરી સાહેદને આરોપીને તેઓ નજરે જોઇ ઓળખી શકતાં હોય તો લાઇનમાં ઉભેલાં શખ્સોમાંથી આરોપીને હાથ પકડી આ સાહેદ સમક્ષ રજૂ કરવા જણાવેલું. સાહેદે લાઇન તરફ ધ્યાનથી જોયેલુ અને એક માણસને રજૂ કરેલ. સાહેદને ઓળખ પરેડનો રૂમ છોડી બહાર જવાનું જણાવતાં તેઓ બહાર ચાલ્યા ગયેલા અને હાથ પકડી બહાર કાઢેલ માણસને તેનું નામ પુછતાં તેણે પોતાનું નામ તન્વીર મહંમદ અખતર પઠાણ જણાવેલું. આ પંચનામું ૧૧.૧૦ થી શરૂ કરી ૧૨.૧૦ વાગ્યે પૂરૂ કરેલુ. ઉપર મુજબની કાર્યવાહીનું જે પંચનામુ બનાવવામાં આવેલુ તે આંક–૩૦૮૨ થી રજૂ છે જેમાં આ સાહેદ તેમની તથા પંચોની સહીઓ ઓળખી બતાવે છે.

સાહેદ વધુમાં જણાવે છે કે તેઓને મદદનીશ પોલીસ કમિશનર, સુરત શહેરનાઓ તરફથી તા.૧૭/૧૧/૨૦૦૮ ના રોજ કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી.નં.૧૭૬/૨૦૦૮ ના કામે એક આરોપીની ઓળખ પરેડ કરાવવા જણાવવામાં આવેલું. ઓળખપરેડ કરવા માટે યાદી પાઠવેલ હતી તે આંક–૩૦૮૩ થી રજૂ રાખેલ છે અને ત્યારબાદ પોલીસવાળાને ઓળખપરેડ

રાખવા માટે સમય અને સ્થળ લખી એક યાદી આપેલી જે યાદી આંક–૩૦૮૪ થી રજૂ રાખેલ છે અને તેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. ત્યારબાદ તા.૧૮/૧૧/૨૦૦૮ રોજ આયોજવામાં આવેલ ઓળખ પરેડ સંબંધે શ્રી એન. બી. પરમાર તર્ફે એક યાદી પાઠવવામાં આવેલી જેમાં જણાવેલ હકીકત પ્રમાણે તે દિવસે આયોજવામાં આવેલ ઓળખ પરેડની કાર્યવાહીમાં અગાઉ જણાવેલ એક સાહેદ હાજર રહી શકે તેમ ન હતા જે યાદી આંક–૩૦૮૫ થી રજૂ રાખેલ છે.

વધુમાં સાહેદ જણાવે છે કે ત્યારબાદ આ ઓળખ પરેડ બે તટસ્થ પંચોની હાજરીમાં રાખેલ. જેમાં પંચ નં.૧. શીવભદ્ર દાનુભા જાડેજા તથા નં.૨ ભાવેશ હરીભાઈ રાઠોડ. પંચો હાજર થતાં તેઓને આ પંચનામું કરવા સમજ કરતાં તેઓએ પંચ તરીકે રહેવા સંમતિ દર્શાવેલી.પંચોને આ સાહેદની ચેમ્બરની બાજુની રૂમમાં બેસાડેલ. ત્યારબાદ સાહેદો હાજર થયેલા જેમાં સાહેદ નં.૧ રાધેશ્યામ મગનલાલ ઠક્કર તથા નં.૨ જયેશ મનુભાઈ પટેલ તથા નં.૩ અબ્બાસ ઈબ્રાહીમ કાચવાલાનાઓ હતા. તેઓને મામલતદાર ચોર્યાશીની કચેરીમાં બેસાડેલા. ત્યારબાદ આ કામના એક આરોપીને બુરખો પહેરાવેલ મદદનીશ પોલીસ કમિશનર સી–ડીવીઝન સુરત મારફતે રજૂ કરવામાં આવેલ. આરોપીની વિગત પોલીસ રીપોર્ટ મુજબ ચકાસેલ અને આરોપી ફઝલે રહેમાન ઉર્ફે સલાઉદીન મુસદીકખાન દુરાની હતા. ત્યારબાદ આરોપીને મળતાં આવતાં, ઉંચાઇ, ઉંમર, શારીરિક બાંધો, પહેરવેશવાળા દસ ડમી માણસો કારકુન તથા પટ્ટાવાળા લઇ આવેલા. તેઓને ઓળખ પરેડમાં સમાવેશ કર્યા અને કચેરીમાં બંધ બારણે ઓળખ પરેડ શરૂ કરવામાં આવેલી.

વધુમાં સાહેદ જણાવે છે કે સૌ પ્રથમ આ કામના પંચ શ્રી શીવભદ્રે આ કામના સાહેદ રાધેશ્યામ ઠક્કરને બોલાવી લાવવાનું જણાવતાં તેઓ બોલાવવા બહાર ગયેલા ત્યારબાદ આ કામના બીજા પંચ ભાવેશ હરીભાઈ રાઠોડને આ કામના બુરખો ઓઢાડેલ આરોપીને આ સાહેદની ચેમ્બરમાંથી બોલાવી લાવવા જણાવેલ. તેઓ આરોપી સાથે હાજર થયેલા. આરોપીનો બુરખો કાઢી નાંખી આરોપીને ઓળખ પરેડની સમજ આપી અને દેખાવ, પોશાક કે

પહેરવેશમાં ફેરફાર કરવો છે કે કેમ? તેવું જણાવતાં આરોપીએ ના કહેલ. ત્યારબાદ આરોપીને તેની મનપસંદ જગ્યાએ લાઇનમાં ઉભા રહેલાં માણસો વચ્ચે ઉભા રહેવાનું જણાવતાં તેઓ લાઇનમાં અનુક્રમ નં.૬ અને ૭ વચ્ચે ઉભા રહેલા. ત્યારબાદ સાહેદને બોલાવવા ગયેલાં પંચશ્રી શીવભદ્ર સાહેદ સાથે હાજર થયેલા. સાહેદને તેનું નામ પુછતાં તેઓએ પોતાનું નામ રાધેશ્યામ મદનલાલ ઠક્કર હોવાનું જણાવેલું. સાહેદને આ કામે ગુનાની વિગત પુછી અને ઓળખ પરેડની સંપૂર્ણ સમજ આપી તથા તેઓ લાઇનમાં ઉભા રહેલા શખ્સોમાં આરોપીને નજરે જોઇ ઓળખી શકતાં હોય તો ઓળખી હાથ પકડી આ સાહેદ સમક્ષ રજૂ કરવા જણાવેલ. સાહેદે લાઇન તરફ ધ્યાનથી જોયેલુ અને ઓળખ પરેડની લાઇનમાંથી એક માણસને બોલાવી લાવી બતાવી તેનો હાથ પકડી લાઇનમાંથી બહાર કાઢી રજૂ કરેલ. "સાહેદ રાધેશ્યામ કાપડનો વેપાર કરે છે અને આ કામના આરોપીએ તેઓને ત્યાંથી કાપડ ખરીદ કરેલ હતું." ત્યારબાદ સાહેદને બહાર ચાલ્યા જવાનું જણાવતાં તેઓ બહાર ચાલ્યા ગયેલા અને સાહેદે ઓળખી બતાવેલ માણસને તેનું નામ પુછતાં તેણે તેનું નામ ફઝલે રહેમાન ઉર્ફે સલાઉદીન મુસદીકખાન દુરાની હોવાનું જણાવેલ.

વધુમાં સાહેદ જણાવે છે કે ત્યારબાદ પંચ નં.૧ ને આ કામના બીજા નંબરના સાહેદ જયેશ મનુભાઇ પટેલને બોલાવી લાવવાનું જણાવતાં તેઓ બોલાવવા બહાર ગયેલા. આરોપીને ફરીથી સમજ આપી તેઓ દેખાવ પોષાકમાં ફેરફાર કરવાનું જણાવતાં આરોપીએ ના કહેલ. ત્યારબાદ આરોપીને તેની મનપસંદ જગ્યાએ ઉભા રહેવા જણાવતાં તેઓ અનુક્રમ નં.૮ અને ૯ ની વચ્ચે ઉભા રહેલા. ત્યારબાદ પંચ નં.૧ સાહેદ સાથે હાજર થયેલા. સાહેદને તેનું નામ પુછતાં તેઓએ પોતાનું નામ જયેશ મનુભાઇ પટેલ હોવાનું જણાવેલું. સાહેદને ગુનાની વિગત પુછી તેઓ આરોપીને નજરે જોઇ ઓળખી શકતાં હોય તો લાઇનમાં ઉભેલાં માણસોમાંથી હાથ પકડી બહાર કાઢી આ સાહેદ સમક્ષ રજુ કરવા જણાવેલુ. સાહેદે લાઇન તરફ ધ્યાનથી જોયેલુ અને એક માણસને ઓળખી તેનો હાથ પકડી રજૂ કરેલ. સાહેદને બહાર જવાનું જણાવતાં તેઓ બહાર ચાલ્યા

ગયેલા. સાહેદે ઓળખી બતાવેલ માણસને તેનું નામ પુછતાં તેણે પોતાનું નામ ફઝલે રહેમાન મુસદીકખાન દુરાની હોવાનું જણાવેલ. "જયેશ મનુભાઇ પટેલની દુકાનમાંથી આ આરોપીએ નટ–બોલ્ટ ખરીદેલ હતાં."

વધુમાં સાહેદે જણાવેલ છે કે ત્યારબાદ આ કામે પંચ શીવભદ્રને આ કામના બીજા નંબરના સાહેદ અબ્બાસ ઇબ્રાહીમ કાચવાલાને બોલાવી લાવવાનું જણાવતાં તેઓ સદરહું સાહેદને બોલાવવા બહાર ગયેલા. આરોપીને ઓળખ પરેડની સંપૂર્ણ સમજ આપી અને તેનો પોષાક, દેખાવ કે પહેરવેશમાં ફેરફાર કરવો છે કે કેમ? તેવું જણાવતાં તેઓએ ના કહેલ. આરોપીને તેની મનપસંદ જગ્યાએ લાઇનમાં ઉભા રહેલાં માણસોમાં ઉભા રહેવાનું જણાવતાં તેઓ અનુક્રમ નં.૩ અને ૪ ની વચ્ચે ઉભા રહેલા. ત્યારબાદ સાહેદને બોલાવવા ગયેલ પંચ સાહેદ સાથે ઓળખ પરેડના સ્થળે હાજર થયેલા. સાહેદને તેમનું નામ પુછતાં તેઓએ અબ્બાસ ઇબ્રાહિમ કાચવાલા હોવાનું જણાવેલું. સાહેદને આ કામે ગુનાની વિગત પુછતાં તેઓ આ કામના સાહેદ જયેશ મનુભાઇ પટેલના દુકાન કમલા હાર્ડવેરમાં નોકર છે અને આ કામના આરોપીએ સદરહું દુકાનમાંથી નટ બોલ્ટ ખરીદેલ હતાં. સાહેદને ઓળખ પરેડની સંપૂર્ણ સમજ આપી અને લાઇનમાં ઉભા રહેલાં માણસોમાંથી તેઓ આરોપીને નજરોથી ઓળખી શકતાં હોય તો હાથ પકડી બહાર કાઢી આ સાહેદ સમક્ષ રજૂ કરવા તેમ જણાવતાં સદરહુ સાહેદે ઓળખ પરેડની લાઇન તરફ ધ્યાનથી જોયેલુ તથા લાઇનમાં ઉભા રહેલ માણસોમાંથી એક માણસને ઓળખી બતાવી તેનો હાથ પકડી લાઇનમાંથી બહાર કાઢી રજૂ કરેલો. ત્યારબાદ સાહેદને બહાર ચાલ્યા જવાનું જણાવતાં તેઓ બહાર ચાલ્યા ગયેલા અને સાહેદે ઓળખી બતાવેલ માણસને તેનું નામ પુછતાં તેણે પોતાનું નામ ફઝલે રહેમાન ઉર્ફે સલાઉદીન મુસદીકખાન દુરાની હોવાનું જણાવેલ. આ ઓળખ પરેડનું પંચનામું ૧૨.૧૫ થી શરૂ કરી ૧૩.૦૦ વાગ્યે પૂરું કરેલુ. ઉપર મુજબની કાર્યવાહીનું જે પંચનામુ બનાવવામાં આવેલુ તે આંક–૩૦૮૬ થી રજૂ છે જેમાં આ સાહેદ તેમની તથા પંચોની સહીઓ ઓળખી બતાવે છે.

વધુમાં જણાવે છે કે તેઓને મદદનીશ પોલીસ કમિશનર, સુરત શહેરનાઓ તરફથી તા.૧૭/૧૧/૨૦૦૮ ના રોજ કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી. નં.૧૭૬/૨૦૦૮ ના કામે એક આરોપીની ઓળખ પરેડ કરાવવા જણાવવામાં આવેલું. ઓળખપરેડ કરવા માટે યાદી પાઠવેલ હતી તે આંક–૩૦૮૭ થી રજૂ રાખેલ છે અને ત્યારબાદ પોલીસવાળાને ઓળખ પરેડ રાખવા માટે સમય અને સ્થળ લખી એક યાદી આપેલી જે યાદી આંક–૩૦૮૯ થી રજૂ રાખેલ છે અને તેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

વધુમાં સાહેદ જણાવે છે કે ઓળખ પરેડમાં આરોપીને બુરખો ઓઢાડી રજૂ કરવા મદદનીશ પોલીસ કમિશનરશ્રીને જણાવેલું. આ ઓળખ પરેડ માટે બે પ્રતિષ્ઠિત અને તટસ્થ પંચોની હાજર રાખવામાં આવેલા જેમાં પંચ નં.૧ રાકેશ ઓચ્છવલાલ પટેલ તથા પંચ નં.૨ મનીષ દિનેશચંદ્ર છોવાલા હતા. પંચો હાજર થતાં તેઓને આ કામે પંચનામું કરવા સમજ કરતાં તેઓએ પંચો તરીકે રહેવા સંમતિ દર્શાવેલી. પંચોને આ સાહેદની ચેમ્બરની બાજુની રૂમમાં બેસાડેલા. ત્યારબાદ સાહેદો હાજર થતાં તેઓની વિગત લીધેલી અને સાહેદ નં.૧ લીયાકત અલી ઉર્ફે યાકુબ ગુલામ રસુલ હુસેન અબ્દુલ શેખ અને સાહેદ નં.૨ મોહંમદ શરીફ અસમતાલી હતા. સાહેદ હાજર થતાં તેઓને ચોક બજાર કિલ્લામાં આવેલ મામલતદાર ચોર્યાશીની કચેરીમાં બેસાડેલા. ત્યારબાદ આ કામે આરોપીને એક કાળા રંગનો બુરખો ઓઢાડીને મદદનીશ પોલીસ કમિશનરશ્રીની કચેરી સી–ડિવીઝન મારફતે રજૂ કરવામાં આવેલ. પોલીસ રીપોર્ટ મુજબ આરોપીનું નામ મોહંમદ અકબર ઈસ્માઈલ ચૌધરી ઉર્ફે સઈદ હતુ. ત્યારબાદ ઓળખ પરેડમાં આરોપીને મળતાં આવતાં, ઊંચાઇ, ઉંમર, શારીરિક બાંધો, પહેરવેશવાળા દસ ડમી શખ્સોને કારકુન તથા પટ્ટાવાળા બહારથી લઇ આવેલા. તેઓને ઓળખ પરેડમાં સામેલ કરેલા અને બંધ બારણે ઓળખ પરેડ શરૂ કરવામાં આવેલી. ત્યારબાદ આ કામના પંચ નં.૧ રાકેશ પટેલને આ કામના સાહેદ લીયાકતઅલી ઉર્ફે યાકુબને બોલાવી લાવવાનું જણાવતાં તેઓ બોલાવવા બહાર ગયેલા અને આ કામના બીજા નંબરના પંચ મનીષ છોવાલાને આરોપીને આ સાહેદની

ચેમ્બરમાંથી બોલાવી લાવવા જણાવેલુ. તેઓ બુરખો પહેરાવેલ આરોપીને લઇ ઓળખ પરેડ રૂમમાં હાજર થયેલા. આરોપીનો બુરખો કાઢી નાંખી આરોપીને ઓળખ પરેડની સંપૂર્ણ સમજ આપી તથા તેને દેખાવ કે પહેરવેશમાં ફેરફાર કરવો છે કે કેમ? તેવું જણાવતાં ના જણાવેલ. ત્યારબાદ સદરહું આરોપીને તેની મનપસંદ જગ્યાએ લાઇનમાં ઉભા રહેલ શખ્સોમાં ઉભા રહેવાનું જણાવતાં તેઓ લાઇનમાં અનુક્રમ નં. ૯ અને ૧૦ વચ્ચે ઉભા રહેલા. ત્યારબાદ સાહેદને બોલાવવા ગયેલ પંચ રાકેશ પટેલ સાથે સાહેદ હાજર થતા સાહેદને તેમનું નામ પુછતાં તેણે પોતાનું નામ લીયાકતઅલી ગુલામરસુલ અબ્દુલ શેખ હોવાનું જણાવેલ. ત્યારબાદ સાહેદને ગુનાની વિગત પુછતાં તેઓએ જણાવેલ કે "આ કામના આરોપીએ તેમની પાસેથી મકાન ભાડે રાખેલ અને તેઓ તે મકાનના માલીક છે." ત્યારબાદ સાહેદને ઓળખ પરેડ અંગેની સંપૂર્ણ સમજ આપી અને તેઓ આરોપીને નજરે જોઇ ઓળખી શકતાં હોય તો ઓળખી બતાવી તેનો હાથ પકડી લાઇનમાંથી બહાર કાઢી આ સાહેદ સમક્ષ રજૂ કરવા જણાવતાં સાહેદે ઓળખ પરેડની લાઇન તરફ ધ્યાનથી જોયેલુ તથા ઓળખ પરેડની લાઇનમાંથી એક શખ્સને ઓળખી બતાવી તેનો હાથ પકડી લાઇનમાંથી બહાર કાઢી રજૂ કરેલ. ત્યારબાદ સાહેદને બહાર ચાલ્યા જવાનું જણાવતાં તેઓ બહાર ચાલ્યા ગયેલા. ત્યારબાદ સાહેદે ઓળખી બતાવેલ માણસને તેનું નામ પુછતાં તેઓએ પોતાનું નામ મોહંમદ અકબર ઇસ્માઇલ ચૌધરી ઉર્ફે સઇદ હોવાનું જણાવેલ.

વધુમાં સાહેદ જણાવે છે કે ત્યારબાદ આ કામે પંચશ્રી રાકેશ ઓચ્છવલાલ પટેલને આ કામના બીજા સાહેદ મોહમદ શરીફ અસમતાલીને બોલાવી લાવવાનું જણાવતાં તેઓ સદરહું સાહેદને બોલાવવા બહાર ગયેલા. ત્યારબાદ ઓળખ પરેડમાં સમાવિષ્ટ આરોપીને ફરીથી ઓળખ પરેડ અંગેની સમજ આપી અને તેના દેખાવમાં કે પોષાકમાં ફેરફાર કરવો છે કે કેમ? તેવું જણાવતાં તેઓએ ના કહેલુ. ત્યારબાદ સદરહું આરોપીને તેની મનપસંદ જગ્યાએ લાઇનમાં ઉભા રહેવાનું જણાવતાં તેઓ લાઇનમાં અનુક્રમ નં.૬ અને ૭ ની વચ્ચે ઉભા રહેલા. ત્યારબાદ સાહેદને બોલાવવા ગયેલ પંચ રાકેશ ઓચ્છવલાલ પટેલ

સાહેદ સાથે હાજર થયેલા. સાહેદને તેમનું નામ પુછતાં તેમણે પોતાનું નામ મહંમદ શરીફ અસમતાલી હોવાનું જણાવેલ. આ કામે ગુનાની વિગત પુછતાં જણાવેલ કે તેઓ આ કામના સાહેદ નં.૧ લીયાકતઅલીના મકાનની બાજુમાં આવેલ દુકાનદાર છે તેમના મારફત આ કામના આરોપીએ મકાન ભાડે રાખેલ. સાહેદને ઓળખ પરેડની સમજ આપી તથા લાઈનમાં ઉભા રહેલ શખ્સોમાં નજરે જોઇ આરોપીને ઓળખી શકતાં હોય તો ઓળખી બતાવી તેનો હાથ પકડી લાઇનમાંથી બહાર કાઢી આ સાહેદ સમક્ષ રજૂ કરવા જણાવતાં સદરહુ સાહેદે ઓળખ પરેડની લાઇન તરફ ધ્યાનથી જોયેલુ અને ઓળખ પરેડની લાઇનમાંથી એક શખ્સને ઓળખી બતાવી તેનો હાથ પકડી લાઇનમાંથી બહાર કાઢી રજૂ કરેલો. ત્યારબાદ સાહેદને બહાર ચાલ્યા જવાનું જણાવતાં તેઓ બહાર ચાલ્યા ગયેલા ત્યારબાદ સાહેદે ઓળખી બતાવેલ શખ્સને તેનું નામ પુછતાં તેણે પોતાનું નામ મહંમદ અકબર ઈસ્માઈલ ચૌધીર ઉર્ફે સઈદ હોવાનું જણાવેલ. આ ઓળખ પરેડનું પંચનામું ૧૦.૪૫ થી શરૂ કરી ૧૨.૦૦ વાગ્યે પૂરૂ કરેલુ. ઉપર મુજબની કાર્યવાહીનું જે પંચનામુ બનાવવામાં આવેલુ તે આંક–૩૦૯૦ થી રજૂ છે જેમાં આ સાહેદ તેમની તથા પંચોની સહીઓ ઓળખી બતાવે છે.

વધુમાં જણાવે છે કે તેઓને મદદનીશ પોલીસ કમિશનર, સુરત શહેરનાઓ તરફથી તા.૧૭/૧૧/૨૦૦૮ ના રોજ ઓળખપરેડ કરવા માટે યાદી પાઠવેલ હતી જે આંક–૩૦૯૧ થી રજૂ રાખેલ છે અને ત્યારબાદ પોલીસવાળાને ઓળખપરેડ રાખવા માટે સમય અને સ્થળ લખી એક યાદી આપેલી જે યાદી આંક–૩૦૯૨ થી રજૂ રાખેલ છે અને તેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

સાહેદ વધુમાં જણાવ છે કે,આ ઓળખ પરેડમાં આરોપી અનીક s/o સફીક સૈયદ ઉર્ફે ખાલીદને બુરખો ઓઢાડી રજૂ કરવા મદદનીશ પોલીસ કમિશનરશ્રીને જણાવેલું. આ ઓળખ પરેડ બે પ્રતિષ્ઠિત અને તટસ્થ પંચોની હાજરીમાં રાખેલી જેમાં પંચ નં.૧ ખેંગારભાઇ મહાલાભાઇ ભરવાડ તથા પંચ નં.૨ બિપીનભાઇ દયાળભાઇ પટેલનાઓ હતા. પંચોને પંચનામું કરવા સમજ કરતાં

તેઓએ પંચ તરીકે રહેવા સંમતિ આપતાં તેઓને આ સાહેદની ચેમ્બરની બાજુની રૂમમાં બેસાડેલાં. તા.૧૮/૧૧/૨૦૦૮ ના રોજ મદદનીશ પોલીસ કમિશનર સી–ડીવીઝન સુરત શહેરના રિપોર્ટથી આ કામના ત્રીજા સાહેદ મુકેશ ઉર્ફે ટીણીયો નટવરભાઇ પ્રજાપતિ ઓળખ પરેડમાં હાજર રહી શકે તેમ ન હોવાનું જણાવતાં આ ઓળખ પરેડ બે સાહેદો એક ભાવેશ ભૂપતભાઇ ઠક્કર તથા બીજા દિનેશભાઇ ઉર્ફે ધીરૂભાઇ અંબાલાલ ફીટર મારફત યોજવાનું નક્કી કરેલુ. આ બાબતે તા. ૧૮/૧૧/૨૦૦૮ ના રોજ મદદનીશ પોલીસ કમિશનર, સી–ડીવીઝન સુરત શહેરનાઓએ તા.૧૮/૧૧/૨૦૦૮ની યાદીથી જાણ કરેલી જે યાદી આંક–૩૦૯૩ થી રજૂ રાખેલ છે.

સાહેદ વધુમાં જણાવે છે કે, ત્યારબાદ સાહેદ હાજર થયેલા જેમા નં.૧ ભાવેશ ભુપતભાઇ ઠક્કર તથા નં.૨. દિનેશભાઇ ઉર્ફે ધીરૂભાઇ અંબારામ ફીટરનાઓ હતા. સાહેદોને મામલતદાર ચોર્યાશીની કચેરીમાં બેસાડેલા. ત્યારબાદ એક કાળા રંગનો બુરખો પહેરાવેલ આરોપીને મદદનીશ પોલીસ કમિશનરશ્રીની કચેરી, સી–ડીવીઝન, સુરત શહેર તરફથી રજૂ કરવામાં આવેલ. આરોપીનુ નામ પોલીસ રિપોર્ટ મુજબ અનિક s/o. શફીક સૈયદ ઉર્ફે ખાલીદ હતુ. ત્યારબાદ આરોપીને મળતાં આવતાં ઊંચાઇ, ઉંમર, શારીરિક બાંધો, પહેરવેશવાળા દસ ડમી શખ્સોને કારકુન તથા પટ્ટાવાળા બહારથી લઇ આવેલા અને તેઓને ઓળખ પરેડમાં સામેલ કરેલા. ત્યારબાદ આ કામના પંચશ્રી ખેંગારભાઇ માલાભાઇ ભરવાડને આ કામના સાહેદ ભાવેશ ભૂપતભાઇ ઠક્કરને બોલાવી લાવવાનું જણાવતાં તેઓ બોલાવવા બહાર ગયેલા અને બીજા નંબરના પંચશ્રી બિપીનભાઇ પટેલને બુરખો ઓઢાડેલ આરોપીને ચેમ્બરમાંથી બોલાવી લાવવાનું જણાવતાં તેઓ સદરહુ બુરખો પહેરાવેલ આરોપીને લઇને ઓળખ પરેડના રૂમમાં હાજર થયેલા. ત્યારબાદ બુરખો કાઢી નાંખેલ. આરોપીને ઓળખ પરેડની સંપૂર્ણ સમજ આપી અને તેવો દેખાવ, પોષાક કે પહેરવેશમાં ફેરફાર કરવો છે કે કેમ? તે બાબતે પુછતાં આરોપીએ ના જણાવેલું. ત્યારબાદ આરોપીને તેની મનપસંદ જગ્યાએ લાઇનમાં ઉભા રહેવા જણાવતાં તેઓ અનુક્રમ નં.૭ અને ૮

ની વચ્ચે ઉભા રહેલા. ત્યારબાદ સાહેદને બોલાવવા ગયેલ પંચ ખેંગારભાઇ સાહેદ સાથે ઓળખ પરેડના સ્થળે હાજર થયેલા. સાહેદને તેનું નામ પુછતાં તેણે પોતાનું નામ ભાવેશ ભૂપતભાઇ ઠક્કર હોવાનું જણાવેલું. સાહેદને આ કામે ગુનાની વિગત પુછતાં તેઓએ જણાવેલ કે, "તેઓ વાહનોની લે–વેચનો ધંધો કરે છે. તેઓએ આ કામના આરોપીને કાયનેટીક હોન્ડા વેચાણ કરેલ." ત્યારબાદ સાહેદને ઓળખ પરેડની સંપૂર્ણ સમજ આપી તથા લાઇનમાં ઉભેલ આરોપીને નજરે જોઇ ઓળખતાં હોય તો ઓળખી બતાવી તેનો હાથ પકડી લાઇનમાંથી બહાર કાઢી આ સાહેદ સમક્ષ રજૂ કરવા તેમ જણાવતાં સાહેદે ઓળખ પરેડની લાઇનમાં ધ્યાનથી જોયેલુ અને ઓળખ પરેડની લાઇનમાંથી એક શખ્સને ઓળખી બતાવી તેનો હાથ પકડી બહાર કાઢી રજૂ કરેલ. ત્યારબાદ સાહેદને બહાર ચાલ્યા જવાનું જણાવતાં તેઓ બહાર ચાલ્યા ગયેલા. ત્યારબાદ સાહેદે ઓળખી બતાવેલ શખ્સને તેનું નામ પુછતાં અનિક s/o શફીક સૈયદ ઉર્ફે ખાલીદ હોવાનું જણાવેલ.

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ પંચ નં.૧ ને આ કામના બીજા નંબરના સાહેદ દિનેશભાઇને બોલાવી લાવવા જણાવતાં તેઓ બોલાવવા બહાર ગયેલા. આરોપીને ફરીથી ઓળખ પરેડની સમજ આપી અને દેખાવ કે પોષાકમાં ફેરફાર કરવો છે કે કેમ? તેવું જણાવતાં તેણે ના જણાવેલુ. ત્યારબાદ સદરહુ આરોપીને તેની મનપસંદ જગ્યાએ લાઇનમાં ઉભા રહેવાનું જણાવતાં તેઓ અનુક્રમ નં.૪ અને ૫ ની વચ્ચે ઉભા રહેલા. ત્યારબાદ સાહેદને બોલાવવા ગયેલ પંચ ખેંગારભાઇ સાહેદ સાથે ઓળખ પરેડના સ્થળે હાજર થયેલા. સાહેદને તેનું નામ પુછતાં તેઓએ દિનેશભાઇ ઉર્ફે ધીરૂભાઇ અંબારામ ફીટર હોવાનું જણાવેલ. સાહેદને આ કામે ગુનાની વિગત પુછતાં જણાવેલ કે, "તેઓ પહેલાં નંબરના સાહેદશ્રી ભાવેશ ભુપતભાઇ ઠક્કરના નોકર છે." ત્યારબાદ સાહેદને ઓળખ પરેડની સમજ આપી અને લાઇનમાં ઉભેલાં શખ્સોમાં ઉભા રહેલ આરોપીને ઓળખી શકતાં હોય તો ઓળખી બતાવી તેનો હાથ પકડી લાઇનમાંથી બહાર કાઢી આ સાહેદ સમક્ષ રજૂ કરવા જણાવતાં સાહેદે ઓળખ પરેડની લાઇન તરફ

ધ્યાનથી જોયેલુ અને લાઈનમાંથી એક શખ્સને ઓળખી બતાવી હાથ પકડી બહાર કાઢી રજૂ કરેલ. સાહેદને બહાર ચાલ્યા જવાનું જણાવતાં તેઓ બહાર ચાલ્યા ગયેલા. ત્યારબાદ સાહેદે ઓળખી બતાવેલ શખ્સને તેનું નામ પુછતાં અનીક સફીક સૈયદ ઉર્ફે ખાલીદ હોવાનું જણાવેલ. આ ઓળખ પરેડની કાર્યવાહી ૯.૧૫ થી શરૂ કરી ૧૦.૩૫ કલાકે પૂર્ણ કરેલુ. ઉપર મુજબની કાર્યવાહીનું જે પંચનામુ બનાવવામાં આવેલુ તે આંક–૩૦૯૪ થી રજૂ છે જેમાં આ સાહેદ તેમની તથા પંચોની સહીઓ ઓળખી બતાવે છે.

વધુમાં જણાવે છે કે તેઓને મદદનીશ પોલીસ કમિશનર, સુરત શહેરનાઓ તરફથી તા.૧૯/૧૧/૨૦૦૮ ના રોજ ઓળખપરેડ કરવા માટે યાદી પાઠવેલ હતી જે આંક–૩૦૯૫ થી રજૂ રાખેલ છે અને ત્યારબાદ પોલીસવાળાને ઓળખપરેડ રાખવા માટે સમય અને સ્થળ લખી એક યાદી આપેલી જે યાદી આંક–૩૦૯૬ થી રજૂ રાખેલ છે અને તેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

સાહેદ વધુમાં જણાવે છે કે આ ઓળખ પરેડમાં આરોપી ફઝલે રહેમાન ઉર્ફે સલાઉદીન ઉર્ફે રફીક મુસદીકખાન દુરાનીને બુરખો ઓઢાડી રજુ કરવા મદદનીશ પોલીસ કમિશનરશ્રીને જણાવેલું. આ ઓળખ પરેડ બે પ્રતિષ્ઠિત અને તટસ્થ પંચોની હાજરીમાં રાખેલ જેમાં પંચ નં.૧ ભુપેન્દ્ર દિનેશભાઇ રાવતકા તથા પંચ નં.૨ નરેશ નારણભાઇ મારૂ. પંચોને પંચનામું કરવા સમજ કરતાં તેઓએ પંચ તરીકે રહેવા સંમતિ આપતાં તેઓને ચેમ્બરની બાજુની રૂમમાં બેસાડેલાં. ત્યારબાદ સાહેદ હાજર થતાં તેઓની વિગત નોંધેલ જેમાં સાહેદ નં.૧ ઈરફાનભાઇ અબ્દુલભાઇ મોમીન તથા સાહેદ નં.૨ જયાબેન ધનંજયભાઇ જોષી તથા સાહેદ નં. ૩ ગુલામભાઇ આદમભાઇ પટેલ તથા સાહેદ નં.૪ નરેશભાઇ અંબાલાલ મહેતા હતા. સાહેદોને મામલતદાર ચોર્યાશીની કચેરીમાં બેસાડેલા. ત્યારબાદ આ કામના એક કાળા રંગનો બુરખો પહેરાવેલ આરોપીને મદદનીશ પોલીસ કમિશનરશ્રીની કચેરી, સી–ડીવીઝન, સુરત શહેર તરફથી રજૂ કરવામાં આવેલ. આરોપીનું નામ પોલીસ રિપોર્ટ મુજબ ફઝલે રહેમાન ઉર્ફે સલાઉદીન ઉર્ફે

રફીક મુસદીકખાન દુરાની હતુ. ત્યારબાદ આરોપીને મળતાં આવતાં ઊંચાઇ, ઉંમર, શારીરિક બાંધો, પહેરવેશવાળા દસ ડમી શખ્સોને કારકુન તથા પટ્ટાવાળા બહારથી લઇ આવેલા અને તેઓને ઓળખ પરેડમાં સામેલ કરેલ. ત્યારબાદ આ કામના પંચશ્રી ભૂપેન્દ્ર દિનેશભાઇ રાવતકાને આ કામના સાહેદ ઇરફાનભાઇ અબ્દુલભાઇ મોમીનને બોલાવી લાવવાનું જણાવતાં તેઓ બોલાવવા બહાર ગયેલા અને બીજા નંબરના પંચશ્રી નરેશભાઇ નારણભાઇ મારૂને બુરખો ઓઢાડેલ આરોપીને મારી ચેમ્બરમાંથી બોલાવી લાવવાનું જણાવતાં તેઓ સદરહુ બુરખો પહેરાવેલ આરોપીને લઇને ઓળખ પરેડના રૂમમાં હાજર થયેલા ત્યારબાદ બુરખો કાઢી નાખેલ. આરોપીને ઓળખ પરેડની સંપૂર્ણ સમજ આપી અને તેવો દેખાવ, પોષાક કે પહેરવેશમાં ફેરફાર કરવો છે કે કેમ? તે બાબતે પુછતાં આરોપીએ ના જણાવેલ. ત્યારબાદ આરોપીને તેની મનપસંદ જગ્યાએ લાઇનમાં ઉભા રહેવા જણાવતાં તેઓ અનુક્રમ નં.૮ અને ૯ ની વચ્ચે ઉભા રહેલ ત્યારબાદ સાહેદને બોલાવવા ગયેલ પંચ ભુપેન્દ્ર દિનેશભાઇ રાવતકા સાહેદ સાથે ઓળખ પરેડના સ્થળે હાજર થયેલા સાહેદને તેનું નામ પુછતાં તેણે પોતાનું નામ ઇરફાનભાઇ અબ્દુલભાઇ મોમીન હોવાનું જણાવેલું. સાહેદને ગુનાની વિગત પુછતાં તેઓએ જણાવેલ કે, "તેઓ નર્મદા હોટલ ભરૂચના વેટર કાઉન્ટરનું કામ સંભાળે છે." આ કામનો આરોપી સદરહુ હોટલમાં રોકાયેલ હતો. ત્યારબાદ સાહેદને ઓળખ પરેડની સમજ આપી તથા લાઇનમાં ઉભા રહેલ શખ્સોમાં આરોપીને નજરે જોઇ ઓળખી શકતાં હોય તો ઓળખી બતાવી તેનો હાથ પકડી લાઇનમાંથી બહાર કાઢી આ સાહેદ સમક્ષ રજૂ કરવા જણાવતાં સાહેદે ઓળખ પરેડની લાઇન તરફ ધ્યાનથી જોયેલુ અને લાઇનમાંથી એક શખ્સને ઓળખી બતાવી તેનો હાથ પકડી બહાર કાઢી રજૂ કરેલ. ત્યારબાદ સાહેદને બહાર ચાલ્યા જવાનું જણાવતાં તેઓ બહાર ચાલ્યા ગયેલા ત્યારબાદ સાહેદે ઓળખી બતાવેલ શખ્સને તેનું નામ પુછતાં ફજલે રહેમાન મુસદીકખાન દુરાની હોવાનું જણાવેલ.

વધુમાં સાહેદ જણાવે છે કે, ત્યારબાદ પંચ નં.૧ ને આ કામના બીજા નંબરના સાહેદ જયાબેન ધનંજયભાઇ જોષીને બોલાવી લાવવા જણાવતાં

તેઓ બોલાવવા બહાર ગયેલા. આરોપીને ફરીથી ઓળખ પરેડની સમજ આપી અને દેખાવ કે પોષાકમાં ફેરફાર કરવો છે કે કેમ? તેવું જણાવતાં તેણે ના જણાવેલ. ત્યારબાદ સદરહુ આરોપીને તેની મનપસંદ જગ્યાએ લાઈનમાં ઉભા રહેવાનું જણાવતાં તેઓ અનુક્રમ નં.૫ અને ૬ ની વચ્ચે ઉભા રહેલા ત્યારબાદ સાહેદને બોલાવવા ગયેલ પંચ ભુપેન્દ્રભાઇ દિનેશભાઇ રાવતકા સાહેદ સાથે ઓળખ પરેડના સ્થળે હાજર થયેલા સાહેદને તેનું નામ પુછતા તેઓએ જયાબેન ધનંજય ભાઇ જોષી હોવાનું જણાવેલ. સાહેદને આ કામે ગુનાની વિગત પુછતાં જણાવેલ કે, "તેઓ હોટલ હરીમંગલા ભરૂચમાં રીસેપ્શનીસ્ટ તરીકે કામ કરે છે તથા આવનારની રૂમની એન્ટ્રી કરે છે. આ કામનો આરોપી સદરહુ હોટલમાં રોકાયેલ હતો." ત્યારબાદ સાહેદે ઓળખ પરેડની સમજ આપી અને લાઈનમાં ઉભેલાં શખ્સોમાં ઉભા રહેલ આરોપીને ઓળખી શકતાં હોય તો ઓળખી બતાવી તેનો હાથ પકડી લાઈનમાંથી બહાર કાઢી આ સાહેદ સમક્ષ રજૂ કરવા જણાવતાં સાહેદે ઓળખ પરેડની લાઇન તરફ ધ્યાનથી જોયેલુ અને લાઈનમાંથી એક શખ્સને ઓળખી બતાવી હાથ પકડી બહાર કાઢી રજૂ કરેલ. સાહેદને બહાર ચાલ્યા જવાનું જણાવતાં તેઓ બહાર ચાલ્યા ગયેલા. ત્યારબાદ સાહેદે ઓળખી બતાવેલ શખ્સને તેનું નામ પુછતાં ફઝલે રહેમાન મુસદીકખાન દુરાની હોવાનું જણાવેલ.

વધુમાં સાહેદે જણાવેલ છે કે, ત્યારબાદ આ કામે પંચ શ્રી ભૂપેન્દ્રભાઇ દિનેશભાઇ રાવતકાને આ કામના બીજા સાહેદ ગુલામભાઇ આદમભાઇ પટેલને બોલાવી લાવવાનું જણાવતાં તેઓ સદરહું સાહેદને બોલાવવા બહાર ગયેલા. ત્યારબાદ ઓળખ પરેડમાં સમાવેશ આરોપીને ફરીથી ઓળખ પરેડની સમજ આપી તથા તેના દેખાવમાં પોષાકમાં કે પહેરવેશમાં ફેરફાર કરવો છે કે કેમ? તેવું જણાવતાં તેણે ના જણાવેલ. આરોપીને તેની મનપસંદ જગ્યાએ લાઈનમાં ઉભા રહેલાં શખ્સોમાં ઉભા રહેવા જણાવતાં તેઓ અનુક્રમ નં.૩ અને ૪ ની વચ્ચે ઉભા રહેલા. ત્યારબાદ સાહેદને બોલાવવા ગયેલ પંચ ભુપેન્દ્ર દિનેશભાઇ રાવતકા સાહેદ સાથે ઓળખ પરેડના સ્થળે હાજર થતા

સાહેદને તેનું નામ પુછતાં ગુલામભાઇ આદમભાઇ પટેલ હોવાનું જણાવેલુ. સાહેદને આ કામે ગુનાની વિગત પુછતાં તેમણે જણાવેલ કે, "હોટલ રેવન ભરૂચમાં આવેલ છે તે તેની માલીકીની છે, આ કામનો આરોપી ત્યાં રોકાયેલ હતો." ત્યારબાદ આ ઓળખ પરેડ અંગે સંપૂર્ણ સમજ આપી અને લાઇનમાં ઉભા રહેલ આરોપીને તેઓ નજરે જોઇ ઓળખતાં હોય તો ઓળખી બતાવી તેનો હાથ પકડી લાઇનમાંથી બહાર કાઢી આ સાહેદ સમક્ષ રજૂ કરવા જણાવતાં સદરહુ સાહેદે ઓળખ પરેડની લાઇન તરફ ધ્યાનથી જોયેલુ અને લાઇનમાંથી એક શખ્સને ઓળખી તેનો હાથ પકડી લાઇનમાંથી બહાર કાઢી રજૂ કરેલો. સાહેદને બહાર ચાલ્યા જવાનું જણાવતાં તેઓ બહાર ચાલ્યા ગયેલા. ત્યારબાદ સાહેદે ઓળખી બતાવેલ શખ્સને તેનું નામ પુછતાં ફઝલે રહેમાન મુસદીકખાન દુરાની હોવાનું જણાવેલ.

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ આ કામે પંચશ્રી ભુપેન્દ્ર દિનેશભાઇ રાવતકાને આ કામના ચોથા નંબરના સાહેદ નરેશભાઇ અંબાલાલ મહેતાને બોલાવી લાવવાનું જણાવતાં તેઓ બોલાવવા બહાર ગયેલ. આરોપીને ઓળખ પરેડની ફરી સમજ આપી તથા દેખાવ, પોષાક તથા પહેરવેશમાં ફેરફાર કરવો છે કે કેમ? તેવું જણાવતાં તેણે ના જણાવેલ. ત્યારબાદ સદરહુ આરોપીને તેની મનપસંદ જગ્યાએ લાઇનમાં ઉભા રહેલાં શખ્સોમાં ઉભા રહેવા જણાવતાં તેઓ અનુક્રમ નં.૮ અને ૯ ની વચ્ચે ઉભા રહેલા ત્યારબાદ સાહેદને બોલાવવા ગયેલ પંચશ્રી ભુપેન્દ્ર દિનેશભાઇ રાવતકા સાહેદ સાથે ઓળખ પરેડના સ્થળે હાજર થયેલા ત્યારબાદ સાહેદને તેમનું નામ પુછતાં નરેશભાઇ અંબાલાલ મહેતા હોવાનું જણાવેલ. સાહેદને આ કામે ગુનાની વિગત પુછતાં તેમણે જણાવેલુ કે "આ કામનો આરોપી તેમની ભરૂચ ખાતે આવેલ પ્લાયવુડ એન્ડ હાર્ડવેરની દુકાનમાં ગેલ્વેનાઇઝ પતરૂ, ખીલી વગેરે લેવા આવેલ." ત્યારબાદ સાહેદને ઓળખ પરેડ અંગેની સંપૂર્ણ સમજ આપી તથા લાઇનમાં ઉભા રહેલ શખ્સોમાં ઉભા રહેલ આરોપીને તેઓ નજરે જોઇ ઓળખતા હોય તો ઓળખી બતાવી તેનો હાથ પકડી લાઇનમાંથી બહાર કાઢી આ સાહેદ સમક્ષ રજૂ કરવા જણાવતાં સદરહુ

સાહેદે ઓળખ પરેડની લાઇન તરફ ધ્યાનથી જોયેલુ તથા લાઇનમાં ઉભા રહેલ શખ્સોમાંથી એક શખ્સને ઓળખી બતાવી તેનો હાથ પકડી લાઇનમાંથી બહાર કાઢી રજૂ કરેલો. ત્યારબાદ સાહેદને બહાર ચાલ્યા જવાનું જણાવતાં તેઓ બહાર ચાલ્યા ગયેલા. આ ઓળખ પરેડની કાર્યવાહી ૧૭.૨૦ થી શરૂ કરી ૧૮.૫૦ કલાકે પૂર્ણ કરેલી. ઉપર મુજબની કાર્યવાહીનું જે પંચનામુ બનાવવામાં આવેલુ તે આંક–૩૦૯૭ થી રજૂ છે જેમાં આ સાહેદ તેમની તથા પંચોની સહીઓ ઓળખી બતાવે છે.

વધુમાં જણાવે છે કે, તેઓને મદદનીશ પોલીસ કમિશનર, સુરત શહેરનાઓ તરફથી તા.૨૭/૧૧/૨૦૦૮ ના રોજ ઓળખપરેડ કરવા માટે યાદી પાઠવેલ હતી જે આંક–૩૦૯૮ થી રજૂ રાખેલ છે અને ત્યારબાદ પોલીસવાળાને ઓળખ પરેડ રાખવા માટે સમય અને સ્થળ લખી એક યાદી આપેલી જે યાદી આંક–૩૦૯૯ થી રજૂ રાખેલ છે અને તેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

સાહેદ વધુમાં જણાવે છે કે આ ઓળખ પરેડમાં આરોપી અફઝલ ઉર્ફે અફસર મુતલ્લીબ ઉસ્માનીને બુરખો ઓઢાડી રજૂ કરવા મદદનીશ પોલીસ કમિશનરશ્રીને જણાવેલું. આ ઓળખ પરેડ બે પ્રતિષ્ઠિત અને તટસ્થ પંચોની હાજર રાખેલા જેમાં પંચ નં.૧ અલ્પેશ ચીમનલાલ સોની તથા પંચ નં.૨ અંકિત હર્ષદભાઇ દવે હતા. પંચોને પંચનામું કરવા સમજ કરતાં તેઓએ પંચ તરીકે રહેવા સંમતી આપતાં તેઓને ચેમ્બરની બાજુની રૂમમાં બેસાડેલાં. ત્યારબાદ સાહેદ હાજર થતાં તેઓની વિગત પુછતા સાહેદ નં.૧ હસનઅલી એહમદઅલી સુણસરા હતા. સાહેદોને મામલતદાર ચોર્યાશીની કચેરીમાં બેસાડેલા. ત્યારબાદ આ કામના એક કાળા રંગનો બુરખો પહેરાવેલ આરોપીને મદદનીશ પોલીસ કમિશનરશ્રીની કચેરી, સી–ડીવીઝન, સુરત શહેર તરફથી રજૂ કરવામાં આવેલ. આરોપીનું નામ પોલીસ રિપોર્ટ મુજબ અફઝલ ઉફે અફસર મુતલ્લીબ ઉસ્માની હતુ. ત્યારબાદ આરોપીને મળતાં આવતાં ઊંચાઇ, ઉંમર, શારીરિક બાંધો, પહેરવેશવાળા અગિયાર ડમી શખ્સોને કારકુન તથા પટ્ટાવાળા બહારથી લઇ

આવેલા તેઓને ઓળખ પરેડમાં સામેલ કરેલા. ત્યારબાદ આ કામના પંચ શ્રી અલ્પેશ ચીમનલાલ સોનીને આ કામના સાહેદ હસનઅલી એહમદઅલી સુણસરાને બોલાવી લાવવાનું જણાવતાં તેઓ બોલાવવા બહાર ગયેલા અને બીજા નંબરના પંચશ્રી અંકિત હર્ષદભાઇ દવેને બુરખો ઓઢાડેલ આરોપીને ચેમ્બરમાંથી બોલાવી લાવવાનું જણાવતાં તેઓ સદરહુ બુરખો પહેરાવેલ આરોપીને લઇને ઓળખ પરેડના રૂમમાં હાજર થયેલા. ત્યારબાદ બુરખો કાઢી નાખેલ. આરોપીને ઓળખ પરેડની સંપૂર્ણ સમજ આપી અને તેવો દેખાવ, પોષાક કે પહેરવેશમાં ફેરફાર કરવો છે કે કેમ? તે બાબતે પુછતાં આરોપીએ ના જણાવેલું. ત્યારબાદ આરોપીને તેની મનપસંદ જગ્યાએ લાઇનમાં ઉભા રહેવા જણાવતાં તેઓ અનુક્રમ નં.૮ અને ૯ ની વચ્ચે ઉભા રહેલા ત્યારબાદ સાહેદને બોલાવવા ગયેલ પંચ અલ્પેશ ચીમનલાલ સોની સાહેદ સાથે ઓળખ પરેડના સ્થળે હાજર થયેલા. સાહેદને તેનું નામ પુછતાં તેણે પોતાનું નામ હસનઅલી એહમદઅલી સુણસરા હોવાનું જણાવેલું અને સાહેદને ગુનાની વિગત પુછતાં તેઓએ જણાવેલ કે, "કિલ્લા પારડી નેશનલ હાઇવે નં.૮ ઉપર આવેલ હોટલ શ્રીનાથ એન્ડ ગેસ્ટ હાઉસમાં આ કામનો આરોપી રોકાયેલ હતો." ત્યારબાદ સાહેદને ઓળખ પરેડની સમજ આપી તથા લાઇનમાં ઉભા રહેલ શખ્સોમાં આરોપીને નજરે જોઇ ઓળખી શકતાં હોય તો ઓળખી બતાવી તેનો હાથ પકડી લાઇનમાંથી બહાર કાઢી આ સાહેદ સમક્ષ રજૂ કરવા જણાવતાં સાહેદે ઓળખ પરેડની લાઇન તરફ ધ્યાનથી જોયેલુ અને લાઇનમાંથી એક શખ્સને ઓળખી બતાવી તેનો હાથ પકડી બહાર કાઢી રજૂ કરેલો. ત્યારબાદ સાહેદને બહાર ચાલ્યા જવાનું જણાવતાં તેઓ બહાર ચાલ્યા ગયેલા. ત્યારબાદ સાહેદે ઓળખી બતાવેલ શખ્સને તેનું નામ પુછતાં અફઝલ ઉર્ફે અફસર મુતલ્લીબ ઉસ્માની હોવાનું જણાવેલ. આ ઓળખ પરેડની કાર્યવાહી ૧૬.૦૦ થી શરૂ કરી ૧૭.૦૦ કલાકે પૂર્ણ કરેલુ. ઉપર મુજબની કાર્યવાહીનું જે પંચનામુ બનાવવામાં આવેલુ તે આંક–૩૧૦૦ થી રજૂ છે જેમાં આ સાહેદ તેમની તથા પંચોની સહીઓ ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાહેદે સાત પંચનામા ઓળખ પરેડ અંગેના કરેલા છે તેવુ માલુમ પડે છે. આ સાતેય પંચનામાની પોલીસ યાદીઓમાં કોઈ ઈનવર્ડ નંબર આપેલો નથી તે કબુલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે યાદીઓ ઉપર ઈનવર્ડ નંબર આપેલો ન હોવાથી યાદીઓ ખોટી છે કે ભુલભરેલી છે કે યાદીઓ લખવામાં જ આવેલી નથી તે હકીકત કે બચાવ સ્વીકારી શકાય નહીં. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ સાતેય યાદીઓ આ સાહેદે સ્વીકારેલી. ઓળખ પરેડ કયા સાક્ષીઓ દ્વારા કરાવવાની છે તેના સરનામાની યાદી મળેલાનું કબુલ કરે છે. પોલીસ યાદીઓમાં સાક્ષીઓ આરોપીને કઈ રીતે ઓળખે છે તવી હકીકતનું નિરૂપણ કરેલુ છે તે કબૂલ કરે છે. સાતેય પંચનામાઓમાં પંચનામાની શરૂઆતમાં પંચનામાઓ શરૂ કર્યાનો સમય લખેલો નથી તે કબૂલ કરે છે. પરંતુ પંચનામાઓ ધ્યાને લેતા પંચનામુ જે તારીખે બનાવવામાં આવેલુ છે તે તારીખ લખેલી છે, પંચનામુ શરૂ કરવાનો સમય લખવો જોઈએ તેવી કોઈ આદેશાત્મક જોગવાઈઓ નથી. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા આ સાહેદની કચેરીના કિલ્લાની બહાર ટાઈપીસ્ટો બેસે છે તે કબુલ કરે છે. સાતેય પંચનામાઓમાં કચેરી વિસ્તારના કોઈ પંચ તરીકે કોઈ વ્યકિતને પંચનામામાં લેવામાં આવેલા નથી તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે કચેરી વિસ્તારમાં ટાઈપીસ્ટ તરીકે બેસેલા હોય તેવા લોકો અથવા અન્ય ઑફિસના કોઈ માણસોને પંચ તરીકે રાખવા જોઈએ તેવુ જરૂરી નથી. આ સાહેદની કચેરી જે જગ્યાએ આવેલી છે તે જગ્યાની આજુબાજુ કોઈ પણ વ્યકિત કોઈ કામથી આવેલો હોય તો તેને પણ પંચ તરીકે રાખી શકાય. પંચો કચેરીના સ્થળથી દુરના સ્થળના લેવામાં આવેલા છે તેથી કરીને પંચો પંચ તરીકે રહેવા લાયક નથી અથવા આ પંચોએ પંચનામાની કાર્યવાહીમાં ભાગ લીધેલ નથી તેવુ પણ માની શકાય નહીં.

વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા આંક–૩૦૭૯ ના પંચનામાના પાના નં.૫ અને પેરા નં.૨ વાળી હકીકત જોઈને જણાવે છે કે આરોપીનો બુરખો ઉતારી નાખવાનું જણાવતા તેનો બુરખો કાઢી નાખ્યો તે તબકકા સુધી આરોપીને

તે જ સ્થિતિમાં રાખેલો હોવાની હકીકત ખરી નથી તેમ જણાવે છે. ડમી શખ્સોને લેવા જતા પહેલા કલાર્ક અને પટ્ટાવાળાએ આરોપીને જોયેલાનું જણાવે છે. ડમી માણસોને બોલાવવા જનાર ઑફિસના કલાર્ક અને પટ્ટાવાળાના નામનો ઉલ્લેખ પંચનામામાં કરેલ નથી તે કબૂલ કરે છે. તમામ પંચનામામાં આરોપીનો ચહેરો કેવો હતો તે સંબંધેનું વર્ણન પંચનામામાં લખેલુ નથી. પરંતુ મારા મત પ્રમાણે ઓળખ પરેડના પંચનામામાં ડમી માણસો વચ્ચે જયાં આરોપી ઉભો રહેલો અને સાહેદ તેને ઓળખી બતાવી હાથ પકડીને બહાર કાઢે તે જરૂરી છે. આરોપીના ચહેરાનું વર્ણન પંચનામામાં લખવુ જોઈએ તેવી કયાંય જોગવાઈ નથી. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા પંચનામાના સાહેદોને કચેરી તરફથી કોઈ સમન્સ કે નોટીસ પાઠવવામાં આવેલ નથી તે કબૂલ કરે છે. તમામ પંચનામાઓમાં સાહેદોને જયાં બેસાડેલા ત્યાં તેઓની સલામતી અને તકેદારી સંબંધેની નોંધ પંચનામામાં કરેલી નથી તે કબૂલ કરે છે. સાહેદોને જયાં બેસાડવામાં આવેલા તે જગ્યાની ભૌગોલિક સ્થિતિ વર્ણવતી કોઈ હકીકત પંચનામામાં નથી તે કબૂલ કરે છે. ડમી માણસોની ખરાઈ અને સચ્ચાઈ તપાસ્યા સંબંધેનો ઉલ્લેખ પંચનામામાં કરેલ નથી. પરંતુ અગાઉ ચર્ચા કરી તેમ તેના માટે કોઈ આદેશાત્મક જોગવાઈ નથી. કયા ડમી વ્યકિત સાથે કપડા બદલેલા તેવી કોઈ હકીકતનો ઉલ્લેખ પંચનામામાં નથી તે કબુલ કરે છે. ઓળખ પરેડની કાર્યવાહી પુરી થયા બાદ સાક્ષીઓને બહાર જતા તેઓ કઈ તરફ જાય છે તે સંબંધેની તકેદારી રાખેલી નથી. પરંતુ મારા મત પ્રમાણે જયારે કોઈ સાહેદની ઓળખની વિધિ પૂરી થાય ત્યારબાદ તેને કોર્ટ રૂમની બહાર જતા રહેવાનું જણાવવામાં આવતુ હોય છે. તે કઈ તરફ જાય છે તે જોવાની કે તકેદારી કરવાની મેજિસ્ટ્રેટની ફરજ નથી. જે વ્યકિતઓને કચેરીમાંથી જતા રહેવાનું જણાવેલ છે તેઓને ફરીથી બોલાવેલા નથી. આરોપીઓ પોલીસ કસ્ટડીમાં કયારથી છે તેની પુછપરછ પોલીસ કે આરોપીની કરેલ નથી તે કબૂલ કરે છે. સાહેદો કચેરી સમક્ષ કેટલા વાગે હાજર થયેલા તેની નોંધ કરવામાં આવેલી નથી તે કબુલ કરે છે. આંક–૩૦૮૫ તથા ૩૦૯૩ ના પંચનામાઓમાં સાક્ષીઓને હાજર રાખી શકેલ નથી તેવો રીપોર્ટ પોલીસે આપેલો છે તે કબૂલ કરે

છે. નામદાર સુપ્રિમ કોર્ટ તથા નામદાર હાઈકોર્ટ દ્વારા ઓળખ પરેડ યોજવા સંબંધેના નિયમો તથા કાર્યવાહીનું પાલન કરેલ નથી તો તે હકીકત નકારે છે. તમામ પંચનામાઓ પાછળથી ઉભા કરેલાની હકીકત નકારે છે. પંચનામાની કાર્યવાહી દરમ્યાન કયારેય ઑફિસ છોડીને બાહર ગયેલા નથી. તમામ પંચનામામાં સાહેદો, પંચો કયારે અને કયા સમયે આવેલા તેમજ આરોપીની ઓળખ કયા સમયે કરવામાં આવેલી તે સંબંધેનો ઉલ્લેખ કરેલ નથી તો તે કબુલ કરવામાં આવેલ છે. પંચ નં.૧ તથા ૨ કોર્ટ રૂમની બહાર ગયા પછી તે લોકો શું કરતા હતા તે અંગે વોચ રાખેલી નહીં. આરોપીઓને લાવનાર પોલીસ અધિકારી કે પોલીસ સ્ટાફના માણસો કેટલા હતા તે કહી શકે નહીં. ઓળખ પરેડ દરમ્યાન કચેરીની આસપાસ સખ્ત પોલીસ બંદોબસ્ત રાખવામાં આવેલો તો તે હકીકતનો ખ્યાલ નથી. પંચનામાઓમાં એકથી વધારે આરોપીઓની ઓળખ કરાવવાની હોય ત્યારે તેવા કિસ્સાઓમાં દરેક વખતે પંચ નં.૧ ને પ્રથમ સાહેદ બહાર ગયા પછી બીજા સાહેદને બોલાવવા માટે વારાફરથી મોકલતા હતા . તમામ પંચનામાઓમાં સાહેદોએ આરોપીને કેવી રીતે ઓળખેલ તેવી હકીકતનો ઉલ્લેખ કરેલ નથી તો તે હકીકત નકારેલી છે. તપાસ કરનાર અધિકારીના કહેવા અને લખાવ્યા મુજબ પંચનામા તૈયાર કરેલાની હકીકત નકારી છે. પંચનામાની કાર્યવાહી દરમ્યાન કાચી નોંધ લખવામાં આવે છે અને કાર્યવાહી પુરી થયા બાદ ફાડી નાખવામાં આવે છે તેમ જણાવે છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા તમામ પંચનામાઓમાં ઓળખ પરેડ દરમ્યાન ડમી સાહેદો મળ્યા બાદ આરોપીઓના બુરખા ઉઠાવવામાં આવેલા તે કબૂલ કરે છે. ચહેરાના નિશાનોમાં નાકનો આકાર, આંખોના રંગ, હોઠ, દાઢી અને મુછનો સમાવેશ થાય છે તે કબૂલ કરે છે. તમામ પંચનામાઓમાં આરોપીઓ તથા ડમી માણસો શું કરતા હતા તથા તેમના સામાજિક અને વ્યાવસાયીક હોદ્દાઓ શું હતા તેનો ઉલ્લેખ કરેલ નથી તે કબૂલ કરેલ છે. પોલીસ અધિકારી આરોપીઓને સીધા ચેમ્બરમાં લાવેલા ત્યારે હાથકડી પહેરાવવામાં આવેલી નહીં તે કબૂલ કરે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ કેસમાં આ સાહેદે ઘણા બધા સાક્ષીઓની પોતાની રૂબરૂ ઘણા બધા આરોપીઓની ઓળખ પરેડ કરાવેલી છે અને કુલ–સાત વખત ઓળખ પરેડ કરાવીને જુદા–જુદા આરોપીઓની જુદા–જુદા સાહેદો સમક્ષ ઓળખ પરેડ કરાવેલી છે. બચાવપક્ષ તરફથી કોઈ ચોકકસ ઓળખ પરેડના પંચનામા બાબતે ઊલટતપાસ કરવામાં આવેલી નથી. પરંતુ કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૧૭૫/૨૦૦૮ તથા અન્ય ગુનાના કામે આરોપી નં.૨૮, ૪૩, ૪૪, ૪૫ અને ૬૩ નાઓને સાહેદ નં.૯૪૫ હસનઅલી અહેમદભાઈ સુણસારનાઓએ આરોપી નં.૨૮ નાઓને બે પંચો રૂબરૂ આંક–૩૧૦૦ ના પંચનામા મુજબ તથા આરોપી નં.૪૩ નાઓને સાહેદ નં.૧૧૨૯ નાઓએ બે પંચો રૂબરૂ આંક–૩૦૯૪ના પંચનામા મુજબ તથા આરોપી નં.૪૪ નાઓને સાહેદ નં.૧૧૨૩ નાઓએ બે પંચો રૂબરૂ આંક–૩૦૯૦ના પંચનામા મુજબ તથા આરોપી નં.૪૫ નાઓને સાહેદ નં.૯૪૫ નાઓએ બે પંચો રૂબરૂ આંક–૩૦૯૦ ના પંચનામા મુજબ તથા આરોપી નં.૬૩નાઓને સાહેદ નં.૯૮૪ નાઓએ બે પંચો રૂબરૂ આંક–૩૦૮૨ ના પંચનામા મુજબ ઓળખી બતાવેલા છે.

આ સાહેદ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ તરીકે કિલ્લા કોર્ટ સુરતમાં ફરજ બજાવતા હતા અને તેમણે ઉપરોકત જણાવેલ સાહેદો દ્વારા તેમની રૂબરૂમાં ઉપરોકત જણાવેલા આરોપીઓની ઓળખ પરેડની વીધિ કરાવવામાં આવેલી હતી. આ સાહેદે જે કાંઈ કાર્યવાહી કરેલી તે ફરજના ભાગ રૂપે કરેલી હતી. આ સાહેદને આરોપીઓ સાથે કોઈ દુશ્મનાવટ નથી, આરોપીઓને કે સાહેદોને તેઓ ઓળખતા ન હતા જેથી આ સાહેદની જુબાની નહીં માનવાને કોઈ કારણ રહેતુ નથી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે ધર્મેશ કનૈયાલાલ પટેલને સાહેદ નં.૫૭૯ તરીકે આંક–૩૧૦૬ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ હાલ નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીની ઑફિસ ગાંધીનગર ખાતે ફરજ બજાવે છે. સને–૨૦૦૭ થી સને–૨૦૧૧ દરમ્યાન સુરત

ચોર્યાશી મામલતદાર તરીકેના કાર્યકાળ દરમ્યાન વધારાના એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ તરીકે ચાર્જ સુપરત કરેલ. તે સમયે આ સાહેદને એન.બી.પરમાર મદદનીશ પોલીસ કમિશનર સી–ડીવીઝનના તા.૯/૨/૨૦૦૯ ના પત્રથી કાપોદ્રા પોલીસ સ્ટેશનના સેકન્ડ ગુના રજી.નં.૧૭૫/૨૦૦૮ ના કામે એક આરોપીની બે સાહેદો દ્વારા ઓળખ પરેડ યોજવા જણાવવામાં આવેલ. જે તા.૧૧/૨/૨૦૦૯ ના અત્રેની કોર્ટ મુકામે વધારાના એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટની કચેરી ખાતે સવારે ૧૧.૨૦ કલાકે રાખવાનું નક્કી કરેલુ અને સાહેદોને જાણ કરવા જણાવેલું.

સાહેદે વધુમાં જણાવેલ છે કે, પરમાર સાહેબે આ સાહેદને એક યાદી પાઠવેલ હતી. જે આંક–૩૧૦૭ થી રજૂ રાખેલ છે. આ ઓળખ પરેડ બે પ્રતિષ્ઠિત પંચોની હાજરીમાં રાખેલ. જેમાં પંચ નં.૧ સૈયદ ઝહીર સૈયદ નઝીર, ઉ.વ.૨૬, ધંધોઃ રીક્ષા ડ્રાઇવર, રહે. બાપુનગર ઝુપડપટ્ટી, રાંદેર રોડ, સુરત તથા પંચ નં.૨ રણવીરસિંહ નરપતસિંહ રાજપુત, ઉ.વ.૩૦, રહે. સંત તુકારામ સોસાયટી, વિભાગ–૨, ઘર નં.૪૮૨, પાલનપુર જકાતનાકા, રાંદેર રોડ, સુરત. પંચો હાજર થતાં તેમને આ ગુનાના કામે એક આરોપીની બે સાહેદો દ્વારા ઓળખ પરેડ અંગેનું પંચનામું કરવા સમજ કરી. ત્યારબાદ સાહેદ હાજર થયેલા જેમાં સાહેદ નં.૧ અબ્દુલફરીદ અબ્દુલરસીદ શેખ, રહે. ૭/૧૫૬૦, બીજો માળ, વરીયાવી બજાર, હોડી બંગલા, સુરત તથા સાહેદ નં.૨ મોહંમદસાકીર અબ્દુલફરીદ શેખ, રહે.૭/૧૫૬૦, બીજો માળ, વરીયાળી બજાર, હોડી બંગલા, સુરત. સાહેદોને સીટી મામલતદાર કચેરીના ઇ–ધરા કેન્દ્ર ખાતે બેસાડેલા. ત્યારબાદ મદદનીશ પોલીસ કમિશનર સી–ડીવીઝન દ્વારા એક આરોપીને માથે કપડુ ઓઢાડીને આ સાહેદ સમક્ષ રજૂ કરવામાં આવતા માથા પરથી કપડુ દુર કરી તેની વિગત પુછતાં જણાવેલ કે કયામુદ્દીન ઉર્ફે રીઝવાન ઉર્ફે સ્પાક ઉર્ફે સમીર S/o. સરફુદીન કાપડીયા, ઉ.વ.૨૬. રહે. બાગે ચીસ્તીયા વાડી, તાઇવાડી, કુંભારવાડા, સ્વામીનારાયણ મંદિર પાછળ, વડોદરા. આરોપીને આ સાહેદની બાજુની ચેમ્બરમાં બેસાડેલા. ત્યારબાદ આરોપીને મળતાં આવતાં ચહેરાવાળા સરખી

ઉંમરના, ઉંચાઇ વાળા અન્ય સાત શખ્સોને ઓળખ પરેડ માટે સમાવેશ કરેલ. આ શખ્સોની વિગત પંચનામા મુજબની છે. ત્યારબાદ પરેડમાં સમાવેશ થયેલા શખ્સો, આ સાહેદ જાતે, કારકુન તથા પટ્ટાવાળા પંચો, આરોપીઓ સિવાયના અન્ય કોઇ શખ્સ કે પોલીસ સ્ટાફ પરેડના સ્થળે હાજર રહેલ ન હતા.

સાહેદ વધુમાં જણાવે છે કે, ત્યારબાદ ઓળખ પરેડમાં સમાવિષ્ટ પંચશ્રી સૈયદજહીર સૈયદનઝીર આ કામના સાહેદશ્રી અબ્દુલ ફરીદ અબ્દુલ રસીદને બોલાવવા મોકલેલ અને પંચ નં.૨ રણવીરસિંહ નરપતસિંહ રાજપુતને આ કામના આરોપીને બોલાવવા મોકલેલ. પંચ નં.૨ રણવીરસિંહ આરોપીને લઇને પરેડના સ્થળે હાજર થયેલ ત્યારબાદ આરોપીને તેનું નામ પુછતા કયામુદીન ઉર્ફે રીઝવાન ઉર્ફે અસ્ફાક સરકુદીન કાપડીયા હોવાનું જણાવેલ . આરોપીને ઓળખ પરેડ અંગે સંપૂર્ણ સમજ આપી પોષાકી દેખાવમાં પરિવર્તન કરવા માટે છુટ આપી ઓળખ પરેડના સ્થળે લાઇનમાં ઉભેલા શખ્સો વચ્ચે સ્થાન લેવા જણાવેલ. આરોપી કયામુદ્દિન અનુક્રમ નં. ૪ અને ૫ ની વચ્ચે ઉભા રહેલ. ત્યારબાદ સાહેદને બોલાવવા ગયેલ પંચ સૈયદ જહીર સૈયદ નઝીર સાહેદ સાથે આ સાહેદ સમક્ષ હાજર થયેલા. સાહેદને તેમનુ નામ પુછતાં અબ્દુલ ફરીદ અબ્દુલ રસીદ શેખ જણાવેલ. સાહેદને ઓળખ પરેડ અંગે સમજ આપી આ ગુનાના આરોપીને જો ઓળખતાં હોય તો હરોળમાં ઉભેલા શખ્સોનું ધ્યાનપૂર્વક ઓળખી બતાવી હાથ પકડી રજૂ કરવા જણાવેલ. સાહેદે કતારમાં ઉભેલા શખ્સોનું ધ્યાનપૂર્વક નિરીક્ષણ કરી એક શખ્સને ઓળખી બતાવી રજૂ કરેલ. ત્યારબાદ સાહેદને ઓળખ પરેડનું સ્થળ છોડી જવા જણાવેલું. સાહેદના ગયા બાદ તેમને ઓળખી બતાવેલ શખ્સને તેનું નામ પુછતાં કયામુદ્દિન કાપડીયા હોવાનું જણાવેલું. આમ, સાહેદ અબ્દુલફરીદ અબ્દુલશેખે ઓળખ પરેડમાં સમાવિષ્ટ સાચા આરોપીને ઓળખી બતાવેલ.

સાહેદ વધુમાં જણાવે છે કે, ત્યારબાદ પંચ સૈયદજહીર સૈયદ નઝીરને આ કામના બીજા સાહેદ મોહંમદ સાકીર અબ્દુલ ફરીદ શેખને બોલાવી લાવવા જણાવેલુ. તેઓના ગયા બાદ ઓળખ પરેડમાં સમાવિષ્ટ આરોપીને

પોષાકમાં પરિવર્તન કરવાની કે સ્થળ ફેરફાર કરવાની છુટ આપી આરોપી લાઈનમાં ઉભેલા શખ્સોની વચ્ચે અનુક્રમ નં.૩ અને ૪ ની વચ્ચે ઉભો રહેલો. ત્યારબાદ સાહેદને બોલાવવા ગયેલ પંચ, સાહેદ સાથે તેમની સમક્ષ હાજર થયેલા. તેમને તેમનું નામ પુછતા મહંમદસાકીર અબ્દુલફરીદ શેખ હોવાનું જણાવેલુ સાહેદને ઓળખ પરેડ અંગે સમજ આપી કતારમાં ઉભેલા શખ્સોનું ધ્યાનપૂર્વક નિરીક્ષણ કરી જો તેઓ આ ગુનાના આરોપીને ઓળખતાં હોય તો ઓળખી બતાવી હાથ પકડી રજૂ કરવા જણાવેલુ. સાહેદે એક શખ્સને કતારમાંથી બહાર કાઢી તેમની સમક્ષ રજૂ કરેલ. ત્યારબાદ સાહેદને ઓળખ પરેડનું સ્થળ છોડી જવા જણાવેલ. સાહેદે ઓળખી બતાવેલ શખ્સને તેનું નામ પુછતાં કયામુદીન કાપડીયા હોવાનું જણાવેલુ. આમ સાહેદે ઓળખ પરેડમાં સમાવેશ શખ્સો પૈકી સાચા આરોપીને ઓળખી બતાવેલ. ઓળખ પરેડની સંપૂર્ણ કાર્યવાહી તટસ્થતાપૂર્વક થાય અને કાયદેસરતા જળવાય તે બાબતે સંપૂર્ણ જાળવણી રાખેલ અને આ કાર્યવાહી તેમની કચેરીમાં બંધ બારણે કરવામાં આવેલ. ઉપર મુજબની કાર્યવાહીનું જે પંચનામુ બનાવવામાં આવેલુ તે આંક–૩૧૦૮ થી રજૂ છે જેમાં આ સાહેદ તેમની તથા પંચોની સહીઓ ઓળખી બતાવે છે.

સાહેદે વધુમાં જણાવેલ છે કે, તા.૧૧/૨/૨૦૦૯ ના રોજ કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી.નં.૧૭૫/૨૦૦૮ ની ફરિયાદના કામમાં પાંચ સાહેદો સમક્ષ એક આરોપીની ઓળખ પરેડ કરાવવા સબંધેની યાદી પોલીસ અધિકારીશ્રી એન.બી.પરમાર તરફથી મળેલ. જે મળતાં ઓળખ પરેડની કાર્યવાહીનું આયોજન કરવા સંબંધે આગળની કાર્યવાહી કરેલ. આ સાહેદને મળેલ યાદી આંક–૩૧૦૯ થી રજૂ રાખેલ છે અને સદર યાદીમાં શેરો કરેલાનું જણાવેલ છે. ત્યારબાદ તા.૧૨/૨/૨૦૦૯ ના રોજ અત્રેની કોર્ટ ખાતે ઓળખ પરેડ રાખવાનું નક્કી કરી સાહેદોને જાણ કરવા જણાવેલુ. આ ઓળખ પરેડ બે પ્રતિષ્ઠિત પંચોની હાજરીમાં રાખેલ. જેમાં પંચ નં.૧ રમેશભાઇ બબાભાઇ દેસાઇ, ઉ.વ.૩૫, ધંધોઃ દુધનો વેપાર, રહે. અંબાનગર, ભટાર રોડ, ઘર નં.૧૨૧ સુરત

તથા પંચ નં.૨ નરેશભાઈ નારાયણભાઈ મારૂ, ઉ.વ.૨૯, ધંધો–નોકરી, રહે. વેડ રોડ, ૬૦, મીના નગર સોસાયટી, સુરત. પંચોને ઓળખ પરેડ અંગે સમજ આપી પંચમા રહેવા માટે સંમતી મેળવી ત્યારબાદ સાહેદો હાજર થયેલા જેમાં સાહેદ નં.૧ મહંમદ આરીફ યુસુફ પટેલ, રહે. ફલેટ નં.૬–૭, હુમા ડાયમંડ બિલ્ડિંગ એન્ડુસ કમ્પાઉન્ડ, વરીયાવી બજાર ચોકી સામે, સુરત તથા સાહેદ નં. ૨ અબ્દુલ કરીમ માનના ઉર્ફે કિશોર કૌટીક, રહે. સૈયદપુરા, પ્રણામી મંદિર પાછળ, ગનીભાઈના મકાનમાં, સુરત અને સાહેદ નં.૩ ઈસ્માઈલ સબીર શેખ, રહે. ૭/૧૫૪૧, ઈસ્માઈલ મંઝીલ, સૈયદપુરા પમ્પીંગ સ્ટેશન પાસે, સુરત તથા સાહેદ નં.૪ મોહમદ સોએબ ઉર્ફે મોહમદ સલીમ ઉર્ફે સલીમબાબા મોહમદ હનીફ શેખ, રહે. ૭/૧૬૫૮, સૈયદપુરા, કામદાર આવાસ સામે, સુરત તથા સાહેદ નં.૫ અદનાના મોહમદ ખાલીદ ગુજરાતી, રહે.૧૨/૭૧૧૪ કચ્ચા મોગલની પોળ, રાણી તળાવ, સુરત. સાહેદોને સીટી મામલતદાર કચેરીના ઈ–ધરા કેન્દ્ર ખાતે બેસાડેલા.

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ એન.એસ.ચૌધરી પોલીસ સબઈન્સ્પેકટર ડી.સી.બી. પોલીસ સ્ટેશન દ્વારા એક આરોપીને માથે કપડુ ઓઢાડીને આ સાહેદ સમક્ષ રજૂ કરેલા. તેના ચહેરા પરથી કપડુ દુર કરી તેની વિગત પુછતાં આરોપીએ પોતાનું નામ કયામુદીન ઉર્ફે રીઝવાન ઉર્ફે અશ્ફાક સરફુદીન કાપડીયા, ઉ.વ.૨૬, રહે.બાગે ચીશ્તિયા વાડી, તાઈવાડા, કુંભારવાડ, વડોદરા હોવાનું જણાવેલુ આરોપીને ત્યારબાદ આ સાહેદની ચેમ્બરની બાજુની રૂમમાં બેસાડેલા. ત્યારબાદ ઓળખ પરેડ માટે આરોપીની સરખી ઉંમરની ઉંચાઈવાળા અન્ય સાત શખ્સોને ઓળખ પરેડ માટે સમાવિષ્ટ કરેલા જેની વિગત પંચનામા મુજબ છે. ઓળખ પરેડમાં સમાવિષ્ટ થયેલ શખ્સોમાં આ સાહેદ જાતે, કલાર્ક, પટ્ટાવાળા, પંચો તેમજ આરોપીઓ સિવાયના અન્ય કોઈ શખ્સ કે પોલીસ સ્ટાફ ઓળખ પરેડના સ્થળે હાજર રહેલ નહી. ત્યારબાદ ઓળખ પરેડમાં સમાવિષ્ટ પંચ નં.૨ નરેશભાઈ નારાયણભાઈ મારૂને આ કામના સાહેદ નં.૧ મહંમદ આરીફ યુસુફ પટેલને બોલાવી લાવવા જણાવેલુ અને પંચ નં.૨ રમેશભાઈ

બબાભાઇ દેસાઇને આ કામના આરોપીને બોલાવી લાવવા જણાવેલુ પંચ રમેશભાઇ આરોપીને લઇને આ સાહેદ સમક્ષ હાજર થયેલા ત્યારબાદ આરોપીને તેનું નામ પુછતાં કયામુદીન કાપડીયા હોવાનું જણાવેલ. આરોપીને ઓળખ પરેડ અંગ સંપૂર્ણ સમજ આપી. દેખાવ કે પોષાકમાં પરીવર્તન કરવું હોય તો તેમ કરવા છુટ આપી. કતારમાં ઉભેલા શખ્સોની વચ્ચે સ્થાન લેવા જણાવેલુ આરોપી કયામુદીન કાપડીયાએ અનુક્રમ નં. ૩ અને ૪ ની વચ્ચે ઉભા રહેલા ત્યારબાદ સાહેદને બોલાવવા ગયેલ પંચ નરેશભાઇ આ કામના સાહેદ સાથે તેમની સમક્ષ હાજર થતા સાહેદને તેમનું નામ પુછતા મહંમદ આરીફ યુસુફ પટેલ હોવાનું જણાવેલુ. સાહેદને ઓળખ પરેડ અંગે સમજ આપી કતારમાં ઉભેલાં શખ્સોનું ધ્યાનપૂર્વક નિરીક્ષણ કરી આ ગુનાના આરોપીને જો ઓળખતાં હોય તો ઓળખી બતાવી હાથ પકડી રજૂ કરવા જણાવતા સાહેદે કતારમાં ઉભેલા શખ્સો પૈકી એક શખ્સને રજૂ કરેલ. ત્યારબાદ સાહેદને ઓળખ પરેડનું સ્થળ છોડી દેવા જણાવેલુ. સાહેદે ઓળખી બતાવેલ શખ્સને તેનું નામ પુછતાં કયામુદ્દીન કાપડીયા હોવાનું જણાવેલું. આમ, સાહેદ મહંમદ આરીફ યુસુફ પટેલે ઓળખ પરેડમાં સમાવિષ્ટ સાચા આરોપીને ઓળખી બતાવેલ.

વધુમાં સાહેદ જણાવે છે કે, ત્યારબાદ પંચ નરેશભાઇને આ કામના સાહેદ અબ્દુલકરીમ માનના ઉર્ફે કિશોર કૌટીકને બોલાવી લાવવા જણાવેલુ. આરોપીને દેખાવ કે પોષાક કે સ્થાન ફેરફાર કરવું હોય તો તેમ કરવા છુટ આપી આરોપી કતારમાં ઉભેલાં શખ્સોની વચ્ચે અનુક્રમ નં.૩ અને ૪ ની વચ્ચે ઉભા રહેલા ત્યારબાદ પંચ શ્રી નરેશભાઇ સાહેદ સાથે સમક્ષ હાજર થતા સાહેદને તેમનું નામ પુછતા અબ્દુલ કરીમ માનના હોવાનું જણાવેલુ. સાહેદને ઓળખ પરેડ અંગે સંપૂર્ણ સમજ આપી કતારમાં ઉભેલા શખ્સોનું ધ્યાનપૂર્વક નિરીક્ષણ કરી જો તેઓ આરોપીને ઓળખતાં હોય તો ઓળખી બતાવી હાથ પકડી રજૂ કરવા જણાવતા સાહેદે એક શખ્સને રજૂ કરેલ. ત્યારબાદ સાહેદને ઓળખ પરેડનું સ્થળ છોડી જવા જણાવેલુ. સાહેદે ઓળખી બતાવેલ શખ્સને તેનુ નામ પુછતાં કયામુદીન

કાપડીયા હોવાનું જણાવેલુ. આમ, સાહેદે ઓળખ પરેડમાં સમાવિષ્ટ સાચા આરોપીને ઓળખી બતાવેલ.

વધુમાં સાહેદ જણાવે છે કે, ત્યારબાદ પંચ નરેશભાઈને આ કામના સાહેદ ઈસ્માઈલ શબ્બીર શેખને બોલાવી લાવવા જણાવેલું. ત્યારબાદ આરોપીને દેખાવ પોષાક કે સ્થળ ફેરફાર કરવો હોય તો તેમ કરવા છુટ આપી આરોપીએ કતારમાં ઉભેલા શખ્સોની વચ્ચે અનુક્રમ નં.૩ અને ૪ ની વચ્ચે ઉભા રહેલા. ત્યારબાદ સાહેદને બોલાવવા ગયેલ પંચ સાહેદ સાથે રજૂ થયેલા. સાહેદને તેમનું નામ પુછતાં ઈસ્માઈલ શબ્બીર શેખ હોવાનું જણાવેલુ. ત્યારબાદ સાહેદને ઓળખ પરેડ અંગે સમજ આપી કતારમાં ઉભેલા શખ્સોનું ધ્યાનપૂર્વક નિરીક્ષણ કરી જો તેઓ આરોપીને ઓળખતાં હોય તો ઓળખી બતાવી હાથ પકડી રજૂ કરવા જણાવતા સાહેદે કતારમાં ઉભેલા શખ્સો પૈકી એક શખ્સને રજૂ કરેલ. સાહેદને ઓળખ પરેડનું સ્થળ છોડી જવા જણાવેલ. સાહેદે ઓળખી બતાવેલ શખ્સને તેનું નામ પુછતાં કયામુદીન કાપડીયા હોવાનું જણાવેલુ. સાહેદે ઓળખ પરેડમાં સમાવિષ્ટ સાચા આરોપીને ઓળખી બતાવેલા.

વધુમાં સાહેદ જણાવે છે કે ત્યારબાદ પંચ નરેશભાઈને આ કામના સાહેદ મહંમદ સોહેબ ઉર્ફે મહંમદ સલીમ ઉર્ફે સલીમબાબા મહંમદ હનીફ શેખને બોલાવી લાવવા જણાવેલુ. ત્યારબાદ આરોપીને સ્થાન ફેરફાર કરવો હોય તો તેમ કરવા જણાવેલુ દેખાવ પોષાક કે સ્થાન ફેરફાર કરવા જણાવેલુ. આરોપી શખ્સોની કતાર વચ્ચે અનુક્રમ નં.૩ અને ૪ની વચ્ચે ઉભા રહેલા. ત્યારબાદ સાહેદને બોલાવવા ગયેલ પંચ નરેશભાઈ સાહેદ સાથે હાજર થયેલા. સાહેદને નામ પુછતાં મોહંમદ સોહેબ ઉર્ફે મહંમદસલીમ ઉર્ફે સલીમબાબા મોહંમદ હનીફ શેખ હોવાનું જણાવેલ. સાહેદને ઓળખ પરેડ અંગે સમજ આપી કતારમાં ઉભેલાં શખ્સોનું ધ્યાનપૂર્વક નિરીક્ષણ કરી જો તેઓ આરોપીને ઓળખતાં હોય તો ઓળખી બતાવી હાથ પકડી રજૂ કરવા જણાવતા સાહેદે એક શખ્સને હાથ પકડી સમક્ષ રજૂ કરેલ. ત્યારબાદ સાહેદને ઓળખ પરેડનું સ્થળ છોડી જવા જણાવેલ. સાહેદે ઓળખી બતાવેલ શખ્સને તેનું નામ પુછતાં કયામુદીન કાપડીયા હોવાનું

જણાવેલ. આમ સાહેદે ઓળખ પરેડમાં સમાવિષ્ટ સાચા આરોપીને ઓળખી બતાવેલ.

વધુમાં સાહેદ જણાવે છે કે, ત્યારબાદ પંચ નરેશભાઈને આ કામના અન્ય સાહેદ અદનાન મોહમદ ખાલીદ ગુજરાતીને બોલાવી લાવવા જણાવેલુ. આરોપીને દેખાવ પોષાક કે સ્થાન પરિવર્તન કરવું હોય તો તેમ કરવા છુટ આપેલી. આરોપી કતારમાં અનુક્રમ નં.૩ અને ૪ ની વચ્ચે ઉભા રહેલા. સાહેદને બોલાવવા ગયેલ પંચ સાહેદ સાથે હાજર થયેલા. સાહેદને નામ પુછતાં અદનાન મોહમદ ખાલીદ ગુજરાતી હોવાનું જણાવેલ. સાહેદને ઓળખ પરેડ અંગે સમજ આપી કતારમાં ઉભેલાં શખ્સોનું ધ્યાનપૂર્વક નિરીક્ષણ કરી જો તેઓ આરોપીને ઓળખતા હોય તો ઓળખી બતાવી હાથ પકડી રજૂ કરવા જણાવતા સાહેદે કતારમાં ઉભેલા શખ્સો પૈકી એક શખ્સને રજૂ કરેલ. સાહેદને ઓળખ પરેડનું સ્થળ છોડી જવા જણાવેલુ. સાહેદે ઓળખી બતાવેલ શખ્સને તેનું નામ પુછતાં કયામુદીન કાપડીયા હોવાનું જણાવેલુ. આમ, સાહેદે ઓળખ પરેડમાં સમાવિષ્ટ સાચા આરોપીને ઓળખી બતાવેલ. સાહેદ વધુમાં જણાવે છે કે આ સમગ્ર કાર્યવાહી કાયદેસરતા જળવાય તેમજ તટસ્થતાપૂર્વક થાય તે અંગે સાવચેતી રાખેલ હતી. ઉપર મુજબની કાર્યવાહીનું જે પંચનામુ બનાવવામાં આવેલુ તે આંક–૩૧૧૦ થી રજૂ છે જેમાં આ સાહેદ તેમની તથા પંચોની સહીઓ ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો ગુજરાત સરકાર દ્વારા ઓળખ પરેડ માટે પ્રસ્થાપિત કરેલા નિયમો જાણે છે. એક આરોપીની ઓળખ માટે નવ ડમી માણસો જોઈએ તો તેની સાથે સંમત નથી. એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટની જગ્યા ખાલી હતી માટે આ કામગીરી ઈન્ચાર્જ ઓફિસર તરીકે કરેલાનું જણાવે છે. પંચનામામાં એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ કચેરીની આજુબાજુની કચેરી તથા અન્ય ભૌગોલિક પરિસ્થિતિનો ઉલ્લેખ કરેલ નથી તે કબૂલ કરે છે પરંતુ મારા મત પ્રમાણે મેજિસ્ટ્રેટની કચેરીની ભૌગોલિક પરિસ્થિતિનો ઉલ્લેખ કરવો જોઈએ તેવી કોઈ આદેશાત્મક જોગવાઈ કે નિયમ કયાંય નથી અને ભૌગોલિક

પરિસ્થિતિનો ઉલ્લેખ કરવો ઓળખ પરેડના પંચનામામાં જરૂરી નથી. વધુમાં ઊલટ તપાસ ધ્યાને લઈએ તો કેસ પ્રમાણે કચેરીના બારી બારણાની સ્થિતિ અને તે અંગેનુ વર્ણન તેમજ ચેમ્બરની બારી બારણાના વર્ણનનો ઉલ્લેખ નથી તે કબુલ કરે છે. બંને પંચનામામાં પંચનામુ શરૂ કર્યાનો સમય લખેલો નથી તો તે હકીકત નકારે છે. બંને પંચનામામાં પંચો, સાહેદો અને આરોપીઓ કયા સમયે આવેલા તેનો ઉલ્લેખ કરેલ નથી તે કબૂલ કરે છે. બંને પંચનામાના પંચો કોણ અને કયાંથી બોલાવી લાવેલા તેનો ઉલ્લેખ કરેલો નથી તે પણ કબુલ કરે છે. પોલીસ આરોપીને કયારે અને કેવી રીતે લાવી તે હકીકતનો ઉલ્લેખ બંને પંચનામામાં કરેલો નથી તે કબુલ કરે છે. બંને સાહેદોએ પંચનામાના આરોપીઓને કેવી રીતે ઓળખ્યા તે સબંધે પુછપરછ કે વિગતનો ઉલ્લેખ પંચનામામાં કરેલો નથી તે કબુલ કરે છે. પંચનામાની કાર્યવાહી દરમ્યાન ચેમ્બરની બહાર આરોપીઓ, પંચો તથા સાહેદો શું કરે છે તે માટે તેમની ગતિ વિધિ સંબંધે કોઈ જાત માહિતી નથી તે કબૂલ કરે છે. બંને પંચનામા દરમ્યાન એક પંચને સાહેદોને બોલાવવા તેમજ એક પંચને આરોપીને બોલાવવા મોકલેલા તે કબૂલ કરે છે. બંને પંચનામામાં પંચો બહાર ગયા પછી કયારે પાછા આવ્યા તેનો ઉલ્લેખ પંચનામામાં કહેલો નથી તે કબૂલ કરે છે. આંક–૩૧૧૦ ના પંચનામામાં સાહેદોને બોલાવવા પંચ નં.૨ નો ઉપયોગ કરેલો તે કબૂલ કરે છે. દરેક વખતે આ પંચ કેટલા સમયે નીકળેલા અને કેટલા સમયે પરત આવેલા તેનો ઉલ્લેખ પંચનામામાં કરેલો નથી. આંક–૩૧૧૦ નાં સાહેદો બહાર ગયા પછી કોને મળેલા અને કયાં ગયા તે હકીકતનો ઉલ્લેખ પંચનામામાં નથી તે કબૂલ કરે છે. બંને પંચનામાના સાહેદોને આ સાહેદની કચેરી તરફથી કોઈ નોટિસ કે સમન્સ પાઠવવામાં આવેલો નથી તે કબૂલ કરે છે. પંચનામામાં સાહેદોની સહીઓ લીધેલી નથી તે કબૂલ કરે છે. સરતપાસમાં જણાવ્યા મુજબની કાર્યવાહી કરેલી નથી અને તપાસ કરનાર અધિકારીના કહેવાથી પંચનામાની કાર્યવાહી કરેલાનું જણાવે છે તો તે હકીકત નકારે છે. આંક–૩૧૦૭ તથા ૩૧૦૯ ના અનુસંધાને લેખિતમાં પત્ર લખી ઓળખ પરેડ સંબંધે પોલીસને જાણ કરેલી નથી. ઓળખ પરેડ સંબંધે ચાદીઓ ઉપર જાણ કર્યા

અંગે પોલીસની સહી લીધેલી નથી. સુરત ખાતેની કચેરી ચોક બજાર કીલ્લામાં આવેલી છે તે કબૂલ કરે છે. ઈ–ધરાની કચેરીમાંથી પોતાની કચેરીમાં આવન જાવન થાય તે જોઈ શકાય તો તે હકીકત નકારી છે. બે સાહેદો દ્વારા ઓળખ પરેડ કરવાની છે તેવી હકીકત પંચોને જણાવેલી તેવુ પંચનામામાં લખેલુ નથી તે કબૂલ કરે છે. બંને પંચનામામાં આરોપીઓને પોષાક બદલવા સંબંધે તથા જગ્યા બદલવા સબંધે પુછેલુ હોય અને આરોપીએ જે જવાબ આપેલા હોય તે પંચનામામાં લખેલા નથી તે કબૂલ કરે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદે કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી.નં.૧૭૫/૨૦૦૮ ના કામે આરોપી નં. ૩૭ કયામુદીન કાપડીયાઓની ઓળખ સાહેદ નં.૮૬૪ અબ્દુલ ફરીદ અબ્દુલ રસીદ શેખ તથા મહમદ સાકીર અબ્દુલ રફીદ શેખનાઓ દ્વારા પોતાની રૂબરૂમાં કરાવેલી અને તે ઓળખ પરેડ કરાવવા અંગેની યાદી આંક–૩૧૦૭ થી આ સાહેદને મળેલી અને આ સાહેદે આ બંને સાહેદો દ્વારા જે ઓળખ પરેડ કરાવેલી તે અંગેનુ પંચનામુ આંક–૩૧૦૮ થી રજૂ કરેલુ છે.

આ સાહેદે કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી.નં. ૧૭૫/ ૨૦૦૮ ના કામે આરોપી નં.૩૭ કયામુદીન કાપડીયાઓની ઓળખ સાહેદ નં. ૧૦૯૯ મોહમદ સોયેબ ઉર્ફે સલીમબાબા તથા મહમદ આરીફ યુસુફ પટેલ તથા અબ્દુલ કરીમ માનના તથા ઈસ્માઈલ શબ્બીર શેખ તથા સાહેદ નં.૮૮૧ અદનાન મહમદ ગુજરાતીનાઓ દ્વારા પોતાની રૂબરૂમાં કરાવેલી અને તે ઓળખ પરેડ કરાવવા અંગેની યાદી આંક–૩૧૦૯ થી આ સાહેદને મળેલી અને આ સાહેદે આ બંને સાહેદો દ્વારા જે ઓળખ પરેડ કરાવેલી તે અંગેનુ પંચનામુ આંક–૩૧૧૦ થી રજૂ કરેલુ છે. આ સાહેદે જે કાંઈ કાર્યવાહી કરેલી તે ફરજના ભાગ રૂપે કરવામાં આવેલી હતી. આ સાહેદને આરોપીઓ સાથે કોઈ દુશ્મનાવટ નથી, આરોપીઓને કે સાહેદોને તેઓ ઓળખતા ન હતા જેથી આ સાહેદની જુબાની નહીં માનવાને કોઈ કારણ રહેતુ નથી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે લક્ષ્મણ કેશવલાલ પારઘીને સાહેદ નં. ૫૮૮ તરીકે આંક–૩૧૩૦ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ હાલમાં સર્કલ ઓફિસર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ તરીકે ફરજ બજાવે છે. આ અગાઉ અમદાવાદ શહેરમાં એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ તરીકે ફરજ બજાવતા હતા. તેમની ફરજમાં ઓળખપરેડ, ડાઇંગ ડેક્લરેશન, ઇન્કવેસ્ટ પંચનામું તથા ઑફિસની કામગીરી કરવામાં આવતી હતી. તેઓને ક્રાઇમ બ્રાન્ચ તરફથી તા.૯/૯/૨૦૦૮ ના રોજ ઓળખપરેડ કરવા માટે યાદી પાઠવેલ હતી જે આંક–૩૧૩૧ થી રજૂ રાખેલ છે અને ત્યારબાદ પોલીસવાળાને ઓળખ પરેડ રાખવા માટે સમય અને સ્થળ લખી એક યાદી આપેલી જે યાદી આંક–૩૧૩૨ થી રજૂ રાખેલ છે અને તેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

વધુમાં સાહેદ જણાવે છે કે, તા.૧૨/૯/૨૦૦૮ ના રોજ ૧૭.૩૦ કલાકે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧ માં ઓળખપરેડ રાખેલ. તા.૧૨/૯/ ૨૦૦૮ ના રોજ ૧૭.૩૦ કલાકે પોલીસ આરોપીને લાવેલ. તે સમયે હથકડી પહેરાવેલ ન હતી. બુરખો ઓઢાડીને લાવેલ. ત્યારબાદ પોલીસની યાદીમાં આરોપીનું નામ હતું, જે નામ આધારે આરોપીને તેનું નામ પૂછેલું, જે નામ બરાબર હતું. ત્યારબાદ પોલીસને કોર્ટમાંથી બહાર જવાનું કહેલું. ત્યારબાદ પટ્ટાવાળાને કોર્ટના દરવાજા બારી બંધ કરવાની સુચના આપેલી. ત્યારબાદ ઓળખપરેડ કરવાની હોઇ એટલે સહી કરે તેવા બે પંચોને પટ્ટાવાળા મારફતે બોલાવેલા. ત્યારબાદ બંને પંચોને સમજણ આપી હતી કે તમારે ઓળખપરેડમાં પંચો તરીકે રહેવાનું છે તો તેમણે સંમતિ આપેલી. ત્યારબાદ બે પંચોના નામ લખી લીધા હતાં. એક આરોપી હોઇ એટલે પાંચ ડમી માણસોને બહારથી બોલાવવાની સુચના આપી. ત્યારબાદ પાંચેક ડમી માણસોના પંચનામામાં નામ લખી લીધા હતા. ત્યારબાદ પટ્ટાવાળાએ જણાવેલુ કે આ કામના સાહેદો આવી ગયા છે તો આ સાહેદે તેમને સુચના આપી કે બાજુની રૂમમાં બેસાડવા અને કોઇને મળે નહિ તેનું ધ્યાન રાખવું. ત્યારબાદ પાંચેય ડમી માણસોને એક સીધી લાઇનમાં ઉભા

રહેવા જણાવેલુ ત્યારબાદ આરોપીને કહેલું કે, તમારે કોઈની સાથે કપડાં બદલવા છે તો તેમણે તેમ કરવાની ના પાડેલી. ત્યારબાદ આરોપીને જણાવેલુ કે આ લાઈનમાં તમારે મનપસંદ જગ્યાએ ઉભા રહો. ત્યારબાદ આરોપી લાઈનની ચાર અને પાંચ વચ્ચે ઉભા રહી ગયેલ હતા. ત્યારબાદ પટ્ટાવાળાને સુચના આપી આ કામના સાહેદને બોલાવો તો તેઓ કોર્ટમાં આવી ગયેલા. ત્યારબાદ સાહેદને તેમનું નામ પુછયુ તો તેમણે અંબાલાલ વેચાતભાઈ જણાવેલ હતું. તેમનું નામ પંચનામામાં લખી લીધેલ હતું. ત્યારબાદ આ સાહેદને ઓળખપરેડની સમજ આપી અને તેમને જણાવેલુ કે લાઈનની નજીક જાવ અને તમે જે આરોપી હોય તેનો હાથ પકડી બહાર કાઢો. તો સાહેદ લાઈનની નજીક જઈ એક ઈસમને બહાર કાઢેલ હતા અને આ સાહેદે સાહેદને પુછયુ કે તમે આ ભાઈને કેવી રીતે ઓળખો છો તો તેમણે જે વિગત લખાવી તે વિગત પંચનામામાં લખી લીધેલ હતી. બહાર કાઢેલ ઈસમનું નામ અબ્બાસ ઉમર સમેજા જણાવેલુ હતું જે આ સાહેદે લખી લીધેલું. આ કામની ઓળખ પરેડમાં સાહેદ આરોપીને ઓળખી બતાવેલ હતા. ત્યારબાદ બીજા સાહેદથી ઓળખપરેડ કરવાની હોઈ એટલે આરોપીને જણાવેલુ કે આ ઈસમો ઉભા છે તો તમે તમારી મનપસંદ જગ્યાએ ઉભા રહો. ત્યારબાદ જણાવેલુ હતું કે તમારે કોઈની સાથે કપડાં બદલવા છે તો તેમ કરવાની ના પાડેલ. ત્યારબાદ આરોપી લાઈનની અનુક્રમ નં.૩ અને ૪ ની વચ્ચે ઉભા રહી ગયેલ હતા. ત્યારબાદ પટ્ટાવાળાને સાહેદને બોલાવવા જણાવેલુ ત્યારબાદ સાહેદ આવતા સાહેદને નામ પુછેલુ તો તેમણે પોતાનુ નામ પ્રવિણભાઈ હમીરભાઈ જણાવેલ હતું જે પંચનામામાં નોંધી લીધેલું. ત્યારબાદ આ સાહેદને ઓળખપરેડની સમજૂતિ આપેલ હતી. સાહેદને કહેલુ કે તમે આમાં જે આરોપી હોય તેમને ઓળખતા હોય તો લાઈનની નજીક જઈ આરોપીનો હાથ પકડી બહાર કાઢો. ત્યારબાદ સાહેદ લાઈનની નજીક જઈ એક ઈસમનો હાથ પકડી બહાર કાઢેલ હતા તે ઈસમનું નામ લખી લીધેલ હતું. નામ પુછતાં તેણે અબ્બાસ ઉમર સમેજા જણાવેલુ હતું. ત્યારબાદ આ સાહેદની જરૂર ન હોઈ સાહેદને કોર્ટની બહાર જવા દીધા અને દરવાજો બંધ કરેલો. આ ઓળખ પરેડમાં સાહેદે આરોપીને

ઓળખી બતાવેલ હતા તે આરોપીનું નામ લખી લીધું હતું. આ ઓળખપરેડ શરૂ કર્યાનો સમય ૧૭.૩૦ કલાકનો હતો અને પુરૂ કર્યાનો સમય ૧૮.૪૫ કલાકનો હતો. ઉપર મુજબની કાર્યવાહીનું જે પંચનામુ બનાવવામાં આવેલુ તે આંક–૩૧૩૩ થી ૨જૂ છે જેમાં આ સાહેદ તેમની તથા પંચોની સહીઓ ઓળખી બતાવે છે.

સાહેદ વધુમાં જણાવે છે કે તા.૨/૧૧/૨૦૦૮ ના રોજ ક્રાઇમ બ્રાન્ચ તરફથી એક ઓળખપરેડ કરવાની યાદી આપવામાં આવેલ હતી જે આંક–૩૧૩૪ થી ૨જૂ રાખેલ છે અને ત્યારબાદ પોલીસવાળાને ઓળખપરેડ રાખવા માટે સમય અને સ્થળ લખી એક યાદી આપેલી જે યાદી આંક–૩૧૩૫ થી ૨જૂ રાખેલ છે અને તેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

સાહેદ વધુમાં જણાવે છે કે તા.૫/૧૧/૨૦૦૮ ના રોજ કલાક ૧૬.૦૦ વાગ્યે પોલીસે તેઓની સમક્ષ આરોપીને ૨જૂ કરેલ હતા. ત્યારબાદ પોલીસની યાદી મુજબ આરોપીને તેનું નામ પુછતાં તેણે તેનું નામ મહંમદ ઇસ્માઇલ મહંમદ ઇશાક મન્સુરી હોવાનું જણાવેલ. ત્યારબાદ કોર્ટમાંથી પોલીસ વાળાને બહાર કાઢેલ હતા અને પક્ષકારવાળાને સુચના આપી કે કોર્ટના બારી બારણાં બંધ કરી દો. ત્યારબાદ આ કામમાં બે પંચોની જરૂરિયાત હોઇ એટલે પક્ષકારવાળાને સુચના આપી કે બહારથી ભણેલા–ગણેલા બે પંચો લાવો. ત્યારબાદ પક્ષકારવાળા બે પંચો લાવેલા. બંને પંચોને ઓળખપરેડમાં પંચો તરીકે રહેવા સમજ કરેલ. બંને પંચો સંમત થયેલ હતાં. આ સાહેદે બંને પંચોના નામ પંચનામામાં લખી લીધા હતા. ત્યારબાદ એક આરોપી હોઇ એટલે પાંચ ડમી માણસોની જરૂર હોઇ, પક્ષકારવાળાને સુચના આપી કે બહારથી પાંચ ડમી માણસો લઇ આવો. ત્યારબાદ પક્ષકારવાળા પાંચ ડમી માણસો લાવેલ હતાં. જેઓને એકસરખી લાઇનમાં ઉભા રહેવા જણાવતાં પાંચેય ડમી માણસો એક સીધી લાઇનમાં ઉભા રહી ગયેલ હતાં. ત્યારબાદ આરોપીને જણાવેલુ કે તમારે અહીં ક્યાંથી લાવવામાં આવ્યા તો તેમણે જણાવેલુ કે ક્રાઇમ બ્રાન્ચમાંથી. આ સાહેદે આરોપીને કહ્યું કે તમારે આ ડમી માણસો છે તેઓની વચ્ચે મનગમતી જગ્યાએ

ઉભા રહી જાઓ. તો આરોપી લાઇનની અનુક્રમ નં.૩ અને ૪ ની વચ્ચે ઉભા રહી ગયેલ હતાં. ત્યારબાદ પટ્ટાવાળાએ જણાવેલુ કે આ કામના સાહેદ આવી ગયા છે તો બાજુની રૂમમાં બેસવા જણાવેલુ અને ધ્યાન રાખવા જણાવેલુ હતું. ત્યારબાદ આ કામના સાહેદને પટ્ટાવાળા મારફતે બોલાવેલ હતા. જે સાહેદને ઓળખ પરેડની સમજ આપી અને તેમનું નામ પુછતા મુખત્યાર શબ્બીર હુસેન પ્રાઇમસવાલા જણાવેલ હતું જે પંચનામામાં લખી લીધેલ હતું. ત્યારબાદ આ સાહેદને કહ્યું કે તમે આ કામના આરોપીને ઓળખતા હોય તો લાઇનની નજીક જાવ અને હાથ પકડી બહાર કાઢો તો આ સાહેદ લાઇનની નજીક જઇ એક ઇસમને બહાર કાઢેલ હતાં. આ સાહેદને આ ઇસમ વિશે પુછતાં તેમણે જણાવેલ હતું તે પંચનામામાં લખી લીધેલ હતું. જે ઇસમને બહાર કાઢેલ હતા તેમનું નામ મહંમદ ઇસ્માઇલ મહંમદ ઇશાક મન્સુરી હોવાનું જણાવેલ હતુ જે લખી લીધેલ હતું. ત્યારબાદ આ સાહેદની જરૂર ન હોઇ એટલે કોર્ટની બહાર મોકલી આપેલ હતા. ત્યારબાદ આ સાહેદની રૂબરૂ પંચનામાના દરેક પાને –પાને તથા પંચનામાના અંતે પંચોની સહીઓ કરાવેલી તથા રૂબરૂ તરીકે પંચનામાના અંતે આ સાહેદે સહી કરેલ. આ પંચનામું શરૂ કર્યા સમય ૧૬.૦૦ કલાક અને પૂરું કર્યા સમય ૧૭.૦૦ કલાક હતો જે આંક–૩૧૩૬ થી રજૂ રાખેલ છે અને આ ઓળખપરેડના પંચનામાની નકલ મળેલ છે તે બાબતે પોલીસ ઇન્સ્પેકટરશ્રી પી. જી.વાઘેલાનાઓએ સહી કરેલ છે.

સાહેદ વધુમાં જણાવે છે ત્યારબાદ ક્રાઇમ બ્રાન્ચ તરફથી તા. ૧૫/૯/૨૦૦૮ ના રોજ એક ઓળખ પરેડ કરવા બાબતે એક યાદી મળેલ હતી. જે આંક–૩૧૩૭ થી રજૂ રાખેલ છે અને ત્યારબાદ પોલીસ વાળાને ઓળખ પરેડ રાખવા માટે સમય અને સ્થળ લખી એક યાદી આપેલી જે યાદી આંક–૩૧૩૮ થી રજૂ રાખેલ છે અને તેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

વધુમાં સાહેદ જણાવે છે કે તા.૧૬/૯/૨૦૦૮ ના ૧૭.૦૦ કલાકે પોલીસ આરોપીને લાવેલ હતા. ત્યારબાદ આરોપીને તેમનું નામ પુછતા તેમણે એૈયાઝ રજાકમીયાં સૈયદ જણાવેલ હતુ જે પોલીસની યાદી મુજબ બરાબર હતું

એટલે પોલીસવાળાને બહાર મોકલી આપેલ હતા અને પટ્ટાવાળાને બારી બારણા બંધ કરવાની સુચના આપેલ હતી. ત્યારબાદ આ ઓળખ પરેડ કરવાની હોઇ એટલે બે પંચોની જરૂરિયાત હોઇ પટ્ટાવાળા ભણેલા–ગણેલા સહી કરી શકે તેવા બહારથી બે પંચોને લાવેલ હતાં. જે બંને પંચો ઓળખપરેડમાં રહેવા માટે સંમત થયેલા હતા. ત્યારબાદ બંને પંચોના નામો પંચનામામાં લખી લીધેલા હતાં. ત્યારબાદ એક આરોપી હોઇ, પાંચ ડમી માણસોની જરૂરિયાત હોઇ એટલે પટ્ટાવાળાને બહારથી પાંચ ડમી માણસો લાવવાનું કહ્યું. જે લાવવામાં આવેલ હતાં. ત્યારબાદ પાંચયને સમજાવેલ હતા અને એક સીધી લાઇનમાં ઉભા રહેવા જણાવેલુ હતું. ત્યારબાદ તે પાંચેય ઇસમોના નામ લખી લીધા હતાં. ત્યારબાદ પટ્ટાવાળાએ જણાવેલ કે આ કામના ત્રણ સાહેદો આવેલાં છે તો તેમને સુચના આપી કે આ ત્રણેયને બાજુની રૂમમાં બેસાડો અને કોઇને મળે નહી તે રીતે ધ્યાન રાખવું. ત્યારબાદ આરોપીને કહ્યું કે તમારે આ ઇસમો ઉભા છે તે લાઇનમાં તમારી મનપસંદ જગ્યાએ ઉભા રહો અને ઓળખ પરેડ કરતા પહેલાં જણાવેલુ કે તમોને પોલીસ ક્યાંથી લાવેલ તો તેમણે જણાવેલુ કે પોલીસ સ્ટેશનેથી સરકારી વાહનમાં લાવેલ. આ સાહેદે તેમને પુછ્યું કે પોલીસ વાહનમાં પોલીસ સિવાય કોઇ બેઠા હતાં તો તેમણે ના પાડેલ હતી. ત્યારબાદ પુછયુ કે તમારે આ ઉભેલા માણસો માંથી કપડાં બદલવા છે તો તેમ કરવાની ના પાડેલ હતી. ત્યારબાદ આરોપી લાઇનની અનુક્રમ નં.૩ અને ૪ ની વચ્ચે ઉભા રહી ગયા હતાં. ત્યારબાદ પટ્ટાવાળાને સાહેદને બોલાવવા જણાવતાં સાહેદ આવેલ હતા. જે સાહેદનું નામ કિશનલાલ બોદરજી જણાવેલુ હતું. ત્યારબાદ આ સાહેદને ઓળખપરેડની સમજૂતિ આપેલ અને કહેલું કે તમો આ લાઇનમાં જે આરોપીને ઓળખતા હોય તો લાઇનની નજીક જઇ હાથ પકડી બહાર કાઢો તો સાહેદ લાઇનની નજીક જઇ એક ઇસમને બહાર કાઢેલ. જે ઇસમનું નામ ઐયાઝ રજાકમીયાં સૈયદ જણાવેલ હતું. જે પંચનામામાં લખી લીધેલ. ત્યારબાદ પટ્ટાવાળાને સુચના આપી કે આ સાહેદ બીજા સાહેદને મળે નહિ તે રીતે બહાર જવા દેવા અને કોર્ટ રૂમનો દરવાજો બંધ

કરવો. આ સાહેદને આરોપી વિશે પુછતા તેમણે જે જણાવેલ તે પંચનામામાં લખી લીધેલ હતું.

વધુમાં સાહેદ જણાવે છે કે, ત્યારબાદ બીજા સાહેદથી ઓળખપરેડ કરવાની હોઇ આરોપીને જણાવેલુ કે તમારે લાઇનની મનપસંદ જગ્યાએ ઉભા રહો તેમજ તેમને કપડાં બદલવા વિશે પુછતા તેવુ કરેલ નથી. ત્યારબાદ પઙ્ચાવાળાને બીજા સાહેદ બોલાવી સમજૂતી આપેલ. ત્યારબાદ બીજા સાહેદનું નામ પુછતા તેમણે તેમનું નામ અબ્બાસ હાજીભાઇ વોરા હોવાનું જણાવેલુ હતું. આરોપી આ અગાઉ લાઇનની અનુક્રમ નં.૨ અને ૩ ની વચ્ચે ઉભા રહી ગયા હતા. આ સાહેદને જણાવેલુ કે આ કામના જે આરોપી હોય તો તમે તેને લાઇનની નજીક જઇ હાથ પકડી બહાર કાઢો. તો સાહેદ લાઇનની નજીક જઇ એક ઇસમને બહાર કાઢેલ હતા. જેનું નામ પુછતા ઐયાજ રજાકમીયાં સૈયદ હોવાનું જણાવેલ હતું. જે લખી લીધેલ હતું અને સાહેદને આરોપી વિશે પુછતા તેમણે જે જણાવેલુ તે પંચનામામાં લખી લીધેલ હતું. આ ઓળખપરેડમાં સાહેદ આરોપીને ઓળખી બતાવવામાં સફળ થયેલ છે અને પઙ્ચાવાળાને સુચના આપી કે આ સાહેદને કોર્ટની બહાર મોકલી દો અને આ સાહેદ બીજા સાહેદને મળે નહી અને કોર્ટ રૂમનો દરવાજો બંધ કરી દો.

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ ત્રીજા સાહેદની ઓળખપરેડ કરવાની હોઇ એટલે આરોપીને સુચના આપેલી કે તે આ ડમી માણસો સીધી લાઇનમાં ઉભા છે તેમાં તમારી મનપસંદ જગ્યાએ ઉભા રહી જાવ. તો આરોપી નં. ૪ અને ૫ ની વચ્ચે ઉભા રહી ગયેલ. પઙ્ચાવાળાને સુચના આપી કે ત્રીજા સાહેદને લઇ આવો. જે સાહેદ કોર્ટમાં આવતા તેમનું નામ પુછતા લાભશંકર વજેરામ જોષી હોવાનું જણાવેલ હતું. જે પંચનામામાં લખી લીધેલ હતું. ત્યારબાદ ઓળખ પરેડ અંગે સાહેદને સમજાવેલા અને જણાવેલુ કે આ લાઇનમાં જે આરોપી હોય અને તેને તમે ઓળખતા હો તો લાઇનની નજીક જઇ હાથ પકડી તેને બહાર કાઢો. તો સાહેદ લાઇનની નજીક જઇ એક ઇસમને હાથ પકડી બહાર કાઢે છે જેનું નામ પુછતા ઐયાજ રજાકમીયાં સૈયદ હોવાનું જણાવેલ. આ સાહેદને આ ઇસમ વિશે

પુછતા તેમણે જે જણાવેલ તે પંચનામામાં લખી લીધેલ હતું. ત્યારબાદ આ સાહેદને પટ્ટાવાળા મારફતે કોર્ટની બહાર મોકલી આપેલ હતાં. આ ઓળખ પરેડમાં સાહેદ આરોપીને ઓળખી બતાવવામાં સફળ થયેલ છે. આ પંચનામું ૧૭.૦૦ કલાકે શરૂ કરેલ હતું અને ૧૮.૩૦ કલાકે પૂરૂ કરેલ. ઉપર મુજબની કાર્યવાહીનું જે પંચનામુ બનાવવામાં આવેલુ તે આંક–૩૧૩૯ થી ૨જૂ છે જેમાં આ સાહેદ તેમની તથા પંચોની સહીઓ ઓળખી બતાવે છે.

સાહેદ વધુમાં જણાવે છે કે, ત્યારબાદ તા.૧૦/૧૨/૨૦૦૮ ના રોજ ક્રાઇમ બ્રાન્ચે એક યાદી પાઠવેલ હતી. જે આંક–૩૧૪૦ થી ૨જૂ રાખેલ છે અને ત્યારબાદ પોલીસવાળાને ઓળખપરેડ રાખવા માટે સમય અને સ્થળ લખી એક યાદી આપેલી જે યાદી આંક–૩૧૪૧ થી ૨જૂ રાખેલ છે અને તેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

વધુમાં સાહેદ જણાવે છે કે, ત્યારબાદ તા.૧૫/૧૨/૨૦૦૮ ના રોજ કલાક ૧૭.૩૦ પોલીસ આ સાહેદ રૂબરૂ આરોપીને લાવેલ. આરોપીને પોલીસની યાદીથી નામ પુછતા તેણે પોતાનું નામ કયામુદ્દીન ઉર્ફે રીઝવાન સરફુદ્દીન કાપડીયા જણાવેલ હતું. ત્યારબાદ કોર્ટમાંથી પોલીસને બહાર મોકલી આપેલ હતાં અને પટ્ટાવાળાને બારી બારણાં બંધ કરવા જણાવેલુ હતું. ત્યારબાદ આ ઓળખપરેડ કરવાની હોઇ, બે પંચોની જરૂર હોઇ, પટ્ટાવાળાને જણાવેલ. જેથી બહારથી ભણેલા–ગણેલા સહી કરી શકે તેવા બે પંચોને લાવવાનું કહેતાં પટ્ટાવાળા બે પંચોને લાવેલ હતાં અને બંને પંચોને આ ઓળખપરેડમાં રહેવા સમજાવેલ હતાં. આ બંને પંચોના નામો પંચનામામાં લખી લીધેલા હતાં. ત્યારબાદ એક આરોપી હોઇ એટલે પાંચ ડમી માણસોની જરૂર હોઇ, પટ્ટાવાળાને સુચના આપી કે બહારથી પાંચ ડમી માણસો લાવો. ત્યારબાદ પાંચેય ડમી માણસોને બોલાવી આ ઓળખપરેડમાં રહેવા જણાવેલ હતું. ત્યારબાદ આ પાંચેય ડમી માણસોના નામો પંચનામામાં લખી લીધેલ હતાં અને ડમી ઈસમોને સીધી લાઇનમાં ઉભા રહેવા જણાવેલ હતું. તે સમયે પટ્ટાવાળાએ જણાવેલ કે આ કામમાં સાહેદ આવેલ છે તો સુચના આપી કે જે સાહેદ આવેલ હોય તેમને બાજુની

રૂમમાં બેસાડો અને આ સાહેદ કોઇ બીજાને ન મળે તેનું ધ્યાન રાખવું. ત્યારબાદ આરોપીને જણાવેલુ કે તમને અહીં લાવતા પહેલા કોઇને મુલાકાત કરાવેલ છે તો તેમણે ના પાડેલ અને આરોપીને કહ્યું કે આ ડમી માણસો ઉભા છે તમો તમારી મનપસંદ જગ્યાએ ઉભા રહી જાવ તેમ જણાવતાં આરોપી લાઇનના અનુક્રમ નં.૩ અને ૪ ની વચ્ચે ઉભા રહી ગયેલ. ત્યારબાદ આ કામના સાહેદને બોલાવવા પટ્ટાવાળાને સુચના આપી. સાહેદને નામ પુછતા તેમણે તેમનું નામ રીઝવાનભાઇ મહંમદહનીફ દુધવાળા હોવાનું જણાવેલ અને સાહેદને ઓળખ પરેડની સમજ આપી હતી અને જણાવેલ કે તમો લાઇનની નજીક જઇ જે આરોપીને ઓળખતા હોય તો ઓળખી બતાવો તો, સાહેદ લાઇનની નજીક જઇ એક ઇસમને બહાર કાઢેલ હતાં જેનું નામ પુછતા કયામુદ્દીન ઉર્ફે રીઝવાન સરકુદ્દીન કાપડીયા હોવાનું જણાવેલ. ત્યારબાદ આ સાહેદને આરોપી વિશે પુછતા તેમણે જે જણાવેલ તે પંચનામામાં લખી લીધેલ. ત્યારબાદ આ સાહેદને કોર્ટ રૂમની બહાર મોકલી દીધેલ અને દરવાજો બંધ કરી દીધેલ. આ કામે ઓળખ પરેડમાં સાહેદ આરોપીને ઓળખી બતાવવામાં સફળ થયેલ છે.

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ આ કામના આરોપીને બીજા સાહેદથી ઓળખ કરાવવાના કામે આરોપીને લાઇનમાં ઉભા રહેતાં પહેલાં કપડાં બદલવાની ઇચ્છા પુછતા તેણે ના પાડેલ. ત્યારબાદ આ કામના આરોપીને જણાવેલ કે તમારે ડમી માણસોની વચ્ચે મનપસંદ જગ્યાએ ઉભા રહી જાવ તો, આરોપી લાઇનની અનુક્રમ નં.૪ અને ૫ ની વચ્ચે ઉભા રહી ગયેલ. ત્યારબાદ આ કામના સાહેદને પટ્ટાવાળા મારફતે બોલાવેલ. આ સાહેદને તેમનું નામ પુછતા અંબાલાલ હરીભાઇ પટેલ હોવાનું જણાવેલ. ત્યારબાદ આ કામના સાહેદને ઓળખપરેડ અંગે સમજાવેલા અને જણાવેલુ કે આ કામના આરોપીને લાઇનની નજીક જઇ હાથ પકડી બહાર કાઢો તો તેમણે એક ઇસમને બહાર કાઢેલ હતો જેનું નામ પુછતા કયામુદ્દીન ઉર્ફે રીઝવાન સરકુદ્દીન કાપડીયા હોવાનું જણાવેલ. ત્યારબાદ આ કામના સાહેદને આરોપી વિશે પુછતા તેમણે જે જણાવેલ તે પંચનામામાં લખી લીધેલ. આ કામની ઓળખપરેડમાં સાહેદ આરોપીની ઓળખ

કરવામાં સફળ થયેલ હતા. આ પંચનામું શરૂ કર્યા સમય ૧૭.૩૦ અને પુરૂ કર્યાનો સમય ૧૮.૪૫ નો છે. ઉપર મુજબની કાર્યવાહીનું જે પંચનામુ બનાવવામાં આવેલુ તે આંક–૩૧૪૨ થી રજૂ છે જેમાં આ સાહેદ તેમની તથા પંચોની સહીઓ ઓળખી બતાવે છે તેમજ પંચનામાની નકલ મળેલ છે તેવો શેરો પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી પી. જી.વાઘેલાએ આ સાહેદ રૂબરૂ કરી, પંચનામામાં સહી કરેલ છે.

સાહેદ વધુમાં જણાવેલ છે કે ત્યારબાદ તા.૯/૧/૨૦૯ ના રોજ ક્રાઇમ બ્રાન્ચે એક યાદી પાઠવેલ હતી. જે આંક–૩૧૪૩ થી રજૂ રાખેલ છે અને ત્યારબાદ પોલીસવાળાને ઓળખપરેડ રાખવા માટે સમય અને સ્થળ લખી એક યાદી આપેલી જે યાદી આંક–૩૧૪૪ થી રજૂ રાખેલ છે અને તેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ તા.૯/૧/૨૦૦૯ ના રોજ કલાક ૧૭.૩૦ વાગે પોલીસ આ સાહેદ રૂબરૂ આરોપીને લાવેલ. આરોપીને પોલીસની યાદીથી નામ પુછતા તેણે પોતાનું નામ મહંમદ ઇસ્માઇલ મહંમદ ઇશાક મન્સુરી જણાવેલ હતું. ત્યારબાદ કોર્ટમાંથી પોલીસને બહાર મોકલી આપેલ અને પઙ્ચાવાળાને બારી બારણાં બંધ કરવા જણાવેલુ હતું. ત્યારબાદ આ ઓળખ પરેડ કરવાની હોઇ, બે પંચોની જરૂર હોઇ, પઙ્ચાવાળાને બહારથી ભણેલા–ગણેલા સહી કરી શકે તેવા બે પંચોને લાવવાનું કહેતાં પઙ્ચાવાળા બે પંચોને લાવેલ હતાં અને બંને પંચોને આ ઓળખપરેડમાં રહેવા સમજાવેલ હતાં. ત્યારબાદ આ બંને પંચોના પંચનામામાં નામ લખી લીધેલા હતાં. એક આરોપી હોઇ એટલે પાંચ ડમી માણસોને જરૂર હોઇ, પઙ્ચાવાળાને સુચના આપી કે બહારથી પાંચ ડમી માણસો લાવો. ત્યારબાદ પાંચેય ડમી માણસોને બોલાવી આ ઓળખપરેડમાં રહેવા જણાવેલ હતું. આ પાંચેય ડમી માણસોના નામો પંચનામામાં લખી લીધેલ હતાં અને ડમી ઇસમોને સીધી લાઇનમાં ઉભા રહેવા જણાવેલ હતું. તે સમયે પઙ્ચાવાળાએ જણાવેલ કે આ કામમાં સાહેદ આવેલ છે તો સુચના આપી કે જે સાહેદ આવેલ હોય તેમને બાજુની રૂમમાં બેસાડો અને આ

સાહેદ કોઇ બીજાને ન મળે તેનું ધ્યાન રાખવું. ત્યારબાદ આરોપીને જણાવેલુ કે તમને અહીં લાવતા પહેલા કોઇને મુલાકાત કરાવેલ છે તો તેમણે ના પાડેલ અને આરોપીને જણાવેલુ કે આ ડમી માણસો ઉભા છે તમો તમારી મનપસંદ જગ્યાએ ઉભા રહી જાવ, આરોપી લાઇનના અનુક્રમ નં.૨ અને ૩ ની વચ્ચે ઉભા રહી ગયેલ. ત્યારબાદ આ કામના સાહેદને બોલાવવા પટ્ટાવાળાને સુચના આપી. સાહેદને નામ પુછતા તેમણે તેમનું નામ ફારૂક મહંમદ શફી મહંમદ શેખ હોવાનું જણાવેલ અને સાહેદને ઓળખ પરેડની સમજ આપી હતી અને જણાવેલ કે તમો લાઇનની નજીક જઇ જે આરોપીને ઓળખતા હોય તો ઓળખી બતાવો તો સાહેદ લાઇનની નજીક જઇ એક ઇસમને બહાર કાઢેલ હતા જેનું નામ પુછતા મહંમદ ઇસ્માઇલ મહંમદ ઇશાક મન્સુરી હોવાનું જણાવેલ. ત્યારબાદ આ સાહેદને આરોપી વિશે પુછતા તેમણે જે જણાવેલ તે પંચનામામાં લખી લીધેલ. ત્યારબાદ આ સાહેદને કોર્ટ રૂમની બહાર મોકલી દીધેલ અને દરવાજો બંધ કરી દીધેલ. આ કામે ઓળખ પરેડમાં સાહેદ આરોપીને ઓળખી બતાવવામાં સફળ થયેલ છે. આ પંચનામું શરૂ કર્યા સમય ૧૭.૩૦ અને પૂરૂ કર્યાનો સમય ૧૮.૨૫ નો છે. ઉપર મુજબની કાર્યવાહીનું જે પંચનામુ બનાવવામાં આવેલુ તે આંક–૩૧૪૫ થી ૨જૂ છે જેમાં આ સાહેદ તેમની તથા પંચોની સહીઓ ઓળખી બતાવે છે તેમજ પંચનામાની નકલ મળેલ છે તેવો શેરો પોલીસ અધિકારીએ આ સાહેદ રૂબરૂ કરી પંચનામામાં સહી કરેલ છે.

સાહેદ વધુમાં જણાવે છે કે, ત્યારબાદ તા.૩૦/૧૧/૨૦૦૮ ના રોજ ક્રાઇમ બ્રાન્ચે એક યાદી પાઠવેલ હતી. જે આંક–૩૧૪૬ થી ૨જૂ રાખેલ છે અને ત્યારબાદ પોલીસવાળાને ઓળખપરેડ રાખવા માટે સમય અને સ્થળ લખી એક યાદી આપેલી જે યાદી આંક–૩૧૪૭ થી ૨જૂ રાખેલ છે અને તેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

સાહેદ વધુમાં જણાવે છે કે, ત્યારબાદ તા.૧/૧૨/૨૦૦૮ ના રોજ કલાક ૧૭.૦૦ પોલીસ આ સાહેબ રૂબરૂ આરોપીને લાવેલ. આરોપીને પોલીસની યાદીથી નામ પુછતા તેણે પોતાનું નામ મહંમદસૈફ સાદબએહમદ શેખ

જણાવેલ હતું. ત્યારબાદ કોર્ટમાંથી પોલીસને બહાર મોકલી આપેલ હતાં અને પટ્ટાવાળાને બારી બારણા બંધ કરવા જણાવેલુ હતું. આ ઓળખપરેડ કરવાની હોઇ બે પંચોની જરૂર હોઇ પટ્ટાવાળાને જણાવેલ જેથી બહારથી ભણેલા–ગણેલા સહી કરી શકે તેવા બે પંચોને લાવવાનું કહેતાં પટ્ટાવાળા બે પંચોને લાવેલ હતા અને બંને પંચોને આ ઓળખપરેડમાં રહેવા સમજાવેલ હતા. ત્યારબાદ આ બંને પંચોના નામો પંચનામામાં લખી લીધેલા હતાં. ત્યારબાદ એક આરોપી હોઇ એટલે પાંચ ડમી માણસોની જરૂર હોઇ પટ્ટાવાળાને સુચના આપી કે બહારથી પાંચ ડમી માણસો લાવો. ત્યારબાદ પાંચેય ડમી માણસોને બોલાવી આ ઓળખપરેડમાં રહેવા જણાવેલ હતું. આ પાંચેય ડમી માણસોના નામો પંચનામામાં લખી લીધેલ હતાં અને ડમી ઇસમોને સીધી લાઇનમાં ઉભા રહેવા જણાવેલ હતું. તે સમયે મારા પટ્ટાવાળાએ જણાવેલ કે આ કામમાં સાહેદ આવેલ છે તો સુચના આપી કે જે સાહેદ આવેલ હોય તેમને બાજુની રૂમમાં બેસાડો અને આ સાહેદ કોઇ બીજાને ન મળે તેનું ધ્યાન રાખવું. ત્યારબાદ આરોપીને જણાવેલુ કે તમને અહીં લાવતા પહેલાં કોઇને મુલાકાત કરાવેલ છે તો તેમણે ના પાડેલ અને આરોપીને કહેલુ કે આ ડમી માણસો ઉભા છે તમો તમારી મનપસંદ જગ્યાએ ઉભા રહી જાવ, આરોપી લાઇનના અનુક્રમ નં.૨ અને ૩ ની વચ્ચે ઉભા રહી ગયેલ. ત્યારબાદ આ કામના સાહેદને બોલાવવા માટે પટ્ટાવાળાને સુચના આપેલી. સાહેદને નામ પુછતા તેમણે તેમનું નામ મહંમદ રશીદ ફરીદભાઇ શેખ હોવાનું જણાવેલ અને સાહેદને ઓળખપરેડની સમજ આપી હતી અને જણાવેલ કે તમો લાઇનની નજીક જઇ આરોપીને ઓળખતા હોય તો ઓળખી બતાવો તો સાહેદે લાઇનની નજીક જઇ એક ઇસમને બહાર કાઢેલ હતા જેનું નામ પુછતા મહંમદસૈફ સાદાબ એહમદ શેખ હોવાનું જણાવેલ. ત્યારબાદ આ સાહેદને આરોપી વિશે પુછતા તેમણે જે જણાવેલ તે પંચનામામાં લખી લીધેલ. ત્યારબાદ આ સાહેદને કોર્ટ રૂમની બહાર મોકલી દીધેલ અને દરવાજો બંધ કરી દીધેલ. આ કામે ઓળખપરેડમાં સાહેદ આરોપીને ઓળખી બતાવવામાં સફળ થયેલ છે. આ પંચનામું શરૂ કર્યા સમય ૧૭.૦૦ અને પૂરૂં કર્યાનો સમય ૧૮.૦૦નો છે. ઉપર

મુજબની કાર્યવાહીનું જે પંચનામુ બનાવવામાં આવેલુ તે આંક–૩૧૪૮ થી રજૂ છે જેમાં આ સાહેદ તેમની તથા પંચોની સહીઓ ઓળખી બતાવે છે તેમજ પંચનામાની નકલ મળેલ છે તેવો શેરો પોલીસ અધિકારીએ આ સાહેદ રૂબરૂ કરી પંચનામામાં સહી કરેલ છે.

વધુમાં સાહેદ જણાવે છે કે ત્યારબાદ તા.૧૦/૧૨/૨૦૦૮ ના રોજ ક્રાઇમ બ્રાન્ચે એક યાદી પાઠવેલ હતી. જે આંક–૩૧૪૯ થી રજૂ રાખેલ છે અને ત્યારબાદ પોલીસવાળાને ઓળખપરેડ રાખવા માટે સમય અને સ્થળ લખી એક યાદી આપેલી જે યાદી આંક–૩૧૫૦ થી રજૂ રાખેલ છે અને તેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ તા.૧૦/૧૨/૨૦૦૮ ના રોજ કલાક ૧૪.૩૦ વાગે પોલીસ આ સાહેદ રૂબરૂ આરોપીને લાવેલ. આરોપીને પોલીસની યાદીથી નામ પુછતા તેણે પોતાનું નામ મહંમદ આરીફ નસીમ એહમદ જણાવેલ હતું. ત્યારબાદ કોર્ટમાંથી પોલીસને બહાર મોકલી આપેલ હતાં અને પટ્ટાવાળાને બારી બારણાં બંધ કરવા જણાવેલુ. ત્યારબાદ આ ઓળખપરેડ કરવાની હોઇ બે પંચોની જરૂર હોઇ પટ્ટાવાળાને બહારથી ભણેલા–ગણેલા સહી કરી શકે તેવા બે પંચોને લાવવાનું કહેતાં પટ્ટાવાળા બે પંચોને લાવેલ હતા અને બંને પંચોને આ ઓળખ પરેડમાં રહેવા સમજાવેલ હતા. આ બંને પંચોના નામો પંચનામામાં લખી લીધેલા હતા. ત્યારબાદ એક આરોપી હોઇ એટલે પાંચ ડમી માણસોને જરૂર હોઇ, પટ્ટાવાળાને સુચના આપી કે બહારથી પાંચ ડમી માણસો લાવો. ત્યારબાદ પાંચેય ડમી માણસોને બોલાવી આ ઓળખ પરેડમાં રહેવા જણાવેલ હતું. આ પાંચેય ડમી માણસોના નામો પંચનામામાં લખી લીધેલ હતાં અને ડમી ઇસમોને સીધી લાઇનમાં ઉભા રહેવા જણાવેલ હતું. તે સમયે પટ્ટાવાળાએ જણાવેલ કે આ કામમાં સાહેદ આવેલ છે તો સુચના આપી કે જે સાહેદ આવેલ હોય તેમને બાજુની રૂમમાં બેસાડો અને આ સાહેદ કોઇ બીજાને ન મળે તેનું ધ્યાન રાખવું. ત્યારબાદ આરોપીને જણાવેલુ કે તમને અહીં લાવતા પહેલાં કોઇને મુલાકાત કરાવેલ છે તો તેમણે ના પાડેલ અને આરોપીને કહ્યું કે

આ ડમી માણસો ઉભા છે તમો તમારી મનપસંદ જગ્યાએ ઉભા રહી જાવ તો આરોપી લાઈનના અનુક્રમ નં.૩ અને ૪ ની વચ્ચે ઉભા રહી ગયેલ. ત્યારબાદ આ કામના સાહદને બોલાવવા પઙ્ચાવાળાને સુચના આપી. સાહેદને નામ પુછતા તેમણે તેમનું નામ સુનિલ શાંતિલાલ પટેલ હોવાનું જણાવેલ અને સાહેદને ઓળખ પરેડની સમજ આપી હતી અને જણાવેલ કે તમો લાઈનની નજીક જઈ જે આરોપીને ઓળખતા હોય તો ઓળખી બતાવો, સાહેદે લાઈનની નજીક જઈ એક ઈસમને બહાર કાઢેલ હતા જેનું નામ પુછતા મહંમદ આરીફ નસીમ એહમદ હોવાનું જણાવેલ. ત્યારબાદ આ સાહેદને આરોપી વિશે પુછતા તેમણે જે જણાવેલ તે પંચનામામાં લખી લીધેલ. ત્યારબાદ આ સાહેદને કોર્ટ રૂમની બહાર મોકલી દીધેલ અને દરવાજો બંધ કરી દીધેલ. આ કામે ઓળખપરેડમાં સાહેદે આરોપીને ઓળખી બતાવેલ છે અને ઓળખી બતાવવામાં સફળ થયેલ છે. આ પંચનામું શરૂ કર્યા સમય ૧૪.૩૦ અને પૂરૂ કર્યાનો સમય ૧૫.૨૫ નો છે. ઉપર મુજબની કાર્યવાહીનું જે પંચનામુ બનાવવામાં આવેલુ તે આંક–૩૧૫૧ થી રજૂ છે જેમાં આ સાહેદ તેમની તથા પંચોની સહીઓ ઓળખી બતાવે છે તેમજ પંચનામાની નકલ મળેલ છે તેવો શેરો પોલીસે આ સાહેદ રૂબરૂ કરી પંચનામામાં સહી કરેલ છે.

વધુમાં સાહેદ જણાવે છે કે ત્યારબાદ તા.૨/૨/૨૦૦૯ ના રોજ ક્રાઈમ બ્રાન્ચે એક યાદી પાઠવેલ હતી. જે આંક–૩૧૫૨ થી રજૂ રાખેલ છે અને ત્યારબાદ પોલીસવાળાને ઓળખપરેડ રાખવા માટે સમય અને સ્થળ લખી એક યાદી આપેલી જે યાદી આંક–૩૧૫૩ થી રજૂ રાખેલ છે અને તેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

વધુમાં સાહેદ જણાવે છે કે તા.૪/૨/૨૦૦૯ ના રોજ કલાક ૧૭.૦૦ વાગે પોલીસ આ સાહેદ રૂબરૂ આરોપીને લાવેલ. આરોપીને પોલીસની યાદીથી નામ પુછતા તેણે પોતાનું નામ કયામુદ્દીન સરકુદ્દીન કાપડીયા જણાવેલ હતું. ત્યારબાદ કોર્ટમાંથી પોલીસને બહાર મોકલી આપેલ હતા અને પઙ્ચાવાળાને બારી બારણા બંધ કરવા જણાવેલુ હતું. આ ઓળખ પરેડ કરવાની હોઈ બે પંચોની જરૂર હોઈ પઙ્ચાવાળાને બહારથી ભણેલા ગણેલા સહી કરી શકે તેવા બે

પંચોને લાવવાનું કહેતાં પટ્ટાવાળા બે પંચોને લાવેલ હતા અને બંને પંચોને આ ઓળખ પરેડમાં રહેવા સમજાવેલ હતાં. આ બંને પંચોના નામો પંચનામામાં લખી લીધેલા હતાં. એક આરોપી હોઇ એટલે પાંચ ડમી માણસોની જરૂર હોઇ પટ્ટાવાળાને સુચના આપી કે બહારથી પાંચ ડમી માણસો લાવો. ત્યારબાદ પાંચેય ડમી માણસોને બોલાવી આ ઓળખ પરેડમાં રહેવા જણાવેલ હતું. ત્યારબાદ આ પાંચેય ડમી માણસોના નામો પંચનામામાં લખી લીધેલ હતાં અને ડમી ઇસમોને સીધી લાઇનમાં ઉભા રહેવા જણાવેલ હતું તે સમયે પટ્ટાવાળાએ જણાવેલ કે આ કામમાં સાહેદ આવેલ છે તો સુચના આપી કે જે સાહેદ આવેલ હોય તેમને બાજુની રૂમમાં બેસાડો અને આ સાહેદ કોઇ બીજાને ન મળે તેનું ધ્યાન રાખવું. ત્યારબાદ આરોપીને જણાવેલુ કે તમને અહીં લાવતા પહેલાં કોઇને મુલાકાત કરાવેલ છે તો, તેમણે ના પાડેલ અને આરોપીને કહ્યું કે, આ ડમી માણસો ઉભા છે તમો તમારી મનપસંદ જગ્યાએ ઉભા રહી જાવ તેમ જણાવતાં આરોપી લાઇનના અનુક્રમ નં.૩ અને ૪ ની વચ્ચે ઉભા રહી ગયેલ. ત્યારબાદ આ કામના સાહેદને બોલાવવા પટ્ટાવાળાને સુચના આપેલી. સાહેદને નામ પુછતા તેમણે તેમનું નામ નઇમ એહમદ મહંમદ આરીફ શેખ હોવાનું જણાવેલ અને સાહેદને ઓળખ પરેડની સમજ આપી હતી અને જણાવેલ કે તમો લાઇનની નજીક જઇ જે આરોપીને ઓળખતા હોય તો ઓળખી બતાવો તો સાહેદ લાઇનની નજીક જઇ એક ઇસમને બહાર કાઢેલ હતાં જેનું નામ પુછતા ક્યામુદ્દીન સરફુદ્દીન કાપડીયા હોવાનું જણાવેલ. ત્યારબાદ આ સાહેદને આરોપી વિશે પુછતા તેમણે જે જણાવેલ તે પંચનામામાં લખી લીધેલ. ત્યારબાદ આ સાહેદને કોર્ટ રૂમની બહાર મોકલી દીધેલ અને દરવાજો બંધ કરી દીધેલ. આ કામે ઓળખપરેડમાં સાહેદે આરોપીને ઓળખી બતાવેલ છે અને ઓળખી બતાવવામાં સફળ થયેલ છે.

વધુમાં સાહેદ જણાવે છે કે, ત્યારબાદ આ કામના આરોપીને બીજા સાહેદથી ઓળખ કરાવવાના કામે આરોપીને લાઇનમાં ઉભા રહેતા પહેલાં કપડાં બદલવાની ઇચ્છા પુછતા તેણે ના પાડેલ. ત્યારબાદ આ કામના આરોપીને

જણાવેલ કે તમારે ડમી માણસોની વચ્ચે મનપસંદ જગ્યાએ ઉભા રહી જાવ તો, આરોપી લાઈનની અનુક્રમ નં.૨ અને ૩ ની વચ્ચે ઉભા રહી ગયેલ. ત્યારબાદ આ કામના સાહેદને પટ્ટાવાળા મારફતે બોલાવેલ. આ સાહેદને તેમનું નામ પુછતા મહંમદ રફીક અબ્દલ હમીદ શેખ હોવાનું જણાવેલ. ત્યારબાદ આ કામના સાહેદને ઓળખ પરેડ વિશે સમજાવેલ અને જણાવેલુ કે આ કામના આરોપી લાઈનની નજીક જઈ હાથ પકડી બહાર કાઢો તો તેમણે એક ઈસમને બહાર કાઢેલ હતા જેનું નામ પુછતા ક્યામુદ્દીન સરફુદ્દીન કાપડીયા હોવાનું જણાવેલ. ત્યારબાદ આ કામના સાહેદને આરોપી વિશે પુછતા તેમણે જણાવેલ તે પંચનામામાં લખી લીધેલ. આ કામની ઓળખ પરેડમાં સાહેદ આરોપીની ઓળખ કરવામાં સફળ થયેલ હતા. આ પંચનામું શરૂ કર્યા સમય ૧૭.૦૦ અને પૂરૂ કર્યાનો સમય ૧૮.૧૫ નો છે. ઉપર મુજબની કાર્યવાહીનું જે પંચનામુ બનાવવામાં આવેલુ તે આંક–૩૧૫૪ થી રજૂ છે જેમાં આ સાહેદ તેમની તથા પંચોની સહીઓ ઓળખી બતાવે છે તેમજ પંચનામાની નકલ મળેલ છે તેવો શેરો પોલીસે આ સાહેદ રૂબરૂ કરી પંચનામામાં સહી કરેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો પંચનામા સબંધે મળેલી પોલીસ યાદી અંગે કોઈ ડાયરી કે નોંધ રાખવામાં આવેલી નથી. સઘળી કાર્યવાહી સબંધે કોઈ ઈનવર્ડ નંબર કે આઉટવર્ડ નંબર આપેલ નથી. રજૂ કરેલો પુરાવો આઠ પંચનામાની પોલીસ યાદી અને તેના પ્રતિઉત્તર અને તેના પંચનામા આધારે છે તે કબૂલ કરે છે. પંચનામા દરમ્યાન કોઈ વિશેષ વાર્તાલાપ કે ઘટના બની હોય તેવી કોઈ હકીકત કહી શકે નહીં. પંચનામાની કાર્યવાહી દરમ્યાન કોર્ટની બહાર નીકળેલા નથી. આરોપીને પોલીસ કેટલી સંખ્યામાં લાવતા હતા તે કહી શકે નહીં. અન્ય અધિકારીઓએ પણ બોમ્બ બ્લાસ્ટના કેસોમાંના કેટલાક આરોપીઓની ઓળખ પરેડ સંબંધે કાર્યવાહી કરેલી. મોટા ભાગે ઓળખ સબંધેની કાર્યવાહી કોર્ટ નં.૧ મા કરવામાં આવે છે તે કબૂલ કરે છે. ઓળખ સબંધેની સઘળી કાર્યવાહી કામકાજના દિવસ દરમ્યાન કરવામાં આવેલી. કોર્ટ નં.૧ પાસે વકીલો, પક્ષકારો અને આરોપીઓની અવર જવર રહે છે તે કબૂલ કરે છે. ઓળખ

પરેડમાં આરોપીનો આવવા જવાનો સમય તથા સાહેદોનો આવવા જવાનો સમય અગત્યના પાસા છે તે કબૂલ કરે છે. સાહેદોને અગાઉથી સુરક્ષિત રાખવામાં આવે તો આરોપીઓને જોવાની તક ન રહે તો તે કબૂલ કરે છે. સાહેદે આરોપીને ઓળખવામાં કેટલો સમય લીધેલો તે કહી શકે નહીં. ઉપરોકત તમામ પંચનામામાં પંચનામાની કાર્યવાહી અગાઉ કોઈ સાહેદ મળ્યા હોય તેવુ બન્યુ નથી તે કબૂલ કરે છે. પંચનામાની કાર્યવાહીમાં ઓળખ વિધિ માટે આવેલ સાહેદો કયારે અને કયાંથી આવેલા તે સબંધે પુછપરછ કરી નથી. પંચનામાની કાર્યવાહીમાં આવેલ સાહેદો સાચા અને કાયદેસરના હોવા સબંધે કોઈ દસ્તાવેજોના આધારે ખરાઈ કરેલી નથી તે કબૂલ કરે છે. સાહેદોની હાજરી બાબતે પોલીસ યાદી કે પંચનામામાં સહી લીધેલી નથી તે કબૂલ કરે છે. ઉપરોકત તમામ પંચનામામાં પહ્યાવાળાના નામ સરનામા લખવામાં આવેલા નથી તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે પંચનામાની કાર્યવાહીમાં એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટની કચેરીના પહ્યાવાળાનું નામ લખવુ જોઈએ તેવી જોગવાઈ નથી. દરેક પંચનામામાં આરોપીના શારીરિક સ્થિતિનું વર્ણન તથા ચહેરા તથા રંગ બાબતે લખવામાં આવેલુ નથી તો તે કબૂલ કરે છે. દરેક પંચનામાના આરોપીઓ મુસ્લિમ હતા કે કેમ? તે કહી શકે તેમ નથી. ઓળખ પરેડની વિધીના નિયમોથી માહિતગાર છે તે કબૂલ કરે છે. એક આરોપીની ઓળખ પરેડની વિધિ માટે ૯ થી ૧૦ ડમી માણસોની જરૂર પડે તો તે હકીકત નકારી છે. પંચનામાના આરોપીઓને આ સાહેદે પુછેલુ નથી કે તેઓ કટેલા સમયથી પોલીસ કસ્ટડીમાં છે. પંચનામામાં જણાવેલા આરોપીઓ કેટલા સમયથી પોલીસ કસ્ટડીમાં હતા તેની ખબર નથી. આરોપીઓની અટક સબંધે એરેસ્ટ રીપોર્ટ રજૂ કરેલા નથી કે બતાવેલા નથી. આરોપીઓને કઈ રીતે સાહેદ ઓળખે છે તે હકીકતનું વિવરણ પોલીસ યાદીમાં કરેલુ છે તે કબૂલ કરે છે. ઓળખ પરેડની યાદી મળ્યા પછી અને ઓળખ પરેડનો સમય આપ્યા સુધી આરોપીને બહાર લઈ જવો નહીં તેવી સુચના પોલીસને આપેલ નથી. ઓળખ પરેડની કાર્યવાહીના દિવસે આરોપીને સાહેદ મળેલા છે કે કેમ? તે અંગે પોલીસ અધિકારીને પુછેલુ નથી તે કબૂલ કરે છે. ઓળખ પરેડની

કાર્યવાહી પત્યા પછી સાહેદ બહાર નીકળીને કોને મળતા હતા તેની જાણકારી મેળવવા તપાસ કરેલી નથી. ઓળખ પરેડની કાર્યવાહી સબંધે આ સાહેદની કચેરી તરફથી સાહેદોને નોટિસ કે સમન્સ મોકલેલ નથી તે કબૂલ કરે છે. ઉપરોકત પંચનામાની કાર્યવાહી દરમ્યાન કોઈ આરોપીઓએ કપડા બદલેલા નહીં તે કબૂલ કરે છે. આરોપીને ઓઢાડવામાં આવેલા બુરખા માથેથી ગળા સુધીના હતા તે કબૂલ કરે છે. આ હકીકત ધ્યાને લેતા એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ સમક્ષ આરોપીઓને માથેથી ગળા સુધી બુરખા ઓઢાડીને લાવવામાં આવેલા હતા માટે સ્પષ્ટપણે કહી શકાય કે આરોપીઓને ઓળખ પરેડ માટે લાવવામાં આવેલા તે સમયે બુરખા ઓઢાડેલા હોવાથી કોઈ સાહેદ કે અન્ય કોઈ વ્યકિતઓએ આ આરોપીઓના મોઢા જોયેલા ન હોય. વધુમાં ઊલટતપાસ ધ્યાને લેતા પંચનામાની કાર્યવાહી દરમ્યાન બુરખા કોને ઉતારેલા તેનો ઉલ્લેખ પંચનામામાં નથી તે કબૂલ કરે છે. આરોપીઓને બુરખા કયારે પહેરાવવામાં આવેલા તે હકીકતનો ઉલ્લેખ પંચનામામાં નથી તે કબૂલ કરે છે. તપાસ કરનાર પોલીસ અધિકારીની સુચનાથી ઓળખવિધિના પંચનામા તેમના કહેવા અને લખાવ્યા મુજબ લખેલા હોવાની હકીકત નકારે છે. તૈયાર પંચનામા ઉપર પંચોની સહીઓ લીધાની હકીકત નકારે છે. મારા મત પ્રમાણે બુરખા કોણે પહેરાવેલા અને કોણે ઉતારેલા તે હકીકત પંચનામામાં લખવાની હોતી નથી.

વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો પુરાવામાં રજૂ થયેલ તમામ પોલીસ યાદી અને આ સાહેદની ઑફિસના પ્રત્યુત્તરના આવક–જાવક નંબર લખવામાં આવેલા નથી તે કબૂલ કરે છે. ઉપરોકત પંચનામાની કાર્યવાહી પોલીસ યાદીની તારીખથી બીજા કે ત્રીજા દિવસે કરવામાં આવેલી. તાત્કાલિક ઓળખ પરેડની કાર્યવાહી ન કરવા સંબંધે કોઈ કારણ નથી. પંચનામાની કાર્યવાહી જેમ જેમ થતી જાય તેમ તેમ પંચનામુ લખવાનું હોય છે તે કબૂલ કરે છે. પંચનામુ લખવાની શરૂઆત કરતી વખતે આરોપી હતા નહીં તો તે હકીકત નકારે છે. સાહેદે પુરાવામાં એવુ જણાવેલુ હોય કે પોલીસ આરોપીને લઈને સાહેદ પાસે લાવ્યા બાદ પંચોને બોલાવેલા તે હકીકત ખોટી લખાવી છે તો તે નકારે છે. દરેક

પંચનામા આ સાહેદે જાતે લખેલા છે તેમ જણાવે છે. પંચનામામાં એ હકીકતનો ઉલ્લેખ કરેલો નથી કે આરોપીને કોર્ટમાં લાવ્યા પછી આ સાહેદની સુચનાથી પોલીસવાળા બહાર ચાલ્યા ગયેલા તો તે હકીકત કબૂલ કરી છે. કોર્ટની બહાર આરોપીઓ અને સાહેદો કયારે આવેલા તેની જાણ નથી તે કબૂલ કરે છે. આરોપીઓને કોર્ટની બહાર કેવી સ્થિતિમાં લાવવામાં આવેલા તેની જાણકારી નથી તે કબૂલ કરે છે. પરંતુ આ સાહેદે અગાઉ જણાવેલુ છે કે આરોપીઓને મોઢાથી ગળા સુધી બુરખો પહેરાવીને લાવેલા હતા. સાહેદોને કોણ લઈ આવેલુ તેનો ઉલ્લેખ પંચનામામાં નથી તો તે કબૂલ કરે છે. ગાઈડલાઈન મુજબ પંચનામાની કાર્યવાહી કરેલ નથી તો તે હકીકત નકારેલી છે.

વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો ઓળખ પરેડમાં જે કાંઈ કાર્યવાહી કરેલી હોય તે અક્ષરે અક્ષર લખવી પડે તે હકીકત સાથે સંમત છે. આરોપીઓ ગુજરાતી ભાષા જાણતા હતા કે કેમ? તેવી કોઈ ચકાસણી કરેલી નથી પરંતુ આરોપીઓ ગુજરાતી બોલતા હતા તેમ સાહેદ જણાવે છે. ડમી માણસો નરોડા ગામ અને ગોમતીપુર વિસ્તારના હતા તે બાબતે અજુગતુ જણાયેલુ નહીં. પંચનામામાં આરોપીઓએ પહેરેલ સ્વેટર તેમજ પોષાક સંબંધે વિવરણ કરેલુ નથી તે કબૂલ કરે છે.

આમ આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ કેસમાં આ સાહેદે ઘણા બધા સાક્ષીઓની પોતાના રૂબરૂ ઘણા બધા આરોપીઓની ઓળખ પરેડ કરાવેલી છે અને કુલ આંઠેક વખત ઓળખ પરેડ કરાવીને જુદા–જુદા આરોપીઓને જુદા–જુદા સાહેદો સમક્ષ ઓળખ પરેડ કરાવેલી છે. બચાવપક્ષ તરફથી કોઈ ચોકકસ ઓળખ પરેડના પંચનામા બાબતે ઊલટતપાસ કરવામાં આવેલી નથી. શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ ના કામે હાલના આરોપી નં.૧૬ અબ્બાસ ઉંમર સમેજાની ઓળખ પરેડ આ સાહેદે બે પંચો રૂબરૂ સાહેદ નં.૧૦૬૭ અંબાલાલ વેચાતભાઈ બારીયા તથા સાહેદ નં. ૯૮૧ પ્રવિણભાઈ હમીરભાઈ કટારીયા દ્વારા કરાવેલી છે અને તે અંગેનુ પંચનામુ આંક–૩૧૩૩ બનાવવામાં આવેલુ છે. આ સબંધે સાહેદ નં.૧૦૬૭

અંબાલાલ વેચાતભાઈ બારીયા તથા સાહેદ નં.૯૮૧ પ્રવિણભાઈ હમીરભાઈ કટારીયાએ પોતાની જુબાનીઓમાં વિસ્તૃતપણે હકીકતો જણાવેલી છે. સાહેદ અંબાલાલ વેચાતભાઈએ આરોપી નં. ૧, ૨, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૨, ૧૪, ૩૭ નાઓને ઓળખી બતાવેલા છે. જયારે સાહેદ પ્રવિણભાઈ હમીરભાઈએ આરોપી નં.૨, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૨, ૧૪, ૧૬, ૩૭ નાઓને ઓળખી બતાવેલા છે.

આ ઉપરાંત ખાડીયા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૭૧/૨૦૦૮ ના કામે આંક–૩૦૬૮ વાળુ પંચનામુ બનાવેલુ છે અને તે પંચનામામાં સાહેદ નં.૧૦૭૩ મહંમદ યુનુસ અબ્દુલ લતીફ સુમરાનાઓએ આ સાહેદની રૂબરૂમાં આરોપી નં.૧૬ નાઓને ઓળખી બતાવેલા છે. આ સાહેદ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ તરીકે ઘી કાંટા કોર્ટ નં.૨ મા ફરજ બજાવતા હતા અને તેમને ઉપરોકત જણાવેલ સાહેદો દ્વારા તેમની રૂબરૂમાં ઉપરોકત જણાવેલા આરોપીઓની ઓળખ પરેડની વિધિ કરાવવામાં આવેલી હતી. આ સાહેદ દ્વારા જે કાંઈ કાર્યવાહી કરવામાં આવેલી તે ફરજના ભાગરૂપે કરવામાં આવેલી હતી. આ સાહેદને આરોપીઓ સાથે કોઈ દુશ્મનાવટ નથી, આરોપીઓને કે સાહેદોને તેઓ ઓળખતા ન હતા જેથી આ સાહેદની જુબાની નહીં માનવાને કોઈ કારણ રહેતુ નથી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે ઈન્દ્રવીર વજુભા ઝાલાને સાહેદ નં.૫૮૯ તરીકે આંક–૩૧૫૯ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ હાલમાં તેઓ મામલતદાર કચેરી, ધોળકા ખાતે સર્કલ ઓફિસર તરીકે ફરજ બજાવે છે. સને–૨૦૦૮/૦૯ મા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ તરીકે મેટ્રોપોલીટન એરીયા, કોર્ટ નં.૨, ઘી કાંટા, અમદાવાદ ખાતે ફરજ બજાવતા હતા. તેમની ફરજમાં ડાઇંગ ડેકલેરેશન, ઓળખ પરેડ તેમજ ઇન્કવેસ્ટ પંચનામા કરવાની કામગીરી હતી.

સાહેદ વધુમાં જણાવે છે કે તા.૧૫/૧૨/૨૦૦૮ ના રોજ ક્રાઇમ બ્રાન્ચે એક યાદી પાઠવેલ હતી. જે આંક–૩૧૬૦ થી રજૂ રાખેલ છે અને ત્યારબાદ પોલીસવાળાને ઓળખ પરેડ રાખવા માટે સમય અને સ્થળ લખી એક

યાદી આપેલી જે યાદી આંક–૩૧૬૧ થી રજૂ રાખેલ છે અને તેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

વધુમાં સાહેદ જણાવે છે કે, આ કામની ઓળખ પરેડ તા. ૧૬/૧૨/ ૨૦૦૮ ના રોજ કલાક ૧૬.૦૦ વાગ્યે શરૂ કરેલ. આ ઓળખ પરેડ મેટ્રોપોલીટન એરીયા, કોર્ટ નં.૨, ઘી કાંટા, અમદાવાદમાં રાખવામાં આવેલી. આ કામે ઓળખ પરેડ કરવા માટે બે પંચો એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, મેટ્રોપોલીટન એરીયા, કોર્ટ નં. ૨ ના પટ્ટાવાળા મારફતે બોલાવતાં કોર્ટ નં.૨ ના રૂમમાં હાજર થયેલ. આરોપીને બુરખા ઓઢાડી ઢાંકેલ ચહેરે ૧૬.૦૦ કલાકે આ સાહેદ સમક્ષ રજૂ કરવામાં આવેલા. બુરખા ઉતારી આરોપીના દેખાવ, ઊંચાઇ, ઉંમરવાળા ડમી માણસોની જરૂરિયાત હોઇ પટ્ટાવાળા મારફતે બહારથી બોલાવવામાં આવેલ. જે ડમી માણસો આવેલા તેઓના નામ સરનામાની ઓળખ પરેડ પંચનામામાં નોંધ કરી દીધેલ. આ કામના સાહેદશ્રી ૧૬.૧૫ કલાકે આવતાં પટ્ટાવાળાએ કોર્ટમાં આવી જાણ કરતાં તેઓને બહાર બેસાડવાની સુચના આપી અને જ્યાં સુધી સાહેદને ન બોલાવું ત્યાં સુધી રૂમમાંથી બહાર જવા દેવા નહી અને પટ્ટાવાળાને ત્યાં ધ્યાન રાખવા બેસાડવામાં આવેલ. આ પાંચ ડમી ઇસમોને એક સીધી લાઇનમાં ઉભા રાખવામાં આવેલ. આ કામના આરોપીને એક સીધી લાઇનમાં ઉભા રાખવામાં આવ્યા. આ કામના આરોપીને નજીક બોલાવી તેનું નામ સરનામું પુછતાં કયામુદ્દીન ઉર્ફે રીઝવાન ઉર્ફે અસ્ફાક સરફુદ્દીન કાપડીયા ઉ .વ.૨૬, ધંધો–પ્રિન્ટીંગ પ્રેસ, રહેવાસી–બાગે ચીસ્તીયા તાઇવાડા, કુંભારવાડાની વાડી, સ્વામિનારાયણ મંદિર પાછળ, વડોદરા, મૂળ ગામ–હાંસોટ, તા.જિ.ભરૂચ જણાવેલ. ત્યારબાદ આ આરોપીને પુછેલ કે તમને ક્યાંથી અને કેવી રીતે લાવવામાં આવ્યા છે તો તેમણે જણાવેલ કે ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેરના સરકારી વાહનમાં લાવેલ છે. ત્યારબાદ પુછેલ કે આ વાહનમાં તમારા સિવાય અન્ય બીજી વ્યકિત હતી કે કેમ? તો તેમણે જણાવેલ કે પોલીસના માણસો સિવાય અન્ય બીજી કોઇ વ્યકિત ન હતી. ત્યારબાદ પુછેલ કે અહીં લાવતાં પહેલાં સાહેદથી આમને સામને ઓળખાણ કરાવેલ કે કેમ? તો તેમણે ના

પાડેલી. ત્યારબાદ આરોપી લાઈનમાં ઉભેલા માણસોની વચ્ચે ઉભા રાખતાં પહેલાં કપડાં બદલવાનું પુછતાં તેમણે ના પાડેલી. આ કામના આરોપીને ઉભેલા ડમી માણસોની લાઈનમાં મનપસંદ જગ્યાએ ઉભા રહેવાનું જણાવતાં આરોપી લાઈનમાં અનુક્રમ નં.૧ અને ૨ ની વચ્ચે ઉભા રહી ગયેલ. ત્યારબાદ આ કામના સાહેદને પટ્ટાવાળા મારફતે બોલવતાં તેમનું નામ સરનામું પુછતાં અંબાલાલ વેચાતભાઇ બારૈયા ઉ.વ.–૪૦, ધંધોઃખેતી, રહે.ગામઃ કથોલા, તા.હાલોલ, જિ.પંચમહાલ હોવાનું જણાવેલ. ત્યારબાદ આ સાહેદને ઓળખ પરેડની સમજ આપી જણાવેલ કે આ કામના આરોપી ઉભેલ માણસોની લાઈનમાં ઉભા હોય અને તમે તેમને ઓળખતાં હોય તો લાઈનની નજીક જઈ હાથ પકડી બહાર કાઢી ઓળખી બતાવો. આ કામના સાહેદે ઉભેલા માણસોની નજીક જઈ દરેકના મોંઢા જોઈ એક ઈસમને બહાર કાઢેલ જેનું નામ સરનામું ઓળખ પરેડ પંચનામામાં નોંધી દીધેલ. આ સાહેદ આરોપીને ઓળખી બતાવે છે અને અન્ય બીજા સાહેદથી આ કામની ઓળખ પરડે કરવાની હોઇ પટ્ટાવાળાને આ સાહેદ બીજી કોઇ વ્યકિતને ન મળે તે રીતે બહાર મોકલવામાં આવેલ અને કોર્ટ રૂમનો દરવાજો બંધ કરેલ.

સાહેદ વધુમાં જણાવે છે કે ફરીથી આ કામે સાહેદ નં.૨ થી ઓળખ કરવાના કામે પટ્ટાવાળા મારફતે આરોપીને બોલાવતાં પહેલાં કપડાં બદલવાનુ પુછતાં ના પાડેલ અને આ કામના ડમી માણસોની વચ્ચે આરોપીને ફરી લાઈનમાં ઉભા રાખવાનું કહેતાં આરોપી ડમી માણસોની લાઈનમાં અનુક્રમ નં.૨ અને ૩ ની વચ્ચે ઉભા રહેલ. સાહેદ નં.૨ કોર્ટ રૂમમાં આવતાં તેમનું નામ સરનામું પુછતાં પ્રવિણભાઇ હમીરભાઇ કટારીયા, ઉ.વ.૪૩, ધંધોઃ ડ્રાઇવીંગ, રહે.ગામ– કથોલા, તા.હાલોલ, જિ.પંચમહાલ. હોવાનું જણાવેલ. આ સાહેદને ઓળખ પરેડની સમજણ આપી ડમી માણસોની લાઈનમાં આરોપી ઉભા હોય અને તમે ઓળખતાં હોય તો નજીક જઈ ઓળખી બતાવો તેમ કહેતાં સાહેદ એક વ્યકિતને લાઈનમાંથી બહાર કાઢેલ જેનું નામ સરનામું ઓળખ પરેડ પંચનામામાં નોંધ કરી દીધેલ. આ આરોપીનું નામ કયામુદ્દીન ઉર્ફે રીઝવાન ઉર્ફે અસ્ફાક સરફુદ્દીન

કાપડીયા, ઉ.વ.–૨૬, ધંધોઃ પ્રિન્ટીંગ પ્રેસ, રહે.બાગે ચીસ્તીયા તાઇવાડા, કુંભારવાડાની વાડી, સ્વામિનારાયણ મંદિર પાછળ, વડોદરા હોવાનું જણાવેલ. મૂળ ગામઃ– હાંસોટ, તા.જિ.ભરૂચ હોવાનું જણાવેલ. આ કામે સાહેદ નં.૨ કોર્ટ રૂમની બહાર જવા દેવામાં આવેલ અને કોર્ટ રૂમનો દરવાજો બંધ કરવામાં આવેલ. આ ઓળખ પરેડ બંધ બારણે લાઇટના અજવાળામાં કરવામાં આવેલ. ઓળખ પરેડ દરમ્યાન પોલીસ અધિકારી કે પોલીસ પ્રોસીક્યુટર કે બહારની અન્ય વ્યકિત હાજર ન હતી. આ ઓળખ પરેડમાં બંને પંચોની પાને પાને તથા અંતે પંચોની સહીઓ તથા રૂબરૂ તરીકે આ સાહેદે સહી કરેલ છે. આ પંચનામું ૧૬.૦૦ કલાકે શરૂ કરવામાં આવેલ અને ૧૭.૨૫ કલાકે પૂરૂ કરેલ.ઉપર મુજબની કાર્યવાહીનું જે પંચનામુ બનાવવામાં આવેલુ તે આંક–૩૧૬૨ થી રજૂ છે જેમાં આ સાહેદ તેમની તથા પંચોની સહીઓ ઓળખી બતાવે છે તેમજ પંચનામાની નકલ મળેલ છે તેવો શેરો ક્રાઇમ બ્રાન્ચના હેડ કોન્સ્ટેબલે આ સાહેદ રૂબરૂ કરી પંચનામામાં સહી કરેલ છે.

સાહેદે વધુમાં જણાવેલ છે કે, ત્યારબાદ તા.૧૫/૧૨/૨૦૦૮ ના રોજ ક્રાઇમ બ્રાન્ચે આ સાહેદને એક યાદી પાઠવેલ હતી. જે આંક–૩૧૬૩ થી રજૂ રાખેલ છે અને ત્યારબાદ પોલીસવાળાને ઓળખપરેડ રાખવા માટે સમય અને સ્થળ લખી એક યાદી આપેલી જે યાદી આંક–૩૧૬૪ થી રજૂ રાખેલ છે અને તેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

વધુમાં સાહેદ જણાવે છે કે ત્યારબાદ તા.૧૬/૧૨/૨૦૦૮ ના રોજ ઓળખ પરેડ કલાક ૧૭.૩૫ વાગ્યે શરૂ કરેલ. આ ઓળખ પરેડ મેટ્રોપોલીટન એરીયા, કોર્ટ નં.૨, ઘી કાંટા, અમદાવાદમાં રાખવામાં આવેલી. આ કામે ઓળખ પરેડ કરવા માટે બે પંચો એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ મેટ્રોપોલીટન એરીયા, કોર્ટ નં.૨ ના પટ્ટાવાળા મારફતે બોલાવતાં કોર્ટ નં.૨ ના રૂમમાં હાજર થયેલા. ત્રણ આરોપીને બુરખા ઓઢાડી ઢાંકેલ ચહેરે ૧૭.૩૫ કલાકે આ સાહેદ સમક્ષ રજૂ કરવામાં આવેલ. બુરખા ઉતારી આરોપીના દેખાવ, ઉંચાઇ, ઉંમરવાળા પંદર ડમી માણસોની જરૂરિયાત હોઇ પટ્ટાવાળા મારફેત ડમી માણસો બહારથી

બોલવવામાં આવેલ. જે ડમી માણસો આવતાં તેઓના નામ, સરનામાની કુલ પંદર,પંદર ડમી વ્યકિતઓના ઓળખ પરેડ પંચનામામાં નોંધ કરી દીધેલ. આ કામના સાહેદશ્રી ૧૭.૫૦ કલાકે આવતાં પટ્ટાવાળાએ કોર્ટમાં આવી જાણ કરતાં તેઓને બહાર બેસાડવાની સુચના આપી અને જ્યાં સુધી સાહેદને ન બોલાવું ત્યાં સુધી રૂમમાંથી બહાર જવા દેવા નહી અને પટ્ટાવાળાને ત્યાં ધ્યાન રાખવા બેસાડવામાં આવેલ. આ પંદર ડમી ઈસમોને એક સીધી લાઇનમાં ઉભા રાખવામાં આવેલા. આ કામના ત્રણેય આરોપીને નજીક બોલાવી તેનું નામ સરનામું પુછતાં પહેલા આરોપીએ તેનુ નામ ફજલેરહેમાન ઉર્ફે સબાઉદ્દીન મુસદ્દીકખાન, ઉ.વ.– ૨૩, ધંધોઃનોકરી, રહે.અજીજ મહોલ્લા, મુ.પાદરી, તા.વાદરી, જિ.પરભની, મહારાષ્ટ્ર. હાલઃ– મીના ફલેટ નં.૯, ત્રીજા માળે, (મીઠાનગર પુના, મહારાષ્ટ્ર) હોવાનું જણાવેલ તથા બીજા આરોપીને તેનુ નામ પુછતાં મહંમદ અકબર ઈસ્માઇલ ચૌધરી ઉર્ફે સઇદ, ઉ.વ.–૨૬, ધંધોઃવેપાર, રહે.સર્વે નં.૪૯, મનીષા કોમ્પલેક્ષ, ફ્લેટ નં.૩, મીઠાનગર પુના હોવાનું જણાવેલ. ત્રીજા આરોપીને તેનુ નામ પુછતા તેણે તેનુ નામ અનીક શફીક સૈયદ ઉર્ફે ખાલીદ, ઉ.વ.૨૬, ધંધો– કમ્પ્યુટર કલાસ, રહે.જૈનબ હાઉસ, બીજેમાળે, કોંઢવાખુર્દ(મીઠાનગર) મહારાષ્ટ્ર જણાવેલ. ત્યારબાદ આ ત્રણેય આરોપીઓને પુછેલ કે તમને ક્યાંથી અને કેવી રીતે લાવવામાં આવ્યા છે? તો તેમણે જણાવેલ કે ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેરના સરકારી વાહનમાં લાવેલ છે. ત્યારબાદ પુછેલ કે આ વાહનમાં તમારા સિવાય અન્ય બીજી કોઇ વ્યકિત હતી કે કેમ? તો તેમણે જણાવેલ કે પોલીસના માણસો સિવાય અન્ય બીજી કોઇ વ્યકિત ન હતી. ત્યારબાદ પુછેલ કે અહીં લાવતાં પહેલાં સાહેદની આમને સામને ઓળખાણ કરાવેલ કે કેમ? તો તેમણે ના પાડેલી. ત્યારબાદ આરોપીઓને લાઇનમાં ઉભેલા માણસોની વચ્ચે ઉભા રાખતાં પહેલાં કપડા બદલવાનું પુછતાં તેમણે ના પાડેલી. આ કામના આરોપીને ઉભેલા ડમી માણસોની લાઇનમાં મનપસંદ જગ્યાએ ઉભા રહેવાનું જણાવતાં આરોપી નં.૧ ફઝલે રહેમાન ઉર્ફે સબાઉદ્દીન લાઇનમાં અનુક્રમ નં.૪ અને ૫ ની વચ્ચે ઉભા રહી ગયેલ. આરોપી નં. ૨ મહંમદ અકબક ઈસ્માઇલ ચૌધરીને ડમી

માણસોની લાઇનમાં મનપસંદ જગ્યાએ ઉભા રહેવાનું જણાવતાં અનુક્રમ નં.૧૦ અને ૧૧ ની વચ્ચે ઉભા રહી ગયેલ જ્યારે આરોપી નં.૩ અનીક શફીક સૈયદ ઉર્ફે ખાલીદને ડમી માણસોની લાઇનમાં મનપસંદ જગ્યાએ ઉભા રહેવાનું જણાવતાં અનુક્રમ નં.૧૩ અને ૧૪ ની વચ્ચે ઉભા રહી ગયેલ. ત્યારબાદ આ કામના સાહેદને પટ્ટાવાળા મારફતે બોલાવતાં તેમનું નામ સરનામું પુછતાં ગુલામહુસેન અબ્દુલરસીદ ઉ.વ.–૪૬, ધંધો–મીકેનીક, રહે.એ–૮, અપ્સરા એપાર્ટમેન્ટ, કસક રેલવે સ્ટેશનની બાજુમાં, ભરૂચ હોવાનું જણાવેલ. ત્યારબાદ આ સાહેદને ઓળખ પરેડની સમજ આપી જણાવેલ કે આ કામના આરોપીઓ ઉભેલા માણસોની લાઇનમાં ઉભા હોય અને તમે તેમને ઓળખતાં હોય તો લાઇનની નજીક જઇ હાથ પકડી બહાર કાઢી ઓળખી બતાવો. આ કામના સાહેદ ઉભેલા માણસોની નજીક જઇ દરેકના મોઢા જોઇ એક પછી એક એમ કુલ ત્રણ વ્યકિતને બહાર કાઢેલ જેઓના નામ સરનામા ઓળખ પરેડ પંચનામામાં નોંધી દીધેલ. આ સાહેદને આરોપીની ઓળખ સંબંધે પુછતાં તેમણે જણાવેલ હકીકત પંચનામામાં લખી લીધેલ. આ સાહેદ ત્રણેય આરોપીઓને ઓળખવામાં સફળ થયેલ. ત્યારબાદ આ કામના સાહેદ આરોપીને કઇ રીતે ઓળખે છે તે સંબંધે સાહેદે જે જણાવેલ તે હકીકત પંચનામામાં લખી લીધેલ.

વધુમાં સાહેદ જણાવે છે કે ત્યારબાદ અન્ય બીજા સાહેદથી ઓળખ પરેડ કરવાની હોઇ પટ્ટાવાળાને આ સાહેદ બીજી કોઇ વ્યકિતને ન મળે તે રીતે બહાર મોકલવામાં આવેલ અને કોર્ટ રૂમનો દરવાજો બંધ કરેલ. ત્યારબાદ આ કામે સાહેદ નં.૨ થી ઓળખ કરવાના કામે પટ્ટાવાળા મારફતે સાહેદને બોલાવતાં પહેલાં આરોપીઓએ કપડાં બદલવાનું કહેતા કપડાં બદલવાની ના પાડેલ અને આ કામના પંદર ડમી માણસોની વચ્ચે આરોપીઓને ફરીથી લાઇનમાં ઉભા રાખવાનું કહેતાં આરોપી નં. ૧ ડમી માણસોની લાઇનમાં અનુક્રમ નં.૯ અને ૧૦ ની વચ્ચે ઉભા રહેલ. આરોપી નં. ૨ ડમી માણસોની લાઇનમાં અનુક્રમ નં.૨ અને ૩ ની વચ્ચે ઉભા રહી ગયેલ. જ્યારે આરોપી નં.૩ ડમી માણસોની લાઇનમાં અનુક્રમ નં. ૭ અને ૮ ની વચ્ચે ઉભા રહી ગયેલ. ત્યારબાદ સાહેદ નં.૨ કોર્ટ

રૂમમાં આવતાં તેમનું નામ સરનામું પુછતાં નજીરઅલી હકીમજી પટેલ. ઉ.વ.૪૮, ધંધોઃ ચાની કીટલી, રહે. શેરપુરા, તા.જિ.ભરૂચ, સરપંચ ફળીયું, શેરપુરા હોવાનું જણાવેલ. આ સાહેદને ઓળખ પરેડની સમજણ આપી ડમી માણસોની લાઈનમાં આરોપીઓ ઉભા હોય અને તમે ઓળખતાં હોય તો નજીક જઈ ઓળખી બતાવો તેમ કહેતાં સાહેદે ત્રણેય વ્યકિતને લાઈનમાંથી બહાર કાઢેલ જેઓના નામ સરનામાં ઓળખ પરેડ પંચનામામાં નોંધ કરી દીધેલ. આ આરોપીઓના નામ અનુક્રમ નં.૧ ફજલે રહેમાન ઉર્ફે સલાઉદ્દીન, નં.૨ મહંમદ અકબર ઈસ્માઈલ ચૌધરી, નં.૩ અનીક સફીક સૈયદ ઉર્ફે ખાલીદ હોવાનું જણાવેલ. આ સાહેદ ત્રણેય આરોપીઓની ઓળખ કરવામાં સફળ થયેલ. આ સાહેદને આરોપીઓની ઓળખ સંબંધે પુછતાં તેમણે જે જણાવેલ તે પંચનામામાં લખી લીધેલ. ત્યારબાદ આ કામે સાહેદ નં.૨ કોર્ટ રૂમની બહાર જવા દેવામાં આવેલ અને કોર્ટ રૂમનો દરવાજો બંધ કરવામાં આવેલ. આ ઓળખ પરેડ બંધ બારણે લાઈટના અજવાળામાં કરવામાં આવેલ. ઓળખ પરેડ દરમ્યાન પોલીસ અધિકારી કે પોલીસ પ્રોસીક્યુટર કે બહારની અન્ય વ્યકિત હાજર ન હતી. આ ઓળખ પરેડના પંચનામામાં બંને પંચોની સહીઓ પાને પાને તથા અંતે લીધેલી તથા રૂબરૂ તરીકે આ સાહેદે સહી કરેલ છે. આ પંચનામું ૧૭.૩૫ કલાકના શરૂ કરવામાં આવેલ અને ૧૯.૦૦ કલાકે પુરૂ કરેલ. ઉપર મુજબની કાર્યવાહીનું જે પંચનામુ બનાવવામાં આવેલુ તે આંક–૩૧૬૫ થી રજૂ છે જેમાં આ સાહેદ તેમની તથા પંચોની સહીઓ ઓળખી બતાવે છે તેમજ પંચનામાની નકલ મળેલ છે તેવો શેરો ક્રાઈમ બ્રાંચના હેડ કોન્સ્ટેબલે આ સાહેદ રૂબરૂ કરી પંચનામામાં સહી કરેલ છે.

સાહેદે વધુમાં જણાવેલ છે કે ત્યારબાદ તા.૧૫/૧૨/૨૦૦૮ ના રોજ ક્રાઈમ બ્રાન્ચે આ સાહેદને એક યાદી પાઠવેલ હતી. જે આંક–૩૧૬૬ થી રજૂ રાખેલ છે અને ત્યારબાદ પોલીસવાળાને ઓળખપરેડ રાખવા માટે સમય અને સ્થળ લખી એક યાદી આપેલી જે યાદી આંક–૩૧૬૭ થી રજૂ રાખેલ છે અને તેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

વધુમાં સાહેદ જણાવે છે કે ત્યારબાદ આ કામની ઓળખ પરેડ કરવા માટે તા.૧૭/૧૨/૨૦૦૮ ના રોજ ઓળખ પરેડ કલાક ૧૭.૧૫ વાગ્યે શરૂ કરેલ. આ ઓળખ પરેડ મેટ્રોપોલીટન એરીયા, કોર્ટ નં.૨, ઘી કાંટા, અમદાવાદમાં રાખવામાં આવેલી. આ કામે ઓળખ પરેડ કરવા માટે બે પંચો એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ મેટ્રોપોલીટન એરીયા, કોર્ટ નં.૨ પટ્ટાવાળા મારફતે બોલાવતાં કોર્ટ નં.૨ ના રૂમમાં હાજર થયેલ. આરોપીને બુરખા ઓઢાડી ઢાંકેલ ચહેરે ૧૭.૧૫ કલાકે આ સાહેદ સમક્ષ રજૂ કરવામાં આવેલ. બુરખા ઉતારી આરોપીના દેખાવ, ઊંચાઇ, ઉંમરવાળા પાંચ ડમી માણસોની જરૂરિયાત હોઇ પટ્ટાવાળા મારફતે બહારથી ડમી માણસો બોલાવવામાં આવેલા. જે ડમી માણસો આવતાં તેઓના નામ સરનામાની નોંધ ઓળખ પરેડ પંચનામામાં કરી દીધેલ. આ કામના સાહેદશ્રી ૧૭.૩૦ કલાકે આવતાં પટ્ટાવાળાએ કોર્ટમાં આવી જાણ કરતાં તેઓને બહાર બેસાડવાની સુચના આપેલી અને જ્યાં સુધી સાહેદને ન બોલાવું ત્યાં સુધી રૂમમાંથી બહાર જવા દેવા નહી અને પટ્ટાવાળાને ત્યાં ધ્યાન રાખવા બેસાડવામાં આવેલા. આ કામના આરોપીને નજીક બોલાવી તેનું નામ સરનામું પુછતાં ક્યામુદ્દીન ઉર્ફે રીઝવાન ઉર્ફે અસ્ફાક સરકુદ્દીન કપાડીયા , ઉ.વ.–૨૬, ધંધોઃપ્રિન્ટીંગ પ્રેસ, રહે. બાગે ચીસ્તીયા તાઇવાડા, કુંભારવાડાની વાડી, સ્વામિનારાયણ મંદિર પાછળ, વડોદરા, મૂળ ગામ–હાંસોટ, તા.જિ.ભરૂચ જણાવેલ. ત્યારબાદ આ આરોપીને પુછેલ કે તમને ક્યાંથી અને કેવી રીતે લાવવામાં આવ્યા છે? તો તેમણે જણાવેલ કે ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેરના સરકારી વાહનમાં લાવેલ છે. ત્યારબાદ પુછેલ કે આ વાહનમાં તમારા સિવાય અન્ય બીજી વ્યકિત હતી કે કેમ? તો તેમણે જણાવેલ કે પોલીસના માણસો સિવાય અન્ય બીજી કોઇ વ્યકિત ન હતી. ત્યારબાદ પુછેલ કે અહીં લાવતાં પહેલા સાહેદથી આમને સામને ઓળખાણ કરાવેલ કે કેમ? તો તેમણે ના પાડેલી. ત્યારબાદ આરોપી લાઇનમાં ઉભેલા માણસોની વચ્ચે ઉભા રાખતાં પહેલાં કપડા બદલવાનું પુછતાં તેમણે ના પાડેલી. આ કામના આરોપીને ઉભેલા ડમી માણસોની લાઇનમાં મનપસંદ જગ્યાએ ઉભા રહેવાનું જણાવતાં આરોપી

લાઇનમાં અનુક્રમ નં.૩ અને ૪ ની વચ્ચે ઉભા રહી ગયેલ. ત્યારબાદ આ કામના સાહેદને પટ્ટાવાળા મારફતે બોલાવતાં તેમનું નામ સરનામું પુછતાં સરફરાજ અબ્દુલરહીમ અજમેરવાળા (છીપા) ઉ.વ.૨૬, ધંધોઃવેપાર, ઘર નં.૨૩૨૩, જમાલપુર, તાનગરવાડ, મોટીપોળ, જમાલપુર પગથીયા, અમદાવાદ હોવાનું જણાવેલ. ત્યારબાદ આ સાહેદને ઓળખ પરેડની સમજ આપી જણાવેલ કે આ કામના આરોપી ઉભેલા માણસોની લાઇનમાં ઉભા હોય અને તમે તેમને ઓળખતાં હોય તો લાઇનની નજીક જઇ હાથ પકડી બહાર કાઢી ઓળખી બતાવો. આ કામના સાહેદ ઉભેલા માણસોની નજીક જઇ દરેકનાં મોંઢા જોઇ એક ઇસમને બહાર કાઢેલ જેનું નામ સરનામું ઓળખ પરેડ પંચનામામાં નોંધી દીધેલ. આ સાહેદ આરોપીને ઓળખી બતાવવામાં સફળ નીવડેલ. ત્યારબાદ આ કામના સાહેદ આરોપીને કઇ રીતે ઓળખે છે તે સંબંધે સાહેદે જે હકીકત જણાવેલ તે પંચનામામાં લખી લીધેલ અને અન્ય બીજા સાહેદથી આ કામની ઓળખ પરેડ કરવાની હોઇ પટ્ટાવાળાને આ સાહેદ બીજી કોઇ વ્યકિતને ન મળે તે રીતે બહાર મોકલવામાં આવેલ અને કોર્ટ રૂમનો દરવાજો બંધ કરેલ.

સાહેદે વધુમાં જણાવેલ છે કે ત્યારબાદ આ કામે સાહેદ નં.૨ થી ઓળખ કરવાના કામે સાહેદને બોલાવવા પટ્ટાવાળા મોકલેલા તે દરમ્યાન આરોપીને કપડા બદલવાનુ પુછતાં આરોપીએ કપડાં બદલવાની ના પાડેલ અને આ કામના ડમી માણસોની વચ્ચે આરોપીને ફરી લાઇનમાં ઉભા રહેવાનું કહેતાં આરોપી ડમી માણસોની લાઇનમાં અનુક્રમ નં.૩ અને ૪ ની વચ્ચે ઉભા રહેલ. સાહેદ નં.૨ કોર્ટ રૂમમાં આવતાં તેમનું નામ સરનામું પુછતાં કિશોરભાઇ સોમાભાઇ રાવતા, ઉ.વ.૩૪, ધંધોઃ ટ્રાવેલ્સનો, રહે. આઇ–૧૫, સંતોષનગર ફલેટ, આઇ. ઓ.સી. રોડ, ચાંદખેડા, અમદાવાદ હોવાનું જણાવેલ. આ સાહેદને ઓળખ પરેડની સમજણ આપી ડમી માણસોની લાઇનમાં આરોપી ઉભા હોય અને તમે ઓળખતા હોય તો નજીક જઇ ઓળખી બતાવો તેમ કહેતા સાહેદે એક વ્યકિતને લાઇનમાંથી બહાર કાઢેલ જેનું નામ સરનામું ઓળખ પરેડ પંચનામામાં નોંધ કરી દીધેલ. આ આરોપીનું નામ કયામુદ્દીન ઉર્ફે રીઝવાન ઉર્ફે અસ્ફાક

સરફુદ્દીન કાપડીયા, ઉ.વ.–૨૬, ધંધો–પ્રિન્ટીંગ પ્રેસ, રહે.બાગે ચીસ્તીયા તાઇવાડા, કુંભાર વાડાની વાડી, સ્વામિનારાયણ મંદિર પાછળ, વડોદરા હોવાનું જણાવેલ. મૂળ ગામ–હાંસોટ, તા.જિ.ભરૂચ હોવાનું જણાવેલ. આ કામે સાહેદ આરોપીને ઓળખવામાં સફળ થયેલ અને આરોપીને કઇ રીતે ઓળખો છો તેમ પુછતાં તેમણે જે જણાવેલ તે પંચનામામાં નોંધ કરી દીધેલ. ત્યારબાદ આ કામે સાહેદ નં.૨ ને કોર્ટ રૂમની બહાર જવા દેવામાં આવેલ અને કોર્ટ રૂમનો દરવાજો બંધ કરવામાં આવેલ. આ ઓળખ પરેડ બંધ બારણે લાઇટના અજવાળામાં કરવામાં આવેલ. ઓળખ પરેડ દરમ્યાન પોલીસ અધિકારી કે પોલીસ પ્રોસીક્યુટર કે બહારની અન્ય વ્યકિત હાજર ન હતી.

વધુમાં સાહેદ જણાવે છે કે ત્યારબાદ આ કામે સાહેદ નં.૩ થી ઓળખ પરેડ કરવાના કામે સાહેદને બોલાવવા પટ્ટાવાળા મોકલેલા તે દરમ્યાન આરોપીને કપડા બદલવાનુ પુછતાં આરોપીએ કપડાં બદલવાની ના પાડેલ અને આ કામના ડમી માણસોની વચ્ચે આરોપીને ફરી લાઇનમાં ઉભા રાખવાનું કહેતાં આરોપી ડમી માણસોની લાઇનમાં અનુક્રમ નં.૨ અને ૩ ની વચ્ચે ઉભા રહેલ. સાહેદ નં.૩ કોર્ટ રૂમમાં આવતાં તેમનું નામ સરનામું પુછતાં કુખરાજબાનુ મહંમદયાકુબ અબ્દુલકાદર શેખ, ઉ.વ.૫૯, ધંધો–નોકરી, રહે.૮/બી રોયલ નવાબ ફલેટ, શાલીમાર સિનેમાની બાજુમાં, શાહઆલમ, અમદાવાદ હોવાનું જણાવેલ. આ સાહેદને ઓળખ પરેડની સમજણ આપી ડમી માણસોની લાઇનમાં આરોપી ઉભા હોય અને તમે ઓળખતા હોય તો નજીક જઇ ઓળખી બતાવો તેમ કહેતા સાહેદે એક વ્યકિતને લાઇનમાંથી બહાર કાઢેલ જેનુ નામ સરનામું ઓળખ પરેડ પંચનામામાં નોંધ કરી દીધેલ. આ આરોપીનું નામ કયામુદ્દીન ઉર્ફે રીઝવાન અસ્ફાક સરફુદ્દીન કાપડીયા, ઉ.વ.૨૬, ધંધો–પ્રિન્ટીંગ પ્રેસ, રહે.બાગે ચીસ્તીયા તાઇવાડા, કુંભારવાડાની વાડી, સ્વામિનારાયણ મંદિર પાછળ, વડોદરા હોવાનું જણાવેલ. મૂળ ગામઃ હાંસોટ, તા.જિ.ભરૂચ હોવાનું જણાવેલ. આ કામે સાહેદ આરોપીને ઓળખવામાં સફળ થયેલ અને આરોપીને કઇ રીતે ઓળખો છો તેમ પુછતાં તેમણે જે જણાવેલ તે પંચનામામાં નોંધ કરી દીધેલ. ત્યારબાદ આ કામે

સાહેદ નં.૩ ને કોર્ટ રૂમની બહાર જવા દેવામાં આવેલ અને કોર્ટ રૂમનો દરવાજો બંધ કરવામાં આવેલ. આ ઓળખ પરેડ બંધ બારણે લાઈટના અંજવાળામાં કરવામાં આવેલ. ઓળખ પરેડ દરમ્યાન પોલીસ અધિકારી કે પોલીસ પ્રોસીક્યુટર કે બહારની અન્ય વ્યકિત હાજર ન હતી. આ ઓળખ પરેડમાં બંને પંચોની સહીઓ પાને પાને તથા અંતે લીધેલી તથા રૂબરૂ તરીકે આ સાહેદે સહી કરેલ છે. આ પંચનામું ૧૭.૧૫ કલાકના શરૂ કરવામાં આવેલ અને ૧૮.૧૦ કલાકે પુરૂ કરેલ. ઉપર મુજબની કાર્યવાહીનું જે પંચનામુ બનાવવામાં આવેલુ તે આંક–૩૧૬૮ થી રજૂ છે જેમાં આ સાહેદ તેમની તથા પંચોની સહીઓ ઓળખી બતાવે છે તેમજ પંચનામાની નકલ મળેલ છે તેવો શેરો ક્રાઇમ બ્રાન્ચના હેડ કોન્સ્ટેબલે આ સાહેદ રૂબરૂ કરી પંચનામામાં સહી કરેલ છે.

સાહેદે વધુમાં જણાવેલ છે કે ત્યારબાદ તા.૨૧/૧૧/૨૦૦૮ ના રોજ ક્રાઇમ બ્રાન્ચે આ સાહેદને એક યાદી પાઠવેલ હતી. જે આંક–૩૧૬૯ થી રજૂ રાખેલ છે અને ત્યારબાદ પોલીસવાળાને ઓળખપરેડ રાખવા માટે સમય અને સ્થળ લખી એક યાદી આપેલી જે યાદી આંક–૩૧૭૦ થી રજૂ રાખેલ છે અને તેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

વધુમાં સાહેદ જણાવે છે કે ત્યારબાદ આ કામની ઓળખ પરેડ કરવા માટે તા.૨૪/૧૧/૨૦૦૮ ના રોજ ઓળખ પરેડ ૧૬.૦૦ વાગે શરૂ કરેલ. આ ઓળખ પરેડ મેટ્રોપોલીટન એરીયા, કોર્ટ નં.૨ ઘી કાંટા, અમદાવાદમાં રાખવામાં આવેલી. આ કામે ઓળખ પરેડ કરવા માટે બે પંચો એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ મેટ્રોપોલીટન એરીયા, કોર્ટ નં.૨ ના પટ્ટાવાળા મારફતે બોલાવતાં કોર્ટ નં.૨ ના રૂમમાં હાજર થયેલ. આરોપીને બુરખા ઓઢાડી ઢાંકેલ ચહેરે ૧૬.૦૦ કલાકે આ સાહેદ સમક્ષ રજૂ કરવામાં આવેલ. બુરખા ઉતારી આરોપીના દેખાવ, ઉંચાઇ, ઉંમરવાળા પાંચ ડમી માણસોની જરૂરિયાત હોઇ પટ્ટાવાળા મારફતે બહારથી બોલાવવામાં આવેલ. જે પાંચેય ડમી માણસો આવતાં તેઓના નામ સરનામા ઓળખ પરેડ પંચનામામાં નોંધ કરી દીધેલ. આ કામના સાહેદશ્રી ૧૬.૧૫ કલાકે આવતાં પટ્ટાવાળાએ કોર્ટમાં આવી જાણ કરતાં તેઓને બહાર

બેસાડવાની સુચના આપેલી અને જ્યાં સુધી સાહેદને ન બોલાવું ત્યાં સુધી રૂમમાંથી બહાર જવા દેવા નહીં અને પડ્ડાવાળાને ત્યાં ધ્યાન રાખવા બેસાડવામાં આવેલ. આ પાંચ ડમી ઈસમોને એક સીધી લાઇનમાં ઉભા રાખવામાં આવેલા. આ કામના આરોપીને નજીક બોલાવી તેનું નામ સરનામું પુછતાં મહંમદ ઈસ્માઇલ ઉર્ફે અબ્દુલ રાજીક ઉર્ફે મુસુફ ઉર્ફે કુરકાન સ /ઓ. મહંમદ મન્સુરી, ઉ.વ.૨૮, ધંધો–વેપાર, રહે.એ/૮, અલઅમન એપાર્ટમેન્ટ, રાજપુર ગોમતીપુર, ટોલનાકા, અમદાવાદ હોવાનું જણાવેલ. ત્યારબાદ આ આરોપીને પુછેલ કે તમને ક્યાંથી અને કેવી રીતે લાવવામાં આવ્યા છે? તો તેમણે જણાવેલ કે ખાડીયા પોલીસ સ્ટેશનના પોલીસ વાહનમાં લાવેલ છે. ત્યારબાદ પુછેલ કે આ વાહનમાં તમારા સિવાય અન્ય બીજી વ્યકિત હતી કે કેમ? તો તેમણે જણાવેલ કે પોલીસના માણસો સિવાય અન્ય બીજી કોઇ વ્યકિત ન હતી. ત્યારબાદ પુછેલ કે અહીં લાવતાં પહેલા સાહેદથી આમને સામને ઓળખાણ કરાવેલ કે કેમ? તો તેમણે ના પાડેલી. ત્યારબાદ આરોપીને લાઇનમાં ઉભેલા માણસોની વચ્ચે ઉભા રાખતા પહેલા કપડા બદલવાનું પુછતાં તેમણે ના પાડેલી. આ કામના આરોપીને ઉભેલા ડમી માણસોની લાઇનમાં મનપસંદ જગ્યાએ ઉભા રહેવાનું જણાવતાં આરોપી લાઇનમાં અનુક્રમ નં.૨ અને ૩ ની વચ્ચે ઉભા રહી ગયેલ. ત્યારબાદ આ કામના સાહેદને પડ્ડાવાળા મારફતે બોલાવતાં તેમનું નામ સરનામું પુછતાં મહંમદ આરીફ બિસ્મીલ્લામીંયા સૈયદ, ઉ.વ.૩૫, રહે.૧૦૦, સંજય પાર્ક વિભાગ–૧, ગુડલક બેકરેલ માર્કેટ, મદની નગર, નારોલ, અમદાવાદ હોવાનું જણાવેલ. ત્યારબાદ આ સાહેદને ઓળખ પરેડની સમજ આપી જણાવેલ કે આ કામના આરોપી ઉભેલા માણસોની લાઇનમાં ઉભા હોય અને તમે તેમને ઓળખતાં હોય તો લાઇનની નજીક જઇ હાથ પકડી બહાર કાઢી ઓળખી બતાવો. આ કામના સાહેદે ઉભેલા માણસોની નજીક જઇ દરેકના મોંઢા જોઇ એક ઈસમને બહાર કાઢેલ જેનું નામ સરનામું ઓળખ પરેડ પંચનામામાં નોંધી દીધેલ. આ સાહેદ આરોપીને ઓળખી બતાવેલ છે. ત્યારબાદ આ કામના સાહેદ આરોપીને કઇ રીતે ઓળખે છે તે સંબંધે સાહેદે જે હકીકત જણાવેલ તે પંચનામામાં લખી લીધેલ. ત્યારબાદ આ સાહેદ

બીજી કોઇ વ્યકિતને ન મળે તે રીતે બહાર મોકલવામાં આવેલ અને કોર્ટ રૂમનો દરવાજો બંધ કરેલ. આ સાહેદ આરોપીને ઓળખવામાં સફળ થયેલ. આ ઓળખ પરેડ બંધ બારણે લાઇટના અજવાળામાં કરવામાં આવેલ. ઓળખ પરેડ દરમ્યાન પોલીસ અધિકારી કે પોલીસ પ્રોસીક્યુટર કે બહારની અન્ય વ્યકિત હાજર ન હતી. આ ઓળખ પરેડમાં બંને પંચોની સહીઓ પાને પાને તથા અંતે લીધેલી તથા રૂબરૂ તરીકે આ સાહેદે સહી કરેલ છે. આ પંચનામું ૧૬.૦૦ કલાકના શરૂ કરવામાં આવેલ અને ૧૭.૦૦ કલાકે પૂરૂ કરેલ. ઉપર મુજબની કાર્યવાહીનું જે પંચનામુ બનાવવામાં આવેલુ તે આંક–૩૧૭૧ થી રજૂ છે જેમાં આ સાહેદ તેમની તથા પંચોની સહીઓ ઓળખી બતાવે છે તેમજ પંચનામાની નકલ મળેલ છે તેવો શેરો ક્રાઇમ બ્રાન્ચના હેડ કોન્સ્ટેબલે આ સાહેદ રૂબરૂ કરી પંચનામામાં સહી કરેલ છે.

સાહેદે વધુમાં જણાવેલ છે કે ત્યારબાદ તા.૩૧/૧૨/૨૦૦૮ના રોજ ક્રાઇમ બ્રાન્ચે આ સાહેદને એક યાદી પાઠવેલ હતી. જે આંક–૩૧૭૨ થી રજૂ રાખેલ છે અને ત્યારબાદ પોલીસવાળાને ઓળખપરેડ રાખવા માટે સમય અને સ્થળ લખી એક યાદી આપેલી જે યાદી આંક–૩૧૭૩ થી રજૂ રાખેલ છે અને તેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. પરંતુ તા.૬/૧/૨૦૦૯ ના ઓળખ પરેડમાં આરોપી જયુડીશ્યલ કસ્ટડીમાંથી રજૂ કરેલ ન હોઇ ઓળખ પરેડ થઇ શકેલ નહીં તેવો પત્ર આંક–૩૧૭૪ થી રજૂ રાખેલ છે. ત્યારબાદ પોલીસવાળાને ઓળખપરેડ રાખવા માટે સમય અને સ્થળ લખી એક યાદી આપેલી જે યાદી આંક–૩૧૭૫ થી રજૂ રાખેલ છે અને તેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ આ કામની ઓળખ પરેડ કરવા માટે તા.૭/૧/૨૦૦૯ ના રોજ ઓળખ પરેડ કલાક ૧૬.૩૦ વાગ્યે શરૂ કરેલ. આ ઓળખ પરેડ મેટ્રોપોલીટન એરીયા, કોર્ટ નં.૨, ઘી કાંટા, અમદાવાદમાં રાખવામાં આવેલી. આ કામે ઓળખ પરેડ કરવા માટે બે પંચો એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ મેટ્રોપોલીટન એરીયા, કોર્ટ નં.૨ ના પટ્ટાવાળા મારફતે

બોલાવતાં કોર્ટ નં.૨ ના રૂમમાં હાજર થયેલ. આરોપીને બુરખા ઓઢાડી ઢાંકેલ ચહેરે ૧૬.૩૦ કલાકે આ સાહેદ સમક્ષ રજૂ કરવામાં આવેલ. બુરખા ઉતારી આરોપીના દેખાવ, ઊંચાઇ, ઉંમરવાળા પાંચ ડમી માણસોની જરૂરિયાત હોઇ પટ્ટાવાળા મારફતે બહારથી બોલાવવામાં આવેલ. જે ડમી માણસો આવતા તેઓના નામ સરનામા ઓળખ પરેડ પંચનામામાં નોંધ કરી દીધેલ. આ કામના સાહેદશ્રી ૧૬.૪૫ કલાકે આવતા પટ્ટાવાળાએ કોર્ટમાં આવી જાણ કરતા તેઓને બહાર બેસાડવાની સુચના આપેલી અને જ્યાં સુધી સાહેદને ન બોલાવું ત્યાં સુધી રૂમમાંથી બહાર જવા દેવા નહી અને પટ્ટાવાળાને ત્યાં ધ્યાન રાખવા બેસાડવામાં આવેલ. આ પાંચ ડમી ઇસમોને એક સીધી લાઇનમાં ઉભા રાખવામાં આવેલા. આ કામના આરોપીને નજીક બોલાવી તેનું નામ સરનામું પુછતાં મહંમદ આરીફ ઉર્ફે આરીફ બદલ ઉર્ફે જુમન શેખ, ઉ.વ.૩૮, ધંધો–નોકરી, રહે.આજમી પુનાની સ્ટોર, ઇ–બિલ્ડિંગ, દુકાન નં.૬, સીમલા પાર્ક કૌસા, થાણા મુંબઇ–થાણા હોવાનું જણાવેલ. ત્યારબાદ આ આરોપીને પુછેલ કે તમને ક્યાંથી અને કેવી રીતે લાવવામાં આવ્યા છે? તો તેમણે જણાવેલ કે ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેરના સરકારી વાહનમાં લાવેલ છે. ત્યારબાદ પુછેલ કે આ વાહનમાં તમારા સિવાય અન્ય બીજી વ્યકિત હતી કે કેમ? તો તેમણે જણાવેલ કે પોલીસના માણસો સિવાય અન્ય બીજી કોઇ વ્યકિત ન હતી. ત્યારબાદ પુછેલ કે અહીં લાવતા પહેલા સાહેદથી આમને સામને ઓળખાણ કરાવેલ કે કેમ? તો તેમણે ના પાડેલી. ત્યારબાદ આરોપી લાઇનમાં ઉભેલા માણસની વચ્ચે ઉભા રાખતા પહેલા કપડા બદલવાનું પુછતાં તેમણે ના પાડેલી. આ કામના આરોપીને ઉભેલા ડમી માણસોની લાઇનમાં મનપસંદ જગ્યાએ ઉભા રહેવાનું જણાવતા આરોપી લાઇનમાં અનુક્રમ નં.૪ અને ૫ ની વચ્ચે ઉભા રહી ગયેલ. ત્યારબાદ આ કામના સાહેદને પટ્ટાવાળા મારફતે બોલવતાં તેઓ આવેલા અને તેમનું નામ સરનામું પુછતાં મહંમદ હનીફ અબ્દુલ કયુમ રોશન, ઉ.વ.–૨૬, ધંધોઃ વેપાર, રહે.ભુસ્તાન એપાર્ટમેન્ટ–૨, એ–વિંગ, થર્ડ ફલોર, ફલેટ નં.૩૩, બીલાસીસ રોડ, મુંબઇ હોવાનું જણાવેલ. ત્યારબાદ આ સાહેદને ઓળખ પરેડની સમજ

આપી જણાવેલ કે આ કામના આરોપી ઉભેલા માણસોની લાઇનમાં ઉભા હોય અને તમે તેમને ઓળખતા હોય તો લાઇનની નજીક જઇ હાથ પકડી બહાર કાઢી ઓળખી બતાવો. આ કામના સાહેદ ઉભેલા માણસોની નજીક જઇ દરેકના મોંઢા જોઇ એક ઇસમને બહાર કાઢેલ જેનું નામ, સરનામું ઓળખ પરેડ પંચનામામાં નોંધી દીધેલ. આ સાહેદ આરોપીને ઓળખી બતાવે છે અને આરોપીની ઓળખ પરેડ કરવામાં સફળ રહેલ. ત્યારબાદ આ કામના સાહેદ આરોપીને કઇ રીતે ઓળખે છે તે સંબંધે સાહેદે જે હકીકત જણાવેલ તે પંચનામામાં લખી લીધેલ અને અન્ય બીજા સાહેદથી આ કામની ઓળખ પરેડ કરવાની હોઇ પટ્ટાવાળાને આ સાહેદ બીજી કોઇ વ્યકિતને ન મળે તે રીતે બહાર મોકલવામાં આવેલ અને કોર્ટ રૂમનો દરાવાજો બંધ કરેલ.

સાહેદે વધુમાં જણાવેલ છે કે, ત્યારબાદ આ કામે સાહેદ નં.૨ થી ઓળખ કરવાના કામે સાહેદને બોલાવવા પટ્ટાવાળા મોકલેલા તે દરમ્યાન આરોપીને પહેલા કપડા બદલવાનું કહેતા તેણે ના પાડેલ અને આ કામના ડમી માણસોની વચ્ચે આરોપીને ફરી લાઇનમાં ઉભા રાખવાનું કહેતા આરોપી ડમી માણસોની લાઇનમાં અનુક્રમ નં.૩ અને ૪ ની વચ્ચે ઉભા રહેલ. સાહેદ નં.૨ કોર્ટ રૂમમાં આવતા તેમનું નામ સરનામું પુછતા દરશરથભાઇ વિષ્ણુભાઇ પાટીલ, ઉ.વ.૨૨, ધંધો–નોકરી, રહે.મંગળદાસ માર્કેટ, આઠમી ગલી, ઝામા મસ્જિદ પાસે, મુંબઇ હોવાનું જણાવેલ. આ સાહેદને ઓળખ પરેડની સમજણ આપી ડમી માણસોની લાઇનમાં આરોપી ઉભા હોય અને તમે ઓળખતા હોય તો નજીક જઇ ઓળખી બતાવો તેમ કહેતા સાહેદે એક વ્યકિતને લાઇનમાંથી બહાર કાઢેલ જેનું નામ સરનામું ઓળખ પરેડ પંચનામામાં નોંધ કરી દીધેલ. આ આરોપીનું નામ મહંમદ આરીફ ઉર્ફે આસીફબદરૂ ઉર્ફે બદન બદરૂદ્દીન ઉર્ફે જુમન શેખ હોવાનું જણાવેલ. ત્યારબાદ આ કામના સાહેદ આરોપીને કઇ રીતે ઓળખે છે તે સબંધે સાહેદે જણાવેલ હકીકત પંચનામામાં લખી લીધેલ. આ કામે સાહેદ ઓળખ પરેડ કરવામાં સફળ થયેલ. આ કામે સાહેદ નં.૨ ને કોર્ટ રૂમની બહાર જવા દેવામાં આવેલ અને કોર્ટ રૂમનો દરવાજો બંધ કરવામાં આવેલ. આ ઓળખ પરેડ બંધ

બારણે લાઈટના અંજવાળામાં કરવામાં આવેલ. ઓળખ પરેડ દરમ્યાન પોલીસ અધિકારી કે પોલીસ પ્રોસીક્યુટર કે બહારની અન્ય વ્યકિત હાજર ન હતી. આ ઓળખ પરેડમાં બંને પંચોની સહી પાને પાને તથા અંતે લીધેલી તથા રૂબરૂ તરીકે આ સાહેદે સહી કરેલ છે. આ પંચનામું ૧૬.૩૦ કલાકે શરૂ કરવામાં આવેલ અને ૧૭.૨૫ કલાકે પૂરું કરેલ. ઉપર મુજબની કાર્યવાહીનું જે પંચનામુ બનાવવામાં આવેલુ તે આંક–૩૧૭૬ થી ૨જૂ છે જેમાં આ સાહેદ તેમની તથા પંચોની સહીઓ ઓળખી બતાવે છે તેમજ પંચનામાની નકલ મળેલ છે તેવો શેરો ક્રાઇમ બ્રાન્ચના હેડ કોન્સ્ટેબલે આ સાહેદ રૂબરૂ કરી, પંચનામામાં સહી કરેલ છે.

સાહેદે વધુમાં જણાવેલ છે કે ત્યારબાદ તા.૩૧/૧૨/૨૦૦૮ ના રોજ ક્રાઇમ બ્રાન્ચે આ સાહેદને એક યાદી પાઠવેલ હતી. જે આંક–૩૧૭૭ થી ૨જૂ રાખેલ છે અને ત્યારબાદ પોલીસવાળાને ઓળખપરેડ રાખવા માટે સમય અને સ્થળ લખી એક યાદી આપેલી જે યાદી આંક–૩૧૭૮ થી ૨જૂ રાખેલ છે અને તેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

સાહેદ વધુમાં જણાવે છે કે તા.૯/૧/૨૦૦૯ ના રોજ ૧૭.૦૦ કલાકે કોર્ટ નં.૨ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ, ઘી કાંટા, અમદાવાદ ખાતે ઓળખ પરેડ રાખેલ. આ કામે બે પંચોની જરૂરિયાત હોઇ પંચોને બોલાવેલા, પંચોના નામ, સરનામા ઓળખ પરેડ પંચનામામાં લખી લીધેલ. આરોપીને આ સાહેદ સમક્ષ બુરખો ઓઢાડી ઢાંકેલ ચહેરે ૧૭.૦૦ કલાકે ૨જૂ કરવામાં આવેલ. ત્યારે ફરિયાદી કે સાહેદ હાજર ન હતા અને આરોપીને હથકડી કે દોરડા બાંધેલ ન હતા. આરોપીનો બુરખો ઉતારી તેના જેવા દેખાવ અને ઊંચાઇ ચહેરાવાળા કપડા પહેરેલા ડમી વ્યકિતઓની જરૂરિયાત હોઇ પક્ષકારવાળાને બહારથી બોલાવી લાવવાનું કહેલ. જે ડમી આવતા તેમના નામ સરનામા ઓળખ પરેડના પંચનામામાં નોંધ કરી દીધેલ. આ કામના સાહેદ ૧૭.૧૫ કલાકે આવતા પક્ષકારવાળાએ કોર્ટમાં જાણ કરતા તેઓને બહાર બેસાડવાની સુચના આપેલી અને જ્યાં સુધી કોર્ટમાં ન બોલાવું ત્યાં સુધી રૂમની બહાર જવા દેવા નહી અને પક્ષકારવાળાને ધ્યાન રાખવા કહેલું. પાંચ ડમી વ્યકિતઓને ઉભા રાખેલા, આ

કામના આરોપીએ પોતાનુ નામ આસીફ ઉર્ફે હસન બસીરૂદ્દીન શેખ, ઉ.વ.૨૪, ધંધો–નોકરી, રહે.એ/૩૦૩, કુમાર પ્રગતિ બિલ્ડિંગ, એન.આઇ.બી.એમ.રોડ, કોન્ડવા, પુના, મહારાષ્ટ્ર હોવાનું જણાવેલ. આ આરોપીને પુછેલ કે તમને ક્યાંથી અને કેવી રીતે લાવેલ? ક્રાઇમ બ્રાન્ચના પોલીસ વાહનમાં લાવેલ છે તેવું જણાવેલ. ત્યારબાદ પુછેલ કે આ વાહનમાં લાવેલ ત્યારે તમારી સાથે બીજી કોઇ વ્યકિત હતી કે કેમ?તો આરોપીએ જણાવેલ કે પોલીસના વાહનમાં પોલીસના માણસો સિવાય અન્ય કોઇ વ્યકિત ન હતી અને સાહેદથી આમને સામને ઓળખાણ પણ કરાવેલ ન હતી. ત્યારબાદ આરોપીને ડમી વ્યકિતઓની લાઇનમાં ઉભા રહેતા પહેલા કપડા બદલવાનું કહેતા કપડા બદલવાની ના પાડેલ. આરોપી ઉભેલી ડમી માણસોની લાઇનમાં અનુક્રમ નં. ૨ અને ૩ ની વચ્ચે ઉભા રહેલ. આ કામના સાહેદને પટ્ટાવાળા મારફતે બોલાવેલા અને સાહેદ કોર્ટમાં આવતા તેમનું નામ પુછતાં રેઝાઆમદ નબાતીખાન, ઉ.વ. ૫૫, ધંધો– વેપાર, રહે.મકાન નં.૨, સેનીગોકસ્ટીક ઇમામવાડા બિલ્ડિંગ, ગીતા સોસાયટીની બાજુમાં, પુના કેમ્પ, મહારાષ્ટ્ર હોવાનું જણાવેલ. આ સાહેદને ઓળખ પરેડની સમજણ આપી જણાવેલ કે જો આરોપી ઉભેલ માણસોની લાઇનમાં ઉભા હોય અને તમો ઓળખતા હો તો તમે લાઇનની નજીક જઇ દરેક વ્યકિતના મોંઢા જોઇ હાથ પકડી ઓળખી બતાવી બહાર કાઢો. આ સાહેદે એક વ્યકિતને બહાર કાઢેલ જેનું નામ પુછતા આસીફ ઉર્ફે હસન બદરૂદ્દીન શેખ હોવાનું જણાવેલ જે ઓળખ પરેડના પંચનામામાં નોંધ કરી દીધેલ. આ સાહેદને તમે આ વ્યકિત કેવી રીતે ઓળખો છો? તેમ પુછતા તેમણે જણાવેલ વિગત ઓળખ પરેડ પંચનામામાં લખી લીધેલ અને આ સાહેદને કોર્ટ રૂમની બહાર જવા દીધેલ. આ સાહેદે આરોપીને ઓળખી બતાવેલ. આ કામે આરોપીની બીજા સાહેદથી ઓળખ કરાવવાના કામે આરોપીને લાઇનમાં ઉભા રાખતા પહેલા કપડા બદલવાનું પુછતા ના પાડેલ છે. ત્યારબાદ આ આરોપીને ડમી માણસોની વચ્ચે મનપસંદ જગ્યાએ ઉભા રહેવાનું જણાવતા આરોપી અનુક્રમ નં.૧ અને ૨ ની વચ્ચે ઉભા રહી ગયેલ અને પટ્ટાવાળા મારફતે સાહેદ નં.૨ ને બહારથી બોલવતા તેઓનું નામ સરનામું

પુછતા અખતર મહંમદ હનીફ મેમણ ઉ.વ.૪૦, ધંધો–વેપાર, રહે–બી–૧૩, વજીરકાસ કેડ સર્વે નં.૪૬, કોન્ડવાખુર્દ, પુના, મહારાષ્ટ્ર જણાવેલ. આ સાહેદ નં. ૨ ને ઓળખ પરેડની સમજણ આપી ઉભેલા માણસોની લાઇનમાં આરોપી જો ઉભા હોય અને તમે તેને ઓળખતા હો તો બહાર કાઢી ઓળખી બતાવો. સાહેદ નં. ૨ એ એક વ્યકિતને બહાર કાઢેલ જેનું નામ સરનામું ઓળખ પરેડ પંચનામામાં નોંધ કરેલ. આ સાહેદ નં.૨ ને આ વ્યકિતને કેવી રીતે ઓળખો છો? તેમ પુછતા તેઓએ જણાવેલ વિગતની ઓળખ પરેડ પંચનામામાં નોંધ કરી દીધેલ અને સાહેદ નં.૨ ને કોર્ટ રૂમની બહાર જવા દેવામાં આવેલ. આ સાહેદે આરોપીને ઓળખી બતાવેલ છે. આ કામની ઓળખ પરેડમાં સાહેદ નં.૧ અને સાહેદ નં.૨ એ આરોપીને ઓળખી બતાવેલ. આ ઓળખ પરેડ બંધ બારણે લાઇટના અજવાળે કરેલ હતી, ઓળખ પરેડ દરમ્યાન પોલીસ પ્રોસીક્યુટર, પોલીસ અધિકારી કે અન્ય કોઇ બહારની વ્યકિત કોર્ટરૂમમાં ન હતાં. આ ઓળખ પરેડ પંચોની હાજરીમાં કરેલ હતી. જે બે પંચોની પાને પાને સહી મેળવેલ છે તથા આ સાહેદે સહી કરેલ છે. આ ઓળખ પરેડ ૧૭.૦૦ કલાકે શરૂ કરી ૧૮.૦૦ કલાકે પૂર્ણ કરેલ છે. ઉપર મુજબની કાર્યવાહીનું જે પંચનામુ બનાવવામાં આવેલુ તે આંક–૩૧૭૯ થી રજૂ છે જેમાં આ સાહેદ તેમની તથા પંચોની સહીઓ ઓળખી બતાવે છે તેમજ પંચનામાની નકલ મળેલ છે તેવો શેરો ક્રાઇમ બ્રાન્ચના હેડ કોન્સ્ટેબલે આ સાહેદ રૂબરૂ કરી પંચનામામાં સહી કરેલ છે.

સાહેદે વધુમાં જણાવેલ છે કે ત્યારબાદ તા.૩૧/૧૨/૨૦૦૮ ના રોજ ક્રાઇમ બ્રાન્ચે આ સાહેદને એક યાદી પાઠવેલ હતી. જે આંક–૩૧૮૦ થી રજૂ રાખેલ છે અને ત્યારબાદ પોલીસવાળાને ઓળખપરેડ રાખવા માટે સમય અને સ્થળ લખી એક યાદી આપેલી જે યાદી આંક–૩૧૮૧ થી રજૂ રાખેલ છે અને તેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

સાહેદ વધુમાં જણાવે છે કે તા.૧૨/૧/૨૦૦૯ ના રોજ ૧૭.૦૦ કલાકે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૨ ના રૂમમાં આરોપીની ઓળખ પરેડ કરવાના કામે બે પંચો પટ્ટાવાળા મારફતે બોલાવવામાં આવેલ. આ બંને પંચોને

ઓળખ પરેડની સમજ આપી તેઓના નામ, સરનામાની ઓળખ પરેડના પંચનામામાં નોંધ કરેલ. આ કામના આરોપીને આ સાહેદ સમક્ષ ૧૭.૦૦ કલાકે રજૂ કરવામાં આવેલ ત્યારે બુરખો ઓઢાડી ઢાંકેલ ચહેરે લાવવવામાં આવેલ. આરોપીને રજૂ કરેલ તે સમયે ફરિયાદી કે સાહેદ હાજર ન હતા અને આરોપીને હથકડી કે દોરડા બાંધેલ ન હતા. આરોપીનો બુરખો ઉતારી જોતા તેમના જેવા દેખાવ, ઊંચાઇ, ચહેરાવાળા ડમી વ્યક્તિઓની આ કામે જરૂરિયાત હોઇ પટ્ટાવાળાને બહારથી બોલાવી લાવવાનું કહેલ. આ ડમી માણસો આવતા તેઓના નામ સરનામા ઓળખ પરેડ પંચનામામાં નોંધ કરી દીધેલ. આ કામના સાહેદ ૧૭.૧૫ કલાકે આવતા પટ્ટાવાળાએ જાણ કરતા તેઓને બહાર બેસાડવાનું કહેલ અને જ્યાં સુધી તેમને બોલાવું નહી ત્યાં સુધી તેમને અંદર ન આવવા સુચના આપેલ. આ કામના આરોપીને નજીક બોલાવી નામ પુછતા ફજલે રહેમાન ઉર્ફે સલાઉદ્દીન મુસદ્દીક ખાન દુરાની, ઉ.વ.૨૩, ધંધો–વેપાર,રે. અજીજ મહોલ્લા, મુ.પાથરી, તા.પાથરી, જિ.પરભની, મહારાષ્ટ્ર જણાવેલ. આ કામના આરોપીને તેમને ક્યાંથી અને કેવી રીતે લાવવામાં આવેલ? તેમ પુછતા જણાવેલ કે ક્રાઇમ બ્રાન્ચવાળા પોલીસ વાહનમાં લાવવામાં આવેલ. ત્યારબાદ પુછેલ કે આ વાહનમાં તમારી સાથે અન્ય કોઇ વ્યકિત હતી કે કેમ? તો આરોપીએ જણાવેલ કે પોલીસના માણસો સિવાય અન્ય કોઇ વ્યકિત ન હતી. ત્યારબાદ પુછેલ કે સાહેદથી આમને સામને ઓળખાણ કરાવેલ છે કે કેમ? તો આરોપીએ ના પાડેલી. આ આરોપીને ડમી માણસોની લાઇનમાં મનપસંદ જગ્યાએ ઉભા રહેવાનું કહેતા આરોપી ડમી માણસોની લાઇનમાં અનુક્રમ નં.૨ અને ૩ ની વચ્ચે ઉભા રહી ગયેલ. ત્યારબાદ પટ્ટાવાળા મારફતે સાહેદને બોલાવતા નામ સરનામું પુછતા અસ્ફાક ઉર્ફે નઇમ જાનસાબ સૈયદ, ઉ.વ.૪૦, ધંધો–વેપાર, રહે.બી/૨/૨૨, બ્રહ્મા એસ્ટેટ, કોન્ડવા, પુના–મહારાષ્ટ્ર જણાવેલ. આ સાહેદને આ ઓળખ પરેડ અંગે સમજણ આપી જણાવેલ કે આરોપી ઉભેલા માણસોની લાઇનમાં ઉભા હોય અને તમે તેને ઓળખતા હોય તો હાથ પકડી લાઇનમાંથી બહાર કાઢી ઓળખી બતાવો. આ સાહેદે એક વ્યકિતને

બહાર કાઢી ઓળખી બતાવેલ જેનું નામ ફજલે રહેમાન ઉર્ફે સલાઉદ્દીન મુસદ્દીકખાન દુરાની હોવાનું જણાવેલ. આ સાહેદને આ વ્યકિતને કેવી રીતે ઓળખો છો? તેમ પુછતા તેઓએ જણાવેલ વિગતની ઓળખ પરેડ પંચનામામાં નોંધ કરી દીધેલ. આ કામે સાહેદ આરોપીને ઓળખી બતાવવામાં સફળ થયેલ હતા. આ ઓળખ પરેડ બંધ બારણે લાઈટના અજવાળે કરવામાં આવેલ. આ ઓળખ પરેડ વખતે તપાસ કરનાર પોલીસ અધિકારી કે અન્ય કોઈ બહારના વ્યકિત ત્યાં હાજર ન હતા. આ ઓળખ પરેડ ૧૭.૦૦ કલાકે શરૂ કરી ૧૭.૫૦ કલાકે પૂર્ણ કરેલ છે અને પંચોની હાજરીમાં કરેલ હોઇ પંચનામાના દરેક પાને તથા અંતે પંચોની સહી કરેલ છે. ઉપર મુજબની કાર્યવાહીનું જે પંચનામુ બનાવવામાં આવેલુ તે આંક–૩૧૮૨ થી રજૂ છે જેમાં આ સાહેદ તેમની તથા પંચોની સહીઓ ઓળખી બતાવે છે તેમજ પંચનામાની નકલ મળેલ છે તેવો શેરો એ.એસ.આઈ.એ આ સાહેદ રૂબરૂ કરી પંચનામામાં સહી કરેલ છે.

સાહેદે વધુમાં જણાવેલ છે કે ત્યારબાદ તા.૧૭/૧/૨૦૦૯ ના રોજ ક્રાઈમ બ્રાન્ચે આ સાહેદને એક યાદી પાઠવેલ હતી. જે આંક–૩૧૮૩ થી રજૂ રાખેલ છે અને ત્યારબાદ પોલીસવાળાને ઓળખપરેડ રાખવા માટે સમય અને સ્થળ લખી એક યાદી આપેલી જે યાદી આંક–૩૧૮૪ થી રજૂ રાખેલ છે અને તેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

સાહેદ વધુમાં જણાવે છે કે તા.૨૧/૧/૨૦૦૯ ના રોજ ૧૭.૦૦ કલાકે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૨, કોર્ટ રૂમમાં ઓળખ પરેડ અંગે બે પંચોની જરૂરિયાત હોઇ પક્ષવાળાને બહારથી બે પંચો બોલાવી લાવવા જણાવેલુ આ પંચો આવતા પંચોને આ ઓળખ પરેડની સમજ આપી અને ઓળખ પરેડ પંચનામામાં તેઓના નામો લખી લીધેલા. ક્રાઈમ બ્રાન્ચવાળા આરોપીને બુરખો ઓઢાડી ઢાંકેલ ચહેરે આ સાહેદ સમક્ષ ૧૭.૦૦ કલાકે રજૂ કરવામાં આવેલ. ત્યારે સાહેદ હાજર ન હતા અને આરોપીને હથકડી કે દોરડા બાંધેલ ન હતા. આરોપીનો બુરખો હટાવી જોતા તેમના જેવા દેખાવ, ઊંચાઇ, ઉંમરવાળા ડમી વ્યકિતઓની જરૂર હોઇ પક્ષવાળાને બહારથી બોલાવી લાવવાનું કહેલ. ડમી વ્યકિતઓ

આવતા તેઓના નામ સરનામા ઓળખ પરેડ પંચનામામાં નોંધ કરી દીધેલ. આ ડમી વ્યકિતઓ કુલ–પાંચ આવેલ. આ કામે સાહેદ ૧૭.૧૫ કલાકે આવતા પક્ષકારોએ જાણ કરતા તેમને બહાર બેસાડી રાખવા સુચના આપેલ અને કોર્ટમાં ના બોલાવુ ત્યાં સુધી તેમનું ધ્યાન રાખવા કહેલ. પાંચ ડમી વ્યકિતઓના નામ સરનામા લખ્યા બાદ લાઇનમાં ઉભા રાખેલ અને આરોપીને નજીક બોલાવી તેનું નામ પુછતા ક્યામુદ્દીન ઉર્ફે રીઝવાન ઉર્ફે અસફાક સફરૂદ્દીન કાપડીયા , ઉ.વ.૨૬, ધંધો–પ્રિન્ટીંગ કામ, રહે.બાગે ચીસ્તીવાડાની વાડી, તાઇવાડા, કુંભારવાડા, સ્વામિનારાયણ મંદિરની બાજુમાં, વડોદરા હોવાનું જણાવેલ. આરોપીને તમને ક્યાંથી અને કેવી રીતે લાવવામાં આવેલ છે? તેમ પુછતા તેમણે જણાવેલ કે ક્રાઇમ બ્રાન્ચવાળા પોલીસ વાહનમાં લાવેલા છે અને ત્યારબાદ પુછેલ કે પોલીસ વાહનમાં તમારા સિવાય અન્ય કોઇ વ્યકિત હતાં કે કેમ? તો આરોપીએ જણાવેલ કે પોલીસ સિવાય અન્ય કોઇ વ્યકિત ન હતા. ત્યારબાદ પુછેલ કે તમને સાહેદથી આમને સામને ઓળખાણ કરાવેલ છે કે કેમ? તો આરોપીઓ ના પાડેલી. ત્યારબાદ કપડા બદલવાનું પુછતા આરોપીએ ના પાડેલ. આ ડમી ઉભેલા માણસોની વચ્ચે મનપસંદ જગ્યાએ ઉભા રહેવાનું કહેતા આરોપી અનુક્રમ નં.૩ અને ૪ ની વચ્ચે ઉભા રહેલ. ત્યારબાદ સાહેદનું નામ પુછતા હીફજુ રહેમાન અબ્દુલકરીમ શેખ (વોરા), ઉ.વ.૫૮, ધંધો–વેપાર, રહે. ઘર નં.૧૮૮૮/૧, મુઝાહીદની પોળ, પાંચ પટ્ટી, કાલુપુર, અમદાવાદ શહેર હોવાનું જણાવેલ. આ સાહેદને આરોપી જો ઉભેલા માણસોની લાઇનમાં ઉભા હોય અને તમે તેને ઓળખતા હોય તો લાઇનની નજીક જઇ બહાર કાઢી ઓળખી બતાવો. સાહેદે એક વ્યકિતને બહાર કાઢેલ જેનું નામ પુછતા કયામુદ્દીન ઉર્ફે રીઝવાન ઉર્ફે અસફાક સરકુદ્દીન કાપડીયા હોવાનું જણાવેલ. ત્યારબાદ આ સાહેદને આ વ્યકિતને કેવી રીતે ઓળખો છો તેમ પુછતા તેમણે જણાવેલ વિગત ઓળખ પરેડ પંચનામામાં લખી લીધેલ. ત્યારબાદ આ સાહેદને કોર્ટ રૂમની બહાર જવા દેવામાં આવેલ અને કોર્ટ રૂમનો દરવાજો બંધ કરવામાં આવેલ .આ સાહેદ આરોપીને ઓળખી બતાવવામાં સફળ થયેલ. આ ઓળખ પરેડ દરમ્યાન પોલીસ

પ્રોસીક્યુટર કે અન્ય કોઇ પોલીસના માણસો ન હતા. આ ઓળખ પરેડ લાઇટના અજવાળામાં કરેલ હતી. આ ઓળખ પરેડ ૧૭.૦૦ કલાકે શરૂ કરી ૧૭.૪૫ કલાકે પૂર્ણ કરેલ. ઉપર મુજબની કાર્યવાહીનું જે પંચનામુ બનાવવામાં આવેલુ તે આંક–૩૧૮૫ થી ૨જૂ છે જેમાં આ સાહેદ તેમની તથા પંચોની સહીઓ ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો ઉપરોકત પંચનામાની કાર્યવાહી આ સાહેદે કરી તે પોતાના હોદ્દાની રૂએ ઓફીશીયલ કામગીરી કરેલાનું કબૂલ કરે છે. દરેક પત્ર વ્યવહારમાં ઈનવર્ડ કે આઉટવર્ડ કાર્યવાહી થાય છે તો તે હકીકત નકારી છે. પત્ર ઈનવર્ડ અને આઉટવર્ડ ન થાય તે દસ્તાવેજો આ સાહેદની ઈચ્છા મુજબ રાખવામાં આવતા હતા તો તે હકીકત નકારી છે. બદલીના પ્રસંગે ઈનવર્ડ અને આઉટવર્ડ વિનાના કાગળો તથા દસ્તાવેજો આવનાર અધિકારીને જાણ થાય તેવી વ્યવસ્થા કરેલી તેમ જણાવે છે. આવી વ્યવસ્થામાં મહત્વના દસ્તાવેજો જેવા કે ડી.ડી., ઓળખ પરેડ, ઈન્કવેસ્ટ પંચનામા વિગેરે અગત્યના દસ્તાવેજો પોતાની પાસે રાખવામાં આવે છે. અગત્યના દસ્તાવેજો પોતાની પાસે એટલા માટે રાખવામાં આવે છે કે ઈનવર્ડ કે આઉટવર્ડ કરતા નથી તો તે હકીકત નકારી છે. કોઈ પંચો કે સાક્ષીઓ કે આરોપીઓ સાથે વિશેષ વાતચીત કે ઘટના થઈ હોય તેવુ બન્યુ નથી. સમગ્ર પંચનામાની કાર્યવાહી દરમ્યાન આ સાહેદ કોર્ટમાંથી ઉભા થઈ બહાર ગયા હોય તેવુ બન્યુ નથી. આ ઉપરાંત આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતા કોર્ટ નં.૨ કયાં આવેલી છે તે બાબતે, પરસાળ અને દાદર કઈ તરફ જાય છે તે બાબતે, પરસાળની લંબાઈ અને પહોળાઈ બાબતે, પક્ષકારો અને વકીલોની અવર–જવર બાબતે, કોર્ટની બહાર મેદાન બાબતે પ્રશ્નો પુછવામાં આવેલા છે જે સુસંગત નથી. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો પોલીસની સુચના અને કહેવા મુજબ પ્રથમ આરોપીઓને બોલાવીએ છીએ અને ત્યારબાદ સાક્ષીઓને બોલાવતા તેઓને જોવાની તક આપવામાં આવે છે તો તે હકીકત નકારી છે. દરેક પંચનામાના સાહેદો અને પંચો કયારે આવેલા અને કયા સમયે આરોપીઓને ઓળખી બતાવવામાં આવેલા તેનો ઉલ્લેખ કરવામાં આવેલો

નથી તો તે હકીકત પણ નકારી છે. સાહેદોએ પંચનામા વખતે આરોપીઓને ઓળખવામાં કેટલો સમય લીધેલો તેનો ઉલ્લેખ કરવામાં આવેલો નથી તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે સાહેદોએ પંચનામા વખતે આરોપીઓને ઓળખવામાં જે પણ સમય લીધો હોય તે સમય નોંધવો જ જોઈએ તેવી કાયદામાં કયાંય જોગવાઈ કરવામાં આવેલી નથી. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો ઓળખ અંગેની યાદીમાં દર્શાવેલ સાહેદોની ઓળખ સબંધેના કોઈ દસ્તાવેજો જોયેલા નથી તે કબૂલ કરે છે. આરોપી કે સાહેદોની ઓળખ સબંધેના કોઈ ચિન્હ અને નિશાનીઓના અભાવે તેને ઓળખી શકતા નથી તે હકીકત નકારી છે. પટ્ટાવાળા દ્વારા ડમી માણસોને પાંચ–દસ મિનિટમાં બોલાવેલાનુ જણાવે છે, આ ડમી માણસોની પુછપરછ કરેલ નથી. પટ્ટાવાળાએ આરોપીઓને જોયા છે અને તેમને જોયા બાદ ડમી માણસોને બોલાવવામાં આવેલા તેની નોંધ પંચનામામાં કરેલ નથી તો તે કબૂલ કરે છે. પોલીસ યાદી મુજબ આરોપીઓ ઘણા સમયથી પોલીસ કસ્ટડીમાં હતા કે કેમ? તે અંગેની પુછપરછ પોલીસ અધિકારીને કરી નથી. ઓળખ પરેડ વિધિના સાહેદ બહાર નીકળીને કોને મળતા હતા અને શું કરતા હતા તે સબંધે જાણકારી નથી તો તે હકીકત કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે જે સાહેદની ઓળખ વિધિ પૂરી થાય અને ત્યારબાદ તે સાહેદને કોર્ટ રૂમની બહાર મોકલ્યા પછી તે સાહેદ કોને મળે છે તે જોવાની જવાબદારી કે ફરજ ઓળખ પરેડ કરાવનાર એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટની નથી અને જાણકારી મેળવવાની પણ તેઓની કોઈ ફરજ નથી માટે આવા પ્રશ્ન પુછવાનો કોઈ અર્થ નથી.

વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો આરોપીઓને રજૂ કરનાર પોલીસ અધિકારીઓને ઓળખ પરેડની કાર્યવાહી દરમ્યાન પરસાળમાંથી દુર જતા રહેવા સુચના આપેલી નથી તો તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે આવી સુચના આપવાની કોઈ જરૂરિયાત નથી. જે પોલીસ અધિકારીઓ આરોપીઓને લઈને આવેલા તે જેલમાંથી આવેલા હતા તેઓ જાપ્તામાં આવેલા હતા અને આરોપીઓ કયાંક નાસી ભાગી ન જાય તે માટે ઓળખ પરેડની વિધિ

દરમ્યાન આવા અધિકારીઓ પરસાળમાંથી દુર જઈ શકે નહી. વધુમાં ઊલટ તપાસ ધ્યાને લઈએ તો દરેક પંચનામાના આરોપીઓએ કોઈ કપડા બદલેલ નથી તે કબૂલ કરે છે પરંતુ આ સાહેદે પોતાની સરતપાસમાં સ્પષ્ટ જણાવેલુ છે કે આરોપીઓને કપડા બદલવાની જાણ કરતા તેઓએ પોતાના કપડા બદલવાની ના પાડેલી હતી. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો જે આરોપીઓને ઓળખ પરેડ માટે રજૂ કરવામાં આવેલા તેઓના પોષાક અને તેઓની શારીરિક સ્થિતિ તથા રંગનુ વર્ણન પંચનામામાં કરેલ નથી તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે આવુ વર્ણન પંચનામામાં કરવુ જોઈએ તેવી પણ કોઈ આદેશાત્મક જોગવાઈ નથી. ઓળખ પરેડની કાર્યવાહીમાં રજૂ થયેલા તમામ આરોપીઓ મુસ્લિમ હતા તે કબૂલ કરે છે. ઓળખ પરેડના પંચનામામાં ડમી વ્યકિત તરીકે એક મુસ્લિમ વ્યકિત છે અને બાકીના હિન્દુ વ્યકિત છે તે કબૂલ કરે છે. પોલીસ યાદીઓમાં ઓળખ પરેડ કરવા માટે ફરિયાદી અથવા સાહેદો તરફથી અરજી કે વિનંતી કરવામાં આવેલ છે તેવી હકીકત લખેલી તે ખરી હોવાનું જણાવે છે. પોલીસ યાદીમાં સાહેદ આરોપીને કઈ રીતે ઓળખે છે તેનુ વિવરણ લખવામાં આવેલુ છે તે કબૂલ કરે છે. પોલીસની સુચના પ્રમાણે પંચનામા તૈયાર કરીને પંચોની સહીઓ કરાવેલાની હકીકત નકારેલી છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો પંચનામાની કાર્યવાહી દરમ્યાન જે જે વસ્તુ બનતી હતી તે જ પ્રમાણે તેનુ લખાણ કરવામાં આવતુ હતુ તે કબૂલ કરે છે. આઠેય પંચનામામાં આ જ કાર્યવાહી અનુસરવામાં આવેલી તેમ જણાવે છે. જે કાર્યવાહી કરેલી તે આ સાહેદે કરેલી તેનો ઉલ્લેખ પંચનામામાં કરેલો નથી તો તે કબૂલ કરે છે. આરોપીઓને લાવવામાં આવ્યા ત્યારે સાહેદોની હાજરી ન હતી તેવી હકીકતનો ઉલ્લેખ પંચનામામાં કરેલ નથી તે કબૂલ કરે છે. આરોપી આવ્યા તેના કેટલા સમય પહેલા પંચોને બોલાવેલા તે કહી શકે તેમ નથી. આઠ પૈકી ચાર પોલીસ યાદીમાં આરોપીઓ જયુડીશીયલ કસ્ટડીમાં હોવાનો ઉલ્લેખ છે તેમ જણાવે છે. દરેક પોલીસ યાદીમાં સાહેદના નામ સરનામા લખેલા છે તે કબૂલ કરે છે. સાહેદોને આ સાહેદ સમક્ષ હાજર રહેવા કોઈ નોટિસ કે સમન્સ પાઠવેલો નથી તે કબૂલ કરે છે.

આ સાહેદ સમક્ષ સાહેદો કઈ રીતે હાજર થયા તે કહી શકે નહીં તો તે કબૂલ કરે છે. આરોપીને આ સાહેદ સમક્ષ લાવવામાં આવ્યા ત્યારે કોન્સ્ટેબલ હાથ પકડીને લાવેલા. હાથ એટલા માટે પકડેલો હતો કે આરોપીએ બુરખો પહેરેલો હતો અને કોઈ જોઈ શકે નહીં. જો આ હકીકત હોય તો આરોપી બુરખામાં હોવાથી સાહેદોએ તેને ઓળખ પરેડ પહેલા જોયેલાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. બુરખો પહેરાવેલ હાલતમાં આરોપીને કયા વાહનમાં લાવવામાં આવેલ અને તેની સાથે કેટલી વ્યકિત હતી તે કહી શકે નહીં. પહેલા દિવસે ઓળખ પરેડ પૂરી કર્યા પછી કામનુ ભારણ હોવાથી બીજી ઓળખ પરેડ બીજા દિવસે રાખવામાં આવેલાનું જણાવે છે. બીજા દિવસે કાર્યવાહી વખતે આરોપીને જોવાનો પુરો અવકાશ રહે તો તે હકીકત નકારી છે. આંક–૩૧૬૦ તથા ૩૧૬૬ વાળી પોલીસ યાદીઓ નાયબ પોલીસ અધીક્ષકશ્રી વી.આર.ટોળીયાએ કરેલાનું જણાવે છે. આંક–૩૧૬૩ ની પોલીસ યાદી ત્રણ આરોપીઓની ઓળખ સંબંધેની છે તે કબૂલ કરે છે. ત્રણેય આરોપીઓના દેખાવ, ઊંચાઈ અને રંગરૂપ એકસરખા હતા કે કેમ? તે કહી શકે તેમ નથી. ઓળખ વિધિ પુરી થયા બાદ પોલીસવાળા આરોપીઓને કેવી રીતે બહાર લઈ ગયેલા તે કહી શકે તેમ નથી.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ કેસમાં આ સાહેદે ઘણા બધા સાક્ષીઓની પોતાના રૂબરૂ ઘણા બધા આરોપીઓની ઓળખ પરેડ કરાવેલી છે અને કુલ–બે વખત ઓળખ પરેડ કરાવીને જુદા–જુદા આરોપીઓને જુદા–જુદા સાહેદો સમક્ષ ઓળખ પરેડ કરાવેલી છે. બચાવપક્ષ તરફથી કોઈ ચોકકસ ઓળખ પરેડના પંચનામા બાબતે ઊલટતપાસ કરવામાં આવેલી નથી. પરંતુ ખાડીયા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૭૧/૨૦૦૮ ના કામે આરોપી નં.૨૭ મહંમદ ઈસ્માઈલ મહંમદ ઈશાક મન્સુરીનાઓની ઓળખ પરેડ આ સાહેદ બે પંચો રૂબરૂ સાહેદ નં.૯૫૨ મહંમદ આરીફ બીસ્મીલ્લાહમીંયા સૈયદ દ્વારા કરાવેલી હતી અને તે અંગેનુ પંચનામુ આંક–૩૧૭૧ બનાવવામાં આવેલુ છે. આ સંબંધે સાહેદ નં.૯૫૨ મહંમદઆરીફ બીસ્મીલ્લાહમિયા સૈયદે પોતાની જુબાનીમાં વિસ્તૃતપણે હકીકતો જણાવેલી છે અને પંચનામાની

કાર્યવાહી દરમ્યાન આ સાહેદ નં.૯૫૨ નાઓએ આરોપી નં.૨૭ ને ઓળખી બતાવેલા છે. આ સાહેદે જે કોઈ કાર્યવાહી કરેલી તે ફરજના ભાગરૂપે કરવામાં આવેલી હતી. આ સાહેદને આરોપીઓ સાથે કોઈ દુશ્મનાવટ નથી, આરોપીઓને કે સાહેદોને તેઓ ઓળખતા ન હતા જેથી આ સાહેદની જુબાની નહીં માનવાને કોઈ કારણ રહેતુ નથી.

આ ઉપરાંત આ સાહેદ શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ ના કામે સાહેદ નં.૧૦૬૭ અંબાલાલ વેચાતભાઈ બારૈયા તથા સાહેદ નં.૯૮૧ પ્રવિણભાઈ હમીરભાઈ કટારીયાઓ સમક્ષ તા.૧૬.૧૨.૨૦૦૮ ના રોજ આંક-૩૧૬૨ ના પંચનામાથી આરોપી નં.૩૭ કયામુદ્દીન સરકુદ્દીન કાપડીયાની ઓળખ પરેડ કરાવેલી હતી. આ ઉપરાંત આ જ શાહીબાગ પોલીસ સ્ટેશનના ગુના કામે તા.૧૭.૧૨.૨૦૦૮ ના રોજ આંક-૩૧૬૮ ના પંચનામાથી આરોપી નં.૩૭ કયામુદ્દીન સરકુદ્દીન કાપડીયાની સાહેદ નં.૯૨૪ સરફરાજ અબ્દુલરહીમ અજમેરવાલા તથા સાહેદ નં.૯૩૦ ઈશ્વરભાઈ સોમાભાઈ રાવત તથા સાહેદ નં.૯૪૩ પુખરાજબાનુ મહંમદયાકુબ શેખ દ્વારા ઓળખ પરેડ કરાવેલી હતી. આ ઉપરાંત રામોલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૩૨૧/૨૦૦૮ ના કામે તા.૨૧.૧.૨૦૦૯ ના રોજ આરોપી નં.૩૭ કયામુદ્દીન સરકુદ્દીન કાપડીયાની સાહેદ હીફજુર રહેમાન અબ્દુલ કરીમ શેખનાઓ દ્વારા ઓળખ પરેડ કરાવેલી હતી. પરંતુ આ હીફજુર રહેમાનને ફરિયાદપક્ષ દ્વારા તપાસવામાં આવેલા નથી. આમ સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ સમક્ષ જુદા-જુદા સાહેદોએ આરોપી નં. ૨૭ અને ૩૭ નાઓને જે તે વખતે ઓળખી બતાવેલા હતા. પરંતુ સાહેદ નં. ૧૦૬૭, ૯૫૨, ૯૮૧, ૯૨૪, ૯૩૦, ૯૪૩ નાઓએ આરોપીઓને પોતાની જુબાની દરમ્યાન ઓળખી શકેલા નથી અને કારણ આપતા જણાવેલ છે કે આરોપીઓને જે તે વખતે ઓળખ્યા ત્યાર પછી જોયેલા નથી અને જે તે વખતે જોયા ત્યારે તેઓને નાની દાઢી મુછ હતી અને હવે લાંબી દાઢી મુછ છે, ટોપી છે, ચશ્મા છે તેઓને ઘણો સમય થઈ ગયેલો હોવાથી ઓળખી શકતા નથી. મારા મત પ્રમાણે આ સાહેદોએ આરોપીને નહીં

ઓળખવાના જે કારણો આપેલા છે તે વાજબી છે. કારણ કે કોઈ પણ વ્યકિતનો શરીરનો બાંધો દેખાવ દર બે–પાંચ વર્ષે થોડા ઘણા અંશે બદલાતો હોય છે એટલુ જ નહીં અદાલત રૂબરૂ ઓળખ વખતે પણ આરોપીઓ ઓળખાય નહીં તે માટે આરોપીઓએ જુદા–જુદા પ્રયત્નો કરેલા હોવાનું મારા ધ્યાન ઉપર પણ આવેલુ છે જેથી કરીને પણ સાહેદો સહેલાઈથી આરોપીઓને ઓળખી શકે નહીં પરંતુ જે તે વખતે જયારે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સમક્ષ સાહેદોએ આ આરોપીઓને ઓળખ્યા ત્યારે બનાવ તાજો હતો અને તેઓને જોયે ટૂંકો સમય થયેલો હતો માટે સહેલાઈથી ઓળખી શકેલા હતા. જુબાની દરમ્યાન સમય ઘણો થઇ ગયેલ હતો માટે સહેલાઈથી ઓળખી શકેલ ન હોવાથી આ આરોપીઓને આ સાહેદોએ ઓળખ્યા નથી તેવુ કહી શકાય નહીં.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે દાનાજી ભુરાજી રાજપુતને સાહેદ નં . ૭૮૪ તરીકે આંક–૪૦૮૨ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તા.૪.૬.૨૦૧૨ ના રોજ તેઓ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ તરીકે મેટ્રો એરીયા, કોર્ટ નં.૨ ઘી કાંટા અમદાવાદ ખાતે ફરજ ઉપર હતા. ત્યાં તેમનુ મુખ્ય કામગીરી ડાઇંગ ડેકલેરેશન, ઈન્કવેસ્ટ પંચનામા, આરોપીઓની ઓળખ પરેડ વિગેરેને લગતી હતી. તે દિવસે મદદનીશ પોલીસ કમિશનરશ્રી ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર તરફથી મણીનગર પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુના રજી.નં. ૨૦૩/૨૦૦૮ ના કામે એક આરોપીની બે સાહેદોથી ઓળખ પરેડ કરવા માટે યાદી પાઠવવામાં આવેલી. આ ઓળખ પરેડ આરોપી નામે મહમદ અબરાર ઉર્ફે મુન્ના ઉર્ફે ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ્લા ઉર્ફે ઈબ્રાહીમ સ /ઓ બાબુખાન મણીયાર જે મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં.૨૦૩/૨૦૦૮ ઈ.પી.કો.કલમ–૩૦૨ વિગેરેને લગતી હતી. આ યાદી આ સાહેદે રીસીવ કરેલી જેમાં મયુર ચાવડાની સહી ઓળખી બતાવે છે તેમજ આ યાદી સંબંધે સાહેદે પત્ર લખી તા. ૬.૬.૨૦૧૨ ના ૧૪:૦૦ કલાકે ઓળખ પરેડનો સમય આપેલ હતો તેમાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. સદર યાદી તથા સાહેદે લખેલ પત્ર સંયુકત આંક–૪૦૮૩ થી રજૂ રાખેલ છે. ત્યારબાદ તેઓ ઓળખ પરેડ કરવા

બાબત આપેલ સમય બાબતે ક્રાઈમ બ્રાન્ચને લખેલ તા.૪.૬.૨૦૧૨ વાળો પત્ર રીસીવ કરનાર ડી.સી.બી. અમદાવાદના હેડ કોન્સ્ટેબલનાએ રીસીવ કરેલો જે આંક–૪૦૮૪ વાળા પત્રમાં સાહેદ પોતાની તથા હેડ કોન્સ્ટેબલની સહીઓ ઓળખી બતાવે છે.

સાહેદ વધુમાં જણાવે છે કે, તા.૬.૬.૨૦૧૨ ના રોજ તેઓ મેટ્રો એરીયા કોર્ટ નં.૨ ઘી કાંટા, અમદાવાદ ખાતે ફરજ ઉપર હતા ત્યારે ૨.૧૦ વાગ્યે કોર્ટ રૂમની અંદર અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ તરફથી એક આરોપીને તેઓની સમક્ષ ઢાંકેલ ચહેરે બુરખો ઓઢાડીને રજૂ કરવામાં આવેલો. આ બુરખો ઓઢાડીને આરોપીને રજૂ કરવા બાબતની સુચના ઓળખ પરેડ કરવાના સમય આપતા પત્રમાં આપેલી હતી. જેથી બે પંચોની હાજરીમાં કોર્ટ રૂમના તમામ બારી બારણાં બંધ કરીને આ ઓળખ પરેડની કાર્યવાહી શરૂ કરવામાં આવેલી. આ પંચોને સાહેદે પોતાના પટ્ટાવાળા મારફત બોલાવેલા હતા. રજૂ કરેલ આરોપીને તેનુ નામ પુછતાં તેણે તેનુ નામ મહમદ અબરાર ઉર્ફે મુન્નો ઉર્ફે ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ્લા ઉર્ફે ઈબ્રાહીમ તે બાબુખાન મણીયારનો પુત્ર ઉ.વ.૩૨ રહે. જરીનું કારખાનુ ગ્રીન પાર્ક કોલોની ગોલ્ડન પેટ્રોલપંપની ગલી પાસે મહાકાલ રોડ ઉજજૈન મધ્યપ્રદેશ જણાવેલુ હતુ. ત્યારબાદ આ આરોપીને જોઈને તેના જેવા દેખાવ, ઊંચાઈ, ઉમંર, પહેરવેશ વાળા પાંચ અન્ય ઈસમોને બોલાવી લાવવા પટ્ટાવાળાને સુચના આપેલી જેથી થોડા સમય બાદ એક પછી એક પાંચ અન્ય ઈસમો કોર્ટ રૂમમાં આવતાં તેમના નામ, સરનામાં પુછી તેની ખરાઈ કરી, પંચનામાંમાં તેમના નામ સરનામાં નોંધેલા. ત્યારબાદ આ પાંચ ઈસમોને લાઈનમાં ઉભા રાખી દીધેલા. ત્યારબાદ ૨.૪૦ વાગ્યે આ કામના બંને સાહેદો આવી ગયેલ છે તેની પટ્ટાવાળાએ જાણ કરેલી. જેથી બંને સાહેદોને સ્ટાફ રૂમમાં અલગથી બેસાડી તેમનું ધ્યાન રાખવા જણાવેલુ અને તેઓ કોઈની સાથે વાતચીત ન કરે તેની ખાસ સુચના આપેલી. ત્યારબાદ આ ઓળખ પરેડના કામે આ આરોપીને ઉભેલા અન્ય ડમી ઈસમોની વચ્ચે ઉભા રાખતાં પહેલાં તેને કપડાં બદલવાની ઈચ્છા વિશે પુછતાં આરોપીએ ના પાડેલી. આ આરોપીને ઉભેલા માણસોની વચ્ચે તેની

ઈચ્છા મુજબની જગ્યાએ ઉભા રહેવા જણાવતાં તે ઉભેલા માણસોની લાઈનમાં અનુક્રમ નં.૨ અને ૩ ની વચ્ચે ઉભા રહી ગયેલા. ત્યારબાદ પઙ્ચાવાળાને બોલાવીને સાહેદ નં.૧ ને કોર્ટ રૂમની અંદર મોકલવા જણાવેલુ. તેથી એક ઈસમ કોર્ટ રૂમમાં આવેલ. આ સાહેદે તેમને બેસાડીને તેમનું નામ, સરનામુ પુછતાં તેમણે તેમનું નામ રામકાભાઈ દેવકરણભાઈ કેસરીયા ઉ.વ. ૨૮, ધંધોઃદુધનો વેપાર, રહે. પાવાગઢ પંચાયત ઑફિસની પાછળ તા.હાલોલ, જિ.પંચમહાલ જણાવેલુ. આ અંગેની ખરાઈ પણ કરેલી. ત્યારબાદ આ સાહેદને ઓળખ પરેડની કાર્યવાહીની સમજ આપેલી અને જણાવેલુ કે આ કામના આરોપીને જોઈને ઓળખી શકતા હોય તો લાઈનની નજીક જઈ જોઈને હાથ પકડીને લાઈનની બહાર કાઢવા જણાવેલુ. જેથી આ સાહેદ ઉભા થઈને લાઈનની નજીક ગયેલા. તેમણે એક પછી એક તમામ ઈસમોને નજીકથી જોયેલા. જોયા બાદ તેમણે લાઈનમાંથી એક ઈસમનો હાથ પકડીને લાઈનમાંથી બહાર કાઢેલ. આ ઈસમને તેમનું નામ, સરનામું પુછતાં તેમણે તેમનું નામ મહમદ અબરાર ઉર્ફે મુન્નો ઉર્ફે ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ્લા ઉર્ફે ઈબ્રાહીમ તે બાબુખાન મણીયારનો પુત્ર ઉ .વ. ૩૨ રહે. જરીનું કારખાનું ગ્રીન પાર્ક કોલોની, ગોલ્ડન પેટ્રોલપંપની ગલી પાસે, મહાકાલ રોડ, ઉજ્જૈન, મધ્યપ્રદેશ જણાવેલુ. સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ આ સાહેદને આ આરોપીને કઈ રીતે ઓળખી શકેલા છો તે અંગે પુછતાં તેમણે જણાવેલુ કે "સને–૨૦૦૮ના જાન્યુઆરી માસમાં ઉત્તરાયણના દિવસે હાલોલ રોડ ઉપર જૂની વાવ પાસે કમલેશની કવોરી પાસે જંગલ જેવા વિસ્તારમાં ભેંસ શોધવા ગયેલો. ત્યારે તેમની સાથે તેમનો મિત્ર બાબુ પણ હતો. ત્યા તેઓએ તંબુ જેવુ જોયેલુ. ત્યાં ૧૪–૧૫ માણસો હતા કોઈ તાલીમ લેતાં હોય તેમ લાગેલુ. એક દાઢીવાળા ઈસમે તેઓને ધમકાવીને ભાગી જવા કહેલુ. તે વખતે સવારના અગિયાર વાગ્યા આસપાસનો સમય હતો. દિવસના અજવાળે આ ઈસમને નજરે જોયેલો જેથી ઈસમને ઓળખે છે".

સાહેદ વધુમાં જણાવે છે કે, આ સાહેદ આ આરોપીને ઓળખવામાં સફળ થયેલા હતા. ત્યારબાદ આ સાહેદને પઙ્ચાવાળાને બોલાવીને બીજા સાહેદને

ન મળે તે રીતે કોર્ટ બિલ્ડિંગથી બહાર મોકલવા સુચના આપેલી હતી. ત્યારબાદ બીજા સાહેદથી આ આરોપીની ઓળખ પરેડ કરાવતાં પહેલાં આરોપીને તેના કપડાં બદલવાની ઈચ્છા વીશે પુછતાં તેણે હા પાડેલી. તેથી તેણે પોતાનો શર્ટ ઉતારીને એક ડમી ઈસમનું શર્ટ પોતે પહેરી લીધેલુ. ત્યારબાદ આ આરોપીને ઉભેલા ડમી ઈસમોની વચ્ચે ઉભા રહી જવા જણાવતાં તે તેની ઈચ્છા મુજબ લાઈનમાં ક્રમ નં.૧ અને ૨ ની વચ્ચે ઉભા રહી ગયેલા. ત્યારબાદ પટ્ટાવાળા મારફતે પોકાર પડાવીને આ કામના બીજા સાહેદને કોર્ટ રૂમમાં બોલાવેલા. તેમને બેસાડીને તેમનુ નામ, સરનામું પુછતાં તેમણે તેમનું નામ પ્રવિણભાઈ હમીરભાઈ કટારીયા ઉ.વ.૪૭, ધંધો–ડ્રાઈવીંગ, રહે.કથોલા, તા.હાલોલ, જિ.પંચમહાલ જણાવેલુ. ત્યારબાદ આ સાહેદને ઓળખ પરેડની કાર્યવાહીની સમજ આપવામાં આવેલી અને જણાવેલ કે લાઈનમાં ઉભેલા ઈસમો પૈકીમાં આ કામનો આરોપી ઉભેલ હોય અને જોઈને ઓળખી શકતા હોય તો લાઈનની નજીક જઈને જોઈને હાથ પકડીને લાઈનની બહાર કાઢવા જણાવેલ. તેથી આ સાહેદ ઉભા થઈને ઉભેલા ઈસમોની પાસે ગયેલા અને તમામ ઈસમોને એક પછી એક નજીકથી જોયેલા. તેમને જોયા બાદ લાઈનમાંથી એક ઈસમને હાથ પકડીને બહાર કાઢેલા. આ ઈસમનું નામ પુછતાં તેણે તેનુ નામ નામ મહમદ અબરાર ઉર્ફે મુન્નો ઉર્ફે ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ્લા ઉર્ફે ઈબ્રાહીમ તે બાબુખાન મણીયારનો પુત્ર ઉ.વ.–૩૨ રહે.જરીનું કારખાનું ગ્રીન પાર્ક કોલોની, ગોલ્ડન પેટ્રોલપંપની ગલી પાસે, મહાકાલ રોડ, ઉજ્જૈન, મધ્યપ્રદેશ જણાવેલુ. સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ આ સાહેદને આ આરોપીને કઈ રીતે ઓળખી શકેલા છો તે અંગે પુછતાં તેમણે જણાવેલ કે "સને–૨૦૦૮ મા જાન્યુઆરી માસમાં હાલોલ રોડ ઉપર મારી ગાડીને પંચર પડતાં કંડકટર પંચર કરાવવા ગયેલો. હું અને મારો મિત્ર જંગલ જેવા વિસ્તારમાં ગયેલા. ત્યાં એક બંધ કોરી જેવુ હતુ ત્યાં એક તંબુ બાંધેલો હતો ત્યાં અમે ૨૫ થી ૩૦ જેટલા માણસો જોયેલા. તેઓ જુવાન હતા. તેમાં કેટલાક દાઢીવાળા હતા. તે વખતે સાંજના પ:૩૦ આસપાસનો સમય હતો. તે વખતે અજવાળુ હતુ. ત્યાં આ ઈસમને જોયેલો હોવાથી ઓળખે છે." આમ આ સાહેદ

આ આરોપીને ઓળખવામાં સફળ થયેલ હતા. ત્યારબાદ આ સાહેદને કોર્ટ રૂમની બહાર જવા દેવામાં આવેલા. આ કામની ઓળખ પરેડ બંધ બારણે લાઈટના અજવાળે કરવામાં આવેલી હતી. ઉપર મુજબની ઓળખ પરેડની કાર્યવાહીનું પંચનામુ બનાવવામાં આવેલુ છે જે આંક–૪૦૮૫ વાળા પંચનામામાં સાહેદ પોતાની તથા પંચોની સહીઓ ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ તરીકે આશરે ૧૦૦ થી વધુ ઓળખ પરેડ કરાવેલી છે. ઓળખ પરેડ કરનાર સાહેદો અને આરોપીની ઓળખ આજે ઘણો સમય થઈ ગયો હોવાથી કહી શકે નહીં. ઘણો સમય થઈ ગયો હોવાથી પંચો અને આરોપીને ઓળખી શકે નહીં તે કબૂલ કરે છે. પોલીસ અધિકારી, સાહેદો અને પંચો સાથે થયેલ વાતચીત સંબંધેની કોઈ અલગ નોંધ રાખેલી નથી. કોર્ટના ઝાંપા સામે ઉભા રહેવાથી સામે ખુલ્લુ મેદાન દેખાઈ આવે છે તે કબૂલ કરે છે. વાહનોને આ કચેરીમાં આવતા પહેલા મુખ્ય દરવાજા પાસે રોકવામાં આવે છે તો તે હકીકત નકારે છે. કમ્પાઉન્ડમાં વકીલો, અસીલો અને લોકોની અવર–જવર ખૂબ જ રહે છે તે કબૂલ કરે છે. ઓળખ પરેડની કાર્યવાહી દરમ્યાન લોકોને, વકીલોને તેમજ પક્ષકારોને કોર્ટ કમ્પાઉન્ડમાંથી બહાર કાઢવામાં આવેલા નથી તે કબૂલ કરે છે. પંચનામામાં નીચેના ભાગની મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧ ની ભૌગોલિક સ્થિતિનું કોઈ વર્ણન નથી તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે ઓળખ પરેડની કાર્યવાહી થતી હોય અને તે અંગેનુ પંચનામુ બનાવવાનું હોય ત્યારે કોર્ટની ભૌગોલિક સ્થિતિનું વર્ણન પંચનામામાં લખવુ જોઈએ તેવી કોઈ આદેશાત્મક જોગવાઈ નથી અને ભૌગોલિક સ્થિતિ પંચનામામાં લખવી તે જરૂરી પણ નથી. ફકત બારી બારણાં બંધ રાખે તે પુરતુ છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો પંચનામાની કાર્યવાહીના સમય દરમ્યાન પોતાના રૂમની બહાર ગયેલા નથી. પંચનામુ શરૂ કરતા પહેલા કોર્ટ કમ્પાઉન્ડમાં પોલીસ, આરોપી અને સાહેદ કયા સમયે આવેલા તે કહી શકે નહીં. તા.૫.૬.૨૦૧૨ ના રોજ ઓળખ પરેડ ન રાખવા સંબંધેનુ કોઈ કારણ આપી શકે નહીં. ઓળખ પરેડની કાર્યવાહી શકય તેટલી ઝડપથી કરવી જોઈએ તે હકીકત

સાથે સહમત છે. ઓળખ પરેડ સબંધેના પંચનામાની કાર્યવાહીમાં સમય એ રીતે ગોઠવવો જોઈએ કે સાહેદો આરોપીઓને પંચનામાની કાર્યવાહી અગાઉ જોઈ શકે નહીં તે કબૂલ કરે છે. સાહેદોને પ્રથમ બોલાવી સલામત જગ્યાએ બેસાડી બાદમાં આરોપીઓને બોલાવતા આ નિયમનું પાલન સારી રીતે થયેલુ ગણાય તો તે હકીકત નકારે છે. આરોપીને સાહેદો બતાવવા નહીં તેવી સુચના આપેલાનું કબૂલ કરે છે. આંક–૪૦૮૩ ની પોલીસ યાદીમાં પોલીસ મેનને આપેલી સુચનામાં કોઈ લેખિત હકીકત જણાવેલી નથી તે કબૂલ કરે છે. કચેરીની રૂમની બહાર નીકળી સાહેદોની કાયદેસર ખરાઈ કરેલી નથી તે કબૂલ કરે છે. સાહેદ નં.૧ ચોકકસ કયા સમયે આવેલા તે કહી શકે નહીં. સાહેદ નં.૨ પણ ચોકકસ કેટલા સમયે આવેલ તે કહી શકે નહીં. સાહેદોની ઓળખ સંબંધે તેઓની પાસે પુરાવાઓ ચકાસેલાનું જણાવે છે પરંતુ તેની નોંધ પંચનામામાં કરેલી નથી. આ કેસમાં હાજર રહી કાર્યવાહી કરવા બાબતે સાહેદોની સહીઓ લીધેલી નથી. આરોપીને કેટલા સમયથી કસ્ટડીમાં રાખેલો છે તેવો પ્રશ્ન આરોપીને પુછેલો નથી. આરોપીને રજૂ કર્યો ત્યારે માથાથી ગળે સુધી બુરખો ઓઢાડેલો હતો તે કબૂલ કરે છે. પટ્ટાવાળા મોહનભાઈને સુચના આપ્યા પછી ૧૫–૨૦ મિનિટમાં ડમી માણસો બોલાવી લાવેલા. પંચનામામાં આરોપીના શારીરિક બંધારણ તેમજ રંગનો ઉલ્લેખ નથી તે કબૂલ કરે છે. પંચનામામાં આરોપીની સહી લીધેલી નથી તે કબૂલ કરે છે. આંક–૪૦૮૩, ૪૦૮૪ ના દસ્તાવેજો પાછળથી તૈયાર કરેલા તો તે હકીકત નકારી છે. આંક–૪૦૮૫ વાળુ પંચનામુ પંચોની હાજરીમાં લખાવ્યા મુજબ લખેલુ નથી તો તે હકીકત નકારી છે. ડમી માણસોના શારીરિક બંધારણ અંગે અને દાઢી અંગે કોઈ ઉલ્લેખ પંચનામામાં નથી તે કબૂલ કરે છે. પંચનામાની કાર્યવાહી પાછળથી ખોટી ઉભી કરેલી છે તો તે હકીકત પણ નકારે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ કેસમાં આ સાહેદે બે સાક્ષીઓની પોતાના રૂબરૂ આરોપીની ઓળખ પરેડ કરાવેલી છે. મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૩/૨૦૦૮ ના કામે આંક–૪૦૮૫ વાળુ પંચનામુ બનાવેલુ છે અને તે પંચનામામાં સાહેદ નં.૯૭૨ રામકા

દેવકરણ કેસરીયા તથા સાહેદ નં.૯૮૧ પ્રવિણભાઈ હમીરભાઈ કટારીયાનાઓએ આ સાહેદની રૂબરૂમાં આરોપી નં.૭૪ મહમહ અબરાર બાબુખાન મણીયારનાઓને બંને સાહેદોએ ઓળખી બતાવેલા છે. આ સાહેદ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ તરીકે ઘી કાંટા કોર્ટ નં.૨ મા ફરજ બજાવતા હતા અને તેમણે ઉપરોકત જણાવેલ સાહેદો દ્વારા તેમની રૂબરૂમાં ઉપરોકત જણાવેલા આરોપીની ઓળખ પરેડની વિધિ કરાવવામાં આવેલી હતી. આ સાહેદે જે કાંઈ કાર્યવાહી કરેલી તે ફરજના ભાગરૂપે કરેલી હતી. આ સાહેદને આરોપી સાથે કોઈ દુશ્મનાવટ નથી, આરોપીને કે સાહેદોને તેઓ ઓળખતા ન હતા જેથી આ સાહેદની જુબાની નહીં માનવાને કોઈ કારણ રહેતુ નથી.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે કનૈયાલાલ ધીરજલાલ રાજાને સાહેદ નં.૯૮૨ તરીકે આંક–૬૮૪૨ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ પરની સરતપાસ મુજબ તેઓ નાયબ મામલતદાર બીનખેતી સુરત તરીકે ફરજ બજાવતા હતા તે દરમિયાન સપ્ટેમ્બર/ઓક્ટોબર–૨૦૧૧ ના સમયગાળામાં તેમની પાસે વધારાના એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ તરીકે હવાલો હતો. તે દરમિયાન વી.વી. રાઠોડ, મદદનીશ પોલીસ કમિશનર એફ ડીવીઝન, સુરતનાઓ તરફથી તા.૩૦. ૯.૨૦૧૧ ના રોજનો રીપોર્ટ તેમની કચેરીમાં તા.૧.૧૦.૨૦૧૧ ના રોજ આવેલો. આ રીપોર્ટથી કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી.નં.૧૭૬/૨૦૦૮ ના કામે બે આરોપીઓ નામે એક મોબીન ઉર્ફે મુબીન ઉર્ફે ઈરફાન અબ્દુલ સકુરખાન તથા બીજા આમીન ઉર્ફે રાજા ઐયુબ શેખનાઓની સાહેદ હસનઅલી અહેમદઅલી સુણાસરા, રહે. રૂમ નં.૧૦૫, કિલ્લા પારડી, ઈલીયાસ એપાર્ટમેન્ટ, જિ. વલસાડ દ્વારા ઓળખ પરેડ કરવાનું જણાવવામાં આવેલું અને તે અંગેનો સમય તથા તારીખ તથા સ્થળ નક્કી કરી જાણ કરી જણાવવામાં આવેલ. આ રીપોર્ટ મળતાં ઓળખ પરેડ તા.૩.૧૦.૨૦૧૧ ના રોજ તેમની કચેરીમાં કલાક ૧૬.૦૦ વાગે યોજવા અંગેનું જણાવેલું. આ સાહેદને જે યાદી મળેલી તે અંગે સ્થળપ્રત આપેલ તે આંક–૬૮૪૩ મા સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે.

સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ આ યાદી મળી તે જ દિવસે તપાસ કરનાર અધિકારીને આરોપી અને સાહેદ એકબીજાને જોઇ ન શકે તે રીતે ઓળખ પરેડ માટે રજૂ કરવા અને તપાસ કરનાર અધિકારીને પણ હાજર રહેવા જણાવેલું. ત્યારબાદ તા.૩.૧૦.૨૦૧૧ ના રોજ સાંજે ૪.૦૦ વાગ્યે આ ઓળખ પરેડ બે તટસ્થ અને પ્રતિષ્ઠિત પંચોની હાજરીમાં રાખેલ જેમાં પંચ નં.૧ રાજુભાઇ સુખલાલ પાટીલ, ધંધોઃડ્રાઇવર, રહે. પ્લોટ નં.૧૯૧, દ્વારકેશ નગર, લીંબાયત, સુરત તથા પંચ નં.૨ શેખ રહીમ શેખ જબ્બાર, ધંધોઃડ્રાઇવર, રહે. રૂકસાના મકાનમાં, રૂસ્તમપુરા, પોલીસ ચોકી પાસે, સુરતનાઓ હતા. આ પંચોને આરોપીઓની સાહેદ દ્વારા ઓળખ કરવા અંગેનું પંચનામું કરવા સમજ કરતાં પંચોએ સંમતિ દર્શાવી અને આ પંચોને ચેમ્બરની બાજુની રૂમમાં બેસાડેલા. ત્યારબાદ સાહેદ હાજર થતાં તેમની વિગત પુછતાં તેમનું નામ હસનઅલી અહેમદઅલી સુણસરા, રહે. રૂમ નં.૧૦૫, કિલ્લા પારડી, ઇલીયાસ એપાર્ટમેન્ટ, જિ.વલસાડ હોવાનું જણાવેલ.

સાહેદ વધુમાં જણાવે છે કે આ ઓળખ પરેડના સાહેદ હાજર થતાં તેઓને જિલ્લા સેવા સદન–૨ મા આવેલી શિક્ષણ અધિકારીની કચેરી બહાર બાકડા ઉપર બેસાડેલા અને ત્યારબાદ એ.એસ.આઇ. પ્રકાશભાઇ ભાગવતભાઇ સોનવણે બકલ નં.૬૮૫ ડી.સી.બી. પોલીસ સ્ટેશન, સુરત દ્વારા આ કામના બે આરોપીને રજૂ કરેલા જેમાં એક આરોપી મોબીન ઉર્ફે મુબીન ઉર્ફે ઇરફાન અબ્દુલ સકુરખાન, ઉ.વ.૩૨, રહે.પ્લોટ નં.૨૦૪,આનંદ વિહાર, ફેઝ–૩, ગાઝીયાબાદ, યુ.પી. મૂળ રહે. પ્લોટ નં.૬૬, સેરેશાહ, સુરીનગર, ઇન્દોર, મધ્યપ્રદેશ તથા બીજા આરોપી આમીન ઉર્ફે રાજા અૈયુબભાઇ શેખ, ઉ.વ.૨૯, રહે. મકાન નં.૧૩, ખજરાના પેલેસ, ઇન્દોર, મધ્યપ્રદેશનાઓ હતા.

સાહેદ વધુમાં જણાવે છે કે, આરોપીઓ ડી.સી.બી. પોલીસ સ્ટેશનની કસ્ટડીમાં હતા. આરોપીઓ હાજર થતાં તેઓને ચેમ્બરમાં બેસાડેલા. ત્યારબાદ આરોપીઓને મળતાં આવતાં ચહેરા, મોઢા અને ઊંચાઇ, ઉંમરવાળા કુલ–૧૫ શખ્સોને બોલાવડાવેલાં અને તેઓના તમામના નામ, સરનામા પુછીને

વિગતવાર પંચનામામાં લખેલાં. ત્યારબાદ ઓળખ પરેડમાં સમાવેલ તમામ શખ્સો તથા આ સાહેદ તથા પંચો તથા આરોપીઓ તમામ હાજર હતાં તેની ખાતરી કરેલી અને આ સિવાય અન્ય કોઇ ત્રાહીત ઇસમ કે પોલીસના કોઇ માણસ હાજર ન હતાં તેની ખાતરી કરેલી. ત્યારબાદ પંચ નં.૧ રાજુભાઇ પાટીલને આ કામના સાહેદ હસનઅલી સુણસરાને બોલાવી લાવવાનું જણાવેલું. જેથી રાજુભાઈ ઓળખ પરેડનું સ્થળ છોડી સાહેદને બોલાવવા શિક્ષણ અધિકારીની કચેરીએ ગયેલાં. ત્યારબાદ ઓળખ પરેડમાં રાખવામાં આવેલાં પંચ નં.૨ શેખ રહિમ શેખ જબ્બારને બે આરોપીઓને બોલાવી લાવવાનુ જણાવેલું. જેથી જબ્બારભાઈ આ સાહેદની ચેમ્બરમાં ગયેલાં અને બંને આરોપીને બોલાવી લાવી આ સાહેદ સમક્ષ રજૂ કરેલાં. તે બંને આરોપીઓના વારાફરતી નામ પુછેલાં તો તે પૈકી પ્રથમ આરોપીએ પોતાનું નામ મોબીન ઉર્ફે મુબીન ઉર્ફે ઇમરાન અબ્દુલ સકુરખાન હોવાનું જણાવેલું તથા બીજા આરોપીએ પોતાનું નામ અમીન ઉર્ફે રાજા એયુબ શેખ જણાવેલું. આ બંને આરોપીઓને આ પ્રસ્તુત ગુનાની અને ઓળખ પરેડ બાબતે હિન્દી ભાષામાં સમજ આપેલી અને દેખાવમાં કે પોષાકમાં પરિવર્તન કે ફેરફાર કરવો હોય તો તેઓને તેમ કરવાની છુટ આપેલી પરંતુ તેમણે ફેરફાર કરેલો નહીં. ત્યારબાદ આ આરોપીઓને લાઇનમા ઉભા રાખેલા ઇસમો સાથે પોતાની મનપસંદ જગ્યાએ ઉભા રહેવાનું જણાવેલું જેથી આરોપી નં.૧ ઇસમ નં.૧૧ અને ૧૨ ની વચ્ચે અને આરોપી નં.૨ ઇસમ નં.૩ અને ૪ ની વચ્ચે જઇને ઉભા રહેલા.

સાહેદ વધુમાં જણાવે છે કે, ત્યારબાદ સાહેદને બોલાવવા ગયેલા પંચ નં.૧ સાહેદ હસનઅલીને લઇને આ સાહેદ રૂબરૂ પરેડના સ્થળે હાજર થયેલાં અને હાજર થયેલ સાહેદનું નામ પુછતાં તેણે પોતાનું નામ હસનઅલી સુણસરા જણાવેલું. ત્યારબાદ આ સાહેદને ગુનાની તેમજ ઓળખ પરેડ અંગેની સંપૂર્ણ સમજ આપેલી અને આ ગુનાના આરોપીઓ લાઇનમાં ઉભેલાં ઇસમો સાથે પોતાની મનપસંદ જગ્યાએ ઉભા રહેલાં છે તો તમે તેઓને નજરે જોયે તેઓને ઓળખતાં હોવ તો તે તેઓને ઓળખી બતાવી તેઓનો હાથ પકડી લાઇનમાંથી

બહાર કાઢી રજૂ કરવા જણાવેલું જેથી આ સાહેદ ધ્યાનથી તે તરફ જોઇ ઓળખ પરેડમાં ઉભા રાખેલાં ઇસમો પૈકી એક પછી એક બે ઇસમોને ઓળખી બતાવી તેઓના હાથ પકડી લાઇનમાંથી બહાર કાઢી રજૂ કરેલાં. ત્યારબાદ સાહેદને પરેડનું સ્થળ છોડી અને ચાલ્યા જવાની સુચના આપેલી અને તેઓ પરેડનું સ્થળ છોડીને ગયા બાદ તેમણે ઓળખી બતાવી બહાર કાઢેલાં શખ્સોનું નામ પુછતાં તે પૈકી એક આરોપીએ પોતાનું નામ મોબીન ઉર્ફે મુબીન ઉર્ફે ઇરફાન અબ્દુલ સકુરખાન જણાવેલું તથા બીજાએ પોતાનું નામ રાજા ઉર્ફે આમીન ઐયુબ શેખ હોવાનું જણાવેલું. આમ, આ સાહેદે ઓળખ પરેડમાં સમાવેલાં ઇસમો પૈકી બે સાચા આરોપીને ઓળખી બતાવેલાં હતાં. આ ઓળખ પરેડની સમગ્ર કાર્યવાહી દરમ્યાન આરોપીઓ ક્યાં ઉભાં હતાં તેની સાહેદને કોઇ પણ રીતે જાણ ન થાય તેમજ ઓળખ પરેડ તટસ્થતાપૂર્વક થાય અને તેની કાયદેસરતા જળવાઇ રહે તે માટેની સંપૂર્ણ સાવચેતી લીધેલી હતી અને આ ઓળખ પરેડ આ સાહેદની કચેરીમાં બંધ બારણે સાચી રીતે કરવામાં આવેલી હતી અને ઓળખ પરેડમાં આરોપીઓને તેમની મનપસંદ જગ્યાએ ઉભા રહેવાની તેમજ હાવભાવ, દેખાવ, પોષાકમાં પરીવર્તન કરવાની સંપૂર્ણ છુટ આપેલી હતી .આ કાર્યવાહીનું જે પંચનામુ બનાવવામાં આવેલુ જે આંક–૬૮૪૪ વાળા પંચનામામાં સાહેદ પોતાની તેમજ અન્ય પંચની સહીઓ ઓળખી બતાવેલ છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો ઓળખ પરેડની કાર્યવાહી કરી તે પહેલા ૩–૪ મહિનાથી એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ તરીકેનો ચાર્જ સંભાળેલો હતો. ઓળખ પરેડ વખતે કાયમી ધોરણે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ તરીકેની ફરજ બજાવતા ન હતા. મૂળ હોદ્દો નાયબ મામલતદાર તરીકેનો હતો. અગાઉ ઓળખ પરેડ કરાવવાના પ્રસંગો બનેલા હતા. ઓળખ પરેડ કરાવવાની સંપૂર્ણ કાર્યવાહીથી વાકેફ છે તે કબૂલ કરે છે. તા.૧.૧૦.૨૦૧૧ થી તા.૩.૧૦. ૨૦૧૧ સુધીના સમયમાં આ જ ઑફિસમાં ફરજ બજાવતા હતા. ૧.૧૦.૨૦૧૧ નાં રોજ ઓળખ પરેડનો પત્ર મળ્યા પછી તાત્કાલીક ઓળખ પરેડ નહીં કરાવવાનું કારણ આપી શકે નહીં. તા.૧.૧૦.૨૦૧૧ ના રોજનો પત્ર કેવી રીતે

અને કયા સમયે મળેલો તેની નોંધ પત્ર ઉપર કરેલી નથી. પંચોને લાવનાર વ્યકિત કઈ જગ્યાએથી પંચો લઈ આવેલી તેની નોંધ કરેલી નથી. આ સાહેદની ઑફિસની બહાર આજુબાજુ બીજી ઘણી બધી સરકારી ઑફિસો આવેલી છે તે કબૂલ કરે છે. ઑફિસની આજુબાજુ રહેણાંકના મકાનો તેમજ કોમર્શીયલ મકાનો આવેલા છે તે હકીકત નકારે છે. પંચોના માણસોને બોલાવવા માટે કલાર્કને મોકલેલો. પંચોને બોલાવ્યા તે પહેલા હેડ કોન્સ્ટેબલ પ્રકાશભાઈ આરોપીઓને લઈને આવી ગયા હતા તો તે હકીકત નકારી છે. ડમી ઈસમોને બોલાવી લાવનાર વ્યકિતને કેવા માણસો લાવવા તેવી કોઈ સુચના આપેલી નહીં. ડમી માણસો, આરોપીઓ, પંચો અને સાહેદો કેટલા વાગે આવેલા તે સમયની નોંધ કોઈ જગ્યાએ કરેલી નથી તે કબૂલ કરે છે. પોલીસની યાદીમાં આરોપીઓના નામ સરનામા, ગુનાની વિગત તેમને ભજવેલો ભાગ, આરોપીઓના ચહેરા નિશાન પત્રકો વિગેરેની માહિતી હતી તે કબૂલ કરે છે. સાહેદને હાજર રહેવા પોલીસને કોઈ સુચના આપી હોય તેવી નોંધ કરેલી નથી. તા.૩.૧૦.૨૦૧૧ નાં રોજ સાંજના ચાર વાગ્યે પોતાની કચેરીમાં ઓળખ માટે હાજર થવુ તેવો સમન્સ સાહેદોને મોકલેલો નથી તે કબૂલ કરે છે. સાહેદને બેસાડેલા તે જગ્યા ઑફિસોના કોમ્પ્લેક્ષમાં ત્રીજા માળે હતી અને આ સાહેદની ઑફિસ ચોથા માળે હતી. ઑફિસોવાળા કોમ્પ્લેક્ષમાં આગળ લોબીઓ આવેલી છે તે કબૂલ કરે છે. આરોપીઓને આ સાહેદની સમક્ષ કેવી સ્થિતિમાં લાવવામાં આવેલા તેની નોંધ કોઈ જગ્યાએ કરેલી નથી તે કબૂલ કરે છે. આરોપીઓને રજૂ કર્યા તે વખતે કઈ–કઈ સાવચેતી લીધેલી છે તે અંગેની પોલીસને પુછપરછ કરેલી હોય તેવી નોંધ કરેલી નથી. ઑફિસમાં પત્ર આવતો જતો હોય તો તે બાબતેનો આવક–જાવક રજીસ્ટર નિભાવવામાં આવે છે. આંક–૬૮૪૩ વાળી યાદી ઉપર પોલીસ સ્ટેશનનો જાવક નંબર અને આ સાહેદની ઑફિસનો આવક નંબર લખેલો નથી તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે યાદી ઉપર પોલીસ સ્ટેશનનો જાવક નંબર કે આ સાહેદની ઑફિસનો આવક નંબર લખેલો ન હોય તો તેનો અર્થ એવો નથી કે આ યાદી ખોટી છે. યાદી લખનાર તપાસ અધિકારીની સહી છે જે ખોટી હોવાનું

અનુમાન થઈ શકે નહીં. વધુમાં ઊલટ તપાસ ધ્યાને લઈએ તો યાદી મળી તે બાબતે એન્ડોર્સમેન્ટ સિવાય બીજી કોઇ જગ્યાએ નોંધ કરી નથી તે કબૂલ કરે છે. યાદીમાં તા.૩૦.૯.૨૦૧૧ લખવામાં આવેલી છે પરંતુ તે યાદી કયારે લખાયેલી તે ખબર નથી તે કબૂલ કરે છે. મારા મત પ્રમાણે આ યાદી લખનાર તપાસ કરનાર અધિકારી છે તેમને યાદી કયા સમયે કઈ તારીખે લખેલી તેની માહિતી આ સાહેદને ન હોય યાદીમાં તા.૩૦.૯.૨૦૧૧ લખવામાં આવેલી છે જેથી આ યાદી તા.૩૦.૯.૨૦૧૧ ના રોજ લખવામાં આવેલી હોવાનું કહી શકાય. પંચ નં.૧ સાહેદને લઈને કેટલા સમયમાં આવી ગયેલા તે યાદ નથી. પંચ નં.૧ સાહેદને બોલાવી લાવ્યો તે પહેલા ડમી ઈસમો આવી ગયેલા હતા. ડમી ઈસમો દેખાવે કેવા હતા તે અંગેની કોઈ નોંધ કરેલી નથી. ડમી ઈસમો દેખાવે કેવા હતા તે જુબાનીના દિવસે કહી શકે નહીં. તા.૩.૧૦.૨૦૧૧ ના રોજ ઓળખ પરેડ રાખી છે તે અંગેની લેખિત જાણકારી પોલીસને આપેલી નથી તો તે હકીકત નકારે છે. તા.૩૦.૯.૨૦૧૧ ના રોજનો પત્ર તા.૧.૧૦.૨૦૧૧ ના રોજ ઑફિસમાં કેવી રીતે આવેલો તે અંગેની નોંધ કરેલી નથી તે કબૂલ કરે છે. ઓળખ પરેડ કરાવતી વખતે કઈ–કઈ સાવચેતી લીધેલી તે અંગેની નોંધ પંચનામામાં કરેલી નથી તો તે હકીકત નકારે છે. ઈન્ચાર્જ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ તરીકે ઓળખ પરેડ કરાવવાની સત્તા હતી નહીં તો તે હકીકત નકારે છે. આંક–૬૮૪૩ વાળી યાદી તેમાં જણાવેલી તારીખે મળેલી નથી તો તે હકીકત નકારી છે. પોલીસને મદદ કરવા પાછળથી પંચનામુ તથા યાદી ઉભી કરેલી છે તો તે હકીકત પણ નકારી છે. ચાર વાગ્યા પહેલા મરજી પ્રમાણે ઓળખ પરેડની કાર્યવાહી કરવાના હતા તો તે હકીકત નકારી છે. પંચનામાની કાર્યવાહી ચાર વાગે શરૂ થઈ પાંચ વાગે પૂરી કરેલી તો તે હકીકત કબૂલ કરે છે. આ પ્રશ્નનો અર્થ એવો થાય આ સાહેદે આ આરોપીઓની ઓળખ પરેડ કરાવેલી છે અને તેનુ પંચનામુ બનાવેલુ છે તે આરોપીઓ તરફથી કબૂલ કરવામાં આવેલ છે તેમ કહી શકાય. એક કલાક પંચનામાની કાર્યવાહી ચાલેલી તે દરમ્યાન ઑફિસની બહાર કઈ વ્યકિતઓ શું–શું કામગીરી કરતી હતી તે જોયેલુ નહીં. આરોપીઓ કેટલા સમયથી પોલીસ

કસ્ટડીમાં છે તે આરોપીઓને પુછેલુ નહીં. તા.૧.૧૦. ૨૦૧૧ થી તા.૩.૧૦. ૨૦૧૧ ના સમય દરમ્યાન તમોને પોલીસે આરોપીઓ બતાવ્યા છે કે કેમ? તેવુ સાહેદોને પુછેલુ નહીં તે કબૂલ કરે છે. સાહેદ હસનઅલીએ આરોપીઓને કયા કારણસર ઓળખેલા તે હકીકત પંચનામામાં લખેલી નથી તે કબૂલ કરે છે. સરતપાસમાં જણાવ્યા પ્રમાણે ઓળખ પરેડની કોઈ વિધી કરેલી નથી તો તે હકીકત નકારે છે.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ ઈન્ચાર્જ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ તરીકે સુરત ખાતે ફરજ બજાવતા હતા અને તપાસ કરનાર અધિકારીએ તા.૧.૧૦.૨૦૧૧ ના રોજ આરોપી નં.૬૯ આમીર ઉર્ફે રાજા ઐયુબ શેખ તથા આરોપી નં .૭૦ મોહમદ મોબીન ઉર્ફે મુબીન શકુરખાનની ઓળખ પરેડ કરાવવા માટે આવેલી યાદીના આધારે તા.૩.૧૦. ૨૦૧૧ ના રોજ આ સાહેદે આ બંને આરોપીઓની ઓળખ પરેડ પોતાની રૂબરૂમાં સાહેદ નં.૯૮૫ નાઓ સમક્ષ કરાવેલી હતી અને ઓળખ પરેડ દરમ્યાન આરોપી નં.૬૯, ૭૦ નાઓને ઓળખી બતાવેલા હતા.

ફરિયાદપક્ષ દ્વારા જુદા–જુદા આરોપીઓની ઓળખ પરેડ જુદા–જુદા સાહેદો પાસે કુલ–૮ જુદા–જુદા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓ પાસે તપાસ કરનાર અધિકારીઓએ કરાવેલી હતી. તેઓને ફરિયાદપક્ષ દ્વારા ઉપર જણાવ્યા મુજબની વિગતે તપાસેલા છે. જે એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓએ જે પંચનામાની વિગતે જે સાહેદો સમક્ષ જે આરોપીઓની ઓળખ પરેડ કરાવેલી હતી અને સાહેદોએ તે આરોપીઓને કયા કારણોસર ઓળખેલા અને કેમ ઓળખેલા તથા ઓળખ પરેડ અંગેની જે કામગીરી કરવામાં આવેલી તે બાબતેના જે પંચનામાઓ બનાવવામાં આવેલા તેની સંપૂર્ણ વિગતો દર્શાવતુ પત્રક નીચે મુજબની વિગતે છે. (સાહેદ નં. ૧૦૯૦ સુરેન્દ્રસિંહ દોલતસિંહ ડાવરનાઓએ સાહેદ નં.૧૧૦૦ પ્રતિક નવીનભાઈ કંસારા તથા સાહેદ નં.૯૩૧ પ્રિયકાંત શકરચંદ શાહનાઓ પાસે આરોપી મુજીબ ઉર્ફે અક્રમની ઓળખ પરેડ કરાવેલી તેનુ પંચનામુ આંક–૭૬૪૭ વાળુ છે. આરોપી મુજીબ ઉર્ફે અક્રમ મરણ ગયેલ છે)

અ. નં.	ઓળખ પરેડનું પંચનામું આંક	ઓળખ પરેડ કરાવનાર મેજિસ્ટ્રેટ	ઓળખનાર સાહેદનું નામ	ઓળખેલા આરોપીઓ તથા કેવી રીતે ઓળખ્યા તેની વિગત
૧	૩૦૬૧ ૩૦૬૨ ૩૦૫૪ ૩૧૩૩ ૩૦૬૫ ૩૦૬૮	**૫૭૧** રમણભાઇ સેંઘાભાઇ સોલંકી	**૯૮૧** પ્રવિણભાઇ હમીરભાઇ કટારીયા, **૧૦૬૭** અંબાલાલ વેચાતભાઇ બારીયા	A–૦૧ જાહિદ કુત્બુદ્દિન શેખ A–૦૨ ઇમરાન ઇબ્રાહિમ શેખ A–૦૩ ઇકબાલ કાસમ શેખ A–૦૬ મહમદ આરીફ કાગજી A–૦૭ ઉસ્માન અગરબત્તીવાલા A–૦૮ યુનુસ મહમદ મન્સુરી A–૦૯ કમરૂદ્દિન નાગોરી A–૧૦ આમીલ પરવાઝ A–૧૨ સફદર નાગોરી A–૧૪ સાજીદ ગુલામ મન્સુરી A–૧૫ અબુબશર મુફતી A–૧૬ અબ્બાસ ઉમર સમેજા A–૩૭ કયામુદ્દિન કાપડીયા **નોંધઃ–** આ બંને સાહેદો ૨૦૦૮ની સાલમાં ઉત્તરાયણના દિવસે જીપમાં બેસી હાલોલ જતા હતા ત્યારે રસ્તામાં જીપને પંચર પડેલું, કંડકટર પંચર કરાવવા ગયેલો અને આ બંને સાહેદો સ્થળ ઉપર હતા ત્યારે જંગલમાં વાતો કરવાનો અવાજ આવતા જંગલમાં ગયેલા ત્યારે આ લોકો ત્યાં તાલીમ લેતા હતા તે જોયેલાં અને ઓળખ પરેડ વખતે ઉપરોકત આરોપીઓને ઓળખી બતાવેલાં. **નોંધઃ–** સાહેદ નં.૯૮૧નાઓએ જુબાની દરમ્યાન આરોપી નં.૧૦, ૧૨,૧૩, ૩૧, ૩૨, ૩૫, ૩૬, ૪૫, ૬૧, ૬૨ અને ૭૫નાઓને ઓળખી બતાવેલાં છે.

				નોંધઃ– સાહેદ નં.૧૦૬૭નાઓએ જુબાની દરમ્યાન આરોપી નં. ૧૨ ને ઓળખી બતાવેલાં છે.
			૯૭૨ રામકાભાઇ દેવચરણ કેસરીયા	A–૦૧ જાહિદ કુત્બુદ્દિન શેખ A–૦૨ ઇમરાન ઇબ્રાહિમ શેખ A–૦૬ મહમદ આરીફ કાગજી A–૦૮ યુનુસ મહમદ મન્સુરી A–૦૯ કમરૂદ્દિન નાગોરી A–૧૦ આમીલ પરવાઝ A–૧૨ સફદર નાગોરી **નોંધઃ–** આ સાહેદ ૨૦૦૮ની સાલમાં જંગલમાં ભેંસો ખોવાઇ ગયેલી હોવાથી શોધવા માટે જંગલમાં ગયા ત્યારે આરોપીઓને ટ્રેનીંગ લેતા જોયેલાં હતાં. જેમણે ઓળખ પરેડ દરમ્યાન ઉપરોકત આરોપીઓને ઓળખી બતાવેલાં. **નોંધઃ–** જુબાની દરમ્યાન આરોપી નં.૦૮ અને ૧૨નાઓને પણ ઓળખી બતાવેલાં છે.
			૯૩૮ મહમદ ફારૂક અજીજ મેમણ	A–૦૮ યુનુસ મહમદ મન્સુરી **નોંધઃ–** કાલુપુર, અમદાવાદમાં " એવરગ્રીન નામના સ્ટોરમાં નોકરી કરતા હતા અને આ સાહેદ પાસેથી ૨૦૦૮ની સાલમાં આરોપીએ વાસણો ખરીદેલા માટે ઓળખ પરેડ દરમ્યાન ઉપરોકત આરોપીને ઓળખી બતાવેલાં. **નોંધઃ–** જુબાની દરમ્યાન આરોપી નં.૦૮નાઓને ઓળખી બતાવેલાં
			૧૦૭૩ મહમદ યુનુસ અબ્દુલ	A–૧૬ અબ્બાસ ઉમર સમેજા **નોંધઃ–** ભૂજ ખાતે આ સાહેદના ઇન્ફીનીટી સાયબર કાફે ઉપર

			લતીફ સુમરા	આરોપી નં.૧૬ ૨૦૦૮ની સાલમાં સરફિંગ કરવા આવેલો જેથી ઓળખ પરેડ દરમ્યાન ઉપરોકત આરોપીને ઓળખી બતાવેલાં. **નોંધઃ–** જુબાની દરમ્યાન આરોપી નં.૧૬નાઓને ઓળખી બતાવેલાં
૨	૩૧૬૨ ૩૧૬૫ ૩૧૬૮ ૩૧૭૧ ૩૧૭૬ ૩૧૭૯ ૩૧૮૨ ૩૧૮૫	**<u>૫૮૯</u>** ઈન્દ્રવીર વજુભા ઝાલા	**<u>૧૦૬૭</u>** અંબાલાલ વેચાતભાઇ બારીયા	A–૨૭ અબ્દુલ રાઝીક મન્સુરી A–૩૧ મોહમદ આરીફ શેખ A–૩૨ આસીફ બદરૂદ્ધિન શેખ A–૩૭ કયામુદ્ધિન કાપડીયા A–૪૩ અનીક સફિક સૈયદ A–૪૪ મોહમદ અકબર ચૌધરી A–૪૫ ફઝલે રહેમાન <u>A–૫૧ અનવર બાગવાન</u>
			<u>૯૮૧</u> પ્રવિણભાઇ હમીરભાઇ કટારીયા	**નોંધઃ–** આ બંને સાહેદો ૨૦૦૮ની સાલમાં ઉત્તરાયણના દિવસે જીપમાં બેસી હાલોલ જતા હતા ત્યારે રસ્તામાં જીપને પંચર પડેલું, કંડકટર પંચર કરાવવા ગયેલો અને આ બંને સાહેદો સ્થળ ઉપર હતા ત્યારે જંગલમાં વાતો કરવાનો અવાજ આવતા જંગલમાં ગયેલા ત્યારે આ લોકો ત્યાં તાલીમ લેતા હતા તે જોયેલાં અને ઓળખ પરેડ વખતે ઉપરોકત આરોપીઓને ઓળખી બતાવેલાં.
			<u>૧૧૩૮</u> ગુલામહુસેન અબ્દુલ રસીદ	**નોંધઃ–**આરોપી નં.૪૪,૪૫ અને ત્રીજાનું નામ યાદ નથી. ત્રણેય આરોપીઓએ આ સાહેદ પાસેથી શેરપુરા ભરૂચ ખાતે માસિક રૂા. ૫૦૦૦/–માં મકાન ભાડે રાખેલું માટે ઓળખ પરેડ દરમ્યાન આ ત્રણેય આરોપીઓને ઓળખી

				બતાવેલાં.
			નજીરઅલી હકીમજી પટેલ (તપાસેલા નથી.)	**નોંધઃ–** દસ વર્ષનો સમય થયેલો હોવાથી જુબાની દરમ્યાન ઓળખી બતાવેલાં નથી.
			<u>૯૨૪</u> સરફરાજ અબ્દુલ રહીમ	**નોંધઃ–** ૨૦૦૮ની સાલમાં બેરલ માર્કેટમાં આરોપી નં.૩૭ આ સાહેદ પાસે ડ્રમ લેવા ગયેલો માટે ઓળખ પરેડ દરમ્યાન ઓળખી બતાવેલો.
				નોંધઃ– લાંબી દાઢી થઇ ગયેલી છે અને ઘણો સમય થઇ ગયેલો છે માટે જુબાની દરમ્યાન ઓળખી બતાવેલાં નથી.
			<u>૯૩૦</u> કિશોરભાઇ સોમાભાઇ રાવત	**નોંધઃ–** નીતા ટ્રાવેલ્સની ઑફિસમાં આ સાહેદ નોકરી કરતા હતા ત્યારે સને–૨૦૦૮ની સાલમાં આરોપી નં.૩૭ કવર લેવા આવેલા હતા માટે ઓળખ પરેડ દરમ્યાન ઓળખી બતાવેલાં.
				નોંધઃ– દાઢી–મુછ અને શરીર વધી ગયેલું હોવાથી જુબાની દરમ્યાન ઓળખી બતાવેલાં નથી.
			<u>૯૪૩</u> કુખરાજ બાનુ મહમદ યાકુબ અબ્દુલ કાદર	**નોંધઃ–** ૨૦૦૮ની સાલમાં અલમહમદી સોસાયટી મકાન નં.૧૦, આરોપી નં.૩૭નાઓએ ભાડે રાખેલું માટે ઓળખ પરેડ દરમ્યાન ઓળખી બતાવેલાં.
				નોંધઃ–ઘણો સમય થઇ ગયેલો હોવાથી જુબાની દરમ્યાન

				ઓળખી બતાવેલાં નથી.
			૯૭૮ મહમદ હનીફ અબ્દુલ કયુમશેખ	**નોંધઃ–** ૨૦૦૮ની સાલમાં આ સાહેદની દુકાનેથી આરોપી નં. ૩૧નાઓએ ૫૦ નંગ ટાઇમર ઘડિયાળ ખરીદેલા માટે ઓળખ પરેડ દરમ્યાન ઓળખી બતાવેલાં. **નોંધઃ–**દસ વર્ષનો સમય થઇ ગયેલો છે માટે જુબાની દરમ્યાન ઓળખી બતાવેલાં નથી.
			૯૫૨ મહમદ આરીફ બિસ્મીલાં સૈયદ	**નોંધઃ–** ૨૦૦૮ની સાલમાં આ સાહેદે સાહેદ નં.૯૪૩ પાસેથી અલમહમદી સોસાયટીવાળુ મકાન આરોપી નં.૩૭ નાઓએ ભાડે અપાવેલું માટે ઓળખ પરેડ દરમ્યાન ઓળખી બતાવેલાં. **નોંધઃ–** દાઢી લાંબી છે તેમજ બોડીમાં ફેરફાર થયેલો છે માટે જુબાની દરમ્યાન ઓળખી બતાવેલાં નથી.
			૯૬૭ રૈઝા નાબાતીયન	**નોંધઃ–** સને–૨૦૦૮ની સાલમાં પુના ખાતે અશોકા મ્યુઝવાળુ મકાન આરોપી નં.૫૧ ને ભાડે આપેલું માટે ઓળખ પરેડ દરમ્યાન ઓળખી બતાવેલાં. **નોંધઃ–**દસ વર્ષનો સમય થઇ ગયેલો હોવાથી જુબાની દરમ્યાન ઓળખી બતાવેલાં નથી.
			૯૭૯ દશરથ વિષ્ણુભાઇ પાટીલ	**નોંધઃ–** સને–૨૦૦૮ની સાલમાં આ સાહેદ, સાહેદ નં.૯૭૮ની દુકાન વલીમહમદ રોશન એન્ડ કંપનીમાં નોકરી કરતા હતા ત્યારે દુકાનેથી આરોપી નં.૩૧ નાઓએ

			<u>૯૬૫</u> <u>અખ્તર મહમદ હનીફ મેમણ</u> **તથા** **<u>૯૬૬</u>** અસ્ફાક ઉર્ફે નઈમ જાન સાબ સૈયદ હિફ્ઝુ રહેમાન અબ્દુલ <u>કરીમ શેખ</u> તપાસેલા નથી.	પ૦ નંગ ટાઇમર ઘડિયાળ ખરીદેલા માટે ઓળખ પરેડ દરમ્યાન ઓળખી બતાવેલાં. **નોંધઃ–**દસ વર્ષનો સમય થઈ ગયેલો છે માટે જુબાની દરમ્યાન ઓળખી બતાવેલાં નથી. **નોંધઃ–** આ બંને સાહેદોએ આરોપી નં. પ૧ને સાહેદ નં. ૯૬૭ નું અશોકા મ્યુઝવાળુ મકાન ભાડે અપાવેલું માટે ઓળખ પરેડ દરમ્યાન ઓળખી બતાવેલાં. **નોંધઃ–** ઘણો લાંબો સમય થયેલો હોવાથી જુબાની દરમ્યાન ઓળખી બતાવેલાં નથી.
૩	૩૦૭૯ ૩૦૮૨ ૩૦૮૬ ૩૦૯૦ ૩૦૯૪ ૩૦૯૭ ૩૧૦૦	**<u>પ૭પ</u>** કીર્તન ચતુરભાઇ પટેલ	**<u>૯૮૫</u>** હસનઅલી અહેમદ અલી સુણાસરા	A–૨૮ અફઝલ ઉસ્માની A–૪૩ અનીક સફિક સૈયદ A–૪૪ મહમદ અકબર ચૌધરી A–૪૫ ફઝલે રહેમાન <u>A–૬૩ તન્વીર પઠાણ</u> **નોંધઃ–** સને–૨૦૦૮ની સાલમાં હોટલ શ્રીનાથ & ગેસ્ટ હાઉસમાં પારડી ખાતે મેનેજર હતા ત્યારે આરોપી નં.૨૮,૬૯ અને ૭૦ રોકાવવા આવેલા માટે ઓળખ પરેડ દરમ્યાન ઓળખી બતાવેલાં. **નોંધઃ–** ઘણો લાંબો સમય થઈ ગયેલો હોવાથી જુબાની દરમ્યાન ઓળખી બતાવેલાં નથી.

			<u>૮૫૫</u> જયેશ મનુભાઇ પટેલ	**નોંધઃ–** કમલા હાર્ડવેર નામની દુકાનમાં નોકરી કરતા હતા ત્યારે આરોપી નં.૪૫નાઓએ નટ–બોલ્ટ ખરીદેલા માટે ઓળખ પરેડ દરમ્યાન ઓળખી બતાવેલાં. **નોંધઃ–** કલીન શેવ અને દાઢીવાળા હોવાથી જુબાની દરમ્યાન ઓળખી બતાવેલાં નથી.
			<u>૯૮૪</u> રાધેશ્યામ મદનલાલ ઠક્કર	**નોંધઃ–** સને–૨૦૦૮ની સાલમાં આરોપી નં.૬૩ આ સાહેદની દુકાનમાંથી કાપડ ખરીદી ગયેલો માટે ઓળખ પરેડ દરમ્યાન ઓળખી બતાવેલાં. **નોંધઃ–** ઘણો લાંબો સમય થઇ ગયેલો હોવાથી જુબાની દરમ્યાન ઓળખી બતાવેલાં નથી.
			<u>૧૧૨૩</u> લીયાકત અલી ઉર્ફે યાકુબ ગુલામ રસુલ	**નોંધઃ–** સને–૨૦૦૮ની સાલમાં સુરત મુકામે રીવરવ્યુ સોસાયટી વાળુ મકાન આરોપી નં.૪૪ ને ભાડે આપેલું માટે ઓળખ પરેડ દરમ્યાન ઓળખી બતાવેલાં. **નોંધઃ–** ઘણો લાંબો સમય થઇ ગયેલો હોવાથી જુબાની દરમ્યાન ઓળખી બતાવેલાં નથી.
			<u>૧૧૨૯</u> ભાવેશ ભુપત ઠક્કર	**નોંધઃ–** ૨૦૦૮ની સાલમાં આરોપી નં.૪૩ આ સાહેદ પાસેથી કાઇનેટીક વેચાણથી લઇ ગયેલો માટે ઓળખ પરેડ દરમ્યાન ઓળખી બતાવેલાં. **નોંધઃ–** દસ વર્ષનો સમય થઇ ગયેલો હોવાથી જુબાની દરમ્યાન ઓળખી બતાવેલાં નથી.

			<u>૯૪૫</u> ઈરફાન અબ્દુલ્લા દાઉવા	**નોંધઃ–** સને–૨૦૦૮ની સાલમાં ભરૂચ ખાતે હોટલ નર્મદામાં આરોપી નં. ૪૫ રોકાવવા આવેલા માટે ઓળખ પરેડ દરમ્યાન ઓળખી બતાવેલાં. **નોંધઃ–** ઘણો લાંબો સમય થઈ ગયેલો હોવાથી જુબાની દરમ્યાન ઓળખી બતાવેલાં નથી.
			<u>૯૪૬</u> ગુલામ આદમ પટેલ	**નોંધઃ–** સને–૨૦૦૮ની સાલમાં ભરૂચ ખાતે હોટલ રેવનમાં આરોપી નં. ૪૫ રોકાવવા આવેલા માટે ઓળખ પરેડ દરમ્યાન ઓળખી બતાવેલાં. **નોંધઃ–** ઘણો લાંબો સમય થઈ ગયેલો હોવાથી જુબાની દરમ્યાન ઓળખી બતાવેલાં નથી.
			<u>૯૮૩</u> નરેશ અંબાલાલ મહેતા	**નોંધઃ–** સને–૨૦૦૮ની સાલમાં ભરૂચ ખાતેથી આ સાહેદની દુકાનેથી આરોપી નં.૪૫ ખીલીઓ તથા નટ–બોલ્ટ ખરીદીને લઈ ગયેલ માટે ઓળખ પરેડ દરમ્યાન ઓળખી બતાવેલાં. **નોંધઃ–** ઘણો લાંબો સમય થઈ ગયેલો હોવાથી જુબાની દરમ્યાન ઓળખી બતાવેલાં નથી.
			(૧) બિમલેશ કુમાર બિંદુસીંગ (૨) અબ્બાસ ઈબ્રાહિમ	**નોંધઃ–**આ સાહેદોએ જુદા–જુદા આરોપીઓને જુદી–જુદી ઓળખ પરેડની કાર્યવાહી દરમ્યાન ઓળખી બતાવેલા હતાં.

			કાચવાલા (૩) મોહમદ શરીફ અસ્મતાલી (૪) દિનેશ અંબાલાલ ફિટર (૫) જયાબેન ધનંજય જોષી **(આ સાહેદોને તપાસ્યા નથી.)**	
૪	૩૧૩૩ ૩૧૩૬ ૩૧૩૯ ૩૧૪૨ ૩૧૪૫ ૩૧૪૮ ૩૧૫૧ ૩૧૫૪	**<u>૫૮૮</u>** લક્ષ્મણ કેશવલાલ પારધી	**<u>૯૮૧</u>** પ્રવિણભાઇ હમીરભાઇ કટારીયા **<u>૧૦૬૭</u>** અંબાલાલ વેચાતભાઇ બારીયા	A–૧૬ અબ્બાસ ઉમર સમેજા A–૨૩ ઐયાઝ શેખ A–૨૭ અબ્દુલ રાઝીક મન્સુરી A–૩૬ મહમદ આરીફ મીરઝા A–૩૭ કયામુદ્દિન કાપડીયા <u>A–૩૮ મોહમદ સૈફ</u> **નોંધઃ–**આ બંને સાહેદો ૨૦૦૮ની સાલમાં ઉત્તરાયણના દિવસે જીપમાં બેસી હાલોલ જતા હતા ત્યારે રસ્તામાં જીપને પંચર પડેલું, કંડકટર પંચર કરાવવા ગયેલો, અને આ બંને સાહેદો સ્થળ ઉપર હતા ત્યારે જંગલમાં વાતો કરવાનો અવાજ આવતા જંગલમાં ગયેલા ત્યારે આ લોકો ત્યાં તાલીમ લેતા હતા તે જોયેલાં અને ઓળખ પરેડ વખતે ઉપરોકત આરોપીઓને ઓળખી બતાવેલાં.

			<u>૯૨૬</u> મુખત્યાર શબ્બીર હુસેન પ્રાઇમસ વાલા	**નોંધઃ–**૨૦૦૮ની સાલમાં કાલુપુર ટાવર પાસે "ડિલક્ષ સ્ટવ માર્ટ" નામની આ સાહેદની દુકાનેથી આરોપી નં.૨૭ ગોલ્ડન કલીક કંપનીના ગેસના બોટલો લઇ ગયેલો હતો માટે ઓળખ પરેડ દરમ્યાન ઓળખી બતાવેલાં. **નોંધઃ–** દાઢીવાળા અને બોડી હેવી થઇ ગયેલી હોવાથી જુબાની દરમ્યાન ઓળખી બતાવેલાં નથી.
			<u>૯૩૨</u> અબ્બાસ હાજીભાઇ પોરા	**નોંધઃ–**સને–૨૦૦૮ની સાલમાં આ સાહેદના ટેલીફોન ઉપરથી આરોપી નં.૨૩ નાઓએ ટેલિફોન કરેલો માટે ઓળખ પરેડ દરમ્યાન ઓળખી બતાવેલાં. **નોંધઃ–** ઘણો લાંબો સમય થઇ ગયેલો હોવાથી જુબાની દરમ્યાન ઓળખી બતાવેલાં નથી.
			<u>૯૩૭</u> લાભશંકર વજેરામ જોષી	**નોંધઃ–** સને–૨૦૦૮ની સાલમાં આ સાહેદની દુકાને મુકેલ ટેલિફોન ઉપરથી આરોપી નં.૨૩ નાઓએ ફોન કરેલો માટે ઓળખ પરેડ દરમ્યાન ઓળખી બતાવેલાં. **નોંધઃ–** ઘણો લાંબો સમય થઇ ગયેલો હોવાથી જુબાની દરમ્યાન ઓળખી બતાવેલાં નથી.
			<u>૯૩૩</u> મહમદ રસીદ ફરીદભાઇ શેખ	**નોંધઃ–** સને–૨૦૦૮ની સાલમાં આ સાહેદની દુકાનેથી આરોપી નં.૩૮ આઇસ્ક્રીમ તથા પાણીના પાઉચ ખરીદી ગયેલો માટે ઓળખ પરેડ દરમ્યાન ઓળખી બતાવેલાં. **નોંધઃ–** દાઢી વધી ગયેલી અને

				ચહેલા બદલાઇ ગયેલા હોવાથી જુબાની દરમ્યાન ઓળખી બતાવેલાં નથી.
			<u>૯૩૬</u> સુનિલ શાંતિલાલ પટેલ	**નોંધઃ–**તા.૨૬/૦૮/૦૮ના રોજ રાયપુર ચકલામાં ગોખલે પાન હાઉસ પાસે ઉભેલા હતા ત્યારે આરોપી નં.૩૬ નાઓને તથા બીજા એકને બોમ્બવાળી સાઇકલ મુકતા જોયલો માટે ઓળખ પરેડ દરમ્યાન ઓળખી બતાવેલાં. **નોંધઃ–** ઘણો લાંબો સમય થઇ ગયેલો હોવાથી જુબાની દરમ્યાન ઓળખી બતાવેલાં નથી.
			<u>૯૫૬</u> નઇમ અહેમદ મહમદ આરીફ શેખ	**નોંધઃ–** સને–૨૦૦૮ની સાલમાં આ સાહેદના સાયબર કાફે ઉપર આરોપી નં.૩૭ આવેલો હતો માટે ઓળખ પરેડ દરમ્યાન ઓળખી બતાવેલાં. **નોંધઃ–** ઘણો લાંબો સમય થઇ ગયેલો હોવાથી જુબાની દરમ્યાન ઓળખી બતાવેલાં નથી.
			<u>૯૫૦</u> મહમદ રફિક અબ્દુલ હમીદ શેખ અંબાલાલ હરીભાઇ પટેલ **તથા**	**નોંધઃ–** સને–૨૦૦૮ની સાલમાં આરોપી નં.૩૭ નાઓ આ સાહેદ પાસે સાઇકલ રીપેર કરાવેલી માટે ઓળખ પરેડ દરમ્યાન ઓળખી બતાવેલાં. **નોંધઃ–** દાઢી મુછ વધી ગયેલી હોવાથી જુબાની દરમ્યાન ઓળખી બતાવેલાં નથી.

			મહમદ ફારૂક સફિ મહમદ શેખ (તપાસ્યા નથી.)	
૫	૩૧૦૮ તથા ૩૧૧૦	**૫૩૯** ધર્મેશ કનૈયાલાલ પટેલ	**૮૬૪** અબ્દુલ ફરીદ અબ્દુલ રસીદ શેખ	A–૩૭ કયામુદ્દિન કાપડીયા A–૬૩ તન્વીર અખ્તર પઠાણ **નોંધઃ–**તા.૦૯/૦૭/૨૦૦૮ના અરસામાં માસ્ટર હાઉસમાં આવેલું મકાન આરોપી નં.૩૭ ને ભાડે આપેલું માટે ઓળખ પરેડ દરમ્યાન ઓળખી બતાવેલાં. **નોંધઃ–** દસ વર્ષનો સમય થઈ ગયેલો હોવાથી જુબાની દરમ્યાન ઓળખી બતાવેલાં નથી.
			૧૦૯૯ મહમદ શોએબ મહમદ હનીફ ગુલામ મહમદ શેખ	**નોંધઃ–** આરોપી નં.૩૭ તથા ૬૩ નાઓને સારી રીતે ઓળખતા હોવાથી ઓળખ પરેડ દરમ્યાન ઓળખી બતાવેલાં. **નોંધઃ–** સાહેદ હોસ્ટાઈલ જાહેર થયેલા છે.
			૮૮૧ અદનાન મહમદ	**નોંધઃ–** આરોપી નં.૩૭ તથા ૬૩નાઓને સારી રીતે ઓળખતા હોવાથી ઓળખ પરેડ દરમ્યાન ઓળખી બતાવેલાં. **નોંધઃ–** સાહેદ હોસ્ટાઈલ જાહેર થયેલા છે.
			૯૨૭ રીઝવાન મહમદ હનીફ દુધવાલા	**નોંધઃ–** સને–૨૦૦૮ની સાલમાં આ સાહેદની દુકાનેથી આરોપી નં. ૩૭ ગેસના બે બોટલ લઈ ગયેલો માટે ઓળખ પરેડ દરમ્યાન ઓળખી બતાવેલાં.

			મહમદ આરીફ યુસુફ પટેલ **તથા** અબ્દુલ કરીમ માન ઉર્ફે કિશોર કૌટીક **તથા** ઈસ્માઈલ શબ્બીર શેખ (તપાસ્યા નથી.)	**નોંધઃ–** મોટી દાઢી તેમજ આઠેક વર્ષનો સમય થઈ ગયેલો હોવાથી જુબાની દરમ્યાન ઓળખી બતાવેલાં નથી.
૬	૪૦૮૫	**<u>૭૮૪</u>** દાનાજી ભુરાજી રાજપુત	**<u>૯૭૨</u>** રામકાભાઇ દેવકરણ કેસરીયા **<u>૯૮૧</u>** પ્રવિણભાઇ હમીરભાઇ કટારીયા	<u>A–૭૪ મોહમદ અબરાર મણીયાર</u> **નોંધઃ–**૨૦૦૮ની સાલમાં ઉત્તરાયણના સમય દરમ્યાન આ બંને સાહેદોએ આરોપી નં.૭૪ ને જંગલમાં તંબુ બાંધી તાલીમ લેતા જોયેલો માટે ઓળખ પરેડ દરમ્યાન ઓળખી બતાવેલાં. **નોંધઃ–**ઘણો સમય થયેલો હોવાથી જુબાની દરમ્યાન ઓળખી બતાવેલાં નથી.
૭	૭૬૪૭	**<u>૧૦૯૦</u>** સુરેન્દ્રસિંહ દોલસિંહ ડાવર	**<u>૧૧૦૦</u>** પ્રતિક નવીનભાઈ કંસારા	<u>આરોપી મુજીબ ઉર્ફે અક્રમ</u> **નોંધઃ–** આ સાહેદની દુકાને આરોપી ગેસના સીલીન્ડર ખરીદવા ગયેલો ત્યારે જોયેલો માટે ઓળખ પરેડ દરમ્યાન ઓળખી બતાવેલો.

			૯૩૧ પ્રિયકાંત શકરચંદ શાહ	આરોપી મુજીબ ઉર્ફે અક્રમ **નોંધઃ–** આ સાહેદની દુકાને આરોપી નટ બોલ્ટ ખરીદવા ગયેલો ત્યારે જોયેલો માટે ઓળખ પરેડ દરમ્યાન ઓળખી બતાવેલો.
૮	૬૮૪૪	**૯૮૨** કનૈયાલાલ ધીરજલાલ રાજા	**૯૮૫** હસનઅલી સુમસરા	આરોપી મોબીન ઉર્ફે શકુરખાન તથા આમીન રાજા **નોંધઃ–** આ સાહેદની હોટલ ઉપર શ્રીનાથ ઉપર બંને આરોપી ગાડી નં.જીજે–૬–સીડી–૩૫૬૯ લઈને ગયેલા અને રોકાયેલા ત્યારે જોયેલો માટે ઓળખ પરેડ દરમ્યાન ઓળખી બતાવેલો.

આરોપીઓની ઓળખ પરેડ બાબતે ફરિયાદપક્ષ તરફથી ખાસ સરકારી વકીલશ્રી એચ.એમ.ધ્રુવ દલીલો કરતા જણાવે છે કે આ કામમાં તપાસ કરનાર અધિકારીઓએ તપાસો દરમ્યાન જુદા–જુદા આરોપીઓની ઓળખ પરેડ જુદા–જુદા સાહેદો સમક્ષ જુદા–જુદા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ રૂબરૂ કરાવેલી છે અને તમામ મેજિસ્ટ્રેટશ્રીઓને ફરિયાદપક્ષે સાહેદ તરીકે તપાસેલા છે. જે સાહેદોએ આરોપીઓને ઓળખી બતાવેલા તે સાહેદો પૈકી ઘણા બધા સાહેદો ફરિયાદપક્ષે તપાસેલા છે, અમુક સાહેદો મળી ન આવતા હોવાથી તપાસેલા નથી પરંતુ ઓળખ પરેડ કરાવી ત્યારે નહીં તપાસેલા સાહેદોએ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓ સમક્ષ આરોપીઓને ઓળખી બતાવેલા હતા. વધુમાં તેઓ દલીલ કરતા જણાવે છે કે તપાસવામાં આવેલા સાહેદોએ પોતાની સોગંદ ઉપરની જુબાની દરમ્યાન અદાલતમાં આરોપીઓને ઓળખી બતાવેલા નથી અને તેઓને કેમ ઓળખી બતાવ્યા નથી તે અંગેના માની શકાય તેવા ખુલાસા સાહેદોએ આપેલા છે. જે ખુલાસા સાહેદો તરફથી આપવામાં આવેલા છે તે મુજબ જે તે વખતે આરોપીઓને ઓળખ પરેડ દરમ્યાન ઓળખ્યા ત્યારે આરોપીઓની દાઢીઓ નાની હતી અને જુબાની વખતે તેઓની દાઢીઓ વધી ગયેલી હતી, શરીરના બંધારણમાં ફેરફાર થયેલા હતા તથા ઓળખ પરેડ વખતે ઓળખ્યા બાદ

૧૦ વર્ષ પછી જુબાનીઓ આપેલી હોવાથી પણ ઓળખી શકેલા નથી માટે સરકારી વકીલશ્રી જણાવે છે કે આરોપીઓને નહીં ઓળખવાના સાહેદોએ વાજબી કારણો આપેલા છે. સાહેદોએ આરોપીઓને જે તે વખતે ઓળખ પરેડ દરમ્યાન ઓળખેલા હતા. આરોપીઓને જે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓ રૂબરૂ સાહેદોએ ઓળખેલા તે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓએ પણ પોતાની જુબાનીઓમાં જે તે સાહેદોએ આરોપીને ઓળખી બતાવ્યાની હકીકત જણાવેલી છે. આવા સંજોગોમાં એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓની જુબાનીઓ અને પુરાવો માની શકાય. આ સબંધમાં તેઓ નીચે મુજબના ચુકાદા ઉપર આધાર રાખે છે.

અ.નં.	**ચુકાદો**	**નિર્ણીત થયેલ મુદ્દાઓ પૈકી ઓળખ પરેડ માટે નિર્ણીત મુદ્દો**
૧	રાજુ માનજી વિરૂધ્ધ સ્ટેટ ઓફ બિહાર ૨૦૧૮(૩) ક્રાઈમ્સ પાન નં.૪૭૭ સુપ્રીમ કોર્ટ	ચુકાદાના પેરા–૧૪ મુજબ ઓળખ પરેડનો પુરાવો તે મુખ્ય પુરાવો નથી. સાહેદ આરોપીને અદાલત સમક્ષ ઓળખવામાં નિષ્ફળ જાય તેથી કરીને ફરિયાદપક્ષનો કેસ નિષ્ફળ જતો નથી. ઓળખ પરેડથી માત્ર એટલુ કહેવાય કે તપાસ એજન્સીને ગુનાની તપાસ યોગ્ય દિશામાં કરી છે કે કેમ ?
૨	રામનાથ મહાતો વિરૂધ્ધ સ્ટેટ ઓફ બિહાર ૧૯૯૬ સુપ્રીમ કોર્ટ કેસીસ (ક્રી) પાન નં.૭૨૬	નામદાર સુપ્રિમ કોર્ટના ઠરાવ્યા પ્રમાણે ઓળખ પરેડ તે મુખ્ય પુરાવો નથી. અદાલતમાં સાહેદ આરોપીને ઓળખી બતાવે તે મુખ્ય પુરાવો છે. સાહેદે ઓળખ પરેડની કાર્યવાહી દરમ્યાન આરોપીને સાચી રીતે ઓળખેલો હોય પરંતુ અદાલતમાં ઓળખી ના બતાવે તેવા સંજોગોમાં ઓળખ પરેડ કરાવનાર

		મેજિસ્ટ્રેટશ્રી જણાવે કે તેની સમક્ષ સાહેદે આરોપીને સાચી રીતે ઓળખી બતાવેલો હતો ત્યારે અદાલતે સાહેદની વર્તણૂક ધ્યાને લેવી કે તે આરોપીને ઓળખવામાં ડરી પણ ગયો હોય. આવા સંજોગોમાં ઓળખ પરેડ કરાવનાર મેજિસ્ટ્રેટશ્રીને માનવા જોઈએ
૩	ચંદ્રપ્રકાશ વિરૂધ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન ૨૦૧૪ (કમ્પલીટ) ૩ સુપ્રીમ કોર્ટ કેસીસ (ક્રી) પાન નં.૪૫૭	ચુકાદાના પેરા નં.૩૩ થી ૩૬ મુજબ ઓળખ પરેડ કરાવવામા વિલંબ થયેલો, બનાવ પછી દોઢ વર્ષ બાદ ઓળખ પરેડ કરાવેલી. આરોપીને પકડયા પછી ૩ અઠવાડીયામાં થયેલી. બીજા સાહેદોએ ૨ આરોપીઓને ઓળખી બતાવેલા.બચાવ પક્ષ તરફથી થયેલી ઊલટતપાસમાં શંકા ઉપજાવે તેવી કોઈ હકીકત કઢાવી શકેલા નહીં. નામદાર અદાલતે ઠરાવેલુ કે ઓળખ પરેડ વિલંબથી કરાવેલી માટે ફરિયાદ પક્ષનો કેસ રદ થતો નથી
૪	રાજા વિરૂધ્ધ સ્ટેટ બાય ધી ઈન્સ્પેકટર ઓફ પોલીસ ક્રિમીનલ અપીલ નં.૭૪૦/૨૦૧૮ તા.૧૦.૧૨.૨૦૧૯ સુપ્રિમ કોર્ટ	પેરા–૧૫ મુજબ બનાવ બન્યા બાદ ઘણા સમય પછી સાહેદ સાક્ષી બોક્ષમાં જુબાની આપવા માટે આવતા હોય છે જેથી સમયની ગેપના કારણે સાહેદ આરોપીને અદાલતમાં જુબાની દરમ્યાન ઓળખી શકતા નથી. પરંતુ તે અંગે તે સાહેદનો પુરાવો ઓળખ બાબતે કેટલા અંશે વિચારણામાં લેવો તે દરેક કેસની હકીકત

		અને સંજોગો ઉપર આધારીત છે. પેરા–૧૬ મુજબ આરોપીને અટક કર્યા પછી કેટલા સમયમાં ઓળખ પરેડ યોજવી જોઈએ તે અંગેના કોઈ ચોકકસ નિયમો નથી. અમુક સંજોગોમાં ઓળખ પરેડ ૧૦ દિવસ વિલંબથી થાય તો તે ઓળખ પરેડ મૃત બને છે. જયારે અમુક સંજોગોમાં ૪૦ દિવસ પછી ઓળખ પરેડ યોજવામાં આવે તો પણ મૃત બનતી નથી. આ કેસમાં ઘણા બધા આરોપીઓ છે, ઘણી બધી ફરિયાદો નોંધાયેલી. તમામ ફરિયાદોના તપાસ કરનાર અધિકારીઓ પણ જુદા–જુદા હતા. આવા સંજોગોમાં ઓળખ પરેડ કરાવવામાં વિલંબ થયેલો હોય તો તે ક્ષમ્ય છે તેમ હું માનુ છું.

બચાવપક્ષ તરફથી વિ.વ.શ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે ઓળખ પરેડની કિંમત બે પ્રકારની હોય છે (૧)તપાસ કરનાર અમલદારને તપાસમાં મદદરૂપ થાય અને (૨)ઓળખ પરેડ સાચી હોય તો અદાલતમાં સાહેદની જુબાની વખતે સમર્થન મળે. ઓળખ પરેડનો પુરાવો સ્વતંત્ર પુરાવો નથી. સાહેદે અદાલતમાં આરોપીને ઓળખવો જ પડે. આ કેસમાં આરોપીઓને અટક કર્યા બાદ ઘણા લાંબા સમય પછી ઓળખ પરેડ કરાવેલી છે. ઓળખ પરેડ કરાવતી વખતે ડમી માણસોની સંખ્યા અપુરતી છે. ડમી માણસોના વર્ણન અને સરનામા પંચનામાઓમાં લખાવેલા નથી. આરોપીઓની કોમને ધ્યાનમાં રાખીને

ડમી માણસો રાખવા જોઈએ જે રાખવામાં આવેલા નથી. ઓળખ પરેડ વખતે આરોપીઓને કેવી રીતે અને કેમ ઓળખ્યા તે લખવામાં આવેલુ નથી. વધુમાં વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે આરોપીઓની અટક કર્યા પછી તાત્કાલિક ઓળખ પરેડ કરાવવી જોઈએ આ સંબંધમાં તેઓ નીચે મુજબના ચુકાદા ઉપર આધાર રાખે છે.

અ.નં.	**ચુકાદો**	**ચુકાદામાં નિર્ણીત થયેલ મુદ્દાઓ પૈકિ ઓળખ પરેડ અંગે નિર્ણીત થયેલ મુદ્દો**
૧	ભુષણ વિરૂધ્ધ સ્ટેટ ઓફ યુપી ૧૯૭૦ ક્રી.લો.જ. સુપ્રીમ કોર્ટ પાન નં.૧૧૪૯	ચુકાદાના પેરા–૭ મુજબ સાહેદે આરોપીને અદાલત સમક્ષ જુબાની દરમ્યાન ઓળખવો જ પડે. જો અદાલતમાં સાહેદ આરોપીને ન ઓળખી બતાવે તો તે સાહેદનો પુરાવો નબળો પુરાવો છે. વધુમાં આરોપીને અટક કર્યા પછી ઓળખ પરેડ વહેલી તકે કરાવવી જોઈએ અને ઓળખ પરેડ કરાવતી વખતે મેજિસ્ટ્રેટે પુરતી કાળજી રાખવી જોઈએ
૨	હસીબ વિરૂધ્ધ સ્ટેટ ઓફ બિહાર ૧૯૭૨ ક્રી.લો.જ. પાના નં.૨૩૩ સુપ્રીમ કોર્ટ	ચુકાદાના પેરા–૬,૭ મુજબ સાહેદ આરોપીની ઓળખ જુબાની દરમ્યાન કરે તો તે મુખ્ય પુરાવો છે. આરોપી અજાણ્યો હોય તો ઓળખ પરેડ કરાવવી જોઈએ. ૧૦ વર્ષ પછી ઓળખ પરેડ કરાવવામાં આવે તો તેનો કોઈ અર્થ નથી. ઓળખ પરેડ વહેલી તકે કરાવવી જોઈએ

જેથી વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે આ કામે જે મેજિસ્ટ્રેટશ્રીઓએ ઓળખ પરેડ કરાવેલી છે તે માની શકાય તેમ નથી અને તેમને રદ કરવી જોઈએ. મેજિસ્ટ્રેટશ્રીઓએ પુરતી કાળજી રાખેલી નથી અને અપુરતા

ડમી માણસો રાખેલા છે. ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમીત પટેલ દલીલ કરતા જણાવે છે કે તપાસ કરનાર અધિકારીઓએ આરોપીઓની અટક કર્યા બાદ થોડા સમયમાં જ ઓળખ પરેડ કરાવેલી છે એટલો લાંબો સમય થયેલો નથી કે સાહેદો આરોપીઓને ઓળખી ન શકે. અમદાવાદ શહેરમાં કુલ–૨૦ જેટલી જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ થયેલા હતા કેસની ગંભીરતા તથા ઘણા બધા ગુનાઓ બનેલા હોવાથી જેમ બને તેમ વહેલી તકે ઓળખ પરેડ કરાવવામાં આવેલી છે. આ ગુનાઓમાં પોલીસ તપાસ પણ એટલી જટીલ હતી જેથી ૨–૩ માસનો સમય ઓળખ પરેડ કરાવવામાં થયેલો છે તે વાજબી છે અને તેનાથી ઓળખ પરેડની કાર્યવાહીને કોઈ અસર થતી નથી. મારા મત પ્રમાણે અમદાવાદ શહેરમાં ચોવીસ જેટલા બોમ્બ બ્લાસ્ટના જે બનાવો બનેલા જેની કુલ–૨૦ ફરિયાદો નોંધાયેલી, તમામ ફરિયાદોની એક સાથે તપાસ શરૂ થયેલી. પોલીસ કમિશનર તરફથી બનાવોની તપાસ માટે કુલ–૪ તપાસ ટીમો બનાવવામાં આવેલી હતી અને તપાસ ટીમો દ્વારા આ બનાવોની તપાસ થયેલી છે. કુલ–૨૦ જેટલા ગુનાઓમાં એક કે બે તપાસ કરનાર અધિકારી તપાસ કરે તે શકય નથી અને કુલ–૨૦ જેટલા ગુનાઓમાં આરોપીઓને લઈ જુદી–જુદી જગ્યાએ તપાસ કરવાની હતી આવા સંજોગોમાં આરોપીઓને અટક કર્યા પછી તાત્કાલિક ઓળખ પરેડ તપાસ ના થાય તો તે વાજબી છે અને તેનાથી ઓળખ પરેડને કોઈ અસર થતી નથી તેમ હું માનુ છું. એકાદ સીંગલ બનાવમાં આરોપીને અટક કર્યા પછી તેમની ઓળખ પરેડ વહેલી તકે થાય તે શકય છે પરંતુ વીસેક ગુનાઓમાં વહેલી તકે ઓળખ પરેડ થાય તે શકય નથી. વકીલશ્રી આર.કે.શાહની દલીલ સાથે હું સંમત છું કે આરોપીની અટક કર્યા પછી વહેલી તકે ઓળખ પરેડ કરાવવી જોઈએ પરંતુ તે સામાન્ય ગુનામાં એકાદ,બે આરોપી હોય તો શકય બને, અહીંયા કુલ–૨૦ ફરિયાદો છે, આરોપીઓ કુલ–૮૦ જેટલા છે, તપાસ કરનાર અધિકારીઓ કુલ–ચાર હતા, સુરતની ૧૫ ફરિયાદોના તપાસ કરનાર અધિકારી કુલ–૨ હતા, તમામ એટલે કે અમદાવાદની કુલ–૨૦ અને સુરતની કુલ–૧૫ મળી કુલ–૩૫ ફરિયાદોની તપાસ સાથે ચાલતી હતી, આરોપીઓ પૈકી ઘણા આરોપીઓ સામે

જુદા–જુદા રાજયોના જુદા–જુદા પોલીસ સ્ટેશનોમાં પણ ફરિયાદો નોંધાયેલી હતી અને ત્યાં પણ તપાસો ચાલતી હતી માટે આવા જટીલ કેસોમાં ઓળખ પરેડ કરાવવામાં થોડો વિલંબ થાય તો તે વાજબી છે.

બચાવપક્ષ તરફથી વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે સાહેદ નં.પ૭૧ રમણભાઈ સોલંકી કે જેમણે જે આરોપીઓની જે સાહેદો સમક્ષ ઓળખ પરેડ કરાવેલી તે કુલ–૧૦ આરોપીઓની કરાવેલી હતી અને કુલ–૫૦ જેટલા ડમી માણસો હતા. ડમી માણસોના શરીરના બોંધા અને વર્ણન આરોપીઓના શરીરના બાંધા અને વર્ણન પ્રમાણેના હતા કે કેમ? તે જણાવતા નથી. ઊલટતપાસ દરમ્યાન ઓળખ પરેડ માટે કુલ–૯ ડમી માણસો જોઈએ તે કબૂલ કરેલુ છે અને આરોપીઓના દેખાવ અને વર્ણન પંચનામામાં જણાવેલા નથી, તેઓના પોષાક પણ જણાવેલા નથી, સાહેદોના નામ સરનામા પુછેલા નથી. આરોપીઓને કપડા બદલવાની સુચના આપી હોય તે પણ માલુમ પડતુ નથી. પરંતુ આ સાહેદની જુબાનીના પેરા નં.૬ ધ્યાને લઈએ તો સાહેદે આરોપીઓને કપડા બદલવાની ઈચ્છા અંગે પુછેલુ છે જેથી વકીલશ્રી આર.કે. શાહની દલીલ સાથે હું સંમત નથી. વધુમાં વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે ડમી માણસો કોણ લાવ્યુ? કેવી રીતે લાવ્યુ? તે અંગે કોઈ પુરાવો નથી. પરંતુ મારા મત પ્રમાણે ડમી માણસો કોણ લેવા ગયેલુ અને કોણ લઈ આવેલુ તે અંગે કોઈ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા આપવો જરૂરી નથી ફકત ડમી માણસો લાવવામાં આવે અને તેમની વચ્ચે આરોપીને ઉભો રાખી ઓળખ પરેડ કરાવે તે પુરતુ છે અને તેજ મહત્વનું છે. વધુમાં તેઓ દલીલ કરતા જણાવે છે કે ઓળખ પરેડનો પુરાવો સ્વતંત્ર પુરાવો નથી પરંતુ તેને સમર્થનકારી પુરાવા તરીકે ઉપયોગમાં લઈ શકાય તેથી વિશેષ તેનુ મહત્વ નથી. આ સંબંધમાં તેઓ નીચે મુજબના ચુકાદા પર આધાર રાખે છે.

અ.નં.	ચુકાદો	ચુકાદામાં નિર્ણીત થયેલ મુદ્દાઓ પૈકી ઓળખ પરેડ માટે નિર્ણીત મુદ્દો
૧	અબ્બાસ હસમ ઘાંચી	ચુકાદાના પેરા–૯.૧, ૯.૨, ૧૦ માં

	વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૧૯૯૩ (૧) જી.એલ.એચ., પાન નં.૨૨ ગુજરાત	ઓળખ પરેડ અંગેનુ માર્ગદર્શન આપેલુ છે. કુલ–૧૦ માણસોની ભેગી પરેડ ન થાય. ૧ અથવા ૨ થી વધુ આરોપીઓની ઓળખ પરેડ ના થાય તથા ૧ આરોપીઓ માટે કુલ–૯ ડમી માણસો જોઈએ.
૨	સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ મોહનલાલ ૧૯૯૬(૧) જી.એલ.એચ., પાન નં.૯૧૯	ચુકાદાના પેરા–૮ મુજબ આરોપીની ઓળખ વખતે મેજિસ્ટ્રેટે ખૂબ જ કાળજી રાખવી જોઈએ. ડમી માણસો આરોપીની ઉંમર અને શરીરથી મળતા આવવા જોઈએ.

વધુમાં વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે આ કેસમાં ડમી માણસોની સંખ્યા ઓછી છે. બધા ડમી માણસો મજૂર હતા, ડમી માણસોની ઉંમર ૧૮ થી ૫૫ વર્ષની હતી જયારે આરોપીઓની ઉંમર ૨૩ થી ૩૮ હતી માટે આવી ઓળખ પરેડનો કોઈ અર્થ નથી. પરંતુ મારા મત પ્રમાણે ભારત જેવા દેશમાં સામાન્ય રીતે સારા માણસો કે ભણેલા માણસો ઓળખ પરેડની કાર્યવાહીમાં ડમી માણસો તરીકે રહેવા તૈયાર હોતા નથી. પોલીસ કે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ જાતે આવા ડમી માણસોને બોલાવવા માટે કે શોધવા માટે જતા હોતા નથી. પટ્ટાવાળા દ્વારા કે અન્ય કોઈ વ્યકિત દ્વારા ડમી માણસો બોલાવવા માટે મોકલવામાં આવતા હોય છે. સારા કે ભણેલા માણસો પટ્ટાવાળા કે અન્ય કોઈ માણસને ડમી તરીકે રહેવા માટેની સ્પષ્ટ ના પાડતા હોય છે જેથી પટ્ટાવાળા કે અન્ય કોઈ માણસ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટની કચેરીની આસપાસથી ડમી માણસોને લાવવામાં ઘણી જ મુશ્કેલીઓ પડતી હોય છે તે સત્ય હકીકત છે. એટલુ જ નહીં કુલ– ૯ જેટલા ડમી માણસોને શોધવા કેવી રીતે અને બોલાવવા કેવી રીતે તે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ માટે પેચીદો પ્રશ્ન બની રહેતો હોય છે. એટલુ જ નહીં આરોપીઓની ઉંમર, વર્ણન અને શરીરના બાંધા

જેવા ડમી માણસો કેવી રીતે શોધી લાવવા તે પણ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ માટે ખૂબ જ મોટો પ્રશ્ન રહેતો હોય છે. આરોપીઓના શારીરિક વર્ણન અને તેમની જ ઉંમરના માણસો શોધી લાવવા પડ્ડાવાળા કે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ માટે ઘણુ જ મુશ્કેલીભર્યુ કામ છે તેવા માણસો ચોક્કસ મળે પણ તેઓને શોધવામાં અને શોધ્યા પછી ડમી માણસો તરીકે રહેવા તૈયાર કરવાનુ કામ પણ તેટલુ જ મુશ્કેલીભર્યુ હોય છે, બે માણસો ગમે તેમ કરીને શોધી લાવી ઑફિસમાં બેસાડે ત્યારે બીજા માણસો શોધી લાવતા પહેલા અગાઉ શોધી લાવેલા માણસો જતા રહે કારણ કે તેઓ પણ પોતાના કામથી નિકળેલા હોય, અત્યારના સમયમાં સરકારી કામગીરીમાં અડધો કલાક ઉભા રહી મદદ કરવાનો સમય કોઇ માણસ પાસે હોતો નથી. આ ઉપરાંત ભણેલા તથા સારા માણસોને આવી કામગીરીમાં મદદ કરવાની શરમ, સંકોચ પણ હોય છે માટે પણ કોઇ તૈયાર થતા નથી. આવા સંજોગોમાં કચેરીના પડ્ડાવાળા કે અન્ય કોઈ માણસ આજીજી કરીને કોઈ સામાન્ય માણસ અથવા મજૂર કક્ષાના માણસને ગમે તે રીતે લઈ આવતા હોય છે. આવા સંજોગો હાલ પણ પ્રવર્તે છે અને આવા સંજોગોમાં ઓળખ પરેડ કરાવેલી હોય તો તેમા નાની–નાની ક્ષતિઓ રહી જવા પામી હોય તો તે ક્ષમ્ય છે તેમ હું માનુ છું. કાયદાની જોગવાઇની સરખામણીમાં વાસ્તવિક પરિસ્થિતિ ઘણી જ અલગ છે માટે આવી પરિસ્થિતિ હોય ત્યારે ફરિયાદપક્ષનો કેસ કે ઓળખ પરેડ ખોટી છે તેમ કહી ફેંકી દેવાય નહીં માટે વકીલશ્રી આર.કે.શાહની દલીલ સાથે હું સંમત નથી. વધુમાં તેઓ દલીલ કરતા જણાવે છે કે ઓળખ પરેડનો પુરાવો સ્વતંત્ર અને મુખ્ય પુરાવો નથી. જુબાની દરમ્યાન અદાલતમાં સાહેદે આરોપીને ઓળખવા જ પડે. આ સંબંધમાં તેઓ નીચે મુજબના ચુકાદા પર આધાર રાખે છે.

અ.નં.	**ચુકાદો**	**ચુકાદામા નિર્ણીત થયેલ મુદ્દાઓ પૈકી ઓળખ પરેડ અંગે નિર્ણીત થયેલ મુદ્દો**
૧	સ્ટેટ ઓફ કેરાલા વિરૂધ્ધ કે.વી.સદનાનંદન (૧૯૯૯) ૩	ઓળખ પરેડની કાર્યવાહી દરમ્યાન સાહેદે આરોપીને ઓળખી બતાવેલો પરંતુ અદાલતમાં તે સાહેદે આરોપીને

	સુપ્રીમ કોર્ટ કેસીસ પાન નં.૫૪	ઓળખેલો નહીં. આ ચુકાદાના પેરા–૯ મુજબ આવી ઓળખ પરેડ પુરાવામાં તેનુ મહત્વ ગુમાવી દે છે.
૨	અમીત સીંગ ભીખમ સીંગ ઠાકુર વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર (૨૦૦૭) ૨ સુપ્રીમ કોર્ટ કેસીસ પાન નં. ૩૧૦	ચુકાદાના પેરા–૧૩ મુજબ ઓળખ પરેડ તે મુખ્ય પુરાવો નથી. ઓળખ પરેડનો પુરાવો તપાસ કરનાર અધિકારીને ફકત મદદ કરે છે તે સિવાય વિશેષ નથી. આરોપીની અટક કર્યા પછી વહેલી તકે ઓળખ પરેડ કરાવવી જોઈએ.

આમ, વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે આ કામમાં ઓળખ પરેડ જે સાહેદો દ્વારા કરાવવામાં આવેલી છે તે સાહેદો પૈકીના મોટા ભાગના સાહેદોએ જુબાની દરમ્યાન અદાલતમાં આરોપીઓને ઓળખી બતાવેલા નથી. આ તબકકે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમીત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ સાહેદો દ્વારા આરોપીઓની ઓળખ પરેડ વર્ષ–૨૦૦૮, ૨૦૦૯ મા થયેલી છે જયારે આ સાહેદોએ જુબાનીઓ સને–૨૦૧૮/ ૨૦૧૯ માં આપેલી છે. ૧૦ વર્ષના સમયમાં આરોપીઓને આ સાહેદો મળેલા નથી. જે વખતે ઓળખ પરેડ થઈ તે વખતે આરોપીઓના શરીરની સ્થિતિ જે હતી તેવી સ્થિતિ ૧૦ વર્ષ પછી રહેલી નથી. આ ઉપરાંત સાહેદોની જુબાની વખતે અદાલતમાં આરોપીઓ પોતે ઓળખાય નહિ તે માટે ઘણી બધી યુકિત પ્રયુકિત અજમાવેલી છે. જેથી કરીને સાહેદો ન ઓળખે તે સ્વાભાવિક છે. વકીલશ્રી અમીત પટેલની દલીલ સાથે સંમત થઈ શકાય તેમ છે કારણ કે જયારે સાહેદો દ્વારા આરોપીઓની ઓળખ પરેડ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સમક્ષ થઈ ત્યારે બનાવ પછી થોડા સમય બાદ થયેલી હતી. જયારે સાહેદોની જુબાનીઓ ઓળખ પરેડ થયા પછી આશરે ૮ થી ૧૦ વર્ષના સમય દરમ્યાન થયેલી છે જેથી સ્વાભાવિક છે કે આરોપીઓનો ચહેરો, શરીરનું બંધારણ સદંતરપણે બદલાય જાય. સાહેદોના કહેવા પ્રમાણે

આરોપીઓને ઓળખ પરેડમાં ઓળખ્યા ત્યારે ઘણાની દાઢી નાની હતી, ઘણાની મોટી હતી. જયારે જુબાની વખતે નાની દાઢીવાળાની દાઢી મોટી થઈ ગયેલી અને મોટી દાઢી વાળાની દાઢી નાની થઈ ગયેલી. આ પ્રકારના કારણો પણ આપવામાં આવેલા છે. એટલુ જ નહીં આ અદાલતે પણ માનસિક નોંધ લીધેલી છે કે આરોપીઓ ઓળખાય ના તે માટે માથા ઉપર ટોપી મુકી દે, ટોપી હોય તો ઉતારી દે, ચશ્મા પહેરે, ચશ્મા હોય તો ઉતારી દે તથા પહેરવેસ પણ એવા પહેરે કે તેઓ સહેલાઈથી ઓળખી શકે નહીં એટલુ જ નહીં તેઓ ઓળખ પરેડ વખતે આજુબાજુ અને ઉંચુ નીચુ મોઢુ કરતા હતા જેથી કરીને પણ સાહેદ સહેલાઈથી તેઓને ઓળખી શકે નહીં. ૮ થી ૧૦ વર્ષના સમયમાં આરોપીઓના ચહેરામાં બદલાવ થઈ ગયેલો હોય, શરીરમાં બદલાવ થઈ ગયેલો હોય, માથા ઉપર વાળ ઓછા થઈ ગયેલા હોય વિગેરે પ્રકારનો શરીરમાં ઘણો બધો ફેરફાર થઈ ગયેલો હોય તેથી પણ આરોપીઓને ઓળખી શકાય નહીં, આ ઉપરાંત આ કેસ ગંભીર પ્રકારનો કેસ છે, પોલીસ દ્વારા જે તે સાહેદોને જુબાની આપવા માટે સમન્સ બજાવવામાં આવે ત્યારે સાહેદોને ખબર પડે કે મારે બોમ્બ બ્લાસ્ટના કેસમાં જુબાની આપવા જવાનુ છે તે સાંભળીને જ ઘણા માણસોને ડર લાગી જતો હોય છે જેથી તેઓને ગભરાટ શરૂ થઈ જાય પરંતુ જો જુબાની આપવા નહીં જઈએ તો વોરન્ટ આવશે તેવી બીકના કારણે સાહેદો જુબાની આપવા આવતા હોય છે, અદાલતનો માહોલ અને કોર્ટ રૂમમાં સાક્ષી બોક્ષમાં ઉભા રહીને જુબાની આપતી વખતે તેઓના મનમાં ડર રહેતો હોય છે તેના કારણે પણ આરોપીઓને સાહેદ ઓળખી શકતા નથી, ઘણી વખત એવુ પણ બને કે જો હું આરોપીને ઓળખીશ તો મને કે મારા પરિવારને તેઓના તરફથી કોઈ જોખમ ઉભુ થશે તેવા ડરથી પણ સાહેદો આરોપીને ઓળખી શકતા નથી, આ તમામ હકીકતો પણ અદાલતે ધ્યાને રાખવી પડે, આરોપીઓને વીડિયો કોન્ફરન્સમાં બતાવેલા છે રૂબરૂમાં જોવા અને વીડિયો કોન્ફરન્સમાં જોવા તેમાં પણ તફાવત હોઈ શકે. આ પરિસ્થિતિ આ અદાલતે નજરો–નજર જોયેલી છે જેથી સાહેદોએ આરોપીઓ નહીં ઓળખવા માટેના જે કારણો આપેલા છે તે વાજબી કારણો છે. વકીલશ્રી આર.કે.શાહની દલીલ સાથે હું

સંમત છું કે સાહેદોએ આરોપીઓને જુબાની દરમ્યાન અદાલતમાં ઓળખવા પડે પરંતુ મેં અગાઉ ચર્ચા કરી તેમ આરોપીઓને નહીં ઓળખવાના સાહેદોએ જે કારણો આપેલા છે તે વાજબી છે.

આ તબક્કે વકીલશ્રી આર.કે.શાહ ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૭૩ વંચાણે લીધેલી છે.

કલમ–૨૭૩– આરોપીની હાજરીમાં પુરાવો લેવાશેઃ–

અન્યથા સ્પષ્ટ પ્રબંધ કરવામાં આવ્યો હોય તે સિવાય, ઈન્સાફી કાર્યવાહી અથવા અન્ય કાર્યવાહીમાં લેવાયેલો તમામ પુરાવો આરોપીની હાજરીમાં અથવા જયારે તેની અંગત હાજરી જરૂરી ગણવામાં આવી ન હોય ત્યારે તેના ધારાશાસ્ત્રીની હાજરીમાં લેવામાં આવશે.

સમજૂતી– આ કલમમાં "આરોપી" માં, જે વ્યકિત સંબંધે આ સંહિતા હેઠળ પ્રકરણ ૮ અન્વયે કાર્યવાહી શરૂ કરવામાં આવી હોય તેનો સમાવેશ થાય છે.

વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, દરેક સાહેદે અદાલતમાં બોલીને પુરાવો આપવો જોઈએ. આ કેસમાં મેજિસ્ટેટશ્રીઓએ બોલીને પુરાવો આપેલો નથી માટે તેઓની જુબાની મનાય નહીં. વકીલશ્રી શાહની દલીલ સાથે હું સંમત નથી. આ કેસ વીડિયો કોન્ફરન્સમાં ચાલેલો છે. અમદાવાદ સેન્ટ્રલ જેલ, ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલ આરોપીઓને રોજે રોજ વીડિયો કોન્ફરન્સમાં હાજર રાખવામાં આવેલા છે. જયારે તિહાર જેલ–દિલ્હી, તલોજા જેલ–મુંબઈ, પરપ્પના જેલ–બેંગ્લોર તથા વૈય્યુર જેલ–કેરાલા ખાતે રાખવામાં આવેલ આરોપીઓ વતી આરોપીઓના વકીલશ્રીઓએ તેમની ગેરહાજરીની અરજી આપીને કેસ ચલાવેલો છે. માટે આ કેસમાં ફરિયાદપક્ષનો તમામ પુરાવો આરોપીઓ તથા તેમના વકીલશ્રીઓની હાજરીમાં નોંધવામાં આવેલો છે.

વધુમાં વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે સાહેદ નં. ૫૮૯ ઈન્દ્રવીર વજુભા ઝાલા, સાહેદ નં.૭૮૪ દાનાજી ભુરાજી રાજપુત, સાહેદ

નં. ૯૮૨ કનૈયાલાલ ધીરજલાલ, સાહેદ નં.૫૭૯ ધર્મેશ કનૈયાલાલ, સાહેદ નં.૫૮૮ લક્ષ્મણ કેશવ પારધી તથા સાહેદ નં.૫૭૫ કીર્તન પટેલનાઓની જુબાની વંચાણે લઈ દલીલ કરે છે કે દરેક મેજિસ્ટ્રેટશ્રીઓની ઓળખ પરેડની કાર્યવાહી માની શકાય તેમ નથી. તેઓએ આરોપીઓના નામો સાહેદોની હાજરીમાં પુછેલા નથી અને ડમી માણસો ઓછા રાખેલા છે જેથી કરીને પણ મેજિસ્ટ્રેટશ્રીઓનો પુરાવો માની શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે ઉપરોકત તમામ સાહેદો ઓળખ પરેડ વખતે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ તરીકે ફરજો બજાવતા હતા અને તેઓએ પોતાની જુબાનીઓમાં સાહેદોએ જે તે આરોપીઓને ઓળખી બતાવેલાની હકીકત જણાવેલી છે અને ઓળખ પરેડ સફળ થયેલાનું પણ જણાવે છે. આ ઓળખ પરેડો કાયદાની જોગવાઈઓ મુજબ થયેલી છે જેથી તે નહીં માનવાને કોઈ કારણ નથી.

વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે સાહેદ નં.૯૪૧ આસીફ ઈકબાલ બોડાવાલા તથા સાહેદ નં.૧૧૧૫ મહમદ ઉંમર ઉસ્માનભાઈ મન્સુરીનાઓ દ્વારા આરોપી ઈમરાન શેખની ઓળખ પરેડ કરાવેલી નથી. પરંતુ આ બંને સાહેદોની જુબાનીઓ ધ્યાને લઈએ તો સાહેદ નં.૯૪૧ આસીફ ઈકબાલ તથા આરોપી ઈમરાન વડોદરાના રહેવાસી છે અને બંને સાથે નોકરી કરતા હતા. તે જ રીતે સાહેદ નં.૧૧૧૫ તથા આરોપી ઈમરાન પણ વડોદરાના રહેવાસી છે અને એકબીજાના મિત્રો છે માટે સાહેદ નં.૯૪૧ અને સાહેદ નં.૧૧૧૫ દ્વારા આરોપી ઈમરાનની ઓળખ પરેડ કરાવવી જરૂરી નથી. ઓળખ પરેડ ત્યારે જ કરાવવી જરૂરી હોય છે કે આરોપી તથા સાહેદ એકબીજાથી અજાણ હોય. આ કેસમાં આરોપી તથા સાહેદો એકબીજાથી ખૂબ જ પરીચિત છે. વકીલશ્રી આર.કે. શાહ વધુમાં દલીલ કરતા જણાવે છે કે તપાસ કરનાર અધિકારીઓએ પણ આરોપીઓને જુબાની દરમ્યાન અદાલતમાં ઓળખી બતાવેલા નથી તેમણે ફકત ચાર્જશીટોમાં ફોટા ઓળખેલા છે. ફોટાથી ઓળખ કયારેય થઈ શકે નહીં, ફોટા કોણે પાડયા અને કયારે પાડયા તે અંગે પુરાવો નથી. આ સંબંધમાં તેઓ નીચે મુજબના ચુકાદાનો આધાર રાખે છે.

અ.નં.	ચુકાદો	ચુકાદામાં નિર્ણીત થયેલ મુદ્દાઓ પૈકી ફોટા દ્વારા ઓળખ અંગે નિર્ણીત થયેલ મુદ્દો
૧	કરતાર સીંગ વિરૂધ્ધ સ્ટેટ ઓફ પંજાબ ૧૯૯૪ ક્રી.લો.જ. પાન નં.૩૧૩૯	આ ચુકાદાના હેડ નોટ "ટી" મુજબ આરોપીની ઓળખ જુબાની દરમ્યાન ફોટાથી ન કરાય જો તે પ્રમાણે ફોટાથી ઓળખ કરવામાં આવી હોય તો તે ગેરબંધારણીય છે

આમ, વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે આ કામમાં જે કંઈ ઓળખ પરેડો જે મેજિસ્ટ્રેટશ્રીઓએ જે સાહેદો દ્વારા જે આરોપીઓની કરવામાં આવેલી છે તે ઓળખ પરેડોનુ કોઈ મૂલ્ય નથી. પરંતુ મારા મત પ્રમાણે ઓળખ પરેડના મુદા બાબતે આગળ ઉપર જે ચર્ચાઓ કરેલી છે તે ધ્યાને લેતા ઓળખ પરેડનો પુરાવો સમર્થનકારી પુરાવો છે અને આ પુરાવાથી રેકર્ડ ઉપરના બીજા પુરાવાને ઘણી બધી રીતે સમર્થન કરે છે જેની ચર્ચા યોગ્ય સ્થાને કરીશું.

વકીલશ્રી એમ.એમ.શેખ ઓળખ પરેડના મુદ્દા બાબતે દલીલ કરતા જણાવે છે કે આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયાની અટક તા.૪.૧૨.૨૦૦૮ ના રોજ કરવામાં આવેલ હતી. ફરિયાદપક્ષના આક્ષેપ મુજબ હાલોલ–પાવાગઢ ખાતે તા.૧૩.૧.૨૦૦૮ થી તા.૧૫.૧.૨૦૦૮ ના સમય દરમ્યાન તાલીમ કેમ્પ રાખવામાં આવેલો. અમદાવાદમાં સીરીયલ બોમ્બ બ્લાસ્ટ તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ થયેલા. આરોપીની ધરપકડ થયા પછી એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓ સમક્ષ ઘણા સમય બાદ ઓળખ પરેડ કરાવેલી છે. તેઓની દલીલ સાથે હું સંમત છું કે આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયાની અટક કર્યા બાદ ઘણા સમય પછી એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓ સમક્ષ તેની ઓળખ પરેડ કરાવેલી છે. પરંતુ બનાવોના સંજોગો ધ્યાનમાં લેવા પડે તપાસ કરનાર અધિકારીઓની તપાસોની વિગતો પણ ધ્યાનમાં લેવી પડે. અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટોના

બનાવોની કુલ–૨૦ ફરિયાદો નોંધાયેલી. આ ફરિયાદોની તપાસ માટે મદદનીશ પોલીસ કમિશનરશ્રી કક્ષાના કુલ–૪ અધિકારીઓને તપાસ કરનાર અધિકારી તરીકે નિમવામાં આવેલા. દરેક અધિકારી પાસે સરેરાશ પાંચ ફરિયાદોની તપાસો હતી. આ કામના તમામ આરોપીઓ આ તમામ ફરિયાદોના કામે આરોપીઓ છે. તે જ રીતે સુરત ખાતે બોમ્બ પ્લાન્ટેશનના બનાવોની કુલ–૧૫ ફરિયાદો નોંધાયેલી. આ ફરિયાદોની તપાસ માટે મદદનીશ પોલીસ કમિશનરશ્રી કક્ષાના કુલ–૨ અધિકારીઓને તપાસ કરનાર અધિકારી તરીકે નિમવામાં આવેલા અને સુરત ખાતેની ફરિયાદોના કામે પણ આ જ કેસના તમામ આરોપીઓ છે. જેથી કુલ–૩૫ ફરિયાદોની તપાસો હતી. તમામ ફરિયાદોના કામે આ આરોપીઓ–આરોપીઓ તરીકે અટક કરવામાં આવેલા હતા. જે તે તપાસ કરનાર અધિકારી પોલીસ કસ્ટડીમાં રહેલા આરોપીઓને જુદી–જુદી જગ્યાઓ ઉપર લઈ જઈ તપાસો કરતા હતા. જેથી આરોપીઓની ઓળખ પરેડ સાહેદ સમક્ષ કરાવવામાં વિલંબ થયેલો હોય તો તે સ્વાભાવિક છે. કાયદાનો નિયમ છે કે આરોપીને અટક કર્યા પછી શકય તેટલી ત્વરીત ઓળખ પરેડ કરાવવી જોઈએ. પરંતુ આ કેસની પરિસ્થિતિ જુદી છે માટે ઓળખ પરેડ કરાવવામાં થયેલો વિલંબ વાજબી છે તેમ હું માનુ છું.

વધુમાં વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે જુદા–જુદા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓને ફરિયાદપક્ષે તપાસેલા છે. તે પૈકી સાહેદ નં.૫૭૧ આર.એસ.સોલંકી, સાહેદ નં.૫૮૮ એલ.કે.પારઘી, સાહેદ નં.૫૮૯ આઈ.વી.ઝાલા, સાહેદ નં.૭૮૪ ડી.બી.રાજપુત, સાહેદ નં.૧૦૯૦ એસ.ડી. ડાવર, સાહેદ નં.૫૭૯ ડી.કે.પટેલ, સાહેદ નં.૯૮૨ કે.ડી.રાજાનાઓ છે. વધુમાં વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે અમદાવાદ ખાતે ઘી કાંટા કલેકટર કચેરી કમ્પાઉન્ડમાં એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓની ઑફિસો આવેલી છે અને મેજિસ્ટ્રેટશ્રીઓએ સ્વીકારેલુ છે કે કલેકટર કચેરીના દરવાજાથી તેઓની ઑફિસમા કોઈ માણસો આવે તો આજુબાજુ બેઠેલી વ્યકિત જોઈ શકે. માટે આરોપીઓ મેજિસ્ટ્રેટ સમક્ષ લાવવામાં આવ્યા તે વખતે તેઓની ઓળખ થઈ

જવાની પુરી શકયતા રહેલી છે. પરંતુ તેઓની દલીલ સાથે હું સંમત નથી. દરેક એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓની જુબાનીઓ ધ્યાને લઈએ તો તેઓએ જણાવેલુ છે કે આરોપીઓને સૌપ્રથમ બુરખો ઓઢાળીને તેમની સમક્ષ રજૂ કરવામાં આવેલા હતા. ત્યારબાદ બુરખો ઉતારીને તેઓના ચહેરા જોયા બાદ ડમી માણસોને બોલાવવામાં આવેલા. જેથી સ્પષ્ટ બને છે કે ઓળખ પરેડ શરૂ કરતા પહેલા આરોપીઓ મેજિસ્ટ્રેટ કોર્ટમાં આવી ગયેલા હતા અને દરેક મેજિસ્ટ્રેટશ્રીઓએ જણાવેલુ છે કે ત્યારબાદ સાહેદો આવેલા છે તેવી માહિતી પક્ષકારવાળાઓએ આપતા સાહેદોને અલગ રૂમમાં બેસાડવામાં આવેલા હતા. ડમી માણસો આવ્યા બાદ સાહેદોને કોર્ટ રૂમમાં બોલાવવામાં આવેલા છે. જેથી આરોપીઓની અગાઉથી ઓળખ થઈ ગઈ હોય તેવુ નથી.

વધુમાં વકીલશ્રી એમ.એમ.શેખ દલીલો કરતા જણાવે છે કે સાહેદ નં.૫૭૧ આર.એસ.સોલંકી ઊલટતપાસના પેરા–૩૬ માં કબૂલ કરે છે કે સાક્ષીઓની કાયદેસરતા સંબંધે તેમના દસ્તાવેજી પુરાવા કે કોઈ અંગુઠાના નિશાનો લીધેલા નથી. સાહેદોને કચેરી તરફથી કોઈ નોટીસ કે સમન્સ પાઠવેલ નથી. પરંતુ તેઓની જુબાની ધ્યાને લઈએ તો આરોપીની ઓળખ પરેડ કરાવવા માટે તપાસ કરનાર અધિકારી તરફથી એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીને યાદી લખવામાં આવેલી છે અને યાદી ઉપર ઓળખ પરેડ કઈ તારીખે રાખવાની છે તે તારીખ તથા સમય લખીને પ્રતિ યાદી તપાસ કરનાર અધિકારીને પાઠવેલી છે. જેથી ઓળખ પરેડમાં જે સાહેદે હાજર રહેવાનું છે તે સાહેદને જાણ તપાસ કરનાર અધિકારી દ્વારા કરવામાં આવેલી છે. માટે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓ તરફથી સાહેદોને સમન્સ કે નોટિસ બજાવવામાં આવેલી નથી. આ જ પ્રમાણેની હકીકત અન્ય મેજિસ્ટ્રેટશ્રીઓની જુબાનીઓમાં પણ છે. વધુમાં વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓએ પક્ષકારવાળાઓને ડમી માણસો બોલાવી લાવવાનું જણાવતા તેઓ ૫–૧૦ મિનિટમાં ડમી માણસો બોલાવી લાવેલા છે. આટલા ટૂંકા સમયમાં ડમી માણસો બોલાવી લાવવા તે શંકાસ્પદ છે. પરંતુ મારા મત પ્રમાણે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓની

કચેરીઓમાં જુદા–જુદા કામ અર્થે સવારથી લઈને સાંજ સુધી ઘણા બધા લોકો આવતા–જતા હોય છે. જેથી ૫–૧૦ મિનિટમાં ડમી માણસો મળી શકે તેમ હું માનુ છું.

વધુમાં વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે આરોપી નં.૩૭ કયામુદ્દીન કાપડીયાએ પોતે સોગંદ ઉપર બચાવના સાહેદ નં.૮ તરીકે જુબાની આપેલી છે અને જુબાનીમાં તેને ઓળખ બાબતે જણાવેલુ છે કે ક્રાઈમ બ્રાન્ચમાં તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયા ઑફિસમાં આવીને તેઓને જોઈ જતા હતા ત્યારપછી એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ કોર્ટમાં આરોપીના પગરખા ક્રાઈમ બ્રાન્ચવાળા કઢાવી નાખતા હતા અને પગરખા વિના તેને ઉભો રાખવામાં આવતો હતો. પરંતુ તેઓનો આ બચાવ યોગ્ય બચાવ નથી. આવી કોઈ રજૂઆત આરોપીએ કયારેય કરેલી નથી. વકીલશ્રી એમ.એમ.શેખ ઓળખ પરેડ બાબતે નીચે મુજબના ચુકાદાઓ ઉપર આધાર રાખે છે.

અ.નં.	ચુકાદા	નિર્ણીત મુદ્દો
૧	બીનાબેન ભુપેન્દ્ર શાહ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૨૧, જે.એકસ. (ગુજરાત) પાન નં.૧૦૦	પેરા–૧૭ મુજબ તપાસ કરનાર અધિકારીએ આરોપીને અટક કર્યા પછી નવ દિવસ બાદ ઓળખ પરેડ રાખેલી. ઓળખ પરેડ રાખ્યા બાબતે કોઈ પત્ર વ્યવહાર થયેલો નહીં. મેજિસ્ટ્રેટે આરોપીની ઉંમરના ડમી માણસો રાખેલા નહીં કે તેવા માણસો રાખવાની દરકાર કરેલી નહીં. ફકત એટલુ જ કહેલુ કે પટ્ટાવાળો ડમી માણસો લઈ આવેલો. પરંતુ આ કેસમાં અગાઉ ચર્ચા કરી તેમ પરિસ્થિતિ બીજા કેસો કરતા અગલ છે અને મેજિસ્ટ્રેટશ્રીઓએ આરોપીની ઉંમરના ડમી માણસો પટ્ટાવાળો લઈ

		આવેલાની હકીકત જુબાનીઓમાં જણાવેલી છે.
૨	મોહમદ સાજીદ વિરૂધ્ધ સ્ટેટ ઓફ વેસ્ટ બેંગાલ, ૨૦૧૭ (૦) એ.આઈ.જે.ઈ.એલ.– સુપ્રિમ કોર્ટ પાન નં.૫૯૫૭૭	પેરા–૧૭ મુજબ આરોપીને અટક કર્યા બાદ એક માસ પછી ઓળખ પરેડ કરાવેલી. ઓળખ પરેડ વિલંબથી કેમ કરાવવામાં આવેલી તેનો કોઈ ખુલાસો કરેલો નહીં. નામદાર અદાલતે ઠરાવેલુ કે આવી વિલંબથી થયેલ ઓળખ પરેડ ઉપર આધાર રાખી શકાય નહીં. પેરા–૧૮ મુજબ આરોપીની ધરપકડ કર્યા બાદ ૨૫ દિવસ પછી ઓળખ પરેડ થયેલી. આરોપી સાથે મિટિંગ રાત્રીના સમયે થયેલી. આરોપીને યાદ રાખવાનું એવુ કોઈ વિશેષ કારણ સાહેદ પાસે ન હતુ. જે મિટિંગ થયેલી તે થોડી મિનિટ માટે થયેલી. નામદાર અદાલતે ઠરાવેલુ કે આવી ઓળખ પરેડ સજા માટેનો આધાર બને નહીં. અત્રેના કેસની પરિસ્થિતિ અને સંજોગો તદ્દન જુદા છે. જેની આ અગાઉ પણ ચર્ચા કરેલી છે . આ કેસમાં વિલંબથી થયેલી ઓળખ પરેડ યોગ્ય છે.
૩	ડી. ગોપાલકીષ્ણન વિરૂધ્ધ સદાનંદ નાયક ૨૦૦૫(૧)	પેરા–૮ મુજબ સાહેદે આરોપીને યોગ્ય રીતે ઓળખવા માટે કોઈ પ્રસંગ બનેલો ન હતો. સાક્ષીઓ વાહનમાં બેસીને ફેકટરીએ જતા હતા અને મજૂરોના જૂથને વાહનમાં

	સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૮૫	બેઠા બેઠા તેમને જોયેલા. નામદાર અદાલતે ઠરાવેલુ કે બનાવ વખતે આરોપીને યોગ્ય રીતે જોયેલા હોય તે શકય નથી. પરંતુ હાલના કેસમાં આ પ્રમાણેની કોઈ વિગત નથી. આ કેસમાં સાહેદોએ આરોપીઓને વ્યવસ્થિત રીતે જોયેલા હતા અને તેથી કરીને ઓળખ પરેડ દરમ્યાન ઓળખી બતાવેલા છે.
૪	મુસીરખાન વિરૂધ્ધ સ્ટેટ ઓફ મધ્યપ્રદેશ ૨૦૧૦ (૨) સુપ્રીમ કોર્ટ કેસીસ પાન નં.૭૪૮	પેરા–૨૩ મુજબ ફરિયાદપક્ષનો કેસ એવો હતો કે સાહેદ નં.૩, આરોપી નં.૪,૫ ને ઓળખતા હતા. આ આરોપી ભાડુતી ગુનેગારો હતા અને તે સ્થાનિક વિસ્તારના ન હતા. પુરાવા ઉપરથી માલુમ પડેલુ કે સાહેદ નં.૩ ને આરોપી નં.૪,૫ નાઓને જોવાની ક્ષણિક જ તક મળેલી, તેઓ ઘટના સ્થળેથી તરત જ સ્કૂટર ઉપર બેસીને ભાગી જવાની કોશિશમાં હતા અને ભાગી ગયેલા. નામદાર અદાલતે ઠરાવેલુ કે આ બનાવોમાં આરોપીઓને ઓળખવાની તક ઘણી ઓછી મળેલી હતી અને તેથી આરોપીઓને ઓળખવા મુશ્કેલ હતા. પરંતુ આ કેસમાં આરોપીઓને ઓળખવાની તક લાંબા સમય સુધી સાહેદોને મળેલી હતી અને તેથી

		આરોપીઓને ઓળખ પરેડ દરમ્યાન સાહેદોએ ઓળખી બતાવેલા છે. પેરા–૨૫ મુજબ સાહેદ નં.૩ ઉચ્ચ રીતે રસ ધરાવનાર સાહેદ હતા અને તે સાહેદ ગુજરનારનો નજીકનો સગો હતો. નામદાર અદાલતે ઠરાવેલુ કે સાહેદ ગુજરનારનો નજીકનો સગો હોવાના કારણે તેનો પુરાવો રદ ન ગણાય પરંતુ તેના પુરાવાને ખૂબ જ સાવધાનીપૂર્વક ધ્યાને લેવો જોઈએ. આ કેસમાં સાહેદો કોઈ જ આરોપીઓના નજીકના સગા નથી. પેરા–૨૮ મુજબ ઓળખ પરેડનો પુરાવો સ્વતંત્ર પુરાવો નથી. ઓળખ પરેડના પુરાવાને સમર્થનકારી પુરાવા તરીકે જ ધ્યાને લઈ શકાય. પેરા–૩૨ મુજબ આરોપીને અટક કર્યા પછી ઘણા લાંબા સમય બાદ ઓળખ પરેડ કરાવવામાં આવેલી. મોડી ઓળખ પરેડ કરાવવાનો ફરિયાદપક્ષ તરફથી કોઈ ખુલાસો કરવામાં આવેલો નહીં. નામદાર અદાલતે ઠરાવેલુ કે આવી ઓળખ પરેડ ઉપર આધાર રાખી શકાય નહીં. પરંતુ આ કેસની હકીકત તદ્દન જુદી છે જેથી વિલંબથી ઓળખ પરેડ થયેલી છે તે યોગ્ય છે. કેસના સંજોગો અને પરિસ્થિતિ

		એવી છે કે ફરિયાદપક્ષ દ્વારા કોઈ ખુલાસો કરવામાં ન આવે તેમ છતાં વિલંબથી કરવામાં આવેલી ઓળખ પરેડ યોગ્ય માનવી પડે તેમ છે.
૫	પ્રમોદ મંડલ વિરૂધ્ધ સ્ટેટ ઓફ બિહાર, (૨૦૦૪) ૧૩ સુપ્રીમ કોર્ટ કેસીસ પાન નં.૧૫૦	આરોપીની ઓળખ પરેડ અટક કર્યા બાદ એક માસ પછી કરાવવામાં આવેલી. નામદાર અદાલતે ઠરાવેલુ કે એક માસ મોડી ઓળખ પરેડ કરાવવાથી ફરિયાદપક્ષનો કેસ મૃતપ્રાય બનતો નથી.

વકીલશ્રી એલ.આર.પઠાણ સાહેદ નં.૫૭૧ રમણભાઈ સોલંકી, સાહેદ નં.૫૮૮ લક્ષ્મણભાઈ કેશવલાલ, સાહેદ નં.૫૮૯ ઈન્દ્રવીર ઝાલા સહિત ફરિયાદપક્ષ દ્વારા ઉપર મુજબ તપાસવામાં આવેલા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓની જુબાનીઓ તરફ ધ્યાન દોરી દલીલ કરવામાં આવે છે કે આ કામે મેજિસ્ટ્રેટશ્રીઓએ જુદા–જુદા આરોપીઓની જુદી–જુદી તારીખોના દિવસે ઓળખ પરેડો જુદા–જુદા સાહેદો દ્વારા કરાવેલી છે. તમામ ઓળખ પરેડ વખતે ઓળખ પરેડના નિયમોનું પાલન કરેલુ નથી. મેજિસ્ટ્રેટશ્રીઓને ઓળખ પરેડ યોજવા માટે તપાસ કરનાર અધિકારીઓ તરફથી યાદીઓ કરવામાં આવેલી છે તે તમામ યાદીઓ રેકર્ડ ઉપર રજૂ કરવામાં આવેલી છે તે ધ્યાને લેતા યાદીઓ ઉપર ઈનવર્ડ નંબર આઉટવર્ડ નંબર લખવામાં આવેલા નથી. પરંતુ મારા મત પ્રમાણે યાદીઓ ઉપર ઈનવર્ડ નંબર કે આઉટવર્ડ નંબર લખવામાં આવેલા ન હોય તેનો અર્થ એવો નથી કે આ યાદીઓ મેજિસ્ટ્રેટશ્રીઓને મળેલી નથી અને યાદીઓ આધારે ઓળખ પરેડ કરાવવામાં આવેલી નથી. વધુમાં વકીલશ્રી એલ.આર. પઠાણ દલીલ કરતા જણાવે છે કે તમામ ઓળખ પરેડ આરોપીઓને અટક કર્યા પછી તાત્કાલિક કરાવવામાં આવેલી નથી અને ઘણા સમય પછી કરાવેલી છે.

પરંતુ મારા મત પ્રમાણે અમદાવાદની કુલ–૨૦ ફરિયાદો અને સુરતની કુલ–૧૫ ફરિયાદો મળીને કુલ–૩૫ ફરિયાદોની તપાસ કુલ–૬ જુદા–જુદા અધિકારીઓ એક સાથે કરતા હતા. રીમાન્ડ સમય દરમ્યાન તપાસ કરનાર અધિકારીઓ જે તે આરોપીઓને લઈને ગુજરાત રાજયમાં તેમજ ગુજરાત રાજયની બહાર તપાસ અર્થે ગયેલા છે તેના કારણે ઓળખ પરેડ કરાવવામાં વિલંબ થયેલો હોવાથી ઓળખ પરેડ જાણી જોઈને વિલંબથી કરાવેલી હોવાનું કહી શકાય નહીં. વકીલશ્રી એલ. આર.પઠાણનાઓએ ઓળખ પરેડ બાબતે આ સિવાય જે બીજી વધારાની દલીલો કરેલી છે તે વાઘમોન અને હાલોલ–પાવાગઢના કેમ્પ વિશેના પેરામાં ચર્ચા કરેલી છે.

વકીલ સુશ્રી નિત્યા રામાકિષ્ણન તથા વકીલશ્રી સોમનાથ વત્સનાઓ આરોપી નં.૩૬ ની ઓળખ બાબતે દલીલ કરતા જણાવે છે કે આ આરોપીને સાહેદ નં.૯૩૬ સુનીલ શાંતીલાલ પટેલની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરે છે કે આ સાહેદ ગોખલે પાન હાઉસ ખાતે હાજર હતા ત્યારે ચારેક વાગ્યાના સમયે બે પરપ્રાંતિય છોકરાઓને સાઈકલો પાર્ક કરતા જોયેલા. એક સાઈકલ ગોખલે પાન હાઉસ સામે અને બીજી સાઈકલ એમ.નારાયણદાસ સ્ટોકની સામે કરેલી તેવી હકીકત આ સાહેદ જણાવે છે પરંતુ વકીલશ્રી સોમનાથ વત્સ બનાવવાળી જગ્યાનો નકશો આંક–૩૪૧૫ તરફ ધ્યાન દોરી દલીલ કરે છે કે આ સાહેદે ગોખલે પાન હાઉસ ખાતે ઉભેલા હોય ત્યારે એમ.નારાયણદાસ સ્ટોર જોઈ શકે નહીં કારણ કે ત્યાં રસ્તો વળાંકવાળો છે. આંક–૩૪૧૫ વાળો નકશો ધ્યાને લેતા નકશામાં ગોખલે પાન હાઉસ તથા એમ.નારાયણ સ્ટોર વચ્ચે રસ્તો વળાંકવાળો છે પરંતુ કેટલો વળાંક છે તે સ્પષ્ટ બનતુ નથી. એટલુ જ નહીં ગોખલે પાન હાઉસથી એમ.નારાયણદાસ દુકાન જોઈ શકાય નહીં તેવા અંતરે આવેલાની પણ કોઈ સ્પષ્ટતા માલુમ પડતી નથી. વધુમાં દલીલ કરતા જણાવવામાં આવેલ છે કે સાહેદ નં.૯૩૬ નાઓએ સાઈકલો પાર્ક કરતા બે પરપ્રાંતિય છોકરાઓને જોયેલા હતા તેમ છતાં બોમ્બ બ્લાસ્ટનો બનાવ બન્યા બાદ આ સાહેદે પોલીસ જયારે સ્થળ ઉપર આવી ત્યારે આ હકીકત જણાવેલી નથી અને એક મહીના

પછી પોલીસ સમક્ષ નિવેદન આપે છે કે બે પરપ્રાંતિય છોકરાઓને બનાવના દિવસે સાંજના ચારેક વાગ્યાની આસપાસ સાઇકલો પાર્ક કરતા જોયેલા તો તે હકીકત માની શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે સાહેદ નં.૯૩૬ નાઓએ આ માહિતી પોલીસને તાત્કાલિક આપેલી નહીં તે માટે બીજા ઘણા કારણો હોઈ શકે તેથી કરીને આ સાહેદની જુબાની સદંતરપણે ખોટી છે તેમ કહી શકાય નહીં. આ સાહેદને એવી કલ્પના પણ ન હોય કે આ બે પરપ્રાંતિય છોકરાઓ જે સાઇકલો પાર્ક કરે છે તેની ગવન્ડર ઉપર લટકાવેલી થેલીઓમાં બોમ્બ છે અને તે બોમ્બથી આ જગ્યાઓ ઉપર બ્લાસ્ટ કરવાના છે. વધુમાં દલીલ કરતા જણાવવામાં આવેલ છે કે સાહેદ નં.૯૩૬ નાઓએ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૮૮ લક્ષ્મણ કેશવલા પારગી રૂબરૂની ઓળખ પરેડમાં આરોપી નં.૩૬ ને ઓળખી બતાવેલો છે પરંતુ ઘણા લાંબા સમય પછી ઓળખ પરેડ કરાવવામાં આવેલી છે તેમ છતાં આરોપી નં.૩૬ને યાદ રાખવાનું કોઈ કારણ ન હતુ. પરંતુ આ દલીલ સાથે હું સંમત નથી. આ સાહેદ નં.૯૩૬નાઓએ આરોપી નં.૩૬ ને સારી રીતે જોયેલો હશે માટે જ તેને યાદ રાખેલો છે. સાહેદ નં.૯૩૬ નાઓએ આરોપી નં.૩૬ ને ખોટી રીતે ઓળખી બતાવેલો હોય અથવા અન્ય કોઈ સાધનો દ્વારા આરોપી નં.૩૬ ની ખોટી ઓળખ કરેલી હોય તેવી કોઈ હકીકત પુરાવામાં નથી માટે આરોપી નં.૩૬ ને સાહેદ નં.૯૩૬ નાઓએ ખોટી રીતે ઓળખ પરેડમાં ઓળખી બતાવેલાની હકીકત ગ્રાહય રાખી શકાય નહીં. વધુમાં તેઓ દલીલ કરતા જણાવે છે કે સાહેદ નં.૯૩૬ નાઓએ આરોપી નં.૩૬ ને જુબાની દરમ્યાન અદાલતમાં ઓળખી બતાવેલો નથી પરંતુ સાહેદની જુબાની ધ્યાને લઈએ તો સાહેદે જણાવેલુ છે કે જયારે આરોપીને જોયો ત્યારે તે યંગ હતો, દાઢી મુછ વગરનો હતો અને વીડિયો કોન્ફરન્સમાં જે આરોપીઓ બતાવવામાં આવેલા છે તે ઘણાને દાઢી છે, ઘણાએ ચશ્મા પહેરેલા છે અને ઘણાએ ટોપીઓ પહેરેલી છે જેથી ઓળખી શકતા નથી. સાહેદે આ આરોપીને નહીં ઓળખવાનું જે કારણ આપેલુ છે તે મારી દ્રષ્ટિએ યોગ્ય અને વાજબી છે. બનાવ જુલાઇ–૨૦૦૭ મા બનેલો છે અને આરોપીને આ સાહેદે તે જ વર્ષમાં એટલે કે ૨૦૦૭ મા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ રૂબરૂ ઓળખી

બતાવેલો હતો જયારે અદાલતમાં જુબાની–૨૦૧૭ મા આપેલી છે. ૧૦ વર્ષના સમય પછી સ્વાભાવિક છે કે આ આરોપીને સાહેદ ઓળખી શકે નહીં.

વકીલ સુશ્રી નિત્યા રામાક્રિષ્ણન તથા વકીલશ્રી સોમનાથ વત્સ દલીલ કરતા જણાવે છે કે ગોખલે પાન હાઉસવાળો વિસ્તાર ગીચ વસ્તીવાળો વિસ્તાર છે. આ બનાવમાં માણસો મરણ ગયેલા છે તથા વિસેક માણસોને ઈજા થયેલી છે. સાહેદ નં.૯૩૬ સિવાય આ આરોપીઓને સાઇકલો મુકતા જોયેલા હોય તેવા બીજા કોઈ સાહેદો તપાસવામાં આવેલા નથી. મારા મત પ્રમાણે બીજા કોઈ સાહેદો તપાસવામાં ન આવેલા હોય તેથી કરીને એવુ કહી શકાય નહીં કે સાહેદ નં.૯૩૬ જુબાનીમાં જે કંઈ હકીકત જણાવે છે તે સદંતરપણે ખોટી છે. આરોપી નં.૩૬નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં જે પ્રશ્નો અદાલત તરફથી કરવામાં આવેલા તે બાબતે વિશેષ નિવેદનના પાના નં.૧૨૧૦ થી ૧૨૧૩ તરફ ધ્યાન દોરી દલીલ કરવામાં આવે છે કે ઓળખ પરેડના દિવસે તમામ કાર્યવાહી ગુજરાતી ભાષામાં ચાલતી હતી અને આરોપીને ગુજરાતી ભાષા આવડતી નથી. કાર્યવાહીમાં ફકત આરોપીનું નામ પુછવામાં આવેલુ તેવો ખુલાસો આરોપીએ કરેલો છે. વધુમાં આરોપીએ એવો પણ ખુલાસો કરેલો છે કે જે કાર્યવાહી થતી હતી તે અંગેની વાતચીત જે થયેલી તે પણ સમજમાં આવતી ન હતી તેવો પણ આરોપીએ ખુલાસો કરેલો છે. વધુમાં દલીલ કરતા જણાવવામાં આવેલ છે કે આરોપીએ તેનુ મોઢુ ખુલ્લુ રાખીને લોકોના વચમાંથી કોર્ટમાં લઈ જવામાં આવેલો જેથી બીજા લોકોએ જોયેલો છે તેવો પણ ખુલાસો કરેલો છે. પરંતુ આ સંબંધમાં સાહેદ નં.૫૮૮ ની જુબાની ધ્યાને લઈએ તો તેમને સ્પષ્ટ જણાવેલુ છે કે આરોપીને બુરખો ઓઢાળીને તેમની પાસે રજૂ કરવામાં આવેલા હતા. એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટનાઓએ જે કંઈ કાર્યવાહી કરેલી છે તે ફરજના ભાગરૂપે કરેલી છે. આરોપીની ઓળખ અંગેની કાર્યવાહી ખોટી કરવાનું કોઈ કારણ ન હતુ જેથી બંનેની સરખામણી કરવામાં આવે તો સાહેદ નં.૫૮૮ ની હકીકત માનવી જોઈએ તેમ હું માનુ છું કારણ કે આરોપી પોતાના બચાવમાં ગમે તેવી સાચી અથવા ખોટી હકીકતો જણાવી શકે જયારે

એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ ફરજથી બંધાયેલા હોય અને આરોપી સાથે કોઈ દુશ્મનાવટ ન હોય ખોટી હકીકત જણાવવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. વધુમાં દલીલ કરતા જણાવવામાં આવેલ છે કે, ઓળખ પરેડનો પુરાવો સ્વતંત્ર પુરાવો નથી, અદાલતમાં જુબાની દરમ્યાન સાહેદ આરોપીને ઓળખી બતાવે તો તે સ્વતંત્ર પુરાવો છે. બંને વકીલશ્રીઓની આ દલીલ સાથે હું સંમત છું કે ઓળખ પરેડનો પુરાવો સ્વતંત્ર પુરાવો નથી પરંતુ આરોપી નં.૩૬ વિરૂધ્ધ જે પુરાવા રજૂ થયા છે તે પુરાવાને ઓળખ પરેડના પુરાવાથી સમર્થન મળે છે તે અંગેની વિશેષ ચર્ચા આરોપી નં.૩૬ બાબતે રજૂ થયેલા પુરાવામાં કરવામાં આવેલી છે. વકીલશ્રીઓ તરફથી ઓળખ પરેડના પુરાવા બાબતે નીચે મુજબના ચુકાદાઓ ઉપર આધાર રાખેલો છે.

અ.નં.	**ચુકાદો**	**ચુકાદામાં નિર્ણીત થયેલા મુદ્દાઓ પૈકી ઓળખ પરેડ અંગે નિર્ણત થયેલો મુદ્દો**
૧	વકીલસીંગ વિરૂધ્ધ સ્ટેટ ઓફ બિહાર ૧૯૮૧, સુપ્રિમ કોર્ટ પાન નં.૧૩૯૨	પેરા–૨ મુજબ બનાવના સાડા ત્રણ માસ પછી ઓળખ પરેડ કરાવવામાં આવેલી. આ લાંબો સમય ધ્યાને લેતા સમાન્ય માનવી આટલા લાંબા સમય સુધી લુટ કરવાવાળા આરોપીને યાદ રાખે તે શકય નથી. જેથી આરોપીને સજા કરવી સલામત નથી તેમ આ ચુકાદામાં ઠરાવેલ છે. પરંતુ હાલના કેસમાં બનાવ બાદ એકાદ માસ પછી આરોપી પકડાયેલો છે અને ત્યારબાદ એક અથવા બે માસમાં આરોપીઓની ઓળખ પરેડ થયેલી છે. નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા મુજબ લુટનો બનાવ રાત્રિના સમયે બનેલો હતો

		જયારે આ કેસમાં સાહેદ નં.૧૦૬૭, ૯૮૧, ૯૭૨, ૧૧૦૫, ૯૩૬ ની જુબાનીઓ મુજબ આરોપીઓને દિવસ દરમ્યાન જોયેલા છે માટે ચહેરા યાદ રહી શકે.
૨	રાજેશ વિરૂધ્ધ સ્ટેટ ઓફ હરિયાણા (૨૦૨૧) ૧ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૧૧૮	પેરા–૪૩.૪ મુજબ આરોપીની અટક કર્યા બાદ તાત્કાલિક ઓળખ પરેડ યોજવી જોઈએ જેથી સાહેદ આરોપીને ઓળખી શકે. પેરા–૪૩.૫ મુજબ ઓળખ પરેડનો પુરાવો સ્વતંત્ર પુરાવો નથી. પેરા–૪૩.૬ આરોપીને ઓળખ પરેડમાં ઓળખી બતાવ્યા અંગેનો પુરાવો, પુરાવાના કાયદાની કલમ–૯ હેઠળ સુસંગત છે. પેરા–૪૩.૭ ઓળખ પરેડનો પુરાવો અદાલત સમક્ષની ઓળખ પરેડને માત્ર સમર્થન કરે છે.
૩	મલખાન સીંઘ વિરૂધ્ધ સ્ટેટ ઓફ એમ.પી. (૨૦૦૩) ૫ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૭૪૬	પેરા–૬ મુજબ આરોપીની ઓળખ પરેડનો પુરાવો પુરાવાના કાયદાની કલમ–૯ હેઠળ સુસંગત છે પરંતુ આરોપીની અદાલત રૂબરૂ ઓળખ તે સ્વતંત્ર પુરાવો છે. આરોપીને પ્રથમ વખત અદાલતમાં સાહેદ ઓળખી બતાવે તો તે નબળો પુરાવો છે.
૪	ઈકબાલ	ઓળખ પરેડનો પુરાવો સ્વતંત્ર પુરાવો

	વિરૂધ્ધ સ્ટેટ ઓફ યુ.પી. (૨૦૧૫) ૬ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૬૨૩	નથી માત્ર ઓળખ પરેડના પુરાવા ઉપર આધાર રાખીને આરોપીને સજા કરી શકાય નહીં. પરંતુ હાલના કેસમાં આરોપીની ઓળખ પરેડના પુરાવા સિવાય બીજો ઘણો પુરાવો છે જેની આ ચુકાદામાં યોગ્ય જગ્યાએ ચર્ચાઓ કરેલી છે.
૫	રાજેશ પુરષોત્તમ વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર ૨૦૧૯ ઓનલાઈન બોમ્બે પાના નં.૯૪૨	પેરા–૧૦ મુજબ આરોપીને ઓળખ પરેડમાં ઓળખી બતાવ્યા પછી અદાલતમાં જુબાની દરમ્યાન આરોપીને ઓળખી બતાવે તે કાયદાની દ્રષ્ટિએ ઓળખ નથી પરંતુ સાહેદે તે આરોપીને કેવી રીતે અને કેમ ઓળખ્યો તથા બનાવમાં આરોપીની શું ભૂમિકા હતી જે જણાવવું પડે. પેરા–૧૯ મુજબ આળખ પરેડનો પુરાવો સ્વતંત્ર પુરાવો નથી તેના આધારા આરોપીને સજા કરી શકાય નહીં. નામદાર મુંબઈ હાઈકોર્ટ સમક્ષના કેસમાં ફકત ઓળખ પરેડના પુરાવાના આધારે જ આરોપીને સજા કરવામાં આવેલી હતી જયારે હાલના કેસમાં ઓળખ પરેડના પુરાવા ઉપરાંત બીજા સમર્થનકારી પુરાવા પણ છે.
૬	મુસીર ખાન વિરૂધ્ધ સ્ટેટ ઓફ એમ.પી. (૨૦૧૦) ૨	પેરા–૨૪ મુજબ ઓળખ પરેડનો પુરાવો સ્વતંત્ર પુરાવો નથી તે પુરાવો ફકત

	સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૭૪૮ અબ્દુલ વાહીદ ખાન વિરૂધ્ધ સ્ટેટ ઓફ એ.પી. (૨૦૦૨) ૭ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૧૭૫	તપાસ કરનાર અધિકારીને તપાસમાં મદદરૂપ થાય છે. પેરા–૨૫ મુજબ ઓળખ પરેડનો પુરાવો સમર્થનકારી પુરાવા તરીકે વિચારણામાં લેવાય. પેરા–૨૬ મુજબ ઓળખ પરેડનો પુરાવો નબળો પુરાવો છે. અદાલત રૂબરૂની ઓળખ પરેડ તે મહત્વનો પુરાવો છે.

વધુમાં વકીલ સુશ્રી નિત્યા રામાકિષ્નન ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૯૧(ક) વંચાણે લીધેલી છે તે મુજબ...

૨૯૧(ક) મેજિસ્ટ્રેટનો ઓળખ અંગેનો અહેવાલઃ–

(૧) કોઈ દસ્તાવેજ એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટની સહીથી કોઈ વ્યકિત અથવા મિલકતની ઓળખ અંગે કરેલો હોવાનુ અભિપ્રેત થતુ હોય તો આ સંહિતા હેઠળની કોઈ તપાસ, ઈન્સાફી કાર્યવાહી કે અન્ય કાર્યવાહીમાં પુરાવા તરીકે ઉપયોગમાં લઈ શકાશે, પછી ભલે આવા મેજિસ્ટ્રેટને સાહેદ તરીકે બોલાવવામાં આવ્યા ન હોય.

પરંતુ, ભારતીય પુરાવા અધિનિયમ ૧૮૭૨ (સને ૧૮૭૨ નો પ્રથમ) ની કલમ–૨૧, કલમ–૩૨, કલમ–૩૩, કલમ–૧૫૫ અથવા યથાપ્રસંગે, કલમ–૧૫૭ લાગુ પડતી હોય તેવુ કોઈ શંકાસ્પદ (વ્યકિત) અથવા આરોપીનું નિવેદન આવા અહેવાલમાં હોય તો આ પેટા કલમ હેઠળ આવુ નિવેદન ઉપયોગમાં લઈ શકાશે નહીં, સિવાય કે તે કલમોના પ્રબંધ મુજબ (લઈ શકાય તેમ હોય)

(૨) અદાલતને યોગ્ય જણાય તો અને ફરિયાદપક્ષ અથવા આરોપી અરજી આપે તો આવા અહેવાલના વિષય વસ્તુ માટે આવા મેજિસ્ટ્રેટને સમન્સ કરશે અથવા તપાસશે.

વકીલશ્રી કે.જી.શેખ ઓળખ પરેડ બાબતે દલીલ કરતા જણાવે છે કે ફરિયાદપક્ષ દ્વારા આંક–૩૦૬૧, ૩૦૫૪, ૩૦૬૫, ૩૦૬૮ થી ઓળખ પરેડના પંચનામાઓ રજૂ કરેલા છે. પરંતુ આ પંચનામાઓના તમામ પંચોને તપાસવામાં આવેલા નથી. આ પંચનામાના તમામ પંચો પોલીસ દ્વારા સીલેકટ કરેલા પંચો છે. પોલીસની હાજરીમાં થયેલી ઓળખ પરેડનું કોઈ મહત્વ નથી. પરંતુ મારા મત પ્રમાણે ઓળખ પરેડની કાર્યવાહી દરમ્યાન મેજિસ્ટ્રેટ સમક્ષ જે આરોપીને રજૂ કરવામાં આવેલા તે પોલીસ દ્વારા રજૂ કરવામાં આવેલા. કારણ કે આરોપીઓ કસ્ટડીમાં હતા જેથી ઓળખ પરેડ માટે પોલીસ દ્વારા જે આરોપીઓને ઓળખ પરેડ કરાવવા માટે રજૂ કરવામાં આવેલા તે જામ્નાના પોલીસ અધિકારીઓ હતા માટે એવુ કહી શકાય નહીં કે પોલીસની હાજરીમાં ઓળખ પરેડ કરાવવામાં આવેલી છે.

આ કેસમાં જે જે આરોપીઓની ઓળખ પરેડ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓ સમક્ષ કરાવવામાં આવેલી છે તે તમામ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓને ફરિયાદપક્ષ દ્વારા અદાલત સમક્ષ તપાસવામાં આવેલા છે . ઓળખ પરેડ કરવા માટે અને તેનુ આયોજન કરવા માટે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ નિષ્પક્ષ વ્યકિત ગણાય અને તે માટે તેમને આવી સત્તા આપવામાં આવેલી છે. વ્યકિતની ઓળખ અથવા મિલકતની ઓળખ યોગ્ય પ્રક્રિયા અપનાવીને કરવામાં આવી હોય તો તેવા પુરાવાની વિશ્વાસનીયતા વધી જાય છે. એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટને સાહેદ તરીકે તપાસવામાં આવ્યા ન હોય તો પણ તેને બનાવેલો દસ્તાવેજ વંચાણે લઈ શકાય અને તે દસ્તાવેજ પુરાવાનો એક વિષય છે. તેમના અહેવાલને અદાલત સમક્ષ રજૂ કરવા માટે કોઈ ઔપચારિક પુરાવાની આવશ્યકતા નથી તેમ છતાં આ કામમાં એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓને સાહેદ તરીકે તપાસવામાં આવેલા છે અને તેમને પંચોની હાજરીમાં ઓળખ પરેડના જે પંચનામા બનાવેલા છે તે બાબતે જુબાની આપેલી છે માટે તે શ્રેષ્ઠ પુરાવો ગણાય. ઓળખ પરેડ સંબંધે આ અદાલતના ધ્યાનમાં છે તેવા અન્ય ચુકાદાઓ પણ ધ્યાને લીધેલા છે.

અ.નં.	ચુકાદો	ચુકાદામાં નિર્ણીત થયેલ મુદ્દાઓ પૈકી ઓળખ પરેડ અંગે નિર્ણીત થયેલ મુદ્દો
૧	રામેશ્વરસિંગ વિરૂધ્ધ સ્ટેટ ઓફ જમ્મુ કાશ્મીર (૧૯૭૧) ૨ સુપ્રિમ કોર્ટ કેસીસ– ૭૭૫	ઓળખ પરેડનો હેતુ એવો છે કે તેનાથી તપાસ કરનાર એજન્સી બનાવ અંગે સાચી દિશામાં યોગ્ય તપાસ કરી શકે તથા સાહેદ કોર્ટમાં સોગંદ ઉપર જુબાની આપે ત્યારે તેના પુરાવાને સમર્થન મળી શકે
૨	મુલ્લા વિરૂધ્ધ સ્ટેટ ઓફ યુ.પી. (૨૦૧૦) ૩ સુપ્રિમ કોર્ટ કેસીસ–પાન નં.૫૦૮ તથા મહાબીર વિરૂધ્ધ સ્ટેટ ઓફ દિલ્હી એ.આઇ.આર.૨૦૦૮ સુપ્રિમ કોર્ટ પાન નં.૨૩૪૩	ગુનામાં સંડોવાયેલ વ્યકિત જયારે શંકાસ્પદ હોય અને તે ફરિયાદી, ભોગ બનનાર, સાહેદથી સદંતરપણે અજાણ્યો હોય ત્યારે સંડોવાયેલ વ્યકિતની ઓળખ પરેડ કરાવવી ઇચ્છનીય છે.
૩	રાજકિશોર વિરૂધ્ધ સ્ટેટ એ.આઇ.આર.૧૯૭૧ સુપ્રિમ કોર્ટ, પાન નં.૧૦૫૮	ઓળખ પરેડનો પુરાવો તે સ્વતંત્ર પુરાવો નથી પરંતુ ઓળખ પરેડનો પુરાવો સમર્થનકારી પુરાવો છે આ પુરાવો અન્ય પુરાવાને સમર્થન કરે છે.
૪	મોહંમદ કલામ વિરૂધ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન એ.આઇ.આર. ૨૦૦૮ સુપ્રિમ કોર્ટ પાન નં.૧૮૧૩ તથા રવી વિરૂધ્ધ સ્ટેટ રીપ્રેજન્ટેડ	બનાવની તપાસ દરમ્યાન ઓળખ પરેડ કરાવવાનો મુખ્ય હેતુ છે સાહેદની યાદદાસ્તની ચકાસણી કરવી, સાહેદની વિશ્વસનીયતા કેટલી છે તેની ચકાસણી કરવી તથા સાહેદ કે જે કહેતો હોય કે તેને ગુનેગારને જોયો હતો તો તે બીજા કોઇ

	બાય ઇન્સ્પેકટર ઓફ પોલીસ એ.આઇ.આર. ૨૦૦૭ સુપ્રિમ કોર્ટ પાન નં. ૧૭૨૯	ઉપાય વિના તેને ઓળખી શકે છે કે નહીં તેની સચ્ચાઇ માટે ઓળખ પરેડ ઉપયોગી છે.
૫	હરનાથ વિરૂધ્ધ સ્ટેટ એ.આઇ.આર. ૧૯૭૦ પાન નં. ૧૬૧૯	મુદ્દામાલની ઓળખ એટલા માટે જરૂરી છે કે અદાલતને સંતોષ થાય કે સાહેદની જુબાનીથી મુદ્દામાલ તે જ છે કે કેમ અને તે મુદ્દામાલ ગુનામાં સંડોવાયેલો હતો.
૬	શ્યામલ ધોષ વિરૂધ્ધ સ્ટેટ ઓફ વેસ્ટ બેંગાલ એ.આઇ.આર. ૨૦૧૨ પાન નં. ૩૫૩૯	ઓળખ પરેડ તે પોલીસ તપાસનુ એક સાધન છે કે જેનાથી ફરિયાદપક્ષનો કેસ મજબુત બને અને જે આરોપી છે તે સાચો ગુનેગાર છે કે કેમ? તે નક્કી થઇ શકે.
૭	રામનાથન વિરૂધ્ધ સ્ટેટ એ.આઇ.આર.૧૯૭૮ સુપ્રિમ કોર્ટ પાન નં.૧૨૦૪	જયારે કેસનો સાહેદ ગુનેગારનુ નામ જાણતો હોય પરંતુ હક્ક દાવો કરતો હોય કે તેને ગુનો કરતા આરોપીને જોયો છે તો તેવા સંજોગોમાં તેવા આરોપીની ઓળખ પરેડ કરાવવી અનિવાર્ય છે અને તેમ કરવુ ફરિયાદપક્ષ અને આરોપી બંને માટે મહત્વનુ છે, આ ઉપરાંત હક્ક દાવો કરનાર સાહેદની પણ સચ્ચાઇ જાણી શકાય.
૮	સંતોષ તાપ્યાડે શીંદે વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર	ઓળખ પરેડની પોતાની કોઇ સ્વતંત્ર કિંમત નથી આરોપીની ઓળખ સાંયોગીક પુરાવા ઉપરથી પણ સાબિત કરી શકાય

	એ.આઇ.આર. ૧૯૭૪ સુપ્રિમ કોર્ટ, પાન નં.૨૭૯૧	
૯	રામકિશન ઠાકુર વિરૂધ્ધ સ્ટેટ એ.આઇ.આર.૧૯૫૫ સુપ્રિમ કોર્ટ, પાન નં.૧૦૪	ઇન્સાફી કાર્યવાહી દરમ્યાન જે સાહેદે આરોપીને ઓળખ્યો હોય અને પોલીસ રૂબરૂ પણ આરોપીને ઓળખ્યો હોય તો તેવી ઓળખના પુરાવાને સમર્થનકારી પુરાવા તરીકે ગ્રાહ્ય રાખી શકાય.
૧૦	સુભાષ ભટ્ટાચાર્ય વિરૂધ્ધ સ્ટેટ ૧૯૮૫ ક્રિ.લો.જનરલ પાન નં.૧૮૦૭ કલકત્તા	આરોપીની ઓળખ પરેડ દરમ્યાન સાહેદે આરોપીને ઓળખ્યો હોય પરંતુ ૨૦ વર્ષ બાદ કોર્ટમાં તે આરોપીને ઓળખવામાં નિષ્ફળ ગયો હોય તો અદાલત ઓળખ પરેડ દરમ્યાન આરોપીને સાહેદે ઓળખી બતાવેલ હતો તેના ઉપર આધાર રાખી શકે.
૧૧	હરભજનસિંધ વિરૂધ્ધ સ્ટેટ ઓફ જમ્મુ કાશ્મીર એ.આઇ.આર.૧૯૭૫ સુપ્રિમ કોર્ટ પાન નં.૧૮૧૪	ઓળખ પરેડ કરવી તે નિઃશંકપણે એક ડહાપણ છે તેનાથી સાક્ષીએ બનાવ વખતે આરોપીને બરાબર ઓળખ્યો ન હોય તો ઓળખી શકે ઓળખ પરેડ કરી ના હોય અને અદાલતમાં સાહેદ આરોપીને ઓળખ્યા અંગે જુબાની આપે તો ઓળખ પરેડના અભાવે ફરિયાદપક્ષનો કેસ નિષ્ફળ બની જતો નથી.
૧૨	મુન્નુકુમાર ઉપાધ્યાય વિરૂધ્ધ સ્ટેટ ઓફ આંધ્રપ્રદેશ	ઓળખ પરેડ માટે બચાવ એવો હતો કે ઓળખ પરેડ યોજતા પહેલા આરોપીના ફોટા દૈનિક વર્તમાનપત્રોમાં પ્રિન્ટ થયેલા

	(૨૦૧૨) ૬ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૧૭૪	હતા પરંતુ તેવી કોઇ હકિકત રેકર્ડ ઉપર હતી નહીં તેમ છતાં જો તેવુ બનેલુ હોય કે આરોપીના ફોટા દૈનિક વર્તમાનપત્રમાં છપાયેલા હતા તો પણ ઓળખ પરેડ અગાઉ એક માસ પહેલા છપાયેલા હતા માટે સાહેદના મગજમાં તે ફોટાની અસર રહે નહીં. ઓળખ પરેડ મોડી યોજવાથી તે બધા કેસોમાં જીવલેણ બની શકે નહીં. આ કેસમાં આરોપીઓના ફોટા દૈનિક વર્તમાનપત્રમાં છપાયા હોય તેવો કોઇ પુરાવો નથી આ ઉપરાંત આરોપી પકડાયા પછી એક માસ બાદ ઓળખ પરેડ થયેલી છે.
૧૩	ભરવાડ મેપા દાના વિરૂધ્ધ સ્ટેટ ઓફ બોમ્બે એ.આઇ.આર. ૧૯૬૦ સુપ્રિમ કોર્ટ પાન નં.૨૮૯	જયારે કોઇ કેસમાં ઘણા આરોપીઓ ગુનેગાર તરીકે હોય ત્યારે કોઇ સાહેદ કોઇ આરોપીને ઓળખવામાં ભુલ કરે ત્યારે તેવુ સામાન્ય રીતે બનતુ હોય છે. આ કેસમાં સાહેદ નં.૧૧૪૧ એૈયાજ રજાકમીંયા સૈયદનાઓએ ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલા ૧૦ આરોપીઓ પૈકી આરોપી નં.૧૧ સીબલી અબ્દુલ કરીમને ઓળખેલો પરંતુ તેનુ નામ પુછતાં તેણે પોતાનુ નામ આરોપી નં.૬૦ શાદુલી અબ્દુલ કરીમ જણાવેલુ આ બાબતે સાહેદે ખુલાસામાં જણાવેલુ છે

		કે આરોપી સીબલી તથા સાર્દુલી બંને ભાઇઓ છે જેથી ઓળખવામાં ભુલ થયેલી છે આ કેસમાં કુલ–૭૮ આરોપીઓ છે અને તમામ આરોપીઓને વીડિયો કોન્ફરન્સમાં બતાવવામાં આવેલા હતા માટે નામદાર સુપ્રિમ કોર્ટના આ ચુકાદા પ્રમાણે સાહેદની ભૂલ થઇ શકે છે.
૧૪	સ્ટેટ ઓફ યુ.પી. વિરૂધ્ધ સુખપાલસિંગ (૨૦૦૯) ૪ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં. ૩૮૫	ઓળખ પરેડ તે શહેરના સાહેદો માટે કરાવવી જરૂરી છે પરંતુ ગામડાના લોકો માટે એટલી જરૂરી નથી કારણકે ગામડાના લોકો એકબીજાને સહેલાઇથી ઓળખતા હોય છે.
૧૫	અનિલકુમાર વિરૂધ્ધ સ્ટેટ ઓફ યુ.પી. એ.આઇ.આર. ૨૦૦૩ સુપ્રિમ કોર્ટ પાન નં.૧૫૯૬	તપાસ કરનાર અધિકારીએ જણાવેલુ કે આરોપીને ઓળખ પરેડ માટે હોસ્પિટલેથી મોઢા ઉપર કવર ઢાંકીને લાવવામાં આવેલ હતા અને જે તે વખતે તેણે જેલમાં મોકલ્યો ત્યારે કોઇએ જોયેલો નથી આ પ્રકારનો પુરાવો બતાવે છે કે આરોપીને કોઇ વ્યકિત જોવે નહીં તે માટે જરૂરી સાવચેતી રાખી હતી માટે ઓળખ પરેડની કાર્યવાહી ખોટી નથી. આ કેસમાં તપાસવામાં આવેલ તમામ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટઓએ આરોપીને કોઇ સાહેદ ઓળખે નહીં તે માટે પુરતી કાળજી રાખેલાનુ પોતાની જુબાનીઓમાં

		સ્પષ્ટ જણાવેલુ છે.
૧૬	રાકેશ હરીલાલ કહાર વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર ૨૦૧૨ ક્રિ.લો.જ.(એનઓસી) પાન નં.૯૯ મુંબઈ	ઓળખ પરેડ કરાવનાર એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીએ સાહેદને પુછવુ જોઈએ કે ઓળખ પરેડ કરાવતા પહેલા આરોપીના ફોટા જોવાની તક મળી છે કે કેમ? તથા આરોપીએ જો ઈચ્છા હોય તો કપડા બદલવા છે કે કેમ? તેની જાણ કરવી આદેશાત્મક છે. આ કેસમાં તપાસવામાં આવેલ તમામ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓએ જેટલા પણ આરોપીઓની ઓળખ પરેડ કરાવી છે તેમને કપડા બદલવા છે કે કેમ? તે અંગે જણાવેલુ છે પરંતુ આરોપીઓએ કપડા બદલવાનો ઈન્કાર કરેલો છે તેવી હકીકત તેઓની જુબાનીઓમાં છે.
૧૭	સમશેરસિંધ દેવીસિંધ ઠાકુર વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર ૨૦૦૮ ક્રિ.લો.જ.(એનઓસી) પાન નં.૧૭૫ મુંબઈ	ઓળખ પરેડ કરાવનાર અધિકારીઓએ શકય હોય ત્યાં સુધી ક્રિમીનલ મેન્યુઅલમાં જણાવેલી જોગવાઈઓનું પાલન કરવુ જોઈએ જોગવાઈઓનુ પાલન ન કરવામાં આવેલુ હોય તો તેથી કરીને ફરિયાદપક્ષ તરફથી રજૂ થયેલ પુરાવો રદ્ધ કરી શકાય નહીં.
૧૮	દાના યાદવ વિરૂધ્ધ સ્ટેટ ઓફ બિહાર એ.આઈ.આર. ૨૦૦૨	અદાલત રૂબરૂ આરોપીની ઓળખ તે સ્વતંત્ર પુરાવો છે માટે ઓળખ પરેડ ના યોજી હોય તેથી કરીને ફરિયાદપક્ષના પુરાવાથી આરોપીને કોઈ પૂર્વગ્રહ થતો

	સુપ્રિમ કોર્ટ પાન નં. ૩૩૨૫ તથા સિધ્ધાર્થ વશિષ્ઠ વિરૂધ્ધ સ્ટેટ (એનસીટી દિલ્હી) (૨૦૧૦) ૬ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૧	નથી.
૧૯	યાકુબ અબ્દુલરઝાક મેમણ વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર (૨૦૧૩) ૧૩ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૧	બનાવ બાદ સાહેદે દોઢ, બે વર્ષ પછી જુબાની આપી હોય ત્યારે તેવા સંજોગોમાં આરોપીને અદાલતમાં ઓળખવામાં નિષ્ફળ ગયેલ હતા નામદાર સુપ્રિમ કોર્ટે નિરીક્ષણ કરેલુ કે બનાવ બાદ તરત જ આરોપીની ઓળખ પરેડ કરાવેલી જેમાં સાહેદે આરોપીને ઓળખી બતાવેલો માટે તે સાહેદનો પુરાવો બીજા સાહેદના પુરાવા સાથે સમર્થન તરીકે લઇ શકાય ફરિયાદપક્ષનો કેસ નિષ્ફળ જતો નથી. આ કેસમાં પણ ઓળખ પરેડ કરાવનાર મેજિસ્ટ્રેટશ્રીઓએ તેમની રૂબરૂ જે, જે આરોપીઓની જે,જે સાહેદો સમક્ષ ઓળખ પરેડ કરાવેલી તેઓને સાહેદોએ ઓળખી બતાવેલા હતા પરંતુ ૧૦ વર્ષ બાદ આ અદાલતમાં સાહેદોએ જુબાની આપેલી હોવાથી ઘણા બધા સાહેદો આરોપીઓને અદાલતમાં ઓળખવામાં નિષ્ફળ ગયા છે.

૨૦	એમ.એ.સત્તાર વિરૂધ્ધ સ્ટેટ ઓફ આંધ્રપ્રદેશ (૨૦૦૮) ૧૧ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૨૦૧	સાહેદે કહેલુ કે બનાવ પછી આરોપીને જેલની અંદર ઓળખ પરેડ વખતે જોયેલો છે તેણે દૈનિક વર્તમાનપત્રની અંદર આરોપીના ફોટા જોયેલા નથી, ઓળખ પરેડ પહેલા પોલીસે આરોપીને બતાવેલો નથી. ૭ થી ૮ આરોપીઓને સરખા કપડા ઓળખ પરેડ વખતે પહેરેલા ઠરાવવામાં આવેલુ કે તેની ઉપર આધાર રાખી શકાય
૨૧	હીરા વિરૂધ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન (૨૦૦૭) ૧૦ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં. ૧૭૫	ક્રિમીનલ મેન્યુઅલની જોગવાઈઓ મુજબ ઓળખ પરેડ રચાયેલી હોય અને તેમાં સાહેદે આરોપીને ઓળખી બતાવેલો હોય તો તે ઓળખ પરેડ સજા માટેનો આધાર બની શકે.
૨૨	મુલ્લીગીરી વજરામ વિરૂધ્ધ સ્ટેટ ઓફ આંધ્રપ્રદેશ એ.આઇ.આર. ૧૯૯૩ સુપ્રિમ કોર્ટ પાન નં.૧૨૪૩	જયારે કોઇ કેસમાં આરોપીને સજા ઓળખ પરેડ ઉપર કરવામાં આવી ન હોય પરંતુ નજરે જોનાર અને ભરોસાપાત્ર સાહેદના પુરાવા ઉપરથી સજા કરવામાં આવી હોય તેવા સંજોગોમાં તે સજા ઓળખ પરેડની જોગવાઇ મુજબ ન હતી માટે તેવી સજા ના થાય તો તેવી દલીલ સ્વીકારી શકાય નહીં.
૨૩	બલવીંદરસિંગ વિરૂધ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન એ.આઇ.આર. ૧૯૯૭	સરખી ઉચ્ચાઇ અને ઉંમર ધરાવતા માણસો સાથે આરોપીને ઉભો રાખેલો અને સાહેદે તે માણસને જોઇને આરોપીને ઓળખેલ જે માણસો સાથે તેને ઉભો

	પાન નં. ૧૭૦૪	રાખેલો તે માણસોની ઉંચાઇ કરતા આરોપીની ઉંચાઇ ઓછી હતી તેવો બચાવ લેવાથી ફરિયાદપક્ષનો પુરાવો રદ ના થાય.
૨૪	રામકિશન વિરૂધ્ધ સ્ટેટ એ.આઇ.આર.૧૯૫૫ સુપ્રિમ કોર્ટ પાન નં.૧૦૪	ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન સાહેદે ગુનામાં ઉપયોગમાં લીધેલ મુદ્દામાલ અને આરોપીને ઓળખી બતાવેલા તો તેવો પુરાવો સમર્થનકારી પુરાવા તરીકે પુરાવામાં ગ્રાહ્ય છે.
૨૫	ભરતસિંગ વિરૂધ્ધ સ્ટેટ ઓફ યુ.પી. એ.આઇ.આર. ૧૯૭૨ સુપ્રિમ કોર્ટ પાન નં. ૨૪૭૮	ઓળખ પરેડ મોડી કેમ યોજી? તેવુ તપાસ કરનાર અધિકારીને કે મેજિસ્ટ્રેટને ઊલટતપાસ દરમ્યાન પુછવામાં આવેલુ નહીં અને તેવો કોઇ વાંધો લીધેલો નહીં માટે યોજવામાં આવેલી ઓળખ પરેડ અનિયમિત હતી તેવા કારણસર કે વિલંબથી યોજવામાં આવેલી તેવા કારણસર ઓળખ પરેડને પડકારી કરી શકાય નહીં.
૨૬	કુંજુમન વિરૂધ્ધ સ્ટેટ ઓફ કેરાલા (૨૦૧૨) ૧૩ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં. ૭૫૦	ઓળખ પરેડ યોજી નથી તેથી કરીને હંમેશા ફરિયાદપક્ષનો કેસ રદ થતો નથી પરંતુ જયારે સાહેદ માટે આરોપી અજાણ હોય તો અને જુબાની દરમ્યાન આરોપીને ઓળખી બતાવેલ હોય ત્યારે તેનો પુરાવો સાવચેતીપૂર્વક સ્વીકારવો જોઇએ.
૨૭	સંપત તાત્યાદાદા શિંદે	ઓળખ પરેડ એ માત્ર પુષ્ટીકારક પુરાવો

	વિરૂધ્ધ મહારાષ્ટ્ર રાજય એ.આઇ.આર.૧૯૭૪ સુપ્રિમ કોર્ટ પાન નં.૭૯૧	છે તેનો ઉપયોગ અપરાધનુ કૃત્ય કરનાર આરોપીની ઓળખાણ બાબતે અન્ય સાહેદોની જુબાની થાય ત્યારે તેને પુષ્ટી આપવા થઇ શકે સાહેદ અદાલતમાં આરોપીને ઓળખે તો તેના ટેકામાં ઓળખ પરેડ થઇ હોવી જોઇએ આરોપીની ઓળખ સાંયોગીક પુરાવાથી પણ થઇ શકે.
૨૮	વિશ્વેવરમ વિરૂધ્ધ સ્ટેટ ક્રિ.લો.જ. પાન નં.૨૫૪૮ સુપ્રિમ કોર્ટ	અન્ય સંજોગોની મદદથી જ જો ગુન્હો પુરવાર થઇ શકતો હોય તો તેવી સ્થિતિમાં ઓળખ પરેડમાં અથવા કોર્ટમાં આરોપીની ખાસ ઓળખ પુરવાર કરવાની જરૂર રહેતી નથી ગુનાહિત કૃત્યો ઘણી વાર રાત્રીના કાળા અંધકારમાં થતા હોય છે જયારે આરોપીને કોઇ પણ સાક્ષી ઓળખી ના શકે તેવા સંજોગોમાં સાંયોગીક પુરાવાથી ગુન્હો પુરવાર થઇ શકે.
૨૯	બાબુલાલ વિરૂધ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન ૧૯૯૪ ક્રિ.લો.જ. પાન નં.૩૫૩૧ રાજસ્થાન	એફ.આઇ.આર.માં કે સાક્ષીના નિવેદનમાં આરોપીની ઓળખ માટેના કોઇ ચોક્કસ ચિહનો કે તેના સ્વાસ્થ્ય તેમજ શારીરિક બાંધા સંબંધી કોઇ ઉલ્લેખ ન હતો તેમ છતાં ઓળખ પરેડ દરમ્યાન સાક્ષીએ આરોપીને ઓળખી બતાવેલ હતો આ પ્રકારના પુરાવાને અમાન્ય ઠરાવી શકાય નહીં.

૩૦	સીમોન વિરૂધ્ધ સ્ટેટ ઓફ કર્ણાટક એ.આઇ.આર. ૨૦૦૪ સુપ્રિમ કોર્ટ પાન નં. ૨૭૭૫	કોર્ટ સમક્ષ સાક્ષીએ કરેલી ઓળખ ખોટી હોય તો પણ તેનુ મહત્વ હોતુ નથી ઘટનાના ૮ વર્ષ પછી સાક્ષીએ આરોપીને જોયો હોય તો યાદદાસ્તના કારણે પણ ભૂલ કરી હોય અથવા તો ખરીદાય ગયો હોવાની પણ શકયતા રહેતી હોય છે તેવા સંજોગોમાં ફરિયાદપક્ષ અન્ય પુરાવાથી પણ ઘટના પુરવાર કરી શકે છે.
૩૧	જડુનાથ સીંગ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ઉત્તર પ્રદેશ એ.આઈ.આર. ૧૯૭૧ પાન નં.૩૬૩	તપાસ કરનાર અધિકારી દ્વારા ઓળખ પરેડ યોજવામાં આવેલી ન હોય તેથી કરીને ફરિયાદપક્ષનો કેસ રદ થતો નથી.
૩૨	રાકેશ અને અન્ય વિરૂધ્ધ સ્ટેટ ઓફ ઉત્તરપ્રદેશ ક્રિ.અપીલ નં.૫૫૬/૨૦૨૧ તા.૦૬/૦૭/૨૦૨૧	પેરા નં.૦૯– સાહેદની જુબાનીમાં નાના નાના વિરોધાભાસ હોવાથી તે સાહેદની સમગ્ર જુબાની રદ્ધ કરી શકાય નહીં. પેરા નં.૧૩– સાહેદને ઊલટતપાસમાં કોઇ પ્રશ્ન પુછવામા આવે તે પ્રશ્નના જવાબમાં સાહેદ જે કાંઇ હકીકત જણાવે તે જણાવવામાં ઊલટ–સુલટ કે સહજ જુદી રીતે જવાબ આપે તેથી કરીને સાહેદની ઊલટતપાસમાં સાહેદ જુદી હકીકતો જણાવેછે તેમ કહી શકાય નહિ.

આમ, ઓળખ પરેડના પુરાવા બાબતે ઉપરોકત વિગતે વિસ્તૃત ચર્ચા કરેલી છે તે મુજબ આ કેસમાં ઓળખ પરેડના પુરાવાને અન્ય પુરાવાથી ઘણી બધી રીતે સમર્થન મળેલુ છે અને બીજા પુરાવાને પણ ઓળખ પરેડના

પુરાવાથી સમર્થન મળેલુ છે. કેવી રીતે સમર્થન મળેલુ છે અને કયારે સમર્થન મળે છે તે આ ચુકાદામાં અલગ–અલગ મુદ્દાઓની જે ચર્ચાઓ કરીશુ તે દરમ્યાન તેની વિસ્તૃત ચર્ચા કરીશુ.

(૭૯) વાઘમોન (કેરાલા) હાલોલ–પાવાગઢના જંગલોમાં થયેલા તાલીમ કેમ્પો વિશે...

સરકારી વકીલશ્રી અમીત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ કામના આરોપીઓએ વાઘમોન ખાતે ડિસેમ્બર–૨૦૦૭ મા આતંકવાદી તાલીમ કેમ્પનું આયોજન કરેલુ અને તેમા ઘણા બધા આરોપીઓ હાજર રહેલા હતા અને તાલીમો લીધેલી હતી તે અંગેના રેકર્ડ ઉપર સબળ પુરાવા ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા છે. ત્યારબાદ આરોપીઓએ જાન્યુઆરી–૨૦૦૮ મા તા.૧૩.૧.૨૦૦૮થી લઈને તા.૧૫.૧.૨૦૦૮ ના દિવસો દરમ્યાન હાલોલ–પાવાગઢના જંગલોમાં આતંકવાદી તાલીમ કેમ્પનું આયોજન કરેલ હતુ અને તેમાં પણ ઘણા બધા આરોપીઓ હાજર રહેલ હતા. વાઘમોન ખાતે તાલીમ માટે હાજર રહેવા માટે રેલવે દ્વારા અર્નાકુલમ ગયેલા હતા અને "અભિલાષા ટુરીસ્ટ હોમ" ખાતે તેઓ રોકાયેલા હતા તે અંગેના પુરાવા રજૂ કરેલા છે. વધુમાં દલીલ કરતા જણાવે છે કે, હાલોલ–પાવાગઢ ખાતે આરોપીઓ ટાટાસુમો તેમજ મોટર સાઈકલ લઈને ગયેલા હતા અને કેટલાક આરોપીઓ કે જેઓ મધ્યપ્રદેશ તથા દિલ્હી અને ઉત્તરપ્રદેશથી આવેલા હતા તેઓ રેલવે દ્વારા આવેલા હતા અને તે અંગેના તમામ પુરાવાઓ રજૂ કરવામાં આવેલા છે. આરોપીઓ પકડાયા પછી ઘણા બધા આરોપીઓએ તપાસ કરનાર અધિકારીને પંચો રૂબરૂ આ જગ્યાઓ બતાવવાની જાહેરાત કરેલી જેથી આ જગ્યાઓ ઉપર જઈને તપાસ કરનાર અધિકારીઓએ પંચોની હાજરીમાં પંચનામા બનાવેલા છે, પંચ સાહેદોને તપાસવામાં આવેલા છે. વધુમાં તેઓ દલીલ કરતા જણાવે છે કે પાવાગઢ ખાતે જે જગ્યાઓ ઉપર ગયા ત્યારે એફ.એસ.એલ. અધિકારીઓ પણ હાજર હતા અને જંગલોમાંથી તુટેલા કુગ્ગાઓ વિગેરે કબજે કરેલ છે.

જયારે બચાવપક્ષ તરફથી વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, વાઘમોન ખાતે આતંકવાદી તાલીમ કેમ્પ યોજવામાં આવેલો તેવો આરોપીઓ ઉપર આક્ષેપ છે અને આવા જ આક્ષેપ સાથેની એક ફરિયાદ કુલ–૩૮ આરોપીઓ સામે કેરાલામાં દાખલ થયેલી અને તે કામે એન.આઈ.એ. કોર્ટ દ્વારા કેટલાક આરોપીઓને છોડી મુકેલા છે અને કેટલાક આરોપીઓને સજા કરેલી છે. કેરાલા રાજયમાં એન.આઈ.એ. કોર્ટમાં વાઘમોન ખાતે તાલીમ કેમ્પનુ આયોજન કરેલુ તે આક્ષેપવાળા કેસમાં કુલ–૩૮ આરોપીઓ હતા અને તે પૈકી આ કેસમાં આરોપી નં.૧, ૨,૫,૬, ૭, ૯,૧૦,૧૪,૧૫,૧૮,૨૭,૨૯,૩૬,૩૭,૪૩,૫૨ થી ૬૦, ૬૫, ૭૨,૭૫,૭૬ અને ૭૮ હતા. સાથે સાથે તેમને કેરાલા એન.આઈ.એ. કોર્ટ તરફથી જાહેર કરવામાં આવેલી ચુકાદાની પ્રમાણિત નકલ રજૂ કરેલી છે. જેથી તેઓની દલીલ એવી છે કે સરખા આક્ષેપ સંબંધી આરોપીઓને ફરી વખત સજા થઈ શકે નહીં. આ સબંધમાં તેમણે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૦૦ વંચાણે લીધેલી છે.

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૦૦:–<u>એક વખત સજા પામેલી અથવા નિર્દોષ મુકત કરાયેલી વ્યકિત પર એક જ ગુના માટે ઈન્સાફી કાર્યવાહી ચલાવી શકાય નહીં.</u>

સેશન્સ કેસ નં.૨/૨૦૧૧ એન.આઈ.એ. કોર્ટ અર્નાકુલમના ચુકાદાની પ્રમાણિત નકલ ધ્યાને લઈએ તો તે કેસમાં કોર્ટે આરોપી નં.૧ થી ૭,૧૧,૧૪,૧૫,૨૪,૨૬,૨૯,૩૦,૩૩,૩૪,૩૬,૩૮ ને અનલોકુલ એકટીવીટી (પ્રિવેન્શન) એકટ ૧૯૬૭ ની કલમ–૧૦,૨૦, ૩૮ તથા એક્ષપ્લોજીવ સબસ્ટન્સ એકટની કલમ–૪ તથા ભારતીય ફોજદારી ધારાની કલમ–૧૨૦(બી) સાથે વાંચતા અનલોકુલ એકટીવીટી (પ્રિવેન્શન)એકટની કલમ–૧૦,૩૮ તથા એક્ષપ્લોજીવ સબસ્ટન્સ એકટની કલમ–૪ ના ગુનામાં જે આરોપીઓને તકસીરવાન ઠરાવેલા છે તે પૈકી આરોપી નં.૯,૧૦,૧૧,૧૨, ૧૩, ૧૪,૧૫,૫૭,૫૮,૫૯,૬૦, ૬૧, ૭૩, ૭૫,૭૬ નાઓ અત્રેના કેસમાં આરોપી તરીકે છે અને તેઓને પણ એન.આઈ.એ. કોર્ટ અર્નાકુલમ દ્વારા તકસીરવાન

ઠરાવવામાં આવેલા છે. માટે વકીલશ્રી આર.કે.શાહની દલીલ પ્રમાણે આ આરોપીઓને ફરીથી આ ગુનાના કામે સજા થઈ શકે નહીં, નિર્દોષ છુટેલા આરોપીઓ તે ગુનાના કામેથી નિર્દોષ છુટી ગયેલા હોય તેઓ સામે પણ વાઘમોન ખાતે તાલીમ કેમ્પમાં હાજર રહેવા બાબતે ફરીથી ગુનાની ઈન્સાફી કાર્યવાહી થઈ શકે નહીં. પરંતુ વકીલશ્રી આર.કે.શાહની દલીલ સાથે હું સંમત નથી. કારણ કે સેશન્સ કેસ નં.૨/૨૦૧૧ નાં કામે એન.આઈ.એ. કોર્ટ અર્નાકુલમ દ્વારા જે ચુકાદો આપવામાં આવેલો છે તે ચુકાદામાં ફરિયાદપક્ષના તહોમતનામાં મુજબ વાઘમોન ખાતે આતંકવાદી કેમ્પની પ્રવૃત્તિ વિશે તહોમતનામું ફરમાવેલુ હતુ જયારે આ કેસમાં તમામ આરોપીઓ સામે વાઘમોન ઉપરાંત હાલોલ–પાવાગઢના જંગલોમાં આતંકવાદી તાલીમ કેમ્પના આયોજનો કરેલા અને તે આયોજનોના પરિણામ રૂપે જુદા–જુદા કૃત્યો કરીને હાલના બનાવોને અંજામ આપવામાં આવેલો છે માટે વાઘમોન ખાતેના આતંકવાદી તાલીમ કેમ્પના આક્ષેપમાંથી મુકત થયા હોય અથવા નિર્દોષ છુટ્યા હોય તેમજ સજા પામેલા હોય તો તે ફકત વાઘમોન ખાતેના તાલીમ કેમ્પ સબંધે છે. હાલોલ–પાવાગઢના કેમ્પ તથા ત્યારબાદ અમદાવાદ શહેરમાં તેમજ સુરત શહેર ખાતે જે બનાવો બનેલા છે તે બનાવોમાં તેઓ સજા પામેલા નથી કે નિર્દોષ છુટેલા નથી. વાઘમોન ખાતે તાલીમવાળા બનાવો અને હાલોલ–પાવાગઢ ખાતેના તાલીમવાળા બનાવો જુદા–જુદા છે. વધુમાં વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, આ કામે આરોપી નં.૭૬ નાઓ સમક્ષ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ અર્નાકુલમ ખાતે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનુ જે નિવેદન આપેલુ તે ફરિયાદપક્ષે આંક–૯૦૨૧ થી રજૂ કરેલુ છે પરંતુ આ નિવેદનનો ફરીથી આ કેસમાં ઉપયોગ થઈ શકે નહીં. તેમની આ દલીલ સાથે હું સંમત નથી. અગાઉ ચર્ચા કરી તેમ આ નિવેદનમાં વાઘમોન ખાતે થયેલા તાલીમ કેમ્પ અંગેની હકીકત જણાવેલી છે પરંતુ તેની સાથે સાથે આ કેસની હકીકત અને આ કેસમાં આરોપીઓ ઉપર જે તહોમતનામા ફરમાવેલા છે તે આક્ષેપો વધારે છે. તેમજ અલગ–અલગ ગુનાના આક્ષેપો છે. જેથી એક આક્ષેપમાં આરોપીઓને સજા થઈ

હોય કે નિર્દોષ છુટયા હોય તેથી કરીને તેઓ આપોઆપ બીજા કેસમાં નિર્દોષ છુટી શકતા નથી કે બીજા કેસની કાર્યવાહી ઉપર કોઈ પ્રતિબંધ હોઈ શકે નહીં.

વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, આરોપી નં.૧ નાએ હાલોલ–પાવાગઢ કેમ્પવાળી જગ્યા બતાવેલી તેવો આક્ષેપ છે. જે સાહેદની હાજરીમાં આ જગ્યા બતાવેલી તે સાહેદ નં.૯૦૪ દિપકકુમાર જીવણલાલ દલવાડી છે. આરોપી નં.૧ને સૌપ્રથમ તા.૧૬.૮.૨૦૦૮ ના રોજ અટક કરવામાં આવેલો જયારે આ જગ્યાનુ પંચનામુ તા.૨૭.૮. ૨૦૦૮ ના રોજ બનાવવામાં આવેલુ છે. ૧૧ દિવસ મોડુ પંચનામુ શા માટે કર્યુ? તેનો કોઈ ખુલાસો નથી. વકીલશ્રી આર.કે.શાહની દલીલ સાથે હું સંમત છું કે આરોપીની અટક કર્યા પછી ૧૧ દિવસ બાદ આ જગ્યાનુ પંચનામુ બનાવવામાં આવેલુ છે. પરંતુ આ સમય દરમ્યાન આરોપી પોલીસ કસ્ટડીમાં હતો. અમદાવાદમાં બનેલા બનાવોની કુલ–૨૦ જેટલી ફરિયાદોની તપાસ માટે કુલ–૪ તપાસ ટીમો બનાવવામાં આવેલી હતી. બનાવો ઘણા બધા હતા જેથી આરોપીને અટક કર્યા બાદ તરત જ આ જગ્યાનુ પંચનામુ બનાવેલુ નથી તેનો અર્થ એવો થઈ શકે નહીં કે તપાસ કરનાર અધિકારીએ જાણી જોઈને આ પંચનામુ મોડુ બનાવેલુ છે. તપાસ કરનાર અધિકારીની પોલીસ કસ્ટડી દરમ્યાન આરોપી નં.૧ નાએ આ જગ્યા બતાવતુ આંક–૬૪૮૦ વાળુ પંચનામુ બનાવેલુ છે. વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે પંચનામા દરમ્યાન વીડિયોગ્રાફી થયેલી છે પરંતુ ફરિયાદપક્ષે રજૂ કરેલી નથી. પરંતુ મારા મત પ્રમાણે વીડિયોગ્રાફી રજૂ થવી જોઈએ તે ફરજિયાત કે આદેશાત્મક નથી અને તે રજૂ ના થવાથી કેસના મૂળને કોઇ અસર થતી નથી. વધુમાં તેઓ દલીલ કરતા જણાવે છે કે, પાવાગઢના જંગલોમાં જે જગ્યાએ તાલીમ લીધેલાનો આક્ષેપ છે અને આરોપી નં.૧ નાએ તાલીમવાળી જગ્યા બતાવેલી તે જગ્યા ઉપરથી છરા, બુચ, કુગ્ગા મળેલા છે. જે એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે પૃથક્કરણ અર્થે મોકલેલા હતા. પૃથક્કરણનો અહેવાલ આંક–૫૯૪૧ થી રજૂ છે જેમા આરોપીઓને દોષીત ઠરે તેવી કોઈ હકીકત નથી કે આ મુદ્દામાલમાંથી કોઈ સ્ફોટક પદાર્થ મળેલો નથી. આ જે જગ્યાએથી આ મુદ્દામાલ

મળેલો છે તે જગ્યા ઉપર ઉર્સ, મેળા ભરાતા હોય છે જેથી મેળામા લોકો કુગ્ગાઓ ફોડતા હોય છે જેથી સ્વાભાવિક છે કે તે જગ્યા ઉપર કુગ્ગા મળી આવે. વકીલશ્રી આર.કે.શાહની આ દલીલ સાથે હું સંમત નથી. કારણ કે આંક–૬૪૮૦ વાળા પંચનામાવાળી જગ્યા હાલોલ–પાવાગઢના મુખ્ય રોડથી આશરે ૧૫૦ થી ૨૦૦ મીટર જેટલી અંદર આવેલી છે અને આંક–૬૪૮૦વાળા પંચનામા મુજબ તે જગ્યા ઉપર ઘણુ જંગલ છે. બાજુમાં હેલીકૈલ વાવ છે. આ જગ્યા ઉપર એવી ખુલ્લી જગ્યાઓ નથી કે જયાં ઉર્સ અને મેળાઓ ભરાય. આ જગ્યા એવી જગ્યા નથી કે ત્યાં દુકાનદારો પોતાની દુકાન રાખે. જે જગ્યાએથી મુદ્દામાલ મળેલો છે તે જગ્યાએથી થોડે દુર ઉપર જતા કમલેશ કવોરી નામની જગ્યા છે તથા ત્યાં ખાડો પણ આવેલો છે જેમા પાણી પણ છે. અને ફરિયાદપક્ષના આક્ષેપ પ્રમાણે આરોપીઓએ આ ખાડામાં જે પાણી ભરાયેલુ તેમાં તરવાની તાલીમ લીધેલી હતી માટે આવી જગ્યા ઉપર ઉર્સ કે મેળો ભરાય નહીં. ઉર્સ અને મેળો રોડ ઉપર કે રોડની સાઈડે ભરાય જંગલમાં ન ભરાય. આરોપીઓએ પાવાગઢના જંગલોમાં તા.૧૩–૦૧–૨૦૦૮ થી તા.૧૫–૦૧–૨૦૦૮ દરમ્યાન આતંકવાદી તાલીમ કેમ્પ રાખેલો. જયારે જગ્યાઓનું પંચનામું તા.૨૭/૦૮/૨૦૦૮ ના રોજ થયેલું છે. આમ, આઠેક મહિના બાદ પંચનામું બનેલુ છે. આઠમો માસ એટલે ચોમાસાની સીઝન હોય, વરસાદ પડેલો હોય માટે મળી આવેલ છરા કે કુટેલા કુગ્ગા ઉપર સ્ફોટક પદાર્થ હરગિજ મળે નહિ. આ જગ્યા જંગલની જગ્યા હતી ત્યાં કોઇ વ્યકિત આવતી જતી ના હોય માટે આઠ મહિના સુધી ત્યાં છરા અને કુટેલા કુગ્ગા પડી રહેલા હોય અને તે મળી આવેલા છે. આંક–૬૪૮૦ વાળુ પંચનામુ વંચાણે લઈ વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરેલ છે કે પંચનામાની જે હકીકત રેકર્ડ ઉપર આવતી નથી તે માટે સાહેદને હોસ્ટાઈલ કરવો જોઈએ અને ત્યારપછી રેકર્ડ ઉપર લાવવી જોઈએ. આંક–૬૪૮૦ વાળા પંચનામાના પંચ દિપકકુમાર જીવણલાલ દલવાડી ઘણી બધી હકીકત જણાવતા નથી. આ સંબંધમાં વકીલશ્રી આર. કે. શાહ નીચે મુજબના ચુકાદા ઉપર આધાર રાખેલ છે.

અ.નં.	ચુકાદો	ચુકાદામાં નિર્ણીત થયેલા મુદ્દા પૈકી

		વિરોધાભાસ બાબતે નિર્ણીત થયેલો મુદ્દો
૧	કોલી નાના ભણા વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૧૯૮૪ જી.એલ.એચ. પાન નં.૧૦૫૫ ગુજરાત.	ચુકાદાના પેરા–૨૭ પ્રમાણે સાહેદ પુરેપુરી હકીકત અદાલત સમક્ષ ન જણાવતા હોય ત્યારે ફરિયાદપક્ષે અદાલતને સાહેદ ફરી ગયેલા જાહેર કરવા વિનંતી કરવી જોઈએ અને ત્યારબાદ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૧૫૨ મુજબના નિવેદનના વિરોધાભાસ બાબતે પુછવુ જોઈએ.

વકીલશ્રી આર.કે.શાહનાઓએ ઉપરોકત ચુકાદાનો આધાર લીધેલો છે જયારે ફરિયાદપક્ષ તરફે વકીલશ્રી અમીત પટેલ દલીલ કરતા જણાવે છે કે, સાહેદ કેટલીક પંચનામાની હકીકત જુબાનીમાં જણાવી શકતો ન હોય તો પંચનામાની હકીકત તરફ ધ્યાન દોરીને સાહેદને પુછી શકાય છે અને તે માટે વકીલશ્રી અમિતભાઇ પટેલ નીચે મુજબના ચુકાદાનો આધાર રાખેલ છે.

અ.નં.	**ચુકાદો**	**ચુકાદામાં નિર્ણીત થયેલા મુદ્દા પૈકી પંચની જુબાની બાબતે નિર્ણીત થયેલો મુદ્દો**
૧	મીર વાજા મેરામન વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૧૯૮૮(૨) જી.એલ.આર. પાન નં.૧૦૫૭ ગુજરાત.	ચુકાદાના પેરા નં.૧૪ મુજબ પંચ સાહેદ પંચનામામાં જણાવેલી કેટલીક હકીકત જુબાનીમાં ન જણાવે તો પંચ સાહેદને પંચનામાની વિગત પુછવી જોઈએ કે પંચનામામાં લખેલી હકીકત સાચી છે કે નહીં અને પંચ સાહેદ જે જવાબ આપે તે નોંધી લેવો અને તે પંચનામાની હકીકત સમર્થનકારી પુરાવા તરીકે વંચાણે લેવાય

વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, સાહેદ નં.૯૦૪ દીપકકુમાર જીવણલાલ દલવાડીનાઓ એકમિનાર મસ્જિદ ઉપર ગયેલાનું જણાવે છે પરંતુ તે જગ્યા ઉપર શું કરેલુ તે જણાવતા નથી. ત્યારબાદ સાહેદના કહેવા પ્રમાણે ખુંદપીર દરગાહ ઉપર આરોપી નં.૧ લઈ ગયેલો તેવો આક્ષેપ છે. તે દરગાહ ઉપર હાજર ફકીર ઈદ્રીશ ગુલાબશા હતા, જે મુજાવર તરીકે હતા. પરંતુ તેઓ મુજાવર તરીકે હતા તેવો કોઈ પુરાવો રજૂ થયેલો નથી. ફરિયાદપક્ષના તે ઉભા કરેલા સાહેદ છે. પંચનામાના દિવસે આ ઈદ્રીશ ગુલાબશાનો જવાબ લીધેલો નથી. પરંતુ ત્યાં અગાઉ એક બીજા ફકીર ફરજ બજાવતા હતા. આ સબંધમાં સાહેદ નં.૧૧૦૫ ઈદ્રીશ ગુલાબશાની જુબાની ધ્યાને લઈએ તો સાહેદે સ્પષ્ટ જણાવેલુ છે કે ખુંદપીર દરગાહ ઉપર તેઓ મુજાવર તરીકે કામ કરે છે. તેઓને પગાર આપવામાં આવતો નથી. આ દરગાહ એવી કોઈ દરગાહ નથી કે તેનો વહીવટ ઘણો મોટો હોય તેમજ દરગાહ ઉપર ઘણા બધા માણસો પગારથી કામ કરતા હોય તેવી પણ કોઈ આ દરગાહ નથી આ ઉપરાંત આ દરગાહ વ્યાવસાયિક રીતે ધર્મશાળા ભાડે આપવાનું કામ કરતી હોય તેવી પણ દરગાહ નથી. જેથી સ્વભાવીક છે કે ઈદ્રીશ ગુલાબશા મુજાવર તરીકે કામ કરતા હતા તે અંગેનો નિમણૂકનો પત્ર ન હોય. વધુમાં વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, સાહેદ ઈદ્રીશનો પોલીસે જવાબ તે જ દિવસે લીધેલો તેમ જણાવે છે જયારે પંચ સાહેદ દીપકકુમાર જણાવે છે કે, તે દિવસે કોઈનો જવાબ પોલીસે લીધેલો નહીં માટે સાહેદ ઈદ્રીશ ગુલાબશાને તપાસ કરનાર અધિકારીએ ઉભા કરેલા સાહેદ છે. પરંતુ તેઓની આ દલીલ સાથે હું સંમત નથી પંચ સાહેદ દીપકકુમાર તથા બીજા પંચ દ્વારા પંચનામુ લખાવ્યુ હોય અને પૂરૂં થયા બાદ તે પંચો જતા રહયા હોય અને ત્યારબાદ પોલીસે સાહેદ ઈદ્રીશ ગુલાબશાનો જવાબ લીધો છે તેવુ ચોકકસપણે સાહેદ ઈદ્રીશ ગુલાબશા જ કહી શકે, પંચ સાહેદ દીપકકુમાર કહી શકે નહીં. એવુ પણ બને કે પંચો પંચનામુ લખાવતા હોય, પંચનામુ રાઈટર લખતા હોય તે દરમ્યાન તપાસ કરનાર અધિકારીએ સાહેદ ઈદ્રીશ ગુલાબશાનુ નિવેદન લીધુ હોય. વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે

તા.૨૮.૯.૨૦૦૮ ના રોજ સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડા આ જગ્યા ઉપર ગયેલા હતા અને તેમના કહેવા પ્રમાણે આરોપી અબ્બાસ સમેજા (આરોપી નં.૧૬) હતો આ આરોપી સામે પણ કોઈ પુરાવો ન હતો માટે વર્તણૂકનો પુરાવો ઉભો કરવા માટે અબ્બાસ સમેજાને લઈ મયુર ચાવડા આ જગ્યા ઉપર ગયેલા હતા. પરંતુ મારા મત પ્રમાણે જે જે આરોપીઓએ હાલોલ–પાવાગઢ ખાતેના તાલીમ કેમ્પોમાં હાજર હતા તે તે આરોપીઓ જેમ જેમ પકડાતા ગયા તેમ તેમ તેઓએ આ જગ્યાઓ બતાવવાની માહિતી આપતા જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ તે તે આરોપીઓને લઈ આ જગ્યા ઉપર ગયેલા છે. એક વખત આ જગ્યાઓ એક આરોપીએ બતાવી હોય અને તેનુ પંચનામુ બનાવવામાં આવેલુ હોય તેથી કરીને એવો કોઈ પ્રતિબંધ નથી કે બીજા આરોપી પકડાય અને તે પણ જો આ જગ્યા બતાવવાની માહિતી આપે તો તે જગ્યા ઉપર ફરીથી ન જવાય. પકડાયેલ આરોપી જો આ જગ્યા બતાવવાની માહિતી આપે અને તપાસ કરનાર અધિકારી તે જગ્યા ઉપર લઈ જાય તો તપાસ કરનાર અધિકારી આરોપીને બિનજરૂરી રીતે તે જગ્યા ઉપર લઈ ગયા છે તેવુ કહેવાય નહીં અને તેથી કરીને આરોપીની વર્તણૂકનો પુરાવો ઉભો થતો નથી તેમ હું માનુ છું. વધુમાં વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, આંક–૭૯૨૪ વાળુ નિવેદન સવાલ જવાબમાં લીધેલાનું સાહેદ જણાવે છે પરંતુ નિવેદન ધ્યાને લેતા તે સવાલ જવાબમાં નથી. પરંતુ મારા મત પ્રમાણે આ બાબતે સમજ ફેર થાય છે તેમ હું માનુ છું કારણ કે મેજિસ્ટ્રેટ સાહેબે જે સવાલો પુછયા હોય તેના સાહેદ ઈદ્રીશ ગુલાબશાએ જવાબો આપ્યા હોય અને તે જવાબો મેજિસ્ટ્રેટશ્રીએ લખેલા હોય માટે સાહેદ કહી શકે કે નિવેદન સવાલ જવાબમાં લીધેલુ. નિવેદન મેજિસ્ટ્રેટએ લખેલુ હતુ માટે સાહેદને એવુ જ હોય કે મેજિસ્ટ્રેટે પ્રશ્નો પુછેલા છે અને મેં જવાબો આપેલા છે. નિવેદન લખવાનુ હતુ મેજિસ્ટ્રેટે અને જવાબો આપવાના હતા માટે સાહેદ એમ સમજ્યા હોય કે મેજિસ્ટ્રેટે સાહેદનુ નિવેદન સવાલો પુછીને જવાબો લખેલા છે તે રીતે છે. આ ઉપરાંત આરોપી નં.૨ નુ આંક–૮૬૧૯ વાળુ કબુલાત નિવેદન ધ્યાને લઈએ તો આરોપી નં.૨ નાએ પણ મેજિસ્ટ્રેટ સમક્ષ સ્પષ્ટ લખાવેલુ છે કે ખુંદપીરની દરગાહ

ઉપર મુજાવર ઈદ્રીશ ગુલાબશા હતા. જેથી દરગાહ ઉપર ઈદ્રીશ ગુલાબશા મુજાવર તરીકે હતા તે હકીકતને સમર્થન મળે છે. વકીલશ્રી આર.કે.શાહ જણાવતા હોય કે ઈદ્રીશ ગુલાબશા ત્યા મુજાવર તરીકે ન હતા તો તે હકીકત માની શકાય નહીં. વકીલશ્રી આર.કે.શાહના કહેવા પ્રમાણે સાહેદ નં.૧૧૨૧ ડૉ.સાદાબના કહેવાથી ઈદ્રીશ ગુલાબશાનાઓએ દરગાહ ઉપર આવેલી ધર્મશાળામાં કેમ્પમાં આવેલા લોકોને રહેવા માટે વ્યવસ્થા કરી આપેલી. પરંતુ સાહેદ નં.૧૧૨૧ ડૉ.સાદાબનાઓએ સાહેદ ઈદ્રીશ ગુલાબશાને ત્યાં જોયેલા નથી. પરંતુ મારા મત પ્રમાણે સાહેદ નં.૧૧૨૧ ડૉ.સાદાબનાઓએ ફરિયાદપક્ષની હકીકતને સમર્થન કરેલુ નથી અને તે ફરી ગયેલા સાહેદ છે. જેથી સ્વાભાવિક છે કે ફરિયાદપક્ષની હકીકતને સમર્થન ન કરે. આમ એક તરફ સાહેદ નં.૧૧૨૧ ડૉ.સાદાબ જણાવે છે કે ત્યાં ઈદ્રીશ ગુલાબશા દરગાહ ઉપર ન હતા જયારે સાહેદ ઈદ્રીશ ગુલાબશા જણાવે છે કે તેઓ દરગાહ ઉપર મુજાવર તરીકે કામ કરતા હતા અને આરોપી નં.૨ પોતાના કબૂલાત નિવેદનમાં પણ દરગાહ ઉપર ઈદ્રીશ ગુલાબશા હતા તેમ જણાવે છે. જેથી એવુ ચોકકસપણે કહી શકાય કે દરગાહ ઉપર ઈદ્રીશ ગુલાબશા મુજાવર તરીકે હતા. સાહેદ નં.૧૧૨૧ ડૉ.સાદાબએ આરોપી નં.૨, ૩૫, ૩૭નો મિત્ર છે માટે સ્વાભાવિક છે કે, તેમની તરફેણમાં બોલે જયારે સાહેદ ઈદ્રીશ સ્વતંત્ર સાહેદ છે માટે સાહેદ ઈદ્રીશની જુબાની વધારે વિશ્વસનીય ગણાય.

વકીલશ્રી આર.કે.શાહ, સાહેદ નં.૯૮૧ પ્રવીણભાઈ હમીરભાઈની જુબાની વંચાણે લઈ દલીલ કરે છે કે, ઉત્તરાયણના દિવસે તાલીમ લેતા કોઈક ને જોયેલા તેવુ તપાસ કરનાર અધિકારીએ સીધુ આ સાહેદને પુછેલુ છે જે પુછી શકાય નહીં. આક્ષેપ પ્રમાણે તા.૧૩.૧.૦૮ ના રોજ તાલીમ કેમ્પનુ આયોજન થયેલુ અને સૌપ્રથમ આ જગ્યા તા.૨૭.૮.૦૮ ના રોજ આરોપી નં.૧ નાએ બતાવેલી હતી. આમ ૭–૮ માસ પછી પણ સાહેદને પૂરેપૂરી હકીકત ખબર ન હોય તેમ છતાં તે જુઠી હકીકત જણાવે છે. પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદ ગામડામાં રહેતા વ્યકિત છે અને શહેરમાં રહેતી વ્યકિતની સરખામણીમાં ગામડામાં રહેતી વ્યકિતની દ્રષ્ટિ વધારે સારી અને તીવ્ર હોય છે. ૭–૮ માસ

પહેલા જંગલોમાં જે લોકો તાલીમ લેતા હતા અને આ સાહેદે તેઓને જોયેલા હતા. આ સાહેદે મેજિસ્ટ્રેટ રૂબરૂ ઓળખી બતાવેલા છે. આ સાહેદ દ્વારા મેજિસ્ટ્રેટ રૂબરૂ જુદા–જુદા આરોપીઓની ઓળખ પરેડ તા.૩૦.૮.૦૮, તા.૧૨.૯.૦૮, તા.૧૬.૧૨.૦૮, તા. ૬.૬.૧૨ ના રોજ થયેલી છે અને ઓળખ પરેડ દરમ્યાન આ સાહેદે આરોપી નં.૧,૨,૩,૬,૭,૮,૯,૧૦,૧૨,૧૪,૧૫,૧૬,૩૭ નાઓને ઓળખી બતાવેલા હતા. ત્યારબાદ જુબાની દરમ્યાન પણ આ સાહેદે આરોપી નં.૧,૩, ૧૦,૧૨,૩૧,૩૨,૩૫,૩૬, ૪૫,૫૪,૬૧, ૬૨, ૭૫નાઓને અદાલત રૂબરૂ ઓળખી બતાવેલા હતા. આ સાહેદે આ આરોપીઓને ખોટા ઓળખી બતાવેલા હતા તેવો કોઈ આક્ષેપ નથી અને ખોટા ઓળખી બતાવેલા તે હકીકત માની શકાય પણ નહીં. વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, જાન્યુઆરી–૨૦૦૮ મા આ સાહેદે વીસેક માણસોને ટોળામાં દુરથી જોયેલા અને ત્યારબાદ એકાદ વર્ષ પછી પણ આરોપીઓને ઓળખી બતાવે તે શકય નથી. પરંતુ મેં અગાઉ ચર્ચા કરી તેમ ગામડામાં રહેનાર વ્યકિતની દ્રષ્ટિ અતિ તીવ્ર હોય છે જેથી આરોપીને ઓળખી બતાવેલા છે માટે તેઓને ખોટા ઓળખ્યા છે તેમ મનાય નહીં. આ સાહેદે આરોપીઓના વર્ણન પોલીસને આપેલા ન હોવાથી ઓળખ ખોટી ઠરતી નથી. કઈ લાઈનમાંથી કેટલા માણસને ઓળખેલા તે પણ આ સાહેદ જણાવતા ન હોય તેનો અર્થ એવો નથી કે લાઈનોમાં ઉભેલા ડમી માણસોમાંથી ઓળખી બતાવેલ આરોપીઓને આ સાહેદે ઓળખ્યા નથી. વકીલશ્રી આર.કે. શાહ જણાવે છે કે સાહેદ નં.૯૮૧ પ્રવીણભાઈ હમીરભાઈની જુબાની કુદરતી નથી માટે માની શકાય નહીં. પરંતુ તેઓની આ દલીલ સાથે હું સંમત નથી. આ સાહેદની જુબાની સદંતરપણે કુદરતી છે તેમ હું માનુ છું. આ સાહેદ ગામડાના રહેવાસી છે. ખેતીકામ કરે છે. અમદાવાદ શહેરમાં આવવાનો પ્રસંગ ભાગ્યે જ વર્ષમાં એકાદ વખત થતો હશે માટે આરોપીઓ સાથે આ સાહેદને કોઈ જ દુશ્મનાવટ ના હોય તથા ખોટી રીતે ઓળખીને ગુનામાં સંડોવે પણ નહી. સામાન્ય રીતે ગામડાના માણસમાં સાચુ બોલવાની ભાવના અને ક્ષમતા વધારે હોય છે.

વકીલશ્રી આર.કે.શાહ સાહેદ નં.૧૦૬૭ અંબાલાલ વેચાતભાઈની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરે છે કે, સાહેદ નં.૯૮૧ પ્રવિણભાઈ હમીરભાઈની સાથે જ આ સાહેદ પણ હતા. આ સાહેદની જુબાની તથા સાહેદ નં.૯૮૧ પ્રવિણ હમીરભાઈની જુબાનીમાં વિરોધાભાસ છે. આ સાહેદે આરોપીઓને કેવી રીતે ઓળખ્યા હતા અને કેમ ઓળખ્યા હતા તે વિશે આ સાહેદ કાંઈ જણાવતા નથી. પરંતુ તેઓની જુબાની ધ્યાને લઈએ તો સને–૨૦૦૮ ની સાલના ઉત્તરાયણના સમયે તેઓ જીપમાં હાલોલ જતા હતા ત્યારે જીપને પંકચર પડેલુ અને કંડકટર પંકચર કરાવવા ગયેલો તે વખતે આ સાહેદ તથા બીજા સાહેદ નં.૧૦૬૭ અંબાલાલ વેચાતભાઈનાઓ જીપ પાસે હાજર હતા ત્યારે જંગલમાંથી વાતો કરવાનો અવાજ આવતા તેઓ તે દિશા તરફ ગયેલા અને તે વખતે કેટલાક માણસો ત્યાં તાલીમ લેતા હોય જોયેલા માટે આરોપીઓને ઓળખેલા હતા તે સ્પષ્ટ જણાવેલુ છે અને તે લોકો અજાણ્યા હતા માટે તેઓના નામ આ સાહેદોને ખબર ન હોય તે સ્વાભાવિક છે અને તેથી કરીને કોને ઓળખેલા તેના નામો આ સાહેદે જણાવેલા નથી. પરંતુ જે આરોપીઓને ઓળખેલા તેઓને ઓળખ પરેડ દરમ્યાન ઓળખી બતાવેલા છે અને ત્યારબાદ તે આરોપીઓ પૈકી સાહેદ નં.૯૭૧ પ્રવીણભાઈ હમીરભાઈએ ઘણા આરોપીઓને અદાલતમાં ઓળખી બતાવેલા છે જયારે સાહેદ નં.૧૦૬૭ અંબાલાલ વેચાતનાઓએ અદાલત સમક્ષ ફકત આરોપી નં.૧૨ સફદર નાગોરીને ઓળખેલો છે. આ સાહેદની જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદે પણ સાહેદ નં.૯૮૧ પ્રવિણ હમીરભાઈએ જે હકીકતો જણાવેલી છે તે જ પ્રમાણેની હકીકત આ સાહેદે પણ જણાવેલી છે. બંનેની જુબાનીઓમાં એવો વિરોધાભાસ નથી કે જેથી કરીને બનાવના મુળને અસર કરે. સાહેદ નં.૯૮૧ પ્રવિણ હમીરભાઈએ ઓળખ પરેડ દરમ્યાન ઘણા આરોપીઓને ઓળખી બતાવેલા છે અને જુબાની દરમ્યાન પણ ઘણા આરોપીને અદાલતમાં ઓળખેલા છે. તેના જેવી જ તીવ્ર દ્રષ્ટિ સાહેદ નં.૧૦૬૭ અંબાલાલ વેચાતભાઈની ન પણ હોય અને તેથી કરીને સાહેદ નં.૯૮૧ પ્રવિણભાઈ હમીરભાઈનાઓએ જે આરોપીઓને ઓળખેલા છે તે તમામ આરોપીઓને સાહેદ અંબાલાલે ઓળખેલા

નથી તેથી કરીને એવુ ન કહી શકાય કે આ આરોપીઓને હાલોલ–પાવાગઢના જંગલોમાં તાલીમ લેતા સાહેદ અંબાલાલે જોયેલા ન હતા. તાલીમ લેતા જોયેલા માણસો મુસલમાન જેવા હતા અને દાઢી હતી તેવી હકીકત પોલીસ નિવેદનમાં લખાવી ન હોય તેથી કરીને એવુ કહી શકાય નહીં કે આ સાહેદોએ મુસલમાન જેવા માણસો તાલીમ લેતા જોયેલા ન હતા. વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, પાવાગઢ ખાતે માતાજીનું મંદીર આવેલુ છે અને ત્યાં જંગલ પણ છે અને જંગલમાં ઘણા લોકો ફરવા જતા હોય છે. પરંતુ મારા મત પ્રમાણે આંક–૬૪૮૦ વાળા પંચનામાવાળી જગ્યાઓ ગાઢ જંગલોમાં આવેલી છે અને ત્યાં લોકો ફરવા જાય તે શકય નથી. આંક–૬૪૮૦ વાળુ પંચનામુ ધ્યાને લેતા આ જગ્યા ફરવા જેવી પણ નથી તેવુ માલુમ પડે છે. વધુમાં હેલીકૈલ વાવની બાજુમાં તારની વાડ આવેલી છે તે વાડ અને વાવ વચ્ચેનુ અંતર આ સાહેદ કહી શકે નહીં તેથી કરીને એવુ કહી શકાય નહીં કે વાવની બાજુમાં તારની વાડ આવેલી નથી. વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા એમ પણ જણાવે છે કે, ખીણમાં જો કંઈક અજુગતુ થતુ હોય કે કાંઈક ખોટુ થતુ હોય અને આ સાહેદોએ જોયેલ હોય તો તે બીજા કોઈને વાત ન કરે તે માની શકાય નહીં. પરંતુ તેઓની આ દલીલ સાથે પણ હું સંમત નથી કારણ કે આ સાહેદોએ આરોપીઓને તાલીમ લેતા જોયેલા ત્યારે એવી ખબર ન હોય કે આ લોકો આતંકવાદી તાલીમ લે છે અને આ તાલીમ લઈને તેઓ અમદાવાદ શહેરમાં બોમ્બ બ્લાસ્ટ કરવાના છે. જેથી કરીને આ સાહેદો કોઈને વાત ન કરે તે સ્વાભાવિક છે. પરંતુ જો આરોપીઓએ એવુ કહયુ હોત કે અમો આ જગ્યા ઉપર આતંકવાદી તાલીમ લઈએ છીએ અને તાલીમ લીધા પછી અમે બધા ભેગા મળી અમદાવાદ શહેરમાં બોમ્બ બ્લાસ્ટ કરવાના છીએ તેમજ સુરત શહેરમાં બોમ્બ પ્લાન્ટેશન કરવાના છીએ તો આ સાહેદે આ વાત પોલીસને કે અન્ય લોકોને ચોકકસપણે તરત જ કરી હોત.

વકીલશ્રી આર.કે.શાહ વધુમાં સાહેદ નં.૯૭૨ રામકાભાઈ દેવકરણની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરે છે કે, ઉત્તરાયણના દિવસે આ સાહેદની ભેસો જંગલમાં ખોવાય ગયેલી હતી અને તેને શોધવા માટે ગયેલા ત્યારે

કેટલાક લોકો જંગલમાં કંઈક કરતા હતા. તેવુ પોલીસે સીધુ આ સાહેદને પુછેલુ છે જે પુછી શકાય નહીં. મેજિસ્ટ્રેટ પાસે આ સાહેદ ગયા ત્યારે પણ મેજિસ્ટ્રેટશ્રીએ આ સાહેદનુ ફકત નામ સરનામુ પુછેલુ છે તે સિવાય બીજી કોઈ હકીકત પુછેલી નથી. લાઈનમાંથી બહાર કાઢેલા માણસોમાં ઈમરાન, સફદર તથા મહમદ યુનુસના નામોની ખબર છે બાકીના નામોની ખબર નથી. આ આરોપીઓને આ સાહેદે કયા કારણોસર ઓળખેલા તે જણાવેલુ ન હોય તેથી કરીને આ સાહેદે આ આરોપીઓને જંગલમાં જોયેલા ન હતા તેવુ કહી શકાય નહીં. વધુમાં વકીલશ્રી આર.કે. શાહ દલીલ કરતા જણાવે છે કે, જે જગ્યા ઉપર આરોપીઓ તંબુ બાંધીને તાલીમ લેતા હતા તે હકીકતની કોઈ સાથે વાતચીત કરી નથી. પરંતુ અગાઉ ચર્ચા કરી તે પ્રમાણે આ સાહેદને પણ એવી ખબર ન હતી કે આ લોકો તાલીમ લઈને બોમ્બ બ્લાસ્ટ કરવાના છે. માટે આ સાહેદને કોઈ પણ પ્રકારની શંકા ગયેલી ન હોય જેથી કરીને પણ કોઈ વ્યકિતને આ સંબંધમાં વાત કરી ન હોય. આમ મારા મત પ્રમાણે ઉપરોકત ત્રણેય સાહેદોની જુબાનીઓ ભરોસાપાત્ર અને વિશ્વાસપાત્ર છે.સાહેદોની જુબાનીઓ કુદરતી છે એવા કોઈ વિરોધાભાસ નથી કે જેના કારણે તેઓની જુબાનીઓ સદંતરપણે ખોટી માની શકાય. આ ત્રણેય સાહેદોને આરોપીઓ સાથે કોઇ દુશ્મનાવટ નથી માટે આ ત્રણેય સાહેદોને નહી માનવાનુ કોઈ જ કારણ નથી.

આરોપી નં.૧ તથા ૧૬નાઓએ આપેલી માહિતી મુજબ અને બંને આરોપીઓએ બતાવ્યા મુજબની જગ્યા ઉપર જઇ તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાએ સાહેદ નં.૧૦૩૯ લક્ષ્મણ પોપટ ભરવાડની હાજરીમાં હાલોલ–પાવાગઢની તાલીમ કેમ્પોવાળી જગ્યાઓનુ પંચનામુ આંક–૭૦૫૩ વાળુ બનાવેલુ તે જ રીતે આ જ જગ્યાઓનુ પંચનામુ આરોપી નં.૩૫નાઓને સાથે રાખી સાહેદ નં.૧૦૮૯ પી.જી.વાઘેલાએ સાહેદ નં.૯૦૦ હીમેશ પ્રવિણ મહેતાની હાજરીમાં આંક–૬૪૪૩ વાળુ બનાવેલુ તે જ રીતે સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાએ આરોપી નં.૭૪ ને સાથે રાખી સાહેદ નં.૯૧૪ મુકુંદ જીવનલાલ જાદવની હાજરીમાં આંક–૬૫૨૮ વાળુ બનાવેલુ તે જ રીતે સાહેદ નં.૧૧૧૬

કે.એન.પટેલનાઓએ આરોપી નં.૭૫ ને સાથે રાખી સાહેદ નં.૧૧૦૨ સંતોષસીંગ વિશ્રામસીંગ રાજપુતની હાજરીમાં આંક–૭૭૯૮વાળુ બનાવેલુ. જેમ જેમ આરોપીઓ પકડાતા ગયેલા તેમ તેમ તે આરોપીઓને લઈને આ તપાસ કરનાર અધિકારીઓ આરોપીઓએ આપેલ માહિતી પ્રમાણે પંચોને સાથે રાખી આરોપીઓએ બતાવ્યા મુજબ પંચોની હાજરીમાં પંચનામાઓ કરેલા છે. આ ઉપરાંત વાઘમોન મુકામે આતંકવાદી તાલીમ કેમ્પ રાખવામાં આવ્યો ત્યારે ત્યાં આરોપી નં.૧૪ નાઓ સલીમ શેખના નામથી હોટલ શ્રીહરી ટૂરીસ્ટ હોમમાં રોકાયેલાં અને તેણે રજીસ્ટરમાં એન્ટ્રી પોતાના હસ્તાક્ષરમાં કરેલી હતી અને તે અંગે આરોપી નં.૧૪ના હસ્તાક્ષરના નમૂના મેળવેલા હતા તે નમૂના એફ.એસ. એલ. ગાંધીનગર ખાતે સાહેદ નં.૯૯૦ કૌશિક પુંજાલાલ વ્યાસનાઓએ ચકાસેલા હતા અને આંક–૬૮૮૮ વાળો અભિપ્રાય આપેલો અને આંક–૬૮૮૯ વાળા કારણોમાં જણાવ્યા મુજબ રજીસ્ટરમાં એન્ટ્રીના હસ્તાક્ષરો આરોપી નં.૧૪ નાઓના હતાં. આ ઉપરાંત, શ્રી હરી ટૂરીસ્ટ હોમમાં નોકરી કરતા સુપરવાઇઝર સાહેદ નં.૯૯૮ અનીલકુમાર દામોદરન તથા સાહેદ નં.૯૯૯ બીજુ ભાસ્કરન કે જે તેના માલિક હતા તેઓનો પુરાવો ધ્યાને લેતા પણ વાઘમોન મુકામે આતંકવાદી તાલીમ મેળવવાના કેમ્પ ડિસેમ્બર–૨૦૦૭ મા થયેલો હતો.આ ઉપરાંત આરોપી નં.૨, ૨૧, ૩૫ તથા આરોપી નં.૭૬ ના કબૂલાત નિવેદનો અનુક્રમે આંક–૮૬૧૯, ૮૬૨૩, ૮૬૩૧ તથા આંત–૯૦૨૧ વાળા નિવેદનો ધ્યાને લેતા પણ વાઘમોન તથા પાવાગઢ મુકામે આતંકવાદી તાલીમ મેળવવાના કેમ્પો થયેલા હતાં તે સ્પષ્ટ બને છે. આરોપી નં.૩૫નું નિવેદન મેજિસ્ટ્રેટે સોગંદ ઉપર લીધેલું હોવાથી તે ગેરકાયદેસર છે પરંતુ અન્ય આરોપીઓના કબૂલાત નિવેદનો છે. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારીઓ સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ સુ.શ્રી ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયૂર ચાવડાનાઓની જુબાની ધ્યાને લેતા પણ વાઘમોન તેમજ હાલોલ–પાવાગઢ મુકામે અનુક્રમે ડિસેમ્બર–૨૦૦૭ તથા તા.૧૩/૦૧/૨૦૦૮ થી તા.૧૫/૦૧/૨૦૦૮ના સમય દરમ્યાન આતંકવાદી તાલીમ કેમ્પોના

આયોજન આરોપીઓએ કરેલા હતા અને આ જગ્યાઓ ઉપર આ તપાસ કરનાર અધિકારીઓ જેમ જેમ આરોપી પકડાતા ગયા તેમ તેઓએ આપેલી માહિતીના આધારે પંચોની રૂબરૂ જગ્યાઓના પંચનામાઓ બનાવેલાં છે તથા હેલીકૈલ વાવ પાસે જંગલોમાંથી છરા તથા કુટેલા કુગ્ગા વિગેરે પણ કબ્જે કરેલા છે જેથી પણ આ કેમ્પો થયેલા હતા તે સ્પષ્ટ બને છે.બચાવપક્ષ તરફથી વિ.વ.શ્રી એમ. એમ. શેખ દલીલ કરતા જણાવે છે કે, આ જગ્યાઓ ઉપર તપાસ કરનાર અધિકારીઓ વારંવાર ગયેલા છે અને જે પંચનામા બનાવેલા છે તે પુરાવાના કાયદાની કલમ–૨૭ મુજબના પંચનામા કહેવાય નહિ. પરંતુ મારા મત પ્રમાણે આ જગ્યાઓ ઉપર જે જે આરોપીઓ તાલીમ માટે ગયેલા તે દરેક આરોપીઓને જગ્યાની માહિતી હતી. બધા આરોપીઓ એક સાથે પકડાયેલા નથી. જેમ જેમ આરોપી પકડાયા અને માહિતી આપી તેમ તેમ જગ્યાઓ ઉપર ગયેલ છે માટે આરોપીઓ આ જગ્યાઓ ઉપર દોરીને લઈ ગયાનુ વર્તન પુરાવાના કાયદાની કલમ–૮ મુજબ ગ્રાહ્ય છે અને તે આરોપીઓ વિરૂધ્ધ ઉપયોગમાં લઈ શકાય.

વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે ફરિયાદપક્ષના આક્ષેપ મુજબ આરોપીઓએ વાઘમોન અને હાલોલ–પાવાગઢ ખાતે તાલીમ કેમ્પો રાખેલા તથા જુદી–જુદી જગ્યાઓએ મીટીંગો કરીને જેહાદી ભાષણો કરેલો. હાલોલ–પાવાગઢ ખાતે ઘણી ઐતિહાસીક ઈમારતો આવેલી છે. આ ઈમારતો આર્કિયોલોજીકલ ડિપાર્ટમેન્ટ દ્વારા જાળવવામાં આવે છે. દરેક ઈમારત ઉપર વોચમેન રહેતા હોય છે તથા ઘણા માણસો ત્યાં મુલાકાતે પણ જતા હોય છે. હેલીકૈલ વાવ નામની વાવ ઉપર પણ ઘણા માણસો મુલાકાતે જતા હોય છે. ફરિયાદપક્ષ તરફથી એવો આક્ષેપ છે કે આ વાવથી ૫૦ મીટર દુર આરોપીઓએ તંબુ બનાવેલો અને ત્યાં તાલીમ લીધેલી પરંતુ તે શકય નથી. વકીલશ્રી એલ.આર.પઠાણની દલીલ સાથે હું સંમત છું કે હાલોલ–પાવાગઢ ખાતે ઘણી ઐતિહાસીક ઈમારતો આવેલી છે. પરંતુ દરેક ઈમારતો ઉપર વોચમેન નથી. બચાવપક્ષ તરફથી પણ એવો કોઈ દસ્તાવેજ રજૂ થયેલો નથી કે આ ઈમારતો ઉપર ત્યાં વોચમેન હોય. હેલીકૈલ વાવ જંગલમાં આવેલી છે અને રેકર્ડ ઉપર જે

પુરાવો છે તે ધ્યાને લેતા હેલીકૈલ વાવ થી ૧૦૦ થી ૧૫૦ મીટર અંદર તાલીમવાળી જગ્યા બતાવેલી છે અને આ જગ્યા ઉપર અને તેની આજુબાજુ જંગલ છે જેથી ત્યાં મુલાકાતે લોકો આવતા જતા હોતા નથી. આ ઉપરાંત આ તાલીમવાળી જગ્યા સહેલાઈથી જોઈ શકાય તેવી પણ નથી. વધુમાં વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે ખુંદપીરની દરગાહ ઉપર પણ ઘણા લોકો મુલાકાતે આવતા હોય છે. ખુંદપીરની દરગાહ ઉપર મુજાવર તરીકે રહેનાર સાહેદ નં.૧૧૦૫ ઈદ્રીશ ફકીરનાઓએ આરોપીઓ કોઈ ગુપ્ત કામ કરતા હાયો તેવુ આ સાહેદ કહી શકે નહીં. પરંતુ મારા મત પ્રમાણે સાહેદ ઈદ્રીશ ફકીરનાઓએ પોતાની જુબાનીમાં એવુ જણાવેલુ નથી કે આ આરોપીઓ ખુંદપીરની દરગાહ ઉપર આવીને કોઈ ગેરકાયદેસર કૃત્ય કરતા હતા. સાહેદ એટલુ જણાવે છે કે ૨૫ થી ૩૦ લોકો જાન્યુઆરી ૨૦૦૮ માં ડૉ.સાદાબની ઓળખાણથી દરગાહ ઉપર આવેલા અને ટ્રેકીંગમાં આવેલા છીએ તેમ જણાવી દરગાહ ઉપર રોકાવવા માટે ધર્મશાળાના રૂમ આપવા વિનંતી કરેલી. જેથી આ સાહેદે દરગાહમાં આવેલી પતરાવાળી જુની ધર્મશાળામાં આ લોકોને ઉતારો આપેલો. વધુમાં તેઓના કહેવા પ્રમાણે આ લોકો સવારે નવ વાગે જંગલમાં જતા અને સાંજે પાછા આવતા હતા. આ સાહેદ દરગાહ ઉપર જ રહેતા હતા માટે આ લોકો જંગલમાં જઈને શું કરતા હતા તેની માહિતી સાહેદ ઈદ્રીશને ન હોય.

વધુમાં વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે પાવાગઢના જંગલોમાં આ આરોપીઓ તાલીમ લેતા હતા તે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષે ચાર સાહેદો તપાસેલા છે. તે તમામ ચાન્સ વીટનેસ છે, કુદરતી સાહેદો નથી. આ સાહેદોએ પોલીસનો સંપર્ક કરેલો નથી. આ આરોપીઓએ જંગલમાં કોઈ ગેરકાયદેસર પ્રવૃત્તિ કરી હોય તેવુ નથી. જંગલમાં જંગલ ખાતાના માણસો પણ ફરતા હોય છે. મારા મત પ્રમાણે જંગલ ખાતાના માણસો પાવાગઢના ઘણા મોટા જંગલમાં દરેક જગ્યા ઉપર ફરતા હોતા નથી. જેથી કરીને પણ આ આરોપીઓએ આ જંગલોમાં તાલીમ કેમ્પ રાખેલા નહીં તે માની શકાય નહીં. વધુમાં વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે

ફરિયાદપક્ષના આક્ષેપ પ્રમાણે એક મીટીંગ મહાદેવના મંદિર પાસે રાખવામાં આવેલી પરંતુ મંદિરે પુંજારી રોજ પુંજા અર્ચના કરતા હોય છે તે કુદરતી સાહેદ કહેવાય. પરંતુ ફરીયાદપક્ષે તે પુંજારીનું નિવેદન લીધુ નથી કે સાહેદ તરીકે તપાસેલા નથી. પરંતુ મારા મત પ્રમાણે મંદિર ઉપર પુંજારી હતા કે કેમ તે પણ રેકર્ડ ઉપરથી સ્પષ્ટ બનતુ નથી અને એવુ કહી શકાય કે ત્યાં પુંજારી હતા નહીં માટે કોઈ પણ તપાસ કરનાર અધિકારીએ પુંજારીનું નિવેદન લીધેલુ નથી. ખુંદપીરની દરગાહ ઉપર હાજર મુજાવર ઈદ્રીશ ફકીરનું નિવેદન લીધુ છે અને તેને સાહેદ તરીકે તપાસેલા છે. ત્યારે દલીલ એવી કરવામાં આવે છે કે તે સાહેદ ચાન્સ વીટનેસ છે. મહાદેવના મંદિરના પુંજારીનુ નિવેદન લીધુ નથી ત્યારે એવી દલીલ કરવામાં આવે છે કે તેને તપાસેલા નથી.

સાહેદ નં.૧૦૬૭ અંબાલાલ બારીયાની જુબાની તરફ ધ્યાન દોરી વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે આ સાહેદ સમય બાબતે કાંઈ કહેતા નથી, તેઓ પ્રવિણભાઈની જીપમાં બેસીને હાલોલથી પાવાગઢ જતા હતા અને હેલીકૈલ વાવ પાસે જીપને પંચર પડેલાનું જણાવે છે. પરંતુ કયા સમયે પંચર પડેલુ તે કહેતા નથી. પરંતુ પાના નં.૩ ઉપર બપોરના ૩.૩૦ વાગ્યા હશે તેમ સાહેદ જણાવે છે. પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદે બનાવ બાદ ૧૦ વર્ષ પછી જુબાની આપેલી છે, આ સાહેદ ગામડાના માણસ છે, બનાવ વખતે ઘડિયાળમાં સમય જોયો હશે કે કેમ તે પણ આ સાહેદ ચોકકસ કહી શકે નહીં. જેથી કરીને પણ આ સાહેદે જે સમય કહેલો હોય તે અંદાજે કહેલો હોય. વધુમાં પેરા નં.૩૧ તરફ ધ્યાન દોરી દલીલ કરતા જણાવે છે કે આ સાહેદને તેના ગામથી હાલોલ જવુ હોય તો પાવાગઢ જવાની જરુર નથી. પરંતુ મારા મત પ્રમાણે તેઓના ગામથી હાલોલ જવા પાવાગઢ જવાની જરુર ન હોય તો તેનો અર્થ એવો નથી કે આ સાહેદ પાવાગઢ થી હાલોલ જતા ન હોય. તાલીમવાળી જગ્યા ઉપર આ સાહેદ ગયેલા કે કેમ તે બાબતે દલીલ કરતા વકીલશ્રી એલ.આર.પઠાણ જણાવે છે કે હેલીકૈલ વાવ પાસે આ સાહેદ ગયા ત્યારે અવાજ આવતો સાંભળેલો આ હકીકત પોલીસમાં જણાવેલી નથી. આ સાહેદનો જવાબ તપાસ કરનાર

અધિકારી શ્રી ટોળીયાએ લીધેલો હતો પરંતુ તે ગુજરી ગયેલા છે તેવા સંજોગોમાં જવાબ લખનાર રાઈટરને તપાસવા જોઈએ પરંતુ તપાસેલા નથી. વકીલશ્રી એલ. આર.પઠાણ આ સાહેદની સાથે સાહેદ નં.૯૮૧ પ્રવિણભાઈની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરે છે કે આ સાહેદની જીપમાં બેસીની સાહેદ અંબાલાલ પોતે પાવાગઢ જવા નીકળેલા, હાલોલ જવાનું કોઈ કારણ પોલીસને આપેલુ કે કેમ તે તેઓને યાદ નથી. પરંતુ મારા મત પ્રમાણે હાલોલ જવા માટેનું કારણ સાહેદ અંબાલાલે પોલીસને આપેલુ ન હોય તેથી બનાવના મુળને કોઈ અસર થતી નથી. બંને સાહેદોની જુબાનીઓમાં સમય બાબતે તેમજ હેલીકૈલ વાવથી તાલીમવાળી જગ્યાના અંતર બાબતે વિરોધાભાસ છે. પરંતુ મારા મત પ્રમાણે આ બંને સાહેદો ગામડાના માણસો છે. સમય તથા અંતર ૧૦ વર્ષ પછી ચોકકસપણે અદાલત રૂબરૂની જુબાનીમાં ન જણાવે અથવા વિરોધાભાસી હકીકતો જણાવે તો તેનો અર્થ એવો ન થાય કે આ બંને સાહેદોએ આ તાલીમવાળી જગ્યાઓ ઉપર આરોપીઓને તાલીમ લેતા જોયેલા નથી. વધુમાં વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા એમ પણ જણાવે છે કે જીપને પંચર પડયા પછી કંટાળીને હેલીકૈલ વાવ પાસે ફરવા ગયેલા ત્યાં દરગાહ ઉપર ૧૮ થી ૨૦ માણસો બેઠેલા જોયેલા આ હકીકત એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સમક્ષના નિવેદનમાં જણાવેલી નથી. પરંતુ આ તબકકે આરોપી નં.૨ અને ૩૫ ના કબૂલાત નિવેદનો ધ્યાને લઈએ તો બે ગ્રુપ પાડવામાં આવેલા હતા તેવુ જણાય આવે છે તે પૈકીનું એક ગ્રુપ દરગાહ ઉપર હોય અને બીજુ ગ્રુપ જંગલમાં તાલીમ લેતુ હોય તેવુ અનુમાન થઈ શકે તેમ છે. વધુમાં વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા એમ પણ જણાવે છે કે જીપને પંચર પડયા બાદ જીપના પેસેન્જરોને બીજી જીપમાં બેસાડીને હાલોલ મોકલી આપેલા પરંતુ સાહેદ નં.૧૦૬૭ બીજી જીપમાં બેસીને હાલોલ ગયેલા નથી પરંતુ તેઓની જુબાની ધ્યાને લેતા સાહેદ નં.૯૮૧ કે જે જીપના માલીક છે અને બંને મિત્રો છે જેથી કરીને પણ સાહેદ નં.૧૦૬૭ બીજી જીપમાં બેસીને હાલોલ ગયેલા ન હોય અને બીજી જીપમાં બેસીને હાલોલ કેમ ગયેલા નહીં તેનો ખુલાસો પોલીસ સમક્ષ કરવાની જરૂરિયાત પણ નથી. વધુમાં વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ

કરતા જણાવે છે કે જીપને પંચર પડયા બાદ તે જીપને ઝેક ઉપર ચઢાવેલી હતી, રોડ ઉપર ટ્રાફિક હતો તેમ છતાં અંબાલાલ તથા પ્રવિણભાઈ જીપને મુકીને જંગલમાં ગયા હોય તે શકય નથી. પરંતુ તેઓની આ દલીલ સાથે હું સંમત નથી. બંને સાહેદો જંગલમાં એટલે બધે દુર નથી ગયેલા કે તેમને પાછા આવવામાં કલાક જેવો સમય જાય. રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને લેતા રોડ ઉપરથી હેલીકૈલ વાવ આશરે ૫૦ મીટરના અંતરે આવેલી છે અને ત્યાંથી આશરે ૧૦૦ મીટરના અંતરે તાલીમવાળી જગ્યા હતી જેથી તેઓ આ જગ્યા ઉપર ગયેલા છે.

આ બંને સાહેદો દ્વારા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સમક્ષ આરોપીઓની ઓળખ પરેડ કરાવેલી છે તે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.પ૭૧ ની જુબાની તરફ ધ્યાન દોરી વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે સાહેદ અંબાલાલે કુલ–૯ આરોપીઓને ઓળખેલા હતા અને મેજિસ્ટ્રેટની જુબાની મુજબ જીપના કન્ડકટર ગાડીમાં ટાયર ફીટ કરતા હતા તે દરમ્યાન પ્રવિણભાઈ તથા અંબાલાલ થોડે આગળ જતા આ લોકોને તાલીમ લેતા જોયેલા તેવી હકીકત નીકળી આવે છે. તેઓ થોડે આગળ કઈ જગ્યાએ ગયા તેવુ રેકર્ડ ઉપર આવતુ નથી. પરંતુ બંને સાહેદોની જુબાની મુજબ થોડે આગળ એટલે હેલીકૈલ વાવ અને તેનાથી ૧૦૦ મીટર દુર તાલીમવાળી જગ્યા એવુ કહી શકાય. વકીલશ્રી એલ. આર. પઠાણ દલીલ કરતા જણાવે છે કે સાહેદ અંબાલાલ તથા સાહેદ પ્રવિણ આ બંને સાહેદોને ફરીયાદપક્ષ દ્વારા ઉભા કરવામાં આવેલા સાહેદ છે તેઓનો પુરાવો વિશ્વાસપાત્ર નથી અને તેની ઉપર આધાર રાખી શકાય નહીં. પરંતુ મારા મત પ્રમાણે આ બંને સાહેદો ગામડાના સાહેદો છે, આરોપીઓને કયારેય અગાઉ જોયેલા નથી, આ આરોપીઓને ઓળખતા નથી, આરોપીઓ સાથે તેમને કોઈ દુશ્મનાવટ નથી માટે આરોપીઓને ખોટા ઓળખી બતાવ્યા હોય અને તેમની સંડોવણી ખોટી કરી હોય તેવુ માની શકાય તેમ નથી. આ બંને સાહેદોના પુરાવાનું મૂલ્યાંકન અગત્યના સાહેદોના પેરામાં કરેલુ છે.

વકીલશ્રી એલ.આર.પઠાણ, સાહેદ નં.૯૭૨ રામકાભાઈની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરે છે કે આ સાહેદના મિત્ર બાબુભાઈ છે અને સને–

૨૦૦૮ ની સાલના ઉત્તરાયણના દિવસે બાબુભાઈની ભેંસો ખોવાય ગયેલી હતી માટે શોધવા માટે જંગલમાં ગયેલા હતા. ત્યારે આરોપીઓને જંગલોમાં તાલીમ લેતા જોયેલા તેવો ફરિયાદપક્ષનો આક્ષેપ છે. આ સાહેદના મિત્ર બાબુભાઈને ફરિયાદપક્ષે તપાસેલા નથી. બાબુભાઈને ત્યાં આ સાહેદ શા માટે ગયેલા તે પોલીસને જણાવેલુ નથી. પરંતુ મારા મત પ્રમાણે બાબુભાઈ આ સાહેદના મિત્ર હતા અને મિત્ર હોવાના કારણે આ સાહેદ બાબુભાઈને ત્યાં ગયેલા હોય તે હકીકત પોલીસને જણાવવી જોઈએ તે જરુરી નથી. વધુમાં વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે આ સાહેદ બાબુભાઈના મિત્ર છે તેમ છતાં બાબુભાઈ ૫૦–૬૦ વર્ષની ઉંમરે ગુજરી ગયાની જાણ નથી, તેમને કેટલા દિકરા–દિકરી છે તે ખબર નથી, બાબુભાઈના વેપારની પણ ખબર નથી. પરંતુ મારા મત પ્રમાણે મિત્ર એટલે ફકત ઔપચારિક રૂપના પણ મિત્ર હોઈ શકે કૌટુંબિક બાબતોની જાણ મિત્રને હોય તે જરૂરી નથી. બાબુભાઈ ગુજરી ગયા ત્યારે તેમની ઉંમર ૫૦–૬૦ વર્ષની હતી તો આ સાહેદને ખબર ન હોય, ખબર ન હોવાના કારણે આ સાહેદ બાબુભાઈના મિત્ર નથી તેવુ પણ મનાય નહીં. વધુમાં વકીલશ્રી એલ. આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે સાહેદ રામકાભાઈની જુબાની મુજબ જંગલમાં તંબુ બાંધેલો હતો તથા કેટલાક લોકો કુગ્ગા ફોડતા હતા તે જગ્યાઓ સાહેદે પોલીસને બતાવેલી નથી. પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદ પંચ નથી કે આ સાહેદની રૂબરૂમાં પોલીસે પંચનામુ બનાવેલુ નથી માટે પોલીસને તાલીમવાળી જગ્યા બતાવવાનો કોઈ પ્રશ્ન નથી. આ ઉપરાંત આ સાહેદનો જવાબ લીધો ત્યારે સ્વાભાવિક છે કે પોલીસે જેટલુ પુછ્યુ હોય તેટલી જ હકીકત આ સાહેદે જણાવી હોય. સામાન્ય રીતે ગામડાના લોકોને જયારે પોલીસ પુછપરછ કરતી હોય ત્યારે ડર રહેતો હોય છે. તેના કારણે પોલીસ જેટલુ પુછે તેટલા જ જવાબો ગામડાના સાહેદો ડરી ડરીને આપતા હોય છે. આ એક સનાતન સત્ય હકીકત છે.

સાહેદ નં.૯૪૨ મહમદ યુનુસની જુબાની તરફ ધ્યાન દોરી વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે આ સાહેદના કહેવા પ્રમાણે આરોપી

નં.૩૭ આ સાહેદ પાસેથી ૭ થી ૮ બંબુ લઈ ગયેલો અને બીજા દિવસે પાછા આપી ગયેલો. આ બંબુ એક જ દિવસ માટે લઈ ગયેલો હતો. જયારે ફરિયાદપક્ષના આક્ષેપ પ્રમાણે બંબુ બે દિવસ માટે લીધેલા તેવી હકીકત છે. કયા દિવસે બંબુ આપેલા તે આ સાહેદ જણાવતો નથી. બનાવ બાદ આ સાહેદે દસેક વર્ષ પછી જુબાની આપેલી છે માટે આરોપી નં.૩૭ બંબુ બે દિવસ માટે લઈ ગયેલો કે એક દિવસ માટે લઈ ગયેલો તે ચોકકસપણે જણાવી શકે નહીં. પરંતુ હકીકત છે કે આ સાહેદ પાસેથી આરોપી નં.૩૭ તંબુ બાંધવા માટે બંબુ લઈ ગયેલો હતો.

હાલોલ–પાવાગઢના કેમ્પ બાબતે આરોપી નં.૩૫ નું આંક–૮૬૩૧ વાળુ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબના નિવેદન તરફ ધ્યાન દોરી દલીલ કરી છે કે આ આરોપીનું કબૂલાત નિવેદન તપાસ કરનાર અધિકારીએ ધાક–ધમકી આપી અને શારીરિક ત્રાસ આપીને નોંધાવડાવેલુ છે. નિવેદન ધ્યાને લેતા મેજિસ્ટ્રેટે પોલીસના બે ગાર્ડ સુરક્ષા માટે હાજર રાખેલા હતા. આ ગાર્ડ જેલના ન હતા પરંતુ પોલીસના માણસો હતા. મારા મત પ્રમાણે આ ગાર્ડ જેલના નહીં પરંતુ પોલીસના હતા તેવી દલીલ વકીલશ્રી એલ.આર.પઠાણ કયા આધારે કરે છે તે બાબતે તેઓના તરફથી કોઈ સ્પષ્ટ કરવામાં આવતી નથી. કબૂલાત નિવેદન ધ્યાને લેતા આરોપીને જયુડીશીયલ કસ્ટડીમાંથી એટલે કે સાબરમતી સેન્ટ્રલ જેલમાંથી નિવેદન નોંધવા રજૂ કરવામાં આવેલ હતો અને સાબરમતી સેન્ટ્રલ જેલમાં ગાર્ડ તરીકે પોલીસના માણસો જ હોય છે અને તે જેલના જ કર્મચારીઓ છે. વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે આ નિવેદન પોલીસની હાજરીમાં નોંધેલુ હોવાથી નિવેદન પુરાવામાં ગ્રાહય નથી. આ નિવેદન મુજબ આરોપી નં.૩૭ ને તેના ઘરેથી કયાંય જવા દેવામાં આવતો ન હતો અને તેને ફરવા જવુ હતુ માટે આરોપી નં.૩૫ ને સાથે લઈને ગયેલો. પરંતુ આરોપી નં.૩૫ નાએ હાલોલ–પાવાગઢના કેમ્પમાં ભાગ લીધેલો નથી. પરંતુ મારા મત પ્રમાણે આરોપી નં.૩૫ નાઓએ હાલોલ–પાવાગઢના કેમ્પમાં ભાગ લીધેલો ન હોય તો તાલીમવાળી જગ્યાઓની તેને માહિતી ન હોય કે જોયેલી ન

હોય. આરોપી નં.૩૫ ને અટક કર્યા બાદ આરોપી નં.૩૫ નાઓએ આંક–૬૪૪૩ વાળા પંચનામાની વિગતે તમામ જગ્યાઓ બતાવેલી છે. જો તેને આ તાલીમ કેમ્પમાં હાજરી આપેલી ન હતી તો આ જગ્યાઓ બતાવી કેવી રીતે તે પ્રશ્ન છે.

આરોપી નં.૨૧ આંક–૮૬૨૩ ના કબૂલાત નિવેદન તરફ ધ્યાન દોરી વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરે છે કે મેજિસ્ટ્રેટશ્રીએ આ આરોપીની ઈન્કવાયરી પ્રશ્ન અને ઉત્તરના રૂપમાં કરેલી નથી. મેજિસ્ટ્રેટશ્રીએ આરોપીની કબૂલાત નોંધવાવા બાબતેની સ્વૈચ્છિકતા જાણવાનો પ્રયત્ન કરેલો નથી. પરંતુ આ કબૂલાત નિવેદન ધ્યાને લઈએ તો મેજિસ્ટ્રટેશ્રીએ આરોપીનું કબૂલાત નિવેદન નોંધતા પહેલા તેની કબૂલાત નિવેદન બાબતે તથા સ્વૈચ્છિકતા બાબતે ઈન્કવાયરી કરેલાનું સ્પષ્ટ બની નીકળી આવે છે. વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે આ આરોપીનુ કબૂલાત નિવેદન ધ્યાને લેતા મીટીંગો થયેલી છે અને આ મિટિંગમા કાવતરૂ થયુ હોય તેવુ જણાય આવતુ નથી. નિવેદનમાં "જો લોગ હમારે સાથ ચલના નહીં ચાહતે વો યહીં સે વાપર લોટ જાયે" તેમ લખેલુ છે. જેથી કોઈ કાવતરામાં સામેલ થયેલા નથી. પરંતુ મારા મત પ્રમાણે હાલોલ–પાવાગઢ ખાતેના કેમ્પમાં કેમ્પ કયારે રાખવામાં આવેલો, કેમ્પમાં કોણ હાજર રહેલા, હાજર રહેલા માણસોના ડમી નામ કોને આપેલા અને કોના કેવા ડમી નામો હતા, કઈ કઈ જગ્યાએ કેવી તાલીમ આપેલી, તાલીમ કોને આપેલી, જેહાદી ભાષણો કોણે કરેલા તે તમામ હકીકતો આ સાહેદે પોતાના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે.

આરોપી નં.૨ નું કબૂલાત નિવેદન આંક–૮૬૧૯ તરફી ધ્યાન દોરી વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે આ આરોપીનું નિવેદન મેજિસ્ટ્રેટશ્રીએ તા.૧૦.૧૧.૨૦૦૮ ના રોજ કેમ નોંધેલુ નથી તેનો ખુલાસો આપેલો નથી. પરંતુ નિવેદન ધ્યાને લેતા તા.૧૦.૧૧.૨૦૦૮ ના રોજ મેજિસ્ટ્રેટને સમય ન હોત માટે આરોપીનુ કબૂલાત નિવેદન નોંધેલુ નથી. તા.૧૦.૧૧.૨૦૦૮ ના રોજ ફરીથી તેને તા.૧૪.૧૧.૨૦૦૮ ના રોજ હાજર રાખવાની સમજ મેજિસ્ટ્રેટશ્રીએ આપેલી નથી પરંતુ નિવેદન ધ્યાને લેતા

તા.૧૪.૧૧.૨૦૦૮ ના રોજ આરોપીને હાજર રાખવાની નોંધ કરેલી છે. વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે મેજિસ્ટ્રેટશ્રીને સમય નથી તેવુ કારણ આગળ રાખીને મેજિસ્ટ્રેટશ્રીએ આરોપીની કબૂલાત તે દિવસે નોંધી નથી તે યોગ્ય નથી અને ખોટી રીતે આરોપીને કબૂલાત નોંધ્યા વિના પરત મોકલેલો છે. વકીલશ્રી એલ.આર.પઠાણની આ દલીલ સાથે હું સંમત નથી કારણ કે આ દલીલ મેજિસ્ટ્રેટ સામે આક્ષેપ સમાન છે. તા.૧૦.૧૧.૨૦૦૮ ના રોજ મેજિસ્ટ્રેટને સમય ન હોવાથી આરોપીનું કબૂલાત નિવેદન નોંધેલુ ન હતુ અને તે આરોપીના હિતમાં હતુ કારણ કે કબૂલાત નિવેદન નોંધાવવુ કે કેમ તે માટે આરોપીને વિચારવા માટેનો વધુ સમય મળેલો હતો. વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે મેજિસ્ટ્રેટશ્રીએ આરોપીની સ્વૈચ્છિકતા બાબતે ઈન્કવાયરી કરેલી નથી. પોલીસે જેલમાં આરોપીનો સંપર્ક કરેલો અને માટે તેને કબૂલાત નિવેદન નોંધાવેલુ હતુ. પરંતુ આ આક્ષેપ છે આ બાબતે કોઈ સબળ પુરાવો કે હકીકત રેકર્ડ ઉપર નથી. આ આરોપીનુ નિવેદન કબૂલાત નિવેદન નથી માટે તેને વિચારણા હેઠળ લઈ શકાય નહીં કે અન્ય સહઆરોપીઓ માટે પણ તે ધ્યાને લેવાય નહીં તેવી દલીલ સાથે પણ હું સંમત નથી. આ તમામ આરોપીઓના નિવેદનો મેજિસ્ટ્રેટશ્રીઓએ કાયદાની જોગવાઈઓનું પાલન કરીને નોંધેલા છે. મેજિસ્ટ્રેટશ્રીઓએ સામે ચાલીને આરોપીઓને કબૂલાત નિવેદનો નોંધવા માટે આમંત્રિત કરેલા નથી પરંતુ આરોપીઓએ જ સ્વૈચ્છિક રીતે પોતે કબૂલાતો કરવા માંગે છે તેવી અરજીઓ મેજિસ્ટ્રેટશ્રીઓને મોકલેલી હતી અને તેના કારણે મેજિસ્ટ્રેટશ્રીઓએ આરોપીઓના કબૂલાત નિવેદનો નોંધેલા છે. નિવેદનો નોંધતા પહેલા પુરી ઈન્કવાયરી પણ કરેલી છે અને તેઓને વિચારવાનો પુરતો સમય પણ આપેલો છે. વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા એમ પણ જણાવે છે કે કબૂલાત નિવેદન નોંધનાર મેજિસ્ટ્રેટશ્રીઓને ફરિયાદપક્ષે તપાસેલા નથી જેથી આ નિવેદનો બાબતે મેજિસ્ટ્રેટશ્રીઓની ઊલટતપાસ કરવાની તક આરોપીઓને મળી નથી. આ મેજિસ્ટ્રેટશ્રીઓની ઊલટતપાસ કરવા માટે આરોપીઓ તરફથી આંક–૮૧૯૦ વાળી અરજી આપવામાં આવેલી પરંતુ તે અરજી નામંજૂર કરવામાં

આવેલી હતી કારણ કે ફરિયાદપક્ષ દ્વારા મેજિસ્ટ્રેટશ્રીઓની સરતપાસ લેવામાં જ આવેલી ન હતી તેવા સંજોગોમાં તેઓની ઊલટતપાસ કરવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આરોપીઓની આ અરજી નામંજૂર થયા પછી આરોપીઓએ નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ કોઈ રીવીઝન અરજી કરેલી નથી જેથી મેજિસ્ટ્રેટશ્રીઓને ઊલટતપાસ માટે બોલાવવાની અરજી નામંજૂર કરતો હુકમ તેમને માન્ય રાખેલો છે તેમ કહેવાય માટે પાછળથી દલીલોના તબકકે તેઓ એવુ કહી શકે નહીં કે મેજિસ્ટ્રેટશ્રીઓને નહીં તપાસવાથી આરોપીઓને પૂર્વગ્રહ થયેલો છે. મેજિસ્ટ્રેટશ્રીઓએ કબૂલાત નોંધવાની જે કંઈ કામગીરી કરેલી તે હોદ્દાની રૂએ પોતાની ફરજના ભાગરૂપે કરેલી હતી. આરોપીઓ સાથે તેમને કોઈ દુશ્મનાવટ નથી અને આરોપીઓને નિવેદનો નોંધવા માટે સામા ચાલીને આમંત્રિત કરેલા નથી. આરોપીઓ સ્વૈચ્છાએ કબૂલાત નોંધાવવા અરજીઓ આપેલી હતી જેથી મેજિસ્ટ્રેશ્રીઓએ કાંઈ ખોટુ કરેલુ નથી. જે કંઈ નિવેદનો નોંધેલા છે તે કાયદાની જોગવાઈઓ મુજબ નોંધેલા છે.

વકીલશ્રી એલ.આર.પઠાણ, સાહેદ નં.૯૮૧ પ્રવિણભાઈની જુબાનીમાં આરોપીઓની ઓળખ પરેડ બાબતે દલીલ કરતા જણાવે છે કે પોલીસે આ સાહેદને જણાવેલુ કે તેમ તે માણસોને ઓળખી શકો ? તો સાહેદે જણાવેલુ કે મને બતાવો તો ઓળખી શકુ. પરંતુ આ સાહેદે આરોપીઓના વર્ણન પોલીસને જણાવેલા નથી. પ્રથમ ઓળખ પરેડ આ સાહેદ દ્વારા તા.૩૦.૮.૨૦૦૮ ના રોજ કરાવવામાં આવેલી હતી અને ૫ થી ૬ માણસોને ઓળખેલા છે. બીજી ઓળખ પરેડ તા.૧૨.૯.૨૦૦૮ ના રોજ કરાવેલી છે જેમા આરોપી નં.૧૬ ને ઓળખી બતાવેલો છે. ત્રીજી ઓળખ પરેડ તા.૧૬.૧૨.૨૦૦૮ ના રોજ કરાવવામાં આવેલી છે જેમા એક આરોપીને ઓળખેલો પરંતુ નામ યાદ નથી. ચોથી ઓળખ પરેડ તા.૬.૬.૨૦૧૨ ના રોજ કરાવવામાં આવેલી જેમા મહમદ ઉર્ફે મુન્નાને ઓળખી બતાવેલો તેવી હકીકત છે. વકીલશ્રી એલ.આર.પઠાણની આ દલીલ સાથે હું સંમત છું કે આ સાહેદ દ્વારા કુલ–૪ વખત જુદા–જુદા આરોપીઓની ઓળખ પરેડ કરાવવામાં આવેલી છે પરંતુ ૧૦ વર્ષ બાદ આ સાહેદ આરોપીઓને

કોર્ટમાં ઓળખી બતાવે તે મનાય નહીં તેવી દલીલ સાથે હું સંમત નથી. આ ચુકાદામાં ઓળખ પરેડના પેરામાં આ બાબતે વિસ્તૃત ચર્ચા કરી છે કે ગામડાના વ્યકિતની નિરીક્ષણ કરવાની શકિત ઘણી સારી હોય છે અને તેના કારણે ૧૦ વર્ષ બાદ આરોપીઓને ઓળખી બતાવેલા હોય. ઓળખી બતાવેલા આરોપીઓ તાલીમ દરમ્યાન શું શું કરતા હતા તે મેજિસ્ટ્રેટને જણાવેલુ નથી તેથી કરીને આરોપીઓને ઓળખેલા નથી તેમ મનાય નહીં. વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, આ સાહેદનું પોલીસ રૂબરૂનું નિવેદન અને મેજિસ્ટ્રેટ રૂબરૂના નિવેદનમાં વિરોધાભાસ છે. ચારેય પંચનામાઓ વખતે મેજિસ્ટ્રેટ કોર્ટમાંથી આ સાહેદને સમન્સ મળેલો નથી છતાં ઓળખ પરેડમાં ગયેલા છે. આ સબંધમાં સાહેદ નં.પ૭૧ રમણભાઈ સોલંકીની જુબાની ધ્યાને લઈએ તો તેમને ઓળખ પરેડ કરાવેલી છે. પોલીસ તરફથી તેમને આ સાહેદો રૂબરૂ આરોપીની ઓળખ પરેડ કરાવવાની યાદી મળેલી અને તે યાદી ઉપર ઓળખ પરેડ ગોઠવ્યાની તારીખ અને સમય લખીને યાદી પોલીસને પરત કરેલી જેથી ઓળખ પરેડમાં હાજર રહેવાની જાણ આ સાહેદને પોલીસે કરેલી છે.

વકીલશ્રી એલ.આર.પઠાણ, સાહેદ નં.૧૦૬૭ અંબાલાલ બારીયાની જુબાનીમાં આરોપીઓની ઓળખ પરેડ બાબતે દલીલ કરતા જણાવે છે કે પોલીસે આ સાહેદને જણાવેલુ કે તેમ તે માણસોને ઓળખી શકો ? તો સાહેદે જણાવેલુ કે મને બતાવો તો ઓળખી શકુ. પરંતુ આ સાહેદે આરોપીઓના વર્ણન પોલીસને જણાવેલા નથી. આ સાહેદે મેજિસ્ટ્રેટ રૂબરૂ કુલ –૯ આરોપીઓને ઓળખી બતાવેલા તેવી હકીકત છે પરંતુ સરતપાસ અને ઊલટતપાસમાં આ સાહેદ જુદી–જુદી હકીકતો જણાવે છે. વકીલશ્રી એલ. આર. પઠાણ દલીલ કરતા એમ પણ જણાવે છે કે આ સાહેદને મેજિસ્ટ્રેટ કોર્ટની બાજુની રૂમમાં બેસાડેલા પરંતુ ત્યાં તેમની દેખરેખ રાખવાવાળા કોઈ માણસો હતા નહીં. કોઈ માણસોને જતા આવતા જોયેલા છે કે કેમ? તે પણ સાહેદ જણાવતા નથી. પરંતુ આ બાબતે સાહેદ નં.પ૭૧ રમણભાઈ સોલંકીની જુબાની ધ્યાને લઈએ તો સૌપ્રથમ આરોપીઓને કોર્ટ રૂમમાં લાવેલા હતા અને ત્યારબાદ ડમી માણસોને

બોલાવવા માટે જાણ કરેલી અને તે દરમ્યાન આ સાહેદ મેજિસ્ટ્રેટ કોર્ટમાં ગયેલા છે. સાહેદ આવી ગયાની જાણ પટાવાળાએ કરેલી છે. જેથી બહારના ભાગેથી જ સાહેદને બીજા રૂમમાં બેસાડેલા જેથી આરોપીઓને જોયેલા નથી તેવુ માલુમ પડે છે. વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે આરોપી નં.૧૨ ભોપાલ સેન્ટ્રલ જેલમાં છે તેની સફેદ દાઢી છે જેથી કોઈપણ વ્યકિત તેને ઓળખી શકે. તપાસ કરનાર અધિકારીઓએ કબૂલ કરેલુ છે કે આરોપીઓને અટક કર્યા બાદ તેમના ફોટોગ્રાફસ લેવામાં આવેલા હતા અને આ ફોટોગ્રાફસ તપાસ કરનાર અધિકારીઓ પાસે હતા. જેથી આ ફોટોગ્રાફસ સાહેદોને બતાવેલા છે અને ફોટાઓનો દુરૂપયોગ કરેલો છે. વકીલશ્રી એલ.આર.પઠાણની આ દલીલ સાથે હું સંમત નથી કારણ કે તેમની પાસે આ અંગે કોઈ આધારભુત હકીકત કે પુરાવો નથી.

વકીલશ્રી એલ.આર.પઠાણ, સાહેદ નં.૯૭૨ રામકાભાઈની જુબાનીમાં આરોપીઓની ઓળખ પરેડ બાબતે દલીલ કરતા જણાવે છે કે પોલીસે આ સાહેદને જણાવેલુ કે તેમ તે માણસોને ઓળખી શકો ? તો સાહેદે જણાવેલુ કે મને બતાવો તો ઓળખી શકુ. પરંતુ આ સાહેદે આરોપીઓના વર્ણન પોલીસને જણાવેલા નથી. પ્રથમ ઓળખ પરેડમાં સાત આરોપીઓને, બીજી ઓળખ પરેડમાં એક આરોપી મુન્નાને, ત્રીજી ઓળખ પરેડમાં એક આરોપી સફદર નાગોરીને અને ચોથી ઓળખ પરેડમાં એક આરોપી યુનુસ મન્સુરીને ઓળખેલો છે. વકીલશ્રી એલ.આર. પઠાણની આ દલીલ સાથે હું સંમત છું કે આ ચારેય ઓળખ પરેડ દરમ્યાન આ સાહેદે ઉપરોકત આરોપીઓને ઓળખી બતાવેલા છે. વધુમાં વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે આ સાહેદના કહેવા મુજબ તેઓને મેજિસ્ટ્રેટ કોર્ટનો સમન્સ મળેલો પરંતુ સાહેદ નં.પ૭૧ રમણાભાઈ સોલંકીની જુબાની મુજબ તેમને કોઈ સાહેદને ઓળખ પરેડ માટે સમન્સ મોકલેલો નથી. પરંતુ મારા મત પ્રમાણે ઓળખ પરેડની યાદી સાહેદ નં.પ૭૧ રમણા સોલંકીને પોલીસે આપેલી હતી તે યાદી ઉપર ઓળખ પરેડ ગોઠવ્યાની તારીખ અને સમય લખીને મેજિસ્ટ્રેટે પોલીસને પરત સોંપેલી અને પોલીસે આ

સાહેદને ચીઠ્ઠી લખીને કોર્ટનું નામ જણાવેલુ. આ સાહેદ ગામડાના સાહેદ છે. સમન્સ શું છે અને સમન્સ કોને કહેવાય તેની ખબર હોય નહીં. પોલીસે કોર્ટનું નામ લખીને જે ચીઠ્ઠી આપેલી તે ચીઠ્ઠી પોલીસે આપેલી હોવાથી આ સાહેદ સમન્સ જ માને માટે અર્થઘટન જુદી રીતે ન થાય.

એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.પ૭૧ રમણભાઈ સોલંકીની જુબાની તરફ ધ્યાન દોરી વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે આ મેજિસ્ટ્રેટશ્રીએ કોઈ આરોપીને પુછેલુ નથી કે તેની અટક કયારે કરવામાં આવેલી. આરોપીઓના મોઢા ઉપરથી બુરખો ઉતારનાર વ્યકિતનું નામ પણ પંચનામામાં લખાવેલુ નથી. પરંતુ આ હકીકત નહીં લખવાથી ઓળખ પરેડ ખોટી છે અથવા કરાવી નથી તેમ કહી શકાય નહીં. કયા સાક્ષીને કયાં બેસાડેલો તે આ સાહેદ કહી શકે તેમ નથી તેવી દલીલ સાથે પણ હું સંમત નથી. કારણ કે સાહેદની જુબાની ધ્યાને લેતા સાહેદો આવ્યાની જાણ પટાવાળા દ્વારા થતા સાહેદોને અલગ બેસાડવાની સુચનાઓ આપેલી છે. વધુમાં વકીલશ્રી એલ.આર. પઠાણ દલીલ કરતા જણાવે છે કે આ સાહેદે પ૦ જેટલા ડમી માણસો દસેક મિનિટમાં બોલાવડાવેલા તે શકય નથી માટે એવુ કહી શકાય કે આ માણસો અગાઉથી હાજર રાખવામાં આવેલા હતા. પરંતુ મારા મત પ્રમાણે ઓળખ પરેડની તારીખ અને સમય અગાઉથી નકકી હતો અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટની કોર્ટમાં રોજેરોજ ઘણા માણસો પોતાના કામ અર્થે આવતા હોય છે જેથી ડમી માણસો પણ ત્યાં મળી રહે. ઓળખ પરેડની તારીખ નકકી હોવાથી પણ તૈયારીના ભાગરૂપે અમુક માણસો ત્યાં રાખેલા હોય તેવુ પણ બની શકે.

એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.પ૮૮ લક્ષ્મણભાઈ પારઘી તથા સાહેદ નં.પ૮૯ ઈન્દ્રવીર ઝાલાની જુબાનીઓ તરફ ધ્યાન દોરી વકીલશ્રી એલ. આર. પઠાણ દલીલ કરતા જણાવે છે કે આ બંને મેજિસ્ટ્રેટશ્રીઓને ઓળખ પરેડ અંગેની જે યાદીઓ મળેલી તે યાદીઓમાં ઈનવર્ડ નંબર કે આઉટવર્ડ નંબર લખેલા નથી. એક સાહેદની ઓળખ પરેડ પુરી થયા બાદ તે સાહેદ બહાર જઈને કોને મળેલા, કયા ગયેલા અને શું કરેલુ તેની આ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓએ

તપાસ કરવાની દરકાર કરેલી નથી. સાહેદ ઈન્દ્રવીર ઝાલા પોતાની જુબાનીમાં કબુલ કરે છે કે સાહેદ અને પોલીસ ઉપર તેમનુ નિયંત્રણ ન હતુ. પરંતુ મારા મત પ્રમાણે પોલીસ એટલે કઈ પોલીસ ? તે અંગે કંઈ સ્પષ્ટતા કરવામાં આવતી નથી. પરંતુ સામાન્ય રીતે ઓળખ પરેડ માટે મેજિસ્ટ્રેટ સમક્ષ આરોપીને લઈને આવનાર જાપ્તાના માણસો તે પોલીસ ગણાય તથા નિયંત્રણ એટલે કેવુ નિયંત્રણ તે અંગે પણ કોઈ સ્પષ્ટતા કરવામાં આવતી નથી. પરંતુ સામાન્ય રીતે સાહેદ ઓળખ પરેડ દરમ્યાન કઈ જગ્યાએથી આવ્યા છે, કેવી રીતે આવ્યા છે તથા તેઓ પાછા કયા જશે તે બાબતે મેજિસ્ટ્રેટશ્રીનું નિયંત્રણ ન હોય. બંને મેજિસ્ટ્રેટશ્રીઓની જુબાનીઓ ધ્યાને લેતા પટાવાળાઓએ સાહેદો આવવા જાણ મેજિસ્ટ્રેટશ્રીઓને કરેલી જેથી તે સાહેદોને અલગ બેસવાની વ્યવસ્થા કરી તેમની ઉપર દેખરેખ રાખવાની સુચના આપેલી છે. સાહેદોની ઓળખ પરેડ પુરી થયા પછી સાહેદો કયાં જાય છે તેની ઉપર દેખરેખ અને નિયંત્રણ રાખવાની જરૂરિયાત એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓની નથી.

વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે સાહેદ અંબાલાલ, પ્રવિણભાઈ તથા રામકાભાઈનાઓએ મેજિસ્ટ્રેટ રૂબરૂની ઓળખ પરેડમાં આરોપીઓને ખોટી રીતે ઓળખી બતાવેલા છે તથા મેજિસ્ટ્રેટશ્રીઓએ ઓળખ પરેડ દરમ્યાન કાયદાની જોગવાઈઓનું પાલન કરેલુ નથી માટે આ સાહેદો દ્વારા કરાવવામાં આવેલી ઓળખ પરેડનો કોઈ અર્થ નથી અને તે રદ કરવી જોઈએ. પરંતુ વકીલશ્રી એલ.આર.પઠાણની આ દલીલ સાથે હું સંમત નથી. તમામ સાહેદો અગાઉ ચર્ચા કરી તેમ ગામડાના સાહેદો છે. આરોપીઓ સાથે કોઈ દુશ્મનાવટ નથી તે જ રીતે મેજિસ્ટ્રેટશ્રીઓએ પણ ઓળખ પરેડની જે કાર્યવાહી કરેલી છે તે ફરજના ભાગ રૂપે કરેલી છે, આરોપીઓ સાથે તેમને પણ કોઈ દુશ્મનાવટ નથી. સાહેદોના જવાબોમાં થોડા ઘણા અંશે વિરોધાભાસ હોય તેથી કરીને તેઓની જુબાનીઓ સદંતરપણે ફેંકી દેવાય નહીં. ૧૦ વર્ષ બાદ સાહેદોએ જુબાની આપેલી હોવાથી થોડા ઘણા અંશે વિરોધાભાસ આવે તે સામાન્ય બાબત છે. તે જ રીતે ઓળખ પરેડ કરાવનાર મેજિસ્ટ્રેટશ્રીઓએ થોડા

ઘણા અંશે ઓળખ પરેડની કાર્યવાહીઓમાં ભૂલ કરી હોય, ભુલ થઈ હોય તેથી કરને તેમને ઓળખ પરેડ કરાવી નથી અથવા કાયદાની જોગવાઈઓનું પાલન કરેલુ નથી તો તે હકીકત માની શકાય નહીં.

આરોપીઓ તરફથી વકિલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, આ કામમાં જુદા-જુદા તપાસ કરનાર અધિકારીઓએ હાલોલ-પાવાગઢ ખાતે જુદા-જુદા આરોપીઓને લઈને તાલીમવાળી જગ્યાઓના પંચનામાઓ બનાવેલા છે તે પૈકી (૧) સાહેદ નં.૯૦૪ને સાથે રાખી તા.૨૭/૦૮/૨૦૦૮ ના રોજ તપાસ કરનાર અધિકારીએ આરોપી નં.૦૧ના બતાવ્યા મુજબની જગ્યાઓના પંચનામુ આંક-૬૪૮૦ વાળુ બનાવેલું છે (૨) સાહેદ નં.૧૦૩૯ને સાથે રાખી તા.૨૮/૦૯/૨૦૦૮ ના રોજ તપાસ કરનાર અધિકારીએ આરોપી નં.૧૬ના બતાવ્યા મુજબની જગ્યાઓના પંચનામુ આંક-૭૦૫૩વાળુ બનાવેલું છે (૩)સાહેદ નં.૯૦૦ને સાથે રાખી તા.૧૭/૧૧/૨૦૦૮ નારોજ તપાસ કરનાર અધિકારીએ આરોપી નં.૩૫ના બતાવ્યા મુજબની જગ્યાઓના પંચનામુ આંક-૬૪૪૩ વાળુ બનાવેલું છે (૪) સાહેદ નં.૧૦૬૮ને સાથે રાખી તા.૦૪/૧૧/૨૦૦૯ ના રોજ તપાસ કરનાર અધિકારીએ આરોપી સફિકના બતાવ્યા મુજબની જગ્યાઓના પંચનામુ આંક-૭૨૫૨ વાળુ બનાવેલું છે (૫) સાહેદ નં.૯૧૪ને સાથે રાખી તા.૧૧/૦૬/૨૦૧૨નારોજ તપાસ કરનાર અધિકારીએ આરોપી નં.૧૫ના બતાવ્યા મુજબની જગ્યાઓના પંચનામુ આંક-૬૫૨૮ વાળુ બનાવેલું છે (૬) સાહેદ નં.૧૧૦૨ને સાથે રાખી તા.૦૧/૦૫/૨૦૧૬ ના રોજ તપાસ કરનાર અધિકારીએ આરોપી નં.૭૫ના બતાવ્યા મુજબની જગ્યાઓના પંચનામુ આંક-૭૭૯૮ વાળુ બનાવેલું છે (૭) સાહેદ નં.૧૦૮૩ને સાથે રાખી તા.૦૧/૧૨/૨૦૧૭ ના રોજ તપાસ કરનાર અધિકારીએ આરોપી નં.૭૮ના બતાવ્યા મુજબની જગ્યાઓના પંચનામુ આંક-૭૩૯૨ વાળુ બનાવેલું છે. વધુમા તેઓ દલીલ કરતા જણાવે છે કે, આ પંચનામાઓ પુરાવામાં ગ્રાહ્ય છે કે કેમ? તે નકકી કરવાનુ છે. વકિલશ્રી એલ.આર.પઠાણની દલીલ સાથે હું સંમત છું કે જુદા-જુદા તપાસ કરનાર અધિકારીએ જુદા-જુદા આરોપીઓને સાથે રાખી

કુલ–૭ પંચનામાઓ હાલોલ–પાવાગઢ ખાતે આવેલી તાલીમવાળી જગ્યાઓના બનાવેલા છે.

વધુમા વકિલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, આ પંચનામાઓ જુદા–જુદા મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓએ બનાવેલા છે અને તેમના ઉપરી અધિકારી ડી.સી.પી. અભય ચુડાસમા હતાં. બધા જ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચની ઑફિસમાં બેસીને તપાસ કરતા હતા. અંદરો–અંદર ચર્ચાઓ કરતા હતા અને ડી.સી.પી. પાસેથી તપાસ બાબતે સુચનાઓ મેળવતા હતાં તેમજ અંદરો–અંદર પુરાવાની આપ લે પણ કરતા હતાં. પરંતુ મારા મત પ્રમાણે કુલ–૨૦ ફરિયાદોની તપાસ જુદા–જુદા ચાર મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ કરતા હતા જેથી સ્વાભાવિક છે કે બનાવો એક સરખા હતા માટે જે અધિકારી જે તપાસ કરે તેની ચર્ચા તથા પુરાવાની આપ લે એકબીજા સાથે કરે. ડી.સી.પી. તેઓની ઉપરી અધિકારી હોવાના કારણે આ અધિકારીઓની કામગીરી ઉપર દેખરેખ અને નિરીક્ષણ પણ રાખે. તેનો અર્થ એવો નથી કે, ડી.સી.પી. જાતે ફરિયાદોની તપાસ કરતા હતાં. વકીલશ્રી એલ.આર. પઠાણ દલીલ કરતા જણાવે છે કે, તમામ પંચનામાઓનો સમયગાળો વધારે છે. તા.૨૭/૦૮/૨૦૦૮ના રોજ આરોપી નં.૦૧ને સાથે રાખી સૌપ્રથમ આ જગ્યાઓનુ પંચનામું બનાવેલું હતું અને હેલીકૈલ વાવ પાસે કમલેશ કવોરી નજીકથી મુદ્દામાલ છરા, બુચ, કુટેલા કુગ્ગા મળેલા. આ મુદ્દામાલ બનાવો સાથે સુસંગત નથી. પરંતુ તેઓની દલીલ સાથે હું સંમત નથી કારણ કે, આ કામે ફરીયાદપક્ષ દ્વારા બનાવો પુરવાર કરવા માટે જે પુરાવા અગાઉ રજૂ થયેલા છે તે ધ્યાને લેતા બનાવવાળી જગ્યાઓના પંચનામા ધ્યાને લેતા દરેક જગ્યાઓ ઉપરથી છરા મળી આવેલા છે. અને તે છરા આંક–૬૪૮૦ વાળા પંચનામામાં જણાવેલા છરાની સાથે મળતા આવતા છરા છે અને તે બાબતે એફ.એસ.એલ.ના અભિપ્રાયો પણ પુરાવા તરીકે સામેલ છે. જેથી આ છરાઓ બનાવો સાથે સુસંગત છે તેમ હું માનુ છું. હાલોલ–પાવાગઢ ખાતેના કેમ્પમાં સાહેદ નં.૧૧૦૫ ઈદ્રિશ ફકિરની જુબાની મુજબ તેમજ આરોપી નં.૦૨, ૨૧, ૩૫ના કબૂલાત નિવેદનો

મુજબ આશરે ૨૫ થી ૩૦ વ્યકિતઓ હાજર હતી. આ તમામ વ્યકિતઓ આરોપીઓ તરીકે એક સાથે પકડાયેલા નથી. જેમ જેમ આરોપી પકડાતા ગયા તેમ તેમ અને જે જે તપાસ કરનાર અધિકારીએ આરોપીને પકડ્યા તેમ તેમ તેઓએ આપેલી માહિતીના આધારે હાલોલ–પાવાગઢ ખાતેની તાલીમવાળી જગ્યાઓ ઉપર જઇ પંચનામાઓ બનાવેલા છે. આંક–૬૪૮૦ વાળુ પંચનામું પુરાવાના કાયદાની કલમ–૨૭ હેઠળ પુરાવામાં ગ્રાહ્ય છે અને બાકીના પંચનામાઓ પુરાવાના કાયદાની કલમ–૨૭ હેઠળ ગ્રાહ્ય નથી તેમ માની લઇએ તો પણ આ જગ્યા બતાવ્યા અંગેના પંચનામાઓ આરોપીઓની વર્તણુંક તરીકે પુરાવાના કાયદાની કલમ–૮ હેઠળ પુરાવામાં ગ્રાહ્ય છે. જ્યારે કેસ સાંયોગિક પુરાવા ઉપર આધારીત હોય ત્યારે આરોપીની વર્તણૂકનો પુરાવો ખૂબ જ અગત્યનો બની રહે છે. આ કામમાં બનાવેલા આવેલા પંચનામાઓ પુરાવાઓ પુરાવાના કાયદાની કલમ–૨૭ હેઠળ ગ્રાહ્ય છે કે કેમ તેની વિગતવાર ચર્ચા આ ચુકાદામાં"કલમ–૨૭ હેઠળના પંચનામાંનું મૂંલ્યાકન" તે શીર્ષક હેઠળના પેરામાં કરવામાં આવેલી છે.

સાહેદ નં.૯૦૪ દિલીપકુમાર દલવાડીની જુબાની તરફ ધ્યાન દોરી વકિલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, આ સાહેદના કહેવા પ્રમાણે જંગલમાં કમલેશ કવોરીવાળી જગ્યા પાસેથી આંટાવાળા બુચ તથા બીજા બુચ મળેલા છે. એરગનમાં વપરાતા છરા મળેલા છે. કુટેલા કુગ્ગા તેમજ ઝાડ ઉપર મારેલો ખિલો મળેલો છે આ સિવાય બીજી કોઇ વસ્તુ મળી આવેલ નથી. આ ચારેય વસ્તુઓથી કેમ્પ સાબિત થતો નથી પરંતુ મારા મત પ્રમાણે અગાઉ ચર્ચા કરી તેમ જે છરા મળેલા છે તે એરગનમાં વપરાતા છરા છે તેવો અભિપ્રાય એફ.એસ.એલ. દ્વારા આપવામાં આવેલો નથી. ઝાડ ઉપરથી ખિલો મળી આવેલો આ બાબતે સાહેદ અંબાલાલ સાહેદ પ્રવિણભાઇ અને સાહેદ રામકાભાઇની જુબાનીઓ ધ્યાને લઇએ તો આરોપીઓ પૈકી કેટલાક આરોપીઓ બે ઝાડ સાથે દોરી બાંધીને જે કુગ્ગા લગાવેલા હતા તે ફોડતા હતા. જેથી આ જગ્યાઓ ઉપર કેમ્પ થયેલો છે તે હકીકત છે. વકિલશ્રી એલ.આર.પઠાણ દલીલ

કરતા જણાવે છે કે, આંક–૬૪૮૦ વાળા પંચનામાની કાર્યવાહી વખતે વીડિયોગ્રાફી થયેલી છે પરંતુ તે રજૂ કરવામાં આવેલી નથી અને મળી આવેલા મુદ્દામાલ ઉપરથી કેમીકલ કે સ્ફોટક પદાર્થ મળેલો નથી. આંક–પ૯૪૧ થી રજૂ થયેલ એફ.એસ.એલ.નો રીપોર્ટ નેગેટીવ છે પરંતુ મારા મત પ્રમાણે એફ.એસ. એલ.નો રીપોર્ટ નેગેટીવ આવે કારણ કે બનાવ તા.૧૩,૧૪,૧૫– જાન્યુઆરી– ૨૦૦૮ના રોજ બનેલો હતો જયારે આંક–૬૪૮૦ વાળુ પંચનામુ તા.૨૭/૦૮/ ૨૦૦૮ ના રોજ થયેલું છે. જેથી ઘણા લાંબા સમય બાદ આંક–૬૪૮૦ વાળા પંચનામાની વિગતે મુદ્દામાલ કબજે કરેલો છે જેથી પણ કેમીકલ કે સ્ફોટક પદાર્થ મળી આવે નહિ એટલુ જ નહી જુલાઇ અને ઓગષ્ટ માસ વરસાદની ઋતુ હોય છે અને વરસાદ પડવાના કારણે કેમીકલ કે સ્ફોટક પદાર્થ મુદ્દામાલ ઉપર મળી આવે નહી. વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, પોલીસે એરગન જપ્ત કરેલી નથી પરંતુ તપાસ કરનાર અધિકારીને રીમાન્ડ દરમ્યાન એરગન બાબતે કોઇ માહિતી આપેલી ન હોય અને એરગન રજૂ કરેલી ન હોય તો પોલીસે જપ્ત કરી શકે નહી. કુગ્ગા મળી આવેલા છે જેથી ત્યાં મેળો ભરાતો હતો તેવી દલીલ સાથે પણ હું સંમત નથી.

વકિલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, વાઘમોન તેમજ હાલોલ–પાવાગઢના કેમ્પોમાં ભાષણો આપ્યા અંગેનો કોઇ સીધો પુરાવો નથી આ ભાષણો કોણે આપેલા? કેવી રીતે આપેલા તે અંગે પણ કોઇ પુરાવો નથી. પરંતુ મારા મત પ્રમાણે ભાષણો સાંભળવા માટે આરોપીઓ સિવાય અન્ય કોઇ બહારની વ્યકિતઓ હતી નહી જેથી ભાષણો કોણે આપેલા તે બાબતે કોઇ સીધો અને સ્વતંત્ર પુરાવો ન હોય. ભાષણો કોણે આપેલા છે તે ફકત આરોપી પૈકી જ બધા આરોપીઓ અથવા એકાદ–બે આરોપીઓ કહી શકે પરંતુ આરોપીઓ કહેશે નહી આવા સંજોગોમાં અનુમાન જ કરવુ પડે. કોણે, કેવા ભાષણો આપેલા છે તે બાબતે આરોપી નં.૦૨, ૨૧ અને ૩૫ના કબૂલાત નિવેદનો ઉપર જ આધાર રાખવો પડે. વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરે છે કે, આરોપીઓના કબૂલાત નિવેદનો કાયદા મુજબ લેવાયેલા ન હોય પુરાવામાં

ગ્રાહ્ય નથી પરંતુ આ બાબતે કબૂલાતોના પેરામાં ચર્ચા કરેલી છે કે કબૂલાત નિવેદનો પુરાવામા ગ્રાહ્ય છે અને નિવેદનોમાં ભાષણો કરેલાની હકિકત છે. ભાષણો થયા તે કયા ભાષણો થયા, કઇ સમજૂતી થઇ તે અંગે કોઇ જ પુરાવો નથી તેવી દલીલ સાથે પણ હું સંમત નથી. કારણ કે અગાઉ ચર્ચા કરી તેમ ભાષણો થયા અને કેવા થયા તે અંગે કોઇ સ્વતંત્ર સાહેદ ન હોય અનુમાન જ કરવુ પડે. વધુમાં વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, કેમ્પ થયો છે તેથી તે આતંકવાદી કેમ્પ હતો તેવુ પણ અનુમાન થઇ શકે નહી. આતંકવાદી કેમ્પ શબ્દનો ઉલ્લેખ કરવાથી આતંકવાદી કેમ્પ હતો તેવા નિર્ણય ઉપર આવી શકાય નહી તેવી દલીલ સાથે પણ હું સંમત નથી કારણ કે સમગ્ર પુરાવો ધ્યાને લઇએ તો ચોકકસપણે એવા નિર્ણય ઉપર આવી શકાય કે હાલોલ – પાવાગઢ ખાતે જે કેમ્પ રાખેલો હતો તે આતંકવાદી તાલીમ કેમ્પ હતો.

ઉપર મુજબની તમામ હકીકત અને પુરાવો ધ્યાને લેતા ડિસેમ્બર–૨૦૦૭માં વાઘમોન ખાતે આતંકવાદી તાલીમ કેમ્પનું આયોજન આ આરોપીઓ દ્વારા કરવામાં આવેલુ હતુ અને તે પૈકી આ કેસના ઘણા આરોપીઓ તે કેમ્પમાં હાજર રહેલા હતા. તે જ રીતે તા.૧૩.૧.૨૦૦૮ થી તા.૧૫.૧.૨૦૦૮ ના સમય દરમ્યાન પણ આરોપીઓએ હાલોલ–પાવાગઢ ખાતે આવેલી જુદી–જુદી જગ્યાઓ જેવી કે હેલીકૈલ વાવ અને તેની નજીક કમલેશ કવોરી અને તળાવ વાળી જગ્યા કે જયા હાથથી ચાલવાની, કુગ્ગા ફોડવાની અને તરવાની તાલીમો લીધેલી, તે જ રીતે એકમીનાર મસ્જિદવાળી જગ્યા ઉપર નમાજ પઢતા હતા અને જેહાદી તકરીરો કરેલી, તે જ રીતે કબુતરખાનાવાળી જગ્યા ઉપર જેહાદી તકરીરો કરેલી અને મોટર સાઇકલ રેસીંગ કરવાની તાલીમો લીધેલી. ઉપરોકત સમય દરમ્યાન આરોપીઓ જે પણ આ તાલીમ કેમ્પમા ગયેલ હતા તેઓ ખુંદપીર દરગાહ ઉપર આવેલી પતરાવાળી ધર્મશાળામાં રોકાયેલા હતા. ધર્મશાળા ઉપર મુજાવર તરીકે સેવા આપનાર સાહેદ નં.૧૧૦૫ ઈદ્રીશ ગુલાબશા ફકીરનાઓએ સાહેદ નં.૧૧૨૧ ડૉ.સાદાબના કહેવાથી ધર્મશાળામાં રોકાવવા પરવાનગી આપેલી હતી. આરોપીઓ આ તાલીમ કેમ્પમાં ટાટાસુમો તથા મોટર સાઇકલ

લઈને ગયેલા હતા. સવારે ૯ વાગ્યાથી તેઓ ખુંદપીર દરગાહના પાછળના દરવાજેથી જંગલોમાં જતા હતા અને રાત્રે ૯ વાગે પરત આવતા હતા. આ કામના તમામ આરોપીઓ પૈકી સાહેદ નં.૯૭૨ રામકાભાઈ દેવકરણ, સાહેદ નં.૯૮૧ પ્રવીણભાઈ હમીરભાઈ, સાહેદ નં.૧૦૬૭ અંબાલાલ વેચાતભાઈ તથા સાહેદ નં.૧૧૦૫ ઈદ્રીશ ગુલાબશા ફકીરનાઓએ ઓળખ પરેડ દરમ્યાન જે જે આરોપીઓને ઓળખેલા હતા તથા જુબાની દરમ્યાન જે જે આરોપીઓને અદાલતમાં ઓળખી બતાવેલ હતા તે આરોપીઓ ઉપરાંત નહીં ઓળખાયેલા મળીને ઘણા આરોપીઓએ ડિસેમ્બર–૨૦૦૭ મા વાઘમોન ખાતે અને તા.૧૩.૧.૦૮ થી તા.૧૫.૧.૦૮ ના સમય દરમ્યાન હાલોલ–પાવાગઢ ખાતે આતંકવાદી તાલીમ કેમ્પોના આયોજનો કરેલા હતા. આ હકીકત ફરિયાદપક્ષ દ્વારા પુરવાર કરવામાં આવે છે તેમ હું માનુ છું.

(૮૦) જાહેર/ખાનગી મિલકતોના નુકસાન વિશે...

અમદાવાદ શહેરમાં થયેલા બોમ્બ બ્લાસ્ટના કુલ–૨૪ બનાવો પૈકી સિવિલ હોસ્પિટલ, અમદાવાદની ઈમારતને ઘણુ નુકસાન થયેલું છે.એલ.જી. હોસ્પિટલ, મણીનગરની ઈમારતને ઘણુ નુકસાન થયેલું છે .અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની એ.એમ.ટી.એસ. બસને પણ ઘણુ નુકસાન થયેલું છે તથા જુદા–જુદા બનાવોમાં ચાર પૈડાવાળા તેમજ બે પૈડાવાળા ખાનગી વાહનોને નુકસાન થયેલું છે. આ ઉપરાંત, મુંગા પશુઓ જેવા કે બળદ, ગાય અને કૂતરૂ પણ મરણ પામેલ છે. જાનમાલના આ નુકસાન સંબંધે ફરિયાદપક્ષ દ્વારા ઘણા પુરાવા રજૂ કરવામાં આવેલાં છે. સ્પેશિયલ સરકારી વકીલશ્રી અમિતભાઇ પટેલ દલીલ કરતા જણાવે છે કે, દાણીલીમડા, મણીનગર, ખાડીયા, રામોલ, સરખેજ, શાહિબાગ વિસ્તારોમાં બનેલા બનાવોમાં મોટા પાયે જાનમાલને નુકસાન થયેલ છે. તેઓની આ દલીલ સાથે હું સંમત છું કે, આ બનાવોમાં જાનમાલને ઘણુ નુકસાન થયેલું છે. ફરિયાદપક્ષ તરફથી આ બાબતે જે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ થયેલા છે તે ધ્યાને લઈએ તો,

દાણીલીમડા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૪૦/૨૦૦૮ના કામે સાહેદ નં.૧૦૨૯ રીતેષ વિનોદભાઈ પટેલને આંક–૭૦૩૬ થી તપાસવામાં આવેલા છે. તેઓની જુબાની મુજબ તા.૨૬/૦૭/૨૦૦૮ ના રોજ તેઓનુ બઝાજ ડિસ્કવર મોટર સાઇકલ GJ–01–FL–6021 નારોલ સર્કલ પાસે સંકટ મોચન હનુમાનજીના મંદિર પાછળ પાર્ક કરેલ હતુ ત્યારે બોમ્બ બ્લાસ્ટ થયેલ અને તે બ્લાસ્ટથી તેમના બાઇકની આગળની હેડલાઇટ તથા સાઇડ ગ્લાસને નુકસાન થયેલાનું જણાવે છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતાં તેની બાઇકને આ બનાવમાં નુકસાન થયેલ નથી તેવી કોઇ હકીકત નીકળી આવતી નથી. બનાવ પછી પોલીસ સ્થળ ઉપર આવી ત્યારે કોઇ નિવેદન નોંધેલું નહી તેમ જણાવે છે પરંતુ તે વખતે નિવેદન નહી નોંધવાથી આ બનાવમાં તેમની મોટર સાઇકલને નુકસાન થયેલું નથી તેવી હકીકત નીકળી આવતી નથી.

મણીનગર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૨૦૪/૦૮ના કામે ફરિયાદપક્ષ દ્વારા સાહેદ નં.૭૧૭ ઘનશ્યામભાઇ ચંદ્રકાંત પંડ્યાને આંક–૩૪૯૨ થી તપાસવામાં આવેલ છે. તેમની જુબાની મુજબ તા.૨૬/૦૭/ ૨૦૦૮ ના રોજ સાંજના છ વાગ્યાના સુમારે શિવાની એવન્યુ પાસે ધડાકો થયેલો. તેની નજીક એક મારૂતિ વેગન આર ગાડી પડેલી હતી અને આ ગાડીને નુકસાન થયેલાનું જણાવે છે.

સાહેદ નં.૭૨૦ સતિષકુમાર રમેશચંદ્ર સોનીને આંક–૩૪૯૭ થી તપાસવામાં આવેલ છે. તેઓની જુબાની મુજબ તા.૨૬/૦૭/૨૦૦૮ ના રોજ તેમની દુકાન ઉપર હાજર હતા ત્યારે શુભમ કોમ્પ્લેક્ષની સામેના ભાગે મોટો ધડાકો થયેલો. આ ધડાકો સાઇકલ ઉપર થયેલો અને સાઇકલની નજીક એક મારૂતિ વેગન આર કાર ઉભેલી હતી તેને નુકસાન થયેલું.

સાહેદ નં.૭૨૬ રૂપચંદ કિશનચંદ પીરાણીને આંક–૩૫૦૬ થી તપાસવામાં આવેલ છે. તેઓની જુબાની મુજબ તા.૨૬/૦૭/૨૦૦૮ના રોજ સાંજના છ વાગ્યાના અરસામાં એસ.ટી. બસના બોર્ડની બાજુમાં એક મોટો ધડાકો થયેલો. આ ધડાકો સાઇકલ ઉપર થયેલો. ત્યાં એક વેગન આર ગાડી

પડેલી હતી. તે ગાડીનો કાચ તુટી ગયેલો અને છરા પતરામાં ઘુસી ગયેલાનું જણાવે છે.

સાહેદ નં.૭૨૮ સતિષ મહેશભાઇ રાવલને આંક–૩૫૦૮ થી તપાસવામાં આવેલ છે. તેઓની જુબાની મુજબ તા.૨૬/૦૭/૨૦૦૮ ના રોજ સાંજે શ્રીજી ઇલેકટ્રોનિકસ ઉપર હાજર હતા ત્યારે સાડા છ વાગ્યાના અરસામાં એક મોટો ધડાકો થયેલો જેથી કોમ્પ્લેક્ષના માણસો બહાર દોડી આવેલા. આ ધડાકો એસ.ટી. બસ સ્ટેશનના બોર્ડ પાસે સાઇકલ ઉપર થયેલો હતો. ત્યાં પડેલ એક વેગન આર કારમાંના કાચ તુટી ગયેલાં, ટાયરમાંથી હવા નીકળી ગયેલી અને કાણાં પડી ગયેલાનું જણાવે છે.

સાહેદ નં.૭૩૩ રોહિતભાઇ ભાનુભાઇ વાઘવાણીને આંક–૩૫૧૮ થી તપાસવામાં આવેલ છે. તેઓની જુબાની મુજબ તા.૨૬/૦૭/૨૦૦૮ ના રોજ તેમના ધંધા ઉપર હાજર હતા ત્યારે સાંજના ૬:૩૦ વાગ્યાની આસપાસ તેમના કોમ્પ્લેક્ષની સામેના ભાગે રોડ બાજુ એક ધડાકો થયેલો. આ ધડાકો એસ. ટી.બસ સ્ટેશનના બોર્ડ પાસે થયેલો અને ધડાકાના કારણે ત્યાં પડેલી મારૂતિ વેગન આર કારના કાચ તુટી ગયેલા હતા, ટાયરમાંથી હવા નિકળી ગયેલી હતી અને બોમ્બમાંથી નિકળેલા છરા અથડાવાના કારણે ગાડીને કાણાં પડી ગયેલાનું જણાવે છે.

સાહેદ નં.૭૩૯ હાર્દિક મહેન્દ્રભાઇ સંઘવીને આંક–૩૫૨૫ થી તપાસવામાં આવેલ છે. તેઓની જુબાની મુજબ તા.૨૬/૦૭/૨૦૦૮ ના રોજ તેમની શિવાની કોમ્પ્લેક્ષના આગળના ભાગે એસ.ટી. બસ સ્ટેશનના બોર્ડ નજીક એક ધડાકો સાંજના સમયે થયેલો. આ ધડાકો સાઇકલમાં થયેલાનું જાણેલું. તે સાઇકલની નજીક પડેલી વેગન આર મોટર કારને નુકસાન થયેલાનું જણાવે છે.

ઉપરોકત તમામ સાહેદોનો પુરાવો ધ્યાને લેતાં મણીનગરમાં આવેલ શિવાની એવન્યુ કોમ્પ્લેક્ષની સામેના ભાગે રોડ ઉપર તા.૨૬/૦૭/૨૦૦૮ ના રોજ સાઇકલ ઉપર બોમ્બ ધડાકો થયેલો. આ સાઇકલ જે જગ્યાએ પાર્ક કરેલી હતી તેની નજીકમાં મારૂતિ વેગન આર કાર પડેલી હતી અને તે ધડાકોને કારણે

મારૂતિ વેગન આર કારના કાચ તુટી ગયેલા, ટાયરમાંથી હવા નીકળી ગયેલી અને બોમ્બમાંથી નિકળેલા છરા અથડાવાના કારણે ગાડીના પતરાને કાણાં પડી ગયેલાની હકીકત છે. આ મારૂતિ વેગન આર કારના માલિક કોણ છે તે અંગે કોઇ પુરાવો નથી. મારૂતિ વેગન આર કાર કયા નંબરની હતી તે અંગે પણ કોઇ પુરાવો નથી પરંતુ આ મારૂતિ વેગન આરને બોમ્બ ધડાકાના કારણે નુકસાન થયેલાની હકિકત માલુમ પડે છે. કેટલુ નુકસાન થયેલું તે અંગેનો અંદાજ રજૂ કરતો પણ કોઇ પુરાવો રજૂ કરવામાં આવેલો નથી. આ સાહેદોની બચાવપક્ષ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી નથી.

ખાડીયા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૭૧/૦૮ના કામે ફરિયાદપક્ષ દ્વારા સાહેદ નં.૧૦૦૨ રાજેશ મનહરલાલ કાયસ્થને આંક–૬૯૭૫ થી તપાસવામાં આવેલાં છે. તેઓની જુબાની મુજબ તા.૨૬/૦૭/૨૦૦૮ના રોજ સાંજના સમયે મિલન કિરાણા સ્ટોર્સ પાસે લારી ઉપર હાજર હતાં ત્યારે આગળના ભાગે ધડાકો થયેલો અને તે ધડાકામાં બે ગાયો મરણ ગયેલી તથા ચાર–પાંચ વ્યકિતઓને ઈજા થયેલાનું જણાવે છે.

સાહેદ નં.૭૮૫ જલીબહેન નારણભાઇ રબારીને આંક–૪૦૮૮ થી તપાસવામાં આવેલ છે. તેઓની જુબાની મુજબ તેઓ સારંગપુરા ચકલા, દોલતખાના વિસ્તારમાં રહેતા હતા અને પશુપાલનનું કામકાજ તેમના પરિવાર સાથે કરતા હતાં.જુલાઈ–૨૦૦૮ ના સમયે તેમના પરિવાર પાસે અને ઘરમાં ગાયો હતી.તા.૨૬/૦૭/૨૦૦૮ના રોજ ઘર પાસે સારંગપુર ચકલા, દોલતખાના વિસ્તારમાં બોમ્બબ્લાસ્ટની ઘટના બનેલ. આ ઘટનામાં તેઓની બે જર્સી ગાયો ને ઈજા થતાં આ બંને ગાયો મૃત્યુ પામેલી અને દરેક ગાયની કિંમત રૂ. ૨૫૦૦૦/– હતી એમ કુલ મળીને રૂા.૫૦,૦૦૦/–નું નુકસાન થયેલાની હકીકત જણાવે છે.

ઉપરોકત પુરાવા ધ્યાને લેતા ખાડીયા વિસ્તારમાં થયેલા બોમ્બ બ્લાસ્ટના બનાવમાં સાહેદ જલીબેનની બે જર્સી ગાયો મરણ ગયેલી હોવાની હકીકત સાબિત થાય છે.

મણીનગર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૨૦૩/૦૮ના કામે ફરિયાદપક્ષ દ્વારા સાહેદ નં.૪૨૧ હર્ષદકુમાર નટવરલાલ શાહને આંક–૨૩૮૨ થી તપાસવામાં આવેલાં છે. તેઓની જુબાની મુજબ તા.૨૬/૦૭/૨૦૦૮ ના રોજ તેમના ધંધા ઉપર હાજર હતા ત્યારે તેમના પાર્લરની બાજુમાં મુકિત મેદાન તરફ રોડ જાય છે તે તરફ એક મોટો ધડાકો થયેલો. આ ધડાકામાંથી છરા ઉડેલા અને દુકાનને જયાં ત્યાં વાગેલા. દુકાનના કાઉન્ટરને છરા વાગેલા અને તેનાથી કાઉન્ટરને કાણાં પડી ગયેલાં. એક ટયૂબલાઇટ તુટી ગયેલી. બહાર જઇને જોયું તો આ બોમ્બ ધડાકો સાઇકલ ઉપર થયેલો હતો.

સાહેદ નં.૯૯૭ અરૂણ સુખદેવભાઇ ખાંબાલકરનાઓને આંક–૬૯૪૧ થી તપાસવામાં આવેલ છે. તેઓની જુબાની મુજબ તા.૨૬/૦૭/૨૦૦૮ ના રોજ સાંજના સાડા છ વાગ્યાની આસપાસ મોટર સાઇકલ લઇને મણીનગર ચાર રસ્તા ગયેલા અને ચા ની કિટલી પાસે ચા પીવા ઉભા ત્યારે ચા ની કિટલીની નજીક એક સાઇકલ ઉપર બોમ્બ બ્લાસ્ટ થયેલો. ત્યાં પાંચેક માણસોને ઇજા થયેલી અને આ સાહેદની મોટર સાઇકલના એન્જીનના ભાગે તથા બોડીના ભાગે છરા અથડાવાથી નુકસાન થયેલું.

આમ, આ સાહેદની જુબાની ધ્યાને લેતા તા.૨૬/૦૭/૨૦૦૮ના રોજ મણીનગરમાં બનેલા બનાવોમાં સાહેદ નં.૪૨૧ની દુકાનને બોમ્બમાંથી નિકળેલા છરા વાગવાથી કાઉન્ટરને નુકસાન થયેલું, ટયૂબલાઇટને પણ નુકસાન થયેલું તથા સાહેદ નં.૯૯૭ ની મોટર સાઇકલને નુકસાન થયેલું નથી તેવો કોઇ હકીકત નિકળી આવતી નથી.

રામોલ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર. નં.૩૨૧/૦૮ના કામે ફરિયાદપક્ષ દ્વારા સાહેદ નં.૧૪૭ કમળાબેન પુનમભાઇ પટ્ટણીને આંક–૧૦૧૯થી તપાસવામાં આવેલા છે. તેઓની જુબાની મુજબ પોતે નારિયેળ વેચવાનું કામ બળદગાડાથી કરે છે. તા.૨૬/૦૭/૨૦૦૮ ના રોજ બળદગાડુ હાટકેશ્વર સર્કલ પાસે ઉભુ રાખેલું ત્યારે ઘરાકીનો સમય હતો અને સાંજના સમયે બોમ્બ બ્લાસ્ટ થયેલો. બ્લાસ્ટમાંથી નિકળેલા છરા તેમના બળદને વાગેલા અને બળદને ઇજા

થયેલી જેથી બળદને રખિયાલ મુકામે પશુની હોસ્પિટલમાં લઇ ગયેલા જયાં પોતાનો બળદ મરણ ગયેલાની હકીકત જણાવે છે. આમ, રામોલ વિસ્તારમાં હાટકેશ્વર સર્કલ પાસે બનેલા બનાવમાં આ સાહેદના બળદને છરા વાગવાથી તેમનો બળદ મરણ પામેલો છે. આ બ્લાસ્ટમાં તેમના બળદને ઈજા થવાથી બળદ મરણ પામ્યો નથી તેવી હકીકત આરોપી તરફથી કરવામાં આવેલી ઊલટતપાસમાં નિકળી આવતી નથી.

મણીનગર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૨૦૫/૦૮ના કામે ફરિયાદપક્ષ દ્વારા સાહેદ નં.૭૦૯ ખુશાલભાઇ ભીમજીભાઇ રાણાને આંક–૩૪૭૩ થી તપાસવામાં આવેલા છે. તેઓની જુબાની મુજબ તા.૨૬/૦૭/ ૨૦૦૮ના રોજ તેમની દુકાન ઉપર સાંજના સમયે હાજર હતા તે વખતે તેમની દુકાનની નજીક એક બસ ઉભેલી હતી તે સ્થળે ધડાકો થયેલો. આ ધડાકામાં એક ઇસમને ઈજા થયેલી. બીજી વધારે જાણકારી નથી. ધડાકાવાળા સ્થળે જે બસ ઉભેલી હતી તેમાં કાણાં પડેલાનું જણાવે છે. આ સાહેદની જુબાની ધ્યાને લેતાં મણીનગરમાં થયેલા બોમ્બ બ્લાસ્ટના બનાવમાં બસને નુકસાન થયેલાની હકીકત સાબિત થાય છે.

સરખેજ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૮૧/૦૮ના કામે ફરિયાદપક્ષ દ્વારા સાહેદ નં.૮૦૦ જીતેન્દ્ર ઠાકોરભાઇ મહેતાને આંક–૫૩૧૬ થી તપાસવામાં આવેલ છે. તેઓની જુબાની મુજબ જુલાઇ–૨૦૦૮ મા અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસમાં ડાયરેકટર ઓફ ટ્રાફિક તરીકે ફરજ બજાવતા હતાં. તા.૨૬/૦૭/૨૦૦૮ ના રોજ અમદાવાદમાં થયેલા બોમ્બ બ્લાસ્ટમાં અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસની બસ રૂટ નં.૧૫૦ જેનો રજીસ્ટ્રેશન નં.GJ–01–W–8390 હતો તેને મોટા પ્રમાણમાં નુકસાન થયેલું. નુકસાનની ગણતરી વર્કશોપ વિભાગ દ્વારા કરવામાં આવેલી. વર્ક મેનેજર દ્વારા નુકસાનની વિગતો આપવામાં આવેલી. આ બસને બોમ્બ બ્લાસ્ટમાં રૂા.૫,૯૦,૦૦૦ (અંકે રૂા.પાંચ લાખ નેવું હજાર)સુધીનું નુકસાન થયેલું તે અંગેનો લેખિત રીપોર્ટ આંક–૫૩૧૭ થી રજૂ કરેલો છે તે ધ્યાને લેતાં અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસની

ઉપરોકત નંબરવાળી બસને રૂા.૫,૯૦,૦૦૦/–(અંકે રૂા.પાંચ લાખ નેવું હજાર) સુધીનું નુકસાન થયેલાની હકિકત બતાવેલી છે.

આમ, સરખેજ ખાતે એ.એમ.ટી.એસ. બસ નં.GJ–01–W–8390 મા તા.૨૬/૦૭/૨૦૦૮ના રોજ બોમ્બ બ્લાસ્ટ થયેલો જેના કારણે બસને નુકસાન થયેલાની હકિકત સાબિત થાય છે. આ સાહેદની ઊલટતપાસ દરમ્યાન આ બસને બોમ્બ બ્લાસ્ટમાં નુકસાન થયેલું નથી અને આ આંક–૫૩૧૭ વાળો રીપોર્ટ ખોટો છે તેવી કોઇ હકીકત નીકળી આવતી નથી.

શાહિબાગ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૨૩૬/૦૮ના કામે ફરિયાદપક્ષ દ્વારા સાહેદ નં.૧૦૫૫ ડૉ.મંજુલત્તા મોતીલાલ આંચલીયાને આંક–૭૧૮૬ થી તપાસવામાં આવેલાં છે. તેઓની જુબાની મુજબ સને–૨૦૦૮ ના વર્ષમાં સિવિલ હોસ્પિટલ ખાતે તબીબી અધીક્ષક તરીકે ફરજ બજાવતા હતાં. તા.૨૬/૦૭/૨૦૦૮ના રોજ સિવિલ હોસ્પિટલ ખાતે ટ્રોમા સેન્ટર નજીક આશરે સાડા સાત, પોણા આઠ વાગ્યાના અરસામાં બોમ્બ બ્લાસ્ટ થયેલો. તેના કારણે સિવિલ હોસ્પિટલની ઈમારતને, ફર્નિચરને, મેડિકલ સ્ટોરને અને મેડિકલ ઈન્સ્ટ્રુમેન્ટને નુકસાન થયેલું. ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર તરફથી સિવિલ હોસ્પિટલના સુપરિન્ટેન્ડેન્ટશ્રીને ઉદ્દેશીને પત્ર મોકલવામાં આવેલો અને તે પત્રમાં બોમ્બ બ્લાસ્ટના કારણે જે નુકસાન થયેલું તેની વિગતો માંગેલી. આ પત્ર આ સાહેદને મળેલો અને મળ્યા બાબતેની સહી કરેલી. આ બોમ્બ બ્લાસ્ટના બનાવમાં સિવિલ હોસ્પિટલના મેડિકલ સ્ટોર્સને રૂા.૧૩,૦૦,૦૦૦(અંકે રૂા.તેર લાખ)નું, મેડિકલ સ્ટોર સર્જિકલ, વેન્ટીલેટર તથા અન્ય ઈન્સ્ટ્રુમેન્ટને રૂા. ૫૦,૦૦,૦૦૦ (અંકે રૂા. પચાસ લાખ)નું, સેનેટરી વિભાગને રૂા.૧૦,૦૦,૦૦૦ (રૂા.દસ લાખ) નું, મેડીકલ વર્ક શોપને રૂા.૧૮,૦૦,૦૦૦(રૂા.અઢાર લાખ)નું, લીલન વિભાગને રૂા.૧,૦૦,૦૦૦(અંકે રૂા.એક લાખ)નું, સ્ટીવર્ડ વિભાગ, આઇ.સી.યુ.,ઓ.ટી. સર્જીકલ, તથા ઓર્થોવિભાગને રૂા.૪૦,૦૦,૦૦૦ (રૂા.ચાલીસ લાખ)નું તથા માર્ગ અને મકાન તથા ઇલેકટ્રીક વિભાગને રૂા.૫૦,૦૦,૦૦૦(રૂા.પચાસ લાખ) નું એમ મળીને કુલ રૂા.૧,૮૨,૦૦,૦૦૦

(અંકે રૂા.એક કરોડ બ્યાંશી લાખ)નું નુકસાન થયેલાની વિગત આપેલી. ક્રાઇમ બ્રાન્ચનો જે પત્ર આવેલો તે આંક–૭૧૮૭ થી રજૂ કરેલો છે. જેમાં મદદનીશ પોલીસ કમિશનરશ્રી એચ.આર. મુલીયાણાની સહી છે. તા.૦૫/૦૮/૨૦૦૮ના રોજ આ પત્ર લખેલો છે. રીસીવ કરનાર તરીકે આ સાહેદની સહી છે. તબીબી અધીક્ષકની કચેરી દ્વારા મદદનીશ પોલીસ કમિશનર ક્રાઇમ બ્રાન્ચને તા.૧૭/૦૯/૨૦૦૮ ના રોજ કાર્યપાલક અધિકારી, સિવિલ હોસ્પિટલ, અમદાવાદ દ્વારા મોકલવામાં આવેલ ફોરવર્ડિંગ પત્ર રજૂ કરેલો છે. આ ફોરવર્ડિંગ પત્ર સાથે નુકસાનની અંદાજિત કિંમત રૂા.એક કરોડ બ્યાંશી લાખ બતાવતો રીપોર્ટ આંક–૭૧૯૦ થી રજૂ કરેલો છે જેમાં તબીબી અધીક્ષક, સિવિલ હોસ્પિટલ, અમદાવાદ તરીકે આ સાહેદની સહી છે. આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઇએ તો જે વિભાગમાંથી નુકસાન અંગેની માહિતી મંગાવેલી તેનું ક્રોસ વેરીફિકેશન કરાવેલાનું જણાવે છે. આ ક્રોસ વેરીફિકેશન કેટલા દિવસ પછી કરાવેલું તે યાદ નથી.

સાહેદ નં.૬૦૧ ઋષભ ભરતભાઇ મહેતાને આંક–૩૨૨૮ થી તપાસવામાં આવેલ છે. તેઓની જુબાની મુજબ જુલાઇ–૨૦૦૮ના અરસામાં એમ.બી.બી. એસ. પૂરૂ કરી સિવિલ હોસ્પિટલમાં ઇન્ટર્નશીપ કરતા હતા અને તેમની પાસે ઘરેથી અવર–જવર કરવા માટે તેમના માતાની માલિકીની મારૂતિ વેગન આર કાર મોડલ નં.૦૨ જેનો રજીસ્ટ્રેશન નં.GJ–07–AQ–495 હતો. આ ગાડી તા.૨૪/૦૭/૨૦૦૮ ના રોજ ટ્રોમા સેન્ટરની બાજુમાં પાર્ક કરેલી અને તા.૨૫/૦૭/૨૦૦૮ ના રોજ સવારે ૧૧:૩૦ વાગ્યે ટ્રેનમાં સુરત ગયેલ અને તા.૨૯/૦૭/૨૦૦૮ ના રોજ અમદાવાદ પરત આવેલા ત્યારે તેમના મિત્ર નિકુંજે કહેલું કે, તારી વેગન આર કારને તા.૨૬/૦૭/૨૦૦૮ ના રોજ થયેલા બોમ્બ ધડાકામાં નુકસાન થયેલું છે. આ ગાડી પોલીસે સામેના મેદાનમાં મુકેલી હતી ત્યાં જઇને ગાડી જોઇ તો ડાબી બાજુનો કાચ તુટી ગયેલો હતો, આગળનો કાચ પણ તુટી ગયેલો હતો. વ્હિલમાંથી હવા નીકળી ગયેલી હતી. પોલીસ સમક્ષ ગાડીના કાગળો રજૂ કરેલાં જેથી ગાડી પરત આપેલાનું જણાવે છે. આ સાહેદની

ઊલટતપાસ ધ્યાને લેતાં અમદાવાદ આવ્યા પછી બીજા દિવસે પોલીસે નિવેદન લીધેલુ હતું. કારને થયેલા નુકસાન અંગેની વિગતો તેમના મિત્રએ જણાવેલાનું કબૂલ કરે છે આ સંબંધે બીજી કોઇ હકીકત નીકળી આવતી નથી.

સાહેદ નં.૪૧૪ પવન અશોકકુમાર પંજાબીને આંક–૨૩૬૧ થી તપાસવામાં આવેલ છે. તેઓની જુબાની મુજબ તા.૨૬/૦૭/૨૦૦૮ ના રોજ આ સાહેદ કલાપી નગર ગલ્લા ઉપર મસાલો ખાવા ગયેલા ત્યારે આજ તક ટીવી ચેનલમાં જોયેલું કે બાપુનગર,ઠક્કરનગરમાં બોમ્બ બ્લાસ્ટ થયેલો છે. જેથી આ સાહેદ પોતાનું હોન્ડા લઇને એમ.એલ.એ. ચોકી તરફ ગયેલા ત્યારબાદ સિવિલ હોસ્પિટલમાં સેવા અર્થે ગયેલા અને ત્યાં ઇજાગ્રસ્ત લોકોની સેવામાં જોડાયેલાં. સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટર પાસે ગયા પછી ટ્રોમા સેન્ટરની બાજુમાં ઝાડ પાસે બાઇક મુકેલું અને દર્દીની સેવા કરવા લાગેલાં. ત્યારપછી ટ્રોમા સેન્ટર પાસે એમ્બ્યુલન્સ આગળ બ્લાસ્ટ થયેલો. બ્લાસ્ટમાં એમ્બ્યુલન્સ બળી ગયેલી, પોતાનું મોટર સાઇકલ નં.GJ–01–DL–6599 આ બ્લાસ્ટમાં સંપૂર્ણપણે બળી ગયેલાનું જણાવે છે.

સાહેદ નં.૪૧૨ અંકિત રશ્મિકાંત પટેલને આંક–૨૩૫૯ થી તપાસવામાં આવેલ છે. તેઓની જુબાની મુજબ તા.૨૬/૦૭/૨૦૦૮ના રોજ સાંજના સમયે અમદાવાદમાં કેટલા સ્થળે બોમ્બ બ્લાસ્ટ થયેલાનું ટી.વી. દ્વારા જાણેલું. જેથી આ સાહેદ તથા તેમની સંસ્થાના બીજા માણસો દર્દીઓને મદદ કરવા માટે વાહનો લઇને સિવિલ હોસ્પિટલે પહોંચેલાં. આ સાહેદ પોતાનું હીરો હોન્ડા લઇને ગયેલા અને બોમ્બ ધડાકાને કારણે ત્યાં પડેલા વાહનોમાં આગ લાગેલી. ટ્રોમા સેન્ટરના કાચ અને બારી બારણાં તુટી ગયેલાનું જણાવે છે.

આમ, ઉપરોકત પુરાવો ધ્યાને લેતાં તા.૨૬/૦૭/૨૦૦૮ના રોજ સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટર પાસે વેગન આર કારમાં ખૂબ જ મોટો ધડાકો થતાં વેગન આર કાર તથા અન્ય વાહનોને ત્યાં નુકસાન થયેલું. વાહનો બળી ગયેલાં તથા સિવિલ હોસ્પિટલની ઇમારતને પણ ઘણું મોટા પાયે નુકસાન થયેલાની હકીકત માલુમ પડે છે.

મણીનગર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૨૦૬/૦૮ના કામે ફરિયાદપક્ષ દ્વારા સાહેદ નં.૮૦૬ ડૉ.સવિતા યશવંત શર્માને આંક–૫૪૩૦ થી તપાસવામાં આવેલ છે. તેઓની જુબાની મુજબ સને–૨૦૦૮ના ઓકટોબર માસમાં એલ.જી. હોસ્પિટલ મણીનગર ખાતે મેડીકલ સુપરિન્ટેન્ડેન્ટ તરીકે આ સાહેદનો ચાર્જ હતો .તા.૨૬/૦૭/૨૦૦૮ના રોજ એલ.જી.હોસ્પિટલના કમ્પાઉન્ડમાં બોમ્બ બ્લાસ્ટ થયેલો તેના કારણે હોસ્પિટલની ઈમારતને, પાર્કિંગ શેડને તથા કમ્પાઉન્ડ વોલને નુકસાન થયેલું તે નુકસાનનું રીપેરીંગ કરવામાં આવેલું. આ રીપેરીંગ મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદના બિલ્ડીંગ ડિપાર્ટમેન્ટે કરેલું અને રીપેરીંગના કામકાજનું બીલ હોસ્પિટલમાં રજૂ કરેલું. જેનો અંદાજિત ખર્ચ રૂા.૩,૨૫,૦૦૦ (અંકે રૂા.ત્રણ લાખ પચ્ચીસ હજાર) જેટલો થયેલો. આ નુકસાનીનો રીપોર્ટ નાયબ પોલીસ અધીક્ષક તપાસ ટીમ ક્રાઈમ બ્રાન્ચને તા.૨૩/૧૦/૨૦૦૮ ના રોજ આપેલો. જે આંક–૫૪૩૧ થી રજૂ છે. આ રીપોર્ટમાં હોસ્પિટલના આસીસ્ટન્ટ મેનેજર પલ્લવ ભટ્ટની સહી છે જે સહી આ સાહેદ ઓળખી બતાવે છે.

સાહેદ નં.૪૦૦ હરીશ નટવરલાલ શાહને આંક–૨૩૦૬થી તપાસવામાં આવેલ છે. તેઓની જુબાની મુજબ તા.૨૬/૦૭/૨૦૦૮ ના રોજ એલ.જી. હોસ્પિટલમાં સીમેન કંપનીનું એકસ રે મશીન રીપેર કરવા ગયેલાં તેની પોતાની મારૂતિ ફ્રન્ટી જેનો નંબર GJ–01–HC–3656 લઈને ગયેલાં. આ મારૂતિ ફ્રન્ટીને હોસ્પિટલના કમ્પાઉન્ડના ગેટ નં.૦૨ પાસે આવેલ સ્ટાફ પાર્કિંગવાળી જગ્યાએ પાર્ક કરેલી ત્યારે સાંજના સાડા સાત, પોણા આઠ વાગ્યાએ એક પ્રચંડ ધડાકો થયેલો. જેથી હોસ્પિટલવાળુ મકાન ધ્રુજેલું. ત્યાં પડેલા વાહનો સળગતા જોયેલાં જેથી ભયભીત થઈને આ સાહેદ ઘરે જતા રહેલાં. બીજા દિવસે પાર્કિંગવાળા સ્થળે ગયા ત્યારે આ સાહેદની ગાડી તથા ત્યાં પડેલા વાહનો સળગી જવાના કારણે નુકસાન પામેલાં. સ્થળ ઉપર જઈને જોયેલ અને ગાડીને રૂા. સવા લાખનું નુકસાન થયેલાનું જણાવે છે.

સાહેદ નં.૩૯૭ દિપાલી વસંતકુમાર ભાટ્ટીયાને આંક–૨૩૦૩ થી તપાસવામાં આવેલ છે. તેઓની જુબાની મુજબ ઓગસ્ટ–૦૮ ના અરસામાં એલ.જી. હોસ્પિટલ ખાતે સ્ટાફ નર્સ તરીકે ફરજ બજાવતા હતાં. તા.૨૬/૦૭/૨૦૦૮ ના રોજ તેમની નોકરીનો સમય બપોરના બે વાગ્યાથી રાતના નવ વાગ્યા સુધીનો હતો. તે દિવસે આ સાહેદ તેમની મમ્મી ભારતીબહેનની માલિકીનું એકટીવા સ્કૂટર જેનો રજીસ્ટ્રેશન નં.GJ–09–R–9700 હતો તે લઈને ગયેલા હતાં. આ એકટીવા હોસ્પિટલના ગેટ નં.૨ પાસે સ્ટાફ પાર્કિંગની જગ્યાએ પાર્ક કરેલી હતી. તે દિવસે સાંજના સાતેક વાગ્યાના અરસામાં અમદાવાદ શહેરમાં ઠેર ઠેર બોમ્બ બ્લાસ્ટ થયેલા અને દર્દિઓને સારવાર માટે હોસ્પિટલમાં લાવવામાં આવતા હતા તે દરમ્યાન આશરે સાડા સાત વાગ્યાના સમયે ગેટ નં.૨ પાસે આવેલા સ્ટાફ પાર્કિંગવાળી જગ્યાએ એક મોટો ધડાકો થયેલો. તે ધડાકાને કારણે ત્યાં પડેલી મારૂતિ ફ્રન્ટી મોટરકાર સળગેલી જેથી આ સાહેદ બહાર આવેલા અને જોયુ તો ત્યાં પડેલા વાહનો સળગતા હતાં. આ સાહેદની એકટીવા પણ સળગીને નાશ પામેલી. રૂા.૩૫૦૦૦ (અંકે રૂા.પાંત્રીસ હજાર) સુધીનું નુકસાન થયેલાનું જણાવે છે.

સાહેદ નં.૭૩૬ દેવાંગભાઇ ભુરાભાઇ ગોરને આંક–૩૫૨૨ થી તપાસવામાં આવેલ છે. તેઓની જુબાની મુજબ એલ.જી.હોસ્પિટલના સામેના ભાગે નંદન મેડિકલ એન્ડ પ્રોવિઝન સ્ટોર્સ નામની દુકાન છે. તા.૨૬/૦૭/૨૦૦૮ના રોજ સાંજના સાડા સાત, પોણા આઠ વાગ્યાના સુમારે આ સાહેદ તેમની દુકાન ઉપર હાજર હતા ત્યારે એલ.જી.હોસ્પિટલના પાર્કિંગ પાસે એક મોટો જબરજસ્ત ધડાકો થયેલો. ધડાકાની તીવ્રતાના કારણે ત્યાં પડેલા વાહનો તથા શેડના પતરા દુર સુધી ફંગોળાયેલા. પાર્કિંગવાળા સ્થળે પડેલા વાહનોને ઘણુ નુકસાન થયેલાનું જણાવે છે.

સાહેદ નં.૭૨૩ દિલીપભાઇ ઇશ્વરભાઇ પરમારને આંક–૩૫૦૦થી તપાસવામાં આવેલ છે. તેઓની જુબાની મુજબ તા.૨૬/૦૭/૨૦૦૮ના રોજ તેમના ગેરેજ ઉપર હાજર હતા ત્યારે નજીકમાં આવેલ એલ.જી. હોસ્પિટલમાં

સાંજના પોણા આઠ વાગ્યાના અરસામાં ગેટ નં.૦૨ પાસે મોટો ધડાકો થયેલો અને તે સ્થળે પાર્ક થયેલા વાહનોને ઘણુ નુકસાન થયેલાનું જણાવે છે.

સાહેદ નં.૭૧૨ દિપક પ્રિયવદન દેસાઈને આંક–૩૪૭૮ થી તપાસવામાં આવેલ છે. તેઓની જુબાની મુજબ એલ.જી.હોસ્પિટલની સામેના ભાગે સને–૧૯૯૨ થી કુટુંબ સાથે રહે છે. તા.૨૬/૦૭/૨૦૦૮ ના રોજ પોતાના ઘરે સાંજના સાતેક હાજર હતા ત્યારે પોણા આઠ વાગ્યાના અરસામાં એલ.જી. હોસ્પિટલ તરફ એક મોટો ધડાકો થયેલો. આ ધડાકાની તીવ્રતાથી આ સાહેદના ફલેટને અસર થયેલી. જેથી હોસ્પિટલ તરફ જોતા આગની જવાળા જોવા મળેલી. હોસ્પિટલની પાર્કિંગવાળી જગ્યા, હોસ્પિટલનું મકાન તથા પાર્કિંગના સ્થળે આવેલ પતરાને નુકસાન થયેલું તેમ જણાવે છે.

સાહેદ નં.૭૧૫ જીગરભાઇ યશવંતભાઇ અંજારીયાને આંક–૩૪૮૮ થી તપાસવામાં આવેલ છે. તેઓની જુબાની મુજબ જુલાઇ–૨૦૦૮ના અરસામાં આ સાહેદ એલ.જી. હોસ્પિટલ, મણીનગર પાસે ઋષિકેશ એપાર્ટમેન્ટમાં રહેતા હતાં. તા.૨૬/૦૭/૨૦૦૮ના રોજ સાંજના સાડા સાત, પોણા આઠ વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતા ત્યારે એલ.જી.હોસ્પિટલના પાર્કિંગવાળા સ્થળે પ્રચંડ ધડાકો થયેલો. ત્યાં મુકેલા પતરા ફંગોળાયેલા, દિવાલને નુકસાન થયેલું અને ત્યાં પડેલી ગાડીને પણ નુકસાન થયેલાનું જણાવે છે.

સાહેદ નં.૭૨૧ ત્રિકમલાલ લક્ષ્મણભાઇ કોષ્ટીને આંક–૩૪૯૮ થી તપાસવામાં આવેલ છે. તેઓની જુબાની મુજબ આ સાહેદ તા.૨૬/૦૭/૨૦૦૮ ના રોજ સિકયોરીટી તરીકે મણીનગર, એલ.જી.હોસ્પિટલ ખાતે ફરજ ઉપર હતા તે દિવસે પાર્કિંગમાં વાહનો પાર્ક કરાવતા હતા. અમદાવાદ શહેરમાં બોમ્બ બ્લાસ્ટ થયેલા અને ઈજા પામનાર લોકોને હોસ્પિટલમાં સારવાર માટે લાવતા હતાં. માણસોની ખૂબ ભીડ હતી તે દરમ્યાન પોણા આઠ વાગ્યે એલ.જી.હોસ્પિટલના ગેટ નં.૦૨ પાસે એક જોરદાર ધડાકો થયેલો. આ ધડાકાને કારણે વાહનોના પતરા ઉડેલા. વાહનોને નુકસાન થયેલું. ઝાડ વગેરે સળગવા લાગેલું. વાહનો પણ સળગેલા. ત્યાં પડેલી મોટર કારને નુકસાન થયેલું તેમ જણાવે છે.

સાહેદ નં.૩૯૮ સોનલબેન વકશીભાઇ પાંડોરને આંક–૨૩૦૪ થી તપાસવામાં આવેલ છે. તેઓની જુબાની મુજબ જુલાઇ–૨૦૦૮ ના અરસામાં એલ.જી.હોસ્પિટલ ખાતે સ્ટાફ નર્સ તરીકે ફરજ બજાવતા હતાં અને નોકરી ઉપર આવવા–જવા માટે તેમના બહેનની માલિકીનું એકટીવા સ્કૂટર જેનો રજીસ્ટ્રેશન નં.GJ–01–FD–7782 નું તેઓ ઉપયોગ કરતા હતાં. તા.૨૬/૦૭/૨૦૦૮ના રોજ તેમની નોકરીનો સમય બપોરના બે વાગ્યાથી રાતના નવ વાગ્યા સુધીનો હતો. તે દિવસે તેમની એકટીવા સ્કૂટર હોસ્પિટલના ગેટ નં.૦૨ પાસે સ્ટાફ પાર્કિંગવાળી જગ્યાએ પાર્ક કરેલુ હતું. તે દિવસે અમદાવાદ શહેરમાં થયેલા બોમ્બ ધડાકાથી ઈજાગ્રસ્ત થયેલાને હોસ્પિટલમાં સારવાર માટે લાવતા હતાં ત્યારે આશરે સાંજના સાડા સાત વાગ્યે ગેટ નં.૦૨ પાસે આવેલ પાર્કિંગવાળા સ્થળે એક મોટો ધડાકો થયેલો. જેથી આ સાહેદ બહાર આવેલા અને જોયું તો ત્યાં પડેલી એક મારૂતિ ફ્રન્ટી સળગતી હતી. રોડને નુકસાન થયેલું જોયેલું. ચાર પૈડાવાળા તથા બે પૈડાવાળા વાહનોને નુકસાન થયેલું. આ સાહેદનું સ્કૂટર સળગીને નાશ પામેલાનું જણાવે છે.

સાહેદ નં.૪૧૦ રમેશભાઇ રામજીભાઇ ગોંડલીયાને આંક–૨૩૫૭થી તપાસવામાં આવેલ છે. તેઓની જુબાની મુજબ એલ.જી.હોસ્પિટલની સામે આ સાહેદની મેટ્રો હેર આર્ટ નામની દુકાન આવેલી છે. તા.૨૬/૦૭/૨૦૦૮ના રોજ સાંજના સમયે દુકાન ઉપર હાજર હતા ત્યારે હોસ્પિટલમાં પાર્કિંગવાળી જગ્યાએ એક જબરજસ્ત ધડાકો થયેલો જેથી આ સાહેદ દુકાનની બહાર આવીને જોયું તો હોસ્પિટલની પાર્કિંગવાળી જગ્યાએ આવેલ પતરાના શેડ હવામાં ફંગોળાયેલા અને વેરવિખેર થઇ ગયેલા હતાં. આ ધડાકાના કારણે આ સાહેદની દુકાનના કાચને પણ નુકસાન થયેલું. પાર્કિંગવાળી જગ્યાએ ધડાકાના કારણે આગ લાગેલી. ફાયર બ્રિગેડના માણસોએ આગ બુજાવવાની કામગીરી કરેલી. પાર્કિંગમાં પડેલા વાહનોને ઘણું નુકસાન થયેલાનું જણાવે છે.

સાહેદ નં.૪૧૧ અશ્વિનકુમાર લક્ષ્મણભાઇ ચૌહાણને આંક–૨૩૫૮થી તપાસવામાં આવેલ છે. તેઓની જુબાની મુજબ એલ.જી.હોસ્પિટલની

સામે આવેલ મેટ્રો હેર આર્ટ દુકાનમાં આ સાહેદ કામ કરતા હતાં. તા.૨૬/૦૭/૨૦૦૮ ના રોજ આ સાહેદ દુકાન ઉપર આવેલા અને કામકાજ કરતા હતા તે દિવસે સાંજના આશરે સાડા સાત વાગ્યાના અરસામાં એલ.જી.હોસ્પિટલની અંદરના ભાગે પતરાના શેડવાળી પાર્કિંગની જગ્યાએ ખૂબ મોટો ધડાકો થયેલાનો અવાજ સાંભળેલો. જેથી આ સાહેદે બહાર આવીને જોયુ તો પાર્કિંગના શેડના પતરા નીકળી ગયા હતાં. ધડાકાના કારણે ધ્રુજારી પણ થયેલી. આ સાહેદની દુકાનના કાચ તથા એલ્યુમિનિયમની ફ્રેમ વગેરેને નુકસાન થયેલું. પાર્કિંગમાં પડેલા વાહનોને પણ નુકસાન થયેલાનું જણાવે છે.

સાહેદ નં.૪૧૫ મુસ્તુફામીયાં હુસેનમીયાં મલેકને આંક–૨૩૬૨ થી તપાસવામાં આવેલ છે. તેઓની જુબાની મુજબ જુલાઇ–૨૦૦૮ના વર્ષમાં આ સાહેદ મણીનગર ફાયર સ્ટેશનમાં ફાયર મેન તરીકે નોકરી કરતા હતાં. તા.૨૬/૦૭/૨૦૦૮ ના રોજ સાંજના ૧૯:૫૨ કલાકે મેસેજ મળેલો કે એલ.જી. હોસ્પિટલની સામે વાહનોમાં આગ લાગેલી છે. જેથી આ સાહેદ સ્થળ ઉપર ગયેલા અને ત્યાં જઇને જોયું તો એક ફોર વ્હિલર ગાડીમાં આગ લાગેલી હતી. આ સાહેદ સ્ટાફના માણસો સાથે ત્યાં ગયેલાં. આગ બુજાવવાની કામગીરી કરેલી. હોસ્પિટલના કમ્પાઉન્ડમાં પહોંચ્યા ત્યારે એક ગાડીમાં બ્લાસ્ટ થયેલો હતો. મશીનના બે ભાગ ઉડી ગયેલા હતાં. ગાડીની ગેસ કિટ પણ દિવાલ પાસે પડેલી હતી. પાછળની ડેકીનો એક ભાગ કમ્પાઉન્ડમાં પડેલો હતો. ત્યાં લાગેલી આગ ઓલવી નાંખેલી. ગેસ કિટ પડેલી હતી ત્યાં એક મોપેડ બળેલું પડેલું હતું. એલ.જી. હોસ્પિટલની બારીના કાચ તુટી ગયેલા હતાં. શેડના પતરા ઉડી ગયેલા હતાં. ઝાડની અમુક ડાળ બળી ગયેલી હોવાનું જણાવે છે.

સાહેદ નં.૭૨૫ કમલેશ રામકિશન કોષ્ટીને આંક–૩૫૦૨ થી તપાસવામાં આવેલ છે. તેઓની જુબાની મુજબ તા.૨૬/૦૭/૨૦૦૮ ના રોજ સાંજના ચારેક વાગ્યે એલ.જી.હોસ્પિટલ ખાતે આવેલાં. મેડીકલ સ્ટોર ઉપર આ સાહેદ નોકરી ઉપર આવેલા તે દરમ્યાન સાંજના પોણા સાત, સાત વાગ્યાના અરસામાં અમદાવાદમાં થયેલા બોમ્બ બ્લાસ્ટમાં ઇજા પામનારાઓને

એમ્બ્યુલન્સમાં લાવવામાં આવતા હતાં. ત્યાં ઘણી ભીડ એકઠી થયેલી. રાતના પોણા આઠ વાગ્યાના સમયે દવાની દુકાનેથી આશરે ૮૦ મીટરના અંતરે હોસ્પિટલના કમ્પાઉન્ડમાં ગેટ નં.૨ પાસે પાર્કિંગમાં જોરદાર બ્લાસ્ટ થયેલો જેથી આ સાહેદના કાનમાં બહેરાશ આવી ગયેલી. ફાયર બ્રિગેડના માણસો આવી ગયેલા, જગ્યાને કોર્ડન કરેલ, ગાડીની ગેસ કિટની ટાંકી બ્લાસ્ટથી ઉછળીને હોસ્પિટલની બિલ્ડિંગ આવેલી છે તેની પાસે પડેલી. એક મોપેડ સળગતુ હતું. ઝાડ પણ સળગતુ હતું તથા બીજા વાહનો, ગાડી પણ સળગતા હતાં તેમ જણાવે છે.

આ તમામ સાહેદોની બચાવપક્ષ તરફથી ઊલટતપાસ કરવામાં આવેલી છે. પરંતુ એલ.જી.હોસ્પિટલના કમ્પાઉન્ડમાં પાર્કિંગવાળી જગ્યા ઉપર બોમ્બ બ્લાસ્ટ થયેલો નથી અને તે બોમ્બ બ્લાસ્ટમાં વાહનોને નુકસાન થયેલું નથી તેવી કોઇ હકીકત નીકળી આવતી નથી. આ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં તા. ૨૬/૦૭/૨૦૦૮ ના રોજ એલ.જી.હોસ્પિટલ મણીનગરના કમ્પાઉન્ડમાં પાર્કિંગ વાળી જગ્યાએ ખૂબ જ મોટો પ્રચંડ બોમ્બ બ્લાસ્ટ સાંજના પોણા આઠ, આઠ વાગ્યાએ થયેલો અને તે બ્લાસ્ટથી ચાર પૈડાવાળા તથા બે પૈડાવાળા વાહનોને નુકસાન થયેલો છે. હોસ્પિટલની ઈમારત તથા પતરાના શેડને પણ નુકસાન થયેલું છે. નજીકમાં આવેલ મેટ્રો હેર આર્ટ નામની દુકાનના કાચ તથા ફ્રેમને નુકસાન થયેલાની હકિકત માલુમ પડે છે.

ઉપરોકત તમામ પુરાવા ધ્યાને લેતા તા.૨૬/૦૭/૨૦૦૮ના રોજ અમદાવાદ શહેરમાં જુદી–જુદી જગ્યાઓ ઉપર થયેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં જાહેર તેમજ ખાનગી મિલકતને ઘણુ નુકસાન થયેલું છે. એ.એમ.ટી. એસ.તથા બે પૈડાવાળા અને ચાર પૈડાવાળા ખાનગી વાહનોને પણ ઘણુ નુકસાન થયેલું છે. મુંગા પશુઓ જેવા કે બળદ, ગાય, કુતરૂ પણ મરણ પામેલ છે તે હકીકત ઉપરોકત પુરાવાથી સાબિત થાય છે.

(૮૧) પુરાવાના કાયદાની કલમ–૨૭ તથા કલમ–૮ મુજબના પંચનામાઓ વિશે...

અમદાવાદના શહેરના બોમ્બ બ્લાસ્ટના બનાવોની કુલ–૨૦ ફરિયાદો નોંધાયેલી તે તથા સુરત શહેરના બોમ્બ પ્લાન્ટેશનના બનાવોની કુલ–૧૫ ફરિયાદો નોંધાયેલી તે તમામ ફરિયાદોની શરૂઆતની તપાસો કયા પોલીસ અધિકારીએ કરી, ત્યારબાદ આ બનાવોની તપાસ કઇ એજન્સીને સોંપવામાં આવી ત્યારે આ બનાવોની ફરિયાદોના કામે અનલોફૂલ એકટીવીટીઝ (પ્રિવેન્શન) એકટની કલમોનો ઉમેરો થતા આ બનાવોની તપાસ મદદનીશ પોલીસ અધીક્ષક કક્ષાના અધિકારીઓને સોંપવામાં આવેલી અને તેમણે આ બનાવોની તપાસો કરીને આરોપીઓને અટક કરેલાં અને ત્યારબાદ આ ચુકાદાના શીર્ષકમાં જણાવેલા આરોપીઓ સામે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ સમક્ષ કાયદાથી નિયત થયેલા સમયમાં ચાર્જશીટ દાખલ કરેલા હતાં. તપાસો અંગેના પોલીસ અધીક્ષક, ક્રાઇમ બ્રાન્ચ દ્વારા જે હુકમો થયેલા તે અંગેની વિગતવાર ચર્ચા આ ચુકાદાના પેરા નં.૪ થી ૭ માં કરેલી છે. અમદાવાદ બોમ્બ બ્લાસ્ટના બનાવોની કુલ–૨૦ ફરિયાદો નોંધાયેલી તે ફરિયાદોની તપાસ કરવા માટે મદદનીશ પોલીસ કમિશનર મયુર ચાવડા, આર.વી.અસારી, વી.આર. ટોળિયા તથા સુ.શ્રી ઉષા રાડાનાઓની નિમણૂક થયેલી અને તેમણે આ બનાવોની તપાસો કરેલી. જયારે સુરત ખાતેના બોમ્બ પ્લાન્ટેશનના બનાવોની કુલ–૧૫ ફરિયાદો નોંધાયેલી તે ફરિયાદોની તપાસ કરવા માટે પોલીસ કમિશનરશ્રી, સુરત દ્વારા મદદનીશ પોલીસ કમિશનરશ્રી જે.એસ. ખેર તથા એન.બી. પરમારનાઓની નિમણૂક થયેલી અને તેઓએ બનાવોની તપાસો કરેલી. ઉપરોકત તપાસ કરનાર અધિકારીઓએ પોતાની તપાસો દરમ્યાન કુલ–૮૦ આરોપીઓની અલગ–અલગ દિવસોએ અલગ–અલગ સ્થળોએથી ધરપકડ કરેલી. કયા તપાસ કરનાર અધિકારીએ કયા આરોપીની, કયા ગુનામાં, કઇ તારીખે અને કેવી રીતે ધરપકડ કરેલી તેની વિગતવાર ચર્ચા આ ચુકાદાના પેરા નં.૮માં કરેલી. આ તપાસ કરનાર અધિકારીઓએ પોતાની તપાસો દરમ્યાન

જુદા–જુદા ગુનાઓના કામે આરોપીઓની ધરપકડ કર્યા બાદ આરોપીઓએ આપેલી માહિતી પ્રમાણે પુરાવાના કાયદાની કલમ–૨૭ હેઠળના પંચનામાઓ પંચોની હાજરીમાં બનાવવામાં આવેલાં અન્ય પંચનામાઓ પણ બનાવવામાં આવેલાં છે. જેનું વિગતવાર કોષ્ટક નીચે મુજબની વિગતે છે. <u>ભારતીય પુરાવાના કાયદાની કલમ–૨૭</u> મુજબના પંચનામાની વિગતો નીચે મુજબ છે.

અ. નં.	**પુરાવાના કાયદાની કલમ–૨૭નું પંચનામું તથા પંચનામાની વિગત**	**પંચનામાની વિગત આપનાર આરોપી**	**પંચ/સાહેદ નંબર <u>તથા નામ</u> આંક**	**પંચનામું કરનાર અધિકારીનો સાહેદ નંબર <u>તથા</u> નામ**
૧	<u>આંક–૫૪૯૨</u> દાણીલીમડા– નાગોરી કોમ્પ્લેક્ષની એક દુકાન બતાવી દુકાનમાંથી સફેદ કાપડ, છરા વિગેર કબજે કર્યાં.	૦૧	૮૧૮–મનીષ <u>અરવિંદ બારોટ</u> ૫૪૯૧	<u>વી.આર. ટોળીયા</u> મરણ ગયેલ છે.
૨	<u>આંક–૫૫૧૭</u> પાલડી ખાતે આઇનેટ સાયબર કાફેમાંથી ઇ–મેઇલ કરેલા ત્યાંથી કમ્પ્યુટરની હાર્ડડિસ્ક કબજે કરી.	૦૧	૮૨૦–વિક્રમ <u>મણાજી સોલંકી</u> ૫૫૧૬	<u>૧૦૭૦</u> વિનય શુકલ
૩	<u>આંક–૬૪૮૦</u> પાવાગઢ ખાતે હેલીકૈલ વાવ પાસે જંગલમાં જગ્યા બતાવી ત્યાંથી છરા, કુટેલા કુગ્ગા વિગેરે કબજે કર્યાં તથા ખુંદપીર દરગાહ, એક મિનાર મસ્જિદવાળી જગ્યા બતાવી.	૦૧	૯૦૪–દિપકકુમાર જીવનલાલ <u>દલવાડી</u> ૬૪૭૯	<u>વી.આર. ટોળીયા</u> મરણ ગયેલ છે.
૪	<u>આંક–૬૬૫૬</u> દાણીલીમડા– અલમહમદી સોસાયટી મકાન નં.૧૦ બતાવ્યું. મકાનમાંથી	૦૧	૯૫૩–બળદેવ કસ્તુર <u>પ્રજાપતિ</u>	<u>૧૧૫૪</u> ઉષા રાડા

	કાતર, ટેપ, ડોલચુ, તુટેલી સીડી વિગેરે કબજે કર્યું.		૬૬૫૬	
૫	<u>આંક–૭૦૫૩</u> વિશાલા સર્કલ ભૂજ થી અમદાવાદ, વડોદરા મેમણ કોલોની ચાર રસ્તા તથા પાવાગઢ ખાતે ખુંદપીર દરગાહ, હેલીકૈલ વાવ, સકરખાન દરગાહ, ફોરેસ્ટ ચોકીવાળી જગ્યા, મોટા તળાવવાળી જગ્યા બતાવી	૧૬	૧૦૩૯– લક્ષ્મણ <u>પોપટ ભરવાડ</u> ૭૦૫૨	<u>૧૧૬૩</u> મયુર ચાવડા
૬	<u>આંક–૬૨૭૮</u> વડોદરા, તાઇવાડામાં મકાનમાંથી પ્લાસ્ટિકના બોકસમાંથી ડ્રેસીંગનો સામાન	૦૨	૮૭૭– પ્રવિણ ઇશ્વર <u>રાજપુત</u> ૬૨૭૭	<u>૧૦૭૦</u> વિનય શુકલ
૭	<u>આંક–૬૩૧૧</u> ગોમતિપુર શીત્તલ સિનેમાના મુખ્ય દરવાજા બહારની જગ્યા, ઠકકરનગર ચાર રસ્તા પાસે આવેલ કૂળદેવી ચાની કિટલીવાળી જગ્યા, એ.એમ.ટી.એસ. બસમાં બોમ્બ મુકી બસમાંથી જે જગ્યાએ ઉતરેલો તે રખિયાલ ચાર રસ્તાની આગળ મસ્જિદવાળી જગ્યા બતાવી.	૦૩ ૩૭	૮૩૩– કુંવરજી મેરુજી <u>ઠાકોર</u> ૬૩૧૦	<u>૧૧૫૩</u> આર.વી. અસારી
૮	<u>આંક–૫૪૫૨</u> જુહાપુરા સરીફાબાદ સોસાયટીમાં યાકુબ મેમણનું મકાન નં.બી/૦૯ બતાવ્યું જયાં મીટીંગ કરેલી.	૦૪	૮૦૯– નસરૂદ્દિન <u>ઈસ્માઈલ શેખ</u> ૫૪૫૧	<u>૧૦૭૦</u> વિનય શુકલ
૯	<u>આંક–૬૩૭૦</u> બાવામાનપુરા દરગાહ પાસે			

	આવેલ કાકાનું ઘર બતાવ્યું તથા રામપુરી ચપ્પુ, એરગન, દેશી પિસ્તોલ, જેહાદી સીડીઓ, પાઇપ બોમ્બ, કુગ્ગાની થેલીઓ કબજે કરી.	૦૭	૮૯૫– પ્રકાશ મનોહર તોલાણી ૬૩૬૯	૧૧૬૩ મયુર ચાવડા
૧૦	આંક–૬૨૯૦ આરોપી મહમદ ઉસ્માન અગરબત્તીવાલાએ ઘર બતાવ્યુ તથા ઘરની જડતી દરમ્યાન પેન ડ્રાઇવ, હાર્ડડિસ્ક, લેપટોપ કબજે કર્યાં.	૦૭	૮૭૯–કમલેશ સુરેશ ગોહિલ ૬૨૮૯	૧૦૭૭ એ.એફ. સીંધી
૧૧	આંક–૫૪૮૮ અજીતમીલ રો હાઉસ સી/ ૧૩૪ નંબરનું મકાન બતાવ્યું. ઘરમાંથી બે પુસ્તકો, સેલોટેપ, વાયરના ટુકડા વિગેરે કબજે કર્યાં.	૦૮	૮૧૭– ચિરાગ ગોવિંદ વરસદા ૫૪૮૭	વી.આર. ટોળીયા મરણ ગયેલ છે.
૧૨	આંક–૨૮૨૨ રેલવે સ્ટેશન સામે પુજા લગેજ નામની દુકાન આગળ મુકેલ કોઇન બોકસવાળી જગ્યા, કોહિનુર પાન કોલ્ડ્રીંકસવાળી જગ્યા વિગેરે બતાવી.	૧૪	૪૬૧– અંકિત હર્ષદભાઇ ભટ્ટ ૨૮૨૧	૧૧૫૫ એન.બી. પરમાર
૧૩	આંક–૬૨૮૩ વડોદરા પાણીગેટ ખાતે આવેલ અકમલ એપાર્ટમેન્ટના ત્રીજા માળે ફલેટ બતાવ્યો જેમાંથી ૮–૧૦ પડીકા કબજે કર્યા	૧૪	૮૭૮– યોગેશ બિપીનચંદ્ર કાયસ્થ ૬૨૮૨	વી.આર. ટોળીયા મરણ ગયેલ છે.
૧૪	આંક–૬૫૪૦ ભરૂચ શેરપુરાખાતે મકાન બતાવ્યું જેમાંથી ટેપનો	૧૪	૯૧૭– પિંકેશભાઇ નગીનભાઇ	૧૧૬૩ મયુર ચાવડા

	ટુકડો, બુક, પ્લાસ્ટિકના ટુકડા કબજે કર્યા.		દેસાઇ ૬૫૩૯	
૧૫	આંક–૬૪૩૪ વટવા ખાતે ઉમરાવનગર સોસાયટીમાં મકાન નં.૦૩ બતાવેલું. જેમાંથી અંગ્રેજી પેપર, વાયરના ટુકડા, બોલ્ટ, છરા વિગેરે કબજે કર્યા.	૧૫ ૩૭	૮૯૮– બિપીન છોટાલાલ ૬૪૩૩	૧૧૬૩ મયુર ચાવડા
૧૬	આંક–૭૯૪૬ રીવર વ્યુ સોસાયટી ડી/૩૪વાળુ મકાન બતાવ્યું.	૪૩ ૪૪	૧૧૧૦–જિગ્નેશ હિંમતલાલ શાહ ૭૯૪૫	૧૧૫૫ એન.બી. પરમાર
૧૭	આંક–૫૪૫૮ નરોડા ભાગોળ પરમશકિત ટી–સ્ટોલ પાસે બોમ્બવાળી સાઇકલ મુકેલી તે જગ્યા બતાવી.	૨૩	૮૧૦– આશીષ કૌશિક પટેલ ૫૪૫૭	વી.આર. ટોળીયા મરણ ગયેલ છે.
૧૮	આંક–૫૪૭૦ અજીતમીલ ચાર રસ્તા, નરોડા ભાગોળ, નરોડા બસ સ્ટેન્ડ, સૈજપુર બોઘાવાળી જગ્યાઓ બતાવી	૨૩ ૨૭	૮૧૨– દક્ષેશ ભાનુપ્રસાદ રાવલ ૫૪૬૯	વી.આર. ટોળીયા મરણ ગયેલ છે.
૧૯	આંક–૫૪૮૫ અલઅમન એપાર્ટમેન્ટના પહેલા માળે મકાન બતાવ્યું જેમાંથી પંખો કબજે કર્યો.	૨૭ ૩૭ ૫૨	૮૧૬– અતુલ કિશોર શેઠ ૫૪૮૪	૧૧૬૩ મયુર ચાવડા
૨૦	આંક–૫૫૩૪ રાજપુર ટોલનાકા AMTS પાસે જનતા સાઇકલ રીપેરીંગ વર્કસવાળી દુકાન જયાંથી રજીસ્ટર કબજે કર્યું તે તથા સિવિલ હોસ્પિટલ ટ્રોમા સેન્ટર ખાતેની બતાવી.	૨૭ ૩૭	૮૨૨– જીજ્ઞેશ મહેશ પંચાલ ૫૫૨૬	વી.આર. ટોળીયા મરણ ગયેલ છે.

૨૧	<u>આંક–૫૫૪૫</u> અલઅમન ફ્લેટ, ગોમતીપુર ખાતે પોતાનુ ઘર બતાવ્યું જેમાંથી સાધનસામગ્રી તથા સાઇકલ કબજે કરી.	૨૭ ૩૭	૮૨૪– સંજય શ્યામભાઇ <u>ઘામેચા</u> ૫૫૪૪	વી.આર. <u>ટોળીયા</u> મરણ ગયેલ છે.
૨૨	<u>આંક–૫૫૫૬</u> ચંડોળા તળાવ બેરલ માર્કેટ પાસેની જગ્યા જયાંથી મારૂતિ–૮૦૦માં બેઠેલો તે જગ્યા તથા એલ.જી. હોસ્પિટલના પાર્કિંગવાળી જગ્યા બતાવેલી.	૨૭ તથા મુજીબ	૮૨૭– બાબુ નાગર <u>મકવાણા</u> ૫૫૫૫	<u>૧૧૬૩</u> મયુર ચાવડા
૨૩	<u>આંક–૫૬૨૨</u> અલઅહમદી સોસાયટીવાળું મકાન, સલીમ પેઇન્ટરની દિવાલવાળી જગ્યા, રાજેશ ટેઇલરની દુકાનવાળી જગ્યા, ડાયમંડ પાન પાર્લરવાળી જગ્યા, કામદાર મેદાન પાસેની જગ્યા, પાંચ કુવા જયાંથી સાઇકલ ખરીદેલી તે જગ્યાઓ	૨૭ ૨૩	૮૩૩– ઉર્મીત ભરત <u>કાયસ્થ</u> ૫૬૨૧	વી.આર. <u>ટોળીયા</u> મરણ ગયેલ છે.
૨૪	<u>આંક–૬૦૫૧</u> ચંડોળા તળાવ, અલમહમદી સોસાયટી નં.૧૦, ગોખલે પાન હાઉસ, દવાની દુકાન, શ્રી રામ ચા ઘર, મિલન કિરાણા સ્ટોર પાસે શાકભાજીની લારીઓ વાળી જગ્યા તથા સારંગપુર ચકલા પાસે દૂર્ગા ચપલવાળી જગ્યા કે જયાં બોમ્બવાળી સાઇકલો મુકેલી તે જગ્યાઓ	૨૭	૮૬૫– કનુ ભીખાજી <u>ઠાકોર</u> ૬૦૫૦	<u>૧૧૬૩</u> મયુર ચાવડા

૨૫	<u>આંક–૬૦૬૪</u> જુહાપૂરા વિસ્તારના અફસરા સાઇકલ, સ્ટાર સાઇકલ, એમ.આર. સાઇકલ, યુનાઇટેડ સાઇકલવાળી દુકાન, ચંડોળા તળાવના રોડ પર આવેલ પેટ્રોલપંપ પાસેની દુકાનો કે જયાંથી સાઇકલો ખરીદેલી તે જુદી–જુદી દુકાનોવાળી જગ્યાઓ બતાવી	૨૭	૮૬૭– રાજુ વિઠ્ઠલ <u>ભરવાડ</u> ૬૦૬૩	<u>૧૧૬૩</u> મયુર ચાવડા
૨૬	<u>આંક–૬૦૬૮</u> સારંગપુર સર્કલ પાસે જયાંથી સાઇકલો લીધેલી તે જગ્યા તથા ગોમતીપુર સુથારવાડા ચાલીવાળુ મકાનવાળી જગ્યાઓ બતાવી.	૨૭	૮૬૮– રાકેશ કાન્તી <u>પંચાલ</u> ૬૦૬૭	<u>૧૧૬૩</u> મયુર ચાવડા
૨૭	<u>આંક–૬૪૩૮</u> આરોપીએ સિવીલ હોસ્પિટલ ટ્રોમા સેન્ટરવાળી જગ્યા બતાવી.	૨૮	૮૯૯– શેરસિંહ <u>ખુશાલસિંહ</u> ૬૪૩૭	વી.આર. <u>ટોળીયા</u> મરણ ગયેલ છે.
૨૮	<u>આંક–૬૭૪૨</u> ભાગળ તળાવ, સુરત ખાતે આજવા સ્વીટ દુકાનવાળી જગ્યા જયાંથી STD ઉપર ફોન કરેલ તે જગ્યા.	૨૯ ૩૦ ૩૧ ૬૩	૯૬૦– અબ્બાસ ઇસ્માઇલ <u>મુલતાણી</u> <u>૬૭૪૧</u>	<u>૧૧૧૯</u> કે.એન.પટેલ
૨૯	<u>આંક–૬૪૭૭</u> અનસીકયોર્ડ વાઇ–ફાઇ હેક કરી કમ્પ્યુટર ઉપર ઇન્ડિયન મુજાહિદ્દિનના નામે મેઇલ કરેલા તે કરી બતાવ્યું તે ગુરુદ્વારા વિશાલ મેગા માર્ટ અદ્વૈત કોમ્પલેક્ષવાળી જગ્યા.	૩૩	૯૦૩– ધવલ <u>નિરંજન શાહ</u> <u>૬૪૭૫</u>	વી.આર. <u>ટોળીયા</u> મરણ ગયેલ છે.
૩૦	<u>આંક–૬૪૭૬</u>	૩૪	૯૦૩– ધવલ	વી.આર.

	બોમ્બે સનપાડા ખાલસા વિસ્તારમાં મેઇલ કરેલા તે ID નાખી ડેમો કરેલો.		<u>નિરંજન શાહ</u> ૬૪૭૫	<u>ટોળીયા</u> મરણ ગયેલ છે.
૩૧	<u>આંક–૬૪૪૩</u> ખુંદપીરની દરગાહ, એકમિનાર મસ્જિદ, આંતકવાદી તાલીમ લીધેલી તે જંગલવાળી જગ્યા, ખીણ અને હેલીકૈલ વાવવાળી જગ્યાઓ બતાવ્યાનું પંચનામું	૩૫	૯૦૦– હિમેશ <u>પ્રવિણચંદ મહેતા</u> ૬૪૪૨	<u>૧૦૮૯</u> પી.જી. વાઘેલા
૩૨	<u>આંક–૬૦૨૪</u> ચંડોળા તળાવ પાસે આવેલ અલમહમદી સોસાયટીવાળુ મકાન, સારંગપુર પુલ પાસેની દુકાન તથા રાયપુર ચકલાવાળી જગ્યા કે જયાં બોમ્બવાળી સાઇકલો જુદી– જુદી જગ્યાએ મુકેલી તે જગ્યાઓ બતાવી.	૩૬ ૨૭	૮૬૦–જગતસિંહ જવાનસિંહ <u>રાજપુત</u> ૬૦૨૩	<u>૧૧૫૪</u> ઉષા રાડા
૩૩	<u>આંક–૬૦૬૨</u> ચંડોળા તળાવ અલમહમદી સોસાયટીવાળુ મકાન, ગીતામંદીરવાળી જગ્યા, શ્રી રામ ચા ઘર, ગોખલે પાન વાળી જગ્યા, સારંગપુર દરવાજાવાળી જગ્યા અને દૂર્ગા કૂટવેરની દુકાન કે જયાં બોમ્બવાળી સાઇકલો મુકેલી તે જગ્યાઓ બતાવી.	૩૬	૮૬૬–રમેશભાઇ ગબ્બુભાઇ_ <u>શાહ</u> ૬૦૬૧	<u>૧૧૫૪</u> ઉષા રાડા
૩૪	<u>આંક–૫૫૨૪</u> બાપુનગર સ્ટેડીયમ પાસે આવેલ પોતાનું ઘર બતાવ્યું.ઘરમાંથી બોમ્બ બનાવવાની રીતના ઉર્દૂમાં	૨૫	૮૨૧–ભીખાભાઇ શીવાભાઇ <u>ગઢવી</u> ૫૫૨૩	<u>૧૧૬૩</u> મયુર ચાવડા

	લખેલા કાગળો મળ્યા તે કબજે કર્યાં.			
૩૫	<u>આંક–૫૬૨૮</u> દાણીલીમડા અલમહમદી સોસાયટીવાળુ મકાન, કામદાર મેદાન પાસેની જગ્યા, સારંગપુર દરવાજા, સિંધી માર્કેટ પાસે આવેલ જનતા પાન હાઉસવાળી જગ્યા	૩૭ ૨૭	૮૩૪–મહેન્દ્ર બાબુભાઇ <u>રાવળ</u> ૫૬૨૭	<u>૧૧૫૩</u> આર.વી. અસારી
૩૬	<u>આંક–૬૦૭૫</u> ગુજરાત ટુલ્સ નામની દુકાન, દેસાઇ એન્ડ કંપની ગાંધી રોડ ઉપર આવેલી દુકાન, એસ.કે. ઇલેક્ટ્રીકલ મોહન ઇલેકટ્રોનીકસ, જે.કે. કેનવાસ, અરીહંત પ્લાસ્ટીક, મોર્ડન એન્ટરપ્રાઇઝ, સલમાન મોબાઇલ વાળી દુકાન કે જયાંથી કાતર, બેટરી, બલ્બ, કેનવાસ, ગાડીનું કવર, પ્લાસ્ટિકના ટુકડા, બેગો, મોબાઇલ વિગેરે જે જે જગ્યાએથી ખરીદેલા તે દુકાનો બતાવી.	૩૭	૮૭૦–વિશાંક બળવંતભાઇ <u>પટેલ</u> ૬૦૭૪	વી.આર. <u>ટોળીયા</u> મરણ ગયેલ છે.
૩૭	<u>આંક–૬૦૮૩</u> અલમહમદી મકાન નં.૧૦, નિલમ ઇલેકટ્રીક નામની દુકાન, તક્ષશિલા ગાર્ડન સ્ટુડીયો, ઉમરાવ નગર મકાન નં.૩, ધરતી બેલ્ટ હાઉસ, એવરગ્રીન બેલ્ટ હાઉસ, જય અંબે ઇલેકટ્રોનીકસ નામની દુકાન, રોયલ ગેસ, ઓ.કે. સિલેકશન તથા રાજધાની ઇલેકટ્રોનીકસ નામની	૧૫ ૩૭	૮૭૨–કર્ણાવ <u>હિંમત પટેલ</u> ૬૦૮૨	વી.આર. <u>ટોળીયા</u> મરણ ગયેલ છે.

	દુકાન કે જયાંથી બેરલ, સીમકાર્ડ, ટેબલ ફેન, નોકીયા ફોન ખરીદેલ તે વિગેરે જગ્યાઓ બતાવેલી.			
૩૮	<u>આંક–૬૩૫૩</u> ગાંધીનગર ખાતે સેકટર–૫ માં આવેલ પોતાના સસરાનું ઘર બતાવ્યું તથા ઘરમાંથી ડાયરી, બીલ, લાયસન્સ કબજે કર્યા.	૩૭	૮૯૩–જીતેન્દ્ર <u>બાબુલાલ વ્યાસ</u> ૬૩૫૨	<u>૧૧૬૩</u> મયુર ચાવડા
૩૯	<u>આંક–૫૭૯૪</u> કાલુપુર સ્ટેશનના પ્રવેશ ગેટ પાસે એન્ટ્રીવાળી જગ્યા, ગીતા મંદીર ચાર રસ્તાવાળી જગ્યા તથા દાણીલીમડા અલમહમદી સોસાયટીવાળુ મકાન બતાવેલું.	૩૭ ૩૮	૮૪૨–હરીશ <u>મહાદેવ પુરસાની</u> ૫૭૯૩	<u>૧૧૬૩</u> મયુર ચાવડા
૪૦	<u>આંક–૬૦૮૭</u> અજિતમીલ ચાર રસ્તા થાંભલા પાસેની જગ્યા, બાગે ફિરદોશ પોલીસ લાઇન વિભાગ–૨ની સામેની જગ્યા, હાટકેશ્વર સર્કલ પાસેની બસ સ્ટેન્ડવાળી જગ્યા, આશાપુરા ટ્રાવેલ્સ શાકમાર્કેટવાળી જગ્યા કે જયાં સાઇકલો લીધી તે બોમ્બવાળી સાઇકલો મુકી તે હાટકેશ્વર સર્કલ બસ સ્ટેન્ડવાળી જગ્યાઓ બતાવી.	૩૮	૮૭૩–શૈલેષ <u>પ્રભુદાસ ડાભી</u> ૬૦૮૬	<u>૧૧૬૩</u> મયુર ચાવડા
૪૧	<u>આંક–૬૩૧૮</u> મણીનગર સ્વામિનારાયણ મંદિર પાસે શિવાની એવન્યુવાળી જગ્યા	૩૯	૮૮૫–નરેન્દ્રદાસ <u>બેચરભાઇ કહાર</u> ૬૩૧૭	<u>૧૧૬૩</u> મયુર ચાવડા

	બતાવી.			
૪૨	<u>આંક–૬૪૨૨</u> મણીનગર રેલ્વે સ્ટેશન પાસે આવેલ રૂપ કોમ્પ્લેક્ષવાળી જગ્યા જયાંથી સાઇકલ મેળવી, મહાલક્ષ્મી માર્કેટવાળી જગ્યા પાસે બોમ્બવાળી સાઇકલ મુકેલી તે જગ્યા બતાવેલી.	૪૨	૮૯૬–દુર્ગેશ <u>કનુભાઇ પટેલ</u> ૬૪૨૧	<u>૧૧૬૩</u> મયુર ચાવડા
૪૩	<u>આંક–૭૯૩૯</u> સુરત કતારગામમાં અનાથાશ્રમ પાસે પેટ્રોલપંપ ઉપરથી પેટ્રોલ લીધેલ તે જગ્યા, દિલ્હી ગેટ પોલીસ ચોકીની સામે આવેલી દુકાન બતાવી.	૪૩	૧૧૦૮–અભિષેક <u>રૂષીકેશ શુકલ</u> ૭૯૩૮	<u>૧૧૨૦</u> એસ.જે. તીરમીજી
૪૪	<u>આંક–૭૦૪૬</u> રીવરવ્યુ સોસાયટીમાં આવેલ ડી/૩૪વાળુ મકાન બતાવેલું.	૪૩ ૪૪	૧૧૧૦–જીગ્નેશ <u>હિંમત શાહ</u> ૭૯૪૫	<u>૧૧૫૫</u> એન.બી. પરમાર
૪૫	<u>આંક–૬૫૦૨</u> વનાઝપંપ ઉપરથી LPG ભરાવેલ તે જગ્યા બતાવી.	૪૫	૯૦૯–બ્રિજેશ <u>ભુપેન્દ્ર દુધવાલા</u> ૬૫૦૦	<u>૧૧૫૫</u> એન.બી. પરમાર
૪૬	<u>આંક–૬૫૦૪</u> સૈયદપુરા પંપીંગ સ્ટેશન માસ્ટર હાઉસવાળું ત્રીજામાળનું મકાન બતાવેલું.	૪૫	૯૧૮–અમર <u>સુરેશસિંહ રાજપુત</u> ૬૫૪૩	<u>૧૧૫૫</u> એન.બી. પરમાર
૪૭	<u>આંક–૬૮૧૬</u> ભરૂચ શેરપુરાવાળુ મકાન તથા લુકમાન પાર્ક મકાન નં.૩૩ બતાવ્યું.	૪૫	૯૭૫–રીઝવાન <u>યાસીન શેખ</u> ૬૮૧૫	<u>૧૧૬૩</u> મયુર ચાવડા
૪૮	<u>આંક–૬૮૫૭</u> સાધુ વાસવાની સર્કલ પાસે આવેલ નીતા ટ્રાવેલ્સવાળી	૪૫	૯૮૬–અકબર સદરૂદ્દિન <u>સોરઠીયા</u>	<u>૧૧૫૪</u> ઉષા રાડા

	જગ્યા બતાવી.		૬૮૫૬	
૪૯	<u>આંક–૬૫૪૪</u> સૈયદપુરા પમ્પીંગ સ્ટેશન, માસ્ટર હાઉસવાળુ ત્રીજા માળ ઉપરનું રૂમ નં.૨૧વાળુ મકાન બતાવ્યું.	૪૫	૯૧૮–અમર <u>સુરેશસિંહ રાજપુત</u> ૬૫૪૩	<u>૧૧૫૫</u> એન.બી. પરમાર
૫૦	<u>આંક–૮૫૨૯</u> રીવરવ્યુ સોસાયટીમાં ભાડે રહેલા તે મકાન બતાવેલું.	૪૪ ૪૬ ૪૭	૪૫૮–દિપક <u>રામચંદ માલી</u> ૨૮૧૩	<u>૧૧૫૫</u> એન.બી. પરમાર
૫૧	<u>આંક–૭૯૫૦</u> પાલડી AMTS બસ સ્ટેન્ડ પાછળ આવેલી જગ્યા તથા અલમહમદી સોસાયટીવાળું મકાન નં.૧૦ બતાવેલ.	૪૭	૧૧૧૧–સતીષ વામનરાવ <u>પૌવનીકર</u> ૭૯૪૯	વી.આર. <u>ટોળીયા</u> મરણ ગયેલ છે.
૫૨	<u>આંક–૫૫૪૯</u> અલમહમદી સોસાયટીવાળુ મકાન તથા મિત્તલ ચેમ્બર નારોલ સર્કલ ઉપર બોમ્બવાળી સાઇકલ મુકેલી તે જગ્યા બતાવી.	૫૦	૮૨૫–ભરત <u>શંકરલાલ પરમાર</u> ૫૫૪૮	<u>૧૧૫૪</u> ઉષા રાડા
૫૩	<u>આંક–૬૦૭૦</u> આરોપી જયાં રહેલો તે જગ્યા તથા અલમહમદી સોસાયટી મકાન નં.૧૦ વાળી જગ્યા બતાવેલી	૫૦	૮૬૯–નિમેષ <u>મોહન વૈશ્ય</u> ૬૦૬૯	<u>૧૧૬૩</u> મયુર ચાવડા
૫૪	<u>આંક–૨૭૫૭</u> રીવરવ્યુ સોસાયટીવાળુ મકાન બતાવ્યું તથા મકાનમાંથી છરા, ચપ્પુ, કાતર, કટર, પ્લાસ્ટીકની થેલીઓ કબજે કરી.	૬૩	૪૪૬–સંજય <u>ગોરધન પટેલ</u> ૨૭૫૬	<u>૧૧૫૫</u> એન.બી. પરમાર
૫૫	<u>આંક–૨૭૯૪</u> ડૉકટર હાઉસ પાસે સોનલ ભેળવાળી જગ્યા, મહારાણા ગાર્ડન તરણકૂંડ	૬૩	૪૫૧– કલ્પેશ <u>ઇશ્વરભાઇ પટેલ</u> ૨૭૯૩	<u>૧૧૩૬</u> સુજાતા મજમુદાર

	આંબાના ઝાડવાળી જગ્યા, પુણા જનરલ હોસ્પિટલ હાર્ડવેરની દુકાનવાળી જગ્યા, હીરાબજાર મીનીબજાર સર્કલ લાઇટના થાંભલા ઉપર જાહેરાતના બોર્ડવાળી જગ્યા, પટેલ સમાજની વાડી મંડપના ગેટવાળી જગ્યા, ટોરેન્ટ પાવરનું પાવર સપ્લાયના કમ્પાઉન્ડવાળી જગ્યા, અરવિંદ બજરંગ કાંટા પાસે છાપરાની દિવાલવાળી જગ્યા, ક્રિશ લેડીઝ કટલેરીવાળી જગ્યા, ક્રિષ્ના કોમ્પ્લેક્ષવાળી જગ્યા, માતાવાડી ચોક પાસે પીપળાના ઝાડવાળી જગ્યા, અમરોલી બ્રિજવાળી જગ્યા, કે.પી. કોમર્સ કોલેજના ગેટવાળી જગ્યા વિગેરે કુલ–૨૦ જગ્યાઓ બતાવેલી.			
૫૬	<u>આંક–૨૭૯૬</u> કોઝ વેના બ્રિજ નીચે પાઇપ બોમ્બ પાણીમાં નાખી દિધેલા તે જગ્યા બતાવી.	૬૩	૪૫૨–સુનીલ <u>રામસાહેબ ગુપ્તા</u> ૨૭૯૫	<u>૧૦૪૪</u> એસ.એન. મલેક
૫૭	<u>આંક–૨૮૦૬</u> માસ્ટર હાઉસવાળી બિલ્ડિંગમાં ત્રીજામાળે રૂમ નં.૨૧ ભાડે રાખેલ તે જગ્યા બતાવી.	૬૩	૪૫૬–મેહુલ <u>અરૂણ જડીયા</u> ૨૮૦૫	<u>૧૧૫૫</u> એન.બી. પરમાર
૫૮	<u>આંક–૨૮૫૧</u> જુદી–જુદી જગ્યાઓ જેવી કે સૈયદપુરા પમ્પીંગ સ્ટેશન સામે વાડીયા હોલ બિલ્ડિંગમાં દુકાન નં.૦૧,	૬૩	૪૬૪–રોબીન પ્રકાશચંદ્ર <u>પીત્તળવાલા</u> ૨૮૫૦	<u>૧૧૫૫</u> એન.બી. પરમાર

	સૈયદપુરા ઉભી શેરી જયંતિલાલની કરિયાણાની દુકાન, સૈયદપુરા પમ્પીંગ સ્ટેશન પાસે આવેલ નાઝ પાન સેન્ટર, ફટાકડાવાડી આનંદનગર પાસે આવેલ હમીરખાનના પાનના ગલ્લાવાળી જગ્યા વિગેરે ઉપર કોઇન બોકસ હતા ત્યાંથી ફોન કરેલા તે જુદી–જુદી કોઇન બોકસવાળી જગ્યાઓ બતાવી.			
૫૯	<u>આંક–૨૮૬૦</u> ભરીમાતા રોડ તરફ પુલની ડાબી બાજુએ મોબાઇલ ફેંકી દીધેલો તે જગ્યા	૬૩	૪૬૭–સંજય ભગવાનદાસ <u>ભંડારી</u> ૨૮૫૯	<u>૧૦૪૮</u> કે.એસ. દેસાઇ
૬૦	<u>આંક–૭૨૫૨</u> પાવાગઢ ખાતે ખુંદપીર દરગાહ, હેલીકૈલ વાવ, સકરખાન દરગાહ, ફોરેસ્ટ ચોકીવાળી જગ્યા, મોટા તળાવવાળી જગ્યા બતાવી	૬૬	૧૦૬૮–પ્રજ્ઞેશ <u>ગોવિંદ રાજપુર</u> ૭૨૫૧	<u>૧૧૬૩</u> મયુર ચાવડા
૬૧	<u>આંક–૬૫૨૮</u> ખુંદપીરની દરગાહ, ધર્મશાળા, એકમિનાર મસ્જિદ, હેલીકૈલ વાવ પાસેની ખુલ્લી જગ્યા, ખુલ્લી જગ્યા પાસે આવેલ તળાવ, સકકરખાન દરગાહવાળી જગ્યા તથા એક મોટા તળાવવાળી જગ્યા બતાવેલી.	૭૪	૯૧૪–મુકુંદ <u>જીવનલાલ જાદવ</u> ૬૫૨૭	<u>૧૧૬૩</u> મયુર ચાવડા
૬૨	<u>આંક–૭૩૮૭</u> બોમ્બવાળી સાઇકલો મુકેલી તે જગ્યા જુહાપુરા યુનીક એપાર્ટમેન્ટના પાર્કિંગવાળી જગ્યા તથા	૭૫	૧૦૮૨– નલીનભાઇ જયંતિલાલ <u>જાડાવાલા</u> ૭૩૮૬	<u>૧૧૧૬</u> કે.એન.પટેલ

	અંબર ટાવરના પાર્કિંગવાળી જગ્યા તથા નારોલ સર્કલ હનુમાનજી મંદિરવાળી જગ્યા બતાવેલી.			
૬૩	<u>આંક–૭૭૯૮</u> પાવાગઢ ખાતે ખુંદપીર દરગાહ, હેલીકૈલ વાવ, સકરખાન દરગાહ, ફોરેસ્ટ ચોકીવાળી જગ્યા, મોટા તળાવવાળી જગ્યા બતાવી	૭૫	૧૧૦૨– સંતોષસીંગ વિશ્રામસીંગ <u>રાજપુત</u> ૭૭૯૭	<u>૧૧૧૬</u> કે.એન.પટેલ
૬૪	<u>આંક–૭૯૩૭</u> કાલુપુર ટાવર રોડ ઉપર આવેલી દુકાન કે જયાંથી ગેસના સીલીન્ડરો ખરીદેલા તે જગ્યાઓ બતાવી.	૨૩ ૭૫	૧૧૦૭–નિતેશ ભીખાભાઇ <u>રાજપુત</u> ૭૯૩૬	<u>૧૧૧૬</u> કે.એન. પટેલ
૬૫	<u>આંક–૮૦૦૦</u> અલમહમદી સોસાયટી મકાન નં.૧૦ તથા ગોમતીપુર, શિતલ સીનેમા, ઓઢવ રાજેન્દ્ર પાર્ક વેરાવાળી જગ્યા, ખોડીયાર નગર મયૂર ડેરી સામે આવેલ પકોડીની લારીવાળી જગ્યા કે જયાં બોમ્બવાળી સાઇકલો મુકેલી તે જગ્યાઓ બતાવેલી.	૭૫	૧૧૧૪–રાજેશ <u>જાદવ ચૌહાણ</u> ૭૯૯૯	<u>૧૧૧૬</u> કે.એન. પટેલ
૬૬	<u>આંક–૭૩૮૫</u> દરિયાપુરમાં સીમી સાથે મીટીંગ કરેલી તે જગ્યા બતાવી.	૭૮	૧૦૮૧– આનંદ <u>દાઉલાલ શ્રીવાસ્તવ</u> ૭૩૮૪	<u>૧૧૫૯</u> આર.એન. ઝાલા
૬૭	<u>આંક–૭૩૯૨</u> પાવાગઢ ખાતે ખુંદપીર દરગાહ, ધર્મશાળા, એક મિનાર મસ્જિદ, હેલીકૈલ	૭૮	૧૦૮૩– મહેન્દ્ર વિષ્ણુભાઇ <u>પાટીલ</u> ૭૩૯૧	<u>૧૧૫૯</u> આર.એન. ઝાલા

	વાવ પાસેની ટેન્ટ બાંધેલી જગ્યા બતાવેલી.			
૬૮	<u>આંક–૬૪૨૧</u> કાલુપુર રેલવે સ્ટેશન ઉપર પ્લેટફોર્મ નં.૦૧ ઉપર આવેલ વેઇટીંગ રૂમવાળી જગ્યા બતાવેલી	૨૮	૯૦૧–મહેશ <u>સુભાષ જેઠવા</u> ૬૪૫૦	વી.આર. <u>ટોળીયા</u> મરણ ગયેલ છે.
૬૯	<u>આંક–૬૮૦૮</u> બોમ્બવાળી સાઇકલો જુહાપુરા અંબર ટાવર બ્લોક નં.૦૧ના પાર્કિંગમાં તથા નારોલ સર્કલ હનુમાનજીના મંદિર પાસે મુકેલી તે જગ્યા બતાવી.	મુજીબ	૯૭૪–ચેતન <u>ગોવિંદ પ્રજાપતિ</u> ૬૮૦૭	<u>૧૧૫૪</u> ઉષા રાડા
૭૦	<u>આંક–૭૫૯૭</u> ગોમતીપુર શીતલ સિનેમા મુખ્ય દરવાજા બહારની જગ્યા તથા બાપુનગર ખાતે હીરા માર્કેટ પાસે આવેલ ધનવંતરિ હોસ્પિટલવાળી જગ્યા બતાવેલી.	૨૭ ૩૭ તથા મુજીબ	૧૦૮૮– ત્રીકમલાલ મુળજીભાઇ <u>પ્રજાપતિ</u> ૭૫૯૬	વી.આર. <u>ટોળીયા</u> મરણ ગયેલ છે.
૭૧	<u>આંક–૫૫૨૪</u> આરોપીના ઘરની જડતીમાંથી ઉર્દૂમાં લખેલ લેમીનેશનવાળુ લખાણ કબજે કર્યું.	૨૫	૮૨૧– ભીખાભાઇ <u>શીવાભાઇ ગઢવી</u> ૫૫૨૩	<u>૧૧૬૩</u> મયુર ચાવડા
૭૨	<u>આંક–૫૪૭૦</u> નરોડા ગામ, ભાગોળ, નરોડા બસ સ્ટેન્ડ બસ નં.૬૬/૩ની પાછળની સીટ જયાં બોમ્બવાળી સાઇકલો, અજિતમીલ ચાર રસ્તા સૈઝપુર બોધાવાળી જગ્યા કે જયાં બોમ્બ મુકેલ તે જગ્યાઓ બતાવી.	૨૩	૮૧૨– દક્ષેશભાઇ <u>ભાનુપ્રસાદ રાવલ</u> ૫૪૬૯	<u>૧૧૬૩</u> મયુર ચાવડા
૭૩	<u>આંક–૬૪૫૧</u> બોમ્બ ભરેલી વેગનઆર	૨૮ ૩૬	૯૦૧– મહેશ <u>સુભાષ જેઠવા</u>	<u>૧૧૬૩</u> મયુર ચાવડા

	કાર સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટર પાસે મુકેલી તે જગ્યા તથા કાલુપુર રેલવે સ્ટેશન વેઇટીંગ રૂમવાળી જગ્યા.	૪૩ ૨૭ ૩૩	૬૪૫૦	
૭૪	આંક–૮૦૯૩ અબ્દુલરહેમાન સ્ટ્રીટમાં આવેલી દુકાન નં.૫૮માંથી ઘડિયાળ ખરીદેલા તે જગ્યા બતાવી.	૩૦	૧૧૨૮– સુનીલ રસીકલાલ શાહ ૮૦૯૨	૧૧૫૫ એન.બી. પરમાર
૭૫	આંક–૬૮૦૮ સરખેજ અંબર ટાવરની પાસેની જગ્યા	૨૩ તથા મુજીબ	૯૭૪– ચેતન ગોવિંદ પ્રજાપતિ ૬૮૦૭	૧૧૫૪ ઉષા રાડા
૭૬	આંક–૫૫૮૭ પોલીસ સ્ટેશનમાં બલ્બ, શોલ્ડર મશીન, સ્ક્રુ ડ્રાઇવર વિગેરે મંગાવેલ અને આરોપીએ બોમ્બનું ડીવાઇસ ટાઇમર સેટ કરેલું તે બતાવેલ.	૩૧	૯૮૮–નિમેષ ભાનુપ્રસાદ બ્રહ્મભટ્ટ ૬૮૭૧	૧૧૬૩ મયુર ચાવડા
૭૭	આંક–૬૫૦૮ પોલીસ સ્ટેશનમાં આઇ.સી.ને ડિજિટલ ટાઇમર મશીનથી ટાઇમ સેટ કરી બતાવેલ.	૩૨	૯૧૦–ઉષાકાંત ચીમનલાલ મિસ્ત્રી ૬૫૦૭	૧૧૫૫ એન.બી. પરમાર
૭૮	આંક–૫૬૨૮ કાલુપુર વિસ્તારમાં જનતા પાન હાઉસના ગલ્લા આગળની જગ્યા બતાવી.	૩૭	૮૩૪– મહેન્દ્રભાઇ બાબુભાઇ ૫૬૨૭	૧૧૫૩ આર.વી. અસારી
૭૯	આંક–૬૮૦૮ નારોલ સર્કલ હનુમાનજીના મંદિર પાસેની જગ્યા બતાવી.	૩૭	૯૭૪–ચેતન ગોવિંદભાઇ ૬૮૦૭	૧૧૬૪ ઉષા રાડા
૮૦	આંક–૭૩૮૭ જુહાપુરા યુનિક	૭૫	૧૦૮૨– નલીન જયંતિભાઇ	૧૧૧૯ કે.એન.પટેલ

	એપાર્ટમેન્ટના પાર્કિંગવાળી જગ્યા, અંબર ટાવરના પાર્કિંગવાળી જગ્યા, નારોલ સર્કલ હનુમાનજીના મંદિરવાળી જગ્યા બતાવી.		૭૩૮૬	
૮૧	<u>આંક–૫૪૬૩</u> અજય ટેલીકોમ ઉપરથી નં.૨૩નાએ નં.૩૭ને ફોન કરેલો તે STD PSO બતાવી.	૨૩ ૩૭	૮૧૧–મનીષભાઇ <u>ચંદ્રકાંત શાહ</u> ૫૪૬૨	<u>૧૧૬૩</u> મયુર ચાવડા
૮૨	<u>આંક–૬૪૯૫</u> આરોપીએ વાપી ખાતે જૂના રેલવે સ્ટેશનની નજીક મિનાઝ ટેલીફોનની જગ્યા બતાવી.	૩૭	૯૦૭–ઈર્શાદ <u>સરવરખાન પઠાણ</u> ૬૪૯૪	<u>૧૧૫૫</u> એન.બી. પરમાર
૮૩	<u>આંક–૨૮૪૯</u> રૂબી કોમ્પ્લેક્ષ પાછળ પોતાનું ઘર બતાવ્યું. ઘરમાંથી ગેસબુક, સીલીન્ડર વિગેર કબ્જે કર્યાં.	૬૩ ૬૪	૪૬૩– લક્ષ્મણભાઇ <u>મનજીભાઇ ગામી</u> ૨૮૪૮	<u>૧૧૫૫</u> એન.બી. પરમાર
૮૪	<u>આંક–૬૫૩૭</u> સુરત રેલવે સ્ટેશનના પાર્કિંગમાં જયાં ગાડી પાર્ક કરેલી હતી તે જગ્યા બતાવી.	૬૯ ૭૦	૯૧૬–સુરેશકુમાર <u>રામચરણ શર્મા</u> ૬૫૩૬	<u>૧૦૮૯</u> પી.જી. વાઘેલા
૮૫	<u>આંક–૬૮૧૯</u> કિંજલ બિલ્ડિંગની બાજુમાં ચોરેલી ગાડી પાર્ક કરેલી તે જગ્યા બતાવી.	૬૯ ૭૦	૯૭૬–શોયેબ <u>રફિક શેખ</u> ૬૮૧૮	<u>૧૦૮૯</u> પી.જી. વાઘેલા
૮૬	<u>આંક–૭૩૭૦</u> રેલવેના પાર્કિંગમાં જયાં બાઇકની ડીલીવરી આપેલી તે જગ્યા બતાવેલી.	૬૯ ૭૦	૧૦૮૦–આલમ મોહમદ સલીમ <u>અંસારી</u> ૭૩૬૯	<u>૧૧૪૬</u> વી.વી. રાઠોડ
૮૭	<u>આંક–૮૨૫૪</u> વાઘમોન(કેરળ) ખાતે એક	૧૩	૧૧૪૮–જોસેફ <u>જોયસન</u>	<u>૧૧૬૩</u> મયૂર ચાવડા

	કબરવાળી જગ્યા, બાઈકની પ્રેકટીસ કરેલી તે જગ્યા, ફાયરીંગની પ્રેકટીસ કરેલી તે જગ્યા બતાવેલી.		૮૨૫૩	

પુરાવાના કાયદાની કલમ–૨૭ ના સંબંધમાં ખાસ સરકારી વકીલશ્રી એચ.એમ. ધ્રુવ દલીલ કરતા જણાવે છે કે, આરોપી પુરાવાના કાયદાની કલમ–૨૭ મુજબ કોઇ હકીકત જાહેર કરે તો તે પુરાવામાં ગ્રાહ્ય છે. આરોપી કોઇ માહિતી આપે અને તે માહિતી મુજબની જગ્યા ઉપરથી કોઇ વસ્તુ મળી આવે તો તે પુરાવામાં ગ્રાહ્ય છે. વધુમાં તેઓ દલીલ કરતા જણાવે છે કે, સને–૧૯૪૭ થી સને–૨૦૨૦ સુધી નામદાર જુદી–જુદી હાઇકોર્ટ તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના જુદા–જુદા ચુકાદા આ મુદ્દા સંબંધેના ધ્યાને લેવામાં આવે તો પણ એકસરખો જ મત છે. આરોપી માહિતી આપે તે માટે તેની ફોર્મલ ધરપકડ કરવી જરૂર નથી. મેજિસ્ટ્રેટ સમક્ષ આરોપી કબૂલાત ન કરે તો પણ તેણે આપેલી માહિતી પુરાવામાં ગ્રાહ્ય છે અને પુરાવાના કાયદાની કલમ–૨૪, ૨૫ના અપવાદ તરીકે કલમ–૨૭ ની જોગવાઇ કરવામાં આવેલી છે. વધુમાં ખાસ સરકારી વ.શ્રી એચ.એમ.ધ્રુવ આ મુદ્દા સંબંધે દલીલ કરતા જણાવે છે કે, આરોપી કોઇ જગ્યાએ લઇ જાય તો તે તેની કોઇ વર્તણૂક નથી પરંતુ ત્યાં લઇ ગયા વિના પણ જો માહિતી આપે તો તે વર્તણૂક પણ પુરાવામાં ગ્રાહ્ય છે. વધુમાં તેઓ દલીલ કરતા જણાવે છે કે, આરોપી કસ્ટડીમાં હોય અને માહિતી આપે ત્યારબાદ તે જગ્યાએથી કોઇ વસ્તુ મળી આવે તો તે પુરાવામાં ગ્રાહ્ય છે. આરોપીએ આપેલી માહિતી કે તેનુ નિવેદન કબૂલાત સ્વરૂપનું હોય કે ના હોય તો પણ પુરાવામાં ગ્રાહ્ય છે. આરોપીની વર્તણૂક પુરાવાના કાયદાની કલમ–૮ નીચે પણ ગ્રાહ્ય છે. વધુમાં ખાસ સરકારી વ.શ્રી એચ.એમ.ધ્રુવ દલીલ કરતા એમ પણ જણાવે છે કે, ધારો કે પુરાવાના કાયદાની કલમ–૨૭ લાગુ થતી નથી તો આરોપીની વર્તણૂક પુરાવાના કાયદાની કલમ–૮ નીચે પણ ગ્રાહ્ય છે. પુરાવાના કાયદાની કલમ–૨૭ ના સંબંધમાં વ.શ્રી એચ. એમ. ધ્રુવ નીચે મુજબના ચુકાદાઓ ઉપર આધાર રાખે છે.

અ.નં.	ચુકાદો	ચુકાદામાં નિર્ણીત મુદ્દાઓ પૈકી પુરાવાના કાયદાની કલમ–૨૭ અંગેના પંચનામા બાબતે નિર્ણીત થયેલો મુદ્દો
૧	રાજુ માનજી વિરૂધ્ધ સ્ટેટ ઓફ બિહાર ૨૦૧૮(૦૩), ક્રાઇમ્સ, પાના નં.૪૭૭ સુપ્રિમ કોર્ટ.	ચુકાદાના પેરા–૦૩ આરોપીએ ગુનો કેવી રીતે કર્યો તેની સંપૂર્ણ માહિતી આરોપીએ આપેલી. આવી માહિતી આરોપીએ જાહેર કરેલી માહિતી તેના કબૂલાતવાળા નિવેદનને સમર્થન કરતી હતી. નામદાર અદાલતે ઠરાવ્યું કે, આરોપીની કબૂલાતવાળા નિવેદનથી પુરાવાના કાયદાની કલમ–૨૭ના તત્વો સંતોષાય છે.
૨	ધરમદેવ યાદવ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ઉત્તરપ્રદેશ (૨૦૧૪)૨, સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ), પાના નં.૬૨૬.	ચુકાદાના પેરા –૨૦ થી ૨૨ મુજબ આરોપી કસ્ટડીમાં હોય અને કબૂલાત કરે તો તે માટે તેની ફોર્મલ એરેસ્ટ જરૂરી નથી. આરોપીની ફોર્મલ એરેસ્ટ ના હોય અને ગુનાની કોઇ વસ્તુ જે જગ્યાએ છુપાવી હોય તે જગ્યા ઉપર પોલીસને લઇ જાય અને તે જગ્યા ઉપરથી વસ્તુ રીકવર થાય તો તે પુરાવાના કાયદાની કલમ–૨૭ હેઠળ ગ્રાહ્ય છે. વધુમા નામદાર અદાલતે ઠરાવેલું છે કે, આરોપીનું તે જગ્યા ઉપર દોરી જવાનું વર્તન પુરાવાના કાયદાની કલમ–૮ હેઠળ ગ્રાહ્ય છે.
૩	મલ્લિકાર્જૂન	ચુકાદાના પેર–૨૩ મુજબ આરોપીએ

	વિરૂધ્ધ સ્ટેટ ઓફ કર્ણાટક (૨૦૧૯)૦૩, સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ), પાના નં.૫૬૩	માહિતી આપેલી, માહિતીના આધારે તપાસ કરનાર અધિકારીએ પંચોની હાજરીમાં પંચનામું બનાવી વસ્તુઓ કબજે કરેલી. જુબાની દરમ્યાન પંચો ફરી ગયેલાં. નામ.અદાલતે ઠરાવેલું કે, આવા સંજોગોમાં તપાસ કરનાર અધિકારીના પુરાવા ઉપર આધાર રખાય. પંચોના ફરી જવાથી થયેલી રીકવરી રદ થતી નથી.
૪	અત્તરસિંઘ વિરૂધ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન (૨૦૦૪)૧૦, સુપ્રિમ કોર્ટ કેસીસ, પાના નં.૬૫૭	ચુકાદાના પેરા–૧૦ મુજબ પંચ, સાહેદો ફરી ગયેલા. નામદાર અદાલતે ઠરાવેલું કે, ફોજદારી કાર્યવાહીઓમાં પંચ, સાહેદોનું ફરી જવું તે હંમેશા બનતું હોય છે અને તે સામાન્ય છે. તેથી કરીને રીકવરી રદ થતી નથી.
૫	ચંદ્રપ્રકાશ વિરૂધ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન (૨૦૧૪)(કમ્પલીટ)૩, સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ), પાના નં.૪૫૭	ચુકાદાના પેરા–૬૦, ૬૧ મુજબ આરોપીની ગુનાના કામે ઔપચારિક રીતે અટક કરવામાં આવેલી નહિ અને તેણે આપેલી માહિતી ઉપરથી તપાસ કરનાર અધિકારીએ બોમ્બ બનાવવાની વસ્તુઓ રીકવર કરેલી. નામદાર અદાલતે ઠરાવેલું કે, દોષારોપણ કરતી રીકવરી રદ થતી નથી.

ઉપરોકત ચુકાદાઓનો આધાર લઈ ખાસ સરકારી વ.શ્રી એચ.એમ. ધ્રુવ દલીલ કરતા જણાવે છે કે, આ કામમાં જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓ સામે જુદા–જુદા આરોપીઓએ જુદી–જુદી માહિતીઓ આપેલી અને તે આધારે તપાસ કરનાર અધિકારીઓએ પંચોને બોલાવેલાં અને આરોપીના કહ્યા અને બતાવ્યા મુજબના રસ્તે આરોપીઓએ બતાવેલી જગ્યાઓ ઉપર ગયેલાં અને

જુદા–જુદા પંચનામાઓ બનાવેલાં છે. ઘણી જગ્યાઓ ઉપરથી દોષારોપણ કરતી અને ગુનામાં ઉપયોગમાં લીધેલી વસ્તુઓ મળી આવેલી છે. જે જગ્યાઓ ઉપરથી વસ્તુઓ મળી આવેલી છે તે જગ્યાઓની માહિતી આરોપીઓને જ હતી જેથી આ પંચનામાઓ કાયદેસરના છે અને ફરિયાદપક્ષે પુરવાર કરેલાં છે. વધુમાં તેઓ દલીલ કરતા જણાવે છે કે, **નામ.સુપ્રિમ કોર્ટ દર ૧૦ વર્ષે કાયદાઓની જોગવાઈઓનું મૂલ્યાંકન કરે છે. સામાન્ય ખુનના ગુનામાં પુરાવાના કાયદાની કલમ–૨૭ નુ મૂલ્યાંકન જુદી રીતે થાય અને આતંકવાદ જેવા ગંભીર ગુનાના કામે પુરાવાના કાયદાની કલમ–૨૭ નુ મૂલ્યાંકન જુદી રીતે થાય છે.**

બચાવપક્ષ તરફથી વ.શ્રી આર. કે.શાહ પુરાવાના કાયદાની કલમ–૨૭ ના પંચનામાઓ સંબંધે દલીલ કરતા જણાવે છે કે, આ કેસમાં ઘણા બધા આરોપીઓને જુદા–જુદા પોલીસ અધિકારીઓ જુદી–જુદી જગ્યાઓ ઉપર લઇ ગયેલા છે અને તે જગ્યાઓ ઉપર જઇ પંચનામાઓ બનાવેલાં છે. આ મુદ્દા માટે તેઓ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૨, પુરાવાના કાયદાની કલમ–૦૮, ૨૫ થી ૩૦ વંચાણે લીધેલી છે અને જણાવે છે કે, આ જોગવાઈઓ સુસંગત છે. હવે સૌપ્રથમ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૨ વંચાણે લઈએ તો,

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૨:–

(૧) આ પ્રકરણ હેઠળની પોલીસ તપાસ દરમ્યાન પોલીસ અધિકારી સમક્ષ કોઇ વ્યકિતએ કરેલું નિવેદન જો નોંધી લેવામાં આવ્યું હોય તો તેના પર નિવેદન કરનાર વ્યકિતએ સહી કરવાની નથી તથા પોલીસ ડાયરીમાં કે અન્યથા આવું કોઇ નિવેદન કે તેની લેખિત નોંધ અથવા આવા નિવેદન કે લેખિત નોંધનો કોઇ ભાગ, તે નિવેદન કરવામાં આવ્યું હોય તે સમયે જેની પોલીસ તપાસ ચાલતી હોય તે ગુનાની તપાસ અથવા ઇન્સાફી કાર્યવાહીમાં હવે પછી દર્શાવવામાં આવ્યું છે તે સિવાય, કોઇપણ હેતુ માટે ઉપયોગમાં લઇ શકાશે નહિ.

પરંતુ ઉપર જણાવ્યા મુજબ જેનું નિવેદન લખી લેવાયું હોય તે સાહેદને ફરિયાદપક્ષ તરફથી ઇન્સાફી કાર્યવાહીમાં જુબાની આપવા બોલાવવામાં આવ્યા હોય ત્યારે નિવેદનનો કોઇ ભાગ તેનો હોવાનું યોગ્ય રીતે સાબિત થાય

તો ભારતીય પુરાવા અધિનિયમ,૧૮૭૨ (સને–૧૮૭૨નો પ્રથમ)ની કલમ–૧૪પમાં દર્શાવેલી રીત મુજબ તે સાહેદને ખોટો સાબિત કરવા માટે તહોમતદાર અથવા અદાલતની પરવાનગીથી ફરિયાદપક્ષ, તેનો ઉપયોગ કરી શકશે તથા તે નિવેદનના કોઇ ભાગનો આ મુજબ ઉપયોગ કરવામાં આવે તો તે સાહેદની ઊલટતપાસમાં ઉલ્લેખવામાં આવેલી કોઇ બાબત સ્પષ્ટ કરવા પુરતો તેની ફેરતપાસમાં પણ તેના અન્ય કોઇ ભાગનો ઉપયોગ કરી શકશે.

(૨)આ કલમની કોઇ જોગવાઇ ભારતીય પુરાવા અધિનિયમ,૧૮૭૨ (સને–૧૮૭૨નો પ્રથમ)ની કલમ–૩૨ના ખંડ (૧)ની જોગવાઇ આવી જતા કોઇ નિવેદનને લાગુ પડતી હોવાનું અથવા તે અધિનિયમની કલમ–૨૭ની જોગવાઇઓને અસર કરતી હોવાનું જણાશે નહિ.

પુરાવાના કાયદાની કલમ–૨૮:– પ્રલોભન, ધમકી અથવા વચનથી કરવામાં આવેલી કબૂલાત ફોજદારી કાર્યવાહીમાં કયારે અપ્રસ્તુત ગણાયઃ–

એક ફોજદારી કાર્યવાહીમાં આરોપી હોય તેવી વ્યકિતએ કરેલી કબૂલાત અપ્રસ્તુત છે, જો અદાલતને એવું જણાય કે, અધિકાર ધરાવતી વ્યકિત તરફથી આરોપી હોય તેવી વ્યકિત સામેના તહોમતના અનુસંધાને કોઇ પ્રલોભન, ધમકી, અથવા વચન આપીને કરવામાં આવેલી છે તથા અદાલતના મંતવ્ય મુજબ તેની સામેની કાર્યવાહીમાં તેમ કરવાથી તેને કોઇ લાભ થશે અથવા તત્કાલીન પ્રકારનું અનિષ્ટ તે નિવારી શકશે તેમ વ્યાજબીપણે માનવા માટે આરોપી હોય તેવી વ્યકિતને પુરતા કારણો મળે છે તેવું જણાય.

ઉપરોકત જોગવાઇઓ ધ્યાને રાખી વિ.વ.શ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૨ હેઠળ પોલીસ રૂબરૂ કોઇ નિવેદન લીધુ હોય અથવા આપ્યું હોય તો તે પુરાવામાં વંચાણે લેવાય નહિ. પુરાવાના કાયદાની કલમ–૨૫ બાબતે દલીલ કરતા જણાવે છે કે, પોલીસ અધિકારી સમક્ષ કરેલું નિવેદન પુરાવામાં આરોપી વિરૂધ્ધ ગ્રાહ્ય નથી અને પુરાવાના કાયદાની કલમ–૮ બાબતે દલીલ કરતા જણાવે છે કે, વ્યકિતની

વર્તણૂક સુસંગત છે પરંતુ સ્પષ્ટીકરણ–૧ મુજબ વ્યકિતનું નિવેદન તે વર્તણૂક નથી અને નિવેદનમાં વર્તણૂકનો સમાવેશ થતો નથી. વિ.વ.શ્રી આર. કે. શાહની દલીલ સાથે હું સંપૂર્ણ સંમત છું કે કોઈપણ વ્યકિતએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૨ મુજબ નિવેદન નોંધાવેલું હોય તો તેનો ઉપયોગ ફકત વિરોધાભાસ માટે થઇ શકે તે નિવેદનને પુરાવા તરીકે વંચાણે લઇ શકાય નહિ. પોલીસ અધિકારી સમક્ષ કરવામાં આવેલું નિવેદન પુરાવામાં ગ્રાહ્ય નથી તેવી દલીલ સાથે હું સંમત છું પરંતુ પોલીસ અધિકારીના હવાલામાં હોય તેવા સમયે આરોપીઓ કોઇ કબૂલાત કરી હોય તો તેની વિરૂધ્ધ પુરાવામાં ગ્રાહ્ય નથી. આ ઉપરાંત પોલીસ અધિકારીને કબૂલાત પણ આરોપી વિરૂધ્ધ સાબિત કરી શકાશે નહિ તેવી દલીલ સાથે પણ હું સંમત છું. પરંતુ પુરાવાના કાયદાની કલમ–૨૫ અને ૨૬ના અપવાદ તરીકે પુરાવાના કાયદાની કલમ–૨૭ ની રચના કરવામાં આવેલી છે અને તે મુજબ પોલીસ અધિકારીના હવાલામાં કોઇ આરોપી હોય અને તે કોઇ માહિતી આપે તે માહિતીના આધારે કોઇ વસ્તુ મળે અને તે વસ્તુ ગુના સાથે સંબંધ ધરાવતી હોય તો તે પુરાવામાં ગ્રાહ્ય છે.

વિ.વ.શ્રી આર.કે.શાહે દલીલ કરતા જણાવે છે કે, પુરાવાના કાયદાની કલમ–૨૭ ની પ્રથમ શરત એ છે કે, પોલીસને ખબર ન હોય અને આરોપીના નિવેદન ઉપરથી કોઇ વસ્તુ મળી આવે તો તે છે. પરંતુ પોલીસને ખબર હોવી જોઇએ નહિ. આ કેસમાં એક જગ્યાના પંચનામાઓ વારંવાર બનાવેલાં છે. પોલીસને જગ્યાઓની ખબર હતી તેમછતાં જેમ–જેમ આરોપીઓ પકડાતા ગયા તેમ તેમ તે જગ્યાઓ ઉપર જઇને આરોપીઓની વર્તણુંક ઉભી કરવા માટે ફરીથી પંચનામાઓ બનાવેલાં છે. વ.શ્રી આર.કે.શાહની આ દલીલ સાથે હું સંમત નથી. અમદાવાદમાં કુલ–૨૦ ફરિયાદો અને સુરત ખાતેની કુલ–૧૫ ફરિયાદો મળીને કુલ–૩૫ ફરિયાદોના તપાસ કરનાર અધિકારીઓ જે તે વખતે કુલ–૬ હતાં અને આરોપીઓ કુલ–૬૪ જેટલા હતા ત્યારબાદ બીજા તપાસ કરનાર જુદા–જુદા અધિકારીઓએ બીજા કુલ–૧૬ આરોપીઓની અટક કરેલી છે. આમ, જે આરોપીઓ પકડાયા અને તેણે જે અધિકારીને માહિતી આપી

તે પ્રમાણે તે અધિકારીઓએ જગ્યાઓ ઉપર જઈ પંચોની હાજરીમાં પંચનામાઓ બનાવેલાં છે માટે તપાસ કરનાર અધિકારીને જગ્યાની માહિતી હતી તેવું કહી શકાય નહિ. વ.શ્રી આર. કે. શાહ સાહેદ નં.૮૮૩ કુંવરજી મેરૂજી ઠાકોરની જુબાની વંચાણે લઈ દલીલ કરે છે કે, પોલીસને જાણ ન હતી તો જાણ વિના પોલીસ પંચોને બોલાવે નહિ. આરોપીનું નિવેદન લીધુ હોય ત્યારે જ પંચનામું બનાવવા માટે પોલીસે પંચોને બોલાવેલાં હોય. **" મે બોમ્બ મુકેલો તે જગ્યા બતાવી દઉ"** તેવું જે આરોપીએ જણાવેલાનું આ સાહેદ જણાવે છે તે આરોપીની કબૂલાત છે. આ ઉપરાંત તેઓ દલીલ કરતા જણાવે છે કે, **" બોમ્બવાળી સાઇકલ મે અહીંયાથી લીધેલી"** તે પણ કબૂલાત છે. આ ઉપરાંત **" અહીંયા મે બોમ્બવાળી સાઇકલ મુકેલી"** તે પણ કબૂલાત છે. આ તમામ જગ્યાઓ પોલીસની જાણીતી જગ્યાઓ હતી માટે તપાસ કરનાર અધિકારીએ બધા જ પુરાવા ઉભી કરેલાં છે. વ.શ્રી આર. કે. શાહની દલીલ સાથે હું અંશતઃ સંમત છું. **" મે બોમ્બ મુકેલો"** તે પુરાવામાં ગ્રાહ્ય નથી. **" મે બોમ્બવાળી સાઇકલ અહીંયા મુકેલી"** તે પણ પુરાવામાં ગ્રાહ્ય નથી. **" મે બોમ્બવાળી સાઇકલ અહીંયાથી લીધેલી"** તે પણ પુરાવામાં ગ્રાહ્ય નથી. પરંતુ આરોપીએ આ જગ્યાઓ જે બતાવેલી તે પુરાવાના કાયદાની કલમ–૮ હેઠળ વર્તણૂક હોવાથી પુરાવામાં ગ્રાહ્ય છે. વધુમાં વ.શ્રી આર. કે. શાહ દલીલ કરતા જણાવે છે કે, પોલીસે આંક–૬૩૧૧ વાળુ જે પંચનામું બનાવેલું તે જગ્યાઓ ઉપર ગયા ત્યારે ત્યાં સાહેદોના કોઇ નિવેદનો લીધેલા નથી. આ પંચનામું એ ડિસ્કવરી પંચનામું કહેવાય નહિ. આ સંબંધમાં વ.શ્રી આર. કે. શાહ ફરિયાદપક્ષ તરફથી રજૂ થયેલો ચુકાદો સ્ટેટ (એન.સી.ટી.ઓફ દિલ્હી)વિરૂધ્ધ નવજોતસિંધુ, ૨૦૦૫, સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ),પાના નં.૧૭૧૫ના ચુકાદાના પેરા–૨૨૫, ૨૨૯, ૨૩૦વિગેરે વંચાણે લીધેલા છે અને જણાવે છે કે, પોલીસે જણાવવું પડે કે આરોપીના નિવેદન ઉપરથી જગ્યાની અને વસ્તુની માહિતી મળેલી છે. પરંતુ મારા મત પ્રમાણે આ કામે તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી. અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૬૩ મયૂર ચાવડાની અને સાહેદ

નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા અન્ય બીજા તપાસ કરનાર અધિકારીઓની જુબાની ધ્યાને લઈએ તો ઉપરોકત કોષ્ટકમાં જણાવ્યા પ્રમાણેના જે જે પંચનામાઓ બનાવેલા છે તે પંચનામાઓ આરોપીઓએ આપેલી માહિતીના આધારે બનાવેલાં છે. જેથી વકિલશ્રી આર.કે.શાહ જણાવતા હોય કે આ કેસમાં તપાસ કરનાર અધિકારીઓ આવી હકીકત જણાવતા નથી તો હું સંમત નથી.

બચાવપક્ષ તરફથી વ.શ્રી આર. કે. શાહ દલીલ કરતા જણાવે છે કે, જે આરોપીઓએ જે જગ્યા બતાવી તે જગ્યા બતાવવાનું કૃત્ય તેમની વર્તણૂક કહેવાય કે કેમ તે નક્કી કરવાનું છે. આરોપીઓએ બતાવેલી જગ્યા તે આરોપીઓની વર્તણૂક નથી જયારે ડિસ્કવરી કરવાની હોય અને આરોપીને લઈ જવામાં આવે તો તે આરોપીની વર્તણૂક ગણાય. તેઓ દલીલ કરતા એમ પણ જણાવે છે કે, આ કેસમાં પંચનામાવાળી જગ્યાઓ ઉપર જે આરોપીઓ લઈ ગયેલા તે જાણીતી જગ્યાઓ હતી માટે તેવા પંચનામાઓનો કોઈ અર્થ નથી. આ મુદ્દા સંબંધે વ.શ્રી આર. કે. શાહ નીચે મુજબના ચુકાદા પર આધાર રાખે છે.

અ.નં.	**ચુકાદો**	**ચુકાદામાં નિર્ણીત મુદ્દાઓ પૈકીનો પુરાવાના કાયદની કલમ–૨૭ અંગેના પંચનામા બાબતે નિર્ણીત થયેલો એક મુદ્દો**
૧	હિમાચલપ્રદેશ એડમીનીસ્ટ્રેશન વિરૂધ્ધ ઓમપ્રકાશ ૧૯૭૨ ક્રિમીનલ લૉ જર્નલ, પાના નં.૬૦૬ સુપ્રિમ કોર્ટ.	ચુકાદાના પેરા–૧૨, ૧૩ મુજબ આરોપી જે જગ્યા પર પોલીસને લઈ ગયેલ તે જગ્યા પોલીસ માટે જાણીતી ન હતી અને તે જગ્યાએથી વસ્તુની ડિસ્કવરી થયેલી. આ કેસમાં જે જગ્યાઓ ઉપર આરોપીઓ લઈ ગયેલાં તે જાણીતી જગ્યાઓ હતી.
૨	પ્રકાશચંદ	ચુકાદાના પેરા–૦૮ મુજબ તપાસ કરનાર

	વિરૂધ્ધ સ્ટેટ (દિલ્હી એડમીનીસ્ટ્રેશન) ૧૯૭૯, ક્રિમીનલ લૉ જર્નલ પાના નં.૩૨૯	અધિકારીને આરોપીએ જગ્યાઓ બતાવેલી અને તેના પંચનામાઓ બનેલાં. ક્રિ.પ્રો. કોડની કલમ–૧૬૨થી તે પંચનામાઓ બાધિત થાય છે. આરોપીની વર્તણૂક ગ્રાહ્ય છે પરંતુ પંચનામાઓ ગ્રાહ્ય નથી.
૩	હિરા ગોબર વિરૂધ્ધ એમ્પરર 52 IND Cas 601,	ચુકાદાના પેરા –૦૪ મુજબ આરોપીની વર્તણૂક પુરાવાના કાયદાની કલમ–૦૮ હેઠળ સુસંગત છે. આરોપીનું નિવેદન સુસંગત નથી. વ.શ્રી આર. કે. શાહ જણાવે છે કે, આ કેસમાં જગ્યાઓ બતાવ્યાના પંચનામા સુસંગત નથી.

વ.શ્રી આર. કે. શાહ દલીલ કરતા જણાવે છે કે, તપાસ કરનાર અધિકારીઓ દ્વારા પુરાવાના કાયદાના કલમ–૨૭ હેઠળ બનાવેલા તમામ પંચનામાઓ આરોપીઓ વિરૂધ્ધ પુરાવામાં ગ્રાહ્ય નથી અને તે વંચાણે ન લેવાય.

ફરિયાદપક્ષ તરફથી સરકારી વ .શ્રી અમિત પટેલનાઓ તપાસ કરનાર અધિકારીઓ દ્વારા પુરાવાના કાયદાની કલમ–૨૭ હેઠળના જે જુદા–જુદા પંચનામાઓ તપાસ કરનાર અધિકારીઓએ જુદા–જુદા ગુનાઓના કામે બનાવેલા છે તે પંચનામાઓ તથા તે પંચનામાઓ તપાસ કરનાર અધિકારીઓએ જે પંચ સાહેદોની હાજરીમાં બનાવેલા હતા તે તમામ પંચનામાઓ તથા પંચોની જુબાનીઓ પોતાની દલીલો દરમ્યાન વંચાણે લીધેલાં છે.

પુરાવાના કાયદાની કલમ–૨૭ અંગેના જુદા–જુદા તપાસ કરનાર પોલીસ અધિકારીઓએ જે–જે આરોપીએ માહિતી આપી તે પ્રમાણે તેઓએ આપેલી માહિતીવાળી જગ્યાઓ ઉપર પંચોને તથા ઘણી જગ્યાઓ ઉપર પંચોની સાથે એફ.એસ.એલ. અધિકારીઓને પણ લઈને ગયેલા અને ઘણી જગ્યાઓ ઉપરથી મુદ્દામાલ પંચનામાની વિગતે કબજે કરેલ છે. કયા તપાસ કરનાર

અધિકારી કયા નંબરના આરોપીને અને કયા નંબરના સાહેદને લઈને કઈ જગ્યા ઉપર ગયેલા અને કયા આંકવાળું પંચનામું બનાવેલું તેની સંપૂર્ણ વિગત ઉપરોકત કોષ્ટકમાં જણાવી છે. આ ઉપરાંત જે તે પંચ/સાહેદોની જુબાનીઓ, પંચનામાની વિગત અને તપાસ કરનાર અધિકારી કે જેણે જે આંકવાળું પંચનામું બનાવેલું તે તથા પંચનામાની કાર્યવાહી જે એફ.એસ.એલ. અધિકારી હાજર હતા તેઓના પુરાવા ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા છે અને તે પુરાવાની ચર્ચા આ ચુકાદામાં "આરોપી દીઠ પુરાવા" તે શીર્ષક હેઠળના પેરામાં વિગતવાર ચર્ચા કરેલી છે.

વકીલશ્રી એમ.એમ.શેખ પુરાવાના કાયદાની કલમ–૨૭ હેઠળના પંચનામાઓ બાબતે દલીલો કરતા જણાવે છે કે સીરીયલ બોમ્બ બ્લાસ્ટોના કેસોની તપાસ કરનાર તમામ તપાસ કરનાર અધિકારીઓએ પુરાવાના કાયદાની કલમ–૨૭ હેઠળના પંચનામાઓ આરોપીઓ કસ્ટડીમાં હતા ત્યારે બનાવેલા છે. આ પંચનામાઓની લાક્ષણિકતા બાબતે દલીલ કરે છે કે તમામ પંચનામાઓની કહેવાતી કાર્યવાહી દરમ્યાન કસ્ટડીમાના જે તે આરોપીઓના બતાવ્યાથી ગુનામાં વપરાયેલ કોઈ ગંભીર પ્રકારની સ્ફોટક સામગ્રી કે ચીજવસ્તુઓ કબજે કરવામાં આવેલી નથી. પરંતુ તેઓની આ દલીલ સાથે હું સંમત નથી કારણ કે આરોપી નં.૧ નાએ દાણીલીમડા ખાતે નાગોરી કોમ્પ્લેક્ષવાળી દુકાન બતાવેલી તે દુકાનમાંથી છરા, પુઠ્ઠાનો ફોલ્ડર વિગેરે મળેલા જેનુ પંચનામુ આંક–૫૪૯૨ થી રજૂ કરેલુ છે. આરોપી નં.૧ નાએ હાલોલ–પાવાગઢ ખાતે અન્ય સાહ આરોપીઓ સાથે તાલીમ કેમ્પ રાખેલો તે તાલીમવાળી જગ્યા હેલીકૈલ વાવ નજીકથી કુટેલા કુગ્ગા, છરા વિગેરે કબજે કરેલા જેનુ પંચનામુ આંક–૬૪૮૦ થી રજૂ છે. આરોપી નં.૧ નાએ દાણીલીમડા અલમહમદી સોસાયટી મકાન નં.૧૦ બતાવેલુ જેમાંથી તુટેલી સીડી, વાયરોના ટુકડા, સેલોટેપના ટુકડા વિગેરે ઘણો બધો મુદ્દામાલ કબજે કરવામાં આવેલો જેનુ પંચનામુ આંક–૬૬૫૬ થી રજૂ છે. આરોપી નં.૭ નાએ પોતાનુ મકાન બતાવેલુ જે મકાનમાંથી રામપુરી ચપ્પુ, એરગન, દેશી પિસ્તોલ, પાઈપ બોમ્બ, જેહાદી સીડીઓ, કુગ્ગાની થેલીઓ વિગેરે કબજે કરેલ જેનુ પંચનામુ આંક–૬૩૭૦ થી રજૂ છે. આરોપી નં.૮ નાએ અજીત મીલ રો–

હાઉસ મકાન નં.સી–૧૩૨ બતાવેલુ જેમાંથી સેલોટેપના ટુકડા, વાયરના ટુકડા કબજે કરેલા જેનુ પંચનામુ આંક–૫૪૮૮ થી રજૂ છે. ભરૂચ ખાતે શેરપુરાવાળુ મકાન આરોપી નં.૧૪ નાએ બતાવેલુ તે મકાનમાંથી ટેપના ટુકડા, પ્લાસ્ટીગના ટુકડા કબજે કરેલા જેનુ પંચનામુ આંક–૬૫૪૦ થી રજૂ કરેલુ છે. વટવા ઉમરાવ નગર ખાતે મકાન નં.૩ જે આરોપી નં.૧૪ તથા ૩૭નાઓએ બતાવેલુ જેમાંથી વાયરના ટુકડા, બોલ્ટ, છરા વિગેરે મળેલા જે કબજે કરેલા જેનુ પંચનામુ આંક–૬૪૩૪ થી રજૂ કરેલુ છે. સુરત ખાતે રીવરવ્યુ સોસાયટીવાળુ મકાન આરોપી નં.૬૩ નાઓએ બતાવેલુ તે મકાનમાંથી છરા, ચપ્પુ, કાતર, કટર વિગેરે વસ્તુઓ કબજે કરેલી જેનુ પંચનામુ આંક–૨૭૫૭ વાળુ બનાવેલુ માટે જો વકીલશ્રી એમ. એમ.શેખ જણાવતા હોય કે સ્ફોટક સામગ્રી કે ચીજવસ્તુઓ કબજે કરવામાં આવેલી નથી તો તે દલીલ સાથે હું સંમત નથી.

વધુમાં વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે હાલોલ–પાવાગઢ ખાતે થયેલ કેમ્પવાળી જગ્યાઓ ઉપરથી કે વાઘમોન કેમ્પવાળી જગ્યાઓ ઉપરથી સીરીયલ બોમ્બ બ્લાસ્ટને કનેકટ કરી શકાય તે પ્રકારની કોઈ સ્ફોટક સામગ્રી મળેલી નથી. પરંતુ મારા મત પ્રમાણે વાઘમોન ખાતે ડિસેમ્બર–૨૦૦૭ મા કેમ્પ થયેલ હતો અને હાલોલ પાવાગઢ ખાતે જાન્યુઆરી–૨૦૦૮ મા કેમ્પ થયેલો હતો. જયારે હાલોલ–પાવાગઢ ખાતેની જગ્યાનું પંચનામુ સૌ પ્રથમ ઓગસ્ટ–૨૦૦૮ મા થયેલુ છે. જગ્યા ઉપરથી કુટેલા કુગ્ગા તથા છરા મળેલા છે. આમ બનાવ બાદ સાત માસ પછી કુગ્ગા કે છરા ઉપર અથવા જગ્યા ઉપરથી કોઈ સ્ફોટક પદાર્થ હરગીજ મળે નહીં. એટલુ જ નહીં જુલાઇ માસમાં ચોમાસાની ઋતુ હોય છે જેથી વરસાદના કારણે પણ સ્ફોટક પદાર્થ મળે નહીં. વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે તમામ પંચનામાઓ આરોપીઓને અટક કર્યા બાદ લાંબા સમય પછી બનાવેલા છે. પરંતુ મારા મત પ્રમાણે અમદાવાદ બોમ્બ બ્લાસ્ટની કુલ–૨૦ જેટલી ફરિયાદો દાખલ થયેલી હતી. કુલ–૪ તપાસ ટીમો આ ફરિયાદોની તપાસ કરતી હતી. દરેક ફરિયાદના કામે આરોપીઓની પોલીસ કસ્ટડી હતી જેથી કરીને આરોપીઓને

અટક કર્યા બાદ તાત્કાલિક પંચનામાઓ બનેલા ન હોય તેમ કહી શકાય. પરંતુ વિલંબથી પંચનામાઓ બનાવવાથી ફરિયાદોના મુળને કોઈ અસર થતી નથી. વધુમાં વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે તપાસ કરનાર અધિકારીઓએ ઉભી કરેલી સ્ટોરી આરોપીઓના મોઢામાં મુકવામાં આવેલ છે અને કબૂલાત સ્વરૂપે પંચનામાઓ બનાવવામાં આવેલા છે. પરંતુ મારા મત પ્રમાણે તપાસ કરનાર અધિકારીઓ મદદનીશ પોલીસ કમિશનર કક્ષાના અધિકારીઓ છે. કાયદાથી અને ફરજથી બંધાયેલા છે. ખોટી સ્ટોરી ઉભી કરવાનું કોઈ કારણ નથી. તપાસ કરનાર અધિકારીઓ ઉપર આવો આક્ષેપ કરવાથી વાસ્તવિક હકીકત અને પરિસ્થિતિ બદલાતી નથી. આવા પ્રકારના આક્ષેપને બચાવ કહી શકાય નહીં. વધુમાં વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે અમુક જગ્યાઓ ઉપર તપાસ કરનાર અધિકારીઓ અગાઉ જઈ આવેલા હતા. જેથી ફરીથી તે જગ્યાઓ ઉપર જઈને બનાવવામાં આવેલા પંચનામાઓ ખોટા અને ઉભા કરેલા છે. પરંતુ તેઓની દલીલ સાથે હું સંમત નથી જેમ જેમ આરોપી પકડાતા ગયા તેમ તેમ તેમને આપેલી માહિતીના આધારે તપાસ કરનાર અધિકારીઓએ પંચોની રૂબરૂમાં પંચનામાઓ બનાવેલા છે. જે તે સ્થળો ઉપર તપાસ કરનાર અધિકારીઓ અગાઉ જઈ આવેલા હોવાથી ફરીથી તે સ્થળ ઉપર જઈને પંચનામુ ન કરાય તેવો કોઈ નિયમ નથી. જો આરોપી માહિતી આપે તો માહિતીના આધારે તપાસ કરનાર અધિકારી જગ્યાનુ પંચનામુ બનાવી શકે. અગાઉ તે જગ્યા ઉપર તપાસ કરનાર અધિકારી જઈ આવેલા હોવાથી જગ્યાઓ બદલાઈ જતી નથી અને જગ્યાનું જ્ઞાન આરોપીને હોવુ જોઈએ.

વધુમાં વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે, તમામ પંચનામાઓમાં તમામ પંચોએ આરોપી કયારથી પોલીસ રીમાન્ડ ઉપર હતો અને પોલીસે તેને કોઈ શારીરિક કે માનસિક ત્રાસ આપેલો નથી તેવી વિગતો મેળવ્યાની કે પુછપરછ કર્યાની હકીકતોનો પંચોએ ઈન્કાર કરેલો છે. પરંતુ મારા મત પ્રમાણે તપાસ કરનાર અધિકારી કોઈ વ્યકિતને પંચ તરીકે બોલાવે ત્યારે આરોપી જે કોઈ માહિતી આપે તે માહિતાના આધારે તપાસ કરનાર અધિકારી

પંચની હાજરીમાં પંચનામુ બનાવે છે. આરોપી રીમાન્ડ ઉપર કયારથી હતો, આરોપીને શારીરિક કે માનસિક ત્રાસ આપેલો નથી તેવી પુછપરછ પંચોએ કરવી જ જોઈએ તેવી આદેશાત્મક જોગવાઈ નથી. વધુમાં વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે દરેક આરોપીઓએ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ ના નિવેદનમાં આ પંચનામાની વિગતો નકારેલી છે. વકીલશ્રી એમ.એમ.શેખે પુરાવાના કાયદાની કલમ–૨૪,૨૫,૨૭ વંચાણે પણ લીધેલી છે. ઉપરોકત કોષ્ટકમાં જણાવેલા તમામ પંચનામાઓ કલમ–૨૭ હેઠળના પંચનામાઓ કહેવાય નહીં તેવી દલીલ વકીલશ્રી એમ.એમ.શેખ કરે છે. પરંતુ એક તબકકે માની લઈએ કે આ કલમ–૨૭ હેઠળના પંચનામાઓ નથી તો પણ જે તે જગ્યાઓ જે તે આરોપીઓએ પંચનામાની વિગતવાળી બતાવેલી છે તે જગ્યાઓ બતાવ્યા અંગે આરોપીઓનું વર્તન પુરાવાના કાયદાની કલમ–૮ હેઠળ ગ્રાહય છે. જે જે આરોપીઓએ જે જે જગ્યાઓ બતાવી તે જગ્યાઓનું જ્ઞાન અને માહિતી તે તે આરોપીઓને હતી અને તેથી જ તેઓને અટક કર્યા બાદ તે જગ્યાઓ ઉપર જે તે આરોપીઓ તપાસ કરનાર અધિકારી તથા પંચોને લઈ ગયેલા છે અને તે લઈ જવાનું વર્તન જે તે આરોપી સામે સાંયોગિક પુરાવા હોવા અંગેનો સંજોગ ઉભો કરે છે. વકીલશ્રી એમ.એમ.શેખ કલમ–૨૭ ના પંચનામાઓ બાબતે નીચે મુજબના ચુકાદાઓ ઉપર આધાર રાખે છે.

અ.નં.	**ચુકાદો**	**ચુકાદામાં નિર્ણીત થયેલ મુદ્દાઓ પૈકી પુરાવાના કાયદાની કલમ–૨૭ અંગે પંચનામા બાબતે નિર્ણીત થયેલ મુદ્દો**
૧	અલી અનવર વિરૂધ્ધ સ્ટેટ ઓફ હિમાચલ પ્રદેશ એ.આઈ.આર. ૨૦૨૦ સુપ્રિમ કોર્ટ પાન નં.૪૫૧૯	પેરા નં.૭ મુજબ તપાસ કરનાર અધિકારીને માહિતી મળેલી કે ચંડીગઢ રોડ ઉપર એક જીપ ત્યજી દીધેલી હાલતમાં છે. જેથી તપાસ કરનાર અધિકારી સ્થળ ઉપર ગયેલા અને જીપ કબજે કરેલી. આ કેસમાં નામદાર અદાલતે ઠરાવેલુ કે તપાસ કરનાર

		અધિકારીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૬(૩)(૪) ને અનુસરેલ નહીં. ઉપરાંત તેઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૦૦(૪) નું પણ પાલન કરેલુ નહીં. તમામ સંજોગો જોતા જીપની રીકવરી શંકા ઉપજાવે તેવી છે. પરંતુ આ કેસમાં જે આરોપીઓએ જગ્યાઓ બતાવેલી તે જગ્યાઓ ઉપર તપાસ કરનાર અધિકારીએ જે પંચનામાઓ બનાવેલા તે વખતે આરોપીની હાજરી હતી. જે જગ્યાઓ ઉપરથી મુદ્દામાલ કબજે કરવામાં આવેલો છે તે પણ આરોપીઓની હાજરીમાં કબજે કરવામાં આવેલો છે.
૨	દિગંબર વૈષ્ણાન વિરૂધ્ધ સ્ટેટ ઓફ છત્તીસગઢ ૨૦૧૯(૪) સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૫૨૨	પેરા–૨૯,૩૦,૩૧ મુજબ આરોપીના નિવેદન આધારે લુંટમાં વપરાયેલ મોટર સાઇકલ કબજે કરવામાં આવેલી. પુરાવાના કાયદાની કલમ–૨૭ હેઠળ દરેક શોધ સ્વીકાર્ય નથી પરંતુ સબંધીત શોધ સ્વીકાર્ય છે. શોધ બીજુ કાંઈ નથી પરંતુ તે શોધાયેલ વસ્તુ ગુના સાથે સાંકળે છે. મોટર સાઇકલની શોધ વિરૂધ્ધ આધાર રાખેલો પરંતુ પંચના કહેવા પ્રમાણે મોટર સાઇકલ લાલ કલરની હતી અને સીઝર મેમો પ્રમાણે મોટર સાઇકલ કાળા કલરની હતી. નામદાર અદાલતે ઠરાવેલુ કે આવી રીકવરી ઉપર આધાર રાખી શકાય નહીં.

		પરંતુ આ કેસમાં કબજે કરવામાં આવેલ મોટર સાઇકલ કે ટાટા સુમો ગાડી બાબતે આવો કોઈ કલર અંગેનો તફાવત નથી તથા જે તે મકાનોમાંથી કબજે કરવામાં આવેલો મુદ્દામાલ જેવો જ મુદ્દામાલ બોમ્બ બ્લાસ્ટવાળા સ્થળો ઉપરથી મળેલો છે. પેરા–૩૨ મુજબ આરોપીના જાહેરાત કરતા નિવેદન આધારે ગુજરનારની માલીકીની ચાંદીની પટ્ટી રીકવર કરવામાં આવેલી. તે પટ્ટી ગુજરનારની હતી તેવુ કોઈ સાહેદ જણાવેલુ નહીં. નામદાર અદાલતે ઠરાવેલુ કે આ રીકવરી ઉપર આધાર રખાય નહીં. આ કેસની હકીકત તદ્દન જુદી છે. જેથી આ ચુકાદો લાગુ પડશે નહીં. પેરા–૩૭ મુજબ આરોપીના શર્ટની રીકવરી કરવામાં આવેલી તેનુ શર્ટ તે અલગ પ્રકારનું અને બીજા શર્ટો સાથે સરખાપણા જેવુ ન હતુ તેવી કોઈ હકીકત કે પુરાવો હતો નહીં. સાહેદ નં.૧૩ ની જુબાની પ્રમાણે આવુ શર્ટ બજારમાં સહેલાઈથી મળી શકે છે. જેથી નામદાર અદાલતે ઠરાવેલ કે આવી રીકવરી ઉપર આધાર રાખવો અયોગ્ય. આ કેસની હકીકત તદ્દન જુદી છે.

		જેથી આ ચુકાદો લાગુ પડશે નહીં.
૩	અબ્દુલ સત્તાર વિરૂધ્ધ યુનિયન ટેરીટરી ઓફ ચંડીગઢ એ.આઈ.આર. ૧૯૮૬ સુપ્રિમ કોર્ટ પાન નં.૧૪૩૮	પેરા–૩,૪,૬ મુજબ ખુનના ગુનામાં સહઆરોપીના પુરાવાને સમર્થનકારી બીજો કોઈ પુરાવો ન હતો. કાવતરૂ સાબીત થતુ ન હતુ. નામદાર અદાલતે ઠરાવેલુ કે સહઆરોપીનો પુરાવો વિશ્વાસપાત્ર નથી કે આરોપી ખુન વખતે સાથે હતો. બનાવ બાદ ૩ અઠવાડીયા પછી જાહેર જગ્યા ઉપરથી ગુજરનારના કપડાની શોધ થયેલી અને કબજે કરવામાં આવેલા. નામદાર અદાલતે ઠરાવેલુ કે આ રીકવરી ગ્રાહય નથી. આ કેસની હકીકત તદ્દન જુદી છે. જેથી આ ચુકાદો લાગુ પડશે નહીં.
૪	આશીષ જૈન વિરૂધ્ધ મકરંદ સીંઘ ૨૦૧૯(૩) સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૭૭૦	પેરા–૨૧,૨૨,૨૫ મુજબ આરોપીએ આપેલી માહિતી સ્વૈચ્છિક ન હતી તે માહિતી માટે તપાસ કરનાર અધિકારીએ દબાણ અને લાલચ આપેલી અને રીકવરી કરેલી. નામદાર અદાલતે ઠરાવેલુ કે આ રીકવરી ગેરકાયદેસર છે. આ કેસમાં તપાસ કરનાર અધિકારીઓએ દબાણ અને લાલચ આપેલાની હકીકતો આરોપીઓએ પોતાના ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનોમાં જણાવેલી છે પરંતુ તે બચાવ તેમને ઉભો કરેલો બચાવ છે. ખરેખર તપાસ કરનાર અધિકારીઓએ

		દબાણ અને લાલચો આપેલી હોય તેવો સબળ પુરાવો નથી કે આરોપીઓ તરફથી તેવી સંભાવના પણ ઉભી કરવામાં આવેલી નથી. પેરા–૨૫ મુજબ ગુનામા વપરાયેલા લોહીવાળા હથિયાર આરોપી નં.૧,૨ નાએ આપેલી માહિતીના આધારે તેમના ઘરેથી રીકવર કરવામાં આવેલા. આ હથિયારો ગુનામાં વપરાયેલા હતા તેવુ ફરિયાદપક્ષ સાબીત કરી શકેલ નહીં. નામદાર અદાલતે ઠરાવેલ કે આવી રીકવરી શંકાસ્પદ છે. આ ચુકાદામાં અગાઉ ચર્ચા કરી છે તેમ જે તે મકાનો ઉપરથી મળી આવેલા છરા, સેલોપેટ, વાયરના ટુકડા વિગેરે આરોપીઓએ આપેલ માહિતીના આધારે કબજે કરવામાં આવેલા છે અને આવી જ વસ્તુઓ બોમ્બ બ્લાસ્ટવાળા સ્થળો ઉપરથી મળેલી છે.
૫	પ્રદિપ નારાયણ મદગાંકર વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર, ૧૯૯૫(૪) સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૨૫૫	પેરા–૧૦,૧૨,૧૩ મુજબ તપાસ કરનાર અધિકારીએ બે પંચોની હાજરીમાં શોધ કરેલી જે જગ્યા ઉપર શોધ કરેલી તે જગ્યાના સ્થાનિક વિસ્તારના પંચો ન હતા તથા તેમનો પુરાવો ભરોસાપાત્ર ન હતો. તપાસ કરનાર અધિકારીએ સ્થાનિક વિસ્તારના પ્રતિષ્ઠિત વ્યકિતઓને પંચમાં રાખેલા નહીં. જેથી લાભ આરોપીને મળે.

		આ કેસમાં તમામ પંચનામાઓના પંચો પ્રતિષ્ઠિત નથી તેવો બચાવ આરોપીઓ તરફથી લેવામાં આવેલો નથી. પરંતુ એટલી હકીકત પંચોને પુછવામાં આવેલી છે કે તે શું કામ ધંધો કરે છે? રજૂઆત એવી પણ થયેલી છે કે પંચો મજૂર કક્ષાના માણસો છે. પંચો મજૂર કક્ષાના માણસો હોવાથી પંચમાં ન રહે તેવો કોઈ નિયમ નથી અને સ્થાનિક વિસ્તારમાંથી કોઈ પંચ સાહેદ ન મળે તો પંચનામુ બનાવવામાં ન આવે તેવુ પણ નથી. સ્થાનિક વિસ્તાર બહારના પંચ હોવાના કારણે પંચનામુ ગેરકાયદેસર બનતુ નથી.
૬	રમેશ બાબુ ઠાકોર વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૧૯ (૪) જી.એલ. આર. પાન નં.૩૦૦૩, ગુજરાત	પેરા–૫,૧૭ મુજબ તપાસ કરનાર અધિકારીએ પોતાની જુબાનીમાં સ્વીકારેલુ કે જગ્યા ઉપર આગલા દિવસે તેઓ ગયેલા હતા. બીજા દિવસે જગ્યા ઉપર ગયા ત્યારે કોઈ રીકવરી કે ડીસ્કવરી થયેલી નહીં. જેથી સંજોગો ફરિયાદપક્ષની વિરૂધ્ધ જાય છે. પરંતુ આ કેસમાં દરેક જગ્યા ઉપર તપાસ કરનાર અધિકારીઓ ગયેલા હોય તેવુ નથી અને દરેક જગ્યાઓ ઉપરથી રીકવરી કે ડીસ્કવરી થયેલી હોય તેવુ પણ નથી.
૭	સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ અરવિંદ ભાઈલાલ ખાંટ,	તપાસ કરનાર અધિકારીએ ડેમોસ્ટ્રેશન પંચનામુ બનાવતા પહેલા તે જગ્યા ઉપર ગયેલા હતા. નામદાર અદાલતે આ

	૨૦૨૦ (૧) જી.એલ.આર. પાન નં.૧૫૯, ગુજરાત	ચુકાદામાં ઠરાવેલુ કે આરોપીએ આપેલ માહિતી પુરાવાના કાયદાની કલમ–૨૭ નીચે પુરવાર ના થાય. ફરિયાદપક્ષ સંજોગોની ચેઈન પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. આ કેસમાં તપાસ કરનાર અધિકારીઓએ કોઈ સ્થળ ઉપર જઈને ડેમોસ્ટ્રેશન પંચનામુ કરેલુ નથી માટે આ ચુકાદો લાગુ પડશે નહીં.

આરોપી નં.૧ જાહિદ કુત્બુદ્દિન શેખનાઓએ આપેલી માહિતીના આધારે તપાસ કરનાર અધિકારી વી.આર. ટોળીયા તા.૧૯/૦૮/૨૦૦૮નારોજ દાણીલીમડા નાગોરી કોમ્પ્લેક્ષવાળી દુકાને ગયેલાં. દુકાનમાંથી પુંઠાનું ફોલ્ડર, નેપકીન, છરા વિગેરે કબજે કરેલા. તે અંગેનું પંચનામું આંક–૫૪૯૨વાળુ બનાવેલું. તે જ રીતે તા.૦૧/૦૯/૨૦૦૮ના રોજ તપાસ ટીમના અન્ય એક અધિકારી વિનય શુકલએ આજ આરોપીએ આપેલી માહિતીના આધારે પાલડી ખાતે આઈનેટ સાયબર કાફે ઉપર જઈ કમ્પ્યુટરોમાંથી હાર્ડ ડિસ્ક કબજે કરેલી અને તે અંગેનું પંચનામું આંક–૫૫૧૭ વાળુ બનાવેલું. તે જ રીતે તા.૨૭/૮/૨૦૦૮ નારોજ તપાસ ટીમના અન્ય એક અધિકારી વી.આર.ટોળીયાનાઓએ આજ આરોપીએ આપેલી માહિતીના આધારે પાવાગઢ ખાતે હૈલીકેલ વાવ પાસેની જંગલવાળી જગ્યા ઉપર ગયેલા અને ત્યાંથી છરા, કુટેલા કુગ્ગા વિગેરે કબજે કરેલાં હતાં. ત્યારબાદ ખુંદપીરની દરગાહવાળી જગ્યા, એક મિનારવાળી જગ્યા વિગેરે આરોપીએ બતાવેલી અને તે અંગેનું પંચનામું આંક–૬૪૮૦ વાળુ બનાવેલું. તે જ રીતે તા. ૧૯/૦૮/૨૦૦૮ ના રોજ તપાસ કરનાર અધિકારી સુ.શ્રી ઉષા રાડાએ આજ આરોપીએ આપેલી માહિતીના આધારે દાણીલીમડા ખાતે અલમહમદી સોસાયટી મકાન નં.૧૦ ઉપર ગયેલા અને ત્યાં મકાનમાંથી કાતર, ટેપ, ડોલચુ, વિગેરે મુદ્દામાલ કબજે કરેલો અને તે અંગેનું પંચનામું આંક–

૬૬પ૬વાળું બનાવેલું હતું. આ તમામ જગ્યાઓની માહિતી આરોપી નં.૦૧ જાહિદને હતી અને તેથી જ તેની અટક કર્યા બાદ તપાસ કરનાર અધિકારીને માહિતી આપેલી અને ઉપરોકત જગ્યાઓ ઉપર તે દોરીને લઇ ગયેલ હતો. આમ, દોરીને લઇ જવાનુ કૃત્ય તેની વર્તણૂક છે. બચાવપક્ષ તરફથી એવી રજૂઆત છે કે આ પંચનામાઓમાં પંચ/સાહેદોની જુબાનીઓ દરમ્યાન લાલ પેનથી કૌંસ કરાવેલા છે તેવી હકીકતો જેવી કે, આરોપીએ પોતાનું નામ જણાવેલું તે, દુકાન ઉપર હાજર વ્યકિત મારા પિતાજી છે તે, આ સાયબર કાફે ઉપરથી મે ઇ–મેઇલ કરેલા તે, આ જગ્યા ઉપર અમે તાલીમ લીધેલી, આ દરગાહ ઉપર ધર્મશાળામાં અમે રોકાયેલાં વિગેરે તથા આ મકાનમાં અમે તથા અમારા સાથીઓ રોકાયેલાં, કયામુદ્દિન કાપડીયા તથા અન્ય આરોપીઓએ અમદાવાદ શહેરમાં થયેલા બોમ્બ બ્લાસ્ટમાં વપરાયેલા બોમ્બ બનાવેલાં વિગેરે હકીકતો કબૂલાત્મક હકિકતો હોય પુરાવામાં ગ્રાહ્ય નથી.

આરોપી નં.૦૨ ઇમરાન ઇબ્રાહિમ શેખનાઓએ આપેલી માહિતીના આધારે તપાસટીમના અધિકારી વિનય શુકલ તા.૨૨/૦૮/૨૦૦૮ ના રોજ વડોદરા મુકામે જેહાદી તાલીમ દરમ્યાન વપરાયેલ સામાન તાઇવાડા, મહંત મહોલ્લા તરફ એક ઘર ઉપર ગયેલાં અને ત્યાંથી પ્લાસ્ટિકના બોકસમાંથી ટ્રેસીંગનો સામાન કબજે કરેલો અને તે અંગેનું પંચનામું આંક–૬૨૭૮ વાળુ બનાવેલું. બચાવપક્ષ તરફથી એવી રજૂઆત છે કે , આ પંચનામાઓમાં પંચ/સાહેદોની જુબાનીઓ દરમ્યાન લાલ પેનથી કૌંસ કરાવેલા છે તેવી હકીકતો જેવી કે, આરોપીએ પોતાનું નામ જણાવેલું તે, હાલોલ–પાવાગઢના અંતરિયાળ ભાગમાં તાલીમ દરમ્યાન વપરાયેલ ફર્સ્ટ એૈડ બોકસ, આ વિઝીટીંગ કાર્ડ પોતાનું છે, આ બેગ ચારેક દિવસ પહેલા વાસદ બ્રિજ ઉપરથી મે મહિસાગર નદીમાં ફેંકી દીધેલી વિગેરે હકિકતો કબૂલાત્મક હકીકતો હોય પુરાવામાં ગ્રાહ્ય નથી.

આરોપી નં.૦૩ ઇકબાલ ઉર્ફે ઇકરાર કાસમ શેખનાઓએ આપેલી માહિતીના આધારે તપાસ કરનાર અધિકારી આર.વી. અસારી તા. ૦૮/૧૨/ ૨૦૦૮ ના રોજ જે–જે જગ્યાઓ ઉપર જીવતા બોમ્બ સાથે સાઇકલો મૂકેલી તે

જગ્યાઓ બતાવ્યા અંગેનું પંચનામું આંક–૬૩૧૧ વાળુ બનાવેલું. બચાવપક્ષ તરફથી એવી રજૂઆત છે કે આ પંચનામાઓમાં પંચ/સાહેદોની જુબાનીઓ દરમ્યાન લાલ પેનથી કૌંસ કરાવેલા છે તેવી હકીકતો જેવી કે, આરોપીએ પોતાનું નામ જણાવેલું તે, આ જગ્યાએ આરોપી અબ્દુલ રાજીકે એક સાઇકલ આપેલી, એક બોમ્બવાળી થેલી એક બસમાં મૂકેલી, પોતે બોમ્બવાળી થેલી લઇને સરખેજ જતી બસમાં ચઢી ગયેલો, બસમાં બોમ્બ મુક્યા પછી પોતે પણ બસમાં બેસી ગયેલો વિગેરે હકીકતો કબૂલાત્મક હકિકતો હોય પુરાવામાં ગ્રાહ્ય નથી.

આરોપી નં.૦૪ સમસુદ્ધિન ઉર્ફે સમસુ શાહબુદ્ધિન શેખનાઓએ આપેલી માહિતીના આધારે તપાસટીમના અધિકારી વિનય શુક્લ તા.૩૦/૦૮/૨૦૦૮ ના રોજ જુહાપુરા શરીફાબાદ સોસાયટીમાં મકાન નં.બી/૦૯ વાળુ મકાન કે જ્યાં મીટીંગો થયેલી તે જગ્યા બતાવી તે અંગેનુ પંચનામું આંક–૫૪૫૨ વાળુ બનાવેલું. બચાવપક્ષ તરફથી એવી રજૂઆત છે કે આ પંચનામાઓમાં પંચ/સાહેદોની જુબાનીઓ દરમ્યાન લાલ પેનથી કૌંસ કરાવેલા છે તેવી હકિકતો જેવી કે, આરોપીએ પોતાનું નામ જણાવેલું તે, અમે બધા મિટીંગ માટે આ રૂમમાં તા.૨૦/૦૭/૦૮ના રોજ ભેગા થયેલાં વિગેરે હકીકતો કબૂલાત્મક હકીકતો હોય પુરાવામાં ગ્રાહ્ય નથી.

આરોપી નં.૦૭ મોહમદ ઉસ્માન ઉર્ફે ઉસ્માન મોહમદ અનીશ અગતબત્તીવાલા નાઓએ આપેલી માહિતીના આધારે તપાસ કરનાર અધિકારી મયૂર ચાવડા તા.૧૯/૦૮/૨૦૦૮ ના રોજ વડોદરા મુકામે બાવામાનપુરા દરગાહ પાસે આરોપીના કાકાના ઘરેથી રામપુરી ચપ્પુ, એરગન, દેશીપિસ્તોલ, જેહાદી સીડીઓ, પાઇપ બોમ્બ તથા કુટેલા કુગ્ગાની થેલીઓ કબ્જે કરેલી તે અંગેનું પંચનામું આંક–૬૩૭૦ વાળુ બનાવેલું. બચાવપક્ષ તરફથી એવી રજૂઆત છે કે આ પંચનામાઓમાં પંચ/સાહેદોની જુબાનીઓ દરમ્યાન લાલ પેનથી કૌંસ કરાવેલા છે તેવી હકીકતો જેવી કે, આરોપીએ પોતાનું નામ જણાવેલું તે, પોતાની પાસે એક ગેરકાયદેસર હથિયારો, પાઇપ બોમ્બ, સીડીઓ છે તે મારા કાકાના ઘરે મુકેલી છે વિગેરે તથા આ તમામ સાધનો પોતાના સીમીના કાર્યકરોને

ટ્રેનીંગમાં આપવા માટે ઉપયોગમાં લીધેલ હતા વિગેરે હકિકતો કબૂલાત્મક હકીકતો હોય પુરાવામાં ગ્રાહ્ય નથી.

આરોપી નં.૦૮ યુનુસ મહમદ મન્સુરી નાઓએ આપેલી માહિતીના આધારે તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયા તા.૧૯/૦૯/૨૦૦૮ ના રોજ અમદાવાદ ખાતે અજીત મીલ રો–હાઉસ ખાતે મકાન નં.સી/૧૩૨ વાળા ઘરમાંથી બે પુસ્તકો, સેલો ટેપ, વાયરના ટુકડા, બોલ્ટ, છરા વિગેરે કબજે કરેલા અને તે અંગેનું પંચનામું આંક–૫૪૮૮ વાળુ બનાવેલું. બચાવપક્ષ તરફથી એવી રજૂઆત છે કે આ પંચનામાઓમાં પંચ/સાહેદોની જુબાનીઓ દરમ્યાન લાલ પેનથી કૌંસ કરાવેલા છે તેવી હકીકતો જેવી કે, આરોપીએ પોતાનું નામ જણાવેલું તે, આ મકાન પોતાનું છે, વિગેરે હકીકતો કબૂલાત્મક હકિકતો હોય પુરાવામાં ગ્રાહ્ય નથી.

આરોપી નં.૧૪ મોહમદ સાજીદ ઉર્ફે સલીમ ઉર્ફે સજ્જાદ ઉર્ફે ગુલામ ખ્વાજા મન્સુરીનાઓએ આપેલી માહિતીના આધારે તપાસ કરનાર અધિકારી એન.બી. પરમાર તા.૧૦/૧૧/૨૦૦૮ ના રોજ સુરત રેલવે સ્ટેશન સામે "પુંજા લગેજ નામની દુકાન આગળ મુકેલ કોઇન બોકસવાળી જગ્યા તથા કોહીનુર પાન કોલ્ડ્રીંકસ વાળી જગ્યા ઉપર ગયેલા અને તે અંગેનું પંચનામું આંક–૨૮૨૨ વાળુ બનાવેલું તે જ રીતે આ જ આરોપીએ આપેલી માહિતીના આધારે તપાસ કરનાર અધિકારી વી.આર. ટોળિયા તા.૧૯/૦૯/૨૦૦૮ ના રોજ વડોદરા પાણી ગેટ ખાતે આવેલ અકમલ એપાર્ટમેન્ટના ત્રીજા માળે આવેલો ફલેટ બતાવેલો જેમાંથી ૮ થી ૧૦ પડીકા કબજે કરેલાં તે અંગેનું પંચનામું આંક–૬૨૮૩ વાળુ બનાવેલું તે જ રીતે તપાસ કરનાર અધિકારી મયૂર ચાવડાને આજ આરોપીએ આપેલી માહિતીના આધારે ભરૂચ, શેરપુરા ખાતે આવેલ મકાન ઉપર ગયેલા અને તેમાંથી ટેપનો ટુકડો, બૂક, પ્લાસ્ટિકના ટુકડા વિગેરે કબ્જે કરેલાં તે અંગેનું પંચનામું આંક–૬૫૪૦ વાળુ બનાવેલું. બચાવપક્ષ તરફથી એવી રજૂઆત છે કે આ પંચનામાઓમાં પંચ/સાહેદોની જુબાનીઓ દરમ્યાન લાલ પેનથી કૌંસ કરાવેલા છે તેવી હકીકતો જેવી કે, આરોપીએ પોતાનું નામ જણાવેલું તે, હું, તૌકિર,

કયામુદ્દિન, અબ્દુલ સુભાન વિગેરેનાઓ બોમ્બ બ્લાસ્ટ માટે મકાનમાં મિટીંગો અને મસલત કરતા હતા તથા મકાનમાંથી કબજે કરેલા તાડપત્રીનો ઉપયોગ પાવાગઢના જંગલોમાં તાલીમ દરમ્યાન કરેલો હતો, શેરપુરાવાળુ મકાન બતાવેલું, હું તથા આ કામનો ભાગેડુ આરોપી આ મકાનમાં રહેતા હતા વિગેરે હકીકતો કબૂલાત્મક હકીકતો હોય પુરાવામાં ગ્રાહ્ય નથી.

આરોપી નં.૧૫ અબુબસર ઉર્ફે મુફતી ઉર્ફે અબ્દુલ રશીદ ઉર્ફે અબદુલ્લા અબુબકર શેખનાઓએ આપેલી માહિતીના આધારે તપાસ કરનાર અધિકારી મયૂર ચાવડા તા.૧૮/૦૮/૨૦૦૮ ના રોજ અમદાવાદમાં વટવા ખાતે ઉમરાવનગર સોસાયટીમાં મકાન નં.૦૩માંથી અંગ્રેજી પેપર, વાયરના ટુકડા, બોલ્ટ–છરા વિગેરે કબજે કરેલ અને તે અંગેનું પંચનામું આંક–૬૪૩૪ વાળુ બનાવેલું. બચાવપક્ષ તરફથી એવી રજૂઆત છે કે આ પંચનામાઓમાં પંચ/સાહેદોની જુબાનીઓ દરમ્યાન લાલ પેનથી કૌંસ કરાવેલા છે તેવી હકીકતો જેવી કે, આરોપીએ પોતાનું નામ જણાવેલું તે,મકાનમાં પોતે તથા અબ્દુલ સુભાન અને કયામુદ્દિન રહેતા હતા વિગેરે હકીકતો કબૂલાત્મક હકીકતો હોય પુરાવામાં ગ્રાહ્ય નથી.

આરોપી નં.૧૬ અબ્બાસ ઉમર સમેજાનાઓએ આપેલી માહિતીના આધારે તપાસ કરનાર અધિકારી મયૂર ચાવડા તા.૨૮/૦૯/૨૦૦૮ ના રોજ પાવાગઢ ખાતે હેલીકૈલ વાવ પાસેની જંગલવાળી જગ્યા, ખુંદપીરની દરગાહવાળી જગ્યા, એક મિનારવાળી જગ્યા, ફોરેસ્ટ ચોકીવાળી જગ્યા, મોટા તળાવવાળી જગ્યા વિગેરે આરોપીએ બતાવેલી અને તે અંગેનું પંચનામું આંક–૭૦૫૩ વાળુ બનાવેલું.બચાવપક્ષ તરફથી એવી રજૂઆત છે કે આ પંચનામાઓમાં પંચ/સાહેદોની જુબાનીઓ દરમ્યાન લાલ પેનથી કૌંસ કરાવેલા છે તેવી હકીકતો જેવી કે, આરોપીએ પોતાનું નામ જણાવેલું તે, જાન્યુઆરી–૨૦૦૮ ની ૧૪,૧૫ અને ૧૬ મા પાવાગઢના જંગલોમાં જેહાદિ કેમ્પમાં પોતે તથા પોતાના સાથીદારોએ ટ્રેનીંગ લીધેલી, તા.૧૪/૦૧/૨૦૦૮ ના રોજ વહેલી સવારે અમદાવાદથી નીકળીને આ જગ્યા ઉપર આવેલો, દરગાહ ઉપર પોતે તથા

સાથીદારો સાથે રોકાણ કરેલું, વિગેરે હકીકતો કબૂલાત્મક હકિકતો હોય પુરાવામાં ગ્રાહ્ય નથી.

આરોપી નં.૨૩ એયાઝ રઝાકમીંયા સૈયદનાઓએ આપેલી માહિતીના આધારે તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયા તા.૦૯/૦૯/૨૦૦૮ ના રોજ નરોડા, ભાગોળ, પરમશકિત ટી સ્ટોલ પાસે બોમ્બવાળી સાઇકલ મુકેલી તે જગ્યાનું પંચનામું આંક–૫૪૫૮ વાળુ બનાવેલું. તે જ રીતે આજ આરોપીએ આપેલી માહિતીના આધારે તપાસ કરનાર અધિકારી વી.આર. ટોળીયા તા.૦૮/૦૯/૨૦૦૮ ના રોજ અજીત મીલ ચાર રસ્તા, નરોડા, ભાગોળ, નરોડા બસ સ્ટેન્ડ, સૈઝપુર બોઘા ખાતે આવેલી જગ્યાનું પંચનામું આંક–૫૪૭૦ વાળુ બનાવેલું. બચાવપક્ષ તરફથી એવી રજૂઆત છે કે આ પંચનામાઓમાં પંચ/સાહેદોની જુબાનીઓ દરમ્યાન લાલ પેનથી કૌંસ કરાવેલા છે તેવી હકીકતો જેવી કે, આરોપીએ પોતાનું નામ જણાવેલું તે, આ જગ્યાઓ ઉપર બોમ્બ ભરાવેલી સાઇકલ મૂકીને લોક કરેલું તથા બોમ્બવાળી થેલી સાઇકલના હેન્ડલ ઉપર ભરાવેલી અને આ જગ્યાએ મુકેલી વિગેરે હકીકતો કબૂલાત્મક હકીકતો હોય પુરાવામાં ગ્રાહ્ય નથી.

આરોપી નં.૨૫ સલીમભાઈ ઉર્ફે ઉમર જમાલભાઈ સીપાઇનાઓએ આપેલી માહિતીના આધારે તપાસ કરનાર અધિકારી મયુર ચાવડા તા.૨૧/૯/૨૦૦૮ ના રોજ આરોપીએ પોતાનુ ઘર બતાવેલુ અને ઘરમાંથી બોમ્બ બનાવવાની રીતના ઉર્દૂ ભાષામાં લખેલા કાગળો મળેલા તે કબજે કરેલાનું પંચનામું આંક–૫૫૨૪ વાળુ બનાવેલું. બચાવપક્ષ તરફથી એવી રજૂઆત છે કે આ પંચનામાઓમાં પંચ/સાહેદોની જુબાનીઓ દરમ્યાન લાલ પેનથી કૌંસ કરાવેલા છે તેવી હકીકતો જેવી કે, આરોપીએ પોતાનું નામ જણાવેલું તે, આ કાગળોની અંદર ઉર્દૂ ભાષામાં બોમ્બ બનાવવાની રીત છે વિગેરે હકીકતો કબૂલાત્મક હકીકતો હોય પુરાવામાં ગ્રાહ્ય નથી.

આરોપી નં.૨૭ મહમદ ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ રાજીક ઉર્ફે મુસફ ઉર્ફે કુરકાન અહમદ ઈશાક મન્સુરીનાઓએ આપેલી માહિતીના આધારે તપાસ કરનાર અધિકારી મયુર ચાવડા તા.૮/૧૨/૨૦૦૮ ના રોજ અમદાવાદ ખાતે રાજપુર ટોલ નાકાની આગળ અલ અમન એપાર્ટમેન્ટના પહેલા માળે આવે મકાનમાંથી એક પંખો કબજે કરેલો તે અંગેનુ પંચનામું આંક–૫૪૮૫ વાળુ બનાવેલું. તે જ રીતે આજ આરોપીએ આપેલી માહિતીના આધારે તપાસ કરનાર અધિકારી વી. આર.ટોળીયા તા.૨/૧૧/૨૦૦૮ ના રોજ અમદાવાદ ખાતે રાજપુર ટોલ નાકા પાસે જનતા સાઇકલ રીપેરીંગ વર્કસવાળી દુકાન ઉપરથી રજીસ્ટર કબજે કરેલુ અને તે અંગેનુ પંચનામુ આંક–૫૪૩૪ વાળુ બનાવેલું. તથા તે જ રીતે આજ આરોપીએ આપેલી માહિતીના આધારે તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયા તા.૨૫/૧૦/૨૦૦૮ ના રોજ આરોપીએ પોતાનુ ઘર બતાવેલુ અને તે ઘરેથી સાઇકલ કબજે કરેલુ અને તે અંગેનુ પંચનામુ આંક–૫૫૪૫ વાળુ બનાવેલું. તે જ રીતે આજ આરોપીએ આપેલી માહિતીના આધારે તપાસ કરનાર અધિકારી મયુર ચાવડા તા.૪/૧૨/૨૦૦૮ ના રોજ ચંદોળા તળાવ બેરલ માર્કેટ પાસેની જગ્યા કે જે જગ્યાએથી મારૂતી–૮૦૦ મા આરોપી મુજીબ સાથે બેઠેલો તે જગ્યાનું પંચનામુ આંક–૫૫૫૬ વાળુ બનાવેલું. તે જ રીતે આજ આરોપીએ આપેલી માહિતીના આધારે તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયા તા.૨૫/૧/ ૨૦૦૮ ના રોજ અલમહમદી સોસાયટી મકાન નં.૧૦ વાળુ મકાન, સલીમ પેન્ટરની દિવાલવાળી જગ્યા, રાજેશ ટેઈલરની દુકાનવાળી જગ્યા, ડાયમંડ પાન પાર્લરવાળા જગ્યા, પાંચ કુવા પાસેની દુકાન કે જયાંથી સાઇકલો ખરીદેલી તે જગ્યાઓ બતાવેલુ અને તે અંગેનુ પંચનામુ આંક–૫૬૨૨ વાળુ બનાવેલું. તે જ રીતે આજ આરોપીએ આપેલી માહિતીના આધારે તપાસ કરનાર અધિકારી મયુર ચાવડા તા.૮/૧૨/૨૦૦૮ ના રોજ ચંડોળા તળાવ અલમહમદી સોસાયટી મકાન નં.૧૦ વાળી જગ્યા, ગોખલે પાન હાઉસવાળી જગ્યા, દવાની દુકાનવાળી જગ્યાઓ બતાવેલી અને તે અંગેનુ પંચનામુ આંક–૬૦૫૧ વાળુ બનાવેલું. તે જ રીતે આજ આરોપીએ આપેલી માહિતીના આધારે તપાસ કરનાર અધિકારી મયુર

ચાવડા તા.૩/૧/૨૦૦૯ ના રોજ જે જગ્યાએથી સાઇકલો ખરીદેલી તે જુદી–જુદી જગ્યાઓ બતાવેલી તે અંગેનુ પંચનામુ આંક–૬૦૬૪ વાળુ બનાવેલું. તે જ રીતે આજ આરોપીએ આપેલી માહિતીના આધારે તપાસ કરનાર અધિકારી મયુર ચાવડા તા.૨/૧/૦૯ ના રોજ સારંગપુર સર્કલ પાસે જે જગ્યા ઉપરથી સાઇકલ લીધેલી તે જગ્યા તથા જે જગ્યાએ સાઇકલો મુકેલી તે જગ્યાઓનુ પંચનામુ આંક–૬૦૬૮ વાળુ બનાવેલું. બચાવપક્ષ તરફથી એવી રજૂઆત છે કે આ પંચનામાઓમાં પંચ/સાહેદોની જુબાનીઓ દરમ્યાન લાલ પેનથી કૌંસ કરાવેલા છે તેવી હકિકતો જેવી કે, આરોપીએ પોતાનું નામ જણાવેલું તે, ટેબલ પંખો વસીમ ઉર્ફે યાસીમ કયામુદ્દિન દાણીલીમડા વાળા મકાનમાં જયાં બોમ્બ બનાવતા હતા ત્યાં લાવીને મુકેલો તથા મારા ઘરેથી એક સાઇકલ કે જે સાઇકલ કયામુદીન કાપડીયાએ પાંચ કુવા અયુબભાઈની દુકાનેથી અપાવેલી તે, પોતે તથા મુજીબ સાઇકલો પાસે ઉભેલા અને કયામુદ્દીન એકલો ટ્રોમા સેન્ટર તરફ ગયેલો, પોતાની સાથેના માણસો અફજલ ઉસ્માની તથા કયામુદ્દીન કાપડીયા અલમહમદી સોસાયટીવાળા મકાનેથી ગાડી લઈને આવેલા, ગાડીમાં બેસીને એલ.જી. હોસ્પિટલે ગયેલા, ગાડી બપોરના સમયે પાર્ક કરેલી તથા મકાનમાં કયામુદીન, મુજીબ, આલમજેબ આફ્રીદી તથા બીજા ૧૫–૨૦ માણસો હાજર હતા, કયામુદ્દીને રૂપિયા દસ હજાર આપેલા જેમાંથી રૂપિયા પાંચ હજાર ઐયાઝને આપવાના હતા, કયામુદીને ત્રણ તૈયાર બોમ્બ આપેલા તે પૈકી બે બોમ્બ મારે ઐયાઝને આપવાના હતા, હું શટલ રીક્ષા મારફતે ચંડોળા તળાવ આવેલો, અહીંથી મીટર ઉપર રીક્ષામાં બેસી કામદાર મેદાન ગયેલો ત્યાંથી બીજી રીક્ષામાં બેસી અજીતમીલ ચાર રસ્તા ગયેલો, પોતે એક કપડાની થેલી કામદાર મેદાન પાસેની એક દુકાનમાંથી લીધેલી, પોતે બોમ્બ લઈને સાઇકલ ઉપર નીકળેલો અને ડાયમંડ પાન પાર્લર સામે ફુટપાથ ઉપર મુકેલી વિગેરે તથા મકાનેથી મહમદઆરીફ, ખાલીદ તથા સલમા સાથે સોસાયટીની આગળથી રીક્ષામાં બેસી બેરલ માર્કેટ ગયેલા તથા જે દુકાનેથી સાઇકલો ખરીદેલી તે બતાવુ, આ જગ્યાએથી બોમ્બ બ્લાસ્ટમાં ઉપયોગમાં લીધેલી સાઇકલો ખરીદેલી તથા

આરોપીએ હાથથી ઈશારો કરી આનંદ કલોથ માર્કેટ પાસે સાઇકલ રીપેરીંગની દુકાન છે ત્યાથી જૂની સાઇકલ લઈ બોમ્બ બ્લાસ્ટમાં ઉપયોગ કરેલો વિગેરે હકીકતો કબૂલાત્મક હકીકતો હોય પુરાવામાં ગ્રાહ્ય નથી.

આરોપી નં.૨૮ અફઝલ ઉર્ફે અફસર ઉર્ફે રાજા ઉર્ફે અજીતસીંગ ઉર્ફે સંજય પાંડે ઉર્ફે ઉસ્માની મુતલીબ ઉસ્માનીનાઓએ આપેલી માહિતીના આધારે તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયા તા.૧૦.૧૨.૦૮ ના રોજ કાલુપુર રેલવે સ્ટેશને પ્લેટ ફોર્મ નં.૧ ઉપર આવેલ વેઈટીંગ રૂમવાળી જગ્યા બતાવેલી તે જગ્યાનું પંચનામું આંક–૬૪૫૧ વાળુ બનાવેલું. બચાવપક્ષ તરફથી એવી રજૂઆત છે કે આ પંચનામાઓમાં પંચ/સાહેદોની જુબાનીઓ દરમ્યાન લાલ પેનથી કૌંસ કરાવેલા છે તેવી હકીકતો જેવી કે, આરોપીએ પોતાનું નામ જણાવેલું તે વિગેરે હકીકતો કબૂલાત્મક હકીકતો હોય પુરાવામાં ગ્રાહ્ય નથી.

આરોપી નં.૨૯ મહંમદ જાકીર અબ્દુલહક શેખનાઓએ આપેલી માહિતીના આધારે તપાસ કરનાર અધિકારી કે.એમ.પટેલ તા.૧૭/૧૧/૨૦૦૮ ના રોજ સુરત ખાતે ભાગળ તળાવ નજીક આજવા સ્વીટ નામની દુકાન આવેલી તે જગ્યાએ આવેલ એસ.ટી.ડી. પી.સી.ઓ. ઉપરથી ફોન કરેલો તે જગ્યાનું પંચનામું આંક–૬૭૪૨ વાળુ બનાવેલું. બચાવપક્ષ તરફથી એવી રજૂઆત છે કે આ પંચનામાઓમાં પંચ/સાહેદોની જુબાનીઓ દરમ્યાન લાલ પેનથી કૌંસ કરાવેલા છે તેવી હકીકતો જેવી કે, આરોપીએ પોતાનું નામ જણાવેલું તે, જુલાઇ ૨૦૦૮ ની ૧૮ મી તારીખે સુરતમાં રાજુ નામના વ્યકિત પાસેથી વિસ્ફોટક ભરેલી કાર મેળવેલી તે જગ્યા જોવા આવેલો હતો, જે દુકાન ઉપરથી તનવીરને ફોન કરેલો તે દુકાન ઉપરના પી.સી.ઓ.વાળી જગ્યા બતાવેલી વિગેરે હકીકતો કબૂલાત્મક હકીકતો હોય પુરાવામાં ગ્રાહ્ય નથી.

આરોપી નં.૩૦ મોહંમદસાદીક ઉર્ફે યાસીર ઉર્ફે ઈમરાન ઉર્ફે સદાકત ઉર્ફે સહાદત ઈશરારઅહેમદ શેખ રામસુલહકક શેખનાઓએ આપેલી માહિતીના આધારે તપાસ કરનાર અધિકારી એન.બી.પરમારે તા.૨૭.૧.૦૯ ના રોજ અબ્દુલ રહેમાન સ્ટ્રીટમાં દુકાન નં.૨૮ માંથી ઘડિયાળો ખરીદેલા તે જગ્યાનું પંચનામું

આંક–૮૦૯૩ વાળુ બનાવેલું. બચાવપક્ષ તરફથી એવી રજૂઆત છે કે આ પંચનામાઓમાં પંચ/સાહેદોની જુબાનીઓ દરમ્યાન લાલ પેનથી કૌંસ કરાવેલા છે તેવી હકીકતો જેવી કે, આરોપીએ પોતાનું નામ જણાવેલું તે, આ દુકાનમાંથી બદરે ટાઈમર ઘડિયાળ ખરીદ કરેલ અને હું દુકાનની બહાર ઉભો રહેલો વિગેરે હકીકતો કબૂલાત્મક હકિકતો હોય પુરાવામાં ગ્રાહ્ય નથી.

આરોપી નં.૩૩ મુબીન ઉર્ફે સલમાન ઉર્ફે સલ્લુ કાદર શેખનાઓએ આપેલી માહિતીના આધારે તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયા તા.૧૧/૧૧/૨૦૦૮ ના રોજ અનસીકયોર્ડ વાઈફાઈ હેક કરી કમ્પ્યુટર ઉપર ઈન્ડીયન મુજાહિદ્દિનના નામે મેલ કરેલા તે ઈ–મેઇલ કરી બતાવેલા તે અંગેનુ પંચનામું આંક–૬૪૭૭ વાળુ બનાવેલું. બચાવપક્ષ તરફથી એવી રજૂઆત છે કે આ પંચનામાઓમાં પંચ/સાહેદોની જુબાનીઓ દરમ્યાન લાલ પેનથી કૌંસ કરાવેલા છે તેવી હકીકતો જેવી કે, આરોપીએ પોતાનું નામ તથા પોતે કમ્પ્યુટર સાયન્સનો અભ્યાસ કરેલો છે પોતે તથા બીજાઓએ મળી મુંબઈ વિસ્તારમાંથી ઈન્ડિયન મુજાહિદ્દિનના નામે અનસીકયોર્ડ વાઈફાઈ હેક કરી જુદી–જુદી જગ્યાઓએ બોમ્બ બ્લાસ્ટ અંગેની ધમકી આપતા ઈ–મેઇલો કરેલા, પોતે તથા મહમદ મનસુર પીરભોઈની મદદથી ઈકબાલ ભટકલની સુચના મુજબ મુંબઈ સાનપાડા ખાલસા કૉલેજ તથા ચેમ્બુર વિગેરે વિસ્તારમાં વાયરલેસ નેટવર્ક હેક કરી ઈ–મેઇલો કરેલા વિગેરે હકીકતો કબૂલાત્મક હકીકતો હોય પુરાવામાં ગ્રાહ્ય નથી.

આરોપી નં.૩૪ મહંમદ મન્સુર ઉર્ફે મુન્નાવર ઉર્ફે મુન્નુ અસગર પીરભોઈનાઓએ આપેલી માહિતીના આધારે તપાસ કરનાર અધિકારી વી.આર. ટોળીયા તા.૧૦/૧૧/૨૦૦૮ ના રોજ બોમ્બે સાનપાડા ખાલસા વિસ્તારમાંથી અનસીકયોર્ડ વાઈપાઈ હેક કરી ઈ–મેઇલ કરેલા તે આઈ.ડી કમ્પ્યુટરમાં નાખીને ડેમોસ્ટ્રેશન કરેલુ તે અંગેનુ પંચનામું આંક–૬૪૭૬ વાળુ બનાવેલું. બચાવપક્ષ તરફથી એવી રજૂઆત છે કે આ પંચનામાઓમાં પંચ/સાહેદોની જુબાનીઓ દરમ્યાન લાલ પેનથી કૌંસ કરાવેલા છે તેવી હકીકતો જેવી કે, આરોપીએ પોતાનું નામ તથા પોતે કમ્પ્યુટર સાયન્સનો અભ્યાસ કરેલો છે પોતે તથા બીજાઓએ

મળી મુંબઈ વિસ્તારમાંથી ઈન્ડિયન મુજાહિદ્દિનના નામે અનસીકયોર્ડ વાઈફાઈ હેક કરી જુદી–જુદી જગ્યાઓએ બોમ્બ બ્લાસ્ટ અંગેની ધમકી આપતા ઈ–મેઈલો કરેલા, પોતે તથા મુબીન શેખની મદદથી ઈકબાલ ભટકલની સુચના મુજબ મુંબઈ સાનપાડા ખાલસા કૉલેજ તથા ચેમ્બુર વિગેરે વિસ્તારમાં વાયરલેસ નેટવર્ક હેક કરી ઈ–મેઈલો કરેલા વિગેરે હકીકતો કબૂલાત્મક હકીકતો હોય પુરાવામાં ગ્રાહ્ય નથી.

આરોપી નં.૩૫ રફીયુદીન સરફુદીન કાપડીયા (મુસ્લિમ)નાઓએ આપેલી માહિતીના આધારે તપાસ કરનાર અધિકારી પી.જી.વાઘેલા તા.૧૭/૧૧/૨૦૦૮ ના રોજ પાવાગઢના જંગલોમાં જાન્યુઆરી–૨૦૦૮ મા જુદી–જુદી જગ્યાઓ ઉપર આતંકવાદી તાલીમ લીધેલી તે જુદી–જુદી જગ્યાઓનું પંચનામું આંક–૬૪૪૩ વાળુ બનાવેલું. બચાવપક્ષ તરફથી એવી રજૂઆત છે કે આ પંચનામાઓમાં પંચ/સાહેદોની જુબાનીઓ દરમ્યાન લાલ પેનથી કૌંસ કરાવેલા છે તેવી હકીકતો જેવી કે, આરોપીએ પોતાનું નામ જણાવેલું તે, તાલીમ કેમ્પમાં આવેલા તાલીમાર્થીઓના બે ગ્રુપ પાડવામાં આવેલા, જંગલોના ટેન્ટમાં તથા દરગાહની ધર્મશાળામાં રહેતા હતા, એકમીનાર મસ્જિદમાં જેદાહી આતંકવાદી ભાષણો અન્ય આરોપીઓએ કરેલા, કેમ્પમાં હાજર વ્યકિતઓના ડમી નામો આપવામાં આવેલા, આ જગ્યાએ તંબુ બાંધેલો વિગેરે હકીકતો કબૂલાત્મક હકીકતો હોય પુરાવામાં ગ્રાહ્ય નથી.

આરોપી નં.૩૬ મહંમદ આરીફ નસીમ અહેમદ મીરઝાનાઓએ આપેલી માહિતીના આધારે તપાસ કરનાર અધિકારી ઉષા રાડા તા.૭/૧૨/૨૦૦૮ ના રોજ ચંદોળા તળાવ અલમહમદી સોસાયટી મકાન નં.૧૦ વાળુ મકાન તથા ખાડીયા વિસ્તારમાં બોમ્બવાળી સાઇકલો જયાં મુકેલી તે જગ્યાઓનું પંચનામું આંક–૬૦૨૪ વાળુ બનાવેલું. તે જ રીતે આજ આરોપીએ આપેલી માહિતીના આધારે તપાસ કરનાર અધિકારી ઉષા રાડા તા.૬/૧૨/૨૦૦૮ના રોજ ચંદોળા તળાવ અલમહમદી સોસાયટી મકાન નં.૧૦ વાળુ મકાન તથા ખાડીયા વિસ્તારમાં બોમ્બવાળી સાઇકલો જયાં મુકેલી તે જગ્યાઓનું પંચનામું

આંક–૬૦૬૨ વાળુ બનાવેલું. બચાવપક્ષ તરફથી એવી રજૂઆત છે કે, આ પંચનામાઓમાં પંચ/સાહેદોની જુબાનીઓ દરમ્યાન લાલ પેનથી કૌંસ કરાવેલા છે તેવી હકીકતો જેવી કે, આરોપીએ પોતાનું નામ જણાવેલું તે, મકાન નં.૧૦ માંથી બોમ્બની થેલીઓ લઈ પોતે તથા ખાલીદ અને સલમાન નીકળેલા અને ચાલતા ચાલતા બેરલ માર્કેટ સામે મેઈન રોડ ઉપર આવી ત્યાંથી રીક્ષામાં બેસી સારંગપુર જવા નીકળેલા, જયાં ૩ સાઇકલો મુકેલ તે પૈકીની એક સાઇકલ તેના ઉપર બોમ્બવાળી થેલી ભરાવી સાઇકલ ચલાવીને ગયેલો વિગેરે તથા આંગળી ચીંધીને અલમહમદી સોસાયટી મકાન નં.૧૦ બતાવેલુ, ખાલીદે ગુટકાની પડીકી ખરીદેલી વિગેરે હકીકતો કબૂલાત્મક હકિકતો હોય પુરાવામાં ગ્રાહ્ય નથી.

આરોપી નં.૩૭ કયામુદ્દીન ઉર્ફે મુસા ઉર્ફે અશફાક ઉર્ફે અબ્દુલ કાદીર ઉર્ફે રીઝવાન ઉર્ફે સીર સરકુદીન કાપડીયાનાઓએ આપેલી માહિતીના આધારે તપાસ કરનાર અધિકારી આર.વી.અસારી તા.૧૬/૧/૨૦૦૯ ના રોજ જે મકાનમાં તેઓ રોકાયેલા તથા બોમ્બવાળી સાઇકલો મુકેલી તે સારંગપુર દરવાજા જનતા પાન હાઉસ પાસેની જગ્યાઓ બતાવેલી તે જગ્યાનું પંચનામું આંક–૫૬૨૮ વાળુ બનાવેલું. તે જ રીતે આજ આરોપીએ આપેલી માહિતીના આધારે તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયા તા.૧૨/૧૨/૨૦૦૮ ના રોજ જે જગ્યાએથી કાતર, બેટરી, બલ્બ, કેનવાસ, ગાડીનુ કવર, પ્લાસ્ટિકના ટુકડા, બેગો, મોબાઈલ વિગેરે ખરીદેલા તે જગ્યાઓનું પંચનામું આંક–૬૦૭૫વાળુ બનાવેલું. તે જ રીતે આજ આરોપીએ આપેલી માહિતીના આધારે તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયા તા.૮/૧૨/૨૦૦૮ ના રોજ અલમહમદી સોસાયટી મકાન નં.૧૦ વાળી જગ્યા, બેરલ માર્કેટવાળી જગ્યા, સીમકાર્ડ ખરીદેલુ તે જગ્યા, ટેબલ ફેન તથા નોકીયા ફોન ખરીદેલો તે જગ્યાઓ તથા વોડાફોનના સીમકાર્ડ ખરીદેલા તે દુકાનોવાળી જગ્યાઓનું પંચનામું આંક –૬૦૮૩વાળુ બનાવેલું. તે જ રીતે આજ આરોપીએ આપેલી માહિતીના આધારે તપાસ કરનાર અધિકારી મયુર ચાવડા તા.૨૨/૧૨/૨૦૦૮ ના રોજ આરોપીએ પોતાના સસરાનુ ઘર બતાવેલુ અને ઘરમાંથી ડાયરી, બીલ, લાયસન્સ વિગેરે કબજે કરેલા

તે અંગેનુ પંચનામું આંક–૬૩૫૩ વાળુ બનાવેલું. બચાવપક્ષ તરફથી એવી રજૂઆત છે કે આ પંચનામાઓમાં પંચ/સાહેદોની જુબાનીઓ દરમ્યાન લાલ પેનથી કૌંસ કરાવેલા છે તેવી હકીકતો જેવી કે, આરોપીએ પોતાનું નામ જણાવેલું તે, પોતે આ મકાનમાં રોકાઈ બોમ્બ બનાવેલા, આંગળી ચીંધીને તે મકાન બતાવેલુ, પોતે આ જગ્યાએથી સાઇકલ ઉપર બોમ્બ સાથેની થેલી ભરાવી નીકળેલો, કામદાર મેદાન મ્યુનિસિપલ બસ સ્ટેન્ડ પાસે અબ્દુલ રાજીકે એક સાઇકલ આપેલી અને તે સાઇકલ ઉપર બોમ્બવાળી થેલી ભરાવેલી તથા ગુજરાત ટુલ્સ નામની દુકાનેથી ગુનામાં વાપરેલ કાતરો ખરીદેલી, દેસાઈ એન્ડ કંપની માંથી પોતે ૧૪ નંગ સ્ટીપ કનેકટર ખરીદેલા, એસ.કે. ઈલેકટ્રીક નામની દુકાનમાંથી ૧૩ નંગ નવ વોલ્ટની બેટરી તથા ૫૦ નંગ નાના બલ્બ ખરીદેલા, ખાડીયામાં આવેલ એક દુકાનેથી ૭ મીટર પાતળો વાયર ખરીદેલો, પાંચ કુવા વિસ્તારમાં આવેલ એક દુકાનેથી સફેદ રંગનુ કેનવાસ ખરીદેલુ, મ્યુનિસિપલ ઝોનલ ઓફીસ પાસેની દુકાનેથી ગાડીનું કવર ખરીદેલુ, એસ.કે. ટ્રેડર્સ નામની દુકાનેથી પ્લાસ્ટિક ખરીદેલુ, રેવડી બજાર પાસેથી ગુનામાં વપરાયેલ વાદળી કલરની પ્લાસ્ટિકની થેલીઓ ખરીદેલી, મોર્ડન એન્ટરપ્રાઈઝ નામની દુકાનમાંથી રીલાયન્સ કંપનીનો મોબાઈલ ખરીદેલો, સલમાન મોબાઈલ નામની દુકાનમાંથી એક એરટેલનો મોબાઈલ ખરીદેલો તથા એક બંધ ગોડાઉનમાં છોટા સાજીદ સાથે જઈને વિસ્ફોટકો તથા ડીટોનેટર ભરીને બોમ્બ બનાવેલા, પોતે તથા આરોપી અબ્દુલ સુભાને મકાન ભાડે રાખેલુ, ઈલેકટ્રીશીયન મારફતે મકાનમાં રીપેરીંગ કરાવેલુ વિગેરે તથા પોતાના સસરા મહમદ ઈકબાલ ઉસ્માન મહમદ શેખના ઘરમાં પોતે અમુક વસ્તુઓ રાખેલી છે વિગેરે હકીકતો કબૂલાત્મક હકીકતો હોય પુરાવામાં ગ્રાહ્ય નથી.

આરોપી નં.૩૮ મોહંમદસેફ ઉર્ફે રાહુલ શર્મા ઉર્ફે કેરીસેવા સાદાબ અહેમદ શેખનાઓએ આપેલી માહિતીના આધારે તપાસ કરનાર અધિકારી મયુર ચાવડા તા.૩/૧૧/૨૦૦૮ ના રોજ જે જગ્યાએથી સાઇકલો લીધેલી તે તથા બોમ્બવાળી સાઇકલો હાટકેશ્વર સર્કલ બસ સ્ટેન્ડ પાસે મુકેલી તે જગ્યાઓનું

પંચનામુ આંક–૫૭૯૪ વાળુ બનાવેલું. તે જ રીતે આજ આરોપીએ આપેલી માહિતીના આધારે તપાસ કરનાર અધિકારી મયુર ચાવડા તા.૫/૧૧/૨૦૦૮ નારોજ મણીનગરમાં સ્વામિનારાયણ મંદિર પાસે શીવાની એવન્યુવાળી જગ્યાનુ પંચનામું આંક–૬૦૮૭ વાળુ બનાવેલું. બચાવપક્ષ તરફથી એવી રજૂઆત છે કે આ પંચનામાઓમાં પંચ/સાહેદોની જુબાનીઓ દરમ્યાન લાલ પેનથી કૌંસ કરાવેલા છે તેવી હકીકતો જેવી કે, આરોપીએ પોતાનું નામ જણાવેલું તે, તા.૧૨.૭.૨૦૦૮ ના રોજ દિલ્હીથી અમદાવાદ આશ્રમ એકસપ્રેસમાં આવેલા, અમદાવાદમાં કયામુદીન ઉર્ફે રીઝવાનને મળેલો અને તેની સાથે રીક્ષામાં બેસી અલમહમદી સોસાયટીમાં આવેલા મકાન ઉપર ગયેલો તથા પોતે છોટા સાજીદ અને બડા સાજીદ સાથે ઓટો રીક્ષામાં બેસી ગીતા મંદિરમાં ગયેલા વિગેરે તથા તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ હું અલમહમદી સોસાયટીમાં રોકાયેલો, ત્યાંથી કયામુદીનની સુચના મુજબ જુદી–જુદી થેલીઓમાં બોમ્બ લઈ રીક્ષામાં બેસી અજીતમીલ ચાર રસ્તા ગયેલો, આલમજેબ આફ્રીદી નામના માણસને મળેલો, પોતે આ જગ્યા ઉપર બોમ્બવાળી સાઇકલ મુકેલી વિગેરે હકીકતો કબૂલાત્મક હકીકતો હોય પુરાવામાં ગ્રાહ્ય નથી.

આરોપી નં.૩૯ જીસાન અહેમદ અહેસાનઅહેમદ શેખનાઓએ આપેલી માહિતીના આધારે તપાસ કરનાર અધિકારી મયુર ચાવડા તા.૪/૧૧/૨૦૦૮ નારોજ મણીનગરમાં સ્વામિનારાયણ મંદિર પાસે શીવાની એવન્યુવાળી જગ્યાનુ પંચનામું આંક–૬૩૧૮ વાળુ બનાવેલું. બચાવપક્ષ તરફથી એવી રજૂઆત છે કે આ પંચનામાઓમાં પંચ/સાહેદોની જુબાનીઓ દરમ્યાન લાલ પેનથી કૌંસ કરાવેલા છે તેવી હકીકતો જેવી કે, આરોપીએ પોતાનું નામ જણાવેલું તે, મારી પાસે રેન્જર સાઇકલ હતી તે લઈને જગ્યાની રેકી કરેલી, પોતે જે જગ્યા ઉપર સાઇકલ મુકેલી તે ઈશારો કરી બતાવેલી વિગેરે હકીકતો કબૂલાત્મક હકીકતો હોય પુરાવામાં ગ્રાહ્ય નથી.

આરોપી નં.૪૨ મોહંમદ શકીલ ઉર્ફે શકીલ યામીનખાન લુહારનાઓએ આપેલી માહિતીના આધારે તપાસ કરનાર અધિકારી મયુર ચાવડા

તા.૨/૧૧/૨૦૦૮ ના રોજ મણીનગર રેલવે સ્ટેશન પાસે આવેલ રૂપ કોમ્પ્લેક્ષવાળી જગ્યા કે જયાંથી સાઇકલ મેળવીને મહાલક્ષ્મી માર્કેટવાળી જગ્યા પાસે બોમ્બવાળી સાઇકલ મુકેલી તે જગ્યાનું પંચનામું આંક–૬૪૨૨ વાળુ બનાવેલું. બચાવપક્ષ તરફથી એવી રજૂઆત છે કે આ પંચનામાઓમાં પંચ/સાહેદોની જુબાનીઓ દરમ્યાન લાલ પેનથી કૌંસ કરાવેલા છે તેવી હકીકતો જેવી કે, આરોપીએ પોતાનું નામ જણાવેલું તે, પોતે આ જગ્યાએ બોમ્બવાળી સાઇકલો મુકેલી અને સાઇકલની ચાવી મેં ફેકી દીધેલી વિગેરે હકીકતો કબૂલાત્મક હકીકતો હોય પુરાવામાં ગ્રાહ્ય નથી.

આરોપી નં.૪૩ અનીક શફીક સૈદ ઉર્ફે ખાલીદનાઓએ આપેલી માહિતીના આધારે તપાસ કરનાર અધિકારી એસ.જે.તીરમીજી તા.૨૦/૧૧/૨૦૦૮ ના રોજ સુરતમાં કતારગામ પાસે આવેલ અનાથાશ્રમની નજીક આવેલા પેટ્રોલપંપ ઉપરથી ગાડીમાં પેટ્રોલ ભરાવેલુ તે જગ્યાનું પંચનામું આંક–૭૯૩૯ વાળુ બનાવેલું. બચાવપક્ષ તરફથી એવી રજૂઆત છે કે, આ પંચનામાઓમાં પંચ/સાહેદોની જુબાનીઓ દરમ્યાન લાલ પેનથી કૌંસ કરાવેલા છે તેવી હકીકતો જેવી કે, આરોપીએ પોતાનું નામ જણાવેલું તે, તા.૨૫.૭.૨૦૦૮ ના રોજ એક સફેદ કેનમાં ૧૦ લીટર પેટ્રોલ મેં લીધેલુ વિગેરે હકીકતો કબૂલાત્મક હકીકતો હોય પુરાવામાં ગ્રાહ્ય નથી.

આરોપી નં.૪૩ અનીક શફીક સૈદ ઉર્ફે ખાલીદ તથા નં.૪૪ મોહંમદ અકબર ઈસ્માઈલ ચૌધરી ઉર્ફે સઈદનાઓએ આપેલી માહિતીના આધારે તપાસ કરનાર અધિકારી એન.બી.પરમાર તા.૨૮/૧૧/૨૦૦૮ ના રોજ સુરતમાં રીવરવ્યુ સોસાયટી મકાન નં.ડી–૩૪ વાળુ મકાન બતાવેલુ તે જગ્યાનું પંચનામું આંક–૭૯૪૬ વાળુ બનાવેલું. બચાવપક્ષ તરફથી એવી રજૂઆત છે કે, આ પંચનામાઓમાં પંચ/સાહેદોની જુબાનીઓ દરમ્યાન લાલ પેનથી કૌંસ કરાવેલા છે તેવી હકીકતો જેવી કે, આરોપીએ પોતાનું નામ જણાવેલું તે, આ મકાન અમોએ ભાડેથી રાખેલુ હતુ અને તેમા રહેતા હતા વિગેરે હકીકતો કબૂલાત્મક હકીકતો હોય પુરાવામાં ગ્રાહ્ય નથી.

આરોપી નં.૪૫ ફઝલે રહેમાન ઉર્ફે સલાઉદીન ઉર્ફે રફીક મુસદીકખાન દુરાનીનાઓએ આપેલી માહિતીના આધારે તપાસ કરનાર અધિકારી એન.બી.પરમાર તા.૨૧/૧૧/૨૦૦૮ ના રોજ સુરત ખાતે વનાઝ પંપ ઉપરથી એલ.પી.જી. ભરાવેલ તે જગ્યાનું પંચનામું આંક–૬૫૦૨ વાળુ બનાવેલું. તે જ રીતે આજ આરોપીએ આપેલી માહિતીના આધારે તપાસ કરનાર અધિકારી એન. બી. પરમાર તા.૨૮/૧૧/૨૦૦૮ના રોજ સુરત ખાતે સૈયદપુરામાં પંપીંગ સ્ટેશન પાસે આવેલ માસ્ટર હાઉસવાળા મકાનમાં ત્રીજા માળે આવેલુ મકાન બતાવેલુ તે જગ્યાનું પંચનામું આંક–૬૫૪૪ વાળુ બનાવેલું. તે જ રીતે આજ આરોપીએ આપેલી માહિતીના આધારે તપાસ કરનાર અધિકારી મયુર ચાવડા તા.૧૨/૧૨/૨૦૦૮ના રોજ ભરૂચ ખાતે શેરપુરામાં આવેલ મકાન નં.૩૩ વાળુ મકાન બતાવેલુ તે જગ્યાનું પંચનામું આંક–૬૮૧૬ વાળુ બનાવેલું. તે જ રીતે આજ આરોપીએ આપેલી માહિતીના આધારે તપાસ કરનાર અધિકારી ઉષા રાડા તા.૨૧/૧૨/૨૦૦૮ ના રોજ સુરત ખાતે આવેલ સાધુવાસવાણી સર્કલ પાસે આવેલી નીતા ટ્રાવેલન્સની ઓફીસવાળી જગ્યાનું પંચનામું આંક–૬૮૫૭ વાળુ બનાવેલું. બચાવપક્ષ તરફથી એવી રજૂઆત છે કે, આ પંચનામાઓમાં પંચ/સાહેદોની જુબાનીઓ દરમ્યાન લાલ પેનથી કૌંસ કરાવેલા છે તેવી હકીકતો જેવી કે, આરોપીએ પોતાનું નામ જણાવેલું તે, તા.૧૦.૭.૨૦૦૮ ના રોજ મે તથા મારી સાથેના તલ્હાએ સીલ્વર રંગની વેગન આર કાર નં.જીજે–૬–સીડી–૯૭૧૯ માં રૂા.૫૦૦/– નો ગેસ પુરાવેલો તથા સૈયદપુરામાં જઈ ઈશારો કરી મકાન બતાવેલુ, બંધ મકાન બતાવી આ મકાન અમે ભાડે રાખેલુ વિગેરે તથા આરોપીએ ઈશારો કરી એક ઑફિસ બતાવેલી વિગેરે હકીકતો કબૂલાત્મક હકીકતો હોય પુરાવામાં ગ્રાહ્ય નથી.

આરોપી નં.૪૬ મોહંમદનૌસાદ ઉર્ફે સૈયદ, સૈયદ મોહંમદઈરશાદ સૈયદનાઓએ આપેલી માહિતીના આધારે તપાસ કરનાર અધિકારી એમ.વી. પરમાર તા.૭/૧/૨૦૦૯ ના રોજ સુરત ખાતે આવેલ રીવરવ્યુ સોસાયટીમાં જે મકાનમાં ભાડે રહેતા હતા તે મકાનની જગ્યાનું પંચનામું આંક–૮૫૨૯ વાળુ

બનાવેલું. બચાવપક્ષ તરફથી એવી રજૂઆત છે કે, આ પંચનામાઓમાં પંચ/સાહેદોની જુબાનીઓ દરમ્યાન લાલ પેનથી કૌંસ કરાવેલા છે તેવી હકીકતો જેવી કે, આરોપીએ પોતાનું નામ જણાવેલું તે, તા.૨૬.૭.૦૮ પહેલા સુરત ખાતે આવેલા તે વખતે આ મકાનમાં ભાડે રોકાયેલા વિગેરે હકીકતો કબૂલાત્મક હકીકતો હોય પુરાવામાં ગ્રાહ્ય નથી.

આરોપી નં.૪૭ અહેમદબાવા ઉર્ફે અબ્બુ અબુબકર બરેલવીનાઓએ આપેલી માહિતીના આધારે તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયા તા.૧૭/૨/૨૦૦૯ ના રોજ અમદાવાદમાં પાલડી એ.એમ.ટી.એસ. બસ સ્ટેન્ડ પાછળ આવેલી જગ્યા તથા અલમહમદી સોસાયટી મકાન નં.૧૦ બાતવેલી તે જગ્યાનું પંચનામું આંક–૭૯૫૦ વાળુ બનાવેલું. બચાવપક્ષ તરફથી એવી રજૂઆત છે કે આ પંચનામાઓમાં પંચ/સાહેદોની જુબાનીઓ દરમ્યાન લાલ પેનથી કૌંસ કરાવેલા છે તેવી હકીકતો જેવી કે, આરોપીએ પોતાનું નામ જણાવેલું તે, તા.૧૭.૭.૦૮ ના રોજ પોતે તથા યાસીન પુનાથી ખાનગી ટ્રાવેલ્સમાં અમદાવાદ–જમાલપુર ચાર રસ્તા ઉતરેલા, ત્યાં એક વ્યકિત હાજર હતો અને તેને ઓટો રીક્ષામાં બેસાડી મકાન ઉપર લઈ ગયેલો અને ત્યાં રોકાયેલા વિગેરે હકીકતો કબૂલાત્મક હકીકતો હોય પુરાવામાં ગ્રાહ્ય નથી.

આરોપી નં.૫૦ સૈકુર રહેમાન ઉર્ફે સૈકુ ઉર્ફે સૈફ અબ્દુલરહેમાન અંસારીનાઓએ આપેલી માહિતીના આધારે તપાસ કરનાર અધિકારી ઉષા રાડા તા.૧૭/૭/૨૦૦૯ નારોજ અલમહમદી સોસાયટી મકાન નં.૧૦ તથા નારોલ સર્કલ ઉપર બોમ્બવાળી સાઇકલ જયા મુકેલી તે જગ્યાનું પંચનામું આંક–૫૫૪૯ વાળું બનાવેલું. તે જ રીતે આજ આરોપીએ આપેલી માહિતીના આધારે તપાસ કરનાર અધિકારી મયુર ચાવડા તા.૮/૭/૨૦૦૯ ના રોજ અલમહમદી સોસાયટી મકાન નં.૧૦ તથા તે જયાં રોકાયેલો તે જગ્યાનું પંચનામું આંક–૬૦૭૦ વાળુ બનાવેલું. બચાવપક્ષ તરફથી એવી રજૂઆત છે કે આ પંચનામાઓમાં પંચ/સાહેદોની જુબાનીઓ દરમ્યાન લાલ પેનથી કૌંસ કરાવેલા છે તેવી હકીકતો જેવી કે, આરોપીએ પોતાનું નામ જણાવેલું તે, આ મકાનમાંથી

મે તથા આરીફ ખાને બોમ્બ સાથેની થેલીઓ મેળવેલી, બોમ્બ સાથેની થેલીઓ સાઈકલના ગવન્ડર ઉપર ભરાવી આ જગ્યાએ મુકેલી તથા પોતે તથા મહમદ સેફ તથા અન્ય દિલ્હીથી ટ્રેન દ્વારા અમદાવાદ આવેલા, એક છોકરો રીક્ષામાં બેસાડી મકાન ઉપર લઈ ગયેલો, પોતે તથા બીજા આરોપીઓએ આ જગ્યાએ બોમ્બ તૈયાર કરેલા, એક સીલ્વર કલરની વેગન આર તથા સફેદ કલરની ફ્રન્ટી પડેલી હતી જેમા બોમ્બ ગોઠવીને બીજા માણસો લઈ ગયેલા વિગેરે હકીકતો કબૂલાત્મક હકીકતો હોય પુરાવામાં ગ્રાહ્ય નથી.

આરોપી નં.૬૩ મોહંમદ તનવીર ઉર્ફે તલ્હા મોહંમદ અખ્તર પઠાણનાઓએ આપેલી માહિતીના આધારે તપાસ કરનાર અધિકારી એમ.બી.પરમાર તા.૨૮/૮/૨૦૦૮ ના રોજ સુરત ખાતે આવેલ રીવરવ્યુ સોસાયટીવાળુ મકાન બતાવેલુ અને તે મકાનમાંથી છરા, ચપ્પુ, કાતર, કટર, પ્લાસ્ટિકની થેલી કબજે કરેલી તે અંગેનું પંચનામું આંક–૨૭૫૭ વાળુ બનાવેલું. તે જ રીતે આજ આરોપીએ આપેલી માહિતીના આધારે તપાસ કરનાર અધિકારી સુજાતા મજમુદાર તા.૨૭/૮/૨૦૦૮ ના રોજ સુરત શહેરમાંથી જુદી–જુદી જગ્યાઓ ઉપરથી જીવંત બોમ્બ મળી આવેલા તે અલગ–અલગ જગ્યાઓનું પંચનામું આંક–૨૭૯૪ વાળુ બનાવેલું. તે જ રીતે આજ આરોપીએ આપેલી માહિતીના આધારે તપાસ કરનાર અધિકારી એસ.એન.મલેક તા.૧/૯/ ૨૦૦૮ ના રોજ પાઈપ બોમ્પ જે જગ્યાએ પાણીમાં નાખી દીધેલો તે જગ્યા બતાવતુ પંચનામું આંક–૨૭૯૬ વાળુ બનાવેલું. તે જ રીતે આજ આરોપીએ આપેલી માહિતીના આધારે તપાસ કરનાર અધિકારી એમ.બી.પરમાર તા.૪/૯/ ૨૦૦૮ ના રોજ સુરતમાં આવેલ માસ્ટર હાઉસ નામની બિલ્ડિંગમાં ત્રીજા માળે રૂમ નં.૨૧ ભાડે રાખેલો હતો તે જગ્યાનું પંચનામું આંક–૨૮૦૬ વાળુ બનાવેલું. તે જ રીતે આજ આરોપીએ આપેલી માહિતીના આધારે તપાસ કરનાર અધિકારી એમ.બી.પરમાર તા.૫/૧૦/૨૦૦૮ ના રોજ સુરત ખાતે જુદી–જુદી જગ્યાઓ ઉપર મુકેલના કોઈન બોક્ષમાંથી જુદા–જુદા સમયે ફોન કરવામાં આવેલા તે કોઈન બોક્ષવાળી જગ્યાઓ બતાવતુ પંચનામું આંક–૨૮૫૧ વાળુ બનાવેલું. તે

જ રીતે આજ આરોપીએ આપેલી માહિતીના આધારે તપાસ કરનાર અધિકારી એ. એસ.દેસાઈ તા.૩૦/૮/૨૦૦૮ ના રોજ સુરતમાં આવેલ ભરીમાતા રોડ પાસે પુલડી ડાબી બાજુએ આવેલ પાણીમાં મોબાઈલ ફેકી દીધેલો તે જગ્યાનું પંચનામું આંક–૨૮૬૦ વાળુ બનાવેલું. બચાવપક્ષ તરફથી એવી રજૂઆત છે કે આ પંચનામાઓમાં પંચ/સાહેદોની જુબાનીઓ દરમ્યાન લાલ પેનથી કૌંસ કરાવેલા છે તેવી હકીકતો જેવી કે, આરોપીએ પોતાનું નામ જણાવેલું તે, આંગળી ચીંધી ઈશારો કરી મકાન બતાવેલુ આ મકાન મે ભાડેથી અપાવેલુ તથા આંગળી ચીંધીને પાઈપ બોમ્બ મેં અહીંયા નાખી દીધેલો તથા સૈયદપુરાવાળુ મકાન રફીકે ભાડે રાખેલ વિગેરે હકીકતો કબૂલાત્મક હકીકતો હોય પુરાવામાં ગ્રાહ્ય નથી.

આરોપી નં.૬૬ મોહમદ શરીફ ઉર્ફે દાદાભાઈ ઉર્ફે ઠાકુર ઉર્ફે રફીક ઉર્ફે અલી અબ્દુલલબારી અંસારીનાઓએ આપેલી માહિતીના આધારે તપાસ કરનાર અધિકારી મયુર ચાવડા તા.૨૪/૧૧/૨૦૦૯ ના રોજ પાવાગઢના જંગલોમાં જુદી–જુદી જગ્યાઓ ઉપર આતંકવાદી તાલીમના કેમ્પો રાખેલા તે જગ્યાઓ બતાવતુ પંચનામું આંક–૭૨૫૨ વાળુ બનાવેલું. બચાવપક્ષ તરફથી એવી રજૂઆત છે કે આ પંચનામાઓમાં પંચ/સાહેદોની જુબાનીઓ દરમ્યાન લાલ પેનથી કૌંસ કરાવેલા છે તેવી હકીકતો જેવી કે, આરોપીએ પોતાનું નામ જણાવેલું તે, ઈશારો કરી એકમીનાર મસ્જિદ બતાવેલી, આ દરગાહની ધર્મશાળામાં પોતાના સાથીદારો સાથે રોકાણ કરેલુ, ધર્મશાળાની બાજુમાં પાણીનો હેડ પંપ છે જયાં પોતે નાહીને નમાજ પઢતા હતા, સફદર નાગોરીએ છેલ્લા દિવસે જેહાદી પ્રવચન કરેલુ વિગેરે હકીકતો કબૂલાત્મક હકીકતો હોય પુરાવામાં ગ્રાહ્ય નથી.

આરોપી નં.૭૪ મોહમદઅબરાર ઉર્ફે મુન્ના ઉર્ફે ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ્લા ઉર્ફે ઈબ્રાહીમ બાબુખાન મણીયારનાઓએ આપેલી માહિતીના આધારે તપાસ કરનાર અધિકારી મયુર ચાવડા તા.૧૧/૬/૨૦૧૨ ના રોજ પાવાગઢના જંગલોમાં જુદી–જુદી જગ્યાઓ ઉપર આતંકવાદી તાલીમના કેમ્પો રાખેલા તે જગ્યાઓ બતાવતુ પંચનામું આંક–૬૫૨૮ વાળુ બનાવેલું. બચાવપક્ષ તરફથી

એવી રજૂઆત છે કે આ પંચનામાઓમાં પંચ/સાહેદોની જુબાનીઓ દરમ્યાન લાલ પેનથી કૌંસ કરાવેલા છે તેવી હકીકતો જેવી કે, આરોપીએ પોતાનું નામ જણાવેલું તે, ઈશારો કરી એકમીનાર મસ્જિદ બતાવેલી, આ દરગાહની ધર્મશાળામાં પોતાના સાથીદારો સાથે રોકાણ કરેલુ, ધર્મશાળાની બાજુમાં પાણીનો હેડ પંપ છે જયાં પોતે નાહીને નમાજ પઢતા હતા, આ જગ્યાએ ટેન્ટ બાંધેલો અને તાલીમ લીધેલી, સફદર નાગોરીએ છેલ્લા દિવસે જેહાદી પ્રવચન કરેલુ વિગેરે હકીકતો કબૂલાત્મક હકીકતો હોય પુરાવામાં ગ્રાહ્ય નથી.

આરોપી નં.૭૫ મોહમ્મદ રફીક ઉર્ફે જાવિદ ઉર્ફે આલમજેબ આફ્રીદી મસકુર અહેમદનાઓએ આપેલી માહિતીના આધારે તપાસ કરનાર અધિકારી કે.એન.પટેલ તા.૨૩.૪.૧૬ ના રોજ જે જગ્યાએ બોમ્બવાળી સાઇકલો મુકેલી તે જગ્યાઓ જુહાપુરા યુનીક એપાર્ટમેન્ટના પાર્કીંગવાળી જગ્યા, અંબર ટાવરના પાર્કીંગવાળી જગ્યા તથા નારોલ સર્કલ હનુમાનજીના મંદિરવાળી જગ્યાઓનું પંચનામું આંક–૭૩૮૭વાળુ બનાવેલું. તે જ રીતે આજ આરોપીએ આપેલી માહિતીના આધારે તપાસ કરનાર અધિકારી કે.એન.પટેલ તા.૧.૫.૧૬ ના રોજ હાલોલ–પાવાગઢના જંગલોમાં જુદી–જુદી જગ્યાઓ ઉપર આતંકવાદી તાલીમ લીધેલી તે જગ્યાઓનું પંચનામું આંક–૭૭૯૮ વાળુ બનાવેલું. તે જ રીતે આજ આરોપીએ આપેલી માહિતીના આધારે તપાસ કરનાર અધિકારી કે.એન.પટેલ તા.૨૪.૪.૧૬ ના રોજ જે જગ્યાએથી ગેસના સીલીન્ડરો ખરીદેલા તે દુકાનવાળી જગ્યા બતાવેલી જગ્યાનું પંચનામું આંક–૭૯૩૭ વાળુ બનાવેલું. તે જ રીતે આજ આરોપીએ આપેલી માહિતીના આધારે તપાસ કરનાર અધિકારી કે.એન.પટેલ તા.૨૬.૪.૧૬ ના રોજ અલમહમદી સોસાયટી મકાન નં.૧૦ તથા ગોમતીપુર, ઓઢવમાં જયા બોમ્બવાળી સાઇકલો મુકેલી તે જગ્યાઓ બતાવેલી તે જગ્યાઓનું પંચનામું આંક–૮૦૦૦ વાળુ બનાવેલું. બચાવપક્ષ તરફથી એવી રજૂઆત છે કે આ પંચનામાઓમાં પંચ/સાહેદોની જુબાનીઓ દરમ્યાન લાલ પેનથી કૌંસ કરાવેલા છે તેવી હકીકતો જેવી કે, આરોપીએ પોતાનું નામ જણાવેલું તે, વાહનમાંથી ઉતરી ચાલતો ચાલતો અંબર ટાવરના પાર્કીંગમાં જઈ ઉભો રહેલો

અને ત્રણ સાઇકલો અમે આ જગ્યાએ પાર્ક કરેલી તથા તા.૨૬.૭.૦૮ ના રોજ હું, મુજીબ શેખ તથા અબ્દુલ રાજીક ત્રણેયજણા રીક્ષામાં અહીંયા આવેલા, મુજીબ કાલુપુર ટાવર બાજુ ગયેલો, અબ્દુલ રાજીક ડીલક્ષ સ્ટવ નામની દુકાનમાં ગયેલો, પોતે ગેસના સીલીન્ડર ખરીદવા માટે કોઈ દુકાન ઉપર ગયેલ નથી તથા આરોપીએ પૂર્વ દિશામાં એક મકાન ઈશારો કરીને બતાવેલુ, બોમ્બ સાથેની સાઇકલ પોતે રાજેન્દ્ર પાર્ક વેરા પાસે મુકેલી, તા.૨૬.૭.૦૮ ના રોજ મેં બોમ્બ સાથેની એક સાઇકલ આ જગ્યાએ મુકેલી, હું પોતે અલમહમદી સોસાયટીવાળા મકાનેથી બે જીવતા બોમ્બ લઈને નીકળેલો, ખોડીયાર નગર પાસે જયાં સાંજના સમયે શાકમાર્કેટ ભરાય છે ત્યાં મયુર ડેરીની સામે એક પકોડીની લારી નીચે બોમ્બ મુકી દીધેલો વિગેરે હકીકતો કબૂલાત્મક હકીકતો હોય પુરાવામાં ગ્રાહ્ય નથી.

આરોપી નં.૭૮ તૌસીફખાન ઉર્ફે અતીક સગીર અહેમદખાન પઠાણ નાઓએ આપેલી માહિતીના આધારે તપાસ કરનાર અધિકારી આર.એન.ઝાલા તા.૫.૧૨.૧૭ ના રોજ દરિયાપુર લીમડી ચોક પાસે આમીન હુસેન શેખના ઘરે સીમીના સભ્યો સાથે મીટીંગ કરેલી તે જગ્યા બતાવતુ પંચનામું આંક–૭૩૮૫ વાળુ બનાવેલું. બચાવપક્ષ તરફથી એવી રજૂઆત છે કે, આ પંચનામાઓમાં પંચ/સાહેદોની જુબાનીઓ દરમ્યાન લાલ પેનથી કૌંસ કરાવેલા છે તેવી હકીકતો જેવી કે, આરોપીએ પોતાનું નામ જણાવેલું તે, હાથથી ઈશારો કરી બતાવેલુ કે આ મકાનમાં મિટિંગો કરેલી વિગેરે હકીકતો કબૂલાત્મક હકીકતો હોય પુરાવામાં ગ્રાહ્ય નથી.

આરોપી નં.૮૦ મુજીબ ઉર્ફે અક્રમ ઉર્ફે નવેદ ઉર્ફે નિતીન ઉર્ફે યુસુફ ઉર્ફે આબીદ ઉર્ફે ફૈજાન જમીલઅહેમદ શેખનાઓએ આપેલી માહિતીના આધારે તપાસ કરનાર અધિકારી ઉષા રાડા તા.૧૧.૮.૧૨ ના રોજ જુહાપુરા અંબર ટાવર બ્લોક નં.૧ ના પાર્કીંગવાળી જગ્યા, નારોલ સર્કલ હનુમાનજીના મંદિર પાસે બોમ્બ વાળી સાઇકલો મુકેલી તે જગ્યાઓનું પંચનામું આંક–૬૮૦૮ વાળુ બનાવેલું. તે જ રીતે આજ આરોપીએ આપેલી માહિતીના આધારે તપાસ કરનાર

અધિકારી વી.આર.ટોળીયા તા.૨૧.૮.૧૨ ના રોજ ગોમતીપુર તથા બાપુનગર વિસ્તારમાં બોમ્બવાળી સાઇકલો જે જગ્યા ઉપર મુકેલી તે જગ્યાઓનું પંચનામું આંક–૭૫૯૭ વાળુ બનાવેલું. બચાવપક્ષ તરફથી એવી રજૂઆત છે કે, આ પંચનામાઓમાં પંચ/સાહેદોની જુબાનીઓ દરમ્યાન લાલ પેનથી કૌંસ કરાવેલા છે તેવી હકીકતો જેવી કે, આરોપીએ પોતાનું નામ જણાવેલું તે, અમે ત્રણ સાઇકલો આ જગ્યા ઉપર પાર્ક કરેલી, ત્રણેય સાઇકલો કયામુદીન કાપડીયાએ આપેલી વિગેરે હકીકતો કબૂલાત્મક હકીકતો હોય પુરાવામાં ગ્રાહ્ય નથી. ઉપરોકત પંચનામાઓની વિગતો જે દર્શાવી તે ઉપરાંત ઉપરોકત કોષ્ટકમાં જણાવ્યા મુજબ બીજા પણ પંચનામાઓ જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ પંચોની હાજરીમાં બનાવેલા છે. ફરિયાદપક્ષની દલીલ મુજબ આ તમામ પંચનામાઓ કે જેમાં મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે તે અંગેના છે તે ઉપરાંત આરોપીઓએ જુદી–જુદી જગ્યાઓ બતાવેલી તે જગ્યાઓના પણ પંચનામાઓ છે. તે ઉપરાંત સરકીટોનું ડેમોસ્ટ્રેશન કરવામાં આવ્યુ તે અંગેના પંચનામા પણ છે. આ તમામ પંચનામા પુરાવાના કાયદાની કલમ–૨૭ હેઠળ આરોપીઓ વિરૂધ્ધ પુરાવામાં ગ્રાહય છે. જયારે બચાવપક્ષની દલીલ મુજબ આ પંચનામાઓને પુરાવાના કાયદાની કલમ–૨૫ તથા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૨ નો બાધ છે માટે આ તમામ પંચનામાઓ આરોપીઓ વિરૂધ્ધ પુરાવામાં વંચાણે લઈ શકાય નહીં. તમામ પંચનામાઓ પુરાવામાં ગ્રાહય નથી. આ પંચનામાઓ આરોપીઓ વિરૂધ્ધ પુરાવામાં ગ્રાહય છે કે કેમ ? તે અંગે બીજી વધુ ચર્ચા આગળ ઉપર કરીશું. આ તમામ પંચનામાઓ આરોપીઓને જુદા જુદા દિવસોએ જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ અટક કરેલા અને તે બાદ પંચોની હાજરીમાં આરોપીઓએ આપેલી માહિતીના આધારે બનાવવામાં આવેલા છે. પંચનામાની વિગત મુજબની માહિતી આરોપીઓએ આપી અને તપાસ કરનાર અધિકારીઓ તથા પંચોને પંચનામાવાળી જગ્યાઓ ઉપર જે તે આરોપીઓ દોરીને લઈ ગયેલા જેથી તેમનુ દોરી જવાનું વર્તન પણ તેમની વિરૂધ્ધ એક સંજોગ ઉભો કરે છે. આ તબકકે પુરાવાના કાયદાની કલમ–૮ પણ ધ્યાને લેવી જરૂરી છે.

પુરાવાના કાયદાની કલમ–૮ હેતુ, તૈયારી તથા પહેલાનું કે પછીનું વર્તનઃ–

કોઈ હકીકત પ્રસ્તુત છે કે જે મુદ્દા માહેની કોઈ હકીકત અથવા પ્રસ્તુત હકીકત માટેનો હેતુ અથવા તૈયારી દર્શાવતી હોય કે નિર્માણ કરતી હોય, કોઈ દાવા કે કાર્યવાહીના કોઈ પક્ષકાર અથવા પક્ષકારના પ્રતિનિધીનું આવા દાવા કે કાર્યવાહીને લગતુ વર્તન અથવા તેના મુદ્દા માહેની હકીકતોને લગતુ અથવા તેને પ્રસ્તુત તથા જેની સામેનો ગુનો કોઈ કાર્યવાહીનો વિષય હોય તેવી કોઈ વ્યકિતનું વર્તન પ્રસ્તુત છે, જો આવુ વર્તન મુદ્દા માટેની કોઈ હકીકત અથવા પ્રસ્તુત હકીકત પણ અસર કરતુ હોય અથવા તેની અસરના કારણે હોય તથા તે તેના પહેલાનું હોય કે પછીનું હોય. આ જોગવાઈમાં વર્તન શબ્દમાં નિવેદનનો સમાવેશ થતો નથી, સિવાય કે તેવા નિવેદનો ઉપરાંત કૃત્ય સાથે સંલગ્ન અથવા સમજૂતી આપતા હોય પરંતુ આ અધિનિયમની અન્ય કોઈ કલમ હેઠળની નિવેદનની પ્રસ્તુતતાનો આવી સમજૂતીથી કોઈ અસર થશે નહીં. તેમજ જયારે કોઈ વ્યકિતનું વર્તન પ્રસ્તુત હોય ત્યારે તેની હાજરીમાં તથા સાંભળતા અથવા તેને કરેલુ કોઈ નિવેદન કે જે આવા વર્તનને અસર કરતુ હોય તે પ્રસ્તુત છે. એટલે કે એક વ્યકિતએ ખુથવા આશય

– ગુનાહિત ઈરાદો કે ગુનાહિત જ્ઞાન
– તૈયારી
– કૃત્ય કે જેન કર્યુ છે જે બીજી વ્યકિત જાણતી હતી કે એક વ્યકિતએ બીજી વ્યકિતનું ખુન કરેલ છે તથા તેની તેને જાણકારી જાહેર કરી દેવાની ધમકી આપીને એક વ્યકિતએ બીજી વ્યકિત પાસેથી નાણાં પડાવવાની કોશિશ કરી હતી તો તે હકીકત પ્રસ્તુત છે.

આ કલમને વધુ સરળતા જોઈએ તો, એ હકીકતો પ્રસ્તુત ગણાય કે જે મુદ્દા માહેની કોઈ હકીકત અથવા પ્રસ્તુત હકીકતો માટેનો હેતુ દર્શાવતી હોય, તૈયારી દર્શાવતી હોય, હેતુ અથવા તૈયારીનું નિર્માણ કરતી હોય, દાવા કે કાર્યવાહીના પક્ષકાર કે તેના પ્રતિનિધીનું મુદ્દા માહેની અથવા પ્રસ્તુત હકીકતોને લગતુ વર્તન દર્શાવતી હોય અથવા ફરિયાદીનું વર્તન દર્શાવતી હોય. આવુ વર્તન

મુદ્દા માહેની કોઈ હકીકત અથવા પ્રસ્તુત હકીકતને અસર કરતુ હોવુ જોઈએ અથવા તેની અસરના કારણે થયેલ હોવું જોઈએ અને આવુ વર્તન તેવી હકીકતની પહેલાનું હોય કે પછીનુ પણ હોઈ શકે.

હેતુ અને હાર્દઃ– કુલ–છ પ્રકારની હકીકતો આ કલમથી પ્રસ્તુત ગણીને તેને પુરાવા તરીકે ગ્રાહ્ય ગણવાનો હેતુ આ કલમ પાછળ રહયો છે.

– એવી હકીકતો કે જે મુદ્દા માહેની હકીકતો અથવા પ્રસ્તુત હકીકતો માટેનો હેતુ દર્શાવતી હોય અથવા હેતુનુ નિર્માણ કરતી હોય.

– એવી હકીકતો કે જે મુદ્દા માહેની હકીકતો અથવા પ્રસ્તુત હકીકતો માટેનો તૈયારી દર્શાવતી હોય અથવા તૈયારીનુ નિર્માણ કરતી હોય.

– દાવા કે કાર્યવાહીને લગતુ અથવા મુદ્દા માહેની હકીકતો કે પ્રસ્તુત હકીકતને લગતુ કોઈ દાવા કે કાર્યવાહીના પક્ષકાર અથવા પક્ષકારના પ્રતિનિધીનું વર્તન કે જે પહેલાનું અથવા પછીનુ પણ હોય તથા જે વર્તન તેવી હકીકતોને અસર કરતુ હોય અથવા અસર હેઠળનું હોય.

– જેની સામે ગુનો થયો હોય તેનુ વર્તન કે જેના અન્ય તમામ સંજોગો ઉપર મુજબના હોય, આ બાબતે આરોપી નહીં, પરંતુ ફરિયાદીની સંદર્ભમાં છે કે જેની સામે ગુનો થયો હોય ગુનો નોંધાયો ન હોય એટલે કે જે ભોગ બનનાર હોય.

– નિવેદનો કે જે કૃત્ય સાથે સંલગ્ન હોય અથવા કૃત્યની સમજૂતિ આપતા હોય.

– જેનું વર્તન પ્રસ્તુત ગણાય તેવી વ્યકિતની હાજરીમાં તથા તેના સાંભળતા કરવામાં આવેલુ નિવેદન અથવા તેને કરવામાં આવેલુ નિવેદન કે જે તેના વર્તનને અસર કરતુ હોય.

આમ, આ છ વર્ગની હકીકત પ્રસ્તુત દર્શાવવાનો હેતુ આ કલમ પાછળ રહેલો છે. તૈયારી કે વર્તન આપમેળે ગુનો નથી. ભારત સરકારની સામે યુધ્ધે ચઢવુ, લુંટ કરવાની તૈયારી કરવી વિગેરે માત્ર અપવાદરૂપ કિસ્સામાં જ તૈયારી કરવી તે ગુનો ગણાય છે. અપવાદરૂપ કિસ્સા બાદ કરતા તૈયારી તથા હેતુ ગુનાની એક અવસ્થા છે. પરંતુ એક હકીકતનું અસ્તિત્વ કે બિનઅસ્તિત્વ દર્શાવવામાં ખાસ કરીને અસ્તિત્વ દર્શાવવામાં હેતુ, તૈયારી તથા વર્તન મદદરૂપ થાય છે થતા કોઈ હકીકત માનવા કે નહીં માનવા માટે સંભવિતતાની માત્રા દર્શાવે છે. જે આ કલમનુ મુખ્ય હાર્દ છે.

આ કલમનો સિધ્ધાંતઃ– આ કલમ વિશાળ વર્તુળ ધરાવે છે. પુરાવાના કાયદાની કલમ–૭ નો વિષય નિમીત્ત, કારણ અને અસર છે. જયારે હેતુ, તૈયારી અને વર્તન આ કલમનો વિષય છે. આ કલમ દિવાની તથા ફોજદારી એમ બંને પ્રકારની કાર્યવાહીને લાગુ પડે છે. પ્રત્યક્ષ પુરાવો ઉપલબ્ધ ન હોય ત્યારે પુરાવાની કટીબધ્ધતા અને તેવી અનેક સંલગ્ન કડીઓ મળીને સાંયોગિક પુરાવો બને છે અને તે આખરી નિર્ણય તરફ લઈ જાય છે. આશય વગર ભાગ્યે જ કોઈ વ્યકિત કોઈ કૃત્ય કરે છે. કોઈ કૃત્યની તૈયારી એક હકીકતનું અસ્તિત્વ સાબિત કરવામાં સંભવિતતાની માત્રા પર અસર કરે છે તથા વ્યકિતનું વર્તન વ્યવહારને સ્પષ્ટ કરે છે. કરારનું પાલન થઈ શકે તેમ હોવા છતાં તેનુ પાલન ન કરવુ કે ગુના બાદ નાસી જવુ કે કયારેક પક્ષકારોની મૌન અનુકૂળતા એ એવા પરિબળો છે કે જે વ્યકિતનો અભિગમ દર્શાવે છે. કૃત્ય કરનારનો આશય હતો કે કેમ? કૃત્ય કરવાની તૈયારી કરવામાં આવી હતી કે કેમ, આ બંને બાબતો બનાવ કે વ્યવહાર પહેલાની હોવાથી ભૂમિકા બાંધે છે. જયારે વર્તન પહેલાનું કે પછીનું પણ હોય. આ વર્ગની હકીકતો પ્રસ્તુત ગણવાથી કોઈ હકીકતનું અસ્તિત્વ અથવા બિનઅસ્તિત્વ નકકી કરવામાં સરળતા વધે છે, ઝડપ વધે છે તથા માનવવર્તન એ માનવીની માનસિક પ્રક્રિયાનું પ્રતિબિંબ હોવાથી પ્રસ્તુતતા બક્ષવાનો હેતુ તથા સિધ્ધાંત આ કલમનો છે.

વર્તન તથા નિવેદનનો પ્રશ્ન આવે ત્યારે કેટલીક અન્ય કલમ અંગે પણ વિચારણા કરવી જરૂરી છે, તપાસ ચાલતી હોય તે દરમ્યાન ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૬૨ હેઠળ કરવામાં આવેલા નિવેદન ગ્રાહય ગણાય નહીં. છતાં તેનુ વર્તન ગ્રાહય ગણાય. ફોજદારી કાર્યવાહીમાં આરોપીનું સારૂ ચારીત્ર પ્રસ્તુત ગણાય તેની માનસિક અવસ્થા પ્રસ્તુત ગણાય છે. સારૂ ચારીત્ર વ્યકિતના વર્તનની સમજ માટે તથા તે વ્યકિતની ગુનામાં સંડોવણી કે અપરાધનું તત્વ નકકી કરવા મદદરૂપ બની રહે છે. પોલીસની પુછપરછ દરમ્યાન આરોપી ખોટા નામ સરનામા આપે ગુનાવાળી જગ્યા કયાં છે તેની જાણકારી હોવા છતા પોતે અજાણ છે તેમ દર્શાવે તે બાબત વર્તન ગણીને પુરાવામાં ગ્રાહય ગણી શકાય નહીં.

આ કલમનો વ્યાપ અત્યંત વિશાળ છે. દિવાની અને ફોજદારી કાર્યવાહી એમ બંને પ્રકારની કાર્યવાહીમાં આ કલમના પ્રબંધો લાગુ પડે છે. હેતુ, તૈયારી તથા વર્તન આ ત્રણેય બાબતો દિવાની કાર્યવાહીમાં પ્રસ્તુત ગણાય, પરંતુ ગંભીર પ્રકારના ગુનામાં આ ત્રણ બાબત મહત્વની બની રહે છે, કારણ કે હેતુ, તૈયારી, વર્તનના કારણે ગુનાને સમજી શકાય છે તથા અપરાધનું તત્વ નિયત કરવામાં મદદરૂપ થાય છે. જયારે પ્રત્યક્ષ પુરાવો ઉપલબ્ધ ન હોય ત્યારે આ ત્રણેય બાબતોની કડીબધ્ધતા વિશ્વાસપાત્ર પુરાવો આપી શકે. આ ત્રણેય શબ્દની ધારણા વિકસી વધારે સ્પષ્ટ અને ધારદાર બની છે. હેતુ કોઈ જગ્યાએ લખેલો હોતો નથી તે એક માનસિક અવસ્થા છે અને તે કારણે હેતુ માટે પ્રત્યક્ષ પુરાવો ઉપલબ્ધ ન હોય, આ એક એવી માનસિક અવસ્થા છે જે વ્યકિતના ઉચ્ચારણો, વર્તન જે તે કેસના સંજોગો વિગેરે પરથી તારવવામાં આવે છે, તૈયારી એ કોઈ બાબતમાં સક્રિયતા દર્શાવે છે જે મુર્ત પણે કરવામાં આવતુ શારીરિક કૃત્ય છે. વર્તન અંગે વ્યકિત ગમે તેટલી સભાન હોય છતાં વર્તન વ્યકિતમાં રહેલા અપરાધના તત્વને બહાર લાવે છે.

હેતુઃ– અત્રે હેતુ શબ્દ પ્રયોજવામાં આવ્યો છે. જેને આશય તરીકે પણ ગણી શકાય. ફોજદારી કાયદો અને કાર્યવાહીમાં હેતુ શબ્દ એક ચોકકસ અર્થ

ધરાવે છે ગુનો કરવામાં આવે ત્યારે પહેલા ગુનો કરનાર વ્યકિત કેટલીક માનસીક પ્રક્રિયામાંથી પસાર થાય છે. બધા કિસ્સામાં નહીં પરંતુ ગંભીર પ્રકારના ગુનામાં મહદઅંશે ગુનાની ચાર અવસ્થા હોય છે.

- હેતુ અથવા આશય
- ગુનાહિત ઈરાદો કે ગુનાહિત જ્ઞાન
- તૈયારી
- કૃત્ય કે જેમાં કાર્યલોપનો પણ સમાવેશ થાય છે

આ ચાર તબકકા પૈકીના પહેલા બે માનસિક અવસ્થા છે, જયારે પછીના બે ઈન્દ્રીયગ્રાહય અથવા બાહ્ય અવસ્થા છે. વ્યકિત જે ઈરાદો ધરાવતી હોય તે મુજબનું કૃત્ય કરે તથા તે માટે તૈયારી કરી હોય, કૃત્ય કરતા પહેલા, કૃત્ય સમયે તથા કૃત્ય કર્યા બાદ વ્યકિત જે વર્તન કરે તે કૃત્ય સાથે સંકળાયેલુ હોય, હેતુ માટે પ્રત્યક્ષ પુરાવો ન હોય છતાં પણ થવા પામેલુ કૃત્ય, કરવામાં આવેલી તૈયારી, કૃત્ય કરવાનો ઈરાદો, કૃત્ય કરનારનું વર્તન, તત્સમયના સંજોગો તથા પ્રત્યેક કેસની હકીકત અને સંજોગો પરથી તરાવી શકાય કે કૃેત્ય કરવા પાછળ હેતુ શું હતો ?

વ્યકિતનો હેતુ અથવા ઈરાદો ગુનો કરવા માટેનો હોય છતાં કોઈ બાબત માત્ર હેતુ તથા ઈરાદા સુધી સીમીત હોય ત્યારે તે સજાને પાત્ર નથી. પરંતુ કૃત્ય કરવામાં આવે ત્યારે તે કરવા પાછળનો ઈરાદો હોવાના કારણે જ તે કૃત્ય ગુનો બને છે. હેતુ એ વ્યકિતની દુરગામી માનસિક અવસ્થા છે, કોઈક કારણે વ્યકિતમા એક ઉંડી ઈચ્છા જાગૃત થાય છે જેનુ કારણ વેર, હરીફાઈ, ઈર્ષા કે બદલો ગમે તે હોઈ શકે, પરંતુ આવી સંવેદના દુર્ભાવયુકત હોય છે. આવી ઉંડી ઈચ્છા જાગૃત થાય તેને હેતુ કહી શકાય. આવી ઉંડી ઈચ્છા એક માનસિક પ્રક્રિયાને જન્મ આપે છે અને આવી ઉંડી ઈચ્છા પરિણામ લાવવા માટે દ્રઢતામાં પરિણમે ત્યારે ઈરાદો બંધાય છે. હેતુ તથા ઈરાદા વચ્ચે તફાવત છે. એક માનસિક પ્રક્રિયા ચાલે ત્યારબાદ ઈરાદો બંધાય છે. આ દુરગામી અવસ્થા એક

માનસિક ગ્રંથી છે, જયારે ગુનાની નજીકની અવસ્થા તે ઈરાદો છે. વ્યકિતનો હેતુ સમસ્ત વિશ્વનો નાશ કરવાનો હોય છતાં તે સજાને પાત્ર નથી. ઈરાદો બંધાય છતાં સજાને પાત્ર નથી કે જયાં સુધી હેતુ તથા ઈરાદો માત્ર હેતુ તથા ઈરાદો જ રહે. કયારેક એવુ બને કે હેતુ સારો હોય છતાં ઈરાદો ગુનાહિત હોય, હેતુ અને ઈરાદો બંને માનસિક અવસ્થા છે તે માનસિક પ્રક્રિયામાંથી જન્મે છે અને આવી માનસિક અવસ્થા કે પ્રક્રિયા તત્કાળ પણ પૂર્ણ થાય અથવા લાંબો સમય પણ ચાલે, સમય તેમાં મહત્વનું પાસુ નથી, અલબત ઈરાદો બંધાયા બાદ વ્યકિત સક્રિય બની જાય છે.

હેતુ પુરાવાની દ્રષ્ટિએ શું સ્થાન ધરાવે છે તે માટે ફરિયાદપક્ષે આરોપી સામેનો કેસ નિઃશંકપણે પુરવાર કરવાનો રહે છે અને તેની સાબિતીનો બોજો ફરિયાદપક્ષ પરથી ખસતો નથી. પરંતુ ગુનેગારનો હેતુ પુરવાર કરવાનો સાબિતીનો બોજો ફરિયાદપક્ષ પર નથી. હતુ પુરવાર ન થાય તો પણ ગુનો પુરવાર થઈ શકે છે. હેતુ પુરવાર થાય તો ફરિયાદપક્ષનો કેસ એટલો સબળ બને, હેતુ નકકી થવાથી સજાની માત્રા નિયત કરવામાં પણ સરળતા રહે તથા હેતુ એક સંજોગો છે જે ઘણી ન સમજાતી હકીકત સમજાવી શકે. છતાં બનેલો બનાવ, થવા પામેલુ કૃત્ય પુરવાર થાય ત્યારે જો હેતુ પુરવાર થતો ન હોય તો પણ તે ફરિયાદપક્ષ માટે ઘાતક ગણાય નહીં. સાથો સાથ હેતુ પુરવાર થતો હોય અને કૃત્ય પુરવાર થતુ ન હોય ત્યારે હેતુ ગમે તેટલો સબળ હોય તો પણ પુરાવાની ખૂટતી કડી તરીકે લક્ષમાં લઈ શકાય નહીં.

હેતુ માત્ર મન પર થતી અસરના કારણે ઉત્પન્ન થતો અંગત પ્રતિભાવ છે. હેતુ વગરનું કૃત્ય તે કારણ વગરનું પરિણામ છે. આ કલમથી હેતુ દર્શાવતો પુરાવો પ્રસ્તુત ગણવામાં આવ્યો હોવાથી એમ કહી શકાય કે હેતુ પુરવાર કરવો તે ફરિયાદપક્ષ માટે અનિવાર્ય કે આદેશાત્મક નથી કારણ કે હેતુ પુરવાર ન થાય છતાં ગુનો પુરવાર થઈ શકે, છતાં પણ હેતુ માટે પુરાવો આપવાનો ફરિયાદપક્ષને અધિકાર છે દિવાની કાર્યવાહીમાં પણ પક્ષકારને તેવો અધિકાર છે. બનાવ પ્રત્યક્ષપણે જોનાર વ્યકિત બનાવ નજરે જોનાર સાહેદ તરીકે પુરાવો

આપતી હોય ત્યારે હેતુ દર્શાવતો પુરાવો વિશેષ મહત્વનો ગણાય નહીં. છતાં હેતુ પુરવાર કરવા માટેનો પુરાવો ફરિયાદપક્ષ આપે ત્યારે તેને ઉવેખી શકાય નહીં તથા તેનું મૂલ્યાંકન અન્ય તમામ હકીકતો અને સંજોગો લક્ષમાં લઈ સમગ્રપણે કરવુ જોઈએ. દેહાંત દંડની સજા કરવામાં આવે ત્યારે એવી અપેક્ષા રાખવામાં આવે છે કે હેતુ પુરવાર થવો જોઈએ.

તૈયારીઃ– તૈયારી એ ગુનો આચરવા માટેની એક તૈયારી છે. આ પુરાવાની અગત્યતા એ માટે છે કે વાસ્તવિક રીતે જે કૃત્ય બને તેની પૂર્વ ભૂમિકા પુરી પાડે છે. તૈયારી એટલે ગુનો કરવા માટેની માનસીક તૈયારી નહીં, આ શબ્દ ભાવનાત્મક કે માનસિક અવસ્થા તરીકે આ સમય સાથે સબંધ ધરાવતો નથી. પરંતુ મુર્ત થતા ઈન્દ્રીય ગ્રાહય બાબત સાથે સબંધ ધરાવે છે. જે પ્રત્યક્ષપણે દર્શાવી શકાય, તેવી હકીકત તૈયારીમાં સમાવી શકાય, તૈયારી એ દંડનીય નથી, હેતુ અને ઈરાદાની જેમ તે ગુનો બનતા પહેલાની બાબત ગણાય. કયારેક તૈયારી તથા વર્તન બંને દર્શાવતી હકીકત હોય છે. વ્યકિત ગુનો કરે ત્યારે નાસી જવાનો માર્ગ બનાવી લે તે તૈયારી ગણાય અને બનાવ બાદ નાસી જાય તે વર્તન ગણાય. આયોજીત ગુનામાં, ગુનાહિત કાવતરામાં તૈયારી મહત્વપૂર્ણ ભાગ ભજવે છે. ગુનો કરવા માટે તૈયારી કરવામાં આવી હતી તેવો પુરાવો સામાન્ય રીતે ફરિયાદપક્ષના કેસને બળવતર બનાવે છે, તૈયારી ન હતી તેવી હકીકત બચાવપક્ષને લાભદાયી બની શકે છે. ગુનાહિત કાવતરૂ એક વિશીષ્ટ પ્રકારનો ગુનો છે . કાવતરાખોરો વચ્ચે થતી સમજુતી તે ગુનાનુ સારતત્વ છે અને તેમાં ગુનો કરતા પહેલા વ્યવસ્થિત આયોજન કરવામાં આવતુ હોય છે અને તેના અનુસંધાને હથિયાર મેળવવુ તે ગુનાહિત કાવતરાનું અસ્તિત્વ દર્શાવતી હકીકત ગણાય, સાથે સાથે તૈયારીરૂપ ગણાય અને તે આ કલમ હેઠળ પ્રસ્તુત હકીકત બની જાય છે.

વર્તનઃ– વર્તન શબ્દનો અર્થ એ થાય છે કે જે સામાન્ય વ્યવહારમાં સમજવામાં આવે છે. કૃત્ય માટેની તૈયારી થતા પહેલા તેવુ કૃત્ય કરવા માટે કરવામાં આવેલી કોશીશ, મુદ્દા માહેની હકીકતો અથવા પ્રસ્તુત હકીકતો

પહેલાની વર્તણૂક તરીકે પણ પ્રસ્તુત હોવાના કારણે પુરાવામાં ગ્રાહ્ય ગણાય. આ ઉપરાંત પક્ષકાર કે તેના પ્રતિનિધીનું મુદ્દા માહેની હકીકતો અથવા પ્રસ્તુત હકીકતોને અસર કરતુ અથવા તેની અસર હેઠળ પહેલાનુ કે પછીનુ વર્તન પણ આ કલમ હેઠળ પ્રસ્તુત ગણવામાં આવ્યુ છે. વર્તન શબ્દ સ્પષ્ટ છે છતા અત્રે જે અર્થમાં વર્તન શબ્દ પ્રયોજવામાં આવ્યો છે તેમાં પક્ષકારનું કશુક કૃત્ય કરવુ કે ન કરવુ તે પણ ગણાય. એટલે કે કશુક કરવુ એ જ નહીં, કશુક ન કરવુ એ પણ વર્તનનો એક ભાગ છે. કેટલા કિસ્સામાં કશુક ન કરવુ તે સુચક ગણાય છે. આ કલમ હેઠળ કોઈ કૃત્ય કરવુ કે ન કરવુ એટલુ જ નહીં પરંતુ નિવેદન અને ઉચ્ચારણનો સમાવેશ થાય છે. વર્તન શબ્દમાં તમામ પ્રકારની અભિવ્યકિતઓનો સમાવેશ થાય છે. વ્યકિતની બુધ્ધિ શકિત, ઝડપ, પ્રતિભા અલગ અલગ હોય, પરંતુ કેટલીક સંવેદનાની બાબતમાં તમામ માનવી એક જ પ્રકારનો પ્રતિભાવ આપે છે, આ પ્રતિભાવ સ્વાભાવિક વર્તન ગણાય અને તે કશુક અનુમાન કરવા પ્રેરે છે. અંગત સલામતી દરેક માનવીનો એક જ પ્રતિભાવ આપનારી બાબત છે.

પહેલાનુ અથવા પછીનું વર્તન, આ શબ્દો ઉપર ચર્ચા કરી તે પ્રમાણેના વર્તનને લગતા છે તથા તે વર્તન બનાવ, વ્યવહાર, ઘટના બાબતે પહેલાનું હોય કે પછીનું તે પ્રસ્તુત ગણાય છે. પહેલાનું વર્તન કયારેક તૈયારી તરીકે પણ પ્રસ્તુત બને છે. ફોજદારી કાર્યવાહીમાં આરોપીનું વર્તન સહઆરોપી માટે પ્રસ્તુત નથી. ગુનો બન્યા બાદ આરોપીનું નાસી જવુ કે ફરાર થઈ જવુ એ સાહજીક તથા સામાન્ય વર્તન તરીકે ઘણા ગુનામાં જોવા મળે છે અને આ વર્તન આ કલમ નીચે પ્રસ્તુત ગણાય. કહેવાતા આરોપીનુ નાસી જવુ તે નિર્ણાયક પુરાવો કે સાબિતી નથી માત્ર સંજોગ છે. પોતે ગંભીર પ્રકારના ગુનામાં નિર્દોષ હોવા છતાં સંડોવાશે તેવી દહેશતના કારણે પણ વ્યકિત નાસી જાય, વ્યકિત નાસી ગઈ તે કારણે તેણે ગુનો કર્યો છે તેવુ માનવુ ભુલ ભરેલુ અનુમાન ગણાય. આ ઉપરાંત વ્યકિતનું મૌન પણ એક બહુ જ સુચક વર્તન ગણાય, પોતાની જાતને, પોતાના પ્રભાવને, પોતાની સંવેદનાને રજૂ કરવા માટે માનવી પાસે

વાણી સુલભ માધ્યમ છે. કેટલાક સંજોગો હેઠળ વ્યકિત દુઃખ, આનંદ અને આશ્ચર્ય કે વિરોધ વ્યકત કરે તે સામાન્ય તથા સ્વાભાવિક વર્તન ગણવામાં આવે છે, જે સંવેદના અપેક્ષા મુજબ વ્યકત ન થાય ત્યારે પ્રતિભાવમાં ખામી ગણાય જે માટે અનેક કારણો હોય, વધારે પડતી લાગણીશીલ વ્યકિત પોતાની લાગણી કાબુમાં રાખી શકે પરંતુ કોઈ વ્યકિત પર આક્ષેપ કરવામાં આવે અને વ્યકિત તેનો વિરોધ ન કરે, ચાલી જાય, કશુ સામે જવાબરૂપે કહે નહીં તે અસ્વાભાવિક વર્તન ગણાય, કારણ કે પોતે સારી વ્યકિત છે તેવુ દર્શાવવુ તે માનવસહજવૃત્તિ ગણવામાં આવે છે. હેતુ કે જે કૃત્ય કરનારની માનસિક અવસ્થા છે અને માનસિક પ્રક્રિયામાંથી જન્મે છે તેથી તે વ્યકિતનો હતુ શું છે તે શોધવુ અન્ય માટે શકય હોતુ નથી. ભોગ બનનારને પણ કયારેક હેતની ખબર હોતી નથી અને એવા કિસ્સા બને છે કે જેમાં હેતુની જાણ માત્ર ગુનો કરનારને જ હોય કોઈ પણ પુર્વ આયોજન વગર ચોકકસ પરિસ્થિતિના સંદર્ભમાં તત્કાળ બનાવ બની જાય છે. વર્તન સંબંધી આ અદાલતના ધ્યાનમાં છે તેવા નીચે મુજબના ચુકાદા ધ્યાને લીધેલા છે.

અ.નં.	**ચુકાદો**	**ચુકાદામાં નિર્ણીત મુદ્દાઓ પૈકીનો પુરાવાના કાયદાની કલમ–૮ અંગે નિર્ણીત થયેલો એક મુદ્દો**
૧	પ્રકાશ ચંદ વિરૂધ્ધ દિલ્હી વહીવટી તંત્ર એ.આઈ.આર. ૧૯૭૯ સુપ્રીમ કોર્ટ પાના નં.૪૦૦	આ ચુકાદામાં આરોપીએ સામે ચાલીને ચોરાયેલી મિલકત તથા હથિયારો કે જે ગુનામાં વપરાયેલા હતા અને પ્રાપ્ત કરવામાં આવ્યા હતા તે હથિયારો જે સ્થળે સંતાડયા હતા તે પોતાની જાતે આરોપીએ બતાવ્યા અને પોલીસે કબજે કર્યા. નામદાર સુપ્રીમ કોર્ટે ઠરાવેલુ છે કે હથિયારો કબજે કર્યા તે પ્રસ્તુત ગણાય કારણ કે તે આરોપીનુ વર્તન દર્શાવે છે.

૨	હિન્દુ વિરૂધ્ધ રાજય સરકાર એ.આઈ.આર. ૧૯૫૧ ઓરીસ્સા પાન નં.૫૩	આ ચુકાદામાં આરોપીએ પોતાની પત્નીને મારી નાખવાના ઈરાદાથી તેને ઝેર આપવાનો આરોપ આરોપી ઉપર હતો. આરોપીએ પોતાને ઝેર આપવા કોશીશ કરી તેમ પત્નીએ એક સાહેદને જણાવ્યુ. આરોપીએ તે સાંભળેલુ હોવા છતાં તે બાબત ખોટી છે તેમ કહયુ નહીં, તેનો વિરોધ કર્યો નહીં. નામદાર અદાલતે આરોપીના આ વર્તનને પ્રસ્તુત ગણવામાં આવેલુ.
૩	એચ.પી. એડમીનીસ્ટ્રેશન વિરૂધ્ધ ઓમ પ્રકાશ એ.આઈ.આર. ૧૯૭૨ સુપ્રીમ કોર્ટ પાન નં.૯૭૫	આ ચુકાદામાં આરોપીએ પોલીસને સામે ચાલીને માહિતી આપી કે તેને ખુન કર્યુ છે અને તે હથિયાર તેને એક દુકાનદાર પાસેથી લીધુ હતુ. તે દુકાનદાર પાસે આરોપી તપાસ કરનાર અધિકારી તથા સાહેદોને લઈ ગયેલો. નામદાર અદાલતે ઠરાવેલુ કે આરોપીએ તેની વિરુધ્ધ જતી માહિતી આપેલી તે પુરાવાના કાયદાની કલમ–૨૭ હેઠળ અગ્રાહય છે તેમ છતા તપાસ કરનાર અધિકારીને તથા સાહેદોને આરોપી દુકાન ઉપર લઈ ગયેલો તે પુરાવો આરોપીનું વર્તન દર્શાવતો હોવાના કારણે કલમ–૮ હેઠળ ગ્રાહય ગણવામાં આવેલ.
૪	રવિન્દ્રન વિરૂધ્ધ કેરાલા રાજય	આ ચુકાદા મુજબ આરોપીએ પોતાની પત્નીનુ ખુન કરેલુ તેવો આક્ષેપ હતો. આરોપી પોલીસ કસ્ટડીમાં હતો તે દરમ્યાન

	૧૯૯૯ ક્રી.લો.જ. પાન નં.૨૩૬૪ કેરાલા	તેને એવી માહિતી આપેલી કે તેની પત્નીનો મૃતદેહ કયાં છુપાવવામાં આવ્યો છે તે બાબતે નામદાર કેરાલા હાઈકોર્ટે ઠરાવેલુ કે પુરાવાના કાયદાની કલમ–૨૭ હેઠળ આ નિવેદન કદાચ ગ્રાહય ન ગણાય પરંતુ આરોપીનું વર્તન ફલીત થતુ હોવાથી પુરાવાના કાયદાની કલમ–૮ હેઠળ તે પુરાવા તરીકે પ્રસ્તુત ગણાય.
૫	સુધીન ચંદ્ર બર્મન વિરૂધ્ધ પશ્ચિમ બંગાળ ૨૦૦૬ ક્રી.લો.જ. પાન નં.૪૬૫૬ કલકત્તા	આ ચુકાદા મુજબ આરોપીએ જણાવેલુ કે ગુનામાં વાપરવામાં આવેલુ હથિયાર બનાવથી અમુક જગ્યાએ તેને સંતાડયુ હતુ. આરોપીએ જે હકીકત જણાવી તે હકીકત આધારે મુદ્દામાલ હથિયાર મળી આવ્યુ. આ માહિતી તપાસ કરનાર અધિકારીએ નિવેદનના રૂપમાં લખેલી ન હતી. નામદાર કલકત્તા હાઈકોર્ટે ઠરાવેલુ કે પુરાવાના કાયદાની કલમ–૮ હેઠળ તેવો પુરાવો ગ્રાહય છે કારણ કે તેના ઉપરથી આરોપીનું વર્તન ફલીત થાય છે.

ઉપરોકત ચર્ચા અને નામદાર સુપ્રીમ કોર્ટ અને નામદાર જુદી–જુદી હાઈકોર્ટના ચુકાદાઓ ધ્યાને લેતા ઉપરોકત કોષ્ટકમાં જણાવેલા આરોપીઓએ જે જે જગ્યાઓ બતાવી તે જગ્યાઓના તપાસ કરનાર અધિકારીએ પંચોની હાજરીમાં પંચનામાઓ બનાવેલા હતા. આ પંચનામાઓની અમુક જગ્યાએથી મુદ્દામાલ પણ કબજે કરવામાં આવેલો છે. આ જગ્યાઓ આરોપીઓએ બતાવેલી હતી અને તે જગ્યા ઉપર આરોપીઓ તપાસ કરનાર અધિકારી તથા પંચોને દોરીને લઈ ગયેલા હતા. જગ્યાઓની માહિતી જે તે આરોપીઓને જ હતી અને માટે તેઓ તે

જુદી–જુદી જગ્યાઓ ઉપર દોરીને લઈ ગયેલા. આ વર્તન આરોપીઓનું પુરાવાના કાયદાની કલમ–૮ હેઠળ ગ્રાહય છે. આ તબકકે વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે આરોપીઓ વિરૂધ્ધ તપાસ કરનાર અધિકારીઓને ગુનામાં સંડોવણી અંગેના કોઈ પુરાવા મળેલા નહીં માટે આરોપીઓની અટક કર્યા પછી ઘણા લાંબા સમય બાદ વર્તણૂકનો પુરાવો ઉભો કરવા ખોટા પંચનામાઓ બનાવેલા છે. આ તબક્કે વિ.વ.શ્રી આર.કે.શાહે નીચે મુજબના ચુકાદા ઉપર આધાર રાખે છે.

અ.નં.	**ચુકાદો**	**ચુકાદામાં નિર્ણીત મુદ્દાઓ પૈકી પુરાવાના કાયદાની કલમ–૨૭ ના પંચનામા અંગે નિર્ણીત થયેલો એક મુદ્દો**
૧	ભરતભાઈ મેધાભાઈ કોલી વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૨૦(૩) જી.એલ.આર. પાન નં.૧૭૨૭ ગુજરાત	પેરા–૪૬ મુજબ ગુન્હામાં વપરાયેલ હથિયારની શોધ થયેલી જે પણ સાહેદની હાજરીમાં હથિયારની શોધ થયેલ તે પંચ સાહેદ ફરી ગયેલા, હથિયારની શોધ તપાસ કરનાર અધિકારીના પુરાવા ઉપર આધારીત હતી. ના.કોર્ટે ઠરાવેલુ કે તપાસ કરનાર અધિકારીએ હથિયારની શોધ બાબતે આરોપીએ પોલીસ સમક્ષ જે નિવેદન આપેલુ તે સંપૂર્ણપણે રજૂ કરવુ જોઈએ અને પંચનામાની વિગતો પુરવાર કરવી જોઈએ. પેરા–૪૮ મુજબ ફરિયાદપક્ષની રજૂઆત હતી કે શોધ બાબતેનુ પંચનામુ પુરવાર થયેલુ ન હોય ત્યારે પુરાવાના કાયદાની કલમ–૮ મુજબ આરોપીનુ વર્તન પંચ સાક્ષીઓને તથા પોલીસને શોધ માટે ચોક્કસ જગ્યાએ લઈ ગયેલાનુ સંસુગંત છે.

		ના.અદાલતે ઠરાવેલ કે આરોપીના આ વર્તનના આધારે તેને દોષિત ઠરાવી શકાય નહીં.

વકીલશ્રી આર.કે.શાહની આ દલીલ સાથે હું સંમત નથી. કારણકે જે આરોપીઓ જે જગ્યા ઉપર લઇ ગયેલો તે જગ્યાની સંપૂર્ણ માહિતી જે તે આરોપીઓને જ હતી અને માટે જ તે જે, તે જગ્યાઓ ઉપર લઇ ગયેલ જેથી પુરાવાના કાયદાની કલમ–૮ હેઠળ આરોપીઓનુ વર્તન સુસંગત છે. આ ઉપરાંત અગાઉ ચર્ચા કરી છે તેમ કુલ–૨૦ જેટલા બનાવો અમદાવાદ શહેરમાં એક જ દિવસે બનેલા. દરેક ગુનાઓમાં આરોપીઓની અટક કરી જુદા–જુદા અધિકારીઓએ જુદા–જુદા ગુનાઓમાં આરોપીઓના રીમાન્ડ મેળવેલા. જેથી આરોપીને અટક કર્યા બાદ તરત જ પંચનામા નહીં બનાવેલા હોવાથી આ પંચનામાઓ ખોટા છે તેમ કહેવાય નહીં. પુરાવાના કાયદાની કલમ–૮ માં જણાવ્યા મુજબ હેતુ અને પુર્વ તૈયારી અંગે આ અદાલતના ધ્યાનામાં છે તેવા નીચે મુજબના ચુકાદા ધ્યાને લીધેલા છે.

<u>હેતુ અને પૂર્વ તૈયારી અંગે ચુકાદાઓઃ–</u>

અ.નં.	**ચુકાદો**	**ચુકાદામાં નિર્ણીત મુદ્દાઓ પૈકી <u>હેતુ અને પૂર્વ તૈયારી</u> અંગે નિર્ણીત થયેલો એક મુદ્દો**
૧	એસ.સી.બહારી વિરૂધ્ધ સ્ટેટ ઓફ બિહાર એ.આઇ.આર.૧૯૯૪, સુપ્રિમ કોર્ટ, પાના નં.૨૪૨૦	હેતુ એટલે કોઇપણ વ્યકિતની કોઇ ગેરકાયદેસર કૃત્ય કરવાની ઝંખના કે ઇરાદો અથવા કાયદેસરનું કૃત્ય ગેરકાયદેસર રીતે પોતાનો ઇરાદો સિધ્ધ કરવા કરવું તે. હેતુ કેસને ફકત મદદ કરે છે.
૨	અલાગુપંડિ વિરૂધ્ધ	કોઇપણ ગુનો કરવા માટે હેતુ હોવા જ જોઇએ તેવી જરૂરિયાત કાયદા મુજબ

	સ્ટેટ ઓફ તામિલનાડુ એ.આઇ.આર.૨૦૧૦, સુપ્રિમ કોર્ટ પાના નં.૨૪૦૫	સંપૂર્ણ પણે જરૂરી નથી પરંતુ તે હંમેશા સુસંગત તથ્ય છે. જેની બીજા રેકર્ડ ઉપરના પુરાવા સાથે અદાલત તુલના કરી શકે કે તુલના કરવામાં મદદ કરી શકે.
૩	મુરાલીલાલ જીવારામ શર્મા વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર એ.આઇ.આર.૧૯૯૭, સુપ્રિમ કોર્ટ, પાના નં.૧૫૯૩	જયારે કોઇ કેસમાં નજરે જોનારા સાહેદોનો પુરાવો સાચો અને વિશ્વાસપાત્ર હોય ત્યારે તેવા કેસોમાં હેતુ ગૌણ બની જાય છે અને તેનુ બહુ મહત્વ રહેતુ નથી.
૪	નારાયણ નાથુ નાયક વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર એ.આઇ.આઇ.૧૯૭૧, સુપ્રિમ કોર્ટ, પાના નં.૧૬૫૬	ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ઉપરથી અદાલતને સંતોષ થાય કે, આરોપી આ કહેવાતા ગુનામાં સામેલ છે તો તેવા સમયે હેતુને વિચારણા હેઠળ લેવાનો પ્રશ્ન રહેતો નથી.
૫	(૧)સ્ટેટ ઓફ રાજસ્થાન વિરૂધ્ધ અર્જુનસિંહ એ.આર.આઇ.૨૦૧૧, સુપ્રિમ કોર્ટ, પાના નં.૩૩૮૦, (૨) નચીતર વિરૂધ્ધ સ્ટેટ એ.આઇ.આઇ.૧૯૭૫,	કોઇપણ કેસમાં હેતુની ગેરહાજરી હોય તો હેતુની ગેરહાજરીના કારણે ફરિયાદપક્ષનો કેસ ફેંકી દેવાય નહિ. આવા સંજોગોમાં ફરિયાદપક્ષ દ્વારા અદાલત સમક્ષ જે પુરાવો રજૂ થયો હોય તે બીજો અન્ય પુરાવો ચકાસવો જોઇએ. ગુનો કરવાનો હેતુ કોઇપણ વ્યકિતના મનમાં છે કે કેમ અને તે કેવો છે તે સામાન્ય રીતે ફરિયાદપક્ષ પુરવાર કરી શકે નહી પરંતુ કોઇ વ્યકિત ગુનો કરવા

	સુપ્રિમ કોર્ટ, પાના નં.૧૧૮ (૩) સ્ટેટ ઓફ યુ.પી. વિરૂધ્ધ હરીપ્રસાદ એ.આઇ.આર.૧૯૭૪, પાના નં.૧૭૪૦	તરફ લાગણીથી પ્રેરાય અને ગુનો કે ગુનાહિત કૃત્ય કરે તે છે.
૬	પ્રેમજીતસિંગ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ઉત્તરાખંડ એ.આઇ.આર.૨૦૧૧, સુપ્રિમ કોર્ટ, પાના નં.૨૦૦	કોઇપણ કેસમાં ફરિયાદપક્ષ દ્વારા હેતુ પુરવાર થાય તો ફરિયાદપક્ષ સાંયોગિક પુરાવાની સાંકળ પુરવાર કરે છે તેમ કહેવાય પરંતુ હેતુ પુરવાર ના થાય તો ફરિયાદપક્ષનો કેસ તે કારણોસર રદ થાય નહિ.
૭	સ્ટેટ વિરૂધ્ધ કિનકરબંદુ (૧૯૬૯)૭૨ મુંબઇ લૉ રીપોર્ટર, પાના નં.૪૦૫	કોઇપણ કૃત્ય કરવા પૂરતો વ્યકિતનો હેતુ હતો તો તે દરેક કિસ્સામાં જરૂરી નથી. પરંતુ ધૃણાસ્પદ કૃત્ય કરવા અત્યંત નજીવો હેતુ પણ હોય છે.
૮	મુનીશ મુબર વિરૂધ્ધ સ્ટેટ ઓફ હરીયાણા એ.આઇ.આર.૨૦૧૩, સુપ્રિમ કોર્ટ, પાના નં.૯૧૨	અદાલત સમક્ષ રજૂ થયેલા રેકર્ડ ઉપરના પુરાવાથી અદાલતને માલુમ પડતુ હોય કે આરોપીનો હેતુ ગુનો કરવાનો હતો તો તેવા સંજોગોમાં તે હેતુ ગુનો કરવા માટે છુપો પણ હોઇ શકે.
૯	જી. પાશ્વનાથ વિરૂધ્ધ	કાયદાનો એવો કોઇ સિધ્ધાંત નથી કે હેતુની ગેરહાજરી હોય તો આરોપીને સજા

	સ્ટેટ ઓફ કર્ણાટક એ.આઇ.આર.૨૦૧૦ સુપ્રિમ કોર્ટ, પાના નં.૨૯૧૪	ના થાય. કોઇપણ ગુનામાં હેતુની હાજરી છે કે નથી તે દરેક કેસની હકીકત અને સંજોગો ઉપર આધાર રાખે છે.
૧૦	અભયાનંદ વિરૂધ્ધ સ્ટેટ ઓફ બિહાર એ.આઇ.આર.૧૯૬૧, સુપ્રિમ કોર્ટ, પાના નં.૧૬૯૮	કોઇપણ ગુનો કરવાની તૈયારી કરીને આરોપી એક ડગલુ આગળ જાય અને ઇરાદાપૂર્વક કોઇ ગુનો કરે તો તે ગુનો ઇરાદપૂર્વકની તૈયારી સાથે કરેલો છે તેમ કહેવાય.
૧૧	રફીકુદ્દિન અહેમદ વિરૂધ્ધ એમ્પરર એ.આઇ.આર.૧૯૩૫, કલકત્તા (ફુલ બેંચ) પાના નં.૧૮૪	જયારે કોઇ જુદા–જુદા વ્યકિતઓ દ્વારા કોઇ કૃત્ય થયેલુ હોય અને તે પુરવાર થાય ત્યારે તે કૃત્ય સંબંધિત આરોપીના વર્તન અંગે અદાલત અનુમાન કરી શકશે.
૧૨	અમરલાયક વિરૂધ્ધ સ્ટેટ ઓફ વેસ્ટ બેંગાલ ૧૯૮૮, ક્રિ.લૉ.જ. પાના નં.૧૨૯૩	જયારે આરોપી ગુના સંબંધિત કોઇ મુદ્દામાલ રજૂ કરે તો તે તેના વર્તન અંગેનો પુરાવો છે. આ મુદ્દામાલ રજૂ કરવા અંગેનો ખુલાસો પણ તેના વર્તન તરીકે ગ્રાહ્ય છે અને તે પુરાવાના કાયદાની કલમ–૮ હેઠળ આરોપીના વર્તનનો ભાગ છે.
૧૩	કતરે વિરૂધ્ધ સ્ટેટ ઓફ યુ.પી. એ.આઇ.આર.૧૯૭૬,	" નાસતા ફરવુ" નો અર્થ કાયદા મુજબ જરૂરી નથી કે તે પોતાનુ ઘર છોડીને જતો રહ્યો હોય પરંતુ પોતાની જાતને કાયદાની પ્રક્રિયાથી બચાવવા છુપાવેલી હોય તો તે

	સુપ્રિમ કોર્ટ, પાના નં.૭૬	પુરતુ છે.
૧૪	કૃષ્ણમૂર્તિ વિરૂધ્ધ સ્ટેટ બાય ઇન્સ્પેકટર ઓફ પોલીસ (૨૦૦૭)૧૨ સુપ્રિમ કોર્ટ કેસીસ, પાના નં.૧૦	ગુનામાં વપરાયેલું હથિયાર આરોપી બતાવે અને તે હથિયાર રીકવર કરવામાં આવે તો તે રીકવરી પુરાવાના કાયદાની કલમ–૮ હેઠળ આરોપીના વર્તન તરીકે ગ્રાહ્ય છે.
૧૫	પાંડુરંગ ચંદ્રકાન્ત મત્રે વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર (૨૦૦૯)૧૦, સુપ્રિમ કોર્ટ કેસીસ, પાના નં.૭૭૩	ગેરકાયદેસર મંડળીના દરેક સભ્યનું ગુનો કરતા પહેલાનું અને ગુના સમયનું વર્તન ગેરકાયદેસર મંડળીનો સામાન્ય ઈરાદાની વિચારણા બાબતે ધ્યાનમાં લઈ શકાય.
૧૬	બહાલસિંગ વિરૂધ્ધ હરીયાણા રાજય એ.આઈ.આઈ.૧૯૭૬, સુપ્રિમ કોર્ટ, પાના નં.૨૦૩૨	બનાવ અથવા ગુનો આવશ્યક પુરાવાથી ફરિયાદપક્ષ દ્વારા પુરવાર થતો હોય તો હેતુ પુરાવાર થાય કે ના થાય તે મહત્વનું નથી.
૧૭	શિવજી સાહેબરાવ બોબડે વિરૂધ્ધ મહારાષ્ટ્ર રાજય એ.આઈ.આર.૧૯૭૩, સુપ્રિમ કોર્ટ પાના નં.૨૬૨૨	માનવ હેતુઓ ઘણીવાર ઉંડા અને શોધી ના શકાય તેવા હોય છે. હેતુ સરળતાથી સાબિત થઈ શકતા નથી. રેકર્ડ ઉપર બીજી બધી રીતે પુરાવો ચુસ્ત અને મજબુત હોય તો હેતુના પુરાવા વગર પણ આગળ વધવુ પડે છે.
૧૮	બિપીનકુમાર મુંડલ	ગુનાના કામે સીધો કે પ્રત્યક્ષ પુરાવો

	વિરૂધ્ધ સ્ટેટ ઓફ વેસ્ટ બેંગાલ (૨૦૧૦)૧૨, સુપ્રિમ કોર્ટ કેસીસ, પાના નં.૯૧	વિશ્વાસપાત્ર હોય ત્યારે ગુનો કરવા માટેનો હેતુ છે કે કેમ તે મહત્વનું રહેતુ નથી.

નામદાર સુપ્રિમ કોર્ટના ઉપરોકત ચુકાદાઓ મુજબ આ કેસમાં ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા આ કેસમાં આરોપીઓનો હેતુ સ્પષ્ટ છે કે અમદાવાદ શહેર તથા સુરત શહેરમાં જુદી–જુદી જગ્યાઓ ઉપર બોમ્બ મુકી બોમ્બ બ્લાસ્ટ કરવા. આ બોમ્બ બ્લાસ્ટ જયાં હિન્દુ વસ્તી વધારે હોય તેવી જગ્યાઓ ઉપર કરવા. તે પ્રમાણેનો આરોપીઓનો ગુનાહિત ઈરાદો માલુમ પડે છે અને આ ઈરાદો પરીપૂર્ણ કરવા માટે તમામ આરોપીઓએ ભેગા થઈ કાવતરૂ કરેલુ છે અને સમાન ઈરાદો રાખી એકબીજાની મદદગારીથી ઘણી બધી તૈયારીઓ પણ કરેલી છે. જેવી કે જુદી–જુદી જગ્યાઓ ઉપર મીટીંગો કરવી, મીટીંગોમાં અન્ય વ્યકિતઓને હાજર રાખવા, મીટીંગોમાં જેહાદી ભાષણો કરવા, વાઘમોન તથા હાલોલ–પાવાગઢના જંગલોમાં આતંકવાદી તાલીમ કેમ્પો કરવા, કેમ્પો કરવા માટેની જગ્યાઓ પસંદ કરવી, આયોજનો કરવા, કેમ્પોમાં ઘણા બધા વ્યકિતઓને હાજર રાખવા, રેલવેની ટિકિટો તે લોકોને પહોંચાડી, કેમ્પોમાં જેહાદી ભાષણો કરવા, તળવાની, બોમ્બ બનાવવાની, ફુગ્ગા ફોડવાની તાલીમો આપવી, મોબાઈલ ફોન ખરીદવા, સીમ કાર્ડ ખરીદવા, નટ–બોલ્ટ તથા છરા ખરીદવા, વાયરના ટુકડા, બેટરી, બલ્બ, ઘડિયાળો, ગેસના બોટલો, થેલીઓ, સાઇકલો તથા વાસણો ખરીદવા, મકાનો ભાડે રાખવા, જુદી–જુદી હોટલોમાં ખોટા નામે એન્ટ્રીઓ કરી રોકાવવુ અને બોમ્બ બનાવવા વિગેરે તૈયારીઓ કરીને અમદાવાદ શહેરમાં તથા સુરત શહેરમાં બનેલા બનાવોને અંજામ આપવામાં આવેલો છે. માટે મારા સ્પષ્ટ મંતવ્ય પ્રમાણે આ

કેસમાં આરોપીઓનો ગુનાહિત ઈરાદો ગુનો કરવાનો હતો. જેથી આરોપીઓનો હેતુ, તૈયારી અને કૃત્ય સંપૂર્ણ રીતે પુરવાર થાય છે તેમ હું માનુ છું.

વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, ઉપરોકત પંચનામાઓમાં આરોપીઓની કબૂલાત્મક હકીકતો જે જણાવવામાં આવેલી છે તે પુરાવના કાયદાની કલમ–૨૫ હેઠળ આરોપી વિરૂધ્ધ ગ્રાહય નથી. તેઓની દલીલ સાથે હું સંમત છું કે પોલીસ કસ્ટડીમાં કોઈ આરોપી હોય અને કબૂલાત કરતુ નિવેદન આપે તો તે નિવેદન આરોપી વિરૂધ્ધ પુરાવામાં ગ્રાહય નથી. પરંતુ તે નિવેદનના આધારે કોઈ વસ્તુની શોધ કરવામાં આવે અને તે શોધ ગુના સબંધે હોય ત્યારે તે પુરાવામાં ગ્રાહય છે. આ સંબંધમાં વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે આ કામમાં તપાસ કરનાર અધિકારીઓએ પુરાવાના કાયદાની કલમ–૨૭ હેઠળ ઘણા પંચનામાઓ બનાવેલા છે. આ પંચનામાઓ પુરાવાના કાયદાની કલમ–૨૭ મા પડે છે કે કેમ તે નકકી કરવુ જોઈએ. વકીલશ્રી એલ.આર.પઠાણ આ તબકકે પુરાવાના કાયદાની કલમ–૨૭ વંચાણે લઈ દલીલ કરે છે કે આ કલમની મુખ્ય બે જરૂરિયાતો છે (૧) માહિતી આરોપી પાસેથી મળી હોય (૨) માહિતીના આધારે કોઈ વસ્તુની શોધ થઈ હોય. પરંતુ મારા મત પ્રમાણે આ બે જરૂરિયાતો છે જ ઉપરાંત આરોપી પોલીસ કસ્ટડીમાં પણ હોવો જોઈએ. આ કેસમાં પુરાવાના કાયદાની કલમ–૨૭ હેઠળના ઉપર કોષ્ટકમાં જણાવ્યા મુજબના જે પંચનામાઓ રજૂ થયેલા છે તે પંચનામાઓ વખતે જે તે આરોપી પોલીસ કસ્ટડીમાં હતા અને કસ્ટડીમાં હતા તે વખતે તેમને આપેલી માહિતીના આધારે ઉપર કોષ્ટકમાં જણાવ્યા મુજબની વિગતેના પંચનામાઓથી મુદ્દામાલ મળી આવેલો છે માટે ઉપર કોષ્ટકમાં જણાવ્યા મુજબના તમામ પંચનામાઓ પુરાવાના કાયદાની કલમ–૨૫ થી હીટ થતા નથી. પરંતુ જે પંચનામાઓની વિગતે મુદ્દામાલ મળી આવેલો છે તે ગુના સાથે સાંકળતો મુદ્દામાલ છે જેથી તેવા પંચનામા કલમ–૨૭ હેઠળ પુરાવામાં ગ્રાહય છે. આ ઉપરાંત અન્ય પંચનામાઓ કે જેની વિગતે કોઈ મુદ્દામાલ મળી આવેલો નથી તો તેવા પંચનામાઓ પણ પુરાવાના કાયદાની કલમ–૨૭ હેઠળ પુરાવામાં ગ્રાહય છે.

આ ઉપરાંત પુરાવાના કાયદાની કલમ–૮ હેઠળ આરોપીના વર્તન તરીકે પણ ગ્રાહ્ય છે અને કોઈ પણ ગુનો કોઈ પણ આરોપી કરે ત્યારે ગુનો કરતા પહેલાનું અને ગુના કર્યા પછીનું તેનુ વર્તન તેની વિરૂધ્ધ પુરાવામાં ગ્રાહ્ય છે. હવે પુરાવાના કાયદાની કલમ–૨૫ ધ્યાને લઈએ તો...

પુરાવાના કાયદાની કલમ–૨૫ઃ– પોલીસ અધિકારીને કરેલી કબૂલાત સાબિત કરી શકાશે નહિઃ–

એક વ્યકિત કે જે કોઇ ગુનાની આરોપી હોય તેની વિરૂધ્ધ પોલીસ અધિકારીને કરવામાં આવેલી કબૂલાત સાબિત કરી શકાશે નહિ.

આ કલમ મુજબ "પોલીસ અધિકારીને કરેલી કબૂલાત" તેવી કબૂલાત આરોપી વિરૂધ્ધ પુરાવામાં ગ્રાહ્ય નથી. તેવી દલીલ સાથે હું સંમત છું. પરંતુ ઉપરોકત તમામ પંચનામા ધ્યાને લઈએ તો આરોપીઓએ જે માહિતી આપેલી છે તે પંચોને આપેલી છે. પંચોને આરોપીઓએ પોતાના નામો જણાવેલા અને તેઓ શું કહેવા અને બતાવવા માંગે છે તે પણ પંચોને જણાવેલુ છે. પંચનામા ધ્યાને લેતા કબૂલાત તપાસ કરનાર અધિકારીને કરેલી નથી. આરોપી તરફથી મળેલી માહિતીના અનુસંધાને કોઈ હકીકત મળી આવી હોય તો તેટલો ભાગ પુરવાર કરી શકાય. આ સંબંધમાં આ અદાલતમાં ધ્યાનમાં છે તેવો ચુકાદો ધ્યાને લીધેલ છે.

અ.નં.	**ચુકાદો**	**ચુકાદામાં નિર્ણીત મુદ્દાઓ પૈકીનો પુરાવાના કાયદાની કલમ–૨૫ અંગે નિર્ણીત થયેલો એક મુદ્દો**
૧	લાલ સીંઘ વિરૂધ્ધ ગુજરાત રાજય ૨૦૦૧ ક્રી.લો.જ. પાન નં.૯૭૮ સુપ્રીમ કોર્ટ	આ ચુકાદા મુજબ આરોપી પોલીસ હવાલામાં હતો. માત્ર આરોપી પોલીસ હવાલામાં હોવાના કારણે કબૂલાત અગ્રાહ્ય બની જતી નથી. કબૂલાત ટાડા એકટની કલમ–૧૫ હેઠળની હતી. કલમ–૧૫ હેઠળનુ નિવેદન પુરાવા તરીકે ગ્રાહ્ય

		હોવાથી તથા વિશિષ્ઠ પ્રબંધ હોવાથી કબૂલાતભર્યું નિવેદન પુરાવામાં ગ્રાહય ગણાય તેમ ઠરાવેલ છે. આ ચુકાદામાં આરોપીઓ વિરૂધ્ધ અનલોફુલ એકટીવીટી (પ્રિવેન્શન) એકટ હેઠળનો ગુનો છે.
૨	રાજય વિરૂધ્ધ એમ.ટી. જોય ઈમાકયુલેટ ૨૦૦૪ ક્રી.લો.જ. પાન નં.૨૫૧૫ સુપ્રીમ કોર્ટ	આ ચુકાદા મુજબ આરોપી પોલીસ કસ્ટડીમાં હતો. તેને જે કંઈ કહેલુ તે કબૂલાતના સ્વરૂપમાં હતુ તેની કબૂલાતના આધારે કેટલીક હકીકતો મળી આવેલી હતી. બચાવ પક્ષ તરફથી દલીલ હતી કે પોલીસ હવાલામાં આરોપીને મોકલવામાં આવ્યા તે હુકમ કાયદા વિરૂધ્ધ હતો. નામદાર સુપ્રિમ કોર્ટે સ્પષ્ટ કરેલુ છે કે પોલીસ હવાલામા સોંપવાનો આદેશ કાયદા વિરૂધ્ધનો હોય તો પણ તેવા માત્ર કારણસર જે હકીકતો મળી આવી છે તે ઉવેખી શકાય નહીં. આરોપીની કબૂલાતની સાથે સાથે મળી આવેલી હકીકત અંગેનો પુરાવો જીણવટપુર્વક લક્ષમાં લેવો જોઈએ.

આ સબંધમાં પુરાવાના કાયદાની કલમ–૨૬,૨૭ પણ ધ્યાને લેવી પડે...

પુરાવાના કાયદાની કલમ–૨૬:– પોલીસ હવાલામાં હોય ત્યારે આરોપીએ કરેલી કબૂલાત તેની વિરૂધ્ધ પુરવાર કરી શકાય નહિ:–

તે પોલીસ અધિકારીના હવાલામાં હોય ત્યારે કોઇ વ્યકિતએ કરેલી કબૂલાત તેવી વ્યકિત વિરૂધ્ધ પુરવાર કરી શકાશે નહિ, સિવાય કે કોઇ મેજિસ્ટ્રેટની પ્રત્યક્ષ હાજરીમાં તે કરવામાં આવે.

સમજૂતીઃ– ફોર્ટ સેન્ટ જયોર્જ પ્રેસીડેન્સીમાં અથવા અન્ય સ્થળે મેજિસ્ટ્રેટના કાર્યો કરતા ગામના વડાનો આ કલમમાં " મેજિસ્ટ્રેટ" તરીકે સમાવેશ થતો નથી. સિવાય કે તેઓ વર્ડ એક મેજિસ્ટ્રેટ તરીકે ફોજદારી કાર્ય સંહિતા, ૧૮૭૨ (સને–૧૮૭૨નો દસમો) હેઠળ મેજિસ્ટ્રેટની સત્તાનો અમલ કરતો હોય.

પુરાવાના કાયદાની કલમ–૨૭ઃ–આરોપી તરફથી મળેલી કેટલીક માહિતી સાબિત કરી શકાયઃ–

અલબત્ત, પોલીસ અધિકારીના હવાલામાં હોય તેવા કોઇ ગુનામાં આરોપી હોય તે વ્યકિત તરફથી મળેલી માહિતીના પરીણામે મળી આવેલી કોઇ હકીકત જુબાની સ્વરૂપે રજૂ કરવામાં આવે ત્યારે ઉપર મુજબ મળી આવેલી માહિતી સાથે સ્પષ્ટ સંબંધ ધરાવતી હોય તેટલી હકીકત, **તે કબૂલાત બનતી હોય કે ન હોય, તો પણ સાબિત કરી શકાશે.**

ઉપરોકત જોગવાઈઓ ધ્યાને લેતા પોલીસ અધિકારીને કરેલી કબૂલાત પુરાવા તરીકે પ્રસ્તુત નથી, કબૂલાત અપ્રસ્તુત છે. છતાં સ્વીકૃતિ કે માહિતીના રૂપમાં હોય તેવુ નિવેદન પ્રસ્તુત ગણાય. આ કેસમાં આરોપીઓએ જે કોઈ માહિતી પંચો રૂબરૂ તપાસ કરનાર અધિકારીઓને આપેલી તે સ્વીકૃતિના રૂપમાં હતી. આવુ માહિતી લેખિતમાં ન હોય તો પણ તેના આધારે જે જે જગ્યાઓ ઉપરથી મુદ્દામાલ મળેલો છે તે પુરાવામાં ગ્રાહય છે. પુરાવાના કાયદાની કલમ–૨૬ ના અપવાદરૂપ કલમ–૨૭ ની જોગવાઈ કરવામાં આવેલી છે. કલમ–૨૭ નો હેતુ પોલીસ હવાલામાં હોય તેવી વ્યકિતએ આપેલી માહિતી ઉપરથી મળી આવેલી હકીકત સાબીત કરી શકાય તે છે. કલમ–૨૭ માં "કબૂલાત બનતી હોય કે ન બનતી હોય" તેવા શબ્દોનો પ્રયોગ કરવામાં આવેલો છે. આ શબ્દોનો પ્રયોગ કરવામાં ન આવ્યો હોત તો કલમ–૨૪,૨૫,૨૬ નાં કારણે કલમ–૨૭ અર્થહીન બની જાત. આરોપીએ આપેલી માહિતી એવા પ્રકારની હોય કે જે અંગે તપાસ કરનાર અધિકારી અજાણ હોય. માહિતી શબ્દ અત્યંત સ્પષ્ટ છે તેનો અર્થ એવો થાય કે જેને માહિતી આપવામાં આવે તે વ્યકિત તેવી માહિતી તેને મળે ત્યાં સુધી તેનાથી અજાણ હોય. આ માહિતીની ચકાસણી કરવા તે માહિતી

મુજબની હકીકત મળી આવવી તે તેમાં રહેલી સચ્ચાઈને સુચવે છે. જો આરોપી એમ કહે કે મેં પોતે ઘરેણા છુપાવ્યા છે અથવા મેં હથિયાર છુપાવ્યુ છે વિગેરે માહિતી ગણાય અને તેમાં કબૂલાતનું તત્વ આવતુ નથી તેથી તે પ્રસ્તુત ગણાય અને તે લક્ષમાં લઈ શકાય તે પુરાવાના કાયદાની કલમ–૨૭ મા આવરી લેવામાં આવેલ છે. મહત્વની બાબત આરોપીએ આપેલ માહિતી ઉપરથી કોઈ વસ્તુ મળી આવે તે છે. આરોપીએ આપેલી માહિતી કે નિવેદન સ્વતંત્ર સાહેદોની હાજરીમાં નોંધી લેવુ જોઈએ તેવો પણ કોઈ નિયમ નથી. આ સબંધમાં આ અદાલતમાં ધ્યાનમાં છે તેવો નીચે મુજબનો ચુકાદો ધ્યાને લીધેલ છે.

અ.નં.	**ચુકાદો**	**ચુકાદામાં નિર્ણીત મુદ્દાઓ પૈકીનો પુરાવાના કાયદાની કલમ–૨૭ ના પંચનામા અંગે નિર્ણીત થયેલો એક મુદ્દો**
૧	ઉત્તર પ્રદેશ રાજય વિરૂધ્ધ દેવ માન ઉપાધ્યાય એ.આઈ.આર. ૧૯૬૦ પાન નં.૧૧૨૪ સુપ્રીમ કોર્ટ	આ ચુકાદામાં નામદાર હાઈકોર્ટે કલમ–૨૭ નો પ્રબંધ તે કારણે ભારતીય સંવિધાનના અનુચ્છેદ–૧૪ નો ભંગ કરે છે તેમ કહી આરોપીને છોડી મુકેલો. તે કેસમાં નામદાર સુપ્રીમ કોર્ટમાં અપીલ થતા નામદાર સુપ્રીમ કોર્ટે ઠરાવેલુ કે આપેલુ નિવેદન પોલીસ હવાલામાં હોય તે વ્યકિત કરે અથવા પોલીસ હવાલામાં ન હોય તે વ્યકિત કરે તે કારણે વ્યવહારીક રીતે કોઈ તફાવત પડતો નથી અને તે કારણે સમાનતા જાળવવામાં ભેદભાવયુકત પ્રબંધ છે તેમ કહી શકાય નહીં.
૨	બોમ્બે રાજય વિરૂધ્ધ કાઠી કાળુ	આરોપી પોલીસ હવાલામાં હતો તે દરમ્યાન પુછપરછ કરતા તેને ચોરી કરેલી રાઈફલ છુપાવી હતી તે બતાવી અને શોધી આપી.

	એ.આઈ.આર. ૧૯૬૧ સુપ્રિમ કોર્ટ પાન નં.૧૮૯૩	આ હકીકત કલમ–૨૭ હેઠળ સાબિત કરવામાં આવી હતી. નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલુ કે કલમ–૨૭ નો ઉપયોગ કરવાના કારણે તે કલમ ગેરબંધારણીય છે તેમ કહી શકાય નહીં તથા પોલીસે કરેલી પુછપરછના કારણે રાઈફલને લગતુ આરોપીએ કરેલુ નિવેદન સ્વેચ્છાપૂર્વકનું નથી તેમ કહી શકાય નહીં.
૩	દિલ્હી એડમીનીસ્ટ્રેશન વિરૂધ્ધ બાલકિષ્ન એ.આઇ.આર.૧૯૭૨, સુપ્રિમ કોર્ટ, પાન નં.૩	પુરાવાના કાયદાની કલમ–૨૭ લગભગ કલમ–૨૫,૨૬ ના અનુબંધ જેવી છે અને કબૂલાત સ્વરૂપનુ નિવેદન જેને સ્પષ્ટ રીતે તેવા નિવેદનોથી શોધાયેલા તથ્યો સાથે સબંધ હોય તેને પુરાવા તરીકે આરોપી સામે ગ્રાહ્ય ગણી શકાય.
૪	કરણસિંહ વિરૂધ્ધ યુ.પી. રાજય એ.આઇ.આર. ૧૯૭૩ સુપ્રિમ કોર્ટ, પાન નં.૧૩૮૫	આરોપીએ પહેલા પોલીસને એમ કહેલુ કે તે છરી બતાવશે ત્યારબાદ છરી જયાં રાખેલી હતી તે સ્થળ બતાવ્યુ અને તે સ્થળ જાણીતુ હતુ. ના.અદાલતે ઠરાવેલુ કે સ્થળ જાણીતુ હતુ તે કારણસર પુરાવો અગ્રાહ્ય થતો નથી.

ઉપરોકત ચુકાદાઓ તેમજ રેકર્ડ ઉપરના પુરાવા અને હકીકત ધ્યાને લેતા આ કામના આરોપીઓએ પોલીસ અધિકારીઓ સમક્ષ પંચોની હાજરીમાં જે જે માહિતીઓ આપેલી તે પૈકી જે જગ્યાઓ ઉપરથી વસ્તુઓ કબજે કરેલી છે તથા જે જે જગ્યાઓ આરોપીઓએ બતાવેલી તે પુરાવાના કાયદાની કલમ–૨૭ મુજબ અને કલમ–૮ હેઠળ વર્તન તરીકે ગ્રાહ્ય છે. પોલીસ અધિકારી સમક્ષ પંચોની હાજરીમાં જે માહિતીઓ આપેલી તેથી કરીને તે આપેલી માહિતી ગ્રાહય નથી તેમ

કહી શકાય નહીં. જે કોઈ માહિતી આપેલી છે તે બોમ્બ બ્લાસ્ટના બનાવોને સ્પષ્ટ સબંધ ધરાવતી માહિતીઓ છે જે મુદ્દામાલ કબજે કરવામાં આવેલો છે તે છરા, નટબોલ્ટ, પ્લાસ્ટિકના ટુકડા, સેલોટેપના ટુકડા, વાયરના ટુકડા, સોલ્ડરીંગ મશીન, પુઠ્ઠાના બોક્ષ, પ્લાસ્ટિકની થેલીઓ વિગેરે મુદ્દામાલ બોમ્બ બ્લાસ્ટના બનાવો બન્યા પછી જે તે જગ્યાઓ ઉપરથી ગુનાવાળી જગ્યાના પંચનામાઓ વખતે જે મુદ્દામાલ મળી આવેલો તે જ મુદ્દામાલ જેવો આ મુદ્દામાલ હતો. જેથી બનાવો સાથે સ્પષ્ટ સબંધ ધરાવે તેવી માહિતીઓ આરોપીઓ તરફથી મળેલી હતી માટે કલમ–૨૭ ની જોગવાઈ મુજબ "કબૂલાત બનતી હોય કે ન બનતી હોય" આ માહિતીઓ આરોપીઓ વિરૂધ્ધ સાબીત કરી શકાય. પુરાવાના કાયદાની કલમ–૨૭ બાબતે આ અદાલતમાં ધ્યાનમાં છે તેવા બીજા નીચે મુજબના ચુકાદાઓ પણ ધ્યાને લીધેલા છે.

<u>પુરાવાના કાયદાની કલમ–૨૭ અંગે ચુકાદાઓઃ–</u>

અ.નં.	**ચુકાદો**	**ચુકાદામાં નિર્ણીત મુદ્દાઓ પૈકીનો પુરાવાના કાયદાની કલમ–૨૭ ના પંચનામા અંગે નિર્ણીત થયેલો એક મુદ્દો**
૧	અબ્દુલ સમદ વિરૂધ્ધ રાજય એ.આઇ.આર.–૧૯૫૯, કેરળ પાના નં.૪૬	અનેક આરોપીઓએ તપાસ કરનાર અધિકારીને આપેલ માહિતીના આધારે જે તથ્ય અથવા વસ્તુ મળી આવે તે માહિતી પૈકી આરોપીએ આપેલી માહિતી કે જેનાથી તથ્ય અથવા વસ્તુ મળી આવે તો તે તથ્ય વસ્તુ પુરાવામાં ગ્રાહ્ય છે.
૨	અંતરસિંઘ વિરૂધ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન એ.આઇ.આર.–૨૦૦૪, સુપ્રિમ કોર્ટ, પાના	આ ચુકાદામાં નામ.સુપ્રિમ કોર્ટે પુરાવાના કાયદાની કલમ–૨૭ માટે જે નિરીક્ષણ કરેલું છે તે મુજબ, ૧) હકીકતને સુસંગત ડિસ્કવરીની વિગત જણાવ્યા મુજબની સ્થાપિત થવી.

	નં.૨૮૬૫	૨) તેવી હકીકત ડિસ્કવર થવી જોઇએ. ૩) આવી ડિસ્કવરી આરોપીએ આપેલી માહિતી ઉપરથી થવી જોઇએ. ૪) માહિતી આપનાર ગુનામાં આરોપી હોવો જોઇએ. ૫) માહિતી આપનાર પોલીસ કસ્ટડીમાં હોવો જોઇએ. ૬) ડિસ્કવરી આરોપીના જણાવ્યા મુજબ હોવી જોઇએ. ૭) આરોપીએ આપેલ આવી માહિતી ઉપરથી જે ડિસ્કવરી થાય તે પુરાવામાં ગ્રાહ્ય છે.
૩	સ્ટેટ ઓફ કર્ણાટક વિરૂધ્ધ ડેવીડ રઝારીઓ એ.આર.આઇ. ૨૦૦૨, સુપ્રિમ કોર્ટ,૩૨૭૨	આરોપીએ તપાસ કરનાર અધિકારીને જે માહિતી આપી હોય તે માહિતીના આધારે કોઇ વસ્તુ મળી આવે તો આરોપીએ આપેલી માહિતી સાચી છે તેમ કહેવાય. આ માહિતી કબૂલાતના સ્વરૂપે અથવા નોન–કબૂલાતના સ્વરૂપે હોઇ શકે પરંતુ તેના પરિણામે વસ્તુ મળે તે આધારભૂત માહિતી છે.
૪	સ્ટેટ ઓફ યુ.પી. વિરૂધ્ધ ડિમોન ઉપાધ્યાય એ.આઇ.આર.–૧૯૬૦, સુપ્રિમ કોર્ટ, પાના નં.૧૧૨૫	પુરાવાના કાયદાની કલમ–૨૭થી બંધારણના આર્ટીકલ–૧૪નો ભંગ થતો નથી. પોલીસ અધિકારીની કસ્ટડીમાં હોય તેવા આરોપીએ કરેલી કબૂલાત અને કસ્ટડીમાં ના હોય તેવા આરોપીએ કરેલી કબૂલાત આ બંને વચ્ચેના તફાવતને

		મનસ્વી કે ઉદ્ધત કહી શકાય નહી. બંનેને સમાન રક્ષણની જરૂર નથી.
૫	આલોકનાથ દત્તા વિરૂધ્ધ સ્ટેટ ઓફ વેસ્ટ બેંગાલ(૨૦૦૭)૧૨ સુપ્રિમ કોર્ટ કેસીસ, પાના નં.૨૩૦	આરોપી તપાસ કરનાર અધિકારીને કોઇ માહિતી આપે અને રીકવરી માટે દોરી જાય જે જગ્યા ઉપર દોરી ગયેલ હોય તે જગ્યા ઉપરથી આપેલ માહિતી મુજબની વસ્તુ મળે તો આરોપી દોરી ગયો તે ભાગ પુરાવામાં ગ્રાહ્ય છે અને બાકીનો ભાગ ગ્રાહ્ય નથી.
૬	રાજેશકુમાર વિરૂધ્ધ હિમાચલપ્રદેશ,૨૦૦૭ ક્રિ.લો.જ. પાના નં.૩૦૨૯ હિમાચલપ્રદેશ	આરોપીનું ડિસ્કલોજર સ્ટેટમેન્ટ ના નોંધવાના કારણે ફરિયાદપક્ષનો કેસ રદ્ધ થતો નથી કે ફરિયાદપક્ષના કેસને કોઇ નુકસાન થતું નથી. આ કેસમાં પુરાવાના કાયદાની કલમ–૨૭ ના જેટલા પણ પંચનામા ઉપરોકત કોષ્ટકની વિગતે જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ બનાવેલા છે તે અંગે આરોપીઓના ડિસ્કલોઝર સ્ટેટમેન્ટ રજૂ થયેલા નથી પરંતુ પંચોની હાજરીમાં તપાસ કરનાર અધિકારીને જુદા–જુદા આરોપીઓએ માહિતીઓ આપેલી છે અને તે આધારે જુદી–જુદી જગ્યાઓ ઉપર જઇ તપાસ કરનાર અધિકારીએ વસ્તુઓ મેળવેલી છે.
૭	પ્રવિણકુમાર વિરૂધ્ધ	આરોપીએ તપાસ કરનાર અધિકારી સમક્ષ જાહેરાત કરતુ નિવેદન આપે કે તરત જ

	સ્ટેટ ઓફ કર્ણાટક (૨૦૦૩)૧૨ સુપ્રિમ કોર્ટ કેસીસ પાના નં.૧૯૯	રીકવરી કરવી જોઇએ તેવું કલમ–૨૭માં સ્પષ્ટ નથી. જયાં સુધી રીકવરી ના થાય ત્યાં સુધી આરોપીએ કરેલી જાહેરાત કરતુ નિવેદન ગ્રાહ્ય છે.
૮	રામકૃષ્ણ વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર (૨૦૦૭)૧૩ સુપ્રિમ કોર્ટ કેસીસ પાના નં.૫૨૫	આ કેસમાં આરોપીએ લોહીવાળી કૂહાડી છુપાવેલી હતી અને આરોપીના બતાવ્યા મુજબની જગ્યા ઉપર તે કૂહાડી મળી આવેલી. આવી રીકવરી પુરાવાના કાયદાની કલમ–૨૭ હેઠળ પુરાવામાં ગ્રાહ્ય છે. તેમ ઠરાવવામાં આવેલુ છે.
૯	વમન જાદવ રાવલ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગોવા ૨૦૦૭, ક્રિ.લો.જ. (એન.ઓ.સી.) પાના નં.૪૩૧, મુંબઇ	હુમલામાં વપરાયેલ હથિયાર આરોપીએ આપેલ માહિતી મુજબની જગ્યાએથી મળી આવેલું. આ હથિયાર આ જગ્યા ઉપર છે તેવી તેને કયાંથી ખબર છે તે અંગેનો ખુલાસો આરોપી આપી શકેલ નહિ માટે આ હથિયાર આરોપીએ જ છુપાવેલું છે તેવું અનુમાન થઇ શકે. આ કેસમાં જુદા–જુદા આરોપીઓએ જુદા– જુદા તપાસ કરનાર અધિકારીઓને જે જે માહિતી આપેલી છે તે માહિતી મુજબ ઉપરોકત કોષ્ટકમાં જણાવ્યા મુજબના પંચોની હાજરીમાં પંચનામાઓ બનાવેલા છે અને આરોપીઓએ આપેલી માહિતી પ્રમાણે જુદી–જુદી જગ્યાઓ ઉપરથી બોમ્બ બ્લાસ્ટમાં વપરાયેલ સામગ્રી મળી આવેલી છે. મકાનો તથા જગ્યાઓની માહિતી

		આરોપીઓને કેવી રીતે હતી ? તથા આરોપીઓએ મોબાઇલ ફોન મેળવવા જે દુકાનો ઉપર ગયેલા તેની માહિતી કેવી રીતે હતી? ગેસના બોટલો, સાઇકલો, નટ–બોલ્ટ, છરા, કાપડની થેલીઓ, પ્લાસ્ટિકની થેલીઓ, કપડા તથા જે જે હોટલોમાં રોકાયેલા તે હોટલની માહિતી તેઓને કેવી રીતે હતી ? તે અંગેનો ખુલાસો આ કેસના એકપણ આરોપીએ કરેલો નથી માટે આ તમામ જગ્યાની માહિતી આ આરોપીને હતી એવું અનુમાન થઇ શકે.
૧૦	રમેશ વિરૂધ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન (૨૦૧૧)૩ સુપ્રિમ કોર્ટ કેસીસ, પાના નં.૬૮૫	આરોપીએ તપાસ કરનાર અધિકારીને જણાવેલી જગ્યા ઉપરથી વસ્તુની રીકવરી થઇ તે જગ્યા ઉપર પોલીસ અધિકારી અગાઉ મુલાકાત જઇ ચુકેલા હતા તેથી કરીને થયેલી રીકવરી દોષિત થતી નથી તેમછતાં આરોપી તે જ જગ્યાએથી જુદી–જુદી વસ્તુઓ જુદી–જુદી તારીખે બતાવે તો થયેલી રીકવરી તે કારણે દુષિત થતી નથી. આ કેસમાં હાલોલ–પાવાગઢ ખાતેના જંગલોમાં તાલીમ કેમ્પવાળી જગ્યાઓ ઉપર, અલમહમદી સોસાયટી, રીવર વ્યુ વાળુ મકાન વિગેરે જગ્યાઓ ઉપર બીજા તપાસ કરનાર અધિકારીઓ ગયેલા હતા અને પંચનામા થયેલા હતા ત્યારબાદ ફરીથી પણ બીજા તપાસ કરનાર

		અધિકારીઓ બીજા ગુનાના કામે આ જગ્યાઓ ઉપર જઇ પંચનામાઓ કરેલા છે અને ઘણી જગ્યાઓ ઉપરથી રીકવરી થયેલી છે. નામ.સુપ્રિમ કોર્ટના આ ચુકાદા મુજબ થયેલી રીકવરી દુષિત નથી.
૧૧	રાકેશ વિરૂધ્ધ સ્ટેટ ઓફ મધ્યપ્રદેશ (૨૦૧૧)૦૯ સુપ્રિમ કોર્ટ કેસીસ, પાના નં.૬૯૮	આરોપીએ આપેલી માહિતીના આધારે હથિયાર શોધવામાં આવેલું તે સાબિત થયેલ. તપાસ કરનાર અધિકારીની જુબાની કુદરતી હતી. ગુજરનાર સાથે તપાસ કરનાર અધિકારીને સંબંધ હતો તેવો કોઇ પુરાવો હતો નહિ. આવા સંજોગોમાં થયેલી રીકવરી અને તપાસ કરનાર અધિકારીની જુબાની નહિ માનવાને કોઇ કારણ નથી.
૧૨	સુરેશ વિરૂધ્ધ સ્ટેટ ઓફ હરીયાણા એ.આઇ.આર.૨૦૧૫ સુપ્રિમ કોર્ટ, પાના નં.૨૧૮	આરોપીએ જાહેરાત કરેલ નિવેદન મુજબ ગુજરનારની લાશ મળી આવેલ તે હકીકત પુરવાર થયેલી. જેથી આરોપીની ખુલાસો કરવાની ફરજ છે કે આ લાશ આ જગ્યા છે તેવી તેને કયાંથી ખબર? જો આરોપી ખુલાસો ના કરે તો તેની વિરૂધ્ધ પુરાવો માનવાના વધારાના સંજોગો છે. આ કેસમાં જે આરોપી જે જગ્યા ઉપર લઈ ગયા તે જગ્યાઓની તેમને માહિતી કેવી રીતે હતી તે અંગેનો ખુલાસો એક પણ આરોપીએ કરેલો નથી.
૧૩	માનબહાદુર સુબા વિરૂધ્ધ	આરોપીના જાહેરાત નિવેદન મુજબ બતાવેલી જગ્યા ઉપરથી વસ્તુ મળી

	સ્ટેટ ઓફ સિક્કિમ ૨૦૧૨, ક્રિ.લો.જ. પાના નં.૨૧૨૨, સિક્કિમ	આવેલી. રીકવરી વખતે આરોપી તપાસ કરનાર અધિકારીની સાથે ગયેલો નહિ. આરોપી રીકવરી સમયે સાથે ન હતો તે માત્રથી રીકવરી ગેરકાયદેસર કે અગ્રાહ્ય બનતી નથી. આ કેસમાં જે પંચનામા થયેલા છે તે પૈકી અમુક પંચનામાઓ વખતે આરોપી હાજર ન હતો માટે આ ચુકાદા પ્રમાણે આવા પંચનામા વખતે થયેલી રીકવરી અગ્રાહ્ય બનતી નથી.
૧૪	સ્ટેટ ઓફ રાજસ્થાન વિરૂધ્ધ તેજારામ એ.આઇ.આર.૧૯૯૯ સુપ્રિમ કોર્ટ, પાના નં.૧૭૭૬	પુરાવાના કાયદાની કલમ–૨૭ હેઠળ આરોપીની જાહેરાત કરતા નિવેદન ઉપર આરોપીની સહી લેવામાં આવેલી નહી તો તેવા સંજોગોમાં તે નિવેદન કાયદા મુજબ અમાન્ય ઠરે તેવું નથી. નિવેદન ઉપર સહી લેવી તે તપાસ કરનાર અધિકારી માટે બંધનકારક નથી. સિઝર મેમો ઉપર પણ સહી લેવામાં ન આવે તો અમાન્ય નથી. આ કેસમાં તપાસ કરનાર અધિકારીએ હોટલ નર્મદા, હોટલ રેવન, હોટલ શ્રીનાથ, હોટલ હરીમંગલા, હોટલ હરીઓમ ટુરીસ્ટ વિગેરે હોટલોના રજીસ્ટર અથવા તેના પાન જુદા જુદા પંચનામાની વિગતે કબજે કરેલા આ ઉપરાંત જુદી–જુદી દુકાનો ઉપરથી સાઇકલ કબજે કરેલી તે દુકાનોના રજીસ્ટર, વેચાણ બુકો, જુદા જુદા સાયબર કાફેના

		રજીસ્ટરો કબજે કરેલાં છે. સાહેદોની ઊલટતપાસ દરમ્યાન આરોપીઓ તરફથી પ્રશ્નો પુછવામાં આવેલા છે કે આ તમામ રજીસ્ટરો કબજે કર્યાના સીઝર મેમો આપેલા નથી. આ ચુકાદા મુજબ આ રીકવરી અગ્રાહ્ય બનતી નથી.
૧૫	ભકુઆકંપા વિરૂધ્ધ સ્ટેટ ઓફ ઓરીસ્સા ૧૯૯૬, ક્રિ.લો.જ. પાન નં.૩૫૦	પોલીસ તપાસ દરમ્યાન આરોપી જાહેરાત કરતુ કોઇ નિવેદન કરે તો તે નિવેદન પુરાવામાં ગ્રાહ્ય છે. નિવેદન અલગ પેપર ઉપર નોંધીને આરોપીની સહી લેવી જરૂરી નથી.
૧૬	યાકુબ અબ્દુલ રઝાક મેમણ વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર(૨૦૧૩)૧૩ સુપ્રિમ કોર્ટ કેસીસ, પાના નં.૧	મુદ્દામાલ રીકવર કર્યા પછી તેને સીલીંગ અને લેબલીંગની કામગીરી દરમ્યાન નાની નાની ભુલો કે ક્ષતિઓ થયેલી હોય તો તે વિરોધાભાસ નથી અને તેવી ભુલો અને ક્ષતિઓ બનાવના મુળના અસર કરતી નથી. જે જગ્યાએથી મુદ્દામાલ રીકવર થયો હોય તે જગ્યાના પોચમેન અને ના તપાસેલા હોય, મકાનનું તાળુ તોડ્યુ હોય તે તાળુ કબ્જે કર્યું ન હોય તો તેવી ક્ષતિઓ નજીવી ક્ષતિઓ છે. માટે આ ચુકાદા મુજબ રીકવરી શંકાસ્પદ બનતી નથી.
૧૭	સ્ટેટ ઓફ એમ.પી. વિરૂધ્ધ પલ્ટન મલ્લાહ એ.આઇ.આર.૨૦૦૫	કોઇ આરોપી કોઇ જાહેરાત કરતુ નિવેદન કરે અને તેના આધારે છુપાવેલી વસ્તુ કે હથિયાર મળી આવેલું હોય તો તેનું આ જાહેરાત કરતુ નિવેદન પુરાવામાં ગ્રાહ્ય છે.

	સુપ્રિમ કોર્ટ, પાના નં.૭૩૩	
૧૮	અંજુ વિરૂધ્ધ સ્ટેટ ઓફ એચ.પી. ૨૦૦૦, ક્રિ.લો. જ. પાના નં.૧૧૦૩, હિમાચલ પ્રદેશ	આરોપીના બતાવ્યા મુજબની જગ્યાએથી કોઇ વસ્તુ મળી આવે તે જગ્યા ખુલ્લી ન હોય તથા રીકવરી કરવામાં વિલંબ થયો ના હોય એવો કોઇ બીજો વિરૂધ્ધનો પુરાવો ન હોય કે આ વસ્તુ ત્યાં મુકવામાં આવેલી હતી આવી જાહેરાતથી થયેલી રીકવરી પુરાવામાં ગ્રાહ્ય છે અને તે ભરોસાપાત્ર છે.
૧૯	સાલેમ વિરૂધ્ધ સ્ટેટ ઓફ યુ.પી. ૨૦૦૯ ક્રિ.લો.જ.(એન.ઓ.સી.) પાના નં.૧૨૬ અલ્લાહાબાદ	આરોપીએ પોલીસ સમક્ષ નિવેદન આપ્યું કે મે "આર"ની ઓફિસમાં બોમ્બ મુક્યો છે તે બતાવું. ત્યારબાદ પોલીસ હરકતમાં આવી જે જગ્યાએ બોમ્બ મુકેલાનું જણાવેલું ત્યાંથી બોમ્બ મળ્યો તો તે આ કલમ નીચે પુરાવામાં ગ્રાહ્ય છે અને તે પ્રસ્તુત છે.
૨૦	લીંબાજી વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર એ.આઇ.આર.૨૦૦૨ સુપ્રિમ કોર્ટ, પાના નં.૪૯૧	આરોપીએ પંચોની હાજરીમાં માહિતી આપી કે તેણે ચોરેલા દાગીના જે દુકાને વેચ્યા છે તે દુકાન બતાવુ. દુકાન ઉપર ગયા પછી દુકાનદારે તે દાગીના રજૂ કર્યા. આ મુજબની માહિતી આપેલું નિવેદન પુરાવાના કાયદાની કલમ–૨૭ નીચે પ્રસ્તુત છે.
૨૧	પુંજા માવા વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત એ.આઇ.આર.૧૯૬૫ ગુજરાત.	આરોપીએ કહેલું કે તેણે તેના ભાઇને મારી નાંખીને તેની લાશ ખેતરમાં દફનાવી છે. નામ.અદાલતે ઠરાવેલું કે," તેણે તેના ભાઇને મારી નાંખ્યો" તે ભાગ ગ્રાહ્ય નથી જયારે લાશ ખેતરમાં દફનાવી છે તે ભાગ

		ગ્રાહ્ય છે.
૨૨	ઐય્યપન વિરૂધ્ધ સ્ટેટ ઓફ કેરળ (૨૦૦૫) ક્રિ.લો.જ. પાના નં.૫૭ કેરળ	એક આરોપીએ આપેલી માહિતી ઉપરથી બીજા આરોપીએ છુપાવેલી વસ્તુ મળી આવી જે વસ્તુ બીજા આરોપીને છુપાવવા માટે આપેલી હતી તો આવી માહિતી અને રીકવરી પુરાવાના કાયદાની કલમ–૨૭ હેઠળ ગ્રાહ્ય છે.
૨૩	ક્રિષ્ના મોહન વિરૂધ્ધ સ્ટેટ ઓફ બિહાર ૨૦૦૨ ક્રિ.લો.જ. પાના નં.૨૬૪૫ સુપ્રિમ કોર્ટ	ગુનામાં આરોપીઓની સામેલગીરી પ્રત્યક્ષ પુરાવાથી શંકા રહિત પુરાવાર થઇ શકી હોય ત્યારે તેઓને ગુનેગાર ઠરાવે તેવી કોઇ વસ્તુ તેમની પાસેથી મળી આવેલી ન હતી તો તેવી હકીકત માત્ર તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા માટેનું યોગ્ય કારણ ગણાય નહિ.
૨૪	એસ.સી.બાહરી વિરૂધ્ધ સ્ટેટ ઓફ બિહાર એ.આઇ.આર.૧૯૯૪ સુપ્રિમ કોર્ટ, પાના નં.૨૦૨૦	ગુનાની તપાસ ચાલુ હતી તે દરમ્યાન આરોપીએ પોતાના ગુનાની કબૂલાત કરતુ નિવેદન આપેલું તેમાંની માહિતીના આધારે પોલીસે મરનારની માલિકીની વસ્તુઓ શોધી કાઢી હતી તે વસ્તુઓ આરોપીની ગુનાહિત કૃત્યમાં સંડોવણી પુરવાર કરે તેવી હતી. નામ.કોર્ટે ઠરાવ્યું કે હકીકતમાં સચ્ચાઇ હતી અને તેના ઉપર વિશ્વાસ મુકી શકાય તેમ હતું. આરોપીનું એવું વકતવ્ય રેકર્ડ કરવામાં આવ્યું ન હતું તેમજ જાહેર સાક્ષીએ તે સંબંધમાં જુબાની પણ આપી ન હતી એવી સ્થિતિ હોવા છતાં તેની કોઇપણ

		અસર ગ્રાહ્યતા ઉપર થશે નહિ.
૨૫	સ્ટેટ ઓફ યુ.પી. વિરૂધ્ધ બાબુરામ એ.આઇ.આર.૨૦૦૦ સુપ્રિમ કોર્ટ, પાના નં.૧૭૩૫	આરોપીએ આપેલી માહિતીના આધારે ગુના સાથે સંકળાયેલી વસ્તુઓ મળી આવી હતી કેસની તપાસમાં ખૂબ જ વિલંબ થયેલો હતો. તેવા કારણ માત્રથી પુરાવો અમાન્ય કરી શકાય નહિ. આ કેસમાં આરોપી પકડાયા પછી લાંબા સમય બાદ અમુક પંચનામા બનાવેલા છે તેથી તે અગ્રાહય બનતા નથી.
૨૬	સ્ટેટ ઓફ તામિલનાડુ વિરૂધ્ધ કુરૂપુસ્વામી ૧૯૯૩ સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ) પાના નં.૧૨૩	દાતરડા જેવા હથિયારથી આરોપીએ ભોગ બનનાર વ્યકિતનું ડોકુ કાપી હત્યા કરી હતી. આરોપીની જ સ્વીકૃતિ ઉપરથી પોલીસે કપાયેલુ માથુ તથા લોહીના ડાઘાવાળુ દાતરડુ શોધેલું. નામ.અદાલતે ઠરાવેલું કે આવી સ્વિકૃતિ પુરાવાના કાયદાની કલમ–૨૭ હેઠળ ગ્રાહ્ય છે.
૨૭	ચિન્ના સ્વામી વિરૂધ્ધ સ્ટેટ ઓફ આંધ્રપ્રદેશ એ.આઇ.આર.૧૯૫૨ સુપ્રિમ કોર્ટ, પાના નં.૧૭૮૮	આરોપીના નિવેદનનો જે ભાગ સ્પષ્ટ રીતે ગુના સાથે સંકળાયેલ વસ્તુની પ્રાપ્તિ સાથે સંકળાયેલો હોય તે ભાગ પુરાવાના કાયદાની કલમ–૨૭ ની જોગવાઇ પ્રમાણે પુરેપુરો પુરાવામાં ગ્રાહ્ય બને છે. ભલેને તે મૂળભૂત રીતે તેમાં ગુનાની કબૂલાતનું તત્વ હોય અથવા ન પણ હોય.
૨૮	એન.રાજન વિરૂધ્ધ	આરોપીએ આપેલી માહિતીના આધારે પોલીસે આરોપીના ઘરના એક રૂમમાં તેના

	સ્ટેટ ઓફ કેરળ ૧૯૯૪, ક્રિ.લો. જ. પાના નં.૩૨૨ કેરળ	પાટલુનના ખિસ્સામાં સંતાડેલા મરનારના ઘરેણા શોધી બતાવેલાં. ઘરેણા એ રીતે પાટલુનમાં હોવાની માહિતી માત્રને માત્ર આરોપીને જ હતી. તે રૂમનો ઉપયોગ કુટુંબના બીજા સભ્યો પણ કરતા હતા. નામ.અદાલતે ઠરાવેલું કે, કુટુંબના બીજા સભ્યો તે રૂમનો ઉપયોગ કરતા હતા તે મહત્વનું નથી પરંતુ આરોપીનું નિવેદન સ્પષ્ટ રીતે વસ્તુની પ્રાપ્તિ તરફ દોરી ગયું હતું.
૨૯	અબુથગીર વિરૂધ્ધ સ્ટેટ એ.આઇ.આર.૨૦૦૯ સુપ્રિમ કોર્ટ, પાના નં.૨૭૯૭	આરોપી તરફથી મળેલી માહિતીના આધારે પોલીસે કેટલીક વસ્તુઓ શોધી હતી તેમજ આરોપીઓ જે જગ્યાએથી અરસપરસ વાતચીતો કરતા હતા તે ટેલિફોન બુથ અંગે પણ આરોપીએ માહિતી આપેલી હતી. આ ટેલિફોન બુથ ગુના સંબંધમાં માહિતી મેળવવાના અગત્યના સ્ત્રોત માટેની તે માહિતી હતી તેમ કહેવાય. આ કેસમાં પણ આરોપી નં.૧૪, ૨૯, ૩૦, ૩૧, ૬૩ નાઓએ ટેલીફોન બુથ ઉપરથી ટેલીફોન કરેલા તે જગ્યાઓ જુદા–જુદા પંચનામાની વિગતે બતાવેલી છે. જેથી આ હકીકત અગત્યના સ્ત્રોત તરીકે વિચારણા હેઠળ લઈ શકાય.
૩૦	ચરણદાસ સ્વામી વિરૂધ્ધ	પુરાવાના કાયદાની કલમ–૨૭નો ઉપયોગ કરવા માટે પ્રથમ એ શરત છે કે તપાસ

	સ્ટેટ ઓફ ગુજરાત (૨૦૧૭)૦૭ સુપ્રિમ કોર્ટ કેસીસ, પાના નં.૧૭૭	કરનાર અધિકારીએ જુબાનીમાં કહેવું જોઇએ કે જે વસ્તુ શોધાય છે તે વસ્તુ આરોપીએ આપેલી માહિતી ઉપરથી શોધાયેલી છે. આ કેસમાં દરેક તપાસ કરનાર અધિકારીઓએ તથા પંચનામુ કરનાર અધિકારીઓએ આવી હકીકતો પુરાવામાં જણાવી છે.
૩૧	રવિન્દ્ર વિરૂધ્ધ સ્ટેટ ઓફ કેરાલા ૧૯૯૯,ક્રિ.લૉ.જ., પાના નં.૨૩૬૪, કેરાલા	કોઇ કેસમાં આરોપીએ કોઇ વસ્તુ છુપાવી હોય અને તે વસ્તુ તેણે છુપાવી છે તેવી માહિતી પોલીસને આપે અને છુપાવેલી જગ્યા પોલીસને બતાવે તો આરોપીનું તે વર્તન પુરાવા તરીકે ગ્રાહ્ય છે.
૩૨	પ્રકાશચંદ વિરૂધ્ધ સ્ટેટ ઓફ દિલ્હી (એડમીનીસ્ટ્રેશન) એ.આઇ.આઇ.૧૯૭૯, સુપ્રિમ કોર્ટ, પાના નં.૪૦૦	આરોપીએ પોલીસને ચોરીથી મેળવેલી વસ્તુ જયાં છુપાવી હતી તેની માહિતી આપેલી અને તે જગ્યા ઉપર આરોપી પોલીસને લઇ ગયેલો અને તે જગ્યા ઉપરથી પોલીસે વસ્તુ મેળવેલી તે વસ્તુ ગુનામાં વપરાયેલી હતી. આ મુજબનું આરોપીનું વર્તન પુરાવાના કાયદાની કલમ–૨૭ હેઠળ ગ્રાહ્ય છે.
૩૩	હિમાચલ પ્રદેશ એડમિનીસ્ટ્રેશન વિરૂધ્ધ ઓમ પ્રકાશ એ.આઇ.આર.૧૯૭૨, સુપ્રિમ કોર્ટ,	આરોપીએ પોલીસ અને પંચોને દોરીને તે જગ્યા ઉપર લઇ ગયેલો કે જે દુકાને/જગ્યાએથી તેણે હથિયાર ખરીદેલુ હતું. નામ.અદાલતે ઠરાવેલું કે, આરોપીએ આપેલી આ માહિતી પુરાવાના કાયદાની કલમ–૨૭ હેઠળ ગ્રાહ્ય નથી પરંતુ તપાસ

	પાના નં.૯૭૫	કરનાર અધિકારી તથા પંચ સાહેદે આપેલો પુરાવો એવો હતો કે આરોપી દુકાને/જગ્યાએ લઇ ગયેલો હતો તો તે આરોપીના વર્તન તરીકે પુરાવામાં ગ્રાહ્ય છે.
૩૪	મોહંમદ ઝમીલુદ્દીન નાસીર વિરૂધ્ધ સ્ટેટ ઓફ વેસ્ટ બેંગાલ ૨૦૧૪ સુપ્રિમ કોર્ટ પાન નં.૨૫૮૭	આરોપીનુ કબૂલાત નિવેદન અદાલતે માન્યુ હોય ત્યારે આરોપી પાસેથી કોઇ રીકવરી કે ડીસ્કવરી થયેલી નથી તે કારણસર આરોપીએ આપેલુ કબૂલાત નિવેદન અગ્રાહ્ય થતુ નથી. જો કેસમાં કાવતરૂ પુરવાર થતુ હોય તો આરોપીએ આપેલુ કબૂલાત નિવેદન સહ આરોપી માટે પણ વિચારણામાં લઇ શકાય
૩૫	સ્ટેટ ગર્વમેન્ટ વિરૂધ્ધ (એનસીટી)દિલ્હી વિરૂધ્ધ સુનિલ (૨૦૦૧)૧ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૬૫૨	આરોપીએ આપેલી માહિતીના આધારે સ્થળ ઉપરથી કોઇ વસ્તુ મળી આવે આ વખતે રસ ધરાવનાર સાહેદ ત્યાં હાજર હોય તો તેટલા માત્રથી થયેલી રીકવરી રદ થઇ શકે નહીં.
૩૬	ખુજી ઉર્ફે સુરેન્દ્ર તિવારી વિરૂધ્ધ સ્ટેટ ઓફ એમ.પી. (૧૯૯૧) ૩ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૬૨૭	આરોપીએ જુદી–જુદી જગ્યાની માહિતી આપેલી હોય અને જુદી–જુદી જગ્યા ઉપરથી વસ્તુની જડતી અને જપ્તી થયેલી હોય ત્યારે તે જરૂરી નથી કે દરેક જગ્યા ઉપર અલગ, અલગ અને સ્વતંત્ર વ્યકિત હોવા જોઇએ.

૩૭	નેશનલ કેપીટલ ટેરીટરી ઓફ દિલ્હી વિરૂધ્ધ સુનીલ ક્રિ.લો.જ. સુપ્રિમ કોર્ટ, પાન નં.૫૦૪	આરોપી પોલીસ કસ્ટડીમાં હતો અને તેણે કરેલા નિવેદનના આધારે ચીજવસ્તુ મળી આવી, મળી આવેલ ચીજવસ્તુ જપ્ત કરતી વખતે સ્વતંત્ર સાહેદ હાજર ન હતા જે ચીજ વસ્તુમળી આવી તે રજુ કરવામાં આવેલી, સ્વતંત્ર સાહેદ હાજર ન હતા તે માત્રથી કલમ–૨૭ નો બાધ આવતો નથી. દરેક કેસની હકીકત અને સંજોગો ઉપરથી નક્કી થાય કે સ્વતંત્ર સાહેદની ગેરહાજરીની જડતી માન્ય રાખવી કે નહીં.
૩૮	એ.એન.વ્યંકટેશ વિરૂધ્ધ સ્ટેટ ઓફ કર્ણાટકા (૨૦૦૫)૭ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૭૧૪	આરોપીએ પોલીસને જણાવ્યુ કે જયાંથી અપહરણ કરેલ અને અપહરણ કરેલ છોકરાની લાશ એક જગ્યાએ દફનાવેલ છે તેમ કહી તે ત્યાં દોરી ગયેલો તે જગ્યા ઉપરથી લાશ કાઢેલી.નામ.કોર્ટે ઠરાવેલ કે આરોપીનુ આ વર્તન પુરાવાના કાયદાની કલમ–૮ હેઠળ ગ્રાહ્ય છે.
૩૯	પાલવિન્દ્ર કુવર વિરૂધ્ધ પંજાબ રાજય ૧૯૫૩ સુપ્રિમ કોર્ટ રીપોર્ટર પાન નં.૯૪	આ ચુકાદા મુજબ આરોપી બાઈએ એવી સ્વીકૃતિ કરેલી કે તેને પોતના મૃત પતિનો દેહ એક ટ્રંકમાં મુકયો હતો અને એક જીપ ગાડીમાં તે ટ્રંક લઈ જઈ તે કુવામાં નાખી દીધો હતો. મૃત્યુના કારણ માટે એવુ જણાવેલુ કે તેના પતિએ ફોટોગ્રાફ ધોવાની ઝેરી દવા, રોગની દવા માનીને ખાધી હતી અને તેથી તે અકસ્માતે ગુજરી ગયો હતો. નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલુ કે આ સમગ્ર

		નિવેદન સ્વનિર્દોષાત્મક હતુ અને કબૂલાત ના હોવા છતાં આરોપી સામે પુરાવામાં લઈ શકાય.
૪૦	ઉત્તર પ્રદેશ રાજય વિરૂધ્ધ દેવમન ઉપાધ્યાય એ.આઈ.આર. ૧૯૬૦ સુપ્રિમ કોર્ટ પાન નં.૧૧૨૫	પુરાવાના કાયદાની કલમ–૨૭ અને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૨ બંને કલમો બંધારણીય રીતે યથાર્થ છે તેનાથી બંધારણના અનુચ્છેદ–૧૪નો ભંગ થતો નથી તેમ ઠરાવેલ છે.
૪૧	મુંબઈ રાજય વિરૂધ્ધ કાઠી કાળુ એ.આઈ.આર. ૧૯૬૧ સુપ્રિમ કોર્ટ પાન નં.૧૮૦૮	આરોપીએ પોલીસ અમલદારને માહિતી આપેલી જેનાથી એવા કોઈ તથ્યનો આવિસ્કાર થાય અને તે તથ્ય અપરાધ સુચક હોય અગર ના પણ હોય છતાં કલમ–૨૭ પ્રમાણે પુરાવામાં ગ્રાહય છે. જો આવી સ્વદોષાત્મક માહિતી આરોપીએ કોઈ પણ ધમકી વગર આપેલી હોય તો તેનાથી બંધારણના અનુચ્છેદ–૨૦ ના ખંડ (૩) નો ભંગ થતો નથી. આ કેસમાં જે જે આરોપી જે જગ્યા ઉપર જઈ જગ્યાઓ બતાવેલી છે તે ધમકીઓ આપેલી હોવાથી બતાવેલી છે તેવી કોઈ હકીકત નથી કે તેવો કોઈ બચાવ પણ નથી.
૪૨	કરણ સિંહ વિરૂધ્ધ ઉત્તર પ્રદેશ રાજય	આરોપીએ પહેલા પોલીસને એવી માહિતી આપી કે તે તેમને છરી બતાવશે, પછી છરી જાતે રાખી હતી તે સ્થળ બતાવ્યુ.

	એ.આઈ. આર. ૧૯૭૩ સુપ્રિમ કોર્ટ પાન નં.૧૩૮૫	પોલીસને જે સ્થળેથી છરી મળી તે સ્થળ જાણીતુ હતુ. નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલુ છે કે સ્થળ જાણીતુ હતુ તે કારણસર પુરાવો અગ્રાહ્ય થતો નથી.
૪૩	દિલ્હી એડમીનીસ્ટ્રેશન વિરૂધ્ધ બાલાકૃષ્ણ એ.આઈ.આર.– ૧૯૭૨ સુપ્રિમ કોર્ટ પાન નં.૩	પુરાવાના કાયદાની કલમ–૨૭ લગભગ કલમ–૨૫, ૨૬ ના અનુબંધ જેવી છે અને કબૂલાત સ્વરૂપનું નિવેદન જેને સ્પષ્ટ રીતે તેવા નિવેદનથી સંશોધીત થયેલા તથ્યો સાથે સબંધિત હોય તેને પુરાવા તરીકે આરોપી સામે ગ્રાહ્ય ગણી શકાય તેમ ઠરાવેલુ છે.
૪૪	ગુલાબ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ઉત્તરપ્રદેશ ક્રિમીનલ અપીલ નં.૮૧/૨૦૨૧ તા.૦૯/૦૨/૨૦૨૧	પેરા નં.૧૬– આરોપી પાસેથી ગુનામાં વપરાયેલ હથિયારની પ્રાપ્તિ (રીકવરી) થયેલી ના હોય તો તેથી કરીને ફરિયાદપક્ષનો કેસ નિષ્ફળ જતો નથી. ફરિયાદપક્ષ નજરે જોયેલા સાહેદોની જુબાની ઉપર આધાર રાખી શકે તેમ આ ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલું છે.

વધુમાં આ કામે તપાસ કરનાર અધિકારીઓએ આરોપીઓને અટક કર્યા બાદ વાહનો કબજે કર્યા અંગેના, મોબાઈલ ફોન કબજે કર્યા અંગેના, અલગ અલગ જગ્યાઓએ કમ્પ્યુટર પર સરફીંગ કર્યા અંગે હાર્ડ ડીસ્ક કબજે કર્યા અંગેના, વાસણો, સ્વીમીંગ પુલનુ ફોર્મ, મોબાઈલ કાર્ડ મેળવવા માટેના ફોર્મ તથા તે અંગે આપવા પડતા પુરાવાઓ, આરોપીઓ જુદી–જુદી હોટલોમાં રોકાયેલા તે હોટલોના રજીસ્ટરો, સાઇકલોની દુકાનોના રજીસ્ટર, આરોપીઓના હસ્તાક્ષરના નમુના કબજે કર્યા વિગેરે અંગેના જુદા–જુદા પંચનામાઓ બનાવેલા તે નીચે મુજબની વિગતે છે.

અન્ય પંચનામાની વિગતો નીચે મુજબ છેઃ–

અ. નં.	**પુરાવાના કાયદાની કલમ–૨૭ નું પંચનામું તથા પંચનામાની વિગત**	**પંચનામાની વિગત કયા આરોપી બાબતે**	**પંચ/સાહેદ નંબર <u>તથા નામ</u> આંક**	**પંચનામું કરનાર અધિકારીનો સાહેદ નંબર <u>તથા</u> નામ**
૧	<u>આંક–૩૧૮૮</u> આરોપીના પિતાએ ત્રણ નોકીયા મોબાઈલ રજૂ કર્યાં.	૦૧	૫૯૦–સુરેશ <u>ગણેશ લોધી</u> ૩૧૮૭	<u>૧૧૪૯</u> તરૂણ બારોટ
૨	<u>આંક–૩૧૯૩</u> આરોપીના પિતાએ બજાઝ કંપનીનું કાળા કલરનું મોટર સાઈકલ રજૂ કર્યું.	૦૧	૫૯૨–દેવીસીંહ <u>અમરસિંહ રાજપુત</u> ૩૧૯૨	<u>૧૦૭૭</u> અજીજ અહેમદખાન સીંધી
૩	<u>આંક–૫૫૩૮</u> સાહેદ ફારૂકભાઈને ત્યાંથી આરોપીએ ખરીદેલા વાસણો તથા સાઈકલનું કેરીયર કબજે કર્યું.	૦૧ ૦૮	૮૨૩–ભાવીન <u>શૈલેષકુમાર ઓઝા</u> ૫૫૩૭	<u>૧૧૫૪</u> ઉષા રાડા
૪	<u>આંક–૭૨૨૪</u> ભૂજ ઈન્ફીનીટી સાયબર કાફે ઉપરથી રજીસ્ટર કબ્જે કર્યું.	૦૧	૧૦૬૩– મુનાફઅલી <u>અફજલ દુરાની</u> ૭૨૨૨	<u>૧૦૬૯</u> જે.એમ. ભરવાડ
૫	<u>આંક–૭૩૦૧</u> ભૂજ ઈન્ફીનીટી સાયબર કાફેના કમ્પ્યુટરમાંથી હાર્ડડિસ્ક કબજે કરી.	૦૧	૧૦૭૪–ઓસ્માન <u>અબ્દુલ સીદી</u> ૭૩૦૦	<u>૧૦૮૯</u> પી.જી. વાઘેલા
૬	<u>આંક–૩૨૫૬</u> પાવાગઢ ખાતે તાલીમ દરમ્યાન ઉપયોગમાં લીધેલી ટાટા સુમો નં.જી.જે.–૦૧–એકસ–૮૮૦૦ કબ્જે કરી.	૦૨	૬૧૭–હેમંતભાઇ કપુરચંદ <u>ખંડેલવાલા</u> ૩૨૫૫	<u>૧૦૭૦</u> વિનય શુકલ
૭	<u>આંક–૩૨૨૫</u> સાહેદ ઝુલેખાબીબીએ મોબાઈલ ફોન રજૂ કર્યો તે	૦૩	૬૦૦–વિશાલ <u>ગણપત પારેખ</u> ૩૨૨૪	વી.એમ. <u>જાડેજા</u> તપાસેલ

	કબ્જે કર્યો.			નથી.
૮	<u>આંક–૩૨૧૦</u> એક બહેને મોબાઇલ ફોન રજૂ કર્યો તે કબ્જે કર્યો.	૦૪	૫૯૬–મહેશ <u>કાંતિલાલ સુમરા</u> ૩૨૦૯	<u>૧૦૭૦</u> વિનય શુકલ
૯	<u>આંક–૩૨૦૫</u> સાહેદ ફાતીમાબીબીએ નોકીયાનો મોબાઇલ ફોન, લાઇટબીલ, ડ્રાઇવીંગ લાઇસન્સ, BSNL નું બીલ રજૂ કર્યું તે કબ્જે કર્યા.	૦૭	૫૯૪–સુનીલ <u>મણીલાલ પરમાર</u> ૩૨૦૪	<u>૧૧૩૩</u> માનસિંહ દેવજીભાઇ ચૌધરી
૧૦	<u>આંક–૩૨૫૬</u> પાવાગઢ ટ્રેનીંગ દરમ્યાન હિરો હોન્ડાનો ઉપયોગ કરેલ તે હોન્ડા અનીસભાઇએ રજૂ કરેલ તે કબ્જે કર્યું.	૦૭	૬૧૭–હેમંત કપુરચંદ <u>ખંડેલવાસ</u> ૩૨૫૫	<u>૧૦૭૦</u> વિનય શુકલ
૧૧	<u>આંક–૬૩૨૬</u> કુગ્ગાની બે થેલી કબ્જે કરેલી તે FSL માં મોકલી તે અંગે	૦૭	૮૮૬–શીવશંકર <u>રામચંદ્ર યાદવ</u> ૬૩૨૫	<u>૧૧૬૩</u> મયુર ચાવડા
૧૨	<u>આંક–૬૩૩૫</u> સી.ડી., ડી.વી.ડી. કેસેટ કબજે કરેલી તે FSL માં મોકલી તે અંગે	૦૭	૮૮૯–સુરેશ <u>ઘાસીરામ ઓડ</u> ૬૩૩૪	<u>૧૧૬૩</u> મયુર ચાવડા
૧૩	<u>આંક–૫૫૩૮</u> ફારૂકભાઇએ વાસણો રજૂ કર્યા તે કબ્જે કર્યા. <u>આંક–૫૫૩૯</u> સાઇકલનું કેરીયર કબ્જે કર્યું.	૦૮	૮૨૩–ભાવીન <u>શૈલેષ ઓઝા</u> ૫૫૩૭	<u>૧૧૫૪</u> ઉષા રાડા
૧૪	<u>આંક–૭૨૨૪</u> ઇન્ફીનીટી સાયબર કાફે ભૂજનું રજીસ્ટર કબ્જે કર્યું.	૧૨	૧૦૬૩– મુનાફઅલી <u>અફઝલ દુરાની</u> ૭૨૨૨	<u>૧૦૬૯</u> જે.એમ. ભરવાડ
૧૫	<u>આંક–૭૩૦૧</u> ભૂજ ખાતે કમ્પ્યુટરની	૧૨	૧૦૭૪–ઓસ્માન <u>અબુલ સીદી</u>	<u>૧૦૮૯</u> પી.જી.

	દુકાનમાંથી કેસેટ કબ્જે કરી.		૭૩૦૦	વાઘેલા
૧૬	આંક–૬૪૮૫ કોચી ખાતે આવેલી શ્રીહરી ટુરીસ્ટ હોમના રજીસ્ટરના પાના અને તેમાં કરેલી એન્ટ્રી કબજે કરી.	૧૪	૯૦૫–કલ્પેશ રતિલાલ ગજજર ૬૪૮૪	૧૧૬૩ મયુર ચાવડા
૧૭	આંક–૬૬૦૫ આરોપીના ભાઇ ફારૂક ઉમર સમેજાએ આરોપીના ઘરમાંથી ઇલેકશન કાર્ડ, લાઇટબીલ, સીમીનો મોબાઇલ નંબર, પાસપોર્ટ સાઇઝનો ફોટો, આમંત્રણ પત્રિકા વિગેરે કબ્જે કર્યા.	૧૬	૯૩૪– કુલદિપસિંહ દશરથસિંહ પરમાર ૬૬૦૪	૯૭૩ ભુપતસિંહ ગવાભાઇ મોરી
૧૮	આંક–૭૨૨૩ ઇન્ફીનીટી સાયબર કાફે ભૂજનું રજીસ્ટર કબ્જે કર્યું.	૧૬	૧૦૬૩– મુનાફઅલી અફજલઅલી ૭૨૨૨	૧૦૬૯ જે.એમ. ભરવાડ
૧૯	આંક–૬૩૪૯ એલ.જી. હોસ્પિટલના પાર્કિંગના કમ્પ્યુટરમાંથી વેગનાર ગાડી પાર્ક કરેલી તેનો ડેટા લીધો અને કબ્જે કર્યો.	૨૮	૮૯૨– રમણભાઇ ગોવિંદભાઇ ૬૩૪૮	વી.આર. ટોળીયા મરણ ગયેલ છે.
૨૦	આંક–૩૨૦૭ આઇનેટ સાયબર કાફેમાંથી રજીસ્ટર કબ્જે કર્યું.	૩૭	૫૯૫–અશોક મણીલાલ ઠાકોર ૩૨૦૬	૧૦૬૨ અબ્દુલ અજીમ અબ્દુલહમીદ સોદાગર
૨૧	આંક–૩૨૧૫ એરટેલ કંપનીમાંથી સીમકાર્ડ મેળવવા રજૂ કરેલ દસ્તાવેજો કબજે કર્યા.	૩૭	૫૯૭–ચંદ્રકાંત નટવરલાલ ઠાકર ૩૨૧૪	૧૧૬૩ મયુર ચાવડા
૨૨	આંક–૩૨૨૨ હોટલ કમલેશ્વરના	૩૭	૫૯૯–જયમીન નિલેષભાઇ	૧૧૬૩ મયુર ચાવડા

	રજીસ્ટરની એન્ટ્રી નં.૯૬૧ કબ્જે કરેલ.		રાણપુરા ૩૨૨૧	
૨૩	આંક–૩૨૩૨ લાલદરવાજા સ્નાનાગૃહમાં સ્વીમીંગપુલમાંથી ફોર્મ કબજે કર્યું.	૩૭	૬૦૩–પીન્ટુ પીરાજી સોલંકી ૩૨૩૧	૧૧૬૩ મયુર ચાવડા
૨૪	આંક–૬૪૩૦ આરોપીના હસ્તાક્ષરના નમુના મેળવ્યા.	૩૭	૮૯૭–રવિ મહેન્દ્રભાઇ શાહ ૬૪૨૮	૧૧૬૩ મયુર ચાવડા
૨૫	આંક–૬૦૭૯ મણીનગર ખાતે મુકેલી સાઇકલો ઓળખી બતાવી.	૩૯ ૪૦ ૪૨	૮૭૧–મોહમભાઇ વર્ધરાજ નાયકર ૬૦૭૮	૧૧૬૩ મયુર ચાવડા
૨૬	આંક–૭૯૪૨ જલારામ કન્સલટન્ટમાંથી ચોપડો કબ્જે કર્યો.	૪૩	૧૧૦૯–વિકાસ બાબુભાઇ ભોઇ ૭૯૪૧	૧૧૫૫ એન.બી. પરમાર
૨૭	આંક–૬૫૧૯ હરીમંગલા હોટલ, ભરૂચ નર્મદા હોટલ, ભરૂચ રેવન હોટલ, ભરૂચ ખાતેથી રજીસ્ટરોના પાના કબજે કર્યા.	૪૫	૯૧૨–યોગેશ કનૈયાલાલ પંડયા ૬૫૧૫	૧૧૬૩ મયુર ચાવડા
૨૮	આંક–૬૫૨૬ આરોપીના સહીના નમુના મળ્યા.	૪૫	૯૧૩–રમેશભાઇ શંકરભાઇ આહીર ૬૫૨૪	૧૧૬૩ મયુર ચાવડા
૨૯	આંક–૮૫૯૨ આરોપીએ ટાઇમર ચીપ બનાવવા ડેમોટ્રેશન કર્યું.	૪૮ ૪૯	૧૧૬૨–જય હર્ષદલાલ પંચાલ ૮૫૯૧	૧૧૬૩ મયુર ચાવડા
૩૦	આંક–૨૮૦૧ આરોપીના ભાઇએ હિરોહોન્ડા મોટર સાઇકલ રજૂ કરી તે કબજે કરી.	૬૩	૪૫૪–સમીર ગોપાલ સેનાવાલા ૨૮૦૦	૧૧૫૫ એન.બી. પરમાર
૩૧	આંક–૬૩૧૬ આરોપીની હાજરીમાં લાલ કલરનું હોટલ પ્રિન્સનું રજીસ્ટર કબ્જે	૬૯	૮૮૪–ઉમંગ રમેશ ઠક્કર ૬૩૧૪	વી.આર. ટોળીયા મરણ ગયેલ છે.

૩૨	<u>આંક–૬૫૧૨</u> આરોપીના સહીના નમુના કબ્જે કર્યાં.	૬૯	૯૧૧–મુકેશ <u>આશાભાઈ ઠાકોર</u> ૬૫૧૦	વી.આર. <u>ટોળીયા</u> મરણ ગયેલ છે.
૩૩	<u>આંક–૭૩૬૭</u> હોટલ રજીસ્ટર તેમની હાજરીમાં કબ્જે કર્યું.	૬૯ ૭૦	૧૦૭૮–યુસુફ <u>દાઉદ શેખ</u> ૭૩૬૪	<u>૧૧૪૬</u> વી.વી.રાઠોડ
૩૪	<u>આંક–૬૫૫૨</u> આરોપી હૈદરાબાદથી રાજકોટની ટ્રેનમાં વડોદરા રેલ્વે સ્ટેશનને ઉતર્યો તેને પકડ્યો અને ટિકીટ વિગેરે કબ્જે કર્યાં.	૭૩	૯૨૧–શૈલેષ હરીપ્રસાદ <u>બુધેલીયા</u> ૬૫૫૧	<u>૧૦૫૧</u> કે.એન. પટેલ

વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, તપાસ કરનાર અધિકારીઓએ કહેવાતા જે મકાનો ઉપર જઈને તપાસ કરેલી છે તે મકાનોના માલીકોની ગેરહાજરી બાબતે તપાસ કરેલી નથી. મકાનોના કબજેદાર કોણ છે તેની પણ તપાસ કરેલી નથી અને મકાનોના તાળા તોડેલા છે પરંતુ તપાસ કરનાર અધિકારીઓની આ કાર્યવાહી ખોટી છે. સૌપ્રથમ તેમણે અદાલતમાંથી વોરંટ મેળવવુ જોઈએ અને ત્યારપછી મકાનમાં દાખલ થવાય. વધુમાં તેઓ દલીલ કરતા જણાવે છે કે, અદાલતમાંથી વોરંટ મેળવવામાં સમય થાય તેમ હોય અને આરોપી મકાનમાં છુપાયેલો હોય અને તે નાસી જવાની શકયતા હોય ત્યારે વોરંટની જરૂર નથી પરંતુ હાલના કેસમાં તેવી હકીકત નથી માટે વોરંટ મેળવીને મકાનમાં પ્રવેશ કરવો જોઈએ. આ અંગે તેઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૦૦ તથા પેટા કલમ– ૧ થી ૮ વંચાણે લીધેલી છે.

કલમ–૧૦૦ બંધ સ્થળનો હવાલો ધરાવતી વ્યકિત જડતી કરવા દેશેઃ–

(૧) આ પ્રકરણ હેઠળ જડતી અથવા તપાસને પાત્ર કોઈ સ્થળ બંધ હોય ત્યારે તેમાં રહેતી અથવા તેનો હવાલો ધરાવનાર વ્યકિત, વોરંટનો અમલ કરતા અધિકારી કે અન્ય વ્યકિત માંગણી કરે તથા વોરંટ રજૂ કરે તો તેને તેમાં

મુક્ત પ્રવેશ આપશે તથા તે સ્થળની જડતી માટે વાજબી સુવિધા કરી આપશે.

(૨) આવા સ્થળમાં તે મુજબ પ્રવેશ પ્રાપ્ત ન થાય તો વોરંટ બજાવનાર અધિકારી અથવા અન્ય વ્યકિત કલમ ૪૭ની પેટા કલમ–(૨) માં દર્શાવેલી રીત મુજબ આગળ વધી શકશે.

(૩) જે માટે જડતી લેવી પડે તેવી કોઇ વસ્તુ તેના અંગ પર છુપાવી રાખ્યાનો તે સ્થળમાં અથવા તેની આસપાસમાં હોય તેવી વ્યકિત પર શક જાય તો તે વ્યકિતની જડતી લઇ શકાશે તથા જો આવી વ્યકિત સ્ત્રી હોય તો ચુસ્તપણે શિષ્ટતા જાળવીને અન્ય સ્ત્રી દ્વારા જડતી કરવામાં આવશે.

(૪) આ પ્રકરણ હેઠળ જડતી લેવા પહેલા જડતી લેવા જતા અધિકારી અથવા અન્ય વ્યકિતએ જડતી લેવાનું સ્થળ જયાં આવ્યુ હોય તે વિસ્તારના બે કે તે કરતા વધુ નિષ્પક્ષ તથઆ પ્રતિષ્ઠિત રહીશોને સાહેદ થવા માટે તથા તે વિસ્તારના તેવી રહીશ ઉપલબ્ધ ન થાય અથવા સાહેદ થવા ઇચ્છુક ન હોય તો, અન્ય કોઇ વિસ્તારના બે કે તેના કરતા વધુ નિષ્પક્ષ તથા પ્રતિષ્ઠિત રહીશોને જડતી સમયે હાજર રહી સાહેદ થવા માટે બોલાવવાના રહેશે તથા તેમ કરવા માટે તેમના પર અથવા તે માહેંના કોઇ ઉપર તે લેખિત આદેશ કાઢી શકશે.

(૫) જડતી તેમની હાજરીમાં લેવાની રહેશે તથા જડતી દરમ્યાન કબજે લીધી હોય તે તમામ વસ્તુઓની તથા તે જે સ્થળેથી મળી આવી હોય તેની તે અધિકારી અથવા અન્ય વ્યકિતએ એક યાદી તૈયાર કરવાની રહેશે તથઆ તેના પર સાહેદ થનારાઓએ સહી કરવાની રહેશે. પરંતુ આ કલમ હેઠળની જડતીના સાહેદોને અદાલત સમન્સ કાઢીને ખાસ બોલાવે નહી તો તેમને જડતીના સાહેદ તરીકે અદાલતમાં હાજર થવાની ફરજ પાડી શકાશે નહી.

(૬) જે સ્થળની જડતી કરવામાં આવે તેનો ભોગવટો કરનાર અથવા તેના વતી કોઇ વ્યકિતને જડતી દરમ્યાન દરેક પ્રસંગે હાજર રહેવા દેવામાં આવશે

તથા આ કલમ હેઠળ તૈયાર કરેલી તથા તેના સાહેદ થનારની સહીવાળી યાદીની એક નકલ તેને કે તે વ્યકિતને આપવાની રહેશે.

(૭) પેટા કલમ(૩) હેઠળ કોઇ વ્યકિતની જડતી કરવામાં આવે ત્યારે કબજે લીધેલી તમામ વસ્તુઓની એક યાદી કરવામાં આવશે તથા તે વ્યકિતને તેની એક નકલ આપવાની રહેશે.

(૮) કોઇ વ્યકિતને આ કલમ હેઠળ હાજર રહી જડતીના સાહેદ થવા માટે બોલાવવામાં આવે તથા વ્યાજબી કારણ વગર તેમ કરવા ઇન્કાર કરે અથવા ઉપેક્ષા દર્શાવે તો તેણે ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૭ મુજબનો ગુનો કર્યો છે તેમ ગણાશે.

કલમ–૧૦૦(૪)ની જોગવાઇ ધ્યાને લઇ વકીલશ્રી એલ.આર. પઠાણ દલીલ કરે છે કે, સ્થાનિક વિસ્તારમાંથી બે તટસ્થ સાહેદોને સર્ચ કરતા પહેલા બોલાવવા પડે તેવી જોગવાઇ છે. સ્થાનિક વિસ્તારમાંથી તટસ્થ પંચ ના મળે તો બીજી જગ્યાએથી પંચ બોલાવવાનો હુકમ તપાસ કરનાર અધિકારી કરી શકે. આ કેસમાં પંચ સાહેદો બીજી જગ્યાઓના રહેવાસીઓ છે જે પરવાનગી પાત્ર નથી. આ કેસમાં ઘણા બધા પંચનામાઓના પંચ સાહેદો સ્થાનિક વિસ્તારના નથી માટે આ પંચનામાઓ ગ્રાહ્ય રાખી શકાય નહી. પરંતુ મારા મત પ્રમાણે પંચ સાહેદ સ્થાનિક વિસ્તારમાંથી કેમ લેવામાં આવેલા નથી તે પ્રત્યેક કિસ્સામાં તેના સંજોગો ઉપરથી નકિક કરી શકાય. જડતી સમયે ગમે તે સાહેદોને પસંદ કરવામાં આવે તો તે માત્ર કારણથી કરવામાં આવેલી જડતી ગેરકાનૂની ગણાય નહી. પરંતુ સ્થાનિક વિસ્તારના રહીશો ઉપલબ્ધ ન હોય અથવા પંચનામાની કાર્યવાહીમાં મદદરૂપ થવા ઇચ્છતા ન હોય ત્યારે અન્ય સ્થાનિક વિસ્તારના રહીશોને ચોકકસપણે પંચ સાહેદ તરીકે બોલાવી શકાય. પંચનામા વખતે કોઇ ક્ષતિ રહી જવા પામી હોય અથવા કોઇ અનિયમિતતા થયેલી હોય તો તેવા કારણસર પણ જડતી ગેરકાનૂની ઠરતી નથી. આ સંબંધમાં આ અદાલતના ધ્યાનમાં છે તેવા નીચે મુજબના ચુકાદા ધ્યાને લીધેલા છે.

અ.નં.	ચુકાદો	ચુકાદામાં નિર્ણીત મુદ્દાઓ પૈકીનો

		પંચ/સાહેદ અંગે નિર્ણીત થયેલો એક મુદ્દો
૧	પંજાબ રાજય વિરૂધ્ધ વાલમસિંઘ એ.આઇ.આર.૧૯૮૧ સુપ્રિમ કોર્ટ, પાના નં.૬૯૭	પ્રતિષ્ઠિત અને નિષ્પક્ષ સાહેદો રજૂ કરવામાં ન આવે તે કારણે કરવામાં આવેલી જડતી રદ કરી શકાય નહી પરંતુ પુરાવાનુ મુલ્ય ઓછુ થાય.
૨	મહમદખાન રસુલખાન પઠાણ વિરૂધ્ધ ગુજરાત રાજય ૧૯૮૮ (૧) જી.એલ.આર. પાના નં.૪૪૫	તમામ ઇન્સાફી કાર્યવાહીમાં અને તમામ તપાસના તબકકે એ જરૂરી નથી કે પંચને તપાસવા જોઇએ એટલુ જ નહી જે પંચ તપાસવામાં આવેલા હોય તે તે જ વિસ્તારના હોય તે પણ આવશ્યક નથી. કાનૂન મુજબની કોઇ આદેશાત્મક જોગવાઇ આ માટે કરવામાં આવેલી નથી માત્ર પંચ સ્થાનિક વિસ્તારના ન હતા તેવા કારણસર સમગ્ર ઇન્સાફી કાર્યવાહી રદ થવાને પાત્ર ઠરતી નથી.

વકિલશ્રી એલ.આર.પઠાણ કલમ–૧૦૦(૫)ની જોગવાઇ ધ્યાને લઇ દલીલ કરે છે કે, સર્ચ દરમિયાન જે વસ્તુ મળે તેનુ લીસ્ટ બનાવવુ જોઇએ અને તે લીસ્ટમાં પંચોની સહીઓ કરાવવાની હોય છે તેઓની દલીલ સાથે હું સંમત છું પરંતુ જો લીસ્ટ બનાવવામાં આવેલુ ન હોય અથવા તે લીસ્ટ ઉપર પંચોની સહીઓ કરાવવામાં આવી ન હોય તો તે અનિયમિતતા છે, ગેરકાયદેસરતા નથી. અનિયમિતતાના કારણસર કાર્યવાહી રદ કરી શકાય નહી. કલમ–૧૦૦(૬)ની જોગવાઇ ધ્યાને લઇ દલીલ કરવામાં આવે છે કે, પંચ/સાહેદોની હાજરીમાં કબજે કરવામાં આવેલી વસ્તુઓનુ લીસ્ટ બનાવ્યા

પછી પંચ/સાહેદો અને તપાસ કરનાર અધિકારીની સહીઓ વાળુ લીસ્ટ મકાન માલિક કે કબજેદારને આપવુ પડે તેઓની આ દલીલ સાથે પણ હું સંમત છું પરંતુ આ લીસ્ટ મકાન માલીક કે કબજેદારને આપવામાં આવેલુ ન હોય તો તે અંગેનો પૂર્વગ્રહ મકાન માલીક કે કબજેદારને થાય એટલુ જ નહી આ લીસ્ટ આપવામાં આવેલુ ન હોવાના કારણે બનાવના મૂળને કોઇ અસર થતી નથી. વસ્તુઓનુ લીસ્ટ મકાન માલીક કે કબજેદારને ન આપવાથી જે મકાનનું સર્ચ કરવામાં આવેલું છે તે મકાનમાંથી કોઇ વસ્તુઓ કબજે કરવામાં આવેલી નથી તેમ કહી શકાય નહી. કલમ–૧૦૦(૮) ધ્યાને લઇ દલીલ કરવામાં આવેલ છે કે, સ્થાનિક વિસ્તારના પંચ/સાહેદો ન મળે અથવા પંચ સાહેદ તરીકે રહેવા માટે સ્થાનિક વિસ્તારના વ્યકિતઓ આવે નહી તો તપાસ કરનાર અધિકારી બીજા વિસ્તારમાંથી પંચ/સાહેદો બોલાવવા માટે હુકમ કરી શકે અને હુકમનું પાલન ન કરવામાં આવે તો તેના માટેની જોગવાઇ કરવામાં આવેલી છે પરંતુ હાલના કેસમાં સ્થાનિક વિસ્તારના કોઇ વ્યકિતઓએ પંચ/સાહેદ તરીકે રહેવા માટે ઇન્કાર કરેલો હોય તેવી કોઇ હકીકત નથી.

વકીલ સુ.શ્રી નિત્યા રામાકિષ્ણન તથા વકીલશ્રી સોમનાથ વત્સનાઓ પુરાવાના કાયદાની કલમ–૨૭ ના પંચનામા બાબતે દલીલ કરતા જણાવે છે કે આ કામમાં આરોપીઓએ જગ્યા બતાવ્યા અંગેના તપાસ કરનાર અધિકારીઓએ જે પંચનામા બનાવેલા છે તે પુરાવામાં ગ્રાહય નથી. આરોપીઓ તપાસ કરનાર અધિકારીને માહિતી આપે કે તેઓ જગ્યા બતાવવા માંગે છે તો તે કબૂલાત ગણાય અને પોલીસ સમક્ષ કરેલી કબૂલાત પુરાવામાં ગ્રાહય નથી. વધુમાં તેઓ દલીલ કરતા જણાવે છે કે ફરિયાદપક્ષ ત્રણ રીતે પુરાવો રેકર્ડ ઉપર લાવવાનો પ્રયત્ન કરે છે તે પૈકી (૧) આરોપી ગુનાની કબૂલાત કરે તે દ્વારા (૨) પુરાવાના કાયદાની કલમ–૨૭ ના પંચનામા દ્વારા અને (૩) પુરાવાના કાયદાની કલમ–૮ હેઠળ આરોપીની વર્તણૂક દ્વારા. વકીલ સુશ્રી નિત્યા રામાકિષ્ણન નાઓએ આ તબકકે પુરાવાના કાયદાની કલમ–૮ પણ વંચાણે લીધેલી છે અને દલીલ કરતા જણાવે છે કે આ કલમ પુરાવાના કાયદાની કલમ–૨૫, ૨૬,૨૮ ની

ઉપરવટ નથી અને કલમ–૮ નિવેદનને લાગુ પડતી નથી. આ કેસમાં આરોપીઓએ જે કંઈ માહિતી પોલીસને આપેલી તે નિવેદનના સ્વરૂપમાં છે તેથી કરીને પણ માહિતીના આધારે બનાવવામાં આવેલા જગ્યાના પંચનામાઓ પુરાવામાં ગ્રાહય નથી. પરંતુ મારા મત પ્રમાણે કલમ–૮ હેઠળ તપાસ કરનાર અધિકારી સમક્ષ આરોપી માહિતી આપે અને તે માહિતીના આધારે આરોપી કોઈ જગ્યા બતાવે તો તે અંગેનુ જે પંચનામુ બનાવેલુ હોય તે પંચનામુ પુરાવાના કાયદાની કલમ–૮ હેઠળ ગ્રાહય છે એટલુ જ નહીં આ જગ્યાઓ બતાવવાના પંચનામા પુરાવાના કાયદાની કલમ–૨૭ હેઠળ પણ ગ્રાહય છે. જે અંગેની વધુ ચર્ચા આગળ ઉપર કરીશું. કારણ કે આરોપીએ જે જગ્યા બતાવેલી તે જગ્યા ઉપર આરોપી ગયેલો હોય તે જગ્યા તેની જાણમાં હોય અને તે જગ્યાનું તેને જ્ઞાન હોય માટે જ તે જગ્યાઓ ઉપર દોરી ગયેલો હોય. આ કામમાં જગ્યા ઉપરના દોરી જવાના પંચનામાઓ જે જે આરોપીને હાજર રાખીને તેમની હાજરીમાં બનાવવામાં આવેલા છે તે તમામ પંચનામાઓ પંચોની રૂબરૂમાં બનાવેલા છે. જેથી આ પંચનામાઓ આરોપીની વર્તણૂક તરીકે પણ પુરાવામાં ગ્રાહય છે. દલીલ કરતા જણાવવામાં આવે છે કે આ પંચનામાઓ કબૂલાત હોય પુરાવામાં ગ્રાહય નથી. બંને વકીલશ્રીઓ આ મુદ્દા અંગે નીચે મુજબના ચુકાદાઓ ઉપર આધાર રાખેલ છે.

અ.નં.	**ચુકાદો**	**ચુકાદામાં નિર્ણીત મુદ્દાઓ પૈકીનો પુરાવાના કાયદાની કલમ–૨૭ અંગે નિર્ણીત થયેલો એક મુદ્દો**
૧	હિમાચલ પ્રદેશ એડમીનીસ્ટ્રેશન વિરૂધ્ધ ઓમ પ્રકાશ (૧૯૭૨) ૧ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૨૪૯	પેરા–૧૩ મુજબ આરોપીએ આપેલી માહિતીના આધારે જે વસ્તુનો શોધ થઈ હોય તે વસ્તુ ગુનાને સાંકળતી હોવી જોઈએ તો તે વસ્તુ પુરાવામાં ગ્રાહય છે. પેરા–૧૪ મુજબ પંચ સાહેદ તથા તપાસ કરનાર અધિકારીને આરોપી જે જગ્યાએ

		દોરીને લઈ ગયો હોય તે જગ્યાના કોઈ સાહેદ આ હકીકતને સમર્થન કરે ત્યારે જ તે દોરી જવાનું કૃત્ય પુરાવાના કાયદાની કલમ–૮ હેઠળ ગ્રાહ્ય છે. આ કેસમાં જે પંચોની હાજરીમાં પંચનામા બનાવેલા છે. તે તમામ પંચ સાહેદોએ પોતાની જુબાનીમાં આરોપીઓએ જગ્યાઓ બતાવેલાની હકીકતને સમર્થન કરેલુ છે.
૨	પ્રકાશ ચંદ વિરૂધ્ધ સ્ટેટ દિલ્હી એડમીનીસ્ટ્રેશન (૧૯૭૯) ૩ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૯૦	પેરા–૮ મુજબ આરોપીએ પોલીસ અધિકારીને માહિતી આપેલી કે તેને ચોરેલી વસ્તુનો ઉપયોગ ગુનો કરવામાં આવેલો છે તેમ કહી તે જગ્યા બતાવેલી તો આરોપીની આ જગ્યા બતાવ્યાની વર્તણૂક પુરાવાના કાયદાની કલમ–૮ હેઠળ ગ્રાહ્ય છે.
૩	બાબુલાલ ઉર્ફે ઘનશ્યામ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ઓરીસ્સા (૧૯૭૯) ૪ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૩૪૬	પેરા–૪ મુજબ શસ્ત્રની રીકવરી બાબતે આરોપીએ કલમ–૨૭ હેઠળ કોઈ નિવેદન આપેલુ નહીં અને શસ્ત્ર મળે તો તે પુરાવાના કાયદાની કલમ–૨૭ હેઠળ ગ્રાહ્ય નથી. આ ચુકાદામાં એવો પણ પુરાવો નહીં કે જે જગ્યાએ શસ્ત્ર છુપાવેલુ તે જગ્યાની માહિતી આરોપી સિવાય બીજા કોઈને ન હતી ફકત શસ્ત્રની શોધ થવાથી આરોપીને સજા કરી શકાય નહીં. પરંતુ હાલના કેસમાંની હકીકત આ ચુકાદાની હકીકતથી અલગ છે.

૪	સ્ટેટ (એન.સી.ટી. ઓફ દિલ્હી) વિરૂધ્ધ નવજોત સિધ્ધુ (૨૦૦૫) ૧૧ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૬૦૦	પેરા–૨૦૬ મુજબ ગુનાના કામે ઉપયોગમાં લીધેલી વસ્તુ પોતે સંતાડી છે તે જગ્યા પોલીસ અધિકારીને આરોપી બતાવે તો તે વર્તનના પુરાવા તરીકે કલમ–૮ ગ્રાહ્ય છે. પેરા–૨૧૯,૨૨૧,૨૨૫ મુજબ આરોપીએ જે દુકાન ઉપરથી વસ્તુ ખરીદેલી તે દુકાન બતાવવા માંગુ છું તે કહી દુકાન ઉપર લઈ જાય અને તે દુકાન બતાવે. ત્યારબાદ તે દુકાનદાર આરોપીને ઓળખી બતાવે તો તે વર્તન તરીકે કલમ–૮ હેઠળ ગ્રાહ્ય છે. આ કેસમાં જે દુકાનો ઉપરથી જુદા–જુદા આરોપીઓએ જે સામાન ખરીદેલો છે, જે મોબાઈલ ફોન તેમજ સીમકાર્ડ ખરીદેલા છે તે તમામ જગ્યાઓ ઉપર જે તે આરોપી તપાસ કરનાર અધિકારીને દોરીને લઈ ગયેલા છે તે પૈકી દુકાનદારોએ આરોપીને અદાલત રૂબરૂ ઓળખી બતાવેલા નથી કારણ કે સમય ઘણો થઈ ગયેલો છે. મારી મત પ્રમાણે સાહેદોએ આરોપીને નહીં ઓળખવાના કારણો જે આપેલા છે તે વાજબી છે.
૫	અત્તર સીંગ વિરૂધ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન (૨૦૦૪) ૧૦ સુપ્રિમ કોર્ટ કેસીસ	પેરા–૧૬,૧૭ મુજબ પુરાવાના કાયદાની કલમ–૨૭ ની જરૂરિયાત માટે શોધાયેલી વસ્તુ ગુના સાથે સુસંગત હોય, તે વસ્તુ શોધાયેલી હોય, આવી શોધ આરોપીએ આપેલી માહિતી ઉપરથી થયેલી હોય,

	પાન નં.૬૫૭	માહિતી આરોપીએ આપેલી હોય અને માહિતી આપનાર વ્યકિત પોલીસ કસ્ટડીમાં હોવો જોઈએ.
૬	રામ ચંદ્રન વિરૂધ્ધ સ્ટેટ ઓફ કેરાલા ૨૦૦૯ ક્રિ. લો.જ. પાન નં.૧૬૮	પેરા–૧૦ મુજબ આરોપીએ આપેલી માહિતી ઉપરથી કોઈ વસ્તુની શોધ થાય તો તે કલમ–૮ હેઠળ વર્તન તરીકે ગ્રાહય છે પરંતુ બીજા સમર્થનકારી પુરાવા વિના માત્ર વર્તનના પુરાવા ઉપરથી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહીં. આ કેસમાં બીજા સમર્થનકારી પુરાવા છે જેની ચર્ચા આ ચુકાદામાં કરવામાં આવેલી છે.
૭	ચંદ્રકાન્ત ઝા વિરૂધ્ધ ગવર્મેન્ટ ઓફ એન.ટી.સી. ૨૦૧૬ ઓનલાઈન દિલ્હી પાન નં.૪૯૫	પેરા–૧૨ મુજબ ગુનો બનતા પહેલા અને બન્યા પછીનું વર્તન પુરાવામાં ગ્રાહય છે પરંતુ તે વર્તન કે હકીકતને અન્ય સ્વતંત્ર પુરાવાથી સમર્થન મળવુ જોઈએ. આ કેસમાં આગળ ચર્ચા કર્યા પ્રમાણે આરોપીઓના વર્તનને સમર્થન મળે તેવા ઘણા પુરાવા રજૂ થયેલા છે.
૮	રામેશ્વર સીંગ વિરૂધ્ધ સ્ટેટ ઓફ જમ્મુ કાશ્મીર ૧૯૭૧(૨) સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૭૧૫	પેરા–૯ મુજબ આરોપીને અગાઉ જોયેલો નહીં અને ત્યારપછી તેને સાહેદ અદાલતમાં પાછળથી ઓળખી બતાવે તો ઓળખ પરેડ વિના કે આરોપીને વર્ણન વિના આરોપીનું વર્ણન આપે તો તે ધ્યાને લેવુ અસલામત છે.

વકીલશ્રી કે.જી.શેખ પુરાવાના કાયદાની કલમ–૨૭ હેઠળના પંચનામા બાબતે દલીલ કરતા જણાવે છે કે અમદાવાદ શહેર તથા સુરત શહેરમાં બનેલા બનાવો બાદ જે તે પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારીઓએ તમામ બનાવોવાળી જગ્યાઓ ઉપર જઈને મુલાકાતો લીધેલી છે. ત્યારબાદ આ કામે અનલોકુલ એકટીવીટી (પ્રિવેન્શન) એકટ મુજબના ગુનાઓનો ઉમેરો થતા આ બનાવોની તપાસ મદદનીશ પોલીસ કમિશનર કક્ષાના અધિકારીઓને સોંપવામાં આવેલી હતી અને ત્યારબાદ આ અધિકારીઓ પણ બનાવવાળી જગ્યાઓ ઉપર ગયેલા છે. જેથી બનાવોવાળી જગ્યાઓની તેઓને માહિતી છે માટે આરોપીઓ પકડાયા પછી જે તે આરોપીઓને લઈ તપાસ કરનાર અધિકારીઓ જુદી–જુદી જગ્યાઓ ઉપર જઈ જે પંચનામા બનાવેલા છે તે પુરાવાના કાયદાની કલમ–૨૭ હેઠળના પંચનામા કહેવાય નહીં માટે તપાસ કરનાર અધિકારીઓ દ્વારા બનાવવામાં આવેલા પંચનામાઓ આરોપી વિરૂધ્ધ વંચાણે લઈ શકાય નહીં. પંચનામાઓની વિગતે અમુક સ્થળો ઉપરથી મળી આવેલો મુદ્દામાલ પણ આરોપી વિરૂધ્ધ પુરાવામાં ગ્રાહય નથી. આ સબંધમાં તેઓ નીચે મુજબના ચુકાદા ઉપર આધાર રાખે છે.

અ.નં.	**ચુકાદો**	**ચુકાદામાં નિર્ણીત મુદ્દાઓ પૈકીનો કલમ–૨૭ ના પંચનામા બાબતે નિર્ણીત થયેલો એક મુદ્દો**
૧	મનોજભાઈ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૨૦ (૩) જી.એલ.આર. પાન નં.૧૬૭૯, ગુજરાત	પેરા–૧૩ મુજબ આરોપીએ આપેલી માહિતી ઉપરથી કોઈ વસ્તુની શોધ થાય તો તે શોધ એવી બાંહેધરી આપે છે કે આરોપી દ્વારા પુરી પાડવામાં આવેલી માહિતી સાચી હતી. પરંતુ આરોપીએ આપેલી માહિતી ઉપરથી કોઈ વસ્તુની શોધ ન થાય તો પુરાવાના કાયદાની કલમ–૨૭ હેઠળની તે શોધ નથી પરંતુ આપેલ માહિતી

		ફકત નિવેદન ગણાય. પેરા–૧૮ મુજબ પુરાવાનો સંપુર્ણ બોજો ફરિયાદપક્ષ ઉપર છે, સામાન્ય બોજો કયારેય આરોપી ઉપર જતો નથી. શંકાને આધારે કોઈ સાબિતી થતી નથી. શંકા ગમે તેટલી પ્રબળ હોય તો પણ તે શંકા પુરાવાનું સ્થાન લઈ શકે નહીં.
૨	સુખવીંદર સીંગ વિરૂધ્ધ સ્ટેટ ઓફ પંજાબ ૧૯૯૪ (૫) સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૧૫૨	પેરા–૧૦ મુજબ પુરાવાના કાયદાની કલમ–૨૭ તે સામાન્ય નિયમ માટે અપવાદ છે. પોલીસ સમક્ષ કરેલા નિવેદનો પુરાવામાં ગ્રાહય નથી. એક વખત આરોપીએ આપેલી માહિતી ઉપરથી કોઈ વસ્તુની શોધ થઈ હોય તો ફરીથી થયેલી શોધ ઉપયોગી નથી અને તેમ છતાં ઉપયોગમાં લેવામાં આવે તો કલમ–૨૭ નો દુરૂપયોગ ગણાય.

પુરાવાના કાયદાની કલમ–૨૭ ના પંચનામાઓ બાબતે બચાવપક્ષ તરફથી મૌખિક દલીલો જે રજૂ થઈ છે તે તથા દરેક એડવોકેટ તરફથી રજૂ થયેલ લખિત દલીલો બાદ ફરિયાદપક્ષ તરફથી સ્પેશીયલ સરકારી વકીલશ્રી એચ.એમ.ધ્રુવ તથા અમીત પટેલ પંચનામાઓ બાબતેના કાયદાકીય મુદ્દાઓ ઉપર દલીલ કરતા જણાવે છે કે આ કેસમાં અટક કરવામાં આવેલા આરોપીઓને અટક કર્યા બાદ ઘણા આરોપીઓએ જે જગ્યા ઉપર બોમ્બ બનાવેલા તે જગ્યાઓ જેવી કે જુદી–જુદી જગ્યાઓ ઉપરના મકાનો પંચોની હાજરીમાં બતાવેલા, અમુક મકાનોમાંથી ગુનાને સાંકળતો મુદ્દામાલ મળી આવેલો જે પંચોની રૂબરૂ કબજે કરેલો છે. તેમજ જુદી–જુદી જગ્યા ઉપર હોટલોમાં રોકાયેલા તે હોટલો પણ પંચો રૂબરૂ બતાવેલી છે તથા પંચનામાની વિગતે રજીસ્ટરો કબજે કરેલા છે તથા જે

જગ્યાઓ ઉપરથી મોબાઈલ ફોન, સીમકાર્ડ, વાસણો, ગેસના બોટલો, વાયરો, સાઇકલો વિગેરે વસ્તુઓ ખરીદેલી તે જગ્યાઓ પણ પંચોની હાજરીમાં બતાવેલી છે. જે જગ્યાઓ ઉપર બોમ્બવાળી સાઇકલો મુકેલી તે જગ્યાઓ પણ પંચોની હાજરીમાં બતાવેલી છે માટે પુરાવાના કાયદાની કલમ–૨૭ મુજબ આ તમામ પંચનામાઓ આરોપીઓ વિરૂધ્ધ પુરાવામાં ગ્રાહય છે. આ સંબંધમાં તેમને પુરાવાના કાયદાની કલમ–૨૭ વંચાણે લીધેલી છે. અગાઉ પુરાવાના કાયદાની કલમ–૨૭ લખવામાં આવેલી છે જેથી પુનરાવર્તન કરવામાં આવતુ નથી. પરંતુ કલમ–૨૭ ના શબ્દો ધ્યાને લઈએ તો **"તે કબૂલાત બનતી હોય કે ન બનતી હોય"** તેવો શબ્દ પ્રયોગ કરવામાં આવેલો છે જેથી સ્પષ્ટ બને છે કે કોઈ પણ આરોપી પોલીસ કસ્ટડીમાં હોય અને કોઈ નિવેદન કરે કે માહિતી આપે અને તેના આધારે ગુનામાં સંડોવતી કોઈ વસ્તુની શોધ થાય તો તે શોધ કબૂલાત બનતી હોય કે ન બનતી હોય તો પણ આરોપી વિરૂધ્ધ પુરાવામાં ગ્રાહય છે. સરકારી વકીલશ્રી એચ.એમ.ધ્રુવ દલીલ કરતા એમ પણ જણાવે છે કે આરોપીઓને ગુનામાં સંડોવણી બતાવવા માટે પુરાવાના કાયદાની કલમ–૨૭ ના પંચનામાનું જોડાણ મહત્વનું છે. બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલી છે કે આ પંચનમામાઓ પુરાવાના કાયદાની કલમ–૨૫,૨૬ તથા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૨ નો બાધ નડે છે અને પુરાવામાં ગ્રાહય નથી. પરંતુ કલમ–૨૭ ને કલમ–૨૫,૨૬ નો બાધ નડતો નથી. વધુમાં દલીલ કરતા જણાવે છે કે નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા પુરાવાના કાયદાની કલમ–૨૭ અંગે સૌથી વધારે ચર્ચા થયેલી છે. દરેક ચુકાદામાં કલમ–૨૭ નુ મૂલ્યાંકન બદલાયેલુ છે. આ સબંધમાં તેઓ સ્ટેટ (એન.સી.ટી. ઓફ દિલ્હી) વિરૂધ્ધ નવજોત સિધ્ધુ ૨૦૦૫ સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ) પાન નં.૧૭૧૫ ના ચુકાદાના પેરા નં.૧૧૪ થી ૧૨૫ વંચાણે લીધેલા છે અને વિસ્તૃત ચર્ચા કરતા જણાવે છે કે આ કામમાં જેટલા પણ પંચનામાઓ બનાવવામાં આવેલા છે તે પુરાવાના કાયદાની કલમ–૨૭ હેઠળ આરોપીઓ વિરૂધ્ધ ગ્રાહય છે. પુરાવાના કાયદાની કલમ–૨૭ ની સાથે સાથે તેમને પુરાવાના કાયદાની કલમ–૩ ની પણ ચર્ચા કરેલી છે.

કલમ–૩ અર્થઘટન–પ્રબંધઃ–

આ અધિનિયમમાં નીચેનાં શબ્દો તથા શબ્દપ્રયોગોનો ઉપયોગ નીચે દર્શાવેલા અર્થમાં કરવામાં આવ્યો છે, સિવાય કે સંદર્ભ પરથી વિરૂધ્ધ ઈરાદો જણાતો હોય.

"અદાલત" – "અદાલત" માં તમામ ન્યાયાધીશ તથા મેજિસ્ટ્રેટ તથા તમામ વ્યકિત – લવાદ સિવાયનો સમાવેશ થાય છે કે જેમને કાનૂન દ્વારા પુરાવો લેવાનો અધિકાર હોય.

"હકીકત" – "હકીકત" એટલે અને તેમાં –

(૧) ઈન્દ્રિયગ્રાહ્ય હોય તેવી કોઈ પણ વસ્તુ, વસ્તુઓની સ્થિતિ અથવા વસ્તુઓના સંબંધ,

(૨) કોઈપણ માનસિક સ્થિતિ કે જેથી કોઈ વ્યકિત સભાન હોય, તેનો સમાવેશ થાય છે.

દ્રષ્ટાંતો

(ક) કેટલાંક પદાર્થ અમુક ક્રમમાં કોઈ એક સ્થળે ગોઠવેલા છે,તે એક હકીકત છે.

(ખ) એક વ્યકિતએ કશુંક સાંભળ્યુ અથવા જોયું, તે એક હકીકત છે.

(ગ) એક વ્યકિતએ અમુક શબ્દો કહયાં, તે એક હકીકત છે.

(ઘ) એક વ્યકિત અમુક અભિપ્રાય ધરાવે છે, અમુક ઈરાદો સેવે છે, શુભનિષ્ઠાપૂર્વક અથવા કપટપૂર્વક વર્તે છે અથવા ચોકકસ શબ્દ એક ચોકકસ અર્થમાં પ્રયોજે છે અથવા એક નિશ્ચિત સમયે તે એક ચોકકસ સંવેદનાથી સભાન છે અથવા હતી, તે એક હકીકત છે.

(ચ) એક વ્યકિતની અમુક પ્રતિષ્ઠા છે, તે એક હકીકત છે.

ઉપરોકત કલમની ચર્ચા કરતા વધુમાં જણાવે છે કે જે આરોપીઓએ તપાસ કરનાર અધિકારીને પંચો રૂબરૂ જગ્યાઓ બતાવવાની માહિતી આપી અને ત્યારબાદ જગ્યાઓ બતાવી તે પંચનામાઓ પણ આરોપીઓ વિરૂધ્ધ પુરાવામાં ગ્રાહ્ય છે. બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલી છે કે ફરિયાદપક્ષ તરફથી રજૂ થયેલા તમામ પંચનામાઓમાં આરોપીઓએ કબૂલાત સ્વરૂપે

જણાવેલી હકીકત પુરાવામાં ગ્રાહય નથી કારણ કે તે જગ્યાઓની માહિતી અગાઉથી જ પોલીસને હતી માટે જગ્યા બતાવતા પંચનામા પુરાવામાં ગ્રાહય નથી. આ બાબતે અગાઉ પણ ચર્ચા કરેલી છે કે જે આરોપી જે સમયે અને જયારે પકડાયા અને પકડાયા પછી તેને માહિતી આપી અને તે માહિતીના આધારે પંચો રૂબરુ તે જગ્યા બતાવી તો તે જગ્યા બતાવવા અંગેનુ તેનુ જ્ઞાન છે તેમ કહેવાય. તપાસ કરનાર અધિકારીને જગ્યાઓની માહિતી છે તેનો અર્થ એવો નથી કે આરોપીએ જણાવેલી હકીકત પુરાવામાં ગ્રાહય નથી કારણ કે તપાસ કરનાર અધિકારીનુ જ્ઞાન ફરિયાદપક્ષનો કેસ પુરવાર કરવા માટે જરૂરી નથી પરંતુ આરોપીનું જ્ઞાન જરૂરી છે. આરોપીને અટક કર્યા પછી તપાસ કરનાર અધિકારીને ખબર ન હોય કે તે કઈ જગ્યા બતાવવાનો હશે પરંતુ પંચોની હાજરીમાં આરોપીએ જે જગ્યા બતાવવાની માહિતી આપેલી હોય તે જગ્યા ઉપર તપાસ કરનાર અધિકારી પંચોને તથા આરોપીને લઈને ગયેલા છે અને તે જગ્યાના પંચનામા બનાવેલા છે જેથી આરોપીનુ જ્ઞાન મહત્વનું છે. આરોપીઓએ કઈ સામગ્રી કયાંથી ખરીદી, કેવી રીતે ખરીદી, કોની પાસેથી ખરીદી, તે સમાગ્રી કયા લઈ ગયા, કઈ રીતે બોમ્બ બનાવ્યા, કઈ રીતે સરકીટ જોઈન્ટ કરી, કઈ જગ્યા ઉપર કયારે રેકી કરી અને કઈ જગ્યાએ કયારે બોમ્બ મુકયા તે તમામ હકીકત તપાસ કરનાર અધિકારીને જાણમાં ન હોય જેથી તપાસ કરનાર અધિકારીનું જ્ઞાન મહત્વનુ નથી. આ બનાવો બન્યા બાદ તપાસ કરનાર અધિકારીઓ જે તે જગ્યાઓ ઉપર ગયેલા છે અને તે જગ્યા ઉપર જવુ પડે તે તેમની ફરજ છે. કારણ કે સમાજમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાની જવાબદારી પોલીસની છે.બોમ્બ બ્લાસ્ટવાળી જગ્યા ઉપર બોમ્બ બ્લાસ્ટ થયા પછી તે જગ્યાઓને આમ જ મુકી ના રખાય. બનાવો બન્યા બાદ તરત જ પોલીસે ત્યાં જવુ પડે અને જગ્યાને કોર્ડન કરવી પડે તથા જગ્યા ઉપરથી જે તે મુદ્દામાલ મળી આવે તે પણ કબજે કરેવો પડે તેનો અર્થ એવો નથી કે આ જગ્યાઓ તપાસ કરનાર અધિકારીઓ કે પોલીસે જોયેલી છે માટે આરોપીએ આ જગ્યાઓ બતાવી તે અંગેનુ કોઈ મહત્વ નથી. આ સંબંધમાં ફરિયાદપક્ષ તરફથી વકીલશ્રી એચ.એમ.ધ્રુવ ભારતીય બંધારણના આર્ટિકલ

૧૪૧ ની પણ ચર્ચા કરેલી છે અને દલીલ કરી છે કે આ અંગે નામદાર સુપ્રિમ કોર્ટના ઘણા ચુકાદા ઉપલબ્ધ છે અને તે ચુકાદા આર્ટિકલ–૧૪૧ હેઠળ દરેક અદાલતે તેને અનુસરવુ પડે. વધુમાં તેઓ દલીલ કરે છે કે આરોપીઓએ આપેલી માહિતી ઉપરથી ગુનાને સાંકળતી કોઈ વસ્તુની શોધ થાય તો જ પુરાવાના કાયદાની કલમ–૨૭ લાગુ પડે તેવુ નથી. કલમ–૨૭ નુ મૂલ્યાંકન અને પૃથક્કરણ નામદાર સુપ્રિમ કોર્ટના જુદા જુદા ચુકાદાઓથી વિસ્તૃત થતુ ગયુ છે પરંતુ કલમ–૨૭ ની વ્યાખ્યામાં કોઈ ફેરફાર થયેલો નથી. **"હકીકત" એટલે તેમાં માનસિક તત્વ પણ સમાવિષ્ટ થઈ જાય છે.** રાજુ માનજીના કેસની ચર્ચા કરતા દલીલ કરવામાં આવેલી છે કે આરોપી જે કંઈ માહિતી આપે તે માહિતી પુરાવાના કાયદાની કલમ–૨૭ માં પડે. તેઓની આ દલીલ સાથે હું સંમત છું. પુરાવાના કાયદાની કલમ–૨૫, ૨૬ અને ૨૭ તથા કલમ–૩ ને સંયુકત રીતે વંચાણે લઈએ તો પોલીસ કસ્ટડીમાં જે આરોપી હોય અને તે પોલીસને જે કોઈ માહિતી આપે તે માહિતીના આધારે કોઈ વસ્તુની શોધ થાય તો તે હકીકત કબૂલાત હોય કે ન હોય તો પણ પુરાવામાં ગ્રાહય છે અને હકીકત એટલે કલમ–૩ મા જણાવ્યા પ્રમાણે કશુંક સાંભળેલુ હોય અથવા જોયેલુ હોય, અમુક શબ્દો કહેલા હોય, એક નિશ્ચિત સમય કે ચોકકસ સંવેદનાથી સભાન છે અથવા હતી, એક વ્યકિતની અમુક પ્રતિષ્ઠા છે આ બાબતોને "**હકીકત**" માં સમાવિષ્ઠ કરેલી છે. આ કેસમાં ઉપર મુજબ જણાવેલા કોષ્ટકમાં જે આરોપીએ જે માહિતી આપી તે માહિતીના આધારે જે વસ્તુઓની શોધ થયેલી છે તે વસ્તુઓ ગુના સાથે સાંકળતી વસ્તુઓ છે માટે જે પંચનામાઓથી પંચોની હાજરીમાં શોધ થયેલી છે તે પંચનામાઓ પુરાવાના કાયદાની કલમ–૨૭ હેઠળ આરોપીઓ વિરુધ્ધ પુરાવામાં ગ્રાહય છે. એટલુ જ નહીં કલમ–૩ ના વિસ્તૃત અર્થઘટન પ્રમાણે જે આરોપીઓએ જે જગ્યાઓ બતાવેલી છે તે જગ્યાઓનું તેમને જ્ઞાન હતુ અને તે જગ્યાઓ ઉપર જે તે વખતે તેઓ ગયેલા છે અને ગુના અંગે કાંઈક કૃત્ય કરેલુ છે. જેથી તે જગ્યાઓનું જ્ઞાન તેમને છે, તે જગ્યાઓ તેમને જોયેલી છે જેથી પંચોની હાજરીમાં તેમને તપાસ કરનાર અધિકારીને જગ્યાઓ બતાવવાની માહિતી આપેલી છે અને

જગ્યાઓ બતાવેલી છે. આ હકીકતો કલમ–૩ મા સમાવિષ્ટ થતી હોય જગ્યા બતાવતા પંચનામા પણ કબૂલાત પ્રકારના હોય કે ન હોય તેમ છતાં પુરાવાના કાયદાની કલમ–૨૭ હેઠળ પુરાવામાં ગ્રાહય છે. આ ઉપરાંત જે પંચનામુ જે પંચોની હાજરીમાં થયેલુ છે તે તમામ પંચોને સાહેદ તરીકે ફરીયાદપક્ષે તપાસ્યા છે અને તે તમામ પંચો સાહેદોએ ફરિયાદપક્ષને સંપૂર્ણપણે સમર્થન કરેલુ છે. આ સબંધમાં વકીલશ્રી એચ.એમ.ધ્રુવ નીચે મુજબના ચુકાદાઓ પણ રજૂ કરેલા છે.

અ.નં.	ચુકાદો	ચુકાદામાં નિર્ણીત મુદ્દાઓ પૈકીનો કલમ–૨૭ ના પંચનામા બાબતે નિર્ણીત થયેલો એક મુદ્દો
૧	સ્ટેટ ઓફ હિમાચલપ્રદેશ વિરૂધ્ધ જીતસિંહ ૧૯૯૯ સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ) પાન નં.૫૪૦	આરોપી દ્વારા ગુના સાથે સંડોવતુ નિવેદન હોય તો પોલીસ રૂબરૂનું આરોપીનું ગુના સાથે સંડોવતુ નિવેદન કલમ–૨૭ હેઠળ ગ્રાહય છે. કલમ–૨૭ હેઠળનું જાહેરાતવાળુ નિવેદન હોય અને તેવુ નિવેદન સાક્ષીઓની રૂબરૂમાં અને સાંભળતા જ હોવુ જોઈએ તે જરૂરી નથી. એવુ પણ જરુરી નથી કે આરોપીની પુછપરછ વખતે સાહેદો હાજર જ હોવા જોઈએ. તદ્ધન ઉલટી બાજુ એવી છે કે તપાસ કરનાર અધિકારી આરોપીને પુછપરછ બીજા કોઈની હાજરી વગર પણ કરી શકે છે. જેથી જાહેરાતવાળા નિવેદન વખતે સાહેદની ગેરહાજરી કે સાહેદે સાંભળેલુ ન હોય તો પણ એવુ ઠરાવવુ કઠીન છે કે સાહેદે જાહેરાતવાળુ નિવેદન આપ્યુ નથી.

		કલમ–૨૭ માં એવુ કાંઈ નથી કે આરોપીનુ નિવેદનથી જયારે ખુલ્લી અગર અન્યના પ્રવેશવાળી જગ્યાથી શોધ થયેલ હોય તો તે ગ્રાહય નથી. તેવો ખ્યાલ અને ધારણા ખોટી છે કે ખુલ્લી અગર અન્યના પ્રવેશવાળી જગ્યાએથી શોધ થયેલી હોય ત્યારે તે કલમ–૨૭ હેઠળ દુષીત છે. આરોપી તે જગ્યા બતાવે નહીં ત્યાં સુધી તે એકલો જ જાણતો હોય છે કે તેને તે વસ્તુ કયાં સંતાડેલી છે.
૨	સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિરૂધ્ધ ગોપીનાથ સીંદે ૨૦૦૦ સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ) પાન નં.૧૦૮૮	પેરા–૩૫,૩૬ મુજબ **"મળી આવેલ હકીકત"** મળી આવેલ હકીકતમાં પદાર્થની જ પુનઃશોધનો સમાવેશ થતો નથી તેમાં જગ્યા કે જયાંથી પદાર્થની પુનઃશોધ થઈ હોય તેનો અને આરોપીના તે અંગેના જ્ઞાનનો પણ સમાવેશ થાય. સ્વીકાર્ય હોવાની માહિતી સ્પષ્ટ રીતે શોધાયેલ તથ્ય સાથે સબંધિત હોવી જોઈએ. કલમ–૨૭ નો પાયો પછીની ઘટના દ્વારા સમર્થનના સિધ્ધાંત ઉપર રચાયેલો છે.
૩	અમિતસિંહ વિક્રમસિંહ ઠાકુર વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર ૨૦૦૭ સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ)	પુરાવાના કાયદાની કલમ–૨૭ નીચે એક સમયે એવુ ઠરાવેલ હતુ કે **"મળી આવેલ હકીકત"** આ શબ્દ ફકત **"ભૌતિક"** અને **"ભૌતિક હકીકત"** પુરતો મર્યાદિત હતો જેમાં માનસીક હકીકતનો સમાવેશ થતો ન હતો પરંતુ **"મળી આવેલ હકીકત"** શબ્દ

	પાના નં.૫૮૨	હવે ઉચિત ઠરાવવામાં આવેલ છે કે તેમાં માત્ર પદાર્થ રજૂ કરવો તેનો જ સમાવેશ થતો નથી પરંતુ સ્થળ કે જયાંથી તે રજૂ થયેલ હોય અને આરોપીની તે અંગેની જાણકારીનો પણ સમાવેશ થાય છે.
૪	અંતર સીંઘ વિરૂધ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન ૨૦૦૫, સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ) પાન નં.૫૯૭	પેરા–૧૫ મુજબ **"હકીકતની શોધ"** માં ભૌતિક પદાર્થ કે વસ્તુનો સમાવેશ કલમ–૨૭ મુજબ થતો હતો પરંતુ હવે **"હકીકતની શોધ"** માં ભૌતિક પદાર્થ કે વસ્તુ ઉપરાંત કોઈ જગ્યા કે **જેનુ જ્ઞાન આરોપીને હોય** તેનો પણ સમાવેશ થાય છે. પેરા–૧૦ મુજબ પંચ સાહેદ વસ્તુની શોધની હકીકતને સમર્થન ન કરે તે માત્રથી તેનો પુરાવો રદ કરી શકાય નહીં. પેરા–૧૭,૧૮ મુજબ વસ્તુની શોધ ખુલ્લી અને જાહેર જગ્યા ઉપરથી કરવામાં આવે તે માત્રથી તે શોધ અગ્રાહય ગણી શકાય નહીં.
૫	અસર મોહમદ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ઉત્તરપ્રદેશ ૨૦૧૮(૦) એ.આઈ.જે. ઈ.એલ.–એસ.સી. ૬૩૦૦૩	પેરા–૧૩ મુજબ પુરાવાના કાયદાની કલમ–૨૭ હેઠળ **"હકીકત"** શબ્દનો અર્થ **વાસ્તવિક, ભૌતિક પદાર્થ હોય તે એકલો જ નથી. સ્થળ અંગેની માહિતી આપનારનું જ્ઞાન તથા તેની માનસિક જાગૃતતાનો પણ સમાવેશ થાય છે.** એક સમય એવો હતો કે વસ્તુની શોધ એટલે ભૌતિક પદાર્થ જ હોય પરંતુ હવે તેવુ નથી. શોધ એટલે માહિતી આપનારને

		સ્થળનું જ્ઞાન અને તે અંગેની તેની માનસીક જાગૃતતાનો પણ સમાવેશ થાય છે. પોલીસ અધિકારીને આરોપીએ આ કેસમાં જણાવેલુ કે જયાં લાશ રાખેલી હતી તે જગ્યા બતાવુ. પોલીસ અધિકારીએ તે જગ્યા ઉપર જઈ ખોદીને લાશ કાઢવામાં આવી. નામદાર અદાલતે ઠરાવેલુ છે કે આરોપીએ આપેલી આ માહિતી અને થયેલી શોધ પુરાવાના કાયદાની કલમ–૨૭ હેઠળ ગ્રાહય છે. જો કલમ–૨૭ હેઠળ ગ્રાહય નથી તેમ માનીએ તો પણ પુરાવાના કાયદાની કલમ–૮ હેઠળ આ માહિતી વર્તણૂક તરીકે ગ્રાહય છે. આ કેસમાં ઉપરોકત કોષ્ટકમાં જણાવ્યા મુજબના તમામ પંચનામા પૈકી અમુક પંચનામાઓ પુરાવાના કાયદાની કલમ–૨૭ હેઠળ ગ્રાહય છે તથા અમુક પંચનામાઓ પુરાવાના કાયદાની કલમ–૮ હેઠળ ગ્રાહય છે.

સ્પેશીયલ સરકારી વકીલશ્રી એચ.એમ.ધ્રુવ દલીલ કરતા જણાવે છે કે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે બે આરોપીઓના સંયુકત પંચનામા થઈ શકે નહીં. પરંતુ બે આરોપીઓને સાથે રાખી તપાસ કરનાર અધિકારી જો સંયુકત પંચનામુ પંચોની હાજરીમાં બનાવે તો તે પંચનામુ પુરાવામાં ગ્રાહય નથી તેવુ કહી શકાય નહીં. આ સબંધમાં તેઓ સ્ટેટ (એન.સી.ટી. ઓફ

દિલ્હી) વિરૂધ્ધ નવજોત સિધ્ધુ ૨૦૦૫ સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ) પાન નં.૧૭૧૫ ના ચુકાદાના પેરા–૧૪૭ વંચાણે લીધેલ છે. આ ચુકાદા મુજબ બે આરોપીઓએ ગુના સબંધે કોઈ સંયુકત માહિતી પોલીસ અધિકારીને પંચોની રૂબરૂમાં આપે તો તે પણ પુરાવાના કાયદાની કલમ–૨૭ હેઠળ સંયુકત માહિતી પુરાવામાં ગ્રાહય છે. આ કેસમાં આરોપી નં.૬૯, ૭૦નાઓએ આંક–૬૫૩૭, ૬૮૧૯, ૭૩૭૦ વાળા પંચનામાઓની વિગતે સંયુકત માહિતી આપેલી તે મારા મત પ્રમાણે આ ચુકાદા મુજબ આરોપીઓ વિરૂધ્ધ પુરાવામાં ગ્રાહય છે.

વધુમાં સ્પેશીયલ સરકારી વકીલશ્રી એચ.એમ.ધ્રુવ દલીલ કરતા જણાવે છે કે બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલી છે કે પંચનામાઓના પંચો સ્થાનિક વિસ્તારના પંચો નથી, બીજા વિસ્તારના પંચો જાણી જોઈને પોલીસ દ્વારા લેવામાં આવેલા છે અને તેઓને તૈયાર કરવામાં આવેલા છે માટે આવા પંચોની હાજરીમાં બનાવવામાં આવેલા પંચનામા પુરાવામાં ગ્રાહય નથી તેમજ પંચોની જુબાનીઓ ઉપર વિશ્વાસ મુકી શકાય નહીં. પરંતુ તેવુ નથી સ્થાનિક વિસ્તારના પંચો લેવા તે ફરજિયાત નથી, કાયદામાં જોગવાઈ કરવામાં આવેલી છે પરંતુ સ્થાનિક વિસ્તારના પંચો સાહેદ તરીકે રહેવા તૈયાર ન હોય તો તપાસ કરનાર અધિકારી બીજા વિસ્તારના પંચોને સાથે રાખી પંચનામુ કરી શકે તેઓની આ દલીલ સાથે હું સંપુર્ણ સંમત છું અને આ અંગેની ચર્ચા અગાઉ પણ કરેલી છે. વધુમાં સ્પેશીયલ સરકારી વકીલશ્રી એચ.એમ.ધ્રુવ દલીલ કરતા જણાવે છે કે બચાવપક્ષ તરફથી એવી પણ દલીલ છે કે પંચનામાના પંચોએ જુબાની દરમ્યાન અદાલતમાં આરોપીઓને ઓળખી બતાવેલા નથી પરંતુ આરોપીઓને ન ઓળખવાથી પંચનામાની વિગત કે પંચ સાહેદની જુબાની ખોટી છે તેમ મનાય નહીં. પંચ સાહેદ ફરિયાદપક્ષને મદદકર્તા ન હોય તો પણ તપાસ કરનાર અધિકારીએ પંચોની હાજરીમાં કરેલી કામગીરી સાચી છે તેમ માનીને અદાલતે ચાલવુ જોઈએ. આ સંબંધમાં તેઓ નીચે મુજબના ચુકાદાઓ રજૂ કરે છે.

અ.નં.	ચુકાદો	ચુકાદામાં નિર્ણીત મુદ્દાઓ પૈકીનો કલમ–૨૭ ના પંચનામાના પંચો બાબતે નિર્ણીત

		થયેલો એક મુદ્દો
૧	લછમણ રામ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ઓરીસ્સા ૧૯૮૫ સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ) પાન નં.૨૬૩	પેર–૮,૯ મુજબ પંચ સાહેદોએ જુબાની દરમ્યાન અદાલતમાં આરોપીને ઓળખવામાં કસૂર કરેલ હોવા માત્રથી સાહેદનો પુરાવો શંકાવાળો બની જતો નથી. આ ચુકાદામાં એવુ ઠરાવવામાં આવેલુ છે કે આરોપી કે જેને આપેલ માહિતીના આધારે વસ્તુની શોધ થયેલી હોય તેના પંચ સાહેદ આરોપીને ઓળખી શકે નહીં કે કઈ વસ્તુની શોધ થયેલી તે પણ ઓળખી શકે નહીં અને પંચનામાની વિગતોને અને પંચનામાની સાચી સ્થિતિને જો પંચ સાહેદ વળગી રહે તો પંચનામુ પુરવાર થયેલુ કહેવાય. આ કેસમાં ઉપરોકત કોષ્ટકમાં જણાવેલ પંચનામાના પંચ સાહેદોને તપાસવામાં આવેલા છે તે પંચ સાહેદોએ પંચનામામાં પોતાની સહીઓ ઓળખી બતાવેલી છે અને શોધ થયેલી વસ્તુઓ પણ ઓળખી બતાવેલી છે. ફકત આરોપીને નહીં ઓળખવાથી પંચ સાહેદનો પુરાવો રદ કરી શકાય નહીં. કારણ કે બનાવ જુલાઈ–૨૦૦૮ માં બનેલા છે અને પંચોએ બનાવ બાદ સાત વર્ષથી લઈને દસ વર્ષના સમય સુધી આ અદાલતમાં જુબાનીઓ આપેલી છે. પંચનામા સમયે પંચ સાહેદોએ

		આરોપીઓને જોયેલા હતા. ત્યારબાદ કયારેય જોયેલા નથી અને અદાલતમાં જુબાની દરમ્યાન વીડિયો કોન્ફરન્સ દ્વારા બતાવેલા છે જેથી કરીને ચોકકસ આરોપીને ઓળખી શકે નહીં. આ ઉપરાંત આ અદાલતે સાહેદોની જુબાની દરમ્યાન રૂબરૂમાં જોયેલુ છે કે આરોપીઓ વીડિયો કોન્ફરન્સમાં પોતે ન ઓળખાય તે માટે જાત જાતની યુકિત પ્રયુકિતઓ અજમાવેલી છે. જેથી પણ સાહેદ આરોપીને ઓળખી શકે નહીં. એટલું જ નહીં કોઈ પણ વ્યકિતનું શારીરિક બંધારણ કુદરતના ક્રમ મુજબ પણ ૫–૬ વર્ષે બદલાતુ હોય છે માટે પણ આરોપીને ઓળખી શકે નહીં. પંચ સાહેદોએ આરોપીને નહીં ઓળખવાના જે કારણો આપેલા છે તે મારા મત પ્રમાણે વ્યાજબી છે.
૨	સ્ટેટ ઓફ મધ્યપ્રદેશ થ્રુ સીબીઆઈ વિરૂધ્ધ પલટન મુલ્લા ૨૦૦૫ (૧) સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ) પાન નં.૬૭૪	પેરા–૧૫ મુજબ સર્ચ કરનાર પોલીસ અધિકારીની સાથે રહેલા પંચ સાહેદ સ્થાનિક વિસ્તારના ન હોવા માત્રથી આરોપીના ઘરની જડતી કરીને જે વસ્તુની શોધ થયેલી હોય તે અંગેનો પુરાવો અસ્વીકાર કરી શકાય નહીં.
૩	સુરેન્દ્રસિંહ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ઉત્તર પ્રદેશ	શોધ વખતે સ્થાનિક અને આબરૂદાર વ્યકિતઓને હાજર રાખવામાં આવેલા નહીં. એવુ ધારવામાં આવે કે જે સાહેદો શોધ

	૧૯૫૬ ક્રિ.લો.જ. પાન નં.૮૦૧	સમયે હાજર હતા કે શોધની કાર્યવાહી જોઈ હતી તે આબરૂદાર નથી તે સંજોગોમાં શોધ અંગેની કાર્યવાહી અમાન્ય કરી શકાય નહીં. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૦૩ ની શરતો અનુસાર શોધ અને પુનઃપ્રાપ્તિમાં થયેલ અનિયમીતતાથી તેની કાયદેસરતાને અસર થશે નહીં.
૪	એન.સી.ટી. વિરૂધ્ધ સુનિલ ૨૦૦૧ સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ) પાન નં.૨૪૮	પેરા નં.૧૮, ૧૯, ૨૧ મુજબ આરોપીએ પોલીસ રૂબરૂ આપેલી માહિતીના આધારે વસ્તુની શોધ થયેલી. તે શોધ અંગેનો મેમો સ્વતંત્ર સાહેદોની રૂબરૂમાં પ્રમાણીત થવો જરૂરી નથી. આરોપીના કથન વખતે અને તે કથનના આધારે વસ્તુની શોધ થતા સમયે સાહેદ હાજર ન હોવા માત્રથી પુરાવો કાઢી નાખી શકાય નહીં. સામાન્ય રીતે પોલીસ અધિકારીનો પુરાવો માનવો જોઈએ. આરોપીએ બતાવવુ જોઈએ કે પોલીસ અધિકારીનો પુરાવો અવિશ્વાસનીય છે.
૫	ખુજી ઉર્ફે સુરેન્દ્ર તિવારી વિરૂધ્ધ સ્ટેટ ઓફ મધ્ય પ્રદેશ, ૧૯૯૧ સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ) પાન નં.૯૧૬	પેરા–૯ મુજબ ગુજરનારના નજીકના સગા પંચ તરીકે છે તેથી કરીને તે પંચ સાહેદનો પુરાવો ફેંકી દેવાય નહીં. એક જ પંચ સાહેદ અલગ–અલગ પંચનામામાં પંચ તરીકે રહી શકે. અલગ–અલગ પંચનામામાં એક જ પંચ સાહેદ પંચ તરીકે રહે તો તે સાહેદનો પુરાવો ફેંકી દેવાય નહીં. બનાવવાળી જગ્યાથી નજીકમાં પંચ સાહેદ

		રહે છે માટે તેને પંચ સાહેદ તરીકે પસંદ કરેલા છે તેમ કહેવાય નહીં. પંચ સાહેદ એક પંચનામામાં રહેલા હોય અને તે બીજા પંચનામામાં પણ પંચ સાહેદ તરીકે ના રહી શકે તેવો કોઈ મનાઈ હુકમ નથી.
૬	સ્ટેટ ઓફ એમ.પી. વિરૂધ્ધ પલ્ટનમુલ્લા ૨૦૦૫ સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ) પાન નં.૬૭૪	પેરા–૩૧ થી ૩૫ મુજબ આરોપીના ઘરેથી વસ્તુની શોધ થયેલી હોય તો તે શોધ સ્થાનિક વિસ્તારના પંચ સાહેદોની હાજરીમાં ના થઈ હોય તેથી તે પંચ સાહેદનો પુરાવો રદ ના થાય.
૭	સ્ટેટ ગવર્મેન્ટ ઓફ એન.સી.ટી. દિલ્હી વિરૂધ્ધ સુનિલ ૨૦૦૧ સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ) પાન નં.૨૪૮	પેરા–૧૯ મુજબ આરોપીનું નિવેદન લેવામાં આવે ત્યારે પુરાવાના કાયદાની કલમ–૨૭ અથવા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ હેઠળ તે નિવેદન ઉપર સ્વતંત્ર સાહેદની સહી લેવી જોઈએ તે જરૂરી નથી. સર્ચ કર્યા પછી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૦૦ (૫) હેઠળ સ્થાનિક અને પ્રતિષ્ઠિત વ્યકિતઓની સહી સર્ચ કરેલ વસ્તુની યાદી ઉપર કરાવવી જોઈએ તે તપાસ કરનાર અધિકારીની ફરજ છે. પેરા–૨૦ મુજબ સર્ચ કરીને શોધ કરવામાં આવે ત્યારે શોધાયેલી વસ્તુની યાદી બનાવી બે સ્વતંત્ર સાહેદની સહી કરવી જોઈએ પરંતુ શોધ વખતે કોઈ સાહેદ હાજર ન હોય અથવા હાજર હોય પરંતુ યાદી ઉપર

		સહી કરવાની ના પાડે ત્યારે અદાલતે તપાસ કરનાર અધિકારીની જુબાની ઉપર આધાર રાખવો જોઈએ.

ઉપરોકત પંચનામાઓ જે પંચોની હાજરીમાં તપાસ કરનાર અધિકારીઓએ બનાવેલા છે તે પંચનામાઓના પંચ સાહેદોને બચાવપક્ષ તરફથી ઊલટતપાસ દરમ્યાન ઘણા એવા બધા પ્રશ્નો પુછવામાં આવેલા છે કે કેસની મૂળ હકીકત સાથે સુસંગત નથી. જે પ્રશ્નો પુછવામાં આવેલા છે તે જેવા કે તમે કયા રહેતા હતા?, પોલીસ સ્ટેશનમાં કેવી રીતે આવ્યા?, જે પોલીસે ઉભા રાખેલા તેમના વર્ણન આપી શકો?, તેઓના હોદ્દાની ખબર છે?, તે દિવસે કોની સાથે શું શું વાતો કરેલી?, તે દિવસે શું કામગીરી કરેલી તેની નોંધ રાખી છે?, દિશાઓમાં ખબર પડે?, કયો ભાગ બીજા પંચે લખાવેલો અને કયો ભાગ તમે લખાવેલ?, અમુક વસ્તુ નહીં લખાવવાનું કારણ આપી શકો ?, પોલીસ અધિકારીઓના હોદ્દાની ખબર છે?, પોલીસ અધિકારીનું વર્ણન આપી શકો?, બીજા પંચ શું ભણેલા હતા?, આરોપીનું વર્ણન આપી શકો?, એફ.એસ.એલ. એટલે શું?, તેની શું કામગીરી છે?, હોદ્દાઓની ખબર છે?, એફ.એસ.એલ. અધિકારીના વર્ણન આપી શકો?, મેજિસ્ટ્રેટની કચેરીને કેટલા બારી બારણા હતા?, મેજિસ્ટ્રેટનું વર્ણન આપી શકો?, તેમના હોદ્દાની ખબર છે?, કઈ કઈ કોર્ટો કયાં કયાં આવેલી તેની ખબર છે?, મેજિસ્ટ્રેટની ઑફિસની સ્થિતિ જણાવી શકો?, પટાવાળાનું વર્ણન આપી શકો?, ચેમ્બર કેટલી પહોળી હશે?, તમે જે રૂમમાં બેઠેલા તે રૂમ અને ઓફીસ વચ્ચેનુ અંતર કહી શકો?, મેજિસ્ટ્રેટની ઓફીસને કેટલા બારી–બારણાં હતા?, બોમ્બ બનાવવાનો અનુભવ છે?, બોમ્બમાં શું વપરાય?, ડીટોનેટરનો અભ્યાસ કર્યો છે?, સરકીટ એટલે શું?, હાર્ડડીસ્ક એટલે શું?, હાલોલ થી પાવાગઢ કેટલુ દુર હશે?, ખાડામાં પાણી કેવુ હતુ?, ખાડાની ઉંડાઈ માપેલી?, કુગ્ગા કેટલે ઉંચે બાંધેલા?, કેટલા લોકો કુગ્ગા ફોડતા હતા અને કેટલા લોકો જમીન પર ચાલતા હતા?, પ્લાસ્ટીકની થેલીઓનો

કલર કેવો હતો?, સાઇકલો ઉપર ચેસીસ નંબર જોયેલા?, કઈ કંપનીની સાઇકલો હતી?, ગાડીમાં કયાં બેઠેલા?, સોસાયટીનું બોર્ડ વાચેલુ?, મકાનોના કલર કેવા હતા?, સોસાયટીમાં કેટલા માણસો હતા?, મકાનોની કેટલી લાઈનો હતી?, લાઈટનું મીટર કયા હતુ?, તાળુ તોડેલુ તે કઈ કંપનીનુ હતુ?, ફોટોગ્રાફરે કેમેરો ખોલીને બતાવેલો?, પંચનામુ લખનારનું નામ હોદ્દો ખબર છે?, ગ્રાહકોના વર્ણન આપી શકો? વિગેરે વિગેરે આવા બધા પ્રશ્નો પુછેલા છે તેનો કોઈ અર્થ નથી. આવા પ્રશ્નો પુછનાર એડવોકેટશ્રીને પણ આ પ્રશ્નો પુછવામાં આવે તો તે પણ જવાબો આપી શકે નહીં. જયારે પણ પંચનામુ બનાવવામાં આવતુ હોય ત્યારે સામાન્ય રીતે પંચોની હાજરીમાં બનતુ હોય છે અને પંચોને ખબર હોતી નથી કે ભવિષ્યમાં જુબાની આપવા અદાલતમાં જવુ પડશે જેથી ઉપર મુજબના જે પ્રશ્નો પુછેલા છે તે પ્રશ્નો વિશે બારીકાઇથી પંચનામા દરમ્યાન કોઇએ જોયુ પણ ન હોય અને વિચાર્યુ પણ ન હોય. ધારો કે પંચોએ જોયુ પણ હોય અને વિચાર્યુ પણ હોય તો ૮ થી ૧૦ વર્ષના સમય બાદ યાદ પણ ન હોય. બચાવ પક્ષ તરફથી એવી પણ દલીલ છે કે પંચો મજૂર માણસો છે. પરંતુ સામાન્ય રીતે ભારત દેશમાં પોલીસની કાર્યવાહીમાં ભાગ લેવા માટે સારા કે ભણેલા વર્ગના લોકો સ્પષ્ટ ના જ કહેતા હોય છે અને પોલીસની કાર્યવાહીમાં ભાગ લેવાથી દુર ભાગતા હોય છે. આવા સંજોગોમાં તપાસ કરનાર અધિકારીઓએ પંચમાં રહેવા માટે સારા અને ભણેલા વર્ગના સાહેદો મળતા હોતા નથી. આપણા દેશની પરિસ્થિતિ જોતા તપાસ કરનાર અધિકારી રીક્ષાવાળાઓ કે ચાની કીટલીવાળાઓને મહદઅંશે પંચો તરીકે રાખતા હોય છે અને તે લોકો પોતાની રોજીરોટી ધ્યાને રાખીને પોલીસને મદદ કરતા હોય છે. પંચ સાહેદ મજૂર છે, મજૂરી કરે છે માટે તે પંચ તરીકે ન રહી શકે તેવો કોઈ કાયદામાં નિયમ નથી. એટલુ જ નહીં પંચ સાહેદ વટવા મુકામે રહેતો હોય અને તે ક્રાઇમ બ્રાન્ચની ઑફિસથી ૧૦ કિ.મી. દુર રહેતો હોય તો તે ક્રાઇમ બ્રાન્ચની ઑફિસમાં આવીને પંચ તરીકે ન રહે તેવુ કાંઈ હોતુ નથી. વડોદરાનો માણસ પણ અમદાવાદમાં આવેલો હોય અને ક્રાઇમ બ્રાન્ચની ઑફિસ પાસેથી પસાર થતો હોય અને જો પોલીસ તેને બોલાવે તો વડોદરાનો માણસ

પણ પંચમાં રહી શકે. સામાન્ય નિયમ એવો છે કે જે જગ્યાએ બનાવ બનેલો હોય તે જગ્યાના સ્થાનિકમાં રહેતા પ્રતિષ્ઠિત વ્યકિતને પંચ તરીકે લેવા જોઈએ પરંતુ સ્થાનિકમાં કોઈ પ્રતિષ્ઠિત વ્યકિત ન મળે તો શું ? પંચનામુ ન કરાય ? આવા સંજોગોમાં તપાસ કરનાર અધિકારી કોઈ પણ વ્યકિતને કે જે પંચમાં રહેવા તૈયાર હોય તેને પંચ તરીકે લઈ જતી હોય છે. બચાવપક્ષ તરફથી એવા પણ પ્રશ્નો પુછવામાં આવેલા છે કે તમને પોલીસ સહી કરવાનું કહે તો સહી કરો ? તમે સહી કરવાની ના પાડો તો પોલીસની બીક લાગે ? પોલીસથી બધા ડરે ? સહી કરવાનું ના પાડો તો પોલીસ તમને ધંધો કરવા ન દે ? આવા બધા પ્રશ્નોના જવાબમાં પંચ સાહેદોએ "હા" પાડેલી છે. તેનો અર્થ એવો નથી કે તે પંચ સાહેદો ખોટા છે. તમામ પંચનામાઓના મોટા ભાગના પંચો મજૂર કક્ષાના માણસો છે. અદાલતમાં સોગંદ ઉપર જુબાની આપવાના પ્રસંગો તેઓને ભાગ્યે જ બનતા હોય છે. અદાલતમાં તેઓ આવેલા હોતા નથી. અદાલતના વાતાવરણથી અને શિષ્ટાચારથી તેઓ અજાણ હોય છે. અદાલતથી તેવા લોકોને ડર પણ લાગતો હોય છે અને તેમા પણ ખુલ્લી અદાલતમાં સોગંદ ઉપર જયારે આવા પંચ સાહેદોની જુબાનીઓ નોંધાતી હોય ત્યારે સાહેદોના મગજમાં ડર પણ હોય છે કે ખોટુ બોલાઈ જશે તો તકલીફ પડશે. આ અદાલતે જુબાનીઓ દરમ્યાન જોયેલુ છે કે પ્રશ્ન પુછવાની પધ્ધતિ એવી હતી કે ઉંચા અવાજે પ્રશ્નો પુછવા, આંખો મોટી કરીને પ્રશ્નો પુછવા, જયાં સુધી પોતાની તરફેણમાં સાહેદનો જવાબ ન આવે ત્યાં સુધી વારંવાર પ્રશ્નો પુછવા, આ પ્રમાણે પ્રશ્નો પુછવાથી પંચ સાહેદ ડરી જાય, ગભરાઇ જાય અને "હા જી હા" માં જવાબો આપી દે. પ્રશ્ન એવી રીતે પુછવામાં આવેલા છે કે સાહેદ ડરી જાય અને અદાલતને એવુ પણ ન લાગે કે સાહેદને ડરાવેલા છે. આ રીતે પ્રશ્ન પુછવાની પધ્ધતિ યોગ્ય નથી. એટલુ જ નહીં તેઓ ભણેલા હોતા નથી કેવા પ્રશ્નોના જવાબો કેવા આપવા તે અંગે પુરી માહિતી પણ તેમની પાસે હોતી નથી. આવા ઓછુ ભણેલા અને મજૂર કક્ષાના માણસોને વિદ્વાન વકીલશ્રીઓ આરોપીઓને લાભ થાય તેવા પ્રશ્નો પુછવાનો પ્રયત્ન કરતા હોય છે. પંચ સાહેદ કાયદાના વિદ્વાન હોતા નથી, કાયદાનો અભ્યાસ કરેલો

હોતો નથી જયારે વકીલશ્રીઓ વિદ્વાન હોય છે, કાયદાનો અભ્યાસ કરેલો હોય છે. પંચ સાહેદોએ ભાગ્યે જ અદાલતમાં જુબાનીઓ આપેલી હોય છે. વકીલશ્રીઓ રોજેરોજ અદાલતમાં સાહેદોની જુબાનીઓ લેતા હોય છે, ઊલટતપાસ કરતા હોય છે. વકીલશ્રીઓ અદાલતના માહોલથી સંપૂર્ણ વાકેફ હોય છે. તેઓને અદાલતના વાતાવરણનો ભય હોતો નથી. જયારે પંચ સાહેદો અદાલતના માહોલથી વાકેફ હોતા નથી અને તેમને અદાલતના વાતાવરણનો ભય પણ હોય છે. માટે કેવા પ્રશ્નો પુછીને સાહેદનો ગુચવવો તેમાં પણ માહેર હોય છે આવા સંજોગોમાં વિદ્વાન કાયદાના જ્ઞાની અને વર્ષોના અનુભવવાળા વકીલશ્રી એક મજૂર કક્ષાના માણસને કે જે ભણેલા હોતા નથી અદાલતના વાતાવરણથી પરીચીત નથી તેવા પંચ સાહેદોની ઊલટતપાસ કરે ત્યારે સ્વાભાવિકપણે પંચ સાહેદો ગુંચવાઈ જતા હોય છે અને તેના કારણે વિરોધાભાસી અથવા તો ખોટા જવાબો અપાય જતા હોય તો તેનો અર્થ એવો હોતો નથી કે તે પંચ સાહેદો ખોટા છે કે તેમની હાજરીમાં પંચનામાઓ થયા નથી.

બંને પક્ષ તરફની દલીલો તેમજ રજૂઆતો અને નામદાર સુપ્રિમો કોર્ટના બંને તરફથી રજૂ થયેલા ચુકાદાઓ અને આ કેસની હકીકતો ધ્યાને લેતા આ કેસમાં ઉપરોકત કોષ્ટકમાં જણાવ્યા પ્રમાણેના તપાસ કરનાર અધિકારીઓએ જુદી–જુદી તારીખોએ પંચોને સાથે રાખી જુદા–જુદા આરોપીઓએ જે જે માહિતી આપી અને તે માહિતીના આધારે પંચોની હાજરીમાં ઉપરોકત કોષ્ટકમાં જણાવ્યા મુજબના આંકવાળા પંચનામાઓ બનાવેલા છે. અમુક પંચનામાની વિગતે મુદ્દામાલ વસ્તુની શોધ થયેલી છે અને અમુક પંચનામાની વિગતે આરોપીઓએ જગ્યાઓ બતાવેલી છે. આ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ થયેલા છે, જે વસ્તુની શોધ થયેલ છે તે પૈકી મોટા ભાગની વસ્તુઓ બોમ્બની સમાગ્રીમાં વપરાયેલી છે. જેથી મારા મંતવ્ય પ્રમાણે ઉપરોકત કોષ્ટકમાં જણાવ્યા મુજબના પંચનામાઓમાં જે આરોપીઓએ પોલીસ કસ્ટડીમાં પંચોની હાજરીમાં જે માહિતી આપેલી છે તે માહિતી કબૂલાત હોય કે ન હોય તેમ છતાં તે તમામ માહિતી પુરાવાના કાયદાની કલમ–૨૭ મુજબ આરોપીઓ વિરૂધ્ધ ગ્રાહય છે. એટલુ જ નહીં આરોપીઓએ

પોતે પકડાય ગયા બાદ આ માહિતી આપેલી છે અને માહિતીના આધારે જે તે જગ્યા ઉપર આરોપી દોરીને લઈ ગયેલા છે જેથી પુરાવાના કાયદાની કલમ–૮ મુજબ પણ આરોપીઓનું વર્તન પુરાવામાં ગ્રાહય છે.

(૮૨) સ્ટુડન્ટ ઈસ્લામિક મુવમેન્ટ ઓફ ઈન્ડિયા(સીમી) તથા જેહાદ વિશે...

બચાવપક્ષ તરફથી વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, સ્ટુડન્ટ ઈસ્લામિક મુવમેન્ટ ઓફ ઈન્ડિયા (સીમી) ઉપર પ્રતિબંધ મુકતુ જાહેરનામું અનલોફુલ એકટીવીટી (પ્રિવેન્શન) એકટ– ૧૯૬૭ ની કલમ–૩ હેઠળનું તા.૭.૨.૨૦૦૮ ના રોજનું ફરિયાદપક્ષ દ્વારા આંક–૮૩૦૧ થી રજૂ થયેલુ છે. આ નોટીફિકેશન કેન્દ્ર સરકાર દ્વારા કાયદાની કલમ–૩ હેઠળ બહાર પડે. વધુમાં શ્રી આર.કે.શાહે કાયદાની કલમ–૩ વંચાણે લીધેલી છે અને દલીલ કરેલ છે કે, કલમ–૩ હેઠળ બહાર પાડવામાં આવેલુ જાહેરનામુ કાયદાની કલમ–૪ હેઠળ ટ્રીબ્યુનલ દ્વારા બહાલી આપવામાં આવે ત્યારબાદ જ તે અમલમાં આવે. આમ, કાયદાની કલમ–૪ હેઠળ ટ્રીબ્યુનલ દ્વારા તા.૭.૨.૨૦૦૮ ના રોજ બહાર પાડવામાં આવેલ જાહેરનામું બહાલ રાખ્યા અંગેનો ફરિયાદપક્ષ તરફથી કોઈ પુરાવો રજૂ થયેલો નથી. વધુમાં વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, કાયદાની કલમ–૩ હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલુ જાહેરનામું કાયદાની કલમ–૪ હેઠળ ટ્રીબ્યુનલ તેને બહાલી આપે ત્યારબાદ તે જાહેરનામું દૈનિક વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધ થવુ જોઈએ પરંતુ તા.૭.૨.૨૦૦૮ નાં રોજ બહાર પાડવામાં આવેલુ જાહેરનામું પ્રસિધ્ધ થયેલ હોય તેવો કોઈ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. વકીલ શ્રી આર.કે.શાહ વધુમાં દલીલ કરતા જણાવે છે કે, જાહેરનામું પ્રસિધ્ધ કરવા માટે કાયદામાં ચાર રીતો આપવામાં આવેલી છે અને તે રીતો પ્રમાણે જાહેરનામું પ્રસિધ્ધ થવુ જોઈએ. ફકત જાહેરનામું બહાર પાડી દેવાથી તે કાયદેસર બનતુ નથી. આ જાહેરનામુ ટ્રીબ્યુનલ દ્વારા તા.૫.૮.૨૦૦૮ ના રોજ ટ્રીબ્યુનલે રદ કરેલ છે અને તેની ઝેરોક્ષ નકલ દલીલો

સાથે રજૂ કરવામાં આવેલી છે. જેથી વકીલશ્રી આર.કે.શાહના કહેવા પ્રમાણે, અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવો તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના સમય દરમ્યાન "સીમી"ને ગેરકાયદેસર જાહેર કરતુ કોઈ જાહેરનામુ અસ્તિત્વમાં ન હતુ માટે "સીમી" ઉપર કોઈ પ્રતિબંધ ન હતો. વકીલશ્રી આર.કે.શાહ આ મુદ્દા ઉપર નીચે મુજબના ચુકાદા પર આધાર રાખેલ છે.

અ.નં.	**ચુકાદો**	**ચુકાદામાં નિર્ણીત થયેલ મુદ્દાઓ પૈકી જાહેરનામાં બાબતે નિર્ણીત થયેલ મુદ્દો**
૧	યુનીયન ઓફ ઈન્ડિયા વિરૂધ્ધ રાષ્ટ્રીય સ્વયંમ સેવક સંઘ (૧૯૯૩)૪ સુપ્રીમ કોર્ટ કેસીસ પાન નં.૨૩	ચુકાદાના પેરા નં.૩ મુજબ કેન્દ્ર સરકાર દ્વારા પ્રતિબંધ મુકતુ જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવે અને તે જાહેરનામું ટ્રીબ્યુનલ દ્વારા મંજૂર કરવામાં ન આવે ત્યાં સુધી તે જાહેરનામું અમલમાં આવી શકે નહીં આ કેસમાં સીમી ઉપર પ્રતિબંધ મુકતુ જાહેરનામું રજૂ થયેલું છે. ટ્રીબ્યુનલ દ્વારા તા.૦૫/૦૮/૨૦૦૮ ના રોજ રદ્દ કરવામાં આવેલું હતું પરંતુ તા. ૦૬/૦૮/૨૦૦૮ ના રોજ નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા ફરીથી સીમી ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવેલો છે. અને સરકાર દ્વારા વખતોવખત સમય લંબાવેલો છે. સીમી ઉપર પ્રતિબંધ સને–૨૦૨૩ સુધી ચાલું છે.

વકિલશ્રી આર.કે.શાહ દલીલ કરતા એમ પણ જણાવે છે કે, આ 'સીમી' સંગઠન પ્રતિબંધિત ન હોવાના કારણે સંગઠનના સભ્ય હોવુ કોઈ ગુનો બનતો નથી. આ મુદ્દા માટે તેઓ નીચે મુજબના ચુકાદાનો આધાર રાખેલ છે.

અ.નં.	ચુકાદો	ચુકાદામાં નિર્ણીત થયેલ મુદ્દાઓ પૈકી સંગઠનના સભ્ય બાબતે નિર્ણીત થયેલ મુદ્દો
૧	અરૂપ ભુયાન વિરૂધ્ધ સ્ટેટ ઓફ આસામ ૨૦૧૧ કી.લો.જ. પાન નં.૧૪૫૫ સુપ્રીમ કોર્ટ	ચુકાદાના પેરા–૧૨,૧૬ મુજબ કોઈ પણ વ્યકિત માત્ર સંગઠનનો સભ્ય છે તો તે સભ્ય થવાથી કોઈ ગુનો બનતો નથી અને સંગઠનનો સભ્ય હોવુ તે ગુનો નથી. આ કેસમાં અનલોકુલ એક્ટીવીટી (પ્રિવેન્સન એકટ–૧૯૬૭ હેઠળ સીમી સંગઠનને આતકવાદી સંગઠન તરીકે ભારત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ છે જેથી આવા સંગઠનના સભ્ય હોવું કે બનવુ તે ગુનો બને છે. અને આ કામના આરોપીઓ આ પ્રતિબંધીત સીમી સંગઠનના સભ્યો છે.

પરંતુ મારા મત પ્રમાણે "સીમી" સંગઠનને નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા તા.૬.૮.૨૦૦૮ ના રોજ ફરીથી પ્રતિબંધિત કરેલ છે જે અંગેની માહિતી ઇન્ટરનેટ ઉપર છે માટે કેન્દ્ર સરકાર દ્વારા કોઈ સંગઠનને પ્રતિબંધિત કરતુ જાહેરનામું તૈયાર કરી ગેજેટમાં પ્રસિધ્ધ કરે અને તે જાહેરનામું નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા માન્ય રાખવામાં આવે તો તે પ્રતિબંધિત સંગઠન કહેવાય. ઇન્ટરનેટ ઉપરની માહિતી પ્રમાણે ટ્રીબ્યુનલ દ્વારા તા.૦૫/૦૮/૨૦૦૮ ના રોજ "સીમી" ઉપર પ્રતિબંધનું જાહેરનામું રદ્ધ કરવામાં આવેલું પરંતુ

બીજા જ દિવસે એટલે કે, તા.૦૬/૦૮/૦૮ ના રોજ નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા દેશના હિતમાં ફરીથી પ્રતિબંધ મુકેલ છે માટે અનલોફુલ એકટીવીટી (પ્રિવેન્શન) એકટ હેઠળ તેવા પ્રતિબંધીત સંગઠનના સભ્ય હોવુ તે ગુનો બને છે.

વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, આરોપી મોહમદ હબીબ ઉર્ફે હબીબ ફલાહી ઉર્ફે મહમદ તૈયબ અબુલ જૈસ શેખ (આરોપી નં.૬૮) નાઓએ "સીમી"ને લગતો દસ્તાવેજ તેઓના ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદન સાથે રજૂ કરેલો છે. તે દસ્તાવેજ પુરાવામાં વિચારણા હેઠળ લઈ શકાય નહીં. આ હકીકત પુરવાર કરવાનો બોજો ફરિયાદપક્ષ ઉપર છે અને ફરિયાદપક્ષે"સીમી" બાબતે કોઈ જ પુરાવો રજૂ કરેલો નથી. આરોપી કોઈ દસ્તાવેજ રજૂ કરે તો તે ધ્યાને ન લેવાય. આરોપી નં.૬૮ નાઓએ રજૂ કરેલો દસ્તાવેજ તેના માટે વાંચી શકાય, બીજા આરોપીઓ માટે વાંચી શકાય નહીં. પરંતુ વકીલશ્રી આર.કે.શાહની દલીલ સાથે હું સંમત નથી કારણ કે આરોપી નં.૬૮નાઓએ પોતાના ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનની સાથે કુલ–૯ દસ્તાવેજો રજૂ કરવા માટે અને તે દસ્તાવેજોને આંક આપવા માટે આંક–૯૧૭૬ થી અરજી આપવામાં આવેલી. ફરિયાદપક્ષ દ્વારા તે અરજીનો આંક–૯૧૮૧ થી જવાબ આપવામાં આવેલો છે. બંને પક્ષની રજૂઆતો સાંભળીને આરોપી નં.૬૮ નાએ રજૂ કરેલા ૯ દસ્તાવેજોને કામચલાઉ આંક આપવાનો હુકમ કરેલો છે. આરોપી નં.૬૮નાએ "સીમી" અંગેનો દસ્તાવેજ **"કનેકશન ઓફ સીમી"** રજૂ કરેલો જેને આંક–૯૨૪૮ આપવામાં આવેલો છે. ત્યારબાદ આરોપી નં.૬૮ ના વકીલશ્રી સોમનાથ વત્સનાઓએ આ દસ્તાવેજને ડી–એકઝીબીટ કરવા માટે આંક–૯૨૫૪ થી અરજી આપવામાં આવેલી. પરંતુ આરોપીએ રજૂ કરેલો દસ્તાવેજ અને તેની માંગણી પ્રમાણે દસ્તાવેજને આંક આપવામાં આવેલો. પરંતુ તે દસ્તાવેજને ડી–એકઝીબીટ કરી શકાય નહીં. આ મુદ્દા સંબંધે આ અદાલતના ધ્યાનમાં છે તે ચુકાદો ધ્યાને લીધેલ છે.

અ.નં.	ચુકાદો	ચુકાદામાં નિર્ણીત થયેલ મુદ્દાઓ પૈકી "ડી "એક્ઝીબીટ અંગે નિર્ણીત થયેલ

		મુદ્દો
૧	આર.વેંકટરામન રેડી વિરૂધ્ધ રાધાકિશન રેડી સિવિલ રીવીઝન અરજી નં.૩૫૪૨/૨૦૧૮ તા.૨૭.૧૧.૨૦૧૯	એક વખત દસ્તાવેજને આંક આપવામાં આવેલ હોય ત્યારે તે દસ્તાવેજને પાછળથી "ડી" એકઝીબીટ કરી શકાય નહીં. આ કેસમાં આરોપી નં.૬૮ નાઓએ "કનેક્શન ઓફ સીમી" નો દસ્તાવેજ આંક–૯૨૪૮ થી રજૂ કરેલો છે. આ દસ્તાવેજ રજૂ કરીને આરોપી તરફથી દસ્તાવેજને આંક આપવા વિનંતી કરતા આંક આપવામાં આવેલ છે. અને વંચાણે લીધેલ છે.

માટે મારા મત પ્રમાણે આરોપી નં.૬૮નાએ 'સીમી' અંગે જે દસ્તાવેજ રજૂ કર્યો છે તે વિચારણા હેઠળ લઈ શકાય. આરોપી નં.૬૮ એકલા પુરતો જ નહીં પરંતુ જયારે આરોપી તથા અન્ય સહઆરોપીઓએ કાવતરૂ રચીને કોઈ ગુનાહિત કૃત્ય કરેલુ હોય તો આ દસ્તાવેજ તમામ કાવતરૂ રચનારાઓ માટે વંચાણે લઈ શકાય. આંક–૯૨૪૮ ધ્યાને લેતા સીમીની સ્થાપના, હેતુ અને વિચારધારા, નેતાગીરી, કાર્યવાહીનો વિસ્તાર, જાહેરાત, બનાવો, હેડ કવાટર, ભારત સરકાર દ્વારા પ્રતિબંધ અંગેની વિગત, કઈ સાલમાં શું બન્યુ તેની વિગત, કઈ સાલમાં કઈ જગ્યાએ બ્લાસ્ટ કર્યા તેની વિગત, તા.૮.૨.૦૬ નાં રોજ ત્રીજી વખત સીમી ઉપર પ્રતિબંધ મુકયો તેની વિગત, તા.૭.૨.૦૮ નાં રોજ સીમી ઉપર પ્રતિબંધ મુકયો તેને ચેલેન્જ કર્યો તેની વિગત, સીમીનુ હેડ કવાટર અને પ્રાદેશિક વિસ્તારોની માહિતી, દરેક વિસ્તારમાં દરેક રાજયમાં સીમીના હોદ્દેદારો કોણ છે તેના નામો, સભ્યોની યાદીનું અને અમદાવાદના સભ્યોનુ વિસ્તૃત વિવરણ આંક–૯૨૪૮ માં આપવામાં આવેલુ છે. આ દસ્તાવેજ રજૂ કરવાની

જવાબદારી ફરિયાદપક્ષની હતી પરંતુ આ દસ્તાવેજને આરોપી નં.૬૮ દ્વારા રેકર્ડ ઉપર લાવવામાં આવેલ છે.

વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, આરોપી દ્વારા બચાવમાં કોઇ દસ્તાવેજ રજૂ કરવામાં આવે તો વિચારણા હેઠળ લઇ શકાય નહિ કારણ કે, તે પુરાવો નથી. આ મુદ્દા અંગે તેઓ નીચે મુજબના ચુકાદા ઉપર આધાર રાખે છે.

અ.નં.	ચુકાદો	ચુકાદામાં નિર્ણીત થયેલ મુદ્દાઓ પૈકી આરોપી તરફથી રજૂ થયેલ દસ્તાવેજ બાબતે નિર્ણીત થયેલ મુદ્દો
૧	શીવ કુમાર આત્મારામ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત જી.એલ.આર. ૧૯૭૦ પાના નં.૨૮૧, ગુજરાત	ચુકાદાના પેરા–૭ મુજબ આરોપી કોઈ દસ્તાવેજ રજૂ કરે તો તે ધ્યાને લેવાય નહીં તે પુરાવો નથી. તે દસ્તાવેજ પુરાવાના કાયદા મુજબ પુરવાર થયેલો હોવો જોઈએ. આ કેસમાં આરોપ નં.૬૮ નાઓએ આંક–૯૨૪૮ થી " કનેક્શન ઓફ સીમી" એટલે કે સીમી નું બંધારણ રજૂ કરેલું છે. અને આરોપી તરફથી આ દસ્તાવેજ વંચાણે લેવા વિનંતી કરવામાં આવેલી છે. જેથી આ ચુકાદો આરોપીને મદદરૂપ થશે નહિ. આ દસ્તાવેજ આરોપીએ રજૂ કરેલો હોય પુરાવા તરીકે વંચાણે લઇ શકાય તેમ હું માનું છું.

આ દસ્તાવેજ પુરાવો નથી તેવી વ.શ્રી આર.કે.શાહની દલીલ સાથે હું સંમત છું પરંતુ આ દસ્તાવેજમાં જે જે વિગતો જણાવેલી છે તે તમામ વિગતો

આ કેસના બનાવો સાથે સુસંગત હોય રેકર્ડ ઉપરના અન્ય પુરાવા સાથે આ દસ્તાવેજને સમર્થનકારી દસ્તાવેજ તરીકે ચોકકસપણે વિચારણા હેઠળ લઈ શકાય તેમ હું માનુ છું. વધુમાં આ દસ્તાવેજ આરોપી નં.૬૮નાએ રજૂ કરેલો છે તેને આ દસ્તાવેજને આંક આપવા વિનંતી કરેલી છે અને તે આધારે આંક આપવામાં આવેલો છે. ઉપરોકત ચુકાદા મુજબ રજૂ થયેલો દસ્તાવેજ આરોપીએ સ્વિકાર કરેલો ન હતો માટે ઉપરોકત ચુકાદો બચાવ પક્ષને મદદ કરતો નથી.

હવે "સીમી" એટલે 'સ્ટુડન્ટ ઈસ્લામીક મુવમેન્ટ ઓફ ઈન્ડિયા' બાબતે ઈન્ટરનેટ ઉપર સર્ચ કરતા માલુમ પડે છે કે, આ સંગઠનનું ગઠન તા.૨૫.૪.૧૯૭૭ ના રોજ મુકામ અલીગઢ, ઉત્તર પ્રદેશમાં થયેલુ હતુ અને તેનો હેતુ ભારતની પ્રાચીન સંસ્કૃતિ સમાપ્ત કરી ઈસ્લામિક સમાજમાં રૂપાંતર કરવાનો છે. કટ્ટરપંથી સંગઠન "સીમી"એ ભારત વિરૂધ્ધ "જેહાદ" ની ઘોષણા કરેલી છે. ભારતમાં દાર–ઉલ–ઈસ્લામ (ઈસ્લામની ભૂમિ)ની સ્થાપના કરવાની છે. આ સંગઠનને ૨૦૦૧ની સાલના ૯/૧૧ ના હુમલા પછી ભારત સરકાર દ્વારા પ્રતિબંધિત જાહેર કર્યો છે.અનલોકુલ એકટીવીટી (પ્રિવેન્શન)એકટ–૧૯૬૭ ના શીડયુલ–૧ માં પ્રતિબંધિત સંગઠનોની જે યાદી આપવામાં આવેલી છે તે યાદીમાં અનુક્રમ નં.૨૨ થી "સીમી" ને પ્રતિબંધિત કરેલ છે. વકીલશ્રી આર.કે. શાહની દલીલ પ્રમાણે તા.૫.૮.૨૦૦૮ ના રોજ ટ્રીબ્યુનલ દ્વારા આ પ્રતિબંધ હટાવી લેવામાં આવેલો છે અને તે અંગેના હુકમની નકલ રજૂ કરેલી છે પરંતુ તે પ્રમાણિત નકલ નથી અને દલીલના તબકકે રજૂ કરેલી છે તેને પુરાવા તરીકે રજૂ કરેલી નથી. તેમ છતાં માની લેવામાં આવે કે, ટ્રીબ્યુનલ દ્વારા તા.૫.૮.૨૦૦૮ ના રોજ 'સીમી'ને પ્રતિબંધિત સંગઠન તરીકે જાહેર કરતુ જાહેરનામું રદ્ધ કરેલુ છે તો બીજા જ દિવસે એટલે કે, તા.૬.૮.૨૦૦૮ ના રોજ નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા રાષ્ટ્રીય સુરક્ષાના હેતુ માટે આ સંગઠન ઉપર ફરીથી પ્રતિબંધ મુકેલો છે. આ સંગઠનની વિચારધારા પ્રમાણે તેનો ઉદ્વેશ ભારતના લોકોમાં ભય અને આક્રોશ પેદા કરવાનો છે.

વધુમાં ભારત સરકારના રાજપત્ર તા.૯.૪.૨૦૦૨ નુ ધ્યાને લેવામાં આવે તો આ સંગઠનને ભારત સરકાર દ્વારા તા.૨૭.૯.૨૦૦૧નાં રોજ પ્રતિબંધિત જાહેર કરેલુ હતુ અને તેની પ્રસિધ્ધી રાજપત્રમાં થયેલી છે. આ પ્રસિધ્ધીને તા.૨૬.૩.૨૦૦૨ ના રોજ નામદાર દિલ્હી હાઈકોર્ટે મંજૂર રાખેલી હતી. ત્યારબાદ ઈન્ટરનેટ ઉપર સર્ચ કરતા ભારત સરકાર દ્વારા આ પ્રતિબંધ ફેબ્રુઆરી–૨૦૧૯ સુધી ચાલુ રાખવામાં આવેલો હતો અને ત્યારબાદ બીજા ૫ વર્ષ સુધી આ સંગઠન ઉપર મુકવામાં આવેલ પ્રતિબંધ લંબાવવામાં આવેલો. વધુમાં ઈન્ટરનેટ ઉપર સર્ચ કરતા આ સંગઠનની ઉત્તર પ્રદેશ, દિલ્હી, મધ્ય પ્રદેશ, ગુજરાત, કેરલ, મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ સહિત કેટલાય રાજયોમાં મજબુત સ્થિતિ છે અને આ સંગઠન ઉપર પ્રતિબંધ આવતા આ સંગઠન **"ઈન્ડિયન મુજાહિદ્દિન"**ના નામથી ભારતમાં આતંકવાદી પ્રવૃત્તિઓ કરે છે.

અનલોકુલ એકટીવીટી (પ્રિવેન્શાન) એકટ–૧૯૬૭ની કલમ–૩ ની પેટા કલમ–૪ ધ્યાને લેતા કલમ–૩ હેઠળ પ્રસિધ્ધ કરવામાં આવેલ જાહેરનામું કુલ ચાર રીતે પ્રસિધ્ધ કરવુ પડે તે પૈકી (૧) સંગઠનની ઓફિસની બહાર જાહેરમાં જોઈ શકાય તે રીતે ચોંટાડવુ (૨)શકય હોય ત્યાં સુધી સંગઠનના હોદ્દેદારોને જાહેરનામાંની કોપી બજાવવી (૩) ઢોલ, લાઉડ સ્પીકરથી જાહેરનામું વાંચીને સંગઠનની ઑફિસવાળા વિસ્તારમાં કે જયાં સંગઠન પ્રવૃત્તિ કરતુ હોય ત્યાં જાહેરાત કરવી (૪) અન્ય રીતે. વકીલ શ્રી આર.કે.શાહની દલીલ પ્રમાણે આ ચાર રીતોથી જાહેરનામું પ્રસિધ્ધ થવુ જોઈએ. પરંતુ મારા મત પ્રમાણે આ ચાર રીતોથી જાહેરનામું પ્રસિધ્ધ થવુ જ જોઈએ તેવી કાયદામાં જોગવાઈ છે પરંતુ સાથે સાથે એવી પણ જોગવાઈ છે કે કેન્દ્ર સરકારને યોગ્ય લાગે તે રીતે પ્રસિધ્ધ કરશે તથા કાયદામાં એવી પણ જોગાવાઈ છે કે કેન્દ્ર સરકાર સરકારી ગેઝેટમાં પણ છાપીને પ્રસિધ્ધ કરી શકશે. કાયદામાં જણાવેલ ઉપરોકત ચાર પધ્ધતિ પ્રમાણે જાહેરનામું પ્રસિધ્ધ થયુ હોય તેવો કોઈ મજબુત પુરાવો ફરિયાદપક્ષ તરફથી રજૂ થયેલો નથી પરંતુ કેન્દ્ર સરકાર દ્વારા તા. ૯.૪.૨૦૦૨ ના રોજ પ્રસિધ્ધ થયેલ ગેજેટમાં આ જાહેરનામું પ્રસિધ્ધ થયેલુ છે જેથી મારા મત પ્રમાણે આ જાહેરનામું

કાયદેસર રીતે પ્રસિધ્ધ થયેલુ નથી તેવી વકીલશ્રી આર.કે. શાહની દલીલ સાથે હું સંમત નથી.

વકીલશ્રી એલ.આર.પઠાણ "સીમી" બાબતે દલીલ કરતા જણાવે છે કે સીમી સંગઠન ઉપર પ્રતિબંધ મુકતુ જાહેરનામું તા.૭.૨.૨૦૦૮ ના રોજ ઈશ્યુ થયેલુ હતુ, તેની ઝેરોક્ષ નકલ ફરિયાદપક્ષ દ્વારા આંક–૮૩૨૮ થી રજૂ કરેલી છે પરંતુ તે ઝેરોક્ષ નકલ છે અને તેને વંચાણે લેવાય નહીં. તેમ છતાં આ નકલ વંચાણે લઈએ તો પણ ટ્રીબ્યુનલ દ્વારા તા.૫.૮.૨૦૦૮ ના રોજ આ જાહેરનામું રદ કરેલુ છે. આ સંબંધે આગળ ઉપર ચર્ચા કરી છે તેમ તા.૬.૮. ૨૦૦૮ ના રોજ નામદાર સુપ્રિમ કોર્ટે રાષ્ટ્રીય સુરક્ષાના હેતુસર ફરીથી સીમી ઉપર પ્રતિબંધ ફરમાવેલ છે અને તે પ્રતિબંધ વખતો વખત સરકારશ્રી દ્વારા લંબાવવામાં આવેલ છે અને સને–૨૦૨૩ સુધી તે લંબાયેલો છે. વધુમાં વકીલશ્રી એલ.આર. પઠાણ દલીલ કરતા જણાવે છે કે સીમી આતંકવાદી સંસ્થા છે તેવો ફરિયાદપક્ષનો કેસ નથી. અનલોફુલ એકટીવીટી (પ્રિવેન્શન) એકટની કલમ– ૩૮ આતંકવાદી સંગઠનને જ લાગુ પડે છે. જયારે સીમી આતંકવાદી સંગઠન નથી પરંતુ તે ગેરકાયદેસર મંડળ છે તેવુ જાહેર થયેલુ છે અને સીમીની કાર્યવાહી દેશ વિરૂધ્ધ નથી. વકીલશ્રી એલ.આર.પઠાણની દલીલ સાથે હું સંમત નથી, કારણ કે અનલોફુલ એકટીવીટી (પ્રિવેન્શન) એકટના શીડયુલમાં "ટેરરીસ્ટ ઓર્ગેનાઈઝેશન્સ" માં કુલ–૩૯ ઓર્ગેનાઈઝેશન્સ બતાવેલા છે જેમાં સીમી ને "૨૨" નંબર ઉપર બતાવેલ છે. જેથી એવુ સ્પષ્ટ બને છે કે સીમી સંગઠન પ્રતિબંધીત સંગઠન છે. ઈન્ટરનેટ ઉપર "સીમી વીકીપીડીયા" સર્ચ કરીએ તો સીમી સંગઠન પ્રતિબંધીત સંગઠન જાહેર થયેલુ છે. શરૂઆતમાં આ સંગઠન "જમાત–એ–ઈસ્લામી હિન્દ" ના નામથી ચાલતુ હતુ. સીમીનો હેતુ ભારતનાં લોકોમાં ભય અને આક્રોશ પેદા કરવાનો છે અને સીમીને પ્રતિબંધીત સંગઠન જાહેર કરતા તેની પ્રવૃત્તિ બંધ થયેલી નથી પરંતુ "ઈન્ડિયન મુજાહિદ્દિનના" નામથી ભારતમાં આતંકવાદી પ્રવૃત્તિ કરે છે તેવુ સ્પષ્ટ ઈન્ટરનેટ ઉપર છે.

ફરિયાદપક્ષ દ્વારા આંક–૮૩૨૮ થી કુલ–૧ થી ૬ દસ્તાવેજો રજૂ કરેલા છે. દસ્તાવેજ નં.૧ પ્રમાણે સંયુકત પોલીસ કમિશ્નરની કચેરી, ક્રાઈમ બ્રાન્ચ, અમદાવાદનાએ તા.૨.૯.૨૦૦૮ ના રોજ લખેલ પત્ર રજૂ કરેલો છે. આ પત્ર અમદાવાદમાં થયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટના કેસોની તપાસ કરનાર તપાસ ટીમોના અધિકારીઓ (૧) એચ.આર. મુલીયાના(૨) વી.આર.ટોળીયા (૩) એમ.જે.ચાવડા (૪) આર.વી. અસારી (૫) સુ.શ્રી ઉષા રાડાનાઓને લખેલો પત્ર છે. દસ્તાવેજ નં.૨ થી સંયુકત પોલીસ કમિશ્નર, વિશેષ શાખા, અમદાવાદ શહેરના પત્ર ક્રમાંક વિશા/એમ/૫૬૩/૨૦૦૮, તા.૦૧/૦૯/૨૦૦૮થી સંયુકત પોલીસ કમિશ્નર, ક્રાઈમ બ્રાન્ચને "સીમી" સંસ્થા ઉપર મુકેલ પ્રતિબંધ અંગેના જાહેરનામાંની નકલ જાહેર સ્થળોએ પ્રસિધ્ધ કરેલ તેનો રીપોર્ટ આ પત્ર દ્વારા મોકલેલો હતો. તે પત્ર છે. દસ્તાવેજ નં.૦૩થી સેકશન અધિકારી, ગૃહ વિભાગના પત્ર ક્રમાંક વી.૧/યુએલઓ/૨૦૦૫/જીઓઆઈ–૩૨/પાર્ટ ફાઈલ, તા.૨૨–માર્ચ–૨૦૦૮થી પોલીસ મહાનિર્દેશક, ગુજરાત રાજય, ગાંધીનગર, અધિક પોલીસ મહાનિર્દેશક, ગાંધીનગર, સર્વે જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીઓ, સર્વે પોલીસ કમિશનરશ્રીઓ, સર્વે પોલીસ અધિકારીશ્રી ઓને "સીમી" સંસ્થાની પ્રવૃત્તિ ઉપર પ્રતિબંધ મુકેલ હોય જરૂરી કાર્યવાહી કરવા લખેલો પત્ર છે. દસ્તાવેજ નં.૪ થી મિનીસ્ટ્રી ઓફ હોમ, ગવર્મેન્ટ ઓફ ઈન્ડિયા દ્વારા તા.૧૧/૦૨/૨૦૦૮ ના રોજ દરેક રાજયના ચીફ સેક્રેટરીઓને "સીમી" ઉપર પ્રતિબંધ મુકેલો છે તે અંગેની જાણ કરતો પત્ર જાહેરનામાં સાથે લખેલો તે પત્ર રજૂ કરેલો છે તથા તેની સાથે દસ્તાવેજ નં.૫ તરીકે ભારતનું રાજપત્ર તા.૦૭/૦૨/૨૦૦૮ નુ રજૂ કરેલું છે.

"સીમી" બાબતે સાહેદ નં.૧૦૯૭ મહેતાબ શેખની જુબાની ધ્યાને લઈએ તો આ સાહેદ લિંબાયત, સુરત મુકામે "સીમી"ની મીટીંગમાં ગયેલા હતાં. ત્યાં અકિલ દેશમુખ, તાલીબભાઇ, સમસુદ્ધિન શેખ(આરોપી નં.૦૪) આરીફ કાગજી (આરોપી નં.૦૬), યુનુસ મન્સુરી(આરોપી નં.૦૮), સફદરહુસેન નાગોરી (આરોપી નં.૧૨), કયામુદ્ધિન કાપડીયા (આરોપી નં.૩૭), અબ્દુલ

સુભાન ઉર્ફે તૌકિરનાઓ હાજર હતાં તેમ જણાવે છે. આ ઉપરાંત સાહેદ નં.૯૬૭ ઝાકિરહુસેનની જુબાની ધ્યાને લઈએ તો માર્ચ–૨૦૦૮ મા સમસુદ્દિન શેખના નાનાને ત્યાં સીમીની મીટીંગમાં હાજર હતો ત્યારે મોહમદ આરીફ (આરોપી નં.૦૬), અબ્દુલ રાઝિક (આરોપી નં.૨૭), ગ્યાસુદ્દિન (આરોપી નં.૦૫), ઇબ્રાહિમ અંસારી, જાહિદ શેખ (આરોપી નં.૦૧), અસલમ, ઐયાઝ (આરોપી નં.૨૩), મુજીબ (મરણ ગયેલ), યુનુસ મન્સુરી (આરોપી નં.૦૮), મુફતી અબુબશર (આરોપી નં.૧૫), અબ્દુલ સુભાન ઉર્ફે તૌકિર, આલમજેબ આફ્રિદી (આરોપી નં.૭૫), ફિરોઝ અને કયામુદ્દિન કાપડીયા (આરોપી નં.૩૭) પણ મીટીંગમાં હાજર હતા તેમ જણાવે છે. આ ઉપરાંત સાહેદ નં.૧૧૪૧ ઐયાઝ સૈયદનાઓની જુબાની ધ્યાને લઈએ તો ૨૦૦૧ની સાલમાં તેઓ શાહપુર બિઝનેસ સેન્ટર ખાતેથી પસાર થતા હતા ત્યારે એક બિલ્ડિંગમાં "સીમી"ની ઓફિસ જોયેલી અને ઓફિસની મુલાકાત લીધેલી ત્યાં આરોપી નં.૬ મહમદ આરીફ હાજર હતો અને તેણે "સીમી" વિશે માહિતી આપેલી. આ ઉપરાંત આ સાહેદની જુબાની ધ્યાને લઈએ તો વારંવાર "સીમી"ની મીટીંગો થતી હતી જેમાં આરીફ કાગજી (આરોપી નં.૦૬), સમસુદ્દિન શેખ (આરોપી નં.૦૪), ઇબ્રાહિમ અલીમ, મહમદ ઇસ્માઇલ ઉર્ફે અબ્દુલ રાઝીક(આરોપી નં.૨૭), મુજીબ (મરણ ગયેલ), શાદુલી (આરોપી નં.૬૦), યાકુબ, સફદરનાગોરી(આરોપી નં.૧૨), સીબલી (આરોપી નં.૧૧), અબ્દુલસુભાન ઉર્ફે તૌકિર, કયામુદ્દિન કાપડીયા (આરોપી નં.૩૭) અને મુફતી અબુબશર(આરોપી નં.૧૫)નાઓ હાજર રહેતા હતાં. સાહેદ નં.૯૫૭ ઝાકિર હુસેન તેમજ સાહેદ નં.૧૧૪૧ ઐયાઝ સૈયદનાઓએ એમ પણ જણાવેલું છે કે, મીટીંગમાં જેહાદની વાતો થતી. મુસ્લિમો ઉપર અત્યાચારનો બદલો લેવો વિગેરે–વિગેરે વાતો થતી હતી. આ બંને સાહેદોએ જુબાનીમાં આપેલા નામોવાળા આરોપીઓને પણ અદાલતમાં ઓળખી બતાવેલાં છે. આ ઉપરાંત સાહેદ નં.૧૧૧૫ મહમદ ઉમર મન્સુરીએ પણ આરોપી નં.૨, ૭, ૩૫, ૩૭નાઓ મીટીંગોમાં હાજર રહેતા હતા તેમ પોતાની જુબાનીમાં જણાવેલું છે. સાહેદ નં.૧૧૧૭ આસીફ શેખની જુબાની મુજબ વડોદરા ખાતે જમનાબાઇ

હોસ્પિટલના પાછળના ભાગે આવેલ કોમ્પ્લેક્ષમાં સીમીની મીટીંગો થયાનું તથા આરોપી નં.૩, ૩૭ હાજર હોવાનું જણાવેલું છે. સાહેદ નં.૧૧૨૧ સાદાબ પાનવાલાએ આરોપી નં.૨, ૩, ૭, ૧૪, ૩૫, ૩૭નાઓની મીટીંગોમાં હાજર હોવાનું જણાવેલું છે.સાહેદ નં.૧૧૩૧ મહમદ રફીકની જુબાની મુજબ વડોદરા ખાતે જમનાબાઇ હોસ્પિટલની પાછળના ભાગે આવેલ કોમ્પ્લેક્ષના ભોંયરામાં મીટીંગો થયેલી તથા વડોદરા તાંદલજા ખાતે આસીફના સાસરીના મકાનના ટેરસ ઉપર પણ મીટીંગો થયાની હકીકતો જણાવી છે જેમાં આરોપી નં.૩, ૩૭ નાઓએ મીટીંગોમાં હાજરી આપેલાનું પોતાની જુબાનીમાં જણાવેલું છે. સાહેદ નં.૧૧૫૧ રીયાજ હુસેન સીદ્દિકીએ પણ આરોપી નં.૪, ૫, ૬, ૮, ૧૫, ૭૫નાઓ જુહાપુરામાં યાકુબ મેમણના ઘરે મીટીંગ કરેલી તેમ પોતાની જુબાનીમાં જણાવેલું છે. આ ઉપરાંત સાહેદ નં.૧૧૪૧ એૈયાઝ રઝાકમીંયા સૈયદનાઓની જુબાની મુજબ "સીમી"ની પ્રવૃત્તિ ગુપ્ત રીતે ચાલે છે. જુદી– જુદી જગ્યાઓ ઉપર મીટીંગો પણ થાય છે. સાહેદ એૈયાઝ સૈયદ પણ મીટીંગોમાં હાજરી રહેલો હતો. "સીમી"ની મીટીંગોમાં સાહેદ એૈયાઝે આરોપી નં.૪, ૧૧, ૧૨, ૧૫, ૨૭, ૩૭ તથા બીજા ઘણા માણસો પણ મીટીંગોમાં હાજર રહેતા હતાં અને જેહાદી ભાષણો કરતા હતા. જેહાદી સીડીઓ બતાવવામાં આવતી હતી. જેથી હું સ્પષ્ટ નિર્ણય ઉપર આવું છું કે, "સીમી"ની ગેરકાયદેસર પ્રવૃત્તિ સમગ્ર ભારતમાં ગુપ્ત રીતે ચાલુ જ છે અને આ કેસના આરોપીઓ પૈકી ઘણા આરોપીઓ "સીમી"ના સક્રિય કાર્યકરો છે.

આગળ ઉપર ચર્ચા કરી તેમ ઇન્ટરનેટ ઉપર સીમી વિશે સર્ચ કરતા જે હકીકત જણાયેલી છે તે સ્વંય રીતે સ્પષ્ટ છે કે સીમી સંગઠન ભારતમાં પ્રતિબંધિત સંગઠન છે અને ભારત સરકાર દ્વારા અનલોકુલ એકટીવીટી (પ્રિવેન્શન) એકટ હેઠળ આતંકવાદી સંગઠન જાહેર કરેલ છે. બચાવપક્ષ તરફથી વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, અનલોકુલ એકટીવીટી (પ્રિવેન્શન) એકટ–૧૯૬૭ની કલમ–૨ (એલ)માં "ટેરરીસ્ટ ગેંગ"મા સીમીનો સમાવેશ થતો નથી. એક સંગઠન બે કેટેગરીમાં આવી શકે નહી. જો સીમી સંગઠનનો સમાવેશ ટેરેરીસ્ટ ગેંગમાં થતો હોય તો અનલોકુલ એસોસીએશનમાં

તેનો સમાવેશ થાય નહી. હવે અનલોકુલ એકટીવીટી (પ્રિવેન્શન)એકટ–૧૯૬૭ની કલમ–૨(એલ) ધ્યાને લઈએ તો...

કલમ–૨(એલ)– આતંકવાદી ગેંગઃ– નો અર્થ આતંકવાદી સંગઠન સિવાયનું કોઈપણ સંગઠન છે, વ્યવસ્થિત અથવા અન્યથા જે આંતકવાદી કૃત્ય સાથે સંકળાયેલ છે અથવા તેમાં સામેલ છે.

કલમ–૨(એમ)– આતંકવાદી સંગઠનઃ– એટલે શીડયુલમાં સૂચિબધ્ધ સંસ્થા, સૂચિબધ્ધ એ જ સંસ્થા હેઠળ કાર્યરત સંસ્થા, નામ.

હવે અનલોકુલ એકટીવીટી (પ્રિવેન્શન)એકટની પાછળ આપવામાં શીડયુલમાં સીમી સંગઠનને ભારત સરકાર દ્વારા અનુક્રમ નં.૨૨ હેઠળ બતાવીને આતંકવાદી સંગઠન જાહેર કરેલ છે જેથી હું ચોકકસ નિર્ણય ઉપર આવું છું કે સીમી સંગઠન તે આતંકવાદી સંગઠન છે માટે સીમી સંગઠનમાં કાર્યરત સભ્યો જે કાંઇ કૃત્ય કરે તે સમાજસેવાનું કૃત્ય કરે નહી પરંતુ તેઓનું કૃત્ય આતંકવાદી કૃત્ય જ હોય તે સ્વાભાવિક છે અને સીમીનો ઉદ્દેશ ભારતની પ્રાચીન સંસ્કૃતિ સમાપ્ત કરી ભારતમાં ઈસ્લામિક શાસન સ્થાપવાનો છે. કોઈપણ સંગઠનની જયારે સ્થાપના કરવામાં આવે ત્યારે કોઇ ચોકકસ હેતુ માટે સંગઠનની સ્થાપના થતી હોય છે. સીમી સંગઠનનો હેતુ ભારતમાં ઈસ્લામિક શાસન સ્થાપવાનો છે અને હેતુ બહાર બીજા કોઇ કૃત્યો તેવા સંગઠન કરે નહી. સામાન્ય બુધ્ધિથી એક સામાન્ય માણસ પણ વિચારે કે જે સંગઠનની સ્થાપના જે હેતુ માટે કરવામાં આવી હોય તો તે સંગઠન સાથે જોડાયેલ કોઈપણ વ્યકિત સંગઠનનો હેતુ પુરો કરવા કે હેતુ સ્થાપિત કરવા માટે જ કાર્યવાહી કરે. વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, આરોપીઓએ પાવાગઢ ખાતે તળાવમાં તરવાની, બાઇક ચલાવવાની, કૂગ્ગા ફોડવાની વિગેરે તાલીમો લીધેલી હોય તો તે આતંકવાદી તાલીમો કહેવાય નહી. વકીલશ્રી એલ.આર.પઠાણની દલીલ સાથે હું અંશતઃ સંમત છું. કોઇ સામાન્ય માણસો રમત રમતા હોય અથવા સામાન્ય માણસો ભેગા થઇ મનોરંજન કરવા માટે કુગ્ગા ફોડતા હોય, પોતાની જરૂરિયાતો માટે બાઇક શીખવાની તાલીમ લેતા હોય અને બાઇક ચલાવતા હોય તથા

પોતાના શોખ માટે અથવા વ્યવસાય માટે સ્વીમીંગ શીખવા માટે સ્વીમીંગની તાલીમ લેતા હોય તો ચોકકસપણે કહી શકાય કે તે આતંકવાદી તાલીમ નથી પરંતુ મારા મત પ્રમાણે આ કેસના આરોપીઓ સામાન્ય માણસો નથી, તેઓ આતંકવાદી સંસ્થા સીમી સાથે જોડાયેલા છે. સીમીના સભ્યો છે. સીમીનો ઉદ્દેશ પાર પાડવા માટે જુદી–જુદી જગ્યાઓ ઉપર મીટીંગોના આયોજનો કરે છે. મીટીંગોમાં હાજર રહે છે અને જુદા–જુદા લોકોને ગેરમાર્ગે દોરી મીટીંગોમાં હાજર રાખે, રખાવે છે. જેહાદી ભાષણો કરે છે અને સંભળાવે છે. જાહેર જનતામાં ઉશ્કેરાટ પેદા થાય તેવા કૃત્યો કરે છે. સરકારને અને સમાજને અસ્થિર કરવા માટે ખોટા, અને કાયદા વિરૂધ્ધ કૃત્યો કરવાના આયોજન કરવા માટે ચોકકસ હેતુથી તાલીમ કેમ્પોના આયોજનો કરેલા છે માટે આ આરોપીઓએ વાઘમોન તથા હાલોલ–પાવાગઢના જંગલોમાં લીધેલી જુદી–જુદી તાલીમો ખોટા કૃત્યો કરી, આતંકવાદ ફેલાવવા માટે તાલીમ લીધેલી કહેવાય તેમ હું દ્રઢપણે માનું છું.

વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, આરોપીઓએ કરેલી પ્રવૃત્તિઓનો સમાવેશ આતંકવાદી કૃત્યોમાં થતો નથી છતાં માની લઈએ કે આરોપીઓએ વાઘમોન અને હાલોલ–પાવાગઢના જંગલોમાં તાલીમ કેમ્પ રાખેલા હતા તો પણ તે કાયદામાં સુધારો થતા પહેલા યોજવામાં આવેલા હતાં માટે અનલોફુલ એકટીવીટી (પ્રિવેન્શન) એકટની કલમ–૧૮(એ) લાગુ પડશે નહી.તેઓની આ દલીલ સાથે હું સંમત નથી. કાયદામાં સુધારો થતા પહેલા ઘણા સમય અગાઉથી સીમીની મીટીંગો જુદી–જુદી જગ્યાઓ ઉપર સતત થતી આવેલી છે. જેની ચર્ચા અગાઉ કરવામાં આવેલી છે. કાયદામાં સુધારો થયા બાદ પણ સીમીની મીટીંગો જુદી–જુદી જગ્યાઓ ઉપર થયેલી છે અને તેના ભાગરૂપે વાઘમોન તથા હાલોલ–પાવાગઢના જંગલોમાં આતંકવાદી કૃત્યોને અંજામ આપવા માટે આતંકવાદી તાલીમ કેમ્પના આયોજનો થયેલા છે.

કલમ–૨(કે) તથા કલમ–૧૫ આતંકવાદી કૃત્યઃ– નો અર્થ તે કલમ –૧૫ હેઠળ સમાવિષ્ટ થયેલ છે. આતંકવાદ અને આતંકવાદીની અભિવ્યકિત તે મુજબ ગણાશે.

અનલોકુલ એકટીવીટી (પ્રિવેન્શન)એકટની કલમ–૨ (કે) તથા કલમ–૧૫ની જોગવાઇઓ ધ્યાને લેતા સીમી આતંકવાદી સંગઠન છે અને જયારે સીમી આતંકવાદી સંગઠન જાહેર થયેલ હોય ત્યારે આ સંગઠન દ્વારા કરવામાં આવતા કૃત્યો આતંકવાદી કૃત્યો જ હોય તે ચોકકસપણે કહી શકાય. સીમી સંગઠનનું ગઠન કરવાનો ઉદ્દેશ અગાઉ ચર્ચા કરી તેમ ભારતની પ્રાચીન સંસ્કૃતિ નષ્ટ કરી ઇસ્લામિક શાસન સ્થાપવાનો છે અને તે માટે તે જે કાંઇપણ કૃત્ય કરે તેને આતંકવાદી કૃત્ય જ કહેવાય. સીમીનો ઉદ્દેશ અને હેતુ જનકલ્યાણ, પરમાર્થ, સેવાભાવ, દેશ માટે સમર્પિત ભાવ, સમાજમાં શાંતિ સ્થાપવાનો તો નથી જ અને જો સીમીનો ઉદ્દેશ જન કલ્યાણ કે જનસેવાનો હોત તો ભારત સરકાર દ્વારા તેને આતંકવાદી સંગઠન જાહેર કરત જ નહી.

વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, ફરિયાદપક્ષના આક્ષેપ પ્રમાણે સીમીની મીટીંગો જુદી–જુદી જગ્યાઓએ થયેલી છે અને મીટીંગોમાં જેહાદી ભાષણો થયેલાં. વાઘમોન તેમજ હાલોલ–પાવાગઢ ખાતે આતંકવાદી તાલીમ કેમ્પો કરેલા પરંતુ મીટીંગો થયાનો અને જેહાદી ભાષણો થયાનો કોઇ સ્વતંત્ર પુરાવો નથી. એપ્રુવર સાહેદ નં.૧૧૪૧ ઐયાઝ સૈયદ વાઘમોન તેમજ હાલોલ–પાવાગઢના જંગલોમાં થયેલા તાલીમ કેમ્પોમાં હાજર હતો નહી તથા બીજા સાહેદો જેવા કે, સાહેદ અંબાલાલ, પ્રવિણભાઇ, રામકાભાઇ અને ઇદ્રિશ ગુલાબશાનો પુરાવો માની શકાય તેવો પુરાવો નથી. પરંતુ મારા સ્પષ્ટ અભિપ્રાય પ્રમાણે આ સાહેદોના પુરાવા ચોકકસપણે માની શકાય તેમ છે. આ સાહેદોના પુરાવાને અન્ય બીજા ઘણા પુરાવાથી સમર્થન મળે છે તથા કેટલાક સંજોગો ઉપરથી પણ આ સાહેદના પુરાવા માની શકાય તેવા છે. આ ચારેય સાહેદો સ્વતંત્ર સાહેદો છે. સામાન્ય માણસો છે. ગામડાઓમાં રહે છે. આરોપીઓ સાથે કોઇ દુશ્મનાવટ નથી માટે તેમના પુરાવા ઉપર ચોકકસપણે આધાર રાખી શકાય તેમ છે. આરોપીઓએ જે જે જગ્યાઓ ઉપર મીટીંગ કરેલી તે વખતે જે જેહાદી ભાષણો કરેલા તે કેવા ભાષણો કરેલા, ભાષણોમાં શું કહેલું તે અંગેનો સ્પષ્ટ અને સ્વતંત્ર પુરાવો હરગીજપણે રેકર્ડ ઉપર આવી શકે નહી પરંતુ

તેને રેકર્ડ ઉપરના અન્ય પુરાવા તથા આરોપીઓની વર્તણૂકના પંચનામાઓના આધારે આગળ અનુમાન કરીને સંયોગો સ્થાપિત કરવા પડે. મીટીંગોમાં આ જ હાજર રહેલા આરોપીઓ સિવાય બહારના કોઇ અન્ય વ્યકિતઓ હાજર હતા નહી. મીટીંગોમાં જે આરોપીઓ હાજર રહેલા હોય તેમનુ હાજરીપત્રક હોય નહી. કયા આરોપી કયાંથી આવેલા અને મીટીંગોમાં હાજર રહેલા તે અંગેના કોઇ દસ્તાવેજી પુરાવા પણ હોઇ નહી. મીટીંગોમાં જે ચર્ચા થાય જે ભાષણો થાય, તે ભાષણોના લેખિતમાં કોઇ લેખો તૈયાર થતા નથી તે અંગેની કોઇ ઓડીયો–વીડિયો કેસેટ પણ તૈયાર થતી હોતી નથી અને આરોપીઓ તે તૈયાર પણ કરે નહી. મીટીંગ કયારે છે, કઇ જગ્યાએ છે, કઇ તારીખે છે તેની પણ જાહેરાત લેખિતમાં કોઇ જગ્યાએ કરે નહી. મીટીંગનો એજન્ડા પણ લેખિતમાં કરે નહી. જે મીટીંગમાં જે ચર્ચા થયેલી હોય તે ચર્ચા તેમજ ચર્ચાના અંતે જે નિર્ણય લેવાયા હોય તેની વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધિ થાય નહી અને કરે પણ નહી માટે મીટીંગો થયાનો અને મીટીંગોમાં જેહાદી ભાષણો કેવા થયા, ભાષણો કોણે કર્યા તથા મીટીંગોમાં લેવાયેલા નિર્ણયોનો કોઇ સ્વતંત્ર પુરાવો હરગિજપણે કોઇપણ સંજોગોમાં આવા પ્રકારના આરોપીઓ રેકર્ડ ઉપર આવવા દે નહી માટે સંજોગો ઉપરથી જ અનુમાન કરી શકાય. આ કેસમાં મીટીંગો થયાના અનેક સંજોગો છે. સાહેદ નં.૧૦૯૭, ૯૬૭, ૧૧૪૧, ૧૧૧૫, ૧૧૧૭, ૧૧૨૧, ૧૧૩૧, ૧૧૫૧ ની જુબાનીઓ તેમજ આરોપી નં.૨, ૨૧,૩૫ના કબૂલાત નિવેદનો ધ્યાને લેતાં તેમજ પુરાવાના કાયદાની કલમ–૨૭ અને ૦૮ હેઠળ કરવામાં આવેલા પંચનામાઓ ધ્યાને લેતાં ચોકકસપણે કહી શકાય કે સીમીની મીટીંગો થયેલી છે, આ મીટીંગો ગુપ્ત રીતે ઘણા સમય અગાઉથી થતી આવેલી છે, મીટીંગોમાં જેહાદી ભાષણો કોણે કર્યા, શું ભાષણો કર્યા તે અંગેનો કોઇ સીધો પુરાવો મળે જ નહી. આ ચુકાદામાં પોલીસ તપાસના પેરામાં ચર્ચા કર્યા મુજબ આ કેસના આરોપીઓ પૈકી ઘણા આરોપીઓએ ઉચ્ચ શિક્ષણ મેળવેલું છે, કમ્પ્યુટરના નિષ્ણાંત છે માટે સીધો અને સ્વતંત્ર પુરાવો પોલીસના હાથમાં ન આવે તેની ખૂબ જ કાળજી પણ રાખે. બીજા રાજયોની જુદી–જુદી અદાલતોમાં પણ કેટલાક આરોપીઓ સામે આવા જ

પ્રકારના કેસો ચાલે છે માટે આ આરોપીઓ સીમીની મીટીંગો અંગેના કે મીટીંગોમાં જેહાદી ભાષણો થયાના કોઇ જ પુરાવા મળી ન આવે તે માટે સજાગ રહેતા હોય છે અને આવા પુરાવા હરગિજપણે પોલીસ કે અન્ય વ્યકિતઓના હાથમાં ન આવે તે પ્રમાણે ગુપ્ત રીતે કાર્યવાહી કરતા હોય છે માટે સીધા પુરાવા મળવાની અપેક્ષા રાખી શકાય નહી પરંતુ જે પુરાવા મળેલા હોય તે પુરાવાથી આગળ જઇ અનુમાનનો જ સહારો લેવો પડે.

વધુમાં વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, તહોમતનામું ફરમાવતી વખતે અદાલતે તમામ હકીકતો ધ્યાને રાખવી જોઇએ. કયા કાયદાની કઇ જોગવાઇઓ મુજબનો આરોપીઓ દ્વારા ગુનો કરવામાં આવ્યો છે તે પણ ધ્યાને રાખવું જોઇએ. તેઓની આ દલીલ સાથે હું સંમત છું. મારી અગાઉના ન્યાયધીશ સાહેબે આ કેસમાં સૌપ્રથમ આંક–૧૨૨ થી તહોમતનામું ફરમાવેલું ત્યારે તમામ હકીકતો ધ્યાને લઇ આરોપી સામે તહોમતનામું ફરમાવેલુ છે.

બચાવપક્ષ તરફથી વિદ્વાન વકીલશ્રીઓએ સીમી બાબતે જે દલીલો કરેલી છે તેની સામે ફરિયાદપક્ષ તરફથી વિદ્વાન સરકારી વકીલશ્રી એચ.એમ.ધ્રુવ બચાવપક્ષની દલીલોના સંબંધે જવાબ આપતા જણાવે છે કે, **આંક–૯૨૪૮ થી આરોપી નં.૬૮નાઓએ " કનેકશન ઓફ સીમી"** નામનો દસ્તાવેજ રજૂ કરેલો છે અને તે દસ્તાવેજ આંકે પાડવા માટે બચાવપક્ષના વકીલશ્રીએ વિનંતી કરેલી હતી. બંને પક્ષના દલીલો સાંભળ્યા બાદ અદાલત દ્વારા તે દસ્તાવેજને આંક–૯૨૪૮ આપવામાં આવેલો છે. વધુમાં દલીલ કરતા જણાવવામાં આવે છે કે, આ દસ્તાવેજ ચાર્જશીટ સાથે ફરિયાદપક્ષ દ્વારા પણ રજૂ કરવામાં આવેલો છે અને ફરિયાદપક્ષે પણ આ દસ્તાવેજ ઉપર આધાર રાખેલો છે. બચાવપક્ષ તરફથી અરજી આપીને આ દસ્તાવેજને " ડી એકઝિબીટ" કરવા માટે વિનંતી કરેલી છે પરંતુ કોઇ દસ્તાવેજ પક્ષકાર તરફથી રજૂ કરવામાં આવે અને તેને આંક આપવામાં આવેલો હોય ત્યારપછી તે દસ્તાવેજને ડી એકઝિબીટ કરી શકાય નહી તે બાબતે આ જ પેરામાં આગળ ઉપર એક ચુકાદા ઉપર આધાર રાખવામાં આવેલો છે.

વધુમાં વકીલશ્રી એચ.એમ.ધ્રુવ દલીલ કરતા જણાવે છે કે, સીમીને અનલોકુલ એકટીવીટી (પ્રિવેન્શન)એકટ હેઠળના શિડ્યુલમાં અનુક્રમ નં.૨૨ થી આતંકવાદી સંગઠન સરકારશ્રીએ જાહેર કરેલું છે માટે સીમીની કાર્યવાહી, તેના સભ્યો વિગેરે અંગેના કોઇ લેખિત દસ્તાવેજો મળે નહિ. તેઓની આ દલીલ સાથે હું સંમત છું અને આગળ આ જ પેરામાં આ અંગે ચર્ચા કરેલી છે. વધુમાં સ્પેશિયલ સરકારી વકીલશ્રી એચ.એમ.ધ્રુવે તા.૧૨/૦૮/૨૦૧૦ ના રોજ પ્રકાશિત થયેલ **" ભારતનું રાજયપત્ર"** રજૂ કરેલ છે અને તે રાજયપત્રમાં અનલોકુલ એકટીવીટી (પ્રિવેન્શન) ટ્રીબ્યુનલ દ્વારા તા.૦૪/૦૮/૧૦ ના રોજ જે ચુકાદો આપવામાં આવેલો તે પણ રજૂ કરવામાં આવેલો છે. આ ચુકાદા મુજબ સીમી સંગઠન ઉપર જે પ્રતિબંધ મુકવામાં આવેલો હતો તે તા.૦૫/૦૮/૨૦૦૮ ના રોજ ટ્રીબ્યુનલ દ્વારા રદ્ધ કરવામાં આવેલો પરંતુ ત્યારપછી બીજા દિવસે તા.૦૬/૦૮/૨૦૦૮ના રોજ નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા ફરીથી પ્રતિબંધ મુકવામાં આવેલો છે અને વખતોવખત પ્રતિબંધ લંબાવવામા આવેલો છે અને ત્યારબાદ નામદાર ટ્રીબ્યુનલે પ્રતિબંધ કાયમ કરેલો છે જેની સામે નામદાર સુપ્રિમ કોર્ટમાં પીટીશન થયેલ છે અને તે પીટીશનની સાથે સંલગ્ન બીજી પીટીશનો લાર્ઝર બેન્ચ સમક્ષ મુકવાનો હુકમ થયેલો છે જેનુ સ્ટેટસ પણ રજૂ કરવામાં આવેલુ છે. ટૂંકમાં સીમી સંગઠન ઉપર પ્રતિબંધ ચાલુ છે.

વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, "જેહાદી ભાષણો" આપ્યા તે આતંકવાદી પ્રવૃત્તિ છે તેમ માનીને આરોપીઓ સામે તહોમતનામું ફરમાવેલું છે. “જેહાદ" શબ્દને કાયદામાં ગુના તરીકે બતાવેલો નથી. તેઓની આ દલીલ સાથે સંમત છું કે "જેહાદી ભાષણો" આપ્યા તે મુજબનું તહોમતનામું ફરમાવેલું છે તથા "જેહાદ" શબ્દની વ્યાખ્યા પણ આપવામાં આવેલી નથી. વકીલશ્રી એલ.આર.પઠાણ આ તબકકે ખૂબ જ ઉગ્ર થઇ દલીલ કરે છે કે, "જેહાદ" શબ્દનો દુરઉપયોગ મીડિયા તથા રાજકીયપક્ષોએ કરેલો છે અને "જેહાદ" શબ્દને આતંકવાદ સાથે ખોટી રીતે બદઇરાદાથી જોડી દિધેલો છે. "જેહાદ" તે કુરાનનો શબ્દ છે. અને પોલીસે "જેહાદ" શબ્દનો ઉપયોગ

શરૂઆતથી લઈને અંત સુધી કરેલો છે. પરંતુ "જેહાદ" ગુનો જ નથી તથા અદાલતે પણ તહોમતનામામાં "જેહાદ" શબ્દનો ઉપયોગ વારંવાર કરેલો છે. પરંતુ મારા મત પ્રમાણે મારી અગાઉના ન્યાયધીશ સાહેબે સૌપ્રથમ આંક–૧૨૨ વાળુ તહોમતનામું ફરમાવ્યુ ત્યારે પોલીસ દ્વારા રજૂ કરવામાં આવેલી સામગ્રી તથા તમામ પેપર્સ ધ્યાને રાખીને તહોમતનામું ફરમાવેલું છે. પોલીસ પેપર્સમાં "જેહાદ" શબ્દનો ઉપયોગ થયેલો હોય તો તહોમતનામામાં "જેહાદ" શબ્દ આવે જ. મારી અગાઉના ન્યાયધીશ સાહેબે પોતાની રીતે સ્વતંત્રપણે "જેહાદ" શબ્દનો ઉલ્લેખ તહોમતનામામાં કરેલો નથી અને સ્વતંત્રરીતે "જેહાદ" શબ્દનો ઉલ્લેખ તહોમતનામામાં કરે પણ નહી. "જેહાદ" શબ્દનો દુરઉપયોગ મીડીયા અને રાજકીયપક્ષ દ્વારા કરવામાં આવેલો હોય અને ખોટી રીતે બદઇરાદાથી આતંકવાદ સાથે જોડી દેવામાં આવેલ હોય તો આરોપીઓ કે તેમના વકીલશ્રી દ્વારા કોઇ કાયદેસર કાર્યવાહી કરવામાં આવી નથી. અને કોઇ કાયદેસર કાર્યવાહી કરી હોય તો તે અંગે કોઇ લેખિત પુરાવો રજૂ કરવામાં આવેલો નથી. વકીલશ્રી એલ.આર. પઠાણ ઉગ્ર રૂપે દલીલ કરતા જણાવે છે કે, "જેહાદ" શબ્દને પરીભાષા તરીકે ખોટા અર્થમાં લોકોના માનસમાં ઘુસાડી દેવામાં આવેલ છે કે "જેહાદ" એટલે ખોટુ કામ કરવુ, કાયદા વિરૂધ્ધ કામ કરવું તેમજ નૈતિકતા વિરૂધ્ધ કામ કરવું. દરેક ધર્મના લોકો પોતાના ધાર્મિક પુસ્તકો બાબતે ચર્ચા કરે તેમાં કાંઇ ખોટુ નથી. ધાર્મિક સ્વતંત્રતા બંધારણે આપેલી છે. પરંતુ મારા મત પ્રમાણે જો "જેહાદ" શબ્દને પરીભાષા તરીકે લોકોના માનસમાં ઘુસાડી દિધો હોય તો ઘુસાડ્યો કોણે? ઘુસાડનાર સામે કાયદેસર કાર્યવાહી કેમ કરી નથી? ઇન્ટરનેટ ઉપર સર્ચ કરતા "જેહાદ" વિશે ઘણું લખાણ મળી આવે છે. ઘણા લેખો મળી આવે છે. ભારતમાં જ નહી પરંતુ સમગ્ર દુનિયામાં જેહાદ એટલે ખોટી પ્રવૃત્તિ કરવી, ખોટુ કામ કરવું , કાયદા વિરૂધ્ધ કામ કરવું, તેમ બિનમુસ્લિમ જનસમુદાય માને છે અને તે સાબિત કરતા ઘણા ઉદાહરણો પણ મળી આવે છે. કુરાનના આદર્શો પ્રમાણે વર્તનાર અને કુરાન પ્રત્યે સંપૂર્ણ નિષ્ઠા રાખનાર મુસ્લિમ વ્યકિતઓ પણ તે જ પ્રમાણે માને છે.

વકીલશ્રી એલ.આર.પઠાણની દલીલ છે કે, આ અદાલતે તહોમતનામામાં "જેહાદ" શબ્દનો ઉપયોગ ઘણી જગ્યાએ કરેલો છે પરંતુ "જેહાદ" ગુનો જ નથી. મારા મત પ્રમાણે અદાલત દ્વારા તહોમતનામામાં "જેહાદ" શબ્દનો ઉપયોગ એટલા માટે કરેલો છે કે આરોપી નં.૦૨,૨૧,૩૫ નાઓએ પોતાના મેજિસ્ટ્રેટ રૂબરૂના કબૂલાત નિવેદનોમાં"જેહાદ" શબ્દનો ઉપયોગ કરેલો છે માટે અદાલતે તહોમતનામામાં "જેહાદ" શબ્દ જણાવેલો છે. હવે આ બાબતે આરોપી નં.૦૨, ૨૧, ૩૫ના ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબના મેજિસ્ટ્રેટ રૂબરૂના કબૂલાત નિવેદનો ધ્યાને લઈએ તો આરોપીઓએ જ નિવેદનોમાં જણાવેલું છે કે, આતંકવાદી તાલીમ કેમ્પોમાં "જેહાદી ભાષણો" કરેલાં છે. "જેહાદ" શબ્દનો ઉલ્લેખ કુરાનમાં છે તે હકીકત સાચી છે પરંતુ તેનો દુરઉપયોગ અને દુષ્પ્રચાર કરવામાં આવેલો છે. "જેહાદ" શબ્દનો અનર્થ કરવામાં આવેલો છે. આરોપીઓએ જ શા માટે પોતાના કબૂલાત નિવેદનોમાં "જેહાદી ભાષણો" કરેલાનું જણાવેલું છે અને તે બાબતે બચાવપક્ષ તરફથી કોઇ દલીલ કરવામાં આવતી નથી.

ઇન્ટરનેટ ઉપર સર્ચ કરતા "જેહાદ" એટલે "સંઘર્ષ" આ "જેહાદ" ત્રણ પ્રકારના જેહાદનું વર્ણન આપવામાં આવેલું છે. તે પૈકી (૧) "પોતાની વિરૂધ્ધ જેહાદ" (૨) શેતાન સામે જેહાદ જેને "વધારે જેહાદ" કહેવામાં આવે છે અને (૩) "ખુલ્લા જેહાદ" જેને "ઓછા જેહાદ" તરીકે ઓળખવામાં આવે છે. અરબી શબ્દકોશ પ્રમાણે "જેહાદ" એટલે "સંઘર્ષ" કરવો. "જેહાદ" એ ખૂબ જ શુભ, પવિત્ર, લાભદાયક, હિતકારક, હેતુલક્ષી તથા કલ્યાણકારી શબ્દ છે. માનવી ઇશ્વરનો સર્વોત્તમ સર્જન હોવાથી તે જીવનભર સતત "જેહાદ" કરીને ઘડાય છે અને સાચો માનવી બને છે. જીવન દરમ્યાન માણસ પોતાના નકશે કદમ તથા સમાજ સાથે સતત સંઘર્ષ કરે છે. પોતાના મન સાથે સતત "જેહાદ" કરી તે સદગુણી તથા સદાચારી બને છે. સમાજ સાથે સતત "જેહાદ" કરી તે આદર્શ સમાજની રચના કરે છે પરંતુ અમુક મુસ્લિમ સંગઠનો દ્વારા "જેહાદ" શબ્દના દુષ્પ્રચારના કારણે "જેહાદ" શબ્દ સામે વિશ્વ સમાજમાં સુગ તથા

અણગમો જોવા મળે છે અને તેના માટે અપૂરતી માહિતી સંપૂર્ણપણે જવાબદાર છે માટે આવી અપૂરતી માહિતી અને અપૂરતા જ્ઞાનના કારણે અમુક સ્થાપિત હિત ધરાવનાર મુસ્લિમ સંગઠનો દ્વારા "જેહાદ" શબ્દનો દુષ્પ્રચાર કરીને મુસ્લિમ સમાજના નવયુવાન લોકોને ભડકાવીને તેમના દ્વારા ન કરાવવાના ખોટા, કાયદા વિરૂધ્ધના તેમજ નૈતિકતા વિરૂધ્ધના કૃત્યો કરાવવામાં આવે છે અને આવા કૃત્યોને કારણે આમ સમાજને ઘણી તકલીફો સહન કરવી પડતી હોય છે. આમ સમાજને ઘણુ નુકસાન થતુ હોય છે. જેના કારણે "જેહાદ" શબ્દ પ્રત્યે સમાજમાં અણગમો પેદા થાય છે. આ મુજબ "જેહાદ"ના નામે ખોટા કૃત્યો સમગ્ર વિશ્વમાં વર્ષોથી થતા આવેલા છે અને તે સમગ્ર વિશ્વ સમાજ જોતો આવેલો છે. "જેહાદ" જેવા પવિત્ર શબ્દની સાચી સમજ કોઈપણ મુસ્લિમ સંગઠન દ્વારા સમાજને આપવામાં આવતી નથી કે સાચી સમજ આપવાનો પ્રયત્ન સુધ્ધા કરવામાં આવતો નથી. ખરેખર મુસ્લિમ સંસ્થાઓ કે જે પવિત્ર કુરાનમાં માને છે, કુરાનનો પ્રચાર–પ્રસાર કરે છે, કુરાનમાં જણાવેલ સચ્ચાઈના રસ્તા ઉપર ચાલીને કામ કરે છે તેવી સંસ્થાઓએ "જેહાદ" શબ્દનો દુષ્પ્રચાર થતો અટકાવવો જોઈએ અને "જેહાદ" જેવા પવિત્ર શબ્દની સાચી સમજ મુસ્લિમ તેમજ બિનમુસ્લિમ બંને સમાજને આપવી જોઈએ જેથી કરીને સમાજમાં "જેહાદ" શબ્દ અંગે જે ખોટી ગેરસમજો, ખોટી અટકળો અને ખોટી ધારણાઓ ઉભી થયેલી છે તે દુર થાય એટલુ જ નહી "જેહાદ" શબ્દનો દુરઉપયોગ અને દુષ્પ્રચાર કરીને ખોટા કૃત્યો કરતા સંગઠનોને ખુલ્લા પાડવા જોઈએ અને તેવા સંગઠનોનો ખુલ્લો વિરોધ સાચા મુસ્લિમ સંગઠનોએ જ કરવો જોઈએ જેથી કરીને બિનમુસ્લિમ સમાજમાં "જેહાદ" વિશેની ખોટી અટકળો દુર કરી શકાય પરંતુ કમનસીબે તે પ્રમાણે કોઇ પ્રયત્ન કરવામાં આવતો નથી. આમ, એક તરફ "જેહાદ" શબ્દનો દુરઉપયોગ કરી તેના ઓથા હેઠળ ખોટા કૃત્યો વર્ષોથી થતા આવેલા છે જયારે બીજી તરફ "જેહાદ" શબ્દની સાચી સમજ આપીને "જેહાદ" શબ્દનો દુરઉપયોગ અને દુષ્પ્રચાર થતો અટકાવવામાં આવતો નથી પરિણામે પરિસ્થિતિ એવી ઉભી થઇ છે કે "જેહાદ" શબ્દનો અનર્થ થઇ ગયો અને આવી પરિસ્થિતિ ઘણા સમયથી ચાલી આવી

હોવાથી બિનમુસ્લિમ સમાજમાં એવી માન્યતા સ્થિર થઇ ગઇ કે "જેહાદ" એટલે ખોટુ જ કામ કરવું, ખોટી પ્રવૃત્તિ કરવી અને કાયદા વિરૂધ્ધનું કામ કરવુ.

ઇસ્લામ, સમાજમાં દુષણો દુર કરવાની ખાસ તાકિદ કરે છે. જે વ્યકિત સંપૂર્ણ ન હોય તો આવા સંજોગોમાં આદર્શ સમાજની કલ્પના કરવી જ મુશ્કેલ છે આથી જ અલ્લાહે કુરાને શરીફમાં કેટ કેટલી ઠેકાણે ફરમાવ્યું છે કે, લોકોને કલ્યાણ તરફ, ભલાઇ તરફ બોલાવો અને દુષ્કર્મોથી લોકોને દુર રહેવાની તાકિદ કરતા રહો. એક સજજન નાગરિકની પવિત્ર ફરજ થઇ પડે છે કે તે પહેલા પોતાને એક નંબરનો સાચો માનવી બનાવે અને બાદમાં બીજાને નેકી તરફ બોલાવે પરંતુ કમનસીબે કુરાનમાં વિશ્વાસ રાખનાર સંસ્થા કે સંગઠનોએ આવી ફરજ અદા કરી નથી. જયારે બીજી તરફ અમુક સંસ્થા અને સંગઠનો દ્વારા લોકોને દુષ્કર્મો કરીને ઉશ્કેરણી કરીને તેમની પાસે દૂષ્કર્મો કરાવ્યે જાય છે અને આવા દુષ્કર્મો કરનારાઓની સંખ્યા સતત વધી ગઇ. આ સંખ્યા જુદા–જુદા સંગઠનોના નામે ખોટા કૃત્યો સતત થતા ગયા જેના પરિણામ સ્વરૂપે ભારત સરકાર દ્વારા અનલોકુલ એકટીવીટી (પ્રિવેન્શન)એકટ જેવા કાયદાની રચના કરવી પડી જેમાં કુલ–૩૯ સંગઠનોને ખોટા કૃત્યો કરતા સંગઠનો તરીકે એટલે કે આતંકવાદી સંગઠનો જાહેર કરવા પડેલ છે જે પૈકી ઘણા બધા મુસ્લિમ સંગઠનોનો સમાવેશ થયેલો છે. આ તમામ સંગઠનોને કાયદા હેઠળ આતંકવાદી સંગઠનો જાહેર કરેલા છે. જેમાં, સીમી સંગઠનને અનુક્રમ નં.૨૨ થી બતાવેલ છે. જેથી સીમી સંગઠન પણ આતંકવાદી સંગઠન છે માટે જ સીમીનો સમાવેશ આ શિડયુલમાં કરવામાં આવેલ છે.

ઇન્ટરનેટ ઉપર "જેહાદ" અને "આતંકવાદ" વિશે સર્ચ કરતા ઘણી માહિતી ઉપલબ્ધ છે તે મુજબ "જેહાદ" એક ઇસ્લામિક શબ્દ છે જેમાં ઇસ્લામ પ્રત્યેના ફરજને વર્ણવવા માટે વપરાતો શબ્દ છે. જયારે બીજી બાજુ "આતંકવાદી કૃત્યો" અથવા કાર્યો દ્વારા સામાન્ય વસ્તીમાં આતંકવાદની લાગણીઓ ઉભી કરવાનો પ્રયાસ કરતુ કૃત્ય છે. આતંકવાદને સામાન્ય રીતે ભૌતિક અથવા પ્રાદેશિક ધ્યેયો દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવે છે. સામાન્ય રીતે ધર્મ સાથે તેને

કોઇ સબંધ નથી જયારે "જેહાદ" દેવના માર્ગમાં સંઘર્ષ છે અને તેના સિવાય બીજો કોઇ ધ્યેય નથી. નિર્દોષ નાગરિકોની હત્યા તરફ આતંકવાદ હંમેશા દિશામાન થાય છે. વિસ્ફોટો, હુમલાઓ દ્વારા પણ હોઇ શકે છે જયારે નિર્દોષ સામે જેહાદને પરવાનગી નથી. આ કેસમાં જે પણ લોકોના મૃત્યુ થયા છે, જે પણ લોકો ઇજા પામેલા છે તે નિર્દોષ નાગરિકો છે અને નિર્દોષ નાગરિકોના મૃત્યુ નિપજાવવા કે તેમને ઇજા કરવી કુરાનમાં પરવાનગી પાત્ર હરગિજપણે નથી . "જેહાદ" અને "આતંકવાદ"નો સારાંશ જોઇએ તો,

(૧) "જેહાદ" તે ઇસ્લામ પ્રત્યેની ફરજ વર્ણવવા માટે ઉપયોગમાં લેવાય છે જયારે "આતંકવાદ" વસ્તીમાં ભય રચવા માટેનું કૃત કાર્ય છે.

(૨) "જેહાદ" હંમેશા હિંસક નથી. જયારે "આતંકવાદ" હિંસક છે.

(૩) "જેહાદ" હંમેશા ભગવાન માટે કરવામાં આવે છે જયારે "આતંકવાદ" હંમેશા ભૌતિક અને પ્રાદેશિક ધ્યેયો ધરાવે છે.

(૪) "આતંકવાદ" હંમેશા નિર્દોષ નાગરિકોને હાની પહોંચાડવા માટે દિશાનિર્દેશ કરે છે જયારે "જેહાદ" હાનીને મંજૂરી આપતો નથી.

આતંકવાદી કૃત્યોના કારણે આમ સમાજમાં તેની ઘણી બધી પ્રતિકૂળ અસરો જોવા મળે છે જેવી કે,

(૧) આતંકવાદ સમાજની એકતાને નષ્ટ કરે છે.

(૨) આતંકવાદના કારણે નાગરિકો સતત ભય નીચે જીવે છે. તેઓ ભય હેઠળ જીવતા હોવાથી એકબીજા પ્રત્યેનો વિશ્વાસ ઘટી જાય છે અને પરસ્પર ભાઇચારાની ભાવના ખતમ થતી જાય છે.

(૩) આતંકવાદીઓ ભય ફેલાવવા હુમલા, લુંટફાટ, અપહરણ, હત્યા જેવી પ્રવૃત્તિઓ કરે છે પરિણામે નાના બાળકોથી લઇને વૃધ્ધો સુધીના તમામ નાગરિકો ભયગ્રસ્ત જીવન જીવે છે.

(૪) સાંપ્રદાયિક ઝગડા અને તોફાનો વારંવાર થાય છે જેથી સમાજ વ્યવસ્થા પ્રતિકૂળ રીતે પ્રભાવિત થાય છે.

(૫) જે વિસ્તારોમાં આતંકવાદી પ્રવૃત્તિઓનું પ્રમાણે વધારે હોય છે ત્યાં રાષ્ટ્રીય ઉત્સવો કે ધાર્મિક ઉજવણીઓ ઉત્સાહપૂર્વક થતી નથી.

(૬) ગામડા અને શહેરો તેમજ રાજય–રાજય વચ્ચેના આંતર વ્યવહારો ઓછા થતા જાય છે.

વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, "જેહાદ" શબ્દનો દુરઉપયોગ મીડિયા તથા રાજકીયપક્ષોએ કરેલો છે અને "જેહાદ" શબ્દને આતંકવાદ સાથે ખોટી રીતે ઈરાદાથી જોડી દિધેલ છે પરંતુ મારા મત પ્રમાણે સરકાર દ્વારા આતંકવાદી સંગઠન જાહેર કરેલા તમામ સંગઠનોએ અને તે સંગઠનો સાથે સંકળાયેલા વ્યકિતઓએ "જેહાદ" શબ્દનો દુષ્પ્રચાર કરીને "જેહાદ" શબ્દને આતંકવાદ સાથે જોડી દીધેલો છે. મીડિયા કે રાજકીયપક્ષોએ જોડેલો નથી. આવા સંગઠનોએ પોતાની ભૌતિક તેમજ પ્રાદેશિક લાલસાના કારણે નિર્દોષ મુસ્લિમ યુવકોને ગેરમાર્ગે દોરી દુષ્પ્રચાર કરી તેઓના મગજ ઉપર કબજો કરીને આતંકવાદી કૃત્યો "જેહાદ"ના નામે કરાવે છે. જે એક જગ જાહેર અને સનાતન સત્ય હકીકત છે. "જેહાદ" સંબંધી મોહમદ સાહેબે જે વાતો લખી છે અને કુરાનમાં ઘણી જગ્યાએ "જેહાદ ફી શબીલલ્લાહ" નો ઉલ્લેખ છે તેનો મતલબ અલ્લાહના માર્ગે પ્રયત્ન કરવો તેવો છે.

કુરાનમાં "જેહાદ"નો કોઈપણ અસ્ત્ર શસ્ત્ર સાથે સંબંધ નથી તે સમય સુધી તો લડાઈની પરવાનગી અપાઈ ન હતી ઉલટુ મહમદ સાહેબે એમ કહ્યું હતુ કે, મુસલમાનોએ શત્રુઓના જુલ્મને ધૈર્ય અને શાંતિથી કોઈપણ બદલો લીધા વગર સહન કરતા રહે અને બને ત્યાં સુધી બુરાઈનો બદલો ભલાઈથી આપતા રહો. કુરાનમાં કેટલા ઠેકાણે મહમદ સાહેબને કહેવામાં આવ્યું છે કે હજુ પણ કેટલાક લોકો તમારી વાતોમાં વિશ્વાસ રાખતા નથી જેઓ મુસલમાન બન્યા છતાં સચ્ચાઈ તથા પવિત્રતાથી તમારી સાથે વર્તતા નથી એટલે કે એ લોકો સાથે "જેહાદ" ચાલુ રાખો એટલે કે સૌને સમજાવવાના પ્રયત્નોમાં કોઈપણ પ્રકારની કચાશ રહેવા ના દો. અહિં "જેહાદ"નો સંબંધ હથિયારબંધ લડાઈ સાથે નથી અને

આ આયાતમાં જે મુસલમાનોનો ઉલ્લેખ છે તેમની વિરૂધ્ધ ન તો કદીએ શસ્ત્ર ઉગામવાની રજા અપાઇ હતી કે ન તો હથિયાર વપરાયા હતાં.(૯–૭૩, ૬૬–૯)

કુરાનની ૨૫મી સુરાની ૨૨મી આયાતમાં મહમદ સાહેબને કહેવામાં આવ્યું છે કે, કુરાન મારફત " જેહાદ કબીર" એટલે કે ભારી જેહાદ કરો. એનો અર્થ થાય છે કે, પોતાની પુરી શકિત લગાડીને લોકોમાં કુરાનનો પ્રચાર કરો. જે લોકો મુસલમાન બન્યા પછી પયગંબર સાહેબની વાતોમાં પુરો વિશ્વાસ ન હોતો ધરાવતા તેવા લોકો માટેની વાત છે.

જેઓ શત્રુઓના કહેરથી બચવા બીજે કયાંક ઠેકાણે ભાગી જાય છે પરંતુ સત્યનો સાથ છોડતા નથી અને ધૈર્ય રાખે છે તથા સ્વધર્મનું પાલન કરે છે એમના આ કાર્યને "જેહાદ" કહે છે. (૧૬–૧૧૦)

પુરા કુરાનમાં "જેહાદ" શબ્દ એવા પ્રસંગોમાં વપરાયો છે કે જેનો કોઇ જ સંબંધ લડાઇ કે હથિયાર સાથે નથી ફકત ધર્મના કાર્યો માટે જ "જેહાદ" શબ્દ વપરાયો છે.

અરબસ્તાનના અતિ જાણીતા અને વિદ્વાન મૌલવી જેણે કુરાનને અંગ્રેજીમાં અનુવાદ કરેલ છે તે પણ કબુલ કરેલ છે કે, "જેહાદ" એટલે તલવારથી લડાઇ લડવી તે અરબી ભાષાનું અજ્ઞાન છે.

ઉપરોકત તમામ હકીકત, ચર્ચા અને બચાવપક્ષ તરફથી રજૂ થયેલ ચુકાદાઓ અને ફરિયાદપક્ષ તરફથી રજૂ થયેલ દસ્તાવેજો ધ્યાને લેતાં "સીમી" સંગઠન ઉપર સને–૨૦૦૧ થી ૨૦૧૯ સુધી પ્રતિબંધ રહેલો છે અને સને–૨૦૧૯ થી ભારત સરકાર દ્વારા બીજા પાંચ વર્ષ સુધી પ્રતિબંધ છે અને આ કેસના આરોપીઓ પૈકી ઘણા આરોપીઓ "સીમી"ના સક્રિય કાર્યકરો વર્ષોથી છે અને ગુપ્ત રીતે "સીમી"ની પ્રવૃત્તિ ચલાવે છે તેમ હું માનું છું. "સીમી" સાથે સક્રિય રીતે કયા આરોપીઓ સભ્ય છે તથા સીમીમાં કાર્યરત છે તે આરોપીઓ કોણ છે તે અંગેની ચર્ચા આગળ ઉપર કરીશું.

(૮૩) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૬, અનલોકુલ એકટીવીટી (પ્રિવેન્શન)ની કલમ–૪૫, એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ–૭ તથા આર્મ્સ એકટની કલમ –૩૯ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે કરેલી દરખાસ્તો તથા મળેલી મંજૂરીઓ વિશે (અમદાવાદ શહેરના બનાવો બાબતે)...

તા.૨૬.૭.૦૮ ના રોજ અમદાવાદ શહેરમાં જુદી–જુદી કુલ–૨૨ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ થયેલા અને રામોલ વિસ્તારની એક જગ્યા ઉપર જીવંત બોમ્બ મળી આવેલો. એક બોમ્બ બ્લાસ્ટનો બનાવ અમદાવાદ ગ્રામ્યના સરખેજ વિસ્તારમાં બનેલો તથા એક જીવંત બોમ્બ મુકામ કલોલ, જિ.ગાંધીનગર વિસ્તારમાં મળી આવેલો. જેની કુલ–૨૦ ફરિયાદો જુદા–જુદા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી અને તમામ ફરિયાદોની તપાસો કરવા માટે પોલીસ કમિશનર ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદનાઓએ મદદનીશ પોલીસ કમિશનરનો હોદ્દો ધરાવતા કુલ–૪ અધિકારીઓની કુલ–૪ તપાસ ટીમો બનાવવામાં આવેલી અને તેઓએ આ તમામ ફરિયાદીની તપાસ કરેલી. તપાસના અંતે કુલ–૮૦ આરોપીઓની તમામ ગુનાઓના કામે જુદી–જુદી તારીખોએ અટક કરેલી હતી. કુલ–૮૦ આરોપીઓ પૈકી આરોપી નં.૭૯, ૮૦ ઈન્સાફી કાર્યવાહી શરૂ થતા પહેલા મરણ ગયેલા છે. કુલ–૭૮ આરોપીઓ સામે ચાર્જશીટો દાખલ કરવામાં આવેલી. આરોપીઓ સામે જુદા–જુદા કાયદાની જુદી–જુદી કલમો હેઠળના ગુના કર્યાના આક્ષેપો છે અને તે પ્રમાણે આરોપીઓ સામે તહોમતનામાઓ ફરમાવેલા છે. તે પૈકી તમામ આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ની કલમ–૧૨૧(એ),૧૨૪ (એ), ૧૫૩(ક)(૧)(ખ) મુજબના ગુનાનું તહોમતનામુ પણ ફરમાવેલુ છે અને આ ગુનાઓની ઈન્સાફી કાર્યવાહી શરૂ કરતા પહેલા ક્રિ.પ્રો.કોડની કલમ–૧૯૬ મુજબની પરવાનગીની જરૂર પડે.

ક્રિ.પ્રો.કોડની કલમ–૧૯૬:– રાજય વિરૂધ્ધના ગુન્હા માટે અથવા તેવો ગુન્હો કરવા માટેના ગુનાહિત કાવતરા માટે ફોજદારી કાર્યવાહી:–

(૧) કોઈ પણ અદાલત –

(૨) ભારતીય દંડ સંહિતા (૧૮૬૦ નો ૪૫ મો) ના પ્રકરણ–૬ હેઠળ અથવા કલમ ૧૫૩–ક, કલમ ૨૯૫–ક અથવા કલમ ૫૦૫ ની પેટા–કલમ

(ક) હેઠળ સજાપાત્ર ગુન્હો, અથવા

(ખ) તેવો ગુન્હો કરવા માટેનું ગુન્હાહિત કાવતરૂ, અથવા

(ગ) ભારતીય દંડ સંહિતા (૧૮૬૦ નો ૪૫ મો) ની કલમ ૧૦૮–ક મા વર્ણવેલી તેવી કોઈ મદદગારી અંગેના, (ગુન્હાનો) કેન્દ્ર સરકાર અથવા રાજય સરકારની પૂર્વ મંજૂરી સિવાય કોગ્નીઝન્સ લઈ શકાશે નહીં.

(૧–ક)કોઈ પણ અદાલત –

(ક) ભારતીય દંડ સંહિતા (સને ૧૮૬૦ નો ૪૫ મો) ની કલમ ૧૫૩–ખ અથવા કલમ ૫૦૫ ની પેટા–કલમ (૨) અથવા પેટા–કલમ (૩) હેઠળ સજાપાત્ર કોઈ ગુન્હાનો, અથવા

(ખ) તેવો ગુન્હો કરવા માટે ગુન્હાહિત કાવતરા અંગેનો,

કેન્દ્ર સરકાર અથવા રાજય સરકાર અથવા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટની પૂર્વ મંજૂરી સિવાય કોગ્નીઝન્સ લઈ શકાશે નહીં.

(૨) દેહાંતદંડ, આજીવન કેદ અથવા બે વર્ષ કે તે કરતા વધુ સખત કેદની સજાને પાત્ર ગુન્હા અંગેના ગુન્હાહિત કાવતરા સિવાયના, ભારતીય દંડ સંહિતા (૧૮૬૦ નો ૪૫ મો) ની કલમ ૧૨૦–ખ હેઠળ સજાપાત્ર ગુન્હાહિત કાવતરાના ગુન્હા અંગે કોઈ પણ અદાલત કોગ્નીઝન્સ લઈ શકશે નહીં. સિવાય કે રાજય સરકાર અથવા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટ કાર્યવાહી શરૂ કરવા માટે લેખિત સંમતિ આપી હોય

પરંતુ, ગુન્હાહિત કાવતરૂ એવું હોય કે જેને કલમ ૧૯૫ના પ્રબંધ લાગુ પડતા હોય તો આવી સંમતિ આવશ્યક નથી.

(૩) પેટા–કલમ (૧) અથવા પેટા–કલમ (૧–ક) હેઠળ મંજૂરી આપતા પહેલા કેન્દ્ર સરકાર અથવા રાજય સરકાર તથા પેટા–કલમ (૧–ક) હેઠળ મંજૂરી આપતા પહેલા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટ તથા પેટા–કલમ (૨) હેઠળ સંમતિ આપતા પહેલા રાજય સરકાર અથવા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટ,

ઈન્સ્પેકટરથી નીચેના દરજ્જાના ન હોય તેવા પોલીસ અધિકારી દ્વારા પ્રાથમિક તપાસ કરવાનો આદેશ કરી શકશે કે જે કેસમાં તેવા પોલીસ અધિકારીને કલમ–૧૫૫ ની પેટા–કલમ (૩) માં ઉલ્લેખવામાં આવેલી સત્તાઓ રહેશે.

આ જ આરોપીઓ સામે અનલોફુલ એકટીવીટી (પ્રિવેન્શન એકટ) ૧૯૬૭ ની કલમ–૧૦,૧૩,૧૮,૧૯,૨૦,૨૩,૩૮,૩૯,૪૦ મુજબના ગુનાનું તહોમતનામુ પણ ફરમાવેલુ છે અને આ ગુનાઓની ઈન્સાફી કાર્યવાહી શરૂ કરતા પહેલા અનલોફુલ એકટીવીટી (પ્રિવેન્શન એકટ) ૧૯૬૭ ની કલમ–૪૫ મુજબની પરવાનગીની જરૂર પડે.

અનલોફુલ એકટીવીટી (પ્રિવેન્શન એકટ) ૧૯૬૭ ની કલમ–૪૫ઃ– ગુનાઓનું સંજ્ઞાનઃ–

(૧) અદાલત ગુનાઓનું સંજ્ઞાન લેશે નહીં.

(I) પ્રકરણ–૩ હેઠળ કરેલા ગુનાઓ સંબંધી કેન્દ્ર સરકાર અથવા કોઈ રાજય સરકાર દ્વારા અથવા અધિકૃત કરેલ અધિકારી દ્વારા આપાવમાં આવેલ પૂર્વ મંજૂરી વિના,

(II) પ્રકરણ–૪,૫ હેઠળ વિદેશી સરકાર સામે ગુનો કરવામાં આવ્યો હોય તેવા પ્રસંગે કેન્દ્ર સરકાર કે રાજય સરકારને પૂર્વ મંજૂરી વિના,

(૨) કેન્દ્ર સરકાર અથવા રાજય સરકાર દ્વારા નિમણૂક પામેલ સત્તાધિકારી દ્વારા તપાસ દરમ્યાન એકત્રિત કરવામાં આવેલા પુરાવાનું સ્વતંત્ર રીતે નિયત કરેલ સમય મર્યાદામાં મૂલ્યાંકન કરી નિયત કરેલા સમયમાં પેટા કલમ ૧ હેઠળ ગુનાઓનું સંજ્ઞાન લેવા ભલામણ કરશે.

આ જ આરોપીઓ સામે એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટ–૧૯૦૮ ની કલમ–૩,૪,૫,૬ મુજબના ગુનાનું તહોમતનામું પણ ફરમાવેલુ છે અને આ ગુનાઓની ઈન્સાફી કાર્યવાહી શરૂ કરતા પહેલા એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટ–૧૯૦૮ ની કલમ–૭ મુજબની પરવાનગીની જરૂર પડે.

એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટ ૧૯૦૮ ની કલમ–૭ઃ– ગુનાની કાર્યવાહી ઉપર અંકુશઃ–

ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટની સંમતિ વિના અદાલત કોઈ વ્યકિત સામે ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવશે નહીં.

આ જ આરોપીઓ સામે આર્મ્સ એકટ ૧૯૫૪ ની કલમ–૨૫(૧)(બી) મુજબના ગુનાનું તહોમતનામું પણ ફરમાવેલુ છે અને આ ગુનાઓની ઈન્સાફી કાર્યવાહી શરૂ કરતા પહેલા આર્મ્સ એકટ –૧૯૫૪ની કલમ–૩૯ મુજબની પરવાનગીની જરૂર પડે.

આર્મ્સ એકટ–૧૯૫૪ની કલમ–૩૯ઃ– કેટલાક કેસોમાં ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટની પૂર્વ મંજૂરી જરૂરીઃ–

આ કાયદાની કલમ–૩ હેઠળના ગુનાઓમાં ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટની પૂર્વ મંજૂરી વિના કોઈપણ વ્યકિત સામે ફરિયાદ માંડી શકાશે નહીં.

આ કામે કુલ–૨૦ બનાવો પૈકી (૧)ખાડીયા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં.૧૭૧/૦૮(૨)કાલુપુર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં.૧૨૩/૦૮(૩) વટવા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં.૨૧૮/૦૮ (૪)દાણીલીમડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં.૧૪૦/૦૮(૫)કલોલ તાલુકા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં.૨૦૦/૦૮ ના ગુનાઓની તપાસ મદદનીશ પોલીસ કમિશનર સુ.શ્રી ઉષા રાડાએ કરેલી છે.

એ જ રીતે (૧)મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં.૨૦૩/૦૮(૨)મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં.૨૦૪/૦૮ (૩)મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં.૨૦૫/૦૮(૪) મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં.૨૦૬/૦૮ તથા (૫)સરખેજ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં.૧૮૧/૦૮નાં ગુનાઓની તપાસ મદદનીશ પોલીસ કમિશનરશ્રી મયુર ચાવડાએ કરેલી છે.

એ જ રીતે (૧)ઓઢવ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં.૩૩૮/૦૮(૨)ઓઢવ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં.૩૩૯/૦૫

(૩)ઈસનપુર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં.૧૯૦/૦૮ (૪)રામોલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં.૩૨૨/૦૮(૫)રામોલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં.૩૨૧/૦૮ ના ગુનાઓની તપાસ મદદનીશ પોલીસ કમિશનરશ્રી આર.વી.અસારીએ કરેલી છે.

એ જ રીતે (૧)નરોડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં.૪૦૦/૦૮(૨)નરોડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં.૪૦૧/૦૮ (૩)બાપુનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં.૨૨૦/૦૮ (૪) અમરાઈવાડી પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં.૨૭૩/૦૮ ના ગુનાઓની તપાસ મદદનીશ પોલીસ કમિશનરશ્રી વી.આર.ટોળીયાએ કરેલી હતી.

ઉપરોકત અધિકારીઓએ તમામ આરોપીઓ સામે સને–૨૦૦૯ ની સાલમાં અનુક્રમ નં.૧ થી ૬૪ સામે ચાર્જશીટ દાખલ કરેલા હતા. ત્યારબાદ પાછળથી અનુક્રમ નં.૬૫ થી ૭૮ જે આરોપીઓ પકડાયેલા તેઓની સામે ગુનાઓની તપાસ મદદનીશ પોલીસ કમિશનર સી.એન.રાજપુત,આર.એન. ઝાલા, આર.બી.પટેલ અને પી.એન.પટેલનાઓએ કરેલી છે. ઉપરોકત તમામ તપાસ કરનાર અધિકારીઓએ તપાસના અંતે ચાર્જશીટો દાખલ કરવા માટે ક્રિ.પ્રો.કોડની કલમ–૧૯૬, અનલોફુલ એકટીવીટી (પ્રિવેન્શન એકટ)ની કલમ–૪૫, એક્ષપ્લોઝીવ એકટની કલમ–૭ તથા આર્મ્સ એકટની કલમ–૩૯ મુજબની મંજૂરીઓ મેળવવા માટે સરકારશ્રીને, સંબંધિત ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓને તથા પોલીસ કમિશનરશ્રીઓને દરખાસ્તો મોકલેલી અને આ દરખાસ્તો મોકલ્યા બાદ સરકારશ્રી તરફથી તેમજ સંબંધિત ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓ તરફથી તેમજ પોલીસ કમિશનરશ્રીઓ તરફથી મંજૂરીઓ આપવામાં આવેલી હતી. ત્યારબાદ આરોપીઓ સામે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ માં ચાર્જશીટ દાખલ કરેલા હતા. કયા આરોપી સામે કયા ગુનાના કામે, કયા તપાસ કરનાર અધિકારીએ, કયા કાયદાની, કઈ કલમો હેઠળ મંજૂરી મેળવવા દરખાસ્તો કરેલી અને ત્યારબાદ કયા આરોપી સામે કયા ગુનાના કામે,

કયા અધિકારીએ, કયા કાયદાની, કઈ કલમ હેઠળ મંજૂરીઓ આપેલી હતી અને દરખાસ્તો તથા મંજૂરીઓનું આંક સાથેનુ કોષ્ટક નીચે મુજબની વિગતે છે.

આરોપી નં.૦૧ જાહિદ કુત્બુદ્દિન શેખનાઓને અમદાવાદ શહેર તથા કલોલ તાલુકામાં થયેલા બોમ્બ બ્લાસ્ટના નીચે જણાવેલ ગુનાઓના કામે ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૬, અનલોકુલ – ૪૫ મુજબ કરેલી દરખાસ્તો તેમજ મળેલી મંજૂરીઓની વિગત નીચે મુજબ છે:–

અ.નં.	**પોલીસ સ્ટેશન તથા ગુ.ર.નં.**	**ક્રિ.પ્રો.કોડની કલમ–૧૯૬નીદરખાસ્ત તથા દરખાસ્ત કરનાર અધિકારી તથા મંજૂરી આપનાર અધિકારી**		**UAPA એકટની કલમ–૪૫ નીદરખાસ્ત તથા દરખાસ્ત કરનાર અધિકારી તથા મંજૂરી આપનાર અધિકારી**	
		દરખાસ્ત	મંજૂરી	દરખાસ્ત	મંજૂરી
૧	શાહિબાગ પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૨૩૬/૦૮	૪૮૬૭ વી.આર. ટોળિયા	૪૮૬૯ પી.એન. પટેલ	૪૮૬૮ વી.આર. ટોળિયા	૪૮૭૦ પી.એન. પટેલ
૨	નરોડા પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૪૦૦/૦૮	૪૯૫૮ વી.આર. ટોળિયા	૪૯૬૦ પી.એન. પટેલ	૪૯૫૯ વી.આર. ટોળિયા	૪૯૬૧ પી.એન. પટેલ
૩	નરોડા પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૪૦૧/૦૮	૪૦૯૦ વી.આર. ટોળિયા	૪૦૯૨ એસ.ડી. બ્રાર	૪૦૯૧ વી.આર. ટોળિયા	૪૦૯૩ એસ.ડી. બ્રાર
૪	બાપુનગર પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૨૨૦/૦૮	૪૯૫૦ વી.આર. ટોળિયા	૪૯૫૨ પી.એન. પટેલ	૪૯૫૧ વી.આર. ટોળિયા	૪૯૫૩ પી.એન. પટેલ
૫	અમરાઇવાડી પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૨૭૩/૦૮	૪૯૫૪ વી.આર. ટોળિયા	૪૯૫૬ પી.એન. પટેલ	૪૯૫૫ વી.આર. ટોળિયા	૪૯૫૭ પી.એન. પટેલ
૬	રામોલ પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૩૨૧/૦૮	૪૮૮૮ આર.વી. અસારી	૪૮૯૦ પી.એન. પટેલ	૪૮૮૯ આર.વી. અસારી	૪૮૯૧ પી.એન. પટેલ
૭	રામોલ પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૩૨૨/૦૮	૫૧૧૩ આર.વી. અસારી	૫૧૧૫ ધનંજય દ્વિવેદી	૫૧૧૪ આર.વી. અસારી	૫૧૧૬ ધનંજય દ્વિવેદી
૮	સરખેજ	૪૯૭૦/૫	૪૯૭૫	૪૯૭૦/૫	૪૯૭૬

	પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૧૮૧/૦૮	/F એમ.જે. ચાવડા.	પી.એન. પટેલ	/G એમ.જે. ચાવડા.	પી.એન. પટેલ
૯	મણીનગર પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૨૦૩/૦૮	૪૮૭૧ એમ.જે. ચાવડા.	૪૮૭૩ પી.એન. પટેલ	૪૮૭૨ એમ.જે. ચાવડા.	૪૮૭૪ પી.એન. પટેલ
૧૦	મણીનગર પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૨૦૪/૦૮	૪૯૭૦/૩ /B એમ.જે. ચાવડા.	૪૯૭૩ પી.એન. પટેલ	૪૯૭૦/૪ /C એમ.જે. ચાવડા.	૪૯૭૪ પી.એન. પટેલ
૧૧	મણીનગર પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૨૦૫/૦૮	૪૯૭૦/૭ /D એમ.જે. ચાવડા.	૪૯૭૭ પી.એન. પટેલ	૪૯૭૦/૮ /E એમ.જે. ચાવડા.	૪૯૭૮ પી.એન. પટેલ
૧૨	મણીનગર પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૨૦૬/૦૮	૪૯૨૯ એમ.જે. ચાવડા.	૪૯૩૧ પી.એન. પટેલ	૪૯૩૦ એમ.જે. ચાવડા.	૪૯૩૨ પી.એન. પટેલ
૧૩	ઓઢવ પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૩૩૮/૦૮	–	૫૨૧૨ ધનંજય દ્વિવેદી	–	૫૨૧૩ ધનંજય દ્વિવેદી
૧૪	ઓઢવ પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૩૩૯/૦૮	–	૫૨૧૪ ધનંજય દ્વિવેદી	–	૫૨૧૫ ધનંજય દ્વિવેદી
૧૫	ખાડીયા પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૭૧/૦૮	૪૮૮૦ યુ.બી.રાડા.	૪૮૮૨ પી.એન. પટેલ	૪૮૮૧ યુ.બી.રાડા.	૪૮૮૩ પી.એન. પટેલ
૧૬	દાણીલીમડા પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૧૪૦/૦૮	૪૯૨૧ યુ.બી.રાડા.	૪૯૨૩ પી.એન. પટેલ	૪૯૨૨ યુ.બી.રાડા.	૪૯૨૪ પી.એન. પટેલ
૧૭	કાલુપુર પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૧૨૩/૦૮	૪૯૬૬ યુ.બી.રાડા.	૪૯૬૮ પી.એન. પટેલ	૪૯૬૭ યુ.બી.રાડા.	૪૯૬૯ પી.એન. પટેલ
૧૮	વટવા પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૨૧૮/૦૮	૪૯૬૨ યુ.બી.રાડા.	૪૯૬૪ પી.એન. પટેલ	૪૯૬૩ યુ.બી.રાડા.	૪૯૬૫ પી.એન. પટેલ

૧૯	ઈસનપુર પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૧૯૦/૦૮	૪૯૧૭ આર.વી. અસારી	૪૯૧૯ પી.એન. પટેલ	૪૯૧૮ આર.વી. અસારી	૪૯૨૦ પી.એન. પટેલ
૨૦	કલોલ તાલુકા પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૨૦૦/૦૮	–	૫૨૧૬ ધનંજય દ્વિવેદી	–	૫૨૧૭ ધનંજય દ્વિવેદી

અ.નં.	**પોલીસ સ્ટેશન તથા ગુ.ર.નં.**	**એક્ષપ્લોજીવ સબસ્ટન્સની કલમ–૭ હેઠળની દરખાસ્ત તથા દરખાસ્ત કરનાર અધિકારી તથા મંજૂરી આપનાર અધિકારી**		**આર્મ્સ એકટની કલમ–૩૯ ની દરખાસ્ત તથા દરખાસ્ત કરનાર અધિકારી તથા મંજૂરી આપનાર અધિકારી**	
		દરખાસ્ત	મંજુરી	દરખાસ્ત	મંજુરી
૧	શાહિબાગ પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૨૩૬/૦૮	૪૬૦૨ વી.આર. ટોળિયા	૪૬૦૩ એચ.કે. શુકલ	૮૮૧૭ વી.આર. ટોળિયા	૮૮૧૮ અભય ચુડાસમા
૨	નરોડા પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૪૦૦/૦૮	૪૬૩૪ વી.આર. ટોળિયા	૪૬૩૫ એચ.કે. શુકલ	૮૮૭૮ વી.આર. ટોળિયા	૮૮૭૯ અભય ચુડાસમા
૩	નરોડા પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૪૦૧/૦૮	૪૬૦૬ વી.આર. ટોળિયા	૪૬૦૭ એચ.કે. શુકલ	૮૮૯૪ વી.આર. ટોળિયા	૮૮૯૫ અભય ચુડાસમા
૪	બાપુનગર પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૨૨૦/૦૮	૪૬૩૦ વી.આર. ટોળિયા	૪૬૩૧ એચ.કે. શુકલ	૮૮૪૩ વી.આર. ટોળિયા	૮૮૪૪ અભય ચુડાસમા
૫	અમરાઈવાડી પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૨૭૩/૦૮	૪૬૩૨ વી.આર. ટોળિયા	૪૬૩૩ એચ.કે. શુકલ	૮૮૬૦ વી.આર. ટોળિયા	૮૮૬૧ અભય ચુડાસમા
૬	રામોલ પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૩૨૧/૦૮	૪૬૧૨ આર.વી. અસારી	૪૬૧૩ એચ.કે. શુકલ	૮૨૯૦ આર.વી. અસારી	૮૨૯૧ અભય ચુડાસમા
૭	રામોલ પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૩૨૨/૦૮	૪૬૪૨ આર.વી. અસારી	૪૬૪૩ એચ.કે. શુકલ	૮૨૯૯ આર.વી. અસારી	૮૩૦૦ અભય ચુડાસમા

૮	સરખેજ પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૧૮૧/૦૮	૪૬૧૦ એમ.જે. ચાવડા	૪૬૧૧ એચ.કે. શુકલ	૮૭૪૮ એમ.જે. ચાવડા	૮૭૪૯ અભય ચુડાસમા
૯	મણીનગર પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૨૦૩/૦૮	૪૬૦૪ એમ.જે. ચાવડા	૪૬૦૫ એચ.કે. શુકલ	૮૬૫૪ એમ.જે. ચાવડા	૮૬૫૫ અભય ચુડાસમા
૧૦	મણીનગર પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૨૦૪/૦૮	૪૬૨૬ એમ.જે. ચાવડા	૪૬૨૭ એચ.કે. શુકલ	–	૮૬૮૧ અભય ચુડાસમા
૧૧	મણીનગર પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૨૦૫/૦૮	૪૬૨૮ એમ.જે. ચાવડા	૪૬૨૯ એચ.કે. શુકલ	૮૭૦૨ એમ.જે. ચાવડા	૮૭૦૩ અભય ચુડાસમા
૧૨	મણીનગર પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૨૦૬/૦૮	૪૬૨૪ એમ.જે. ચાવડા	૪૬૨૫ એચ.કે. શુકલ	૮૭૨૫ એમ.જે. ચાવડા	૮૭૨૬ અભય ચુડાસમા
૧૩	ઓઢવ પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૩૩૮/૦૮	૪૬૪૪ આર.વી. અસારી	૪૬૪૫ એચ.કે. શુકલ	૮૩૧૦ આર.વી. અસારી	૮૩૧૧ અભય ચુડાસમા
૧૪	ઓઢવ પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૩૩૯/૦૮	૪૬૪૬ આર.વી. અસારી	૪૬૪૭ એચ.કે. શુકલ	૮૩૧૪ આર.વી. અસારી	૮૩૧૫ અભય ચુડાસમા
૧૫	ખાડીયા પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૭૧/૦૮	૪૬૦૮ યુ.બી.રાડા	૪૬૦૯ એચ.કે. શુકલ	૮૩૫૦ યુ.બી.રાડા	૮૩૪૬ અભય ચુડાસમા
૧૬	દાણીલીમડા પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૧૪૦/૦૮	૪૬૧૪ યુ.બી.રાડા	૪૬૧૫ એચ.કે. શુકલ	૮૩૮૨ યુ.બી.રાડા	૮૩૮૩ અભય ચુડાસમા
૧૭	કાલુપુર પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૧૨૩/૦૮	૪૬૩૬ યુ.બી.રાડા	૪૬૩૭ એચ.કે. શુકલ	૮૪૦૭ યુ.બી.રાડા	૮૪૦૮ અભય ચુડાસમા
૧૮	વટવા પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૨૧૮/૦૮	૪૬૩૮ યુ.બી.રાડા	૪૬૩૯ એચ.કે. શુકલ	૮૪૩૫ યુ.બી.રાડા	૮૪૩૬ અભય ચુડાસમા
૧૯	ઈસનપુર પો.સ્ટે.ફ.ગુ.ર.નં.	૪૬૧૬ આર.વી.	૪૬૧૭ એચ.કે.	૮૩૦૮ આર.વી.	૮૩૦૯ અભય

	૧૯૦/૦૮	અસારી	શુકલ	અસારી	ચુડાસમા
૨૦	કલોલ તાલુકા પો.સ્ટે.ફ.ગુ.૨.નં. ૨૦૦/૦૮	પ૪૨૦ આર.વી. અસારી	પ૪૨૧ એસ.આર. પ્રસાદ	૮૩૨૬ આર.વી. અસારી	૮૩૨૭ અભય ચુડાસમા

આરોપી નં.૨ ઇમરાન ઇબ્રાહિમ શેખનાઓને અમદાવાદ શહેર તથા કલોલ તાલુકામાં થયેલા બોમ્બ બ્લાસ્ટના નીચે જણાવેલ ગુનાઓના કામે ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૬, અનલોફુલ – ૪૫ મુજબ કરેલી દરખાસ્તો તેમજ મળેલી મંજૂરીઓની વિગત નીચે મુજબ છેઃ–

અ.નં.	**પોલીસ સ્ટેશન તથા ગુ.૨.નં.**	**ક્રિ.પ્રો.કોડની કલમ–૧૯૬નીદરખાસ્ત તથા દરખાસ્ત કરનાર અધિકારી તથા મંજૂરી આપનાર અધિકારી**		**UAPA એકટની કલમ–૪૫ નીદરખાસ્ત તથા દરખાસ્ત કરનાર અધિકારી તથા મંજૂરી આપનાર અધિકારી**	
		દરખાસ્ત	મંજૂરી	દરખાસ્ત	મંજૂરી
૧	શાહિબાગ પો.સ્ટે.ફ.ગુ.૨.નં. ૨૩૬/૦૮	૪૮૬૭ વી.આર. ટોળિયા	૪૮૬૯ પી.એન. પટેલ	૪૮૬૮ વી.આર. ટોળિયા	૪૮૭૦ પી.એન. પટેલ
૨	નરોડા પો.સ્ટે.ફ.ગુ.૨.નં. ૪૦૦/૦૮	૪૯૫૮ વી.આર. ટોળિયા	૪૯૬૦ પી.એન. પટેલ	૪૯૫૯ વી.આર. ટોળિયા	૪૯૬૧ પી.એન. પટેલ
૩	નરોડા પો.સ્ટે.ફ.ગુ.૨.નં. ૪૦૧/૦૮	૪૦૯૦ વી.આર. ટોળિયા	૪૦૯૨ એસ.ડી. બ્રાર	૪૦૯૧ વી.આર. ટોળિયા	૪૦૯૩ એસ.ડી. બ્રાર
૪	બાપુનગર પો.સ્ટે.ફ.ગુ.૨.નં. ૨૨૦/૦૮	૪૯૫૦ વી.આર. ટોળિયા	૪૯૫૨ પી.એન. પટેલ	૪૯૫૧ વી.આર. ટોળિયા	૪૯૫૩ પી.એન. પટેલ
૫	અમરાઇવાડી પો.સ્ટે.ફ.ગુ.૨.નં. ૨૭૩/૦૮	૪૯૫૪ વી.આર. ટોળિયા	૪૯૫૬ પી.એન. પટેલ	૪૯૫૫ વી.આર. ટોળિયા	૪૯૫૭ પી.એન. પટેલ
૬	રામોલ પો.સ્ટે.ફ.ગુ.૨.નં. ૩૨૧/૦૮	૪૮૮૮ આર.વી. અસારી	૪૮૯૦ પી.એન. પટેલ	૪૮૮૯ આર.વી. અસારી	૪૮૯૧ પી.એન. પટેલ
૭	રામોલ પો.સ્ટે.ફ.ગુ.૨.નં.	૫૧૧૩ આર.વી.	૫૧૧૫ ધનંજય	૫૧૧૪ આર.વી.	૫૧૧૬ ધનંજય

	૩૨૨/૦૮	અસારી	દ્વિવેદી	અસારી	દ્વિવેદી
૮	સરખેજ પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૧૮૧/૦૮	૪૯૭૦/૫/F એમ.જે. ચાવડા.	૪૯૭૫ પી.એન. પટેલ	૪૯૭૦/૬/G એમ.જે. ચાવડા.	૪૯૭૬ પી.એન. પટેલ
૯	મણીનગર પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૨૦૩/૦૮	૪૮૭૧ એમ.જે. ચાવડા.	૪૮૭૩ પી.એન. પટેલ	૪૮૭૨ એમ.જે. ચાવડા.	૪૮૭૪ પી.એન. પટેલ
૧૦	મણીનગર પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૨૦૪/૦૮	૪૯૭૦/૩/B એમ.જે. ચાવડા.	૪૯૭૩ પી.એન. પટેલ	૪૯૭૦/૪/C એમ.જે. ચાવડા.	૪૯૭૪ પી.એન. પટેલ
૧૧	મણીનગર પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૨૦૫/૦૮	૪૯૭૦/૭/D એમ.જે. ચાવડા.	૪૯૭૭ પી.એન. પટેલ	૪૯૭૦/૮/E એમ.જે. ચાવડા.	૪૯૭૮ પી.એન. પટેલ
૧૨	મણીનગર પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૨૦૬/૦૮	૪૯૨૯ એમ.જે. ચાવડા.	૪૯૩૧ પી.એન. પટેલ	૪૯૩૦ એમ.જે. ચાવડા.	૪૯૩૨ પી.એન. પટેલ
૧૩	ઓઢવ પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૩૩૮/૦૮	–	૫૨૧૨ ધનંજય દ્વિવેદી	–	૫૨૧૩ ધનંજય દ્વિવેદી
૧૪	ઓઢવ પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૩૩૯/૦૮	–	૫૨૧૪ ધનંજય દ્વિવેદી	–	૫૨૧૫ ધનંજય દ્વિવેદી
૧૫	ખાડીયા પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૭૧/૦૮	૪૮૮૦ યુ.બી.રાડા.	૪૮૮૨ પી.એન. પટેલ	૪૮૮૧ યુ.બી.રાડા.	૪૮૮૩ પી.એન. પટેલ
૧૬	દાણીલીમડા પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૧૪૦/૦૮	૪૯૨૧ યુ.બી.રાડા.	૪૯૨૩ પી.એન. પટેલ	૪૯૨૨ યુ.બી.રાડા.	૪૯૨૪ પી.એન. પટેલ
૧૭	કાલુપુર પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૧૨૩/૦૮	૪૯૬૬ યુ.બી.રાડા.	૪૯૬૮ પી.એન. પટેલ	૪૯૬૭ યુ.બી.રાડા.	૪૯૬૯ પી.એન. પટેલ
૧૮	વટવા	૪૯૬૨	૪૯૬૪	૪૯૬૩	૪૯૬૫

	પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૨૧૮/૦૮	યુ.બી.રાડા	પી.એન. પટેલ	યુ.બી.રાડા	પી.એન. પટેલ
૧૯	ઈસનપુર પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૧૯૦/૦૮	૪૯૧૭ આર.વી. અસારી	૪૯૧૯ પી.એન. પટેલ	૪૯૧૮ આર.વી. અસારી	૪૯૨૦ પી.એન. પટેલ
૨૦	કલોલ તાલુકા પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૨૦૦/૦૮	–	૫૨૧૬ ધનંજય દ્વિવેદી	–	૫૨૧૭ ધનંજય દ્વિવેદી

અ.નં.	**પોલીસ સ્ટેશન તથા ગુ.ર.નં.**	**એક્ષપ્લોજીવ સબસ્ટન્સની કલમ–૭ હેઠળની દરખાસ્ત તથા દરખાસ્ત કરનાર અધિકારી તથા મંજૂરી આપનાર અધિકારી**		**આર્મ્સ એકટની કલમ–૩૯ ની દરખાસ્ત તથા દરખાસ્ત કરનાર અધિકારી તથા મંજૂરી આપનાર અધિકારી**	
		દરખાસ્ત	મંજૂરી	દરખાસ્ત	મંજૂરી
૧	શાહિબાગ પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૨૩૬/૦૮	૪૬૦૨ વી.આર. ટોળિયા	૪૬૦૩ એચ.કે. શુકલ	૮૮૧૭ વી.આર. ટોળિયા	૮૮૧૮ અભય ચુડાસમા
૨	નરોડા પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૪૦૦/૦૮	૪૬૩૪ વી.આર. ટોળિયા	૪૬૩૫ એચ.કે. શુકલ	૮૮૭૮ વી.આર. ટોળિયા	૮૮૭૯ અભય ચુડાસમા
૩	નરોડા પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૪૦૧/૦૮	૪૬૦૬ વી.આર. ટોળિયા	૪૬૦૭ એચ.કે. શુકલ	૮૮૯૪ વી.આર. ટોળિયા	૮૮૯૫ અભય ચુડાસમા
૪	બાપુનગર પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૨૨૦/૦૮	૪૬૩૦ વી.આર. ટોળિયા	૪૬૩૧ એચ.કે. શુકલ	૮૮૪૩ વી.આર. ટોળિયા	૮૮૪૪ અભય ચુડાસમા
૫	અમરાઈવાડી પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૨૭૩/૦૮	૪૬૩૨ વી.આર. ટોળિયા	૪૬૩૩ એચ.કે. શુકલ	૮૮૬૦ વી.આર. ટોળિયા	૮૮૬૧ અભય ચુડાસમા
૬	રામોલ પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૩૨૧/૦૮	૪૬૧૨ આર.વી. અસારી	૪૬૧૩ એચ.કે. શુકલ	૮૨૯૦ આર.વી. અસારી	૮૨૯૧ અભય ચુડાસમા
૭	રામોલ	૪૬૪૨	૪૬૪૩	૮૨૯૯	૮૩૦૦

	પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૩૨૨/૦૮	આર.વી. અસારી	એચ.કે. શુકલ	આર.વી. અસારી	અભય ચુડાસમા
૮	સરખેજ પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૧૮૧/૦૮	૪૬૧૦ એમ.જે. ચાવડા	૪૬૧૧ એચ.કે. શુકલ	૮૭૪૮ એમ.જે. ચાવડા	૮૭૪૯ અભય ચુડાસમા
૯	મણીનગર પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૨૦૩/૦૮	૪૬૦૪ એમ.જે. ચાવડા	૪૬૦૫ એચ.કે. શુકલ	૮૬૫૪ એમ.જે. ચાવડા	૮૬૫૫ અભય ચુડાસમા
૧૦	મણીનગર પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૨૦૪/૦૮	૪૬૨૬ એમ.જે. ચાવડા	૪૬૨૭ એચ.કે. શુકલ	–	૮૬૮૧ અભય ચુડાસમા
૧૧	મણીનગર પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૨૦૫/૦૮	૪૬૨૮ એમ.જે. ચાવડા	૪૬૨૯ એચ.કે. શુકલ	૮૭૦૨ એમ.જે. ચાવડા	૮૭૦૩ અભય ચુડાસમા
૧૨	મણીનગર પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૨૦૬/૦૮	૪૬૨૪ એમ.જે. ચાવડા	૪૬૨૫ એચ.કે. શુકલ	૮૭૨૫ એમ.જે. ચાવડા	૮૭૨૬ અભય ચુડાસમા
૧૩	ઓઢવ પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૩૩૮/૦૮	૪૬૪૪ આર.વી. અસારી	૪૬૪૫ એચ.કે. શુકલ	૮૩૧૦ આર.વી. અસારી	૮૩૧૧ અભય ચુડાસમા
૧૪	ઓઢવ પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૩૩૯/૦૮	૪૬૪૬ આર.વી. અસારી	૪૬૪૭ એચ.કે. શુકલ	૮૩૧૪ આર.વી. અસારી	૮૩૧૫ અભય ચુડાસમા
૧૫	ખાડીયા પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૭૧/૦૮	૪૬૦૮ યુ.બી.રાડા	૪૬૦૯ એચ.કે. શુકલ	૮૩૫૦ યુ.બી.રાડા	૮૩૪૬ અભય ચુડાસમા
૧૬	દાણીલીમડા પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૧૪૦/૦૮	૪૬૧૪ યુ.બી.રાડા	૪૬૧૫ એચ.કે. શુકલ	૮૩૮૨ યુ.બી.રાડા	૮૩૮૩ અભય ચુડાસમા
૧૭	કાલુપુર પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૧૨૩/૦૮	૪૬૩૬ યુ.બી.રાડા	૪૬૩૭ એચ.કે. શુકલ	૮૪૦૭ યુ.બી.રાડા	૮૪૦૮ અભય ચુડાસમા
૧૮	વટવા પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૨૧૮/૦૮	૪૬૩૮ યુ.બી.રાડા	૪૬૩૯ એચ.કે. શુકલ	૮૪૩૫ યુ.બી.રાડા	૮૪૩૬ અભય ચુડાસમા

૧૯	ઈસનપુર પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૧૯૦/૦૮	૪૬૧૬ આર.વી. અસારી	૪૬૧૭ એચ.કે. શુકલ	૮૩૦૮ આર.વી. અસારી	૮૩૦૯ અભય ચુડાસમા
૨૦	કલોલ તાલુકા પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૨૦૦/૦૮	૫૪૨૦ આર.વી. અસારી	૫૪૨૧ એસ.આર. પ્રસાદ	૮૩૨૬ આર.વી. અસારી	૮૩૨૭ અભય ચુડાસમા

આરોપી નં.૩ ઇકબાલ કાસમભાઇ શેખનાઓને અમદાવાદ શહેર તથા કલોલ તાલુકામાં થયેલા બોમ્બ બ્લાસ્ટના નીચે જણાવેલ ગુનાઓના કામે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૬, અનલોકુલ – ૪૫ મુજબ કરેલી દરખાસ્તો તેમજ મળેલી મંજૂરીઓની વિગત નીચે મુજબ છેઃ–

અ.નં.	**પોલીસ સ્ટેશન તથા ગુ.ર.નં.**	**ક્રિ.પ્રો.કોડની કલમ–૧૯૬નીદરખાસ્ત તથા દરખાસ્ત કરનાર અધિકારી તથા મંજૂરી આપનાર અધિકારી**		**UAPA એકટની કલમ–૪૫ નીદરખાસ્ત તથા દરખાસ્ત કરનાર અધિકારી તથા મંજૂરી આપનાર અધિકારી**	
		દરખાસ્ત	મંજૂરી	દરખાસ્ત	મંજૂરી
૧	શાહિબાગ પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૨૩૬/૦૮	૪૮૬૭ વી.આર. ટોળિયા	૪૮૬૯ પી.એન. પટેલ	૪૮૬૮ વી.આર. ટોળિયા	૪૮૭૦ પી.એન. પટેલ
૨	નરોડા પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૪૦૦/૦૮	૪૯૫૮ વી.આર. ટોળિયા	૪૯૬૦ પી.એન. પટેલ	૪૯૫૯ વી.આર. ટોળિયા	૪૯૬૧ પી.એન. પટેલ
૩	નરોડા પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૪૦૧/૦૮	૪૦૯૦ વી.આર. ટોળિયા	૪૦૯૨ એસ.ડી. બ્રાર	૪૦૯૧ વી.આર. ટોળિયા	૪૦૯૩ એસ.ડી. બ્રાર
૪	બાપુનગર પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૨૨૦/૦૮	૪૯૫૦ વી.આર. ટોળિયા	૪૯૫૨ પી.એન. પટેલ	૪૯૫૧ વી.આર. ટોળિયા	૪૯૫૩ પી.એન. પટેલ
૫	અમરાઇવાડી પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૨૭૩/૦૮	૪૯૫૪ વી.આર. ટોળિયા	૪૯૫૬ પી.એન. પટેલ	૪૯૫૫ વી.આર. ટોળિયા	૪૯૫૭ પી.એન. પટેલ
૬	રામોલ પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૩૨૧/૦૮	૪૮૮૮ આર.વી. અસારી	૪૮૯૦ પી.એન. પટેલ	૪૮૮૯ આર.વી. અસારી	૪૮૯૧ પી.એન. પટેલ

૭	રામોલ પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૩૨૨/૦૮	પ૧૧૩ આર.વી. અસારી	પ૧૧૫ ધનંજય દ્વિવેદી	પ૧૧૪ આર.વી. અસારી	પ૧૧૬ ધનંજય દ્વિવેદી
૮	સરખેજ પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૧૮૧/૦૮	૪૯૭૦/૫/F એમ.જે. ચાવડા	૪૯૭૫ પી.એન. પટેલ	૪૯૭૦/૬/G એમ.જે. ચાવડા	૪૯૭૬ પી.એન. પટેલ
૯	મણીનગર પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૨૦૩/૦૮	૪૮૭૧ એમ.જે. ચાવડા	૪૮૭૩ પી.એન. પટેલ	૪૮૭૨ એમ.જે. ચાવડા	૪૮૭૪ પી.એન. પટેલ
૧૦	મણીનગર પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૨૦૪/૦૮	૪૯૭૦/૩/B એમ.જે. ચાવડા	૪૯૭૩ પી.એન. પટેલ	૪૯૭૦/૪/C એમ.જે. ચાવડા	૪૯૭૪ પી.એન. પટેલ
૧૧	મણીનગર પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૨૦૫/૦૮	૪૯૭૦/૭/D એમ.જે. ચાવડા	૪૯૭૭ પી.એન. પટેલ	૪૯૭૦/૮/E એમ.જે. ચાવડા	૪૯૭૮ પી.એન. પટેલ
૧૨	મણીનગર પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૨૦૬/૦૮	૪૯૨૯ એમ.જે. ચાવડા	૪૯૩૧ પી.એન. પટેલ	૪૯૩૦ એમ.જે. ચાવડા	૪૯૩૨ પી.એન. પટેલ
૧૩	ઓઢવ પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૩૩૮/૦૮	–	પ૨૧૨ ધનંજય દ્વિવેદી	–	પ૨૧૩ ધનંજય દ્વિવેદી
૧૪	ઓઢવ પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૩૩૯/૦૮	–	પ૨૧૪ ધનંજય દ્વિવેદી	–	પ૨૧૫ ધનંજય દ્વિવેદી
૧૫	ખાડીયા પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૭૧/૦૮	૪૮૮૦ યુ.બી.રાડા	૪૮૮૨ પી.એન. પટેલ	૪૮૮૧ યુ.બી.રાડા	૪૮૮૩ પી.એન. પટેલ
૧૬	દાણીલીમડા પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૧૪૦/૦૮	૪૯૨૧ યુ.બી.રાડા	૪૯૨૩ પી.એન. પટેલ	૪૯૨૨ યુ.બી.રાડા	૪૯૨૪ પી.એન. પટેલ
૧૭	કાલુપુર પો.સ્ટે.ફ.ગુ.ર.નં.	૪૯૬૬ યુ.બી.રાડા	૪૯૬૮ પી.એન.	૪૯૬૭ યુ.બી.રાડા	૪૯૬૯ પી.એન.

	૧૨૩/૦૮		પટેલ		પટેલ
૧૮	વટવા પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૨૧૮/૦૮	૪૯૬૨ યુ.બી.રાડા	૪૯૬૪ પી.એન. પટેલ	૪૯૬૩ યુ.બી.રાડા	૪૯૬૫ પી.એન. પટેલ
૧૯	ઈસનપુર પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૧૯૦/૦૮	૪૯૧૭ આર.વી. અસારી	૪૯૧૯ પી.એન. પટેલ	૪૯૧૮ આર.વી. અસારી	૪૯૨૦ પી.એન. પટેલ
૨૦	કલોલ તાલુકા પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૨૦૦/૦૮	–	૫૨૧૬ ધનંજય દ્વિવેદી	–	૫૨૧૭ ધનંજય દ્વિવેદી

અ.નં.	**પોલીસ સ્ટેશન તથા ગુ.ર.નં.**	**એક્ષપ્લોજીવ સબસ્ટન્સની કલમ–૭ હેઠળની દરખાસ્ત તથા દરખાસ્ત કરનાર અધિકારી તથા મંજૂરી આપનાર અધિકારી**		**આર્મ્સ એકટની કલમ–૩૯ ની દરખાસ્ત તથા દરખાસ્ત કરનાર અધિકારી તથા મંજૂરી આપનાર અધિકારી**	
		દરખાસ્ત	મંજૂરી	દરખાસ્ત	મંજૂરી
૧	શાહિબાગ પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૨૩૬/૦૮	૪૬૦૨ વી.આર. ટોળિયા	૪૬૦૩ એચ.કે. શુકલ	૮૮૧૭ વી.આર. ટોળિયા	૮૮૧૮ અભય ચુડાસમા
૨	નરોડા પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૪૦૦/૦૮	૪૬૩૪ વી.આર. ટોળિયા	૪૬૩૫ એચ.કે. શુકલ	૮૮૭૮ વી.આર. ટોળિયા	૮૮૭૯ અભય ચુડાસમા
૩	નરોડા પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૪૦૧/૦૮	૪૬૦૬ વી.આર. ટોળિયા	૪૬૦૭ એચ.કે. શુકલ	૮૮૯૪ વી.આર. ટોળિયા	૮૮૯૫ અભય ચુડાસમા
૪	બાપુનગર પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૨૨૦/૦૮	૪૬૩૦ વી.આર. ટોળિયા	૪૬૩૧ એચ.કે. શુકલ	૮૮૪૩ વી.આર. ટોળિયા	૮૮૪૪ અભય ચુડાસમા
૫	અમરાઈવાડી પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૨૭૩/૦૮	૪૬૩૨ વી.આર. ટોળિયા	૪૬૩૩ એચ.કે. શુકલ	૮૮૬૦ વી.આર. ટોળિયા	૮૮૬૧ અભય ચુડાસમા
૬	રામોલ પો.સ્ટે.ફ.ગુ.ર.નં.	૪૬૧૨ આર.વી.	૪૬૧૩ એચ.કે.	૮૨૯૦ આર.વી.	૮૨૯૧ અભય

	૩૨૧/૦૮	અસારી	શુકલ	અસારી	ચુડાસમા
૭	રામોલ પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૩૨૨/૦૮	૪૬૪૨ આર.વી. અસારી	૪૬૪૩ એચ.કે. શુકલ	૮૨૯૯ આર.વી. અસારી	૮૩૦૦ અભય ચુડાસમા
૮	સરખેજ પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૧૮૧/૦૮	૪૬૧૦ એમ.જે. ચાવડા	૪૬૧૧ એચ.કે. શુકલ	૮૭૪૮ એમ.જે. ચાવડા	૮૭૪૯ અભય ચુડાસમા
૯	મણીનગર પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૨૦૩/૦૮	૪૬૦૪ એમ.જે. ચાવડા	૪૬૦૫ એચ.કે. શુકલ	૮૬૫૪ એમ.જે. ચાવડા	૮૬૫૫ અભય ચુડાસમા
૧૦	મણીનગર પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૨૦૪/૦૮	૪૬૨૬ એમ.જે. ચાવડા	૪૬૨૭ એચ.કે. શુકલ	–	૮૬૮૧ અભય ચુડાસમા
૧૧	મણીનગર પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૨૦૫/૦૮	૪૬૨૮ એમ.જે. ચાવડા	૪૬૨૯ એચ.કે. શુકલ	૮૭૦૨ એમ.જે. ચાવડા	૮૭૦૩ અભય ચુડાસમા
૧૨	મણીનગર પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૨૦૬/૦૮	૪૬૨૪ એમ.જે. ચાવડા	૪૬૨૫ એચ.કે. શુકલ	૮૭૨૫ એમ.જે. ચાવડા	૮૭૨૬ અભય ચુડાસમા
૧૩	ઓઢવ પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૩૩૮/૦૮	૪૬૪૪ આર.વી. અસારી	૪૬૪૫ એચ.કે. શુકલ	૮૩૧૦ આર.વી. અસારી	૮૩૧૧ અભય ચુડાસમા
૧૪	ઓઢવ પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૩૩૯/૦૮	૪૬૪૬ આર.વી. અસારી	૪૬૪૭ એચ.કે. શુકલ	૮૩૧૪ આર.વી. અસારી	૮૩૧૫ અભય ચુડાસમા
૧૫	ખાડીયા પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૭૧/૦૮	૪૬૦૮ યુ.બી.રાડા	૪૬૦૯ એચ.કે. શુકલ	૮૩૫૦ યુ.બી.રાડા	૮૩૪૬ અભય ચુડાસમા
૧૬	દાણીલીમડા પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૧૪૦/૦૮	૪૬૧૪ યુ.બી.રાડા	૪૬૧૫ એચ.કે. શુકલ	૮૩૮૨ યુ.બી.રાડા	૮૩૮૩ અભય ચુડાસમા
૧૭	કાલુપુર પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૧૨૩/૦૮	૪૬૩૬ યુ.બી.રાડા	૪૬૩૭ એચ.કે. શુકલ	૮૪૦૭ યુ.બી.રાડા	૮૪૦૮ અભય ચુડાસમા
૧૮	વટવા	૪૬૩૮	૪૬૩૯	૮૪૩૫	૮૪૩૬

	પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૨૧૮/૦૮	યુ.બી.રાડા	એચ.કે. શુકલ	યુ.બી.રાડા	અભય ચુડાસમા
૧૯	ઈસનપુર પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૧૯૦/૦૮	૪૬૧૬ આર.વી. અસારી	૪૬૧૭ એચ.કે. શુકલ	૮૩૦૮ આર.વી. અસારી	૮૩૦૯ અભય ચુડાસમા
૨૦	કલોલ તાલુકા પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૨૦૦/૦૮	૫૪૨૦ આર.વી. અસારી	૫૪૨૧ એસ.આર. પ્રસાદ	૮૩૨૬ આર.વી. અસારી	૮૩૨૭ અભય ચુડાસમા

આરોપી નં.૪ સમસુદ્દિન શાહબુદ્દિન શેખનાઓને અમદાવાદ શહેર તથા કલોલ તાલુકામાં થયેલા બોમ્બ બ્લાસ્ટના નીચે જણાવેલ ગુનાઓના કામે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૬, અનલોકુલ – ૪૫ મુજબ કરેલી દરખાસ્તો તેમજ મળેલી મંજૂરીઓની વિગત નીચે મુજબ છેઃ–

અ.નં.	**પોલીસ સ્ટેશન તથા ગુ.ર.નં.**	**ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૬નીદરખાસ્ત તથા દરખાસ્ત કરનાર અધિકારી તથા મંજૂરી આપનાર અધિકારી**		**UAPA એકટની કલમ–૪૫ નીદરખાસ્ત તથા દરખાસ્ત કરનાર અધિકારી તથા મંજૂરી આપનાર અધિકારી**	
		દરખાસ્ત	મંજૂરી	દરખાસ્ત	મંજૂરી
૧	શાહિબાગ પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૨૩૬/૦૮	૪૮૬૭ વી.આર. ટોળિયા	૪૮૬૮ પી.એન. પટેલ	૪૮૬૮ વી.આર. ટોળિયા	૪૮૭૦ પી.એન. પટેલ
૨	નરોડા પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૪૦૦/૦૮	૪૯૫૮ વી.આર. ટોળિયા	૪૯૬૦ પી.એન. પટેલ	૪૯૫૯ વી.આર. ટોળિયા	૪૯૬૧ પી.એન. પટેલ
૩	નરોડા પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૪૦૧/૦૮	૪૦૯૦ વી.આર. ટોળિયા	૪૦૯૨ એસ.ડી. બ્રાર	૪૦૯૧ વી.આર. ટોળિયા	૪૦૯૩ એસ.ડી. બ્રાર
૪	બાપુનગર પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૨૨૦/૦૮	૪૯૫૦ વી.આર. ટોળિયા	૪૯૫૨ પી.એન. પટેલ	૪૯૫૧ વી.આર. ટોળિયા	૪૯૫૩ પી.એન. પટેલ
૫	અમરાઇવાડી પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૨૭૩/૦૮	૪૯૫૪ વી.આર. ટોળિયા	૪૯૫૬ પી.એન. પટેલ	૪૯૫૫ વી.આર. ટોળિયા	૪૯૫૭ પી.એન. પટેલ
આ કામે સુરત શહેરમાં નોંધાયેલી કુલ–૧૫ ફરિયાદો પૈકી કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુન્હા રજીસ્ટર નં.૧૭૫/૦૮, કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુન્હા રજીસ્ટર નં.૧૭૬/૦૮, કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુન્હા રજીસ્ટર નં. ૧૭૯/૦૮, કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુન્હા રજીસ્ટર નં.૧૮૦/૦૮ તથા વરાછા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુન્હા રજીસ્ટર નં.૩૬૫/૦૮ તથા કતારગામ પોલીસ સ્ટેશન સેકન્ડ ગુન્હા રજીસ્ટર નં.૨૦૩/૦૮, ઉમરા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુન્હા રજીસ્ટર નં.૬૫૧/૦૮ તથા ડી.સી.બી. પોલીસ સ્ટેશન સેકન્ડ ગુન્હા રજીસ્ટર નં.૩૦૧૯/૦૮ ના ગુનાઓની તપાસ મદદનીશ પોલીસ કમિશનર શ્રી એન.બી. પરમારે કરેલી છે.

વરાછા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુન્હા રજીસ્ટર નં.૩૬૩/૦૮, વરાછા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુન્હા રજીસ્ટર નં.૩૬૪/૦૮, વરાછા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુન્હા રજીસ્ટર નં.૩૬૬/૦૮, વરાછા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુન્હા રજીસ્ટર નં.૩૬૭/૦૮ તથા મહિધરપુરા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુન્હા રજીસ્ટર નં.૨૦૮/૦૮, મહિધરપુરા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુન્હા રજીસ્ટર નં.૨૦૯/૦૮ તથા કતારગામ પોલીસ સ્ટેશન સેકન્ડ ગુન્હા રજીસ્ટર નં.૨૦૮/૦૮ ના ગુનાઓની તપાસ મદદનીશ પોલીસ કમિશનરશ્રી જે.એસ.ખેરે કરેલી છે.

(૮૩.૩) સુરતના કેસોમાં પ્રોસીકયુશન કરવા માટે મંજૂરી મેળવવા અંગેની દરખાસ્ત કરનાર અધિકારીઓના પુરાવા વિશે...

કાપોદ્રા પોલીસ સ્ટેશનનાં કુલ–૪, વરાછા પોલીસ સ્ટેશનનો કુલ–૧, ઉમરા પોલીસ સ્ટેશનનો કુલ–૧, ડી.સી.બી. પોલીસ સ્ટેશનનો કુલ–૧ અને કતારગામ પોલીસ સ્ટેશનનો કુલ–૧ એમ મળી કુલ–૮ ગુનાઓના કામે

ઉપરોકત ત્રણેય કાયદાઓ હેઠળ ચાર્જશીટ દાખલ કરવા માટે જુદા–જુદા સમયે જુદા–જુદા આરોપીઓ સામે જરૂરી મંજૂરીઓ મેળવવા સાહેદ નં.૧૧૫૫ એન.બી. પરમારનાઓએ દરખાસ્તો કરેલી છે. તેઓની સરતપાસ પ્રમાણે આરોપીઓ સામે એકત્રીત કરવામાં આવેલા પુરાવા ધ્યાને લેતા ઉપરોકત ત્રણ કાયદાઓ હેઠળના ગુના બનતા હોવાનું માલુમ પડતા આ સાહેદે ગૃહ વિભાગ, ગુજરાત રાજય ગાંધીનગરને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૬ તથા અનલોફુલ એકટીવીટી (પ્રિવેન્શન એકટ)ની કલમ–૪૫ મુજબની મંજૂરી મેળવવા માટે દરખાસ્તો કરેલી છે તથા એક્ષપ્લોઝીવ એકટની કલમ–૭ હેઠળની મંજૂરી મેળવવા માટે ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીને દરખાસ્તો કરેલી. આ દરખાસ્તો તૈયાર કરીને સક્ષમ અધિકારીઓને મોકલી આપવા માટે પોલીસ કમિશનરશ્રીને દરખાસ્તો મોકલેલી છે. ઉપરોકત કોષ્ટકમાં આ સાહેદના નામ નીચે જણાવેલા આંકવાળી દરખાસ્તોમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

આ ઉપરાંત વરાછાના પોલીસ સ્ટેશનના કુલ–૪, મહિધરપુરા પોલીસ સ્ટેશનના કુલ–૨ અને કતારગામ પોલીસ સ્ટેશનનો કુલ–૧ મળી કુલ – ૭ ગુનાઓના કામે ઉપરોકત ત્રણેય કાયદાઓ હેઠળ ચાર્જશીટ દાખલ કરવા માટે જુદા–જુદા સમયે જુદા–જુદા આરોપીઓ સામે જરૂરી મંજૂરીઓ મેળવવા મદદનીશ પોલીસ કમિશનર જે.એસ.ખેરે દરખાસ્તો કરેલી છે. પરંતુ તેઓ ફરિયાદ પક્ષ દ્વારા સાહેદ તરીકે તપાસવામાં આવેલા નથી. પરંતુ રેકર્ડ જોતા આરોપીઓ સામે એકત્રીત કરવામાં આવેલા પુરાવા ધ્યાને લેતા ઉપરોકત ત્રણ કાયદાઓ હેઠળના ગુના બનતા હોવાનું માલુમ પડતા આ જે.એસ.ખેરનાઓએ ગૃહ વિભાગ, ગુજરાત રાજય ગાંધીનગરને ક્રિ.પ્રો.કોડની કલમ–૧૯૬ તથા અનલોફુલ એકટીવીટી (પ્રિવેન્શન એકટ)ની કલમ–૪૫ મુજબની મંજૂરી મેળવવા માટે તથા એક્ષપ્લોઝીવ એકટની કલમ–૭ હેઠળની મંજૂરી મેળવવા માટે ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીને દરખાસ્તો કરેલી છે. ઉપરોકત કોષ્ટકમાં જે.એસ.ખેરના નામ નીચે જણાવેલા આંકવાળી દરખાસ્તોમાં જે.એસ.ખેરની સહીઓ છે તે સહીઓ તપાસ

ટીમો પૈકીની એક ટીમના પોલીસ અધિકારી સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર નાઓએ જે.એસ.ખેરની સહીઓ ઓળખી બતાવે છે.

દરખાસ્ત તેમજ મંજૂરીઓ બાબતે સાહેદ એન.બી.પરમારની ઊલટ તપાસના પેરા–૧૩૦ ધ્યાને લઈએ તો પોતાની પાસેની તપાસ દરમ્યાન યુ.એ. પી.એ. એકટની કમલ–૪૫, ક્રિ.પ્રો.કોડની કલમ–૧૯૬ અને એક્ષપ્લોઝીવ એકટની કલમ–૭ મુજબની મંજૂરીઓ મેળવવા માટે દરખાસ્તો કરેલી અને તમામ દરખાસ્તો પ્રોપર ચેનલ મારફતે મોકલેલી તે કબૂલ કરે છે. પ્રોપર ચેનલ એટલે ડી.સી.પી. અને સી.પી.નાઓ છે તે કબૂલ કરે છે. આ દરખાસ્તો બંધ કવરમાં માણસ દ્વારા મોકલેલી. દરખાસ્તો મોકલ્યા પછી જે મંજૂરીઓ આવેલી તે પણ પ્રોપર ચેનલ મારફતે આવેલી કે કેમ? તે જોઈને જણાવી શકે. દરખાસ્તો અને મંજૂરીઓ પ્રોપર ચેનલ મારફતે જવી જોઈએ અને આવવી જોઈએ તેવો કોઈ કાયદો હોય તો ખબર નથી. પ્રોપર ચેનલ મારફતે દરખાસ્તો કેમ મોકલેલી તે કહી શકે નહીં. દરખાસ્તો સચિવશ્રી ગૃહ ખાતુ, ગાંધીનગરનાઓને તથા જિલ્લા મેજિસ્ટ્રેટને મોકલેલી તે અંગેનુ રેકર્ડ હાલમાં નથી પરંતુ પુરાવામાં રજૂ કરેલુ છે તેમ જણાવેલુ છે. આ દરખાસ્તો પ્રોપર ચેનલ મારફતે મોકલેલી તે અંગેની કોઈ રસીદ કે દસ્તાવેજ રજૂ કરેલો નથી. પરંતુ મારા મત પ્રમાણે તેની રસીદ કે દસ્તાવેજ ન હોય અને તે રજૂ કરવાનો પણ ન હોય. કોઈપણ અધિકારી આવો કોઈ પત્રવ્યવહાર કરતા હોય ત્યારે વહીવટી નિયમો મુજબ તેમજ ખાતાના શિષ્ટાચારના ભાગરૂપે પોતાના ઉપરી અધિકારી મારફતે થતો હોય છે માટે કોઈ રસીદ કે દસ્તાવેજ ન હોય. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો પ્રોપર ચેનલની મંજૂરીઓ કેવી રીતે મળેલી અને કયારે મળેલી તે અંગેનુ રેકર્ડ નથી. પ્રોપર ચેનલના કોઈ સંબંધિત અધિકારીઓના જવાબો લીધેલા નથી પરંતુ મારા મત પ્રમાણે આ અધિકારીએ તેઓના ઉપલા અધિકારીઓના આ હેતુ માટે જવાબો લેવા જોઈએ તેવો કોઈ નિયમ નથી અને તેઓના જવાબો લીધા નથી માટે આ દરખાસ્તો મોકલવામાં આવેલી નથી તેવુ અનુમાન પણ થઈ શકે નહીં. જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરીમાં દરખાસ્તો મોકલ્યા પછી મંજૂરીઓના કામ બાબતે ત્યાં

ગયેલા નથી. મંજૂરીઓ બાબતે જિલ્લા મેજિસ્ટ્રેટ સાથે પત્ર વ્યવહાર કર્યો હોય તો યાદ નથી. ગૃહ વિભાગના સચિવ સાથે પણ મંજૂરીઓ બાબતે પત્ર વ્યવહાર થયો નથી. મંજૂરીઓ માટે આ સાહેદને વ્યકિતગત રીતે ગાંધીનગર બોલાવેલા નથી. યુ.એ.પી.એ. એકટની કલમ–૪૫ માં તા.૩૧.૧૨.૦૮ ના રોજથી નવા સુધારા આવેલાની માહિતી નથી. નવા સુધારા મુજબ કોઈ ઓથોરીટીની રચના થયેલી હોય તો ખબર નથી. પરંતુ સાહેદે સ્પષ્ટતા કરેલી છે કે, તે વખતે ઓથોરીટીની રચના થયેલી ન હતી. ઓથોરીટીના વડા નિવૃત્ત નામદાર જજશ્રી અંતાણી સાહેબ પાસે ગયેલા નથી. ઊલટતપાસના પેરા–૧૩૩ ધ્યાને લઈએ તો આંક–૪૮૭૫ વાળી દરખાસ્ત જોઈને જણાવે છે કે આ દરખાસ્ત પ્રોપર ચેનલ દ્વારા અગ્ર સચિવ ગૃહ વિભાગને મોકલેલી અને બીડાણમાં જે કાગળો મોકલેલા તે સિવાય બીજા કોઈ કાગળો કે દસ્તાવેજો મોકલેલા નહીં. બિડાણોના કાગળો કુલ–ચાર પ્રકારના છે તે કબુલ કરે છે. તમામ દરખાસ્તો સાથે આ કેસોમાં તૈયાર કરેલા ચાર્જશીટો મોકલેલા નથી. દરખાસ્તોમાં પુરાવાના પત્રકો અ,બ,ક,ડ નો ઉલ્લેખ છે. તે આ સાહેદે તૈયાર કરાવેલા. આ પત્રકો કોની પાસે તૈયાર કરાવડાવેલા તે કહી શકે નહીં. પત્રકોના કેટલા પાના હતા તે યાદ નથી. પત્રકોમાં જે કંઈ વિગતો લખેલી તે પુરાવાના આધારે લખેલી. જે વ્યકિતએ પત્રકો તૈયાર કરેલા તેની સહીઓ પત્રકમાં લીધેલી નહીં. તૈયાર કરવામાં આવેલી દરખાસ્તો અમદાવાદ સીરીયર બોમ્બ બ્લાસ્ટના તપાસ કરનાર અધિકારીની સુચના મુજબ અને તેમને તૈયાર કરીને આપેલી તે દરખાસ્તોની ખરાઈ કર્યા વિના પ્રોપર ચેનલ મારફતે મંજૂરીઓ મેળવવા માટે મોકલેલાની હકીકત નકારી છે. ઊલટતપાસના પેરા–૧૭૦ ધ્યાને લઈએ તો આ સાહેદને પ્રશ્ન પુછવામાં આવેલો છે કે, આંક–૪૩૦૦, ૪૩૦૧ વાળી દરખાસ્ત બતાવીને પુછવામાં આવેલુ છે કે આરોપીઓ સામે કોઈ પુરાવો નથી. સાહેદે જવાબ આપેલો છે કે બિડાણમાં પુરાવા લખેલા છે. બિડાણમાં અ,બ,ક,ડ વાળા પત્રકો જે જણાવેલા છે તે આ કામે ચાર્જશીટ સાથે રજૂ કરેલા નથી. આ પત્રકો રજીસ્ટરના ફોર્મમાં હતા કે કેમ? તેની ખબર નથી. જે આરોપીઓ સામે મંજૂરી માટે દરખાસ્તો મોકલેલી તે પૈકી કોઈ આરોપી સામે

મંજૂરી આવી ન હોય તો યાદ નથી. આંક–૪૮૯૭ વાળી દરખાસ્ત જોઈને જણાવે છે કે, કુલ–૨૧ આરોપીઓ સામે મંજૂરી માંગતી દરખાસ્ત છે. આંક–૪૮૦૩ વાળી મંજુરી જોઈને જણાવે છે કે આ મંજૂરી કુલ–૧૬ આરોપીઓની છે. પાંચ આરોપીઓ સામે મંજૂરી ન હોવા છતા ખોટુ ચાર્જશીટ કરેલુ હોય તો કહી શકે નહીં.

ફરિયાદપક્ષ તરફથી આ કામે અન્ય એક તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૩૫ એસ.બી.રાવતનાઓને આંક–૮૧૪૨ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તેઓ સને–૨૦૧૦ મા મદદનીશ પોલીસ કમિશનર તરીકે સુરત શહેર, ઈ–ડિવિઝનમાં ફરજ બજાવતા હતા. મદદનીશ પોલીસ કમિશનરશ્રી એન.બી. પરમાર વયનિવૃત્ત થતા તેમની પાસેના સુરત બોમ્બ પ્લાન્ટેશનના કુલ–૧૫ કેસોના ગુનાઓની તપાસ પોલીસ કમિશનરશ્રી, સુરત શહેરનાઓના હુકમથી આ સાહેદે સંભાળેલી. આ ગુનાઓની આગળ થયેલી તપાસના કાગળો તથા અમદાવાદ શહેરના તા.૨૬/૭/૨૦૦૮ ના બોમ્બ બ્લાસ્ટના કેસોના કાગળો જોતાં તેમાં સંડોવાયેલા તહોમતદારો એક સરખા હતાં. મે.ડેઝીગ્નેટેડ જજ સાહેબશ્રી, મીરઝાપુર કોર્ટ, અમદાવાદનાઓએ સુરત શહેરના બનાવોમાં પકડાયેલા કુલ–૫૨ આરોપીઓ વિરૂધ્ધ થયેલા ચાર્જશીટ તથા અમદાવાદ શહેરના બોમ્બ બ્લાસ્ટના ગુનાઓના ચાર્જશીટો સેશન્સ કમીટ કરી એક જ સેશન્સ કેસ નં.૩૮/૦૯ થી ભેગા કરી ચાર્જફ્રેમ કરેલો હતો. આ ગુનાઓની તપાસ દરમ્યાન આ સાહેદે અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચ તરફથી ગુનાઓની તપાસમાં બિહાર રાજયમાં પટણા, ગયા વિગેરે સ્થળોએથી પુરાવાઓ મેળવેલ જે પુરાવાની આઠ નકલો મેળવી સુરત શહેરના ઉપરોકત કુલ–૧૫ ગુનાઓની તપાસના કામે સામેલ રાખેલ. સાહેદ વધુમાં જણાવે છે કે, અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચે શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૦૮ મા પકડાયેલ તહોમતદાર હસીબ રજા ઉર્ફે સમીમ સ/ઓ ફિરદોશ રજા સૈયદની અટક કરેલ હોય તેને કોર્ટમાં રજૂ કરતાં કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુન્હા રજીસ્ટર નં.૧૭૬/૦૮ ના કામે ઇ.પી.કોડની કલમ–૩૦૭ વિગેરે મુજબના ગુનાના કામે અટક કરેલ. ત્યારબાદ સુરત શહેરના જે ગુનાની તપાસ કરતા હતા તે બાકીના ઉપરોકત જણાવેલ કુલ–

૧૪ ગુનાઓમાં તહોમતદાર હસીબ રજા ઉર્ફે સમીમ સ /ઓ ફિરદોશ રજા સૈયદનાઓની અટક કરેલી. સાહેદ વધુમાં જણાવે છે કે, આ આરોપી વિરૂધ્ધ તેની સામે ચાર્જશીટ કરવા જેટલા પુરાવા હોવાથી પ્રોસીકયુશનની મંજૂરી મેળવવા માટે પંદર ગુનાઓની સંયુકત દરખાસ્તો તૈયાર કરી અ,બ,ક,ડ પત્રકો તેમજ આરોપી વિરૂધ્ધના પુરાવા સાથે પ્રોપર ચેનલ મારફતે સક્ષમ અધિકારીશ્રી તરફ જેમાં (૧) ક્રિ.પ્રો.કોડની કલમ–૧૯૬ મુજબની પ્રોસીકયુશનની મંજૂરી મેળવવા માટે અધિક મુખ્ય સચિવ, ગૃહ વિભાગ, ગાંધીનગર તથા (૨)અનલોફુલ એકટીવીટી (પ્રિવેન્શન) એકટની કલમ–૪૫ મુજબની મંજૂરી મેળવવા માટે અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગરને તથા (૩) એક્ષપ્લોજીવ સબસ્ટન્સીઝ એકટની કલમ–૭ હેઠળ મંજૂરી મેળવવા જિલ્લા કલેકટરશ્રી, સુરતનાઓને જા.નં.અનુક્રમે ૫૬/૧૦, ૫૫/૧૦, ૫૭/૧૦ તા.૧/૧૦/ ૨૦૧૦થી મોકલી આપેલી. ત્યારબાદ તા.૨૭/૧૦/૨૦૧૦ ના રોજ ગૃહ વિભાગ, ગાંધીનગર તથા કલેકટરશ્રી, સુરત શહેર તરફથી કુલ–૧૫ ગુનાઓની ગુના પ્રમાણે પ્રોસીકયુશનની મંજૂરી મળતા તા.૨૯/૧૦/૨૦૧૦ ના રોજ આરોપી હસીબ રજા સામે અલગ–અલગ ચાર્જશીટ દાખલ કરેલા. ઉપરોકત કોષ્ટકમાં આ સાહેદના નામ નીચે જણાવેલા આંકવાળી દરખાસ્તોમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે. આ સાહેદની ઊલટતપાસના પેરા–૫ ધ્યાને લઈએ તો યુ.એ.પી.એ. એકટ હેઠળ બનેલી રીવ્યુ કમિટી સમક્ષ પુરાવા એકઠા કરી ૭ દિવસમાં કોઈ રીપોર્ટ કરેલો નથી. રીવ્યુ કમિટી સાથે કોઈ પત્ર વ્યવહાર થયેલો કે કેમ? તે યાદ નથી. કાયદા મુજબ કોઈ પ્રોસીકયુશનની કોઈ મંજૂરીઓ મળેલી ન હોવા છતાં આરોપી સામે ખોટુ ચાર્જશીટ કરેલાની હકીકત નકારે છે.

ફરિયાદપક્ષ તરફથી આ કામે અન્ય એક તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૪૬ વજેસિંહ વખતસિંહ રાઠોડનાઓને આંક–૮૨૩૧ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે ઓગસ્ટ–૨૦૧૦ થી જાન્યુઆરી–૨૦૧૩ સુધી સુરત શહેર ખાતે મદદનીશ પોલીસ કમિશનર, એફ–ડીવીઝન તરીકે ફરજ બજાવતા હતા. સુરત શહેરમાં સને–૨૦૦૮ ના વર્ષમાં બોમ્બ પ્લાન્ટેશનના

કુલ–૧૫ ગુનાઓ નોંધાયેલા હતા અને આ ગુનાઓની આગળની તપાસ નાયબ પોલીસ કમિશનર રાઘવેન્દ્ર વત્સ પાસેથી કમિશનર સાહેબના તા.૨૬.૭.૧૧ ના હુકમથી તા.૨૭.૭.૧૧ ના રોજ તપાસ સંભાળેલી. વધુમાં આ સાહેદ જણાવે છે કે ૨૦૦૮ ના વર્ષમાં અમદાવાદ શહેરમાં સીરીયલ બોમ્બ બ્લાસ્ટ થયેલા તે અંગેની અલગ–અલગ પોલીસ સ્ટેશનમાં કુલ–૨૦ ફરિયાદો નોંધાયેલી અને તે બનાવોની તપાસ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ચાલતી હતી. અમદાવાદ શહેર સીરીયલ બોમ્બ બ્લાસ્ટ તથા સુરત શહેર બોમ્બ પ્લાન્ટેશનના ગુનામાં સંડોવાયેલા મોટા ભાગના આરોપીઓ એકસરખા હતા. આ ગુનાઓમાં અગાઉ કેટલાક આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ રજૂ થયેલા હતા અને કેસની ઈન્સાફી કાર્યવાહી ચાલુ હતી. અમદાવાદ શહેર તથા સુરત શહેરના તમામ બનાવોના કેસો ભેગા કરવામાં આવેલા હતા તેની જાણ થયેલી. વધુમાં આ સાહેદ જણાવે છે કે તા.૨૮.૭.૧૧ ના રોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૦૮ ના કામે આરોપી અફાક ઈકબાલ ઉર્ફે ઈકવાલ ઉર્ફે દાનીસ ઉર્ફે સાફીર સન ઓફ નુરુલ હોદા સૈયદ રીમાન્ડ ઉપર હતો અને તેનો સુરત શહેર કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુન્હા રજીસ્ટર નં.૧૭૬/૦૮ ના કામે કબજો મેળવેલો અને તેને સાથે રાખી પંચનામાઓ બનાવવામાં આવેલા. વધુમાં આ સાહેદ જણાવે છે કે, આ આરોપી અંગેના વધારાના પુરાવા અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચના તપાસ કરનાર અધિકારીઓ પાસેથી મેળવેલા અને કામમાં સામેલ રાખેલા. વધુમાં આ સાહેદ જણાવે છે કે, નાસતા–ફરતા આરોપીઓ આમીન ઉર્ફે રાજા અૈયુબ શેખ તથા મુબીન ઉર્ફે ઈરફાન અબ્દુલ સકુરખાન નાઓની પણ અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચનાઓએ અટક કરેલ હતી અને આ આરોપી પણ શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૦૮ ના કામે રીમાન્ડ ઉપર હતા અને તેઓનો કબજો પણ સુરત શહેર કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુન્હા રજીસ્ટર નં.૧૭૬/૦૮ ના કામે મેળવેલો. વધુમાં આ સાહેદ જણાવે છે કે આરોપી અફાક ઈકબાલ તથા આમીન ઉર્ફે રાજા તથા મુબીન ઉર્ફે ઈરફાનનાઓની સુરતના અન્ય–૧૪ કેસોમાં પણ અટક કરવામાં આવેલી. આ

આરોપીઓ સામે ચાર્જશીટ કરવા જેટલા પુરાવા હોવાથી ન્યાયની અદાલતમાં કાનૂની કાર્યવાહી ચલાવવા માટે આ સાહેદે ગૃહ વિભાગ ગુજરાત રાજય ગાંધીનગરને ક્રિ.પ્રો.કોડની કલમ–૧૯૬ તથા અનલોફુલ એકટીવીટી (પ્રિવેન્શન એકટ) ની કલમ–૪૫ મુજબની મંજૂરી મેળવવા માટે દરખાસ્તો કરેલી છે તથા એક્ષપ્લોઝીવ એકટની કલમ–૭ હેઠળની મંજૂરી મેળવવા માટે ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીને દરખાસ્તો કરેલી. આ દરખાસ્તો તૈયાર કરીને સક્ષમ અધિકારીઓને મોકલી આપવા માટે પોલીસ કમિશનરશ્રીને દરખાસ્તો મોકલેલી છે. ઉપરોકત કોષ્ટકમાં આ સાહેદના નામ નીચે જણાવેલા આંકવાળી દરખાસ્તોમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

વધુમાં આ સાહેદ જણાવે છે કે, આરોપી તા.૨૫.૧.૧૨ ના રોજ અમદાવાદ શહેર ખાડીયા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૭૧/૦૮ ના કામે આરોપી મોહમદ હબીબ ઉર્ફે હબીબ ફલાહી ઉર્ફે મહમદ તૈયબ સન ઓફ મોહમદ જૈસ શેખનાઓ રીમાન્ડ ઉપર હતા અને તેઓને પણ સુરત શહેર કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુન્હા રજીસ્ટર નં.૧૭૬/૦૮ ના કામે લાવીને અટક કરવામાં આવેલા અને તેઓની સાથે રાખીને ગુનાની તપાસો કરેલી અને બાકીના કુલ–૧૪ ગુનાઓમાં પણ તેઓની અટક કરેલી. ત્યારબાદ તા.૧૯.૩.૧૨ ના રોજ સુરત શહેરના કુલ–૧૫ ગુનાઓના કામે ચાર્જશીટ કરવા જેટલા પુરતા પુરાવા હોવાથી અદાલતમાં કાનૂની કાર્યવાહી ચલાવવા માટે આ સાહેદે ગૃહ વિભાગ ગુજરાત રાજય ગાંધીનગરને ક્રિ.પ્રો.કોડની કલમ–૧૯૬ તથા અનલોફુલ એકટીવીટી (પ્રિવેન્શન એકટ)ની કલમ–૪૫ મુજબની મંજૂરી મેળવવા માટે દરખાસ્તો કરેલી છે તથા એક્ષપ્લોઝીવ એકટની કલમ–૭ હેઠળની મંજૂરી મેળવવા માટે ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીને દરખાસ્તો કરેલી. આ દરખાસ્તો તૈયાર કરીને સક્ષમ અધિકારીઓને મોકલી આપવા માટે પોલીસ કમિશનરશ્રીને દરખાસ્તો મોકલેલી છે. ઉપરોકત કોષ્ટકમાં આ સાહેદના નામ નીચે જણાવેલા આંકવાળી દરખાસ્તોમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

વધુમાં આ સાહેદ જણાવે છે કે આરોપી તા.૧૨.૬.૧૨ ના રોજ અમદાવાદ શહેર મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૬/૦૮ ના કામે આરોપી મહમદ અબ્રાર ઉર્ફે મુન્નો સન ઓફ બાબુખાન મણીયારનાઓ રીમાન્ડ ઉપર હતો અને તેઓને પણ સુરત શહેર કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુન્હા રજીસ્ટર નં.૧૭૬/૦૮ ના કામે લાવીને અટક કરવામાં આવેલો અને તેઓને સાથે રાખીને ગુનાની તપાસો કરેલી અને બાકીના ૧૪ ગુનાઓમાં પણ તેઓની અટક કરેલી. ત્યારબાદ સુરત શહેરના કુલ-૧૫ ગુનાઓના કામે ચાર્જશીટ કરવા જેટલા પુરતા પુરાવા હોવાથી અદાલતમાં કાનૂની કાર્યવાહી ચલાવવા માટે આ સાહેદે ગૃહ વિભાગ ગુજરાત રાજય ગાંધીનગરને ક્રિ.પ્રો.કોડની કલમ-૧૯૬ તથા અનલોફુલ એકટીવીટી (પ્રિવેન્શન એકટ)ની કલમ-૪૫ મુજબની મંજૂરી મેળવવા માટે દરખાસ્તો કરેલી છે તથા એક્ષપ્લોઝીવ એકટની કલમ-૭ હેઠળની મંજૂરી મેળવવા માટે ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીને દરખાસ્તો કરેલી. આ દરખાસ્તો તૈયાર કરીને સક્ષમ અધિકારીઓને મોકલી આપવા માટે પોલીસ કમિશનરશ્રીને દરખાસ્તો મોકલેલી છે. ઉપરોકત કોષ્ટકમાં આ સાહેદના નામ નીચે જણાવેલા આંકવાળી દરખાસ્તોમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે. આ સાહેદની ઊલટતપાસના પેરા-૨૬ ધ્યાને લઈએ તો યુ.એ.પી.એ. એકટની કલમ-૪૫ હેઠળ મંજૂરી મેળવવા માટે કાયદા હેઠળ રીવ્યુ કમિટીની સ્થાપના કરવામાં આવેલી અને તે અસ્તિત્વમાં છે તે કબૂલ કરે છે. આરોપીને અટક કર્યા પછી ૭ દિવસમાં તે આરોપીઓ વિરૂધ્ધના પુરાવા રીવ્યુ કમિટી સમક્ષ રીપોર્ટ સાથે મોકલી આપેલા નથી. રીવ્યુ કમિટીએ આ પકડેલા આરોપીઓ બાબતે કરેલી દરખાસ્તોના અનુસંધાને રીવ્યુ કમિટીએ અભિપ્રાય આપતા પહેલા આ સાહેદને બોલાવીને પુછપરછ કરેલી હોય તેવુ બનેલુ નથી. મંજૂરી આપનાર અધિકારીઓએ બોલાવીને દરખાસ્તો બાબતે કોઈ ચર્ચા કરી હોય કોઈ ખુલાસા મેળવ્યા હોય તેવુ બનેલુ નથી. મંજૂરી આપનાર અધિકારીઓ સમક્ષ જે તે આરોપીઓના ચાર્જશીટો મોકલેલા નહીં તે કબુલ કરે છે. મોકલેલી દરખાસ્તોમાં બીડાણમાં જે ત્રણ દસ્તાવેજો મોકલેલા તે સિવાય બીજા કોઈ દસ્તાવેજો મોકલેલા

નહીં. દરખાસ્તોના બિડાણમાં પરીશિષ્ઠ અ,બ, ક,ડ ના જે પત્રકો બતાવેલા છે તે કયાથી આવેલા તે કહી શકે નહીં. આ પત્રકો સર્ટીફાઈડ કર્યા હોય અને તેની નીચે પ્રમાણપત્ર આપેલુ હોય તેવુ બનેલુ નથી.

ફરિયાદપક્ષ તરફથી આ કામે અન્ય એક તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૩૯ વિધી ચૌધરીનાઓને આંક–૮૧૭૫ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તેઓ સને–૨૦૧૩ની સાલમાં એ.સી.પી. ઈ–ડિવિઝન તરીકે સુરત શહેરમાં ફરજ બજાવતા હતા. તા.૩૧/૧/૨૦૧૩ ના રોજ એ.સી.પી. એફ–ડિવિઝન, શ્રી વી.વી.રાઠોડ વયનિવૃત્ત થતા હોવાથી તેઓ જે સુરત બોમ્બ પ્લાન્ટેશનના ૧૫ કેસના તપાસ કરનાર અધિકારી હતાં તેઓની પાસેની તપાસ આ સાહેદને સોંપવા અંગેનો હુકમ પોલીસ કમિશનરશ્રી, સુરત શહેરનાઓએ કરતા તપાસ સંભાળેલી. સાહેદ વધુમાં જણાવે છે કે ગુનાની તપાસની જરૂરી વિગત જોયેલી અને એવું જણાઇ આવેલ કે સને–૨૦૦૮ ના વર્ષમાં અમદાવાદ શહેરમાં સીરીયલ બ્લાસ્ટ થયેલ તે અંગેના અમદાવાદના અલગ–અલગ પોલીસ સ્ટેશનોના કુલ–૨૦ ગુનાઓ નોંધાયેલા જેની તપાસ અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચમાં ચાલતી હતી. આ અમદાવાદ શહેર સીરીયલ બ્લાસ્ટ કેસના તથા સુરત શહેરના બોમ્બ પ્લાન્ટેશનના ગુનામાં સંડોવાયેલા મોટાભાગના આરોપીઓ એક સરખાં હતાં અને આ ગુનાઓમાં અગાઉ કેટલાક તહોમતદારો વિરૂધ્ધ ચાર્જશીટ રજૂ થયેલા અને કેસની ઈન્સાફી કાર્યવાહી ચાલુ હતી અને સે.કે.નં.૩૮/૨૦૦૯ માં અમદાવાદ શહેરના સીરીયલ બોમ્બ બ્લાસ્ટના કેસો તથા સુરત શહેરના બોમ્બ પ્લાન્ટેશનના કેસો ભેગા કરવામાં આવેલાં હતાં. સાહેદ વધુમાં જણાવે છે કે, મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૩/૨૦૦૮ ના કામે આરોપી નામે મહમદ સાહિદ ઉર્ફે અબ્દુલ સાહિદ ઉર્ફે ઉસ્માન સ /ઓ અબ્દુલ હમીદ નાગોરી રીમાન્ડ ઉપર હતાં અને તેમનો રીમાન્ડ પીરીયડ તા.૨૧/૫/૨૦૧૩ ના રોજ પૂર્ણ થતો હોવાથી આ આરોપીનો કબ્જો લેવા માટે સિનીયર અધિકારીની પરવાનગી લઇ તા.૨૧/૫/૨૦૧૩ ના રોજ નામ. મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૬, અમદાવાદમાં તેનો કબજો લેવા માટે રીપોર્ટ કરેલો . આ રીપોર્ટ કરતા

પહેલા અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાંથી આ આરોપી વિરૂધ્ધના પુરાવા મેળવેલાં. ત્યારબાદ કોર્ટ દ્વારા પોલીસ અધીક્ષકશ્રી, સાબરમતી સેન્ટ્રલ જેલને હુકમ કરેલો કે આરોપીનો કબ્જો સોંપવો. ત્યારબાદ આ આરોપીનો કબજો લઈ તે જ દિવસે કલાક ૧૮.૦૦ વાગ્યે આ આરોપીને એરેસ્ટ કરેલો અને રીમાન્ડની માંગણી કરેલી અને નામ.કોર્ટે આરોપીના રીમાન્ડ મંજૂર કરેલાં અને ત્યારપછી આ આરોપીને સુરત મુકામે લઈ જવામાં આવેલા. ત્યારપછી રીમાન્ડ દરમિયાન આરોપીની પુછપરછ કરવામાં આવેલી અને તે દરમિયાન તા.૨૮/૫/૨૦૧૩ ના રોજ પંચોની રૂબરૂમાં આરોપી જે નાસતા-ફરતા હતાં અને જે અટક કરવામાં આવેલા હતા તેઓના ફોટોગ્રાફસ બતાવવામાં આવેલા અને તેના દ્વારા આરોપીની ઓળખ કરાવવામા આવેલી અને તે અંગેનું પંચનામું કરવામાં આવેલું જે આંક-૮૧૭૬ વાળા પંચનામામાં સાહેદ પોતાની તથા પંચોની સહીઓ ઓળખી બતાવે છે. સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ તા.૩૦/૫/૨૦૧૩ ના રોજ સુરત શહેરમાં બનેલાં બીજા બોમ્બ પ્લાન્ટેશનના કુલ-૧૪ કેસોમાં આ આરોપીની અટક કરવામાં આવેલી. આ આરોપી સામે ચાર્જશીટ કરવા જેટલા પુરાવા હોવાથી ન્યાયની અદાલતમાં કાનૂની કાર્યવાહી ચલાવવા માટે આ સાહેદે ગૃહ વિભાગ ગુજરાત રાજય ગાંધીનગરને ક્રિ.પ્રો.કોડની કલમ-૧૯૬ તથા અનલોફુલ એકટીવીટી (પ્રિવેન્શન એકટ) ની કલમ-૪૫ મુજબની મંજૂરી મેળવવા માટે દરખાસ્તો કરેલી છે તથા એક્ષપ્લોઝીવ એકટની કલમ-૭ હેઠળની મંજૂરી મેળવવા માટે ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીને દરખાસ્તો કરેલી. આ દરખાસ્તો તૈયાર કરીને સક્ષમ અધિકારીઓને મોકલી આપવા માટે પોલીસ કમિશનરશ્રીને દરખાસ્તો મોકલેલી છે. ઉપરોકત કોષ્ટકમાં આ સાહેદના નામ નીચે જણાવેલા આંકવાળી દરખાસ્તોમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે. આ સાહેદની ઊલટતપાસના પેરા-૬ ધ્યાને લઈએ તો સને-૨૦૦૯ ની સાલમાં બોમ્બ બ્લાસ્ટના કેસો બાબતે રીવ્યુ કમીટી નીમાયેલી તેની ખબર છે. મંજૂરી અંગે દરખાસ્ત મોકલતા પહેલા આરોપી વિરૂધ્ધના પુરાવા રીવ્યુ કમીટીને મોકલેલા કે કેમ તેની ખબર નથી. આંક-૩૮૮૦ વાળી દરખાસ્ત જોઈને જણાવે છે કે

દરખાસ્તમાં આરોપી વિરૂધ્ધના પુરાવા રીવ્યુ કમિટીને મોકલ્યા હોય તેવો ઉલ્લેખ નથી.

ફરિયાદપક્ષ તરફથી આ કામે અન્ય એક તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૪૪ રીયાઝ અહેમદ અબ્દુલ સતાર મુનશીનાઓને આંક–૮૨૨૦ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તેઓ સને–૨૦૧૨ થી સને–૨૦૧૪ સુધીના સમય દરમ્યાન સુરત શહેરમાં એ.સી.પી તરીકે ફરજ બજાવતા હતા. તા.૩૦/૭/૨૦૧૩ ના રોજ સુરત શહેર, ઈ–ડીવીઝન એ.સી.પી. વિધી ચૌધરીનાઓની બદલી થતા પોલીસ કમિશનરશ્રીના લેખિત આદેશથી આ સાહેદને એ.સી.પી ઈ–ડીવીઝનનો ચાર્જ સોંપવાનો હુકમ થયેલો હતો. આ ચાર્જ સંભાળતા વિધી ચૌધરી જે સુરત બોમ્બ પ્લાન્ટેશનના કુલ–૧૫ જેટલા ગુનાઓની તપાસ સંભાળતા હતા તે તપાસ આ સાહેદને સુપરત કરતાં તમામ ગુનાઓની તપાસ સંભાળેલી. સાહેદ વધુમાં જણાવે છે કે સદર કુલ–૧૫ ગુનાની તપાસના જરૂરી કાગળો જોયેલા. સને–૨૦૦૮ ના વર્ષમાં અમદાવાદ શહેરમાં સીરીયલ બ્લાસ્ટ થયેલ તે અંગેના અમદાવાદના અલગ–અલગ પોલીસ સ્ટેશનોના કુલ–૨૦ ગુનાઓ નોંધાયેલા જેની તપાસ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાં ચાલતી હતી. આ અમદાવાદ શહેર સીરીયલ બ્લાસ્ટ કેસના તથા સુરત શહેરના બોમ્બ પ્લાન્ટેશનના ગુનામાં સંડોવાયેલા મોટાભાગના આરોપીઓ એક સરખાં હતાં અને આ ગુનાઓમાં અગાઉ કેટલાક તહોમતદારો વિરૂધ્ધ ચાર્જશીટ રજૂ થયેલા અને કેસની ઈન્સાફી કાર્યવાહી ચાલુ હતી અને સે.કે.નં.૩૮/૨૦૦૯મા અમદાવાદ શહેરના સીરીયલ બોમ્બ બ્લાસ્ટના કેસો તથા સુરત શહેરના બોમ્બ પ્લાન્ટેશનના કેસો ભેગા કરવામાં આવેલાં હતાં તેવી જાણ થયેલી. સાહેદ વધુમાં જણાવે છે કે સુરત શહેરના પંદર ગુનાઓના કામે આરોપી મહમદ સાહિદ ઉર્ફે અબ્દુલ સાહિદ ઉર્ફે ઉસ્માન સ/ઓ અબ્દુલ હમીદ નાગોરીને અટક કરવામાં આવેલ હતો. તેઓ વિરૂધ્ધ પુરવણી ચાર્જશીટ કરવાની હોવાથી આ આરોપી વિરૂધ્ધ અગાઉ ક્રિ.પ્રો.કોડની કલમ–૧૯૬ અન્વયે તથા અનલોફુલ એક્ટીવીટી એક્ટની કલમ–૪૫ અન્વયે જરૂરી મંજૂરી તથા એક્ષપ્લોઝીવ સબટન્સ એક્ટ

અન્વયેની જરૂરી મંજૂરી માંગવામાં આવેલી હતી તે સત્તાવાળાઓ તરફથી મળતા આ આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરેલા હતા.

સાહેદ વધુમાં જણાવે છે કે, અમદાવાદ શહેર શાહિબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ ના કામે આરોપી નામે અબ્દુલ સતાર મન્સુર સન ઓફ અબ્દુલ રજાક રીમાન્ડ ઉપર હતો અને તેનો રીમાન્ડ સમય તા.૨૩/૯/૨૦૧૩ ના રોજ પૂર્ણ થતો હોવાથી આ આરોપીનો કબ્જો લેવા માટે સિનીયર અધિકારીની પરવાનગી લઇ તા.૨૩/૯/૨૦૧૩ ના રોજ અમદાવાદ આવેલા અને નામ.મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૬ માં તેનો કબ્જો લેવા માટે રીપોર્ટ કરેલો. આ રીપોર્ટ કરતા પહેલા અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચમાંથી આ આરોપી વિરૂધ્ધના પુરાવા મેળવેલાં. સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ કોર્ટ દ્વારા પોલીસ અધીક્ષકશ્રી, સાબરમતી સેન્ટ્રલ જેલને હુકમ કરેલો કે આરોપીનો કબજો સોંપવો. ત્યારબાદ આ આરોપીનો કબજો લઇ તે જ દિવસે કલાક ૧૭.૦૦ વાગ્યે આ આરોપીને એરેસ્ટ કરેલો અને રીમાન્ડની માંગણી કરેલી અને નામ.કોર્ટે આરોપીના રીમાન્ડ મંજૂર કરેલાં અને ત્યારપછી આ આરોપીને સુરત મુકામે લઇ જવામાં આવેલા. ત્યારપછી રીમાન્ડ દરમિયાન આરોપીની પુછપરછ કરવામાં આવેલી અને તે દરમિયાન પંચોની રૂબરૂમાં આરોપી જે નાસતા ફરતા હતાં અને જે અટક કરવામાં આવેલા હતા તેઓના ફોટોગ્રાફસ બતાવવામાં આવેલા અને તેના દ્વારા આરોપીની ઓળખ કરાવવામા આવેલી અને તે અંગેનું પંચનામું કરવામાં આવેલું જે આંક–૮૨૨૧ વાળા પંચનામામાં સાહેદ પોતાની તથા પંચોની સહીઓ ઓળખી બતાવે છે. સાહેદ વધુમાં જણાવે છે કે ત્યારબાદ સુરત શહેરમાં બનેલાં બીજા બોમ્બ પ્લાન્ટેશનના કુલ –૧૪ કેસોમાં આ આરોપીની અટક કરવામાં આવેલી. આ આરોપી સામે ચાર્જશીટ કરવા જેટલા પુરાવા હોવાથી ન્યાયની અદાલતમાં કાનૂની કાર્યવાહી ચલાવવા માટે આ સાહેદે ગૃહ વિભાગ ગુજરાત રાજય ગાંધીનગરને ક્રિ.પ્રો.કોડની કલમ–૧૯૬ તથા અનલોફુલ એકટીવીટી (પ્રિવેન્શન એકટ)ની કલમ–૪૫ મુજબની મંજૂરી મેળવવા માટે દરખાસ્તો કરેલી છે તથા એક્ષપ્લોઝીવ એકટની કલમ–૭ હેઠળની

મંજૂરી મેળવવા માટે ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીને દરખાસ્તો કરેલી. આ દરખાસ્તો તૈયાર કરીને સક્ષમ અધિકારીઓને મોકલી આપવા માટે પોલીસ કમિશનરશ્રીને દરખાસ્તો મોકલેલી છે. ઉપરોકત કોષ્ટકમાં આ સાહેદના નામ નીચે જણાવેલા આંકવાળી દરખાસ્તોમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસના પેરા–૬ ધ્યાને લઈએ તો આરોપી મહમદ સાહીદ ઉર્ફે અબ્દુલ સાહીદને એરેસ્ટ કરેલો નહીં તે કબૂલ કરે છે. આ આરોપીને લગતી ત્રણેય એકટ હેઠળની મંજૂરીઓ મેળવવા માટેની કોઈ દરખાસ્તો આ સાહેદે કરેલી નથી તે કબુલ કરે છે. આ આરોપી બાબતેની મંજૂરીઓના કામે મંજૂરી આપનાર અધિકારીઓએ બોલાવીને ચર્ચા કરી નથી કે કોઈ પત્ર વ્યવહારો કરેલા નથી. આરોપી અબ્દુલ સત્તાર ઉર્ફે મન્સુરને અટક કર્યો ત્યારે યુ.એ.પી.એ. એકટની કલમ–૪૫(૨) હેઠળ રીવ્યુ કમિટીની રચના થયેલ હતી તેની જાણકારી હતી. આ આરોપી વિરૂધ્ધના કોઈ પુરાવા રીવ્યુ ઓથોરીટી સમક્ષ મંજૂરી માટે મોકલેલા નથી. રીવ્યુ ઓથોરીટી સમક્ષ જાતે હાજર થયેલા નથી તે કબૂલ કરે છે. ઉલટ તપાસ પેરા–૧૧ ધ્યાને લેતા આંક–૩૯૯૮ વાળો દસ્તાવેજ જોઈને જણાવે છે કે આ રીપોર્ટ અધિક મુખ્ય સચિવ ગૃહ વિભાગને સેન્કશન આપવા અંગે સત્તા છે તે અંગે કરેલો છે. અબ્દુલ સત્તારને એરેસ્ટ કર્યો તે પહેલા અગાઉના તપાસ કરનાર અધિકારીએ આ જ ગુના માટે કોઈ સેન્કશન મેળવવાની કાર્યવાહી કરેલી નહીં તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે અગાઉના તપાસ કરનાર અધિકારીએ આરોપી અબ્દુલ સત્તારને અટક કરેલો ન હતો માટે તે અધિકારીએ આ આરોપીની સેન્કશન મેળવવા કોઈ કાર્યવાહી કરવાની તે અધિકારી માટે જરૂર ન હતી. આ સાહેદને પ્રશ્ન પુછવામાં આવેલો છે કે તા.૩૦.૭.૧૩ થી લઈને તમે સેન્કશન મેળવવાનો જે રીપોર્ટ આંક–૩૯૯૮ વાળો કરેલો તે સમય દરમ્યાન આરોપી વિરૂધ્ધ તમે કયો પુરાવો એકત્રીત કરેલો તેના જવાબમાં સાહેદે જણાવેલુ છે કે આગળ બધા સમાન પુરાવા હતા અને તે મેળવેલા હતા. કાયદાથી નકકી થયેલ સમય મર્યાદામાં અનલોફુલ એકટીવીટી એકટ હેઠળ સેન્કશન મેળવવાની કાર્યવાહી કરેલી ન હોય તો યાદ નથી.

ફરિયાદપક્ષ તરફથી આ કામે અન્ય એક તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૪૦ ભક્તિ ઠાકોરનાઓને આંક–૮૧૮૩ થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તેઓ તા.૧૬/૮/૨૦૧૫ થી તા.૧૮/૧૦/૨૦૧૭ સુધી એ.સી.પી. ઈ–ડિવિઝન, સુરત શહેર ખાતે ફરજ બજાવતા હતા. સુરત શહેર ખાતેના પંદર જેટલા બોમ્બ પ્લાન્ટેશનના ગુનાઓની તપાસ તેમના અગાઉ ચાર્જમાંના એમ.એન.પટેલ, એ.સી.પી., એફ– ડિવિઝનનાઓ કરતા હતા અને તેમની પાસેથી ચાર્જમાં તા.૧૬/૮/૨૦૧૫ ના રોજ આ સાહેદ ફરજ ઉપર હાજર થતા આ ગુનાઓની તપાસ મળેલી. સાહેદ વધુમાં જણાવે છે કે ગુનાઓની તપાસ મળતા જાણ થયેલી કે અમદાવાદમાં પણ બોમ્બ બ્લાસ્ટના કેસોના વીસ જેટલા ગુનાઓ નોંધાયેલા છે અને અમદાવાદના તથા સુરતના તમામ કેસો સે.કે. નં.૩૮/૦૯ ના કામે ભેગા થયેલા હતાં અને ચાર્જ ફ્રેમ થયેલો હતો.

સાહેદ વધુમાં જણાવે છે કે તા.૧૦/૫/૨૦૧૬ ના રોજ છેલ્લા આઠ વર્ષથી નાસતો–ફરતો આરોપી મહમદ રફિક ઉર્ફે જાવીદ ઉર્ફે આલમજેબ આફ્રિદી સ/ઓ મસકુર અહેમદનાઓની અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચે શાહીબાગ પોલીસ સ્ટેશનના ગુનાના કામે અટક કરેલી હતી અને તેના રીમાન્ડ કોર્ટમાંથી મેળવેલા હતા અને જે રીમાન્ડ પીરીયડ પુરો થતાં આ આરોપીનો કબજો લેવા માટે નામ. કોર્ટને રીપોર્ટ કરેલો અને ત્યારબાદ આ આરોપીનો કબજો નામ.કોર્ટના હુકમથી મેળવેલો. ત્યારપછી આરોપીનો કબજો મેળવીને અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચની ઓફિસે લઇ ગયેલા અને ત્યા તેની પુછપરછ કરેલી અને તેની વિરૂધ્ધ પુરતા પુરાવા હોવાથી કલાક ૧૮.૦૦ વાગ્યે કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુ.ર.નં.૧૭૬/૨૦૦૮ના કામે અટક કરેલી. ત્યારબાદ તા.૧૧/૫/૨૦૧૬ ના રોજ કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુ.ર.નં.૧૭૬/૨૦૦૮ના કામે આરોપીને કસ્ટડી રીપોર્ટ સાથે નામ.કોર્ટમા રજૂ કરેલો અને રીમાન્ડ રીપોર્ટ રજૂ કરતા નામ.કોર્ટે આરોપીના તા.૧૬/૫/૨૦૧૬ સુધીના કલાક ૧૫.૦૦ સુધીના પોલીસ કસ્ટડીના રીમાન્ડ મંજૂર કરેલા અને આરોપીનો કબજો સોંપેલો અને પુરતા જાપ્તા સાથે આ આરોપીને સુરત શહેર ખાતે લઇ ગયેલા. સાહેદ વધુમાં

જણાવે છે કે ત્યારબાદ તા.૧૪/૫/૨૦૧૬ ના રોજ આરોપીની પુછપરછ કરતા તેણે પાવાગઢ–હાલોલ ખાતેના કેમ્પમાં ભાગ લીધેલો અને તેની સાથે જે આરોપીઓ હતા તેના ફોટા બતાવવામાં આવે તો તે ઓળખી બતાવે તે માટે તૈયાર હોવાથી તેનું પંચનામું કરવા બે પંચોના માણસો ઉમરા પોલીસ સ્ટેશનમાં બોલાવેલા અને તેઓને પરીચય આપેલો અને ગુનાની વિગત તેઓને સમજાવેલી અને આરોપીનું નામ, ઠામ પુંછી જે કહે તે સાંભળી અને જે બતાવે તે જોઇ, તપાસી પંચનામું લખાવવા સમજ કરેલી. બંને પંચોએ સ્વખુશી દર્શાવેલી. આરોપીએ પોતાનું નામ બતાવેલું અને તે સ્વખુશીથી બતાવવા માંગે છે તેમ જણાવતા પંચનામું શરૂ કરેલું. આ પંચનામા દરમિયાન આ સાહેદે જુદા–જુદા ગુનાઓના કુલ–૮૪ જેટલા આરોપીઓના ફોટા બતાવેલા અને તે પૈકી આરોપીએ બીજા કુલ–૧૯ જેટલા આરોપીઓના ફોટા ઓળખી બતાવેલાં. આ કુલ–૧૯ જેટલા આરોપીઓના ફોટાઓ જે ઓળખી બતાવેલા તે અમદાવાદ તથા સુરતના ગુનાઓના આરોપીઓ હતાં. આ આંક–૮૧૮૪વાળા પંચનામામાં સાહેદ પોતાની તથા પંચોની સહીઓ ઓળખી બતાવે છે. ત્યારબાદ તા.૧૫/૫/ ૨૦૧૬ ના રોજ આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા હોવાથી સુરત શહેરના અન્ય કુલ–૧૪ ગુનાઓના કામે આરોપીને અટક કરેલો.

સાહેદ વધુમાં જણાવે છે કે, ત્યારબાદ ઘણા સમયથી નાસતો–ફરતો આરોપી મંજર ઇમામ ઉર્ફે આલમ ઉર્ફે જમીલ સ/ઓ અલીઇમામનાઓની અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચે ખાડીયા પોલીસ સ્ટેશનના ગુનાના કામે અટક કરેલી હતી અને તેના રીમાન્ડ નામ.કોર્ટમાંથી મેળવેલા હતા અને જે રીમાન્ડ પીરીયડ પૂરો થતાં તા.૧૧/૮/૨૦૧૬ ના રોજ આ આરોપીનો કબજો લેવા માટે નામ. કોર્ટને રીપોર્ટ કરેલો અને ત્યારબાદ આ આરોપીનો કબજો નામદાર કોર્ટના હુકમથી મેળવેલો. ત્યારપછી આરોપીનો કબજો મેળવીને અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચની ઓફિસે લઇ ગયેલા અને ત્યા તેની પુછપરછ કરેલી અને તેની વિરૂધ્ધ પુરતા પુરાવા હોવાથી કલાક ૧૯.૦૦ વાગ્યે કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુ.ર.નં.૧૭૬/૨૦૦૮ ના કામે અટક કરેલ. આ આરોપી વિરૂધ્ધ પુરાવા ક્રાઇમ

બ્રાન્ચ પાસેથી મેળવેલા હતા જે વંચાણે લઈ તપાસના કામે કાગળો સામેલ રાખેલાં. ત્યારબાદ તા.૧૨/૮/૨૦૧૬ ના રોજ કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુ.ર.નં.૧૭૬/૨૦૦૮ ના કામે આરોપીને કસ્ટડી રીપોર્ટ સાથે નામ.કોર્ટમા રજૂ કરેલો અને રીમાન્ડ રીપોર્ટ રજૂ કરતા નામદાર કોર્ટે આરોપીના તા .૧૯/૮/ ૨૦૧૬ સુધીના કલાક ૧૭.૦૦ સુધીના પોલીસ કસ્ટડીના રીમાન્ડ મંજૂર કરેલા અને આરોપીનો કબજો સોંપેલો ત્યારબાદ પુરતા જાપ્તા સાથે આ આરોપીને સુરત શહેર ખાતે લઈ ગયેલા. ત્યારબાદ તા.૧૬/૮/૨૦૧૬ ના રોજ આરોપીની પુછપરછ કરતા તેણે વાઘમોન ખાતેના કેમ્પમાં ભાગ લીધેલો અને તેની સાથે જે આરોપીઓ હતા તેના ફોટા બતાવવામાં આવે તો તે ઓળખી બતાવે તે માટે તૈયાર હોવાથી તેનું પંચનામું કરવા બે પંચોના માણસો ઉભરા પોલીસ સ્ટેશનમાં બોલાવેલા અને તેઓને આ સાહેદે પોતાનો પરીચય આપેલો અને ગુનાની વિગત સમજાવેલી અને આરોપીનું નામ, ઠામ પુંછી જે કહે તે સાંભળી અને જે બતાવે તે જોઇ, તપાસી પંચનામું લખાવવા સમજ કરેલી. બંને પંચોએ સ્વખુશી દર્શાવેલી. આરોપીએ પોતાનું નામ બતાવેલું અને તે સ્વખુશીથી બતાવવા માંગે છે તેમ જણાવતા પંચનામું શરૂ કરેલું. આ પંચનામા દરમિયાન જુદા-જુદા ગુનાઓના કુલ-૭૬ જેટલા આરોપીઓના ફોટા બતાવેલા અને તે પૈકી આરોપીએ બીજા કુલ-૨૨ જેટલા આરોપીઓના ફોટા ઓળખી બતાવેલાં. આ કુલ-૨૨ જેટલા આરોપીઓના ફોટાઓ જે ઓળખી બતાવેલા તે અમદાવાદ તથા સુરતના ગુનાઓના આરોપીઓ હતાં. આ આંક-૮૧૮પવાળા પંચનામામાં સાહેદ પોતાની તથા પંચોની સહીઓ ઓળખી બતાવે છે. ત્યારબાદ તા.૧૮/૮/૨૦૧૬ ના રોજ આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા હોવાથી સુરત શહેરના અન્ય-૧૪ ગુનાઓના કામે આરોપીને અટક કરેલો.

સાહેદ વધુમાં જણાવે છે કે, ત્યારબાદ ઘણા સમયથી નાસતો ફરતો આરોપી સુહેબ પોઙનીકલ સ/ઓ અબ્દુલ કાદર પોઙનીકલનાઓની અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચે શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૦૮ના ગુનાના કામે અટક કરેલી હતી અને તેના રીમાન્ડ નામ.કોર્ટમાંથી મેળવેલા હતા

અને જે રીમાન્ડ પીરીયડ પુરો થતાં તા.૯/૬/૨૦૧૭ ના રોજ આ આરોપીનો કબજો લેવા માટે નામ.કોર્ટને રીપોર્ટ કરેલો અને ત્યારબાદ આ આરોપીનો કબજો નામદાર કોર્ટના હુકમથી મેળવેલો. ત્યારપછી આરોપીનો કબજો મેળવીને અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચની ઓફિસે લઇ ગયેલા અને ત્યા તેની પુછપરછ કરેલી અને તેની વિરૂધ્ધ પુરતા પુરાવા હોવાથી કલાક ૧૮.૧૫ વાગ્યે કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુન્હા રજીસ્ટર નં.૧૭૬/૨૦૦૮ ના કામે અટક કરેલ. આ આરોપી વિરૂધ્ધ પુરાવા આ સાહેદે ક્રાઇમ બ્રાન્ચ પાસેથી મેળવેલા હતા જે વંચાણે લઇ તપાસના કામે કાગળો સામેલ રાખેલાં. વધુમાં તા.૧૨/૬/૨૦૧૭ ના રોજ કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુન્હા રજીસ્ટર નં.૧૭૬/૨૦૦૮ ના કામે આરોપીને કસ્ટડી રીપોર્ટ સાથે નામ.કોર્ટમા રજૂ કરેલો અને રીમાન્ડ રીપોર્ટ રજૂ કરતા નામદાર કોર્ટે આરોપીના તા.૧૪/૬/૨૦૧૭ સુધીના કલાક ૧૫.૦૦ સુધીના પોલીસ કસ્ટડીના રિમાન્ડ મંજૂર કરેલા અને આરોપીનો કબ્જો સોંપેલો અને પુરતા જાપ્તા સાથે આ આરોપીને અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ કચેરી ખાતે લઇ ગયેલા અને રાખવામાં આવેલ. આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા હોવાથી સુરત શહેરના અન્ય કુલ–૧૪ ગુનાઓના કામે આરોપીને અટક કરેલો. આ આરોપીઓ સામે ચાર્જશીટ કરવા જેટલા પુરાવા હોવાથી ન્યાયની અદાલતમાં કાનુની કાર્યવાહી ચલાવવા માટે આ સાહેદે ગૃહ વિભાગ ગુજરાત રાજય ગાંધીનગરને ક્રિ.પ્રો.કોડની કલમ–૧૯૬ તથા અનલોફુલ એકટીવીટી (પ્રિવેન્શન એકટ)ની કલમ–૪૫ મુજબની મંજૂરી મેળવવા માટે દરખાસ્તો કરેલી છે તથા એક્ષપ્લોઝીવ એકટની કલમ–૭ હેઠળની મંજૂરી મેળવવા માટે ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીને દરખાસ્તો કરેલી. આ દરખાસ્તો તૈયાર કરીને સક્ષમ અધિકારીઓને મોકલી આપવા માટે પોલીસ કમિશનરશ્રીને દરખાસ્તો મોકલેલી છે. ઉપરોકત કોષ્ટકમાં આ સાહેદના નામ નીચે જણાવેલા આંકવાળી દરખાસ્તોમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે. આ સાહેદની ઊલટતપાસના પેરા–૭ ધ્યાને લઈએ તો યુ.એ.પી.એ. એકટ હેઠળ રીવ્યુ ઓથોરીટી નીમાયેલી કે કેમ તે યાદ નથી. ઉલટ તપાસના પેરા–૮ મુજબ યુ.એ.પી.એ. એકટ હેઠળની રીવ્યુ ઓથોરીટી

નીમાયેલી છે કે કેમ? તેની તપાસ દરખાસ્ત મોકલતા પહેલા કરેલી કે કેમ તે કહી શકે નહીં. રીવ્યુ ઓથોરીટી સમક્ષ આ સાહેદે કોઈ પ્રોસીડીંગ કરેલા નથી તે કબુલ કરે છે.

ફરિયાદપક્ષ તરફથી આ કામે અન્ય એક તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૭ આર.આર.સરવૈયાનાઓને આંક-૮૫૬૬થી તપાસેલા છે. તેઓની સરતપાસ પ્રમાણે તેઓ સને-૨૦૦૮ના વર્ષમાં પોલીસ સબઈન્સ્પેકટર તરીકે ડી.સી.બી.પોલીસ સ્ટેશન સુરત ખાતે ફરજ બજાવતા હતા. ત્યારબાદ તા.૧૬/૧/૨૦૧૭ થી આજદિન સુધી એ.સી.પી. ક્રાઇમ બ્રાન્ચ, સુરત શહેર ખાતે ફરજ બજાવે છે. વધુમાં સાહેદ જણાવે છે કે સુરત શહેર ખાતેના પંદર જેટલા બોમ્બ પ્લાન્ટેશનના ગુનાઓની તપાસ એ.સી.પી., ઈ-ડિવિઝન, સુરત શહેરનાઓ કરતા હતાં. તા.૪/૧૨/૨૦૧૭ ના રોજની પોલીસ કમિશ્નર સાહેબની સુચનાથી મદદનીશ પોલીસ કમિશનરશ્રી, ઈ-ડિવીઝન, સુરત શહેરનાઓ જે નીચે કુલ-૧૫ ગુનાઓની તપાસ કરતા હતા તે ગુનાઓની તપાસ તા.૫/૧૨/૧૭ ના રોજ આ સાહેદે સંભાળેલી. ઉપરોકત ગુનાઓની તપાસ મળતા આ સાહેદને જાણ થયેલી કે અમદાવાદમાં પણ બોમ્બ બ્લાસ્ટના કેસોના વીસ જેટલા ગુનાઓ નોંધાયેલા છે અને અમદાવાદના તથા સુરતના તમામ કેસો સે.કે. નં.૩૮/૦૯ ના કામે ભેગા થયેલા હતાં અને ચાર્જ ફ્રેમ થયેલો હતો.

વધુમાં સાહેદ જણાવે છે કે, સુરતના કુલ-૧૫ ગુનાઓના કામે તૌસિફખાન સગીર અહેમદખાન પઠાણ છેલ્લા આઠ વર્ષથી નાસતો-ફરતો હતો અને તેમને અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચે શાહિબાગ પોલીસ સ્ટેશનના ગુનાના કામે અટક કરેલી હતી અને તેના રીમાન્ડ કોર્ટમાંથી મેળવેલા હતા. જે રીમાન્ડ પીરીયડ પુરો થતાં આ આરોપીનો કબજો કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુન્હા રજીસ્ટર નં.૧૭૬/૦૮ ના કામે લેવા માટે નામદાર કોર્ટને રીપોર્ટ કરેલો અને ત્યારબાદ આ આરોપીનો કબ્જો નામદાર કોર્ટના હુકમથી મેળવેલો. ત્યારપછી આરોપીનો કબજો મેળવીને અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચની ઑફિસે લઇ ગયેલા અને ત્યા તેની પુછપરછ કરેલી અને તેની વિરૂધ્ધ પુરતા પુરાવા હોવાથી તેમની કાપોદ્રા પોલીસ

સ્ટેશન સેકન્ડ ગુન્હા રજીસ્ટર નં.૧૭૬/૨૦૦૮ ના કામે અટક કરેલી. આ આરોપી વિરૂધ્ધ આ સાહેદે વધારાના પુરાવા મેળવેલા હતા જે વંચાણે લઇ તપાસના કામે કાગળો સામેલ રાખેલાં. ત્યારબાદ સમયમર્યાદામાં આરોપીને કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુન્હા રજીસ્ટર નં. ૧૭૬/૨૦૦૮ ના કામે કસ્ટડી રીપોર્ટ સાથે નામદાર કોર્ટમા રજૂ કરેલો અને રીમાન્ડ રીપોર્ટ રજૂ કરતા નામ.કોર્ટે આરોપીના પોલીસ કસ્ટડીના રીમાન્ડ મંજૂર કરેલા અને આરોપીનો કબજો મેળવી આરોપીને સુરત શહેર ખાતે લઇ ગયેલા અને તપાસ ચાલુ રાખેલી. ત્યારબાદ તા.૩૧/૧૨/૨૦૧૭ ના રોજ આ આરોપી તૌસિફખાન ઉર્ફે અતીક સ/ઓ સગીર અહેમદ પઠાણની પુછપરછ કરતા આરોપીએ પાવાગઢ–હાલોલ ખાતેના કેમ્પમાં ભાગ લીધેલો અને તેની સાથે જે આરોપીઓ હતા તેના ફોટા બતાવવામાં આવે તો તે ઓળખી બતાવે તે માટે તે તૈયાર હોવાથી તેનું પંચનામું કરવા બે પંચોના માણસોને ડી.સી.બી. પોલીસ સ્ટેશન, સુરત ખાતે બોલાવેલા અને તેઓને આ સાહેદે પોતાનો પરીચય આપેલો અને ગુનાની વિગત તેઓને સમજાવેલી અને આરોપીનું નામ, ઠામ પુંછી જે કહે તે સાંભળી અને જે બતાવે તે જોઇ, તપાસી પંચનામું લખાવવા સમજ કરેલી. બંને પંચોએ સ્વખુશી દર્શાવેલી. આરોપીએ પોતાનું નામ બતાવેલું અને તે સ્વખુશીથી બતાવવા માંગે છે તેમ જણાવતા પંચનામું શરૂ કરેલું. આ પંચનામા દરમિયાન જુદા–જુદા ગુનાઓના કુલ–૮૪ જેટલા આરોપીઓના ફોટા બતાવેલા અને તે પૈકી આરોપીએ બીજા કુલ–૧૪ જેટલા આરોપીઓના ફોટા ઓળખી બતાવેલાં. આ કુલ–૧૪ જેટલા આરોપીઓના ફોટાઓ જે ઓળખી બતાવેલા તે અમદાવાદ તથા સુરતના ગુનાઓના આરોપીઓ હતાં. આ આંક–૮૫૬૭ વાળા પંચનામામા સાહેદ પોતાની તથા પંચોની સહીઓ ઓળખી બતાવે છે. તા.૧/૧/૨૦૧૮ ના રોજ આ આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા હોવાથી સુરત શહેરના અન્ય કુલ–૧૪ ગુનાઓના કામે આરોપીને અટક કરેલો. આ આરોપી સામે ચાર્જશીટ કરવા જેટલા પુરાવા હોવાથી ન્યાયની અદાલતમાં કાનૂની કાર્યવાહી ચલાવવા માટે આ સાહેદે ગૃહ વિભાગ, ગુજરાત રાજય ગાંધીનગરને ક્રિ.પ્રો.કોડની કલમ–૧૯૬ તથા

અનલોકુલ એકટીવીટી (પ્રિવેન્શાન એકટ) ની કલમ–૪૫ મુજબની મંજૂરી મેળવવા માટે દરખાસ્તો કરેલી છે તથા એક્ષપ્લોઝીવ એકટની કલમ–૭ હેઠળની મંજૂરી મેળવવા માટે ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીને દરખાસ્તો કરેલી. આ દરખાસ્તો તૈયાર કરીને સક્ષમ અધિકારીઓને મોકલી આપવા માટે પોલીસ કમિશનરશ્રીને દરખાસ્તો મોકલેલી છે. ઉપરોકત કોષ્ટકમાં આ સાહેદના નામ નીચે જણાવેલા આંકવાળી દરખાસ્તોમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે. આ સાહેદની ઊલટતપાસના પેરા–૧૦ ધ્યાને લઈએ તો યુ.એ.પી.એ. એકટ જે તે સમયે વાંચેલો હતો. યુ.એ.પી.એ. એકટ હેઠળના ગુનાઓની તપાસ એ.સી.પી. કક્ષાના અધિકારી કરી શકે. યુ.એ.પી.એ.એકટની જોગવાઈઓથી વાકેફ છે. ૨૦૧૭ ની સાલમાં યુ.એ.પી.એ. એકટની કલમ–૪૫(૨) હેઠળ મંજૂરી મેળવવા માટે ઓથોરીટી પાસે ગયેલા નથી. મંજૂરી મેળવવા માટે કોઈ ઓથોરીટીને તપાસના કાગળો મોકલ્યા હોય તેવુ બનેલુ નથી. એક્ષપ્લોઝીવ એકટ હેઠળની મંજૂરી મેળવવા માટેની દરખાસ્તો મોકલેલાનું સરતપાસમાં જણાવેલુ છે તે દરખાસ્તો ઉપલી અધિકારી એટલે કે પ્રોપર ચેનલ મારફતે મોકલેલી. ડી.સી.પી. ક્રાઈમને દરખાસ્તો સોંપેલી. બાકીના અધિકારીઓએ દરખાસ્તો કેવી રીતે મોકલેલી તેની ખબર નથી. દરખાસ્તો પ્રોપર ચેનલ મારફતે મોકલવી તેવો કોઈ કાયદાનો નિયમ હોય તો ખબર નથી. પરંતુ સાહેદ જણાવે છે કે અમારા ખાતાની કાર્ય પધ્ધતિ મુજબ દરખાસ્તો પ્રોપર ચેનલ મારફતે મોકલેલી. દરખાસ્તો જે તે અધિકારીને કયારે પહોંચેલી તે કહી શકે નહીં. દરખાસ્તો મોકલ્યા પછી પ્રોપર ચેનલવાળા અધિકારીઓ પાસે ચર્ચા કરેલી નથી. દરખાસ્તો બાબતે મંજૂરી આપનાર અધિકારીઓએ બોલાવ્યા હોય અને ચર્ચા કરી હોય તેવુ બન્યુ નથી. મંજૂરી આપનાર અધિકારીઓ આ સાહેદની ઓફીસે આવ્યા હોય અને ચર્ચા કરી હોય તેવુ બન્યુ નથી. દરખાસ્તમાં અ,બ,ક,ડ જે પત્રકો બતાવેલા છે તે તેમના સાથી કર્મચારીઓએ તૈયાર કરેલા. આ પત્રકો સર્ટીફાઈ કર્યા હોય તો તે જોયા વિના કહી શકે નહીં. આ પત્રકો ચાર્જશીટ સાથે રજૂ કરેલા નથી. પ્રોસીકયુશન

માટેની મંજૂરી મેળવવાની દરખાસ્તો જાતે તૈયાર કરેલી નથી તો તે હકીકત નકારે છે.

(૮૩.૪) અમદાવાદ તથા સુરતના કેસોમાં ક્રિ.પ્રો.કોડની કલમ–૧૯૬ તથા અનલોફુલ એકટીવીટી (પ્રિવેન્શન) એકટની કલમ–૪૫ હેઠળ મંજૂરીઓ આપનાર અધિકારીઓના પુરાવાનુ મૂલ્યાંકનઃ–

ફરિયાદપક્ષ તરફથી આ કામે સૌપ્રથમ સાહેદ નં.૭૮૦ તરીકે નલીનભાઇ ધીરૂભાઇ નીસરતાનાઓને આંક–૩૫૯૭ થી તપાસવામાં આવેલા છે તેઓએ ખૂબ જ લંબાણપૂર્વકની સરતપાસ આપેલી છે તેઓની સરતપાસના પેરા–૨ પ્રમાણે સુરત ખાતે બોમ્બ પ્લાન્ટેશનના બનાવોની કુલ–૧૫ ફરિયાદો જુદા–જુદા પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલી તે ફરિયાદોના કામે પકડાયેલા આરોપી આમીન ઉર્ફે રાજા અૈયુબ શેખ(આરોપી નં.૬૯) તથા મોહંમદ મોબીન ઉર્ફે મુબીન (આરોપી નં.૭૦) નાઓ વિરૂધ્ધ ઉપરોકત પંદર ગુન્હાઓના કામે ઇ.પી.કો. કલમ–૧૨૧(એ),૧૨૪(એ), ૧૫૩(ક)(૧)(ખ) મુજબના ગુન્હાની કાર્યવાહી કરવા માટે ક્રિ.પ્રો.કોડની કલમ–૧૯૬ મુજબની મંજૂરી મેળવવા માટેની દરખાસ્ત મદદનીશ પોલીસ કમિશનરની કચેરી,'એફ'–ડીવીઝન, સુરત શહેર તા.૨૦–૧૧–૨૦૧૧ વાળી દરખાસ્ત ગૃહ વિભાગ, ગુજરાત રાજયને મળેલી. દરખાસ્તની સાથે (૧) પરિશિષ્ટ–અ, બ, ક, ડ, મુજબના પત્રકો (૨) આરોપીઓના ચહેરા નિશાન પત્રકની નકલો (૩) આરોપી વિરૂધ્ધ મેળવવામાં આવેલ વિશેષ પુરાવાની નકલો સામેલ હતી. ઉપરોકત કોષ્ટકમાં જણાવ્યા મુજબના આંક વાળી દરખાસ્તો કે જે તપાસ કરનાર અધિકારી વી.વી.રાઠોડનાઓએ કરેલી હતી તે દરખાસ્તોમાં તપાસ કરનાર અધિકારી વી.વી. રાઠોડની સહી આ સાહેદ ઓળખી બતાવે છે. તે જ પ્રમાણે ઉપરોકત તમામ ગુન્હાઓના કામે અનલોફુલ એકટીવીટી (પ્રિવેન્શન) એકટની કલમ–૪૫ ની મંજૂરી માંગતી દરખાસ્ત પણ ગૃહ વિભાગ, ગુજરાત રાજયને મળેલી હતી તેમાં પણ આ સાહેદ ઉપરોકત કોષ્ટકમાં જણાવ્યા પ્રમાણેની આંકવાળી દરખાસ્તોમાં તપાસ કરનાર અધિકારી વી.વી.રાઠોડની સહી આ સાહેદ ઓળખી બતાવે છે. વધુમાં આ સાહેદની સરતપાસ પ્રમાણે મળેલી

દરખાસ્ત અંગે નાયબ સેકશન અધિકારીએ અભ્યાસ કરીને નોંધ રજૂ કરે ત્યારપછી તે ફાઇલ સેકશન અધિકારી સમક્ષ મુકાય , સેકશન અધિકારી દરખાસ્તમાં જણાવ્યા મુજબના દસ્તાવેજી પુરાવા , અગાઉ બતાવેલા મંજૂરીના સંદર્ભો ચકાસે અને ત્યારબાદ આગળની મંજૂરી અર્થે સહી કરીને મોકલે . ત્યારબાદ આ ફાઇલ ઉપસચિવ પાસે જાય. ત્યારબાદ નાયબ સચિવ પાસે જાય અને પછી અધિક મુખ્ય સચિવ (ગૃહ) વિભાગમાં જાય છે. પછીથી માનનીય રાજય કક્ષા મંત્રી(ગૃહ) પાસે જાય ત્યારબાદ માનનીય મુખ્યમંત્રી પાસે જાય છે. આ તમામ કાર્યવાહીમાં જે, તે સક્ષમ અધિકારી તેનો અભ્યાસ કરે છે અને જરૂરી નોંધ મુકે છે અને જો બરાબર જણાય તો પોતાની સહી કરી આગળ મોકલે છે જે તે સક્ષમ અધિકારી અને માનનીય મુખ્યમંત્રી પોતાની સહી મંજૂરી બાબતે કરે છે. વધુમાં આ સાહેદની સરતપાસ પ્રમાણે ઉપરોકત દરખાસ્તો બાબતે નાયબ સેકશન અધિકારીએ ફાઇલ આ સાહેદ સમક્ષ રજૂ કરેલી આ સાહેદે ફાઇલ ચકાસેલી, આરોપી વિરૂધ્ધ રજૂ થયેલ વિશેષ પુરાવાઓ અને સંદર્ભમાં જણાવેલ અગાઉની મંજૂરીના હુકમો તથા દરખાસ્તની સાથે રજૂ કરેલ અન્ય કાગળોનો આ સાહેદે અભ્યાસ કરેલો અને ચકાસ્યા બાદ આ દરખાસ્તોની મંજૂરી અંગે સહી કરેલી ત્યારબાદ આ ફાઇલ ઉપ સચિવ સમક્ષ રજૂ થયેલી. ત્યારબાદ આ ફાઇલ નાયબ સચિવ સમક્ષ રજૂ થયેલી તે પછી આ ફાઇલ અનુક્રમે અધિક મુખ્ય સચિવ (ગૃહ), માનનીય રાજય મંત્રી(ગૃહ), માનનીય મુખ્યમંત્રી સમક્ષ રજૂ થયેલી અને ત્યારબાદ આ ફાઇલ મુખ્યમંત્રીની સહી થઇ આ સાહેદ પાસે આવેલી. તે ફાઇલ જોતા આ બંને દરખાસ્તો કે જે મંજૂરી સારૂ રજૂ થયેલી તેની મંજૂરી આપતી સહીઓ મુખ્યમંત્રી તથા તમામ અધિકારીઓએ કરેલી. ત્યારબાદ આ બંને દરખાસ્ત ફાઇલ આ સાહેદ પાસે આવતા સરકારી કાર્યરીતિ તથા નિયમો પ્રમાણે મંજૂરી આપતા હુકમ આ સાહેદે રવાના કરેલો, ગુજરાત સરકારના રૂલ્સ ઓફ બિઝનેસ (કામકાજના નિયમો), ૧૯૯૦ ના નિયમ–૧૩ હેઠળ આ સાહેદને મળેલ હુકમો સહી કરવાની સત્તાને આધારે મંજૂરીઓના હુકમોમાં સહી કરીને રવાના કરેલ. આ મંજૂરીના હુકમો દરખાસ્તોમાં જણાવેલ તમામ સુરત શહેરના

ગુન્હા રજીસ્ટર નંબરોના કામકાજના સક્ષમ અદાલતમાં કાનૂની કાર્યવાહી ચલાવવા ક્રિ.પ્રો. કોડની કલમ–૧૯૬ તથા અનલોફુલ એકટીવીટી (પ્રિવેન્શન) એકટની કલમ–૪૫ અન્વયે કરવામાં આવેલ હતા. ઉપર કોષ્ટકમાં જણાવેલ આ સાહેદના નામ નીચે દર્શાવેલ આંકવાળા મંજૂરી હુકમોમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

વધુમાં આ સાહેદની સરતપાસના પેરા–૩ પ્રમાણે સુરત ખાતે બોમ્બ પ્લાન્ટેશનના બનાવોની કુલ–૧૫ ફરિયાદો જુદા–જુદા પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલી તે ફરિયાદોના કામે પકડાયેલા આરોપી મોહમદ હબીબ ઉર્ફે હબીબ ફલાહી (આરોપી નં.૬૮) વિરૂધ્ધ ઉપરોકત પંદર ગુન્હાઓના કામે ઇ.પી. કો.કલમ–૧૨૧(એ),૧૨૪(એ), ૧૫૩(ક)(૧)(ખ) મુજબના ગુન્હાની કાર્યવાહી કરવા માટે ક્રિ.પ્રો.કોડની કલમ–૧૯૬ મુજબની મંજૂરી મેળવવા માટેની દરખાસ્ત મદદનીશ પોલીસ કમિશનરની કચેરી, 'એફ'–ડીવીઝન, સુરત શહેર તા.૧૯–૩–૨૦૧૨ વાળી દરખાસ્ત ગૃહ વિભાગ, ગુજરાત રાજયને મળેલી. દરખાસ્તની સાથે (૧) પરિશિષ્ટ–અ, બ, ક, ડ, મુજબના પત્રકો (૨) આરોપીઓના ચહેરાનિશાન પત્રકની નકલો (૩) આરોપી વિરૂધ્ધ મેળવવામાં આવેલ વિશેષ પુરાવાની નકલો સામેલ હતી. ઉપરોકત કોષ્ટકમાં જણાવ્યા મુજબના આંકવાળી દરખાસ્તો કે જે તપાસ કરનાર અધિકારી વી.વી. રાઠોડનાઓએ કરેલી હતી તે દરખાસ્તોમાં તપાસ કરનાર અધિકારી વી.વી. રાઠોડની સહી આ સાહેદ ઓળખી બતાવે છે. તે જ પ્રમાણે ઉપરોકત તમામ ગુનાઓના કામે અનલોફુલ એકટીવીટી (પ્રિવેન્શન) એકટની કલમ–૪૫ ની મંજૂરી માંગતી દરખાસ્ત પણ ગૃહ વિભાગ ગુજરાત રાજયને મળેલી હતી તેમાં પણ આ સાહેદ ઉપરોકત કોષ્ટકમાં જણાવ્યા પ્રમાણેની આંક વાળી દરખાસ્તોમાં તપાસ કરનાર અધિકારી વી.વી.રાઠોડની સહી આ સાહેદ ઓળખી બતાવે છે. આ દરખાસ્તો મળ્યા બાદ ઉપર સરતપાસમાં જણાવ્યા મુજબની મંજૂરી અંગેની કાર્યવાહી કરેલી અને મંજૂરી હુકમોમાં આ સાહેદે સહીઓ કરેલી. ઉપર કોષ્ટકમાં

જણાવેલ આ સાહેદના નામ નીચે દર્શાવેલ આંક વાળા મંજૂરી હુકમોમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

વધુમાં આ સાહેદની સરતપાસના પેરા–૪(૧) પ્રમાણે અમદાવાદ ખાતે થયેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોની કુલ–૨૦ ફરિયાદો જુદા– જુદા પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલી તે પૈકી શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮, બાપુનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં. ૨૨૦/૨૦૦૮, અમરાઇવાડી પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં. ૨૭૩/૨૦૦૮, નરોડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં.૪૦૦/૨૦૦૮, નરોડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં.૪૦૧/૨૦૦૮, રામોલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં.૩૨૧/૨૦૦૮, રામોલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં. ૩૨૨/૨૦૦૮ ના કામે પકડાયેલા આરોપી મોહમદ હબીબ ઉર્ફે હબીબ ફલાહી (આરોપી નં.૬૮) વિરૂધ્ધ ઉપરોકત છ ગુનાઓના કામે તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયાનાઓએ તથા મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં.૨૦૪/૨૦૦૮, મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં.૨૦૫/૨૦૦૮, મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં.૨૦૬/૨૦૦૮, સરખેજ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં.૧૮૧/૨૦૦૮, ઓઢવ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં.૩૩૮/૨૦૦૮, ઓઢવ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં.૩૩૯/ ૨૦૦૮ ના કામે તપાસ કરનાર અધિકારી મયુર ચાવડાનાઓએ તથા દાણીલીમડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં.૧૪૦/૨૦૦૮, કાલુપુર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં.૧૨૩/૨૦૦૮, વટવા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં.૨૧૮/૨૦૦૮, ઈસનપુર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં.૧૯૦/ ૨૦૦૮, કલોલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં.૨૦૦/૨૦૦૮ આમ કુલ– પાંચ ગુનાઓના કામે તપાસ કરનાર અધિકારી સુ.શ્રી ઉષા રાડાનાઓએ ઇ.પી.કો.કલમ–૧૨૧(એ),૧૨૪(એ), ૧૫૩(ક)(૧)(ખ) મુજબના ગુન્હાની કાર્યવાહી કરવા માટે ક્રિ.પ્રો.કોડની કલમ–૧૯૬ મુજબની મંજૂરી મેળવવા માટેની

દરખાસ્ત મદદનિશ પોલીસ કમિશનરની કચેરી, અમદાવાદ શહેર દ્વારા જુદી–જુદી તારીખોએ મોકલેલી દરખાસ્તો ગૃહ વિભાગ, ગુજરાત રાજયને મળેલી. દરખાસ્તોની સાથે (૧) પરિશિષ્ટ–અ, બ, ક, ડ, મુજબના પત્રકો (૨) આરોપીઓના ચહેરા નિશાન પત્રકોની નકલો (૩) આરોપીઓ વિરૂધ્ધ મેળવવામાં આવેલ વિશેષ પુરાવાની નકલો (૪) ફરિયાદોની નકલો (૫) ડેમોસ્ટ્રેશન પંચનામુ, (૬) ટ્રેકીંગ પંચનામુ સામેલ હતા. ઉપરોકત કોષ્ટકમાં જણાવ્યા મુજબના આંક વાળી દરખાસ્તો કે જે જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ કરેલી હતી તે દરખાસ્તોમાં જુદા–જુદા તપાસ કરનાર અધિકારી ઓની સહીઓ આ સાહેદ ઓળખી બતાવે છે. તે જ પ્રમાણે ઉપરોકત તમામ ગુનાઓના કામે અનલોકુલ એકટીવીટી (પ્રિવેન્શન) એકટની કલમ–૪૫ ની મંજૂરી માંગતી દરખાસ્તો પણ ગૃહ વિભાગ ગુજરાત રાજયને મળેલી હતી તેમાં પણ આ સાહેદ ઉપરોકત કોષ્ટકમાં જણાવ્યા પ્રમાણેની આંકવાળી દરખાસ્તોમાં જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓની સહીઓ આ સાહેદ ઓળખી બતાવે છે. આ દરખાસ્તો મળ્યા બાદ ઉપર સરતપાસમાં જણાવ્યા મુજબની મંજૂરી અંગેની કાર્યવાહી કરેલી અને મંજૂરી હુકમોમાં આ સાહેદે સહીઓ કરેલી. ઉપર કોષ્ટકમાં જણાવેલ આ સાહેદના નામ નીચે દર્શાવેલ આંક વાળા મંજૂરી હુકમોમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

વધુમાં આ સાહેદની સરતપાસના પેરા–૫(૧) પ્રમાણે અમદાવાદ ખાતે થયેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોની કુલ–૨૦ ફરિયાદો જુદા– જુદા પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલી તે પૈકી શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં.૨૩૬/૨૦૦૮, બાપુનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી .નં. ૨૨૦/૨૦૦૮,અમરાઇવાડી પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં. ૨૭૩/૨૦૦૮, નરોડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં.૪૦૦/૨૦૦૮, નરોડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં.૪૦૧/૨૦૦૮, રામોલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં. ૩૨૧/૨૦૦૮, રામોલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં.૩૨૨/૨૦૦૮ ના કામે પકડાયેલા આરોપી મોહમદ અબરાર ઉર્ફે મુન્ના (આરોપી નં.૭૪) વિરૂધ્ધ

ઉપરોકત છ ગુનાઓના કામે તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયાનાઓએ તથા દાણીલીમડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં. ૧૪૦/૨૦૦૮, કાલુપુર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં.૧૨૩/ ૨૦૦૮, વટવા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં.૨૧૮/૨૦૦૮, ઈસનપુર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં. ૧૯૦/૨૦૦૮, કલોલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં.૨૦૦/૨૦૦૮ આમ, કુલ–પાંચ ગુનાઓના કામે તપાસ કરનાર અધિકારી સુ.શ્રી ઉષા રાડાનાઓએ ઇ.પી.કો.કલમ–૧૨૧(એ),૧૨૪(એ), ૧૫૩(ક)(૧)(ખ) મુજબના ગુનાની કાર્યવાહી કરવા માટે ક્રિ.પ્રો.કોડની કલમ–૧૯૬ મુજબની મંજૂરી મેળવવા માટેની દરખાસ્ત મદદનીશ પોલીસ કમિશનરની કચેરી, અમદાવાદ શહેર દ્વારા જુદી–જુદી તારીખોએ મોકલેલી દરખાસ્તો ગૃહ વિભાગ, ગુજરાત રાજયને મળેલી. દરખાસ્તોની સાથે (૧) આરોપીઓના ચહેરા નિશાન પત્રકોની નકલો (૨) આરોપીઓ વિરૂધ્ધ મેળવવામાં આવેલ વિશેષ પુરાવાની નકલો સામેલ હતા. ઉપરોકત કોષ્ટકમાં જણાવ્યા મુજબના આંક વાળી દરખાસ્તો કે જે જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ કરેલી હતી તે દરખાસ્તોમાં જુદા–જુદા તપાસ કરનાર અધિકારી ઓની સહીઓ આ સાહેદ ઓળખી બતાવે છે. તે જ પ્રમાણે ઉપરોકત તમામ ગુનાઓના કામે અનલોકુલ એકટીવીટી (પ્રિવેન્શન) એકટની કલમ–૪૫ ની મંજૂરી માંગતી દરખાસ્તો પણ ગૃહ વિભાગ ગુજરાત રાજયને મળેલી હતી તેમાં પણ આ સાહેદ ઉપરોકત કોષ્ટકમાં જણાવ્યા પ્રમાણેની આંક વાળી દરખાસ્તોમાં જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓની સહીઓ આ સાહેદ ઓળખી બતાવે છે. આ દરખાસ્તો મળ્યા બાદ ઉપર સરતપાસમાં જણાવ્યા મુજબની મંજૂરી અંગેની કાર્યવાહી કરેલી અને મંજૂરી હુકમોમાં આ સાહેદે સહીઓ કરેલી. ઉપર કોષ્ટકમાં જણાવેલ આ સાહેદના નામ નીચે દર્શાવેલ આંક વાળા મંજૂરી હુકમોમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

વધુમાં આ સાહેદની સરતપાસના પેરા–૬(૧) પ્રમાણે અમદાવાદ ખાતે થયેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોની કુલ–૨૦ ફરિયાદો જુદા, જુદા પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલી તે પૈકી શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં.

૨૩૬/૨૦૦૮, બાપુનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં.૨૨૦/૨૦૦૮, અમરાઇવાડી પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં. ૨૭૩/૨૦૦૮, નરોડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં.૪૦૦/૨૦૦૮, નરોડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં.૪૦૧/૨૦૦૮, રામોલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી .નં. ૩૨૧/૨૦૦૮, રામોલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં. ૩૨૨/૨૦૦૮ ના કામે પકડાયેલા આરોપી (૧) ડૉ.અબુફૈસલ ઉર્ફે અક્રમ (૨) મહેબુબ ઉર્ફે ગુડ્ડુ (આરોપી નં.૭૯ મરણ ગયેલ છે), (૩) મુજીબ ઉર્ફે અક્રમ (આરોપી નં.૮૦ મરણ ગયેલ છે) તથા (૪) અફાક ઇકબાલ ઉર્ફે ઇકવાલ (આરોપી નં.૭૩ આ આરોપી શાહીબાગ પોલીસ સ્ટેશનના ગુનાના કામે કરવામાં આવેલ દરખાસ્તમાં નથી) આ આરોપીની દરખાસ્ત શાહીબાગ પોલીસ સ્ટેશનના ગુનાઓના કામે તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયાનાઓએ તથા મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં.૨૦૩/૨૦૦૮, મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં.૨૦૪/૨૦૦૮, મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં.૨૦૫/ ૨૦૦૮, મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં.૨૦૬/ ૨૦૦૮, સરખેજ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં.૧૮૧/૨૦૦૮, ઓઢવ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં.૩૩૮/૨૦૦૮, ઓઢવ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં.૩૩૯/ ૨૦૦૮ ના કામે તપાસ કરનાર અધિકારી મયુર ચાવડાનાઓએ તથા દાણીલીમડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી .નં.૧૪૦/ ૨૦૦૮, કાલુપુર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં.૧૨૩/૨૦૦૮, વટવા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં.૨૧૮/૨૦૦૮, ઇસનપુર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી .નં. ૧૯૦/૨૦૦૮, કલોલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી .નં.૨૦૦/૨૦૦૮ મુજબના ગુન્હાઓના કામે તપાસ કરનાર અધિકારી સુ.શ્રી ઉષા રાડાનાઓએ ઇ.પી.કો.કલમ–૧૨૧(એ),૧૨૪(એ), ૧૫૩(ક)(૧)(ખ) મુજબના ગુનાની કાર્યવાહી કરવા માટે ક્રિ.પ્રો.કોડની કલમ–૧૯૬ મુજબની મંજૂરી મેળવવા માટેની દરખાસ્ત મદદનિશ પોલીસ કમિશનરની કચેરી, અમદાવાદ શહેર દ્વારા જુદી–જુદી તારીખોએ મોકલેલી દરખાસ્તો ગૃહ વિભાગ, ગુજરાત રાજયને મળેલી.

દરખાસ્તોની સાથે (૧) પરિશિષ્ટ–અ, બ, ક, ડ, મુજબના પત્રકો (૨) આરોપીઓના ચહેરા નિશાન પત્રકોની નકલો તથા ફરિયાદની નકલો (૩) આરોપીઓ વિરૂધ્ધ મેળવવામાં આવેલ વિશેષ પુરાવાની નકલો (૪) પંચનામા તથા સાહેદોના નિવેદનોની નકલો સામેલ હતા. ઉપરોકત કોષ્ટકમાં જણાવ્યા મુજબના આંક વાળી દરખાસ્તો કે જે જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ કરેલી હતી તે દરખાસ્તોમાં જુદા–જુદા તપાસ કરનાર અધિકારી ઓની સહીઓ આ સાહેદ ઓળખી બતાવે છે. તે જ પ્રમાણે ઉપરોકત તમામ ગુન્હાઓના કામે અનલોકુલ એકટીવીટી (પ્રિવેન્શન)એકટની કલમ–૪૫ ની મંજૂરી માંગતી દરખાસ્તો પણ ગૃહ વિભાગ ગુજરાત રાજયને મળેલી હતી તેમાં પણ આ સાહેદ ઉપરોકત કોષ્ટકમાં જણાવ્યા પ્રમાણેની આંકવાળી દરખાસ્તોમાં જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓની સહીઓ આ સાહેદ ઓળખી બતાવે છે. આ દરખાસ્તો મળ્યા બાદ ઉપર સરતપાસમાં જણાવ્યા મુજબની મંજૂરી અંગેની કાર્યવાહી કરેલી અને મંજૂરી હુકમોમાં આ સાહેદે સહીઓ કરેલી. ઉપર કોષ્ટકમાં જણાવેલ આ સાહેદના નામ નીચે દર્શાવેલ આંકવાળા મંજૂરી હુકમોમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

વધુમાં આ સાહેદની સરતપાસના પેરા–૬(૨૦)પ્રમાણે સુરત શહેરના બોમ્બ પ્લાન્ટેશનના ગુન્હાઓની કુલ–૧૫ ફરિયાદોના કામે પકડાયેલા આરોપીઓ (૧) ડૉ.અબુફૈસલ ઉર્ફે અક્રમ (૨) મહેબુબ ઉર્ફે ગુડ્ડુ (આરોપી નં.૭૯ મરણ ગયેલ છે), (૩) મુજીબ ઉર્ફે અક્રમ (આરોપી નં.૮૦ મરણ ગયેલ છે) તથા (૪) અફાક ઇકબાલ ઉર્ફે ઇકવાલનાઓ વિરૂધ્ધ તપાસ કરનાર અધિકારી વી.વી.રાઠોડનાઓએ ઇ.પી.કો.કલમ–૧૨૧(એ), ૧૨૪(એ), ૧૫૩ (ક) (૧) (ખ) મુજબના ગુન્હાની કાર્યવાહી કરવા માટે ક્રિ.પ્રો.કોડની કલમ–૧૯૬ મુજબની મંજૂરી મેળવવા માટેની દરખાસ્ત મદદનિશ પોલીસ કમિશનરની કચેરી, અમદાવાદ શહેર દ્વારા જુદી–જુદી તારીખોએ મોકલેલી દરખાસ્તો ગૃહ વિભાગ, ગુજરાત રાજયને મળેલી. દરખાસ્તોની સાથે (૧)પરિશિષ્ટ–અ, બ, ક, ડ, મુજબના પત્રકો (૨)આરોપીઓના ચહેરા નિશાન પત્રકોની નકલો તથા

ફરિયાદની નકલો (૩) આરોપીઓ વિરૂધ્ધ મેળવવામાં આવેલ વિશેષ પુરાવાની નકલો સામેલ હતા. ઉપરોકત કોષ્ટકમાં જણાવ્યા મુજબના આંકવાળી દરખાસ્તો કે જે તપાસ કરનાર અધિકારીએ કરેલી હતી તે દરખાસ્તોમાં તપાસ કરનાર અધિકારીની સહીઓ આ સાહેદ ઓળખી બતાવે છે. તે જ પ્રમાણે ઉપરોકત તમામ ગુન્હાઓના કામે અનલોકુલ એકટીવીટી (પ્રિવેન્શન) એકટની કલમ–૪૫ ની મંજૂરી માંગતી દરખાસ્તો પણ ગૃહ વિભાગ ગુજરાત રાજયને મળેલી હતી તેમાં પણ આ સાહેદ ઉપરોકત કોષ્ટકમાં જણાવ્યા પ્રમાણેની આંક વાળી દરખાસ્તોમાં તપાસ કરનાર અધિકારીની સહીઓ આ સાહેદ ઓળખી બતાવે છે. આ દરખાસ્તો મળ્યા બાદ ઉપર સરતપાસમાં જણાવ્યા મુજબની મંજૂરી અંગેની કાર્યવાહી કરેલી અને મંજૂરી હુકમોમાં આ સાહેદે સહીઓ કરેલી. ઉપર કોષ્ટકમાં જણાવેલ આ સાહેદના નામ નીચે દર્શાવેલ આંકવાળા મંજૂરી હુકમોમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

વધુમાં આ સાહેદની સરતપાસના પેરા–૯(૧)પ્રમાણે અમદાવાદ ખાતે થયેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોની કુલ–૨૦ ફરિયાદો જુદા– જુદા પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલી તે પૈકી શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં. ૨૩૬/૨૦૦૮, બાપુનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં.૨૨૦/૨૦૦૮, અમરાઇવાડી પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં.૨૭૩/ ૨૦૦૮, નરોડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં.૪૦૦/૨૦૦૮, નરોડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં.૪૦૧/૨૦૦૮, રામોલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી .નં. ૩૨૧/૨૦૦૮, રામોલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં. ૩૨૨/ ૨૦૦૮ ના કામે તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયાનાઓએ તથા મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં. ૨૦૩/૨૦૦૮, મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં. ૨૦૪/૨૦૦૮, મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં. ૨૦૫/૨૦૦૮, મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં. ૨૦૬/૨૦૦૮, ઓઢવ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં.૩૩૮/૨૦૦૮, સરખેજ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં. ૧૮૧/૨૦૦૮, ઓઢવ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા

રજી.નં.૩૩૯/૨૦૦૮ ના કામે તપાસ કરનાર અધિકારી મયુર ચાવડાનાઓએ તથા ખાડીયા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં.૭૧/૨૦૦૮, દાણીલીમડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં.૧૪૦/૨૦૦૮, કાલુપુર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં.૧૨૩/૨૦૦૮, વટવા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં. ૨૧૮/૨૦૦૮, કલોલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં.૨૦૦/૨૦૦૮, ઈસનપુર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં.૧૯૦/૨૦૦૮ ના કામે પકડાયેલા આરોપી મોહમદ શાહીદ ઉર્ફે અબ્દુલ શાહીદ (આરોપી નં.૭૧) વિરૂધ્ધ તપાસ કરનાર અધિકારી સુ.શ્રી ઉષા રાડાનાઓએ તથા સુરત શહેરના તમામ ૧૫ ગુન્હાઓના કામે મદદનિશ પોલીસ કમિશનર, સુરત શહેરનાઓએ પકડાયેલા આરોપી મોહમદ શાહીદ ઉર્ફે અબ્દુલ શાહીદ (આરોપી નં.૭૧)નાઓ વિરૂધ્ધ ઈ.પી.કો.કલમ–૧૨૧(એ),૧૨૪(એ), ૧૫૩(ક)(૧)(ખ) મુજબના ગુન્હાની કાર્યવાહી કરવા માટે ક્રિ.પ્રો.કોડની કલમ–૧૯૬ મુજબની મંજૂરી મેળવવા માટેની દરખાસ્ત મદદનીશ પોલીસ કમિશનરની કચેરી, અમદાવાદ શહેર તથા પોલીસ કમિશનર, સુરત શહેર દ્વારા જુદી–જુદી તારીખોએ મોકલેલી દરખાસ્તો ગૃહ વિભાગ, ગુજરાત રાજયને મળેલી. દરખાસ્તોની સાથે(૧) પરિશિષ્ટ–અ, બ, ક, ડ, મુજબના પત્રકો(૨) આરોપીઓના ચહેરાનિશાન પત્રકોની નકલો (૩) આરોપીઓ વિરૂધ્ધ મેળવવામાં આવેલ વિશેષ પુરાવાની નકલો(૪) ફરિયાદોની નકલો સામેલ હતા. ઉપરોકત કોષ્ટકમાં જણાવ્યા મુજબના આંક વાળી દરખાસ્તો કે જે જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ કરેલી હતી તે દરખાસ્તોમાં જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓની સહીઓ આ સાહેદ ઓળખી બતાવે છે. તે જ પ્રમાણે ઉપરોકત તમામ ગુનાઓના કામે અનલોકુલ એકટીવીટી (પ્રિવેન્શન) એકટની કલમ–૪૫ ની મંજૂરી માંગતી દરખાસ્તો પણ ગૃહ વિભાગ ગુજરાત રાજયને મળેલી હતી તેમાં પણ આ સાહેદ ઉપરોકત કોષ્ટકમાં જણાવ્યા પ્રમાણેની આંકવાળી દરખાસ્તોમાં જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓની સહીઓ આ સાહેદ ઓળખી બતાવે છે. આ દરખાસ્તો મળ્યા બાદ ઉપર સરતપાસમાં જણાવ્યા મુજબની મંજૂરી અંગેની કાર્યવાહી કરેલી અને મંજૂરી

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો રજૂ કરેલ તમામ દસ્તાવેજી પુરાવામાં કન્સેન્ટ આપવા માટે કઈ કાર્યવાહી અનુસરવામાં આવે છે તેની જાત માહિતી નથી તે કબૂલ કરે છે. આ કિસ્સાઓમાં સરતપાસમાં જણાવી છે તેવી કોઈ પ્રક્રિયા અપનાવવામાં આવે છે કે કેમ? તે ચોકકસ કહી શકે નહીં. કોઈ ફાઈલ ઉપરોકત ચાર ટેબલો ઉપર કેટલો સમય રહેલી તેની જાણકારી છે તે કબૂલ કરે છે. દરખાસ્ત સાથે કુલ કેટલા કાગળો મળેલા તે સંબંધે કોઈ નોંધ નથી તે કબૂલ કરે છે. દસ્તાવેજો કયા સ્વરૂપના હતા તેવી પણ કોઈ નોંધ નથી. કલેકટર વિજય નહેરા વતી કન્સેન્ટ રજૂ કરવા સાહેદ તરીકે આવેલા છે તે હકીકત નકારે છે. કલેકટર વિજય નહેરાએ જે દસ્તાવેજોમાં સહી કરી ત્યારે આ સાહેદની કોઈ સહી લેવામાં આવેલી નથી. નાયબ ચીટનીશ તરીકે કાયદો અને તેની કાર્યવાહીમાં કોઈ ભાગ લેવાનો હોતો નથી તે હકીકત નકારે છે. નાયબ ચીટનીશ તરીકે કોઈ કાયદો કે કાર્યવાહીમાં ભાગ લીધો હોય તેવો કોઈ દસ્તાવેજ નથી. કન્સેન્ટ બાબતે રજૂ કરેલ દસ્તાવેજી પુરાવા બાબતે કોઈ રોજકામ કે કાર્યવાહીની નોંધ રજૂ કરેલ નથી તે કબૂલ કરે છે.

ફરિયાદપક્ષ તરફથી આ કામે સાહેદ નં.૧૦૯૩ તરીકે અતુલ બાબુલાલ ગોરનાઓને આંક–૭૬૫૨ થી તપાસવામાં આવેલા છે. તેઓની સરતપાસના પેરા–૧,૨ મુજબ સપ્ટેમ્બર–૨૦૧૬ મા મુખ્ય કારોબારી અધિકારી, ઔડા, અમદાવાદ ખાતે ફરજ બજાવતા હતા, તા.૧૪–૯–૨૦૧૬ થી તા. ૧૭–૧૦–૨૦૧૬ સુધી આ સાહેદ પાસે અમદાવાદ જિલ્લા કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટનો ચાર્જ હતો ત્યારે પોલીસ કમિશનર, અમદાવાદ શહેર તરફથી તા. ૧૩–૯–૨૦૧૬ ના રોજ એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટ હેઠળ સંમતિ આપવાનો અભિપ્રાય પત્ર કચેરીને મળેલો જેની સાથે સંયુકત પોલીસ કમિશનર, ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશનર, ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર નાઓના પત્રો પણ સામેલ હતા. મદદનીશ પોલીસ કમિશનર

સી.એન.રાજપુતનાઓની તા.૨–૯–૨૦૧૬ ના રોજની દરખાસ્ત સામેલ હતી, દરખાસ્તમાં એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટના ગુના માટે પ્રોસીકયુટ કરવા કન્સન્ટ માંગવામાં આવેલી. આ દરખાસ્તની ફાઇલ કચેરીને મળ્યા બાદ કચેરીના કાર્ય પધ્ધતિ અનુસાર આ સાહેદ તરફ મોકલવામાં આવેલી. આ દરખાસ્ત ધ્યાને લેતા અમદાવાદમાં થયેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોની કુલ–૨૦ ફરિયાદો નોંધાયેલી હતી. તે ફરિયાદો પૈકી દાણીલીમડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં. ૧૪૦/૨૦૦૮ ના કામે પકડાયેલ આરોપીઓ પૈકી (ચુકાદાના શીર્ષકમાં જણાવ્યા મુજબના નંબરોવાળા) આરોપી નં.૭૬ નાઓ સામે એક્ષપ્લોજીવ સબસ્ટન્સ એકટની કલમ–૭ હેઠળ સેંકશન મેળવવા માટેની દરખાસ્ત આવેલી. દરખાસ્તમાં જણાવ્યા મુજબના બિડાણ દરખાસ્ત સાથે સામેલ હતા. ઉપરોકત કોષ્ટકમાં સી. એન.રાજપુતના નામ નીચે જણાવેલ આંકવાળી દરખાસ્તોમાં આ સાહેદ સી.એન.રાજપુતની સહીઓ ઓળખી બતાવે છે. વધુમાં આ સાહેદની સરતપાસ મુજબ દરખાસ્ત મળ્યા બાદ તે દરખાસ્તની વિગતો તથા તેની સાથે ફાઇલમાંના દસ્તાવેજો વિગેરેનો આ સાહેદે અભ્યાસ કરેલો અને ત્યારબાદ ઉપરોકત જણાવેલ આરોપી વિરૂધ્ધ પ્રથમ દર્શનીય રીતે કેસ ચલાવવાની સંમતિ આપવાનો કેસ લાગેલો જેથી પૂર્ણ વિચારણા કર્યા પછી ઉપરોકત જણાવેલ આરોપીની વિરૂધ્ધ દરખાસ્તમાં જણાવેલ ગુનાઓની ન્યાયની અદાલતમાં કાર્યવાહી ચલાવવા સારૂ એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ–૭ હેઠળ આ સાહેદે મેજિસ્ટ્રેટ તરીકે કન્સન્ટ આપેલી, આ નિર્ણય લીધા બાદ નિર્ણયની લેખિત જાણ હુકમમાં જણાવ્યા મુજબ અધિકારીઓને કરવામાં આવેલ અને નિર્ણયની એક પ્રત કચેરીની સિલેકટ ફાઇલમાં રાખવામાં આવેલી.આ કન્સેન્ટોમાં આ સાહેદ ઉપરોકત કોષ્ટકમાં જણાવ્યા પ્રમાણે આ સાહેદ પોતાના નામ નીચે જણાવેલ આંકવાળી કન્સેન્ટોમાં આ સાહેદ તેઓની સહીઓ ઓળખી બતાવે છે.

વધુમાં આ સાહેદની સરતપાસના પેરા–૩ મુજબ સી.એન.રાજપુતે અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોની કુલ–૨૦ ફરિયાદો જુદા–જુદા પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલી. તે પૈકી કાલુપુર પોલીસ સ્ટેશન ફર્સ્ટ

ગુના રજીસ્ટર નં.૧૨૩/૦૮ ના કામે તા.૨-૯-૨૦૧૬ ના રોજ ઉપરોકત ગુનાઓના કામે પકડાયેલ આરોપી નં.૭૬ નાઓ સામે તથા સરતપાસના પેરા-૪ મુજબ વટવા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૧૮/૦૮ નાં કામે તા.૨-૯-૨૦૧૬ ના રોજ આરોપી નં.૭૬ નાઓ સામે તથા સરતપાસના પેરા-૫ મુજબ ઈસનપુર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૧૯૦/૦૮ ના કામે તા.૨-૯-૨૦૧૬ ના રોજ આરોપી નં.૭૬ નાઓ સામે તથા સરતપાસના પેરા-૬ મુજબ ખાડીયા પોલીસ સ્ટેશનફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૭૧/૦૮ ના કામે તા.૨-૯-૨૦૧૬ ના રોજ આરોપી નં.૭૬ નાઓ સામે તથા સરતપાસના પેરા-૭ મુજબ ઓઢવ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૩૩૮/૦૮ ના કામે તા.૨-૯-૨૦૧૬ ના રોજ આરોપી નં.૭૬ નાઓ સામે એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ-૭ હેઠળ ઉપરોકત આરોપી સામે ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે દરખાસ્તો આવેલી. તમામ દરખાસ્તોમાં આ સાહેદ ઉપરોકત કોષ્ટકમાં જણાવ્યા મુજબ સી.એન.રાજપુતના નામ નીચે જણાવેલ આંકવાળી દરખાસ્તોમાં સી.એન. રાજપુતની સહીઓ ઓળખી બતાવે છે. આ દરખાસ્તો મળ્યા બાદ ઉપર સરતપાસમાં જણાવ્યા મુજબની મંજૂરી અંગેની કાર્યવાહી કરેલી અને આ કન્સેન્ટોમાં આ સાહેદ ઉપરોકત કોષ્ટકમાં જણાવ્યા પ્રમાણે આ સાહેદ પોતાના નામ નીચે જણાવેલ આંકવાળી કન્સેન્ટોમાં આ સાહેદ તેઓની સહીઓ ઓળખી બતાવે છે.

વધુમાં આ સાહેદની સરતપાસના પેરા-૮ મુજબ આર.બી.પટેલે અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોની કુલ-૨૦ ફરિયાદો જુદા-જુદા પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલી. તે પૈકી ઓઢવ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૩૩૯/૦૮ ના કામે તા.૨-૯-૨૦૧૬ ના રોજ ઉપરોકત ગુનાઓના કામે પકડાયેલ આરોપી નં.૭૬ નાઓ સામે તથા સરતપાસના પેરા-૯ મુજબ સરખેજ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૧૮૧/૦૮ ના કામે તા.૨-૯-૨૦૧૬ ના રોજ આરોપી નં.૭૬ નાઓ સામે તથા સરતપાસના પેરા-૧૦ મુજબ મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૩/૦૮ નાં કામે

તા.૨–૯–૨૦૧૬ ના રોજ આરોપી નં.૭૬ નાઓ સામે તથા સરતપાસના પેરા–૧૧ મુજબ મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૪/૦૮ ના કામે તા.૨–૯–૨૦૧૬ ના રોજ આરોપી નં.૭૬ નાઓ સામે તથા સરતપાસના પેરા–૧૨ મુજબ મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૫/૦૮ નાં કામે તા.૨–૯–૨૦૧૬ ના રોજ આરોપી નં.૭૬ નાઓ સામે તથા સરતપાસના પેરા–૧૩ મુજબ મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૬/૦૮ ના કામે તા.૨–૯–૨૦૧૬ ના રોજ આરોપી નં.૭૬ નાઓ સામે એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ–૭ હેઠળ ઉપરોકત આરોપી સામે ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે દરખાસ્તો આવેલી. તમામ દરખાસ્તોમાં આ સાહેદ ઉપરોકત કોષ્ટકમાં જણાવ્યા મુજબ આર.બી.પટેલના નામ નીચે જણાવેલ આંકવાળી દરખાસ્તોમાં આર.બી.પટેલની સહીઓ ઓળખી બતાવે છે. આ દરખાસ્તો મળ્યા બાદ ઉપર સરતપાસમાં જણાવ્યા મુજબની મંજૂરી અંગેની કાર્યવાહી કરેલી અને આ કન્સેન્ટોમાં આ સાહેદ ઉપરોકત કોષ્ટકમાં જણાવ્યા પ્રમાણે આ સાહેદ પોતાના નામ નીચે જણાવેલ આંકવાળી કન્સેન્ટોમાં આ સાહેદ તેઓની સહીઓ ઓળખી બતાવે છે.

વધુમાં આ સાહેદની સરતપાસના પેરા–૧૪ મુજબ આર.એન. ઝાલાએ અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોની કુલ–૨૦ ફરિયાદો જુદા–જુદા પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલી. તે પૈકી શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૦૮ ના કામે તા.૬–૯–૨૦૧૬ ના રોજ ઉપરોકત ગુનાઓના કામે પકડાયેલ આરોપી નં.૭૬ નાઓ સામે તથા સરતપાસના પેરા–૧૫ મુજબ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૭૩/૦૮ ના કામે તા.૬–૯–૨૦૧૬ ના રોજ આરોપી નં.૭૬ નાઓ સામે તથા સરતપાસના પેરા–૧૬ મુજબ બાપુનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૨૦/૦૮ ના કામે તા.૬–૯–૨૦૧૬ ના રોજ આરોપી નં.૭૬ નાઓ સામે તથા સરતપાસના પેરા–૧૭ મુજબ નરોડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૪૦૦/૦૮ ના કામે તા.૬–૯–૨૦૧૬ ના રોજ આરોપી નં.૭૬ નાઓ સામે

તથા સરતપાસના પેરા–૧૮ મુજબ નરોડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૪૦૧/૦૮ ના કામે તા.૬–૯–૨૦૧૬ ના રોજ આરોપી નં.૭૬ નાઓ સામે તથા સરતપાસના પેરા–૧૯ મુજબ રામોલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૩૨૧/૦૮ ના કામે તા.૬–૯–૨૦૧૬ ના રોજ આરોપી નં.૭૬ નાઓ સામે તથા સરતપાસના પેરા–૨૦ મુજબ રામોલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૩૨૨/૦૮ ના કામે તા.૬–૯–૨૦૧૬ ના રોજ આરોપી નં.૭૬ નાઓ સામે એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ–૭ હેઠળ ઉપરોકત આરોપી સામે ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે દરખાસ્તો આવેલી. તમામ દરખાસ્તોમાં આ સાહેદ ઉપરોકત કોષ્ટકમાં જણાવ્યા મુજબ આર.એન.ઝાલાના નામ નીચે જણાવેલ આંકવાળી દરખાસ્તોમાં આર.એન.ઝાલાની સહીઓ ઓળખી બતાવે છે. આ દરખાસ્તો મળ્યા બાદ ઉપર સરતપાસમાં જણાવ્યા મુજબની મંજૂરી અંગેની કાર્યવાહી કરેલી અને આ કન્સેન્ટોમાં આ સાહેદ ઉપરોકત કોષ્ટકમાં જણાવ્યા પ્રમાણે આ સાહેદ પોતાના નામ નીચે જણાવેલ આંકવાળી કન્સેન્ટોમાં આ સાહેદ તેઓની સહીઓ ઓળખી બતાવે છે.

હવે, આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ કેસો સિવાય બીજા કોઇ કેસોમાં આવી કન્સન્ટો આપેલી નથી. એરગન માટે પરવાનગીની જરૂર ન હોય તો ખબર નથી. આવેલા કાગળોમાં એરગનનો ઉલ્લેખ હતો કે કેમ? તે ધ્યાનમાં નથી. જુબાની આપવા માટે કેસને લગતા કાગળોની ફાઇલ સાથે લઇને આવેલા છે. ગેસ સીલીન્ડરોના પ્રકારો વિશે જાણકારી નથી. ગેસના સિલીન્ડરો દારૂગોળા વાળા હોય તો ખબર નથી. પાઇપ બોમ્બ જોયા નથી અને તેનો અભ્યાસ કરેલો નથી. સંમતિ આપતા પહેલા કોઇપણ પોલીસ અધિકારી કે તપાસ કરનાર અધિકારીને ચેમ્બરમાં બોલાવી ચર્ચા કરેલી નથી તેમની સાથે પત્ર વ્યવહારો કરેલાનુ બનેલ નથી. સંમતિ આપતા પહેલા પાઇપ બોમ્બ, ગેસ સીલીન્ડર, એરગનના કોઇ નિષ્ણાતને બોલાવી તેમની સાથે ચર્ચા કરેલી નથી. દેશી કટ્ટા, પિસ્તોલ, રીવોલ્વર અને તમંચા વિગેરેમાં શું તફાવત છે તેનો ખ્યાલ નથી. સંમતિ પત્રોમાં અગાઉ કુલ–૭૬ આરોપીઓની સંમતિ આપેલ હતી તેવુ જે

જણાવેલુ છે તે બાબતે કોઇપણ રીતે પ્રેરાયેલા નથી તે હકીકત નકારે છે. અગાઉ આપવામાં આવેલ કુલ–૭૬ આરોપીઓની સંમતિ જોયેલી છે. સંમતિ હુકમમાં રીપોર્ટ સાથેના દસ્તાવેજોનો ઉલ્લેખ કરેલો નથી. મળેલ તમામ દરખાસ્તો અને રીપોર્ટમાં આરોપી મંજર ઇમામ વિરૂધ્ધના પુરાવા વિશે જે વિશેષ પુરાવાનો ઉલ્લેખ છે તે કોમન છે તે હકીકત નકારે છે. વિશેષ પુરાવા ધ્યાને લીધા બાબતે કોઇ અલગથી નોંધ રાખી નથી. સરતપાસમાં જણાવેલ કન્સન્ટોમાં યંત્રવત રીતે સહીઓ કરેલાની હકીકત નકારે છે.દરખાસ્તમાં જણાવેલ પોલીસ અધિકારીઓના કહેવા પ્રમાણે તૈયાર કરેલી તમામ કન્સેન્ટોમાં સહીઓ કરેલાની હકીકતો નકારે છે. વધુમાં આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઇએ તો તમામ પેપર્સનો અભ્યાસ કર્યા વિના સ્ટીરીયો ટાઇપ સંમતિઓ આપેલી છે તો તે હકીકત નકારે છે. રજૂ થયેલ પેપર્સમાં ચાર્જશીટોની નકલો સામેલ હતી. કાલુપુર પોલીસ સ્ટેશનના ચાર્જશીટની જે નકલ રજૂ થયેલી તેમાં આરોપીના નામનો ઉલ્લેખ છે ચાર્જશીટમાં આ આરોપી સામેના પુરાવાનો કોઇ ઉલ્લેખ નથી તો તે હકીકત નકારે છે. ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબના આરોપીના નિવેદન સિવાય વાઘમોન કેમ્પમાં હાજર રહ્યાનો બીજો કોઇ પુરાવો નથી તો તે હકીકત નકારે છે.

ફરિયાદપક્ષ તરફથી આ કામે સાહેદ નં.૧૦૯૫ તરીકે મહેન્દ્ર કુમાર સોમાભાઇ પટેલનાઓને આંક–૭૬૯૬ થી તપાસવામાં આવેલા છે. તેઓની સરતપાસના પેરા–૧,૨ પ્રમાણે તા.૯–૫–૨૦૧૬ થી તા.૬–૪–૨૦૧૮ સુધી સુરત જિલ્લા કલેકટર તથા જિલ્લા મેજિસ્ટ્રેટ તરીકે ફરજ બજાવતા હતા. ફરજ દરમ્યાન સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોની કુલ–૧૫ ફરીયાદો નોંધાયેલી. તે ફરિયાદોના કામે એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ–૭ હેઠળની મંજૂરીઓ મેળવવાની દરખાસ્ત આ સાહેદ તરફ મોકલવામાં આવેલી. આ દરખાસ્ત નાયબ પોલીસ કમિશનર, સુરત શહેર તથા પોલીસ કમિશનર, સુરત મારફતે રવાના કરવામાં આવેલી હતી જેની સાથે મદદનીશ પોલીસ કમિશનર, 'ઇ'– ડીવીઝન, સુરત શહેરની તા.૨–૮–૨૦૧૬ ના રોજ આ સાહેદ તરફ દરખાસ્ત મોકલેલી. તે ધ્યાને લેતા સુરત બોમ્બ પ્લાન્ટેશનની

તમામ ફરિયાદોના કામે પકડાયેલ આરોપીઓ પૈકી (ચુકાદાના શીર્ષકમાં જણાવ્યા મુજબના નંબરોવાળા) આરોપી નં.૭૫ નાઓ સામે એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટ–૧૯૦૮ ની કલમ–૭ હેઠળ સેંકશન મેળવવા માટેની દરખાસ્તો આવેલી. આ દરખાસ્તોમાં ગુનાની વિગતો જણાવેલી હતી. દરખાસ્તમાં જણાવ્યા મુજબના બિડાણ દરખાસ્ત સાથે સામેલ હતા અને તેનો અભ્યાસ કરેલો. વધુમાં આ સાહેદની સરતપાસ મુજબ ફાઈલમાંના જરૂરી દસ્તાવેજોનો અભ્યાસ કરેલો. દરખાસ્તમાં જણાવેલ આરોપીઓ વિરૂધ્ધ એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ–૭ અન્વયે કન્સન્ટ આપવાનો કેસ પ્રથમ દર્શનિય રીતે બનતો હોવાનું લાગેલુ. જેથી તમામ ગુનાઓ અંગે કન્સેટન્ટ આપેલી અને આ સાહેદે લીધેલી નિર્ણયની લેખિત જાણ કચેરી દ્વારા મદદનીશ પોલીસ કમિશનર "સી" ડીવીઝન સુરત શહેર તથા પોલીસ કમિશનર, સુરત શહેરને મોકલેલી અને તમામ ગુન્હાઓના હુકમની લેખિતમાં જાણ હુકમમાં જણાવ્યા અનુસાર કરવામાં આવેલી અને નિર્ણયની એક પ્રત કચેરીની સિલેકટ ફાઈલમાં રાખવામાં આવેલી. આ કન્સેન્ટોમાં આ સાહેદ ઉપરોકત કોષ્ટકમાં જણાવ્યા પ્રમાણે આ સાહેદ પોતાના નામ નીચે જણાવેલ આંક વાળી કન્સેન્ટોમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

વધુમાં આ સાહેદની સરતપાસના પેરા–૩ મુજબ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોની કુલ–૧૫ ફરિયાદો જુદા–જુદા પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલી.તે તમામ ફરિયાદોના કામે પકડાયેલ આરોપી નં.૭૬નાઓ સામે તા.૨૮–૮–૨૦૧૬ ના રોજ એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ–૭ હેઠળ ઉપરોકત આરોપી સામે ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે દરખાસ્તો આવેલી. તમામ દરખાસ્તોમાં આ સાહેદ ઉપરોકત કોષ્ટકમાં જણાવ્યા મુજબની દરખાસ્તો મળ્યા બાદ ઉપર સરતપાસમાં જણાવ્યા મુજબની મંજૂરી અંગેની કાર્યવાહી કરેલી અને મંજૂરી હુકમોમાં આ સાહેદે સહીઓ કરેલી. ઉપર કોષ્ટકમાં જણાવેલ આ સાહેદ પોતાના નામ નીચે દર્શાવેલ આંકવાળા મંજૂરી હુકમોમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

વધુમાં આ સાહેદની સરતપાસના પેરા–૪ મુજબ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોની કુલ–૧૫ ફરિયાદો જુદા–જુદા પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલી. તે તમામ ફરિયાદોના કામે પકડાયેલ આરોપી નં.૭૭ નાઓ સામે તા.૨૭–૬–૨૦૧૭ ના રોજ એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ–૭ હેઠળ ઉપરોકત આરોપી સામે ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે દરખાસ્તો આવેલી. તમામ દરખાસ્તોમાં આ સાહેદ ઉપરોકત કોષ્ટકમાં જણાવ્યા મુજબની દરખાસ્તો મળ્યા બાદ ઉપર સરતપાસમાં જણાવ્યા મુજબની મંજૂરી અંગેની કાર્યવાહી કરેલી અને મંજૂરી હુકમોમાં આ સાહેદે સહીઓ કરેલી. ઉપર કોષ્ટકમાં જણાવેલ આ સાહેદ પોતાના નામ નીચે દર્શાવેલ આંકવાળા મંજૂરી હુકમોમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

વધુમાં આ સાહેદની સરતપાસના પેરા–૫ મુજબ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોની કુલ–૧૫ ફરિયાદો જુદા જુદા પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલી. તે તમામ ફરિયાદોના કામે પકડાયેલ આરોપી નં. ૭૮ નાઓ સામે તા.૨૨–૧–૨૦૧૮ ના રોજ એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ–૭ હેઠળ ઉપરોકત આરોપી સામે ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે દરખાસ્તો આવેલી. તમામ દરખાસ્તોમાં આ સાહેદ ઉપરોકત કોષ્ટકમાં જણાવ્યા મુજબની દરખાસ્તો મળ્યા બાદ ઉપર સરતપાસમાં જણાવ્યા મુજબની મંજૂરી અંગેની કાર્યવાહી કરેલી અને મંજૂરી હુકમોમાં આ સાહેદે સહીઓ કરેલી. ઉપર કોષ્ટકમાં જણાવેલ આ સાહેદ પોતાના નામ નીચે દર્શાવેલ આંકવાળા મંજૂરી હુકમોમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લેતાં કાયદા મુજબ જે દસ્તાવેજ પુરાવામાં ગ્રાહ્ય ગણાય તેવા દસ્તાવેજ સંમતિ આપતી વખતે ધ્યાનમાં લેવાય તે જરૂરી નથી. સંમતિ આપતી વખતે જે પુરાવો ગ્રાહ્ય નથી તેવો પુરાવો ધ્યાને લીધો છે તો તે હકિકત નકારે છે. તમામ સંમતિઓમાં આરોપીએ પોલીસ રૂબરૂ આપેલા નિવેદનો ધ્યાને લીધા છે તે કબૂલ કરે છે. જે કોઇ તપાસના કાગળો હોય તેનો અભ્યાસ કર્યા પછી અભિપ્રાય બાંધવાનો હોય છે તે કબૂલ કરે છે. આ સાહેદને

પ્રશ્ન પુછવામાં આવેલો છે કે અભિપ્રાય આપતી વખતે તપાસના કાગળો સિવાય બીજા કોઇ કાગળો ધ્યાનમાં લેવાય નહીં? તો સાહેદે જવાબ આપેલો છે કે મારી પાસે દરખાસ્ત તથા તે સાથે જે કાગળો રજૂ થયેલા તે ધ્યાનમાં લીધેલા. સંમતિ આપતી વખતે બીજા કોઇના અભિપ્રાય ઉપર આધાર રખાય નહીં તો તે કબૂલ કરે છે. સંમતિ હુકમો ચીટનીશ દ્વારા તપાસ કરનાર અધિકારીને કયારે મળેલા તે રેકર્ડ જોઇને કહી શકે નહીં. પોલીસને મોકલેલા હુકમોમાં પોલીસે કોઇ આવક રજીસ્ટર નંબર કે હુકમ મળ્યા અંગેની કોઇ તારીખ લખેલી નથી તે કબૂલ કરે છે.

ફરિયાદપક્ષ તરફથી આ કામે સાહેદ નં.૧૧૦૧ તરીકે સતીશકુમાર અમથાલાલ પટેલનાઓને આંક–૭૭૮૧ થી તપાસવામાં આવેલા છે. તેઓની સરતપાસના પેરા–૧,૨ પ્રમાણે સને–૨૦૧૬/૨૦૧૭ ના સમય દરમ્યાન ગાંધીનગર જિલ્લા કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ તરીકે ફરજ બજાવતા હતા ત્યારે પોલીસ કમિશનર, અમદાવાદ શહેર તરફથી તા.૧–૬–૨૦૧૬ ના રોજનો વિનંતી પત્ર તથા તેની સાથે મદદનિશ પોલીસ કમિશનર સી .એન. રાજપુતનાઓની તા.૨૧–૫–૨૦૧૬ ના રોજની દરખાસ્ત સામેલ હતી, દરખાસ્તમાં એક્ષ્પ્લોઝીવ સબસ્ટન્સ એકટના ગુના માટે પ્રોસીકયુટ કરવા કન્સન્ટ માંગવામાં આવેલી. આ દરખાસ્ત ધ્યાને લેતા અમદાવાદમાં થયેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોની કુલ–૨૦ ફરિયાદો નોંધાયેલી હતી. તે ફરિયાદો પૈકી કલોલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં.૨૦૦/૨૦૦૮ ના કામે પકડાયેલ આરોપીઓ પૈકી (ચુકાદાના શીર્ષકમાં જણાવ્યા મુજબના નંબરોવાળા) આરોપી નં.૭૫ નાઓ સામે એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ–૭ હેઠળ સેંકશન મેળવવા માટેની દરખાસ્ત આવેલી. દરખાસ્તમાં જણાવ્યા મુજબના બિડાણ દરખાસ્ત સાથે સામેલ હતા. ઉપરોકત કોષ્ટકમાં સી.એન.રાજપુતના નામ નીચે જણાવેલ આંકવાળી દરખાસ્તોમાં આ સાહેદ સી.એન.રાજપુતની સહીઓ ઓળખી બતાવે છે. વધુમાં આ સાહેદની સરતપાસ મુજબ દરખાસ્ત મળ્યા બાદ તે દરખાસ્તની વિગતો તથા તેની સાથે ફાઇલમાંના દસ્તાવેજો વિગેરેનો આ સાહેદે અભ્યાસ કરેલો અને ત્યારબાદ ઉપરોકત જણાવેલ આરોપી વિરૂધ્ધ પ્રથમ

દર્શનીય રીતે કેસ ચલાવવાની સંમતિ આપવાનો કેસ લાગેલો જેથી પૂર્ણ વિચારણા કર્યા પછી ઉપરોકત જણાવેલ આરોપીની વિરૂધ્ધ દરખાસ્તમાં જણાવેલ ગુન્હાઓની ન્યાયની અદાલતમાં કાર્યવાહી ચલાવવા સારૂ એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ–૭ હેઠળ આ સાહેદે મેજિસ્ટ્રેટ તરીકે કન્સન્ટ આપેલી, આ નિર્ણય લીધા બાદ નિર્ણયની લેખિત જાણ હુકમમાં જણાવ્યા મુજબ અધિકારીઓને કરવામાં આવેલ અને નિર્ણયની એક પ્રત કચેરીની સિલેકટ ફાઇલમાં રાખવામાં આવેલી. આ કન્સેન્ટોમાં આ સાહેદ ઉપરોકત કોષ્ટકમાં જણાવ્યા પ્રમાણે આ સાહેદ જિલ્લા કલેકટરશ્રી ગાંધીનગર તરીકે પોતાના નામ નીચે જણાવેલ આંકવાળી કન્સેન્ટોમાં આ સાહેદ તેઓની સહીઓ ઓળખી બતાવે છે.

વધુમાં આ સાહેદની સરતપાસના પેરા–૩ મુજબ સી.એન.રાજપુતે અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોની કુલ–૨૦ ફરિયાદો જુદા– જુદા પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલી. તે પૈકી કલોલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૦/૦૮ ના કામે તા.૨–૯–૨૦૧૬ ના રોજ ઉપરોકત ગુનાઓના કામે પકડાયેલ આરોપી નં.૭૭ નાઓ સામે તથા સરતપાસના પેરા–૪ મુજબ કલોલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૦/૦૮ ના કામે તા.૩૦–૬–૨૦૧૭ ના રોજ આરોપી નં.૭૭ નાઓ સામે તથા સરતપાસના પેરા–૫ મુજબ કલોલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૦/૦૮ ના કામે તા.૧૫–૧–૨૦૧૮ ના રોજ આરોપી નં.૭૮ નાઓ સામે એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ–૭ હેઠળ ઉપરોકત આરોપી સામે ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે દરખાસ્તો આવેલી. તમામ દરખાસ્તોમાં આ સાહેદ ઉપરોકત કોષ્ટકમાં જણાવ્યા મુજબ સી.એન.રાજપુતના નામ નીચે જણાવેલ આંકવાળી દરખાસ્તોમાં સી.એન. રાજપુતની સહીઓ ઓળખી બતાવે છે. આ દરખાસ્તો મળ્યા બાદ ઉપર સરતપાસમાં જણાવ્યા મુજબની મંજૂરી અંગેની કાર્યવાહી કરેલી અને આ કન્સેન્ટોમાં આ સાહેદ ઉપરોકત કોષ્ટકમાં જણાવ્યા પ્રમાણે આ સાહેદ

પોતાના નામ નીચે જણાવેલ આંકવાળી કન્સેન્ટોમાં આ સાહેદ તેઓની સહીઓ ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો જે દરખાસ્તો આવે તો ઑફિસની રજીસ્ટ્રીમાં સ્વીકારવામાં આવે છે. ચારેય દરખાસ્તો પુરવણી ચાર્જશીટના સંદર્ભે હતી તે કબૂલ કરે છે. જે પેપર્સ મળેલા તે પુરવણી ચાર્જશીટના પેપર્સ મળેલા તે કબૂલ કરે છે. પુરાવાનુ આરોપી દીઠ કોઇ અલગ લિસ્ટ બનાવેલુ નથી. અગાઉ આ જ કેસમાં જે સંમતિઓ આપવામાં આવેલી તે ધ્યાને લીધેલી. સંમતિ આપતી વખતે કાલ્પનિક વસ્તુ ધ્યાને લીધેલી નથી. બસ રૂટ નં.૬૩/૩ માં કેટલા પેસેન્જરો હતા અને કઇ ઉંમરના હતા તેમજ સ્ત્રી કે પુરૂષો હતા તેની જાણકારી નથી. તમામ દરખાસ્તોના કામે હુકમો કરવાની અને જે તે પોલીસ અધિકારીઓને જાણ કરવાની એક જ પધ્ધતિ અપનાવેલી જે તે અધિકારીને જાણકારી કયા માધ્યમથી આપેલી તેનો ખ્યાલ નથી. ચારેય સંમતિ હુકમોમાં તારીખ, ગુના રજીસ્ટર નંબર અને આરોપીના નામ સિવાય તમામ હુકમો એકસરખા છે તે કબૂલ કરે છે. આંક–૭૭૮૯ જોઇને જણાવે છે કે તેમાં પોતાની સહી છે અને સહીની નીચે તા.૧૨–૩ લખેલી છે તે અપ્રુવલ છે અને ઉપરના ભાગે જે તારીખ લખેલી તે ડીસ્પેચ કરેલી તારીખ છે.જે તે અધિકારીને આ હુકમો કયા માધ્યમથી મોકલેલા તેનુ રેકર્ડ રાખવામાં આવે છે. આ રેકર્ડ રજૂ કરેલુ નથી તે કબૂલ કરે છે. જે કાગળો મોકલવામાં આવેલા તે પુરવણી ચાર્જશીટના હતા. ચારેય કેસોમાં જે આદેશો આપેલા તે યંત્રવત આપેલા છે તો તે હકીકત નકારે છે. આંક–૭૭૮૬ જોઇને જણાવે છે કે વિશેષ પુરાવામાં પાંચ પંચનામાનો ઉલ્લેખ છે તેમાં સાહેદોના નિવેદનોનો ઉલ્લેખ નથી તે કબૂલ કરે છે. હુકમોમાં સાહેદોના નિવેદનોનો અભ્યાસ કર્યા પછી સંમતિ આપેલી છે તેવો ઉલ્લેખ કરેલો નથી તે કબૂલ કરે છે. એફ.એસ.એલ.ના અભિપ્રાય મળેલાનો ઉલ્લેખ હુકમોમાં કરેલો નથી. સ્ટીરીયો ટાઇપ સંમતિ આપેલાની હકીકત નકારે છે.

ફરિયાદપક્ષ તરફથી આ કામે સાહેદ નં.૧૧૦૪ તરીકે અવંતીકાસિંગ અશોકકુમાર ગૌતમનાઓને આંક–૭૮૦૭થી તપાસવામાં આવેલા છે. તેઓની

સરતપાસના પેરા–૧,૨ મુજબ હાલમાં આ સાહેદ કમિશનર, ટેકનીકલ એજયુકેશન તરીકે ગુજરાત રાજય, ગાંધીનગર ખાતે ફરજ બજાવે છે. તા.૯–૯–૨૦૧૬ થી તા.૩–૪–૨૦૧૮ સુધી આ સાહેદ અમદાવાદ જિલ્લા કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ તરીકે ફરજ બજાવતા હતા ત્યારે કચેરીની કાર્યપધ્ધતિ અનુસાર આ સાહેદને એક ફાઈલ મળેલી અને તે ફાઈલ જોયેલી, આ ફાઈલમાં તા.૨૦–૭–૨૦૧૬ ના રોજનો આ સાહેદને ઉદ્દેશીને પોલીસ કમિશનર, અમદાવાદ શહેરનો કન્સેન્ટ આપવા અંગેનો પત્ર હતો જે પત્રની સાથે સંયુકત પોલીસ કમિશનર, ક્રાઈમ બ્રાન્ચ, અમદાવાદ શહેરનો પત્ર પણ સામેલ હતો જેની સાથે કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ અમદાવાદ શહેરને ઉદ્દેશીને મદદનીશ પોલીસ કમિશનર, બોમ્બ બ્લાસ્ટ તપાસ ટીમ, અમદાવાદ શહેરનાઓના પત્રો પણ સામેલ હતા. મદદનીશ પોલીસ કમિશનર આર.બી.પટેલનાઓની તા.૨૫–૬–૨૦૧૬ ના રોજની દરખાસ્ત સામેલ હતી, દરખાસ્તમાં એક્ષ્પ્લોજીવ સબસ્ટન્સ એકટના ગુન્હા માટે પ્રોસીકયુટ કરવા કન્સન્ટ માંગવામાં આવેલી. આ દરખાસ્ત ધ્યાને લેતા અમદાવાદમાં થયેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોની કુલ–૨૦ ફરિયાદો નોંધાયેલી હતી. તે ફરિયાદો પૈકી મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી.નં. ૨૦૪/૨૦૦૮ ના કામે પકડાયેલ આરોપીઓ પૈકી (ચુકાદાના શીર્ષકમાં જણાવ્યા મુજબના નંબરોવાળા) આરોપી નં.૭૫ નાઓ સામે એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ–૭ હેઠળ સેંકશન મેળવવા માટેની દરખાસ્ત હતી. દરખાસ્તમાં જણાવ્યા મુજબના બિડાણ દરખાસ્ત સાથે સામેલ હતા. ઉપરોકત કોષ્ટકમાં આર.બી.પટેલના નામ નીચે જણાવેલ આંકવાળી દરખાસ્તો હતી. વધુમાં આ સાહેદની સરતપાસ મુજબ દરખાસ્ત મળ્યા બાદ તે દરખાસ્તની વિગતો તથા તેની સાથે ફાઈલમાંના દસ્તાવેજો વિગેરેનો આ સાહેદે અભ્યાસ કરેલો અને ત્યારબાદ ઉપરોકત જણાવેલ આરોપી વિરૂધ્ધ પ્રથમ દર્શનીય રીતે કેસ ચલાવવાની સંમતિ આપવાનો કેસ લાગેલો જેથી પૂર્ણ વિચારણા કર્યા પછી આ આરોપી વિરૂધ્ધ એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ–૭ અન્વયે જરૂરી કન્સેન્ટ જિલ્લા મેજિસ્ટ્રેટ તરીકે આપેલી, આ નિર્ણય લીધા આ નિર્ણયની જાણ

કચેરીની પ્રથા મુજબ હુકમમાં જણાવેલ અધિકારીઓને કચેરી તરફથી કરવામાં આવેલી. આ સાહેદ ઉપરોકત કોષ્ટકમાં જણાવ્યા પ્રમાણે આ સાહેદ પોતાના નામ નીચે જણાવેલ આંકવાળી કન્સેન્ટોમાં આ સાહેદ તેઓની સહીઓ ઓળખી બતાવે છે.

વધુમાં આ સાહેદની સરતપાસના પેરા–૯ મુજબ આર.બી.પટેલે અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોની કુલ–૨૦ ફરિયાદો જુદા– જુદા પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલી. તે પૈકી ખાડીયા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૭૧/૦૮ ના કામે તા.૨૫–૬–૨૦૧૬ ના રોજ ઉપરોકત ગુનાઓના કામે પકડાયેલ આરોપી નં.૭૫ નાઓ સામે તથા સરતપાસના પેરા–૧૦ મુજબ ઓઢવ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૩૩૮/૦૮ ના કામે તા.૨૫–૬–૨૦૧૬ ના રોજ આરોપી નં.૭૫ નાઓ સામે તથા સરતપાસના પેરા–૧૧ મુજબ ઓઢવ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં. ૩૩૯/૦૮ ના કામે તા.૨૫–૬–૨૦૧૬ ના રોજ આરોપી નં.૭૫ નાઓ સામે તથા સરતપાસના પેરા–૧૨ મુજબ સરખેજ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૧૮૧/૦૮ ના કામે તા.૨૫–૬–૨૦૧૬ ના રોજ આરોપી નં.૭૫ નાઓ સામે તથા સરતપાસના પેરા–૧૩ મુજબ મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૩/૦૮ ના કામે તા.૨૫–૬–૨૦૧૬ ના રોજ આરોપી નં.૭૫ નાઓ સામે તથા સરતપાસના પેરા–૧૪ મુજબ મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૫/૦૮ ના કામે તા.૨૫–૬–૨૦૧૬ ના રોજ આરોપી નં.૭૫ નાઓ સામે તથા સરતપાસના પેરા–૧૫ મુજબ મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૬/૦૮ ના કામે તા.૨૫–૬–૨૦૧૬ ના રોજ આરોપી નં. ૭૫ નાઓ સામે એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ–૭ હેઠળ ઉપરોકત આરોપી સામે ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે દરખાસ્તો આવેલી. તમામ દરખાસ્તોમાં આ સાહેદ ઉપરોકત કોષ્ટકમાં જણાવ્યા મુજબ આર.બી.પટેલના નામ નીચે જણાવેલ આંકવાળી દરખાસ્તો હતી. આ દરખાસ્તો મળ્યા બાદ ઉપર સરતપાસમાં જણાવ્યા મુજબની મંજૂરી અંગેની કાર્યવાહી કરેલી અને આ કન્સેન્ટોમાં આ સાહેદ ઉપરોકત

કોષ્ટકમાં જણાવ્યા પ્રમાણે આ સાહેદ પોતાના નામ નીચે જણાવેલ આંકવાળી કન્સેન્ટોમાં આ સાહેદ તેઓની સહીઓ ઓળખી બતાવે છે.

વધુમાં આ સાહેદની સરતપાસના પેરા–૩ મુજબ આર.એન. ઝાલાએ અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોની કુલ–૨૦ ફરિયાદો જુદા–જુદા પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલી. તે પૈકી શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૦૮ ના કામે તા.૨૫–૬–૨૦૧૬ ના રોજ ઉપરોકત ગુનાઓના કામે પકડાયેલ આરોપી નં.૭૫ નાઓ સામે તથા સરતપાસના પેરા–૪ મુજબ નરોડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૪૦૦/૦૮ ના કામે તા.૨૫–૬–૨૦૧૬ ના રોજ આરોપી નં.૭૫ નાઓ સામે તથા સરતપાસના પેરા–૫ મુજબ રામોલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૩૨૧/૦૮ ના કામે તા.૨૫–૬–૨૦૧૬ ના રોજ આરોપી નં. ૭૫ નાઓ સામે તથા સરતપાસના પેરા–૧૬ મુજબ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૭૩/૦૮ ના કામે તા.૨૫–૬–૨૦૧૬ ના રોજ આરોપી નં. ૭૫ નાઓ સામે તથા સરતપાસના પેરા–૧૭ મુજબ બાપુનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૨૦/૦૮ ના કામે તા.૨૫–૬–૨૦૧૬ ના રોજ આરોપી નં.૭૫ નાઓ સામે તથા સરતપાસના પેરા–૧૮ મુજબ નરોડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૪૦૧/૦૮ ના કામે તા.૨૫–૬–૨૦૧૬ ના રોજ આરોપી નં. ૭૫ નાઓ સામે તથા સરતપાસના પેરા–૧૯ મુજબ રામોલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૩૨૨/૦૮ ના કામે તા.૨૫–૬–૨૦૧૬ ના રોજ આરોપી નં. ૭૫ નાઓ સામે તથા સરતપાસના પેરા–૨૧ મુજબ ખાડીયા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૭૧/૦૮ ના કામે તા.૧૭–૭–૨૦૧૭ ના રોજ આરોપી નં. ૭૭ નાઓ સામે તથા સરતપાસના પેરા–૨૨ મુજબ શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૦૮ ના કામે તા.૧૭–૭–૨૦૧૭ ના રોજ આરોપી નં. ૭૭ નાઓ સામે તથા સરતપાસના પેરા–૨૩ મુજબ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૭૩/૦૮ ના કામે તા.૧૭–૭–૨૦૧૭ ના રોજ આરોપી નં. ૭૭ નાઓ સામે તથા સરતપાસના પેરા–૨૪ મુજબ

બાપુનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૨૦/૦૮ ના કામે તા.૧૭–૭–૨૦૧૭ ના રોજ આરોપી નં. ૭૭ નાઓ સામે તથા સરતપાસના પેરા–૨૫ મુજબ નરોડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૪૦૦/૦૮ ના કામે તા.૧૭–૭–૨૦૧૭ ના રોજ આરોપી નં. ૭૭ નાઓ સામે તથા સરતપાસના પેરા–૨૬ મુજબ નરોડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૪૦૧/૦૮ ના કામે તા.૧૭–૭–૨૦૧૭ ના રોજ આરોપી નં. ૭૭ નાઓ સામે તથા સરતપાસના પેરા–૨૭ મુજબ રામોલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૩૨૧/૦૮ ના કામે તા.૧૭–૭–૨૦૧૭ ના રોજ આરોપી નં. ૭૭ નાઓ સામે તથા સરતપાસના પેરા–૨૮ મુજબ રામોલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૩૨૨/૦૮ ના કામે તા.૧૭–૭–૨૦૧૭ ના રોજ આરોપી નં. ૭૭ નાઓ સામે તથા સરતપાસના પેરા–૨૯ મુજબ ઓઢવ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૩૩૮/૦૮ ના કામે તા.૧૭–૭–૨૦૧૭ ના રોજ આરોપી નં. ૭૭ નાઓ સામે તથા સરતપાસના પેરા–૩૦ મુજબ ઓઢવ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૩૩૯/૦૮ ના કામે તા.૧૭–૭–૨૦૧૭ ના રોજ આરોપી નં. ૭૭ નાઓ સામે તથા સરતપાસના પેરા–૩૧ મુજબ સરખેજ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૧૮૧/૦૮ ના કામે તા.૧૭–૭–૨૦૧૭ ના રોજ આરોપી નં. ૭૭ નાઓ સામે તથા સરતપાસના પેરા–૩૨ મુજબ મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૩/૦૮ ના કામે તા.૧૭–૭–૨૦૧૭ ના રોજ આરોપી નં. ૭૭ નાઓ સામે તથા સરતપાસના પેરા–૩૩ મુજબ મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૪/૦૮ ના કામે તા.૧૭–૭–૨૦૧૭ ના રોજ આરોપી નં. ૭૭ નાઓ સામે તથા સરતપાસના પેરા–૩૪ મુજબ મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૫/૦૮ ના કામે તા.૧૭–૭–૨૦૧૭ ના રોજ આરોપી નં. ૭૭ નાઓ સામે તથા સરતપાસના પેરા–૩૫ મુજબ મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૬/૦૮ ના કામે તા.૧૭–૭–૨૦૧૭ ના રોજ આરોપી નં. ૭૭ નાઓ સામે તથા સરતપાસના પેરા–૪૨ મુજબ ઓઢવ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૩૩૮/૦૮ ના કામે તા.૧૫–૧–૨૦૧૮ ના રોજ આરોપી નં. ૭૮ નાઓ સામે તથા સરતપાસના

પેરા–૪૩ મુજબ મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૬/૦૮ ના કામે તા.૧૫–૧–૨૦૧૮ ના રોજ આરોપી નં. ૭૮ નાઓ સામે તથા સરતપાસના પેરા–૪૬ મુજબ શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૦૮ ના કામે તા.૧૫–૧–૨૦૧૮ ના રોજ આરોપી નં. ૭૮ નાઓ સામે તથા સરતપાસના પેરા–૪૭ મુજબ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૭૩/૦૮ નાં કામે તા.૧૫–૧–૨૦૧૮ ના રોજ આરોપી નં. ૭૮ નાઓ સામે તથા સરતપાસના પેરા–૪૮ મુજબ બાપુનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૨૦/૦૮ ના કામે તા.૧૫–૧–૨૦૧૮ ના રોજ આરોપી નં. ૭૮ નાઓ સામે તથા સરતપાસના પેરા–૪૯ મુજબ નરોડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૪૦૦/૦૮ ના કામે તા.૧૫–૧–૨૦૧૮ ના રોજ આરોપી નં. ૭૮ નાઓ સામે તથા સરતપાસના પેરા–૫૦ મુજબ નરોડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૪૦૧/૦૮ ના કામે તા.૧૫–૧–૨૦૧૮ ના રોજ આરોપી નં. ૭૮ નાઓ સામે તથા સરતપાસના પેરા–૫૧ મુજબ રામોલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૩૨૧/૦૮ ના કામે તા.૧૫–૧–૨૦૧૮ ના રોજ આરોપી નં. ૭૮ નાઓ સામે તથા સરતપાસના પેરા–૫૨ મુજબ રામોલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૩૨૨/૦૮ ના કામે તા.૧૫–૧–૨૦૧૮ ના રોજ આરોપી નં. ૭૮ નાઓ સામે તથા સરતપાસના પેરા–૫૩ મુજબ ઓઢવ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૩૩૯/૦૮ ના કામે તા.૧૫–૧–૨૦૧૮ ના રોજ આરોપી નં. ૭૮ નાઓ સામે તથા સરતપાસના પેરા–૫૪ મુજબ સરખેજ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૧૮૧/૦૮ ના કામે તા.૧૫–૧–૨૦૧૮ ના રોજ આરોપી નં. ૭૮ નાઓ સામે તથા સરતપાસના પેરા–૫૫ મુજબ મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૩/૦૮ ના કામે તા.૧૫–૧–૨૦૧૮ ના રોજ આરોપી નં. ૭૮ નાઓ સામે તથા સરતપાસના પેરા–૫૬ મુજબ મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૪/૦૮ ના કામે તા.૧૫–૧–૨૦૧૮ ના રોજ આરોપી નં. ૭૮ નાઓ સામે તથા સરતપાસના પેરા–૫૭ મુજબ મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૫/૦૮ ના કામે તા.૧૫–૧–૨૦૧૮ ના રોજ આરોપી નં. ૭૮ નાઓ સામે

તથા સરતપાસના પેરા–૫૮ મુજબ ખાડીયા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૭૧/૦૮ ના કામે તા.૧૫–૧–૨૦૧૮ ના રોજ આરોપી નં. ૭૮ નાઓ સામે એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ–૭ હેઠળ ઉપરોકત આરોપી સામે ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે દરખાસ્તો આવેલી. તમામ દરખાસ્તોમાં આ સાહેદ ઉપરોકત કોષ્ટકમાં જણાવ્યા મુજબ આર.એન.ઝાલાના નામ નીચે જણાવેલ આંકવાળી દરખાસ્તો હતી. આ દરખાસ્તો મળ્યા બાદ ઉપર સરતપાસમાં જણાવ્યા મુજબની મંજૂરી અંગેની કાર્યવાહી કરેલી અને આ કન્સેન્ટોમાં આ સાહેદ ઉપરોકત કોષ્ટકમાં જણાવ્યા પ્રમાણે આ સાહેદ પોતાના નામ નીચે જણાવેલ આંકવાળી કન્સેન્ટોમાં આ સાહેદ તેઓની સહીઓ ઓળખી બતાવે છે.

વધુમાં આ સાહેદની સરતપાસના પેરા–૬ મુજબ સી.એન. રાજપુતે અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોની કુલ–૨૦ ફરિયાદો જુદા–જુદા પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલી. તે પૈકી કાલુપુર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૧૨૩/૦૮ ના કામે તા.૨૬–૬–૨૦૧૬ ના રોજ ઉપરોકત ગુનાઓના કામે પકડાયેલ આરોપી નં.૭૫ નાઓ સામે તથા સરતપાસના પેરા–૭ મુજબ વટવા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૧૮/૦૮ ના કામે તા.૨૫–૬–૨૦૧૬ ના રોજ આરોપી નં.૭૫ નાઓ સામે તથા સરતપાસના પેરા–૮ મુજબ ઈસનપુર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૧૯૦/૦૮ ના કામે તા.૨૫–૬–૨૦૧૬ ના રોજ આરોપી નં. ૭૫ નાઓ સામે તથા સરતપાસના પેરા–૨૦ મુજબ દાણીલીમડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૧૪૦/૦૮ ના કામે તા.૨૫–૬–૨૦૧૬ ના રોજ આરોપી નં. ૭૫ નાઓ સામે તથા સરતપાસના પેરા–૩૬ મુજબ કાલુપર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં. ૧૨૩/૦૮ ના કામે તા.૩૦–૬–૨૦૧૭ ના રોજ આરોપી નં.૭૭ નાઓ સામે તથા સરતપાસના પેરા–૩૭ મુજબ દાણીલીમડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૧૪૦/૦૮ ના કામે તા.૩૦–૬–૨૦૧૭ ના રોજ આરોપી નં.૭૭ નાઓ સામે તથા સરતપાસના પેરા–૩૮ મુજબ વટવા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના

રજીસ્ટર નં.૨૧૮/૦૮ ના કામે તા.૩૦-૬-૨૦૧૭ ના રોજ આરોપી નં.૭૭ નાઓ સામે તથા સરતપાસના પેરા-૩૮ મુજબ ઈસનપુર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૧૯૦/૦૮ ના કામે તા.૩૦-૬-૨૦૧૭ ના રોજ આરોપી નં.૭૭ નાઓ સામે તથા સરતપાસના પેરા-૪૦ મુજબ કાલુપર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૧૨૩/૦૮ ના કામે તા.૧૫-૧-૨૦૧૮ ના રોજ આરોપી નં.૭૮ નાઓ સામે તથા સરતપાસના પેરા-૪૧ મુજબ વટવા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૧૮/૦૮ ના કામે તા.૧૫-૧-૨૦૧૮ ના રોજ આરોપી નં.૭૮ નાઓ સામે તથા સરતપાસના પેરા-૪૪ મુજબ દાણીલીમડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૧૪૦/૦૮ ના કામે તા.૧૫-૧-૨૦૧૮ ના રોજ આરોપી નં. ૭૮ નાઓ સામે તથા સરતપાસના પેરા-૪૫ મુજબ ઈસનપુર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૧૯૦/૦૮ ના કામે તા.૧૫-૧-૨૦૧૮ નાં રોજ આરોપી નં.૭૮ નાઓ સામે એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ-૭ હેઠળ ઉપરોકત આરોપી સામે ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે દરખાસ્તો આવેલી. તમામ દરખાસ્તોમાં આ સાહેદ ઉપરોકત કોષ્ટકમાં જણાવ્યા મુજબ સી. એન.રાજપુતના નામ નીચે જણાવેલ આંકવાળી દરખાસ્તો હતી. આ દરખાસ્તો મળ્યા બાદ ઉપર સરતપાસમાં જણાવ્યા મુજબની મંજૂરી અંગેની કાર્યવાહી કરેલી અને આ કન્સેન્ટોમાં આ સાહેદ ઉપરોકત કોષ્ટકમાં જણાવ્યા પ્રમાણે આ સાહેદ પોતાના નામ નીચે જણાવેલ આંકવાળી કન્સેન્ટોમાં આ સાહેદ તેઓની સહીઓ ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ કેસમાં જે કન્સેન્ટ આપેલી છે તેવી કન્સેન્ટ અગાઉ કયારેય કોઈ કેસોમાં આપેલી નથી. આ સાહેદ પાસે જે દરખાસ્તો આવેલી તેના અનુસંધાને જે કન્સેન્ટ આપેલી તે દરમ્યાનમાં કોઈ વ્યકિતગત રીતે રેકર્ડ નિભાવેલો નથી. મારા મત પ્રમાણે હોદ્દાની રૂએ ઓફિશિયલી કાર્યવાહી કરી હોય ત્યારે વ્યકિતગત રેકર્ડ રાખવુ જોઈએ તેવો કોઈ નિયમ નથી અને વ્યકિતગત રીતે રેકર્ડ રાખવાની જરૂરિયાત પણ નથી તેમ છતાં સાહેદે જવાબ આપેલો છે કે અમારે ત્યાં આવી કોઈ પ્રથા નથી. દરખાસ્તો મળેલી

અને કન્સેન્ટો આપી તે બાબતે કોઇ પણ પોલીસ અધિકારી કે તપાસ કરનાર અધિકારીને પત્રવ્યવહાર કરી ઑફિસમાં બોલાવેલા નથી. તેઓની સાથે કોઇ ચર્ચા કરેલી નથી. આ સાહેદને પ્રશ્ન પુછવામાં આવેલો છે કે આ કેસમાં અગાઉ કુલ–૭૫ જેટલા આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ થયેલા છે અને તે કેસમાં આશરે કુલ–૨૬૦૦ જેટલા સાહેદો અને આશરે કુલ–૫૦૦૦ જેટલા દસ્તાવેજી પુરાવા હતા તે બાબતે તમોને માહીતી મળેલી? સાહેદે જવાબ આપેલો છે કે દરખાસ્તોમાં ૭૫ આરોપીઓ સામે ચાર્જશીટ થયાનો ઉલ્લેખ છે તે ધ્યાનમાં છે બાકીની વિગતો રેકર્ડ જોઇને કહી શકે. વિશેષ પુરાવાનો ઉલ્લેખ છે તેમાં આ ત્રણેય આરોપીઓ પાસેથી કોઇ એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ જેવા કે દેશી પિસ્તોલ, જીવતા કારતુસ, પાઇપ બોમ્બ વિગેરે મળી આવેલ હોય તેવો કોઇ ઉલ્લેખ નથી. રજૂ કરવામાં આવેલા વિશેષ પુરાવામાં એફ.એસ.એલ.ના રીપોર્ટ મુકવામાં આવેલા નહીં તે કબૂલ કરે છે. ગેસ સીલન્ડર એક્ષપ્લોઝીવ એકટ હેઠળ એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ નથી? તે પ્રશ્નના જવાબમાં સાહેદે જણાવેલુ છે કે આ પ્રશ્ન અર્થઘટનનો છે. અગાઉના જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીએ કલમ–૭ હેઠળ આપેલી કન્સેન્ટ વંચાણે લીધેલી. આરોપીએ કોઇ એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ રાખ્યા હોય કે તેના કબજામાં હોય તેવા કોઇ પુરાવા દરખાસ્ત સાથે નથી તે કબૂલ કરે છે. આરોપી શોહેબ પોટ્ટનીકલની ગુનામાં સંડોવણી હોય તેવા કોઇ પુરાવા વિશેષ પુરાવામાં ન હતો? તો તે જોયા વિના ન કહી શકે. પોલીસના કહેવા અને લખાવ્યા મુજબ અગાઉની કન્સેન્ટોની અનુસંધાને રેકર્ડ જોયા વગર હાલની કન્સેન્ટો આપેલી છે તો તે હકીકત નકારે છે. વધુમાં આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઇએ તો દરેક આરોપી સામેની કન્સેન્ટ અંગેનુ રેકર્ડ જુદી–જુદી તારીખે રજૂ થયેલુ, ત્રણેય આરોપી સામેની કન્સેન્ટ એક જ તારીખે આપેલી નથી. દરખાસ્તો મળ્યા પછી કેટલા દિવસોમાં કન્સેન્ટો આપેલી તે રેકર્ડ જોઇને કહી શકે. દરેક આરોપી દીઠ દરખાસ્તોમાં તમામ ગુન્હામાં વિશેષ પુરાવાઓ એકસરખા હતા કે કેમ? તે રેકર્ડ જોયા વિના કહી શકે નહીં. કન્સેન્ટનો ડ્રાફટ જાતે તૈયાર કરેલો નહી. કન્સેન્ટોનો ડ્રાફટ તૈયાર થઇને આવેલાનુ કબૂલ કરે છે. સાહેદ જણાવે છે કે તે વંચાણે

લીધેલો, સમજેલો અને ત્યાર પછી સહી કરેલી. અગાઉ કુલ–૭૫ આરોપીની જે કન્સેન્ટો આપેલી તે જ પ્રમાણેની કન્સેન્ટો યંત્રવત રીતે આ ત્રણેય આરોપી સામે આપેલાની હકિકત નકારે છે.

ઉપરોકત કોષ્ટકોમાં જણાવ્યા મુજબ અમદાવાદ શહેર સિરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોની તપાસ કરનાર અધિકારીઓ તથા સુરત શહેર બોમ્બ પ્લાન્ટેશનના બનાવોની તપાસ કરનાર અધિકારીઓએ ચુકાદાના શીર્ષકમાં જણાવ્યા મુજબના આરોપીઓને જુદા–જુદા ગુનાઓમાં અટક કર્યા બાદ તેઓને સાથે રાખીને તેમજ અન્ય રીતે આરોપીઓ વિરૂધ્ધ જે કાંઇ પુરાવા એકત્રિત કરેલા તે પુરાવાના અંતે આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ કરવાનુ હતુ પરંતુ આરોપીઓ વિરૂધ્ધ ભારતીય ફોજદારી ધારાની કલમ–૧૨૧(એ), ૧૨૪(એ), ૧૫૩ તથા અનલોકુલ એકટીવીટી એકટની કલમ–૧૦, ૧૫, ૧૬, ૧૮, ૨૩ વિગેરે મુજબના ગુન્હાઓ અંગે પણ ચાર્જશીટ કરવાના હતા પરંતુ ભારતીય ફોજદારી ધારાની કલમ–૧૨૧(એ), ૧૨૪(એ), ૧૫૩ ના ગુન્હા અંગે ચાર્જશીટ કરવા માટે ક્રિ.પ્રો.કોડની કલમ–૧૯૬ મુજબ સરકારશ્રીની પરવાનગી જોઇએ તેમજ અનલોકુલ એકટીવીટી એકટની કલમ–૧૦,૧૫, ૧૬, ૧૮, ૨૩ વિગેરે મુજબના ગુન્હાઓ અંગે પણ ચાર્જશીટ કરવાના હતા તે માટે કલમ–૪૫ મુજબ પણ સરકારશ્રીની પરવાનગી જોઇએ અને તે મેળવવા માટે જે તે તપાસ કરનાર અધિકારીઓ કે જેઓ ઉપરોકત કોષ્ટકમાં નામો જણાવેલા છે તેઓએ તેમના નામો નીચે જણાવેલ આંકવાળી દરખાસ્તો પ્રોપર ચેનલ એટલે કે ડી.સી.પી. ક્રાઇમ બ્રાન્ચ, સંયુકત પોલીસ કમિશનર, ક્રાઇમ બ્રાન્ચ તથા કમિશનરશ્રી, અમદાવાદ મારફતે સરકારશ્રીને મોકલેલી અને આ દરખાસ્તો ધ્યાને રાખી સરકારશ્રી દ્વારા મંજૂરીઓ આપવામાં આવેલી અને મંજૂરી હુકમોમાં જુદા–જુદા સહી કરનાર અધિકારીઓએ સહીઓ કરીને પરત પ્રોપર ચેનલ દ્વારા જે તે તપાસ કરનાર અધિકારીઓને મંજૂરી હુકમો મોકલેલા છે. આ મંજૂરીઓ આપનાર અધિકારીઓ કુલ–૧૧ ઉપર જણાવ્યા મુજબના ફરિયાદપક્ષ દ્વારા તપાસવામાં આવેલા છે. તે જ રીતે એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ–૩,૫,૬ ના

ગુન્હા અંગે પણ આરોપીઓ સામે ચાર્જશીટ કરવાનુ હતુ અને તે માટે કલમ–૭ હેઠળ મંજૂરીની જરૂર પડે અને આ મંજૂરી જિલ્લા મેજિસ્ટ્રેટ અને જિલ્લા કલેકટર આપી શકે તે માટે ઉપરોકત કોષ્ટકમાં જણાવ્યા મુજબના તપાસ કરનાર અધિકારીઓએ જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અમદાવાદ, સુરત, ગાંધીનગરનાઓને ઉપરોકત કોષ્ટકમાં જણાવ્યા મુજબના પોતાના નામ નીચે જણાવેલ આંકવાળી દરખાસ્તો મોકલેલી હતી અને તે દરખાસ્તો મોકલ્યા બાદ અમદાવાદ, સુરત, ગાંધીનગરના જે તે સમયના જુદા–જુદા કુલ–૧૧ જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીઓએ આરોપીઓ વિરૂધ્ધ એક્ષપ્લોઝીવ સબ સ્ટન્સ એકટની કલમ–૭ હેઠળ ચાર્જશીટ કરવા માટે કન્સેન્ટ(સંમતિ) આપેલી અને તેઓને પણ ફરિયાદપક્ષ દ્વારા ઉપરોકત વિગતે તપાસવામાં આવેલા છે. તપાસ કરનાર અધિકારીઓએ જે કાંઇ દરખાસ્તો જુદા–જુદા કાયદા હેઠળ જુદા–જુદા અધિકારીઓને મંજૂરી મેળવવા માટે કરેલી છે તે હોદ્દાની રૂએ અને ઓફિશીયલ કામકાજ અંગે કરેલી છે. તે જ રીતે જુદા–જુદા અધિકારીઓએ જુદા–જુદા કાયદા હેઠળ જે મંજૂરીઓ આપેલી છે તે પણ તેમણે હોદ્દાની રૂએ ઓફીશીયલ કામકાજ અંગે અને તેમને મળેલ સત્તાની રૂએ આપેલી છે તથા મંજૂરીઓમાં જે અધિકારીઓએ સહીઓ કરેલી છે તે પણ તેઓને મળેલી સત્તાની રૂએ કરેલી છે.

ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલશ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે, આ કામે જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ જુદા–જુદા કાયદા હેઠળ મંજૂરીઓ મેળવવા માટે જે દરખાસ્તો કરેલી છે તે તમામ દરખાસ્તોની સાથે આરોપીઓ વિરૂધ્ધ જે કાંઇ પુરાવા એકત્રિત કરવામાં આવેલા તે પણ મોકલી આપવામાં આવેલા. મંજૂરી આપનાર અધિકારીઓએ દરખાસ્તો તથા તેની સાથેના પુરાવાનો અભ્યાસ કર્યા બાદ આરોપીઓ વિરૂધ્ધ ઇન્સાફી કાર્યવાહી ચલાવવા માટે કાયદા મુજબ જે મંજૂરીઓની જરૂર પડે તે મંજૂરીઓ આપેલી છે. આ તમામ દરખાસ્તો અને દરખાસ્તોના અનુસંધાને આપેલી મંજૂરીઓ ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલી છે અને તે પુરવાર કરવામાં આવેલી છે. વધુમાં શ્રી અમિત પટેલ દલીલ કરતા જણાવે છે કે એક્ષપ્લોઝીવ

સબસ્ટન્સ એકટની કલમ–૭ હેઠળ મંજૂરી આપનાર જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીને તપાસવા જોઇએ તે જરૂરી નથી તેમ છતાં તેઓને તપાસવામાં આવેલા છે. આરોપીઓ વિરૂધ્ધ આર્મ્સ એકટની કલમ–૨૫ (૧)(બી) મુજબનો ગુનાનુ ચાર્જશીટ છે અને આ ગુના હેઠળ ઇન્સાફી કાર્યવાહી ચલાવવા માટે દરેક તપાસ કરનાર અધિકારીઓએ કલમ–૩૯ હેઠળ ડી.સી.પી. ક્રાઇમ બ્રાન્ચની મંજૂરી મેળવવામાં આવી છે જો કે તેઓને આ કામે તપાસેલા નથી તેમ છતાં તપાસ કરનાર અધિકારીઓ દ્વારા આ મંજૂરી આપનાર અધિકારીની સહીઓ પુરવાર કરવામાં આવેલી છે.

આરોપીઓ તરફથી વિ.વ.શ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, આ તમામ મંજૂરીઓ યંત્રવત રીતે પુખ્ત વિચારણા કર્યા વિના આપવામાં આવેલી છે અને કાયદા મુજબની મંજૂરીઓ નથી. પરંતુ તેઓની આ દલીલ સાથે હુ સહમત નથી. ઉપરોકત તમામ દરખાસ્તો ધ્યાને લેતાં કયા આરોપીઓ સામે કયો ગુનો છે તેની વિગતો દર્શાવેલી છે તેની સાથે પત્રક અ, બ, ક, ડ, કે જે આરોપીઓ વિરૂધ્ધ જે પુરાવા એકત્રિત કરેલા તેની નકલો સ્વરૂપે રજૂ કરેલા છે અને સાહેદોની જુબાની ધ્યાને લેતાં સરકારના કામકાજના નિયમો મુજબ મંજૂરી આપવાની જે પ્રક્રિયા છે તે અપનાવીને મંજૂરીઓ આપેલી છે જેથી તે કાયદા મુજબની મંજૂરીઓ છે તેમ હુ માનુ છુ.

સરકારી વકીલશ્રી એચ.એમ.ધ્રુવ દલીલ કરતા જણાવે છે કે, કાયદા હેઠળની મંજૂરી જો ન હોય તો કોઇ પણ અદાલત આરોપીઓ સામે ગુનાનુ સંજ્ઞાન લઇ શકે નહીં, ભારતીય ફોજદારી ધારાની કલમ–૧૨૧ થી ૧૩૦ ના ગુન્હાની ઇન્સાફી કાર્યવાહી માટે કેન્દ્ર અથવા રાજય સરકારની ક્રિ.પ્રો.કોડની કલમ–૧૯૬ મુજબની મંજૂરીઓ જોઇએ, આ તબક્કે વકીલશ્રી એચ.એમ.ધ્રુવે કલમ–૧૯૬ વંચાણે લીધેલી છે. તપાસ કરનાર અધિકારીઓએ તપાસના તમામ પેપર્સ જે તે સક્ષમ અધિકારીઓને મોકેલેલા છે તેનો અભ્યાસ કર્યા બાદ સક્ષમ અધિકારીઓએ મંજૂરીઓ આપેલી છે. આર્મ્સ એકટના કાયદા હેઠળની મંજૂરીઓ ડી.સી.પી. ક્રાઇમ બ્રાન્ચે આપેલી છે, ડી.સી.પી.ક્રાઇમ બ્રાન્ચ મંજૂરી આપી શકે

કે કેમ? તે નક્કી કરવાનુ છે. તે માટે વકીલશ્રી એચ.એમ.ધ્રુવે આર્મ્સ એકટના કાયદાની કલમ–૨(ડી) વંચાણે લીધી છે,

કલમ–૨(ડી) ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટઃ–

જે તે વિસ્તાર ઉપર રાજય સરકાર દ્વારા નિર્દિષ્ટ કરેલ અને તે વિસ્તાર ઉપર હકુમત ધરાવતા પોલીસ કમિશનર નિમણૂક પામેલ હોય તે તથા તેના ડેપ્યુટી પોલીસ કમિશનરનો પણ સમાવેશ થાય છે.

આમ, આર્મ્સ એકટની કલમ –૨૫(૧)(બી) ના ગુના અંગે ઇન્સાફી કાર્યવાહી ચલાવવા માટે આર્મ્સ એકટની કલમ–૨(ડી) હેઠળ ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટ એટલે કે પોલીસ કમિશનર અથવા ડેપ્યુટી પોલીસ કમિશનરનાઓ કાયદાની કલમ–૩૯ મુજબ પરવાનગી આપી શકે અને ઉપરોકત કોષ્ટકમાં જણાવ્યા પ્રમાણે કલમ–૩૯ ની પરવાનગી આપનાર અધિકારીઓએ તેઓના નામ નીચે જણાવેલા આંકવાળા મંજૂરી હુકમો કરેલા હતા અને તે હુકમો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા છે. વકીલશ્રી એચ.એમ.ધ્રુવ દલીલ કરતા જણાવે છે કે, એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ–૭ મુજબ ઇન્સાફી કાર્યવાહી ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટની પરવાનગી વિના થઇ શકે નહીં, જો ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટને તપાસેલા ન હોય તો તે મંજૂરીઓ ખોટી નથી તે માટે તેમણે નીચે મુજબના ચુકાદા ઉપર આધાર રાખેલ છે.

અ.નં.	ચુકાદો	ચુકાદા નિર્ણીત મુદ્દાઓ પૈકી મંજૂરી અંગે નિર્ણીત થયેલો એક મુદ્દો
૧	ચંદ્રપ્રકાશ વિરૂધ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન ૨૦૧૪(કમ્પલીટ)૩ સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ) પાન નં.૪૫૭	ચુકાદાના પેરા નં.૨૬ થી ૩૨ મુજબ ડીસ્ટ્રીક્ટ મેજિસ્ટ્રેટશ્રીએ આપેલી મંજૂરી હોય તો તે કાયદેસર રીતે આપેલી મંજૂરી કહેવાય કે કેમ? તે માટે જો ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીએ માઇન્ડ એપ્લાય કરીને વિગતવાર કારણો આપી મંજૂરી આપેલી. તેવા સંજોગોમાં નામદાર સુપ્રિમ કોર્ટે

		ઠરાવેલુ કે આ મંજૂરી વેલીડ અને કાયદેસરની છે તે માન્ય છે. ચુકાદાના પેરા નં.૩૧ મુજબ એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ–૭ હેઠળની મંજૂરી ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીએ આપેલી તે ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીને તપાસેલા નહીં તેમની જગ્યાએ બીજી વ્યકિતને તપાસેલા નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલુ કે ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીએ આપેલી મંજૂરી માન્ય છે અને તેઓને તપાસવા જરૂરી નથી.

સરકારી વકીલશ્રી એચ.એમ.ધ્રુવ દલીલો કરતા જણાવે છે કે, આ બનાવો તા.૨૬–૭–૨૦૦૮ ના રોજ બનેલા છે અને અનલોફુલ એકટીવીટી (પ્રિવેન્શન)એકટમાં સુધારો સને–૨૦૦૮ની સાલમાં થયેલો છે તે સુધારો તા.૩૧–૧૨–૨૦૦૮ થી અમલમાં આવેલો છે આ બનાવો બન્યા બાદ કાયદામાં સુધારો થયેલો છે, આ તબક્કે તેઓએ અનલોફુલ એકટીવીટી એકટની કલમ–૪૫ વંચાણે લીધેલી છે અને જણાવેલ છે કે, પ્રકરણ–૩ હેઠળના ગુન્હાના ઇન્સાફી કાર્યવાહી સેન્ટ્રલ ગવર્મેન્ટની મંજૂરી વિના શરૂ થઇ શકે નહીં, પ્રકરણ–૩ મા કલમ–૩ થી ૧૦ નો સમાવેશ થયેલો છે, પ્રકરણ–૪ માં કલમ–૧૫ થી ૨૩ નો સમાવેશ થયેલો છે પ્રકરણ–૬ મા કલમ–૩૫ થી ૪૦ નો સમાવેશ થયેલો છે, તેઓની આ દલીલ સાથે હુ સહમત છુ, કાયદામાં આ પ્રમાણે જોગવાઇ કરવામાં આવેલી છે. વધુમાં તેઓ દલીલ કરતા જણાવે છે કે આ સુધારો બનાવ બન્યા પછી થયેલો હોય આ કેસને લાગુ પડશે નહીં. જયારે વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે પ્રકરણ–૩ તે જુદી જોગવાઇ છે અને પ્રકરણ–૪ તથા ૬ જુદી હકીકત છે. મંજૂરીઓ પ્રોસીકયુશન માટેની અને

કોગ્નીજન્સ માટેની જુદી–જુદી છે. કેન્દ્ર સરકાર અથવા કેન્દ્ર સરકારના અધીકૃત અધિકારી આ મંજૂરી આપી શકે. વ.શ્રી આર.કે.શાહની આ દલીલ સાથે હુ સંપૂર્ણ સહમત છુ. કાયદાની જોગવાઈ મુજબ કેન્દ્ર સરકાર અથવા કેન્દ્ર સરકારના અધિકૃત અધિકારી આવી મંજૂરી આપી શકે અને ત્યારબાદ ગુનાની ઈન્સાફી કાર્યવાહી શરૂ થાય.

વકીલશ્રી એચ.એમ.ધ્રુવ દલીલ કરતા જણાવે છે કે, અગાઉનો જૂનો કાયદો પણ ધ્યાને લેવો જોઈએ. મૂળ કાયદો સને–૧૯૬૭ નો છે અને તા.૩૦–૧૨–૧૯૬૭ ના રોજ અમલમાં આવેલો છે. કાયદા હેઠળના નિયમો સને–૧૯૬૭ મા બનાવેલા છે, તા.૫–૧૨–૧૯૬૭ ના રોજ કુલ–૧૫ નિયમો બનાવવામાં આવેલા છે ત્યારબાદ કાયદામાં સને–૨૦૦૪ મા ફરીથી સુધારો થયો છે તે સુધારો ૨૯–૧૨–૨૦૦૪ ના રોજ અમલમાં આવેલો છે અને તેના કુલ–૩ નિયમો બનાવવામાં આવેલા છે. વકીલશ્રી એચ.એમ.ધ્રુવની દલીલ સાથે હુ સહમત છુ કે અનલોફુલ એકટીવીટી એકટ–૧૯૬૭ ની સાલમાં અમલમાં આવેલો છે અને સને–૨૦૦૪ તથા સને–૨૦૦૮ મા તેમાં સુધારાઓ થયેલા છે.સને–૨૦૦૮ ની સાલમાં કાયદામાં સુધારો થયા બાદ ફરીથી નિયમો બનાવવામાં આવેલા છે દરેક સુધારા વખતે નિયમો બનેલા છે. આ તબક્કે વ.શ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે કાયદા મુજબ સક્ષમ અધિકારી જ મંજૂરી અંગે હુકમ કરી શકે પોતાની સત્તા બીજા અધિકૃત અધિકારીને આપી શકે નહીં. પ્રકરણ–૪ અને ૬ નીચેના ગુનામાં રાજય સરકાર મંજૂરી આપી શકે. તપાસ કરનાર અધિકારીએ તપાસના કાગળો રીવ્યુ ઓથોરીટીને મોકલવા જોઈએ અને રીવ્યુ ઓથોરીટીએ ૭ દિવસમાં નિર્ણય કરવાનો હોય છે અને ૭ દિવસમાં સરકારને ભલામણ મોકલી આપવાની જોગવાઇ છે. વધુમાં વ.શ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, તા.૩૧–૮–૨૦૦૮ ના રોજ નિયમો બનાવેલા છે આ નિયમો તા.૩૧–૩–૨૦૦૯ ના રોજ અમલમાં આવેલા છે આ નિયમોમાં સમય મર્યાદા આપેલી છે. વ.શ્રી આર.કે. શાહની આ દલીલ સાથે હુ સંપૂર્ણ સહમત છુ. રીવ્યુ ઓથોરીટીએ ૭ દિવસમાં મંજૂરી અંગેનો નિર્ણય લઈ ૭ દિવસમાં ભલામણ કરવાની હોય

છે.સરકારી વકીલશ્રી એચ.એમ.ધ્રુવ દલીલ કરતા જણાવે છે કે કાયદામાં તા.૨૯–૧૨–૨૦૦૪ ના રોજ જે સુધારો થયો તેના નિયમ પ્રમાણે કલમ–૩૭(૧) હેઠળ રીવ્યુ કમિટીની લાયકાત બતાવી છે. આ સુધારો કલમ–૩૬, ૩૭ માટે થયેલો છે જયારે રીવ્યુ કમિટી બીજા હેતુ માટે બનેલી છે. સને–૧૯૬૮ના કાયદામાં તપાસ દરમ્યાન એકત્રીત કરેલા પુરાવા રીવ્યુ કમિટીને રીફર કરવાની જોગવાઇ હતી. સને–૨૦૦૪ ના કાયદામાં પણ કલમ–૪૫ નો સુધારો થયો નથી અને તેમાં પણ રીવ્યુ કમિટીને એકત્રિત કરેલા પુરાવા મોકલવાની જોગવાઇ નથી, સને–૨૦૦૪ મા સુધારો થયો પછી પણ કલમ–૪૫ તેની તે જ છે સને–૨૦૦૮ ના સુધારા તરફ ધ્યાન દોરી શ્રીધ્રુવ દલીલ કરે છે કે કલમ–૪૫ (i)(ii) પણ તેની તે જ છે, ત્યારબાદ પેટા કલમ–૨ તરફ ધ્યાન દોરી દલીલ કરે છે કે સને–૨૦૦૮ નો સુધારો તા.૩૧–૧૨–૨૦૦૮ ના રોજ અમલમાં આવેલો છે આ સુધારો તા.૨૬–૭–૨૦૦૮ ના રોજ બનાવો બન્યા પછી થયેલો છે મંજૂરી માંગવામાં આવે ત્યારે રીવ્યુ કમિટીને રીપોર્ટ મોકલવો જોઇએ તેવુ નથી માટે સને–૨૦૦૮ નો સુધારો આ કેસને લાગુ પડશે નહીં. વધુમાં તેઓ દલીલ કરતા જણાવે છે કે તા.૩૧–૩–૨૦૦૯ ના રોજ નિયમો અમલમાં આવેલા છે માટે રીવ્યુ ઓથોરીટીની નિમણૂકનો સુધારો તા.૩૧–૩–૨૦૦૯ ના રોજથી અમલમાં આવે છે અને તા.૩૧–૩–૨૦૦૯ સુધીમાં રીવ્યુ ઓથોરીટીની નિમણૂક થયેલી ન હતી. નિયમ–૩મા ભલામણ મોકલવાની સમય મર્યાદા બતાવેલી છે અને નિયમ–૪મા મંજૂરી આપવાની સમય મર્યાદા બતાવેલી છે. વ.શ્રી એચ. એમ.ધ્રુવ તથા વ.શ્રી આર.કે.શાહ બંનેએ સાહેદ નં.૭૮૦ નલીનભાઇ ધીરૂભાઇ નિસરતાની જુબાની વંચાણે લીધેલી છે. સાથે–સાથે આંક–૩૯૯૯, ૪૦૦૦, ૪૦૦૧ થી ૨જૂ થયેલા દસ્તાવેજો પણ વંચાણે લીધેલ છે. આ દસ્તાવેજો સબંધે સાહેદ નં.૭૮૦ નાએ પણ પોતાની જુબાનીમાં જણાવેલ છે. આંક– ૪૦૦૧ ધ્યાને લઇએ તો કેન્દ્ર સરકારે યુનીયન ટેરીટરીને તથા રાજય સરકારોને રીવ્યુ કમિટી નિમવા માટે તા.૨૭–૪–૨૦૧૨ ના રોજ પત્ર લખેલો છે તે પત્ર ૨જૂ છે. આમ, આ પત્ર દ્વારા કેન્દ્ર સરકારે યુનીયન ટેરીટરીને તથા રાજય સરકારોને અનલોકુલ એકટીવીટી

એકટની કલમ–૪૫ હેઠળ રીવ્યુ કમિટીની નિમણૂક કરવા માટે સુચનાઓ આપેલ છે. આંક–૩૯૯૯ નો પત્ર ધ્યાને લેતાં ગુજરાત સરકારશ્રીએ ગુજરાત સરકારના ગેજેટમાં તા.૨૭–૫–૨૦૧૩ ના રોજ જાહેરનામું બહાર પાડેલુ છે અને રીવ્યુ ઓથોરીટીની નિમણૂક કરેલી છે જેમાં ચેરમેન તરીકે નામદાર હાઇકોર્ટના નિવૃત જજ તથા કાયદા વિભાગના સેક્રેટરીની નિમણૂક કરવા અંગે આ જાહેરનામું બહાર પાડેલુ છે. આંક–૪૦૦૦ વાળુ જાહેરનામું ગુજરાત સરકારના ગૃહ વિભાગ દ્વારા તા.૧૯–૯–૨૦૧૩ ના રોજ બહાર પાડવામાં આવેલુ છે તે મુજબ રીવ્યુ ઓથોરીટીની ચેરમેન તરીકે નામદાર ગુજરાત હાઇકોર્ટના નિવૃત જજ શ્રી એચ. બી. અંતાણીની નિમણૂક કરવામાં આવી છે, આ તબક્કે ખાસ સરકારી વકીલશ્રી ધ્રુવ દલીલ કરતા જણાવે છે કે, રીવ્યુ ઓથોરીટીની રચના તા.૧૯–૯–૨૦૧૩ ના જાહેરનામાં દ્વારા ગુજરાત સરકારે કરેલી છે. આમ તા.૧૯–૯–૨૦૧૩ પહેલા રીવ્યુ ઓથોરીટી અસ્તિત્વમાં જ ન હતી. વ.શ્રી એચ.એમ.ધ્રુવની આ દલીલ સાથે હુ સહમત છું. કારણકે ઉપરોકત ત્રણેય દસ્તાવેજો ધ્યાને લેતાં ગુજરાત સરકારશ્રીએ તા.૧૯–૯–૨૦૧૩ ના રોજ રીવ્યુ ઓથોરીટીના ચેરમેન તરીકે સૌપ્રથમ નામદાર ગુજરાત હાઇકોર્ટના નિવૃત જજ શ્રી એચ.બી.અંતાણીની નિમણૂક કરેલી છે. સાહેદ નં.૭૮૦ પણ પોતાની જુબાનીમાં જણાવે છે કે, આંક–૪૦૦૧ વાળા દસ્તાવેજથી કેન્દ્ર સરકારે રાજય સરકારોને રીવ્યુ ઓથોરીટીની નિમણૂક કરવા સુચના આપેલી છે તે આધારે ગુજરાત સરકારે આંક–૩૯૯૯ થી જાહેરનામું પ્રસિધ્ધ કરી આંક–૪૦૦૦ ના જાહેરનામાં દ્વારા રીવ્યુ ઓથોરીટીની ચેરમેનશ્રીની નિમણૂક કરેલી છે. આ તબક્કે વ.શ્રી આર.કે. શાહ દલીલ કરતા જણાવે છે કે, અનલોફુલ એકટીવીટી એકટમાં છેલ્લો સુધારો સને–૨૦૦૮ ની સાલમાં થયેલો છે અને તા.૧૯–૯–૨૦૧૩ સુધી ગુજરાત સરકારે રીવ્યુ ઓથોરીટીની નિમણૂક કરેલી નથી જેથી વાંક સરકારનો છે આરોપીઓનો નથી માટે રીવ્યુ ઓથોરીટીની રચના નહીં થવાથી લાભ આરોપીઓને મળવો જોઇએ. વધુમાં તેઓ દલીલ કરતા જણાવે છે કે, આરોપી અબ્દુલ સત્તારને પકડયા પછી દરખાસ્ત અને અન્ય પુરાવાના કાગળો રીવ્યુ ઓથોરીટીને મોકલેલા છે બીજા

આરોપીઓની દરખાસ્ત અને કાગળો શા માટે મોકલ્યા નથી? પરંતુ મારા મત પ્રમાણે તા.૧૯–૯–૨૦૧૩ પહેલા આ કેસના જેટલા આરોપીઓ પકડાયેલા તે વખતે રીવ્યુ ઓથોરીટીનુ અસ્તિત્વ જ ન હતુ માટે તપાસ કરનાર અધિકારી કાગળો કોને મોકલે? તે પ્રશ્ન હતો. રીવ્યુ ઓથોરીટીનુ અસ્તિત્વ ન હોવાથી કલમ–૪૫ હેઠળ કાગળો મોકલીને મંજૂરી મેળવવાનો કોઇ પ્રશ્ન ન હતો.

વિ.વ.શ્રી એચ.એમ.ધ્રુવ આ તબક્કે કલમ–૨(ઇ) "ડેઝીગ્નેટેડ ઓથોરીટી"ની વ્યાખ્યા તરફ ધ્યાન દોરી દલીલ કરે છે કે, ડેઝીગ્નેટેડ ઓથોરીટી એટલે કેન્દ્ર સરકારના જોઇન્ટ સેક્રેટરી અથવા રાજય સરકારના સેક્રેટરીથી નીચેના રેન્કના અધિકારી નહીં કે જે સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ થયેલ હોય તે ડેઝીગ્નેટેડ ઓથોરીટી છે. તા.૧૯–૯–૨૦૧૩ સુધી રીવ્યુ કમિટીની રચના થયેલી ન હતી જેથી રીવ્યુ કમિટી સમક્ષ ભલામણ માટે જવાનો પ્રશ્ન ન હતો . તા.૧૯–૯–૨૦૧૩ પછી જ રીવ્યુ કમીટી સમક્ષ જવુ પડે આ કેસમાં ૨૦૦૮ના બનાવો બાબતે રીવ્યુ કમિટી સમક્ષ જવાની જરૂર ન હતી. આ સંબંધમાં તેમણે નીચે મુજબના ચુકાદાનો આધાર રાખેલો છે.

અ.નં.	**ચુકાદો**	**ચુકાદામાં નિર્ણીત મુદ્દાઓ પૈકી મંજૂરી અંગે નિર્ણીત થયેલો એક મુદ્દો**
૧	યુનીયન ઓફ ઇન્ડિયા વિરૂધ્ધ પ્રકાશ હિન્દુજા ૨૦૦૩ સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ) પાન નં.૧૩૧૪	ચુકાદાની હેટ નોટ–એ,બી અને પેરા–૭ મુજબ સી.બી.આઇ.એ સેન્ટ્રલ વીજીલન્સ કમીશનને તપાસના કાગળો મોકલ્યા સિવાય અદાલતમાં આરોપીઓ સામે ચાર્જશીટ મુકેલુ, સ્પેશિયલ અદાલતે તેના ઉપર સંજ્ઞાન લીધેલુ તે કામે નામદાર હાઇકોર્ટે કાર્યવાહી રદ્ધ કરેલી . આ કેસમાં નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલુ છે કે તપાસ દરમ્યાન તપાસ કરનાર અધિકારીની અનિયમીતતા છે. તપાસના કાગળો સેન્ટ્રલ

		વિજીલન્સ કમીશનને નહીં મોકલવા તે અનિયમીતતા છે તેથી કરીને કાર્યવાહી રદ થતી નથી.

આ તબક્કે વિ.વ.શ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, અનલોકુલ એકટીવીટી એકટની કલમ–૪૫(૨) હેઠળ રીવ્યુ કમિટીની રચના કરવી તે કાનૂની છે અને આદેશાત્મક છે. ફરિયાદપક્ષ તરફથી ઉપરોકત જે ચુકાદો રજૂ થયેલ છે તે ચુકાદા મુજબ સી.વી.સી.ને જાણ કર્યા વિના સી.બી.આઇ.એ અદાલતમાં ચાર્જશીટ મોકલેલુ અને માર્ગદર્શનનો ભંગ કરેલો જેથી નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલુ કે, તેમ કરવાથી તે ગેરકાયદેસરતા થતી નથી પરંતુ આ કેસમાં માર્ગદર્શન નથી. આ મુદ્દા ઉપર વિ.વ.શ્રી આર.કે.શાહ (૨૦૦૩)૬, સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૧૯૫ ના ચુકાદા ઉપર આધાર રાખે છે અને જણાવેલ છે કે ફરિયાદપક્ષે રજૂ કરેલો ચુકાદો આ કેસમાં લાગુ પડશે નહીં. પરંતુ મારા મત પ્રમાણે નામદાર સુપ્રિમ કોર્ટનો ચુકાદો અને તેમાં જણાવેલા સિધ્ધાંતો માર્ગદર્શક જ હોય છે જેથી ફરિયાદપક્ષે રજૂ કરેલ ચુકાદો લાગુ પડતો નથી તેમ કહી શકાય નહીં. આ કામમાં જે મંજૂરીઓ રજૂ થયેલી છે તે મંજૂરીઓમાં મંજૂરી આપનાર અધિકારીઓએ જ સહીઓ કરી છે તેવુ અનુમાન થઇ શકે અને તે કાયદેસરનુ અનુમાન છે.

વિ.વ.શ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, સેકશન ઓફિસરને માત્ર સહી કરવાની સત્તા છે મંજૂરીઓ આપવાની સત્તા નથી. કોઇ પણ સાક્ષીએ અસલ મંજૂરી કે અસલ ફાઇલો રજૂ કરેલી નથી. સાહેદ નં.૭૮૦ ની જુબાની વંચાણે લઇ વ.શ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, આ સાહેદે જણાવેલુ છે કે પ્રોસીકયુટ કરવાની મંજૂરી છે કોગ્નીજન્સ લેવાની મંજૂરી નથી. આ તબક્કે આંક–૪૦૩૮ ધ્યાને લઇએ તો તા.૧૭–૩–૨૦૦૮ ના રોજ ગૃહ સચિવને મંજૂરી આપવાની સત્તા આપવામાં આવેલી છે તે અંગેનુ જાહેરનામું છે જેથી વ.શ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે આ જાહેરનામાંથી મંજૂરી

અંગેની સત્તા એડીશનલ ચીફ સેક્રેટરીને સત્તાઆપેલી છે ગૃહ સચીવને સત્તા આપેલી નથી. વધુમાં તેઓ દલીલ કરતા જણાવે છે કે, તમામ પોલીસ અધિકારીઓએ પોતાની જુબાનીમાં જણાવેલુ છે કે રીવ્યુ ઓથોરીટી નિમવામાં આવેલી ન હતી માટે તપાસના કાગળો રીવ્યુ ઓથોરીટીને મોકલેલા નથી આ અંગે વાંક સરકારનો છે આરોપીઓનો નથી. આરોપીઓ તરફથી દરખાસ્તોની ફાઇલો રજૂ કરવા માટે અરજીઓ આપવામાં આવેલી પરંતુ ફાઇલો રજૂ કરેલી નથી. પરંતુ મારા મત પ્રમાણે મંજૂરી હુકમો રજૂ કરેલા છે મંજૂરીને લગતી તમામ ફાઇલો રજૂ કરવી જોઇએ તે જરૂરી નથી. મંજૂરી હુકમમાં સહી કરનાર અધિકારીઓએ ગુજરાત સરકારના કામકાજના નિયમો–૧૩ હેઠળ મળેલી સત્તાના આધારે મંજૂરી હુકમોમાં સહીઓ કરેલી છે જેથી તે હુકમો ખોટા છે કે ગેરકાયદેસર છે તેમ કહેવાય નહીં એટલુ જ નહીં આ મંજૂરી હુકમોમાં ખોટી રીતે સહીઓ કરેલી છે તેવુ પણ કહી શકાય નહીં. વ.શ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે મંજૂરી આપનાર દરેક અધિકારીઓને મંજૂરીની ફાઇલો રજૂ કરવા જણાવેલુ છે છતાં રજૂ કરેલી નથી. વ.શ્રી આર.કે.શાહે મંજૂરી આપનાર દરેક અધિકારીની જુબાનીઓ વંચાણે લીધેલી છે. વધુમાં વ.શ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે તપાસ કરનાર અધિકારીએ મંજૂરી માટે મોકલેલી દરખાસ્તો સાથે પત્રકો મોકલેલા છે જેમાં આરોપીના વર્તન અને મુદ્દામાલની વિગતો છે બીજુ કાંઇ નથી. પરંતુ તેઓની આ દલીલ સાથે હુ સહમત નથી. મંજૂરી આપનાર તમામ અધિકારીઓની જુબાનીઓ ધ્યાને લેતાં દરખાસ્ત સાથેના અ,બ,ક,ડ પત્રકોમાં આરોપીઓ વિરૂધ્ધના પુરાવા જેવા કે પંચનામાઓ, ચહેરા નિશાન પત્રકો, મુદ્દામાલ પત્રક, સીમી ઉપર પ્રતિબંધ મુકયાનુ જાહેરનામું, ઇન્ડિયન મુજાહિદ્દીનને કરેલ ઇ–મેઇલ, વૈજ્ઞાનિક પુરાવા વિગેરે પુરાવાની નકલો રજૂ કરેલી છે જે મંજૂરી આપનાર અધિકારીને મંજૂરી આપતા પહેલા વંચાણે લેવી જરૂરી છે અને આ રજૂ થયેલ નકલો ઉપરથી મંજૂરી આપનાર અધિકારીએ મંજૂરીઓ આપવાની છે જેથી બીજા કોઇ કાગળોની જરૂર નથી. વ.શ્રી આર.કે.શાહ દલીલ કરતા એમ પણ જણાવે છે કે, આવા ગંભીર ગુનામાં મંજૂરી અંગેની વિગતો

વિરોધાભાસી છે અને ફરિયાદપક્ષ સાચી હકીકત છુપાવે છે જેને સત્તા મળેલી છે તેજ અધિકારી મંજૂરી આપી શકે. આ સંબંધમાં તેઓ નીચે મુજબના ચુકાદાનો આધાર રાખે છે.

અ.નં.	**ચુકાદો**	**ચુકાદામાં નિર્ણીત મુદ્દાઓ પૈકી મંજૂરી અંગે નિર્ણીત થયેલો એક મુદ્દો**
૧	એ.કે.રોય વિરૂધ્ધ સ્ટેટ ઓફ પંજાબ ૧૯૮૬ ક્રિ.લો.જ.પાન નં.૨૦૩૭	પેરા નં.૧૦,૧૨ મુજબ જેને સત્તા મળેલી હોય તે જ વ્યકિત તે સત્તાનો ઉપયોગ કરી શકે બીજા કોઇ વ્યકિત તે સત્તાનો ઉપયોગ કરી શકે નહીં.

વધુમાં વ.શ્રી એચ.એમ.ધ્રુવ દલીલો કરતા જણાવે છે કે, આ કેસમાં સૌપ્રથમ તહોમતનામું આરોપી નં.૧ થી ૬૨ સામે આંક–૩૨ થી તા.૧૧–૧–૨૦૧૦ ના રોજ ફરમાવેલુ છે અને ત્યારબાદ સુરત બોમ્બ પ્લાન્ટેશનના ૧૫ કેસો અને અમદાવાદ બોમ્બ બ્લાસ્ટના કુલ–૨૦ કેસો ભેગા થતાં આરોપી નં.૧ થી ૬૪ સામે આંક–૧૨૨ થી તા.૧૫–૧૦–૨૦૧૦ ના રોજ તહોમતનામુ ફરમાવેલુ છે. મેજિસ્ટ્રેટ કે જજ સંજ્ઞાન કેસનુ લે છે આરોપીનુ લેવામાં આવતુ નથી. વ.શ્રી ધ્રુવની દલીલ સાથે હુ સહમત છુ કે, સંજ્ઞાન કેસનુ લેવામાં આવે છે અને અદાલત એક જ વખત સંજ્ઞાન લે છે ફરી વખત લેવામાં આવતુ નથી. આ સંબંધમાં વ.શ્રી એચ.એમ.ધ્રુવ નીચે મુજબના ચુકાદા ઉપર આધાર રાખે છે.

અ.નં.	**ચુકાદો**	**ચુકાદામાં નિર્ણીત મુદ્દાઓ પૈકી મંજૂરી અંગે નિર્ણીત થયેલો એક મુદ્દો**
૧	કેસુરસિંગ વિરૂધ્ધ સ્ટેટ ઓફ બિહાર ૧૯૯૩ સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ) પાન નં.૯૭૦	અદાલત એક જ વખત કેસનુ સંજ્ઞાન લે છે ફરીથી કેસમાં સંજ્ઞાન લેવાય નહીં. અદાલત કેસનુ સંજ્ઞાન લે છે આરોપીનુ સંજ્ઞાન લેવાનુ હોતુ નથી.

૨	ધરમપાલ વિરૂધ્ધ સ્ટેટ ઓફ હરીયાણા ૨૦૧૪ (કમ્પલીટ)૨ સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ) પાન નં.૧૫૯	હેડ નોટ–ઈ મુજબ આરોપી અદાલતમાં હાજર ન હોય તો પણ અદાલત આરોપી સામે ગુનાનુ સંજ્ઞાન લઇ શકે. સંજ્ઞાન આરોપીનુ નહીં પરંતુ કેસનુ લેવાનુ છે.

વધુમાં વ.શ્રી એચ.એમ.ધ્રુવ દલીલો કરતા જણાવે છે કે બનાવો તા.૨૬–૭–૨૦૦૮ ના રોજ બનેલા છે અનલોકુલ એકટીવીટીના તા.૩૧–૧૨–૨૦૦૮ ના રોજ સુધારો અમલમાં આવેલો છે સુધારા મુજબ કલમ–૭૫ હેઠળ રીવ્યુ ઓથોરીટીની રચના કરવાની છે પરંતુ રાજય સરકાર દ્વારા તા. ૧૯–૯–૨૦૧૩ ના રોજ રીવ્યુ ઓથોરીટીના ચેરમેન તરીકે નામદાર હાઇકોર્ટના નિવૃત જજ શ્રી એચ.બી.અંતાણી સાહેબની નિમણૂક કરેલી છે. જયારે આ કેસમાં અગાઉ પકડાયેલા આરોપીઓ સામે ચાર્જશીટો થઇ ગયેલા હતા અને ગુનાની ઇન્સાફી કાર્યવાહી શરૂ થયેલી હતી માટે પ્રશ્ન એ ઉપસ્થિત થાય કે શું મંજૂરી ન હોય તો અથવા રીવ્યુ ઓથોરીટી નિમણૂક થયેલી ન હોય તો આરોપીઓએ ગુન્હો કર્યો નથી માટે છોડી દેવાય? આરોપીઓએ ગુનો કરેલો છે કે કેમ? તે અદાલતે નક્કી કરવાનુ છે રીવ્યુ ઓથોરીટીએ નક્કી કરવાનુ નથી માટે રીવ્યુ ઓથોરીટીને ચાર્જશીટના પેપર્સ ન મોકલવા તે ગેરકાયદેસરતા છે અનિયમિતતા નથી. આરોપીઓ ગુનો કર્યો છે કે કેમ? તે રીવ્યુ ઓથોરીટી નક્કી કરે તો ન્યાયની અદાલતનુ શું? આવા સંજોગોમાં રીવ્યુ ઓથોરીટીને કેસના કાગળો મોકલેલા ન હોય અને જે તે સક્ષમ અધિકારીઓએ જે તે કાયદા હેઠળ મંજૂરીઓ આપેલી હોય અને ત્યારબાદ અદાલત સંજ્ઞાન લે તો તે ગેરકાયદેસર નથી. વિ.વ.શ્રી એચ. એમ.ધ્રુવની આ દલીલ સાથે હુ સંપૂર્ણ સહમત છુ કારણ કે તા.૧૯–૯–૨૦૧૩ સુધી રીવ્યુ ઓથોરીટીની રચના થયેલી જ ન હતી તો ત્યાં સુધી શું તપાસ કરનાર અધિકારી આરોપીઓ સામે મંજૂરી વિના ચાર્જશીટ દાખલ કરી જ ન શકે? મારૂ

સ્પષ્ટ મંતવ્ય છે કે જયારે સરકારશ્રી દ્વારા રીવ્યુ ઓથોરીટીની રચના તા.૧૯–૯–૨૦૧૩ સુધી કરવામાં આવેલી જ ન હતી તો તપાસ કરનાર અધિકારી દ્વારા તપાસના કાગળો રીવ્યુ ઓથોરીટી સમક્ષ મોકલવાનો કોઇ પ્રશ્ન ન હતો . તપાસના કાગળો રીવ્યુ ઓથોરીટીને મોકલેલા નથી તો તે ગેરકાયદેસરતા નથી પરંતુ માત્ર તે અનિયમિતતા છે અને જયારે અનિયમિતતા હોય ત્યારે ફરિયાદપક્ષનો કેસ આ કારણસર ફેકી દેવાય નહીં. મારા સ્પષ્ટ મંતવ્ય પ્રમાણે અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોની કુલ–૨૦ ફરિયાદો નોંધાયેલી તથા સુરત ખાતે બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોની કુલ–૧૫ ફરિયાદો નોંધાયેલી. તમામ ફરિયાદોની તપાસ મદદનીશ પોલીસ કમિશનર કક્ષાના જુદા–જુદા અધિકારીઓએ કરેલી છે અને ક્રિ.પ્રો.કોડની કલમ–૧૯૬, અનલોકુલ એકટીવીટી એકટની કલમ–૪૫, એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ–૭ તથા આર્મ્સ એકટની કલમ–૩૯ હેઠળ આરોપીઓ સામે ઇન્સાફી કાર્યવાહી માટે જરૂરી મંજૂરીઓ મેળવવા માટેની દરખાસ્તો જે, તે અધિકારીઓએ કાયદેસર રીતે જે તે સક્ષમ અધિકારીઓ સમક્ષ મોકલેલી છે અને જે તે સક્ષમ અધિકારીઓએ પૂર્ણ વિચારણાના અંતે આવી મંજૂરીઓ આપેલી છે .ક્રિ.પ્રો. કોડની કલમ–૧૯૬ તથા અનલોકુલ એકટીવીટી એકટની કલમ–૪૫ હેઠળની મંજૂરીઓ ગૃહમંત્રી, મુખ્યમંત્રી અને અધિકૃત અધિકારીએ આપેલી છે. જો કે ફરિયાદપક્ષ દ્વારા આ મંજૂરીના ફાઇલો રજૂ કરવામાં આવેલી નથી અને મારા મત પ્રમાણે તે ફાઇલો રજૂ કરવા જરૂરી નથી.સામાન્ય રીતે સરકાર દ્વારા આપવામાં આવેલી મંજૂરી સાચી જ હોય અને કાયદા મુજબ આપી હોય છે તેવી અપેક્ષા રાખવાની હોય છે. કાર્યવાહી ઉપર શંકા ના થાય. આ મંજૂરીઓ મળ્યા બાદ જે, તે અધિકૃત અધિકારીઓએ મંજૂરી હુકમોના ડ્રાફટ તૈયાર કરી તે ડ્રાફટમાં સહીઓ કરી તપાસ કરનાર અધિકારીઓને આ મંજૂરીઓ મોકલી આપેલી છે અને ત્યારબાદ આ અદાલત દ્વારા આરોપીઓ વિરૂધ્ધ ગુનાની ઇન્સાફી કાર્યવાહીનુ સંજ્ઞાન લેવામાં આવેલુ છે તે કાયદેસરનુ છે તેમ હુ માનુ છું.

વકીલ સુશ્રી નિત્યા રામાકિષ્ણન તથા વકીલશ્રી સોમનાથ વત્સ આરોપી નં.૩૬,૩૯,૪૦,૪૧,૪૨,૫૦,૩૮,૬૮ નાઓ વિરૂધ્ધ મંજૂરીઓ બાબતે સાહેદ નં.૯૯૨ પુરષોત્તમ નાથાભાઈ પટેલની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરેલ છે કે આ સાહેદે આરોપીઓ સામે કયા પુરાવાના આધારે પ્રોસીકયુશન કરવાની મંજૂરીઓ આપેલી છે તે આ સાહેદ જણાવી શકે તેમ નથી. વધુમાં તેઓ દલીલ કરતા જણાવે છે કે અનલોકુલ એકટીવીટી (પ્રિવેન્શન) એકટની કલમ–૪૫(૨) અન્વયે તપાસ કરનાર અધિકારીઓએ તપાસ દરમ્યાન એકત્રિત કરેલા પુરાવા રીવ્યુ ઓથોરીટી સમક્ષ રજૂ કરવા પડે અને રીવ્યુ ઓથોરીટી દ્વારા તે પુરાવાઓનું મૂલ્યાંકન કરી સાત દિવસમાં પોતાનો રીપોર્ટ રજૂ કરવો પડે અને ત્યારબાદ સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવે છે. આ આદેશાત્મક જોગવાઈ છે પરંતુ તેનુ પાલન થયેલુ નથી. વધુમાં તેઓ દલીલ કરતા જણાવે છે કે કાયદેસર મેળવેલી મંજૂરી સિવાય આરોપી સામે અનલોકુલ એકટીવીટી (પ્રિવેન્શન) એકટ હેઠળના ગુનાનું સંજ્ઞાન લઈ શકાય નહીં. સાહેદ નં.૭૮૦ નલીન ધીરૂભાઈ નિસરતાની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરવામાં આવેલ છે કે આ સાહેદના કહેવા પ્રમાણે તા.૨૧.૫.૨૦૧૩ ના રોજ ગુજરાત સરકાર દ્વારા રીવ્યુ ઓથોરીટીની રચના કરવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલુ છે. તે પહેલા રીવ્યુ ઓથોરીટીની રચના થયેલી ન હતી. તેઓની દલીલ સાથે હું સંમત છું કે સાહેદ નં.૭૮૦ ના કહેવા પ્રમાણે તા.૨૧.૫.૨૦૧૩ પહેલા ગુજરાતમાં કલમ–૪૫ હેઠળ રીવ્યુ ઓથોરીટીની રચના થયેલી ન હતી પરંતુ આગળ ઉપર ચર્ચા કરી છે તેમ રીવ્યુ ઓથોરીટીની જ રચના થયેલી ન હોવાથી તે બનાવના મુળને અસર કરતી નથી. આ કામે જે કંઈ મંજૂરીઓ આપેલી છે તે સરકાર દ્વારા આપવામાં આવેલી છે જે ગેરકાયદેસર છે તેમ પણ કહેવાય નહીં. આ ઉપરાંત સરકાર તે ફાઈનલ ઓથોરીટી છે અને તે રીવ્યુ ઓથોરીટીની ઉપર છે જેથી સરકાર દ્વારા જે મંજૂરીઓ આપવામાં આવેલી છે તે કાયદેસરની છે તેમ હું માનુ છું. રીવ્યુ ઓથોરીટીની જ રચના થયેલી ન હોય તો તપાસના કાગળો રીવ્યુ ઓથોરીટીને મોકલવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

વધુમાં વકીલ સુશ્રી નિત્યા રામાકૃિષ્ણન તથા વકીલશ્રી સોમનાથ વત્સ દલીલ કરતા જણાવે છે કે તપાસ કરનાર અધિકારીઓએ આરોપીઓ સામે મંજૂરી મેળવવા માટે અ,બ,ક,ડ પત્રકો મોકલેલા છે પરંતુ તે પત્રકોની સાથે કયા પુરાવા મોકલેલા તેનો ઉલ્લેખ કરવામાં આવેલો નથી. પરંતુ તપાસ કરનાર અધિકારીઓની જુબાનીઓ ધ્યાને લઈએ તો અ,બ,ક,ડ પત્રકો સાથે તપાસ દરમ્યાન એકત્રિત કરેલા પુરાવા મોકલેલા હોવાનું સ્પષ્ટ જણાય આવે છે. વકીલ સુશ્રી નિત્યા રામાકૃિષ્ણનનાઓએ અનલોકુલ એકટીવીટી (પ્રિવેન્શન) એકટની કલમ–૪૫(૧)(૨) વંચાણે લીધેલી છે. આ અંગેની વિગતવાર ચર્ચા આ જ પેરામાં આગળ ઉપર કરવામાં આવેલી છે જેથી તેનુ પુનરાવર્તન કરવામાં આવતુ નથી. પરંતુ તેઓ દલીલના સારાંશ રૂપે જણાવે છે કે આ આરોપીઓ સામે કોઈ પણ પ્રકારનો પુરાવો ન હોવા છતાં તપાસ કરનાર અધિકારીઓએ મંજૂરીઓ મેળવવા માટે સરકારશ્રીને દરખાસ્તો કરેલી છે અને રીવ્યુ ઓથોરીટીના રીપોર્ટ વિના સરકારશ્રી તરફથી મંજૂરીઓ આપવામાં આવેલી છે જે વંચાણે લઈ શકાય નહીં અને આ તમામ મંજૂરીઓ ગેરકાયદેસર છે. મંજૂરીઓ બાબતે વકીલ સુ.શ્રી નિત્યા રામાકૃિષ્ણન તથા વકીલશ્રી સોમનાથ વત્સ નીચે મુજબના ચુકાદાઓ ઉપર આધાર રાખેલ છે.

અ.નં.	**ચુકાદો**	**ચુકાદામાં નિર્ણીત મુદ્દાઓ પૈકી મંજૂરીઓ અંગે નિર્ણીત થયેલો એક મુદ્દો**
૧	સુભાષી દાસ ઉર્ફે નીલી પોંડા વિરૂધ્ધ સ્ટેટ ઓફ ઓરીસ્સા, ૨૦૧૨(૧) ક્રાઈમ્સ પાના નં.૬૬૬, ઓરીસ્સા	અનલોકુલ એકટીવીટી (પ્રિવેન્શન) એકટની કલમ–૪૫ ની જોગવાઈ ગંભીર પ્રકારના ગુનાના કામે આરોપીને રક્ષણ આપવા માટે કરવામાં આવેલી છે. વ્યકિતગત રીતે આરોપીની ખોટી સંડોવણી ન થાય તે આ જોગવાઈનો હેતુ છે.
૨	વાઈપો વિરૂધ્ધ	આરોપી સામે અનલોકુલ એકટીવીટી (પ્રિવેન્શન) એકટ હેઠલના ગુનાનું સંજ્ઞાન

	સ્ટેટ ઓફ તામીલનાડુ, ૨૦૧૮(૨) લો વીકલી (ક્રિમીનલ) પાન નં.૮૪૬, મદ્રાસ	લેવા માટે કલમ–૪૫(૨) હેઠળ મંજૂરી જરૂરી છે. અદાલતે આરોપીનું સંજ્ઞાન લેવાનું નથી પરંતુ કેસનું સંજ્ઞાન લેવાનુ છે.
૩	ગોકુલચંદ દ્વારકાદાસ વિરૂધ્ધ કિંગ એ.આઈ.આર. ૧૯૪૮ પ્રીવી કાઉન્સીલ પાન નં.૮૨	મંજૂરી મેળવવા માટે તપાસ દરમ્યાન ભેગી કરેલી સમાગ્રી/પુરાવા મંજૂરી આપનાર અધિકારી સમક્ષ રજૂ કરવા પડે અને મંજૂરી આપનાર ઓથોરીટીએ તમામ કેસ પેપર ધ્યાને લઈ આરોપીઓ સામે ઈન્સાફી કાર્યવાહી ચલાવવા મંજૂરીઓ આપવાની હોય છે.
૪	રામાભાઈ નાથાભાઈ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત (૧૯૯૭)૭ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૭૪૪	ટાડા એકટ હેઠળ મંજૂરી વિના કોઈ પણ અદાલત ગુનાનું સંજ્ઞાન લઈ શકે નહીં. મંજૂરી વિના ડેઝીગ્નેટેડ કોર્ટને આરોપી સામે ગુનાનું સંજ્ઞાન લેવાની સત્તા નથી. આરોપી સામે ખોટી કાર્યવાહી બાબતે રક્ષણ આપવા માટે મંજૂરીની જોગવાઈ કરવામાં આવેલી છે. આ કેસમાં મંજૂરીઓ સરકાર દ્વારા આપવામાં આવેલી છે જે રજૂ થયેલી છે અને ત્યારબાદ ગુનાનું સંજ્ઞાન લેવામાં આવેલુ છે. પરંતુ આ મંજૂરીઓ આપતા પહેલા રીવ્યુ ઓથોરીટીને કેસના પેપર્સ મોકલવામાં આવેલા નથી તેવો બચાવ આરોપીઓ તરફે છે. પરંતુ મારા મત પ્રમાણે તે માત્ર અનિયમીતતા છે ગેરકાયદેસરતા

		નથી. આખરે મંજૂરીઓ તો સરકાર દ્વારા જ આપવાની છે જે આ કામમાં આપેલી છે.
૫	સી.બી.આઈ. વિરૂધ્ધ અશોકકુમાર અગ્રવાલ (૨૦૧૪) ૧૪ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૨૯૫	મંજૂરીઓ મેળવવા માટે કેસના તપાસના કાગળો મંજૂરી આપનાર અધિકારીને મોકલ્યા છે તે હકીકત ફરિયાદપક્ષે સાબીત કરવી જોઈએ. મંજૂરી વિના ગુનાની ઈન્સાફી કાર્યવાહી શરૂ કરી શકાય નહીં. આ કેસમાં ઉપર ચર્ચા કરી તેમ સરકાર દ્વારા મંજૂરીઓ આપવામાં આવેલી છે.

વકીલશ્રી ડી.ડી.પઠાણ મંજૂરીઓ બાબતે દલીલ કરતા જણાવે છે કે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૬, અનલોફુલ એકટીવીટી (પ્રિવેન્શન) એકટની કલમ–૪૫, એક્ષપ્લોઝીવ સબસ્ટેન્સ એકટની કલમ–૭ તથા આર્મ્સ એકટની કલમ–૩૯ હેઠળ સક્ષમ અધિકારીઓની પરવાનગી વિના ગુનાની ઈન્સાફી કાર્યવાહી શરૂ કરી શકાય નહીં. આર્મ્સ એકટ હેઠળની મંજૂરી માટે ફરિયાદપક્ષ દ્વારા કોઈ સાહેદ તપાસવામાં આવેલા નથી. આ કામે જેટલા પણ મંજૂરી આપનાર અધિકારીઓને ફરિયાદપક્ષ દ્વારા તપાસવામાં આવેલા છે તે તમામ અધિકારીઓએ મગજ ચલાવ્યા વિના અને પુરાવા ધ્યાને લીધા વિના મંજૂરીઓ આપેલી છે. આરોપી નં.૫, ૧૭ થી ૨૨, ૨૪ થી ૨૬, ૩૦, ૩૧, ૩૪, ૪૮, ૪૯, ૫૧ થી ૬૨, ૬૭, ૬૮, ૭૧ થી ૭૩ અને ૭૬ આરોપીઓ સામે એક પણ પુરાવો નથી. આ આરોપીઓ બાબતે ફરિયાદપક્ષે કોઈ સાહેદો તપાસેલા નથી. વધુમાં દલીલ કરતા જણાવે છે કે આરોપી નં.૨, ૨૧, ૨૪ અને ૩૫ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબના નિવેદનો અદાલતમાં ખોલવામાં આવેલા છે. જેથી આ નિવેદનોની નકલ મંજૂરી આપનાર અધિકારીઓને મોકલવામાં આવેલી નથી માટે આપવામાં આવેલી મંજૂરીઓ શંકાસ્પદ છે. પરંતુ મારા મત પ્રમાણે મંજૂરી આપનાર અધિકારીઓને તપાસ

કરનાર અધિકારીઓએ બીજા ઘણા પુરાવા દરખાસ્તો સાથે મોકલેલા હતા જેથી તેના આધારે જે તે મંજૂરી આપનાર અધિકારીઓએ જે તે મંજૂરીઓ આપેલી છે. મંજૂરી આપનાર અધિકારીઓની ઉપર જણાવ્યા મુજબની વિગતવાળી જુબાનીઓ ધ્યાને લઈએ તો દરેક મંજૂરી આપનાર અધિકારીઓ સમક્ષ તપાસ કરનાર અધિકારીઓએ મંજૂરી મેળવવા દરખાસ્તો કરી ત્યારે દરખાસ્તોની સાથે ચહેરા નિશાન પત્રક, પંચનામાઓ, ફરિયાદની નકલો વિગેરે દસ્તાવેજો મોકલેલા છે અને તે આધારે મંજૂરી આપેલાની હકીકત મંજૂરી આપનાર સાહેદોએ જણાવેલી છે. વકીલશ્રી ડી.ડી.પઠાણ દલીલ કરતા જણાવે છે કે સાહેદ નં.૭૮૦ સેકશન અધિકારી છે. સાહેદ નં.૭૯૫ અધિક સચિવ છે. સાહેદ નં.૭૮૯ ઉપસચિવ છે. સાહેદ નં.૧૦૮૫ અધિક સચિવ છે. સાહેદ નં.૧૦૮૬ સેકશન અધિકારી છે. સાહેદ નં.૭૯૨ અધિક સચિવ છે. સાહેદ નં.૭૮૬ ઉપસચિવ છે. સાહેદ નં.૭૮૭, ૭૮૧, ૭૯૧ સેકશન અધિકારીઓ છે. જયારે સાહેદ નં.૭૮૮ સચિવ છે અને તેઓને મંજૂરીઓ આપવાની સત્તા નથી. પરંતુ તેઓની દલીલ સાથે હું સંમત નથી. આ સાહેદોને મંજૂરીઓ આપવાની સત્તા નથી તો તે સાબીત કરવા માટે કોઈ દસ્તાવેજ રજૂ કરવામાં આવેલો નથી. આ સાહેદોએ પોતાની જુબાનીઓમાં સ્પષ્ટ જણાવેલુ છે કે ગુજરાત સરકારના વહીવટી નિયમો પ્રમાણે જે તે સક્ષમ ઓથોરીટી પાસેથી મંજૂરીઓ મળતા મંજૂરીના ડ્રાફટમાં સહીઓ કરેલી છે. વકીલશ્રી ડી.ડી.પઠાણ દલીલ કરતા જણાવે છે કે આ તમામ મંજૂરીઓ કાયદાની જોગવાઈઓ મુજબ આપવામાં આવેલી નથી તેમ જણાવી તેઓ નીચે મુજબના ચુકાદા ઉપર આધાર રાખે છે.

અ.નં.	**ચુકાદો**	**ચુકાદામા નિર્ણીત મુદ્દાઓ પૈકીનો મંજૂરીઓ અંગે નિર્ણીત થયેલો એક મુદ્દો**
૧	હુસેન ઘડિયાળી વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત (૨૦૧૫) ૧	પેરા–૧૭ મુજબ મંજૂરી આપવાનો જેને અધિકાર આપવામાં આવ્યો હોય તે સિવાય તે અધિકારીથી ઉપરના દરજ્જાના અધિકારી કે નીચેના દરજ્જાના અધિકારી

	જી.એલ. આર. પાન નં.૫૫૯ સુપ્રિમ કોર્ટ	મંજૂરી આપી શકે નહીં. પેરા–૧૮, ૧૯ મુજબ જે અધિકારીને મંજૂરી આપવાની સત્તા મળી હોય તે પોતાની સત્તા બીજાને આપી શકે નહીં.
૨	મોહમદ ઈકબાલ એહમદ વિરૂધ્ધ સ્ટેટ ઓફ આંધ્રપ્રદેશ (૧૯૭૯) સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ) પાન નં.૯૨૫	પેરા–૫ મુજબ કાયદેસરની મંજૂરી એટલે શું? કાયદેસરની મંજૂરી વિના ઈન્સાફી કાર્યવાહી શરૂ થઈ શકે નહીં અને શરૂ થાય તો તે કાર્યવાહી હકુમત બહાર કહેવાય. આ ચુકાદા મુજબ મંજૂરી આપનાર અધિકારી સામે કોઈ સામગ્રી મુકવામાં આવેલી નહીં કે જેથી માઈન્ડ એપ્લાય કરીને મંજૂરી આપી શકે. પરંતુ આ કેસમાં તમામ મંજૂરી તમામ સાહેદોએ દરખાસ્તોની સાથે જરૂરી પુરાવા મોકલેલા તા તેમ જણાવેલુ છે.
૩	સીબીઆઈ વિરૂધ્ધ અશોક કુમાર અગ્રવાલ (૨૦૧૪) ૧૪ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૨૯૫	– પ્રોસીકયુશને સમગ્ર રેકર્ડ મંજૂરી આપનાર અધિકારીને મોકલવુ જોઈએ જેવુ કે એફ.આઈ.આર., ડીસ્કોલઝર સ્ટેટમેન્ટ, સાહેદોના નિવેદનો, રીકવરી મેમો, ડ્રાફટ ચાર્જશીટ અને બીજી સુસંગત સામગ્રી. – ફરિયાદપક્ષને મદદ કરે તેવા પુરાવા એકલા જ નહીં પરંતુ આરોપીએ રજૂ કરેલા પુરાવા પણ મોકલવા જોઈએ. – મંજૂરી આપનાર અધિકારીએ તમામ સામગ્રી ધ્યાને લઈ કાયદા મુજબ મંજૂરી આપવી પડે.

		– ફરિયાદપક્ષે સબળ પુરાવા રજૂ કરી અદાલતને સંતોષ આપવો જોઈએ કે મંજૂરી આપનાર અધિકારી સમક્ષ તમામ પુરાવા મોકલવામાં આવેલા છે. આ ચુકાદો એ.સી.બી.ના કેસ અંગે છે અને સરકારી કર્મચારીના રક્ષણ માટે તેમજ કર્મચારી ઉપર ખોટા કેસ ના થાય તે માટેનો હેતુ છે. જયારે હાલના કેસની હકીકત તદ્દન જુદી છે. આ કેસમાં કોઈ સરકારી કર્મચારી નથી અને તપાસ કરનાર અધિકારીઓએ જરૂરી તમામ પુરાવા સમાગ્રી મંજૂરી આપનાર અધિકારી સમક્ષ મુકેલી છે.
૪	સુભાશ્રી દાસ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ઓરીસ્સા ૨૦૧૧(૨) આઈ.એલ. આર.કટ પાન નં.૮૪૭ ઓરીસ્સા–કટક	પેરા–૬ મુજબ સેન્ટ્રલ ગવર્મેન્ટ અથવા સ્ટેટ ગવર્મેન્ટ દ્વારા નિમવામાં આવેલ રીવ્યુ કમિટીએ તેની સમક્ષ તપાસ દરમ્યાન એકત્રિત કરેલા પુરાવા દરખાસ્ત સાથે મોકલવામાં આવે તે પુરાવાની ચકાસણી કરીને નિયત સમયમાં મંજૂરી આપવાની છે.

બચાવપક્ષ દ્વારા અનલોકુલ એકટીવીટી (પ્રિવેન્શન) એકટની કલમ–૪૫ તથા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૬ હેઠળની આપવામાં આવેલી મંજૂરીઓ બાબતે જે દલીલો કરવામાં આવેલી છે તેના અનુસંધાને ફરિયાદપક્ષ તરફથી વિદ્વાન સરકારી વકીલશ્રી એચ.એમ.ધ્રુવ દલીલ કરતા જણાવે છે કે આ બંને કાયદાઓ હેઠળ આપવામાં આવેલી મંજૂરીઓ કાયદેસરની મંજૂરીઓ નથી તેવો બચાવ બચાવપક્ષ દ્વારા ઉભો કરવાનો પ્રયત્ન કરવામાં

આવેલ છે પરંતુ આ બંને કાયદા હેઠળ ગુનાની ઈન્સાફી કાર્યવાહી શરૂ કરવા માટેની મંજૂરીઓ નામદાર સરકારશ્રી દ્વારા આપવામાં આવે છે અને સરકાર દ્વારા કેવી રીતે કામ કરવામાં આવે છે તે જોવાનું છે. આ સંબંધમાં ભારતીય બંધારણના આર્ટિકલ–૭૭ તથા ૧૬૬ વંચાણે લીધેલ છે.

આર્ટિકલ–૭૭ –ભારત સરકારના વ્યવસાયનું સંચાલન

(૧) ભારત સરકારની તમામ કારોબારી કાર્યવાહી રાષ્ટ્રપતિના નામે વ્યક્ત કરવામાં આવશે.

(૨) રાષ્ટ્રપતિના નામે બનાવવામાં અને ચલાવવામાં આવતા ઓર્ડર તથા અન્ય સાધનો દ્વારા બનાવવામાં આવતા નિયમો નિર્દિષ્ટ કરવામાં આવ્યા હોય તેવી રીતે પ્રમાણીત કરવામાં આવશે અને ઓર્ડર અથવા સાધનની માન્યતા એટલી જ અધિકૃત છે.

(૩) રાષ્ટ્રપતિ વ્યવસાયને વધુ અનુકુળ બનાવવા વ્યવહારના મંત્રીઓ વચ્ચે ફાળવણી માટે નિયમો બનાવશે.

આર્ટિકલ–૧૬૬ – રાજય સરકારના વ્યવસાયનું સંચાલન

(૧) રાજય સરકારની તમામ કારોબારી કાર્યવાહી રાજયપાલના નામે વ્યક્ત કરવામાં આવશે.

(૨) રાજયપાલના નામે બનાવવામાં અને ચલાવવામાં આવતા ઓર્ડર તથા અન્ય સાધનો દ્વારા બનાવવામાં આવતા નિયમો નિર્દિષ્ટ કરવામાં આવ્યા હોય તેવી રીતે પ્રમાણીત કરવામાં આવશે અને ઓર્ડર અથવા સાધનની માન્યતા એટલી જ અધિકૃત છે.

(૩) રાજયપાલ વ્યવસાયને વધુ અનુકુળ બનાવવા વ્યવહારના મંત્રીઓ વચ્ચે ફાળવણી માટે નિયમો બનાવશે.

ઉપરોકત આર્ટિકલમાં બતાવેલી જોગવાઈઓ ધ્યાને રાખી શ્રી એચ.એમ.ધ્રુવ દલીલ કરતા જણાવે છે કે બચાવપક્ષ તરફથી એવો બચાવ ઉપસ્થિત કરવામાં આવેલો છે કે અધિકૃત અધિકારીઓએ મંજૂરીઓ આપેલી નથી. આ અધિકારીઓને આરોપીઓ વિરૂધ્ધના પુરાવા મોકલવામાં આવેલા

નથી. પરંતુ સરકારશ્રીએ મંજૂરી આપેલી છે અને સરકારશ્રીને રજૂ કરવામાં આવેલા પુરાવાથી સંતોષ થયો હોવાથી ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે મંજૂરીઓ આપેલી છે. મંજૂરી આપનાર અધિકારીઓ સમક્ષ પુરાવા રજૂ કરવામાં આવેલા નથી તેવુ બચાવપક્ષ કઈ રીતે કહી શકે ? વધુમાં દલીલ કરતા જણાવે છે કે સાહેદ નં.૭૮૦ નલીનભાઈ નીસરતાની જુબાની ધ્યાને તરફ ધ્યાન દોરી રજૂઆત કરેલ છે કે આ સાહેદે "રૂલ્સ ઓફ બીઝનેશ" આંક–૪૦૩૯ થી રજૂ કરેલ છે. તેના રૂલ નં.૧૩ વંચાણે લીધેલ છે અને જણાવે છે કે મંજૂરીના હુકમોમાં સહી કરનાર તમામ અધિકારીઓએ જે સહીઓ કરેલી છે તે હુકમોમાં સહીઓ કરેલી છે પરંતુ મંજૂરીઓ સરકારશ્રીએ આપેલી છે અને સરકારશ્રી એટલે રાજયપાલ અને આર્ટિકલ–૧૬૬ પ્રમાણે રાજયપાલશ્રીએ મંત્રીઓ વચ્ચે કામની ફાળવણી માટે નિયમો બનાવેલા છે અને તે નિયમોના આધારે તપાસ કરનાર અધિકારીઓએ મંજૂરીઓ માટે મોકલેલી દરખાસ્તો ઉપસચિવ, સચિવ, ગૃહમંત્રી અને મુખ્યમંત્રી સમક્ષ મુકાયેલી છે અને તેમના દ્વારા મંજૂરીઓ આપવામાં આવેલી છે. મંજૂરીઓ કેવી રીતે આપવામાં આવેલી છે તેની સમગ્ર પ્રક્રિયા સાહેદોએ જુબાનીઓમાં જણાવેલી છે. વકીલશ્રી એચ.એમ.ધ્રુવની આ દલીલ સાથે હું સંમત છું કે મંજૂરીના હુકમોમાં સહી કરનાર તમામ અધિકારીઓએ મંજૂરી અંગેની જે કાર્યવાહી થયેલી તે પોતાની જુબાનીઓમાં જણાવેલી છે અને રૂલ્સ ઓફ બીઝનેશ મુજબ મંજૂરી હુકમોમાં જે તે અધિકારીઓએ સહીઓ કરેલી છે માટે આ મંજૂરીઓ કાયદેસર રીતે આપવામાં આવેલી છે તેમ હું માનુ છું. આ સબંધમાં વકીલશ્રી એચ.એમ.ધ્રુવ નીચે મુજબના ચુકાદા ઉપર આધાર રાખે છે.

અ.નં.	**ચુકાદો**	**ચુકાદામાં નિર્ણીત મુદ્દાઓ પૈકીનો મંજૂરીઓ અંગે નિર્ણીત થયેલો મુદ્દો**
૧	સ્ટેટ (એન.સી.ટી.) ઓફ દિલ્હી વિરૂધ્ધ નવજોત સિધ્ધુ, ૨૦૦૫	પેરા–૧૬ મુજબ મંજૂરી આપનાર ઓથોરીટી સમક્ષ મુકવામાં આવેલ સામગ્રીથી સંતોષ થાય ત્યારે જાહેર હિત માટે ઈન્સાફી કાર્યવાહી શરૂ કરવા પરવાનગી આપી શકે.

	સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ) પાન નં.૧૭૧૫	આ કેસમાં મંજૂરી આપનાર ઓથોરીટીએ માઈન્ડ એપ્લાય કરીને મંજૂરી આપેલી હોવાનું મંજૂરી આપનાર તમામ અધિકારીઓએ પોતાની જુબાનીમાં જણાવેલુ છે.
૨	ધી સ્ટેટ ઓફ મધ્ય પ્રદેશ વિરૂધ્ધ યશવંત ત્રિંબક ૧૯૯૬ સુપ્રિમ કોર્ટ કેસીસ (૨) પાન નં.૩૦૫	જયાં પણ સરકારના સચિવ દ્વારા આપવામાં આવેલ ઓર્ડરમાં એવો નિર્દેશ ના હોય કે સેન્ટ્રલ ગવર્મેન્ટના રાષ્ટ્રપતિ અથવા રાજય સરકારના રાજયપાલના નિર્દેશથી ઓર્ડર કરવામાં આવેલો છે તો પણ તે ઓર્ડર રાષ્ટ્રપતિ કે રાજયપાલનો છે તેમ મનાય. બંધારણ આર્ટિકલ–૭૭(૩) તથા ૧૬૬(૩) માંથી કોઈ પણ હેઠળ બનેલા વ્યવસાયના નિયમો હેઠળ મંત્રી અથવા અધિકારીએ અનુક્રમે રાષ્ટ્રપતિ અથવા રાજયપાલના નામે હુકમ કરે તો તે હુકમ રાષ્ટ્રપતિ અથવા રાજયપાલનો છે. આ કેસમાં મંજૂરી આપનાર તમામ સાહેદોએ જુબાનીઓમાં જણાવેલુ છે કે મંજૂરીઓની ફાઈલ સચિવ, ગૃહમંત્રી અને મુખ્યમંત્રી સુધી ગયેલી છે અને મંજૂરીઓ આપેલી છે. ત્યારબાદ મંજૂરી હુકમોમાં બીઝનેશ ઓફ રૂલ્સના નિયમ પ્રમાણે સહીઓ કરેલી છે.
૩	સ્ટેટ ઓફ તામીલનાડુ વિરૂધ્ધ	પેરા–૩ મુજબ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૨ હેઠળ નોંધેલા સાહેદોના

	દામોદરન ૧૯૯૨ ક્રિ.લો.જ. પાન નં.૫૨૨	નિવેદનો મંજૂરી આપનાર અધિકારીને મોકલેલા અને તેઓને પોતાના મનથી સંપુર્ણ સંતોષ થયા બાદ મંજૂરી આપેલી જેથી મંજૂરી આપવામાં કોઈ ભૂલ થયેલી નથી તેમ આ ચુકાદામાં ઠરાવેલ છે. હાથ ઉપરના કેસમાં પણ આ જ પ્રમાણેની હકીકત છે. મંજૂરી આપનાર ઓથોરીટીને તેઓની સમક્ષ મુકેલા અ ,બ,ક,ડ પત્રકોમાંના પુરાવાથી સંતોષ થતા મંજૂરીઓ આપેલી છે.

વધુમાં સરકારી વકીલશ્રી એચ.એમ.ધ્રુવ દલીલ કરતા જણાવે છે કે બચાવપક્ષ દ્વારા મંજૂરીઓની ફાઈલ રજૂ કરાવવા માટે આંક–૪૦૪૧ થી અરજી આપવામાં આવેલી હતી પરંતુ તે અરજી નામંજૂર થયેલી છે જેની સામે બચાવપક્ષ દ્વારા કોઈ અપીલ કરવામાં આવેલ નથી. તેઓની આ દલીલ સાથે હું સંમત છું કે આંક–૪૦૪૧ ના હુકમ વિરૂધ્ધ બચાવપક્ષ દ્વારા કોઈ અપીલ કરવામાં આવેલ નથી. આ તબકકે સરકારી વકીલશ્રી અમીત પટેલ દલીલ કરતા જણાવે છે કે અનલોફુલ એકટીવીટી (પ્રિવેન્શન) એકટ હેઠળ તા.૩૧.૩.૨૦૦૯ ના રોજ સુધારા થયેલા છે જેથી આ સુધારા તા.૩૧.૩.૨૦૦૯ થી અમલમાં આવે. જયારે આ કામમાં આ સુધારા અમલમાં આવતા પહેલા આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ થઈ ગયેલા હતા. (૧) શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ ના કામે તા.૧૨.૧૧.૨૦૦૮ ના રોજ કુલ ૧ થી ૨૬ તથા તા.૧૭.૧.૨૦૦૯ ના રોજ આરોપી નં.૨૭ થી ૪૫ નાઓ સામે (૨) મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૩/૨૦૦૮ ના કામે તા.૧૨.૧૧. ૨૦૦૮ ના રોજ આરોપી નં.૧ થી ૨૬ સામે તથા તા.૨૩.૧.૨૦૦૯ ના રોજ આરોપી નં.૨૭ થી ૪૫ સામે (૩)નરોડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર

નં.૪૦૧/૨૦૦૮ ના કામે તા.૨૯.૧૧.૨૦૦૮ ના રોજ આરોપી નં.૧ થી ૨૭ સામે તથા તા.૨.૨.૨૦૦૯ ના રોજ આરોપી નં.૨૮ થી ૩૭ સામે તથા આરોપી નં.૩૯ થી ૪૫ સામે (૪)ખાડીયા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૭૧/૨૦૦૮ ના કામે તા.૧૧.૧૨.૨૦૦૮ ના રોજ આરોપી નં.૧ થી ૨૬ સામે તથા તા.૧૧.૨.૨૦૦૯ ના રોજ આરોપી નં.૨૭ થી ૪૫ સામે (૫) રામોલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૩૨૧/૨૦૦૮ ના કામે તા.૩.૧.૨૦૦૯ ના રોજ આરોપી નં.૧ થી ૨૬ સામે તથા તા.૧૬.૩.૨૦૦૯ ના રોજ આરોપી નં.૨૭ થી ૩૭ તથા આરોપી નં.૩૯ થી ૪૭ સામે (૬) ઈસનપુર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૧૯૦/૨૦૦૮ ના કામે તા.૧૨.૧.૨૦૦૯ ના રોજ આરોપી નં.૧ થી ૨૬ સામે તથા તા.૧૭.૩.૨૦૦૯ ના રોજ આરોપી નં.૨૭ થી ૩૭ તથા આરોપી નં.૩૯ થી ૪૭ સામે (૭) દાણીલીમડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૧૪૦/૨૦૦૮ ના કામે તા.૧૭.૧.૨૦૦૯ ના રોજ આરોપી નં.૧ થી ૩૭ તથા આરોપી નં.૩૯ થી ૪૭ સામે (૮) મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૬/૨૦૦૮ ના કામે તા.૨૭.૧.૨૦૦૯ ના રોજ આરોપી નં.૧ થી ૪૫ સામે (૯) બાપુનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૨૦/૨૦૦૮ ના કામે તા.૨.૨.૨૦૦૯ ના રોજ આરોપી નં.૧ થી ૪૪ સામે (૧૦) અમરાઈવાડી પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૭૩/૨૦૦૮ ના કામે તા.૨.૨.૨૦૦૯ ના રોજ આરોપી નં.૧ થી ૪૪ સામે (૧૧) નરોડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૪૦૦/૨૦૦૮ ના કામે તા.૨.૨.૨૦૦૯ ના રોજ આરોપી નં.૧ થી ૪૪ સામે (૧૨) કાલુપુર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૧૨૩/૨૦૦૮ ના કામે તા.૩.૨.૨૦૦૯ ના રોજ આરોપી નં.૧ થી ૪૩ સામે (૧૩) વટવા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૧૮/૨૦૦૮ ના કામે તા.૩.૨.૨૦૦૯ ના રોજ આરોપી નં.૧ થી ૪૩ સામે (૧૪) મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૪/૨૦૦૮ ના કામે તા.૩.૨.૨૦૦૯ ના રોજ આરોપી નં.૧ થી ૪૪ સામે (૧૫) મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૫/૨૦૦૮ ના કામે તા.૩.૨.૨૦૦૯ ના રોજ આરોપી નં.૧ થી ૪૪ સામે

(૧૬) સરખેજ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૧૮૧/૨૦૦૮ ના કામે તા.૩.૨.૨૦૦૯ ના રોજ આરોપી નં.૧ થી ૪૫ સામે (૧૭) રામોલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૩૨૨/૨૦૦૮ ના કામે તા.૨૧.૨.૨૦૦૯ ના રોજ આરોપી નં.૧ થી ૪૪ સામે (૧૮) કલોલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૦/૨૦૦૮ ના કામે તા.૨૧.૨.૨૦૦૯ ના રોજ આરોપી નં.૧ થી ૪૭ સામે (૧૯) ઓઢવ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૩૩૮/૨૦૦૮ ના કામે તા.૨૧.૨.૨૦૦૯ ના રોજ આરોપી નં.૧ થી ૪૪ સામે (૨૨) ઓઢવ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૩૩૯/૨૦૦૮ ના કામે તા.૨૧.૨.૨૦૦૯ ના રોજ આરોપી નં.૧ થી ૪૩ સામે ચાર્જશીટો દાખલ થઈ ગયેલા છે. આ તમામ ચાર્જશીટો ધ્યાને લેતા ઉપર મુજબની તારીખોએ જણાવ્યા મુજબના આરોપીઓ સામે તા.૩૧.૩.૨૦૦૯ પહેલા ચાર્જશીટ દાખલ થઈ ગયેલા હતા. વકીલશ્રી અમીત પટેલ દલીલ કરતા જણાવે છે કે અનલોફુલ એકટીવીટી (પ્રિવેન્શન) એકટ હેઠળ સુધારેલા નિયમો અમલમાં આવતા પહેલા આરોપીઓ સામે ચાર્જશીટ થઈ ગયેલા હતા માટે રીવ્યુ ઓથોરીટીનો અભિપ્રાય મેળવવાની જરૂર ન હતી અને અદાલત દ્વારા લેવામાં આવેલા ગુનાનું સંજ્ઞાન કાયદેસર છે. તેઓની આ દલીલ સાથે હું સંમત છું સુધારેલા નિયમો પહેલા ઉપરોકત વિગતે જણાવેલ આરોપીઓ સામે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટમાં ચાર્જશીટ દાખલ થઈ ગયેલા હતા.

આ ઉપરાંત ક્રિ.પ્રો.કોડની કલમ–૧૯૬, એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ–૭ અને આર્મ્સ એકટની કલમ–૩૯ હેઠળ મંજૂરીઓ બાબતે આ અદાલતના ધ્યાનમાં છે તેવા નીચે મુજબના ચુકાદાઓ પણ ધ્યાને લીધેલા છે.

<u>ક્રિ.પ્રો.કોડની કલમ–૧૯૬ અંગે ચુકાદાઓઃ–</u>

અ.નં.	ચુકાદો	ચુકાદામાં નિર્ણીત થયેલ મુદ્દાઓ પૈકી ક્રિ.પ્રો.કોડની કલમ–૧૯૬ અંગે નિર્ણીત થયેલો એક મુદ્દો

૧	જયભુષણ વિરૂધ્ધ ઓરીસ્સા રાજય એ.આઇ.આર.૧૯૫૪, સુપ્રિમ કોર્ટ, પાના નં.૩૫૯	ભારતીય દંડ સંહિતાની કલમ–૧૨૧ના ગુનાની ઇન્સાફી કાર્યવાહી ચલાવવા માટે પૂર્વ મંજૂરી આવશ્યક છે અન્યથા ઇન્સાફી કાર્યવાહી રદ થવાને પાત્ર ગણાય. પૂર્વ મંજૂરી માટે કોઇ વિધી દર્શાવવામાં આવી નથી કે કોઇ નિશ્ચિત પધ્ધતિ અપનાવવામાં આવી નથી તથા કોઇ નમૂનો નિયત કરવામાં આવ્યો નથી. મંજૂરીમાં તમામ હકીકતો જણાવવામાં આવે તે પણ જરૂરી નથી માત્ર પુખ્ત વિચારણા કરવામાં આવી છે તે સ્પષ્ટ થવું જરૂરી છે.
૨	ગુલામરસુલ વિરૂધ્ધ રાજય એ.આઇ.આર.૧૯૬૮, અલ્લાહાબાદ પાના નં.૨૬૫	ભારતીય દંડ સંહિતાની કલમ–૧૨૪(એ) હેઠળના ગુનાની ઇન્સાફી કાર્યવાહી ચલાવવા માટે સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવે તે જરૂરી છે. આવી પૂર્વ મંજૂરી આપવામાં કોઇક અનિયમિતતા હોય તો તે નિભાવી શકાય.
૩	ભવંર વિરૂધ્ધ રાજસ્થાન રાજય એ.આઇ.આર.૧૯૬૮, સુપ્રિમ કોર્ટ, પાના નં.૭૦૯	દેહાંત દંડ, આજીવન કેદ કે બે વર્ષ કરતા વધુ મુદ્દત માટેની સખત કેદની સજા થઇ શકે તેવા ગુના અંગે ગુનાહિત કાવતરૂ રચવામાં આવ્યું હોય તો તેના માટે સંમતિ/ મંજૂરીની કોઇ આવશ્યકતા રહેતી નથી.
૪	મલ્લિકાર્જુન વિરૂધ્ધ આંધ્રપ્રદેશ રાજય	કોઇ ગુના અંગે મંજૂરી આપવી કે કેમ? તે સક્ષમ અધિકારીએ સરકાર વતી નક્કી કરવાનું છે. આ કાર્ય તે વહિવટી કાર્ય છે.

	૧૯૭૮, ક્રિ.લો.જ. પાના નં.૩૯૨, આંધ્રપ્રદેશ(ડી.બી.)	આ કાર્ય ન્યાયિક અધિકાર હેઠળ કરવામાં આવતુ નથી અને તેથી શા માટે મંજૂરી આપવામાં આવે છે તેના વિગતવાર કારણો આપવા જરૂરી નથી.
૫	કર્ણાટક રાજય વિરૂધ્ધ પસ્તાર પી. રાજુ ૨૦૦૬, ક્રિ.લો.જ. સુપ્રિમ કોર્ટ, પાના નં.૪૦૪૫	અદાલત જયારે ગુનાનું કોગ્નીજન્સ લે ત્યારે જ મંજૂરીની આવશ્યકતા રહે છે. ક્રિમીનલ કેસ નોંધવા માટે અથવા તો પોલીસ દ્વારા પોલીસ તપાસ કરવા માટે આ નિષેધ લાગુ પડશે નહિ.
૬	ટી.વી.શર્મા વિરૂધ્ધ મીરીચ એ.આઇ.આર.૧૯૮૦, આંધ્રપ્રદેશ, પાના નં.૨૧૯(ડી.બી.)	ગુનાના પુરાવાને છુપાવવા કે દબાવવાના કાવતરા અથવા કાનૂની સજામાંથી બચવા માટે પુરાવા છુપાવવા કે દબાવવા માટેના કાવતરાને ક્રિ.પ્રો.કોડની કલમ–૧૯૬ (૨) લાગુ પડશે નહિ.
૭	સુરેન્દ્ર મોહન બાસુ વિરૂધ્ધ સરોજ રંજન સરકાર એ.આઇ.આર.૧૯૬૧, કલકત્તા. પાના નં.૪૬૧(ડી.બી.)	મદદગારીના ગુનાનું કોગ્નીઝન્સ લેવા માટે જો તે મદદગારી કાવતરા દ્વારા થયેલી હોય તો મંજૂરીની જરૂર નથી.
૮	ગુરુ બચ્ચનસિંગ વિરૂધ્ધ સ્ટેટ	ભારતીય દંડ સંહિતાની કલમ–૧૨૦ (બી) તથા ૧૬૨, ૧૬૩ના ગુના માટે મંજૂરી મેળવવામાં આવેલી નહી. નામદાર

	એ.આઇ.આર.૧૯૭૦, દિલ્હી પાના નં.૧૦૨	અદાલતે ઠરાવેલું કે, કલમ–૧૨૦(બી), ૧૬૨, ૧૬૩ માટે કરેલી સજા ટકી શકે.
૯	યશવંત વરણીલાલ સંઘવી વિરૂધ્ધ સહદેવસિંગ દીલુભા ઝાલા ૨૦૦૪(૦૪). ક્રાઇમસ, ગુજરાત પાના નં.૨૦	સેન્ટ્રલ ગવર્મેન્ટ કે સ્ટેટ ગવર્મેન્ટની મંજૂરી પ્રથમ બાતમી રીપોર્ટ નોંધતી વખતે કે પોલીસ તપાસ શરૂ કરવા માટે જરૂરી નથી.
૧૦	સ્ટેટ ઓફ પંજાબ વિરૂધ્ધ સુરેન્દ્રસિંહ ૧૯૯૨, ક્રિ.લૉ.જ., પંજાબ અને હરીયાણા. પાના નં.૧૩૩૦ (ડી.બી)	બે વર્ષ કે તેથી વધારે સજા પાત્ર ગુના મુજબનો ગુનો કરવાના કાવતરા માટે મંજૂરી જરૂરી નથી.
૧૧	હરી હિરાલાલ યાદવ વિરૂધ્ધ સ્ટેટ ઓફ બિહાર ૧૯૭૭, ક્રિ.લૉ.જ. પટણા. પાના નં.૩૬	ભારતીય દંડ સંહિતાની કલમ–૧૨૦બી મુજબના ગુનાનું કોગ્નીઝન્સ લેવું તે કાયદા મુજબ નકામુ છે પરંતુ કલમ–૧૨૦બી સાથે બીજા પણ ગુનાનુ કોગ્નીઝન્સ લીધુ હોય ત્યારે ક્રિ.પ્રો.કોડની કલમ–૧૯૬ (૨)ની કોઇ અસર થતી નથી.
૧૨	સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ શાહનવાઝ અબ્દુલ ગફાર ભટ્ટી	પેરા નં.૯.૬ થી ૯.૧૦ મુજબ મંજૂરી આપનારને તપાસ્યા અને પોતાની સહીઓ ઓળખી બતાવી. નામદાર અદાલતે ઠરાવેલું કે, આ મંજૂરી માઇન્ડ એપ્લાય

	(૨૦૦૮)૦૧ જી.એલ.આર. ગુજરાત પાના નં.૩૪૬(ડી.બી.)	કર્યા વિના આપવામાં આવી છે તેમ ના કહેવાય.

<u>આર્મ્સ એકટની કલમ–૩૯ અંગે ચુકાદાઓઃ–</u>

અ.નં.	ચુકાદો	ચુકાદામાં નિર્ણીત મુદ્દાઓ પૈકીઆર્મસ એકટની કલમ–૩૯ અંગે નિર્ણીત થયેલો મુદ્દો
૧	ગયા દીન વિરૂધ્ધ સ્ટેટ એ.આઇ.આર.૧૯૫૮, અલ્લાહાબાદ પાના નં.૩૯	મંજૂરી આપનાર અધિકારીએ ફકત (પ્રોસીકયુટ) લખેલું. નામદાર અદાલતે ઠરાવેલું કે પુરાવાના કાયદાની કલમ–૧૧૪ની જોગવાઇ મુજબ "ગુડ" સારો કહેવાય. મંજૂરી આપનાર અધિકારીએ મંજૂરી આપતા પહેલા પુખ્ત વિચારણા કરી છે તેવું અનુમાન થઇ શકે.
૨	સ્ટેટ વિરૂધ્ધ સાગર મલ એન્ડ અધર્સ એ.આઇ.આર.૧૯૫૧, અલ્લાહાબાદ પાના નં.૫૧૫	મંજૂરી પુરવાર કરવા માટે કોઇ વ્યકિતએ સાહેદ તરીકે બોકસમાં આવીને મંજૂરી પુરવાર કરવાની જરૂર નથી.મંજૂરી ચાર્જશીટ સાથે રજૂ કરવામાં આવેલી હતી. મંજૂરીનો દસ્તાવેજ તે જાહેર દસ્તાવેજ છે. તેની નકલ પુરાવાના કાયદાની કલમ–૭૬ હેઠળ પ્રમાણિત કોપી તરીકે રજૂ કરી શકાય. અસલ મંજૂરી રજૂ થયેલી હોય ત્યારે પુરાવાના કાયદાની કલમ–૭૭ હેઠળ વિધી પૂર્વક સાબિત થાય તે જરૂરી નથી.
૩	સોહનલાલ વિરૂધ્ધ	મંજૂરી આપનાર અધિકારની સમક્ષ કયા દસ્તાવેજો કે સામગ્રી મુકવામાં આવેલી તે

	સ્ટેટ ઓફ રાજસ્થાન ૧૯૮૨, રાજસ્થાન એલ.ડબલ્યુ. પાના નં.૩૭૧	કાયદાની જરૂરીયાત નથી. SHO નો રીપોર્ટ ડિસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટ સમક્ષ મુકવો જોઇએ તે પણ જરૂરી નથી.
૪	રાજેન્દ્ર અને વિજય વિરૂધ્ધ સ્ટેટ(૧૯૮૬)૧ ક્રાઇમ્સ પાના નં.૪૫૭ દિલ્હી	સાહેદ સોગંદ ઉપર જુબાની આપે કે મે મંજૂરી આપનારના હસ્તાક્ષરો જોયેલાં છે અને તેમ કહી મંજૂરી આપનારના હસ્તાક્ષર ઓળખી બતાવેલા. નામદાર અદાલતે ઠરાવ્યું કે આ પુરાવો સારો છે, મંજૂરી પુરવાર થયેલી ગણાય.

<u>એક્ષપ્લોઝીવ સબસ્ટન્સીસ એકટની કલમ–૦૭ અંગે ચુકાદાઓઃ–</u>

અ.નં.	**ચુકાદો**	**ચુકાદામાં નિર્ણીત મુદ્દાઓ પૈકી એક્ષપ્લોઝીવ સબસ્ટન્સીસ એકટની કલમ–૦૭ અંગે નિર્ણીત થયેલો મુદ્દો**
૧	જગતનારાયણ ઉપાધ્યાય વિરૂધ્ધ સ્ટેટ ઓફ બિહાર (૧૯૯૩)૦૧ BLJ પાના નં.૪૭૩	આ કાયદા હેઠળ મંજૂરી સેન્ટ્રલ ગવર્મેન્ટ અથવા સ્ટેટ ગવર્મેન્ટના રાજયપાલને પાવર ડેલીગેટ કરે અથવા ગવર્મેન્ટના સેક્રેટરીના હોદ્દાથી નીચેના હોય તેને મંજૂરીની સત્તા આપી શકે. સરકારના મંજૂરી ઇન્સાફી કાર્યવાહીના તબકકે જરૂરી છે. સંજ્ઞાન લેતી વખતે મંજૂરી જરૂરી નથી. મંજૂરીનો બચાવ ઇન્સાફી કાર્યવાહીના તબકકે લઇ શકાય તે પહેલા નહિ.

૨	પબ્લીક પ્રોસીક્યુટર હાઇકોર્ટ ઓફ આંધ્રપ્રદેશ વિરૂધ્ધ ડિ.પી.એન. વીરા રેડ્ડી (૧૯૮૭) ૧ ક્રાઇમ્સ પાના નં.૫૪	તપાસ કરનાર અધિકારીએ મંજૂરી વિના ચાર્જશીટ દાખલ કરેલુ હોય તો તે અધૂરૂ ચાર્જશીટ નથી. તપાસ પૂર્ણ થયા પછી મંજૂરી આપવામાં આવે તો તે કાયદેસર અને ન્યાયોચિત છે.
૩	એ.આઇ.આર.૧૯૬૨, અલ્લાહાબાદ પાના નં.૩૨૨	એક્ષપ્લોજીવ સબસ્ટન્સીસ એકટની કલમ–૬ હેઠળ સેન્ટ્રલ ગવર્મેન્ટ પાવર ડેલીગેટ કરે તો તે કાયદેસર છે અને તે મુજબ રાજયપાલશ્રી મંજૂરી આપે તો તે પડકારી શકાય નહિ.
૪	બચ્ચનસિંઘ વિરૂધ્ધ સ્ટેટ ઓફ પંજાબ ૧૯૯૬ (૨) ક્રાઇમ્સ પાના નં.૪૫૯ પંજાબ અને હરીયાણા.	જયારે સેન્ટ્રલ ગવર્મેન્ટે ડિસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટને કલમ–૭ હેઠળ પ્રોસીકયુશનની મંજૂરી આપવાની સત્તા આપી હોય અને તે આધારે ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટનાઓએ કલમ–૭ હેઠળ મંજૂરી આપી હોય તો તે ખામીવાળી છે કે ગેરકાયદેસર છે તેમ કહેવાય નહી.
૫	મોહમદ અસદ વિરૂધ્ધ સ્ટેટ ઓફ બિહાર, ૨૦૦૨ (૦૩) PLJR પાના નં.૩૬૬ પટણા.	મંજૂરીમાં દરેક આરોપીઓના નામ જણાવ્યા ના હોય પરંતુ આરોપીઓના નામો " FIR" મુજબ લખ્યુ હોય તો તેવી મંજૂરી પણ કાયદેસર અને ન્યાયોચિત છે.

૬	સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ શાહનવાઝ અબ્દુલગફાર ભટ્ટી(૨૦૦૮)૦૧ GLR પાના નં.૩૪૬ ગુજરાત ડિવીઝન બેન્ચ	ચુકાદાના પેરા નં.૯.૧, ૯.૨, ૯.૩, ૯.૪ અને ૯.૫ મુજબ ડિસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટના કલાર્કની જુબાની લેવામાં આવેલી. તેણે મંજૂરીઓ રજૂ કરેલી અને તે મંજૂરીઓમાં ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટની સહીઓ ઓળખી બતાવેલી. ઊલટતપાસમાં તેણે કબૂલ કરેલું કે, મંજૂરીઓ અંગે વ્યકિતગત જ્ઞાન નથી. મંજૂરીઓ આઠ આરોપીઓ સામે હતી. નામદાર અદાલતે ઠરાવેલું કે, એવું કહી શકાય નહી કે આ મંજૂરીઓ માઇન્ડ એપ્લાય કર્યા વગર આપેલી છે. ફરિયાદપક્ષે મંજૂરી આપનારને તપાસવા જોઇએ તે જરૂરી નથી.

આમ, ઉપર મુજબની વિગતે ક્રિ.પ્રો.કોડની કલમ–૧૯૬, અનલોફુલ એકટીવીટી એકટની કલમ–૭૫ તથા એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ–૭ મુજબ આરોપીઓ સામે ગુનાની ઇન્સાફી કાર્યવાહી શરૂ કરવા તપાસ કરનાર અધિકારીઓએ જુદા–જુદા સક્ષમ અધિકારીઓને દરખાસ્તો કરેલી તે તપાસ કરનાર અધિકારીની જુબાનીઓ તથા જુદા–જુદા કાયદા હેઠળ મંજૂરી આપનાર અધિકારીઓની જુબાનીઓ, કાયદાની જોગવાઇઓ, બંને પક્ષની દલીલો તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના તેમજ જુદી–જુદી નામદાર હાઇકોર્ટોના ઉપરોકત વિગતે દર્શાવેલ ચુકાદાઓ ધ્યાને લેતાં તમામ દરખાસ્તો અને દરખાસ્તો સંદર્ભે આપવામાં આવેલી મંજૂરીઓ કાયદેસરની મંજૂરીઓ છે તેમ હુ માનું છું. ફરિયાદપક્ષ દ્વારા આ તમામ દરખાસ્તો અને મંજૂરીઓ કાયદેસર રીતે પુરવાર થાય છે.

(૮૪) ફેર ટ્રાયલ વિશે...

બચાવપક્ષ તરફથી વિ.વ.શ્રી આર.કે.શાહ "ફેર ટ્રાયલ"ના મુદ્દા ઉપર દલીલ કરતા જણાવે છે કે, આ કામમાં ફરિયાદપક્ષ દ્વારા કુલ–૨૦ જેટલા સાહેદોના નામો ચાર્જશીટમાં જાહેર કરેલા નથી. ફરિયાદપક્ષ જે સાહેદો ઉપર આધાર રાખતા હોય તે તમામ સાહેદોના નામો તપાસ કરનાર અધિકારીએ ચાર્જશીટમાં દર્શાવવા જોઈએ. પરંતુ આ કામમાં ફરિયાદપક્ષ દ્વારા કુલ–૨૦ જેટલા સાહેદોના નામો ચાર્જશીટમાં દર્શાવેલા નથી પરંતુ તેઓના નામો ગુપ્ત રાખવામાં આવેલાં છે. આ સંબંધમાં વકીલશ્રી આર. કે. શાહે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૭૩ (૬) વંચાણે લીધી છે.

<u>કલમ–૧૭૩:–</u> પોલીસ તપાસ પૂર્ણ થતા પોલીસ અધિકારીને હવે,

(૧)... (૨)... (૩)... (૪)... (૫)...

(૬) <u>જો પોલીસ અધિકારીનો અભિપ્રાય એવો થાય કે, આવો નિવેદનોનો કોઇ ભાગ કાર્યવાહીની વિષયવસ્તુ સાથે પ્રસ્તુત નથી અથવા આરોપીને તેની જાણ કરવી ન્યાયના હિતમાં જરૂરી નથી તથા જાહેર હિત માટે અનુચિત છે, તો તે નિવેદનો તેનો ભાગ દર્શાવે છે તથા આરોપીને આપવાના નિવેદનોની નકલમાંથી તે ભાગ દુર કરવા મેજિસ્ટ્રેટને વિનંતી કરતા તથા આવી વિનંતી કરવા માટેના કારણો દર્શાવતી નોંધ જોડશે.</u>

વધુમાં વકિલ શ્રી આર. કે. શાહ અનલોફુલ એકટીવીટીઝ (પ્રિવેન્શન) એકટની કલમ–૪૪ પણ વંચાણે લીધેલ છે.

<u>કલમ–૪૪ સાહેદનું રક્ષણ:–</u>

(૧) ....

(૨) સરકારી વકિલશ્રી અથવા કેસના સાક્ષી પોતાની રીતે પોતાનું નામ ગુપ્ત રાખવા માટે અદાલતને અરજી કરે અને અદાલતને સંતોષ થાય કે સાહેદનું જીવન ખતરામાં છે અથવા મુકાશે તો અદાલત લેખિતમાં કારણોની નોંધ કરી સાક્ષીની ઓળખ, સરનામું છુપુ રાખવા માટે પરવાનગી આપશે.

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૭૩ની પેટા કલમ–૫ મુજબ જે સાહેદને ફરિયાદપક્ષ તપાસવા માંગતા હોય તેના નિવેદનની નકલ એક નિયમ તરીકે અદાલતમાં અહેવાલની સાથે મુકવી જોઈએ અને બચાવપક્ષને પણ આપવી જોઈએ. પેટા કલમ–૫ ને પેટા કલમ–૬ થી અપવાદ આપવામાં આવેલો છે. નિવેદનમાં નોંધવામાં આવ્યુ હોય પરંતુ કાર્યવાહીની વિષયવસ્તુને તે પ્રસ્તુત ન હોય તો નિવેદનને તેવો ભાગ એટલે કે તેવી નકલ આપવી આવશ્યક નથી. કોઇ નિવેદનમાં આરોપીને તેની જાણ કરવી ન્યાયના હિતમાં જરૂરી ન હોય અને પોલીસ અધિકારીને એવો અભિપ્રાય થાય કે, જાહેરમાં તેવી નકલ આપવી અનુચિત છે તો તે માટેના કારણોની નોંધ કરી પોલીસ અધિકારી તેવી નકલ ન આપવા માટે વિનંતી કરી શકે. આ કેસમાં કુલ–૨૦ જેટલા સાહેદોને ગુપ્ત સાહેદો તરીકે તપાસ કરનાર અધિકારીએ ચાર્જશીટમાં બતાવેલા છે. આ તબકકે વ.શ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, ક્રિમીનલ પ્રોસીજર કોડમાં સાક્ષીની ઓળખ છુપાવવાની કોઇ જોગવાઇ નથી પરંતુ ક્રિમીલ પ્રોસીજર કોડની કલમ–૧૭૩ (૬)ની જોગવાઇ પ્રમાણે તપાસ કરનાર અધિકારીને આ સાહેદોના નિવેદનો કે તેમની ઓળખ આરોપીઓ સમક્ષ જાહેર કરવી યોગ્ય લાગેલ નહિ માટે તપાસ કરનાર અધિકારીએ કુલ–૨૦ જેટલા સાહેદોના નિવેદનો અને તેમની ઓળખ ગુપ્ત રાખેલ છે. વ.શ્રી આર. કે. શાહ દલીલ કરતા જણાવે છે કે, અનલોફુલ એકટીવીટીઝ (પ્રિવેન્શન) એકટની કલમ–૪૪ મુજબ કેસમાં સાહેદ અરજી આપે અથવા સરકારી વકીલશ્રી અરજી આપે કે, સાહેદના જીવનું જોખમ છે અને અદાલતને સંતોષ થાય તો સાહેદોના નામો ગુપ્ત રાખવાની સત્તા અદાલતને

છે, પોલીસને આવી કોઇ સત્તા નથી. સરકારી વકીલશ્રીએ કે સાહેદોએ પોતાના નામો અથવા ઓળખ ગુપ્ત રાખવા માટે કોઇ અરજી આપી નથી પરંતુ મારા મત પ્રમાણે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૭૩(૬) મુજબ પોલીસ અધિકારીને યોગ્ય લાગે તો નામો ગુપ્ત રાખી શકેશે. અનલોફુલ એકટીવીટીઝ (પ્રિવેન્શન) એકટની કલમ–૪૪ પ્રમાણે સાહેદ અથવા સરકારી વકીલશ્રી પોતાની ઓળખ અને નામો ગુપ્ત રાખવા અરજી આપી શકે છે પરંતુ સાહેદ કે સરકારી વકીલશ્રીએ સાહેદોની ઓળખ ગુપ્ત રાખવા માટે અરજી આપી ન હોય તેથી કરીને કોઇ ગેરકાયદેસરતા ઉભી થતી નથી. તપાસ કરનાર અધિકારી ગુનાની તપાસ કરે છે અને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૭૩ મુજબ અદાલતમાં ચાર્જશીટ દાખલ કરે છે. ચાર્જશીટમાં જો સાહેદનું નિવેદન ગુપ્ત રાખ્યું હોય તો તે તપાસ કરનાર અધિકારીએ રાખ્યું હોય છે. સરકારી વકિલશ્રીની ભૂમિકા અદાલતમાં કેસની ઇન્સાફી કાર્યવાહી શરૂ થાય ત્યારથી શરૂ થાય છે માટે તપાસ કરનાર અધિકારી સાહેદોના નામો ચાર્જશીટમાં ગુપ્ત રાખે તો તે અયોગ્ય નથી.

વધુમાં બચાવપક્ષ તરફથી વિ.વ.શ્રી આર. કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, તા.૨૯/૦૬/૨૦૧૨ ના રોજ આંક–૪૩૩ થી ગુપ્ત સાહેદોના નામો જાહેર કરવા માટે અદાલતને અરજી આપવામાં આવેલી. ફરિયાદપક્ષ દ્વારા તે અરજીનો આંક– ૪૬૬ થી જવાબ આપવામાં આવેલો. પરંતુ આંક–૪૩૩થી અરજી હેઠળ હુકમ થયેલો નહિ. આંક–૪૬૬ ના જવાબ ઉપર તા.૦૩/૦૭/૨૦૧૫ નારોજ અદાલતે હુકમ કરેલો છે. આરોપીઓ દ્વારા ગુપ્ત સાહેદોના નામો જાહેર કરતી અરજી સને–૨૦૧૨ ની સાલમાં આપવામાં આવેલી અને અદાલતે આંક–૪૬૬ ઉપર હુકમ સને–૨૦૧૫ ની સાલમાં કરેલો છે. આમ, ત્રણ વર્ષના સમય દરમ્યાન સાહેદો ઉપર કોઇ જોખમ ઉભું થયેલું નથી. વકીલશ્રી આર. કે. શાહની આ દલીલ સાથે હું સંમત નથી કારણ કે, ચાર્જશીટમાં ગુપ્ત સાહેદોના નામો દર્શાવેલા નથી. આ સાહેદોને એ, બી, સી, ડી,.. તે રીતે દર્શાવેલાં છે. જયાં સુધી આ સાહેદોના નામ, સરનામાં કે ઓળખ જાહેર ન થાય ત્યાં સુધી સાહેદના જીવ ઉપર જોખમ ઉભું થવાનો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. સને–

૨૦૧૨ની સાલથી લઈને ૨૦૧૫ની સાલ સુધી સાહેદોની ઓળખ કે નામો જાહેર થયેલા નથી જેથી આ સમય દરમ્યાન સાહેદો ઉપર કોઇ જોખમ ન હતું. વધુમાં વકીલ શ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, આંક–૪૪૬ અદાલતે અંશતઃ રીતે મંજૂર કરેલ અને આંક–૪૩૩ ઉપર તા.૦૩/૦૭/૨૦૧૫ ના રોજ અદાલતે ભેગો હુકમ કરેલો હતો. ત્યારબાદ આરોપીઓના વકીલશ્રીઓએ તા.૧૭/૦૬/૨૦૧૫ ના રોજ આંક–૨૮૮૧ થી અરજી આપેલી. આંક–૪૩૩ તથા આંક–૨૮૮૧નો ભેગો હુકમ તા.૦૩/૦૭/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલો છે અને બંને અરજીઓ અદાલતે અંશતઃ મંજૂર કરેલ છે. અદાલતે એવો હુકમ કરેલો છે કે, ગુપ્ત સાહેદની જુબાની શરૂ કરવાના ત્રણ દિવસ પહેલા ગુપ્ત સાહેદનું નામ તથા ઓળખ જાહેર કરવી. મારા મત પ્રમાણે આ હુકમ મારા અગાઉના ન્યાયાધીશ સાહેબે કરેલો છે જે હુકમ અયોગ્ય છે કે ગેરકાયદેસર છે તેમ કહેવાય નહિ. આ હુકમ પ્રમાણે ગુપ્ત સાહેદની જુબાની શરૂ કરતા પહેલા ત્રણ દિવસ અગાઉ બચાવપક્ષને ગુપ્ત સાહેદનું નામ અને ઓળખ આપી દેવામાં આવી હતી. જેથી કરીને પણ તેઓ તે સાહેદની ઊલટતપાસ માટે વાજબી રીતે તૈયારી કરી શકે અને તે પ્રમાણે ફરિયાદપક્ષ દ્વારા જેટલા પણ ગુપ્ત સાહેદને તપાસવામાં આવેલાં છે તે તમામ સાહેદોની બચાવપક્ષ દ્વારા વાજબી ઊલટતપાસ થયેલ છે અને ઊલટતપાસ કરવાની પૂરી તક મળેલી છે.

વધુમાં વિ.વ.શ્રી આર.કે.શાહ દલીલ કરતા એમ પણ જણાવે છે કે, અદાલતના કોઇપણ જાતના હુકમ વિના તપાસ કરનાર અધિકારીઓએ તા.૦૩/૦૭/૨૦૧૫ સુધી ગુપ્ત સાહેદોના નામો છુપા રાખેલા છે. પરંતુ મારા મત પ્રમાણે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૭૩(૬) મા જણાવ્યા મુજબ તપાસ કરનાર અધિકારીને ગુપ્ત સાહેદોના નામો તથા ઓળખ ચાર્જશીટમાં છુપી રાખવાનું યોગ્ય લાગેલું જેથી તેણે નામો ચાર્જશીટમાં છુપા રાખેલાં છે. વકીલ શ્રી આર.કે. શાહ એવી પણ દલીલ કરે છે કે, આ સાહેદોની બચાવપક્ષને ઊલટતપાસ કરવાની પુરતી તક મળી નથી અને આરોપીઓને ઘણો અન્યાય થયેલો છે. ઇન્સાફી કાર્યવાહીમાં કોઇ વાજબીપણું રહેલું નથી પરંતુ મારા મત પ્રમાણે

વકીલશ્રી આર. કે.શાહ અદાલત ઉપર આક્ષેપો કરે છે તેમ કહી શકાય કારણ કે, આ અદાલતમાં ગુપ્ત સાહેદોની વાજબી અને પુરતી ઊલટતપાસ કરવાની તક તમામ આરોપીઓના તમામ વકીલશ્રીઓને આપવામાં આવેલી છે. અને દરેક ગુપ્ત સાહેદોની વિસ્તૃત અને લંબાણપૂર્વકની ઊલટતપાસો કરી છે. આ ચુકાદો લખાય છે ત્યાં સુધી તેઓને અન્યાય થયો છે તેવી કોઇ રજૂઆત લેખિતમાં કે મૌખિકમાં કરેલ નથી. આ કેસની ઇન્સાફી કાર્યવાહી કાયદા મુજબ અને વાજબી રીતે થયેલ છે. જેથી વકીલશ્રી આર. કે. શાહના આક્ષેપો સાથે હું સંમત નથી. આ ગુપ્ત સાહેદની ઓળખ ગેરકાયદેસર રીતે છુપી રાખવામાં આવેલી નથી તેમ હું સ્પષ્ટ માનું છું. વધુમાં વકીલશ્રી આર. કે. શાહ દલીલ કરતા જણાવે છે કે, આ કામમાં કુલ–૨૬ ગુપ્ત સાહેદો બતાવવામાં આવેલાં છે અને તે પૈકીના કુલ–૧૦ સાહેદોને ફરિયાદપક્ષે તપાસેલા છે અને બીજા સાહેદોને તપાસેલા નથી. ફરિયાદપક્ષ દ્વારા બીજા સાહેદોને નહિ તપાસવાનું કોઇ કારણ જણાવેલું નથી . પરંતુ મારા મત પ્રમાણે કેટલા સાહેદો તપાસવા તેનો અધિકાર સરકારી વકીલશ્રી પાસે હોય છે. કેટલા સાહેદોને નહી તપાસવા અને કેટલા સાહેદોને તપાસવા તે સરકારી વકીલશ્રીએ નકકી કરવાનું હોય છે તેમાં બચાવપક્ષ કે અદાલત હસ્તક્ષેપ કરી શકે નહિ. સાહેદને કેમ તપાસ્યા નથી તેના કારણો ફરિયાદપક્ષે આપવા જોઇએ તેવી કોઇ આદેશાત્મક જોગવાઇ નથી અને તેવા કારણો આપવા સરકારી વકીલશ્રી બંધાયેલા પણ નથી. વ.શ્રી આર. કે. શાહ દલીલ કરતા જણાવે છે કે, આ કામમાં ફરિયાદપક્ષનો પુરાવો પુરો થઇ ગયા પછી ફરિયાદપક્ષે ગુપ્ત સાહેદોના નામો જાહેર કરેલ છે. ફરિયાદપક્ષને શંકા હતી કે આ ગુપ્ત સાહેદોના નામો જાહેર થશે તો ગુપ્ત સાહેદો ફરી જશે પરંતુ તેઓની આ દલીલ સાથે પણ હું સંમત નથી. સાહેદોના નામો એટલા માટે ગુપ્ત રાખેલા છે કે આ ગંભીર પ્રકારનો ગુનો છે અને કુલ–૮૦ જેટલા આરોપીઓ પૈકી ૭૮ આરોપીઓ છેલ્લા ૧૨ વર્ષથી અન્ડર ટ્રાયલ પ્રિઝનર તરીકે છે. ગુનાની ઇન્સાફી કાર્યવાહી રોજે રોજ ચાલી રહી છે. આવા ગંભીર પ્રકારના ગુનામાં સાહેદોને આરોપીઓ વિરૂધ્ધ જુબાની આપવામાં ઘણો ડર અને ભય રહેતો હોય છે તેના કારણે ગુપ્ત સાહેદોના નામો અને ઓળખ ગુપ્ત રાખવાના

હોય છે. સાહેદ ફરી જશે અથવા ફરિયાદપક્ષને સમર્થન નહિ કરે તે કારણથી ગુપ્ત સાહેદોના નામો તથા ઓળખ ગુપ્ત રાખવામાં આવેલ નથી તેમ હું માનું છું. આ સંબંધમાં વકીલશ્રી આર. કે. શાહ નીચે મુજબના ચુકાદાઓ ઉપર આધાર રાખે છે.

અ.નં.	**ચુકાદો**	**ચુકાદામાં નિર્ણીત મુદ્દાઓ પૈકીનો પોલીસ તપાસ અંગે નિર્ણીત થયેલો એક મુદ્દો**
૧	કરતારસિંઘ વિરૂધ્ધ સ્ટેટ ઓફ પંજાબ ૧૯૯૭, ક્રિમીનલ લૉ જર્નલ, પાના નં.૩૧૩૯	પેરા–૩૭૦ મુજબ રોલ ઓફ પોલીસ માટેનો ચુકાદો છે. આ કેસમાં ગુપ્ત સાહેદોના નામો પોતાની મરજીથી ગુપ્ત રાખેલા છે. આ ચુકાદા મુજબ પોલીસે વાજબી રીતે યોગ્ય વર્તન કરવું જોઈએ.
૨	ઝહિરા હબીબ ઉલ્લાહ શેખ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૦૪, ક્રિમીનલ લૉ જર્નલ, પાના નં.૨૦૫૦, સુપ્રિમ કોર્ટ	પેરા–૩૯ મુજબ બનાવનું સત્ય શોધવા માટે પોલીસે વાજબી રીતે અને પ્રમાણિકતાથી કૃત્ય કરવાનું રહેશે. ગુનાની પોલીસ તપાસમાં પ્રમાણિકતાનો અંશ હોવો જોઈએ.

હાલના કેસમાં તપાસ કરનાર અધિકારીઓ દ્વારા વાજબી રીતે અને યોગ્ય વર્તન કરવામાં આવેલું નથી તે સંબંધમાં બચાવપક્ષ તરફથી આક્ષેપો સિવાય બીજી કોઇ સબળ રજૂઆતો નથી. આ કેસમાં તપાસ કરનાર અધિકારીઓએ તપાસ ટીમો બનાવીને કુલ–૨૦ જેટલા બનાવોની પ્રમાણિક રીતે તપાસો કરેલ છે તેમાં કોઇ શંકાને સ્થાન નથી માટે આ બંને ચુકાદાઓ બચાવપક્ષની હકીકતને મદદરૂપ થતા નથી તેમ હું માનું છું.

બચાવપક્ષના વકીલશ્રીઓની ગુપ્ત સાહેદો બાબતે કરવામાં આવેલી દલીલના સંબંધે વિદ્વાન સરકારી વ.શ્રી એચ.એમ.ધ્રુવ જવાબ આપતા જણાવે છે કે, ચાર્જશીટમાં સાહેદોના નામો ગુપ્ત રાખવામાં આવેલા તેથી કરીને બચાવપક્ષને કોઇ પૂર્વગ્રહ થયેલો નથી. આંક–૪૩૩ અને ૪૩૪ હેઠળ આ અદાલતે કરેલા હૂકમ મુજબ ગુપ્ત સાહેદની જુબાની શરૂ કરતા પહેલા ત્રણ દિવસ અગાઉ ગુપ્ત સાહેદના નામો જાહેર કરેલાં અને ત્યારબાદ ગુપ્ત સાહેદની જુબાની નોંધવામાં આવેલી છે. જુબાનીઓ નોંધ્યા બાદ બચાવપક્ષ તરફથી સાહેદોની સંપૂર્ણપણે દરેક મુદ્દા ઉપર ઊલટતપાસો કરવામાં આવેલી છે. જેથી ઊલટતપાસ વાજબીરીતે થઇ શકી નથી તે માની શકાય નહીં. તેઓની આ દલીલ સાથે સંમત છું. બચાવપક્ષના તમામ વકીલશ્રીઓએ ગુપ્ત સાહેદની વિગતવાર ઊલટતપાસ કરેલી છે. સાહેદની ઊલટતપાસ વાજબી રીતે થઇ શકી નથી તેવી રજૂઆત કે તેવી કોઇ અરજી આ અદાલતને આપવામાં આવેલી નથી એટલુ જ નહી બચાવપક્ષના વકીલશ્રીઓએ કોઇ ગુપ્ત સાહેદની ઊલટતપાસ માટે રી કોલ કરવા પણ કોઇ અરજી આપેલ નથી. આ સંબંધમાં સરકારી વ.શ્રી એચ.એમ.ધ્રૂવ કરતારસિંઘ વિરૂધ્ધ સ્ટેટ ઓફ પંજાબ,૧૯૯૪, ક્રિમીનલ લૉ જર્નલ,પાના નં.૩૧૩૯ તથા પીપલ્સ યુનિયન ફોર સિવિલ લીબર્ટી વિરૂધ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા–૨૦૦૫, સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ), પાન નં.૧૯૦૫ના ચુકાદાઓ વંચાણે લીધેલા છે.

વિ.વ.શ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, અમદાવાદમાં થયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોની કુલ–૨૦ ફરિયાદો દાખલ થયેલ અને તેના ચાર્જશીટો થયેલા છે. જે રીતે સુરતમાં બોમ્બ પ્લાન્ટેશનના જે બનાવો બનેલા તે બનાવોની ફરિયાદો પણ સુરતમાં દાખલ થયેલ અને તે બનાવોની ચાર્જશીટ પણ થયેલા છે. સુરત બોમ્બ પ્લાન્ટેશના બનાવો તેમજ અમદાવાદમાં થયેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોની ઇન્સાફી કાર્યવાહી અમદાવાદ ખાતે થાય તે માટે નામદાર ગુજરાત હાઇકોર્ટનું જાહેરનામું ફરિયાદપક્ષ દ્વારા આંક–૮૫૪૭ થી રજૂ થયેલ છે. વકીલશ્રી આર. કે. શાહ દલીલ કરે છે કે, આંક–૮૫૪૭ ના જાહેરનામાં દ્વારા સુરત બોમ્બ પ્લાન્ટેશનના કેસો પણ અમદાવાદ ખાતે ટ્રાન્સફર થયેલા છે. આ ગુનાઓની ઇન્સાફી કાર્યવાહી કુલ–૧૫ જેટલા બનાવોની સંયુકત રીતે ભેગી ચાલી છે. આ ભેગી ઇન્સાફી કાર્યવાહી થવાને કારણે આરોપીઓને પૂર્વગ્રહ થયેલો છે. સુરત બોમ્બ પ્લાન્ટેશનના કેસોને અને અમદાવાદ બોમ્બ બ્લાસ્ટનાને કેસોને કોઇ સંબંધ નથી. વ.શ્રી આર. કે. શાહે આ સંબંધમાં ક્રિ.પ્રો.કોડની કલમ–૧૮૫ વંચાણે લીધેલી છે.

કલમ–૧૮૫:–અલગ અલગ સેશન્સ વિભાગમાં કેસોની ઇન્સાફી કાર્યવાહી ચલાવવા આદેશ કરવાની સત્તા:–

આ પ્રક્રિયાની આ પહેલાની જોગવાઇમાં કોઇપણ પ્રબંધ હોય છતાં, રાજય સરકાર કોઇપણ જિલ્લામાં ઇન્સાફી કાર્યવાહી માટે મોકલવામાં આવેલ (કમિટ કરેલ) કેસને કે કોઇ વર્ગના કેસોની ઇન્સાફી કાર્યવાહી કોઇપણ સેશન્સ વિભાગમાં ચલાવવા આદેશ કરી શકે છે.

પરંતુ, સંવિધાન અથવા આ સંહિતા અથવા તત્તસમયે અમલમાં હોય તેવા કોઇ કાનુન હેઠળ ઉચ્ચ અદાલતે કે સર્વોચ્ચ અદાલતે પહેલા આપેલ નિર્દેશથી વિસંગત આવો આદેશ ન હોય.

ઉપરોકત જોગવાઇ વંચાણે લઇ, વ.શ્રી આર. કે. શાહ દલીલ કરે છે કે, સેશન્સ કેસ ટ્રાન્સફર કરવાની સત્તા રાજય સરકારને છે પરંતુ તેવી દલીલ સાથે હું સંમત નથી.ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૮૫ ની જોગવાઇ પ્રમાણે રાજય સરકારને કોઇપણ સેશન્સ વિભાગમાંથી બીજા સેશન્સ વિભાગમાં ગુનાની ઇન્સાફી કાર્યવાહી ચલાવવાનો આદેશ કરવાની સત્તા છે પરંતુ આ કલમની જોગવાઇ મુજબ કોઇ કાનૂન હેઠળ ઉચ્ચ અદાલત કે સર્વોચ્ચ અદાલતે પહેલા આપેલ કોઇ નિર્દેશથી વિસંગત એવો આદેશ ન હોય. આ કેસમાં સુરત ખાતે બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવો અમદાવાદ ખાતે સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટમાં ટ્રાન્સફર કરવાનું જાહેરનામું નં.એ/૧૨૪૪/૨૦૦૮, તા.૦૧/૦૯/૨૦૦૮ ના રોજ નામદાર ગુજરાત હાઇકોર્ટે કરેલ છે. નામદાર ગુજરાત હાઇકોર્ટનું આ જાહેરનામું સત્તા વિનાનું કે ગેરકાયદેસર છે તેવું હરગિજ કહી શકાય નહિ. એક સેશન્સ વિભાગમાંથી બીજા સેશન્સ વિભાગમાં સેશન્સ કેસ ટ્રાન્સફર કરવાની નામદાર હાઇકોર્ટને પણ સત્તા છે. જેથી વકીલશ્રી આર. કે. શાહ જણાવતા હોય કે, સુરત બોમ્બ પ્લાન્ટેશનના કેસોને અમદાવાદ બોમ્બ બ્લાસ્ટના કેસો સાથે ભેગા કરવાથી આરોપીઓને પૂર્વગ્રહ થયેલો છે તો તે દલીલ સાથે હું સંમત નથી. ઉલટાનું આરોપીઓને વધારે અનુકૂળતા રહે છે અને રહેલી છે. આરોપીઓને સુરત તેમજ અમદાવાદ આમ બે શહેરોમાં અલગ–અલગ ઇન્સાફી કાર્યવાહીનો સામનો કરવામાંથી મુકિત મળેલી છે. અમદાવાદ તથા સુરતના બનાવો જુલાઇ–૨૦૦૮ ના છેલ્લા અઠવાડિયામાં બનેલા છે. જેથી આ બનાવોનું કાવતરૂ એક જ કહેવાય. વિ.વ.શ્રી આર. કે. શાહ દલીલ કરતા જણાવે છે કે, નામદાર હાઇકોર્ટે બંધારણના આર્ટીકલ–૨૨૭ હેઠળ આ હુકમ કરેલો છે અને તેમણે આંક–૮૫૪૭ વાળુ જાહેરનામું વંચાણે લીધેલું છે અને જણાવે છે કે, સરકાર આ કેસમાં પક્ષકાર છે જેથી રાજય સરકાર નામદાર ગુજરાત હાઇકોર્ટ સમક્ષ ગયેલ છે અને આરોપીઓને સાંભળ્યા વિના બંધારણના આર્ટીકલ–૨૨૭ હેઠળ નામદાર ગુજરાત હાઇકોર્ટે હુકમ કરેલો છે. તેના કારણે પણ આરોપીઓને પૂર્વગ્રહ થયેલો છે. વ. શ્રી. આર. કે. શાહની આ દલીલ છે કે આક્ષેપ છે તે સ્પષ્ટ

નથી. નામદાર ગુજરાત હાઇકોર્ટમાં આરોપીઓને સાંભળવામાં આવેલ નથી તેવી રજૂઆતો આરોપીઓ તરફથી કયાંય કોઇ જગ્યાએ સમગ્ર ઇન્સાફી કાર્યવાહી દરમ્યાન કરવામાં આવેલ નથી. નામદાર હાઇકોર્ટને બંધારણથી મળેલી સત્તાની રૂએ સત્તાનો ઉપયોગ કરેલ છે અને તે આધારે સુરત બોમ્બ પ્લાન્ટેશનના કેસો અમદાવાદ બોમ્બ બ્લાસ્ટના કેસો એકસાથે ચલાવવા સુરત થી અમદાવાદ ખાતે ટ્રાન્સફર કરેલ છે જેના કારણે આરોપીઓને સુરત મુકામે જવુ પડેલુ નથી અને સુરત સેશન્સ કેસમાં તેમજ અમદાવાદ સેશન્સ કેસમાં અલગ–અલગ હાજરી આપવામાંથી મુકિત મળેલી છે. તેથી કરીને પણ એવું કહી શકાય કે સુરત બોમ્બ પ્લાન્ટેશનના કેસો અમદાવાદ ખાતે ટ્રાન્સફર કરવાથી આરોપીઓને લાભ થયેલ છે, પૂર્વગ્રહ થયેલો નથી. ઉપર મુજબની તમામ હકીકત અને ચર્ચા લક્ષ્યમાં લેતા આ ગુનાની ઇન્સાફી કાર્યવાહી ખૂબ જ વાજબી અને ફેર રીતે થયેલ છે તેમા કોઇ શંકાને સ્થાન નથી. આરોપીઓ તરફથી આ કામે ફેર ટ્રાયલ થયેલ નથી તેવો જે બચાવ લેવાનો પ્રયત્ન કરેલો છે તે જાણીજોઇને, ઇરાદાપૂર્વક, સોચી સમજીને અને પૂર્ણ રીતે વિચારીને લીધેલો છે તેમ હું માનું છું. આવો બચાવ લેવાથી તેઓને અન્યાય થયેલો છે, તેઓને બચાવની પુરી તક મળેલ નથી, તેઓને પૂર્વગ્રહ થયેલો છે તેવા વિવિધ મુદ્દાઓ ઉભા કરીને આ બનાવમાંથી અને ચુકાદાના પરિણામમાંથી છટકી શકાય તેવા પ્રયત્નો કરેલ છે તેમ હું માનું છું.

બચાવપક્ષ તરફથી વકીલ શ્રી એલ.આર.પઠાણ "ફેર ટ્રાયલ" બાબતે દલીલ કરતા જણાવે છે કે બચાવ પક્ષ દ્વારા આંક–૯૩૦૦ થી અરજી આપીને દૈનિક વર્તમાન પત્ર સંદેશ તથા ટાઇમ્સ ઓફ ઇન્ડિયાના તંત્રીઓને બચાવના સાહેદો તરીકે તપાસવા માટે અરજી આપવામાં આવેલી હતી પરંતુ નામદાર અદાલત દ્વારા આ અરજી નામંજૂર થયેલી હતી. જેથી આરોપીઓને પૂર્વગ્રહ થયેલો છે. પૂર્વગ્રહ થયેલો હોવાથી ફેર ટ્રાયલ થયેલ નથી. પરંતુ મારા મત પ્રમાણે આ ગુનાની ઇન્સાફી કાર્યવાહી ઘણી જ ફેર રીતે થયેલી છે. તંત્રીઓને તપાસવાની અરજી આ અદાલત દ્વારા નામંજૂર થયેલી છે તે હકીકત સાચી છે. પરંતુ જો આરોપીઓને આ તંત્રીઓને નહીં તપાસવાથી પૂર્વગ્રહ થયેલો હોત તો

તેમની પાસે નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ રીવીઝન કરવા માટેનો હકક હતો. રીવીઝન કરવા માટેની તક પણ હતી તેમ છતાં આરોપીઓ તરફથી તે હકકનો અને તકનો ઉપયોગ કરવામાં આવેલો નથી અને દલીલોના તબકકે દલીલ કરવામાં આવે છે કે દૈનિક વર્તમાન પત્રોના તંત્રીઓને નહીં તપાસવાથી આરોપીઓને પૂર્વગ્રહ થયેલો છે. આ પૂર્વગ્રહ થયાનો આરોપીઓ તરફથી જે બચાવ લેવામાં આવેલો છે તે જાણી જોઈને ઉભો કરેલો બચાવ છે તેમ હું સ્પષ્ટ માનુ છું. વકીલ શ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે આ કામના આરોપીઓ પૈકી અમુક આરોપીઓની અટક સૌ પ્રથમ તપાસ કરનાર અધિકારી વી.આર. ટોળીયાએ તા.૧૬.૮.૨૦૦૮ ના રોજ કરેલ હતી અને તે પહેલા તપાસ કરનાર અધિકારીઓ હાલોલ–પાવાગઢ મુકામે આવેલ ખુંદપીરની દરગાહ ઉપર તપાસ અર્થે ગયેલા હતા. આરોપીઓના ફોટા પણ દૈનિક વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધ થયેલા હતા અને તેથી આ કારણસર સાચી હકીકત રેકર્ડ ઉપર આવે તે માટે તંત્રીઓને તપાસવાની જરૂર હતી. જો તેઓને તપાસેલા હોત તો આરોપીઓની અટક કરતા પહેલા તેઓના ફોટા દૈનિક વર્તમાન પત્રોમાં છપાયેલાની હકીકત સાબીત કરવામાં સહાયક બની હોત અને સાહેદ નં.૧૧૦૫ ઈદ્રીશ ફકીરની જુબાની ખોટી સાબિત કરવામાં આરોપીઓને મદદ થઈ હોત. એટલુ જ નહીં ન્યાયના હિતમાં પણ તંત્રીઓને તપાસવા યોગ્ય ગણાત. પરંતુ મેં અગાઉ ચર્ચા કરી તેમ તંત્રીઓને તપાસવાની અરજી નામંજૂર થયેલી હતી માટે આરોપીઓ માટે નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ રીવીઝન અરજી દાખલ કરવાની તક હતી પરંતુ તેમને નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ રીવીઝન અરજી દાખલ કરેલી નથી. જેથી એવુ કહી શકાય કે આરોપીઓ દૈનિક વર્તમાન પત્રોના તંત્રીઓને સાહેદ તરીકે તપાસવા માંગતા ન હતા પરંતુ ફકત ફેર ટ્રાયલ થયેલુ નથી તેવો બચાવ ઉભો કરવા માટે તંત્રીઓને બચાવના સાહેદ તરીકે તપાસવા માટે અરજી આપેલી હતી. વધુમાં વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે ખુંદપીરની દરગાહ ઉપર તપાસ કરનાર અધિકારીઓ ગયેલા હતા અને પાછળથી મુદ્દામાલ જે કબજે કરવામાં આવેલો છે તે શંકાસ્પદ છે. પરંતુ

તેઓની આ દલીલ સાથે હું સંમત નથી. હાલોલ–પાવાગઢ ખાતે તાલીમ કેમ્પ ગોઠવેલાનો જે આક્ષેપ છે તે તાલીમ કેમ્પોવાળી જગ્યાઓ પાંચ થી છ જેટલી છે અને જો તપાસ કરનાર અધિકારીઓ હાલોલ–પાવાગઢ ખાતે અગાઉ ગયેલા હોય તો તે ખુંદપીરની દરગાહ ઉપર ગયેલા હોય, જંગલોમાં જયાં તાલીમ લીધેલી હતી તે જગ્યા ઉપર ગયેલા નથી તેવો અર્થ થાય. ખુંદપીરની દરગાહ ઉપરથી કોઈ મુદ્દામાલ કબજે કરવામાં આવેલો નથી. પરંતુ આરોપી નં.૧૬ને અટક કર્યા બાદ તેને આપેલી માહીતીના આધારે તપાસ કરનાર અધિકારી સાહંદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ હાલોલ–પાવાગઢ ખાતે જંગલોમાં જે આંતકવાદી તાલીમ કેમ્પ રાખેલો તે જગ્યા ઉપરથી બોલ્ટ, છરો તથા કુટેલા કુગ્ગા પંચોની હાજરીમાં કબ્જે કરેલા છે. દૈનિક વર્તમાન પત્રોના તંત્રીઓને તપાસવા બાબતે વકીલ શ્રી એલ. આર.પઠાણે નીચે મુજબના ચુકાદા ઉપર આધાર રાખેલો છે.

અ.નં.	**ચુકાદો**	**ચુકાદામાં નિર્ણીત મુદ્દાઓ પૈકી ન્યૂઝ પેપરના તંત્રીઓને તપાસવા બાબતે નિર્ણીત થયેલો એક મુદ્દો**
૧	સમંત એન. બાલાક્રિષ્ણા વિરૂધ્ધ જયોર્જ ફર્નાન્ડીઝ સિવિલ અપીલ નં.૮૯૫, ૮૯૬/૧૯૬૮ તા.૧૨.૨.૧૯૬૯	આ ચુકાદા મુજબ જયોર્જ ફર્નાન્ડીઝ મધ્ય પ્રદેશની ચુંટણીમાં ઉભા રહેલા તે વખતે એક હકીકત દૈનિક વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયેલી જે બદનક્ષીકારક હતી માટે જયોર્જ ફર્નાડન્ડીઝ સામે કાનુની કાર્યવાહી શરૂ થયેલી. ઈન્સાફી કાર્યવાહી કરનાર અદાલતે ઠરાવેલુ કે માત્ર સમાચાર પ્રસિધ્ધ થવાથી એવુ ના મનાય કે જયોર્જ ફર્નાન્ડીઝે બદનક્ષી કારક નિવેદન કર્યુ છે. આ ચુકાદાના પેરા–૪૭ મા નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલુ કે દૈનિક વર્તમાન પત્ર સ્વતંત્ર છે.તેની ઉપર મહારાષ્ટ્ર સમિતિનો

		સંપૂર્ણ અંકુશ ન હતો. દૈનિક વર્તમાન પત્ર વાસ્તવિક હકીકત રેકર્ડ ઉપર લાવવામાં મદદ કરે તે ઉત્તમ અને ગૌણ પુરાવો છે અને શકય હોય ત્યાં સુધી તેને બીજા પુરાવા સાથે વિચારણામાં લેવાય.

મેં અગાઉ ચર્ચા કરી તેમ આ અદાલતે દૈનિક વર્તમાન પત્રોના તંત્રીઓને તપાસવા માટેની આંક–૯૩૦૦ ની અરજી નામંજૂર કરેલી હતી તો તેની સામે પોતાના હકક માટે આરોપીઓએ નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ રીવીઝન અરજી દાખલ કરેલી નથી. જેથી કરીને પણ એવુ કહી શકાય કે આરોપીઓ દૈનિક વર્તમાન પત્રના તંત્રીઓને તપાસવા માંગતા ન હતા અને આ અદાલતનો હુકમ માન્ય રાખેલો છે.

આ કેસની ઈન્સાફી કાર્યવાહી ચલાવવા માટે અમો નીચે સહી કરનારને ડેઝીગ્નેટેડ જજ તરીકે નામદાર ગુજરાત હાઈકોર્ટે નિમણૂક કરેલ છે. છેલ્લા ચાર વર્ષથી અમોએ આ કેસની ઈન્સાફી કાર્યવાહી લગભગ રોજે રોજ ચલાવી છે. મહત્વના સાહેદોના પુરાવા અમોએ નોંધેલા છે.બચાવપક્ષના પુરાવા પણ નોંધેલા છે. અદાલત સમક્ષ પુરાવા રજૂ કરી કેસ પુરવાર કરવાની જવાબદારી અને બોજ ફરીયાદપક્ષ ઉપર છે અને તે પુરાવા રજૂ કરે તે તેમની ફરજ છે. બચાવપક્ષને પોતાનો બચાવ કરવાનો સંપૂર્ણ હકક છે. આ હકક રદ ના કરી શકાય તેવો હકક છે. ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન આ અદાલતે અસંખ્ય સમયે નિરીક્ષણ કરેલું છે કે, "ફેરનેસ" બચાવપક્ષ તરફથી રહેલી નથી. આરોપીઓ પોતે આરોપીઓ છે માટે આરોપીઓને કાયદા મુજબ જે હકક આપ્યા છે. જે રક્ષણ આપવામાં આવ્યુ છે તેનો ગેરલાભ ઉઠાવવાના અનેક પ્રયત્નો થયેલા છે. ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન અનેક વખત જુદા–જુદા કારણોસર આરોપીઓએ જુદી–જુદી અરજીઓ આપેલી છે અને બંને પક્ષને સાંભળીને આ અદાલત દ્વારા અરજીઓનો નિર્ણય પણ કરેલો છે. ટુંકમાં આરોપીઓને પૂર્વગ્રહ થાય છે અને પૂર્વગ્રહ થયેલો છે તેવો બચાવ ઉભો કરવાનો પ્રયત્ન શરૂઆતથી જ આરોપીઓ દ્વારા કરવામાં આવેલો

છે કે જેથી કરીને તેઓને કંઈક ફાયદો કે લાભ થાય. આ કેસની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન દરેક તબકકે આરોપીઓને પુરતી તક આપવામાં આવેલી છે જેનો આરોપીઓ દ્વારા ઈન્કાર થઈ શકે તેમ નથી. આ સબંધમાં ફરિયાદપક્ષ તરફથી નીચે મુજબનો ચુકાદો રજૂ કરવામાં આવેલો છે.

અ.નં.	ચુકાદો	ચુકાદામાં નિર્ણીત મુદ્દાઓ પૈકી ફેર ટ્રાયલ અંગે નિર્ણીત થયેલો એક મુદ્દો
૧	સુશીલ અંસાલ વિરૂધ્ધ સ્ટેટ ૨૦૦૭ (૯૮) ડી.આર.જે. પાન નં.૨૪૨	પેરા–૧૦ મુજબ ફેર ટ્રાયલનો અર્થ એવો છે કે આરોપીઓને પુરતી તક આપવામાં આવે. આ તક તહોમતનામાં મુજબ દલીલો કરવાની, સાહેદોની ઊલટતપાસ કરવાની, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ હેઠળ પ્રશ્નોના જવાબ આપવાની, બચાવમાં પુરાવો રજૂ કરવાની અને આખરી દલીલો કરવાની છે. ફેર ટ્રાયલનો અર્થ એવો નથી કે આરોપીઓની દરેક વિનંતી સ્વીકારવી. આ કેસમાં તપાસવામાં આવેલા કુલ–૧૧૬૩ સાહેદોની સંપૂર્ણ અને વિગતવાર ઊલટતપાસ કરવાની પૂરેપૂરી તક આપવામાં આવેલી છે. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં પુછવામાં આવેલા તમામ પ્રશ્નોના જવાબો નોંધવામાં આવેલા છે. બચાવપક્ષ તરફથી રજુ થયેલ પુરાવો સંપૂર્ણપણે નોંધવામાં આવેલો છે. આરોપીઓ તરફથી તમામ વકીલશ્રીઓની

		સમગ્ર પુરાવા બાબતે આખરી દલીલો વિગતવાર સાંભળવામાં આવેલી છે. જેથી આ ચુકાદા મુજબ આરોપીઓને કોઈ પૂર્વગ્રહ થયેલો નથી અને ગુનાની ઈન્સાફી કાર્યવાહી ફેર રીતે થયેલી છે.

આ કામમાં લાંબા સમયની સમગ્ર ઇન્સાફી કાર્યવાહી દરમિયાન બચાવપક્ષ તરફથી વારંવાર ફેર ટ્રાયલ અંગે રજૂઆતો કરવામાં આવેલી છે કે, આરોપીઓને પૂર્વગ્રહ થયેલો છે અને ફેર ટ્રાયલ થયેલ નથી પરંતુ આ અમો દ્વારા છેલ્લા ચાર વર્ષ ઉપરાંતના સમયથી ઇન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવેલી છે અને સમગ્ર કાર્યવાહી દરમિયાન ધ્યાનમાં આવેલ છે કે, ફેર ટ્રાયલ ફરિયાદપક્ષ તરફથી કે અદાલત તરફથી યોગ્ય રીતે થયેલ છે પરંતુ બચાવપક્ષ તરફથી સંભવિત બચાવ ઉભો કરવા માટે ફેર ટ્રાયલ થયેલ નથી તેવી રજૂઆત વારંવાર થયેલી છે. સમગ્ર ઇન્સાફી કાર્યવાહી દરમિયાન ફેર ટ્રાયલ થયેલો નથી તેવી કોઇ લેખિતમાં રજૂઆત કે અરજી આરોપીઓ દ્વારા આપવામાં આવેલી નથી પરંતુ ફકત મૌખિક રજૂઆતો કરવાથી એમ કહી શકાય નહી કે ફેર ટ્રાયલ થયેલો નથી. મારા સ્પષ્ટ મંતવ્ય પ્રમાણે આ કેસની ઇન્સાફી કાર્યવાહી કાયદાની જોગવાઇઓ મુજબ થયેલી છે. દરેક મુદ્દાઓ ઉપર બચાવપક્ષને પુરતી તક આપવામાં આવેલી છે. તમામ સાહેદોની ઊલટતપાસ વિગતવાર થાય તે માટે પુરતી તકો આપવામાં આવેલી છે અને બચાવપક્ષ તરફથી દરેક સાહેદોની વિગતવાર લંબાણપૂર્વક ઊલટતપાસો કરવામાં આવેલી છે. ફરિયાદપક્ષ તથા બચાવપક્ષ તરફથી ઇન્સાફી કાર્યવાહી દરમિયાન ઘણા બધા મુદ્દાઓ બાબતે અરજીઓ આપવામાં આવેલી છે અને બંને પક્ષને સાંભળીને આ અદાલત દ્વારા અરજીઓનો યોગ્ય નિકાલ પણ કરવામાં આવેલો છે જેથી હું ચોકકસપણે માનું છું કે, કેસની ઇન્સાફી કાર્યવાહી ખૂબ જ ન્યાયિક રીતે થયેલી છે.

(૮૫) અમદાવાદ શહેરના બનાવોના મુખ્ય તપાસ કરનાર અધિકારીઓના પુરાવાઓ વિશે...

અમદાવાદ શહેરના કુલ–૨૪ બનાવોની કુલ–૨૦ ફરિયાદો નોંધાયેલી અને તે ફરિયાદોના કામે જુદા–જુદા આરોપીઓને અટક કરીને તેઓની સામે જુદા–જુદા અધિકારીઓએ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ સમક્ષ ચાર્જશીટો દાખલ કરેલા હતા. કયા પોલીસ સ્ટેશનના ગુનાના કામે, કયા આરોપી સામે, કયા તપાસ કરનાર અધિકારીએ ચાર્જશીટ દાખલ કરેલા તેની વિગત નીચે મુજબ છે.

અ. નં.	ચાર્જશીટ કરનાર અધિકારી	પોલીસ સ્ટેશન તથા ગુના રજીસ્ટર નંબર	કયા આરોપી સામે ચાર્જશીટ કરેલુ તે આરોપીનો નંબર
૧	વી.આર.ટોળીયા	શાહીબાગ પો. સ્ટે. ગુ. ર. નં. ૨૩૬/૨૦૦૮	૧ થી ૬૨ તથા ૬૫ થી ૭૪
		અમરાઈવાડી પો. સ્ટે. ગુ. ર. નં.૨૭૩/૨૦૦૮	૧ થી ૬૨ તથા ૬૫ થી ૭૪
		બાપુનગર પો. સ્ટે. ગુ. ર. નં. ૨૨૦/૨૦૦૮	૧ થી ૬૨ તથા ૬૫ થી ૭૪
		નરોડા પો. સ્ટે. ગુ. ર. નં. ૪૦૦/૨૦૦૮	૧ થી ૬૨ તથા ૬૫ થી ૭૪
		નરોડા પો. સ્ટે. ગુ. ર. નં. ૪૦૧/૨૦૦૮	૧ થી ૬૨ તથા ૬૫ થી ૭૪
		રામોલ પો. સ્ટે. ગુ. ર. નં. ૩૨૧/૨૦૦૮	૨૭ થી ૭૪
		રામોલ પો. સ્ટે. ગુ. ર. નં. ૩૨૨/૨૦૦૮	૩૮ તથા ૪૫ થી ૭૪
		ઈસનપુર પો. સ્ટે. ગુ. ર.	૩૮

		નં. ૧૯૦/૨૦૦૮	
૨	આર.એન.ઝાલા	શાહીબાગ પો. સ્ટે. ગુ. ૨. નં. ૨૩૬/૨૦૦૮	૭૫ થી ૭૮
		અમરાઈવાડી પો. સ્ટે. ગુ. ૨. નં.૨૭૩/૨૦૦૮	૭૫ થી ૭૮
		બાપુનગર પો. સ્ટે. ગુ. ૨. નં. ૨૨૦/૨૦૦૮	૭૫ થી ૭૮
		નરોડા પો. સ્ટે. ગુ. ૨. નં. ૪૦૦/૨૦૦૮	૭૫ થી ૭૮
		નરોડા પો. સ્ટે. ગુ. ૨. નં. ૪૦૧/૨૦૦૮	૭૫ થી ૭૮
		રામોલ પો. સ્ટે. ગુ. ૨. નં. ૩૨૧/૨૦૦૮	૭૫ થી ૭૮
		રામોલ પો. સ્ટે. ગુ. ૨. નં. ૩૨૨/૨૦૦૮	૭૫ થી ૭૮
		ખાડીયા પો. સ્ટે. ગુ. ૨. નં. ૭૧/૨૦૦૮	૭૭, ૭૮
		મણીનગર પો. સ્ટે. ગુ. ૨. નં. ૨૦૩/૨૦૦૮	૭૭, ૭૮
		મણીનગર પો. સ્ટે. ગુ. ૨. નં. ૨૦૪/૨૦૦૮	૭૭, ૭૮
		મણીનગર પો. સ્ટે. ગુ. ૨. નં. ૨૦૫/૨૦૦૮	૭૭, ૭૮
		મણીનગર પો. સ્ટે. ગુ. ૨. નં. ૨૦૬/૨૦૦૮	૭૭, ૭૮
		સરખેજ પો. સ્ટે. ગુ. ૨. નં. ૧૮૧/૨૦૦૮	૭૭, ૭૮

		ઓઢવ પો. સ્ટે. ગુ. ૨. નં. ૩૩૮/૨૦૦૮	૭૭, ૭૮
		ઓઢવ પો. સ્ટે. ગુ. ૨. નં. ૩૩૯/૨૦૦૮	૭૭, ૭૮
૩	આર.વી.અસારી	રામોલ પો. સ્ટે. ગુ. ૨. નં. ૩૨૧/૨૦૦૮	૧ થી ૨૬
		રામોલ પો. સ્ટે. ગુ. ૨. નં. ૩૨૨/૨૦૦૮	૧ થી ૩૭ તથા ૩૯ થી ૪૫
		ઓઢવ પો. સ્ટે. ગુ. ૨. નં. ૩૩૮/૨૦૦૮	૧ થી ૩૭ તથા ૩૯ થી ૪૫
		ઓઢવ પો. સ્ટે. ગુ. ૨. નં. ૩૩૯/૨૦૦૮	૧ થી ૩૬ તથા ૩૯ થી ૪૫
		ઈસનપુર પો. સ્ટે. ગુ. ૨. નં. ૧૯૦/૨૦૦૮	૧ થી ૨૬
		કલોલ તાલુકા પો. સ્ટે. ગુ. ૨. નં.૨૦૮/૨૦૦૮	૧ થી ૮, ૧૪ થી ૧૮, ૨૦ થી ૨૫, ૨૭ તથા ૩૫
૪	ઉષા રાડા	ખાડીયા પો. સ્ટે. ગુ. ૨. નં. ૭૧/૨૦૦૮	૧ થી ૬૨ તથા ૬૫ થી ૭૪
		કાલુપુર પો. સ્ટે. ગુ. ૨. નં. ૧૨૩/૨૦૦૮	૧ થી ૬૨ તથા ૬૫ થી ૭૪
		વટવા પો. સ્ટે. ગુ. ૨. નં. ૨૧૮/૨૦૦૮	૧ થી ૬૨ તથા ૬૫ થી ૭૪
		દાણીલીમડા પો. સ્ટે. ગુ. ૨. નં.૧૪૦/૨૦૦૮	૧ થી ૬૨ તથા ૬૫ થી ૭૪
		ઈસનપુર પો. સ્ટે. ગુ. ૨. નં. ૧૯૦/૨૦૦૮	૨૭ થી ૩૭, ૩૯ થી ૬૨ તથા ૬૫ થી ૭૪

		કલોલ તાલુકા પો. સ્ટે. ગુ. ૨. નં.૨૦૮/૨૦૦૮	૯ થી ૧૩, ૧૯, ૨૬, ૨૮ થી ૩૪, ૩૬ થી ૬૨ તથા ૬૫ થી ૭૪
૫	રાહુલ પટેલ	ખાડીયા પો. સ્ટે. ગુ. ૨. નં. ૭૧/૨૦૦૮	૭૫, ૭૬
		મણીનગર પો. સ્ટે. ગુ. ૨. નં. ૨૦૩/૨૦૦૮	૭૫, ૭૬
		મણીનગર પો. સ્ટે. ગુ. ૨. નં. ૨૦૪/૨૦૦૮	૭૫, ૭૬
		મણીનગર પો. સ્ટે. ગુ. ૨. નં. ૨૦૫/૨૦૦૮	૭૫, ૭૬
		મણીનગર પો. સ્ટે. ગુ. ૨. નં. ૨૦૬/૨૦૦૮	૭૫, ૭૬
		સરખેજ પો. સ્ટે. ગુ. ૨. નં. ૧૮૧/૨૦૦૮	૭૫, ૭૬
		ઓઢવ પો. સ્ટે. ગુ. ૨. નં. ૩૩૮/૨૦૦૮	૭૫, ૭૬
		ઓઢવ પો. સ્ટે. ગુ. ૨. નં. ૩૩૯/૨૦૦૮	૭૫, ૭૬
૬	મયુર ચાવડા	મણીનગર પો. સ્ટે. ગુ. ૨. નં. ૨૦૩/૨૦૦૮	૧ થી ૬૨ તથા ૬૫ થી ૭૪
		મણીનગર પો. સ્ટે. ગુ. ૨. નં. ૨૦૪/૨૦૦૮	૧ થી ૬૨ તથા ૬૫ થી ૭૪
		મણીનગર પો. સ્ટે. ગુ. ૨. નં. ૨૦૫/૨૦૦૮	૧ થી ૬૨ તથા ૬૫ થી ૭૪
		મણીનગર પો. સ્ટે. ગુ. ૨. નં. ૨૦૬/૨૦૦૮	૧ થી ૬૨ તથા ૬૫ થી ૭૪

		સરખેજ પો. સ્ટે. ગુ. ૨. નં. ૧૮૧/૨૦૦૮	૧ થી ૬૨ તથા ૬૫ થી ૭૪
		ઓઢવ પો. સ્ટે. ગુ. ૨. નં. ૩૩૮/૨૦૦૮	૩૮ તથા ૪૬ થી ૭૪
		ઓઢવ પો. સ્ટે. ગુ. ૨. નં. ૩૩૯/૨૦૦૮	૩૭, ૩૮ તથા ૪૬ થી ૭૪
૭	સી.એન.રાજપુત	કાલુપુર પો. સ્ટે. ગુ. ૨. નં. ૧૨૩/૨૦૦૮	૭૫ થી ૭૮
		વટવા પો. સ્ટે. ગુ. ૨. નં. ૨૧૮/૨૦૦૮	૭૫ થી ૭૮
		દાણીલીમડા પો. સ્ટે. ગુ. ૨. નં.૧૪૦/૨૦૦૮	૭૫ થી ૭૮
		ઈસનપુર પો. સ્ટે. ગુ. ૨. નં. ૧૯૦/૨૦૦૮	૭૫ થી ૭૮
		કલોલ તાલુકા પો. સ્ટે. ગુ. ૨. નં.૨૦૮/૨૦૦૮	૭૫ થી ૭૮

ઉપરોકત કોષ્ટકના કોલમ નં.૨ માં જણાવેલા તપાસ કરનાર અધિકારીઓએ કોલમ નં.૩ માં જણાવેલ પોલીસ સ્ટેશનોના ગુનાના કામે કોલમ નં.૪ માં જણાવેલા નંબરોવાળા આરોપીઓ વિરૂધ્ધ તપાસો પૂર્ણ કરીને મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ સમક્ષ ચાર્જશીટ દાખલ કરેલા હતા. હવે દરેક તપાસ કરનાર અધિકારીની જુબાની ધ્યાને લઈએ તો સૌપ્રથમ તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયા મરણ ગયેલા છે. અમદાવાદ શહેરમાં થયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોની તપાસ કરવા માટે કુલ–૪ તપાસ ટીમો ડી.સી.પી. ક્રાઈમ બ્રાન્ચ દ્વારા બનાવવામાં આવેલી. તે ટીમો પૈકી એક ટીમના તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયાની તપાસ બાબતે પોતાની જુબાનીમાં તમામ હકીકતો જણાવેલી

છે. વી.આર.ટોળીયાએ આરોપીઓને અટક કર્યા પછી જે કંઈ પંચનામાઓ બનાવેલા તે તમામ પંચનામાઓમાં આ ચુકાદામાં "પુરાવાના કાયદાની કલમ–૨૭ હેઠળના પંચનામાઓ બાબતે" તે શીર્ષક હેઠળના પેરામાં વી.આર.ટોળીયાના નામની સામે દર્શાવવામાં આવેલા આંકવાળા પંચનામાઓમાં વી.આર.ટોળીયાની સહીઓ સાહેદ મયુર ચાવડાએ ઓળખી બતાવેલી છે. આ બનાવોના ચાર્જશીટ દાખલ કરવા માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૬, અનલોફુલ એકટીવીટી એકટની કલમ–૪૫, એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટ કલમ–૭ તથા આર્મ્સ એકટની કલમ –૩૯ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયાએ જે દરખાસ્તો કરેલી તે દરખાસ્તો આ ચુકાદામાં "દરખાસ્તો અને મંજૂરી"ઓના શીર્ષક હેઠળના પેરામાં આ સાહેદના નામની સામે જે આંકથી દરખાસ્તો દર્શાવેલી છે તે તમામ દરખાસ્તોમાં વી.આર.ટોળીયાની સહીઓ સાહેદ મયુર ચાવડાનાઓએ ઓળખી બતાવી છે. તેમજ આરોપીઓના ચહેરા નિશાન પત્રકો તથા એરેસ્ટ મેમો વી.આર.ટોળીયાએ બનાવેલા તે ચહેરા નિશાન પત્રકો તથા એરેસ્ટ મેમોમાં મયુર ચાવડાનાઓએ વી.આર.ટોળીયના સહીઓ ઓળખી બતાવેલી છે.આ ઉપરાંત વી.આર.ટોળીયાએ જે આરોપીઓ સામે જે ચાર્જશીટો દાખલ કરેલી તે ચાર્જશીટોમાં પણ વી.આર.ટોળીયાની સહીઓ સાહેદ મયુર ચાવડાનાઓએ ઓળખી બતાવેલી છે.

તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૯ આર.એન.ઝાલાની જુબાની ધ્યાને લઈએ તો તેઓ તા.૩૦.૫.૨૦૧૬ ના રોજ મદદનીશ પોલીસ કમીશનર સાયબર ક્રાઈમ સેલ અમદાવાદ ખાતે ફરજ બજાવતા હતા ત્યારે તેમને શાહીબાગ, અમરાઈવાડી, બાપુનગર, નરોડા, ખાડીયા, મણિનગર, સરખેજ, ઓઢવ તથા રામોલના ગુનાઓની તપાસ પોલીસ કમીશનરના હુકમથી સંભાળેલી હતી. તેમની તપાસ દરમ્યાન આરોપી નં.૭૫ મહમદ રફીક ઉર્ફે જાવીદ, આરોપી નં.૭૬ મંજર ઈમામ ઉર્ફે જમીલ, આરોપી નં.૭૭ સુહેબ પોટ્ટનીકલ તથા આરોપી નં.૭૮ તૌસીફખાનનાઓ સામે આ બનાવોના ચાર્જશીટ દાખલ કરવા માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૬, અનલોફુલ એકટીવીટી એકટની કલમ–

૪૫, એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટ કલમ–૭ તથા આર્મ્સ એકટની કલમ–૩૯ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે જે તે અધિકારીઓને દરખાસ્તો કરેલાનું જણાવે છે. આ ચુકાદામાં "દરખાસ્તો અને મંજૂરી"ઓના શીર્ષક હેઠળના પેરામાં આ સાહેદના નામની સામે જે આંકથી દરખાસ્તો દર્શાવેલી છે તે તમામ દરખાસ્તોમાં આ સાહેદે પોતાની સહીઓ ઓળખી બતાવી છે. આરોપીઓના ચહેરા નિશાન પત્રકો, એરેસ્ટ મેમો તથા આરોપીઓ સામે રજૂ કરવામાં આવેલા પુરવણી ચાર્જશીટોમાં પણ આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે. આરોપી નં.૭૮ તૌસીફખાને હાલોલ–પાવાગઢ ખાતે જાન્યુઆરી–૨૦૦૮ મા યોજાયેલા તાલીમ કેમ્પવાળી જગ્યા બતાવવાની માહિતી, તથા દરિયાપુરમાં સમસુદ્દીનના નાનાના ઘરે જે મીટીંગ થયેલી તે મીટીંગવાળી જગ્યાની માહિતી આપતા તે જગ્યાઓના પંચનામા આ સાહેદે બે પંચો રૂબરૂ આરોપીની રાખીને બનાવેલા તે આ ચુકાદામાં "પુરાવાના કાયદાની કલમ–૨૭ ના પંચનામાઓ બાબતે" તે શીર્ષક હેઠળના પેરામાં આ સાહેદના નામની સામે દર્શાવવામાં આવેલા આંકવાળા પંચનામાઓમાં આ સાહેદ પોતાની સહિઓ ઓળખી બતાવેલી છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો ડીસેમ્બર–૨૦૦૮ સુધીમાં આ કેસોમાં ઘણા બધા આરોપીઓ સામે મુખ્ય ચાર્જશીટો દાખલ થઈ ગયેલાનું કબૂલ કરે છે. ડીસેમ્બર–૨૦૦૮ થી લઈને સને–૨૦૧૬ સુધીના સમય દરમ્યાન પણ બીજા ઘણા આરોપીઓ સામે ચાર્જશીટો દાખલ થઈ ગયેલાનું કબૂલ કરે છે. આ આરોપીને અટક કરીને રીમાન્ડ મેળવી તેમની પુછપરછ કરેલી નહીં તે કબૂલ કરે છે. આ આરોપીઓ વિરૂધ્ધ અગાઉના તપાસ કરનાર અધિકારીઓએ પુરાવા એકત્ર કરેલા તે પુરાવાઓનું આ સાહેદે વેરીફીકેશન કરેલુ નથી તે કબૂલ કરે છે. આરોપી નં.૭૮ મંજર ઈમામની અગાઉના તપાસ કરનાર અધિકારીએ કયારે અટક કરેલી તેની માહિતી છે પરંતુ તારીખ યાદ નથી. અગાઉના તપાસ કરનાર અધિકારીઓએ કયા કેસોમાં કેટલા રીમાન્ડ મેળવેલા તે યાદ નથી. આ આરોપી વિરૂધ્ધ અલગથી કોઈ પુરાવો મેળવેલો નથી તો તે હકીકત નકારી છે. આરોપી નં.૭૮ તૌસીફખાનને સાથે લઈ જઈ તેના બતાવ્યા મુજબના કોઈ પંચનામાઓ

કરેલા નથી તો તે હકીકત નકારે છે. આરોપીઓ વિરૂધ્ધ પુરતા પુરાવા ન હોવા છતાં ખોટા ચાર્જશીટો કરેલાની હકીકત નકારી છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો કયા આરોપી પાસેથી કેટલા આર્મ્સ રીકવર થયેલા તે જોયા વિના કહી શકે નહીં. દરખાસ્તોમાં જે અગાઉના હવાલાઓ આપેલા છે તે અગાઉ મળેલી મંજૂરીની કોઈ નકલો દરખાસ્તો સાથે મોકલેલી નહીં. દરખાસ્તો કરેલી તે અંગેના કોઈ દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા નથી તે કબૂલ કરે છે. આરોપી મંજર ઈમામને આ સાહેદ સમક્ષની તપાસના ગુનાઓના કામે અટક ગણી લેવાનો રીપોર્ટ કરેલો તે કબૂલ કરે છે. જે દરખાસ્તો કરેલી તે ગુનાઓનુ તપાસ સંભાળ્યા પછી કેટલા સમય બાદ કરેલી તે યાદ નથી. દરખાસ્તો ફકત પ્રોપર ચેનલ મારફતે જ મોકલી શકાય તેવી કોઈ જોગવાઈ હોય તો તે ધ્યાનમાં નથી. આરોપી તૌસીફ ખાનને લઈને પાવાગઢ નીકળ્યા તે પહેલા તાલીમ લીધા અંગેની પુછપરછ પોલીસ સ્ટેશનમાં કરેલી નહીં. પ્રાથમિક પંચનામામાં યોગ્ય લાગે તેટલુ જ લખેલાની હકીકત નકારી છે. પાવાગઢ ખાતેના પંચનામામાં જે કવોરીનો ઉલ્લેખ છે તેનુ ક્ષેત્રફળ કેટલુ હતુ તે જાણવાનો પ્રયત્ન કરેલો નહીં. આ સિવાય બીજી કોઈ હકીકત નીકળી આવતી નથી.

સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારીની જુબાની ધ્યાને લઈએ તો આ ઉપરોક્ત કોષ્ટકમાં આ સાહેદના નામની સામે જણાવેલા પોલીસ સ્ટેશનના ગુનાઓની તપાસો આ સાહેદ પાસે હતી તે ગુનાઓના કામે જે આરોપીઓની અટક કરવામાં આવેલી હતી તેઓની સામે તપાસો પૂર્ણ કરેલી અને પૂરતા પુરાવા એકત્ર કરી ચાર્જશીટો દાખલ કરેલાની હકીકત આ સાહેદ જણાવે છે. આ સાહેદે જે આરોપીઓને સાથે રાખી જુદી–જુદી જગ્યાઓ ઉપરના જે પંચનામાઓ બનાવેલા છે તે પંચનામાઓ આ ચુકાદામાં "પુરાવાના કાયદાની કલમ–૨૭ હેઠળના પંચનામાં બાબતે" તે શીર્ષક હેઠળના પેરામાં આ સાહેદના નામની સામે દર્શાવવામાં આવેલ આંકવાળા પંચનામાઓમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે. આ સાહેદની પાસેના ગુનાઓની તપાસના કામે આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ દાખલ કરવા માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૬,

અનલોકુલ એકટીવીટી એકટની કલમ–૭૫, એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટ કલમ–૭ તથા આર્મ્સ એકટની કલમ–૩૯ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે જે તે અધિકારીઓને દરખાસ્તો કરેલાનું પણ જણાવે છે. આ ચુકાદામાં " દરખાસ્તો અને મંજૂરીઓ"ના શીર્ષક હેઠળના પેરામાં આ સાહેદના નામની સામે જે આંકથી દરખાસ્તો દર્શાવેલી છે તે તમામ દરખાસ્તોમાં આ સાહેદે પોતાની સહીઓ ઓળખી બતાવી છે. આરોપીઓના ચહેરા નિશાન પત્રકો, એરેસ્ટ મેમો તથા આરોપીઓ સામે રજૂ કરવામાં આવેલા ચાર્જશીટોમાં પણ આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોની તપાસ માટે ચાર અધિકારીઓની ચાર ટીમો બનાવેલાનું કબૂલ કરે છે. ચારેય તપાસ ટીમોને ઑફિસો ફાળવવામાં આવેલી તે કબૂલ કરે છે. ચાર તપાસ ટીમોએ લગભગ ૫ થી ૬ મહિના સુધી કામગીરી કરેલાનું કબૂલ કરે છે. જે આરોપીઓ પકડાયેલા તેઓને પકડયા પછી ક્રાઈમ બ્રાન્ચની કચેરીમાં રાખવામાં આવેલાનું કબૂલ કરે છે. પરંતુ પુરાવો જોતા સ્પષ્ટ છે કે ચારેય તપાસ ટીમોના અધિકારીઓ ક્રાઈમ બ્રાન્ચની ઑફિસમાં બેસીને કામગીરી કરતા હતા માટે જે કોઈ આરોપી પકડાય તેઓને અદાલતમાં રજૂ કરતા પહેલા ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે રાખે તે સ્વાભાવિક છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો પકડાયેલા આરોપીઓને કયારે પકડયા અને કયારે બહાર લઈ ગયેલા તેની નોંધ રાખવામાં આવે છે તે કબૂલ કરે છે. તમામ અધિકારીઓ સાક્ષીઓના નિવેદનો, પંચનામોઓ અને જરૂરી દસ્તાવેજોની આપ–લે કરતા હતા તે કબૂલ કરે છે. બીજી તપાસ ટીમના અધિકારીઓએ જે સાક્ષીઓના નિવેદનો લીધેલા તે સાક્ષીઓને ફરીથી બોલાવીને વેરીફીકેશન કરેલુ નથી તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે એક અધિકારીએ કોઈ કેસમાં સાહેદનું નિવેદન લીધેલુ હોય તેવા સાહેદનુ બીજા તપાસ કરનાર અધિકારીએ લીધેલા નિવેદનનું વેરીફીકેશન કરવુ જોઈએ તેવી કાયદામાં કયાંય જોગવાઈ નથી.વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો બીજી કોઈ એજન્સીઓને આરોપીઓની પુછપરછ કરવી હોય તો મારી પરવાનગી લેવી પડે તે

કબૂલ કરે છે. બીજી તપાસ ટીમોના અધિકારીઓને બીજી એજન્સીઓના અધિકારીઓ મળતા હોય તો ખ્યાલમાં નથી. તા.૫.૮.૨૦૦૮ ના રોજ સંયુકત પોલીસ કમીશનરની કચેરી તરફથી કેસોને લગતા ઈ–મેઈલોની નકલો આપવામાં આવેલી તે નકલો લઈ દિલ્હી મુકામે ઈન્ડિયા ટી.વી.ની ઑફિસે કે અન્ય સ્થળોએ ગયેલા નથી તે કબૂલ કરે છે. સીમી સંસ્થા ઉપર પ્રતિબંધ મુકતુ જાહેરનામુ બહાર પાડેલુ તે બહાર પાડનાર અધિકારીનો જવાબ લીધેલો નથી તે કબૂલ કરે છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો એરેસ્ટ કરેલા આરોપીઓ પાસેથી કોઈ હથિયારો કે એક્ષપ્લોઝીવ પદાર્થ વિગેરે જેવુ કાંઈ મળેલુ નહીં. મારા મત પ્રમાણે બનાવ બાદ ઘણા સમય પછી આરોપીઓ પકડાયેલા છે જેથી કરીને પણ તેઓ જયારે પકડાયા ત્યારે તેમની પાસે કોઈ હથિયાર કે એક્ષપ્લોઝીવ ન હોય. કોઈ આરોપી સ્ફોટક પદાર્થની દુકાન ઉપર લઈ ગયો હોય તે બાબતેનુ પંચનામુ બનાવ્યુ હોય તેવુ બનેલુ નથી. બ્લાસ્ટના કેસોમાં આરોપી નં.૩૭ ને મેઈન હીરો બનાવેલો છે તેવુ તેને કહેલાની હકીકત નકારે છે. બોમ્બ બ્લાસ્ટની તપાસ ટીમોની રચના ભાટીયા સાહેબે બનાવેલાનું કબૂલ કરે છે. આરોપીઓની મૌખિક પુછપરછ કરી તે આધારે જાણવા મળેલુ કે આરોપીઓ બોમ્બ બ્લાસ્ટમાં સંડોવાયેલા છે તે કબૂલ કરે છે. સરતપાસમાં જણાવેલા કુલ–૪૪ આરોપીઓને આ સાહેદે પકડેલા નથી તે કબૂલ કરે છે. તમામ છ ગુનાઓની તપાસ કરી તેમા જે પંચનામાઓ બનાવેલા તથા આરોપીઓની ઓળખ પરેડ કરાવી તે અગાઉના તપાસ કરનાર અધિકારીઓએ નહીં કરેલી માટે કરેલી તો સાહેદે જવાબ આપેલો છે કે મારી તપાસમાં મને જરૂર જણાયેલુ તે પ્રમાણે મેં કરેલુ. આરોપીઓને અટક કર્યા પછી અટક કર્યાના પંચનામા બનાવેલા નથી તો તે હકીકત નકારી છે. આરોપીઓ સીમીના સભ્યો હોવા બાબતેનો કોઈ દસ્તાવેજી પુરાવો મળેલો નથી તો તે હકીકત નકારે છે. સીમી ઉપર પ્રતિબંધ મુકયાનુ જાહેરનામું રજૂ કર્યુ નથી તો તે હકીકત નકારે છે. ગુનાના કામે જુદા–જુદા કાયદાની જુદી–જુદી કલમો ઉમેરવાનો રીપોર્ટ કરેલો તે કબૂલ કરે છે. તપાસ દરમ્યાન ઈકબાલ કાસમ શેખ વિરૂધ્ધ કોઈ પુરાવો મળેલો નહીં તે હકીકત નકારી છે. આરોપીઓ સામે ચાર્જશીટ

દાખલ કરવા માટે જે દરખાસ્તો તૈયાર કરીને ગૃહ વિભાગમાં મોકલતા હતા તે પહેલા તપાસનું રેકર્ડ રીવ્યુ કમિટીને મોકલેલુ નથી તે કબૂલ કરે છે. મારા મત પ્રમાણે આ ચુકાદામાં "સીમી અને જેહાદ"ના શીર્ષક હેઠળના પેરામાં ચર્ચા કરેલી છે તેમ આ આરોપીઓનુ ચાર્જશીટ દાખલ કર્યા ત્યારે રીવ્યુ કમિટીની રચના થયેલી જ ન હતી માટે તપાસનું રેકર્ડ રીવ્યુ કમિટીને મોકલવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. ચાર્જશીટમાં જે આરોપીઓના ફોટા લગાવેલા છે તે ફોટાઓની નેગેટીવ ચાર્જશીટ સાથે રજૂ કરેલી નથી તો સાહેદે જવાબ આપેલો છે કે હાલ યાદ નથી. આ ફોટા પાડનાર ફોટોગ્રાફરને ચાર્જશીટમાં સાહેદ તરીકે દર્શાવેલા નથી તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે આવા ફોટોગ્રાફરને સાહેદ તરીકે ચાર્જશીટમાં દર્શાવવા જરૂરી પણ નથી. સાક્ષીઓના નિવેદનો ધાક ધમકીથી તેઓની ઈચ્છા વિરૂધ્ધ લખી લીધાની હકીકત નકારે છે. આરોપીઓ વિરૂધ્ધના પંચનામાઓ ખોટા બનાવેલાની હકીકત નકારેલી છે. આરોપીઓ પાસેથી એક્ષપ્લોઝીવ પદાર્થ કે હથિયારો મળેલા ન હોવા છતાં તે કાયદા હેઠળ મંજૂરીઓ મેળવવા ખોટી દરખાસ્તો કરેલાની હકીકત નકારી છે.

વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો જે સ્થળનું પંચનામુ કરવાનુ હોય તે સ્થળની આજુબાજુ રહેતા બે પ્રતિષ્ઠિત વ્યકિતની હાજરીમાં પંચનામુ કરવુ જોઈએ તેના જવાબમાં સાહેદે 'હા' જણાવેલુ છે. પંચોને જાતે બોલાવવા ગયેલા નથી. જે પંચો લીધેલા તે ચોકકસ એરીયાના હતા તો તે હકીકત નકારી છે. જે આરોપીઓને અટક કરેલા તે આરોપીઓની સામે અટક કરવા જેટલા પુરાવા છે તે અંગેનો રીપોર્ટ નામદાર કોર્ટને કરેલાનું યાદ નથી. ગુનાઓની સ્વતંત્ર તપાસ કરેલી નથી તો તે હકીકત નકારે છે. તા.૮.૧૦.૨૦૦૮ થી તા.૧૬.૧૦.૨૦૦૮ સુધી કુલ–૧૬ આરોપીઓ આ સાહેદની કસ્ટડીમાં હતા તે હકીકત કબૂલ કરે છે. આ સમય દરમ્યાન આરોપીઓ સામે કોઈ પુરાવો મળેલો નહીં તો તે હકીકત નકારી છે. કુલ–૧૬ આરોપીઓની કસ્ટડી તા.૮.૧૦.૨૦૦૮ ના રોજ નામદાર કોર્ટની મંજૂરીના આધારે જેલમાંથી મેળવેલાનું જણાવે છે. તમામ છ ગુનાઓની તપાસના કામે તમામ છ એ છ ગુનાઓની તપાસમાં આરોપીઓની કસ્ટડી અન્ય

ગુનાઓમાંથી મેળવી તે કઈ જોગવાઈ નીચે મેળવેલી તે કહી શકે નહીં. આરોપીઓના રીમાન્ડ સમય દરમ્યાન સ્વતંત્ર પુરાવો મેળવેલો નથી તો તે હકીકત નકારે છે. પંચનામાઓ પોલીસ સ્ટેશનમાં બેસીને બનાવેલાની હકીકત નકારે છે. આરોપીઓની રીમાન્ડ પુરી થયા પછી આ સાહેદની પાસેની તપાસના ગુનામાં આરોપીઓને તરત જ કસ્ટડીમાં ન લેવા માટેનુ કોઈ કારણ આપી શકે તેમ નથી. ત્રણેય કાયદા હેઠળના સક્ષમ અધિકારીને તપાસનીશ અધિકારી સેંકશન રીપોર્ટ સીધે સીધો કરી શકે નહીં તે માટે કોઈ કાયદો નથી. દરેક કેસોમાં આરોપીઓની અનલોફુલ એકટીવીટી એકટ હેઠળની સંડોવણીનો પુરાવો અલગ અલગ હતો તે કબૂલ કરે છે. આંક–૬૩૧૨ અને ૬૩૧૧ વાળા પંચનામાઓ મુજબ આરોપીઓએ પંચો રૂબરૂ કોઈ હકીકતો જણાવી ન હોવા છતાં પાછળથી પંચનામા ઉભા કરેલા છે તો તે હકીકત નકારી છે. આરોપીઓ પાસેથી કબૂલાત મેળવવાના આશયથી ૩ થી ૪ માસ સુધી તેઓના ગેરકાયદેસર રીમાન્ડ મેળવીને ખોટી રીતે કસ્ટડીમાં રાખેલાની હકીકત નકારે છે. સાહેદ આસીફ અને સાહેદ રફીકનાઓના નિવેદનો લીધા ત્યારે આરોપી કયામુદ્દીન કાપડીયા અને ઈકબાલ કાસમ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની કસ્ટડીમાં હતા તે કબૂલ કરે છે. આ બંને આરોપીઓને લઈને આ સાહેદ વડોદરા ગયેલા નથી. આ બંને સાહેદોએ પોતાના નિવેદનોમાં જે જે વ્યકિતઓના નામો આપ્યા તથા સ્થળોના નામો આપ્યા તે બાબતે કોઈ ખરાઈ કરેલી નથી. આરોપી કયામુદ્દીન કાપડીયાને ઉજ્જૈનથી લાવ્યા બાદ તેની વિરૂધ્ધ કોઈ પુરાવો હતો નહીં પરંતુ ઉપરી અધિકારીઓની સુચનાથી સાહેદોના ખોટા નિવેદનો ઉભા કરી આરોપીને સંડોવી દીધાની હકીકત નકારી છે. આ સાહેદને સોંપવામાં આવેલા કેસોની તપાસ ખોટી રીતે ઉપરી અધિકારીની સુચનાથી ખોટા પુરાવા ઉભા કરી ખોટી ચાર્જશીટ કરેલાની હકીકત નકારી છે.

વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો તમામ છ એ છ ગુનાના કામે હાલોલ–પાવાગઢ કે વડોદરા જઈને તપાસ કરી નથી કે સાહેદોના નિવેદનો લીધેલા નથી. આ સાહેદની તપાસ દરમ્યાન આરોપીઓની ભાળ મળેલી નહીં તે કબૂલ કરે છે. આ સાહેદની સ્વતંત્ર તપાસમાં કોઈ આરોપીને શોધીને પકડેલો

હોય તેવુ બનેલુ નથી તે કબૂલ કરે છે. આ સાહેદની કસ્ટડીમાં રહેલા કોઈ આરોપીને લઈને વાઘમોન મુકામે ગયેલા હોય તેવુ પણ બનેલુ નથી. ગુમ સાહેદો રફીક તથા આસીફ અને ઉંમરના નિવેદનો લીધેલાનું કબૂલ કરે છે. આ ગુમ સાહેદોના નિવેદનો ઉપરથી તેઓનો પણ રોલ આ ગુનામાં જણાય આવે છે તો તે હકીકત નકારે છે. આ પ્રશ્ન બચાવપક્ષ તરફથી કબૂલાત્મક તરીકે પુછવામાં આવેલો કે સાહેદ રફીક, આસીફ અને ઉંમર ત્રણેય આ બનાવોમાં સંડોવાયેલા છે. જેથી ચોકકસ અનુમાન થઈ શકે કે પકડાયેલા આરોપીઓ આ ગુનામાં સંડોવાયેલા છે. જે મુદ્દાઓની તપાસ થઈ ગઈ હોય તે મુદ્દા માટે ફરીથી રીમાન્ડ માંગવાના કારણ હોઈ શકે નહીં તો તે હકીકત નકારે છે. સાહેદ આસીફ અને રફીકનાઓ સમક્ષ આ સાહેદે કોઈ આરોપીની ઓળખ પરેડ કરાવેલી નથી તે કબૂલ કરે છે. સામાન્ય સંજોગોમાં કોઈ આરોપીઓએ કબૂલાતનામું નોંધાવેલુ હોય ત્યારે આરોપીને સમજ પાડવામાં આવતી હોય છે કે તે બંધાયેલો નથી. પરંતુ મારા મત પ્રમાણે આવી સમજ આપવાની ફરજ અને જવાબદારી જે તે કબૂલાત નોંધનાર મેજિસ્ટ્રેટની છે આ સાહેદને આવા પ્રશ્ન પુછવાનો કોઈ અર્થ નથી. આ સાહેદની તપાસ દરમ્યાન કેટલા આરોપીઓને જયુડીશીયલ કસ્ટડીમાંથી ફરીથી પોલીસ કસ્ટડી મેળવેલી તેની ચોકકસ સંખ્યા યાદ નથી. આ ઉપરાંત આ સાહેદની સમગ્ર ઊલટતપાસ ધ્યાને લઈએ તો સાહેદના ઉપલા અધિકારીઓ વિશે, તેઓની કામગીરી વિશે, કસ્ટડી દરમ્યાન આરોપીઓને માનસીક અને શારીરિક ત્રાસ આપ્યા વિશે, લીગલ એક્ષપર્ટની સલાહ લેવા વિશે, કેટલાક કેસોમાં આરોપીઓને કસ્ટડીમાં ગણી લેવાને રીપોર્ટ વિશે, ક્રાઈમ બ્રાન્ચની ઑફિસ વિશે, અમદાવાદના જુદા–જુદા વિસ્તારોથી ક્રાઈમ બ્રાન્ચની ઑફિસના અંતર વિશે, ક્રાઈમ બ્રાન્ચના લોકઅપ વિશે, નટ બોલ્ટના વજન વિશે, અમદાવાદની ભૌગોલિક પરિસ્થિતિ વિશે, રાજકીય આગેવાનો વિશે, મકકા મસ્જિદ બ્લાસ્ટ તેમજ અજમેર બ્લાસ્ટ વિશે ઘણા બધા પ્રશ્નો પુછેલા છે પરંતુ આવા પ્રશ્નો પુછવાથી આ સાહેદે તેઓને સોંપવામાં આવેલા ગુનાઓની તપાસોના કામે તપાસો કરી નથી કે આરોપીઓને એરેસ્ટ કર્યા બાદ ચહેરા નિશાન પત્રકો

તેમજ એરેસ્ટ મેમો બનાવીને ચાર્જશીટો દાખલ કરેલા નથી તેમ કહી શકાય તેમ નથી.

સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડાની જુબાની ધ્યાને લઈએ તો ઓગસ્ટ ૨૦૦૮ ના અરસામાં આ સાહેદ અમદાવાદ શહેર "ડી" ડિવીઝનમાં મદદનીશ પોલીસ કમિશનર તરીકે ફરજ બજાવતા હતા. તે વખતે તેમની પાસે મહિલા ક્રાઈમ બ્રાન્ચના મદદનીશ પોલીસ કમિશનરનો ચાર્જ પણ હતો. અમદાવાદ શહેરમાં થયેલ બોમ્બ બ્લાસ્ટના અલગ-અલગ ગુનાઓ પૈકી ઉપરોકત કોષ્ટકમાં આ સાહેદના નામની સામે દર્શાવેલા પોલીસ સ્ટેશનના ગુનાઓની તપાસો આ સાહેદે તા.૩.૮.૨૦૦૮ ના રોજ સંભાળેલી હતી. તપાસો સંભાળ્યા બાદ જગ્યાઓની વીઝીટો પણ કરેલાનું જણાવે છે. તપાસો દરમ્યાન તેઓ મુંબઈ મુકામે પણ ગયેલાનું જણાવે છે. તેમજ ઉપરોક્ત કોષ્ટકમાં આ સાહેદના નામની સામે જણાવેલા પોલીસ સ્ટેશનના ગુનાઓની તપાસો આ સાહેદ પાસે હતી તે ગુનાઓના કામે જે આરોપીઓની અટક કરવામાં આવેલી હતી તેઓની સામે તપાસો પૂર્ણ કરેલી અને પૂરતા પુરાવા એકત્ર કરી ચાર્જશીટો દાખલ કરેલાની હકીકત આ સાહેદ જણાવે છે. આ સાહેદે જે આરોપીઓને સાથે રાખી જુદી-જુદી જગ્યાઓ ઉપરના જે પંચનામાઓ બનાવેલા છે તે પંચનામાઓ આ ચુકાદામાં "પુરાવાના કાયદાની કલમ-૨૭ હેઠળના પંચનામાં બાબતે" તે શીર્ષક હેઠળના પેરામાં આ સાહેદના નામની સામે દર્શાવવામાં આવેલ આંકવાળા પંચનામાઓમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે. આ સાહેદની પાસેના ગુનાઓની તપાસના કામે આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ દાખલ કરવા માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૯૬, અનલોફુલ એકટીવીટી એકટની કલમ-૪૫, એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટ કલમ-૭ તથા આર્મ્સ એકટની કલમ-૩૯ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે જે તે અધિકારીઓને દરખાસ્તો કરેલાનું પણ જણાવે છે. આ ચુકાદામાં " દરખાસ્તો અને મંજૂરીઓ"ના શીર્ષક હેઠળના પેરામાં આ સાહેદના નામની સામે જે આંકથી દરખાસ્તો દર્શાવેલી છે તે તમામ દરખાસ્તોમાં આ સાહેદે પોતાની સહીઓ ઓળખી બતાવી છે. આરોપીઓના ચહેરા નિશાન પત્રકો,

એરેસ્ટ મેમો તથા આરોપીઓ સામે રજૂ કરવામાં આવેલા ચાર્જશીટોમાં પણ આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો બનાવો વખતે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના ડી.સી.પી. અભય ચુડાસમા સાહેબ હતા તેમ જણાવે છે. ખાડીયા અને કાલુપુર વિસ્તારમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના સ્થળોની મુલાકાત લીધેલી. આ બે સ્થળો સિવાય અમદાવાદમાં બીજા સ્થળોએ બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોના સ્થળોની મુલાકાત લીધેલી નથી તે કબૂલ કરે છે. નાયબ પોલીસ કમિશનરશ્રી અભય ચુડાસમાના હુકમથી આ કેસોની તપાસો તા.૩.૮.૨૦૦૮ ના રોજ સોંપવામાં આવેલી તે કબૂલ કરે છે. ચારેય તપાસ ટીમોના વડા તરીકે અભય ચુડાસમા સાહેબ હતા તે કબૂલ કરે છે. ગુનાઓની સ્વતંત્ર તપાસ કરી પુરાવા એકત્રિત કરવાના હતા તેમ જણાવે છે. ગુનાઓમાં વપરાયેલ સાઈકલો બાબતે તથા સાઈકલો વેચનાર દુકાનદારોના જે નિવેદનો લીધેલા તે નિવેદનોમાંથી સાઈકલો વેચાણ રાખનારાઓના નામ કે વર્ણન મળેલા નહીં તે કબૂલ કરે છે. મારા મત પ્રમાણે કોઈ પણ સાઈકલ વેચનાર દુકાનદાર દિવસ દરમ્યાન ઘણી બધી સાઈકલો વેચતો હોય છે માટે સાઈકલ ખરીદનારાઓના નામ કે વર્ણન કોઈ પણ દુકાનદાર આપી શકે નહીં. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો ઈન્ડિયા ટીવીના કોઈ પણ અધિકારી કે કર્મચારીની દિલ્હી મુકામે જઈ ઈ–મેઈલો બાબતે પુછપરછ કરેલી નથી તે કબૂલ કરે છે. ઈન્ડિયન મુજાહીદીનના નામે ઈન્ડિયા ટીવી ઉપર જે ઈ–મેઈલ આવેલો તે ઈન્ડિયા ટીવીની દિલ્હી ઑફિસે આવેલાનું જણાવે છે. જયપુર અને બેંગ્લોર શહેરોમાં થયેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોના તપાસ કરનાર અધિકારીઓ પાસે જઈ કોઈ ચર્ચા કરેલી નથી. સમજોતા એક્ષપ્રેસ બ્લાસ્ટ, મોડાસા બ્લાસ્ટ, અજમેર બ્લાસ્ટ તથા મકકા મસ્જિદ બ્લાસ્ટ બાબતે સંડોવાયેલા વ્યકિતઓ વિશે તપાસ કરી નથી. પરંતુ મારા મત પ્રમાણે તે જગ્યાઓ ઉપર બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવો તે જગ્યાઓની પોલીસ કરી શકે છે ત્યાં જઈને અમદાવાદના બ્લાસ્ટના બનાવોની તપાસ કરવી જરૂરી હોતી નથી. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો તા.૨૭.૯.

૨૦૦૧ થી સીમી નામની સંસ્થા ઉપર પ્રતિબંધ લાગેલો છે તેની માહિતી છે. સીમી સંસ્થા સાથે સંકળાયેલા કોઈ માણસો ઉપર કોઈ કેસો થયેલા ન હોય તો આ સાહેદ કહી શકે નહીં. સીમી સંસ્થા ઉપર મુકવામાં આવેલ પ્રતિબંધનુ જાહેરનામું મળેલુ કે કેમ? તે કહી શકે નહીં. સીમી સંસ્થાનું બંધારણ અથવા સભ્યોનું લીસ્ટ મળેલુ હોય તો રેકર્ડ જોઈને કહી શકે તેમ જણાવે છે. સરતપાસ દરમ્યાન સીમી સંસ્થાનું બંધારણ કે તેના સભ્યનુ લીસ્ટ રજુ કરેલ નથી તે કબૂલ કરે છે. ચાર્જશીટ સાથે રજૂ કરેલુ ન હોય તો ચાર્જશીટ જોયા વિના કહી શકે નહીં. આરોપીઓ તરફથી આ સાહેદને પુછવામાં આવેલા આ પ્રશ્ન ધ્યાને લેતા આ કામમાં આરોપી નં.૬૮ નાઓએ આંક–૯૨૪૮ થી સીમીનુ બંધારણ જે રજૂ કરેલુ છે તે બંધારણને સમર્થન મળે છે તેમ કહી શકાય. એવુ પણ કહી શકાય કે આ રજૂ થયેલુ બંધારણ અને સભ્યોનુ લીસ્ટ સીમી અંગેનુ જ છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો તપાસ દરમ્યાન સીમીના હોદ્દેદારોની તપાસ કરી તેમના નિવેદનો નોંધેલા નથી. અમદાવાદ શહેરની બહાર જે સરકારી વાહનો લઈને ગયેલા તે સરકારી વાહનોના ડ્રાઈવરોના નિવેદન લીધેલા નથી. મારા મત પ્રમાણે સરકારી વાહનોના ડ્રાઈવરોના નિવેદનો નોંધવા જોઈએ તેવુ કાંઈ ફરજિયાત નથી અને આવા નિવેદનો ન નોંધવાથી બનાવના મૂળને કોઈ અસર થતી નથી. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો જે મુદ્દામાલ કોઇ વ્યકિતએ રજૂ કરેલો હોય અથવા કોઇ વ્યકિત પાસેથી કબજે કરેલો હોય તો તે બાબતે સીઝર મેમો આપેલા નથી તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે મુદ્દામાલ કબજે કર્યા અંગેના કોઈ સીઝર મેમો આપવામાં આવેલા ન હોય તો તેનો પૂર્વગ્રહ મુદ્દામાલ રજૂ કરનાર અથવા જેની પાસેથી મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હોય તેને થઈ શકે. આ ઉપરાંત સીઝર મેમો નહીં આપવાથી પણ બનાવના મૂળને અસર થતી નથી. એફ.એસ. એલ.ના અધિકારીઓને ચાદીઓ લખીને બોલાવ્યા હોય તેવુ બનેલ નથી. મોટા ભાગે આરોપીઓને ટ્રાન્સફર વોરન્ટથી મેળવેલાનું જણાવે છે. અલમહમદી સોસાયટીના મકાન નં.૧૦ ઉપર મકાનમાં પ્રવેશ કરવાનો કોઈ સર્ચ વોરન્ટ ન હતુ તે કબૂલ કરે છે. મકાનની આજુબાજુના લોકોના નિવેદનો લીધેલા નથી.

મકાનના દરવાજા ઉપરનુ લોક તોડેલુ હોય અને તેને કપડામાં લપેટી સીલ કરી કબજે કરેલુ હોય તો તે યાદ નથી. જે એફ.એસ.એલ. અધિકારીની હાજરીમાં મકાનમાંથી કબજે કરેલ મુદ્દામાલનું પંચનામુ બનાવેલુ તે પંચનામામાં એફ.એસ. એલ. અધિકારીઓની સહીઓ લીધેલ નથી. મકાનના માલીક કુખરાજબાનુના નિવેદન ઉપરથી કોઈ આરોપીઓનો સ્કેચ બનાવ્યો હોય તેવુ બનેલુ નથી તેમ જણાવે છે. કુખરાજબાનુ સમક્ષ આરોપી કયામુદ્દીન કાપડીયાની ઓળખ પરેડ કરાવેલી કે કેમ ? તે યાદ નથી. કુખરાજબાનુ મકાન નં.૧૦ ના માલીક ન હતા તો તે હકીકત નકારી છે. આરોપીઓના આંગળાની છાપો મેળવવા માટે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટનો હુકમ મેળવેલો નથી તેમ જણાવે છે. જુદા–જુદા કાયદા હેઠળની મંજૂરીઓ મેળવવા માટે જે દરખાસ્તો કરેલી તે પ્રોપર ચેનલ મારફતે ઉપલી અધિકારીઓને મોકલેલાનું જણાવે છે. દરખાસ્તો સાથે રજૂ કરેલા પત્રકો કેટલા પાનાના હશે તે કહી શકે નહીં. પત્રકો તૈયાર કરનારને કયારે અને કેવી સુચના આપેલી તે અંગે કોઈ દસ્તાવેજી પુરાવો નથી. તૈયાર કરેલી દરખાસ્તો પ્રોપર ચેનલ મારફતે કોણ લઈ જતુ હતુ તે કહી શકે નહીં. તપાસ દરમ્યાન આરોપી રઝીયુદ્દીન નાસરનો પાસપોર્ટ કબજે કરેલ નથી તે કબૂલ કરે છે. જે ટેરર ઈ–મેઈલ થયેલાનું જણાવે છે તે માટે કોઈ કમ્પ્યુટર કે તેની સાથેની હાર્ડડીસ્ક કબજે કરેલી નથી તે કબૂલ કરે છે. આરોપી મનસુર પીરભોઈને લઈને પુના ખાતે ગયા હોય અને કોઈ દસ્તાવેજ કે મુદ્દામાલ કબજે કર્યો હોય તેવુ બનેલુ નથી તે કબૂલ કરે છે. સરતપાસમાં જણાવ્યા મુજબ કોઈ સાહેદોના નિવેદનો તેમના કહેવા પ્રમાણે લખેલા હોય તેવુ બનેલુ નથી તો તે હકીકત નકારે છે.

વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો ગુનાઓની તપાસ સોંપવાનો ડી.સી.પી. સાહેબનો હુકમ જોયેલો છે તે કાગળોમાં હશે તેમ જણાવે છે. અગાઉના તપાસ કરનાર અધિકારીઓ પાસેથી કેસ ડાયરીઓ મળેલી કે કેમ? તે કહી શકે નહીં. જયપુર, બેંગ્લોરમાં થયેલા બોમ્બ બ્લાસ્ટોમાં સમાનતા હતી તો કઈ સમાનતા હતી તો તેની વિગતો કહી શકે નહીં. ચાર્જશીટના દસેક હજાર કાગળો તૈયાર કરેલા નથી તો તે હકીકત નકારે છે. આરોપીઓના નિવેદન સિવાય

કોઈ પુરાવો નથી તો તે હકીકત નકારે છે. આ કેસમાં કેન્લી હેવુડને તપાસેલો છે કે કેમ? તેની ખબર નથી. મુંબઈ પોલીસે લેપટોપ, કમ્પ્યુટર, હાર્ડડીસ્ક વિગેરે એફ.એસ.એલ.મા મોકલી દીધેલા હોવાથી કબજે કરેલા નથી. કેન્લી હેવુડને ત્યાંથી ઈ–મેઈલ થયેલો તે બાબતેની એફ.આઈ.આર. થયા અંગે હાલ કહી શકે નહીં. જયારે જયારે આરોપીઓને સાહેદો રૂબરૂ ઓળખ પરેડ માટે લઈ જવામાં આવતા હતા તે આરોપીઓને જામ્નામાં લઈ જવામાં આવતા હતા તે કબૂલ કરે છે. મારા મત પ્રમાણે આરોપીઓ પોલીસ કસ્ટડીમાં હોય કે જયુડીશીયલ કસ્ટડીમાં હોય તેઓને જયારે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સમક્ષ ઓળખ પરેડ માટે લઈ જવાના હોય ત્યારે જામ્નામાં જ લઈ જવા પડે. જામ્નાના માણસો સાક્ષીઓને આરોપીઓ ઓળખાવી દેતા હતા તો તે હકીકત નકારી છે. જે જે આરોપીઓએ જે જે મોબાઈલ વાપરેલા તે મોબાઈલ તથા તેના સીમકાર્ડ કબજે કરેલા ન હોય તે ચોકકસ કહી શકે નહીં. અલમહમદી સોસાયટી મકાન નં.૧૦ ઉપર વીડિયોગ્રાફી કે ફોટોગ્રાફી કરેલાનું હાલ યાદ નથી. મકાનમાંથી મળેલા વાસણ કઈ તારીખે ખરીદ કરવામાં આવેલા તે કહી શકે નહીં. મારા મત પ્રમાણે આ સાહેદ કહી શકે નહીં કારણ કે આ વાસણો આ સાહેદે ખરીદેલા નથી.

વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો સાહેદ પ્રિયકાંત શાહનું જયારે નિવેદન લીધુ ત્યારે તેને નટ–બોલ્ટ બતાવેલા ન હોય તો કહી શકે નહીં. કબજે કરવામાં આવેલ હોટલ રજીસ્ટરોના પાના પાછળથી ઉભા કરવામાં આવેલાની હકીકત નકારે છે. પાના કબજે કર્યા બાબતે રસીદ આપવામાં આવી ન હોય તો કહી શકે નહીં. રીવ્યુ ઓથોરીટીની રચના તા.૧૯.૯.૨૦૦૯ ના રોજ થયેલી હોય તો ચોકકસ કહી શકે નહીં. રીવ્યુ ઓથોરીટીને તપાસના કાગળો મોકલેલા ન હોય તો ચોકકસ કહી શકે નહીં. પુના ખાતે "અશોકા મ્યૂઝ" ફલેટમાં ગયેલા નહીં તે હકીકત નકારે છે. ફલેટમાં અંદર જઈ પંચનામુ કરેલુ નહીં તો તે હકીકત પણ નકારે છે. ફલેટ ઉપર મુંબઈ પોલીસનુ સીલ લાગેલુ હતુ તો તે બાબતે કહી શકે નહીં. જે આરોપીઓને અટક કરેલા તેઓને અગાઉના પુરાવાઓના આધારે અટક કરેલાની હકીકત નકારે છે. તપાસ દરમ્યાન દરખાસ્તો અને ઓળખ પરેડ

દરમ્યાન બીજી કોઈ કામગીરી કરેલી નહીં તો તે હકીકત નકારે છે. પુરાવો ન હોવા છતાં મંજૂરીઓ મેળવવા માટે ખોટી દરખાસ્તો કરેલાની હકીકત નકારે છે. સીમી સંગઠન તે જ ઈન્ડિયન મુજાહુદીનનું નવુ સ્વરૂપ છે તે માત્ર અનુમાન છે તો તે હકીકત નકારે છે. આરોપીઓ સામે ખોટા ચાર્જશીટ દાખલ કરેલાની હકીકત પણ નકારે છે.

વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો આરોપીઓની સંડોવણીનો કોઈ સીધો પુરાવો ભેગો કરેલો નથી તો તે હકીકત નકારે છે. સાંયોગિક પુરાવાની સાથે સીધા, ટેકનીકલ અને સાયન્ટિફીક પુરાવા પણ છે તેમ જણાવે છે. મુંબઈ મુકામે કેન્લી હેવુડને ત્યાંથી વાઈફાઈ કે તેનુ કમ્પ્યુટર કબજે કરેલુ નથી તેના જવાબમાં સાહેદે જણાવેલુ છે કે અગાઉ મુંબઈ પોલીસે કબજે કરેલા છે. કેનલી હેવુડનું નિવેદન કેટલી વખત લીધુ હશે તે કહી શકે નહીં. કેન્લી હેવુડ વાઈફાઈ હેક થયા અંગેની કોઈ ફરિયાદ થયેલી હોય તો કહી શકે નહીં. આરોપીઓ સીમી સંસ્થાના કાર્યકરો હતા તે અંગેનો દસ્તાવેજી પુરાવો મેળવેલો છે. આ દસ્તાવેજી પુરાવો ચાર્જશીટ સાથે રજૂ કરેલો છે કે કેમ? તે ચોકકસ કહી શકે નહીં. અલમહમદી સોસાયટી મકાન નં.૧૦ ની બહારની બાજુથી મકાનનો ફોટો લેવા આદેશ આપેલો કે કેમ? તે કહી શકે નહીં. તપાસ ટીમના અધિકારીઓ વખતો વખત મળતા હતા તે કબૂલ કરે છે. મકાન ઉપર પહોંચ્યા ત્યારે મકાન ઉપર તાળુ હતુ અને મકાન ખોલતા પહેલા આજુબાજુ કોઈ માણસોની પુછપરછ કરેલી નહીં. મકાનનુ તાળુ ખોલવાવાળા નિષ્ણાંતને બોલાવવાનો પ્રયત્ન કરેલો નહીં. મકાનમાં છેલ્લે કયાં સુધી કોઈ રહેલા તે અંગેનો પુરાવો ચાર્જશીટ સાથે રજૂ કરેલો છે. આરોપીની ઓળખ અંગેનો પ્રશ્ન આવતો હોય ત્યારે તે અંગેની કાર્યવાહી તરત કરવી જોઈએ તે કબૂલ કરે છે. ઓળખ પરેડ કરાવવા માટે મયુર ચાવડા તથા વી. આર.ટોળીયાનાઓએ કોઈ પ્રયત્ન કરેલા હોય તો કહી શકે નહીં. આરોપી મહમદ આરીફ બદરૂદ્દીન શેખને તા.૧.૧૨.૨૦૦૮ ના રોજ ખાડીયા પોલીસ સ્ટેશનના ગુનામાં એરેસ્ટ બતાવેલો હોય તો કાગળો જોઈને કહી શકે. આરોપી ફઝલે રહેમાનને તા.૧.૧૨.૨૦૦૮ ના રોજ ખાડીયા પોલીસ સ્ટેશનના ગુનામાં એરેસ્ટ

બતાવેલો હોય તો કાગળો જોઈને કહી શકે. ઓળખ પરેડના પંચનામાઓ કરતા પહેલા ઓળખ કરનાર સાહેદોને આરોપીઓના ફોટા બતાવવામાં આવેલાની હકીકત નકારે છે. તપાસ સબંધે અન્ય તપાસ અધિકારીઓ સાથે ચર્ચા વિચારણા થતી હતી તે કબૂલ કરે છે. અલમહમદી સોસાયટી મકાન નં.૧૦ માંથી વાળ તથા ગાદલા ઉપરના ડાઘના ડી.એન.એ. ટેસ્ટમાં તે ટેસ્ટ આરોપીઓને મળતો આવતો ન હતો તો તે કહી શકે નહીં. પુના ખાતે અશોકા મ્યૂઝવાળા ફલેટની બહારના હિસ્સાનુ પંચનામુ કરેલાનું કબૂલ કરે છે. પંચનામુ લખતા પહેલા પંચનામુ ગુજરાતીમાં લખવા બાબતેની કોઈ સંમતિ પંચનામાની શરૂઆતમાં નોંધેલી નથી તે કબૂલ કરે છે. પંચનામાના બંને પંચો મુંબઈના રહીશ છે તે કબૂલ કરે છે. "અશોકા મ્યૂઝ" ઉપર કરેલુ પંચનામુ ખોટુ ઉભુ કરેલાની હકીકત નકારે છે. તમામ ગુનાઓમાં આરોપીઓને એરેસ્ટ અંગેની જે તારીખો સરતપાસમાં જણાવેલી છે તે કાગળો જોઈને જણાવેલી છે તે કબૂલ કરે છે. આરોપીઓ ઘણા સમયથી જેલમાં છે અને પેપર જોવાના બહારે પ્રોસીડીંગ લંબાઈ તેવા હેતુથી ખોટા જવાબો આપતા હોવાની હકીકત નકારે છે. આ સાહેદની પાસેની તપાસોમાં સૌપ્રથમ જે જે આરોપીઓને જે જે ગુનાના કામે એરેસ્ટ કરેલા તે આરોપીઓની કસ્ટડી અન્ય ગુનાના કામેથી મેળવીને એરેસ્ટ કરેલાનું કબૂલ કરે છે.

અનલોફુલ એકટીવીટી એકટમાં કેટલી સમયમર્યાદામાં પરવાનગી માટે સબંધિત ઓથોરીટીને રીપોર્ટ કરવો જોઈએ તે કાયદો જોઈને કહી શકે. પરવાનગી મેળવવા માટે કયુ પ્રોસીજર એડોપ્ટ કરવુ પડે તે જણાવેલુ નથી તો તે હકીકત નકારે છે. આરોપીઓને લાંબા સમય સુધી પોલીસ કસ્ટડીમાં રાખવા માટે તેઓને એક ગુનામાં એરેસ્ટ કર્યા પછી બીજા ગુનામા એરેસ્ટ ગણી લેવાનો રીપોર્ટ કરેલો નથી તો તે હકીકત નકારે છે. આ સાહેદની પાસેની તપાસો ખોટી કરેલી હતી તો તે હકીકત નકારે છે. કેસ ડાયરી સાથે નહીં લાવવાનુ કોઈ ચોકકસ કારણ આપી શકે નહીં. ઈ–મેઈલ માટે પુરાવાના કાયદાની કલમ–૬૫(બી) મુજબનુ પ્રમાણપત્ર લીધુ ન હોય તો કહી શકે નહીં. સરતપાસની તમામ હકીકત સાચા આરોપીઓને બચાવવા ખોટી જણાવે છે તો તે હકીકત નકારે છે. જે આરોપીઓના

નામો ચાર્જશીટમાં ઉર્ફે બતાવેલા છે તે નામો બાબતે તપાસ કરેલી નથી તો તે હકીકત નકારે છે. અમદાવાદમાં બોમ્બ બ્લાસ્ટ થાય તે વખતે સ્યુસાઈડ એટેક થયેલાનું મીડિયા દ્વારા જાણેલુ નહીં. બોમ્બ બ્લાસ્ટના દિવસે ગુજરાતના તમામ મુખ્ય માર્ગો ઉપર સઘન ચેકીંગ ચાલતુ હતુ તે કબૂલ કરે છે. આરોપીઓને અટક કરી ત્યારથી લઈને તપાસ પુરી થઈ ત્યાં સુધી આરોપીઓને જયુડીશીયલ કસ્ટડીમાં લેવા માટે રીપોર્ટ કરેલો નહીં તો તે હકીકત નકાર છે . બીજા તપાસ કરનાર અધિકારીઓ પાસેથી કસ્ટડી મેળવેલી તે બાબતે કોર્ટમાંથી પરવાનગી મેળવેલી હોવા બાબતે કહી શકે નહીં. આરોપીઓનો કબજો મેળવવા માટે સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે ગયેલા ત્યારે એન્ટ્રી કરાવેલી નથી તો તે હકીકત નકારે છે. આરોપીઓ રીમાન્ડ ઉપર હતા ત્યારે ખુબ જ મારઝુડ કરેલાની હકીકત નકારે છે. આરોપીઓને થર્ડ ડીગ્રી આપવામાં આવેલા તે હકીકત પણ નકારે છે. રીમાન્ડ દરમ્યાન આરોપીઓનુ મેડીકલ કરાવેલુ નથી તે હકીકત પણ નકારે છે. મારા મત પ્રમાણે રીમાન્ડ દરમ્યાન આરોપીઓનુ મેડીકલ કરાવેલુ નથી તેવી કોઈ રજૂઆત કે અરજી આરોપીઓ કે તેમના તરફથી તેમના વકીલશ્રીઓએ આપેલી હોય તેવુ રેકર્ડ ઉપર નથી. આ સાહેદને મળેલી તપાસો સ્વતંત્ર તપાસો કરેલી નથી તો તે હકીકત નકારે છે. આરોપીઓ સામે પુરતો પુરાવો ન હોવા છતાં ખોટા ચાર્જશીટ કરેલાની હકીકત નકારે છે.

અલમહમદી સોસાયટીવાળા મકાનના ઈલેકટ્રીસીટી જોડાણના ગ્રાહકના નંબરનો ઉલ્લેખ છે, તે નંબર કોના નામનો અને કયા સરનામાનો હતો તે હકીકત તપાસના કાગળોમાં સામેલ છે તેમ જણાવે છે. સોસાયટીના કોઈ માણસો પાસે આરોપીની ઓળખ કરાવેલી નહીં. પંચનામા વખતે એક ડાયરી મળેલી તેનો ઉલ્લેખ પંચનામામાં છે. આ ડાયરી એફ.એસ.એલ.મા મોકલેલી હોય અને તેનો રીપોર્ટ આપેલો હોય તો ખબર નથી. એક્ષપ્લોઝીવનું ઉત્પાદન કે વેચાણ કરનારાઓએ એક ફોર્મ ભરવુ પડે તો તેની ખબર નથી. અલમહમદી સોસાયટીના મકાન ઉપરથી કોઈ ફીંગર પ્રિન્ટ મળી નથી તો તે હકીકત નકારે છે. આ ફીંગરપ્રીન્ટ પાછળથી ખોટી ઉભી કરેલાની હકીકત નકારે છે. આરોપી આસીફ

નસીમ મીરઝાને તથા મહમદ સૈફની ઓળખ પરેડ કરાવતા પહેલા સાહેદો સમક્ષ ઓળખાવેલાની હકીકત નકારે છે.

સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાની જુબાની ધ્યાને લઈએ તો સને–૨૦૦૮ ના અરસામાં આ સાહેદ નાયબ પોલીસ અધીક્ષક મુખ્ય મથક આણંદ ખાતે ફરજ બજાવતા હતા. તે દરમ્યાન પોલીસ મહાનિર્દેષક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી ગાંધીનગરનાઓનો તા.૩૧.૭.૨૦૦૮ નો આદેશ મળેલો અને બીજો હુકમ ન થાય ત્યાં સુધી પોલીસ કમિશનરશ્રીની કચેરી ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ ખાતે એટેચ તરીકે રહેવાનું જણાવેલુ અને તા.૧.૮.૨૦૦૮ ના રોજ રીપોર્ટ કરવા જાણ કરવામાં આવેલી જેથી મુખ્ય મથક આણંદ ખાતેથી છુટા થઈ ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ શહેર ખાતે હાજર થયેલા અને તે અંગેનો રીપોર્ટ કરેલો. વધુમાં આ સાહેદ જણાવે છે કે તા.૩.૮.૨૦૦૮ ના રોજ નાયબ પોલીસ કમિશનર ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદના હુકમથી અમદાવાદ શહેરમાં થયેલ બોમ્બ બ્લાસ્ટના અલગ–અલગ ગુનાઓ પૈકી ઉપરોકત કોષ્ટકમાં આ સાહેદના નામની સામે દર્શાવેલા પોલીસ સ્ટેશનના ગુનાઓની તપાસો આ સાહેદે તા.૩.૮.૨૦૦૮ ના રોજ સંભાળેલી હતી. તપાસો સંભાળ્યા બાદ જગ્યાઓની વીઝીટો પણ કરેલાનું જણાવે છે. તેમજ ઉપરોકત કોષ્ટકમાં આ સાહેદના નામની સામે જણાવેલા પોલીસ સ્ટેશનના ગુનાઓની તપાસો આ સાહેદ પાસે હતી તે ગુનાઓના કામે જે આરોપીઓની અટક કરવામાં આવેલી હતી તેઓની સામે તપાસો પૂર્ણ કરેલી અને પૂરતા પુરાવા એકત્ર કરી ચાર્જશીટો દાખલ કરેલાની હકીકત આ સાહેદ જણાવે છે. આ સાહેદે જે આરોપીઓને સાથે રાખી જુદી–જુદી જગ્યાઓ ઉપરના જે પંચનામાઓ બનાવેલા છે તે પંચનામાઓ આ ચુકાદામાં "પુરાવાના કાયદાની કલમ–૨૭ હેઠળના પંચનામાં બાબતે" તે શીર્ષક હેઠળના પેરામાં આ સાહેદના નામની સામે દર્શાવવામાં આવેલ આંકવાળા પંચનામાઓમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે. આ સાહેદની પાસેના ગુનાઓની તપાસના કામે આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ દાખલ કરવા માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૬, અનલોફુલ એકટીવીટી એકટની કલમ–૪૫,

એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટ કલમ–૭ તથા આર્મ્સ એકટની કલમ–૩૯ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે જે તે અધિકારીઓને દરખાસ્તો કરેલાનું પણ જણાવે છે. આ ચુકાદામાં " દરખાસ્તો અને મંજૂરીઓ"ના શીર્ષક હેઠળના પેરામાં આ સાહેદના નામની સામે જે આંકથી દરખાસ્તો દર્શાવેલી છે તે તમામ દરખાસ્તોમાં આ સાહેદે પોતાની સહીઓ ઓળખી બતાવી છે. આરોપીઓના ચહેરા નિશાન પત્રકો, એરેસ્ટ મેમો તથા આરોપીઓ સામે રજૂ કરવામાં આવેલા ચાર્જશીટોમાં પણ આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો તા.૩૧.૭.૨૦૦૮ ના રોજ બનાવની તપાસનો જે આદેશ મળેલો તે ક્રાઈમ બ્રાન્ચમાં એટેચ થવા અંગેનો હતો તે કબૂલ કરે છે. સીરીયલ બોમ્બ બ્લાસ્ટના કેસોની તપાસ કયારે છોડેલી તે તારીખ યાદ નથી. બીજા કયા પોલીસ અધિકારીઓ એટેચ તરીકે રહેલા તે અત્યારે યાદ નથી. ક્રાઈમ બ્રાન્ચ સાથે એટેચ થવાનો હુકમ ડી.સી.પી. અભય ચુડાસમા સાહેબે કરેલો તો તે હકીકત નકારે છે. ચારેય ટીમોના વડા કોણ હતા તે અત્યારે યાદ નથી. બનાવોની તપાસ સંભાળ્યા પછી તપાસનુ હેડ કવાર્ટર ક્રાઈમ બ્રાન્ચની ઑફિસ અમદાવાદ હતુ તે કબૂલ કરે છે. બનાવોની તપાસમાં જયારે જયારે આરોપીઓને અટક કરવામાં આવેલા ત્યારે ત્યારે તેઓનુ ઈન્ટ્રોગેશન ક્રાઈમ બ્રાન્ચની ઑફિસમાં કરવામાં આવતુ હતુ તે કબૂલ કરે છે. આરોપીઓનુ ઈન્ટ્રોગેશન કરવામાં આવતુ હતુ તેનાથી ચારેય ટીમોના વડા માહિતગાર હતા તે કબૂલ કરે છે. તપાસ દરમ્યાન જે કંઈ પુરાવા અને માહિતી મળતી તે અન્ય બનાવોના તપાસના અધિકારીઓને આપતા હતા તે કબૂલ કરે છે. અન્ય તપાસ કરનાર અધિકારીઓએ જે સાહેદોના નિવેદનો લીધેલા તેની નકલો મળેલી અને તે સાહેદોને ફરીથી બોલાવીને વેરીફીકેશન કરેલુ નથી. પરંતુ મારા મત પ્રમાણે કોઈ એક કેસના તપાસ કરનાર અધિકારી કોઈ સાહેદનુ નિવેદન નોંધે અને તે નિવેદનની નકલ અન્ય બીજા ગુનાના તપાસ કરનાર અધિકારીને આપે તો તે નિવેદનનું વેરીફીકેશન તે સાહેદને બોલાવીને કરવુ જોઈએ તેવી કાયદામાં કોઈ આદેશાત્મક જોગવાઈ નથી. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો આરોપીઓને

એરેસ્ટ કરવાના કારણો બતાવતો કોઈ દસ્તાવેજ હાલમાં મારી પાસે નથી તેમ જણાવે છે. સી.આર.પી.સી.ની જોગવાઈઓ પ્રમાણે તેઓને એરેસ્ટ કર્યાનો પ્રોસેસ કર્યો નથી તો તે હકીકત નકારે છે. આરોપીઓને એરેસ્ટ કર્યા ત્યારે એરેસ્ટના કારણો આપેલા નથી તે હકીકત પણ નકારે છે. તા.૧૬.૮.૨૦૦૮ ના રોજ નવ આરોપીઓની અટક શ્રી ટોળીયાએ કયાંથી, કેવી રીતે અને કયા સંજોગોમાં કરેલી તેની માહિતી મળેલી નહીં. તા.૧.૮.૨૦૦૮ થી તા.૧૬.૮.૨૦૦૮ સુધીના સમયગાળા દરમ્યાન તપાસમાં જયપુર કે બેંગલોર ગયેલા નથી. જયપુર અને બેંગ્લોરના બ્લાસ્ટના તપાસ કરનાર અધિકારીઓને મળેલા નથી. આ સમય દરમ્યાન સ્ટેટ આઈ.બી. કે સેન્ટ્રલ આઈ.બી.ના અધિકારીઓ મળ્યા હોય અને તેમની સાથે ચર્ચા કરી હોય તેવુ બન્યુ નથી. સાહેદ રીયાઝ હુસેન સીદ્દીકી અને છોટુખાન મન્સુરીની પુછપરછ શ્રી ટોળીયાએ કરી ત્યારે પોતે હાજર ન હતા તેમ જણાવે છે. આ બંને સાહેદોને પંદરેક દિવસ અગાઉથી ગેરકાયદેસરની કસ્ટડીમાં રાખી તેમને મારઝુડ કરીને સાક્ષીઓ તરીકે તૈયાર કરેલાની હકીકત નકારે છે. આરોપીઓને ખોટા નિવેદનોના આધારે સંડોવી દીધાની હકીકત નકારે છે. આરોપી અબુબસર ઉર્ફે મુકતી તથા કયામુદ્દીન કાપડીયાને તપાસ દરમ્યાન દાણીલીમડામાં અલમહમદી સોસાયટી મકાન નં.૧૦ ઉપર લઈ ગયા હોય તો રેકર્ડ જોઈને કહી શકે. આ બંને આરોપીઓને લઈને મકાન ઉપર ગયેલા નથી કે કોઈ માહિતી મેળવેલી નથી તો તે હકીકત નકારે છે.

વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો, મકાન ઉપર ગયા હોય તેવો દસ્તાવેજ સરતપાસ દરમ્યાન રજૂ કરેલો ન હોય તો જોયા વિના કહી શકે નહીં. આ મકાન ઉપર બીજા તપાસ કરનાર અધિકારીઓ સાથે કે તેઓ પૈકી કોઈ એક સાથે ગયા હોય તો યાદ નથી. એફ.એસ.એલ. અધિકારીઓના નિવેદનો લીધેલા નથી તે કબૂલ કરે છે. જે વાહનમાં મકાન ઉપર ગયેલા તે વાહનની લોગબુક રજૂ કરેલી નથી તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે જયારે કોઈ તપાસ કરનાર અધિકારી સરકારી વાહન લઈને કોઈ ગુનાની તપાસમાં બહાર જાય ત્યારે ગુનાની

સાબીતી માટે સરકારી વાહનની લોગબુક રજૂ કરવી જોઈએ તેવી કોઈ જોગવાઈ પુરાવાના કાયદામાં નથી. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો એફ.એસ.એલ. ના અધિકારીઓ મકાન ઉપર હાજર હતા તે બતાવવા પંચનામામાં સહીઓ લીધેલી નથી તે કબૂલ કરે છે. આંક–૬૪૩૪ વાળુ પંચનામુ ધ્યાને લઈ જણાવે છે કે પંચનામામાં જણાવેલા મકાનના માલિક ફીરોજ દીલાવર શેખ હતા. પંચનામાવાળી જગ્યાના આજુબાજુના લોકોના નિવેદનો લીધેલા કે કેમ? તે માટે કાગળો જોવા પડે તેમ જણાવે છે. આંક–૬૪૩૪ વાળુ પંચનામુ પંચોની હાજરીમાં પંચનામાની વિગતે સ્થળ ઉપર જઈને કરેલુ નથી તો તે હકીકત નકારે છે. વોડાફોન, એરટેલ અને આઈડીયા ત્રણેય કંપનીઓ તરફથી અરજી ફોર્મ તથા આઈ.ડી. પ્રુફ રજૂ કરવામાં આવેલા તે રજૂ કરનારાઓના નિવેદનો લીધેલા નથી તે કબૂલ કરે છે. મોબાઈલના ઈન્સ્ટ્રુમેન્ટ કબજે કરેલા નથી તે કબૂલ કરે છે. પરંતુ સાહેદે જણાવેલુ છે કે આરોપીઓએ તે નાશ કરેલા હતા. અરજી ફોર્મ તથા આઈ.ડી. પ્રુફ રજૂ કરનારને રસીદ આપી હોય તેવુ પંચનામામાં નથી તે કબૂલ કરે છે. ત્રણેય કંપનીઓના અરજી ફોર્મ તથા આઈ .ડી. પ્રુફ કબજે કરવા માટે આરોપીઓને લઈને ગયેલા નથી તે કબૂલ કરે છે. તમામ મોબાઈલના નંબરો શ્રી અભય ચુડાસમા સાહેબે આપેલા અને તેઓના કહેવાથી ત્રણેય કંપનીઓ ઉપર ગયેલા તો તે હકીકત નકારે છે. સાહેદ દેસારામ બળદાજી, ભવરલાલ નૈનાજી અને દિનેશ ચંદુલાલના નિવેદનો ઉપરથી બે છોકરાઓએ તેઓની દુકાનેથી મોબાઈલ તથા સીમકાર્ડ ખરીદેલાનું જાણવા મળેલુ હોય તો જોયા વિના કહી શકે નહીં. ત્રણેય સાહેદો પાસે આરોપીઓની ઓળખ પરેડ કરાવેલી ન હોય તો કાગળો જોયા વિના કહી શકે નહીં. આંક–૬૦૬૮ થી કબજે કરવામાં આવેલા સાઇકલ જે દુકાનમાંથી ખરીદેલી તેના વેચાણ બીલો કબજે કર્યાનો ઉલ્લેખ પંચનામામાં નથી તે કબૂલ કરે છે. દુકાનના માલિકોને ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે બોલાવ્યા હોય અને સાઇકલોની ઓળખ અંગેનુ પંચનામુ કરેલુ કે કેમ? તે કાગળો જોયા વિના કહી શકે નહીં. જે દુકાનદારે આરોપીને સાઇકલ વેચેલી તે અંગેનુ સ્થળ ઉપર દુકાનદારનું નિવેદન લીધુ હોય તો તે અંગેનો ઉલ્લેખ પંચનામામાં

નથી તે કબૂલ કરે છે. આંક–૬૦૬૪ વાળા પંચનામામાં જણાવેલા સાતેય દુકાનદારોને પંચનામુ થયા પછી ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે બોલાવીને મુદ્દામાલ સાઈકલોની ઓળખ કરાવી નથી તે હકીકત નકારે છે. આરોપી ઉસ્માન અગરબત્તીવાલા તા.૧૬.૮.૨૦૦૮ થી ૩૧.૮.૨૦૦૮ ના સમય દરમ્યાન પોતાની કસ્ટડીમાં ન હતો તે કબૂલ કરે છે. વડોદરા મુકામે જઈ આંક–૬૩૭૦ વાળુ પંચનામુ બનાવેલ અને તે વખતે પોલીસ સ્ટાફના જે માણસો હાજર હતા તેઓના નિવેદનો લીધા નથી તે કબૂલ કરે છે. આંક–૬૩૭૦ વાળા પંચનામાથી કબજે કરેલ મુદ્દામાલને લઈને નજીકના પોલીસ સ્ટેશનમાં જઈ જમા કરાવી મુદ્દામાલ પાવતી મેળવેલી નથી તે કબૂલ કરે છે. તે મુદ્દામાલનો કોઈ સીઝર મેમો સરતપાસ વખતે રજુ કરેલો નથી તે કબૂલ કરે છે. આ પંચનામુ તપાસના ક્ષેત્ર અધિકારમાં ન હોવા છતાં ખોટુ બનાવેલુ છે તો તે હકીકત નકારે છે. વડોદરાથી મુંબઈ જતા હાઈવે ઉપર ઘણા બધા ટોલ પ્લાઝા આવે છે અને દરેક ટોલ પ્લાઝા ઉપર સી.સી.ટી.વી કેમેરા હોય છે તે કબૂલ કરે છે. વડોદરાથી મુંબઈ અને મુંબઈથી વડોદરા ઉપર આવતા ટોલ પ્લાઝાની સી.સી.ટી.વી ફુટેજની વિગતો રજૂ કરેલી નથી તે કબૂલ કરે છે. એલ.જી. હોસ્પિટલના કમ્પાઉન્ડમાં જે વાહનમાં બ્લાસ્ટ થયેલો તેનો રજીસ્ટ્રેશન નંબર મળેલો નહીં તો તે હકીકત નકારે છે. સાહેદે જણાવેલુ છે કે વાહનના રજીસ્ટ્રેશન નંબરનો ઉલ્લેખ આંક–૨૦૩૦ વાળા પંચનામામાં છે. આંક–૫૫૮૭ વાળા પંચનામા વખતે એફ.એસ.એલ. અધિકારી હાજર હતા તેમ જણાવે છે. આ અધિકારી અમદાવાદ કચેરીના કે ગાંધીનગર કચેરીના હતા તે હાલ કહી શકે નહીં. તેઓ ક્રાઈમ બ્રાન્ચની ઑફિસમાં કેવી રીતે આવેલા તે પણ કહી શકે નહીં. પંચનામુ શરૂ કરતા પહેલા કેટલો સમય અગાઉથી આવેલા તે પણ કહી શકે નહીં. એફ.એસ.એલ. અધિકારીઓએ સ્થળ ઉપર આવીને કોઈ કાર્યવાહી કરી હોય તે અંગેનો કોઈ રીપોર્ટ આપેલો હોય તેવુ પંચનામામાં નથી તે કબૂલ કરે છે. આંક–૫૫૮૭ વાળા પંચનામામાં એફ.એસ. એલ. અધિકારીઓની સહીઓ નથી. પંચનામુ શરુ કર્યુ ત્યારે એડેપ્ટર, એલાર્મ ટેબલ ઘડિયાળ સેલ સાથેની વિગેરે વસ્તુઓ હાજર હતી તે કબૂલ કરે છે.

પંચનામાની સાથે જે ડાયગ્રામ ચિત્ર તૈયાર કરેલુ તે કેટલા સમયમાં તૈયાર કરેલુ તે યાદ નથી. આંક–૫૫૮૭ વાળુ પંચનામુ પંચોની હાજરીમાં બનાવેલુ નથી તે હકીકત નકારે છે. આરોપીએ પંચનામાની સાથેવાળો ડાયગ્રામ બનાવેલો નથી તો તે હકીકત નકારે છે.

વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો વાઘમોન મુકામે અમદાવાદના કયા સ્થળેથી ગયેલા અને કેરળથી પણ કયા સ્થળે ગયેલા તે કહી શકે નહીં. આંક–૮૨૫૪ વાળુ પંચનામુ આરોપીના કહેવા પ્રમાણે પંચોની હાજરીમાં વાઘમોન મુકામે જઈને બનાવેલુ નથી તો તે હકીકત નકારે છે. આંક–૬૫૧૯ વાળા પંચનામાના આધારે હોટલ હરીમંગલા, હોટલ રેવન અને હોટલ નર્મદા ત્રણેય હોટલોના રજીસ્ટર કબજે કરેલા નથી પરંતુ સાહેદે પંચનામુ જોઈને જણાવેલુ છે કે હોટલ રજીસ્ટરના પાના કબજે કરેલા છે. પોતાને અનુકુળ પડે તે રીતે રજીસ્ટરના પાના કબજે કરી પાનાઓમાં એન્ટ્રીઓ પાછળથી ભરેલી છે તો તે હકીકત નકારે છે. આંક–૫૫૨૪ વાળા પંચનામામાં સ્થળ ઉપર કોઈ ઉર્દૂ ભાષા જાણનારને બોલાવ્યા હોય અને રૂપાંતર કરીને પંચનામુ લખાવ્યુ હોય તેવુ પંચનામામાં નથી તે કબૂલ કરે છે. આંક–૫૫૨૫ વાળુ લખાણ આંક–૫૫૨૪ વાળા પંચનામાની વિગતે કબજે કરેલુ નથી તો તે હકીકત નકારે છે.

વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો હાલોલમાં પ્રવેશતા પહેલા ચોકડી આવે છે અને ત્યાંથી પાવાગઢ કેટલા કીમી દુર છે તેનો ખ્યાલ નથી. હાલોલથી પાવાગઢની વચ્ચે ઐતિહાસિક ઈમારતો આવેલી હોય અને તે ટુરીસ્ટ પ્લેસ હોય તો ખ્યાલ નથી. ઐતિહાસિક ઈમારતો ઉપર ધાર્મિક શ્રધ્ધાળુઓ જતા હોય તો ખ્યાલ નથી. આંક–૭૦૫૩ વાળુ પંચનામુ પંચોના જણાવ્યા મુજબ તેમની હાજરીમાં આરોપીના બતાવ્યા મુજબ બનાવેલુ નથી તો તે હકીકત નકારે છે. આંક–૮૫૯૨ વાળા પંચનામામાં આરોપી સરકુદ્દીન અંગ્રેજી અને મલયાલમ ભાષા જાણે છે તેવો ઉલ્લેખ પંચનામામાં છે તે કબૂલ કરે છે. પંચનામુ બનાવ્યુ ત્યારે મલયાલમ ભાષાના જાણકાર વ્યકિતને હાજર રાખ્યાનો ખ્યાલ નથી. આરોપી અંગ્રેજીમાં બોલતો હતો અને તેનુ ભાષાંતર ગુજરાતીમાં કરવામાં આવતુ

હતુ તેવુ પંચનામામાં લખેલ નથી તે કબૂલ કરેલ છે. આરોપી અંગ્રેજી ભાષા જાણતો ન હતો તો તે હકીકત નકારે છે. આંક–૮૫૯૪ વાળા પંચનામાની સાથે જે ડાયાગ્રામ છે તેમાં આરોપીની સહી નથી તે કબૂલ કરે છે. પંચનામાના દિવસે એફ.એસ.એલ. અધિકારીઓ ક્રાઈમ બ્રાન્ચની કચેરીએ ચોકકસ કેટલા વાગે આવેલા તે યાદ નથી. એફ.એસ.એલ. અધિકારીઓને કેવી રીતે બોલાવેલા તેનો ઉલ્લેખ પંચનામામાં નથી તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે એફ.એસ.એલ. અધિકારીઓને કેવી રીતે બોલાવેલા તેમજ તેઓ કેવી રીતે આવેલા તે અંગેની કોઈ હકીકત પંચનામામાં લખવી જ જોઈએ તેવો કોઈ આદેશાત્મક નિયમ નથી. આંક–૬૩૫૩ વાળા પંચનામાની વિગતે જે મુદ્દામાલ કબજે કરેલો હોય તે મુદ્દામાલ કબજે કર્યા બાબતેની કોઈ સીઝર પાવતી આપવામાં આવેલી હોય તેનો ઉલ્લેખ પંચનામામાં નથી તે કબૂલ કરે છે. આ પંચનામાની વિગતે જે મુદ્દામાલ કબજે કરેલો તે મુદ્દામાલ કબજે કર્યા પછી નજીકના પોલીસ સ્ટેશને જઈ પાવતી મેળવી હોય તેવો ઉલ્લેખ પંચનામામાં નથી તે કબૂલ કરે છે. પંચનામામાં જણાવેલ સ્થળના માલીક મહમદ ઉસ્માન મહમદ ઈકબાલ શેખનાઓ છે તે બતાવવા કોઈ દસ્તાવેજ કબજે કરેલો નથી. આંક–૬૩૫૩ વાળા પંચનામામાં જણાવ્યા મુજબની કોઈ કાર્યવાહી પંચોની હાજરીમાં સ્થળ ઉપર કરેલી નથી તો તે હકીકત નકારે છે.

વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો સાહેદ ઝાકીર હુસેન કુરેશીનું નિવેદન તા.૧૭.૧૦.૨૦૦૮ ના રોજ લીધેલુ અને તેને ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૦ મુજબની નોટિસ આપીને બોલાવેલો હોય તો તે યાદ નથી. તા.૧૭.૧૦.૨૦૦૮ થી તા.૨૦.૧૦.૨૦૦૮ સુધીના સમય દરમ્યાન સાહેદ ઝાકીર હુસેન કયાં હતો તે યાદ નથી. સમસુદ્દીનના નાના ના ઘરે જઈ પંચનામુ કરેલુ હોય તેવુ પંચનામુ રજૂ કરેલુ નથી તે કબૂલ કરે છે. આરોપી યુનુસ મહમદ મન્સુરીને ત્યાં તથા અબ્દુલ રાઝીક તથા આફ્રિદીને ત્યાં જઈ ઘરનુ પંચનામુ કર્યું હોય કે તેની આજુબાજુના લોકોના નિવેદનો લીધા હોય તે યાદ નથી. સાહેદ ઝાકીર કુરેશીની પત્નીનુ નિવેદન લીધુ ન હોય તો કાગળો જોયા વિના કહી શકે નહીં. ઝાકીર દ્વારા

આરોપી કયામુદ્દીનની ઓળખ પરેડ કરાવેલી નથી. સાહેદ ઝાકીરને તપાસ કરનાર ટીમોના અધિકારીઓએ ગેરકાયદેસર કસ્ટડીમાં રાખેલો અને નિવેદન નોંધેલુ તો તે હકીકત નકારે છે. ડી.સી.પી. અભય ચુડાસમા સાહેબની સુચના હેઠળ તપાસ કરીને ખોટા આરોપીઓને પકડેલાની હકીકત નકારે છે. રાજકીય દબાણ હોવાથી તેમજ ઉપલા પોલીસ અધિકારીઓની સુચના મુજબ આરોપીઓ વિરૂધ્ધ પુરતા પુરાવા ન હોવા છતાં ખોટી ચાર્જશીટો કરવામાં આવેલી છે તો તે હકીકત નકારેલી છે. ઓળખ પરેડ કરાવતા પહેલા સાહેદોને આરોપીઓ અગાઉથી ઓળખાવી દીધેલાની હકીકત નકારે છે. સરતપાસ અને ઊલટતપાસ દરમ્યાન કેસ ડાયરી લાવેલા નથી તે કબૂલ કરે છે. કેસ ડાયરી સાથે ન લાવવાનુ કોઈ ખાસ કારણ નથી. આરોપીને મદદકરતો પુરાવો રેકર્ડ ઉપર ન આવે તે માટે કેસ ડાયરી લાવતા નથી તો તે હકીકત નકારી છે. આર્મ્સ એકટની જોગવાઈઓ લાગુ કરવા માટે કયો પુરાવો ભેગો કરેલો તે કાગળો જોયા વિના કહી શકે નહીં. આ કેસમાં એરગનનો કુગ્ગા ફોડવા સિવાય બીજી કોઈ રીતે ઉપયોગ થયેલો કે કેમ તે કહી શકે નહીં. વડોદરા સિવાય બીજી કોઈ જગ્યાએથી હથિયારો કબજે કર્યા નથી તો કાગળો જોયા વિના કહી શકે નહીં. ચારેય ટીમો ડી.સી.પી. ક્રાઈમ બ્રાન્ચની સુચના મુજબ કામ કરતી હતી તો તે હકીકત નકારે છે. ચારેય ટીમોના વડા ડી.સી.પી. સાથે સમયાંતરે મીટીંગો કરતા હતા તો તે હકીકત નકારે છે. મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ૨૦૬/૨૦૦૮ ના કામે આરોપીઓનો કબજો મેળવ્યો ત્યારે તે આરોપીઓ બીજા અધિકારીઓની કસ્ટડીમાં હતા કે કેમ? તે કહી શકે નહીં. તપાસ કરનાર અધિકારીઓએ પોત પોતાની પાસેના તપાસોના કામે તમામ આરોપીઓએ જુદા-જુદા સમયે જુદી-જુદી તારીખોએ જુદા-જુદા કેસોમાં રજૂ કરી અંદાજે છ માસ સુધી રીમાન્ડ ઉપર રાખેલા તે પ્રશ્નના જવાબમાં સાહેદ જણાવે છે કે આરોપીની કસ્ટડીની જરુર હોય તેવા પ્રસંગે તેઓની કસ્ટડી મેળવેલી. ચારેય તપાસનીશ અધિકારીઓએ સંયુકત તપાસ કરી હોય તેવુ બન્યુ નથી તેમ જણાવે છે. કોઈ પણ આરોપીની પુછપરછ કે કોઈપણ સાહેદનુ નિવેદન શ્રી ટોળીયાએ મારી હાજરીમાં લીધેલુ નથી તેમ જણાવે છે. આરોપીઓની કસ્ટડી

ચારેય કેસોમાં કોર્ટના હુકમ દ્વારા મેળવેલી તે કબૂલ કરે છે. આરોપીઓને એરેસ્ટ કરતી વખતે એરેસ્ટ પંચનામા બનાવેલા નથી તે કબૂલ કરે છે. આરોપી સાજીદ મન્સુરીએ મકાન ભાડે રાખેલુ તેવો ઉલ્લેખ આંક–૬૫૪૦ વાળા પંચનામામા નથી તે કબૂલ કરે છે. ખુંદપીર દરગાહનો વહીવટ અને દેખરેખ કોણ રાખે છે તે અંગે કોઈ તપાસ કરેલી કે કેમ? તે કહી શકે નહીં. હાલોલથી પાવાગઢ જતા રોડની ડાબી કે જમણી સાઈડે મંદિર આવેલુ છે તે કહી શકે નહીં. બીજી તપાસ ટીમના અધિકારીઓએ આ જગ્યાનું પંચનામુ બનાવેલુ હતુ તેવી જાણકારી હોવા છતાં આરોપીને સંડોવવા ખોટુ પંચનામુ બનાવેલાની હકીકત નકારે છે. ચાર વર્ષ દરમ્યાન રહેલી તપાસમાં કોઈ સીધા પુરાવા મળેલા નહીં તો તે હકીકત નકારે છે. આ કેસમાં સાહેદોને ગુપ્ત રાખવાનો નિર્ણય મારા કેસોમાં મેં કરેલો તેમ જણાવે છે. તપાસના સમયગાળા દરમ્યાન યુ.એ.પી.એ. એકટ હેઠળ રીવ્યુ ઓથોરીટીની નિમણૂક થયેલી કે કેમ? તે ધ્યાનમાં નથી તેમ જણાવે છે. તપાસના કાગળો રીવ્યુ ઓથોરીટીને મોકલેલા નથી અને બચાવમાં ખોટી જુબાની આપે છે તો તે હકીકત નકારે છે. તપાસ શરૂ થતા પહેલા પોતે તેમજ અન્ય તપાસ કરનાર અધિકારીઓએ સને–૨૦૦૧ ની સાલ પહેલાના સીમીના સભ્યોને ગેરકાયદેસર રીતે ગોંધી રાખેલાની હકીકત નકારે છે. જે સભ્ય તાબે થયા તેઓને સાક્ષી બનાવ્યા અને જે સભ્યો તાબે ન થાય તેમને આરોપી બનાવ્યા તો તે હકીકત નકારે છે. આ પ્રશ્નનો ઉંડાણપૂર્વક અર્થ ધ્યાને લઈએ તો સીમી સંગઠનનું અસ્તિત્વ હતુ અને છે અને આ કામના અમુક સાક્ષીઓની સાથે તમામ આરોપીઓ કે જેમને આરોપીઓ બનાવવામાં આવેલા તે તેમામ સીમીના સભ્યો હતા અને છે તેવુ કહી શકાય. આરોપી અબુબસરને લખનઉથી ધરપકડ કરવાની સત્તા ન હતી તો તે બાબતે કહી શકે નહીં. ભરૂચ શેરપુરાવાળુ મકાન તૌકીર કે રફીકે ભાડે રાખ્યુ છે તેવો પુરાવો મળેલો નથી તો તે હકીકત નકારે છે. આરોપી ફઝલે રહેમાનને ખોટી રીતે સંડોવવા તા.૧૨.૧૨.૨૦૦૮ ના રોજ આંક–૬૮૧૬ વાળુ પંચનામુ બનાવેલુ છે તો તે હકીકત નકારે છે. આંક–૭૦૫૩ વાળા પંચનામાની વિગતે સ્થળ ઉપરથી કોઈ ચીજવસ્તુ કબજે કરેલી નથી તો તે કબૂલ

કરે છે. આરોપી અબ્બાસ ઉંમર સમેજા સામે કોઈ પુરાવો મળતો ન હતો માટે પંચનામુ ઉભુ કરેલુ છે તો તે હકીકત નકારે છે. આંક–૫૫૫૬ વાળા પંચનામામાં જણાવેલી જગ્યા ઉપરથી કોઈ ચીજવસ્તુ કબજે કરેલ નથી તો તે કબૂલ કરે છે. આરોપી મહમદ ઈસ્માઈલનાઓએ મારૂતિ–૮૦૦ ગાડી લઈને એલ.જી. હોસ્પિટલના પાર્કીંગમાં મુકેલાનુ જણાવેલુ નથી તો તે હકીકત નકારે છે.

વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો આંક–૬૩૩૫ વાળા પંચનામાથી સી.ડી અને ડી.વી.ડી કબજે કરેલી તે કબૂલ કરે છે. પરંતુ તેની ઉપરથી ચાન્સ પ્રિન્ટ મળી ન હોય તો જોયા વિના કહી શકે નહીં. ફિરોઝ દીલાવર શેખનાઓએ તા.૧૮.૮.૨૦૦૮ ના રોજ નિવેદન આપેલુ નથી તો તે હકીકત નકારે છે. સાહેદ ઈદ્રીશ ગુલાબશા રૂબરૂ કેમ્પમા હાજર રહેલા કોઈ માણસોને ઓળખ પરેડ કરાવેલી ન હોય તો કાગળો જોયા વિના કહી શકે નહીં. બીજા રાજયોના બીજા કેસોમાંથી આરોપીઓને પકડીને લઈ આવેલાની હકીકત નકારે છે. દરખાસ્તોમાં અધિકારીઓ મંજૂરી આપવા માટે ગેરમાર્ગે દોરાય તેવા પુરાવા દર્શાવેલા છે તો તે હકીકત નકારે છે. પોતાની પાસેની તપાસવાળા ચારેય સ્થળો ઉપર બનાવ પછી કેટલા દિવસ બાદ મુલાકાત લીધેલી તે યાદ નથી. ચારેય કેસોમાં કેટલાક આરોપીઓને સીધા એરેસ્ટ કરેલા અને કેટલાક આરોપીઓની કસ્ટડી ગણી લેવા માટેના રીપોર્ટ કરેલા છે તે કબૂલ કરે છે. કેસ ડાયરીમાંથી જો હકીકત જણાવવામાં આવે તો આરોપીની તરફેણમાં જાય માટે કેસ ડાયરી લાવતા નથી તો તે હકીકત નકારે છે. ઈદ્રીશ ગુલાબશા ફકીર દરગાહ ઉપર નોકરી કરતો હતો તે અંગે કોઈ દસ્તાવેજી પુરાવો મેળવેલો નથી. આ સાહેદ ધર્મશાળા ઉપર ગયા ત્યારે તે બંધ હતી. કેટલા સમયથી તે બંધ હતી તે અંગેનો પુરાવો મેળવેલો હોય તો જોઈને કહી શકે. આરોપીઓ ખુંદપીરની દરગાહ ઉપર જઈને રોકાયેલા તે બતાવવા ઈદ્રીશ ગુલાબશા ફકીરના નિવેદન સિવાય બીજો કોઈ પુરાવો નથી તો તે હકીકત નકારે છે. આંક–૭૦૫૩ વાળુ જે પંચનામુ બનાવેલુ તે જ જગ્યાનુ પંચનામુ અગાઉ શ્રી ટોળીયાએ તા.૨૭.૮.૨૦૦૮ ના રોજ બનાવેલુ હોય તો કહી શકે નહીં. આંક–૭૨૫૨ વાળા પંચનામાવાળી જગ્યા મહમદ સફીકે બતાવેલી

નથી તો તે હકીકત નકારી છે. આરોપી હાફીજ હુસેન તાજુદ્દીન વિરૂધ્ધ ગુનામાં સંડોવતો કોઈ પુરાવો આવેલો ન હોવાથી આંક–૮૨૫૪ વાળુ પંચનામુ બનાવેલુ તો તે હકીકત નકારે છે. આંક–૬૪૮૬ થી કબજે કરેલુ રજીસ્ટરના પાનાવાળુ રજીસ્ટર "કોર્સ ઓફ બીઝનેશ"માં નિભાવેલુ ન હતુ માટે આખુ રજીસ્ટર કબજે કરેલુ નથી તો તે હકીકત નકારે છે. સાઇકલો ખરીદ કર્યા અંગેના કે વેચાણ કર્યા અંગેના કોઈ દસ્તાવેજો કબજે કર્યા નથી તે કબૂલ કરે છે. તમામ ગુનાઓમાં જે સાઇકલો વપરાયેલાનો ઉલ્લેખ છે તે સાઇકલો જાતે સીઝ કરેલી નહીં તેમ જણાવે છે. રીમાન્ડ દરમ્યાન આરોપીઓના મેડીકલ ચેકઅપ સરકારી હોસ્પિટલમાં કરાવેલા તે કબૂલ કરે છે. આ મેડીકલ ચેકઅપના દસ્તાવેજી પુરાવા ચાર્જશીટ સાથે રજૂ કરેલા નથી પરંતુ મારા મત પ્રમાણે મેડીકલ ચેકઅપના દસ્તાવેજી પુરાવા ગુનો પુરવાર કરવા માટેના દસ્તાવેજી પુરાવા નથી માટે તેવા મેડીકલ ચેકઅપના દસ્તાવેજી પુરાવા ચાર્જશીટ સાથે રજૂ કરવા જરૂરી પણ નથી અને આવા મેડીકલ ચેકઅપના દસ્તાવેજી પુરાવા રજૂ કરવા જોઈએ તેવી કોઈ આદેશાત્મક જોગવાઈ પણ નથી.

વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો આંક–૨૦૩૦ વાળા પંચનામાના આધારે સ્થળ ઉપરથી એન્જીનના ટુકડા કબજે કરેલા તે કોની કસ્ટડીમાં કેવી રીતે રાખેલા તે યાદ નથી. આ એન્જીનના ટુકડાઓ ક્રાઈમ બ્રાન્ચની ઑફિસના કમ્પાઉન્ડમાં ખુલ્લા પડેલા હોય તો કહી શકે નહીં. આંક–૨૦૩૬ વાળા પંચનામાથી કબજે કરેલી આર.ટી.ઓ. નંબર પ્લેટ નં.જીજે–૦૧–એચએફ–૫૭૬૪ ને ફરીથી આંક–૫૮૧૨ ના પત્રથી સીલબંધ હાલતમાં એફ.એસ.એલ.મા મોકલેલી. ભરૂચ ખાતે બતાવેલા બે મકાનો પૈકી અન્ય આરોપી જે રહેતો હતો તે મકાનની વિગત પ્રાથમિક પંચનામા વખતે આપેલી નહીં તે કબૂલ કરે છે. મકાન કેટલા માળનુ હતુ તેનો ઉલ્લેખ પંચનામામાં નથી તે કબૂલ કરે છે. આંક–૬૩૫૩ વાળુ પંચનામુ જોઈને જણાવે છે કે તેમા જણાવેલા આર્ટિકલો કઈ જગ્યાએ રાખેલા છે તે અંગેની કોઈ હકીકત તે વખતે જણાવેલી નથી. આંક–૬૩૩૫ વાળા પંચનામાવાળી સીડીઓ ઉપર ચાન્સ પ્રિન્ટ છે કે

કેમ? તે જાણવા માટે તે સીડીઓ પંચનામુ કરતા પહેલા સીલબંધ હાલતમાં એફ.એસ.એલ.ને મોકલવાનો પ્રયત્ન કરેલ નથી. આંક–૮૨૫૨ વાળુ પંચનામુ વાઘમોન ખાતે બનાવેલુ અને ત્યાં રોડની બંને સાઈડ ઉપર નાના–નાના સ્ટોલ આવેલા હોય તો ખ્યાલ નથી. સ્ટોલવાળા લોકોના નિવેદનો નોંધેલા ન હોય તો ખ્યાલ નથી.

વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો અર્નાકુલ્લમ ખાતે બસ ડેપોની બાજુમાં આવેલ મસ્જિદ ઉપર ગયા અંગેનો કોઈ દસ્તાવેજી પુરાવો ચાર્જશીટ સાથે રજૂ કરેલો છે કે કેમ? તે યાદ નથી. તપાસોમાં આરોપીઓ સામે કોઈ પુરાવા ન હતા તેમ છતાં ખોટા પુરાવા ઉભા કરેલા છે તો તે હકીકત નકારે છે. તપાસ દરમ્યાન અમુક પુરાવા આરોપીઓની તરફેણમાં જતા હોવાથી ચાર્જશીટ સાથે રજૂ કરેલા નથી તો તે હકીકત નકારે છે. સુરતમાં થયેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવો તથા અમદાવાદમાં થયેલા બોમ્બ બ્લાસ્ટના બનાવો અંગે તપાસ કરનાર અધિકારીઓએ મેળવેલા પુરાવાઓની આપ–લે કરતા હતા તે હકીકત કબૂલ કરે છે. આંક–૬૪૩૪ વાળા પંચનામાવાળી જગ્યાએથી ફીંગર પ્રીન્ટ લીધેલી નથી તે કબૂલ કરે છે. કેરાલા ખાતે તપાસ અર્થે કુલ બે વખત ગયેલા, કઈ–કઈ તારીખોએ ગયેલા તે યાદ નથી. કેરાલા મુકામે લોકલ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરેલો કે કેમ? તે યાદ નથી. અટક કરેલા આરોપીઓ વિરૂધ્ધ કોઈ પુરાવો ન હોવા છતાં ખોટા પુરાવાઓ ઉભા કરી સરકારે જાહેર કરેલ રીવોર્ડ મેળવવા ખોટા માણસોને પકડીને ખોટા પુરાવાના આધારે ચાર્જશીટો કરેલા છે તો તે હકીકત નકારી છે.

સાહેદ નં.૧૧૧૮ રાહુલ પટેલની જુબાની ધ્યાને લઈએ તો તા.૧૩.૮.૨૦૧૫ થી તા.૩૧.૫.૨૦૧૬ સુધીના સમય દરમ્યાન આ સાહેદ સાયબર ક્રાઈમ અમદાવાદ ખાતે મદદનીશ પોલીસ કમીશનર તરીકે ફરજ બજાવતા હતા. ત્યારબાદ તા.૧.૬.૨૦૧૬ થી તા.૪.૭.૨૦૧૭ સુધી મદદનીશ પોલીસ કમીશનર ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ તરીકે ફરજ બજાવતા હતા. તા.૨૩.૫.૨૦૧૬ ના રોજ ફરજ ઉપર હતા ત્યારે શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ૨૩૬/૨૦૦૮, અમરાઈવાડી પોલીસ સ્ટેશન ફર્સ્ટ ૨૭૩/૨૦૦૮, બાપુનગર

પોલીસ સ્ટેશન ફર્સ્ટ ૨૨૦ /૨૦૦૮, નરોડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ૪૦૦/૨૦૦૮, નરોડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ૪૦૧ /૨૦૦૮, રામોલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ૩૨૧ /૨૦૦૮, રામોલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ૩૨૨ /૨૦૦૮ ના ગુનાઓની તપાસ શ્રી વી.આર.ટોળીયા પાસેથી સંભાળેલી હતી. ત્યારબાદ આ ગુનાઓની તપાસ આ સાહેદે તેઓની બદલી શાહીબાગ ક્રાઈમ સેલ અમદાવાદ ખાતે થતા મદદનીશ પોલીસ કમિશનર ક્રાઈમ બ્રાન્ચ તરીકેનો ચાર્જ શ્રી આર.એન. ઝાલાને સોંપેલો અને તેઓને આ ગુનાની તપાસો સોંપેલી. વધુમાં આ સાહેદના જણાવ્યા પ્રમાણે મદદનીશ પોલીસ કમીશનર ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ શહેરનો ચાર્જ સંભાળેલો હોવાથી અગાઉ તે ચાર્જ સંભાળતા કે.એન.પટેલ પાસેથી અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટના કેસોની તપાસ સંભાળેલી. જે ગુનાઓની તપાસ સંભાળેલી તેમાં મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૩/૨૦૦૮, મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૪/૨૦૦૮, મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૫/૨૦૦૮, મણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૬/૨૦૦૮, સરખેજ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૧૮૧/૨૦૦૮, ઓઢવ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૩૩૮/૨૦૦૮ અને ઓઢવ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૩૩૯/૨૦૦૮ ગુનાઓના કામે ઉપરોકત કોષ્ટકમાં આ સાહેદના નામની સામે જણાવેલા પોલીસ સ્ટેશનના ગુનાઓની તપાસો આ સાહેદ પાસે હતી તે ગુનાઓના કામે આ સાહેદે જે આરોપીઓની અટક કરેલી હતી તેઓની સામે તપાસો પૂર્ણ કરેલી અને પૂરતા પુરાવા એકત્ર કરી ચાર્જશીટો દાખલ કરેલાની હકીકત આ સાહેદ જણાવે છે. આ સાહેદની પાસેના ગુનાઓની તપાસના કામે આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ દાખલ કરવા માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૬, અનલોફુલ એકટીવીટી એકટની કલમ–૪૫, એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટ કલમ–૭ તથા આર્મ્સ એકટની કલમ–૩૯ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે જે તે અધિકારીઓને દરખાસ્તો કરેલાનું પણ જણાવે છે. આ ચુકાદામાં "દરખાસ્તો અને મંજૂરીઓ" ના શીર્ષક

હેઠળના પેરામાં આ સાહેદના નામની સામે જે આંકથી દરખાસ્તો દર્શાવેલી છે તે તમામ દરખાસ્તોમાં આ સાહેદે પોતાની સહીઓ ઓળખી બતાવી છે. આરોપીઓના ચહેરા નિશાન પત્રકો, એરેસ્ટ મેમો તથા આરોપીઓ સામે રજૂ કરવામાં આવેલા ચાર્જશીટોમાં પણ આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો તા.૨૩.૫.૨૦૧૬ ના રોજ સૌપ્રથમ આરોપી મહમદ રફીક ઉર્ફે જાવીદ બાબતેની તપાસ વી.આર.ટોળીયાએ સંભાળેલી હતી તે કબૂલ કરે છે. આ આરોપીને તપાસમાં કોઈક જગ્યાએ લઈ ગયા હોય તો આ સાહેદને ચોકકસ યાદ નથી. તા.૧.૬.૨૦૧૬ ના રોજ આ આરોપી બાબતેની તપાસ આર.એન.ઝાલાને સોંપેલાનું કબૂલ કરે છે. અગાઉ કુલ–૭૪ જેટલા આરોપીઓ પકડાયેલા હતા અને તેમની સામે ચાર્જશીટો દાખલ થયેલી હતી તેમાં કેટલા દસ્તાવેજો હશે તેનો ખ્યાલ નથી. તપાસ દરમ્યાન કોઈ સાક્ષી કે પંચોને ફરીથી બોલાવીને ચકાસણી કરેલાનું યાદ નથી. આરોપી આલમજેબ આફ્રીદી બાબતેના તપાસના કોઈ પુરાવા રીવ્યુ ઓથોરીટીને મોકલેલા નથી તે કબૂલ કરે છે. આરોપી મંજર ઈમામ બાબતેની તપાસના કોઈ પુરાવા રીવ્યુ ઓથોરીટીને મોકલેલા નથી. બંને આરોપીઓ વિરૂધ્ધ યંત્રવત સપ્લીમેન્ટરી ચાર્જશીટો દાખલ કરેલાની હકીકત નકારે છે. યુ.એ.પી.એ. એકટની કલમ–૪૫(૨) હેઠળ બંને આરોપીઓ સામે મંજૂરી મેળવવા માટે કાયદેસર કાર્યવાહી કરેલી નથી તો તે હકીકત નકારે છે. બંને આરોપીઓ સામેની તપાસના કાગળો મળ્યા પછી કોઈ સાક્ષીઓના નિવેદન લીધા હોય કે પંચનામા બનાવ્યા હોય તો યાદ નથી. સેંકશનના કાગળો મોકલવા માટેની કોઈ પ્રોપર ચેનલ નકકી થયેલી છે કે કેમ? તે કહી શકે નહીં. આરોપી મંજર ઈમામને અટક કરતા પહેલા તેની વિરૂધ્ધ કયા પુરાવા ભેગા કરેલા તે અત્યારે કહી શકે નહીં.

સાહેદ નં.૧૧૫૬ ચંદનસિંહ નારાયણસિંહ રાજપુતની જુબાની ધ્યાને લઈએ તો મે–૨૦૧૩ ના અરસામાં આ સાહેદ અમદાવાદ શહેર એસ.ઓ.જી. ક્રાઈમ બ્રાન્ચ ખાતે મદદનીશ પોલીસ કમીશનર તરીકે ફરજ

બજાવતા હતા. અમદાવાદ શહેરમાં સને–૨૦૦૮ ના વર્ષમાં થયેલ સીરીયલ બોમ્બ બ્લાસ્ટના ગુનાઓના કામે નાસતા ફરતા આરોપી મહમદ સાહીદ ઉર્ફે અબ્દુલ સાહીદ નાગોરીનાઓનું ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૭૦ મુજબનું ધરપકડ વોરન્ટ નીકળેલુ હતુ. આ આરોપીની તપાસ કરતા ઉજ્જૈન મુકામેથી આરોપી મળી આવતા શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ ના કામે લાવીને અટક કરેલો હતો અને વધુ તપાસ અર્થે કેસના કાગળો વી.આર.ટોળીયાને મોકલી આપેલા. વધુમાં આ સાહેદ જણાવે છે કે સુશ્રી ઉષા રાડાઓની બઢતી સાથે બદલી મહીસાગર જીલ્લાના પોલીસ અધીક્ષક તરીકે થતા તેમની પાસેની તપાસો ખાડીયા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં. ૭૧/૨૦૦૮, દાણીલીમડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૧૪૦/ ૨૦૦૮, કાલુપુર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૧૨૩/૨૦૦૮, વટવા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૧૮/૨૦૦૮, ઈસનપુર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૧૯૦/૨૦૦૮, કલોલ તાલુકા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૦૦/૨૦૦૮ ના ગુનાઓની તપાસ સંભાળેલી. તપાસ દરમ્યાન આરોપી આલમજેબ આફ્રિદી વિરૂધ્ધ ચાર્જશીટ કરવા માટે જુદા–જુદા કાયદા હેઠળની મંજૂરીઓ માંગવા જુદા–જુદા અધિકારીઓને પ્રોપર ચેનલ મારફતે દરખાસ્તો મોકલેલાનું જણાવે છે. આ ગુનાઓના કામે ઉપરોકત કોષ્ટકમાં આ સાહેદના નામની સામે જણાવેલા પોલીસ સ્ટેશનના ગુનાઓની તપાસો આ સાહેદ પાસે હતી તે ગુનાઓના કામે આ સાહેદે જે આરોપીઓની અટક કરેલી હતી તેઓની સામે તપાસો પૂર્ણ કરેલી અને પૂરતા પુરાવા એકત્ર કરી ચાર્જશીટો દાખલ કરેલાની હકીકત આ સાહેદ જણાવે છે. આ સાહેદની પાસેના ગુનાઓની તપાસના કામે આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ દાખલ કરવા માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૬, અનલોફુલ એકટીવીટી એકટની કલમ–૪૫, એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટ કલમ–૭ તથા આર્મ્સ એકટની કલમ–૩૯ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે જે તે અધિકારીઓને દરખાસ્તો કરેલાનું પણ જણાવે છે. આ ચુકાદામાં "દરખાસ્તો અને મંજૂરીઓ" ના શીર્ષક હેઠળના પેરામાં આ સાહેદના

નામની સામે જે આંકથી દરખાસ્તો દર્શાવેલી છે તે તમામ દરખાસ્તોમાં આ સાહેદે પોતાની સહીઓ ઓળખી બતાવી છે. આરોપીઓના ચહેરા નિશાન પત્રકો, એરેસ્ટ મેમો તથા આરોપીઓ સામે રજૂ કરવામાં આવેલા ચાર્જશીટોમાં પણ આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો ડી.સી.પી. અભય ચુડાસમાએ સીરીયલ બોમ્બ બ્લાસ્ટના કેસોની તપાસ કરવા માટે ચાર ટીમો બનાવ્યાનો આ સાહેદને ખ્યાલ નથી. પરંતુ અલગ–અલગ ટીમો તપાસ કરતી હતી તેનો ખ્યાલ છે. ચારેય તપાસ ટીમોએ અગાઉ કામ કરેલુ તેની ખબર છે. ઉપરી અધિકારીના લેખિત હુકમ વિના કોઈ કેસની તપાસ થઈ શકે નહીં તે પ્રશ્નના જવાબમાં સાહેદ જણાવે છે કે ઉપરી અધિકારીનો લેખિત હુકમ જરૂરી નથી. આરોપી ઉસ્માન ઉર્ફે સાહિદ નાગોરીને અટક કર્યો ત્યારે વોરન્ટ સિવાય બીજા કોઈ દસ્તાવેજી પુરાવા ન હતા. ઉજ્જૈન કોર્ટમાં કેસ ડાયરી આપેલી પરંતુ બીજા કાગળો આપેલાનો ખ્યાલ નથી. સુ શ્રી ઉષા રાડા પાસેથી તા.૨૭.૧. ૨૦૧૪ ના રોજ જે તપાસ મળેલી તે તપાસ મળ્યા બાદ કોઈ સ્વતંત્ર તપાસ કરેલી નથી અને ફકત ચાર્જશીટ કરેલુ છે તે કબૂલ કરે છે. પ્રોપર ચેનલ મારફતે મંજૂરી મેળવવાના કોઈ કાયદાકીય નિયમો નથી તે કબૂલ કરે છે. પરંતુ સાહેદ જણાવે છે કે તે વિભાગીય પ્રક્રિયા છે. દરખાસ્તો પ્રોપર ચેનલ મારફતે મોકલેલી અને મંજૂરીઓ પણ પ્રોપર ચેનલ મારફતે મળેલાનું જણાવે છે. મંજૂરી મળેલી તે બાબતે કોઈ પહોચો આપેલી નથી. સરતપાસમાં જણાવ્યા મુજબ સોંપવામાં આવેલી તપાસોના કામે કોઈ પણ રીતે સ્વતંત્ર તપાસ કરી નથી તો તે હકીકત નકારે છે. આરોપીઓ વિરૂધ્ધ પુરાવા ન હોવા છતાં ખોટુ ચાર્જશીટ કરેલાની હકીકતો નકારી છે. આરોપી સાહીદ નાગોરીને ઓળખ અંગેની તકરાર ઉભી થયેલી જેથી મીડીયાનો લોકો ઉજ્જૈન મુકામે ભેગા થઈ ગયેલાનુ કબૂલ કરે છે. તપાસ ટીમના સભ્ય તરીકે આ સાહેદે કોઈ તપાસ કરી નથી તે કબૂલ કરે છે. પરંતુ મારા મત પ્રમાણે અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોની શરુઆતની તપાસો દરમ્યાન ચાર તપાસ ટીમો બનાવેલી હતી પાછળથી કોઈ તપાસ ટીમો બનેલી

નથી જેથી આ સાહેદ કોઈ તપાસ ટીમના સભ્ય ન હોય. આરોપી તૌસીફ ખાન શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ ના કામે જયુડીશીયલ કસ્ટડીમાં હતો ત્યારે આ સાહેદની પાસેની ગુનાઓની તપાસના કામે તેને કસ્ટડીમાં ગણી લેવા માટે રીપોર્ટ કરેલો નથી.

(૮૫.૧) સુરત શહેરના બનાવોના મુખ્ય તપાસ કરનાર અધિકારીઓના પુરાવા વિશે...

સુરત શહેરના કુલ–૨૯ બોમ્બ પ્લાન્ટેશનના બનાવોની કુલ–૧૫ ફરિયાદો નોંધાયેલી અને તે ફરિયાદોના કામે જુદા–જુદા આરોપીઓને અટક કરીને તેઓની સામે જુદા–જુદા અધિકારીઓએ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ સમક્ષ ચાર્જશીટો દાખલ કરેલા હતા. કયા પોલીસ સ્ટેશનના ગુનાના કામે, કયા આરોપી સામે, કયા તપાસ કરનાર અધિકારીએ ચાર્જશીટ દાખલ કરેલા તેની વિગત નીચે મુજબ છે.

અ. નં.	ચાર્જશીટ કરનાર અધિકારી	પોલીસ સ્ટેશન તથા ગુના રજીસ્ટર નંબર	કયા આરોપી સામે ચાર્જશીટ કરેલુ તે આરોપીનો નંબર
૧	એન.બી.પરમાર	કાપોદ્રા પો. સ્ટે. સે. ગુ. ર. નં. ૧૭૫/૨૦૦૮	૧ થી ૧૬, ૧૮, ૨૦ થી ૨૨, ૨૬ થી ૩૫, ૩૭, ૪૩ થી ૪૯, ૫૧ થી ૬૬
		કાપોદ્રા પો. સ્ટે. સે. ગુ. ર. નં. ૧૭૬/૨૦૦૮	૧ થી ૧૬, ૧૮, ૨૦ થી ૨૨, ૨૬ થી ૩૫, ૩૭, ૪૩ થી ૪૯, ૫૧ થી ૬૬
		કાપોદ્રા પો. સ્ટે. સે. ગુ. ર. નં. ૧૭૯/૨૦૦૮	૧ થી ૧૬, ૧૮, ૨૦ થી ૨૨, ૨૬ થી ૩૫, ૩૭, ૪૩ થી ૪૯, ૫૧ થી ૬૬
		કાપોદ્રા પો. સ્ટે. સે. ગુ. ર. નં. ૧૮૦/૨૦૦૮	૧ થી ૧૬, ૧૮, ૨૦ થી ૨૨, ૨૬ થી ૩૫, ૩૭,

			૪૩ થી ૪૯, ૫૧ થી ૬૬
		વરાછા પો. સ્ટે. સે. ગુ. ૨. નં. ૩૬૩/૨૦૦૮	૧, ૪, ૭ થી ૧૩, ૧૮, ૨૬ થી ૨૭, ૩૦, ૩૫, ૩૭, ૪૬ થી ૪૯, ૫૧ થી ૬૨, ૬૫ થી ૬૬
		વરાછા પો. સ્ટે. સે. ગુ. ૨. નં. ૩૬૪/૨૦૦૮	૧, ૪, ૭ થી ૧૩, ૧૮, ૨૬ થી ૨૭, ૩૦, ૩૫, ૩૭, ૪૬ થી ૪૯, ૫૧ થી ૬૨, ૬૫ થી ૬૬
		વરાછા પો. સ્ટે. સે. ગુ. ૨. નં. ૩૬૫/૨૦૦૮	૧ થી ૧૬, ૧૮, ૨૦ થી ૨૨, ૨૬ થી ૩૫, ૩૭, ૪૩ થી ૪૯, ૫૧ થી ૬૬
		વરાછા પો. સ્ટે. સે. ગુ. ૨. નં. ૩૬૬/૨૦૦૮	૧, ૪, ૭ થી ૧૩, ૧૮, ૨૬ થી ૨૭, ૩૦, ૩૫, ૩૭, ૪૬ થી ૪૯, ૫૧ થી ૬૨, ૬૫ થી ૬૬
		વરાછા પો. સ્ટે. સે. ગુ. ૨. નં. ૩૬૭/૨૦૦૮	૧, ૪, ૭ થી ૧૩, ૧૮, ૨૬ થી ૨૭, ૩૦, ૩૫, ૩૭, ૫૧ થી ૬૩, ૬૫ થી ૬૬
		કતારગામ પો. સ્ટે. સે. ગુ. ૨. નં.૨૦૩/૨૦૦૮	૧ થી ૧૬, ૧૮, ૨૦ થી ૨૨, ૨૬ થી ૩૫, ૩૭, ૪૩ થી ૪૯, ૫૧ થી ૬૬
		કતારગામ પો. સ્ટે. સે. ગુ. ૨. નં.૨૦૮/૨૦૦૮	૧, ૪, ૭ થી ૧૩, ૧૮, ૨૬ થી ૨૭, ૩૦, ૩૫, ૩૭, ૪૬ થી ૪૯, ૫૧ થી ૬૨, ૬૫ થી ૬૬

		મહિધરપુરા પો. સ્ટે. સે. ગુ. ૨. નં.૨૦૮/૨૦૦૮	૧, ૪, ૭ થી ૧૩, ૧૮, ૨૬ થી ૨૭, ૩૦, ૩૫, ૩૭, ૪૬ થી ૪૯, ૫૧ થી ૬૨, ૬૫ થી ૬૬
		મહિધરપુરા પો. સ્ટે. સે. ગુ. ૨. નં.૨૦૯/૨૦૦૮	૧, ૪, ૭ થી ૧૩, ૧૮, ૨૬ થી ૨૭, ૩૦, ૩૫, ૩૭, ૪૬ થી ૪૯, ૫૧ થી ૬૨, ૬૫ થી ૬૬
		ઉમરા પો. સ્ટે. સે. ગુ. ૨. નં.૨૦૮/૨૦૦૮	૧ થી ૧૬, ૧૮, ૨૦ થી ૨૨, ૨૬ થી ૩૫, ૩૭, ૪૩ થી ૪૯, ૫૧ થી ૬૬
		ડી.સી.બી. પો. સ્ટે. સે. ગુ.૨.નં.૩૦૧૯/૨૦૦૮	૧ થી ૧૬, ૧૮, ૨૦ થી ૨૨, ૨૬ થી ૩૫, ૩૭, ૪૩ થી ૪૯, ૫૧ થી ૬૬
૨	એસ.બી.રાવત	કાપોદ્રા પો. સ્ટે. સે. ગુ. ૨. નં. ૧૭૫/૨૦૦૮	૬૭
		કાપોદ્રા પો. સ્ટે. સે. ગુ. ૨. નં. ૧૭૬/૨૦૦૮	૬૭
		કાપોદ્રા પો. સ્ટે. સે. ગુ. ૨. નં. ૧૭૯/૨૦૦૮	૬૭
		કાપોદ્રા પો. સ્ટે. સે. ગુ. ૨. નં. ૧૮૦/૨૦૦૮	૬૭
		વરાછા પો. સ્ટે. સે. ગુ. ૨. નં. ૩૬૩/૨૦૦૮	૬૭
		વરાછા પો. સ્ટે. સે. ગુ. ૨. નં. ૩૬૪/૨૦૦૮	૬૭

		વરાછા પો. સ્ટે. સે. ગુ. ર. નં. ૩૬૫/૨૦૦૮	૬૭
		વરાછા પો. સ્ટે. સે. ગુ. ર. નં. ૩૬૬/૨૦૦૮	૬૭
		વરાછા પો. સ્ટે. સે. ગુ. ર. નં. ૩૬૭/૨૦૦૮	૬૭
		કતારગામ પો. સ્ટે. સે. ગુ. ર. નં.૨૦૩/૨૦૦૮	૬૭
		કતારગામ પો. સ્ટે. સે. ગુ. ર. નં.૨૦૮/૨૦૦૮	૬૭
		મહીધરપુરા પો. સ્ટે. સે. ગુ. ર. નં.૨૦૮/૨૦૦૮	૬૭
		મહીધરપુરા પો. સ્ટે. સે. ગુ. ર. નં.૨૦૯/૨૦૦૮	૬૭
		ઉમરા પો. સ્ટે. સે. ગુ. ર. નં.૨૦૮/૨૦૦૮	૬૭
		ડી.સી.બી. પો. સ્ટે. સે. ગુ.ર.નં.૩૦૧૯/૨૦૦૮	૬૭
૩	વી.ડી.રાઠોડ	કાપોદ્રા પો. સ્ટે. સે. ગુ. ર. નં. ૧૭૫/૨૦૦૮	૬૭ થી ૭૦, ૭૩ થી ૭૪
		કાપોદ્રા પો. સ્ટે. સે. ગુ. ર. નં. ૧૭૬/૨૦૦૮	૬૭ થી ૭૦, ૭૩ થી ૭૪
		કાપોદ્રા પો. સ્ટે. સે. ગુ. ર. નં. ૧૭૯/૨૦૦૮	૬૭ થી ૭૦, ૭૩ થી ૭૪
		કાપોદ્રા પો. સ્ટે. સે. ગુ. ર. નં. ૧૮૦/૨૦૦૮	૬૭ થી ૭૦, ૭૩ થી ૭૪

		વરાછા પો. સ્ટે. સે. ગુ. ર. નં. ૩૬૩/૨૦૦૮	૬૭ થી ૭૦, ૭૩ થી ૭૪
		વરાછા પો. સ્ટે. સે. ગુ. ર. નં. ૩૬૪/૨૦૦૮	૬૭ થી ૭૦, ૭૩ થી ૭૪
		વરાછા પો. સ્ટે. સે. ગુ. ર. નં. ૩૬૫/૨૦૦૮	૬૭ થી ૭૦, ૭૩ થી ૭૪
		વરાછા પો. સ્ટે. સે. ગુ. ર. નં. ૩૬૬/૨૦૦૮	૬૭ થી ૭૦, ૭૩ થી ૭૪
		વરાછા પો. સ્ટે. સે. ગુ. ર. નં. ૩૬૭/૨૦૦૮	૬૭ થી ૭૦, ૭૩ થી ૭૪
		કતારગામ પો. સ્ટે. સે. ગુ. ર. નં.૨૦૩/૨૦૦૮	૬૭ થી ૭૦, ૭૩ થી ૭૪
		કતારગામ પો. સ્ટે. સે. ગુ. ર. નં.૨૦૮/૨૦૦૮	૬૭ થી ૭૦, ૭૩ થી ૭૪
		મહીધરપુરા પો. સ્ટે. સે. ગુ. ર. નં.૨૦૮/૨૦૦૮	૬૭ થી ૭૦, ૭૩ થી ૭૪
		મહીધરપુરા પો. સ્ટે. સે. ગુ. ર. નં.૨૦૯/૨૦૦૮	૬૭ થી ૭૦, ૭૩ થી ૭૪
		ઉમરા પો. સ્ટે. સે. ગુ. ર. નં.૨૦૮/૨૦૦૮	૬૭ થી ૭૦, ૭૩ થી ૭૪
		ડી.સી.બી. પો. સ્ટે. સે. ગુ.ર.નં.૩૦૧૯/૨૦૦૮	૬૭ થી ૭૦, ૭૩ થી ૭૪
૪	આર.એ.મુન્સી	કાપોદ્રા પો. સ્ટે. સે. ગુ. ર. નં. ૧૭૫/૨૦૦૮	૭૧, ૭૨
		કાપોદ્રા પો. સ્ટે. સે. ગુ. ર. નં. ૧૭૬/૨૦૦૮	૭૧, ૭૨

		કાપોદ્રા પો. સ્ટે. સે. ગુ. ૨. નં. ૧૭૯/૨૦૦૮	૭૧, ૭૨
		કાપોદ્રા પો. સ્ટે. સે. ગુ. ૨. નં. ૧૮૦/૨૦૦૮	૭૧, ૭૨
		વરાછા પો. સ્ટે. સે. ગુ. ૨. નં. ૩૬૩/૨૦૦૮	૭૧, ૭૨
		વરાછા પો. સ્ટે. સે. ગુ. ૨. નં. ૩૬૪/૨૦૦૮	૭૧, ૭૨
		વરાછા પો. સ્ટે. સે. ગુ. ૨. નં. ૩૬૫/૨૦૦૮	૭૧, ૭૨
		વરાછા પો. સ્ટે. સે. ગુ. ૨. નં. ૩૬૬/૨૦૦૮	૭૧, ૭૨
		વરાછા પો. સ્ટે. સે. ગુ. ૨. નં. ૩૬૭/૨૦૦૮	૭૧, ૭૨
		કતારગામ પો. સ્ટે. સે. ગુ. ૨. નં.૨૦૩/૨૦૦૮	૭૧, ૭૨
		કતારગામ પો. સ્ટે. સે. ગુ. ૨. નં.૨૦૮/૨૦૦૮	૭૧, ૭૨
		મહીધરપુરા પો. સ્ટે. સે. ગુ. ૨. નં.૨૦૮/૨૦૦૮	૭૧, ૭૨
		મહીધરપુરા પો. સ્ટે. સે. ગુ. ૨. નં.૨૦૯/૨૦૦૮	૭૧, ૭૨
		ઉમરા પો. સ્ટે. સે. ગુ. ૨. નં.૨૦૮/૨૦૦૮	૭૧, ૭૨
		ડી.સી.બી. પો. સ્ટે. સે. ગુ.૨.નં.૩૦૧૯/૨૦૦૮	૭૧, ૭૨

૫	ભક્તિ ઠાકર	કાપોદ્રા પો. સ્ટે. સે. ગુ. ર. નં. ૧૭૫/૨૦૦૮	૭૫ થી ૭૭
		કાપોદ્રા પો. સ્ટે. સે. ગુ. ર. નં. ૧૭૬/૨૦૦૮	૭૫ થી ૭૭
		કાપોદ્રા પો. સ્ટે. સે. ગુ. ર. નં. ૧૭૯/૨૦૦૮	૭૫ થી ૭૭
		કાપોદ્રા પો. સ્ટે. સે. ગુ. ર. નં. ૧૮૦/૨૦૦૮	૭૫ થી ૭૭
		વરાછા પો. સ્ટે. સે. ગુ. ર. નં. ૩૬૩/૨૦૦૮	૭૫ થી ૭૭
		વરાછા પો. સ્ટે. સે. ગુ. ર. નં. ૩૬૪/૨૦૦૮	૭૫ થી ૭૭
		વરાછા પો. સ્ટે. સે. ગુ. ર. નં. ૩૬૫/૨૦૦૮	૭૫ થી ૭૭
		વરાછા પો. સ્ટે. સે. ગુ. ર. નં. ૩૬૬/૨૦૦૮	૭૫ થી ૭૭
		વરાછા પો. સ્ટે. સે. ગુ. ર. નં. ૩૬૭/૨૦૦૮	૭૫ થી ૭૭
		કતારગામ પો. સ્ટે. સે. ગુ. ર. નં.૨૦૩/૨૦૦૮	૭૫ થી ૭૭
		કતારગામ પો. સ્ટે. સે. ગુ. ર. નં.૨૦૮/૨૦૦૮	૭૫ થી ૭૭
		મહીધરપુરા પો. સ્ટે. સે. ગુ. ર. નં.૨૦૮/૨૦૦૮	૭૫ થી ૭૭
		મહિધરપુરા પો. સ્ટે. સે. ગુ. ર. નં.૨૦૯/૨૦૦૮	૭૫ થી ૭૭

		ઉમરા પો. સ્ટે. સે. ગુ. ર. નં.૨૦૮/૨૦૦૮	૭૫ થી ૭૭
		ડી.સી.બી. પો. સ્ટે. સે. ગુ.ર.નં.૩૦૧૯/૨૦૦૮	૭૫ થી ૭૭
૬	આર.આર.સરવૈયા	કાપોદ્રા પો. સ્ટે. સે. ગુ. ર. નં. ૧૭૫/૨૦૦૮	૭૮
		કાપોદ્રા પો. સ્ટે. સે. ગુ. ર. નં. ૧૭૬/૨૦૦૮	૭૮
		કાપોદ્રા પો. સ્ટે. સે. ગુ. ર. નં. ૧૭૯/૨૦૦૮	૭૮
		કાપોદ્રા પો. સ્ટે. સે. ગુ. ર. નં. ૧૮૦/૨૦૦૮	૭૮
		વરાછા પો. સ્ટે. સે. ગુ. ર. નં. ૩૬૩/૨૦૦૮	૭૮
		વરાછા પો. સ્ટે. સે. ગુ. ર. નં. ૩૬૪/૨૦૦૮	૭૮
		વરાછા પો. સ્ટે. સે. ગુ. ર. નં. ૩૬૫/૨૦૦૮	૭૮
		વરાછા પો. સ્ટે. સે. ગુ. ર. નં. ૩૬૬/૨૦૦૮	૭૮
		વરાછા પો. સ્ટે. સે. ગુ. ર. નં. ૩૬૭/૨૦૦૮	૭૮
		કતારગામ પો. સ્ટે. સે. ગુ. ર. નં.૨૦૩/૨૦૦૮	૭૮
		કતારગામ પો. સ્ટે. સે. ગુ. ર. નં.૨૦૮/૨૦૦૮	૭૮

		મહિધરપુરા પો. સ્ટે. સે. ગુ. ૨. નં.૨૦૮/૨૦૦૮	૭૮
		મહિધરપુરા પો. સ્ટે. સે. ગુ. ૨. નં.૨૦૯/૨૦૦૮	૭૮
		ઉમરા પો. સ્ટે. સે. ગુ. ૨. નં.૨૦૮/૨૦૦૮	૭૮
		ડી.સી.બી. પો. સ્ટે. સે. ગુ.૨.નં.૩૦૧૯/૨૦૦૮	૭૮
૭	જે.એસ.ખેર	વરાછા પો. સ્ટે. સે. ગુ. ૨. નં. ૩૬૩/૨૦૦૮	૨, ૩, ૫, ૬, ૧૪ થી ૧૬, ૨૦ થી ૨૨, ૨૮, ૨૯, ૩૧ થી ૩૪, ૪૩ થી ૪૫, ૬૩, ૬૪
		વરાછા પો. સ્ટે. સે. ગુ. ૨. નં. ૩૬૪/૨૦૦૮	૨, ૩, ૫, ૬, ૧૪ થી ૧૬, ૨૦ થી ૨૨, ૨૮, ૨૯, ૩૧ થી ૩૪, ૪૩ થી ૪૫, ૬૩, ૬૪
		વરાછા પો. સ્ટે. સે. ગુ. ૨. નં. ૩૬૬/૨૦૦૮	૨, ૩, ૫, ૬, ૧૪ થી ૧૬, ૨૦ થી ૨૨, ૨૮, ૨૯, ૩૧ થી ૩૪, ૪૩ થી ૪૫, ૬૩, ૬૪
		વરાછા પો. સ્ટે. સે. ગુ. ૨. નં. ૩૬૭/૨૦૦૮	૨, ૩, ૫, ૬, ૧૪ થી ૧૬, ૨૦ થી ૨૨, ૨૮, ૨૯, ૩૧ થી ૩૪, ૪૩ થી ૪૫, ૬૪

		કતારગામ પો. સ્ટે. સે. ગુ. ૨. નં.૨૦૮/૨૦૦૮	૨, ૩, ૫, ૬, ૧૪ થી ૧૬, ૨૦ થી ૨૨, ૨૮, ૨૯, ૩૧ થી ૩૪, ૪૩ થી ૪૫, ૬૩, ૬૪
		મહિધરપુરા પો. સ્ટે. સે. ગુ. ૨. નં.૨૦૮/૨૦૦૮	૨, ૩, ૫, ૬, ૧૪ થી ૧૬, ૨૦ થી ૨૨, ૨૮, ૨૯, ૩૧ થી ૩૪, ૪૩ થી ૪૫, ૬૩, ૬૪
		મહિધરપુરા પો. સ્ટે. સે. ગુ. ૨. નં.૨૦૯/૨૦૦૮	૨, ૩, ૫, ૬, ૧૪ થી ૧૬, ૨૦ થી ૨૨, ૨૮, ૨૯, ૩૧ થી ૩૪, ૪૩ થી ૪૫, ૬૩, ૬૪

ઉપરોકત કોષ્ટકમાં કોલમ નં.૨ મા જણાવેલા તપાસ કરનાર અધિકારીઓએ કોલમ નં.૩ મા જણાવેલ પોલીસ સ્ટેશનોના ગુનાના કામે કોલમ નં.૪ માં જણાવેલા નંબરોવાળા આરોપીઓ વિરૂધ્ધ તપાસો પૂર્ણ કરીને મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ સમક્ષ ચાર્જશીટ દાખલ કરેલા હતા. હવે દરેક તપાસ કરનાર અધિકારીની જુબાની ધ્યાને લઈએ તો સૌપ્રથમ તપાસ કરનાર અધિકારી જે.એસ.ખેર વિદેશમાં સ્થાયી થયેલા છે. સુરત શહેરમાં થયેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોની તપાસ કરવા માટે બે અધિકારીઓની ટીમ બનાવવામાં આવેલી. તે ટીમો પૈકી એક ટીમના તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમારનાઓએ તપાસ કરનાર અધિકારી જે.એસ.ખેરની તપાસ બાબતે પોતાની જુબાનીમાં તમામ હકીકતો જણાવેલી છે. જે.એસ.ખેરનાઓએ આરોપીઓને અટક કર્યા પછી આ બનાવોના ચાર્જશીટ દાખલ કરવા માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૬, અનલોફુલ એકટીવીટી એકટની કલમ–૪૫, એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટ કલમ–૭ તથા આર્મ્સ એકટની કલમ–૩૯ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે તપાસ કરનાર અધિકારી જે.એસ.ખેરે જે દરખાસ્તો

કરેલી તે દરખાસ્તો આ ચુકાદામાં "દરખાસ્તો અને મંજૂરી" ઓના શીર્ષક હેઠળના પેરામાં આ સાહેદના નામની સામે જે આંકથી દરખાસ્તો દર્શાવેલી છે તે તમામ દરખાસ્તોમાં જે.એસ.ખેરની સહીઓ સાહેદ એન.બી.પરમારનાઓએ ઓળખી બતાવી છે. તેમજ આરોપીઓના ચહેરા નિશાન પત્રકો તથા એરેસ્ટ મેમો જે.એસ.ખેરે બનાવેલા તે ચહેરા નિશાન પત્રકો તથા એરેસ્ટ મેમોમાં એન.બી.પરમારનાઓએ જે.એસ.ખેરની સહીઓ ઓળખી બતાવેલી છે. આ ઉપરાંત જે.એસ.ખેરે જે આરોપીઓ સામે જે ચાર્જશીટો દાખલ કરેલી તે ચાર્જશીટોમાં પણ જે.એસ.ખેરની સહીઓ સાહેદ એન.બી.પરમારનાઓએ ઓળખી બતાવેલી છે.

સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમારની જુબાની ધ્યાને લઈએ તો ડિસેમ્બર–૨૦૦૬ થી જુન–૨૦૧૦ સુધી એ.સી.પી. “સી" ડીવીઝન સુરત શહેર તરીકે ફરજ બજાવતા હતા. સુરત શહેરમાં બોમ્બ પ્લાન્ટેશનના બનાવો જુદા–જુદા વિસ્તારોમાં બનેલા તેમાં મહિધરપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં બે ગુના નોંધાયેલા હતા અને તે ગુનાઓની તપાસ પોલીસ કમીશનર સુરત શહેરના હુકમ આધારે તા.૩.૮.૨૦૦૮ ના રોજ સંભાળેલી. ગુનાઓના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ રવાનગી નોંધ સાથે એફ.એસ.એલ.મા તપાસ અર્થે મોકલી આપેલો હતો. વધુમાં સરતપાસ પ્રમાણે કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૧૭૬/૨૦૦૮, કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૧૭૫/૨૦૦૮, ડીસીબી પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૩૦૧૯/૨૦૦૮, ઉમરા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૬૫૧/૨૦૦૮ ના ગુનાઓની તપાસ એ.સી.પી. “ઈ" ડીવીઝન સુરતનાઓ સંભાળતા હતા તે તપાસ ઉપરાંત કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૧૭૯/૨૦૦૮, કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૧૮૦/૨૦૦૮, વરાછા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૩૬૩/૨૦૦૮, વરાછા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૩૬૪/૨૦૦૮, વરાછા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર

નં.૩૬૫/૨૦૦૮, વરાછા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૩૬૬/૨૦૦૮, વરાછા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૩૬૭/૨૦૦૮ ના ગુનાઓની તપાસ એ.સી.પી. "એ" ડીવીઝન સુરતનાઓ સંભાળતા હતા તથા કતારગામ પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૨૦૩/૨૦૦૮, કતારગામ પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૨૦૮/૨૦૦૮ ના ગુનાઓની તપાસ એ.સી.પી. "ડી" ડીવીઝન સુરતનાઓ સંભાળતા હતા. આ તમામ ગુનાઓની તપાસ પોલીસ કમીશનર સુરત શહેરના હુકમથી સંભાળેલી હતી. વધુમાં સરતપાસ મુજબ આરોપી મોહમદ તનવીર પઠાણને સાથે રાખી આરોપી જહીર પટેલના મકાનનું પંચનામુ બનાવેલુ. આરોપીએ તેનુ રીવર વ્યુ સોસાયટીવાળુ મકાન બતાવેલુ તેમાંથી પંચનામાની વિગતે મુદ્દામાલ કબજે કરેલો. તપાસ દરમ્યાન જુદા-જુદા આરોપીઓને સાથે રાખી જુદા-જુદા પંચનામાઓ બનાવેલા, આરોપીઓએ જે જગ્યાઓ ઉપરથી વસ્તુઓ ખરીદેલી તે જગ્યાઓના સાહેદોના નિવેદનો નોંધેલા, આરોપીઓની એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સમક્ષ ઓળખ પરેડ કરાવેલી. તેમજ ઉપરોક્ત કોષ્ટકમાં આ સાહેદના નામની સામે જણાવેલા પોલીસ સ્ટેશનના ગુનાઓની તપાસો આ સાહેદ પાસે હતી તે ગુનાઓના કામે જે આરોપીઓની અટક કરવામાં આવેલી હતી તેઓની સામે તપાસો પૂર્ણ કરેલી અને પુરતા પુરાવા એકત્ર કરી ચાર્જશીટો દાખલ કરેલાની હકીકત આ સાહેદ જણાવે છે. આ સાહેદે જે આરોપીઓને સાથે રાખી જુદી-જુદી જગ્યાઓ ઉપરના જે પંચનામાઓ બનાવેલા છે તે પંચનામાઓ આ ચુકાદામાં "પુરાવાના કાયદાની કલમ-૨૭ હેઠળના પંચનામાં બાબતે" તે શીર્ષક હેઠળના પેરામાં આ સાહેદના નામની સામે દર્શાવવામાં આવેલ આંકવાળા પંચનામાઓમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે. આ સાહેદની પાસેના ગુનાઓની તપાસના કામે આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ દાખલ કરવા માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૯૬, અનલોફુલ એકટીવીટી એકટની કલમ-૪૫, એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટ કલમ-૭ તથા આર્મ્સ એકટની કલમ-૩૯ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે જે તે અધિકારીઓને દરખાસ્તો કરેલાનું

પણ જણાવે છે. આ ચુકાદામાં "દરખાસ્તો અને મંજૂરીઓ" ના શીર્ષક હેઠળના પેરામાં આ સાહેદના નામની સામે જે આંકથી દરખાસ્તો દર્શાવેલી છે તે તમામ દરખાસ્તોમાં આ સાહેદે પોતાની સહીઓ ઓળખી બતાવી છે. આરોપીઓના ચહેરા નિશાન પત્રકો, એરેસ્ટ મેમો તથા આરોપીઓ સામે રજૂ કરવામાં આવેલા ચાર્જશીટોમાં પણ આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આરોપીઓના ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબના નિવેદનો લેવા માટે કોઈ કાર્યવાહી આ સાહેદે કરેલી નથી તેમ જણાવે છે. કોઈપણ જગ્યાએ આ કેસની તપાસ કરવા અને ત્યાંથી વસ્તુ સીઝ કરવા માટે સર્ચ વોરન્ટ મેળવેલા નથી. આ સાહેદના પોલીસ સ્ટેશન વિસ્તાર સિવાયના બીજા વિસ્તારોમાં જઈને તપાસ કરેલી અને મુદ્દામાલ જપ્ત કરેલો તો તે કાર્યવાહી કર્યા પછી જે તે પોલીસ સ્ટેશન વિસ્તારના પોલીસ સ્ટેશનોમાં જઈને મુદ્દામાલ રજૂ કરવા અંગેની કે મુદ્દામાલ પાવતી ફાડવા અંગેની કાર્યવાહી કરેલ નથી તો તે હકીકત નકારે છે. સરતપાસ દરમ્યાન ચાર્જશીટ બતાવેલી નથી તો તે હકીકત નકારે છે. મુદ્દામાલ જે તે પોલીસ સ્ટેશનમાં રજૂ કરવા બાબતે ખોટી જુબાની આપે છે તો તે હકીકત પણ નકારી છે. સર્ચ અને સીઝર દરમ્યાન પંચનામાની વિગતે કબજે કરેલ મુદ્દામાલની સ્થળ ઉપર હાજર વ્યકિતને કોઈ પહોચ આપેલી નથી તો તે હકીકત નકારે છે. સર્ચ અને સીઝર કરવા માટે જે કોઈ પોલીસ અધિકારીઓ કે સ્ટાફના માણસો સાથે ગયા હતા તેમના નિવેદનો લીધા નથી તો તે કબૂલ કરે છે. સ્થળ ઉપર ગયા પછી એફ.એસ.એલ. અધિકારીઓ, ફીંગર પ્રિન્ટ અધિકારીઓ અને ફોટોગ્રાફર વિગેરેનાઓના નિવેદનો લીધા નથી તો તે હકીકત નકારે છે. તપાસ દરમ્યાન એમોનીયમ નાઇટ્રેટ, ડીટોનેટર જેવી વસ્તુઓ કોઈપણ આરોપીએ કયાંથી મેળવેલી તે બાબતેની માહિતી મેળવવાની કોશીશ કરેલી પરંતુ મળેલી નહીં તે કબૂલ કરે છે. બોમ્બમાંથી નીકળેલી અન્ય સામગ્રીનું જ્ઞાન નથી તો તે હકીકત નકારે છે. કોઈ આરોપીને બોમ્બ લટકાવતા કે મુકતા જોયા હોય તેવા કોઈ સાક્ષી મળેલા નહીં તો તે કબૂલ કરે છે. તપાસ દરમ્યાન હાલોલ–પાવાગઢ મુકામે જઈને

કયારે તપાસ કરેલી તે હાલ કહી શકે નહીં. ગુનાઓની તપાસનું સ્થળ ક્રાઈમ બ્રાન્ચની કચેરી ચોક બજાર હતુ તે કબૂલ કરે છે. અમદાવાદ શહેરના ડી.સી.પી. અભય ચુડાસમા સાહેબને મળવાનો પ્રસંગ બનેલો નથી તેમ જણાવે છે. તા.૨૭.૭.૨૦૦૮ થી તા.૩૦.૬.૨૦૧૦ સુધીના સમય દરમ્યાન જે તપાસો કરેલી તે તપાસો અંગે ઉપરી અધિકારીઓ પાસેથી સલાહ સુચન કે માર્ગદર્શન લીધા નથી તેમ જણાવે છે. સુરત શહેરના બનાવોની શરૂઆતમાં તપાસ કરનાર અધિકારીઓએ તપાસો કરેલી અને પંચનામાઓ બનાવેલા તે કબૂલ કરે છે. એ.સી.પી. ખેર સાહેબ સાથે એક જ ઑફિસમાં બેસીને કોઈ કામગીરી કરેલી નથી. ખેર સાહેબે કરેલી તપાસોની ચકાસણી કરેલી નથી. તપાસ દરમ્યાન કોઈ આરોપીના મોબાઈલ ફોન કબજે કરેલા નથી તે કબૂલ કરે છે. આરોપીઓના ફોન નંબરોના આધારે કોલ ડીટેઈલ મેળવેલી નથી તે કબૂલ કરે છે. તપાસો દરમ્યાન વડોદરા મુકામે ગયા હોય અને કોઈ સાહેદોના નિવેદનો લીધા હોય તેવુ બન્યુ નથી તે કબૂલ કરે છે. અમદાવાદ શહેરના બનાવોના ચારેય તપાસ ટીમના અધિકારીઓ સાથે કોઈ ચર્ચા કરેલી નહીં કે તેમની પાસેથી કોઈ માહિતી મેળવેલી નહીં. સુરતમાં બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સાઈકલો ઉપર બોમ્બ પ્લાન્ટેશન કર્યા હોય તો તેવી કોઈ સાઈકલો મળી આવેલી નહીં તે કબૂલ કરે છે. સુરતમાં સ્કૂટર કે મોટર સાઈકલ ઉપર બોમ્બ પ્લાન્ટેશન થયા હોય તેવા કોઈ કેસો ન હતા તે કબૂલ કરે છે. આરોપીઓએ જે મકાન ભાડે રાખેલુ હોય તે મકાનના ભાડા અંગેના દસ્તાવેજો કબજે કરેલા નથી. પ્રોપર ચેનલ મારફતે દરખાસ્તો કેમ મોકલેલી તે અત્યારે કહી શકે નહીં તે કબૂલ કરે છે. દરખાસ્તો પ્રોપર ચેનલ મારફતે મોકલેલી તે અંગે કોઈ રસીદ કે દસ્તાવેજ રજૂ કરેલો નથી. પરંતુ મારા મત પ્રમાણે જયારે કોઈ તપાસ કરનાર અધિકારી પ્રોપર ચેનલ મારફતે મંજૂરી માટે દરખાસ્તો મોકલે ત્યારે તે અંગેની કોઈ રસીદ હોતી નથી. કદાચ તે અધિકારીની ઑફિસના જાવક રજીસ્ટરમાં નંબર લખીને મોકલે તેમ હોય છે અને આ એક ખાતાકીય પ્રક્રિયા છે. પ્રોપર ચેનલ મારફતે દરખાસ્તો મોકલવામાં આવે કે ન મોકલવામાં આવે તેથી કરીને બનાવોના મૂળને કોઈ અસર થતી નથી. નવા

સુધારા મુજબ કોઈ ઓથોરીટીની રચના થયેલી હોય તો ખબર નથી. સાહેદ જણાવે છે કે જે તે વખતે ઓથોરીટીની રચના થયેલી ન હતી. ભારતના બીજા શહેરોમાં બોમ્બ બ્લાસ્ટના કેસો થયાની માહિતી નથી. કેસોની તપાસ દરમ્યાન કેન્દ્રની આઈ.બી. કે રાજયની અન્ય કોઈ તપાસ એજન્સીઓની મદદ લીધેલી નહીં. આરોપી તનવીર પઠાણ અને જહીર પટેલનાઓની અટક તપાસ સંભાળતા પહેલા થયેલી હતી. આ બંને આરોપીઓને કયાંથી પકડેલા, કેવી રીતે પકડેલા અને કોના દ્વારા પકડેલા તેની માહિતી નથી. આ બંને આરોપીઓ સુરતના "ખીદમત ગ્રુપ" નામની સંસ્થા સાથે સંકળાયેલા હતા તે કબૂલ કરે છે. આ સંસ્થા શું કામગીરી કરતી હતી તેની ખબર નથી. સુરતના કેસોની તપાસનું સંચાલન અમદાવાદ શહેરના ક્રાઈમ બ્રાન્ચ ડી.સી.પી. અભય ચુડાસમા કરવામાં આવતુ હતુ તો તે હકીકત નકારી છે. રીમાન્ડના ખોટા કારણો આપીને આરોપીઓના રીમાન્ડ મેળવી તે આરોપીઓને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે લાવી ડી.સી.પી. અભય ચુડાસમાની ઑફિસમાં સોંપી દેવામાં આવતા હતા તો તે હકીકત નકારે છે. અમદાવાદ શહેરના બનાવોની તપાસ કરનાર અધિકારીની સુચના મુજબ દરખાસ્તો તૈયાર કરીને ખરાઈ કર્યા વિના મોકલી આપેલાની હકીકત નકારે છે. તપાસ દરમ્યાન કોઈ આરોપીના હેન્ડ રાઈટીંગના સ્પેસીમેન નમૂના લીધેલા નથી તો તે હકીકત નકારે છે. તપાસ દરમ્યાન બનાવવામાં આવેલા પંચનામાઓ પંચોની હાજરીમાં બનાવેલા નથી અને તૈયાર પંચનામાઓ ઉપર પાછળથી પંચોની સહીઓ લઈ લીધેલાની હકીકત નકારે છે. કસ્ટડીમાં રહેલા આરોપીઓએ કોઈ જગ્યાઓ બતાવવાની તૈયારી બતાવેલી નહીં તો તે હકીકત નકારે છે. રાજકીય દબાણના કારણે અને ઉપરી અધિકારીના કહેવા અને સુચના મુજબ ખોટા ચાર્જશીટો કરેલાની હકીકત નકારે છે.

વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો સુરત શહેરના પોલીસ કમીશનર બ્રાર સાહેબે તપાસનો લેખિત હુકમ કરેલો તે હાલ મારી પાસે નથી તેમ જણાવે છે. તનવીર પઠાણે રીવર વ્યુ સોસાયટીવાળુ મકાન બતાવેલુ તેમાંથી ઓસામાબીન લાદેનના ફોટાવાળુ જે છાપુ મળેલુ તે કયુ છાપુ હતુ તે કહી શકે

નહીં. ગેસનો બાટલો અને છાપુ ગુનાહિત વસ્તુ નથી તે કબૂલ કરે છે. રીવરવ્યુ સોસાયટીવાળુ મકાન ભાડે રાખેલુ તે અંગેનો ભાડા કરાર મળેલો નહીં તે કબૂલ કરે છે. આ મકાન તનવીર પઠાણે ભાડે રાખેલુ નથી તો તે હકીકત નકારે છે. આરોપી ફજલે રહેમાને માસ્તર હાઉસવાળુ મકાન બતાવેલુ નથી તો તે હકીકત નકારે છે. આરોપીની કબૂલાત લેવાના હેતુથી ખોટુ પંચનામુ બનાવેલુ છે તો તે હકીકત નકારે છે. આરોપીએ કોઈન બોક્ષવાળી જગ્યા બતાવેલી તે અંગેનુ ખોટુ પંચનામુ ઉભુ કરેલુ છે તો તે હકીકત પણ નકારી છે. આરોપીઓએ સહીઓના નમૂના આપેલા નથી તો તે હકીકત નકારી છે. આરોપી મહમદ આરીફ શેખે ઘડિયાળમાં બોમ્બનુ સેટીંગ કરવા બાબતેનુ પંચનામાની વિગતે જણાવેલ નથી કે તે અંગેનુ કોઈ ડેમોસ્ટ્રેશન કરેલુ નથી તો તે હકીકત નકારે છે. હોટલ અભિલાષા અને હોટલ વાપી ઈન્ટરકોન્ટીનેન્ટલના જે પાનાઓ રજૂ કરેલા છે તે પાછળથી ઉભા કરેલા છે તો તે હકીકત નકારી છે. ગુપ્ત સાહેદોને ચાર્જશીટમાં બતાવેલાનું યાદ નથી. અમદાવાદ બોમ્બ બ્લાસ્ટના કેસોમાં જેટલા પણ આરોપીઓ છે તે પૈકીના અમુક આરોપીઓ સુરત બોમ્બ પ્લાન્ટેશનના કેસોમાં નથી તે કબૂલ કરે છે. સુરતના કેસોમાં જે આરોપીઓ સામે ચાર્જશીટો કરેલા છે તે આરોપીઓ સામે સીમીના કેસો થયેલા માટે આ કેસોમાં સાચા આરોપીઓ ન મળતા સીમીના આરોપીઓને ખોટી રીતે આ કેસોમાં સંડોવેલા છે તો તે હકીકત નકારી છે. આ પ્રશ્નનો અર્થ ધ્યાને લેતા આ કેસમાં જે વ્યકિતઓને આરોપીઓ બનાવેલા છે સીમીના માણસો છે તેવુ આરોપીઓ તરફથી કબૂલ કરવામાં આવે છે તેમ કહી શકાય. છાપામાં ઓસામાબીન લાદેનનો જે ફોટો હતો તે ફોટા ઉપરાંત તેને લગતો આર્ટિકલ પણ હતો તે આર્ટિકલ કોને પબ્લિશ કરેલો તેની તપાસ કરેલી નહીં. ડી.સી.બી. ઑફિસથી બે કીમીના વિસ્તારમાં રહેતા પ્રતિષ્ઠિત વ્યકિતઓને પંચમાં રહેવા કહ્યુ હોય અને તે લોકોએ ના પાડી હોય તેવુ બન્યુ નથી. જયેશ મનુભાઈ પટેલની દુકાનમાંથી જે તે વખતે નટ–બોલ્ટનું વેચાણ થયુ છે તે માટે કોઈ બીલ બુક કબજે કરેલી નથી. માસ્ટર હાઉસવાળા મકાનનું તાળુ ખોલવાનો પ્રયત્ન કર્યો હોય તેવી કોઈ નોંધ પંચનામામાં કરી ન હોય તો યાદ નથી.

વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો આરોપીઓ સામે જે ચાર્જશીટ કરેલા છે તે સાંયોગિક પુરાવાના આધારે કરેલા છે તો તે હકીકત નકારે છે. સરકીટ અને ટાઈમ સેટનું જે ડેમોસ્ટ્રેશન કરેલાનું જણાવે છે તે ડેમોસ્ટ્રેશન વખતે એફ.એસ.એલ.ના કોઈ અધિકારી હાજર રાખેલા કે કેમ? તે યાદ નથી. ડેમોસ્ટ્રેશન કરતા પહેલા કોઈ સ્પેશીયલ સ્કીલની જરૂર પડે તો તે અંગેની તપાસ કરેલી નહીં. જયુડીશીયલ કસ્ટડીમાં જે આરોપીઓ હતા તેઓને અમુક કેસોમાં આ સાહેદની પાસેની તપાસોના કામે કસ્ટડીમાં ગણી લેવાના રીપોર્ટ કરેલ છે તે કબૂલ કરે છે. આરોપીઓની ગેરકાયદેસર કસ્ટડી રાખેલાની હકીકત નકારે છે. આરોપીઓ સામે આક્ષેપો સાબીત કરવા માટે પુરતા પુરાવા નથી તો તે હકીકત પણ નકારે છે. વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો આરોપી મહમદ સલીમ તથા મહમદ યાસીનને અટક કરતા પહેલા કયા પુરાવા ધ્યાને લીધેલા તે અત્યારે કહી શકે નહીં. સાહેદ હસનઅલી સુણસરા તા.૨૭.૧૧.૨૦૦૮ પહેલાથી આ સાહેદની કસ્ટડીમાં હતો તો તે હકીકત નકારી છે. બનાવોના સ્થળોની મુલાકાત લીધેલી ન હતી અને અગાઉના તપાસ કરનાર અધિકારીઓએ તૈયાર કરેલા કાગળો સાચા છે તેમ માનીને તપાસ કરેલાની હકીકત નકારે છે. લોકઅપ રજીસ્ટરનો પુરાવો કે પી.એસ.ઓ.નુ નિવેદન એટલા માટે રજૂ કરેલા નથી કે તમામ આરોપીઓને કસ્ટડીમાં લીધા પછી અમદાવાદની ક્રાઈમ બ્રાન્ચ ઑફિસમાં રાખેલા હતા તો તે હકીકત નકારે છે.

તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૩૫ એસ.બી.રાવતની જુબાની ધ્યાને લઈએ તો વર્ષ સને–૨૦૧૦ મા મદદનીશ પોલીસ કમીશનર "ઈ" ડીવીઝન સુરત શહેર તરીકે ફરજ બજાવતા હતા. તે દરમ્યાન મદદનીશ પોલીસ કમીશનર એન.બી.પરમાર વયનિવૃત્ત થતા સુરત બોમ્બ પ્લાન્ટેશનના કુલ–૧૫ કેસોની તપાસ સુરત શહેર પોલીસ કમીશનરશ્રીઓના હુકમથી સંભાળેલી હતી. આ બનાવોમાં પકડાયેલા કુલ–૫૨ આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ દાખલ થઈ ગયેલા હતા. તેમની તપાસ દરમ્યાન આરોપી નં.૬૭ હસીબ રજાનાઓને શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ૨૩૬/૨૦૦૮ ના કામે અટક કરવામાં આવેલા

હતા અને તેને કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૧૭૬/૨૦૦૮ ના કામે લાવીને અટક કરેલા અને ત્યારબાદ સુરત શહેરના તમામ કેસોમાં અટક કરેલા અને આ આરોપી સામે બનાવોના ચાર્જશીટ દાખલ કરવા માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૬, અનલોફુલ એકટીવીટી એકટની કલમ–૪૫, એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટ કલમ–૭ તથા આર્મ્સ એકટની કલમ–૩૯ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે જે તે અધિકારીઓને દરખાસ્તો કરેલાનું જણાવે છે. દરખાસ્તો અને મંજૂરીઓના શીર્ષક હેઠળના પેરામાં આ સાહેદના નામની સામે જે આંકથી દરખાસ્તો દર્શાવેલી છે તે તમામ દરખાસ્તોમાં આ સાહેદે પોતાની સહીઓ ઓળખી બતાવી છે. આરોપીના ચહેરા નિશાન પત્રકો, એરેસ્ટ મેમો તથા આરોપી સામે રજૂ કરવામાં આવેલા પુરવણી ચાર્જશીટમાં પણ આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આરોપી હસીબ રજાનો કબજો અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ પાસેથી મેળવેલો હતો તે કબૂલ કરે છે. આ આરોપી બાબતે સુરત શહેરમાના ગુનાઓ અંગે કોઈ પંચનામુ કરેલુ નથી તે કબૂલ કરેલુ છે. યુ.એ.પી.એ. એકટ હેઠળ બનેલી રીવ્યુ કમીટી સમક્ષ રીપોર્ટ કરેલો કે કેમ? તે યાદ નથી. આ આરોપી સામે પુરતા પુરાવા ન હોવા છતાં ખોટુ ચાર્જશીટ કરેલાની હકીકત નકારે છે. કાયદા મુજબ પ્રોસીકયુશન મંજૂરીઓ ન મળેલી હોવા છતાં આરોપી સામે ખોટા ચાર્જશીટ કરેલાની હકીકત નકારેલી છે.

તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૪૬ વી.વી.રાઠોડની જુબાની ધ્યાને લઈએ તો ઓગસ્ટ–૨૦૧૦ થી જાન્યુઆરી–૨૦૧૩ સુધી સુરત શહેર ખાતે મદદનીશ પોલીસ કમીશનર "એફ" ડીવીઝન તરીકે ફરજ બજાવતા હતા. સુરત શહેરમાં સને–૨૦૦૮ ના વર્ષમાં બોમ્બ પ્લાન્ટેશનના કુલ–૧૫ ગુનાઓ નોંધાયેલા હતા અને આ ગુનાઓની આગળની વધુ તપાસ નાયબ પોલીસ કમીશનર રાઘવેન્દ્ર વત્સના તા.૨૬.૭.૨૦૧૧ ના હુકમથી તા.૨૭.૭.૨૦૧૧ ના રોજ સંભાળેલી. વધુમાં સરતપાસ મુજબ અમદાવાદ શહેરમાં ૨૦૦૮ ના વર્ષમાં સીરીયલ બોમ્બ બ્લાસ્ટ થયેલા તેના કુલ–૨૦ ગુનાઓ નોંધાયેલા હતા. તે

ગુનાઓમાં તથા સુરત શહેરના ગુનાઓમાં આરોપીઓ લગભગ સરખા હતા, કેટલાક આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ રજૂ થઈ ગયેલા હતા અને બંને શહેરોના બનાવોના કેસો ભેગા કરવામાં આવેલા હતા તેની જાણ તપાસ દરમ્યાન થયેલી. તેમની તપાસ દરમ્યાન આરોપી અફાક ઈકબાલનાઓને શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ ના કામે અટક કરવામાં આવેલો હતો અને તેનો કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૧૭૬/૨૦૦૮ ના કામે કબજો મેળવેલો. આ આરોપીને નાસતા ફરતા આરોપીઓના ફોટોગ્રાફસ બતાવેલા અને તે અંગેનુ પંચનામુ આંક–૮૨૩૨ વાળુ બનાવેલુ જેમા આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. વધુમાં સરતપાસ મુજબ આ આરોપીએ તા.૬.૮.૨૦૧૧ ના રોજ પંચો રૂબરૂ ડી.સી.બી. પોલીસ સ્ટેશનનુ કમ્પ્યુટર ઓપરેટ કરીને તથા ઈ–મેઈલ એકાઉન્ટના પાસવર્ડનો ઉપયોગ કરી સંદેશાની વિગતો કાઢેલી તે અંગેનુ પંચનામુ આંક–૮૨૩૩ વાળુ બનાવેલુ જેમાં પણ આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. વધુમાં સરતપાસ મુજબ નાસતા ફરતા આરોપી આમીન ઉર્ફે રાજા તથા મુબીન ઉર્ફે ઈરફાનનાઓને પણ તે જ રીતે અટક કરવામાં આવેલા. આરોપી આમીન ઉર્ફે રાજા અને મુબીન ઉર્ફે ઈરફાનનાઓની સાહેદ હસનઅલી સુણસરા રૂબરૂ ઓળખ પરેડ કરાવવા યાદી પણ કરેલી. આરોપીઓના સહીઓના નમૂના લીધેલા, કુદરતી લખાણો મેળવેલા, આરોપીઓએ સુરત રેલવે સ્ટેશનના પાર્કીંગવાળી જગ્યા બતાવેલી તેનુ પંચનામુ બનાવેલુ તે પંચનામામાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આ બંને આરોપીઓને બાકીના ગુનાઓમાં પણ અટક કરીને આગળની કાર્યવાહી કરેલી. તે જ રીતે આરોપી હબીબ ફલાઈ તથા મહમદ અબરારનાઓને પણ સુરત બોમ્બ પ્લાન્ટેશનના ગુનાઓમાં અટક કરવામાં આવેલો અને તેની સામે પણ આગળની કાર્યવાહી કરેલી. આ આરોપીઓ સામે આ બનાવોના ચાર્જશીટ દાખલ કરવા માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૬, અનલોફુલ એકટીવીટી એકટની કલમ–૪૫, એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટ કલમ–૭ તથા આર્મ્સ એકટની કલમ–૩૯ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે જે તે અધિકારીઓને દરખાસ્તો કરેલાનું જણાવે છે.

"દરખાસ્તો અને મંજૂરી"ઓના શીર્ષક હેઠળના પેરામાં આ સાહેદના નામની સામે જે આંકથી દરખાસ્તો દર્શાવેલી છે તે તમામ દરખાસ્તોમાં આ સાહેદે પોતાની સહીઓ ઓળખી બતાવી છે. આરોપીઓના ચહેરા નિશાન પત્રકો, એરેસ્ટ મેમો તથા આરોપીઓ સામે રજૂ કરવામાં આવેલા પુરવણી ચાર્જશીટોમાં પણ આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે. આ આરોપીઓને હાજર રાખી જે પંચનામાઓ આ સાહેદે બે પંચો રૂબરૂ બનાવેલા તે આ ચુકાદામાં "પુરાવાના કાયદાની કલમ–૨૭ ના પંચનામાઓ બાબતે" તે શીર્ષક હેઠળના પેરામાં આ સાહેદના નામની સામે દર્શાવવામાં આવેલા આંકવાળા પંચનામાઓમાં આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવેલી છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આરોપી નં.૬૮ સામે સુરતના બધા જ ગુનાઓના કામે ચાર્જશીટ કરેલા છે તે કબૂલ કરે છે. યુ.એ.પી.એ. એકટની કલમ–૪૫(૨) હેઠળ નિમાયેલ રીવ્યુ કમીટીનો કોઈ અભિપ્રાય ચાર્જશીટ સાથે સામેલ રાખેલ નથી તેમ જણાવે છે. આરોપી નં.૬૮ ને ઓળખ અંગેની કોઈ કાર્યવાહી કરેલી નથી. આરોપી નં.૬૮ તેના વતનમાં તેના ઘરે કે ગામમાં રહેતો હતો કે કેમ? તે બતાવવાનો કોઈ દસ્તાવેજી પુરાવો ચાર્જશીટ સાથે રજૂ કરેલો છે કે કેમ? તે યાદ નથી. સને–૨૦૧૧ મા ગુનાની તપાસ મળી ત્યારે કોઈ આરોપી નાસતો ફરતો હોય તો તે ગુનો ગણાય તો તે કબૂલ કરે છે. આરોપી નાસતો ફરતો હતો નહીં તેવો કોઈ પુરાવો ન હતો માટે સામેલ કરેલો નહીં તો તે હકીકત નકારે છે. આરોપી નં.૬૮ સામે કોઈપણ જાતનો પુરાવો ન હતો તેમ છતાં પુરાવા ઉભા કરીને ખોટી ચાર્જશીટ કરેલાની હકીકત નકારે છે. રીવ્યુ કમિટીનો અભિપ્રાય મેળવ્યા વગર આરોપી નં.૬૮ સામે ખોટુ ચાર્જશીટ કરેલાની હકીકત નકારી છે. કેસોની તપાસ ડી.સી.બી. ઑફિસમાંથી કરતા હતા તે કબૂલ કરે છે. તપાસ સંભાળી ત્યારે મોટા ભાગના આરોપીઓની અટક થઈ ગયેલ હતી અને તેમની સામે ચાર્જશીટો દાખલ થઈ ગયેલી હતી તે કબૂલ કરે છે. અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટના તપાસ કરનાર અધિકારીઓ પાસે આવીને કોઈ પણ જાતની ચર્ચા કરેલી નહીં કે લેખિતમાં માહિતી મેળવેલી નહીં તેમ જણાવે છે .

તપાસ સંભાળ્યા પછી સેન્ટ્રલ આઈ.બી. કે સ્ટેટ આઈ.બી. કે અન્ય કોઈ સરકારી એજન્સીના કોઈ અધિકારીઓ પાસેથી માહિતી મેળવેલી નહીં. અગાઉ ચાર્જશીટ થઈ ગયેલા હતા અને તે ચાર્જશીટમાં જણાવેલા સાહેદો અને પંચોને ફરીથી બોલાવીને ચકાસણી કરેલી નહીં. મંજૂરી આપનાર અધિકારીઓ સમક્ષ જે તે આરોપીઓની ચાર્જશીટો મોકલેલી નહીં તે કબૂલ કરે છે. આ સાહેદે પકડેલા આરોપીઓની તપાસ કરવા માટે વાઘમોન ગયેલા નથી પરંતુ હાલોલ–પાવાગઢ ગયેલા છે. આ જગ્યાઓ ઉપર જઈને અગાઉના તપાસ કરનાર અધિકારીઓએ પંચનામા કરેલા કે કેમ? તે કહી શકે નહીં. આ સાહેદે હાલોલ ખાતે ત્રણેક સાહેદોના નિવેદનો લીધેલાનુ જણાવે છે. સાહેદ હસનઅલી સુણસરા પાસેથી હોટલ શ્રીનાથનુ રજીસ્ટર પોતે કબજે કરેલુ નથી તેમ જણાવે છે. તા.૧.૧૦. ૨૦૧૧ ના રોજ હોટલ શ્રીનાથના રજીસ્ટરનું પાનુ ફાડીને પંચોની હાજરીમાં કબજે કરેલુ હોય તેવુ બન્યુ નથી. અગાઉના તપાસ કરનાર અધિકારીએ હોટલ રજીસ્ટર કેવી હાલતમાં અને કયારે કબજે કરેલુ તેની માહિતી નથી. આ સાહેદે જે ચાર આરોપીઓ સામે ચાર્જશીટો દાખલ કરી તે દાખલ કરતા પહેલા રીવ્યુ કમીટીનો અભિપ્રાય મેળવીને જે તે આરોપીઓના ચાર્જશીટો સાથે રજૂ કરેલો નથી. આરોપી મુબીન તથા આમીનનાઓની એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સમક્ષ ઓળખ પરેડ કરાવવા તા.૩૦.૯.૨૦૧૧ ના રોજ યાદી લખેલી અને ઓળખ પરેડ તા.૩.૧૦. ૨૦૧૧ ના રોજ કરવામાં આવેલી તે કબૂલ કરે છે. આરોપીની ઓળખ ન થાઈ ત્યાં સુધી તે મારી કસ્ટડીમાં હતા તે કબૂલ કરે છે. બંને આરોપીઓને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સમક્ષ આ સાહેદ લઈ ગયેલા નહીં. તેઓને કેવી રીતે લઈ જવામાં આવેલા તેનો ખ્યાલ નથી. સરતપાસમાં જણાવ્યા મુજબની આરોપીઓને અટક કર્યા અંગેની કોઈ કામગીરી કે પંચનામામાં જણાવ્યા મુજબની કોઈ કાર્યવાહી પંચોની હાજરીમાં કરેલી નથી તો તે હકીકત નકારે છે. આરોપીઓ વિરૂધ્ધ કાયદેસરની મંજૂરીઓ ન હોવા છતાં તેમજ ઉપરી અધિકારીઓનો આદેશ ન હોવા છતાં તેમજ રાજય સરકારના હુકમ વગર પોતાની મરજીથી ખોટા ચાર્જશીટો કરેલાની હકીકત નકારે છે.

વધુમાં ઊલટતપાસ ધ્યાને લઈએ તો જયારે તપાસ સોંપવામાં આવી ત્યારે બધા કેસોમાં આરોપીઓ સામે તપાસ પૂર્ણ થઈ ગયેલી હતી તે કબૂલ કરે છે. પહેલાના તપાસ કરનાર અધિકારીઓએ આ કેસોમાં આરોપીને ગુનામાં અટક કરી દેવા માટેના કોઈ રીપોર્ટ કરેલા કે કેમ? તેની ખબર નથી. ઈ–મેઈલનુ પંચનામુ કર્યું અને હસ્તાક્ષરનું પંચનામુ કર્યુ તે સિવાય બીજા કોઈ કાર્યવાહી કરી હોય તો યાદ નથી. આ ચારેય આરોપીઓને સુરતના બીજા ગુનાઓમાં કસ્ટડીમાં ગણી લેવાનો રીપોર્ટ કરેલો તે કઈ તારીખે કરેલો તે યાદ નથી. આરોપી વિરૂધ્ધ વધારાનો પુરાવો મેળવતા પહેલા તેઓને અટક કરવાનું નકકી કરી દીધેલુ તે હકીકત નકારે છે. ગુનાઓની તપાસ માટે ટીમોની રચના કયારે થયેલી તેની ખબર નથી. આરોપી અફાક ઈકબાલને સૌપ્રથમ કોને, કયારે અને કયા ગુનામાં અટક કરેલો તેનો ખ્યાલ નથી. અફાક ઈકબાલ સામે મેળવેલા પુરાવા કયા હતા તે કહી શકે નહીં. આરોપી અફાક ઈકબાલ અમદાવાદ, સુરત અને હાલોલ ખાતે હાજર હોય તેવા પુરાવા મળેલા ન હોય તો અત્યારે કહી શકે નહીં. આરોપી અફાક ઈકબાલ સામે કોઈ પુરાવા ન હોવા છતાં ખોટી ચાર્જશીટ કરેલાની હકીકત નકારે છે.

તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૪૪ આર.એ.મુન્સીની જુબાની ધ્યાને લઈએ તો ૨૦૧૨ થી લઈને ૨૦૧૪ સુધીના સમય દરમ્યાન સુરત શહેરમાં એ.સી.પી. તરીકે ફરજ બજાવતા હતા. તા.૩૦.૭.૨૦૧૩ ના રોજ સુરત શહેર "ઈ" ડીવીઝનના એ.સી.પી. વિધી ચૌધરીની બદલી પોલીસ અધીક્ષક કચ્છ (પશ્ચિમ) તરીકે થતા પોલીસ કમીશનરશ્રીના લેખિત આદેશથી "ઈ" ડીવીઝનનો ચાર્જ સોંપવામાં આવેલ હતો. વિધિ ચૌધરી સુરત બોમ્બ પ્લાન્ટેશનના કુલ–૧૫ ગુનાઓની તપાસ સંભાળતા હતા તે તપાસ પણ આ સાહેદને મળેલી. સને–૨૦૦૮ ની સાલમાં અમદાવાદ શહેરમાં થયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોના આરોપીઓ તથા સુરત શહેરના બોમ્બ પ્લાન્ટેશનના ગુનાઓમાં સંડોવાયેલા આરોપીઓ એકસરખા જ હતા. તમામ ગુનાઓમાં આરોપી મહમદ સાહીદ ઉર્ફે અબ્દુલ સાહીદનાઓને અટક કરવામાં આવેલો હતો અને

તેઓની સામે ચાર્જશીટ કરવાનું હતુ. આ ઉપરાંત વધુ સરતપાસ મુજબ અમદાવાદ શહેર શાહીબાગ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૨૩૬/૨૦૦૮ ના કામે અબ્દુલ સતાર મન્સુર રીમાન્ડ ઉપર હતો અને તેને કબજો મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટના હુકમથી મેળવેલો અને તેને એરેસ્ટ કરેલો. ત્યારબાદ આ આરોપીઓ સામે બનાવોના ચાર્જશીટ દાખલ કરેલાનું જણાવે છે. આરોપીઓના ચહેરા નિશાન પત્રકો, એરેસ્ટ મેમો તથા આરોપી સામે રજૂ કરવામાં આવેલા પુરવણી ચાર્જશીટમાં પણ આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આરોપીઓને એરેસ્ટ કર્યા પછી બીજા કોઈ પંચનામાઓ બનાવેલા નથી કે સાહેદોના કોઈ નિવેદનો લીધેલા નથી. અગાઉના તપાસ કરનાર અધિકારીઓએ જે પુરાવા મેળવેલા તે પુરાવાને ફરીથી તેઓને બોલાવીને ચકાસણી કરેલી નથી. આરોપીને લગતી ત્રણેય કાયદા હેઠળની મંજૂરીઓ મેળવવા માટેની કોઈ દરખાસ્તો મોકલેલી નથી. આરોપી બાબતેની મંજૂરીઓના કામે મંજૂરીઓ આપનાર અધિકારીઓએ બોલાવ્યા હોય અને ચર્ચા કરી કે ખુલાસા મેળવ્યા હોય તેવુ બનેલ નથી. આરોપીઓ સામે ચાર્જશીટ કરવા જેટલા પુરાવા ન હોવા છતાં ખોટુ ચાર્જશીટ કરેલાની હકીકત નકારેલી છે. આરોપીઓની ઓળખ ફોટાઓ દ્વારા કરાવવા ખોટુ અને ગેરકાયદેસરનુ પંચનામુ બનાવેલાની હકીકત નકારે છે. પંદર ગુનાઓના કામે આરોપીને જયુડીશીયલ કસ્ટડીમાં ગણી લેવાનો રીપોર્ટ કરેલો કે કેમ? તે હાલ યાદ નથી. આરોપીનો કબજો મેળવવા માટેનો જે રીપોર્ટ મેજિસ્ટ્રેટ સાહેબને કરેલો તે રીપોર્ટની નકલ રજૂ કરેલી નથી. અબ્દુલ સત્તારને એરેસ્ટ કર્યો તે પહેલા અગાઉના તપાસ કરનાર અધિકારીએ આ જ ગુના માટે કોઈ સેંકશન મેળવવાની કાર્યવાહી કરેલી નહીં.

તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૪૦ ભકિત ઠાકરની જુબાની ધ્યાને લઈએ તો તા.૧૬.૮.૨૦૧૫ થી ૧૮.૧૦.૨૦૧૭ સુધી એ.સી.પી. "ઈ" ડીવીઝન સુરત શહેર ખાતે ફરજ બજાવતા હતા. સુરત શહેર ખાતેના પંદર જેટલા બોમ્બ પ્લાન્ટેશનના ગુનાઓની તપાસ અગાઉ ચાર્જમાં હતા તે એન.એન.પટેલ,

એ.સી.પી. "એફ" ડીવીઝન કરતા હતા. ત્યારબાદ આ ગુનાઓની તપાસ આ સાહેદને મળેલી. આ કેસોનો નાસતો ફરતો આરોપી આલમજેબ આફ્રીદીની અમાદાવાદ ક્રાઈમ બ્રાન્ચે શાહીબાગ પોલીસ સ્ટેશનના ગુનામાં અટક કરેલ હતો. જેથી તેનો કબજો કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૧૭૬/૨૦૦૮ ના કામે મેળવેલો. આ ઉપરાંત આરોપી મંજર ઈમામ અને સુહેબ પોટ્ટનીકલ નાઓને પણ સુરત શહેરના તમામ કેસોમાં અટક કરેલા અને આ આરોપીઓ સામે બનાવોના ચાર્જશીટ દાખલ કરવા માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૬, અનલોફુલ એકટીવીટી એકટની કલમ–૪૫, એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટ કલમ–૭ તથા આર્મ્સ એકટની કલમ–૩૯ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે જે તે અધિકારીઓને દરખાસ્તો કરેલાનું જણાવે છે. "દરખાસ્તો અને મંજૂરી"ઓના શીર્ષક હેઠળના પેરામાં આ સાહેદના નામની સામે જે આંકથી દરખાસ્તો દર્શાવેલી છે તે તમામ દરખાસ્તોમાં આ સાહેદે પોતાની સહીઓ ઓળખી બતાવી છે. આરોપીઓના ચહેરા નિશાન પત્રકો, એરેસ્ટ મેમો તથા આરોપી સામે રજૂ કરવામાં આવેલા પુરવણી ચાર્જશીટમાં પણ આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો આ ગુનાઓની જે તપાસ કરેલી તે ઈન્ચાર્જ તરીકે કરેલાનું કબૂલ કરે છે. તે બાબતે કોઈ લેખિત હુકમ ન હતો તે કબૂલ કરે છે. અમદાવાદના જે પુરાવા હતા તે સિવાયના સુરતના વિશેષ પુરાવા પણ હતા જે કાગળોમાં સામેલ રાખેલા. યુ.એ.પી.એ. એકટ હેઠળ રીવ્યુ ઓથોરીટી નિમાયેલી કે કેમ? તે યાદ નથી. રીવ્યુ ઓથોરીટી નિમાયેલી છે કે કેમ તેની તપાસ દરખાસ્ત કરતા પહેલા કરેલી કે કેમ? તે કહી શકે નહીં. ત્રણેય આરોપીઓના વોરન્ટ મેળવવા માટે કોર્ટમાં અરજીઓ આપેલી. આ અરજીઓ ઉપર થયેલા હુકમો ચાર્જશીટ સાથે રજૂ કરેલા કે કેમ? તે જોઈને કહી શકે. આરોપીઓનો ટ્રાન્સફર વોરન્ટથી કબજો મેળવતા પહેલા કોઈ વિશેષ પુરાવા ભેગા કરેલા નહીં. અગાઉના તપાસ કરનાર અધિકારીઓએ આ ગુનાઓના કામે કબજો મેળવવાના પ્રયત્નો કરેલા કે કેમ તે કહી શકે નહીં. ત્રણેય આરોપીઓની

અટક કર્યા પછી જે બે પંચનામાઓ કરેલા તે સિવાય બીજી કોઈ તપાસ કરેલી નથી. અમદાવાદ અને સુરતના તમામ ગુનાઓને મર્જ કરીને તપાસ થયેલી નથી. સુરતના તમામ કેસોમાં આરોપીઓ સામે કોઈ પણ જાતના પુરાવા ન હોવા છતાં ખોટા ચાર્જશીટ કરેલાની હકીકત નકારી છે. આરોપી આલમજેબ આફ્રીદીનો સુરતના કેસોમાં કોઈ રોલ ન હતો તો તે હકીકત નકારી છે. સુરત બોમ્બ પ્લાન્ટેશનના કેસોમાં આરોપીની સંડોવણી બાબતે કોઈ સાક્ષી પુરાવા મેળવેલા નથી તો તે હકીકત નકારી છે. સાક્ષી કે પંચોને બોલાવીને વિશેષ નિવેદનો લીધા નથી તે કબૂલ કરે છે. આરોપી સુહેબ પોટ્ટનીકલને અટક કર્યા બાદ કેરાલા લઈ ગયેલા નથી. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે આ આરોપીઓ વિરૂધ્ધ જે પુરાવા એકત્ર કરેલા તે સિવાય અલગથી કોઈ પુરાવા મેળવેલા નહીં. આરોપી મંજર ઈમામને અટક કર્યા બાદ કોઈ સ્થળે લઈ ગયેલા નથી. અગાઉ કેટલા આરોપીઓ એરેસ્ટ થયેલા તે જોઈને કહી શકે. આરોપી મંજર ઈમામે સુરતના કેસોમાં શું ભાગ ભજવેલો તે ચાર્જશીટ જોઈને કહી શકે. તમામ પંચો, સાહેદોએ મંજર ઈમામ વિરૂધ્ધ કોઈ પુરાવો આપેલો નથી તો તે હકીકત નકારે છે. આરોપી મંજર ઈમામ પાસેથી હથિયાર કે મુદ્દામાલ કે વિસ્ફોટક પદાર્થ કબજે કરેલો નથી તો તે કબૂલ કરે છે. ત્રણેય આરોપીઓ સામે પુરાવા ન હોવા છતાં ખોટુ ચાર્જશીટ કરેલાની હકીકત નકારે છે.

તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૭ આર.આર.સરવૈયાની જુબાની ધ્યાને લઈએ તો સને–૨૦૦૮ ના વર્ષમાં પી.એસ.આઈ. તરીકે ડી.સી.બી. પોલીસ સ્ટેશન સુરત ખાતે ફરજ બજાવતા હતા ત્યારબાદ તા.૧૬.૧. ૨૦૧૭ થી આજદિન સુધી એ.સી.પી. ક્રાઈમ બ્રાન્ચ સુરત ખાતે ફરજ બજાવે છે. જુલાઈ–૨૦૦૮ ના વર્ષમાં સુરત શહેરમાં બોમ્બ પ્લાન્ટેશન અંગેના કુલ–૧૫ ગુનાઓ દાખલ થયેલા હતા. આ ગુનાઓની તપાસ માટે પોલીસ કમીશનર સુરત દ્વારા તપાસ ટીમ બનાવવામાં આવેલી હતી. તે ટીમમાં પી.એસ.આઈ. તરીકે આ સાહેદ સામેલ હતા. વધુમાં આ સાહેદની જુબાની પ્રમાણે તા.૩.૮.૨૦૦૮ ના રોજ કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૧૭૬/૨૦૦૮ ના કામે

પોલીસ ઈન્સ્પેકટશ્રી પી.એમ.પરમારની સુચના મુજબ કબજે કરવામાં આવેલી કાર જીજે–૦૬–સીડી–૨૯૦૮ મા વનાઝ ઓટો એલપીજી ગેસ સ્ટેશન ઉપરથી ગેસ પુરાવેલાની હકીકત આધારે પંચો રૂબરૂ આંક–૨૭૮૯ વાળુ પંચનામુ બનાવેલુ અને બીલ બુક કબજે કરેલી તે પંચનામામાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. ત્યારબાદ તા.૩.૮.૨૦૦૮ અને ૨૮.૮.૨૦૦૮ ના રોજ સાહેદોના નિવેદનો નોંધેલાનુ જણાવે છે. આ ઉપરાંત કાપોદ્રા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટર નં.૧૭૫/૨૦૦૮ ના કામે આરોપી અફઝલ ઉસ્માની, અમીન શેખ અને ઈરફાનનાઓ "શ્રીનાથ ગેસ્ટ હાઉસ" ઉપર રોકાયેલા હોવાથી બે પંચોની હાજરીમાં હોટલ રજીસ્ટરના પાના આંક–૨૮૫૭ વાળા પંચનામાની વિગતે કબજે કરેલા તે પંચનામામાં આ સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. વધુમાં આ સાહેદની જુબાની પ્રમાણે પોલીસ કમીશનર સુરતની તા.૪.૧૨.૨૦૧૭ ની સુચના મુજબ સુરતના તમામ કેસોની તપાસ તા.૫.૧૨.૨૦૧૭ ના રોજ સંભાળેલી હતી. આ બનાવોમાં નાસતા ફરતા આરોપી તૌસીફ ખાન પઠાણને અમદાવાદ બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં અટક કરેલો હતો જેથી તેને કોર્ટના હુકમથી કબજો મેળવી સુરત શહેરના તમામ કેસોમાં અટક કરેલો અને આ આરોપી સામે બનાવોના ચાર્જશીટ દાખલ કરવા માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૬, અનલોફુલ એકટીવીટી એકટની કલમ–૪૫, એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટ કલમ–૭ તથા આર્મ્સ એકટની કલમ–૩૯ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે જે તે અધિકારીઓને દરખાસ્તો કરેલાનું જણાવે છે. "દરખાસ્તો અને મંજૂરી"ઓના શીર્ષક હેઠળના પેરામાં આ સાહેદના નામની સામે જે આંકથી દરખાસ્તો દર્શાવેલી છે તે તમામ દરખાસ્તોમાં આ સાહેદે પોતાની સહીઓ ઓળખી બતાવી છે. આરોપીના ચહેરા નિશાન પત્રકો, એરેસ્ટ મેમો તથા આરોપી સામે રજૂ કરવામાં આવેલા પુરવણી ચાર્જશીટમાં પણ આ સાહેદ પોતાની સહીઓ ઓળખી બતાવે છે.

આ સાહેદની ઊલટતપાસ ધ્યાને લઈએ તો સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોની તપાસો જુલાઈ–૨૦૦૮ થી શરૂ થયેલી તે કબૂલ

કરે છે. સુરત બોમ્બ પ્લાન્ટેશનના બનાવોની તપાસ કરનાર ટીમના વડા એન. બી.પરમાર હતા તો તે હકીકત નકારે છે. એન.બી.પરમાર સિવાય બીજા પણ તપાસ કરનાર અધિકારીઓ બનાવોની તપાસ કરતા હતા તે કબૂલ કરે છે. વનાઝ ગેસ સ્ટેશન ઉપર જઈને પંચોની હાજરીમાં આંક–૨૭૮૯ વાળુ પંચનામુ કરીને આંક–૨૭૯૦ વાળી બીલ બુક કબજે કરેલી નથી તો તે હકીકત નકારે છે. પંચનામુ કરવા માટે શ્રી પી.એમ.પરમારે લેખિત સુચના આપેલાનું યાદ નથી. આંક–૨૮૫૭ વાળુ પંચનામુ કરીને પારડી પોલીસ સ્ટેશને ગયેલાનુ યાદ નથી. પારડી પોલીસ સ્ટેશનના કોઈ અધિકારીને હાજર રાખેલાનું યાદ નથી. રજીસ્ટર કબજે કર્યા પછી રજીસ્ટર રજૂ કરનારને પહોચ આપેલી કે કેમ? તે યાદ નથી. કોઈ આરોપી સોંપવામાં આવ્યો હોય અને તેને લઈને હોટલ શ્રીનાથ એન્ડ ગેસ્ટ હાઉસ ઉપર ગયા હોય અને આરોપીની હાજરીમાં રજીસ્ટર કબજે કર્યુ હોય તેવુ બન્યુ નથી. ગેસ્ટ હાઉસ ઉપરથી ગ્રાહકોને પેમેન્ટ અંગેના બીલ આપવામાં આવે તેવા કોઈ બીલો કબજે કરેલા નથી. આંક–૨૮૫૭ વાળુ પંચનામુ ડી.સી.બી. પોલીસ સ્ટેશનમાં બેસીને તૈયાર કરેલાની હકીકત નકારી છે. યુ.એ.પી.એ. એકટ હેઠળ મંજૂરી મેળવવા કોઈ ઓથોરીટી પાસે ગયેલા નથી. પ્રોપર ચેનલ દ્વારા દરખાસ્તો કયારે કયારે મોકલેલી તે રેકર્ડ જોયા વિના કહી શકે નહીં. ગૃહ વિભાગને જે દરખાસ્તો મોકલેલી તેની સાથે ચાર્જશીટો મોકલેલા નથી. સરતપાસમાં જણાવ્યા મુજબની આ કેસના આરોપીઓ વિરુધ્ધ કોઈ તપાસ કરેલી નથી તો તે હકીકત નકારે છે. સરતપાસમાં જણાવ્યા મુજબના કોઈ પંચનામા કર્યા નથી તો તે હકીકત પણ નકારે છે. સાહેદોના નિવેદનો તેમના કહેવા મુજબ લખેલા નથી તો તે હકીકત નકારે છે. ખોટી તપાસના સમર્થનમાં ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારે છે.

(૮૬) તપાસ કરનાર અધિકારીઓની તપાસો વિશે...

ફરિયાદપક્ષ તરફથી સ્પે. સહાયક સરકારી વકીલશ્રી અમિતભાઇ પટેલ દલીલ કરતા જણાવે છે કે, અમદાવાદ શહેરમાં તા.૨૬–જુલાઇ–૨૦૦૮

ના રોજ બોમ્બ બ્લાસ્ટના બનાવો કુલ–૨૩ જેટલા બનેલા. એક બનાવ અમદાવાદ ગ્રામ્ય સરખેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનેલો અને એક બનાવ મુકામ કલોલ, જિ.ગાંધીનગરમાં બનેલો. આમ, કુલ–૨૫ બનાવો સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનેલા હતાં. બનાવ બાદ દરેક ગુનાની ફરિયાદો જે વિસ્તારમાં બનાવ બનેલા તે વિસ્તાર ઉપર હકૂમત ધરાવતા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી હતી. ફરિયાદો નોંધાયા બાદ શરૂઆતની તપાસો જે તે પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટરશ્રીઓએ કરેલી. તેમણે બનાવવાળી જગ્યાના પંચનામાઓ પંચોની હાજરીમાં બનાવેલાં. સ્થળ ઉપરથી મુદ્દામાલ જે પણ મળી આવેલ તે પંચોની હાજરીમાં પંચનામું બનાવી કબજે કરેલો. આ બનાવો ગંભીર પ્રકારના બનાવો હતાં અને ગંભીરતા ધ્યાને લઇ આ બનાવોવાળી ફરિયાદોના કામે અનલોફૂલ એકટીવીટીઝ (પ્રિવેન્શન) એકટ હેઠળની કલમોના ગુનાઓ બનતા હોવા અંગેનો રીપોર્ટ કરવામાં આવેલ અને ત્યારબાદ આ બનાવોની તપાસ મદદનીશ પોલીસ અધીક્ષક કક્ષાના અધિકારીશ્રીઓને સોંપવામાં આવેલ કારણ કે, આ કાયદા હેઠળના બનાવોની તપાસ મદદનીશ પોલીસ અધીક્ષકથી ઉતરતા દરજ્જાના અધિકારી કરી શકે નહિ. આ બનાવોની તપાસ માટે કુલ–૪ તપાસ ટીમો બનાવવામાં આવેલી અને તેના હુકમો થયેલા છે જે આ કામે રજૂ કરેલા છે. દરેક તપાસ ટીમોના વડાઓ તરીકે નાયબ પોલીસ અધીક્ષક જેવા કે, મયૂર ચાવડા, ઉષા રાડા, આર.વી.અસારી અને વી.આર.ટોળીયાનાઓ હતાં. તે જ રીતે સુરત શહેરમાં પણ જુલાઇ–૨૦૦૮ મા જુદી–જુદી કુલ–૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના ઇરાદાથી બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલ પરંતુ સદનસીબે સુરત શહેરમાં એકપણ જગ્યા ઉપર બોમ્બ બ્લાસ્ટ થયેલો નહિ. આ જે તે જગ્યાઓ ઉપર જીવંત બોમ્બ મળી આવ્યા બાદ તે વિસ્તાર ઉપર હકુમત ધરાવતા પોલીસ સ્ટેશનોમાં કુલ–૧૫ ફરિયાદો નોંધાયેલી. ફરિયાદો નોંધાયા બાદ શરૂઆતની તપાસો જે તે પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટરશ્રીઓએ કરેલી. તેમણે બનાવવાળી જગ્યાઓના પંચો રૂબરૂ પંચનામાઓ બનાવેલાં .બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડને બોલાવી બોમ્બ ડિફ્યુઝ કરેલા અને બોમ્બમાંથી મળેલી

સામગ્રી એફ.એસ.એલ. અધિકારીઓની સુચનાથી પંચો રૂબરૂ પંચનામાની વિગતે મુદ્દામાલ તરીકે કબજે કરેલી. આ બનાવો પણ ગંભીર પ્રકારની હોવાનુ માલુમ પડેલું. જેથી તમામ ફરિયાદોના કામે અનલોફુલ એકટીવીટીઝ (પ્રિવેન્શન) એકટ–૧૯૬૭ની કલમોનો ઉમેરો થતાં બોમ્બ પ્લાન્ટેશનના ગુનાની તપાસ નાયબ પોલીસ અધીક્ષક એન.બી.પરમાર તથા જે.એસ. ખેરનાઓને સોંપેલી. અમદાવાદ શહેરના બનાવોની તપાસ માટેની કુલ–૪ તથા સુરત શહેરના બનાવોની તપાસ માટે કુલ–૨ તપાસ ટીમો બનેલી. આ તમામ અધિકારીઓએ બનાવોની તપાસો કરેલી, આરોપીઓને અટક કરેલા અને પુરાવા એકત્રિત કરી તપાસને અંતે ચાર્જશીટો દાખલ કરેલા છે.વધુમાં સ્પે. સહાયક સરકારી વકીલશ્રી અમિતભાઇ પટેલ દલીલ કરતા જણાવે છે કે, દરેક તપાસ કરનાર અધિકારીઓએ પોલીસ તપાસ યોગ્ય દિશામાં કરેલી છે.

જયારે બચાવપક્ષ તરફથી વિ.વ.શ્રી આર. કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, શરૂઆતની તપાસો જે તે પોલીસ સ્ટેશન વિસ્તારના પોલીસ ઇન્સ્પેકટરશ્રીઓએ કરેલી અને ત્યારબાદ આ ગુનાની તપાસ ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદને સોંપવામાં આવેલી તે અંગેનો કોઇ લેખિત હુકમ થયેલો નથી. તા. ૨૭/૦૭/૨૦૦૮ ના રોજ તપાસ ક્રાઇમ બ્રાન્ચને સોંપાઇ છે. આંક–૮૬૩૬થી જુદા–જુદા હુકમો થયેલા છે. તે વખતે ક્રાઇમ બ્રાન્ચના હેડ તરીકે આશિષ ભાટીયા હતા અને ડી.સી.પી. તરીકે શ્રી અભય ચુડાસમા હતા. તેઓને ફરિયાદપક્ષે તપાસેલ નથી. વધુમાં વિ.વ.શ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, આંક–૮૬૩૯ ના હુકમ મુજબ બીજા અધિકારીઓ એમ.જે.ચાવડા અને વી.આર.ટોળીયાનાઓને ક્રાઇમ બ્રાન્ચ ખાતે એટેચ કરવા માટે તા.૩૧/૦૭/ ૨૦૦૮ ના રોજ હુકમ થયેલો છે તે હુકમ રજૂ કરેલો છે. આ બે અધિકારીઓ પૈકી શ્રી મયુર ચાવડાને સાહેદ નં.૧૧૬૩ તરીકે તપાસેલ છે, જયારે બીજા અધિકારી શ્રી વી.આર.ટોળીયા ગુજરી ગયેલા હોવાથી ફરિયાદપક્ષે તપાસેલ નથી. તા.૨૭/૦૭/૨૦૦૮ ના રોજ ડી.સી.પી. શ્રી અભય ચુડાસમાએ તપાસ ટીમો બનાવવાનો હુકમ કરેલો છે તે ખોટો છે. પરંતુ વ.શ્રી આર.કે.શાહની દલીલો સાથે

હું સમંત નથી. ડી.સી.પી. શ્રીઅભય ચુડાસમા જુલાઇ–૨૦૦૮ મા ક્રાઇમ બ્રાન્ચમાં ડી.સી.પી.તરીકે ફરજ બજાવતા હતાં અને ડી.સી.પી. તરીકે આ બનાવોની તપાસ કરવા માટે તપાસ ટીમો બનાવવાની તેઓને સત્તા હતી અને તેના આધારે તેમણે સક્ષમ અધિકારીઓને તપાસો સોંપવાના હુકમો કરેલા છે. જેથી તેઓએ આ ખોટો હુકમ કરેલો છે તેમ કહી શકાય નહી.

વધુમાં આંક–૮૬૪૧ વાળો હુકમ ધ્યાને લેતાં ડી.સી.પી. શ્રીઅભય ચુડાસમાએ તા.૦૨/૦૮/૨૦૦૮ ના રોજ બનાવોની તપાસ એ.સી.પી. કક્ષાના અધિકારીઓને સોંપવાનો હુકમ કરેલ છે અને તેના આધારે શ્રી મયૂર ચાવડા, સુ.શ્રી ઉષા રાડા, શ્રી આર.વી.અસારી અને શ્રી વી.આર.ટોળીયાનાઓ કે જેઓ એ.સી.પી. તરીકે જુદી–જુદી જગ્યાઓ ઉપર ફરજ બજાવતા હતા અને તેમને આ બનાવોની તપાસ આંક–૮૬૪૧ વાળા હુકમથી સોંપેલ હતી.

અમદાવાદ શહેરના કુલ–૨૫ જેટલા બનાવો હતાં. કુલ–૨૦ ફરિયાદો નોંધાયેલી અને આ ચાર અધિકારીઓ પહોંચી વળે નહી. બનાવોની તપાસો જલદી અને સમયસર થાય તે માટે ડી.સી.પી. શ્રીઅભય ચુડાસમાએ તા.૦૨/૦૮/૨૦૦૮ ના રોજ આ અધિકારીઓ સાથે તપાસમાં મદદ કરવા માટે બીજા અધિકારીઓની નિમણૂક કરતો હુકમ કરેલો, જે આંક–૮૬૪૨ થી રજૂ કરેલો છે. આ ઉપરાંત એક બનાવ સરખેજ પોલીસ સ્ટેશન વિસ્તાર અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાં બનેલો અને બીજો એક બનાવ મુકામ કલોલ, જિલ્લો ગાંધીનગરની હદમાં બનેલો અને આ બંને પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા બનાવની તપાસ પણ શ્રી આર.વી.અસારીને સોંપવામાં આવેલ. તેનો હુકમ આંક–૮૬૪૩ થી રજૂ કરેલો છે. અમદાવાદ શહેરના સમગ્ર બનાવોની તપાસો ઉપરોકત ચાર જુદા–જુદા અધિકારીઓને તા.૦૨/૦૮/૨૦૦૮ ના રોજ સોંપવામાં આવેલી હતી. કયા અધિકારીને કયારે નિમણૂક આપી અને કયા પોલીસ સ્ટેશનના ગુનાની તપાસ કયા અધિકારીને સોંપેલી તે અંગેની હકીકત આ ચુકાદાના પેરા નં. ૪ થી ૭ મા જણાવેલી છે.

વધુમાં બચાવપક્ષના વિ.વ.શ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, આ ગુનાની તપાસ સંભાળ્યા બાદ તપાસ કરનાર અધિકારીઓએ આરોપીઓને પકડવાની શરૂઆત કરેલ. સૌ પ્રથમ તપાસ કરનાર અધિકારીશ્રી વી.આર.ટોળીયાનાઓએ કુલ–૧૦ આરોપીઓને તા.૧૬/૦૮/૨૦૦૮ ના રોજ કલાક ૧૨:૧૫ વાગ્યે ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદની ઑફિસમાં અટક કરેલાં. આ આરોપીઓને તપાસ કરનાર અધિકારીશ્રી વી.આર.ટોળીયા તા.૧૬/૦૮/૦૮ના રોજ કયાંથી લઇ આવેલ અને કેવી રીતે લઇ આવેલા તે અંગેનો કોઇ પુરાવો રેકર્ડ ઉપર નથી. પરંતુ મારા મત પ્રમાણે કયા તપાસ કરનાર અધિકારીએ કયા આરોપીઓને કયા ગુનામાં કયારે અટક કરેલા અને તેઓને કયાંથી લઇ આવેલા તે અંગેની તમામ હકીકત આ ચુકાદાના પેરા નં.૦૮ મા વિસ્તૃતપણે કોષ્ટક બનાવી રજૂ કરેલ છે. જેથી કયા આરોપીને કયાંથી પકડી લાવેલા તે અંગે કોઇ પુરાવો નથી તેવી વિ. વ.શ્રી આર. કે. શાહની દલીલો સાથે હું સંમત નથી.

વધુમાં વિ.વ.શ્રી આર. કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, અટક કરવામાં આવેલ તમામ આરોપીને જુદા–જુદા ગુનામાં જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ આશરે કુલ–૧૫૦ દિવસો સુધી પોલીસ કસ્ટડીમાં રાખેલા છે. જે આરોપી પકડેલા છે તે તમામમાં કોઇ સાતત્યતા નથી. પરંતુ મારા મત પ્રમાણે અમદાવાદ શહેરમાં બોમ્બ બ્લાસ્ટના કુલ–૨૫ જેટલા બનાવો બનેલા અને તમામ બનાવોની તપાસ કુલ–૪ મુખ્ય તપાસ કરનાર અધિકારીઓ કરતા હતા અને તેઓની મદદમાં રહેવા માટે બીજા પોલીસ અધિકારીઓની નિમણૂકો કરવામાં આવેલી છે. આટલા બધા બનાવોની વિગતવાર તપાસો કરવા માટે તપાસ કરનાર અધિકારીઓને દરેક ગુનામાં આરોપીની પોલીસ કસ્ટડી માંગેલી હતી અને મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ દ્વારા દરેક આરોપીની બધા ગુનામાં વારાફરતી માંગણી મુજબ પોલીસ કસ્ટડી સોંપેલી હતી. તેઓની પોલીસ કસ્ટડી વધારે પ્રમાણમાં સોંપેલ હોવાની કોઇ રજૂઆત આરોપીઓએ કે તેમના વકીલશ્રીઓ દ્વારા મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ સમક્ષ કરેલી નથી. મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ના ઓએ જુદા–જુદા ગુનાઓના કામે જુદા–

જુદા તપાસ કરનાર અધિકારીઓને આરોપીઓની પોલીસ કસ્ટડી સોંપતા જે હુકમો કરેલા તે હુકમો પણ આરોપીઓએ કે તેમના વકીલશ્રીઓએ નામદાર હાઇકોર્ટ સમક્ષ પડકારેલા નથી અને દલીલોના તબકકે પ્રશ્ન ઉપસ્થિત કરે છે કે, આરોપીઓના કુલ–૧૫૦ દિવસ સુધી રીમાન્ડ આપેલા તે હકીકત અને દલીલ માન્ય નથી.

વધુમાં બચાવપક્ષના વિ.વ.શ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ આરોપીઓને અલગ–અલગ રીતે શા માટે કસ્ટડીમાં રાખેલા હતા તેનો ખુલાસો કરવામાં આવેલો નથી. પરંતુ મારા મત પ્રમાણે આ રજૂઆતો તેમણે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ સમક્ષ જે તે વખતે કરવી જોઇતી હતી પરંતુ કરેલી નથી. વધુમાં તેઓ દલીલ કરતા જણાવે છે કે તપાસ કરનાર અધિકારીઓને તપાસની કામગીરી સોંપનાર અધિકારી શ્રીઆશિષ ભાટીયા અને શ્રીઅભય ચુડાસમાનાઓને આવા ગંભીર ગુનાના કામે ફરિયાદપક્ષ દ્વારા સાહેદ તરીકે તપાસવા જોઇએ. પરંતુ મારા મત પ્રમાણે સાહેદ તરીકે કોને તપાસવા અને કોને ન તપાસવા જોઇએ તે અધિકાર સરકારી વકીલશ્રીઓ પાસે છે. સરકારી વકીલશ્રીને આ અધિકારીને તપાસવાનું યોગ્ય લાગતું નહિ હોય માટે તેને તપાસેલાં નથી. આ અધિકારીને તપાસવા માટે બચાવપક્ષ ફરજ પાડી શકે નહિ. આ બંને અધિકારીઓ, એ.સી.પી. કક્ષાના તપાસ કરનાર અધિકારીઓના સુપરવિઝન કરનાર અધિકારી છે. તેઓ તપાસ કરનાર અધિકારી નથી માટે તેઓને સાહેદ તરીકે તપાસવા જરૂરી નથી.

વધુમાં વિ.વ.શ્રી આર.કે.શાહ દલીલ કરતા એમ પણ જણાવે છે કે, તપાસ કરનાર અધિકારીની તપાસની સિસ્ટમ શું હતી તે રેકર્ડ ઉપર નથી અને તપાસ કરનાર અધિકારીને જેમ મરજીમાં આવે તેમ આરોપીઓને પોલીસ કસ્ટડી લીધેલી હતી અને તે બાબતે તપાસ કરનાર અધિકારીઓએ ઊલટતપાસમાં જવાબો આપવાનું ટાળેલ છે. પરંતુ મારા મત પ્રમાણે તપાસ કરનાર અધિકારીએ જે–જે ગુનાઓની તપાસો કરતા હતા તેમાં કોઇ સિસ્ટમ ન હોય. તપાસ દરમ્યાન જે–જે હકીકતો જાણવા મળે કે ખુલવા પામે તે પ્રમાણે તપાસ કરનાર

અધિકારીઓએ તપાસો કરવાની હોય છે. તેઓ જે તપાસો કરતા હોય છે તેની પોલીસ ડાયરીમાં નોંધ કરેલ હોય છે, માટે એવું કહિ શકાય નહી કે તપાસ કરનાર અધિકારીઓએ પોતાની મરજી પ્રમાણે તપાસો કરેલ છે .તપાસ કરનાર અધિકારીની જુબાની ધ્યાનમાં લઈએ તો તપાસ કરનાર અધિકારીએ જવાબો આપવાનું ટાળેલ હોય તેવી કોઇ હકીકત નથી. તપાસ કરનાર અધિકારીશ્રીઓ સાહેદ નં.૧૧૫૩ શ્રી આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ સુ.શ્રી ઉષા રાડા તથા સાહેદ નં.૧૧૬૩ શ્રી મયૂર ચાવડાનાઓની જુબાની ધ્યાને લઈએ તો તપાસ કરનાર અધિકારીઓએ ઘણા બધા એવા જવાબો આપેલાં છે કે, મને યાદ નથી, રેકર્ડ જોવું પડે, હું કહિ શકું નહિ. આવા પ્રકારના જે જવાબો આપેલા છે તે સ્વાભાવિક જવાબો છે કારણ કે, બનાવો સને–૨૦૦૮ ની સાલમાં બનેલા હતા. આ સાહેદોએ તપાસો સને–૨૦૦૮ અને સને–૨૦૦૯ ની સાલમાં કરેલી હતી. જયારે જુબાનીઓ સને–૨૦૧૯ ની સાલમાં આપેલી છે જેથી ૧૦ વર્ષના સમય દરમ્યાન આ બનાવમાં જે જે કાર્યવાહી કરેલ તે દરેક હકીકત આ સાહેદોને યાદ ન હોય. એટલુ જ નહી અમદાવાદ શહેરના ૨૫ બનાવોની કુલ–૨૦ ફરિયાદો નોંધાયેલી તે તમામ ફરિયાદોનું રેકર્ડ ખૂબ જ મોટા જથ્થામાં છે માટે દરેક હકીકત, દરેક પ્રસંગ તપાસની દરેક કડી યાદ ના રહે. રેકર્ડ એટલુ મોટુ છે કે તેને વાંચવા બેસે તો પણ ઘણો જ સમય લાગે તેમ છે. તેમ છતાં જો રેકર્ડ વાંચવામાં આવે તો જેમ જેમ આગળ આગળ વાંચે તો તેમ તેમ ઘણી બધી આગળની હકીકતો પણ મિશ્રિત થઇ જાય અને ઘણી હકીકતો ભૂલી પણ જવાય તેવી પરિસ્થિતિ આ કેસની છે તે જ રીતે સુરત શહેરના ૨૯ બનાવોની કુલ–૩૫ ફરિયાદો નોંધાયેલી અને તે ફરિયાદોના કામે રેકર્ડ ઘણુ જ મોટુ છે. અમદાવાદ શહેરની કુલ–૨૦ અને સુરત શહેરની કુલ–૨૫ ફરિયાદોના તમામ ચાર્જશીટો ભેગા કરીને એક કેસ તરીકે આ કેસની ઇન્સાફી કાર્યવાહી થયેલી છે. જેથી પણ આ કેસનું રેકર્ડ ઘણુ જ મોટુ છે. દરેક વસ્તુ યાદ રાખવી શકય નથી. આ સાહેદો પોલીસ ખાતામાં ઉચ્ચ હોદ્દા ઉપર ફરજ બજાવે છે. સને–૨૦૦૮ ની સાલ પછી આ સાહેદોએ ઘણા બધા ફોજદારી કેસોમાં તપાસો કરેલી હોય જેથી કરીને પણ ૧૦ વર્ષના સમય સુધી આ

બનાવોની તપાસોની કામગીરી શું કરેલી, કેવી રીતે કરેલી તે યાદ ન હોય. બચાવ પક્ષ તરફથી પોલીસ ડાયરી બાબતે પણ આ સાહેદોને ઘણા બધા પ્રશ્નો પુછવામાં આવેલા છે પરંતુ ૧૦ વર્ષ બાદ આ સાહેદોએ ત્યારે લખેલી પોલીસ ડાયરી અત્યારે કયાં હોય તે કહિ શકે નહી.પોલીસ ડાયરી ૧૦ વર્ષ સુધી છે કે કેમ? તે બાબતે પણ આ સાહેદો કાંઇ કહિ શકે નહિ. જુબાની દરમ્યાન આ સાહેદોએ પોલીસ ડાયરી સાથે રાખેલી ન હતી કારણે કે, આ સાહેદોને ૧૦ વર્ષ બાદ જુબાની વખતે પોલીસ ડાયરી જે તે જગ્યાએથી મળેલી ન હોય જેથી કરીને પણ આ સાહેદોએ પોલીસ ડાયરી સાથે રાખેલ ન હોય. બચાવપક્ષ તરફથી એવો આક્ષેપ છે કે, આવા ગંભીર કેસમાં તપાસ કરનાર અધિકારીઓએ ગંભીરતા દાખવેલી નથી. પરંતુ તેની આ દલીલ સાથે હું સંમત નથી. કુલ–૨૫ જેટલા બનાવો બનેલા હતા અને બનાવો એક જ દિવસે બનેલા અને તે પણ સાંજના સમયે બનેલા હતાં. જુદા–જુદા બનાવોમાં કુલ–૫૬ માણસો મૃત્યુ પામેલા અને કુલ–૨૪૦ જેટલા માણસોને ઈજાઓ થયેલી. ગાય, બળદ પણ મરણ પામેલા હતાં. ખાનગી અને સરકારી મિલકતોને નુકસાન થયેલું હતું. આ બનાવથી સમગ્ર અમદાવાદ શહેર અને તેમાં રહેલા નાગરિકો હચમચી ગયેલા હતાં. લૉ એન્ડ ઓર્ડર સાચવવાનો હતો.સરકારને તેમજ જનતાને પોલીસ ખાતા દ્વારા સંતોષકારક જવાબો આપવાના હતા, પોલીસે બંદોબસ્ત સાચવવાનો હતો અને તેવા સંજોગોમાં આવી કપરી પરિસ્થિતિમાં તપાસ કરનાર અધિકારીઓએ તપાસો સંભાળેલી હતી અને તપાસો પૂર્ણ કરેલી છે. જેથી એવું કહિ શકાય નહિ કે તપાસ કરનાર અધિકારીઓ ગંભીર ગુનામાં ગંભીર ન હતાં.

વધુમાં વિ.વ.શ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે, તપાસ કરનાર અધિકારીએ તપાસ દરમ્યાન શું–શું કાર્યવાહી કરી તે તેમણે જણાવવું જોઇએ અને આ માટે તેઓએ નીચે મુજબના ચુકાદાનો આધારે રાખેલો છે.

અ.નં.	ચુકાદો	ચુકાદામાં નિર્ણીત મુદ્દાઓ પૈકી પોલીસ તપાસ બાબતે નિર્ણીત થયેલો એક મુદ્દો

૧	સ્ટેટ ઓફ કર્ણાટક વિરૂધ્ધ કે. યરપ્પા રેડી (૧૯૯૯)૦૮, સુપ્રિમ કોર્ટ કેસીસ, પાના નં.૭૧૫	નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદાના પેરા–૨૦ થી ૨૨ મુજબ તપાસ કરનાર અધિકારીઓએ તપાસ દરમ્યાન શું–શું કામગીરી કરી તે તેણે અદાલતમાં જણાવવી જોઇએ. આ કેસમાં દરેક તપાસ કરનાર અધિકારીઓએ પોતાની તપાસ દરમિયાન શું કામગીરી કરેલી છે તેની તમામ વિગતો તેઓની લંબાણપૂર્વકની જુબાનીઓમાં જણાવેલી છે.

આ કેસમાં તપાસ કરનાર અધિકારીઓએ તપાસ દરમ્યાન શું–શું કામગીરી કરી તે અંગેની સંપૂર્ણ વિગતો જણાવેલી છે . તપાસ કરનાર અધિકારઓને જે–જે માહિતી યાદ હતી, જે–જે કામગીરી યાદ હતી તે તમામ કામગીરી જણાવેલી છે. અગાઉ ચર્ચા કરી તેમ બનાવ બાદ ૧૦ વર્ષનો સમય થઇ ગયા બાદ સાહેદોએ અદાલત સમક્ષ જુબાનીઓ આપેલ છે જેથી ઘણી બધી કામગીરી તેઓને યાદ ન હોય તે સ્વાભાવિક છે અને ૧૦ વર્ષના સમય બાદ કેસ ડાયરી કે પોલીસ ડાયરી પ્રાપ્ત ન થવાને કારણે પણ ઘણી બધી કામગીરી તેઓને યાદ ન હોય અને કેસ ડાયરી ઉપલબ્ધ ન હોવાના કારણે ચોકકસ કામગીરી તે કહિ શકે નહિ.

વધુમાં વિ.વ.શ્રી આર. કે. શાહ દલીલ કરતા એમ પણ જણાવે છે કે, તપાસ કરનાર અધિકારીઓને કેસ ડાયરી સાથે લઇ આવવા માટે આંક–૬૭૦૨ થી અરજી આપવામાં આવેલી પરંતુ તે અરજી ઉપર હુકમ થયેલો નથી અને આવી જ અરજી વકીલશ્રી એલ .આર.પઠાણે પણ આંક–૯૦૦૦ થી આપેલી. પરંતુ તપાસ કરનાર અધિકારીનાઓ કેસ ડાયરી લઇ આવેલા નથી. આ સંબંધમાં વિ.વ.શ્રી આર.કે.શાહ નીચે મુજબના ચુકાદા ઉપર આધાર રાખે છે.

અ.નં.	ચુકાદો	ચુકાદામાં નિર્ણીત મુદ્દાઓ પૈકી પોલીસ ડાયરી બાબતે નિર્ણીત થયેલો એક મુદ્દો
૧	મુકુંદલાલ વિરૂધ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા ૧૯૮૯, ક્રિમીનલ લૉ જર્નલ, પાના નં.૮૭૨	નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદાના પેરા–૦૩ મુજબ પોલીસ ડાયરી કે કેસ ડાયરીનો ઉપયોગ તપાસ કરનાર અધિકારી પોતાની યાદદાસ્ત તાજી કરવા ઉપયોગમાં લઇ શકે. આરોપીના હકક માટે કેસ ડાયરી રીક્વેશ કરવાનું કહિ શકાય અને તે સવલત આરોપી માટે છે.

ઉપરોકત ચુકાદાનો આધાર લઇ વ.શ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે આ કેસમાં ઘણા બધા તપાસ કરનાર અધિકારીઓ હતાં. કયા અધિકારીએ શું તપાસ કરી, કેવી તપાસ કરી, તેની સ્પષ્ટતા નથી. નિરીક્ષણ કરનાર અધિકારીને ફરિયાદપક્ષે તપાસેલા નથી અને તપાસ કરનાર અધિકારીને તપાસવામાં આવેલાં છે તે અધિકારીઓએ ઉડાઉ જવાબો આપેલાં છે.જે આરોપીઓને અટક કરેલા તેના અટક પંચનામાઓ બનાવવામાં આવેલા નથી. તા.૧૬/૦૮/૨૦૦૮ ના રોજ એક સાથે કુલ–૧૦ આરોપીઓને પકડવામાં આવેલાં. તેઓને કેવી રીતે પકડ્યા તે અંગેનો કોઇ ખુલાસો નથી માટે આરોપીઓને પોલીસ તપાસ બાબતે પણ ઘણો બધો પૂર્વગ્રહ થયેલો છે. વ.શ્રી આર.કે.શાહની દલીલ સાથે હું સંમત નથી. તપાસ કરનાર અધિકારીઓએ શું તપાસ કરી અને કેવી તપાસ કરી તે હકીકત તેમણે પોતાની જુબાનીમાં જણાવેલ છે. જે હકીકત અને જે માહિતી તેઓને યાદ હતી તે તમામ હકીકતો અને માહિતી સોગંદ ઉપર જણાવેલ છે. અગાઉ ચર્ચા કરી તેમ ૧૦ વર્ષના સમય થયેલ હોવાથી આ કેસની તપાસની રજે–રજની માહિતી તેઓને યાદ ન હોય તે સ્વાભાવિક છે અને ૧૦ વર્ષના સમય દરમ્યાન તે તપાસો વખતે તૈયાર કરેલી પોલીસ ડાયરી કે કેસ ડાયરીનું આજે અસ્તિત્વ છે કે કેમ? તે બાબત તેઓ ચોકકસ નથી અને

પોલીસ ડાયરી કે કેસ ડાયરી તેને મળેલી નથી માટે જુબાની દરમ્યાન અદાલતમાં તપાસ કરનાર અધિકારીઓ સાથે લાવેલા નથી અને માહિતીના અભાવે તેઓએ જવાબો આવા આપેલા છે કે, યાદ નથી. પોલીસ ડાયરી જોઈને કહિ શકે વગેરે પ્રકારના જવાબો તે ઉડાઉ જવાબો છે તેમ પણ કહિ શકાય નહિ. તપાસ કરનાર અધિકારીઓએ જે કાંઇ કામગીરી કરેલી હતી તે ફરજના ભાગરૂપે કરેલી હતી. આરોપીઓ તેઓના કોઇ દુશ્મનો ન હતાં. આરોપીઓને તેમણે અગાઉ કયારેય જોયેલાં પણ નથી જેથી આરોપીઓને જાણી જોઈને આ ગુનામાં તેઓની અટક કરેલી તેવું પણ કહિ શકાય નહિ. તપાસ કરનાર અધિકારીઓને જે જે માહિતી મળેલી તે પ્રમાણે પુરાવા એકત્રિત કરી આરોપીઓને અટક કરેલા છે. જેથી આરોપીઓને ખોટી રીતે અટક કરવામાં આવેલા છે તેમ પણ કહિ શકાય નહી.

પોલીસ તપાસ બાબતે સરકારી વકીલશ્રી એચ.એમ.ધ્રુવ દલીલ કરતા જણાવે છે કે, આ કામે આરોપીઓ વિરૂધ્ધ જુદા–જુદા કાયદા હેઠળ તહોમતનામું ફરમાવેલુ છે મુખ્ય ગુન્હો કાવતરાનો છે તેઓની આ દલીલ સાથે સહમત છુ કે આ ગુનો કાવતરાનો ગુનો છે. વ.શ્રી આર.કે.શાહ પણ દલીલ કરતા જણાવે છે કે અમદાવાદ ખાતે બોમ્બ બ્લાસ્ટના જે બનાવો બનેલા છે તે તથા સુરત ખાતે બોમ્બ પ્લાન્ટેશનના જે બનાવો બનેલા છે તે સાથે કોઇ તકરાર નથી પરંતુ તપાસ કરનાર અધિકારીઓએ જે વાજબી રીતે તપાસ કરવી જોઇએ તે રીતે તપાસ કરવામાં આવેલી નથી. સરકારી વકીલશ્રી ધ્રુવ દલીલ કરતા જણાવે છે કે, અનલોકુલ એકટીવીટી (પ્રિવેન્શન)એકટ આંતકવાદ અને આંતકવાદી પ્રવૃતિ અટકાવવા માટે અમલમાં આવેલ છે. આંતકવાદી પ્રવૃતિને અંકુશમાં લેવા માટે આ કાયદાની રચના કરેલી છે અગાઉ "પોટા" અને "ટાડા" એકટ અમલમાં હતો તેમાં સુધારો કરવાની જરૂરિયાત ઉભી થયેલી. “ટાડા" નો ઉપયોગ કરતા દુરૂપયોગ થવાની સંભાવના વધારે હતી. ત્યારબાદ "પોટા" એકટ અમલમાં આવતાં તેમાં પણ આજ પરિસ્થિતિ ઉભી થયેલી અને બંને કાયદામાં ફેરકાર કરવાની જરૂરિયાત જણાયેલી માટે વિધાન મંડળે આંતકવાદી પ્રવૃતિને અંકુશમાં લાવવા માટે અનલોકુલ એકટીવીટી (પ્રિવેન્શન)એકટ લાવવાની જરૂરિયાત ઉભી

થયેલી અને તેમાં ઘણી બધી એટલે કે ઇન્ટ્રોગેશન, રીમાન્ડ, તપાસ, ગુપ્ત સાહેદો વિગેરે બાબતે જોગવાઇ કરવામાં આવેલી છે. આ સંબંધમાં તેઓ નીચે મુજબના ચુકાદા ઉપર આધાર રાખે છે.

અ.નં.	ચુકાદો	નિર્ણીત મુદ્દાઓ પૈકી તપાસ કરનાર અધિકારીની તપાસ બાબતે નિર્ણીત થયેલો એક મુદ્દો
૧	કરતારસિંધ વિરૂધ્ધ સ્ટેટ ઓફ પંજાબ ૧૯૯૪ ક્રિ.લો.જ. પાન નં.૩૧૩૯ સુપ્રિમ કોર્ટ	પેરા–૧૫૪, ૨૩૧, ૨૩૩, ૩૮૨, ૩૮૪ વિગેરે મુજબ કાયદામાં તપાસ કરનાર અધિકારીને કેટલીક ઉદારતા આપેલી છે તે પ્રમાણે ઇન્ટ્રોગેશન, રીમાન્ડ, તપાસ, ચાર્જશીટ રાખવા, ગુપ્ત સાહેદોના નામો ગુપ્ત રાખવા વિગેરે બાબતે કાયદામાં તપાસ કરનાર અધિકારી માટે ઉદારતા છે. આ કાયદો સાહેદને પણ રક્ષણ આપે છે. ક્રિ.પ્રો. કોડની કલમ–૧૬૪ તથા પુરાવાના કાયદાની કલમ–૨૭ ને કેવી રીતે ધ્યાને લેવી તે અંગે આ ચુકાદામાં માર્ગદર્શન આપેલ છે.

આ કાયદાની કલમ–૪૩ હેઠળ આસીસ્ટન્ટ કમિશનર ઓફ પોલીસની કક્ષાથી ઉતરતી કક્ષાના અધિકારી આ ગુનાની તપાસ કરી શકે નહીં તેવી સ્પષ્ટ જોગવાઇ છે. વિ.વ.શ્રી એચ.એમ.ધ્રુવ દલીલ કરતા જણાવે છે કે, આ કેસમાં આસીસ્ટન્ટ કમિશનર ઓફ પોલીસ કક્ષાથી ઉતરતા અધિકારીઓએ તપાસ કરી નથી અને કુલ–૨૫ જેટલા બનાવો અને કુલ–૨૦ ફરિયાદો હતી. એક તપાસ કરનાર અધિકારી તમામ બનાવોની તપાસ કરી શકે નહીં જેથી સંયુકત પોલીસ કમિશનર, ક્રાઇમ બ્રાન્ચે અલગ–અલગ તપાસ ટીમો બનાવેલી

છે. વ.શ્રી એચ.એમ.ધ્રુવની દલીલ સાથે હુ સહમત છું. આ કેસમાં અમદાવાદના બોમ્બ બ્લાસ્ટના બનાવોની કુલ–૨૦ ફરિયાદોની તપાસ કરવા માટે ચાર તપાસ ટીમો બનાવેલી છે. તપાસ ટીમોના મુખ્ય તપાસ કરનાર અધિકારી આસી. કમિશનર ઓફ પોલીસ કક્ષાના અધિકારીઓ છે અને તેઓને મદદમાં રહેવા માટે અન્ય પોલીસ અધિકારીની નિમણૂકો થયેલી છે. સુરત શહેરના બોમ્બ પ્લાન્ટેશનના કુલ–૨૯ બનાવોની કુલ–૧૫ ફરિયાદો નોંધાયેલી તેની તપાસ મદદનીશ પોલીસ કમિશનર કક્ષાના બે અધિકારીઓએ કરેલી અને તેમની સાથે મદદમાં રહેવા અન્ય અધિકારીઓની નિમણૂક કરેલી છે. વિ.વ.શ્રી એચ.એમ. ધ્રુવ દલીલ કરતા જણાવે છે કે, અનલોફુલ એકટીવીટી એકટ હેઠળના નિયમો ૧૯૯૮ મા બહાર પડેલા છે આ કાયદામાં સને–૨૦૦૪ ની સાલમાં સુધારો થયેલો ત્યારબાદ સને–૨૦૦૮ની સાલમાં ફરીથી સુધારો કરવામાં આવેલો છે અને "પોટા" કાયદાની મોટા ભાગની જોગવાઈઓનો સમાવેશ આ કાયદામાં કરેલો છે. વધુમાં તેઓ દલીલ કરતા જણાવે છે કે તા.૨૬–૭–૨૦૦૮ ના રોજ બોમ્બ બ્લાસ્ટના બનાવો બન્યા બાદ તુરન્ત પોલીસ તપાસ શરૂ થયેલી છે તેઓની દલીલ સાથે હુ સહમત છુ. કુલ–૨૦ ફરિયાદો નોંધાયેલી છે જે, તે વિસ્તારમાં આ બનાવો બનેલા તે વિસ્તારની હકુમત ધરાવતા પોલીસ સ્ટેશનમાં આ ફરિયાદો નોંધાયેલી અને શરૂઆતના તબક્કે આ બનાવોની તપાસ જે, તે પોલીસ સ્ટેશન વિસ્તારના પોલીસ ઈન્સ્પેકટરશ્રીએ શરૂ કરેલી અને ત્યારબાદ બીજા જ દિવસે ગંભીર ગુના હોવાથી આગળની તપાસ ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદને સોંપવામાં આવેલી છે. ત્યારબાદ આ ફરિયાદોના કામે અનલોફુલ એકટીવીટી(પ્રિવેન્શન)એકટ મુજબના ગુન્હા અંગેની કલમોનો ઉમેરો થતાં આગળની વધુ તપાસ મદદનીશ કમિશનર ઓફ પોલીસ કક્ષાના અધિકારીઓને સોંપાયેલી છે. વ.શ્રી એચ.એમ.ધ્રુવ આ તબક્કે દલીલ કરતા જણાવે છે કે શું આ ગુનાઓની તપાસ બીજા અધિકારીઓને સોંપી શકાય? તો તેઓ "હા" માં જવાબ આપે છે અને તે માટે તેઓ નીચે મુજબના ચુકાદા ઉપર આધાર રાખે છે.

અ.નં.	ચુકાદો	ચુકાદામાં નિર્ણીત મુદ્દાઓ પૈકી પોલીસ

		તપાસ બાબતે નિર્ણીત થયેલો એક મુદ્દો
૧	એચ.એન.રીસ્બત વિરૂધ્ધ સ્ટેટ ઓફ દિલ્હી એ.આઇ.આર.૧૯૯૫ સુપ્રિમ કોર્ટ, પાન નં.૧૯૬	–એ.સી.પી.ની કક્ષાથી નીચેના અધિકારી તપાસ કરે તો તે ગેરકાયદેસર છે. –તપાસ દરમ્યાન દરેક કામ તપાસ કરનાર અધિકારીએ જ જાતે કરવુ જોઇએ તેવુ નથી. – એક તપાસ કરનાર અધિકારી બીજા અધિકારીને તપાસમાં મદદ કરી શકે. –તપાસમાં ખામી હોય કે ગેરકાયદેસરતા હોય તો પણ ગુનાની ઇન્સાફી કાર્યવાહી રદ થતી નથી.

ઉપરોકત ચુકાદાનો આધાર લઇ વ.શ્રી એચ.એમ.ધ્રુવ દલીલ કરતા જણાવે છે કે, આ કેસમાં તપાસ કરનાર અધિકારીઓએ યોગ્ય તપાસ કરેલી છે, એ.સી.પી. કક્ષાથી નીચેના અધિકારીઓએ તપાસ કરેલી નથી અને જો કરેલી હોય તો પણ ટ્રાયલ નિષ્ફળ જતો નથી. મારા મંતવ્ય પ્રમાણે આ કેસમાં અમદાવાદ શહેરના કુલ–૨૫ બનાવોની તપાસ કરવા માટે કુલ–૪ તપાસ ટીમો બનાવેલી છે અને દરેક તપાસ ટીમના વડા તરીકે એ.સી.પી.કક્ષાના અધિકારી છે અને તેઓની મદદ માટે અન્ય પોલીસ અધિકારીઓની નિમણૂક કરેલી છે.આ તપાસ ટીમોના વડાઓ ઉપર ડી.સી.પી. તથા જે.સી.પી. ક્રાઇમ બ્રાન્ચ સુપરવિઝન કરતા હતાં. આ બનાવો ગંભીર બનાવો છે, ચારેય અધિકારીઓ પાસે સરેરાશ પાંચ, પાંચ બનાવોની તપાસ સોંપાયેલી છે. બનાવોની ગંભીરતા જોતાં દરેક બનાવના સ્થળ ઉપર જઇ પંચનામા કરવા, સાહેદોના નિવેદનો લેવા, મુદ્દામાલ જપ્ત કરવો, મુદ્દામાલ પાવતી ફડાવવી, મુદ્દામાલ એફ.એસ.એલ.માં મોકલવા, રવાનગી નોંધો તૈયાર કરી તેને એફ.એસ.એલ.માં મોકલવી, ગુન્હામાં સંડોવાયેલ વ્યકિતઓની ખાનગી રાહે તપાસ કરવી, આરોપીઓને શોધી તેઓને અટક કરવા તથા આરોપીઓ પાસેથી જેમ માહિતી મળે તેમ તેમ તે જગ્યાઓ

ઉપર જઇ તપાસ કરવી, ઉચ્ચ અધિકારીઓ સાથે બનાવો બાબતે મિટીંગો કરવી, તેમની પાસેથી સલાહ સુચનો મેળવવા, તપાસના પ્રોગ્રેસ રીપોર્ટ આપવા, સરકારને તેમજ જાહેર જનતાને બનાવોની તપાસ અંગે સ્પષ્ટતા કરવી, અમદાવાદ શહેરમાં ભયનો માહોલ હોય તેવા સંજોગોમાં લો એન્ડ ઓર્ડર નિભાવવાની જવાબદારી હોય વિગેરે ઘણા બધા પ્રકારની કામગીરી હોય છે જે એક અધિકારી માટે આ તમામ કામગીરી ત્વરીત પુરી કરવી એ શકય નથી માટે મુખ્ય તપાસ કરનાર અધિકારી સાથે અન્ય તપાસ કરનાર અધિકારી હોય તો જ ત્વરીત તપાસ થઇ શકે, સારી તપાસ થઇ શકે અને તે પ્રમાણે આ કેસમાં બનવા પામેલ છે. મુખ્ય તપાસ કરનાર અધિકારી સિવાય તેમની મદદમાં રહેલ તપાસ કરનાર અધિકારીઓએ જુદી–જુદી જગ્યાઓ ઉપર જઇ પંચનામા બનાવેલા છે, કેટલીક જગ્યા ઉપર આરોપીને સાથે રાખી પંચનામા બનાવેલા છે, કેટલીક જગ્યાઓ ઉપર આરોપીઓની ગેરહાજરીમાં પણ પંચનામા બનાવેલા છે તે ગેરકાયદેર નથી તેમ હુ સ્પષ્ટ માનુ છુ. અન્ય અધિકારીઓની જુબાનીની ઊલટ તપાસ દરમ્યાન બચાવપક્ષ તરફથી ઘણા બધા પ્રશ્નો પુછવામાં આવેલા છે જેવા કે– તમે સ્વતંત્ર રીતે તપાસ કરેલી?, આરોપીને કસ્ટડીમાંથી લઇ ગયાની નોંધ કરેલી છે?, આરોપીને પાછો કસ્ટડીમાં મુકયાની નોંધ કરેલી છે?, વિગેરે પ્રકારના જે પ્રશ્નો પુછેલા છે તે પુછવાનો ઇરાદ્દો એવો છે કે આ અધિકારીઓએ સ્વતંત્ર તપાસ કરેલી છે, તેઓને તપાસ કરવાની સત્તા ન હતી જેથી તપાસ ગેરકાયદેસર છે. પરંતુ બચાવપક્ષની આ દલીલ સાથે હુ સહમત નથી. ઉપર ચર્ચા કરી તેમ એક અધિકારી તેઓને સોંપવામાં આવેલ પાંચ ગુનાની તપાસ એક સાથે કરી શકે નહીં તેની સાથે મદદમાં અન્ય અધિકારીઓ હોય તો જ તપાસ કરી શકે. આ કામે રજૂ થયેલ ચાર્જશીટોમાં પણ મુખ્ય તપાસ કરનાર અધિકારી કે જે એ.સી.પી. કક્ષાના છે તેમણે જ સહીઓ કરેલી છે જેથી આ કામમાં તપાસ કરનાર અધિકારીઓ એ.સી.પી.કક્ષાના જ છે તેમ કહી શકાય અને તેમણે જ આ બનાવોની તપાસ કરેલી છે. તેઓએ કરેલી તપાસ ગેરકાયદેસર નથી. આ અધિકારીઓની મદદમાં રહેલા અધિકારીઓએ તપાસ દરમ્યાન જે કોઇ કામગીરી

કરેલી તે મુખ્ય અધિકારી વતી કરેલી જેવી કે અમુક જગ્યાઓ ઉપર આરોપીઓને લઇ જઇ પંચનામા બનાવવા, બનાવવાળા સ્થળ ઉપર જઇ આજુબાજુના સાહેદોના નિવેદનો નોંધવા, એફ.એસ.એલ.માં પૃથક્કરણ માટે મુદ્દામાલ મોકલવો વિગેરે જે કાંઇ કાર્યવાહી કરેલી છે તે આ કેસની પરિસ્થિતિ અને હકીકત જોતાં તે ગેરકાયદેસર નથી.

કેસ ડાયરી બાબતે આ અદાલતના ધ્યાનમાં છે તેવા કેટલાક ચુકાદાઓ આ અદાલતે ધ્યાનમાં લીધા છે.

અ.નં.	ચુકાદો	ચુકાદામા નિર્ણીત મુદ્દાઓ પૈકીનો કેસ ડાયરી બાબતે નિર્ણીત થયેલો એક મુદ્દો
૧	આનંદ પ્રકાશ બારમેરા સ/ઓ ગુજરનાર લલીત રતનલાલજી વિરૂધ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન તા.૦૨/૧૧/૧૭ રાજસ્થાન.	પેરા નં.૨૧– કેસ ડાયરી તે તપાસ કરનાર અધિકારીની અંગત બાબત છે. આરોપીને તે તપાસવા નહી આપવાથી તે અયોગ્ય કે ગેરવાજબી નથી. પેરા નં.૨૨– કેસ ડાયરી કે તેનો ભાગ ખાનગી વ્યકિત માટે ખુલ્લો રખાય નહિ. કેસ ડાયરીના અમુક પાન રજૂ કરાવવા માટે પરવાનગી અપાય નહિ.
૨	મુકુન્દલાલ વિરૂધ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા ૧૯૮૯, એ.આઇ.આર. પાના નં.૧૪૪ સુપ્રિમ કોર્ટ.	પોલીસ ડાયરીને રીફર કરવા માટે આરોપી તપાસ કરનાર અધિકારીને આગ્રહ કરી શકે નહિ. પોલીસ ડાયરી તપાસ કરનાર અધિકારી પોતાની યાદદાસ્ત તાજી કરવા રીફર કરી શકે તે તેનો વિશેષાધિકાર છે.
૩	હાજીમહમદ વિરૂધ્ધ	–જનરલ ડાયરી ક્રિ.પ્રો.કોડની કલમ–૧૭૨ મા પડે છે.

	સ્ટેટ રીપ્રેજેન્ટેડ બાય ઇન્સ્પેકટર ઓફ પોલીસ CRL, OP.No.૨૬૭૪૪ અને ૧૫૪૧૩ ૨૦૧૮, મદ્રાસ તા.૧૯/૧૧/૧૮	–આરોપી જનરલ ડાયરી રજૂ કરાવવાનું જણાવી શકે નહિ. તે હકકદાર પણ નથી.
૪	મલ્કીટસીંધ વિરૂધ્ધ સ્ટેટ ઓફ પંજાબ ૧૯૯૧ (૪) સુપ્રિમ કોર્ટ કેસીસ, પાના નં.૩૪૧	તપાસ કરનાર અધિકારીની યાદદાસ્ત તાજી કરવા અથવા વિરોધાભાસ માટે કોર્ટ કેસ ડાયરીનો ઉપયોગ કરી શકે, આરોપી તેનો પુરાવા તરીકે ઉપયોગ કરી શકે નહિ.

વકીલશ્રી એમ.એમ.શેખ પોલીસ તપાસ બાબતે દલીલ કરતા જણાવે છે કે, પ્રોસીકયુશન એજન્સીએ ડી.સી.પી. શ્રી અભય ચુડાસમાને ઈરાદાપૂર્વક સાહેદ તરીકે તપાસેલા નથી. તમામ સાક્ષીઓની જુબાનીઓ તેમજ ફરિયાદપક્ષ તરફથી રજૂ થયેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા બનાવ સમયે અમદાવાદ શહેરના ક્રાઈમ બ્રાન્ચના ડી.સી.પી. તરીકે શ્રી અભય ચુડાસમા ફરજ બજાવતા હતા અને તેમણે અમદાવાદ શહેરમાં થયેલ સીરીયલ બોમ્બ બ્લાસ્ટવાળી તમામ જગ્યાઓનું નિરીક્ષણ કરેલ હતુ. બનાવોની તપાસ ક્રાઈમ બ્રાન્ચે તા.૨૭.૭.૨૦૦૮ ના રોજ સંભાળેલી હતી અને ડી.સી.પી. શ્રી અભય ચુડાસમાએ આંક–૮૬૪૦ અને ૮૬૪૧ થી બનાવોની તપાસ માટે કુલ–૪ તપાસ ટીમો બનાવેલી પરંતુ મુખ્ય તપાસ કરનાર ડી.સી.પી. શ્રી અભય ચુડાસમા હતા. મારા મત પ્રમાણે ડી.સી.પી. શ્રી અભય ચુડાસમા બનાવો વખતે ક્રાઈમ બ્રાન્ચમાં ફરજ બજાવતા હતા અને ક્રાઈમ બ્રાન્ચની ફરજ સમગ્ર

અમદાવાદ શહેર અંગે છે. બોમ્બ બ્લાસ્ટના ગંભીર પ્રકારના બનાવો બને ત્યારે ક્રાઈમ બ્રાન્ચના ડી.સી.પી. તરીકે તેઓની ફરજ છે કે જે જગ્યાઓ ઉપર બનાવો બન્યા હોય તે જગ્યાઓનું નિરીક્ષણ કરવુ પડે અને જગ્યાઓનુ નિરીક્ષણ કરીને તે બાબતે તેમણે કાંઈ ખોટુ કાર્ય કર્યું હોય તેવુ નથી. આ ઉપરાંત બનાવોની તપાસ ટીમો બનાવવાની તેમને સત્તા છે અને તે આધારે કુલ–૪ તપાસ ટીમો બનાવેલી છે. ચાર તપાસ ટીમોએ આ બનાવોની તપાસ કરેલી છે. ગંભીર પ્રકારના બનાવો હતા અને આવા બનાવોની તપાસ ઉપર સ્વાભાવિક છે કે ડી.સી.પી. નિરીક્ષણ રાખતા હોય છે. ડી.સી.પી. નિરીક્ષણ રાખતા હોય તેનો અર્થ એવો નથી કે બનાવોની તપાસ તેઓ કરતા હતા. વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા એમ પણ જણાવે છે કે, તપાસ ટીમોના મુખ્ય તપાસનીશ અધિકારીઓ ડી.સી.પી. શ્રીઅભય ચુડાસમા પાસેથી તપાસ બાબતે સલાહ સુચન મેળવતા હતા. પરંતુ મારા મત પ્રમાણે ડી.સી.પી. શ્રીઅભય ચુડાસમા પાસેથી તપાસનીશ અધિકારીઓ તપાસ બાબતે સલાહ સુચન મેળવે તે સ્વભાવિક છે અને મેળવવુ જોઈએ કારણ કે તપાસ યોગ્ય દિશામાં અને સારી થઈ શકે. વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા એમ પણ જણાવે છે કે, તપાસ ટીમના તમામ અધિકારીઓની બેઠક વ્યવસ્થા ક્રાઈમ બ્રાન્ચની કચેરીમાં હતી પરંતુ મારા મત પ્રમાણે ક્રાઈમ બ્રાન્ચની કચેરીમાં બેઠક વ્યવસ્થા હોવાના કારણે ખોટી તપાસ કરેલી છે તેમ કહેવાય નહીં. તે તપાસો ગેરકાયદેસર રીતે કરી છે તેમ પણ કહેવાય નહી. પોલીસ કમિશનર અમદાવાદ કે સંયુકત પોલીસ કમિશનર ક્રાઈમ બ્રાન્ચ દ્વારા જે જગ્યાઓ ફાળવવામાં આવે તે જગ્યા ઉપર ઑફિસ રાખીને તપાસ કરનાર અધિકારીઓ તપાસ કરે તેમાં અયોગ્યતા નથી. તપાસ ટીમોનું સંચાલન ડી.સી.પી.શ્રી અભય ચુડાસમા કરતા ન હતા તેઓ ડી.સી.પી. હોવાથી તપાસ કરનાર અધિકારીઓ ઉપર ચોકકસપણે નિરીક્ષણ રાખે તેમ હું માનુ છું.

વધુમાં વકીલશ્રી એમ.એમ.શેખ સાહેદ નં.૧૦૭૦ વી.એસ.શુકલની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરે છે કે, પોલીસ કમિશનરના હુકમથી ડી.સી.પી. ક્રાઈમે બનાવોની તપાસો સંભાળી, તપાસ ટીમો બનાવેલી તેમ

જણાવે છે. સાહેદ નં.૧૦૭૨ શ્રી એચ.જે.જનકાતની જુબાની તરફ ધ્યાન દોરી તેઓ દલીલ કરે છે કે, આ સાહેદે પણ આ બનાવોની તપાસ કરવા માટે જુદી–જુદી તપાસ ટીમો બનાવેલાની હકીકત જણાવી છે અને તપાસ ટીમોનુ સંચાલન ડી.સી.પી.શ્રી અભય ચુડાસમા કરતા હતા. સાહેદ નં.૧૦૭૬ એ.વી.ગખ્ખરની જુબાની તરફ ધ્યાન દોરી તેઓ દલીલ કરે છે કે, આ સાહેદના કહેવા પ્રમાણે પણ તપાસ ટીમોનો સંચાલન ડી.સી.પી. શ્રીઅભય ચુડાસમા કરતા હતા. આ જ પ્રમાણેની હકીકત સાહેદ નં.૧૦૭૭ શ્રીએ.એફ.સીંધી, સાહેદ નં.૧૧૪૫ શ્રી ટી.એસ.પટેલ, સાહેદ નં.૧૧૧૬ શ્રી કે.એન.પટેલ, સાહેદ નં.૧૧૩૩ શ્રી એમ.ડી.ચૌધરીનાઓ પણ જણાવે છે. પરંતુ અગાઉ ચર્ચા કરી તેમ ડી.સી.પી. શ્રીઅભય ચુડાસમા ક્રાઈમ બ્રાન્ચના ડી.સી.પી. તરીકે ફરજ બજાવતા હતા અને આ બનાવોની તપાસ કરવા માટે તેમને ચાર તપાસ ટીમો બનાવેલી તેનો અર્થ એવો નથી કે તમામ તપાસો ડી.સી.પી. શ્રીઅભય ચુડાસમાએ કરેલી છે. જો તેઓ જ તપાસ કરવાના હોત તો તપાસ ટીમો બનાવવાનો કોઈ પ્રશ્ન ન હતો પરંતુ તેઓ ક્રાઈમ બ્રાન્ચના ડી.સી.પી. હોવાના કારણે આવા પ્રકારના ગંભીર તપાસોનું નિરીક્ષણ કરવાની પણ તેમની ફરજ છે. બચાવપક્ષ તરફથી આક્ષેપ છે કે ડી.સી.પી. શ્રીઅભય ચુડાસમાને જાણી જોઈને ફરિયાદપક્ષ તરફે સાહેદ તરીકે તપાસેલા નથી પરંતુ તેઓની આ દલીલ સાથે હું સંમત નથી. ફરિયાદપક્ષ દ્વારા કયા સાક્ષીને તપાસવા અને કયા સાક્ષીને ન તપાસવા તેનો અધિકાર ફકત સરકારી વકીલશ્રીને છે. ડી.સી.પી.શ્રી અભય ચુડાસમાને સાહેદ તરીકે તપાસવાનો આગ્રહ બચાવપક્ષ રાખી શકે નહીં.

વધુમાં વકીલશ્રી એમ.એમ.શેખ સાહેદ નં.૧૧૫૩ શ્રીઆર.વી. અસારીની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરે છે કે, આ સાહેદની નિમણૂક પણ ચાર તપાસ ટીમો પૈકી એક તપાસ ટીમના મુખ્ય તપાસનીશ અધિકારી તરીકે ડી.સી.પી. શ્રી અભય ચુડાસમાએ કરેલી હતી અને આ સાહેદને અમદાવાદ શહેરની કુલ–૨૦ ફરિયાદો પૈકી કુલ–૭ ગુનાઓની તપાસ આ સાહેદને સોંપવામાં આવેલી હતી. આ સાહેદની જુબાનીના પેરા–૩૬ તરફ ધ્યાન દોરી

દલીલ કરવામાં આવે છે કે ફોટા પાડનાર ફોટોગ્રાફર કોણ હતા તેનુ નામ ચાર્જશીટમાં દર્શાવેલુ નથી તે સાહેદે કબૂલ કરેલુ છે. ડી.સી.પી. શ્રી અભય ચુડાસમા અગત્યના સાહેદ છે તે શ્રી આર.વી.અસારી માનતા નથી. મારા મત પ્રમાણે સાહેદશ્રી આર.વી.અસારીની હકીકત સાચી છે કારણ કે ડી.સી.પી. શ્રી અભય ચુડાસમા તપાસ કરનાર અધિકારી નથી પરંતુ તપાસ કરનાર અધિકારીઓને ફકત માર્ગદર્શન અને સુચનાઓ આપતા હતા માટે તેઓ અગત્યના સાહેદ છે તેમ કહી શકાય નહીં. સાહેદશ્રી આર.વી.અસારીની જુબાનીના પેરા–૩૫ તરફ ધ્યાન દોરી દલીલ કરવામાં આવેલ છે કે, ચાર્જશીટમાં ગુમ સાહેદો જણાવેલા છે તેઓને ગુમ રાખવા અંગેનો કોઈ રીપોર્ટ નામદાર કોર્ટને કે ઉપરી અધિકારીને કરેલો નહીં તે કબૂલ કરેલુ છે. પરંતુ મારા મત પ્રમાણે આવો રીપોર્ટ નામદાર કોર્ટને કે ઉપરી અધિકારીને કરેલો ન હોવાના કારણે ચાર્જશીટ ખોટુ છે તેમ મનાય નહીં અને તેનાથી આરોપીઓને કોઈ પૂર્વગ્રહ થતો પણ નથી.

વકિલશ્રી એમ.એમ.શેખ સાહેદ નં૧૧૫૪ સુ.શ્રીઉષા રાડાની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરે છે કે, આ સાહેદના જુબાનીના પેરા–૧૦ મુજબ તા.૩.૮.૨૦૦૮ ના રોજ ડી.સી.પી. શ્રી અભય ચુડાસમાના હુકમથી આ સાહેદને ચાર કેસોની તપાસ સોંપવામાં આવેલી હતી. આ સાહેદે ચાર ગુનાઓની તપાસ સ્વતંત્ર રીતે કરવાની હતી તે કબૂલ કરેલુ છે પરંતુ સ્વતંત્ર રીતે તપાસ કરેલી નથી. આ સાહેદે સ્વતંત્ર રીતે તપાસ કરેલી નથી તો તે હકીકત અને દલીલ કયા આધારે કરવામાં આવેલ છે તે તરફ વકીલશ્રી એમ.એમ.શેખનાઓએ ધ્યાન દોરેલ નથી. પરંતુ સામાન્ય રીતે કોઈપણ પોલીસ અધિકારીને કોઈ ગુનાની તપાસ સોંપવામાં આવે ત્યારે તે તપાસ તે અધિકારી પોતાની સ્વતંત્ર રીતે કરતા હોય છે અને તપાસ ઉપર નિરીક્ષણ તે અધિકારીના ઉપલા અધિકારી કરતા હોય છે. આ સાહેદના કહેવા પ્રમાણે પણ ચારેય તપાસ ટીમોના વડા ડી.સી.પી. શ્રીઅભય ચુડાસમા હતા તેથી કરીને શ્રીઅભય ચુડાસમાએ જ આ બનાવોની તપાસો કરેલી છે તેવો જે બચાવપક્ષ તરફથી બચાવ લેવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે તે સાચો નથી. વધુમાં વકીલશ્રી એમ.એમ.શેખ સાહેદ નં.૧૧૫૪

સુ.શ્રી ઉષા રાડાની જુબાનીના પેરા–૫૮ તરફ ધ્યાન દોરી દલીલ કરે છે કે, તે તપાસ ટીમના અધિકારીઓ વખતો વખત મળતા હતા અને તપાસોની ચર્ચા કરતા હતા. મારા મત પ્રમાણે આ અધિકારીઓ વખતો વખત મળતા હોય અને તપાસોની ચર્ચા કરતા હોય તો તેમાં ખોટુ શું છે? અમદાવાદ શહેરમાં બોમ્બ બ્લાસ્ટના કુલ–૨૫ બનાવો બનેલા અને તે બનાવોની કુલ–૨૦ ફરિયાદો નોંધાયેલી હતી. આ તમામ બનાવો એક જ દિવસે બનેલ હતા અને તે કાવતરાના ભાગરૂપે હતા માટે તપાસ કરનાર અધિકારીઓ વખતો વખત મળે અને તપાસોની ચર્ચા કરે તે વાજબી છે અને આવી ચર્ચાના કારણે બનાવોની નિષ્પક્ષ રીતે તપાસ થઈ શકે ઉપરાંત તપાસોમાં સાતત્યતા પણ જળવાય રહે.

વધુમાં વકીલશ્રી એમ.એમ.શેખ સાહેદ નં.૧૧૬૩ શ્રીમયુર ચાવડાની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરેલ છે કે, બનાવોની તપાસ કરવા માટે જે હુકમ કરવામાં આવેલો તે આંક–૮૬૪૦ વાળા હુકમમાં ડી.સી.પી.શ્રી અભય ચુડાસમાની સહી છે તે કબૂલ કરે છે. પરંતુ ડી.સી.પી.શ્રી અભય ચુડાસમા તપાસ ટીમના વડા હતા તે સાહેદ નં.૧૧૬૩ શ્રી મયૂર ચાવડાનાઓને યાદ નથી તેમ જણાવેલુ છે. પરંતુ સાહેદે આગળ એમ પણ જણાવેલુ છે કે તેઓ ક્રાઈમ બ્રાન્ચના ડી.સી.પી. તરીકે ફરજ બજાવતા હતા. વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા એમ પણ જણાવે છે કે, સને–૨૦૦૮ના વર્ષમાં એટલે કે બનાવના અરસામાં શાસકીય અને રાજકીય પક્ષ લઘુમતી સમુદાય અને મુસ્લિમો વિરૂધ્ધ કાર્યવાહી કરતી હતી અને રાજકીય પક્ષે પોતાના લાભ માટે નિર્દોષ મુસ્લિમ લઘુમતી સમાજના વ્યકિતઓને પકડીને ખોટા કેસો કરતી હતી. આ તમામ બચાવના અનુસંધાને કેસના ચારેય તપાસનીશ અધિકારીઓના વડા તરીકે કાર્ય કરી રહેલ ડી.સી.પી.શ્રી ચુડાસમાને તપાસવા ખૂબ જરૂરી હતા. તેમને તપાસવામાં ન આવતા આરોપીઓના બચાવને ગંભીર રીતે પૂર્વગ્રહ થયેલો છે. પરંતુ મારા મત પ્રમાણે લઘુમતી સમુદાય અને મુસ્લિમો વિરૂધ્ધ કોણ કાર્યવાહી કરતુ હતુ તે બાબતે વકીલશ્રી એમ.એમ.શેખ કાંઈ જણાવતા નથી. ભારત દેશમાં મુસ્લિમ ધર્મના લોકોની ઘણા મોટા પ્રમાણમાં વસ્તી છે. અમદાવાદ શહેર તથા

સુરત શહેરમાં પણ મોટા પ્રમાણમાં વસ્તી છે. પ્રશ્ન એ છે કે તપાસ કરનાર અધિકારીઓએ કેમ આ જ આરોપીઓને આ કેસોમાં આરોપીઓ તરીકે લીધા ? સામાન્ય રીતે કાયદાના નિયમ મુજબ કોઈપણ સેશન્સ ટ્રાયલ કેસમાં અથવા મેજિસ્ટ્રેટ કોર્ટમાં ચાલતા કેસોમાં જે તે કેસના તપાસ કરનાર અધિકારી જ મુખ્ય હોય છે અને સરકાર પક્ષ તરફથી અથવા અદાલત તરફથી કેસના તપાસનીશ અધિકારીને જ સાહેદ તરીકે તપાસવામાં આવે છે. નિરીક્ષણ કરનાર અધિકારીને તપાસવામાં આવતા નથી. તપાસ દરમ્યાન જે કંઈ કાર્યવાહી થઈ હોય, જે કાંઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવા એકત્રિત કરવામાં આવેલા હોય તે તમામ પુરાવા તપાસ કરનાર અધિકારીએ જ એકત્રિત કરેલા હોય છે માટે તપાસ કરનાર અધિકારીને જ સાહેદ તરીકે તપાસવાના હોય છે. આ કેસમાં ડી.સી.પી. શ્રીઅભય ચુડાસમાને સાહેદ તરીકે તપાસવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી અને તેઓનો સાહેદ તરીકે ન તપાસતા આરોપીઓને કોઈપણ પ્રકારનો પૂર્વગ્રહ થતો નથી જો કે વકીલશ્રી શેખના કહેવા પ્રમાણે આરોપીને પૂર્વગ્રહ થયેલો છે પરંતુ તે ફકત આક્ષેપ છે અને જાણી જોઈને ઉભો કરેલો પૂર્વગ્રહ છે. આમ, જયારે જાણી જોઈને ઉભો કરેલો પૂર્વગ્રહ હોય અને તે અંગે ખોટો બચાવ લેવાનો પ્રયત્ન કરવામાં આવે ત્યારે તે હરગિજપણે ધ્યાને લઈ શકાય નહીં.

પોલીસ તપાસ બાબતે બચાવપક્ષ તરફથી વકીલ શ્રી એલ.આર. પઠાણ લંબાણપૂર્વકની દલીલો કરતા જણાવે છે કે આ કામમાં આરોપીઓ વિરૂધ્ધ અનલોફુલ એકટીવીટી (પ્રિવેન્શન)એકટ-૧૯૬૭ની જુદી-જુદી કલમોના પણ તહોમતનામાઓ ફરમાવેલા છે અને કાયદાની કલમ-૪૩ હેઠળ મદદનીશ પોલીસ કમિશનરથી નીચેના કક્ષાના અધિકારીઓ આ કાયદા હેઠળના ગુનામાં તપાસ કરવાની સત્તા નથી. વકિલ શ્રીએલ.આર.પઠાણની આ દલીલ સાથે હું સંમત છું કે અનલોફુલ એકટીવીટી (પ્રિવેન્શન) એકટ સ્પેશિયલ એકટ છે અને કલમ-૪૩ પ્રમાણે આ ગુનાઓની તપાસ ફકત મદદનીશ પોલીસ કમિશનર કક્ષાના અધિકારી જ કરી શકે. વકીલ શ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે આ જોગવાઈ એટલા માટે છે કે આ કાયદા હેઠળના ગુનાઓ

ગંભીર કહેવાય અને ગંભીર ગુનાઓમાં તપાસ કરનાર અધિકારી સક્ષમ હોવા જોઈએ, કાયદાનું પુરતુ જ્ઞાન હોવુ જોઈએ જેથી કરીને ગુનાની પ્રમાણિક રીતે તપાસ કરી શકે. આ કાયદાની તમામ જોગવાઈઓની માહિતી તપાસ કરનાર અધિકારીને છે તેવી પણ અપેક્ષા રાખવામાં આવે છે. વકીલ શ્રી એલ.આર. પઠાણની આ દલીલ સાથે હું સંપૂર્ણ સંમત છું કે આવા કેસોના તપાસ કરનાર અધિકારીઓને કાયદાની જોગવાઈઓનું જ્ઞાન હોવુ જ જોઈએ. વધુમાં વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, અમદાવાદ બોમ્બ બ્લાસ્ટના બનાવો તેમજ સુરત બોમ્બ પ્લાન્ટેશનના બનાવોની તપાસ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને સોંપવામાં આવેલી અને ક્રાઈમ બ્રાન્ચના ડી.સી.પી.શ્રી અભય ચુડાસમાએ જુદી-જુદી તપાસ ટીમો બનાવેલી. તપાસ ટીમોના મુખ્ય અધિકારી મદદનીશ પોલીસ કમિશનર હતા. તમામ ટીમો ક્રાઈમ બ્રાન્ચની ઑફિસમાં બેસીને કામગીરી કરતી હતી. તમામ તપાસ ટીમોના અધિકારીઓ પુરાવાઓની આપ-લે કરતા હતા. એ.સી.પી. કક્ષાના અધિકારીઓએ ઈરાદાપૂર્વક તપાસોમાં ઘણી ક્ષતિ રાખેલી છે અને પ્રમાણીકતાથી તપાસો કરી નથી. પરંતુ મારા મત પ્રમાણે વકીલ શ્રી એલ.આર.પઠાણનો આ આક્ષેપ છે. મદદનીશ પોલીસ કમિશનર કક્ષાના અધિકારીઓએ ઈરાદાપૂર્વક ક્ષતિઓ રાખી હોય તે શકય નથી. પ્રમાણીકતાથી તપાસ કરવામાં આવી નથી તે અંગે વકીલશ્રી એલ.આર.પઠાણ દ્વારા કોઈ આધારભુત દસ્તાવેજ રજૂ કરવામાં આવેલો નથી. તપાસો પ્રમાણીકતાથી કરવામાં આવેલી છે કે અપ્રમાણીકતાથી કરવામાં આવેલી છે તે નક્કી કરવા માટે કે ચકાસવા માટે કોઈ બેરોમીટર કે સાધન નથી તે હકીકત માટે સમગ્ર રેકર્ડ ધ્યાને લેવું પડે. વધુમાં વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, તપાસ કરનાર અધિકારીઓએ ધાક-ધમકી અને ત્રાસ આપીને પુરાવા એકત્રિત કરેલા છે. પરંતુ આ અંગે પણ કોઈ આધારભૂત હકીકત કે પુરાવો રેકર્ડ ઉપર નથી. આરોપી નં.૨,૨૧,૨૪,૩૫નાં કબૂલાત નિવેદનો ધાક-ધમકીથી લીધા હોવાની પણ દલીલ કરવામાં આવે છે. પરંતુ આ દલીલ પણ તેમની સ્વીકાર્ય નથી. આ આરોપીઓએ અગાઉ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ સમક્ષ

પણ તેઓની ધાક–ધમકી આપેલાની હકીકત બાબતે રજૂઆત કરેલી નથી. વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, તપાસ કરનાર અધિકારીઓએ જુબાની દરમ્યાન યોગ્ય વર્તન કરેલુ નથી અને સાચા જવાબો આપવાનું ટાળેલુ છે. તપાસ કરનાર અધિકારીઓની ફરજ છે કે તેઓએ સાચી હકીકત અદાલત સમક્ષ જાહેર કરવી જોઈએ. તેઓની આ દલીલ સાથે હું સંમત છું કે તપાસ કરનાર અધિકારીઓએ સાચી હકીકત અદાલત સમક્ષ રજૂ કરીને યોગ્ય નિર્ણય ઉપર આવવા માટે અદાલતને મદદ કરવી જોઈએ અને તે પ્રમાણે મદદ કરવાનો તપાસ કરનાર અધિકારીએ પુરો પ્રયત્ન કરેલો છે. પરંતુ આ બનાવ બન્યા બાદ ૧૨ વર્ષ પછી તપાસ કરનાર અધિકારીઓએ અદાલતમાં જુબાનીઓ આપેલી છે. અમદાવાદ તથા સુરતના બનાવોની કુલ–૩૫ ફરિયાદોની ઈન્સાફી કાર્યવાહી ભેગી ચલાવવામાં આવે છે.તમામ ગુનાઓનુ રેકર્ડ ભેગુ કરવામાં આવેલુ છે, રેકર્ડ ઘણુ જ મોટુ છે, હજારોની સંખ્યામાં દસ્તાવેજો છે જેથી તપાસ કરનાર અધિકારીને જુબાની આપતા પહેલા દરેક દસ્તાવેજોનો અભ્યાસ કરેલો ન હોય તે સ્વાભાવિક છે. દરેક દસ્તાવેજોનો અભ્યાસ કરવા માટે ખૂબ જ વધારે સમય જોઈએ અને તેટલો સમય મદદનીશ પોલીસ કક્ષાના અધિકારી અનામત રાખવો તે તેઓના માટે શકય પણ નથી અને માટે તપાસ કરનાર અધિકારીઓએ પોતાની જુબાનીઓમાં રેકર્ડ જોઈને કહી શકુ, હાલ યાદ નથી વિગેરે જવાબો આપેલા છે. વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, તપાસ કરનાર અધિકારીઓએ પ્રક્રિયાત્મક કાયદાની નિયમો અને જોગવાઈઓનો ભંગ કરેલો છે. ખોટા દસ્તાવેજો ઉભા કરવાની તેમની "મોડસ ઓપરેન્ડી" છે. પરંતુ ખોટા દસ્તાવેજો ઉભી કરવાની "મોડસ ઓપરેન્ડી" તપાસ કરનાર અધિકારીઓએ કયા કેસોમાં કરી, કયારે કરી તે બાબતે દલીલો કરવામાં આવેલી નથી. વધુમાં તેઓ દલીલ કરતા જણાવે છે કે, તપાસ કરનાર અધિકારીઓએ એવી રીતે તપાસ કરેલી છે કે આરોપીઓ ૧૦–૧૨ વર્ષ સુધી જેલમાં રહી શકે. પરંતુ તેઓની આ દલીલ સાથે પણ હું સંમત નથી. એક વખત તપાસ કરનાર અધિકારી તપાસ પુરી કરીને અદાલતમાં ચાર્જશીટ રજૂ કરી દે ત્યાર પછી તે

આરોપીને કેટલા વર્ષ સુધી જેલમાં રાખવો તે તપાસ અધિકારીનો વિષય નથી. આરોપીને જામીન આપવા કે ન આપવા તે અદાલતોએ નકકી કરવાનુ છે, તપાસ કરનાર અધિકારીને નકકી કરવાનુ નથી. તપાસ કરનાર અધિકારી ઈચ્છે ત્યાં સુધી આરોપીને કસ્ટડીમાં રાખવાનો હોતો નથી. વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, બનાવોની તપાસ માટે કુલ–૪ તપાસ ટીમો બનાવેલી પરંતુ તપાસ ડી.સી.પી. શ્રીઅભય ચુડાસમાએ કરેલી છે તેઓની આ દલીલ સાથે પણ હું સંમત નથી. એટલુ ચોકકસ કહી શકાય કે ક્રાઈમ બ્રાન્ચના ડી.સી.પી. તપાસ ટીમો ઉપર નિરીક્ષણ કરતા હતા અને તે નિરીક્ષણ કરવાની ફરજ અને જવાબદારી તેઓની હતી.

વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, તપાસ કરનાર અધિકારીઓએ આરોપીઓને અટક કર્યા પછી તેઓને કઈ જગ્યાએથી અટક કર્યા છે તેની જાણ નજીકના સગાઓને કરવી જોઈએ પરંતુ આ કેસમાં કરવામાં આવેલ નથી. આ સબંધમાં કેસનુ રેકર્ડ ધ્યાને લઈએ તો જેમ જેમ આરોપીઓ પકડાતા ગયા તેમ તેમ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટમાં આરોપીઓને રજૂ કરવામાં આવેલા છે તેની પ્રોડકશન અરજીઓ રેકર્ડમાં સામેલ છે. આ અરજીઓ સાથે આરોપીઓના એરેસ્ટ મેમો પણ સામેલ છે તે ધ્યાને લેતા ઘણા આરોપીઓના સગાઓને ટેલીફોન ઉપર આરોપીઓની એરેસ્ટ અંગે જાણ કરેલી છે. આ કામના આરોપીઓ ભારતના જુદા–જુદા કુલ–૯ રાજયોના રહેવાસીઓ છે. અમદાવાદ અને સુરતના બનાવોમાં તેઓને અટક કરવામાં આવ્યા ત્યારે સ્વાભાવિક છે કે તમામ આરોપીઓ જુદા–જુદા રાજયના હોય તેમના નજીકના સગાઓ ક્રાઈમ બ્રાન્ચની ઑફિસ અમદાવાદ ખાતે હાજર ન હોય અને તેથી એરેસ્ટ મેમો ઉપર તેમના નજીકના સગાઓની સહીઓ લેવામાં આવેલી ન હોય માટે ટેલિફોન દ્વારા જાણ કરવામાં આવેલી છે. વકીલશ્રી એલ.આર.પઠાણ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ બાબતે પણ દલીલ કરતા જણાવે છે કે, આરોપીઓને રજૂ કરવામાં આવ્યા ત્યારે મેજિસ્ટ્રેટશ્રીએ પણ જોવુ જોઈએ કે તપાસ કરનાર અધિકારીએ કાયદાની જોગવાઈઓનું પાલન કરેલુ છે કે કેમ? અને તે બાબતે

ઈન્કવાયરી પણ કરવી જોઈએ. પરંતુ કોઈ મેજિસ્ટ્રેટ આવી ઈન્કવાયરી કરતા નથી. મારા મત પ્રમાણે વકીલશ્રી એલ.આર.પઠાણ કયા આધારે દલીલ કરે છે કે મેજિસ્ટ્રેટશ્રીઓ આવી ઈન્કવાયરી કરતા નથી. આ કેસનુ રેકર્ડ ધ્યાને લેતા પ્રોડકશન અરજીઓ ઉપર મેજિસ્ટ્રેટશ્રીઓએ જે હુકમો કરેલા છે તે હુકમો મુજબ પણ સ્પષ્ટ બને છે કે મેજિસ્ટ્રેટશ્રીઓએ ઈન્કવાયરી કરેલી છે. વકીલશ્રી એલ. આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, તા.૧૬.૮.૨૦૦૮ ના રોજ આરોપી નં.૧ થી ૧૦નાઓને તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયાએ અટક કરેલા હતા પરંતુ તેઓની અટકના પંચનામાઓ બનાવેલા નથી અને જાણી જોઈને કાયદાની જોગવાઈઓનું પાલન કરેલ નથી માટે તપાસો વિશ્વાસપાત્ર નથી. વધુમાં એમ પણ દલીલ કરે છે કે તપાસ કરનાર અધિકારીઓએ કાયદાની જોગવાઈઓનું પાલન કર્યું નથી તેવી રજૂઆતો મેજિસ્ટ્રેટ રૂબરૂ પણ કરેલી છે. પરંતુ આ સંબંધમાં એક પણ આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનની સાથે આવો કોઈ દસ્તાવેજ રજૂ કરેલો નથી કે તપાસ કરનાર અધિકારીઓએ જાણી જોઈને કાયદાની જોગવાઈઓનુ પાલન કરેલુ નથી તે ફકત તપાસ કરનાર અધિકારીઓ ઉપર આક્ષેપ છે તે અંગે કોઈ આધારભુત પુરાવો કે હકીકત નથી. વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, આરોપી નં.૩૫ને તપાસ કરનાર અધિકારીઓ દ્વારા હેરાન કરવામાં આવેલો છે, તેના કુટુંબીજનોને પણ હેરાન કરેલા છે તે અંગેની તમામ હકીકત આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં જણાવેલી છે. પરંતુ મારા મત પ્રમાણે જો આ આરોપીના કુટુંબીજનોને તપાસ કરનાર અધિકારીઓ દ્વારા હેરાન કરવામાં આવેલા હોય તો આરોપીઓના કુટુંબીજનોએ શરૂઆતથી લઈને અત્યાર સુધી કોઈ જગ્યાએ ફરિયાદો કરેલ નથી. પોલીસ ડાયરી બાબતે વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, તપાસ કરનાર અધિકારીઓએ પોતાના "અહંકારી વર્તન"ના કારણે જુબાની દરમ્યાન પોલીસ ડાયરી સાથે લાવેલા નથી. કારણ કે સાચી હકીકત રેકર્ડ ઉપર ન આવે તે માટે પણ ડાયરી સાથે લાવેલા નથી. વકીલશ્રી એલ.આર.પઠાણ તપાસ કરનાર

અધિકારીઓના "અહંકારી વર્તન" બાબતે કોઈ પુરાવો રજૂ કરતા નથી. "અહંકારી વર્તન" તપાસ કરનાર અધિકારીઓનુ છે તે કયા આધારે જણાવે છે તે બાબતે પણ તેઓ સ્પષ્ટતા કરતા નથી. બનાવ ૧૨ વર્ષ પહેલા બનેલો છે, ૧૨ વર્ષના સમય દરમ્યાન તપાસ કરનાર અધિકારીઓની બદલીઓ નિયમ પ્રમાણે જુદી-જુદી જગ્યાઓ ઉપર બદલીઓ થયેલી હશે, ૧૨ વર્ષ પહેલાની પોલીસ ડાયરી હાલ કયા હશે તેની પણ તેઓને ખબર ન હોય તેથી કરીને પણ પોલીસ ડાયરી સાથે લાવેલા ન હોય તો તેનો અર્થ એવો નથી કે તેમના "અહંકારી વર્તન"ના કારણે પોલીસ ડાયરી સાથે લાવેલા નથી.

વકીલશ્રી એલ.આર.પઠાણ આરોપીઓના રીમાન્ડ બાબતે દલીલ કરતા જણાવે છે કે, અમદાવાદ શહેરની કુલ-૨૦ ફરિયાદોના કામે ચાર તપાસ ટીમો બનાવવામાં આવેલી હતી. દરેક ટીમ પાસે પાંચ-પાંચ ફરિયાદોની તપાસ હતી. દરેક તપાસ ટીમના અધિકારીઓએ દરેક ગુનાના કામે એક પછી એક આરોપીઓના રીમાન્ડ મેળવેલા છે. આ રીમાન્ડ તેઓએ ઈરાદાપૂર્વક મેળવેલા છે કે જેના કારણે આરોપીઓ લાંબા સમય સુધી કસ્ટડીમાં રહે. પરંતુ તેઓની દલીલ સાથે હું સંમત નથી. અમદાવાદ શહેરના બનાવોની કુલ-૨૦ ફરિયાદો દાખલ થયેલી હતી. બનાવો વખતે દરેક ફરિયાદો નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા ભેગી થયેલી ન હતી માટે દરેક ફરિયાદોની તપાસ દરેક તપાસ કરનાર અધિકારીઓ અલગ અલગ રીતે પોતે સ્વતંત્રપણે તપાસો કરતા હતા. જે ગુનાના કામે જે આરોપીની પોલીસ કસ્ટડીની જરૂર હોય તે પ્રમાણે તેઓ તે આરોપીની પોલીસ કસ્ટડી મેળવતા હતા. મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ દ્વારા આરોપીઓના બિનજરૂરી અને ખોટા રીમાન્ડ આપેલા હતા તો તે સામે આરોપીઓએ નામદાર સેશન્સ કોર્ટ સમક્ષ કે નામદાર હાઈકોર્ટ સમક્ષ મેજિસ્ટ્રેટશ્રીના હુકમો પડકારેલા નથી અને દલીલોના તબકકે બચાવ લેવામાં આવેલ છે કે આરોપીઓના લાંબો સમય સુધી ઈરાદાપૂર્વક રીમાન્ડ મેળવેલા છે તો તે હકીકત સ્વીકાર્ય નથી. વકિલશ્રી એલ. આર.પઠાણ દલીલ કરતા એમ પણ જણાવે છે કે, જો કોઈ આરોપી ગુનાની કબૂલાત કરે તો તેને પાછળથી પોલીસ કસ્ટડીમાં મોકલી શકાય નહીં. કારણ કે

તેણે ગુનાની કબૂલાત કરી છે. આ કામે આરોપી નં.૨,૨૧,૨૪,૩૫ ની કબૂલાતના કબૂલાત નિવેદનો ધ્યાને લેતા તમામ ગુનાઓના કામે તેમને કબૂલાતો કરેલી નથી. ફકત એક–એક ગુનાના કામે કબૂલાતો કરેલી છે. શરૂઆતના તબકકે આ ફરિયાદોની ભેગી તપાસો થતી ન હતી પરંતુ દરેક ફરિયાદની સ્વતંત્ર તપાસો થતી હતી માટે એક ગુનાના કામે આરોપીએ કબૂલાત કરેલી હોય અને ત્યારપછી બીજા તપાસ કરનાર અધિકારીને બીજા કોઈ ગુનાના કામે પોલીસ કસ્ટડીની જરૂર હોય તો તે આરોપીની પોલીસ કસ્ટડીની માંગણી કરી શકે. જેથી એવુ કહી શકાય નહીં કે કબૂલાત કર્યા પછી આરોપીની પોલીસ કસ્ટડી ગેરકાયદેસર રીતે સોંપેલી છે. જે આરોપીએ જે ગુનાના કામે કબૂલાત કરી છે તે જ ગુનામાં ફરીથી તેની પોલીસ કસ્ટડી આપવામાં આવી નથી. વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, તમામ આરોપીઓને રીમાન્ડ મેળવવા માટે એક જ મેજિસ્ટ્રેટ પાસે રજૂ કરવામાં આવેલા છે અને જે આરોપીઓએ ગુનાની કબૂલાતો કરેલી છે તે કબૂલાતોની જાણ તપાસ કરનાર અધિકારીઓએ મેજિસ્ટ્રેટને કરેલી નથી. પરંતુ મારા મત પ્રમાણે આ બનાવોની તપાસ ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ દ્વારા થયેલી છે અને ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ પોલીસ સ્ટેશન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ સાથે છે જેથી ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ દ્વારા જે પણ બનાવોની તપાસ કરવામાં આવે તે તથા તે કામે અટક કરવામાં આવતા આરોપીઓએ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ સમક્ષ જ રજૂ કરવામાં આવે છે. આરોપી નં.૨,૨૧,૨૪,૩૫ નાઓએ કબૂલાતો કરવા માટે મેટ્રોપોલીટ મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ નાઓને અરજીઓ આપેલી હતી તે પૈકી આરોપી નં.૨,૨૧,૨૪ ના કબૂલાત નિવેદનો મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ નાઓએ ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટના હુકમથી નોંધેલા છે અને આરોપી નં.૩૫ નુ કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ નાઓએ ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટના હુકમથી નોંધેલુ છે. આ કબૂલાત નિવેદનો નોંધાયાની જાણ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ ને હતી માટે તપાસ કરનાર અધિકારી દ્વારા જાણ કરવાનો કોઈ પ્રશ્ન નથી. વકીલ શ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે

છે કે, તપાસ કરનાર અધિકારીઓએ કાયદાની જોગવાઈઓનો ભંગ કરેલો છે અને યોગ્ય તપાસો કરેલી નથી. ઈરાદાપૂર્વક ખોટી તપાસો કરેલી છે. જે પુરાવા ભેગા કરેલા છે તે આરોપીઓને શારીરિક અને માનસિક ત્રાસ આપીને ભેગા કરેલા છે માટે એક પણ તપાસ કરનાર અધિકારી "ફેર" રહેલા નથી અને તેઓ દ્વારા કરવામાં આવેલી તપાસો ગેરકાયદેસર ઠરાવી રદ્ધ કરવી જોઈએ. પરંતુ મારા મત પ્રમાણે આ બનાવોની તપાસ મદદનીશ પોલીસ કમિશનર કક્ષાના અધિકારીઓએ કરેલી છે. આ અધિકારીઓ સરકારના કલાસ–૧ અધિકારીઓ છે, તેઓ પોતાની ફરજ અને જવાબદારી માટે હંમેશા સજાગ રહેતા હોય છે. કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરવાની જવાબદારી તેઓના શીરે છે. સરકારના જવાબદાર અધિકારીઓ છે જેથી કરીને તેઓ ખોટુ કરે છે તેવુ હરગિજપણે માની શકાય નહીં. દરેક તપાસ કરનાર અધિકારીઓએ સરેરાશ ૪ થી ૫ ફરિયાદોની તપાસો કરેલી છે. આ તપાસો જુદી–જુદી જગ્યાઓ ઉપર અને બીજા રાજયોમાં જઈને પણ કરેલી છે. તપાસો દરમ્યાન તેમને ઘણી કામગીરી કરેલી છે. આવા ગંભીર પ્રકારના ગુનામાં અને એક સાથે વધારે તપાસો હોય ત્યારે તપાસ કરનાર અધિકારીઓની કયાંકને કયાંક નાની મોટી ભૂલો થવાની પૂરેપૂરી સંભાવના અને શકયતાઓ પણ રહેલી હોય છે. જો કાંઈક ભૂલો થયેલી હોય તો તે શુધ્ધબુધ્ધિની ભુલો કહેવાય, ઈરાદાપૂર્વકની ભૂલો થયેલી કહેવાય નહીં.

વકીલશ્રી કે.જી.શેખ પોલીસ તપાસ બાબતે દલીલ કરતા જણાવે છે કે અમદાવાદ શહેરમાં બનેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવો તેમજ સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોની તપાસ જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓ કરેલી છે પરંતુ આરોપીઓની સંડોવણી પુરવાર થાય તેવા પુરાવા નથી. જે દસ્તાવેજો સહેલાઈથી મળી શકે તેવા હતા તેવા દસ્તાવેજો પણ તપાસ કરનાર અધિકારીઓએ મેળવીને ચાર્જશીટ સાથે રજૂ કરેલા નથી માટે પુરાવાના કાયદાની કલમ–૧૧૪(જી) અન્વયે ફરિયાદપક્ષની વિરુધ્ધ અનુમાન કરવુ જોઈએ. તપાસ કરનાર અધિકારીઓ રજૂ કરેલા પુરાવા ઉપરથી આરોપીઓ સામે કેસ પુરવાર થતો નથી. ચાર્જ ફરમાવ્યો તે વખતે સરકારી વકીલશ્રીઓએ

અદાલતને મદદ કરેલી નથી. તપાસ કરનાર અધિકારીઓના પુરાવા સિવાય અન્ય કોઈ સ્વતંત્ર પુરાવા નથી. વકીલશ્રી કે.જી.શેખની આ દલીલ સાથે હું સંમત નથી. ફરિયાદપક્ષ દ્વારા આ કામે કુલ–૧૧૬૩ સાહેદો તપાસવામાં આવેલા છે તથા આશરે કુલ–૬૦૦૦ જેટલા દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે જેની વિગતવાર ચર્ચા આ ચુકાદામાં જે તે જગ્યાએ કરેલી છે માટે હું ચોકકસપણે કહી શકુ કે આ કેસના આરોપીઓ પૈકી ઘણા આરોપીઓની સંડોવણી બાબતેના ચોકકસ પુરાવા ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા છે.

વકીલશ્રી કે.જી.શેખ દલીલ કરતા જણાવે છે કે, ઘણા બધા તપાસ કરનાર અધિકારીઓ એવા છે કે સને–૨૦૦૨ ની સાલથી લઈને અત્યાર સુધી આવા પ્રકારના ઘણા કેસોની તપાસ કરેલી છે. આ અધિકારીઓ શ્રી અભય ચુડાસમા, તરૂણ બારોટ, જે.એમ.ભરવાડ, ડી.જી.વણઝારા, એ.કે.સુરેલીયા, એ.એ.ચૌહાણ તથા વી.આર.ટોળીયા વિગેરેનાઓ છે. આ અધિકારીઓ રાજકીય નેતાઓના હાથા બનીને મુસ્લિમ કોમના વ્યકિતઓને ગુનાઓમાં પકડીને ખોટી રીતે સંડોવી દે છે. આ અધિકારીઓ પોતાના ખાતામાં પ્રમોશન મેળવવા માટેની લાલશામાં રાજકીય નેતાઓના ઈશારે કામ કરતા હોય છે. વકીલશ્રી કે.જી.શેખની દલીલ સાથે પણ હું સંમત નથી કારણ કે કેવા ગુનાની તપાસ કયા અધિકારીને આપવી જોઈએ તે સરકારે નકકી કરવાનું છે. પોલીસ અધિકારીઓની ફરજ કાયદો અને વ્યવસ્થા જાળવવાની છે નાગરિકોનું રક્ષણ કરવાની છે તેઓ જે કાંઇ જાહેર ફરજ બજાવે છે તે નાગરીકોના કલ્યાણ અને સુખાકારી તેમજ સુરક્ષાના માટે બજાવે છે. સરકારી નોકરીમાં પ્રમોશન કામગીરીના આધારે મળતું નથી પરંતુ પ્રમોશન અંગે સરકારે નક્કી કરેલા નિયમો પ્રમાણે પ્રમોશન મળતું હોય છે. કોઇપણ પોલીસ અધિકારી સારી કામગીરી કરે તો કદાચ તેઓને મેડલ આપવામાં આવતા હોય છે. પરંતુ ખોટા આરોપીને પકડે તો પ્રમોશન મળે તેવું નથી આ ખોટી ગ્રંથી છે. અમદાવાદ શહેરમાં કુલ–૨૪ બનાવો બનેલા છે, સુરત શહેરમાં કુલ–૨૯ બનાવો બનેલા છે. આવા ગુનાઓની તપાસ કોઈ સામાન્ય અધિકારીઓને કે જે અધિકારીઓ પુરતા સક્ષમ નથી તેવા અધિકારીઓને સરકાર

સોંપે નહીં પરંતુ જે અધિકારીઓ સક્ષમ છે તેવા અધિકારીઓને સરકાર દ્વારા આવા ગંભીર ગુનાઓની તપાસ સોંપે છે સ્વાભાવિક છે, માટે એવુ કહી શકાય નહીં કે આ અધિકારીઓ આવા જ ગુનાઓની તપાસ કરે છે. એમ પણ કહી શકાય કે આવા અધિકારીઓએ આ ગુનાઓની તપાસ કરેલી હોવાથી આરોપીઓ પકડાયેલા છે અન્યથા પકડાય જ નહીં. માટે એવું કહેવાય નહિ કે આવા પ્રકારના ગુનાઓની તપાસ ચોક્કસ પોલીસ અધિકારીઓ જ કરે છે. ધારો કે ચાર–પાંચ, ચાર–પાંચ વ્યક્તિઓન બે જૂથો વચ્ચે મારામારીનો કે ખૂનનો બનાવ બને ત્યારે કોઇપણ પોલીસ અધિકારી તે બનાવની તપાસ કરી શકે કારણ કે મારામારી જે જૂથો વચ્ચે થયેલી હોય તે જાણીતા અથવા જોયેલા જૂથો હોય છે. તેવા ગુનાની તપાસ અટપટી હોતી નથી. આરોપી તથા સાહેદો સહેલાઇથી મળી જતા હોય છે આરોપીઓ સહેલાઇથી પકડાઇ જતા હોય છે પોલીસની પુછપરછ દરમિયાન આવા આરોપીઓ તમામ હકીકત જાહેર કરતા હોય છે.જ્યારે આતંકવાદના ગુનામાં આરોપી કોણ છે તેની માહિતી હોતી નથી. બોમ્બ મુકતા કોઇએ જોયા ના હોય માટે નજરે જોનાર સાહેદો મળે નહિ આતંકવાદી કૃત્ય કરનાર આરોપી રાજ્ય અથવા બીજા રાજ્યના પણ હોઇ શકે. બીજા દેશોમાંથી પણ તેઓને સલાહ–સુચનો મળતા હોય ત્યારે આવા ગુનાઓની તપાસ સક્ષમ, અનુભવી અને પૂર્ણ રીતે કાબેલ હોય તેવા હોશિયાર અધિકારીઓને તપાસ સોંપવી પડે. અને સરકાર આવા સક્ષમ પોલીસ અધિકારીઓને તપાસ સોપે તેમાં કાંઇ ખોટુ નથી. કારણ કે સરકાર પ્રજાની સુખાકારી માટે જવાબદાર છે. આ કેસમાં પોલીસ તપાસમાં ખામીઓ છે પરંતુ તેનો અર્થ એવો નથી કે પોલીસે ખોટી તપાસો કરીને ખોટા આરોપીઓને પકડેલા છે. આરોપીઓને પોતાનો બચાવ કરવાનો સંપૂર્ણ હક છે. આરોપીઓના વકીલશ્રીઓએ કોર્ટનો શિષ્ટાચાર જળવાય તે પ્રમાણે પોતાની રજૂઆત કરવી જોઇએ પરંતુ પોલીસ અધિકારીઓ ઉપર આક્ષેપો કરવાનો તેઓને હક નથી. પોલીસની કામગીરીની સરળ રીતે રજૂઆત કરવાની હોય ઉગ્ર રીતે, ઉચા અવાજે આક્ષેપો કરવાના ના હોય પુરાવાની નોંધતી વખતે અને દલીલોના તબક્કે ઘણી વખત આ અદાલતમાં આવી હકીકતો બનેલી છે જે ધ્યાને લીધેલી

છે. વધુમાં વકીલશ્રી કે.જી.શેખ દલીલ કરતા જણાવે છે કે તપાસ કરનાર અધિકારીઓએ રીમાન્ડ દરમ્યાન આરોપીઓને શારીરિક અને માનસીક ત્રાસ આપેલો છે અને રીમાન્ડ વખતે આરોપીઓની મુલાકાત વકીલશ્રીઓ પાસે કરવા દેવામાં આવતી ન હતી. તેઓની આ દલીલ સાથે પણ હું સંમત નથી કારણ કે જે મેજિસ્ટ્રેટ સમક્ષ આરોપીઓને રજૂ કરવામાં આવેલા ત્યારે મેજિસ્ટ્રેટશ્રી દ્વારા આરોપીઓને માનસિક અને શારીરિક ત્રાસ આપવામાં આવેલો છે કે કેમ તે પુછવામાં આવે છે તેમજ તેઓના વકીલશ્રી સાથે પણ સલાહ સુચન કરવાની પરવાનગી આપે છે. ધારો કે કોઈ આરોપી પાસે વકીલ રોકવાની સગવડતા ન હોય તેવા સંજોગોમાં કાનૂની સહાય કેન્દ્રમાંથી પણ આરોપીને વકીલ પુરા પાડવામાં આવે છે માટે વકીલશ્રીનો આક્ષેપ અદાલત સામે છે તેમ કહેવાય.

વકીલશ્રી કે.જી.શેખ સાહેદ નં.૮૮૧ અદનાન ગુજરાતી, સાહેદ નં.૧૦૪૧ તાલીબ મણીયાર, સાહેદ નં.૧૦૯૯ મહમદ શોએબ શેખ, સાહેદ નં.૧૧૨૧ ડૉ.સાદાબ પાનવાલા, સાહેદ નં.૧૧૫૧ રીયાઝ હુસેન સુદ્દીકીનાઓની જુબાની વંચાણે લઈ દલીલ કરતા જણાવે છે કે આ તમામ સાહેદોએ ફરિયાદપક્ષની હકીકતોને સમર્થન કરેલુ નથી અને તમામ સાહેદોએ તપાસ કરનાર અધિકારી દ્વારા આરોપીઓને શારીરિક, માનસિક ત્રાસ આપ્યાની હકીકતો જણાવેલી છે. આરોપીઓને પોલીસે દિવસ રાત માર મારેલાનું પણ જણાવેલુ છે. સાહેદ નં.૧૧૨૧ ની જુબાની પ્રમાણે મેજિસ્ટ્રેટ કોર્ટમાં મેજિસ્ટ્રેટે જાતે લખાણ લખી લીધેલુ અને લખાણ વાંચવા આપેલુ નહીં તેવુ જણાવેલુ છે. પરંતુ મારા મત પ્રમાણે સાહેદ નં.૧૧૨૧ તદ્દન ખોટુ બોલે છે તેમ કહેવાય. મેજિસ્ટ્રેટને એવો કોઈ અંગત રસ ન હોય કે આ સાહેદનું નિવેદન જાતે લખી લીધુ હોય. વધુમાં વકીલશ્રી કે.જી.શેખ દલીલ કરતા જણાવે છે કે તપાસ કરનાર અધિકારીઓએ આ સાહેદોને તથા આરોપીઓને ઘણા સમય સુધી ગેરકાયદેસર રીતે ગોંધી રાખેલા હતા, તેઓના હાથ પગ પણ બાંધી રાખેલા હતા, દોરીથી ઉંધા લટકાવેલા હતા, પટ્ટાથી માર મારતા હતા, પોલીસના કહયા પ્રમાણે નિવેદનો ન આપે તો એન્કાઉન્ટર કરવાની ધમકીઓ પણ આપતા હતા જેથી પોલીસની બિકે

સાહેદોએ તથા અમુક આરોપીઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબના નિવેદનો નોંધાવેલા હતા. આરોપીઓએ નોંધાવેલા કબૂલાત નિવેદનો પોલીસે ધાક–ધમકી આપીને લખાવડાવેલા હોવાથી તે નિવેદનો પરત પણ ખેંચેલા છે. વકીલશ્રી કે.જી.શેખની આ દલીલ સાથે હું સંમત નથી તથા ઉપર જણાવ્યા મુજબના પાંચ સાહેદોએ જુબાનીઓમાં જે હકીકત જણાવી છે તે તદ્દન ખોટી હકીકત જણાવી છે. આરોપીઓને મેજિસ્ટ્રેટ રૂબરૂ રજૂ કરવામાં આવ્યા ત્યારે ઘણા આરોપીઓએ લેખિતમાં સરકાર વિરૂધ્ધ ફરિયાદો આપેલી છે. જેમાં પોલીસે માર માર્યાના આક્ષેપો કરેલા છે. આ બાબતે આંક–૯૧૯૭, ૯૨૦૦ના મેજિસ્ટ્રેટના હુકમો ધ્યાને લઈએ તો મેજિસ્ટ્રેટે હુકમમાં સ્પષ્ટ જણાવેલુ છે કે આરોપીઓને તેમના વકીલશ્રીની હાજરીમાં પુછતા પોલીસ સામે કોઈ ફરિયાદ કરેલી નથી. આ તબકકે વકીલશ્રી કે.જી.શેખનાઓએ આદમ અજમેરી વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત (૨૦૧૪)૭, સુપ્રિમ કોર્ટ કેસીસ પાના નં.૭૧૬ ના પેરા નં.૧૩૬ થી ૧૪૮ વંચાણે લીધેલા છે.

વકીલશ્રી કે.જી.શેખ સાહેદ નં.૧૧૪૧ એૈયાજ સૈયદની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરતા જણાવે છે કે, આ સાહેદ આરોપી નં.૨૩ છે અને તેને પોલીસે માર માર્યાની હકીકત નકારી છે. પરંતુ તેણે કબૂલ કરેલુ છે કે મોટે ભાગે પોલીસ હાથકડીમાં રાખતી હતી, મોઢા ઉપર કાળુ કપડુ પણ રાખતી હતી, ક્રાઈમ બ્રાન્ચના પોલીસના દબાણથી આ સાહેદ ફરિયાદપક્ષના એપ્રુવર બનેલા છે. સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારીની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરે છે કે રીમાન્ડ દરમ્યાન આરોપી સાજીદ મન્સુરીના પગમાં ફેકચર થયેલ હતુ તે આ સાહેદ જણાવે છે. સાજીદ મન્સુરીની સારવાર કરાવેલી નથી. આ દલીલ સાથે પણ હું સંમત નથી કારણ કે સાજીદ મન્સુરીને પગે ફેકચર હોવા અંગેના કોઈ તબિબી પુરાવા પોલીસે તો રજૂ કર્યા નથી જ પરંતુ વાસ્તવમાં સાજીદ મન્સુરીના પગે ફ્રેકચર થયુ હોય તો તે અંગેના તબીબી પુરાવા આરોપી તરફથી પણ રજૂ કરવામાં આવેલા નથી. મેજિસ્ટ્રેટના હુકમમાં પણ સાજીદ મન્સુરીને પગે પાટા બાંધેલાની હકીકત નથી. ખરેખર સાજીદ મન્સુરીને ફકચર થયેલ હોત તો સાહેદ

નં.૧૧૫૩ કાયદાથી અને ફરજથી બંધાયેલા હોવાથી ઓકકસપણે તેની સારવાર કરાવેલી હોત. તેમ છતાં માની લઈએ કે સાજીદ મન્સુરીના પગામાં ફ્રેકચર થયેલુ હતુ તો તે માર મારવાના કારણે થયેલુ હોય તેવુ માની શકાય નહીં. વકીલશ્રી કે.જી.શેખ દલીલ કરતા જણાવે છે કે તપાસ કરનાર અધિકારીઓએ ખોટી તપાસો કરેલી છે અને નિર્દોષ લોકોને પકડીને આ ગુનામાં સંડોવેલા છે. ખોટી તપાસો કરતા હોવાથી આરોપીઓ પણ છુટી જતા હોય છે. આ તપાસ કરનાર અધિકારીઓ સરકારના વ્હાલા બને છે અને આરોપીઓને પણ આ જ અધિકારીઓ તપાસોમાં ત્રૃટીઓ રાખીને મદદ કરે છે.તપાસ કરનાર અધિકારીઓનો ઈરાદો એવો હોય છે કે લાંબા સમય સુધી નિર્દોષ લોકો જેલમાં રહે પરંતુ તેઓની આ દલીલ સાથે પણ હું સંમત નથી. કારણ કે આ ફકત આક્ષેપ છે અને આક્ષેપ કરવો હોય તો ગમે તેવા સંજોગોમાં ગમે તેવો આક્ષેપ કરી શકાય છે. વાસ્તવમાં આક્ષેપ પ્રમાણેની હકીકત હોતી નથી.

વધુમાં વકીલશ્રી કે.જી.શેખ દલીલ કરતા જણાવે છે કે, એક જ પ્રકારના નામોવાળા લોકોને આરોપીઓ તરીકે પકડવામાં આવે છે. વડોદરાના સાહેદોને ખોટી રીતે ઉભા કરેલા છે. સાહેદોના નિવેદનો ઘણા લાંબા સમય પછી લીધેલા છે. આ તમામ નિવેદનો પાછળથી ઉભા કરેલા છે. આરોપીઓને જેલમાંથી બહાર લઈ જવા હોય ત્યારે ક્રાઈમ બ્રાન્ચનો જાપ્તો જતો હોય છે પરંતુ તેઓની આ દલીલ સાથે હું સંમત નથી કારણ કે જેલમાંથી આ આરોપીઓને બહાર કાઢવામાં આવે ત્યારે અમદાવાદ શહેર પોલીસ હેડ કવાર્ટરમાંથી જાપ્તાના માણસ જતા હોય છે. વકીલશ્રી કે.જી.શેખ નવજોત સીધ્ધુ વિરૂધ્ધ સ્ટેટ (એન.સી.ટી. ઓફ દિલ્હી) ૨૦૦૫, સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ) પાન નં.૧૭૧૫ ના ચુકાદાના પેરા નં.૩૨૩ થી ૩૩૨ વંચાણે લીધેલ છે અને દલીલ કરતા જણાવે છે કે, આરોપીઓએ કબૂલાત પરત ખેંચેલી હોવાથી તેના ઉપર આધાર રાખી શકાય નહીં. આરોપીઓ જુદી–જુદી જગ્યાઓ ઉપર હોટલમાં રોકાયેલા તે અંગેના પુરાવા તથા જુદી–જુદી જગ્યાઓ ઉપર મકાનો રાખીને ભાડે રહ્યા અંગેના પુરાવા તપાસ કરનાર અધિકારીઓએ ખોટા ઉભા કરેલા છે. પરંતુ

મારા મત પ્રમાણે તપાસ કરનાર અધિકારીઓ મદદનીશ પોલીસ કમિશનર કક્ષાના જવાબદાર અધિકારીઓ છે અને તેઓ ફરજ પ્રત્યે બંધાયેલા છે. તેઓ ખોટા પુરાવા ઉભા કરે તે હકીકત માની શકાય નહીં.

વકીલશ્રી કે.જી.શેખ સાહેદ નં.૯૭૩ ભુપતસિંહ મોરી, સાહેદ નં.૧૦૦૦ એચ.આર.મુલીયાણા, સાહેદ નં.૧૦૫૦ સુરેન્દ્રસિંહ કુંપાવત, સાહેદ નં.૧૦૫૧ કનુભાઈ પટેલ, સાહેદ નં.૧૦૭૦ વિનય શુકલ, સાહેદ નં.૧૦૭૧ વી.જે.રાવલ, સાહેદ નં.૧૦૭૫ વી.જે.જાડેજા, સાહેદ નં.૧૦૭૬ એ.વી.ગખ્ખર, સાહેદ નં.૧૦૭૭ એ.વી.સીંધી, સાહેદ નં.૧૧૪૫ ટી.એસ.પટેલ, ૧૦૬૯ જે.એમ.ભરવાડ, સાહેદ નં.૧૦૭૨ એચ.જે.જનકાત, સાહેદ નં.૧૦૮૯ પી.જી. વાઘેલા, સાહેદ નં.૧૧૩૩ માનસિંહ ચૌધરી આ તમામ પોલીસ અધિકારીઓની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરતા જણાવે છે કે આ તમામ અધિકારીઓએ તપાસોમાં મદદ કરેલી છે, તપાસો કરેલી છે તેમ છતાં આરોપીઓ સામે ઈ–મેઈલોને લગતા પુરાવા કે આરોપીઓની ચોકકસ સંડોવણી બાબતેના પુરાવા મેળવેલા નથી. તમામ અધિકારીઓ એ કબૂલ કરેલુ છે કે અમદાવાદના બનાવોની તપાસ માટે કુલ–ચાર તપાસ ટીમો બનાવવામાં આવેલી. આ ટીમો ડી.સી.પી. અભય ચુડાસમાએ બનાવેલી હતી જેથી વકીલશ્રી કે.જી.શેખ દલીલ કરતા જણાવે છે કે આ બનાવોની તપાસ કરનાર મુખ્ય તપાસ કરનાર અધિકારીશ્રી અભય ચુડાસમા છે છતાં તેમને તપાસેલા નથી. પરંતુ તેઓની આ દલીલ સાથે પણ હું સંમત નથી. કારણ કે ડી.સી.પી. અભય ચુડાસમા બનાવો વખતે ક્રાઈમ બ્રાન્ચમાં ડી.સી.પી. તરીકે ફરજ બજાવતા હતા અને તેમને જુદા– જુદા મદદનીશ પોલીસ કમિશનર કક્ષાના અધિકારીઓની ચાર તપાસ ટીમો બનાવેલી છે અને ઉપરી અધિકારીના હોદ્દાની રૂએ ચારેય તપાસ ટીમોના અધિકારીઓ ઉપર સુપરવીઝન, માર્ગદર્શન અને સુચના આપવાની ફરજ અને જવાબદારી ડી.સી.પી. અભય ચુડાસમાની હતી કે જેથી કરીને આ ગુનાઓની વાજબી તપાસ થઈ શકે અને આરોપીઓ પકડાય શકે.

વકીલશ્રી કે.જી.શેખ સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રડા, સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીઓ તરફ ધ્યાન દોરી દલીલ કરતા જણાવે છે કે આ સાહેદોએ પણ કબૂલ કરેલુ છે કે તપાસ ટીમો બનાવનાર અધિકારી ડી.સી.પી. અભય ચુડાસમા હતા અને તેમની પાસેથી માર્ગદર્શન પણ મેળવતા હતા. આ અધિકારીઓએ આરોપીઓને ખોટા ખોટા કારણો બતાવીને વારંવાર રીમાન્ડ ઉપર લીધેલા છે પરંતુ મારા મત પ્રમાણે તપાસ કરનાર અધિકારીઓએ રીમાન્ડ લીધેલા નથી પરંતુ અદાલત દ્વારા આપવામાં આવેલા છે. તપાસ કરનાર અધિકારીઓએ જુદા–જુદા કેસોમાં આરોપીઓને મેજિસ્ટ્રેટ રૂબરૂ રજૂ રાખીને કારણો સાથે રીમાન્ડ અરજી મુકીને રીમાન્ડ માંગેલા છે. મેજિસ્ટ્રેટ દ્વારા બંને પક્ષોને સાંભળીને આરોપીઓને જુદા–જુદા કેસોમાં રીમાન્ડ આપેલા છે અને તે અંગેના હુકમો કરેલા છે અને ત્યારબાદ આરોપીઓને તપાસ કરનાર અધિકારીઓ રીમાન્ડ ઉપર લઈ ગયેલા છે માટે તપાસ કરનાર અધિકારીઓએ મેજિસ્ટ્રેટ પાસેથી ઝુટવીને રીમાન્ડ લીધેલા નથી પરંતુ કાયદેસર હુકમ દ્વારા આરોપીઓને રીમાન્ડ ઉપર સોંપેલા છે. વધુમાં વકીલશ્રી કે.જી.શેખ દલીલ કરતા જણાવે છે કે આરોપીઓ પાસેથી કોઈ સ્ફોટક પદાર્થો મળેલા નથી, સ્ફોટક પદાર્થોની દુકાન ઉપર આરોપીઓને લઈ જવામાં આવેલા નથી, બોમ્બમાં વપરાયેલ નટ–બોલ્ટ છરા વિગેરે સામગ્રી બાબતે સ્વતંત્ર પુરાવા મેળવીને રજૂ કરેલા નથી. સીમી સંસ્થા બાબતે દિલ્હી મુકામે જઈ તપાસ કરેલી નથી. આરોપીઓને સાથે રાખીને ખોટા પંચનામા બનાવેલા છે. મકાનો જે ભાડે રાખેલા તેવા આક્ષેપ છે તે મકાનો સાથે આરોપીઓ સંકળાયેલા હોય તેવા પણ પુરાવા મેળવેલા નથી. જે જગ્યા ઉપર આરોપીને લઈને પંચનામાઓ બનાવેલા છે તે જગ્યાઓ ઉપર તપાસ કરનાર અધિકારીઓ વારંવાર ગયેલા છે જેથી તેવા પંચનામાનુ કોઈ મહત્વ નથી. તમામ પુરાવા ધ્યાને લેતા તપાસ કરનાર અધિકારીઓએ નિર્દોષ લોકોને આ ગુનામાં ફસાવેલા છે. પરંતુ વકીલશ્રી કે.જી.શેખની આ દલીલ સાથે પણ હું સંમત નથી કારણ કે આરોપીઓના રીમાન્ડ સમય દરમ્યાન ઈન્ટ્રોગેશન કરવામાં આવેલુ છે અને તેમા

આરોપીઓએ જે માહિતી આપી તે આધારે જે પુરાવા મળ્યા તે તપાસ કરનાર અધિકારીઓએ એકત્ર કરી રજૂ કરેલા છે. આ આરોપીઓ એવા છે કે તપાસ કરનાર અધિકારીઓ ગમે તેવા પ્રયત્નો કરે તો પણ ઘણા બધા પુરાવા વિશે, ઘણી બધી હકીકતો વિશે કાંઈ જ જણાવે નહીં માટે અમુક પુરાવા તપાસ કરનાર અધિકારીને ન મળે તેવા સંજોગોમાં જે પુરાવા મળ્યા હોય તેના આધારે આગળ અનુમાન જ કરવુ પડે.

વધુમાં વકીલશ્રી કે.જી.શેખ દલીલ કરતા જણાવે છે કે સુરત શહેરના બોમ્બ પ્લાન્ટેશનના કેસોમાં પણ તપાસ કરનાર અધિકારીઓએ યોગ્ય તપાસ કરેલી નથી. સાહેદ નં.૧૦૨૬ સંજયકુમાર રાવની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરે છે કે આ સાહેદને બનાવની બાતમી મળેલી પરંતુ તેની લેખિતમાં નોંધ કરી નથી. બિનવારસી પડેલી ગાડીમાંથી વિસ્ફોટક સામગ્રી મળેલી છે પરંતુ ગાડીની માલીકી સાબિત થતી નથી. સાહેદ નં.૧૦૪૯ એમ.આર.ચાવડાની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરે છે કે આ સાહેદને મળેલી બાતમીની પણ કયાંય નોંધ કરેલી નથી. બાતમીદારને બોલાવીને વેરીફાઈ કરેલી નથી, સ્થળ ઉપર ગયા પછી વીડિયોગ્રાફી કે ફોટોગ્રાફી કરેલી નથી. સાહેદ નં.૧૧૨૦ એસ.જે.તીરમીજીની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરે છે કે ભરૂચ ખાતેની ત્રણ હોટલો ઉપર આ સાહેદ તા.૩.૧૧.૨૦૦૮ ના રોજ ગયેલા હતા પરંતુ હોટલોના રજીસ્ટરો કબજે કરેલા નથી. હોટલો ઉપર મુલાકાત લીધી ત્યારે પંચોને હાજર રાખેલા નથી. સાહેદ નં.૧૧૩૬ સુજાતા મજમુદારની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરે છે કે આ સાહેદે ટાઈમર ચીપ તથા ડાયોગ્રામ તા.૬.૮.૨૦૦૮ ના રોજ બેંગ્લોર ખાતે તપાસમાં મોકલેલો જેનો રીપોર્ટ તા.૧૬.૮.૨૦૦૮ ના રોજ મળેલો છે. સુરત શહેરના બનાવોવાળા તમામ સ્થળો ઉપર આ સાહેદ ગયેલા છે. ત્યારબાદ આરોપીઓ મળ્યા પછી જગ્યાઓના પંચનામા બનાવેલા હતા જેથી તે પંચનામાઓનું કોઈ મહત્વ નથી. આ સાહેદના કહેવા પ્રમાણે પણ અમદાવાદના ગુનાઓની તપાસમાં ડી.સી.પી. અભય ચુડાસમા સામેલ હતા. સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમારની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરે છે કે આ સાહેદે ક્રિમીનલ

પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબના નિવેદનો કોઈ સાહેદોના લેવડાવેલા નથી, આ સાહેદ જુદા–જુદા મકાનો ઉપર ગયેલા હતા પરંતુ સર્ચ વોરન્ટ મેળવેલા નથી, મકાન માલીકોની સંમતિ વિના મકાનોના તાળા તોડેલા છે. બધા જ બોમ્બ અર્ધ ચંદ્રાકાર બોક્ષમાં મળેલા હતા તે બોક્ષ બાબતે કોઈ પુરાવા મેળવેલા નથી. સાહેદ કે આરોપીઓના મોબાઈલ ફોનો કબજે કરેલા નથી. આરોપીઓએ મકાનો ભાડે રાખ્યા અંગેના કોઈ પુરાવા મેળવેલા નથી. આરોપીઓના કુદરતી હસ્તાક્ષરો પણ મેળવેલા નથી. પરંતુ મારા મત પ્રમાણે આ તપાસ કરનાર અધિકારીએ પણ આરોપીઓના જુદા–જુદા કેસોમાં રીમાન્ડ મેળવેલા હતા અને રીમાન્ડ દરમ્યાન આરોપીઓએ જે જે હકીકત જણાવી તે મુજબના પુરાવા એકત્રિત કરીને રજૂ કરેલા છે. વકીલશ્રી કે.જી.શેખ પોલીસ તપાસ બાબતે નીચે મુજબના ચુકાદાઓ ઉપર આધાર રાખેલો છે.

અ.નં.	ચુકાદો	ચુકાદામાં નિર્ણીત મુદ્દાઓ પૈકીનો પોલીસ તપાસ બાબતે નિર્ણીત થયેલો એક મુદ્દો
૧	યુસુફખાન પઠાણ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૧૨(૦) એ.આઈ.જે. ઈ.એલ.–સુપ્રિમ કોર્ટ ૫૨૧૩૯	પેરા–૪૨ મુજબ આતંકવાદ અટકાવવા પોલીસ અધિકારીઓને પડતી મુશ્કેલીઓ અંગે અમે ચિંતા કરીએ છીએ. આતંકવાદ એ ગંભીર ગુનો છે, તેની અસરમાં વધુ તીવ્ર અને પરિણામમાં ખુબ જોખમી છે, તે રાષ્ટ્રને આંચકો આપી શકે છે, સમાજમાં ભય અને ગભરાહટ પેદા કરી શકે છ, સાંપ્રદાયિક શાંતિ અને સુમેળને વિક્ષેપિત કરી શકે છે. આવી કાર્યવાહીના સપોર્ટવાળા બહારના સંગઠન દ્વારા કરવામાં આવે ત્યારે વધુ મુશ્કેલ બને છે. જો તપાસ એજન્સી હથિયારો અને વિસ્ફોટકો કબજે કરવામાં સફળ ન થાય તો ખુબ જ વિનાશકારી બને.

		ટાડાનો આશરો લેતી વખતે પોલીસે રક્ષણાત્મક રીતે અનુસરવુ જોઈએ. મહાત્માના દેશમાં "અંત કરતા અર્થ મહત્વનો છે". ટાડાનો દુરુપયોગ કામગીરી સોંપાયેલ અધિકારીઓએ કરવો જોઈએ નહીં. મારૂ નામ "ખાન છે તેટલા માત્રથી નિર્દોષ વ્યકિત આતંકવાદી નથી" તેમ ઠરાવેલ છે.
૨	મુન્સી સીંઘ ગૌતમ વિરૂધ્ધ સ્ટેટ ઓફ એમ.પી. ૨૦૦૫ સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ) પાના નં.૧૨૬૯	પેરા–૧ મુજબ જો તમે એક વાર સાથી નાગરીકોનો વિશ્વાસ ગુમાવી દો તો તમે તેમનો આદર અને સન્માન ફરીથી કદીયે મેળવી શકશો નહીં. તમે અમુક સમય અને અમુક લોકોને આખો સમય મુર્ખ બનાવી શકો છો પરંતુ તમે બધા લોકોને આખો સમય મુર્ખ બનાવી શકતા નથી. પેરા–૨ મુજબ કસ્ટડીમાં હિંસા, ત્રાસ અને પોલીસ સત્તાનો દુરુપયોગ આ દેશ માટે વિચિત્ર નથી પરંતુ તે વ્યાપક છે. તે આંતરરાષ્ટ્રીય સમુદાયની ચિંતા છે કારણ કે તે સાર્વત્રિક સમસ્યા છે માટે મૂળભૂત માનવ અધિકારની રક્ષાનો ઉદ્ભવ થયેલ છે તેમ ઠરાવેલ છે.

પોલીસ તપાસ બાબતે વકીલશ્રી ડી.ડી.પઠાણ દલીલ કરતા જણાવે છે કે તપાસ કરનાર અધિકારીઓ દ્વારા તમામ પુરાવા ઉભા કરવામાં આવેલા છે. આ કેસમાં દિલ્હી, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, ગુજરાત, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, કર્ણાટક, આંધ્રપ્રદેશ અને કેરાલા મળીને કુલ–૯ રાજયોમાંથી નિર્દોષ

લોકોને લઈ આવીને આ ગુનામાં સંડોવેલા છે. દિલ્હી થી રાજધાની ટ્રેન ચાલે અને દરેક રાજયમાંથી પેસેન્જરો લેતી લેતી ટ્રેન ચાલે તે રીતે પોલીસે ભારતીય ફોજદારી ધારાની કલમ–૧૨૦(બી) નો સહારો લઈ જુદા–જુદા રાજયોના નિર્દોષ લોકોને આ ગુનામાં સંડોવેલા છે. વકીલશ્રી ડી.ડી.પઠાણની આ કટાક્ષમય દલીલ સાથે હું સંમત નથી. આ તમામ રાજયોમાં ઘણા બધા મુસ્લિમ લોકોની મોટી સંખ્યામાં વસ્તી આવેલી છે. આગળ ચર્ચા કરી તેમ કેમ આ જ આરોપીઓને અટક કર્યા ? તેનો જવાબ સ્પષ્ટ છે કે આ બનાવમાં આ આરોપીઓ સંડોવાયેલા હોવાથી તેમને અટક કરેલા છે. તપાસ કરનાર અધિકારીઓએ રાજધાની ટ્રેન ચલાવેલી નથી અને જો રાજધાની ટ્રેન ચલાવવી હોત તો આ નવ રાજયોમાં શા માટે ચલાવી ભારત દેશમાં બીજા ઘણા રાજયો છે જો ટ્રેન ચલાવવી હોત તો બધા જ રાજયોમાં ચલાવીને હજી બીજા કુલ–૧૦૦ અથવા તેથી વધારે આરોપીઓને પણ પકડીને અટક કરેલા હોત. પરંતુ એવુ નથી તપાસ દરમ્યાન જે આરોપીઓ આ ગુનામાં સંડોવાયેલા હતા તેમને જ પકડવામાં આવેલા છે. આ ઉપરાંત આરોપી નં.૬૮નાઓએ આંક–૯૨૪૮થી " **કનેકશન ઓફ સીમી**"નો જે દસ્તાવેજ રજૂ કરેલો છે તે ધ્યાને લેતાં હેડ કવાર્ટર અને પ્રાદેશિક વિસ્તારોમાં, વિસ્તાર–૧માં હેડ કવાર્ટર, માલેકોટલા (પંજાબ), હિસ્સાર(હરિયાણા), વિસ્તાર–૨માં દિલ્હી, મધુબની (બિહાર), વિસ્તાર–૩ માં ભોપાલ, ઈન્દોર, ગોવા, આંદામાન, વિસ્તાર–૪માં અમદાવાદ, બરોડા વિગેરે વિસ્તાર–૫માં જયપુર, સિકર, બિકાનેર, જોધપુર, વિસ્તાર–૬માં વાઝીરપુર, સુરવાલ, કોટા, વિસ્તાર–૭માં અલીગઢ, ફિરોઝાબાદ, વિસ્તાર–૮માં લખનૌ, કાનપુર, વિસ્તાર–૯માં અલ્હાબાદ, વારાણસી વિગેરે દેશના મોટાભાગના નાના–મોટા શહેરોમાં સીમીની પ્રાદેશિક ઑફિસો છે અને તેમાં જે તે ઑફિસમાં કાર્યરત કાર્યકરોના નામો આપવામાં આવેલા છે જે આશરે બધા મળીને કુલ–૪૧૭ જેટલા થવા જાય છે. દરેક રાજય વાઈઝ ઝોન બતાવવામાં આવ્યા છે અને તેમાં પણ સીમીના કાર્યકરોના મોટી સંખ્યામાં નામો છે. જો તપાસ કરનાર અધિકારીઓએ મુસ્લિમ કોમના લોકોને ખોટી રીતે આ ગુનામાં સંડોવીને પકડવા હોત તો આ દસ્તાવેજમાં

જણાવેલા ઝોન વાઈઝ નામો પૈકી ઘણા બધા મુસ્લિમ કોમના લોકોને આ ગુનામાં સંડોવેલા હોત પરંતુ તેવુ નથી. તપાસ દરમ્યાન જે આરોપીઓ સામે ગુનામાં સંડોવણી અંગેના પુરાવા મળેલા છે ફકત તેઓને જ આ ગુનામાં અટક કરવામાં આવેલા છે.

વધુમાં વકીલશ્રી ડી.ડી.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, સાહેદ નં.૧૦૭૫ વિજય જાડેજા, સાહેદ નં.૧૦૭૭ એ.એફ.સીંધી, સાહેદ નં.૧૦૭૬ એ.વી.ગખ્ખર, સાહેદ નં.૧૧૩૩ એમ.ડી.ચૌધરી, સાહેદ નં.૧૦૭૦ વિનય શુકલ, સાહેદ નં.૧૧૪૫ ટી.એસ.પટેલનાઓની જુબાની મુજબ આ અધિકારીઓ પાસે પોલીસ તપાસ હતી તે દરમ્યાન કોઈ વ્યકિત ઉપર આંગળી મુકી શકાય તેવો અથવા કોઈ વ્યકિત આ ગુનામાં સંડોવાયેલો હોય તેવા પુરાવા મળેલા નથી. વકીલશ્રી ડી.ડી.પઠાણની આ દલીલ સાથે હું સંમત છું કે, તા.૩.૮.૨૦૦૮ સુધી આ અધિકારીઓ પાસે પોલીસ તપાસ હતી જયારે બનાવો તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ બનેલા છે. અગાઉ ચર્ચા કરી તેમ બોમ્બ બનાવતા બોમ્બ જે જગ્યા ઉપર મુકેલા તેની રેકી કરતી, બોમ્બ મુકતા કોઈ પણ વ્યકિતને જાહેર જનતામાંથી કોઈએ જોયેલા નથી. જેથી સ્વાભાવિક છે કે બનાવ બાદ એક અઠવાડીયા પછી આવો પુરાવો મળેલો નથી અને મળે પણ નહીં કારણ કે આ બનાવોમાં સંડોવાયેલા લોકોએ કાવતરૂ કરીને આ બનાવોને અંજામ આપેલો છે જેથી સહેલાઈથી કાવતરૂ કરનાર મળી આવે નહીં. લાંબી પોલીસ તપાસના અંતે તપાસ કરનાર અધિકારીઓ દ્વારા ખૂબ જ મહેનતના અંતે આ આરોપીઓને આ ગુનામાં સંડોવાયેલા હોવાથી અટક કરેલા છે.

વકીલશ્રી ડી.ડી.પઠાણ દલીલ કરતા જણાવે છે કે,તા.૩.૮.૨૦૦૮ સુધી તપાસ કરનાર અધિકારીઓ અંધારામાં જ હતા માટે સરકારે આરોપીઓને શોધી લાવનાર માટે રૂા.૫૧,૦૦,૦૦૦/– નુ ઈનામ જાહેર કરેલુ. સાહેદ નં. ૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીના પેરા–૧૭૪ ધ્યાને લઈ દલીલ કરે છે કે ઈનામ જાહેર થયાની હકીકત આ સાહેદને ખબર નથી. આ સાહેદ જુઠ્ઠુ બોલે છે. ઈનામો મેળવવા તપાસ કરનાર અધિકારીઓએ હાલના

આરોપીઓને ખોટી રીતે ગુનામાં સંડોવેલા છે. વધુમાં વ.શ્રી ડી.ડી.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, આ ઈનામો જાહેર કર્યા સબંધે કોઈ સબળ પુરાવો રજૂ કરેલો નથી. વધુમાં પોતાની દલીલ સાથે ઈનામો જાહેર થયેલા કે કેમ? તેની માહિતી મેળવવા માટે આરોપી નં.૩૭ નાઓએ આર.ટી.આઈ. એકટ હેઠળ અરજીઓ કરેલી તથા જે જવાબો આપવામાં આવેલા તે રજૂ કરેલા છે. અંતમાં ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ તરફથી જવાબ આપવામાં આવેલો છે કે ઈનામ જાહેર થયાનું કોઈ રેકર્ડ ઉપલબ્ધ નથી. બીજી તરફ વકીલશ્રી ડી.ડી.પઠાણ દલીલ કરતા જણાવે છે કે સરકાર તરફથી રૂા.૫૧,૦૦,૦૦૦/– નુ ઈનામ જાહેર થયેલુ આ કેસમાં આરોપીઓ પકડાયા પછી સરકાર તરફથી ઈનામની રકમ તપાસ કરનાર અધિકારીઓને આપવામાં આવેલી નથી કે તપાસ કરનાર અધિકારીઓએ આ રકમની માંગણી પણ કરી નથી જેથી એવુ કહી શકાય કે આ કેસમાં સાચા આરોપી પકડાયેલા નથી માટે ખોટા આરોપીઓને આ કેસમાં સંડોવવામાં આવેલા છે. મારા મત પ્રમાણે વકીલશ્રી ડી.ડી.પઠાણ બે વાત જણાવે છે ઓકકસ કઈ વાત ઉપર તે આધાર રાખે છે તે બાબતે કોઈ સ્પષ્ટ દલીલ નથી. એક તરફ એમ જણાવે છે કે ઈનામ મેળવવા ખોટા નિર્દોષ વ્યકિતઓને પકડેલા છે અને બીજી તરફ એમ જણાવે છે કે ઈનામની રકમ લીધેલી નથી માટે સાચા આરોપી પકડાયેલા નથી તો આવી બે પ્રકારની દલીલ સ્વીકાર્ય નથી. સરકારશ્રી દ્વારા આરોપીઓને પકડવા માટે ઈનામ જાહેર કરવામાં આવેલુ હોય તેવા કોઈ જ પુરાવા બંને પક્ષ તરફથી રજૂ કરવામાં આવેલા નથી. ફરિયાદપક્ષનો કેસ પણ એવો નથી કે આરોપીઓને પકડવા માટે સરકારશ્રીએ ઈનામ જાહેર કર્યું હોય, આ હકીકત ચાર્જશીટમાં પણ નથી. વકીલશ્રી ડી.ડી.પઠાણે ઈન્ટરનેટ ઉપરથી મેળવીને માહિતી રજૂ કરેલી છે કે સરકારે ઈનામની જાહેરાત કરેલી હતી. પરંતુ આ બાબતે અન્ય કોઈ સબળ પુરાવો નથી.

વધુમાં વકીલશ્રી ડી.ડી.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, અનલોફુલ એકટીવીટી (પ્રિવેન્શન) એકટ–૧૯૬૭ મા તા.૩૧.૧૨.૨૦૦૮ ના રોજ સુધારો થતા નેશનલ ઈન્વેસ્ટીગેટીંગ એજન્સી (એન.આઈ.એ.)ની રચના

થયેલી છે. એન.આઈ.એ. એકટની કલમ–૨(૧)(જી) વંચાણે લઈ દલીલ કરે છે કે એકટની શીડયુલ મુજબ ૮ કાયદાઓ હેઠળના ગુનાની તપાસ એન.આઈ.એ. દ્વારા થાય. આ કેસમાં એન.આઈ.એ.ની રચના થયા બાદ તા.૩૧.૧૨.૨૦૦૮ ના રોજ અનલોફુલ એકટીવીટી (પ્રિવેન્શન) એકટમાં સુધારો થયો છે માટે આ કેસની તપાસ એન.આઈ.એ. દ્વારા થવી જોઈએ પરંતુ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા થયેલી છે. મારા મત પ્રમાણે આ બચાવ દલીલોના તબકકે લેવામાં આવેલો છે. ઈન્સાફી કાર્યવાહી પુરી થઈ ત્યાં સુધી આ બચાવ લેવામાં આવેલો નથી. વધુમાં તેઓ દલીલ કરતા જણાવે છે કે એન.આઈ.એ. સ્પેશીયલ એકટ છે માટે જનરલ એકટની ઉપર ગણાય. પરંતુ મારા મત પ્રમાણે અનલોફુલ એકટીવીટી (પ્રિવેન્શન) એકટ પણ સ્પેશીયલ એકટ છે.

વકીલશ્રી ડી.ડી.પઠાણ દલીલ કરતા જણાવે છે કે ફરિયાદપક્ષના કેસ પ્રમાણે ડિસેમ્બર–૨૦૦૭ મા વાઘમોન મુકામે આરોપીઓ વચ્ચે કાવતરૂ થયેલુ અને ત્યારબાદ અમદાવાદ અને સુરતના બનાવો બનેલા છે. જેથી આ ગુનો ચાલુ (કન્ટીન્યુ) ગુનો કહેવાય. વાઘમોન મુકામે થયેલ તાલીમ કેમ્પનો ગુનો અર્નાકુલ્લમ ખાતે તા.૧૯.૬.૨૦૦૮ ના રોજ નોંધાયેલો અને તે કામે કુલ–૩૬ આરોપીઓ વિરૂધ્ધ એન.આઈ.એ. દ્વારા ચાર્જશીટ દાખલ થયેલુ તે પૈકી આ કેસના કુલ–૩૩ આરોપીઓ હતા અને તે કેસમાં તા.૧૪.૫.૨૦૧૮ ના રોજ ચુકાદો આવેલો છે તેની પ્રમાણીત નકલ રજૂ કરવામાં આવેલી છે. આમ કાવતરાનો બનાવ કન્ટીન્યુ બનાવ હોવાથી સુરત અને અમદાવાદ ખાતેના બનાવોની ફરિયાદો ફરીથી નોંધી શકાય નહીં તેમ છતાં બંને શહેરોના બનાવોની અલગ–અલગ ફરિયાદો નોંધાયેલી છે. વકીલશ્રી ડી.ડી.પઠાણની આ દલીલ સાથે હું સંમત નથી. વાઘમોન મુકામે આરોપીઓએ તાલીમ કેમ્પનું આયોજન કરેલાની ફરિયાદ તા.૧૯.૬.૨૦૦૮ ના રોજ નોંધાયેલી હતી તે હકીકત છે. પરંતુ તે તાલીમ કેમ્પમાં જેટલા પણ આરોપી હાજર રહેલા હતા તે આરોપીઓ પૈકી ઘણા આરોપી હાલોલ–પાવાગઢના કેમ્પમાં જાન્યુઆરી–૨૦૦૮ દરમ્યાન હાજર હતા. કાવતરૂ વાઘમોન મુકામે પણ થયેલુ હતુ તેની હકીકત જુદી છે અને

હાલોલ–પાવાગઢ ખાતે થયેલ તાલીમ કેમ્પનું કાવતરૂ તે પણ અલગ હકીકત છે. હાલોલ–પાવાગઢ ખાતે કેમ્પનું આયોજન કરનાર બીજા કેટલાક આરોપી હતા અને આ તાલીમ કેમ્પમાં વાઘમોન ખાતે હાજર રહેલા માણસો પણ હતા. આ ઉપરાંત આરોપીઓએ વડોદરા ખાતે જમનાબાઈ હોસ્પિટલની પાછળના ભાગે આવેલા કોમ્પલેક્ષના ભોંયતળીયાના ભાગે બે વખત મીટીંગો કરેલી. તાંદલજા મુકામે મકાનના ટેરેસ ઉપર મીટીંગ કરેલી, જુહાપુરામાં યાકુબ મેમણના ઘરે મીટીંગ કરેલી, દરિયાપુરમાં સમસુદ્દીનના નાના ના ઘરે મીટીંગ કરેલી. આ તમામ મીટીંગો તથા તે અંગેના કાવતરાને વાઘમોન ખાતેના બનાવ સાથે જોડી શકાય નહીં. વધુમાં વકીલશ્રી ડી.ડી.પઠાણ દલીલ કરતા જણાવે છે કે આ બનાવોની તપાસ વાઘમોન ખાતે નોંધાયેલી ફરિયાદના કામે જ થવી જોઈતી હતી પરંતુ તેઓની આ દલીલ સાથે હું સંમત નથી. વાઘમોન ખાતેના બનાવને ગુજરાતમાં અમદાવાદ અને સુરતમાં બનેલા આ બનાવોને કોઈ લેવાદેવા નથી. આરોપી મોડા પકડાય, ગુનો કર્યા પછી નાશી જાય અને શોધવામાં ઘણો સમય લાગે તો પાછળથી એવો બચાવ લઈ શકાય નહીં કે આ બનાવો એક જ કાવતરાના ભાગ રૂપે હતા. એક હકીકત ચોકકસ છે કે વાઘમોન ખાતે તાલીમ કેમ્પમાં હાજર રહેલા આરોપીઓ પૈકી કેટલાક આરોપીઓ હાલોલ–પાવાગઢના કેમ્પમાં હાજર રહેલા છે તથા હાલોલ–પાવાગઢ ખાતેના તાલીમ કેમ્પમાં હાજર રહેલા કેટલાક આરોપી ઉપર જણાવ્યા મુજબની જુદી–જુદી જગ્યાઓ ઉપર થયેલ મીટીંગોમાં હાજર રહેલા નથી. એટલુ જ નહીં આ બચાવ પણ ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન આરોપીઓ તરફથી લેવામાં આવેલો નથી. વકીલશ્રી ડી.ડી.પઠાણ આ બાબતે નીચે મુજબના ચુકાદા ઉપર આધાર રાખે છે.

અ.નં.	**ચુકાદો**	**ચુકાદામાં નિર્ણીત થયેલ મુદ્દાઓ પૈકી એક જ બનાવની બીજી ફરિયાદ બાબતે નિર્ણીત મુદ્દો**
૧	ટી.ટી.એન્ટોની વિરૂધ્ધ	પેરા–૨ મુજબ કોગ્નીજેબલ ગુનાની એક જ વખત પ્રથમ ફરિયાદ નોંધાય પછી તે

	સ્ટેટ ઓફ કેરાલા (૨૦૦૧) ૬ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૧૮૧	જ ગુનાની બીજી વખત ફરિયાદ નોંધાય નહીં કે તેની ઉપર તપાસ થઈ શકે નહીં અને જો તે થાય તો કાર્યવાહીનો દુરૂપયોગ ગણાય. તપાસ કરનાર અધિકારીએ તપાસ કરીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૭૩(૨) હેઠળ ચાર્જશીટ દાખલ કરવાનું છે. ત્યારપછી વધુ તપાસ કરીને કલમ–૧૭૬(૮)હેઠળ પુરવણી ચાર્જશીટ કરી શકાય.
૨	અમીતભાઈ અનિલચંદ્ર શાહ વિરૂધ્ધ સી.બી.આઈ. (૨૦૧૩) ૬ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૩૪૮	એક જ બનાવની એક જ ગુના માટે બીજી ફરિયાદ નોંધાય તો તે ગ્રાહય નથી. તેનાથી બંધારણના આર્ટિકલ–૨૧ નો ભંગ થાય છે પરંતુ તે જ ગુના માટે કાઉન્ટર કેસ દાખલ થયો હોય ત્યારે બીજી એફ.આઈ.આર. નોંધી શકાય.

ઉપરોકત બંને ચુકાદાની હકીકત આ હાથ ઉપરના ચુકાદાથી તદ્દન જુદી છે માટે આ બંને ચુકાદા બચાવપક્ષને મદદરૂપ થશે નહીં.

બચાવપક્ષ તરફથી પોલીસ તપાસ બાબતે તથા તપાસ કરનાર અધિકારીઓના પુરાવા બાબતે જે દલીલો થયેલી છે તેના અનુસંધાને કાનૂની મુદ્દા ઉપર દલીલ કરતા ખાસ સરકારી વકીલશ્રી એચ.એમ.ધ્રુવ તથા અમીત પટેલ જણાવે છે કે અમદાવાદ શહેરની કુલ–૨૦ ફરિયાદોના કામની તપાસો જુદા–જુદા મદદનીશ પોલીસ કમિશનર કક્ષાના અધિકારીઓએ કરેલી છે અને સુરત શહેરના બોમ્બ પ્લાન્ટેશનની કુલ–૧૫ ફરિયાદોના કામની તપાસો પણ જુદા–જુદા મદદનીશ પોલીસ કમિશનર કક્ષાના અધિકારીઓએ કરેલી છે. જુદા–જુદા અધિકારીઓએ કુલ–૮૦ જેટલા આરોપીઓની અટક કરવામાં આવેલી છે. તપાસો ઘણા લાંબા સમય સુધી ચાલેલી છે. ઘણા બનાવો બનેલા હોવાથી

તપાસ કરનાર અધિકારીઓની કયાંકને કયાંક તપાસમાં ભુલ રહી ગયેલી હોય તેવુ બની શકે. તેથી કરીને તપાસ કરનાર અધિકારીઓએ તદ્ધન ખોટી તપાસો કરેલી છે કે ખોટા પુરાવા ઉભા કરી નિર્દોષ વ્યકિતઓને આરોપીઓ તરીકે સંડોવેલા હોવાનું કહી શકાય નહીં. તપાસ કરનાર અધિકારીઓએ પોતાની જુબાનીઓમાં ઘણા બધા પ્રશ્નોના જવાબોમાં જણાવેલુ છે કે રેકર્ડ જોવુ પડે, હાલ મને યાદ નથી. તેથી કરીને તેઓની જુબાનીઓ ખોટી છે કે તેમને આપેલો પુરાવો શંકાસ્પદ છે તેમ માની કાઢી નાખી શકાય નહીં. તેઓની આ દલીલ સાથે હું સંમત છું કે ઘણી બધી ફરિયાદોની તપાસો અધિકારીઓએ કરેલી છે, જુદી–જુદી જગ્યાઓ ઉપર જઈ તપાસો કરેલી છે, આરોપીઓ વધુ છે અને તપાસ કરનાર અધિકારીઓને મદદમાં રહેવા અન્ય અધિકારીઓની નિમણૂકો થયેલી છે. તપાસ કરનાર અધિકારીઓ મદદનીશ પોલીસ કમિશનર કક્ષાના ઉચ્ચ અધિકારીઓ છે જેથી તેઓ ખોટા પુરાવા ઉભા કરે તે શકય નથી. વકીલશ્રી એચ.એમ.ધ્રુવ તથા અમિત પટેલ આ અંગે પોતાની રજૂઆતના સમર્થનમાં નીચે મુજબના ચુકાદા રજૂ કરે છે.

અ.નં.	**ચુકાદો**	**ચુકાદામાં નિર્ણીત થયેલ મુદ્દાઓ પૈકી પોલીસ તપાસ બાબતે નિર્ણીત મુદ્દો**
૧	સુરીન્દર કુમાર વિરૂધ્ધ સ્ટેટ ઓફ પંજાબ ક્રિમીનલ અપીલ નં.૫૧૨/૨૦૦૯ તા.૬.૧.૨૦૧૦ સુપ્રિમ કોર્ટ	પેરા–૧૫ મુજબ ફરિયાદપક્ષે સ્વતંત્ર સાહેદ તપાસેલા નહીં તે માત્રથી આરોપીઓની ખોટી સંડોવણી કરવામાં આવી છે તેમ મનાય નહીં. સરકારી હોદ્દો ધરાવનાર સાહેદનો પુરાવો અવિશ્વાસુ અને માની શકાય નહીં તેવા અનુમાન તરફ અદાલતે જવુ નહીં. પોલીસ અધિકારીનો પુરાવો વિશ્વાસપાત્ર નથી તેવી રીતે તે પુરાવો જોવાની માન્યતા જે હતી તે જુની છે. હવે એવો

		સમય આવ્યો છે કે પોલીસ અધિકારીનો પુરાવો વિશ્વાસપાત્ર છે તેવુ અનુમાન શરૂઆતથી જ કરવુ પડે અને તે અનુમાનને વિધાન મંડળે માન્યતા આપેલી છે.
૨	સ્ટેટ ઓફ એમ.પી. વિરૂધ્ધ છકકીલાલ ૨૦૧૮ (૪) ક્રાઈમ્સ, સુપ્રિમ કોર્ટ પાન નં.૨૩૮	પેરા–૩૩ મુજબ તપાસ કરનાર અધિકારી દ્વારા તપાસમાં કોઈ બાબતો રહી ગયેલી હોય તેથી કરીને તે બાબતો ફરિયાદપક્ષના કેસની વિરૂધ્ધ જશે નહી. તપાસ કરનાર અધિકારીના પુરાવામાં રહી ગયેલી બાબતોને બીજી રીતે જોવી જોઈએ. અન્યથા કાયદાનું પાલન કરાવનાર એજન્સી ઉપરથી લોકોનો વિશ્વાસ ઉઠી જાય. પેરા–૩૪ મુજબ તપાસ કરનાર અધિકારીને તપાસ કરતી વખતે એવી પુર્વ ધારણા ના હોય કે તપાસ બાબતે ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન તપાસમાં ખામી બાબતે બચાવ ઉભો થશે તેવી ખામીના કારણે તેનો લાભ આરોપીને મળે નહીં.
૩	નાન કાઉનુ વિરૂધ્ધ સ્ટેટ ઓફ યુ.પી. (૨૦૧૬) ૧ સુપ્રિમ કોર્ટ કેસીસ	પેરા–૯ મુજબ દેશી પિસ્તોલ તપાસ કરનાર અધિકારીએ રીકવર કરેલી નહીં. બચાવપક્ષ તરફથી દલીલ એવી કરવામાં આવેલી કે પિસ્તોલનું ગુના સાથે જોડાણ થતુ નથી પરંતુ મેડીકલ પુરાવો

	(ક્રિમીનલ) પાન નં.૮૫૭	ફરિયાદપક્ષને સમર્થન કરતો હતો. નામદાર અદાલતે ઠરાવેલુ કે દેશી પિસ્તોલની રીકવરી મહત્વની નથી. તપાસ કરનાર અધિકારીની પિસ્તોલ રીકવર નહીં કરવાની બાબત ફરિયાદપક્ષના કેસની વિરૂધ્ધ જતી નથી. ફરિયાદપક્ષનો કેસ બીજી રીતે ધ્યાનમાં લેવો જોઈએ. અન્યથા કાયદાનું પાલન કરાવનાર એજન્સી ઉપરથી લોકોનો વિશ્વાસ ઉઠી જશે.
૪	તાહીર વિરૂધ્ધ સ્ટેટ (દિલ્હી) ૧૯૯૬ સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ) પાન નં.૫૧૫	પેરા–૬ મુજબ બચાવપક્ષ તરફથી દલીલ એવી કરવામાં આવેલ કે તપાસ કરનાર અધિકારીઓની જુબાની ઉપરથી આરોપીને સજા કરી છે કોઈ સ્વતંત્ર કે સમર્થનકારી પુરાવો નથી. નામદાર અદાલતે ઠરાવેલુ કે અદાલત સંમત નથી. તપાસ કરનાર અધિકારીની જુબાની માત્ર તે પોલીસ ખાતામાં નોકરી કરે છે તેમ માની કાઢી નાખી શકાય નહીં. કાયદામાં એવો કોઈ નિયમ નથી કે માત્ર તપાસ કરનાર અધિકારીની જુબાનીના આધારે સજા ના થાય. જો તે આધારભૂત અને વિશ્વાસપાત્ર હોય તો સજા થઈ શકે. પરંતુ સાવચેતીથી જુબાની વિચારણામાં લેવી પડે.
૫	સ્ટેટ ગવર્મેન્ટ ઓફ	પેરા–૨૧ મુજબ તપાસ કરનાર

	એન.સી.ટી.દિલ્હી વિરૂધ્ધ સુનિલ ૨૦૦૧ સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ) પાન નં.૨૪૮	અધિકારીનો પુરાવો વિશ્વાસપાત્ર નથી તેવા અનુમાન સાથે અદાલતે તે પુરાવો ધ્યાનમાં લેવાની શરૂઆત કરવી જોઈએ નહીં. હવે સમય શરૂ થયો છે કે તપાસ કરનાર અધિકારીએ જયારે હોદ્ધાની રૂએ કામ કર્યું હોય ત્યારે તે સાચુ છે તેમ માનીને શરૂઆત કરવી જોઈએ.
૬	રોહતશ કુમાર વિરૂધ્ધ સ્ટેટ ઓફ હરીયાણા ક્રિમીનલ અપીલ નં.૮૯૬/૨૦૧૧ તા.૨૯.૫.૨૦૧૩ સુપ્રિમ કોર્ટ	પેરા–૨૬ મુજબ તપાસ કરનાર અધિકારી પોલીસ ખાતામાં અધિકારી છે અને તપાસ કરવામાં તે હિત ધરાવતા હતા તેથી કરીને તે અધિકારીનો પુરાવો રદ્ધ કરી શકાય નહીં. તેના પુરાવાને અન્ય પુરાવાથી સમર્થન મળવુ જોઈએ.

રેકર્ડ તથા રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને લઈએ તો આ કેસના કેટલાક આરોપીઓએ ઉચ્ચ શિક્ષણ લીધેલું છે. કેટલાક આરોપીઓ કમ્પ્યુટરના નિષ્ણાંત છે. કોઈક આરોપી ડૉકટર છે, કોઈક આરોપી પ્રોફેસર છે, કોઈક આરોપી એન્જીનીયર છે, અમુક આરોપી દેશ–વિદેશમાં ફરેલા છે, કાયદો શું છે? પોલીસ શું છે? અદાલતો શું છે? તે સારી રીતે જાણે છે. આ આરોપીઓ પોલીસ સ્ટેશનની કાર્યવાહીથી સંપૂર્ણપણે વાકેફ છે. પોલીસ અધિકારીઓના હોદ્ધાથી પણ વાકેફ છે. પોલીસ ખાતાની જુદી–જુદી એજન્સીઓથી પણ વાકેફ છે. આવા આરોપીઓ જયારે કોઇ મીટીંગ કરે, કાવતરૂ કરે કે કોઇ ગુનો કરે તો જે તે જગ્યા ઉપર પુરાવો રહી ન જાય તે માટે પુરતુ ધ્યાન રાખે અને તે બાબતે સજાગ પણ રહે. માટે આવા આરોપીઓ વિરૂધ્ધ તપાસ કરનાર અધિકારીઓને પુરાવા એકત્રિત કરવા ઘણા મુશ્કેલ છે કારણ કે આવા આરોપીઓ કોઇ પુરાવો છોડે નહી. આવા આરોપીઓ જયારે પણ કાવતરૂ કરે ત્યારે ખૂબ જ સમજી, વિચારીને અને ગુપ્ત રીતે કરે છે.

કોઇપણ કાવતરાની મીટીંગ કરે, મીટીંગમાં કોઇ ગુનો કરવાનુ આયોજન કરે, ત્યારબાદ ગુનો કરવા માટે પૂર્વ તૈયારી કરે અને અંતે ગુનો કરે. આરોપીઓને ખબર છે કે ગુનો કર્યા પછી ફરિયાદ નોંધાશે. પોલીસ તપાસ કરશે. ગમે તે રીતે પોલીસ પકડશે જેથી ગુનો કરતા પહેલા ગુનામાંથી છટકવા માટે કેવો બચાવ ઉભો કરવો, પોલીસ ઇન્ટ્રોગેશન વખતે કેવા જવાબો આપવા, હકિકતો કેવી રીતે છુપાવવી. ઇન્સાફી કાર્યવાહી દરમ્યાન પણ કેવો બચાવ ઉભો કરવો તે અગાઉથી નકકી કરે અને ત્યારબાદ જ ગુનો કરે. આરોપીઓને ખબર છે કે પોલીસ અટક કરશે અને ત્યારબાદ રીમાન્ડ મેળવશે જેથી રીમાન્ડ દરમ્યાન કેવી રજૂઆતો કરવી, પોલીસ વિરૂધ્ધ કેવા આક્ષેપો કરવા કે જેથી કરીને ઇન્સાફી કાર્યવાહી દરમ્યાન યોગ્ય બચાવ ઉભો થઇ શકે. અગાઉથી કેવો બચાવ કરવો તે પણ નકકી કરી દેતા હોય છે. તેઓને ખબર છે કે પોલીસ રીમાન્ડ લેશે ત્યારે માનવ અધિકારના લઇને થર્ડ ડિગ્રી અપનાવશે નહી તથા કેદીઓના અધિકારો બાબતે પણ સંપૂર્ણ જાણકારી હોવાથી રીમાન્ડના સમય દરમ્યાન તપાસ કરનાર અધિકારી દ્વારા ગમે તેવી યુકિત–પ્રયુકિત દ્વારા ઇન્ટરોગેશન કરવામાં આવે ત્યારે તેઓ ચૂપ રહેતા હોય છે જેથી કરીને પણ તપાસ કરનાર અધિકારીને પુરાવો એકત્ર કરવો મુશ્કેલ થઇ પડે છે અને ગુનાના મૂળ સુધી પહોંચવામાં પણ મુશ્કેલી પડે છે. આ આરોપીઓ રીમાન્ડનો સમય ચુપચાપ રીતે પસાર કરી દેતા હોય છે. આરોપીઓ હોંશિયાર અને કાયદાના જ્ઞાતા છે. જેથી તપાસ કરનાર અધિકારીને પુરતી માહિતી આપે પણ નહી અને તેના કારણે તપાસ કરનાર અધિકારીને આરોપી વિરૂધ્ધ સીધો અને સ્વતંત્ર પુરાવો હરગિજપણે મળે નહી આવા સંજોગોમાં થોડો ઘણો પુરાવો એકત્રિત કર્યો હોય અને ત્યારબાદ આગળ અનુમાન જ કરવુ પડે. ગામડાના કોઇ અભણ માણસોએ કે શહેરના કોઇ સામાન્ય માણસોએ જાણે અજાણ્યે એકાદ ગુનો કરેલો હોય અથવા ગુનો કરવાનુ કાવતરૂ કરેલું હોય ત્યારે તેવા લોકોથી કયાંકને કયાંક ગુનો કર્યા અંગેના પુરાવા રહી જતા હોય છે પરંતુ આ કેસના આરોપીઓ તેવા સામાન્ય આરોપીઓ નથી. આ આરોપીઓ કોઇ જ પુરાવો રહેવા નહી દે. ગામડાના માણસો કે શહેરના

સામાન્ય માણસો પોલીસ રીમાન્ડ દરમ્યાન ગુનાની સાચી વિગત જણાવી દેતા હોય છે કારણ કે તેમને ભૂલથી એકાદ જ ગુનો કરેલો હોય છે અને ગુનો કર્યા પછી પસ્તાવો પણ થતો હોય છે. જયારે હાલના આરોપીઓએ ભૂલથી ગુનો કરેલો નથી. વ્યવસ્થિત લાંબા સમયથી આયોજનો કરીને આયોજનબધ્ધ રીતે આ ગુનાઓ કરેલા છે માટે આરોપીઓને ગુનો કર્યા અંગેનો કોઇ પસ્તાવો થવાનો કોઇ પ્રશ્ન નથી. માનવ અધિકાર, કેદીઓના અધિકારોથી આ આરોપીઓ સંપૂર્ણ વાકેફ છે. જેલ તંત્ર વિશે પણ સંપૂર્ણ માહિતી છે . આ અદાલતે ઇન્સાફી કાર્યવાહી દરમ્યાન જોયેલુ છે કે ઘણા આરોપીઓ જેલમાં આરોપી તરીકે નહી પણ અધિકારીઓ તરીકે રહેતા હોય તેવુ વર્તન જેલ અધિકારીઓ સાથે કરેલું છે. જેલ સ્ટાફ સાથે વિવાદોમાં ઉતરવુ, ઘર્ષણમાં ઉતરવુ, જેલના ડૉકટરો સાથે પણ વિવાદો કરવા, ડૉક્ટરોને ધમકી આપેલી છે. આ ઉપરાંત કેદી તરીકે મળવાપાત્ર સગવડતા કરતા વિશેષ સગવડતા મેળવવા ખોટી ખોટી રજૂઆતો કરી જેલ સ્ટાફને ધમકીઓ આપેલી છે. કાયદાના જાણકાર હોવાથી કયા સાહેદની કેવી રીતે ઉલટતપાસ કરવી તેની સલાહ પણ વકીલોને આપેલી છે માટે આવા આરોપીઓ પાસેથી તેઓની સંડોવણી બાબતેના સીધા પુરાવા મળી શકે નહી માટે સાંયોગિક પુરાવા ઉપર આધાર રાખવો પડે. આ કામના તપાસ કરનાર અધિકારીઓએ આવા આરોપી સામે તપાસ કરીને જે પુરાવા એકત્રિત કરેલા છે તે મહા મહેનતે રાજયમાં તથા રાજયની બહાર તપાસ કરીને એકત્રિત કરેલા છે. જે ખરેખર તપાસ કરનાર અધિકારીઓની નિષ્ઠાપૂર્વકની મહેનત અને ફરજ પ્રત્યેની નિષ્ઠાનું પરિણામ છે.જે વખાણવા યોગ્ય છે. આ સંબંધમાં આ અદાલતમાં ધ્યાનમાં તેવો એક ચુકાદો ધ્યાને લીધેલ છે.

અ.નં.	**ચુકાદો**	**ચુકાદામાં નિર્ણીત મુદ્દાઓ પૈકી પોલીસ તપાસ બાબતે નિર્ણીત થયેલો એક મુદ્દો**
૧	ગોવિંદ રાજુ વિરૂધ્ધ સ્ટેટ બાય શ્રીરામપુરમ	આ ચુકાદાઓ મુજબ પોલીસ અધિકારીનો પુરાવો વિશ્વાસાપત્ર અને ભરોસાપાત્ર હોય તેમજ તેના પુરાવાને અન્ય પુરાવાથી થોડુક

	એ.આઈ.આર. ૨૦૧૨ સુપ્રિમ કોર્ટ પાન નં.૧૨૯૨ તથા કાશ્મીરીલાલ વિરૂધ્ધ સ્ટેટ ૨૦૧૩–ક્રિ.લો.જ. પાન નં.૩૦૩૬	સમર્થન મળતુ હોય તો પોલીસ અધિકારીના પુરાવા ઉપરથી આરોપીને સજા કરી શકાય. આ કેસમાં પોલીસ અધિકારીઓનો પુરાવો થોડા ઘણા અંશે તો વિશ્વાસપાત્ર છે જ સાથે સાથે અન્ય બીજા પુરાવા ઉપરથી પણ સમર્થન મળે છે.

આ ઉપરાંત પોલીસ તપાસ બાબત પણ આ અદાલતના ધ્યાનમાં છે તેવા નીચે મુજબનો ચુકાદાઓ પણ આ અદાલતે ધ્યાનમાં લીધા છે.

અ.નં.	**ચુકાદો**	**ચુકાદામાં નિર્ણીત મુદ્દાઓ પૈકીનો કેસ ડાયરી બાબતે નિર્ણીત થયેલો એક મુદ્દો**
૧	(૧)સ્ટેટ ઓફ યુ.પી. વિરૂધ્ધ જગદેવ (૨૦૦૩)૦૧ સુપ્રિમ કોર્ટ કેસીસ, પાના નં.૪૫૬ (૨) મોતીલાલ વિરૂધ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન (૨૦૦૦)૦૭, સુપ્રિમ કોર્ટ કેસીસ, પાના નં.૪૫૪	ફરિયાદપક્ષ ભરોસાપાત્ર કથન સાથે આવેલ હોય અને રેકર્ડ ઉપર નજરે જોનાર સાહેદનો પુરાવો હોય ત્યારે ખામીયુકત તપાસના કારણે ફરિયાદપક્ષનો કેસ ફેંકી દેવાય નહિ. આ કેસમાં બનાવને સમર્થન મળે તેવા બીજા ઘણા સમર્થનકારી પુરાવા છે જેથી ખામીયુકત પોલીસ તપાસના કારણે ફરિયાદપક્ષનો કેસ ફેંકી દેવાય નહિ.
૨	સ્ટેટ ઓફ કર્ણાટક	ફોજદારી કાર્યવાહીમાં તપાસ કરનાર

	વિરૂધ્ધ યરપ્પા રેડી એ.આઇ.આર.૨૦૦૦ સુપ્રિમ કોર્ટ, પાના નં.૧૮૫	અધિકારીનો પુરાવો એક માત્ર આધારભુત છે તેવું નથી. જો તપાસ કરનાર અમલદારનો પુરાવો ગેરકાયદેસર અને શંકાવાળો હોય ત્યારે તેની ઝીણવટભરી રીતે તપાસ કરવી જોઇએ. રેકર્ડ ઉપર બીજા સ્વતંત્ર સાહેદ હોય ત્યારે તપાસ કરનાર અમલદારનો પુરાવો શંકાસ્પદ છે તે મહત્વનું નથી.
૩	અંબિકાપ્રસાદ વિરૂધ્ધ સ્ટેટ ઓફ દિલ્હી એડમીનીસ્ટ્રેશન એ.આઇ.આર.૨૦૦૦, સુપ્રિમ કોર્ટ, પાના નં.૭૧૮	–પેરા નં.૧૦ મુજબ અદાલતે ધ્યાનમાં રાખવું જરૂરી છે કે કોઇ નિર્દોષને સજા ના થાય સાથે સાથે કોઇ ગુનો કરનાર વ્યકિત છટકી ના જાય તે પણ ધ્યાનમાં રાખવાનું છે. જજે બંને જાહેર ફરજ બજાવવાની છે. –તપાસ કરનાર અધિકારીએ સાક્ષી બોકસમાં જુબાની આપી ના હોય અથવા જુબાની આપી હોય અને જુબાનીમાં થોડી વિરોધાભાસી હકીકત જણાવે તેથી ઇજા પામનાર સાહેદને ના માનવા તેવું નથી. –I.O. મહત્વના સાહેદ નથી.

(૮૭) બનાવ બાબતે મહત્વની હકીકતોનો સારાંશ...

અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવો અને તે લગત જુદા–જુદા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ કુલ–૨૦ જેટલી ફરિયાદો થતા સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવો અને તે લગત જુદા–જુદા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ કુલ–૧૫ જેટલી ફરિયાદો હતી. આમ બંને મળીને કુલ–૩૫ ફરિયાદોના કામે દરેક બનાવ પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ તરફથી ચુકાદામાં

આગળ ઉપર ચર્ચા કર્યા મુજબ પુરાવા રજૂ કરેલા છે. તે તમામ પુરાવા ધ્યાને લેતા બંને શહેરોમાં મળીને કુલ–૫૩ બનાવો બનેલા છે તે ફરિયાદપક્ષે પુરવાર કરેલુ છે. અમદાવાદ શાહેરના બનાવોની તપાસ કરવા માટે એ.સી.પી. કક્ષાના કુલ–૪ અધિકારીઓની ચાર તપાસ ટીમો બનાવેલી, સુરત શહેરના બનાવોની તપાસ કરવા માટે એ.સી.પી. કક્ષાના કુલ–૨ અધિકારીઓની બે તપાસ ટીમો બનાવેલી. તમામ અધિકારીઓએ તપાસો દરમ્યાન ચુકાદાના શીર્ષકમાં જણાવેલા કુલ ૧ થી ૮૦ આરોપીઓને જુદી–જુદી જગ્યાઓએથી, જુદી–જુદી તારીખોએ, જુદા–જુદા ગુનાઓમાં અટક કરવામાં આવેલા. ત્યારબાદ વારાફરતી તમામ આરોપીઓને તમામ ગુનાઓમાં અટક કરેલા છે. જે પૈકી આરોપી નં.૭૯,૮૦ ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન મરણ ગયેલા છે. આ આરોપીઓને અટક કર્યા બાદ જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ તેઓને સાથે રાખીને તેમજ સાથે રાખ્યા વિના તપાસો કરીને તેઓની વિરૂધ્ધ પુરાવા એકત્ર કરેલા. જે પુરાવા એકત્ર કરેલા તે તમામ પુરાવાઓની આ ચુકાદામાં "આરોપી દીઠ પુરાવા" તે શીર્ષક હેઠળના પેરામાં વિગતવાર ચર્ચા કરેલી છે. આરોપીઓ વિરૂધ્ધ ઈ.પી.કો.કલમ–૧૨૧ (૧)(એ), ૧૨૪(એ) તથા ૧૫૩ ના ગુનાઓની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૬ મુજબની તેમજ અનલોફુલ એકટીવીટી (પ્રિવેન્શન) એકટ હેઠળની જુદી–જુદી કલમો હેઠળ ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે તે જ કાયદાની કલમ–૪૫ મુજબની તેમજ એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટ હેઠળના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે તે જ કાયદાની કલમ–૭ તેમજ આર્મ્સ એકટના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે તે જ કાયદાની કલમ–૩૯ હેઠળની મંજૂરીઓ મેળવવા માટે દરેક તપાસ કરનાર અધિકારીઓએ દરેક આરોપીઓ માટે મંજૂરીઓ મેળવવા માટે રાજય સરકાર તેમજ ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટ તેમજ પોલીસ કમીશનરશ્રીને દરખાસ્તો કરેલી અને મંજૂરીઓ મેળવેલી તેની પણ આ ચુકાદામાં આગળ ઉપર ચર્ચા કરેલી છે. ફરિયાદપક્ષ દ્વારા આરોપીઓ વિરૂધ્ધ તહોમનામામાં જે આક્ષેપો બતાવેલા છે તથા કયા સાહેદોએ કયા આરોપીઓ સામે કઈ હકીકતો જણાવેલી છે તથા અમદાવાદ અને સુરતના

તમામ બનાવોના સારાંશ રૂપે બંને પક્ષો તરફથી જે મહત્વની બાબતો છે વિશે નીચે મુજબના પુરાવાઓની ચર્ચા કરવામાં આવેલી છે.

સ્ટુડન્ટ ઈસ્લામિક મુવમેન્ટ ઓફ ઈન્ડિયા (સીમી) તથા તેના સભ્યો તથા મીટીંગો વિશે...

- સાહેદ નં.૯૫૭ જાકીર હુસેન અબ્દુલ જબ્બાર કુરેશીની જુબાની મુજબ અલગ–અલગ જગ્યાઓએ મીટીંગો કરેલી, જેહાદી વાતો, તકરીરો, ગોધરાનો બદલો, સરકાર સામે વોર કરવી વિગેરે હકીકતો જણાવેલી છે તથા આરોપી નં.૧,૪,૫,૬,૮,૧૫,૧૮, ૨૩, ૨૭,૩૫, ૩૭ નાઓને ઓળખ પરેડ દરમ્યાન ઓળખેલા તથા આરોપી નં.૩૦,૪૩, ૪૪, ૪૬, ૪૭, ૪૮,૪૯,૭૨નાઓને જુબાની દરમ્યાન ઓળખેલા.
- સાહેદ નં.૧૧૧૭ આશીફ ઉસ્માન શેખની જુબાની મુજબ મીટીંગોમા હાજરી તથા આરોપી નં.૩ અને ૩૭ ને ઓળખેલા.
- સાહેદ નં.૧૧૫૧ ઐયાઝ હુસેન સીદ્દીકીની જુબાની મુજબ યાકુબ મેમણને ત્યાં મીટીંગ તથા આરોપી નં.૪,૫,૬,૮,૧૨,૭૫ નાઓને જુબાની દરમ્યાન ઓખળેલા.
- સાહેદ નં.૧૧૪૧ ઐયાઝ રજાકમીયા સૈયદની જુબાની મુજબ અલગ અલગ જગ્યાઓએ મીટીંગો, ઈસ્લામની સ્થાપના કરવી, જેહાદો કરવી, યાકુબ મેમણના ઘરે પ્રોગ્રામ કરેલો, ગોધરાનો બદલો વિગેરે ભાષણો થયેલાનું જણાવે છે તથા આરોપી નં.૪,૬,૧૧,૧૨,૧૫, ૨૭,૩૭, ૫૦, ૬૦ ને જુબાની દરમ્યાન ઓળખેલા.
- આરોપી નં.૨ ઈમરાન ઈબ્રાહીમ શેખનું કબૂલાત નિવેદન આંક–૮૬૧૯ મુજબ સીમી ઉપર પ્રતિબંધ હોવા છતાં ચોરી છુપીથી થતા કાર્યક્રમો, જેહાદી ભાષણો, બોમ્બ બનાવવાની તાલીમ, કેરાલા ખાતે કેમ્પ, પાવાગઢ ખાતે કેમ્પ વિગેરે તથા આરોપી નં.૧,૩,૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦,૧૧,૧૨,૧૩,૧૪,૧૫,૧૬,૧૮,૧૯,૨૬, ૨૭, ૩૫,૩૭,૫૭,૫૯, ૭૨, ૭૫નાઓ વિશે હકીકત જણાવી.

- આરોપી નં.૩૫ રફીયુદીન સરફુદીન કાપડીયાનું કબૂલાત નિવેદન આંક–૮૬૩૧ મુજબ કયામુદ્દિન તથા ઉસ્માન સીમીના કાર્યકરો છે, ૨૦૦૭ મા કેરાલામાં કેમ્પ, જાન્યુઆરી–૨૦૦૮ મા પાવાગઢમાં કેમ્પ વિગેરે તથા આરોપી નં.૧,૨,૩,૪,૬, ૭, ૮, ૯, ૧૦, ૧૨,૧૪, ૧૬, ૨૦, ૨૧, ૨૨, ૩૭, ૫૯, ૬૬, ૭૪, ૭૫, ૭૮નાઓ વિશે હકીકત જણાવી(પરંતુ કબૂલાત નિવેદન સોગંદ ઉપર લીધેલુ હોવાથી ધ્યાને લીધેલ નથી.)
- આરોપી નં.૭૬ મંજર ઈમામ ઉર્ફે આલમ ઉર્ફે જમીલ અલી ઈમામનું કબૂલાત નિવેદન આંક–૯૦૨૧ મુજબ જંગલોમાં તાલીમ, એરગનની તાલીમ, તરવાની તાલીમ, દાનીશ રીયાઝ સાથે પ્રોગ્રામ વિગેરે તેમજ આરોપી નં.૧૦,૧૧,૧૨,૧૫,૨૭,૬૦,૭૩ નાઓ વિશે હકીકત જણાવી.
- આરોપી નં.૨૧ મહેંદીહસન ઉર્ફે વીકી અબ્દુલ હમીદ અકબરખા અન્સારીનું કબૂલાત નિવેદન આંક–૮૬૨૩ મુજબ કેરાલા ખાતે કેમ્પ, પાવાગઢ ખાતે કેમ્પ, તકરીર, બદલો લેવો, માસ કીલીંગ, જેહાદી ભાષણો વિગેરે તથા આરોપી નં.૧,૬,૭,૧૦,૧૨,૧૪, ૨૦,૨૧,૨૨,૫૯ નાઓ વિશે હકીકત જણાવી.
- સાહેદ નં.૯૩૪ કુલદિપસિંહ દશરથસિંહ પરમારની હાજરીમાં આરોપી નં.૧૬ ના મકાનમાંથી સીમીના મોબાઈલ નંબર અને નીચે પાકિસ્તાન લખેલો કાગળ કબજે કરેલો.
- સાહેદ નં.૯૪૧ આશીફ ઈકબાલ બોડાવાલાની ટાટા સુમો ગાડી લઈ આરોપી નં.૨ સીમીના કાર્યકરોને લઈ પાવાગઢ કેમ્પમાં ગયેલો.
- સાહેદ નં.૧૦૮૧ આણંદ દાઉલાલ શ્રીવાસ્તવની હાજરીમાં આરોપી નં.૭૮ નાઓએ દરિયાપુરમાં સીમીની મીટીંગ થયેલી તે જગ્યા બતાવેલી.
- સાહેદ નં.૧૧૪૨ મહમદ ઈસ્મલામુદ્દીન ખલીલુ રહેમાન શેખની હાજરીમાં મસ્જિદના કુવામાંથી સીમીને લગતુ સાહિત્ય કબજે કરેલુ.
- સાહદે નં.૧૧૫૦ પ્રશાંત જગદીશકુમાર ટંડનની ઈન્ડિયા ટીવીની ઑફિસમાં કરવામાં આવેલ ઈ–મેઈલ બાબતે જણાવે છે.

- સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારીએ સીમી સંસ્થા ઉપર પ્રતિબંધ સબંધે ફોરવર્ડીંગ પત્ર સાથે જાહેરનામું આંક–૮૩૦૧ થી રજૂ કરેલુ.
- સાહેદ નં.૧૦૯૭ મહેતાબ ઈબ્રાહીમ શેખે આરોપી નં.૩૭ નાઓએ મકાન ભાડે રાખેલુ તે અંગેની હકીકત જણાવેલી.

સ્પેશિયલ સરકારી વકીલશ્રી અમિત પટેલ સીમી સંગઠન બાબતેના ઉપર મુજબના પુરાવા પર આધાર રાખી દલીલ કરેલી છે કે "સીમી" સંગઠન ભારત સરકાર દ્વારા પ્રતિબંધીત સંગઠન જાહેર થયેલુ છે તેમ છતાં આ કામના આરોપીઓ પૈકી કેટલાંક આરોપીઓ ગુપ્ત રીતે આ સંગઠનમાં કાર્યરત હતા અને મીટીંગો કરતા હતા, મીટીંગોમાં જેહાદી ભાષણો, તકરીરો, ગોધરાનો બદલો, હિન્દુઓની હત્યા, ઈસ્લામની ભારતમાં સ્થાપના કરવી વિગેરે પ્રકારની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ થતી હતી.

મીટીંગો / કાવતરૂ / રાજય વિરૂધ્ધના ગુના વિશે...

- સાહેદ નં.૯૫૭ ઝાકીરહુસેન અબ્દુલ જબ્બાર કુરેશીની જુબાની, સાહેદ નં.૧૧૧૫ મહમદ ઉંમર ઉસ્માન મન્સુરીની જુબાની મુજબ આરોપી નં.૨,૭,૩૫,૩૭ મીટીંગોમાં હાજર અને તેમને ઓળખેલા.
- સાહેદ નં.૧૧૪૧ એયાઝ રજાકમીયા સૈયદની જુબાની, સાહેદ નં.૧૧૧૭ આશીફ ઉસ્માન શેખની જુબાનીમાં આરોપી નં.૩,૩૭ મીટીંગોમાં હાજર અને તેમને ઓળખેલા.
- સાહેદ નં.૧૧૩૧ મહમદ રફીકની જુબાનીમાં આરોપી નં.૩,૩૭ મીટીંગોમાં હાજર અને તેમને ઓળખેલા.
- આરોપી નં.૨ નું કબૂલાત નિવેદન આંક–૮૬૧૯.
- આરોપી નં.૨૧ નું કબૂલાત નિવેદન આંક–૮૬૨૩.
- આરોપી નં.૨૪ નું કબૂલાત નિવેદન આંક–૮૬૨૭.
- આરોપી નં.૩૫ નું કબૂલાત નિવેદન આંક–૮૬૩૧.
- આરોપી નં.૭૬ નું કબૂલાત નિવેદન આંક–૯૦૨૧.

- સાહેદ નં.૧૦૮૧ આનંદ દાઉલાલ શ્રીવાસ્તવની જુબાની મુજબ દરિયાપુરમાં સીમીની મીટીંગ.
- સાહેદ નં.૧૦૯૮ આશીફ ઈબ્રાહીમ વોરાની જુબાની મુજબ વાપી મુકામે હોટલમાં આરોપી કયામુદ્દિનનાઓએ, તૌકીરને રહેવાની વ્યવસ્થા કરેલી.
- સાહેદ નં.૧૦૯૭ મહેતાબ ઈબ્રાહીમ શેખની જુબાની મુજબ કયામુદ્દિને તૌકીરને મકાન ભાડે અપાવેલુ.
- સાહેદ નં.૧૧૨૧ ડૉ.સાદાબ રાજેભાઈ પાનવાલાની જુબાની મુજબ આરોપી નં.૩૭ નો મિત્ર.
- આરોપી નં.૧૧૫૧ રીયાઝહુસેન મહંદમહુસેન સીદ્દીકીની જુબાની.

સ્પેશિયલ સરકારી વકીલશ્રી અમિત પટેલ ઉપર મુજબના પુરાવા પર આધાર રાખી દલીલ કરેલ છે કે આરોપીઓએ બનાવો અંગે આયોજનો કરવા માટે મીટીંગો કરી કાવતરૂ કરેલુ તેમજ રાજય વિરૂધ્ધ ગુનો કરવા અંગે પણ આયોજનો કરેલા હતા.

વાઘમોન (કેરાલા) ના કેમ્પ વિશે...

- આરોપી નં.૨ નું કબૂલાત નિવેદન આંક–૮૬૧૯.
- આરોપી નં.૭૬ નું કબૂલાત નિવેદન આંક–૯૦૨૧.
- સાહેદ નં.૯૮૯ રાજુ ગોપીનાથન નાયરની જુબાની મુજબ કેરાલાના કેમ્પ દરમ્યાન આરોપીઓ શ્રીહરી ટુરીસ્ટ હોમમાં રોકાયેલાની હકીકત જણાવેલી.
- સાહેદ નં.૧૧૪૧ ઐયાઝ રજાકમીયા સૈયદની જુબાની.
- સાહેદ નં.૧૧૪૮ જોસેફ જોયસન એન.કે.કાસ્પરની જુબાની.

સ્પેશિયલ સરકારી વકીલશ્રી અમિત પટેલ ઉપર મુજબના પુરાવા પર આધાર રાખી દલીલ કરેલ છે કે આરોપીઓએ વાઘમોન (કેરાલા) મુકામે આતંકવાદી તાલીમનું આયોજન કરેલુ અને ત્યાં રોકાયેલા હતા.

હાલોલ–પાવાગઢના કેમ્પ વિશે...

- સાહેદ નં.૧૧૦૫ ઈદ્રીશ ગુલાબશા ફકીરની જુબાની.

- આરોપી નં.૨ નું કબૂલાત નિવેદન આંક–૮૬૨૧.
- આરોપી નં.૨૧ નું કબૂલાત નિવેદન આંક–૮૬૨૩.
- આરોપી નં.૩૫ નું કબૂલાત નિવેદન આંક–૮૬૩૧.
- સાહેદ નં.૧૧૧૭ આસીફ ઉસ્માન શેખની જુબાની.
- સાહેદ નં.૧૧૩૧ મહમદ રફીકની જુબાની.
- સાહેદ નં.૫૯૧ ગોપાલ રામચંદ્ર અડવાણીની હાજરીમાં આરોપી નં.૮ ના સગાએ મોટર સાઇકલ રજૂ કરેલી.
- સાહેદ નં.૬૧૭ હેમંતભાઈ કપુરચંદ ખંડેલવાલની હાજરીમાં સાહેદ નં.૯૪૦ નાશીર અમીનસાહેબ કુરેશીનાઓની ટાટા સુમો રજૂ થયેલી.
- સાહેદ નં.૫૯૨ દેવીસિંહ અમરસિંહ રાજપુતની હાજરીમાં આરોપી નં.૧ ના પિતાએ મોટર સાઇકલ રજૂ કરેલી.
- સાહેદ નં.૮૭૭ પ્રવિણ ઈશ્વરભાઈ રાજપુતની હાજરીમાં આરોપી નં.૨ નાઓએ પાવાગઢના જંગલોમાં આતંકવાદી તાલીમના કેમ્પવાળી જગ્યા બતાવેલી.
- સાહેદ નં.૯૪૦ નાશીર અમીનસાહેબ કુરેશીએ આરોપી નં.૨ ને રૂા.૨૦૦૦/– માં ટાટા સુમો ભાડે આપેલી.
- સાહેદ નં.૯૪૧ આશીફ ઈકબાલ બોડાવાલાનાઓએ આરોપી નં.૨ ને ટાટા સુમો ભાડે અપાવેલી.
- સાહેદ નં.૯૭૨ રામકાભાઈ દેવકરણ કેશરીયાએ આરોપી નં. ૧, ૨,૬,૮,૯,૧૦,૧૨ નાઓ તાલીમ લેતા હતા તે વખતે જોયેલા તથા ઓળખ પરેડ દરમ્યાન પણ ઓળખેલા જયારે અદાલતમાં આરોપી નં.૮,૧૨ ને જુબાની દરમ્યાન ઓળખેલા.
- સાહેદ નં.૯૮૧ પ્રવિણ હમીરભાઈ કટારીયાએ આરોપી નં.૭, ૮, ૯, ૧૨,૧૪,૧૬,૩૪ નાઓ તાલીમ લેતા હતા તે વખતે જોયેલા તથા ઓળખ પરેડ દરમ્યાન પણ ઓળખેલા જયારે અદાલતમાં આરોપી નં.૧૦,૧૨,

૧૩,૧૬,૩૧,૩૨,૩૫,૩૬,૪૫, ૫૪, ૬૧, ૬૨, ૭૫ ને જુબાની દરમ્યાન ઓળખેલા.

- સાહેદ નં.૧૦૬૭ અંબાલાલ વેચાતભાઈ બારીયાએ આરોપી નં.૧, ૨, ૬,૭,૮,૯,૧૦,૧૨,૧૪,૧૬,૧૭ નાઓ તાલીમ લેતા હતા તે વખતે જોયેલા તથા ઓળખ પરેડ દરમ્યાન પણ ઓળખેલા જયારે અદાલતમાં આરોપી નં.૧૨ ને જુબાની દરમ્યાન ઓળખેલા.
- સાહેદ નં.૯૪૨ મહમદયુનુસ સુલેમાન ચાવલવાલાની જુબાની મુજબ આરોપી નં.૭,૮,૩૭ નાઓ બમ્બુ ભાડે લઈ ગયેલા.
- સાહેદ નં.૯૦૪ દિપકકુમાર જીવણલાલ દલવાડીની હાજરીમાં આરોપી નં.૧ નાએ પાવાગઢમાં આતંકવાદી તાલીમ લીધેલી તે જગ્યા બતાવેલી.
- સાહદે નં.૧૦૩૯ લક્ષ્મણભાઈ પોપટભાઈ ભરવાડની હાજરીમાં આરોપી નં.૧૬નાએ પાવાગઢમાં આતંકવાદી તાલીમ લીધેલી તે જગ્યા બતાવેલી.
- સાહેદ નં.૯૦૦ હિમેશકુમાર પ્રવિણચંદ્ર મહેતાની હાજરીમાં આરોપી નં.૩૫ નાએ પાવાગઢમાં આતંકવાદી તાલીમ લીધેલી તે જગ્યા બતાવેલી.
- સાહેદ નં.૧૦૬૮ પ્રજ્ઞેશ ગોવિંદભાઈ રાજપુતની હાજરીમાં આરોપી નં.૬૬ નાએ પાવાગઢમાં આતંકવાદી તાલીમ લીધેલી તે જગ્યા બતાવેલી.
- સાહેદ નં.૯૧૪ મુકુંદ જીવણલાલ જાદવની હાજરીમાં આરોપી નં.૭૪ નાએ પાવાગઢમાં આતંકવાદી તાલીમ લીધેલી તે જગ્યા બતાવેલી.
- સાહેદ નં.૧૧૦૨ સંતોષસીંગ વિશ્રામસીંગ રાજપુતની હાજરીમાં આરોપી નં.૭૫ નાએ પાવાગઢમાં આતંકવાદી તાલીમ લીધેલી તે જગ્યા બતાવેલી.
- સાહેદ નં.૧૦૮૩ મહેન્દ્રભાઈ વિષ્ણુભાઈ પાટીલની હાજરીમાં આરોપી નં.૭૮ નાએ પાવાગઢમાં આતંકવાદી તાલીમ લીધેલી તે જગ્યા બતાવેલી.

સ્પેશિયલ સરકારી વકીલશ્રી અમિત પટેલ ઉપર મુજબના પુરાવા પર આધાર રાખી દલીલ કરેલ છે કે આરોપીઓએ હાલોલ–પાવાગઢના જંગલોમાં આતંકવાદી તાલીમનું આયોજન કરેલુ, તાલીમો લીધેલી અને ખુંદપીર દરગાહમાં રોકાયેલા હતા.

બચાવપક્ષ તરફથી વકીલશ્રી એમ.એમ.શેખ હાલોલ–પાવાગઢના જંગલોમાં લીધેલ તાલીમ બાબતે દલીલ કરતા જણાવે છે કે આરોપીઓ ઉપર આક્ષેપ એવો છે કે હાલોલ–પાવાગઢના જંગલોમાં આરોપીઓએ ટેન્ટ બાંધીને, પાઈપ બોમ્બ અને પેટ્રોલ પંપ બનાવવાનું શીખેલુ અને શીખવાડેલુ, એરગનથી કુગ્ગા ફોડવાની તાલીમ લીધેલી, ખુલ્લા મેદાનમાં ક્રાઉલીંગ કરેલુ, કવોરીથી ૨૦૦ ફુટ દુર તળાવમાં સ્વીમીંગની તાલીમ લીધેલી તથા જેહાદી ભાષણો કરેલા અને ખુંદપીરની દરગાહમાં રોકાયેલા. વધુમાં તેઓ દલીલ કરે છે કે સાહેદ નં.૧૦૬૭ અબાલુલાનું નિવેદન તા.૨૭.૮.૨૦૦૮નારોજ લીધેલુ છે, સાહેદ નં.૯૭૨ રામકાભાઈનું નિવેદન તા.૨૭.૮.૨૦૦૮ ના રોજ લીધેલુ છે, સાહેદ નં.૯૮૧ પ્રવિણભાઈનું નિવેદન તા.૨૭.૮.૨૦૦૮ ના રોજ લીધેલુ છે, સાહેદ નં.૧૧૨૧ સાદાબનું નિવેદન તા.૧૮.૮.૨૦૦૮ ના રોજ લીધેલુ છે, સાહેદ નં.૧૧૦૫ ઈદ્રીશ ફકીરનું નિવેદન પણ લીધેલુ છે. આ તમામ સાહેદોના નિવેદનોમાં ઘણા બધા વિરોધાભાસો છે. વધુમાં તેઓ દલીલ કરતા જણાવે છે કે પંચ સાહેદ નં.૯૦૪ દિપક દલવાડીને સાથે રાખી આરોપી નં.૧નાએ આ જગ્યાઓ બતાવેલી તેનુ પંચનામુ આંક–૬૪૭૯ વાળુ તા.૨૭.૮.૨૦૦૮ ના રોજ બનાવેલુ છે. આ પંચનામુ સૌપ્રથમ બનાવેલુ હતુ. ત્યારબાદ તપાસ કરનાર અધિકારીઓએ આરોપી નં.૧૬,૩૫,૬૬,૭૫,૭૮ વિગેરેનાઓને લઈને જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ પંચનામા બનાવેલા છે. પંચનામુ કર્યું ત્યારે ફોટોગ્રાફર સાથે રાખવામાં આવેલા પરંતુ તેઓને તપાસેલા નથી. પરંતુ મારા મત પ્રમાણે ફોટોગ્રાફરને તપાસવામાં આવેલા ન હોય તો તેનો અર્થ એવો નથી કે જુદા–જુદા આરોપીઓએ આ જગ્યાઓ બતાવેલી નથી અને પંચનામાની કાર્યવાહી કરવામાં આવેલી નથી. સાહેદ નં.૧૦૬૭, ૯૭૨, ૯૮૧, ૧૧૦૫ નાઓએ ઘણા આરોપીઓને ઓળખ પરેડ દરમ્યાન એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓ સમક્ષ ઓળખી બતાવેલા છે પરંતુ અદાલતમાં તે આરોપીઓને ઓળખી બતાવવામાં નિષ્ફળ ગયેલા છે. એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓએ કાયદાની જોગવાઈ પ્રમાણે ઓળખ પરેડ કરાવેલી નથી પરંતુ ઉપરોકત સાહેદોની જુબાની તથા

એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓની જુબાનીઓ ધ્યાને લઈએ તો એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સમક્ષ ઉપરોકત સાહેદોએ ઘણા આરોપીઓને ઓળખી બતાવેલા છે અને ઓળખ પરેડ નિયમ પ્રમાણે થયેલી છે તેવુ સ્પષ્ટપણે કહી શકાય તેમ છે. આ ઉપરાંત આરોપી નં.૨,૨૧,૭૬ ના કબૂલાત નિવેદનો ધ્યાને લેતા પણ હાલોલ–પાવાગઢ ખાતે આરોપીઓએ તાલીમ કેમ્પનું આયોજન કરેલુ હોવાનું સ્પષ્ટ બને છે. મેજિસ્ટ્રેટશ્રીઓએ આરોપીઓના જે કબૂલાત નિવેદનો નોંધાલા છે તે પણ ક્રિમીનલ મેન્યુઅલની જોગવાઈઓ પ્રમાણે નોંધેલા છે. અમુક અંશે અનિયમિતતા થયેલી છે તેનો અર્થ એવો નથી કે તમામ નિવેદનો ગેરકાયદેસર છે.

અલમહમદી સોસાયટી મકાન નં.૧૦ વિશે...

(બોમ્બ બનાવવામાં મકાનનો ઉપયોગ કરેલો, મકાનમાંથી બોમ્બ બનાવવાની સામગ્રી મળેલી)

- સાહેદ નં.૯૪૩ પુખરાજબાનુ અલમહમદી સોસાયટી મકાન નં.૧૦ ના માલિક અને કબજેદાર જેમને આરોપી નં.૩૭ ને મકાન ભાડે આપેલું અને સાહેદ નં.૫૮૯ ઈન્દ્રવીર ઝાલાની હાજરીમાં આરોપી નં.૩૭ ને ઓળખ પરેડ દરમ્યાન ઓળખી બતાવેલ.
- સાહેદ નં.૯૩૯ મહમદઅમીન શેખનાઓને આરોપી નં.૩૭ તથા ૨૭ નાઓએ મકાન ભાડે મળશે તેવું પુંછેલુ હતું.
- સાહેદ નં.૯૫૨ આરીફભાઇ સૈયદે આરોપી નં.૩૭નાને અલમહમદી સોસાયટીના માલિક પુખરાજબાનુ પાસે લઇ જવા માટે સાહેદ નં.૯૨૮ ઇબ્રાહિમભાઇને મોકલેલા. આ સાહેદ આરોપી નં.૨૭ ને સાહેદ નં.૫૮૯ ની રૂબરૂની ઓળખ પરેડમાં ઓળખી બતાવેલાં.
- સાહેદ નં.૯૨૮ મહમદ ઇબ્રાહિમ શેખ અલમહમદિ સોસાયટીમાં પાણી ચાલુ બંધ કરવાનુ કામ કરતા હતા તથા દલાલીનું કામ પણ કરતા હતા તેઓ આરોપી નં.૩૭ને સાહેદ નં.૯૫૨ આરીફ પાસે લઇ ગયેલા હતાં.

- સાહેદ નં.૯૩૩ શેખ મહમદ રશીદ શેખ આર.એમ. પાન પાર્લરના માલિક છે અને તેમની દુકાનેથી આરોપી નં.૩૮ આઇસ્ક્રીમ તથા પાણીના પાઉચ લઇ જતો હતો અને આરોપી નં.૩૮ને સાહેદ નં.૫૮૮લક્ષ્મણભાઇ પારગીની રૂબરૂમાં ઓળખ પરેડ દરમ્યાન ઓળખી બતાવેલ.
- સાહેદ નં.૧૦૦૪ મહમદકૌશર સૈયદનાઓને અલમહમદ સોસાયટીમાં આરોપી નં.૩૭ ઇલેકટ્રીકનું કામ કરવા લઇ ગયેલો અને મજૂરીના રૂા.૪૦ થી ૫૦ આ સાહેદને ચુકવેલા હતાં.
- સાહેદ નં.૯૫૩ બળદેવભાઇ પ્રજાપતિની હાજરીમાં આરોપી નં.૦૧નાઓએ સાહેદ નં.૧૧૫૪ તપાસ કરનાર અધિકારી સુ.શ્રી ઉષા રાડા તથા એફ.એસ.એલ. અધિકારી સાહેદ નં.૮૪૯ ગૌરીદત્ત દયાનિધી શર્માનાઓને અલમહમદી સોસાયટી મકાન નં.૧૦ બતાવેલું અને મકાનમાંથી આંક-૬૬૫૬ વાળા પંચનામાની વિગતે મળેલ મુદ્દામાલ પૈકી એક સીડી ઉપરથી ચાન્સ પ્રિન્ટ મળેલી અને તે ચાન્સ પ્રિન્ટ આરોપી નં.૩૮નાઓના હાથના અંગુઠાની છાપ સાથે મળતી આવેલી તે મુજબનો અભિપ્રાય સાહેદ નં.૯૫૮ અનિલભાઇ પ્રજાપતિએ આંક-૬૭૨૭ વાળો આપેલો.
- સાહેદ નં.૮૬૬ રમેશભાઇ શાહનાઓની હાજરીમાં સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડાનાઓને આરોપી નં.૩૬નાઓએ આંક-૬૦૬૨ ના પંચનામાની વિગતે અલમહમદી સોસાયટીવાળુ મકાન બતાવેલું.
- સાહેદ નં.૮૭૨ કર્ણવ પટેલનાઓની હાજરીમાં સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓને આરોપી નં.૩૭ નાઓએ આંક-૬૦૮૩ ના પંચનામાની વિગતે અલમહમદી સોસાયટીવાળુ મકાન બતાવેલું.
- સાહેદ નં.૮૬૫ કનુભાઇ ભીખાજીનાઓની હાજરીમાં સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓને આરોપી નં.૨૭નાઓએ આંક-૬૦૫૧ ના પંચનામાની વિગતે અલમહમદી સોસાયટીવાળુ મકાન બતાવેલું.

- સાહેદ નં.૮૩૪ મહેન્દ્રભાઈ રાવલનાઓની હાજરીમાં સાહેદ નં.૧૧૫૩ આર.વી. અસારીનાઓને આરોપી નં.૩૭નાઓએ આંક–૫૬૨૮ ના પંચનામાની વિગતે અલમહમદી સોસાયટીવાળુ મકાન બતાવેલું.
- સાહેદ નં.૧૧૧૧ સતિષ પૌવનીકરનાઓની હાજરીમાં સાહેદ નં. ૧૧૬૩ મયુર ચાવડાનાઓને આરોપી નં.૪૭નાઓએ આંક–૭૯૫૦ ના પંચનામાની વિગતે અલમહમદી સોસાયટીવાળુ મકાન બતાવેલું.
- સાહેદ નં.૮૬૯ નિતેષ વૈશ્યનાઓની હાજરીમાં સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓને આરોપી નં.૩૮નાઓએ આંક–૬૦૭૦ ના પંચનામાની વિગતે અલમહમદી સોસાયટીવાળુ મકાન બતાવેલું.
- સાહેદ નં.૮૨૫ ભરતકુમાર પરમારનાઓની હાજરીમાં સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડાનાઓને આરોપી નં.૫૦નાઓએ આંક–૫૫૪૯ ના પંચનામાની વિગતે અલમહમદી સોસાયટીવાળુ મકાન બતાવેલું.
- સાહેદ નં.૮૪૨ હરીષ પુરસાનીનાઓની હાજરીમાં સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓને આરોપી નં.૩૮નાઓએ આંક–૫૭૯૪ ના પંચનામાની વિગતે અલમહમદી સોસાયટીવાળુ મકાન બતાવેલું.
- અલમહમદી સોસાયટી મકાન નં.૧૦માંથી કબજે કરેલ વાસણોને સાહેદ નં.૯૩૮ મહમદ ફારૂક મેમણનાઓને સાહેદ નં.૮૨૩ ભાવીન ઓઝાની હાજરીમાં આંક–૫૫૩૮વાળા પંચનામાની વિગતે ઓળખી બતાવેલ.
- સાહેદ નં.૯૩૮ ફારૂક મેમણનાઓએ આરોપી નં.૦૮ને સાહેદ નં.૫૭૧ રમણભાઈ સેંધાની રૂબરૂની ઓળખ પરેડમા ઓળખી બતાવેલો.
- સાહેદ નં.૮૧૬ અતુલ શેઠનાઓની હાજરીમાં સાહેદ નં.૧૧૬૩ મયૂર ચાવડાનાઓને આરોપી નં.૨૭નાઓએ અલઅમન ફલેટ ખાતેથી ઓરીએન્ટ કંપનીનો ટેબલ ફેન રજૂ કરેલો. જે આંક–૫૪૮૫ ના પંચનામાની વિગતે કબજે કરેલો.

સ્પેશિયલ સરકારી વકીલશ્રી અમિત પટેલ અલમહમદી સોસાયટીનું મકાન નં.૧૦ આરોપી નં.૩૭ તથા અન્ય આરોપીઓએ ભાડે રાખેલુ અને તેમાં

બોમ્બ બનાવેલા હતા અને તે બોમ્બ મકાનમાંથી લઈને જુદા–જુદા આરોપીઓ અલગ–અલગ સાઇકલો ઉપર મુકીને અમદાવાદ શહેરમાં જુદી–જુદી જગ્યાઓ ઉપર સાઇકલો પાર્ક કરી બોમ્બ બ્લાસ્ટ કરેલા છે જે અંગેના ઉપર મુજબના પુરાવાથી ફરિયાદપક્ષે સાબીત કરેલ છે તેવી દલીલ કરેલ છે.

બચાવપક્ષ તરફથી વકીલશ્રી એમ.એમ.શેખ અલમહમદી સોસાયટી બાબતે દલીલ કરતા જણાવે છે કે, મકાન નં.૧૦ આરોપી નં.૩૭ નાઓએ જુલાઈ ૨૦૦૮ માં મકાનના માલીક સાહેદ નં.૯૪૩ પુખરાજબાનુ પાસેથી ભાડે રાખેલાનો આક્ષેપ છે પરંતુ આ સાહેદ નં.૯૪૩ પુખરાજબાનુ મકાનના માલીક છે તે અંગેનો કોઈ દસ્તાવેજી પુરાવો પોલીસ સૌપ્રથમ મકાન ઉપર આવી ત્યારે રજુ કરેલો ન હતો પરંતુ પાછળથી ત્રણેક માસ બાદ મકાનનું એગ્રીમેન્ટ કરાર ઉભો કરીને રજુ કરેલો છે. પરંતુ મારા મત પ્રમાણે સાહેદ નં.૯૪૩ ની જુબાની ધ્યાને લઈએ તો તેમને સોગંદ ઉપર જણાવેલુ છે કે આ મકાનના માલીક તેઓ પોતે છે જેથી દસ્તાવેજી પુરાવાની જરૂર નથી તેમ છતાં જે તે વખતે તેમની પાસે દસ્તાવેજી પુરાવો ન હતો પરંતુ સોસાયટીના ચેરમેન, સેક્રેટરી પાસેથી મેળવીને રજૂ કરેલો છે. એગ્રીમેન્ટ કરાર ઉપરની તારીખ બાબતે વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરે છે કે આ તારીખ ધ્યાને લેતા એગ્રીમેન્ટ કરાર ઉભો કરેલો છે. પરંતુ મારા મત પ્રમાણે આ કરાર ઉભો કરેલો નથી પરંતુ જે તારીખે આ એગ્રીમેન્ટ કરાર સાહેદ નં.૯૪૩ને આપ્યો તે દિવસેની તારીખ છે. એગ્રીમેન્ટ કર્યાની તારીખ નથી. વધુમાં વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે, સાહેદ નં.૯૨૮ ઈબ્રાહીમભાઈ દ્વારા ભાડે અપાવેલુ અને તેમના કહેવા પ્રમાણે તે અંગેનુ લખાણ કરેલુ પરંતુ તેવુ લખાણ રજૂ કરેલુ નથી. સાહેદ નં.૯૫૨ મહમદ આરીફની જુબાની તરફ ધ્યાન દોરી દલીલ કરેલ છે કે આ સાહેદના પુરાવા ઉપરથી પણ આરોપી નં.૩૭ નાઓએ મકાન ભાડે રાખેલાની હકીકત શંકાસ્પદ બને છે ચોકકસ કોને ભાડે આપેલુ તે અંગે ખુલાસો થતો નથી. સાહેદ પુખરાજબાનુનું નિવેદન સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડાનાઓએ લીધુ ત્યારે સાહેદે આરોપીનો સ્કેચ બનાવવા માટે કોઈ વર્ણન આપેલ નથી. આ સાહેદે જુબાની દરમ્યાન આરોપીને ઓળખી

બતાવેલો નથી. પરંતુ સમય ઘણો થયેલો હોવાથી સાહેદોએ આરોપીઓને જુબાની દરમ્યાન ઓળખેલા નથી તેનો અર્થ એવો નથી કે આરોપી નં.૩૭ તથા સહઆરોપીઓએ મકાન ભાડે રાખેલુ ન હતુ. મકાનના ઉપયોગ બાબતે દલીલ કરતા જણાવવામાં આવે છે કે મકાનમાંથી મળી આવેલા ગાદલા ઉપરના ડાઘના ટેસ્ટ કરાવવામાં આવેલા પરંતુ આરોપીની સંડોવણી થાય તેવો કોઈ પુરાવો મળી આવેલો નથી. ગાદલા ઉપર સીમેનના ડાઘાઓ હતા કે કેમ ? તે બાબતે સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડાનાઓ કહી શકે તેમ નથી. વધુમાં દલીલ કરતા જણાવે છે કે આ મકાનમાં બેસીને આરોપીઓએ બોમ્બ બનાવેલા હોય તેવો કોઈ પુરાવો મળેલો નથી. આજુબાજુના રહેવાસીઓએ આરોપીઓને મકાનમાં બોમ્બ બનાવતા જોયા હોય તેવો કોઈ પુરાવો મળી આવેલો નથી. મકાનમાંથી સ્ફોટક પદાર્થ, ડીટોનેટર વિગેરે ચીજવસ્તુઓ પણ મળી આવેલી નથી. પરંતુ મારા મત પ્રમાણે ફરિયાદપક્ષના ઉપરોકત પુરાવા ધ્યાને લેતા આરોપી નં.૩૭ તથા અન્ય સહઆરોપીઓએ આ મકાન ભાડે રાખેલુ છે, મકાનમાં બોમ્બ બનાવેલા છે, આજુબાજુના રહેવાસીઓએ આરોપીઓને બોમ્બ બનાવતા જોયા હોય તેવો પુરાવો નથી તે હકીકત સાચી છે પરંતુ આરોપીઓ મકાનમાં શું કરતા હોય, કેવી કામગીરી કરતા હોય તેની જાણ આજુબાજુના રહેવાસીઓને ન હોય. મકાન જુલાઈ–૨૦૦૮ મા ભાડે રાખેલુ હતુ અને બનાવો તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ બનેલા છે. આજુબાજુના રહેવાસીઓ માટે આરોપીઓ અજાણ્યા હતા જેથી સ્વાભાવિક છે કે પરિચય ન હોય અને તેના કારણે આરોપીઓ મકાનમાં શું કરે છે તેની માહિતી આજુબાજુમાં રહેવાવાળા લોકોને ન હોય. આ ઉપરાંત આરોપીઓએ બોમ્બ બનાવીને જુદી–જુદી જગ્યાઓ ઉપર મુકીને બ્લાસ્ટ કરવાના છે અને તેવો તેમનો ઈરાદો હતો જો આજુબાજુના રહેવાસીઓને ખબર પડી જાય તો પણ આરોપીઓનું આયોજન ખોટુ પડે તેના કારણે આજુબાજુના રહેવાસીઓને ખબર ન પડે તે રીતે કામગીરી કરતા હોય તે સ્વાભાવીક છે. સ્ફોટક પદાર્થ કે ડીટોનેટર મકાનમાંથી મળી આવેલા નથી તે હકીકત સાચી છે પરંતુ સ્ફોટક પદાર્થ, ડીટોનેટરનો ઉપયોગ કરીને બોમ્બ બનાવેલા અને બોમ્બનો ઉપયોગ પણ થઈ

ગયેલો હતો. ત્યારબાદ એક માસ પછી આ મકાનની જડતી કરેલી છે જેથી કરીને પણ સ્ફોટક પદાર્થ કે ડીટોનેટર મકાનમાં ન હોય.

ઉમરાવનગર વટવાવાળુ મકાન...

(બોમ્બ બનાવવામાં મકાનનો ઉપયોગ કરેલો, મકાનમાંથી બોમ્બ બનાવવાની સામગ્રી મળેલી)

- સાહેદ નં.૧૧૪૧ એયાઝ સૈયદનાઓની જુબાની મુજબ આરોપી નં.૩૭ તથા તૌકિરનાઓએ સાહેદ નં.૧૧૦૬ પાસેથી મકાન ભાડે રાખેલું.
- સાહેદ નં.૧૧૦૬ ફિરોઝ દિલાવર શેખનાઓની જુબાની મુજબ આરોપી નં.૩૭ નાઓને મકાન ભાડે આપેલું.
- સાહેદ નં.૮૯૮ બિપીન પટેલનાઓની હાજરીમાં સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓને આરોપી નં.૧૫નાઓએ આંક-૬૪૩૪ના પંચનામાની વિગતે વટવા, ઉમરાવનગરવાળુ મકાન બતાવેલું.
- સાહેદ નં.૮૭૨ કર્ણવ પટેલનાઓની હાજરીમાં સાહેદ નં.૧૦૭૦વિનય શુકલનાઓને આરોપી નં.૩૭નાઓએ વટવા, ઉમરાવનગરવાળુ મકાન બતાવેલું.
- સાહેદ નં.૯૨૯ રફિક અબદાલની માલિકની ગરીબનવાઝ હોટલ ઉપર આરોપીઓ જમવા જતા હતા તે પૈકી આરોપી નં.૧૫ને સાહેદ નં.૫૭૧ રમણાભાઇ સેંધાભાઇની રૂબરૂની ઓળખ પરેડમાં ઓળખી બતાવેલો.

સ્પેશીયલ સરકારી વકીલશ્રી અમિત પટેલ વટવા ખાતે આવેલ ઉમરાવનગર મકાન નં.૩ આરોપીએ ભાડે રાખ્યા બાબતે અને તેમાં આરોપીઓ રોકાયેલા અને બોમ્બ બનાવેલા તે બાબતેના ઉપર મુજબના પુરાવા પર આધાર રાખી દલીલ કરેલી છે કે આરોપીઓએ ભેગા મળી આ મકાનમાં રહેલા હતા અને બોમ્બ બનાવેલા હતા.

બચાવપક્ષ તરફથી વકીલશ્રી એમ.એમ.શેખ વટવા ખાતે આવેલ ઉમરાવનગર મકાન નં.૩ બાબતે દલીલ કરતા જણાવે છે કે આ મકાનના માલીક

સાહેદ નં.૧૧૦૬ ફિરોજ શેખના કહેવા પ્રમાણે આરોપી નં.૩૭ તથા તૌકીરને મકાન ભાડે આપેલુ અને મકાનમાંથી નટ–બોલ્ટ, છરા તથા પુઠ્ઠાનું કાર્ટુન તથા વાયરના ટુકડા કબજે કરેલા પરંતુ આ મુદ્દામાલ મકાન માલીકનો હતો આરોપીઓનો આ મુદ્દામાલ હતો તેવો કોઈ પુરાવો નથી. ફીરોજ શેખ મકાનના માલીક છે તે બતાવવાનો કોઈ દસ્તાવેજ રજૂ થયેલો નથી પરંતુ મારા મત પ્રમાણે ફિરોજ શેખ કહેતા હોય કે આ મકાન તેમની માલિકીનું હતુ તો અન્ય કોઈ પુરાવાની જરૂર રહેતી નથી. સાહેદ નં.૯૯૮ બિપિન પટેલની હાજરીમાં આ મકાનમાંથી કબજે કરેલ મુદ્દામાલનું પંચનામુ આંક–૬૪૩૩ થી બનાવેલુ છે. પરંતુ આ સાહેદની હાજરીમાં પોલીસે મકાન માલિકનું નિવેદન લીધેલુ નથી. પરંતુ મારા મત પ્રમાણે આ સાહેદની હાજરીમાં મકાન માલિકનું નિવેદન લીધુ ન હોય તો તેનો અર્થ એવો નથી કે મકાનમાંથી મુદ્દામાલ મળેલો નથી. સાહેદ ફિરોજ શેખ મેજિસ્ટ્રેટ રૂબરૂ પોતાની ઈચ્છાથી ગયેલા નથી તે તેણે કબૂલ કરેલુ છે તેવી દલીલ શ્રી એમ.એમ.શેખ કરે છે પરંતુ મારા મત પ્રમાણે સાહેદ ફિરોજ શેખનાઓએ મેજિસ્ટ્રેટ રૂબરૂ આરોપી નં.૩૭ ને ઓળખી બતાવેલો છે. સ્વૈચ્છાથી મેજિસ્ટ્રેટ પાસે ગયો છે કે નથી ગયો તે મહત્વનું નથી. વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા એમ પણ જણાવે છે કે મકાનમાંથી કબજે કરવામાં આવેલ મુદ્દામાલનો પૃથક્કરણ રીપોર્ટ આંક–૫૯૩૫ થી રજૂ કરેલો છે પરંતુ પૃથક્કરણના પરિણામમાં કોઈપણ પ્રકારના વિસ્ફોટક ઘટકો મળેલા નથી. વકીલશ્રી એમ.એમ. શેખની દલીલ સાથે હું સંમત છું કે મકાનમાંથી મળી આવેલ મુદ્દામાલ ઉપર કોઈ વિસ્ફોટક ઘટકો મળેલા નથી.

સીમા કોમ્યુનિકેશન, અમદાવાદ આરોપી નં.૦૧ની દુકાન...

- સાહેદ નં.૮૧૮ મનિષ બારોટની હાજરીમાં તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયાનાઓને આરોપી નં.૦૧નાઓએ આ જગ્યા એફ.એસ.એલ. અધિકારી સાહેદ નં.૮૩૦ અમૃતલાલ હિંગરાજીયા તથા સાહેદ નં.૮૪૯ ગૌરીદત્ત શર્માની હાજરીમાં બતાવેલું તથા ત્યાંથી મુદ્દામાલ કબજે કરેલો.

સ્પેશિયલ સરકારી વકીલશ્રી અમિત પટેલ ઉપર મુજબના પુરાવા પર આધાર રાખી દલીલ કરેલ છે કે સીમા કોમ્યુનિકેશન, અમદાવાદવાળી દુકાન આરોપી નં.૧ નાએ બતાવેલી અને દુકાનમાંથી છરા કબજે થયેલા છે. જે ઉપરોકત સાહેદોના પુરાવાથી સાબીત થાય છે.

અકમલ ફલેટ, વડોદરા આરોપી નં.૧૪નું મકાન...

- સાહેદ નં.૮૭૮ યોગેશ કાયસ્થની હાજરીમાં સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડા તથા સાહેદ નં.૮૩૦ અમૃતલાલ હિંગરાજીયાની હાજરીમાં આરોપી નં.૧૪ નાઓએ આંક-૬૨૮૩ વાળા પંચનામાની વિગતે મકાન બતાવેલું.

સ્પેશિયલ સરકારી વકીલશ્રી અમિત પટેલ ઉપર મુજબના પુરાવા પર આધાર રાખી દલીલ કરેલ છે કે આરોપી નં.૧૪ નાએ પોતાનો વડોદરા ખાતે આવેલ ફલેટ બતાવેલો જે ઉપરોકત સાહેદોના પુરાવાથી સાબીત થાય છે.

લુકમાન પાર્ક, ભરૂચ આરોપી નં.૧૪નું મકાન...

- સાહેદ નં.૮૯૪ હિતેષ પટેલની હાજરીમાં તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળિયા તથા સાહેદ નં.૮૩૦ અમૃતલાલ હિંગરાજીયાની હાજરીમાં આરોપી નં.૧૪નાઓએ આંક-૬૩૫૯ વાળા પંચનામાની વિગતે મકાન બતાવેલું.
- સાહેદ નં.૯૭૫ રીઝવાન શેખની હાજરીમાં સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓને આરોપી નં.૪૫નાઓએ આંક-૬૮૧૬ વાળા પંચનામાની વિગતે મકાન બતાવેલું.
- સાહેદ નં.૧૦૮૪ સૈઈદ હયાતનાઓની જુબાની મુજબ લુકમાન પાર્ક, ભરૂચવાળુ મકાન નં.૩૩ આરોપી નં.૧૪ને ભાડે આપેલાનું જણાવે છે.

સ્પેશિયલ સરકારી વકીલશ્રી અમિત પટેલ ઉપર મુજબના પુરાવા પર આધાર રાખી દલીલ કરેલ છે કે આરોપી નં.૧૪ નાએ ભરૂચ ખાતે લુકમાન પાર્કમાં મકાન ભાડે રાખેલુ જે હકીકત ઉપરોકત સાહેદોના પુરાવાથી સાબીત થાય છે.

શેરપુરા, ભરૂચવાળુ મકાન...

- સાહેદ નં.૯૧૭ પીન્કેશ દેસાઈની હાજરીમાં સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડા તથા સાહેદ નં.૮૩૦ અમૃતલાલ હિંગરાજીયાની હાજરીમાં આરોપી નં.૧૪નાઓએ આંક–૬૫૪૦ વાળા પંચનામાની વિગતે મકાન બતાવેલું.
- સાહેદ નં.૯૭૫ રીઝવાન શેખની હાજરીમાં સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓને આરોપી નં.૪૫નાઓએ આંક–૬૮૧૬ વાળા પંચનામાની વિગતે મકાન બતાવેલું.
- સાહેદ નં.૧૧૩૮ ગુલામહુસેન પઠાણ શેરપુરા, ભરૂચ ખાતેના મકાનના માલિક છે. તેમની જુબાની મુજબ આરોપી નં.૪૫ શેરપુરાવાળા મકાનમાં ભાડેથી રહેતા હતા તથા આ સાહેદે આરોપી નં.૪૩,૪૪ અને ૪૫નાઓને સાહેદ નં.૫૮૯ ઈન્દ્રવીર ઝાલા સમક્ષની ઓળખ પરેડમાં ઓળખી બતાવેલાં.

સ્પેશિયલ સરકારી વકીલશ્રી અમિત પટેલ ઉપર મુજબના પુરાવા પર આધાર રાખી દલીલ કરેલ છે કે આરોપીઓએ ભરૂચ ખાતે શેરપુરામાં મકાન ભાડે રાખેલુ જે હકીકત ઉપરોકત સાહેદોના પુરાવાથી સાબીત થાય છે.

બચાવપક્ષ તરફથી વકીલશ્રી કે.જી.શેખ શેરપુરા ભરુચ ખાતેના મકાન બાબતે દલીલ કરતા જણાવે છે કે આ મકાન આરોપીઓએ ભાડે રાખ્યાના ચોકકસ પુરાવા નથી. સાહેદ નં.૯૧૭ પીન્કેશ દેસાઈની હાજરીમાં આંક–૬૫૪૦ વાળુ પંચનામુ બનાવવામાં આવેલુ પરંતુ આરોપી કંઈ કહેવા અને બતાવવા માંગે છે તેવી હકીકત પંચ સાહેદ રુબરુ આરોપીએ જણાવેલી નથી. મકાનમાંથી મળેલો સામાન મકાન માલીકનો છે માટે આરોપીનો આ મકાન ઉપર કોઈ કબજો ન હતો. પરંતુ તેઓની આ દલીલ સાથે હું સંમત નથી કારણ કે આરોપીઓ આ મકાન બંધ કરીને ગયા પછી મકાન માલીકે આ મકાન ખોલેલુ ન હતુ અને ત્યારબાદ ૧૦–૧૫ દિવસ પછી પોલીસ આવેલી ત્યારે આ મકાન ખોલેલુ હતુ માટે મકાનમાં જે સામાન હતો તે આરોપીઓનો જ હતો.

અશોકા મ્યૂઝ, પુના ખાતેનું મકાન...

- સાહેદ નં.૯૬૫ અખ્તરમહમદ હનીફ મેમણની જુબાની મુજબ આરોપી નં.૫૧ અને ૩૨નાઓએ આ મકાન ભાડે રાખેલું. સાહેદ નં.૫૮૯ ઈન્દ્રવીર ઝાલા સમક્ષની ઓળખ પરેડમાં આરોપી નં.૩૨ને ઓળખી બતાવેલો છે.
- સાહેદ નં.૯૬૬ અશ્ફાક અહેમદ સૈયદની જુબાની મુજબ આરોપી નં.૫૧ અને ૩૨નાઓએ આ મકાન ભાડે રાખેલું અને આરોપી નં.૪૫નાઓને સાહેદ નં.૫૮૯ ઈન્દ્રવીર ઝાલા સમક્ષની ઓળખ પરેડમાં ઓળખી બતાવેલો છે.
- સાહેદ નં.૯૬૭ રૈઝા આદમ નબાતીયન આ મકાનના માલિક છે. આરોપી નં.૩૨ને સાહેદ નં.૫૮૯ ઈન્દ્રવીર ઝાલા સમક્ષની ઓળખ પરેડમાં ઓળખી બતાવેલા છે.

સ્પેશિયલ સરકારી વકીલશ્રી અમિત પટેલ ઉપર મુજબના પુરાવા પર આધાર રાખી દલીલ કરેલ છે કે આરોપીઓએ પુના ખાતે અશોકા મ્યૂઝમાં મકાન ભાડે રાખેલુ જે હકીકત ઉપરોકત સાહેદોના પુરાવાથી સાબીત થાય છે.

બાવામાનપુરા, વડોદરા ખાતે આરોપી નં.૦૭નું મકાન...

- સાહેદ નં.૮૮૯ સુરેશભાઈ ઓડ તથા એફ.એસ.એલ. અધિકારી પી.પી. દરજી તથા બી.સી. બાલાની તથા ફોટોગ્રાફર કે.ડી.શાહની હાજરીમાં આરોપીના મકાનમાંથી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ આંક–૬૩૩૫વાળા પંચનામાની વિગતે સીડી તથા ડી.વી.ડી કબજે કરેલી તેની ઉપર ચાન્સ પ્રિન્ટ ઉપસાવેલી.(આ ચાન્સ પ્રિન્ટ તપાસણી માટે મોકલેલી નથી.)
- સાહેદ નં.૮૭૯ કમલેશ ગોહિલ તથા સાહેદ નં.૮૩૫ હિતેશ ત્રિવેદીની હાજરીમાં સાહેદ નં.૧૦૭૭ એ.એફ.સીંધીએ આરોપી નં.૦૭ના ભાઈની ઘરની જડતી આંક–૬૨૯૦ વાળા પંચનામાની વિગતે કરેલું.
- સાહેદ નં.૮૮૬ શીવશંકર યાદવનાઓની હાજરીમાં તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયાએ આરોપી નં.૦૭ પાસેથી મળેલ મુદ્દામાલ આંક–૬૩૨૬ ના પંચનામાની વિગતે સીલ કરેલો.

સ્પેશિયલ સરકારી વકીલશ્રી અમિત પટેલ ઉપર મુજબના પુરાવા પર આધાર રાખી દલીલ કરેલ છે કે આરોપી નં.૭ નાએ વડોદરા ખાતે બાવામાનપુરાનું પોતાનું મકાન બતાવેલુ જે ઉપરોકત સાહેદોના પુરાવાથી સાબિત થાય છે.

આરોપી નં.૦૭ ના કાકાનું મકાન...

- સાહેદ નં.૮૯૫ પ્રકાશ તોલાણી તથા એફ.એસ.એલ. અધિકારી સાહેદ નં.૮૪૯ ગૌરીદત્ત શર્માની હાજરીમાં આરોપી નં.૦૭નાઓએ પોતાનુ મકાન બતાવેલું.

સ્પેશિયલ સરકારી વકીલશ્રી અમિત પટેલ ઉપર મુજબના પુરાવા પર આધાર રાખી દલીલ કરેલ છે કે આરોપી નં.૭ નાએ તેમના કાકાનું મકાન ઉપરોકત સાહેદોની હાજરીમાં બતાવેલુ જે ઉપરોકત પુરાવાથી સાબીત થાય છે.

તાઈવાડા, વડોદરા ખાતેનું આરોપી નં.૦૨નું મકાન...

- સાહેદ નં.૮૭૭ પ્રવિણભાઇ રાજપુતની હાજરીમાં સાહેદ નં.૧૦૭૦ વિનય શુકલનાઓને આરોપી નં.૦૨નાઓએ આંક–૬૨૭૮ વાળા પંચનામાની વિગતે મકાન બતાવેલું.

સ્પેશિયલ સરકારી વકીલશ્રી અમિત પટેલ ઉપર મુજબના પુરાવા પર આધાર રાખી દલીલ કરેલ છે કે આરોપી નં.૨ નાએ વડોદરા ખાતે તાઈવાડામાં પોતાનુ મકાન બતાવેલુ જે હકીકત ઉપરોકત સાહેદોના પુરાવાથી સાબીત થાય છે.

અજીતમીલ રો હાઉસ ખાતે આરોપી નં.૦૮નું મકાન...

- સાહેદ નં.૮૧૭ ચિરાગ વરસડાનાઓ તથા સાહેદ નં.૮૩૦ અમૃતલાલ હિંગરાજીયાની હાજરીમાં સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓને આરોપી નં.૦૮નાઓએ આંક–૫૪૮૮વાળા પંચનામાની વિગતે મકાન બતાવેલું.

સ્પેશિયલ સરકારી વકીલશ્રી અમિત પટેલ અજીતમીલ રો હાઉસ ખાતે આવેલ આરોપી નં.૮ ના મકાન બાબતેના ઉપર મુજબના પુરાવા પર આધાર રાખી દલીલ કરેલી છે કે આ આરોપી નં.૮ ના મકાનમાંથી પણ બોમ્બ બનાવવાની સામગ્રી મળી આવેલી હતી તે અંગે ઉપર મુજબના પુરાવા રજૂ કરેલા છે.

બચાવપક્ષ તરફથી વકીલશ્રી એમ.એમ.શેખ આરોપી નં.૮ ના મકાન બાબતે દલીલ કરતા જણાવે છે કે આ આરોપી રીમાન્ડ ઉપર હતો ત્યારે તા.૧૯.૮.૨૦૦૮ ના રોજ સાહેદ નં.૮૧૭ ની હાજરીમાં તેના ઘરની જડતી કરેલી અને તેમાંથી ઉર્દુમાં લખેલુ એક પુસ્તક, સેલોટેપના ગુચળાં, જુનો ટોવેલ, ત્રણ નંગ બોલ્ટ, ૩૬ નંગ છરા વિગેરે મળી આવેલા તે કબજે કરેલા છે. પરંતુ સાહેદ નં.૮૧૭ નાઓએ આરોપીને જુબાની દરમ્યાન અદાલતમાં ઓળખી બતાવેલો નથી. પરંતુ આ સાહેદની જુબાની ધ્યાને લેતા સાહેદ જણાવેલુ છે કે જે તે વખતે આરોપીની દાઢી એક–બે ઇંચ જેટલી હતી, આજે બતાવેલા કેટલાક આરોપીઓને ચશ્મા તથા ટોપી અને લાંબી દાઢી છે જેથી ઓળખી શકેલા નથી. મારા મત પ્રમાણે આરોપીને નહીં ઓળખવાનું કારણ વાજબી છે. વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે સાહેદ નં.૮૧૭ સિલેકટેડ પંચ છે પરંતુ આ તેમનો આક્ષેપ છે જે માની શકાય તેમ નથી. પંચો સિલેકટેડ પંચ છે કે નહી તથા સ્થાનિક વિસ્તારના પંચો કેમ લેવામાં આવેલા નથી તેની ચર્ચા કલમ–૨૭ના પંચનામાની વિગતના પેરામાં કરેલી છે. આંક–૫૪૮૮ ના પંચનામાની વિગતે જે મુદ્દામાલ કબજે કરેલો છે તે મુદ્દામાલ પૈકી સેલોટેપના ગુંચળા, બોલ્ટ અને છરા બોમ્બ બ્લાસ્ટવાળી જગ્યાઓ ઉપરથી પણ મળી આવેલા છે.

બાપુનગર ખાતે આરોપી નં.૨૫નું મકાન...

- સાહેદ નં.૮૨૧ ભીખાભાઇ ગઢવીનાઓની હાજરીમાં સાહેદ નં. ૧૧૬૩ મયુર ચાવડાનાઓને આરોપી નં.૨૫ નાઓએ આંક–૫૫૨૪ વાળા પંચનામાની વિગતે મકાન બતાવેલું તથા મકાનમાંથી ઉર્દૂ ભાષામાં લખેલા લેમીનેશનવાળા કાગળો આંક–૫૫૨૫ વાળા કબજે કરેલાં.

સ્પેશિયલ સરકારી વકીલશ્રી અમિત પટેલ ઉપર મુજબના પુરાવા પર આધાર રાખી દલીલ કરેલ છે કે આરોપી નં.૨૫ નાએ બાપુનગર ખાતે આવેલ પોતાનું મકાન બતાવેલુ જે હકીકત ઉપરોકત સાહેદોના પુરાવાથી સાબિત થાય છે.

જુદી–જુદી હોટલોમાં રોકાણના પુરાવા...

- સાહેદ નં.૯૬૯ સુનીલ રામેશ્વર અગ્રવાલ હોટલ કમલેશ્વર, પુનાના માલિક તેમણે હોટલ રજીસ્ટરની ઝેરોક્ષ રજૂ કરેલી છે.
- સાહેદ નં.૯૭૦ સતિષ મણીરામ પરદેશી હોટલ કમલેશ્વર, પુનાનું હોટલ રજીસ્ટર રજૂ કરેલું છે.
- સાહેદ નં.૫૯૯ જૈમીન રાણપુરાનાઓની હાજરીમાં સાહેદ નં.૯૭૦ સલીમ પરદેશીએ સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓ સમક્ષ હોટલ કમલેશ્વરનું રજીસ્ટર આંક–૩૨૨૩ વાળુ આંક–૩૨૨૨ ના પંચનામાની વિગતે કબજે કરેલું છે.
- આરોપી નં.૩૭ હોટલ કમલેશ્વર,પુના ખાતે રોકાયેલા અને તેના હસ્તાક્ષરના નમુના આંક–૬૪૨૯વાળા સાહેદ નં.૮૯૭ રવિ શાહની હાજરીમાં આંક–૬૪૩૦ના પંચનામાની વિગતે સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ મેળવેલાં અને આ હસ્તાક્ષરના નમૂનાનું પૃથક્કરણ કરનાર સાહેદ નં.૯૯૦ કૌશિકકુમાર વ્યાસનાઓ છે અને તેમના અભિપ્રાય આંક–૬૮૯૭ મુજબ હોટલ રજીસ્ટરની એન્ટ્રી આરોપી નં.૩૭ના હસ્તાક્ષરમાં છે.
- સાહેદ નં.૯૨૦ વિજયભાઇ મનજીભાઇ વાડેકર કાલુપુર જકકરીયા મસ્જિદ પાસે આવેલ પ્રિન્સ હોટલના રીસેપ્શનિસ્ટ છે અને અમીન શેખ તથા અફઝલ શેખ એન્ટ્રી નં.૧૩૨૬થી હોટલમાં રોકાયેલા છે.
- સાહેદ નં.૮૮૪ ઉમંગ ઠકકરનાઓની હાજરીમાં પ્રિન્સ હોટલના મેનેજર રાજેશનાઓએ તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયા સમક્ષ હોટલનું

રજીસ્ટર એન્ટ્રી નં.૧૩૨૬ વાળી આંક–૬૩૧૫ છે તે આંક–૬૩૧૬વાળા પંચનામાની વિગતે કબજે કરેલું.

- સાહેદ નં.૯૧૧ મુકેશભાઈ ઠાકોરનાઓની હાજરીમાં તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયાએ આરોપી નં.૬૯ના સહિના નમૂના આંક–૬૫૧૧વાળા આંક–૬૫૧૨ ના પંચનામાની વિગતે કબજે કરેલાં. આ નમૂનાનું પૃથક્કરણ કરનાર અધિકારી સાહેદ નં.૯૮૭ મનોહર તહેલીયાણીનાઓએ ચકાસેલાં. તેમના આંક–૬૮૬૫ અભિપ્રાય પ્રમાણે રજીસ્ટરમાં એન્ટ્રીવાળા હસ્તાક્ષર આરોપી નં.૬૯ના છે.
- સાહેદ નં.૯૮૯ રાજુ ગોપીનાથન નાયર શ્રી હરી ટુરીસ્ટ હોમ, માનાપટ્ટીપરમ, કેરળ ખાતેના મેનેજર છે અને તેમણે હોટલ રજીસ્ટરનું પાનુ રજૂ કરેલું.
- સાહેદ નં.૯૦૫ કલ્પેશ ગજજરનાઓની હાજરીમાં તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાએ આરોપી નં.૧૪ના સહિના નમૂના આંક–૬૪૮૭ વાળા આંક–૬૪૮૫ ના પંચનામાની વિગતે કબજે કરેલાં. આ નમૂનાનું પૃથક્કરણ કરનાર અધિકારી સાહેદ નં.૯૯૦ કૌશિક વ્યાસનાઓએ ચકાસેલાં. તેમના આંક–૬૮૮૮ ના અભિપ્રાય પ્રમાણે રજીસ્ટરમાં એન્ટ્રીવાળા હસ્તાક્ષર આરોપી નં.૧૪ના છે.
- સાહેદ નં.૯૪૪ ભાવિનકુમાર બારીયાનાઓ હોટલ હરીમંગલા ભરૂચ ખાતેના રીસેપ્શનીસ્ટ છે અને તેમણે હોટલ રજીસ્ટરનું પાનું રજૂ કરેલું છે.
- સાહેદ નં.૯૪૫ ઈરફાન દાઉવા હોટલ નર્મદા ભરૂચ ખાતે નોકરી કરતા હતા અને તેમણે હોટલ રજીસ્ટરનું પાનુ રજૂ કરેલું છે તથા સાહેદ નં.૫૭૫ કીર્તન પટેલ સમક્ષની ઓળખ પરેડમાં આરોપી નં.૪૫નાઓને ઓળખી બતાવેલો છે.
- સાહેદ નં.૯૪૬ ગુલામભાઈ પટેલ ભરૂચ ખાતે આવેલી હોટલ રેવનના માલિક છે અને તેમણે હોટલ રજીસ્ટરનું પાનુ રજૂ કરેલું છે અને સાહેદ

નં.૫૭૫ કીર્તન પટેલ સમક્ષની ઓળખ પરેડમાં આરોપી નં.૪૫નાઓને ઓળખી બતાવેલો છે.

- સાહેદ નં.૯૧૨ યોગેશ પંડ્યાનાઓની હાજરીમાં સાહેદ નં.૧૧૬૩નાઓએ હોટલ નર્મદા, હોટલ હરીમંગલા અને હોટલ રેવનના રજીસ્ટરના પાના આંક–૬૫૧૬,૬૫૧૭,૬૫૧૮વાળા આંક–૬૫૧૯ના પંચનામાની વિગતે કબજે કરેલા હતાં.
- સાહેદ નં.૯૧૩ રમેશભાઇ આહિરની હાજરીમાં સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ આંક–૬૫૨૫ વાળા આરોપી નં.૪૫ના હસ્તાક્ષરના નમૂના આંક–૬૫૨૬ ની વિગતે લીધેલાં. આ નમૂનાની ચકાસણી સાહેદ નં.૯૯૦ કૌશિકકુમાર વ્યાસનાઓએ કરેલી અને તેમના આંક–૬૮૯૩, ૬૮૯૪ અને ૬૮૯૫ ના અભિપ્રાય મુજબ રજીસ્ટરમાં કરેલી એન્ટ્રીવાળા હસ્તાક્ષરો આરોપી નં.૪૫ના છે.
- સાહેદ નં.૯૪૯ વલીભાઇ મન્સુરીની જુબાની મુજબ એક રફિકભાઇ નામના માણસનું મકાન ભાડે અપાવવા વડદલા ગામે લઇ ગયેલા હતાં. સાહેદ નં.૯૬૮ અર્જુનસિંહ પરીહારની હાજરીમાં હોટલ બાલાજી મુંબઇથી ગોવા જવાના રોડ ઉપર આવેલી તેના રજીસ્ટરનું પાનું આંક–૭૩૧૯વાળુ સાહેદ નં.૧૦૭૫ નાઓએ આંક–૭૩૧૮ વાળા પંચનામાની વિગતે કબજે કરેલું.
- સાહેદ નં.૧૦૫૭ માંગીલાલ ખત્રીનાઓ વલસાડ પાસે આવેલ હોટલ આશીર્વાદ એન્ડ ગેસ્ટ હાઉસના માલીક છે અને તેમણે હોટલ રજીસ્ટરના ઉતારાની ઝેરોક્ષ રજૂ કરેલી છે.
- સાહેદ નં.૧૦૯૮ આસીફ ઇબ્રાહિમ વોરાની જુબાની મુજબ આરોપી નં.૩૭ તથા તૌકિર તેમના ઘરે રોકાયેલાની હકીકત જણાવી છે.
- સાહેદ નં.૧૦૭૫ વિજયસિંહ જાડેજાનાઓએ આરોપી નં.૨૮,૬૯ અને ૭૦નાઓ પનવેલ ખાતે આવેલ શ્રી દત્ત હોટલમાં રોકાયેલા તે હોટલ રજીસ્ટરના પાના કબજે કરેલા હતાં.

સ્પેશિયલ સરકારી વકીલશ્રી અમિત પટેલ આ કામના આરોપીઓ બનાવોના સંદર્ભે જુદી–જુદી જગ્યાઓ ઉપર જુદી–જુદી હોટલોમાં રોકાયેલા તે બાબતેના ઉપર મુજબના પુરાવા પર આધાર રાખી દલીલ કરેલી છે કે આરોપીઓએ ભેગા મળી સુરત શહેરમાં બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા તથા અમદાવાદ શહેરમાં બોમ્બ બ્લાસ્ટ કરવા માટે જુદી–જુદી જગ્યાઓ ઉપર જુદી–જુદી હોટલોમાં ખોટા નામે એન્ટ્રીઓ કરી, ખોટા નામે રોકાયેલા હતા.

બચાવપક્ષ તરફથી વકીલશ્રી એલ.આર.પઠાણ હોટલોના રોકાણ બાબતે દલીલ કરતા જણાવે છે કે, હોટલોના માલીકોએ ધંધાના સામાન્ય ક્રમામાં હોટલના રજીસ્ટરો નિભાવેલા નથી અને હોટલના બુકસ ઓફ એકાઉન્ટ સુસંગત છે પરંતુ તે પણ નિયમ પ્રમાણે નિભાવેલા નથી. પરંતુ આ કામે હોટલોના રજીસ્ટરોના જે પાના રજૂ થયેલા છે તે ધ્યાને લેતા નિયમીત રીતે હોટલના રજીસ્ટરોમાં એન્ટ્રીઓ થયેલી છે. વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે એક જ હોટલનું આખુ રજીસ્ટર રજૂ કરવામાં આવેલુ છે અને બાકીની હોટલોના રજીસ્ટરોમાંથી પાના ફાડીને રજૂ કરવામાં આવેલા છે. પરંતુ તે હોટલોના સાહેદોએ સ્પષ્ટ જણાવેલુ છે કે હોટલોના રજીસ્ટરો ચાલુ હતા માટે પાના ફાડીને આપેલા છે. વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે તપાસ કરનાર અધિકારીઓએ હોટલના રજીસ્ટરના પાનાઓ સાથે ચેડા કરેલા છે. પરંતુ ઉપરોકત પુરાવો ધ્યાને લેતા આવી કોઈ હકીકત માલુમ પડતી નથી.

બચાવપક્ષ તરફથી વકીલશ્રી એમ.એમ.શેખ જુદી–જુદી હોટલોમાં આરોપીઓ રોકાયેલા તે બાબતે દલીલ કરતા જણાવે છે કે ફરિયાદપક્ષના આક્ષેપ પ્રમાણે હોટલ ઈન્ટરકોન્ટીનેન્ટલ વાપી ખાતે એક આરોપી તૌકીર તેની પત્ની સાથે તા.૧૯.૫.૨૦૦૮ ના રોજ રોકાયેલો અને સાહેદ નં.૧૦૯૮ આશીફ વોરાની જુબાની મુજબ આરોપી નં.૩૭ નાએ હોટલ રજીસ્ટરમાં સહી કરેલી. પરંતુ તે સાહેદે આરોપીને ઓળખી બતાવેલો નથી. હોટલ રજીસ્ટરના પાના નં.૧૭૪, ૧૭૫ ઉપર આ સાહેદની સહી નથી. પોલીસ આરોપીને લઈને આ સાહેદ પાસે

ગઈ ત્યારે મોઢા ઉપરથી બુરખો ઉતારેલો નથી પરંતુ એફ.એસ.એલ.નો પુરાવો ધ્યાને લેતા એન્ટ્રીના અક્ષરો આરોપી નં.૩૭ નો હોવાનું સ્પષ્ટ બને છે. હોટલ હરીમંગલા, હોટલ રેવન અને હોટલ નર્મદા બાબતે વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે હોટલ હરીમંગલામાં તા.૪.૭.૨૦૦૮ ના રોજની એક એન્ટ્રી એસ.કે.રફીકના નામની છે પરંતુ એસ.કે.રફીકને સાહેદ નં.૯૪૪ ભાવીનકુમારે ઓળખી બતાવેલો નથી. સાહેદ નં.૯૪૫ ઈરફાન દાઉવા હોટલ નર્મદા ઉપર રીસેપ્સનીસ્ટ તરીકે કામ કરતા હતા. સાહેદ નં.૯૪૬ ગુલામભાઈ પટેલ હોટલ રેવન ઉપર કામ કરતા હતા અને તેમને પોતાના હોટલોના રજીસ્ટરના પાનાઓ ફાડીને પોલીસને આપેલા છે. આખા રજીસ્ટર કબજે કરવામાં આવેલા નથી. પરંતુ ફરિયાદપક્ષનો ઉપરોકત પુરાવો ધ્યાને લેતા આરોપી નં.૪૫ આ હોટલોમાં રોકાયેલો છે તેવુ માલુમ પડે છે.

બોમ્બવાળી જગ્યાઓની રેકી...

- સાહેદ નં.૯૫૭ જાકિરહુસેન કુરેશીની જુબાની મુજબ બોમ્બવાળી જગ્યાની રેકી આરોપીઓએ કરેલાની હકીકત જણાવેલી છે.
- સાહેદ નં.૧૧૧૫ મહમદઉંમર ઉસ્માન મન્સુરીની જુબાની મુજબ બોમ્બવાળી જગ્યાની રેકી આરોપીઓએ કરેલાની હકીકત જણાવેલી છે.
- સાહેદ નં.૧૧૧૭ આસીફ ઉસ્માન શેખની જુબાની મુજબ બોમ્બવાળી જગ્યાની રેકી આરોપીઓએ કરેલાની હકીકત જણાવેલી છે.
- સાહેદ નં.૧૧૩૧ મોહમદરફીક ઉર્ફે બાબાની જુબાની મુજબ બોમ્બવાળી જગ્યાની રેકી આરોપીઓએ કરેલાની હકીકત જણાવેલી છે.
  (આ સાહેદની ઊલટતપાસ કરવામાં આવેલી નથી.)
- સાહેદ નં.૮૨૨ જીગ્નેશ પંચાલનાઓની હાજરીમાં આરોપી નં.૨૭ નાઓએ તપાસ કરનાર વી.આર.ટોળીયાને બોમ્બવાળી જગ્યાઓની રેકી કરેલી તે જગ્યા આંક–૫૫૩૪ ના પંચનામાની વિગતે બતાવેલી.

- સાહેદ નં.૮૭૩ શૈલેષભાઇ ડાભીનાઓની હાજરીમાં આરોપી નં.૩૮ના ઓએ સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓને બોમ્બવાળી જગ્યાઓની રેકી કરેલી તે જગ્યા આંક–૬૦૮૭ ના પંચનામાની વિગતે બતાવેલી.
- સાહેદ નં.૮૬૬ રમેશભાઇ શાહનાઓની હાજરીમાં આરોપી નં.૩૬નાઓએ સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડાનાઓને બોમ્બવાળી જગ્યાઓની રેકી કરેલી તે જગ્યા આંક–૬૦૬૨ ના પંચનામાની વિગતે બતાવેલી.
- સાહેદ નં.૮૬૫ કનુજી ભીખાજીનાઓની હાજરીમાં આરોપી નં.૨૭ના ઓએ સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓને બોમ્બવાળી જગ્યાઓની રેકી કરેલી તે જગ્યા આંક–૬૦૫૧ ના પંચનામાની વિગતે બતાવેલી.

સ્પેશિયલ સરકારી વકીલશ્રી અમિત પટેલ ઉપર મુજબના પુરાવા પર આધાર રાખી દલીલ કરેલ છે કે આરોપીઓએ અમદાવાદ ખાતે થયેલ બોમ્બ બ્લાસ્ટ પહેલા જુદી–જુદી જગ્યાઓ ઉપર રેકી કરેલી જે હકીકત ઉપરોકત સાહેદોના પુરાવાથી સાબીત થાય છે.

ઉપયોગમાં લીધેલ સાઇકલો તથા વાહનો...

- સાહેદ નં.૧૧૧૭ આસીફ ઉસ્માન શેખની જુબાની મુજબ બોમ્બ બ્લાસ્ટમાં સાઇકલોનો ઉપયોગ થયેલાની હકીકત જણાવેલી છે.
- સાહેદ નં.૧૧૦૫ ઇદ્રિશ ગુલાબશા ફકિરની જુબાની મુજબ આરોપીઓ હાલોલ–પાવાગઢ ખાતે ટાટા–સુમો તથા મોટર સાઇકલ લઇને તાલીમ કેમ્પમાં ગયેલાના હકીકત જણાવેલી છે.
- આરોપી નં.૦૨ ઇમરાન શેખ તથા આરોપી નં.૨૧ મહેંદિ હસનના ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ના કબૂલાત નિવેદનો મુજબ હાલોલ–પાવાગઢ ખાતે ટાટા સુમો તથા મોટર સાઇકલ લઇને કેમ્પમાં ગયેલાની હકીકત જણાવી છે.
- સાહેદ નં.૪૮૨ શંકરસિંહ ગોહિલની હાજરીમાં જયોતિ મોબાઇલની દુકાન સામે થયેલ બોમ્બ બ્લાસ્ટવાળી સાઇકલને લાગેલા લોકની ઓળખ

વિધીનું પંચનામું આંક–૨૮૯૪ વાળુ સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડાનાઓએ બનાવેલું.

- સાહેદ નં.૪૮૩ અબ્દુલ લતીફ શેખનાઓની હાજરીમાં સાઇકલ વેચાણ અંગેની એક ગુલાબી કલરની બિલબુક આંક–૨૮૯૮ વાળી આંક–૨૮૯૯ ના પંચનામાની વિગતે કબજે કરેલી.
- સાહેદ નં.૪૮૪ અહેજાજ સૈયદની હાજરીમાં સાહેદ નં.૪૮૭ મહમદ ફારૂક મહમદશેખનાઓએ તેમની દુકાનનું સાઇકલ રજીસ્ટર આંક–૨૯૦૨ તથા આંક–૨૯૦૩ વાળુ રજૂ કરેલું જે સાહેદ નં.૧૦૭૬ એ.વી. ગખ્ખરનાઓએ આંક–૨૯૦૧ ના પંચનામાની વિગતે કબજે કરેલ.
- સાહેદ નં.૪૮૭ મહમદફારૂક મહમદહનીફ શેખનાઓએ તેમની દુકાનનું સાઇકલ ભાડે આપવાના રજીસ્ટરની નોંધ આંક–૨૯૦૯ થી રજૂ કરેલી છે. આ દુકાનવાળી જગ્યા આરોપી નં.૨૭ તથા ૩૬નાઓએ તેઓની અટક થયા પછી આંક–૬૦૫૧ તથા આંક–૬૦૨૪ ના પંચનામાની વિગતે જગ્યાઓ બતાવેલી હતી.
- સાહેદ નં.૪૮૮ મુનાવર હુસેનનાઓએ સાહેદ નં.૪૮૭ મહમદ ફારૂક શેખ પાસેથી ૧૦ સાઇકલ ખરીદેલી તે પૈકીની એક સાઇકલ ઓળખી બતાવેલી.
- સાહેદ નં.૪૮૯ શાબીરહુસેન શેખનાઓએ સાહેદ નં.૪૮૭ મહમદ ફારૂક શેખ પાસેથી ૧૦ સાઇકલ ખરીદેલી તે પૈકીની એક સાઇકલ ઓળખી બતાવેલી.
- સાહેદ નં.૫૩૨ એૈયુબ મુસાભાઇ શેખનાઓની હાજરીમાં સાહેદ નં.૪૮૯ શાબીરહુસેન શેખનાઓ પાસેથી સાહેદ નં.૧૦૭૬ એ.વી. ગખ્ખરનાઓએ સાઇકલનું રજીસ્ટર કબજે કરેલું.
- સાહેદ નં.૮૨૪ સંજયકુમાર ધામેચાની હાજરીમાં આરોપી નં.૨૭નાઓએ તેના મકાનની દિવાલને અડીને મુકેલી સાઇકલો બતાવેલી જે તપાસ

કરનાર અધિકારી વી.આર. ટોળિયાએ આંક–૫૫૪૫ ના પંચનામાની વિગતે કબજે કરેલી.

- સાહેદ નં.૮૨૬ રફિકભાઇનાઓએ ગોમતીપુર જનતા સાઇકલ રીપેરીંગની દુકાનનુ રજીસ્ટર રજૂ કરેલું છે.
- સાહેદ નં.૮૨૯ એયુબ હુસેન શેખનાઓની જુબાની મુજબ આરોપી નં.૨૭ને સાઇકલ વેચેલી તેમ જણાવે છે.
- સાહેદ નં.૮૩૩ ઉર્મિત કાયસ્થની હાજરીમાં આરોપી નં.૨૭નાઓએ જે જગ્યાએથી સાઇકલ લીધેલી તે જગ્યા હાથીખાઇ સરકારી દવાખાનુ, ડી/૨૫, સલીમ પેઇન્ટરની દિવાલવાળી જગ્યા બતાવેલી તે જગ્યાનું પંચનામું શ્રી વી.આર.ટોળીયાએ આંક–૫૬૨૨ વાળુ બનાવેલું.
- સાહેદ નં.૮૬૭ રાજુભાઇ ભરવાડનાઓની હાજરીમાં આરોપી નં.૨૭ના ઓએ જે દુકાનેથી સાઇકલ લીધેલી તે સાઇકલવાળી દુકાનની જગ્યા બતાવતુ પંચનામુ સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ આંક–૬૦૬૪ વાળુ બનાવેલું.
- સાહેદ નં.૮૬૮ રાકેશ કાંતિલાલનાઓની હાજરીમાં આરોપી નં.૨૭ના ઓએ ગોમતીપુર સુથારવાડા ચાલી જે મકાનમાંથી સાઇકલ લીધેલી તે મકાનવાળી જગ્યા બતાવતુ પંચનામું સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ આંક–૬૦૬૮ વાળુ બનાવેલું.
- સાહેદ નં.૧૦૩૬ ખુરશીદ અહેમદ કુરેશીનાઓની દુકાનેથી આરોપી નં.૨૭નાઓએ સાઇકલ લીધેલી તે જગ્યા બતાવેલાનું જણાવે છે.
- સાહેદ નં.૯૫૦ મહમદરફિક અન્સારીનાઓની જુબાની મુજબ આરોપી નં.૩૭નાઓએ આ સાહેદ પાસે સાઇકલ રીપેરીંગ કરાવેલી અને આ સાહેદે સાહેદ નં.૫૮૮ લક્ષ્મણ પારગી સમક્ષની ઓળખ પરેડમાં આરોપી નં.૩૭ નાઓને ઓળખી બતાવેલો.

- સાહેદ નં.૯૫૫ અલ્લારખા સત્તારભાઈ સીંધીની જુબાની મુજબ આરોપી નં.૨૭ તેમની દુકાનેથી જૂની સાઇકલ હિરો કંપનીની જેનું ગવંડર હરક્યુલસ કંપનીનું હતુ તે લઇ ગયેલો.
- સાહેદ નં.૧૦૩૫ અબ્દુલરહિમ ગુલામ મન્સુરીનાઓની જુબાની મુજબ આરોપી નં.૨૭ જે જે જગ્યાઓએથી સાઇકલ ખરીદેલી તે જગ્યાઓ બતાવેલી અને તે જગ્યા પૈકી આ સાહેદની દુકાનવાળી જગ્યા બતાવેલાનું જણાવે છે.

સ્પેશિયલ સરકારી વકીલશ્રી અમિત પટેલે બોમ્બ બ્લાસ્ટ માટે ઉપયોગમાં લીધેલી સાઇકલો બાબતેના ઉપર મુજબના પુરાવા પર આધાર રાખી દલીલ કરેલી છે કે, આરોપીઓએ ભેગા મળી અમદાવાદ શહેરમાં બોમ્બ બ્લાસ્ટ કરવા માટે બોમ્બવાળી સાઇકલોનો ઉપયોગ કરેલો છે. તે સાઇકલો ખરીદ કર્યા અંગેના પુરાવા છે.

બચાવપક્ષ તરફથી વકીલશ્રી એમ .એમ.શેખ સાઇકલો બાબતે દલીલ કરતા જણાવે છે કે આંક–૬૦૬૮, ૬૦૬૪, ૫૫૪૫ વાળા પંચનામાઓ ધ્યાને લેતા તપાસ કરનાર અધિકારીએ ૧૦ દુકાનો પૈકી કોઈ પણ દુકાનના માલીક પાસેથી સાઇકલો ખરીદી તે બાબતેના વેચાણ બીલો કે દસ્તાવેજો કબજે કરેલા નથી. પરંતુ ફરિયાદપક્ષનો સાઇકલો બાબતેનો ઉપરોકત પુરાવો ધ્યાને લઈએ તો અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં જે સાઇકલોનો ઉપયોગ થયેલો છે તે તમામ જુની સાઇકલો છે અને સામાન્ય રીતે જુની સાઇકલોના ખરીદ વેચાણના કોઈ બીલ કે દસ્તાવેજો હોતા નથી. જૂની સાઇકલ ખરીદનાર બીલ માંગતા હોતા નથી અને સાઇકલ વેચનાર બીલ આપતા હોતા નથી. જેથી આ સાઇકલોની ખરીદ વેચાણના બીલો ન હોય તે સ્વાભાવિક છે અને આ બીલો નથી તેનો અર્થ એવો નથી કે બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં સાઇકલોનો ઉપયોગ થયેલો નથી. વધુમાં ફરિયાદપક્ષનો ઉપરોકત પુરાવો ધ્યાને લઈએ તો જે આરોપીએ જે જગ્યાએથી અને જેની પાસેથી સાઇકલો ખરીદેલી છે તે જગ્યાઓ આરોપીઓએ બતાવેલી છે અને તેના પંચનામા પણ બનાવવામાં

આવેલા છે. જે દુકાનદારો પાસેથી સાઇકલો ખરીદેલી છે તે દુકાનદારો સાહેદ નં.૮૨૯ એયુબભાઈ શેખ, સાહેદ નં.૮૨૬ રફીક અન્સારી, સાહેદ નં.૯૫૫ અલ્લારખા સંધી, સાહેદ નં.૧૦૩૫ અબ્દુલ રહીમ મન્સુરી, સાહેદ નં.૧૦૩૬ ખુરસીદભાઈ કુરેસીનાઓને ફરિયાદપક્ષ દ્વારા ઉપર મુજબની વિગતે તપાસેલા છે. દુકાનદારોએ આરોપીઓને ઓળખી બતાવેલા નથી કારણ કે બનાવને ઘણો સમય થઈ ગયેલો છે તથા કેટલાક આરોપીઓ દાઢીવાળા છે, કેટલાક દાઢીવાળા છે માટે સાહેદોએ સાઇકલો લઈ જનાર આરોપીઓને ઓળખેલા નથી. મારા મત પ્રમાણે સાહેદોએ આરોપીઓને નહીં ઓળખવાના જે કારણો આપેલા છે તે યોગ્ય છે. વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે, સુરત બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં કોઈ સાઇકલોનો ઉપયોગ થયેલો નથી તે હકીકત સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર કબૂલ કરે છે. વકીલશ્રી એમ.એમ.શેખની દલીલ સાથે હું સંમત છું કે સુરત બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સાઇકલોનો ઉપયોગ થયેલો નથી પરંતુ અમદાવાદના બનાવોમાં સાઇકલોનો ઉપયોગ થયેલો છે. વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે સુરત શહેરમાં બે મારૂતિ ગાડી તથા અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં બે મારૂતિ ગાડીઓનો ઉપયોગ થયેલો છે તેવો ફરિયાદપક્ષનો આક્ષેપ છે. આ ગાડીઓના માલીક સાહેદ નં.૧૦૪૫ નીતાબેન માધવ, સાહેદ નં.૧૦૪૬ પ્રદિપ વેલ્હાલ, સાહેદ નં.૯૮૦ વિશ્વનાથ વાઘમારેને તપાસવામાં આવેલા છે. ચોથી ગાડીના માલીકને તપાસવામાં આવેલા નથી. આ સાહેદોની જુબાની મુજબ તેઓની ગાડીઓ ચોરાઈ ગયેલી હતી તેની ફરિયાદો નોંધાવેલી. તે ફરિયાદોની નકલો તથા ગાડીના કાગળો રજૂ કરેલા છે. પરંતુ તેથી કરીને આ ગાડીઓ આરોપીઓએ ચોરી કરી છે તે પુરવાર થતુ નથી. આ ગાડીઓ મુંબઈ થી સુરત, વડોદરા અને અમદાવાદ કોણ લઈ આવેલુ તે હકીકત પણ સાબીત તથી નથી. પરંતુ ફરિયાદપક્ષનો ઉપરોકત પુરાવો ધ્યાને લેતા આ ગાડીઓ મુંબઈથી ચોરી થઈને સુરત, વડોદરા અને વડોદરાથી એકસપ્રેસ હાઈવે દ્વારા અમદાવાદ આવેલી છે. તે અંગે સાહેદ નં.૮૦૨ કમલેશ વસંતને ફરિયાદપક્ષે તપાસેલા છે. ટોલ પ્લાઝા

ઉપરના સી.સી.ટી.વી કેમેરાની ફુટેજ રજૂ થયેલી નથી. પરંતુ બનાવ બાદ ઘણા સમય પછી માહિતી મળેલી હોવાથી તપાસ કરનાર અધિકારીને ટોલ નાકા ઉપરથી સી.સી.ટી.વી ફુટેજ મળેલા નથી. પરંતુ સાહેદ નં.૮૦૨ એ રજૂ કરેલ દસ્તાવેજો ધ્યાને લેતા બે ગાડી એકસપ્રેસ હાઈવે દ્વારા અમદાવાદમાં આવેલી છે.

સિવિલ હોસ્પિટલ શાહિબાગમાં મુકેલ વેગનઆર ગાડી...

- સાહેદ નં.૯૮૦ વિશ્વનાથ વાઘમારેનાઓ વેગનઆર કાર નં.MH-06-AF-9719 ના માલિક છે. તેમની ગાડી ચોરી થયાની ફરિયાદ તથા ગાડીના દસ્તાવેજો રજૂ કરેલા છે.
- સાહેદ નં.૯૭૬ શોએબ શેખની હાજરીમાં આરોપી નં.૬૯, ૭૦નાઓએ ગોવંડી, મુંબઇ ખાતે ચોરી કરેલી ગાડી પાર્ક કરેલી તે જગ્યા બતાવેલી જેનું પંચનામું આંક-૬૮૧૯ વાળુ સાહેદ નં.૧૦૮૯ પી.જી.વાઘેલાએ બનાવેલું છે.
- સાહેદ નં.૯૪૭ હમીદભાઇ ઉંમરભાઇ મેમણનાઓના પેટ્રોલપંપ ઉપરથી આરોપી નં.૪પનાઓએ રૂા.૩૦૦નું પેટ્રોલ ભરાવેલું તેના બિલની કોપી રજૂ કરેલી છે.
- સાહેદ નં.૯૪૮ ઇરફાન શેખનાઓની જુબાની મુજબ દહેજ બાયપાસ ભરૂચ ખાતે તેમનુ ગેરેજ છે અને ગેરેજ ઉપર આરોપી નં.૪પનાઓએ ગેસ કિટ રીપેર કરાવેલી.
- સાહેદ નં.૮૦૨ કમલેશ રમણીકલાલ વસંતનાઓએ અમદાવાદ, વડોદરા એકસપ્રેસ હાઇ વે ઉપરથી ફોર વ્હિલર ગાડી નં.MH-05-H-5764, GJ-06-CD-9718 તથા GJ-06-CD-2908 પસાર થયેલી તેની માહિતી રજૂ કરેલી છે.
- સાહેદ નં.૯૭૭ કમલ થાપરની જુબાની મુજબ તેઓ પપ્પુ રેડીયમ નામની દુકાન ધરાવી વેપાર કરે છે. તેમની દુકાને આરોપી નં.૬૯,૭૦ નાઓએ ગુજરાતની બે નંબર પ્લેટો બનાવેલી.

- સાહેદ નં.૮૯૯ શેરસિંહ મહાવરનાઓની હાજરીમાં આરોપી નં.૨૮ નાઓએ સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે બોમ્બવાળી ગાડી મુકેલી તે જગ્યા બતાવેલી જેનું પંચનામું સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાએ આંક–૬૪૩૮ વાળુ બનાવેલું છે.
- સાહેદ નં.૮૪૫ અશોક નટવરલાલ પટેલનાઓએ વેગન આર કારને થયેલ નુકસાનનો અભિપ્રાય આંક–૫૮૩૦ વાળો આપેલો છે.
- સાહેદ નં.૯૦૨ ભરત કપિલરાય મિસ્ત્રીનાઓએ વેગનઆર કારની નંબર પ્લેટ અંગેનો અભિપ્રાય આંક–૬૪૫૭ વાળો આપેલો છે.

સ્પેશિયલ સરકારી વકીલશ્રી અમિત પટેલ ઉપર મુજબના પુરાવા પર આધાર રાખી દલીલ કરેલ છે કે આરોપીઓએ અમદાવાદ ખાતે સિવિલ હોસ્પિટલમાં બોમ્બવાળી ગાડી મુકી બોમ્બ બ્લાસ્ટ કરેલો જે હકીકત ઉપરોકત સાહેદોના પુરાવાથી સાબિત થાય છે.

એલ.જી. હોસ્પિટલમાં મુકેલ મારૂતિ ૮૦૦ ગાડી....

- સાહેદ નં.૧૦૭૫ વિજયસિંહ જાડેજાનાઓએ મારૂતિ ૮૦૦ કાર ચોરી થયા અંગેની ફરિયાદ નેરૂલ પોલીસ સ્ટેશન મુંબઈમાં નોંધાયેલી તે આંક–૭૩૧૬ થી રજૂ કરી છે તથા ગાડીની આર.સી. બુક આંક–૭૩૧૮ થી રજૂ કરી છે.
- સાહેદ નં.૯૫૧ ગુલામ હુસેન ગાયકવાડનાઓનું ગેરેજ નડિયાદથી અમદાવાદ આવતા રીલાયન્સ પેટ્રોલ પંપ ઉપર છે. આરોપી નં.૨૮ નાઓએ ગાડી રીપેર કરાવેલી.
- સાહેદ નં.૮૦૨ કમલેશ વસંતનાઓ નેશનલ હાઈવે ઓથોરીટીમાં ફરજ બજાવે છે અને ફોર વ્હીલ ગાડી નં.MH–05–H–5764 તથા GJ–06–CD–9718 તથા GJ–06–CD–2908 એકસપ્રેસ હાઈવે ઉપરથી પસાર થયેલી તેની માહિતી આંક–૫૩૨૩ વાળી આપેલી.

- સાહેદ નં.૮૭૦ વિશાંક પટેલનાઓની દુકાનેથી આરોપી નં.૩૭ નાઓએ ગાડીનું કવર ખરીદેલુ.
- સાહેદ નં.૧૦૩૨ ખાલીદ અહેમદ શેખનાઓની દુકાનેથી આરોપી નં.૩૭ નાઓએ ગાડીનું કવર ખરીદેલુ.
- સાહેદ નં.૮૯૨ તથા સાહેદ નં.૮૫૧ હિતેષ સંઘવીની હાજરીમાં આરોપી નં.૨૮ નાઓએ જે જગ્યાએ ગાડી પાર્ક કરેલી તે કાલુપુર રેલવે સ્ટેશનના પાર્કીંગના સી.સી.ટી.વી ફુટેજ માટે કમ્પ્યુટરની હાર્ડ ડીસ્ક વી.આર. ટોળીયાએ આંક–૬૩૪૯ ના પંચનામાની વિગતે કબજે કરેલી.
- સાહેદ નં.૬૦૨ હરીશ અગ્રવાલનાઓએ કાલુપુર રેલવે સ્ટેશનના પાર્કીંગમાં આવેલ કમ્પ્યુટરની હાર્ડ ડીસ્ક પોલીસ સમક્ષ રજૂ કરેલી.
- સાહેદ નં.૯૨૫ વિરેન મકવાણા કાલુપુર રેલવે સ્ટેશનના પાર્કીંગમાં આવેલ કમ્પ્યુટરની હાર્ડ ડીસ્ક કાઢેલી.
- સાહેદ નં.૮૨૭ બાબુભાઈ મકવાણાનાઓની હાજરીમાં આરોપી નં.૨૭ નાઓએ એલ.જી.હોસ્પિટલમાં જે જગ્યાએ ગાડી પાર્ક કરેલી તે જગ્યા બતાવેલી અને સાહેદ નં.૧૧૬૩ નાઓએ તે જગ્યાનું પંચનામુ આંક–૫૫૫૬ વાળુ બનાવેલુ.
- સાહેદ નં.૮૪૩ નૈમેશ સોનીનાઓએ મારૂતિ ૮૦૦ ની ગાડીની નંબર પ્લેટ અંગે આંક–૫૮૧૨ વાળો અભિપ્રાય આપેલો છે.
- સાહેદ નં.૯૧૬ સુરેશકુમાર શર્માની હાજરીમાં આરોપી નં.૬૯,૭૦ નાઓએ સુરત રેલવે સ્ટેશન સામે મુંબઈથી ચોરેલી ગાડીઓ પાર્ક કરેલી તે જગ્યાનું પંચનામુ સાહેદ નં.૧૦૮૯ પી.જી.વાઘેલાએ બનાવેલુ.

સ્પેશિયલ સરકારી વકીલશ્રી અમિત પટેલ ઉપર મુજબના પુરાવા પર આધાર રાખી દલીલ કરેલ છે કે આરોપીઓએ એલ.જી. હોસ્પિટલમાં બોમ્બવાળી ગાડી મુકી બોમ્બ બ્લાસ્ટ કરેલો જે હકીકત ઉપરોકત સાહેદોના પુરાવાથી સાબિત થાય છે.

બોમ્બ બ્લાસ્ટમાં વપરાયેલ અન્ય સામગ્રી...

- સાહેદ નં.૧૧૧૭ ની જુબાનીમાં આરોપી નં.૩૭ નાઓએ ૫૦ નંગ શર્ટ ખરીદેલાનું જણાવે છે.
- નહીં તપાસેલા સાહેદ હિફજુર રહેમાનનાઓની પાસેથી આરોપી નં.૩૭ નાઓએ શર્ટ ખરીદેલા તે હીફજુર રહેમાનનાઓએ સાહેદ નં.૫૮૯ ઈન્દ્રવીર ઝાલાની હાજરીમાં ઓળખી બતાવેલો.
- સાહેદ નં.૮૨૩ ભાવીન ઓઝાની હાજરીમાં સાહેદ નં.૯૩૮ મહંમદ ફારુક મેમણનાઓએ અલમહમદી સોસાયટીમાંથી કબજે કરેલા વાસણો ઓળખી બતાવેલા તેનુ પંચનામુ સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડાનાઓએ આંક–૬૬૦૫ વાળુ બનાવેલુ.
- સાહેદ નં.૯૩૮ મહંમદ ફારુક મેમણનાઓએ સાહેદ નં.૫૭૧ રમણભાઈ સોલંકી સમક્ષની ઓળખ પરેડમાં આરોપી નં.૮ નાને ઓળખી બતાવેલો.
- સાહેદ નં.૮૧૬ અતુલ શેઠની હાજરીમાં આરોપી નં.૨૭ નાઓએ અલઅમન ખાતે આવેલ ફલેટ બતાવેલો અને તે ફલેટમાંથી ઓરીયેન્ટ કંપનીનો ટેબલ ફેન સાહેદ નં.૧૧૬૩ નાઓએ આંક–૫૪૮૫ ના પંચનામાની વિગતે કબજે કરેલો.
- સાહેદ નં.૮૨૮ વજુભાઈ દરજી જે થેલીઓ વેચતા હતા અને આરોપી નં.૨૭ નાઓએ તેમની જગ્યા બતાવેલી.
- સાહેદ નં.૮૩૩ ઉર્મિત કાયસ્થની હાજરીમાં આરોપી નં.૨૭ નાઓએ જે જગ્યાએથી થેલીઓ ખરીદેલી તે જગ્યા બતાવેલી અને વી.આર.ટોળીયાએ તે જગ્યાનુ પંચનામુ આંક–૫૬૨૨ વાળુ બનાવેલુ.
- સાહેદ નં.૮૭૨ કર્ણવ પટેલનાઓની હાજરીમાં આરોપી નં.૩૭ નાઓએ બેરલ, સીલીન્ડર, મોબાઈલ ફોન જે જગ્યાઓ ઉપરથી લીધેલા હતા તે જગ્યાઓ બતાવેલી અને વી.આર.ટોળીયાએ આ જગ્યાઓનું પંચનામુ આંક–૬૦૮૩ વાળુ બનાવેલુ.

- સાહેદ નં.૯૨૪ સરફરાજ અજમેરવાલાની જુબાની મુજબ આરોપી નં.૩૭ નાઓને બેરલ વેચેલા અને તેમને સાહેદ નં.૫૮૯ ઈન્દ્રવીર ઝાલાની રૂબરૂની ઓળખ પરેડમાં આરોપી નં.૩૭ ને ઓળખી બતાવેલો.
- સાહેદ નં.૯૨૬ મુખત્યાર પ્રાઈમસવાલાએ આરોપી નં.૨૭ ને ગેસના સીલીન્ડર વેચેલા અને તેમને સાહેદ નં.૫૮૮ લક્ષ્મણ પારધીની રૂબરૂની ઓળખ પરેડમાં આરોપી નં.૨૭ ને ઓળખી બતાવેલો.
- સાહેદ નં.૯૨૭ રીઝવાન દુધવાલાનાઓએ આરોપી નં.૩૭ ને ગેસના સીલીન્ડર વેચેલા અને તેમને સાહેદ નં.૫૮૮ લક્ષ્મણ પારધીની રૂબરૂની ઓળખ પરેડમાં આરોપી નં.૩૭ ને ઓળખી બતાવેલો.
- સાહેદ નં.૯૭૮ હનીફ રોશનનાઓએ પ્રિન્સ કંપનીની એલાર્મ ઘડિયાળ આરોપી નં.૩૧ ને વેચેલી અને તેમને સાહેદ નં.૫૮૯ ઈન્દ્રવીર ઝાલાની રૂબરૂની ઓળખ પરેડમાં આરોપી નં.૩૧ ને ઓળખી બતાવેલો.
- સાહેદ નં.૯૭૯ દશરથ પાટીલનાઓએ પ્રિન્સ કંપનીની એલારામ ઘડીયાળ આરોપી નં.૩૧ ને વેચેલી અને તેમને સાહેદ નં.૫૮૯ ઈન્દ્રવીર ઝાલાની રૂબરૂની ઓળખ પરેડમાં આરોપી નં.૩૧ ને ઓળખી બતાવેલો.
- સાહેદ નં.૧૦૧૦ અમર ડોડવાણીનાઓએ આરોપી નં.૩૭ ને ૯ વોલ્ટની બેટરી વેચેલાનું જણાવેલ છે.
- સાહેદ નં.૧૦૧૭ વિનોદ જુમાણીનાઓએ આરોપી નં.૩૭ ને ૧૩ વોલ્ટની બેટરી વેચેલાનું જણાવેલ છે.
- સાહેદ નં.૧૦૧૮ મોહન કોરાણીનાઓએ આરોપી નં.૩૭ ને વાયર વેચેલાનું જણાવેલ છે.
- સાહેદ નં.૧૦૨૨ શૈલેષ પટેલનાઓએ આરોપી નં.૩૭ ને પ્લાસ્ટિકની થેલીઓ વેચેલાનું જણાવેલ છે.
- સાહેદ નં.૧૦૩૩ સલીમ શેખનાઓએ આરોપી નં.૩૭ ને કેનવાસનું કાપડ વેચેલાનું જણાવેલ છે.

- સાહેદ નં.૧૦૩૪ અબ્દુલ પુઠ્ઠાવાલાનાઓએ આરોપી નં.૩૭ ને પ્લાસ્ટીકની શીટનો ટુકડો વેચેલાનું જણાવેલ છે.
- સાહેદ નં.૧૦૩૭ સબ્બીર રંગવાલાનાઓએ આરોપી નં.૩૭ ને કાતર વેચેલાનું જણાવેલ છે.
- સાહેદ નં.૧૧૦૭ નિતેશ રાજપુતનાઓની હાજરીમાં આરોપી નં.૭૫ નાઓએ કાલુપુર ટાવર રોડ ઉપરથી ગેસના સીલીન્ડરો ખરીદેલા તે જગ્યા સાહેદ નં.૧૧૧૬ કે.એન.પટેલને બતાવેલી
- સાહેદ નં.૯૩૦ કિશોર રાવતનાઓની જુબાની મુજબ આરોપી નં.૩૭ નિતા ટ્રાવેલ્સની ઑફિસમાંથી વિશાલ નામનુ કવર છોડાવીને લઈ ગયેલો અને સાહેદ નં.૫૮૯ ઈન્દ્રવીર ઝાલાની રૂબરૂની ઓળખ પરેડમાં આરોપી નં.૩૭ ને ઓળખી બતાવેલો.

સ્પેશિયલ સરકારી વકીલશ્રી અમિત પટેલ બોમ્બ બનાવવાની સામગ્રી બાબતેના ઉપર મુજબના પુરાવા પર આધાર રાખી દલીલ કરેલી છે કે આરોપીઓએ ભેગા મળી સુરત શહેરમાં બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ પ્લાન્ટેશન કરેલા તથા અમદાવાદ શહેરમાં બોમ્બ બ્લાસ્ટ કરવા માટે બોમ્બ બનાવવા અંગેની સામગ્રી ખરીદેલી અને બોમ્બ બનાવેલા છે.

બચાવપક્ષ તરફથી વકીલશ્રી એમ.એમ.શેખ બોમ્બ બનાવવાની સમાગ્રી બાબતે દલીલ કરતા જણાવે છે કે બોમ્બમાં વપરાયેલ વિસ્ફોટક સામગ્રી કયા આરોપીએ ખરીદી ? કયાંથી ખરીદી ? તે બાબતે ફરિયાદપક્ષ તરફથી કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલો નથી. તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારીએ કોઈ આરોપી સ્ફોટક પદાર્થની દુકાન ઉપર લઈ ગયેલો હોય તેવુ પંચનામુ બનાવેલુ નથી. પરંતુ મારા મત પ્રમાણે કોઈ આરોપી સ્ફોટક પદાર્થની દુકાને તપાસ કરનાર અધિકારીને લઈ ગયેલો ન હોય તો તેનો અર્થ એવો નથી કે બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં સ્ફોટક પદાર્થનો ઉપયોગ થયો નથી. છરા, ડીટોનેટર, ઘડિયાળ, નટ–બોલ્ટ, સરકીટ કોણ કયાંથી લાવેલુ તે અંગેની સ્વતંત્ર તપાસ કરેલી નહીં. પરંતુ ફરિયાદપક્ષના ઉપરોકત પુરાવા ધ્યાને લેતા આ

સામગ્રી કયા આરોપીએ કયાંથી ખરીદેલી છે તે અંગેના પુરાવા રેકર્ડ ઉપર છે જેની ચર્ચા આગળ ઉપર કરેલી છે. આ ઉપરાંત વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવેલ છે કે સાહેદ નં.૮૭૨ ની હાજરીમાં તપાસ કરનાર અધિકારી વી.આર. ટોળીયાએ તા.૮.૧૨.૨૦૦૮ ના રોજ રાત્રિના ૦૦.૦૦ થી સવારના ૫.૩૦ ના સમયમાં આરોપી નં.૩૭ ને સાથે રાખી આંક–૬૦૮૩ વાળુ પંચનામુ બનાવેલુ છે અને જે જગ્યાએથી ગેસના સીલીન્ડર, બેરલ, મોબાઈલ ફોન, સીમકાર્ડ, ટેબલ ફેન વિગેરે ખરીદેલા તેનુ પંચનામુ બનાવેલુ છે પરંતુ આ પંચનામુ કબૂલાત સ્વરૂપનું હોય પુરાવામાં વિચારણા હેઠળ લઈ શકાય નહીં. પરંતુ તેઓની દલીલ સાથે હું સંમત નથી. આરોપીએ આપેલ માહિતી મુજબ જુદી–જુદી જગ્યાઓ ઉપર જઈને જે જે વસ્તુઓ આરોપી નં.૩૭ નાએ ખરીદેલી તે જગ્યાઓ બતાવેલી છે જેથી વર્તન તરીકે પણ આ પંચનામુ પુરાવામાં ગ્રાહ્ય છે. આ ઉપરાંત આરોપી નં.૩૭ નાઓએ ધરતી બેલ્ટ હાઉસ તથા એવરગ્રીન બેલ્ટ હાઉસવાળી જગ્યાઓ પણ સાહેદ નં.૭૯૯ ની હાજરીમાં બતાવેલી છે. વધુમાં એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે ગેસના સીલીન્ડરો કે બેરલ વિગેરે આરોપી નં.૩૭ નાઓએ ખરીદ કરેલ તેને જયાંથી ખરીદ કરેલ તે દુકાનદારોએ આરોપીને ઓળખી બતાવેલો નથી. પરંતુ ઉપરોકત સાહેદોના પુરાવા ધ્યાને લેતા આરોપીને નહીં ઓળખવાનું કારણ જે આપેલુ છે તે વ્યાજબી છે. વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે મુંબઈ મુકામે વલી મહંમદ રોશન એન્ડ કંપનીમાંથી આરોપી નં.૩૧ નાઓએ ઘડિયાળો ખરીદેલાનો આક્ષેપ છે તે બાબતે સાહેદ નં.૯૭૮ મોહંમદ રોશન તથા સાહેદ નં.૯૭૯ દશરથ પાટીલનાઓને તપાસેલા છે. પરંતુ આ સાહેદોએ આરોપીને ઓળખી બતાવેલો નથી. ઘડીયાળો ઉપર કોઈ નિશાની કરવામાં આવેલી નથી. એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૭૯ ઈન્દ્રવીર ઝાલાએ સાહેદો પાસે ઓળખપત્ર માંગેલા નથી તથા આવા ઘડિયાળો ઘણા બધા દુકાનદારો વેચતા હોય છે. પરંતુ મારા મત પ્રમાણે આરોપી નં.૩૧ નાઓએ આ દુકાન ઉપરથી ઘડિયાળો ખરીદ કરેલાની માહિતી આપેલી માટે જ આરોપી આ દુકાન ઉપર લઈ ગયેલો હતો. આવી ઘડિયાળો ઘણી દુકાનોમાં વેચાતી હોય તો

તે સાચી હકીકત છે પરંતુ આ દુકાનમાંથી આરોપીએ ઘડિયાળો ખરીદ કરેલી હતી માટે જ તે આ દુકાન ઉપર લઈ ગયેલો હતો. જો તેને ઘડિયાળો આ દુકાન ઉપરથી ખરીદેલી ન હતી તો આ દુકાન ઉપર શા માટે લઈ ગયેલો?તેનો અર્થ એવો થાય કે આ આરોપીએ આ દુકાનેથી ઘડિયાળો ખરીદેલી હતી. વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા એમ પણ જણાવે છે કે સુરતના કેસોમાં પ્રિન્સ ઘડીયાળનો ઉપયોગ થયેલો નથી. આરોપીએ ૨૫ ઘડિયાળો આ દુકાનમાંથી ખરીદેલી પરંતુ અમદાવાદના બનાવોમાં ૨૦ થી ૨૨ ઘડિયાળો જ વપરાયેલી છે બાકીની ૨૮ થી ૩૦ ઘડિયાળો કયાં ગઈ તે અંગેનો કોઈ પુરાવો નથી. પરંતુ મારા મત પ્રમાણે તે અંગેનો પુરાવો આરોપી પાસે હોય બાકીની ઘડિયાળોનું શું કર્યુ તે આરોપીને ખબર હોય પરંતુ એક હકીકત ચોકકસ છે કે અમદાવાદના બનાવોમાં પ્રિન્સ કંપનીની ઘડિયાળોનો ઉપયોગ થયેલો છે. વધુમાં એમ.એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે સાહેદ નં.૯૩૧ પ્રિયકાંત શાહની દુકાનેથી નટ–બોલ્ટ તથા છરા આરોપીઓએ ખરીદ કરેલાનો આક્ષેપ છે. પરંતુ આ સાહેદે આરોપીને ઓળખી બતાવેલા નથી, પોલીસને આરોપીનું શારીરિક વર્ણન આપેલુ નથી. નટ–બોલ્ટ ખરીદ કર્યા અંગેનુ બીલ પણ આપેલ નથી અને ઘણા લોકો દુકાન ઉપરથી નટ–બોલ્ટ ખરીદી જતા હોય છે.ઘણા ગ્રાહકો નટ–બોલ્ટ કે થોડી ઘણી વસ્તુ ખરીદી હોય તો સામાન્ય રીતે દુકાનદાર પાસે બીલ લેતા હોતા નથી. વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા એમ પણ જણાવે છે કે આરોપી નં.૩૭ નાઓએ લાલદરવાજા ખાતેથી શર્ટ ખરીદેલા પરંતુ તે શર્ટનું વેચાણ કરનાર હફીઝ રહેમાન વોરાનું નિવેદન લીધેલુ છે પરંતુ તેને તપાસેલા નથી. સાહેદ નં.૫૮૯ ની રૂબરૂમાં આ શર્ટ વેચનારાએ આરોપી નં.૩૭ ને ઓળખી બતાવેલો છે પરંતુ ઓળખ પરેડની કાર્યવાહી નિયમ મુજબ થયેલી નથી. આ શર્ટ બાબતે કોઈ પંચનામુ કરવામાં આવેલુ નથી. તેઓની દલીલ સાથે હું સંમત છું કે આ શર્ટ વેચનારને તપાસવામાં આવેલ નથી. ફરિયાદપક્ષે કારણ આપેલું છે કે, સાહેદ મળી આવતા નથી માટે તપાસવામાં આવેલા નથી. વકીલશ્રી એમ. એમ.શેખ દલીલ કરતા જણાવે છે કે આરોપી નં.૩૭ તથા ૪૫ નાઓએ બેરલ માર્કેટમાંથી બેરલ ખરીદેલા અને તે બાબતે સાહેદ

નં.૯૨૪ સરફરાજ અજમેરવાલાને તપાસવામાં આવેલા છે. આ સાહેદે આરોપી નં.૩૭ ને સાહેદ નં.૫૮૯ ઈન્દ્રવીર ઝાલાની રૂબરૂમાં ઓળખી બતાવેલો છે પરંતુ ઓળખ પરેડ કાયદા મુજબ થયેલી નથી. કયા વર્ષમાં બેરલ વેચેલા તે ચોકકસ સમય આ સાહેદને યાદ નથી. પરંતુ મારા મત પ્રમાણે સાહેદને બેરલ વેચેલાનો ચોકકસ સમય યાદ ન હોય તો તેનો અર્થ એવો નથી કે આ સાહેદે આરોપીને બેરલ વેચેલા નથી. આરોપી નં.૩૭ નાઓએ આંક–૬૦૮૩ ના પંચનામાની વિગતે જે જગ્યાએથી બેરલ ખરીદેલા તે જગ્યા પણ બતાવેલી છે.

બોમ્બમાં વપરાયેલ ટાઈમર ચીપ અંગે...

- સાહેદ નં.૯૮૮ નિમેશ બ્રહ્મભટ્ટ તથા સાહેદ નં.૮૩૦ અમૃતલાલ હિંગરાજીયા તથા સાહેદ નં.૮૩૫ હિતેષ ત્રિવેદીની હાજરીમાં આરોપી નં.૩૧ નાઓએ બોમ્બનું ડીવાઈસ ટાઈમર સેટ કરેલુ તેનુ પંચનામુ સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ આંક–૫૫૮૭ વાળુ બનાવેલુ.
- સાહેદ નં.૧૧૬૨ જય પંચાલની તથા સાહેદ નં.૮૩૦ અમૃતલાલ હિંગરાજીયા તથા સાહેદ નં.૮૩૫ હિતેષ ત્રિવેદીની હાજરીમાં આરોપી નં.૪૯ નાઓએ બોમ્બનું ડીવાઈસ ટાઈમર સેટ કરેલુ તેનુ પંચનામુ સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ આંક–૮૫૯૨ વાળુ બનાવેલુ.

સ્પેશિયલ સરકારી વકીલશ્રી અમિત પટેલ બોમ્બ બનાવવાની સામગ્રીમાં આરોપીઓએ ટાઈમર ચીપનો ઉપયોગ કરેલો તે બાબતેના ઉપર મુજબના પુરાવા પર આધાર રાખી દલીલ કરેલી છે કે આરોપીઓએ ભેગા જે બોમ્બ બનાવેલા તેમાં ટાઈમર ચીપનો ઉપયોગ કરેલો હતો.

બચાવપક્ષ તરફથી વકીલશ્રી એમ.એમ.શેખ ટાઈમર બોમ્બમાં વપરાયેલ સરકીટો કયા આરોપીઓએ મેળવેલી, કઈ જગ્યાએથી મેળવેલી, કોની પાસેથી મેળવેલી તે અંગેનો મૌખિક કે દસ્તાવેજી પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલો નથી. પરંતુ ફરિયાદપક્ષના આ બાબતેના ઉપરોકત પુરાવા ધ્યાને લઈએ તો બોમ્બમાં વપરાયેલ ટાઈમર સરકીટો કયાંથી મેળવેલી તે અંગેનો

પુરાવો નથી પરંતુ આરોપી નં.૪૯ બાબતે ફરિયાદપક્ષે જે પુરાવા રજૂ કરેલા છે તે ધ્યાને લેતા આ આરોપીએ ટાઈમર સરકીટો બનાવવાના ડેમોસ્ટ્રેશન કરેલા છે.

બોમ્બ મુકવા અંગેના પુરાવા...

- સાહેદ નં.૯૫૭ ઝાકીર હુસેન કુરેશીની જુબાનીના પેરા–૧૩,૧૫,૧૯
- સાહેદ નં.૧૧૧૫ મહંમદ ઉંમર ઉસ્માન મન્સુરીની જુબાનીના પેરા–૩
- સાહેદ નં.૧૧૧૭ આસીફ ઉસ્માન શેખની જુબાનીના પેરા–૪,૫,૭,૯
- સાહેદ નં.૧૧૪૧ એૈયાજ રજાકમીયા સૈયાદની જુબાનીના પેરા–૧૨,૧૩,૧૪,૧૫ મુજબ અમદાવાદ શહેરમાં જુદી–જુદી જગ્યાઓ ઉપર સાઇકલો ઉપર તેમજ ફોર વ્હીલરમાં બોમ્બ મુકેલાની હકીકત જણાવેલી છે.
- આરોપી નં.૨૮ નાઓએ સિવિલ હોસ્પિટલ ટ્રોમા સેન્ટર પાસેની જગ્યા સાહેદ નં.૮૯૯ ની હાજરીમાં વી.આર.ટોળીયાને બતાવેલી જેનુ પંચનામુ આંક–૬૪૩૮ વાળુ બનાવેલુ. જયાં બોમ્બવાળી વેગન આર કાર મુકેલી હતી.
- આરોપી નં.૨૩ (સાહેદ નં.૧૧૪૧) નાઓએ નરોડા ભાગોળ, નરોડા બસ સ્ટેન્ડ તથા બસ નં.૬૬/૩ તથા સૈજપુર બોઘા વાળી જગ્યાઓ જયા બોમ્બ મુકેલો તે સાહેદ નં.૮૧૨ દક્ષેશ રાવલની હાજરીમાં સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાને બતાવેલી જેનુ પંચનામુ આંક–૫૪૭૦ વાળુ બનાવેલુ.
- આરોપી નં.૩ નાઓએ શીતલ સીનેમા પાસેની જગ્યા, ઠક્કર નગર ચાર રસ્તા પાસે આવેલ કુળદેવી ચાની કીટલી વાળી જગ્યા, રખીયાલ ચાર રસ્તા આગળ આવેલ મસ્જિદ પાસેની જગ્યા સાહેદ નં.૮૮૩ કુંવરજી ઠાકોરની હાજરીમાં સાહેદ નં.૧૧૫૩ આર.વી. અસારીને બતાવેલી જેનુ પંચનામુ આંક–૬૩૧૧ વાળુ બનાવેલુ.
- આરોપી નં.૨૭ નાઓએ અલમહમદી સોસાયટી વાળુ મકાન જયાંથી બોમ્બ લીધેલો તથા કામદાર મેદાન વાળી જગ્યા જયાં આરોપી નં.૨૩ ને

બોમ્બ આપેલો તથા ડાયમંડ પાન પાર્લર, પાંચ કુવા મ્યુનિસિપલ શાળા પાસેની ફુટપાથવાળી જગ્યા વિગેરે જગ્યાઓ સાહેદ નં.૮૩૩ ઉર્મિત કાયસ્થની હાજરીમાં સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાને બતાવેલી જેનુ પંચનામુ આંક–૫૬૨૨ વાળુ બનાવેલુ.

- આરોપી નં.૩૮ નાઓએ અજીત મીલ ચાર રસ્તા થાંભલા પાસેની જગ્યા, બાગેફીરદોસ પોલીસ લાઈન વિભાગ–૨ વાળી જગ્યા, આશાપુરા ટ્રાવેલ્સ શાક માર્કેટવાળી જગ્યા સાહેદ નં.૮૭૩ શૈલેષ ડાભીની હાજરીમાં સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાને બતાવેલી જેનુ પંચનામુ આંક–૬૦૮૭ વાળુ બનાવેલુ.
- આરોપી નં.૭૫ નાઓએ દાણીલીમડા અલમહમદી સોસાયટી મકાન નં.૧૦,ગોમતીપુર શીતલ સીનેમાવાળી રોડવાળી જગ્યા, ઓઢવ રાજેન્દ્રપાર્ક વેરા પાસે આવેલ પોસ્ટ ઑફિસવાળી જગ્યા, ખોડીયારનગર મયુર ડેરી પાસેની પકોડીની લારી પાસેની જગ્યા સાહેદ નં.૧૧૧૪ રાજેશ ચૌહાણની હાજરીમાં સાહેદ નં.૧૧૧૬ કે.એન.પટેલને બતાવેલી જેનુ પંચનામુ આંક–૮૦૦૦ વાળુ બનાવેલુ.
- આરોપી નં.૩૬ નાઓએ અલમહમદી સોસાયટીવાળુ મકાન, સારંગપુર પુલ પાસેની દુકાન, રાયપુર ચકલાવાળી જગ્યા સાહેદ નં.૮૬૦ જગદસીંગ રાજપુતની હાજરીમાં સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડાને બતાવેલી જેનુ પંચનામુ આંક–૬૦૨૪ વાળુ બનાવેલુ.
- સાહેદ નં.૯૩૬ સુનીલ પટેલનાઓની જુબાની મુજબ તા.૨૬.૭. ૨૦૦૮ ના રોજ ૪–૫ વાગ્યાની આસપાસ ગોખલે પાન હાઉસ તથા એમ.નારણદાસ એન્ડ કંપનીની દુકાન પાસે બે છોકરાઓને સાઇકલ મુકતા જોયેલા તે પૈકી આરોપી નં.૩૬ નાઓને સાહેદ નં.૫૮૮ લક્ષ્મણ પારધી રૂબરૂની ઓળખ પરેડમાં આરોપી નં.૩૬ ને આંક–૩૧૫૧ વાળા પંચનામાની વિગતે ઓળખી બતાવેલો.

- આરોપી નં.૩૭ નાઓએ અલમહમદી સોસાયટીવાળુ મકાન તથા આરોપી નં.૨૭, ૩૭ નાઓએ કામદાર મેદાન પાસેની જગ્યા, સારંગપુર દરવાજા સિંધી માર્કેટ પાસે જનતા પાન હાઉસ સામેની જગ્યાઓ પંચ સાહેદ નં.૮૩૪ મહેન્દ્ર રાવળનાઓની હાજરીમાં બતાવેલી જેનુ પંચનામુ સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારીએ આંક–૫૬૨૮ વાળુ બનાવેલુ.
- આરોપી નં.૨૭ નાઓએ અલમહમદી સોસાયટીવાળુ મકાન, રીક્ષામાં બેસીને જે જગ્યા ઉપર આવેલા તે, ચંડોળા તળાવ પાસેની જગ્યા, ગીતા મંદિર પાસેની જગ્યા, ચા અને બ્રીસ્ટોલ પીધેલી તે શ્રીરામ ચા વાળી જગ્યા, ગોખલે પાન, દવાની દુકાન, શાકભાજીની લારીઓવાળી જગ્યા, સારંગપુર દરવાજા, દુર્ગા ચંપલવાળી જગ્યા સાહેદ નં.૮૬૫ કનુ ભીખાજીની હાજરીમાં બતાવેલી જેનુ પંચનામુ સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ આંક–૬૦૫૧ વાળુ બનાવેલુ.
- આરોપી નં.૩૬ નાઓએ અલમહમદી સોસાયટીવાળુ મકાન, રીક્ષામાં બેસીને જે જગ્યા ઉપર આવેલા તે, ચંડોળા તળાવ પાસેની જગ્યા, ગીતા મંદિર પાસેની જગ્યા, ચા અને બ્રીસ્ટોલ પીધેલી તે શ્રીરામ ચા વાળી જગ્યા, ગોખલે પાન, દવાની દુકાન, શાકભાજીની લારીઓવાળી જગ્યા, સારંગપુર દરવાજા, દૂર્ગા ચંપલવાળી જગ્યા સાહેદ નં.૮૬૬ રમેશ શાહની હાજરીમાં બતાવેલી જેનુ પંચનામુ સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડાનાઓએ આંક–૬૦૬૨ વાળુ બનાવેલુ.
- આરોપી નં.૫૦ નાઓએ અલમહમદી સોસાયટીવાળુ મકાન તથા નારોલ સર્કલવાળી જગ્યાઓ સાહેદ નં.૮૨૫ ભરતકુમાર પરમારની હાજરીમાં બતાવેલી જેનુ પંચનામુ સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડાનાઓએ આંક–૫૫૪૯ વાળુ બનાવેલુ.
- આરોપી નં.૩૭ ના કહેવાથી ત્રણ સાઇકલો આપેલી તે આરોપી નં.૨૩ (સાહેદ નં.૧૧૪૧) નાઓ તથા આરોપી નં.૭૫ નાઓએ જયાં સાઇકલો મુકેલી તે જગ્યા જુહાપુરા અંબર ટાવર બ્લોક–એ પાર્કીંગવાળી જગ્યા તથા

નારોલ સર્કલ પાસે હનુમાનજી મંદિર પાસે આવેલ ખુલ્લી જગ્યા સાહેદ નં.૯૭૪ ચેતન પ્રજાપતિની હાજરીમાં બતાવેલી જેનુ પંચનામુ સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ આંક–૬૮૦૮ વાળુ બનાવેલુ.

- આરોપી નં.૩૯નાઓએ મણીનગર પોલીસ ચોકીની નજીક આવેલ સાઇકલ સ્ટેન્ડવાળી જગ્યા, એક કોમ્પ્લેક્ષ પાસેની જગ્યા, પાનના ગલ્લા પાસે આવેલ આસોપાલવના ઝાડ નીચેની જગ્યા, ઓમ પાન પાર્લર પાસેની જગ્યા પંચો રૂબરૂ બતાવેલી જેનુ પંચનામુ સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ બનાવેલુ.
- આરોપી નં.૪૨ નાઓએ મણીનગર રેલવે સ્ટેશન પાસે આવેલ રૂપ કોમ્પ્લેક્ષવાળી જગ્યા તથા મણીનગર માર્કેટવાળી જગ્યા જયાં બોમ્બવાળી સાઇકલો મુકેલી તે સાહેદ નં.૮૯૬ દુર્ગેશ પટેલની હાજરીમાં બતાવેલી જેનુ પંચનામુ સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ આંક–૬૪૨૨ વાળુ બનાવેલુ.
- આરોપી નં.૪૦ નાઓએ મણીનગર રેલવે સ્ટેશન પાસેથી સાઇકલ લીધેલી તે જગ્યા તથા જયાં સાઇકલ મુકેલી તે શિવાન એવન્યુ પાસેની જગ્યા સાહેદ નં.૮૮૫ નરેન્દ્ર કહારની હાજરીમાં બતાવેલી જેનુ પંચનામુ સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ આંક–૬૩૧૮ વાળુ બનાવેલુ.
- આરોપી નં.૨૭ નાઓએ ચંડોળા તળાવ બેરલ માર્કેટ પાસેથી મારૂતિ ૮૦૦ કારમાં બેસેલા તે જગ્યા તથા એલ.જી. હોસ્પિટલના પાર્કીંગમાં ગાડી મુકેલી તે જગ્યા સાહેદ નં.૮૨૭ બાબુભાઈ મકવાણાની હાજરીમાં બતાવેલી જેનુ પંચનામુ સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ આંક–૫૫૫૬ વાળુ બનાવેલુ.

સ્પેશિયલ સરકારી વકીલશ્રી અમિત પટેલ ઉપર મુજબના પુરાવા પર આધાર રાખી દલીલ કરેલ છે કે આરોપીઓએ અમદાવાદ શહેરમાં જુદી–જુદી જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવા માટે બોમ્બવાળી સાઇકલો મુકેલી તથા

સુરતમાં બોમ્બ બ્લાસ્ટ કરવાના ઈરાદાથી જુદી–જુદી જગ્યાઓ ઉપર બોમ્બ મુકેલા જે હકીકત ઉપરોકત સાહેદોના પુરાવાથી સાબિત થાય છે.

મોબાઈલ ફોન સીમકાર્ડ તથા એસ.ટી.ડી. પી.સી.ઓ. બાબતે...

- સાહેદ નં.૮૭૪ કેયુરી ચોકસીનાઓની જુબાની મુજબ તેમનુ પર્સ ૨૦૦૭ માં પડી ગયેલુ હતુ જેમા ડ્રાઈવીંગ લાયસન્સ, એ.ટી.એમ. કાર્ડ, મોબાઈલ, પૈસા વિગેરે હતા. તેઓના લાયસન્સ નંબરના આધારે નવીનચંદ્ર ડાહ્યાભાઈ દેસાઈના નામનુ ખોટુ લાયસન્સ તૈયાર કરેલાની હકીકત પોલીસે જણાવેલાનું જણાવે છે.
- સાહેદ નં.૭૯૭ હિતેશ ભટ્ટ આંક–૩૧૯૮ વાળા ડ્રાઈવીંગ લાયસન્સની ઝેરોક્ષ જોઈને જણાવે છે કે લાયસન્સમાં જે સરનામુ છે તે તેમના બંગલાનું નથી અને સરનામુ ખોટુ છે.
- સાહેદ નં.૭૯૮ નવિનચંદ્ર દેસાઈ આંક –૩૧૯૮ વાળા ડ્રાઈવીંગ લાયસન્સની ઝેરોક્ષ જોઈને જણાવે છે કે લાયસન્સમાં જે સરનામુ છે તે તેમના બંગલાનું નથી અને સરનામુ ખોટુ છે.
- સાહેદ નં.૮૭૦ વિશાંક પટેલની હાજરીમાં આરોપી નં.૩૭ નાઓએ જે જગ્યાઓ ઉપરથી મોબાઈલ સીમકાર્ડ ખરીદેલા તથા બોમ્બ બનાવવા માટે જે ચીજવસ્તુઓ ખરીદેલી તે જગ્યાઓ બતાવેલી જેનુ પંચનામુ વી.આર. ટોળીયાએ આંક–૬૦૭૫ વાળુ બાનવેલુ.
- સાહેદ નં.૮૭૨ કર્ણવ પટેલની હાજરીમાં આરોપી નં.૩૭ નાઓએ જે મકાનમાં બોમ્બ બનાવેલા હતા તે મકાન, બેરલ્સ ખરીદેલા તે જગ્યા, સ્વીમીંગ પુલ માટે ફોટા પડાવેલા તે જગ્યા, ગેસના સીલીન્ડર ખરીદેલા તે જગ્યા, મોબાઈલ ફોન ખરીદેલા તે જગ્યાઓ બતાવેલી જેનુ પંચનામુ વી.આર. ટોળીયાએ આંક–૬૦૮૩ વાળુ બાનવેલુ.
- સાહેદ નં.૮૯૩ જીતેન્દ્ર જયસ્વાલનાઓની હાજરીમાં આરોપી નં.૩૭ નાઓએ ગાંધીનગર સેકટર–૫ વાળુ મકાન, કોર્પોરેશનની ડાયરી,

ડ્રાયવીંગ લાયસન્સ તથા ટેલિફોનનું બીલ વિગેરે કબજે કરેલુ તેનુ પંચનામુ સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાએ આંક–૬૩૫૩ વાળુ બનાવેલુ.

- સાહેદ નં.૭૯૯ દેસારામ પ્રજાપતિનાઓની ધરતી બેલ્ટ એન્ડ ચશ્માઘર નામની દુકાન જયાંથી આરોપી નં.૩૭નાઓએ સીમકાર્ડ ખરીદેલુ તે જગ્યા આંક–૬૦૮૩ વાળા પંચનામાની વિગતે બતાવેલી.
- સાહેદ નં.૮૦૧ આઝાદ સરદાર શેખની આઝાદ ટેલીકોમ નામની દુકાન જયાંથી આરોપી નં.૩૭ નાઓએ સીમકાર્ડ ખરીદેલુ તે જગ્યા આંક–૬૦૭૫ વાળા પંચનામાની વિગતે બતાવેલી.
- સાહેદ નં.૮૦૩ દિનેશ ચૌધરીની ઓકે સિલેકશન નામની દુકાન જયાંથી આરોપી નં.૩૭ નાઓએ સીમકાર્ડ ખરીદેલુ તે જગ્યા આંક–૬૦૮૩ વાળા પંચનામાની વિગતે બતાવેલી.
- સાહેદ નં.૮૦૭ ભવરલાલ પ્રજાપતિની એવરગ્રીન બેલ્ટ હાઉસ નામની દુકાન જયાંથી આરોપી નં.૩૭ નાઓએ સીમકાર્ડ ખરીદેલુ તે જગ્યા આંક–૬૦૮૩ વાળા પંચનામાની વિગતે બતાવેલી.
- સાહેદ નં.૧૦૫૬ ધીરિન લારીયાની જુબાની મુજબ વોડાફોન સીમકાર્ડ મેળવવા આરોપી નં.૩૭ નાઓએ એપ્લીકેશન ફોર્મ તથા દસ્તાવેજો આપેલા હતા તે રજૂ કર્યા.
- સાહેદ નં.૧૦૬૦ શ્યામસુંદર લારીયાની જુબાની મુજબ એરટેલ સીમકાર્ડ મેળવવા આરોપી નં.૩૭ નાઓએ બોગસ નામે સીમકાર્ડ ખરીદેલા તેની માહિતી આપી.
- સાહેદ નં.૮૯૧ હીનલ શાહની હાજરીમાં સીમકાર્ડ મેળવવા આરોપી નં.૩૭ નાઓએ ફોર્મ તથા દસ્તાવેજો રજૂ કરેલા તે સાહેદ નં .૧૧૬૩ મયુર ચાવડાનાઓએ આંક–૬૩૪૭ વાળા પંચનામાની વિગતે કબજે કરેલા.
- સાહેદ નં.૫૯૭ ચંદ્રકાન્ત ઠાકરની હાજરીમાં સીમકાર્ડ મેળવવા આરોપી નં.૩૭ નાઓએ ફોર્મ તથા દસ્તાવેજો રજૂ કરેલા તે સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ આંક–૩૨૧૫ વાળા પંચનામાની વિગતે કબજે કરેલા.

- સાહેદ નં.૫૯૩ અશોક વણઝારાની હાજરીમાં સીમકાર્ડ મેળવવા આરોપી નં.૩૭ નાઓએ ફોર્મ તથા દસ્તાવેજો રજૂ કરેલા તે સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ આંક–૩૨૦૦ વાળા પંચનામાની વિગતે કબજે કરેલા.
- સાહેદ નં.૯૯૦ કૌશિક વ્યાસનાઓના અભિપ્રાય મુજબ આરોપી નં.૩૭ ના હસ્તાક્ષરના નમૂનાની ચકાસણી કરેલી અને આંક–૬૯૧૩ વાળો અભિપ્રાય આપેલો છે.
- સાહેદ નં.૮૧૧ મનીષ શાહની હાજરીમાં આરોપી નં.૨૩ નાઓએ આરોપી નં.૩૭ ને અજય ટેલીકોમ ઉપરથી તા.૨૫.૭.૨૦૦૮ ના રોજ ટેલીફોન કરેલો તેનુ પંચનામુ સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ આંક–૫૪૬૩ વાળુ બનાવેલુ.
- સાહેદ નં.૯૩૭ લાભશંકર જોષીનાઓની જુબાની મુજબ આરોપી નં.૨૩ નાઓએ તેમની પી.સી.ઓ. ઉપરથી ફોન કરેલો. આરોપી નં.૨૩ ને સાહેદ નં.૫૮૮ લક્ષ્મણ પારધીની રૂબરૂની ઓળખ પરેડમાં આરોપી નં.૨૩ ને ઓળખી બતાવેલો હતો.
- સાહેદ નં.૯૩૨ અબ્બાસ વોરાનાઓની જુબાની મુજબ આરોપી નં.૨૩ નાઓએ તેમની પી.સી.ઓ. ઉપરથી ફોન કરેલો. આરોપી નં.૨૩ ને સાહેદ નં.૫૮૮ લક્ષ્મણ પારધીની રૂબરૂની ઓળખ પરેડમાં આરોપી નં.૨૩ ને ઓળખી બતાવેલો હતો.
- સાહેદ નં.૫૯૪ સુનીલ પરમારનાઓની હાજરીમાં આરોપી નં.૭ ના સગા ફાતીમાબેને નોકીયા ફોન રજૂ કરેલો જેનુ પંચનામુ સાહેદ નં.૧૧૩૩ માનસિંહ ચૌધરીનાઓએ આંક–૩૨૦૫ વાળુ બનાવેલુ.
- સાહેદ નં.૫૯૬ મહેશ સુમરાનાઓની હાજરીમાં આરોપી નં.૪ ના સગાએ મોબાઈલ ફોન રજૂ કરેલો જેનુ પંચનામુ સાહેદ નં.૧૦૭૦ વિનય શુકલનાઓએ આંક–૩૨૧૦ વાળુ બનાવેલુ.

- સાહેદ નં.૫૯૮ મહેશ વ્યાસનાઓની હાજરીમાં આરોપી નં.૨૩ ના પિતાએ ફોન રજૂ કરેલો જેનુ પંચનામુ વી.આર.ટોળીયાનાઓએ આંક–૩૨૧૯ વાળુ બનાવેલુ.
- સાહેદ નં.૬૦૦ વિશાલ પારેખનાઓની હાજરીમાં આરોપી નં.૩ ના સગાએ ફોન રજૂ કરેલો જેનુ પંચનામુ આંક–૩૨૨૫ વાળુ બનાવેલુ.

સ્પેશીયલ સરકારી વકીલશ્રી અમિત પટેલ બનાવોમાં ઉપયોગમાં લીધેલ મોબાઈલ ફોન તથા સીમકાર્ડો બાબતેના ઉપર મુજબના પુરાવા પર આધાર રાખી દલીલ કરેલી છે કે આરોપીઓએ ભેગા મળી અમદાવાદ શહેરમાંથી બનાવમાં ઉપયોગમાં લેવા માટે મોબાઈલ ફોન તથા સીમકાર્ડ ખરીદેલા છે.

બચાવ પક્ષ તરફથી વકીલશ્રી એમ.એમ.શેખ મોબાઈલ ફોન તથા સીમકાર્ડ બાબતે દલીલ કરતા જણાવે છે કે, ફરિયાદપક્ષના આક્ષેપ પ્રમાણે આઈડીયા, એરટેલ, વોડાફોનના જુદા–જુદા પાંચ ફોન નંબરોનો ઉપયોગ આરોપીઓએ કરેલો છે પરંતુ સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારીનાઓની જુબાની ધ્યાને લેતા મોબાઈલ ફોનના વપરાશ બાબતે તેમને કોઈ તપાસ કરેલી નથી. તેમજ સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડાની જુબાની મુજબ મોબાઈલ ફોન તથા સીમકાર્ડ કબજે કરેલા ન હોય તો તેમને ચોકકસ યાદ નથી. સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ મોબાઈલ કંપનીમાંથી કોઈ સી.ડી.આર. કબજે કરેલા નથી. મોબાઈલ નંબરોના સીમકાર્ડ કે ઈન્સ્ટ્રુમેન્ટ કબજે કરેલા નથી. વકીલશ્રી એમ.એમ. શેખની દલીલ સાથે હું સંમત છું કે આ કામે મોબાઈલ ફોનના ઈન્સ્ટ્રુમેન્ટ કે સીમકાર્ડ કબજે કરવામાં આવેલા નથી. એટલુ જ નહીં ફોનની કોલ ડીટેલ પણ રજૂ થયેલ નથી. વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા એમ પણ જણાવે છે કે કયા આરોપીએ કયા મોબાઈલ ફોન નંબર ઉપરથી કયા આરોપીનો કયા મોબાઈલ ફોન ઉપર ફોન કરેલો તે અંગે પણ કોઈ પુરાવો નથી તથા સાહેદ નં.૭૯૯ દેસારામ પ્રજાપતિ, સાહેદ નં.૮૦૭ ભંવરલાલ પ્રજાપતિ, સાહેદ નં.૮૦૩ દિનેશ ચૌધરી તથા સાહેદ નં.૮૦૧ આઝાદ અહેમદ શેખ આ ચારેય દુકાનો ઉપરથી આરોપી નં.૩૭ નાઓએ મોબાઈલ ફોન તથા સીમકાર્ડ ખરીદેલા

પરંતુ આ ચારેય સાહેદોએ આરોપીને અદાલતમાં જુબાની દરમ્યાન ઓળખી બતાવેલો નથી. પરંતુ બનાવને ૧૦ વર્ષનો સમય થઈ ગયેલ હોવાથી આ સાહેદોએ આરોપીને ઓળખેલો નથી અને નહીં ઓળખવાના કારણો વ્યાજબી છે તેમ હું માનુ છું. આ મોબાઈલ ફોન ખરીદી કર્યા અંગેના બીલો પણ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા નથી પરંતુ મારા મત પ્રમાણે બનાવ બનતા પહેલા ઘણા સમય અગાઉથી આ મોબાઈલ ફોન તથા સીમકાર્ડ ખરીદવામાં આવેલા હતા અને બનાવ બાદ આરોપી નં.૩૭ ને પાંચેક માસ પછી અટક કરેલો છે જેથી સ્વાભાવિક છે કે તે અંગેના ખરીદીના બીલો ન હોય અને કબજે પણ કરેલા ન હોય. વકીલશ્રી એમ.એમ.શેખ દલીલ કરતા એમ પણ જણાવે છે કે મોબાઈલ ફોન તથા સીમકાર્ડ ખરીદવા માટે આરોપી નં.૩૭ નાઓએ ખોટા ડ્રાઈવીંગ લાયસન્સ ઉભા કરેલા પરંતુ તે અંગે કોઈ પુરાવો નથી. જે વ્યકિતના નામના ખોટા લાયસન્સ બનાવેલા છે તેમને આ કામે ઉપર મુજબની વિગતે તપાસેલા છે.

ઈ–મેઈલ બાબત...

- સાહેદ નં.૧૦૬૨ અબ્દુલ અજીમ સૌદાગરનાઓની જુબાની મુજબ આઈનેટ સાયબર કાફેનુ રજીસ્ટર પોલીસ સમક્ષ રજૂ કર્યુ.
- સાહેદ નં.૮૨૦ વિક્રમ સોલંકી તથા સાહેદ નં.૮૩૫ હિતેશ ત્રિવેદી અને ૮૫૧ હિતેશ સંઘવીનાઓની હાજરીમાં આરોપી નં.૧ નાએ આઈનેટ સાયબર કાફેવાળી જગ્યા બતાવેલી અને કમ્પ્યુટરમાંથી હાર્ડ ડીસ્ક સાહેદ નં.૧૦૭૦ વિનય શુકલએ આંક–૫૫૧૭ વાળા પંચનામાથી કબજે કરેલી.
- સાહેદ નં.૫૯૫ અશોક ઠાકોરનાઓની હાજરીમાં આઈનેટ સાયબર કાફેના સંચાલક સાહેદ નં.૧૦૬૨ અબ્દુલ અજીમ સૌદાગરનાઓએ કાફેનું રજીસ્ટર રજૂ કરેલુ તે સાહેદ નં.૧૦૭૦ વિનય શુકલનાઓએ આંક–૩૨૦૭ વાળા પંચનામાની વિગતે કબજે કરેલુ.
- સાહેદ નં.૮૩૬ ભાવીન ઠાકુરની હાજરીમાં આરોપી નં.૧૯ નાઓએ કરેલ ઈ–મેઈલ સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડાનાઓએ આંક–૫૬૭૧ ના પંચનામાથી કબજે કરેલા.

- સાહેદ નં.૯૦૩ ધવલ શાહની હાજરીમાં આરોપી નં.૩૪, ૩૩ નાઓએ અનસીકયોર્ડ વાઈ ફાઈનો ઉપયોગ કરી ઈ–મેઈલ કરી બતાવેલા તેનુ પંચનામુ સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ આંક–૬૪૭૭ વાળુ બનાવેલુ.
- સાહેદ નં.૯૧૫ મહમદ હનીફ મન્સુરીની હાજરીમાં આરોપી નં.૭૩ નાઓએ કરેલા ઈ–મેઈલ સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડાનાઓએ આંક–૬૫૩૩ ના પંચનામાની વિગતે કબજે કરેલા.
- સાહેદ નં.૯૫૬ નઈમઅહેમદ શેખનાઓના સાયબર કાફે ઉપરથી આરોપી નં.૩૭ નાઓએ સરફીંગ કરેલુ. આરોપી નં.૩૭નાઓને સાહેદ નં.૫૮૮ લક્ષ્મણ પારધીની હાજરીમાં આરોપી નં.૩૭ ને ઓળખી બતાવેલો.
- સાહેદ નં.૧૦૬૩ મુનાફઅલી દુરાનીની હાજરીમાં ઈન્ફીનીટી સાયબર કાફેનું રજીસ્ટર સાહેદ નં.૧૦૬૯ જગુભાઈ ભરવાડનાઓએ કબજે કરેલુ.
- સાહેદ નં.૧૦૭૩ મોહમદયુનુસ સુમરાનાઓની જુબાની મુજબ આરોપી નં.૧ તથા ૧૨ નાઓએ ઈન્ફીનીટી સાયબર કાફે ઉપર સરફીંગ કરેલુ. આરોપી નં.૧ ને સાહેદ નં.૫૭૧ રમણભાઈ સોલંકીની રૂબરૂની ઓળખ પરેડમાં ઓળખી બતાવેલો.
- સાહેદ નં.૧૦૭૪ ઓસ્માન સીદ્દીની હાજરીમાં ઈન્ફીનીટી સાયબર કાફેમાંથી કેસેટ તથા હાર્ડ ડીસ્ક સાહેદ નં.૧૦૮૯ પી.જી.વાઘેલાએ આંક–૭૩૦૧ ના પંચનામાની વિગતે કબજે કરેલી.
- સાહેદ નં.૧૧૨૪ વિશાલ શ્રીવાસ્તની જુબાની મુજબ આરોપી નં.૩૩ નાઓએ તેમની સ્કૂલમાં એડમીશન લીધેલાનું જણાવે છે.
- સાહેદ નં.૧૧૨૫ અમીત ગૌરની જુબાની મુજબ આરોપી નં.૩૫ તેમની કંપનીમાં નોકરી કરતો હતો અને હૈદરાબાદ ખાતે એથીકલ કોર્સ કરેલાનું જણાવે છે.
- સાહેદ નં.૧૧૫૦ પ્રસાંત ટંડનની જુબાની મુજબ ઈન્ડિયા ટીવી ઉપર બોમ્બ બ્લાસ્ટ થયાનો ઈ–મેઈલ આવ્યાનું જણાવે છે.

- સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારીનાઓની જુબાની મુજબ ઈન્ડિયા ટીવીએ આ સાહેદને મોકલેલ ઈ–મેઈલ રજૂ કર્યા.

સ્પેશીયલ સરકારી વકીલશ્રી અમિત પટેલ ઉપર મુજબના પુરાવા પર આધાર રાખી દલીલ કરેલ છે કે આરોપીઓએ જુદા–જુદા સાઈબર કાફે ઉપર સરફીંગ કરેલા તથા આરોપી નં.૩૩,૩૪ નાઓએ ટેરર ઈ–મેઈલો કરેલા હતા જે હકીકત ઉપરોકત સાહેદોના પુરાવાથી સાબિત થાય છે.

ટ્રાવેલ્સની મુસાફરી...

- સાહેદ નં.૯૭૧ રાહુલ પરીયાનીની જુબાની મુજબ આરોપી નં.૪૫ નાઓએ નીતા ટ્રાવેલ મારફતે કરેલ મુસાફરી અંગે ટિકિટ રજૂ કરેલી.
- સાહેદ નં.૯૮૬ અકબર સોરઠીયાની હાજરીમાં સાહેદ નં.૯૭૧ રાહુલ પરીયાનીનાઓએ રજૂ કરેલી ટિકિટો સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડાનાઓએ આંક–૬૮૫૭વાળા પંચનામાની વિગતે કબજે કરેલી.

સ્પેશિયલ સરકારી વકીલશ્રી અમિત પટેલ ઉપર મુજબના પુરાવા પર આધાર રાખી દલીલ કરેલ છે કે આરોપી નં.૪૫ નાઓએ નીતા ટ્રાવેલ્સમાં પુનાથી બેસીને અમદાવાદ ખાતે આવેલો હતો જે હકીકત ઉપરોકત સાહેદોના પુરાવાથી સાબિત થાય છે.

જાહેર મિલકતને નુકસાન...

- સાહેદ નં.૧૦૫૫ ડૉ.મંજુલી આંચલીયાની જુબાની મુજબ બોમ્બ બ્લાસ્ટમાં સિવિલ હોસ્પિટલની જાહેર મિલકતને રૂા.૧,૮૨,૦૦,૦૦૦/– નુ નુકસાન થયેલાની હકીકત જણાવી.
- સાહેદ નં.૮૦૬ ડૉ.સવિતા શર્માની જુબાની મુજબ બોમ્બ બ્લાસ્ટમાં એલ.જી. હોસ્પિટલની જાહેર મિલકતને રૂા.૩,૨૫,૦૦૦/– નુ નુકસાન થયેલાની હકીકત જણાવી.
- સાહેદ નં.૮૦૦ જીતેન્દ્ર મહેતાની જુબાની મુજબ બોમ્બ બ્લાસ્ટમાં એ.એમ.ટી.એસ. બસ નં.૭૧ રજીસ્ટ્રેશન નં.જીજે–૧–ડબલ્યુ–૮૩૯૦,

રૂટ નં.૧૫૦ ને રૂા.૫,૯૦,૦૦૦/– નુ નુકસાન થયેલાની હકીકત જણાવી.

સ્પેશિયલ સરકારી વકીલશ્રી અમિત પટેલ ઉપર મુજબના પુરાવા પર આધાર રાખી દલીલ કરેલ છે કે આરોપીઓએ અમદાવાદ ખાતે જુદી–જુદી જગ્યાઓ જેવી કે સિવિલ હોસ્પિટલ, એલ.જી.હોસ્પિટલ, એ.એમ.ટી.એસ. બસ વિગેરે જગ્યાઓ ઉપર બોમ્બ પ્લાન્ટેશન કરીને બોમ્બ બ્લાસ્ટ કરેલા અને સદર બ્લાસ્ટના કારણે જાહેર મિલકતોને નુકસાન થયેલુ જે હકીકત ઉપરોકત સાહેદોના પુરાવાથી સાબિત થાય છે.

(૮૮) કાવતરૂ, સામાન્ય ઈરાદો અને મદદગારી વિશે...

સ્પેશીયલ સરકારી વકીલશ્રી એચ.એમ.ધ્રુવ કાવતરૂ, સામાન્ય ઈરાદો અને મદદગારીના મુદ્દા ઉપર દલીલ કરતા જણાવે છે કે, આ કામમાં દરેક આરોપી સામે અદાલતે તહોમતનામાઓ ફરમાવેલા છે. આ તહોમતનામાઓમાં આક્ષેપ કર્યા પ્રમાણે આ કામના દરેક આરોપી આ કાવતરાના ગુનામાં સંડોવાયેલા છે. અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવો તથા સુરત શહેરમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવો અગાઉ આ કામના આરોપીઓ ભેગા મળી તેઓનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે એકબીજાની મદદગારીથી, એકબીજા સાથે સમજૂતી કરેલી છે. આ સમજૂતી લેખિતમાં નથી પરંતુ રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને લેતા આરોપીઓ વચ્ચે આ બનાવો બાબતે સમજુતી થયેલી છે. તહોમતનામામાં જણાવ્યા મુજબ આ કામના આરોપીઓએ ડિસેમ્બર–૨૦૦૭ મા વાઘમોન (કેરાલા) ખાતે તેમજ જાન્યુઆરી–૨૦૦૮ મા હાલોલ–પાવાગઢ ખાતે આતંકવાદી તાલીમ કેમ્પો રાખેલા, તાલીમ કેમ્પોમાં હાજર રહેલા અને જુદી–જુદી તાલીમો મેળવેલી છે. આરોપીઓ પૈકી કેટલાક આરોપીઓએ જેહાદી ભાષણો કરેલા છે, બોમ્બ બનાવવાની તાલીમો આપેલી છે તથા મેળવેલી છે. આ ઉપરાંત કાવતરાના ભાગ રૂપે કેટલાક આરોપીઓએ જુદી–જુદી જગ્યાઓ ઉપર મકાનો ભાડે રાખેલા છે અને તેમાં રોકાયેલા છે. મકાનોમાં રહીને બોમ્બ બનાવેલા છે.

બોમ્બ બનાવવા માટે જુદી–જુદી દુકાનો ઉપરથી સામગ્રીઓ ખરીદેલી છે. કેટલાક આરોપીઓ જુદી–જુદી હોટલોમાં ખોટા નામે રોકાયેલા છે, હોટલ રજીસ્ટરોમાં ખોટા નામે એન્ટ્રીઓ કરેલી છે. કાવતરાના ભાગ રૂપે કેટલાક આરોપીઓએ બોમ્બ વખતે ઈ–મેઈલો કરેલા છે. બોમ્બ મુકવા માટે સાઈકલો ખરીદેલી છે તથા મુંબઈ મુકામેથી મારૂતિ કારો ચોરી કરીને સુરત તથા અમદાવાદ ખાતે લઈ આવેલા છે તથા જુદી–જુદી જગ્યાઓ ઉપર બોમ્બ મુકવા માટે રેકીઓ કરેલી છે. આ કેસમાં એકથી વધારે એટલે કે ઘણા આરોપીઓ સંડોવાયેલા છે. સુરત શહેરમાં કુલ–૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી બોમ્બ મુકવામાં આવેલા છે પરંતુ બોમ્બ બ્લાસ્ટ થયેલા નથી. જયારે અમદાવાદ શહેરની જુદી–જુદી કુલ–૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ મુકવામાં આવેલા તે પૈકી કુલ–૨૨ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ થયેલા છે. આમ બંને શહેરોની કુલ–૫૩ જગ્યાઓ ઉપર બોમ્બ મુકવામાં આવેલા અને આ કૃત્ય માટે એક વ્યકિતનુ કામ નથી જેથી આ કામના આરોપીઓ તમામ આ બનાવોમાં સંડોવાયેલા છે અને તે મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવા પણ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા છે. વકીલશ્રી એચ.એમ.ધ્રુવની દલીલ સાથે હું સંમત છું. અમદાવાદ શહેરમાં તા.૨૬.૭. ૨૦૦૮ ના રોજ જુદી–જુદી કુલ–૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ મુકવામાં આવેલા અને તે પૈકી કુલ–૨૨ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ થયેલા છે અને બે જગ્યાઓ ઉપરથી જીવંત બોમ્બ મળી આવેલા છે. આ બનાવોમાં કુલ–૫૬ લોકો મરણ ગયેલા છે જયારે કુલ–૨૪૦ ઉપરાંત વ્યકિતઓને નાની મોટી અને ગંભીર ઈજાઓ થયેલી છે, જાહેર અને ખાનગી મિલકતોને તેમજ વાહનોને નુકસાન થયેલુ છે. સુરત શહેરમાં કુલ–૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ મુકવામાં આવેલીની હકીકત સાથે પણ હું સંમત છું પરંતુ સદનશીબે સુરત શહેરમાં બોમ્બ બ્લાસ્ટ થયેલા નથી. વધુમાં વકીલશ્રી એચ.એમ.ધ્રુવ દલીલ કરતા જણાવે છે કે આરોપીઓની તમામ પ્રવૃતીઓ આતંકવાદી તાલીમનો ભાગ ગણાય. અમદાવાદ શહેરમાં તેમજ સુરત શહેરમાં મીટીંગો થયેલી છે, ધાર્મિક મીટીંગો પણ થયેલી છે, અન્ય લોકોને આમંત્રણ આપેલા છે, મીટીંગોમાં ભેગા થઈ આયોજનો કરેલા છે,

ભાષણો આપવાની કામગીરી થયેલી છે, ભેગા થયેલા લોકોનો હેતુ શું હતો, વસ્તુઓ કયાંથી અને કેવી રીતે ખરીદવી તે તમામ હકીકતો કાવતરાનો જ ભાગ છે. વધુમાં વકીલશ્રી એચ.એમ.ધ્રુવ દલીલ કરતા જણાવે છે કે બંને શહેરોની કુલ–૫૩ જગ્યાઓ ઉપર જઈ રેકી કરવી, જગ્યાઓ જોવી, કઈ જગ્યા ઉપર કયારે બોમ્બ મુકવો તે સમયની પસંદગી કરવી અને છેલ્લે સિવિલ હોસ્પિટલ તેમજ એલ.જી.હોસ્પિટલમાં ચાર પૈડાવાળા વાહનોમાં ગેસના બોટલો સાથે બોમ્બ મુકવા અને બ્લાસ્ટ કરવા. આ પ્રમાણેના આયોજનો ૧–૨ મીટીંગમાં થઈ શકે નહીં, ૧–૨ માણસોથી પણ થઈ શકે નહીં. જેથી આ તમામ આરોપીઓ દ્વારા લાંબા સમયના આયોજનો કરીને બનાવોને અંજામ આપવામાં આવેલો છે. વકીલશ્રી એચ.એમ.ધ્રુવ દલીલ કરતા જણાવે છે કે આરોપીઓએ મીટીંગો કરી હોય અને તેમને અન્ય કોઈક વ્યકિતએ જોયા હોય, અન્ય કોઈક વ્યકિતઓએ મીટીંગોમાં ભાષણો સાંભળ્યા હોય, જુદી– જુદી જગ્યાઓ ઉપર મકાનો ભાડે રાખીને બોમ્બ બનાવતા આરોપીઓને જોયા હોય, સાઇકલો ખરીદતા જોયા હોય, જગ્યાઓની રેકી કરતા જોયા હોય, સાઇકલો ઉપર બોમ્બવાળી થેલીઓ ભરાવીને જતા કોઇકે જોયા હોય, બોમ્બવાળી સાઇકલો મુકતા કોઇકે જોયેલા હોય તેવા કોઈ સીધા પુરાવા નથી. પરંતુ આરોપીઓને અટક કર્યા બાદ તેઓની વર્તણૂક તેમજ અન્ય અગત્યના સાહેદો, એપ્રુવરનો પુરાવો અને પુરાવાના કાયદાની કલમ–૨૭ તથા કલમ–૮ મુજબના પંચનામા તથા આરોપી નં.૨,૨૧,૨૪,૩૫ અને ૭૬ ના કબૂલાત નિવેદનો વંચાણે લેતા આ કામના આ આરોપીઓ ગુનામાં સંડોવાયેલા હોવાના સંજોગો પ્રબળ બને છે. આ કેસ સાંયોગિક પુરાવા ઉપર આધારીત કેસ છે. આરોપીઓને અટક કર્યા પછી જે પુરાવા તપાસ કરનાર અધિકારીઓએ એકત્રિત કર્યા છે તેની સાથે સાથે બનાવોના સંજોગો ધ્યાને લઈએ તો ચોકકસપણે કહી શકાય કે આ આરોપીઓ ભેગા થઈ ઘણા લાંબા સમયથી કાવતરૂ કરતા આવેલા છે અને તમામ આરોપીઓનો ઈરાદો બોમ્બ બ્લાસ્ટ કરીને લોકોમાં ભય ઉત્પન્ન કરવાનો હતો તથા બંધારણથી ચુંટાયેલી સરકારને અસ્થિર કરવાનો હતો. જેહાદી ભાષણો કરી હિન્દુ મુસ્લિમ કોમ વચ્ચે

વૈમનસ્ય ઉભુ કરવાનો પ્રયત્ન કરેલો છે. તમામ આરોપીઓએ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા સમજૂતીઓ કરી એકબીજાની મદદગારી કરેલી છે. ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા તમામ પુરાવા ધ્યાને લઈએ તો ફરિયાદપક્ષ આરોપીઓ સામે કાવતરૂ, સામાન્ય ઈરાદો પુરવાર કરે છે. આ સંબંધમાં વકીલશ્રી એચ.એમ.ધ્રુવ નીચે મુજબના ચુકાદા ઉપર આધાર રાખે છે.

અ.નં.	**ચુકાદો**	**ચુકાદામાં નિર્ણીત મુદ્દાઓ પૈકી કાવતરા અંગે નિર્ણીત થયેલો એક મુદ્દો**
૧	કેહર સીંઘ વિરૂધ્ધ સ્ટેટ (૧૯૮૮) ૩ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૬૦૯	કાવતરાના ગુના માટે કંઈક વાસ્તવિક રીતે કાવતરૂ બનેલુ છે તે તત્વ જરૂરી છે તેમ છતાં તે સ્પષ્ટ રીતે પુરવાર થવુ જરૂરી નથી. વાસ્તવિક અને ખરેખર વ્યવહારના શબ્દો પણ પુરવાર કરવા જરૂરી નથી. ગેરકાયદેસરના વિચારોનું પ્રસારણ અને એકબીજા સાથે આપલે થાય તો પણ તે કાવતરાના ગુના માટે પુરતુ છે. આ કેસમાં રેકર્ડ ઉપર આવેલ પુરાવો ધ્યાને લેતા વાઘમોન તથા હાલોલ–પાવાગઢ ખાતેની તાલીમ કેમ્પોમાં તેમજ જુદી–જુદી જગ્યાઓ ઉપર થયેલી મીટીંગોમાં ગોધરાનો બદલો લેવા, હિન્દુ વસ્તીવાળા વિસ્તારમાં બોમ્બ ધડાકા કરવા, જેહાદ કરવી વિગેરે બાબતે ભાષણો થયેલા છે અને ભેગા થયેલા લોકોમાં આ વિચારોનું પ્રસારણ થયેલુ છે.
૨	વી.સી.શુકલા વિરૂધ્ધ	કાવતરાના ગુના માટે સીધો પુરાવો મળવો ઘણો મુશ્કેલ છે પરંતુ સંજોગો ઉપરથી જ

	સ્ટેટ (૧૯૮૦) ૨ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૬૬૫	જણાય કે બે અથવા વધારે વ્યકિતઓ વચ્ચે ગેરકાયદેસર હેતુ માટે સમજૂતી થયેલી છે તો કાવતરાનું અનુમાન કરી શકાય. આ કેસમાં રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને લેતા બે થી વધારે વ્યકિતઓ વચ્ચે ગેરકાયદેસર સમજૂતિ થયેલી છે તેવુ સ્પષ્ટપણે જણાય આવે છે.
૩	યશપાલ મિત્તલ વિરૂધ્ધ સ્ટેટ ઓફ પંજાબ ૧૯૭૮ સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ) પાન નં.૫	પેરા–૯ થી ૧૩ મુજબ જયારે કાવતરાનું તહોમતનામું ફરમાવવામાં આવેલુ હોય ત્યારે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૬ હેઠળ ગુનીની ઈન્સાફી કાર્યવાહી શરૂ કરવા માટે મંજૂરીની જરૂર નથી. પેરા–૯ મુજબ જયારે મુખ્ય હેતુ માટે કાવતરૂ ઘડાયુ હોય ત્યારે તે જરૂરી નથી કે દરેક આરોપીને કાવતરાની દરેક વિગતની માહિતી હોય. કાવતરા દરમ્યાન ઘણી બધી યોજનાઓ અને યુકિતઓ પોતાનો હેતુ પાર પાડવા માટે કાવતરૂ કરનારાઓ દ્વારા ઉપયોગમાં લેવાતી હોય છે. કાવતરામાં દરેક કાવતરૂ કરનારાઓની એકતા હેતુ સિધ્ધ કરવા માટે જ હોય છે.
૪	ચંદ્ર પ્રકાશ વિરૂધ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન	કાવતરાનો સીધો પુરાવો હોતો નથી અને મળતો પણ નથી. કાવતરૂ પુરવાર કરવા માટેના ધોરણોમાં કાવતરૂ સંજોગોની

	૨૦૧૪ (ક્રમ્પલીટ) ૩ સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ) પાન નં.૪૫૭	ચેઈન, સંજોગો, આરોપીની વર્તણૂક, દોષારોપણ કરતી સામગ્રી, રીકવરીના સંજોગો અને તે સંબંધી સાહેદોના પુરાવા ધ્યાને લઈ શકાય.
૫	અજય અગ્રવાલ વિરૂધ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા ૧૯૯૩ ક્રિ.લો.જ. પાન નં.૨૫૧૬	પેરા–૨૪ મુજબ બે અથવા વધારે વ્યક્તિઓ કોઈ ગેરકાયદેસર કૃત્ય, ગેરકાયદેસર સાધનો સાથે કરવા માટે ભેગા થઈ સમજૂતી કરે ત્યારે તે કાવતરૂ ગણાય.
૬	નવજોત સિધ્ધુ વિરૂધ્ધ સ્ટેટ (એન.સી.ટી.ઓફ દિલ્હી) ૨૦૦૫ સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ) પાન નં.૧૭૧૫	પેરા–૯૭ મુજબ સામાન્ય રીતે કાવતરાનો ગુનો સાંયોગિક પુરાવા ઉપરથી પુરવાર થાય છે. પેરા–૧૦૦, ૧૦૧ મુજબ કાવતરૂ રચાયુ હોય અને તે કાવતરામાં સામેલ થનાર દરેક વ્યક્તિ બધા જ સરખા હિસ્સે કાવતરાના ગુના માટે જવાબદાર છે. પેરા–૧૦૮ મુજબ કાવતરામાં સામેલ દરેક આરોપી મુખ્ય કાવતરા અંગે જવાબદાર છે.

વધુમાં વકીલશ્રી એચ.એમ.ધ્રુવ દલીલ કરતા જણાવે છે કે ભારતના બંધારણથી ચુંટાયેલી સરકારને અસ્થિર કરવા માટે તેમજ સરકાર વિરૂધ્ધ ઘૃણા પેદા કરવા માટે આરોપીઓ દ્વારા આ કાવતરૂ ઘડીને બનાવોને અંજામ આપવામાં આવેલો છે. વકીલશ્રી એચ.એમ.ધ્રુવ <u>નવજોત સિધ્ધુના કેસની ચર્ચા</u> કરી દલીલ કરતા જણાવે છે કે આ કેસ મુજબ ભારત સરકાર સામે "યુધ્ધ છેડવુ" કે તેમાં મદદગારી કરવી આ પ્રકારનું કૃત્ય સહકાવતરાખોરોની મદદ કે ઉશ્કેરણીના કારણે પાર્લામેન્ટ હાઉસ ઉપર હુમલો થયેલો. આરોપી અફઝલ કાવતરામાં સામેલ હતો પરંતુ પોતે હુમલો કરવામાં ભાગ લીધેલ નહીં તેમ છતાં એવુ મનાય કે તેને

કાવતરામાં સામેલ થઈ હુમલો કરવામાં મદદ કરેલી હતી. સરકાર સામે યુધ્ધ છેડવા બાબતે તેઓ આ ચુકાદાનો આધાર લઈ દલીલ કરે છે કે યુધ્ધ છેડવામાં સત્તાનો વિરોધ કરવો, સત્તા સામે બળવો કરવો, નાગરિકોને બળવા માટે જાગૃત કરવા તે છે, યુધ્ધ જાહેર કરવાની જાહેરાત થાય તે જરૂરી નથી.

વધુમાં વકીલશ્રી એચ.એમ.ધ્રુવ, મોહમદ જમીલઉદ્દીન નાશીર વિરૂધ્ધ સ્ટેટ ઓફ વેસ્ટ બેંગાલ ૨૦૧૪(૩) સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ) પાન નં.૨૩૦ ના ચુકાદાની વિસ્તૃત ચર્ચા કરી છે અને દલીલ કરતા જણાવે છે કે, આ ચુકાદાના પેરા–૧૫૯ થી પેરા–૧૭૬ મુજબ કલકત્તાના અમેરીકન સેન્ટર ઉપર હુમલો થયેલો, પોલીસના પાંચ માણસો મરણ ગયેલા, કુલ–૧૩ પોલીસના માણસો અને નાગરિકોને ઈજા થયેલી. શું આ હુમલો ભારત દેશ સામે યુધ્ધ છેડવુ કે વેરવૃત્તિ કે વેરની વસૂલાત ગણાય ? તો તે માટે અદાલતે ધ્યાનમાં લીધેલુ કે હુમલાની તીવ્રતા, હુમલાખોરોની હુમલો કરવાની રીત અને તેમનો ઈરાદો તે સુસંગત બાબત છે. નામદાર અદાલતે ઠરાવેલુ કે આ ભારત સરકાર સામે યુધ્ધ છેડયુ છે તે સાબિત થાય છે. વધુમાં આ ચુકાદો ધ્યાને લઈ દલીલ કરે છે કે આરોપી નં.૮ આતંકવાદીઓનો નેતા હતો, આરોપી નં.૧ બીજા કાવતરાખોરોને હીજબુલ મુજાહિદ્દીનના નામે દોરતો હતો, આરોપી નં.૧ અને ૮ બચપણના મિત્રો હતા, તેઓ સાથે ધંધો કરતા હતા અને પાછળથી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ શરૂ કરેલી. આરોપી નં.૧ ઈરાદાપૂર્વક જાણી જોઈને આતંકવાદી પ્રવૃત્તિ કરનારને નજીકમાં ફલેટ અપાવેલો, તેમાં મીટીંગો કરાવેલી, ફલેટમાં રાખેલા, ભારતમાં જેહાદી પ્રવૃત્તિ કરાવેલી , હથિયારો ખરીદવા નાણાની મદદ કરેલી, આર.ડી.એકસ. અને બાઈક ખરીદેલા અને અંતમાં અમેરીકન સેન્ટર ઉપર હુમલો કરવાનો પ્લાન બનાવેલો. નામદાર અદાલતે ઠરાવેલુ કે આરોપી નં.૮ ને ભારત સરકાર વિરૂધ્ધ યુધ્ધ છેડવા માટે કરેલી સજા યોગ્ય છે. હુમલામાં બે હુમલાખોર હતા. નામદાર અદાલતે ઠરાવેલુ કે હુમલાખોરોની સંખ્યા કે હથિયારોની સંખ્યા મહત્વની નથી, હુમલો કરવામાં હુમલાખોરોની રીત, હુમલાની તીવ્રતા અને તેમનો ઈરાદો મહત્વનો છે. વધુમાં નામદાર અદાલતે ઠરાવેલુ કે (એ)

હુમલાખોરોએ જાહેર જનતા સામે તોફાન કરેલુ નથી પરંતુ પબ્લીકમાં ડર, ગભરાટ પેદા થાય તેવુ કૃત્ય કરી સરકારને ધમકી આપેલી છે. (બી) હુમલાખોરોએ સમય અને જગ્યા એવી પસંદ કરેલી કે તેનાથી વધુમાં વધુ પોલીસ અને અન્ય લોકો મરણ પામે કે ઈજા થાય. (સી) ઈન્ટરનેશનલ પોલીસી મુજબ ભારતે અમેરીકન સેન્ટરની રક્ષા કરવાની હતી ત્યારે ત્યાં રક્ષણમાં રહેલ પોલીસના માણસોને ટાર્ગેટ કરેલા. (ડી) હુમલો નાના ગ્રૂપ દ્વારા માત્ર જોખમકારક કે ભયજનક ન હતો પરંતુ તીવ્રતા ઘણી ઉંચી હતી. (ઈ) હુમલો નાના ગ્રુપ દ્વારા માત્ર ન હતો પરંતુ કાવતરા દ્વારા જેહાદી કૃત્ય આયોજનબધ્ધ રીતે કરેલુ હતુ. (એફ) કાવતરામાં પાકિસ્તાની લોકો સામેલ હતા. (જી) જેહાદી ગતિવિધિ તીવ્ર કરવા માટે હુમલાખોરોએ તૈયારીઓ કરેલી. (એચ) ભારતમાં જેહાદી ગતિવિધિ વધારવા માટે મીટીંગો, ચર્ચાઓ, પ્રયત્નો, નાણા એકત્ર કરવા, હથિયારો, સ્ફોટક પદાર્થો ખરીદયા જેથી કહી શકાય કે ભારત સામે વેરવારવાની ભાવના હતી. વકીલશ્રી એચ.એમ.ધ્રુવ દ્વારા ઉપરોકત ચુકાદો વંચાણે લીધેલ છે. મારા મત પ્રમાણે આ ચુકાદો મારી સમક્ષના કેસની હકીકતો સાથે ઘણી બધી બાબતોએ સુસંગત છે અને લાગુ પડે છે જે અંગેની ચર્ચા આગળ ઉપર કરીશું.

આરોપીઓના વકીલશ્રી આર.કે.શાહ કાવતરૂ, સામાન્ય ઈરાદો અને મદદગારીના મુદ્દા ઉપર દલીલ કરતા જણાવે છે કે અમદાવાદ શહેરમાં તથા સુરત શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના તથા બોમ્બ પ્લાન્ટેશનના બનાવો તે ગંભીર ગુનાઓ છે તેની સાથે સંમત છું માટે આવા ગુનાઓના કામે ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન રજૂ થયેલા પુરાવાઓનું મૂલ્યાંકન સાવચેતીપૂર્વક કરવુ જોઈએ. વકીલશ્રી આર.કે.શાહની આ દલીલ સાથે હું સંપૂર્ણપણે સંમત છું કે આવા પ્રકારના સાંયોગિક પુરાવા ઉપર કેસ આધારીત હોય ત્યારે જે આરોપીઓ સામે ઈન્સાફી કાર્યવાહી થતી હોય તે આરોપીઓ પૈકી કોઈ નિર્દોષને સજા ન થાય, સાથે સાથે બનાવના ભોગ બનનાર વ્યકિતઓને પણ ન્યાય મળે તે રીતે પુરાવાનું મૂલ્યાંકન કરવાનુ છે. વકીલશ્રી આર.કે.શાહ આ સબંધમાં નીચે મુજબના ચુકાદા ઉપર આધાર રાખે છે.

અ.નં.	ચુકાદો	ચુકાદામાં નિર્ણીત મુદ્દાઓ પૈકી કાવતરા અંગે નિર્ણીત થયેલો એક મુદ્દો
૧	આદમ સુલેમાન વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત (૨૦૧૪) ૭ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૭૧૬	પેરા–૨૧૭ મુજબ ફરીયાદપક્ષનો પુરાવો ખૂબ જ કાળજીપૂર્વક તપાસવો જોઈએ. ગંભીર ગુનાઓમાં ન્યાય થવો જોઈએ. અદાલતે સામાન્ય કાળજી રાખવી જોઈએ કારણ કે ક્રિમીનલ ટ્રાયલમાં કાયદાનો પ્રશ્ન અને ગ્રાહ્યતાનો પ્રશ્ન તે અગત્યનુ છે.
૨	શાહબાનો ઉર્ફે સુલતાના બેગમ વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર ૨૦૦૭ ક્રિ.લો.જ. પાન નં.૧૪૫૮	ફોજદારી કેસ કાયદો અને પૂર્વ નિર્ણય ઉપર નિર્ણીત થાય નહીં પરંતુ હકીકત અને પુરાવાના આધારે નિર્ણય થાય.

વધુમાં વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે અમદાવાદ શહેરમાં જુદી–જુદી જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ થયેલા અને સુરતમાં એક પણ જગ્યા ઉપર બોમ્બ બ્લાસ્ટ થયેલો નથી માટે અમદાવાદ અને સુરતના બનાવો એક જ કાવતરાના ભાગરૂપે છે તેમ કહી શકાય નહીં. પરંતુ તેઓની આ દલીલ સાથે હું સંમત નથી કારણ કે અમદાવાદમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવો અને બનાવો બાદ જે તે સ્થળો ઉપરથી જે મુદ્દામાલ કબજે કરવામાં આવેલો તે પૈકી છરા, નટ બોલ્ટ, ડીટોનેટર, બેટરી વિગેરે હતો. જયારે સુરત શહેરમાં જુદી–જુદી જગ્યાઓ ઉપરથી જે જીવંત બોમ્બ મળેલા તે બોમ્બ ડીફ્યુઝ કર્યા પછી જે સામગ્રી મળેલી તે સામગ્રીમાં પણ છરા, નટ–બોલ્ટ, ડીટોનેટર, બેટરી વિગેરે હતા. જેથી અમદાવાદ અને સુરતના બનાવોમાં બોમ્બના પ્રકાર અને બોમ્બની સામગ્રી સામ્યતા ધરાવે છે તેમ હું માનુ છું. વધુમાં વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરતા જણાવે છે કે અમદાવાદમાં બોમ્બ બ્લાસ્ટ થયા અને સુરતમાં બોમ્બ

બ્લાસ્ટ થયેલા નથી જેથી એવુ કેવુ કાવતરૂ કે સુરતમાં બોમ્બ બ્લાસ્ટ થયેલા નહીં ? પરંતુ આ કામે ફરિયાદપક્ષનો પુરાવો ધ્યાને લઈએ તો સુરત શહેરમાં મુકેલા બોમ્બમાં કોઈક ખામી રહી જવાના કારણે બોમ્બ બ્લાસ્ટ થયેલા નથી તે હકીકત છે. બોમ્બમાં બનાવવામાં આવેલ સરકીટમાં કોઈ ખામી હોવાના કારણે કે સુરત શહેરના લોકોના નસીબના કારણે જે પણ માનીએ તે પણ હકીકત ચોકકસ છે કે કોઈ પણ કારણસર સુરત શહેરમાં બોમ્બ બ્લાસ્ટ થયેલા નહીં. અને કદાચ કુલ–૨૯(ઓગત્રીસ) જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ થયા હોત તો અમદાવાદ શહેર કરતા સુરત શહેરમાં વધારે જાનહાની થઇ હોત. આ સબંધમાં આંક–૮૦૯૯ વાળો રીપોર્ટ ધ્યાને લઈએ તો તે રીપોર્ટ સાહેદ નં.૧૧૩૬ સુજાતા મજમુદારની જુબાનીમાં રજૂ થયેલો છે. તે રીપોર્ટ મુજબ બોમ્બમા વપરાયેલ સરકીટ કમ્પલીટ હતી અને બધી એસેસરી ચાલુ હતી, ટાઈમ સેટ થયેલો હતો પરંતુ કોઈક સરકીટ ચાલુ ન હોવાના કારણે બોમ્બ નિષ્ફળ ગયેલા તેવો રીપોર્ટ છે. વકીલશ્રી આર.કે. શાહ દલીલ કરતા જણાવે છે કે સુરત શહેરના બનાવોને તથા અમદાવાદ શહેરના બનાવોને કોઈ સબંધ નથી. પરંતુ તેઓની આ દલીલ સાથે હું સંમત નથી. મારૂ સ્પષ્ટપણે માનવુ છે કે અમદાવાદ અને સુરત બંને શહેરોના બનાવોમાં સામ્યતા છે અને બનાવોને અંજામ આપવામાં સામેલ વ્યકિતઓ કાવતરામાં સામેલ હતા તેમ હું માનુ છું. સાંયોગિક પુરાવા બાબતે વકીલશ્રી આર.કે.શાહ દલીલ કરે છે કે આરોપીઓ આ ગુનામાં સંડોવાયેલા હોય તેવા મૌખિક અને દસ્તાવેજી પુરાવા ફરિયાદપક્ષે રજૂ કરેલા નથી એટલુ જ નહીં આ આરોપીઓની સંડોવણી બાબતેના કોઈ સંજોગો પણ રેકર્ડ ઉપર નથી. આ સંબંધમાં તેઓ નીચે મુજબના ચુકાદાઓ ઉપર આધાર રાખે છે.

અ.નં.	**ચુકાદો**	**ચુકાદામાં નિર્ણીત મુદ્દાઓ પૈકી સાંયોગિક પુરાવા અંગે નિર્ણીત થયેલો એક મુદ્દો**
૧	લક્ષ્મણ નાયક વિરૂધ્ધ સ્ટેટ ઓફ ઓરીસ્સા।	પેરા–એ મુજબ સાંયોગિક પુરાવાના આધારે આરોપીને સજા કરવા માટે કેસના સંજોગો સંપૂર્ણ રીતે પુરવાર થવા જોઈએ કે આ ગુનો

	૧૯૯૫ ક્રિ.લો.જ. સુપ્રિમ કોર્ટ પાન નં.૨૬૯૨	આરોપીએ જ કર્યો છે તેના સિવાય બીજા કોઈએ કરેલો નથી.
૨	એસ.પી.ભટ્ટનાગર વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર ૧૯૭૯ ક્રિ.લો.જ. પાન નં.૫૬૬ સુપ્રિમ કોર્ટ	પેરા–૨૧,૨૨ મુજબ આરોપીને તકસીરવાન ઠરાવતા સંજોગો પૂર્ણ રીતે ફરિયાદપક્ષે સબળ પુરાવા રજૂ કરીને સ્થાપિત કરવા જોઈએ કે આ ગુનો આરોપીએ જ કર્યો છે અને ગુનો આરોપીએ જ કર્યો હોય તેવા વાજબી સંજોગોની ચેઈન પુરવાર થવી જોઈએ.

આરોપીઓના વકીલશ્રી એમ.એમ.શેખ કાવતરૂ, સામાન્ય ઈરાદો અને મદદગારીના મુદ્દા ઉપર દલીલ કરતા જણાવે છે કે આરોપીઓ સામે ફરમાવવામાં આવેલ તહોમતનામાઓ મુજબ મોટા ભાગના આરોપીઓ સામે કોઈ ચોકકસ ભૂમિકા આ ગુનામાં ભજવી હોય તેવા સ્પષ્ટ આક્ષેપો નથી પરંતુ જનરલ આક્ષેપો કરવામાં આવેલા છે. મુખ્ય આક્ષેપ પ્રમાણે તા.૨૭.૭.૨૦૦૨ ના રોજ ગોધરા ખાતે સાબરમતી એકસપ્રેસ ટ્રેનનો ડબ્બો સળગાવવામાં આવેલો અને તેના કારણે સમગ્ર ગુજરાત રાજયમાં કોમી તોફાનો ફાટી નીકળેલા તેનો બદલો લેવા આ કૃત્ય કરેલુ છે તેવો ફરિયાદપક્ષનો આક્ષેપ છે. પરંતુ ફરિયાદપક્ષ દ્વારા કુલ–૧૧૬૩(અગિયાર સો ત્રેસઠ) સાહેદો તપાસવામાં આવેલા છે તથા ૬૦૦૦ (છ હજાર)થી વધુ દસ્તાવેજી પુરાવા રજૂ થયેલા છે. તમામ પુરાવા ધ્યાને લેતા આ બનાવોમાં આરોપીઓની સંડોવણી સ્પષ્ટપણે જણાય આવતી નથી અને આરોપીઓને આ ગુનાઓમાં ખોટી રીતે સંડોવી દીધેલા છે. આ કેસ સાંયોગિક પુરાવા ઉપર આધારીત કેસ છે માટે ફરિયાદપક્ષ દ્વારા સાંયોગિક પુરાવાની ચેઈન તુટયા વિના સળંગ પુરવાર થવી જોઈએ પરંતુ હાલના કેસમાં સાંયોગિક પુરાવાની ચેઈન ફરિયાદપક્ષ દ્વારા સાબિત કરવામાં આવતી નથી. આ સંબંધમાં વકીલશ્રી એમ.એમ.શેખ નીચે મુજબના ચુકાદાઓ ઉપર આધાર રાખે છે.

અ.નં.	ચુકાદો	ચુકાદામાં નિર્ણીત મુદ્દાઓ પૈકી સાંયોગિક પુરાવા અંગે નિર્ણીત થયેલો એક મુદ્દો
૧	ઉપાલા દિક્ષમ વિરૂધ્ધ સ્ટેટ ઓફ આંધ્રપ્રદેશ ૨૦૧૯ (૧૩) સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૮૦૨	પેરા–૬ મુજબ સાંયોગિક પુરાવા ઉપરનો કેસ હોય ત્યારે તે કેસ ત્રણ રીતે સંતોષકારક હોવો જોઈએ. (૧) સંજોગો કે જે આરોપીને ગુનેગાર ઠરાવવા માટેના હોય તે સબળ રીતે પુરવાર થવા જોઈએ (૨) બનાવના તમામ સંજોગો આરોપીને સંડોવતા હોવા જોઈએ (૩) તે સંજોગોથી આરોપીએ ગુનો કર્યો છે તે અંગેની ચેઈન સળંગ રીતે પુરવાર થવી જોઈએ કે ગુનો માત્રને માત્ર આરોપીએ જ કરેલો હોય
૨	અનવર અલી વિરૂધ્ધ સ્ટેટ ઓફ હિમાચલપ્રદેશ એ.આઈ.આર. ૨૦૨૦ સુપ્રિમ કોર્ટ પાન નં.૪૫૧૯	પેરા–૩૧.૪ મુજબ (૧) સંજોગો કે જેનાથી ગુના તરફ આરોપીને દોરવામાં આવે તે સંજોગો સંયુકત અને નિશ્ચિતપણે સ્થાપિત થવા જોઈએ. (૨) તે તમામ સંજોગો નિશ્ચિતપણે આરોપીને ગુના તરફ દોરી જવા માટે નિર્દેશ કરતા હોય. (૩) સંજોગોના સાંકળની રચના પુર્ણ થવી જોઈએ અને નિષ્કર્ષથી કોઈ છુટકારો ના થાય કે તમામ સંભાવના જોતા આરોપીએ જ ગુનો કર્યો છે બીજા કોઈએ કરેલો નથી. (૪) સાંયોગિક પુરાવા આરોપીના ગુના સિવાયના કોઈ પણ અન્ય પૂર્વ ધારણા, સમજણ માટે

		સંપુર્ણ અને સમર્થ હોવા આવશ્યક છે . આવા પુરાવા આરોપીના અપરાધ સાથે હોવા જોઈએ.
૩	દેવીલાલ વિરૂધ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન ૨૦૧૯ (૧૯) સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૪૪૭	પેરા–૧૪ મુજબ સાંયોગિક પુરાવા ઉપર આધારીત કેસ હોય ત્યારે (૧) સંજોગો એવા હોવા જોઈએ કે આરોપીએ જ ગુનો કર્યો છે તે પૂર્ણ રીતે સ્થાપિત થવુ જોઈએ. (૨) સ્થાપિત થયેલ સંજોગો ફકત ગુનાની પુર્વ ધારણા સાથે સુસંગત હોવા જોઈએ. (૩) સંજોગો નિર્ણાયક સ્વભાવ અને વૃત્તિના હોવા જોઈએ. (૪) સાબીત કરેલી એક સિવાય દરેક શકય ધારણાને બાકાત રાખવી જોઈએ. (૫) ગુનો આરોપી દ્વારા કરવામાં આવ્યો છે તે સાંકળ પૂર્ણ થવી જોઈએ.
૪	રાજ કુમાર સીંગ વિરૂધ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન ૨૦૧૩(૫) સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૭૨૨	પેરા–૧૭ મુજબ શંકા તે સાબિતીનું સ્થાન લેતી નથી "સાબિત થાય છે" અને "સાબીત થશે" બે વચ્ચે ઘણો મોટો તફાવત છે. અદાલતે અન્યાય થતો ટાળવા માટે કટીબધ્ધ રહેવુ જોઈએ શંકા હોય તો લાભ આરોપીને આપવો જોઈએ. પેરા–૧૮ મુજબ સોનાનો દોરો ન્યાયના વહીવટની જારી દ્વારા ચાલે છે જો કેસમાં તે આરોપીના દોષારોપણ તરફ દોરી જતો હોય અને બીજો તેની નિર્દોષતા તરફ દોરી જતો હોય ત્યારે આરોપીની તરફેણમાં મત લેવો

		જોઈએ.
૫	મલાઈ ચામી વિરૂધ્ધ સ્ટેટ ઓફ તામીલનાડુ ૨૦૨૦(૩) સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ) પાન નં.૪૦૭	પેરા–૧૧ મુજબ ખુનના ગુનામાં સાંયોગિક પુરાવા ઉપર કેસ હોય ત્યારે સંજોગોની સાકળ સળંગ પુરવાર થવી જોઈએ. નામદાર સુપ્રિમ કોર્ટ સમક્ષના આ કેસમાં સાહેદ નં.૪,૫ ના નિવેદનો તા.૨૨.૬.૧૯૯૮ ના રોજ નહીં પરંતુ તા.૧.૭.૧૯૯૮ ના રોજ નોંધવામાં આવેલા. બંનેના નિવેદનોમાં વિરોધાભાસ હતો. નિવેદનો ઉચ્ચ રીતે અકુદરતી વર્તન મુજબના હતા. નામદાર અદાલતે ઠરાવેલુ કે સાહેદ નં.૪,૫ ની જુબાની વિશ્વાસપાત્ર નથી.

આરોપીઓના વકીલશ્રી એલ.આર.પઠાણ કાવતરૂ, સામાન્ય ઈરાદો અને મદદગારીના મુદ્દા ઉપર દલીલ કરતા જણાવે છે કે ફરિયાદપક્ષના કેસ પ્રમાણે તેમજ આંક–૧૨૨ ના તહોમતનામાં મુજબ આરોપીઓ સામે કાવતરા અંગેનો કેસ છે. આ સબંધમાં તેઓ <u>આદમ સુલેમાન વિરૂધ્ધ ગુજરાત રાજય ૨૦૦૫ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૧૭૧૫</u> નો ચુકાદો વંચાણે લઈ દલીલ કરે છે કે ભારતીય ફોજદારા ધારાની કલમ–૧૨૦(બી) મુજબ બે અથવા વધારે વ્યકિતઓ વચ્ચે કોઈ ગેરકાયદેસર કૃત્ય કરવાની સમજૂતી થવી જોઈએ અને સમજૂતી થયેલી હોય તો તેને કાવતરૂ કહેવાય. ચુકાદાના પેરા–૮૭ વંચાણે લઈ દલીલ કરે છે કે બે અથવા વધારે વ્યકિતઓ ભેગા થાય અને ગેરકાયદેસરની સમજૂતી કરે તો કાવતરૂ રચાયુ કહેવાય અને આ કાવતરૂ તે સ્વતંત્ર પુરાવો છે . ચુકાદાના પેરા–૮૯ ધ્યાને લઈ દલીલ કરે છે કે કાવતરામાં સમજૂતી થવી જરૂરી છે. બે કે વધુ વ્યકિતઓ ભેગી થઈ કોઈ ચર્ચા કરે અથવા કોઇ હકીકત કે બનાવોનું જ્ઞાન રાખે તો તે પુરતુ નથી પરંતુ બધા વચ્ચે ચર્ચાના અંતે કોઈ કૃત્ય

કરવા અંગેની સમજૂતી થવી જરૂરી છે. જો આવી કોઈ સમજૂતી થયેલી ન હોય તો કાવતરૂ ગણાશે નહીં. કાવતરૂ રચાયુ છે તેવા સંજોગો પુરવાર થવા જોઈએ. વકીલશ્રી એલ.આર. પઠાણની આ દલીલ સાથે હું સંમત છું કે બે કે તેથી વધારે વ્યકિતઓ વચ્ચે કોઈ ગેરકાયદેસર કૃત્ય કરવાની સમજૂતી થયેલી હોય તો તે કાવતરૂ ગણાશે. પરંતુ આ સમજૂતીનું કોઇ લખાણ કરવમાં આવતું હોતુ નથી સમજૂતીનો કોઇ લેખીત દસ્તાવેજ કે પુરાવો હોતો નથી માટે સંજોગો જ ધ્યાનમાં લેવા પડે. વધુમાં વકીલશ્રી એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે, કાવતરામાં ત્રણ વસ્તુઓ હોવી જોઈએ તે પૈકી ભેગા થનાર વ્યકિતઓના મગજમાં મીટીંગનુ આયોજન થાય અને ગેરકાયદેસર સમજૂતી થાય તથા કૃત્ય કરવાની તૈયારી થઈ હોવી જોઇએ અને ત્યારબાદ કૃત્ય થયુ હોવુ જોઈએ. વધુમાં વકીલશ્રી એલ.આર.પઠાણ આંક–૧૨૨ વાળુ તહોમતનામાંના પાન નં.૧૬ નો છેલ્લો પેરો વંચાણે લઈ દલીલ કરે છે કે આ તહોમતનામું મુખ્ય ગુના માટે ફરમાવવામાં આવેલ છે. પાન નં.૧૭ નો પ્રથમ પેરો વંચાણે લઈ દલીલ કરે છે કે કોઈ ગુનામાં મદદગારી કરવી તે સ્વતંત્ર ગુનો નથી. મુખ્ય ગુના વિનાના ગુનામાં મદદગારી અંગે સજા થઈ શકે નહીં. આ તહોમતનામામાં આરોપીઓએ ગેરકાયદેસર મંડળીની રચના કરેલી હોય તે અંગેની કોઈ હકીકત કે આક્ષેપ તહોમતનામામાં નથી. આરોપીઓ વચ્ચે સમાન હેતુ હતો તેવી પણ હકીકત કે આક્ષેપ તહોમતનામામાં નથી, ચોકકસ આરોપી સામે ચોકકસ પ્રકારનો ચાર્જ હોવો જોઈએ. પ્રથમ પેરો વંચાણે લઈ દલીલ કરે છે કે મુસ્લિમ કોમના માણસોએ હિન્દુ કાર સેવકો તથા નિર્દોષ મુસાફરોને મારી મરણ નીપજાવેલ હોવાની હકીકત ખોટી છે. આક્ષેપ પ્રમાણે મુખ્ય હેતુ ગોધરા કાંડનો બદલો લેવો તે છે અને બધા જ આરોપીઓ ભેગા થઈ કાવતરૂ રચ્યુ છે તેવો આક્ષેપ છે પરંતુ કયા આરોપીએ કયારે શું કર્યુ તે અંગેના કોઈ આક્ષેપો નથી. પરંતુ મારા મત પ્રમાણે આંક–૧૨૨ વાળુ તહોમતનામું મારા અગાઉના ન્યાયાધિશ સાહેબે ફરમાવ્યુ ત્યારે સમગ્ર પોલીસ પેપર વંચાણે લઈ તહોમતનામું ફરમાવવામાં આવેલુ છે. આક્ષેપો પ્રમાણે ફરિયાદપક્ષ દ્વારા પુરાવો રજૂ થાય છે કે કેમ? તે જુદી હકીકત છે. વકીલશ્રી

એલ.આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે આરોપીઓ સામે ફરમાવવામાં આવેલ તહોમતનામું પુરાવાના આધાર વિના ફરમાવેલુ છે પરંતુ તેઓની આ દલીલ સાથે હું સંમત નથી કારણ કે અગાઉ ચર્ચા કરી તેમ મારા અગાઉના ન્યાયાધિશ સાહેબ સમક્ષ રજૂ થયેલ ચાર્જશીટ અને તેની સાથે રજૂ થયેલા તપાસના કાગળો વંચાણે લઈ તહોમતનામું ફરમાવેલુ છે. જયારે ફરિયાદપક્ષ તરફથી આક્ષેપો સબંધે પુરાવા રજૂ થવા તે જુદી હકીકત છે અને આક્ષેપ પુરવાર કરવા માટે પુરાવા પણ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયા છે.વધુમાં વકીલશ્રી એલ. આર.પઠાણ દલીલ કરતા જણાવે છે કે અનલોકુલ એકટીવીટી એકટની જોગવાઈઓ મુજબ ગુનાના બે વર્ગીકરણ છે તે પૈકી (૧)ગેરકાયદેસર મંડળ દ્વારા કૃત્ય કરવુ અને (૨) આતંકવાદીઓ દ્વારા કૃત્ય કરવુ. આ સબંધમાં તેમને અનલોકુલ એકટીવીટી(પ્રિવેન્શન)એકટની કલમ–૨(એ) તથા ૨(ઓ) વંચાણે લીધેલી છે. વધુમાં તેઓ દલીલ કરતા જણાવે છે કે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી તથા ગુજરાત સરકારને ટાર્ગેટ બનાવવા માટે કાવતરૂ કરવામાં આવેલુ છે તે મુજબ તહોમતનામુ ફરમાવેલ છે પરંતુ કલમ–૨(ઓ) મુજબ ભારતના સાર્વભૌમત્વ માટે કાવતરૂ કરેલુ છે તે મુજબનુ તહોમતનામુ ફરમાવવામાં આવેલુ નથી ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને ટાર્ગેટ બનાવવાનો હેતુ તે સરકાર વિરૂધ્ધ કાવતરૂ કહેવાય નહિ. પરંતુ તેઓની આ દલીલ સાથે હું સંમત નથી કારણ કે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી બંધારણીય પધ્ધતિથી ચુંટાયેલા હતા અને ગુજરાત સરકારના મુખ્યમંત્રી હતા. ભારતીય ફોજદારી ધારાની કલમ–૧૨૧ અને ૧૨૧(એ) મુજબ કાનૂનથી સ્થાપિત સરકાર સામે થવુ તથા બળ પ્રયોગ અને હિંસા આચરવા કે સરકારને પડકારવી તે સરકાર સામે યુધ્ધે ચઢવુ કહી શકાય. સરકાર એટલે કોઈ વ્યકિત નથી કે કોઈ રોબોટ નથી પરંતુ બંધારણની જોગવાઈ મુજબ ચુંટાયેલી વ્યકિતઓનો સમુહ કે જે સરકાર ચલાવે તેને સરકાર કહેવાય. માટે તહોમતનામામાં સરકાર સામે યુધ્ધ છેડ્યું છે તેવા સ્પષ્ટ શબ્દો ન હોય તેથી કરીને એવુ કહી શકાય નહીં કે સરકાર સામે યુધ્ધ છેડવાનું કાવતરૂ રચાયેલુ નથી.શ્રી નરેન્દ્ર મોદી ગુજરાતની પ્રજા દ્વારા બંધારણીય પધ્ધતિથી

ચુંટાયેલી વ્યક્તિઓના સમુહમાં મુખ્યમંત્રી હતા અને ગુજરાત રાજ્યની પ્રજાનું પ્રતિનિધિત્વ કરતા હોય તેઓ વ્યક્તિ નહિ પરંતુ સરકાર કહેવાય. અને તેઓને ટાર્ગેટ બનાવવા તે સરકારને ટાર્ગેટ બનાવ્યા સમાન કહેવાય.

આરોપીઓના વકીલ સુ.શ્રી નિત્યા રામા ક્રિષ્ણન કાવતરૂ, સામાન્ય ઈરાદો અને મદદગારીના મુદ્દા ઉપર દલીલ કરતા જણાવે છે કે ફરિયાદપક્ષનો તમામ પુરાવો ધ્યાને લેતા આ કામના આરોપીઓ વચ્ચે કોઈ ગેરકાયદેસર કૃત્ય કરવા માટે કાવતરૂ અને સમજૂતી થયેલ હોય અને તેના ભાગ રૂપે એકબીજાની મદદગારી કરી હોય તેવા કોઈ પુરાવા ફરિયાદપક્ષ તરફથી રજૂ થયેલા નથી. ફરિયાદપક્ષ દ્વારા જે પુરાવા રજૂ થયા છે તે પુરાવા કાવતરૂ સાબીત કરવા માટે પુરતા નથી. આ સબંધમાં તેઓ <u>નલીની એન્ડ અધર્સ વિરુધ્ધ ટી. સુરેન્દ્ર રાજા (૧૯૯૯) ૫ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૨૫૩</u> ઉપરના ચુકાદાના પેરા–૧૦૮ તથા પેરા–૩૩૭ થી ૩૩૯ વંચાણે લીધેલ છે.

આરોપીઓના વકીલશ્રી કે.જી.શેખ કાવતરૂ, સામાન્ય ઈરાદો અને મદદગારીના મુદ્દા ઉપર દલીલ કરતા જણાવે છે કે ફરિયાદપક્ષનો પુરાવો ધ્યાને લેતા આક્ષેપ એવો છે કે બનાવો બનતા પહેલા આરોપીએ એકબીજા સાથે ટેલિફોન ઉપર વાતો કરેલી. ટેલિફોન ઉપર વાતો કરવાથી કાવતરૂ સ્થાપિત થતુ નથી કારણ કે કોલ ડીટેઈલ કે કોલ ડીટેઈલની સી.ડી.આર.કબજે કરવામાં આવેલી નથી. ફરિયાદપક્ષના આક્ષેપ પ્રમાણે આરોપીઓએ જુદી–જુદી જગ્યાઓ ઉપર મકાનો ભાડે રાખેલા, જુદી–જુદી જગ્યાઓ ઉપર મીટીંગો કરેલી અને જેહાદી ભાષણો કરેલા પરંતુ તેથી કરીને કાવતરૂ રચાયેલુ હોવાનું અનુમાન થઈ શકે નહીં. વધુમાં તેઓ દલીલ કરતા જણાવે છે કે આ કેસ સાંયોગિક પુરાવા ઉપરનો કેસ છે અને આરોપીઓની સંડોવણી અંગેના તમામ સંજોગોની ચેઈન સળંગ રીતે પુરવાર થવી જોઈએ પરંતુ આ કેસમાં આ ચેઈન ફરિયાદપક્ષ દ્વારા પુરવાર કરવામાં આવતી નથી. આ સબંધમાં તેઓ નીચે મુજબના ચુકાદા ઉપર આધાર રાખે છે.

અ.નં.	ચુકાદો	ચુકાદામાં નિર્ણીત મુદ્દાઓ પૈકી સાંયોગિક

		પુરાવા અંગે નિર્ણીત થયેલો એક મુદ્દો
૧	ટોમાશો બ્રુનો વિરૂધ્ધ સ્ટેટ ઓફ યુ.પી. ૨૦૧૫(૧) ક્રાઈમ્સ પાન નં.૧૦૫ સુપ્રિમ કોર્ટ	પેરા–૧૩ મુજબ આરોપીઓને કાવતરામાં સંડોવવા માટેના સંજોગોની ચેઈન ફરિયાદપક્ષ દ્વારા સંપૂર્ણપણે સ્થાપિત થવી જોઈએ. આ સંજોગોની ચેઈનમાં કોઈ ગેપ હોવી જોઈએ નહીં. ફરિયાદપક્ષે સબળ પુરાવાથી પોતાનો કેસ સાબીત કરવો જોઈએ. પેરા–૧૭ મુજબ સાહેદે તપાસ કરનાર અધિકારી સમક્ષ જે હકીકતો ન જણાવેલી હોય તે હકીકતો પોતાની જુબાનીમાં જણાવે ત્યારે તે માની શકાય નહીં.

વધુમાં તેઓ દલીલ કરતા જણાવે છે કે આ કેસમાં ષડયંત્ર / કાવતરૂ શું હતુ તે ફરિયાદપક્ષે બતાવેલુ નથી. આખુ ષડયંત્ર પોલીસે ઉભુ કરેલુ છે. વકીલશ્રી કે.જી.શેખની આ દલીલ સાથે હું સમંત નથી. તપાસ કરનાર અધિકારીઓ મદદનીશ પોલીસ કમિશનર કક્ષાના ઉચ્ચ અધિકારીઓ છે. કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરવાની તેમજ દેશના નાગરિકોની રક્ષા કરવાની જવાબદારી તેમની છે માટે આરોપીઓને સંડોવવા માટે તપાસ કરનાર અધિકારીઓ કાવતરૂ કરે તે હરગિજપણે માની શકાય નહીં. આ દેશમાં અને ગુજરાતમાં લાખ્ખો–કરોડોની સંખ્યામાં મુસ્લિમ લોકોની વસ્તી છે તેમ છતાં આ જ આરોપીઓને તપાસ કરનાર અધિકારીઓએ અટક કરેલા છે કારણ કે તપાસ દરમ્યાન આ આરોપીઓ વિરૂધ્ધ ગુનો કર્યા અંગેના પુરાવા મળેલા છે. તપાસ કરનાર અધિકારીઓને આ આરોપીઓ સાથે કોઈ દુશ્મનાવટ નથી કે જેથી કરીને તેઓની વિરૂધ્ધ ષડયંત્ર કરી આ ગુનામાં ખોટા સંડોવી દે.

બચાવપક્ષ તરફથી વકીલશ્રી ડી.ડી.પઠાણ કાવતરાના મુદ્દા સબંધે દલીલ કરતા જણાવે છે કે ફરિયાદપક્ષ કાવતરૂ સાબીત કરવામાં નિષ્ફળ ગયેલ

છે. આ કેસ સાંયોગિક પુરાવા ઉપર આધારીત કેસ છે અને ફરિયાદપક્ષ સંજોગોની કડી સાબીત કરી શકેલ નથી. આવા સંજોગોમાં આરોપીઓની ખોટી સંડોવણી કરેલાનું સ્પષ્ટ બને છે. આ અંગે વકીલશ્રી ડી.ડી.પઠાણ આદમ સુલેમાન અજમેરી વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત (૨૦૧૪) ૭ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૭૧૬ ના ચુકાદાની પણ વિસ્તૃત ચર્ચા કરેલ છે અને દલીલ કરેલ છે કે ફરિયાદપક્ષ આરોપીઓ સામેનો કેસ પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ છે. આ ઉપરાંત વકીલશ્રી ડી.ડી.પઠાણે નીચે મુજબના ચુકાદાઓ પણ રજૂ કરેલ છે.

અ.નં.	**ચુકાદો**	**ચુકાદામાં નિર્ણીત મુદ્દાઓ પૈકી સાંયોગિક પુરાવા અંગે નિર્ણીત થયેલો એક મુદ્દો**
૧	સ્ટેટ ઓફ બિહાર વિરૂધ્ધ સમશે આલમ ૨૦૧૬(૧) પી.એલ.જે.આર. પાન નં.૫૯૦ પટણા.	પેરા–૧૫૨, ૧૫૩ મુજબ સાંયોગિક પુરાવા ઉપર કેસ સાબિત કરવા માટે પાંચ સંજોગો ફરિયાદપક્ષે સાબિત કરવા પડે. (૧)જે સંજોગો ઉપરથી અપરાધનું તારણ કાઢવાનું છે તે સ્થાપિત થવા જોઈએ. (૨)આરોપીના અપરાધની પૂર્વ ધારણા સાથે સુસંગત હોવા જોઈએ એટલે કે દોષિત હોવા સિવાય બીજી પૂર્વ ધારણા હોઈ શકે નહીં. (૩)સંજોગો નિર્ણાયક સ્વભાવના હોવા જોઈએ. (૪) સાબિત થવા સિવાય દરેક સંભવિત ધારણા બાકાત રાખવી જોઈએ. (૫)પુરાવાની સાંકળ સંપૂર્ણ થવી જોઈએ જેથી આરોપીની નિર્દોષતા અંગે કોઈ આધાર હોવો જોઈએ નહીં.
૨	શરદ બિરદી ચંદ શારદા	જયારે કેસ સાંયોગિક પુરાવા ઉપર

	વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર (૧૯૮૪) ૪ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૧૧૬	આધારીત હોય અને ફરિયાદપક્ષના પુરાવા ઉપરથી બે મત આવતા હોય ત્યારે આરોપીની તરફેણનો મત સ્વીકારવો જોઈએ.
૩	યોગેશ વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર (૨૦૦૮) ૧૦ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૩૯૪	પેરા–૨૦ મુજબ વ્યકિતઓ વચ્ચે ચર્ચા થવી કે જ્ઞાન હોય તે કાવતરા માટે પુરતુ નથી. કાવતરાનો ગુનો સાબીત કરવા માટે બે કે તેથી વધારે વ્યકિતઓ વચ્ચે સમજૂતી થવી જરૂરી છે. પેરા–૨૨ મુજબ કાવતરૂ ખુલ્લામાં થતુ નથી મોટા ભાગે કાવતરૂ સંજોગો ઉપરથી પુરવાર થાય. આ સંજોગો સબળ રીતે અને ભરોસાપાત્ર પુરાવાથી પુરવાર થવા જોઈએ.
૪	દર્શન સીંઘ વિરૂધ્ધ સ્ટેટ ઓફ પંજાબ (૧૯૮૩) ૨ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૪૧૧	પેરા–૬ મુજબ ગુજરનાર સોહન સિંહના મરણોત્તર નિવેદન ઉપરથી કાવતરૂ ઘડાયુ હોય બે કે વધુ વ્યકિત વચ્ચે સમજૂતી થઈ હોય તો તે અદાલતે માન્ય રાખેલ નથી. પરંતુ નામદાર સુપ્રિમ કોર્ટ સમક્ષના કેસની હકીકતથી અત્રે હાથ ઉપરના કેસની હકીકત સદંતરપણે જુદી છે.

નિર્વિવાદ હકીકત છે કે આ કેસમાં અમદાવાદ શહેરમાં જુદી–જુદી કુલ–૨૨ (બાવીસ) જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ થયેલા છે તથા ૨(બે) જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ થયેલા નથી પરંતુ જીવંત બોમ્બ મળેલા છે. તે જ રીતે સુરત શહેરમાં જુદી–જુદી કુલ–૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના ઈરાદાથી મુકેલા જીવંત બોમ્બ મળી આવેલા છે. બોમ્બ બનાવતા કે બોમ્બ

મુકતા બંને શહેરોના કોઈપણ જાહેર જનતાના લોકોએ કોઈ વ્યકિતને કે આરોપીને જોયેલા નથી માટે આ કેસ સંપૂર્ણપણે સાંયોગિક પુરાવા ઉપરનો કેસ છે. બંને શહેરની કુલ–૫૩(ત્રેપન) જગ્યાઓ ઉપર બોમ્બ મુકવામાં આવેલા છે જેથી ચોકકસપણે એવુ કહી શકાય કે કુલ–૫૩(ત્રેપન) જગ્યાઓ ઉપર કુલ–૫૩ (ત્રેપન) બોમ્બ મુકવા માટે કુલ–૫૩(ત્રેપન) બોમ્બ બનાવવામાં આવેલા છે. આ બોમ્બ બનાવવા માટે અલગ–અલગ જગ્યાઓ ઉપરથી સામગ્રીઓ ખરીદવામાં આવેલી છે. ત્યારબાદ બોમ્બ બનાવવામાં આવેલા છે. જે જગ્યા ઉપર બોમ્બ મુકવામાં આવેલા છે તે જગ્યાઓની અગાઉથી પસંદગી થયેલી હોય તો જ તે જગ્યાઓ ઉપર બોમ્બ મુકી શકાય. આ બનાવો એક ખૂબ જ વિચારીને ઉંડાણપૂર્વકની ચર્ચાઓ કરીને લાંબા સમયના આયોજનો કરેલા હોય તો જ તે શકય બને. આ ઉપરાંત એક–બે કે પાંચ દસ વ્યકિતઓથી કુલ–૫૩(ત્રેપન) જગ્યાઓ ઉપર બોમ્બ મુકવામાં આવે તે અશકય છે. ઘણા બધા વ્યકિતઓએ આ કાર્યમાં ભાગ લીધો હોય તો જ આ બનાવો શકય બને માટે ચોકકસપણે કહી શકાય કે આ બનાવો માટે બે કે તેથી વધુ વ્યકિતઓ દ્વારા કાવતરૂ થયેલુ છે. આ કાવતરૂ આ બંને શહેરોમાં બોમ્બ બ્લાસ્ટ કરી પ્રજામાં ભય, ડર અને આક્રોશ ફેલાવવા માટે કરવામાં આવેલુ છે. સાથે સાથે પ્રવર્તમાન રાજય સરકાર અને ભારત સરકારને ખુલ્લો પડકાર આપવામાં આવેલ છે તેવુ પણ કહી શકાય. કાવતરામાં ભાગ લેનાર તમામ વ્યકિતઓ વચ્ચે આ બનાવો બાબતે સંપૂર્ણપણે સહમતી અને સમજૂતી સધાયેલી છે તે સ્પષ્ટ છે અને આ તમામ બનાવો અંગેની સમજૂતી ખૂબ જ ગુપ્ત રીતે થયેલી છે. ગુપ્તતા એટલી જાળવવામાં આવેલી છે કે કાવતરૂ અને કાવતરામાં થયેલી સમજૂતીની વાત કાવતરામાં સામેલ વ્યકિતઓ સિવાય કોઈને પણ ખબર પડે નહીં તે રીતે ગુપ્તતા રાખવામાં આવેલી છે. બંને શહેરોમાં મળીને કુલ–૫૩ જગ્યાઓ ઉપર બોમ્બ મુકવા તે એક કે બે માણસનું કામ નથી પરંતુ બે થી વધારે માણસોનું સહીયારૂ કામ છે માટે ચોકકસપણે કહી શકાય કે કાવતરામાં સામેલ વ્યકિતઓએ સમજૂતી કરીને એકબીજાની મદદગારીથી આ બનાવોને અંજામ આપવામાં આવેલો છે. હવે આ સબંધમાં

ભારતીય ફોજદારી ધારાની કલમ–૧૨૦(બી), ૩૪ અને ૧૦૯ ની જોગવાઈઓ ધ્યાને લઈએ તો –

ભારતીય દંડ સંહિતાની કલમ–૧૨૦(બી) માં જણાવ્યા મુજબ કાવતરાનું વિવરણઃ–

કાવતરૂ એટલે બે કે વધુ વ્યકિતઓ કોઈ ગેરકાનૂની કૃત્ય અથવા ગેરકાનૂની ન હોય તેવુ કૃત્ય ગેરકાનૂની સાધનો દ્વારા કરવા કે કરાવવા સહમત થાય ત્યારે તેવી સહમતીને ગુનાહિત કાવતરૂ કહેવામાં આવે છે. પરંતુ આવા ગુના કરવાની સહમતિ સિવાયની કોઈ સહમતી ગુનાહિત કાવતરૂ ગણાશે નહીં. સિવાય કે એવી સહમતિથી એક અથવા વધુ વ્યકિતઓએ તે સહમતિના અનુસંધાને કોઈક કૃત્ય કર્યું હોય. આ સંબંધે સદરહુ ગુનાના તત્વો જોઈએ તો,

૧. આરોપીએ અન્ય આરોપી કે આરોપીઓ સાથે સહમતી કરી હોય

૨. આ કાવતરૂ ગેરકાનૂની કૃત્ય અથવા કાનૂની કૃત્ય ગેરકાનૂની રીતે કરવા માટે અથવા કરાવવા માટે આવ્યુ હોય

૩. જે કૃત્ય કરવા અથવા કરાવવા કાવતરૂ કરવામાં આવ્યુ હોય તે કૃત્ય આ સંહિતા હેઠળ શિક્ષાપાત્ર હોય, અને

૪. આવુ કૃત્ય ગુનો બનતો હોય ત્યારે એક અથવા વધારે આરોપીઓએ કંઈક કૃત્ય કાવતરાના અનુસંધાને કર્યું હોય

કલમ–૧૨૦(ક) ના પ્રબંધથી સ્પષ્ટતા કરવામાં આવી છે કે ગુનાહિત કાવતરાના કોઈ એક કાવતરાખોર દ્વારા તે કાવતરાના અનુસંધાને કોઈ કૃત્ય કરવામાં આવે તે ક્ષણે તે ગુનો કાવતરૂ ગણાય, આટલી હકીકત પુરવાર થતા ગુનાહિત કાવતરાનો ગુનો સંપૂર્ણ બને છે. આવી સહમતી સાધનાર પ્રત્યેક કાવતરાખોર સંયુકત રીતે, સામૂહિક રીતે અને પરોક્ષપણે જવાબદાર ઠરે છે. આવા

કાવતરાને પાર પાડવા માટે શસ્ત્રો ખરીદવામાં આવે તો પણ તે કાવતરાના અનુસંધાને કરવામાં આવેલુ કૃત્ય ગણાય. સામાન્ય રીતે કોઈ વ્યકિત અચાનક ગુનો કરી નાખે તથા ઠંડા કલેજે ગુનો કરે તેમાં તફાવત છે અને એક ગુનો તત્ક્ષણ બની જાય અને બીજો ગુના આયોજનબધ્ધ રીતે કરવામાં આવે તેમાં પણ તફાવત છે. ગુનાહિત કાવતરામાં સહમતિ એ સૌથી અગત્યનો ભાગ છે. અંદરો અંદર સહમતિ સધાય, કૃત્યો કરવામાં કોને શું ભાગ ભજવવો તે નકકી કરાય ત્યારે ગુનો સરળતાથી પાર પડે છે. એક કરતા વધુ વ્યકિતની સામીલગીરીના કારણે તેવો ગુનો કરનારનો આત્મવિશ્વાસ વધી જતો હોય છે અને તે કારણે ગુનો સંપૂર્ણ થાય કે ન થાય પરંતુ આવા ગુનાહિત કાવતરાને જ ગુનો ગણવામાં આવે છે. કોઈ નિશ્ચિત ધ્યેય પાર પાડવા સહમતિ સધાય છે અને તે ધ્યેય ગેરકાનૂની હોય છે. ગુનો કરવા માટેનું કાવતરૂ કરીને કરેલા કૃત્યના કારણે ધ્યેય પાર પડે છે કે કેમ ? તે મહત્વની બાબત નથી પરંતુ કાવતરૂ જ ગુનો છે. કાવતરાના અનુસંધાને કાવતરૂ પાર પાડવા માટે કૃત્ય કરવામાં આવે અને તે કૃત્ય ગુનો થતો હોય ત્યારે વ્યકિત ત્યાં હાજર હોય તે કારણ તે વ્યકિત પણ કાવતરાખોર છે તેવુ માની ન લેવાય પરંતુ કાવતરામાં સામેલગીરી તથા કાવતરામાં સહમતિ હોય તે જરૂરી છે.

કલમ–૩૪ હેઠળના ગુનામાં ઈરાદો સામાન્ય હોય છે એક કરતા વધારે વ્યકિત દ્વારા ગુનો કરવામાં આવે ત્યારે મેળાપીપણાનું તત્ત્વ ભળતુ હોય છે. આ મેળાપીપણુ સામાન્ય ઈરાદા કે સામાન્ય હેતુના કિસ્સામાં પણ હોય, ગુનાહીત કાવતરૂ સાબિત કરવા માટે માત્ર મેળાપીપણુ સાબિત કરવામાં આવે તે પર્યાપ્ત નથી, પ્રત્યક્ષ પુરાવો શ્રેષ્ઠ પુરાવો કહેવાય. કાવતરાના કિસ્સાઓમાં મોટા ભાગે પ્રત્યક્ષ પુરાવો મળી શકતો નથી કેમ કે પ્રથમથી જ કાવતરાખોરો સાવધાન હોય છે, સભાન સ્થિતિમાં હોય છે અને તેથી પુરવાર થયેલી હકીકતોની કડીબધ્ધતા પરથી ગુનાહિત કાવતરૂ કરવામાં આવ્યુ તેવુ તારણ નિકળી શકે. વળી કાવતરૂ કરવામાં આવે ત્યારે બે અથવા તેથી વધારે વ્યકિતઓ તેમાં સામેલ હોય છે તેઓની વચ્ચે કશુક પરિણામ લાવવા માટે સહમતિ સાધવામાં આવે છે કે જેમાં પરિણામ ગેરકાનૂની હોય અથવા કરવામાં આવતુ કૃત્ય ગેરકાનૂની હોય અને

તે બાદ એવી આવશ્યકતા હોય છે કે તેના કારણે કશુક કૃત્ય કરવામાં આવ્યુ અને આવુ કૃત્ય કરવામાં આવે તે કારણે કાવતરૂ પાર પડે કે ના પડે તે બાબત મહત્વની નથી પરંતુ માત્ર કાવતરાના અનુસંધાને ગેરકાનૂની કૃત્ય કરવામાં આવે તો ગુનાહિત કાવતરાનો ગુનો સંપૂર્ણ બને છે અને આવા સંજોગોમાં પ્રત્યક્ષ પુરાવો મળી આવતો હોતો નથી અને તેથી સાંયોગિક પુરાવા પર આધાર રાખવાનો રહે છે અને આવા કિસ્સામાં આરોપીનું વર્તન ધ્યાન પર લઈ શકાય અને આરોપીના વર્તન પરથી સહમતિ સાબિત માની શકાય, ગુનો બની ગયા બાદ એક કાવતરાખોરની વર્તણૂક માત્ર તેની સામે જ પુરાવા તરીકે ગ્રાહય ગણાય અન્ય આરોપી સામે તે પુરાવો ગ્રાહય ગણી શકાય નહીં. આવા ગુનાહિત કાવતરાના કિસ્સામાં તેમ છતાં એક આરોપીએ કરેલુ ગેરકાનૂની કૃત્ય સહઆરોપીની સામે પુરાવા તરીકે મુકી પણ શકાય. સામાન્ય રીતે ગુનાહિત કાવતરામાં પ્રત્યેક આરોપી અલગ–અલગ ભાગ ભજવે છે તથા તે મુજબ તેની સમગ્ર અસરના કારણે કાવતરૂ પાર પડે છે તેથી એક આરોપીનું કૃત્ય બીજા આરોપીની વિરૂધ્ધ પુરાવા તરીકે માની શકાય.

આ કાયદાની કલમને વધુ ઊંડાણપૂર્વક જોઈએ તો ગુનાહિત કાવતરાના તહોમતમાં એક કરતા વધારે આરોપી હોય, પુરાવા પરથી એક આરોપી સામે તહોમત પુરવાર ન થાય અને છુટી જાય તો તેવા એકમાત્ર કારણથી અન્ય આરોપી પણ છુટી જાય તેમ કહી શકાય નહીં. જયારે આરોપીઓની સામે મુખ્ય તહોમત ગુનાહિત કાવતરા માટે હતુ તથા ગુનાહિત કાવતરૂ જ પુરવાર થતુ ન હોય ત્યારે અન્ય ગુના માટે શંકા ઉભી થાય અને તેનો લાભ આરોપીને મળે, પરંતુ આ કોઈ નિયમ નથી પરંતુ કેસના સંજોગો હકીકત અને પુરાવાને ધ્યાને લઈ નકકી કરી શકાય. ટૂંકમાં ગુનાહિત કાવતરાના તહોમતમાં પ્રત્યક્ષ પુરાવો ઉપલબ્ધ હોય નહીં અને તેથી અદાલતે સાંયોગિક પુરાવા પર આધાર રાખવાનો રહે છે. સાધવામાં આવતી સહમતિ ગુનો હોય છે. માત્ર આરોપીઓ વચ્ચેની સહમતિ તથા ઉભી થવા પામેલી સમજ મુખ્ય ભાગ ભજવે છે, સામેલ થનાર વ્યકિત એકબીજાને ઓળખતી પણ ન હોય છતાં પ્રત્યેક આરોપી પોતાનો ભાગ

ભજવે અને તે કાવતરાના અનુસંધાને કાર્યશીલ બને છે, એક આરોપીની સામે ગુનો સાબિત ન થાય તો માત્ર તે કારણે અન્ય આરોપીઓ પણ છુટી જવા હકકદાર થાય નહીં.

આમ, કોઈપણ પ્રકારનો ગુનો આચરવાનો ઈરાદો જયાં સુધી ઈરાદામાં રહે ત્યાં સુધી કોઈ ગુનો બનતો નથી, માત્ર ઈરાદો ધરાવવો તે માનસિક અવસ્થા છે કે જે સજાને પાત્ર નથી. માનસિક પ્રક્રિયામાં જે ઈરાદો હોય તે ચોકકસ આકાર ધારણ કરે અને કોઈ ગેરકાનૂની કૃત્ય કરવા કે ગેરકાનૂની ન હોય તેવા કૃત્ય ગેરરકાનૂની સાધનો વડે કરવા માટે સહમતિ સાધવામાં આવે ત્યારે તે ગુનાહિત કાવતરૂ કહી શકાય. આ કાયદાની કલમ–૧૨૦(એ)મા સ્પષ્ટ કરવામાં આવ્યુ છે કે ગુનાહિત કાવતરાનો કોઈ એક કાવતરાખોર દ્વારા તે કાવતરાના અનુસંધાને કોઈ કૃત્ય કરવામાં આવે તે ક્ષણે તે ગુનો કાવતરૂ ગણાય, આટલી હકીકત પુરવાર થતા ગુનાહિત કાવતરાનો ગુનો સંપૂર્ણ બને છે. આવી સહમતિ સાધનાર પ્રત્યેક કાવતરાખોર સામૂહીક રીતે અને પરોક્ષપણે જવાબદાર ઠરે છે. આવા કાવતરાને પાર પાડવા માટે શસ્ત્રો ખરીદવામાં આવે તો પણ તે કાવતરાના અનુસંધાને કરવામાં આવેલુ કૃત્ય ગણાય. **કોઈ ઈસમ અચાનક ગુનો કરી બેસે તથા ઠંડા કલેજે કરે તેમાં તફાવત છે. એક ગુનો તત્ક્ષણ બની જાય અને એક ગુનો આયોજનબધ્ધ રીતે કરવામાં આવે તેમાં પણ તફાવત છે.** ગુનાહિત કાવતરૂ શબ્દમાં સહમતિ એ સૌથી મહત્વનું તત્વ છે. અંદર–અંદર સહમતિ સધાય, કૃત્યો કરવામાં કોણે શું ભાગ ભજવવો તે નકકી કરાય ત્યારે ગુનો સરળતાથી પાર પડે છે તથા એક કરતા વધુ વ્યકિતની સામેલગીરીના કારણે તેવો ગુનો કરનારનો આત્મવિશ્વાસ પીઠબળના કારણે વધી જાય છે અને તે કારણે ગુનો સંપૂર્ણ થાય કે ન થાય પરંતુ આવા ગુનાહિત કાવતરાને જ ગુનો ગણવામાં આવે છે કે જે કારણે આ રીતે થતા ગુના અટકે, ગુનાહિત કાવતરામાં કાવતરાખોર સહમતિ સાધે ત્યારે ગુનામાં અપરાધનું તત્વ અત્યંત વધી જાય છે કારણ કે એક ચોકકસ પરિણામ પાર પાડવા માટે સહમતિ સધાય છે અને તે પરિણામ ગેરકાનૂની કૃત્ય હોય છે.

ગુનો કરવા માટેનું કાવતરૂ કરીને કરેલા કૃત્યના કારણે ધ્યેય પાર પડે છે કે કેમ ? તે મહત્વની બાબત નથી કાવતરૂ જ ગુનો છે.

ભારતીય દંડ સંહિતાની કલમ–૩૪ મા જણાવ્યા મુજબ સામાન્ય ઈરાદાનું વિવરણઃ–

અનેક વ્યકિતઓએ મળીને તેમના સર્વનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે કોઈ ગુનાહિત કૃત્ય કર્યું હોય ત્યારે આવી વ્યકિતઓ પૈકીની પ્રત્યેક વ્યકિતએ કૃત્ય તેણે એકલાએ જ કર્યું હોય તે રીતે તે કૃત્ય માટે તે જવાબદાર છે.

આ કલમનું એક મહત્વનું તત્વ એવુ છે કે એક કરતા વધારે વ્યકિતઓએ ગુનો કરેલ હોવો જોઈએ. તેવી તમામ વ્યકિતઓ પૈકી કોઈક અજાણ વ્યકિત પણ હોઈ શકે અને આવુ કૃત્ય અવશ્ય ગુનાહિત હોવુ જોઈએ. દરેક વ્યકિતએ ભજવેલો ભાગ મળીને જે પરિણામ આવે તે આ કલમ મુજબ કૃત્ય ગણાય અને તેમાં તમામનો સામાન્ય ઈરાદો હોય તે જરૂરી છે અને આવુ કૃત્ય ગુનાહિત હોવુ જોઈએ આમ આ કાલમનો સાર ગુનાહિત કૃત્ય નહીં પણ સર્વ વચ્ચેનો સામાન્ય ઈરાદો છે.

આ કલમને ધ્યાને લઈએ તો એક સિધ્ધાંત પ્રસ્થાપિત થાય છે કે એક કરતા વધારે વ્યકિત કોઈ ગુનામાં સંડોવાયેલ હોય ત્યારે દરેક વ્યકિતના કૃત્ય, ઈરાદા, અપરાધની માત્રા વિગેરે અલગ પ્રકારના પણ હોય આથી ગુનામાં ભાગ લેનાર તમામ વ્યકિતને તમામ કિસ્સામાં એક જ સરખો કાનૂન લાગુ કરવો તે યોગ્ય ન કહેવાય. મદદગારી, ગુનાહિત કાવતરૂ, ગેરકાનૂની મંડળી, હુલ્લડ વિગેરેમાં ભાગ લેનાર તથા અલગ–અલગ પ્રકારના ગુનામાં ભાગ ભજવનાર માટે આ કલમમાં વિશિષ્ટ પ્રબંધો કરવામાં આવ્યા છે. ગુનો આચરનાર એકબીજા સાથે વિવિધ પ્રકારે જયારે સંકળાયેલા હોય તથા તેમનો સામાન્ય ઈરાદો એક જ હોય અને ગુનામાં ભાગ ભજવનાર એક કરતા વધારે વ્યકિત હોય તે આ ગુનાનું અગત્યનું પાસુ છે, તેમને એકઠા કરવા પાછળનું પરિબળ એ તેમની વચ્ચેનો સામાન્ય ઈરાદો છે અને **તેવો સામાન્ય ઈરાદો ધરાવનાર તમામની ગુનાહિત**

જવાબદારીની માત્રા એક સરખી નિશ્ચિત કરવી એ આ કલમનો મુખ્ય સિધ્ધાંત છે.

ઈ.પી.કો.કલમ–૩૪ ની કોઈ સ્પષ્ટ વ્યાખ્યા આપવામાં આવેલ નથી પરંતુ સામુહિક જવાબદારી નકકી કરવા માટે રચવામાં આવેલ છે. મદદગારી, ગુનાહિત કાવતરૂ, ગેરકાનૂની મંડળીના સભ્ય હોવુ એક કરતા વધુ વ્યકિત ગુનો આચરે તે માટેની જોગાવાઈઓ દર્શાવે છે. માનવીની માનસિક પ્રક્રિયાએ આ કલમની રચનાનો પાયો છે. સામાન્ય ઈરાદો નકકી કરવા માટે પ્રત્યક્ષ પુરાવો ભાગ્યે જ મળી રહે છે અને કદાચ ન પણ મળે કારણ કે આ કલમ મુજબની જવાબદારીઓનો આધાર માત્ર માનસીકતા છે. છતાં તેવી જવાબદારી નિયત કરવી એ કઠીન કામ છે, આ કલમ લાગુ પડે કે કેમ ? તે માટે ગુનાના સંજોગો, ગુનાની હકીકતો, સ્થળ પર આરોપીનું વર્તન તથા અભિવ્યકિત પરથી તારવણી કાઢવાની છે. આમ આ કલમનો પ્રબંધ સરળ હોવા છતા તે નાજુક મુદ્દો છે. આ કલમ ત્યારે જ ચિત્રમાં આવે જયારે તમામ અને પ્રત્યેક આરોપીએ ગુનામાં ભાગ ભજવ્યો હોય કોણે કેટલો ભાગ ભજવ્યો કે કોણે શું કૃત્ય કર્યુ તે હકીકત અગત્યની નથી. પરંતુ પ્રત્યેક આરોપીએ કૃત્ય કે કાર્યલોપ દ્વારા ભાગ ભજવ્યો હોય તો જ આ કલમ હેઠળ જવાબદારી નિયત કરી શકાય. ગુનાના સ્થળ પર હાજરી જરૂરી છે, **એટલે કે ગુનાના સ્થળની આસપાસની હાજરી હોય તો પણ આ કલમ મુજબની જવાબદારી થાય** અને આવી હાજરી નિર્દોષ ન હોવી જોઈએ અને તેવુ સ્થળ દ્રષ્ટિ મર્યાદામાં ન હોય છતાં તે વ્યકિત અવશ્યપણે વાકેફ હોય છે કે સ્થળ પર શું બની રહયુ છે કે બનવાનુ છે. થોડે દુરથી વ્યકિત હથિયાર પહોંચાડતી હોય કે કોઈ આવી ન જાય તે માટે સાવધાની રાખી રહી હોય કે ભોગ બનનાર છટકી ન જાય તે માટે પ્રવૃત્ત હોય તો પણ આ કલમના વર્તુળમાં તે આવી જાય છે.

વળી, ઈ.પી.કો.કલમ–૩૪ મા પ્રયોજવામાં આવેલો શબ્દ સામાન્ય ઈરાદો એવુ સુચવે છે કે કૃત્ય કરનાર તમામ અને પ્રત્યેક આરોપીને એક જ ઈરાદા સાથે સંબંધ હોય અને તેથી પ્રત્યેક આરોપી સભાન હોય, શું પરિણામ

નિપજાવવાનું છે તે અંગે ભાગ લેનાર સર્વ સ્પષ્ટ હોય તો ત્યારબાદ કોણે શું ભાગ ભજવ્યો તે હકીકત અગત્યની રહેતી નથી. તમામ ભાગ લેનારાઓનો એક જ ઈરાદો અને એક સરખી જાણકારી ગુનામાં પ્રેરક બળ હોય છે. માણસની માનસિક પ્રક્રિયામાંથી ઉત્પન્ન થતી ગુનાખોરી છે અને તે માટે કોઈ પ્રત્યક્ષ પુરાવો ઉપલબ્ધ હોય નહીં અને તમામ હકીકતોને લક્ષમાં લઈને તારણ કાઢવાનું હોય છે અને તે કાર્ય કઠીન પણ છે. માનવીની વૈચારિક અને માનસિક પ્રક્રિયાના કારણે એક ગ્રંથી બંધાય છે કે જેને કાનૂની ભાષામાં ઈરાદો કહેવામાં આવે છે અને તેમાં ભાગ લેનાર પ્રત્યેક એક જ માનસિક ભૂમિકા પર હોય છે. તે રીતે સામાન્ય ઈરાદો પાર પાડવા માટે દરેક આરોપી કૃત્ય અને કાર્યલોપ આચરીને પોતાનો ભાગ ભજવે છે. **આ કલમમાં પૂર્વ આયોજન થયુ તે પુરાવો પર્યાપ્ત છે, કયા આરોપીએ શું ભાગ ભજવ્યો તે અગત્યની હકીકત નથી.** પરંતુ શા માટે ભાગ ભજવ્યો તે હકીકત અગત્યની છે અને શા માટે ભાગ ભજવ્યો તેનો જવાબ સામાન્ય ઈરાદો છે. **આથી પ્રત્યક્ષ પુરાવો ન હોય ત્યારે બનાવ પહેલાનું વર્તન, બનાવ બન્યો તે સમયનું વર્તન તથા બનાવ બની ગયા પછીનું વર્તન જે કરવામાં આવ્યુ હોય તો તેનુ વર્તન અગત્યનો પુરાવો બની જાય છે.** વ્યકિતનું વર્તન તથા વાણી માનસિક પ્રક્રિયા માટે વિશ્વાસપાત્ર પુરાવો ગણાય, કારણ કે માનવ સ્વભાવ મુજબ વાણી તથા વર્તન માનસિક પ્રક્રિયા મુજબના હોય છે.

ભારતીય દંડ સંહિતાની કલમ–૧૦૯ મા જણાવ્યા મુજબ મદદગારીનું વિવરણઃ–

મદદગારીના અનુસંધાને મદદગારી કરવામાં આવેલુ કૃત્ય કરવામાં આવ્યુ હોય અને તેવી મદદગારીની સજા માટે આ સંહિતામાં સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવી ન હોય તો જે કોઈ વ્યકિત કોઈ ગુનામાં મદદગારી કરે તેને તે ગુના માટે જોગવાઈ કરવામાં આવી તે સજા ફરમાવવામાં આવશે. એટલે કે મદદગારીની પરિણામે અથવા કાવતરાના અનુસંધાને અથવા મદદગારી થતી હોય તેવી સહાયથી કોઈ કૃત્ય કે ગુનો કરવામાં આવે ત્યારે તે કૃત્ય કે ગુનો મદદગારીના કારણે કરવામાં આવ્યો છે તેમ કહી શકાય.

આ કલમ નીચે કોઈ કૃત્ય થયુ હોય અને તે સંબંધેની ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવે ત્યારે આરોપીની સામે તે સંબંધેનું તહોમતનામું ઘડવુ જરૂરી છે કેમ કે જે ગુનાની મદદગારી કરવામાં આવી હોય તે ગુનાના તત્વો તેમાં છે તેવુ માનીને કામ ચલાવવામાં આવે છે અને તે માટેની સજાની જોગવાઈ આચરવામાં આવેલા ગુના પ્રમાણેની છે. આ સંબંધેના ગુનામાં મદદગારીના ગુના સબંધે કોઈ સ્પષ્ટ જોગવાઈ નથી અને તે સંજોગોમાં જયારે મદદગારી કરવામાં આવી હોય તેવા તત્વો માલુમ પડે ત્યારે આ કલમ લાગુ પડશે. જે ગુના માટે મદદગારી કરવામાં આવી હોય તે ગુનાના તત્વો તેમાં છે તેમ માનીને કામ ચલાવવામાં આવે છે અને સજા ગુના પ્રમાણેની છે. જે ગુના માટે મદદગારી કરવામાં આવી તે ગુના માટે લાગુ પડતી તમામ પધ્ધતિ તથા પ્રક્રિયા આ કલમ માટે લાગુ પડશે. મદદગારી પાછળનો શું ઈરાદો, કેવા પ્રકારની મદદગારી છે અને કયા કૃત્ય માટે મદદગારી કરવામાં આવી આ હકીકતના જવાબ મુજબ મદદગારીનો ગુનો તથા ગુનાહિત જવાબદારી નિશ્ચિત કરી શકાય છે. જયારે તમામનો એક સરખો ઈરાદો હોય અને તે મુજબનું કૃત્ય બને ત્યારે કોઈ આરોપી કાનૂની રીતે છટકી ન જાય તે માટે કલમ–૧૦૯ ની રચના કરવામાં આવી છે. કોઈ ગુનો કરવા માટેની કોઈ વૈજ્ઞાનિક પધ્ધતિ હોતી નથી અને તમામની માનસિક પ્રક્રિયા અલગ–અલગ હોય છે. મદદગારી માટે કયાંય સ્પષ્ટ જોગવાઈ ન હોય અને છતાં મદદગારી કરવામાં આવી હોય તેવા સંજોગોમાં કલમ–૧૦૯ ની જોગવાઈ કરવામાં આવેલી છે. કોઈની ચઢામણીથી કૃત્ય કરવામાં આવે ત્યારે તેનો પ્રત્યક્ષ પુરાવો સામાન્ય રીતે ન હોય કારણ કે તે બાબત માત્ર મુખ્ય આરોપી તથા મદદગાર વચ્ચેની જ હોય છતાં પણ પુરાવો તથા સંજોગો પરથી તે તારવી શકાય.

કલમ–૧૦૯ ના પ્રબંધો લાગુ પડે તે માટે ત્રણ મહત્વની બાબત આવશ્યક છે. એક જયારે અન્ય કયાંય સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવી ન હોય ત્યારે આ કલમ લાગુ પડે. બીજી આવશ્યક બાબત એ છે કે મદદગારી કરવામાં આવી હોય તે કૃત્ય વાસ્તવમાં બન્યુ હોય તથા ત્રીજી બાબત એ છે કે ચઢામણી

દ્વારા અથવા સ્થળ પર ત્યારે જ પ્રત્યક્ષપણે મદદગારી આ ત્રણ પૈકી કોઈ પ્રકારે કરવામાં આવી હોય. કલમ–૧૨૦(એ) મા ગુનાહિત કાવતરૂની વ્યાખ્યા કરવામાં આવી છે તથા કલમ–૧૨૦(બી)મા તેના માટેની સજાની જોગવાઈ કરવામાં આવી છે. કાવતરૂ કયારેય મદદગારીનો ભાગ હોઈ શકે કારણ કે મદદગારી કરવા માટેનો તે એક પ્રકાર છે છતાં મદદગારી અને ગુનાહિત કાવતરા વચ્ચે તફાવત છે. મદદગારી કરવામાં આવે છે કે કાવતરા દ્વારા તેવી મદદગારી કરવામાં આવે તે સ્વતંત્ર ગુનો નથી પરંતુ જયારે કલમ–૧૨૦(એ)ની વ્યાખ્યા પ્રમાણે ગુનાહિત કાવતરૂ જ એક સ્વતંત્ર ગુનો બને છે જે માટે તહોમત મુકી શકાય , આ બંનેમાં અપરાધના તત્વની માત્રામાં તફાવત હોય છે.

દુષિત માનસ વિશેઃ–

કોઈ વ્યકિત ગુનો કરવા માટે પ્રેરાય અથવા ગુનો કરે કે કોઈ ગુનાહિત કહેવાય તેવુ કૃત્ય કરે તો તે પહેલા તેનું દુષિત માનસ હોવુ આવશ્યક છે. જો વ્યકિતનું દુષિત માનસ હોય તો જ ગુનો કરી શકે. દુષિત માનસ ન હોય તો ગુનો કરશે નહીં. દુષિત માનસ એ મન સાથે ભાવાત્મક રીતે જોડાયેલુ તત્વ છે અથવા તેને અસ્વસ્થ મન તરીકે કહી શકાય. કાયદાની ભાષામાં તેને "મેન્સરીયા" તરીકે ઓળખાય છે. કોઈ વ્યકિતના મનમાં બીજા માટે પૂર્વગ્રહ હોય, દુર્ભાવ હોય, તિરસ્કાર હોય, ચીડ હોય, લાગણીઓનો અભાવ હોય, દ્વેષવૃત્તિ હોય તથા ક્રોધ હોય તો તે દુષિત માનસથી પીડાય છે તેમ કહેવાય. આવા દુષિત માનસને પરીપૂર્ણ કરવા માટે કોઈ વ્યકિત કૃત્ય કરે તો તેવુ કૃત્ય કાયદાની ભાષામાં ગુનો ગણાય છે અને તે સજાનો પાત્ર છે. જો તેવી વ્યકિત દુષિત માનસથી કોઈ કૃત્ય કરે તો કાયદો તેમાં હસ્તક્ષેપ કરે છે. કોઈપણ કૃત્ય બે રીતે થાય એક સ્વચ્છ મનથી અને બીજુ દુષિત મનથી. જો વ્યકિત સ્વચ્છ મનથી કોઈ કૃત્ય કરે તો કાયદાની પરિભાષામાં ગુનો બનતુ નથી પણ અસ્વસ્થ કે દુષિત મનથી કોઈ કૃત્ય કરે તો તે ગુનો બને છે. દુષિત માનસની સ્પષ્ટ વ્યાખ્યા કાયદામાં કયાંય નથી કારણ કે દરેક વ્યકિતની બુધ્ધિનો આંક, વેરની ભાવના,

ક્રોધની ભાવના, પૂર્વગ્રહ, ચીડ તથા તિરસ્કારનું પ્રમાણ દરેક વ્યકિતમાં એકસરખુ હોતુ નથી તેનુ પ્રમાણ વધતા ઓછા પ્રમાણમાં હોય છે માટે દુષિત માનસ માપવાનું કોઈ સાધન ઉપલબ્ધ નથી પરંતુ દુષિત માનસ ધરાવતી વ્યકિતની વાણી, વર્તન, વ્યવહાર ઉપરથી સમજદાર વ્યકિત સહેલાઈથી વ્યકિતનું દુષિત માનસ ઓળખી શકે. દુષિત માનસ વ્યકિતને ગુનો કરવા તરફ દોરી જાય છે. સ્વેચ્છાપૂર્વક કૃત્ય કરનાર વ્યકિતમાં સભાનતાનું તત્વ હોય છે અને જયારે સભાનતાનું તત્વ હોય ત્યારે જે કોઈ કૃત્ય કર્યુ હોય તેની સંભવિત અસર તથા કૃત્યથી આવતા પરિણામની તેને સંપૂર્ણ જાણકારી હોય છે માટે ગુનાહિત જવાબદારી સાબિત કરવા માટે સૌપ્રથમ દુષિત માનસ પુરવાર કરવુ અતિ આવશ્યક છે.

ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા તમામ પુરાવા તથા ભારતીય ફોજદારી ધારાની કલમ–૧૨૦(બ), ૩૪ અને ૧૦૯ ની જોગવાઈઓ તથા તેનુ વિવરણ ધ્યાને લેતા કાવતરૂ પુરવાર થાય છે તેમ હું સ્પષ્ટપણે માનુ છું અને કાવતરામાં સામેલ તમામ લોકો વચ્ચે આ બનાવો બાબતે સમજૂતી થયેલી છે અને એકબીજાની મદદગારીથી આ બનાવોને અંજામ આપવામાં આવેલો છે તથા ગુનાઓને અંજામ આપવામાં આરોપીઓનું દુષિત માનસ હોવાનું સ્પષ્ટ છે.

આ કાવતરામાં સામેલ વ્યકિતઓ તથા સીમી સંગઠન અને તેના સભ્યો દ્વારા ગુજરાત સરકાર તથા ભારત સરકારને અસ્થિર કરવા માટે તેમજ દેશમાં ઈસ્લામિક શાશન સ્થાપવા માટે દેશમાં ભયનો માહોલ ઉભો કરવા તેમજ દેશના નાગરિકોમાં સરકાર પ્રત્યે ઘૃણા ઉપસ્થિત કરવા માટે સમાજના જુદા–જુદા વર્ગો વચ્ચે ધાર્મિક વૈમનસ્ય ઉભુ કરવા માટે તેમજ ગોધરા કાંડનો બદલો લેવા જયાં હિન્દુ વસ્તી વધુ પ્રમાણમાં હોય તેવી જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવા માટે વ્યવસ્થિત પ્રકારના આયોજનો કરી તે અંગેની મીટીંગો કરી ગુપ્ત રીતે કાવતરૂ ઘડવામાં આવેલુ છે અને સરકાર વિરૂધ્ધ યુધ્ધ છેડવામાં આવેલુ છે તેમ કહી શકાય. યુધ્ધ કોને કહેવાય તેની કોઈ વ્યાખ્યા આપવામાં આવી નથી પરંતુ સરકારની કાયદેસરની સત્તાને પ્રત્યક્ષ રીતે પડકારવી અને તેમાં બળ પ્રયોગ

કરવામાં આવે તો તે યુધ્ધ ગણી શકાય. આ યુધ્ધના મુખ્ય ગુનેગાર તથા તેને મદદ કરનાર વચ્ચે કોઈ તફાવત નથી. કાવતરામાં સામેલ દરેક વ્યકિતની જવાબદારી એકસરખી જ ગણાય. વાસ્તવમાં કાયદેસર સ્થાપિત થયેલી સરકારની સામે થવુ તથા બળ પ્રયોગ અને હિંસા તે માટે આચરવા કે સરકારને પડકારવી તે યુધ્ધે ચઢવુ કહી શકાય.

ભારતીય ફોજદારી ધારાની કલમ–૧૨૧(એ) કેવી પધ્ધતિથી, શા હેતુ માટે તથા કેવા ઈરાદાથી આચરવામાં આવે છે તે પ્રત્યેક કેસની હકીકતો તથા સંજોગો ઉપરથી નકકી કરી શકાય. આ કલમમાં બે પ્રકારના કાવતરાનો સમાવેશ કરવામાં આવેલો છે. પ્રથમ કલમ–૧૨૧ હેઠળ આવતા ગુના અંગે કાવતરૂ કરવુ તથા બીજો ભાગ એવુ દર્શાવે છે કે કેન્દ્ર અથવા રાજય સરકાર સામે ગુનાહિત બળ અથવા બળના દેખાવથી આતંકીત કરવાનું કાવતરૂ કરવુ તે પણ કલમ – ૧૨૧(એ) હેઠળ કાવતરૂ ગણાય. આ કેસમાં અગાઉ ચર્ચા કરી તેમ હિન્દુ વસ્તીવાળા વિસ્તારોમાં આટલી બધી જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના ઈરાદાથી બોમ્બ મુકવામાં આવેલા જેથી કરીને લોકોમાં તેમજ દેશ વિદેશમાં આ બનાવોની ગંભીર નોંધ લેવાય. આ એક સરકાર સામે પડકાર જ કહી શકાય. **આતંકીત કરવા માટે કાવતરૂ કરવુ અને અન્ય ગુના માટે કાવતરૂ કરવુ તેમાં ધ્યાન ખેંચે તેવો તફાવત છે. કલમ–૧૨૧(એ) હેઠળના એટલે કે આતંક ફેલાવવાના ગુનામાં રાષ્ટ્રની સલામતીનો સવાલ છે.** આ કલમમાં વર્ણવવામાં આવેલો શબ્દ "આતંક ફેલાવવો" તે ડર, સાવચેતી કે દહેશત કરતા પણ ગંભીર સ્થિતિ દર્શાવે છે. આવા કાવતરામાં પ્રત્યક્ષ પુરાવો મળે નહીં પરંતુ **એક સામાન્ય માણસ એમ કહે કે એક વ્યવસ્થિત આયોજન હતુ તથા તે પ્રમાણે કાવતરામાં તમામ ભાગ લેનાર વર્તતા હતા તથા કંઈક અકૃત્ય, ગેરકાનૂની કૃત્ય કે ખોટુ કરવા માટે તેવુ કાવતરૂ કરવામાં આવેલુ હતુ ત્યારે તે કલમ–૧૨૧(એ) હેઠળ કાવતરૂ ગણાય.** આ સબંધમાં આ અદાલતના ધ્યાનમાં છે તેવો નીચે મુજબનો ચુકાદો ધ્યાને લીધેલો છે.

અ.નં.	ચુકાદો	ચુકાદામાં નિર્ણીત મુદ્દાઓ પૈકી સરકાર

		સામે યુધ્ધે ચઢવા અંગે નિર્ણીત થયેલો એક મુદ્દો
૧	મીર હસન ખાન વિરૂધ્ધ રાજય એ.આઈ.આર. ૧૯૫૧ પટણા પાન નં.૬૦	કોઈ કૃત્ય દ્વારા કાનૂન અને કાનૂનથી સ્થપાયેલી વ્યવસ્થાને અથવા સ્થિતિને વિપરીત અસર થાય અથવા કોઈ કૃત્યના કારણે જાહેર શાંતિ ઉપર જોખમ ઉભુ થાય, કાનૂનથી સ્થપાયેલી સરકાર સામે થવુ અથવા બળપ્રયોગ અને હિંસા આચરી સરકારને પડકારવી તે **"યુધ્ધે ચઢવુ"** કહી શકાય. આ કેસમાં તમામ આરોપીઓએ ભેગા મળી બોમ્બ બ્લાસ્ટ કરવાનું આયોજન કરીને સમાજમાં ડર, ભયનો માહોલ ઉભો કરેલો છે. સમાજમાં ભયનો માહોલ ઉભો થાય ત્યારે સ્વાભાવિક છે કે સરકાર પ્રત્યે સમાજમાં નારાજગી પેદા થાય. સમાજમાં એવી લાગણી ફેલાય કે સરકાર બહોળા સમાજની રક્ષા કરવામાં નિષ્ફળ ગયેલ છે.જેથી આરોપીઓનું વર્તન સરકાર સામે યુધ્ધે ચડવા સમાન છે.
૨	મેથ્યુજ વિરૂધ્ધ ત્રાવણકોર કોચીન રાજય એ.આઈ.આર. ૧૯૫૬ સુપ્રિમ કોર્ટ પાન નં.૨૪૧	યુધ્ધે ચઢવા પાછળ કાયદાથી સ્થપાયેલી સરકારને પ્રત્યક્ષ રીતે પડકાર હોય છે. ઉપરાંત બળ પ્રયોગ પણ હોય છે તથા રાષ્ટ્રની સલામતી જોખમવવાનો પણ હેતુ હોય છે. આ કેસમાં આરોપીઓએ સમાજમાં રહેલી

		શાંતિને અશાંતિમાં પરિવર્તિત કરેલી છે અને તેમ કરી સરકારને પ્રત્યક્ષ રીતે પડકાર ફેંકેલો છે તેમ હું માનું છુ.

ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ આરોપી નં.૨,૨૧,૨૪ ના કબૂલાત નિવેદનો તથા સાહેદ નં.૯૫૭, ૧૧૪૧ તથા અન્ય અગત્યના સાહેદોના પુરાવા ધ્યાને લેતા આ કામના આરોપીઓએ વાઘમોન તથા હાલોલ–પાવાગઢના જંગલોમાં ડિસેમ્બર–૨૦૦૭, જાન્યુઆરી–૨૦૦૮ ના તાલીમ કેમ્પો દરમ્યાન જેહાદી ભાષણો કરેલા છે, ગોધરાનો બદલો લેવાનો છે હવે આપણે કયાં સુધી બેસી રહીશું, નરેન્દ્ર મોદીને ટાર્ગેટ બનાવવાના છે તથા માસ કીલીંગ, હિન્દુ વસ્તી વધારે હોય ત્યાં બોમ્બ ધડાકા કરવા વિગેરે પ્રકારના ભાષણો કરીને હિન્દુ અને મુસ્લિમ ધર્મ વિરોધી લાગણીઓ ઉભી કરવાનો પ્રયત્ન કરેલો છે. આરોપીઓ પૈકી કેટલાક આરોપીઓએ ભાષણો કરેલા છે તથા કેટલાક આરોપીઓએ આ ભાષણો સાંભળેલા છે અને તેમ કરીને સરકાર વિરૂધ્ધ બેદીલી ફેલાવવાનો પ્રયત્ન કરેલો છે. આ મુદ્દા બાબતે વકીલશ્રી એલ.આર.પઠાણે દલીલ કરેલી છે કે કેટલાક લોકો ભેગા થઈ પોતાના ધર્મ વિશે ચર્ચા કરે, સરકારની પોલીસીઓ બાબતે ચર્ચા કરીને ટીકા કરે તો તે ગુનો બનતો નથી. તેઓની આ દલીલ સાથે હું સંમત છું પરંતુ આ આરોપીઓનો ઈરાદો શું હતો તે ધ્યાને રાખવુ જરૂરી છે. સામાન્ય લોકો સરકારની પોલીસીઓની ટીકા કરે તો તે વાજબી છે પરંતુ આ આરોપીઓએ ભારત દેશની સરકાર મુસ્લિમ વિરોધી સરકાર છે તેવા ઈરાદા સાથે બેદીલી ફેલાવવાનો પ્રયત્ન કરેલો છે અને સરકાર વિરૂધ્ધ ટીકા કરીને સરકારનો અનાદર કરેલો છે. સરકારની કાર્યરીતિની ટીકા કરવી તે દરેક નાગરીકનો અધિકાર છે પરંતુ તે ટીકા દ્વારા દ્વેશ, તિરસ્કાર, બેદીલી અને અનાદર ફેલાવે ત્યાં સુધી સરકારની ટીકા કરી શકાય નહીં. **સરકાર એ કોઈ વ્યકિત નથી પરંતુ એક પધ્ધતિ છે. રોબોટ કે કમ્પ્યુટર દ્વારા સરકાર ચાલતી નથી પરંતુ દેશની પ્રજા દ્વારા બંધારણીય પધ્ધતિથી ચુંટવામાં આવેલ વ્યકિતઓના સમુહ એટલે**

સરકાર અને તે સમુહ દ્વારા સરકાર રચાય છે. તેને સરકાર કહેવાય. તિરસ્કાર, અનાદર અને બેદીલી એ ત્રણેય શબ્દોનું સરખાપણુ એવુ છે કે તે પ્રકારની ભાવનાના કારણે વ્યકિતમાં રોષ પેદા થાય છે. આ કામમાં ઉપર ચર્ચા કરી તેમ ગોધરાનો બદલો તેમજ મુસ્લિમ વિરોધી સરકાર જેવી બેદીલી અને સરકાર પ્રત્યેના તિરસ્કારના કારણે આ બનાવોને અંજામ આપવા માટે સરકાર વિરૂધ્ધ તિરસ્કાર ઉભો કરવામાં આવેલો છે. આવો તિરસ્કાર બોલેલા શબ્દોથી, લખાણોથી અને દેખી શકાય તેવા પ્રતીકથી કે અન્ય રીતે કૃત્ય કરવાથી ઉભો થઈ શકે અને આવો તિરસ્કાર સરકાર વિરૂધ્ધ હોય ત્યારે તે ભારતીય ફોજદારી ધારાની કલમ–૧૨૪(ક) મુજબ રાજદ્રોહ ગણાય.

અ.નં.	**ચુકાદો**	**ચુકાદામાં નિર્ણીત મુદ્દાઓ પૈકી રાજદ્રોહ અંગે નિર્ણીત થયેલો એક મુદ્દો**
૧	સદાશીવ નારાયણ ભાલેરાવ વિરૂધ્ધ એમ્પરર એ.આઈ.આર. ૧૯૪૭ પ્રીવી કાઉન્સીલ પાન નં.૮૨	સરકાર પ્રત્યે અનાદર ફેલાવે અથવા સરકાર પ્રત્યે તિરસ્કાર ઉભો કરે અને બેદીલી ફેલાવે તેવા કૃત્યને ભારતીય ફોજદારી ધારાની કલમ–૧૨૪(એ) દ્વારા રાજદ્રોહ ગણવામાં આવે છે. વાણી, શબ્દો કે દેખી શકાય તેવા પ્રતીક ઉપરાંત અન્ય રીતે કૃત્ય કરવામાં આવે એટલે કે તમામ બાબતોનો સમાવેશ થઈ જાય છે.તેમ આ ચુકાદામાં ઠરાવવામાં આવેલું છે.
૨	રોમેશ પોવાર વિરૂધ્ધ મદ્રાસ રાજય એ.આઈ.આર. ૧૯૫૦ સુપ્રિમ કોર્ટ પાન નં.૧૨૪	દુશ્મનાવટની ભાવના પેદા થાય કે તેવી લાગણી ઉત્પન્ન કરવામાં આવે અથવા દુશ્મનાવટ ઉત્પન્ન થાય તેવુ લખાણ વાણી કે દેખી શકાય તેવુ પ્રતીક પણ હોય તો તે કલમ–૧૨૪(એ) હેઠળ ગુનો સાબીત કરવા પર્યાપ્ત ગણાય.

		આ કેસમાં આરોપીઓએ કાવતરાના ભાગ રુપે જે જે જગ્યાઓ ઉપર મીટીંગો કરેલી હતી તે મીટીંગોમાં ધાર્મિક લાગણીઓ ઉશ્કેરવા ઉપરાંત હિન્દુ સમાજ વિરૂધ્ધ પણ લાગણીઓ ઉશ્કેરવા અને દુશ્મનાવટ થાય તેવા ભાષણો કરેલા છે. જો કે આવા ભાષણોની કોઈ ઓડીયો, વીડિયો કેસેટ નથી અને તે ના જ હોય. આવા જેહાદી ભાષણોની ઓડીયો–વીડિયો કેસેટ આરોપીઓ બનાવે પણ નહીં. પરંતુ જયારે આરોપીઓ ગુનાહિત ઈરાદાથી સામાન્ય હેતુ પાર પાડવા માટે કાવતરાના ભાગ રૂપે ભેગા થઈ બોમ્બ બ્લાસ્ટ કરવાના આયોજનો કરવા તેમજ સરકારને પડકાર આપવા કે ધાર્મિક વૈમનસ્ય વધારવા ભાષણો કરે તો તે ભાષણો સારા કે સત્ય માર્ગે જવાય તેવા ના હોય. પરંતુ સમાજમાં ડર, ભય ઉભો કરવા અંગેના જ હોય.
૩	હેમલતા વિરૂધ્ધ આંધ્રપ્રદેશ રાજય એ.આઈ.આર.–૧૯૭૬ પાન નં.૩૭૪	કોઈ વકતવ્ય આપવામાં આવે ત્યારે વકતવ્ય આપવામાં આવેલ સ્થળ, સમય, સંજોગો તથા વકતવ્ય આપવાની રીત પણ લક્ષમાં લેવી જોઈએ. આ કેસમાં આરોપીઓ દ્વારા આવા વક્તવ્યો વાઘમોન તથા હાલોલ–પાવાગઢના જંગલોમાં તથા જુદી–જુદી જગ્યાઓ ઉપર રાખવામાં આવેલી

		મિટીંગોમાં અને કાવતરામાં સામેલ થયેલા આરોપીઓ સમક્ષ આપવામાં આવેલા છે. માટે તે વક્તવ્યો ગુનો કરવા માટે જ હતા તેમ કહેવાય જો ગુનો કરવા માટેના વક્તવ્યો આપેલા ન હતા તો આવા વક્તવ્યો જાહેરમાં આપવા જોઈએ પરંતુ તેમ કરવામાં આવેલું નથી.

આ ઉપરાંત આરોપીઓએ જે–જે જગ્યાઓ ઉપર મીટીંગો કરી જેહાદી ભાષણો કરેલા છે તથા હિન્દુઓ સાથે બદલો લેવા અંગેની જે હકીકતો સાહેદ નં.૯૫૭ જાકીર હુસેન કુરેશી તથા સાહેદ નં.૧૧૪૧ ઐયાજ સૈયદની જુબાનીઓમાં છે તે તથા ફરિયાદપક્ષ દ્વારા આ કામે આંક–૮૨૮૮ થી રજૂ કરેલ લખાણ "**ધ રાઈઝ ઓફ જીહાદ રીવેન્જ ઓફ ગુજરાત**" ની ઝેરોક્ષ બુક રજૂ કરેલી છે. જેમાં ગુજરાતમાં થયેલા કોમી તોફાનોનો બદલો લેવાની હકીકત છપાયેલી છે તે પ્રસિધ્ધ થયેલી છે. આ ઉપરાંત સાહેદ નં.૧૧૪૨ મહમદ ઈસ્લામુદ્દીન ખલીલુરહેમાન શેખની જુબાની ધ્યાને લેતા આ સાહેદની હાજરીમાં તપાસ કરનાર અધિકારીએ સીદી સૈયદની જાળીમાં આવેલ કુવામાંથી આંક–૮૨૧૫ ના પંચનામાની વિગતે કેટલીક ચોપડીઓ કે જે ઉર્દૂ ભાષામાં લખાયેલી હતી તે કબજે કરેલી છે. આ સાહેદની ઊલટતપાસ દરમ્યાન બચાવપક્ષ તરફથી પ્રશ્ન પુછવામાં આવેલો છે કે મુસ્લિમ લોકો ધાર્મિક ચોપડીઓ જેવી કે કુરાન, હદીશ તેમજ કુરાનની આયાતો હોય તેવી ચોપડીઓ કુવામાં નાખી જાય છે તે કબૂલ કરે છે. બચાવપક્ષ તરફથી આ કબૂલાત્મક પ્રશ્ન પુછવામાં આવેલો છે . મારા મંતવ્ય પ્રમાણે કુરાન, હદીશ મુસ્લિમ ધર્મના પવિત્ર પુસ્તકો છે અને આ પુસ્તકો કોઈ પણ સાચો મુસ્લિમ વ્યકિત આ રીતે કુવામાં નાખી દે નહીં અને જો નાખવામાં આવે તો તે યોગ્ય નથી અને આ પવિત્ર પુસ્તકોનું અપમાન થયેલુ કહેવાય. આંક–૮૨૧૫ વાળુ પંચનામુ ધ્યાને લઈએ તો આ પંચ સાહેદની હાજરીમાં તપાસ

કરનાર અધિકારીએ કુલ–૨૩ ચોપડીઓ કુવામાંથી બહાર કાઢેલી છે. જેમા એક પણ ચોપડી કુરાન કે હદીશ નથી. જો કોઇ મુસ્લિમ વ્યક્તિએ કુરાન અને હદિશ જેવા પવિત્ર પુસ્તકો કુવામાં નાખી જતા હોત તો આ પુસ્તકો પણ અન્ય પુસ્તકોની સાથે મળી આવેલા હોત પરંતુ જે પુસ્તકો કુવામાંથી બહાર કાઢવામાં આવેલા છે તેમાં કુરાન કે હદિશ જેવા પવિત્ર પુસ્તકો નીકળેલા નથી. જેથી પણ સ્પષ્ટ બને છે કે આ કુવામાં મુસ્લિમ લોકો કુરાન અને હદીશ તથા કુરાનની આયાત હોય તેવા પુસ્તકો નાખી જતા નથી. જે પુસ્તકો કુવામાંથી પંચોની હાજરીમાં બહાર કાઢવામાં આવેલા છે તે તમામ પુસ્તકો ધ્યાને લેતા (૧) "તહરીક – આબાદી મેં ઈજાફા – અપની ઔલાદ કો હરગીજ કત્લ ન કરો" તેવા લખાણવાળા ત્રણ પુસ્તકો, (૨) “તહરીક – આતંકવાદ કા જીમ્મેદાર કૌન" તેવા લખાણવાળા બે પુસ્તકો, (૩) “તહરીક – ગાઝા સે વાપશી – ઈઝરાયલ કી નઈ ચાલ" તેવા લખાણવાળા પાંચ પુસ્તકો, (૪) “તહરીક – ભારત મેં યહુદી – કબ, કયો ઔર કહાંસે આયે" તેવા લખાણવાળા બે પુસ્તકો, (૫) “તહરીક – આસામ કે મુસલમાન – ઈન્જામો સે પરેસાન" તેવા લખાણવાળા બે પુસ્તકો, (૬) “તહરીક – ખુન મે દુબા ઉબેકીસ્તાન" તેવા લખાણવાળા ત્રણ પુસ્તકો, (૭) “તહરીક – બીસાત ઉલટ ગઈ " તેવા લખાણવાળા ત્રણ પુસ્તકો, (૮) “તહરીક – કોન સા ઈસ્લામ – બુશ યા મુહમદે અરબીકા" તેવા લખાણવાળા ચાર પુસ્તકો તથા અન્ય બીજા એક એક પુસ્તકો જુદા–જુદા લખાણોવાળા કબજે કરવામાં આવેલી છે. પરંતુ આ પુસ્તકોને આંક આપવામાં આવેલો નથી. પરંતુ સ્પષ્ટ બને છે કે આ પ્રકારની પુસ્તકો હિન્દુ અને મુસ્લિમ કોમના લોકો વચ્ચે વૈમનસ્ય ઉભુ કરવા બાબતેના છે. ભારતીય ફોજદારી ધારાની કલમ–૧૨૪(એ) તથા ૧૫૩(એ) પાછળનો આશય જાહેર શાંતિની જાળવણી અંગેનો છે. આવા ભાષણો, ચર્ચાઓ, આવા પુસ્તકો તથા બનેલા બનાવો વચ્ચે ઘણી સામ્યતા હોવાનું માલુમ પડે છે અને તેના કારણે સમાજની કોમમાં હિન્દુ અને મુસ્લિમ વચ્ચે દુશ્મનાવટ, તિરસ્કાર તથા દુર્ભાવની લાગણી પેદા થાય તે સ્પષ્ટ છે. જેના

કારણે સમાજમાં રહેલી શાંતિનો ભંગ થાય અને તે પ્રમાણેનું કૃત્ય કરવામાં આવેલુ હોવાનું સ્પષ્ટ છે અને નીચે મુજબનો ચુકાદો ધ્યાને લીધેલ છે.

અ.નં.	ચુકાદો	ચુકાદામાં નિર્ણીત મુદ્દાઓ પૈકી કલમ–૧૫૩(એ) અંગે નિર્ણીત થયેલો એક મુદ્દો
૧	બાબુલાલ પટેલ વિરૂધ્ધ રાજય ૧૯૮૦ સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ) પાન નં.૫૦૦	બે વર્ગ વચ્ચે અનાદર, દ્વેષ, તિરસ્કાર, દુશ્મનાવટ વિગેરે ફેલાવવામાં પ્રોત્સાહન મળે તેવા કારણસર લખવામાં આવેલા વર્તમાન પત્રોના લેખ હોય ત્યારે આ કલમ હેઠળ ગુનો બને. આ કેસમાં આંક–૮૨૧૫ વાળા પંચનામાની વિગતે કબ્જે કરવામાં આવેલી જુદા–જુદા પુસ્તકો ધ્યાને લેતા ચોકકસપણે કહી શકાય કે પુસ્તકોમાં લખેલુ લખાણ હિન્દુ મુસ્લિમ કોમ વચ્ચે દુશ્મનાવટ તેમજ વૈમનસ્ય ફેલાવવા માટે પુરતુ છે.

બચાવપક્ષ તરફથી દલીલો કરવામાં આવેલી છે કે આ કામમાં ફરિયાદપક્ષ દ્વારા કોઈ સ્વતંત્ર પુરાવા રજૂ કરવામાં આવેલા નથી. જે સાહેદોને ફરિયાદપક્ષ દ્વારા તપાસવામાં આવેલા છે તે તૈયાર કરવામાં આવેલા સાહેદો છે અને સાહેદોની જુબાનીઓ ઉપર વિશ્વાસ રાખી શકાય નહીં કારણ કે ફરિયાદપક્ષ દ્વારા આ તમામ સાહેદોને ઉભા કરવામાં આવેલા છે અને તેમ કરીને આ કેસમાં આરોપીઓને ખોટી રીતે સંડોવી દીધા છે. આ બાબતે ફરિયાદપક્ષ તરફથી વકીલશ્રી એચ.એમ.ધ્રુવ દલીલ કરતા જણાવે છે કે ફરિયાદપક્ષ દ્વારા આ કામમાં એક પણ સાહેદ ઉભો કરવામાં આવેલો નથી પરંતુ તમામ સાહેદો કુદરતી સાહેદો છે. બનાવ વિશે તેઓને જે કંઈ માહિતી હતી તે તમામ માહિતી તેઓએ

અદાલતમાં સોગંદ ઉપર જણાવેલી છે. નજરે જોનાર સાહેદો કે સ્વતંત્ર સાહેદો ન તપાસવાથી રેકર્ડ ઉપર જે પુરાવો આવેલો છે તે રદ્દ કરી શકાય નહીં . આ સબંધમાં વકીલશ્રી એચ.એમ.ધ્રુવ નીચે મુજબના ચુકાદા ઉપર આધાર રાખેલ છે.

અ.નં.	**ચુકાદો**	**ચુકાદામાં નિર્ણીત મુદ્દાઓ પૈકી સ્વતંત્ર સાહેદ તપાસવા અંગે નિર્ણીત થયેલો એક મુદ્દો**
૧	ખુજી ઉર્ફે સુરેન્દ્ર તિવારી વિરૂધ્ધ સ્ટેટ ઓફ એમ.પી. ૧૯૯૧ સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ) પાન નં.૯૧૬	પેરા–૭ મુજબ બનાવની નજીકના વિસ્તારના સાહેદે પુરાવો આપેલો કે તે સાંજના સમયે શાકભાજી ખરીદવા ગયા ત્યારે બનાવ વખતે હુમલાખોરોને જોયેલા. આ સાહેદ સ્વતંત્ર સાહેદ હતો . તેની જુબાની ઉપર શંકા રાખી શકાય નહીં. જુબાનીમાં એવા વિરોધાભાસ ન હતા કે જેથી તેનો પુરાવો અકુદરતી ગણાય. આ કેસમાં સાહેદ નં.૯૮૧ પ્રવિણભાઈ હમીરભાઈ કટારીયા, સાહેદ નં.૧૦૬૭ અંબાલાલ વેચાત બારીયા, સાહેદ નં.૯૭૨ રામકાભાઈ દેવકરણ બારીયાનાઓએ આરોપીઓને હાલોલ–પાવાગઢ ખાતે જંગલોમાં તાલીમ લેતા જોયેલા છે તે પૈકી આગળ ચર્ચા કર્યા પ્રમાણે કેટલાક આરોપીઓને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ રૂબરૂ ઓળખ પરેડ દરમ્યાન તેમજ કેટલાક આરોપીઓને અદાલત રૂબરૂ ઓળખી બતાવેલા છે. તે જ રીતે સાહેદ નં.૯૫૭ જાકીર કુરેશી અને સાહેદ નં.૧૧૪૧ એયાજ

		સૈયદ તથા સાહેદ નં.૧૧૦૫ ઈદ્રીશ ફકીરનાઓનો પુરાવો પણ ધ્યાને લેતા તે પુરાવા નહીં માનવાને કોઈ કારણ નથી.
૨	દેવીલાલ એન્ડ અધર્સ વિરૂધ્ધ સ્ટેટ ઓફ એમ.પી. (૨૦૨૧) ૨ સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ) પાન નં.૫૬૩	પેરા–૮.૧ મુજબ પોલીસે જે નિવેદન લીધેલુ તે ગઈ કાલે મને વંચાવેલુ તેવુ સાહેદે જણાવેલુ પાછળથી કહેલુ કે ગઈ કાલે વંચાવેલુ નહીં. ત્રણેય નિવેદન અલગ–અલગ વંચાવેલા અને કોર્ટમાં જે નિવેદન આપ્યુ તે કેવી રીતે આપવુ તે બાબતે સરકારી વકીલશ્રીએ વંચાવેલુ હતુ. પેરા–૨૪ મુજબ ગુનાની તપાસ વખતે નોંધવામાં આવેલ નિવેદન જુબાનીના દિવસે વાંચી બતાવેલુ તેથી કરીને સાહેદ તૈયાર કરેલા સાહેદ છે તેમ કહેવાય નહીં.
૩	મનોજ કુમાર વિરૂધ્ધ સ્ટેટ ઓફ ઉત્તરાખંડ (૨૦૧૯) ૨ સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ) પાન નં.૬૯૪	પેરા–૧૧ મુજબ આરોપી અને જુબાની આપનાર સાહેદ વચ્ચે દુશ્મનાવટ ના હોય ત્યારે તેવા સાહેદ દ્વારા જણાવવામાં આવેલી હકીકતોના ખરાપણા માટે પ્રશ્ન ઉપસ્થિત થઈ શકે નહીં કે જેથી કરીને આરોપીઓની ખોટી સંડોવણી કરી હોય. આ કેસમાં સાહેદ નં.૧૦૬૭, ૯૮૧, ૯૭૨, ૧૧૦૫ તથા ઘણા બધા પંચનામાના પંચ સાહેદોને આ કેસના આરોપીઓ પ્રત્યે કોઈ દુશ્મનાવટ નથી. અગાઉ આરોપીઓને આ સાહેદો કયારેય મળ્યા નથી કે જોયા નથી માટે

		દુશ્મનાવટનો કોઈ પ્રશ્ન નથી જેથી આ સાહેદોની જુબાની ઉપર શંકા ઉપસ્થિત કરી શકાય નહીં.
૪	ગુરુદત્ત પાઠક વિરૂધ્ધ સ્ટેટ ઓફ ઉત્તર પ્રદેશ ક્રિમીનલ અપીલ નં.૫૦૨/૨૦૧૫ તા.૬.૫.૨૦૨૧ સુપ્રિમ કોર્ટ	પેરા–૧૦.૩ મુજબ સ્વતંત્ર અને તટસ્થ સાહેદો તપાસવા તે જતી કરી શકાય નહીં તેવી જરૂરિયાત નથી. જો તેવા સાહેદો ના તપાસે તો ફરિયાદપક્ષનો કેસ મરણ પામતો નથી. પેરા–૧૧ મુજબ ફરિયાદપક્ષના સાહેદોએ ફરિયાદપક્ષના કેસને સમર્થન આપેલ હોય અને તેમનો પુરાવો વિશ્વાસનીય અને માની શકાય તેવો હોય ત્યારે સ્વતંત્ર સાહેદો નહીં તપાસવાથી ફરિયાદપક્ષનો કેસ મરણ પામતો નથી.
૫	કાળાભાઈ હમીરભાઈ કાછોટ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ક્રિમીનલ અપીલ નં.૨૧૬/૨૦૧૫ તા.૨૮.૪.૨૦૨૧ સુપ્રિમ કોર્ટ	પેરા–૧૯,૨૦ મુજબ ફોજદારી કેસોમાં સમય વિતી જવાના કારણે અગર ભય અને આઘાત પછી ઉભી થયેલી માનસીક પ્રકૃતિને કારણે સાહેદોની અવલોકનમાં ભુલો થઈ શકે, નજીવી બાબતોએ સાહેદો દ્વારા નાના નાના વિરોધાભાસ, અસંગતતાઓ, પુરાવામાં ઉમેરો અગર સુધારા વધારા થવાથી ફરિયાદપક્ષના મુળને કોઈ અસર થતી નથી અને તેવી હકીકત હોય ત્યારે ફરિયાદપક્ષનો પુરાવો કાઢી નાખવાનુ કારણ બને નહીં. આ કાસમાં ફરિયાદપક્ષ દ્વારા તપાસવામાં

		આવેલા અગત્યના સાહેદો તેમજ એપ્રુવરના પુરાવામાં થોડા ઘણા વિરોધાભાસ છે પરંતુ તે વિરોધાભાસથી બનાવના મૂળને કોઇ અસર થતી નથી તેમ હું માનું છું.
૬	મુન્સી પ્રસાદ વિરૂધ્ધ સ્ટેટ ઓફ બિહાર ૨૦૦૧ ક્રિ.લો.જ. પાન નં.૪૭૦૮ સુપ્રિમ કોર્ટ	પેરા–૧૧ મુજબ બનાવવાળી જગ્યાની નજીકના સાહેદો તપાસવામાં આવેલા નહીં પરંતુ પુરાવાની ગુણવત્તા અગત્યની બાબત છે. જથ્થો અને સાક્ષીઓની સંખ્યા કેસની આવશ્યકતા નથી. હિત ધરાવતા સાહેદોના પુરાવાનું મુલ્યાંકન રેકર્ડ ઉપરનો પુરાવો વિશ્વાસનીય માલુમ પડે તો તે હિત ધરાવતા સાહેદનો પુરાવો છે તેવા કારણસર તે નહીં માનવો જોઈએ તેવુ નથી. બચાવપક્ષના પુરાવાનુ વજન ફરિયાદપક્ષના પુરાવાથી વધુ છે તેમ કહી શકાય નહીં. તે નોંધવુ પુરતુ છે કે તે બચાવપક્ષના સાક્ષીઓ દ્વારા આપવામાં આવેલ પુરાવો ફરિયાદપક્ષના સાક્ષીની વિશ્વાસપાત્રતા વટાવી શકતો નથી એટલે કે ઉપરવટ જતો નથી. નજરે જોનાર સાહેદને તપાસવામાં આવે ત્યારે શકય છે કે સાહેદની જુબાનીમાં કેટલીક વિસંગતતાઓ આવે. સાચો સાહેદ વિસંગતતાવાળો પુરાવો આપવામાં બાકી રહી શકતો નથી. નાની નાની વિવિધતા કે

		નાની નાની વિગતો ફરિયાદપક્ષના કેસને અસર કરતી નથી.
૭	જનરલસીંગ વિરૂધ્ધ સ્ટેટ ઓફ પંજાબ (૨૦૧૧) ૧ સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ) પાન નં.૧૧૯૧	પેરા–૧૧ મુજબ બચાવપક્ષની દલીલ કે ફરિયાદપક્ષે સ્વતંત્ર સાહેદ તપાસેલા નથી અને આરોપીને ગુનામાં ખોટો સંડોવેલ છે. નામદાર અદાલતે ઠરાવેલુ કે ફરિયાદપક્ષે સ્વતંત્ર સાહેદ ના તપાસ્યા તેથી એવુ અનુમાન કરાય નહીં કે આરોપીને ગુનામાં ખોટો સંડોવેલો છે. પેરા–૧૨ મુજબ સામાન્ય રીતે ગામડામાં રહેતા લોકો બિનજરૂરી સબંધ અથવા દુશ્મનાવટ બનાવવાથી દુર રહેતા હોય છે જયારે સલામતીના અનુભવે ત્યારે આરોપીએ કરેલા ગુનાથી દુર રહેતા હોય છે. પેરા–૧૩ મુજબ નામદાર અદાલતે ઠરાવેલુ છે કે આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ ના નિવેદનમાં જે હકીકતો જણાવી તે પાયાવિહોણી છે. પેરા–૧૪ મુજબ બચાવના સાહેદ તા.૧૩.૫.૧૯૯૯ ના રોજ પ્રથમ વખત દેખાયેલા. ભુતપૂર્વ સરપંચ કે નાગરિક વહીવટી તંત્રને લેખિતમાં કોઈ ફરિયાદ કરી ન હતી. પોલીસના વર્તન વિશે પણ ફરિયાદ કરી નહીં માટે ઠરાવેલુ છે કે બચાવના સાહેદ મનાય નહીં. આ કેસમાં બચાવના સાહેદ નં.૧ હુસેન

		હાસમભાઈ શેખનાઓએ આ અદાલત સમક્ષ તા.૩૦.૯.૨૦૨૦ ના રોજ સૌપ્રથમ વખત જુબાનીમાં જે હકીકત જણાવી તેવી હકીકત અગાઉ કયારેય નાગરિક વહીવટી તંત્રને કે અન્ય કોઈ જગ્યાએ જણાવેલી નથી. તે જ રીતે સાહેદ નં.૮ આરોપી કયામુદ્દીન કાપડીયાએ પોતાની જુબાનીમાં જે હકીકત જણાવી છે તે બાબતે પણ તેને અગાઉ કયારેય નાગરિક વહીવટી તંત્રને કે અન્ય કોઈ જગ્યાએ જણાવેલી નથી.
૮	અચ્છર સીંઘ વિરૂધ્ધ સ્ટેટ ઓફ હિમાચલ પ્રદેશ ક્રિમીનલ અપીલ નં.૧૧૪૦, ૧૧૪૧/૨૦૧૦ તા.૭.૫.૨૦૨૧ સુપ્રિમ કોર્ટ	પેરા–૨૪ મુજબ "અતિશયોકિત" ની વ્યાખ્યાની ચર્ચા કરતા નામદાર અદાલતે ઠરાવેલુ છે કે સત્યના તત્વ વિના અતિશયોકિત પૂર્ણ નિવેદન શકય નથી. અતિશયોકિત પૂર્ણ નિવેદનમાં સાચા અને ખોટા બંનેનો સમાવેશ થાય છે. ખોટા નિવેદનમાં સત્યનું અનાજ નથી. પર્વત બનાવવા નાના નાના ડુંગર હોવા જોઈએ. અદાલતે આ હકીકત ધ્યાનમાં રાખી ફોતરામાંથી અનાજ છુંટુ પાડવુ જોઈએ. અદાલતે પુરાવામાંથી સ્વીકાર્ય ભાગનો સ્વીકાર કરી તેના ઉપર આધાર રાખવો જોઈએ તેમ જણાવેલુ છે. પેરા–૩૨ મુજબ ચાર્જશીટમાં દર્શાવેલા તમામ સાહેદો તપાસવા જ જોઈએ તે ફરિયાદપક્ષ માટે જરૂરી નથી.

બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલી છે કે આરોપીઓ પોલીસ કસ્ટડીમાં હતા ત્યારે તપાસ કરનાર અધિકારીઓએ જુદી–જુદી હોટલોમાંથી રજીસ્ટરના પાના મેળવી લાવી તેમાં લખેલા હસ્તાક્ષરો મુજબના હસ્તાક્ષરના નમૂનાઓ મેળવી લીધેલા છે અને ખોટા પુરાવા ઉભા કરેલા છે. આ સંબંધમાં ફરિયાદપક્ષ તરફથી દલીલ કરવામાં આવેલી છે કે આરોપીઓ બોમ્બ બ્લાસ્ટના બનાવો બનતા પહેલા જુદી–જુદી જગ્યાઓ ઉપર જે હોટલોમાં રોકાયેલા તે હોટલોમાં ખોટા નામે એન્ટ્રીઓ કરેલી છે અને તે હોટલ રજીસ્ટરના પાનાઓ રજૂ કરેલા છે. તે હસ્તાક્ષરો તેઓના છે કે કેમ તે માટે પંચોની રૂબરૂમાં હસ્તાક્ષરના નમૂના મેળવી એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે ચકાસવા મોકલેલા છે, તેના અભિપ્રાયો રજૂ થયેલા છે તે ધ્યાને લેતા આરોપીઓએ જુદી–જુદી હોટલોમાં ખોટા નામે એન્ટ્રીઓ કરી રોકાયેલા હતા તે ફરિયાદપક્ષે પુરવાર કરેલુ છે. આરોપીઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં તેઓએ રજીસ્ટરોમાં એન્ટ્રીઓ કરેલી નથી અને તેમના હસ્તાક્ષરો નથી તેમ જે જણાવેલુ છે તે ખોટુ છે. એફ.એસ.એલ.ના અભિપ્રાયો કાયદા મુજબ સ્વીકાર્ય છે. આ સંબંધમાં વકીલશ્રી એચ.એમ.ધ્રુવ નીચે મુજબના ચુકાદા ઉપર આધાર રાખેલ છે.

અ.નં.	**ચુકાદો**	**ચુકાદામાં નિર્ણીત મુદ્દાઓ પૈકી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ માં કરેલ ખુલાસા અંગે નિર્ણીત થયેલો એક મુદ્દો**
૧	મોહનલાલ એન્ડ અધર્સ વિરૂધ્ધ અજીત સીંગ ૧૯૭૮ સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ) પાન નં.૩૭૮	પેરા–૨૯ મુજબ તપાસ કરનાર અધિકારીએ આરોપીના ખીસ્સામાંથી કરન્સી નોટ કબજે કરેલી તેવો બચાવ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ ના નિવેદનમાં લીધેલો. નામદાર અદાલતે ઠરાવેલુ કે આવો બચાવ લીધો હોવાથી

		તપાસ કરનાર અધિકારીએ કરેલી રીકવરી રદ કરી શકાય નહીં. પેરા–૩૦ મુજબ આરોપીએ બચાવ એવો પણ લીધેલો કે તે પોલીસ કસ્ટડીમાં હતો ત્યારે તપાસ કરનાર અધિકારીએ નોટ ઉપર ફીંગર પ્રિન્ટ લીધેલા. નામદાર અદાલતે ઠરાવેલુ કે આ બચાવ પણ અસંભવિત છે. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ ના નિવેદનમાં આવો બચાવ કે ખુલાસો કરવાથી ફરિયાદપક્ષનો પુરાવો નષ્ટ પામતો નથી. આવો ખુલાસો ઘણા વખત પછી આપેલો છે. આ કેસમાં તમામ આરોપીઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ ના વિશેષ નિવેદનમાં જે કંઈ ખુલાસા કરેલા છે તેથી કરીને ફરિયાદપક્ષનો કેસ રદ્ધ થતો નથી કે તપાસ કરનાર અધિકારીઓએ કરેલી રીકવરી કે લીધેલા હસ્તાક્ષરના નમૂના નષ્ટ પામતા નથી. એટલુ જ નહીં ખુલાસો ઘણા લાંબા સમય પછી આપેલો છે.

બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલી છે કે ફરિયાદપક્ષ દ્વારા આ કામે એફ.એસ.એલ.ના અધિકારીઓએ આરોપીઓના હસ્તાક્ષરના નમૂનાનું વિશ્લેષણ કરતી વખતે હસ્તાક્ષરના નમૂનાના ફોટોગ્રાફસ લીધેલા નથી અને તેવા કોઈ ફોટોગ્રાફસ એનલાર્જ પણ કરેલા નથી અને આ કામે રજૂ કરેલા નથી. જયારે ફરિયાદપક્ષ તરફથી વકીલશ્રી એચ.એમ.ધ્રુવ દલીલ કરતા જણાવે

છે કે આવા ફોટોગ્રાફસ રજૂ કરવા જરૂરી નથી. એફ.એસ.એલ. અધિકારીનો અભિપ્રાય રજૂ થાય તે પુરતો છે. આ સબંધમાં વકીલશ્રી એચ.એમ.ધ્રુવ નીચે મુજબના ચુકાદા ઉપર આધાર રાખેલ છે.

અ.નં.	ચુકાદો	ચુકાદામાં નિર્ણીત મુદ્દાઓ પૈકી હેન્ડરાઈટીંગ એક્ષપર્ટના પુરાવા અંગે નિર્ણીત થયેલો એક મુદ્દો
૧	સ્ટેટ ઓફ એમ.પી. વિરૂધ્ધ પલ્ટન મુલ્લા ૨૦૦૫ સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ) પાન નં.૬૭૪	પેરા–૩૬, ૩૭ મુજબ હેન્ડરાઈટીંગ એક્ષપર્ટ દ્વારા હસ્તાક્ષરના નમૂનાનું પૃથકકરણ કરતી વખતે લીધેલા ફોટોગ્રાફસ રજૂ કરવા જરુરી નથી. હસ્તાક્ષર નિષ્ણાંત પોતાના કારણો સાથે અભિપ્રાય આપે તે પુરતુ છે. આ કેસમાં જે એફ.એસ.એલ. અધિકારીએ આરોપીઓના હસ્તાક્ષરના નમૂનાઓની ચકાસણી કરી છે તે તમામ અધિકારીઓએ ફરિયાદપક્ષ દ્વારા તપાસવામાં આવેલા છે અને તેને કારણો સાથેના અહેવાલો રજૂ કરેલા છે જેની અગાઉ ચર્ચા કરી હોવાથી પુનરાવર્તન કરવામાં આવતુ નથી.
૨	સ્ટેટ (દિલ્હી એડમીનીસ્ટ્રેશન) વિરૂધ્ધ પાલી રામ ૧૯૭૯ ક્રિ.લો.જ. પાન નં.૧૭	પેરા–૨૫ મુજબ નમૂનાના રાઈટીંગ જો અદાલતમાં લેવામાં આવેલા હોય તો તે એડમીટેડ રાઈટીંગ છે. તે જ રીતે પંચોની રુબરુમાં નમૂનાના રીઈટીંગ જે લીધેલા હોય તે પણ એડમીટેડ રાઈટીંગ છે. આ એડમીટેડ કે નમૂનાના રાઈટીંગ અપુરતા છે તેવો બચાવ આરોપીઓનો નથી કે પંચોએ પણ કહેલુ નહીં.

		આ કેસમાં જે આરોપીઓના હસ્તાક્ષરના નમૂના જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ પંચોની હાજરીમાં લીધેલા છે તે અપુરતા હતા તેવો કોઈ બચાવ કે રજૂઆત ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ ના નિવેદનમાં આરોપીઓએ લીધેલો નથી એટલુ જ નહીં નમૂનાના હસ્તાક્ષર જે પંચ સાહેદોની હાજરીમાં લેવામાં આવેલા છે પંચ સાહેદોએ પણ આ નમૂના અપુરતા હતા તેવી કોઈ હકીકત જણાવેલી નથી કે ઉલટ તપાસ દરમ્યાન પણ તેવી હકીકત રેકર્ડ ઉપર આવેલી નથી.

આ કેસમાં જુદા–જુદા આરોપીઓ જુદી–જુદી જગ્યાઓ ઉપરની હોટલોમાં રોકાયેલા હતા અને હોટલોના રજીસ્ટરોમાં ખોટા નામે એન્ટ્રીઓ કરેલી હતી. જેથી તપાસ કરનાર અધિકારીઓએ હોટલોના રજીસ્ટરના પાના પંચનામાની વિગતે પંચો રૂબરૂ કબજે કરેલા હતા અને ત્યારબાદ જે આરોપીઓએ પોતાના હસ્તાક્ષરમાં આ એન્ટ્રીઓ કરેલી તેઓના સહીઓ નમૂના પંચોની હાજરીમાં મેળવીને એફ.એસ.એલ. અધિકારીને ચકાસવા માટે મોકલી આપેલા હતા. એફ.એસ.એલ. અધિકારીઓએ જે અહેવાલો આપેલા તે અહેવાલો આ કામમાં રજૂ થયેલા અને તેની વિગતવાર ચર્ચા અગાઉ આ ચુકાદામાં કરવામાં આવેલી છે જેથી તેનુ પુનરાવર્તન કરવામાં આવતુ નથી. પરંતુ આ એફ.એસ.એલ. અધિકારીના પુરાવા એટલે કે અહેવાલો ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૯૩ હેઠળ ગ્રાહય છે. આ બાબતે આ અદાલતે અન્ય કેટલાક ચુકાદા ધ્યાને લીધેલા છે.

અ.નં.	ચુકાદો	ચુકાદામાં નિર્ણીત મુદ્દાઓ પૈકી

		હેન્ડરાઈટીંગ એક્ષપર્ટના પુરાવા અંગે નિર્ણીત થયેલો એક મુદ્દો
૧	જોશ લુઈસ કવીન્ટેનીલા સેક્વીસ્ટન વિરૂધ્ધ સ્ટેટ ઓફ યુ.પી ક્રિમીનલ અપીલ નં.૭૫૭/૨૦૧૮ તા.૧૬.૮.૨૦૨૧ અલ્હાબાદ હાઈકોર્ટ	એફ.એસ.એલ. અધિકારીનો અહેવાલ એફ.એસ.એલ. અધિકારીના ડાયરેકટરને અદાલતમાં સાહેદ તરીકે બોલાવી તેને પુરવાર કરવાની જરૂર નથી.એફ.એસ. એલ. અધિકારીનો અહેવાલ જાહેર દસ્તાવેજ છે અને તે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૯૩ પુરાવામાં ગ્રાહય છે. તેમ છતાં આ કેસમાં ફરિયાદપક્ષ દ્વારા અભિપ્રાય આપનાર એફ.એસ.એલ અધિકારીઓને તપાસવામાં આવેલા છે અને બચાવપક્ષ તરફથી દરેક અધિકારીની વિસ્તૃત ઊલટતપાસ થયેલી છે.
૨	અમદાવાદ મ્યુનિસિપાલિટી વિરૂધ્ધ શાંતિલાલ એ.આઈ.આર. ૧૯૬૧ ગુજરાત પાન નં.૧૯૬	નિષ્ણાંત સાહેદ તે એવો સાહેદ છે કે જેને કોઈ વિશિષ્ટ જ્ઞાન પ્રાપ્ત કરવા માટે સમયનો ઉપયોગ કરીને વિશિષ્ટ અભ્યાસ કર્યો હોય અને તેથી જે પ્રશ્ન ઉપર તેનો અભિપ્રાય માંગવામાં આવે તે પ્રશ્ન ઉપર વિશિષ્ટ કૌશલ્યથી તે જવાબ આપી શકે. તેવી પરિસ્થિતિનો હોય છે અને તેની જુબાની ન્યાયાધિશને સંતોષકારક નિર્ણય ઉપર આવવા માટે ઉપયોગી નીવડતી હોવાથી તે પુરાવામાં ગ્રાહય છે. નિષ્ણાંતનો અભિપ્રાય અદાલતમાં મૌખિક જુબાનીથી લેવો જોઈએ માત્ર તેનુ નિવેદન કે

		પ્રમાણપત્ર તે પુરાવો નથી. આ કેસમાં બનાવવાળી જગ્યાઓ ઉપર સ્થળ નિરીક્ષણ કરીને અભિપ્રાય આપનાર તમામ એફ.એસ.એલ. અધિકારીઓને તપાસવામાં આવેલા છે તથા સ્થળ ઉપરથી કબજે કરવામાં આવેલ મુદ્દામાલ તેમજ હોટલ રજીસ્ટરોના પાનામાં લખવામાં આવેલા હસ્તાક્ષરોનો અભિપ્રાય આપનાર તમામ એફ.એસ.એલ. અધિકારીઓને તપાસવામાં આવેલા છે.

બંને પક્ષ તરફથી સ્વતંત્ર સાહેદ તપાસવા બાબતે દલીલો થયેલી છે તથા ચુકાદાઓ પણ રજૂ થયેલા છે. આ ગંભીર પ્રકારના કેસમાં જયારે નિર્ણય કરવાનો હોય ત્યારે અદાલતે પણ પોતાના ધ્યાન ઉપર હોય તેવા ચુકાદા પણ વિચારણા હેઠળ લેવા જોઈએ તેમ હું માનુ છું. આ બાબતે અન્ય કેટલાક ચુકાદા ધ્યાને લીધેલા છે.

અ.નં.	**ચુકાદો**	**ચુકાદામાં નિર્ણીત મુદ્દાઓ પૈકી કાવતરૂ, વિરોધાભાસ તથા સ્વતંત્ર સાહેદ અંગે નિર્ણીત થયેલા મુદ્દાઓ**
૧	સુરેશ સખારામ નાનગરે વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર (૨૦૧૨) ૯ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૨૪૯	ભારતીય ફોજદારી ધારાની કલમ–૩૪ ના તત્વોમાં મગજમાં પૂર્વ મીટીંગ , સમાન ઈરાદો, આરોપીની ભૂમિકા, પૂર્વયોજીત આયોજન જો સામાન્ય ઈરાદો સાબિત થાય પરંતુ કૃત્ય સાબીત ના થાય તો કલમ–૩૪ લાગુ પડશે પરંતુ આરોપીની હિસ્સેદારી સાબિત થાય અને સમાન ઈરાદો સાબિત ન

		થાય તો કલમ–૩૪ લાગુ પડશે નહીં.
૨	મૃત્યુંજય બિશ્વાસ વિરૂધ્ધ પ્રણવ બિશ્વાસ ૨૦૧૩ ક્રિ.લો.જ. પાન નં.૪૨૧૨ સુપ્રિમ કોર્ટ	ગંભીર પ્રકારના વિરોધાભાસ અને ઓમીશન ફરિયાદપક્ષના કેસને અસર કરે છે પરંતુ દરેક વિરોધાભાસ અને દરેક ઓમીશન ફરિયાદપક્ષના કેસને અસરકર્તા નથી. આ કેસમાં અગત્યના સાહેદો તથા એપ્રુવરના પુરાવામાં તેવા ગંભીર પ્રકારના વિરોધાભાસ અને ઓમીશન નથી કે જેથી કરીને ફરિયાદપક્ષના કેસના મૂળને અસર થાય.
૩	સુબોધ નાથ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ત્રિપુરા એ.આઈ.આર. ૨૦૧૩ સુપ્રિમ કોર્ટ પાન નં.૩૭૨૬	યાદદાસ્તના કારણે તેમજ માનસીક સ્થિતિ અને સમયના કારણે સાહેદોની જુબાનીમાં વિરોધાભાસ આવે પરંતુ મહત્વની હકીકતોનો વિરોધાભાસ ના હોય તો સાહેદોનો પુરાવો ફેંકી દેવાય નહીં. આ કેસમાં મહત્વના જે સાહેદો તપાસવામાં આવેલા છે તે તમામ સાહેદોના પુરાવામાં થોડી ઘણી બાબતોએ વિરોધાભાસ છે પરંતુ તે વિરોધાભાસ ફરિયાદપક્ષની મૂળ હકીકતને અસરકર્તા નથી.
૪	શ્યામલ ઘોષ વિરૂધ્ધ સ્ટેટ ઓફ વેસ્ટ બેંગાલ એ.આઈ.આર. ૨૦૧૨	સાહેદના પુરાવાના મૂલ્યાંકન વખતે સાહેદનું સમગ્ર નિવેદન વિચારણા હેઠળ લેવાનું છે અમુક જ ભાગ વંચાણે લેવાનો નથી. આ કેસમાં પુરાવાના કાયદાની કલમ–૨૭

	સુપ્રિમ કોર્ટ પાન નં.૩૫૩૯	ના પંચનામાઓના પંચ સાહેદો તથા અગત્યના સાહેદોના પુરાવા ધ્યાને લઈએ તો ઘણા બધા વિરોધાભાસ અને ઓમીશનો છે પરંતુ અગાઉ ચર્ચા કરી તેમ ફરિયાદપક્ષના મુળને અસરકર્તા નથી. તે ઉપરાંત સાહેદોની તમામ જુબાનીઓ ધ્યાને લઈએ તો આ બનાવો બનેલાને પુષ્ટી મળે છે.
૫	દત્તુ રામા રાવ સખરે વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર (૧૯૯૭) ૫ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૩૪૧૧	એવો કોઈ નિયમ કે વ્યવહાર નથી કે સાહેદના પુરાવાને અન્ય પુરાવાથી સમર્થન મળવુ જોઈએ. પરંતુ ડહાપણના નિયમ તરીકે અદાલતે સમર્થનકારી પુરાવો ધ્યાનમાં લેવો જોઈએ. આ કેસમાં ફરિયાદપક્ષ દ્વારા ઘણો બધો સમર્થન કારી પુરાવો રજૂ થયેલો છે.
૬	અમિત વિરૂધ્ધ સ્ટેટ ઓફ ઉત્તર પ્રદેશ એ.આઈ.આર. ૨૦૧૨ સુપ્રિમ કોર્ટ પાન નં.૧૪૩૩	રસ ધરાવનાર સાહેદ એટલે એવો સાહેદ કે જે આરોપીને કોઈ પણ કારણોસર સજા કરાવવામાં જ રસ હોય તેવા સાહેદને રસ ધરાવનાર સાહેદ કહેવાય. માત્ર નજીકનો સગો છે તેથી તે રસ ધરાવનાર સાહેદ કહેવાય નહીં. આ કેસમાં આરોપીઓને સજા કરાવવામાં જ રસ હોય તેવો એક પણ સાહેદ નથી. જે સાહેદો તપાસવામાં આવેલા છે તે સાહેદોને આરોપીઓ સાથે કોઇ દુશ્મનાવટ નથી કે જેથી કરીને આરોપીઓને ખોટી રીતે આ

		ગુનામાં સંડોવે.
૭	મુનિન્દ્ર વિરૂધ્ધ સ્ટેટ ઓફ યુ.પી. ૨૦૧૩ (૨) એ.એલ.જે. પાન નં.૪૮૭	ફકત એક સ્ટાર સાહેદની જુબાની લેવામાં આવેલી. નામદાર અદાલતે ઠરાવેલુ કે તેથી કરીને ફરિયાદપક્ષનો કેસ ફેંકી દેવાય નહીં પરંતુ સ્ટાર સાહેદનો પુરાવો સાવચેતીથી ધ્યાને લેવો પડે. જયારે આ કેસમાં ફરિયાદપક્ષ દ્વારા અગત્યના સાહેદો ઘણા બધા તપાસવામાં આવેલા છે જેની અગાઉ આ ચુકાદામાં અગત્યના સાહેદોના પેરામાં ચર્ચા કરવામાં આવેલી છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કામે બધા મળીને કુલ–૧૧૬૩ સાહેદોને તપાસવામાં આવેલા છે. તે પૈકી ફરિયાદ કરનાર ફરિયાદીઓ, બનાવવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદો, ફરિયાદ નોંધનાર પી.એસ.ઓ. જેની રૂબરૂમાં ફરિયાદ લખવામાં આવી હોય તેવા સાહેદો, સ્થાનિક તપાસ કરનાર એફ.એસ. એલ. અધિકારીઓ, બનાવવાળી જગ્યાની આજુબાજુ રહેનાર વ્યકિતઓ, જેઓને બનાવમાં ઈજા થઈ છે તે ઈજા પામનાર વ્યકિતઓ તે પૈકી કેટલાક ઈજા પામનારાઓના સંબંધીઓ, બનાવમાં ગુજરનાર વ્યકિતઓના સંબંધીઓ, ઈજા પામનાર વ્યકિતઓની સારવાર કરનાર ડૉકટરો, ગુજરનાર વ્યકિતઓના શબ પરિક્ષણ કરનાર ડૉકટરો, ઈજા પામનાર તથા ગુજરનારના શરીરમાંથી ઓપરેશન કરીને છરા અને લોખંડની કરચો કાઢેલી તે તથા તેઓના શરીર ઉપરથી બનાવ વખતે પહેરેલા કપડા જે પંચ સાહેદોની હાજરીમાં કબજે કરવામાં આવેલા તે પંચો સાહેદો, ઈન્કવેસ્ટ પંચનામાના પંચ સાહેદો, બોમ્બ ડીસ્પોઝલ ટીમના સાહેદો, મુદ્દામાલનું પૃથક્કરણ કરનાર એફ.એસ.એલ.ના અધિકારીઓ,જુદા–જુદા કાયદા હેઠળ આરોપીઓ સામે ગુનાની ઈન્સાફી કાર્યવાહી શરૂ કરવા પરવાનગી આપનાર

જુદા–જુદા અધિકારીઓ, તપાસ કરનાર અધિકારીઓ, આરોપીઓ જે મકાનોમાં રોકાયેલા તે મકાનના માલીકો, મકાન ભાડે અપાવનાર, જુદી–જુદી હોટલોમાં આરોપીઓ રોકાયેલા તે હોટલોમાં કામ કરતા વ્યકિતઓ, હોટલો ઉપરથી રજીસ્ટરના પાનાઓ કબજે કરવામાં આવેલા તે અંગેના પંચનામાના પંચ સાહેદો, આરોપીઓએ જુદી–જુદી દુકાનો ઉપરથી નટ–બોલ્ટ, છરા, સાઇકલો, ઘડિયાળો, મોબાઈલ ફોન વિગેરે ખરીદેલા તે સાહેદો વિગેરે વિગેરે તપાસવામાં આવેલા છે. આ ઉપરાંત આ ચુકાદામાં અગાઉ ચર્ચા કરી તેમ અગત્યના સાહેદો પણ તપાસવામાં આવેલા છે જેની ચર્ચા આ ચુકાદામાં અગાઉ અગત્યના સાહેદોના પુરાવા બાબતે તે શીર્ષક હેઠળ કરેલી છે. કુલ–૧૧૬૩ સાહેદો પૈકી લગભગ આશરે કુલ–૧૦ થી ૧૨ સાહેદો સિવાય તમામ સાહેદોએ પોત પોતાની રીતે તેઓ બનાવ વિશે જે કંઈ જાણતા હતા અથવા તેઓની હાજરીમાં તપાસ કરનાર અધિકારીઓએ જે કંઈ કામગીરી કરેલી તે અંગેની હકીકતો પોતાની જુબાનીઓમાં જણાવેલી છે. ઘણા બધા સાહેદોએ જુબાની દરમ્યાન આરોપીઓને અદાલત રૂબરૂ ઓળખી બતાવેલા નથી અને લગભગ મોટા ભાગના સાહેદોએ આરોપીઓ નહીં ઓળખવાના કારણો એવા આપેલા છે કે સમય ઘણો થઈ ગયો છે, આરોપીઓની દાઢી નાની–મોટી છે, આરોપીઓએ ચશ્મા પહેરેલા છે, ટોપીઓ પહેરેલી છે વિગેરે વિગેરે કારણો આપેલા છે અને તેઓના આ કારણો માનવાને યોગ્ય છે. કારણ કે આ બનાવો જુલાઈ–૨૦૦૮ મા બનેલા હતા અને આ કામે ફરિયાદપક્ષ દ્વારા પુરાવા રજૂ કરવાની શરૂઆત અને અદાલત દ્વારા પુરાવાના નોંધવાની કામગીરી સને–૨૦૧૨ ની સાલથી શરૂ થઈને સને–૨૦૨૦ સુધી ચાલેલી છે. આમ ૮–૯ વર્ષ સુધી આ ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચાલેલી છે. ઘણા બધા સાહેદોએ અને ઘણા બધા પંચોએ આરોપીઓને તપાસ કરનાર અધિકારીઓએ પકડયા પછી જોયેલા કારણ કે તેમની હાજરીમાં પંચનામાઓ થયેલા તથા તપાસ કરનાર અધિકારીઓ અમુક સાહેદો પાસે આરોપીઓને લઈ ગયેલા હતા. ત્યારબાદ સાહેદોએ આરોપીઓને જોયેલા નથી. આરોપીઓને તેઓ અગાઉથી ઓળખતા પણ ન હતા અને ઘણા વર્ષો બાદ અદાલતમાં જુબાની

દરમ્યાન આરોપીઓને બતાવતા સ્વાભાવિક છે કે ઘણા બધા સાહેદો આરોપીઓને ઓળખી શકે નહીં અને ઘણા સાહેદોએ જુબાની દરમ્યાન આરોપીઓને ઓળખેલા પણ છે. નહીં ઓળખી શકેલા સાહેદોની ઓળખવાની શકિત કુદરતી રીતે ઓછી હોય તો પણ સહેલાઈથી આરોપીઓને ઓળખી શકે નહીં. આ કેસની ઈન્સાફી કાર્યવાહી વિડીયો કોન્ફરન્સના માધ્યમથી થયેલી છે અને આરોપીઓને વિડીયો કોન્ફરન્સમાં બતાવવામાં આવેલા છે જેથી કરીને પણ આરોપીઓને રૂબરૂમાં જોવા અને વિડીયો કોન્ફરન્સમાં જોવામાં થોડો ઘણો તફાવત પણ હોય શકે. ઘણા સાહેદોને આ ગંભીર ગુનો છે અને આરોપીઓને જોઈને પણ ડર લાગતો હોય તેવુ પણ બને અને તેના કારણે પણ આરોપીઓને ઓળખવાનો ઈન્કાર પણ કરેલો હોઈ શકે. આ ઉપરાંત સાહેદોની જુબાનીઓ નોંધતી વખતે **આ અદાલતે પણ ધ્યાનમાં લીધેલુ છે કે સાહેદો આ કામના આરોપીઓને સહેલાઈથી ન ઓળખે તે માટે આરોપીઓએ જાત જાતની યુકિત પ્રયુકિતઓ અજમાવેલી છે. ત્રણ–ત્રણ આરોપીના ગૃપમાં વીડિયો કોન્ફરન્સમાં આરોપીઓને ઉભા રાખતા, આડુ જોઈ જવું, ઉંચુ જોવુ, નીચુ જોવુ, કપડા એવા પહેરવા કે જેથી કરીને ઓળખાય નહીં, માથે ટોપી મુકવી, ટોપી ઉતારી લેવી, ચશ્મા ન હોય તો પણ ચશ્મા પહેરવા,ચશ્મા પહેરેલા હોય તો ઉતારી લેવા, દાઢી વધારવી તેમજ નાની દાઢી કરવી વિગેરે–વિગેરે યુકિતઓ અજમાવેલી છે. કે જેથી કરીને સાહેદો આ આરોપીઓને જુબાની દરમિયાન સહેલાઈથી ઓળખી શકે નહિ. તેમ છતાં ઘણા સાહેદોએ ઘણા આરોપીઓને ઓળખી બતાવેલા છે. જે સાહેદોએ જે આરોપીઓને ઓળખી બતાવવામાં નિષ્ફળ રહેલા છે તે સાહેદોએ જે તે વખતે ઓળખ પરેડ દરમિયાન એક્ઝિકયુટીવ મેજિસ્ટ્રેટ રૂબરૂ ઓળખી બતાવેલા છે.**

સાહેદ નં.૧૧૨૧ સાદાબ પાનવાલા, સાહેદ નં.૧૧૫૧ રીયાજ હુસેન સીદ્દીકી, સાહેદ નં.૧૧૦૫ નૌશીન મમશાદ કાદરી, સાહેદ નં.૧૦૪૧ તાલીબ અબ્દુલ ગફાર મણીયાર, સાહેદ નં.૮૮૧ અદનાન મોહમદ ખાલીદ ગુજરાતી, સાહેદ નં.૧૦૯૯ મહમદ સોયેબ ગુલાબમીયા શેખ, સાહેદ નં.૧૧૦૩ મહમદ ફારૂક અબ્દુલ રસીદ માસ્તરનાઓએ ફરિયાદપક્ષની હકીકતને સમર્થન

કરેલુ નથી. આ ઉપરાંત પંચ સાહેદ નં.૪૮૫ એયુબ અલ્લારખ્ખા શેખ, પંચ સાહેદ નં.૯૦૭ ઈરશાદ સરવરખાન પઠાણ તથા પંચ સાહેદ નં.૯૦૮ કાસીફ ઉરૂજ મંજર અસરફ સૈયદનાઓએ પણ ફરિયાદપક્ષની હકીકતને સમર્થન કરેલુ નથી. પરંતુ આ તમામ સાહેદોની જુબાનીઓ ધ્યાને લઈએ તો આ બનાવો બનેલા નથી તેવી કોઈ હકીકત નીકળી આવતી નથી એટલુ જ નહીં જે પંચ સાહેદોની હાજરીમાં પંચનામા બનાવેલા છે તે પંચનામાઓમાં ઉપરોકત ત્રણ પંચ સાહેદો પોતાની સહીઓ કબૂલ કરે છે. આ સહીઓ તપાસ કરનાર અધિકારીઓએ બળજબરીથી કે ધાક–ધમકીથી કરાવી લીધી હોય તેવી કોઈ રજૂઆત કરેલી નથી. પંચનામાઓમાં તેઓએ સહીઓ કરેલી હોવાથી એવુ કહી શકાય કે આ પંચ સાહેદોની હાજરીમાં પંચનામાઓ બનેલા છે. પરંતુ ઈરાદાપૂર્વક ફરિયાદપક્ષની હકીકતને જુબાનીમાં સમર્થન કરેલુ નથી. જે સાહેદોએ ફરિયાદપક્ષની હકીકતને સમર્થન કરેલુ નથી એવા સાહેદ નં.૧૧૨૧, ૧૧૫૧, ૧૦૪૧, ૮૮૧, ૧૦૯૯, ૧૧૦૩ ની જુબાનીઓ ધ્યાને લેતા સદંતરપણે તે જુબાનીઓ રદ્ધ થઈ શકે તેમ નથી. આ સાહેદોની જુબાનીઓ મુજબ ઘણા બધા આરોપી આ ગુનામાં સીધી અથવા પરોક્ષ રીતે સંડોવાયેલા હોવાનું માલુમ પડે છે. આ સાહેદોની જુબાનીઓ કેટલા અંશે માનવી તે અંગેની ચર્ચા આ ચુકાદામાં આગળ ઉપર કરેલી છે. જેથી તેનુ પુનરાવર્તન કરવામાં આવતુ નથી. પરંતુ ફરિયાદપક્ષની હકીકતને સમર્થન કરેલુ ન હોય તો પણ આ સાહેદોનો પુરાવો સંપૂર્ણપણે કાઢી નાખી શકાય નહીં. આ સંબંધમાં નીચે મુજબના ચુકાદા ધ્યાને લીધેલા છે.

અ.નં.	**ચુકાદો**	**ચુકાદામાં નિર્ણીત મુદ્દાઓ પૈકી ફરી ગયેલા સાહેદ અંગે નિર્ણીત થયેલા મુદ્દાઓ**
૧	ગુરૂસીંગ વિરૂધ્ધ સ્ટેટ (૨૦૨૧) ૨ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૨૦૫	માત્ર સાહેદ ફરિયાદપક્ષની હકીકતને સમર્થન કરે નહીં અને તેને ફરી ગયેલા જાહેર કરવામાં આવે તેટલા માત્રથી તે સાહેદનો પુરાવો કાઢી નાખી શકાય નહીં.

૨	ભોલારામ વિરૂધ્ધ સ્ટેટ (૨૦૦૧) ૧ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૩૫	ફરિયાદપક્ષના સાહેદ ફરી ગયેલા છે અને ફરિયાદપક્ષની હકીકતને સમર્થન કરેલુ નથી તેટલા માત્રથી આરોપીને નિર્દોષ છોડી મુકાય નહીં.
૩	રમેશ હરીજન વિરૂધ્ધ સ્ટેટ ઓફ યુ.પી એ.આઈ.આર. ૨૦૧૨ સુપ્રિમ કોર્ટ પાન નં.૧૯૭૯	ફરિયાદપક્ષની ફરી ગયેલા સાહેદનો પુરાવો સંપૂર્ણપણે ના મનાય તેવુ હોતુ નથી. તેનો પુરાવો વંચાણે લઈ શકાય. જે પંચોની હાજરીમાં પંચનામુ બનાવેલુ હોય અને પંચોએ તે પંચનામા ઉપર સહીઓ કબૂલ કરેલી હોય તો તેવા પંચ સાહેદનો પુરાવો પણ ધ્યાને લઈ શકાય.
૪	મીનલ દાસ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ત્રિપુરા એ.આઈ.આર. ૨૦૧૧ સુપ્રિમ કોર્ટ પાન નં.૩૭૫૩	પેરા–૪૨ મુજબ ફરિયાદપક્ષના સાહેદ ફરી ગયેલા જાહેર થયેલ છે માટે તેનો પુરાવો ગ્રાહય રખાય નહીં તેવુ નથી. ફરી ગયેલા સાહેદની જુબાનીનું ઝીણવટપૂર્વક મૂલ્યાંકન કરી ધ્યાનમાં લેવી જોઈએ. તેનો પુરાવો કેટલી માત્રામાં ફરિયાદપક્ષને સમર્થન કરે છે તે અદાલતે જોવુ જોઈએ.
૫	હીનાબેન હરીભાઈ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૧૯૯૬ (૩) જી.એલ.આર. પાન નં.૬૦૭, ગુજરાત	પેરા–૧૦ મુજબ ફરિયાદપક્ષના સાહેદ ફરી ગયેલા હોય ત્યારે રેકર્ડ ઉપર બીજો ભરોસા પાત્ર અને સ્વતંત્ર પુરાવો હોય અને તે પુરાવાથી સમર્થન મળતુ હોય ત્યારે ફરી ગયેલા સાહેદના પુરાવા ઉપર આધાર રાખી શકાય.

આ કામમાં બચાવપક્ષ તરફથી પણ નામદાર સુપ્રિમ કોર્ટના ઘણા બધા ચુકાદા જુદા–જુદા મુદ્દાઓ ઉપર રજૂ થયેલા છે. ફરિયાદપક્ષ દ્વારા પણ નામદાર સુપ્રિમ કોર્ટના ઘણા બધા ચુકાદા જુદા–જુદા મુદ્દા ઉપર રજૂ થયેલા છે. આ કેસમાં હકીકત અને કાયદાના ઘણા બધા મુદ્દા સમાયેલા છે. આ કેસમાં યોગ્ય અને સાચો ન્યાય થાય તે માટે આ અદાલતના ધ્યાનમાં છે તેવા પણ ચુકાદા આ અદાલતે ધ્યાને લીધેલા છે. તમામ ચુકાદાઓ પૈકી ઘણા ચુકાદાઓની હકીકત આ કેસની હકીકતથી જુદી પણ છે. તમામ ચુકાદા આ કેસની હકીકતને સીધે સીધા સુસંગત છે તેવુ પણ નથી. નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદાનું અત્રેની અદાલતે સંપૂર્ણપણે પાલન કરવુ પડે અને અનુસરવુ પડે. આ કેસ એક ગંભીર પ્રકારનો કેસ છે. અમદાવાદ અને સુરતના મળીને કુલ–૫૩ બનાવોની કુલ–૩૫ ફરિયાદો નોંધાયેલી છે. કુલ–૩૫ ફરિયાદોના કુલ–૩૫ ગુનાઓના ચાર્જશીટો નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા ભેગા કરી એક જ કેસ તરીકે ચલાવવાના આદેશો થતા એક કેસ તરીકે ચલાવવામાં આવેલ છે. આરોપીઓ ઉપર જે તહોમતનામા ફરમાવેલા છે તે તહોમતનામાની હકીકત પ્રમાણે આરોપીઓ ઉપર ગંભીર પ્રકારના આક્ષેપો છે. જે ચુકાદા રજૂ થયેલા છે તે મોટા ભાગના ચુકાદા એકાદ ગુનાને લગતા ચુકાદા છે. જયારે આ કેસની હકીકત જોતા કેસ ગંભીર પ્રકારનો તો છે જ સાથે સાથે જુદા–જુદા કાયદા હેઠળના જુદી–જુદી હકીકતો અંગેના આક્ષેપો કરતો પણ કેસ છે. આ કેસ ઘણા બધા વ્યકિતઓ વચ્ચે કાવતરૂ રચાઈને કાવતરામાં સામેલ થયેલા તમામ વ્યકિતઓનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે એકબીજાની મદદગારીથી આ બનાવો બનેલા છે. **કોઈ ઈસમ અચાનક ગુનો કરી બેસે અને ગુનો નોંધાય તથા ઘણા બધા વ્યકિતઓ લાંબા સમયનું આયોજન કરી સામાન્ય ઈરાદો પાર પાડવા માટે વ્યવસ્થિત રીતે ગુનાઓ કરે તો તે બંનેમાં ઘણો બધા તફાવત હોય છે. આ કેસમાં ઘણા બધા આરોપીઓ વચ્ચે લાંબા સમયથી સમજૂતી અને આયોજનો કર્યા બાદ ગુનાઓને અંજામ આપવામાં આવેલો છે. જેથી સામાન્ય કેસ કરતા આ કેસના પુરાવાનું મૂલ્યાંકન અલગ રીતે કરવુ જોઈએ તેમ હું માનુ છું.** નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદાઓ માર્ગદર્શક છે. જેથી આ કેસના

રેકર્ડ ઉપરના પુરાવાનું મૂલ્યાંકન કરતી વખતે ઘણી બધી હકીકતો ધ્યાનમાં રાખવી જોઈએ. આ સંબંધમાં નીચે મુજબના ચુકાદા ધ્યાને લઈએ તો

અ.નં.	ચુકાદો	ચુકાદામાં નિર્ણીત મુદ્દાઓ પૈકી ફરી ગયેલા સાહેદ અંગે નિર્ણીત થયેલા મુદ્દાઓ
૧	ચરણસિંહ વિરૂધ્ધ સ્ટેટ ઓફ પંજાબ એ.આઈ.આર. ૧૯૭૫ સુપ્રિમ કોર્ટ પાન નં.૨૪૬	અદાલતોના અહેવાલ નિર્ણયોના દ્રષ્ટાંતો તથા તેમાં રહેલા કોઈ કાયદાના અર્થઘટન માટે ઉપયોગી થઈ શકે અથવા પુરાવાના કાયદાના સામાન્ય નિયમો દાખલા તરીકે સહતહોમતદારના પુરાવાનું મુલ્ય વિગેરે બાબત પણ ઉપયોગી થશે છતાં અદાલત સમક્ષના કોઈ કેસોમાં કે સાક્ષીની જુબાની ગ્રાહય ગણાવી કે નહીં તેમાં આવા નિયમો ઉપયોગી નહીં થાય.
૨	રહીમખાન વિરૂધ્ધ ખુરશીદ અહેમદ એ.આઈ.આર. ૧૯૭૫ સુપ્રિમ કોર્ટ પાન નં.૨૯૦	સાક્ષીની વિશ્વાસપાત્રતા કે કોઈ સાક્ષીની જુબાની આધારભૂત ગણવા અદાલતોના આગળના નિર્ણયો કે દ્રષ્ટાંતો બહુ માર્ગદર્શક થતા નથી કારણ બધા કેસોમાં સંયોગોની વિપુલતા અને વિશિષ્ટ તત્વો હંમેશા દરેક કેસમાં એકસરખા હોતા નથી. એવી કોઈ કાનૂની કસોટી નથી કે જેનાથી પુરાવો પ્રમાણીત છે કે બનાવટી તે નકકી થઈ શકે. ખરી રીતે આ બાબત ન્યાયાધીશની અંગત સામાન્ય બુધ્ધિ અને માનસિક પરીપકવતાનો પ્રશ્ન છે.
૩	પ્રતાપસિંહ વિરૂધ્ધ	માનવ જુબાનીનું મુલ્યાંકન કરવાના કોઈ સુવર્ણ નિયમો હોઈ શકે નહીં. માનવ

	રાજેન્દ્રસિંહ એ.આઈ.આર. ૧૯૭૫ સુપ્રિમ કોર્ટ પાન નં.૪૦૫	જુબાનીની તુલના કે મૂલ્યાંકનમાં પ્રમાણિક ન્યાયાધીશની પણ પ્રમાણિક ભૂલ થવાની શકયતા હંમેશા રહેલી છે. પુરાવામાંથી ભરોસાપાત્ર તત્વને તારવીને મજબુત ન્યાયાધીશ નિર્ણય આપવો અને ધાનમાંથી કચરો અલગ કરી માત્ર તત્વને જ ઉપયોગમાં લેવો તે કળા માત્ર તિક્ષ્ણ અને સામાન્ય બુધ્ધિ અને અનુભવથી જ પ્રાપ્ત થાય છે.
૪	ધરમદાસ વિરૂધ્ધ યુ.પી. રાજય એ.આઈ.આર. ૧૯૭૩ સુપ્રિમ કોર્ટ પાન નં.૨૧૯૫	ફોજદારી મુકદ્ધમામાં જો અતિશયોકિતઓ અથવા અસત્ય ફરિયાદપક્ષના પુરાવાનું સદંતર નાશ કરે તેવા ઘાતક ના હોય તો અદાલતે સત્યમાંથી અસત્ય તારવવા કાર્યવાહી કરવી જોઈએ અને અપરાધીના ગુના અગર નિર્દોષતાના નિર્ણય ઉપર આવવુ જોઈએ. ફરિયાદપક્ષે કરેલી અતિશયોકિત જો સમગ્ર ફરિયાદપક્ષની રજૂઆતને અસંભવિત બનાવે તેવી ના હોય તો અદાલતે બહુ મહત્વ આપવુ ના જોઈએ અને ફરિયાદપક્ષની વાતને ટેકારૂપ મહત્વના તત્વો તેના પુરાવામાંથી લક્ષમાં લેવા જોઈએ.
૫	ઈશ્વરી પ્રસાદ વિરૂધ્ધ મહમદ ઈશા એ.આઈ.આર. ૧૯૬૩	કોઈ સાહેદની જુબાની સ્વીકારવી કે નહીં તે માટે અદાલતે એ તપાસવુ જોઈએ કે સાહેદ આરોપી કે ફરિયાદી સાથે હિત સબંધ ધરાવે છે કે નહીં અને ઊલટતપાસમાં સાહેદ ટકી

	સુપ્રિમ કોર્ટ પાન નં.૧૭૨૮	શકે છે કે નહીં. સાહેદની બધી રીતે બુધ્ધિગમ્ય અને સંભવિત જુબાનીનો અસ્વીકાર કરવો તે શખાવત નથી.
૬	ગરીબસિંહ વિરૂધ્ધ પંજાબ રાજય એ.આઈ.આર. ૧૯૭૩ સુપ્રિમ કોર્ટ પાન નં.૪૬૦	કોઈ પણ ફોજદારી અદાલત પાસે ચાલતી કાર્યવાહીમાં સાબીતીનો અંશ અથવા પ્રમાણ એવા હોવા જોઈએ કે જેથી સામાન્ય બુધ્ધિશાળી માણસ ગુનાહિતતાના નિર્ણય ઉપર આવી શકે.જયારે બીજી તરફ આરોપીએ એટલી હદ સુધી સાબીતી આપવાની જરૂર નથી. સામાન્ય રીતે બુધ્ધિશાળી કહી શકાય અને સામાન્ય રીતે અનુભવ ધરાવતો માનવ એ જ ખરૂ ધોરણ છે. તેમ આ ચુકાદામાં નામદાર કોર્ટ દ્વારા ઠરાવવામાં આવેલ છે.

આ કેસ કાવતરાનો કેસ છે. આરોપીઓ લાંબા સમયથી ભેગા મળેલા છે અને સતત જુદી–જુદી જગ્યાઓ ઉપર ભેગા થઈ અમદાવાદ તથા સુરત શહેરમાં બોમ્બ બ્લાસ્ટ કરવાના આયોજનોનું કાવતરૂ કરેલુ છે. આ કાવતરા દરમ્યાન આરોપીઓનો સમાન ઈરાદો હતો કે આ બંને શહેરોમાં જાનમાલને નુકસાન થાય તે રીતે બોમ્બ બ્લાસ્ટ કરવા. આરોપીઓએ એકબીજાની મદદગારીથી આ બંને શહેરોમાં બનેલા બનાવોને અંજામ આપેલો છે. આ કાવતરામાં એક આરોપીએ જે કંઈ હકીકતો કહેલી હોય અથવા કોઈ કૃત્ય કરેલુ હોય તો તે તમામ હકીકતો અને કરેલુ કૃત્ય કાવતરામાં સામેલ તમામ આરોપીઓએ કરેલુ છે તેમ કહી શકાય. આ સબંધમાં પુરાવાના કાયદાની કલમ–૧૦ ધ્યાને લઈએ તો...

કલમ–૧૦ સમાન યોજના અંગે કાવતરાખોરે કહેલી કે કરેલી બાબતો...

એક દાવાપાત્ર અપકૃત્ય અથવા એક ગુનો કરવા માટે બે અથવા વધુ વ્યકિતઓએ સાથે મળીને કાવતરૂ કર્યું છે તેવું માનવા માટે વાજબી કારણ હોય ત્યારે, તેઓ પૈકીની એકે જયારે તેવો ઈરાદો પ્રથમ સેવ્યો ત્યારબાદ તેમના સામાન્ય ઈરાદાના અનુસંધાને આવી કોઈ વ્યકિતઓ પૈકી એકે તેમના સામાન્ય ઈરાદાને લગતી કોઈ પણ કહેલી, કરેલી કે લખેલી હકીકત આવા કાવતરામાં સામેલ હોવાનું મનાતી પ્રત્યેક વ્યકિત વિરૂધ્ધ, કાવતરાનું અસ્તિત્વ સાબીત કરવા માટે તથા આવી કોઈ વ્યકિત તેમાં પક્ષકાર હતી તેવુ દર્શાવવા માટે પણ પ્રસ્તુત છે.

હવે સંબંધમાં પુરાવાના કાયદાની કલમ–૧૦ તથા ભારતીય ફોજદારી ધારાની કલમ–૧૨૦(બી), ૩૪, ૧૦૯ બાબતે અન્ય કેટલાક નીચે મુજબના ચુકાદા પણ ધ્યાને લીધેલા છે.

અ.નં.	ચુકાદો	<u>પુરાવાના કાયદાની કલમ–૧૦ તથા ભારતીય ફોજદારી ધારાની કલમ–૧૨૦(બી), ૩૪, ૧૦૯ અંગે નિર્ણિત થયેલ મુદ્દો–</u>
૧	સ્ટેટ ઓફ તામિલનાડુ વિરૂધ્ધ નલીની એ.આઇ.આર.૧૯૯૯ સુપ્રિમ કોર્ટ પાન નં.૨૬૪૦	આરોપીને એરેસ્ટ કર્યા પછી તે પોતે કબૂલાત નિવેદન આપે અને તેનુ નિવેદન ભરોસાપાત્ર હોય તો સ્વતંત્ર પુરાવા તરીકે તેની વિરૂધ્ધ ઉપયોગમાં લઇ શકાય પરંતુ સહ આરોપી માટે તે નિવેદનને મર્યાદિત રીતે એટલે કે સમર્થન માટે ઉપયોગમાં લઇ શકાય. આ કેસમાં આરોપી નં.૨,૨૧,૨૪,૩૫ નાઓએ કબૂલાત નિવેદનો મેજિસ્ટ્રેટ રૂબરૂ આપેલા છે માટે મારા મંતવ્ય પ્રમાણે આ કબૂલાત નિવેદનો આ આરોપીઓએ

		સ્વેચ્છાપૂર્વક આપેલા છે જેથી આ આરોપીઓ વિરૂધ્ધ પુરાવામાં ગ્રાહય છે. પાછળથી પરત ખેંચેલા છે પરંતુ સમજી વિચારીને બચાવ ઉભો કરવા પરત ખેંચેલા હોવાનું સ્પષ્ટ છે. રેકર્ડ ઉપરનો બીજો પુરાવો ધ્યાને લેતા આ કબૂલાત નિવેદનો પુરાવાના કાયદાની કલમ–૩૦ હેઠળ અન્ય આરોપીઓ વિરૂધ્ધ પણ ગ્રાહય છે.
૨	અમ્મીની વિરૂધ્ધ સ્ટેટ ઓફ કેરાલા એ.આઇ.આર. ૧૯૯૮ સુપ્રિમ કોર્ટ પાન નં.૨૬૦	બે અથવા તેની વધુ આરોપીઓએ ભેગા મળી કોઇ ગુનો કરવાનુ કાવતરૂ કરેલુ હોય અને તે કાવતરૂ પુરવાર થાય તો એક આરોપીએ કરેલુ કબૂલાત નિવેદન બીજા આરોપી સામે પણ ઉપયોગમાં લઇ શકાય. આ કેસના આરોપીઓએ ભેગા થઈ કાવતરૂ કરેલુ છે અને કાવતરાના ભાગરૂપે અમદાવાદ તથા સુરતની મળીને કુલ–૫૩ જગ્યાઓ ઉપર બોમ્બ મુકવામાં આવેલા છે. જેથી આરોપી નં.૨,૨૧,૨૪ ના કબૂલાત નિવેદનો અન્ય આરોપીઓ વિરૂધ્ધ ગ્રાહય છે.
૩	સ્ટેટ (એનસીટી ઓફ દિલ્હી) વિરૂધ્ધ જશપાલસિંધ (૨૦૦૩) ૧૦ સુપ્રિમ કોર્ટ કેસીસ	જયારે રેકર્ડ ઉપર પુરતો પુરાવો હોય કે બધા આરોપીએ મળીને પોતાનો સામાન્ય ઇરાદ્દો પાર પાડવા માટે ભેગા થયેલા હતા. ત્યારે તે મહત્વનુ નથી કે તેઓ બધા એકબીજાથી અજાણ્યા હતા અને એકબીજાથી પરીચીત ન હતા કે દરેક આરોપીએ ગુનામાં ચોક્કસ

	પાન નં.૫૮૬	ભૂમિકા ભજવેલી નથી. આ કેસમાં ઘણા બધા આરોપીઓ એકબીજાથી અજાણ્યા હતા અને એકબીજાથી પરીચીત ન હતા તેમ છતાં રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને લેતા તમામ આરોપીઓ વચ્ચે સામાન્ય ઈરાદો પાર પાડવા કાવતરાના ભાગરૂપે સમજૂતી થયેલ છે.
૪	નઝીરખાન વિરૂધ્ધ સ્ટેટ ઓફ દિલ્હી (૨૦૦૩)૮ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૪૬૧	કાવતરૂ સીધા પુરાવાથી અથવા સાંયોગિક પુરાવાથી અથવા બંને રીતે પણ પુરવાર થઇ શકે. આ કેસમાં આરોપીઓ વિરૂધ્ધ સીધો તથા સાંયોગિક પુરાવો ઉપલબ્ધ છે.
૫	ત્રિભુવનનાથ વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર એ.આઇ.આર.–૧૯૭૩ સુપ્રિમ કોર્ટ પાન નં.૪૫૦	એક આરોપી (કાવતરૂ) કરનાર બીજા આરોપી (સહ કાવતરૂ કરનાર) સાથે ગુનાના અમલીકરણ માટે એકબીજા સાથે સંવાદ કરે કે વાતચીત કરે તો તે સુસંગત છે અને તે પુરાવામાં ગ્રાહ્ય છે. આ કેસમાં આરોપીઓએ એકબીજાને ફોન કરેલા છે. જો કે ફોનની કોલ ડીટેઇલ તેવો કોઈ પુરાવો રજૂ થયેલો નથી પરંતુ જે જગ્યાઓ ઉપરથી ફોન કરવામાં આવેલા તે જગ્યાઓ પંચનામાની વિગતે આરોપીઓએ બતાવેલી છે અને આ જગ્યાઓનું તેઓને જ્ઞાન હતુ.

૬	મોહંમદ ઈસ્તીપોર મુમતાઝ અહેમદ રહેમાની વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૦૩ ક્રિ.લો.જ. ગુજરાત પાન નં.૧૬૪૬	આરોપી પાસેથી બ્રાઉન સુગર મળેલુ તે આરોપીએ બીજા સહ આરોપીનુ નામ ભાગીદાર તરીકે આપેલુ સહ આરોપી ખોટા નામ સરનામા સાથે ગેસ્ટહાઉસમાં રોકાયેલો અને ત્યાંથી તેને અટક કરેલો તેણે પંચોની હાજરીમાં ગુનામાં સંડોવણી કબૂલ કરેલી, આ કબૂલાત ગ્રાહ્ય છે. આ કેસમાં ઘણા આરોપીઓ જુદી–જુદી હોટલોમાં ખોટા નામે એન્ટ્રીઓ કરીને રોકાયેલા છે અને તે મુજબની માહિતી પંચોની હાજરીમાં આપેલી છે. જેથી આ ગુનામાં તેઓની સંડોવણી હોવાનું સ્પષ્ટ બને છે.
૭	ભગવાન સ્વરૂપ વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર એ.આઇ.આર.૧૯૬૫ સુપ્રિમ કોર્ટ, પાન નં.૬૮૨	પુરાવાના કાયદાની કલમ–૧૦ તે પક્ષકારો વચ્ચે નોકર અને માલિકની સિધ્ધાંત ઉપર આધારિત છે અદાલતને સંતોષ થાય તો સહ આરોપીનુ નિવેદન બીજા કાવતરાખોર સામે પણ ગ્રાહ્ય છે. બે અથવા વધારે વ્યકિતઓ ભેગા થઈ કોઇ ગેરકાયદેસર કૃત્ય કરવા કરાર/ સમજૂતી કરે અને પોતાના સમાન ઈરાદાને અમલમાં મુકે તો એક આરોપીએ કરેલુ કૃત્ય તમામ આરોપીઓએ કરેલુ છે તેમ કહેવાય. આ કેસમાં આરોપીઓએ ભેગા થઈ સમજુતિ કરેલી છે અને તેના આધારે સામાન્ય ઈરાદો પાર પાડવા ગુનાહિત કૃત્યો

		કરેલા છે માટે દરેક આરોપીઓએ આ કૃત્ય કરેલુ છે તેમ કહેવાય.
૮	ઉત્તરપ્રદેશ રાજય વિરૂધ્ધ ઈફત્યારખાન એ.આઇ.આર.૧૯૭૩ સુપ્રિમ કોર્ટ પાન નં.૮૬૩	ભારતીય ફોજદારી ધારાની કલમ–૩૪ માટે પૂર્વ આયોજન સ્થાપિત થવુ જરૂરી છે, એક ચોક્કસ આરોપીએ ગુનામાં અમુક ભાગ ભજવ્યો છે તેવી હકીકત કલમ–૩૪ ના તત્વો આકર્ષવા માટે અગત્યની નથી પરંતુ સામાન્ય ઈરાદો પાર પાડવા માટે તેઓ પૈકી કોઇ એક વ્યકિતએ ગુનાહિત કૃત્ય કર્યુ હોય તો તે હકીકત પુરવાર થાય તે પુરતુ છે.
૯	દાજય માસીયા ભીલ વિરૂધ્ધ મહારાષ્ટ્ર રાજય એ.આઇ.આર.૧૯૮૪ સુપ્રિમ કોર્ટ પાન નં.૧૭૧૭	ગુનાના પૂર્વ આયોજનમાં ભાગ લેનાર તમામ એક જ ઈરાદાના ભાગીદાર હતા તેજ માનસિક તત્વ દરેકની પરોક્ષ કે સામુહિક જવાબદારી ઉત્પન્ન કરે છે. દરેક આરોપીએ કરેલા કૃત્યો નહીં. આ કેસમાં ઘણા આરોપીઓએ કાવતરામાં સામેલ થઈ સમાન ઈરાદો પાર પાડવા જુદા– જુદા કૃત્યો કરેલા છે. તમામ કૃત્યોની તમામ આરોપીઓને ખબર ન હોય તો પણ તમામ આરોપીઓની આ બનાવોમાં સામુહિક જવાબદારી ઉત્પન્ન થાય છે.
૧૦	જે.એમ.દેસાઇ વિરૂધ્ધ બોમ્બે રાજય એ.આઇ.આર.૧૯૬૦ સુપ્રિમ કોર્ટ	ભારતીય ફોજદારી ધારાની કલમ–૩૪ હેઠળ ગુનાહિત જવાબદારી નક્કી કરવા માટે બે હકીકત પુરવાર થવી જરૂરી છે. (૧) તમામ આરોપીઓ સામાન્ય ઈરાદ્યો ધરાવતા હતા

	પાન નં.૮૮૯	(૨) સામાન્ય ઈરાદો પાર પાડવા તેઓએ કૃત્ય કરેલુ હતુ.
૧૧	હસન અબ્દુલ્લા વિરૂધ્ધ ગુજરાત રાજય એ.આઇ.આર.૧૯૬૨ ગુજરાત પાન નં.૨૧૪	આરોપીઓનો એકસરખો ઈરાદો હોય તો તે સામાન્ય ઈરાદો ગણાય નહીં એકસરખો ઈરાદો હોય ત્યારે દરેક વ્યકિત પોતે તે ઈરાદાથી વાકેફ હોય છે તથા સભાન હોય છે જયારે સામાન્ય ઈરાદામાં તમામ આરોપીઓ વચ્ચે એક સમજણ ઉભી થયેલી હોય છે
૧૨	રાજેશ ગોવિંદ જાગેશા વિરૂધ્ધ મહારાષ્ટ્ર રાજય એ.આઇ.આર.૨૦૦૦ સુપ્રિમ કોર્ટ પાન નં.૧૬૦	સામાન્ય ઈરાદો પાર પાડવા માટે પ્રત્યક્ષ પુરાવો હોવો જોઈએ તે આવશ્યક નથી તેમજ ભારતીય ફોજદારી ધારાની કલમ–૩૪ હેઠળ જવાબદારી પુરવાર કરવા માટે પૂર્વ આયોજન , પૂર્વ ચિંતન કે પૂર્વ વિચારણા પુરવાર કરવાની જરૂર નથી. આ કેસમાં રેકર્ડ ઉપર આવેલ તમામ પુરાવો ધ્યાને લેતા બંને શહેરોમાં બોમ્બ બ્લાસ્ટ કરવાના ઈરાદાથી આરોપીઓ વચ્ચે ઘણા સમય અગાઉથી ચિંતન થતુ હતુ અને તે પ્રમાણે આયોજનો કરવામાં આવેલા છે.
૧૩	નુરમહંમદ યુસુફ મોમીન વિરૂધ્ધ મહારાષ્ટ્ર રાજય ક્રિ.લો.જ. સુપ્રિમ કોર્ટ પાન નં.૭૩૯	ગુનો બને ત્યારે આરોપી અથવા મદદ કરનારની પ્રત્યક્ષ હાજરી ન હોય તો પણ મદદ કરનારને ભારતીય ફોજદારી ધારાની કલમ–૧૦૯ લાગુ પડે. આ કેસમાં આરોપી નં.૧૨ નાઓને મધ્ય પ્રદેશ પોલીસે માર્ચ–૨૦૦૮ મા અટક

		કરેલો હતો. પરંતુ તે પહેલા આ આરોપી જુદી–જુદી જગ્યાઓ ઉપરની મીટીંગોમા સામેલ હતો તેમજ વાઘમોન અને હાલોલ–પાવાગઢના જંગલોમાં આતંકવાદી તાલીમ કેમ્પ થયેલા તેમાં પણ હાજર હતો.
૧૪	દેવેન્દ્રપાલસિંધ વિરૂધ્ધ નેશનલ કેપીટલ ટેરેટરી દિલ્હી (૨૦૦૨)૫ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૨૩૪	ગુનાહિત કાવતરાના ગુનામાં વચન બધ્ધતા સૌથી મહત્વનુ પાસુ છે પ્રત્યક્ષ પુરાવો અથવા સાંયોગીક પુરાવો હોઇ શકે આ સિવાય આ પ્રકારના ગુનામાં આરોપીઓનુ ગુનો બનતા પહેલાનુ વર્તન ગુનો બને એટલે તે કાવતરૂ પાર પાડવા માટે જે કૃત્ય કરવામાં આવ્યુ તે અને ત્યારપછીનો પુરાવો અગત્યનો બની જાય છે તેનો ખુલાસો આરોપીઓએ કરવો પડે. આ કેસમાં પુરાવાના કાયદાની કલમ–૨૭ ના જે પંચનામા બનાવવામાં આવેલા છે તે ધ્યાને લેતા આરોપીઓનું વર્તન કાવતરૂ પાર પાડવા અંગેનુ હતુ તે સ્પષ્ટ છે અને આ અંગે આરોપીઓ તરફથી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ મા જે ખુલાસા આપવામાં આવેલા છે તે માની શકાય તેવા નથી.
૧૫	સરદાર સર્દુલસિંગ કેવિશ્વર વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર (૧૯૬૪)૨,	કાવતરાનુ મુખ્ય આવશ્યક તત્વ છે કે બે કે તેથી વધારે વ્યકિતઓ વચ્ચે ગેરકાયેદસરનુ કૃત્ય કરવા માટે અથવા કાયદેસરનુ કૃત્ય ગેરકાયદેસર સાધનો વડે કરવા માટેની

	એસ.સી.આર. પાન નં. ૩૭૮	સમજૂતી. આવુ કાવતરૂ સીધા પુરાવાથી પુરવાર થાય અને આરોપીના વર્તન અને કૃત્ય ઉપરથી પણ પુરવાર થઇ શકે.
૧૬	શિવનારાયણ લક્ષ્મીનારાયણ જોષી વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર (૧૯૮૦)૨ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૪૬૫	કાવતરૂ હંમેશા બંધબારણે અને ગુપ્ત રીતે કરવામાં આવતુ હોય છે કાવતરાના સીધો/પ્રત્યક્ષ પુરાવો મળવો અશકય છે પરંતુ આરોપીઓનુ કૃત્ય ગેરકાયદેસર, છુપુ કૃત્ય, સમાન્ય ઈરાદો, વર્તન વિગેરે ઉપરથી પુરવાર કરી શકાય.
૧૭	મોહંમદ ઉસ્માન મોહંમદ હુસેન મણીયાર વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર (૧૯૮૧)૨ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૪૪૩	કાવતરાખોરો સ્પષ્ટ રીતે કોઇ ગેરકાયદેસર કૃત્ય કરવા કાવતરૂ કરેલુ છે તેવુ સ્પષ્ટ રીતે ફરિયાદપક્ષે પુરવાર કરવાની જરૂર નથી. પરંતુ આ કેસમાં આરોપી ઘણા વખતથી સ્ફોટક પદાર્થનુ લાયસન્સ વગર વેચાણ કરતો હતો નામદાર અદાલતે ઠરાવેલુ કે તે આરોપી અમુક ચોક્કસ ગેરકાયદેસર કૃત્ય કરવા તેણે કાવતરૂ કરેલુ હતુ તેવુ અનુમાન થાય
૧૮	સ્ટેટ ઓફ હિમાચલપ્રદેશ વિરૂધ્ધ કિશનલાલ પ્રધાન (૧૯૮૭)૨, સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૧૭	બે અથવા તેથી વધારે વ્યકિતઓ કોઇ ગેરકાયદેસરનુ કૃત્ય કરવા કરાર અથવા સમજૂતી કરે અને તેના પરિણામરૂપે ગેરકાયદેસર કૃત્ય કરે તો તેમાં સામેલ તમામ તે કૃત્ય કરે છે તેમ મનાય દરેક વ્યકિતએ કરવુ જ જોઇએ તે જરૂરી નથી. આ કામમાં આરોપી નં.૧૪, ૩૭, ૪૩,

		૪૫, ૪૬, ૬૯ અને ૭૦ નાઓ બનાવો બનતા અગાઉ જુદી–જુદી જગ્યાઓ ઉપર જુદી–જુદી હોટલોમાં ખોટા નામથી એન્ટ્રીઓ કરી રોકાયેલા હતા અને આ આરોપીઓ સમાન્ય ઈરાદાથી કાવતરામાં સામેલ હતા જેથી આ આરોપીઓનું કૃત્ય અન્ય આરોપીઓએ પણ કરેલુ તેમ મનાય.
૧૯	અદનાન બિલાલ મુલ્લા વિરૂધ્ધ મહારાષ્ટ્ર રાજય ૨૦૦૬ ક્રિ.લો.જ. મુંબઇ પાન નં.૫૬૪	એક જ વ્યવહારમાં જેટલા પણ ગુના થયા હોય તે બધા જ ગુનામાં આરોપીની સામેલગારી હોય તે આવશ્યક નથી. કાવતરાના કોઇ એક જ બનાવમાં કોઇ એક કાવતરાખોર સામેલ હોય તો તેમની સામે સંયુકત ઇન્સાફી કાર્યવાહી ચલાવી શકાય.
૨૦	ઇન રે મધુકર દશરથ ૧૯૭૨ ક્રિ.લો.જ. મૈસુર પાન નં.૯૭૮	સામાન્યપણે પ્રત્યક્ષ પુરાવો તે શ્રેષ્ઠ પુરાવો છે કાવતરાના કિસ્સામાં મોટા ભાગે પ્રત્યક્ષ પુરાવો ઉપલબ્ધ હોતો નથી કારણકે કાવતરાખોરો પ્રથમથી જ સાવધ અને સભાન હોય છે પુરવાર થયેલી હકીકતોની કડીબધ્ધતા ઉપરથી કાવતરૂ કરવામાં આવ્યુ હતુ તેવા તારણ ઉપર આવી શકાય.
૨૧	હિમાચલપ્રદેશ રાજય વિરૂધ્ધ ક્રિમલાલ –૧૯૮૭ સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ) પાન નં.૨૭૦	કાવતરાનુ તહોમતનામુ ફરમાવેલુ હોય ત્યારે દરેક આરોપીએ મુખ્ય ગુનામાં સીધી રીતે કે પ્રત્યક્ષ રીતે ભાગ લીધેલો હોવો જોઇએ તે આવશ્યક નથી. આ કેસમાં ઘણા આરોપીઓ એવા છે કે જુદી–જુદી ભૂમિકાઓ બજાવેલી છે, કૃત્ય

		કરવા અંગે તમામ ભૂમિકાઓ બજાવેલી નથી. પરંતુ કાવતરામાં સામેલ હોય એક આરોપીએ બજાવેલી ભૂમિકા તમામ આરોપીઓ માટે પણ ગણી શકાય.
૨૨	સુરેશચંદ્ર બાહરી વિરૂધ્ધ બિહાર રાજય એ.આઇ.આર.૧૯૯૪ સુપ્રિમ કોર્ટ પાન નં.૨૪૨૦	બે અથવા વધુ વ્યકિત દ્વારા કોઇ ગેરકાયદેસર કૃત્ય કે ગુનો કરવા માટેની તેઓ વચ્ચે સમજ હોય તથા તેના અનુસંધાને તેઓ આગળ વધે અને કોઇ કૃત્ય કરવામાં આવે તો તે પુરાવો ગુનો સાબિત કરવા માટે પર્યાપ્ત ગણાય, આવા કિસ્સામાં સાંયોગીક પુરાવો હોય કે જે ઉપરથી કરવામાં આવેલુ કૃત્ય પૂર્વ સમજણ પ્રમાણે ફલિત થતુ હોય તેવો પુરાવો ગુનો પુરવાર કરવા માટે પુરતો ગણાય.
૨૩	યોગેશ ઉર્ફે સચીન જગદીશ જોષી વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર ૨૦૦૮ ક્રિ.લો.જ. સુપ્રિમ કોર્ટ પાન નં.૩૮૭૨	બે અથવા વધારે વ્યકિતઓએ કોઇ ગેર કાયદેસર કૃત્ય કરવા માટે મિટીંગ કરી હોય તો તેવી મિટીંગની સાબિતીનો કોઇ સીધો પુરાવો હોતો નથી પરંતુ આજુબાજુના સંજોગો તથા આરોપીના વર્તન ઉપરથી અનુમાન કરી શકાય. આ કેસમાં ફરિયાદપક્ષના અગત્યના સાહેદો તથા એપ્રુવરના પુરાવા ઉપરાંત બનાવ પછીના સંજોગો તેમજ આરોપીઓનું વર્તન ધ્યાને લેતા આ આરોપીઓએ આ ગુનાઓ કરેલા છે તેવું ચોક્કસ પણે અનુમાન થઇ શકે તેમ છે.

૨૪	યશપાલસિંગ વિરૂધ્ધ સ્ટેટ ઓફ પંજાબ એ.આઇ.આર.૧૯૭૭, સુપ્રિમ કોર્ટ પાન નં.૨૪૩૩	દરેક કાવતરાખોર થયેલા કાવતરાની દરેક વસ્તુ અંગે અને તેની વિગત અંગે માહિતી ધરાવતો હોવો જોઇએ તે જરૂરી નથી કાવતરાના હેતુમાં તે સહકાવતરાખોર છે ત્યાં ઘણી બધી વસ્તુનો કે ટેકનીકનો સહારો લીધો હોય અને બધાએ ભેગા મળી કોઇ ગેરકાયદેસર કૃત્ય કરવામાં સમજૂતી કરી કોઇ કૃત્ય કર્યુ હોય તો તે પુરતુ છે. આ કેસમાં ઘણા આરોપીઓ શરૂઆતથી લઇને અંત સુધી કાવતરામાં સામેલ રહેલા છે. જ્યારે ઘણા આરોપીઓ કાવતરામાં વચ્ચે સામેલ થઇ પોતાને સોપવામાં આવેલ કામગીરી પુરી કરીને કાવતરાના અંત પહેલા નીકળી ગયેલા છે.
૨૫	રઘુવીરસિંગ વિરૂધ્ધ સ્ટેટ ઓફ બિહાર એ.આઇ.આર. ૧૯૮૭ સુપ્રિમ કોર્ટ પાન નં.૧૪૯	એવુ જરૂરી નથી કે આરોપી કાવતરૂ શરૂ થયુ ત્યારથી લઇને કાવતરૂ પુરૂ થાય ત્યાં સુધી તે કાવતરામાં તેણે ભાગ ભજવેલો હોવો જોઇએ કાવતરૂ ચાલુ હોય તે દરમ્યાન કોઇ વ્યકિત કાવતરામાં ભાગ ન લે તેવુ પણ બને.
૨૬	સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિરૂધ્ધ સોમનાથ થાપા એ.આઇ.આર.૧૯૯૬ સુપ્રિમ કોર્ટ પાન નં. ૧૭૪૪	મુંબઇ બોમ્બ બ્લાસ્ટના કેસમાં આરોપીએ આર.ડી.એક્ષ લઇ જવા માટે જીપ આપેલી તે જીપમાંથી આર.ડી.એક્ષ પકડાયેલો , નામદાર અદાલતે ઠરાવેલુ કે આરોપીએ ગેરકાયદેસર કૃત્ય કરવા માટે મદદ કરેલી છે. આર.ડી.એક્ષનો ઉપયોગ કાયદેસર હેતુ

		માટે થતો નથી તેનો ઉપયોગ ગેરકાયેદસર હેતુ માટે થાય છે.
૨૭	ઈ.કે.ચંદ્રસેનન વિરૂધ્ધ સ્ટેટ એ.આઇ.આર.૧૯૯૫ સુપ્રિમ કોર્ટ પાન નં.૧૦૬૬	કાવતરામાં પ્રત્યક્ષ કે પરોક્ષ પુરાવાનો અભાવ હોય તો પણ ગુનો પુરવાર થાય. પ્રત્યક્ષ અથવા સીધા પુરાવાના અભાવે ફરિયાદપક્ષનો કેસ નિષ્ફળ જતો નથી.
૨૮	મહેબુબ સમસુદ્દીન મલેક વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૧૯૯૬ ક્રિ.લો.જ. સુપ્રિમ કોર્ટ પાન નં.૪૧૨૯	ગુજરાતમાં કોમી રમખાણો વખતે એક બસ ડ્રાઇવર પેસેન્જરો લઇને જતો હતો ત્યારે કેટલાક મુસ્લિમ યુવાનોએ ભેગા મળી બસને ઘેરી લીધી બસમાં બેઠેલા પેસેન્જરો હિન્દુ હતા અને તેઓએ પેસેન્જરો ઉપર હુમલો કરેલો, નામદાર અદાલતે ઠરાવેલુ કે હકીકત સ્પષ્ટ છે કે બસના પેસેન્જરો ઉપર હુમલો કરવાની સમજૂતી મુસ્લિમ યુવાનો વચ્ચે થયેલી હતી. ભારતીય ફોજદારી ધારાની કલમ–૧૨૦(બી) વ્યાજબી છે.
૨૯	યાકુબ અબ્દુલ રજાક મેમણ વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર થ્રૂ સી.બી.આઇ. મુંબઇ (૨૦૧૩)૧૩ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૧	ત્રાસવાદી/આંતકવાદી કૃત્યોમાં અપહરણ, વિમાન હાયજેકીંગ, કાર બોમ્બ, મકાનનો વિનાશ, ખતરનાક વિસ્ફોટકો,કમ્પ્યુટર આધારીત કેમીકલ, બાયોલોજીકલ અથવા અણુસાધનોથી મોટા પાયે વિનાશ કરવો તે છે. આ કેસમાં આરોપીઓએ કોઇ દુકાન કે ફેક્ટરીમાંથી બોમ્બ ખરીદીને લાવેલા નથી

		પરંતુ જુદી–જુદી દુકાનોમાંથી બોમ્બ બનાવવાની સામગ્રી ખરીદી લાવેલા છે તથા વિસ્ફોટક પદાર્થો પણ ગમે તે રીતે લાવીને જુદી–જુદી જગ્યાઓ ઉપર મકાનો ભાડે રાખીને બોમ્બ બનાવેલા છે. અને આ બોમ્બનો ઉપયોગ કરવાથી અમદાવાદ શહેરમાં મોટા પાયે જાનમાલ અને મિલકતોનો વિનાશ કરેલો છે.
૩૦	સુબેદઅલી વિરૂધ્ધ સ્ટેટ ઓફ આસામ ક્રિમીનલ અપીલ નં.૧૪૦૧/૨૦૧૨ તા.૩૦–૯–૨૦૨૦	સામાન્ય ઈરાદાના ગ્રાઉન્ડ ઉપર આરોપીને તકસીરવાન ઠરાવવા માટે તે આરોપીએ ગુનામાં સક્રિય ભૂમિકા ભજવેલી હોય તે જરૂરી નથી. સામાન્ય ઈરાદો જુદા–જુદા વ્યકિતનો હોય શકે દરેકની ભૂમિકા અલગ–અલગ હોઈ શકે. પ્રત્યક્ષ કે પરોક્ષ ભૂમિકા મહત્વની કે સુસંગત નથી. એક વખત સામાન્ય ઈરાદો સાબિત થવો જોઈએ. કાવતરા માટે પ્રત્યક્ષ પુરાવો જવલ્લેજ મળે છે માટે સંજોગો ઉપરથી તેમજ પુરાવાની સંયુકત રીતે ચકાસણી કરી અનુમાન થઈ શકે. આ કેસમાં ઘણા આરોપીઓ એવા છે કે બનાવમાં તેઓની ભૂમિકા અલગ–અલગ છે પરંતુ તે મહત્વનું નથી. સામાન્ય ઈરાદો સાબીત થયેલ હોય સંયુકત પુરાવાની

		ચકાસણી કરતા તમામ આરોપીઓની સામુહિક જવાબદારી ઉત્પન્ન થાય છે.
૩૧	ઈન્દ્રચંદ નારંગ વિરૂધ્ધ એમ્પરર એ.આઈ.આર. ૧૯૨૯, પટણા, પાન નં.૧૪૫	કાવતરા માટે પ્રત્યક્ષ પુરાવો ઉપલબ્ધ થાય નહીં પરંતુ એક સામાન્ય માણસ પણ એમ કહે કે આ એક વ્યવસ્થિત આયોજન હતુ તથા તે પ્રમાણે તેમાં તમામ ભાગ લેનારા વર્તતા હતા તથા કશુંક અકૃત્ય, ગેરકાનૂની કૃત્ય કે કાંઇક ખોટુ કરવા માટે તેવુ કાવતરૂ કરવામાં આવેલુ હતુ ત્યારે તે ભારતીય ફોજદારી ધારાની કલમ–૧૨૧(એ) હેઠળ ગુનો બને છે.
૩૨	રામાસ્વામી આંયગર (૧૯૭૬)૩ સુપ્રિમ કોર્ટ કેસીસ, પાન નં.૭૭૯	આરોપીને સામાન્ય ઈરાદા હેઠળ સજા કરવાની હોય ત્યારે તેને શારીરિક રીતે કાવતરામાં ભાગ લીધો હતો કે નહીં તે મહત્વનુ નથી પરંતુ જો પુરાવા ઉપરથી ફલિત થતુ હોય કે પૂર્વ આયોજન હતુ તો સામાન્ય ઈરાદાનુ અનુમાન થાય.
૩૩	સ્ટેટ ઓફ કેરાલા વિરૂધ્ધ સુગથન (૨૦૦૦)૮ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૨૦૩	કાવતરાના ગુનામાં સીધો પુરાવો હોતો નથી કે સીધો પુરાવો મળતો પણ નથી ખાસ કરીને આ ગુનો સાંયોગીક પુરાવા ઉપર આધારીત છે. સીધા અથવા સાંયોગીક પુરાવા ઉપરથી જણાતુ હોય કે બે અથવા વધારે વ્યકિતઓ વચ્ચે મિટીંગ થયેલી છે અને આ લોકોએ કોઇ ગુનો કરવાનો નિર્ણય લીધેલો છે અને તે મુજબ ગુનો કરેલો છે તો કાવતરૂ થયેલુ

		છે તેવુ અનુમાન થઇ શકે.
૩૪	રમીલાબેન એચ.ક્રિષ્ટી વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૦૩(૩) જી.એલ.આર. ગુજરાત પાન નં.૭૪૩	આરોપીનુ વર્તન અને તેની રીતભાત ઉપરથી નક્કી કરી શકાય કે આરોપી ગુનાહિત કાવતરામાં સામેલ હતો કે કેમ? એક જ સમયે થયેલા ગુનાની રૂપરેખા જોતા ઉચ્ચ તકનીકી રીતે અને આયોજન બધ્ધ સભાન રીતે આંતકવાદી કૃત્ય કર્યુ હોય ત્યારે એ જરૂરી નથી કે બધા જ ગુનામાં કે બધા જ બનાવોમાં દરેક આરોપી સંડોવાયેલો છે જો તે ગુના એકસરખા ક્રમમાં બન્યા હોય.
૩૫	(૧) ફીરોજુદ્દીન વિરૂધ્ધ સ્ટેટ ઓફ કેરાલા (૨૦૦૧)૭ સુપ્રિમ કોર્ટ કેસીસ, પાન નં.૫૯૬ પેરા–૨૨,૨૩ (૨) મોહંમદખાલીદ વિરૂધ્ધ સ્ટેટ ઓફ વેસ્ટ બેંગાલ(૨૦૦૨) ૭, સુપ્રિમ કોર્ટ કેસીસ, પાન નં.૩૩૪ પેરા–૧૭,૨૭ (૩) સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર	જયારે કોઇ કેસમાં આરોપી કે આરોપીઓ ઉપર ગુનાહિત કાવતરાનુ તહોમતનામું ફરમાવેલુ હોય ત્યારે આરોપી કે દરેક આરોપીની વ્યકિતગત ભૂમિકા ધ્યાને લેવી જરૂરી નથી.

	વિરૂધ્ધ સોમનાથ થાપા (૧૯૯૬)૪, સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૬૫૯, પેરા–૨૩,૨૪ (૪)સ્ટેટ વિરૂધ્ધ નલીની (૧૯૯૯)૩, સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૨૫૩, પેરા–૫૮૩,૬૫૨,૬૬૫ (૫)કેહરસિંગ વિરૂધ્ધ સ્ટેટ (૧૯૮૮)૩, સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૬૦૯ પેરા નં.૨૫૮,૨૬૦ (૬)અજય અગ્રવાલ વિરૂધ્ધ યુ.ઓ.આઇ. (૧૯૯૩)૩, સુપ્રિમ કોર્ટ કેસીસ, પાન નં.૬૦૯ પેરા–૨૪,૨૫	

	(૭)યશપાલ મિત્તલ વિરૂધ્ધ સ્ટેટ (૧૯૭૭)૪ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૫૪૦,પેરા–૯	
૩૬	બદ્રિરાય વિરૂધ્ધ સ્ટેટ ઓફ બિહાર એ.આઇ.આર.૧૯૫૮ સુપ્રિમ કોર્ટ પાના નં.૯૫૩	પુરાવાના કાયદાની કલમ–૧૦ ખાસ કરીને આવા કૃત્યો તથા કથનોને કાવતરાખોરોની એકબીજાની સામે ગ્રાહ્ય ઠરાવવા માટે રચના કરવામાં આવેલી છે. કારણએ અપરાધ જ એવા પ્રકારનો છે કે પ્રત્યેક કાવતરા ખૂબ જ ગુપ્ત રીતે રચાય છે અને તેથી બીજા અપરાધોની જેમ કૃત્યો તથા પરિસ્થિતિને સુસંગત રીતે એકબીજાથી સંકલીત કરવાનું અશક્ત હોવાથી આવું સામાન્ય સંકલન તથ્ય તેમને સમાન હેતું કે ઈરાદા માટે અપરાધી ઠરાવવા અનિવાર્ય બને.
૩૭	શાર્દુલસીંહ કવિશ્વર વિરૂધ્ધ સ્ટેટ ઓફ બોમ્બે એ.આઇ.આર.૧૯૫૭ સુપ્રિમ કોર્ટ પાના નં.૭૪૭	સુનાવણી નીચે અપરાધિ હોય અગર ન હોય તેવા અગર કાવતરાના સમય દરમિયાન તેનાથી અલગ હોય તેવા કૃત્યોનો પુરાવો, કથનો, લખાણો જે એકબીજા પ્રત્યે થયા હોય તે કાવતરાના વિશિષ્ટ તથ્યના પુરાવા તરીકે ગ્રાહ્ય તરીકે ગ્રાહ્ય થઇ શકે તેમ આ ચુકાદામાં ઠરાવેલ છે.

૩૮	ગુલાબ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ઉત્તરપ્રદેશ ક્રિ.અપીલ નં.૮૧/૨૦૨૧ તા.૦૯/૧૨/૨૧	પેરા નં.૨૭– આરોપીએ ગુનો કરવાની યોજના કરી હતી કે ગુનો કરવાની યોજના અસ્તિત્વમાં છે તે ફરિયાદપક્ષે પુરવાર કરવાની જરૂર નથી. ગુનો કરવાનો સામાન્ય ઈરાદો પુરવાર થાય તે પુરતુ છે. આવો સામાન્ય ઈરાદો શબ્દો અથવા કાર્ય દ્વારા થતો હોય તો તે ગુનામાં જોડાવવાની સંમતિ દર્શાવે છે તેમ આ ચુકાદામાં ઠરાવેલું છે.

ફરિયાદપક્ષનો તમામ પુરાવો ધ્યાને લેતા આ કામના આરોપીઓએ કાવતરૂ કરી, કાવતરામાં સામેલ થઈ એકબીજા સાથે સમજૂતી કરી, એકબીજાની મદદગારીથી અમદાવાદ શહેરમાં તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ કુલ–૨૪ જગ્યાઓ ઉપર જાન માલને નુકસાન થાય તે માટેના ઈરાદાથી બોમ્બ મુકેલા હતા તે પૈકી કુલ–૨૨ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ થયેલા અને બે જગ્યાઓ ઉપર કોઈ પણ કારણસર બોમ્બ બ્લાસ્ટ થયેલા નહીં અને તે જગ્યા ઉપરથી જીવંત બોમ્બ મળી આવેલા હતા. કુલ–૨૨ જગ્યાઓ ઉપર જે બોમ્બ બ્લાસ્ટ થયેલા જેમા કુલ–૫૬ વ્યકિતઓના મૃત્યુ નિપજેલા છે તથા કુલ–૨૪૦ ઉપરાંત વ્યકિતઓને શરીર ઉપર સામાન્યથી લઈને ગંભીર ઈજાઓ થયેલી છે. આરોપીઓનું આ કૃત્ય સ્વેચ્છાપૂર્વકનું, ઈરાદાપૂર્વકનું, પોતાનો હેતુ સિધ્ધ કરવા માટે જાણી–જોઈને કૃત્ય કરેલુ હતુ તેમ હું માનુ છું. તેમજ આરોપીઓને પુરતુ જ્ઞાન હતુ કે જુદી–જુદી જગ્યાઓ ઉપર બોમ્બ મુકવાથી બોમ્બ બ્લાસ્ટ થશે અને જાન માલ મિલકતને નુકસાન થશે તેવા સ્પષ્ટ ઈરાદાથી અને હેતુ સિધ્ધ કરવા માટે આ કૃત્ય કરેલુ છે. આ બનાવોમાં ખાનગી તેમજ જાહેર મિલકતોને મોટા પાયે નુકસાન થયેલુ છે. આ કૃત્ય કરતા પહેલા કાવતરાના ભાગ રૂપે તેમજ નકકી થયેલ હેતુને સિધ્ધ કરવા માટે આરોપી નં.૩૭ નાઓએ સહઆરોપી અબ્દુલ સુભાન ઉર્ફે તૌકીરને વાપી

ખાતે આવેલ હોટલ ઈન્ટરકોન્ટીનેન્ટલમાં ખોટા નામે એન્ટ્રી કરી રાખેલો. આ ઉપરાંત આરોપી નં.૩૭ ગુનો કર્યા બાદ પુના ખાતે આવેલ હોટલ કમલેશ્વરના રજીસ્ટરમાં ખોટા નામે એન્ટ્રી કરી રોકાયેલો હતો. તે જ રીતે આરોપી નં.૪૫ બીજા અન્ય સહઆરોપીઓ સાથે ભરૂચ ખાતે આવેલી હોટલ નર્મદા, હોટલ હરીમંગલા અને હોટલ રેવનના રજીસ્ટરમાં જુદા–જુદા નામે એન્ટ્રીઓ કરી રોકાયેલા હતા. આરોપી નં.૬૯ તથા ૨૮ અમદાવાદ ખાતે કાલુપુર વિસ્તારમાં આવેલ હોટલ પ્રિન્સ પેલેસના રજીસ્ટરમાં ખોટા નામે એન્ટ્રીઓ કરી રોકાયેલા હતા. આરોપી નં.૭૦ પારડી મુકામે આવેલ હોટલ શ્રીનાથ ગેસ્ટ હાઉસના રજીસ્ટરમાં ખોટા નામે એન્ટ્રી કરી રોકાયેલ હોવા અંગેના પુરાવા ફરિયાદપક્ષ તરફથી રજૂ થયેલા છે. બચાવપક્ષ તરફથી દલીલ કરવામાં આવેલી છે કે આરોપીઓ પૈકી કેટલાક આરોપીઓ ખોટા નામે હોટલ રજીસ્ટરોમાં એન્ટ્રી કરી હોટલોમાં રોકાયેલા હોય તો હોટલના માલિકો સાથે વિશ્વાસઘાત કે છેતરપીડી થયેલી ગણાય આ બાબતને ગુના સાથે કોઇ લેવા દેવા નથી પરંતુ મારા મત પ્રમાણે આરોપીઓનો ઈરાદો ધ્યાને લેવો જોઇએ હોટલોમાં ખોટા નામે એન્ટ્રીઓ કરીને રહેવાનો તેમનો આશય એક જ હતો અને તે એવો હતો કે પોતાની સાચી ઓળખ છુપાવી કાવતરામાં સામેલ થવું અને સમાન ઈરાદો પાર પાડવા માટે કૃત્ય કરવું અને તેમ કરીને હોટલોના માલીકો સાથે જ નહિ પરંતુ સમગ્ર સમાજને છેતરવા માટે ખોટી એન્ટ્રીઓ હોટલ રજીસ્ટરોમાં કરેલી છે તથા આરોપી નં.૩૭ નાઓએ મોબાઇલ ફોન તેમજ આઇડિયા, વોડાફોન કંપનીના સીમકાર્ડો ખરીદવા જે લાયસન્સ તેમજ જરૂરી પુરાવા કંપનીઓ સમક્ષ રજૂ કરેલા હતા તે ખોટા છે તેવું જાણવા છતા સાચા તરીકે રજૂ કરેલા છે જેથી આ ગુનાઓ હોટલ માલીકો કે દુકાનદારો કે મોબાઇલ કંપનીઓ બાબતે નથી પરંતુ સમગ્ર સમાજ વિરૂધ્ધ કરેલા છે તેમ કહેવાય. આરોપીઓના આ તમામ કૃત્યો કાવતરાના ભાગરૂપે થયેલા હોવાનું માલુમ પડે છે. આ ઉપરાંત આરોપીઓ પૈકી કેટલાક આરોપીઓએ અમદાવાદ શહેરમાં અલમહમદી સોસાયટીમાં આવેલ મકાન નં.૧૦, વટવા કાતે ઉમરાવ નગરમાં આવેલ મકાન ભાડે રાખીને બોમ્બ બનાવેલા છે. ભરૂચ ખાતે શેરપુરા

તથા લુકમાન પાર્કમાં પણ મકાનો રાખેલા છે સુરત ખાતે રીવર વ્યુ સોસાયટીમાં આવેલ મકાન નં. ડી/૩૪, તથા પૂના ખાતે અશોકા મ્યૂઝમાં ફ્લેટ ભાડે રાખીને ગેરકાયદેસર પ્રવૃતિઓ કરેલી છે. આ કામના આરોપીઓએ બનાવો બનતા પહેલા કે પછી કોઈ પુરાવાનો નાશ કર્યો હોય તેમજ બનાવોમાં સંડોવાયેલા આરોપીઓ પૈકી કોઈને આશ્રય આપેલો હોય તેવા પુરાવા ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા નથી.

આરોપીઓ વિરૂધ્ધ અનલોકુલ એકટીવીટી (પ્રિવેન્શન) એકટની જુદી–જુદી કલમો હેઠળના ગુનાનું પણ તહોમતનામું ફરમાવવામાં આવેલુ છે. આ આરોપીઓ પૈકી કેટલાક આરોપીઓ ગેરકાયદેસર જાહેર થયેલ સીમી સંગઠનના સભ્યો છે અને તેમને જુદા–જુદા સ્થળો ઉપર મીટીંગો કરેલી છે, મીટીંગોમાં હાજર રહી ભાગ લીધેલો છે તથા લાયસન્સ વગરના ફાયર આર્મ્સ અને વિસ્ફોટકોની ખરીદી કરી તેમના કબજામાં રાખેલા છે તથા તેનો ઉપયોગ બોમ્બ બનાવવામાં કરેલો છે અને જુદી–જુદી જગ્યાઓ ઉપર બોમ્બ મુકીને મોટા પાયે જાન માલને નુકસાન કરેલુ છે. એટલુ જ નહીં આરોપીઓનું આ પ્રકારનું કૃત્ય જાહેર સુલેહ શાંતિનો ભંગ થાય તે રીતે કરવામાં આવેલુ છે. આ કૃત્ય લોકશાહીથી ચુંટાયેલી સરકારને અસ્થિર કરવા માટે તેમજ સમાજમાં ધાર્મિક વૈમનસ્ય ઉભુ કરવા માટે પુરતુ છે. આરોપીઓના આ કૃત્યથી કુલ–૫૬ વ્યકિતઓના મૃત્યુ નિપજેલા તથા કુલ–૨૪૦ ઉપરાંત વ્યકિતઓને ઈજાઓ થયેલી જેથી આ આતંકવાદી કૃત્ય હોવાનું સ્પષ્ટપણે કહી શકાય તેમ છે. આ બનાવો બાદ બનાવોમાં સંડોવાયેલા આરોપીઓને કે આરોપીઓ પૈકી અમુક આરોપીઓને આરોપી નં.૬૭, ૭૩ નાઓએ છુપાવેલા હોવાનો કોઈ પુરાવો નથી. પરંતુ આ કામના આરોપીઓએ એકબીજાની મદદગારીથી પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા સીમી નામના પ્રતિબંધિત સંગઠનના સભ્યો સાથે તેમની મદદગારીથી આ બનાવોને અંજામ આપેલા છે. સીમી નામની સંસ્થા ભારત સરકાર દ્વારા પ્રતિબંધિત સંગઠન જાહેર થયેલી છે તેમ છતાં છુપી રીતે તેની પ્રવૃત્તિ ચાલુ રાખેલી છે તથા પ્રવૃત્તિઓ બાબતે જુદી–જુદી જગ્યાઓ ઉપર મીટીંગો કરીને મીટીંગોના સંચાલનો કરેલા છે. પરંતુ સીમી નામની સંસ્થાની પ્રવૃત્તિઓ આગળ ચલાવવા માટે આરોપીઓએ

નાણાનું ભંડોળ ભેગુ કરેલુ હોય તેવા પુરાવા ફરિયાદપક્ષ તરફથી રજૂ થયેલા નથી. તમામ આરોપીઓએ બોમ્બ બનાવવામાં વપરાયેલ વિસ્ફોટક સામગ્રી જેવી કે ડીટોનેટર, એમોનિયમ નાઈટ્રેટ જેવા વિસ્ફોટક પદાર્થો લાયસન્સ વગર મેળવીને પોતાના કબજામાં રાખેલા છે અને તેનો ઉપયોગ બોમ્બ બનાવવામાં કરેલો છે અને જુદી-જુદી જગ્યાઓ ઉપર બોમ્બ બનાવીને અમદાવાદ શહેરની તથા સુરત શહેરની જુદી-જુદી જગ્યાઓ ઉપર મુકવામાં આવેલા હતા તે પૈકી અમદાવાદ શહેરમાં કુલ-૨૨ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ થયેલા જેના કારણે જાન માલને મોટા પાયે નુકસાન થયેલુ છે. સિવિલ હોસ્પિટલ તેમજ એલ.જી. હોસ્પિટલની સરકારી મિલકતોને પણ મોટા પાયે નુકસાન થયેલુ છે. બોમ્બ બ્લાસ્ટ થતા પહેલા અને બોમ્બ બ્લાસ્ટ થયા બાદ કે તે પહેલા આરોપી નં.૩૨, ૩૩, ૩૪, ૪૪ નાઓએ ઈન્ડિયા ટીવી ચેનલને ઈ-મેઈલ કરેલા હોવાના આક્ષેપો છે પરંતુ તે અંગેના કોઈ પુરાવા ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલા નથી. ઈ-મેઈલોની નકલો રજૂ થયેલી છે પરંતુ તે ઝેરોક્ષ નકલો છે તથા તે નકલો કોણ લાવેલુ, કેવી રીતે લાવવામાં આવેલી, કયા કમ્પ્યુટરમાંથી નકલો કાઢવામાં આવેલી તે અંગેના સબળ પુરાવા નથી. પુરાવાના કાયદાની કલમ-૬૫(બી) મુજબનું પ્રમાણપત્ર પણ રજૂ થયેલુ નથી. જે કમ્પ્યુટરમાંથી ઈ-મેઈલની નકલો કાઢવામાં આવેલી છે તે કમ્પ્યુટર કોના કબજામાં હતા અને તે કમ્પ્યુટર કેવી રીતે સાચવવામાં કે જાળવવામાં આવેલુ હતુ તે અંગે પણ કોઈ પુરાવો નથી. જયારે આરોપી નં.૭ ના ઘરેથી સાહેદ નં.૮૯૫ પ્રકાશ તોલાણીની હાજરીમાં તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ કેટલોક મુદ્દામાલ આંક-૬૩૭૦ ના પંચનામાની વિગતે કબજે કરેલો હતો. તે મુદ્દામાલ પૈકી એક દેશી પિસ્તોલ તથા બે ગોળીઓ તે મુદ્દામાલમાં હતી. આ દેશી પિસ્તોલ તથા કાર્ટીઝ રાખવા બાબતેનું આરોપી નં.૭ પાસે કોઈ લાયસન્સ નથી અને જો હોય તો તે આરોપીએ તપાસ કરનાર અધિકારી સમક્ષ રજૂ કરેલુ નથી. જેથી વગર લાયસન્સે આરોપી નં.૭ એ પોતાના કબજામાં દેશી પિસ્તોલ તથા કાર્ટીઝ રાખેલા હતા પરંતુ આ પિસ્તોલનો કે કાર્ટીઝનો ઉપયોગ સુરત શહેરમાં તથા અમદાવાદમાં

બનેલા બનાવોમાં ઉપયોગ થયેલો નથી પરંતુ લાયસન્સ વગરની દેશી પિસ્તોલ આરોપી નં.૭ નાએ પોતાના કબજામાં રાખેલી હોવાનું માલુમ પડે છે.

આમ, આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા સાથે સાથે નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા પણ ધ્યાને લેતા હું ચોક્કસ પણે માનું છું કે આ કામના આરોપીઓએ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે ઘણા સમય અગાઉથી કાવતરૂ રચેલુ છે અને તે કાવતરૂ સતત ચાલુ રાખેલું છે. કાવતરા દરમિયાન ઘણા આરોપીઓ શરૂઆતથી અંત સુધી કાવતરામાં સામેલ રહેલા છે . ઘણા આરોપીઓ કાવતરામાં વચ્ચેથી સામેલ થયેલા છે અને અંત પહેલા નિકળી ગયેલા છે જે પણ આરોપીઓ સમગ્ર કાવતરા દરમિયાન કાવતરામાં સામેલ થયેલા હતા તે તમામનો સામાન્ય ઈરાદો એક જ હતો જેની વિસ્તૃત ચર્ચા આગળ ઉપર કરી છે. જેથી તેનું પુનરાવર્તન કરવામાં આવતું નથી પરંતુ કાવતરાનો હેતુ પૂર્ણ કરવા તમામ આરોપીઓએ સમજૂતી કરી એકબીજાની મદદગારીથી આ બનાવોને અંજામ આપવામાં આવેલા છે. આરોપીઓના આ કૃત્યોથી સમગ્ર સમાજને ઘણી તકલીફો, દુઃખ અને યાતનાઓ ભોગવવી પડી છે.

(૮૯) ગુનાઓમાં આરોપીદીઠ ભૂમિકા...

અમદાવાદ શહેરમાં એક જ દિવસે તા.૨૬/૦૭/૨૦૦૮ના રોજ સાંજના ૧૮.૦૦ કલાકથી ૨૦.૦૦ કલાકના સમય દરમ્યાન એક સાથે જુદી–જુદી ૨૪ જગ્યાઓ ઉપર સાઇકલો તેમજ મારૂતિ ગાડીઓમાં બોમ્બ મુકીને બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલા તથા સુરત શહેરમાં તા.૨૬/૦૭/૨૦૦૮થી તા.૦૨/૦૮/૨૦૦૮ સુધીના દિવસો દરમ્યાન જુદી–જુદી ૨૭ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના ઈરાદાથી બોમ્બ મુકેલાં તથા ૨ જગ્યાઓ ઉપર મારૂતિ ગાડીઓમાં બોમ્બ બ્લાસ્ટ કરવાના ઈરાદાથી બોમ્બ તેમજ વિસ્ફોટક પદાર્થો મુકેલાં પરંતુ સુરત શહેરમાં એકપણ જગ્યા ઉપર બોમ્બ બ્લાસ્ટ થયેલા નહિ. બંને શહેરોમાં બનેલા બનાવો બાબતેની હકીકતે અને પુરાવા ધ્યાને લઈએ તો આ તમામ બનાવો સંયુકત રીતે સમાન ઈરાદો પાર પાડવાના હેતુથી એકથી વધારે

માણસોને મદદગારીથી રચવામાં આવેલા કાવતરા દ્વારા આ બનાવો બનેલા છે. આ બનાવોમાં એક કરતા વધારે એટલે કે ઘણા માણસોની સંડોવણી, સાથ સહકાર વિના બંને શહેરોના થઈને કુલ–૫૩ જગ્યાઓ ઉપર બનાવોને અંજામ આપવો તે શક્ય નથી.ગુપ્ત અને કાળજીપૂર્વકનું ઘણા લાંબા સમયથી આયોજન કરવામાં આવેલું છે તે પુરાવો જોતાં સ્વયં સ્પષ્ટ છે.અનેક વખત ઘણી બધી જુદી–જુદી જગ્યાઓ ઉપર ગુપ્ત મિટીંગો થયેલી છે. મિટીંગોમાં ઘણા લોકોને લાવવામાં આવેલાં છે. તેઓને આ બનાવોને અંજામ આપવા માટે સામેલ થવા સમજાવીને સામેલ કરવામાં આવેલાં છે અને તમામની મદદગારી છે માટે જ એક સાથે બંને શહેરમાં આટલા પ્રમાણમાં બનાવોને અંજામ આપવો શકય બને. પુરાવો ધ્યાને લેતાં સ્પષ્ટ છે કે, આરોપીઓનો હેતુ ગોધરા કાંડનો બદલો લેવાનો, સરકાર વિરૂધ્ધ જેહાદ કરવી, હિન્દુ તથા મુસ્લિમ કોમ વચ્ચે વૈમનસ્ય ઉભુ કરવુ, બંધારણથી ચુંટાયેલી સરકારને પડકાર આપવો, લોકોમાં ભય અને આતંક ફેલાવવો, હિન્દુ વસ્તીવાળા વિસ્તારોમાં બોમ્બ બ્લાસ્ટ કરવા અને જાનમાલને નુકસાન કરવું અને તેમાં આ આરોપીઓ સફળ થયેલા છે. આ પ્રમાણેનું આયોજન કરીને પૂર્વ તૈયારી રૂપે જુદી–જુદી જગ્યાઓ ઉપર મકાનો ભાડે લીધેલા છે, તેમા રહેલા છે, જુદી–જુદી જગ્યાઓ ઉપર હોટલોમાં રહેલા છે અને હોટલોના રજીસ્ટરમાં ખોટા નામે એન્ટ્રીઓ કરેલી છે, જુદી–જુદી જગ્યાઓ ઉપરથી સાઇકલો ખરીદેલી છે, ગેસના સીલીન્ડરો ખરીદેલા છે, બોમ્બ બનાવવા માટેની સામગ્રી જેવી કે, છરાઓ, નટ–બોલ્ટ, એમોનિયમ નાઇટ્રેટ, ડીટોનેટર, પેન્સિલ પાવર, જુદા–જુદા વાયરો, વાયરોને ચીપકાવવા પ્લાસ્ટિકની ટેપો, ઘડિયાળો વિગેરે ખરીદી લાવીને ભાડે રાખેલા મકાનોમાં બોમ્બ બનાવવામાં આવેલા છે. એલ.જી. હોસ્પિટલ તેમજ સિવિલ હોસ્પિટલ ખાતે મોટા પ્રમાણમાં જાનમાલને નુકસાન કરવા મારૂતિ ગાડીઓનો ઉપયોગ કરેલો છે. આ ગાડીઓની મુંબઇ મુકામેથી ચોરી કરીને લાવવામાં આવેલ છે. લાવ્યા પછી ગાડીઓની અસલ નંબર પ્લેટો બદલવામાં આવેલી છે અને આ બંને હોસ્પિટલના કમ્પાઉન્ડમાં મારૂતિ ગાડીઓમાં ગેસના સિલીન્ડરો સાથે વિસ્ફોટક મુકીને મોટા

પ્રમાણમાં બ્લાસ્ટ કરી જાનમાલને નુકસાન કરેલું છે. વાઘમોન તથા હાલોલ–પાવાગઢના જંગલોમાં તાલીમ કેમ્પો રાખેલા છે અને અંતે અમદાવાદ ખાતે તા.૨૬/૦૭/૨૦૦૮ના રોજ કુલ–૨૨ બોમ્બ બ્લાસ્ટના બનાવો બનેલાં. રામોલ પોલીસ સ્ટેશન વિસ્તારના એક સ્થળ ઉપર બોમ્બ બ્લાસ્ટ થયેલો નહિ પરંતુ તે વિસ્તારમાં તે જગ્યા ઉપર મુકવામાં આવેલી મ્યુનિસિપલ કોર્પોરેશનની કચરા પેટીમાંથી એક જીવંત બોમ્બ મળી આવેલો તે જ રીતે મુ.કલોલ, જિ.ગાંધીનગર ખાતે અરવિંદ મીલના ગેટ પાસેથી એક જીવંત બોમ્બ મળી આવેલા. આ તમામ કુલ–૨૪ બનાવોની કુલ–૨૦ ફરિયાદો જુદા–જુદા પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલી હતી. તે જ રીતે સુરત શહેરમાં બોમ્બ બ્લાસ્ટ કરવાના હેતુથી તા.૨૬/૦૭/૨૦૦૮ થી તા.૦૨/૦૮/૨૦૦૮ ના સમય દરમ્યાન જુદી–જુદી કુલ–૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ પ્લાન્ટેશન કરવામાં આવેલા અને તેની સુરત શહેરના જુદા–જુદા પોલીસ સ્ટેશનોમાં કુલ–૧૫ ફરિયાદો નોંધાયેલી હતી. અમદાવાદ શહેરમાં થયેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં કુલ–૫૬ વ્યકિતઓના મૃત્યુ નિપજેલા હતાં તથા કુલ–૨૪૦ કરતા વધારે વ્યકિતઓને સામાન્યથી લઇને અતિ ગંભીર ઇજાઓ થયેલી હતી. આ બનાવોમાં ખાનગી, સરકારી મિલકતોને મોટાપાયે નુકસાન પણ થયેલું હતું. ખાનગી તેમજ સરકારી વાહનોને પણ નુકસાન થયેલું હતું. અબોલ જીવ જેવા કે બળદ, ગાય, કુતરૂ જેવા પશુઓ પણ આ બનાવોમાં મરણ પામેલા હતાં. આ બનાવો બન્યા પછી તેની ફરિયાદો નોંધાયેલી અને જે તે પોલીસ સ્ટેશનમાં આ બનાવોની ફરિયાદો નોંધાયા બાદ જે તે પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટરશ્રીઓએ શરૂઆતની તપાસો શરૂ કરેલી હતી. બનાવના બીજા જ દિવસે આ બનાવો ગંભીર જણાતા પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર દ્વારા આ બનાવોની તપાસ ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદનાઓને સોંપવામાં આવેલી. ત્યારબાદ આ બનાવો એક આતંકવાદી કૃત્ય હોવાનું માલુમ પડતાં જે તે પોલીસ ઇન્સ્પેકટરશ્રીઓ તરફથી અનલોકુલ એકટીવીટીઝ (પ્રિવેન્શન)એકટ મુજબની કલમોનો ઉમેરો કરવાના રીપોર્ટો અદાલતને કરેલાં. જેથી ક્રાઇમ બ્રાન્ચના પોલીસ ઇન્સ્પેકટરો પાસેથી આ

બનાવોની તપાસો લઇ આગળની વધુ તપાસ મદદનીશ પોલીસ કમિશનર કક્ષાના અધિકારીઓને સોંપવામાં આવેલી. અમદાવાદ શહેરના ૨૪ બનાવોની કુલ–૨૦ ફરિયાદો નોંધાયેલી હતી તે માટે એક મદદનીશ પોલીસ કમિશનર આ તમામ ફરિયાદોની તપાસ એક સાથે કરી શકે નહિ માટે સંયુકત પોલીસ કમિશનર, ક્રાઇમ બ્રાન્ચ દ્વારા આ બનાવોની તપાસો માટે કુલ–૪ તપાસ ટીમો બનાવેલી. જેની વિગત આ ચુકાદામાં અગાઉ પેરા નં.૪ થી ૭ માં જણાવેલી છે. આ ચારેય તપાસ ટીમોના મુખ્ય તપાસ કરનાર અધિકારી તરીકે મદદનીશ પોલીસ કમિશનરશ્રી આર.વી.અસારી, સુ.શ્રી ઉષા રાડા, મયુર ચાવડા અને વી.આર. ટોળિયાનાઓ હતાં. દરેક મદદનીશ પોલીસ કમિશનરશ્રીને સરેરાશ ચાર, પાંચ ફરિયાદોની તપાસો સોંપવામાં આવેલી હતી. આ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓની મદદ માટે અન્ય અધિકારીઓની પણ નિમણૂકો કરવામાં આવેલી. કયા અધિકારીની કયા મદદનીશ પોલીસ કમિશનરની સાથે નિમણૂક કરવામાં આવેલી તેની પણ આ ચુકાદામાં અગાઉ પેરા નં.૪ થી ૭ માં વિગતો જણાવેલી છે તે જ રીતે સુરત બોમ્બ પ્લાન્ટેશનના કુલ–૨૯ બનાવો બનેલા અને તેની જુદા–જુદા પોલીસ સ્ટેશનોમાં કુલ–૧૫ ફરિયાદો નોંધાયેલી હતી તેની તપાસ જે તે પોલીસ સ્ટેશન વિસ્તારના પોલીસ ઇન્સ્પેકટરશ્રીઓએ શરૂ કરેલી અને ત્યારબાદ અનલોકુલ એકટીવીટીઝ (પ્રિવેન્શન) એકટની કલમોનો ઉમેરો થતા તમામ ફરિયાદોની વધુ તપાસ મદદનીશ પોલીસ કમિશનરશ્રી જે.એસ. ખેર તથા એન.બી. પરમારનાઓને સરેરાશ ૭,૮ ફરિયાદોની તપાસો સોંપવામાં આવેલી. આ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ સાથે તપાસ કામે મદદમાં રહેવા માટે અન્ય અધિકારીઓની પણ નિમણૂક કરવામાં આવેલી તેની પણ આ ચુકાદામાં અગાઉ પેરા નં.૯ થી ૧૧ મા વિગતો જણાવેલી છે. આ તમામ તપાસ કરનાર અધિકારીઓએ તપાસો શરૂ કરીને ચુકાદાના શીર્ષકમાં જણાવેલાં આરોપી નં.૦૧ થી ૬૪નાઓની અટક કરેલી અને ત્યારબાદ તેઓની સામે ચાર્જશીટ દાખલ કરેલાં. નાસતા–ફરતા આરોપીઓ માટે અન્ય બીજા તપાસ કરનાર અધિકારીઓએ તપાસો ચાલુ રાખેલી અને તે અધિકારીઓએ પાછળથી

પકડાયેલા આ ચુકાદાના શીર્ષકમાં જણાવેલા આરોપી નં.૬૫ થી ૮૦નાઓ સામે જુદી–જુદી ચાર્જશીટો દાખલ કરેલી છે. જે આરોપીઓ પૈકી આરોપી નં.૭૯ અને ૮૦ ચાર્જશીટો દાખલ થયા બાદ મરણ પામેલા છે.

શરૂઆતની તપાસમાં જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ જગ્યાઓના પંચનામા, મુદ્દામાલ જપ્તીના પંચનામા, મરણ જનારનાઓના ઈન્કવેસ્ટ પંચનામાઓ, ઈજા પામનારાઓની શરીરસ્થિતિના પંચનામા, મરણ જનાર તથા ઈજા પામનારાઓના શરીર ઉપરથી કબજે કરવામાં આવેલા કપડાઓના પંચનામા, ઈજા પામનારાઓના શરીરમાંથી સારવાર દરમ્યાન છરા, લોખંડની કરચો વિગેરે નિકળેલ અને તે કબજે કર્યાના પંચનામાઓ, આ બનાવો જેણે જોયા તે સાહેદોના નિવેદનો લીધેલા, જપ્ત કરેલ મુદ્દામાલ પૃથક્કરણ અર્થે એફ.એસ.એલ. ગાંધીનગરને મોકલવાની કાર્યવાહીઓ તપાસ દરમ્યાન કરવામાં આવેલી. અમદાવાદ શહેરની બોમ્બ બ્લાસ્ટની કુલ–૨૦ ફરિયાદોના કામે કયો બનાવ કયા સ્થળે બન્યો, બોમ્બ બ્લાસ્ટ કરવા માટે કયા વાહનોનો ઉપયોગ થયો, કોણે–કોણે ફરિયાદો આપેલી, સ્થળ ઉપરથી પંચનામાની વિગતે કયો મુદ્દામાલ કબજે કર્યો, કયા એફ.એસ.એલ. અધિકારીએ સ્થળ ઉપર મુલાકાત લઈ સ્થળનું નિરીક્ષણ કર્યું, કઈ જગ્યાઓ ઉપરના બનાવમાં કેટલા માણસો ગુજરી ગયેલા, કઈ જગ્યા ઉપર કેટલા માણસોને ઈજા થયેલી, કઈ જગ્યા ઉપર કેટલી મિલકતોને નુકસાન થયેલું, બોમ્બ બ્લાસ્ટ થયેલા બોમ્બમાં કઈ સામગ્રીનો ઉપયોગ થયેલો વિગેરે હકીકતો પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા આ ચુકાદામાં અગાઉ જણાવ્યા મુજબની વિગતે દરેક બનાવ દીઠ પુરાવા રજૂ કરવામાં આવેલી છે તેની વિગતવાર ચર્ચા પણ કરવામાં આવેલી છે. તે જ રીતે સુરત શહેરના બનેલા કુલ–૨૯ બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં કયો બનાવ કયા સ્થળ ઉપર બન્યો, કયા વાહનનો, કયા સ્થળ ઉપર ઉપયોગ થયો, બોમ્બ બનાવવામાં કઈ સામગ્રીનો ઉપયોગ થયો તેની પણ આ ચુકાદામાં આગળ ઉપર વિગતે ચર્ચા કરેલી છે અને તે બાબતે ફરિયાદપક્ષ દ્વારા પુરતો પુરાવો રજૂ કરવામાં આવેલો છે. અમદાવાદ શહેરના તથા સુરત શહેરના તમામ બનાવો બનેલા છે તે

ફરિયાદપક્ષ દ્વારા પુરવાર કરવામાં આવેલાં છે. આ બનાવો અતિ ગંભીર બનાવો છે. આ બનાવો બનેલા છે તે હકીકત સાથે બચાવપક્ષને કોઇ તકરાર નથી. બચાવપક્ષના વિ.વ.શ્રી આર. કે. શાહે પણ પોતાની મૌખિક દલીલોમાં સ્વિકાર કરેલો છે કે, આ બનાવો ગંભીર બનાવો છે તેની સાથે કોઇ તકરાર નથી.

તમામ ફરિયાદોની તપાસ જુદા-જુદા પોલીસ અધિકારીશ્રી દ્વારા કરવામાં આવેલી છે. તા.૧૬/૦૮/૨૦૦૮ના રોજ ચુકાદાના શીર્ષકમાં જણાવેલાં આરોપી નં.૦૧ થી ૨૪નાઓને સૌપ્રથમ તપાસ કરનાર અધિકારીશ્રી વી.આર. ટોળિયાએ શાહિબાગ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૨૩૬/૨૦૦૮ ના કામે અટક કરવામાં આવેલાં. આ અધિકારી પાસે કુલ-૪ ફરિયાદોની તપાસો હતી. ત્યારબાદ અન્ય તપાસ કરનાર અધિકારીઓએ તેઓની પાસેની ફરિયાદોની તપાસોના કામે વારાફરતી આ તમામ આરોપીઓને અટક કરેલાં. આરોપીઓને અટક કર્યા બાદ તેઓને સાથે રાખીને અને અમુક પ્રસંગે તેઓને સાથે રાખ્યા વિના આરોપીઓ વિરૂધ્ધ પુરાવા એકત્રિત કરેલાં છે. તે જ રીતે અન્ય તપાસ કરનાર અધિકારી મયુર ચાવડા, સુ.શ્રી ઉષા રાડા તેમજ વી.આર.ટોળીયા તથા સુરત શહેરની ફરિયાદોના કામે તપાસ કરનાર અધિકારી જે.એસ.ખેર તથા એન.બી. પરમારનાઓએ પોત પોતાને સોંપવામાં આવેલી ફરિયાદોની તપાસના કામે આરોપીને સાથે રાખીને અમુક પ્રસંગોએ આરોપીને સાથે રાખ્યા વિના પુરાવા એકત્રિત કરેલાં છે. કયા આરોપી સામે કયા મૌખિક અને દસ્તાવેજી પુરાવા એકત્રિત કરેલા છે તેની પણ આ ચુકાદામાં અગાઉ વિગતવાર ચર્ચા કરેલી છે અને દરેક આરોપી દીઠ તે આરોપીની સામેના પુરાવાની અલગ-અલગ રીતે ચર્ચા કરેલી છે.

આ તમામ બનાવો કાવતરાના ભાગરૂપે બનેલા છે તે હકીકત છે. ફરિયાદપક્ષ દ્વારા આ બનાવોમાં ચુકાદાના શીર્ષકમાં જણાવેલાં આરોપીની સંડોવણી છે તે સાબિત કરવા માટે તથા એક અથવા તેથી વધારે આરોપીઓ આ બનાવોમાં સંડોવાયેલા છે તે સાબિત કરવા માટે અગત્યના સાહેદો તપાસવામાં આવેલા છે. તે સાહેદોના પુરાવાની ચર્ચા આ ચુકાદામાં અગાઉ "અગત્યના

સાહેદો" તે શીર્ષક હેઠળના પેરામાં કરેલી છે. તે જ રીતે પકડાયેલા આરોપીઓની જે સાહેદો દ્વારા એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ સમક્ષ ઓળખ પરેડ કરાવવામાં આવેલી તેવા એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ દ્વારા તપાસવામાં આવેલાં છે અને આ એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટના પુરાવાની ચર્ચા આ ચુકાદામાં અગાઉ "ઓળખ પરેડ અંગેના પુરાવા" તે શીર્ષક હેઠળના પેરામાં કરેલી છે. પકડાયેલા આરોપીઓ પૈકી આરોપી નં.૦૨ ઇમરાન શેખ, આરોપી નં.૨૧ મહેંદી હસન, આરોપી નં.૨૪ ઉંમર અશોક કાળા કબીરા, આરોપી નં.૩૫ રફિયુદ્દિન કાપડીયાનાઓએ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૦૫ તથા ૧૧ સમક્ષ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબના કબૂલાત નિવેદનો નોંધાવેલા હતા તે તથા આરોપી નં.૭૬ મંજર ઇમામનાઓએ જયુડિશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ , કોચી–૫ સમક્ષ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન નોંધાવેલું. તે તમામ કબૂલાત નિવેદનો બાબતે પણ આ ચુકાદામાં અગાઉ "આરોપીઓના કબૂલાત નિવેદનો બાબતે" તે શીર્ષક હેઠળના પેરામાં કરેલી છે. તમામ તપાસ કરનાર અધિકારીઓએ પોતાની પાસેની ફરિયાદોની તપાસના કામે જે–જે આરોપીઓને સાથે રાખીને પુરાવાના કાયદાની કલમ–૨૭ હેઠળ જુદી–જુદી જગ્યાઓ ઉપર આરોપીએ આપેલી માહિતી પ્રમાણે તે જગ્યાઓ ઉપર આરોપીઓને સાથે લઇ તેની તથા પંચોની હાજરીમાં પંચનામાઓ બનાવેલા છે તે તમામ પંચનામાઓની વિગતવાર ચર્ચા આ ચુકાદામાં અગાઉ "કલમ–૨૭ ના પંચનામા બાબતે" તે શીર્ષક હેઠળના પેરામાં કરેલી છે. આ સિવાય અન્ય પંચનામાઓ જે બનાવેલા તે પંચનામાઓની ચર્ચા પણ આ જ શીર્ષકવાળા પેરામાં કરેલી છે. ફરિયાદપક્ષ તથા બચાવપક્ષ દ્વારા વાઘમોન અને પાવાગઢ ખાતે આતંકવાદી તાલીમ કેમ્પો યોજવામાં આવેલા તે બાબતે દલીલો કરવામાં આવેલી છે અને તે અંગેની ચર્ચા આ ચુકાદામાં અગાઉ "વાઘમોન, હાલોલ–પાવાગઢના કેમ્પ બાબતે" તે શીર્ષક હેઠળના પેરામાં કરેલી છે. ફેર ટ્રાયલ તેમજ પોલીસ તપાસ બાબતે દલીલો કરવામાં આવેલી છે. તે અંગેની ચર્ચા આ ચુકાદામાં અગાઉ "ફેર ટ્રાયલ બાબતે" તથા "પોલીસ તપાસ બાબતે" તે શીર્ષક

હેઠળના પેરાઓમાં કરેલી છે. "સ્ટુડન્ટ ઇસ્લામિક મુવમેન્ટ ઓફ ઇન્ડિયા (સીમી)" પ્રતિબંધક સંગઠન છે કે કેમ? તથા તેની પ્રવૃત્તિઓ વિશે પણ દલીલો કરવામાં આવેલી છે. તેની પણ ચર્ચા આ ચુકાદામાં અગાઉ "સીમી સંગઠન તથા જેહાદ બાબતે" તે શીર્ષક હેઠળના પેરામાં કરેલી છે. આ ઉપરાંત ફરિયાદપક્ષ તરફે તાજના સાક્ષી તરીકે આરોપી નં.૨૩ ઐયાઝ રઝાકમીયાં સૈયદનાઓએ સાહેદ તરીકે સાહેદ નં.૧૧૪૧થી જુબાની આપેલી છે તેની પણ આ ચુકાદામાં અગાઉ "એપ્રુવરના પુરાવા બાબતે" તે શીર્ષક હેઠળના પેરામાં કરેલી છે. આ ઉપરાંત જે એફ.એસ.એલ. અધિકારીઓએ મુદ્દામાલનું પૃથક્કરણ કરેલું તથા હસ્તાક્ષરો બાબતે અભિપ્રાયો આપેલા છે તેઓના પુરાવાની પણ આ ચુકાદામાં અગાઉ ચર્ચા કરેલી છે. આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૧૨૧(એ), ૧૨૪ (એ), ૧૫૩ મુજબના ગુનાઓનું તહોમતનામુ પણ ફરમાવેલું છે. આ ઉપરાંત અનલોફુલ એકટીવીટી (પ્રિવેન્શન) એકટની કલમ–૧૦, ૧૩, ૧૬,૧૮ વિગેરે મુજબના ગુનાઓનું તહોમતનામુ પણ ફરમાવેલું છે. આ બંને કાયદાઓની ઉપરોકત કલમો હેઠળ ગુનાની ઇન્સાફી કાર્યવાહી શરૂ કરવા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૬ તેમજ અનલોફુલ એકટીવીટી (પ્રિવેન્શન) એકટની કલમ–૪૫ મુજબની પરવાનગીઓ મેળવવા માટે જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ તમામ આરોપીઓ વિરૂધ્ધ નામદાર સરકારશ્રીને દરખાસ્તો કરેલી છે અને સરકારશ્રીએ તમામ ગુનાઓના કામે તમામ આરોપીઓ સામે ઇન્સાફી કાર્યવાહી માટે મંજૂરીઓ આપેલી છે. તે જ રીતે એક્ષપ્લોજીવ સબસ્ટન્સ એકટની કલમ–૩, ૪, ૫, ૬ હેઠળના ગુનાનું પણ આરોપી વિરૂધ્ધ તહોમતનામું ફરમાવેલું છે અને આ કલમ હેઠળ આરોપીઓ સામે ગુનાની ઇન્સાફી કાર્યવાહી કરવા માટે એક્ષપ્લોજીવ સબસ્ટન્સ એકટની કલમ–૭ મુજબની મંજૂરીઓ મેળવવા માટેની દરખાસ્તો દરેક આરોપીઓ સામે દરેક ગુનાના કામે જુદા–જુદા તપાસ કરનાર અધિકારીએ ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓને કરેલી છે અને જુદા–જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓએ આરોપીઓ સામે એક્ષપ્લોજીવ સબસ્ટન્સ એકટ હેઠળના ગુનાની ઇન્સાફી કાર્યવાહી કરવા માટે

મંજૂરીઓ આપેલી છે. તે જ રીતે આરોપીઓ સામે આર્મ્સ એકટની કલમ–૨૫ (૧)(બી) મુજબના ગુનાનું તહોમતનામુ પણ ફરમાવેલું છે અને આ કલમ હેઠળ આરોપીઓ સામે ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે આર્મ્સ એકટની કલમ–૩૯ મુજબની મંજૂરીઓ મેળવવા માટેની દરખાસ્તો દરેક આરોપીઓ સામે દરેક ગુનાના કામે જુદા–જુદા તપાસ કરનાર અધિકારીએ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ તથા સુરતનાઓને કરેલી અને જુદા–જુદા પોલીસ કમિશનરશ્રીઓએ આ કલમ હેઠળના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે મંજૂરીઓ આપેલી છે.આ તમામ દરખાસ્તો અને મંજૂરીઓની વિગતવાર ચર્ચા આ ચુકાદામાં અગાઉ "દરખાસ્તો અને મંજૂરીઓ બાબતે" તે શીર્ષક હેઠળના પેરામાં કરેલી છે. આ કામમાં ચાર્જશીટ થયેલા કુલ–૮૦ આરોપીઓ હતા. ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન આરોપી નં.૭૯ તથા ૮૦ મરણ ગયેલ છે. અમદાવાદ શહેરની ૨૦ ફરિયાદોના તમામ ચાર્જશીટ તેમજ સુરત શહેરની ૧૫ ફરિયાદોના તમામ ચાર્જશીટો નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમના આધારે અત્રેની અદાલતમાં ભેગા ચલાવવાનો હુકમ થયેલો છે. તમામ બનાવો બાબતે ફરિયાદપક્ષ દ્વારા પુરાવા રજૂ થયેલા છે. આ બનાવોમાં કયા આરોપીની સંડોવણી છે, કયા આરોપીના મનમાં આ બનાવો માટે વિચાર આવ્યો, કયા આરોપી પ્રતિબંધક સંગઠન સીમીના સભ્ય છે, કયા આરોપીઓ સીમીની મીટીંગોમાં ભેગા થયેલા, કયા આરોપીઓએ બીજા કયા આરોપીઓને મીટીંગોમાં બોલાવેલાં, સીમીની મીટીંગો કઈ–કઈ જગ્યાઓ ઉપર થયેલી, કેટલી વખત મીટીંગો થયેલી, વાઘમોન તથા પાવાગઢ મુકામે આતંકવાદી તાલીમ કેમ્પ કરવાનો વિચાર કોને આવ્યો, બંને જગ્યાઓ ઉપર કોણ જગ્યાઓ જોવા ગયેલાં, બંને જગ્યાઓ ઉપર આતંકવાદી તાલીમ કેમ્પ દરમ્યાન કયા વાહનોનો ઉપયોગ થયેલો, બંને જગ્યાઓ ઉપર કોણે જેહાદ્વિ ભાષણો કરેલાં, કયા આરોપી કઈ જગ્યાએ હોટલમાં રોકાયેલા, કયા આરોપીએ કઈ જગ્યા ઉપર મકાન ભાડે રાખેલા, બોમ્બ બનાવવાની સામગ્રી કયા આરોપી કયાંથી લાવેલા, કોણે–કોણે બોમ્બ બનાવેલાં, કયા આરોપી કઈ જગ્યા ઉપર બોમ્બ મુકવા ગયેલાં, કયા આરોપીઓ સાઇકલો ખરીદી લાવેલાં, કયા આરોપી

ફોર વ્હિલર ગાડીઓ લઇ આવેલાં વિગેરે બાબતોએ કાવતરાની શરૂઆતથી લઇને બનાવોને અંજામ આપવામાં આવ્યો તે અંગે આરોપી દીઠ વિગતવાર રજૂ થયેલ પુરાવાની ચર્ચા અગાઉ કરી છે પરંતુ આ બનાવમાં દરેક આરોપીની શું ભૂમિકા છે તે અંગેની આરોપી દીઠ સારાંશ રૂપે ચર્ચા નીચે મુજબ છેઃ–

આરોપી નં.૧ જાહિદ કુત્બુદ્દિન શેખ

સાહેદ નં.૯૫૭ જાકિર હુસેન અબ્દુલ જબ્બાર કુરેશીની જુબાનીના સારાંશ મુજબ આ આરોપી પ્રતિબંધિત સંગઠન "સીમી" નો સભ્ય છે. ગુપ્ત રીતે સીમીની ઑફિસ જુદી–જુદી જગ્યાઓ ઉપર ચાલે છે. સીમીની ઑફિસમાં આ આરોપીની સક્રિય હાજરી રહેલી છે. સીમીની મીટીંગોમા આ આરોપી સતત પ્રવૃત્તમય અને કાર્યરત રહેલો છે. જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગમાં અન્ય આરોપીઓને પણ હાજર રાખેલા છે. આ આરોપી તથા અન્ય સહઆરોપીઓ સીમીની મીટીંગોમાં રાજય સરકાર તેમજ ભારત સરકાર વિરૂધ્ધ જેહાદ કરવાની વાતો કરેલી છે તે પ્રમાણેના ભાષણો કરેલા છે અને તે સાંભળેલા છે. ગોધરા કાંડનો બદલો લેવાની વાતો પણ થયેલી છે અને તે સાંભળેલી છે. હિન્દુ વિસ્તારમાં બોમ્બ ધડાકા કરવાની વાતો થયેલી છે અને તે સાંભળેલી છે. આ ઉપરાંત આ આરોપી હાલોલ–પાવાગઢ ખાતે તા.૧૩/૦૧/૨૦૦૮ થી લઇને તા.૧૫/૦૧/૨૦૦૮ ના સમય દરમ્યાન આતંકવાદી તાલીમ કેમ્પનું આયોજન કરવામા આવેલું તેમાં અન્ય આરોપીઓ સાથે કેમ્પમાં ગયેલો છે. કેમ્પમાં જેહાદી ભાષણો સાંભળેલા છે. તાલીમો લીધેલી છે અને કેમ્પના આયોજનમાં પ્રત્યક્ષ રીતે મદદ કરેલી છે. આ સાહેદ જાકિર હુસેન પોતાની જુબાનીમાં આરોપી નં.૧ને અદાલત રૂબરૂ ઓળખી બતાવેલ છે. આ તમામ હકીકત આ સાહેદે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ સમક્ષ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબના નિવેદનમાં પણ જણાવેલી છે.

સાહેદ નં.૧૧૦૫ ઇદ્રીશ ગુલાબશા ફકિરની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદ ખુંદપીર દરગાહ ઉપર હાલોલ–પાવાગઢ ખાતે મુજાવર તરીકે કામ કરે છે. તા.૧૩/૦૧/૨૦૦૮ થી તા.૧૫/૦૧/૨૦૦૮ ના સમય દરમ્યાન

૨૦ થી ૨૫ માણસો ટાટા સુમો તથા બાઈક લઈને દરગાહ ઉપર આવેલાં જેમાં આ આરોપી નં.૧ પણ હતો. દરગાહ ઉપર આવીને આ તમામ આરોપીઓએ જણાવેલું કે, ટ્રેકિંગ કરવા આવેલાં છીએ જેથી દરગાહ ઉપર આવેલી પતરાવાળી ધર્મશાળામાં આ આરોપીને તથા સહઆરોપીઓને રહેવા માટે રૂમો આપેલી. આરોપીઓ સવાર થી જંગલોમાં ટાટા સુમો લઈને પાછળના દરવાજેથી જતા હતા અને રાત્રે આવતા હતાં. ત્રણ દિવસ સુધી ૨૦ થી ૨૫ માણસો દરગાહ ઉપર આવેલી ધર્મશાળામાં રોકાયેલા હતા તે પૈકી આ આરોપી નં.૧ પણ હતો અને તેણે ત્રણ દિવસ સુધી સતત સાહેદ ઈદ્રીશનાઓએ જોયેલો. જેથી આ સાહેદે પોતાની જુબાની દરમ્યાન આ આરોપી નં.૧ને અદાલત રૂબરૂ સહેલાઈથી ઓળખી બતાવેલો છે. સાહેદ ઈદ્રીશ અભણ છે. ખુંદપીરની દરગાહ ઉપર મુજાવર તરીકે સેવા આપે છે. નમાજ અદા કરાવે છે. આરોપી નં.૧ સાથે તેને કોઈ દુશ્મનાવટ નથી. તે સ્વતંત્ર સાહેદ છે. આમ, પાવાગઢ ખાતે આતંકવાદી તાલીમ કેમ્પનું આયોજન થયેલું જેમાં આરોપી નં.૧ હાજર હતો તે બાબતે સાહેદ જાકિર તથા સાહેદ ઈદ્રીશની જુબાની એકબીજાને સમર્થન કરે છે. આ તમામ હકીકત આ સાહેદે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ સમક્ષ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબના નિવેદનમાં પણ જણાવેલી છે.

સાહેદ નં.૯૭૨ રામકાભાઈ દેવકરણ કેસરીયાની જુબાનીના સારાંશ મુજબ જાન્યુઆરી–૨૦૦૮ની ઉત્તરાયણના સમય દરમ્યાન આ સાહેદની ભેંસો પાવાગઢના જંગલમાં ખોવાઈ ગયેલી હતી જેથી આ સાહેદ ભેંસો શોધવા માટે હેલીકૈલ વાવ તરફના જંગલોમાં ગયેલા ત્યારે ૨૫ થી ૩૦ માણસો કુગ્ગા ફોડવાની, કોણીથી જમીન ઉપર ચાલવાની વિગેરે કામ કરતા કરતા હતા. તે જગ્યા પાસે કમલેશ કવોરીની ખીણ આવેલી હતી ત્યાં તંબુ પણ બાંધેલો હતો. ઝાડ ઉપર દોરી બાંધીને કેટલાક લોકો એરગનથી કુગ્ગા ફોડતા હતાં. ત્યાં આ માણસોમાં સાહેદ રામકાભાઈએ આરોપી નં.૧ ને ત્યાં જોયેલો હતો. સાહેદ રામકાભાઈએ એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૭૧ રમણભાઈ સેંધાભાઈ

સોલંકી સમક્ષના ઓળખ પરેડના પંચનામા દરમ્યાન આરોપી નં.૦૧ ને ઓળખી પણ બતાવેલ હતો.

સાહેદ નં.૧૦૬૭ અંબાલાલ વેચાતભાઇ બારીયાનાઓની જુબાનીના સારાંશ મુજબ સને–૨૦૦૮ની સાલના ઉત્તરાયણના દિવસે આ સાહેદ તેમના મિત્ર પ્રવિણભાઇની જીપમાં બેસીને પાવાગઢ થી હાલોલ જવા નિકળેલા ત્યારે હેલીકૈલ વાવ નજીક રોડ ઉપર જીપને પંચર પડેલું. જીપમાં બેસાડેલા અન્ય પેસેન્જરોને બીજી જીપમાં બેસાડી હાલોલ રવાના કરેલાં અને જીપના કંડકટર અશ્વિનભાઇએ જીપનું ટાયર કાઢીને હાલોલ ખાતે પંચર કરાવવા ગયેલાં. આ સાહેદ તથા પ્રવિણભાઇ જીપ પાસે રોકાયેલા તે દરમ્યાન જંગલમાંથી માણસોનો બોલવાનો અવાજ આવેલો જેથી આ સાહેદ તથા પ્રવિણભાઈ તે તરફ જંગલમાં ગયેલા ત્યારે કેટલાક માણસો કમલેશ કવોરીની ખીણ પાસે તંબુ બાંધીને કાંઇક કરતા હતાં. તે લોકો જૂથમાં હતા અને હિન્દી ભાષા બોલતા હતા. તે માણસોમાં સાહેદ અંબાલાલે આરોપી નં.૧ને જોયેલો હતો. સાહેદ અંબાલાલભાઇએ એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૭૧ રમણભાઇ સેંધાભાઇ સોલંકી સમક્ષના ઓળખ પરેડના પંચનામા દરમ્યાન આરોપી નં.૦૧ ને ઓળખી પણ બતાવેલ હતો. તેમજ આ સાહેદ અંબાલાલભાઇએ પોતાની જુબાની દરમ્યાન આ આરોપી નં.૦૧ ને અદાલત રૂબરૂ સહેલાઇથી ઓળખી બતાવેલો છે. સાહેદ અંબાલાલ ગામડાનો વતની છે. ખેતીકામ કરે છે. આરોપી સાથે તેનો કોઇ દુશ્મનાવટ નથી કે જેથી કરીને આરોપી નં.૧ ને ખોટી રીતે ગુનામાં સંડોવે. આમ, આ સાહેદ અંબાલાલભાઇ, સાહેદ રામકાભાઇ તથા સાહેદ જાકીર હુસેનની જુબાનીને હાલોલ–પાવાગઢના તાલીમ કેમ્પ બાબતે તથા આ આરોપી નં.૦૧ ની હાજરી બાબતે સમર્થન કરે છે.

સાહેદ નં.૧૦૭૩ મહમદયુનુસ અબ્દુલલતીફ સુમરાની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદનું ભૂજ મુકામે "ઇન્ફિનીટી સાયબર કાફે" આવેલુ છે અને ત્યાં આરોપી નં.૦૧ સર્ફિંગ કરવા માટે ગયેલો હતો જે આ સાહેદે તે વખતે જોયેલો હતો. સાહેદ મહમદ યુનુસભાઇએ એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૭૧

રમણભાઇ સેંઘાભાઇ સોલંકી સમક્ષના ઓળખ પરેડના પંચનામા દરમ્યાન આરોપી નં.૦૧ને ઓળખી પણ બતાવેલ હતો.

સાહેદ નં.૫૭૧ એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ રમણભાઇ સેંઘાભાઇ સોલંકીની જુબાનીના સારાંશ મુજબ સાહેદ નં.૯૭૨ રામકાભાઇએ તથા સાહેદ નં.૧૦૬૭ અંબાલાલભાઇએ સાહેદની રૂબરૂમાં આરોપી નં.૦૧ ને પોતાની સમક્ષ થયેલી ઓળખ પરેડમાં ઓળખી બતાવેલાની હકીકત જણાવે છે. જેથી પણ સ્પષ્ટ બને છે કે હાલોલ–પાવાગઢ ખાતે તા.૧૩/૦૧/૨૦૦૮ થી તા.૧૫/૦૧/૦૮ ના સમય દરમ્યાન આ આરોપી તથા અન્ય આરોપીઓ ભેગા મળી જે તાલીમ કેમ્પનું આયોજન કરેલું તેમાં આ આરોપી નં.૦૧ પણ હાજર હતો. આ ઉપરાંત સાહેદ નં.૧૦૭૩ મહમદ યુનુસ અબ્દુલલતીફ સુમરાનાઓના ભૂજ ખાતે આવેલ ઇન્ફિનીટી સાયબર કાફે ઉપર આરોપી નં.૧ નાઓએ કમ્પ્યુટરમાં સર્ફિંગ કરેલું હતું અને તે વખતે તેણે આરોપી નં.૦૧ને જોયેલો હતો જેથી ઓળખ પરેડ દરમ્યાન આરોપી નં.૧ને ઓળખી બતાવેલ છે તેવી હકીકત જણાવેલી છે. એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ સરકારી અધિકારી છે અને તેઓની રૂબરૂમાં ઓળખ પરેડ અંગેની જે કાંઇ કાર્યવાહી કરેલી તે તેઓની ફરજના ભાગરૂપે હતી. આરોપી સાથે તેઓને કોઇ દુશ્મનાવટ નથી અને તેમની રૂબરૂ થયેલી ઓળખ પરેડની કાર્યવાહી તેમણે યોગ્ય રીતે કરેલી તેવી અપેક્ષા હોય છે જે નહિ માનવાને કોઇ કારણ નથી.

આ ઉપરાંત, આરોપી નં.૦૨નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૦૫ સમક્ષ લખાવેલું તે મુજબ આરોપી નં.૧ વાઘમોન (કેરળ) મુકામે તાલીમ કેમ્પમાં હાજર હતો તેવી હકીકત કબૂલાત નિવેદનમાં છે. આરોપી નં.૧ હાલોલ–પાવાગઢના જંગલોમાં તાલીમ કેમ્પ યોજવા માટે જગ્યા જોવા માટે અન્ય આરોપીઓ સાથે મોટર સાઇકલ લઇને ગયેલો હતો. તાલીમ કેમ્પમાં આરોપી નં.૧નાએ ટેકેદાર તરીકે કામગીરી કરેલી છે. કેમ્પમાં જવા માટે આરોપી નં.૧નાએ બાઇકની વ્યવસ્થા પણ કરેલી તેમજ કેમ્પમાં ગયેલા તમામ માણસો ખુંદપીરની દરગાહ ઉપર આવેલી ધર્મશાળામાં રોકાયેલા. જુદી–જુદી જગ્યાઓ ઉપર તાલીમો

લીધેલી. મુસ્લિમોનો બદલો લેવાની, જેહાદી ભાષણો કરેલા અને બોમ્બ બનાવવાની તાલીમ આપેલાની હકીકત તેઓના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે.

આ ઉપરાંત, આરોપી નં.૨૧ નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૦૫ સમક્ષ લખાવેલું તે મુજબ આરોપી નં.૧ નાઓ હાલોલ–પાવાગઢ ખાતેના તાલીમ કેમ્પમાં અન્ય આરોપીઓને ટાટાસુમો ગાડીમાં બેસાડીને લઇ ગયેલો અને ગાડીનું ડ્રાઇવીંગ આરોપી નં.૦૧ નાએ જાતે કરેલું. કેમ્પમાં ગયેલા તમામ માણસો ખુંદપીરની દરગાહ ઉપર આવેલી ધર્મશાળામાં રોકાયેલા. જુદી–જુદી જગ્યાઓ ઉપર તાલીમો લીધેલી. મુસ્લિમોનો બદલો લેવાની, માસ કિલીંગ કરવુ, જેહાદી ભાષણો અને પાઇપ બોમ્બ બનાવવાની તાલીમ આપેલાની હકીકત તેઓના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે.

આ ઉપરાંત, આરોપી નં.૩૫ નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ સમક્ષ લખાવેલું તે મુજબ આરોપી નં.૧નાઓ હાલોલ–પાવાગઢ ખાતેના તાલીમ કેમ્પમાં ગયેલો અને તાલીમ લીધેલાની હકીકત તેઓના નિવેદનમાં જણાવેલી છે. **જો કે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ નાઓએ આ આરોપીનું કબૂલાત નિવેદન સોગંદ ઉપર લીધેલું છે જે ગેરકાયદેસર છે.** આરોપી નં.૩૫ સિવાય ઉપરોકત બંને આરોપીઓના નિવેદનો હાલોલ–પાવાગઢના કેમ્પમાં આરોપી નં.૧નાએ હાજર રહી સક્રિય કામગીરી કરેલી છે તેમજ આતંકવાદી તાલીમો મેળવેલી છે તેમ હું માનું છું.

સાહેદ નં.૮૧૮ મનિષભાઇ અરવિંદભાઇ બારોટની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદને પોલીસે પોલીસ સ્ટેશનમાં બોલાવેલા અને આરોપી નં.૦૧નાઓએ આપેલી માહિતી મુજબ આ આરોપી નં.૦૧નાઓ આ સાહેદને તથા તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળિયાને દોરીને દાણીલીમડા બસ સ્ટોપ પાસે આવેલ નાગોરી કોમ્પ્લેક્ષવાળી દુકાન ઉપર ગયેલો.ત્યાં આરોપી નં.૦૧ના

પિતાજી હાજર હતાં. આ દુકાન આરોપી નં.૦૧ના પિતાજીની હતી. દુકાનમાં શોધ કરતા ખાખી કલરનું પુંઠાનું ફોલ્ડર, નેપ્કીન, સફેદ કપડુ તથા ૧૦–૧૫ નંગ છરા મળેલા જે આંક–૫૪૯૨ વાળા પંચનામાની વિગતે કબજે કરેલાં. તે વખતે સ્થળે ઉપર એફ.એસ.એલ. અધિકારી સાહેદ નં.૮૩૦ અમૃતભાઇ વશરામભાઇ હિંગળાજીયા તથા સાહેદ નં.૮૪૯ ગૌરીદત્ત દયાનીધિ શર્માનાઓ પણ હાજર હતાં અને તેમણે ઉપરોકત વસ્તુઓ કબજે કરવાની તપાસ કરનાર અધિકારીએ સુચના આપેલી. જે છરા કબજે કરવામાં આવેલા તેવા જ છરા બોમ્બ બ્લાસ્ટવાળી જગ્યાઓ ઉપરથી પણ મળી આવેલા છે. જે બોમ્બ બ્લાસ્ટના બનાવો સાથે જોડે છે.

સાહેદ નં.૮૨૦ વિક્રમ મનાજી સોલંકીની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદને પોલીસે પોલીસ સ્ટેશનમાં બોલાવેલા અને આરોપી નં.૦૧ નાઓએ આપેલી માહિતી મુજબ આ આરોપી નં.૦૧નાઓ આ સાહેદને તથા તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૦૭૦ વિનય શુકલનાઓને દોરીને પાલડી ખાતે આવેલ સરદાર બ્રિજના છેડા પાસે આઇનેટ સાયબર કાફે ઉપર કે જયાંથી આરોપી નં.૦૧નાએ ઇ–મેઇલ કરેલા તે જગ્યા બતાવવા લઇ ગયેલો સાથે એફ.એસ.એલ. અધિકારી સાહેદ નં.૮૩૫ હિતેષ જયંતિલાલ ત્રિવેદી તથા સાહેદ નં.૮૨૦ હિતેષ પ્રમોદકુમાર સંઘવીનાઓ પણ હાજર હતા અને તેમણે આઇનેટ સાયબર કાફેના જે કમ્પ્યુટરમાંથી આરોપી નં.૦૧નાઓએ ઇ–મેઇલ કરેલા તે કમ્પ્યુટરની હાર્ડ ડિસ્ક કાઢીને કબજે લેવાની સુચના આપેલી હતી. જે આંક–૫૫૧૭ વાળા પંચનામાની વિગતે કબજે કરેલી.

સાહેદ નં.૯૦૪ દિપકકુમાર જીવનલાલ દલવાડીનાઓની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદને પોલીસે પોલીસ સ્ટેશનમાં બોલાવેલા અને આરોપી નં.૦૧નાઓએ આપેલી માહિતી મુજબ આ આરોપી નં.૦૧નાઓ આ સાહેદને તથા તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળિયાને દોરીને હાલોલ–પાવાગઢ ખાતે તાલીમ કેમ્પવાળી જગ્યાઓ બતાવવા લઇ ગયેલો અને સાથે એફ. એસ.એલ. અધિકારી સાહેદ નં.૮૩૦ અમૃતભાઇ વશરામભાઇ હિંગળાજીયા પણ

હતાં. જુદી–જુદી જગ્યાઓ કે જયાં આ આરોપી નં.૧ તથા અન્ય આરોપીઓએ આતંકવાદી તાલીમો લીધેલી તે જગ્યાઓ બતાવેલી. હેલીકૈલ વાવ પાસેની જંગલ વિસ્તારની જગ્યાઓ ઉપર ટેન્ટ બાંધીને કુગ્ગા ફોડવાની તેમજ હાથથી ચાલવાની તાલીમ લીધેલી તે જગ્યાએ એફ.એસ.એલ.અધિકારીએ તપાસ કરતા છરા તેમજ કુટેલા કુગ્ગા મળી આવેલા જે તપાસ કરનાર અધિકારીને કબજે લેવાની સુચના આપેલી અને આંક–૬૪૮૦ વાળા પંચનામાની વિગતે કબજે કરેલા હતાં. જે છરા કબજે કરવામાં આવેલા તેવા જ છરા બોમ્બ બ્લાસ્ટવાળી જગ્યાઓ ઉપરથી પણ કબજે કરવામાં આવેલાં હતાં. જે બોમ્બ બ્લાસ્ટના બનાવો સાથે જોડે છે.

સાહેદ નં.૯૫૩ બળદેવ કસ્તુરચંદ પ્રજાપતિનાઓની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદને પોલીસે પોલીસ સ્ટેશનમાં બોલાવેલા અને આરોપી નં.૦૧ નાઓએ આપેલી માહિતી મુજબ આ આરોપી નં.૦૧ નાઓ આ સાહેદને તથા તપાસ કરનાર અધિકારી સુ.શ્રી ઉષા રાડાને દોરીને દાણીલીમડા ખાતે આવેલ અલમહમદી સોસાયટી મકાન નં.૧૦ ઉપર લઇ ગયેલો સાથે એફ.એસ. એલ. અધિકારી સાહેદ નં.૮૪૯ ગૌરીદત્ત દયાનિધી શર્મા પણ હાજર હતાં . મકાનમાં શોધ કરતા મકાનમાંથી લાલ રંગના વાયરનું ગુંચળું, ડાયરી, સીડી, છ આની બોલ્ટ, કાતર, પકડ, ટેપ પટ્ટીનો રોલ, ડોલચુ, તુટેલી સીડી, બેટરી ચેક કરવાનું મશીન, વોલ્યુમ ચેક કરવાનું મશીન, સાઇકલનું કેરીયર, ટ્રેક શુટ, પેન્સિલ પાવર વિગેરે મળેલા જે એફ.એસ.એલ. અધિકારીએ કબજે લેવાની સુચના તપાસ કરનાર અધિકારીને આપેલી અને તપાસ કરનાર અધિકારીએ આંક–૬૬૫૬ વાળા પંચનામાની વિગતે કબજે કરેલ. આ મુદ્દામાલ જેવો જ ઘણો બધો મુદ્દામાલ જેવો કે બોલ્ટ, વાયરના ગુંચળા, પાવર, વિગેરે જે તે સ્થળો ઉપર બોમ્બ બ્લાસ્ટ થયેલો તે સ્થળો ઉપરથી પણ મળી આવેલો હતો.

સાહેદ નં.૫૯૦ સુરેશભાઇ ગણેશભાઇ લોધીનાઓની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદને પોલીસે પોલીસ સ્ટેશનમાં બોલાવેલા ત્યારે આરોપી નં.૦૧ના પિતા કુત્બુદ્દિન શેખ હાજર હતા અને તેમણે બનાવોમાં આરોપી નં.૦૧નાઓએ ઉપયોગમાં લીધેલ નોકિયા કંપનીનો મોબાઇલ ફોન રજૂ કરેલો જે

સાહેદ નં.૧૧૪૯ તરૂણકુમાર અમૃતલાલ બારોટનાઓએ આંક–૩૧૮૮ વાળુ પંચનામુ કરીને કબજે કરેલ હતો.

સાહેદ નં.૫૯૨ દેવીસિંહ અમરસિંહ રાજપુતનાઓની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદને પોલીસે પોલીસ સ્ટેશનમાં બોલાવેલા ત્યારે આરોપી નં.૦૧ના પિતા કુત્બુદ્દિન શેખ હાજર હતા અને તેમણે એક બજાજ કંપનીનું કાળા કલરનુ મોટર સાઇકલ કે જેનો નંબર **GJ-01-EK-4524** હતો આ મોટર સાઇકલનો હાલોલ–પાવાગઢ કેમ્પમાં જવા માટે આરોપી નં.૦૧નાઓએ ઉપયોગમાં લીધેલ જે સાહેદ નં.૧૧૭૭ અજીજ અહેમદખાન ફિરોજખાન સીંધીનાઓએ આંક–૩૧૯૩ વાળુ પંચનામુ કરીને કબજે કરેલ.

સાહેદ નં.૮૨૩ ભાવિન શૈલેષકુમાર ઓઝાનાઓની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદને પોલીસે પોલીસ સ્ટેશનમાં બોલાવેલા ત્યારે એક ફારૂકભાઇ મેમણ ત્યાં હાજર હતાં. આરોપી નં.૦૧ તથા આરોપી નં.૦૮ નાઓએ જે મકાન ભાડે રાખેલું તે મકાનમાં આ સાહેદને ત્યાંથી વાસણો ખરીદ કરીને લઇ ગયેલાં તે વાસણો પોતાની દુકાનના હોવાનું ઓળખી બતાવેલું હતું તથા આરોપી નં.૦૧ નાએ જે મકાન ભાડે રાખેલું હતું તેમાંથી એક સાઇકલનું કેરીયર મળેલું હતું તે પણ આ સાહેદની રૂબરૂમાં એફ.એસ.એલ.મા પૃથક્કરણ માટે મોકલવા સીલ કરેલું હતું. જે સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડાનાઓએ આંક–૫૫૩૮ વાળુ પંચનામુ કરીને કબજે કરેલ હતું.

સાહેદ નં.૧૦૬૩ મુનાફઅલી અફઝલ દુરાનીનાઓની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદને પોલીસે ભૂજ ખાતે ઈન્ફિનીટી સાયબર કાફે ઉપર બોલાવેલા. આ સાયબર કાફેમાંથી આરોપી નં.૦૧નાઓએ સર્ફિંગ કરેલું હતું અને સાયબર કાફેનું રજીસ્ટર સાહેદ નં.૧૦૭૯ જગુભાઇ માલાભાઇ ભરવાડનાઓએ આંક–૭૨૨૪ વાળુ પંચનામું કરીને કબજે કરેલું હતું.

સાહેદ નં.૧૦૭૪ ઓસમાન અબ્દુલ સીદ્દીનાઓની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદને પોલીસે ભૂજ ખાતે આવેલા સાયબર કાફે ઉપર બોલાવેલા અને ત્યાં તેના માલિક તે વખતે હાજર હતા અને સાયબર કાફેના

કમ્પ્યુટરમાં આરોપીનં.૦૧નાએ સરફિંગ કરેલું અને તે કમ્પ્યુટરમાંથી એક હાર્ડ ડિસ્ક કાઢીને સાહેદ નં.૧૦૮૯ પી.જી.વાઘેલાનાઓએ આંક–૭૩૦૧ વાળુ પંચનામું કરીને કબજે કરેલી હતી.

આ આરોપી નં.૦૧ બાબતે ઉપર મુજબના રજૂ થયેલા પુરાવા તથા સાહેદ નં.૧૦૬૯ જગુભાઇ માલાભાઇ ભરવાડ, સાહેદ નં.૧૦૭૦ વિનય હરીશભાઇ શુકલ, સાહેદ નં.૧૦૭૭ અજિઝઅહેમદખાન ફિરોઝખાન સિંધી, સાહેદ નં. ૧૦૮૯ પ્રવિણસિંહ ગટોરસિંહ વાઘેલા, સાહેદ નં.૧૧૪૯ તરૂણકુમાર અમૃતલાલ બારોટ, સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર, સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડા આ તમામ અધિકારીઓની જુબાનીઓ ધ્યાને લેતાં આ અધિકારીઓએ આરોપી નં.૧ને સાથે રાખીને અને અમુક પ્રસંગોએ તેને સાથે રાખ્યા વિના જુદા–જુદા પંચનામાઓ બનાવેલાં છે તે પંચનામાની હકીકતોને આ તપાસ કરનાર અધિકારીઓની જુબાનીથી સમર્થન મળે છે. આ આરોપીએ અન્ય આરોપીઓએ સાથે મળીને કાવતરૂ રચીને કાવતરામાં ભાગ લઇ એકબીજાની મદદગારીથી બનાવોની શરૂઆત થઇ ત્યાંથી લઇને અંત સુધી સક્રિય રીતે ભૂમિકા ભજવેલી છે અને તેના પરિણામ સ્વરૂપે અમદાવાદ શહેરમાં બોમ્બ બ્લાસ્ટ થયેલાં છે.

આંક–૧૨૨ વાળા તહોમતનામામાં જણાવ્યા મુજબ ઘણા બધા આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો એવા છે કે, તે બાબતે આ આરોપી નં.૧ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા કોઇ મૌખિક કે દસ્તાવેજી પ્રત્યક્ષ પુરાવો રજુ થયેલો નથી. આ આરોપી નં.૧ જુદી–જુદી હોટલોમાં રોકાયો હોય, તે હોટલોના રજીસ્ટરોમાં ખોટા નામથી એન્ટ્રીઓ કરી હોય, ખોટા નામે સહીઓ કરેલી હોય તેમજ આ આરોપી નં.૦૧નાઓએ ખોટા દસ્તાવેજ બનાવી તે દસ્તાવેજોનો સાચા તરીકે ઉપયોગ કર્યો હોય તેવા કોઇ પ્રત્યક્ષ પુરાવા આ આરોપી નં.૦૧ વિરૂધ્ધ નથી. પરંતુ આ અંગેના પ્રત્યક્ષ પુરાવા આરોપી નં.૧૪, ૩૭, ૪૩, ૪૫, ૪૬, ૬૯ અને ૭૦ વિરૂધ્ધ રજૂ થયેલા છે. જેથી કાવતરાના પેરામાં ચર્ચા કર્યા મુજબ તેમજ તે પેરામાં નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લીધેલા છે તે ચુકાદા મુજબ આરોપી નં.૧

નાઓ કોઈ હોટલમાં ખોટા નામે એન્ટ્રી કરી રોકાયેલા ન હોવા છતાં પણ અન્ય આરોપીઓ સાથે આરોપી નં.૧ની સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે. આ ઉપરાંત આ આરોપી નં.૦૧નાઓએ બનાવોમાં ઉપયોગમાં લીધેલ કોઇ વસ્તુ કે પુરાવાનો નાશ કર્યો હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો નથી એટલુ જ નહીં આ અંગેનો અન્ય કોઈ પ્રત્યક્ષ પુરાવો અન્ય આરોપીઓ વિરૂધ્ધ પણ રજૂ થયેલો નથી. આ ઉપરાંત આ બનાવો બન્યા બાદ બનાવોમાં સંડોવાયેલા અન્ય કોઇ આરોપીને આશ્રય આપેલો હોય, તેઓને છુપાવેલા હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો આરોપી નં.૦૧ વિરૂધ્ધ તથા અન્ય આરોપીઓ વિરૂધ્ધ પણ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ નથી. આ આરોપી નં.૦૧ સીમીના સભ્ય હોવાનો મૌખિક પુરાવો છે. સાહેદ જાહિર હુસેનની જુબાની મુજબ આ આરોપી નં.૦૧ સીમીનો સભ્ય છે. સીમી સંગઠન ઉપર ભારત સરકાર દ્વારા પ્રતિબંધ મુકવામાં આવેલો છે તે અંગેનું જાહેરનામું ભારત સરકારના રાજપત્રમાં પ્રસિધ્ધ પણ થયેલું છે માટે સીમી સંગઠનની જાહેરમાં કોઇ ઑફિસ ન હોય અને સીમી અંગેનો કોઇ દસ્તાવેજી પુરાવો ન હોય તે સ્વાભાવિક છે અને તેના કારણે તપાસ કરનાર અધિકારીઓ પૈકી કોઇ પણ અધિકારી સીમી બાબતે તપાસ દરમ્યાન કોઇ દસ્તાવેજી પુરાવો મળેલો નથી. સીમીની કાર્યવાહી પ્રતિબંધના કારણે ગુપ્તરીતે થતી હોય છે. સીમી સંગઠનનું કોઇ રેકર્ડ જાહેરમાં પ્રસિધ્ધ થયેલું નથી. સીમી સંગઠનમાં કોઇ આરોપી સભ્ય બનેલા હોય તો તે અંગેની કોઇ પાવતી કે દસ્તાવેજી પુરાવો ન હોય. આ આરોપી નં.૦૧ સીમી સંગઠનમાં સક્રિય છે તેવું આરોપી સામેના મૌખિક પુરાવાથી પુરવાર થાય છે. આ ઉપરાંત આરોપી નં.૬૮ નાઓએ આંક-૯૨૪૮ થી **"કનેકશન ઓફ સીમી"** અંગે એક દસ્તાવેજ રજૂ કરેલો છે તે વંચાણે લેતા સીમી સંગઠન વિશે તથા તેના હોદ્દેદારો, સભ્યો અને પ્રાદેશિક સભ્યો, સીમી સંગઠનનો હેતુ બાબતે તમામ હકીકતો જણાવેલી છે. આ ઉપરાંત આ આરોપીનો એસ.ડી.એસ. ટેસ્ટ સાહેદ નં.૮૪૮ નાઓએ કરેલો છે. તેઓની જુબાની તથા આ આરોપી બાબતે આ સાહેદે આંક-૫૯૦૧ વાળો અભિપ્રાય આપેલો છે તે ધ્યાને લેતા આ આરોપી સીમી સાથે સંકળાયેલો છે તેવો પુરાવો રજૂ થયેલો છે પરંતુ

સંગઠનને કોઇ નાણાકીય સહાય પુરી પાડી હોય અથવા નાણાકીય સહાય પુરી પાડવા કોઇ અન્ય વ્યકિત પાસે મદદ માંગી હોય તેવો ફરિયાદપક્ષ તરફથી આ આરોપી નં.૧ કે તેની સાથે અન્ય આરોપીઓ વિરૂધ્ધ કોઇ પ્રત્યક્ષ પુરાવો રજૂ થયેલો નથી. આ આરોપી નં.૦૧ નાઓએ બનાવો બનતા પહેલા આતંકવાદી ઇ–મેઇલ કર્યા હોય તેવા કોઇ ઇ–મેઇલ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા નથી. આરોપી નં.૩૩ તથા ૩૪ નાઓએ ઇન્ડિયા ટીવીને આતંકવાદી ઇ–મેઇલ કરેલાનો આક્ષેપ છે પરંતુ રજૂ થયેલા ઇ–મેઇલ ધ્યાને લેતા તે આક્ષેપ પુરવાર થતા નથી. આરોપી નં.૦૧ નાઓએ પાલડી ખાતે આવેલા આઇનેટ સાયબર કાફે તેમજ ભૂજ ખાતે આવેલા ઇન્ફિનીટી સાયબર કાફે ઉપર જઇને સરફિંગ કરેલું છે પરંતુ સરફિંગમાં તેણે શું કરેલું તે અંગેનો કોઇ પ્રત્યક્ષ પુરાવો રજૂ થયેલો નથી. આ આરોપી નં.૦૧ નાઓએ કોઇ કમ્પ્યુટરમાંથી આતંકવાદી ઇ–મેઇલ કર્યા હોય અને ઇ–મેઇલ કર્યા પછી તે ઇ–મેઇલ કમ્પ્યુટરમાંથી ડિલીટ કર્યા હોય તેવો પણ આ આરોપી વિરૂધ્ધ કોઇ મૌખિક કે દસ્તાવેજી પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ આરોપી પાસેથી પરવાના વિનાનો કોઇ દેશી તમંચો કે હથિયાર કબજે કરવામાં આવ્યુ હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આવુ હથિયાર આ બનાવોમાં ઉપયોગમાં લીધુ હોય તેવો પણ કોઈ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી અને પિસ્તોલનો ઉપયોગ બનાવોમાં થયેલો હતો તેવો ફરિયાદપક્ષનો કેસ પણ નથી. આ આરોપી વિરૂધ્ધ સમગ્ર પુરાવા ધ્યાને લેતા અમદાવાદ શહેરમાં થયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોના કાવતરામાં અને તેની સાથે સંલગ્ન સુરત શહેરના બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં આ આરોપી નં.૦૧ની શરૂઆતથી લઇને બનાવોના અંત સુધી સક્રિય ભૂમિકા રહેલી છે આ આરોપી નં.૦૧ સામે આંક–૧૨૨ મુજબના તહોમતનામામાં જે આક્ષેપો ફરમાવવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો પુરાવાર થાય છે તેમ હું માનું છું. વાઘમોન ખાતે ડિસેમ્બર–૨૦૦૮ મા આરોપીઓએ તાલીમ કેમ્પ રાખેલો હતો અને તે કેમ્પમાં આ આરોપી પણ હાજર હતો. આ કેમ્પ બાબતે અર્નાકુલ્લમ ખાતે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાયેલી અને તે ફરિયાદના કામે

કુલ–૩૮ આરોપીઓને અટક કરવામાં આવેલા. તે કામે તપાસના કામે ૩૮ આરોપીઓ વિરૂધ્ધ અદાલતમાં ચાર્જશીટ દાખલ થયેલો જેનો એન.આઈ.એ. કેસ નં.૨/૨૦૧૧ હતો. તે કામે આ આરોપીને આરોપી નં.૧૮ તરીકે દર્શાવેલ છે. તે કેસમાં એન.આઈ.એ. કોર્ટ અર્નાકુલ્લમ દ્વારા તા.૧૫.૫.૨૦૧૮ ના રોજ ચુકાદો આપવામાં આવેલ છે તે ચુકાદામાં આ આરોપીને નિર્દોષ જાહેર કરેલ છે. પરંતુ આ આરોપીની વાઘમોન ઉપરાંત હાલોલ–પાવાગઢના કેમ્પોમાં પણ હાજરી છે તથા જુદી–જુદી આતંકવાદી તાલીમો મેળવેલી છે. એટલુ જ નહીં જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગોમાં હાજર રહેલો છે અને દેશ વિરૂધ્ધ પ્રવૃત્તિઓ કરેલ છે માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૦૦ આ આરોપી બાબતે લાગુ પડશે નહીં. ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૧ની ભૂમિકા બાબતે તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન કરતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૧ સામે મુદ્દા નં.૧ થી ૧૩, ૧૬ થી ૧૯, ૨૧ થી ૨૪, ૨૬ થી ૩૨ પુરવાર કરે છે. જયારે મુદ્દા નં. ૧૪,૧૫, ૨૦,૨૫, ૩૩ થી ૩૫ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવુ છું.

આરોપી નં.૨ ઈમરાન ઈબ્રાહીમ શેખ

સાહેદ નં.૧૧૦૫ ઈદ્રીશ ગુલાબશા ફકિરની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદ ખુંદપીર દરગાહ ઉપર હાલોલ–પાવાગઢ ખાતે મુજાવર તરીકે કામ કરે છે. તા.૧૩/૦૧/૨૦૦૮ થી તા.૧૫/૦૧/૨૦૦૮ના સમય દરમ્યાન ૨૦ થી ૨૫ માણસો ટાટા સુમો તથા બાઇક લઇને દરગાહ ઉપર આવેલાં જેમાં આ આરોપી નં.૨ પણ હતો. દરગાહ ઉપર આવીને આ તમામ આરોપીઓએ જણાવેલું કે, ટ્રેકિંગ કરવા આવેલાં છીએ જેથી દરગાહ ઉપર આવેલી પતરાવાળી ધર્મશાળામાં આ આરોપીઓને રહેવા માટે રૂમો આપેલી. આરોપીઓ સવાર થી જંગલોમાં ટાટા સુમો લઇને પાછળના દરવાજેથી જતા હતા અને રાત્રે આવતા હતાં. ત્રણ દિવસ સુધી ૨૦ થી ૨૫ માણસો દરગાહ ઉપર આવેલી ધર્મશાળામાં રોકાયેલા હતા તે પૈકી આ આરોપી નં.૨ પણ હતો અને તેણે ત્રણ દિવસ સુધી

સતત સાહેદ ઇદ્રીશનાઓએ જોયેલો. સાહેદ ઇદ્રીશ અભણ છે. ખુંદપીરની દરગાહ ઉપર મુજાવર તરીકે સેવા આપે છે. નમાજ અદા કરાવે છે. આરોપી નં.૨ સાથે તેને કોઇ દુશ્મનાવટ નથી. તે સ્વતંત્ર સાહેદ છે.તેઓની જુબાની નહીં માનવાને કોઇ કારણ નથી. પાવાગઢ ખાતે આતંકવાદી તાલીમ કેમ્પનું આયોજન થયેલું જેમાં આરોપી નં.૨ હાજર હતો. આ તમામ હકીકત આ સાહેદે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ સમક્ષ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબના નિવેદનમાં પણ જણાવેલી છે. આ સાહેદે તેઓની જુબાની દરમ્યાન આરોપી નં.૨ ને ઓળખી શકેલા નથી. બનાવ બાદ ઘણા સમય પછી જુબાની આપેલી હોવાથી આ સાહેદ ઘણા બધા આરોપીઓને ઓળખી શકેલ નથી. નહિ ઓળખવાના જે કારણો આપેલા છે તે મારા મત પ્રમાણે વાજબી છે.

સાહેદ નં.૧૧૧૫ મહમદઉમર ઉસ્માનભાઈ મન્સુરીની જુબાની સારાંશ મુજબ આરોપી નં.૨,૩,૩૫,૩૭ નાઓને સારી રીતે ઓળખે છે અને તમામ સને–૨૦૦૮ ની સાલમાં વડોદરા મુકામે રહેતા હતા તેમ જણાવે છે અને આરોપી નં.૩૭ ગોધરાનો બદલો લેવાની વાતો કરતો હતો, ભીડભાડવાળી જગ્યા કે જયાં હિન્દુ વસ્તી વધારે હોય ત્યાં બોમ્બ બ્લાસ્ટ કરવો છે "તું રેકી કર" તેવુ પણ આ સાહેદને જણાવેલુ છે. પરંતુ આ સાહેદ ગભરાઈ જવાથી છુટા પડી ગયેલા. આ સાહેદે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ સમક્ષ નોંધાવેલુ હતુ અને તેમાં પણ આ હકીકત જણાવી છે. આરોપી નં.૨,૩૫,૩૭નાઓ મીટીંગો કરતા હતા તેવી પણ હકીકત જણાવેલી છે. આ સાહેદે આરોપી નં.૨,૭,૩૫ અને ૩૭ નાઓને જુબાની દરમ્યાન અદાલતમાં ઓળખી પણ બતાવેલા છે. આ સાહેદનો પુરાવો ધ્યાનમાં લેતા આરોપીઓ સીમીની મીટીંગો કરતા હતા તેવુ સ્પષ્ટપણે જણાય આવે છે.

સાહેદ નં.૧૧૨૧ ડૉ.સાદાબ રાજેભાઈ પાનવાલાની જુબાનીના સારાંશ મુજબ આરોપી નં.૨ આ સાહેદનો મિત્ર થાય છે. આરોપી નં.૨,૩,૭, ૧૪,૩૫,૩૭ નાઓ વચ્ચે મીટીંગો થતી હતી. આરોપી નં.૨ હાલોલ–પાવાગઢ રોડ ઉપર આવેલ ખુંદપીરની દરગાહ ઉપર ગયેલ અને જાન્યુઆરી–૨૦૦૮ મા

આતંકવાદી તાલીમ કેમ્પ રાખેલો તેમાં આ આરોપીઓ રોકાયેલા હોવાનું આ સાહેદની જુબાની ઉપરથી માલુમ પડે છે. આ સાહેદે ફરિયાદપક્ષને સમર્થન કરેલુ નથી. આ સાહેદનો પુરાવો ધ્યાનમાં લેતા આરોપીઓ સીમીની મીટીંગો કરતા હતા તેવુ સ્પષ્ટપણે જણાય આવે છે. આ સાહેદ ફરી ગયેલા જાહેર થયેલા હોવા છતાં તેઓની જુબાનીનો અમૂક ભાગ માની શકાય તેમ છે.

સાહેદ નં.૯૭૨ રામકાભાઇ દેવકરણ કેસરીયાની જુબાનીના સારાંશ મુજબ જાન્યુઆરી–૨૦૦૮ ની ઉત્તરાયણના સમય દરમ્યાન આ સાહેદની ભેંસો પાવાગઢના જંગલમાં ખોવાઇ ગયેલી હતી જેથી આ સાહેદ ભેંસો શોધવા માટે હેલીકૈલ વાવ તરફના જંગલોમાં ગયેલા ત્યારે ૨૫ થી ૩૦ માણસો કુગ્ગા ફોડવાની, કોણીથી જમીન ઉપર ચાલવાની વિગેરે કામ કરતા કરતા હતા. તે જગ્યા પાસે કમલેશ કવોરીની ખીણ આવેલી હતી ત્યાં તંબુ પણ બાંધેલો હતો. ઝાડ ઉપર દોરી બાંધીને કેટલાક લોકો એરગનથી કુગ્ગા ફોડતા હતાં. ત્યાં આ માણસોમાં સાહેદ રામકાભાઇએ આરોપી નં.૨ ને ત્યાં જોયેલો હતો. સાહેદ રામકાભાઇએ એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૭૧ રમણભાઇ સેંઘાભાઇ સોલંકી સમક્ષના ઓળખ પરેડના પંચનામા દરમ્યાન આરોપી નં.૨ ને ઓળખી પણ બતાવેલ હતો. આ સાહેદે તેઓની જુબાની દરમ્યાન આરોપી નં.૨ ને ઓળખી શકેલા નથી. બનાવ બાદ ઘણા સમય પછી જુબાની આપેલી હોવાથી આ સાહેદ ઘણા બધા આરોપીઓને ઓળખી શકેલ નથી. આ સાહેદ પણ ગામડાના રહેવાસી છે, આરોપી સાથે કોઇ દુશ્મનાવટ નથી માટે આ સાહેદની જુબાની નહિ માનવાને કોઇ કારણ નથી.

સાહેદ નં.૯૮૧ પ્રવિણભાઈ હમીરભાઈ કટારીયાનાઓની જુબાનીના સારાંશ મુજબ સને–૨૦૦૮ની સાલના ઉત્તરાયણના દિવસે આ સાહેદ પોતાની જીપ લઈને હાલોલ જતા હતા અને રસ્તામાંથી પેસેન્જરોની સાથે તેમના મિત્ર અંબાલાલભાઇને જીપમાં બેસાડેલા અને ત્યારબાદ તેઓ પાવાગઢથી હાલોલ જવા નિકળેલા ત્યારે હેલીકૈલ વાવ નજીક રોડ ઉપર જીપને પંચર પડેલું. જીપમાં બેસાડેલા અન્ય પેસેન્જરોને બીજી જીપમાં બેસાડી હાલોલ રવાના કરેલાં

અને જીપના કંડકટર અશ્વિનભાઈએ જીપનું ટાયર કાઢીને હાલોલ ખાતે પંચર કરાવવા ગયેલાં. અંબાલાલભાઇ તથા આ સાહેદ જીપ પાસે રોકાયેલા તે દરમ્યાન જંગલમાંથી માણસોનો બોલવાનો અવાજ આવેલો જેથી આ અંબાલાલભાઇ તથા આ સાહેદ તે તરફ જંગલમાં ગયેલા ત્યારે કેટલાક માણસો કમલેશ કવોરીની ખીણ પાસે તંબુ બાંધીને કાંઇક કરતા હતાં. તે લોકો જૂથમાં હતા અને હિન્દી ભાષા બોલતા હતા. તે માણસોમાં સાહેદ પ્રવિણભાઈએ આરોપી નં.૨ ને જોયેલો હતો. સાહેદ પ્રવિણભાઈએ એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૭૧ રમણભાઇ સેંધાભાઇ સોલંકી સમક્ષના ઓળખ પરેડના પંચનામા દરમ્યાન આરોપી નં.૨ ને ઓળખી પણ બતાવેલ હતો. સાહેદ પ્રવિણભાઈ ગામડાનો વતની છે. જીપ ચલાવીને પોતાનું ગુજરાન ચલાવે છે. આરોપી સાથે તેઓને કોઇ દુશ્મનાવટ નથી કે જેથી કરીને આરોપી નં.૨ ને ખોટી રીતે ગુનામાં સંડોવે. આ સાહેદ પ્રવિણભાઈ, સાહેદ રામકાભાઇની જુબાનીને હાલોલ–પાવાગઢના તાલીમ કેમ્પ બાબતે તથા આ આરોપી નં.૨ ની હાજરી બાબતે સમર્થન કરે છે. આ સાહેદે તેઓની જુબાની દરમ્યાન આરોપી નં.૨ ને ઓળખી શકેલા નથી. બનાવ બાદ ઘણા સમય પછી જુબાની આપેલી હોવાથી આ સાહેદ ઘણા બધા આરોપીઓને ઓળખી શકેલ નથી. નહિ ઓળખવાના કારણો જે આપેલા છે તે મારા મત પ્રમાણે વાજબી છે.

સાહેદ નં.૧૦૬૭ અંબાલાલ વેચાતભાઇ બારીયાનાઓની જુબાનીના સારાંશ મુજબ ૨૦૦૮ની સાલના ઉત્તરાયણના દિવસે આ સાહેદ તેમના મિત્ર પ્રવિણભાઇની જીપમાં બેસીને પાવાગઢથી હાલોલ જવા નિકળેલા ત્યારે હેલીકૈલ વાવ નજીક રોડ ઉપર જીપને પંચર પડેલું. જીપમાં બેસાડેલા અન્ય પેસેન્જરોને બીજી જીપમાં બેસાડી હાલોલ રવાના કરેલાં અને જીપના કંડકટર અશ્વિનભાઇએ જીપનું ટાયર કાઢીને હાલોલ ખાતે પંચર કરાવવા ગયેલાં. અંબાલાલભાઇ તથા પ્રવિણભાઇ જીપ પાસે રોકાયેલા તે દરમ્યાન જંગલમાંથી માણસોનો બોલવાનો અવાજ આવેલો જેથી આ સાહેદ તથા પ્રવિણભાઈ તે તરફ જંગલમાં ગયેલા ત્યારે કેટલાક માણસો કમલેશ કવોરીની ખીણ પાસે તંબુ બાંધીને કાંઇક કરતા હતાં. તે લોકો જૂથમાં હતા અને હિન્દી ભાષા બોલતા હતા.

તે માણસોમાં સાહેદ અંબાલાલે આરોપી નં.૨ ને જોયેલો હતો. સાહેદ અંબાલાલભાઇએ એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૭૧ રમણભાઇ સેંઘાભાઇ સોલંકી સમક્ષના ઓળખ પરેડના પંચનામા દરમ્યાન આરોપી નં.૨ ને ઓળખી પણ બતાવેલ હતો. સાહેદ અંબાલાલ ગામડાનો વતની છે. ખેતીકામ કરે છે. આરોપી સાથે તેનો કોઇ દુશ્મનાવટ નથી કે જેથી કરીને આરોપી નં.૨ ને ખોટી રીતે ગુનામાં સંડોવે. આ સાહેદ અંબાલાલભાઇ, સાહેદ રામકાભાઇ તથા સાહેદ પ્રવિણભાઈની જુબાનીને હાલોલ–પાવાગઢના તાલીમ કેમ્પ બાબતે તથા આ આરોપી નં.૨ ની હાજરી બાબતે સમર્થન કરે છે. આ સાહેદે તેઓની જુબાની દરમ્યાન આરોપી નં.૨ ને ઓળખી શકેલા નથી. બનાવ બાદ ઘણા સમય પછી જુબાની આપેલી હોવાથી આ સાહેદ ઘણા બધા આરોપીઓને ઓળખી શકેલ નથી.

સાહેદ નં.૫૭૧ એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ રમણભાઇ સેંઘાભાઇ સોલંકીની જુબાનીના સારાંશ મુજબ સાહેદ નં.૯૭૨ રામકાભાઇએ તથા સાહેદ નં.૧૦૬૭ અંબાલાલભાઇ તથા સાહેદ નં.૯૮૧ પ્રવિણભાઈએ સાહેદની રૂબરૂમાં આરોપી નં.૨ ને પોતાની સમક્ષ થયેલી ઓળખ પરેડમાં ઓળખી બતાવેલાની હકીકત જણાવે છે. જેથી પણ સ્પષ્ટ બને છે કે હાલોલ –પાવાગઢ ખાતે તા.૧૩/૦૧/૨૦૦૮ થી તા.૧૫/૦૧/૦૮ના સમય દરમ્યાન આ આરોપી તથા અન્ય આરોપીઓ ભેગા મળી જે તાલીમ કેમ્પનું આયોજન કરેલું તેમાં આ આરોપી નં.૨ પણ હાજર હતો. એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ સરકારી અધિકારી છે અને તેઓની રૂબરૂમાં ઓળખ પરેડ અંગેની જે કાંઇ કાર્યવાહી કરેલી તે તેઓની ફરજના ભાગરૂપે હતી. આરોપી સાથે તેઓને કોઇ દુશ્મનાવટ નથી અને તેમની રૂબરૂ થયેલી ઓળખ પરેડની કાર્યવાહી તેમણે યોગ્ય રીતે કરેલી તેવી અપેક્ષા હોય છે જે નહિ માનવાને કોઇ કારણ નથી.

આ ઉપરાંત, આરોપી નં.૨નાઓએ પોતે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ સમક્ષ લખાવેલું તે મુજબ આરોપી નં.૨ પોતે વાઘમોન (કેરળ) મુકામે તાલીમ કેમ્પમાં

હાજર હતો તેવી હકીકત કબૂલાત નિવેદનમાં છે. આરોપી નં.૨ પોતે હાલોલ–પાવાગઢ ખાતે તા.૧૩.૧.૨૦૦૮ થી તા.૧૫.૧.૨૦૦૮ ના સમય દરમ્યાન આતંકવાદી તાલીમ કેમ્પ યોજાયેલો તે કેમ્પમાં અન્ય આરોપીઓ સાથે હાજર રહેલો છે અને કેમ્પમાં હાજર તમામ આરોપીઓ ખુંદપીરની દરગાહ ઉપર આવેલી ધર્મશાળામાં રોકાયેલા. જુદી–જુદી જગ્યાઓ ઉપર તાલીમો લીધેલી. મુસ્લિમોનો બદલો લેવાની, જેહાદી ભાષણો કરેલા અને બોમ્બ બનાવવાની તાલીમ આપેલાની હકીકત તેઓના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે.

આ ઉપરાંત, આરોપી નં.૩૫ નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ સમક્ષ લખાવેલું તે મુજબ આરોપી નં.૨ નાઓ હાલોલ–પાવાગઢ ખાતેના તાલીમ કેમ્પમાં ગયેલો અને તાલીમ લીધેલાની હકીકત તેઓના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે. જો કે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ નાઓએ આ આરોપીનું કબૂલાત નિવેદન સોગંદ ઉપર લીધેલું છે જે ગેરકાયદેસર છે. આરોપી નં.૦૨ ના પોતાના કબૂલાત નિવેદન મુજબ હાલોલ–પાવાગઢના કેમ્પમાં આરોપી નં.૨ નાએ હાજર રહી સક્રિય કામગીરી કરેલી છે તેમજ આતંકવાદી તાલીમો મેળવેલી છે તેમ હું માનું છું. આરોપી નં.૩૫ નુ કબૂલાત નિવેદન સોગંદ ઉપર લેવામાં આવેલુ છે જે ધ્યાને લેવામાં આવતુ નથી. પરંતુ આરોપી નં.૨ નુ પોતાનું કબૂલાત નિવેદન ધ્યાને લેતા તે હાલોલ–પાવાગઢ ખાતેના આતંકવાદી તાલીમ કેમ્પમાં હાજર રહેલાનું સ્પષ્ટ છે.

સાહેદ નં.૮૭૭ પ્રવિણભાઈ ઈશ્વરભાઈ રાજપુતની જુબાનીના સારાંશ મુજબ આરોપી નં.૨ તપાસ કરનાર અધિકારી તથા આ સાહેદને માહિતી આપેલી અને તે મુજબ લઈને વડોદરા મુકામે તાઈવાડા ખાતે ગયેલો અને પોતાનું ઘર બતાવેલુ અને પોતાના ઘરમાં છાજલી ઉપરથી એક પ્લાસ્ટિકનું બોક્ષ શોધી બતાવેલુ. તે બોક્ષ ફર્સ્ટ એઈડ બોક્ષ હતુ. જેમાં મલમ, પ્લાસ્ટિકની પટ્ટી, ટાંકા લેવાનો સામાન, ડેટોલ, રૂ, ઈન્જેકશન જેવો ડ્રેસીંગને લગતો સામાન વિગેરે હતુ અને આ સામાનનો ઉપયોગ આરોપી નં.૨ નાએ અન્ય આરોપીઓ સાથે

હાલોલ–પાવાગઢ ખાતેના આતંકવાદી તાલીમ કેમ્પમાં કરેલો હતો. આ સામાન તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૦૭૦ વિનય શુકલએ આંક–૬૨૭૮ વાળા પંચનામાની વિગતે કબજે કરેલ હતો.

સાહેદ નં.૯૦૦ હિમેશકુમાર પ્રવિણભાઇ મહેતાની જુબાનીના સારાંશ મુજબ તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૦૮૯ પી.જી.વાઘેલાનાઓએ આ સાહેદને હાલોલ–પાવાગઢ રોડ ઉપર વિવેક હોટલ ખાતે બોલાવેલા અને આરોપી નં.૩૫ સાથે હાજર હતો અને આ સાહેદની હાજરીમાં આરોપી નં.૩૫ નાઓએ પાવાગઢના જંગલોમાં જુદી–જુદી જગ્યાઓ ઉપર તાલીમ લીધેલી તે જગ્યાઓ તથા ખુંદપીરની દરગાહ કે જયાં રોકાયેલા અને નમાજ પઢતા હતા તે જગ્યાઓ બતાવેલી. તે જગ્યાઓનું પંચનામું શ્રી પી.જી.વાઘેલાનાઓએ આંક–૬૪૪૩ વાળુ બનાવેલું હતું.

સાહેદ નં.૬૧૭ હેમંતભાઈ કપુરચંદ ખંડેલવાલની જુબાનીના સારાંશ મુજબ આરોપી નં.૨નાઓ હાલોલ–પાવાગઢ ખાતેના કેમ્પમાં અન્ય આરોપીઓને લઈ જવા માટે ટાટા સુમો ગાડી નં.જીજે–૧–એકસએકસ–૮૮૦૦ સાહેદ નં.૯૪૦ નાશીરભાઈના ભાઈ સાહીદની આ ગાડી રૂા.૨૦૦૦/– ભાડુ નકકી કરીને સાપુતારા લઈ જવી છે તેમ કહીને હાલોલ–પાવાગઢ ખાતેના આતંકવાદી તાલીમ કેમ્પોમાં લઈ ગયેલ હતો. સાહેદ નં.૯૪૦ નાશીર અમીનસાહેબ કુરેશીની જુબાની મુજબ આરોપી નં.૨ આ ટાટા સુમો ગાડી રૂા.૨૦૦૦/– નુ ભાડુ નકકી કરી સાપુતારા લઈ ગયેલો હતો અને તા.૧૫.૧. ૨૦૦૮ નાં રોજ પરત આપી ગયેલો. આરોપી નં.૨ ની ઓળખાણ આ સાહેદ નાશીરભાઈના મિત્ર આસીફભાઈએ કરાવેલી હતી. સાહદે નં.૯૪૧ આસીફભાઈ ઈકબાલભાઈ બોડાવાલાની જુબાનીના સારાંશ મુજબ તેમના મિત્ર નાશીરભાઈ પાસેથી આરોપી નં.૨ ને તા.૧૩.૧.૨૦૦૮ થી ૧૫.૧.૨૦૦૮ સુધી સીમીના કાર્યકરોને લઈ પાવાગઢ ખાતે જવા માટે ભાડે અપાવેલી હતી તેમ જણાવે છે. આમ સાહેદ નં.૬૧૭ હેમંતભાઈ, સાહેદ નં.૯૪૦ નાશીરભાઈ અને સાહેદ નં.૯૪૧ આસીફભાઈ આ ત્રણેયની જુબાનીઓ ધ્યાને લેતા આરોપી નં.૨ ટાટા

સુમો ગાડી રૂા.૨૦૦૦/– નુ ભાડુ નકકી કરી સાપુતારા જવાનું છે તેમ કહીને લઈ ગયેલ પરંતુ તે સાપુતારા ગયેલ નહીં અને અન્ય આરોપીઓને લઈ પાવાગઢ ખાતે આતંકવાદી તાલીમ કેમ્પમાં ગયેલ હતો. આ આરોપીઓ પાસે ટાટા સુમો ગાડી હતી તેવી હકીકત સાહેદ નં.૧૧૦૫ ઈદ્રીશનાઓએ પણ પોતાની જુબાનીમાં જણાવેલી છે. આમ આ તમામ સાહેદોની જુબાનીઓ એકબીજાને સમર્થન કરે છે.

સાહેદ નં.૧૦૬૨ અબ્દુલઅજીમ અબ્દુલહમીદ સૌદાગરની જુબાનીના સારાંશ મુજબ પાલડી એન.આઈ.ડી. પાસે આવેલ મ્યુનિસિપલ માર્કેટમાં આવેલી દુકાન નં.૪ મા આઈનેક સાયબર કાફે ઉપર નોકરી કરતા હતા અને આરોપી નં.૨,૭ અને ૩૭ નાઓ કાફે ઉપર કોમ્પ્યુટર શીખવા આવતા હોવાની હકીકત જણાવેલી છે.

આંક–૧૨૨ વાળા તહોમતનામામાં જણાવ્યા મુજબ ઘણા બધા આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો એવા છે કે, તે બાબતે આ આરોપી નં.૨ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા કોઈ મૌખિક કે દસ્તાવેજી પ્રત્યક્ષ પુરાવો રજૂ થયેલો નથી. આ આરોપી નં.૨ જુદી–જુદી હોટલોમાં રોકાયો હોય, તે હોટલોના રજીસ્ટરોમાં ખોટા નામથી એન્ટ્રીઓ કરી હોય, ખોટા નામે સહીઓ કરેલી હોય તેમજ આ આરોપી નં.૨ નાઓએ ખોટા દસ્તાવેજ બનાવી તે દસ્તાવેજોનો સાચા તરીકે ઉપયોગ કર્યો હોય તેવા કોઈ પ્રત્યક્ષ પુરાવા આ આરોપી નં.૨ સામે નથી. પરંતુ આ અંગેના પ્રત્યક્ષ પુરાવા આરોપી નં.૧૪, ૩૭, ૪૩, ૪૫, ૪૬, ૬૯ અને ૭૦ વિરૂધ્ધ રજૂ થયેલા છે. જેથી કાવતરાના પેરામાં ચર્ચા કર્યા મુજબ તેમજ તે પેરામાં નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લીધેલા છે તે ચુકાદા મુજબ આરોપી નં.૧ નાઓ કોઈ હોટલમાં ખોટા નામે એન્ટ્રી કરી રોકાયેલા ન હોવા છતાં પણ અન્ય આરોપીઓ સાથે આરોપી નં.૧ ની સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે.આ ઉપરાંત આ આરોપી નં.૨ નાઓએ બનાવોમાં ઉપયોગમાં લીધેલ કોઈ વસ્તુ કે પુરાવાનો નાશ કર્યો હોય તેવો પણ કોઈ પ્રત્યક્ષ પુરાવો નથી. આ ઉપરાંત આ બનાવો બન્યા બાદ બનાવોમાં સંડોવાયેલા અન્ય કોઈ આરોપીને આશ્રય આપેલો હોય, તેઓને છુપાવેલા હોય તેવો પણ કોઈ પ્રત્યક્ષ પુરાવો આરોપી નં.૨

વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ નથી. આ આરોપી નં.૨ સીમીના સભ્ય હોવાનો મૌખિક પુરાવો છે. સાહેદ નં.૯૫૭ જાકીર હુસેન, સાહેદ નં.૧૧૪૧ એૈયાઝ સૈયદ, સાહેદ નં.૧૦૯૭ મહેતાબ ઈબ્રાહીમ શેખ, સાહેદ નં.૧૧૫૧ રીયાઝ હુસેન મહમદહુસેન સીદ્દીકીની જુબાનીઓ મુજબ આ આરોપી નં.૨ સીમીનો સભ્ય છે. સીમી સંગઠન ઉપર ભારત સરકાર દ્વારા પ્રતિબંધ મુકવામાં આવેલો છે તે અંગેનું જાહેરનામું ભારત સરકારના રાજપત્રમાં પ્રસિધ્ધ પણ થયેલું છે માટે સીમી સંગઠનની જાહેરમાં કોઇ ઑફિસ ન હોય અને સીમી અંગેનો કોઇ દસ્તાવેજી પુરાવો ન હોય તે સ્વાભાવિક છે અને તેના કારણે તપાસ કરનાર અધિકારીઓ પૈકી કોઇપણ અધિકારીને સીમી બાબતે તપાસ દરમ્યાન કોઇ દસ્તાવેજી પુરાવો મળેલો નથી. સીમીની કાર્યવાહી પ્રતિબંધના કારણે ગુપ્ત રીતે થતી હોય છે. સીમી સંગઠનનું કોઇ રેકર્ડ જાહેરમાં પ્રસિધ્ધ થયેલું નથી. સીમી સંગઠનમાં કોઇ આરોપી સભ્ય બનેલા હોય તો તે અંગેની કોઇ પાવતી કે દસ્તાવેજી પુરાવો ન હોય. આ આરોપી નં.૨ સીમી સંગઠનમાં સક્રિય છે તેવું આરોપી સામેના મૌખિક પુરાવાથી પુરવાર થાય છે. આ ઉપરાંત આરોપી નં.૬૮ નાઓએ આંક–૯૨૪૮ થી **"કનેકશન ઓફ સીમી"** અંગે એક દસ્તાવેજ રજૂ કરેલો છે તે વંચાણે લેતા સીમી સંગઠન વિશે તથા તેના હોદ્દેદારો, સભ્યો અને પ્રાદેશિક સભ્યો, સીમી સંગઠનનો હેતુ બાબતે તમામ હકીકતો જણાવેલી છે.પરંતુ સંગઠનને કોઇ નાણાકીય સહાય પુરી પાડી હોય અથવા નાણાકીય સહાય પુરી પાડવા કોઇ અન્ય વ્યકિત પાસે મદદ માંગી હોય તેવો ફરિયાદપક્ષ તરફથી કોઇ પ્રત્યક્ષ પુરાવો રજૂ થયેલો નથી. આ આરોપી નં.૨ નાઓએ બનાવો બનતા પહેલા આતંકવાદી ઇ–મેઇલ કર્યા હોય તેવા કોઇ ઇ–મેઇલ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા નથી.આરોપી નં.૩૩ તથા ૩૪ નાઓએ ઈન્ડિયા ટીવીને આતંકવાદી ઈ–મેઈલ કરેલાનો આક્ષેપ છે પરંતુ રજૂ થયેલા ઈ–મેઈલ ધ્યાને લેતા તે આક્ષેપ પુરવાર થતા નથી. આરોપી નં.૨ નાઓએ પાલડી ખાતે આવેલા આઇનેટ સાયબર કાફે ઉપર જઇને કમ્પ્યુટર શીખેલુ છે પરંતુ તે અંગેનો કોઇ પ્રત્યક્ષ પુરાવો રજૂ થયેલો નથી. આ આરોપી નં.૨ નાઓએ કોઇ કમ્પ્યુટરમાંથી આતંકવાદી ઇ–

મેઇલ કર્યા હોય અને ઇ–મેઇલ કર્યા પછી તે ઇ–મેઇલ કમ્પ્યુટરમાંથી ડિલીટ કર્યા હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા આ આરોપી નં.૦૨ કે અન્ય આરોપી વિરૂધ્ધ પણ રજૂ થયેલો નથી. આ આરોપી પાસેથી પરવાના વિનાનો કોઇ દેશી તમંચો કે હથિયાર કબજે કરવામાં આવ્યુ હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીઓ તથા આ આરોપી વિરૂધ્ધ સમગ્ર પુરાવા ધ્યાને લેતા અમદાવાદ શહેરમાં થયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોના કાવતરામાં અને તેની સાથે સંલગ્ન સુરત શહેરના બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં આ આરોપી નં.૨ ની શરૂઆતથી લઇને બનાવોના અંત સુધી સક્રિય ભૂમિકા રહેલી છે આ આરોપી નં.૨ સામે આંક–૧૨૨ મુજબના તહોમતનામામાં જે આક્ષેપો ફરમાવવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો પુરાવાર થાય છે તેમ હું માનું છું. વાઘમોન ખાતે ડિસેમ્બર–૨૦૦૮ મા આરોપીઓએ તાલીમ કેમ્પ રાખેલો હતો અને તે કેમ્પમાં આ આરોપી પણ હાજર હતો. આ કેમ્પ બાબતે અર્નાકુલ્લમ ખાતે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાયેલી અને તે ફરીયાદના કામે કુલ–૩૮ આરોપીઓને અટક કરવામાં આવેલા. તે કામે તપાસના કામે ૩૮ આરોપીઓ વિરૂધ્ધ અદાલતમાં ચાર્જશીટ દાખલ થયેલો જેનો એન.આઈ.એ. કેસ નં.૨/૨૦૧૧ હતો. તે કામે આ આરોપીને આરોપી નં.૨૧ તરીકે દર્શાવેલ છે. તે કેસમાં એન.આઈ.એ. કોર્ટ અર્નાકુલ્લમ દ્વારા તા.૧૫.૫.૨૦૧૮ ના રોજ ચુકાદો આપવામાં આવેલ છે તે ચુકાદામાં આ આરોપીને નિર્દોષ જાહેર કરેલ છે. પરંતુ આ આરોપીની વાઘમોન ઉપરાંત હાલોલ–પાવાગઢના કેમ્પોમાં પણ હાજરી છે તથા જુદી–જુદી આતંકવાદી તાલીમો મેળવેલી છે. એટલુ જ નહીં જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગોમાં હાજર રહેલો છે અને દેશ વિરૂધ્ધ પ્રવૃત્તિઓ કરેલ છે માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૦૦ આ આરોપી બાબતે લાગુ પડશે નહીં. ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ

બનાવોમાં આરોપી નં.૨ ની ભૂમિકા બાબતે તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન કરતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૨ સામે મુદ્દા નં.૧ થી ૧૩, ૧૬ થી ૧૯, ૨૧ થી ૨૪, ૨૬ થી ૩૨ પુરવાર કરે છે. જયારે મુદ્દા નં. ૧૪,૧૫, ૨૦,૨૫, ૩૩ થી ૩૫ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવુ છું.

આરોપી નં.૩ ઈકબાલ ઉર્ફે ઈકરાર કાસમ શેખ

સાહેદ નં.૧૧૧૫ મહમદ ઉંમર ઉસ્માનભાઈ મન્સુરીની જુબાનીના સારાંશ મુજબ આરોપી નં.૨,૩,૩૫,૩૭ નાઓને સારી રીતે ઓળખે છે અને તમામ સને–૨૦૦૮ની સાલમાં વડોદરા મુકામે રહેતા હતા તેમ જણાવે છે અને આરોપી નં.૩૭ ગોધરાનો બદલો લેવાની વાતો કરતો હતો, ભીડભાડવાળી જગ્યા કે જયાં હિન્દુ વસ્તી વધારે હોય ત્યાં બોમ્બ બ્લાસ્ટ કરવો છે "તું રેકી કર" તેવુ પણ આ સાહેદને જણાવેલુ છે. પરંતુ આ સાહેદ ગભરાઈ જવાથી છુટા પડી ગયેલા. આ સાહેદે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ સમક્ષ નોંધાવેલુ હતુ અને તેમાં પણ આ હકીકત જણાવી છે. આરોપી નં.૨,૩૫,૩૭ નાઓ મીટીંગો કરતા હતા તેવી પણ હકીકત જણાવેલી છે. આ સાહેદે આરોપી નં.૨,૭,૩૫ અને ૩૭ નાઓને જુબાની દરમ્યાન અદાલતમાં ઓળખી પણ બતાવેલા છે. આ સાહેદનો પુરાવો ધ્યાનમાં લેતા આરોપીઓ સીમીની મીટીંગો કરતા હતા તેવુ સ્પષ્ટપણે જણાય આવે છે. આ સાહેદે તેઓની જુબાની દરમ્યાન આરોપી નં.૩ ને ઓળખી શકેલા નથી. બનાવ બાદ ઘણા સમય પછી જુબાની આપેલી હોવાથી આ સાહેદ ઘણા બધા આરોપીઓને ઓળખી શકેલ નથી.નહિ ઓળખવા માટેના જે કારણો આપેલા છે તે મારા મત પ્રમાણે વાજબી છે.

સાહેદ નં.૧૧૧૭ આશીફ ઉસ્માન શેખની જુબાનીના સારાંશ મુજબ આરોપી નં.૩ અન્ય આરોપીઓ સાથે જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગોમાં હાજર રહેલો છે. અમદાવાદ શહેરની જુદી–જુદી જગ્યાઓ ઉપર બોમ્બ મુકવા માટે જગ્યાઓની રેકી કરેલી છે. તમામ જગ્યાઓ ઉપર તે ગયેલો છે તેવી

હકીકત જણાવેલી છે તથા આરોપી નં.૩ ને અદાલત રૂબરૂ જુબાની દરમિયાન ઓળખી બતાવેલો છે. વધુમાં આ સાહેદની જુબાની મુજબ આરોપી નં.૩ તથા ૩૭ બોમ્બ બ્લાસ્ટ કરવાની વાતો કરતા હતા અને આરોપી નં.૩નાઓએ આ સાહેદને એક પેકેટ આપેલુ અને અમદાવાદ આવીને આરોપી નં.૩૭ નાઓને આપેલાનું જણાવે છે. આ સાહેદે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ સમક્ષ લખાવેલુ તેમાં આ તમામ હકીકત જણાવી છે.

આ ઉપરાંત, આરોપી નં.૨નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ સમક્ષ લખાવેલું તે મુજબ આરોપી નં.૩ વાઘમોન (કેરળ) મુકામે તાલીમ કેમ્પમાં હાજર હતો તેવી હકીકત કબૂલાત નિવેદનમાં છે. આરોપી નં.૩ હાલોલ–પાવાગઢ ખાતે તા.૧૩.૧.૨૦૦૮ થી તા.૧૫.૧.૨૦૦૮ ના સમય દરમ્યાન આતંકવાદી તાલીમ કેમ્પ યોજાયેલો તે કેમ્પમાં અન્ય આરોપીઓ સાથે હાજર રહેલો છે અને કેમ્પમાં હાજર તમામ આરોપીઓ ખુંદપીરની દરગાહ ઉપર આવેલી ધર્મશાળામાં રોકાયેલા. જુદી–જુદી જગ્યાઓ ઉપર તાલીમો લીધેલી. મુસ્લિમોનો બદલો લેવાની, જેહાદી ભાષણો કરેલા અને બોમ્બ બનાવવાની તાલીમ આપેલાની હકીકત તેઓના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે.

આ ઉપરાંત, આરોપી નં.૩૫ નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ સમક્ષ લખાવેલું તે મુજબ આરોપી નં.૩ નાઓ હાલોલ–પાવાગઢ ખાતેના તાલીમ કેમ્પમાં ગયેલો અને તાલીમ લીધેલાની હકીકત તેઓના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે. જો કે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ નાઓએ આરોપી નં.૩૫ નું કબૂલાત નિવેદન સોગંદ ઉપર લીધેલું છે જે ગેરકાયદેસર છે. પરંતુ આરોપી નં.૦૨ના કબૂલાત નિવેદન મુજબ હાલોલ–પાવાગઢના કેમ્પમાં આરોપી નં.૩ નાએ હાજર રહી સક્રિય કામગીરી કરેલી છે તેમજ આતંકવાદી તાલીમો મેળવેલી છે તેમ હું માનું છું. આરોપી નં.૩૫ નુ કબૂલાત નિવેદન સોગંદ ઉપર લેવામાં

આવેલુ છે જે ધ્યાને લેવામાં આવતુ નથી. પરંતુ આરોપી નં.૨ નુ કબૂલાત નિવેદન ધ્યાને લેતા તે હાલોલ–પાવાગઢ ખાતેના આતંકવાદી તાલીમ કેમ્પમાં હાજર રહેલાનું સ્પષ્ટ છે.

સાહેદ નં.૮૮૩ કુંવરજી મેરૂજી ઠાકોરની જુબાનીના સારાંશ મુજબ આ આરોપી નં.૩ નાઓ આ સાહેદ તથા તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારીને માહિતી આપેલી અને પોતે દોરીને જે જગ્યા ઉપર બોમ્બ મુકેલો તે જગ્યા બતાવવા માટે લઈ ગયેલો. આ આરોપી નં.૩ નાઓએ બોમ્બવાળી સાઇકલ શીતલ સિનેમા પાસેથી લીધેલી તે જગ્યા બતાવેલી તથા તે સાઇકલ લીધા બાદ ઠક્કરનગર ચાર રસ્તા પાસે આવેલ કુળદેવી ચાની કીટલી પાસે મુકેલી તે જગ્યા પણ બતાવેલી. ત્યારબાદ એ.એમ.ટી.એસ. બસમાં બોમ્બ મુકીને રખીયાલ ચાર રસ્તાની આગળ મસ્જિદ પાસે ઉતરી ગયેલાવાળી જગ્યા બતાવેલી હતી અને તે અંગેનું પંચનામુ તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ શ્રી આર.વી. અસારીનાઓએ આંક–૬૩૧૧ વાળુ બનાવેલું.

સાહેદ નં.૩૪૮ ઈન્તેખાબ આલમફજલુ રહેમાન શેખની જુબાનીના સારાંશ મુજબ આ આરોપી નં.૩ નાઓ આ સાહેદ તથા તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારીને માહિતી આપેલી અને પોતે દોરીને જે જગ્યા ઉપર લઇ ગયેલો તે જગ્યા વાસણા રોડ અંબર ટાવર વચ્ચે સરખેજ ટાઉન બીટ ઉપર હતી કે જયાં એ.એમ.ટી.એસ.બસમાં બોમ્બ બ્લાસ્ટ થયેલો તે જગ્યા બતાવવા માટે લઈ ગયેલો. આ ઉપરાંત આ આરોપી નં.૩ નાએ સોનીની ચાલી ચાર રસ્તાવાળી જગ્યા કે જે જગ્યાએ તેને બોમ્બ મુકેલો તે જગ્યા પણ બતાવેલી હતી અને તે અંગેનું પંચનામુ તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ શ્રી આર. વી. અસારીનાઓએ આંક–૬૩૧૧ વાળુ બનાવેલું.

સાહેદ નં.૩૫૬ દિનેશ ચંદુલાલ ઠાકરની જુબાનીના સારાંશ મુજબ આ આરોપી નં.૩નાઓ આ સાહેદ તથા તપાસ કરનાર અધિકારીને માહિતી આપેલી અને પોતે દોરીને ઠક્કરબાપા નગર એપ્રોચ રોડ ઉપર આવેલ કુળદેવી ટી સ્ટોલવાળી જગ્યા બતાવવા માટે લઈ ગયેલો અને તે અંગેનું પંચનામુ તપાસ

કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ શ્રી આર.વી. અસારીનાઓએ આંક–૬૩૧૧ વાળુ બનાવેલું.

સાહેદ નં.૬૦૦ વિશાલ ગણપતભાઈ પારેખની જુબાનીના સારાંશ મુજબ આ આરોપી નં.૩નાઓએ આ બનાવો દરમ્યાન ઉપયોગમાં લીધેલ મોબાઈલ ફોન આરોપી નં.૩ ના સગા ઝુલેખાબીબીએ રજૂ કરેલો અને તે ફોન તપાસ કરનાર અધિકારીએ આંક–૩૨૨૫ વાળા પંચનામાની વિગતે કબજે કરેલાનું જણાવે છે.

આંક–૧૨૨ વાળા તહોમતનામામાં જણાવ્યા મુજબ ઘણા બધા આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો એવા છે કે, તે બાબતે આ આરોપી નં.૩ સામે ફરિયાદપક્ષ દ્વારા કોઈ મૌખિક કે દસ્તાવેજી પ્રત્યક્ષ પુરાવો રજૂ થયેલો નથી. આ આરોપી નં.૩ જુદી–જુદી હોટલોમાં રોકાયો હોય, તે હોટલોના રજીસ્ટરોમાં ખોટા નામથી એન્ટ્રીઓ કરી હોય, ખોટા નામે સહીઓ કરેલી હોય તેમજ આ આરોપી નં.૩ નાઓએ ખોટા દસ્તાવેજ બનાવી તે દસ્તાવેજોનો સાચા તરીકે ઉપયોગ કર્યો હોય તેવા કોઈ પ્રત્યક્ષ પુરાવા આ આરોપી નં.૩ સામે નથી. પરંતુ આ અંગેના પ્રત્યક્ષ પુરાવા આરોપી નં.૧૪, ૩૭, ૪૩, ૪૫, ૪૬, ૬૯ અને ૭૦ વિરૂધ્ધ રજૂ થયેલા છે. જેથી કાવતરાના પેરામાં ચર્ચા કર્યા મુજબ તેમજ તે પેરામાં નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લીધેલા છે તે ચુકાદા મુજબ આરોપી નં.૩ નાઓ કોઈ હોટલમાં ખોટા નામે એન્ટ્રી કરી રોકાયેલા ન હોવા છતાં પણ અન્ય આરોપીઓ સાથે આરોપી નં.૩ ની સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે. આ ઉપરાંત આ આરોપી નં.૩ નાઓએ બનાવોમાં ઉપયોગમાં લીધેલ કોઈ વસ્તુ કે પુરાવાનો નાશ કર્યો હોય તેવો પણ કોઈ પ્રત્યક્ષ પુરાવો નથી. આ ઉપરાંત આ બનાવો બન્યા બાદ બનાવોમાં સંડોવાયેલા અન્ય કોઈ આરોપીને આશ્રય આપેલો હોય, તેઓને છુપાવેલા હોય તેવો પણ કોઈ પ્રત્યક્ષ પુરાવો આરોપી નં.૩ તથા અન્ય આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ નથી. આ આરોપી નં.૩ સીમીના સભ્ય હોવાનો મૌખિક પુરાવો છે. સાહેદ નં.૧૧૧૭ આસીફ ઉસ્માન શેખ, સાહેદ નં.૧૧૨૧ સાદાબ પાનવાલાની જુબાનીઓ તેમજ આરોપી

નં.૨ ના કબૂલાત નિવેદન મુજબ આ આરોપી નં.૩ સીમીનો સભ્ય છે. સીમી સંગઠન ઉપર ભારત સરકાર દ્વારા પ્રતિબંધ મુકવામાં આવેલો છે તે અંગેનું જાહેરનામું ભારત સરકારના રાજપત્રમાં પ્રસિધ્ધ પણ થયેલું છે માટે સીમી સંગઠનની જાહેરમાં કોઇ ઑફિસ ન હોય અને સીમી અંગેનો કોઇ દસ્તાવેજી પુરાવો ન હોય તે સ્વાભાવિક છે અને તેના કારણે તપાસ કરનાર અધિકારીઓ પૈકી કોઇપણ અધિકારીને સીમી બાબતે તપાસ દરમ્યાન કોઇ દસ્તાવેજી પુરાવોમળેલો નથી.સીમીની કાર્યવાહી પ્રતિબંધના કારણે ગુપ્તરીતે થતી હોય છે. સીમી સંગઠનનું કોઇ રેકર્ડ જાહેરમાં પ્રસિધ્ધ થયેલું નથી. સીમી સંગઠનમાં કોઇ આરોપી સભ્ય બનેલા હોય તો તે અંગેની કોઇ પાવતી કે દસ્તાવેજી પુરાવો ન હોય. આ આરોપી નં.૩ સીમી સંગઠનમાં સક્રિય છે તેવું આરોપી સામેના મૌખિક પુરાવાથી પુરવાર થાય છે. આ ઉપરાંત આરોપી નં.૬૮ નાઓએ આંક–૯૨૪૮ થી **"કનેકશન ઓફ સીમી"** અંગે એક દસ્તાવેજ રજૂ કરેલો છે તે વંચાણે લેતા સીમી સંગઠન વિશે તથા તેના હોદ્દેદારો, સભ્યો અને પ્રાદેશિક સભ્યો, સીમી સંગઠનનો હેતુ બાબતે તમામ હકીકતો જણાવેલી છે.પરંતુ સંગઠનને કોઇ નાણાકીય સહાય પુરી પાડી હોય અથવા નાણાકીય સહાય પુરી પાડવા કોઇ અન્ય વ્યકિત પાસે મદદ માંગી હોય તેવો ફરિયાદપક્ષ તરફથી કોઇ પ્રત્યક્ષ પુરાવો રજૂ થયેલો નથી. આ આરોપી નં.૩ નાઓએ બનાવો બનતા પહેલા આતંકવાદી ઇ–મેઇલ કર્યા હોય તેવા કોઇ ઇ–મેઇલ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા નથી. આ આરોપી નં.૩ નાઓએ કોઇ કમ્પ્યુટરમાંથી આતંકવાદી ઇ–મેઇલ કર્યા હોય અને ઇ–મેઇલ કર્યા પછી તે ઇ–મેઇલ કમ્પ્યુટરમાંથી ડિલીટ કર્યા હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી.આરોપી નં.૩૩ તથા ૩૪ નાઓએ ઇન્ડિયા ટીવીને આતંકવાદી ઇ–મેઇલ કરેલાનો આક્ષેપ છે પરંતુ રજૂ થયેલા ઇ–મેઇલ ધ્યાને લેતા તે આક્ષેપ પુરવાર થતા નથી. આ આરોપી પાસેથી પરવાના વિનાનો કોઇ દેશી તમંચો કે હથિયાર કબજે કરવામાં આવ્યુ હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા

રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીઓ તથા આ આરોપી વિરૂધ્ધ સમગ્ર પુરાવા ધ્યાને લેતા અમદાવાદ શહેરમાં થયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોના કાવતરામાં અને તેની સાથે સંલગ્ન સુરત શહેરના બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં આ આરોપી નં.૩ ની શરૂઆતથી લઇને બનાવોના અંત સુધી સક્રિય ભૂમિકા રહેલી છે આ આરોપી નં.૩ સામે આંક–૧૨૨ મુજબના તહોમતનામામાં જે આક્ષેપો ફરમાવવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો પુરાવાર થાય છે તેમ હું માનું છું. ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૨ ની ભૂમિકા બાબતે તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન કરતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૩ સામે મુદ્દા નં.૧ થી ૧૩, ૧૬ થી ૧૯, ૨૧ થી ૨૪, ૨૬ થી ૩૨ પુરવાર કરે છે. જયારે મુદ્દા નં. ૧૪,૧૫, ૨૦,૨૫, ૩૩ થી ૩૫ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવુ છું.

આરોપી નં.૪ સમસુદ્દીન ઉર્ફે સમસુ શાહબુદ્દીન શેખ

સાહેદ નં.૯૫૭ જાકિર હુસેન અબ્દુલ જબ્બાર કુરેશીની જુબાનીના સારાંશ મુજબ આ આરોપી પ્રતિબંધિત સંગઠન 'સીમી'નો સભ્ય છે. ગુપ્ત રીતે સીમીની ઑફિસ જુદી–જુદી જગ્યાઓ ઉપર ચાલે છે. સીમીની ઑફિસમાં આ આરોપીની સક્રિય હાજરી રહેલી છે. સીમીની મીટીંગોમા આ આરોપી સતત પ્રવૃત્તમય અને કાર્યરત રહેલો છે. જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગમાં અન્ય આરોપીઓને પણ હાજર રાખેલા છે. આ આરોપી તથા અન્ય સહ–આરોપીઓ સીમીની મીટીંગોમાં રાજય સરકાર તેમજ ભારત સરકાર વિરૂધ્ધ જેહાદ કરવાની વાતો કરેલી છે તે પ્રમાણેના ભાષણો કરેલા છે અને તે સાંભળેલા છે. ગોધરા કાંડનો બદલો લેવાની વાતો પણ થયેલી છે અને તે સાંભળેલી છે. હિન્દુ વિસ્તારમાં બોમ્બ ધડાકા કરવાની વાતો થયેલી છે અને તે સાંભળેલી છે. આ ઉપરાંત આ આરોપી હાલોલ–પાવાગઢ ખાતે તા.૧૩/૦૧/૨૦૦૮ થી લઇને તા.૧૫/૦૧/૨૦૦૮ ના સમય દરમ્યાન આતંકવાદી તાલીમ કેમ્પનું આયોજન

કરવામા આવેલું તેમાં અન્ય આરોપીઓ સાથે કેમ્પમાં ગયેલો છે. કેમ્પમાં જેહાદી ભાષણો સાંભળેલા છે. તાલીમો લીધેલી છે અને કેમ્પના આયોજનમાં પ્રત્યક્ષ રીતે મદદ કરેલી છે. આ સાહેદ જાકિર હુસેન પોતાની જુબાનીમાં આરોપી નં.૪ ને અદાલત રૂબરૂ ઓળખી બતાવેલ છે. આ તમામ હકીકત આ સાહેદે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ સમક્ષ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબના નિવેદનમાં પણ જણાવેલી છે.

સાહેદ નં.૧૧૪૧ એૈયાઝ રજાકમીયા સૈયદની જુબાનીના સારાંશ મુજબ સને–૨૦૦૦ની સાલથી શાહપુર બાઈ સેન્ટરમાં સીમીની ઑફિસ ચાલતી હતી. આરોપી નં.૬ ઑફિસમાં હાજર રહેતો હતો. આ સાહેદ સીમીની ઑફિસમાં વીઝીટમાં ગયેલો ત્યારે સીમી વિશે સમજાવવામાં આવેલુ, છુપી રીતે મીટીંગો થાય છે તેમ જણાવવામાં આવેલુ, મીટીંગોમાં હાજર રહેવાનું પણ જણાવવામાં આવેલુ, સુરત–અમદાવાદમાં મીટીંગો થતી હોવાનું પણ જણાવવામાં આવેલુ, ગોધરા કાંડની વાતો થતી, ૨૦૦૫ ની સાલમાં પણ આ સાહેદ સીમીની ઑફિસમાં ગયેલા અને આરોપી નં.૬ ત્યાં હાજર રહેતો હતો. આ સાહેદને પ્રોગ્રામોમાં આવવાનું જણાવવામાં આવેલુ. આ મીટીંગોમાં આરોપી નં.૪ પણ હાજર રહેતો હતો તેમ જણાવે છે. મીટીંગોમાં તકરીર થતી, જેહાદની વાતો થતી, એક પ્રોગ્રામ યાકુબ મેમણના ઘરે થયેલો, એક પ્રોગ્રામ દરિયાપુરમાં સમસુદ્દીનના નાના ના ઘરે થયેલો. ત્યાં બીજા ઘણા આરોપીઓ હાજર રહેતા હતા. ભાષણો થતા, ટી.વી./ડી.વી.ડી. ઉપર કેસેટો બતાવવામાં આવતી, બોમ્બનું ડેમોસ્ટ્રેશન થતુ વિગેરે તમામ હકીકતો આ સાહેદ સીમીને લગતી જણાવેલી છે. આ સાહેદની જુબાની ધ્યાને લેતા આરોપી નં.૪ સીમીનો કાર્યકર હોવાનું સ્પષ્ટ જણાય આવે છે. આ સાહેદે આરોપી નં.૪ ને અદાલત રૂબરૂ જુબાની દરમિયાન ઓળખી પણ બતાવેલો છે.

સાહેદ નં.૧૦૯૭ મહેતાબ ઈબ્રાહીમ શેખની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદ કોસંબા ખાતે "મહેતાબ કોમ્પ્યુટર એકેડમી" નામના કલાસ ચલાવતા હતા. આ સાહેદ લીંબાયત સુરત મુકામે સીમીની મીટીંગમાં ગયેલાનું

જણાવે છે. જેમાં આરોપી નં.૪ અન્ય આરોપીઓ સાથે મીટીંગમાં હાજર હતા અને તેનો સંપર્ક આ સાહેદ સાથે થયેલો. આ સાહેદના કહેવા પ્રમાણે હાજર રહેલા બધા જ સીમી સાથે સંકળાયેલા હતા. આરોપી નં.૩૭ તથા તૌકીર નામનો આરોપી ભાડેથી ઘર લેવા પણ આવેલા હતા તેવી હકીકત જણાવેલી છે. આ સાહેદે આરોપી નં.૪ ને અદાલત રૂબરૂ જુબાની દરમ્યાન ઓળખી બતાવેલો છે.

આ ઉપરાંત, આરોપી નં.૨ નાઓએ પોતે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ સમક્ષ લખાવેલું તે મુજબ આરોપી નં.૪ વાઘમોન (કેરળ) મુકામે તાલીમ કેમ્પમાં હાજર હતો તેવી હકીકત કબૂલાત નિવેદનમાં છે. આરોપી નં.૪ હાલોલ–પાવાગઢ ખાતે તા.૧૩.૧.૨૦૦૮ થી તા.૧૫.૧.૨૦૦૮ ના સમય દરમ્યાન આતંકવાદી તાલીમ કેમ્પ યોજાયેલો તે કેમ્પમાં અન્ય આરોપીઓ સાથે હાજર રહેલો છે અને કેમ્પમાં હાજર તમામ આરોપીઓ ખુંદપીરની દરગાહ ઉપર આવેલી ધર્મશાળામાં રોકાયેલા. જુદી–જુદી જગ્યાઓ ઉપર તાલીમો લીધેલી. મુસ્લિમોનો બદલો લેવાની, જેહાદી ભાષણો કરેલા અને બોમ્બ બનાવવાની તાલીમ આપેલાની હકીકત તેઓના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે.

આ ઉપરાંત, આરોપી નં.૨૪નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ સમક્ષ લખાવેલું તે મુજબ આરોપી નં.૪નાઓનો તા.૨૦.૭.૨૦૦૮ ના રોજ આરોપી નં.૨૪ ઉપર ફોન આવેલો અને જુહાપુરા મુકામે યાકુબ મેમણના ઘરે મીટીંગમાં બોલાવેલો. આરોપી નં.૨૪ ત્યાં ગયો ત્યારે આરોપી નં.૪ તથા બીજા અન્ય આરોપીઓ હાજર હતા અને જેહાદની વાતો કરતા હતા તેવી હકીકત તેઓના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે. ઉપરોકત બંને આરોપીઓના કબૂલાત નિવેદનો મુજબ હાલોલ–પાવાગઢના કેમ્પમાં આરોપી નં.૪નાએ હાજર રહી સક્રિય કામગીરી કરેલી છે તેમજ આતંકવાદી તાલીમો મેળવેલી છે તથા જુહાપુરા મુકામે યાકુબ મેમણને ત્યાં મીટીંગ થયેલી અને તેમાં જેહાદી ભાષણો થયેલા હતા તેમ હું માનું છું.

સાહેદ નં.૮૦૯ નસરૂદ્દીન ઈસ્માઈલ શેખની જુબાનીના સારાંશ મુજબ આરોપી નં.૪ તપાસ કરનાર અધિકારી તથા આ સાહેદને લઈને જુહાપુરામાં આવેલ શરીફાબાદ સોસાયટી મકાન નં.બી/૦૯ કે જે યાકુબ મેમણનું હતુ ત્યાં દોરીને લઈ ગયેલો અને સીમીની એક મીટીંગ આ મકાન ઉપર થયેલી અને તેમાં જેહાદી ભાષણો આ જગ્યા ઉપર થયેલા તે જગ્યા આરોપી નં.૪ નાએ બતાવેલી હતી. મકાન ઉપરથી તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૦૭૦ વિનય શુકલનાઓએ ટોરેન્ટ પાવરનું બીલ પણ આંક–૫૪૫૨ વાળા પંચનામાની વિગતે કબજે કરેલુ હતુ.

સાહેદ નં.૫૯૬ મહેશ કાન્તીલાલ સુમરાની જુબાનીના સારાંશ મુજબ આરોપી નં.૪ નાઓએ આ મીટીંગો દરમ્યાન મોબાઈલ ફોનનો ઉપયોગ કરેલો તે ફોન આરોપી નં.૪ ના પત્ની જાહેદાબાનુએ તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૦૭૦ વિનય શુકલ સમક્ષ રજૂ કરેલો અને તે આંક–૩૨૧૦ વાળા પંચનામાની વિગતે કબજે કરેલો હતો.

સાહેદ નં.૧૦૪૧ તાલીબ અબ્દુલ ગફાર મણીયારની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદે ફરિયાદપક્ષની હકીકતને સમર્થન કરેલ નથી. પરંતુ આ સાહેદની જુબાની ધ્યાને લેતા આ સાહેદ સીમીના સક્રિય કાર્યકર હતા. ૨૦૦૧ ની સાલથી સીમી ઉપર પ્રતિબંધ મુકાયેલ હતો અને આરોપી નં.૪ સીમીની મીટીંગોમાં હાજર રહેતો હતો તેવી હકીકત આ સાહેદની જુબાની ઉપરથી માલુમ પડે છે. આ ઉપરાંત લીંબાયત સુરત મુકામે પણ આરોપી નં.૪ સીમીની મીટીંગોમાં હાજર રહેતો હતો તેવી હકીકત પણ માલુમ પડે છે.

આંક–૧૨૨ વાળા તહોમતનામામાં જણાવ્યા મુજબ ઘણા બધા આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો એવા છે કે, તે બાબતે આ આરોપી નં.૪ સામે ફરિયાદપક્ષ દ્વારા કોઈ મૌખિક કે દસ્તાવેજી પ્રત્યક્ષ પુરાવો રજૂ થયેલો નથી. આ આરોપી નં.૪ જુદી–જુદી હોટલોમાં રોકાયો હોય, તે હોટલોના રજીસ્ટરોમાં ખોટા નામથી એન્ટ્રીઓ કરી હોય, ખોટા નામે સહીઓ કરેલી હોય તેમજ આ આરોપી નં.૪ નાઓએ ખોટા દસ્તાવેજ બનાવી તે દસ્તાવેજોનો સાચા તરીકે ઉપયોગ કર્યો

હોય તેવા કોઈ પ્રત્યક્ષ પુરાવા આ આરોપી નં.૪ સામે નથી.પરંતુ આ અંગેના પ્રત્યક્ષ પુરાવા આરોપી નં.૧૪, ૩૭, ૪૩, ૪૫, ૪૬, ૬૯ અને ૭૦ વિરૂધ્ધ રજૂ થયેલા છે. જેથી કાવતરાના પેરામાં ચર્ચા કર્યા મુજબ તેમજ તે પેરામાં નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લીધેલા છે તે ચુકાદા મુજબ આરોપી નં.૪ નાઓ કોઈ હોટલમાં ખોટા નામે એન્ટ્રી કરી રોકાયેલા ન હોવા છતાં પણ અન્ય આરોપીઓ સાથે આરોપી નં.૪ ની સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે. આ ઉપરાંત આ આરોપી નં.૪ નાઓએ બનાવોમાં ઉપયોગમાં લીધેલ કોઇ વસ્તુ કે પુરાવાનો નાશ કર્યો હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો નથી. આ ઉપરાંત આ બનાવો બન્યા બાદ બનાવોમાં સંડોવાયેલા અન્ય કોઇ આરોપીને આશ્રય આપેલો હોય, તેઓને છુપાવેલા હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો આરોપી નં.૪ વિરૂધ્ધ કે અન્ય આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ નથી. આ આરોપી નં.૪ સીમીના સભ્ય હોવાનો મૌખિક પુરાવો છે. સાહેદ નં.૯૫૭ જાકીર હુસેન, સાહેદ નં.૧૧૪૧ એૈયાઝ શેખ, સાહેદ નં.૧૧૫૧ રીયાઝહુસેન મહમદહુસેન સીદ્દીકીની જુબાનીઓ મુજબ આ આરોપી નં.૪ સીમીનો સભ્ય છે. સીમી સંગઠન ઉપર ભારત સરકાર દ્વારા પ્રતિબંધ મુકવામાં આવેલો છે તે અંગેનું જાહેરનામું ભારત સરકારના રાજપત્રમાં પ્રસિધ્ધ પણ થયેલું છે માટે સીમી સંગઠનની જાહેરમાં કોઇ ઑફિસ ન હોય અને સીમી અંગેનો કોઇ દસ્તાવેજી પુરાવો ન હોય તે સ્વાભાવિક છે અને તેના કારણે તપાસ કરનાર અધિકારીઓ પૈકી કોઇપણ અધિકારીને સીમી બાબતે તપાસ દરમ્યાન કોઇ દસ્તાવેજી પુરાવો મળેલો નથી. સીમીની કાર્યવાહી પ્રતિબંધના કારણે ગુપ્ત રીતે થતી હોય છે. સીમી સંગઠનનું કોઇ રેકર્ડ જાહેરમાં પ્રસિધ્ધ થયેલું નથી. સીમી સંગઠનમાં કોઇ આરોપી સભ્ય બનેલા હોય તો તે અંગેની કોઇ પાવતી કે દસ્તાવેજી પુરાવો ન હોય. આ આરોપી નં.૪ સીમી સંગઠનમાં સક્રિય છે તેવું આરોપી સામેના મૌખિક પુરાવાથી પુરવાર થાય છે. આ ઉપરાંત આરોપી નં.૬૮નાઓએ આંક–૯૨૪૮થી "**કનેકશન ઓફ સીમી**" અંગે એક દસ્તાવેજ રજૂ કરેલો છે તે વંચાણે લેતા સીમી સંગઠન વિશે તથા તેના હોદ્દેદારો, સભ્યો અને પ્રાદેશિક સભ્યો, સીમી સંગઠનનો હેતુ બાબતે

તમામ હકીકતો જણાવેલી છે. પરંતુ સંગઠનને કોઇ નાણાકીય સહાય પુરી પાડી હોય અથવા નાણાકીય સહાય પુરી પાડવા કોઇ અન્ય વ્યકિત પાસે મદદ માંગી હોય તેવો ફરિયાદપક્ષ તરફથી કોઇ પ્રત્યક્ષ પુરાવો રજૂ થયેલો નથી. આ આરોપી નં.૪નાઓએ બનાવો બનતા પહેલા આતંકવાદી ઇ–મેઇલ કર્યા હોય તેવા કોઇ ઇ–મેઇલ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા નથી. આ આરોપી નં.૪ નાઓએ કોઇ કમ્પ્યુટરમાંથી આતંકવાદી ઇ–મેઇલ કર્યા હોય અને ઇ–મેઇલ કર્યા પછી તે ઇ–મેઇલ કમ્પ્યુટરમાંથી ડિલીટ કર્યા હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આરોપી નં.૩૩ તથા ૩૪ નાઓએ ઈન્ડિયા ટીવીને આતંકવાદી ઈ–મેઈલ કરેલાનો આક્ષેપ છે પરંતુ રજૂ થયેલા ઈ–મેઈલ ધ્યાને લેતા તે આક્ષેપ પુરવાર થતા નથી. આ આરોપી પાસેથી પરવાના વિનાનો કોઇ દેશી તમંચો કે હથિયાર કબજે કરવામાં આવ્યુ હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન. બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીઓ તથા આ આરોપી વિરૂધ્ધ સમગ્ર પુરાવા ધ્યાને લેતા અમદાવાદ શહેરમાં થયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોના કાવતરામાં અને તેની સાથે સંલગ્ન સુરત શહેરના બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં આ આરોપી નં.૪ની શરૂઆતથી લઇને બનાવોના અંત સુધી સક્રિય ભૂમિકા રહેલી છે આ આરોપી નં.૪ સામે આંક–૧૨૨ મુજબના તહોમતનામામાં જે આક્ષેપો ફરમાવવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો પુરાવાર થાય છે તેમ હું માનું છું. ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૪ ની ભૂમિકા બાબતે તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન કરતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૪ સામે મુદ્દા નં.૧ થી ૧૩, ૧૬ થી ૧૯, ૨૧ થી ૨૪, ૨૬ થી ૩૨ પુરવાર કરે છે. જયારે મુદ્દા નં. ૧૪,૧૫, ૨૦,૨૫, ૩૩ થી ૩૫ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવુ છું.

આરોપી નં.૦૫ ગ્યાસુદ્દીન ઉર્ફે ગ્યાસુ અબ્દુલ સલીમ અંસારી

સાહેદ નં.૯૫૭ જાકિર હુસેન અબ્દુલ જબ્બાર કુરેશીની જુબાનીના સારાંશ મુજબ આ આરોપી પ્રતિબંધિત સંગઠન 'સીમી'નો સભ્ય છે. ગુપ્ત રીતે સીમીની ઑફિસ જુદી–જુદી જગ્યાઓ ઉપર ચાલે છે. સીમીની ઑફિસમાં આ આરોપીની સક્રિય હાજરી રહેલી છે. સીમીની મીટીંગોમા આ આરોપી સતત પ્રવૃત્તમય અને કાર્યરત રહેલો છે. જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગમાં અન્ય આરોપીઓને પણ હાજર રાખેલા છે. આ આરોપી તથા અન્ય સહઆરોપીઓ સીમીની મીટીંગોમાં રાજય સરકાર તેમજ ભારત સરકાર વિરૂધ્ધ જેહાદ કરવાની વાતો કરેલી છે તે પ્રમાણેના ભાષણો કરેલા છે અને તે સાંભળેલા છે. ગોધરા કાંડનો બદલો લેવાની વાતો પણ થયેલી છે અને તે સાંભળેલી છે. હિન્દુ વિસ્તારમાં બોમ્બ ધડાકા કરવાની વાતો થયેલી છે અને તે સાંભળેલી છે. આ ઉપરાંત આ આરોપી હાલોલ–પાવાગઢ ખાતે તા.૧૩/૦૧/૨૦૦૮ થી લઇને તા.૧૫/૦૧/૨૦૦૮ ના સમય દરમ્યાન આતંકવાદી તાલીમ કેમ્પનું આયોજન કરવામા આવેલું તેમાં અન્ય આરોપીઓ સાથે કેમ્પમાં ગયેલો છે. કેમ્પમાં જેહાદી ભાષણો સાંભળેલા છે. તાલીમો લીધેલી છે અને કેમ્પના આયોજનમાં પ્રત્યક્ષ રીતે મદદ કરેલી છે. આ સાહેદ જાકિર હુસેન પોતાની જુબાનીમાં આરોપી નં.૫ ને જુબાની દરમિયાન અદાલત રૂબરૂ ઓળખી બતાવેલ છે. આ તમામ હકીકત આ સાહેદે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ સમક્ષ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબના નિવેદનમાં પણ જણાવેલી છે.

આ ઉપરાંત, આરોપી નં.૨નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ સમક્ષ લખાવેલું તે મુજબ આરોપી નં.૫ વાઘમોન (કેરળ) મુકામે તાલીમ કેમ્પમાં હાજર હતો તેવી હકીકત કબુલાત નિવેદનમાં છે. આરોપી નં.૫ હાલોલ–પાવાગઢ ખાતે તા.૧૩.૧.૨૦૦૮ થી તા.૧૫.૧.૨૦૦૮ ના સમય દરમ્યાન આતંકવાદી તાલીમ કેમ્પ યોજાયેલો તે કેમ્પમાં અન્ય આરોપીઓ સાથે હાજર રહેલો છે અને કેમ્પમાં હાજર તમામ આરોપીઓ ખુંદપીરની દરગાહ ઉપર આવેલી ધર્મશાળામાં રોકાયેલા. જુદી–જુદી જગ્યાઓ ઉપર તાલીમો લીધેલી. મુસ્લિમોનો બદલો લેવાની, જેહાદી

ભાષણો કરેલા અને બોમ્બ બનાવવાની તાલીમ આપેલાની હકીકત તેઓના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે. ઉપરોકત આરોપીના કબૂલાત નિવેદન મુજબ હાલોલ–પાવાગઢના કેમ્પમાં આરોપી નં.પનાએ હાજર રહી સક્રિય કામગીરી કરેલી છે તેમજ આતંકવાદી તાલીમો મેળવેલી છે તેમ હું માનું છું.

આંક–૧૨૨ વાળા તહોમતનામામાં જણાવ્યા મુજબ ઘણા બધા આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો એવા છે કે, તે બાબતે આ આરોપી નં.૫ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા કોઇ મૌખિક કે દસ્તાવેજી પ્રત્યક્ષ પુરાવો રજૂ થયેલો નથી. આ આરોપી નં.૫ જુદી–જુદી હોટલોમાં રોકાયો હોય, તે હોટલોના રજીસ્ટરોમાં ખોટા નામથી એન્ટ્રીઓ કરી હોય, ખોટા નામે સહીઓ કરેલી હોય તેમજ આ આરોપી નં.૫ નાઓએ ખોટા દસ્તાવેજ બનાવી તે દસ્તાવેજોનો સાચા તરીકે ઉપયોગ કર્યો હોય તેવા કોઇ પ્રત્યક્ષ પુરાવા આ આરોપી નં.૫ સામે નથી. પરંતુ આ અંગેના પ્રત્યક્ષ પુરાવા આરોપી નં.૧૪, ૩૭, ૪૩, ૪૫, ૪૬, ૬૯ અને ૭૦ વિરૂધ્ધ રજૂ થયેલા છે. જેથી કાવતરાના પેરામાં ચર્ચા કર્યા મુજબ તેમજ તે પેરામાં નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લીધેલા છે તે ચુકાદા મુજબ આરોપી નં.૫ નાઓ કોઈ હોટલમાં ખોટા નામે એન્ટ્રી કરી રોકાયેલા ન હોવા છતાં પણ અન્ય આરોપીઓ સાથે આરોપી નં.પની સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે. આ ઉપરાંત આ આરોપી નં.૫ નાઓએ બનાવોમાં ઉપયોગમાં લીધેલ કોઇ વસ્તુ કે પુરાવાનો નાશ કર્યો હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો નથી. આ ઉપરાંત આ બનાવો બન્યા બાદ બનાવોમાં સંડોવાયેલા અન્ય કોઇ આરોપીને આશ્રય આપેલો હોય, તેઓને છુપાવેલા હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો આરોપી નં.૫ કે અન્ય આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ નથી. આ આરોપી નં.૫ સીમીના સભ્ય હોવાનો મૌખિક પુરાવો છે. સાહેદ નં.૯૫૭ જાકીર હુસેનની જુબાની તથા આરોપી નં.૨ ના કબૂલાત નિવેદન મુજબ આ આરોપી નં.૫ સીમીનો સભ્ય છે. સીમી સંગઠન ઉપર ભારત સરકાર દ્વારા પ્રતિબંધ મુકવામાં આવેલો છે તે અંગેનું જાહેરનામું ભારત સરકારના રાજપત્રમાં પ્રસિધ્ધ પણ થયેલું છે માટે સીમી સંગઠનની જાહેરમાં કોઇ ઑફિસ ન હોય અને સીમી અંગેનો કોઇ

દસ્તાવેજી પુરાવો ન હોય તે સ્વાભાવિક છે અને તેના કારણે તપાસ કરનાર અધિકારીઓ પૈકી કોઇપણ અધિકારીને સીમી બાબતે તપાસ દરમ્યાન કોઇ દસ્તાવેજી પુરાવો મળેલો નથી. સીમીની કાર્યવાહી પ્રતિબંધના કારણે ગુપ્તરીતે થતી હોય છે. સીમી સંગઠનનું કોઇ રેકર્ડ જાહેરમાં પ્રસિધ્ધ થયેલું નથી. સીમી સંગઠનમાં કોઇ આરોપી સભ્ય બનેલા હોય તો તે અંગેની કોઇ પાવતી કે દસ્તાવેજી પુરાવો ન હોય. આ આરોપી નં.૫ સીમી સંગઠનમાં સક્રિય છે તેવું આરોપી સામેના મૌખિક પુરાવાથી પુરવાર થાય છે.આ ઉપરાંત આરોપી નં.૬૮ નાઓએ આંક–૯૨૪૮ થી "**કનેકશન ઓફ સીમી**" અંગે એક દસ્તાવેજ રજૂ કરેલો છે તે વંચાણે લેતા સીમી સંગઠન વિશે તથા તેના હોદ્દેદારો, સભ્યો અને પ્રાદેશિક સભ્યો, સીમી સંગઠનનો હેતુ બાબતે તમામ હકીકતો જણાવેલી છે. પરંતુ સંગઠનને કોઇ નાણાકીય સહાય પુરી પાડી હોય અથવા નાણાકીય સહાય પુરી પાડવા કોઇ અન્ય વ્યકિત પાસે મદદ માંગી હોય તેવો ફરિયાદપક્ષ તરફથી કોઇ પ્રત્યક્ષ પુરાવો રજૂ થયેલો નથી. આ આરોપી નં.૫ નાઓએ બનાવો બનતા પહેલા આતંકવાદી ઇ–મેઇલ કર્યા હોય તેવા કોઇ ઇ–મેઇલ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા નથી. આ આરોપી નં.૫ નાઓએ કોઇ કમ્પ્યુટરમાંથી આતંકવાદી ઇ–મેઇલ કર્યા હોય અને ઇ–મેઇલ કર્યા પછી તે ઇ–મેઇલ કમ્પ્યુટરમાંથી ડિલીટ કર્યા હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આરોપી નં.૩૩ તથા ૩૪ નાઓએ ઈન્ડિયા ટીવીને આતંકવાદી ઈ–મેઈલ કરેલાનો આક્ષેપ છે પરંતુ રજૂ થયેલા ઈ–મેઈલ ધ્યાને લેતા તે આક્ષેપ પુરવાર થતા નથી. આ આરોપી પાસેથી પરવાના વિનાનો કોઇ દેશી તમંચો કે હથિયાર કબજે કરવામાં આવ્યુ હોય તેવો પણ કોઇ સીધો પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીઓ તથા આ આરોપી વિરૂધ્ધ સમગ્ર પુરાવા ધ્યાને લેતા અમદાવાદ શહેરમાં થયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોના કાવતરામાં અને તેની સાથે સંલગ્ન સુરત શહેરના બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં

આ આરોપી નં.૫ ની શરૂઆતથી લઈને બનાવોના અંત સુધી સક્રિય ભૂમિકા રહેલી છે આ આરોપી નં.૫ સામે આંક–૧૨૨ મુજબના તહોમતનામામાં જે આક્ષેપો ફરમાવવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો પુરવાર થાય છે તેમ હું માનું છું. વાઘમોન ખાતે ડિસેમ્બર ૨૦૦૮ મા આરોપીઓએ તાલીમ કેમ્પ રાખેલો હતો અને તે કેમ્પમાં આ આરોપી પણ હાજર હતો. આ કેમ્પ બાબતે અર્નાકુલ્લમ ખાતે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાયેલી અને તે ફરિયાદના કામે કુલ–૩૮ આરોપીઓને અટક કરવામાં આવેલા. તે કામે તપાસના કામે ૩૮ આરોપીઓ વિરૂધ્ધ અદાલતમાં ચાર્જશીટ દાખલ થયેલો જેનો એન.આઈ.એ. કેસ નં.૨/૨૦૧૧ હતો. તે કામે આ આરોપીને આરોપી નં.૧૭ તરીકે દર્શાવેલ છે. તે કેસમાં એન.આઈ.એ. કોર્ટ અર્નાકુલ્લમ દ્વારા તા.૧૫.૫.૨૦૧૮ ના રોજ ચુકાદો આપવામાં આવેલ છે તે ચુકાદામાં આ આરોપીને નિર્દોષ જાહેર કરેલ છે. પરંતુ આ આરોપીની વાઘમોન ઉપરાંત હાલોલ–પાવાગઢના કેમ્પોમાં પણ હાજરી છે તથા જુદી–જુદી આતંકવાદી તાલીમો મેળવેલી છે. એટલુ જ નહીં જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગોમાં હાજર રહેલો છે અને દેશ વિરૂધ્ધ પ્રવૃત્તિઓ કરેલ છે માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૦૦ આ આરોપી બાબતે લાગુ પડશે નહીં. ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૫ ની ભૂમિકા બાબતે તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન કરતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૫ સામે મુદ્દા નં.૧ થી ૧૩, ૧૬ થી ૧૯, ૨૧ થી ૨૪, ૨૬ થી ૩૨ પુરવાર કરે છે. જયારે મુદ્દા નં. ૧૪,૧૫, ૨૦,૨૫, ૩૩ થી ૩૫ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવુ છું.

આરોપી નં.૬ મોહમદ આરીફ મોહંમદ ઈકબાલ કાગઝી

સાહેદ નં.૯૫૭ જાકિર હુસેન અબ્દુલ જબ્બાર કુરેશીની જુબાનીના સારાંશ મુજબ આ આરોપી પ્રતિબંધિત સંગઠન 'સીમી'નો સભ્ય છે. ગુપ્ત રીતે સીમીની ઑફિસ જુદી–જુદી જગ્યાઓ ઉપર ચાલે છે. સીમીની ઑફિસમાં આ આરોપીની સક્રિય હાજરી રહેલી છે. સીમીની મીટીંગોમા આ આરોપી સતત

પ્રવૃત્તમય અને કાર્યરત રહેલો છે. જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગમાં અન્ય આરોપીઓને પણ હાજર રાખેલા છે. આ આરોપી તથા અન્ય સહઆરોપીઓ સીમીની મીટીંગોમાં રાજય સરકાર તેમજ ભારત સરકાર વિરૂધ્ધ જેહાદ કરવાની વાતો કરેલી છે તે પ્રમાણેના ભાષણો કરેલા છે અને તે સાંભળેલા છે. ગોધરા કાંડનો બદલો લેવાની વાતો પણ થયેલી છે અને તે સાંભળેલી છે. હિન્દુ વિસ્તારમાં બોમ્બ ધડાકા કરવાની વાતો થયેલી છે અને તે સાંભળેલી છે. આ ઉપરાંત આ આરોપી હાલોલ–પાવાગઢ ખાતે તા.૧૩/૦૧/૨૦૦૮ થી લઇને તા.૧૫/૦૧/૨૦૦૮ ના સમય દરમ્યાન આતંકવાદી તાલીમ કેમ્પનું આયોજન કરવામા આવેલું તેમાં અન્ય આરોપીઓ સાથે કેમ્પમાં ગયેલો છે. કેમ્પમાં જેહાદી ભાષણો સાંભળેલા છે. તાલીમો લીધેલી છે અને કેમ્પના આયોજનમાં પ્રત્યક્ષ રીતે મદદ કરેલી છે. આ સાહેદ જાકિર હુસેન પોતાની જુબાનીમાં આરોપી નં.૬ ને જુબાની દરમિયાન અદાલત રૂબરૂ ઓળખી બતાવેલ છે. આ તમામ હકીકત આ સાહેદે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ સમક્ષ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબના નિવેદનમાં પણ જણાવેલી છે.

સાહેદ નં.૯૭૨ રામકાભાઇ દેવકરણ કેસરીયાની જુબાનીના સારાંશ મુજબ જાન્યુઆરી–૨૦૦૮ ની ઉત્તરાયણના સમય દરમ્યાન આ સાહેદની ભેંસો પાવાગઢના જંગલમાં ખોવાઇ ગયેલી હતી જેથી આ સાહેદ ભેંસો શોધવા માટે હેલીકૈલ વાવ તરફના જંગલોમાં ગયેલા ત્યારે ૨૫ થી ૩૦ માણસો કુગ્ગા ફોડવાની, કોણીથી જમીન ઉપર ચાલવાની વિગેરે કામ કરતા કરતા હતા. તે જગ્યા પાસે કમલેશ કવોરીની ખીણ આવેલી હતી ત્યાં તંબુ પણ બાંધેલો હતો. ઝાડ ઉપર દોરી બાંધીને કેટલાક લોકો એરગનથી કુગ્ગા ફોડતા હતાં. ત્યાં આ માણસોમાં સાહેદ રામકાભાઇએ આરોપી નં.૬ ને ત્યાં જોયેલો હતો. સાહેદ રામકાભાઇએ એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૭૧ રમણભાઇ સેંધાભાઇ સોલંકી સમક્ષના ઓળખ પરેડના પંચનામા દરમ્યાન આરોપી નં.૬ ને ઓળખી પણ બતાવેલ હતો. આ સાહેદે તેઓની જુબાની દરમ્યાન અદાલત રૂબરૂ આરોપી નં.૬ને ઓળખી શકેલા નથી. બનાવ બાદ ઘણા સમય પછી જુબાની આપેલી

હોવાથી આ સાહેદ ઘણા બધા આરોપીઓને ઓળખી શકેલ નથી. આરોપીને નહિ ઓળખવાનું જે કારણ આપેલુ છે તે વાજબી છે તેમ હું માનુ છું. આ સાહેદ ગામડાના રહેવાસી છે, આરોપી સાથે કોઇ દુશ્મનાવટ નથી માટે તેમની જુબાની નહિ માનવાને કોઇ કારણ નથી.

સાહેદ નં.૯૮૧ પ્રવિણભાઈ હમીરભાઈ કટારીયાનાઓની જુબાનીના સારાંશ મુજબ સને–૨૦૦૮ની સાલના ઉત્તરાયણના દિવસે આ સાહેદ પોતાની જીપ લઈને હાલોલ જતા હતા અને રસ્તામાંથી પેસેન્જરોની સાથે તેમના મિત્ર અંબાલાલભાઇને જીપમાં બેસાડેલા અને ત્યારબાદ તેઓ પાવાગઢથી હાલોલ જવા નિકળેલા ત્યારે હેલીકૈલ વાવ નજીક રોડ ઉપર જીપને પંચર પડેલું. જીપમાં બેસાડેલા અન્ય પેસેન્જરોને બીજી જીપમાં બેસાડી હાલોલ રવાના કરેલાં અને જીપના કંડકટર અશ્વિનભાઇએ જીપનું ટાયર કાઢીને હાલોલ ખાતે પંચર કરાવવા ગયેલાં. અંબાલાલભાઇ તથા આ સાહેદ જીપ પાસે રોકાયેલા તે દરમ્યાન જંગલમાંથી માણસોનો બોલવાનો અવાજ આવેલો જેથી આ અંબાલાલભાઇ તથા આ સાહેદ તે તરફ જંગલમાં ગયેલા ત્યારે કેટલાક માણસો કમલેશ કવોરીની ખીણ પાસે તંબુ બાંધીને કાંઇક કરતા હતાં. તે લોકો જૂથમાં હતા અને હિન્દી ભાષા બોલતા હતા. તે માણસોમાં સાહેદ પ્રવિણભાઈએ આરોપી નં.૬ ને જોયેલો હતો. સાહેદ પ્રવિણભાઈએ એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૭૧ રમણભાઇ સેંધાભાઇ સોલંકી સમક્ષના ઓળખ પરેડના પંચનામા દરમ્યાન આરોપી નં.૬ ને ઓળખી પણ બતાવેલ હતો. સાહેદ પ્રવિણભાઈ ગામડાનો વતની છે. જીપ ચલાવીને પોતાનું ગુજરાન ચલાવે છે. આરોપી સાથે તેઓને કોઇ દુશ્મનાવટ નથી કે જેથી કરીને આરોપી નં.૬ ને ખોટી રીતે ગુનામાં સંડોવે. આ સાહેદ પ્રવિણભાઈ, સાહેદ રામકાભાઇની જુબાનીને હાલોલ–પાવાગઢના તાલીમ કેમ્પ બાબતે તથા આ આરોપી નં.૬ ની હાજરી બાબતે સમર્થન કરે છે. આ સાહેદે તેઓની જુબાની દરમ્યાન આરોપી નં.૬ ને ઓળખી શકેલા નથી. બનાવ બાદ ઘણા સમય પછી જુબાની આપેલી હોવાથી આ સાહેદ ઘણા બધા આરોપીઓને ઓળખી શકેલ

નથી.આ સાહેદ ગામડાના રહેવાસી છે, આરોપી સાથે કોઇ દુશ્મનાવટ નથી માટે તેમની જુબાની નહિ માનવાને કોઇ કારણ નથી.

સાહેદ નં.૧૦૬૭ અંબાલાલ વેચાતભાઇ બારીયાનાઓની જુબાનીના સારાંશ મુજબ સને–૨૦૦૮ ની સાલના ઉત્તરાયણના દિવસે આ સાહેદ તેમના મિત્ર પ્રવિણભાઇની જીપમાં બેસીને પાવાગઢથી હાલોલ જવા નિકળેલા ત્યારે હેલીકૈલ વાવ નજીક રોડ ઉપર જીપને પંચર પડેલું. જીપમાં બેસાડેલા અન્ય પેસેન્જરોને બીજી જીપમાં બેસાડી હાલોલ રવાના કરેલાં અને જીપના કંડકટર અશ્વિનભાઇએ જીપનું ટાયર કાઢીને હાલોલ ખાતે પંચર કરાવવા ગયેલાં. આ સાહેદ તથા પ્રવિણભાઇ જીપ પાસે રોકાયેલા તે દરમ્યાન જંગલમાંથી માણસોનો બોલવાનો અવાજ આવેલો જેથી આ સાહેદ તથા પ્રવિણભાઇ તે તરફ જંગલમાં ગયેલા ત્યારે કેટલાક માણસો કમલેશ કવોરીની ખીણ પાસે તંબુ બાંધીને કાંઇક કરતા હતાં. તે લોકો જુથમાં હતા અને હિન્દી ભાષા બોલતા હતા. તે માણસોમાં સાહેદ અંબાલાલે આરોપી નં.૬ને જોયેલો હતો. સાહેદ અંબાલાલભાઇએ એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૭૧ રમણભાઇ સેંધાભાઇ સોલંકી સમક્ષના ઓળખ પરેડના પંચનામા દરમ્યાન આરોપી નં.૬ ને ઓળખી પણ બતાવેલ હતો. સાહેદ અંબાલાલ ગામડાનો વતની છે. ખેતીકામ કરે છે. આરોપી સાથે તેનો કોઇ દુશ્મનાવટ નથી કે જેથી કરીને આરોપી નં.૬ ને ખોટી રીતે ગુનામાં સંડોવે. આ સાહેદ અંબાલાલભાઇ, સાહેદ રામકાભાઇ, સાહેદ પ્રવિણભાઇ તથા સાહેદ જાકીર હુસેનની જુબાનીને હાલોલ–પાવાગઢના તાલીમ કેમ્પ બાબતે તથા આ આરોપી નં.૬ ની હાજરી બાબતે સમર્થન કરે છે. આ સાહેદે તેઓની જુબાની દરમ્યાન આરોપી નં.૬ ને ઓળખી શકેલા નથી. બનાવ બાદ ઘણા સમય પછી જુબાની આપેલી હોવાથી આ સાહેદ ઘણા બધા આરોપીઓને ઓળખી શકેલ નથી. નહિ ઓળખવાનુ જે કારણ આપેલું છે તે વાજબી છે તેમ હું માનું છું.

સાહેદ નં.૧૦૯૭ મહેતાબ ઈબ્રાહીમ શેખની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદ કોસંબા ખાતે "મહેતાબ કોમ્પ્યુટર એકેડમી" નામના કલાસ

ચલાવતા હતા. આ સાહેદ લીંબાયત સુરત મુકામે સીમીની મીટીંગમાં ગયેલાનું જણાવે છે. જેમાં આરોપી નં.૬ અન્ય આરોપીઓ સાથે મીટીંગમાં હાજર હતા અને તેનો સંપર્ક આ સાહેદ સાથે થયેલો. આ સાહેદના કહેવા પ્રમાણે હાજર રહેલા બધા જ સીમી સાથે સંકળાયેલા હતા. આરોપી નં.૩૭ તથા તૌકીર નામનો આરોપી ભાડેથી ઘર લેવા પણ આવેલા હતા તેવી હકીકત જણાવેલી છે. આ સાહેદે તેઓની જુબાની દરમ્યાન આરોપી નં.૬ ને ઓળખી શકેલા નથી. બનાવ બાદ ઘણા સમય પછી જુબાની આપેલી હોવાથી આ સાહેદ ઘણા બધા આરોપીઓને ઓળખી શકેલ નથી. નહિ ઓળખવાનુ જે કારણ આપેલું છે તે વાજબી છે તેમ હું માનું છું.

સાહેદ નં.૫૭૧ એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ રમણભાઇ સેંઘાભાઇ સોલંકીની જુબાની મુજબ સાહેદ નં.૯૭૨ રામકાભાઇએ તથા સાહેદ નં.૧૦૬૭ અંબાલાલભાઇ તથા સાહેદ નં.૯૮૧ પ્રવિણભાઇએ આ સાહેદની રૂબરૂમાં આરોપી નં.૬ ને પોતાની સમક્ષ થયેલી ઓળખ પરેડમાં ઓળખી બતાવેલાની હકીકત જણાવે છે. જેથી પણ સ્પષ્ટ બને છે કે હાલોલ –પાવાગઢ ખાતે તા.૧૩/૦૧/૨૦૦૮ થી તા.૧૫/૦૧/૦૮ ના સમય દરમ્યાન આ આરોપી નં.૦૬ તથા અન્ય આરોપીઓ ભેગા મળી જે તાલીમ કેમ્પનું આયોજન કરેલું તેમાં આ આરોપી નં.૬ પણ હાજર હતો. એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ સરકારી અધિકારી છે અને તેઓની રૂબરૂમાં ઓળખ પરેડ અંગેની જે કાંઇ કાર્યવાહી કરેલી તે તેઓની ફરજના ભાગરૂપે હતી. આરોપી સાથે તેઓને કોઇ દુશ્મનાવટ નથી અને તેમની રૂબરૂ થયેલી ઓળખ પરેડની કાર્યવાહી તેમણે યોગ્ય રીતે કરેલી તેવી અપેક્ષા હોય છે જે નહિ માનવાને કોઇ કારણ નથી.

સાહેદ નં.૧૧૪૧ એૈયાઝ રજાકમીંયા સૈયદની જુબાનીના સારાંશ મુજબ ૨૦૦૦ ની સાલથી શાહપુર બાઈ સેન્ટરમાં સીમીની ઑફિસ ચાલતી હતી. આરોપી નં.૬ ઑફિસમાં હાજર રહેતો હતો. આ સાહેદ સીમીની ઑફિસમાં વીઝીટમાં ગયેલો ત્યારે સીમી વિશે સમજાવવામાં આવેલુ, છુપી રીતે મીટીંગો થાય છે તેમ જણાવવામાં આવેલુ, મીટીંગોમાં હાજર રહેવાનું પણ જણાવવામાં

આવેલુ, સુરત–અમદાવાદમાં મીટીંગો થતી હોવાનું પણ જણાવવામાં આવેલુ, ગોધરા કાંડની વાતો થતી, ૨૦૦૫ ની સાલમાં પણ આ સાહેદ સીમીની ઑફિસમાં ગયેલા અને આરોપી નં.૬ ત્યાં હાજર રહેતો હતો. આ સાહેદને પ્રોગ્રામોમાં આવવાનું જણાવવામાં આવેલુ. આ મીટીંગમાં આરોપી નં.૬ પણ હાજર રહેતો હતો તેમ જણાવે છે. મીટીંગોમાં તકરીર થતી, જેહાદની વાતો થતી, એક પ્રોગ્રામ યાકુબ મેમણના ઘરે થયેલો, એક પ્રોગ્રામ દરિયાપુરમાં સમસુદ્દીનના નાના ના ઘરે થયેલો. ત્યાં બીજા ઘણા આરોપીઓ હાજર રહેતા હતા. ભાષણો થતા, ટી.વી./ડી.વી.ડી. ઉપર કેસેટો બતાવવામાં આવતી, બોમ્બનું ડેમોસ્ટ્રેશન થતુ વિગેરે તમામ હકીકતો આ સાહેદ સીમીને લગતી જણાવેલી છે. આ સાહેદની જુબાની ધ્યાને લેતા આરોપી નં.૬ સીમીનો કાર્યકર હોવાનું સ્પષ્ટ જણાય આવે છે. આ સાહેદે આરોપી નં.૬ ને અદાલત રૂબરૂ ઓળખી પણ બતાવેલો છે.

આ ઉપરાંત, આરોપી નં.૨નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ સમક્ષ લખાવેલું તે મુજબ આરોપી નં.૬ વાઘમોન (કેરળ) મુકામે તાલીમ કેમ્પમાં હાજર હતો તેવી હકીકત કબૂલાત નિવેદનમાં છે. આરોપી નં.૬ હાલોલ–પાવાગઢ ખાતે તા.૧૩.૧.૨૦૦૮ થી તા.૧૫.૧.૨૦૦૮ ના સમય દરમ્યાન આતંકવાદી તાલીમ કેમ્પ યોજાયેલો તે કેમ્પમાં અન્ય આરોપીઓ સાથે હાજર રહેલો છે અને કેમ્પમાં હાજર તમામ આરોપીઓ ખુંદપીરની દરગાહ ઉપર આવેલી ધર્મશાળામાં રોકાયેલા. જુદી–જુદી જગ્યાઓ ઉપર તાલીમો લીધેલી. મુસ્લિમોનો બદલો લેવાની, જેહાદી ભાષણો કરેલા અને બોમ્બ બનાવવાની તાલીમ આપેલાની હકીકત તેઓના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે.

આ ઉપરાંત, આરોપી નં.૨૧ નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ સમક્ષ લખાવેલું તે મુજબ આરોપી નં.૬ નાઓ હાલોલ–પાવાગઢ ખાતેના તાલીમ કેમ્પમાં અન્ય આરોપીઓ સાથે હાજર હતો. કેમ્પમાં ગયેલા તમામ આરોપીઓ ખુંદપીરની દરગાહ ઉપર આવેલી ધર્મશાળામાં રોકાયેલા. જુદી–જુદી જગ્યાઓ

ઉપર તાલીમો લીધેલી. મુસ્લિમોનો બદલો લેવાની, માસ કિલીંગ કરવુ, જેહાદી ભાષણો અને પાઇપ બોમ્બ બનાવવાની તાલીમ આપેલાની હકીકત તેઓના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે.

આ ઉપરાંત, આરોપી નં.૩૫ નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ સમક્ષ લખાવેલું તે મુજબ આરોપી નં.૬ નાઓ હાલોલ–પાવાગઢ ખાતેના તાલીમ કેમ્પમાં ગયેલો અને તાલીમ લીધેલાની હકીકત તેઓના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે. જો કે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ નાઓએ આ આરોપીનું કબૂલાત નિવેદન સોગંદ ઉપર લીધેલું છે જે ગેરકાયદેસર છે. ઉપરોકત બે આરોપીઓના નિવેદનો મુજબ હાલોલ–પાવાગઢના કેમ્પમાં આરોપી નં.૬નાએ હાજર રહી સક્રિય કામગીરી કરેલી છે તેમજ આતંકવાદી તાલીમો મેળવેલી છે તેમ હું માનું છું. આરોપી નં.૩૫ નુ કબૂલાત નિવેદન સોગંદ ઉપર લેવામાં આવેલુ છે જે ધ્યાને લેવામાં આવતુ નથી. પરંતુ આરોપી નં.૨, ૨૧ નાઓના કબૂલાત નિવેદનો ધ્યાને લેતા તે હાલોલ–પાવાગઢ ખાતેના આતંકવાદી તાલીમ કેમ્પમાં હાજર રહેલાનું સ્પષ્ટ છે.

આંક–૧૨૨ વાળા તહોમતનામામાં જણાવ્યા મુજબ ઘણા બધા આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો એવા છે કે, તે બાબતે આ આરોપી નં.૬ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા કોઇ મૌખિક કે દસ્તાવેજી પ્રત્યક્ષ પુરાવો રજૂ થયેલો નથી. આ આરોપી નં.૬ જુદી–જુદી હોટલોમાં રોકાયો હોય, તે હોટલોના રજીસ્ટરોમાં ખોટા નામથી એન્ટ્રીઓ કરી હોય, ખોટા નામે સહીઓ કરેલી હોય તેમજ આ આરોપી નં.૬ નાઓએ ખોટા દસ્તાવેજ બનાવી તે દસ્તાવેજોનો સાચા તરીકે ઉપયોગ કર્યો હોય તેવા કોઇ પ્રત્યક્ષ પુરાવા આ આરોપી નં.૬ સામે નથી. પરંતુ આ અંગેના પ્રત્યક્ષ પુરાવા આરોપી નં.૧૪, ૩૭, ૪૩, ૪૫, ૪૬, ૬૯ અને ૭૦ વિરૂધ્ધ રજૂ થયેલા છે. જેથી કાવતરાના પેરામાં ચર્ચા કર્યા મુજબ તેમજ તે પેરામાં નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લીધેલા છે તે ચુકાદા મુજબ આરોપી નં.૬નાઓ કોઈ હોટલમાં ખોટા નામે એન્ટ્રી કરી રોકાયેલા ન હોવા છતાં પણ અન્ય આરોપીઓ

સાથે આરોપી નં.૬ની સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે. આ ઉપરાંત આ આરોપી નં.૬ નાઓએ બનાવોમાં ઉપયોગમાં લીધેલ કોઇ વસ્તુ કે પુરાવાનો નાશ કર્યો હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો નથી. આ ઉપરાંત આ બનાવો બન્યા બાદ બનાવોમાં સંડોવાયેલા અન્ય કોઇ આરોપીને આશ્રય આપેલો હોય, તેઓને છુપાવેલા હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો આરોપી નં.૬ કે અન્ય આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ નથી. આ આરોપી નં.૬ સીમીના સભ્ય હોવાનો મૌખિક પુરાવો છે. સાહેદ નં.૯૫૭ જાકીર હુસેનની જુબાની, સાહેદ નં.૧૦૯૭ મહેતાબ શેખ, સાહેદ નં.૧૧૪૧ ઐયાઝ સૈયદ તથા આરોપી નં.૨, ૨૧ ના કબૂલાત નિવેદન મુજબ આ આરોપી નં.૬ સીમીનો સભ્ય છે. સીમી સંગઠન ઉપર ભારત સરકાર દ્વારા પ્રતિબંધ મુકવામાં આવેલો છે તે અંગેનું જાહેરનામું ભારત સરકારના રાજપત્રમાં પ્રસિધ્ધ પણ થયેલું છે માટે સીમી સંગઠનની જાહેરમાં કોઇ ઑફિસ ન હોય અને સીમી અંગેનો કોઇ દસ્તાવેજી પુરાવો ન હોય તે સ્વાભાવિક છે અને તેના કારણે તપાસ કરનાર અધિકારીઓ પૈકી કોઇપણ અધિકારીને સીમી બાબતે તપાસ દરમ્યાન કોઇ દસ્તાવેજી પુરાવો મળેલો નથી. સીમીની કાર્યવાહી પ્રતિબંધના કારણે ગુપ્તરીતે થતી હોય છે. સીમી સંગઠનનું કોઇ રેકર્ડ જાહેરમાં પ્રસિધ્ધ થયેલું નથી. સીમી સંગઠનમાં કોઇ આરોપી સભ્ય બનેલા હોય તો તે અંગેની કોઇ પાવતી કે દસ્તાવેજી પુરાવો ન હોય. આ આરોપી નં.૬ સીમી સંગઠનમાં સક્રિય છે તેવું આરોપી સામેના મૌખિક પુરાવાથી પુરવાર થાય છે.આ ઉપરાંત આરોપી નં.૬૮ નાઓએ આંક-૯૨૪૮ થી **"કનેકશન ઓફ સીમી"** અંગે એક દસ્તાવેજ રજૂ કરેલો છે તે વંચાણે લેતા સીમી સંગઠન વિશે તથા તેના હોદ્દેદારો, સભ્યો અને પ્રાદેશિક સભ્યો, સીમી સંગઠનનો હેતુ બાબતે તમામ હકીકતો જણાવેલી છે. પરંતુ સંગઠનને કોઇ નાણાકીય સહાય પુરી પાડી હોય અથવા નાણાકીય સહાય પુરી પાડવા કોઇ અન્ય વ્યકિત પાસે મદદ માંગી હોય તેવો ફરિયાદપક્ષ તરફથી આ આરોપી નં.૦૬ કે અન્ય આરોપીઓ વિરૂધ્ધ કોઇ પ્રત્યક્ષ પુરાવો રજૂ થયેલો નથી. આ આરોપી નં.૬ના ઓએ બનાવો બનતા પહેલા આતંકવાદી ઇ-મેઇલ કર્યા હોય તેવા કોઇ ઇ-મેઇલ

ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા નથી. આ આરોપી નં.૬નાઓએ કોઇ કમ્પ્યુટરમાંથી આતંકવાદી ઇ–મેઇલ કર્યા હોય અને ઇ–મેઇલ કર્યા પછી તે ઇ–મેઇલ કમ્પ્યુટરમાંથી ડિલીટ કર્યા હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આરોપી નં.૩૩ તથા ૩૪ નાઓએ ઈન્ડિયા ટીવીને આતંકવાદી ઈ–મેઈલ કરેલાનો આક્ષેપ છે પરંતુ રજૂ થયેલા ઈ–મેઈલ ધ્યાને લેતા તે આક્ષેપ પુરવાર થતા નથી. આ આરોપી પાસેથી પરવાના વિનાનો કોઇ દેશી તમંચો કે હથિયાર કબજે કરવામાં આવ્યુ હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીઓ તથા આ આરોપી વિરૂધ્ધ સમગ્ર પુરાવા ધ્યાને લેતા અમદાવાદ શહેરમાં થયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોના કાવતરામાં અને તેની સાથે સંલગ્ન સુરત શહેરના બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં આ આરોપી નં.૬ ની શરૂઆતથી લઈને બનાવોના અંત સુધી સક્રિય ભૂમિકા રહેલી છે આ આરોપી નં.૬ સામે આંક–૧૨૨ મુજબના તહોમતનામામાં જે આક્ષેપો ફરમાવવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો પુરાવાર થાય છે તેમ હું માનું છું. વાઘમોન ખાતે ડિસેમ્બર–૨૦૦૮ મા આરોપીઓએ તાલીમ કેમ્પ રાખેલો હતો અને તે કેમ્પમાં આ આરોપી પણ હાજર હતો. આ કેમ્પ બાબતે અર્નાકુલ્લમ ખાતે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાયેલી અને તે ફરિયાદના કામે કુલ–૩૮ આરોપીઓને અટક કરવામાં આવેલા. તે કામે તપાસના કામે ૩૮ આરોપીઓ વિરૂધ્ધ અદાલતમાં ચાર્જશીટ દાખલ થયેલો જેનો એન.આઈ.એ. કેસ નં.૨/૨૦૧૧ હતો. તે કામે આ આરોપીને આરોપી નં.૯ તરીકે દર્શાવેલ છે. તે કેસમાં એન.આઈ.એ. કોર્ટ અર્નાકુલ્લમ દ્વારા તા.૧૫.૫. ૨૦૧૮ ના રોજ ચુકાદો આપવામાં આવેલ છે તે ચુકાદામાં આ આરોપીને નિર્દોષ જાહેર કરેલ છે. પરંતુ આ આરોપીની વાઘમોન ઉપરાંત હાલોલ–પાવાગઢના કેમ્પોમાં પણ હાજરી છે તથા જુદી–જુદી આતંકવાદી તાલીમો મેળવેલી છે. એટલુ જ નહીં જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગોમાં હાજર રહેલો છે અને દેશ

વિરૂધ્ધ પ્રવૃત્તિઓ કરેલ છે માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૦૦ આ આરોપી બાબતે લાગુ પડશે નહીં. ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૬ ની ભૂમિકા બાબતે તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન કરતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૬ સામે મુદ્દા નં.૧ થી ૧૩, ૧૬ થી ૧૯, ૨૧ થી ૨૪, ૨૬ થી ૩૨ પુરવાર કરે છે. જયારે મુદ્દા નં. ૧૪,૧૫, ૨૦,૨૫, ૩૩ થી ૩૫ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવુ છું.

આરોપી નં.૭ મોહંમદઉસ્માન ઉર્ફે ઉસ્માન મોહંમદ અનીસ અગરબત્તીવાળા

સાહેદ નં.૧૧૧૫ મહમદ ઉંમર ઉસ્માનભાઈ મન્સુરીની જુબાનીના સારાંશ મુજબ આરોપી નં.૨,૩,૩૫,૩૭ નાઓને સારી રીતે ઓળખે છે અને તમામ સને–૨૦૦૮ની સાલમાં વડોદરા મુકામે રહેતા હતા તેમ જણાવે છે અને આરોપી નં.૩૭ ગોધરાનો બદલો લેવાની વાતો કરતો હતો, ભીડભાડવાળી જગ્યા કે જયાં હિન્દુ વસ્તી વધારે હોય ત્યાં બોમ્બ બ્લાસ્ટ કરવો છે "તું રેકી કર" તેવુ પણ આ સાહેદને જણાવેલુ છે. પરંતુ આ સાહેદ ગભરાઈ જવાથી છુટા પડી ગયેલા. આ સાહેદે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ સમક્ષ નોંધાવેલુ હતુ અને તેમાં પણ આ હકીકત જણાવી છે. આરોપી નં.૨,૩૫,૩૭ નાઓ મીટીંગો કરતા હતા તેવી પણ હકીકત જણાવેલી છે. આ સાહેદે આરોપી નં.૨,૭,૩૫ અને ૩૭ નાઓને જુબાની દરમ્યાન અદાલતમાં ઓળખી પણ બતાવેલા છે. આ સાહેદનો પુરાવો ધ્યાનમાં લેતા આરોપીઓ સીમીની મીટીંગો કરતા હતા તેવુ સ્પષ્ટપણે જણાય આવે છે.

સાહેદ નં.૯૮૧ પ્રવિણભાઈ હમીરભાઈ કટારીયાનાઓની જુબાનીના સારાંશ મુજબ સને–૨૦૦૮ ની સાલના ઉત્તરાયણના દિવસે આ સાહેદ પોતાની જીપ લઈને હાલોલ જતા હતા અને રસ્તામાંથી પેસેન્જરોની સાથે તેમના મિત્ર અંબાલાલભાઇને જીપમાં બેસાડેલા અને ત્યારબાદ તેઓ પાવાગઢથી હાલોલ જવા નિકળેલા ત્યારે હેલીકૈલ વાવ નજીક રોડ ઉપર જીપને પંચર પડેલું. જીપમાં બેસાડેલા અન્ય પેસેન્જરોને બીજી જીપમાં બેસાડી હાલોલ રવાના કરેલાં

અને જીપના કંડકટર અશ્વિનભાઈએ જીપનું ટાયર કાઢીને હાલોલ ખાતે પંચર કરાવવા ગયેલાં. અંબાલાલભાઇ તથા આ સાહેદ જીપ પાસે રોકાયેલા તે દરમ્યાન જંગલમાંથી માણસોનો બોલવાનો અવાજ આવેલો જેથી આ અંબાલાલભાઇ તથા આ સાહેદ તે તરફ જંગલમાં ગયેલા ત્યારે કેટલાક માણસો કમલેશ કવોરીની ખીણ પાસે તંબુ બાંધીને કાંઇક કરતા હતાં. તે લોકો જૂથમાં હતા અને હિન્દી ભાષા બોલતા હતા. તે માણસોમાં સાહેદ પ્રવિણભાઈએ આરોપી નં.૭ ને જોયેલો હતો. સાહેદ પ્રવિણભાઈએ એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૭૧ રમણભાઇ સેંધાભાઇ સોલંકી સમક્ષના ઓળખ પરેડના પંચનામા દરમ્યાન આરોપી નં.૭ ને ઓળખી પણ બતાવેલ હતો. સાહેદ પ્રવિણભાઈ ગામડાનો વતની છે. જીપ ચલાવીને પોતાનું ગુજરાન ચલાવે છે. આરોપી સાથે તેઓને કોઇ દુશ્મનાવટ નથી કે જેથી કરીને આરોપી નં.૭ ને ખોટી રીતે ગુનામાં સંડોવે. આ સાહેદ પ્રવિણભાઈ અને સાહેદ અંબાલાલની જુબાનીને ધ્યાને લેતા હાલોલ–પાવાગઢના તાલીમ કેમ્પ બાબતે તથા આ આરોપી નં.૭ ની હાજરી બાબતે સમર્થન કરે છે. આ સાહેદે તેઓની જુબાની દરમ્યાન અદાલત રૂબરૂ આરોપી નં.૭ ને ઓળખી શકેલા નથી. બનાવ બાદ ઘણા સમય પછી જુબાની આપેલી હોવાથી આ સાહેદ ઘણા બધા આરોપીઓને ઓળખી શકેલ નથી.નહિ ઓળખવાનું જે કારણ જણાવેલું છે તે મારા મત પ્રમાણે વાજબી છે.

સાહેદ નં.૧૦૬૭ અંબાલાલ વેચાતભાઇ બારીયાનાઓની જુબાનીના સારાંશ મુજબ સને–૨૦૦૮ ની સાલના ઉત્તરાયણના દિવસે આ સાહેદ તેમના મિત્ર પ્રવિણભાઇની જીપમાં બેસીને પાવાગઢ થી હાલોલ જવા નિકળેલા ત્યારે હેલીકૈલ વાવ નજીક રોડ ઉપર જીપને પંચર પડેલું. જીપમાં બેસાડેલા અન્ય પેસેન્જરોને બીજી જીપમાં બેસાડી હાલોલ રવાના કરેલાં અને જીપના કંડકટર અશ્વિનભાઇએ જીપનું ટાયર કાઢીને હાલોલ ખાતે પંચર કરાવવા ગયેલાં. અંબાલાલભાઇ તથા પ્રવિણભાઇ જીપ પાસે રોકાયેલા તે દરમ્યાન જંગલમાંથી માણસોનો બોલવાનો અવાજ આવેલો જેથી આ સાહેદ તથા પ્રવિણભાઇ તે તરફ જંગલમાં ગયેલા ત્યારે કેટલાક માણસો કમલેશ કવોરીની

ખીણ પાસે તંબુ બાંધીને કાંઇક કરતા હતાં. તે લોકો જૂથમાં હતા અને હિન્દી ભાષા બોલતા હતા. તે માણસોમાં સાહેદ અંબાલાલે આરોપી નં.૭ને જોયેલો હતો. આ સાહેદે એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૭૧ રમણભાઇ સેંઘાભાઇ સોલંકી સમક્ષના ઓળખ પરેડના પંચનામા દરમ્યાન આરોપી નં.૭ ને ઓળખી પણ બતાવેલ હતો. સાહેદ અંબાલાલ ગામડાનો વતની છે. ખેતીકામ કરે છે. આરોપી સાથે તેનો કોઇ દુશ્મનાવટ નથી કે જેથી કરીને આરોપી નં.૭ ને ખોટી રીતે ગુનામાં સંડોવે.આ સાહેદ અને સાહેદ પ્રવિણભાઈની જુબાનીને ધ્યાને લેતા હાલોલ–પાવાગઢના તાલીમ કેમ્પ બાબતે તથા આ આરોપી નં.૭ ની હાજરી બાબતે સમર્થન કરે છે. આ સાહેદે તેઓની જુબાની દરમ્યાન આરોપી નં.૭ ને ઓળખી શકેલા નથી. બનાવ બાદ ઘણા સમય પછી જુબાની આપેલી હોવાથી આ સાહેદ ઘણા બધા આરોપીઓને ઓળખી શકેલ નથી. નહિ ઓળખવાનું જે કારણ આપેલું છે તે વાજબી છે તેમ હું માનું છું.

સાહેદ નં.૫૭૧ એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ રમણભાઇ સેંઘાભાઇ સોલંકીની જુબાનીના સારાંશ મુજબ સાહેદ નં.૧૦૬૭ અંબાલાલભાઇ તથા સાહેદ નં.૯૮૧ પ્રવિણભાઈએ આ સાહેદની રૂબરૂમાં આરોપી નં.૭ ને પોતાની સમક્ષ થયેલી ઓળખ પરેડમાં ઓળખી બતાવેલાની હકીકત જણાવે છે. જેથી પણ સ્પષ્ટ બને છે કે હાલોલ–પાવાગઢ ખાતે તા.૧૩/૦૧/૨૦૦૮ થી તા.૧૫/૦૧/૦૮ ના સમય દરમ્યાન આ આરોપી તથા અન્ય આરોપીઓ ભેગા મળી જે તાલીમ કેમ્પનું આયોજન કરેલું તેમાં આ આરોપી નં.૭ પણ હાજર હતો. એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ સરકારી અધિકારી છે અને તેઓની રૂબરૂમાં ઓળખ પરેડ અંગેની જે કાંઇ કાર્યવાહી કરેલી તે તેઓની ફરજના ભાગરૂપે હતી. આરોપી સાથે તેઓને કોઇ દુશ્મનાવટ નથી અને તેમની રૂબરૂ થયેલી ઓળખ પરેડની કાર્યવાહી તેમણે યોગ્ય રીતે કરેલી તેવી અપેક્ષા હોય છે જે નહિ માનવાને કોઇ કારણ નથી.

આ ઉપરાંત, આરોપી નં.૨ નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ સમક્ષ લખાવેલું તે મુજબ આરોપી નં.૭ વાઘમોન (કેરળ) મુકામે તાલીમ કેમ્પમાં હાજર

હતો તેવી હકીકત કબૂલાત નિવેદનમાં છે. આરોપી નં.૭ હાલોલ–પાવાગઢ ખાતે તા.૧૩.૧.૨૦૦૮ થી તા.૧૫.૧.૨૦૦૮ ના સમય દરમ્યાન આતંકવાદી તાલીમ કેમ્પ યોજાયેલો તે કેમ્પમાં અન્ય આરોપીઓ સાથે હાજર રહેલો છે અને કેમ્પમાં હાજર તમામ આરોપીઓ ખુંદપીરની દરગાહ ઉપર આવેલી ધર્મશાળામાં રોકાયેલા. જુદી–જુદી જગ્યાઓ ઉપર તાલીમો લીધેલી. મુસ્લિમોનો બદલો લેવાની, જેહાદી ભાષણો કરેલા અને બોમ્બ બનાવવાની તાલીમ આપેલાની હકીકત તેઓના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે.

આ ઉપરાંત, આરોપી નં.૨૧ નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનુ કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ સમક્ષ લખાવેલું તે મુજબ આરોપી નં.૭ નાઓ હાલોલ–પાવાગઢ ખાતેના તાલીમ કેમ્પમાં અન્ય આરોપીઓ સાથે હાજર હતો. કેમ્પમાં ગયેલા તમામ આરોપીઓ ખુંદપીરની દરગાહ ઉપર આવેલી ધર્મશાળામાં રોકાયેલા. જુદી–જુદી જગ્યાઓ ઉપર તાલીમો લીધેલી. મુસ્લિમોનો બદલો લેવાની, માસ કિલીંગ કરવુ, જેહાદી ભાષણો અને પાઇપ બોમ્બ બનાવવાની તાલીમ આપેલાની હકીકત તેઓના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે.

આ ઉપરાંત, આરોપી નં.૩૫ નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનુ કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ સમક્ષ લખાવેલું તે મુજબ આરોપી નં.૭ નાઓ હાલોલ–પાવાગઢ ખાતેના તાલીમ કેમ્પમાં ગયેલો અને તાલીમ લીધેલાની હકીકત તેઓના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે. જો કે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ નાઓએ આ આરોપીનું કબૂલાત નિવેદન સોગંદ ઉપર લીધેલું છે જે ગેરકાયદેસર છે.ઉપરોકત બે આરોપીઓના નિવેદનો મુજબ હાલોલ–પાવાગઢના કેમ્પમાં આરોપી નં.૭નાએ હાજર રહી સક્રિય કામગીરી કરેલી છે તેમજ આતંકવાદી તાલીમો મેળવેલી છે તેમ હું માનું છું. આરોપી નં.૩૫ નુ કબૂલાત નિવેદન સોગંદ ઉપર લેવામાં આવેલુ છે જે ધ્યાને લેવામાં આવતુ નથી. પરંતુ આરોપી નં.૨, ૨૧ નાઓના કબૂલાત

નિવેદનો ધ્યાને લેતા તે હાલોલ–પાવાગઢ ખાતેના આતંકવાદી તાલીમ કેમ્પમાં હાજર રહેલાનું સ્પષ્ટ છે.

સાહેદ નં.૮૯૫ પ્રકાશ મનોહરલાલ તોલાણીની જુબાનીના સારાંશ મુજબ આરોપી નં.૭, તપાસ કરનાર અધિકારી તથા આ સાહેદને લઈને વડોદરા મુકામે આ આરોપી નં.૭ ના કાકાના ઘરે બાવામાનપુરા દરગાહ પાસે દોરીને લઈ ગયેલો અને તેના કાકાના ઘરમાંથી લાકડાના પેટી પલંગમાંથી એક થેલાની શોધ આરોપીએ કરી બતાવેલી અને તે તેમાંથી એક રામપુરી ચપ્પુ, એક એરગન, એક દેશી પીસ્તોલ, બે ગોળીઓ, ૧૯ જેટલી જેહાદી સીડીઓ, એક પાઈપ બોમ્બ, બે કુગ્ગાની થેલીઓ, એક બીડનો ટુકડો, મેડિકલમાં વપરાયેલ ટોટી કાઢીને બતાવેલી. સદર વસ્તુઓ એફ.એસ.એલ.અધિકારી સાહેદ નં.૮૪૯ ગૌરીદત્ત દયાનિધિ શર્માએ કબજે લેવાની તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓને સુચના આપેલી અને તમામ વસ્તુઓ આંક–૬૩૭૦ વાળા પંચનામાની વિગતે કબજે કરેલી. આ વસ્તુઓ અંગે આરોપી તરફથી પોતાના બચાવમાં કોઈપણ પ્રકારનો ખુલાસો આપવામાં આવેલ નથી.

સાહેદ નં.૫૯૪ સુનીલ મણીલાલ પરમારની જુબાનીના સારાંશ મુજબ આરોપી નં.૭ નાઓએ બનાવમાં ઉપયોગમાં લીધેલ મોબાઈલ ફોન તથા તેના મકાનનું લાઈટ બીલ, પોતાનું ડ્રાઈવીંગ લાયસન્સ તથા બી.એસ.એન. એલ. ફોનનું બીલ આરોપી નં.૭ ના સગા ફાતીમાબેને રજૂ કરેલુ જે તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૩૩ માનસિંહ દેવજીભાઈ ચૌધરીનાઓએ આંક–૩૨૦૫ વાળા પંચનામાની વિગતે કબજે કરેલ છે.

સાહેદ નં.૬૧૭ હેમંતભાઈ કપુરચંદ ખંડેલવાલની જુબાનીના સારાંશ મુજબ આરોપી નં.૭નાઓએ હાલોલ–પાવાગઢ ખાતેના કેમ્પમાં જવા માટે મોટર સાઇકલનો ઉપયોગ કરેલો તે મોટર સાઇકલ આરોપી નં.૭ના પિતા અનીશભાઈએ રજૂ કરેલી. તે મોટર સાઇકલ સાહેદ નં.૧૦૭૦ વિનય શુકલનાઓએ આંક–૩૨૫૬ વાળા પંચનામાની વિગતે કબજે કરેલ હતી.

સાહેદ નં.૮૭૯ કમલેશ સુરેશભાઈ ગોહિલની જુબાનીના સારાંશ મુજબ આરોપી નં.૭, તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૦૭૭ એ.એફ.સીંધી તથા આ સાહેદને સાથે રાખી તેના મકાને દોરીને લઈ ગયેલો. આરોપી નં.૭ ના મકાને તેના પિતાજી મહંમદઅનીસ અગરબત્તીવાળા હાજર હતા અને તેઓના મકાનની જડતી તપાસ કરતા મકાનમાંથી એક પેન ડ્રાઈવ, હાર્ડ ડીસ્ક અને લેપટોપ મળી આવેલા. આ વખતે એફ.એસ.એલ. અધિકારી સાહેદ નં.૮૩૫ હિતેષ જયંતિલાલ ત્રિવેદી પણ હાજર હતા અને તેમણે આ વસ્તુઓ કબજે કરવાની તપાસ કરનાર અધિકારી સુચના આપેલી જે આંક–૬૨૯૦ વાળા પંચનામાની વિગત કબજે કરેલી છે.

આંક–૧૨૨ વાળા તહોમતનામામાં જણાવ્યા મુજબ ઘણા બધા આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો એવા છે કે, તે બાબતે આ આરોપી નં.૭ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા કોઈ મૌખિક કે દસ્તાવેજી પ્રત્યક્ષ પુરાવો રજૂ થયેલો નથી. આ આરોપી નં.૭ જુદી–જુદી હોટલોમાં રોકાયો હોય, તે હોટલોના રજીસ્ટરોમાં ખોટા નામથી એન્ટ્રીઓ કરી હોય, ખોટા નામે સહીઓ કરેલી હોય તેમજ આ આરોપી નં.૭ નાઓએ ખોટા દસ્તાવેજ બનાવી તે દસ્તાવેજોનો સાચા તરીકે ઉપયોગ કર્યો હોય તેવા કોઈ પ્રત્યક્ષ પુરાવા આ આરોપી નં.૭ વિરૂધ્ધ નથી. પરંતુ આ અંગેના પ્રત્યક્ષ પુરાવા આરોપી નં.૧૪, ૩૭, ૪૩, ૪૫, ૪૬, ૬૯ અને ૭૦ વિરૂધ્ધ રજૂ થયેલા છે. જેથી કાવતરાના પેરામાં ચર્ચા કર્યા મુજબ તેમજ તે પેરામાં નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લીધેલા છે તે ચુકાદા મુજબ આરોપી નં.૭ નાઓ કોઈ હોટલમાં ખોટા નામે એન્ટ્રી કરી રોકાયેલા ન હોવા છતાં પણ અન્ય આરોપીઓ સાથે આરોપી નં.૭ ની સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે. આ ઉપરાંત આ આરોપી નં.૭ નાઓએ બનાવોમાં ઉપયોગમાં લીધેલ કોઈ વસ્તુ કે પુરાવાનો નાશ કર્યો હોય તેવો પણ કોઈ પ્રત્યક્ષ પુરાવો નથી. આ ઉપરાંત આ બનાવો બન્યા બાદ બનાવોમાં સંડોવાયેલા અન્ય કોઈ આરોપીને આશ્રય આપેલો હોય, તેઓને છુપાવેલા હોય તેવો પણ કોઈ પ્રત્યક્ષ પુરાવો આરોપી નં.૭ કે અન્ય આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ નથી. આ આરોપી નં.૭

સીમીના સભ્ય હોવાનો મૌખિક પુરાવો છે. સાહેદ નં.૧૧૧૫ મહંમદ ઉમર તથા આરોપી નં.૨, ૨૧ ના કબૂલાત નિવેદન મુજબ આ આરોપી નં.૭ સીમીનો સભ્ય છે. સીમી સંગઠન ઉપર ભારત સરકાર દ્વારા પ્રતિબંધ મુકવામાં આવેલો છે તે અંગેનું જાહેરનામું ભારત સરકારના રાજપત્રમાં પ્રસિધ્ધ પણ થયેલું છે માટે સીમી સંગઠનની જાહેરમાં કોઇ ઑફિસ ન હોય અને સીમી અંગેનો કોઇ દસ્તાવેજી પુરાવો ન હોય તે સ્વાભાવિક છે અને તેના કારણે તપાસ કરનાર અધિકારીઓ પૈકી કોઇપણ અધિકારીને સીમી બાબતે તપાસ દરમ્યાન કોઇ દસ્તાવેજી પુરાવો મળેલો નથી. સીમીની કાર્યવાહી પ્રતિબંધના કારણે ગુપ્ત રીતે થતી હોય છે. સીમી સંગઠનનું કોઇ રેકર્ડ જાહેરમાં પ્રસિધ્ધ થયેલું નથી. સીમી સંગઠનમાં કોઇ આરોપી સભ્ય બનેલા હોય તો તે અંગેની કોઇ પાવતી કે દસ્તાવેજી પુરાવો ન હોય. આ આરોપી નં.૭ સીમી સંગઠનમાં સક્રિય છે તેવું આરોપી સામેના મૌખિક પુરાવાથી પુરવાર થાય છે. આ ઉપરાંત આરોપી નં.૬૮ નાઓએ આંક-૯૨૪૮થી "કનેકશન ઓફ સીમી" અંગે એક દસ્તાવેજ રજૂ કરેલો છે તે વંચાણે લેતા સીમી સંગઠન વિશે તથા તેના હોદ્દેદારો, સભ્યો અને પ્રાદેશિક સભ્યો, સીમી સંગઠનનો હેતુ બાબતે તમામ હકીકતો જણાવેલી છે. પરંતુ સંગઠનને કોઇ નાણાકીય સહાય પુરી પાડી હોય અથવા નાણાકીય સહાય પુરી પાડવા કોઇ અન્ય વ્યકિત પાસે મદદ માંગી હોય તેવો આ આરોપી કે અન્ય આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદપક્ષ તરફથી કોઇ પ્રત્યક્ષ પુરાવો રજૂ થયેલો નથી. આ આરોપી નં.૭ નાઓએ બનાવો બનતા પહેલા આતંકવાદી ઇ-મેઇલ કર્યા હોય તેવા કોઇ ઇ-મેઇલ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા નથી. આ આરોપી નં.૭ નાઓએ કોઇ કમ્પ્યુટરમાંથી આતંકવાદી ઇ-મેઇલ કર્યા હોય અને ઇ-મેઇલ કર્યા પછી તે ઇ-મેઇલ કમ્પ્યુટરમાંથી ડિલીટ કર્યા હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આરોપી નં.૩૩ તથા ૩૪ નાઓએ ઈન્ડિયા ટીવીને આતંકવાદી ઈ-મેઇલ કરેલાનો આક્ષેપ છે પરંતુ રજૂ થયેલા ઈ-મેઇલ ધ્યાને લેતા તે આક્ષેપ પુરવાર થતા નથી. આ આરોપીના ઘરે પંચોની હાજરીમાં તપાસ કરનાર અધિકારીએ શોધ કરતા પરવાના વિનાની દેશી પિસ્તોલ મળી આવતા જે આંક-

૬૩૭૦ વાળા પંચનામાની વિગતે કબજે કરવામાં આવેલી છે. આ દેશી પિસ્તોલ પોતાના કબજામાં રાખવા બાબતે આરોપીએ કોઇ ખુલાસો કરેલો નથી કે પિસ્તોલ તેના કબજામાં હોવા બાબતે કોઇ પરવાનો પણ રજૂ કરેલો નથી. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીઓ તથા આ આરોપી વિરૂધ્ધ સમગ્ર પુરાવા ધ્યાને લેતા અમદાવાદ શહેરમાં થયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોના કાવતરામાં અને તેની સાથે સંલગ્ન સુરત શહેરના બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં આ આરોપી નં.૭ ની શરૂઆતથી લઇને બનાવોના અંત સુધી સક્રિય ભૂમિકા રહેલી છે આ આરોપી નં.૭ સામે આંક–૧૨૨ મુજબના તહોમતનામામાં જે આક્ષેપો ફરમાવવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો પુરાવાર થાય છે તેમ હું માનું છું. વાઘમોન ખાતે ડિસેમ્બર–૨૦૦૮ મા આરોપીઓએ તાલીમ કેમ્પ રાખેલો હતો અને તે કેમ્પમાં આ આરોપી પણ હાજર હતો. આ કેમ્પ બાબતે અર્નાકુલ્લમ ખાતે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાયેલી અને તે ફરિયાદના કામે કુલ–૩૮ આરોપીઓને અટક કરવામાં આવેલા. તે કામે તપાસના કામે ૩૮ આરોપીઓ વિરૂધ્ધ અદાલતમાં ચાર્જશીટ દાખલ થયેલો જેનો એન.આઈ.એ. કેસ નં.૨/૨૦૧૧ હતો. તે કામે આ આરોપીને આરોપી નં.૮ તરીકે દર્શાવેલ છે. તે કેસમાં એન.આઈ.એ. કોર્ટ અર્નાકુલ્લમ દ્વારા તા.૧૫.૫.૨૦૧૮ ના રોજ ચુકાદો આપવામાં આવેલ છે તે ચુકાદામાં આ આરોપીને નિર્દોષ જાહેર કરેલ છે. પરંતુ આ આરોપીની વાઘમોન ઉપરાંત હાલોલ–પાવાગઢના કેમ્પોમાં પણ હાજરી છે તથા જુદી–જુદી આતંકવાદી તાલીમો મેળવેલી છે. એટલુ જ નહીં જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગોમાં હાજર રહેલો છે અને દેશ વિરૂધ્ધ પ્રવૃત્તિઓ કરેલ છે માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૦૦ આ આરોપી બાબતે લાગુ પડશે નહીં. ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૭ ની ભૂમિકા બાબતે તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન કરતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી

નં.૭ સામે મુદ્દા નં.૧ થી ૧૩, ૧૬ થી ૧૯, ૨૧ થી ૨૪, ૨૬ થી ૩૨ અને ૩૫ પુરવાર કરે છે. જયારે મુદ્દા નં. ૧૪,૧૫, ૨૦,૨૫, ૩૩ અને ૩૪ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવુ છું.

આરોપી નં.૮ યુનુસ મોહંમદભાઈ મન્સુરી

સાહેદ નં.૯૫૭ જાકિર હુસેન અબ્દુલ જબ્બાર કુરેશીની જુબાનીના સારાંશ મુજબ આ આરોપી પ્રતિબંધિત સંગઠન 'સીમી'નો સભ્ય છે. ગુપ્ત રીતે સીમીની ઑફિસ જુદી–જુદી જગ્યાઓ ઉપર ચાલે છે. સીમીની ઑફિસમાં આ આરોપીની સક્રિય હાજરી રહેલી છે. સીમીની મીટીંગોમા આ આરોપી સતત પ્રવૃત્તમય અને કાર્યરત રહેલો છે. જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગમાં અન્ય આરોપીઓને પણ હાજર રાખેલા છે. આ આરોપી તથા અન્ય સહઆરોપીઓ સીમીની મીટીંગોમાં રાજય સરકાર તેમજ ભારત સરકાર વિરૂધ્ધ જેહાદ કરવાની વાતો કરેલી છે તે પ્રમાણેના ભાષણો કરેલા છે અને તે સાંભળેલા છે. ગોધરા કાંડનો બદલો લેવાની વાતો પણ થયેલી છે અને તે સાંભળેલી છે. હિન્દુ વિસ્તારમાં બોમ્બ ધડાકા કરવાની વાતો થયેલી છે અને તે સાંભળેલી છે. આ ઉપરાંત આ આરોપી હાલોલ–પાવાગઢ ખાતે તા.૧૩/૦૧/૨૦૦૮ થી લઇને તા.૧૫/૦૧/૨૦૦૮ ના સમય દરમ્યાન આતંકવાદી તાલીમ કેમ્પનું આયોજન કરવામા આવેલું તેમાં અન્ય આરોપીઓ સાથે કેમ્પમાં ગયેલો છે. કેમ્પમાં જેહાદી ભાષણો સાંભળેલા છે. તાલીમો લીધેલી છે અને કેમ્પના આયોજનમાં પ્રત્યક્ષ રીતે મદદ કરેલી છે. આ સાહેદ જાકિર હુસેન પોતાની જુબાનીમાં આરોપી નં.૮ ને જુબાની દરમિયાન અદાલત રૂબરૂ ઓળખી બતાવેલ છે. આ તમામ હકીકત આ સાહેદે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ સમક્ષ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબના નિવેદનમાં પણ જણાવેલી છે.

સાહેદ નં.૯૩૮ મહંમદ ફારુક અજીજભાઈ મેમણની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદની દુકાન કાલુપુર ટાવર ખાતે એવરગ્રીન નામની આવેલી છે. જેમાં આ સાહેદ નોકરી કરતા હતા અને આરોપી નં.૮ આ સાહેદની દુકાનેથી વાસણો ખરીદ કરીને લઈ ગયેલા હતા અને તે પંચો રૂબરૂ ઓળખી બતાવેલા

હતા. આ સાહેદે આરોપી નં.૮ ને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૭૧ રમણભાઈ સેંઘાભાઈ સોલંકીની રૂબરૂમાં ઓળખ પરેડ દરમ્યાન ઓળખી બતાવેલો હતો. આ ઉપરાંત આ સાહેદે પોતાની જુબાનીમાં આરોપી નં.૮ ને અદાલત રૂબરૂ ઓળખી બતાવેલ છે.

સાહેદ નં.૯૭૨ રામકાભાઈ દેવકરણ કેસરીયાની જુબાનીના સારાંશ મુજબ જાન્યુઆરી–૨૦૦૮ની ઉત્તરાયણના સમય દરમ્યાન આ સાહેદની ભેંસો પાવાગઢના જંગલમાં ખોવાઈ ગયેલી હતી જેથી આ સાહેદ ભેંસો શોધવા માટે હેલીકૈલ વાવ તરફના જંગલોમાં ગયેલા ત્યારે ૨૫ થી ૩૦ માણસો કુગ્ગા ફોડવાની, કોણીથી જમીન ઉપર ચાલવાની વિગેરે કામ કરતા કરતા હતા. તે જગ્યા પાસે કમલેશ કવોરીની ખીણ આવેલી હતી ત્યાં તંબુ પણ બાંધેલો હતો. ઝાડ ઉપર દોરી બાંધીને કેટલાક લોકો એરગનથી કુગ્ગા ફોડતા હતાં. ત્યાં આ માણસોમાં સાહેદ રામકાભાઈએ આરોપી નં.૮ ને ત્યાં જોયેલો હતો. સાહેદ રામકાભાઈએ એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૭૧ રમણભાઈ સેંઘાભાઈ સોલંકી સમક્ષના ઓળખ પરેડના પંચનામા દરમ્યાન આરોપી નં.૮ ને ઓળખી પણ બતાવેલ હતો. આ ઉપરાંત આ સાહેદે પોતાની જુબાનીમાં આરોપી નં.૮ ને અદાલત રૂબરૂ પણ ઓળખી બતાવેલ છે. આ સાહેદ ગામડાના રહેવાસી છે, આરોપી સાથે કોઈ દુશ્મનાવટ નથી જેથી તેમની જુબાની નહિ માનવાને કોઈ કારણ નથી.

સાહેદ નં.૯૮૧ પ્રવિણભાઈ હમીરભાઈ કટારીયાનાઓની જુબાનીના સારાંશ મુજબ સને–૨૦૦૮ ની સાલના ઉત્તરાયણના દિવસે આ સાહેદ પોતાની જીપ લઈને હાલોલ જતા હતા અને રસ્તામાંથી પેસેન્જરોની સાથે તેમના મિત્ર અંબાલાલભાઈને જીપમાં બેસાડેલા અને ત્યારબાદ તેઓ પાવાગઢથી હાલોલ જવા નિકળેલા ત્યારે હેલીકૈલ વાવ નજીક રોડ ઉપર જીપને પંચર પડેલું. જીપમાં બેસાડેલા અન્ય પેસેન્જરોને બીજી જીપમાં બેસાડી હાલોલ રવાના કરેલાં અને જીપના કંડકટર અશ્વિનભાઈએ જીપનું ટાયર કાઢીને હાલોલ ખાતે પંચર કરાવવા ગયેલાં. અંબાલાલભાઈ તથા આ સાહેદ જીપ પાસે રોકાયેલા તે દરમ્યાન

જંગલમાંથી માણસોનો બોલવાનો અવાજ આવેલો જેથી આ અંબાલાલભાઇ તથા આ સાહેદ તે તરફ જંગલમાં ગયેલા ત્યારે કેટલાક માણસો કમલેશ કવોરીની ખીણ પાસે તંબુ બાંધીને કાંઇક કરતા હતાં. તે લોકો જૂથમાં હતા અને હિન્દી ભાષા બોલતા હતા. તે માણસોમાં સાહેદ પ્રવિણભાઈએ આરોપી નં.૮ ને જોયેલો હતો. સાહેદ પ્રવિણભાઈએ એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૭૧ રમણભાઇ સેંઘાભાઇ સોલંકી સમક્ષના ઓળખ પરેડના પંચનામા દરમ્યાન આરોપી નં.૮ ને ઓળખી પણ બતાવેલ હતો. સાહેદ પ્રવિણભાઈ ગામડાનો વતની છે. જીપ ચલાવીને પોતાનું ગુજરાન ચલાવે છે. આરોપી સાથે તેઓને કોઇ દુશ્મનાવટ નથી કે જેથી કરીને આરોપી નં.૮ ને ખોટી રીતે ગુનામાં સંડોવે. આ સાહેદે તેઓની જુબાની દરમ્યાન આરોપી નં.૮ ને ઓળખી શકેલા નથી. બનાવ બાદ ઘણા સમય પછી જુબાની આપેલી હોવાથી આ સાહેદ ઘણા બધા આરોપીઓને ઓળખી શકેલ નથી.નહિ ઓળખવાનું જે કારણ આપેલું છે તે વાજબી છે તેમ હું માનું છું.

સાહેદ નં.૧૦૬૭ અંબાલાલ વેચાતભાઇ બારીયાનાઓની જુબાનીના સારાંશ મુજબ સને–૨૦૦૮ ની સાલના ઉત્તરાયણના દિવસે આ સાહેદ તેમના મિત્ર પ્રવિણભાઇની જીપમાં બેસીને પાવાગઢ થી હાલોલ જવા નિકળેલા ત્યારે હેલીકૈલ વાવ નજીક રોડ ઉપર જીપને પંચર પડેલું. જીપમાં બેસાડેલા અન્ય પેસેન્જરોને બીજી જીપમાં બેસાડી હાલોલ રવાના કરેલાં અને જીપના કંડકટર અશ્વિનભાઇએ જીપનું ટાયર કાઢીને હાલોલ ખાતે પંચર કરાવવા ગયેલાં. આ સાહેદ તથા પ્રવિણભાઇ જીપ પાસે રોકાયેલા તે દરમ્યાન જંગલમાંથી માણસોનો બોલવાનો અવાજ આવેલો જેથી આ સાહેદ તથા પ્રવિણભાઇ તે તરફ જંગલમાં ગયેલા ત્યારે કેટલાક માણસો કમલેશ કવોરીની ખીણ પાસે તંબુ બાંધીને કાંઇક કરતા હતાં. તે લોકો જૂથમાં હતા અને હિન્દી ભાષા બોલતા હતા. તે માણસોમાં સાહેદ અંબાલાલે આરોપી નં.૮ને જોયેલો હતો. સાહેદ અંબાલાલભાઇએ એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૭૧ રમણભાઇ સેંઘાભાઇ સોલંકી સમક્ષના ઓળખ પરેડના પંચનામા દરમ્યાન આરોપી નં.૮ ને ઓળખી

પણ બતાવેલ હતો. સાહેદ અંબાલાલ ગામડાનો વતની છે. ખેતીકામ કરે છે. આરોપી સાથે તેનો કોઇ દુશ્મનાવટ નથી કે જેથી કરીને આરોપી નં.૮ ને ખોટી રીતે ગુનામાં સંડોવે. આ સાહેદ અંબાલાલભાઇ, સાહેદ રામકાભાઇ, સાહેદ પ્રવિણભાઈ તથા સાહેદ જાકીર હુસેનની જુબાની ધ્યાને લેતા હાલોલ–પાવાગઢના તાલીમ કેમ્પ બાબતે તથા આ આરોપી નં.૮ ની હાજરી બાબતે સમર્થન કરે છે. આ સાહેદે તેઓની જુબાની દરમ્યાન આરોપી નં.૮ ને ઓળખી શકેલા નથી. બનાવ બાદ ઘણા સમય પછી જુબાની આપેલી હોવાથી આ સાહેદ ઘણા બધા આરોપીઓને ઓળખી શકેલ નથી. નહિ ઓળખવાનું જે કારણ આપેલું છે તે વાજબી છે તેમ હું માનું છું.

સાહેદ નં.૧૦૯૭ મહેતાબ ઈબ્રાહીમ શેખની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદ કોસંબા ખાતે "મહેતાબ કોમ્પ્યુટર એકેડમી" નામના કલાસ ચલાવતા હતા. આ સાહેદ લીંબાયત સુરત મુકામે સીમીની મીટીંગમાં ગયેલાનું જણાવે છે. જેમાં આરોપી નં.૮ અન્ય આરોપીઓ સાથે મીટીંગમાં હાજર હતા અને તેનો સંપર્ક આ સાહેદ સાથે થયેલો. આ સાહેદના કહેવા પ્રમાણે હાજર રહેલા બધા જ સીમી સાથે સંકળાયેલા હતા. આરોપી નં.૩૭ તથા તૌકીર નામનો આરોપી ભાડેથી ઘર લેવા પણ આવેલા હતા તેવી હકીકત જણાવેલી છે. આ સાહેદે તેઓની જુબાની દરમ્યાન આરોપી નં.૮ ને ઓળખી શકેલા નથી. બનાવ બાદ ઘણા સમય પછી જુબાની આપેલી હોવાથી આ સાહેદ ઘણા બધા આરોપીઓને ઓળખી શકેલ નથી. નહિ ઓળખવાનું જે કારણ આપેલું છે તે વાજબી છે તેમ હું માનું છું.

સાહેદ નં.૫૭૧ એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ રમણભાઇ સેંધાભાઇ સોલંકીની જુબાનીના સારાંશ મુજબ સાહેદ નં.૯૭૨ રામકાભાઇએ તથા સાહેદ નં.૧૦૬૭ અંબાલાલભાઇ તથા સાહેદ નં.૯૮૧ પ્રવિણભાઈએ આ સાહેદની રૂબરૂમાં આરોપી નં.૮ ને પોતાની સમક્ષ થયેલી ઓળખ પરેડમાં ઓળખી બતાવેલાની હકીકત જણાવે છે. જેથી પણ સ્પષ્ટ બને છે કે હાલોલ–પાવાગઢ ખાતે તા.૧૩/૦૧/૨૦૦૮ થી તા.૧૫/૦૧/૦૮ ના સમય દરમ્યાન આ

આરોપી તથા અન્ય આરોપીઓ ભેગા મળી જે તાલીમ કેમ્પનું આયોજન કરેલું તેમાં આ આરોપી નં.૮ પણ હાજર હતો. એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ સરકારી અધિકારી છે અને તેઓની રૂબરૂમાં ઓળખ પરેડ અંગેની જે કાંઇ કાર્યવાહી કરેલી તે તેઓની ફરજના ભાગરૂપે હતી. આરોપી સાથે તેઓને કોઇ દુશ્મનાવટ નથી અને તેમની રૂબરૂ થયેલી ઓળખ પરેડની કાર્યવાહી તેમણે યોગ્ય રીતે કરેલી તેવી અપેક્ષા હોય છે જે નહિ માનવાને કોઇ કારણ નથી.

આ ઉપરાંત, આરોપી નં.૨ નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ સમક્ષ લખાવેલું તે મુજબ આરોપી નં.૮ વાઘમોન (કેરળ) મુકામે તાલીમ કેમ્પમાં હાજર હતો તેવી હકીકત કબૂલાત નિવેદનમાં છે. આરોપી નં.૮ હાલોલ–પાવાગઢ ખાતે તા.૧૩.૧.૨૦૦૮ થી તા.૧૫.૧.૨૦૦૮ ના સમય દરમ્યાન આતંકવાદી તાલીમ કેમ્પ યોજાયેલો તે કેમ્પમાં અન્ય આરોપીઓ સાથે હાજર રહેલો છે અને કેમ્પમાં હાજર તમામ આરોપીઓ ખુંદપીરની દરગાહ ઉપર આવેલી ધર્મશાળામાં રોકાયેલા. જુદી–જુદી જગ્યાઓ ઉપર તાલીમો લીધેલી. મુસ્લિમોનો બદલો લેવાની, જેહાદી ભાષણો કરેલા અને બોમ્બ બનાવવાની તાલીમ આપેલાની હકીકત તેઓના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે.

આ ઉપરાંત, આરોપી નં.૨૪નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ સમક્ષ લખાવેલું તે મુજબ આરોપી નં.૪ નાઓનો તા.૨૦.૭.૨૦૦૮ ના રોજ આરોપી નં.૨૪ ઉપર ફોન આવેલો અને જુહાપુરા મુકામે યાકુબ મેમણના ઘરે મીટીંગમાં બોલાવેલો. આરોપી નં.૨૪ ત્યાં ગયો ત્યારે આરોપી નં.૮ તથા બીજા અન્ય આરોપીઓ હાજર હતા અને જેહાદની વાતો કરતા હતા તેવી હકીકત તેઓના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે. ઉપરોકત બંને આરોપીઓના નિવેદનો મુજબ હાલોલ–પાવાગઢના કેમ્પમાં આરોપી નં.૮ નાએ હાજર રહી સક્રિય કામગીરી કરેલી છે તેમજ આતંકવાદી તાલીમો મેળવેલી છે તથા જુહાપુરા મુકામે યાકુબ

મેમણને ત્યાં મીટીંગ થયેલી અને તેમાં જેહાદી ભાષણો થયેલા હતા તેમ હું માનું છું.

આ ઉપરાંત, આરોપી નં.૩૫ નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ સમક્ષ લખાવેલું તે મુજબ આરોપી નં.૮નાઓ હાલોલ–પાવાગઢ ખાતેના તાલીમ કેમ્પમાં ગયેલો અને તાલીમ લીધેલાની હકીકત તેઓના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે. જો કે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧નાઓએ આ આરોપીનું કબૂલાત નિવેદન સોગંદ ઉપર લીધેલું છે જે ગેરકાયદેસર છે. પરંતુ આરોપી નં.૨, ૨૪ ના કબૂલાત નિવેદનો મુજબ હાલોલ–પાવાગઢના કેમ્પમાં આરોપી નં.૮ નાએ હાજર રહી સક્રિય કામગીરી કરેલી છે તેમજ આતંકવાદી તાલીમો મેળવેલી છે તેમ હું માનું છું. આરોપી નં.૩૫ નુ કબૂલાત નિવેદન સોગંદ ઉપર લેવામાં આવેલુ છે જે ધ્યાને લેવામાં આવતુ નથી. પરંતુ આરોપી નં.૨, ૨૪ નાઓના કબૂલાત નિવેદનો ધ્યાને લેતા તે હાલોલ–પાવાગઢ ખાતેના આતંકવાદી તાલીમ કેમ્પમાં હાજર રહેલાનું સ્પષ્ટ છે.

સાહેદ નં.૮૧૭ ચિરાગ ગોવિંદભાઈ વરસદાની જુબાનીના સારાંશ મુજબ આ આરોપી નં.૮, તપાસ કરનાર અધિકારીનાઓને તથા આ સાહેદને લઈને અજીત મીલ રો–હાઉસ, સી/૧૩૨ નંબરનું મકાન બતાવેલુ. મકાનમાં તપાસ કરતા બે પુસ્તકો મળેલા, જેમાં એક ગુજરાતી તથા એક ઉર્દૂમાં હતુ, એક સીંગલ પેપર ઉર્દૂમાં હતુ તેની ઝેરોક્ષ હતી, દિવાલ ઉપર ચીકાસ જેવા ધબ્બા હતા, દિવાલ ઉપરથી ઉખાડીને પેકીંગ કરેલુ, સેલોટેપના આઠ ટુકડા, પાંચ વાયરના ટુકડા, ત્રણ બોલ્ટ, ૩૬ નંગ છરા મળેલા. આ વખતે એફ.એસ.એલ. અધિકારી સાહેદ નં.૮૩૦ અમૃત વશરામભાઈ હિંગરાજીયા પણ હાજર હતા અને તેમને આ તમામ વસ્તુઓ કબજે કરવાનું તપાસ કરનાર અધિકારી વી.આર. ટોળીયાને સુચના આપેલી અને આ વસ્તુઓ આંક–૫૪૮૮ વાળા પંચનામાની વિગતે કબજે કરેલી. આરોપીને ત્યાંથી મળી આવેલ સેલોટેપના ટુકડા, વાયરના

ટુકડા, બોલ્ટ અને છરા મળેલા તેવા જ પ્રકારની વસ્તુઓ જે તે જગ્યા ઉપર બોમ્બ બ્લાસ્ટ થયેલા તે જગ્યાઓ ઉપરથી પણ મળી આવેલી છે.

સાહેદ નં.૫૯૧ ગોપાલભાઈ રામચંદ્ર અડવાણીની જુબાનીના સારાંશ મુજબ બનાવમાં આરોપી નં.૮નાએ ઉપયોગમાં લીધેલ મોટર સાઇકલ જીજે-૧-એફજે-૬૬૫૯ ને સાહેદ ફકીર મહમદભાઈનાઓએ તપાસ કરનાર અધિકારી સમક્ષ રજૂ કરેલી અને તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૦૭૨ હરીસિંહ જેઠાભાઈ જનકાતનાઓએ આંક-૩૧૯૧ વાળા પંચનામાની વિગતે કબજે કરેલી હતી.

સાહેદ નં.૮૨૩ ભાવીન શૈલેષકુમાર ઓઝાની જુબાનીના સારાંશ મુજબ ફારૂક મેમણનાઓએ પોતાની દુકાનના વાસણો આરોપી નં.૮ ખરીદ કરીને લઈ ગયેલ હતો અને તે વાસણો આ સાહેદની હાજરીમાં ઓળખી બતાવેલા અને તે તપાસ કરનાર અધિકારી સાહદે નં.૧૧૫૪ ઉષા રાડાનાઓએ આ સાહેદની હાજરીમાં આંક-૫૫૩૮ વાળા પંચનામાની વિગતે કબજે કરેલા. આ તમામ વાસણો આરોપી નં.૮નાઓ અલમહમદી સોસાયટીના મકાન નં.૧૦ મા લઈ ગયેલ હતો.

સાહેદ નં.૧૦૪૧ તાલીબ અબ્દુલ ગફાર મણીયારની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદે ફરિયાદપક્ષની હકીકતને સમર્થન કરેલ નથી. પરંતુ આ સાહેદની જુબાની ધ્યાને લેતા આ સાહેદ સીમીના સક્રિય કાર્યકર હતા. ૨૦૦૧ ની સાલથી સીમી ઉપર પ્રતિબંધ મુકાયેલ હતો અને આરોપી નં.૮ સીમીની મીટીંગોમાં હાજર રહેતો હતો તેવી હકીકત આ સાહેદની જુબાની ઉપરથી માલુમ પડે છે. આ ઉપરાંત લીંબાયત સુરત મુકામે પણ આરોપી નં.૮ સીમીની મીટીંગોમાં હાજર રહેતો હતો તેવી હકીકત પણ માલુમ પડે છે.

આંક-૧૨૨ વાળા તહોમતનામામાં જણાવ્યા મુજબ ઘણા બધા આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો એવા છે કે, તે બાબતે આ આરોપી નં.૮ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા કોઇ મૌખિક કે દસ્તાવેજી પ્રત્યક્ષ પુરાવો રજૂ થયેલો નથી. આ આરોપી નં.૮ જુદી-જુદી હોટલોમાં રોકાયો હોય, તે હોટલોના રજીસ્ટરોમાં ખોટા

નામથી એન્ટ્રીઓ કરી હોય, ખોટા નામે સહીઓ કરેલી હોય તેમજ આ આરોપી નં.૮ નાઓએ ખોટા દસ્તાવેજ બનાવી તે દસ્તાવેજોનો સાચા તરીકે ઉપયોગ કર્યો હોય તેવા કોઇ પ્રત્યક્ષ પુરાવા આ આરોપી નં.૮ વિરૂધ્ધ નથી. પરંતુ આ અંગેના પ્રત્યક્ષ પુરાવા આરોપી નં.૧૪, ૩૭, ૪૩, ૪૫, ૪૬, ૬૯ અને ૭૦ વિરૂધ્ધ રજૂ થયેલા છે. જેથી કાવતરાના પેરામાં ચર્ચા કર્યા મુજબ તેમજ તે પેરામાં નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લીધેલા છે તે ચુકાદા મુજબ આરોપી નં.૮ નાઓ કોઈ હોટલમાં ખોટા નામે એન્ટ્રી કરી રોકાયેલા ન હોવા છતાં પણ અન્ય આરોપીઓ સાથે આરોપી નં.૮ ની સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે.આ ઉપરાંત આ આરોપી નં.૮ નાઓએ બનાવોમાં ઉપયોગમાં લીધેલ કોઇ વસ્તુ કે પુરાવાનો નાશ કર્યો હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો નથી. આ ઉપરાંત આ બનાવો બન્યા બાદ બનાવોમાં સંડોવાયેલા અન્ય કોઇ આરોપીને આશ્રય આપેલો હોય, તેઓને છુપાવેલા હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો આરોપી નં.૮ કે અન્ય આરોપી વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ નથી. આ આરોપી નં.૮ સીમીના સભ્ય હોવાનો મૌખિક પુરાવો છે. સાહેદ નં.૯૫૭ જાકીર હુસેનની જુબાની, સાહેદ નં.૧૦૯૭ મહેતાબ શેખ, સાહેદ નં.૧૦૪૧ તાલીબ મણીયાર, સાહેદ નં.૧૧૫૧ રીયાઝ હુસેન સીદ્દીકી તથા આરોપી નં.૨, ૨૪ ના કબૂલાત નિવેદન મુજબ આ આરોપી નં.૮ સીમીનો સભ્ય છે. સીમી સંગઠન ઉપર ભારત સરકાર દ્વારા પ્રતિબંધ મુકવામાં આવેલો છે તે અંગેનું જાહેરનામું ભારત સરકારના રાજપત્રમાં પ્રસિધ્ધ પણ થયેલું છે માટે સીમી સંગઠનની જાહેરમાં કોઇ ઑફિસ ન હોય અને સીમી અંગેનો કોઇ દસ્તાવેજી પુરાવો ન હોય તે સ્વાભાવિક છે અને તેના કારણે તપાસ કરનાર અધિકારીઓ પૈકી કોઇપણ અધિકારીને સીમી બાબતે તપાસ દરમ્યાન કોઇ દસ્તાવેજી પુરાવો મળેલો નથી.સીમીની કાર્યવાહી પ્રતિબંધના કારણે ગુપ્તરીતે થતી હોય છે. સીમી સંગઠનનું કોઇ રેકર્ડ જાહેરમાં પ્રસિધ્ધ થયેલું નથી. સીમી સંગઠનમાં કોઇ આરોપી સભ્ય બનેલા હોય તો તે અંગેની કોઇ પાવતી કે દસ્તાવેજી પુરાવો ન હોય.આ આરોપી નં.૮ સીમી સંગઠનમાં સક્રિય છે તેવું આરોપી સામેના મૌખિક પુરાવાથી પુરવાર થાય છે. આ

ઉપરાંત આરોપી નં.૬૮ નાઓએ આંક–૯૨૪૮ થી **"કનેકશન ઓફ સીમી"** અંગે એક દસ્તાવેજ રજૂ કરેલો છે તે વંચાણે લેતા સીમી સંગઠન વિશે તથા તેના હોદ્દેદારો, સભ્યો અને પ્રાદેશિક સભ્યો, સીમી સંગઠનનો હેતુ બાબતે તમામ હકીકતો જણાવેલી છે. પરંતુ સંગઠનને કોઇ નાણાકીય સહાય પુરી પાડી હોય અથવા નાણાકીય સહાય પુરી પાડવા કોઇ અન્ય વ્યકિત પાસે મદદ માંગી હોય તેવો ફરિયાદપક્ષ તરફથી કોઇ પ્રત્યક્ષ પુરાવો આ આરોપી કે અન્ય આરોપીઓ વિરૂધ્ધ રજૂ થયેલો નથી. આ આરોપી નં.૮ નાઓએ બનાવો બનતા પહેલા આતંકવાદી ઇ–મેઇલ કર્યા હોય તેવા કોઇ ઇ–મેઇલ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા નથી. આ આરોપી નં.૮ નાઓએ કોઇ કમ્પ્યુટરમાંથી આતંકવાદી ઇ–મેઇલ કર્યા હોય અને ઇ–મેઇલ કર્યા પછી તે ઇ–મેઇલ કમ્પ્યુટરમાંથી ડિલીટ કર્યા હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આરોપી નં.૩૩ તથા ૩૪ નાઓએ ઈન્ડિયા ટીવીને આતંકવાદી ઈ–મેઈલ કરેલાનો આક્ષેપ છે પરંતુ રજૂ થયેલા ઈ–મેઈલ ધ્યાને લેતા તે આક્ષેપ પુરવાર થતા નથી. આ આરોપી પાસેથી પરવાના વિનાનો કોઇ દેશી તમંચો કે હથિયાર કબજે કરવામાં આવ્યુ હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીઓ તથા આ આરોપી વિરૂધ્ધ સમગ્ર પુરાવા ધ્યાને લેતા અમદાવાદ શહેરમાં થયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોના કાવતરામાં અને તેની સાથે સંલગ્ન સુરત શહેરના બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં આ આરોપી નં.૮ની શરૂઆતથી લઇને બનાવોના અંત સુધી સક્રિય ભૂમિકા રહેલી છે આ આરોપી નં.૮ સામે આંક–૧૨૨ મુજબના તહોમતનામામાં જે આક્ષેપો ફરમાવવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો પુરાવાર થાય છે તેમ હું માનું છું. ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૮ ની ભૂમિકા બાબતે તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન કરતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ

આરોપી નં.૮ સામે મુદ્દા નં.૧ થી ૧૩, ૧૬ થી ૧૯, ૨૧ થી ૨૪, ૨૬ થી ૩૨ પુરવાર કરે છે. જયારે મુદ્દા નં. ૧૪,૧૫, ૨૦,૨૫, ૩૩ થી ૩૫ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવુ છું.

આરોપી નં.૯ કમરુદ્દીન ઉર્ફે રાજા ઉર્ફે અબદુલ્લા ચાંદમોહંમદ નાગોરી

સાહેદ નં.૯૭૨ રામકાભાઇ દેવકરણ કેસરીયાની જુબાનીના સારાંશ મુજબ જાન્યુઆરી–૨૦૦૮ ની ઉત્તરાયણના સમય દરમ્યાન આ સાહેદની ભેંસો પાવાગઢના જંગલમાં ખોવાઇ ગયેલી હતી જેથી આ સાહેદ ભેંસો શોધવા માટે હેલીકૈલ વાવ તરફના જંગલોમાં ગયેલા ત્યારે ૨૫ થી ૩૦ માણસો કુગ્ગા ફોડવાની, કોણીથી જમીન ઉપર ચાલવાની વિગેરે કામ કરતા કરતા હતા. તે જગ્યા પાસે કમલેશ કવોરીની ખીણ આવેલી હતી ત્યાં તંબુ પણ બાંધેલો હતો. ઝાડ ઉપર દોરી બાંધીને કેટલાક લોકો એરગનથી કુગ્ગા ફોડતા હતાં. ત્યાં આ માણસોમાં સાહેદ રામકાભાઇએ આરોપી નં.૯ ને ત્યાં જોયેલો હતો. સાહેદ રામકાભાઇએ એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૭૧ રમણભાઇ સેંઘાભાઇ સોલંકી સમક્ષના ઓળખ પરેડના પંચનામા દરમ્યાન આરોપી નં.૯ ને ઓળખી પણ બતાવેલ હતો. આ સાહેદે તેઓની જુબાની દરમ્યાન અદાલત રૂબરૂ આરોપી નં.૯ ને ઓળખી શકેલા નથી. બનાવ બાદ ઘણા સમય પછી જુબાની આપેલી હોવાથી આ સાહેદ ઘણા બધા આરોપીઓને ઓળખી શકેલ નથી. નહિ ઓળખવાનું જે કારણ આપેલું છે તે વાજબી છે તેમ હું માનું છું. આ સાહેદ ગામડાના રહેવાસી છે, આરોપી સાથે કોઇ દુશ્મનાવટ નથી જેથી તેઓની જુબાની નહિ માનવાને કોઇ કારણ નથી.

સાહેદ નં.૯૮૧ પ્રવિણભાઈ હમીરભાઈ કટારીયાનાઓની જુબાનીના સારાંશ મુજબ સને–૨૦૦૮ની સાલના ઉત્તરાયણના દિવસે આ સાહેદ પોતાની જીપ લઈને હાલોલ જતા હતા અને રસ્તામાંથી પેસેન્જરોની સાથે તેમના મિત્ર અંબાલાલભાઇને જીપમાં બેસાડેલા અને ત્યારબાદ તેઓ પાવાગઢથી હાલોલ જવા નિકળેલા ત્યારે હેલીકૈલ વાવ નજીક રોડ ઉપર જીપને પંચર પડેલું. જીપમાં બેસાડેલા અન્ય પેસેન્જરોને બીજી જીપમાં બેસાડી હાલોલ રવાના કરેલાં

અને જીપના કંડકટર અશ્વિનભાઈએ જીપનું ટાયર કાઢીને હાલોલ ખાતે પંચર કરાવવા ગયેલાં. અંબાલાલભાઇ તથા આ સાહેદ જીપ પાસે રોકાયેલા તે દરમ્યાન જંગલમાંથી માણસોનો બોલવાનો અવાજ આવેલો જેથી આ અંબાલાલભાઇ તથા આ સાહેદ તે તરફ જંગલમાં ગયેલા ત્યારે કેટલાક માણસો કમલેશ કવોરીની ખીણ પાસે તંબુ બાંધીને કાંઇક કરતા હતાં. તે લોકો જૂથમાં હતા અને હિન્દી ભાષા બોલતા હતા. તે માણસોમાં સાહેદ પ્રવિણભાઈએ આરોપી નં.૯ ને જોયેલો હતો. સાહેદ પ્રવિણભાઈએ એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૭૧ રમણભાઇ સેંધાભાઇ સોલંકી સમક્ષના ઓળખ પરેડના પંચનામા દરમ્યાન આરોપી નં.૯ ને ઓળખી પણ બતાવેલ હતો. સાહેદ પ્રવિણભાઈ ગામડાનો વતની છે. જીપ ચલાવીને પોતાનું ગુજરાન ચલાવે છે. આરોપી સાથે તેઓને કોઇ દુશ્મનાવટ નથી કે જેથી કરીને આરોપી નં.૯ ને ખોટી રીતે ગુનામાં સંડોવે. આ સાહેદે તેઓની જુબાની દરમ્યાન આરોપી નં.૯ ને ઓળખી શકેલા નથી. બનાવ બાદ ઘણા સમય પછી જુબાની આપેલી હોવાથી આ સાહેદ ઘણા બધા આરોપીઓને ઓળખી શકેલ નથી. નહિ ઓળખવાનું જે કારણ આપેલું છે તે વાજબી છે તેમ હું માનું છું.

સાહેદ નં.૧૦૬૭ અંબાલાલ વેચાતભાઇ બારીયાનાઓની જુબાનીના સારાંશ મુજબ સને–૨૦૦૮ ની સાલના ઉત્તરાયણના દિવસે આ સાહેદ તેમના મિત્ર પ્રવિણભાઇની જીપમાં બેસીને પાવાગઢથી હાલોલ જવા નિકળેલા ત્યારે હેલીકૈલ વાવ નજીક રોડ ઉપર જીપને પંચર પડેલું. જીપમાં બેસાડેલા અન્ય પેસેન્જરોને બીજી જીપમાં બેસાડી હાલોલ રવાના કરેલાં અને જીપના કંડકટર અશ્વિનભાઇએ જીપનું ટાયર કાઢીને હાલોલ ખાતે પંચર કરાવવા ગયેલાં. આ સાહેદ તથા પ્રવિણભાઇ જીપ પાસે રોકાયેલા તે દરમ્યાન જંગલમાંથી માણસોનો બોલવાનો અવાજ આવેલો જેથી આ સાહેદ તથા પ્રવિણભાઇ તે તરફ જંગલમાં ગયેલા ત્યારે કેટલાક માણસો કમલેશ કવોરીની ખીણ પાસે તંબુ બાંધીને કાંઇક કરતા હતાં. તે લોકો જૂથમાં હતા અને હિન્દી ભાષા બોલતા હતા. તે માણસોમાં સાહેદ અંબાલાલે આરોપી નં.૯ ને જોયેલો હતો. સાહેદ

અંબાલાલભાઈએ એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૭૧ રમણભાઇ સેંઘાભાઇ સોલંકી સમક્ષના ઓળખ પરેડના પંચનામા દરમ્યાન આરોપી નં.૯ ને ઓળખી પણ બતાવેલ હતો. સાહેદ અંબાલાલ ગામડાનો વતની છે. ખેતીકામ કરે છે. આરોપી સાથે તેનો કોઇ દુશ્મનાવટ નથી કે જેથી કરીને આરોપી નં.૯ ને ખોટી રીતે ગુનામાં સંડોવે. આ સાહેદ અંબાલાલભાઇ, સાહેદ રામકાભાઇ તથા સાહેદ પ્રવિણભાઈની જુબાની ધ્યાને લેતા હાલોલ–પાવાગઢના તાલીમ કેમ્પ બાબતે તથા આ આરોપી નં.૯ ની હાજરી બાબતે સમર્થન કરે છે. આ સાહેદે તેઓની જુબાની દરમ્યાન આરોપી નં.૯ ને ઓળખી શકેલા નથી. બનાવ બાદ ઘણા સમય પછી જુબાની આપેલી હોવાથી આ સાહેદ ઘણા બધા આરોપીઓને ઓળખી શકેલ નથી. નહિ ઓળખવાનું જે કારણ આપેલું છે તે વાજબી છે તેમ હું માનું છું.

સાહેદ નં.૫૭૧ એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ રમણભાઇ સેંઘાભાઇ સોલંકીની જુબાનીના સારાંશ મુજબ સાહેદ નં.૯૭૨ રામકાભાઈએ તથા સાહેદ નં.૧૦૬૭ અંબાલાલભાઇ તથા સાહેદ નં.૯૮૧ પ્રવિણભાઈએ આ સાહેદની રૂબરૂમાં આરોપી નં.૯ ને પોતાની સમક્ષ થયેલી ઓળખ પરેડમાં ઓળખી બતાવેલાની હકીકત જણાવે છે. જેથી પણ સ્પષ્ટ બને છે કે હાલોલ–પાવાગઢ ખાતે તા.૧૩/૦૧/૨૦૦૮ થી તા.૧૫/૦૧/૦૮ ના સમય દરમ્યાન આ આરોપી તથા અન્ય આરોપીઓ ભેગા મળી જે તાલીમ કેમ્પનું આયોજન કરેલું તેમાં આ આરોપી નં.૯ પણ હાજર હતો. એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ સરકારી અધિકારી છે અને તેઓની રૂબરૂમાં ઓળખ પરેડ અંગેની જે કાંઇ કાર્યવાહી કરેલી તે તેઓની ફરજના ભાગરૂપે હતી. આરોપી સાથે તેઓને કોઇ દુશ્મનાવટ નથી અને તેમની રૂબરૂ થયેલી ઓળખ પરેડની કાર્યવાહી તેમણે યોગ્ય રીતે કરેલી તેવી અપેક્ષા હોય છે જે નહિ માનવાને કોઇ કારણ નથી.

આ ઉપરાંત, આરોપી નં.૨ નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ સમક્ષ લખાવેલું તે મુજબ આરોપી નં.૯ વાઘમોન (કેરળ) મુકામે તાલીમ કેમ્પમાં હાજર

હતો તેવી હકીકત કબૂલાત નિવેદનમાં છે. આરોપી નં.૯ હાલોલ–પાવાગઢ ખાતે તા.૧૩.૧.૨૦૦૮ થી તા.૧૫.૧.૨૦૦૮ ના સમય દરમ્યાન આતંકવાદી તાલીમ કેમ્પ યોજાયેલો તે કેમ્પમાં અન્ય આરોપીઓ સાથે હાજર રહેલો છે અને કેમ્પમાં હાજર તમામ આરોપીઓ ખુંદપીરની દરગાહ ઉપર આવેલી ધર્મશાળામાં રોકાયેલા. જુદી–જુદી જગ્યાઓ ઉપર તાલીમો લીધેલી. મુસ્લિમોનો બદલો લેવાની, જેહાદી ભાષણો કરેલા અને બોમ્બ બનાવવાની તાલીમ આપેલાની હકીકત તેઓના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે.

આ ઉપરાંત, આરોપી નં.૩૫ નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ સમક્ષ લખાવેલું તે મુજબ આરોપી નં.૯ નાઓ હાલોલ–પાવાગઢ ખાતેના તાલીમ કેમ્પમાં ગયેલો અને તાલીમ લીધેલાની હકીકત તેઓના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે. જો કે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧નાઓએ આ આરોપીનું કબૂલાત નિવેદન સોગંદ ઉપર લીધેલું છે જે ગેરકાયદેસર છે. ઉપરોકત આરોપી નં.૦૨ ના કબૂલાત નિવેદન મુજબ હાલોલ–પાવાગઢના કેમ્પમાં આરોપી નં.૯ નાએ હાજર રહી સક્રિય કામગીરી કરેલી છે તેમજ આતંકવાદી તાલીમો મેળવેલી છે તેમ હું માનું છું. આરોપી નં.૩૫ નુ કબૂલાત નિવેદન સોગંદ ઉપર લેવામાં આવેલુ છે જે ધ્યાને લેવામાં આવતુ નથી. પરંતુ આરોપી નં.૨નાઓનુ નિવેદન ધ્યાને લેતા તે હાલોલ–પાવાગઢ ખાતેના આતંકવાદી તાલીમ કેમ્પમાં હાજર રહેલાનું સ્પષ્ટ છે.

આંક–૧૨૨ વાળા તહોમતનામામાં જણાવ્યા મુજબ ઘણા બધા આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો એવા છે કે, તે બાબતે આ આરોપી નં.૯ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા કોઇ મૌખિક કે દસ્તાવેજી પ્રત્યક્ષ પુરાવો રજૂ થયેલો નથી. આ આરોપી નં.૯ જુદી–જુદી હોટલોમાં રોકાયો હોય, તે હોટલોના રજીસ્ટરોમાં ખોટા નામથી એન્ટ્રીઓ કરી હોય, ખોટા નામે સહીઓ કરેલી હોય તેમજ આ આરોપી નં.૯ નાઓએ ખોટા દસ્તાવેજ બનાવી તે દસ્તાવેજોનો સાચા તરીકે ઉપયોગ કર્યો હોય તેવા કોઇ પ્રત્યક્ષ પુરાવા આ આરોપી નં.૯ વિરૂધ્ધ નથી. પરંતુ આ અંગેના

પ્રત્યક્ષ પુરાવા આરોપી નં.૧૪, ૩૭, ૪૩, ૪૫, ૪૬, ૬૯ અને ૭૦ વિરૂધ્ધ રજૂ થયેલા છે. જેથી કાવતરાના પેરામાં ચર્ચા કર્યા મુજબ તેમજ તે પેરામાં નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લીધેલા છે તે ચુકાદા મુજબ આરોપી નં.૯ નાઓ કોઈ હોટલમાં ખોટા નામે એન્ટ્રી કરી રોકાયેલા ન હોવા છતાં પણ અન્ય આરોપીઓ સાથે આરોપી નં.૯ ની સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે. આ ઉપરાંત આ આરોપી નં.૯ નાઓએ બનાવોમાં ઉપયોગમાં લીધેલ કોઇ વસ્તુ કે પુરાવાનો નાશ કર્યો હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો નથી. આ ઉપરાંત આ બનાવો બન્યા બાદ બનાવોમાં સંડોવાયેલા અન્ય કોઇ આરોપીને આશ્રય આપેલો હોય, તેઓને છુપાવેલા હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો આરોપી નં.૯ વિરૂધ્ધ કે અન્ય આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ નથી. આ આરોપી નં.૯ સીમીના સભ્ય હોવાનો મૌખિક પુરાવો છે. આરોપી નં.૨ ના કબૂલાત નિવેદન મુજબ આ આરોપી નં.૯ સીમીનો સભ્ય છે. સીમી સંગઠન ઉપર ભારત સરકાર દ્વારા પ્રતિબંધ મુકવામાં આવેલો છે તે અંગેનું જાહેરનામું ભારત સરકારના રાજપત્રમાં પ્રસિધ્ધ પણ થયેલું છે માટે સીમી સંગઠનની જાહેરમાં કોઇ ઑફિસ ન હોય અને સીમી અંગેનો કોઇ દસ્તાવેજી પુરાવો ન હોય તે સ્વાભાવિક છે અને તેના કારણે તપાસ કરનાર અધિકારીઓ પૈકી કોઇપણ અધિકારીને સીમી બાબતે તપાસ દરમ્યાન કોઇ દસ્તાવેજી પુરાવો મળેલો નથી. સીમીની કાર્યવાહી પ્રતિબંધના કારણે ગુપ્તરીતે થતી હોય છે. સીમી સંગઠનનું કોઇ રેકર્ડ જાહેરમાં પ્રસિધ્ધ થયેલું નથી. સીમી સંગઠનમાં કોઇ આરોપી સભ્ય બનેલા હોય તો તે અંગેની કોઇ પાવતી કે દસ્તાવેજી પુરાવો ન હોય. આ આરોપી નં.૯ સીમી સંગઠનમાં સક્રિય છે તેવું આરોપી સામેના મૌખિક પુરાવાથી પુરવાર થાય છે. ઉપરાંત આરોપી નં.૬૮ દ્વારા આંક–૯૨૪૮ થી **"કનેકશન ઓફ સીમી"** રજૂ કરવામાં આવેલુ છે તેના પાના નં.૨૧ ઉપર આ આરોપી નં.૯ નું નામ છે અને નામદાર દિલ્હી હાઇકોર્ટ દ્વારા સીમી ઉપર પ્રતિબંધ મુકવામાં આવેલો હોવાની હકીકત પણ જણાવવામાં આવેલી છે. આ ઉપરાંત આંક–૯૨૪૮ વંચાણે લેતા સીમી સંગઠન વિશે તથા તેના હોદ્દેદારો, સભ્યો અને પ્રાદેશિક સભ્યો, સીમી

સંગઠનનો હેતુ બાબતે તમામ હકીકતો જણાવેલી છે. આ ઉપરાંત આ આરોપીનો એસ.ડી.એસ. ટેસ્ટ સાહેદ નં.૮૪૮ નાઓએ કરેલો છે. તેઓની જુબાની તથા આ આરોપી બાબતે આ સાહેદે આંક–૫૯૦૧ વાળો અભિપ્રાય આપેલો છે તે ધ્યાને લેતા આ આરોપી સીમી સાથે સંકળાયેલો છે. સંગઠનને કોઇ નાણાકીય સહાય પુરી પાડી હોય અથવા નાણાકીય સહાય પુરી પાડવા કોઇ અન્ય વ્યકિત પાસે મદદ માંગી હોય તેવો ફરિયાદપક્ષ તરફથી કોઇ પ્રત્યક્ષ પુરાવો આ આરોપી કે અન્ય આરોપીઓ વિરૂધ્ધ રજૂ થયેલો નથી. આ આરોપી નં.૯ નાઓએ બનાવો બનતા પહેલા આતંકવાદી ઇ–મેઇલ કર્યા હોય તેવા કોઇ ઇ–મેઇલ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા નથી. આ આરોપી નં.૯ નાઓએ કોઇ કમ્પ્યુટરમાંથી આતંકવાદી ઇ–મેઇલ કર્યા હોય અને ઇ–મેઇલ કર્યા પછી તે ઇ–મેઇલ કમ્પ્યુટરમાંથી ડિલીટ કર્યા હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આરોપી નં.૩૩ તથા ૩૪ નાઓએ ઈન્ડિયા ટીવીને આતંકવાદી ઈ–મેઇલ કરેલાનો આક્ષેપ છે પરંતુ રજૂ થયેલા ઈ–મેઇલ ધ્યાને લેતા તે આક્ષેપ પુરવાર થતા નથી. આ આરોપી પાસેથી પરવાના વિનાનો કોઇ દેશી તમંચો કે હથિયાર કબજે કરવામાં આવ્યુ હોય તેવો પણ કોઇ સીધો પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીઓ તથા આ આરોપી વિરૂધ્ધ સમગ્ર પુરાવા ધ્યાને લેતા અમદાવાદ શહેરમાં થયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોના કાવતરામાં અને તેની સાથે સંલગ્ન સુરત શહેરના બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં આ આરોપી નં.૯ ની શરૂઆતથી લઇને બનાવોના અંત સુધી સક્રિય ભૂમિકા રહેલી છે આ આરોપી નં.૯ સામે આંક–૧૨૨ મુજબના તહોમતનામામાં જે આક્ષેપો ફરમાવવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો પુરાવાર થાય છે તેમ હું માનું છું. વાઘમોન ખાતે ડિસેમ્બર–૨૦૦૮ મા આરોપીઓએ તાલીમ કેમ્પ રાખેલો હતો અને તે કેમ્પમાં આ આરોપી પણ હાજર હતો. આ કેમ્પ બાબતે અર્નાકુલ્લમ ખાતે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાયેલી

અને તે ફરિયાદના કામે કુલ–૩૮ આરોપીઓને અટક કરવામાં આવેલા. તે કામે તપાસના કામે ૩૮ આરોપીઓ વિરૂધ્ધ અદાલતમાં ચાર્જશીટ દાખલ થયેલો જેનો એન.આઈ.એ. કેસ નં.૨/૨૦૧૧ હતો. તે કામે આ આરોપીને આરોપી નં.૨૬ તરીકે દર્શાવેલ છે. તે કેસમાં એન.આઈ.એ. કોર્ટ અર્નાકુલ્લમ દ્વારા તા.૧૫.૫. ૨૦૧૮ ના રોજ ચુકાદો આપવામાં આવેલ છે તે ચુકાદામાં આ આરોપીને સજા ફરમાવેલ છે. પરંતુ આ આરોપીની વાઘમોન ઉપરાંત હાલોલ–પાવાગઢના કેમ્પોમાં પણ હાજરી છે તથા જુદી–જુદી આતંકવાદી તાલીમો મેળવેલી છે. એટલુ જ નહીં જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગોમાં હાજર રહેલો છે અને દેશ વિરૂધ્ધ પ્રવૃત્તિઓ કરેલ છે માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૦૦ આ આરોપી બાબતે લાગુ પડશે નહીં. ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૯ ની ભૂમિકા બાબતે તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન કરતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૯ સામે મુદ્દા નં.૧ થી ૧૩, ૧૬ થી ૧૯, ૨૧ થી ૨૪, ૨૬ થી ૩૨ પુરવાર કરે છે. જયારે મુદ્દા નં. ૧૪,૧૫, ૨૦,૨૫, ૩૩ થી ૩૫ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવુ છું.

આરોપી નં.૧૦ આમીલ પરવાજ ઉર્ફે સીકંદર કાજી સૈકુદ્દીન શેખ

સાહેદ નં.૯૭૨ રામકાભાઇ દેવકરણ કેસરીયાની જુબાનીના સારાંશ મુજબ જાન્યુઆરી–૨૦૦૮ ની ઉત્તરાયણના સમય દરમ્યાન આ સાહેદની ભેંસો પાવાગઢના જંગલમાં ખોવાઇ ગયેલી હતી જેથી આ સાહેદ ભેંસો શોધવા માટે હેલીકૈલ વાવ તરફના જંગલોમાં ગયેલા ત્યારે ૨૫ થી ૩૦ માણસો કુગ્ગા ફોડવાની, કોણીથી જમીન ઉપર ચાલવાની વિગેરે કામ કરતા કરતા હતા. તે જગ્યા પાસે કમલેશ કવોરીની ખીણ આવેલી હતી ત્યાં તંબુ પણ બાંધેલો હતો. ઝાડ ઉપર દોરી બાંધીને કેટલાક લોકો એરગનથી કુગ્ગા ફોડતા હતાં. ત્યાં આ માણસોમાં સાહેદ રામકાભાઇએ આરોપી નં.૧૦ ને ત્યાં જોયેલો હતો. સાહેદ રામકાભાઇએ એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૭૧ રમણભાઇ સેંઘાભાઇ સોલંકી સમક્ષના ઓળખ પરેડના પંચનામા દરમ્યાન આરોપી નં.૧૦ ને ઓળખી

પણ બતાવેલ હતો. આ સાહેદે તેઓની જુબાની દરમ્યાન અદાલત રૂબરૂ આરોપી નં.૧૦ ને ઓળખી શકેલા નથી. બનાવ બાદ ઘણા સમય પછી જુબાની આપેલી હોવાથી આ સાહેદ ઘણા બધા આરોપીઓને ઓળખી શકેલ નથી.નહિ ઓળખવાનું જે કારણ આપેલું છે તે વાજબી છે તેમ હું માનું છું. આ સાહેદ ગામડાના રહેવાસી છે, આરોપી સાથે કોઇ દુશ્મનાવટ નથી જેથી તેઓની જુબાની નહિ માનવાને કોઇ કારણ નથી.

સાહેદ નં.૯૮૧ પ્રવિણભાઈ હમીરભાઈ કટારીયાનાઓની જુબાનીના સારાંશ મુજબ સને–૨૦૦૮ ની સાલના ઉત્તરાયણના દિવસે આ સાહેદ પોતાની જીપ લઈને હાલોલ જતા હતા અને રસ્તામાંથી પેસેન્જરોની સાથે તેમના મિત્ર અંબાલાલભાઇને જીપમાં બેસાડેલા અને ત્યારબાદ તેઓ પાવાગઢથી હાલોલ જવા નિકળેલા ત્યારે હેલીકૈલ વાવ નજીક રોડ ઉપર જીપને પંચર પડેલું. જીપમાં બેસાડેલા અન્ય પેસેન્જરોને બીજી જીપમાં બેસાડી હાલોલ રવાના કરેલાં અને જીપના કંડકટર અશ્વિનભાઇએ જીપનું ટાયર કાઢીને હાલોલ ખાતે પંચર કરાવવા ગયેલાં. અંબાલાલભાઇ તથા આ સાહેદ જીપ પાસે રોકાયેલા તે દરમ્યાન જંગલમાંથી માણસોનો બોલવાનો અવાજ આવેલો જેથી આ અંબાલાલભાઇ તથા આ સાહેદ તે તરફ જંગલમાં ગયેલા ત્યારે કેટલાક માણસો કમલેશ કવોરીની ખીણ પાસે તંબુ બાંધીને કાંઇક કરતા હતાં. તે લોકો જૂથમાં હતા અને હિન્દી ભાષા બોલતા હતા. તે માણસોમાં સાહેદ પ્રવિણભાઈએ આરોપી નં.૧૦ ને જોયેલો હતો. સાહેદ પ્રવિણભાઈએ એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૭૧ રમણભાઇ સેંઘાભાઇ સોલંકી સમક્ષના ઓળખ પરેડના પંચનામા દરમ્યાન આરોપી નં.૧૦ને ઓળખી પણ બતાવેલ હતો. સાહેદ પ્રવિણભાઈ ગામડાનો વતની છે. જીપ ચલાવીને પોતાનું ગુજરાન ચલાવે છે. આરોપી સાથે તેઓને કોઇ દુશ્મનાવટ નથી કે જેથી કરીને આરોપી નં.૧૦ ને ખોટી રીતે ગુનામાં સંડોવે. આ સાહેદે તેઓની જુબાની દરમ્યાન આરોપી નં.૧૦ ને અદાલત રૂબરૂ ઓળખી બતાવેલા છે.

સાહેદ નં.૧૦૬૭ અંબાલાલ વેચાતભાઇ બારીયાનાઓની જુબાનીના સારાંશ મુજબ સને–૨૦૦૮ ની સાલના ઉત્તરાયણના દિવસે આ સાહેદ તેમના મિત્ર પ્રવિણભાઈની જીપમાં બેસીને પાવાગઢથી હાલોલ જવા નિકળેલા ત્યારે હેલીકૈલ વાવ નજીક રોડ ઉપર જીપને પંચર પડેલું. જીપમાં બેસાડેલા અન્ય પેસેન્જરોને બીજી જીપમાં બેસાડી હાલોલ રવાના કરેલાં અને જીપના કંડકટર અશ્વિનભાઈએ જીપનું ટાયર કાઢીને હાલોલ ખાતે પંચર કરાવવા ગયેલાં. આ સાહેદ તથા પ્રવિણભાઇ જીપ પાસે રોકાયેલા તે દરમ્યાન જંગલમાંથી માણસોનો બોલવાનો અવાજ આવેલો જેથી આ સાહેદ તથા પ્રવિણભાઇ તે તરફ જંગલમાં ગયેલા ત્યારે કેટલાક માણસો કમલેશ કવોરીની ખીણ પાસે તંબુ બાંધીને કાંઇક કરતા હતાં. તે લોકો જૂથમાં હતા અને હિન્દી ભાષા બોલતા હતા. તે માણસોમાં સાહેદ અંબાલાલે આરોપી નં.૧૦ ને જોયેલો હતો. સાહેદ અંબાલાલભાઈએ એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૭૧ રમણભાઇ સેંધાભાઇ સોલંકી સમક્ષના ઓળખ પરેડના પંચનામા દરમ્યાન આરોપી નં.૧૦ ને ઓળખી પણ બતાવેલ હતો. સાહેદ અંબાલાલ ગામડાનો વતની છે. ખેતીકામ કરે છે. આરોપી સાથે તેનો કોઇ દુશ્મનાવટ નથી કે જેથી કરીને આરોપી નં.૧૦ ને ખોટી રીતે ગુનામાં સંડોવે. આ સાહેદ અંબાલાલભાઇ, સાહેદ રામકાભાઇ તથા સાહેદ પ્રવિણભાઈની જુબાની ધ્યાને લેતા હાલોલ–પાવાગઢના તાલીમ કેમ્પ બાબતે તથા આ આરોપી નં.૧૦ ની હાજરી બાબતે સમર્થન કરે છે. આ સાહેદે તેઓની જુબાની દરમ્યાન આરોપી નં.૧૦ ને ઓળખી શકેલા નથી. બનાવ બાદ ઘણા સમય પછી જુબાની આપેલી હોવાથી આ સાહેદ ઘણા બધા આરોપીઓને ઓળખી શકેલ નથી. નહિ ઓળખવાનું જે કારણ આપેલું છે તે વાજબી છે તેમ હું માનું છું.

સાહેદ નં.૫૭૧ એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ રમણભાઇ સેંધાભાઇ સોલંકીની જુબાનીના સારાંશ મુજબ સાહેદ નં.૯૭૨ રામકાભાઇએ તથા સાહેદ નં.૧૦૬૭ અંબાલાલભાઇ તથા સાહેદ નં.૯૮૧ પ્રવિણભાઈએ આ સાહેદની રૂબરૂમાં આરોપી નં.૧૦ ને પોતાની સમક્ષ થયેલી ઓળખ પરેડમાં ઓળખી

બતાવેલાની હકીકત જણાવે છે. જેથી પણ સ્પષ્ટ બને છે કે હાલોલ–પાવાગઢ ખાતે તા.૧૩/૦૧/૨૦૦૮ થી તા.૧૫/૦૧/૦૮ ના સમય દરમ્યાન આ આરોપી તથા અન્ય આરોપીઓ ભેગા મળી જે તાલીમ કેમ્પનું આયોજન કરેલું તેમાં આ આરોપી નં.૧૦ પણ હાજર હતો. એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ સરકારી અધિકારી છે અને તેઓની રૂબરૂમાં ઓળખ પરેડ અંગેની જે કાંઇ કાર્યવાહી કરેલી તે તેઓની ફરજના ભાગરૂપે હતી. આરોપી સાથે તેઓને કોઇ દુશ્મનાવટ નથી અને તેમની રૂબરૂ થયેલી ઓળખ પરેડની કાર્યવાહી તેમણે યોગ્ય રીતે કરેલી તેવી અપેક્ષા હોય છે જે નહિ માનવાને કોઇ કારણ નથી.

આ ઉપરાંત, આરોપી નં.૨ નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ સમક્ષ લખાવેલું તે મુજબ આરોપી નં.૧૦ વાઘમોન (કેરળ) મુકામે તાલીમ કેમ્પમાં હાજર હતો તેવી હકીકત કબૂલાત નિવેદનમાં છે. આરોપી નં.૧૦ હાલોલ–પાવાગઢ ખાતે તા.૧૩.૧.૨૦૦૮ થી તા.૧૫.૧.૨૦૦૮ ના સમય દરમ્યાન આતંકવાદી તાલીમ કેમ્પ યોજાયેલો તે કેમ્પમાં અન્ય આરોપીઓ સાથે હાજર રહેલો છે અને કેમ્પમાં હાજર તમામ આરોપીઓ ખુંદપીરની દરગાહ ઉપર આવેલી ધર્મશાળામાં રોકાયેલા. જુદી–જુદી જગ્યાઓ ઉપર તાલીમો લીધેલી. મુસ્લિમોનો બદલો લેવાની, જેહાદી ભાષણો કરેલા અને બોમ્બ બનાવવાની તાલીમ આપેલાની હકીકત તેઓના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે.

આ ઉપરાંત, આરોપી નં.૨૧ નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ સમક્ષ લખાવેલું તે મુજબ આરોપી નં.૧૦નાઓ હાલોલ–પાવાગઢ ખાતેના તાલીમ કેમ્પમાં ગયેલો અને તાલીમ લીધેલાની હકીકત તેઓના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે. કેમ્પમાં ગયેલા તમામ માણસો ખુંદપીરની દરગાહ ઉપર આવેલી ધર્મશાળામાં રોકાયેલા. જુદી–જુદી જગ્યાઓ ઉપર તાલીમો લીધેલી. મુસ્લિમોનો બદલો લેવાની, માસ કિલીંગ કરવુ, જેહાદી ભાષણો અને પાઇપ બોમ્બ

બનાવવાની તાલીમ આપેલાની હકીકત તેઓના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે.

આ ઉપરાંત, આરોપી નં.૩૫નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ સમક્ષ લખાવેલું તે મુજબ આરોપી નં.૧૦નાઓ હાલોલ–પાવાગઢ ખાતેના તાલીમ કેમ્પમાં ગયેલો અને તાલીમ લીધેલાની હકીકત તેઓના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે. જો કે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ નાઓએ આ આરોપીનું કબૂલાત નિવેદન સોગંદ ઉપર લીધેલું છે જે ગેરકાયદેસર છે. પરંતુ આરોપી નં.૨,૨૧ ના કબૂલાત નિવેદનો મુજબ હાલોલ–પાવાગઢના કેમ્પમાં આરોપી નં.૧૦ નાએ હાજર રહી સક્રિય કામગીરી કરેલી છે તેમજ આતંકવાદી તાલીમો મેળવેલી છે તેમ હું માનું છું. આરોપી નં.૩૫ નુ કબૂલાત નિવેદન સોગંદ ઉપર લેવામાં આવેલુ છે જે ધ્યાને લેવામાં આવતુ નથી. પરંતુ આરોપી નં.૨,૨૧ નાઓનુ કબૂલાત નિવેદન ધ્યાને લેતા તે હાલોલ–પાવાગઢ ખાતેના આતંકવાદી તાલીમ કેમ્પમાં હાજર રહેલાનું સ્પષ્ટ છે.

આ ઉપરાંત, આરોપી નં.૭૬ નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન જયુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોચી–૫ સમક્ષ લખાવેલું તે મુજબ આરોપી નં.૧૦ નાઓ વાઘમોન (કેરાલા) ખાતેના તાલીમ કેમ્પમાં હાજર હતો અને તાલીમ લીધેલાની હકીકત તેઓના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે. કેમ્પમાં આરોપી નં.૧૦નાએ હાજર રહી સક્રિય કામગીરી કરેલી છે તેમજ આતંકવાદી તાલીમો મેળવેલી છે તેમ હું માનું છું.

આંક–૧૨૨ વાળા તહોમતનામામાં જણાવ્યા મુજબ ઘણા બધા આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો એવા છે કે, તે બાબતે આ આરોપી નં.૧૦ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા કોઇ મૌખિક કે દસ્તાવેજી પ્રત્યક્ષ પુરાવો રજૂ થયેલો નથી. આ આરોપી નં.૧૦ જુદી–જુદી હોટલોમાં રોકાયો હોય, તે હોટલોના રજીસ્ટરોમાં ખોટા નામથી એન્ટ્રીઓ કરી હોય, ખોટા નામે સહીઓ કરેલી હોય તેમજ આ આરોપી નં.૧૦ નાઓએ ખોટા દસ્તાવેજ બનાવી તે દસ્તાવેજોનો સાચા તરીકે ઉપયોગ

કર્યો હોય તેવા કોઇ સીધા પુરાવા આ આરોપી નં.૧૦ વિરૂધ્ધ નથી. પરંતુ આ અંગેના પ્રત્યક્ષ પુરાવા આરોપી નં.૧૪, ૩૭, ૪૩, ૪૫, ૪૬, ૬૯ અને ૭૦ વિરૂધ્ધ રજૂ થયેલા છે. જેથી કાવતરાના પેરામાં ચર્ચા કર્યા મુજબ તેમજ તે પેરામાં નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લીધેલા છે તે ચુકાદા મુજબ આરોપી નં.૧૦ નાઓ કોઈ હોટલમાં ખોટા નામે એન્ટ્રી કરી રોકાયેલા ન હોવા છતાં પણ અન્ય આરોપીઓ સાથે આરોપી નં.૧૦ ની સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે. આ ઉપરાંત આ આરોપી નં.૧૦ નાઓએ બનાવોમાં ઉપયોગમાં લીધેલ કોઇ વસ્તુ કે પુરાવાનો નાશ કર્યો હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો નથી. આ ઉપરાંત આ બનાવો બન્યા બાદ બનાવોમાં સંડોવાયેલા અન્ય કોઇ આરોપીને આશ્રય આપેલો હોય, તેઓને છુપાવેલા હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો આરોપી નં.૧૦ સામે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ નથી. આ આરોપી નં.૧૦ સીમીના સભ્ય હોવાનો મૌખિક પુરાવો છે. આરોપી નં.૨,૨૧,૭૬ ના કબૂલાત નિવેદન મુજબ આ આરોપી નં.૧૦ સીમીનો સભ્ય છે. સીમી સંગઠન ઉપર ભારત સરકાર દ્વારા પ્રતિબંધ મુકવામાં આવેલો છે તે અંગેનું જાહેરનામું ભારત સરકારના રાજપત્રમાં પ્રસિધ્ધ પણ થયેલું છે માટે સીમી સંગઠનની જાહેરમાં કોઇ ઑફિસ ન હોય અને સીમી અંગેનો કોઇ દસ્તાવેજી પુરાવો ન હોય તે સ્વાભાવિક છે અને તેના કારણે તપાસ કરનાર અધિકારીઓ પૈકી કોઇપણ અધિકારીને સીમી બાબતે તપાસ દરમ્યાન કોઇ દસ્તાવેજી પુરાવો મળેલો નથી. સીમીની કાર્યવાહી પ્રતિબંધના કારણે ગુપ્તરીતે થતી હોય છે. સીમી સંગઠનનું કોઇ રેકર્ડ જાહેરમાં પ્રસિધ્ધ થયેલું નથી. સીમી સંગઠનમાં કોઇ આરોપી સભ્ય બનેલા હોય તો તે અંગેની કોઇ પાવતી કે દસ્તાવેજી પુરાવો ન હોય. આ આરોપી નં.૧૦ સીમી સંગઠનમાં સક્રિય છે તેવું આરોપી સામેના મૌખિક પુરાવાથી પુરવાર થાય છે. આ ઉપરાંત આરોપી નં.૬૮ નાઓએ આંક-૯૨૪૮ થી **"કનેકશન ઓફ સીમી"** અંગે એક દસ્તાવેજ રજૂ કરેલો છે તે વંચાણે લેતા સીમી સંગઠન વિશે તથા તેના હોદ્દેદારો, સભ્યો અને પ્રાદેશિક સભ્યો, સીમી સંગઠનનો હેતુ બાબતે તમામ હકીકતો જણાવેલી છે. આ ઉપરાંત આ આરોપીનો એસ.ડી.એસ. ટેસ્ટ સાહેદ

નં.૮૪૮ નાઓએ કરેલો છે. તેઓની જુબાની તથા આ આરોપી બાબતે આ સાહેદે આંક–૫૯૦૧ વાળો અભિપ્રાય આપેલો છે તે ધ્યાને લેતા આ આરોપી સીમી સાથે સંકળાયેલો છે. સંગઠનને કોઇ નાણાકીય સહાય પુરી પાડી હોય અથવા નાણાકીય સહાય પુરી પાડવા કોઇ અન્ય વ્યકિત પાસે મદદ માંગી હોય તેવો ફરીયાદપક્ષ તરફથી કોઇ સીધો પુરાવો રજૂ થયેલો નથી. આ આરોપી નં.૧૦ નાઓએ બનાવો બનતા પહેલા આતંકવાદી ઇ–મેઇલ કર્યા હોય તેવા કોઇ ઇ–મેઇલ ફરીયાદપક્ષ દ્વારા રજૂ થયેલા નથી. આ આરોપી નં.૧૦ નાઓએ કોઇ કમ્પ્યુટરમાંથી આતંકવાદી ઇ–મેઇલ કર્યા હોય અને ઇ–મેઇલ કર્યા પછી તે ઇ–મેઇલ કમ્પ્યુટરમાંથી ડિલીટ કર્યા હોય તેવો પણ કોઇ સીધો પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજુ થયેલો નથી.આરોપી નં.૩૩ તથા ૩૪ નાઓએ ઈન્ડિયા ટીવીને આતંકવાદી ઈ–મેઈલ કરેલાનો આક્ષેપ છે પરંતુ રજૂ થયેલા ઈ–મેઈલ ધ્યાને લેતા તે આક્ષેપ પુરવાર થતા નથી.આ આરોપી પાસેથી પરવાના વિનાનો કોઇ દેશી તમંચો કે હથિયાર કબજે કરવામાં આવ્યુ હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા આ આરોપી કે અન્ય આરોપી વિરૂધ્ધ રજૂ થયેલો નથી. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીઓ તથા આ આરોપી વિરૂધ્ધ સમગ્ર પુરાવા ધ્યાને લેતા અમદાવાદ શહેરમાં થયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોના કાવતરામાં અને તેની સાથે સંલગ્ન સુરત શહેરના બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં આ આરોપી નં.૧૦ ની શરૂઆતથી લઇને બનાવોના અંત સુધી સક્રિય ભૂમિકા રહેલી છે આ આરોપી નં.૧૦ સામે આંક–૧૨૨ મુજબના તહોમતનામામાં જે આક્ષેપો ફરમાવવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો પુરાવાર થાય છે તેમ હું માનું છું. વાઘમોન ખાતે ડિસેમ્બર–૨૦૦૮ મા આરોપીઓએ તાલીમ કેમ્પ રાખેલો હતો અને તે કેમ્પમાં આ આરોપી પણ હાજર હતો. આ કેમ્પ બાબતે અર્નાકુલ્લમ ખાતે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાયેલી અને તે ફરિયાદના કામે કુલ–૩૮ આરોપીઓને અટક કરવામાં આવેલા. તે કામે તપાસના કામે ૩૮

આરોપીઓ વિરૂધ્ધ અદાલતમાં ચાર્જશીટ દાખલ થયેલો જેનો એન.આઈ.એ. કેસ નં.૨/૨૦૧૧ હતો. તે કામે આ આરોપીને આરોપી નં.૭ તરીકે દર્શાવેલ છે. તે કેસમાં એન.આઈ.એ. કોર્ટ અર્નાકુલ્લમ દ્વારા તા.૧૫.૫.૨૦૧૮ ના રોજ ચુકાદો આપવામાં આવેલ છે તે ચુકાદામાં આ આરોપીને સજા ફરમાવેલ છે. પરંતુ આ આરોપીની વાઘમોન ઉપરાંત હાલોલ–પાવાગઢના કેમ્પોમાં પણ હાજરી છે તથા જુદી–જુદી આતંકવાદી તાલીમો મેળવેલી છે. એટલુ જ નહીં જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગોમાં હાજર રહેલો છે અને દેશ વિરૂધ્ધ પ્રવૃત્તિઓ કરેલ છે માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૦૦ આ આરોપી બાબતે લાગુ પડશે નહીં. પરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૧૦ની ભૂમિકા બાબતે તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન કરતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૧૦ વિરૂધ્ધ મુદ્દા નં.૧ થી ૧૩, ૧૬ થી ૧૯, ૨૧ થી ૨૪, ૨૬ થી ૩૨ પુરવાર કરે છે. જયારે મુદ્દા નં. ૧૪,૧૫, ૨૦,૨૫, ૩૩ થી ૩૫ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવુ છું.

આરોપી નં.૧૧ સીબલી ઉર્ફે સાબીત અબ્દુલ કરીમ

સાહેદ નં.૧૧૪૧ ઐયાઝ રજાકમીયા સૈયદની જુબાનીના સારાંશ મુજબ ૨૦૦૦ની સાલથી શાહપુર બાઈ સેન્ટરમાં સીમીની ઑફિસ ચાલતી હતી. આરોપી નં.૬ ઑફિસમાં હાજર રહેતો હતો. આ સાહેદ સીમીની ઑફિસમાં વીઝીટમાં ગયેલો ત્યારે સીમી વિશે સમજાવવામાં આવેલુ, છુપી રીતે મીટીંગો થાય છે તેમ જણાવવામાં આવેલુ, મીટીંગોમાં હાજર રહેવાનું પણ જણાવવામાં આવેલુ, સુરત–અમદાવાદમાં મીટીંગો થતી હોવાનું પણ જણાવવામાં આવેલુ, ગોધરા કાંડની વાતો થતી, ૨૦૦૫ની સાલમાં પણ આ સાહેદ સીમીની ઑફિસમાં ગયેલા અને આરોપી નં.૬ ત્યાં હાજર રહેતો હતો. આ સાહેદને પ્રોગ્રામોમાં આવવાનું જણાવવામાં આવેલુ. આ મીટીંગમાં આરોપી નં.૧૧ પણ હાજર રહેતો હતો તેમ જણાવે છે. મીટીંગોમાં તકરીર થતી, જેહાદની વાતો થતી, એક પ્રોગ્રામ યાકુબ મેમણના ઘરે થયેલો, એક પ્રોગ્રામ દરિયાપુરમાં સમસુદ્દીનના

નાના ના ઘરે થયેલો. ત્યાં બીજા ઘણા આરોપીઓ હાજર રહેતા હતા. ભાષણો થતા, ટી.વી./ડી.વી.ડી. ઉપર કેસેટો બતાવવામાં આવતી, બોમ્બનું ડેમોસ્ટ્રેશન થતુ વિગેરે તમામ હકીકતો આ સાહેદ સીમીને લગતી જણાવેલી છે. આ સાહેદની જુબાની ધ્યાને લેતા આરોપી નં.૧૧ સીમીનો કાર્યકર હોવાનું સ્પષ્ટ જણાય આવે છે. આ સાહેદે આરોપી નં.૧૧ ને અદાલત રૂબરૂ ઓળખી પણ બતાવેલો છે.

આ ઉપરાંત, આરોપી નં.૨નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ સમક્ષ લખાવેલું તે મુજબ આરોપી નં.૧૧ વાઘમોન(કેરળ) મુકામે તાલીમ કેમ્પમાં હાજર હતો તેવી હકીકત કબૂલાત નિવેદનમાં છે. આરોપી નં.૧૧ હાલોલ–પાવાગઢ ખાતે તા.૧૩.૧.૨૦૦૮ થી તા.૧૫.૧.૨૦૦૮ ના સમય દરમ્યાન આતંકવાદી તાલીમ કેમ્પ યોજાયેલો તે કેમ્પમાં અન્ય આરોપીઓ સાથે હાજર રહેલો છે અને કેમ્પ હાજર તમામ આરોપીઓ ખુંદપીરની દરગાહ ઉપર આવેલી ધર્મશાળામાં રોકાયેલા. જુદી–જુદી જગ્યાઓ ઉપર તાલીમો લીધેલી. મુસ્લિમોનો બદલો લેવાની, જેહાદી ભાષણો કરેલા અને બોમ્બ બનાવવાની તાલીમ આપેલાની હકીકત તેઓના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે.

આ ઉપરાંત, આરોપી નં.૭૬નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન જયુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોચી–૫ સમક્ષ લખાવેલું તે મુજબ આરોપી નં.૧૧ નાઓ વાઘમોન (કેરાલા) ખાતેના તાલીમ કેમ્પમાં હાજર હતો તાલીમ લીધેલાની હકીકત તેઓના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે. કેમ્પમાં આરોપી નં.૧૧ નાએ હાજર રહી સક્રિય કામગીરી કરેલી છે તેમજ આતંકવાદી તાલીમો મેળવેલી છે તેમ હું માનું છું.

આંક–૧૨૨ વાળા તહોમતનામામાં જણાવ્યા મુજબ ઘણા બધા આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો એવા છે કે, તે બાબતે આ આરોપી નં.૧૧ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા કોઇ મૌખિક કે દસ્તાવેજી પ્રત્યક્ષ પુરાવો રજૂ થયેલો નથી. આ આરોપી નં.૧૧ જુદી–જુદી હોટલોમાં રોકાયો હોય, તે હોટલોના રજીસ્ટરોમાં ખોટા નામથી એન્ટ્રીઓ કરી હોય, ખોટા નામે સહીઓ કરેલી હોય તેમજ આ આરોપી

નં.૧૧ નાઓએ ખોટા દસ્તાવેજ બનાવી તે દસ્તાવેજોનો સાચા તરીકે ઉપયોગ કર્યો હોય તેવા કોઇ સીધા પુરાવા આ આરોપી નં.૧૧ વિરૂધ્ધ નથી. પરંતુ આ અંગેના પ્રત્યક્ષ પુરાવા આરોપી નં.૧૪, ૩૭, ૪૩, ૪૫, ૪૬, ૬૯ અને ૭૦ વિરૂધ્ધ રજૂ થયેલા છે. જેથી કાવતરાના પેરામાં ચર્ચા કર્યા મુજબ તેમજ તે પેરામાં નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લીધેલા છે તે ચુકાદા મુજબ આરોપી નં.૧૧નાઓ કોઈ હોટલમાં ખોટા નામે એન્ટ્રી કરી રોકાયેલા ન હોવા છતાં પણ અન્ય આરોપીઓ સાથે આરોપી નં.૧૧ ની સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે. આ ઉપરાંત આ આરોપી નં.૧૧ નાઓએ બનાવોમાં ઉપયોગમાં લીધેલ કોઇ વસ્તુ કે પુરાવાનો નાશ કર્યો હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો નથી. આ ઉપરાંત આ બનાવો બન્યા બાદ બનાવોમાં સંડોવાયેલા અન્ય કોઇ આરોપીને આશ્રય આપેલો હોય, તેઓને છુપાવેલા હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો આરોપી નં.૧૧ કે અન્ય આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ નથી. આ આરોપી નં.૧૧ સીમીના સભ્ય હોવાનો મૌખિક પુરાવો છે. સાહેદ નં.૧૧૪૧ ઐયાઝ સૈયદ તથા આરોપી નં.૨,૭૬ ના કબૂલાત નિવેદન મુજબ આ આરોપી નં.૧૧ સીમીનો સભ્ય છે. સીમી સંગઠન ઉપર ભારત સરકાર દ્વારા પ્રતિબંધ મૂકવામાં આવેલો છે તે અંગેનું જાહેરનામું ભારત સરકારના રાજપત્રમાં પ્રસિધ્ધ પણ થયેલું છે માટે સીમી સંગઠનની જાહેરમાં કોઇ ઑફિસ ન હોય અને સીમી અંગેનો કોઇ દસ્તાવેજી પુરાવો ન હોય તે સ્વાભાવિક છે અને તેના કારણે તપાસ કરનાર અધિકારીઓ પૈકી કોઇપણ અધિકારીને સીમી બાબતે તપાસ દરમ્યાન કોઇ દસ્તાવેજી પુરાવો મળેલો નથી. સીમીની કાર્યવાહી પ્રતિબંધના કારણે ગુપ્તરીતે થતી હોય છે. સીમી સંગઠનનું કોઇ રેકર્ડ જાહેરમાં પ્રસિધ્ધ થયેલું નથી. સીમી સંગઠનમાં કોઇ આરોપી સભ્ય બનેલા હોય તો તે અંગેની કોઇ પાવતી કે દસ્તાવેજી પુરાવો ન હોય. આ આરોપી નં.૧૧ સીમી સંગઠનમાં સક્રિય છે તેવું આરોપી સામેના મૌખિક પુરાવાથી પુરવાર થાય છે. ઉપરાંત આરોપી નં.૬૮ દ્વારા આંક–૯૨૪૮ થી **"કનેકશન ઓફ સીમી"** રજૂ કરવામાં આવેલુ છે તેના પાના નં.૨૧ ઉપર આ આરોપી નં.૧૧ નુ નામ છે અને નામદાર દિલ્હી હાઈકોર્ટ દ્વારા

સીમી ઉપર પ્રતિબંધ મુકવામાં આવેલો હોવાની હકીકત પણ જણાવવામાં આવેલી છે. આ ઉપરાંત આંક–૯૨૪૮ વંચાણે લેતા સીમી સંગઠન વિશે તથા તેના હોદ્દેદારો, સભ્યો અને પ્રાદેશિક સભ્યો, સીમી સંગઠનનો હેતુ બાબતે તમામ હકીકતો જણાવેલી છે. આ ઉપરાંત આ આરોપીનો એસ.ડી.એસ. ટેસ્ટ સાહેદ નં.૮૪૮ નાઓએ કરેલો છે. તેઓની જુબાની તથા આ આરોપી બાબતે આ સાહેદે આંક–૫૯૦૧ વાળો અભિપ્રાય આપેલો છે તે ધ્યાને લેતા આ આરોપી નં.૧૧ સીમી સાથે સંકળાયેલો છે. સંગઠનને કોઇ નાણાકીય સહાય પુરી પાડી હોય અથવા નાણાકીય સહાય પુરી પાડવા કોઇ અન્ય વ્યકિત પાસે મદદ માંગી હોય તેવો ફરિયાદપક્ષ તરફથી આ આરોપી કે અન્ય આરોપીઓ સામે કોઇ પ્રત્યક્ષ પુરાવો રજૂ થયેલો નથી. આ આરોપી નં.૧૧ નાઓએ બનાવો બનતા પહેલા આતંકવાદી ઇ–મેઇલ કર્યા હોય તેવા કોઇ ઇ–મેઇલ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા નથી. આ આરોપી નં.૧૧ નાઓએ કોઇ કમ્પ્યુટરમાંથી આતંકવાદી ઇ–મેઇલ કર્યા હોય અને ઇ–મેઇલ કર્યા પછી તે ઇ–મેઇલ કમ્પ્યુટરમાંથી ડિલીટ કર્યા હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આરોપી નં.૩૩ તથા ૩૪ નાઓએ ઈન્ડિયા ટીવીને આતંકવાદી ઈ–મેઈલ કરેલાનો આક્ષેપ છે પરંતુ રજૂ થયેલા ઈ–મેઈલ ધ્યાને લેતા તે આક્ષેપ પુરવાર થતા નથી. આ આરોપી પાસેથી પરવાના વિનાનો કોઇ દેશી તમંચો કે હથિયાર કબજે કરવામાં આવ્યુ હોય તેવો પણ કોઇ સીધો પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીઓ તથા આ આરોપી વિરૂધ્ધ સમગ્ર પુરાવા ધ્યાને લેતા અમદાવાદ શહેરમાં થયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોના કાવતરામાં અને તેની સાથે સંલગ્ન સુરત શહેરના બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં આ આરોપી નં.૧૧ ની શરૂઆતથી લઇને બનાવોના અંત સુધી સક્રિય ભૂમિકા રહેલી છે આ આરોપી નં.૧૧ સામે આંક–૧૨૨ મુજબના તહોમતનામામાં જે આક્ષેપો ફરમાવવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો પુરવાર થાય છે

તેમ હું માનું છું. વાઘમોન ખાતે ડિસેમ્બર ૨૦૦૮ મા આરોપીઓએ તાલીમ કેમ્પ રાખેલો હતો અને તે કેમ્પમાં આ આરોપી પણ હાજર હતો. આ કેમ્પ બાબતે અર્નાકુલ્લમ ખાતે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાયેલી અને તે ફરિયાદના કામે કુલ–૩૮ આરોપીઓને અટક કરવામાં આવેલા. તે કામે તપાસના કામે ૩૮ આરોપીઓ વિરૂધ્ધ અદાલતમાં ચાર્જશીટ દાખલ થયેલો જેનો એન.આઈ.એ. કેસ નં.૨/૨૦૧૧ હતો. તે કામે આ આરોપીને આરોપી નં.૪ તરીકે દર્શાવેલ છે. તે કેસમાં એન.આઈ.એ. કોર્ટ અર્નાકુલ્લમ દ્વારા તા.૧૫.૫.૨૦૧૮ ના રોજ ચુકાદો આપવામાં આવેલ છે તે ચુકાદામાં આ આરોપીને સજા ફરમાવેલ છે. પરંતુ આ આરોપીની વાઘમોન ઉપરાંત હાલોલ–પાવાગઢના કેમ્પોમાં પણ હાજરી છે તથા જુદી–જુદી આતંકવાદી તાલીમો મેળવેલી છે. એટલુ જ નહીં જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગોમાં હાજર રહેલો છે અને દેશ વિરૂધ્ધ પ્રવૃત્તિઓ કરેલ છે માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૦૦ આ આરોપી બાબતે લાગુ પડશે નહીં. ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૧૧ ની ભૂમિકા બાબતે તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન કરતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૧૧ વિરૂધ્ધ મુદ્દા નં.૧ થી ૧૩, ૧૬ થી ૧૯, ૨૧ થી ૨૪, ૨૬ થી ૩૨ પુરવાર કરે છે. જયારે મુદ્દા નં. ૧૪,૧૫, ૨૦,૨૫, ૩૩ થી ૩૫ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવુ છું.

આરોપી નં.૧૨ સફદરહુસેન ઉર્ફે હુસેનભાઈ ઉર્ફે ઈકબાલભાઈ જહીરુદ્દીન ઉર્ફે જહરુલહસન નાગોરી

સાહેદ નં.૧૧૪૧ એૈયાઝ રજાકમીંયા સૈયદની જુબાનીના સારાંશ મુજબ ૨૦૦૦ની સાલથી શાહપુર બાઈ સેન્ટરમાં સીમીની ઑફિસ ચાલતી હતી. આરોપી નં.૬ ઑફિસમાં હાજર રહેતો હતો. આ સાહેદ સીમીની ઑફિસમાં વીઝીટમાં ગયેલો ત્યારે સીમી વિશે સમજાવવામાં આવેલુ, છુપી રીતે મીટીંગો થાય છે તેમ જણાવવામાં આવેલુ, મીટીંગોમાં હાજર રહેવાનું પણ જણાવવામાં આવેલુ, સુરત–અમદાવાદમાં મીટીંગો થતી હોવાનું પણ જણાવવામાં આવેલુ,

ગોધરા કાંડની વાતો થતી, ૨૦૦૫ ની સાલમાં પણ આ સાહેદ સીમીની ઑફિસમાં ગયેલા અને આરોપી નં.૬ ત્યાં હાજર રહેતો હતો. આ સાહેદને પ્રોગ્રામોમાં આવવાનું જણાવવામાં આવેલુ. આ મીટીંગમાં આરોપી નં.૧૨ પણ હાજર રહેતો હતો તેમ જણાવે છે. મીટીંગોમાં આ આરોપી નં.૧૨ તકરીર કરતો હતો, જેહાદની વાતો પણ કરતો હતો, એક પ્રોગ્રામ યાકુબ મેમણના ઘરે થયેલો ત્યાં પણ આ આરોપી નં.૧૨નાએ જેહાદી ભાષણો કરેલા, એક પ્રોગ્રામ દરિયાપુરમાં સમસુદ્દીનના નાના ના ઘરે થયેલો. ત્યાં બીજા ઘણા આરોપીઓ હાજર રહેતા હતા. ભાષણો થતા, ટી.વી./ડી.વી.ડી. ઉપર કેસેટો બતાવવામાં આવતી, બોમ્બનું ડેમોસ્ટ્રેશન થતુ વિગેરે તમામ હકીકતો આ સાહેદ સીમીને લગતી જણાવેલી છે. આ સાહેદની જુબાની ધ્યાને લેતા આરોપી નં.૧૨ સીમીનો કાર્યકર હોવાનું સ્પષ્ટ જણાય આવે છે. આ સાહેદે આરોપી નં.૧૨ ને અદાલત રૂબરૂ જુબાની દરમિયાન ઓળખી પણ બતાવેલો છે.

સાહેદ નં.૯૭૨ રામકાભાઇ દેવકરણ કેસરીયાની જુબાનીના સારાંશ મુજબ જાન્યુઆરી–૨૦૦૮ની ઉત્તરાયણના સમય દરમ્યાન આ સાહેદની ભેંસો પાવાગઢના જંગલમાં ખોવાઇ ગયેલી હતી જેથી આ સાહેદ ભેંસો શોધવા માટે હેલીકૈલ વાવ તરફના જંગલોમાં ગયેલા ત્યારે ૨૫ થી ૩૦ માણસો કુગ્ગા ફોડવાની, કોણીથી જમીન ઉપર ચાલવાની વિગેરે કામ કરતા કરતા હતા. તે જગ્યા પાસે કમલેશ કવોરીની ખીણ આવેલી હતી ત્યાં તંબુ પણ બાંધેલો હતો. ઝાડ ઉપર દોરી બાંધીને કેટલાક લોકો એરગનથી કુગ્ગા ફોડતા હતાં. ત્યાં આ માણસોમાં સાહેદ રામકાભાઇએ આરોપી નં.૧૨ ને ત્યાં જોયેલો હતો. સાહેદ રામકાભાઇએ એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૭૧ રમણભાઇ સેંધાભાઇ સોલંકી સમક્ષના ઓળખ પરેડના પંચનામા દરમ્યાન આરોપી નં.૧૨ ને ઓળખી પણ બતાવેલ હતો. આ સાહેદે તેઓની જુબાની દરમ્યાન અદાલત રૂબરૂ આરોપી નં.૧૨ને ઓળખી બતાવેલ છે. આ સાહેદ ગામડાના રહેવાસી છે, આરોપી સાથે કોઇ દુશ્મનાવટ નથી જેથી તેઓની જુબાની નહિ માનવાને કોઇ કારણ નથી.

સાહેદ નં.૯૮૧ પ્રવિણભાઈ હમીરભાઈ કટારીયાનાઓની જુબાનીના સારાંશ મુજબ સને–૨૦૦૮ ની સાલના ઉત્તરાયણના દિવસે આ સાહેદ પોતાની જીપ લઈને હાલોલ જતા હતા અને રસ્તામાંથી પેસેન્જરોની સાથે તેમના મિત્ર અંબાલાલભાઇને જીપમાં બેસાડેલા અને ત્યારબાદ તેઓ પાવાગઢ થી હાલોલ જવા નિકળેલા ત્યારે હેલીકૈલ વાવ નજીક રોડ ઉપર જીપને પંચર પડેલું. જીપમાં બેસાડેલા અન્ય પેસેન્જરોને બીજી જીપમાં બેસાડી હાલોલ રવાના કરેલાં અને જીપના કંડકટર અશ્વિનભાઇએ જીપનું ટાયર કાઢીને હાલોલ ખાતે પંચર કરાવવા ગયેલાં. અંબાલાલભાઇ તથા આ સાહેદ જીપ પાસે રોકાયેલા તે દરમ્યાન જંગલમાંથી માણસોનો બોલવાનો અવાજ આવેલો જેથી આ અંબાલાલભાઇ તથા આ સાહેદ તે તરફ જંગલમાં ગયેલા ત્યારે કેટલાક માણસો કમલેશ કવોરીની ખીણ પાસે તંબુ બાંધીને કાંઇક કરતા હતાં. તે લોકો જૂથમાં હતા અને હિન્દી ભાષા બોલતા હતા. તે માણસોમાં સાહેદ પ્રવિણભાઈએ આરોપી નં.૧૨ ને જોયેલો હતો. સાહેદ પ્રવિણભાઈએ એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૭૧ રમણભાઇ સેંઘાભાઇ સોલંકી સમક્ષના ઓળખ પરેડના પંચનામા દરમ્યાન આરોપી નં.૧૨ ને ઓળખી પણ બતાવેલ હતો. સાહેદ પ્રવિણભાઈ ગામડાનો વતની છે. જીપ ચલાવીને પોતાનું ગુજરાન ચલાવે છે. આરોપી સાથે તેઓને કોઇ દુશ્મનાવટ નથી કે જેથી કરીને આરોપી નં.૧૨ ને ખોટી રીતે ગુનામાં સંડોવે. આ સાહેદે તેઓની જુબાની દરમ્યાન આરોપી નં.૧૨ને અદાલત રૂબરૂ ઓળખી બતાવેલા છે.

સાહેદ નં.૧૦૬૭ અંબાલાલ વેચાતભાઇ બારીયાનાઓની જુબાનીના સારાંશ મુજબ સને–૨૦૦૮ ની સાલના ઉત્તરાયણના દિવસે આ સાહેદ તેમના મિત્ર પ્રવિણભાઇની જીપમાં બેસીને પાવાગઢથી હાલોલ જવા નિકળેલા ત્યારે હેલીકૈલ વાવ નજીક રોડ ઉપર જીપને પંચર પડેલું. જીપમાં બેસાડેલા અન્ય પેસેન્જરોને બીજી જીપમાં બેસાડી હાલોલ રવાના કરેલાં અને જીપના કંડકટર અશ્વિનભાઇએ જીપનું ટાયર કાઢીને હાલોલ ખાતે પંચર કરાવવા ગયેલાં. આ સાહેદ તથા પ્રવિણભાઇ જીપ પાસે રોકાયેલા તે દરમ્યાન જંગલમાંથી

માણસોનો બોલવાનો અવાજ આવેલો જેથી આ સાહેદ તથા પ્રવિણભાઇ તે તરફ જંગલમાં ગયેલા ત્યારે કેટલાક માણસો કમલેશ કવોરીની ખીણ પાસે તંબુ બાંધીને કાંઇક કરતા હતાં. તે લોકો જૂથમાં હતા અને હિન્દી ભાષા બોલતા હતા. તે માણસોમાં સાહેદ અંબાલાલે આરોપી નં.૧૨ ને જોયેલો હતો. સાહેદ અંબાલાલભાઇએ એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૭૧ રમણભાઇ સેંઘાભાઇ સોલંકી સમક્ષના ઓળખ પરેડના પંચનામા દરમ્યાન આરોપી નં.૧૨ ને ઓળખી પણ બતાવેલ હતો. સાહેદ અંબાલાલ ગામડાનો વતની છે. ખેતીકામ કરે છે. આરોપી સાથે તેનો કોઇ દુશ્મનાવટ નથી કે જેથી કરીને આરોપી નં.૧૨ ને ખોટી રીતે ગુનામાં સંડોવે. આ સાહેદ અંબાલાલભાઇ, સાહેદ રામકાભાઇ તથા સાહેદ પ્રવિણભાઇની જુબાની ધ્યાને લેતા હાલોલ–પાવાગઢના તાલીમ કેમ્પ બાબતે તથા આ આરોપી નં.૧૨ ની હાજરી બાબતે સમર્થન કરે છે. આ સાહેદે તેઓની જુબાની દરમ્યાન આરોપી નં.૧૨ ને ઓળખી બતાવેલ છે.

સાહેદ નં.૫૭૧ એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ રમણભાઇ સેંઘાભાઇ સોલંકીની જુબાનીના સારાંશ મુજબ સાહેદ નં.૯૭૨ રામકાભાઇએ તથા સાહેદ નં.૧૦૬૭ અંબાલાલભાઇ તથા સાહેદ નં.૯૮૧ પ્રવિણભાઇએ આ સાહેદની રૂબરૂમાં આરોપી નં.૧૨ ને પોતાની સમક્ષ થયેલી ઓળખ પરેડમાં ઓળખી બતાવેલાની હકીકત જણાવે છે. જેથી પણ સ્પષ્ટ બને છે કે હાલોલ–પાવાગઢ ખાતે તા.૧૩/૦૧/૨૦૦૮ થી તા.૧૫/૦૧/૦૮ના સમય દરમ્યાન આ આરોપી તથા અન્ય આરોપીઓ ભેગા મળી જે તાલીમ કેમ્પનું આયોજન કરેલું તેમાં આ આરોપી નં.૧૨ પણ હાજર હતો. આ ઉપરાંત આ સાહેદની હાજરીમાં આરોપી નં.૧૨ ની સાહેદ નં.૧૦૯૭ મહેતાબ ઇબ્રાહિમ શેખ પાસે ઓળખ પરેડ કરાવેલી અને તે ઓળખ પરેડમાં પણ સાહેદ નં.૧૦૯૭ નાઓએ આરોપી નં.૧૨ ને ઓળખી બતાવેલાની હકીકત જણાવેલી છે. એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ સરકારી અધિકારી છે અને તેઓની રૂબરૂમાં ઓળખ પરેડ અંગેની જે કાંઇ કાર્યવાહી કરેલી તે તેઓની ફરજના ભાગરૂપે હતી. આરોપી સાથે તેઓને કોઇ દુશ્મનાવટ નથી

અને તેમની રૂબરૂ થયેલી ઓળખ પરેડની કાર્યવાહી તેમણે યોગ્ય રીતે કરેલી તેવી અપેક્ષા હોય છે જે નહિ માનવાને કોઇ કારણ નથી.

સાહેદ નં.૧૦૭૩ મહમદયુનુસ અબ્દુલલતીફ સુમરાની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદનું ભૂજ મુકામે "ઇન્ફિનીટી સાયબર કાફે" આવેલુ છે અને ત્યાં આરોપી નં.૧૨ સરફિંગ કરવા માટે ગયેલો હતો જે આ સાહેદે તે વખતે જોયેલો હતો. સાહેદ મહમદ યુનુસભાઇએ એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૭૧ રમણભાઇ સેંઘાભાઇ સોલંકી સમક્ષના ઓળખ પરેડના પંચનામા દરમ્યાન આરોપી નં.૧૨ ને ઓળખી પણ બતાવેલ હતો.

સાહેદ નં.૧૦૯૭ મહેતાબ ઈબ્રાહીમ શેખની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદ કોસંબા ખાતે "મહેતાબ કોમ્પ્યુટર એકેડમી" નામના કલાસ ચલાવતા હતા. આ સાહેદ લીંબાયત સુરત મુકામે સીમીની મીટીંગમાં ગયેલાનું જણાવે છે. આરોપી નં.૧૨ તથા અન્ય આરોપીઓ સાથે મીટીંગમાં હાજર હતા અને તેનો સંપર્ક આ સાહેદ સાથે થયેલો. આ સાહેદના કહેવા પ્રમાણે હાજર રહેલા બધા જ સીમી સાથે સંકળાયેલા હતા. આ સાહેદે તેઓની જુબાની દરમ્યાન આરોપી નં.૧૨ ને ઓળખી શકેલા નથી. બનાવ બાદ ઘણા સમય પછી જુબાની આપેલી હોવાથી આ સાહેદ ઘણા બધા આરોપીઓને ઓળખી શકેલ નથી.નહિ ઓળખવાનું જે કારણ આપેલું છે તે વાજબી છે તેમ હું માનું છું.

આ ઉપરાંત, આરોપી નં.૨ નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ સમક્ષ લખાવેલું તે મુજબ આરોપી નં.૧૨ વાઘમોન (કેરળ) મુકામે તાલીમ કેમ્પમાં હાજર હતો તેવી હકીકત કબૂલાત નિવેદનમાં છે. આરોપી નં.૧૨ હાલોલ–પાવાગઢ ખાતે તા.૧૩.૧.૨૦૦૮ થી તા.૧૫.૧.૨૦૦૮ ના સમય દરમ્યાન આતંકવાદી તાલીમ કેમ્પ યોજાયેલો તે કેમ્પમાં અન્ય આરોપીઓ સાથે હાજર રહેલો છે અને કેમ્પમાં હાજર તમામ આરોપીઓ ખુંદપીરની દરગાહ ઉપર આવેલી ધર્મશાળામાં રોકાયેલા. જુદી–જુદી જગ્યાઓ ઉપર તાલીમો લીધેલી. મુસ્લિમોનો બદલો લેવાની, જેહાદી ભાષણો કરેલા અને બોમ્બ બનાવવાની તાલીમ

આપેલાની તેમજ કેમ્પમાં હાજર રહેલ તમામના ડમી નામો આપવાની કામગીરી પણ આરોપી નં.૧૨નાઓએ કરેલી હતી તે તમામ હકીકત તેઓના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે.

આ ઉપરાંત, આરોપી નં.૨૧ નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ સમક્ષ લખાવેલું તે મુજબ આરોપી નં.૧૨નાઓ હાલોલ–પાવાગઢ ખાતેના તાલીમ કેમ્પમાં ગયેલો અને તાલીમ લીધેલાની હકીકત તેઓના કબુલાત નિવેદનમાં જણાવેલી છે. કેમ્પમાં ગયેલા તમામ માણસો ખુંદપીરની દરગાહ ઉપર આવેલી ધર્મશાળામાં રોકાયેલા. જુદી–જુદી જગ્યાઓ ઉપર તાલીમો લીધેલી. મુસ્લિમોનો બદલો લેવાની, માસ કિલીંગ કરવુ, જેહાદી ભાષણો અને પાઇપ બોમ્બ બનાવવાની તાલીમ આપેલાની તેમજ કેમ્પમાં હાજર રહેલ તમામના ડમી નામો આપવાની કામગીરી પણ આરોપી નં.૧૨ નાઓએ કરેલી હતી તે તમામ હકીકત તેઓના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે.

આ ઉપરાંત, આરોપી નં.૩૫ નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ સમક્ષ લખાવેલું તે મુજબ આરોપી નં.૧૨ નાઓ હાલોલ–પાવાગઢ ખાતેના તાલીમ કેમ્પમાં ગયેલો અને તાલીમ લીધેલાની હકીકત તેઓના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે. જો કે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ નાઓએ આ આરોપીનું કબૂલાત નિવેદન સોગંદ ઉપર લીધેલું છે જે ગેરકાયદેસર છે. ઉપરોકત આરોપી નં.૨,૨૧ નાઓના કબૂલાત નિવેદનો મુજબ હાલોલ–પાવાગઢના કેમ્પમાં આરોપી નં.૧૨ નાએ હાજર રહી સક્રિય કામગીરી કરેલી છે તથા કેમ્પોમાં જેહાદી ભાષણો કરેલા છે તથા વાઘમોન કેમ્પ તેમજ પાવાગઢ કેમ્પમાં આ આરોપી નં.૧૨ મુખ્ય ઓર્ગેનાઈઝર છે તથા બંને કેમ્પોમાં હાજર રહેલ આરોપીઓના કોડ નેમ આ આરોપી નં.૧૨ નાએ આપેલા છે તેમજ આતંકવાદી તાલીમો આપેલી છે તેમ હું માનું છું. આરોપી નં.૩૫ નુ કબૂલાત નિવેદન સોગંદ ઉપર લેવામાં આવેલુ છે જે ધ્યાને લેવામાં આવતુ નથી. પરંતુ આરોપી નં.૨,

૨૧, ૭૬ નાઓનુ કબુલાત નિવેદન ધ્યાને લેતા તે હાલોલ–પાવાગઢ ખાતેના આતંકવાદી તાલીમ કેમ્પમાં હાજર રહેલાનું સ્પષ્ટ છે.

આ ઉપરાંત, આરોપી નં.૭૬ નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનુ કબૂલાત નિવેદન જયુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોચી–૫ સમક્ષ લખાવેલું તે મુજબ આરોપી નં.૧૨ નાઓ વાઘમોન(કેરાલા) ખાતેના તાલીમ કેમ્પમાં હાજર હતો તથા કેમ્પમા હાજર રહેલા આરોપીઓના કોડ નેમ આરોપી નં.૧૨નાઓએ આપેલા હતા, જેહાદી ભાષણો પણ આ આરોપી નં.૧૨નાએ કરેલા હતા તેમજ તાલીમ આપેલાની હકીકત તેઓના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે. કેમ્પમાં આરોપી નં.૧૨નાએ હાજર રહી સક્રિય કામગીરી કરેલી છે તેમજ આતંકવાદી તાલીમો મેળવેલી છે તેમ હું માનું છું.

સાહેદ નં.૧૦૪૧ તાલીબ અબ્દુલ ગફાર મણીયારની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદે ફરિયાદપક્ષની હકીકતને સમર્થન કરેલ નથી. પરંતુ આ સાહેદની જુબાની ધ્યાને લેતા આ સાહેદ સીમીના સક્રિય કાર્યકર હતા. ૨૦૦૧ ની સાલથી સીમી ઉપર પ્રતિબંધ મુકાયેલ હતો અને આરોપી નં.૧૨ સીમીની મીટીંગોમાં હાજર રહેતો હતો તેવી હકીકત આ સાહેદની જુબાની ઉપરથી માલુમ પડે છે. આ ઉપરાંત લીંબાયત સુરત મુકામે પણ આરોપી નં.૧૨ સીમીની મીટીંગોમાં હાજર રહેતો હતો તેવી હકીકત પણ માલુમ પડે છે.

આંક–૧૨૨ વાળા તહોમતનામામાં જણાવ્યા મુજબ ઘણા બધા આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો એવા છે કે, તે બાબતે આ આરોપી નં.૧૨ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા કોઇ મૌખિક કે દસ્તાવેજી પ્રત્યક્ષ પુરાવો રજૂ થયેલો નથી. આ આરોપી નં.૧૨ જુદી–જુદી હોટલોમાં રોકાયો હોય, તે હોટલોના રજીસ્ટરોમાં ખોટા નામથી એન્ટ્રીઓ કરી હોય, ખોટા નામે સહીઓ કરેલી હોય તેમજ આ આરોપી નં.૧૨નાઓએ ખોટા દસ્તાવેજ બનાવી તે દસ્તાવેજોનો સાચા તરીકે ઉપયોગ કર્યો હોય તેવા કોઇ પ્રત્યક્ષ પુરાવા આ આરોપી નં.૧૨ વિરૂધ્ધ નથી. પરંતુ આ અંગેના પ્રત્યક્ષ પુરાવા આરોપી નં.૧૪, ૩૭, ૪૩, ૪૫, ૪૬, ૬૯ અને ૭૦ વિરૂધ્ધ રજૂ થયેલા છે. જેથી કાવતરાના પેરામાં ચર્ચા કર્યા મુજબ તેમજ તે પેરામાં

નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લીધેલા છે તે ચુકાદા મુજબ આરોપી નં.૧૨નાઓ કોઈ હોટલમાં ખોટા નામે એન્ટ્રી કરી રોકાયેલા ન હોવા છતાં પણ અન્ય આરોપીઓ સાથે આરોપી નં.૧૨ ની સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે.આ ઉપરાંત આ આરોપી નં.૧૨ નાઓએ બનાવોમાં ઉપયોગમાં લીધેલ કોઇ વસ્તુ કે પુરાવાનો નાશ કર્યો હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો નથી . આ ઉપરાંત આ બનાવો બન્યા બાદ બનાવોમાં સંડોવાયેલા અન્ય કોઇ આરોપીને આશ્રય આપેલો હોય, તેઓને છુપાવેલા હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો આરોપી નં.૧૨ કે અન્ય આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ નથી. આ આરોપી નં.૧૨ સીમીના સભ્ય હોવાનો મૌખિક પુરાવો છે. સાહેદ નં.૧૧૪૧ એૈયાઝ સૈયદ, સાહેદ નં.૧૧૧૭ આસીફ ઉસ્માન, સાહેદ નં.૧૦૯૭ મહેતાબ ઈબ્રાહીમ, સાહેદ નં.૧૦૪૧ તાલીબ મણીયાર તથા આરોપી નં.૨,૨૧,૭૬ ના કબૂલાત નિવેદન મુજબ આ આરોપી નં.૧૨ સીમીનો સભ્ય છે. સીમી સંગઠન ઉપર ભારત સરકાર દ્વારા પ્રતિબંધ મુકવામાં આવેલો છે તે અંગેનું જાહેરનામું ભારત સરકારના રાજપત્રમાં પ્રસિધ્ધ પણ થયેલું છે માટે સીમી સંગઠનની જાહેરમાં કોઇ ઑફિસ ન હોય અને સીમી અંગેનો કોઇ દસ્તાવેજી પુરાવો ન હોય તે સ્વાભાવિક છે અને તેના કારણે તપાસ કરનાર અધિકારીઓ પૈકી કોઇપણ અધિકારીને સીમી બાબતે તપાસ દરમ્યાન કોઇ દસ્તાવેજી પુરાવો મળેલો નથી. સીમીની કાર્યવાહી પ્રતિબંધના કારણે ગુપ્તરીતે થતી હોય છે. સીમી સંગઠનનું કોઇ રેકર્ડ જાહેરમાં પ્રસિધ્ધ થયેલું નથી. સીમી સંગઠનમાં કોઇ આરોપી સભ્ય બનેલા હોય તો તે અંગેની કોઇ પાવતી કે દસ્તાવેજી પુરાવો ન હોય. આ આરોપી નં.૧૨ સીમી સંગઠનમાં સક્રિય છે તેવું આરોપી સામેના મૌખિક પુરાવાથી પુરવાર થાય છે. ઉપરાંત આરોપી નં.૬૮ દ્વારા આંક–૯૨૪૮ થી **"કનેકશન ઓફ સીમી"** રજૂ કરવામાં આવેલુ છે તેના પાના નં.૩ ઉપર આ આરોપી નં.૧૨ સીમીના સેક્રેટરી હોવાનું ઉલ્લેખ છે તેમજ તેના પાના નં.૮ ઉપર આ આરોપી નં.૧૨ સીમીનો પ્રખ્યાત નેતા છે તેવો ઉલ્લેખ કરવામાં આવેલો છે. આ ઉપરાંત આંક–૯૨૪૮ ના પાના નં.૨૧ ઉપર આ આરોપી નં.૧૨નું નામ છે અને નામદાર દિલ્હી હાઈકોર્ટ

દ્વારા સીમી ઉપર પ્રતિબંધ મુકવામાં આવેલો હોવાની હકીકત પણ જણાવવામાં આવેલી છે. આ ઉપરાંત આંક–૯૨૪૮ વંચાણે લેતા સીમી સંગઠન વિશે તથા તેના હોદ્દેદારો, સભ્યો અને પ્રાદેશિક સભ્યો, સીમી સંગઠનનો હેતુ બાબતે તમામ હકીકતો જણાવેલી છે. આ ઉપરાંત આ આરોપીનો એસ.ડી.એસ. ટેસ્ટ સાહેદ નં.૮૪૮ નાઓએ કરેલો છે. તેઓની જુબાની તથા આ આરોપી બાબતે આ સાહેદે આંક–૫૯૦૧ વાળો અભિપ્રાય આપેલો છે તે ધ્યાને લેતા આ આરોપી સીમી સાથે સંકળાયેલો છે. સંગઠનને કોઇ નાણાકીય સહાય પુરી પાડી હોય અથવા નાણાકીય સહાય પુરી પાડવા કોઇ અન્ય વ્યકિત પાસે મદદ માંગી હોય તેવો ફરિયાદપક્ષ તરફથી કોઇ પ્રત્યક્ષ પુરાવો આ આરોપી કે અન્ય આરોપીઓ વિરૂધ્ધ રજૂ થયેલો નથી. આ આરોપી નં.૧૨ નાઓએ બનાવો બનતા પહેલા આતંકવાદી ઇ–મેઇલ કર્યા હોય તેવા કોઇ ઇ–મેઇલ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા નથી. આ આરોપી નં.૧૨ નાઓએ કોઇ કમ્પ્યુટરમાંથી આતંકવાદી ઇ–મેઇલ કર્યા હોય અને ઇ–મેઇલ કર્યા પછી તે ઇ–મેઇલ કમ્પ્યુટરમાંથી ડિલીટ કર્યા હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી . આરોપી નં.૩૩ તથા ૩૪ નાઓએ ઈન્ડિયા ટીવીને આતંકવાદી ઈ–મેઈલ કરેલાનો આક્ષેપ છે પરંતુ રજૂ થયેલા ઈ–મેઈલ ધ્યાને લેતા તે આક્ષેપ પુરવાર થતા નથી. આ આરોપી પાસેથી પરવાના વિનાનો કોઇ દેશી તમંચો કે હથિયાર કબજે કરવામાં આવ્યુ હોય તેવો પણ કોઇ સીધો પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીઓ તથા આ આરોપી વિરૂધ્ધ સમગ્ર પુરાવા ધ્યાને લેતા અમદાવાદ શહેરમાં થયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોના કાવતરામાં અને તેની સાથે સંલગ્ન સુરત શહેરના બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં આ આરોપી નં.૧૨ ની શરૂઆતથી લઇને બનાવોના અંત સુધી સક્રિય ભૂમિકા રહેલી છે આ આરોપી નં.૧૨ સામે આંક–૧૨૨ મુજબના તહોમતનામામાં જે આક્ષેપો ફરમાવવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો પુરવાર થાય છે તેમ હું

માનું છું. વાઘમોન ખાતે ડિસેમ્બર ૨૦૦૮ માં આરોપીઓએ તાલીમ કેમ્પ રાખેલો હતો અને તે કેમ્પમાં આ આરોપી પણ હાજર હતો. આ કેમ્પ બાબતે અર્નાકુલ્લમ ખાતે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાયેલી અને તે ફરિયાદના કામે કુલ–૩૮ આરોપીઓને અટક કરવામાં આવેલા. તે કામે તપાસના કામે ૩૮ આરોપીઓ વિરૂધ્ધ અદાલતમાં ચાર્જશીટ દાખલ થયેલો જેનો એન.આઈ.એ. કેસ નં.૨/–૨૦૧૧ હતો. તે કામે આ આરોપીને આરોપી નં.૩ તરીકે દર્શાવેલ છે. તે કેસમાં એન.આઈ.એ. કોર્ટ અર્નાકુલ્લમ દ્વારા તા.૧૫.૫.૨૦૧૮ ના રોજ ચુકાદો આપવામાં આવેલ છે તે ચુકાદામાં આ આરોપીને સજા ફરમાવેલ છે. પરંતુ આ આરોપીની વાઘમોન ઉપરાંત હાલોલ–પાવાગઢના કેમ્પોમાં પણ હાજરી છે તથા જુદી–જુદી આતંકવાદી તાલીમો મેળવેલી છે. એટલુ જ નહીં જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગોમાં હાજર રહેલો છે અને દેશ વિરૂધ્ધ પ્રવૃત્તિઓ કરેલ છે માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૦૦ આ આરોપી બાબતે લાગુ પડશે નહીં. ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૧૨ ની ભૂમિકા બાબતે તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન કરતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૧૨ વિરૂધ્ધ મુદ્દા નં.૧ થી ૧૩, ૧૬ થી ૧૯, ૨૧ થી ૨૪, ૨૬ થી ૩૨ પુરવાર કરે છે. જયારે મુદ્દા નં. ૧૪,૧૫, ૨૦,૨૫, ૩૩ થી ૩૫ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવુ છું.

આરોપી નં.૧૩ હાફીજહુસેન ઉર્ફે અદનાન ઉર્ફે તમીમ તાજુદ્દીન

આરોપી નં.૨ નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ સમક્ષ લખાવેલું તે મુજબ આરોપી નં.૧૩ વાઘમોન (કેરળ) મુકામે તાલીમ કેમ્પમાં હાજર હતો તેવી હકીકત કબૂલાત નિવેદનમાં છે. આરોપી નં.૧૩ હાલોલ–પાવાગઢ ખાતે તા.૧૩.૧.૨૦૦૮ થી તા.૧૫.૧.૨૦૦૮ નાં સમય દરમ્યાન આતંકવાદી તાલીમ કેમ્પ યોજાયેલો તે કેમ્પમાં અન્ય આરોપીઓ સાથે હાજર રહેલો છે અને કેમ્પમાં હાજર તમામ આરોપીઓ ખુંદપીરની દરગાહ ઉપર આવેલી ધર્મશાળામાં રોકાયેલા.

જુદી–જુદી જગ્યાઓ ઉપર તાલીમો લીધેલી. મુસ્લિમોનો બદલો લેવાની, જેહાદી ભાષણો કરેલા અને બોમ્બ બનાવવાની તાલીમ આપેલાની હકીકત તેઓના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે.

સાહેદ નં.૯૮૧ પ્રવિણભાઈ હમીરભાઈ કટારીયાનાઓની જુબાનીના સારાંશ મુજબ સને–૨૦૦૮ ની સાલના ઉત્તરાયણના દિવસે આ સાહેદ પોતાની જીપ લઈને હાલોલ જતા હતા અને રસ્તામાંથી પેસેન્જરોની સાથે તેમના મિત્ર અંબાલાલભાઇને જીપમાં બેસાડેલા અને ત્યારબાદ તેઓ પાવાગઢથી હાલોલ જવા નિકળેલા ત્યારે હેલીકૈલ વાવ નજીક રોડ ઉપર જીપને પંચર પડેલું. જીપમાં બેસાડેલા અન્ય પેસેન્જરોને બીજી જીપમાં બેસાડી હાલોલ રવાના કરેલાં અને જીપના કંડકટર અશ્વિનભાઇએ જીપનું ટાયર કાઢીને હાલોલ ખાતે પંચર કરાવવા ગયેલાં. અંબાલાલભાઇ તથા આ સાહેદ જીપ પાસે રોકાયેલા તે દરમ્યાન જંગલમાંથી માણસોનો બોલવાનો અવાજ આવેલો જેથી આ અંબાલાલભાઇ તથા આ સાહેદ તે તરફ જંગલમાં ગયેલા ત્યારે કેટલાક માણસો કમલેશ કવોરીની ખીણ પાસે તંબુ બાંધીને કાંઇક કરતા હતાં. તે લોકો જૂથમાં હતા અને હિન્દી ભાષા બોલતા હતા. તે માણસોમાં સાહેદ પ્રવિણભાઈએ આરોપી નં.૧૩ ને જોયેલો હતો. સાહેદ પ્રવિણભાઈએ એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૭૧ રમણભાઇ સેંઘાભાઇ સોલંકી સમક્ષના ઓળખ પરેડના પંચનામા દરમ્યાન આરોપી નં.૧૩ ને ઓળખી પણ બતાવેલ હતો. સાહેદ પ્રવિણભાઈ ગામડાનો વતની છે. જીપ ચલાવીને પોતાનું ગુજરાન ચલાવે છે. આરોપી સાથે તેઓને કોઇ દુશ્મનાવટ નથી કે જેથી કરીને આરોપી નં.૧૩ ને ખોટી રીતે ગુનામાં સંડોવે. આ સાહેદે તેઓની જુબાની દરમ્યાન આરોપી નં.૧૩ ને અદાલત રૂબરૂ ઓળખી બતાવેલા છે.

સાહેદ નં.૧૧૪૮ જોસેફ જોયસન એન.કે.કાસપરની જુબાનીના સારાંશ મુજબ આરોપી નં.૧૩, તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયૂર ચાવડા તથા આ સાહેદને લઈને વાઘમોન મુકામે જંગલોમાં જે જગ્યા ઉપર આ આરોપી નં.૧૩ તથા અન્ય આરોપીઓએ આતંકવાદી તાલીમો લીધેલી તે જગ્યા,

જેહાદી ભાષણો કરેલા તે જગ્યાઓ બતાવેલી તથા એક કબરવાળી જગ્યા તથા બાઈકની પ્રેકટીસ કરેલી તે જગ્યા તથા ફાયરીંગની પ્રેકટીસ કરેલી તે જગ્યાઓ બતાવેલી હતી અને તે અંગેનું આંક–૮૨૫૪ વાળુ પંચનામું બનાવેલું.

આંક–૧૨૨ વાળા તહોમતનામામાં જણાવ્યા મુજબ ઘણા બધા આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો એવા છે કે, તે બાબતે આ આરોપી નં.૧૩ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા કોઇ મૌખિક કે દસ્તાવેજી પ્રત્યક્ષ પુરાવો રજૂ થયેલો નથી. આ આરોપી નં.૧૩ જુદી–જુદી હોટલોમાં રોકાયો હોય, તે હોટલોના રજીસ્ટરોમાં ખોટા નામથી એન્ટ્રીઓ કરી હોય, ખોટા નામે સહીઓ કરેલી હોય તેમજ આ આરોપી નં.૧૩ નાઓએ ખોટા દસ્તાવેજ બનાવી તે દસ્તાવેજોનો સાચા તરીકે ઉપયોગ કર્યો હોય તેવા કોઇ પ્રત્યક્ષ પુરાવા આ આરોપી નં.૧૩ વિરૂધ્ધ નથી. પરંતુ આ અંગેના પ્રત્યક્ષ પુરાવા આરોપી નં.૧૪, ૩૭, ૪૩, ૪૫, ૪૬, ૬૯ અને ૭૦ વિરૂધ્ધ રજૂ થયેલા છે. જેથી કાવતરાના પેરામાં ચર્ચા કર્યા મુજબ તેમજ તે પેરામાં નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લીધેલા છે તે ચુકાદા મુજબ આરોપી નં.૧૩ નાઓ કોઈ હોટલમાં ખોટા નામે એન્ટ્રી કરી રોકાયેલા ન હોવા છતાં પણ અન્ય આરોપીઓ સાથે આરોપી નં.૧૩ ની સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે.આ ઉપરાંત આ આરોપી નં.૧૩ નાઓએ બનાવોમાં ઉપયોગમાં લીધેલ કોઇ વસ્તુ કે પુરાવાનો નાશ કર્યો હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો નથી. આ ઉપરાંત આ બનાવો બન્યા બાદ બનાવોમાં સંડોવાયેલા અન્ય કોઇ આરોપીને આશ્રય આપેલો હોય, તેઓને છુપાવેલા હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો આરોપી નં.૧૩ કે અન્ય આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ નથી. આ આરોપી નં.૧૩ સીમીના સભ્ય હોવાનો મૌખિક પુરાવો છે. આરોપી નં.૨ ના કબૂલાત નિવેદન મુજબ આ આરોપી નં.૧૩ સીમીનો સભ્ય છે. સીમી સંગઠન ઉપર ભારત સરકાર દ્વારા પ્રતિબંધ મુકવામાં આવેલો છે તે અંગેનું જાહેરનામું ભારત સરકારના રાજપત્રમાં પ્રસિધ્ધ પણ થયેલું છે માટે સીમી સંગઠનની જાહેરમાં કોઇ ઑફિસ ન હોય અને સીમી અંગેનો કોઇ દસ્તાવેજી પુરાવો ન હોય તે સ્વાભાવિક છે અને તેના કારણે તપાસ કરનાર અધિકારીઓ પૈકી કોઇપણ

અધિકારીને સીમી બાબતે તપાસ દરમ્યાન કોઇ દસ્તાવેજી પુરાવો મળેલો નથી. સીમીની કાર્યવાહી પ્રતિબંધના કારણે ગુપ્તરીતે થતી હોય છે. સીમી સંગઠનનું કોઇ રેકર્ડ જાહેરમાં પ્રસિધ્ધ થયેલું નથી. સીમી સંગઠનમાં કોઇ આરોપી સભ્ય બનેલા હોય તો તે અંગેની કોઇ પાવતી કે દસ્તાવેજી પુરાવો ન હોય. આ આરોપી નં.૧૩ સીમી સંગઠનમાં સક્રિય છે તેવું આરોપી સામેના મૌખિક પુરાવાથી પુરવાર થાય છે. ઉપરાંત આરોપી નં.૬૮ દ્વારા આંક–૯૨૪૮થી **"કનેકશન ઓફ સીમી"** રજૂ કરવામાં આવેલુ છે તેના પાના નં.૨૧ ઉપર આ આરોપી નં.૧૩ નું નામ છે અને નામદાર દિલ્હી હાઇકોર્ટ દ્વારા સીમી ઉપર પ્રતિબંધ મુકવામાં આવેલો હોવાની હકીકત પણ જણાવવામાં આવેલી છે. આંક–૯૨૪૮ વંચાણે લેતા સીમી સંગઠન વિશે તથા તેના હોદ્દેદારો, સભ્યો અને પ્રાદેશિક સભ્યો, સીમી સંગઠનનો હેતુ બાબતે તમામ હકીકતો જણાવેલી છે. આ ઉપરાંત આ આરોપીનો એસ.ડી.એસ. ટેસ્ટ સાહેદ નં.૮૪૮ નાઓએ કરેલો છે. તેઓની જુબાની તથા આ આરોપી બાબતે આ સાહેદે આંક–૫૯૦૧ વાળો અભિપ્રાય આપેલો છે તે ધ્યાને લેતા આ આરોપી સીમી સાથે સંકળાયેલો છે. સંગઠનને કોઇ નાણાકીય સહાય પુરી પાડી હોય અથવા નાણાકીય સહાય પુરી પાડવા કોઇ અન્ય વ્યકિત પાસે મદદ માંગી હોય તેવો ફરિયાદપક્ષ તરફથી કોઇ પ્રત્યક્ષ પુરાવો આ આરોપી નં.૧૩ કે અન્ય આરોપીઓ વિરૂધ્ધ રજૂ થયેલો નથી. આ આરોપી નં.૧૩ નાઓએ બનાવો બનતા પહેલા આતંકવાદી ઇ–મેઇલ કર્યા હોય તેવા કોઇ ઇ–મેઇલ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા નથી. આ આરોપી નં.૧૩ નાઓએ કોઇ કમ્પ્યુટરમાંથી આતંકવાદી ઇ–મેઇલ કર્યા હોય અને ઇ–મેઇલ કર્યા પછી તે ઇ–મેઇલ કમ્પ્યુટરમાંથી ડિલીટ કર્યા હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આરોપી નં.૩૩ તથા ૩૪ નાઓએ ઈન્ડિયા ટીવીને આતંકવાદી ઈ–મેઈલ કરેલાનો આક્ષેપ છે પરંતુ રજૂ થયેલા ઈ–મેઈલ ધ્યાને લેતા તે આક્ષેપ પુરવાર થતા નથી. આ આરોપી પાસેથી પરવાના વિનાનો કોઇ દેશી તમંચો કે હથિયાર કબજે કરવામાં આવ્યુ હોય તેવો પણ કોઇ સીધો પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩

આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીઓ તથા આ આરોપી વિરૂધ્ધ સમગ્ર પુરાવા ધ્યાને લેતા અમદાવાદ શહેરમાં થયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોના કાવતરામાં અને તેની સાથે સંલગ્ન સુરત શહેરના બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં આ આરોપી નં.૧૩ ની શરૂઆતથી લઈને બનાવોના અંત સુધી સક્રિય ભૂમિકા રહેલી છે આ આરોપી નં.૧૩ સામે આંક–૧૨૨ મુજબના તહોમતનામામાં જે આક્ષેપો ફરમાવવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો પુરાવાર થાય છે તેમ હું માનું છું. વાઘમોન ખાતે ડિસેમ્બર–૨૦૦૮ માં આરોપીઓએ તાલીમ કેમ્પ રાખેલો હતો અને તે કેમ્પમાં આ આરોપી પણ હાજર હતો. આ કેમ્પ બાબતે અર્નાકુલ્લમ ખાતે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાયેલી અને તે ફરીયાદના કામે કુલ–૩૮ આરોપીઓને અટક કરવામાં આવેલા. તે કામે તપાસના કામે ૩૮ આરોપીઓ વિરૂધ્ધ અદાલતમાં ચાર્જશીટ દાખલ થયેલો જેનો એન.આઈ.એ. કેસ નં.૨/૨૦૧૧ હતો. તે કામે આ આરોપીને આરોપી નં.૨ તરીકે દર્શાવેલ છે. તે કેસમાં એન.આઈ.એ. કોર્ટ અર્નાકુલ્લમ દ્વારા તા.૧૫.૫.૨૦૧૮ ના રોજ ચુકાદો આપવામાં આવેલ છે તે ચુકાદામાં આ આરોપીને સજા ફરમાવેલ છે. પરંતુ આ આરોપીની વાઘમોન ઉપરાંત હાલોલ–પાવાગઢના કેમ્પોમાં પણ હાજરી છે તથા જુદી–જુદી આતંકવાદી તાલીમો મેળવેલી છે. એટલુ જ નહીં જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગોમાં હાજર રહેલો છે અને દેશ વિરૂધ્ધ પ્રવૃત્તિઓ કરેલ છે માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૦૦ આ આરોપી બાબતે લાગુ પડશે નહીં. ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૧૩ની ભૂમિકા બાબતે તેની વિરૂધ્ધના પુરાવાનું મુલ્યાંકન કરતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૧૩ વિરૂધ્ધ મુદ્દા નં.૧ થી ૧૩, ૧૬ થી ૧૯, ૨૧ થી ૨૪, ૨૬ થી ૩૨ પુરવાર કરે છે. જયારે મુદ્દા નં. ૧૪,૧૫, ૨૦,૨૫, ૩૩ થી ૩૫ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવુ છું.

આરોપી નં.૧૪ મોહંમદ સાજીદ ઉર્ફે સલીમ ઉર્ફે સજજાદ ઉર્ફે સાદ ગુલામ ખ્વાજા મન્સુરી

સાહેદ નં.૯૮૧ પ્રવિણભાઈ હમીરભાઈ કટારીયાનાઓની જુબાનીના સારાંશ મુજબ સને–૨૦૦૮ ની સાલના ઉત્તરાયણના દિવસે આ સાહેદ પોતાની જીપ લઈને હાલોલ જતા હતા અને રસ્તામાંથી પેસેન્જરોની સાથે તેમના મિત્ર અંબાલાલભાઇને જીપમાં બેસાડેલા અને ત્યારબાદ તેઓ પાવાગઢથી હાલોલ જવા નિકળેલા ત્યારે હેલીકૈલ વાવ નજીક રોડ ઉપર જીપને પંચર પડેલું. જીપમાં બેસાડેલા અન્ય પેસેન્જરોને બીજી જીપમાં બેસાડી હાલોલ રવાના કરેલાં અને જીપના કંડકટર અશ્વિનભાઇએ જીપનું ટાયર કાઢીને હાલોલ ખાતે પંચર કરાવવા ગયેલાં. અંબાલાલભાઇ તથા આ સાહેદ જીપ પાસે રોકાયેલા તે દરમ્યાન જંગલમાંથી માણસોનો બોલવાનો અવાજ આવેલો જેથી આ અંબાલાલભાઇ તથા આ સાહેદ તે તરફ જંગલમાં ગયેલા ત્યારે કેટલાક માણસો કમલેશ કવોરીની ખીણ પાસે તંબુ બાંધીને કાંઇક કરતા હતાં. તે લોકો જૂથમાં હતા અને હિન્દી ભાષા બોલતા હતા. તે માણસોમાં સાહેદ પ્રવિણભાઈએ આરોપી નં.૧૪ ને જોયેલો હતો. સાહેદ પ્રવિણભાઈએ એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૭૧ રમણભાઇ સેંધાભાઇ સોલંકી સમક્ષના ઓળખ પરેડના પંચનામા દરમ્યાન આરોપી નં.૧૪ ને ઓળખી પણ બતાવેલ હતો. સાહેદ પ્રવિણભાઈ ગામડાનો વતની છે. જીપ ચલાવીને પોતાનું ગુજરાન ચલાવે છે. આરોપી સાથે તેઓને કોઇ દુશ્મનાવટ નથી કે જેથી કરીને આરોપી નં.૧૪ ને ખોટી રીતે ગુનામાં સંડોવે. આ સાહેદે તેઓની જુબાની દરમ્યાન આરોપી નં.૧૪ ને ઓળખી શકેલા નથી. બનાવ બાદ ઘણા સમય પછી જુબાની આપેલી હોવાથી આ સાહેદ ઘણા બધા આરોપીઓને ઓળખી શકેલ નથી અને નહીં ઓળખવાના જે કારણો આપેલા છે તે વાજબી છે તેમ હું માનુ છું.

સાહેદ નં.૧૦૬૭ અંબાલાલ વેચાતભાઇ બારીયાનાઓની જુબાનીના સારાંશ મુજબ સને–૨૦૦૮ ની સાલના ઉત્તરાયણના દિવસે આ સાહેદ તેમના મિત્ર પ્રવિણભાઇની જીપમાં બેસીને પાવાગઢથી હાલોલ જવા નિકળેલા ત્યારે હેલીકૈલ વાવ નજીક રોડ ઉપર જીપને પંચર પડેલું. જીપમાં

બેસાડેલા અન્ય પેસેન્જરોને બીજી જીપમાં બેસાડી હાલોલ રવાના કરેલાં અને જીપના કંડકટર અશ્વિનભાઈએ જીપનું ટાયર કાઢીને હાલોલ ખાતે પંચર કરાવવા ગયેલાં. આ સાહેદ તથા પ્રવિણભાઇ જીપ પાસે રોકાયેલા તે દરમ્યાન જંગલમાંથી માણસોનો બોલવાનો અવાજ આવેલો જેથી આ સાહેદ તથા પ્રવિણભાઈ તે તરફ જંગલમાં ગયેલા ત્યારે કેટલાક માણસો કમલેશ કવોરીની ખીણ પાસે તંબુ બાંધીને કાંઇક કરતા હતાં. તે લોકો જૂથમાં હતા અને હિન્દી ભાષા બોલતા હતા. તે માણસોમાં આ સાહેદે આરોપી નં.૧૪ ને જોયેલો હતો. આ સાહેદે એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૭૧ રમણભાઇ સેંધાભાઇ સોલંકી સમક્ષના ઓળખ પરેડના પંચનામા દરમ્યાન આરોપી નં.૧૪ ને ઓળખી પણ બતાવેલ હતો. આ સાહેદ ગામડાનો વતની છે. ખેતીકામ કરે છે. આરોપી સાથે તેનો કોઇ દુશ્મનાવટ નથી કે જેથી કરીને આરોપી નં.૧૪ને ખોટી રીતે ગુનામાં સંડોવે. આ સાહેદ તથા સાહેદ પ્રવિણભાઈની જુબાની ધ્યાને લેતા હાલોલ–પાવાગઢના તાલીમ કેમ્પ બાબતે તથા આ આરોપી નં.૧૪ ની હાજરી બાબતે સમર્થન કરે છે. આ સાહેદે તેઓની જુબાની દરમ્યાન આરોપી નં.૧૪ ને ઓળખી શકેલા નથી. બનાવ બાદ ઘણા સમય પછી જુબાની આપેલી હોવાથી આ સાહેદ ઘણા બધા આરોપીઓને ઓળખી શકેલ નથી અને નહીં ઓળખવાના જે કારણો આપેલા છે તે વાજબી છે તેમ હું માનુ છું.

સાહેદ નં.૧૦૮૪ સઈદ મોહમદ હયાતનાઓની જુબાનીના સારાંશ મુજબ ભરૂચ બાયપાસ રોડ ઉપર આવેલ લુકમાન પાર્કમાનું મકાન નં.૩૦,૩૧, ૩૨,૩૩નો વહિવટ કરતા હતા અને આ મકાનો પૈકી મકાન નં.૩૩ આરોપી નં.૧૪ બતાવેલુ અને આ મકાન તેને પસંદ પડતા રૂા.૩૦૦૦/– ડિપોઝીટ અને રૂા.૧૨૦૦/– માસીક ભાડાની વાત કરી મકાન ભાડે લેવાનું નકકી કરેલુ અને મકાનની ચાવી આરોપી નં.૧૪ નાએ લીધેલાનું જણાવે છે.

સાહેદ નં.૫૭૧ એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ રમણભાઇ સેંધાભાઇ સોલંકીની જુબાનીના સારાંશ મુજબ સાહેદ નં.૧૦૬૭ અંબાલાલભાઇ તથા સાહેદ નં.૯૮૧ પ્રવિણભાઈએ આ સાહેદની રૂબરૂમાં આરોપી નં.૧૪ ને પોતાની સમક્ષ

થયેલી ઓળખ પરેડમાં ઓળખી બતાવેલાની હકીકત જણાવે છે. જેથી પણ સ્પષ્ટ બને છે કે હાલોલ–પાવાગઢ ખાતે તા.૧૩/૦૧/૨૦૦૮ થી તા.૧૫/૦૧/૨૦૦૮ના સમય દરમ્યાન આ આરોપી નં.૧૪ તથા અન્ય આરોપીઓ ભેગા મળી જે તાલીમ કેમ્પનું આયોજન કરેલું તેમાં આ આરોપી નં.૧૪ પણ હાજર હતો. એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ સરકારી અધિકારી છે અને તેઓની રૂબરૂમાં ઓળખ પરેડ અંગેની જે કાંઇ કાર્યવાહી કરેલી તે તેઓની ફરજના ભાગરૂપે હતી. આરોપી સાથે તેઓને કોઇ દુશ્મનાવટ નથી અને તેમની રૂબરૂ થયેલી ઓળખ પરેડની કાર્યવાહી તેમણે યોગ્ય રીતે કરેલી તેવી અપેક્ષા હોય છે જે નહિ માનવાને કોઇ કારણ નથી.

આ ઉપરાંત, આરોપી નં.૨ નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ સમક્ષ લખાવેલું તે મુજબ આરોપી નં.૧૪ વાઘમોન (કેરળ) મુકામે તાલીમ કેમ્પમાં હાજર હતો તેવી હકીકત કબૂલાત નિવેદનમાં છે. આરોપી નં.૧૪ હાલોલ–પાવાગઢ ખાતે તા.૧૩.૧.૨૦૦૮ થી તા.૧૫.૧.૨૦૦૮ ના સમય દરમ્યાન આતંકવાદી તાલીમ કેમ્પ યોજાયેલો તે કેમ્પમાં અન્ય આરોપીઓ સાથે હાજર રહેલો છે અને કેમ્પમાં હાજર તમામ આરોપીઓ ખુંદપીરની દરગાહ ઉપર આવેલી ધર્મશાળામાં રોકાયેલા. જુદી–જુદી જગ્યાઓ ઉપર તાલીમો લીધેલી. મુસ્લિમોનો બદલો લેવાની, જેહાદી ભાષણો કરેલા અને બોમ્બ બનાવવાની તાલીમ આપેલાની હકીકત તેઓના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે.

આ ઉપરાંત, આરોપી નં.૨૧ નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ સમક્ષ લખાવેલું તે મુજબ આરોપી નં.૧૪નાઓ હાલોલ–પાવાગઢ ખાતેના તાલીમ કેમ્પમાં ગયેલો અને તાલીમ લીધેલાની હકીકત તેઓના કબુલાત નિવેદનમાં જણાવેલી છે. કેમ્પમાં ગયેલા તમામ માણસો ખુંદપીરની દરગાહ ઉપર આવેલી ધર્મશાળામાં રોકાયેલા. જુદી–જુદી જગ્યાઓ ઉપર તાલીમો લીધેલી. મુસ્લિમોનો બદલો લેવાની, માસ કિલીંગ કરવુ, જેહાદી ભાષણો અને પાઇપ બોમ્બ

બનાવવાની તાલીમ આપેલાની હકીકત તેઓના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે.

આ ઉપરાંત, આરોપી નં.૩૫ નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ સમક્ષ લખાવેલું તે મુજબ આરોપી નં.૧૪નાઓ હાલોલ–પાવાગઢ ખાતેના તાલીમ કેમ્પમાં ગયેલો અને તાલીમ લીધેલાની હકીકત તેઓના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે. જો કે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧નાઓએ આ આરોપીનું કબૂલાત નિવેદન સોગંદ ઉપર લીધેલું છે જે ગેરકાયદેસર છે. ઉપરોકત બંને આરોપીઓના નિવેદનો મુજબ હાલોલ–પાવાગઢના કેમ્પમાં આરોપી નં.૧૪ નાએ હાજર રહી સક્રિય કામગીરી કરેલી છે તેમજ આતંકવાદી તાલીમો મેળવેલી છે તેમ હું માનું છું. આરોપી નં.૩૫ નું કબૂલાત નિવેદન સોગંદ ઉપર લેવામાં આવેલુ છે જે ધ્યાને લેવામાં આવતુ નથી. પરંતુ આરોપી નં.૨,૨૧ નાઓનુ કબૂલાત નિવેદન ધ્યાને લેતા તે હાલોલ–પાવાગઢ ખાતેના આતંકવાદી તાલીમ કેમ્પમાં હાજર રહેલાનું સ્પષ્ટ છે.

સાહેદ નં.૪૬૧ અંકિત હર્ષદભાઈ ભટ્ટની જુબાનીના સારાંશ મુજબ આરોપી નં.૧૪, તપાસ કરનાર અધિકારી તથા આ સાહેદને લઈને જે જે જગ્યાઓ ઉપરના કોઈન બોક્ષ દ્વારા ફોન કરેલા તે જગ્યાઓ જેવી કે રેલવે સ્ટેશન સામે પુંજા લગેજવાળી, કોહીનુર પાન કોલ્ડ્રીંગ્સ પાન દુકાનવાળી, રેલવે સ્ટેશનમાં ટેક્ષી સ્ટેન્ડની ઑફિસની નજીકવાળી, તુરવા મસ્જિદ સામે આવેલ મોબાઈલ શોપના કોઈન બોક્ષવાળી જગ્યાઓ સુરત મુકામે બતાવેલી જે જગ્યાઓનું પંચનામુ તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમારનાઓએ આંક–૨૮૨૨ વાળુ બનાવેલુ.

સાહેદ નં.૮૭૮ યોગેશભાઈ બિપીનચંદ્ર કાયસ્થની જુબાનીના સારાંશ મુજબ આરોપી નં.૧૪, તપાસ કરનાર અધિકારી તથા આ સાહેદને લઈને અકમલ ફલેટ, પાણીગેટ, વડોદરા ખાતે આવેલ મકાન કે જેમાં આરોપી નં.૧૪ તથા તેનો મિત્ર તૌકીર ત્રીજા માળના ફલેટમાં રહેલા તે મકાન બતાવેલુ . આ

વખતે એફ.એસ.એલ. અધિકારી સાહેદ નં.૮૩૦ અમૃતલાલ વશરામ હિંગરાજીયા પણ હાજર હતા અને મકાનનું તાળુ તોડી આશરે ૮ થી ૧૦ પડીકા કબજે કરવાની તપાસ કરનાર અધિકારીને સુચના આપેલી અને તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયાએ આંક–૬૨૮૩ વાળા પંચનામાની વિગતે કબજે કરેલા.

સાહેદ નં.૯૧૭ પીન્કેશકુમાર નગીનભાઈ દેસાઈની જુબાનીના સારાંશ મુજબ આરોપી નં.૧૪, તપાસ કરનાર અધિકારી તથા આ સાહેદને લઈને શેરપુરા ગામ, ભરૂચ ખાતે એક બંગલા ઉપર લઈ ગયેલો. આ વખતે એફ.એસ.એલ. અધિકારી સાહેદ નં.૮૩૦ અમૃતલાલ વશરામ હિંગરાજીયા પણ હાજર હતા અને મકાનમાં તપાસ કરતા ટેપનો ટુકડો, બુક, પ્લાસ્ટિકના ટુકડા મળી આવેલા જે કબજે કરવાની તપાસ કરનાર અધિકારીને સુચના આપેલી અને તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાએ આંક–૬૫૪૦ વાળા પંચનામાની વિગતે કબજે કરેલા.

સાહેદ નં.૯૭૫ રીઝવાન યાસીનભાઈ શેખની જુબાનીના સારાંશ મુજબ આરોપી નં.૪૫ નાઓએ આરોપી નં.૧૪ ને સાથે રાખીને શેરપુરા, ભરુચ ખાતે લુકમાન પાર્ક મકાન નં.૩૩ ભાડે રાખેલુ તે બતાવેલુ. જેનુ પંચનામુ તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાએ આંક–૬૮૧૬વાળુ બનાવેલુ.

સાહેદ નં.૮૮૧ અદનાન મોહમદ ખાલીદ ગુજરાતીની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદે ફરીયાદ પક્ષને સમર્થન કરેલુ નથી. પરંતુ તેઓની સમગ્ર જુબાની ધ્યાને લઈએ તો આરોપી નં.૧૪ અને તેની સાથે આરોપી નં.૬૩, ૬૪ નાઓએ સુરત મુકામે "ખીદમત ચેરીટેબલ ટ્રસ્ટ" નામની સંસ્થા ઉભી કરેલી. આ આરોપી નં.૧૪ સીમી સંસ્થાનો સભ્ય છે તેવી હકીકત આ સાહેદની જુબાનીમાંથી માલુમ પડે છે.

સાહેદ નં.૮૯૪ હિતેશ આપાભાઈ પટેલની જુબાનીના સારાંશ મુજબ આરોપી નં.૧૪, તપાસ કરનાર અધિકારી તથા આ સાહેદને લઈને શેરપુરા ગામ, ભરૂચ ખાતે લુકમાન પાર્ક મકાન નં.૩૩ ઉપર ગયેલા અને મકાનની તપાસ

કરતા મકાનમાંથી એક ગાદલાની ખોળ, દિવાલ પરથી ઉખાડેલ ચુનો, એક નોટ, ૬–૭ પારદર્શક થેલી મળી આવેલી. આ વખતે એફ.એસ.એલ. અધિકારી સાહેદ નં.૮૩૦ અમૃતલાલ વશરામ હિંગરાજીયા પણ હાજર હતા તેમને આ વસ્તુઓ કબજે કરવાની તપાસ કરનાર અધિકારીને સુચના આપેલી અને તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાએ આંક–૬૩૫૯ વાળા પંચનામાની વિગતે કબજે કરેલા.

સાહેદ નં.૯૦૫ કલ્પેશ રતીલાલ ગજજરની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદની હાજરીમાં શ્રીહરી ટુરીસ્ટ હોમ કોચીનું રજીસ્ટર કબજે કરેલુ હતુ અને તેમાં સલીમ શેખના નામની એન્ટ્રી આરોપી નં.૧૪ નાઓએ બતાવેલી, જે એન્ટ્રી તેને કરેલી હતી. જેથી આ સાહેદની હાજરીમાં આરોપી નં.૧૪ ના હસ્તાક્ષરના નમૂના મેળવવામાં આવેલા તથા લીટીવાળા કાગળોમાં તેના હસ્તાક્ષરમાં લખાણ લખાવેલુ. જે અંગેનું પંચનામુ સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ આંક–૬૪૮૫ વાળુ કરેલુ. આ હસ્તાક્ષરની ચકાસણી એફ.એસ. એલ. અધિકારી સાહેદ નં.૯૯૦ કૌશીકકુમાર પુંજાલાલ વ્યાસનાઓએ કરેલી અને તેઓના કહેવા મુજબ શ્રીહરી ટુરીસ્ટ હોમના રજીસ્ટરમાં સલીમ શેખના નામની એન્ટ્રીવાળા અક્ષરો આ આરોપીના અક્ષરો સાથે મળતા આવતા હોવાનો અભિપ્રાય આંક–૬૮૮૮ વાળો આપેલો છે.

સાહેદ નં.૯૮૯ રાજુ ગોપીનાથન નાયરની જુબાનીના સારાંશ મુજબ આરોપી નં.૧૪ માનાપટ્ટી પરમ ખાતે આવેલ શ્રીહરી ટુરીસ્ટ હોમમાં રોકાયેલો અને તેને તા.૧૧.૧૨.૨૦૦૭ ના રોજ હોટલ રજીસ્ટરમાં સલીમ શેખના નામની એન્ટ્રી કરેલાની હકીકત જણાવે છે.

સાહેદ નં.૧૦૨૧ યશ અક્ષયભાઈ કંસારા કે જેઓ રેલવે સ્ટેશન ખાતે એસ.ટી.ડી. પી.સી.ઓ.માં નોકરી કરતા હતા. સાહેદ નં.૧૦૨૩ જીતેન્દ્ર અશોકભાઈ સોની કે જેઓ સુરત રેલવે સ્ટેશન ખાતે આવેલ સવેરા હોટલની સામે એસ.ટી.ડી. પી.સી.ઓ.માં નોકરી કરતા હતા. સાહેદ નં.૧૦૨૪ સબ્બીર ઉસ્માનભાઈ સૈયદ કે જેઓ કોહીનુર પાન એન્ડ કોલ્ડ્રીંકસ તથા એસ.ટી.ડી.

પી.સી.ઓ.ના માલીક છે. સાહેદ નં.૧૦૨૫ યુસુફ હાજીભાઈ તેઓ પણ હોટલ કોહીનુર કાફે તથા એસ.ટી.ડી. પી.સી.ઓ.નાં માલિક છે. આ સાહેદોની જુબાનીઓના સારાંશ મુજબ આ સાહેદોને ત્યાં રાખવામાં આવેલા કોઈન બોક્ષ ઉપરથી આરોપી નં.૧૪ નાએ ફોન કરેલા. પરંતુ આરોપી નં.૧૪ નાઓએ જ ફોન કરેલા કે કેમ તે બાબતે આ સાહેદો ચોકકસ જુબાની આપેલી નથી.

સાહેદ નં.૧૦૪૧ તાલીબ અબ્દુલ ગફાર મણીયારની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદે ફરિયાદપક્ષની હકીકતને સમર્થન કરેલ નથી. પરંતુ આ સાહેદની જુબાની ધ્યાને લેતા આ સાહેદ સીમીના સક્રિય કાર્યકર હતા. ૨૦૦૧ ની સાલથી સીમી ઉપર પ્રતિબંધ મુકાયેલ હતો અને આરોપી નં.૧૪ સીમીની મીટીંગોમાં હાજર રહેતો હતો તેવી હકીકત આ સાહેદની જુબાની ઉપરથી માલુમ પડે છે. આ ઉપરાંત લીંબાયત સુરત મુકામે પણ આરોપી નં.૧૪ સીમીની મીટીંગોમાં હાજર રહેતો હતો તેવી હકીકત પણ માલુમ પડે છે.

સાહેદ નં.૧૧૦૩ મોહમદ ફારુક અબ્દુલ રસીદ માસ્તરની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદે ફરિયાદપક્ષની હકીકતને સમર્થન કરેલુ નથી પરંતુ આ સાહેદની જુબાની ધ્યાને લેતા આરોપી નં.૧૪ સુરત ખાતે સીમીના કાર્યકરતા હોવાનું સ્પષ્ટપણે જણાય આવે છે.

આંક–૧૨૨વાળા તહોમતનામામાં જણાવ્યા મુજબ ઘણા બધા આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો એવા છે કે, તે બાબતે આ આરોપી નં.૧૪ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા કોઈ મૌખિક કે દસ્તાવેજી પ્રત્યક્ષ પુરાવો રજૂ થયેલો નથી. આ આરોપી નં.૧૪ કોચી ખાતે આવેલ શ્રીહરી ટુરીસ્ટ હોમમાં રોકાયેલા હતા, તે હોટલોના રજીસ્ટરોમાં પોતાનું નામ છુપાવીને સલીમ શેખના ખોટા નામથી એન્ટ્રી કરી, સહી કરેલી હતી તેવો પુરાવો રજૂ થયો છે પરંતુ આ આરોપી નં.૧૪નાઓએ ખોટા દસ્તાવેજ બનાવી તે દસ્તાવેજોનો સાચા તરીકે અન્ય કોઈ જગ્યાએ ઉપયોગ કર્યો હોય તેવા કોઈ પ્રત્યક્ષ પુરાવા આ આરોપી નં.૧૪ સામે નથી. પરંતુ આ આરોપીએ રજિસ્ટરમાં ખોટા નામની એન્ટ્રી કરેલી છે. આ ખોટા નામની એન્ટ્રી કરવા પાછળનો તેનો ઈરાદો હોટલના માલીકથી તેનુ અસલ નામ

છુપાવવાનો હતો તેવુ સ્પષ્ટ જણાય છે અને ખોટા નામે એન્ટ્રી કરી આ ગુનામાં પોતાનુ કૃત્ય પાર પાડવા માટે અમદાવાદ તથા સુરતની જાહેર જનતાને પણ છેતરવાનો તેનો ઈરાદો હતો તેવુ પણ સ્પષ્ટ જણાય છે. આરોપી નં.૩૭ નાઓએ મોબાઈલ ફોન તથા સીમ કાર્ડ મેળવવા માટે ખોટા દસ્તાવેજો બનાવી સાચા તરીકે રજૂ કરેલા હતા તેવા પુરાવા રેકર્ડ ઉપર છે જેથી આ કાવતરાનો ગુનો હોય ખોટા દસ્તાવેજો સાચા તરીકે ઉપયોગ કરવા અંગે આ આરોપીની પણ સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે. આ ઉપરાંત આ આરોપી નં.૧૪નાઓએ બનાવોમાં ઉપયોગમાં લીધેલ કોઇ વસ્તુ કે પુરાવાનો નાશ કર્યો હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો નથી. આ બનાવો બન્યા બાદ બનાવોમાં સંડોવાયેલા અન્ય કોઇ આરોપીને આશ્રય આપેલો હોય, તેઓને છુપાવેલા હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો આરોપી નં.૧૪ કે અન્ય આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ નથી. આ આરોપી નં.૧૪ સીમીના સભ્ય હોવાનો મૌખિક પુરાવો છે. સાહેદ નં.૧૧૦૩ મોહમદ ફારૂક માસ્તર, સાહેદ નં.૮૮૧ અદનાન ગુજરાતી, સાહેદ નં.૧૦૪૧ તાલીબ મણીયાર તથા આરોપી નં.૨,૨૧ ના કબૂલાત નિવેદન મુજબ આ આરોપી નં.૧૪ સીમીનો સભ્ય છે. સીમી સંગઠન ઉપર ભારત સરકાર દ્વારા પ્રતિબંધ મુકવામાં આવેલો છે તે અંગેનું જાહેરનામું ભારત સરકારના રાજપત્રમાં પ્રસિધ્ધ પણ થયેલું છે માટે સીમી સંગઠનની જાહેરમાં કોઇ ઑફિસ ન હોય અને સીમી અંગેનો કોઇ દસ્તાવેજી પુરાવો ન હોય તે સ્વાભાવિક છે અને તેના કારણે તપાસ કરનાર અધિકારીઓ પૈકી કોઇપણ અધિકારીને સીમી બાબતે તપાસ દરમ્યાન કોઇ દસ્તાવેજી પુરાવો મળેલો નથી. સીમીની કાર્યવાહી પ્રતિબંધના કારણે ગુપ્તરીતે થતી હોય છે. સીમી સંગઠનનું કોઇ રેકર્ડ જાહેરમાં પ્રસિધ્ધ થયેલું નથી. સીમી સંગઠનમાં કોઇ આરોપી સભ્ય બનેલા હોય તો તે અંગેની કોઇ પાવતી કે દસ્તાવેજી પુરાવો ન હોય. આ આરોપી નં.૧૪ સીમી સંગઠનમાં સક્રિય છે તેવું આરોપી સામેના મૌખિક પુરાવાથી પુરવાર થાય છે. આ ઉપરાંત આરોપી નં.૬૮ નાઓએ આંક-૯૨૪૮ થી **"કનેકશન ઓફ સીમી"** અંગે એક દસ્તાવેજ રજૂ કરેલો છે તે વંચાણે લેતા સીમી સંગઠન વિશે તથા તેના હોદ્દેદારો, સભ્યો

અને પ્રાદેશિક સભ્યો, સીમી સંગઠનનો હેતુ બાબતે તમામ હકીકતો જણાવેલી છે. પરંતુ સંગઠનને કોઇ નાણાકીય સહાય પુરી પાડી હોય અથવા નાણાકીય સહાય પુરી પાડવા કોઇ અન્ય વ્યકિત પાસે મદદ માંગી હોય તેવો ફરિયાદપક્ષ તરફથી આ આરોપી કે અન્ય કોઇ આરોપીઓ વિરૂધ્ધ પ્રત્યક્ષ પુરાવો રજૂ થયેલો નથી. આ આરોપી નં.૧૪ નાઓએ બનાવો બનતા પહેલા આતંકવાદી ઇ–મેઇલ કર્યા હોય તેવા કોઇ ઇ–મેઇલ ફરીયાદપક્ષ દ્વારા રજૂ થયેલા નથી. આ આરોપી નં.૧૪ નાઓએ કોઇ કમ્પ્યુટરમાંથી આતંકવાદી ઇ–મેઇલ કર્યા હોય અને ઇ–મેઇલ કર્યા પછી તે ઇ–મેઇલ કમ્પ્યુટરમાંથી ડિલીટ કર્યા હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આરોપી નં.૩૩ તથા ૩૪ નાઓએ ઈન્ડિયા ટીવીને આતંકવાદી ઈ–મેઈલ કરેલાનો આક્ષેપ છે પરંતુ રજૂ થયેલા ઈ–મેઈલ ધ્યાને લેતા તે આક્ષેપ પુરવાર થતા નથી. આ આરોપી પાસેથી પરવાના વિનાનો કોઇ દેશી તમંચો કે હથિયાર કબજે કરવામાં આવ્યુ હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીઓ તથા આ આરોપી વિરૂધ્ધ સમગ્ર પુરાવા ધ્યાને લેતા અમદાવાદ શહેરમાં થયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોના કાવતરામાં અને તેની સાથે સંલગ્ન સુરત શહેરના બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં આ આરોપી નં.૧૪ની શરૂઆતથી લઇને બનાવોના અંત સુધી સક્રિય ભૂમિકા રહેલી છે આ આરોપી નં.૧૪ સામે આંક–૧૨૨ મુજબના તહોમતનામામાં જે આક્ષેપો ફરમાવવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો પુરાવાર થાય છે તેમ હું માનું છું. વાઘમોન ખાતે ડિસેમ્બર–૨૦૦૮ મા આરોપીઓએ તાલીમ કેમ્પ રાખેલો હતો અને તે કેમ્પમાં આ આરોપી પણ હાજર હતો. આ કેમ્પ બાબતે અર્નાકુલ્લમ ખાતે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાયેલી અને તે ફરિયાદના કામે કુલ–૩૮ આરોપીઓને અટક કરવામાં આવેલા. તે કામે તપાસના કામે ૩૮ આરોપીઓ વિરૂધ્ધ અદાલતમાં ચાર્જશીટ દાખલ થયેલો જેનો એન.આઈ.એ. કેસ

નં.૨/૨૦૧૧ હતો. તે કામે આ આરોપીને આરોપી નં.૧૬ તરીકે દર્શાવેલ છે. તે કેસમાં એન.આઈ.એ. કોર્ટ અર્નાકુલ્લમ દ્વારા તા.૧૫.૫.૨૦૧૮ ના રોજ ચુકાદો આપવામાં આવેલ છે તે ચુકાદામાં આ આરોપીને નિર્દોષ જાહેર કરેલ છે. પરંતુ આ આરોપીની વાઘમોન ઉપરાંત હાલોલ–પાવાગઢના કેમ્પોમાં પણ હાજરી છે તથા જુદી–જુદી આતંકવાદી તાલીમો મેળવેલી છે. એટલુ જ નહીં જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગોમાં હાજર રહેલો છે અને દેશ વિરૂધ્ધ પ્રવૃત્તિઓ કરેલ છે માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૦૦ આ આરોપી બાબતે લાગુ પડશે નહીં. ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૧૪ ની ભૂમિકા બાબતે તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન કરતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૧૪ વિરૂધ્ધ મુદ્દા નં.૧ થી ૧૩, ૧૬ થી ૧૯, ૨૧ થી ૨૪, ૨૬ થી ૩૨ પુરવાર કરે છે. જયારે મુદ્દા નં. ૧૪,૧૫, ૨૦,૨૫, ૩૩ થી ૩૫ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવુ છું.

આરોપી નં.૧૫ અબુબસર ઉર્ફે મુકતી ઉર્ફે અબ્દુલ રસીદ ઉર્ફે અબ્દુલ્લા અબુબકર શેખ

સાહેદ નં.૯૫૭ જાકિર હુસેન અબ્દુલ જબ્બાર કુરેશીની જુબાનીના સારાંશ મુજબ આ આરોપી પ્રતિબંધિત સંગઠન 'સીમી'નો સભ્ય છે. ગુપ્ત રીતે સીમીની ઑફિસ જુદી–જુદી જગ્યાઓ ઉપર ચાલે છે. સીમીની ઑફિસમાં આ આરોપીની સક્રિય હાજરી રહેલી છે. સીમીની મીટીંગોમા આ આરોપી સતત પ્રવૃત્તમય અને કાર્યરત રહેલો છે. જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગમાં અન્ય આરોપીઓને પણ હાજર રાખેલા છે.આ આરોપી તથા અન્ય સહઆરોપીઓ સીમીની મીટીંગોમાં રાજય સરકાર તેમજ ભારત સરકાર વિરૂધ્ધ જેહાદ કરવાની વાતો કરેલી છે તે પ્રમાણેના ભાષણો કરેલા છે અને તે સાંભળેલા છે. ગોધરા કાંડનો બદલો લેવાની વાતો પણ થયેલી છે અને તે સાંભળેલી છે. હિન્દુ વિસ્તારમાં બોમ્બ ધડાકા કરવાની વાતો થયેલી છે અને તે સાંભળેલી છે. આ ઉપરાંત આ આરોપી હાલોલ–પાવાગઢ ખાતે તા.૧૩/૦૧/૨૦૦૮ થી લઇને તા.૧૫/૦૧/૨૦૦૮ ના સમય દરમ્યાન આતંકવાદી તાલીમ કેમ્પનું આયોજન

કરવામા આવેલું તેમાં અન્ય આરોપીઓ સાથે કેમ્પમાં ગયેલો છે. કેમ્પમાં જેહાદી ભાષણો સાંભળેલા છે. તાલીમો લીધેલી છે અને કેમ્પના આયોજનમાં પ્રત્યક્ષ રીતે મદદ કરેલી છે. આ સાહેદ જાકિર હુસેન પોતાની જુબાનીમાં આરોપી નં.૧૫ ને અદાલત રૂબરૂ ઓળખી બતાવેલ છે. આ તમામ હકીકત આ સાહેદે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ સમક્ષ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબના નિવેદનમાં પણ જણાવેલી છે.

સાહેદ નં.૧૧૦૬ ફીરોઝ દિલાવર શેખની જુબાનીના સારાંશ મુજબ આરોપી નં.૩૭ ની સાથે આરોપી નં.૧૫ વટવા ખાતે આવેલ ઉમરાવ નગરમાં મકાન નં.૩ મા આ આરોપી રહેતો હતો અને તા.૧૮.૮.૨૦૦૮ ના રોજ આ આરોપી નં.૧૫ નાઓએ તપાસ કરનાર અધિકારીને એફ.એસ.એલ. અધિકારી તથા પંચની હાજરીમાં આ મકાન બતાવેલુ. મકાનમાંથી વાયરના ટુકડા, ટેપ, નટ–બોલ્ટ અને છરા મળેલા. આ હકીકત આ સાહેદે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબના મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટની સમક્ષના નિવેદનમાં પણ જણાવેલી છે પરંતુ આ સાહેદે જુબાની દરમ્યાન આરોપીને ઓળખી શકેલ નથી અને નહીં ઓળખવાનું જે કારણ આપેલુ છે તે વાજબી છે. આ ઉપરાંત સાહેદ નં.૧૧૪૧ ઐયાઝ રજાકમીયા સૈયદની જુબાનીના સારાંશ મુજબ પણ આરોપી નં.૧૫ ઉમરાવનગર, મકાન નં.૩, વટવા ખાતે આરોપી નં.૩૭ ની સાથે રહેતો હતો તેવી હકીકત જણાવે છે તથા અદાલત રૂબરૂ જુબાની દરમ્યાન આરોપી નં.૧૫ ને ઓળખી બતાવેલો છે. આ ઉપરાંત સાહેદ નં.૯૨૯ રફીકભાઈ હુસેનભાઈ અબદાલની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદ વટવા ખાતે બીબીતળાવ ચાર રસ્તા પાસે ગરીબ નવાજના નામે હોટલનો ધંધો કરતા હતા અને આરોપી નં.૧૫ આ હોટલ ઉપર જમવા તથા ટિફિન લેવા આવતો હતો તેવી હકીકત જણાવેલી છે. તેમજ આ સાહેદે આરોપી નં.૧૫ ને સાહેદ નં.૫૭૧ રમણભાઈ સેંધાભાઈ સોલંકીની રૂબરૂ કરવામાં આવેલ ઓળખ પરેડ દરમ્યાન ઓળખી પણ બતાવેલો છે પરંતુ આ સાહેદે જુબાની દરમ્યાન આરોપીને અદાલત

રૂબરૂ ઓળખી શકેલ નથી. આ ઓળખી બતાવ્યાની હકીકત સાહેદ નં.પ૭૧ રમણભાઈ સેંધાભાઈ સોલંકી પોતાની જુબાનીમાં પણ જણાવેલી છે.

આ ઉપરાંત, આરોપી નં.૨ નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ સમક્ષ લખાવેલું તે મુજબ આરોપી નં.૧૫ વાઘમોન (કેરળ) મુકામે તાલીમ કેમ્પમાં હાજર હતો તેવી હકીકત કબૂલાત નિવેદનમાં છે. આરોપી નં.૧૫ હાલોલ–પાવાગઢ ખાતે તા.૧૩.૧.૨૦૦૮ થી ૧૫.૧.૨૦૦૮ ના સમય દરમ્યાન આતંકવાદી તાલીમ કેમ્પ યોજાયેલો તે કેમ્પમાં અન્ય આરોપીઓ સાથે હાજર રહેલો છે અને કેમ્પમાં હાજર તમામ આરોપીઓ ખુંદપીરની દરગાહ ઉપર આવેલી ધર્મશાળામાં રોકાયેલા. જુદી–જુદી જગ્યાઓ ઉપર તાલીમો લીધેલી. મુસ્લિમોનો બદલો લેવાની, જેહાદી ભાષણો કરેલા અને બોમ્બ બનાવવાની તાલીમ આપેલાની હકીકત તેઓના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે.

આ ઉપરાંત, આરોપી નં.૭૬ નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન જયુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોચી–૫ સમક્ષ લખાવેલું તે મુજબ આરોપી નં.૧૫નાઓ વાઘમોન (કેરાલા) ખાતેના તાલીમ કેમ્પમાં હાજર હતો તાલીમ લીધેલાની હકીકત તેઓના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે. કેમ્પમાં આરોપી નં.૧૫ નાએ હાજર રહી સક્રિય કામગીરી કરેલી છે તેમજ આતંકવાદી તાલીમો મેળવેલી છે તેમ હું માનું છું.

સાહેદ નં.૯૯૮ બીપીન છોટાલાલ પટેલની જુબાનીના સારાંશ મુજબ આરોપી નં.૧૫, તપાસ કરનાર અધિકારી તથા આ સાહેદને લઈને ઉમરાવનગર મકાન નં.૩, વટવા ખાતે ગયેલો. મકાનમાં તપાસ કરતા એક અંગ્રેજી પેપર, લાલ–કાળા વાયરના ટુકડા, પોલીથીન પેપરના ટુકડા, બે બોલ્ટ, ૪૦ છરા અને ખાખી પુઠ્ઠુ મળી આવેલુ. આ વખતે એફ.એસ.એલ. અધિકારી સાહેદ નં.૮૩૦ અમૃત વશરામભાઈ હિંગરાજીયા પણ હાજર હતા અને તેમને આ તમામ વસ્તુઓ કબજે કરવાની તપાસ કરનાર અધિકારીને સુચના આપેલી અને તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ આ તમામ

વસ્તુઓ આંક–૬૪૩૪ વાળા પંચનામાની વિગતે કબજે કરેલી. આ કબજે કરવામાં આવેલ વાયરના ટુકડા, પોલીથીન પેપરના ટુકડા, બોલ્ટ અને છરા જેવી જ વસ્તુઓ જે–જે જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ થયેલા ત્યાંથી પણ મળી આવેલી છે.

સાહેદ નં.૧૧૦૩ મોહમદ ફારૂક અબ્દુલ રસીદ માસ્તરની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદે ફરીયાદપક્ષની હકીકતને સમર્થન કરેલુ નથી પરંતુ આ સાહેદની જુબાની ધ્યાને લેતા આરોપી નં.૧૫ સુરત ખાતે સીમીના કાર્યકરતા હોવાનું સ્પષ્ટપણે જણાય આવે છે.

આંક–૧૨૨ વાળા તહોમતનામામાં જણાવ્યા મુજબ ઘણા બધા આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો એવા છે કે, તે બાબતે આ આરોપી નં.૧૫ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા કોઇ મૌખિક કે દસ્તાવેજી પ્રત્યક્ષ પુરાવો રજૂ થયેલો નથી. આ આરોપી નં.૧૫ જુદી–જુદી હોટલોમાં રોકાયો હોય, તે હોટલોના રજીસ્ટરોમાં ખોટા નામથી એન્ટ્રીઓ કરી હોય, ખોટા નામે સહીઓ કરેલી હોય તેમજ આ આરોપી નં.૧૫ નાઓએ ખોટા દસ્તાવેજ બનાવી તે દસ્તાવેજોનો સાચા તરીકે ઉપયોગ કર્યો હોય તેવા કોઇ પ્રત્યક્ષ પુરાવા આ આરોપી નં.૧૫ સામે નથી. પરંતુ આ અંગેના પ્રત્યક્ષ પુરાવા આરોપી નં.૧૪, ૩૭, ૪૩, ૪૫, ૪૬, ૬૯ અને ૭૦ વિરૂધ્ધ રજૂ થયેલા છે. જેથી કાવતરાના પેરામાં ચર્ચા કર્યા મુજબ તેમજ તે પેરામાં નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લીધેલા છે તે ચુકાદા મુજબ આરોપી નં.૧૫ નાઓ કોઈ હોટલમાં ખોટા નામે એન્ટ્રી કરી રોકાયેલા ન હોવા છતાં પણ અન્ય આરોપીઓ સાથે આરોપી નં.૧૫ ની સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે. આ ઉપરાંત આ આરોપી નં.૧૫ નાઓએ બનાવોમાં ઉપયોગમાં લીધેલ કોઇ વસ્તુ કે પુરાવાનો નાશ કર્યો હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો આ આરોપી નં.૧૫ વિરૂધ્ધ નથી. આ ઉપરાંત આ બનાવો બન્યા બાદ બનાવોમાં સંડોવાયેલા અન્ય કોઇ આરોપીને આશ્રય આપેલો હોય, તેઓને છુપાવેલા હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો આરોપી નં.૧૫ કે અન્ય આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ નથી. આ આરોપી નં.૧૫ સીમીના સભ્ય હોવાનો મૌખિક પુરાવો છે.

સાહેદ નં.૧૧૦૩ મોહમદ ફારૂક માસ્તર, સાહેદ નં.૯૫૭ ઝાકીર કુરેશી, સાહેદ નં.૧૧૪૧ એૈયાઝ સૈયદ તથા આરોપી નં.૨,૭૬ ના કબૂલાત નિવેદન મુજબ આ આરોપી નં.૧૫ સીમીનો સભ્ય છે. સીમી સંગઠન ઉપર ભારત સરકાર દ્વારા પ્રતિબંધ મુકવામાં આવેલો છે તે અંગેનું જાહેરનામું ભારત સરકારના રાજપત્રમાં પ્રસિધ્ધ પણ થયેલું છે માટે સીમી સંગઠનની જાહેરમાં કોઇ ઑફિસ ન હોય અને સીમી અંગેનો કોઇ દસ્તાવેજી પુરાવો ન હોય તે સ્વાભાવિક છે અને તેના કારણે તપાસ કરનાર અધિકારીઓ પૈકી કોઇપણ અધિકારીને સીમી બાબતે તપાસ દરમ્યાન કોઇ દસ્તાવેજી પુરાવો મળેલો નથી. સીમીની કાર્યવાહી પ્રતિબંધના કારણે ગુપ્તરીતે થતી હોય છે. સીમી સંગઠનનું કોઇ રેકર્ડ જાહેરમાં પ્રસિધ્ધ થયેલું નથી. સીમી સંગઠનમાં કોઇ આરોપી સભ્ય બનેલા હોય તો તે અંગેની કોઇ પાવતી કે દસ્તાવેજી પુરાવો ન હોય. આ આરોપી નં.૧૫ સીમી સંગઠનમાં સક્રિય છે તેવું આરોપી સામેના મૌખિક પુરાવાથી પુરવાર થાય છે. આ ઉપરાંત આરોપી નં.૬૮ નાઓએ આંક-૯૨૪૮ થી **"કનેકશન ઓફ સીમી"** અંગે એક દસ્તાવેજ રજૂ કરેલો છે તે વંચાણે લેતા સીમી સંગઠન વિશે તથા તેના હોદ્દેદારો, સભ્યો અને પ્રાદેશિક સભ્યો, સીમી સંગઠનનો હેતુ બાબતે તમામ હકીકતો જણાવેલી છે. આ ઉપરાંત આ આરોપીનો એસ.ડી.એસ. ટેસ્ટ સાહેદ નં.૮૪૮નાઓએ કરેલો છે. તેઓની જુબાનીના સારાંશ તથા આ આરોપી બાબતે આ સાહેદે આંક-૫૯૦૧ વાળો અભિપ્રાય આપેલો છે તે ધ્યાને લેતા આ આરોપી સીમી સાથે સંકળાયેલો છે. સંગઠનને કોઇ નાણાકીય સહાય પુરી પાડી હોય અથવા નાણાકીય સહાય પુરી પાડવા કોઇ અન્ય વ્યકિત પાસે મદદ માંગી હોય તેવો ફરિયાદપક્ષ તરફથી આરોપી નં.૧૫ કે અન્ય આરોપીઓ વિરૂધ્ધ કોઇ પ્રત્યક્ષ પુરાવો રજૂ થયેલો નથી. આ આરોપી નં.૧૫નાઓએ બનાવો બનતા પહેલા આતંકવાદી ઇ-મેઇલ કર્યા હોય તેવા કોઇ ઇ-મેઇલ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા નથી. આ આરોપી નં.૧૫ નાઓએ કોઇ કમ્પ્યુટરમાંથી આતંકવાદી ઇ-મેઇલ કર્યા હોય અને ઇ-મેઇલ કર્યા પછી તે ઇ-મેઇલ કમ્પ્યુટરમાંથી ડિલીટ કર્યા હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો ફરીયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આરોપી નં.૩૩

તથા ૩૪ નાઓએ ઈન્ડિયા ટીવીને આતંકવાદી ઈ–મેઈલ કરેલાનો આક્ષેપ છે પરંતુ રજૂ થયેલા ઈ–મેઈલ ધ્યાને લેતા તે આક્ષેપ પુરવાર થતા નથી. આ આરોપી પાસેથી પરવાના વિનાનો કોઇ દેશી તમંચો કે હથિયાર કબજે કરવામાં આવ્યુ હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીઓ તથા આ આરોપી વિરૂધ્ધ સમગ્ર પુરાવા ધ્યાને લેતા અમદાવાદ શહેરમાં થયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોના કાવતરામાં અને તેની સાથે સંલગ્ન સુરત શહેરના બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં આ આરોપી નં.૧૫ ની શરૂઆતથી લઈને બનાવોના અંત સુધી સક્રિય ભૂમિકા રહેલી છે આ આરોપી નં.૧૫ સામે આંક–૧૨૨ મુજબના તહોમતનામામાં જે આક્ષેપો ફરમાવવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો પુરાવાર થાય છે તેમ હું માનું છું. વાઘમોન ખાતે ડિસેમ્બર–૨૦૦૮ મા આરોપીઓએ તાલીમ કેમ્પ રાખેલો હતો અને તે કેમ્પમાં આ આરોપી પણ હાજર હતો. આ કેમ્પ બાબતે અર્નાકુલ્લમ ખાતે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાયેલી અને તે ફરિયાદના કામે કુલ–૩૮ આરોપીઓને અટક કરવામાં આવેલા. તે કામે તપાસના કામે ૩૮ આરોપીઓ વિરૂધ્ધ અદાલતમાં ચાર્જશીટ દાખલ થયેલો જેનો એન.આઈ.એ. કેસ નં.૨/૨૦૧૧ હતો. તે કામે આ આરોપીને આરોપી નં.૧૫ તરીકે દર્શાવેલ છે. તે કેસમાં એન.આઈ.એ. કોર્ટ અર્નાકુલ્લમ દ્વારા તા.૧૫.૫.૨૦૧૮ ના રોજ ચુકાદો આપવામાં આવેલ છે તે ચુકાદામાં આ આરોપીને સજા ફરમાવેલ છે. પરંતુ આ આરોપીની વાઘમોન ઉપરાંત હાલોલ–પાવાગઢના કેમ્પોમાં પણ હાજરી છે તથા જુદી–જુદી આતંકવાદી તાલીમો મેળવેલી છે. એટલુ જ નહીં જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગોમાં હાજર રહેલો છે અને દેશ વિરૂધ્ધ પ્રવૃત્તિઓ કરેલ છે માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૦૦ આ આરોપી બાબતે લાગુ પડશે નહીં. ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૧૫ ની ભૂમિકા બાબતે તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન

કરતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૧૫ વિરૂધ્ધ મુદ્દા નં.૧ થી ૧૩, ૧૬ થી ૧૯, ૨૧ થી ૨૪, ૨૬ થી ૩૨ પુરવાર કરે છે. જયારે મુદ્દા નં. ૧૪,૧૫, ૨૦,૨૫, ૩૩ થી ૩૫ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવુ છું.

આરોપી નં.૧૬ અબ્બાસ ઉંમર સમેજા

સાહેદ નં.૧૧૦૫ ઇદ્રીશ ગુલાબશા ફકિરની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદ ખુંદપીર દરગાહ ઉપર હાલોલ–પાવાગઢ ખાતે મુજાવર તરીકે કામ કરે છે. તા.૧૩/૦૧/૨૦૦૮ થી તા.૧૫/૦૧/૨૦૦૮ ના સમય દરમ્યાન ૨૦ થી ૨૫ માણસો ટાટા સુમો તથા બાઇક લઇને દરગાહ ઉપર આવેલાં જેમાં આ આરોપી નં.૧૬ પણ હતો. દરગાહ ઉપર આવીને આ તમામ આરોપીઓએ જણાવેલું કે, ટ્રેકિંગ કરવા આવેલાં છીએ જેથી દરગાહ ઉપર આવેલી પતરાવાળી ધર્મશાળામાં આરોપીઓને રહેવા માટે રૂમો આપેલી. આરોપીઓ સવારથી જંગલોમાં ટાટા સુમો લઇને પાછળના દરવાજેથી જતા હતા અને રાત્રે આવતા હતાં. ત્રણ દિવસ સુધી ૨૦ થી ૨૫ માણસો દરગાહ ઉપર આવેલી ધર્મશાળામાં રોકાયેલા હતા તે પૈકી આ આરોપી નં.૧૬ પણ હતો અને તેણે ત્રણ દિવસ સુધી સતત સાહેદ ઇદ્રીશનાઓએ જોયેલો. જેથી આ સાહેદે પોતાની જુબાની દરમ્યાન આ આરોપી નં.૧૬ ને જુબાની દરમ્યાન અદાલત રૂબરૂ ઓળખી બતાવેલો છે. સાહેદ ઇદ્રીશ અભણ છે. ખુંદપીરની દરગાહ ઉપર મુજાવર તરીકે સેવા આપે છે. નમાજ અદા કરાવે છે. આરોપી નં.૧૬ સાથે તેને કોઇ દુશ્મનાવટ નથી. તે સ્વતંત્ર સાહેદ છે. પાવાગઢ ખાતે આતંકવાદી તાલીમ કેમ્પનું આયોજન થયેલું જેમાં આરોપી નં.૧૬ હાજર હતો. આ તમામ હકીકત આ સાહેદે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ સમક્ષ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ –૧૬૪ મુજબના નિવેદનમાં પણ જણાવેલી છે.

સાહેદ નં.૯૮૧ પ્રવિણભાઈ હમીરભાઈ કટારીયાનાઓની જુબાનીના સારાંશ મુજબ સને–૨૦૦૮ ની સાલના ઉત્તરાયણના દિવસે આ સાહેદ પોતાની જીપ લઈને હાલોલ જતા હતા અને રસ્તામાંથી પેસેન્જરોની સાથે

તેમના મિત્ર અંબાલાલભાઇને જીપમાં બેસાડેલા અને ત્યારબાદ તેઓ પાવાગઢ થી હાલોલ જવા નિકળેલા ત્યારે હેલીકૈલ વાવ નજીક રોડ ઉપર જીપને પંચર પડેલું. જીપમાં બેસાડેલા અન્ય પેસેન્જરોને બીજી જીપમાં બેસાડી હાલોલ રવાના કરેલાં અને જીપના કંડકટર અશ્વિનભાઇએ જીપનું ટાયર કાઢીને હાલોલ ખાતે પંચર કરાવવા ગયેલાં. અંબાલાલભાઇ તથા આ સાહેદ જીપ પાસે રોકાયેલા તે દરમ્યાન જંગલમાંથી માણસોનો બોલવાનો અવાજ આવેલો જેથી આ અંબાલાલભાઇ તથા આ સાહેદ તે તરફ જંગલમાં ગયેલા ત્યારે કેટલાક માણસો કમલેશ કવોરીની ખીણ પાસે તંબુ બાંધીને કાંઇક કરતા હતાં. તે લોકો જુથમાં હતા અને હિન્દી ભાષા બોલતા હતા. તે માણસોમાં સાહેદ પ્રવિણભાઇએ આરોપી નં.૧૬ ને જોયેલો હતો. સાહેદ પ્રવિણભાઇએ એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૮૮ લક્ષ્મણ કેશવલાલ પારઘી સમક્ષના ઓળખ પરેડના પંચનામા દરમ્યાન આરોપી નં.૧૬ ને ઓળખી પણ બતાવેલ હતો. સાહેદ પ્રવિણભાઈ ગામડાનો વતની છે. જીપ ચલાવીને પોતાનું ગુજરાન ચલાવે છે. આરોપી સાથે તેઓને કોઇ દુશ્મનાવટ નથી કે જેથી કરીને આરોપી નં.૧૬ ને ખોટી રીતે ગુનામાં સંડોવે. આ સાહેદે આરોપી નં.૧૬નાઓને જુબાની દરમ્યાન અદાલતમાં ઓળખી પણ બતાવેલા છે.

સાહેદ નં.૧૦૬૭ અંબાલાલ વેચાતભાઇ બારીયાનાઓની જુબાનીના સારાંશ મુજબ સને–૨૦૦૮ની સાલના ઉત્તરાયણના દિવસે આ સાહેદ તેમના મિત્ર પ્રવિણભાઇની જીપમાં બેસીને પાવાગઢથી હાલોલ જવા નિકળેલા ત્યારે હેલીકૈલ વાવ નજીક રોડ ઉપર જીપને પંચર પડેલું. જીપમાં બેસાડેલા અન્ય પેસેન્જરોને બીજી જીપમાં બેસાડી હાલોલ રવાના કરેલાં અને જીપના કંડકટર અશ્વિનભાઇએ જીપનું ટાયર કાઢીને હાલોલ ખાતે પંચર કરાવવા ગયેલાં. આ સાહેદ તથા પ્રવિણભાઇ જીપ પાસે રોકાયેલા તે દરમ્યાન જંગલમાંથી માણસોનો બોલવાનો અવાજ આવેલો જેથી આ સાહેદ તથા પ્રવિણભાઈ તે તરફ જંગલમાં ગયેલા ત્યારે કેટલાક માણસો કમલેશ કવોરીની ખીણ પાસે તંબુ બાંધીને કાંઇક કરતા હતાં. તે લોકો જૂથમાં હતા અને હિન્દી ભાષા બોલતા હતા. તે માણસોમાં

આ સાહેદે આરોપી નં.૧૬ને જોયેલો હતો. સાહેદ અંબાલાલભાઈએ એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૮૮ લક્ષ્મણ કેશવલાલ પારઘી સમક્ષના ઓળખ પરેડના પંચનામા દરમ્યાન આરોપી નં.૧૬ ને ઓળખી પણ બતાવેલ હતો. સાહેદ અંબાલાલ ગામડાનો વતની છે. ખેતીકામ કરે છે. આરોપી સાથે તેનો કોઇ દુશ્મનાવટ નથી કે જેથી કરીને આરોપી નં.૧૬ને ખોટી રીતે ગુનામાં સંડોવે. આ સાહેદ અંબાલાલભાઇ, સાહેદ ઈદ્રીશ તથા સાહેદ પ્રવિણભાઈની જુબાની ધ્યાને લેતા હાલોલ–પાવાગઢના તાલીમ કેમ્પ બાબતે તથા આ આરોપી નં.૧૬ ની હાજરી બાબતે સમર્થન કરે છે. આ સાહેદે આરોપી નં.૧૬ નાઓને જુબાની દરમ્યાન અદાલતમાં ઓળખી પણ બતાવેલા છે.

સાહેદ નં.૧૦૭૩ મહમદયુનુસ અબ્દુલલતીફ સુમરાની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદનું ભૂજ મુકામે "ઈન્ફિનીટી સાયબર કાફે" આવેલુ છે અને ત્યાં આરોપી નં.૧૬ સર્ફિંગ કરવા માટે ગયેલો હતો જે આ સાહેદે તે વખતે જોયેલો હતો. આ સાહેદે આરોપી નં.૧૬ નાઓને જુબાની દરમ્યાન અદાલતમાં ઓળખી પણ બતાવેલા છે.

સાહેદ નં.૫૮૮ એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ લક્ષ્મણ કેશવલાલ પારઘીની જુબાનીના સારાંશ મુજબ સાહેદ નં.૧૦૬૭ અંબાલાલભાઇ તથા સાહેદ નં.૯૮૧ પ્રવિણભાઈએ આ સાહેદની રૂબરૂમાં આરોપી નં.૧૬ ને પોતાની સમક્ષ થયેલી ઓળખ પરેડમાં ઓળખી બતાવેલાની હકીકત જણાવે છે. જેથી પણ સ્પષ્ટ બને છે કે હાલોલ–પાવાગઢ ખાતે તા.૧૩/૦૧/૨૦૦૮ થી તા.૧૫/૦૧/૨૦૦૮ ના સમય દરમ્યાન આ આરોપી તથા અન્ય આરોપીઓ ભેગા મળી જે તાલીમ કેમ્પનું આયોજન કરેલું તેમાં આ આરોપી નં.૧૬ પણ હાજર હતો. એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ સરકારી અધિકારી છે અને તેઓની રૂબરૂમાં ઓળખ પરેડ અંગેની જે કાંઇ કાર્યવાહી કરેલી તે તેઓની ફરજના ભાગરૂપે હતી. આરોપી સાથે તેઓને કોઇ દુશ્મનાવટ નથી અને તેમની રૂબરૂ થયેલી ઓળખ પરેડની કાર્યવાહી તેમણે યોગ્ય રીતે કરેલી તેવી અપેક્ષા હોય છે જે નહિ માનવાને કોઇ કારણ નથી.

આ ઉપરાંત, આરોપી નં.૨ નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની

કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ સમક્ષ લખાવેલું તે મુજબ આરોપી નં.૧૬ વાઘમોન (કેરળ) મુકામે તાલીમ કેમ્પમાં હાજર હતો તેવી હકીકત કબૂલાત નિવેદનમાં છે. આરોપી નં.૧૬ હાલોલ–પાવાગઢ ખાતે તા.૧૩.૧.૨૦૦૮ થી તા.૧૫.૧.૨૦૦૮ ના સમય દરમ્યાન આતંકવાદી તાલીમ કેમ્પ યોજાયેલો તે કેમ્પમાં અન્ય આરોપીઓ સાથે હાજર રહેલો છે અને કેમ્પમાં હાજર તમામ આરોપીઓ ખુંદપીરની દરગાહ ઉપર આવેલી ધર્મશાળામાં રોકાયેલા. જુદી–જુદી જગ્યાઓ ઉપર તાલીમો લીધેલી. મુસ્લિમોનો બદલો લેવાની, જેહાદી ભાષણો કરેલા અને બોમ્બ બનાવવાની તાલીમ આપેલાની હકીકત તેઓના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે.

આ ઉપરાંત, આરોપી નં.૩૫ નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ સમક્ષ લખાવેલું તે મુજબ આરોપી નં.૧૬ નાઓ હાલોલ–પાવાગઢ ખાતેના તાલીમ કેમ્પમાં ગયેલો અને તાલીમ લીધેલાની હકીકત તેઓના કબુલાત નિવેદનમાં જણાવેલી છે. જો કે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ નાઓએ આ આરોપીનું કબૂલાત નિવેદન સોગંદ ઉપર લીધેલું છે જે ગેરકાયદેસર છે. ઉપરોકત આરોપી નં.૨ ના કબૂલાત નિવેદન મુજબ હાલોલ–પાવાગઢના કેમ્પમાં આરોપી નં.૧૬ નાએ હાજર રહી સક્રિય કામગીરી કરેલી છે તેમજ આતંકવાદી તાલીમો મેળવેલી છે તેમ હું માનું છું. આરોપી નં.૩૫ નુ કબૂલાત નિવેદન સોગંદ ઉપર લેવામાં આવેલુ છે જે ધ્યાને લેવામાં આવતુ નથી. પરંતુ આરોપી નં.૨ નાઓનુ કબૂલાત નિવેદન ધ્યાને લેતા તે હાલોલ–પાવાગઢ ખાતેના આતંકવાદી તાલીમ કેમ્પમાં હાજર રહેલાનું સ્પષ્ટ છે.

સાહેદ નં.૧૦૩૯ લક્ષ્મણભાઈ પોપટભાઈ ભરવાડની જુબાનીના સારાંશ મુજબ આરોપી નં.૧૬, તપાસ કરનાર અધિકારી તથા આ સાહેદને લઈને તા.૧૩.૧.૨૦૦૮ થી તા.૧૫.૧.૨૦૦૮ દરમ્યાન પાવાગઢ ખાતે જંગલોમાં આતંકવાદી તાલીમ કેમ્પ રાખવામાં આવેલો તેમાં આ આરોપી હાજર રહેલો અને તે જગ્યા બતાવવા માટે ત્યાં દોરી ગયેલ. આરોપીએ પાવાગઢ રોડ ઉપર આવેલ

ખુંદપીરની દરગાહ, હેલીકૈલ વાવ પાસે જંગલવાળી જગ્યા જયાં શુટીંગ તથા ક્રાઉલીંગ કરતા હતા, નજીકના તળાવમાં સ્વીમીંગ કરતા હતા તે જગ્યા તથા સકકરખાન દરગાહ પાસે આવેલ જગ્યા જયાં દોરડુ બાંધી તાલીમ લેતા હતા તે જગ્યા, કેવળા મસ્જિદ કે જયાં નમાજ પઢતા હતા તે જગ્યા તથા એક મોટુ તળાવ કે જયાં બાઈક ચલાવવાની તાલીમ લીધેલી. આ તમામ જગ્યાઓ તેને બતાવતા તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ આ તમામ જગ્યાઓનુ પંચોની હાજરીમાં પંચનામુ આંક–૭૦૫૩ વાળુ બનાવેલુ.

સાહેદ નં.૯૩૪ કુલદિપસિંહ દશરથસિંહ પરમારની જુબાનીના સારાંશ મુજબ પોલીસે તેઓને ભૂજ ખાતે એક મકાન ઉપર પંચમાં બોલાવેલા. ત્યાં એક ભાઈ હાજર હતા તેમનુ નામ ફારૂક ઉંમર સમેજા હતુ અને તે હાજર ઈશમે આ મકાન આરોપી નં.૧૬ નુ છે તેમ જણાવેલુ. મકાનમાં તપાસ કરતા એક લીટીવાળો કાગળ હતો જેની ઉપર સીમીના મોબાઈલ નંબર અને નીચે પાકીસ્તાન લખેલુ હતુ તે તથા પાસપોર્ટ સાઈઝનો ફોટો કે જે આરોપી નં.૧૬ નો હતો તે તથા એક એડેપ્ટર, ઈલેકશન કાર્ડ, લાઈટ બીલ, આમંત્રણ પત્રિકા અને મોબાઈલ નંબર લખેલ ચીઠ્ઠી મળી આવતા તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૯૭૩ ભુપતસિંહ ગવાભાઈ મોરીએ પંચોની હાજરીમાં આંક–૬૬૦૫ વાળુ પંચનામુ કરી કબજે કરેલુ. આમ આરોપીના ઘરમાંથી સીમીના મોબાઈલ નંબર લખેલ કાગળ મળી આવેલો. જેથી આ આરોપી પણ સીમીનો સભ્ય હોવાનુ માલુમ પડે છે. આ અંગે આરોપી તરફથી કોઈ ખુલાસો કરવામાં આવેલો નથી.

સાહેદ નં.૧૦૬૩ મુનાફઅલી અફઝલ દુરાનીનાઓની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદને પોલીસે ભૂજ ખાતે ઈન્ફિનીટી સાયબર કાફે ઉપર બોલાવેલા. આ સાયબર કાફેમાંથી આરોપી નં.૧૬ નાઓએ સરફિંગ કરેલું હતું અને સાયબર કાફેનું રજીસ્ટર સાહેદ નં.૧૦૭૯ જગુભાઈ માલાભાઈ ભરવાડનાઓએ પંચનામું આંક–૭૨૨૪ વાળુ કરીને કબજે કરેલું હતું.

સાહેદ નં.૧૦૭૪ ઓસમાન અબ્દુલ સીદ્દીનાઓની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદને પોલીસે ભૂજ ખાતે આવેલા સાયબર કાફે ઉપર

બોલાવેલા અને ત્યાં તેના માલિક તે વખતે હાજર હતા અને સાયબર કાફેના કમ્પ્યુટરમાં આરોપીનં.૧૬નાએ સરફિંગ કરેલું અને તે કમ્પ્યુટરમાંથી એક હાર્ડ ડિસ્ક કાઢીને સાહેદ નં.૧૦૮૯ પી.જી.વાઘેલાનાઓએ આંક–૭૩૦૧ વાળુ પંચનામું કરીને કબજે કરેલી હતી.

આંક–૧૨૨ વાળા તહોમતનામામાં જણાવ્યા મુજબ ઘણા બધા આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો એવા છે કે, તે બાબતે આ આરોપી નં.૧૬ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા કોઇ મૌખિક કે દસ્તાવેજી પ્રત્યક્ષ પુરાવો રજૂ થયેલો નથી. આ આરોપી નં.૧૬ જુદી–જુદી હોટલોમાં રોકાયો હોય, તે હોટલોના રજીસ્ટરોમાં ખોટા નામથી એન્ટ્રીઓ કરી હોય, ખોટા નામે સહીઓ કરેલી હોય તેમજ આ આરોપી નં.૧૬નાઓએ ખોટા દસ્તાવેજ બનાવી તે દસ્તાવેજોનો સાચા તરીકે ઉપયોગ કર્યો હોય તેવા કોઇ પ્રત્યક્ષ પુરાવા આ આરોપી નં.૧૬ વિરૂધ્ધ નથી. પરંતુ આ અંગેના પ્રત્યક્ષ પુરાવા આરોપી નં.૧૪, ૩૭, ૪૩, ૪૫, ૪૬, ૬૯ અને ૭૦ વિરૂધ્ધ રજૂ થયેલા છે. જેથી કાવતરાના પેરામાં ચર્ચા કર્યા મુજબ તેમજ તે પેરામાં નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લીધેલા છે તે ચુકાદા મુજબ આરોપી નં.૧૬ નાઓ કોઈ હોટલમાં ખોટા નામે એન્ટ્રી કરી રોકાયેલા ન હોવા છતાં પણ અન્ય આરોપીઓ સાથે આરોપી નં.૧૬ ની સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે. આ ઉપરાંત આ આરોપી નં.૧૬ નાઓએ બનાવોમાં ઉપયોગમાં લીધેલ કોઇ વસ્તુ કે પુરાવાનો નાશ કર્યો હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો નથી. આ ઉપરાંત આ બનાવો બન્યા બાદ બનાવોમાં સંડોવાયેલા અન્ય કોઇ આરોપીને આશ્રય આપેલો હોય, તેઓને છુપાવેલા હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો આરોપી નં.૧૬ કે અન્ય આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ નથી. આ આરોપી નં.૧૬ સીમીના સભ્ય હોવાનો મૌખિક પુરાવો છે. જેમાં સાહેદ નં.૯૩૪ કુલદિપસિંહ તથા તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૯૭૩ ભુપતસિંહ મોરીની જુબાનીઓ મુજબ આરોપીના ઘરમાંથી સીમીના મોબાઈલ નંબરવાળો કાગળ મળી આવેલો તેમજ આરોપી નં.૨ ના કબૂલાત નિવેદન મુજબ આ આરોપી નં.૧૬ સીમીનો સભ્ય છે. સીમી સંગઠન ઉપર ભારત સરકાર દ્વારા પ્રતિબંધ

મુકવામાં આવેલો છે તે અંગેનું જાહેરનામું ભારત સરકારના રાજપત્રમાં પ્રસિધ્ધ પણ થયેલું છે માટે સીમી સંગઠનની જાહેરમાં કોઇ ઑફિસ ન હોય અને સીમી અંગેનો કોઇ દસ્તાવેજી પુરાવો ન હોય તે સ્વાભાવિક છે અને તેના કારણે તપાસ કરનાર અધિકારીઓ પૈકી કોઇપણ અધિકારીને સીમી બાબતે તપાસ દરમ્યાન કોઇ દસ્તાવેજી પુરાવો મળેલો નથી. સીમીની કાર્યવાહી પ્રતિબંધના કારણે ગુપ્તરીતે થતી હોય છે. સીમી સંગઠનનું કોઇ રેકર્ડ જાહેરમાં પ્રસિધ્ધ થયેલું નથી. સીમી સંગઠનમાં કોઇ આરોપી સભ્ય બનેલા હોય તો તે અંગેની કોઇ પાવતી કે દસ્તાવેજી પુરાવો ન હોય. આ આરોપી નં.૧૬ સીમી સંગઠનમાં સક્રિય છે તેવું આરોપી સામેના મૌખિક પુરાવાથી પુરવાર થાય છે. આ ઉપરાંત આરોપી નં.૬૮ નાઓએ આંક–૯૨૪૮ થી "**કનેકશન ઓફ સીમી**" અંગે એક દસ્તાવેજ રજૂ કરેલો છે તે વંચાણે લેતા સીમી સંગઠન વિશે તથા તેના હોદ્દેદારો, સભ્યો અને પ્રાદેશિક સભ્યો, સીમી સંગઠનનો હેતુ બાબતે તમામ હકીકતો જણાવેલી છે. પરંતુ સંગઠનને કોઇ નાણાકીય સહાય પુરી પાડી હોય અથવા નાણાકીય સહાય પુરી પાડવા કોઇ અન્ય વ્યકિત પાસે મદદ માંગી હોય તેવો ફરિયાદપક્ષ તરફથી આ આરોપી કે અન્ય આરોપીઓ વિરૂધ્ધ કોઇ પ્રત્યક્ષ પુરાવો રજૂ થયેલો નથી. આ આરોપી નં.૧૬ નાઓએ બનાવો બનતા પહેલા આતંકવાદી ઇ–મેઇલ કર્યા હોય તેવા કોઇ ઇ–મેઇલ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા નથી. આ આરોપી નં.૧૬ નાઓએ કોઇ કમ્પ્યુટરમાંથી આતંકવાદી ઇ–મેઇલ કર્યા હોય અને ઇ–મેઇલ કર્યા પછી તે ઇ–મેઇલ કમ્પ્યુટરમાંથી ડિલીટ કર્યા હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આરોપી નં.૩૩ તથા ૩૪ નાઓએ ઈન્ડિયા ટીવીને આતંકવાદી ઈ–મેઈલ કરેલાનો આક્ષેપ છે પરંતુ રજૂ થયેલા ઈ–મેઈલ ધ્યાને લેતા તે આક્ષેપ પુરવાર થતા નથી. આ આરોપી પાસેથી પરવાના વિનાનો કોઇ દેશી તમંચો કે હથિયાર કબજે કરવામાં આવ્યુ હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની

જુબાનીઓ તથા આ આરોપી વિરૂધ્ધ સમગ્ર પુરાવા ધ્યાને લેતા અમદાવાદ શહેરમાં થયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોના કાવતરામાં અને તેની સાથે સંલગ્ન સુરત શહેરના બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં આ આરોપી નં.૧૬ ની શરૂઆતથી લઈને બનાવોના અંત સુધી સક્રિય ભૂમિકા રહેલી છે આ આરોપી નં.૧૬ સામે આંક–૧૨૨ મુજબના તહોમતનામામાં જે આક્ષેપો ફરમાવવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો પુરવાર થાય છે તેમ હું માનું છું. ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૧૬ની ભૂમિકા બાબતે તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન કરતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૧૬ વિરૂધ્ધ મુદ્દા નં.૧ થી ૧૩, ૧૬ થી ૧૯, ૨૧ થી ૨૪, ૨૬ થી ૩૨ પુરવાર કરે છે. જયારે મુદ્દા નં. ૧૪,૧૫, ૨૦,૨૫, ૩૩ થી ૩૫ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવુ છું.

આરોપી નં.૧૭ નવેદ નઈમુદ્દીન કાદરી

સાહેદ નં.૧૦૦૫ નૌશીન મમશાદ અહેમદ કાદરીની જુબાનીના સારાંશ મુજબ આરોપી નં.૧૭ તથા આ સાહેદ સાથે અભ્યાસ કરતા હતા. આરોપી નં.૧૭નાએ આ સાહેદને બે જેહાદી સીડી કેસેટો આપેલી. તા.૨૬.૭. ૨૦૦૮ નાં રોજ સાંજના સમયે અમદાવાદમાં જુદી–જુદી જગ્યાઓ ઉપર સીરીયલ બોમ્બ બ્લાસ્ટ થયેલા. તેના એક અઠવાડીયા બાદ આરોપી નં.૧૭ નો આ સાહેદ ઉપર મોબાઈલ ફોન આવેલો અને જણાવેલુ કે, "મેને તુમ્હે જો દો જેહાદી સીડી કેસેટ દી હૈ વો તોડ દેના" જેથી આ બંને સીડીઓ આ સાહેદ તોડીને કચરાની ડોલમાં નાખેલી. આ સિવાય આ આરોપી નં.૧૭ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા બીજો કોઈ જ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલો નથી. આ સાહેદને ફરિયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરેલા છે. આ આરોપી નં.૧૭ ઉપર આંક–૧૨૨ ના તહોમતનામા મુજબ ફરિયાદપક્ષ દ્વારા જે આક્ષેપો મુકવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી એક પણ આક્ષેપ મૌખિક કે દસ્તાવેજી પુરાવાથી ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. આ આરોપી વાઘમોન તથા હાલોલ–પાવાગઢના

જંગલોમાં આતંકવાદી તાલીમ કેમ્પોમા હાજર રહ્યો હોય, જુદી–જુદી તાલીમો મેળવેલી હોય, અન્ય આરોપીઓએ જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગો કરી છે અને તે મીટીંગોમાં આ આરોપી હાજર રહ્યો હોય, જેહાદી ભાષણો કર્યા હોય કે સાંભળ્યા હોય, કોઈ મકાનમાં રહીને અન્ય આરોપીઓને બોમ્બ બનાવવામાં મદદ કરી હોય, બોમ્બ બનાવવા માટેની કોઈ સામગ્રી ખરીદેલી હોય, જે જગ્યા ઉપર બોમ્બ મુકવામાં આવેલા તે જગ્યાઓની રેકી કરી હોય કે કોઈ જગ્યા ઉપર જઈને બોમ્બ મુકેલા હોય, આતંકવાદી ઈ–મેઈલ કર્યા હોય, કોઈ આરોપીને આશ્રય આપ્યો હોય, કોઈ પુરાવાનો નાશ કર્યો હોય કે કાવતરામાં અન્ય આરોપીઓ સાથે સમાન ઈરાદો પાર પાડવા હાજર રહ્યો અને આ બનાવોમાં અન્ય આરોપીઓને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદ કરી હોય તેવો એક પણ પુરાવો આ આરોપી વિરૂધ્ધ રજૂ કરવામાં આવેલો નથી. આ આરોપી આ ગુનાઓમાં સંડોવાયેલો છે તે અંગેના પુરાવા એકત્ર કરી જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી નં.૧૭ સામે ભારતીય ફોજદારી ધારાની કલમ–૧૨૧(એ), ૧૨૪(એ), ૧૫૩(એ) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૬ મુજબની તથા અનલોફુલ એકટીવીટી એકટની કલમ–૧૦,૧૩,૧૬,૧૮ વિગેરે મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કલમ–૪૫ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે સરકારશ્રીને દરખાસ્તો કરેલી અને જુદા–જુદા સક્ષમ અધિકારીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી સામે એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ–૩,૪,૫,૬ મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૭ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે જુદા જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓને દરખાસ્તો કરેલી અને જુદા–જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત આ આરોપી નં.૧૭ સામે આર્મ્સ એટની કલમ–૨૫(૧)(બી) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૩૯ હેઠળ મંજૂરી મેળવવા માટે પોલીસ કમિશનરશ્રીને મંજૂરી મેળવવા માટે દરખાસ્તો કરેલી અને પોલીસ

કમિશનરશ્રીઓ પાસેથી મંજૂરી મેળવેલી જે રજૂ કરેલી છે. દરખાસ્તો સાથે જે પુરાવા આરોપી નં.૧૭ વિરૂધ્ધના રજૂ કરેલા તે પૈકી એક પણ પુરાવો ફરિયાદ પક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ આરોપીએ સાહેદ નં.૧૦૦૫ નૌશીન મમસાદને એક જેહાદી સીડી આપેલી પરંતુ સાહેદે જોયેલી નહીં અને ત્યારબાદ પાછળથી આ આરોપીએ તે સીડી તોડી નાખવાનું કહેતા આ સાહેદે તે સીડી તોડી નાખેલી. આટલા માત્ર પુરાવા ઉપરથી આ આરોપીની આ બનાવોમાં સંડોવણી શંકાસ્પદ છે. તપાસ કરનાર અમલદાર સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાઓની જુબાનીઓમાંથી પણ આ આરોપીની સંડોવણી શંકાસ્પદ હોવાનું માલુમ પડે છે. ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૧૭ ની ભૂમિકા બાબતે તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન કરતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૧૭ વિરૂધ્ધ તમામ મુદ્દાઓ સંબંધે કેસ શંકારહિત પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવું છું.

આરોપી નં.૧૮ જાવેદઅહેમદ સદીર અહેમદ શેખ (સૈયદ)

સાહેદ નં.૯૫૭ જાકિર હુસેન અબ્દુલ જબ્બાર કુરેશીની જુબાનીના સારાંશ મુજબ આ આરોપી પ્રતિબંધિત સંગઠન "સીમી" નો સભ્ય છે. ગુપ્ત રીતે સીમીની ઑફિસ જુદી-જુદી જગ્યાઓ ઉપર ચાલે છે. સીમીની ઑફિસમાં આ આરોપીની સક્રિય હાજરી રહેલી છે. સીમીની મીટીંગોમા આ આરોપી સતત પ્રવૃત્તમય અને કાર્યરત રહેલો છે. જુદી-જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગમાં અન્ય આરોપીઓને પણ હાજર રાખેલા છે. આ આરોપી તથા અન્ય સહઆરોપીઓ સીમીની મીટીંગોમાં રાજય સરકાર તેમજ ભારત સરકાર વિરૂધ્ધ જેહાદ કરવાની વાતો કરેલી છે તે પ્રમાણેના ભાષણો કરેલા છે અને તે સાંભળેલા છે. ગોધરા કાંડનો બદલો લેવાની વાતો પણ થયેલી છે અને તે સાંભળેલી છે. હિન્દુ વિસ્તારમાં બોમ્બ ધડાકા કરવાની વાતો થયેલી છે અને તે સાંભળેલી છે. આ ઉપરાંત આ આરોપી હાલોલ-પાવાગઢ ખાતે તા.૧૩/૦૧/૨૦૦૮ થી લઇને

તા.૧૫/૦૧/૨૦૦૮ ના સમય દરમ્યાન આતંકવાદી તાલીમ કેમ્પનું આયોજન કરવામા આવેલું તેમાં અન્ય આરોપીઓ સાથે કેમ્પમાં ગયેલો છે. કેમ્પમાં જેહાદી ભાષણો સાંભળેલા છે. તાલીમો લીધેલી છે અને કેમ્પના આયોજનમાં પ્રત્યક્ષ રીતે મદદ કરેલી છે. આ સાહેદ જાકિર હુસેન પોતાની જુબાનીમાં આરોપી નં.૧૮ને અદાલત રૂબરૂ ઓળખી બતાવેલ છે. આ તમામ હકીકત આ સાહેદે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ સમક્ષ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબના નિવેદનમાં પણ જણાવેલી છે.

આ ઉપરાંત, આરોપી નં.૨ નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ સમક્ષ લખાવેલું તે મુજબ આરોપી નં.૧૮ વાઘમોન (કેરળ) મુકામે તાલીમ કેમ્પમાં હાજર હતો તેવી હકીકત કબૂલાત નિવેદનમાં છે. આરોપી નં.૧૮ હાલોલ–પાવાગઢ ખાતે તા.૧૩.૧.૨૦૦૮ થી તા.૧૫.૧.૨૦૦૮ ના સમય દરમ્યાન આતંકવાદી તાલીમ કેમ્પ યોજાયેલો તે કેમ્પમાં અન્ય આરોપીઓ સાથે હાજર રહેલો છે અને કેમ્પમાં હાજર તમામ આરોપીઓ ખુંદપીરની દરગાહ ઉપર આવેલી ધર્મશાળામાં રોકાયેલા. જુદી–જુદી જગ્યાઓ ઉપર તાલીમો લીધેલી. મુસ્લિમોનો બદલો લેવાની, જેહાદી ભાષણો કરેલા અને બોમ્બ બનાવવાની તાલીમ આપેલાની હકીકત તેઓના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે.

આ ઉપરાંત, આરોપી નં.૨૪ નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ સમક્ષ લખાવેલું તે મુજબ આરોપી નં.૪ નાઓનો તા.૨૦.૭.૨૦૦૮ ના રોજ આરોપી નં.૨૪ ઉપર ફોન આવેલો અને જુહાપુરા મુકામે યાકુબ મેમણના ઘરે મીટીંગમાં બોલાવેલો. આરોપી નં.૨૪ ત્યાં ગયો ત્યારે આરોપી નં.૧૮ તથા બીજા અન્ય આરોપીઓ હાજર હતા અને જેહાદની વાતો કરતા હતા તેવી હકીકત તેઓના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે. ઉપરોકત બંને આરોપીઓના નિવેદનો મુજબ હાલોલ–પાવાગઢના કેમ્પમાં આરોપી નં.૧૮નાએ હાજર રહી સક્રિય કામગીરી કરેલી છે તેમજ આતંકવાદી તાલીમો મેળવેલી છે તથા જુહાપુરા મુકામે યાકુબ

મેમણને ત્યાં મીટીંગ થયેલી અને તેમાં જેહાદી ભાષણો થયેલા હતા તેમ હું માનું છું.

આંક–૧૨૨વાળા તહોમતનામામાં જણાવ્યા મુજબ ઘણા બધા આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો એવા છે કે, તે બાબતે આ આરોપી નં.૧૮ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા કોઇ મૌખિક કે દસ્તાવેજી પ્રત્યક્ષ પુરાવો રજૂ થયેલો નથી. આ આરોપી નં.૧૮ જુદી–જુદી હોટલોમાં રોકાયો હોય, તે હોટલોના રજીસ્ટરોમાં ખોટા નામથી એન્ટ્રીઓ કરી હોય, ખોટા નામે સહીઓ કરેલી હોય તેમજ આ આરોપી નં.૧૮નાઓએ ખોટા દસ્તાવેજ બનાવી તે દસ્તાવેજોનો સાચા તરીકે ઉપયોગ કર્યો હોય તેવા કોઇ પ્રત્યક્ષ પુરાવા આ આરોપી નં.૧૮ સામે નથી. પરંતુ આ અંગેના પ્રત્યક્ષ પુરાવા આરોપી નં.૧૪, ૩૭, ૪૩, ૪૫, ૪૬, ૬૯ અને ૭૦ વિરૂધ્ધ રજૂ થયેલા છે. જેથી કાવતરાના પેરામાં ચર્ચા કર્યા મુજબ તેમજ તે પેરામાં નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લીધેલા છે તે ચુકાદા મુજબ આરોપી નં.૧૮ નાઓ કોઈ હોટલમાં ખોટા નામે એન્ટ્રી કરી રોકાયેલા ન હોવા છતાં પણ અન્ય આરોપીઓ સાથે આરોપી નં.૧૮ ની સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે. આ ઉપરાંત આ આરોપી નં.૧૮ નાઓએ બનાવોમાં ઉપયોગમાં લીધેલ કોઇ વસ્તુ કે પુરાવાનો નાશ કર્યો હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો નથી. આ ઉપરાંત આ બનાવો બન્યા બાદ બનાવોમાં સંડોવાયેલા અન્ય કોઇ આરોપીને આશ્રય આપેલો હોય, તેઓને છુપાવેલા હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો આરોપી નં.૧૮ કે અન્ય આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ નથી. આ આરોપી નં.૧૮ સીમીના સભ્ય હોવાનો મૌખિક પુરાવો છે. સાહેદ નં.૯૫૭ જાગીર તથા આરોપી નં.૨, ૨૪ ના કબૂલાત નિવેદન મુજબ આ આરોપી નં.૧૮ સીમીનો સભ્ય છે. સીમી સંગઠન ઉપર ભારત સરકાર દ્વારા પ્રતિબંધ મુકવામાં આવેલો છે તે અંગેનું જાહેરનામું ભારત સરકારના રાજપત્રમાં પ્રસિધ્ધ પણ થયેલું છે માટે સીમી સંગઠનની જાહેરમાં કોઇ ઑફિસ ન હોય અને સીમી અંગેનો કોઇ દસ્તાવેજી પુરાવો ન હોય તે સ્વાભાવિક છે અને તેના કારણે તપાસ કરનાર અધિકારીઓ પૈકી કોઇપણ અધિકારીને સીમી બાબતે તપાસ દરમ્યાન કોઇ

દસ્તાવેજી પુરાવો મળેલો નથી. સીમીની કાર્યવાહી પ્રતિબંધના કારણે ગુપ્તરીતે થતી હોય છે. સીમી સંગઠનનું કોઇ રેકર્ડ જાહેરમાં પ્રસિધ્ધ થયેલું નથી. સીમી સંગઠનમાં કોઇ આરોપી સભ્ય બનેલા હોય તો તે અંગેની કોઇ પાવતી કે દસ્તાવેજી પુરાવો ન હોય. આ આરોપી નં.૧૮ સીમી સંગઠનમાં સક્રિય છે તેવું આરોપી સામેના મૌખિક પુરાવાથી પુરવાર થાય છે. આ ઉપરાંત આરોપી નં.૬૮ નાઓએ આંક–૯૨૪૮થી **"કનેકશન ઓફ સીમી"** અંગે એક દસ્તાવેજ રજૂ કરેલો છે તે વંચાણે લેતા સીમી સંગઠન વિશે તથા તેના હોદ્દેદારો, સભ્યો અને પ્રાદેશિક સભ્યો, સીમી સંગઠનનો હેતુ બાબતે તમામ હકીકતો જણાવેલી છે. પરંતુ સંગઠનને કોઇ નાણાકીય સહાય પુરી પાડી હોય અથવા નાણાકીય સહાય પુરી પાડવા કોઇ અન્ય વ્યકિત પાસે મદદ માંગી હોય તેવો ફરિયાદપક્ષ તરફથી કોઇ પ્રત્યક્ષ પુરાવો રજૂ થયેલો નથી. આ આરોપી નં.૧૮ નાઓએ બનાવો બનતા પહેલા આતંકવાદી ઇ–મેઇલ કર્યા હોય તેવા કોઇ ઇ–મેઇલ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા નથી. આ આરોપી નં.૧૮ નાઓએ કોઇ કમ્પ્યુટરમાંથી આતંકવાદી ઇ–મેઇલ કર્યા હોય અને ઇ–મેઇલ કર્યા પછી તે ઇ–મેઇલ કમ્પ્યુટરમાંથી ડિલીટ કર્યા હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આરોપી નં.૩૩ તથા ૩૪ નાઓએ ઈન્ડિયા ટીવીને આતંકવાદી ઈ–મેઈલ કરેલાનો આક્ષેપ છે પરંતુ રજૂ થયેલા ઈ–મેઈલ ધ્યાને લેતા તે આક્ષેપ પુરવાર થતા નથી. આ આરોપી પાસેથી પરવાના વિનાનો કોઇ દેશી તમંચો કે હથિયાર કબજે કરવામાં આવ્યુ હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીઓ તથા આ આરોપી વિરૂધ્ધ સમગ્ર પુરાવા ધ્યાને લેતા અમદાવાદ શહેરમાં થયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોના કાવતરામાં અને તેની સાથે સંલગ્ન સુરત શહેરના બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં આ આરોપી નં.૧૮ની શરૂઆતથી લઇને બનાવોના અંત સુધી સક્રિય ભૂમિકા રહેલી છે આ આરોપી નં.૧૮ સામે આંક–૧૨૨ મુજબના તહોમતનામામાં જે

આક્ષેપો ફરમાવવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો પુરવાર થાય છે તેમ હું માનું છું. વાઘમોન ખાતે ડિસેમ્બર–૨૦૦૮ મા આરોપીઓએ તાલીમ કેમ્પ રાખેલો હતો અને તે કેમ્પમાં આ આરોપી પણ હાજર હતો. આ કેમ્પ બાબતે અર્નાકુલ્લમ ખાતે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાયેલી અને તે ફરિયાદના કામે કુલ–૩૮ આરોપીઓને અટક કરવામાં આવેલા. તે કામે તપાસના કામે ૩૮ આરોપીઓ વિરૂધ્ધ અદાલતમાં ચાર્જશીટ દાખલ થયેલો જેનો એન.આઈ.એ. કેસ નં.૨/૨૦૧૧ હતો. તે કામે આ આરોપીને આરોપી નં.૨૫ તરીકે દર્શાવેલ છે. તે કેસમાં એન.આઈ.એ. કોર્ટ અર્નાકુલ્લમ દ્વારા તા.૧૫.૫.૨૦૧૮ ના રોજ ચુકાદો આપવામાં આવેલ છે તે ચુકાદામાં આ આરોપીને નિર્દોષ જાહેર કરેલ છે. પરંતુ આ આરોપીની વાઘમોન ઉપરાંત હાલોલ–પાવાગઢના કેમ્પોમાં પણ હાજરી છે તથા જુદી જુદી આતંકવાદી તાલીમો મેળવેલી છે. એટલુ જ નહીં જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગોમાં હાજર રહેલો છે અને દેશ વિરૂધ્ધ પ્રવૃત્તિઓ કરેલ છે માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૦૦ આ આરોપી બાબતે લાગુ પડશે નહીં. ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૧૮ ની ભૂમિકા બાબતે તેની વિરૂધ્ધના પુરાવાનું મુલ્યાંકન કરતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૧૮ વિરૂધ્ધ મુદ્દા નં.૧ થી ૧૩, ૧૬ થી ૧૯, ૨૧ થી ૨૪, ૨૬ થી ૩૨ પુરવાર કરે છે. જયારે મુદ્દા નં. ૧૪,૧૫, ૨૦,૨૫, ૩૩ થી ૩૫ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવુ છું.

આરોપી નં.૧૯ રઝીયુદ્દીન નાસીર ઉર્ફે રીયાઝુદ્દીન નાસીર ઉર્ફે અબ્દુલ રહેમાન ઉર્ફે મહંમદ ગોષ ઉર્ફે અબુહાજર ઉર્ફે અબ્દુલ રઝાક ઉર્ફે રશીદખાન મૌલાના નસીરુદ્દીન ઉર્ફે મહંમદ નસીરુદ્દીન

આરોપી નં.૨નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ સમક્ષ લખાવેલું તે મુજબ આરોપી નં.૧૯ વાઘમોન (કેરળ) મુકામે તાલીમ કેમ્પમાં હાજર હતો તેવી હકીકત કબૂલાત નિવેદનમાં નથી. પરંતુ નિવેદના પાના નં.૧૪ ધ્યાને લેતા કર્ણાટકમાં અસદઉલ્લા તથા આ આરોપી નં.૧૯ પકડાય ગયેલા તેવી હકીકત છે.

પરંતુ આરોપી નં.૧૯ વાઘમોન (કેરાલા) મુકામે આતંકવાદી તાલીમ કેમ્પમાં હાજર રહયો હોય તથા હાલોલ–પાવાગઢ ખાતે તા.૧૩.૧.૨૦૦૮ થી ૧૫.૧.૨૦૦૮ ના સમય દરમ્યાન આતંકવાદી તાલીમ કેમ્પ યોજાયેલો તે કેમ્પમાં અન્ય આરોપીઓ સાથે હાજર રહેલો હોય તેવી હકીકત આરોપી નં.૨ ના કબૂલાત નિવેદનમાંથી નીકળી આવતી નથી.

સાહેદ નં.૮૩૬ ભાવીન ઉર્ફે મન્નુ વિજયસિંહ ઠાકુરની જુબાનીનો સારાંશ મુજબ આ સાહેદને તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડાએ પોલીસ કમીશનરની ઑફિસમાં પંચમાં રહેવા બોલાવેલા. ત્યાં આરોપી નં.૧૯ હાજર હતો, એફ.એસ.એલ. અધિકારીશ્રી ત્રિવેદી પણ હાજર હતા. ત્યાં ઈન્ટરનેટ કનેકશનવાળુ કોમ્પ્યુટર અને પ્રિન્ટર હતુ, એફ.એસ.એલ.ના અધિકારીએ આરોપી નં.૧૯ ને ઈ–મેઈલ આઈ.ડી. તથા પાસવર્ડ પુછેલો. આરોપીએ ઈ–મેઈલ આઈ.ડી. અને દસ પાસવર્ડ આપેલા. એફ.એસ.એલ.ના અધિકારીએ ડ્રાફટ બોક્ષ ખોલીને જોતા તેમાં મેઈલ જોવા મળેલા. જે મેલમાં પાકીસ્તાન આવવાના અને જવાના મેસેજ હતા. આ ઈ–મેઈલની પ્રિન્ટ કાઢીને તપાસ કરનાર અધિકારીએ આંક–૫૬૭૧ વાળા પંચનામાની વિગતે કબજે કરેલા જે ઈ–મેઈલ રજૂ થયેલા છે. આ તમામ ઈ–મેઈલ આતંકવાદી ઈ–મેઈલ હોય તેવી કોઈ હકીકત રજૂ થયેલ ઈ–મેઈલમાં નથી. આ ઉપરાંત આ ઈ–મેઈલ કોણે રવાના કર્યા અને કોણે સ્વીકાર્યા તે હકીકત પણ આ ઈ–મેઈલની પ્રિન્ટ આઉટ ઉપરથી મળી આવતી નથી. આ આરોપીએ કમ્પ્યુટરના ડ્રાફટ બોક્ષ ખોલીને આપેલા અને કમ્પ્યુટરમાંથી ઈ–મેઈલ કરેલા તે બતાવેલુ તે માત્રથી આરોપીની સંડોવણી પુરવાર થતી નથી. આ પુરાવા ઉપરથી આરોપીની સંડોવણી બાબતે શંકા ઉપજે છે. આ આરોપી નં.૧૯ ઉપર આંક–૧૨૨ ના તહોમતનામા મુજબ ફરિયાદપક્ષ દ્વારા જે આક્ષેપો મુકવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી એક પણ આક્ષેપ મૌખિક કે દસ્તાવેજી પુરાવાથી ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી . આ આરોપી વાઘમોન તથા હાલોલ–પાવાગઢના જંગલોમાં આતંકવાદી તાલીમ કેમ્પોમા હાજર રહયો હોય, જુદી–જુદી તાલીમો મેળવેલી હોય, અન્ય આરોપીઓએ જુદી–જુદી

જગ્યાઓ ઉપર સીમીની મીટીંગો કરી છે અને તે મીટીંગોમાં આ આરોપી હાજર રહયો હોય, જેહાદી ભાષણો કર્યા હોય કે સાંભળ્યા હોય, કોઈ મકાનમાં રહીને અન્ય આરોપીઓને બોમ્બ બનાવવામાં મદદ કરી હોય, બોમ્બ બનાવવા માટેની કોઈ સામગ્રી ખરીદેલી હોય, જે જગ્યા ઉપર બોમ્બ મુકવામાં આવેલા તે જગ્યાઓની રેકી કરી હોય કે કોઈ જગ્યા ઉપર જઈને બોમ્બ મુકેલા હોય, આતંકવાદી ઈ–મેઈલ કર્યા હોય, કોઈ આરોપીને આશ્રય આપ્યો હોય, કોઈ પુરાવાનો નાશ કર્યો હોય કે કાવતરામાં અન્ય આરોપીઓ સાથે સમાન ઈરાદો પાર પાડવા હાજર રહયો અને આ બનાવોમાં અન્ય આરોપીઓને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદ કરી હોય તેવો એક પણ પુરાવો આ આરોપી વિરૂધ્ધ રજૂ કરવામાં આવેલો નથી. આ આરોપી આ ગુનાઓમાં સંડોવાયેલો છે તે અંગેના પુરાવા એકત્ર કરી જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી નં.૧૯ સામે ભારતીય ફોજદારી ધારાની કલમ–૧૨૧(એ), ૧૨૪(એ), ૧૫૩(એ) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૬ મુજબની તથા અનલોફુલ એકટીવીટી એકટની કલમ–૧૦,૧૩,૧૬,૧૮ વિગેરે મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કલમ–૪૫ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે સરકારશ્રીને દરખાસ્તો કરેલી અને જુદા–જુદા સક્ષમ અધિકારીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી સામે એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ–૩, ૪,૫,૬ મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૭ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે જુદા–જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓને દરખાસ્તો કરેલી અને જુદા–જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત આ આરોપી નં.૧૯ સામે આર્મ્સ એટની કલમ–૨૫(૧)(બી) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૩૯ હેઠળ મંજૂરી મેળવવા માટે પોલીસ કમિશનરશ્રીને મંજૂરી મેળવવા માટે દરખાસ્તો કરેલી અને પોલીસ કમિશનરશ્રીઓ પાસેથી મંજૂરી મેળવેલી જે રજૂ કરેલી છે. દરખાસ્તો સાથે જે પુરાવા આરોપી નં.૧૯ વિરૂધ્ધના રજૂ કરેલા તે પૈકી

એક પણ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. તપાસ કરનાર અમલદાર સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાઓની જુબાનીઓમાંથી પણ આ આરોપીની સંડોવણી શંકાસ્પદ હોવાનું માલુમ પડે છે. ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૧૯ ની ભૂમિકા બાબતે તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન કરતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૧૯ વિરૂધ્ધ તમામ મુદ્દાઓ સંબંધે કેસ શંકારહિત પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવુ છું.

આરોપી નં.૨૦ અતીકઉર રહેમાન ઉર્ફે અતિક અબ્દુલહકીમ ખીલજી

આરોપી નં.૨૧ નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ સમક્ષ લખાવેલું તે મુજબ આરોપી નં.૨૦નાઓ પણ હાલોલ–પાવાગઢ ખાતેના તાલીમ કેમ્પમાં ગયેલા અને તાલીમ લીધેલાની હકીકત આરોપી નં.૨૧નાઓએ તેઓના આંક–૮૬૨૩ વાળા કબૂલાત નિવેદનમાં જણાવેલી છે. કેમ્પમાં ગયેલા તમામ માણસો ખુંદપીરની દરગાહ ઉપર આવેલી ધર્મશાળામાં રોકાયેલા. જુદી–જુદી જગ્યાઓ ઉપર તાલીમો લીધેલી. મુસ્લિમોનો બદલો લેવાની, માસ કિલીંગ કરવુ, જેહાદી ભાષણો કરેલાની અને પાઇપ બોમ્બ બનાવવાની તાલીમ આપેલાની હકીકત તેઓના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે. આરોપી નં.૨૧ નું કબૂલાત નિવેદન ધ્યાને લઇએ તો આરોપી નં.૨૦ હાલોલ–પાવાગઢના આતંકવાદી તાલીમ કેમ્પમાં તા.૧૩.૧.૨૦૦૮ થી તા.૧૫.૧.૨૦૦૮ નાં સમય દરમ્યાન હાજર રહેલો હતો અને જુદી–જુદી તાલીમો લીધેલી હતી તથા જેહાદી ભાષણો સાંભળેલા હતા. તાલીમનો સમય પુરો થયા બાદ આરોપી નં.૨૦ શાંતિ એકસપ્રેસ દ્વારા પોતાના વતન જતો રહેલો હતો તેવી હકીકત છે. ત્યારબાદ આ આરોપી નં.૨૦ ફરીથી ગુજરાતમાં આવીને અન્ય આરોપીઓને મળીને બનાવો વિશે કોઈ કામગીરી કરી હોય કે જુદી–જુદી જગ્યા ઉપર થયેલી મીટીંગોમા હાજર રહેલો હોય, કોઈ

મકાનોમા અન્ય આરોપીઓ સાથે રોકાયેલો હોય, બોમ્બ બનાવવાની સામગ્રી ખરીદી લાવેલ હોય, બોમ્બ બનાવવામાં મદદ કરી હોય, બોમ્બ મુકવાના હતા તે જગ્યાઓ ઉપર જઈ રેકી કરી હોય કે બોમ્બ મુકેલા હોય તથા કોઈ જેહાદી ભાષણો કરેલા હોય, જુદી–જુદી જગ્યા ઉપરની હોટલોમાં રોકાયેલો હોય કે કોઈ પુરાવાના નાશ કર્યો હોય તેમજ બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં સંડોવાયેલા આરોપીને આશ્રય આપ્યો હોય તેમજ જુદી–જુદી મીટીંગોમાં હાજર રહી નાણાકીય ભંડોળ ભેગુ કરી સીમી સંગઠનને પહોચાડયુ હોય, આતંકવાદી ઈ–મેઈલ કર્યા હોય તેવી કોઈ હકીકત કે પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવામાં નથી. આ આરોપીએ હાલોલ–પાવાગઢ ખાતેના આતંકવાદી તાલીમ કેમ્પોમાં ત્રણ દિવસ સુધી હાજર રહી જુદી–જુદી તાલીમો મેળવેલી છે અને સીમીના સભ્યો છે તેવા આરોપીઓને સહાય કરી પ્રોત્સાહન આપેલુ છે. જેથી આ આરોપી પણ અન્ય આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થયેલો છે તેમ કહેવાય માટે બીજા આરોપીઓએ કરેલા ગુના માટે પણ આ આરોપી પણ અન્ય આરોપીઓની જેમ જ જવાબદાર છે. આ આરોપીની પણ સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે.

આ ઉપરાંત, આરોપી નં.૩૫ નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ સમક્ષ લખાવેલું તે મુજબ આરોપી નં.૨૦ નાઓ હાલોલ–પાવાગઢ ખાતેના તાલીમ કેમ્પમાં ગયેલો અને તાલીમ લીધેલાની હકીકત તેઓના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે. જો કે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ નાઓએ આ આરોપીનું કબૂલાત નિવેદન સોગંદ ઉપર લીધેલું છે જે ગેરકાયદેસર છે. આરોપી નં.૩૫ નુ કબૂલાત નિવેદન સોગંદ ઉપર લેવામાં આવેલુ છે જે ધ્યાને લેવામાં આવતુ નથી.

આ આરોપી નં.૨૦ ઉપર આંક–૧૨૨ ના તહોમતનામા મુજબ ફરિયાદ પક્ષ દ્વારા જે આક્ષેપો મુકવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો મૌખિક કે દસ્તાવેજી પુરાવાથી ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. આ આરોપી નં.૨૦ જુદી–જુદી હોટલોમાં રોકાયો હોય અને તે હોટલોના રજીસ્ટરોમાં ખોટા

નામથી એન્ટ્રીઓ કરી હોય, ખોટા નામે સહીઓ કરેલી હોય તેમજ આ આરોપી નં.૨૦ નાઓએ ખોટા દસ્તાવેજ બનાવી તે દસ્તાવેજોનો સાચા તરીકે ઉપયોગ કર્યો હોય તેવા કોઇ પ્રત્યક્ષ પુરાવા આ આરોપી નં.૨૦ સામે નથી. પરંતુ આ અંગેના પ્રત્યક્ષ પુરાવા આરોપી નં.૧૪, ૩૭, ૪૩, ૪૫, ૪૬, ૬૯ અને ૭૦ વિરૂધ્ધ રજૂ થયેલા છે. જેથી કાવતરાના પેરામાં ચર્ચા કર્યા મુજબ તેમજ તે પેરામાં નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લીધેલા છે તે ચુકાદા મુજબ આરોપી નં.૨૦ નાઓ કોઈ હોટલમાં ખોટા નામે એન્ટ્રી કરી રોકાયેલા ન હોવા છતાં પણ આ આરોપી અન્ય આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થયેલો છે જેથી અન્ય આરોપીઓની સાથે આ આરોપી નં.૨૦ ની પણ સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે. આ આરોપી આ ગુનાઓમાં સંડોવાયેલો છે તે અંગેના પુરાવા એકત્ર કરી જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી નં.૨૦ સામે ભારતીય ફોજદારી ધારાની કલમ–૧૨૧(એ), ૧૨૪(એ), ૧૫૩(એ) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૬ મુજબની તથા અનલોફુલ એકટીવીટી એકટની કલમ–૧૦,૧૩,૧૬,૧૮ વિગેરે મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કલમ–૪૫ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે સરકારશ્રીને દરખાસ્તો કરેલી અને જુદા–જુદા સક્ષમ અધિકારીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી સામે એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ–૩,૪,૫,૬ મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૭ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે જુદા–જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓને દરખાસ્તો કરેલી અને જુદા જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત આ આરોપી નં.૨૦ સામે આર્મ્સ એટની કલમ–૨૫(૧)(બી) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૩૯ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે પોલીસ કમિશનરશ્રીને મંજૂરી મેળવવા માટે દરખાસ્તો કરેલી અને પોલીસ કમિશનરશ્રીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે.

આરોપી નં.૨૧ નાઓના કબૂલાત નિવેદન મુજબ આ આરોપીએ હાલોલ–પાવાગઢના તાલીમ કેમ્પમા હાજરી આપી જુદી–જુદી તાલીમો લીધેલી છે અને તા.૧૩.૧.૨૦૦૮ થી તા.૧૫.૧.૨૦૦૮ દરમ્યાન ખુંદપીરની દરગાહ ઉપર અન્ય આરોપીઓ સાથે રોકાયેલો હતો. પુરાવાના કાયદાની કલમ–૩૦ મુજબ સહઆરોપીની કબૂલાત બીજા સહઆરોપી સામે પુરાવામાં ગ્રાહય છે. આ અંગેની વિગતવાર ચર્ચા તથા નામદાર સુપ્રિમ કોર્ટના આ મુદ્દા ઉપરના વિવિધ ચુકાદાની ચર્ચા "આરોપી નં.૨, ૨૧, ૨૪, ૩૫ ની કબૂલાત વિશે" તે શીર્ષક હેઠળના પેરામાં કરેલી છે. આ આરોપીએ હાલોલ પાવાગઢના તાલીમ કેમ્પોમાં હાજર રહી સીમી સંગઠનના સભ્યોની બેઠકમાં ભાગ લઈ ગેરકાયદેસર પ્રવૃત્તિ કરેલી છે અને તેમને ટેકો આપેલો છે તેમ હું માનુ છું. તાલીમ કેમ્પ પુરો કર્યા બાદ આ આરોપી રાજસ્થાન ખાતે પોતાના વતનમાં જતો રહેલો છે. અન્ય કોઈ રીતે બીજી પ્રવૃત્તિમાં ભાગ લીધેલો હોય તેવો પુરાવો આ આરોપી વિરૂધ્ધ નથી. પરંતુ રેકર્ડ ઉપરનો પુરાવો તેમજ સંજોગો ઉપરથી ચોકકસપણે કહી શકાય કે આ આરોપી પણ આ ગુનામાં સંડોવાયેલો છે. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીઓ તથા આ આરોપી વિરૂધ્ધ સમગ્ર પુરાવા ધ્યાને લેતા અમદાવાદ શહેરમાં થયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોના કાવતરામાં અને તેની સાથે સંલગ્ન સુરત શહેરના બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં આ આરોપી નં.૨૦ ની ભૂમિકા રહેલી છે આ આરોપી નં.૨૦ સામે આંક–૧૨૨ મુજબના તહોમતનામામાં જે આક્ષેપો ફરમાવવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો પુરવાર થાય છે તેમ હું માનું છું. ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૨૦ ની ભૂમિકા બાબતે તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન કરતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૨૦ વિરૂધ્ધ મુદ્દા નં.૧ થી ૧૩, ૧૬ થી ૧૯, ૨૧ થી

૨૪, ૨૬ થી ૩૨ પુરવાર કરે છે. જયારે મુદ્દા નં. ૧૪,૧૫, ૨૦,૨૫, ૩૩ થી ૩૫ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવુ છું.

આરોપી નં.૨૧ મહેંદીહસન ઉર્ફે વીકી અબ્દુલ હમીદ અકબરખાં અંસારી

આ આરોપી નં.૨૧ નાઓએ પોતે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ સમક્ષ લખાવેલું તે મુજબ આરોપી નં.૨૧ નાઓ પોતે હાલોલ–પાવાગઢ ખાતેના તાલીમ કેમ્પમાં ગયેલો અને તાલીમ લીધેલાની હકીકત તેઓના નિવેદનમાં જણાવેલી છે. કેમ્પમાં ગયેલા તમામ માણસો ખુંદપીરની દરગાહ ઉપર આવેલી ધર્મશાળામાં રોકાયેલા. જુદી–જુદી જગ્યાઓ ઉપર તાલીમો લીધેલી. મુસ્લિમોનો બદલો લેવાની, માસ કિલીંગ કરવુ, જેહાદી ભાષણો અને પાઇપ બોમ્બ બનાવવાની તાલીમ આપેલાની હકીકત તેઓના નિવેદનમાં જણાવેલી છે. આરોપી નં.૨૧ નુ પોતાનું કબૂલાત નિવેદન ધ્યાને લઈએ તો તેઓ પોતે હાલોલ–પાવાગઢના આતંકવાદી તાલીમ કેમ્પમાં તા.૧૩.૧.૨૦૦૮ થી તા.૧૫.૧.૨૦૦૮ ના સમય દરમ્યાન હાજર રહેલો હતો અને જુદી–જુદી તાલીમો લીધેલી હતી તથા જેહાદી ભાષણો સાંભલેલા હતા અને તાલીમનો સમય પુરો થયા બાદ આરોપી નં.૨૧ પોતે શાંતિ એકસપ્રેસ દ્વારા પોતાના વતન જતો રહેલો હતો તેવી હકીકત છે. ત્યારબાદ આ આરોપી નં.૨૧ ફરીથી ગુજરાતમાં આવીને આરોપીઓને મળીને બનાવો વિશે કોઈ કામગીરી કરી હોય કે જુદી–જુદી જગ્યા ઉપર થયેલી મીટીંગોમા હાજર રહેલો હોય, કોઈ મકાનોમા અન્ય આરોપીઓ સાથે રોકાયેલો હોય, બોમ્બ બનાવવાની સામગ્રી ખરીદી લાવેલ હોય, બોમ્બ બનાવવામાં મદદ કરી હોય, બોમ્બ મુકવાના હતા તે જગ્યાઓ ઉપર જઈ રેકી કરી હોય કે બોમ્બ મુકેલા હોય તથા કોઈ જેહાદી ભાષણો કરેલા હોય, જુદી–જુદી જગ્યા ઉપરની હોટલોમાં રોકાયેલો હોય કે કોઈ પુરાવાના નાશ કર્યો હોય તેમજ બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં સંડોવાયેલા આરોપીને આશ્રય આપ્યો હોય તેમજ જુદી–જુદી મીટીંગોમાં હાજર રહી નાણાકીય ભંડોળ ભેગુ કરી સીમી સંગઠનને પહોચાડયુ હોય, આતંકવાદી ઈ–મેઈલ કર્યા હોય તેવી કોઈ હકીકત કે પુરાવો નથી. આ

આરોપીએ હાલોલ–પાવાગઢ ખાતેના આતંકવાદી તાલીમ કેમ્પોમાં ત્રણ દિવસ સુધી હાજર રહી જુદી–જુદી તાલીમો મેળવેલી છે અને સીમીના સભ્યો છે તેવા આરોપીઓને સહાય કરી પ્રોત્સાહન આપેલુ છે. જેથી આ આરોપી પણ અન્ય આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થયેલો છે માટે બીજા આરોપીઓએ કરેલા ગુના માટે પણ આ આરોપી અન્ય આરોપીઓની જેમ જ જવાબદાર છે. આ આરોપીની પણ સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે.

આ ઉપરાંત, આરોપી નં.૩૫ નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ સમક્ષ લખાવેલું તે મુજબ આરોપી નં.૨૧નાઓ હાલોલ–પાવાગઢ ખાતેના તાલીમ કેમ્પમાં ગયેલો અને તાલીમ લીધેલાની હકીકત તેઓના નિવેદનમાં જણાવેલી છે. જો કે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ નાઓએ આ આરોપીનું કબૂલાત નિવેદન સોગંદ ઉપર લીધેલું છે જે ગેરકાયદેસર છે. આરોપી નં.૩૫ નુ કબૂલાત નિવેદન સોગંદ ઉપર લેવામાં આવેલુ છે જે ધ્યાને લેવામાં આવતુ નથી.

આ આરોપી નં.૨૧ ઉપર આંક–૧૨૨ ના તહોમતનામા મુજબ ફરિયાદપક્ષ દ્વારા જે આક્ષેપો મુકવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો મૌખિક કે દસ્તાવેજી પુરાવાથી ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. આ આરોપી નં.૨૧ જુદી–જુદી હોટલોમાં રોકાયો હોય અને તે હોટલોના રજીસ્ટરોમાં ખોટા નામથી એન્ટ્રીઓ કરી હોય, ખોટા નામે સહીઓ કરેલી હોય તેમજ આ આરોપી નં.૨૧ નાઓએ ખોટા દસ્તાવેજ બનાવી તે દસ્તાવેજોનો સાચા તરીકે ઉપયોગ કર્યો હોય તેવા કોઇ પ્રત્યક્ષ પુરાવા આ આરોપી નં.૨૧ સામે નથી. પરંતુ આ અંગેના પ્રત્યક્ષ પુરાવા આરોપી નં.૧૪, ૩૭, ૪૩, ૪૫, ૪૬, ૬૯ અને ૭૦ વિરૂધ્ધ રજૂ થયેલા છે. જેથી કાવતરાના પેરામાં ચર્ચા કર્યા મુજબ તેમજ તે પેરામાં નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લીધેલા છે તે ચુકાદા મુજબ આરોપી નં.૨૧ નાઓ કોઈ હોટલમાં ખોટા નામે એન્ટ્રી કરી રોકાયેલા ન હોવા છતાં પણ આ આરોપી અન્ય આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થયેલો છે જેથી અન્ય આરોપીઓની સાથે આ આરોપી નં.૨૧ ની પણ સામૂહિક જવાબદારી ઉત્પન્ન

થાય છે. આ આરોપી આ ગુનાઓમાં સંડોવાયેલો છે તે અંગેના પુરાવા એકત્ર કરી જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી નં.૨૧ સામે ભારતીય ફોજદારી ધારાની કલમ–૧૨૧(એ), ૧૨૪(એ), ૧૫૩(એ) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૬ મુજબની તથા અનલોફુલ એકટીવીટી એકટની કલમ–૧૦,૧૩,૧૬,૧૮ વિગેરે મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કલમ–૪૫ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે સરકારશ્રીને દરખાસ્તો કરેલી અને જુદા–જુદા સક્ષમ અધિકારીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી સામે એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ–૩,૪,૫,૬ મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૭ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે જુદા–જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓને દરખાસ્તો કરેલી અને જુદા–જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત આ આરોપી નં.૨૧ સામે આર્મ્સ એટની કલમ–૨૫(૧)(બી) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૩૯ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે પોલીસ કમિશનરશ્રીને મંજૂરી મેળવવા માટે દરખાસ્તો કરેલી અને પોલીસ કમિશનરશ્રીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે.

આરોપી નં.૨૧ નાઓના પોતાના કબૂલાત નિવેદન મુજબ આ આરોપીએ હાલોલ–પાવાગઢના તાલીમ કેમ્પમા હાજરી આપી જુદી–જુદી તાલીમો લીધેલી છે અને તા.૧૩.૧.૨૦૦૮ થી તા.૧૫.૧.૨૦૦૮ દરમ્યાન ખુંદપીરની દરગાહ ઉપર અન્ય આરોપીઓ સાથે રોકાયેલો હતો. આ આરોપીના કબૂલાત નિવેદનની વિગતવાર ચર્ચા તથા નામદાર સુપ્રિમ કોર્ટના આ મુદ્દા ઉપરના વિવિધ ચુકાદાની ચર્ચા "આરોપી નં.૨, ૨૪, ૩૫ ની કબૂલાત વિશે" તે શીર્ષક હેઠળના પેરામાં કરેલી છે. આ આરોપીએ હાલોલ પાવાગઢના તાલીમ કેમ્પોમાં હાજર રહી સીમી સંગઠનના સભ્યોની બેઠકમાં ભાગ લઈ ગેરકાયદેસર પ્રવૃત્તિ કરેલી છે અને તેમને ટેકો આપેલો છે તેમ હું માનુ છું. તાલીમ કેમ્પ પુરો કર્યા બાદ આ આરોપી રાજસ્થાન ખાતે પોતાના વતનમાં જતો રહેલો છે. અન્ય

કોઈ રીતે બીજી પ્રવૃત્તિમાં ભાગ લીધેલો હોય તેવો પુરાવો આ આરોપી વિરૂધ્ધ નથી. પરંતુ રેકર્ડ ઉપરનો પુરાવો તેમજ સંજોગો ઉપરથી ચોકકસપણે કહી શકાય કે આ આરોપી પણ આ ગુનામાં સંડોવાયેલો છે. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીઓ તથા આ આરોપી વિરૂધ્ધ સમગ્ર પુરાવા ધ્યાને લેતા અમદાવાદ શહેરમાં થયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોના કાવતરામાં અને તેની સાથે સંલગ્ન સુરત શહેરના બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં આ આરોપી નં.૨૧ ની ભૂમિકા રહેલી છે આ આરોપી નં.૨૧ સામે આંક–૧૨૨ મુજબના તહોમતનામામાં જે આક્ષેપો ફરમાવવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો પુરવાર થાય છે તેમ હું માનું છું. ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૨૧ ની ભૂમિકા બાબતે તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન કરતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૨૧ વિરૂધ્ધ મુદ્દા નં.૧ થી ૧૩, ૧૬ થી ૧૯, ૨૧ થી ૨૪, ૨૬ થી ૩૨ પુરવાર કરે છે. જયારે મુદ્દા નં. ૧૪,૧૫, ૨૦,૨૫, ૩૩ થી ૩૫ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવુ છું.

આરોપી નં.૨૨ ઈમરાન અહેમદ ઉર્ફે રાજા સીરાજઅહેમદ હાજી પઠાણ

આરોપી નં.૨૧ નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ સમક્ષ લખાવેલું તે મુજબ આરોપી નં.૨૨ નાઓ હાલોલ–પાવાગઢ ખાતેના તાલીમ કેમ્પમાં ગયેલો અને તાલીમ લીધેલાની હકીકત તેઓના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે. કેમ્પમાં ગયેલા તમામ માણસો ખુંદપીરની દરગાહ ઉપર આવેલી ધર્મશાળામાં રોકાયેલા. જુદી–જુદી જગ્યાઓ ઉપર તાલીમો લીધેલી. મુસ્લિમોનો બદલો લેવાની, માસ કિલીંગ કરવુ, જેહાદી ભાષણો અને પાઇપ બોમ્બ બનાવવાની તાલીમ આપેલાની હકીકત તેઓના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે. આરોપી નં.૨૧ નું કબૂલાત નિવેદન ધ્યાને લઈએ તો આરોપી નં.૨૨ હાલોલ–

પાવાગઢના આતંકવાદી તાલીમ કેમ્પમાં તા.૧૩.૧.૨૦૦૮ થી ૧૫.૧.૨૦૦૮ ના સમય દરમ્યાન હાજર રહેલો હતો અને જુદી–જુદી તાલીમો લીધેલી હતી તથા જેહાદી ભાષણો સાંભળેલા હતા. તાલીમનો સમય પુરો થયા બાદ આરોપી નં.૨૨ શાંતિ એક્ષપ્રેકસ દ્વારા પોતાના વતન જતો રહેલો હતો તેવી હકીકત છે. ત્યારબાદ આ આરોપી નં.૨૨ ફરીથી ગુજરાતમાં આવીને અન્ય આરોપીઓને મળીને બનાવો વિશે કોઈ કામગીરી કરી હોય કે જુદી–જુદી જગ્યા ઉપર થયેલી મીટીંગોમા હાજર રહેલો હોય, કોઈ મકાનોમા અન્ય આરોપીઓ સાથે રોકાયેલો હોય, બોમ્બ બનાવવાની સામગ્રી ખરીદી લાવેલ હોય, બોમ્બ બનાવવામાં મદદ કરી હોય, બોમ્બ મુકવાના હતા તે જગ્યાઓ ઉપર જઈ રેકી કરી હોય કે બોમ્બ મુકેલા હોય તથા કોઈ જેહાદી ભાષણો કરેલા હોય, જુદી–જુદી જગ્યા ઉપરની હોટલોમાં રોકાયેલો હોય કે કોઈ પુરાવાના નાશ કર્યો હોય તેમજ બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં સંડોવાયેલા આરોપીને આશ્રય આપ્યો હોય તેમજ જુદી–જુદી મીટીંગોમાં હાજર રહી નાણાંકીય ભંડોળ ભેગુ કરી સીમી સંગઠનને પહોચાડયુ હોય, આતંકવાદી ઈ–મેઈલ કર્યા હોય તેવી કોઈ હકીકત કે પુરાવો નથી. આ આરોપીએ હાલોલ–પાવાગઢ ખાતેના આતંકવાદી તાલીમ કેમ્પોમાં ત્રણ દિવસ સુધી હાજર રહી જુદી–જુદી તાલીમો મેળવેલી છે અને સીમીના સભ્યો છે તેવા આરોપીઓને સહાય કરી પ્રોત્સાહન આપેલુ છે. જેથી આ આરોપી પણ અન્ય આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થયેલો છે માટે બીજા આરોપીઓએ કરેલા ગુના માટે પણ આ આરોપી અન્ય આરોપીઓની જેમ જ જવાબદાર છે. આ આરોપીની પણ સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે.

આ ઉપરાંત, આરોપી નં.૩૫ નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ સમક્ષ લખાવેલું તે મુજબ આરોપી નં.૨૨નાઓ હાલોલ–પાવાગઢ ખાતેના તાલીમ કેમ્પમાં ગયેલો અને તાલીમ લીધેલાની હકીકત તેઓના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે. જો કે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ નાઓએ આ આરોપીનું કબૂલાત નિવેદન સોગંદ ઉપર લીધેલું છે જે ગેરકાયદેસર છે. આરોપી

નં.૩૫ નું કબૂલાત નિવેદન સોગંદ ઉપર લેવામાં આવેલુ છે જે ધ્યાને લેવામાં આવતુ નથી.

આ આરોપી નં.૨૨ ઉપર આંક–૧૨૨ ના તહોમતનામા મુજબ ફરિયાદપક્ષ દ્વારા જે આક્ષેપો મુકવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો મૌખિક કે દસ્તાવેજી પુરાવાથી ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. આ આરોપી નં.૨૨ જુદી–જુદી હોટલોમાં રોકાયો હોય અને તે હોટલોના રજીસ્ટરોમાં ખોટા નામથી એન્ટ્રીઓ કરી હોય, ખોટા નામે સહીઓ કરેલી હોય તેમજ આ આરોપી નં.૨૨ નાઓએ ખોટા દસ્તાવેજ બનાવી તે દસ્તાવેજોનો સાચા તરીકે ઉપયોગ કર્યો હોય તેવા કોઇ પ્રત્યક્ષ પુરાવા આ આરોપી નં.૨૨ સામે નથી. પરંતુ આ અંગેના પ્રત્યક્ષ પુરાવા આરોપી નં.૧૪, ૩૭, ૪૩, ૪૫, ૪૬, ૬૯ અને ૭૦ વિરૂધ્ધ રજૂ થયેલા છે. જેથી કાવતરાના પેરામાં ચર્ચા કર્યા મુજબ તેમજ તે પેરામાં નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લીધેલા છે તે ચુકાદા મુજબ આરોપી નં.૨૨ નાઓ કોઈ હોટલમાં ખોટા નામે એન્ટ્રી કરી રોકાયેલા ન હોવા છતાં પણ આ આરોપી અન્ય આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થયેલો છે જેથી અન્ય આરોપીઓની સાથે આ આરોપી નં.૨૨ ની પણ સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે. આ આરોપી આ ગુનાઓમાં સંડોવાયેલો છે તે અંગેના પુરાવા એકત્ર કરી જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી નં.૨૨ સામે ભારતીય ફોજદારી ધારાની કલમ–૧૨૧(એ), ૧૨૪(એ), ૧૫૩(એ) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૬ મુજબની તથા અનલોફુલ એકટીવીટી એકટની કલમ–૧૦,૧૩,૧૬,૧૮ વિગેરે મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કલમ–૪૫ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે સરકારશ્રીને દરખાસ્તો કરેલી અને જુદા–જુદા સક્ષમ અધિકારીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી સામે એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ–૩,૪,૫,૬ મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૭ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે જુદા–જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓને દરખાસ્તો કરેલી અને જુદા–

જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત આ આરોપી નં.૨૨ સામે આર્મ્સ એટની કલમ–૨૫(૧)(બી) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૩૯ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે પોલીસ કમિશનરશ્રીને મંજૂરી મેળવવા માટે દરખાસ્તો કરેલી અને પોલીસ કમિશનરશ્રીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે.

આરોપી નં.૨૧ નાઓના કબૂલાત નિવેદન મુજબ આ આરોપીએ હાલોલ–પાવાગઢના તાલીમ કેમ્પમા હાજરી આપી જુદી–જુદી તાલીમો લીધેલી છે અને તા.૧૩.૧.૨૦૦૮ થી ૧૫.૧.૨૦૦૮ દરમ્યાન ખુંદપીરની દરગાહ ઉપર અન્ય આરોપીઓ સાથે રોકાયેલો હતો. પુરાવાના કાયદાની કલમ–૩૦ મુજબ સહઆરોપીની કબૂલાત બીજા સહઆરોપી સામે પુરાવામાં ગ્રાહય છે. આ અંગેની વિગતવાર ચર્ચા તથા નામદાર સુપ્રિમ કોર્ટના આ મુદ્દા ઉપરના વિવિધ ચુકાદાની ચર્ચા "આરોપી નં.૨, ૨૧, ૨૪, ૩૫ ની કબૂલાત વિશે" તે શીર્ષક હેઠળના પેરામાં કરેલી છે. આ આરોપીએ હાલોલ પાવાગઢના તાલીમ કેમ્પોમાં હાજર રહી સીમી સંગઠનના સભ્યોની બેઠકમાં ભાગ લઈ ગેરકાયદેસર પ્રવૃત્તિ કરેલી છે અને તેમને ટેકો આપેલો છે તેમ હું માનુ છું. તાલીમ કેમ્પ પુરો કર્યા બાદ આ આરોપી રાજસ્થાન ખાતે પોતાના વતનમાં જતો રહેલો છે. અન્ય કોઈ રીતે બીજી પ્રવૃત્તિમાં ભાગ લીધેલો હોય તેવો પુરાવો આ આરોપી વિરૂધ્ધ નથી. પરંતુ રેકર્ડ ઉપરનો પુરાવો તેમજ સંજોગો ઉપરથી ચોકકસપણે કહી શકાય કે આ આરોપી પણ આ ગુનામાં સંડોવાયેલો છે. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીઓ તથા આ આરોપી વિરૂધ્ધ સમગ્ર પુરાવા ધ્યાને લેતા અમદાવાદ શહેરમાં થયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોના કાવતરામાં અને તેની સાથે સંલગ્ન સુરત શહેરના બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં આ આરોપી નં.૨૨ ની ભૂમિકા રહેલી છે આ આરોપી નં.૨૨ સામે આંક–૧૨૨ મુજબના તહોમતનામામાં જે આક્ષેપો ફરમાવવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો પુરવાર થાય છે તેમ હું માનું છું.

ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૨૨ ની ભૂમિકા બાબતે તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન કરતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૨૨ વિરૂધ્ધ મુદ્દા નં.૧ થી ૧૩, ૧૬ થી ૧૯, ૨૧ થી ૨૪, ૨૬ થી ૩૨ પુરવાર કરે છે. જયારે મુદ્દા નં.૧૪,૧૫, ૨૦,૨૫, ૩૩ થી ૩૫ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવુ છું.

આરોપી નં.૨૩ ઐયાઝ રજાકમીંયા સૈયદ

આ આરોપી નં.૨૩ ફરિયાદપક્ષના તાજનો સાક્ષી બનેલ છે. આંક–૮૦૫૬ થી ગુના માફી માટે અરજી આપેલી. તે આંક–૮૦૫૬ વાળી અરજી લગત હુકમ કરીને આરોપી નં.૨૩ ને શરતી માફી આપેલી હતી. આરોપી નં.૨૩ નાએ શરતી માફીનો સ્વીકાર કરેલો હતો. ત્યારબાદ ફરિયાદપક્ષ દ્વારા આ આરોપીને ફરિયાદપક્ષના સાહેદ નં.૧૧૪૧ તરીકે તપાસવામાં આવેલ છે. આ આરોપીને સજા માફી આપેલ છે. આમ, આ આરોપી એપ્રુવર બની ફરિયાદપક્ષના સાહેદ બનેલા છે જેથી તમામ મુદ્દાઓ સંબંધે કેસ પુરવાર થતો નથી તેમ હું ઠરાવુ છું.

આરોપી નં.૨૪ ઉમર ઉર્ફે અશોક કાળાભાઈ કબીરા

આ આરોપી નં.૨૪ નાઓએ પોતે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું આંક–૮૬૨૭ વાળુ કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ સમક્ષ લખાવેલું તે મુજબ આરોપી નં.૪ નાઓનો તા.૨૦.૭. ૨૦૦૮ ના રોજ આ આરોપી નં.૨૪ ઉપર ફોન આવેલો અને જુહાપુરા મુકામે યાકુબ મેમણના ઘરે મીટીંગમાં બોલાવેલો. આરોપી નં.૨૪ ત્યાં ગયો ત્યારે બીજા અન્ય આરોપીઓ હાજર હતા અને જેહાદની વાતો કરતા હતા તેવી હકીકત તેઓના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે. આ આરોપી નં.૨૪ વાઘમોન (કેરાલા) મુકામે તેમજ હાલોલ–પાવાગઢ ખાતે આતંકવાદી તાલીમ કેમ્પોમાં હાજર રહયો હોય અને કોઈ કામગીરી કરી હોય તથા અન્ય આરોપીઓ સાથે રહીને આ બનાવોને અંજામ આપવા માટે કોઈ બીજી કામગીરી કરી હોય તેમજ આ

આરોપીની સંડોવણી માટે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવામાં આ આરોપી વિરૂધ્ધ બીજો કોઈ પુરાવો હોય તેવુ ફલીત થતુ નથી.

આ આરોપી નં.૨૪ ઉપર આંક–૧૨૨ ના તહોમતનામા મુજબ ફરિયાદપક્ષ દ્વારા જે આક્ષેપો મુકવામાં આવેલા છે તે આક્ષેપો પૈકીના આક્ષેપ મૌખિક કે દસ્તાવેજી પુરાવાથી ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. જે પુરાવા આ આરોપી વિરૂધ્ધ રજૂ થયેલા છે તે અપુરતા પુરાવા છે. આ આરોપી આ ગુનાઓમાં સંડોવાયેલો છે તે અંગેના પુરાવા એકત્ર કરી જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી નં.૨૪ સામે ભારતીય ફોજદારી ધારાની કલમ–૧૨૧(એ), ૧૨૪(એ), ૧૫૩(એ) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૬ મુજબની તથા અનલોફુલ એકટીવીટી એકટની કલમ–૧૦,૧૩,૧૬,૧૮ વિગેરે મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કલમ–૪૫ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે સરકારશ્રીને દરખાસ્તો કરેલી અને જુદા–જુદા સક્ષમ અધિકારીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી સામે એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ–૩,૪,૫,૬ મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૭ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે જુદા–જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓને દરખાસ્તો કરેલી અને જુદા–જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત આ આરોપી નં.૨૪ સામે આર્મ્સ એટની કલમ –૨૫(૧)(બી) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૩૯ હેઠળ મંજૂરી મેળવવા માટે પોલીસ કમિશનરશ્રીને દરખાસ્તો કરેલી અને પોલીસ કમિશનરશ્રીઓ પાસેથી મંજૂરી મેળવેલી જે રજૂ કરેલી છે. દરખાસ્તો સાથે જે પુરાવા આરોપી નં.૨૪ વિરૂધ્ધના રજૂ કરેલા તે પૈકી કોઈપણ પુરાવા ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. તા.૨૦.૭.૨૦૦૮ ના રોજ આરોપી નં.૭ નો આ આરોપીના મોબાઈલ ફોન ઉપર ફોન આવેલો જેથી જુહાપુરા ખાતે યાકુબ મેમણના ઘરે ગયેલો હતો અને ત્યાં જેહાદી વાતો થયેલી તેમ જણાવેલ છે. ત્યારબાદ આ આરોપી ઘરે જતો રહેલો તે

પછી પાંચ દિવસ બાદ અમદાવાદ શહેરમાં બોમ્બ બ્લાસ્ટના બનાવો બનેલા છે. આ આરોપી યાકુબ મેમણના ઘરે ગયેલો તેટલા માત્રથી આ આરોપીની આ ગુનામાં સંડોવણી શંકાસ્પદ બને છે. આ આરોપી વિરૂધ્ધ જે પુરાવા રજૂ થયેલા તે પુરાવા આરોપીની સંડોવણી બાબતે પુરતા નથી.

આ આરોપી નં.૨૪ નુ કબૂલાત નિવેદન ધ્યાને લઈએ તો આ આરોપી નં.૨૪ વાઘમોન (કેરળ) તથા હાલોલ–પાવાગઢના આતંકવાદી તાલીમ કેમ્પોમાં ડિસેમ્બર–૨૦૦૭ તથા તા.૧૩.૧.૨૦૦૮ થી ૧૫.૧.૨૦૦૮ ના સમય દરમ્યાન હાજર રહેલો હોય અને જુદી–જુદી તાલીમો લીધેલી હોય, તથા જેહાદી ભાષણો કરેલા હોય કે સાંભળેલા હોય તેવો પુરાવો આ આરોપી વિરૂધ્ધ નથી. આ ઉપરાંત આ બનાવોમાં કોઈ કામગીરી કરી હોય કે કોઈ મકાનોમા અન્ય આરોપીઓ સાથે રોકાયેલો હોય, બોમ્બ બનાવવાની સામગ્રી ખરીદી લાવેલ હોય, બોમ્બ બનાવવામાં મદદ કરી હોય, બોમ્બ મુકવાના હતા તે જગ્યાઓ ઉપર જઈ રેકી કરી હોય કે બોમ્બ મુકેલા હોય તથા જુદી–જુદી જગ્યા ઉપરની હોટલોમાં રોકાયેલો હોય કે કોઈ પુરાવાના નાશ કર્યો હોય તેમજ બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં સંડોવાયેલા આરોપીઓને આશ્રય આપ્યો હોય તેમજ જુદી–જુદી મીટીંગોમાં હાજર રહી નાણાકીય ભંડોળ ભેગુ કરી સીમી સંગઠનને પહોચાડયુ હોય, આતંકવાદી ઈ–મેઈલ કર્યા હોય તેવી કોઈ હકીકત કે પુરાવો નથી. આ સિવાય અન્ય આરોપીઓને બીજી કોઈપણ રીતે મદદ કરી હોય તેવો કોઈ પુરાવો ફરિયાદપક્ષ તરફથી રજૂ થયેલા પુરાવામાં નથી. આ આરોપીની આ બનાવોમાં સંડોવણી અંગેની કોઈ હકીકત આરોપી નં.૨૪ ના કબૂલાત નિવેદનમાં નથી. આ ઉપરાંત આ આરોપીએ કોઈ જગ્યાઓ બતાવેલી હોય અને તપાસ કરનાર અધિકારીએ પંચનામા કર્યા હોય તેવા પણ પુરાવા નથી.

આ આરોપી નં.૨૪ ઉપર આંક–૧૨૨ ના તહોમતનામા મુજબ ફરિયાદપક્ષ દ્વારા જે આક્ષેપો મુકવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો મૌખિક કે દસ્તાવેજી પુરાવાથી ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. આ આરોપી આ ગુનાઓમાં સંડોવાયેલો છે તે અંગેના પુરાવા એકત્ર કરી જુદા–જુદા તપાસ

કરનાર અધિકારીઓએ આ આરોપી નં.૨૪ સામે ભારતીય ફોજદારી ધારાની કલમ–૧૨૧(એ), ૧૨૪(એ), ૧૫૩(એ) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૬ મુજબની તથા અનલોફુલ એકટીવીટી એકટની કલમ–૧૦,૧૩,૧૬,૧૮ વિગેરે મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કલમ–૪૫ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે સરકારશ્રીને દરખાસ્તો કરેલી અને જુદા–જુદા સક્ષમ અધિકારીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી સામે એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ–૩,૪,૫,૬ મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૭ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે જુદા–જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓને દરખાસ્તો કરેલી અને જુદા–જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત આ આરોપી નં.૨૪ સામે આર્મ્સ એટની કલમ –૨૫(૧)(બી) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૩૯ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે પોલીસ કમિશનરશ્રીને મંજૂરી મેળવવા માટે દરખાસ્તો કરેલી અને પોલીસ કમિશનરશ્રીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. દરખાસ્તો સાથે જે પુરાવા આરોપી નં.૨૪ વિરૂધ્ધના રજૂ કરેલા તે પૈકી એકપણ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. તપાસ કરનાર અમલદાર સાહેદ નં.૧૧૫૩ આર.વી. અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાઓની જુબાનીઓમાંથી પણ આ આરોપીની સંડોવણી શંકાસ્પદ હોવાનું માલુમ પડે છે. આ આરોપીનું આંક–૮૬૨૭વાળુ કબૂલાત નિવેદન રજૂ થયેલું છે તે સિવાય બીજો કોઇ સ્વતંત્ર પુરાવો આ આરોપી વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ આરોપીને અન્ય આરોપી નં.૭નાઓએ તા.૨૦/૦૭/૨૦૦૮ના રોજ જૂહાપુરા અમદાવાદ ખાતે યાકુબ મેમણના ઘરે ફોન કરીને બોલાવેલો હતો અને આ આરોપી નં.૨૪ યાકુબ મેમણના ઘરે ગયેલો તે વખતે ત્યાં સમસુભાઇ, યુનુસભાઇ, જાવેદભાઇ, રાજીકભાઇનાઓ જેહાદી વાતો કરતા હતા અને ગોધરાકાંડનો બદલો લેવાનો છે

તેમ જણાવેલું. આ સિવાય આ આરોપીએ કોઇ કામગીરી કરી હોય કે ત્યાં અન્ય આરોપીઓને મદદ કરી હોય તેવો કોઇ પુરાવો નથી. યાકુબ મેમણના ઘરે આ આરોપી નં.૨૪ તા.૨૦/૦૭/૨૦૦૮ ના રોજ ગયેલો હતો. આ તા.૨૦/૦૭/૨૦૦૮ પહેલા આ આરોપી નં.૨૪ અન્ય કોઇપણ આરોપીઓને મળેલો હોય તેવો કોઇ પુરાવો નથી. અમદાવાદ શહેરમાં બોમ્બ બ્લાસ્ટના બનાવો તા.૨૬/૦૭/૨૦૦૮ ના રોજ બનેલા છે જેથી તા.૨૦/૦૭/૦૮ થી લઇને તા.૨૬/૦૭/૨૦૦૮ સુધીના કુલ–૫ દિવસના સમય દરમ્યાન આ આરોપીએ ગુનામાં કોઇ સક્રિય ભૂમિકા બજવી હોય તેવો કોઇ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવામાં નથી. ટૂંકમાં આ આરોપી તા.૨૦/૦૭/૨૦૦૮ ના રોજ યાકુબ મેમણના ઘરે ગયેલો હતો. તે સિવાય બીજી કોઇ હકીકત નીકળી આવતી નથી. ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૨૪ ની ભૂમિકા બાબતે તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન કરતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૨૪ વિરૂધ્ધ તમામ મુદ્દાઓ સંબંધે કેસ શંકારહિત પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવું છું.

આરોપી નં.૨૫ સલીમભાઈ ઉર્ફે ઉમર જમાલભાઈ સીપાઈ

સાહેદ નં.૮૨૧ ભીખાભાઈ શીવાભાઈ ગઢવીની જુબાનીના સારાંશ મુજબ આરોપી નં.૨૫, તપાસ કરનાર અધિકારી તથા આ સાહેદને લઈને બાપુનગર સ્ટેડીયમ સામે આવેલ હાઉસીંગના મકાનોમાં આરોપી નં.૨૫ પોતાના મકાન ઉપર દોરીને લઈ ગયેલ. મકાન ઉપર એક બહેન હાજર હતા અને આરોપી નં.૨૫ નાએ જણાવેલુ કે આ મારા પત્ની છે. ત્યારબાદ મકાનમાં તપાસ કરતા એક રૂમમાં પથ્થરની એક ઘોડા ટાઈપ વસ્તુ હતી જેમા ભંગાર જેવી વસ્તુઓ પડેલી હતી. તેમાં એક થેલા નીચેથી આરોપીએ એક લેમીનેશન કરેલ એક કાગળ કાઢી આપેલો જે ઉર્દૂ ભાષામાં હતો. આરોપીએ કહેલુ કે આ કાગળમાં બોમ્બ બનાવવાની રીત છે જેથી તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ પંચોની હાજરીમાં આંક–૫૫૨૪ વાળુ પંચનામુ કરી કબજે કરેલો.

ઉર્દૂ ભાષામાં લખેલુ લખાણ ગુજરાતીમાં રૂપાંતર કરેલુ છે અને તે બાબતે આ આરોપી વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવાની ચર્ચા કરેલી છે તેમાં વિગતવાર જણાવવામાં આવેલુ છે. આ લખાણ મુજબ લખાણમાં બોમ્બ બનાવવાની રીત દર્શાવવામાં આવેલી નથી. આ બનાવોમાં સંડોવણી બાબતે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવામાં આ આરોપી વિરૂધ્ધ કોઈ પુરાવો હોવાનું ફલીત થતુ નથી.

આ આરોપી નં.૨૫ ઉપર આંક–૧૨૨ ના તહોમતનામા મુજબ ફરિયાદપક્ષ દ્વારા જે આક્ષેપો મુકવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી એક પણ આક્ષેપ મૌખિક કે દસ્તાવેજી પુરાવાથી ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. આ આરોપી વાઘમોન તથા હાલોલ–પાવાગઢના જંગલોમાં આતંકવાદી તાલીમ કેમ્પોમા હાજર રહયો હોય, જુદી–જુદી તાલીમો મેળવેલી હોય, અન્ય આરોપીઓએ જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગો કરી છે અને તે મીટીંગોમાં આ આરોપી હાજર રહયો હોય, જેહાદી ભાષણો કર્યા હોય કે સાંભળ્યા હોય, કોઈ મકાનમાં રહીને અન્ય આરોપીઓને બોમ્બ બનાવવામાં મદદ કરી હોય, બોમ્બ બનાવવા માટેની કોઈ સામગ્રી ખરીદેલી હોય, જે જગ્યા ઉપર બોમ્બ મુકવામાં આવેલા તે જગ્યાઓની રેકી કરી હોય કે કોઈ જગ્યા ઉપર જઈને બોમ્બ મુકેલા હોય, આતંકવાદી ઈ–મેઈલ કર્યા હોય, કોઈ આરોપીને આશ્રય આપ્યો હોય, કોઈ પુરાવાનો નાશ કર્યો હોય કે કાવતરામાં અન્ય આરોપીઓ સાથે સમાન ઈરાદો પાર પાડવા હાજર રહયો અને આ બનાવોમાં અન્ય આરોપીઓને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદ કરી હોય તેવો એક પણ પુરાવો આ આરોપી વિરૂધ્ધ રજૂ કરવામાં આવેલો નથી. આ આરોપી આ ગુનાઓમાં સંડોવાયેલો છે તે અંગેના પુરાવા એકત્ર કરી જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી નં.૨૫ સામે ભારતીય ફોજદારી ધારાની કલમ–૧૨૧(એ), ૧૨૪(એ), ૧૫૩(એ) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૬ મુજબની તથા અનલોફુલ એકટીવીટી એકટની કલમ–૧૦,૧૩, ૧૬,૧૮ વિગેરે મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કલમ–૪૫ હેઠળ

મંજૂરીઓ મેળવવા માટે સરકારશ્રીને દરખાસ્તો કરેલી અને જુદા–જુદા સક્ષમ અધિકારીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી સામે એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ–૩,૪,૫,૬ મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૭ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે જુદા–જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓને દરખાસ્તો કરેલી અને જુદા–જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત આ આરોપી નં.૨૫ સામે આર્મ્સ એટની કલમ–૨૫(૧)(બી) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૩૯ હેઠળ મંજૂરી મેળવવા માટે પોલીસ કમિશનરશ્રીને મંજૂરી મેળવવા માટે દરખાસ્તો કરેલી અને પોલીસ કમિશનરશ્રીઓ પાસેથી મંજૂરી મેળવેલી જે રજૂ કરેલી છે. દરખાસ્તો સાથે જે પુરાવા આરોપી નં.૨૫ વિરૂધ્ધના રજૂ કરેલા તે પૈકી એક પણ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ આરોપીના ઘરેથી તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ પંચોની હાજરીમાં ઉર્દૂ ભાષામાં લખેલો કાગળ કબજે કરેલો. આ સિવાય આ આરોપીની સંડોવણી બાબતે અન્ય બીજો કોઈ પુરાવો નથી. આટલા માત્ર પુરાવા ઉપરથી આ આરોપીની આ બનાવોમાં સંડોવણી શંકાસ્પદ છે. તપાસ કરનાર અમલદાર સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાઓની જુબાનીઓમાંથી પણ આ આરોપીની સંડોવણી શંકાસ્પદ હોવાનું માલુમ પડે છે. ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૨૫ ની ભૂમિકા બાબતે તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન કરતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૨૫ વિરૂધ્ધ તમામ મુદ્દાઓ સંબંધે કેસ શંકારહિત પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવું છું.

આરોપી નં.૨૬ મહંમદઅલી ઉર્ફે જમાલ ઉર્ફે જીયા ઉર્ફે યાસીર ઉર્ફે અબુબકર મોહરમઅલી અંસારી

આરોપી નં.૨ નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ સમક્ષ લખાવેલું તે મુજબ આરોપી નં.૨૬ વાઘમોન (કેરળ) મુકામે તાલીમ કેમ્પમાં હાજર હતો તેવી હકીકત કબૂલાત નિવેદનમાં છે. આરોપી નં.૨૬ હાલોલ–પાવાગઢ ખાતે તા.૧૩.૧.૨૦૦૮ થી તા.૧૫.૧.૨૦૦૮ ના સમય દરમ્યાન આતંકવાદી તાલીમ કેમ્પ યોજાયેલો તે કેમ્પમાં અન્ય આરોપીઓ સાથે હાજર રહેલો છે અને કેમ્પમાં હાજર તમામ આરોપીઓ ખુંદપીરની દરગાહ ઉપર આવેલી ધર્મશાળામાં રોકાયેલા. જુદી–જુદી જગ્યાઓ ઉપર તાલીમો લીધેલી. મુસ્લિમોનો બદલો લેવાની, જેહાદી ભાષણો કરેલા અને બોમ્બ બનાવવાની તાલીમ આપેલાની હકીકત તેઓના નિવેદનમાં જણાવેલી છે. આ આરોપી નં.૨૬ નુ નામ આરોપી નં.૨ ના કબૂલાત નિવેદનમાં ફકત અબુબકર જણાવેલુ છે. આ આરોપીનું નામ મહંમદઅલી ઉર્ફે જમાલ ઉર્ફે જીયા ઉર્ફે યાસીર ઉર્ફે અબુબકર મોહરમઅલી અંસારી છે. આ આરોપી વાઘમોન તથા હાલોલ–પાવાગઢના આતંકવાદી તાલીમ કેમ્પોમાં હાજર રહી જુદી–જુદી તાલીમો લીધેલી છે અને સીમીના અન્ય સભ્યોને મદદ કરેલી છે. આ આરોપી જુદી–જુદી જગ્યાઓ ઉપર મકાનોમાં રહી અન્ય આરોપીઓને બોમ્બ બનાવવામાં મદદ કરી હોય કે સામગ્રી લાવ્યો હોય, જુદી–જુદી હોટલોના રજીસ્ટરમાં ખોટા નામે એન્ટ્રી કરી રહયો હોય, બોમ્બ મુકવા માટેની જગ્યાઓની રેકી કરી હોય તથા બોમ્બ મુકેલા હોય તેવો કોઈ પુરાવો રજૂ થયેલો નથી. આ આરોપીએ હાલોલ–પાવાગઢ ખાતેના આતંકવાદી તાલીમ કેમ્પોમાં ત્રણ દિવસ સુધી હાજર રહી જુદી–જુદી તાલીમો મેળવેલી છે અને સીમીના સભ્યો છે તેવા આરોપીઓને સહાય કરી પ્રોત્સાહન આપેલુ છે. જેથી આ આરોપી પણ અન્ય આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થયેલો છે માટે બીજા આરોપીઓએ કરેલા ગુના માટે પણ આ આરોપી અન્ય આરોપીઓની જેમ જ જવાબદાર છે. આ આરોપીની પણ સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે.

આ આરોપી નં.૨૬ વાઘમોન (કેરાલા) મુકામે આતંકવાદી તાલીમ કેમ્પમાં હાજર હતો તે બાબતે કેરાલાની અર્નાકુલમ કોર્ટ ખાતે કેસ નોંધાયેલ હતો

જેનો એન.આઈ.એ. કેસ નં.૨/૨૦૧૧ હતો અને તે કામે આરોપી નં.૨૬ ને આરોપી નં.૯ તરીકે દર્શાવેલ હતો અને તે કામે એન.આઈ.એ. કોર્ટ દ્વારા આ આરોપી નં.૨૬ ને નિર્દોષ જાહેર કરેલ છે. આ સંબંધમાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૦૦ ને ધ્યાને લેતા કોઈ આરોપીને એક ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે કે નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે તો તે જ ગુના સંબંધી તે આરોપી સામે ફરીથી ઈન્સાફી કાર્યવાહી કરી શકાય નહીં. પરંતુ આ આરોપી હાલોલ–પાવાગઢ ખાતેના આતંકવાદી તાલીમ કેમ્પોમાં પણ તા.૧૩.૧.૨૦૦૮ થી તા.૧૫.૧.૨૦૦૮ દરમ્યાન હાજર રહેલો છે અને જુદી–જુદી તાલીમો લીધેલી છે. આ આરોપી વાઘમોન તથા હાલોલ–પાવાગઢ ખાતે બંને જગ્યાઓ ઉપરના તાલીમ કેમ્પોમાં હાજર રહેલો છે જેથી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૦૦ લાગુ પડશે નહીં. બંને જગ્યાઓ ઉપર તાલીમ કેમ્પોમાં હાજર રહી આતંકવાદી તાલીમો લીધી છે.

આ આરોપી નં.૨૬ ઉપર આંક–૧૨૨ ના તહોમતનામા મુજબ ફરિયાદપક્ષ દ્વારા જે આક્ષેપો મુકવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો મૌખિક કે દસ્તાવેજી પુરાવાથી ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. આ આરોપી નં.૨૬ જુદી–જુદી હોટલોમાં રોકાયો હોય અને તે હોટલોના રજીસ્ટરોમાં ખોટા નામથી એન્ટ્રીઓ કરી હોય, ખોટા નામે સહીઓ કરેલી હોય તેમજ આ આરોપી નં.૨૬નાઓએ ખોટા દસ્તાવેજ બનાવી તે દસ્તાવેજોનો સાચા તરીકે ઉપયોગ કર્યો હોય તેવા કોઈ પ્રત્યક્ષ પુરાવા આ આરોપી નં.૨૬ સામે નથી. પરંતુ આ અંગેના પ્રત્યક્ષ પુરાવા આરોપી નં.૧૪, ૩૭, ૪૩, ૪૫, ૪૬, ૬૯ અને ૭૦ વિરૂધ્ધ રજૂ થયેલા છે. જેથી કાવતરાના પેરામાં ચર્ચા કર્યા મુજબ તેમજ તે પેરામાં નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લીધેલા છે તે ચુકાદા મુજબ આરોપી નં.૨૬ નાઓ કોઈ હોટલમાં ખોટા નામે એન્ટ્રી કરી રોકાયેલા ન હોવા છતાં પણ આ આરોપી અન્ય આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થયેલો છે જેથી અન્ય આરોપીઓની સાથે આ આરોપી નં.૨૬ ની પણ સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે. આ આરોપી આ ગુનાઓમાં સંડોવાયેલો છે તે અંગેના પુરાવા એકત્ર કરી

જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી નં.૨૬ સામે ભારતીય ફોજદારી ધારાની કલમ–૧૨૧(એ), ૧૨૪(એ), ૧૫૩(એ) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૬ મુજબની તથા અનલોફુલ એકટીવીટી એકટની કલમ–૧૦,૧૩,૧૬,૧૮ વિગેરે મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કલમ–૪૫ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે સરકારશ્રીને દરખાસ્તો કરેલી અને જુદા–જુદા સક્ષમ અધિકારીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી સામે એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ–૩,૪,૫,૬ મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૭ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે જુદા–જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓને દરખાસ્તો કરેલી અને જુદા–જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત આ આરોપી નં.૨૬ સામે આર્મ્સ એકટની કલમ–૨૫(૧)(બી) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૩૯ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે પોલીસ કમિશનરશ્રીને મંજૂરી મેળવવા માટે દરખાસ્તો કરેલી અને પોલીસ કમિશનરશ્રીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે.

આરોપી નં.૨ નાઓના કબૂલાત નિવેદન મુજબ આ આરોપીએ હાલોલ–પાવાગઢના તાલીમ કેમ્પમા હાજરી આપી જુદી–જુદી તાલીમો લીધેલી છે અને તા.૧૩.૧.૨૦૦૮ થી ૧૫.૧.૨૦૦૮ દરમ્યાન ખુંદપીરની દરગાહ ઉપર અન્ય આરોપીઓ સાથે રોકાયેલો હતો. પુરાવાના કાયદાની કલમ–૩૦ મુજબ સહઆરોપીની કબૂલાત બીજા સહઆરોપી સામે પુરાવામાં ગ્રાહય છે. આ અંગેની વિગતવાર ચર્ચા તથા નામદાર સુપ્રિમ કોર્ટના આ મુદ્દા ઉપરના વિવિધ ચુકાદાની ચર્ચા "આરોપી નં.૨, ૨૧, ૨૪, ૩૫ ની કબૂલાત વિશે" તે શીર્ષક હેઠળના પેરામાં કરેલી છે. આ આરોપીએ હાલોલ પાવાગઢના તાલીમ કેમ્પોમાં હાજર રહી સીમી સંગઠનના સભ્યોની બેઠકમાં ભાગ લઈ ગેરકાયદેસર પ્રવૃત્તિ કરેલી છે અને તેમને ટેકો આપેલો છે તેમ હું માનુ છું. તાલીમ કેમ્પ પૂરો કર્યા બાદ આ આરોપી રાજસ્થાન ખાતે પોતાના વતનમાં જતો રહેલો છે. અન્ય કોઈ રીતે બીજી પ્રવૃત્તિમાં

ભાગ લીધેલો હોય તેવો પુરાવો આ આરોપી વિરૂધ્ધ નથી. પરંતુ રેકર્ડ ઉપરનો પુરાવો તેમજ સંજોગો ઉપરથી ચોકકસપણે કહી શકાય કે આ આરોપી પણ આ ગુનામાં સંડોવાયેલો છે. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીઓ તથા આ આરોપી વિરૂધ્ધ સમગ્ર પુરાવા ધ્યાને લેતા અમદાવાદ શહેરમાં થયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોના કાવતરામાં અને તેની સાથે સંલગ્ન સુરત શહેરના બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં આ આરોપી નં.૨૬ ની ભૂમિકા રહેલી છે આ આરોપી નં.૨૬ સામે આંક–૧૨૨ મુજબના તહોમતનામામાં જે આક્ષેપો ફરમાવવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો પુરવાર થાય છે તેમ હું માનું છું. ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૨૬ ની ભૂમિકા બાબતે તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન કરતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૨૬ વિરૂધ્ધ મુદ્દા નં.૧ થી ૧૩, ૧૬ થી ૧૯, ૨૧ થી ૨૪, ૨૬ થી ૩૨ પુરવાર કરે છે. જયારે મુદ્દા નં. ૧૪,૧૫, ૨૦,૨૫, ૩૩ થી ૩૫ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવુ છું.

આરોપી નં.૨૭ મહમદ ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ રાજીક ઉર્ફે મુસફ ઉર્ફે કુરકાન મહમદ ઈશાક મન્સુરી

સાહેદ નં.૯૫૭ જાકિર હુસેન અબ્દુલ જબ્બાર કુરેશીની જુબાનીના સારાંશ મુજબ આ આરોપી પ્રતિબંધિત સંગઠન "સીમી" નો સભ્ય છે. ગુપ્ત રીતે સીમીની ઑફિસ જુદી–જુદી જગ્યાઓ ઉપર ચાલે છે. સીમીની ઑફિસમાં આ આરોપીની સક્રિય હાજરી રહેલી છે. સીમીની મીટીંગોમા આ આરોપી સતત પ્રવૃત્તમય અને કાર્યરત રહેલો છે. જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગમાં અન્ય આરોપીઓને પણ હાજર રાખેલા છે. આ આરોપી તથા અન્ય સહઆરોપીઓ સીમીની મીટીંગોમાં રાજય સરકાર તેમજ ભારત સરકાર વિરૂધ્ધ જેહાદ કરવાની વાતો કરેલી છે તે પ્રમાણેના ભાષણો કરેલા છે અને તે સાંભળેલા

છે. ગોધરા કાંડનો બદલો લેવાની વાતો પણ થયેલી છે અને તે સાંભળેલી છે. હિન્દુ વિસ્તારમાં બોમ્બ ધડાકા કરવાની વાતો થયેલી છે અને તે સાંભળેલી છે. આ ઉપરાંત આ આરોપી હાલોલ–પાવાગઢ ખાતે તા.૧૩/૦૧/૨૦૦૮ થી લઇને તા.૧૫/૦૧/૨૦૦૮ ના સમય દરમ્યાન આતંકવાદી તાલીમ કેમ્પનું આયોજન કરવામા આવેલું તેમાં અન્ય આરોપીઓ સાથે કેમ્પમાં ગયેલો છે. કેમ્પમાં જેહાદી ભાષણો સાંભળેલા છે. તાલીમો લીધેલી છે અને કેમ્પના આયોજનમાં પ્રત્યક્ષ રીતે મદદ કરેલી છે. આ સાહેદ જાકિર હુસેન પોતાની જુબાનીમાં આરોપી નં.૨૭ ને અદાલત રૂબરૂ ઓળખી બતાવેલ છે. આ તમામ હકીકત આ સાહેદે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ સમક્ષ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબના નિવેદનમાં પણ જણાવેલી છે.

સાહેદ નં.૧૧૪૧ એૈયાઝ રજાકમીયા સૈયદની જુબાનીના સારાંશ મુજબ સને–૨૦૦૦ ની સાલથી શાહપુર બાઈ સેન્ટરમાં સીમીની ઑફિસ ચાલતી હતી. આરોપી નં.૬ ઑફિસમાં હાજર રહેતો હતો. આ સાહેદ સીમીની ઑફિસમાં વીઝીટમાં ગયેલો ત્યારે સીમી વિશે સમજાવવામાં આવેલુ, છુપી રીતે મીટીંગો થાય છે તેમ જણાવવામાં આવેલુ, મીટીંગોમાં હાજર રહેવાનું પણ જણાવવામાં આવેલુ, સુરત–અમદાવાદમાં મીટીંગો થતી હોવાનું પણ જણાવવામાં આવેલુ, ગોધરા કાંડની વાતો થતી, ૨૦૦૫ ની સાલમાં પણ આ સાહેદ સીમીની ઑફિસમાં ગયેલા અને આરોપી નં.૬ ત્યાં હાજર રહેતો હતો. આ સાહેદને પ્રોગ્રામોમાં આવવાનું જણાવવામાં આવેલુ. આ મીટીંગમાં આરોપી નં.૨૭ પણ હાજર રહેતો હતો તેમ જણાવે છે. મીટીંગોમાં તકરીર થતી, જેહાદની વાતો થતી, એક પ્રોગ્રામ યાકુબ મેમણના ઘરે થયેલો, એક પ્રોગ્રામ દરિયાપુરમાં સમસુદ્દીનના નાના ના ઘરે થયેલો. ત્યાં બીજા ઘણા આરોપીઓ હાજર રહેતા હતા. ભાષણો થતા, ટી.વી.–ડી.વી.ડી. ઉપર કેસેટો બતાવવામાં આવતી, બોમ્બનું ડેમોસ્ટ્રેશન થતુ વિગેરે તમામ હકીકતો આ સાહેદ સીમીને લગતી જણાવેલી છે. આ સાહેદની જુબાની ધ્યાને લેતા આરોપી નં.૨૭ સીમીનો કાર્યકર હોવાનું સ્પષ્ટ જણાય આવે છે. આ સાહેદે આરોપી નં.૨૭ ને અદાલત રૂબરૂ ઓળખી પણ બતાવેલો છે.

સાહેદ નં.૪૮૭ મહમદ ફારુક મહમદ હનીફ શેખની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદની દુકાન રફીક સાઇકલ વર્કસ નામની આવેલી છે. આરોપી નં.૨૭ નાઓએ આ સાહેદની દુકાનેથી સાઇકલ ખરીદેલી તે દુકાન આંક–૬૦૨૪ વાળા પંચનામાની વિગતે બતાવેલી હતી. સાહેદ નં.૪૮૮ મુનાવરહુસેન અબ્દુલ કરીમ શેખ તથા સાહદે નં.૪૮૯ સાબીરહુસેન અબ્દુલ કરીમ શેખનાઓની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદોની દુકાન રાજા સાઇકલ વર્કસ નામની આવેલી છે. આરોપી નં.૨૭ નાઓએ આ સાહેદોની દુકાનેથી પણ સાઇકલ ખરીદેલી અને જે જગ્યાએ બોમ્બવાળી સાઇકલ મુકેલી તે જગ્યા આંક–૬૦૫૧ વાળા પંચનામાની વિગતે બતાવેલી હતી.

સાહેદ નં.૯૨૬ મુખત્યારભાઈ સબ્બીરભાઈ પ્રાઇમસવાલાની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદની "ન્યુ ડીલક્ષ સ્ટવ માર્ટ" નામની દુકાન કાલુપુર ટાવર પાસે આવેલી છે. આ સાહેદની દુકાનેથી આરોપી નં.૨૭ પાંચ કીલોના બે ગેસના બોટલો રૂા.૧૧૦૦/– મા ખરીદ કરીને લઈ ગયેલો હતો. આ સાહેદે આરોપી નં.૨૭ ને સાહેદ નં.૫૮૮ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ લક્ષ્મણભાઈ કેશવલાલ પારઘીની રૂબરૂમાં ઓળખ પરેડના પંચનામાની વિગતે ઓળખી બતાવેલ છે.

સાહેદ નં.૯૫૨ આરીફ બીસ્મીલામીયા સૈયદની જુબાનીના સારાંશ મુજબ આરોપી નં.૨૭ તથા ૩૭ નાઓને દાણીલીમડામાં આવેલ અલમહમદી સોસાયટી મકાન નં.૧૦ કે જે કુખરાજબાનુનું હતુ તે ભાડે અપાવેલુ. આ આરોપી નં.૨૭ ને આ સાહેદે સાહેદ નં.૫૮૯ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ ઈન્દ્રવીર વજુભા ઝાલાની રૂબરૂમાં ઓળખ પરેડના પંચનામાની વિગતે ઓળખી બતાવેલ છે.

સાહેદ નં.૫૮૮ એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ લક્ષ્મણ કેશવલાલ પારઘીની જુબાનીના સારાંશ મુજબ સાહેદ નં.૯૨૬ મુખત્યાર સબ્બીરહુસેન પ્રાઇમસવાલાએ આ સાહેદની રૂબરૂમાં આરોપી નં.૨૭ ને પોતાની સમક્ષ થયેલી ઓળખ પરેડમાં ઓળખી બતાવેલાની હકીકત જણાવે છે. તેમજ સાહેદ નં.૫૮૯

એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ ઈન્દ્રવીર વજુભા ઝાલાની જુબાનીના સારાંશ મુજબ સાહેદ નં.૯૫૨ મહમદ આરીફ બીસ્મીલા સૈયદએ આ સાહેદની રૂબરૂમાં આરોપી નં.૨૭ ને પોતાની સમક્ષ થયેલી ઓળખ પરેડમાં ઓળખી બતાવેલાની હકીકત જણાવે છે. ઉપરોકત બંને એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટો સરકારી અધિકારીઓ છે અને તેઓની રૂબરૂમાં ઓળખ પરેડ અંગેની જે કાંઇ કાર્યવાહી કરેલી તે તેઓની ફરજના ભાગરૂપે હતી. આરોપી સાથે તેઓને કોઇ દુશ્મનાવટ નથી અને તેમની રૂબરૂ થયેલી ઓળખ પરેડની કાર્યવાહી તેમણે યોગ્ય રીતે કરેલી તેવી અપેક્ષા હોય છે જે નહિ માનવાને કોઇ કારણ નથી.

આ ઉપરાંત, આરોપી નં.૨ નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ સમક્ષ લખાવેલું તે મુજબ આરોપી નં.૨૭ વાઘમોન (કેરળ) મુકામે તાલીમ કેમ્પમાં હાજર હતો તેવી હકીકત કબૂલાત નિવેદનમાં છે. આરોપી નં.૨૭ હાલોલ–પાવાગઢ ખાતે તા.૧૩.૧.૨૦૦૮ થી ૧૫.૧.૨૦૦૮ ના સમય દરમ્યાન આતંકવાદી તાલીમ કેમ્પ યોજાયેલો તે કેમ્પમાં અન્ય આરોપીઓ સાથે હાજર રહેલો છે અને કેમ્પમાં હાજર તમામ આરોપીઓ ખુંદપીરની દરગાહ ઉપર આવેલી ધર્મશાળામાં રોકાયેલા. જુદી–જુદી જગ્યાઓ ઉપર તાલીમો લીધેલી. મુસ્લિમોનો બદલો લેવાની, જેહાદી ભાષણો કરેલા અને બોમ્બ બનાવવાની તાલીમ આપેલાની હકીકત તેઓના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે.

આ ઉપરાંત, આરોપી નં.૨૪ નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ સમક્ષ લખાવેલું તે મુજબ આરોપી નં.૪ નાઓનો તા.૨૦.૭.૨૦૦૮ ના રોજ આરોપી નં.૨૪ ઉપર ફોન આવેલો અને જુહાપુરા મુકામે યાકુબ મેમણના ઘરે મીટીંગમાં બોલાવેલો. આરોપી નં.૨૪ ત્યાં ગયો ત્યારે આરોપી નં.૨૭ તથા બીજા અન્ય આરોપીઓ હાજર હતા અને જેહાદની વાતો કરતા હતા તેવી હકીકત તેઓના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે. ઉપરોકત બંને આરોપીઓના કબૂલાત નિવેદનો મુજબ હાલોલ–પાવાગઢના કેમ્પમાં આરોપી નં.૨૭ નાએ હાજર રહી

સક્રિય કામગીરી કરેલી છે તેમજ આતંકવાદી તાલીમો મેળવેલી છે તથા જુહાપુરા મુકામે યાકુબ મેમણને ત્યાં મીટીંગ થયેલી અને તેમાં જેહાદી ભાષણો થયેલા હતા તેમ હું માનું છું.

આ ઉપરાંત, આરોપી નં.૭૬ નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન જયુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોચી–૫ સમક્ષ લખાવેલું તે મુજબ આરોપી નં.૨૭નાઓ વાઘમોન (કેરાલા) ખાતેના તાલીમ કેમ્પમાં હાજર હતો તાલીમ લીધેલાની હકીકત તેઓના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે. કેમ્પમાં આરોપી નં.૨૭ નાએ હાજર રહી સક્રિય કામગીરી કરેલી છે તેમજ આતંકવાદી તાલીમો મેળવેલી છે તેમ હું માનું છું.

સાહેદ નં.૮૧૨ દક્ષેશભાઈ ભાનુપ્રસાદ રાવલની જુબાનીના સારાંશ મુજબ આ આરોપી નં.૨૭, તપાસ કરનાર અધિકારી તથા આ સાહેદને લઈને આરોપી નં.૨૭ નાઓએ આરોપી નં.૨૩ નાઓને જે જગ્યા ઉપર બોમ્બવાળી સાઇકલો આપેલી તે નરોડા ગામ ભાગોળ, નરોડા બસ સ્ટેન્ડ પાસે મુકેલી તથા બસ નં.૬૬/૩ મા પણ બોમ્બવાળી થેલી આરોપી નં.૨૩ નાઓએ મુકેલી તે જગ્યા આરોપી નં.૨૩ નાઓએ બતાવેલી અને જણાવેલુ કે આ જગ્યાઓ ઉપર આરોપી નં.૨૭ નાઓએ બોમ્બવાળી થેલીઓ આપેલી હતી. આ જગ્યાઓનું પંચનામુ આંક–૫૪૭૦ વાળુ તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયાએ બનાવેલુ હતુ. આરોપી નં.૨૩ ઐયાજ રજાકમીયા સૈયદને સાહેદ નં.૧૧૪૧ થી તપાસેલો છે તેને પણ પોતાની જુબાનીમાં આ હકીકત જણાવેલી છે.

સાહેદ નં.૮૧૬ અતુલ કિશોરભાઈ શેઠની જુબાનીના સારાંશ મુજબ આ આરોપી નં.૨૭, તપાસ કરનાર અધિકારી તથા આ સાહેદને લઈને આરોપી નં.૨૭ અલઅમન એપાર્ટમેન્ટના પહેલા માળે પોતાના મકાનમાં લઈ ગયેલો અને મકાનમાં તપાસ કરતા ઓરીયન્ટ કંપનીનો ટેબલ ફેન મળેલો. આ ફેન બાબતે આરોપી નં.૨૭ નાઓએ જણાવેલુ કે દાણીલીમડાનાં જે મકાનમાં બોમ્બ બનાવતા હતા ત્યાં આરોપી નં.૫૨ તથા ૩૭ નાઓ લઈ આવેલા હતા. આ પંખો

તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ પંચો રૂબરૂ આંક–૫૪૮૫ વાળા પંચનામાની વિગતે કબજે કરેલો હતો.

સાહેદ નં.૮૨૨ જીજ્ઞેશ મહેશભાઈ પંચાલની જુબાનીના સારાંશ મુજબ આ આરોપી નં.૨૭, તપાસ કરનાર અધિકારી તથા આ સાહેદને લઈને જુદી–જુદી જગ્યાઓ જેવી કે સિવિલ હોસ્પિટલ ખાતે ટ્રોમા સેન્ટરવાળી જગ્યા, ગોમતીપુર–રાજપુર ટોલનાકા પાસે એ.એમ.ટી.એસ. બસ સ્ટેન્ડ પાછળ આવેલી જગ્યા તથા જનતા સાઇકલ રીપેરીંગ વર્કસ નામની દુકાનવાળી જગ્યા કે જયાંથી સાઇકલો ભાડે લીધેલી હતી તથા આ જગ્યાઓ ઉપર આરોપી નં.૨૭ તથા ૩૭ રેકી કરવા માટે ગયેલા હતા તે જગ્યાઓ બતાવેલી અને આ જગ્યાઓનું પંચનામુ આંક–૫૫૩૪ વાળુ સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ બનાવેલુ હતુ.

સાહેદ નં.૮૨૪ સંજયકુમાર શ્યામજીભાઈ ધામેચાની જુબાનીના સારાંશ મુજબ આ આરોપી નં.૨૭, તપાસ કરનાર અધિકારી તથા આ સાહેદને લઈને આરોપી નં.૨૭ અલઅમન ફલેટ ગોમતીપુર ટોલનાકા પાસે લઈ ગયેલો જયાં આરોપી નં.૨૭ નાઓએ પોતાના મકાન નીચે દિવાલને અડીને આરોપી નં.૩૭ નાઓ સાથે મળી સાઇકલ મુકેલી હતી તે બતાવેલી અને સાઇકલની ચાવી ઘરમાંથી કાઢી આપેલી. આ અંગેનુ પંચનામુ આંક–૫૫૪૫ વાળુ સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ પંચો રૂબરૂ બનાવેલુ હતુ.

સાહેદ નં.૮૨૭ બાબુભાઈ નાગરભાઈ મકવાણાની જુબાનીના સારાંશ મુજબ આ આરોપી નં.૨૭, તપાસ કરનાર અધિકારી તથા આ સાહેદને લઈને ચંડોળા તળાવ બેરલ માર્કેટ પાસેથી બોમ્બ સાથેની મારૂતિ–૮૦૦ કારમાં બેસીને એલ.જી. હોસ્પિટલના પાર્કીંગમાં કાર મુકવા ગયેલા તે જગ્યા બતાવેલી. જેનુ પંચનામુ આંક–૫૫૫૬ વાળુ સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ પંચો રૂબરૂ બનાવેલુ હતુ.

સાહેદ નં.૮૩૩ ઉર્મિત ભરતકુમાર કાયસ્થની જુબાનીના સારાંશ મુજબ આ આરોપી નં.૨૭, તપાસ કરનાર અધિકારી તથા આ સાહેદને લઈને અલમદમદી સોસાયટીવાળુ મકાન જયાંથી બોમ્બ મેળવેલા. ત્યાંથી શટલ

રીક્ષામાં બેસી ચંડોળા તળાવ ગયેલા. ત્યાંથી બીજી રીક્ષામાં બેસી કામદાર મેદાન ગયેલા. આરોપી નં.૨૩ નાઓને બોમ્બ આપેલા તે જગ્યા, બોમ્બ મુકવા માટે સાઇકલ જે જગ્યાએથી લીધેલી તે હાથીખાઈ સરકારી દવાખાના પાસે સલીમ પેન્ટરની દિવાલવાળી જગ્યા તથા બોમ્બ મુકવા થેલી ખરીદેલી તે રાજેશ ટેલર એન્ડ લેડીસ એન્ડ જેન્સ નામની દુકાન તથા ધનવંતરિ હોસ્પિટલની બાજુમાં ડાયમંડ પાન પાર્લર પાસેની જગ્યા તથા જયાંથી સાઇકલ ખરીદેલી તે પાંચ કુવા મ્યુનિસિપલ શાળા પાસેની જગ્યાઓ બતાવેલી. જેનુ પંચનામુ આંક–૫૬૨૨ વાળુ સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ પંચો રૂબરૂ બનાવેલુ હતુ.

સાહેદ નં.૮૬૫ કનુભાઈ ભીખાજી ઠાકોરની જુબાનીના સારાંશ મુજબ આ આરોપી નં.૨૭, તપાસ કરનાર અધિકારી તથા આ સાહેદને લઈને જુદી–જુદી જગ્યાઓ જેવી કે અલમહમદી સોસાયટી મકાન નં.૧૦ ત્યાંથી રીક્ષામાં બેસીને ગયેલા તે જગ્યા, બીજી રીક્ષામાં બેસી ચંડોળા તળાવ ગયેલા તે જગ્યા, ગીતા મંદિર પાસેની જગ્યા જયાં ચા તથા બ્રીસ્ટોલ પીધેલી તે શ્રીરામ ચા વાળી જગ્યા, બોમ્બ બ્લાસ્ટ થયેલો તે ગોખલે પાનવાળી જગ્યા, દવાની દુકાનવાળી જગ્યા, શાકભાજીની લારીવાળી જગ્યા, સારંગપુર દરવાજા દુર્ગા ચંપલવાળી જગ્યાઓ બતાવેલી. જેનુ પંચનામુ આંક–૬૦૫૧ વાળુ સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ પંચો રૂબરૂ બનાવેલુ હતુ.

સાહેદ નં.૮૬૭ રાજુભઈ વિઠ્ઠલભાઈ ભરવાડની જુબાનીના સારાંશ મુજબ આ આરોપી નં.૨૭, તપાસ કરનાર અધિકારી તથા આ સાહેદને લઈને બોમ્બ બ્લાસ્ટ કરવા માટે જે દુકાનેથી સાઇકલો લીધેલી તે દુકાનવાળી જગ્યા જેવી કે જુહાપુરા વિસ્તારમાં આવેલી અપ્સરા સાઇકલની દુકાન, સ્ટાર સાઇકલની દુકાન, એમ.આર. સાઇકલની દુકાન, યુનાઈટેડ સાઇકલની દુકાન તથા ચંડોળા તળાવ રોડ ઉપર આવેલ પેટ્રોલપંપ સામેની સાઇકલની દુકાનવાળી જગ્યાઓ બતાવેલી.જેનુ પંચનામુ આંક–૬૦૬૪વાળુ સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ પંચો રૂબરૂ બનાવેલુ હતુ.

સાહેદ નં.૮૬૮ રાકેશ કાંતીલાલ પંચાલની જુબાનીના સારાંશ મુજબ આ આરોપી નં.૨૭, તપાસ કરનાર અધિકારી તથા આ સાહેદને લઈને જે જગ્યાઓ ઉપર બોમ્બવાળી સાઇકલો મુકેલી તે જગ્યાઓ જેવી કે સારંગપુર પાસે આવેલ સાઇકલની દુકાન તથા ગોમતીપુર સુથારવાડા ચાલી કે જે મકાનમાંથી સાઇકલ લીધેલી તે જગ્યા બતાવેલી. જેનુ પંચનામુ આંક-૬૦૬૮ વાળુ સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ પંચો રૂબરૂ બનાવેલુ હતુ.

સાહેદ નં.૯૦૧ મહેશભાઈ સુભાષભાઈ જેઠવાની જુબાનીના સારાંશ મુજબ આરોપી નં.૨૮, તપાસ કરનાર અધિકારી તથા આ સાહેદને લઈને આરોપી નં.૨૭ સાથે વિસ્ફોટક ભરેલી વેગન આર કાર સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરની બહાર મુકી દિલ્હી જવાનું હતુ જેથી કાલુપુર રેલવે સ્ટેશન ઉપર આવેલ પ્લેટ ફોર્મ નં.૧ મા વેઇટીંગ રૂમમાં બેઠેલા તે જગ્યા બતાવેલી. જેનુ પંચનામુ આંક-૬૪૫૧ વાળુ સાહેદ વી.આર.ટોળીયાનાઓએ પંચો રૂબરૂ બનાવેલુ હતુ.

સાહેદ નં.૧૧૦૭ નિતેશ ભીખાભાઈ રાજપુતની જુબાનીના સારાંશ મુજબ આરોપી નં.૭૫, તપાસ કરનાર અધિકારી તથા આ સાહેદને લઈને આરોપી નં.૨૭ ની સાથે કાલુપુર રોડ ઉપર આવેલ મ્યુનિસિપલ શાળા નં.૨/૧૭ પાસેથી ગેસના સીલીન્ડર ખરીદેલા તે જગ્યા બતાવેલી. જેનુ પંચનામુ આંક-૭૯૩૭ વાળુ સાહેદ નં.૧૧૧૬ કનુભાઈ નરોત્તમ પટેલનાઓએ પંચો રૂબરૂ બનાવેલુ હતુ.

સાહેદ નં.૮૨૮ વજુભાઈ કલ્યાણજીભાઈ ચોરસીયાની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદની દુકાનેથી આ આરોપી નં.૨૭ થેલી લઈ ગયેલો અને તે જગ્યા આરોપી નં.૨૭ નાઓએ આંક-૫૬૨૨ ના પંચનામાની વિગતે બતાવેલી. તેમજ સાહેદ નં.૮૨૯ ઐયુબભાઈ હુસેનભાઈ શેખની જુબાનીના સારાંશ મુજબ આરોપી નં.૨૭ આ સાહેદની દુકાનેથી સાઇકલ લઈ ગયેલ તે જગ્યા આરોપી નં.૨૭ નાઓએ આંક-૫૬૨૨ ના પંચનામાની વિગતે બતાવેલી. સાહેદ નં.૯૩૯ મહમદ અમીન ઉર્ફે મહમદ સલીમનાઓની જુબાનીના સારાંશ મુજબ આરોપી નં.૨૭ તથા ૩૭ નાઓએ તેમની ચાની કીટલી ઉપર ચા પીધેલી. સાહેદ નં.૯૫૪ પઠાણ અબ્દુલ સાજીદ અબ્દુલ મજીદની જુબાનીના સારાંશ

મુજબ આ સાહેદને ત્યાં આરોપી નં.૨૭ કંતાનના થેલામાં ગેસના બોટલ મુકીને ગયેલો અને ત્યારપછી પાછા લઈ ગયેલો. સાહેદ નં.૯૫૫ અલ્લારખા સત્તારભાઈ સંધીની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદને ત્યાંથી આરોપી નં.૨૭ જૂની સાઇકલ હીરો કંપનીની હતી તેનુ ગવન્ડર લઈ ગયેલો.

આંક–૧૨૨ વાળા તહોમતનામામાં જણાવ્યા મુજબ ઘણા બધા આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો એવા છે કે, તે બાબતે આ આરોપી નં.૨૭ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા કોઇ મૌખિક કે દસ્તાવેજી પ્રત્યક્ષ પુરાવો રજૂ થયેલો નથી. આ આરોપી નં.૨૭ જુદી–જુદી હોટલોમાં રોકાયો હોય, તે હોટલોના રજીસ્ટરોમાં ખોટા નામથી એન્ટ્રીઓ કરી હોય, ખોટા નામે સહીઓ કરેલી હોય તેમજ આ આરોપી નં.૨૭ નાઓએ ખોટા દસ્તાવેજ બનાવી તે દસ્તાવેજોનો સાચા તરીકે ઉપયોગ કર્યો હોય તેવા કોઇ પ્રત્યક્ષ પુરાવા આ આરોપી નં.૨૭ સામે નથી. પરંતુ આ અંગેના પ્રત્યક્ષ પુરાવા આરોપી નં.૧૪, ૩૭, ૪૩, ૪૫, ૪૬, ૬૯ અને ૭૦ વિરૂધ્ધ રજૂ થયેલા છે. જેથી કાવતરાના પેરામાં ચર્ચા કર્યા મુજબ તેમજ તે પેરામાં નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લીધેલા છે તે ચુકાદા મુજબ આરોપી નં.૨૭ નાઓ કોઈ હોટલમાં ખોટા નામે એન્ટ્રી કરી રોકાયેલા ન હોવા છતાં પણ અન્ય આરોપીઓ સાથે આરોપી નં.૨૭ ની સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે. આ ઉપરાંત આ આરોપી નં.૨૭ નાઓએ બનાવોમાં ઉપયોગમાં લીધેલ કોઇ વસ્તુ કે પુરાવાનો નાશ કર્યો હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો નથી. આ ઉપરાંત આ બનાવો બન્યા બાદ બનાવોમાં સંડોવાયેલા અન્ય કોઇ આરોપીને આશ્રય આપેલો હોય, તેઓને છુપાવેલા હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો આરોપી નં.૨૭ કે અન્ય આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ નથી. આ આરોપી નં.૨૭ સીમીના સભ્ય હોવાનો મૌખિક પુરાવો છે. સાહેદ નં.૯૫૭ જાકીર હુસેન, સાહેદ નં.૧૧૪૧ એયાજ સૈયદ તથા આરોપી નં.૨,૨૪,૭૬ ના કબૂલાત નિવેદન મુજબ આ આરોપી નં.૨૭ સીમીનો સભ્ય છે. સીમી સંગઠન ઉપર ભારત સરકાર દ્વારા પ્રતિબંધ મુકવામાં આવેલો છે તે અંગેનું જાહેરનામું ભારત સરકારના રાજપત્રમાં પ્રસિધ્ધ પણ થયેલું છે માટે સીમી સંગઠનની જાહેરમાં કોઇ ઑફિસ ન

હોય અને સીમી અંગેનો કોઇ દસ્તાવેજી પુરાવો ન હોય તે સ્વાભાવિક છે અને તેના કારણે તપાસ કરનાર અધિકારીઓ પૈકી કોઇપણ અધિકારીને સીમી બાબતે તપાસ દરમ્યાન કોઇ દસ્તાવેજી પુરાવો મળેલો નથી. સીમીની કાર્યવાહી પ્રતિબંધના કારણે ગુપ્તરીતે થતી હોય છે. સીમી સંગઠનનું કોઇ રેકર્ડ જાહેરમાં પ્રસિધ્ધ થયેલું નથી. સીમી સંગઠનમાં કોઇ આરોપી સભ્ય બનેલા હોય તો તે અંગેની કોઇ પાવતી કે દસ્તાવેજી પુરાવો ન હોય. આ આરોપી નં.૨૭ સીમી સંગઠનમાં સક્રિય છે તેવું આરોપી સામેના મૌખિક પુરાવાથી પુરવાર થાય છે. આ ઉપરાંત આરોપી નં.૬૮ નાઓએ આંક–૯૨૪૮ થી **"કનેકશન ઓફ સીમી"** અંગે એક દસ્તાવેજ રજૂ કરેલો છે તે વંચાણે લેતા સીમી સંગઠન વિશે તથા તેના હોદ્દેદારો, સભ્યો અને પ્રાદેશિક સભ્યો, સીમી સંગઠનનો હેતુ બાબતે તમામ હકીકતો જણાવેલી છે. પરંતુ સંગઠનને કોઇ નાણાકીય સહાય પુરી પાડી હોય અથવા નાણાકીય સહાય પુરી પાડવા કોઇ અન્ય વ્યકિત પાસે મદદ માંગી હોય તેવો ફરિયાદપક્ષ તરફથી કોઇ પ્રત્યક્ષ પુરાવો આ આરોપી કે અન્ય આરોપીઓ વિરૂધ્ધ રજૂ થયેલો નથી. આ આરોપી નં.૨૭ નાઓએ બનાવો બનતા પહેલા આતંકવાદી ઇ–મેઇલ કર્યા હોય તેવા કોઇ ઇ–મેઇલ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા નથી. આ આરોપી નં.૨૭નાઓએ કોઇ કમ્પ્યુટરમાંથી આતંકવાદી ઇ–મેઇલ કર્યા હોય અને ઇ–મેઇલ કર્યા પછી તે ઇ–મેઇલ કમ્પ્યુટરમાંથી ડિલીટ કર્યા હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આરોપી નં.૩૩ તથા ૩૪ નાઓએ ઈન્ડિયા ટીવીને આતંકવાદી ઈ–મેઈલ કરેલાનો આક્ષેપ છે પરંતુ રજૂ થયેલા ઈ–મેઈલ ધ્યાને લેતા તે આક્ષેપ પુરવાર થતા નથી. આ આરોપી પાસેથી પરવાના વિનાનો કોઇ દેશી તમંચો કે હથિયાર કબજે કરવામાં આવ્યુ હોય તેવો પણ કોઇ સીધો પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીઓ તથા આ આરોપી વિરૂધ્ધ સમગ્ર પુરાવા ધ્યાને લેતા અમદાવાદ શહેરમાં થયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોના કાવતરામાં અને

તેની સાથે સંલગ્ન સુરત શહેરના બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં આ આરોપી નં.૨૭ ની શરૂઆતથી લઈને બનાવોના અંત સુધી સક્રિય ભૂમિકા રહેલી છે આ આરોપી નં.૨૭ સામે આંક–૧૨૨ મુજબના તહોમતનામામાં જે આક્ષેપો ફરમાવવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો પુરવાર થાય છે તેમ હું માનું છું. વાઘમોન ખાતે ડિસેમ્બર–૨૦૦૮ મા આરોપીઓએ તાલીમ કેમ્પ રાખેલો હતો અને તે કેમ્પમાં આ આરોપી પણ હાજર હતો. આ કેમ્પ બાબતે અર્નાકુલ્લમ ખાતે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાયેલી અને તે ફરિયાદના કામે કુલ–૩૮ આરોપીઓને અટક કરવામાં આવેલા. તે કામે તપાસના કામે ૩૮ આરોપીઓ વિરૂધ્ધ અદાલતમાં ચાર્જશીટ દાખલ થયેલો જેનો એન.આઈ.એ. કેસ નં.૨/૨૦૧૧ હતો. તે કામે આ આરોપીને આરોપી નં.૨૦ તરીકે દર્શાવેલ છે. તે કેસમાં એન.આઈ.એ. કોર્ટ અર્નાકુલ્લમ દ્વારા તા.૧૫.૫.૨૦૧૮ ના રોજ ચુકાદો આપવામાં આવેલ છે તે ચુકાદામાં આ આરોપીને નિર્દોષ જાહેર કરેલ છે. પરંતુ આ આરોપીની વાઘમોન ઉપરાંત હાલોલ–પાવાગઢના કેમ્પોમાં પણ હાજરી છે તથા જુદી–જુદી આતંકવાદી તાલીમો મેળવેલી છે. એટલુ જ નહીં જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગોમાં હાજર રહેલો છે અને દેશ વિરૂધ્ધ પ્રવૃત્તિઓ કરેલ છે માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૦૦ આ આરોપી બાબતે લાગુ પડશે નહીં. ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૨૭ ની ભૂમિકા બાબતે તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન કરતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૨૭ વિરૂધ્ધ મુદ્દા નં.૧ થી ૧૩, ૧૬ થી ૧૯, ૨૧ થી ૨૪, ૨૬ થી ૩૨ પુરવાર કરે છે. જયારે મુદ્દા નં. ૧૪,૧૫, ૨૦,૨૫, ૩૩ થી ૩૫ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવુ છું.

આરોપી નં.૨૮ અફઝલ ઉર્ફે અફસર ઉર્ફે રાજા ઉર્ફે અજીતસીંગ ઉર્ફે સંજય પાંડે ઉર્ફે ઉસ્માની મુતલીબ ઉસ્માની

સાહેદ નં.૮૮૫ હસનઅલી અહેમદભાઈ સુણસરાની જુબાનીના સારાંશ મુજબ હોટલ શ્રીનાથ નેશનલ હાઈવે નં.૮, પારડી ખાતે આરોપી નં.૨૮,

૬૯, ૭૦ આ સાહેદની હોટલમાં રોકાયેલા હતા. આ સાહેદે આ આરોપીઓને સાહેદ નં.૫૭૫ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ કીર્તનભાઈ ચતુરભાઈ પટેલની રૂબરૂમાં ઓળખ પરેડના પંચનામાની વિગતે ઓળખી બતાવેલા હતા.

સાહેદ નં.૫૭૫ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ કિર્તનભાઈ ચતુરભાઈ પટેલની જુબાનીના સારાંશ મુજબ સાહેદ નં.૮૮૫ હસનઅલી અહેમદભાઈ સુણસરાએ આ સાહેદની રૂબરૂમાં આરોપી નં.૨૮ ને પોતાની સમક્ષ થયેલી ઓળખ પરેડમાં ઓળખી બતાવેલાની હકીકત જણાવે છે. ઉપરોકત એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ સરકારી અધિકારી છે અને તેઓની રૂબરૂમાં ઓળખ પરેડ અંગેની જે કાંઇ કાર્યવાહી કરેલી તે તેઓની ફરજના ભાગરૂપે હતી. આરોપી સાથે તેઓને કોઇ દુશ્મનાવટ નથી અને તેમની રૂબરૂ થયેલી ઓળખ પરેડની કાર્યવાહી તેમણે યોગ્ય રીતે કરેલી તેવી અપેક્ષા હોય છે જે નહિ માનવાને કોઇ કારણ નથી.

સાહેદ નં.૩૫૦ લખાજી કાળાજી ઠાકોરની જુબાનીના સારાંશ મુજબ સિવિલ હોસ્પિટલ ટ્રોમા સેન્ટર પાસે જે બોમ્બ બ્લાસ્ટ થયેલો તે જગ્યાનું પંચનામુ તપાસ કરનાર અધિકારીએ આ સાહેદની રૂબરૂમાં બનાવેલુ. આરોપી નં.૨૮ ની અટક કર્યા બાદ આ આ જગ્યા આરોપી નં.૨૮ નાઓએ આંક–૬૪૩૮ ના પંચનામાની વિગતે આગળ ચાલીને બતાવેલી હતી.

સાહેદ નં.૮૦૨ કમલેશ રમણીકલાલ વસંતની જુબાનીના સારાંશ મુજબ તા.૧૬.૭.૨૦૦૮ તથા ૨૩.૭.૨૦૦૮ ના રોજ ફોરવ્હીલ ગાડી નં. એમએચ–૫–એચ–૫૭૬૪ નંબર જીજે–૬–સીડી–૯૭૧૮ તથા જીજે–૬–સીડી–૨૯૦૮ વાળી ગાડીઓ વડોદરા–અમદાવાદ એકસપ્રેસ હાઈવે ઉપરથી પસાર થયેલ તેની વિગત આ સાહેદે આપેલ હતી. ફરિયાદપક્ષના આક્ષેપ મુજબ આ આરોપી નં.૨૮, ૬૯, ૭૦ મુંબઈ મુકામેથી આ ગાડીઓ ચોરી કરીને લઈ આવેલા હતા અને આ ગાડીઓ વડોદરા–અમદાવાદ એકસપ્રેસ હાઈવે દ્વારા અમદાવાદ આવેલી હતી.

આરોપી નં.૨૮ નાઓએ એલ.જી.હોસ્પિટલના કમ્પાઉન્ડમાં વિસ્ફોટક ભરેલી જે કાર મુકેલી તે કાર આરોપી નં.૨૮નાએ કાલુપુર સ્ટેશન પર

આવેલ પાર્કીંગ પ્લોટ નં.૧ માં પાર્ક કરેલી હતી અને તેની એન્ટ્રી કમ્પ્યુટરમાં થયેલી તે કમ્પ્યુટરની હાર્ડ ડીસ્ક સાહેદ નં.૮૯૨ રમણભાઈ ગોવિંદભાઈ ચૌહાણનાઓ તથા એફ.એસ.એલ. અધિકારીશ્રી સંઘવીની હાજરીમાં તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયાએ આંક–૬૩૪૯ વાળા પંચનામાની વિગતે પંચો રૂબરૂ કબજે કરેલી હતી.

આરોપી નં.૨૮ નાઓ મુંબઈથી કાર ચોરીને અમદાવાદ લઈ આવેલા અને આરોપી નં.૬૯ ની સાથે અમદાવાદમાં રીલીફ રોડ ઉપર આવેલ જકકરીયા મસ્જિદ પાસેની હોટલ પ્રિન્સ પેલેસમાં રોકાયેલા અને તે હોટલના રજીસ્ટરમાં એન્ટ્રી નં.૧૩૨૬ કરેલી હતી. તે હોટલનું રજીસ્ટર સાહેદ નં.૯૨૦ વિજય માનજીભાઈ વાડીકરનાઓએ રજૂ કરેલુ જે તપાસ કરનાર અધિકારીએ પંચનામાની વિગતે પંચો રૂબરૂ કબજે કરેલુ હતુ.

આરોપી નં.૨૮ મારૂતી ફ્રન્ટી અમદાવાદ મુકામે લઈ આવતા હતા ત્યારે વડોદરા–અમદાવાદ એકસપ્રેસ હાઈવે ઉપર નડીયાદ નજીક આવેલા રીલાયન્સ પેટ્રોલ પંપ ઉપર ગાડીનું રીપેરીંગ કરાવેલુ અને રીપેરીંગના રૂા.૨૬૦૦/– ચુકવવામાં આવેલા તેવુ સાહેદ નં.૯૫૧ ગુલામહુસેન રસુલભાઈ ગાયકવાડ જણાવે છે. પરંતુ આ સાહેદ આરોપી નં.૨૮ નુ નામ જણાવતા નથી કે ઓળખતા નથી.

આરોપી નં.૨૮ નાઓ અમદાવાદ ખાતે સિવિલ હોસ્પિટલ અને એલ.જી. હોસ્પિટલમાં વિસ્ફોટક ભરેલી કારો મુકયા બાદ તેઓ દિલ્હી જવા માટે કાલુપુર રેલવે સ્ટેશન પ્લેટ ફોર્મ નં.૧ ઉપર આવેલ વેઈટીંગ રૂમમાં બેઠેલા હતા અને ત્યાં તેને રજીસ્ટરમાં એન્ટ્રી કરેલી તે રજીસ્ટરનું પાનુ સાહેદ નં.૯૬૩ શાંતિલાલ જેસીંગભાઈ પરમારનાઓએ રજૂ કરેલુ અને આ જગ્યા આરોપી નં.૨૮ નાઓએ આંક–૬૪૫૧ ના પંચનામાની વિગતે આગળ ચાલીને બતાવેલી હતી.

સાહેદ નં.૯૬૮ અર્જુનસિંહ મોહનસિંહ પરીહારની જુબાનીના સારાંશ મુજબ મુંબઈથી ગોવા જવાના રોડ ઉપર બાલાજી હોટલ ખાતે આરોપી નં.૨૮, ૬૯ રોકાયેલા હતા અને આરોપી નં.૨૮ ખોટા નામથી રોકાયેલા હતા. તે

હોટલનુ રજીસ્ટર પાના નં.૧૦ તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૦૭૫ વિજયસિંહ જુવાનસિંહ જાડેજાએ આંક–૬૭૮૨ વાળા પંચનામાની વિગતે પંચો રૂબરૂ કબજે કરેલુ.

આંક–૧૨૨ વાળા તહોમતનામામાં જણાવ્યા મુજબ ઘણા બધા આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો એવા છે કે, તે બાબતે આ આરોપી નં.૨૮ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા કોઇ મૌખિક કે દસ્તાવેજી પ્રત્યક્ષ પુરાવો રજૂ થયેલો નથી. આ આરોપી નં.૨૮ જુદી–જુદી હોટલોમાં આરોપી નં.૬૯ સાથે રોકાયો હતો પરંતુ તે હોટલોના રજીસ્ટરોમાં ખોટા નામથી આ આરોપીએ પોતે એન્ટ્રીઓ કરી હોય, ખોટા નામે સહીઓ કરેલી હોય તેમજ આ આરોપી નં.૨૮નાઓએ ખોટા દસ્તાવેજ બનાવી તે દસ્તાવેજોનો સાચા તરીકે ઉપયોગ કર્યો હોય તેવા કોઇ પ્રત્યક્ષ પુરાવા આ આરોપી નં.૨૮ સામે નથી. પરંતુ આ અંગેના પ્રત્યક્ષ પુરાવા આરોપી નં.૧૪, ૩૭, ૪૩, ૪૫, ૪૬, ૬૯ અને ૭૦ વિરૂધ્ધ રજૂ થયેલા છે. જેથી કાવતરાના પેરામાં ચર્ચા કર્યા મુજબ તેમજ તે પેરામાં નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લીધેલા છે તે ચુકાદા મુજબ આરોપી નં.૨૮નાઓ કોઈ હોટલમાં ખોટા નામે એન્ટ્રી કરી રોકાયેલા ન હોવા છતાં પણ અન્ય આરોપીઓ સાથે આરોપી નં.૨૮ની સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે. આ ઉપરાંત આ આરોપી નં.૨૮નાઓએ બનાવોમાં ઉપયોગમાં લીધેલ કોઇ વસ્તુ કે પુરાવાનો નાશ કર્યો હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો નથી. આ ઉપરાંત આ બનાવો બન્યા બાદ બનાવોમાં સંડોવાયેલા અન્ય કોઇ આરોપીને આશ્રય આપેલો હોય, તેઓને છુપાવેલા હોય તેવો પણ કોઇ સીધો પુરાવો આરોપી નં.૨૮ કે અન્ય આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ નથી. આ આરોપી નં.૨૮ સીમીના સભ્ય હોવાનો કોઈ પ્રત્યક્ષ પુરાવો નથી. આ ઉપરાંત આ આરોપી નં.૨૮ સીમીની મીટીંગોમાં જુદી–જુદી જગ્યાઓ ઉપર હાજર રહેલો હોય, કોઈ ભાષણો કરેલા હોય, ભારત કે રાજય સરકાર વિરૂધ્ધ યુધ્ધ છેડવાનો પ્રયત્ન કર્યો હોય કે ધર્મ અને જાતિઓ વચ્ચે વૈમનસ્ય પેદા થાય તેવુ કોઈ કૃત્ય કરેલુ હોય તેવો પણ કોઈ પ્રત્યક્ષ પુરાવો આ આરોપી નં.૨૮ સામે રજૂ થયેલો નથી. આ આરોપી નં.૨૮નાઓએ બનાવો

બનતા પહેલા આતંકવાદી ઈ–મેઈલ કર્યા હોય તેવા કોઇ ઈ–મેઈલ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા નથી. આ આરોપી નં.૨૮ નાઓએ કોઇ કમ્પ્યુટરમાંથી આતંકવાદી ઈ–મેઈલ કર્યા હોય અને ઈ–મેઈલ કર્યા પછી તે ઈ–મેઈલ કમ્પ્યુટરમાંથી ડિલીટ કર્યા હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આરોપી નં.૩૩ તથા ૩૪ નાઓએ ઈન્ડિયા ટીવીને આતંકવાદી ઈ–મેઈલ કરેલાનો આક્ષેપ છે પરંતુ રજૂ થયેલા ઈ–મેઈલ ધ્યાને લેતા તે આક્ષેપ પુરવાર થતા નથી. આ આરોપી પાસેથી પરવાના વિનાનો કોઇ દેશી તમંચો કે હથિયાર કબજે કરવામાં આવ્યુ હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ આરોપી વિરૂધ્ધ સમગ્ર પુરાવા ધ્યાને લેતા અમદાવાદ શહેરમાં થયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોના કાવતરામાં અને તેની સાથે સંલગ્ન સુરત શહેરના બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં આ આરોપી નં.૨૮ ની શરૂઆતથી લઇને બનાવોના અંત સુધી સક્રિય ભૂમિકા રહેલી છે આ આરોપી નં.૨૮ સામે આંક–૧૨૨ મુજબના તહોમતનામામાં જે આક્ષેપો ફરમાવવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો પુરવાર થાય છે તેમ હું માનું છું.

આ આરોપી વાઘમોન તથા હાલોલ–પાવાગઢના આતંકવાદી તાલીમ કેમ્પોમાં હાજર રહયો હોય અને જુદી–જુદી તાલીમો લીધી હોય તેવા કોઈ પ્રત્યક્ષ પુરાવા આ આરોપી સામે રજૂ થયેલા નથી. પરંતુ આ આરોપી મુંબઈ મુકામેથી મારૂતિ ગાડીઓ ચોરીને સુરત તથા અમદાવાદ મુકામે લઈ આવેલો. તે પૈકી એક ગાડી કાલુપુર રેલવે સ્ટેશનના પાર્કીંગમાં પાર્ક કરેલી હતી અને બીજી ગાડી અલમહમદી સોસાયટી પાસે પાર્ક કરેલી હોવાની હકીકત રેકર્ડ ઉપર આવે છે. ત્યારબાદ તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ આ બંને ગાડીઓમાં ગેસના બોટલો સાથે બોમ્બ મુકીને એક ગાડી એલ.જી. હોસ્પિટલના પાર્કીંગમાં તથા બીજા ગાડી સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરની પાસે મુકવામાં આવેલી છે. ત્યારબાદ આ આરોપી દિલ્હી જવા માટે કાલુપુર રેલવે સ્ટેશને ગયેલા છે. આ આરોપી સીમીની જુદી–જુદી જગ્યાએ થયેલી મીટીંગોમા હાજર રહયા અંગેનો પ્રત્યક્ષ પુરાવો નથી પરંતુ સાથે સાથે એ પણ ધ્યાનમાં લેવુ પડે કે આ ગાડી એલ.જી. હોસ્પિટલના

પાર્કીંગમાં તથા સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરની પાસે મુકવાની છે તેવી કેવી રીતે ખબર પડી ? માટે તેનો અર્થ એવો થાય કે આ આરોપી પણ પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે અન્ય આરોપીઓની સાથે મીટીંગમાં હાજર રહી કાવતરામાં સામેલ થયેલો છે. માટે અન્ય સહઆરોપીઓ સાથે આ આરોપીની પણ સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે. આ આરોપીએ એલ.જી.હોસ્પિટલના પાર્કીંગમાં તથા સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરની બાજુમાં ગેસના સીલીન્ડરો ભરેલી બોમ્બ સાથેની મારુતિ ગાડીઓ મુકેલી છે અને મોટા પાયે જાનમાલને નુકસાન કરેલુ છે. ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૨૮ ની ભૂમિકા બાબતે આ ઉપરાંત તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીઓ તથા તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન કરતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૨૮ વિરૂધ્ધ મુદ્દા નં.૧ થી ૧૩, ૧૬ થી ૧૯, ૨૧ થી ૨૪, ૨૬ થી ૩૨ પુરવાર કરે છે. જયારે મુદ્દા નં. ૧૪,૧૫, ૨૦,૨૫, ૩૩ થી ૩૫ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવુ છું.

આરોપી નં.૨૯ મહંમદ જાકીર અબ્દુલહક શેખ

આરોપી નં.૨૯ સુરત ખાતે ગુનાવાળો પદાર્થ ભરેલી ફોર વ્હીલ ગાડી એક જગ્યાએ મુકવાની હતી તે જગ્યા ઉપર આ આરોપી નં.૨૯ ગાડી લઈને ગયેલો અને તે જગ્યા ઉપર જઈ તેના મિત્ર સાદીક તથા આરીફને ભાગા તળાવ, આજવા સ્વીટવાળી જગ્યા ઉપર આવેલ પી.સી.ઓ. ઉપરથી ફોન કરીને પુછેલુ કે આ ગાડી કયા મુકવાની છે. આ આરોપી નં.૨૯ નાએ પોતાની અટક થયા પછી સાહેદ નં.૯૬૦ અબ્બાસભાઈ ઈસ્માઈલભાઈ મુલતાનીની હાજરીમાં આ જગ્યા બતાવેલી હતી. જેનુ પંચનામુ સાહેદ નં.૧૧૧૯ કે.એન.પટેલનાઓએ બનાવેલુ. પરંતુ આ આરોપીએ કાર મુકેલી કે કેમ? તેમજ કઈ જગ્યા ઉપર કાર મુકેલી તે

અંગે કોઈ પુરાવો રજૂ થયેલો નથી કે તે બાબતે કોઈ પંચનામુ બનાવવામાં આવેલુ હોય તો તેવુ પંચનામુ પણ રજૂ કરવામાં આવેલુ નથી.

સાહેદ નં.૧૦૬૫ રજાહુસેન શરીફભાઈ મુસબજીની જુબાનીના સારાંશ મુજબ તેઓ આજવા સ્વીટસ નામની દુકાન ઉપર મેનેજર હતા અને ત્યાં દુકાન ઉપર પોલીસ આરોપી નં.૨૯ ને લઈને આવેલી હતી તેમ જણાવે છે. આમ આ દુકાન ઉપર આરોપી નં.૨૯ ગયેલો હતો માટે તેની અટક કર્યા પછી આરોપી નં.૨૯ તપાસ કરનાર અધિકારીને લઈ આ દુકાન ઉપર ગયેલો.

આ આરોપી નં.૨૯ ઉપર આંક–૧૨૨ ના તહોમતનામા મુજબ ફરિયાદપક્ષ દ્વારા જે આક્ષેપો મુકવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી એક પણ આક્ષેપ મૌખિક કે દસ્તાવેજી પુરાવાથી ફરિયાદપક્ષ શંકારહિત પુરવાર કરી શકેલ નથી. આ આરોપી વાઘમોન તથા હાલોલ–પાવાગઢના જંગલોમાં આતંકવાદી તાલીમ કેમ્પોમા હાજર રહયો હોય, જુદી–જુદી તાલીમો મેળવેલી હોય, અન્ય આરોપીઓએ જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગો કરી છે અને તે મીટીંગોમાં આ આરોપી હાજર રહયો હોય, જેહાદી ભાષણો કર્યા હોય કે સાંભળ્યા હોય, કોઈ મકાનમાં રહીને અન્ય આરોપીઓને બોમ્બ બનાવવામાં મદદ કરી હોય, બોમ્બ બનાવવા માટેની કોઈ સામગ્રી ખરીદેલી હોય, જે જગ્યા ઉપર બોમ્બ મુકવામાં આવેલા તે જગ્યાઓની રેકી કરી હોય કે કોઈ જગ્યા ઉપર જઈને બોમ્બ મુકેલા હોય, આતંકવાદી ઈ–મેઈલ કર્યા હોય, કોઈ આરોપીને આશ્રય આપ્યો હોય, કોઈ પુરાવાનો નાશ કર્યો હોય કે કાવતરામાં અન્ય આરોપીઓ સાથે સમાન ઈરાદો પાર પાડવા હાજર રહયો અને આ બનાવોમાં અન્ય આરોપીઓને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદ કરી હોય તેવો એક પણ પુરાવો શંકારહિત આ આરોપી વિરૂધ્ધ રજૂ કરવામાં આવેલો નથી. જે પુરાવો રજૂ થયેલો છે તે પુરાવા ઉપરથી આરોપીની આ ગુનામાં સંડોવણી બાબતે પુરતો પુરાવો નથી તેમ હું માનુ છું. આ આરોપી આ ગુનાઓમાં સંડોવાયેલો છે તે અંગેના પુરાવા એકત્ર કરી જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી નં.૨૯ સામે ભારતીય ફોજદારી ધારાની કલમ–૧૨૧(એ), ૧૨૪(એ), ૧૫૩(એ) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા

માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૬ મુજબની તથા અનલોફુલ એકટીવીટી એકટની કલમ–૧૦,૧૩,૧૬,૧૮ વિગેરે મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કલમ–૪૫ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે સરકારશ્રીને દરખાસ્તો કરેલી અને જુદા–જુદા સક્ષમ અધિકારીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી સામે એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ–૩,૪,૫,૬ મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૭ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે જુદા–જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓને દરખાસ્તો કરેલી અને જુદા–જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત આ આરોપી નં.૨૯ સામે આર્મ્સ એટની કલમ –૨૫(૧)(બી) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૩૯ હેઠળ મંજૂરી મેળવવા માટે પોલીસ કમિશનરશ્રીને મંજૂરી મેળવવા માટે દરખાસ્તો કરેલી અને પોલીસ કમિશનરશ્રીઓ પાસેથી મંજૂરી મેળવેલી જે રજૂ કરેલી છે. દરખાસ્તો સાથે જે પુરાવા આરોપી નં.૨૯ વિરૂધ્ધના રજૂ કરેલા તે પૈકી એક પણ પુરાવો ફરિયાદ પક્ષ દ્વારા રજૂ થયેલો નથી. ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૨૯ ની ભૂમિકા બાબતે તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન કરતા આ આરોપી આ ગુનામાં સંડોવાયેલો હોય તે હકીકત શંકાસ્પદ છે. આ આરોપીએ ગાડી કયાં મુકવાની છે તે બાબતે જે જગ્યા ઉપરથી ફોન કરેલો તે જગ્યા બતાવેલી અને તે અંગેનુ પંચનામુ બનાવવામાં આવેલુ છે પરંતુ ગાડી કઈ જગ્યાએ મુકેલી તે જગ્યાનુ પંચનામુ બનાવવામાં આવેલુ નથી. માત્ર આ પુરાવા ઉપરથી આરોપીની સંડોવણી શંકાસ્પદ બને છે. જે પુરાવો રજૂ થયેલો છે તે આ આરોપી વિરૂધ્ધ પુરતો નથી. તપાસ કરનાર અમલદાર સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાઓની જુબાનીઓમાંથી પણ આ આરોપીની સંડોવણી શંકાસ્પદ હોવાનું માલુમ પડે છે. ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ

બનાવોમાં આરોપી નં.૨૯ ની ભૂમિકા બાબતે તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન કરતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૨૯ વિરૂધ્ધ તમામ મુદ્દાઓ સબંધે કેસ શંકારહિત પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવુ છું.

આરોપી નં.૩૦ મોહંમદસાદીક ઉર્ફે યાસીર ઉર્ફે ઈમરાન ઉર્ફે સદાકત ઉર્ફે સહાદત ઈશરારઅહેમદ શેખ રામસુલહકક શેખ

આરોપી નં.૨૯ સુરત ખાતે ગુનાવાળો પદાર્થ ભરેલી ફોર વ્હીલર ગાડી એક જગ્યાએ મુકવાની હતી તે જગ્યા ઉપર આરોપી નં.૨૯ ગાડી લઈને ગયેલો અને તે જગ્યા ઉપરથી આ આરોપી નં.૩૦ તથા આરીફને ભાગા તળાવ, આજવા સ્વીટવાળી જગ્યા ઉપર આવેલ પી.સી.ઓ. ઉપરથી ફોન કરીને પુછેલુ કે આ ગાડી કયા મુકવાની છે. આરોપી નં.૨૯નાએ જે એસ.ટી.ડી. પી.સી.ઓ. ઉપરથી ફોન આ આરોપીને કરેલો તે જગ્યા આરોપી નં.૨૯નાએ સાહેદ નં.૯૬૦ અબ્બાસભાઈ ઈસ્માઈલભાઈ મુલતાનીની હાજરીમાં આંક–૬૭૪૨ વાળા પંચનામાની વિગતે બતાવેલી હતી. પરંતુ તે કઈ જગ્યા ઉપર ફોરવ્હીલ પાર્ક કરેલી તે અંગેની કોઈ હકીકત કે પુરાવો રેકર્ડ ઉપર રજૂ થયેલો નથી.

સાહેદ નં.૧૧૨૮ સુનીલ રસીકલાલ શાહની જુબાનીના સારાંશ મુજબ આરોપી નં.૩૦, તપાસ કરનાર અધિકારી તથા આ સાહેદને લઈને મુંબઈ ખાતે અબ્દુલ રહેમાન સ્ટ્રીટમાં આવેલી એક દુકાન ઉપર લઈ ગયેલો. તે દુકાનનો નં.૫૮ હતો અને તે દુકાનેથી આ આરોપી નં.૩૦ તથા આરીફ શેખનાઓએ ટાઈમર ઘડિયાળો ખરીદેલી હતી તે જગ્યા બતાવેલી અને તે અંગેનુ પંચનામુ આંક–૮૦૯૩ વાળુ તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમારે પંચોની રૂબરૂ બનાવેલુ હતુ. સુરત બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં તથા અમદાવાદમાં બોમ્બ બ્લાસ્ટના જે બનાવો બનેલા તેમાં પણ ટાઈમર ઘડિયાળોનો ઉપયોગ થયેલો હતો. આ આરોપીએ બોમ્બ બનાવવા માટે ઉપયોગમાં લીધેલ ઘડિયાળો મુંબઈ મુકામેથી ખરીદ કરીને લાવેલો અને અન્ય આરોપીઓને પુરા પાડેલા છે. અન્ય આરોપીઓએ આ ઘડિયાળોનો ઉપયોગ

ટાઈમર ગોઠવીને બોમ્બ બનાવવામાં કરેલો છે. આ આરોપીએ અન્ય સહાઆરોપીઓ કે જેઓ સીમીના સભ્યો છે તેવા આરોપીઓને સહાય કરી પ્રોત્સાહન આપેલુ છે. જેથી આ આરોપી પણ અન્ય આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થયેલો છે માટે બીજા આરોપીઓએ કરેલા ગુના માટે પણ આ આરોપી અન્ય આરોપીઓની જેમ જ જવાબદાર છે. આ આરોપીની પણ સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે.

આંક–૧૨૨ વાળા તહોમતનામામાં જણાવ્યા મુજબ ઘણા બધા આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો એવા છે કે, તે બાબતે આ આરોપી નં.૩૦ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા કોઇ મૌખિક કે દસ્તાવેજી સીધો પુરાવો રજૂ થયેલો નથી. આ આરોપી વાઘમોન તથા હાલોલ–પાવાગઢના જંગલોમાં આતંકવાદી તાલીમ કેમ્પોમા હાજર રહયો હોય, જુદી–જુદી તાલીમો મેળવેલી હોય, કોઈ મકાનમાં રહીને અન્ય આરોપીઓને બોમ્બ બનાવવામાં મદદ કરી હોય તેવો પુરાવો આ આરોપી વિરૂધ્ધ રજૂ કરવામાં આવેલો નથી. આ આરોપી નં.૩૦ જુદી–જુદી હોટલોમાં રોકાયો હોય, તે હોટલોના રજીસ્ટરોમાં ખોટા નામથી એન્ટ્રીઓ કરી હોય, ખોટા નામે સહીઓ કરેલી હોય તેમજ આ આરોપી નં.૩૦ નાઓએ ખોટા દસ્તાવેજ બનાવી તે દસ્તાવેજોનો સાચા તરીકે ઉપયોગ કર્યો હોય તેવા કોઇ પ્રત્યક્ષ પુરાવા આ આરોપી નં.૩૦ સામે નથી. પરંતુ આ અંગેના પ્રત્યક્ષ પુરાવા આરોપી નં.૧૪, ૩૭, ૪૩, ૪૫, ૪૬, ૬૯ અને ૭૦ વિરૂધ્ધ રજૂ થયેલા છે. જેથી કાવતરાના પેરામાં ચર્ચા કર્યા મુજબ તેમજ તે પેરામાં નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લીધેલા છે તે ચુકાદા મુજબ આરોપી નં.૩૦ નાઓ કોઈ હોટલમાં ખોટા નામે એન્ટ્રી કરી રોકાયેલા ન હોવા છતાં પણ આ આરોપી અન્ય આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થયેલો છે જેથી અન્ય આરોપીઓની સાથે આ આરોપી નં.૩૦ ની પણ સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે. આ ઉપરાંત આ આરોપી નં.૩૦ નાઓએ બનાવોમાં ઉપયોગમાં લીધેલ કોઇ વસ્તુ કે પુરાવાનો નાશ કર્યો હોય તેવો પણ કોઈ પ્રત્યક્ષ પુરાવો નથી. આ ઉપરાંત આ બનાવો બન્યા બાદ બનાવોમાં સંડોવાયેલા અન્ય કોઇ આરોપીને આશ્રય આપેલો હોય, તેઓને

છુપાવેલા હોય તેવો પણ કોઈ પ્રત્યક્ષ પુરાવો આરોપી નં.૩૦ કે અન્ય આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ નથી. આ આરોપી નં.૩૦ સીમીના સભ્ય હોવાનો કોઈ પ્રત્યક્ષ પુરાવો નથી. આ ઉપરાંત આ આરોપી નં.૩૦ સીમીની મીટીંગોમાં જુદી–જુદી જગ્યાઓ ઉપર હાજર રહેલો હોય, કોઈ ભાષણો કરેલા હોય, ભારત કે રાજય સરકાર વિરૂધ્ધ યુધ્ધ છેડવાનો પ્રયત્ન કર્યો હોય કે ધર્મ અને જાતિઓ વચ્ચે વૈમનસ્ય પેદા થાય તેવુ કોઈ કૃત્ય કરેલુ હોય તેવો પણ કોઈ પ્રત્યક્ષ પુરાવો આ આરોપી નં.૩૦ સામે રજૂ થયેલો નથી. આ આરોપી નં.૩૦ નાઓએ બનાવો બનતા પહેલા આતંકવાદી ઇ–મેઇલ કર્યા હોય તેવા કોઇ ઇ–મેઇલ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા નથી. આ આરોપી નં.૩૦ નાઓએ કોઇ કમ્પ્યુટરમાંથી આતંકવાદી ઇ–મેઇલ કર્યા હોય અને ઇ–મેઇલ કર્યા પછી તે ઇ–મેઇલ કમ્પ્યુટરમાંથી ડિલીટ કર્યા હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ આરોપી પાસેથી પરવાના વિનાનો કોઇ દેશી તમંચો કે હથિયાર કબજે કરવામાં આવ્યુ હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ આરોપીએ ફોરવ્હીલ ગાડી કયાં મુકવાની છે તે અંગેની વાતચીત આરોપી નં.૨૯ સાથે કરેલી તેમજ આ આરોપીએ અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, મુંબઈ ખાતે આવેલી દુકાનેથી ટાઈમર ઘડિયાળો ખરીદેલી હતી. આ રજૂ થયેલ પુરાવા ધ્યાને લેતા સીમી સંગઠનના અન્ય સભ્યોને ઘડિયાળો ખરીદીને બોમ્બ બનાવવામાં મદદ કરેલી છે. આ આરોપીએ સીમી સંગઠનની ગેરકાયદેસરની પ્રવૃત્તિમાં ભાગ લઈ આ આરોપીએ અન્ય આરોપીઓને સહાય કરેલી છે તેમજ ગેરકાયદેસર પ્રવૃત્તિ આગળ ધપાવવામાં મદદ પણ કરેલી છે. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીઓ તથા આ આરોપી વિરૂધ્ધ સમગ્ર પુરાવા ધ્યાને લેતા અમદાવાદ શહેરમાં થયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોના કાવતરામાં અને તેની સાથે સંલગ્ન સુરત શહેરના બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં આ આરોપી નં.૩૦ ની ભૂમિકા રહેલી છે આ આરોપી નં.૩૦ સામે આંક–૧૨૨

મુજબના તહોમતનામામાં જે આક્ષેપો ફરમાવવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો પુરવાર થાય છે તેમ હું માનું છું. ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૩૦ ની ભૂમિકા બાબતે તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન કરતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૩૦ વિરૂધ્ધ મુદ્દા નં.૧ થી ૧૩, ૧૬ થી ૧૯, ૨૧ થી ૨૪, ૨૬ થી ૩૨ પુરવાર કરે છે. જયારે મુદ્દા નં. ૧૪,૧૫, ૨૦,૨૫, ૩૩ થી ૩૫ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવુ છું.

આરોપી નં.૩૧ મહંમદ આરીફ ઉર્ફે આરીફ બદર ઉર્ફે લદન બદરુદ્દીન શેખ ઉર્ફે જુમ્મન શેખ

સાહેદ નં.૯૭૮ મોહમદ હનીફ અબ્દુલકયુમ રોશનની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદ મુંબઈ અબ્દુલ રહેમાન સ્ટ્રીટ ખાતે મહમદ રોશન એન્ડ કંપની નામની દુકાન ચલાવે છે. તા.૪.૭.૨૦૦૮ ના રોજ આરોપી નં.૩૧ તેમની દુકાનેથી ૩૪ નંગ પ્રીન્સ કંપનીની એલાર્મ ઘડિયાળ એક નંગના રૂા.૯૮/– લેખે ખરીદ કરીને લઈ ગયેલો હતો. આ સાહેદે પોલીસમાં બીલ બુકની ઝેરોક્ષ નકલો રજૂ કરેલી. આ સાહેદે સાહેદ નં.૫૮૯ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ ઈન્દ્રવીર વજુભા ઝાલાની રૂબરૂમાં ઓળખ પરેડના પંચનામાની વિગતે ઓળખી બતાવેલો હતો. પરંતુ શરીરમાં ફેરફાર થઈ ગયેલ હોવાથી અદાલતમાં જુબાની દરમ્યાન ઓળખી બતાવેલો નથી.

સાહેદ નં.૯૭૯ દશરથ વિષ્ણુભાઈ પાટીલની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદ મુંબઈ અબ્દુલ રહેમાન સ્ટ્રીટ ખાતે મહમદ રોશન એન્ડ કંપની નામની દુકાન ઉપર નોકરી કરે છે. તા.૪.૭.૨૦૦૮ ના રોજ આરોપી નં.૩૧ તેમની દુકાનેથી ૩૪ નંગ પ્રિન્સ કંપનીની એલાર્મ ઘડિયાળ એક નંગના રૂા.૯૮/– લેખે ખરીદ કરીને લઈ ગયેલો હતો. આ સાહેદે પોલીસમાં બીલ બુકની ઝેરોક્ષ નકલો રજૂ કરેલી. આ સાહેદે સાહેદ નં.૫૮૯ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ ઈન્દ્રવીર વજુભા ઝાલાની રૂબરૂમાં ઓળખ પરેડના પંચનામાની વિગતે ઓળખી બતાવેલો હતો. પરંતુ શરીરમાં ફેરફાર થઈ ગયેલ હોવાથી અદાલતમાં જુબાની

દરમ્યાન ઓળખી બતાવેલો નથી. પરંતુ નહીં ઓળખવાના જે કારણો આપેલા છે તે મારા મત પ્રમાણે વાજબી છે.

આરોપી નં.૨૯ સુરત ખાતે ગુનાવાળો પદાર્થ ભરેલી ફોર વ્હીલ ગાડી એક જગ્યાએ મુકવાની હતી તે જગ્યા ઉપર આ આરોપી નં.૨૯ ગાડી લઈને ગયેલો અને તે જગ્યા ઉપરથી આરોપી નં.૩૦ તથા આ આરોપી નં.૩૧ ને ભાગા તળાવ, આજવા સ્વીટવાળી જગ્યા ઉપર આવેલ પી.સી.ઓ. ઉપરથી ફોન કરીને પુછેલુ કે આ ગાડી કયા મુકવાની છે. આ હકીકત ધ્યાને લેતા આરોપી નં.૨૯,૩૦ તથા ૩૧ નાઓએ સુરત ખાતે વિસ્ફોટક ભરેલી કાર મુકેલી હોવાનું અનુમાન થઈ શકે છે. આરોપી નં.૨૯ નાએ જે એસ.ટી.ડી. પી.સી.ઓ. ઉપરથી ફોન કરેલો તે જગ્યા સાહેદ નં.૯૬૦ અબ્બાસભાઈ ઈસ્માઈલભાઈ મુલતાનીની હાજરીમાં આંક–૬૭૪૨ વાળા પંચનામાની વિગતે બતાવેલી હતી.

સાહેદ નં.૫૮૯ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ ઈન્દ્રવીર વજુભા ઝાલાની જુબાનીના સારાંશ મુજબ સાહેદ નં.૯૭૮ મોહમદ હનીફ અબ્દુલકયુમ રોશન તથા સાહેદ નં.૯૭૯ દશરથ વિષ્ણુભાઈ પાટીલનાઓએ આ સાહેદની રૂબરૂમાં આરોપી નં.૩૧ ને પોતાની સમક્ષ થયેલી ઓળખ પરેડમાં ઓળખી બતાવેલાની હકીકત જણાવે છે. એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ સરકારી અધિકારી છે અને તેઓની રૂબરૂમાં ઓળખ પરેડ અંગેની જે કાંઇ કાર્યવાહી કરેલી તે તેઓની ફરજના ભાગરૂપે હતી. આરોપી સાથે તેઓને કોઇ દુશ્મનાવટ નથી અને તેમની રૂબરૂ થયેલી ઓળખ પરેડની કાર્યવાહી તેમણે યોગ્ય રીતે કરેલી તેવી અપેક્ષા હોય છે જે નહિ માનવાને કોઇ કારણ નથી.

સાહેદ નં.૯૮૮ નિમેષ ભાનુપ્રસાદ બ્રહમભટ્ટની જુબાનીના સારાંશ મુજબ પોલીસ સ્ટેશનમાં આ સાહેદની તેમજ એફ.એસ.એલ. અધિકારી સાહેદ નં.૮૩૦ અમૃત વશરામભાઈ હિંગરાજીયા તથા સાહેદ નં.૮૩૫ હિતેષ જયંતિલાલ ત્રિવેદીની હાજરીમાં આરોપી નં.૩૧ નાઓએ બોમ્બનું ડીવાઈસ ટાઈમર સેટ કરેલુ અને તે માટે આરોપી નં.૩૧ નાએ ૯ વોલ્ટની બેટરી, એક એડેપ્ટર, બલ્બ, સોલ્ડ મશીન, સ્ક્રુ ડ્રાઈવર વિગેરે મંગાવેલુ અને ડેમોસ્ટ્રેશન કરી બતાવેલુ તે

અંગેનુ પંચનામુ આંક–૫૫૮૭ વાળુ સાહેદ નં.૧૧૬૩ મયુર ચવાડાએ પંચો રૂબરૂ બનાવેલુ.

આંક–૧૨૨ વાળા તહોમતનામામાં જણાવ્યા મુજબ ઘણા બધા આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો એવા છે કે, તે બાબતે આ આરોપી નં.૩૧ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા કોઇ મૌખિક કે દસ્તાવેજી પ્રત્યક્ષ પુરાવો રજૂ થયેલો નથી. આ આરોપી નં.૩૧ જુદી–જુદી હોટલોમાં રોકાયો હોય, તે હોટલોના રજીસ્ટરોમાં ખોટા નામથી એન્ટ્રીઓ કરી હોય, ખોટા નામે સહીઓ કરેલી હોય તેમજ આ આરોપી નં.૩૧ નાઓએ ખોટા દસ્તાવેજ બનાવી તે દસ્તાવેજોનો સાચા તરીકે ઉપયોગ કર્યો હોય તેવા કોઇ પ્રત્યક્ષ પુરાવા આ આરોપી નં.૩૧ સામે નથી. પરંતુ આ અંગેના પ્રત્યક્ષ પુરાવા આરોપી નં.૧૪, ૩૭, ૪૩, ૪૫, ૪૬, ૬૯ અને ૭૦ વિરૂધ્ધ રજૂ થયેલા છે. જેથી કાવતરાના પેરામાં ચર્ચા કર્યા મુજબ તેમજ તે પેરામાં નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લીધેલા છે તે ચુકાદા મુજબ આરોપી નં.૩૧ નાઓ કોઈ હોટલમાં ખોટા નામે એન્ટ્રી કરી રોકાયેલા ન હોવા છતાં પણ અન્ય આરોપીઓ સાથે આરોપી નં.૩૧ ની સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે. આ ઉપરાંત આ આરોપી નં.૩૧ નાઓએ બનાવોમાં ઉપયોગમાં લીધેલ કોઇ વસ્તુ કે પુરાવાનો નાશ કર્યો હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો નથી. આ ઉપરાંત આ બનાવો બન્યા બાદ બનાવોમાં સંડોવાયેલા અન્ય કોઇ આરોપીને આશ્રય આપેલો હોય, તેઓને છુપાવેલા હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો આરોપી નં.૩૧ કે અન્ય આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ નથી. આ આરોપી નં.૩૧ સીમીના સભ્ય હોવાનો કોઈ પ્રત્યક્ષ પુરાવો નથી. આ ઉપરાંત આ આરોપી નં.૩૧ સીમીની મીટીંગોમાં જુદી–જુદી જગ્યાઓ ઉપર હાજર રહેલો હોય, કોઈ ભાષણો કરેલા હોય, ભારત કે રાજય સરકાર વિરૂધ્ધ યુધ્ધ છેડવાનો પ્રયત્ન કર્યો હોય કે ધર્મ અને જાતિઓ વચ્ચે વૈમનસ્ય પેદા થાય તેવુ કોઈ કૃત્ય કરેલુ હોય તેવો પણ કોઈ પ્રત્યક્ષ પુરાવો આ આરોપી નં.૩૧ સામે રજૂ થયેલો નથી. આ આરોપી વાઘમોન તથા હાલોલ–પાવાગઢના આતંકવાદી તાલીમ કેમ્પોમાં હાજર રહયો હોય અને જુદી–જુદી તાલીમો લીધી હોય તેવા કોઈ પ્રત્યક્ષ

પુરાવા આ આરોપી સામે રજૂ થયેલા નથી. પરંતુ અન્ય આરોપીઓ સાથે જુદી–જુદી જગ્યાઓ ઉપર મીટીંગોમાં હાજર રહેલો હશે તેવુ અનુમાન થઈ શકે તેમ છે અને તે મીટીંગોમાં હાજર રહયો હોય માટે જ પ્રિન્સ કંપનીની ઘડિયાળો તેની ખરીદી હોય અને કોઈપણ રીતે સુરત તથા અમદાવાદમાં બોમ્બ મુકવા માટે જે બોમ્બ જે મકાનોમાં બનાવવામાં આવેલા તે મકાનોમાં આ ઘડીયાળ પહોંચાડવાની કામગીરી થયેલી છે અને તે કામગીરીમાં આ આરોપી સામેલ હતો તેવા સંજોગો ઉપસ્થિત થાય છે માટે બીજા આરોપીઓ સાથે આ આરોપી કાવતરામાં સામેલ હોય આ આરોપીની સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે. આ આરોપી નં.૩૧ નાઓએ બનાવો બનતા પહેલા આતંકવાદી ઈ–મેઈલ કર્યા હોય તેવા કોઇ ઈ–મેઈલ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા નથી. આ આરોપી નં.૩૧ નાઓએ કોઇ કમ્પ્યુટરમાંથી આતંકવાદી ઈ–મેઈલ કર્યા હોય અને ઈ–મેઈલ કર્યા પછી તે ઈ–મેઈલ કમ્પ્યુટરમાંથી ડિલીટ કર્યા હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આરોપી નં.૩૩ તથા ૩૪ નાઓએ ઈન્ડિયા ટીવીને આતંકવાદી ઈ–મેઈલ કરેલાનો આક્ષેપ છે પરંતુ રજૂ થયેલા ઈ–મેઈલ ધ્યાને લેતા તે આક્ષેપ પુરવાર થતા નથી. આ આરોપી પાસેથી પરવાના વિનાનો કોઇ દેશી તમંચો કે હથિયાર કબજે કરવામાં આવ્યુ હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીઓ તથા આ આરોપી વિરૂધ્ધ સમગ્ર પુરાવા ધ્યાને લેતા અમદાવાદ શહેરમાં થયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોના કાવતરામાં અને તેની સાથે સંલગ્ન સુરત શહેરના બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં આ આરોપી નં.૩૧ ની શરૂઆતથી લઇને બનાવોના અંત સુધી સક્રિય ભૂમિકા રહેલી છે આ આરોપી નં.૩૧ સામે આંક–૧૨૨ મુજબના તહોમતનામામાં જે આક્ષેપો ફરમાવવામાં આવેલા છે તે આક્ષેપો પુરવાર થાય છે તેમ હું માનું છું. ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૩૧

ની ભૂમિકા બાબતે તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન કરતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૩૧ વિરૂધ્ધ મુદ્દા નં.૧ થી ૧૩, ૧૬ થી ૧૯, ૨૧ થી ૨૪, ૨૬ થી ૩૨ પુરવાર કરે છે. જયારે મુદ્દા નં. ૧૪,૧૫, ૨૦,૨૫, ૩૩ થી ૩૫ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવુ છું.

આરોપી નં.૩૨ આસીફ ઉર્ફે હસન બસીરુદ્દીન શેખ

આરોપી નં.૩૨ નાઓ તથા આરોપી નં.૫૧ નાઓએ પુના ખાતે અશોકા મ્યૂઝ એચ. બિલ્ડિંગમાં આવેલ ફલેટ નં.૩૦૨ રીયલ એસ્ટેટની દલાલીનું કામ કરતા સાહેદ નં.૯૬૫ અખ્તર મહમદ હનીફ મેમણ મારફતે મકાનના માલીક સાહેદ નં.૯૬૭ રેઝા નાબાતીયાન પાસેથી ભાડે રાખેલો હતો. આ આરોપી નં.૩૨ ને સાહેદ અખ્તર મહમદ તથા રેઝા નાબાતીયાનનાઓએ સાહેદ નં.૫૮૯ ઈન્દ્રવીર વજુભા ઝાલાની રૂબરૂમાં ઓળખ પરેડના પંચનામાની વિગતે ઓળખી બતાવેલો હતો. પરંતુ સમય ઘણો થઈ ગયેલો હોવાથી જુબાની દરમ્યાન આ બંને સાહેદોએ આરોપી નં.૩૨ ને અદાલત રૂબરૂ ઓળખી બતાવેલો નથી.

સાહેદ નં.૫૮૯ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ ઈન્દ્રવીર વજુભા ઝાલાની જુબાનીના સારાંશ મુજબ સાહેદ નં. ૯૬૫ અખ્તર મહમદ હનીફ મેમણ તથા સાહેદ નં.૯૬૭ રેઝા નાબાતીયાનનાઓએ આ સાહેદની રૂબરૂમાં આરોપી નં.૩૨ ને પોતાની સમક્ષ થયેલી ઓળખ પરેડમાં ઓળખી બતાવેલાની હકીકત જણાવે છે. એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ સરકારી અધિકારી છે અને તેઓની રૂબરૂમાં ઓળખ પરેડ અંગેની જે કાંઇ કાર્યવાહી કરેલી તે તેઓની ફરજના ભાગરૂપે હતી. આરોપી સાથે તેઓને કોઇ દુશ્મનાવટ નથી અને તેમની રૂબરૂ થયેલી ઓળખ પરેડની કાર્યવાહી તેમણે યોગ્ય રીતે કરેલી તેવી અપેક્ષા હોય છે જે નહિ માનવાને કોઇ કારણ નથી.

સાહેદ નં.૯૧૦ ઉષાકાંત ચીમનલાલ મિસ્ત્રીની જુબાનીના સારાંશ મુજબ તેઓને પોલીસ સ્ટેશનમાં બોલાવેલા. આરોપી નં.૩૨ હાજર હતો અને તેને એક સરકીટ કે જેમાં આઈ.સી. હતી તેમાં ડિજિટલ ટાઇમર મશીનથી ટાઇમ સેટ

થાય અને વધ–ઘટ કરી શકાય તે રીતે ૯ વોલ્ટની બેટરી ડીટોનેટર સાથે જોડયા પછી બેટરીનો ઈલેકટ્રીક પ્રવાહ ચાલુ થયા પછી ટાઈમરના હિસાબે બ્લાસ્ટ થાય તેવી વિગત જણાવી ડેમોસ્ટ્રેશન કરેલુ તે અંગેનુ પંચનામુ આંક–૬૫૦૮ વાળુ સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમારનાઓએ પંચો રૂબરૂ બનાવેલુ. તે જ રીતે સાહેદ નં.૯૧૯ કલ્પેશ રાજારામ ઠાકુરની હાજરીમાં આરોપી નં.૩૨ નાઓએ પોલીસ સ્ટેશનની અંદર સ્ક્રુ ડ્રાઈવર તથા પેચ્યા વડે ઘડિયાળના સ્પેરપાર્ટ ખોલેલા, અંદર સરકીટ તથા વાયર છુટા પાડેલા અને બેટરી વડે વાયર જોઈન્ટ કરી બોમ્બનો ટાઈમ સેટ કેવી રીતે કરવો તે બતાવેલુ. તે અંગેનુ પંચનામુ આંક–૬૫૪૬ વાળુ પણ સાહેદ નં.૧૧૫૫ એન.બી. પરમારનાઓએ પંચો રૂબરૂ બનાવેલુ.

આંક–૧૨૨ વાળા તહોમતનામામાં જણાવ્યા મુજબ ઘણા બધા આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો એવા છે કે, તે બાબતે આ આરોપી નં.૩૨ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા કોઈ મૌખિક કે દસ્તાવેજી પ્રત્યક્ષ પુરાવો રજૂ થયેલો નથી. આ આરોપી નં.૩૨ જુદી–જુદી હોટલોમાં રોકાયો હોય, તે હોટલોના રજીસ્ટરોમાં ખોટા નામથી એન્ટ્રીઓ કરી હોય, ખોટા નામે સહીઓ કરેલી હોય તેમજ આ આરોપી નં.૩૨ નાઓએ ખોટા દસ્તાવેજ બનાવી તે દસ્તાવેજોનો સાચા તરીકે ઉપયોગ કર્યો હોય તેવા કોઈ પ્રત્યક્ષ પુરાવા આ આરોપી નં.૩૨ સામે નથી. પરંતુ આ અંગેના પ્રત્યક્ષ પુરાવા આરોપી નં.૧૪, ૩૭, ૪૩, ૪૫, ૪૬, ૬૯ અને ૭૦ વિરૂધ્ધ રજૂ થયેલા છે. જેથી કાવતરાના પેરામાં ચર્ચા કર્યા મુજબ તેમજ તે પેરામાં નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લીધેલા છે તે ચુકાદા મુજબ આરોપી નં.૩૨ નાઓ કોઈ હોટલમાં ખોટા નામે એન્ટ્રી કરી રોકાયેલા ન હોવા છતાં પણ અન્ય આરોપીઓ સાથે આરોપી નં.૩૨ ની સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે. આ ઉપરાંત આ આરોપી નં.૩૨ નાઓએ બનાવોમાં ઉપયોગમાં લીધેલ કોઈ વસ્તુ કે પુરાવાનો નાશ કર્યો હોય તેવો પણ કોઈ પ્રત્યક્ષ પુરાવો નથી. આ ઉપરાંત આ બનાવો બન્યા બાદ બનાવોમાં સંડોવાયેલા અન્ય કોઈ આરોપીને આશ્રય આપેલો હોય, તેઓને છુપાવેલા હોય તેવો પણ કોઈ પ્રત્યક્ષ પુરાવો આરોપી નં.૩૨ કે અન્ય આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ નથી. આ

આરોપી નં.૩૨ સીમીના સભ્ય હોવાનો કોઈ પ્રત્યક્ષ પુરાવો નથી. આ ઉપરાંત આ આરોપી નં.૩૨ સીમીની મીટીંગોમાં જુદી–જુદી જગ્યાઓ ઉપર હાજર રહેલો હોય, કોઈ ભાષણો કરેલા હોય, ભારત કે રાજય સરકાર વિરૂધ્ધ યુધ્ધ છેડવાનો પ્રયત્ન કર્યો હોય કે ધર્મ અને જાતિઓ વચ્ચે વૈમનસ્ય પેદા થાય તેવુ કોઈ કૃત્ય કરેલુ હોય તેવો પણ કોઈ સીધો પુરાવો આ આરોપી નં.૩૨ સામે રજૂ થયેલો નથી. આ આરોપી વાઘમોન તથા હાલોલ–પાવાગઢના આતંકવાદી તાલીમ કેમ્પોમાં હાજર રહયો હોય અને જુદી–જુદી તાલીમો લીધી હોય તેવા કોઈ પ્રત્યક્ષ પુરાવા આ આરોપી સામે રજૂ થયેલા નથી. પરંતુ અન્ય આરોપીઓ સાથે જુદી–જુદી જગ્યાઓ ઉપર મીટીંગોમાં હાજર રહેલો હશે તેવુ અનુમાન થઈ શકે તેમ છે અને તે મીટીંગોમાં હાજર રહયો હોય તો જ તેને બોમ્બ બનાવવા અંગેનુ તેમજ બોમ્બમાં સરકીટ કેવી રીતે ફીટ કરવી, ટાઈમ કેવી રીતે સેટ કરવો, ૯ વોલ્ટની બેટરી કે ડીટોનેટર કેવી રીતે જોડવી તે અંગેની માહિતી અને જ્ઞાન તેને જ હોય. અમદાવાદ તથા સુરતના બંને શહેરોના બનાવોમાં જે બોમ્બ વપરાયેલા છે તે બોમ્બમાં ૯ વોલ્ટની બેટરી, ડીટોનેટર વિગેરે જોડીને બનાવવામાં આવેલા છે. જેથી એવુ ચોકકસપણે અનુમાન થઈ શકે કે આ બોમ્બ આ આરોપીએ બનાવેલા છે અથવા તો બનાવવામાં મદદ કરેલી છે જેથી બીજા આરોપીઓ સાથે આ આરોપી કાવતરામાં સામેલ હોય આ આરોપીની સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે. આ આરોપી નં.૩૨ નાઓએ બનાવો બનતા પહેલા આતંકવાદી ઈ–મેઈલ કર્યા હોય તેવા કોઇ ઈ–મેઈલ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા નથી. આ આરોપી નં.૩૨ નાઓએ કોઇ કમ્પ્યુટરમાંથી આતંકવાદી ઈ–મેઈલ કર્યા હોય અને ઈ–મેઈલ કર્યા પછી તે ઈ–મેઈલ કમ્પ્યુટરમાંથી ડિલીટ કર્યા હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આરોપી નં.૩૩ તથા ૩૪ નાઓએ ઈન્ડિયા ટીવીને આતંકવાદી ઈ–મેઈલ કરેલાનો આક્ષેપ છે પરંતુ રજૂ થયેલા ઈ–મેઈલ ધ્યાને લેતા તે આક્ષેપ પુરવાર થતા નથી. આ આરોપી પાસેથી પરવાના વિનાનો કોઇ દેશી તમંચો કે હથિયાર કબજે કરવામાં આવ્યુ હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ આરોપી વિરૂધ્ધ

સમગ્ર પુરાવા ધ્યાને લેતા અમદાવાદ શહેરમાં થયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોના કાવતરામાં અને તેની સાથે સંલગ્ન સુરત શહેરના બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં આ આરોપી નં.૩૨ ની શરૂઆતથી લઈને બનાવોના અંત સુધી સક્રિય ભૂમિકા રહેલી છે આ આરોપી નં.૩૨ સામે આંક–૧૨૨ મુજબના તહોમતનામામાં જે આક્ષેપો ફરમાવવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી અમુક આક્ષેપો પુરવાર થાય છે તેમ હું માનું છું. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીઓ તથા ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૩૨ ની ભૂમિકા બાબતે તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન કરતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૩૨ વિરૂધ્ધ મુદ્દા નં.૧ થી ૧૩, ૧૬ થી ૧૯, ૨૧ થી ૨૪, ૨૬ થી ૩૨ પુરવાર કરે છે. જયારે મુદ્દા નં. ૧૪,૧૫, ૨૦,૨૫, ૩૩ થી ૩૫ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવુ છું.

આરોપી નં.૩૩ મુબીન ઉર્ફે સલમાન ઉર્ફે સલ્લુ કાદર શેખ

સાહેદ નં.૯૦૩ ધવલ નિરંજનભાઈ શાહની જુબાનીના સારાંશ મુજબ જુબાની મુજબ આ આરોપી નં.૩૩, તપાસ કરનાર અધિકારી તથા આ સાહેદને લઈને અમદાવાદ શહેરમાં વાહનમાં બેસીને જવા નીકળેલ. તપાસ કરનાર અધિકારીએ તેને લેપટોપ આપેલુ અને અનસીકયોર્ડ વાઈફાઈ સર્ચ કરી હેક કરવા જણાવેલુ. આરોપી નં.૩૩ નાએ અનસીકયોર્ડ વાઈફાઈ મળી આવતા હેક કરેલુ અને ઈન્ડિયન મુજાહિદ્દિનનું આઈ.ડી. હતુ તે કનેકટ કરેલુ. ત્યારબાદ તેને ચાર–પાંચ ઈ–મેઈલ આઈ.ડી. આપેલા અને મેઈલ કરવા જણાવેલુ. મેઈલ કરતા તે સેન્ડ થયેલા તે અંગેનુ પંચનામુ આંક–૬૪૭૭ વાળુ સાહેદ નં.૧૧૬૩ મયુર ચવડાએ કરેલુ. પરંતુ તે અંગેનો કોઈ પુરાવો કે પ્રિન્ટ આઉટ રજૂ કરેલી નથી. લેપટોપ મુદ્દામાલ તરીકે કબજે કરેલુ નથી. મુંબઈ ખાતેથી આ આરોપીએ ઈકબાલ ભટકલની સુચનાથી અનસીકયોર્ડ વાઈફાઈ હેક કરીને ઈ–મેઈલ કરેલા

તે કયા કમ્પ્યુટરમાંથી ઈ–મેઈલ કરેલા તે કમ્પ્યુટર કબજે કરેલા નથી. ફરિયાદપક્ષના કેસ પ્રમાણે આ આરોપીએ મુંબઈ ખાતે કેનલી હેવુડ તથા ખાલસા કૉલેજના અનસીકયોર્ડ વાઈફાઈ હેક કરેલા પરંતુ તેઓને તપાસવામાં આવેલ નથી. આરોપી નં.૨૭ તથા ૩૬ નાઓની અટક કર્યા બાદ તેમને જે જગ્યાઓ ઉપર બોમ્બ મુકેલા તે જગ્યાઓ બતાવતા પંચનામા અનુક્રમે આંક–૬૦૫૧ તથા ૬૦૨૪ વાળા બનાવેલા છે. જેમાં આરોપી નં.૨૭ પોતે, આરોપી નં.૩૬ પોતે, ખાલીદ તથા આરોપી નં.૩૩ નાઓએ આ જગ્યાઓની રેકી કરેલાની હકીકત જણાવેલી છે. પરંતુ આરોપી નં.૩૩ ની અટક કર્યા બાદ આ જગ્યાઓ આરોપી નં.૩૩ નાઓએ બતાવેલી હોય તેવુ કોઈ પંચનામુ કરવામાં આવેલુ નથી.

આ આરોપી નં.૩૩ ઉપર આંક–૧૨૨ ના તહોમતનામા મુજબ ફરિયાદપક્ષ દ્વારા જે આક્ષેપો મુકવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી એકપણ આક્ષેપ મૌખિક કે દસ્તાવેજી પુરાવાથી ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. આ આરોપી વાઘમોન તથા હાલોલ–પાવાગઢના જંગલોમાં આતંકવાદી તાલીમ કેમ્પોમા હાજર રહયો હોય, જુદી–જુદી તાલીમો મેળવેલી હોય, અન્ય આરોપીઓએ જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગો કરી છે અને તે મીટીંગોમાં આ આરોપી હાજર રહયો હોય, જેહાદી ભાષણો કર્યા હોય કે સાંભળ્યા હોય, કોઈ મકાનમાં રહીને અન્ય આરોપીઓને બોમ્બ બનાવવામાં મદદ કરી હોય, બોમ્બ બનાવવા માટેની કોઈ સામગ્રી ખરીદેલી હોય, જે જગ્યા ઉપર બોમ્બ મુકવામાં આવેલા તે જગ્યાઓની રેકી કરી હોય કે કોઈ જગ્યા ઉપર જઈને બોમ્બ મુકેલા હોય, આતંકવાદી ઈ–મેઈલ કર્યા હોય, કોઈ આરોપીને આશ્રય આપ્યો હોય, કોઈ પુરાવાનો નાશ કર્યો હોય કે કાવતરામાં અન્ય આરોપીઓ સાથે સમાન ઈરાદો પાર પાડવા હાજર રહયો અને આ બનાવોમાં અન્ય આરોપીઓને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદ કરી હોય તેવો એકપણ પુરાવો આ આરોપી વિરૂધ્ધ રજૂ કરવામાં આવેલો નથી. આ આરોપી આ ગુનાઓમાં સંડોવાયેલો છે તે અંગેના પુરાવા એકત્ર કરી જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી નં.૩૩ સામે ભારતીય ફોજદારી ધારાની કલમ–૧૨૧(એ), ૧૨૪(એ), ૧૫૩(એ)

મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૬ મુજબની તથા અનલોફુલ એકટીવીટી એકટની કલમ–૧૦,૧૩, ૧૬,૧૮ વિગેરે મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કલમ–૪૫ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે સરકારશ્રીને દરખાસ્તો કરેલી અને જુદા–જુદા સક્ષમ અધિકારીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી સામે એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ–૩,૪,૫,૬ મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૭ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે જુદા–જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓને દરખાસ્તો કરેલી અને જુદા–જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત આ આરોપી નં.૩૩ સામે આર્મ્સ એટની કલમ–૨૫(૧)(બી) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૩૯ હેઠળ મંજૂરી મેળવવા માટે પોલીસ કમિશનરશ્રીને મંજૂરી મેળવવા માટે દરખાસ્તો કરેલી અને પોલીસ કમિશનરશ્રીઓ પાસેથી મંજૂરી મેળવેલી જે રજૂ કરેલી છે. દરખાસ્તો સાથે જે પુરાવા આરોપી નં.૩૩ વિરૂધ્ધના રજૂ કરેલા તે પૈકી એક પણ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ આરોપીને તપાસ કરનાર અધિકાર સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ એક લેપટોપ ચાલુ કરીને આપેલુ અને આ આરોપીએ પંચોની હાજરીમાં અનસીકયોર્ડ વાઈફાઈ હેક કરેલુ તે અંગેનુ પંચનામુ આંક–૬૪૭૭ વાળુ બનાવેલુ. તેથી કરીને આ સાહેદની સંડોવણી પુરવાર થતી નથી આ પુરાવો આરોપીની આ બનાવમાં સંડોવણી બાબતે પુરતો પુરાવો નથી. તપાસ કરનાર અમલદાર સાહેદ નં.૧૧૫૩ આર.વી. અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાઓની જુબાનીઓમાંથી પણ આ આરોપીની સંડોવણી શંકાસ્પદ હોવાનું માલુમ પડે છે. ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૩૩ ની ભૂમિકા બાબતે તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન કરતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના

ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૩૩ વિરૂધ્ધ તમામ મુદ્દાઓ સંબંધે કેસ શંકારહિત પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવું છું.

આરોપી નં.૩૪ મહંમદ મન્સુર ઉર્ફે મુન્નાવર ઉર્ફે મુન્નુ અસગર પીરભોઈ

સાહેદ નં.૯૦૩ ધવલ નિરંજનભાઈ શાહની જુબાનીના સારાંશ મુજબ આ આરોપી નં.૩૪, તપાસ કરનાર અધિકારી તથા આ સાહેદને લઈને અમદાવાદ શહેરમાં વાહનમાં બેસીને જવા નીકળેલ. તપાસ કરનાર અધિકારીએ તેને લેપટોપ આપેલુ અને અનસીકયોર્ડ વાઈફાઈ સર્ચ કરી હેક કરવા જણાવેલુ. આરોપી નં.૩૪ નાએ અનસીકયોર્ડ વાઈફાઈ મળી આવતા હેક કરેલુ અને ઈન્ડિયન મુજાહિદ્દિનનું આઈ.ડી. હતુ તે કનેકટ કરેલુ. ત્યારબાદ તેને ચાર–પાંચ ઈ–મેઈલ આઈ.ડી. આપેલા અને મેઈલ કરવા જણાવેલુ. મેઈલ કરતા તે સેન્ડ થયેલા તે અંગેનુ પંચનામુ આંક–૬૪૭૬ વાળુ સાહેદ નં.૧૧૬૩ મયુર ચવડાએ કરેલુ. પરંતુ તે અંગેનો કોઈ પુરાવો કે પ્રિન્ટ આઉટ રજૂ કરેલી નથી. લેપટોપ મુદ્દામાલ તરીકે કબજે કરેલુ નથી. મુંબઈ ખાતેથી આ આરોપીએ ઈકબાલ ભટકલની સુચનાથી અનસીકયોર્ડ વાઈફાઈ હેક કરીને ઈ–મેઈલ કરેલા તે કયા કમ્પ્યુટરમાંથી ઈ–મેઈલ કરેલા તે કમ્પ્યુટર કબજે કરેલા નથી. કઈ વ્યકિતના અનસીકયોર્ડ વાઈફાઈ હેક કરેલા તે વ્યકિતઓને તપાસવામાં આવેલ નથી.

આ આરોપી નં.૩૪ ઉપર આંક–૧૨૨નાં તહોમતનામા મુજબ ફરિયાદપક્ષ દ્વારા જે આક્ષેપો મુકવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી એક પણ આક્ષેપ મૌખિક કે દસ્તાવેજી પુરાવાથી ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. આ આરોપી વાઘમોન તથા હાલોલ–પાવાગઢના જંગલોમાં આતંકવાદી તાલીમ કેમ્પોમા હાજર રહયો હોય, જુદી–જુદી તાલીમો મેળવેલી હોય, અન્ય આરોપીઓએ જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગો કરી છે અને તે મીટીંગોમાં આ આરોપી હાજર રહયો હોય, જેહાદી ભાષણો કર્યા હોય કે સાંભળ્યા હોય, કોઈ મકાનમાં રહીને અન્ય આરોપીઓને બોમ્બ બનાવવામાં મદદ કરી હોય, બોમ્બ બનાવવા માટેની કોઈ સામગ્રી ખરીદેલી હોય, જે જગ્યા ઉપર બોમ્બ

મુકવામાં આવેલા તે જગ્યાઓની રેકી કરી હોય કે કોઈ જગ્યા ઉપર જઈને બોમ્બ મુકેલા હોય, આતંકવાદી ઈ–મેઈલ કર્યા હોય, કોઈ આરોપીને આશ્રય આપ્યો હોય, કોઈ પુરાવાનો નાશ કર્યો હોય કે કાવતરામાં અન્ય આરોપીઓ સાથે સમાન ઈરાદો પાર પાડવા હાજર રહયો અને આ બનાવોમાં અન્ય આરોપીઓને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદ કરી હોય તેવો એક પણ પુરાવો આ આરોપી વિરૂધ્ધ રજુ કરવામાં આવેલો નથી. આ આરોપી આ ગુનાઓમાં સંડોવાયેલો છે તે અંગેના પુરાવા એકત્ર કરી જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી નં.૩૪ સામે ભારતીય ફોજદારી ધારાની કલમ–૧૨૧(એ), ૧૨૪(એ), ૧૫૩(એ) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૬ મુજબની તથા અનલોકુલ એકટીવીટી એકટની કલમ–૧૦,૧૩, ૧૬,૧૮ વિગેરે મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કલમ–૪૫ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે સરકારશ્રીને દરખાસ્તો કરેલી અને જુદા–જુદા સક્ષમ અધિકારીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી સામે એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ–૩,૪,૫,૬ મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૭ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે જુદા–જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓને દરખાસ્તો કરેલી અને જુદા–જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત આ આરોપી નં.૩૪ સામે આર્મ્સ એટની કલમ–૨૫(૧)(બી) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૩૯ હેઠળ મંજૂરી મેળવવા માટે પોલીસ કમિશનરશ્રીને મંજૂરી મેળવવા માટે દરખાસ્તો કરેલી અને પોલીસ કમિશનરશ્રીઓ પાસેથી મંજૂરી મેળવેલી જે રજુ કરેલી છે. દરખાસ્તો સાથે જે પુરાવા આરોપી નં.૩૪ વિરૂધ્ધના રજૂ કરેલા તે પૈકી એકપણ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ આ આરોપી તથા પંચ સાહેદને લઈ અમદાવાદ શહેરમાં વાહનમાં બેસીને નીકળેલા હતા. ત્યારબાદ આરોપીને લેપટોપ ચાલુ કરીને આપેલુ અને આરોપીએ અનસીકયોર્ડ વાઈફાઈ સર્ચ કરેલુ આ

સિવાય અન્ય બીજો કોઈ પુરાવો આ આરોપી વિરૂધ્ધ નથી. આટલા માત્ર પુરાવા ઉપરથી આ આરોપીની આ બનાવોમાં સંડોવણી શંકાસ્પદ છે. તપાસ કરનાર અમલદાર સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાઓની જુબાનીઓમાંથી પણ આ આરોપીની સંડોવણી શંકાસ્પદ હોવાનું માલુમ પડે છે. ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૩૪ ની ભૂમિકા બાબતે તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન કરતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૩૪ વિરૂધ્ધ તમામ મુદ્દાઓ સંબંધે કેસ શંકારહિત પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવું છું.

આરોપી નં.૩૫ રફીયુદ્દીન સરકુદ્દીન કાપડીયા

સાહેદ નં.૧૧૦૫ ઈદ્રીશ ગુલાબશા ફકિરની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદ ખુંદપીર દરગાહ ઉપર હાલોલ–પાવાગઢ ખાતે મુજાવર તરીકે કામ કરે છે. તા.૧૩/૦૧/૨૦૦૮ થી તા.૧૫/૦૧/૨૦૦૮ના સમય દરમ્યાન ૨૦ થી ૨૫ માણસો ટાટા સુમો તથા બાઈક લઈને દરગાહ ઉપર આવેલાં જેમાં આ આરોપી નં.૩૫ પણ હતો. દરગાહ ઉપર આવીને આ તમામ આરોપીઓએ જણાવેલું કે, ટ્રેકિંગ કરવા આવેલાં છીએ જેથી દરગાહ ઉપર આવેલી પતરાવાળી ધર્મશાળામાં આ આરોપીને રહેવા માટે રૂમો આપેલી. આરોપીઓ સવારથી જંગલોમાં ટાટા સુમો લઈને પાછળના દરવાજેથી જતા હતા અને રાત્રે આવતા હતાં. ત્રણ દિવસ સુધી ૨૦ થી ૨૫ માણસો દરગાહ ઉપર આવેલી ધર્મશાળામાં રોકાયેલા હતા તે પૈકી આ આરોપી નં.૩૫ પણ હતો અને તેણે ત્રણ દિવસ સુધી સતત સાહેદ ઈદ્રીશનાઓએ જોયેલો. જેથી આ સાહેદે પોતાની જુબાની દરમ્યાન આ આરોપી નં.૩૫ ને અદાલત રૂબરૂ ઓળખી બતાવેલો છે. સાહેદ ઈદ્રીશ અભણ છે. ખુંદપીરની દરગાહ ઉપર મુજાવર તરીકે સેવા આપે છે. નમાજ અદા કરાવે છે. આરોપી નં.૩૫ સાથે તેને કોઇ દુશ્મનાવટ નથી. તે સ્વતંત્ર સાહેદ છે.

આ તમામ હકીકત આ સાહેદે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ સમક્ષ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબના નિવેદનમાં પણ જણાવેલી છે.

સાહેદ નં.૧૧૧૫ મહમદઉમર ઉસ્માનભાઈ મન્સુરીની જુબાનીના સારાંશ મુજબ આરોપી નં.૨,૩,૩૫,૩૭ નાઓને સારી રીતે ઓળખે છે અને તમામ સને–૨૦૦૮ ની સાલમાં વડોદરા મુકામે રહેતા હતા તેમ જણાવે છે. આ સાહેદે જુબાનીમાં એવુ પણ જણાવેલુ છે કે હિન્દુઓની ભીડવાળી જગ્યાઓએ બોમ્બ બ્લાસ્ટ કરવાના તેવી પણ ચર્ચા થયેલી જેથી આ સાહેદ ગભરાઈ જવાથી છુટા પડી ગયેલા. આ સાહેદે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ સમક્ષ નોંધાવેલુ હતુ અને તેમાં પણ આ હકીકત જણાવી છે. આરોપી નં.૨,૩૫,૩૭ નાઓ મીટીંગો કરતા હતા તેવી પણ હકીકત જણાવેલી છે. આ સાહેદે આરોપી નં.૨,૭,૩૫ અને ૩૭ નાઓને જુબાની દરમ્યાન અદાલતમાં ઓળખી પણ બતાવેલા છે. આ સાહેદનો પુરાવો ધ્યાનમાં લેતા આરોપીઓ સીમીની મીટીંગો કરતા હતા તેવુ સ્પષ્ટપણે જણાય આવે છે.

આ ઉપરાંત, આરોપી નં.૨ નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ સમક્ષ લખાવેલું તે મુજબ આરોપી નં.૩૫ હાલોલ–પાવાગઢ ખાતે તા.૧૩.૧.૨૦૦૮ થી તા.૧૫.૧.૨૦૦૮ ના સમય દરમ્યાન આતંકવાદી તાલીમ કેમ્પ યોજાયેલો તે કેમ્પમાં અન્ય આરોપીઓ સાથે હાજર રહેલો છે અને કેમ્પ હાજર તમામ આરોપીઓ ખુંદપીરની દરગાહ ઉપર આવેલી ધર્મશાળામાં રોકાયેલા. જુદી–જુદી જગ્યાઓ ઉપર તાલીમો લીધેલી. મુસ્લિમોનો બદલો લેવાની, જેહાદી ભાષણો કરેલા અને બોમ્બ બનાવવાની તાલીમ આપેલાની હકીકત તેઓના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે.

આ ઉપરાંત, આરોપી નં.૩૫ નાઓએ પોતે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ સમક્ષ લખાવેલું તે મુજબ આરોપી નં.૮નાઓ હાલોલ–પાવાગઢ ખાતેના તાલીમ કેમ્પમાં ગયેલો અને તાલીમ લીધેલાની હકીકત તેઓના કબૂલાત

નિવેદનમાં જણાવેલી છે. જો કે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ નાઓએ આ આરોપીનું કબૂલાત નિવેદન સોગંદ ઉપર લીધેલું છે જે ગેરકાયદેસર છે. ઉપરોકત આરોપીના નિવેદન હાલોલ–પાવાગઢના કેમ્પમાં આરોપી નં.૩૫ નાએ હાજર રહી સક્રિય કામગીરી કરેલી છે તેમજ આતંકવાદી તાલીમો મેળવેલી છે તેમ હું માનું છું. આરોપી નં.૩૫ નુ પોતાનું કબૂલાત નિવેદન સોગંદ ઉપર લેવામાં આવેલુ છે જે ધ્યાને લેવામાં આવતુ નથી. પરંતુ આરોપી નં.૨ નાઓનુ કબૂલાત નિવેદન ધ્યાને લેતા તે હાલોલ–પાવાગઢ ખાતેના આતંકવાદી તાલીમ કેમ્પમાં હાજર રહેલાનું સ્પષ્ટ છે.

સાહેદ નં.૯૦૦ હિમેશકુમાર પ્રવિણચંદ્ર મહેતાની જુબાનીના સારાંશ મુજબ આ આરોપી નં.૩૫, તપાસ કરનાર અધિકારી તથા આ સાહેદને લઈને પાવાગઢ મુકામે ગયેલો. તા.૧૩.૧.૨૦૦૮ થી તા.૧૫.૧.૨૦૦૮ ના સમય દરમ્યાન આ આરોપી નં.૩૫ નાઓએ અન્ય આરોપીઓ સાથે પાવાગઢના જંગલોમાં આતંકવાદી તાલીમ કેમ્પો રાખેલા, ઉશ્કેરણીજનક ભાષણો કરેલા તથા ખુંદપીરની દરગાહ કે જયાં તેઓ રોકાયેલા, એકમીનાર મસ્જિદ કે જયાં તેઓએ નમાજ પઢેલી તથા જેહાદી ભાષણો કરેલા, હેલીકૈલ વાવ નજીક ખીણવાળી જગ્યા વિગેરે જગ્યાઓ બતાવેલી અને આ જગ્યાઓનું તપાસ કરનાર અધિકારી સાહદે નં.૧૦૮૯ પી.જી.વાઘેલાનાઓએ આ સાહેદની હાજરીમાં આંક–૬૪૪૩ વાળુ પંચનામુ બનાવેલુ.

આંક–૧૨૨ વાળા તહોમતનામામાં જણાવ્યા મુજબ ઘણા બધા આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો એવા છે કે, તે બાબતે આ આરોપી નં.૩૫ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા કોઇ મૌખિક કે દસ્તાવેજી પ્રત્યક્ષ પુરાવો રજૂ થયેલો નથી. આ આરોપી નં.૩૫ જુદી–જુદી હોટલોમાં રોકાયો હોય, તે હોટલોના રજીસ્ટરોમાં ખોટા નામથી એન્ટ્રીઓ કરી હોય, ખોટા નામે સહીઓ કરેલી હોય તેમજ આ આરોપી નં.૩૫ નાઓએ ખોટા દસ્તાવેજ બનાવી તે દસ્તાવેજોનો સાચા તરીકે ઉપયોગ કર્યો હોય તેવા કોઇ પ્રત્યક્ષ પુરાવા આ આરોપી નં.૩૫ વિરૂધ્ધ નથી. પરંતુ આ અંગેના પ્રત્યક્ષ પુરાવા આરોપી નં.૧૪, ૩૭, ૪૩, ૪૫, ૪૬, ૬૯ અને ૭૦

વિરૂધ્ધ રજૂ થયેલા છે. જેથી કાવતરાના પેરામાં ચર્ચા કર્યા મુજબ તેમજ તે પેરામાં નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લીધેલા છે તે ચુકાદા મુજબ આરોપી નં.૩૫ નાઓ કોઈ હોટલમાં ખોટા નામે એન્ટ્રી કરી રોકાયેલા ન હોવા છતાં પણ અન્ય આરોપીઓ સાથે આરોપી નં.૩૫ ની સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે. આ ઉપરાંત આ આરોપી નં.૩૫ નાઓએ બનાવોમાં ઉપયોગમાં લીધેલ કોઇ વસ્તુ કે પુરાવાનો નાશ કર્યો હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો નથી. આ ઉપરાંત આ બનાવો બન્યા બાદ બનાવોમાં સંડોવાયેલા અન્ય કોઇ આરોપીને આશ્રય આપેલો હોય, તેઓને છુપાવેલા હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો આરોપી નં.૩૫ કે અન્ય આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ નથી. આ આરોપી નં.૩૫ સીમીના સભ્ય હોવાનો મૌખિક પુરાવો છે. સાહેદ નં.૧૧૧૫ મહમદઉમર ઉસ્માનભાઈ મન્સુરી તથા આરોપી નં.૨ ના કબૂલાત નિવેદન મુજબ આ આરોપી નં.૩૫ સીમીનો સભ્ય છે. સીમી સંગઠન ઉપર ભારત સરકાર દ્વારા પ્રતિબંધ મુકવામાં આવેલો છે તે અંગેનું જાહેરનામું ભારત સરકારના રાજપત્રમાં પ્રસિધ્ધ પણ થયેલું છે માટે સીમી સંગઠનની જાહેરમાં કોઇ ઑફિસ ન હોય અને સીમી અંગેનો કોઇ દસ્તાવેજી પુરાવો ન હોય તે સ્વાભાવિક છે અને તેના કારણે તપાસ કરનાર અધિકારીઓ પૈકી કોઇપણ અધિકારીને સીમી બાબતે તપાસ દરમ્યાન કોઇ દસ્તાવેજી પુરાવો મળેલો નથી. સીમીની કાર્યવાહી પ્રતિબંધના કારણે ગુપ્તરીતે થતી હોય છે. સીમી સંગઠનનું કોઇ રેકર્ડ જાહેરમાં પ્રસિધ્ધ થયેલું નથી. સીમી સંગઠનમાં કોઇ આરોપી સભ્ય બનેલા હોય તો તે અંગેની કોઇ પાવતી કે દસ્તાવેજી પુરાવો ન હોય. આ આરોપી નં.૩૫ સીમી સંગઠનમાં સક્રિય છે તેવું આરોપી સામેના મૌખિક પુરાવાથી પુરવાર થાય છે. આ ઉપરાંત આરોપી નં.૬૮ નાઓએ આંક–૯૨૪૮ થી **"કનેકશન ઓફ સીમી"** અંગે એક દસ્તાવેજ રજૂ કરેલો છે તે વંચાણે લેતા સીમી સંગઠન વિશે તથા તેના હોદ્દેદારો, સભ્યો અને પ્રાદેશિક સભ્યો, સીમી સંગઠનનો હેતુ બાબતે તમામ હકીકતો જણાવેલી છે. પરંતુ સંગઠનને કોઇ નાણાકીય સહાય પુરી પાડી હોય અથવા નાણાકીય સહાય પુરી પાડવા કોઇ અન્ય વ્યકિત પાસે મદદ માંગી હોય તેવો ફરિયાદપક્ષ

તરફથી કોઇ પ્રત્યક્ષ પુરાવો આ આરોપી કે અન્ય આરોપીઓ સામે રજૂ થયેલો નથી. આ આરોપી નં.૩૫ નાઓએ બનાવો બનતા પહેલા આતંકવાદી ઇ–મેઇલ કર્યા હોય તેવા કોઇ ઇ–મેઇલ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા નથી. આ આરોપી નં.૩૫ નાઓએ કોઇ કમ્પ્યુટરમાંથી આતંકવાદી ઇ–મેઇલ કર્યા હોય અને ઇ–મેઇલ કર્યા પછી તે ઇ–મેઇલ કમ્પ્યુટરમાંથી ડિલીટ કર્યા હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આરોપી નં.૩૩ તથા ૩૪ નાઓએ ઈન્ડિયા ટીવીને આતંકવાદી ઈ–મેઈલ કરેલાનો આક્ષેપ છે પરંતુ રજૂ થયેલા ઈ–મેઈલ ધ્યાને લેતા તે આક્ષેપ પુરવાર થતા નથી. આ આરોપી પાસેથી પરવાના વિનાનો કોઇ દેશી તમંચો કે હથિયાર કબજે કરવામાં આવ્યુ હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીઓ તથા આ આરોપી વિરૂધ્ધ સમગ્ર પુરાવા ધ્યાને લેતા અમદાવાદ શહેરમાં થયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોના કાવતરામાં અને તેની સાથે સંલગ્ન સુરત શહેરના બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં આ આરોપી નં.૩૫ ની ભૂમિકા રહેલી છે આ આરોપી નં.૩૫ સામે આંક–૧૨૨ મુજબના તહોમતનામામાં જે આક્ષેપો ફરમાવવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો પુરવાર થાય છે તેમ હું માનું છું. ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૩૫ ની ભૂમિકા બાબતે તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન કરતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૩૫ વિરૂધ્ધ મુદ્દા નં.૧ થી ૧૩, ૧૬ થી ૧૯, ૨૧ થી ૨૪, ૨૬ થી ૩૨ પુરવાર કરે છે. જયારે મુદ્દા નં. ૧૪,૧૫, ૨૦,૨૫, ૩૩ થી ૩૫ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવુ છું.

આરોપી નં.૩૬ મહંમદ આરીફ નસીમ અહેમદ મીરઝા

સાહેદ નં.૪૮૭ મહમદ ફારૂક મહમદ હનીફ શેખની જુબાનીના સારાંશ મુજબ ખાડીયા રાયપુર ચકલા ખાતે થયેલ બોમ્બ બ્લાસ્ટમાં વપરાયેલા

સાઇકલ આ સાહેદે ભાડે આપેલી હતી અને આ જગ્યા આરોપી નં.૩૬ ને અટક કર્યા પછી આંક–૬૦૨૪ વાળા પંચનામાની વિગતે બતાવેલી હતી. સાહદે નં.૪૮૮ મુનાવર હુસેન અબ્દુલ કરીમ શેખની જુબાનીના સારાંશ મુજબ તેમને સાહેદ નં.૪૮૭ મહમદ ફારુક પાસેથી સાઇકલો વેચાણ લીધેલી હતી અને આ જગ્યા પણ આરોપી નં.૩૬ નાઓએ આંક–૬૦૨૪ ના પંચનામાની વિગતે બતાવેલી હતી. આ સાઇકલો આરોપી નં.૩૬ નાઓએ જે જગ્યાએ મુકેલી તે જગ્યા પણ આંક–૬૦૨૪ વાળા પંચનામાની વિગતે બતાવેલી હતી.

સાહેદ નં.૯૩૬ સુનીલ શાંતિલાલ પટેલની જુબાનીના સારાંશ મુજબ આ આરોપી નં.૩૬, તપાસ કરનાર અધિકારી તથા આ સાહેદને લઈને આરોપી નં.૩૬ નાઓ રાયપુર ચકલા ગોખલે પાન હાઉસ તથા એમ.નારણદાસ એન્ડ કંપનીની દુકાન પાસે બે છોકરાઓને સાઇકલ મુકતા જોયેલા તે પૈકી આરોપી નં.૩૬ પણ હતો અને આ સાહેદે સાહેદ નં.૫૮૮ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ લક્ષ્મણ કેશવલાલ પારઘીની રૂબરૂમાં આંક–૩૧૫૧ના પંચનામાની વિગતે ઓળખી બતાવેલો હતો. આ સાહેદ આરોપી નં.૩૬ને જુબાની દરમ્યાન અદાલત રૂબરૂ ઓળખી બતાવેલ નથી.

સાહેદ નં.૫૮૮ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ લક્ષ્મણ કેશવલાલ પારઘીની જુબાનીના સારાંશ મુજબ સાહેદ નં.૯૩૬ સુનીલ શાંતિલાલ પટેલે આ સાહેદની રૂબરૂમાં આરોપી નં.૩૬ ને પોતાની સમક્ષ થયેલી ઓળખ પરેડમાં ઓળખી બતાવેલાની હકીકત જણાવે છે.એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ સરકારી અધિકારી છે અને તેઓની રૂબરૂમાં ઓળખ પરેડ અંગેની જે કાંઇ કાર્યવાહી કરેલી તે તેઓની ફરજના ભાગરૂપે હતી. આરોપી સાથે તેઓને કોઇ દુશ્મનાવટ નથી અને તેમની રૂબરૂ થયેલી ઓળખ પરેડની કાર્યવાહી તેમણે યોગ્ય રીતે કરેલી તેવી અપેક્ષા હોય છે જે નહિ માનવાને કોઇ કારણ નથી.

સાહેદ નં.૮૬૦ જગતસિંગ જવાનસિંગ રાજપુતની જુબાનીના સારાંશ મુજબ આ આરોપી નં.૩૬, તપાસ કરનાર અધિકારી તથા આ સાહેદને લઈને જુદી–જુદી જગ્યાઓ ઉપર લઈ ગયેલો જેવી કે જે મકાનમાંથી થેલીઓ

લીધેલી તે અલમહમદી સોસાયટીવાળુ મકાન, સાઇકલો ઉપર બોમ્બવાળી થેલીઓ ભરાવેલી તે સારંગપુર પુલ પાસેની દુકાન તથા રાયપુર ચકલા પાસે બોમ્બવાળી સાઇકલ જે જગ્યાએ મુકેલી તે જગ્યાઓ બતાવેલી. જેનુ પંચનામુ આંક–૬૦૨૪ વાળુ સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડાએ પંચો રૂબરૂ બનાવેલુ.

સાહેદ નં.૮૬૬ રમેશભાઈ ગબ્બુભાઈ શાહની જુબાનીના સારાંશ મુજબ આ આરોપી નં.૩૬, તપાસ કરનાર અધિકારી તથા આ સાહેદને લઈને ખાડીયા વિસ્તારમાં જે જગ્યાએ સાઇકલો મુકવાની હતી તે જગ્યાની રેકી કરેલી તે જગ્યા બતાવેલી, રીક્ષામાં ગીતા મંદિર પાસે ગયેલા તે ગીતા મંદિરવાળી જગ્યા, ચાર સીગરેટ પીધેલી તથા શ્રીરામ ચાની લારી ઉપર ચા પીધેલી તે જગ્યા તથા રાયપુર ગોખલે પાનવાળી જગ્યા, સારંગપુર દરવાજાની બાજુવાળી તથા દુર્ગા કુટવેરવાળી દુકાનવાળી જગ્યાઓ બતાવેલી જેનુ પંચનામુ આંક–૬૦૬૨ વાળુ સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડાએ પંચો રૂબરૂ બનાવેલુ.

સાહેદ નં.૩૩૩ રાકેશ સુરેશ મહેતા, સાહેદ નં.૪૦૮ અવેશ ઉસ્માનગની શેખ, સાહેદ નં.૪૮૩ અબ્દુલલતીફ અબ્દુલમજીદ શેખ, સાહેદ નં.૪૮૪ એજાજ એહમદમીયા સૈયાદ, સાહેદ નં.૪૮૫ ઐયુબભાઈ અલ્લારખ્ખા શેખ તથા સાહેદ નં.૫૩૨ ઐયુબભાઈ મુસાભાઈ શેખનાઓની જુબાનીઓના સારાંશ મુજબ ખાડીયા વિસ્તારમાં જુદી–જુદી જગ્યાઓ ઉપર બોમ્બવાળી સાઇકલો મુકેલી હતી અને બોમ્બ બ્લાસ્ટ થયેલા હતા તેમ જણાવેલુ છે. આ તમામ જગ્યાઓ આરોપી નં.૩૬ નાએ આંક–૬૦૨૪ ના પંચનામાની વિગતે બતાવેલી હતી.

આંક–૧૨૨ વાળા તહોમતનામામાં જણાવ્યા મુજબ ઘણા બધા આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો એવા છે કે, તે બાબતે આ આરોપી નં.૩૬ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા કોઇ મૌખિક કે દસ્તાવેજી પ્રત્યક્ષ પુરાવો રજૂ થયેલો નથી. આ આરોપી નં.૩૬ જુદી–જુદી હોટલોમાં રોકાયો હોય, તે હોટલોના રજીસ્ટરોમાં ખોટા નામથી એન્ટ્રીઓ કરી હોય, ખોટા નામે સહીઓ કરેલી હોય તેમજ આ આરોપી નં.૩૬ નાઓએ ખોટા દસ્તાવેજ બનાવી તે દસ્તાવેજોનો સાચા તરીકે ઉપયોગ

કર્યો હોય તેવા કોઇ પ્રત્યક્ષ પુરાવા આ આરોપી નં.૩૬ સામે નથી. પરંતુ આ અંગેના પ્રત્યક્ષ પુરાવા આરોપી નં.૧૪, ૩૭, ૪૩, ૪૫, ૪૬, ૬૯ અને ૭૦ વિરૂધ્ધ રજૂ થયેલા છે. જેથી કાવતરાના પેરામાં ચર્ચા કર્યા મુજબ તેમજ તે પેરામાં નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લીધેલા છે તે ચુકાદા મુજબ આરોપી નં.૩૬ નાઓ કોઈ હોટલમાં ખોટા નામે એન્ટ્રી કરી રોકાયેલા ન હોવા છતાં પણ અન્ય આરોપીઓ સાથે આરોપી નં.૩૬ ની સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે. આ ઉપરાંત આ આરોપી નં.૩૬ નાઓએ બનાવોમાં ઉપયોગમાં લીધેલ કોઇ વસ્તુ કે પુરાવાનો નાશ કર્યો હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો નથી. આ ઉપરાંત આ બનાવો બન્યા બાદ બનાવોમાં સંડોવાયેલા અન્ય કોઇ આરોપીને આશ્રય આપેલો હોય, તેઓને છુપાવેલા હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો આરોપી નં.૩૬ કે અન્ય આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ નથી. આ આરોપી નં.૩૬ સીમીના સભ્ય હોવાનો કોઈ પ્રત્યક્ષ પુરાવો નથી. આ ઉપરાંત આ આરોપી નં.૩૬ સીમીની મીટીંગોમાં જુદી–જુદી જગ્યાઓ ઉપર હાજર રહેલો હોય, કોઈ ભાષણો કરેલા હોય, ભારત કે રાજય સરકાર વિરૂધ્ધ યુધ્ધ છેડવાનો પ્રયત્ન કર્યો હોય કે ધર્મ અને જાતિઓ વચ્ચે વૈમનસ્ય પેદા થાય તેવુ કોઈ કૃત્ય કરેલુ હોય તેવો પણ કોઈ પ્રત્યક્ષ પુરાવો આ આરોપી નં.૩૬ વિરૂધ્ધ રજૂ થયેલો નથી. આ આરોપી વાઘમોન તથા હાલોલ–પાવાગઢના આતંકવાદી તાલીમ કેમ્પોમાં હાજર રહયો હોય અને જુદી–જુદી તાલીમો લીધી હોય તેવા કોઈ પ્રત્યક્ષ પુરાવા આ આરોપી વિરૂધ્ધ રજૂ થયેલા નથી. પરંતુ અન્ય આરોપીઓ સાથે જુદી–જુદી જગ્યાઓ ઉપર મીટીંગોમાં હાજર રહેલો છે તેવુ અનુમાન થઈ શકે તેમ છે અને તે મીટીંગોમાં હાજર રહયો હોય તો જ અમદાવાદ તથા સુરત શહેરમાં બોમ્બ બ્લાસ્ટ કરવાના આયોજનો થયેલા છે અને તેના ભાગ રૂપે અમદાવાદ શહેરમાં જે જગ્યાઓ ઉપર બોમ્બ મુકવાના હતા તે જગ્યાઓની રેકી કરેલી છે અને રેકી કર્યા બાદ તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ બોમ્બ પણ મુકેલા છે. જેથી એવુ ચોકકસપણે અનુમાન થઈ શકે કે આ આરોપી બીજા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ હોય આ આરોપીની સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે. આ આરોપી

નં.૩૬ નાઓએ બનાવો બનતા પહેલા આતંકવાદી ઇ–મેઇલ કર્યા હોય તેવા કોઇ ઇ–મેઇલ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા નથી. આ આરોપી નં.૩૬ નાઓએ કોઇ કમ્પ્યુટરમાંથી આતંકવાદી ઇ–મેઇલ કર્યા હોય અને ઇ–મેઇલ કર્યા પછી તે ઇ–મેઇલ કમ્પ્યુટરમાંથી ડિલીટ કર્યા હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આરોપી નં.૩૩ તથા ૩૪ નાઓએ ઈન્ડિયા ટીવીને આતંકવાદી ઈ–મેઈલ કરેલાનો આક્ષેપ છે પરંતુ રજૂ થયેલા ઈ–મેઈલ ધ્યાને લેતા તે આક્ષેપ પુરવાર થતા નથી. આ આરોપી પાસેથી પરવાના વિનાનો કોઇ દેશી તમંચો કે હથિયાર કબજે કરવામાં આવ્યુ હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીઓ તથા આ આરોપી વિરૂધ્ધ સમગ્ર પુરાવા ધ્યાને લેતા અમદાવાદ શહેરમાં થયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોના કાવતરામાં અને તેની સાથે સંલગ્ન સુરત શહેરના બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં આ આરોપી નં.૩૬ ની શરૂઆતથી લઇને બનાવોના અંત સુધી સક્રિય ભૂમિકા રહેલી છે આ આરોપી નં.૩૬ સામે આંક–૧૨૨ મુજબના તહોમતનામામાં જે આક્ષેપો ફરમાવવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો પુરવાર થાય છે તેમ હું માનું છું. ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૩૬ ની ભૂમિકા બાબતે તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન કરતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૩૬ વિરૂધ્ધ મુદ્દા નં.૧ થી ૧૩, ૧૬ થી ૧૯, ૨૧ થી ૨૪, ૨૬ થી ૩૨ પુરવાર કરે છે. જયારે મુદ્દા નં. ૧૪,૧૫, ૨૦,૨૫, ૩૩ થી ૩૫ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવુ છું.

આરોપી નં.૩૭ કયામુદ્દીન ઉર્ફે મુસા ઉર્ફે અશપાક ઉર્ફે અબ્દુલ કાદીર ઉર્ફે રીઝવાન ઉર્ફે સમીર સરફુદ્દીન કાપડીયા

સાહેદ નં.૯૫૭ જાકિર હુસેન અબ્દુલ જબ્બાર કુરેશીની જુબાનીના સારાંશ મુજબ આ આરોપી પ્રતિબંધિત સંગઠન 'સીમી'નો સભ્ય છે. ગુપ્ત રીતે સીમીની ઑફિસ જુદી–જુદી જગ્યાઓ ઉપર ચાલે છે. સીમીની ઑફિસમાં આ આરોપીની સક્રિય હાજરી રહેલી છે. સીમીની મીટીંગોમા આ આરોપી સતત પ્રવૃત્તમય અને કાર્યરત રહેલો છે. જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગમાં અન્ય આરોપીઓને પણ હાજર રાખેલા છે. આ આરોપી તથા અન્ય સહઆરોપીઓ સીમીની મીટીંગોમાં રાજય સરકાર તેમજ ભારત સરકાર વિરૂધ્ધ જેહાદ કરવાની વાતો કરેલી છે તે પ્રમાણેના ભાષણો કરેલા છે અને તે સાંભળેલા છે. ગોધરા કાંડનો બદલો લેવાની વાતો પણ થયેલી છે અને તે સાંભળેલી છે. હિન્દુ વિસ્તારમાં બોમ્બ ધડાકા કરવાની વાતો થયેલી છે અને તે સાંભળેલી છે. આ ઉપરાંત આ આરોપી હાલોલ–પાવાગઢ ખાતે તા.૧૩/૦૧/૨૦૦૮ થી લઇને તા.૧૫/૦૧/૨૦૦૮ ના સમય દરમ્યાન આતંકવાદી તાલીમ કેમ્પનું આયોજન કરવામા આવેલું તેમાં અન્ય આરોપીઓ સાથે કેમ્પમાં ગયેલો છે. કેમ્પમાં જેહાદી ભાષણો સાંભળેલા છે. તાલીમો લીધેલી છે અને કેમ્પના આયોજનમાં પ્રત્યક્ષ રીતે મદદ કરેલી છે. આ સાહેદ જાકિર હુસેન પોતાની જુબાનીમાં આરોપી નં.૩૭ ને અદાલત રૂબરૂ ઓળખી બતાવેલ છે. આ તમામ હકીકત આ સાહેદે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ સમક્ષ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબના નિવેદનમાં પણ જણાવેલી છે.

સાહેદ નં.૧૦૦૪ મહંમદકૌશર મહંમદઈબ્રાહીમ સૈયદની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદ અલમહમદી સોસાયટી સામે નીલમ ઈલેકટ્રીક નામની દુકાન ધરાવે છે અને આરોપી નં.૩૭ મકાન નં.૧૦ મા ઈલેકટ્રીક રીપેરીંગનુ કામ કરાવવા લઈ ગયેલો અને રીપેરીંગ કર્યાના રૂા.૪૦ કે ૫૦ આપેલાનું જણાવે છે. આ તમામ હકીકત આ સાહેદે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ સમક્ષ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબના નિવેદનમાં પણ જણાવેલી છે.

સાહેદ નં.૧૦૯૮ આસીફ ઈબ્રાહિમ વોરાની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદ તથા આરોપી નં.૩૭ વડોદરા સ્કુલમાં સાથે અભ્યાસ કરતા

હતા. ડિસેમ્બર–૨૦૦૭ મા આરોપી નં.૩૭ નાઓએ આ સાહેદને ફોન કરીને જણાવેલુ કે એક મિત્ર અબ્દુલ સુભાન તારે ત્યાં રોકાવવા માટે આવશે. ત્યારબાદ તે વ્યકિત આ સાહેદને ત્યાં રોકાવવા આવેલો. તેવી હકીકત જણાવેલી છે. આ તમામ હકીકત આ સાહેદે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ સમક્ષ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબના નિવેદનમાં પણ જણાવેલી છે.

સાહેદ નં.૧૧૦૫ ઇદ્રીશ ગુલાબશા ફકિરની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદ ખુંદપીર દરગાહ ઉપર હાલોલ–પાવાગઢ ખાતે મુજાવર તરીકે કામ કરે છે. તા.૧૩/૦૧/૨૦૦૮ થી તા.૧૫/૦૧/૨૦૦૮ ના સમય દરમ્યાન ૨૦ થી ૨૫ માણસો ટાટા સુમો તથા બાઇક લઇને દરગાહ ઉપર આવેલાં જેમાં આ આરોપી નં.૩૭ પણ હતો. દરગાહ ઉપર આવીને આ તમામ આરોપીઓએ જણાવેલું કે, ટ્રેકિંગ કરવા આવેલાં છીએ જેથી દરગાહ ઉપર આવેલી પતરાવાળી ધર્મશાળામાં આ આરોપીને રહેવા માટે રૂમો આપેલી. આરોપીઓ સવાર થી જંગલોમાં ટાટા સુમો લઇને પાછળના દરવાજેથી જતા હતા અને રાત્રે આવતા હતાં. ત્રણ દિવસ સુધી ૨૦ થી ૨૫ માણસો દરગાહ ઉપર આવેલી ધર્મશાળામાં રોકાયેલા હતા તે પૈકી આ આરોપી નં.૩૭ પણ હતો અને તેણે ત્રણ દિવસ સુધી સતત સાહેદ ઇદ્રીશનાઓએ જોયેલો. જેથી આ સાહેદે પોતાની જુબાની દરમ્યાન આ આરોપી નં.૩૭ ને અદાલત રૂબરૂ ઓળખી બતાવેલો છે. સાહેદ ઇદ્રીશ અભણ છે. ખુંદપીરની દરગાહ ઉપર મુજાવર તરીકે સેવા આપે છે. નમાજ અદા કરાવે છે. આરોપી નં.૩૭ સાથે તેને કોઇ દુશ્મનાવટ નથી. તે સ્વતંત્ર સાહેદ છે. આમ, પાવાગઢ ખાતે આતંકવાદી તાલીમ કેમ્પનું આયોજન થયેલું જેમાં આરોપી નં.૩૭ હાજર હતો. આ તમામ હકીકત આ સાહેદે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ સમક્ષ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબના નિવેદનમાં પણ જણાવેલી છે.

સાહેદ નં.૧૧૦૬ ફીરોઝ દિલાવર શેખની જુબાનીના સારાંશ મુજબ આ આરોપી નં.૩૭, આરોપી નં.૧૫ ની સાથે વટવા ખાતે આવેલ ઉમરાવ નગરમાં મકાન નં.૩ માં આ આરોપી રહેતો હતો અને તા.૧૮.૮.૨૦૦૮ ના રોજ આ આરોપી નં.૩૭ નાઓએ એફ.એસ.એલ. અધિકારી તથા પંચની હાજરીમાં

હાજરીમાં આ મકાન બતાવેલુ. મકાનમાંથી વાયરના ટુકડા, ટેપ, નટ–બોલ્ટ અને છરા મળેલા. આ હકીકત આ સાહેદે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબના મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટની સમક્ષના નિવેદનમાં પણ જણાવેલી છે અને આ સાહેદે જુબાની દરમ્યાન આ આરોપી નં.૩૭ ને અદાલત રૂબરૂ ઓળખી બતાવેલો છે. આ ઉપરાંત સાહેદ નં.૧૧૪૧ એૈયાઝ રજાકમીયા સૈયદની જુબાનીના સારાંશ મુજબ પણ આરોપી નં.૩૭ ઉમરાવનગર, મકાન નં.૩, વટવા ખાતે આરોપી નં.૧૫ ની સાથે રહેતો હતો તેવી હકીકત જણાવે છે તથા અદાલત રૂબરૂ જુબાની દરમ્યાન આરોપી નં.૩૭ ને ઓળખી બતાવેલો છે.

સાહેદ નં.૧૧૧૫ મહમદઉમર ઉસ્માનભાઈ મન્સુરીની જુબાનીના સારાંશ મુજબ આરોપી નં.૨,૩,૩૫,૩૭ નાઓને સારી રીતે ઓળખે છે અને તમામ સને–૨૦૦૮ ની સાલમાં વડોદરા મુકામે રહેતા હતા તેમ જણાવે છે અને આરોપી નં.૩૭ ગોધરાનો બદલો લેવાની વાતો કરતો હતો, ભીડભાડવાળી જગ્યા કે જયાં હિન્દુ વસ્તી વધારે હોય ત્યાં બોમ્બ બ્લાસ્ટ કરવો છે "તું રેકી કર" તેવુ પણ આ સાહેદને જણાવેલુ છે. પરંતુ આ સાહેદ ગભરાઈ જવાથી છુટા પડી ગયેલા. આ સાહેદે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ સમક્ષ નોંધાવેલુ હતુ અને તેમાં પણ આ હકીકત જણાવી છે. આરોપી નં.૨,૩૫,૩૭નાઓ મીટીંગો કરતા હતા તેવી પણ હકીકત જણાવેલી છે. આ સાહેદે આરોપી નં.૨,૭,૩૫ અને ૩૭ નાઓને જુબાની દરમ્યાન અદાલતમાં ઓળખી પણ બતાવેલા છે. આ સાહેદનો પુરાવો ધ્યાનમાં લેતા આ આરોપી પોતે તથા અન્ય આરોપીઓ ભેગા મળીને સીમીની મીટીંગો કરતા હતા તેવુ સ્પષ્ટપણે જણાય આવે છે.

સાહેદ નં.૧૧૧૭ આશીફ ઉસ્માન શેખની જુબાનીના સારાંશ મુજબ આરોપી નં.૩૭ અન્ય આરોપીઓ સાથે જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગોમાં હાજર રહેલો છે. અમદાવાદ શહેરની જુદી–જુદી જગ્યાઓ ઉપર બોમ્બ મુકવા માટે જગ્યાઓની રેકી કરેલી છે. તમામ જગ્યાઓ ઉપર તે ગયેલો છે તેવી હકીકત જણાવેલી છે તથા આરોપી નં.૩૭ ને અદાલત રૂબરૂ

ઓળખી બતાવેલો છે. વધુમાં આ સાહેદની જુબાની મુજબ આરોપી નં.૩૭ બોમ્બ બ્લાસ્ટ કરવાની વાતો કરતા હતા અને આરોપી નં.૩ નાઓએ આ સાહેદને એક પેકેટ આપેલુ અને અમદાવાદ આવીને આરોપી નં.૩૭ નાઓને આપેલાનું જણાવે છે. આ સાહેદે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું નિવેદન મેટ્રોપોલીટ મેજિસ્ટ્રેટ સમક્ષ લખાવેલુ તેમાં આ તમામ હકીકત જણાવી છે.

આ ઉપરાંત, આરોપી નં.૨ નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ સમક્ષ લખાવેલું તે મુજબ આરોપી નં.૩૭ વાઘમોન (કેરળ) મુકામે તાલીમ કેમ્પમાં હાજર હતો તેવી હકીકત કબૂલાત નિવેદનમાં છે. આરોપી નં.૩૭ હાલોલ–પાવાગઢ ખાતે તા.૧૩.૧.૨૦૦૮ થી તા.૧૫.૧.૨૦૦૮ નાં સમય દરમ્યાન આતંકવાદી તાલીમ કેમ્પમા યોજાયેલો તે કેમ્પમાં અન્ય આરોપીઓ સાથે હાજર રહેલો છે અને કેમ્પ હાજર તમામ આરોપીઓ ખુંદપીરની દરગાહ ઉપર આવેલી ધર્મશાળામાં રોકાયેલા. જુદી–જુદી જગ્યાઓ ઉપર તાલીમો લીધેલી. મુસ્લિમોનો બદલો લેવાની, જેહાદી ભાષણો કરેલા અને બોમ્બ બનાવવાની તાલીમ આપેલાની હકીકત તેઓના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે.

આ ઉપરાંત, આરોપી નં.૩૫ નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ સમક્ષ લખાવેલું તે મુજબ આરોપી નં.૩૭ નાઓ હાલોલ–પાવાગઢ ખાતેના તાલીમ કેમ્પમાં ગયેલો અને તાલીમ લીધેલાની હકીકત તેઓના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે. જો કે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧નાઓએ આ આરોપીનું કબૂલાત નિવેદન સોગંદ ઉપર લીધેલું છે જે ગેરકાયદેસર છે. ઉપરોકત આરોપી નં.૨ ના કબૂલાત નિવેદન મુજબ હાલોલ–પાવાગઢના કેમ્પમાં આરોપી નં.૩૭ નાએ હાજર રહી સક્રિય કામગીરી કરેલી છે તેમજ આતંકવાદી તાલીમો મેળવેલી છે તેમ હું માનું છું. આરોપી નં.૩૫ નુ કબૂલાત નિવેદન સોગંદ ઉપર લેવામાં આવેલુ છે જે ધ્યાને લેવામાં આવતુ નથી.

સાહેદ નં.૮૬૪ અબ્દુલ ફરીદ અબ્દુલ રસીદ શેખની જુબાનીના સારાંશ મુજબ આરોપી નં.૩૭ નાઓએ સુરત ખાતે સોપારીવાલા કમ્પાઉન્ડમાં આવેલ માસ્તર હાઉસના બિલ્ડિંગમાં રૂમ નં.૨૧ ભાડે રાખેલ હતો અને આ સાહેદ આ મકાનના માલીક છે. આ સાહેદે સાહેદ નં.૫૭૯ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ ધર્મેશ કનૈયાલાલ પટેલની રૂબરૂમાં ઓળખ પરેડના પંચનામાની વિગતે ઓળખી બતાવેલો છે.

સાહેદ નં.૯૨૪ સરફરાજ અબ્દુલરહીમ અજમેરવાલાની જુબાનીના સારાંશ મુજબ આરોપી નં.૩૭ આ સાહેદની દુકાનેથી પ્લાસ્ટિકના બેરલ ખરીદ કરીને લઈ ગયેલ હતો અને આ સાહેદે સાહેદ નં.૫૮૯ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ ઈન્દ્રવીર વજુભા ઝાલાની રૂબરૂમાં ઓળખ પરેડના પંચનામાની વિગતે ઓળખી બતાવેલો છે.

સાહેદ નં.૯૨૭ મોહમદ રીઝવાન મોહમદ હનીફ દુધવાલાની જુબાનીના સારાંશ મુજબ આરોપી નં.૩૭ આ સાહેદની દુકાનેથી પાંચ કીલોના ગેસના બે બોટલ રૂા.૧૫૦૦/– આપીને ખરીદ કરીને લઈ ગયેલ હતો અને આ સાહેદે સાહેદ નં.૫૮૮ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ લક્ષ્મણ કેશવલાલ પારઘીની રૂબરૂમાં ઓળખ પરેડના પંચનામાની વિગતે ઓળખી બતાવેલો છે.

સાહેદ નં.૯૩૦ કિશોરભાઈ સોમાભાઈ રાવતની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદ નીતા ટ્રાવેલ્સમાં બુકીંગ કલાર્ક તરીકે નોકરી કરતા હતા ત્યારે આ આરોપી નં.૩૭ પુનાથી આવેલ પાર્સલ લેવા માટે ગયેલો હતો. આ સાહેદે સાહેદ નં.૫૮૯ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ ઈન્દ્રવીર વજુભા ઝાલાની રૂબરૂમાં ઓળખ પરેડના પંચનામાની વિગતે ઓળખી બતાવેલો છે.

સાહેદ નં.૯૪૩ પુખરાજબાનુ મહંમદ યાકુબ શેખની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદ અલમહમદી સોસાયટી મકાન નં.૧૦ ના માલીક છે અને જુલાઇ ૨૦૦૮ માં ઈબ્રાહીમભાઈ દ્વારા આરોપી નં.૩૭ ને રૂા.૨૫૦૦૦/– ડીપોઝીટ અને રૂા.૨૫૦૦/– માસીક ભાડુ નકકી કરીને મકાન ભાડે આપેલુ

હતુ. આ સાહેદે સાહેદ નં.૫૮૯ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ ઈન્દ્રવીર વજુભા ઝાલાની રૂબરૂમાં ઓળખ પરેડના પંચનામાની વિગતે ઓળખી બતાવેલો છે.

સાહેદ નં.૯૫૦ મહંમદરફીક અબ્દુલહમીદ શેખની જુબાનીના સારાંશ મુજબ આ આરોપી નં.૩૭ નાઓએ આ સાહેદની સાઇકલની દુકાન ઉપર સાઇકલ રીપેરીંગ કરાવેલી હતી. આ સાહેદે સાહેદ નં.૫૮૮ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ લક્ષ્મણ કેશવલાલ પારઘની રૂબરૂમાં ઓળખ પરેડના પંચનામાની વિગતે ઓળખી બતાવેલો છે.

સાહેદ નં.૯૫૨ મહંમદ આરીફ બીસ્મીલામીયા સૈયદની જુબાનીના સારાંશ મુજબ આ આરોપી નં.૩૭નાઓને ઈસ્માઈલભાઈ દ્વારા અલમહમદી સોસાયટીવાળુ કુખરાજબાનુનું મકાન ભાડે અપાવેલુ હતુ. આ સાહેદે સાહેદ નં.૫૮૯ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ ઈન્દ્રવીર વજુભા ઝાલાની રૂબરૂમાં ઓળખ પરેડના પંચનામાની વિગતે ઓળખી બતાવેલો છે.

સાહેદ નં.૯૫૬ નઈમઅહેમદ મહંમદઆરીફ શેખની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદના સાયબર કાફે કે જે સુહાના એપાર્ટમેન્ટ શરીફાબાદ સોસાયટી પાછળ આવેલ છે ત્યાં આરોપી નં.૩૭ સરફીંગ કરવા ગયેલો હતો. આ સાહેદે સાહેદ નં.૫૮૮ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ લક્ષ્મણ કેશવલાલ પારઘની રૂબરુમાં ઓળખ પરેડના પંચનામાની વિગતે ઓળખી બતાવેલો છે. તેમજ આ સાહેદે આરોપી નં.૩૭ ને જુબાની દરમ્યાન અદાલત રૂબરૂ ઓળખી બતાવેલો છે.

સાહેદ નં.૯૮૧ પ્રવિણભાઈ હમીરભાઈ કટારીયાની જુબાનીના સારાંશ મુજબ સને–૨૦૦૮ ની સાલના ઉત્તરાયણના દિવસે આ સાહેદ પોતાની જીપ લઈને હાલોલ જતા હતા અને રસ્તામાંથી પેસેન્જરોની સાથે તેમના મિત્ર અંબાલાલભાઇને જીપમાં બેસાડેલા અને ત્યારબાદ તેઓ પાવાગઢથી હાલોલ જવા નિકળેલા ત્યારે હેલીકૈલ વાવ નજીક રોડ ઉપર જીપને પંચર પડેલું. જીપમાં બેસાડેલા અન્ય પેસેન્જરોને બીજી જીપમાં બેસાડી હાલોલ રવાના કરેલાં અને જીપના કંડકટર અશ્વિનભાઇએ જીપનું ટાયર કાઢીને હાલોલ ખાતે પંચર કરાવવા ગયેલાં. અંબાલાલભાઇ તથા આ સાહેદ જીપ પાસે રોકાયેલા તે દરમ્યાન

જંગલમાંથી માણસોનો બોલવાનો અવાજ આવેલો જેથી આ અંબાલાલભાઇ તથા આ સાહેદ તે તરફ જંગલમાં ગયેલા ત્યારે કેટલાક માણસો કમલેશ કવોરીની ખીણ પાસે તંબુ બાંધીને કાંઇક કરતા હતાં. તે લોકો જૂથમાં હતા અને હિન્દી ભાષા બોલતા હતા. તે માણસોમાં સાહેદ પ્રવિણભાઈએ આરોપી નં.૩૭ ને જોયેલો હતો. સાહેદ પ્રવિણભાઈએ એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૭૧ રમણભાઇ સેંઘાભાઇ સોલંકી સમક્ષના ઓળખ પરેડના પંચનામા દરમ્યાન આરોપી નં.૩૭ ને ઓળખી પણ બતાવેલ હતો. સાહેદ પ્રવિણભાઈ ગામડાનો વતની છે. જીપ ચલાવીને પોતાનું ગુજરાન ચલાવે છે. આરોપી સાથે તેઓને કોઇ દુશ્મનાવટ નથી કે જેથી કરીને આરોપી નં.૩૭ ને ખોટી રીતે ગુનામાં સંડોવે. આ સાહેદે તેઓની જુબાની દરમ્યાન આરોપી નં.૩૭ ને ઓળખી શકેલા નથી. બનાવ બાદ ઘણા સમય પછી જુબાની આપેલી હોવાથી આ સાહેદ ઘણા બધા આરોપીઓને ઓળખી શકેલ નથી, નહીં ઓળખવા માટેનું જે કારણ આપેલુ છે તે વાજબી છે તેમ હું માનુ છું.

સાહેદ નં.૧૦૧૬ મોહમંદ સાકીર અબ્દુલ ફરીદ શેખની જુબાનીના સારાંશ મુજબ આરોપી નં.૩૭ નાઓએ સુરત ખાતે સોપારીવાલા કમ્પાઉન્ડમાં આવેલ માસ્તર હાઉસ નામના બિલ્ડિંગની રૂમ નં.૨૧ ભાડે રાખેલી હતી. આ સાહેદ આ સાહેદ આ મિલકતના માલીકનો છોકરો છે અને આ સાહેદે સાહેદ નં.૫૭૯ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ ધર્મેશ કનૈયાલાલ પટેલની રૂબરૂમાં ઓળખ પરેડના પંચનામાની વિગતે ઓળખી બતાવેલો છે.

સાહેદ નં.૧૦૬૭ અંબાલાલ વેચાતભાઇ બારીયાની જુબાનીના સારાંશ મુજબ ૨૦૦૮ ની સાલના ઉત્તરાયણના દિવસે આ સાહેદ તેમના મિત્ર પ્રવિણભાઇની જીપમાં બેસીને પાવાગઢથી હાલોલ જવા નિકળેલા ત્યારે હેલીકૈલ વાવ નજીક રોડ ઉપર જીપને પંચર પડેલું. જીપમાં બેસાડેલા અન્ય પેસેન્જરોને બીજી જીપમાં બેસાડી હાલોલ રવાના કરેલાં અને જીપના કંડકટર અશ્વિનભાઇએ જીપનું ટાયર કાઢીને હાલોલ ખાતે પંચર કરાવવા ગયેલાં. આ સાહેદ તથા પ્રવિણભાઇ જીપ પાસે રોકાયેલા તે દરમ્યાન જંગલમાંથી માણસોનો બોલવાનો

અવાજ આવેલો જેથી આ સાહેદ તથા પ્રવિણભાઈ તે તરફ જંગલમાં ગયેલા ત્યારે કેટલાક માણસો કમલેશ કવોરીની ખીણ પાસે તંબુ બાંધીને કાંઇક કરતા હતાં. તે લોકો જૂથમાં હતા અને હિન્દી ભાષા બોલતા હતા. તે માણસોમાં સાહેદ અંબાલાલે આરોપી નં.૩૭ ને જોયેલો હતો. આ સાહેદે એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૫૭૧ રમણભાઇ સેંધાભાઇ સોલંકી સમક્ષના ઓળખ પરેડના પંચનામા દરમ્યાન આરોપી નં.૩૭ ને ઓળખી પણ બતાવેલ હતો. આ સાહેદ અંબાલાલ ગામડાનો વતની છે. ખેતીકામ કરે છે. આરોપી સાથે તેનો કોઇ દુશ્મનાવટ નથી કે જેથી કરીને આરોપી નં.૩૭ ને ખોટી રીતે ગુનામાં સંડોવે. આ સાહેદ અંબાલાલભાઇ તથા સાહેદ પ્રવિણભાઈની જુબાની ધ્યાને લેતા હાલોલ–પાવાગઢના તાલીમ કેમ્પ બાબતે તથા આ આરોપી નં.૩૭ ની હાજરી બાબતે સમર્થન કરે છે. આ સાહેદે તેઓની જુબાની દરમ્યાન આરોપી નં.૩૭ ને ઓળખી શકેલા નથી. બનાવ બાદ ઘણા સમય પછી જુબાની આપેલી હોવાથી આ સાહેદ ઘણા બધા આરોપીઓને ઓળખી શકેલ નથી, નહીં ઓળખવા માટેનું જે કારણ આપેલુ છે તે વાજબી છે તેમ હું માનુ છું.

સાહેદ નં.૫૭૯ એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ ધર્મેશ કનૈયાલા પટેલની જુબાનીના સારાંશ મુજબ સાહેદ નં.૮૬૪ અબ્દુલ ફરીદ શેખ તથા સાહેદ નં.૧૦૧૬ મોહમંદ સાકીર શેખનાઓએ આ સાહેદની રૂબરૂમાં આરોપી નં.૩૭ ને પોતાની સમક્ષ થયેલી ઓળખ પરેડમાં ઓળખી બતાવેલાની હકીકત જણાવે છે. આ ઉપરાંત સાહેદ નં.૫૮૯ એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ ઈન્દ્રવીર વજુભા ઝાલાની જુબાનીના સારાંશ મુજબ સાહેદ નં.૯૨૪ સરફરાજ અજમેરવાલા તથા સાહેદ નં.૯૩૦ કિશોરભાઈ રાવત તથા સાહેદ નં.૯૪૩ પુખરાજબાનુ તથા સાહેદ નં.૯૫૨ મહંમદ આરીફ સૈયદનાઓએ આ સાહેદની રૂબરૂમાં આરોપી નં.૩૭ ને પોતાની સમક્ષ થયેલી ઓળખ પરેડમાં ઓળખી બતાવેલાની હકીકત જણાવે છે. આ ઉપરાંત સાહેદ નં.૫૮૮ એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ લક્ષ્મણ કેશવલાલ પારઘીની જુબાનીના સારાંશ મુજબ સાહેદ નં.૯૨૭ મોહમદ રીઝવાન દુધવાલા તથા સાહેદ નં.૯૫૦ મહંમદરફીક શેખનાઓએ આ સાહેદની રૂબરૂમાં આરોપી

નં.૩૭ ને પોતાની સમક્ષ થયેલી ઓળખ પરેડમાં ઓળખી બતાવેલાની હકીકત જણાવે છે. આ ઉપરાંત સાહેદ નં.૫૭૧ એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ રમણભાઈ સેંઘાભાઈ સોલંકીની જુબાનીના સારાંશ મુજબ સાહેદ નં.૯૮૧ પ્રવિણ કટારીયા તથા સાહેદ નં.૧૦૬૭ અબંલાલ બારીયાનાઓએ આ સાહેદની રૂબરૂમાં આરોપી નં.૩૭ ને પોતાની સમક્ષ થયેલી ઓળખ પરેડમાં ઓળખી બતાવેલાની હકીકત જણાવે છે. જેથી પણ સ્પષ્ટ બને છે કે હાલોલ–પાવાગઢ ખાતે તા.૧૩/૦૧/૨૦૦૮ થી તા.૧૫/૦૧/૨૦૦૮ ના સમય દરમ્યાન આ આરોપી તથા અન્ય આરોપીઓ ભેગા મળી જે તાલીમ કેમ્પનું આયોજન કરેલું તેમાં આ આરોપી નં.૩૭ પણ હાજર હતો. ઉપરોકત તમામ એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટો સરકારી અધિકારીઓ છે અને તેઓની રૂબરૂમાં ઓળખ પરેડ અંગેની જે કાંઇ કાર્યવાહી કરેલી તે તેઓની ફરજના ભાગરૂપે હતી. આરોપી સાથે તેઓને કોઇ દુશ્મનાવટ નથી અને તેમની રૂબરૂ થયેલી ઓળખ પરેડની કાર્યવાહી તેમણે યોગ્ય રીતે કરેલી તેવી અપેક્ષા હોય છે જે નહિ માનવાને કોઇ કારણ નથી.

સાહેદ નં.૧૦૯૭ મહેતાબ ઈબ્રાહીમ શેખની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદ "મહેતાબ કોમ્પ્યુટર એકેડમી" નામના કલાસીસ કોસંબા ખાતે ચલાવે છે અને સુરતમાં લીંબાયત ખાતે સીમીની મીટીંગમાં ગયેલો. ત્યાં આરોપી નં.૩૭ નો સંપર્ક થયેલો અને ૨૦૦૮ની સાલમાં આરોપી નં.૩૭ કોસંબા ખાતે મકાન ભાડે રાખવા આવેલાનું જણાવે છે.

સાહેદ નં.૧૧૨૨ ઈસ્માઈલ ઈબ્રાહીમ બગાની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદ વાપી ખાતે હોટલ ઈન્ટરકોન્ટીનેન્ટલમાં સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતો હતો. ત્યારે આરોપી નં.૩૭ તેના મહેમાન માટે રૂમ બુક કરાવવા આવેલો અને રજીસ્ટરમાં એન્ટ્રી કરી રૂા.૪૦૦/– એડવાન્સ આપીને જતા રહેલાનું જણાવે છે.

સાહેદ નં.૮૧૬ અતુલ કિશોરભાઈ શેઠની જુબાનીના સારાંશ મુજબ આરોપી નં.૨૭ નાઓ, તપાસ કરનાર અધિકારી તથા આ સાહેદને લઈને અલઅમન એપાર્ટમેન્ટ ઉપર ગયેલો અને ફલેટમાંથી એક ટેબલ ફેન

માળીયામાંથી ઉતારીને પોલીસને સોંપેલો. આરોપી નં.૩૭ ની અટક કર્યા પછી આરોપી નં.૩૭ નાએ આંક–૬૦૮૩ વાળા પંચનામાની વિગતે આ જગ્યા બતાવેલી હતી.

સાહેદ નં.૮૩૪ મહેન્દ્રભાઈ બાબુભાઈ રાવલની જુબાનીના સારાંશ મુજબ આ આરોપી નં.૩૭, તપાસ કરનાર અધિકારી તથા આ સાહેદને લઈને અલમહમદી સોસાયટી મકાન નં.૧૦ કે જયાં બોમ્બ બનાવેલા તે તથા કામદાર મેદાનવાળી જગ્યા તથા બોમ્બ સાથેની સાઇકલ મુકેલી તે સારંગપુર દરવાજા સીંધી માર્કેટ પાસે જનતા પાન હાઉસવાળી જગ્યાઓ બતાવેલી. તે અંગેનુ આંક–૫૬૨૮ વાળુ પંચનામુ તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી. અસારીએ પંચો રૂબરૂ બનાવેલુ.

સાહેદ નં.૮૭૦ વિશાંક બળવંતભાઈ પટેલની જુબાનીના સારાંશ મુજબ આ આરોપી નં.૩૭, તપાસ કરનાર અધિકારી તથા આ સાહેદને લઈને જે જગ્યાઓ ઉપરથી મોબાઈલ સીમકાર્ડ ખરીદેલુ તે તથા જે જગ્યાએથી કાતર ખરીદેલી તે ગુજરાત ટુલ્સ નામની દુકાન તથા જે જગ્યાએથી સ્ટ્રીપ કનેકટર લીધેલા તે તથા ગાંધી રોડ ઉપર આવેલ ઈલેકટ્રીકની દુકાન, બેટરી તથા નાના બલ્બ ખરીદેલા તે દુકાન, વાયરો ખરીદેલા તે દુકાન, જે.કે.કેનવાસ નામની દુકાન જયાંથી કેનવાસ ખરીદેલુ તે, મારૂતિ–૮૦૦ નું કવર ખરીદેલુ તે દુકાન, પ્લાસ્ટીકના ટુકડા ખરીદેલા તે દુકાન, પ્લાસ્ટિકની બેગો ખરીદેલી તે અરીહંત પ્લાસ્ટીકની દુકાન, રીલાયન્સનો મોબાઈલ તથા એરટેલ મોબાઈલ ખરીદેલા તે દુકાનો બતાવેલી. જેનુ પંચનામુ આંક–૬૦૭૫ વાળુ સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાએ પંચો રૂબરૂ કરેલુ.

સાહેદ નં.૮૭૨ કર્ણવ હેમંતભાઈ પટેલની જુબાનીના સારાંશ મુજબ આ આરોપી નં.૩૭, તપાસ કરનાર અધિકારી તથા આ સાહેદને લઈને અલમહમદ સોસાયટીવાળુ મકાન જયાં બોમ્બ બનાવેલા હતા, જયાંથી બેરલ્સ ખરીદેલા હતા, સ્વીમીંગ પુલ માટે ફોટા પડાવેલા હતા તે તક્ષીલ સ્ટુડીયોવાળી જગ્યા, મારૂતિ વેગનઆર અને મારૂતિ–૮૦૦ મા મુકવા માટે સીલીન્ડર ખરીદેલા

હતા તે જગ્યા, મોબાઈલ ફોન ખરીદેલા હતા તે જગ્યા, ઉમરાવ નગર મકાન નં.૩ વાળુ મકાન, સીમ કાર્ડ ખરીદેલ તે ધરતી બેલ્ટ હાઉસ તથા એવરગ્રીન વાળી દુકાન, ટેબલ ફેન ખરીદેલો તે જયઅંબે ઈલેકટ્રોનીકની દુકાન, સીલીન્ડર ખરીદેલા હતા તે રોયલ ગેસ સ્ટવવાળી દુકાન, નોકીયાનો ફોન તથા સીમકાર્ડ ખરીદેલા તે દુકાનો બતાવેલી. જેનુ પંચનામુ આંક-૬૦૮૩ વાળુ સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાએ પંચો રૂબરૂ કરેલુ.

સાહેદ નં.૮૯૩ જીતેન્દ્ર બાબુલાલ જયસ્વાલની જુબાનીના સારાંશ મુજબ આ આરોપી નં.૩૭, તપાસ કરનાર અધિકારી તથા આ સાહેદને લઈને ગાંધીનગર સેકટર-૫ ખાતે તેના સસરાના મકાન ઉપર ગયેલો અને મકાનમાં રાખેલી એક તિજોરીમાંથી ડાયરી, બીલ અને લાયસન્સ મળેલા તે સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાએ આંક-૬૩૫૩ વાળા પંચનામની વિગતે પંચો રૂબરૂ કબજે કરેલા.

સાહેદ નં.૩૪૨ વિશાલભાઈ તુલશીદાસ લોધાની જુબાનીના સારાંશ મુજબ કાલુપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં જનતા પાન હાઉસ ગલ્લા ઉપર જાહેરમાં રોડ ઉપર બોમ્બ બ્લાસ્ટ થયેલો તેનુ પંચનામુ બનાવેલાનું જણાવે છે. આરોપી નં.૩૭ ને અટક કર્યા બાદ આરોપી નં.૩૭ નાએ આ જગ્યા આંક-૫૬૨૮ ના પંચનામાની વિગતે બતાવેલી હતી.

સાહેદ નં.૫૯૩ અશોક રામજી વણજારાની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદની હાજરીમાં વોડાફોન કંપનીના સેક્રેટરી શ્રીનીવાસનનાઓએ સીમકાર્ડ ખરીદવા માટે જે દસ્તાવેજો રજૂ થયેલા તે દસ્તાવેજો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ આંક-૩૨૦૦ વાળા પંચનામાની વિગતે કબજે કરેલા હતા. ત્યારબાદ આરોપી નં.૩૭ ને અટક કર્યા પછી તેને આંક-૬૦૮૩ ના પંચનામાની વિગતે જે દુકાનો જેવી કે ધરતી બેલ્ટ એન્ડ ચશ્માઘર, ઈસનપુર ચાર રસ્તાવાળી દુકાન તથા ઓ.કે.સીલેકશન, રીલીફ રોડ ઉપર આવેલી દુકાન બતાવેલી કે જયાંથી દસ્તાવેજો આપીને સીમકાર્ડ ખરીદેલા હતા. આરોપી નં.૩૭ ને અટક કર્યા બાદ તપાસ કરનાર અધિકારીએ

તેના હસ્તાક્ષરના નમૂના મેળવેલા અને એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે ચકાસવા માટે મોકલેલા.હસ્તાક્ષરની ચકાસણી કરનાર સાહેદ નં.૯૯૦ કૌશીકકુમાર પુંજાલાલ વ્યાસના અભિપ્રાય મુજબ સીમકાર્ડ મેળવવાના અરજી ફોર્મમાં સહી આરોપી નં.૩૭ ની છે. તે અંગેનો અભિપ્રાય આપેલો જે આંક–૬૯૧૩ થી રજૂ છે.

સાહેદ નં.૫૯૯ જયમીન નિલેશભાઈ રાણપુરાની જુબાનીના સારાંશ મુજબ પુનાની કમલેશ્વર હોટલનું રજીસ્ટર અને તેમાની એન્ટ્રી નં.૯૬૧ જે સમીરભાઈના નામની હતી તે રજીસ્ટર પોલીસે કબજે કરેલુ. આરોપી નં.૩૭ ને અટક કર્યા બાદ આંક–૬૪૩૦ ના પંચનામાની વિગતે આ હોટલ બતાવેલુ. ત્યારબાદ તેના હસ્તાક્ષરના નમૂના તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાએ આંક–૩૨૨૨ વાળા પંચનામની વિગતે કબજે લીધેલા અને ચકાસણી અર્થે એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે ચકાસવા માટે મોકલેલા. હસ્તાક્ષરની ચકાસણી કરનાર સાહેદ નં.૯૯૦ કૌશીકકુમાર પુંજાલાલ વ્યાસના અભિપ્રાય મુજબ રજીસ્ટરની એન્ટ્રી નં.૯૬૧ વાળા અક્ષરો આરોપી નં.૩૭ ના છે. તે અંગેનો અભિપ્રાય આપેલો જે આંક–૬૮૯૭ થી રજૂ છે.

સાહેદ નં.૬૦૩ પીન્ટુ પીરાજી સોલંકીની જુબાનીના સારાંશ મુજબ અમદાવાદમા લાલ દરવાજા ખાતે આવેલ સ્નાનાગારમાંથી આરોપી નં.૩૭ નાએ ભરેલુ ફોર્મ તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાએ આંક–૩૨૩૨ વાળા પંચનામની વિગતે કબજે લીધેલુ અને આરોપી નં.૩૭ ને અટક કર્યા બાદ આ જગ્યા તથા ફોર્મ ઉપર તેને જે ફોટો લગાવેલો તે ફોટો તક્ષીલ ગાર્ડન સ્ટુડીયો ખાતે પડાવેલો હતો તે જગ્યાઓ આંક–૬૦૮૩ ના પંચનામાની વિગતે બતાવેલી હતી. આ ઉપરાંત આરોપી નં.૩૭નાએ ઓ.કે. સીલેકશન નામની દુકાનેથી મોબાઈલ સીમ કાર્ડ ખરીદેલુ તે દુકાન ઉપર આંક–૬૦૮૩ વાળા પંચનામાની વિગત બતાવેલી. તેમજ એવરગ્રીન બેલ્ટ હાઉસ નામની દુકાનેથી પણ સીમકાર્ડ ખરીદેલુ તે દુકાન પણ આરોપી નં.૩૭ નાએ આંક–૬૦૮૩ વાળા પંચનામાની વિગતે બતાવેલી.

સાહેદ નં.૭૯૭ હિતેશ ચંદ્રવદન ભટ્ટની જુબાનીના સારાંશ મુજબ આરોપી નં.૩૭ નાઓએ વોડાફોનનું સીમકાર્ડ મેળવવા માટે બોગસ ડ્રાઈવીંગ લાયસન્સ રજુ કરેલુ તેમાં આ સાહેદના ઘરનું સરનામુ હતુ તેમ આ સાહેદ જણાવે છે. આ સરનામુ ખોટુ છે તેવી પણ હકીકત જણાવે છે. આ ડ્રાઈવીંગ લાયસન્સ તથા વોડાફોન કંપનીમાં ભરેલુ અરજી ફોર્મ સાહેદ નં.૧૦૫૬ ધીરેન લારીયાએ પોલીસમાં રજૂ કરેલા હતા અને તે અંગેના હસ્તાક્ષર નિષ્ણાંત સાહેદ નં.૯૯૦ કૌશીક પુંજાલાલ વ્યાસનાઓએ અભિપ્રાય આપેલ છે. તે અંગેનો અભિપ્રાય આપેલો જે આંક–૬૯૧૩ થી રજૂ છે.

સાહેદ નં.૭૯૮ નવીનચંદ્ર હીરાભાઈ દેસાઈની જુબાનીના સારાંશ મુજબ આરોપી નં.૩૭ નાઓએ વોડાફોનનું સીમકાર્ડ મેળવવા માટે બોગસ ડ્રાઈવીંગ લાયસન્સ રજૂ કરેલુ તેમાં આ સાહેદના ઘરનું સરનામુ હતુ તેમ આ સાહેદ જણાવે છે. આ સરનામુ ખોટુ છે તેવી પણ હકીકત જણાવે છે. આ ડ્રાઈવીંગ લાયસન્સ તથા વોડાફોન કંપનીમાં ભરેલુ અરજી ફોર્મ પોલીસમાં રજૂ કરેલા હતા અને તે અંગેના હસ્તાક્ષર નિષ્ણાંત સાહેદ નં.૯૯૦ કૌશીક પુંજાલાલ વ્યાસનાઓએ અભિપ્રાય આપેલ છે. તે અંગેનો અભિપ્રાય આપેલો જે આંક–૬૯૧૩ થી રજૂ છે.

સાહેદ નં.૮૦૧ આઝાદ અહેમદ સરદાર અહેમદ શેખની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદની દુકાનેથી રીલાયન્સ કંપનીનો કલાસીક ૭૦૨ મોડલનો મોબાઈલ વેચેલો હતો અને તે બીલની કાર્બન કોપી પોતાના હસ્તાક્ષરવાળી પોલીસ સમક્ષ રજૂ કરેલી. આરોપી નં.૩૭ ને અટક કર્યા બાદ તેને આ જગ્યા આંક–૬૦૭૫ ના પંચનામાની વિગતે બતાવેલી હતી.

સાહેદ નં.૯૦૭ ઈર્શાદ સરવરખાન પઠાણની જુબાનીના સારાંશ મુજબ આ આરોપી નં.૩૭, તપાસ કરનાર અધિકારી તથા આ સાહેદને લઈને વાપી ખાતે જૂના રેલવે ફાટક નુતન નગરમાં આવેલ મુનાઝ ટેલીફોન નામની દુકાન ઉપર લઈ ગયેલો કે જયાંના એસ.ટી.ડી. પી.સી.ઓ. ઉપરથી તૌકીરને ફોન

કરેલો તે જગ્યા બતાવેલી જેનુ પંચનામુ આંક–૬૪૯૫ વાળુ સાહેદ નં.૧૧૫૫ એન.બી. પરમારનાઓએ પંચો રૂબરૂ બનાવેલુ.

સાહેદ નં.૯૦૮ કાશીફઉરુજ મંજરઅશરફ સૈયદની જુબાનીના સારાંશ મુજબ આ આરોપી નં.૩૭, તપાસ કરનાર અધિકારી તથા આ સાહેદને લઈને વાપી ખાતે આવેલ હોટલ ઈન્ટરકોન્ટીનેન્ટલ ઉપર ગયેલા અને હોટલ રજીસ્ટરના પાના નં.૧૭૫, એન્ટ્રી નં.૧૭૩૯ કે જેમાં અંગ્રેજીમાં તૌકીર એ. શેખ, આરોપી નં.૩૭ નાએ લખેલુ તે કબજે કરેલુ. આ એન્ટ્રીની ચકાસણી એફ.એસ. એલ. અધિકારી સાહેદ નં.૧૧૧૩ મહેશકુમાર મનુભાઈ વડગામાનાઓએ કરેલી તેમના અભિપ્રાય મુજબ એન્ટ્રીના હસ્તાક્ષરો આરોપી નં.૩૭ ના છે. તે અંગેનો અભિપ્રાય આપેલો જે આંક–૬૯૮૭ થી રજૂ છે.

સાહેદ નં.૯૨૮ મહમદ ઈબ્રાહીમ મહમદ અફઝલ શેખની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદ અલમહમદ સોસાયટીમાં પાણી ચાલુ–બંધ કરવાનું કામ કાજ કરતા હતા. કુખરાજબાનુનુ મકાન અલમહમદી સોસાયટી મકાન નં.૧૦ વાળુ છે અને તે આરીફભાઈનાઓએ ડીપોઝીટ રૂા.૨૫૦૦૦/– અને માસીક ભાડુ રૂા.૨૫૦૦/– ના ભાડાથી આરોપી નં.૩૭ ને ભાડે આપેલાનું આ સાહેદ જણાવે છે.

સાહેદ નં.૯૪૨ મહમદ યુનુસ સુલેમાનભાઈ ચાવલવાલાની જુબાનીના સારાંશ મુજબ આરોપી નં.૩૭ ને તેઓ ૨–૩ વર્ષથી ઓળખતા હતા. આ સાહેદ મંડપને લગતા સામાનનો ધંધો કરે છે અને તેમની પાસેથી ૭–૮ જેટલા બંબુ રૂા.૭૦/– નુ ભાડુ આપીને આરોપી નં.૩૭ લઈ ગયેલો હતો.

આંક–૧૨૨ વાળા તહોમતનામામાં જણાવ્યા મુજબ ઘણા બધા આક્ષેપો છે તે બાબતે આ આરોપી નં.૩૭ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા કોઈ મૌખિક કે દસ્તાવેજી પ્રત્યક્ષ પુરાવો રજૂ થયેલા છે . આ આરોપી નં.૩૭ વાપી ખાતે આવેલ હોટલ ઈન્ટરકોન્ટીનેન્ટલમાં તેના મહેમાનને રોકાવવા માટે હોટલોના રજીસ્ટરમાં એન્ટ્રી કરેલ હતી અને રજીસ્ટરોમાં પોતાનું નામ છુપાવીને તૌકીર એ. શેખના ખોટા નામથી એન્ટ્રી કરી, સહી કરેલી હતી. તેમજ આ આરોપી નં.૩૭

નાઓએ વોડાફોન કંપનીના તથા એરટેલ કંપનીના સીમકાર્ડ ખરીદવા માટે ખોટા ડ્રાઈવીંગ લાયસન્સો રજૂ કરેલા છે અને તે ખોટા છે તેવુ જાણવા છતાં તેનો સાચા તરીકે ઉપયોગ કરી કંપનીઓમાંથી રજૂ કરી અરજી ફોર્મમાં સહી કરીને સીમકાર્ડો મેળવેલા. આ ઉપરાંત આ આરોપી નં.૩૭ નાઓએ બનાવોમાં ઉપયોગમાં લીધેલ કોઇ વસ્તુ કે પુરાવાનો નાશ કર્યો હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો નથી. આ બનાવો બન્યા બાદ બનાવોમાં સંડોવાયેલા અન્ય કોઇ આરોપીને આશ્રય આપેલો હોય, તેઓને છુપાવેલા હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો આરોપી નં.૩૭ કે અન્ય આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ નથી. આ આરોપી નં.૩૭ સીમીના સભ્ય હોવાનો મૌખિક પુરાવો છે. સાહેદ નં.૧૧૧૫ મહંમદ ઉંમર મન્સુરી, સાહેદ નં.૧૧૧૭ આસીફ શેખ, સાહેદ નં.૧૧૪૧ ઐયાઝ સૈયદ તથા આરોપી નં.૨ ના કબૂલાત નિવેદન મુજબ આ આરોપી નં.૩૭ સીમીનો સભ્ય છે. સીમી સંગઠન ઉપર ભારત સરકાર દ્વારા પ્રતિબંધ મુકવામાં આવેલો છે તે અંગેનું જાહેરનામું ભારત સરકારના રાજપત્રમાં પ્રસિધ્ધ પણ થયેલું છે માટે સીમી સંગઠનની જાહેરમાં કોઇ ઑફિસ ન હોય અને સીમી અંગેનો કોઇ દસ્તાવેજી પુરાવો ન હોય તે સ્વાભાવિક છે અને તેના કારણે તપાસ કરનાર અધિકારીઓ પૈકી કોઇપણ અધિકારીને સીમી બાબતે તપાસ દરમ્યાન કોઇ દસ્તાવેજી પુરાવો મળેલો નથી. સીમીની કાર્યવાહી પ્રતિબંધના કારણે ગુપ્તરીતે થતી હોય છે. સીમી સંગઠનનું કોઇ રેકર્ડ જાહેરમાં પ્રસિધ્ધ થયેલું નથી. સીમી સંગઠનમાં કોઇ આરોપી સભ્ય બનેલા હોય તો તે અંગેની કોઇ પાવતી કે દસ્તાવેજી પુરાવો ન હોય. આ આરોપી નં.૩૭ સીમી સંગઠનમાં સક્રિય છે તેવું આરોપી સામેના મૌખિક પુરાવાથી પુરવાર થાય છે. આ ઉપરાંત આરોપી નં.૬૮ નાઓએ આંક–૯૨૪૮થી **"કનેકશન ઓફ સીમી"** અંગે એક દસ્તાવેજ રજૂ કરેલો છે તે વંચાણે લેતા સીમી સંગઠન વિશે તથા તેના હોદ્દેદારો, સભ્યો અને પ્રાદેશિક સભ્યો, સીમી સંગઠનનો હેતુ બાબતે તમામ હકીકતો જણાવેલી છે. પરંતુ સંગઠનને કોઇ નાણાકીય સહાય પુરી પાડી હોય અથવા નાણાકીય સહાય પુરી પાડવા કોઇ અન્ય વ્યકિત પાસે મદદ માંગી હોય તેવો ફરિયાદપક્ષ તરફથી કોઇ

પ્રત્યક્ષ પુરાવો આ આરોપી કે અન્ય આરોપીઓ વિરૂધ્ધ રજૂ થયેલો નથી. આ આરોપી નં.૩૭ નાઓએ બનાવો બનતા પહેલા આતંકવાદી ઈ–મેઈલ કર્યા હોય તેવા કોઈ ઈ–મેઈલ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા નથી. આ આરોપી નં.૩૭ નાઓએ કોઈ કમ્પ્યુટરમાંથી આતંકવાદી ઈ–મેઈલ કર્યા હોય અને ઈ–મેઈલ કર્યા પછી તે ઈ–મેઈલ કમ્પ્યુટરમાંથી ડિલીટ કર્યા હોય તેવો પણ કોઈ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આરોપી નં.૩૩ તથા ૩૪ નાઓએ ઈન્ડિયા ટીવીને આતંકવાદી ઈ–મેઈલ કરેલાનો આક્ષેપ છે પરંતુ રજૂ થયેલા ઈ–મેઈલ ધ્યાને લેતા તે આક્ષેપ પુરવાર થતા નથી. આ આરોપી પાસેથી પરવાના વિનાનો કોઈ દેશી તમંચો કે હથિયાર કબજે કરવામાં આવ્યુ હોય તેવો પણ કોઈ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીઓ તથા આ આરોપી વિરૂધ્ધ સમગ્ર પુરાવા ધ્યાને લેતા અમદાવાદ શહેરમાં થયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોના કાવતરામાં અને તેની સાથે સંલગ્ન સુરત શહેરના બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં આ આરોપી નં.૩૭ ની શરૂઆતથી લઈને બનાવોના અંત સુધી સક્રિય ભૂમિકા રહેલી છે આ આરોપી નં.૩૭ સામે આંક–૧૨૨ મુજબના તહોમતનામામા જે આક્ષેપો ફરમાવવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો પુરવાર થાય છે તેમ હું માનું છું. વાઘમોન ખાતે ડિસેમ્બર–૨૦૦૮ મા આરોપીઓએ તાલીમ કેમ્પ રાખેલો હતો અને તે કેમ્પમાં આ આરોપી પણ હાજર હતો. આ કેમ્પ બાબતે અર્નાકુલ્લમ ખાતે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાયેલી અને તે ફરિયાદના કામે કુલ–૩૮ આરોપીઓને અટક કરવામાં આવેલા. તે કામે તપાસના કામે ૩૮ આરોપીઓ વિરૂધ્ધ અદાલતમાં ચાર્જશીટ દાખલ થયેલો જેનો એન.આઈ.એ. કેસ નં.૨/૨૦૧૧ હતો. તે કામે આ આરોપીને આરોપી નં.૨૨ તરીકે દર્શાવેલ છે. તે કેસમાં એન.આઈ.એ. કોર્ટ અર્નાકુલ્લમ દ્વારા તા.૧૫.૫.૨૦૧૮ ના રોજ ચુકાદો આપવામાં આવેલ છે તે ચુકાદામાં આ આરોપીને નિર્દોષ જાહેર કરેલ છે. પરંતુ આ

આરોપીની વાઘમોન ઉપરાંત હાલોલ–પાવાગઢના કેમ્પોમાં પણ હાજરી છે તથા જુદી–જુદી આતંકવાદી તાલીમો મેળવેલી છે. એટલુ જ નહીં જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગોમાં હાજર રહેલો છે અને દેશ વિરૂધ્ધ પ્રવૃત્તિઓ કરેલ છે માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૦૦ આ આરોપી બાબતે લાગુ પડશે નહીં. ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૩૭ ની ભૂમિકા બાબતે તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન કરતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૩૭ વિરૂધ્ધ મુદ્દા નં.૧ થી ૧૩, ૧૬ થી ૧૯, ૨૧ થી ૨૪, ૨૬ થી ૩૨ પુરવાર કરે છે. જયારે મુદ્દા નં. ૧૪,૧૫, ૨૦,૨૫, ૩૩ થી ૩૫ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવુ છું.

આરોપી નં.૩૮ મોહંમદસૈફ ઉર્ફે રાહુલ શર્મા ઉર્ફે કેરીસેવા સાદાબ અહેમદ શેખ

સાહેદ નં.૯૩૩ શેખ મહમદ રસીદ ફરીદમભાઈની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદનો આર.એમ.પાન પાર્લર નામનો ગલ્લો દાણીલીમડા બેરલ માર્કેટમાં આવેલો છે અને આ ગલ્લા ઉપરથી આરોપી નં.૩૮ નાઓ ૫–૬ વખત આઈસક્રીમ તથા પાણીના પાઉચ લઈ ગયેલો હતો અને આ સાહેદે સાહેદ નં.૫૮૮ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ લક્ષ્મણભાઈ કેશવલાલ પારઘીની રુબરુમાં ઓળખ પરેડના પંચનામાની વિગતે આરોપી નં.૩૮ ને ઓળખી બતાવેલો હતો. જેથી ફરિયાદપક્ષનો જે આક્ષેપ છે કે દાણીલીમડા અલમહમદી સોસાયટી મકાન નં.૧૦ માં રહીને આરોપીઓ બોમ્બ બનાવતા હતા તે સંજોગોને સમર્થન કરે છે.

સાહેદ નં.૮૪૨ હરીશ ઉર્ફે ભોલુ મહાદેવભાઈ પુરસાનીની જુબાનીના સારાંશ મુજબ આરોપી નં.૩૮ તથા તેના બે મિત્રો છોટા સાજીદ અને બડા સાજીદ તા.૧૨.૭.૨૦૦૮ ના રોજ આશ્રમ એકસપ્રેસમાં દિલ્હીથી અમદાવાદ આવેલા અને જે જગ્યા ઉપર ઉતરેલા અને ત્યાંથી અલમહમદ સોસાયટી ઉપર ગયેલા તે જગ્યાઓ બતાવવા માટે આ આરોપી નં.૩૮, તપાસ કરનાર અધિકારી તથા આ સાહેદને લઈને કાલુપુર રેલવે સ્ટેશનવાળી જગ્યા, ત્યાં આરોપી નં.૩૭ તેમને મળેલો તે જગ્યા, રીક્ષા પકડીને ચંડોળા તળાવ બેરલ

માર્કેટ પાસે અલમહમદી સોસાયટી ઉપર આવેલા તે જગ્યા, અલમહમદી સોસાયટીનાં મકાનમાં બોમ્બ બનાવેલા અને તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ અલગ–અલગ જગ્યાઓએ અમદાવાદમાં મુકેલા તેમ જણાવી કાલુપુર રેલવે સ્ટેશનના પ્રવેશ ગેટની એન્ટ્રીવાળી જગ્યા, ગીતા મંદિર ચાર રસ્તાવાળી જગ્યા વિગેરે બતાવેલી. તેનુ પંચનામુ આંક–૫૭૯૪ વાળુ સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ પંચો રૂબરૂ બનાવેલુ હતુ.

સાહેદ નં.૮૭૩ શૈલેષભાઈ પ્રભુદાસ ડાભીની જુબાનીના સારાંશ મુજબ આ આરોપી નં.૩૮, તપાસ કરનાર અધિકારી તથા આ સાહેદને લઈને અજીત મીલ ચાર રસ્તા ગયેલા કે જયાં થેલીમાં બોમ્બ લઈને આરોપી નં.૩૮ ગયેલો અને આરોપી નં.૭૫ નાઓએ સાઇકલ આપેલી અને સાઇકલના સ્ટેરીંગ ઉપર થેલી ભરાવી બાગેફીરદોશ પોલીસ લાઈન વિભાગ–૨ ની સામે મુકેલી તે જગ્યા, હાટકેશ્વર સર્કલ પાસેની બસ સ્ટેન્ડવાળી જગ્યા, આશાપુરા ટ્રાવેલ્સ શાકમાર્કેટ પાસેની જગ્યા કે જયાં બોમ્બ મુકેલા તે જગ્યાઓ બતાવેલી. તેનુ પંચનામુ આંક–૬૦૮૭ વાળુ સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ પંચો રૂબરૂ બનાવેલુ હતુ.

સાહેદ નં.૯૫૩ બળદેવભાઈ કસ્તુરભાઈ પ્રજાપતીની જુબાનીના સારાંશ મુજબ આ આરોપી નં.૧ નાઓએ અલમહમદી સોસાયટીવાળુ મકાન નં.૧૦ પંચોની હાજરીમાં તપાસ કરનાર અધિકારીને બતાવેલુ તેનુ પંચનામુ આંક–૬૬૫૬ વાળુ બનાવેલુ અને મકાનમાંથી વાયરનું ગુંચડુ, ડાયરી, છ આની બોલ્ટ, કાતર, પકકડ, સીડી વિગેરે મળી આવેલ તે પંચનામાની વિગતે કબજે કરેલા. આ મળી આવેલ મુદ્દામાલ ઉપર આરોપીઓની ફિંગર પ્રિન્ટ છે કે કેમ તે બાબતે સાહેદ નં.૧૧૬૧ ભુપેન્દ્રસિંહ ભારતસિંહ વાઘેલાનાઓએ કેટલાક આરોપીઓની ફીંગર પ્રિન્ટ લીધેલી હતી તે પૈકી આરોપી નં.૩૮ નાઓની પણ ફીંગર પ્રિન્ટ લેવામાં આવેલી હતી અને આરોપીઓની ફીંગર પ્રિન્ટ એફ.એસ. એલ.માં મોકલી આપેલી હતી અને ત્યાં ચકાસણી થતા મળી આવેલી સીડી ઉપરના આંગળાના છાપના નિશાન આરોપી નં.૩૮ જમણા હાથના અંગુઠાની

છાપ સાથે મળતા આવેલા છે. આ મુજબનો અભિપ્રાય સાહેદ નં.૫૫૮ એફ.એસ. એલ. અધિકારી અનિલભાઈ ચતુરભાઈ પટેલનાઓએ આંક–૬૭૨૭ વાળો આપેલો હતો. જેથી એવુ ચોકકસપણે કહી શકાય કે આરોપી નં.૩૮ અલમહમદી સોસાયટી મકાન નં.૧૦ માં અન્ય આરોપીઓ સાથે રોકાયેલો હતો અને બોમ્બ બનાવેલા હતા અને તે બોમ્બ મકાનમાંથી લઈને અમદાવાદ શહેરમાં જુદી–જુદી જગ્યાઓ ઉપર આ આરોપી નં.૩૮ નાઓએ પણ મુકેલા છે.

સાહેદ નં.૪૮૨ શંકરસિંહ પ્રતાપસિંહ ગોહીલનાઓની જુબાનીના સારાંશ મુજબ અમરાઈવાડી ન્યુ હરીનારાયણ પાર્ક કોમ્પ્લેક્ષ પાસે જયોતિ મોબાઈલની દુકાન સામે બોમ્બ બ્લાસ્ટ થયેલ અને તેમાં વપરાયેલ સાઈકલ સાહેદ નં.૮૮૦ ઐયુબભાઈ કાસમભાઈ મલેકનાઓએ ઓળખી બતાવેલી હતી. આ જગ્યા ઉપર જે બોમ્બ બ્લાસ્ટ થયેલો તે જગ્યા આ આરોપી નં.૩૮ નાઓની અટક થયા પછી આંક–૬૦૮૭ ના પંચનામાની વિગતે બતાવેલી હતી.

સાહેદ નં.૫૮૮ એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ લક્ષ્મણ કેશવલાલ પારઘીની જુબાનીના સારાંશ મુજબ સાહેદ નં.૯૩૩ શેખ મહમદ રસીદ ફરીદમભાઈએ આ સાહેદની રૂબરૂમાં આરોપી નં.૩૮ ને પોતાની સમક્ષ થયેલી ઓળખ પરેડમાં ઓળખી બતાવેલાની હકીકત જણાવે છે. એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ સરકારી અધિકારી છે અને તેઓની રૂબરૂમાં ઓળખ પરેડ અંગેની જે કાંઇ કાર્યવાહી કરેલી તે તેઓની ફરજના ભાગરૂપે હતી. આરોપી સાથે તેઓને કોઇ દુશ્મનાવટ નથી અને તેમની રૂબરૂ થયેલી ઓળખ પરેડની કાર્યવાહી તેમણે યોગ્ય રીતે કરેલી તેવી અપેક્ષા હોય છે જે નહિ માનવાને કોઇ કારણ નથી.

આંક–૧૨૨ વાળા તહોમતનામામાં જણાવ્યા મુજબ ઘણા બધા આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો એવા છે કે, તે બાબતે આ આરોપી નં.૩૮ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા કોઇ મૌખિક કે દસ્તાવેજી પ્રત્યક્ષ પુરાવો રજૂ થયેલો નથી. આ આરોપી નં.૩૮ જુદી–જુદી હોટલોમાં રોકાયો હોય અને તે હોટલોના રજીસ્ટરોમાં ખોટા નામથી એન્ટ્રીઓ કરી હોય, ખોટા નામે સહીઓ કરેલી હોય તેમજ આ આરોપી નં.૩૮ નાઓએ ખોટા દસ્તાવેજ બનાવી તે દસ્તાવેજોનો સાચા તરીકે

ઉપયોગ કર્યો હોય તેવા કોઇ પ્રત્યક્ષ પુરાવા આ આરોપી નં.૩૮ વિરૂધ્ધ નથી. પરંતુ આ અંગેના પ્રત્યક્ષ પુરાવા આરોપી નં.૧૪, ૩૭, ૪૩, ૪૫, ૪૬, ૬૯ અને ૭૦ વિરૂધ્ધ રજૂ થયેલા છે. જેથી કાવતરાના પેરામાં ચર્ચા કર્યા મુજબ તેમજ તે પેરામાં નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લીધેલા છે તે ચુકાદા મુજબ આરોપી નં.૩૮ નાઓ કોઈ હોટલમાં ખોટા નામે એન્ટ્રી કરી રોકાયેલા ન હોવા છતાં પણ અન્ય આરોપીઓ સાથે આરોપી નં.૩૮ની સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે. આ ઉપરાંત આ આરોપી નં.૩૮ નાઓએ બનાવોમાં ઉપયોગમાં લીધેલ કોઇ વસ્તુ કે પુરાવાનો નાશ કર્યો હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો નથી. આ ઉપરાંત આ બનાવો બન્યા બાદ બનાવોમાં સંડોવાયેલા અન્ય કોઇ આરોપીને આશ્રય આપેલો હોય, તેઓને છુપાવેલા હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો આરોપી નં.૩૮ કે અન્ય આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ નથી. આ આરોપી નં.૩૮ સીમીના સભ્ય હોવાનો કોઈ સીધો પુરાવો નથી. આ ઉપરાંત આ આરોપી નં.૩૮ સીમીની મીટીંગોમાં જુદી-જુદી જગ્યાઓ ઉપર હાજર રહેલો હોય, કોઈ ભાષણો કરેલા હોય, ભારત કે રાજય સરકાર વિરૂધ્ધ યુધ્ધ છેડવાનો પ્રયત્ન કર્યો હોય કે ધર્મ અને જાતિઓ વચ્ચે વૈમનસ્ય પેદા થાય તેવુ કોઈ કૃત્ય કરેલુ હોય તેવો પણ કોઈ પ્રત્યક્ષ પુરાવો આ આરોપી નં.૩૮ સામે રજુ થયેલો નથી. આ આરોપી વાઘમોન તથા હાલોલ-પાવાગઢના આતંકવાદી તાલીમ કેમ્પોમાં હાજર રહયો હોય અને જુદી-જુદી તાલીમો લીધી હોય તેવા કોઈ પ્રત્યક્ષ પુરાવા આ આરોપી વિરૂધ્ધ રજૂ થયેલા નથી. પરંતુ અન્ય આરોપીઓ સાથે જુદી-જુદી જગ્યાઓ ઉપર મીટીંગોમાં હાજર રહેલો હશે તેવુ અનુમાન થઈ શકે તેમ છે અને તે મીટીંગોમાં હાજર રહયો હોય તો જ અમદાવાદ અને સુરત શહેરમાં બોમ્બ બ્લાસ્ટ કરવાના આયોજનોથી વાકેફ હોય તથા દિલ્હીથી અમદાવાદ મુકામે આવી રીક્ષામાં બેસીને અલમહમદી સોસાયટીના મકાન નં.૧૦ ઉપર જઈ અન્ય આરોપીઓ સાથે બોમ્બ બનાવેલા છે અને બોમ્બ બનાવ્યા બાદ તા.૨૬.૭. ૨૦૦૮ ના રોજ અમદાવાદ શહેરમાં જુદી-જુદી જગ્યાઓ ઉપર બોમ્બ મુકેલા છે. એવુ ચોકકસપણે અનુમાન થઈ શકે કે આ આરોપી બીજા આરોપીઓ સાથે

કાવતરામાં સામેલ થયેલ છે જેથી આ આરોપીની સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે. આ આરોપી નં.૩૮ નાઓએ બનાવો બનતા પહેલા આતંકવાદી ઈ–મેઈલ કર્યા હોય તેવા કોઈ ઈ–મેઈલ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા નથી. આ આરોપી નં.૩૮ નાઓએ કોઈ કમ્પ્યુટરમાંથી આતંકવાદી ઈ–મેઈલ કર્યા હોય અને ઈ–મેઈલ કર્યા પછી તે ઈ–મેઈલ કમ્પ્યુટરમાંથી ડિલીટ કર્યા હોય તેવો પણ કોઈ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આરોપી નં.૩૩ તથા ૩૪ નાઓએ ઈન્ડિયા ટીવીને આતંકવાદી ઈ–મેઈલ કરેલાનો આક્ષેપ છે પરંતુ રજૂ થયેલા ઈ–મેઈલ ધ્યાને લેતા તે આક્ષેપ પુરવાર થતા નથી. આ આરોપી પાસેથી પરવાના વિનાનો કોઈ દેશી તમંચો કે હથિયાર કબજે કરવામાં આવ્યુ હોય તેવો પણ કોઈ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીઓ તથા આ આરોપી વિરૂધ્ધ સમગ્ર પુરાવા ધ્યાને લેતા અમદાવાદ શહેરમાં થયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોના કાવતરામાં અને તેની સાથે સંલગ્ન સુરત શહેરના બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં આ આરોપી નં.૩૮ ની શરૂઆતથી લઈને બનાવોના અંત સુધી સક્રિય ભૂમિકા રહેલી છે આ આરોપી નં.૩૮ સામે આંક–૧૨૨ મુજબના તહોમતનામામાં જે આક્ષેપો ફરમાવવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો પુરવાર થાય છે તેમ હું માનું છું. ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૩૮ની ભૂમિકા બાબતે તેની વિરૂધ્ધના પુરાવાનું મુલ્યાંકન કરતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૩૮ વિરૂધ્ધ મુદ્દા નં.૧ થી ૧૩, ૧૬ થી ૧૯, ૨૧ થી ૨૪, ૨૬ થી ૩૨ પુરવાર કરે છે. જયારે મુદ્દા નં. ૧૪,૧૫, ૨૦,૨૫, ૩૩ થી ૩૫ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવુ છું.

આરોપી નં.૩૯ જીસાનઅહેમદ અહેસાનઅહેમદ શેખ

સાહેદ નં.૮૭૧ મોહમભાઈ વર્ધરાજ નાયકરની જુબાનીના સારાંશ મુજબ તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓ આ આરોપી નં.૩૯ અને તેની સાથે આરોપી નં.૪૦,૪૨ ને લઈને આ સાહેદ સાથે એફ.એસ. એલ. કચેરી ગાંધીનગર ખાતે ગયેલા. ત્યાં એફ.એસ.એલ. અધિકારીએ ચાવીથી એક રુમ ખોલેલો જેમાં ૧૦ થી ૧૫ સાઇકલો પડેલી હતી. તે સાઇકલો પૈકી બે સાઇકલો આરોપી નં.૩૯ નાઓએ ઓળખી બતાવેલી. તે પૈકી એક બ્લ્યુ કલરની સાઇકલ હતી, બીજી ચેતક લખેલી સાઇકલ હતી. આ સાહેદની હાજરીમાં આરોપી નં.૩૯ નાઓએ જણાવેલુ કે મણીનગર ખાતે પાનના ગલ્લા ઉપર એક સાઇકલ મુકેલી અને બીજી ચેતક લખેલી સાઇકલ મણીનગર બસ ડેપો પાસે મુકેલી. આ કાર્યવાહીની તપાસ કરનાર અધિકારીએ પંચનામુ આંક–૬૦૭૯ વાળુ પંચો રૂબરૂ બનાવેલુ હતુ.

આરોપી નં.૩૯ ઉપર આંક–૧૨૨ ના તહોમતનામા મુજબ ફરિયાદ પક્ષ દ્વારા જે આક્ષેપો મુકવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો મૌખિક કે દસ્તાવેજી પુરાવાથી ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. આ આરોપી આ ગુનાઓમાં સંડોવાયેલો છે. તે સાબીત કરવા માટે સાહેદ નં.૮૭૧ ની જુબાની તથા આંક–૬૦૭૯ વાળુ પંચનામુ છે. આ ઉપરાંત આ આરોપી સાથે આરોપી નં.૪૦ તથા ૪૨ નાઓએ જે જગ્યાઓ ઉપર બોમ્બવાળી સાઇકલો મુકેલી હતી તે જગ્યાઓ જુદા–જુદા પંચનામાઓની વિગતે પંચોની હાજરીમાં તપાસ કરનાર અધિકારીઓને આપેલી માહિતીના આધારે બતાવેલી હતી. આ આરોપીએ જગ્યા બતાવી તે અંગેનુ પંચનામુ બનાવવામાં આવેલુ નથી પરંતુ આરોપી નં.૪૦, ૪૨ ની સાથે આ આરોપી પણ હતો તે પુરાવા ઉપરથી માલુમ પડે છે તથા અનુમાન પણ થઈ શકે તેમ છે. માટે આ આરોપી આ ગુનામાં સંડોવાયેલો હોવાનું સ્પષ્ટરીતે કહી શકાય તેમ છે. આ આરોપી અન્ય આરોપીઓ સાથે સીમીની જુદી–જુદી જગ્યાઓ ઉપર થયેલી મીટીંગમાં હાજર રહેલો હોય તો જ આરોપી નં.૪૦, ૪૨ ની સાથે દિલ્હીથી અમદાવાદ આવીને અલમહમદી સોસાયટી ઉપર જઈ ત્યાંથી બોમ્બવાળી થેલી તથા એક સાઇકલ મેળવીને તે બોમ્બવાળી

સાઇકલ મણીનગર બસ ડેપો પાસે મુકેલી હતી માટે આ આરોપી અન્ય આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા એકબીજાની મદદગારી કરી અમદાવાદ શહેરમાં બોમ્બ બ્લાસ્ટ કરેલા છે તેમ હું માનુ છું. આ આરોપીએ મણીનગર બસ સ્ટેન્ડ પાસે બોમ્બવાળી સાઇકલ મુકી બ્લાસ્ટ કરેલ છે. આ આરોપી વાઘમોન તેમજ હાલોલ–પાવાગઢના કેમ્પોમાં હાજર રહી જુદી–જુદી તાલીમો મેળવી હોય, જેહાદી ભાષણો કરેલા હોય, બોમ્બ બનાવવા માટેની સામગ્રી ખરીદી લાવ્યો હોય, અન્ય આરોપીઓને બોમ્બ બનાવવામાં મદદ કરી હોય, જુદી–જુદી જગ્યાઓ ઉપર ભાડે રાખેલા મકાનોમાં રહયો હોય, જુદી–જુદી જગ્યાઓ ઉપરની હોટલોમાં ખોટા નામથી રોકાયેલો હોય, ખોટા દસ્તાવેજો બનાવેલા હોય અને ખોટા દસ્તાવેજો સાચા તરીકે ઉપયોગ કર્યા હોય તેમજ કોઈ પુરાવાનો નાશ કર્યો હોય કે બનાવોમાં સંડોવાયેલ આરોપીઓને આશ્રય આપ્યો હોય તેવા પણ પ્રત્યક્ષ પુરાવા આ આરોપી વિરૂધ્ધ રજૂ થયેલા નથી. પરંતુ આ આરોપી અન્ય આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થયેલો છે તે ચોકકસ હકીકત છે માટે અન્ય આરોપીઓની સાથે આ આરોપીની પણ સામુહિક જવાબદારી ઉત્પન્ન થાય છે. તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી વિરૂધ્ધ પુરાવા એકત્ર કરી જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી નં.૩૯ સામે ભારતીય ફોજદારી ધારાની કલમ–૧૨૧(એ), ૧૨૪(એ), ૧૫૩(એ) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૬ મુજબની તથા અનલોફુલ એકટીવીટી એકટની કલમ–૧૦,૧૩,૧૬,૧૮ વિગેરે મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કલમ–૪૫ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે સરકારશ્રીને દરખાસ્તો કરેલી અને જુદા–જુદા સક્ષમ અધિકારીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી સામે એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ–૩,૪,૫,૬ મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૭ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે જુદા–જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓને દરખાસ્તો કરેલી અને જુદા–જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓ

પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત આ આરોપી નં.૩૯ સામે આર્મ્સ એટની કલમ–૨૫(૧)(બી) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૩૯ હેઠળ મંજૂરી મેળવવા માટે પોલીસ કમિશનરશ્રીને મંજૂરી મેળવવા માટે દરખાસ્તો કરેલી અને પોલીસ કમિશનરશ્રીઓ પાસેથી મંજૂરી મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીઓ તથા આ આરોપી વિરૂધ્ધ રજૂ થયેલા પુરાવા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદાઓ ધ્યાને લેતા અન્ય આરોપીઓની સાથે આ આરોપીની સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે. આ આરોપી વિરૂધ્ધ આંક–૧૨૨ ના તહોમતનામામાં ફરમાવ્યા મુજબના આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો પુરવાર થાય છે જેથી અન્ય આરોપીઓની જેમ જ આ આરોપી નં.૩૯ વિરૂધ્ધ ફરિયાદપક્ષ મુદ્દા નં.૧ થી ૧૩, ૧૬ થી ૧૯, ૨૧ થી ૨૪, ૨૬ થી ૩૨ પુરવાર કરે છે. જયારે મુદ્દા નં. ૧૪,૧૫, ૨૦,૨૫, ૩૩ થી ૩૫ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવુ છું.

આરોપી નં.૪૦ ઝીયાઉર રહેમાન ઉર્ફે મોન્ટુ અબ્દુલ રહેમાન મુસ્લિમ

સાહેદ નં.૮૮૫ નરેન્દ્રભાઈ બેચરદાસ કહારની જુબાનીના સારાંશ મુજબ આરોપી નં.૩૯, તપાસ કરનાર અધિકારી તથા આ સાહેદને દોરીને મણીનગર સ્ટેશન પાસેથી એક સાઇકલ લીધેલી તે જગ્યા બતાવેલી તથા આ સાઇકલ જયાં મુકેલી તે સ્વામીનારાયણ મંદિર પાસે શીવાની એવન્યુવાળી હતી તે જગ્યા બતાવેલી. જેનુ પંચનામુ આંક–૬૩૧૮ વાળુ સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાએ પંચો રૂબરૂ બનાવેલુ.

સાહેદ નં.૮૭૧ મોહમભાઈ વર્ધરાજ નાયકરની જુબાનીના સારાંશ મુજબ તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓ આ આરોપી નં.૪૦ અને તેની સાથે આરોપી નં.૩૯,૪૨ ને લઈને આ સાહેદ સાથે એફ.એસ. એલ. કચેરી ગાંધીનગર ખાતે ગયેલા. ત્યાં એફ.એસ.એલ. અધિકારીએ ચાવીથી એક રૂમ ખોલેલો જેમાં ૧૦ થી ૧૫ સાઇકલો પડેલી હતી. તે સાઇકલો પૈકી એક

સાઇકલ આરોપી નં.૪૦ નાઓએ ઓળખી બતાવેલી. તે સાઇકલ બાબતે આ સાહેદની હાજરીમાં આરોપી નં.૪૦ નાઓએ જણાવેલુ કે આ સાઇકલ શીવાની કોમ્પ્લેક્ષ ખાતે મુકેલી હતી. આ કાર્યવાહીની તપાસ કરનાર અધિકારીએ પંચનામુ આંક–૬૦૭૯ વાળુ પંચો રૂબરૂ બનાવેલુ હતુ.

આરોપી નં.૪૦ ઉપર આંક–૧૨૨ નાં તહોમતનામા મુજબ ફરિયાદ પક્ષ દ્વારા જે આક્ષેપો મુકવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો મૌખિક કે દસ્તાવેજી પુરાવાથી ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી . આ આરોપી આ ગુનાઓમાં સંડોવાયેલો છે. તે સાબીત કરવા માટે સાહેદ નં.૮૭૧ ની જુબાની તથા આંક–૬૦૭૯ વાળુ પંચનામુ છે તથા સાહેદ નં.૮૮૫ ની જુબાની તથા આંક–૬૩૧૮ વાળુ પંચનામુ છે. આ ઉપરાંત આ આરોપી સાથે આરોપી નં.૩૯ તથા ૪૨ નાઓએ જે જગ્યાઓ ઉપર બોમ્બવાળી સાઇકલો મુકેલી હતી તે જગ્યાઓ જુદા–જુદા પંચનામાઓની વિગતે પંચોની હાજરીમાં તપાસ કરનાર અધિકારીઓને આપેલી માહિતીના આધારે બતાવેલી હતી. આ આરોપીએ સ્વામિનારાયણ મંદિર પાસે શીવાની એવન્યુ નજીક જયાં બોમ્બવાળી સાઇકલ મુકેલી તે જગ્યા બતાવેલી હતી માટે આ આરોપી આ ગુનામાં સંડોવાયેલો હોવાનું સ્પષ્ટરીતે કહી શકાય તેમ છે. આ આરોપી અન્ય આરોપીઓ સાથે સીમીની જુદી–જુદી જગ્યાઓ ઉપર થયેલી મીટીંગમાં હાજર રહેલો હોય તો જ આરોપી નં.૩૯, ૪૨ ની સાથે દિલ્હીથી અમદાવાદ આવીને આ આરોપીએ મણીનગર રેલવે સ્ટેશન પાસેથી બોમ્બવાળી એક સાઇકલ મેળવીને તે બોમ્બવાળી સાઇકલ સ્વામીનારાયણ મંદિર પાસે શીવાની એવન્યુ નજીક મુકેલી હતી માટે આ આરોપી અન્ય આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા એકબીજાની મદદગારી કરી અમદાવાદ શહેરમાં બોમ્બ બ્લાસ્ટ કરેલા છે તેમ હું માનુ છું. આ આરોપીએ સ્વામિનારાયણ મંદિર પાસે શીવાની એવન્યુ નજીક બોમ્બવાળી સાઇકલ મુકી બ્લાસ્ટ કરેલ છે. આ આરોપી વાઘમોન તેમજ હાલોલ–પાવાગઢના કેમ્પોમાં હાજર રહી જુદી–જુદી તાલીમો મેળવી હોય, જેહાદી ભાષણો કરેલા હોય, બોમ્બ બનાવવા માટેની સામગ્રી ખરીદી લાવ્યો હોય,

અન્ય આરોપીઓને બોમ્બ બનાવવામાં મદદ કરી હોય, જુદી–જુદી જગ્યાઓ ઉપર ભાડે રાખેલા મકાનોમાં રહયો હોય, જુદી–જુદી જગ્યાઓ ઉપરની હોટલોમાં ખોટા નામથી રોકાયેલો હોય, ખોટા દસ્તાવેજો બનાવેલા હોય અને ખોટા દસ્તાવેજો સાચા તરીકે ઉપયોગ કર્યા હોય તેમજ કોઈ પુરાવાનો નાશ કર્યો હોય કે બનાવોમાં સંડોવાયેલ આરોપીઓને આશ્રય આપ્યો હોય તેવા પણ પ્રત્યક્ષ પુરાવા આ આરોપી વિરૂધ્ધ રજૂ થયેલા નથી. પરંતુ આ આરોપી અન્ય આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થયેલો છે તે ચોકકસ હકીકત છે માટે અન્ય આરોપીઓની સાથે આ આરોપીની પણ સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે. તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી વિરૂધ્ધ પુરાવા એકત્ર કરી જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી નં.૪૦ સામે ભારતીય ફોજદારી ધારાની કલમ–૧૨૧(એ), ૧૨૪(એ), ૧૫૩(એ) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૬ મુજબની તથા અનલોફુલ એકટીવીટી એકટની કલમ–૧૦,૧૩,૧૬,૧૮ વિગેરે મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કલમ–૪૫ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે સરકારશ્રીને દરખાસ્તો કરેલી અને જુદા–જુદા સક્ષમ અધિકારીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી સામે એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ–૩,૪,૫,૬ મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૭ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે જુદા–જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓને દરખાસ્તો કરેલી અને જુદા–જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત આ આરોપી નં.૪૦ સામે આર્મ્સ એટની કલમ–૨૫(૧)(બી) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૩૯ હેઠળ મંજૂરી મેળવવા માટે પોલીસ કમિશનરશ્રીને મંજૂરી મેળવવા માટે દરખાસ્તો કરેલી અને પોલીસ કમિશનરશ્રીઓ પાસેથી મંજૂરી મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર

ચાવડાનાઓની જુબાનીઓ તથા આ આરોપી વિરૂધ્ધ રજૂ થયેલા પુરાવા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદાઓ ધ્યાને લેતા અન્ય આરોપીઓની સાથે આ આરોપીની સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે. આ આરોપી વિરૂધ્ધ આંક–૧૨૨ ના તહોમતનામામાં ફરમાવ્યા મુજબના આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો અન્ય આરોપીઓની જેમ જ આ આરોપી નં.૪૦ વિરૂધ્ધ ફરિયાદપક્ષ મુદ્દા નં.૧ થી ૧૩, ૧૬ થી ૧૯, ૨૧ થી ૨૪, ૨૬ થી ૩૨ પુરવાર કરે છે. જયારે મુદ્દા નં. ૧૪,૧૫, ૨૦,૨૫, ૩૩ થી ૩૫ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવુ છું.

આરોપી નં.૪૧ સાકીબનિસાર નિસારઅહેમદ શેખ

આ આરોપી નં.૪૧ ઉપર આંક–૧૨૨ ના તહોમતનામા મુજબ ફરિયાદ પક્ષ દ્વારા જે આક્ષેપો મુકવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી એક પણ આક્ષેપ મૌખિક કે દસ્તાવેજી પુરાવાથી ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. આ આરોપી વાઘમોન તથા હાલોલ–પાવાગઢના જંગલોમાં આતંકવાદી તાલીમ કેમ્પોમા હાજર રહયો હોય, જુદી–જુદી તાલીમો મેળવેલી હોય, અન્ય આરોપીઓએ જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગો કરી છે અને તે મીટીંગોમાં આ આરોપી હાજર રહયો હોય, જેહાદી ભાષણો કર્યા હોય કે સાંભળ્યા હોય, કોઈ મકાનમાં રહીને અન્ય આરોપીઓને બોમ્બ બનાવવામાં મદદ કરી હોય, બોમ્બ બનાવવા માટેની કોઈ સામગ્રી ખરીદેલી હોય, જે જગ્યા ઉપર બોમ્બ મુકવામાં આવેલા તે જગ્યાઓની રેકી કરી હોય કે કોઈ જગ્યા ઉપર જઈને બોમ્બ મુકેલા હોય, આતંકવાદી ઈ–મેઈલ કર્યા હોય, કોઈ આરોપીને આશ્રય આપ્યો હોય, કોઈ પુરાવાનો નાશ કર્યો હોય કે કાવતરામાં અન્ય આરોપીઓ સાથે સમાન ઈરાદો પાર પાડવા હાજર રહયો અને આ બનાવોમાં અન્ય આરોપીઓને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદ કરી હોય તેવો એકપણ પુરાવો આ આરોપી વિરૂધ્ધ રજૂ કરવામાં આવેલો નથી. આ આરોપી આ ગુનાઓમાં સંડોવાયેલો છે તે અંગેના પુરાવા એકત્ર કરી જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી નં.૪૧ સામે ભારતીય ફોજદારી ધારાની કલમ–૧૨૧(એ), ૧૨૪(એ), ૧૫૩(એ) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની

કલમ–૧૯૬ મુજબની તથા અનલોકુલ એકટીવીટી એકટની કલમ–૧૦,૧૩, ૧૬,૧૮ વિગેરે મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કલમ–૪૫ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે સરકારશ્રીને દરખાસ્તો કરેલી અને જુદા–જુદા સક્ષમ અધિકારીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી સામે એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ–૩,૪,૫,૬ મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૭ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે જુદા–જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓને દરખાસ્તો કરેલી અને જુદા–જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત આ આરોપી નં.૪૧ સામે આર્મ્સ એટની કલમ–૨૫(૧)(બી) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૩૯ હેઠળ મંજૂરી મેળવવા માટે પોલીસ કમિશનરશ્રીને મંજૂરી મેળવવા માટે દરખાસ્તો કરેલી અને પોલીસ કમિશનરશ્રીઓ પાસેથી મંજૂરી મેળવેલી જે રજૂ કરેલી છે. દરખાસ્તો સાથે જે પુરાવા આરોપી નં.૪૧ વિરૂધ્ધના રજૂ કરેલા તે પૈકી એક પણ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીઓ તથા ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૪૧ ની ભૂમિકા બાબતેના તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન કરતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૪૧ વિરૂધ્ધ તમામ મુદ્દાઓ સંબંધે કેસ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવું છું.

આરોપી નં.૪૨ મોહંમદશકીલ ઉર્ફે શકીલ ચામીનખાન લુહાર

સાહેદ નં.૮૯૬ દુર્ગેશભાઈ કનુભાઈ પટેલની જુબાનીના સારાંશ મુજબ આરોપી નં.૪૨, તપાસ કરનાર અધિકારી તથા આ સાહેદને દોરીને મણીનગર રેલવે સ્ટેશન પાસે આવેલ રૂપ કોમ્પ્લેક્ષ જે જગ્યાએથી આ આરોપી નં.૪૨ નાઓએ બોમ્બવાળી સાઇકલ મેળવેલી તથા આ સાઇકલ મણીનગર ચાર

રસ્તા પાસે મહાલક્ષ્મી માર્કેટવાળી જગ્યા ઉપર મુકેલી તે બંને જગ્યાઓ બતાવેલી. જેનુ પંચનામુ આંક–૬૪૨૨ વાળુ સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાએ પંચો રૂબરૂ બનાવેલુ.

સાહેદ નં.૮૭૧ મોહનભાઈ વર્ધરાજ નાયકરની જુબાનીના સારાંશ મુજબ તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓ આ આરોપી નં.૪૨ અને તેની સાથે આરોપી નં.૩૯,૪૦ ને લઈને આ સાહેદ સાથે એફ.એસ. એલ. કચેરી ગાંધીનગર ખાતે ગયેલા. ત્યાં એફ.એસ.એલ. અધિકારીએ ચાવીથી એક રૂમ ખોલેલો જેમાં ૧૦ થી ૧૫ સાઇકલો પડેલી હતી. તે સાઇકલો પૈકી એક સાઇકલ આરોપી નં.૪૨ નાઓએ ઓળખી બતાવેલી. તે સાઇકલ બાબતે આ સાહેદની હાજરીમાં આરોપી નં.૪૨ નાઓએ જણાવેલુ કે આ સાઇકલ મણીનગર ચાર રસ્તા પાસે મહાલક્ષ્મી માર્કેટવાળી જગ્યા ઉપર મુકેલી હતી. આ કાર્યવાહીની તપાસ કરનાર અધિકારીએ આંક–૬૦૭૯ વાળુ પંચનામુ પંચો રૂબરૂ બનાવેલુ હતુ.

આરોપી નં.૪૨ ઉપર આંક–૧૨૨ ના તહોમતનામા મુજબ ફરિયાદ પક્ષ દ્વારા જે આક્ષેપો મુકવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો મૌખિક કે દસ્તાવેજી પુરાવાથી ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી . આ આરોપી આ ગુનાઓમાં સંડોવાયેલો છે. તે સાબીત કરવા માટે સાહેદ નં.૮૭૧ની જુબાની તથા આંક–૬૦૭૯ વાળુ પંચનામુ છે તથા સાહેદ નં.૮૯૬ની જુબાની તથા આંક–૬૪૨૨ વાળુ પંચનામુ છે. આ ઉપરાંત આ આરોપી સાથે આરોપી નં.૩૯ તથા ૪૦ નાઓએ જે જગ્યાઓ ઉપર બોમ્બવાળી સાઇકલો મુકેલી હતી તે જગ્યાઓ જુદા–જુદા પંચનામાઓની વિગતે પંચોની હાજરીમાં તપાસ કરનાર અધિકારીઓને આપેલી માહિતીના આધારે બતાવેલી હતી. આ આરોપીએ મણીનગર રેલવે સ્ટેશન પાસે આવેલ રૂપ કોમ્પ્લેક્ષ જે જગ્યાએથી આ આરોપી નં.૪૨નાઓએ બોમ્બવાળી સાઇકલ મેળવેલી તથા આ સાઇકલ મણીનગર ચાર રસ્તા પાસે મહાલક્ષ્મી માર્કેટવાળી જગ્યા ઉપર બોમ્બવાળી સાઇકલ મુકેલી તે જગ્યા બતાવેલી હતી માટે આ આરોપી આ ગુનામાં સંડોવાયેલો હોવાનું સ્પષ્ટરીતે

કહી શકાય તેમ છે. આ આરોપી અન્ય આરોપીઓ સાથે સીમીની જુદી–જુદી જગ્યાઓ ઉપર થયેલી મીટીંગમાં હાજર રહેલો હોય તો જ આરોપી નં.૩૯, ૪૦ની સાથે દિલ્હીથી અમદાવાદ આવીને મણીનગર રેલવે સ્ટેશન પાસે આવેલ રૂપ કોમ્પ્લેક્ષ પાસેથી બોમ્બવાળી સાઇકલ મેળવેલી તથા આ સાઇકલ મણીનગર ચાર રસ્તા પાસે મહાલક્ષ્મી માર્કેટવાળી જગ્યા ઉપર બોમ્બવાળી સાઇકલ મુકેલી હતી માટે આ આરોપી અન્ય આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા એકબીજાની મદદગારી કરી અમદાવાદ શહેરમાં બોમ્બ બ્લાસ્ટ કરેલા છે તેમ હું માનુ છું. આ આરોપીએ મણીનગર ચાર રસ્તા પાસે મહાલક્ષ્મી માર્કેટવાળી જગ્યા ઉપર બોમ્બવાળી સાઇકલ મુકી બ્લાસ્ટ કરેલ છે. આ આરોપી વાઘમોન તેમજ હાલોલ–પાવાગઢના કેમ્પોમાં હાજર રહી જુદી–જુદી તાલીમો મેળવી હોય, જેહાદી ભાષણો કરેલા હોય, બોમ્બ બનાવવા માટેની સામગ્રી ખરીદી લાવ્યો હોય, અન્ય આરોપીઓને બોમ્બ બનાવવામાં મદદ કરી હોય, જુદી–જુદી જગ્યાઓ ઉપર ભાડે રાખેલા મકાનોમાં રહ્યો હોય, જુદી–જુદી જગ્યાઓ ઉપરની હોટલોમાં ખોટા નામથી રોકાયેલો હોય, ખોટા દસ્તાવેજો બનાવેલા હોય અને ખોટા દસ્તાવેજો સાચા તરીકે ઉપયોગ કર્યા હોય તેમજ કોઈ પુરાવાનો નાશ કર્યો હોય કે બનાવોમાં સંડોવાયેલ આરોપીઓને આશ્રય આપ્યો હોય તેવા પણ પ્રત્યક્ષ પુરાવા આ આરોપી વિરૂધ્ધ રજૂ થયેલા નથી. પરંતુ આ આરોપી અન્ય આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થયેલો છે તે ચોકકસ હકીકત છે માટે અન્ય આરોપીઓની સાથે આ આરોપીની પણ સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે. તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી વિરૂધ્ધ પુરાવા એકત્ર કરી જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી નં.૪૨ સામે ભારતીય ફોજદારી ધારાની કલમ–૧૨૧(એ), ૧૨૪(એ), ૧૫૩(એ) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૬ મુજબની તથા અનલોફુલ એકટીવીટી એકટની કલમ–૧૦,૧૩,૧૬,૧૮ વિગેરે મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કલમ–૪૫ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે સરકારશ્રીને દરખાસ્તો કરેલી અને જુદા–જુદા સક્ષમ અધિકારીઓ પાસેથી

મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી સામે એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ–૩,૪,૫,૬ મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૭ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે જુદા–જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓને દરખાસ્તો કરેલી અને જુદા–જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત આ આરોપી નં.૪૨ સામે આર્મ્સ એટની કલમ–૨૫(૧)(બી) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૩૯ હેઠળ મંજૂરી મેળવવા માટે પોલીસ કમિશનરશ્રીને મંજૂરી મેળવવા માટે દરખાસ્તો કરેલી અને પોલીસ કમિશનરશ્રીઓ પાસેથી મંજૂરી મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીઓ તથા આ આરોપી વિરૂધ્ધ રજૂ થયેલા પુરાવા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદાઓ ધ્યાને લેતા અન્ય આરોપીઓની સાથે આ આરોપીની સામુહિક જવાબદારી ઉત્પન્ન થાય છે. આ આરોપી વિરૂધ્ધ આંક–૧૨૨ ના તહોમતનામામાં ફરમાવ્યા મુજબના આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો અન્ય આરોપીઓની જેમ જ આ આરોપી નં.૪૨ વિરૂધ્ધ ફરિયાદપક્ષ મુદ્દા નં.૧ થી ૧૩, ૧૬ થી ૧૯, ૨૧ થી ૨૪, ૨૬ થી ૩૨ પુરવાર કરે છે. જયારે મુદ્દા નં. ૧૪,૧૫, ૨૦,૨૫, ૩૩ થી ૩૫ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવુ છું.

આરોપી નં.૪૩ અનીક શફીક સૈયદ ઉર્ફે ખાલીદ

સાહેદ નં.૧૧૨૯ ભાવેશ ભુપતભાઈ ઠક્કરની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદ જલારામ ઓટો કન્સલટન્ટના માલીક છે અને તેમને ત્યાંથી એક વ્યકિત કાઈનેટીક મોપેડ વાહન વેચાણનો કરાર કરીને લઈ ગયેલો હતો. આ સાહેદે આરોપી નં.૪૩ ને સાહેદ નં.૫૭૫ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ કીર્તનભાઈ ચતુરભાઈ પટેલની હાજરીમાં ઓળખ પરેડના પંચનામાની વિગતે ઓળખી બાતવેલો છે. જેથી એવુ કહી શકાય કે આ સાહેદ પાસેથી આરોપી નં.૪૩ નાઓએ કાઈનેટીક મોપેડ ખરીદ કરેલુ હતુ.

સાહેદ નં.૧૧૩૮ ગુલામહુસેન અબ્દુલરસીદ પઠાણની જુબાનીના સારાંશ મુજબ આરોપી નં.૪૩ પોતે આરોપી નં.૪૪ તથા ૪૫ની સાથે ભરૂચ ખાતે શેરપુરાના નાકા પાસે આવેલ મકાન ભાડે રાખેલુ હતુ અને તે મકાનમાં આરોપીઓએ ભેગા થઈને બોમ્બ બનાવેલા હતા. આ સાહેદે આરોપી નં.૪૩ નાઓને સાહેદ નં.૫૮૯ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ ઈન્દ્રવીર વજુભા ઝાલાની હાજરીમાં ઓળખ પરેડના પંચનામાની વિગતે ઓળખી બાતવેલો છે.

સાહેદ નં.૧૧૦૮ અભિષેક ઋષિકેશ શુકલની જુબાનીના સારાંશ મુજબ આ આરોપી નં.૪૩, તપાસ કરનાર અધિકારી તથા આ સાહેદને લઈને આરોપી નં.૪૩ નાઓએ સુરત ખાતે બોમ્બ અંગેનો સામાન જે જગ્યાઓએથી ખરીદેલો તે જગ્યાઓ બતાવેલી. તે મુજબ રામપુરા પેટ્રોલ પંપ ઉપરથી ૧૦ લીટર પેટ્રોલ લીધેલુ તે જગ્યા તથા દિલ્હી ગેટ પોલીસ ચોકીની સામે આવેલી દુકાનમાંથી પ્લાસ્ટિકનો સામાન વેચાતો હતો તે દુકાન ઉપરથી ૫–૬ કેરબા લીધેલા તે જગ્યા તથા કતારગામ અનાથાશ્રમ પાસે આવેલ પેટ્રોલપંપ ઉપરથી ૧૦ લીટર પેટ્રોલ લીધેલુ તે જગ્યાો બતાવેલી. તે જગ્યાઓનું પંચનામુ આંક–૭૯૩૯ વાળુ સાહેદ નં.૧૧૨૦ એસ.જે.તીરમીજીએ પંચો રૂબરૂ બનાવેલુ.

સાહેદ નં.૧૧૧૦ જીગ્નેશ હિંમતલાલ શાહની જુબાનીના સારાંશ મુજબ આ આરોપી નં.૪૩, તપાસ કરનાર અધિકારી તથા આ સાહેદને લઈને આરોપી નં.૪૩ તથા ૪૪ રીવર વ્યુ સોસાયટી મકાન નં.બી–૩૪, સુરત ખાતે લઈ ગયેલા કે જે મકાન આરોપીઓએ ભાડે રાખેલુ હતુ. તે જગ્યાનું પંચનામુ આંક–૭૯૪૬ વાળુ સાહેદ નં.૧૧૫૫ એન.બી. પરમારે પંચો રૂબરૂ બનાવેલુ.

સાહેદ નં.૫૭૫ એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ કીર્તન ચતુરભાઈ પટેલની જુબાનીના સારાંશ મુજબ સાહેદ નં.૧૧૨૯ ભાવેશ ભુપત ઠક્કરે આ સાહેદની રૂબરૂમાં આરોપી નં.૪૩ ને પોતાની સમક્ષ થયેલી ઓળખ પરેડમાં ઓળખી બતાવેલાની હકીકત જણાવે છે. તેમજ સાહેદ નં.૫૮૯ એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ ઈન્દ્રવીર વજુભા ઝાલાની જુબાનીના સારાંશ મુજબ સાહેદ નં.૧૧૩૮ ગુલામ હુસેન પઠાણે આ સાહેદની રૂબરૂમાં આરોપી નં.૪૩ને પોતાની સમક્ષ થયેલી

ઓળખ પરેડમાં ઓળખી બતાવેલાની હકીકત જણાવે છે. ઉપરોકત બંને એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટો સરકારી અધિકારીઓ છે અને તેઓની રૂબરૂમાં ઓળખ પરેડ અંગેની જે કાંઇ કાર્યવાહી કરેલી તે તેઓની ફરજના ભાગરૂપે હતી. આરોપી સાથે તેઓને કોઇ દુશ્મનાવટ નથી અને તેમની રૂબરૂ થયેલી ઓળખ પરેડની કાર્યવાહી તેમણે યોગ્ય રીતે કરેલી તેવી અપેક્ષા હોય છે જે નહિ માનવાને કોઇ કારણ નથી.

સાહેદ નં.૧૧૦૯ વિકાસ બાલુભાઈ ભોઈની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદની હાજરીમાં આરોપી નં.૪૩ નાઓએ જલારામ કન્સલટન્ટનો ચોપડો કે જે આંક–૨૮૦૪ થી રજૂ થયેલો છે તે ચોપડામાં આ આરોપીએ સહી કરેલી તે સહી આ આરોપી નં.૪૩ નાઓએ ઓળખી બતાવેલી હતી અને ત્યારબાદ તપાસ કરનાર અધિકારીએ આરોપી નં.૪૩ ના હસ્તાક્ષરના નમૂના કુલ–છ પેપર ઉપર કુલ–૩૬ નમૂના લીધેલા. જે અંગેનુ પંચનામુ આંક–૭૯૪૨ વાળુ સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમારે પંચો રૂબરૂ બનાવેલુ. આ હસ્તાક્ષરના નમૂના એફ. એસ.એલ. ગાંધીનગર ખાતે ચકાસવા માટે મોકલેલા અને ચકાસણી કરનાર અધિકારી સાહેદ નં.૧૧૧૩ મહેશકુમાર મનુભાઈ વડગામાનાઓએ હસ્તાક્ષરની ચકાસણી કરી આંક–૭૯૭૭ વાળો અભિપ્રાય આપેલો.

આંક–૧૨૨ વાળા તહોમતનામામાં જણાવ્યા મુજબ ઘણા બધા આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો એવા છે કે, તે બાબતે આ આરોપી નં.૪૩ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા કોઇ મૌખિક કે દસ્તાવેજી પ્રત્યક્ષ પુરાવો રજૂ થયેલો નથી. આ આરોપી નં.૪૩ જુદી–જુદી હોટલોમાં રોકાયો હોય અને તે હોટલોના રજીસ્ટરોમાં ખોટા નામથી એન્ટ્રીઓ કરી હોય, ખોટા નામે સહીઓ કરેલી હોય તેમજ આ આરોપી નં.૪૩ નાઓએ ખોટા દસ્તાવેજ બનાવી તે દસ્તાવેજોનો સાચા તરીકે ઉપયોગ કર્યો હોય તેવા કોઇ પ્રત્યક્ષ પુરાવા આ આરોપી નં.૪૩ સામે નથી. પરંતુ આ અંગેના પ્રત્યક્ષ પુરાવા આરોપી નં.૧૪, ૩૭, ૪૫, ૪૬, ૬૯ અને ૭૦ વિરૂધ્ધ રજૂ થયેલા છે. જેથી કાવતરાના પેરામાં ચર્ચા કર્યા મુજબ તેમજ તે પેરામાં નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લીધેલા છે તે ચુકાદા મુજબ આરોપી નં.૪૩

નાઓ કોઈ હોટલમાં ખોટા નામે એન્ટ્રી કરી રોકાયેલા ન હોવા છતાં પણ અન્ય આરોપીઓ સાથે આરોપી નં.૪૩ ની સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે. આ ઉપરાંત આ આરોપી નં.૪૩ નાઓએ બનાવોમાં ઉપયોગમાં લીધેલ કોઇ વસ્તુ કે પુરાવાનો નાશ કર્યો હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો નથી. આ ઉપરાંત આ બનાવો બન્યા બાદ બનાવોમાં સંડોવાયેલા અન્ય કોઇ આરોપીને આશ્રય આપેલો હોય, તેઓને છુપાવેલા હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો આરોપી નં.૪૩ કે અન્ય આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ નથી. આ આરોપી નં.૪૩ વાઘમોન તેમજ હાલોલ–પાવાગઢ ખાતેના આતંકવાદી તાલીમ કેમ્પોમા હાજર રહયો હોય અને તાલીમો મેળવી હોય તથા જેહાદી ભાષણો કર્યા હોય તેવો કોઈ પ્રત્યક્ષ પુરાવો આ આરોપી વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ આરોપી સીમીના સભ્ય હોવાનો કોઈ પ્રત્યક્ષ પુરાવો નથી. આ ઉપરાંત આ આરોપી નં.૪૩ સીમીની મીટીંગોમાં જુદી–જુદી જગ્યાઓ ઉપર હાજર રહેલો હોય, કોઈ ભાષણો કરેલા હોય, ભારત કે રાજય સરકાર વિરૂધ્ધ યુધ્ધ છેડવાનો પ્રયત્ન કર્યો હોય કે ધર્મ અને જાતિઓ વચ્ચે વૈમનસ્ય પેદા થાય તેવુ કોઈ કૃત્ય કરેલુ હોય તેવો પણ કોઈ પ્રત્યક્ષ પુરાવો આ આરોપી નં.૪૩ સામે રજૂ થયેલો નથી. પરંતુ આ આરોપી અન્ય આરોપીઓ સાથે જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગોમાં હાજર રહેલો છે તેવુ અનુમાન ચોકકસપણે થઈ શકે કારણ કે અન્ય આરોપીઓ સાથે મીટીંગમાં હાજર રહયો હોય તો જ અમદાવાદ અને સુરત બંને શહેરોમાં બોમ્બ બ્લાસ્ટ કરવાના આયોજનની તેને માહિતી હોય અને તેથી જ આ આરોપી આરોપી નં.૪૪ સાથે રીવર વ્યુ સોસાયટી સુરતમાં રહેલો છે તથા આરોપી નં.૪૫ સાથે ભરુચ ખાતે શેરપુરાવાળા મકાનમાં પણ રહીને ગેરકાયદેસર પ્રવૃત્તિ કરી છે. આ આરોપી નં.૪૩નાઓએ બનાવો બનતા પહેલા આતંકવાદી ઇ–મેઇલ કર્યા હોય તેવા કોઇ ઇ–મેઇલ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા નથી. આ આરોપી નં.૪૩ નાઓએ કોઇ કમ્પ્યુટરમાંથી આતંકવાદી ઇ–મેઇલ કર્યા હોય અને ઇ–મેઇલ કર્યા પછી તે ઇ–મેઇલ કમ્પ્યુટરમાંથી ડિલીટ કર્યા હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આરોપી નં.૩૩ તથા ૩૪

નાઓએ ઈન્ડિયા ટીવીને આતંકવાદી ઈ–મેઈલ કરેલાનો આક્ષેપ છે પરંતુ રજૂ થયેલા ઈ–મેઈલ ધ્યાને લેતા તે આક્ષેપ પુરવાર થતા નથી. આ આરોપી પાસેથી પરવાના વિનાનો કોઇ દેશી તમંચો કે હથિયાર કબજે કરવામાં આવ્યુ હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીઓ તથા આ આરોપી વિરૂધ્ધ સમગ્ર પુરાવા ધ્યાને લેતા અમદાવાદ શહેરમાં થયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોના કાવતરામાં અને તેની સાથે સંલગ્ન સુરત શહેરના બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં આ આરોપી નં.૪૩ની ભૂમિકા રહેલી છે આ આરોપી નં.૪૩ સામે આંક–૧૨૨ મુજબના તહોમતનામામાં જે આક્ષેપો ફરમાવવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો પુરવાર થાય છે તેમ હું માનું છું. ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૪૩ ની ભૂમિકા બાબતે તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન કરતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૪૩ વિરૂધ્ધ મુદ્દા નં.૧ થી ૧૩, ૧૬ થી ૧૯, ૨૧ થી ૨૪, ૨૬ થી ૩૨ પુરવાર કરે છે. જયારે મુદ્દા નં. ૧૪,૧૫, ૨૦,૨૫, ૩૩ થી ૩૫ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવુ છું.

આરોપી નં.૪૪ મોહંમદ અકબર ઈસ્માઈલ ચૌધરી ઉર્ફે સઈદ

સાહેદ નં.૧૧૨૩ લીયાકતઅલી ગુલામરસુલ હુસેન શેખની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદ કરીયાણાનો વેપાર કરે છે અને તા.૧૮.૭. ૨૦૦૮ ના રોજ સાંજના ૫–૬ વાગે એક છોકરાને લઈને દુકાન ઉપર આવેલા અને આ છોકરાને રૂમ ભાડે જોઈએ છે તેવી વાત કરેલી. ત્યારબાદ ડીપોઝીટના રૂા.૧૦૦૦૦/–નકકી કરેલા અને રૂા.૭૦૦૦/–આપેલા અને તે છોકરાને રીવરવ્યુ સોસાયટી મકાન નં.ડી–૩૪ ભાડે આપેલુ હતુ. આ સાહેદે આરોપી નં.૪૪ ને સાહેદ નં.૫૭૫ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ કીર્તનભાઈ ચતુરભાઈ પટેલની હાજરીમાં ઓળખ પરેડના પંચનામાની વિગતે ઓળખી બાતવેલો છે. જેથી એવુ

કહી શકાય કે આરોપી નં.૪૩ નાઓએ અન્ય આરોપીઓ સાથે ભેગા મળીને આ મકાન ભાડે રાખેલુ હતુ અને તેમાં રહેલા હતા અને અન્ય આરોપીઓ સાથે ભેગા મળી મકાનમાં બોમ્બ બનાવેલા હતાં.

સાહેદ નં.૧૧૩૮ ગુલામહુસેન અબ્દુલરસીદ પઠાણની જુબાનીના સારાંશ મુજબ આરોપી નં.૪૪ પોતે આરોપી નં.૪૩ તથા ૪૫ ની સાથે ભરૂચ ખાતે શેરપુરાના નાકા પાસે આવેલ મકાન ભાડે રાખેલુ હતુ અને તે મકાનમાં આરોપીઓએ ભેગા થઈને બોમ્બ બનાવેલા હતા. આ સાહેદે આરોપી નં.૪૪ નાઓને સાહેદ નં.૫૮૯ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ ઈન્દ્રવીર વજુભા ઝાલાની હાજરીમાં ઓળખ પરેડના પંચનામાની વિગતે ઓળખી બતાવેલો છે.

સાહેદ નં.૫૭૫ એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ કીર્તન ચતુરભાઈ પટેલની જુબાનીના સારાંશ મુજબ સાહેદ નં.૧૧૨૩ લીયાકતઅલી ગુલામરસુલ હુસેન શેખે આ સાહેદની રૂબરૂમાં આરોપી નં.૪૪ ને પોતાની સમક્ષ થયેલી ઓળખ પરેડમાં ઓળખી બતાવેલાની હકીકત જણાવે છે. તેમજ સાહેદ નં.૫૮૯ એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ ઈન્દ્રવીર વજુભા ઝાલાની જુબાનીના સારાંશ મુજબ સાહેદ નં.૧૧૩૮ ગુલામહુસેન પઠાણે આ સાહેદની રૂબરૂમાં આરોપી નં.૪૪ ને પોતાની સમક્ષ થયેલી ઓળખ પરેડમાં ઓળખી બતાવેલાની હકીકત જણાવે છે. ઉપરોક બંને એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટો સરકારી અધિકારીઓ છે અને તેઓની રૂબરૂમાં ઓળખ પરેડ અંગેની જે કાંઇ કાર્યવાહી કરેલી તે તેઓની ફરજના ભાગરૂપે હતી. આરોપી સાથે તેઓને કોઇ દુશ્મનાવટ નથી અને તેમની રૂબરૂ થયેલી ઓળખ પરેડની કાર્યવાહી તેમણે યોગ્ય રીતે કરેલી તેવી અપેક્ષા હોય છે જે નહિ માનવાને કોઇ કારણ નથી.

સાહેદ નં.૧૧૧૦ જીગ્નેશ હિંમતલાલ શાહની જુબાનીના સારાંશ મુજબ આ આરોપી નં.૪૪, તપાસ કરનાર અધિકારી તથા આ સાહેદને લઈને આરોપી નં.૪૩ તથા ૪૪ રીવરવ્યુ સોસાયટી મકાન નં.બી–૩૪, સુરત ખાતે લઈ ગયેલા કે જે મકાન આરોપીઓએ ભાડે રાખેલુ હતુ. તે જગ્યાનું પંચનામુ આંક–૭૯૪૬ વાળુ સાહેદ નં.૧૧૫૫ એન.બી. પરમારે પંચો રૂબરૂ બનાવેલુ.

આંક–૧૨૨વાળા તહોમતનામામાં જણાવ્યા મુજબ ઘણા બધા આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો એવા છે કે, તે બાબતે આ આરોપી નં.૪૪ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા કોઇ મૌખિક કે દસ્તાવેજી પ્રત્યક્ષ પુરાવો રજૂ થયેલો નથી. આ આરોપી નં.૪૪ જુદી–જુદી હોટલોમાં રોકાયો હોય અને તે હોટલોના રજીસ્ટરોમાં ખોટા નામથી એન્ટ્રીઓ કરી હોય, ખોટા નામે સહીઓ કરેલી હોય તેમજ આ આરોપી નં.૪૪ નાઓએ ખોટા દસ્તાવેજ બનાવી તે દસ્તાવેજોનો સાચા તરીકે ઉપયોગ કર્યો હોય તેવા કોઇ પ્રત્યક્ષ પુરાવા આ આરોપી નં.૪૪ સામે નથી. પરંતુ આ અંગેના પ્રત્યક્ષ પુરાવા આરોપી નં.૧૪, ૩૭, ૪૩, ૪૫, ૪૬, ૬૯ અને ૭૦ વિરૂધ્ધ રજૂ થયેલા છે. જેથી કાવતરાના પેરામાં ચર્ચા કર્યા મુજબ તેમજ તે પેરામાં નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લીધેલા છે તે ચુકાદા મુજબ આરોપી નં.૪૪ નાઓ કોઈ હોટલમાં ખોટા નામે એન્ટ્રી કરી રોકાયેલા ન હોવા છતાં પણ અન્ય આરોપીઓ સાથે આરોપી નં.૪૪ની સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે. આ ઉપરાંત આ આરોપી નં.૪૪ નાઓએ બનાવોમાં ઉપયોગમાં લીધેલ કોઇ વસ્તુ કે પુરાવાનો નાશ કર્યો હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો નથી. આ ઉપરાંત આ બનાવો બન્યા બાદ બનાવોમાં સંડોવાયેલા અન્ય કોઇ આરોપીને આશ્રય આપેલો હોય, તેઓને છુપાવેલા હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો આરોપી નં.૪૪ કે અન્ય આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ નથી. આ આરોપી નં.૪૪ વાઘમોન તેમજ હાલોલ–પાવાગઢ ખાતેના આતંકવાદી તાલીમ કેમ્પોમા હાજર રહયો હોય અને તાલીમો મેળવી હોય તથા જેહાદી ભાષણો કર્યા હોય તેવો કોઈ પ્રત્યક્ષ પુરાવો આ આરોપી વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ આરોપી સીમીના સભ્ય હોવાનો કોઈ પ્રત્યક્ષ પુરાવો નથી. આ ઉપરાંત આ આરોપી નં.૪૪ સીમીની મીટીંગોમાં જુદી–જુદી જગ્યાઓ ઉપર હાજર રહેલો હોય, કોઈ ભાષણો કરેલા હોય, ભારત કે રાજય સરકાર વિરૂધ્ધ યુધ્ધ છેડવાનો પ્રયત્ન કર્યો હોય કે ધર્મ અને જાતિઓ વચ્ચે વૈમનસ્ય પેદા થાય તેવુ કોઈ કૃત્ય કરેલુ હોય તેવો પણ કોઈ પ્રત્યક્ષ પુરાવો આ આરોપી નં.૪૪ સામે રજૂ થયેલો નથી. પરંતુ આ આરોપી અન્ય આરોપીઓ સાથે જુદી–જુદી જગ્યાઓ ઉપર

સીમીની મીટીંગોમાં હાજર રહેલો છે તેવુ અનુમાન ચોકકસપણે થઈ શકે કારણ કે અન્ય આરોપીઓ સાથે મીટીંગમાં હાજર રહયો હોય તો જ અમદાવાદ અને સુરત બંને શહેરોમાં બોમ્બ બ્લાસ્ટ કરવાના આયોજનની તેને માહિતી હોય અને તેથી જ આ આરોપી આરોપી નં.૪૩ સાથે રીવર વ્યુ સોસાયટી સુરતમાં રહેલો છે તથા આરોપી નં.૪૫ સાથે ભરૂચ ખાતે શેરપુરાવાળા મકાનમાં પણ રહીને ગેરકાયદેસર પ્રવૃત્તિ કરી છે. આ આરોપી નં.૪૪નાઓએ બનાવો બનતા પહેલા આતંકવાદી ઈ–મેઈલ કર્યા હોય તેવા કોઇ ઈ–મેઈલ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા નથી. આ આરોપી નં.૪૪ નાઓએ કોઇ કમ્પ્યુટરમાંથી આતંકવાદી ઈ–મેઈલ કર્યા હોય અને ઈ–મેઈલ કર્યા પછી તે ઈ–મેઈલ કમ્પ્યુટરમાંથી ડિલીટ કર્યા હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આરોપી નં.૩૩ તથા ૩૪ નાઓએ ઈન્ડિયા ટીવીને આતંકવાદી ઈ–મેઈલ કરેલાનો આક્ષેપ છે પરંતુ રજૂ થયેલા ઈ–મેઈલ ધ્યાને લેતા તે આક્ષેપ પુરવાર થતા નથી. આ આરોપી પાસેથી પરવાના વિનાનો કોઇ દેશી તમંચો કે હથિયાર કબજે કરવામાં આવ્યુ હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીઓ તથા આ આરોપી વિરૂધ્ધ સમગ્ર પુરાવા ધ્યાને લેતા અમદાવાદ શહેરમાં થયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોના કાવતરામાં અને તેની સાથે સંલગ્ન સુરત શહેરના બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં આ આરોપી નં.૪૪ ની ભૂમિકા રહેલી છે આ આરોપી નં.૪૪ સામે આંક–૧૨૨ મુજબના તહોમતનામામાં જે આક્ષેપો ફરમાવવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો પુરવાર થાય છે તેમ હું માનું છું. ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૪૪ ની ભૂમિકા બાબતે તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન કરતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૪૪ વિરૂધ્ધ મુદ્દા નં.૧ થી ૧૩, ૧૬ થી ૧૯,

૨૧ થી ૨૪, ૨૬ થી ૩૨ પુરવાર કરે છે. જયારે મુદ્દા નં. ૧૪,૧૫, ૨૦,૨૫, ૩૩ થી ૩૫ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવુ છું.

આરોપી નં.૪૫ ફઝલે રહેમાન ઉર્ફે સલાઉદ્દીન ઉર્ફે રફીક મુસદ્દીકખાન દુરાની

સાહેદ નં.૮૫૫ જયેશ મનુભાઈ પટેલની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદની "કમલા હાર્ડવેર" નામની દુકાન સુરત ખાતે આવેલી છે અને તે દુકાન ઉપરથી જુલાઇ સને–૨૦૦૮ મા બે માણસો નટ–બોલ્ટ ખરીદ કરીને લઈ ગયેલા હતા. આ સાહેદે આરોપી નં.૪૫ ને સાહેદ નં.૫૭૫ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ કીર્તનભાઈ ચતુરભાઈ પટેલની હાજરીમાં ઓળખ પરેડના પંચનામાની વિગતે ઓળખી બાતવેલો છે.

સાહેદ નં.૯૪૫ ઈરફાનભાઈ અબ્દુલા દાઉવાની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદ નર્મદા ગેસ્ટ હાઉસમાં નોકરી કરતા હતા. તા.૨.૭.૨૦૦૮ ના રોજ આ ગેસ્ટ હાઉસમાં રૂમ નં.૧૦૬ મા આરોપી નં.૪૫ રોકાયેલ હતો અને તે અંગેની રજીસ્ટરમાં નોંધ કરેલી. આ સાહેદે આરોપી નં.૪૫ ને સાહેદ નં.૫૭૫ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ કીર્તનભાઈ ચતુરભાઈ પટેલની હાજરીમાં ઓળખ પરેડના પંચનામાની વિગતે ઓળખી બાતવેલો છે.

સાહેદ નં.૯૪૬ ગુલામ આદમભાઈ પટેલની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદ હોટલ રેવનનાં માલીક છે. આ હોટલમાં આરોપી નં.૪૫ રોકાયેલ હતો. આ સાહેદે આરોપી નં.૪૫ને સાહેદ નં.૫૭૫ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ કીર્તનભાઈ ચતુરભાઈ પટેલની હાજરીમાં ઓળખ પરેડના પંચનામાની વિગતે ઓળખી બાતવેલો છે.

સાહેદ નં.૯૬૬ અસ્ફાક અહેમદ સૈયદની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદ પુના ખાતે રીયલ એસ્ટેટની દલાલીનું કામ કરે છે. આરોપી નં.૫૧ ની સાથે ફલેટ નં.૩૦૨, એચ બિલ્ડિંગ અશોકા મ્યૂઝ, કોન્ડવા ખુર્દ ખાતે ફલેટના માલીક રેઝા નાબાતીયન પાસેથી ભાડે રાખેલો હતો. આ સાહેદે આરોપી નં.૪૫ ને સાહેદ નં.૫૮૯ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ ઈન્દ્રવીર વજુભા ઝાલાની હાજરીમાં ઓળખ પરેડના પંચનામાની વિગતે ઓળખી બાતવેલો છે.

સાહેદ નં.૯૮૩ નરેશ અંબાલાલ મહેતાની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદની "હાર્દીક પ્લાયવુડ એન્ડ હાર્ડવેર" નામની દુકાન ભરૂચ ખાતે આવેલી છે ત્યાંથી આરોપી નં.૪૫ નાએ ખીલ્લીઓ ખરીદેલી હતી. આ સાહેદે આરોપી નં.૪૫ ને સાહેદ નં.૫૭૫ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ કીર્તનભાઈ ચતુરભાઈ પટેલની હાજરીમાં ઓળખ પરેડના પંચનામાની વિગતે ઓળખી બાતવેલો છે.

સાહેદ નં.૯૮૪ રાધેશ્યામ મદનલાલ ઠકકરની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદ સુરત મુકામે હરીઓમ માર્કેટમાં કાપડનો વેપાર કરે છે અને આરોપી નં.૪૫ નાએ ત્યાંથી કાપડ ખરીદેલુ હતુ. આ સાહેદે આરોપી નં.૪૫ને સાહેદ નં.૫૭૫ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ કીર્તનભાઈ ચતુરભાઈ પટેલની હાજરીમાં ઓળખ પરેડના પંચનામાની વિગતે ઓળખી બાતવેલો છે.

સાહેદ નં.૧૧૩૮ ગુલામહુસેન અબ્દુલરસીદ પઠાણની જુબાનીના સારાંશ મુજબ આરોપી નં.૪૫ પોતે આરોપી નં.૪૩ તથા ૪૪ ની સાથે ભરૂચ ખાતે શેરપુરાના નાકા પાસે આવેલ મકાન ભાડે રાખેલુ હતુ અને તે મકાનમાં આરોપીઓએ ભેગા થઈને બોમ્બ બનાવેલા હતા. આ સાહેદે આરોપી નં.૪૫ નાઓને સાહેદ નં.૫૮૯ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ ઈન્દ્રવીર વજુભા ઝાલાની હાજરીમાં ઓળખ પરેડના પંચનામાની વિગતે ઓળખી બાતવેલો છે.

સાહેદ નં.૫૭૫ એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ કીર્તન ચતુરભાઈ પટેલની જુબાનીના સારાંશ મુજબ સાહેદ નં.૮૫૫ જયેશ મનુભાઈ, સાહેદ નં.૯૪૫ ઈરફાન દાઉવા, સાહેદ નં.૯૪૬ ગુલામ આદમભાઈ પટેલ, સાહેદ નં.૯૮૩ નરેશ મહેતા, સાહેદ નં.૯૮૪ રાધેશ્યામ ઠકકરનાઓએ આ સાહેદની રૂબરૂમાં આરોપી નં.૪૫ ને પોતાની સમક્ષ થયેલી ઓળખ પરેડમાં ઓળખી બતાવેલાની હકીકત જણાવે છે. તેમજ સાહેદ નં.૫૮૯ એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ ઈન્દ્રવીર વજુભા ઝાલાની જુબાનીના સારાંશ મુજબ સાહેદ નં.૯૬૬ અસ્ફાક સૈયદ, સાહેદ નં.૧૧૩૮ ગુલામહુસેન પઠાણનાઓએ આ સાહેદની રૂબરૂમાં આરોપી નં.૪૫ ને પોતાની સમક્ષ થયેલી ઓળખ પરેડમાં ઓળખી બતાવેલાની હકીકત જણાવે છે. ઉપરોક બંને એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટો સરકારી અધિકારીઓ છે અને તેઓની

રૂબરૂમાં ઓળખ પરેડ અંગેની જે કાંઇ કાર્યવાહી કરેલી તે તેઓની ફરજના ભાગરૂપે હતી. આરોપી સાથે તેઓને કોઇ દુશ્મનાવટ નથી અને તેમની રૂબરૂ થયેલી ઓળખ પરેડની કાર્યવાહી તેમણે યોગ્ય રીતે કરેલી તેવી અપેક્ષા હોય છે જે નહિ માનવાને કોઇ કારણ નથી.

સાહેદ નં.૯૦૯ બ્રિજેશ ભુપેન્દ્રભાઈ દુધવાલાની જુબાનીના સારાંશ મુજબ સુરત ખાતે આવેલ વનાઝ પંપ ઉપરથી વેગન આર ગાડી નં.જીજે–૬–સીડી–૯૭૧૯ મા આ આરોપી નં.૪૫ નાઓએ ગેસ પુરાવેલો જેની બીલબુક આ સાહેદની હાજરીમાં તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૫ એન.બી. પરમારનાઓએ આંક–૬૫૦૧ વાળા પંચનામાની વિગતે પંચો રૂબરૂ કબજે કરેલી હતી.

સાહેદ નં.૯૧૮ અમર સુરેશસિંહ રાજપુતની જુબાનીના સારાંશ મુજબ આ આરોપી નં.૪૫, તપાસ કરનાર અધિકારી તથા આ સાહેદને લઈને સુરત મુકામે સૈયદપુરા પંપીંગ સ્ટેશન પાસે માસ્ટર હાઉસવાળુ મકાન રૂમ નં.૨૧ ત્રીજા માળે આવેલુ હતુ તે આરોપી નં.૪૫ નાઓએ બતાવેલો. આ અંગેનું પંચનામુ આંક–૬૫૪૪ વાળુ તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૫ એન.બી. પરમારે પંચો રૂબરૂ બનાવેલુ.

સાહેદ નં.૯૭૫ રીઝવાન યાસીનભાઈ શેખની જુબાનીના સારાંશ મુજબ આ આરોપી નં.૪૫, તપાસ કરનાર અધિકારી તથા આ સાહેદને લઈને ભરૂચ ખાતે શેરપુરામાં આવેલ મકાન નં.૩૩, આરોપી નં.૪૫ નાઓએ બતાવેલુ. આ અંગેનુ પંચનામુ આંક–૬૮૧૬ વાળુ તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાએ પંચો રૂબરૂ બનાવેલુ.

સાહેદ નં.૯૮૬ અકબર સદરુદીન સોરઠીયાની જુબાનીના સારાંશ મુજબ આ આરોપી નં.૪૫, તપાસ કરનાર અધિકારી તથા આ સાહેદને લઈને પુના ખાતે સાધુવાસવાની સર્કલ પાસે નીતા વોલ્વો ટ્રાવેલ્સની ઑફિસવાળી જગ્યા બતાવેલી કે જયાંથી આ આરોપી નં.૪૫ નાઓએ અમદાવાદ આવવા માટે ટ્રાવેલ્સમાં ટિકિટ બુક કરાવેલી તે જગ્યા બતાવેલી. આ અંગેનુ પંચનામુ આંક–

૬૮૫૭ વાળુ તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડાએ પંચો રૂબરૂ બનાવેલુ. સાહેદ નં.૯૭૧ રાહુલકુમાર પરીયાનીની જુબાની મુજબ નીતા ટ્રાવેલ્સની ટિકિટો તા.૧.૭.૨૦૦૮, તા.૭.૭.૨૦૦૮, તા.૧૮.૭.૨૦૦૮ ની રજૂ કરેલી છે.

સાહેદ નં.૯૧૨ યોગેશ કનૈયાલાલ પંડયાની જુબાનીના સારાંશ મુજબ આરોપી નં.૪૫ ભરૂચ ખાતે હોટલ હરીમંગલામાં રોકાયેલો અને તે હોટલના રજીસ્ટરમાં તેને એન્ટ્રી કરેલી તે તથા હોટલ નર્મદામાં રોકાયેલો અને તે હોટલના રજીસ્ટરમાં એન્ટ્રી કરેલી તે તથા હોટલ રેવનમાં રોકાયેલો અને તે હોટલના રજીસ્ટરમાં એન્ટ્રી કરેલી તે તમામ એન્ટ્રીવાળા દરેક હોટલોના રજીસ્ટરો આરોપી નં.૪૫ ની હાજરીમાં સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ આંક-૬૪૧૯ વાળા પંચનામની વિગતે પંચો રૂબરૂ કબજે કરેલા હતા.

સાહેદ નં.૯૧૩ રમેશભાઈ શંકરભાઈ આહીરની જુબાનીના સારાંશ મુજબ આરોપી નં.૪૫ નાઓ ભરૂચ ખાતે હોટલ હરીમંગલા, હોટલ નર્મદા, હોટલ રેવનનાં રજીસ્ટરોમાં એન્ટ્રી કરીને તે હોટલોમાં રોકાયેલો અને તે એન્ટ્રીઓના અક્ષરો આ આરોપીના છે કે કેમ તે માટે આ સાહેદની હાજરીમાં તપાસ કરનાર અધિકારીએ આરોપીના હસ્તાક્ષરના નમૂના મેળવેલા તથા લીટીવાળા કાગળો ઉપર લખાણ પણ મેળવેલુ. જે અંગેનુ પંચનામુ આંક-૬૫૨૬ વાળુ સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ પંચો રૂબરૂ કરેલુ હતુ.

સાહેદ નં.૯૪૪ ભાવીન વિજયકુમાર બારીયાની જુબાનીના સારાંશ મુજબ તા.૪.૭.૨૦૦૮ ના રોજ હોટલ હરીમંગલામાં આ સાહેદ રીસેપ્સનીસ્ટ તરીકે નોકરી કરતા હતા ત્યારે આરોપી નં.૪૫ એસ.કે.રફીકના નામથી હોટલ રજીસ્ટરમાં એન્ટ્રી કરીને રોકાયેલો, તે એન્ટ્રી નં.૮૯૪૬ વાળા અક્ષરો આ સાહેદની સાથે કામ કરતા જયાબેનના હોવાનું આ સાહેદે ઓળખી બતાવેલુ છે.

સાહેદ નં.૯૯૦ એફ.એસ.એલ. અધિકારી કૌશીકકુમાર પુંજાલાલ વ્યાસનાઓની જુબાનીના સારાંશ મુજબ હોટલ હરીમંગલા, હોટલ નર્મદા અને હોટલ રેવનનાં રજીસ્ટરોમાં જે એન્ટ્રીઓ કરેલી તે આરોપી નં.૪૫ નાઓએ કરેલી

હતી અને આ એન્ટ્રીઓના અક્ષરો આરોપી નં.૪૫ ના હસ્તોક્ષરો સાથે આ સાહેદે મેળવણી કરતા અક્ષરો આરોપી નં.૪૫ ના હોવાનો અભિપ્રાય આંક–૬૮૯૩ વાળો આપેલો છે. જેથી એવુ કહી શકાય કે આ ત્રણેય હોટલોમાં આરોપી નં.૪૫ રોકાયેલો હતો.

આંક–૧૨૨ વાળા તહોમતનામામાં જણાવ્યા મુજબ ઘણા બધા આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો એવા છે કે, તે બાબતે આ આરોપી નં.૪૫ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા કોઇ મૌખિક કે દસ્તાવેજી પ્રત્યક્ષ પુરાવો રજૂ થયેલો નથી. આ આરોપી નં.૪૫ નાઓ ભરૂચ ખાતે હોટલ નર્મદા, હોટલ હરીમંગલા અને હોટલ રેવનમાં ખોટા નામથી એન્ટ્રીઓ કરીને રોકાયેલો હતો. આ આરોપીએ પોતાની ઓળખ છુપાવીને "એસ.કે.રફીક" તે મુજબની હોટલ રજીસ્ટરોમાં એન્ટ્રી કરેલી છે. આવી એન્ટ્રી કરવા પાછળનો ઉદ્વેશ અને ઈરાદો પોતાની ઓળખ છુપાવી ગેરકાયદેસર પ્રવૃત્તિ કરવાનો હતો તેમ ચોકકસપણે કહી શકાય. જેથી આ આરોપીનો આવો ઈરાદો અમદાવાદ અને સુરત બંને સહેરોમાં બોમ્બ બ્લાસ્ટ કરી લોકો સાથે છેતરપીંડી કરવાનો પણ હતો તેમ કહી શકાય. ખોટા નામે એન્ટ્રીઓ કરીને તે એન્ટ્રીઓનો સાચા તરીકે ઉપયોગ કરેલો નથી પરંતુ આરોપી નં.૩૭ નાઓએ ખોટા દસ્તાવેજો ઉભા કરી સાચા દસ્તાવેજો છે તે રીતે મોબાઈલ કંપનીઓમાંથી સીમકાર્ડ મેળવેલા છે. આ કેસ કાવતરાનો કેસ હોય આરોપી નં.૪૫ કાવતરામાં સામેલ હોય જેથી ખોટા દસ્તાવેજો સાચા તરીકે ઉપયોગ કરવામાં પણ આ આરોપીની સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે. આ ઉપરાંત આ આરોપી નં.૪૫ નાઓએ બનાવોમાં ઉપયોગમાં લીધેલ કોઇ વસ્તુ કે પુરાવાનો નાશ કર્યો હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો નથી. આ ઉપરાંત આ બનાવો બન્યા બાદ બનાવોમાં સંડોવાયેલા અન્ય કોઇ આરોપીને આશ્રય આપેલો હોય, તેઓને છુપાવેલા હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો આરોપી નં.૪૫ કે અન્ય આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ નથી. આ આરોપી નં.૪૫ વાઘમોન તેમજ હાલોલ–પાવાગઢ ખાતેના આતંકવાદી તાલીમ કેમ્પોમા હાજર રહયો હોય અને તાલીમો મેળવી હોય તથા જેહાદી ભાષણો કર્યા હોય તેવો કોઈ

પ્રત્યક્ષ પુરાવો આ આરોપી વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ આરોપી સીમીના સભ્ય હોવાનો કોઈ પ્રત્યક્ષ પુરાવો નથી. આ ઉપરાંત આ આરોપી નં.૪૫ સીમીની મીટીંગોમાં જુદી–જુદી જગ્યાઓ ઉપર હાજર રહેલો હોય, કોઈ ભાષણો કરેલા હોય, ભારત કે રાજય સરકાર વિરૂધ્ધ યુધ્ધ છેડવાનો પ્રયત્ન કર્યો હોય કે ધર્મ અને જાતિઓ વચ્ચે વૈમનસ્ય પેદા થાય તેવુ કોઈ કૃત્ય કરેલુ હોય તેવો પણ કોઈ પ્રત્યક્ષ પુરાવો આ આરોપી નં.૪૫ વિરૂધ્ધ રજૂ થયેલો નથી. પરંતુ આ આરોપી અન્ય આરોપીઓ સાથે જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગોમાં હાજર રહેલો છે તેવુ અનુમાન ચોકકસપણે થઈ શકે કારણ કે અન્ય આરોપીઓ સાથે મીટીંગમાં હાજર રહયો હોય તો જ અમદાવાદ અને સુરત બંને શહેરોમાં બોમ્બ બ્લાસ્ટ કરવાના આયોજનની તેને માહિતી હોય અને તેથી જ આ આરોપી, આરોપી નં.૪૩ સાથે ભરૂચ ખાતે શેરપુરાવાળા મકાનમાં પણ રહીને ગેરકાયદેસર પ્રવૃત્તિ કરી છે. આ ઉપરાંત આ આરોપીએ કમલા હાર્ડવેરમાંથી નટ–બોલ્ટ, હાર્દિક પ્લાયવુડ એન્ડ હાર્ડવેરમાંથી ખીલ્લીઓ, રાધેશ્યામ મદનલાલ ઠકકરની દુકાનેથી કપાડ ખરીદેલુ છે. જેથી ચોકકસપણે કહી શકાય કે આ આરોપી અન્ય આરોપીઓ સાથે કાવતરામાં સામેલ હતો. આ આરોપી નં.૪૫ નાઓએ બનાવો બનતા પહેલા આતંકવાદી ઈ–મેઈલ કર્યા હોય તેવા કોઇ ઈ–મેઈલ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા નથી. આ આરોપી નં.૪૫ નાઓએ કોઇ કમ્પ્યુટરમાંથી આતંકવાદી ઈ–મેઈલ કર્યા હોય અને ઈ–મેઈલ કર્યા પછી તે ઈ–મેઈલ કમ્પ્યુટરમાંથી ડિલીટ કર્યા હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આરોપી નં.૩૩ તથા ૩૪નાઓએ ઈન્ડિયા ટીવીને આતંકવાદી ઈ–મેઈલ કરેલાનો આક્ષેપ છે પરંતુ રજૂ થયેલા ઈ–મેઈલ ધ્યાને લેતા તે આક્ષેપ પુરવાર થતા નથી. આ આરોપી પાસેથી પરવાના વિનાનો કોઇ દેશી તમંચો કે હથિયાર કબજે કરવામાં આવ્યુ હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીઓ તથા

આ આરોપી વિરૂધ્ધ સમગ્ર પુરાવા ધ્યાને લેતા અમદાવાદ શહેરમાં થયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોના કાવતરામાં અને તેની સાથે સંલગ્ન સુરત શહેરના બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં આ આરોપી નં.૪૫ ની શરૂઆતથી લઈને બનાવોના અંત સુધી સક્રિય ભૂમિકા રહેલી છે આ આરોપી નં.૪૫ સામે આંક–૧૨૨ મુજબના તહોમતનામામાં જે આક્ષેપો ફરમાવવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો પુરવાર થાય છે તેમ હું માનું છું. ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૪૫ની ભૂમિકા બાબતે તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન કરતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૪૫ વિરૂધ્ધ મુદ્દા નં.૧ થી ૧૩, ૧૬ થી ૧૯, ૨૧ થી ૨૪, ૨૬ થી ૩૨ પુરવાર કરે છે. જયારે મુદ્દા નં. ૧૪,૧૫, ૨૦,૨૫, ૩૩ થી ૩૫ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવુ છું.

આરોપી નં.૪૬ મોહંમદ નૌસાદ ઉર્ફે સૈયદ, સૈયદ મોહંમદઇર્શાદ સૈયદ

સાહેદ નં.૪૫૮ દિપક રામચંદ્ર માલીની જુબાનીના સારાંશ મુજબ આ આરોપી નં.૪૬, તપાસ કરનાર અધિકારી તથા આ સાહેદને લઈને સૈયદપુરા પંપીંગ સ્ટેશન ઉપર ગયેલા અને ત્યાંથી ચોથી ગલીમાં ડી–૩૪ વાળુ મકાન કે જે રીવરવ્યુ સોસાયટીમાં આવેલ હતુ તે બતાવેલુ અને જણાવેલુ કે આ મકાનમાં થોડો ટાઈમ પહેલા અમે ભાડે રહેલા હતા. આ અંગેનું આંક–૮૫૨૯ વાળુ પંચનામુ તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમારે પંચો રૂબરૂ બનાવેલુ.

આંક–૧૨૨ વાળા તહોમતનામામાં જણાવ્યા મુજબ ઘણા બધા આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો એવા છે કે, તે બાબતે આ આરોપી નં.૪૬ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા મૌખિક કે દસ્તાવેજી પ્રત્યક્ષ પુરાવો રજૂ થયેલો નથી . આ આરોપીએ તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમારને પંચોની હાજરીમાં આંક–૮૫૨૯ વાળા પંચનામાની વિગતે સુરત ખાતે રીવરવ્યુ સોસાયટી મકાન નં.ડી/૩૪ બતાવેલુ જેમાં આ આરોપી અન્ય આરોપી નં.૪૭ તથા ૬૩

નાઓ સાથે આ મકાનમાં રોકાયેલો હતો અને આ મકાનમાંથી સાહેદ નં.૭૫૬ સંજય ગોરધન પટેલ તથા એફ.એસ.એલ. અધિકારી સાહેદ નં.૪૪૩ એન.ડી. પટેલની હાજરીમાં આંક–૨૭૫૭ વાળા પંચનામાની વિગતે મકાનમાંથી છરા, ચપ્પુ, કાતર, કટર, પ્લાસ્ટિકની થેલીઓ વિગેરે ઘણો બધો મુદ્દામાલ કબજે કરેલો હતો. આ જ પ્રકારનો મુદ્દામાલ સુરત શહેરમાં કુલ–૨૯ જગ્યાઓ ઉપર જે બોમ્બ મુકવામાં આવેલા હતા તે બોમ્બ, બોમ્બ ડીસ્પોઝલ ટીમ દ્વારા ડીફ્યુઝ કરેલા તેમાંથી પણ મળી આવેલો હતો. જેથી ચોકકસપણે એવુ કહી શકાય કે આ આરોપી આ મકાનમાં અન્ય આરોપીઓ સાથે રહેલો છે અને બોમ્બ બનાવેલા છે અથવા બોમ્બ બનાવવામાં મદદ કરી છે. આ ઉપરાંત આ આરોપી તા.૧૪.૭. ૨૦૦૮ ના રોજ પુના મુકામેથી અમદાવાદ મુકામે લકઝરી બસમાં આવેલો છે અને અમદાવાદ ખાતે જમાલપુર સરદાર બ્રિજ ઉપર એક ભાઈ લેવા આવેલો અને એક રીક્ષામાં બેસાડીને દાણીલીમડા અલમહમદી સોસાયટી મકાન નં.૧૦ ઉપર ગયેલો છે. ત્યાં બીજા આરોપીઓ બોમ્બ બનાવતા હતા જેથી પણ અનુમાન થઈ શકે કે આ આરોપી પણ અમદાવાદ તથા સુરતના બનાવોના કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા એકબીજાની મદદગારી કરેલી છે. આ સિવાય બીજા પુરાવા આ આરોપી વિરૂધ્ધ રજૂ થયેલા નથી. આ આરોપી વાઘમોન તેમજ હાલોલ–પાવાગઢના કેમ્પોમાં હાજર રહી જુદી–જુદી તાલીમો મેળવી હોય, જેહાદી ભાષણો કરેલા હોય, બોમ્બ બનાવવા માટેની સામગ્રી ખરીદી લાવ્યો હોય, અન્ય આરોપીઓને બોમ્બ બનાવવામાં મદદ કરી હોય, જુદી–જુદી જગ્યાઓ ઉપર ભાડે રાખેલા મકાનોમાં રહ્યો હોય, ખોટા દસ્તાવેજો બનાવેલા હોય અને ખોટા દસ્તાવેજો સાચા તરીકે ઉપયોગ કર્યા હોય તેમજ કોઈ પુરાવાનો નાશ કર્યો હોય કે બનાવોમાં સંડોવાયેલ આરોપીઓને આશ્રય આપ્યો હોય તેવા પણ પ્રત્યક્ષ પુરાવા આ આરોપી વિરૂધ્ધ રજૂ થયેલા નથી. આ આરોપી હોટલ અભિલાશા ટુરીસ્ટ હોમમાં રોકાયેલો હતો અને તે હોટલમાંથી હોટલ રજીસ્ટરનું પાનુ સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમારનાઓએ આંક–૮૫૩૧ના પંચનામાની વિગતે કબજે કરેલુ. ત્યારબાદ તપાસ કરનાર અધિકારીએ પંચોની

હાજરીમાં આરોપીના હસ્તાક્ષરના નમૂના મેળવેલા અને તે નમૂનાની ચકાસણી એફ.એસ.એલ. અધિકારી સાહેદ નં.૧૧૧૩ મહેશકુમાર વડગામાનાઓએ કરેલી અને હોટલ રજીસ્ટરની એન્ટ્રીમાં જે અક્ષરો છે તે અક્ષરો આરોપી નં.૪૬ ના છે તેવો અભિપ્રાય આંક–૭૯૮૪ વાળો આપેલો હતો. જેથી આ આરોપી અન્ય આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થયેલો છે તે ચોકકસ હકીકત છે માટે અન્ય આરોપીઓની સાથે આ આરોપીની પણ સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે. તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી વિરૂધ્ધ પુરાવા એકત્ર કરી જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી નં.૪૬ સામે ભારતીય ફોજદારી ધારાની કલમ–૧૨૧(એ), ૧૨૪(એ), ૧૫૩(એ) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૬ મુજબની તથા અનલોકુલ એકટીવીટી એકટની કલમ–૧૦,૧૩,૧૬,૧૮ વિગેરે મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કલમ–૪૫ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે સરકારશ્રીને દરખાસ્તો કરેલી અને જુદા–જુદા સક્ષમ અધિકારીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી સામે એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ–૩,૪,૫,૬ મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૭ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે જુદા–જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓને દરખાસ્તો કરેલી અને જુદા–જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત આ આરોપી નં.૪૬ સામે આર્મ્સ એટની કલમ–૨૫(૧)(બી) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૩૯ હેઠળ મંજૂરી મેળવવા માટે પોલીસ કમિશનરશ્રીને મંજૂરી મેળવવા માટે દરખાસ્તો કરેલી અને પોલીસ કમિશનરશ્રીઓ પાસેથી મંજૂરી મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીઓ તથા આ આરોપી વિરૂધ્ધ રજૂ થયેલા પુરાવા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદાઓ ધ્યાને લેતા અન્ય આરોપીઓની સાથે આ

આરોપીની સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે. આ આરોપી વિરૂધ્ધ આંક–૧૨૨ના તહોમતનામામાં ફરમાવ્યા મુજબના આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો અન્ય આરોપીઓની જેમ જ આ આરોપી નં.૪૬ વિરૂધ્ધ ફરિયાદપક્ષ મુદ્દા નં.૧ થી ૧૩, ૧૬ થી ૧૯, ૨૧ થી ૨૪, ૨૬ થી ૩૨ પુરવાર કરે છે. જયારે મુદ્દા નં. ૧૪,૧૫, ૨૦,૨૫, ૩૩ થી ૩૫ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવુ છું.

આરોપી નં.૪૭ અહેમદબાવા ઉર્ફે અબ્બુ અબુબકર બરેલવી

સાહેદ નં.૪૫૮ દિપક રામચંદ્ર માલીની જુબાનીના સારાંશ મુજબ આ આરોપી નં.૪૭, તપાસ કરનાર અધિકારી તથા આ સાહેદને લઈને સૈયદપુરા પંપીંગ સ્ટેશન ઉપર ગયેલા અને ત્યાંથી ચોથી ગલીમાં ડી–૩૪ વાળુ મકાન કે જે રીવરવ્યુ સોસાયટીમાં આવેલ હતુ તે બતાવેલુ અને જણાવેલુ કે આ મકાનમાં થોડો ટાઈમ પહેલા અમે ભાડે રહેલા હતા. આ અંગેનું આંક–૮૫૨૯ વાળુ પંચનામુ તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમારે પંચો રૂબરૂ બનાવેલુ.

સાહેદ નં.૧૧૧૧ સતિષ વામનરાવ પૌવનીકરની જુબાનીના સારાંશ મુજબ આ આરોપી નં.૪૭, તપાસ કરનાર અધિકારી તથા આ સાહેદને લઈને અમદાવાદ ખાતે જમાલપુર સરદાર બ્રીજ થઈ પૂર્વ દિશામાં એ.એમ.ટી. એસ. બસ સ્ટોપના પાછળના ભાગવાળી જગ્યા બતાવેલી કે જે જગ્યા ઉપર તે લકઝરીમાંથી ઉતરેલો અને એક ભાઈ લેવા આવેલા.ત્યારબાદ રીક્ષામાં બેસાડીને દાણીલીમડા અલમહમદી સોસાયટી મકાન નં.૧૦ ઉપર ગયેલા. આ જગ્યાઓ બતાવ્યા અંગેનુ આંક–૭૯૫૦ વાળુ પંચનામુ તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાએ પંચો રૂબરૂ બનાવેલુ. આ મકાનમાં આરોપીએ અન્ય આરોપીઓને બોમ્બ બનાવવામાં મદદ કરેલી છે.

આંક–૧૨૨ વાળા તહોમતનામામાં જણાવ્યા મુજબ ઘણા બધા આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો એવા છે કે, તે બાબતે આ આરોપી નં.૪૭ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા મૌખિક કે દસ્તાવેજી પ્રત્યક્ષ પુરાવો રજૂ થયેલો નથી . આ આરોપીએ તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમારને પંચોની

હાજરીમાં આંક–૮૫૨૯ વાળા પંચનામાની વિગતે સુરત ખાતે રીવરવ્યુ સોસાયટી મકાન નં.ડી/૩૪ બતાવેલુ જેમાં આ આરોપી અન્ય આરોપી નં.૪૬ તથા ૬૩ નાઓ સાથે આ મકાનમાં રોકાયેલો હતો અને આ મકાનમાંથી સાહેદ નં.૭૫૬ સંજય ગોરધન પટેલ તથા એફ.એસ.એલ. અધિકારી સાહેદ નં.૪૪૩ એન.ડી. પટેલની હાજરીમાં આંક–૨૭૫૭ વાળા પંચનામાની વિગતે મકાનમાંથી છરા, ચપ્પુ, કાતર, કટર, પ્લાસ્ટિકની થેલીઓ વિગેરે ઘણો બધો મુદ્દામાલ કબજે કરેલો હતો. આ જ પ્રકારનો મુદ્દામાલ સુરત શહેરમાં કુલ–૨૯ જગ્યાઓ ઉપર જે બોમ્બ મુકવામાં આવેલા હતા તે બોમ્બ, બોમ્બ ડીસ્પોઝલ ટીમ દ્વારા ડીફ્યુઝ કરેલા તેમાંથી પણ મળી આવેલો હતો. જેથી ચોકકસપણે એવુ કહી શકાય કે આ આરોપી આ મકાનમાં અન્ય આરોપીઓ સાથે રહેલો છે અને બોમ્બ બનાવેલા છે અથવા બોમ્બ બનાવવામાં મદદ કરી છે. આ ઉપરાંત આ આરોપી તા.૧૪.૭. ૨૦૦૮ ના રોજ પુના મુકામેથી અમદાવાદ મુકામે લકઝરી બસમાં આવેલો છે અને અમદાવાદ ખાતે જમાલપુર સરદાર બ્રિજ ઉપર એક ભાઈ લેવા આવેલો અને એક રીક્ષામાં બેસાડીને દાણીલીમડા અલમહમદી સોસાયટી મકાન નં.૧૦ ઉપર ગયેલો છે. ત્યાં બીજા આરોપીઓ બોમ્બ બનાવતા હતા જેથી પણ અનુમાન થઈ શકે કે આ આરોપી પણ અમદાવાદ તથા સુરતના બનાવોના કાવતરામાં સામેલ થઈ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા એકબીજાની મદદગારી કરેલી છે. આ આરોપી પાલડી ખાતે ટ્રાવેલ્સની ઑફિસે લકઝરીમાંથી ઉતરેલો અને અલમહમદી સોસાયટી ઉપર ગયેલો તે જગ્યાઓ સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓને પંચોની હાજરીમાં બતાવેલી તેનુ પંચનામુ આંક–૭૯૫૦ વાળુ બનાવવામાં આવેલુ છે. આ સિવાય બીજા પુરાવા આ આરોપી વિરૂધ્ધ રજૂ થયેલા નથી. આ આરોપી વાઘમોન તેમજ હાલોલ–પાવાગઢના કેમ્પોમાં હાજર રહી જુદી–જુદી તાલીમો મેળવી હોય, જેહાદી ભાષણો કરેલા હોય, બોમ્બ બનાવવા માટેની સામગ્રી ખરીદી લાવ્યો હોય, અન્ય આરોપીઓને બોમ્બ બનાવવામાં મદદ કરી હોય, જુદી–જુદી જગ્યાઓ ઉપર ભાડે રાખેલા મકાનોમાં રહયો હોય, જુદી–જુદી જગ્યાઓ ઉપરની હોટલોમાં ખોટા નામથી રોકાયેલો હોય, ખોટા દસ્તાવેજો

બનાવેલા હોય અને ખોટા દસ્તાવેજો સાચા તરીકે ઉપયોગ કર્યા હોય તેમજ કોઈ પુરાવાનો નાશ કર્યો હોય કે બનાવોમાં સંડોવાયેલ આરોપીઓને આશ્રય આપ્યો હોય તેવા પણ પ્રત્યક્ષ પુરાવા આ આરોપી વિરૂધ્ધ રજૂ થયેલા નથી. પરંતુ આ આરોપી અન્ય આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થયેલો છે તે ચોકકસ હકીકત છે માટે અન્ય આરોપીઓની સાથે આ આરોપીની પણ સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે. તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી વિરૂધ્ધ પુરાવા એકત્ર કરી જુદા-જુદા તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી નં.૪૭ સામે ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૨૧(એ), ૧૨૪(એ), ૧૫૩(એ) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૯૬ મુજબની તથા અનલોફુલ એકટીવીટી એકટની કલમ-૧૦,૧૩,૧૬,૧૮ વિગેરે મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કલમ-૪૫ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે સરકારશ્રીને દરખાસ્તો કરેલી અને જુદા-જુદા સક્ષમ અધિકારીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી સામે એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ-૩,૪,૫,૬ મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ-૭ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે જુદા-જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓને દરખાસ્તો કરેલી અને જુદા-જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત આ આરોપી નં.૪૭ સામે આર્મ્સ એટની કલમ-૨૫(૧)(બી) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ-૩૯ હેઠળ મંજૂરી મેળવવા માટે પોલીસ કમિશનરશ્રીને મંજૂરી મેળવવા માટે દરખાસ્તો કરેલી અને પોલીસ કમિશનરશ્રીઓ પાસેથી મંજૂરી મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીઓ તથા આ આરોપી વિરૂધ્ધ રજૂ થયેલા પુરાવા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદાઓ ધ્યાને લેતા અન્ય આરોપીઓની સાથે આ આરોપીની સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે. આ આરોપી વિરૂધ્ધ આંક-

૧૨૨ ના તહોમતનામામાં ફરમાવ્યા મુજબના આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો અન્ય આરોપીઓની જેમ જ આ આરોપી નં.૪૭ વિરૂધ્ધ ફરિયાદપક્ષ મુદ્દા નં.૧ થી ૧૩, ૧૬ થી ૧૯, ૨૧ થી ૨૪, ૨૬ થી ૩૨ પુરવાર કરે છે. જયારે મુદ્દા નં. ૧૪,૧૫, ૨૦,૨૫, ૩૩ થી ૩૫ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવુ છું.

આરોપી નં.૪૮ ઈટી સૈનુદ્દીન ઉર્ફે અબ્દુલસત્તાર ઉર્ફે સલીમ ઈટી મોહંમદ

સાહેદ નં.૧૧૬૨ જય હર્ષદરાય પંચાલની જુબાનીના સારાંશ મુજબ આરોપી નં.૪૯ નાઓએ બોમ્બમાં જે ટાઈમર ચીપ વપરાયેલી તે ટાઈમર ચીપ આરોપી નં.૪૯ તથા તેના દીકરા આરોપી નં.૪૮ નાઓએ બનાવેલી હતી. તે ટાઈમર ચીપ એફ.એસ.એલ. અધિકારી સાહેદ નં.૮૩૦ અમૃતભાઈ વશરામભાઈ હિંગરાજીયા તથા સાહેદ નં.૮૩૫ હિતેષ જયંતિલાલ ત્રિવેદીની હાજરીમાં બનાવી આપવાનું જણાવેલુ જેથી આરોપી નં.૪૮ને કાગળ, કુટપટ્ટી, પેન્સિલ વિગેરે આપેલા અને તેણે ડાયોગ્રામ બનાવેલો. ત્યારબાદ જુદી-જુદી વસ્તુઓથી એસેમ્બલ કરીને એક ચીપ બનાવેલી જે સીલ કરી કબજે કરેલી. આ હકીકત બંને એફ.એસ.એલ. અધિકારીઓ પણ પોતાની જુબાનીમાં જણાવે છે. આ અંગેનું આંક-૮૫૯૨ વાળુ પંચનામુ તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાએ પંચો રૂબરૂ બનાવેલુ.

આ આરોપી નં.૪૮ ઉપર આંક-૧૨૨ ના તહોમતનામા મુજબ ફરિયાદપક્ષ દ્વારા જે આક્ષેપો મુકવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી એક પણ આક્ષેપ મૌખિક કે દસ્તાવેજી પુરાવાથી ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. આ આરોપી વાઘમોન તથા હાલોલ-પાવાગઢના જંગલોમાં આતંકવાદી તાલીમ કેમ્પોમા હાજર રહયો હોય, જુદી-જુદી તાલીમો મેળવેલી હોય, અન્ય આરોપીઓએ જુદી-જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગો કરી છે અને તે મીટીંગોમાં આ આરોપી હાજર રહયો હોય, જેહાદી ભાષણો કર્યા હોય કે સાંભળ્યા હોય, કોઈ મકાનમાં રહીને અન્ય આરોપીઓને બોમ્બ બનાવવામાં મદદ કરી હોય, બોમ્બ બનાવવા માટેની કોઈ સામગ્રી ખરીદેલી હોય, જે જગ્યા ઉપર બોમ્બ મુકવામાં આવેલા તે જગ્યાઓની રેકી કરી હોય કે કોઈ જગ્યા ઉપર જઈને બોમ્બ

મુકેલા હોય, આતંકવાદી ઈ–મેઈલ કર્યા હોય, કોઈ આરોપીને આશ્રય આપ્યો હોય, કોઈ પુરાવાનો નાશ કર્યો હોય કે કાવતરામાં અન્ય આરોપીઓ સાથે સમાન ઈરાદો પાર પાડવા હાજર રહયો અને આ બનાવોમાં અન્ય આરોપીઓને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદ કરી હોય તેવો એક પણ પુરાવો આ આરોપી વિરૂધ્ધ રજૂ કરવામાં આવેલો નથી. આ આરોપી આ ગુનાઓમાં સંડોવાયેલો છે તે અંગેના પુરાવા એકત્ર કરી જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી નં.૪૮ સામે ભારતીય ફોજદારી ધારાની કલમ–૧૨૧(એ), ૧૨૪(એ), ૧૫૩(એ) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૬ મુજબની તથા અનલોફુલ એકટીવીટી એકટની કલમ–૧૦,૧૩, ૧૬,૧૮ વિગેરે મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કલમ–૪૫ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે સરકારશ્રીને દરખાસ્તો કરેલી અને જુદા–જુદા સક્ષમ અધિકારીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી સામે એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ–૩,૪,૫,૬ મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૭ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે જુદા–જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓને દરખાસ્તો કરેલી અને જુદા–જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત આ આરોપી નં.૪૮ સામે આર્મ્સ એટની કલમ–૨૫(૧)(બી) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૩૯ હેઠળ મંજૂરી મેળવવા માટે પોલીસ કમિશનરશ્રીને મંજૂરી મેળવવા માટે દરખાસ્તો કરેલી અને પોલીસ કમિશનરશ્રીઓ પાસેથી મંજૂરી મેળવેલી જે રજૂ કરેલી છે. દરખાસ્તો સાથે જે પુરાવા આરોપી નં.૪૮ વિરૂધ્ધના રજૂ કરેલા તે પૈકી એક પણ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ આરોપીના દીકરા આરોપી નં.૪૯ નાઓએ તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓને માહિતી આપેલી કે બોમ્બમાં વપરાયેલી ટાઈમર ચીપ તેને તથા મારા પિતા (આરોપી નં.૪૮) નાઓએ બનાવેલી છે. આટલા માત્ર પુરાવા ઉપરથી આ આરોપીની આ બનાવોમાં સંડોવણી શંકાસ્પદ છે. તપાસ કરનાર

અમલદાર સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાઓની જુબાનીઓમાંથી પણ આ આરોપીની સંડોવણી શંકાસ્પદ હોવાનું માલુમ પડે છે. ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૪૮ ની ભૂમિકા બાબતે તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન કરતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૪૮ વિરૂધ્ધ તમામ મુદ્દાઓ સંબંધે કેસ શંકારહિત પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવું છું.

આરોપી નં.૪૯ સરફુદ્દીન ઉર્ફે શરીફ ઈંટી સૈનુદ્દીન ઉર્ફે અબ્દુલસત્તાર ઉર્ફે સલીમ

સાહેદ નં.૧૧૬૨ જય હર્ષદરાય પંચાલની જુબાનીના સારાંશ મુજબ આરોપી નં.૪૯ નાઓએ બોમ્બમાં જે ટાઈમર ચીપ વપરાયેલી તે ટાઈમર ચીપ આરોપી નં.૪૯ તથા તેના પિતા આરોપી નં.૪૮ નાઓએ બનાવેલી હતી. તેવી ટાઈમર ચીપ એફ.એસ.એલ. અધિકારી સાહેદ નં.૮૩૦ અમૃતભાઈ વશરામભાઈ હિંગરાજીયા તથા સાહેદ નં.૮૩૫ હિતેષ જયંતિલાલ ત્રિવેદીની હાજરીમાં બનાવી આપવાનું જણાવેલુ જેથી આરોપી નં.૪૯ ને કાગળ, કુટપટ્ટી, પેન્સિલ વિગેરે આપેલા અને તેને ડાયોગ્રામ બનાવેલો. ત્યારબાદ જુદી-જુદી વસ્તુઓથી એસેમ્બલ કરીને એક ચીપ બનાવેલી જે સીલ કરી કબજે કરેલી. આ હકીકત બંને એફ.એસ.એલ. અધિકારીઓ પણ પોતાની જુબાનીમાં જણાવે છે. આ અંગેનું આંક-૮૫૯૨ વાળુ પંચનામુ તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાએ પંચો રૂબરૂ બનાવેલુ.

આંક-૧૨૨ વાળા તહોમતનામામાં જણાવ્યા મુજબ ઘણા બધા આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો એવા છે કે, તે બાબતે આ આરોપી નં.૪૯ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા કોઈ મૌખિક કે દસ્તાવેજી પ્રત્યક્ષ પુરાવો રજૂ થયેલો નથી. આ આરોપી નં.૪૯ જુદી-જુદી હોટલોમાં રોકાયો હોય અને તે હોટલોના રજીસ્ટરોમાં ખોટા નામથી એન્ટ્રીઓ કરી હોય, ખોટા નામે સહીઓ કરેલી હોય તેમજ આ આરોપી નં.૪૯ નાઓએ ખોટા દસ્તાવેજ બનાવી તે દસ્તાવેજોનો સાચા તરીકે

ઉપયોગ કર્યો હોય તેવા કોઇ પ્રત્યક્ષ પુરાવા આ આરોપી નં.૪૯ સામે નથી. પરંતુ આ અંગેના પ્રત્યક્ષ પુરાવા આરોપી નં.૧૪, ૩૭, ૪૩, ૪૫, ૪૬, ૬૯ અને ૭૦ વિરૂધ્ધ રજૂ થયેલા છે. જેથી કાવતરાના પેરામાં ચર્ચા કર્યા મુજબ તેમજ તે પેરામાં નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લીધેલા છે તે ચુકાદા મુજબ આરોપી નં.૪૯ નાઓ કોઈ હોટલમાં ખોટા નામે એન્ટ્રી કરી રોકાયેલા ન હોવા છતાં પણ અન્ય આરોપીઓ સાથે આરોપી નં.૪૯ ની સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે. આ ઉપરાંત આ આરોપી નં.૪૯ નાઓએ બનાવોમાં ઉપયોગમાં લીધેલ કોઇ વસ્તુ કે પુરાવાનો નાશ કર્યો હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો નથી. આ ઉપરાંત આ બનાવો બન્યા બાદ બનાવોમાં સંડોવાયેલા અન્ય કોઇ આરોપીને આશ્રય આપેલો હોય, તેઓને છુપાવેલા હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો આરોપી નં.૪૯ કે અન્ય આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ નથી. આ આરોપી નં.૪૯ સીમીના સભ્ય હોવાનો કોઈ પ્રત્યક્ષ પુરાવો નથી. આ ઉપરાંત આ આરોપી નં.૪૯ સીમીની મીટીંગોમાં જુદી-જુદી જગ્યાઓ ઉપર હાજર રહેલો હોય, કોઈ ભાષણો કરેલા હોય, ભારત કે રાજય સરકાર વિરૂધ્ધ યુધ્ધ છેડવાનો પ્રયત્ન કર્યો હોય કે ધર્મ અને જાતિઓ વચ્ચે વૈમનસ્ય પેદા થાય તેવુ કોઈ કૃત્ય કરેલુ હોય તેવો પણ કોઈ સીધો પુરાવો આ આરોપી નં.૪૯ સામે રજૂ થયેલો નથી. આ આરોપી વાઘમોન તથા હાલોલ-પાવાગઢના આતંકવાદી તાલીમ કેમ્પોમાં હાજર રહયો હોય અને જુદી-જુદી તાલીમો લીધી હોય તેવા કોઈ પ્રત્યક્ષ પુરાવા આ આરોપી વિરૂધ્ધ રજૂ થયેલા નથી. પરંતુ અન્ય આરોપીઓ સાથે જુદી-જુદી જગ્યાઓ ઉપર મીટીંગોમાં હાજર રહેલો હશે તેવુ અનુમાન થઈ શકે તેમ છે અને તે મીટીંગોમાં હાજર રહયો હોય તો જ આ આરોપીએ બોમ્બમાં વપરાતી ચીપ તૈયાર કરેલી છે અને તે ચીપ બોમ્બમાં વાપરેલી છે જેથી એવુ ચોકકસપણે અનુમાન થઈ શકે કે આ બોમ્બ આ આરોપીએ બનાવેલા છે અથવા તો બનાવવામાં મદદ કરેલી છે જેથી બીજા આરોપીઓ સાથે આ આરોપી કાવતરામાં સામેલ હોય આ આરોપીની સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે. આ આરોપી નં.૪૯નાઓએ બનાવો બનતા પહેલા આતંકવાદી ઈ-મેઇલ કર્યા હોય

તેવા કોઇ ઇ–મેઇલ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા નથી. આ આરોપી નં.૪૯ નાઓએ કોઇ કમ્પ્યુટરમાંથી આતંકવાદી ઇ–મેઇલ કર્યા હોય અને ઇ–મેઇલ કર્યા પછી તે ઇ–મેઇલ કમ્પ્યુટરમાંથી ડિલીટ કર્યા હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આરોપી નં.૩૩ તથા ૩૪ નાઓએ ઈન્ડિયા ટીવીને આતંકવાદી ઈ–મેઈલ કરેલાનો આક્ષેપ છે પરંતુ રજૂ થયેલા ઈ–મેઈલ ધ્યાને લેતા તે આક્ષેપ પુરવાર થતા નથી. આ આરોપી પાસેથી પરવાના વિનાનો કોઇ દેશી તમંચો કે હથિયાર કબજે કરવામાં આવ્યુ હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીઓ તથા આ આરોપી વિરૂધ્ધ સમગ્ર પુરાવા ધ્યાને લેતા અમદાવાદ શહેરમાં થયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોના કાવતરામાં અને તેની સાથે સંલગ્ન સુરત શહેરના બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં આ આરોપી નં.૪૯ ની ભૂમિકા રહેલી છે આ આરોપી નં.૪૯ સામે આંક–૧૨૨ મુજબના તહોમતનામામાં જે આક્ષેપો ફરમાવવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી અમુક આક્ષેપો પુરવાર થાય છે તેમ હું માનું છું. ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૪૯ ની ભૂમિકા બાબતે તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન કરતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૪૯ વિરૂધ્ધ મુદ્દા નં.૧ થી ૧૩, ૧૬ થી ૧૯, ૨૧ થી ૨૪, ૨૬ થી ૩૨ પુરવાર કરે છે. જયારે મુદ્દા નં. ૧૪,૧૫, ૨૦,૨૫, ૩૩ થી ૩૫ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવુ છું.

આરોપી નં.૫૦ સૈકુર રહેમાન ઉર્ફે સૈકુ ઉર્ફે સૈફ અબ્દુલરહેમાન અંસારી

સાહેદ નં.૮૨૫ ભરતકુમાર શંકરલાલ પરમારની જુબાનીના સારાંશ મુજબ આરોપી નં.૫૦, તપાસ કરનાર અધિકારી તથા આ સાહેદને લઈને અલમહમદી સોસાયટીવાળુ મકાન નં.૧૦ કે જયાંથી બોમ્બની થેલી લીધેલી અને તે થેલી નારોલ સર્કલવાળી જગ્યા ઉપર મુકેલી તે જગ્યાઓ બતાવેલી. આ

અંગેનું આંક–૫૫૪૯ વાળુ પંચનામુ તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડાએ પંચો રૂબરૂ બનાવેલુ.

સાહેદ નં.૮૬૯ નિતેષ મોહનરાય વૈશ્યની જુબાનીના સારાંશ મુજબ આરોપી નં.૫૦, તપાસ કરનાર અધિકારી તથા આ સાહેદને લઈને અલમહમદી સોસાયટીવાળુ મકાન નં.૧૦ બતાવેલુ કે જે મકાનમાં તે અન્ય આરોપીઓ સાથે રહેલો હતો. આ અંગેનું આંક–૬૦૭૦ વાળુ પંચનામુ તપાસ કરનાર અધિકારી વી.આર.ટોળીયાએ પંચો રૂબરૂ બનાવેલુ.

આંક–૧૨૨ વાળા તહોમતનામામાં જણાવ્યા મુજબ ઘણા બધા આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો એવા છે કે, તે બાબતે આ આરોપી નં.૫૦ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા કોઈ મૌખિક કે દસ્તાવેજી પ્રત્યક્ષ પુરાવો રજૂ થયેલો નથી. આ આરોપી નં.૫૦ જુદી–જુદી હોટલોમાં રોકાયો હોય અને તે હોટલોના રજીસ્ટરોમાં ખોટા નામથી એન્ટ્રીઓ કરી હોય, ખોટા નામે સહીઓ કરેલી હોય તેમજ આ આરોપી નં.૫૦નાઓએ ખોટા દસ્તાવેજ બનાવી તે દસ્તાવેજોનો સાચા તરીકે ઉપયોગ કર્યો હોય તેવા કોઈ પ્રત્યક્ષ પુરાવા આ આરોપી નં.૫૦ સામે નથી. પરંતુ આ અંગેના પ્રત્યક્ષ પુરાવા આરોપી નં.૧૪, ૩૭, ૪૩, ૪૫, ૪૬, ૬૯ અને ૭૦ વિરૂધ્ધ રજૂ થયેલા છે. જેથી કાવતરાના પેરામાં ચર્ચા કર્યા મુજબ તેમજ તે પેરામાં નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લીધેલા છે તે ચુકાદા મુજબ આરોપી નં.૫૦ નાઓ કોઈ હોટલમાં ખોટા નામે એન્ટ્રી કરી રોકાયેલા ન હોવા છતાં પણ અન્ય આરોપીઓ સાથે આરોપી નં.૫૦ની સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે. આ ઉપરાંત આ આરોપી નં.૫૦ નાઓએ બનાવોમાં ઉપયોગમાં લીધેલ કોઈ વસ્તુ કે પુરાવાનો નાશ કર્યો હોય તેવો પણ કોઈ પ્રત્યક્ષ પુરાવો નથી. આ ઉપરાંત આ બનાવો બન્યા બાદ બનાવોમાં સંડોવાયેલા અન્ય કોઈ આરોપીને આશ્રય આપેલો હોય, તેઓને છુપાવેલા હોય તેવો પણ કોઈ પ્રત્યક્ષ પુરાવો આરોપી નં.૫૦ કે અન્ય આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ નથી. આ આરોપી નં.૫૦ સીમીના સભ્ય હોવાનો કોઈ સીધો પુરાવો નથી. આ ઉપરાંત આ આરોપી નં.૫૦ સીમીની મીટીંગોમાં જુદી–જુદી જગ્યાઓ ઉપર હાજર રહેલો હોય,

કોઈ ભાષણો કરેલા હોય, ભારત કે રાજય સરકાર વિરૂધ્ધ યુધ્ધ છેડવાનો પ્રયત્ન કર્યો હોય કે ધર્મ અને જાતિઓ વચ્ચે વૈમનસ્ય પેદા થાય તેવુ કોઈ કૃત્ય કરેલુ હોય તેવો પણ કોઈ પ્રત્યક્ષ પુરાવો આ આરોપી નં.૫૦ સામે રજૂ થયેલો નથી. આ આરોપી વાઘમોન તથા હાલોલ–પાવાગઢના આતંકવાદી તાલીમ કેમ્પોમાં હાજર રહ્યો હોય અને જુદી–જુદી તાલીમો લીધી હોય તેવા કોઈ પ્રત્યક્ષ પુરાવા આ આરોપી વિરૂધ્ધ રજૂ થયેલા નથી. પરંતુ અન્ય આરોપીઓ સાથે જુદી–જુદી જગ્યાઓ ઉપર મીટીંગોમાં હાજર રહેલો હશે તેવુ અનુમાન થઈ શકે તેમ છે અને તે મીટીંગોમાં હાજર રહયો હોય તો જ આ આરોપી, તપાસ કરનાર અધિકારી ઉષા રાડાનાઓએ પંચોની રૂબરૂમાં આંક–૫૫૪૯ વાળા પંચનામાની વિગતે અલમહમદી સોસાયટીવાળુ મકાન તથા નારોલ સર્કલ પાસે જે જગ્યા ઉપર બોમ્બવાળી થેલી મુકેલી તે જગ્યા તથા નારોલ સર્કલ મિત્તલ ચેમ્બર સામે બોમ્બ બ્લાસ્ટવાળી જગ્યા બતાવેલી જેથી એવુ ચોકકસપણે અનુમાન થઈ શકે કે આ આરોપી બીજા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ હોતો જેથી આ આરોપીની સામુહિક જવાબદારી ઉત્પન્ન થાય છે. આ આરોપી નં.૫૦નાઓએ બનાવો બનતા પહેલા આતંકવાદી ઇ–મેઇલ કર્યા હોય તેવા કોઇ ઇ–મેઇલ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા નથી. આ આરોપી નં.૫૦નાઓએ કોઇ કમ્પ્યુટરમાંથી આતંકવાદી ઇ–મેઇલ કર્યા હોય અને ઇ–મેઇલ કર્યા પછી તે ઇ–મેઇલ કમ્પ્યુટરમાંથી ડિલીટ કર્યા હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આરોપી નં.૩૩ તથા ૩૪નાઓએ ઈન્ડિયા ટીવીને આતંકવાદી ઈ–મેઈલ કરેલાનો આક્ષેપ છે પરંતુ રજૂ થયેલા ઈ–મેઈલ ધ્યાને લેતા તે આક્ષેપ પુરવાર થતા નથી. આ આરોપી પાસેથી પરવાના વિનાનો કોઇ દેશી તમંચો કે હથિયાર કબજે કરવામાં આવ્યુ હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીઓ તથા આ આરોપી વિરૂધ્ધ સમગ્ર પુરાવા ધ્યાને લેતા અમદાવાદ શહેરમાં થયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોના

કાવતરામાં અને તેની સાથે સંલગ્ન સુરત શહેરના બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં આ આરોપી નં.૫૦ ની ભૂમિકા રહેલી છે આ આરોપી નં.૫૦ સામે આંક–૧૨૨ મુજબના તહોમતનામામાં જે આક્ષેપો ફરમાવવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો પુરવાર થાય છે તેમ હું માનું છું. ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૫૦ની ભૂમિકા બાબતે તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન કરતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૫૦ વિરૂધ્ધ મુદ્દા નં.૧ થી ૧૩, ૧૬ થી ૧૯, ૨૧ થી ૨૪, ૨૬ થી ૩૨ પુરવાર કરે છે. જયારે મુદ્દા નં. ૧૪,૧૫, ૨૦,૨૫, ૩૩ થી ૩૫ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવુ છું.

આરોપી નં.૫૧ ડૉ.અનવર અબ્દુલગની બાગવાન

સાહેદ નં.૯૬૫ અખ્તર મહમદ હનીફ મેમણની જુબાનીના સારાંશ મુજબ આરોપી નં.૫૧ તથા તેનો ભાઈ આરોપી નં.૩૨ નાઓએ આ સાહેદ મારફત મકાનના માલીક સાહેદ નં.૯૬૭ રેઝા નાબાતીયાન પાસેથી ફલેટ નં.૩૦૨, એચ બિલ્ડિંગ, અશોકા મ્યૂઝ, કોન્ડવા, ખુર્દ ખાતે ફલેટ ભાડે રાખેલો હતુ. જેમા આરોપી નં.૩૨ રહેતો હતો જયારે આરોપી નં.૫૧ ને મેડીકલમાં એડમીશન મળતા હૈદરાબાદ ખાતે ગયેલો અને ફલેટનું ભાડુ તેનો ભાઈ આરોપી નં.૩૨ આપશે તેમ જણાવેલુ. સાહેદ નં.૯૬૬ અસ્ફાક અહેમદ સૈયદની જુબાનીના સારાંશ મુજબ પણ આ ફલેટ રેઝા નાબાતીયાન પાસેથી આરોપી નં.૫૧ તથા ૩૨નાઓએ ભાડે રાખેલાની હકીકત જણાવેલી છે. આ તમામ સાહેદોના પુરાવા ધ્યાને લેતા આ ફલેટમાં આરોપી નં.૩૨ રહેતો હતો પરંતુ આરોપી નં.૫૧ રહેલો હોય તે હકીકત શંકાસ્પદ છે.

આ આરોપી નં.૫૧ ઉપર આંક–૧૨૨ ના તહોમતનામા મુજબ ફરિયાદપક્ષ દ્વારા જે આક્ષેપો મુકવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી એક પણ આક્ષેપ મૌખિક કે દસ્તાવેજી પુરાવાથી ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. આ આરોપી વાઘમોન તથા હાલોલ–પાવાગઢના જંગલોમાં આતંકવાદી તાલીમ કેમ્પોમા હાજર રહયો હોય, જુદી–જુદી તાલીમો મેળવેલી હોય, અન્ય

આરોપીઓએ જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગો કરી છે અને તે મીટીંગોમાં આ આરોપી હાજર રહયો હોય, જેહાદી ભાષણો કર્યા હોય કે સાંભળ્યા હોય, કોઈ મકાનમાં રહીને અન્ય આરોપીઓને બોમ્બ બનાવવામાં મદદ કરી હોય, બોમ્બ બનાવવા માટેની કોઈ સામગ્રી ખરીદેલી હોય, જે જગ્યા ઉપર બોમ્બ મુકવામાં આવેલા તે જગ્યાઓની રેકી કરી હોય કે કોઈ જગ્યા ઉપર જઈને બોમ્બ મુકેલા હોય, આતંકવાદી ઈ–મેઈલ કર્યા હોય, કોઈ આરોપીને આશ્રય આપ્યો હોય, કોઈ પુરાવાનો નાશ કર્યો હોય કે કાવતરામાં અન્ય આરોપીઓ સાથે સમાન ઈરાદો પાર પાડવા હાજર રહયો અને આ બનાવોમાં અન્ય આરોપીઓને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદ કરી હોય તેવો એક પણ પુરાવો આ આરોપી વિરૂધ્ધ રજૂ કરવામાં આવેલો નથી. આ આરોપી આ ગુનાઓમાં સંડોવાયેલો છે તે અંગેના પુરાવા એકત્ર કરી જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી નં.૫૧ સામે ભારતીય ફોજદારી ધારાની કલમ–૧૨૧(એ), ૧૨૪(એ), ૧૫૩(એ) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૬ મુજબની તથા અનલોફુલ એકટીવીટી એકટની કલમ–૧૦,૧૩, ૧૬,૧૮ વિગેરે મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કલમ–૪૫ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે સરકારશ્રીને દરખાસ્તો કરેલી અને જુદા–જુદા સક્ષમ અધિકારીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી સામે એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ–૩,૪,૫,૬ મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૭ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે જુદા–જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓને દરખાસ્તો કરેલી અને જુદા–જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત આ આરોપી નં.૫૧ સામે આર્મ્સ એટની કલમ–૨૫(૧)(બી) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૩૯ હેઠળ મંજૂરી મેળવવા માટે પોલીસ કમિશનરશ્રીને મંજૂરી મેળવવા માટે દરખાસ્તો કરેલી અને પોલીસ કમિશનરશ્રીઓ પાસેથી મંજૂરી મેળવેલી જે રજૂ કરેલી છે. દરખાસ્તો સાથે જે પુરાવા આરોપી નં.૫૧ વિરૂધ્ધના રજૂ કરેલા તે

પૈકી એક પણ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ આરોપીએ સાહેદ નં.૯૬૭ નો ફલેટ પુના ખાતે અન્ય સાહેદ નં.૯૬૫ મારફત ભાડે રાખેલો હતો, ભાડાની રકમ આ આરોપીએ નકકી કરેલી હતી પરંતુ આ આરોપીને હૈદ્રાબાદ ખાતે મેડીકલમાં એડમીશન મળતા તે ત્યાં જતો રહેલો અને આ આરોપીનો ભાઈ (આરોપી નં.૩૨) મકાનમાં રહેતો હતો અને ભાડુ આરોપી નં.૩૨ ચુકવતો હતો. આ આરોપી મકાનમાં રહેલો હોય તેવો કોઈ પ્રત્યક્ષ પુરાવો આ આરોપી વિરૂધ્ધ નથી. આટલા માત્ર પુરાવા ઉપરથી આ આરોપીની આ બનાવોમાં સંડોવણી શંકાસ્પદ છે. તપાસ કરનાર અમલદાર સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાઓની જુબાનીઓમાંથી પણ આ આરોપીની સંડોવણી શંકાસ્પદ હોવાનું માલુમ પડે છે. ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૫૧ ની ભૂમિકા બાબતે તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન કરતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૫૧ વિરૂધ્ધ તમામ મુદ્દાઓ સંબંધે કેસ શંકારહિત પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવું છું.

આરોપી નં.૫૨ મોહમદ યાસીન ફરીદખાન ઉર્ફે ગુલરેજ અબ્દુલ હમીદખાન

સાહેદ નં.૮૧૬ અતુલ કિશોરભાઈ શેઠની જુબાનીના સારાંશ મુજબ આરોપી નં.૨૭ નાઓએ તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓને તથા આ સાહેદને આપેલ માહિતી આધારે આ આરોપી ગોમતીપુરમાં પોતાનું મકાન અલઅમન એપાર્ટમેન્ટના પહેલા માળે લઈ ગયેલો અને માળીયામાંથી ઓરીયન્ટ કંપનીનો ટેબલ ફેન ઉતારીને બતાવેલો અને જણાવેલુ કે આ ટેબલ ફેન આરોપી નં.૩૭ તથા પ૨નાઓ અલમહમદી સોસાયટી મકાન નં.૧૦ ઉપર લઈ આવેલા હતા તે છે. પરંતુ આ આરોપી ખરેખર આ ટેબલ ફેન અલમહમદી સોસાયટીમાં લઈ આવેલો કે કેમ તે અંગે અન્ય કોઈ સબળ પુરાવો રેકર્ડ ઉપર રજૂ થયેલો નથી. માત્ર આટલી હકીકત રેકર્ડ ઉપર આવવાથી આ આરોપીની ગુનામાં સંડોવણી હોય તેવી હકીકત માલુમ પડતી નથી. આ

આરોપી આ ગુનામાં સંડોવાયેલો હોય તે હકીકત શંકાસ્પદ છે માત્ર આ પુરાવાથી શંકારહિત પુરવાર થતી નથી.

આ આરોપી નં.૫૨ ઉપર આંક–૧૨૨ ના તહોમતનામા મુજબ ફરિયાદપક્ષ દ્વારા જે આક્ષેપો મુકવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી એકપણ આક્ષેપ મૌખિક કે દસ્તાવેજી પુરાવાથી ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. આ આરોપી વાઘમોન તથા હાલોલ–પાવાગઢના જંગલોમાં આતંકવાદી તાલીમ કેમ્પોમા હાજર રહયો હોય, જુદી–જુદી તાલીમો મેળવેલી હોય, અન્ય આરોપીઓએ જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગો કરી છે અને તે મીટીંગોમાં આ આરોપી હાજર રહયો હોય, જેહાદી ભાષણો કર્યા હોય કે સાંભળ્યા હોય, કોઈ મકાનમાં રહીને અન્ય આરોપીઓને બોમ્બ બનાવવામાં મદદ કરી હોય, બોમ્બ બનાવવા માટેની કોઈ સામગ્રી ખરીદેલી હોય, જે જગ્યા ઉપર બોમ્બ મુકવામાં આવેલા તે જગ્યાઓની રેકી કરી હોય કે કોઈ જગ્યા ઉપર જઈને બોમ્બ મુકેલા હોય, આતંકવાદી ઈ–મેઈલ કર્યા હોય, કોઈ આરોપીને આશ્રય આપ્યો હોય, કોઈ પુરાવાનો નાશ કર્યો હોય કે કાવતરામાં અન્ય આરોપીઓ સાથે સમાન ઈરાદો પાર પાડવા હાજર રહયો અને આ બનાવોમાં અન્ય આરોપીઓને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદ કરી હોય તેવો એકપણ પુરાવો આ આરોપી વિરૂધ્ધ રજૂ કરવામાં આવેલો નથી. આ આરોપી આ ગુનાઓમાં સંડોવાયેલો છે તે અંગેના પુરાવા એકત્ર કરી જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી નં.૫૨ સામે ભારતીય ફોજદારી ધારાની કલમ–૧૨૧(એ), ૧૨૪(એ), ૧૫૩(એ) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૬ મુજબની તથા અનલોકુલ એકટીવીટી એકટની કલમ–૧૦,૧૩, ૧૬,૧૮ વિગેરે મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કલમ–૪૫ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે સરકારશ્રીને દરખાસ્તો કરેલી અને જુદા–જુદા સક્ષમ અધિકારીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી સામે એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ–૩, ૪,૫,૬ મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૭

હેઠળ મંજૂરીઓ મેળવવા માટે જુદા–જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓને દરખાસ્તો કરેલી અને જુદા–જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત આ આરોપી નં.૫૨ સામે આર્મ્સ એટની કલમ–૨૫(૧)(બી) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૩૯ હેઠળ મંજૂરી મેળવવા માટે પોલીસ કમિશનરશ્રીને મંજૂરી મેળવવા માટે દરખાસ્તો કરેલી અને પોલીસ કમિશનરશ્રીઓ પાસેથી મંજૂરી મેળવેલી જે રજૂ કરેલી છે. દરખાસ્તો સાથે જે પુરાવા આરોપી નં.૫૨ વિરૂધ્ધના રજૂ કરેલા તે પૈકી એકપણ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આરોપી નં.૨૭ નાઓએ તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓને તથા પંચ સાહેદ નં.૮૧૬ ને આપેલ માહિતીના આધારે આ આરોપીને તથા પંચ સાહેદને લઈ તપાસ કરનાર અધિકારી આરોપી નં.૨૭ ના મકાન ઉપર ગયેલા અને મકાનમાં માળીયાની અંદરથી ઓરીયન્ટ કંપનીનો ટેબલ ફેન ઉતારેલો ત્યારે આરોપી નં.૨૭ નાઓએ જણાવેલુ કે આ ટેબલ ફેન આરોપી નં.૩૭ તથા ૫૨ નાઓ અલમહમદી સોસાયટી મકાન નં.૧૦ ઉપર લઈ આવેલા હતા તેવુ જણાવેલુ હતુ. આટલા માત્ર પુરાવા ઉપરથી આ આરોપીની આ બનાવોમાં સંડોવણી શંકાસ્પદ છે. તપાસ કરનાર અમલદાર સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાઓની જુબાનીઓમાંથી પણ આ આરોપીની સંડોવણી શંકાસ્પદ હોવાનું માલુમ પડે છે. વાઘમોન ખાતે ડિસેમ્બર–૨૦૦૮ મા આરોપીઓએ તાલીમ કેમ્પ રાખેલો હતો અને તે કેમ્પમાં આ આરોપી પણ હાજર હતો. આ કેમ્પ બાબતે અર્નાકુલ્લમ ખાતે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાયેલી અને તે ફરિયાદના કામે કુલ–૩૮ આરોપીઓને અટક કરવામાં આવેલા. તે કામે તપાસના કામે ૩૮ આરોપીઓ વિરૂધ્ધ અદાલતમાં ચાર્જશીટ દાખલ થયેલો જેનો એન.આઈ.એ. કેસ નં.૨/૨૦૧૧ હતો. તે કામે આ આરોપીને આરોપી નં.૧૨ તરીકે દર્શાવેલ છે. તે કેસમાં એન.આઈ.એ. કોર્ટ અર્નાકુલ્લમ દ્વારા તા.૧૫.૫.૨૦૧૮ ના રોજ ચુકાદો આપવામાં આવેલ છે તે ચુકાદામાં આ આરોપીને નિર્દોષ જાહેર કરેલ છે. પરંતુ આ

આરોપીની વાઘમોન ઉપરાંત હાલોલ–પાવાગઢના કેમ્પોમાં પણ હાજરી છે તથા જુદી–જુદી આતંકવાદી તાલીમો મેળવેલી છે. એટલુ જ નહીં જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગોમાં હાજર રહેલો છે અને દેશ વિરૂધ્ધ પ્રવૃત્તિઓ કરેલ છે માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૦૦ આ આરોપી બાબતે લાગુ પડશે નહીં. ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૫૨ ની ભૂમિકા બાબતે તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન કરતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૫૨ વિરૂધ્ધ તમામ મુદ્દાઓ સંબંધે કેસ શંકારહિત પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવું છું.

આરોપી નં.૫૩ મોહંમદ ઈરફાન ઉર્ફે વકીબ મોહંમદ નકીબ

આ આરોપી નં.૫૩ ઉપર આંક–૧૨૨ના તહોમતનામા મુજબ ફરિયાદ પક્ષ દ્વારા જે આક્ષેપો મુકવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી એક પણ આક્ષેપ મૌખિક કે દસ્તાવેજી પુરાવાથી ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. આ આરોપી વાઘમોન તથા હાલોલ–પાવાગઢના જંગલોમાં આતંકવાદી તાલીમ કેમ્પોમા હાજર રહયો હોય, જુદી–જુદી તાલીમો મેળવેલી હોય,અન્ય આરોપીઓએ જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગો કરી છે અને તે મીટીંગોમાં આ આરોપી હાજર રહયો હોય, જેહાદી ભાષણો કર્યા હોય કે સાંભળ્યા હોય, કોઈ મકાનમાં રહીને અન્ય આરોપીઓને બોમ્બ બનાવવામાં મદદ કરી હોય, બોમ્બ બનાવવા માટેની કોઈ સામગ્રી ખરીદેલી હોય, જે જગ્યા ઉપર બોમ્બ મુકવામાં આવેલા તે જગ્યાઓની રેકી કરી હોય કે કોઈ જગ્યા ઉપર જઈને બોમ્બ મુકેલા હોય, આતંકવાદી ઈ–મેઈલ કર્યા હોય, કોઈ આરોપીને આશ્રય આપ્યો હોય, કોઈ પુરાવાનો નાશ કર્યો હોય કે કાવતરામાં અન્ય આરોપીઓ સાથે સમાન ઈરાદો પાર પાડવા હાજર રહયો અને આ બનાવોમાં અન્ય આરોપીઓને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદ કરી હોય તેવો એક પણ પુરાવો આ આરોપી વિરૂધ્ધ રજૂ કરવામાં આવેલો નથી. આ આરોપી આ ગુનાઓમાં સંડોવાયેલો છે તે અંગેના પુરાવા એકત્ર કરી જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી નં.૫૩

સામે ભારતીય ફોજદારી ધારાની કલમ–૧૨૧(એ), ૧૨૪(એ), ૧૫૩(એ) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૬ મુજબની તથા અનલોફુલ એકટીવીટી એકટની કલમ–૧૦,૧૩, ૧૬,૧૮ વિગેરે મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કલમ–૪૫ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે સરકારશ્રીને દરખાસ્તો કરેલી અને જુદા–જુદા સક્ષમ અધિકારીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી સામે એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ–૩,૪,૫,૬ મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૭ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે જુદા–જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓને દરખાસ્તો કરેલી અને જુદા–જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત આ આરોપી નં.૫૩ સામે આર્મ્સ એટની કલમ–૨૫(૧)(બી) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૩૯ હેઠળ મંજૂરી મેળવવા માટે પોલીસ કમિશનરશ્રીને મંજૂરી મેળવવા માટે દરખાસ્તો કરેલી અને પોલીસ કમિશનરશ્રીઓ પાસેથી મંજૂરી મેળવેલી જે રજૂ કરેલી છે. દરખાસ્તો સાથે જે પુરાવા આરોપી નં.૫૩ વિરૂધ્ધના રજૂ કરેલા તે પૈકી એક પણ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીઓમાં પણ આરોપીની સંડોવણી અંગેના કોઈ પુરાવા નથી. આ ઉપરાંત આ આરોપી વાઘમોન ખાતે ડિસેમ્બર–૨૦૦૮ મા આરોપીઓએ તાલીમ કેમ્પ રાખેલો હતો અને તે કેમ્પમાં આ આરોપી પણ હાજર હતો. આ કેમ્પ બાબતે અર્નાકુલ્લમ ખાતે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાયેલી અને તે ફરિયાદના કામે કુલ–૩૮ આરોપીઓને અટક કરવામાં આવેલા. તે કામે તપાસના કામે ૩૮ આરોપીઓ વિરૂધ્ધ અદાલતમાં ચાર્જશીટ દાખલ થયેલો જેનો એન.આઈ.એ. કેસ નં.૨/૨૦૧૧ હતો. તે કામે આ આરોપીને આરોપી નં.૨૭ તરીકે દર્શાવેલ છે. તે કેસમાં એન.આઈ.એ. કોર્ટ અર્નાકુલ્લમ દ્વારા તા.૧૫.૫.

૨૦૧૮ ના રોજ ચુકાદો આપવામાં આવેલ છે તે ચુકાદામાં આ આરોપીને નિર્દોષ જાહેર કરેલ છે. પરંતુ આ આરોપી હાલોલ–પાવાગઢના કેમ્પોમાં પણ હાજર રહેલો હોય તેવો કોઈ પુરાવો નથી તથા હાલોલ–પાવાગઢ ખાતેના કેમ્પોમા હાજર રહી જુદી–જુદી તાલીમો લીધી હોય તથા જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગોમાં હાજર રહેલો હોય અને દેશ વિરૂધ્ધ પ્રવૃત્તિઓ કરેલ હોય તેવો પણ કોઈ પ્રત્યક્ષ પુરાવો આરોપી વિરૂધ્ધ નથી માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૦૦ આ આરોપી બાબતે લાગુ પડશે. ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૫૩ ની ભૂમિકા બાબતેના તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન કરતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૫૩ વિરૂધ્ધ તમામ મુદ્દાઓ સંબંધે કેસ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવું છું.

આરોપી નં.૫૪ નાસીર અહેમદ લીયાકતઅલી પટેલ

આ આરોપી નં.૫૪ ઉપર આંક–૧૨૨ ના તહોમતનામા મુજબ ફરિયાદપક્ષ દ્વારા જે આક્ષેપો મુકવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી એક પણ આક્ષેપ મૌખિક કે દસ્તાવેજી પુરાવાથી ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. આ આરોપી વાઘમોન તથા હાલોલ–પાવાગઢના જંગલોમાં આતંકવાદી તાલીમ કેમ્પોમા હાજર રહ્યો હોય, જુદી–જુદી તાલીમો મેળવેલી હોય, અન્ય આરોપીઓએ જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગો કરી છે અને તે મીટીંગોમાં આ આરોપી હાજર રહયો હોય, જેહાદી ભાષણો કર્યા હોય કે સાંભળ્યા હોય, કોઈ મકાનમાં રહીને અન્ય આરોપીઓને બોમ્બ બનાવવામાં મદદ કરી હોય, બોમ્બ બનાવવા માટેની કોઈ સામગ્રી ખરીદેલી હોય, જે જગ્યા ઉપર બોમ્બ મુકવામાં આવેલા તે જગ્યાઓની રેકી કરી હોય કે કોઈ જગ્યા ઉપર જઈને બોમ્બ મુકેલા હોય, આતંકવાદી ઈ–મેઈલ કર્યા હોય, કોઈ આરોપીને આશ્રય આપ્યો હોય, કોઈ પુરાવાનો નાશ કર્યો હોય કે કાવતરામાં અન્ય આરોપીઓ સાથે સમાન ઈરાદો પાર પાડવા હાજર રહયો અને આ બનાવોમાં અન્ય આરોપીઓને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદ કરી હોય તેવો એક પણ પુરાવો આ આરોપી વિરૂધ્ધ રજૂ

કરવામાં આવેલો નથી. આ આરોપી આ ગુનાઓમાં સંડોવાયેલો છે તે અંગેના પુરાવા એકત્ર કરી જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી નં.૫૪ સામે ભારતીય ફોજદારી ધારાની કલમ–૧૨૧(એ), ૧૨૪(એ), ૧૫૩(એ) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૬ મુજબની તથા અનલોફુલ એકટીવીટી એકટની કલમ–૧૦,૧૩, ૧૬,૧૮ વિગેરે મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કલમ–૪૫ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે સરકારશ્રીને દરખાસ્તો કરેલી અને જુદા–જુદા સક્ષમ અધિકારીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી સામે એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ–૩,૪,૫,૬ મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૭ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે જુદા–જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓને દરખાસ્તો કરેલી અને જુદા–જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત આ આરોપી નં.૫૪ સામે આર્મ્સ એટની કલમ–૨૫(૧)(બી) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૩૯ હેઠળ મંજૂરી મેળવવા માટે પોલીસ કમિશનરશ્રીને મંજૂરી મેળવવા માટે દરખાસ્તો કરેલી અને પોલીસ કમિશનરશ્રીઓ પાસેથી મંજૂરી મેળવેલી જે રજૂ કરેલી છે. દરખાસ્તો સાથે જે પુરાવા આરોપી નં.૫૪ વિરૂધ્ધના રજૂ કરેલા તે પૈકી એક પણ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીઓમાં પણ આરોપીની સંડોવણી અંગેના કોઈ પુરાવા નથી. આ ઉપરાંત આ આરોપી વાઘમોન ખાતે ડિસેમ્બર–૨૦૦૮ મા આરોપીઓએ તાલીમ કેમ્પ રાખેલો હતો અને તે કેમ્પમાં આ આરોપી પણ હાજર હતો. આ કેમ્પ બાબતે અર્નાકુલ્લમ ખાતે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાયેલી અને તે ફરિયાદના કામે કુલ–૩૮ આરોપીઓને અટક કરવામાં આવેલા. તે કામે તપાસના કામે ૩૮ આરોપીઓ વિરૂધ્ધ અદાલતમાં ચાર્જશીટ દાખલ થયેલો જેનો

એન.આઈ.એ. કેસ નં.૨/૨૦૧૧ હતો. તે કામે આ આરોપીને આરોપી નં.૨૮ તરીકે દર્શાવેલ છે. તે કેસમાં એન.આઈ.એ. કોર્ટ અર્નાકુલ્લમ દ્વારા તા.૧૫.૫. ૨૦૧૮ ના રોજ ચુકાદો આપવામાં આવેલ છે તે ચુકાદામાં આ આરોપીને નિર્દોષ જાહેર કરેલ છે. પરંતુ આ આરોપી હાલોલ–પાવાગઢના કેમ્પોમાં પણ હાજર રહેલો હોય તેવો કોઈ પુરાવો નથી તથા હાલોલ–પાવાગઢ ખાતેના કેમ્પોમા હાજર રહી જુદી–જુદી તાલીમો લીધી હોય તથા જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગોમાં હાજર રહેલો હોય અને દેશ વિરૂધ્ધ પ્રવૃત્તિઓ કરેલ હોય તેવો પણ કોઈ પ્રત્યક્ષ પુરાવો આરોપી વિરૂધ્ધ નથી માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૦૦ આ આરોપી બાબતે લાગુ પડશે. ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૫૪ ની ભૂમિકા બાબતેના તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન કરતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૫૪ વિરૂધ્ધ તમામ મુદ્દાઓ સબંધે કેસ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવું છું.

આરોપી નં.૫૫ શકિલઅહેમદ અબ્દુલસલીમ માલી

આ આરોપી નં.૫૫ ઉપર આંક–૧૨૨ ના તહોમતનામાં મુજબ ફરિયાદપક્ષ દ્વારા જે આક્ષેપો મુકવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી એક પણ આક્ષેપ મૌખિક કે દસ્તાવેજી પુરાવાથી ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. આ આરોપી વાઘમોન તથા હાલોલ–પાવાગઢના જંગલોમાં આતંકવાદી તાલીમ કેમ્પોમા હાજર રહયો હોય, જુદી–જુદી તાલીમો મેળવેલી હોય, અન્ય આરોપીઓએ જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગો કરી છે અને તે મીટીંગોમાં આ આરોપી હાજર રહયો હોય, જેહાદી ભાષણો કર્યા હોય કે સાંભળ્યા હોય, કોઈ મકાનમાં રહીને અન્ય આરોપીઓને બોમ્બ બનાવવામાં મદદ કરી હોય, બોમ્બ બનાવવા માટેની કોઈ સામગ્રી ખરીદેલી હોય, જે જગ્યા ઉપર બોમ્બ મુકવામાં આવેલા તે જગ્યાઓની રેકી કરી હોય કે કોઈ જગ્યા ઉપર જઈને બોમ્બ મુકેલા હોય, આતંકવાદી ઈ–મેઈલ કર્યા હોય, કોઈ આરોપીને આશ્રય આપ્યો હોય, કોઈ પુરાવાનો નાશ કર્યો હોય કે કાવતરામાં અન્ય આરોપીઓ સાથે સમાન

ઈરાદો પાર પાડવા હાજર રહયો અને આ બનાવોમાં અન્ય આરોપીઓને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદ કરી હોય તેવો એકપણ પુરાવો આ આરોપી વિરૂધ્ધ રજૂ કરવામાં આવેલો નથી. આ આરોપી આ ગુનાઓમાં સંડોવાયેલો છે તે અંગેના પુરાવા એકત્ર કરી જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી નં.૫૫ સામે ભારતીય ફોજદારી ધારાની કલમ–૧૨૧(એ), ૧૨૪(એ), ૧૫૩(એ) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૬ મુજબની તથા અનલોફુલ એકટીવીટી એકટની કલમ–૧૦,૧૩, ૧૬,૧૮ વિગેરે મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કલમ–૪૫ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે સરકારશ્રીને દરખાસ્તો કરેલી અને જુદા–જુદા સક્ષમ અધિકારીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી સામે એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ–૩, ૪,૫,૬ મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૭ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે જુદા–જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓને દરખાસ્તો કરેલી અને જુદા–જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત આ આરોપી નં.૫૩ સામે આર્મ્સ એટની કલમ–૨૫(૧)(બી) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૩૯ હેઠળ મંજૂરી મેળવવા માટે પોલીસ કમિશનરશ્રીને મંજૂરી મેળવવા માટે દરખાસ્તો કરેલી અને પોલીસ કમિશનરશ્રીઓ પાસેથી મંજૂરી મેળવેલી જે રજૂ કરેલી છે. દરખાસ્તો સાથે જે પુરાવા આરોપી નં.૫૫ વિરૂધ્ધના રજૂ કરેલા તે પૈકી એક પણ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા,સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીઓમાં પણ આરોપીની સંડોવણી અંગેના કોઈ પુરાવા નથી. આ ઉપરાંત આ આરોપી વાઘમોન ખાતે ડિસેમ્બર–૨૦૦૮ મા આરોપીઓએ તાલીમ કેમ્પ રાખેલો હતો અને તે કેમ્પમાં આ આરોપી પણ હાજર હતો. આ કેમ્પ બાબતે અર્નાકુલ્લમ ખાતે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાયેલી અને તે ફરિયાદના કામે

કુલ–૩૮ આરોપીઓને અટક કરવામાં આવેલા. તે કામે તપાસના કામે ૩૮ આરોપીઓ વિરૂધ્ધ અદાલતમાં ચાર્જશીટ દાખલ થયેલો જેનો એન.આઈ.એ. કેસ નં.૨/૨૦૧૧ હતો. તે કામે આ આરોપીને આરોપી નં.૨૯ તરીકે દર્શાવેલ છે. તે કેસમાં એન.આઈ.એ.કોર્ટ અર્નાકુલ્લમ દ્વારા તા.૧૫.૫. ૨૦૧૮ ના રોજ ચુકાદો આપવામાં આવેલ છે તે ચુકાદામાં આ આરોપીને સજા ફરમાવેલ છે. પરંતુ આ આરોપી હાલોલ–પાવાગઢના કેમ્પોમાં પણ હાજર રહેલો હોય તેવો કોઈ પુરાવો નથી તથા હાલોલ–પાવાગઢ ખાતેના કેમ્પોમા હાજર રહી જુદી–જુદી તાલીમો લીધી હોય તથા જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગોમાં હાજર રહેલો હોય અને દેશ વિરૂધ્ધ પ્રવૃત્તિઓ કરેલ હોય તેવો પણ કોઈ પ્રત્યક્ષ પુરાવો આરોપી વિરૂધ્ધ નથી માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૦૦ આ આરોપી બાબતે લાગુ પડશે. ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૫૫ ની ભૂમિકા બાબતેના તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન કરતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૫૫ વિરૂધ્ધ તમામ મુદ્દાઓ સબંધે કેસ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવું છું.

આરોપી નં.૫૬ નદીમ અબ્દુલ નઈમ સૈયદ

આ આરોપી નં.૫૬ ઉપર આંક–૧૨૨ ના તહોમતનામા મુજબ ફરિયાદપક્ષ દ્વારા જે આક્ષેપો મુકવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી એક પણ આક્ષેપ મૌખિક કે દસ્તાવેજી પુરાવાથી ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. આ આરોપી વાઘમોન તથા હાલોલ–પાવાગઢના જંગલોમાં આતંકવાદી તાલીમ કેમ્પોમા હાજર રહયો હોય, જુદી–જુદી તાલીમો મેળવેલી હોય, અન્ય આરોપીઓએ જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગો કરી છે અને તે મીટીંગોમાં આ આરોપી હાજર રહયો હોય, જેહાદી ભાષણો કર્યા હોય કે સાંભળ્યા હોય, કોઈ મકાનમાં રહીને અન્ય આરોપીઓને બોમ્બ બનાવવામાં મદદ કરી હોય, બોમ્બ બનાવવા માટેની કોઈ સામગ્રી ખરીદેલી હોય, જે જગ્યા ઉપર બોમ્બ મુકવામાં આવેલા તે જગ્યાઓની રેકી કરી હોય કે કોઈ જગ્યા ઉપર જઈને બોમ્બ

મુકેલા હોય, આતંકવાદી ઈ–મેઈલ કર્યા હોય, કોઈ આરોપીને આશ્રય આપ્યો હોય, કોઈ પુરાવાનો નાશ કર્યો હોય કે કાવતરામાં અન્ય આરોપીઓ સાથે સમાન ઈરાદો પાર પાડવા હાજર રહયો અને આ બનાવોમાં અન્ય આરોપીઓને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદ કરી હોય તેવો એક પણ પુરાવો આ આરોપી વિરૂધ્ધ રજૂ કરવામાં આવેલો નથી. આ આરોપી આ ગુનાઓમાં સંડોવાયેલો છે તે અંગેના પુરાવા એકત્ર કરી જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી નં.૫૬ સામે ભારતીય ફોજદારી ધારાની કલમ–૧૨૧(એ), ૧૨૪(એ), ૧૫૩(એ) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૬ મુજબની તથા અનલોફુલ એકટીવીટી એકટની કલમ–૧૦,૧૩, ૧૬,૧૮ વિગેરે મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કલમ–૪૫ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે સરકારશ્રીને દરખાસ્તો કરેલી અને જુદા–જુદા સક્ષમ અધિકારીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી સામે એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ–૩,૪,૫,૬ મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૭ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે જુદા–જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓને દરખાસ્તો કરેલી અને જુદા–જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત આ આરોપી નં.૫૬ સામે આર્મ્સ એટની કલમ–૨૫(૧)(બી) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૩૯ હેઠળ મંજૂરી મેળવવા માટે પોલીસ કમિશનરશ્રીને મંજૂરી મેળવવા માટે દરખાસ્તો કરેલી અને પોલીસ કમિશનરશ્રીઓ પાસેથી મંજૂરી મેળવેલી જે રજૂ કરેલી છે. દરખાસ્તો સાથે જે પુરાવા આરોપી નં.૫૬ વિરૂધ્ધના રજૂ કરેલા તે પૈકી એક પણ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીઓમાં પણ આરોપીની સંડોવણી અંગેના કોઈ પુરાવા નથી. આ ઉપરાંત આ આરોપી વાઘમોન ખાતે ડિસેમ્બર–૨૦૦૮ મા

આરોપીઓએ તાલીમ કેમ્પ રાખેલો હતો અને તે કેમ્પમાં આ આરોપી પણ હાજર હતો. આ કેમ્પ બાબતે અર્નાકુલ્લમ ખાતે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાયેલી અને તે ફરિયાદના કામે કુલ–૩૮ આરોપીઓને અટક કરવામાં આવેલા. તે કામે તપાસના કામે ૩૮ આરોપીઓ વિરૂધ્ધ અદાલતમાં ચાર્જશીટ દાખલ થયેલો જેનો એન.આઈ.એ. કેસ નં.૨/૨૦૧૧ હતો. તે કામે આ આરોપીને આરોપી નં.૧૪ તરીકે દર્શાવેલ છે. તે કેસમાં એન.આઈ.એ. કોર્ટ અર્નાકુલ્લમ દ્વારા તા.૧૫.૫. ૨૦૧૮ ના રોજ ચુકાદો આપવામાં આવેલ છે તે ચુકાદામાં આ આરોપીને સજા ફરમાવેલ છે. પરંતુ આ આરોપી હાલોલ–પાવાગઢના કેમ્પોમાં પણ હાજર રહેલો હોય તેવો કોઈ પુરાવો નથી તથા હાલોલ–પાવાગઢ ખાતેના કેમ્પોમા હાજર રહી જુદી–જુદી તાલીમો લીધી હોય તથા જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગોમાં હાજર રહેલો હોય અને દેશ વિરૂધ્ધ પ્રવૃત્તિઓ કરેલ હોય તેવો પણ કોઈ પ્રત્યક્ષ પુરાવો આરોપી વિરૂધ્ધ નથી માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૦૦ આ આરોપી બાબતે લાગુ પડશે. ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૫૬ ની ભૂમિકા બાબતેના તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન કરતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૫૬ વિરૂધ્ધ તમામ મુદ્દાઓ સંબંધે કેસ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવું છું.

આરોપી નં.૫૭ ડૉ.અશદુલ્લાહ એચ.એ. ઉર્ફે અસ્લમ ઉર્ફે અસદ ઉર્ફે કુરકાન અબુબકર એચ.

આરોપી નં.૨૧ાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ સમક્ષ લખાવેલું તે મુજબ આરોપી નં.૫૭ વાઘમોન (કેરળ)મુકામે તાલીમ કેમ્પમાં હાજર હતો તેવી હકીકત કબૂલાત નિવેદનમાં છે. તેમજ વાઘમોન (કેરાલા) ખાતે જે કેમ્પ યોજાયેલ હતો તેના આ આરોપી નં.૫૭ ઓર્ગેનાઈઝર હતા. આરોપી નં.૨ નાં નિવેદનમાં જણાવ્યા મુજબ સદર કેમ્પમાં જેહાદી ભાષણો થયેલા, તકરીરો થયેલી અને પાઈપ બોમ્બ બનાવવાની તાલીમ અપાયેલી, બાઈકીંગ, માઉન્ટીંગ,

સ્વીમીંગ, રીવર ક્રોસીંગ, શુટીંગ વિગેરેની તાલીમો આપેલાની હકીકત તેઓના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે. આ આરોપી નં.૫૭ પાવાગઢ ખાતે આતંકવાદી તાલીમ કેમ્પમાં હાજર રહયો હોય તેવી હકીકત આરોપી નં.૨ ના કબૂલાત નિવેદનમાં નથી. આરોપી નં.૫૭ અમદાવાદ તેમજ સુરત ખાતે આવેલો હોય અને આ આરોપીઓ સાથે કાવતરામાં સામે થઈ અમદાવાદમાં થયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટમાં કે સુરતમાં થયેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં કોઈ સક્રિય ભૂમિકા ભજવેલી હોય તેવો કોઈ પુરાવો આ આરોપી નં.૫૭ ની વિરૂધ્ધમાં ફરિયાદ પક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવામાં નથી.

આ આરોપી નં.૫૭ ઉપર આંક–૧૨૨ નાં તહોમતનામા મુજબ ફરિયાદ પક્ષ દ્વારા જે આક્ષેપો મુકવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી એક પણ આક્ષેપ મૌખિક કે દસ્તાવેજી પુરાવાથી ફરિયાદપક્ષ શંકારહિત પુરવાર કરી શકેલ નથી. આ આરોપી જુદી–જુદી જગ્યાઓ ઉપર જે મકાનોમાં અન્ય આરોપીઓએ બોમ્બ બનાવેલા હતા તે મકાનોમાં રહયો હોય અને બોમ્બ બનાવવામાં મદદગારી કરેલી હોય, બોમ્બ બનાવવાની સામગ્રી ખરીદેલી હોય, જે જગ્યા ઉપર બોમ્બ મુકવામાં આવેલા તે જગ્યાઓની રેકી કરી હોય કે કોઈ જગ્યા ઉપર આ આરોપીએ બોમ્બ મુકેલા હોય તેવો કોઈ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા આ આરોપી વિરૂધ્ધ રજૂ થયો નથી. આ આરોપીને અટક કર્યા પછી આ આરોપીએ કોઈ જગ્યા બતાવી હોય તેવો પણ કોઈ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા આ આરોપી વિરૂધ્ધ રજૂ થયેલો નથી. આરોપી નં.૨ ના કબૂલાત નિવેદન મુજબ આ આરોપી વાઘમોન ખાતે તાલીમ કેમ્પમાં હાજર હતો પરંતુ હાલોલ–પાવાગઢના તાલીમ કેમ્પમાં હાજર હતો કે કેમ તથા જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગો થયેલી તેમાં હાજર હતો કે કેમ તે શંકાસ્પદ છે. આ આરોપી આ ગુનામાં સંડોવાયેલો છે તે અંગે ફરિયાદપક્ષ તરફથી શંકારહિત પુરાવો રજૂ થયેલો નથી. આ આરોપી આ ગુનાઓમાં સંડોવાયેલો છે તે અંગેના પુરાવા એકત્ર કરી જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી નં.૫૭ સામે ભારતીય ફોજદારી ધારાની કલમ–૧૨૧(એ), ૧૨૪(એ), ૧૫૩(એ) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા

માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૬ મુજબની તથા અનલોફુલ એક્ટીવીટી એક્ટની કલમ–૧૦,૧૩,૧૬,૧૮ વિગેરે મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કલમ–૪૫ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે સરકારશ્રીને દરખાસ્તો કરેલી અને જુદા–જુદા સક્ષમ અધિકારીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી સામે એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એક્ટની કલમ–૩,૪,૫,૬ મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૭ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે જુદા–જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓને દરખાસ્તો કરેલી અને જુદા–જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત આ આરોપી નં.૫૭ સામે આર્મ્સ એટની કલમ –૨૫(૧)(બી) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૩૯ હેઠળ મંજૂરી મેળવવા માટે પોલીસ કમીશનરશ્રીને મંજૂરી મેળવવા માટે દરખાસ્તો કરેલી અને પોલીસ કમીશનરશ્રીઓ પાસેથી મંજૂરી મેળવેલી જે રજૂ કરેલી છે. દરખાસ્તો સાથે જે પુરાવા આરોપી નં.૫૭ વિરૂધ્ધના રજૂ કરેલા તે પૈકી એક પણ પુરાવો ફરિયાદ પક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન. બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીઓમાં આ આરોપીની પ્રત્યક્ષ સંડોવણી બાબતે કોઈ પુરાવો નથી. આ ઉપરાંત વાઘમોન ખાતે ડિસેમ્બર–૨૦૦૮ મા આરોપીઓએ તાલીમ કેમ્પ રાખેલો હતો અને તે કેમ્પમાં આ આરોપી પણ હાજર હતો. આ કેમ્પ બાબતે અર્નાકુલ્લમ ખાતે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાયેલી અને તે ફરિયાદના કામે કુલ–૩૮ આરોપીઓને અટક કરવામાં આવેલા. તે કામે તપાસના કામે ૩૮ આરોપીઓ વિરૂધ્ધ અદાલતમાં ચાર્જશીટ દાખલ થયેલો જેનો એન.આઈ.એ. કેસ નં.૨/૨૦૧૧ હતો. તે કામે આ આરોપીને આરોપી નં.૨૪ તરીકે દર્શાવેલ છે. તે કેસમાં એન. આઈ.એ. કોર્ટ અર્નાકુલ્લમ દ્વારા તા.૧૫.૫.૨૦૧૮ ના રોજ ચુકાદો આપવામાં આવેલ છે તે ચુકાદામાં આ આરોપીને સજા ફરમાવેલ છે. પરંતુ આ આરોપી

હાલોલ–પાવાગઢના કેમ્પોમાં પણ હાજર રહેલો હોય તેવો કોઈ પુરાવો નથી તથા હાલોલ–પાવાગઢ ખાતેના કેમ્પોમા હાજર રહી જુદી–જુદી તાલીમો લીધી હોય તથા જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગોમાં હાજર રહેલો હોય અને દેશ વિરૂધ્ધ પ્રવૃત્તિઓ કરેલ હોય તેવો પણ કોઈ પ્રત્યક્ષ પુરાવો આરોપી વિરૂધ્ધ નથી માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૦૦ આ આરોપી બાબતે લાગુ પડશે. ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૫૭ ની ભૂમિકા બાબતે તેની વિરૂધ્ધના પુરાવાનું મુલ્યાંકન કરતા આ આરોપી આ ગુનામાં સંડોવાયેલો હોય તે હકીકત શંકાસ્પદ છે તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૫૭ વિરૂધ્ધ તમામ મુદ્દાઓ સબંધે કેસ શંકારહીત પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવું છું.

આરોપી નં.૫૮ મોહંમદ સમી ઉર્ફે અબ્દુલ સમી રાજ અહેમદ

આ આરોપી નં.૫૮ ઉપર આંક–૧૨૨ નાં તહોમતનામા મુજબ ફરિયાદપક્ષ દ્વારા જે આક્ષેપો મુકવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી એક પણ આક્ષેપ મૌખિક કે દસ્તાવેજી પુરાવાથી ફરિયાદપક્ષ શંકારહિત પુરવાર કરી શકેલ નથી. આ આરોપી જુદી–જુદી જગ્યાઓ ઉપર જે મકાનોમાં અન્ય આરોપીઓએ બોમ્બ બનાવેલા હતા તે મકાનોમાં રહયો હોય અને બોમ્બ બનાવવામાં મદદગારી કરેલી હોય, બોમ્બ બનાવવાની સામગ્રી ખરીદેલી હોય, જે જગ્યા ઉપર બોમ્બ મુકવામાં આવેલા તે જગ્યાઓની રેકી કરી હોય કે કોઈ જગ્યા ઉપર આ આરોપીએ બોમ્બ મુકેલા હોય તેવો કોઈ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા આ આરોપી વિરૂધ્ધ રજૂ થયો નથી. આ આરોપીને અટક કર્યા પછી આ આરોપીએ કોઈ જગ્યા બતાવી હોય તેવો પણ કોઈ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા આ આરોપી વિરૂધ્ધ રજૂ થયેલો નથી. આરોપી નં.૨ ના કબૂલાત નિવેદન મુજબ આ આરોપી વાઘમોન ખાતે તાલીમ કેમ્પમાં હાજર હતો પરંતુ હાલોલ–પાવાગઢના તાલીમ કેમ્પમાં હાજર હતો કે કેમ તથા જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગો થયેલી તેમાં હાજર હતો કે કેમ તે શંકાસ્પદ છે. આ આરોપી આ ગુનામાં સંડોવાયેલો છે તે અંગે

ફરિયાદપક્ષ તરફથી શંકારહિત પુરાવો રજૂ થયેલો નથી.આ આરોપી આ ગુનાઓમાં સંડોવાયેલો છે તે અંગેના પુરાવા એકત્ર કરી જુદા-જુદા તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી નં.૫૮ સામે ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૨૧(એ), ૧૨૪(એ), ૧૫૩(એ) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૯૬ મુજબની તથા અનલોફુલ એકટીવીટી એકટની કલમ-૧૦,૧૩,૧૬,૧૮ વિગેરે મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કલમ-૭૫ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે સરકારશ્રીને દરખાસ્તો કરેલી અને જુદા-જુદા સક્ષમ અધિકારીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી સામે એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ-૩,૪,૫,૬ મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ-૭ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે જુદા-જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓને દરખાસ્તો કરેલી અને જુદા-જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત આ આરોપી નં.૫૮ સામે આર્મ્સ એટની કલમ-૨૫(૧)(બી) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ-૩૯ હેઠળ મંજૂરી મેળવવા માટે પોલીસ કમિશનરશ્રીને મંજૂરી મેળવવા માટે દરખાસ્તો કરેલી અને પોલીસ કમિશનરશ્રીઓ પાસેથી મંજૂરી મેળવેલી જે રજૂ કરેલી છે. દરખાસ્તો સાથે જે પુરાવા આરોપી નં.૫૮ વિરૂધ્ધના રજુ કરેલા તે પૈકી એક પણ પુરાવો ફરિયાદ પક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીઓમાં આ આરોપીની પ્રત્યક્ષ સંડોવણી બાબતે કોઈ પુરાવો નથી. આ ઉપરાંત વાઘમોન ખાતે ડિસેમ્બર-૨૦૦૮ મા આરોપીઓએ તાલીમ કેમ્પ રાખેલો હતો અને તે કેમ્પમાં આ આરોપી પણ હાજર હતો. આ કેમ્પ બાબતે અર્નાકુલ્લમ ખાતે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાયેલી અને તે ફરિયાદના કામે કુલ-૩૮ આરોપીઓને અટક કરવામાં આવેલા. તે કામે તપાસના કામે ૩૮ આરોપીઓ વિરૂધ્ધ

અદાલતમાં ચાર્જશીટ દાખલ થયેલો જેનો એન.આઈ.એ. કેસ નં.૨/૨૦૧૧ હતો. તે કામે આ આરોપીને આરોપી નં.૧૧ તરીકે દર્શાવેલ છે. તે કેસમાં એન.આઈ.એ. કોર્ટ અર્નાકુલ્લમ દ્વારા તા.૧૫.૫.૨૦૧૮ ના રોજ ચુકાદો આપવામાં આવેલ છે તે ચુકાદામાં આ આરોપીને સજા ફરમાવેલ છે. પરંતુ આ આરોપી હાલોલ–પાવાગઢના કેમ્પોમાં પણ હાજર રહેલો હોય તેવો કોઈ પુરાવો નથી તથા હાલોલ–પાવાગઢ ખાતેના કેમ્પોમા હાજર રહી જુદી–જુદી તાલીમો લીધી હોય તથા જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગોમાં હાજર રહેલો હોય અને દેશ વિરૂધ્ધ પ્રવૃત્તિઓ કરેલ હોય તેવો પણ કોઈ પ્રત્યક્ષ પુરાવો આરોપી વિરૂધ્ધ નથી માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૦૦ આ આરોપી બાબતે લાગુ પડશે. ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૫૮ ની ભૂમિકા બાબતે તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન કરતા આ આરોપી આ ગુનામાં સંડોવાયેલો હોય તે હકીકત શંકાસ્પદ છે તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૫૮ વિરૂધ્ધ તમામ મુદ્દાઓ સબંધે કેસ શંકારહીત પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવું છું.

આરોપી નં.૫૯ મોહંમદ અન્સાર ઉર્ફે નદવી ઉર્ફે સીદ્દીક અબ્દુલ રઝાક મુસ્લિમ

આરોપી નં.૨ નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ સમક્ષ લખાવેલું તે મુજબ આરોપી નં.૫૯ વાઘમોન (કેરળ) મુકામે તાલીમ કેમ્પમાં હાજર હતો તેવી હકીકત કબૂલાત નિવેદનમાં છે.આરોપી નં.૫૯ હાલોલ–પાવાગઢ ખાતે તા.૧૩.૧.૨૦૦૮ થી તા.૧૫.૧.૨૦૦૮ ના સમય દરમ્યાન આતંકવાદી તાલીમ કેમ્પ યોજાયેલો તે કેમ્પમાં અન્ય આરોપીઓ સાથે હાજર રહેલો છે અને કેમ્પમાં હાજર તમામ આરોપીઓ ખુંદપીરની દરગાહ ઉપર આવેલી ધર્મશાળામાં રોકાયેલા. જુદી–જુદી જગ્યાઓ ઉપર તાલીમો લીધેલી. મુસ્લિમોનો બદલો લેવાની, જેહાદી ભાષણો કરેલા અને બોમ્બ બનાવવાની તાલીમ આપેલાની હકીકત તેઓના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે.

આ ઉપરાંત, આરોપી નં.૨૧ નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ સમક્ષ લખાવેલું તે મુજબ આરોપી નં.૫૯ નાઓ હાલોલ–પાવાગઢ ખાતેના તાલીમ કેમ્પમાં ગયેલો અને તાલીમ લીધેલાની હકીકત તેઓના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે. કેમ્પમાં ગયેલા તમામ માણસો ખુંદપીરની દરગાહ ઉપર આવેલી ધર્મશાળામાં રોકાયેલા. જુદી–જુદી જગ્યાઓ ઉપર તાલીમો લીધેલી. મુસ્લિમોનો બદલો લેવાની, માસ કિલીંગ કરવુ, જેહાદી ભાષણો અને પાઇપ બોમ્બ બનાવવાની તાલીમ આપેલાની હકીકત તેઓના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે.

આ ઉપરાંત, આરોપી નં.૩૫ નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ સમક્ષ લખાવેલું તે મુજબ આરોપી નં.૫૯ નાઓ હાલોલ–પાવાગઢ ખાતેના તાલીમ કેમ્પમાં ગયેલો અને તાલીમ લીધેલાની હકીકત તેઓના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે. જો કે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ નાઓએ આ આરોપીનું કબૂલાત નિવેદન સોગંદ ઉપર લીધેલું છે જે ગેરકાયદેસર છે. ઉપરોકત બંને આરોપી નં.૨, ૨૧ ના કબૂલાત નિવેદનો હાલોલ–પાવાગઢના કેમ્પમાં આરોપી નં.૫૯ નાએ હાજર રહી સક્રિય કામગીરી કરેલી છે તેમજ આતંકવાદી તાલીમો મેળવેલી છે તેમ હું માનું છું. આરોપી નં.૩૫ નુ કબૂલાત નિવેદન સોગંદ ઉપર લેવામાં આવેલુ છે જે ધ્યાને લેવામાં આવતુ નથી. આ આરોપી વિરૂધ્ધ આ સિવાય અન્ય કોઈ પુરાવા રજૂ થયેલા નથી પરંતુ આ ચુકાદામાં આરોપીઓની કબૂલાત નિવેદનો બાબતેના પેરામાં ચર્ચા કર્યા મુજબ આરોપી નં.૨ તથા ૨૧ નાઓએ કરેલા કબૂલાત નિવેદનો પુરાવાના કાયદાની કલમ–૩૦ મુજબ સહઆરોપીઓ સામે પણ ગ્રાહય છે. જેથી આરોપી નં.૨ અને ૨૧ ના કબૂલાત નિવેદનો આ આરોપી વિરૂધ્ધ પણ ગ્રાહય છે. આ અંગેના ચુકાદાઓની પણ તે પેરાઓમાં ચર્ચા કરેલી છે. આ આરોપીએ હાલોલ–પાવાગઢ ખાતેના આતંકવાદી તાલીમ કેમ્પોમાં ત્રણ દિવસ સુધી હાજર રહી જુદી–જુદી તાલીમો મેળવેલી છે

અને સીમીના સભ્યો છે તેવા આરોપીઓને સહાય કરી પ્રોત્સાહન આપેલુ છે. જેથી આ આરોપી પણ અન્ય આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થયેલો છે માટે બીજા આરોપીઓએ કરેલા ગુના માટે પણ આ આરોપી અન્ય આરોપીઓની જેમ જ જવાબદાર છે. આ આરોપીની પણ સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે.

આંક–૧૨૨ વાળા તહોમતનામામાં જણાવ્યા મુજબ ઘણા બધા આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો એવા છે કે, તે બાબતે આ આરોપી નં.૫૯ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા કોઇ મૌખિક કે દસ્તાવેજી પ્રત્યક્ષ પુરાવો રજૂ થયેલો નથી. આ આરોપી નં.૫૯ જુદી–જુદી હોટલોમાં રોકાયો હોય, તે હોટલોના રજીસ્ટરોમાં ખોટા નામથી એન્ટ્રીઓ કરી હોય, ખોટા નામે સહીઓ કરેલી હોય તેમજ આ આરોપી નં.૫૯ નાઓએ ખોટા દસ્તાવેજ બનાવી તે દસ્તાવેજોનો સાચા તરીકે ઉપયોગ કર્યો હોય તેવા કોઇ પ્રત્યક્ષ પુરાવા આ આરોપી નં.૫૯ સામે નથી. પરંતુ આ અંગેના પ્રત્યક્ષ પુરાવા આરોપી નં.૧૪, ૩૭, ૪૩, ૪૫, ૪૬, ૬૯ અને ૭૦ વિરૂધ્ધ રજૂ થયેલા છે. જેથી કાવતરાના પેરામાં ચર્ચા કર્યા મુજબ તેમજ તે પેરામાં નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લીધેલા છે તે ચુકાદા મુજબ આરોપી નં.૫૯ નાઓ કોઈ હોટલમાં ખોટા નામે એન્ટ્રી કરી રોકાયેલા ન હોવા છતાં પણ આ આરોપી અન્ય આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થયેલો છે જેથી અન્ય આરોપીઓની સાથે આ આરોપી નં.૫૯ ની પણ સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે. આ ઉપરાંત આ આરોપી નં.૫૯ નાઓએ બનાવોમાં ઉપયોગમાં લીધેલ કોઇ વસ્તુ કે પુરાવાનો નાશ કર્યો હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો નથી. આ ઉપરાંત આ બનાવો બન્યા બાદ બનાવોમાં સંડોવાયેલા અન્ય કોઇ આરોપીને આશ્રય આપેલો હોય, તેઓને છુપાવેલા હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો આરોપી નં.૫૯ કે અન્ય સહઆરોપીઓ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ નથી. તમામ પુરાવો ધ્યાને લેતા સંજોગો પણ એવા છે કે આ આરોપી પણ સીમીની મીટીંગોમાં અને કાવતરામાં સામેલ હતો. પરંતુ સંગઠનને કોઇ નાણાકીય સહાય પુરી પાડી હોય અથવા નાણાકીય સહાય પુરી પાડવા કોઇ અન્ય વ્યકિત પાસે મદદ માંગી હોય તેવો ફરિયાદપક્ષ તરફથી કોઇ પ્રત્યક્ષ પુરાવો રજૂ થયેલો

નથી. આ આરોપી નં.૫૯ નાઓએ બનાવો બનતા પહેલા આતંકવાદી ઈ–મેઈલ કર્યા હોય તેવા કોઇ ઈ–મેઈલ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા નથી. આ આરોપી નં.૫૯ નાઓએ કોઇ કમ્પ્યુટરમાંથી આતંકવાદી ઈ–મેઈલ કર્યા હોય અને ઈ–મેઈલ કર્યા પછી તે ઈ–મેઈલ કમ્પ્યુટરમાંથી ડિલીટ કર્યા હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આરોપી નં.૩૩ તથા ૩૪ નાઓએ ઈન્ડિયા ટીવીને આતંકવાદી ઈ–મેઈલ કરેલાનો આક્ષેપ છે પરંતુ રજૂ થયેલા ઈ–મેઈલ ધ્યાને લેતા તે આક્ષેપ પુરવાર થતા નથી. આ આરોપી પાસેથી પરવાના વિનાનો કોઇ દેશી તમંચો કે હથિયાર કબજે કરવામાં આવ્યુ હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીઓ તથા આ આરોપી વિરૂધ્ધ સમગ્ર પુરાવા ધ્યાને લેતા અમદાવાદ શહેરમાં થયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોના કાવતરામાં અને તેની સાથે સંલગ્ન સુરત શહેરના બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં આ આરોપી નં.૫૯ ની ભૂમિકા રહેલી છે આ આરોપી નં.૫૯ સામે આંક–૧૨૨ મુજબના તહોમતનામામાં જે આક્ષેપો ફરમાવવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો પુરવાર થાય છે તેમ હું માનું છું. વાઘમોન ખાતે ડિસેમ્બર–૨૦૦૮ મા આરોપીઓએ તાલીમ કેમ્પ રાખેલો હતો અને તે કેમ્પમાં આ આરોપી પણ હાજર હતો. આ કેમ્પ બાબતે અર્નાકુલ્લમ ખાતે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાયેલી અને તે ફરિયાદના કામે કુલ–૩૮ આરોપીઓને અટક કરવામાં આવેલા. તે કામે તપાસના કામે ૩૮ આરોપીઓ વિરૂધ્ધ અદાલતમાં ચાર્જશીટ દાખલ થયેલો જેનો એન.આઈ.એ. કેસ નં.૨/૨૦૧૧ હતો. તે કામે આ આરોપીને આરોપી નં.૫ તરીકે દર્શાવેલ છે. તે કેસમાં એન.આઈ.એ. કોર્ટ અર્નાકુલ્લમ દ્વારા તા.૧૫.૫. ૨૦૧૮ ના રોજ ચુકાદો આપવામાં આવેલ છે તે ચુકાદામાં આ આરોપીને સજા ફરમાવેલ છે. પરંતુ આ આરોપીની વાઘમોન ઉપરાંત હાલોલ–પાવાગઢના કેમ્પોમાં પણ હાજરી છે તથા જુદી–જુદી આતંકવાદી તાલીમો મેળવેલી છે માટે

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૦૦ આ આરોપી બાબતે લાગુ પડશે નહીં. આ આરોપી વિરૂધ્ધ સમગ્ર પુરાવા ધ્યાને લેતા અમદાવાદ શહેરમાં થયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોના કાવતરામાં અને તેની સાથે સંલગ્ન સુરત શહેરના બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં આ આરોપી નં.૫૯ ની ભૂમિકા રહેલી છે આ આરોપી નં.૫૯ સામે આંક–૧૨૨ મુજબના તહોમતનામામાં જે આક્ષેપો ફરમાવવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો પુરવાર થાય છે તેમ હું માનું છું. ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૫૯ ની ભૂમિકા બાબતે તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન કરતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૫૯ વિરૂધ્ધ મુદ્દા નં.૧ થી ૧૩, ૧૬ થી ૧૯, ૨૧ થી ૨૪, ૨૬ થી ૩૨ પુરવાર કરે છે. જયારે મુદ્દા નં. ૧૪,૧૫, ૨૦,૨૫, ૩૩ થી ૩૫ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવુ છું.

આરોપી નં.૬૦ સાદુલી ઉર્ફે હારીસ અબ્દુલકરીમ મુસ્લિમ

સાહેદ નં.૧૧૪૧ એૈયાઝ રજાકમીયા સૈયદની જુબાનીના સારાંશ મુજબ સને–૨૦૦૦ ની સાલથી શાહપુર બાઈ સેન્ટરમાં સીમીની ઑફિસ ચાલતી હતી. આરોપી નં.૬ ઑફિસમાં હાજર રહેતો હતો. આ સાહેદ સીમીની ઑફિસમાં વીઝીટમાં ગયેલો ત્યારે સીમી વિશે સમજાવવામાં આવેલુ, છુપી રીતે મીટીંગો થાય છે તેમ જણાવવામાં આવેલુ, મીટીંગોમાં હાજર રહેવાનું પણ જણાવવામાં આવેલુ, સુરત–અમદાવાદમાં મીટીંગો થતી હોવાનું પણ જણાવવામાં આવેલુ, ગોધરા કાંડની વાતો થતી, ૨૦૦૫ ની સાલમાં પણ આ સાહેદ સીમીની ઑફિસમાં ગયેલા અને આરોપી નં.૬ ત્યાં હાજર રહેતો હતો. આ સાહેદને પ્રોગ્રામોમાં આવવાનું જણાવવામાં આવેલુ. આ મીટીંગમાં આરોપી નં.૬૦ હાજર રહેતો હતો તેમ જણાવે છે. મીટીંગોમાં તકરીર થતી, જેહાદની વાતો થતી હતી. ભાષણો થતા, ટીવી–ડીવીડી ઉપર કેસેટો બતાવવામાં આવતી, બોમ્બનું ડેમોસ્ટ્રેશન થતુ વિગેરે તમામ હકીકતો આ સાહેદ સીમીને લગતી જણાવેલી છે. આ સાહેદની જુબાની ધ્યાને લેતા આરોપી નં.૬૦ સીમીનો કાર્યકર હોવાનું સ્પષ્ટ

જણાય આવે છે. આ સાહેદે આરોપી નં.૬૦ ને અદાલત રૂબરૂ ઓળખી પણ બતાવેલો છે.

આ ઉપરાંત, આરોપી નં.૭૬ નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન જયુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોચી–૫ સમક્ષ લખાવેલું તે મુજબ આરોપી નં.૬૦ નાઓ વાયમોન (કેરાલા) ખાતેના તાલીમ કેમ્પમાં હાજર હતો તાલીમ લીધેલાની હકીકત તેઓના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે. કેમ્પમાં આરોપી નં.૬૦ નાએ હાજર રહી સક્રિય કામગીરી કરેલી છે તેમજ આતંકવાદી તાલીમો મેળવેલી છે તેમ હું માનું છું.

આંક–૧૨૨ વાળા તહોમતનામામાં જણાવ્યા મુજબ ઘણા બધા આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો એવા છે કે, તે બાબતે આ આરોપી નં.૬૦ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા કોઇ મૌખિક કે દસ્તાવેજી પ્રત્યક્ષ પુરાવો રજૂ થયેલો નથી. આ આરોપી નં.૬૦ જુદી–જુદી હોટલોમાં રોકાયો હોય, તે હોટલોના રજીસ્ટરોમાં ખોટા નામથી એન્ટ્રીઓ કરી હોય, ખોટા નામે સહીઓ કરેલી હોય તેમજ આ આરોપી નં.૬૦ નાઓએ ખોટા દસ્તાવેજ બનાવી તે દસ્તાવેજોનો સાચા તરીકે ઉપયોગ કર્યો હોય તેવા કોઇ પ્રત્યક્ષ પુરાવા આ આરોપી નં.૬૦ સામે નથી. પરંતુ આ અંગેના પ્રત્યક્ષ પુરાવા આરોપી નં.૧૪, ૩૭, ૪૩, ૪૫, ૪૬, ૬૯ અને ૭૦ વિરૂધ્ધ રજૂ થયેલા છે. જેથી કાવતરાના પેરામાં ચર્ચા કર્યા મુજબ તેમજ તે પેરામાં નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લીધેલા છે તે ચુકાદા મુજબ આરોપી નં.૬૦ નાઓ કોઈ હોટલમાં ખોટા નામે એન્ટ્રી કરી રોકાયેલા ન હોવા છતાં પણ અન્ય આરોપીઓ સાથે આરોપી નં.૬૦ ની સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે. આ ઉપરાંત આ આરોપી નં.૬૦ નાઓએ બનાવોમાં ઉપયોગમાં લીધેલ કોઇ વસ્તુ કે પુરાવાનો નાશ કર્યો હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો નથી. આ ઉપરાંત આ બનાવો બન્યા બાદ બનાવોમાં સંડોવાયેલા અન્ય કોઇ આરોપીને આશ્રય આપેલો હોય, તેઓને છુપાવેલા હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો આરોપી નં.૬૦ કે અન્ય આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ નથી. આ આરોપી નં.૬૦ સીમીના સભ્ય હોવાનો મૌખિક પુરાવો છે. સાહેદ નં.૧૧૪૧

એયાજ રજાકમીયાં સૈયદ તથા આરોપી નં.૭૬ ના કબૂલાત નિવેદન મુજબ આ આરોપી નં.૬૦ સીમીનો સભ્ય છે. સીમી સંગઠન ઉપર ભારત સરકાર દ્વારા પ્રતિબંધ મુકવામાં આવેલો છે તે અંગેનું જાહેરનામું ભારત સરકારના રાજપત્રમાં પ્રસિધ્ધ પણ થયેલું છે માટે સીમી સંગઠનની જાહેરમાં કોઇ ઑફિસ ન હોય અને સીમી અંગેનો કોઇ દસ્તાવેજી પુરાવો ન હોય તે સ્વાભાવિક છે અને તેના કારણે તપાસ કરનાર અધિકારીઓ પૈકી કોઇપણ અધિકારીને સીમી બાબતે તપાસ દરમ્યાન કોઇ દસ્તાવેજી પુરાવો મળેલો નથી. સીમીની કાર્યવાહી પ્રતિબંધના કારણે ગુપ્તરીતે થતી હોય છે. સીમી સંગઠનનું કોઇ રેકર્ડ જાહેરમાં પ્રસિધ્ધ થયેલું નથી. સીમી સંગઠનમાં કોઇ આરોપી સભ્ય બનેલા હોય તો તે અંગેની કોઇ પાવતી કે દસ્તાવેજી પુરાવો ન હોય. આ આરોપી નં.૬૦ સીમી સંગઠનમાં સક્રિય છે તેવું આરોપી સામેના મૌખિક પુરાવાથી પુરવાર થાય છે. આ ઉપરાંત આરોપી નં.૬૮ નાઓએ આંક–૯૨૪૮ થી **"કનેકશન ઓફ સીમી"** અંગે એક દસ્તાવેજ રજૂ કરેલો છે તે વંચાણે લેતા સીમી સંગઠન વિશે તથા તેના હોદ્દેદારો, સભ્યો અને પ્રાદેશિક સભ્યો, સીમી સંગઠનનો હેતુ બાબતે તમામ હકીકતો જણાવેલી છે. પરંતુ સંગઠનને કોઇ નાણાકીય સહાય પુરી પાડી હોય અથવા નાણાકીય સહાય પુરી પાડવા કોઇ અન્ય વ્યકિત પાસે મદદ માંગી હોય તેવો ફરિયાદપક્ષ તરફથી આ આરોપી કે અન્ય આરોપીઓ વિરૂધ્ધ કોઇ પ્રત્યક્ષ પુરાવો રજૂ થયેલો નથી. આ આરોપી નં.૬૦ નાઓએ બનાવો બનતા પહેલા આતંકવાદી ઇ–મેઇલ કર્યા હોય તેવા કોઇ ઇ–મેઇલ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા નથી. આ આરોપી નં.૬૦ નાઓએ કોઇ કમ્પ્યુટરમાંથી આતંકવાદી ઇ–મેઇલ કર્યા હોય અને ઇ–મેઇલ કર્યા પછી તે ઇ–મેઇલ કમ્પ્યુટરમાંથી ડિલીટ કર્યા હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ આરોપી પાસેથી પરવાના વિનાનો કોઇ દેશી તમંચો કે હથિયાર કબજે કરવામાં આવ્યુ હોય તેવો પણ કોઇ સીધો પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આરોપી નં.૩૩ તથા ૩૪ નાઓએ ઈન્ડિયા ટીવીને આતંકવાદી ઈ–મેઈલ કરેલાનો આક્ષેપ છે પરંતુ રજૂ થયેલા ઈ–મેઈલ ધ્યાને લેતા તે આક્ષેપ પુરવાર થતા નથી. આ ઉપરાંત તપાસ

કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીઓ તથા આ આરોપી વિરૂધ્ધ સમગ્ર પુરાવા ધ્યાને લેતા અમદાવાદ શહેરમાં થયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોના કાવતરામાં અને તેની સાથે સંલગ્ન સુરત શહેરના બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં આ આરોપી નં.૬૦ની શરૂઆતથી લઈને બનાવોના અંત સુધી સક્રિય ભૂમિકા રહેલી છે આ આરોપી નં.૬૦ સામે આંક–૧૨૨ મુજબના તહોમતનામામાં જે આક્ષેપો ફરમાવવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો પુરવાર થાય છે તેમ હું માનું છું. વાઘમોન ખાતે ડિસેમ્બર–૨૦૦૮ મા આરોપીઓએ તાલીમ કેમ્પ રાખેલો હતો અને તે કેમ્પમાં આ આરોપી પણ હાજર હતો. આ કેમ્પ બાબતે અર્નાકુલ્લમ ખાતે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાયેલી અને તે ફરિયાદના કામે કુલ–૩૮ આરોપીઓને અટક કરવામાં આવેલા. તે કામે તપાસના કામે ૩૮ આરોપીઓ વિરૂધ્ધ અદાલતમાં ચાર્જશીટ દાખલ થયેલો જેનો એન.આઈ.એ. કેસ નં.૨/૨૦૧૧ હતો. તે કામે આ આરોપીને આરોપી નં.૧ તરીકે દર્શાવેલ છે. તે કેસમાં એન.આઈ.એ. કોર્ટ અર્નાકુલ્લમ દ્વારા તા.૧૫.૫.૨૦૧૮ ના રોજ ચુકાદો આપવામાં આવેલ છે તે ચુકાદામાં આ આરોપીને સજા ફરમાવેલ છે. પરંતુ આ આરોપીની વાઘમોન ઉપરાંત હાલોલ–પાવાગઢના કેમ્પોમાં પણ હાજરી છે તથા જુદી–જુદી આતંકવાદી તાલીમો મેળવેલી છે. એટલુ જ નહીં જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગોમાં હાજર રહેલો છે અને દેશ વિરૂધ્ધ પ્રવૃત્તિઓ કરેલ છે માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૦૦ આ આરોપી બાબતે લાગુ પડશે નહીં. ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૬૦ ની ભૂમિકા બાબતે તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન કરતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૬૦ વિરૂધ્ધ મુદ્દા નં.૧ થી ૧૩, ૧૬ થી ૧૯, ૨૧ થી ૨૪, ૨૬ થી ૩૨ પુરવાર કરે છે. જયારે મુદ્દા નં. ૧૪,૧૫, ૨૦,૨૫, ૩૩ થી ૩૫ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવુ છું.

આરોપી નં.૬૧ ડૉ. અહેમદબેગ ઉર્ફે મુબારક ખ્વાઝાબેગ મીરઝા

આ આરોપી નં.૬૧ ઉપર આંક–૧૨૨ નાં તહોમતનામા મુજબ ફરિયાદપક્ષ દ્વારા જે આક્ષેપો મુકવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી એક પણ આક્ષેપ મૌખિક કે દસ્તાવેજી પુરાવાથી ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. આ આરોપી વાઘમોન તથા હાલોલ–પાવાગઢના જંગલોમાં આતંકવાદી તાલીમ કેમ્પોમા હાજર રહ્યો હોય, જુદી–જુદી તાલીમો મેળવેલી હોય, અન્ય આરોપીઓએ જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગો કરી છે અને તે મીટીંગોમાં આ આરોપી હાજર રહયો હોય, જેહાદી ભાષણો કર્યા હોય કે સાંભળ્યા હોય, કોઈ મકાનમાં રહીને અન્ય આરોપીઓને બોમ્બ બનાવવામાં મદદ કરી હોય, બોમ્બ બનાવવા માટેની કોઈ સામગ્રી ખરીદેલી હોય, જે જગ્યા ઉપર બોમ્બ મુકવામાં આવેલા તે જગ્યાઓની રેકી કરી હોય કે કોઈ જગ્યા ઉપર જઈને બોમ્બ મુકેલા હોય, આતંકવાદી ઈ–મેઈલ કર્યા હોય, કોઈ આરોપીને આશ્રય આપ્યો હોય, કોઈ પુરાવાનો નાશ કર્યો હોય કે કાવતરામાં અન્ય આરોપીઓ સાથે સમાન ઈરાદો પાર પાડવા હાજર રહયો અને આ બનાવોમાં અન્ય આરોપીઓને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદ કરી હોય તેવો એક પણ પુરાવો આ આરોપી વિરૂધ્ધ રજૂ કરવામાં આવેલો નથી. આ આરોપી આ ગુનાઓમાં સંડોવાયેલો છે તે અંગેના પુરાવા એકત્ર કરી જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી નં.૬૧ સામે ભારતીય ફોજદારી ધારાની કલમ–૧૨૧(એ), ૧૨૪(એ), ૧૫૩(એ) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૬ મુજબની તથા અનલોફુલ એકટીવીટી એકટની કલમ–૧૦,૧૩, ૧૬,૧૮ વિગેરે મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કલમ–૪૫ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે સરકારશ્રીને દરખાસ્તો કરેલી અને જુદા–જુદા સક્ષમ અધિકારીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી સામે એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ–૩,૪,૫,૬ મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૭ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે જુદા–જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓને

દરખાસ્તો કરેલી અને જુદા–જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત આ આરોપી નં.૬૧ સામે આર્મ્સ એટની કલમ–૨૫(૧)(બી) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૩૯ હેઠળ મંજૂરી મેળવવા માટે પોલીસ કમિશનરશ્રીને મંજૂરી મેળવવા માટે દરખાસ્તો કરેલી અને પોલીસ કમિશનરશ્રીઓ પાસેથી મંજૂરી મેળવેલી જે રજૂ કરેલી છે. દરખાસ્તો સાથે જે પુરાવા આરોપી નં.૬૧ વિરૂધ્ધના રજૂ કરેલા તે પૈકી એક પણ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીઓમાં પણ આરોપીની સંડોવણી અંગેના કોઈ પુરાવા નથી. આ ઉપરાંત આ આરોપી વાઘમોન ખાતે ડિસેમ્બર–૨૦૦૮ મા આરોપીઓએ તાલીમ કેમ્પ રાખેલો હતો અને તે કેમ્પમાં આ આરોપી પણ હાજર હતો. આ કેમ્પ બાબતે અર્નાકુલ્લમ ખાતે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાયેલી અને તે ફરિયાદના કામે કુલ–૩૮ આરોપીઓને અટક કરવામાં આવેલા. તે કામે તપાસના કામે ૩૮ આરોપીઓ વિરૂધ્ધ અદાલતમાં ચાર્જશીટ દાખલ થયેલો જેનો એન.આઈ.એ. કેસ નં.૨/૨૦૧૧ હતો. તે કામે આ આરોપીને આરોપી નં.૩૦ તરીકે દર્શાવેલ છે. તે કેસમાં એન.આઈ.એ. કોર્ટ અર્નાકુલ્લમ દ્વારા તા.૧૫.૫. ૨૦૧૮ ના રોજ ચુકાદો આપવામાં આવેલ છે તે ચુકાદામાં આ આરોપીને સજા ફરમાવેલ છે. પરંતુ આ આરોપી હાલોલ–પાવાગઢના કેમ્પોમાં પણ હાજર રહેલો હોય તેવો કોઈ પુરાવો નથી તથા હાલોલ–પાવાગઢ ખાતેના કેમ્પોમા હાજર રહી જુદી–જુદી તાલીમો લીધી હોય તથા જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગોમાં હાજર રહેલો હોય અને દેશ વિરૂધ્ધ પ્રવૃત્તિઓ કરેલ હોય તેવો પણ કોઈ પ્રત્યક્ષ પુરાવો આરોપી વિરૂધ્ધ નથી માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૦૦ આ આરોપી બાબતે લાગુ પડશે. ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૬૧ની ભૂમિકા બાબતેના તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન કરતા તેમજ નામદાર સુપ્રિમ

કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૬૧ વિરૂધ્ધ તમામ મુદ્દાઓ સંબંધે કેસ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવું છું.

આરોપી નં.૬૨ કામરાન ઉર્ફે ફજીલતહુસેન હાજીસાહીદ સીદ્દીકી

આ આરોપી નં.૬૨ ઉપર આંક–૧૨૨ ના તહોમતનામા મુજબ ફરિયાદપક્ષ દ્વારા જે આક્ષેપો મુકવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી એક પણ આક્ષેપ મૌખિક કે દસ્તાવેજી પુરાવાથી ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. આ આરોપી વાઘમોન તથા હાલોલ–પાવાગઢના જંગલોમાં આતંકવાદી તાલીમ કેમ્પોમા હાજર રહયો હોય, જુદી–જુદી તાલીમો મેળવેલી હોય, અન્ય આરોપીઓએ જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગો કરી છે અને તે મીટીંગોમાં આ આરોપી હાજર રહયો હોય, જેહાદી ભાષણો કર્યા હોય કે સાંભળ્યા હોય, કોઈ મકાનમાં રહીને અન્ય આરોપીઓને બોમ્બ બનાવવામાં મદદ કરી હોય, બોમ્બ બનાવવા માટેની કોઈ સામગ્રી ખરીદેલી હોય, જે જગ્યા ઉપર બોમ્બ મુકવામાં આવેલા તે જગ્યાઓની રેકી કરી હોય કે કોઈ જગ્યા ઉપર જઈને બોમ્બ મુકેલા હોય, આતંકવાદી ઈ–મેઈલ કર્યા હોય, કોઈ આરોપીને આશ્રય આપ્યો હોય, કોઈ પુરાવાનો નાશ કર્યો હોય કે કાવતરામાં અન્ય આરોપીઓ સાથે સમાન ઈરાદો પાર પાડવા હાજર રહયો અને આ બનાવોમાં અન્ય આરોપીઓને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદ કરી હોય તેવો એક પણ પુરાવો આ આરોપી વિરૂધ્ધ રજૂ કરવામાં આવેલો નથી. આ આરોપી આ ગુનાઓમાં સંડોવાયેલો છે તે અંગેના પુરાવા એકત્ર કરી જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી નં.૬૨ સામે ભારતીય ફોજદારી ધારાની કલમ–૧૨૧(એ), ૧૨૪(એ), ૧૫૩(એ) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૬ મુજબની તથા અનલોફુલ એકટીવીટી એકટની કલમ–૧૦,૧૩, ૧૬,૧૮ વિગેરે મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કલમ–૪૫ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે સરકારશ્રીને દરખાસ્તો કરેલી અને જુદા–જુદા સક્ષમ અધિકારીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી સામે એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની

કલમ–૩,૪,૫,૬ મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૭ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે જુદા–જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓને દરખાસ્તો કરેલી અને જુદા–જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત આ આરોપી નં.૬૨ સામે આર્મ્સ એટની કલમ–૨૫(૧)(બી) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૩૯ હેઠળ મંજૂરી મેળવવા માટે પોલીસ કમિશનરશ્રીને મંજૂરી મેળવવા માટે દરખાસ્તો કરેલી અને પોલીસ કમિશનરશ્રીઓ પાસેથી મંજૂરી મેળવેલી જે રજૂ કરેલી છે. દરખાસ્તો સાથે જે પુરાવા આરોપી નં.૬૨ વિરૂધ્ધના રજૂ કરેલા તે પૈકી એકપણ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીઓમાં પણ આરોપીની સંડોવણી અંગેના કોઈ પુરાવા નથી. આ ઉપરાંત આ આરોપી વાઘમોન ખાતે ડિસેમ્બર–૨૦૦૮ મા આરોપીઓએ તાલીમ કેમ્પ રાખેલો હતો અને તે કેમ્પમાં આ આરોપી પણ હાજર હતો. આ કેમ્પ બાબતે અર્નાકુલ્લમ ખાતે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાયેલી અને તે ફરિયાદના કામે કુલ–૩૮ આરોપીઓને અટક કરવામાં આવેલા. તે કામે તપાસના કામે ૩૮ આરોપીઓ વિરૂધ્ધ અદાલતમાં ચાર્જશીટ દાખલ થયેલો જેનો એન.આઈ.એ. કેસ નં.૨/૨૦૧૧ હતો. તે કામે આ આરોપીને આરોપી નં.૧૦ તરીકે દર્શાવેલ છે. તે કેસમાં એન.આઈ.એ. કોર્ટ અર્નાકુલ્લમ દ્વારા તા.૧૫.૫. ૨૦૧૮ ના રોજ ચુકાદો આપવામાં આવેલ છે તે ચુકાદામાં આ આરોપીને નિર્દોષ જાહેર કરેલ છે. પરંતુ આ આરોપી હાલોલ–પાવાગઢના કેમ્પોમાં પણ હાજર રહેલો હોય તેવો કોઈ પુરાવો નથી તથા હાલોલ–પાવાગઢ ખાતેના કેમ્પોમા હાજર રહી જુદી–જુદી તાલીમો લીધી હોય તથા જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગોમાં હાજર રહેલો હોય અને દેશ વિરૂધ્ધ પ્રવૃત્તિઓ કરેલ હોય તેવો પણ કોઈ પ્રત્યક્ષ પુરાવો આરોપી વિરૂધ્ધ નથી માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૦૦ આ આરોપી બાબતે લાગુ પડશે. ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા

રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૬૨ની ભૂમિકા બાબતેના તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન કરતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૬૨ વિરૂધ્ધ તમામ મુદ્દાઓ સંબંધે કેસ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવું છું.

આરોપી નં.૬૩ મોહંમદ તનવીર ઉર્ફે તલ્હા મોહંમદ અખ્તર પઠાણ

આંક–૧૨૨ ના તહોમતનામામાં જણાવ્યા મુજબના આક્ષેપ પ્રમાણે આરોપી નં.૬૩ નાઓએ બનાવમાં ઉપયોગમાં લીધેલ પાઈપ બોમ્બ સુરત ખાતે કોઝવે પુલની નીચે પાણીમાં નાખી દીધેલ જેથી તે પાણીમાં તપાસ કરાવનાર અને કરનાર સાહેદો પૈકી સાહેદ નં.૮૧૩ રસીકભાઈ નરસિંહભાઈ પટેલ, સાહેદ નં.૮૧૪ ગૌરાંગ રણજીતભાઈ પારેખ, સાહેદ નં.૮૧૫ રાકેશ મકનભાઈ ગાવીતનાઓ છે. આ તમામ સાહેદોએ તપાસ કરતા પાઈપ બોમ્પ મળી આવેલો નથી.

સાહેદ નં.૮૫૫ જયેશ મનુભાઈ પટેલની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદની "કમલા હાર્ડવેર" નામની દુકાન સુરત ખાતે આવેલી છે અને તે દુકાન ઉપરથી જુલાઇ–૨૦૦૮ મા બે માણસો નટબોલ્ટ ખરીદ કરીને લઈ ગયેલા હતા. આ સાહેદે આરોપી નં.૬૩ ને સાહેદ નં.૫૭૫ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ કીર્તનભાઈ ચતુરભાઈ પટેલની હાજરીમાં ઓળખ પરેડના પંચનામાની વિગતે ઓળખી બાતવેલો છે.

સાહેદ નં.૮૫૯ અહમદનુર અબ્દુલરહીમ તંબાવાલાની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદ એ.એમ.તાડપત્રીવાળા નામની દુકાન ધરાવે છે. પોલીસ આરોપી નં.૬૩ નાઓને લઈને આ સાહેદની દુકાને ગયેલી અને જણાવેલુ કે આ આરોપીએ ગાડીનુ કવર તમારે ત્યાંથી ખરીદેલુ છે. ત્યારે આ સાહેદે પોલીસને જણાવેલુ કે આ તન્વીરને રૂા.૩૦૦ કે ૩૫૦ મા ગાડીનું કવર વેચાતુ આપેલુ હતુ.

સાહેદ નં.૮૬૧ રમેશ માણેકલાલ જીંદલની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદની સુરત ખાતે હરીઓમ માર્કેટમાં "જીંદાલ સીલ્ક મીલ્સ" નામની દુકાનમાં ધરાવે છે અને આરોપી નં.૬૩ નાઓ આરોપી નં.૪૫ની સાથે તા.૧૨.૭.૨૦૦૮ ના રોજ ઈન્ડિગો દુપટ્ટાનું કાપડ ૨૪૮ મીટર રૂા.૨૪૧૮/– માં લઈ ગયાનું જણાવે છે. આ સાહેદના ભાગીદાર સાહેદ નં.૯૮૪ રાધેશ્યામ મદનલાલ ઠક્કરની જુબાનીના સારાંશ મુજબ પણ આ આરોપી નં.૬૩, આરોપી નં.૪૫ ની સાથે તા.૧૨.૭.૨૦૦૮ ના રોજ ઈન્ડિગો ડુપટ્ટાનું કાપડ ૨૪૮ મીટર રૂા.૨૪૧૮/– મા લઈ ગયાનું જણાવે છે. વેચાણ બીલમાં સાહેદ તેમની સહી ઓળખી બતાવે છે. આ સાહેદ રાધેશ્યામે આરોપી નં.૬૩ ને સાહેદ નં.૫૭૫ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ કીર્તનભાઈ ચતુરભાઈ પટેલની રૂબરૂમાં ઓળખ પરેડ દરમ્યાન ઓળખી બતાવેલો હતો. ઘણો સમય થયેલ હોવાથી આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલો નથી, નહીં ઓળખવાનું જે કારણ આપેલુ છે તે વાજબી છે તેમ હું માનુ છું.

સાહેદ નં.૪૪૬ સંજય ગોરધનભાઈ પટેલની જુબાનીના સારાંશ મુજબ આ આરોપી નં.૬૩, તપાસ કરનાર અધિકારી તથા આ સાહેદને લઈને રીવર વ્યુ સોસાયટીમાં આવેલ મકાન નં.ડી–૩૪ ઉપર લઈ ગયેલો કે જે મકાન આરોપીએ ભાડે રાખેલુ હતુ અને મકાનમાં તપાસ કરતા મકાનમાંથી છરા, ચપ્પુ, કાતર, કટર, પ્લાસ્ટિકની થેલીઓ વિગેરે મળી આવેલ જે કબજે કરવામાં આવેલી. તે અંગેનુ આંક–૨૭૫૭ વાળુ પંચનામુ સાહેદ નં.૧૧૫૫ એન.બી. પરમારનાઓએ પંચો રૂબરૂ બનાવેલુ. આ સાહેદે આરોપી નં.૬૩ને અદાલત રૂબરૂ જુબાની દરમ્યાન ઓળખી બતાવેલો છે.

સાહેદ નં.૪૫૧ કલ્પેશ ઈશ્વરભાઈ પટેલની જુબાનીના સારાંશ મુજબ આ આરોપી નં.૬૩, તપાસ કરનાર અધિકારી તથા આ સાહેદને લઈને સુરત શહેરમાં જુદી–જુદી કુલ–૨૧ જગ્યાઓ ઉપર બોમ્બ મુકેલા તે તમામ જગ્યાઓ આરોપીએ બતાવેલી છે અને તે અંગેનુ આંક–૨૭૯૪ વાળુ પંચનામુ સાહેદ નં.૧૧૩૬ સુજાતા મજમુદારનાઓએ પંચો રૂબરૂ બનાવેલુ હતુ. આ જ

જગ્યાઓ આ આરોપી નં.૬૩ નાઓએ બતાવેલી તે અંગેની હકીકત સાહેદ નં.૪૨૨ રામવિનોદસિંહ રામવિરસિંહ રાજપુતાઓએ પણ પોતાની જુબાનીમાં જણાવેલી છે. આ સાહેદ નં.૪૫૧ નાઓએ આરોપી નં.૬૩ ને અદાલત રૂબરૂ જુબાની દરમ્યાન ઓળખી બતાવેલો છે.

સાહેદ નં.૪૫૨ સુનીલ રામસાહેબ ગુપ્તાની જુબાનીના સારાંશ મુજબ આ આરોપી નં.૬૩, તપાસ કરનાર અધિકારી તથા આ સાહેદને લઈને કોઝવે પુલ ઉપર લઈ ગયેલો જયાં તેને કોઝવેના બ્રિજ પાસે પાઈમાં પાઈપ બોમ્બ નાખી દીધેલો હતો. તે જગ્યાનું આંક–૨૭૯૬ વાળુ પંચનામુ સાહેદ નં.૧૦૪૪ એન.એસ. મલેકનાઓએ પંચો રૂબરૂ બનાવેલુ હતુ.

સાહેદ નં.૪૫૬ મેહુલકુમાર અરૂણભાઈ જડીયાની જુબાનીના સારાંશ મુજબ આ આરોપી નં.૬૩, તપાસ કરનાર અધિકારી તથા આ સાહેદને લઈને સૈયદપુરા પંપીંગ સ્ટેશન પાસે માસ્ટર હાઉસવાળી બિલ્ડિંગ ઉપર ત્રીજા માળે રૂમ નં.૨૧ માં લઈ ગયેલો. જે રૂમ એક રફીક નામના માણસે ભાડે રાખેલો હતો. તે જગ્યા આરોપીએ બતાવેલી અને તે અંગેનુ આંક–૨૮૦૬ વાળુ પંચનામુ સાહેદ નં.૧૧૫૫ એમ.બી.પરમારનાઓએ પંચો રૂબરૂ બનાવેલુ હતુ.

સાહેદ નં.૪૬૪ રોબીન પ્રકાશચંદ્ર પીત્તળવાલાની જુબાનીના સારાંશ મુજબ આ આરોપી નં.૬૩, તપાસ કરનાર અધિકારી તથા આ સાહેદને લઈને સુરત શહેરમાં જુદી–જુદી કુલ–૮ જગ્યાઓ ઉપર મુકવામાં આવેલા કોઈન બોક્ષ ઉપરથી બીજા સહઆરોપીઓને ફોન કરેલા તે કોઈન બોક્ષવાળી જગ્યાઓ બતાવેલી. તે અંગેનુ આંક–૨૮૫૧ વાળુ પંચનામુ સાહેદ નં.૧૧૫૫ એમ.બી. પરમારનાઓએ પંચો રૂબરૂ બનાવેલુ હતુ.

સાહેદ નં.૪૬૭ સંજય ભગવાનદાસ ભંડારીની જુબાનીના સારાંશ મુજબ આ આરોપી નં.૬૩, તપાસ કરનાર અધિકારી તથા આ સાહેદને લઈને પાલીયા ગ્રાઉન્ડ થઈ ભરી માતાના રોડ ઉપર આવેલ પુલની ડાબી બાજુમાં જયાં ડહોળુ પાણી હતુ તેમાં બનાવમાં ઉપયોગમાં લીધેલ મોબાઈલ ફેંકી દીધેલો તે

જગ્યા બતાવેલી. તે અંગેનુ આંક–૨૮૬૦ વાળુ પંચનામુ સાહેદ નં.૧૦૪૮ કે.એસ. દેસાઈનાઓએ પંચો રૂબરૂ બનાવેલુ હતુ.

સાહેદ નં.૫૭૫ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ કીર્તનભાઈ ચતુરભાઈ પટેલની જુબાનીના સારાંશ મુજબ સાહેદ નં.૮૫૫ જયેશ પટેલ તથા સાહેદ નં.૯૮૪ રાધેશ્યામ ઠકકરનાઓએ આ સાહેદની રૂબરૂમાં આરોપી નં.૬૩ ને પોતાની સમક્ષ થયેલી ઓળખ પરેડમાં ઓળખી બતાવેલાની હકીકત જણાવે છે. એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ સરકારી અધિકારી છે અને તેઓની રૂબરૂમાં ઓળખ પરેડ અંગેની જે કાંઇ કાર્યવાહી કરેલી તે તેઓની ફરજના ભાગરૂપે હતી. આરોપી સાથે તેઓને કોઇ દુશ્મનાવટ નથી અને તેમની રૂબરૂ થયેલી ઓળખ પરેડની કાર્યવાહી તેમણે યોગ્ય રીતે કરેલી તેવી અપેક્ષા હોય છે જે નહિ માનવાને કોઇ કારણ નથી.

સાહેદ નં.૪૩૬ હર્ષદભાઈ મકનભાઈ પટેલની જુબાનીના સારાંશ મુજબ એક સાહેદ નામે પ્રફુલભાઈ મનસુખભાઈ પટેલને એક બોમ્બ મળેલો તે બોમ્બ તે સાહેદે ક્રાંતિ મેદાનમાં ફેકી દીધેલો. આરોપી નં.૬૩ ને અટક કર્યા બાદ તેને આ જગ્યા પંચો રૂબરૂ આંક–૨૭૯૪ ના પંચનામાની વિગતે બતાવેલી હતી.

સાહેદ નં.૪૪૨ ભરતભાઈ સુરેશભાઈ પાટીલની જુબાનીના સારાંશ મુજબ એક સાહેદ નામે લલ્લુભાઈ ઠાકોરભાઈ પટેલને એક બોમ્બ તે બોમ્બ તે સાહેદે નુપુર હોસ્પિટલ પાસે ફેંકી દીધેલો. આરોપી નં.૬૩ ને અટક કર્યા બાદ તેને આ જગ્યા પંચો રૂબરૂ આંક–૨૭૯૪ ના પંચનામાની વિગતે બતાવેલી હતી.

સાહેદ નં.૪૫૪ સમીર ગોપાલભાઈ સેનાવાલાની જુબાનીના સારાંશ મુજબ આરોપી નં.૬૩ એ ગુનાના કામે ઉપયોગમાં લીધેલ હીરો હોન્ડા મોટર સાઇકલ નં.જીજે–૫–ડીકે–૩૭૧૭ તેના ભાઈ સલીમ પઠાણ પાસેથી કબજે કરેલી. આ અંગેનુ આંક–૨૮૦૧ વાળુ પંચનામુ સાહેદ નં.૧૧૫૫ એન.બી. પરમારે પંચો રૂબરૂ બનાવેલુ.

સાહેદ નં.૪૫૮ દિપક રામચંદ્ર માલીની જુબાનીના સારાંશ મુજબ આરોપી નં.૬૩ ની હાજરીમાં કમલા હાર્ડવેર નામની દુકાન ઉપરથી તેના માલીક સાહેદ નં.૮૫૫ જયેશ પટેલે ત્રણ નટ–બોલ્ટ અને એક બોલ્ટ રજૂ કરેલા તે

અંગેનુ પંચનામુ કરેલુ. આ પંચનામુ આંક–૨૮૧૪ વાળુ તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમારે પંચો રૂબરૂ બનાવેલુ.

સાહેદ નં.૮૫૩ ઉમેશ જયંતિભાઈ માસ્ટરની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદ ઈલેકટ્રીશીયનનું કામ કરે છે. આરોપીઓએ રીવર વ્યુ સોસાયટી ડી–૩૪ વાળુ મકાન ભાડે રાખેલુ હતુ તે મકાનમાંથી સ્વીચબોર્ડ ખોલીને વાયરીંગ કટ કરેલુ. આરોપી નં.૬૩ નાઓએ આંક–૨૭૫૭ વાળા પંચનામાની વિગતે સ્વીચબોર્ડ ખોલી આપેલુ તેન પંચનામુ સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમારે પંચો રૂબરૂ કરેલુ.

આંક–૧૨૨ વાળા તહોમતનામામાં જણાવ્યા મુજબ ઘણા બધા આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો એવા છે કે, તે બાબતે આ આરોપી નં.૬૩ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા કોઈ મૌખિક કે દસ્તાવેજી પ્રત્યક્ષ પુરાવા રજૂ થયેલા નથી. આ આરોપી નં.૬૩ જુદી–જુદી હોટલોમાં રોકાયો હોય, તે હોટલોના રજીસ્ટરોમાં ખોટા નામથી એન્ટ્રીઓ કરી હોય, ખોટા નામે સહીઓ કરેલી હોય તેમજ આ આરોપી નં.૬૩ નાઓએ ખોટા દસ્તાવેજ બનાવી તે દસ્તાવેજોનો સાચા તરીકે ઉપયોગ કર્યો હોય તેવા કોઈ પ્રત્યક્ષ પુરાવા આ આરોપી નં.૬૩ સામે નથી. પરંતુ આ અંગેના પ્રત્યક્ષ પુરાવા આરોપી નં.૧૪, ૩૭, ૪૩, ૪૫, ૪૬, ૬૯ અને ૭૦ વિરૂધ્ધ રજૂ થયેલા છે. જેથી કાવતરાના પેરામાં ચર્ચા કર્યા મુજબ તેમજ તે પેરામાં નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લીધેલા છે તે ચુકાદા મુજબ આરોપી નં.૬૩ નાઓ કોઈ હોટલમાં ખોટા નામે એન્ટ્રી કરી રોકાયેલા ન હોવા છતાં પણ અન્ય આરોપીઓ સાથે આરોપી નં.૬૩ ની સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે. આ ઉપરાંત આ આરોપી નં.૬૩ નાઓએ બનાવોમાં ઉપયોગમાં લીધેલ મોબાઈલ ફોન કોઝવે પુલની ખાડીના ડહોળા પાણીમાં ફેંકી દીધેલો તેવો આક્ષેપ છે પરંતુ ખાડીમાં સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના માણસો દ્વારા તપાસ કરાવતા મોબાઈલ મળી આવેલો નથી. આ ઉપરાંત આરોપીએ પાઈપ બોમ્બ પણ પાણીમાં નાખી દીધેલાનો આક્ષેપ છે. ત્યાં પણ સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના માણસો દ્વારા તપાસ કરાવતા પાઈપ બોમ્બ મળી આવેલો નથી. જેથી આરોપીએ

ગુનાના કામે ઉપયોગમાં લીધેલ મોબાઈલ તેમજ પાઈપ બોમ્બની નાશ કર્યાની હકીકત પુરવાર થતી નથી અને આ બંને પુરાવાનો નાશ કર્યો હોય તે બતાવવા બીજો કોઈ પ્રત્યક્ષ પુરાવો નથી. આ ઉપરાંત આ બનાવો બન્યા બાદ બનાવોમાં સંડોવાયેલા અન્ય કોઈ આરોપીને આશ્રય આપેલો હોય, તેઓને છુપાવેલા હોય તેવો પણ કોઈ પ્રત્યક્ષ પુરાવો આરોપી નં.૬૩ કે અન્ય આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ નથી. આ આરોપી નં.૬૩ સીમીના સભ્ય હોવાનો કોઈ પ્રત્યક્ષ પુરાવો નથી. આ ઉપરાંત આ આરોપી નં.૬૩ સીમીની મીટીંગોમાં જુદી-જુદી જગ્યાઓ ઉપર હાજર રહેલો હોય, કોઈ ભાષણો કરેલા હોય, ભારત કે રાજય સરકાર વિરૂધ્ધ યુધ્ધ છેડવાનો પ્રયત્ન કર્યો હોય કે ધર્મ અને જાતિઓ વચ્ચે વૈમનસ્ય પેદા થાય તેવુ કોઈ કૃત્ય કરેલુ હોય તેવો પણ કોઈ સીધો પુરાવો આ આરોપી નં.૬૩ સામે રજૂ થયેલો નથી. આ ઉપરાંત આરોપી નં.૬૮ નાઓએ આંક-૯૨૪૮થી **"કનેકશન ઓફ સીમી"** અંગે એક દસ્તાવેજ રજૂ કરેલો છે તે વંચાણે લેતા સીમી સંગઠન વિશે તથા તેના હોદ્દેદારો, સભ્યો અને પ્રાદેશિક સભ્યો, સીમી સંગઠનનો હેતુ બાબતે તમામ હકીકતો જણાવેલી છે. આ આરોપી વિરૂધ્ધ જે પુરાવા રજૂ થયેલા છે તે ધ્યાને લેતા તેના સમર્થનમાં ચોકકસપણે અનુમાન કરી શકાય કે આ આરોપી સીમીની જુદી-જુદી જગ્યાઓ ઉપર થયેલી મીટીંગોમાં હાજર રહેલો હતો અને તેથી જ સુરત ખાતે મકાનો ભાડે રાખીને તેમાં અન્ય આરોપીઓ સાથે રહેલો છે તથા બોમ્બ બનાવવાની સામગ્રી ખરીદી બોમ્બ બનાવેલા છે અને જે જગ્યાઓ ઉપર બોમ્બ મુકેલા તે તમામ જગ્યાઓ તેને પંચોની હાજરીમાં તપાસ કરનાર અધિકારીઓને બતાવેલી છે. આ ઉપરાંત બનાવ પહેલા અન્ય સહઆરોપીઓને જે ટેલીફોન બુથ ઉપરથી ફોન કરેલા તે ટેલીફોન બુથવાળી જગ્યાઓ પણ તેને બતાવેલી છે. જેથી ચોકકસપણે અનુમાન થઈ શકે કે આ આરોપી પણ અન્ય આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થયેલો છે. આ આરોપી નં.૬૩ નાઓએ બનાવો બનતા પહેલા આતંકવાદી ઈ-મેઈલ કર્યા હોય તેવા કોઈ ઈ-મેઈલ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા નથી. આ આરોપી નં.૬૩ નાઓએ કોઈ કમ્પ્યુટરમાંથી આતંકવાદી ઈ-મેઈલ કર્યા હોય અને ઈ-મેઈલ કર્યા

પછી તે ઇ–મેઇલ કમ્પ્યુટરમાંથી ડિલીટ કર્યા હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આરોપી નં.૩૩ તથા ૩૪ નાઓએ ઈન્ડિયા ટીવીને આતંકવાદી ઈ–મેઈલ કરેલાનો આક્ષેપ છે પરંતુ રજૂ થયેલા ઈ–મેઈલ ધ્યાને લેતા તે આક્ષેપ પુરવાર થતા નથી. આ આરોપી પાસેથી પરવાના વિનાનો કોઇ દેશી તમંચો કે હથિયાર કબજે કરવામાં આવ્યુ હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીઓ તથા આ આરોપી વિરૂધ્ધ સમગ્ર પુરાવા ધ્યાને લેતા અમદાવાદ શહેરમાં થયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોના કાવતરામાં અને તેની સાથે સંલગ્ન સુરત શહેરના બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં આ આરોપી નં.૬૩ની શરૂઆતથી લઇને બનાવોના અંત સુધી સક્રિય ભૂમિકા રહેલી છે આ આરોપી નં.૬૩ સામે આંક–૧૨૨ મુજબના તહોમતનામામાં જે આક્ષેપો ફરમાવવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો પુરવાર થાય છે તેમ હું માનું છું. ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૬૩ ની ભૂમિકા બાબતે તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન કરતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૬૩ વિરૂધ્ધ મુદ્દા નં.૧ થી ૧૩, ૧૬ થી ૧૯, ૨૧ થી ૨૪, ૨૬ થી ૩૨ પુરવાર કરે છે. જયારે મુદ્દા નં. ૧૪,૧૫, ૨૦,૨૫, ૩૩ થી ૩૫ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવુ છું.

આરોપી નં.૬૪ મોહંમદ ઝહીર એૈયુબભાઈ પટેલ

સાહેદ નં.૮૫૭ સમીમબાનુ જાફરએહમદ સૈયદની જુબાનીના સારાંશ મુજબ તેમના પડોશી મોઈન અન્સારી દ્વારા એક દાઢીવાળા ભાઈને રીલાયન્સ કંપનીના ગેસના બોટલ વેચાણ આપેલા. આ મોઈન અન્સારીએ દાઢીવાળા ભાઈનુ નામ મોહંમદ ઝહીર જણાવેલુ. સાહેદ નં.૮૫૮ મહમદ આસિમ અબ્દુલ રઉફ અંસારીની જુબાનીના સારાંશ મુજબ હસમુખભાઈ પટેલ પાસેથી

લઈને એક સાઇકલ આરોપી નં.૬૪ ને રૂા.૫૦૦/– આપેલાનું જણાવે છે. પરંતુ અદાલતમાં આ સાહેદ આરોપી નં.૬૪ ને ઓળખી બતાવતા નથી. સાહેદ નં.૮૮૨ હસમુખભાઈ કરશનભાઈ પટેલની જુબાનીના સારાંશ મુજબ હાસીમભાઈને રૂા.૫૦૦/– મા સાઇકલ આપેલી અને તે સાઇકલ હાસીમભાઈએ ઝહીર પટેલને આપેલાનું જણાવે છે. સાહેદ નં.૯૬૧ અબ્દુલરસીદ ઈબ્રાહીમભાઈ બનારસીની જુબાનીના સારાંશ મુજબ એક છોકરો આ સાહેદને ત્યાં સાઇકલમાં હવા ભરાવવા તથા રીપેર કરવા આવેલો તેમ જણાવે છે પરંતુ સાહેદ નં.૮૫૭, ૮૮૨, ૯૬૧ નાઓએ આરોપીને ઓળખી બતાવેલો નથી અને જુબાની દરમ્યાન અદાલત રૂબરૂ પણ ઓળખી બતાવ્યો નથી, નહીં ઓળખી બતાવવાના જે કારણો આપેલા છે તે વાજબી છે તેમ હું માનુ છું. સાથે સાથે એ પણ હકીકત છે કે સુરતમાં બનેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં સાઇકલ કે ગેસની બોટલનો ઉપયોગ થયેલો નથી કે કોઈ સ્થળો ઉપરથી સાઇકલ કે ગેસના બોટલો પણ કબજે થયેલા નથી.

સાહેદ નં.૪૫૫ કિશનભાઈ ગોવિંદભાઈ તિજવીજની જુબાનીના સારાંશ મુજબ આરોપી નં.૬૪ નાઓએ સુરત શહેરમાં જુદી–જુદી જગ્યાઓ ઉપર બોમ્બ મુકવા માટે કાઈનેટીક હોન્ડા ખરીદ કરેલુ તેની વેચાણ બુક કબજે કરેલી તેનુ પંચનામુ આંક–૨૮૦૩ વાળુ સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમારે પંચો રૂબરૂ બનાવેલુ.

સાહેદ નં.૪૬૩ લક્ષ્મણભાઈ મનજીભાઈ ગામીની જુબાનીના સારાંશ મુજબ આરોપી નં.૬૪, તપાસ કરનાર અધિકારી તથા આ સાહેદને લઈને રૂબી કોમ્પ્લેક્ષની પાછળ, નટરાજ કમ્પાઉન્ડ ખાતે પોતાના ઘરે લઈ ગયેલો અને ઘરમાં લોખંડના પલંગની ગાદી નીચે ઓસામાબીન લાદેનના લેખવાળા પેપરનું કટીંગ અને રીલાયન્સ કંપનીની ગેસ બુક તથા સીલીન્ડર મળેલા. જે અંગેનુ આંક–૨૮૪૯ વાળુ પંચનામુ સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમારે પંચો રૂબરૂ બનાવેલુ. દીધેલો હતો. તે જગ્યાનું પંચનામુ સાહેદ નં.૧૦૪૪ એન.એસ. મલેકનાઓએ પંચો રૂબરૂ બનાવેલુ હતુ.

આ આરોપી નં.૬૪ ઉપર આંક–૧૨૨ ના તહોમતનામા મુજબ ફરિયાદ પક્ષ દ્વારા જે આક્ષેપો મુકવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી એક પણ આક્ષેપ મૌખિક કે દસ્તાવેજી પુરાવાથી ફરિયાદપક્ષ શંકારહિત પુરવાર કરી શકેલ નથી. આ આરોપી વાઘમોન તથા હાલોલ–પાવાગઢના જંગલોમાં આતંકવાદી તાલીમ કેમ્પોમા હાજર રહયો હોય, જુદી–જુદી તાલીમો મેળવેલી હોય, અન્ય આરોપીઓએ જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગો કરી છે અને તે મીટીંગોમાં આ આરોપી હાજર રહયો હોય, જેહાદી ભાષણો કર્યા હોય કે સાંભળ્યા હોય, કોઈ મકાનમાં રહીને અન્ય આરોપીઓને બોમ્બ બનાવવામાં મદદ કરી હોય, બોમ્બ બનાવવા માટેની કોઈ સામગ્રી ખરીદેલી હોય, જે જગ્યા ઉપર બોમ્બ મુકવામાં આવેલા તે જગ્યાઓની રેકી કરી હોય કે કોઈ જગ્યા ઉપર જઈને બોમ્બ મુકેલા હોય, આતંકવાદી ઈ–મેઈલ કર્યા હોય, કોઈ આરોપીને આશ્રય આપ્યો હોય, કોઈ પુરાવાનો નાશ કર્યો હોય કે કાવતરામાં અન્ય આરોપીઓ સાથે સમાન ઈરાદો પાર પાડવા હાજર રહયો અને આ બનાવોમાં અન્ય આરોપીઓને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદ કરી હોય તેવો એક પણ પુરાવો શંકારહિત આ આરોપી વિરૂધ્ધ રજૂ કરવામાં આવેલો નથી. આ આરોપીની સંડોવણી બાબતે ફરિયાદપક્ષ દ્વારા જે પુરાવો રજુ થયો છે તે પુરતો પુરાવો નથી તેમ હું માનુ છું. આ આરોપી આ ગુનાઓમાં સંડોવાયેલો છે તે અંગેના પુરાવા એકત્ર કરી જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી નં.૬૪ સામે ભારતીય ફોજદારી ધારાની કલમ–૧૨૧(એ), ૧૨૪(એ), ૧૫૩(એ) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૬ મુજબની તથા અનલોકુલ એકટીવીટી એકટની કલમ–૧૦,૧૩,૧૬,૧૮ વિગેરે મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કલમ–૪૫ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે સરકારશ્રીને દરખાસ્તો કરેલી અને જુદા–જુદા સક્ષમ અધિકારીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજુ કરેલી છે. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી સામે એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ–૩,૪,૫,૬ મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૭ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે જુદા–

જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓને દરખાસ્તો કરેલી અને જુદા–જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજુ કરેલી છે. આ ઉપરાંત આ આરોપી નં.૬૪ સામે આર્મ્સ એટની કલમ–૨૫(૧)(બી) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૩૯ હેઠળ મંજૂરી મેળવવા માટે પોલીસ કમિશનરશ્રીને મંજૂરી મેળવવા માટે દરખાસ્તો કરેલી અને પોલીસ કમિશનરશ્રીઓ પાસેથી મંજૂરી મેળવેલી જે રજૂ કરેલી છે. દરખાસ્તો સાથે જે પુરાવા આરોપી નં.૬૪ વિરૂધ્ધના રજૂ કરેલા તે પૈકી એક પણ પુરાવો ફરિયાદ પક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી. પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીઓ તથા ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૬૪ ની ભૂમિકા બાબતે તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન કરતા આ આરોપી આ ગુનામાં સંડોવાયેલો હોય તે હકીકત શંકાસ્પદ છે તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૬૪ વિરૂધ્ધ તમામ મુદ્દાઓ સંબંધે કેસ શંકારહીત પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવું છું.

આરોપી નં.૬૫ મોહંમદ યુનુસ ઉર્ફે ઉમર ઉર્ફે ખાલીદ મોહંમદ

સાહેદ નં.૧૧૪૭ ગિરીન્દ્રન ભાસ્કરન નાયરની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદની સાથે એક અનિલકુમાર નામના વ્યકિત અને આરોપી નં.૬૫ હતો. પોલીસે અનિલકુમારને ઘણા ફોટા બતાવેલા. તે પૈકી ૨૬ ફોટાવાળા લોકોને તેઓ ઓળખતા હતા. ૨૬ ફોટામાંથી ૨૧ ફોટા આરોપી નં.૬૫ એ ઓળખેલા અને જણાવેલુ કે વાઘમોન ખાતેના જંગલોમાં બાઈકની, ફાયરીંગની વિગેરે પ્રેકટીસો કરેલી તે જગ્યાઓ બતાવેલી. તે અંગેનુ આંક–૮૨૫૧ વાળુ પંચનામુ સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાએ પંચો રૂબરૂ બનાવેલુ.

આ આરોપી નં.૬૫ ઉપર આંક–૭૯૯ ના તહોમતનામા મુજબ ફરિયાદપક્ષ દ્વારા જે આક્ષેપો મુકવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી એકપણ

આક્ષેપ મૌખિક કે દસ્તાવેજી પુરાવાથી ફરિયાદપક્ષ શંકારહિત પુરવાર કરી શકેલ નથી. આ આરોપી વાઘમોન તથા હાલોલ–પાવાગઢના જંગલોમાં આતંકવાદી તાલીમ કેમ્પોમા હાજર રહયો હોય, જુદી–જુદી તાલીમો મેળવેલી હોય, અન્ય આરોપીઓએ જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગો કરી છે અને તે મીટીંગોમાં આ આરોપી હાજર રહયો હોય, જેહાદી ભાષણો કર્યા હોય કે સાંભળ્યા હોય, કોઈ મકાનમાં રહીને અન્ય આરોપીઓને બોમ્બ બનાવવામાં મદદ કરી હોય, બોમ્બ બનાવવા માટેની કોઈ સામગ્રી ખરીદેલી હોય, જે જગ્યા ઉપર બોમ્બ મુકવામાં આવેલા તે જગ્યાઓની રેકી કરી હોય કે કોઈ જગ્યા ઉપર જઈને બોમ્બ મુકેલા હોય, આતંકવાદી ઈ–મેઈલ કર્યા હોય, કોઈ આરોપીને આશ્રય આપ્યો હોય, કોઈ પુરાવાનો નાશ કર્યો હોય કે કાવતરામાં અન્ય આરોપીઓ સાથે સમાન ઈરાદો પાર પાડવા હાજર રહયો અને આ બનાવોમાં અન્ય આરોપીઓને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદ કરી હોય તેવો એક પણ પુરાવો શંકારહિત આ આરોપી વિરૂધ્ધ રજૂ કરવામાં આવેલો નથી. આ આરોપીની સંડોવણી બાબતે ફરિયાદપક્ષ દ્વારા જે પુરાવો રજૂ થયો છે તે પુરતો પુરાવો નથી તેમ હું માનુ છું. આ આરોપી સબંધે સાહેદ નં.૧૧૪૭ ગુરીશચંદ્ર નાયરની જુબાની તથા આંક –૮૨૫૧ ના પંચનામાથી આ આરોપી વિરૂધ્ધ શંકારહિત ગુનો પુરવાર થાય છે તેમ કહી શકાય નહીં. આ આરોપી આ ગુનાઓમાં સંડોવાયેલો છે તે અંગેના પુરાવા એકત્ર કરી જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી નં.૬૫ સામે ભારતીય ફોજદારી ધારાની કલમ–૧૨૧(એ), ૧૨૪(એ), ૧૫૩(એ) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૬ મુજબની તથા અનલોફુલ એકટીવીટી એકટની કલમ–૧૦,૧૩,૧૬,૧૮ વિગેરે મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કલમ–૪૫ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે સરકારશ્રીને દરખાસ્તો કરેલી અને જુદા–જુદા સક્ષમ અધિકારીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી સામે એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ–૩,૪,૫,૬ મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૭ હેઠળ મંજૂરીઓ

મેળવવા માટે જુદા–જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓને દરખાસ્તો કરેલી અને જુદા–જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત આ આરોપી નં.૬૫ વિરૂધ્ધ આર્મ્સ એટની કલમ –૨૫(૧)(બી) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૩૯ હેઠળ મંજૂરી મેળવવા માટે પોલીસ કમિશનરશ્રીને મંજૂરી મેળવવા માટે દરખાસ્તો કરેલી અને પોલીસ કમિશનરશ્રીઓ પાસેથી મંજૂરી મેળવેલી જે રજૂ કરેલી છે. દરખાસ્તો સાથે જે પુરાવા આરોપી નં.૬૫ વિરૂધ્ધના રજૂ કરેલા તે પૈકી એકપણ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. વાઘમોન ખાતે ડિસેમ્બર–૨૦૦૮ મા આરોપીઓએ તાલીમ કેમ્પ રાખેલો હતો અને તે કેમ્પમાં આ આરોપી પણ હાજર હતો. આ કેમ્પ બાબતે અર્નાકુલ્લમ ખાતે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાયેલી અને તે ફરિયાદના કામે કુલ–૩૮ આરોપીઓને અટક કરવામાં આવેલા. તે કામે તપાસના કામે ૩૮ આરોપીઓ વિરૂધ્ધ અદાલતમાં ચાર્જશીટ દાખલ થયેલો જેનો એન.આઈ.એ. કેસ નં.૨/૨૦૧૧ હતો. તે કામે આ આરોપીને આરોપી નં.૨૩ તરીકે દર્શાવેલ છે. તે કેસમાં એન.આઈ.એ. કોર્ટ અર્નાકુલ્લમ દ્વારા તા.૧૫.૫. ૨૦૧૮ ના રોજ ચુકાદો આપવામાં આવેલ છે તે ચુકાદામાં આ આરોપીને નિર્દોષ જાહેર કરેલ છે. પરંતુ આ આરોપીની વાઘમોન ઉપરાંત હાલોલ–પાવાગઢના કેમ્પોમાં પણ હાજરી છે તથા જુદી–જુદી આતંકવાદી તાલીમો મેળવેલી છે. એટલુ જ નહીં જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગોમાં હાજર રહેલો છે અને દેશ વિરૂધ્ધ પ્રવૃત્તિઓ કરેલ છે માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૦૦ આ આરોપી બાબતે લાગુ પડશે નહીં. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીઓ તથા ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૬૫ ની ભૂમિકા બાબતે તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન કરતા આ આરોપી આ ગુનામાં સંડોવાયેલો હોય તે હકીકત શંકાસ્પદ છે તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૬૫ વિરૂધ્ધ

તમામ મુદ્દાઓ સબંધે કેસ શંકારહીત પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવું છું.

આરોપી નં.૬૬ મોહમદ શફીક ઉર્ફે દાદાભાઈ ઉર્ફે ઠાકુર ઉર્ફે રફીક ઉર્ફે અલી અબ્દુલબારી અંસારી

સાહેદ નં.૧૧૦૫ ઈદ્રીશ ગુલાબશા ફકિરની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદ ખુંદપીર દરગાહ ઉપર હાલોલ–પાવાગઢ ખાતે મુજાવર તરીકે કામ કરે છે. તા.૧૩/૦૧/૨૦૦૮ થી તા.૧૫/૦૧/૨૦૦૮ ના સમય દરમ્યાન ૨૦ થી ૨૫ માણસો ટાટા સુમો તથા બાઈક લઈને દરગાહ ઉપર આવેલાં જેમાં આ આરોપી નં.૬૬ પણ હતો. દરગાહ ઉપર આવીને આ તમામ આરોપીઓએ જણાવેલું કે, ટ્રેકિંગ કરવા આવેલાં છીએ જેથી દરગાહ ઉપર આવેલી પતરાવાળી ધર્મશાળામાં આ આરોપીને રહેવા માટે રૂમો આપેલી. આરોપીઓ સવારથી જંગલોમાં ટાટા સુમો લઈને પાછળના દરવાજેથી જતા હતા અને રાત્રે આવતા હતાં. ત્રણ દિવસ સુધી ૨૦ થી ૨૫ માણસો દરગાહ ઉપર આવેલી ધર્મશાળામાં રોકાયેલા હતા તે પૈકી આ આરોપી નં.૬૬ પણ હતો અને તેણે ત્રણ દિવસ સુધી સતત સાહેદ ઈદ્રીશનાઓએ જોયેલો. જેથી આ સાહેદે પોતાની જુબાની દરમ્યાન આ આરોપી નં.૬૬ ને અદાલત રૂબરૂ ઓળખી બતાવેલો નથી અને નહીં ઓળખી બતાવવાનું જે કારણ આપેલુ છે તે વાજબી છે તેમ હું માનુ છું. સાહેદ ઈદ્રીશ અભણ છે. ખુંદપીરની દરગાહ ઉપર મુજાવર તરીકે સેવા આપે છે. નમાજ અદા કરાવે છે. તે સ્વતંત્ર સાહેદ છે. આ હકીકત આ સાહેદે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ સમક્ષ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબના નિવેદનમાં પણ જણાવેલી છે. આ આરોપીએ હાલોલ–પાવાગઢ ખાતેના આતંકવાદી તાલીમ કેમ્પોમાં ત્રણ દિવસ સુધી હાજર રહી જુદી–જુદી તાલીમો મેળવેલી છે અને સીમીના સભ્યો છે તેવા આરોપીઓને સહાય કરી પ્રોત્સાહન આપેલુ છે. જેથી આ આરોપી પણ અન્ય આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થયેલો છે માટે બીજા આરોપીઓએ કરેલા ગુના માટે પણ આ આરોપી અન્ય આરોપીઓની જેમ જ જવાબદાર છે. આ આરોપીની પણ સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે.

સાહેદ નં.૧૦૬૮ પ્રજ્ઞેશભાઈ ગોવિંદભાઈ રાજપુરની જુબાનીના સારાંશ મુજબ આ આરોપી નં.૬૬, તપાસ કરનાર અધિકારી તથા આ સાહેદને લઈને હાલોલ–પાવાગઢ ખાતે જે જે જગ્યાઓ ઉપર તાલીમ કેમ્પ યોજેલા, તાલીમો લીધેલી, નમાજ પઢેલી, બાઈકની તાલીમ લીધેલી, દોરડાઓ બાંધીને તાલીમ લીધેલી, કુગ્ગા ફોડવાની તાલીમ લીધેલી વિગેરે જગ્યાઓ બતાવેલી જેનું આંક–૭૨૫૨ વાળુ પંચનામુ સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાએ પંચો રૂબરૂ બનાવેલુ.

આંક–૭૯૯ વાળા તહોમતનામામાં જણાવ્યા મુજબ ઘણા બધા આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો એવા છે કે, તે બાબતે આ આરોપી નં.૬૬ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા કોઈ મૌખિક કે દસ્તાવેજી પ્રત્યક્ષ પુરાવો રજૂ થયેલો નથી. આ આરોપી નં.૬૬ જુદી–જુદી હોટલોમાં રોકાયો હોય અને તે હોટલોના રજીસ્ટરોમાં ખોટા નામથી એન્ટ્રીઓ કરી હોય, ખોટા નામે સહીઓ કરેલી હોય તેમજ આ આરોપી નં.૬૬ નાઓએ ખોટા દસ્તાવેજ બનાવી તે દસ્તાવેજોનો સાચા તરીકે ઉપયોગ કર્યો હોય તેવા કોઈ પ્રત્યક્ષ પુરાવા આ આરોપી નં.૬૬ વિરૂધ્ધ નથી. પરંતુ આ અંગેના પ્રત્યક્ષ પુરાવા આરોપી નં.૧૪, ૩૭, ૪૩, ૪૫, ૪૬, ૬૯ અને ૭૦ વિરૂધ્ધ રજૂ થયેલા છે. જેથી કાવતરાના પેરામાં ચર્ચા કર્યા મુજબ તેમજ તે પેરામાં નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લીધેલા છે તે ચુકાદા મુજબ આરોપી નં.૬૬ નાઓ કોઈ હોટલમાં ખોટા નામે એન્ટ્રી કરી રોકાયેલા ન હોવા છતાં પણ આ આરોપી અન્ય આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થયેલો છે જેથી અન્ય આરોપીઓની સાથે આ આરોપી નં.૬૬ ની પણ સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે. આ ઉપરાંત આ આરોપી નં.૬૬ નાઓએ બનાવોમાં ઉપયોગમાં લીધેલ કોઈ વસ્તુ કે પુરાવાનો નાશ કર્યો હોય તેવો પણ કોઈ પ્રત્યક્ષ પુરાવો નથી. આ ઉપરાંત આ બનાવો બન્યા બાદ બનાવોમાં સંડોવાયેલા અન્ય કોઈ આરોપીને આશ્રય આપેલો હોય, તેઓને છુપાવેલા હોય તેવો પણ કોઈ પ્રત્યક્ષ પુરાવો આરોપી નં.૬૬ કે અન્ય આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ નથી. આ આરોપી નં.૬૬ સીમીના સભ્ય હોવાનો કોઈ પ્રત્યક્ષ પુરાવો નથી. આ

ઉપરાંત આ આરોપી નં.૬૬ સીમીની મીટીંગોમાં જુદી–જુદી જગ્યાઓ ઉપર હાજર રહેલો હોય, કોઈ ભાષણો કરેલા હોય, ભારત કે રાજય સરકાર વિરૂધ્ધ યુધ્ધ છેડવાનો પ્રયત્ન કર્યો હોય કે ધર્મ અને જાતિઓ વચ્ચે વૈમનસ્ય પેદા થાય તેવુ કોઈ કૃત્ય કરેલુ હોય તેવો પણ કોઈ પ્રત્યક્ષ પુરાવો આ આરોપી નં.૬૬ સામે રજૂ થયેલો નથી. પરંતુ સાહેદ નં.૧૧૦૫ સ્વતંત્ર સાહેદ છે અને આ આરોપી હાલોલ–પાવાગઢ ખાતેના જંગલોમાં તાલીમ કેમ્પમાં હાજર રહેલો હતો જેથી ચોકકસપણે એવુ અનુમાન થઈ શકે કે આ આરોપી અન્ય આરોપીઓ સાથે કાવતરામાં સામેલ છે તેમ હું માનુ છું. આ આરોપી નં.૬૬ નાઓએ બનાવો બનતા પહેલા આતંકવાદી ઈ–મેઈલ કર્યા હોય તેવા કોઈ ઈ–મેઈલ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા નથી. આ આરોપી નં.૬૬નાઓએ કોઈ કમ્પ્યુટરમાંથી આતંકવાદી ઈ–મેઈલ કર્યા હોય અને ઈ–મેઈલ કર્યા પછી તે ઈ–મેઈલ કમ્પ્યુટરમાંથી ડિલીટ કર્યા હોય તેવો પણ કોઈ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આરોપી નં.૩૩ તથા ૩૪ નાઓએ ઈન્ડિયા ટીવીને આતંકવાદી ઈ–મેઈલ કરેલાનો આક્ષેપ છે પરંતુ રજૂ થયેલા ઈ–મેઈલ ધ્યાને લેતા તે આક્ષેપ પુરવાર થતા નથી. આ આરોપી પાસેથી પરવાના વિનાનો કોઈ દેશી તમંચો કે હથિયાર કબજે કરવામાં આવ્યુ હોય તેવો પણ કોઈ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીઓ તથા આ આરોપી વિરૂધ્ધ સમગ્ર પુરાવા ધ્યાને લેતા અમદાવાદ શહેરમાં થયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોના કાવતરામાં અને તેની સાથે સંલગ્ન સુરત શહેરના બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં આ આરોપી નં.૬૬ ની ભૂમિકા રહેલી છે આ આરોપી નં.૬૬ સામે આંક–૭૯૯ મુજબના તહોમતનામામાં જે આક્ષેપો ફરમાવવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો પુરવાર થાય છે તેમ હું માનું છું. ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૬૬ ની ભૂમિકા બાબતે તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન કરતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા

ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૬૬ વિરૂધ્ધ મુદ્દા નં.૧ થી ૧૩, ૧૬ થી ૧૯, ૨૧ થી ૨૪, ૨૬ થી ૩૨ પુરવાર કરે છે. જયારે મુદ્દા નં. ૧૪,૧૫, ૨૦,૨૫, ૩૩ થી ૩૫ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવુ છું.

આરોપી નં.૬૭ હસીબરજા ઉર્ફે સમીમભાઈ ફીરદોસરજા મહંમદ સીદ્દીક સૈયદ

આ આરોપી નં.૬૭ ઉપર આંક–૭૯૯ ના તહોમતનામા મુજબ ફરિયાદપક્ષ દ્વારા જે આક્ષેપો મુકવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી એક પણ આક્ષેપ મૌખિક કે દસ્તાવેજી પુરાવાથી ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. આ આરોપી વાઘમોન તથા હાલોલ–પાવાગઢના જંગલોમાં આતંકવાદી તાલીમ કેમ્પોમા હાજર રહ્યો હોય, જુદી–જુદી તાલીમો મેળવેલી હોય, અન્ય આરોપીઓએ જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગો કરી છે અને તે મીટીંગોમાં આ આરોપી હાજર રહયો હોય, જેહાદી ભાષણો કર્યા હોય કે સાંભળ્યા હોય, કોઈ મકાનમાં રહીને અન્ય આરોપીઓને બોમ્બ બનાવવામાં મદદ કરી હોય, બોમ્બ બનાવવા માટેની કોઈ સામગ્રી ખરીદેલી હોય, જે જગ્યા ઉપર બોમ્બ મુકવામાં આવેલા તે જગ્યાઓની રેકી કરી હોય કે કોઈ જગ્યા ઉપર જઈને બોમ્બ મુકેલા હોય, આતંકવાદી ઈ–મેઈલ કર્યા હોય, કોઈ આરોપીને આશ્રય આપ્યો હોય, કોઈ પુરાવાનો નાશ કર્યો હોય કે કાવતરામાં અન્ય આરોપીઓ સાથે સમાન ઈરાદો પાર પાડવા હાજર રહયો અને આ બનાવોમાં અન્ય આરોપીઓને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદ કરી હોય તેવો એક પણ પુરાવો આ આરોપી વિરૂધ્ધ રજૂ કરવામાં આવેલો નથી. આ આરોપી આ ગુનાઓમાં સંડોવાયેલો છે તે અંગેના પુરાવા એકત્ર કરી જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી નં.૬૭ સામે ભારતીય ફોજદારી ધારાની કલમ–૧૨૧(એ), ૧૨૪(એ), ૧૫૩(એ) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૬ મુજબની તથા અનલોકુલ એકટીવીટી એકટની કલમ–૧૦,૧૩, ૧૬,૧૮ વિગેરે મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કલમ–૪૫ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે સરકારશ્રીને દરખાસ્તો કરેલી અને જુદા–જુદા સક્ષમ અધિકારીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત તપાસ

કરનાર અધિકારીઓએ આ આરોપી સામે એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ–૩,૪,૫,૬ મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૭ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે જુદા–જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓને દરખાસ્તો કરેલી અને જુદા–જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત આ આરોપી નં.૬૭ સામે આર્મ્સ એટની કલમ–૨૫(૧)(બી) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૩૯ હેઠળ મંજૂરી મેળવવા માટે પોલીસ કમિશનરશ્રીને મંજૂરી મેળવવા માટે દરખાસ્તો કરેલી અને પોલીસ કમિશનરશ્રીઓ પાસેથી મંજૂરી મેળવેલી જે રજૂ કરેલી છે. દરખાસ્તો સાથે જે પુરાવા આરોપી નં.૬૭ વિરૂધ્ધના રજૂ કરેલા તે પૈકી એક પણ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીઓ તથા ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૬૭ ની ભૂમિકા બાબતેના તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન કરતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૬૭ વિરૂધ્ધ તમામ મુદ્દાઓ સંબંધે કેસ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવું છું.

આરોપી નં.૬૮ મોહમદ હબીબ ઉર્ફે હબીબ ફલાહી ઉર્ફે મોહંમદ તૈયબ અબુલજૈશ શેખ

આ આરોપી નં.૬૮ ઉપર આંક–૭૯૯ ના તહોમતનામા મુજબ ફરિયાદપક્ષ દ્વારા જે આક્ષેપો મુકવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી એક પણ આક્ષેપ મૌખિક કે દસ્તાવેજી પુરાવાથી ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. આ આરોપી વાઘમોન તથા હાલોલ–પાવાગઢના જંગલોમાં આતંકવાદી તાલીમ કેમ્પોમા હાજર રહયો હોય, જુદી–જુદી તાલીમો મેળવેલી હોય, અન્ય આરોપીઓએ જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગો કરી છે અને તે મીટીંગોમાં આ આરોપી હાજર રહયો હોય, જેહાદી ભાષણો કર્યા હોય કે સાંભળ્યા હોય, કોઈ મકાનમાં રહીને અન્ય આરોપીઓને બોમ્બ બનાવવામાં મદદ કરી

હોય, બોમ્બ બનાવવા માટેની કોઈ સામગ્રી ખરીદેલી હોય, જે જગ્યા ઉપર બોમ્બ મુકવામાં આવેલા તે જગ્યાઓની રેકી કરી હોય કે કોઈ જગ્યા ઉપર જઈને બોમ્બ મુકેલા હોય, આતંકવાદી ઈ–મેઈલ કર્યા હોય, કોઈ આરોપીને આશ્રય આપ્યો હોય, કોઈ પુરાવાનો નાશ કર્યો હોય કે કાવતરામાં અન્ય આરોપીઓ સાથે સમાન ઈરાદો પાર પાડવા હાજર રહયો અને આ બનાવોમાં અન્ય આરોપીઓને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદ કરી હોય તેવો એક પણ પુરાવો આ આરોપી વિરૂધ્ધ રજૂ કરવામાં આવેલો નથી. આ આરોપી આ ગુનાઓમાં સંડોવાયેલો છે તે અંગેના પુરાવા એકત્ર કરી જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી નં.૬૮ સામે ભારતીય ફોજદારી ધારાની કલમ–૧૨૧(એ), ૧૨૪(એ), ૧૫૩(એ) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૬ મુજબની તથા અનલોફુલ એકટીવીટી એકટની કલમ–૧૦,૧૩, ૧૬,૧૮ વિગેરે મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કલમ–૪૫ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે સરકારશ્રીને દરખાસ્તો કરેલી અને જુદા–જુદા સક્ષમ અધિકારીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી સામે એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ–૩,૪,૫,૬ મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૭ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે જુદા–જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓને દરખાસ્તો કરેલી અને જુદા–જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત આ આરોપી નં.૬૮ સામે આર્મ્સ એટની કલમ–૨૫(૧)(બી) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૩૯ હેઠળ મંજૂરી મેળવવા માટે પોલીસ કમિશનરશ્રીને મંજૂરી મેળવવા માટે દરખાસ્તો કરેલી અને પોલીસ કમિશનરશ્રીઓ પાસેથી મંજૂરી મેળવેલી જે રજૂ કરેલી છે. દરખાસ્તો સાથે જે પુરાવા આરોપી નં.૬૮ વિરૂધ્ધના રજૂ કરેલા તે પૈકી એક પણ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર

ચાવડાનાઓની જુબાનીઓમાં પણ આરોપીની સંડોવણી અંગેના કોઈ પુરાવા નથી. આ ઉપરાંત આ આરોપી વાઘમોન ખાતે ડિસેમ્બર–૨૦૦૮ મા આરોપીઓએ તાલીમ કેમ્પ રાખેલો હતો અને તે કેમ્પમાં આ આરોપી પણ હાજર હતો. આ કેમ્પ બાબતે અર્નાકુલ્લમ ખાતે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાયેલી અને તે ફરિયાદના કામે કુલ–૩૮ આરોપીઓને અટક કરવામાં આવેલા. તે કામે તપાસના કામે ૩૮ આરોપીઓ વિરૂધ્ધ અદાલતમાં ચાર્જશીટ દાખલ થયેલો જેનો એન.આઈ.એ. કેસ નં.૨/૨૦૧૧ હતો. તે કામે આ આરોપીને આરોપી નં.૩૨ તરીકે દર્શાવેલ છે. તે કેસમાં એન.આઈ.એ. કોર્ટ અર્નાકુલ્લમ દ્વારા તા.૧૫.૫. ૨૦૧૮ ના રોજ ચુકાદો આપવામાં આવેલ છે તે ચુકાદામાં આ આરોપીને નિર્દોષ જાહેર કરેલ છે. પરંતુ આ આરોપી હાલોલ–પાવાગઢના કેમ્પોમાં પણ હાજર રહેલો હોય તેવો કોઈ પુરાવો નથી તથા હાલોલ–પાવાગઢ ખાતેના કેમ્પોમા હાજર રહી જુદી–જુદી તાલીમો લીધી હોય તથા જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગોમાં હાજર રહેલો હોય અને દેશ વિરૂધ્ધ પ્રવૃત્તિઓ કરેલ હોય તેવો પણ કોઈ પ્રત્યક્ષ પુરાવો આરોપી વિરૂધ્ધ નથી માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૦૦ આ આરોપી બાબતે લાગુ પડશે. ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૬૮ ની ભૂમિકા બાબતેના તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન કરતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૬૮ વિરૂધ્ધ તમામ મુદ્દાઓ સંબંધે કેસ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવું છું.

આરોપી નં.૬૯ આમીન ઉર્ફે રાજા એૈયુબ નઝીર શેખ

સાહેદ નં.૯૮૫ હસનઅલી અહેમદભાઈ સુણસારની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદ "હોટલ શ્રીનાથ" માં પારડી ખાતે મેનેજર તરીકે નોકરી કરતા હતા. સને–૨૦૦૮ ની સાલમાં આરોપી નં.૬૯ અને તેની સાથે આરોપી નં.૭૦ તથા ૨૮ હોટલમાં રોકાયેલા હતા. આ સાહેદે આરોપી નં.૬૯ ને સાહેદ નં.૯૮૨ એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ કનૈયાલાલ ધીરજલાલ રાજાની રૂબરૂમાં ઓળખ પરેડ દરમ્યાન ઓળખી બતાવેલો હતો. પરંતુ આ સાહેદે પોતાની જુબાનીમાં

આરોપી નં.૬૯ ને અદાલત રૂબરૂ ઓળખી બતાવેલ નથી, નહીં ઓળખી બતાવવાનું જે કારણ આપેલ છે તે વાજબી છે તેમ હું માનુ છું.

સાહેદ નં.૯૮૨ એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ કનૈયાલાલ ધીરજલાલ રાજાની જુબાનીના સારાંશ મુજબ સાહેદ નં.૯૮૫ હસનઅલી સુણસરાએ આ સાહેદની રૂબરૂમાં આરોપી નં.૬૯ ને પોતાની સમક્ષ થયેલી ઓળખ પરેડમાં ઓળખી બતાવેલાની હકીકત જણાવે છે. એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ સરકારી અધિકારી છે અને તેઓની રૂબરૂમાં ઓળખ પરેડ અંગેની જે કાંઇ કાર્યવાહી કરેલી તે તેઓની ફરજના ભાગરૂપે હતી. આરોપી સાથે તેઓને કોઇ દુશ્મનાવટ નથી અને તેમની રૂબરૂ થયેલી ઓળખ પરેડની કાર્યવાહી તેમણે યોગ્ય રીતે કરેલી તેવી અપેક્ષા હોય છે જે નહિ માનવાને કોઇ કારણ નથી.

સાહેદ નં.૮૮૪ ઉમંગ રમેશભાઈ ઠક્કરની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદની હાજરીમાં હોટલ પ્રિન્સ કાલુપુર ખાતે તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓએ આંક-૬૩૧૬ વાળા પંચનામાની વિગતે આરોપી નં.૬૯ ની હાજરીમાં હોટલનુ રજીસ્ટર કબજે કરેલુ. જે હોટલના રજીસ્ટરમાં આરોપી નં.૬૯ નાઓ એન્ટ્રી કરી રોકાયેલો હતો. સાહેદ નં.૯૨૦ વિજયભાઈ મનજીભાઈ વાડીકરની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદ પ્રિન્સ હોટલમાં રીસેપ્સનીસ્ટ તરીકે હતા અને તેમની હોટલમાં તા.૧૭.૭.૨૦૦૮ ના રોજ આરોપી નં.૬૯ તથા આરોપી નં.૨૮ રોકાયેલા હતા અને રજીસ્ટરમાં આરોપી નં.૬૯ નાઓએ જે એન્ટ્રી કરેલી તે રજીસ્ટરના ઉતારાની ઝેરોક્ષ નકલ રજૂ કરેલી.

સાહેદ નં.૯૧૧ મુકેશભાઈ આશાભાઈ ઠાકોરની જુબાનીના સારાંશ મુજબ આરોપી નં.૬૯ ના હસ્તાક્ષરના નમૂના લીધેલા તેનુ આંક-૬૫૧૨ વાળુ પંચનામુ સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાએ પંચો રૂબરૂ બનાવેલુ. સાહેદ નં.૯૮૭ એફ.એસ.એલ. અધિકારી મનોહર મોહનદાસ તહેલીઆનીની જુબાનીના સારાંશ મુજબ હોટલ રજીસ્ટરમાં આરોપીએ પોતાના હસ્તાક્ષરમાં જે એન્ટ્રી કરેલી તે એન્ટ્રીવાળા અક્ષરો આરોપી નં.૬૯ ના હસ્તાક્ષરના નમૂના સાથે મળતા આવેલા છે તેવો અભિપ્રાય આંક-૬૮૬૪ થી આપેલો છે.

સાહેદ નં.૯૧૬ સુરેશકુમાર રામચરણ શર્માની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદને સુરત રેલવે સ્ટેશન ખાતે પંચમાં બોલાવેલા. તે વખતે આરોપી નં.૬૯ હાજર હતો અને રેલવે સ્ટેશનના પાર્કીંગમાં તેને ગાડી પાર્ક કરેલી હતી એવુ જણાવેલુ. આ જગ્યાનુ આંક–૬૫૩૭ વાળુ પંચનામુ સાહેદ નં.૧૦૮૯ પી.જી. વાઘેલાએ પંચો રૂબરૂ બનાવેલુ.

સાહેદ નં.૯૭૬ શોએબ શફીક શેખની જુબાનીના સારાંશ મુજબ પોલીસે તેઓને ગોવંડી મુંબઈ ખાતે પંચમાં બોલાવેલા. આરોપી નં.૬૯ તથા ૭૦ હાજર હતા. આ લોકોએ એક સીલ્વર કલરની વેગન આર ગાડી તથા બીજી કાળા કલરની હતી તે ચોરી કરીને લઈ આવેલા અને કિંજલ બિલ્ડિંગ ઈન્ડિયન ઓઈલની બાજુમાં પાર્ક કરેલી તે જગ્યા બતાવેલી હતી. જેનુ આંક–૬૮૧૯ વાળુ પંચનામુ સાહેદ નં.૧૦૮૯ પી.જી.વાઘેલાએ પંચો રૂબરૂ બનાવેલુ.

સાહેદ નં.૯૭૭ કમલ જશવંતલાલ થાપરની જુબાનીના સારાંશ મુજબ આરોપી નં.૬૯ તથા ૭૦ નાઓએ સને–૨૦૦૮ની સાલમાં તેઓની દુકાનેથી ગુજરાતની બે નંબર પ્લેટો બનાવડાવેલી હતી. તે નંબર પ્લેટોના નંબરો સાહેદને યાદ નથી. આ બંને આરોપીઓ પહેલા પણ નંબર પ્લેટો બનાવવા માટે આવતા હતા જેથી તેમને આ સાહેદ ઓળખતા હતા.

સાહેદ નં.૧૦૮૦ આદમભાઈ મોહમદસલીમ અન્સારીની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદને પોલીસે સુરત રેલવે સ્ટેશનની સામે ટ્રાફિક પોલીસ સ્ટેશને બોલાવેલા. ત્યાં આરોપી નં.૬૯, ૭૦ હાજર હતા અને તે બંને લોકોએ જે જગ્યાએ બાઈકની ડીલીવરી આપેલી હતી તે જગ્યા બતાવેલી હતી. તેનુ આંક–૭૩૭૦ વાળુ પંચનામુ સાહેદ નં.૧૧૪૬ વી.વી.રાઠોડે પંચો રૂબરૂ બનાવેલુ.

આંક–૯૫૬ વાળા તહોમતનામામાં જણાવ્યા મુજબ ઘણા બધા આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો એવા છે કે, તે બાબતે આ આરોપી નં.૬૯ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા કોઈ મૌખિક કે દસ્તાવેજી પ્રત્યક્ષ પુરાવો રજૂ થયેલો નથી. આ આરોપી નં.૬૯ અમદાવાદ ખાતે કાલુપુરમાં આવેલ હોટલ પ્રિન્સમાં આરોપી નં.૨૮ સાથે રોકાયેલો હતો અને તે હોટલમાં તેને પોતાના નામથી એન્ટ્રી કરેલી

હતી. આ આરોપી નં.૬૯ નાઓએ ખોટા નામે સહીઓ કરેલી હોય તેમજ આ આરોપી નં.૬૯ નાઓએ ખોટા દસ્તાવેજ બનાવી તે દસ્તાવેજોનો સાચા તરીકે ઉપયોગ કર્યો હોય તેવા કોઇ પ્રત્યક્ષ પુરાવા આ આરોપી નં.૬૯ સામે નથી. પરંતુ આ અંગેના પ્રત્યક્ષ પુરાવા આરોપી નં.૧૪, ૩૭, ૪૩, ૪૫, ૪૬ અને ૭૦ વિરૂધ્ધ રજૂ થયેલા છે. જેથી કાવતરાના પેરામાં ચર્ચા કર્યા મુજબ તેમજ તે પેરામાં નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લીધેલા છે તે ચુકાદા મુજબ આરોપી નં.૬૯ નાઓ કોઈ હોટલમાં ખોટા નામે એન્ટ્રી કરી રોકાયેલા ન હોવા છતાં પણ અન્ય આરોપીઓ સાથે આરોપી નં.૬૯ ની સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે. આ ઉપરાંત આ આરોપી નં.૬૯ નાઓએ બનાવોમાં ઉપયોગમાં લીધેલ કોઇ વસ્તુ કે પુરાવાનો નાશ કર્યો હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો નથી. આ ઉપરાંત આ બનાવો બન્યા બાદ બનાવોમાં સંડોવાયેલા અન્ય કોઇ આરોપીને આશ્રય આપેલો હોય, તેઓને છુપાવેલા હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો આરોપી નં.૬૯ કે અન્ય આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ નથી. આ આરોપી નં.૬૯ સીમીના સભ્ય હોવાનો કોઈ સીધો પુરાવો નથી. આ ઉપરાંત આ આરોપી નં.૬૯ સીમીની મીટીંગોમાં જુદી–જુદી જગ્યાઓ ઉપર હાજર રહેલો હોય, કોઈ ભાષણો કરેલા હોય, ભારત કે રાજય સરકાર વિરૂધ્ધ યુધ્ધ છેડવાનો પ્રયત્ન કર્યો હોય કે ધર્મ અને જાતિઓ વચ્ચે વૈમનસ્ય પેદા થાય તેવુ કોઈ કૃત્ય કરેલુ હોય તેવો પણ કોઈ પ્રત્યક્ષ પુરાવો આ આરોપી નં.૬૯ સામે રજૂ થયેલો નથી. પરંતુ પુરાવા ધ્યાને લેતા આ આરોપી સીમીની મીટીંગોમાં અને કાવતરામાં પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે સામેલ હોય તો જ મુંબઈ મુકામેથી મારૂતિ કારોની ચોરી કરીને સુરત તથા અમદાવાદ મુકામે અન્ય આરોપીઓને આપવા માટે આવતો હતો અને તેથી તે હોટલ શ્રીનાથ એન્ડ ગેસ્ટ હાઉસમાં આરોપી નં.૨૮ તથા ૭૦ સાથે રોકાયેલો હતો તેવુ અનુમાન થઈ શકે તેમ છે. આ ઉપરાંત આરોપી નં.૬૮ નાઓએ આંક–૯૨૪૮ થી **"કનેકશન ઓફ સીમી"** અંગે એક દસ્તાવેજ રજૂ કરેલો છે તે વંચાણે લેતા સીમી સંગઠન વિશે તથા તેના હોદ્દેદારો, સભ્યો અને પ્રાદેશિક સભ્યો, સીમી સંગઠનનો હેતુ બાબતે તમામ હકીકતો જણાવેલી છે. આ આરોપી

નં.૬૯ નાઓએ બનાવો બનતા પહેલા આતંકવાદી ઇ–મેઇલ કર્યા હોય તેવા કોઇ ઇ–મેઇલ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા નથી. આ આરોપી નં.૬૯નાઓએ કોઇ કમ્પ્યુટરમાંથી આતંકવાદી ઇ–મેઇલ કર્યા હોય અને ઇ–મેઇલ કર્યા પછી તે ઇ–મેઇલ કમ્પ્યુટરમાંથી ડિલીટ કર્યા હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આરોપી નં.૩૩ તથા ૩૪ નાઓએ ઈન્ડિયા ટીવીને આતંકવાદી ઈ–મેઈલ કરેલાનો આક્ષેપ છે પરંતુ રજૂ થયેલા ઈ–મેઈલ ધ્યાને લેતા તે આક્ષેપ પુરવાર થતા નથી. આ આરોપી પાસેથી પરવાના વિનાનો કોઇ દેશી તમંચો કે હથિયાર કબજે કરવામાં આવ્યુ હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીઓ તથા આ આરોપી વિરૂધ્ધ સમગ્ર પુરાવા ધ્યાને લેતા અમદાવાદ શહેરમાં થયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોના કાવતરામાં અને તેની સાથે સંલગ્ન સુરત શહેરના બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં આ આરોપી નં.૬૯ ની શરૂઆતથી લઇને બનાવોના અંત સુધી સક્રિય ભૂમિકા રહેલી નથી પરંતુ આ આરોપી અન્ય આરોપી નં.૨૮, ૭૦ નાઓને સાથે રાખી મુંબઈ મુકામેથી ફોરવ્હીલ ગાડીઓ ચોરી કરીને સુરત તથા અમદાવાદ ખાતે લઈ આવેલા હતા તે પૈકી બે ગાડી સુરતમાં મુકેલી અને બે ગાડી અમદાવાદમાં અનુક્રમે એલ.જી.હોસ્પિટલના પાર્કીંગમાં તથા સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરની બાજુમાં ગેસના બોટલ સાથે બોમ્બ મુકેલા અને અમદાવાદ શહેરમાં બ્લાસ્ટ થતા મોટા પાયે જાનમાલને નુકસાન થયેલુ છે. જેથી આ આરોપીની ભૂમિકા ખૂબ જ મોટી ગણી શકાય. આ આરોપી નં.૬૯ સામે આંક–૯૫૬ મુજબના તહોમતનામામાં જે આક્ષેપો ફરમાવવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો પુરાવાર થાય છે તેમ હું માનું છું. ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૬૯ ની ભૂમિકા બાબતે તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન કરતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ

આરોપી નં.૬૯ વિરૂધ્ધ મુદ્દા નં.૧ થી ૧૩, ૧૬ થી ૧૯, ૨૧ થી ૨૪, ૨૬ થી ૩૨ પુરવાર કરે છે. જયારે મુદ્દા નં. ૧૪,૧૫, ૨૦,૨૫, ૩૩ થી ૩૫ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવુ છું.

આરોપી નં.૭૦ મોહમદ મોબીન ઉર્ફે મુબીન ઉર્ફે ઈરફાન અબ્દુલ સકુરખાન

સાહેદ નં.૯૮૫ હસનઅલી અહેમદભાઈ સુણસારની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદ "હોટલ શ્રીનાથ" મા પારડી ખાતે મેનેજર તરીકે નોકરી કરતા હતા. સને–૨૦૦૮ ની સાલમાં આરોપી નં.૭૦ અને તેની સાથે આરોપી નં.૬૯ તથા ૨૮ હોટલમાં રોકાયેલા હતા. આ સાહેદે આરોપી નં.૭૦ ને સાહેદ નં.૯૮૨ એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ કનૈયાલાલ ધીરજલાલ રાજાની રૂબરૂમાં ઓળખ પરેડ દરમ્યાન ઓળખી બતાવેલો હતો. પરંત આ સાહેદે પોતાની જુબાનીમાં આરોપી નં.૭૦ ને અદાલત રૂબરૂ ઓળખી બતાવેલ નથી, નહીં ઓળખવા માટેનું જે કારણ આપેલુ છે તે વાજબી છે તેમ હું માનુ છું.

સાહેદ નં.૯૮૨ એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ કનૈયાલાલ ધીરજલાલ રાજાની જુબાનીના સારાંશ મુજબ સાહેદ નં.૯૮૫ હસનઅલી સુણસરાએ આ સાહેદની રૂબરૂમાં આરોપી નં.૭૦ ને પોતાની સમક્ષ થયેલી ઓળખ પરેડમાં ઓળખી બતાવેલાની હકીકત જણાવે છે. એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ સરકારી અધિકારી છે અને તેઓની રૂબરૂમાં ઓળખ પરેડ અંગેની જે કાંઇ કાર્યવાહી કરેલી તે તેઓની ફરજના ભાગરૂપે હતી. આરોપી સાથે તેઓને કોઇ દુશ્મનાવટ નથી અને તેમની રૂબરૂ થયેલી ઓળખ પરેડની કાર્યવાહી તેમણે યોગ્ય રીતે કરેલી તેવી અપેક્ષા હોય છે જે નહિ માનવાને કોઇ કારણ નથી.

સાહેદ નં.૪૬૬ હેમાંગ ગુણવંતરાય ઉપાધ્યાયની જુબાનીના સારાંશ મુજબ તેઓને પારડી ખાતે હોટલ શ્રીનાથ એન્ડ ગેસ્ટ હાઉસ પર બોલાવેલા અને તેમની હાજરીમાં હોટલનુ રજીસ્ટર કબજે કરેલુ અને તેનુ આંક–૨૮૫૭ વાળુ પંચનામુ સાહેદ નં.૧૧૫૭ આર.આર.સરવૈયાએ પંચો રૂબરૂ બનાવેલુ .આ રજીસ્ટર કબજે કર્યા પછી સાહેદ નં.૧૦૭૮ યુસુફ દાઉદભાઈ શેખની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદને ડી.સી.બી. પોલીસ સ્ટેશન સુરત ખાતે બોલાવેલા

હતા અને તેમને હોટલ શ્રીનાથ એન્ડ ગેસ્ટ હાઉસનું એક પાકા પુઠ્ઠાનું રજીસ્ટર બતાવેલુ, તેના પાના નં.૪૩ ઉપર એન્ટ્રી નં.૪૨૪ હતી જેમા ત્રણ નામો લખેલા હતા તે પૈકી એક મહમદ મુબીન, ઉસ્માની અને કિશન વણઝારા હતા. પોલીસે આરોપી નં.૭૦ ના હસ્તાક્ષરના નમૂના લીધેલા તેનુ આંક–૭૩૬૭ વાળુ પંચનામુ સાહેદ નં.૧૧૪૬ વી.વી.રાઠોડે પંચો રૂબરૂ બનાવેલુ. સાહેદ નં.૧૧૧૩ એફ.એસ. એલ.અધિકારી મહેશકુમાર મનુભાઈ વડગામાની જુબાની મુજબ હોટલ રજીસ્ટરમાં આરોપીએ પોતાના હસ્તાક્ષરમાં જે એન્ટ્રી કરેલી તે એન્ટ્રીવાળા અક્ષરો આરોપી નં.૭૦ ના હસ્તાક્ષરના નમૂના સાથે મળતા આવેલા છે તેવો અભિપ્રાય આંક–૭૯૯૦ વાળો આપેલો છે.

સાહેદ નં.૯૧૬ સુરેશકુમાર રામચરણ શર્માની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદને સુરત રેલવે સ્ટેશન ખાતે પંચમાં બોલાવેલા. તે વખતે આરોપી નં.૭૦ હાજર હતો અને રેલવે સ્ટેશનના પાર્કીંગમાં તેને ગાડી પાર્ક કરેલી હતી એવુ જણાવેલુ. આ જગ્યાનુ આંક–૬૫૩૭ વાળુ પંચનામુ સાહેદ નં.૧૦૮૯ પી.જી. વાઘેલાએ પંચો રૂબરૂ બનાવેલુ.

સાહેદ નં.૯૭૬ શોએબ શફીક શેખની જુબાનીના સારાંશ મુજબ પોલીસે તેઓને ગોવંડી મુંબઈ ખાતે પંચમાં બોલાવેલા. આરોપી નં.૭૦ તથા ૬૯ હાજર હતા. આ લોકોએ એક સીલ્વર કલરની વેગન આર ગાડી તથા બીજી કાળા કલરની હતી તે ચોરી કરીને લઈ આવેલા અને કિંજલ બિલ્ડિંગ ઈન્ડિયન ઓઈલની બાજુમાં પાર્ક કરેલી તે જગ્યા બતાવેલી હતી. જેનુ આંક–૬૮૧૯ વાળુ પંચનામુ સાહેદ નં.૧૦૮૯ પી.જી.વાઘેલાએ પંચો રૂબરૂ બનાવેલુ.

સાહેદ નં.૯૭૭ કમલ જશવંતલાલ થાપરની જુબાનીના સારાંશ મુજબ આરોપી નં.૭૦ તથા ૬૯ નાઓએ સને–૨૦૦૮ની સાલમાં તેઓની દુકાનેથી ગુજરાતની બે નંબર પ્લેટો બનાવડાવેલી હતી. તે નંબર પ્લેટોના નંબરો સાહેદને યાદ નથી. આ બંને આરોપીઓ પહેલા પણ નંબર પ્લેટો બનાવવા માટે આવતા હતા જેથી તેમને આ સાહેદ ઓળખતા હતા.

સાહેદ નં.૧૦૮૦ આદમભાઈ મોહમદસલીમ અન્સારીની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદને પોલીસે સુરત રેલવે સ્ટેશનની સામે ટ્રાફિક પોલીસ સ્ટેશને બોલાવેલા. ત્યાં આરોપી નં.૭૦, ૬૯ હાજર હતા અને તે બંને લોકોએ જે જગ્યાએ બાઈકની ડીલીવરી આપેલી હતી તે જગ્યા બતાવેલી હતી. તેનુ આંક–૭૩૭૦ વાળુ પંચનામુ સાહેદ નં.૧૧૪૬ વી.વી.રાઠોડે પંચો રૂબરૂ બનાવેલુ.

આંક–૯૫૬ વાળા તહોમતનામામાં જણાવ્યા મુજબ ઘણા બધા આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો એવા છે કે, તે બાબતે આ આરોપી નં.૭૦ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા કોઇ મૌખિક કે દસ્તાવેજી પ્રત્યક્ષ પુરાવો રજૂ થયેલો નથી. આ આરોપી નં.૭૦ પારડી ખાતે આવેલ હોટલ શ્રીનાથ એન્ડ ગેસ્ટહાઉસમાં આરોપી નં.૨૮, ૬૯ સાથે રોકાયેલો હતો અને તે હોટલમાં તેને એન્ટ્રી કરેલી હતી. આ આરોપી નં.૭૦ નાઓએ ખોટા નામે સહીઓ કરેલી હોય તેમજ આ આરોપી નં.૭૦ નાઓએ ખોટા દસ્તાવેજ બનાવી તે દસ્તાવેજોનો સાચા તરીકે ઉપયોગ કર્યો હોય તેવા કોઇ પ્રત્યક્ષ પુરાવા આ આરોપી નં.૭૦ સામે નથી. પરંતુ આ અંગેના પ્રત્યક્ષ પુરાવા આરોપી નં.૧૪, ૩૭, ૪૩, ૪૫, ૪૬, ૬૯ વિરૂધ્ધ રજૂ થયેલા છે. જેથી કાવતરાના પેરામાં ચર્ચા કર્યા મુજબ તેમજ તે પેરામાં નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લીધેલા છે તે ચુકાદા મુજબ આરોપી નં.૭૦ નાઓ કોઈ હોટલમાં ખોટા નામે એન્ટ્રી કરી રોકાયેલા ન હોવા છતાં પણ અન્ય આરોપીઓ સાથે આરોપી નં.૭૦ ની સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે. આ ઉપરાંત આ આરોપી નં.૭૦ નાઓએ બનાવોમાં ઉપયોગમાં લીધેલ કોઇ વસ્તુ કે પુરાવાનો નાશ કર્યો હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો નથી. આ ઉપરાંત આ બનાવો બન્યા બાદ બનાવોમાં સંડોવાયેલા અન્ય કોઇ આરોપીને આશ્રય આપેલો હોય, તેઓને છુપાવેલા હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો આરોપી નં.૭૦ કે અન્ય આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ નથી. આ આરોપી નં.૭૦ સીમીના સભ્ય હોવાનો કોઈ પ્રત્યક્ષ પુરાવો નથી. આ ઉપરાંત આ આરોપી નં.૭૦ સીમીની મીટીંગોમાં જુદી–જુદી જગ્યાઓ ઉપર હાજર રહેલો હોય, કોઈ ભાષણો કરેલા હોય, ભારત કે રાજય સરકાર વિરૂધ્ધ યુધ્ધ છેડવાનો

પ્રયત્ન કર્યો હોય કે ધર્મ અને જાતિઓ વચ્ચે વૈમનસ્ય પેદા થાય તેવુ કોઈ કૃત્ય કરેલુ હોય તેવો પણ કોઈ પ્રત્યક્ષ પુરાવો આ આરોપી નં.૭૦ સામે રજૂ થયેલો નથી. પરંતુ પુરાવા ધ્યાને લેતા આ આરોપી સીમીની મીટીંગોમાં અને કાવતરામાં પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે સામેલ હોય તો જ મુંબઈ મુકામેથી મારૂતિ કારોની ચોરી કરીને સુરત તથા અમદાવાદ મુકામે અન્ય આરોપીઓને આપવા માટે આવતો હતો અને તેથી તે હોટલ શ્રીનાથ એન્ડ ગેસ્ટ હાઉસમાં આરોપી નં.૨૮ તથા ૬૯ સાથે રોકાયેલો હતો તેવુ અનુમાન થઈ શકે તેમ છે. આ ઉપરાંત આરોપી નં.૬૮ નાઓએ આંક-૯૨૪૮ થી **"કનેકશન ઓફ સીમી"** અંગે એક દસ્તાવેજ રજૂ કરેલો છે તે વંચાણે લેતા સીમી સંગઠન વિશે તથા તેના હોદ્દેદારો, સભ્યો અને પ્રાદેશિક સભ્યો, સીમી સંગઠનનો હેતુ બાબતે તમામ હકીકતો જણાવેલી છે. આ આરોપી નં.૭૦ નાઓએ બનાવો બનતા પહેલા આતંકવાદી ઈ-મેઈલ કર્યા હોય તેવા કોઇ ઈ-મેઈલ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા નથી. આ આરોપી નં.૭૦ નાઓએ કોઇ કમ્પ્યુટરમાંથી આતંકવાદી ઈ-મેઈલ કર્યા હોય અને ઈ-મેઈલ કર્યા પછી તે ઈ-મેઈલ કમ્પ્યુટરમાંથી ડિલીટ કર્યા હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આરોપી નં.૩૩ તથા ૩૪ નાઓએ ઈન્ડિયા ટીવીને આતંકવાદી ઈ-મેઈલ કરેલાનો આક્ષેપ છે પરંતુ રજૂ થયેલા ઈ-મેઈલ ધ્યાને લેતા તે આક્ષેપ પુરવાર થતા નથી. આ આરોપી પાસેથી પરવાના વિનાનો કોઇ દેશી તમંચો કે હથિયાર કબજે કરવામાં આવ્યુ હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન. બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીઓ તથા આ આરોપી વિરૂધ્ધ સમગ્ર પુરાવા ધ્યાને લેતા અમદાવાદ શહેરમાં થયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોના કાવતરામાં અને તેની સાથે સંલગ્ન સુરત શહેરના બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં આ આરોપી નં.૭૦ની શરૂઆતથી લઇને બનાવોના અંત સુધી સક્રિય ભૂમિકા રહેલી નથી પરંતુ આ આરોપી અન્ય આરોપી નં.૨૮, ૬૯ નાઓને સાથે રાખી મુંબઈ

મુકામેથી ફોરવ્હીલ ગાડીઓ ચોરી કરીને સુરત તથા અમદાવાદ ખાતે લઈ આવેલા હતા તે પૈકી બે ગાડી સુરતમાં મુકેલી અને બે ગાડી અમદાવાદમાં અનુક્રમે એલ.જી.હોસ્પિટલના પાર્કીંગમાં તથા સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરની બાજુમાં ગેસના બોટલ સાથે બોમ્બ મુકેલા અને અમદાવાદ શહેરમાં બ્લાસ્ટ થતા મોટા પાયે જાનમાલને નુકસાન થયેલુ છે. જેથી આ આરોપીની ભૂમિકા ખૂબ જ મોટી ગણી શકાય. આ આરોપી નં.૭૦ સામે આંક–૯૫૬ મુજબના તહોમતનામામાં જે આક્ષેપો ફરમાવવામાં આવેલા છે તે આક્ષેપો પુરવાર થાય છે તેમ હું માનું છું. ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૭૦ ની ભૂમિકા બાબતે તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન કરતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૭૦ વિરૂધ્ધ મુદ્દા નં.૧ થી ૧૩, ૧૬ થી ૧૯, ૨૧ થી ૨૪, ૨૬ થી ૩૨ પુરવાર કરે છે. જયારે મુદ્દા નં. ૧૪,૧૫, ૨૦,૨૫, ૩૩ થી ૩૫ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવુ છું.

આરોપી નં.૭૧ મોહમદ શાહીદ ઉર્ફે અબ્દુલ શાહીદ ઉર્ફે ઉસ્માન અબ્દુલરહીમ નાગોરી

આ આરોપી નં.૭૧ ઉપર આંક–૧૩૦૦ ના તહોમતનામા મુજબ ફરિયાદપક્ષ દ્વારા જે આક્ષેપો મુકવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી એક પણ આક્ષેપ મૌખિક કે દસ્તાવેજી પુરાવાથી ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. આ આરોપી વાઘમોન તથા હાલોલ–પાવાગઢના જંગલોમાં આતંકવાદી તાલીમ કેમ્પોમા હાજર રહયો હોય, જુદી–જુદી તાલીમો મેળવેલી હોય, અન્ય આરોપીઓએ જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગો કરી છે અને તે મીટીંગોમાં આ આરોપી હાજર રહયો હોય, જેહાદી ભાષણો કર્યા હોય કે સાંભળ્યા હોય, કોઈ મકાનમાં રહીને અન્ય આરોપીઓને બોમ્બ બનાવવામાં મદદ કરી હોય, બોમ્બ બનાવવા માટેની કોઈ સામગ્રી ખરીદેલી હોય, જે જગ્યા ઉપર બોમ્બ મુકવામાં આવેલા તે જગ્યાઓની રેકી કરી હોય કે કોઈ જગ્યા ઉપર જઈને બોમ્બ મુકેલા હોય, આતંકવાદી ઈ–મેઈલ કર્યા હોય, કોઈ આરોપીને આશ્રય આપ્યો

હોય, કોઈ પુરાવાનો નાશ કર્યો હોય કે કાવતરામાં અન્ય આરોપીઓ સાથે સમાન ઈરાદો પાર પાડવા હાજર રહયો અને આ બનાવોમાં અન્ય આરોપીઓને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદ કરી હોય તેવો એક પણ પુરાવો આ આરોપી વિરૂધ્ધ રજૂ કરવામાં આવેલો નથી. આ આરોપી આ ગુનાઓમાં સંડોવાયેલો છે તે અંગેના પુરાવા એકત્ર કરી જુદા-જુદા તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી નં.૭૧ સામે ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૨૧(એ), ૧૨૪(એ), ૧૫૩(એ) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૯૬ મુજબની તથા અનલોફુલ એકટીવીટી એકટની કલમ-૧૦,૧૩, ૧૬,૧૮ વિગેરે મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કલમ-૪૫ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે સરકારશ્રીને દરખાસ્તો કરેલી અને જુદા-જુદા સક્ષમ અધિકારીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી સામે એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ-૩,૪,૫,૬ મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ-૭ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે જુદા-જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓને દરખાસ્તો કરેલી અને જુદા-જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત આ આરોપી નં.૭૧ સામે આર્મ્સ એટની કલમ-૨૫(૧)(બી) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ-૩૯ હેઠળ મંજૂરી મેળવવા માટે પોલીસ કમિશનરશ્રીને મંજૂરી મેળવવા માટે દરખાસ્તો કરેલી અને પોલીસ કમિશનરશ્રીઓ પાસેથી મંજૂરી મેળવેલી જે રજૂ કરેલી છે. દરખાસ્તો સાથે જે પુરાવા આરોપી નં.૭૧ વિરૂધ્ધના રજૂ કરેલા તે પૈકી એક પણ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીઓ તથા ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૭૧ ની ભૂમિકા બાબતેના તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન કરતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા

ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૭૧ વિરૂધ્ધ તમામ મુદ્દાઓ સબંધે કેસ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવું છું.

આરોપી નં.૭૨ અબ્દુલસત્તાર પી ઉર્ફે મન્સુર અબ્દુલરજાક મુસ્લિમ

આરોપી નં.૨ નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ સમક્ષ લખાવેલું તે મુજબ આરોપી નં.૭૨ વાઘમોન (કેરળ) મુકામે તાલીમ કેમ્પમાં હાજર હતો તેવી હકીકત કબૂલાત નિવેદનમાં છે. આરોપી નં.૨ ના કબૂલાત નિવેદનમાં જણાવ્યા મુજબ સદર કેમ્પમાં જેહાદી ભાષણો થયેલા, તકરીરો થયેલી અને પાઈપ બોમ્બ બનાવવાની તાલીમ, બાઈકીંગ, માઉન્ટીંગ, સ્વીમીંગ, રીવર ક્રોસીંગ, શુટીંગ વિગેરેની તાલીમો આપેલાની હકીકત તેઓના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે. આ આરોપી નં.૭૨ હાલોલ–પાવાગઢ ખાતે આતંકવાદી તાલીમ કેમ્પમાં હાજર રહયો હોય તેવી હકીકત આરોપી નં.૨ ના કબૂલાત નિવેદનમાં નથી. આરોપી નં.૭૨ અમદાવાદ તેમજ સુરત ખાતે આવેલો હોય અને આ આરોપીઓ સાથે કાવતરામાં સામે થઈ અમદાવાદમાં થયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટમાં કે સુરતમાં થયેલા બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં કોઈ સક્રિય ભૂમિકા ભજવેલી હોય તેવો કોઈ પુરાવો આ આરોપી નં.૭૨ ની વિરૂધ્ધમાં ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવામાં નથી.

આ આરોપી નં.૭૨ ઉપર આંક–૧૮૪૭ ના તહોમતનામા મુજબ ફરિયાદપક્ષ દ્વારા જે આક્ષેપો મુકવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી એક પણ આક્ષેપ મૌખિક કે દસ્તાવેજી પુરાવાથી ફરિયાદપક્ષ શંકારહિત પુરવાર કરી શકેલ નથી. આ આરોપી જુદી–જુદી જગ્યાઓ ઉપર જે મકાનોમાં અન્ય આરોપીઓએ બોમ્બ બનાવેલા હતા તે મકાનોમાં રહયો હોય અને બોમ્બ બનાવવામાં મદદગારી કરેલી હોય, બોમ્બ બનાવવાની સામગ્રી ખરીદેલી હોય, જે જગ્યા ઉપર બોમ્બ મુકવામાં આવેલા તે જગ્યાઓની રેકી કરી હોય કે કોઈ જગ્યા ઉપર આ આરોપીએ બોમ્બ મુકેલા હોય તેવો કોઈ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા આ આરોપી વિરૂધ્ધ રજૂ

થયો નથી. આ આરોપીને અટક કર્યા પછી આ આરોપીએ કોઈ જગ્યા બતાવી હોય તેવો પણ કોઈ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા આ આરોપી વિરૂધ્ધ રજૂ થયેલો નથી. આરોપી નં.૨ ના કબૂલાત નિવેદન મુજબ આ આરોપી વાઘમોન ખાતે તાલીમ કેમ્પમાં હાજર હતો પરંતુ હાલોલ–પાવાગઢના તાલીમ કેમ્પમાં હાજર હતો કે કેમ તથા જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગો થયેલી તેમાં હાજર હતો કે કેમ તે શંકાસ્પદ છે. આ આરોપી આ ગુનામાં સંડોવાયેલો છે તે અંગે ફરિયાદપક્ષ તરફથી શંકારહિત પુરાવો રજૂ થયેલો નથી. આ આરોપી આ ગુનાઓમાં સંડોવાયેલો છે તે અંગેના પુરાવા એકત્ર કરી જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી નં.૭૨ સામે ભારતીય ફોજદારી ધારાની કલમ–૧૨૧(એ), ૧૨૪(એ), ૧૫૩(એ) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૬ મુજબની તથા અનલોફુલ એકટીવીટી એકટની કલમ–૧૦,૧૩,૧૬,૧૮ વિગેરે મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કલમ–૪૫ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે સરકારશ્રીને દરખાસ્તો કરેલી અને જુદા–જુદા સક્ષમ અધિકારીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી સામે એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ–૩,૪,૫,૬ મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૭ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે જુદા–જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓને દરખાસ્તો કરેલી અને જુદા–જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત આ આરોપી નં.૭૨ સામે આર્મ્સ એટની કલમ–૨૫(૧)(બી) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૩૯ હેઠળ મંજૂરી મેળવવા માટે પોલીસ કમિશનરશ્રીને મંજૂરી મેળવવા માટે દરખાસ્તો કરેલી અને પોલીસ કમિશનરશ્રીઓ પાસેથી મંજૂરી મેળવેલી જે રજૂ કરેલી છે. દરખાસ્તો સાથે જે પુરાવા આરોપી નં.૭૨ વિરૂધ્ધના રજૂ કરેલા તે પૈકી એક પણ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર

તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીઓમાં આ આરોપીની પ્રત્યક્ષ સંડોવણી બાબતે કોઈ પુરાવો નથી. આ ઉપરાંત વાઘમોન ખાતે ડિસેમ્બર–૨૦૦૮ મા આરોપીઓએ તાલીમ કેમ્પ રાખેલો હતો અને તે કેમ્પમાં આ આરોપી પણ હાજર હતો. આ કેમ્પ બાબતે અર્નાકુલ્લમ ખાતે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાયેલી અને તે ફરિયાદના કામે કુલ–૩૮ આરોપીઓને અટક કરવામાં આવેલા. તે કામે તપાસના કામે ૩૮ આરોપીઓ વિરૂધ્ધ અદાલતમાં ચાર્જશીટ દાખલ થયેલો જેનો એન.આઈ.એ. કેસ નં.૨/૨૦૧૧ હતો. તે કામે આ આરોપીને આરોપી નં.૬ તરીકે દર્શાવેલ છે. તે કેસમાં એન.આઈ.એ. કોર્ટ અર્નાકુલ્લમ દ્વારા તા.૧૫.૫.૨૦૧૮ ના રોજ ચુકાદો આપવામાં આવેલ છે તે ચુકાદામાં આ આરોપીને સજા ફરમાવેલ છે. પરંતુ આ આરોપી હાલોલ–પાવાગઢના કેમ્પોમાં પણ હાજર રહેલો હોય તેવો કોઈ પુરાવો નથી તથા હાલોલ–પાવાગઢ ખાતેના કેમ્પોમા હાજર રહી જુદી–જુદી તાલીમો લીધી હોય તથા જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગોમાં હાજર રહેલો હોય અને દેશ વિરૂધ્ધ પ્રવૃત્તિઓ કરેલ હોય તેવો પણ કોઈ પ્રત્યક્ષ પુરાવો આરોપી વિરૂધ્ધ નથી માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૦૦ આ આરોપી બાબતે લાગુ પડશે. ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૭૨ ની ભૂમિકા બાબતે તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન કરતા આ આરોપી આ ગુનામાં સંડોવાયેલો હોય તે હકીકત શંકાસ્પદ છે તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૭૨ વિરૂધ્ધ તમામ મુદ્દાઓ સંબંધે કેસ શંકારહીત પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવું છું.

આરોપી નં.૭૩ અફાક ઈકબાલ ઉર્ફે ઈકબાલ ઉર્ફે દાનીશ રીયાઝ ઉર્ફે સાકી નુરુલહોદા સૈયદ

સાહેદ નં.૯૧૫ મહંમદ શરીફ હુસેનભાઈ મન્સુરીની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદની હાજરીમાં તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડાનાઓએ જણાવેલુ કે આ આરોપી નં.૭૩ નાઓએ ઈ–મેઈલ કરેલા છે તે ચેક કરવાના છે અને જો શંકાસ્પદ લાગે તો કબજે કરવાના છે. ત્યારબાદ આ

આરોપીએ ઈ–મેઈલ આપેલો. ત્યારબાદ આરોપીએ પોતાનો તથા અબુકેસલનો પાસવર્ડ નાખેલો અને સ્ક્રીન ઉપર લખાણ આવેલુ તેની પ્રિન્ટ કાઢેલી જે આંક–૬૫૩૨ થી ૨જૂ છે. તે ધ્યાને લેતા કુલ–૬ ઈ–મેઈલની પ્રિન્ટમાં કોઈ પણ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના આયોજન વિશે કે બોમ્બ બ્લાસ્ટ કરવા વિશેનું કોઈ લખાણ નથી. આટલા માત્ર પુરાવાથી ફરિયાદપક્ષ દ્વારા આ આરોપી સામે શંકારહિત કેસ પુરવાર કરે છે તેમ કહી શકાય નહીં. આરોપીને આ ગુનામાં સંડોવણી અંગે ફરિયાદપક્ષ દ્વારા આ પુરતો પુરાવો કહી શકાય નહીં.

સાહેદ નં.૯૨૧ શૈલેષ હરીપ્રસાદ બુધેલીયાની જુબાનીના સારાંશ મુજબ તપાસ કરનાર અધિકારી આ સાહેદને વડોદરા રેલવે સ્ટેશન પ્લેટ ફોર્મ નં.૧ ઉપર બોલાવેલા અને બાતમીના આધારે હૈદરાબાદ થી રાજકોટ જતી ટ્રેનમાંથી આરોપી નં.૭૩ ઉતરેલો અને તેને પકડેલો અને તેની અંગજડતીમાંથી ચુંટણી કાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, રેલવે ટિકિટ અને રૂા.૧૫૦૦/– કબજે લીધેલા જેનુ આંક–૬૫૫૨ વાળુ પંચાનામુ સાહેદ નં.૧૦૫૧ કે.કે.પટેલનાઓએ પંચો રૂબરૂ બનાવેલુ. આટલા માત્ર પુરાવાથી ફરિયાદપક્ષ દ્વારા આ આરોપી સામે શંકારહિત કેસ પુરવાર કરે છે તેમ કહી શકાય નહીં. આરોપીને આ ગુનામાં સંડોવણી અંગે ફરિયાદપક્ષ દ્વારા આ પુરતો પુરાવો કહી શકાય નહીં.

આરોપી નં.૭૬ નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન જયુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોચી–૫ સમક્ષ લખાવેલું તે મુજબ આરોપી નં.૭૩ નાઓ વાઘમોન (કેરાલા) ખાતેના તાલીમ કેમ્પમાં આરોપી નં.૧૦ આમીલ પરવાઝે આપેલી ટ્રેનની ટિકિટના આધારે અર્નાકુલ્લમ (કેરાલા) મુકામે ગયેલો છે તેવી હકીકત છે પરંતુ તેની સાથે આ આરોપી નં.૭૩ પણ રેલવેમાં અર્નાકુલ્લમ ખાતે ગયો હોય તેવી હકીકત આરોપી નં.૭૬ ના કબૂલાત નિવેદનમાં નથી. આ આરોપી નં.૭૩ નાઓએ વાઘમોન મુકામે ડિસેમ્બર–૨૦૦૭ મા થયેલા તાલીમ કેમ્પમાં હાજરી આપી હોય અને તાલીમ લીધી હોય તેવી કોઈ હકીકત આરોપી નં.૭૬ ના કબૂલાત નિવેદનમાંથી નીકળી આવતી નથી. આ ઉપરાંત આ આરોપી નં.૭૩ વાઘમોન (કેરાલા) મુકામે

આતંકવાદી તાલીમ કેમ્પમાં હાજર હતો તે બાબતે કેરાલાની અર્નાકુલમ કોર્ટ ખાતે કેસ નોંધાયેલ હતો જેનો એન.આઈ.એ. કેસ નં.૨/૨૦૧૧ હતો અને તે કામે આરોપી નં.૭૩ ને આરોપી નં.૩૩ તરીકે દર્શાવેલ હતો અને તે કામે એન.આઈ. એ. કોર્ટ દ્વારા આરોપી નં.૭૩ ને તકસીરવાન ઠરાવેલો હતો. જેથી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૦૦ ને ધ્યાને લેતા વાઘમોન ખાતે આતંકવાદી તાલીમ કેમ્પમા આ આરોપી હાજર રહેલો તે બાબતે આ અદાલત દ્વારા આ આરોપીને ફરીથી તકસીરવાન ઠરાવી શકાય નહીં. આ ઉપરાંત આ આરોપી હાલોલ–પાવાગઢ ખાતેના જંગલોમાં જાન્યુઆરી–૨૦૦૮ મા થયેલા આતંકવાદી તાલીમ કેમ્પમાં હાજર રહયો હોય તેવો કોઈ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. એટલુ જ નહીં જગ્યા બતાવતો પણ કોઈ પુરાવો રજૂ થયેલો નથી.

આ આરોપી નં.૭૩ ઉપર આંક–૧૯૩૫ ના તહોમતનામાં મુજબ ફરિયાદપક્ષ દ્વારા જે આક્ષેપો મુકવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી એક પણ આક્ષેપ મૌખિક કે દસ્તાવેજી પુરાવાથી ફરિયાદપક્ષ શંકારહિત પુરવાર કરી શકેલ નથી. આ આરોપી જુદી–જુદી જગ્યાઓ ઉપર જે મકાનોમાં અન્ય આરોપીઓએ બોમ્બ બનાવેલા હતા તે મકાનોમાં રહયો હોય અને બોમ્બ બનાવવામાં મદદગારી કરેલી હોય, બોમ્બ બનાવવાની સામગ્રી ખરીદેલી હોય, જે જગ્યા ઉપર બોમ્બ મુકવામાં આવેલા તે જગ્યાઓની રેકી કરી હોય કે કોઈ જગ્યા ઉપર આ આરોપીએ બોમ્બ મુકેલા હોય તેવો કોઈ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા આ આરોપી વિરૂધ્ધ રજૂ થયો નથી. આ આરોપીને અટક કર્યા પછી આ આરોપીએ કોઈ જગ્યા બતાવી હોય તેવો પણ કોઈ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા આ આરોપી વિરૂધ્ધ રજૂ થયેલો નથી. આરોપી નં.૭૪ ના કબૂલાત નિવેદન મુજબ આ આરોપી વાઘમોન ખાતે તાલીમ કેમ્પમાં હાજર હતો પરંતુ હાલોલ–પાવાગઢના તાલીમ કેમ્પમાં હાજર હતો કે કેમ તથા જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગો થયેલી તેમાં હાજર હતો કે કેમ તે શંકાસ્પદ છે. આ આરોપી આ ગુનામાં સંડોવાયેલો છે તે અંગે ફરિયાદપક્ષ તરફથી શંકારહિત પુરાવો રજૂ થયેલો નથી. આ આરોપી આ ગુનાઓમાં સંડોવાયેલો છે તે અંગેના પુરાવા એકત્ર કરી જુદા–જુદા તપાસ કરનાર

અધિકારીઓએ આ આરોપી નં.૭૩ સામે ભારતીય ફોજદારી ધારાની કલમ–૧૨૧(એ), ૧૨૪(એ), ૧૫૩(એ) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૬ મુજબની તથા અનલોફુલ એકટીવીટી એકટની કલમ–૧૦,૧૩,૧૬,૧૮ વિગેરે મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કલમ–૪૫ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે સરકારશ્રીને દરખાસ્તો કરેલી અને જુદા–જુદા સક્ષમ અધિકારીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી સામે એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ–૩,૪,૫,૬ મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૭ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે જુદા–જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓને દરખાસ્તો કરેલી અને જુદા–જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત આ આરોપી નં.૭૩ સામે આર્મ્સ એટની કલમ –૨૫(૧)(બી) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૩૯ હેઠળ મંજૂરી મેળવવા માટે પોલીસ કમિશનરશ્રીને મંજૂરી મેળવવા માટે દરખાસ્તો કરેલી અને પોલીસ કમિશનરશ્રીઓ પાસેથી મંજૂરી મેળવેલી જે રજૂ કરેલી છે. દરખાસ્તો સાથે જે પુરાવા આરોપી નં.૭૩ વિરૂધ્ધના રજૂ કરેલા તે પૈકી એકપણ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન. બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીઓમાં આ આરોપીની પ્રત્યક્ષ સંડોવણી બાબતે કોઈ પુરાવો નથી. આ ઉપરાંત વાઘમોન ખાતે ડિસેમ્બર–૨૦૦૮ મા આરોપીઓએ તાલીમ કેમ્પ રાખેલો હતો અને તે કેમ્પમાં આ આરોપી પણ હાજર હતો. આ કેમ્પ બાબતે અર્નાકુલ્લમ ખાતે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાયેલી અને તે ફરિયાદના કામે કુલ–૩૮ આરોપીઓને અટક કરવામાં આવેલા. તે કામે તપાસના કામે ૩૮ આરોપીઓ વિરૂધ્ધ અદાલતમાં ચાર્જશીટ દાખલ થયેલો જેનો એન.આઈ.એ. કેસ નં.૨/૨૦૧૧ હતો. તે કામે આ આરોપીને આરોપી નં.૩૩ તરીકે દર્શાવેલ છે. તે કેસમાં એન.

આઈ.એ. કોર્ટ અર્નાકુલ્લમ દ્વારા તા.૧૫.૫.૨૦૧૮ ના રોજ ચુકાદો આપવામાં આવેલ છે તે ચુકાદામાં આ આરોપીને સજા ફરમાવેલ છે. પરંતુ આ આરોપી હાલોલ–પાવાગઢના કેમ્પોમાં પણ હાજર રહેલો હોય તેવો કોઈ પુરાવો નથી તથા હાલોલ–પાવાગઢ ખાતેના કેમ્પોમા હાજર રહી જુદી–જુદી તાલીમો લીધી હોય તથા જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગોમાં હાજર રહેલો હોય અને દેશ વિરૂધ્ધ પ્રવૃત્તિઓ કરેલ હોય તેવો પણ કોઈ પ્રત્યક્ષ પુરાવો આરોપી વિરૂધ્ધ નથી માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૦૦ આ આરોપી બાબતે લાગુ પડશે. ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૭૩ ની ભૂમિકા બાબતે તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન કરતા આ આરોપી આ ગુનામાં સંડોવાયેલો હોય તે હકીકત શંકાસ્પદ છે તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૭૩ વિરૂધ્ધ તમામ મુદ્દાઓ સંબંધે કેસ શંકારહીત પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવું છું.

આરોપી નં.૭૪ મોહમદઅબરાર ઉર્ફે મુન્ના ઉર્ફે ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ્લા ઉર્ફે ઈબ્રાહીમ બાબુખાન મણીયાર

સાહેદ નં.૧૧૦૫ ઈદ્રીશ ગુલાબશા ફકિરની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદ ખુંદપીર દરગાહ ઉપર હાલોલ–પાવાગઢ ખાતે મુજાવર તરીકે કામ કરે છે. તા.૧૩/૦૧/૨૦૦૮ થી તા.૧૫/૦૧/૨૦૦૮ ના સમય દરમ્યાન ૨૦ થી ૨૫ માણસો ટાટા સુમો તથા બાઈક લઈને દરગાહ ઉપર આવેલાં જેમાં આ આરોપી નં.૭૪ પણ હતો. દરગાહ ઉપર આવીને આ તમામ આરોપીઓએ જણાવેલું કે, ટ્રેકિંગ કરવા આવેલાં છીએ જેથી દરગાહ ઉપર આવેલી પતરાવાળી ધર્મશાળામાં આ આરોપીને રહેવા માટે રૂમો આપેલી. આરોપીઓ સવાર થી જંગલોમાં ટાટા સુમો લઈને પાછળના દરવાજેથી જતા હતા અને રાત્રે આવતા હતાં. ત્રણ દિવસ સુધી ૨૦ થી ૨૫ માણસો દરગાહ ઉપર આવેલી ધર્મશાળામાં રોકાયેલા હતા તે પૈકી આ આરોપી નં.૭૪ પણ હતો અને તેણે ત્રણ દિવસ સુધી સતત સાહેદ ઈદ્રીશનાઓએ જોયેલો. જેથી આ સાહેદે પોતાની જુબાની દરમ્યાન આ આરોપી નં.૭૪ ને અદાલત રૂબરૂ ઓળખી બતાવેલો છે. ખુંદપીરની દરગાહ

ઉપર મુજાવર તરીકે સેવા આપે છે. નમાજ અદા કરાવે છે. આરોપી નં.૭૪ સાથે તેને કોઇ દુશ્મનાવટ નથી. તે સ્વતંત્ર સાહેદ છે. આ તમામ હકીકત આ સાહેદે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ સમક્ષ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબના નિવેદનમાં પણ જણાવેલી છે.

સાહેદ નં.૯૭૨ રામકાભાઇ દેવકરણ કેસરીયાની જુબાનીના સારાંશ મુજબ જાન્યુઆરી–૨૦૦૮ ની ઉત્તરાયણના સમય દરમ્યાન આ સાહેદની ભેંસો પાવાગઢના જંગલમાં ખોવાઇ ગયેલી હતી જેથી આ સાહેદ ભેંસો શોધવા માટે હેલીકૈલ વાવ તરફના જંગલોમાં ગયેલા ત્યારે ૨૫ થી ૩૦ માણસો કુગ્ગા ફોડવાની, કોણીથી જમીન ઉપર ચાલવાની વિગેરે કામ કરતા કરતા હતા. તે જગ્યા પાસે કમલેશ કવોરીની ખીણ આવેલી હતી ત્યાં તંબુ પણ બાંધેલો હતો. ઝાડ ઉપર દોરી બાંધીને કેટલાક લોકો એરગનથી કુગ્ગા ફોડતા હતાં. ત્યાં આ માણસોમાં સાહેદ રામકાભાઇએ આરોપી નં.૭૪ ને ત્યાં જોયેલો હતો. સાહેદ રામકાભાઇએ એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૭૮૪ દાનાજી ભુરાજી રાજપુત સમક્ષના ઓળખ પરેડના પંચનામા દરમ્યાન આરોપી નં.૭૪ ને ઓળખી પણ બતાવેલ હતો. પરંતુ આ સાહેદે આરોપી નં.૭૪ ને જુબાની દરમ્યાન અદાલત રૂબરૂ ઓળખી બતાવેલો નથી, નહીં ઓળખવાના જે કારણો આપેલા છે તે વાજબી છે તેમ હું માનુ છું.

સાહેદ નં.૯૮૧ પ્રવિણભાઈ હમીરભાઈ કટારીયાનાઓની જુબાનીના સારાંશ મુજબ સને–૨૦૦૮ ની સાલના ઉત્તરાયણના દિવસે આ સાહેદ પોતાની જીપ લઈને હાલોલ જતા હતા અને રસ્તામાંથી પેસેન્જરોની સાથે તેમના મિત્ર અંબાલાલભાઇને જીપમાં બેસાડેલા અને ત્યારબાદ તેઓ પાવાગઢ થી હાલોલ જવા નિકળેલા ત્યારે હેલીકૈલ વાવ નજીક રોડ ઉપર જીપને પંચર પડેલું. જીપમાં બેસાડેલા અન્ય પેસેન્જરોને બીજી જીપમાં બેસાડી હાલોલ રવાના કરેલાં અને જીપના કંડકટર અશ્વિનભાઇએ જીપનું ટાયર કાઢીને હાલોલ ખાતે પંચર કરાવવા ગયેલાં. અંબાલાલભાઇ તથા આ સાહેદ જીપ પાસે રોકાયેલા તે દરમ્યાન જંગલમાંથી માણસોનો બોલવાનો અવાજ આવેલો જેથી આ

અંબાલાલભાઈ તથા આ સાહેદ તે તરફ જંગલમાં ગયેલા ત્યારે કેટલાક માણસો કમલેશ કવોરીની ખીણ પાસે તંબુ બાંધીને કાંઇક કરતા હતાં. તે લોકો જૂથમાં હતા અને હિન્દી ભાષા બોલતા હતા. તે માણસોમાં સાહેદ પ્રવિણભાઈએ આરોપી નં.૭૪ ને જોયેલો હતો. સાહેદ પ્રવિણભાઈએ એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ સાહેદ નં.૭૮૪ દાનાજી ભુરાજી રાજપુત સમક્ષના ઓળખ પરેડના પંચનામા દરમ્યાન આરોપી નં.૭૪ ને ઓળખી પણ બતાવેલ હતો. પરંતુ આ સાહેદે આરોપી નં.૭૪ ને જુબાની દરમ્યાન અદાલત રૂબરૂ ઓળખી બતાવેલો નથી, નહીં ઓળખવાના જે કારણો આપેલા છે તે વાજબી છે તેમ હું માનુ છું. સાહેદ પ્રવિણભાઈ ગામડાનો વતની છે. જીપ ચલાવીને પોતાનું ગુજરાન ચલાવે છે. આરોપી સાથે તેઓને કોઇ દુશ્મનાવટ નથી કે જેથી કરીને આરોપી નં.૭૪ ને ખોટી રીતે ગુનામાં સંડોવે. આમ, આ સાહેદ પ્રવિણભાઇ, સાહેદ ઈદ્રીશભાઈની જુબાની હાલોલ–પાવાગઢના તાલીમ કેમ્પ બાબતે તથા આ આરોપી નં.૭૪ ની હાજરી બાબતે સમર્થન કરે છે.

સાહેદ નં.૯૧૪ મુકુંદ જીવણલાલ જાદવની જુબાનીના સારાંશ મુજબ આ આરોપી નં.૭૪, તપાસ કરનાર અધિકારી તથા આ સાહેદને લઈને હાલોલ–પાવાગઢ ખાતે જાન્યુઆરી–૨૦૦૮ મા તાલીમ કેમ્પ રાખેલો અને તાલીમો મેળવેલી તે જુદી–જુદી જગ્યાઓ જેવી કે ખુંદપીરની દરગાહવાળી જગ્યા, એકમીનાર મસ્જિદવાળી જગ્યા, હેલીકૈલ વાવ પાસે જંગલવાળી ખુલ્લી જગ્યા અને પાવાગઢ મેઈન ગેટ પાસે સકકરખાન દરગાહવાળી જગ્યા વિગેરે બતાવેલી. જેનુ આંક–૬૫૨૮ વાળુ પંચનામુ સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાએ પંચો રૂબરૂ બનાવેલુ.

સાહેદ નં.૭૮૪ એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ દાનાજી ભુરાજી રાજપુતની જુબાનીના સારાંશ મુજબ સાહેદ નં.૧૧૦૫ ઈદ્રીશ ગુલાબશા ફકિર તથા સાહેદ નં.૯૮૧ પ્રવિણભાઈ હમીરભાઈ કટારીયાનાઓએ આ સાહેદની રૂબરૂમાં આરોપી નં.૭૪ ને પોતાની સમક્ષ થયેલી ઓળખ પરેડમાં ઓળખી બતાવેલાની હકીકત જણાવે છે. એકઝિકયુટીવ મેજિસ્ટ્રેટ સરકારી અધિકારી છે અને તેઓની રૂબરૂમાં

ઓળખ પરેડ અંગેની જે કાંઇ કાર્યવાહી કરેલી તે તેઓની ફરજના ભાગરૂપે હતી. આરોપી સાથે તેઓને કોઇ દુશ્મનાવટ નથી અને તેમની રૂબરૂ થયેલી ઓળખ પરેડની કાર્યવાહી તેમણે યોગ્ય રીતે કરેલી તેવી અપેક્ષા હોય છે જે નહિ માનવાને કોઇ કારણ નથી. આ આરોપીએ હાલોલ–પાવાગઢ ખાતેના આતંકવાદી તાલીમ કેમ્પોમાં ત્રણ દિવસ સુધી હાજર રહી જુદી–જુદી તાલીમો મેળવેલી છે અને સીમીના સભ્યો છે તેવા આરોપીઓને સહાય કરી પ્રોત્સાહન આપેલુ છે. જેથી આ આરોપી પણ અન્ય આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થયેલો છે માટે બીજા આરોપીઓએ કરેલા ગુના માટે પણ આ આરોપી અન્ય આરોપીઓની જેમ જ જવાબદાર છે. આ આરોપીની પણ સામુહિક જવાબદારી ઉત્પન્ન થાય છે.

આંક–૧૯૩૫ વાળા તહોમતનામામાં જણાવ્યા મુજબ ઘણા બધા આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો એવા છે કે, તે બાબતે આ આરોપી નં.૭૪ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા કોઇ મૌખિક કે દસ્તાવેજી પ્રત્યક્ષ પુરાવો રજૂ થયેલો નથી. આ આરોપી નં.૭૪ જુદી–જુદી હોટલોમાં રોકાયો હોય અને તે હોટલોના રજીસ્ટરોમાં ખોટા નામથી એન્ટ્રીઓ કરી હોય, ખોટા નામે સહીઓ કરેલી હોય તેમજ આ આરોપી નં.૭૪ નાઓએ ખોટા દસ્તાવેજ બનાવી તે દસ્તાવેજોનો સાચા તરીકે ઉપયોગ કર્યો હોય તેવા કોઇ પ્રત્યક્ષ પુરાવા આ આરોપી નં .૭૪ સામે નથી. પરંતુ આ અંગેના પ્રત્યક્ષ પુરાવા આરોપી નં.૧૪, ૩૭, ૪૩, ૪૫, ૪૬, ૬૯ અને ૭૦ વિરૂધ્ધ રજૂ થયેલા છે. જેથી કાવતરાના પેરામાં ચર્ચા કર્યા મુજબ તેમજ તે પેરામાં નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લીધેલા છે તે ચુકાદા મુજબ આરોપી નં.૭૪ નાઓ કોઈ હોટલમાં ખોટા નામે એન્ટ્રી કરી રોકાયેલા ન હોવા છતાં પણ આ આરોપી અન્ય આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થયેલો છે જેથી અન્ય આરોપીઓની સાથે આ આરોપી નં.૭૪ ની પણ સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે. આ ઉપરાંત આ આરોપી નં.૭૪ નાઓએ બનાવોમાં ઉપયોગમાં લીધેલ કોઇ વસ્તુ કે પુરાવાનો નાશ કર્યો હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો નથી. આ ઉપરાંત આ બનાવો બન્યા બાદ બનાવોમાં સંડોવાયેલા અન્ય કોઇ આરોપીને આશ્રય આપેલો હોય, તેઓને છુપાવેલા હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો

આરોપી નં.૭૪ કે અન્ય આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ નથી. આ આરોપી નં.૭૪ સીમીના સભ્ય હોવાનો કોઈ સીધો પુરાવો નથી. આ ઉપરાંત આ આરોપી નં.૭૪ સીમીની મીટીંગોમાં જુદી–જુદી જગ્યાઓ ઉપર હાજર રહેલો હોય, કોઈ ભાષણો કરેલા હોય, ભારત કે રાજય સરકાર વિરૂધ્ધ યુધ્ધ છેડવાનો પ્રયત્ન કર્યો હોય કે ધર્મ અને જાતિઓ વચ્ચે વૈમનસ્ય પેદા થાય તેવુ કોઈ કૃત્ય કરેલુ હોય તેવો પણ કોઈ પ્રત્યક્ષ પુરાવો આ આરોપી નં.૭૪ સામે રજૂ થયેલો નથી. આ આરોપી નં.૭૪ નાઓએ બનાવો બનતા પહેલા આતંકવાદી ઇ–મેઇલ કર્યા હોય તેવા કોઇ ઇ–મેઇલ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા નથી. આ આરોપી નં.૭૪ નાઓએ કોઇ કમ્પ્યુટરમાંથી આતંકવાદી ઇ–મેઇલ કર્યા હોય અને ઇ–મેઇલ કર્યા પછી તે ઇ–મેઇલ કમ્પ્યુટરમાંથી ડિલીટ કર્યા હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આરોપી નં.૩૩ તથા ૩૪ નાઓએ ઈન્ડિયા ટીવીને આતંકવાદી ઈ–મેઈલ કરેલાનો આક્ષેપ છે પરંતુ રજૂ થયેલા ઈ–મેઈલ ધ્યાને લેતા તે આક્ષેપ પુરવાર થતા નથી. આ આરોપી પાસેથી પરવાના વિનાનો કોઇ દેશી તમંચો કે હથિયાર કબજે કરવામાં આવ્યુ હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીઓ તથા આ આરોપી વિરૂધ્ધ સમગ્ર પુરાવા ધ્યાને લેતા અમદાવાદ શહેરમાં થયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોના કાવતરામાં અને તેની સાથે સંલગ્ન સુરત શહેરના બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં આ આરોપી નં.૭૪ ની ભૂમિકા રહેલી છે આ આરોપી નં.૭૪ સામે આંક–૧૯૩૫ મુજબના તહોમતનામામાં જે આક્ષેપો ફરમાવવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો પુરવાર થાય છે તેમ હું માનું છું. ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૭૪ ની ભૂમિકા બાબતે તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન કરતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૭૪ વિરૂધ્ધ મુદ્દા નં.૧ થી ૧૩, ૧૬ થી ૧૯,

૨૧ થી ૨૪, ૨૬ થી ૩૨ પુરવાર કરે છે. જયારે મુદ્દા નં. ૧૪,૧૫, ૨૦,૨૫, ૩૩ થી ૩૫ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવુ છું.

આરોપી નં.૭૫ મોહમ્મદ રફીક ઉર્ફે જાવિત ઉર્ફે આલમજેબ આફ્રીદી મસકુર અહેમદ

સાહેદ નં.૯૫૭ જાકિર હુસેન અબ્દુલ જબ્બાર કુરેશીની જુબાનીના સારાંશ મુજબ આ આરોપી પ્રતિબંધિત સંગઠન "સીમી" નો સભ્ય છે. ગુપ્ત રીતે સીમીની ઑફિસ જુદી–જુદી જગ્યાઓ ઉપર ચાલે છે. સીમીની ઑફિસમાં આ આરોપીની સક્રિય હાજરી રહેલી છે. સીમીની મીટીંગોમા આ આરોપી સતત પ્રવૃત્તમય અને કાર્યરત રહેલો છે. જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગમાં અન્ય આરોપીઓને પણ હાજર રાખેલા છે. આ આરોપી તથા અન્ય સહઆરોપીઓ સીમીની મીટીંગોમાં રાજય સરકાર તેમજ ભારત સરકાર વિરૂધ્ધ જેહાદ કરવાની વાતો કરેલી છે તે પ્રમાણેના ભાષણો કરેલા છે અને તે સાંભળેલા છે. ગોધરા કાંડનો બદલો લેવાની વાતો પણ થયેલી છે અને તે સાંભળેલી છે. હિન્દુ વિસ્તારમાં બોમ્બ ધડાકા કરવાની વાતો થયેલી છે અને તે સાંભળેલી છે. આ ઉપરાંત આ આરોપી હાલોલ–પાવાગઢ ખાતે તા.૧૩/૦૧/૨૦૦૮ થી લઇને તા.૧૫/૦૧/૨૦૦૮ ના સમય દરમ્યાન આતંકવાદી તાલીમ કેમ્પનું આયોજન કરવામા આવેલું તેમાં અન્ય આરોપીઓ સાથે કેમ્પમાં ગયેલો છે. કેમ્પમાં જેહાદી ભાષણો સાંભળેલા છે. તાલીમો લીધેલી છે અને કેમ્પના આયોજનમાં પ્રત્યક્ષ રીતે મદદ કરેલી છે. આ સાહેદ જાકિર હુસેન પોતાની જુબાનીમાં આરોપી નં.૭૫ ને અદાલત રૂબરૂ ઓળખી બતાવેલ છે. આ તમામ હકીકત આ સાહેદે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ સમક્ષ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબના નિવેદનમાં પણ જણાવેલી છે.

આ ઉપરાંત, આરોપી નં.૨ નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ સમક્ષ લખાવેલું તે મુજબ આરોપી નં.૭૫ હાલોલ–પાવાગઢ ખાતે તા.૧૩.૧.૨૦૦૮ થી તા.૧૫.૧.૨૦૦૮ ના સમય દરમ્યાન આતંકવાદી તાલીમ કેમ્પ યોજાયેલો તે

કેમ્પમાં અન્ય આરોપીઓ સાથે હાજર રહેલો છે અને કેમ્પમાં હાજર તમામ આરોપીઓ ખુંદપીરની દરગાહ ઉપર આવેલી ધર્મશાળામાં રોકાયેલા. જુદી–જુદી જગ્યાઓ ઉપર તાલીમો લીધેલી. મુસ્લિમોનો બદલો લેવાની, જેહાદી ભાષણો કરેલા અને બોમ્બ બનાવવાની તાલીમ આપેલાની હકીકત તેઓના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે.

આ ઉપરાંત, આરોપી નં.૩૫ નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ સમક્ષ લખાવેલું તે મુજબ આરોપી નં.૭૫ નાઓ હાલોલ–પાવાગઢ ખાતેના તાલીમ કેમ્પમાં ગયેલો અને તાલીમ લીધેલાની હકીકત તેઓના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે. જો કે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧નાઓએ આ આરોપીનું કબૂલાત નિવેદન સોગંદ ઉપર લીધેલું છે જે ગેરકાયદેસર છે. આરોપી નં.૩૫ નુ કબૂલાત નિવેદન સોગંદ ઉપર લેવામાં આવેલુ છે જે ધ્યાને લેવામાં આવતુ નથી. પરંતુ આરોપી નં.૨ નુ કબૂલાત નિવેદન ધ્યાને લેતા તે હાલોલ–પાવાગઢ ખાતેના આતંકવાદી તાલીમ કેમ્પમાં હાજર રહેલાનું સ્પષ્ટ છે.

સાહેદ નં.૧૦૮૨ નલીનભાઈ જયંતીલાલ જાડાવાલાની જુબાનીના સારાંશ મુજબ આ આરોપી નં.૭૫, તપાસ કરનાર અધિકારી તથા આ સાહેદને લઈને જે જગ્યા ઉપર બોમ્બવાળી સાઇકલો મુકેલી તે જગ્યાઓ જેવી કે જુહાપુરા યુનિક એપાર્ટમેન્ટના પાર્કીંગવાળી જગ્યા, અંબર ટાવરના પાર્કીંગવાળી જગ્યા તથા નારોલ સર્કલ હનુમાનજીના મંદિર પાસેની જગ્યાઓ બાતવેલી. જેનુ આંક–૭૩૮૭ વાળુ પંચનામુ સાહેદ નં.૧૧૧૬ કે.એન.પટેલે પંચો રૂબરૂ બનાવેલુ.

સાહેદ નં.૧૧૦૨ સંતોષસીંગ વિશ્રામસીંગ રાજપુતની જુબાનીના સારાંશ મુજબ આ આરોપી નં.૭૫, તપાસ કરનાર અધિકારી તથા આ સાહેદને લઈને હાલોલ–પાવાગઢ ખાતે જાન્યુઆરી–૨૦૦૮ મા તાલીમ કેમ્પ રાખેલો અને તાલીમો મેળવેલી તે જુદી–જુદી જગ્યાઓ જેવી કે ખુંદપીરની દરગાહવાળી જગ્યા, એકમીનાર મસ્જિદવાળી જગ્યા, હેલીકૈલ વાવ પાસે જંગલવાળી ખુલ્લી જગ્યા અને પાવાગઢ મેઈન ગેટ પાસે સકકરખાન દરગાહવાળી જગ્યા વિગેરે બતાવેલી.

જેનુ આંક–૭૭૯૮ વાળુ પંચનામુ સાહેદ નં.૧૧૧૬ કે.એન.પટેલે પંચો રૂબરૂ બનાવેલુ.

સાહેદ નં.૧૧૦૭ નિતેશ ભીખાભાઈ રાજપુતની જુબાનીના સારાંશ મુજબ આ આરોપી નં.૭૫, તપાસ કરનાર અધિકારી તથા આ સાહેદને લઈને તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ અમદાવાદ શહેરમાં જે બોમ્બ બ્લાસ્ટ થયેલા તેમા વપરાયેલા ગેસના સીલીન્ડર જયાંથી ખરીદેલા તે જગ્યા કાલુપુર ટાવર રોડ ઉપર આવેલી "ડીલક્ષ ગેસ સ્ટવ" વાળી દુકાનવાળી જગ્યા બતાવેલી. આ અંગેનુ આંક–૭૯૩૭ વાળુ પંચનામુ સાહેદ નં.૧૧૧૬ કે.એન.પટેલે પંચો રૂબરૂ બનાવેલુ.

સાહેદ નં.૧૧૧૪ રાજેશભાઈ જાદવભાઈ ચૌહાણની જુબાનીના સારાંશ મુજબ આ આરોપી નં.૭૫, તપાસ કરનાર અધિકારી તથા આ સાહેદને લઈને જે જગ્યાએથી સાઈકલ અને બોમ્બ લીધેલા તથા સાઈકલ અને બોમ્બ જે જગ્યા ઉપર મુકેલા તે જગ્યાઓ જેવી કે દાણીલીમડા અલમહમદી સોસાયટી મકાન નં.૧૦ ઉપરથી બોમ્બવાળી સાઈકલ મેળવેલી તે તથા ગોમતીપુર શીતલ સીનેમા પાસે રોડ ઉપરની જગ્યા તથા ઓઢવ રાજેન્દ્રપાર્ક વેરા પાસે પોસ્ટ ઑફિસ પાસેની જગ્યા તથા ખોડીયાર નગર મયુર ડેરી સામે પકોડીની લારીવાળી જગ્યાઓ ઉપર બોમ્બ મુકેલા તે જગ્યાઓ બતાવેલી. આ અંગેનુ આંક–૮૦૦૦ વાળુ પંચનામુ સાહેદ નં.૧૧૧૬ કે.એન.પટેલે પંચો રૂબરૂ બનાવેલુ.

આંક–૬૯૪૪ વાળા તહોમતનામામાં જણાવ્યા મુજબ ઘણા બધા આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો એવા છે કે, તે બાબતે આ આરોપી નં.૭૫ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા કોઈ મૌખિક કે દસ્તાવેજી પ્રત્યક્ષ પુરાવો રજૂ થયેલો નથી. આ આરોપી નં.૭૫ જુદી–જુદી હોટલોમાં રોકાયો હોય, તે હોટલોના રજીસ્ટરોમાં ખોટા નામથી એન્ટ્રીઓ કરી હોય, ખોટા નામે સહીઓ કરેલી હોય તેમજ આ આરોપી નં.૭૫ નાઓએ ખોટા દસ્તાવેજ બનાવી તે દસ્તાવેજોનો સાચા તરીકે ઉપયોગ કર્યો હોય તેવા કોઈ પ્રત્યક્ષ પુરાવા આ આરોપી નં.૭૫ સામે નથી. પરંતુ આ અંગેના પ્રત્યક્ષ પુરાવા આરોપી નં.૧૪, ૩૭, ૪૩, ૪૫, ૪૬, ૬૯ અને ૭૦

વિરૂધ્ધ રજૂ થયેલા છે. જેથી કાવતરાના પેરામાં ચર્ચા કર્યા મુજબ તેમજ તે પેરામાં નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લીધેલા છે તે ચુકાદા મુજબ આરોપી નં.૭૫ નાઓ કોઈ હોટલમાં ખોટા નામે એન્ટ્રી કરી રોકાયેલા ન હોવા છતાં પણ અન્ય આરોપીઓ સાથે આરોપી નં.૭૫ ની સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે. આ ઉપરાંત આ આરોપી નં.૭૫ નાઓએ બનાવોમાં ઉપયોગમાં લીધેલ કોઇ વસ્તુ કે પુરાવાનો નાશ કર્યો હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો નથી. આ ઉપરાંત આ બનાવો બન્યા બાદ બનાવોમાં સંડોવાયેલા અન્ય કોઇ આરોપીને આશ્રય આપેલો હોય, તેઓને છુપાવેલા હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો આરોપી નં.૭૫ કે અન્ય આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ નથી. આ આરોપી નં.૭૫ સીમીના સભ્ય હોવાનો મૌખિક પુરાવો છે. સાહેદ નં.૯૫૭ જાકિર હુસેન અબ્દુલ જબ્બાર કુરેશી તથા આરોપી નં.૨ ના કબૂલાત નિવેદન મુજબ આ આરોપી નં.૭૫ સીમીનો સભ્ય છે. સીમી સંગઠન ઉપર ભારત સરકાર દ્વારા પ્રતિબંધ મુકવામાં આવેલો છે તે અંગેનું જાહેરનામું ભારત સરકારના રાજપત્રમાં પ્રસિધ્ધ પણ થયેલું છે માટે સીમી સંગઠનની જાહેરમાં કોઇ ઑફિસ ન હોય અને સીમી અંગેનો કોઇ દસ્તાવેજી પુરાવો ન હોય તે સ્વાભાવિક છે અને તેના કારણે તપાસ કરનાર અધિકારીઓ પૈકી કોઇપણ અધિકારીને સીમી બાબતે તપાસ દરમ્યાન કોઇ દસ્તાવેજી પુરાવો મળેલો નથી. સીમીની કાર્યવાહી પ્રતિબંધના કારણે ગુપ્તરીતે થતી હોય છે. સીમી સંગઠનનું કોઇ રેકર્ડ જાહેરમાં પ્રસિધ્ધ થયેલું નથી. સીમી સંગઠનમાં કોઇ આરોપી સભ્ય બનેલા હોય તો તે અંગેની કોઇ પાવતી કે દસ્તાવેજી પુરાવો ન હોય. આ આરોપી નં.૭૫ સીમી સંગઠનમાં સક્રિય છે તેવું આરોપી સામેના મૌખિક પુરાવાથી પુરવાર થાય છે. આ ઉપરાંત આરોપી નં.૬૮ નાઓએ આંક–૯૨૪૮ થી **"કનેકશન ઓફ સીમી"** અંગે એક દસ્તાવેજ રજૂ કરેલો છે તે વંચાણે લેતા સીમી સંગઠન વિશે તથા તેના હોદ્દેદારો, સભ્યો અને પ્રાદેશિક સભ્યો, સીમી સંગઠનનો હેતુ બાબતે તમામ હકીકતો જણાવેલી છે. પરંતુ સંગઠનને કોઇ નાણાકીય સહાય પુરી પાડી હોય અથવા નાણાકીય સહાય પુરી પાડવા કોઇ અન્ય વ્યકિત પાસે મદદ માંગી હોય તેવો ફરિયાદપક્ષ

તરફથી કોઇ પ્રત્યક્ષ પુરાવો રજૂ થયેલો નથી. આ આરોપી નં.૭પનાઓએ બનાવો બનતા પહેલા આતંકવાદી ઇ–મેઇલ કર્યા હોય તેવા કોઇ ઇ–મેઇલ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા નથી. આ આરોપી નં.૭પનાઓએ કોઇ કમ્પ્યુટરમાંથી આતંકવાદી ઇ–મેઇલ કર્યા હોય અને ઇ–મેઇલ કર્યા પછી તે ઇ–મેઇલ કમ્પ્યુટરમાંથી ડિલીટ કર્યા હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આરોપી નં.૩૩ તથા ૩૪ નાઓએ ઈન્ડિયા ટીવીને આતંકવાદી ઈ–મેઈલ કરેલાનો આક્ષેપ છે પરંતુ રજૂ થયેલા ઈ–મેઈલ ધ્યાને લેતા તે આક્ષેપ પુરવાર થતા નથી. આ આરોપી પાસેથી પરવાના વિનાનો કોઇ દેશી તમંચો કે હથિયાર કબજે કરવામાં આવ્યુ હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીઓ તથા આ આરોપી વિરૂધ્ધ સમગ્ર પુરાવા ધ્યાને લેતા અમદાવાદ શહેરમાં થયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોના કાવતરામાં અને તેની સાથે સંલગ્ન સુરત શહેરના બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં આ આરોપી નં.૭પની શરૂઆતથી લઇને બનાવોના અંત સુધી સક્રિય ભૂમિકા રહેલી છે આ આરોપી નં.૭પ સામે આંક–૬૯૪૪ મુજબના તહોમતનામામાં જે આક્ષેપો ફરમાવવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો પુરવાર થાય છે તેમ હું માનું છું. વાઘમોન ખાતે ડિસેમ્બર–૨૦૦૮ મા આરોપીઓએ તાલીમ કેમ્પ રાખેલો હતો અને તે કેમ્પમાં આ આરોપી પણ હાજર હતો. આ કેમ્પ બાબતે અર્નાકુલ્લમ ખાતે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાયેલી અને તે ફરિયાદના કામે કુલ–૩૮ આરોપીઓને અટક કરવામાં આવેલા. તે કામે તપાસના કામે ૩૮ આરોપીઓ વિરૂધ્ધ અદાલતમાં ચાર્જશીટ દાખલ થયેલો જેનો એન.આઈ.એ. કેસ નં.૨/૨૦૧૧ હતો. તે કામે આ આરોપીને આરોપી નં.૩૮ તરીકે દર્શાવેલ છે. તે કેસમાં એન.આઈ.એ. કોર્ટ અર્નાકુલ્લમ દ્વારા તા.૧૫.૫.૨૦૧૮ ના રોજ ચુકાદો આપવામાં આવેલ છે તે ચુકાદામાં આ આરોપીને સજા ફરમાવેલ છે. પરંતુ આ આરોપીની વાઘમોન

ઉપરાંત હાલોલ–પાવાગઢના કેમ્પોમાં પણ હાજરી છે તથા જુદી–જુદી આતંકવાદી તાલીમો મેળવેલી છે. એટલુ જ નહીં જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગોમાં હાજર રહેલો છે અને દેશ વિરૂધ્ધ પ્રવૃત્તિઓ કરેલ છે માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૦૦ આ આરોપી બાબતે લાગુ પડશે નહીં. ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૭૫ ની ભૂમિકા બાબતે તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન કરતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૭૫ વિરૂધ્ધ મુદ્દા નં.૧ થી ૧૩, ૧૬ થી ૧૯, ૨૧ થી ૨૪, ૨૬ થી ૩૨ પુરવાર કરે છે. જયારે મુદ્દા નં. ૧૪,૧૫, ૨૦,૨૫, ૩૩ થી ૩૫ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવુ છું.

આરોપી નં.૭૬ મંજર ઈમામ ઉર્ફે આલમ ઉર્ફે જમીલ અલીઈમામ

આ આરોપી નં.૭૬ નાઓએ પોતે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન જયુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોચી–૫ સમક્ષ લખાવેલું તે મુજબ આ આરોપી પોતે ડિસેમ્બર–૨૦૦૭ મા વાઘમોન (કેરાલા) ખાતેના તાલીમ કેમ્પમાં હાજર હતો તાલીમ લીધેલાની હકીકત તેઓના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે. કેમ્પમાં આ આરોપી નં.૭૬ નાએ હાજર રહી સક્રિય કામગીરી કરેલી છે. આ આરોપી નં.૭૬ વાઘમોન (કેરાલા) મુકામે આતંકવાદી તાલીમ કેમ્પમાં હાજર હતો તે બાબતે કેરાલાની અર્નાકુલમ કોર્ટ ખાતે કેસ નોંધાયેલ હતો જેનો એન.આઈ.એ. કેસ નં.૨/૨૦૧૧ હતો અને તે કામે આ આરોપી નં.૭૬ ને આરોપી નં.૩૪ તરીકે દર્શાવેલ હતો અને તે કામે એન.આઈ.એ. કોર્ટ દ્વારા આ આરોપી નં.૭૬ ને તકસીરવાન ઠરાવેલો હતો. જેથી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૦૦ ને ધ્યાને લેતા વાઘમોન ખાતે આતંકવાદી તાલીમ કેમ્પમા આ આરોપી હાજર રહેલો તે બાબતે આ અદાલત દ્વારા આ આરોપીને ફરીથી તકસીરવાન ઠરાવી શકાય નહીં. આ ઉપરાંત આ આરોપી હાલોલ–પાવાગઢ ખાતેના જંગલોમાં જાન્યુઆરી–૨૦૦૮ મા થયેલા આતંકવાદી તાલીમ કેમ્પમાં હાજર રહયો હોય તેવો કોઈ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા

રજૂ થયેલો નથી. એટલુ જ નહીં જગ્યા બતાવતો પણ કોઈ પુરાવો રજૂ થયેલો નથી.

આ આરોપી નં.૭૬ ઉપર આંક–૭૨૪૫ ના તહોમતનામા મુજબ ફરિયાદપક્ષ દ્વારા જે આક્ષેપો મુકવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી એક પણ આક્ષેપ મૌખિક કે દસ્તાવેજી પુરાવાથી ફરિયાદપક્ષ શંકારહિત પુરવાર કરી શકેલ નથી. આ આરોપી જુદી–જુદી જગ્યાઓ ઉપર જે મકાનોમાં અન્ય આરોપીઓએ બોમ્બ બનાવેલા હતા તે મકાનોમાં રહયો હોય અને બોમ્બ બનાવવામાં મદદગારી કરેલી હોય, બોમ્બ બનાવવાની સામગ્રી ખરીદેલી હોય, જે જગ્યા ઉપર બોમ્બ મુકવામાં આવેલા તે જગ્યાઓની રેકી કરી હોય કે કોઈ જગ્યા ઉપર આ આરોપીએ બોમ્બ મુકેલા હોય તેવો કોઈ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા આ આરોપી વિરૂધ્ધ રજૂ થયો નથી. આ આરોપીને અટક કર્યા પછી આ આરોપીએ કોઈ જગ્યા બતાવી હોય તેવો પણ કોઈ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા આ આરોપી વિરૂધ્ધ રજૂ થયેલો નથી. આરોપી નં.૭૬ના પોતાના કબૂલાત નિવેદન મુજબ આ આરોપી વાઘમોન ખાતે તાલીમ કેમ્પમાં હાજર હતો પરંતુ હાલોલ–પાવાગઢના તાલીમ કેમ્પમાં હાજર હતો કે કેમ તથા જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગો થયેલી તેમાં હાજર હતો કે કેમ તે શંકાસ્પદ છે. આ આરોપી આ ગુનામાં સંડોવાયેલો છે તે અંગે ફરિયાદપક્ષ તરફથી શંકારહિત પુરાવો રજૂ થયેલો નથી. આ આરોપી આ ગુનાઓમાં સંડોવાયેલો છે તે અંગેના પુરાવા એકત્ર કરી જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી નં.૭૬ સામે ભારતીય ફોજદારી ધારાની કલમ–૧૨૧(એ), ૧૨૪(એ), ૧૫૩(એ) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૬ મુજબની તથા અનલોકુલ એકટીવીટી એકટની કલમ–૧૦,૧૩,૧૬,૧૮ વિગેરે મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કલમ–૪૫ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે સરકારશ્રીને દરખાસ્તો કરેલી અને જુદા–જુદા સક્ષમ અધિકારીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી સામે એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ–૩,૪,૫,૬ મુજબના ગુનાની ઈન્સાફી

કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૭ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે જુદા જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓને દરખાસ્તો કરેલી અને જુદા–જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત આ આરોપી નં.૭૬ સામે આર્મ્સ એટની કલમ –૨૫(૧)(બી) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૩૯ હેઠળ મંજૂરી મેળવવા માટે પોલીસ કમિશનરશ્રીને મંજૂરી મેળવવા માટે દરખાસ્તો કરેલી અને પોલીસ કમિશનરશ્રીઓ પાસેથી મંજૂરી મેળવેલી જે રજૂ કરેલી છે. દરખાસ્તો સાથે જે પુરાવા આરોપી નં.૭૬ વિરૂધ્ધના રજૂ કરેલા તે પૈકી એક પણ પુરાવો ફરિયાદ પક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીઓમાં આ આરોપીની પ્રત્યક્ષ સંડોવણી બાબતે કોઈ પુરાવો નથી. આ ઉપરાંત વાઘમોન ખાતે ડિસેમ્બર–૨૦૦૮ મા આરોપીઓએ તાલીમ કેમ્પ રાખેલો હતો અને તે કેમ્પમાં આ આરોપી પણ હાજર હતો. આ કેમ્પ બાબતે અર્નાકુલ્લમ ખાતે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાયેલી અને તે ફરિયાદના કામે કુલ–૩૮ આરોપીઓને અટક કરવામાં આવેલા. તે કામે તપાસના કામે ૩૮ આરોપીઓ વિરૂધ્ધ અદાલતમાં ચાર્જશીટ દાખલ થયેલો જેનો એન.આઈ.એ. કેસ નં.૨/૨૦૧૧ હતો. તે કામે આ આરોપીને આરોપી નં.૩૪ તરીકે દર્શાવેલ છે. તે કેસમાં એન. આઈ.એ. કોર્ટ અર્નાકુલ્લમ દ્વારા તા.૧૫.૫.૨૦૧૮ ના રોજ ચુકાદો આપવામાં આવેલ છે તે ચુકાદામાં આ આરોપીને સજા ફરમાવેલ છે. પરંતુ આ આરોપી હાલોલ–પાવાગઢના કેમ્પોમાં પણ હાજર રહેલો હોય તેવો કોઈ પુરાવો નથી તથા હાલોલ–પાવાગઢ ખાતેના કેમ્પોમા હાજર રહી જુદી–જુદી તાલીમો લીધી હોય તથા જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગોમાં હાજર રહેલો હોય અને દેશ વિરૂધ્ધ પ્રવૃત્તિઓ કરેલ હોય તેવો પણ કોઈ પ્રત્યક્ષ પુરાવો આરોપી વિરૂધ્ધ નથી માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૦૦ આ આરોપી બાબતે લાગુ પડશે. ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ

બનાવોમાં આરોપી નં.૭૬ની ભૂમિકા બાબતે તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન કરતા આ આરોપી આ ગુનામાં સંડોવાયેલો હોય તે હકીકત શંકાસ્પદ છે તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૭૬ વિરૂધ્ધ તમામ મુદ્દાઓ સંબંધે કેસ શંકારહીત પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવું છું.

આરોપી નં.૭૭ સુહેબ પોટ્ટનીકલ અબ્દુલકાદર પોટ્ટનીકલ

આ આરોપી નં.૭૭ ઉપર આંક–૭૨૪૫ ના તહોમતનામા મુજબ ફરિયાદપક્ષ દ્વારા જે આક્ષેપો મુકવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી એક પણ આક્ષેપ મૌખિક કે દસ્તાવેજી પુરાવાથી ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. આ આરોપી વાઘમોન તથા હાલોલ–પાવાગઢના જંગલોમાં આતંકવાદી તાલીમ કેમ્પોમા હાજર રહયો હોય, જુદી–જુદી તાલીમો મેળવેલી હોય, અન્ય આરોપીઓએ જુદી–જુદી જગ્યાઓ ઉપર સીમીની મીટીંગો કરી છે અને તે મીટીંગોમાં આ આરોપી હાજર રહયો હોય, જેહાદી ભાષણો કર્યા હોય કે સાંભળ્યા હોય, કોઈ મકાનમાં રહીને અન્ય આરોપીઓને બોમ્બ બનાવવામાં મદદ કરી હોય, બોમ્બ બનાવવા માટેની કોઈ સામગ્રી ખરીદેલી હોય, જે જગ્યા ઉપર બોમ્બ મુકવામાં આવેલા તે જગ્યાઓની રેકી કરી હોય કે કોઈ જગ્યા ઉપર જઈને બોમ્બ મુકેલા હોય, આતંકવાદી ઈ–મેઈલ કર્યા હોય, કોઈ આરોપીને આશ્રય આપ્યો હોય, કોઈ પુરાવાનો નાશ કર્યો હોય કે કાવતરામાં અન્ય આરોપીઓ સાથે સમાન ઈરાદો પાર પાડવા હાજર રહયો અને આ બનાવોમાં અન્ય આરોપીઓને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદ કરી હોય તેવો એક પણ પુરાવો આ આરોપી વિરૂધ્ધ રજૂ કરવામાં આવેલો નથી. આ આરોપી આ ગુનાઓમાં સંડોવાયેલો છે તે અંગેના પુરાવા એકત્ર કરી જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી નં.૭૭ સામે ભારતીય ફોજદારી ધારાની કલમ–૧૨૧(એ), ૧૨૪(એ), ૧૫૩(એ) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૬ મુજબની તથા અનલોફુલ એકટીવીટી એકટની કલમ–૧૦, ૧૩, ૧૬, ૧૮ વિગેરે મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કલમ–૪૫ હેઠળ

મંજૂરીઓ મેળવવા માટે સરકારશ્રીને દરખાસ્તો કરેલી અને જુદા–જુદા સક્ષમ અધિકારીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજૂ કરેલી છે. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપી સામે એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ–૩,૪,૫,૬ મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૭ હેઠળ મંજૂરીઓ મેળવવા માટે જુદા–જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓને દરખાસ્તો કરેલી અને જુદા–જુદા ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટશ્રીઓ પાસેથી મંજૂરીઓ મેળવેલી જે રજુ કરેલી છે. આ ઉપરાંત આ આરોપી નં.૭૭ સામે આર્મ્સ એટની કલમ–૨૫(૧)(બી) મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કાયદાની કલમ–૩૯ હેઠળ મંજૂરી મેળવવા માટે પોલીસ કમિશનરશ્રીને મંજૂરી મેળવવા માટે દરખાસ્તો કરેલી અને પોલીસ કમિશનરશ્રીઓ પાસેથી મંજૂરી મેળવેલી જે રજૂ કરેલી છે. દરખાસ્તો સાથે જે પુરાવા આરોપી નં.૭૭ વિરૂધ્ધના રજૂ કરેલા તે પૈકી એક પણ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન.બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીઓ તથા ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૭૭ ની ભૂમિકા બાબતેના તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન કરતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૭૭ વિરૂધ્ધ તમામ મુદ્દાઓ સંબંધે કેસ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવું છું.

આરોપી નં.૭૮ તૌસીફખાન ઉર્ફે અતીક સગીર અહેમદખાન પઠાણ

સાહેદ નં.૧૧૦૫ ઈદ્રીશ ગુલાબશા ફકિરની જુબાનીના સારાંશ મુજબ આ સાહેદ ખુંદપીર દરગાહ ઉપર હાલોલ–પાવાગઢ ખાતે મુજાવર તરીકે કામ કરે છે. તા.૧૩/૦૧/૨૦૦૮ થી તા.૧૫/૦૧/૨૦૦૮ ના સમય દરમ્યાન ૨૦ થી ૨૫ માણસો ટાટા સુમો તથા બાઈક લઈને દરગાહ ઉપર આવેલાં જેમાં આ આરોપી નં.૭૮ પણ હતો. દરગાહ ઉપર આવીને આ તમામ આરોપીઓએ જણાવેલું કે, ટ્રેકિંગ કરવા આવેલાં છીએ જેથી દરગાહ ઉપર આવેલી પતરાવાળી

ધર્મશાળામાં આ આરોપીને રહેવા માટે રૂમો આપેલી. આરોપીઓ સવાર થી જંગલોમાં ટાટા સુમો લઈને પાછળના દરવાજેથી જતા હતા અને રાત્રે આવતા હતાં. ત્રણ દિવસ સુધી ૨૦ થી ૨૫ માણસો દરગાહ ઉપર આવેલી ધર્મશાળામાં રોકાયેલા હતા તે પૈકી આ આરોપી નં.૭૮ પણ હતો. ખુંદપીરની દરગાહ ઉપર મુજાવર તરીકે સેવા આપે છે. નમાજ અદા કરાવે છે. આરોપી નં.૭૮ સાથે તેને કોઇ દુશ્મનાવટ નથી. તે સ્વતંત્ર સાહેદ છે. આ તમામ હકીકત આ સાહેદે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ સમક્ષ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબના નિવેદનમાં પણ જણાવેલી છે. આ સાહેદ આ આરોપીને જુબાની દરમ્યાન અદાલત રૂબરૂ ઓળખી બતાવેલો નથી, નહીં ઓળખવાનું જે કારણ આપેલુ છે તે વાજબી છે તેમ હું માનુ છું.

સાહેદ નં.૧૦૮૧ આનંદ દાઉલાલ શ્રીવાસ્તવની જુબાનીના સારાંશ મુજબ આ આરોપી નં.૭૮, તપાસ કરનાર અધિકારી તથા આ સાહેદને લઈને અમદાવાદમાં થયેલા બોમ્બ બ્લાસ્ટ અગાઉ દરિયાપુરમાં સીમી સાથે મીટીંગ થયેલી હતી તે મીટીંગમાં આ આરોપી હાજર હતો અને તે મકાનવાળી જગ્યા બતાવેલી હતી. જેનુ આંક–૭૩૮૫ વાળુ પંચનામુ સાહેદ નં.૧૧૫૯ આર.એન. ઝાલાએ પંચો રૂબરૂ બનાવેલુ.

સાહેદ નં.૧૦૮૩ મહેન્દ્ર વિષ્ણુભાઈ પાટીલની જુબાનીના સારાંશ મુજબ આ આરોપી નં.૭૮, તપાસ કરનાર અધિકારી તથા આ સાહેદને લઈને હાલોલ–પાવાગઢ ખાતે જાન્યુઆરી–૨૦૦૮ મા તાલીમ કેમ્પ રાખેલો અને તાલીમો મેળવેલી તે જુદી–જુદી જગ્યાઓ જેવી કે ખુંદપીરની દરગાહવાળી જગ્યા, એકમીનાર મસ્જિદવાળી જગ્યા, હેલીકૈલ વાવ પાસે જંગલવાળી ખુલ્લી જગ્યા અને પાવાગઢ મેઈન ગેટ પાસે સકકરખાન દરગાહવાળી જગ્યા વિગેરે બતાવેલી. જેનુ આંક–૭૩૯૨ વાળુ પંચનામુ સાહેદ નં.૧૧૫૯ આર.એન.ઝાલાએ પંચો રૂબરૂ બનાવેલુ.

આ ઉપરાંત, આરોપી નં.૨ નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૫ સમક્ષ

લખાવેલું તે મુજબ આરોપી નં.૭૮ હાલોલ–પાવાગઢ ખાતે તા.૧૩.૧.૨૦૦૮ થી તા.૧૫.૧.૨૦૦૮ ના સમય દરમ્યાન આતંકવાદી તાલીમ કેમ્પ યોજાયેલો તે કેમ્પમાં અન્ય આરોપીઓ સાથે હાજર રહેલો છે અને કેમ્પમાં હાજર તમામ આરોપીઓ ખુંદપીરની દરગાહ ઉપર આવેલી ધર્મશાળામાં રોકાયેલા. જુદી–જુદી જગ્યાઓ ઉપર તાલીમો લીધેલી. મુસ્લિમોનો બદલો લેવાની, જેહાદી ભાષણો કરેલા અને બોમ્બ બનાવવાની તાલીમ આપેલાની હકીકત તેઓના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે.

આ ઉપરાંત, આરોપી નં.૩૫ નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ મુજબનું કબૂલાત નિવેદન મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧ સમક્ષ લખાવેલું તે મુજબ આરોપી નં.૭૮ નાઓ હાલોલ–પાવાગઢ ખાતેના તાલીમ કેમ્પમાં ગયેલો અને તાલીમ લીધેલાની હકીકત તેઓના કબૂલાત નિવેદનમાં જણાવેલી છે. જો કે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૧નાઓએ આ આરોપીનું કબૂલાત નિવેદન સોગંદ ઉપર લીધેલું છે જે ગેરકાયદેસર છે. આરોપી નં.૩૫ નુ કબૂલાત નિવેદન સોગંદ ઉપર લેવામાં આવેલુ છે જે ધ્યાને લેવામાં આવતુ નથી. પરંતુ આરોપી નં.૨ નુ કબૂલાત નિવેદન ધ્યાને લેતા તે હાલોલ–પાવાગઢ ખાતેના આતંકવાદી તાલીમ કેમ્પમાં હાજર રહેલાનું સ્પષ્ટ છે.

આંક–૭૨૪૫ વાળા તહોમતનામામાં જણાવ્યા મુજબ ઘણા બધા આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો એવા છે કે, તે બાબતે આ આરોપી નં.૭૮ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા કોઇ મૌખિક કે દસ્તાવેજી પ્રત્યક્ષ પુરાવો રજૂ થયેલો નથી. આ આરોપી નં.૭૮ જુદી–જુદી હોટલોમાં રોકાયો હોય, તે હોટલોના રજીસ્ટરોમાં ખોટા નામથી એન્ટ્રીઓ કરી હોય, ખોટા નામે સહીઓ કરેલી હોય તેમજ આ આરોપી નં.૭૮ નાઓએ ખોટા દસ્તાવેજ બનાવી તે દસ્તાવેજોનો સાચા તરીકે ઉપયોગ કર્યો હોય તેવા કોઇ પ્રત્યક્ષ પુરાવા આ આરોપી નં.૭૮ સામે નથી. પરંતુ આ અંગેના પ્રત્યક્ષ પુરાવા આરોપી નં.૧૪, ૩૭, ૪૩, ૪૫, ૪૬, ૬૯ અને ૭૦ વિરૂધ્ધ રજૂ થયેલા છે. જેથી કાવતરાના પેરામાં ચર્ચા કર્યા મુજબ તેમજ તે પેરામાં નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લીધેલા છે તે ચુકાદા મુજબ આરોપી નં.૭૮

નાઓ કોઈ હોટલમાં ખોટા નામે એન્ટ્રી કરી રોકાયેલા ન હોવા છતાં પણ અન્ય આરોપીઓ સાથે આરોપી નં.૭૮ ની સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે. આ ઉપરાંત આ આરોપી નં.૭૮ નાઓએ બનાવોમાં ઉપયોગમાં લીધેલ કોઇ વસ્તુ કે પુરાવાનો નાશ કર્યો હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો નથી. આ ઉપરાંત આ બનાવો બન્યા બાદ બનાવોમાં સંડોવાયેલા અન્ય કોઇ આરોપીને આશ્રય આપેલો હોય, તેઓને છુપાવેલા હોય તેવો પણ કોઇ પ્રત્યક્ષ પુરાવો આરોપી નં.૭૮ કે અન્ય આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ નથી. આ આરોપી નં.૭૮ સીમીના સભ્ય હોવાનો મૌખિક પુરાવો છે. આરોપી નં.૨ ના કબૂલાત નિવેદન મુજબ આ આરોપી નં.૭૮ સીમીનો સભ્ય છે. સીમી સંગઠન ઉપર ભારત સરકાર દ્વારા પ્રતિબંધ મુકવામાં આવેલો છે તે અંગેનું જાહેરનામું ભારત સરકારના રાજપત્રમાં પ્રસિધ્ધ પણ થયેલું છે માટે સીમી સંગઠનની જાહેરમાં કોઇ ઑફિસ ન હોય અને સીમી અંગેનો કોઇ દસ્તાવેજી પુરાવો ન હોય તે સ્વાભાવિક છે અને તેના કારણે તપાસ કરનાર અધિકારીઓ પૈકી કોઇપણ અધિકારીને સીમી બાબતે તપાસ દરમ્યાન કોઇ દસ્તાવેજી પુરાવો મળેલો નથી. સીમીની કાર્યવાહી પ્રતિબંધના કારણે ગુપ્તરીતે થતી હોય છે. સીમી સંગઠનનું કોઇ રેકર્ડ જાહેરમાં પ્રસિધ્ધ થયેલું નથી. સીમી સંગઠનમાં કોઇ આરોપી સભ્ય બનેલા હોય તો તે અંગેની કોઇ પાવતી કે દસ્તાવેજી પુરાવો ન હોય. આ આરોપી નં.૭૮ સીમી સંગઠનમાં સક્રિય છે તેવું આરોપી સામેના મૌખિક પુરાવાથી પુરવાર થાય છે. આ ઉપરાંત આરોપી નં.૬૮ નાઓએ આંક-૯૨૪૮થી "**કનેકશન ઓફ સીમી**" અંગે એક દસ્તાવેજ રજૂ કરેલો છે તે વંચાણે લેતા સીમી સંગઠન વિશે તથા તેના હોદ્દેદારો, સભ્યો અને પ્રાદેશિક સભ્યો, સીમી સંગઠનનો હેતુ બાબતે તમામ હકીકતો જણાવેલી છે. પરંતુ સંગઠનને કોઇ નાણાંકીય સહાય પુરી પાડી હોય અથવા નાણાંકીય સહાય પુરી પાડવા કોઇ અન્ય વ્યકિત પાસે મદદ માંગી હોય તેવો ફરિયાદપક્ષ તરફથી કોઇ પ્રત્યક્ષ પુરાવો રજૂ થયેલો નથી. આ આરોપી નં.૭૮ નાઓએ બનાવો બનતા પહેલા આતંકવાદી ઇ-મેઇલ કર્યા હોય તેવા કોઇ ઇ-મેઇલ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા નથી. આ આરોપી નં.૭૮ નાઓએ કોઇ

કમ્પ્યુટરમાંથી આતંકવાદી ઈ–મેઈલ કર્યા હોય અને ઈ–મેઈલ કર્યા પછી તે ઈ–મેઈલ કમ્પ્યુટરમાંથી ડિલીટ કર્યા હોય તેવો પણ કોઈ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આરોપી નં.૩૩ તથા ૩૪ નાઓએ ઈન્ડિયા ટીવીને આતંકવાદી ઈ–મેઈલ કરેલાનો આક્ષેપ છે પરંતુ રજૂ થયેલા ઈ–મેઈલ ધ્યાને લેતા તે આક્ષેપ પુરવાર થતા નથી. આ આરોપી પાસેથી પરવાના વિનાનો કોઈ દેશી તમંચો કે હથિયાર કબજે કરવામાં આવ્યુ હોય તેવો પણ કોઈ પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો નથી. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૧૫૩ આર.વી.અસારી, સાહેદ નં.૧૧૫૪ ઉષા રાડા, સાહેદ નં.૧૧૫૫ એન. બી.પરમાર તથા સાહેદ નં.૧૧૬૩ મયુર ચાવડાનાઓની જુબાનીઓ તથા આ આરોપી વિરૂધ્ધ સમગ્ર પુરાવા ધ્યાને લેતા અમદાવાદ શહેરમાં થયેલા સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવોના કાવતરામાં અને તેની સાથે સંલગ્ન સુરત શહેરના બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં આ આરોપી નં.૭૮ ની શરૂઆતથી લઈને બનાવોના અંત સુધી સક્રિય ભૂમિકા રહેલી છે આ આરોપી નં.૭૮ સામે આંક–૭૨૪૫ મુજબના તહોમતનામામાં જે આક્ષેપો ફરમાવવામાં આવેલા છે તે આક્ષેપો પૈકી ઘણા આક્ષેપો પુરવાર થાય છે તેમ હું માનું છું. ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા ધ્યાને લેતાં આ બનાવોમાં આરોપી નં.૭૮ ની ભૂમિકા બાબતે તેની વિરૂધ્ધના પુરાવાનું મૂલ્યાંકન કરતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપી નં.૭૮ વિરૂધ્ધ મુદ્દા નં.૧ થી ૧૩, ૧૬ થી ૧૯, ૨૧ થી ૨૪, ૨૬ થી ૩૨ પુરવાર કરે છે. જયારે મુદ્દા નં. ૧૪,૧૫, ૨૦,૨૫, ૩૩ થી ૩૫ પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે તેમ હું ઠરાવુ છું.

(૯૦) તમામ પુરાવાઓનો સારાંશ તથા હુકમ...

આ કામમાં ઉપર મુજબની જુદી–જુદી પેરા દીઠ પુરાવાનું મૂલ્યાંકન તથા ચર્ચા ધ્યાને લેતા આ અદાલત દ્વારા ફરમાવવામાં આવેલ તહોમતનામાનું વિશ્લેષણ આ ચુકાદાના પેરા–૭૧ મા તેમજ બનાવોમાં મરણ જનાર તથા ઈજા પામનાર સાહેદોની યાદી ચુકાદાના પેરા–૭૩ મા તેમજ દરેક આરોપીદીઠ

ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવાનું વિશ્લેષણ પેરા–૭૪ મા તેમજ ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા અગત્યના સાહેદોના પુરાવાનું વિશ્લેષણ પેરા–૭૫ મા તેમજ એપ્રુવરના પુરાવાનું વિશ્લેષણ પેરા–૭૬ મા તેમજ આરોપી નં.૨, ૨૧, ૨૪, ૩૫ અને ૭૬ ના કબૂલાત નિવેદનોનું વિશ્લેષણ પેરા–૭૭ મા તેમજ ઓળખ પરેડ અંગેના પુરાવાનું વિશ્લેષણ પેરા–૭૮ મા તેમજ વાઘમોન તથા હાલોલ–પાવાગઢમાં થયેલા આતંકવાદી તાલીમ કેમ્પના પુરાવાનું વિશ્લેષણ પેરા–૭૯ મા તેમજ બનાવોમાં જાહેર તથા ખાનગી મિલકતો અને વાહનોને થયેલ નુકસાન અંગેના પુરાવાનું વિશ્લેષણ પેરા–૮૦ મા તેમજ પુરાવાના કાયદાની કલમ–૨૭ ના પંચનામાઓનું વિશ્લેષણ પેરા–૮૧ મા તેમજ સીમી અને જેહાદ વિશેની ચર્ચા પેરા નં.૮૨ મા તેમજ જુદી–જુદી કાયદા હેઠળ ઈન્સાફી કાર્યવાહી ચલાવવા માટેની મંજૂરી મેળવવા માટેની દરખાસ્તો તથા મંજૂરીઓના પુરાવાનું વિશ્લેષણ પેરા–૮૩ મા તેમજ ફેર ટ્રાયલ અંગેની ચર્ચા પેરા–૮૪ મા તેમજ તપાસ કરનાર અધિકારીઓના પુરાવાની ચર્ચા પેરા નં.૮૫ મા તેમજ પોલીસ તપાસ અંગેની ચર્ચા પેરા–૮૬ મા તેમજ ફરિયાદપક્ષના મહત્વના પુરાવા બાબતેની ચર્ચા પેરા–૮૭ મા તેમજ કાવતરૂ, સામાન્ય ઈરાદો અને મદદગારી અંગેની ચર્ચા પેરા–૮૮ મા તેમજ આ બનાવોમાં દરેક આરોપીએ વ્યકિતગત રીતે શું ભૂમિકા ભજવેલી છે તે અંગે આરોપીદીઠ ભૂમિકાની ચર્ચા પેરા નં.૮૯ મા કરેલ છે.

ફરિયાદપક્ષ દ્વારા આ કેસમાં રજૂ થયેલા મૌખિક અને દસ્તાવેજી તમામ પુરાવાઓની ઉપરોકત પેરાઓમાં દરેક મુદ્દા દીઠ વિગતવાર મૂલ્યાંકન કરીને ચર્ચા કરેલી છે. સાથે સાથે બંને પક્ષો દ્વારા રજૂ થયેલ મૌખિક અને લેખિત દલીલો પણ ધ્યાને લીધેલી છે તેમજ બંને પક્ષો દ્વારા રજૂ થયેલા તેમજ આ અદાલતના ધ્યાનમાં છે તેવા નામદાર સુપ્રિમ કોર્ટ, નામદાર ગુજરાત હાઈકોર્ટ અને નામદાર જુદી–જુદી હાઈકોર્ટના જુદા–જુદા મુદ્દાઓ ઉપર આવેલ ચુકાદાઓ પણ ધ્યાને લીધેલા છે. આ કેસ સંપૂર્ણપણે કાવતરાનો કેસ છે. કાવતરામાં સામેલ થયેલ તમામ આરોપીઓએ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે એકબીજાને મદદગારી કરેલી છે. આરોપીઓની એકબીજાની મદદગારીથી જ

અમદાવાદ શહેરમાં કુલ–૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવાના ઈરાદાથી બોમ્બ મુકેલા હતા, આ ૨૪ જગ્યાઓ પૈકી બે જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ થયેલા નહીં અને ત્યાંથી જીવંત બોમ્બ મળી આવેલા, જે બંને બોમ્બ ડીફ્યુઝ કરવામાં આવેલા, જયારે ૨૨ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ થયેલા અને આ બોમ્બ બ્લાસ્ટમાં કુલ–૫૬ વ્યકિતઓ મરણ ગયેલ અને કુલ–૨૪૦ ઉપરાંત વ્યકિતઓને સામાન્યથી લઈ ગંભીર ઈજાઓ પહોંચેલી છે. સરકારી તેમજ ખાનગી મિલકતોને અને વાહનોને નુકસાન થયેલુ છે. બળદ, ગાય, કુતરા જેવા અબોલ પ્રાણીઓ મરણ ગયેલા છે. સુરત શહેરમાં બોમ્બ બ્લાસ્ટ કરવાના ઈરાદાથી કુલ–૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ મુકવામાં આવેલા પરંતુ સદનસીબે એકપણ જગ્યા ઉપર કોઈક યાંત્રિક ખામીને કારણે બોમ્બ બ્લાસ્ટ થયેલા નહીં દરેક જગ્યાઓ ઉપરથી જીવંત બોમ્બ મળી આવેલા જે ડીફ્યુઝ કરવામાં આવેલા છે. જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ બનાવો બન્યા બાદથી લઈને ૨૦૧૭ સુધી કુલ–૮૦ આરોપીઓને અટક કરેલા છે. તે પૈકી બે આરોપીઓ મરણ ગયેલા છે. જેથી કુલ–૭૮ આરોપીઓ વિરૂધ્ધ ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવેલી છે. જયારે બાકીના અન્ય આરોપીઓ હજી નાસતા–ભાગતા છે તેવી ફરિયાદપક્ષની હકીકત છે. અટક કરવામાં આવેલા તમામ ૮૦ (હવે ૭૮) આરોપીઓ ભારત દેશના જુદા–જુદા રાજયોના રહેવાસીઓ છે. ભારત સરકાર દ્વારા સ્ટુડન્ટ ઈસ્લામિક મુવમેન્ટ ઓફ ઈન્ડિયા (સીમી)ને ૨૦૦૧ ની સાલથી આતંકવાદી સંગઠન જાહેર કરી તેની કામગીરી ઉપર પ્રતિબંધ મુકેલો છે. સને–૨૦૦૨ ની સાલમાં ગુજરાત રાજયમાં ગોધરા ખાતે સાબરમતી એકસપ્રેસ ટ્રેનનો ડબ્બો સળગાવવામાં આવેલો ત્યારબાદ ગુજરાતમાં કોમી તોફાનો થયેલા જેમાં મુસ્લિમ લોકોના જાનમાલને નુકસાન થયેલુ હતુ. આ કામના આરોપીઓ પૈકી ઘણા આરોપીઓએ મુસ્લિમ લોકોના જાનમાલને થયેલુ તે નુકસાનનો બદલો લેવાનો વિચાર આવેલો અને તેને અમલમાં મુકવાની શરૂઆત કરેલી, તેના અનુસંધાને સીમીની પ્રવૃત્તિઓ કાર્યરત કરેલી છે. સને–૨૦૦૨ થી લઈને ૨૦૦૮ ના સમય સુધી સીમીની પ્રવૃત્તિઓ જુદી–જુદી જગ્યાઓ ઉપર થયેલી છે. સીમીમાં કાર્ય

કરતા આરોપીઓ ભેગા થઈને જુદી–જુદી જગ્યાઓ ઉપર એટલે કે અમદાવાદ, વડોદરા, સુરત ખાતે સતત મીટીંગો કરવામાં આવેલી છે. મીટીંગોમાં ભાગ લેવા માટે બીજા ઘણા આરોપીઓને લાવવામાં આવેલા છે. ડિસેમ્બર–૨૦૦૭ મા વાઘમોન ખાતે આતંકવાદી તાલીમ કેમ્પ રાખવામાં આવેલો અને તે તાલીમ કેમ્પમાં સીમીના સભ્યો એટલે કે આ કેસના આરોપીઓ પૈકી કેટલાક આરોપીઓએ બીજા લોકોને સામેલ કરેલા છે. ડમી નામો ધારણ કરીને જુદી–જુદી આતંકવાદી તાલીમો આપી છે અને લીધેલી છે અને જેહાદી ભાષણો કરેલા છે. તે જ રીતે જાન્યુઆરી–૨૦૦૮ મા પણ હાલોલ–પાવાગઢ ખાતે જંગલોમાં આતંકવાદી તાલીમ કેમ્પ રાખવામાં આવેલો તે તાલીમ કેમ્પમાં પણ સીમીના સક્રિય સભ્યોએ બીજા કેટલાક આરોપીઓને સામેલ કરેલા છે અને દરેક આરોપીઓને ડમી નામો ધારણ કરી જુદી–જુદી આતંકવાદી તાલીમો આપેલી છે અને લીધેલી છે તેમજ જેહાદી ભાષણો કરેલા છે.

આ કામમાં કુલ–૮૦ આરોપીઓની અટક કરવામાં આવેલી હતી પરંતુ બે આરોપીઓ મરણ ગયેલ છે જેથી કુલ–૭૮ આરોપીઓ વિરૂધ્ધ ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવેલી છે. આરોપીઓ પૈકી આરોપી નં.૨૩ નાઓએ ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન આ અદાલતને એપ્રુવર થવા માટે અરજી આપેલ હતી અને તેઓની અરજી બાબતે ફરિયાદપક્ષને સાંભળ્યા બાદ કેટલીક શરતોને આધીન આરોપી નં.૨૩ ની એપ્રુવર થવા માટેની અરજી મંજૂર કરવામાં આવેલી હતી અને આરોપીને શરતી માફી આપવામાં આવેલી. આરોપી નં.૨૩ ને ફરિયાદપક્ષ દ્વારા સાહેદ તરીકે તપાસવામાં આવેલ છે. આરોપીએ માફીની શરતોનુ પાલન કરેલુ છે જેથી આ આરોપી નં.૨૩ એૈયાજ રજાકમીયા સૈયદનાઓની માફી સંપૂર્ણ બનેલી છે.

ફરિયાદપક્ષ દ્વારા દરેક આરોપી વિરૂધ્ધ સબળ અને સમર્થ પુરાવા રજૂ કરવાનો પ્રયત્ન કરવામાં આવેલો છે પરંતુ જે પુરાવો રેકર્ડ ઉપર રજૂ થયેલો છે તે પુરાવામાં આરોપી નં.૪૧, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૮, ૬૧, ૬૨, ૬૭, ૬૮, ૭૧ અને ૭૭ નાઓ વિરૂધ્ધ જે પુરાવો રજૂ કરવામાં આવેલો છે તે પુરાવો તપાસ

કરનાર અધિકારીઓએ જુદા–જુદા કાયદા હેઠળ ઈન્સાફી કાર્યવાહી ચલાવવા માટે જુદા–જુદા સક્ષમ અધિકારીઓ પાસેથી મંજૂરીઓ મેળવવા માટે દરખાસ્તો કરેલી તે તથા જુદા–જુદા સક્ષમ અધિકારીઓ પાસેથી જુદા–જુદા કાયદાઓ હેઠળ આપવામાં આવેલી મંજૂરીઓ બાબતે રજૂ થયેલા છે. આ મંજૂરીઓ કયા પુરાવાને આધીન આપવામાં આવેલી છે તેવા કોઈ પુરાવા ફરિયાદપક્ષ દ્વારા આ આરોપીઓ વિરૂધ્ધ રજૂ કરવામાં આવેલા નથી. આ આરોપીઓની આ બનાવોમાં સંડોવણી છે તે અંગેનો કોઈ લેશમાત્ર પુરાવો રજૂ થયેલો નથી.

ફરિયાદપક્ષ દ્વારા દરેક આરોપી વિરૂધ્ધ સબળ અને સમર્થન પુરાવા રજૂ કરવાનો પ્રયત્ન કરવામાં આવેલો છે પરંતુ જે પુરાવો રેકર્ડ ઉપર રજૂ થયેલો છે તે પુરાવામાં આરોપી નં.૧૭, ૧૯, ૨૪, ૨૫, ૨૯, ૩૩, ૩૪, ૪૮, ૫૧, ૫૨, ૫૭, ૬૪, ૬૫, ૭૨, ૭૩ અને ૭૬ નાઓ વિરૂધ્ધ જે પુરાવો રજૂ કરવામાં આવેલો છે તે પુરાવો તપાસ કરનાર અધિકારીઓએ જુદા–જુદા કાયદા હેઠળ ઈન્સાફી કાર્યવાહી ચલાવવા માટે જુદા–જુદા સક્ષમ અધિકારીઓ પાસેથી મંજૂરીઓ મેળવવા માટે દરખાસ્તો કરેલી તે તથા જુદા–જુદા સક્ષમ અધિકારીઓ પાસેથી જુદા–જુદા કાયદાઓ હેઠળ આપવામાં આવેલી મંજૂરીઓ રજૂ થયેલી છે. આ ઉપરાંત આ આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદપક્ષ દ્વારા તેઓની સંડોવણી અંગે જે પુરાવો રજુ થયો છે તે પુરતો પુરાવો નથી તેમ હું માનુ છું. ફરિયાદપક્ષ દ્વારા આ આરોપીઓ વિરૂધ્ધ રજૂ થયેલો પુરાવો શંકારહિત પુરવાર થતો નથી. આ પુરાવા ઉપરથી આ આરોપીઓની આ બનાવોમાં સંડોવણી છે તે ચોકકસપણે કહી શકાય નહીં. જે પુરાવો રજૂ થયો છે તે પુરાવાના આધારે આ આરોપીઓની સંડોવણી હોય પણ શકે અને ન પણ હોય શકે. જેથી આ પુરાવો ધ્યાને લેતા આરોપીઓની સંડોવણી અંગે બે મત હોવાનું માલુમ પડે છે અને જયારે બે મત રેકર્ડ ઉપરના પુરાવા ઉપરથી માલુમ પડે ત્યારે આરોપીઓની તરફેણનો મત લેવો જોઈએ. આ સંબંધમાં નીચે મુજબના ચુકાદા ધ્યાને લીધેલા છે.

અ.નં.	**ચુકાદો**	**ચુકાદામાં નિર્ણીત થયેલ મુદ્દાઓ પૈકી આરોપી વિરૂધ્ધ રજૂ થયેલ પુરાવામાં બે**

		મત હોય ત્યારે નિર્ણીત થયેલ મુદ્દો
૧	– શરદ બીરદી ચંદ શાહ વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર એ.આઈ.આર.–૧૯૮૪ સુપ્રિમ કોર્ટ પાન નં.૧૬૬૨ – ચંદ્રપ્પા વિરૂધ્ધ સ્ટેટ ઓફ કર્ણાટક ક્રિમીનલ અપીલ નં.૮૫૩/૨૦૦૬ તા.૧૫.૨.૨૦૦૭ સુપ્રિમ કોર્ટ	ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલો પુરાવો જોતા જયારે અદાલતને એમ લાગે કે આરોપી ગુનામાં સંડોવાયેલો છે અથવા સંડોવાયેલો નથી તે મુજબ બે તરફનો મત હોય ત્યારે સામાન્ય રીતે સ્થાપિત થયેલા સિધ્ધાંતો મુજબ આરોપીની તરફેણમાં મત લેવો જોઈએ તેમ આ ચુકાદાઓમાં ઠરાવેલુ છે.

ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ તમામ પુરાવો ધ્યાને લેતા તથા પુરાવા દરમ્યાનના સંજોગો ઉપરથી ચોકકસપણે કહી શકાય તેમ છે કે આરોપી નં.૧ થી ૧૬, ૧૮, ૨૭, ૨૮, ૩૧, ૩૨, ૩૬,૩૭, ૩૮, ૪૫, ૬૦, ૬૩, ૬૯, ૭૦, ૭૫, ૭૮ નાઓ "સીમી" ના સક્રિય કાર્યકરો છે અને આ આરોપીઓએ જુદી–જુદી જગ્યાઓ ઉપર મીટીંગો કરેલી છે, જેહાદી ભાષણો કરેલા છે, મીટીંગોમાં અન્ય આરોપીઓને સામેલ કરેલા છે, હિન્દુ વસ્તી વધારે હોય ત્યાં બોમ્બ બ્લાસ્ટ કરવા, ગોધરા કાંડનો બદલો લેવો, મુસ્લિમ વિરોધી સરકાર વિરૂધ્ધ જેહાદ કરવી તેવા પણ ભાષણો કરેલા છે. આ આરોપીઓએ ભેગા મળી અન્ય આરોપીઓને સામેલ કરી અમદાવાદમાં જુદી–જુદી જગ્યાઓ ઉપર, ભરૂચ ખાતે જુદી–જુદી જગ્યાઓ ઉપર, સુરત ખાતે જુદી–જુદી જગ્યાઓ ઉપર મકાનો ભાડે રાખેલા છે. ભાડે રાખેલા મકાનોમાં બોમ્બ બનાવેલા છે, બોમ્બ બનાવવા માટેની સામગ્રીઓ

જુદી–જુદી જગ્યાઓ ઉપરથી ખરીદેલી છે. આરોપી નં.૩૯, ૪૦, ૪૨, ૪૪, ૪૭, ૪૯, ૫૦નાઓએ સીમીના ઉપરોકત સક્રિય કાર્યકરોને બોમ્બ બનાવવામાં અને બોમ્બવાળી સાઇકલો જુદી–જુદી જગ્યાઓ ઉપર મુકવામાં મદદ કરેલી છે. આ આરોપીઓ પૈકી કેટલાક આરોપીઓએ અમદાવાદ, ભરૂચ, પુના, વાપી, હૈદરાબાદ વિગેરે શહેરોની જુદી–જુદી જગ્યાઓ ઉપર જુદી–જુદી હોટલોમાં ખોટા નામે એન્ટ્રીઓ કરીને રોકાયેલા છે. મુંબઈ ખાતેથી ફોર વ્હિલર ગાડીઓની ચોરી કરી લઈ આવવામાં આવેલી છે તથા સાઇકલો તથા ગેસના બોટલો ખરીદેલા છે. જે જગ્યા ઉપર બોમ્બ મુકવાના હતે તે જગ્યાઓની રેકી કરેલી છે અને તે જ પ્રમાણે બોમ્બ મુકવામાં આવેલા છે. આરોપીઓએ ગેરકાયદેસર અને પ્રતિબંધિત સંગઠન સીમીની પ્રવૃત્તિઓ આગળ ધપાવેલી છે. સીમી અંગેની વિસ્તૃત ચર્ચા "સીમી તથા જેહાદ બાબતે"ના શીર્ષક હેઠળના પેરામાં કરેલી છે. અમદાવાદ ખાતે કુલ–૨૪ જગ્યાઓ ઉપર અને સુરત ખાતે કુલ–૨૯ જગ્યાઓ ઉપર બોમ્બ મુકવા તે એક–બે વ્યકિત દ્વારા શકય નથી. બે–પાંચ કે દસ દિવસના કાવતરામાં આયોજન કરી કુલ–૫૩ બોમ્બ બનાવવા અને જુદી–જુદી જગ્યાઓ ઉપર મુકવા તે પણ બે–પાંચ વ્યકિતઓથી શકય બને નહીં. બનાવોની સંખ્યા તથા તીવ્રતા તેમજ એક સાથે ઘણી બધી જગ્યાઓ ઉપર બોમ્બ મુકવાની કામગીરી તથા બોમ્બ મુકવાની હકીકતથી કોઈ પણ સામાન્ય વ્યકિત પણ કહી શકે કે આ બનાવો પૂર્વઆયોજીત કાવતરાના ભાગરૂપે બનેલા છે. જુદા–જુદા તપાસ કરનાર અધિકારીઓએ શકય તેટલી મહેનત કરીને ફરજના ભાગરૂપે પુરાવા એકત્રિત કરીને અદાલત સમક્ષ મુકેલા છે. આ ચુકાદામાં "પોલીસ તપાસ" અને "ફેર ટ્રાયલ" ના પેરામાં ચર્ચા કર્યા પ્રમાણે આ આરોપીઓ સામાન્ય આરોપીઓ નથી. એકાદ ગુનો ભુલથી કરેલો હોય કે એકાદ ગુનાનુ કાવતરૂ કરેલુ હોય તેવા આરોપીઓ નથી પરંતુ સમગ્ર પુરાવો ધ્યાને લેતા આ આરોપીઓએ લાંબા સમયથી આયોજન કરતા આવેલા છે અને આયોજન કરેલુ છે તે સહેલાઈથી કોઈ પણ વ્યકિત કહી શકે તેમ છે. ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન છેલ્લા પાંચ વર્ષથી આ અદાલતના ધ્યાનમાં છે કે આરોપીઓ દરેક બાબતે ખૂબ જ કુશળ છે, ભણેલા છે,

ડૉકટરો પણ છે, પ્રોફેસરો છે, કમ્પ્યુટરના એક્ષપર્ટ છે અને જુદા–જુદા રાજયોમાં પણ ગુના કરેલા છે, તે રાજયોમાં પણ કેસો ચાલે છે. જેથી આ આરોપીઓ એવા પ્રકારના છે કે તેઓની પાસેથી ગુનાના મૂળ સુધી પહોંચવા માટે માહિતી કઢાવવી ઘણી મુશ્કેલી ભરી બાબત છે. તેમ છતાં તપાસ કરનાર અધિકારીઓએ આ આરોપીઓ વિરૂધ્ધ ઘણા બધા પુરાવા એકત્રિત કરેલા છે. આ આરોપીઓ એવા પ્રકારના છે કે ગુનાને અંજામ આપતા પહેલા આ ગુનામાંથી કઈ રીતે છટકી જવાશે, પોલીસ તપાસ દરમ્યાન કેવી માહિતી આપવી અને કેવી માહિતી ન આપવી, ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન પૂર્વગ્રહ થયો છે તેવો બચાવે કેવી રીતે ઉભો કરવો, જુબાની દરમ્યાન સાહેદો ઓળખી બતાવે નહીં તે માટે શું કરવુ વિગેરેનું અગાઉથી આયોજન કર્યા બાદ ગુનાને અંજામ આપે તે પ્રકારના આરોપીઓ છે. જેથી આવા આરોપીઓ પાસેથી ગુનાને લગતી અને ગુનાના મૂળ સુધી પહોંચી શકાય તેવી માહિતી હરગિજ મળે નહીં. તપાસ કરનાર અધિકારીઓ દ્વારા જે પુરાવો એકત્રિત કરવામાં આવેલો છે તે પુરાવો તથા સાથેના અને આજુબાજુના સંજોગો ઉપરથી જ નકકી કરવાનું છે. આ અંગે નામદાર સુપ્રિમ કોર્ટના ઘણા બધા ચુકાદા ઉપલબ્ધ છે.

ફરિયાદપક્ષના રજૂ થયેલ તમામ પુરાવા ધ્યાને લેતા આ આરોપીઓ પૈકી આરોપી નં.૨૦, ૨૧, ૨૨, ૨૬, ૩૫, ૫૯, ૬૬, ૭૪ વાળા આરોપીઓ હાલોલ–પાવાગઢ ખાતેના જંગલમાં આતંકવાદી કેમ્પ રાખવામાં આવેલો તેમાં હાજર રહેલા છે અને જુદી–જુદી આતંકવાદી તાલીમો મેળવેલી છે. આ તાલીમો મેળવીને બાકીના આરોપીઓને મદદ કરીને સહાય કરેલી છે તેમજ સીમીની પ્રવૃત્તિ આગળ ધપાવવામાં ભારત સરકાર તેમજ રાજય સરકાર વિરૂધ્ધ બદલો લેવા તેમજ ભારતના બંધારણમાં જણાવેલી પ્રક્રિયાથી ચુંટાયેલી સરકારને અસ્થિર કરવા માટેની પ્રવૃત્તિમાં પ્રોત્સાહન આપીને મદદ કરેલી છે. કેમ્પમા હાજર રહયા સિવાય આ આરોપીઓ વિરૂધ્ધ બીજો કોઈ પ્રત્યક્ષ પુરાવો નથી પરંતુ હાલોલ–પાવાગઢ ખાતેના જંગલોમાં આતંકવાદી તાલીમ કેમ્પોમાં હાજર થઈ આ આરોપીઓ કાવતરામાં સામેલ રહેલા છે. જેથી કાવતરાના પેરામાં ધ્યાને લીધેલ

ચુકાદાઓ મુજબ આ આરોપીની પણ અન્ય આરોપીઓ સાથે સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે અને અન્ય આરોપીઓની જેમ જ આ આરોપીઓ પણ આ ગુનાઓ માટે જવાબદાર છે તેમ હું માનુ છું.

આરોપી નં.૩૦નાઓએ મુંબઈ ખાતે અબ્દુલ રહેમાન સ્ટ્રીટમાંથી ટાઈમર ઘડિયાળો ખરીદેલી અને અન્ય આરોપીઓને પુરી પાડેલી છે. અન્ય આરોપીઓએ આ ઘડિયાળોનો ઉપયોગ ટાઈમર ગોઠવીને બોમ્બ બનાવવામાં કરેલો છે. આ આરોપીએ અન્ય સહઆરોપીઓ કે જેઓ સીમીના સભ્યો છે તેવા આરોપીઓને મદદ કરીને સહાય કરેલી છે તેમજ સીમીની ગેરકાયદેસરની પ્રવૃત્તિઓ આગળ ધપાવવામાં તેમજ રાજય સરકાર તેમજ ભારત સરકાર વિરૂધ્ધ બદલો તેમજ ભારતના બંધારણની પ્રક્રિયાથી ચુંટાયેલી સરકારને અસ્થિર કરવા માટે પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપીને મદદ કરેલી છે. જેથી આ આરોપી પણ અન્ય આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થયેલો છે. જેથી કાવતરાના પેરામાં ધ્યાને લીધેલ ચુકાદાઓ મુજબ આ આરોપીની પણ સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે અને અન્ય આરોપીઓની જેમ જ આ આરોપી પણ આ ગુનાઓ માટે જવાબદાર છે.

આરોપી નં.૩૯, ૪૦, ૪૨, ૫૦ નાઓએ અલમહમદી સોસાયટી મકાન નં.૧૦ ઉપરથી સાઇકલ સાથેના બોમ્બ મેળવીને મણીનગર ખાતે જુદી–જુદી જગ્યાઓ ઉપર તેમજ નારોલ સર્કલ ખાતે મિત્તલ ચેમ્બર પાસે તે બોમ્બવાળી સાઇકલો મુકેલી છે અને સીમીની ગેરકાયદેસર પ્રવૃત્તિના કાવતરામાં સામેલ થઈ અન્ય આરોપીઓને મદદ કરેલી છે. આ આરોપીઓએ અન્ય સહાઆરોપીઓ કે જેઓ સીમીના સભ્યો છે તેવા આરોપીઓને મદદ કરીને સહાય કરેલી છે તેમજ સીમીની ગેરકાયદેસરની પ્રવૃત્તિઓ આગળ ધપાવવામાં તેમજ રાજય સરકાર તેમજ ભારત સરકાર વિરૂધ્ધ બદલો તેમજ ભારતના બંધારણની પ્રક્રિયાથી ચુંટાયેલી સરકારને અસ્થિર કરવા માટે પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપીને મદદ કરેલી છે. જેથી આ આરોપીઓ પણ અન્ય આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થયેલા છે. જેથી કાવતરાના પેરામાં ધ્યાને લીધેલ ચુકાદાઓ મુજબ આ

આરોપીઓની પણ સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે અને અન્ય આરોપીઓની જેમ જ આ આરોપીઓ પણ આ ગુનાઓ માટે જવાબદાર છે.

આરોપી નં.૪૩, ૪૪, ૪૬, ૪૭ નાઓ સુરત શહેરમાં તેમજ ભરૂચ ખાતે જુદા-જુદા મકાનોમાં રહેલા છે અને જુદી-જુદી સામગ્રીઓ ખરીદી બોમ્બ બનાવેલા છે અને તે બોમ્બનો ઉપયોગ સુરત શહેરમાં જુદી-જુદી જગ્યાઓ ઉપર મુકવા માટે કરેલો છે. આરોપી નં.૪૪, ૪૭નાઓએ ડી/૩૪, રીવર વ્યુ સોસાયટી, સુરત ખાતે રહેલા છે, બોમ્બ બનાવવામાં મદદો કરેલી છે અને તે પૈકી આરોપી નં.૪૭ લકઝરી બસ દ્વારા અમદાવાદ આવીને દાણીલીમડા ખાતે આવેલી અલમહમદી સોસાયટી, મકાન નં.૧૦ ઉપર જઈને પણ અન્ય આરોપીઓને બોમ્બ બનાવવામાં મદદો કરેલી છે. આ આરોપીઓએ અન્ય સહઆરોપીઓ કે જેઓ સીમીના સભ્યો છે તેવા આરોપીઓને મદદ કરીને સહાય કરેલી છે તેમજ સીમીની ગેરકાયદેસરની પ્રવૃત્તિઓ આગળ ધપાવવામાં તેમજ રાજય સરકાર તેમજ ભારત સરકાર વિરૂધ્ધ બદલો તેમજ ભારતના બંધારણની પ્રક્રિયાથી ચુંટાયેલી સરકારને અસ્થિર કરવા માટે પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપીને મદદ કરેલી છે. જેથી આ આરોપીઓ પણ અન્ય આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થયેલા છે. જેથી કાવતરાના પેરામાં ધ્યાને લીધેલ ચુકાદાઓ મુજબ આ આરોપીઓની પણ સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે અને અન્ય આરોપીઓની જેમ જ આ આરોપીઓ પણ આ ગુનાઓ માટે જવાબદાર છે.

આરોપી નં.૪૯ નાઓએ પણ તપાસ કરનાર અધિકારી સમક્ષ પંચોની હાજરીમાં બોમ્બમાં ફીટ કરવામાં આવેલ ટાઈમર ચીપ કેવી રીતે ફીટ થાય છે અને કેવી રીતે તે કાર્યરત થાય તે અંગેની માહિતી જાહેર કરેલી છે. આ આરોપીએ બોમ્બ બનાવવા માટે ટાઈમર ચીપ બનાવેલી ન હોય તો આ બોમ્બ બન્યા ન હોત તેમજ અન્ય સહઆરોપીઓ કે જેઓ સીમીના સભ્યો છે તેવા આરોપીઓને મદદ કરીને સહાય કરેલી છે તેમજ સીમીની ગેરકાયદેસરની પ્રવૃત્તિઓ આગળ ધપાવવામાં તેમજ રાજય સરકાર તેમજ ભારત સરકાર વિરૂધ્ધ બદલો તેમજ ભારતના બંધારણની પ્રક્રિયાથી ચુંટાયેલી સરકારને અસ્થિર કરવા

માટે પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપીને મદદ કરેલી છે. જેથી આ આરોપી પણ અન્ય આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થયેલો છે. જેથી કાવતરાના પેરામાં ધ્યાને લીધેલ ચુકાદાઓ મુજબ આ આરોપીની પણ સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે અને અન્ય આરોપીઓની જેમ જ આ આરોપી પણ આ ગુનાઓ માટે જવાબદાર છે.

સમગ્ર ચુકાદામાં ચર્ચા કર્યા પ્રમાણે આરોપી નં.૧ થી ૧૬, ૧૮, ૨૭, ૨૮, ૩૧, ૩૨, ૩૬, ૩૭, ૩૮, ૪૫, ૬૦, ૬૩, ૬૯, ૭૦, ૭૫, ૭૮ નાઓ સીમીના સક્રિય કાર્યકરો છે અને મુખ્ય કાવતરૂ કરનાર આરોપીઓ છે. અમદાવાદ તથા સુરત શહેરમાં બોમ્બ બ્લાસ્ટ કરવાનો વિચાર આ આરોપીઓને આવેલો હોવાનું સમગ્ર પુરાવો ધ્યાને લેતા સ્પષ્ટ જણાય આવે છે તેમ હું માનુ છું. જયારે આરોપી નં.૩૯, ૪૦, ૪૨, ૪૪, ૪૭, ૪૯, ૫૦નાઓએ ઉપરોકત સીમીના સક્રિય કાર્યકરોને પ્રત્યક્ષ મદદ કરેલી છે. જયારે આરોપી નં.૨૦, ૨૧, ૨૨, ૨૬, ૩૦, ૩૫, ૪૩, ૪૬, ૫૯, ૬૬, ૭૪ નાઓ સહકાવતરૂ કરનારાઓ છે. આ આરોપીઓ પાછળથી કાવતરામાં સામેલ થયેલા છે તે પૈકી આરોપી નં.૩૦નાઓ મુંબઈ મુકામેથી ઘડીયાળ ખરીદ કરીને લાવેલા હતા અને સુરતમાં સ્ફોટક પદાર્થ ભરેલી ગાડી પાર્ક કરેલી. આરોપી નં.૪૩ તથા ૪૬ નાઓ સુરત મુકામે મકાન ભાડે રાખી મર્યાદિત કામગીરી કરેલી છે. આ આરોપીઓ કાવતરામાં સામેલ થયેલા છે અને પોતાને સોંપેલી કામગીરી પૂર્ણ કરી જતા રહેલા છે. જયારે આ આરોપીઓ પૈકી અમુક આરોપીઓ ફકત વાઘમોન તથા હાલોલ–પાવાગઢના આતંકવાદી તાલીમ કેમ્પોમાં હાજર રહેલા છે અને ત્યારબાદ જતા રહેલા છે. જેથી તેવા આરોપીઓએ મર્યાદિત કામગીરી કરેલી હોવા છતાં આ આરોપીઓની મુખ્ય કાવતરૂ કરનાર આરોપીઓ સાથે સામૂહિક જવાબદારી ઉત્પન્ન થાય છે . આ સંબંધમાં આ અદાલતના ધ્યાનમાં છે તેવો નામદાર સુપ્રિમ કોર્ટનો ચુકાદો ધ્યાને લીધેલ છે.

અ.નં.	**ચુકાદો**	**ચુકાદામાં નિર્ણીત થયેલ મુદ્દાઓ પૈકી સામૂહિક જવાબદારી અંગે નિર્ણીત થયેલ**

		મુદ્દો
૧	પંજાબ રાજય વિરૂધ્ધ સુરજીત સીંઘ એ.આઈ.આર.–૧૯૮૭ સુપ્રિમ કોર્ટ પાન નં.૧૦૪૫	આ ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૪ ની છણાવટ કરેલી છે. ખુનના કિસ્સામાં બંને આરોપીઓ સામે પુરતો પુરાવો હતો, એક આરોપીને કલમ–૩૦૨ તથા બીજા આરોપીને કલમ–૩૦૨ સાથે વાંચતા કલમ–૩૪ મુજબ સજા કરવામાં આવી હતી. ઉચ્ચ અદાલત દ્વારા ઠરાવવામાં આવેલુ હતુ કે કલમ–૩૦૨ તથા કલમ–૩૦૨ સાથે વાંચતા કલમ–૩૪ ના ગુનામાં બંને સંજોગોમાં ગુનાહિત જવાબદારી અલગ રહે તથા ગુનાના તત્વોની માત્રામાં તફાવત પડે. નામદાર સુપ્રિમ કોર્ટે આ ચર્ચા માન્ય રાખેલી ન હતી અને ઠરાવેલુ કે પરોક્ષ જવાબદારી સરખી જ થાય. તેમજ નિરીક્ષણ કરેલુ કે આરોપી નં.૧ નાએ જીવલેણ ઘા કરેલો અને આરોપી નં.૨ નાએ કોઈ ઘા કરેલો ન હતો છતાં પણ બંનેનો સામાન્ય ઈરાદો મરનારનું મૃત્યુ નિપજાવવાનો હતો તેથી તે બંનેની જવાબદારી સરખી થાય. વધુમાં એમ પણ ઠરાવેલુ છે કે આવા કિસ્સામાં કૃત્યમાં લીધેલો ભાગ નહીં પરંતુ ગુનાહિત ઈરાદાના કારણે ગુનાહિત જવાબદારી ઉત્પન્ન થાય છે. આ કેસમાં ઉપરોકત આરોપીઓ

		કે જે મુખ્ય કાવતરૂ કરનારાઓ હતા તેમની સાથે સહકાવતરૂ કરનારાઓ સામેલ હતા અને બધાએ ભેગા મળીને બનાવોને અંજામ આપેલો છે. જેથી દરેકનો સામાન્ય ઈરાદો હોય દરેક આરોપીની ગુનાહિત જવાબદારી ઉત્પન્ન થાય છે.

આ ચુકાદામાં ફરિયાદપક્ષના તેમજ બચાવપક્ષના તમામ પુરાવા ધ્યાને લેતા ઉપરોકત ચર્ચા કર્યા મુજબના આ કામના આરોપીઓએ અમદાવાદ શહેરમાં તથા સુરત શહેરમાં બોમ્બ બ્લાસ્ટ કરવાનું કાવતરૂ કરેલુ છે, કાવતરામાં સામેલ થયેલા છે અને સામેલ થયેલ તમામ આરોપીઓએ પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા એકબીજાની મદદગારીથી આ બંને શહેરોમાં કુલ-૫૩ જગ્યાઓ ઉપર બોમ્બ મુકેલા છે. આરોપીઓ વિરૂધ્ધ ભારતીય ફોજદારી ધારાની કલમ-૩૦૨, ૩૦૭, ૩૨૬, ૪૨૭, ૪૩૫, ૪૩૬, ૪૬૫, ૪૬૮, ૪૭૧, ૧૦૯, ૧૨૦(બી), ૩૪, ૧૨૧(એ), ૧૨૪(એ), ૧૫૩(ક)(૧)(ખ), ૨૦૧, ૨૧૨ મુજબના ગુનાનુ તહોમતનામું ફરમાવેલુ છે. આ ઉપરાંત અનલોકુલ એકટીવીટી (પ્રિવેન્શન) એકટની કલમ-૧૦, ૧૩, ૧૬(૧)(એ)(બી), ૧૮, ૧૯, ૨૦, ૨૩, ૩૮, ૩૯, ૪૦ મુજબના ગુનાનુ તહોમતનામું ફરમાવેલુ છે. આ ઉપરાંત એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટની કલમ-૩, ૪, ૫, ૬ મુજબના ગુનાનુ તહોમતનામું ફરમાવેલુ છે. આ ઉપરાંત ડેમેજ ટુ પબ્લિક પ્રોપર્ટી એકટની કલમ-૩(૧)(૨), ૪ મુજબના ગુનાનુ તહોમતનામું ફરમાવેલુ છે. આ ઉપરાંત ઈન્ફોર્મેશન ટેકનોલોજી એકટની કલમ-૬૫, ૬૬ મુજબના ગુનાનુ તહોમતનામું ફરમાવેલુ છે. આ ઉપરાંત આર્મ્સ એકટની કલમ-૨૫(૧)(બી)(એ), ૨૭ મુજબના ગુનાનુ તહોમતનામું ફરમાવેલુ છે.

તમામ પુરાવાનું વિગતવાર મૂલ્યાંકન અને ચર્ચા કરતા ફરિયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધ ભારતીય ફોજદારી ધારાની કલમ-૨૦૧, ૨૧૨ તથા

અનલોકુલ એકટીવીટી (પ્રિવેન્શન) એકટની કલમ–૧૯, ૪૦ તથા ઈન્ફોર્મેશન ટેકનોલોજી એકટની કલમ–૬૫, ૬૬ પુરવાર કરવા માટે કોઈ સબળ અને સમર્થ પુરાવો રજૂ કરેલો નથી. આ કલમો હેઠળ ગુના પુરવાર કરવા માટે રજૂ થયેલા ફરિયાદપક્ષના પુરાવા પુરતા નથી અને રજૂ થયેલા પુરાવા ઉપરથી આ કલમો હેઠળ ગુનો પુરવાર થાય છે તેમ કહી શકાય નહીં. જેથી મારા મંતવ્ય પ્રમાણે ફરિયાદપક્ષ આ કલમો હેઠળના ગુનાઓ તમામ આરોપીઓ વિરૂધ્ધ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે તેમ હું માનુ છું અને ઠરાવુ છું.

તમામ પુરાવાનું વિગતવાર મૂલ્યાંકન અને ચર્ચા કરતા ફરિયાદપક્ષ આરોપી નં.૭ સિવાયના બાકીના તમામ આરોપીઓ વિરૂધ્ધ આર્મ્સ એકટની કલમ–૨૫(૧)(બી)(એ), ૨૭ પુરવાર કરવા માટે કોઈ સબળ અને સમર્થ પુરાવો રજૂ કરેલો નથી. આરોપી નં.૭ સિવાય અન્ય તમામ આરોપીઓ પાસેથી કોઈ દેશી તમંચો કે રીવોલ્વર કબજે કબજે કરવામાં આવેલી નથી કે આવો કોઈ દેશી તમંચો કે રીવોલ્વરનો ઉપયોગ બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં કે બોમ્બ પ્લાન્ટેશનના બનાવોમાં થયેલો નથી. જેથી મારા મંતવ્ય પ્રમાણે ફરિયાદપક્ષ આ કલમો હેઠળના ગુનાઓ આરોપી નં.૭ સિવાય અન્ય તમામ આરોપીઓ વિરૂધ્ધ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે તેમ હું માનુ છું અને ઠરાવુ છું.

જે આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદપક્ષ પોતાનો કેસ સાબીત કરવામાં સફળ થાય છે તે આરોપીઓ વિરૂધ્ધ અનલોકુલ એકટીવીટી (પ્રિવેન્શન) એકટ હેઠળના ગુનાઓનું તહોમતનામું પણ ફરમાવેલુ છે માટે આ કાયદાની કલમ–૩૮ તથા ૪૩(ઈ) ધ્યાને લેવી જરૂરી છે.

કલમ–૩૮ – આતંકવાદી સંગઠનના સભ્ય પદ બાબતે ગુનાઓ...

જો કોઈ વ્યકિત પોતાની જાતને આતંકવાદી સંગઠન સાથે ઈરાદાપૂર્વક સાંકળે અથવા તેની પ્રવૃત્તિઓને આગળ વધારવાના ઈરાદા સાથે આતંકવાદી સંગઠન સાથે સંકળાયેલ હોવાનું માને છે તે ગુનો કરે છે. સિવાય કે,

(એ) તે સંગઠન આતંકવાદી સંગઠન જાહેર થયેલુ ન હતુ. જયારે તે સભ્ય બન્યો હતો અથવા,

(બી) આતંકવાદી સંગઠન પ્રતિબંધિત જાહેર થયા પછી કોઈ પ્રવૃત્તિમાં ભાગ લીધો નથી તેવુ સાબીત કરે.

ઉપરોકત જોગવાઈ ધ્યાને લેતા સીમી સંગઠન અનલોકુલ એકટીવીટી (પ્રિવેન્શન) એકટ હેઠળ આતંકવાદી સંગઠન જાહેર થયેલ છે. ચુકાદામાં અગાઉ "સીમી અને જેહાદ બાબતે" તે શીર્ષક હેઠળના પેરામાં ચર્ચા કરી તેમ સને–૨૦૦૧ ની સાલથી ભારત સરકાર દ્વારા આ સંગઠનને પ્રતિબંધિત કરેલુ છે અને સમયાંત્તરે પ્રતિબંધ લંબાવવામાં આવેલો છે. આ પ્રતિબંધ હાલ ૨૦૨૩ ની સાલ સુધી ચાલુ છે તેમ છતાં આરોપી નં.૧ થી ૧૬, ૧૮, ૨૭, ૨૮, ૩૧, ૩૨, ૩૬, ૩૭, ૩૮, ૪૫, ૬૦, ૬૩, ૬૯, ૭૦, ૭૫, ૭૮ નાઓ આ સંગઠનના સભ્યો રહેલા છે અને સભ્યો તરીકે ચાલુ પણ રહેલા છે. સંગઠન ઉપર પ્રતિબંધ હોવા છતાં ગુપ્ત રીતે સંગઠનની કાર્યવાહી અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ આગળ પણ ધપાવેલી છે. આ સંગઠન પ્રતિબંધિત જાહેર થતા પહેલા આ આરોપીઓ તેના સભ્યો બન્યા હતા તે હકીકત આરોપીઓએ પુરવાર કરવી પડે પરંતુ તે પુરવાર કરવા માટે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો આરોપીઓ તરફથી રજૂ થયેલો નથી. આરોપીઓએ બચાવના પુરાવામાં પણ એવી કઈ હકીકત જણાવેલી નથી કે તેઓ સીમીના સભ્યો બન્યા ત્યારે સીમી સંગઠન ઉપર પ્રતિબંધ ન હતો. આ સંગઠન પ્રતિબંધિત સંગઠન જાહેર થયા પછી પણ આ આરોપીઓએ સંગઠનની પ્રવૃત્તિઓ ચાલુ રાખેલી છે. પ્રવૃત્તિઓ ચાલુ રાખી નથી તે હકીકત આરોપીઓએ સાબિત કરવી પડે પરંતુ તે અંગે પણ કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો આરોપીઓ તરફથી રજૂ થયેલો નથી. આરોપી નં.૩૯, ૪૦, ૪૨ અને ૫૦ નાઓએ જુદી–જુદી જગ્યાઓ ઉપર બોમ્બની થેલી ભરાવેલી સાઇકલો મુકેલી છે. જયારે આરોપી નં.૪૪ ભરૂચ ખાતે શેરપુરાવાળા મકાનમાં રહીને અન્ય આરોપીઓને બોમ્બ બનાવવામાં મદદ કરેલી છે. આરોપી નં.૪૭નાઓ ડી/૩૪, રીવર વ્યુ સોસાયટી, સુરત ખાતે અન્ય આરોપીઓ સાથે

રહીને બોમ્બ બનાવવામાં મદદો કરેલી છે તેથા સુરતથી લકઝરી બસમાં બેસી અમદાવાદ આવી જમાલપુર, સરદાર બ્રિજ પાસે ઉતરેલો અને રીક્ષામાં બેસીને દાણીલીમડા ખાતે આવેલી અલમહમદી સોસાયટીના મકાન નં.૧૦ ખાતે ગયેલો અને ત્યાં અન્ય આરોપીઓને બોમ્બ બનાવવામાં મદદ કરેલી છે જયારે આરોપી નં.૪૯ નાઓએ બોમ્બમાં વપરાતી ટાઇમર ચીપ બનાવેલી છે.

કલમ–૪૩(ઈ) – ગુના વિશે ધારણાઃ–

ફરિયાદપક્ષ આ કાયદાની કલમ–૧૫ હેઠળ કૃત્યને આતંકવાદી કૃત્ય પુરવાર કરે ત્યારે

(એ) આરોપીના કબજામાંથી હથિયારો અથવા વિસ્ફોટકો અથવા અન્ય પદાર્થો મળી આવેલા હોય તો એવુ માનવાને કારણ છે કે આ હથિયારો અને વિસ્ફોટકો તથા અન્ય પદાર્થોનો ઉપયોગ ગુના કરવામાં કરેલો છે.

(બી) નિષ્ણાંતના પુરાવા દ્વારા આરોપીની આંગળીના નિશાન અથવા ગુનામાં આરોપીની સંડોવણી સુચવતા અન્ય કોઈ ચોકકસ પુરાવા ગુનાના સ્થળેથી અથવા અન્ય સ્થળેથી હથિયારો, વાહનો સહિત મળી આવ્યા હોય ત્યારે વિરૂધ્ધ પુરવાર ન થાય ત્યાં સુધી અદાલત માનશે કે ગુનો આરોપીઓએ કરેલો છે.

આ કેસમાં અમદાવાદ શહેરમાં બોમ્બ બ્લાસ્ટના બનાવો તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ બનેલા હતા. સુરત શહેરમાં બોમ્બ પ્લાન્ટેશનના બનાવો તા.૨૬.૭.૨૦૦૮ થી લઈને તા.૩.૮.૨૦૦૮ સુધીમાં બનેલા હતા. આ બનાવો આતંકવાદી કૃત્ય હતુ તે સબળ અને સમર્થ તેમજ વિશ્વાસપાત્ર પુરાવાથી ફરિયાદપક્ષ પુરવાર કરે છે તેમ હું માનુ છું. તપાસ કરનાર અધિકારીઓએ સૌપ્રથમ કુલ–૨૪ આરોપીઓની ધરપકડ તા.૧૬.૮.૨૦૦૮ ના રોજ કરેલી છે અને ત્યારબાદ જુદા–જુદા વર્ષોમાં અને જુદા–જુદા મહિનાઓમાં જુદી–જુદી તારીખોએ બાકીના આરોપીઓની ધરપકડ કરવામાં આવેલી છે. આરોપીઓની ધરપકડ કર્યા બાદ તપાસ કરનાર અધિકારી સુશ્રી ઉષા રાડા આરોપી નં.૧ નાએ આપેલ માહિતી આધારે અલમહમદી સોસાયટી મકાન નં.૧૦ ઉપર ગયેલા અને

ત્યાંથી મુદ્દામાલ છરા, નટ–બોલ્ટ, વાયરો વિગેરે ઘણો બધો મુદ્દામાલ પંચોની હાજરીમાં આંક–૬૬૫૬ વાળા પંચનામાની વિગતે કબજે કરેલો હતો. આ ઉપરાંત આરોપી નં.૧૫ નાઓની ધરપકડ કર્યા બાદ તપાસ કરનાર અધિકારી મયુર ચાવડાએ આરોપી નં.૧૫ નાઓએ આપેલી માહિતીના આધારે વટવા ઉમરાવનગર સોસાયટી મકાન નં.૩ ઉપર ગયેલા અને ત્યાંથી વાયરના ટુકડા, ટેપ, પટ્ટી, નટ–બોલ્ટ, છરા વિગેરે ઘણો બધો મુદ્દામાલ પંચોની હાજરીમાં આંક–૬૪૩૩ વાળા પંચનામાની વિગતે કબજે કરેલો હતો. આ ઉપરાંત આરોપી નં.૬૩નાઓની ધરપકડ કર્યા બાદ તપાસ કરનાર અધિકારી એન .બી. પરમારનાઓએ આરોપી નં.૬૩ નાઓએ આપેલી માહિતી આધારે સુરત ખાતે રીવર વ્યુ સોસાયટીમાં આવેલ મકાન નં.ડી–૩૪ ઉપર જઈ છરા, ચપ્પુ, કાતર, કટર, પ્લાસ્ટિકની થેલી વિગેરે ઘણો બધો મુદ્દામાલ આંક–૨૭૫૭ વાળા પંચનામાની વિગતે પંચોની હાજરીમાં કબજે કર્યો હતો. હાલોલ–પાવાગઢ ખાતે આતંકવાદી તાલીમ લેવામાં આવેલી તે જગ્યા ઉપરથી પણ છરા તથા બોલ્ટ મળી આવેલ છે. આવા જ પ્રકારનો મુદ્દામાલ બોમ્બ બ્લાસ્ટવાળી જગ્યા ઉપરથી મળી આવેલો છે. સુરત શહેરમાં મળી આવેલા જીવંત બોમ્બને ડીફ્યુઝ કર્યા પછી જે સામગ્રી નીકળેલી તે પણ આવા જ પ્રકારનો મુદ્દામાલ હતો. જેથી ચોકકસપણે એવુ કહી શકાય કે આરોપીઓએ આવા પ્રકારની સામગ્રીનો ઉપયોગ બોમ્બ બનાવવામાં કરેલો છે અને બોમ્બ બનાવેલા છે. આ ઉપરાંત અલમહમદી સોસાયટીના મકાન નં.૧૦ માંથી કબજે કરવામાં આવેલ મુદ્દામાલમાં એક તુટેલી સીડી મળી આવેલી જેની ઉપર આરોપી નં.૩૮ ના આંગળાની છાપના નિશાન મળી આવેલા છે. તે અંગે એફ.એસ.એલ. અધિકારીનો અભિપ્રાય પણ રજૂ કરવામાં આવેલો છે જેથી આ ગુનાઓ આરોપીઓએ જ કરેલા છે તેમ હું માનુ છું અને ઠરાવુ છું.

આ ચુકાદામાં જણાવ્યા મુજબની તમામ વિસ્તૃત હકીકત, તમામ સંજોગો, ફરિયાદપક્ષના તથા બચાવપક્ષના તમામ પુરાવાની વિસ્તૃત ચર્ચા તથા પુરાવાનું મૂલ્યાંકન કરી નામદાર સુપ્રિમ કોર્ટ અને નામદાર ગુજરાત હાઈકોર્ટ તેમજ અન્ય

નામદાર જુદી–જુદી હાઈકોર્ટોના ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલા જુદા–જુદા મુદ્દાઓ ઉપરના સિધ્ધાંતો તથા ચુકાદાઓમાં નિર્ણિત થયેલ મુદ્દાઓ ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરૂ છું.

–:: હુ ક મ :: –

(૧) **આરોપી નં.૨૩** એયાઝ રજાકમીંયા સૈયદનાઓને તેઓની સામે ફરમાવવામાં આવેલ તહોમતનામા મુજબના ગુનાઓ જેવા કે,

- ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ ની કલમ–૩૦૨, ૩૦૭, ૩૨૬, ૪૨૭, ૪૩૫, ૪૩૬, ૪૬૫, ૪૬૮, ૪૭૧, ૧૦૯, ૧૨૦(બી), ૩૪, ૧૨૧(એ), ૧૨૪(એ), ૧૫૩(એ)(૧)(ખ), ૨૦૧, ૨૧૨ તથા
- અનલોફુલ એકટીવીટીઝ (પ્રિવેન્શન) એકટ– ૧૯૬૭ ની કલમ–૧૦, ૧૩, ૧૬(૧)(એ)(બી), ૧૮, ૧૯, ૨૦, ૨૩, ૩૮, ૩૯, ૪૦ તથા
- એક્ષ્પ્લોઝીવ સબસ્ટન્સ એકટ–૧૯૦૮ ની કલમ–૩, ૪, ૫, ૬ તથા
- ડેમેટ ટુ પબ્લિક પ્રોપર્ટી એકટ–૧૯૮૪ ની કલમ–૩(૧)(૨), ૪ તથા
- ઈન્ફોર્મેશન ટેકનોલોજી એકટ–૨૦૦૦ ની કલમ–૬૫, ૬૬ તથા
- આર્મ્સ એકટ– ૧૯૫૯ ની કલમ–૨૫(૧)(બી)(એ), ૨૭ મુજબના તમામ શિક્ષાપાત્ર ગુનાઓમાંથી ફોજદારી કાર્યરીતિ સંહિતા –૧૯૭૩ ની કલમ–૨૩૫(૧) હેઠળ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) **આરોપી નં.૪૧** સાકીબનિસાર નિસારઅહેમદ શેખ, **આરોપી નં.૫૩** મોહંમદ ઈરફાન ઉર્ફે વકીબ મોહંમદ નકીબ, **આરોપી નં.૫૪** નાસીર અહેમદ લીયાકતઅલી પટેલ, **આરોપી નં.૫૫** શકીલઅહેમદ અબ્દુલસલીમ માલી, **આરોપી નં.૫૬** નદીમ અબ્દુલ નઈમ સૈયદ, **આરોપી નં.૫૮** મોહંમદ સમી ઉર્ફે અબ્દુલ સમી રાજ અહેમદ, **આરોપી નં.૬૧** ડૉ.એહમદબેગ ઉર્ફે મુબારક

ખ્વાઝાબેગ મીરઝા, **આરોપી નં.૬૨** કામરાન ઉર્ફે ફજીલતહુસેન હાજીસાહીદ સીદ્દીકી, **આરોપી નં.૬૭** હસીબરજા ઉર્ફે સમીમભાઈ ફીરદોસરજા મહંમદ સીદ્દીકી સૈયદ, **આરોપી નં.૬૮** મોહમદ હબીબ ઉર્ફે હબીબ ફલાહી ઉર્ફે મોહંમદ તૈયબ અબુલજૈશ શેખ, **આરોપી નં.૭૧** મોહમદ શાહીદ ઉર્ફે અબ્દુલ શાહીદ ઉર્ફે ઉસ્માન અબ્દુલહમીદ નાગોરી અને **આરોપી નં.૭૭** સુહેબ પોટ્ટનીકલ અબ્દુલકાદર પોટ્ટનીકલનાઓને તેઓની સામે ફરમાવવામાં આવેલ તહોમતનામા મુજબના ગુનાઓ જેવા કે,

- ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ ની કલમ–૩૦૨, ૩૦૭, ૩૨૬, ૪૨૭, ૪૩૫, ૪૩૬, ૪૬૫, ૪૬૮, ૪૭૧, ૧૦૯, ૧૨૦(બી), ૩૪, ૧૨૧(એ), ૧૨૪(એ), ૧૫૩(એ)(૧)(ખ), ૨૦૧, ૨૧૨ તથા
- અનલોફુલ એકટીવીટીઝ (પ્રિવેન્શન) એકટ–૧૯૬૭ ની કલમ–૧૦, ૧૩, ૧૬(૧)(એ)(બી), ૧૮, ૧૯, ૨૦, ૨૩, ૩૮, ૩૯, ૪૦ તથા
- એક્ષ્પ્લોઝીવ સબસ્ટન્સ એકટ–૧૯૦૮ ની કલમ–૩, ૪, ૫, ૬ તથા ડેમેટ ટુ પબ્લિક પ્રોપર્ટી એકટ, ૧૯૮૪ ની કલમ–૩(૧)(૨), ૪ તથા
- ઈન્ફોર્મેશન ટેકનોલોજી એકટ–૨૦૦૦ ની કલમ–૬૫, ૬૬ તથા
- આર્મ્સ એકટ–૧૯૫૯ ની કલમ–૨૫(૧)(બી)(એ), ૨૭ ના શિક્ષાપાત્ર ગુનાઓ પુરવાર કરવા માટે તપાસ કરનાર અધિકારીઓની જુબાનીઓ સિવાય અન્ય કોઇ સબળ પુરાવા ન હોય ઉપરોકત ગુનાઓમાંથી ફોજદારી કાર્યરીતિ સંહિતા –૧૯૭૩ ની કલમ–૨૩૫(૧) હેઠળ શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) **આરોપી નં.૧૭** નવેદ નઈમુદ્દીન કાદરી, **આરોપી નં.૧૯** રઝીયુદ્દીન નાસીર ઉર્ફે રીયાઝુદ્દીન નાસીર ઉર્ફે અબ્દુલ રહેમાન ઉર્ફે મહંમદ ગોષ ઉર્ફે અબુહાજર ઉર્ફે અબ્દુલ રઝાક ઉર્ફે રશીદખાન મૌલાના નસીરુદ્દીન ઉર્ફે મહંમદ નસીરુદ્દીન, **આરોપી નં.૨૪** ઉંમર ઉર્ફે અશોક કાળાભાઈ કબીરા, **આરોપી નં.૨૫**

સલીમભાઈ ઉર્ફે ઉમર જમાલભાઈ સીપાઈ, **આરોપી નં.૨૯** મહંમદ જાકીર અબ્દુલહક શેખ, **આરોપી નં.૩૩** મુબીન ઉર્ફે સલમાન ઉર્ફે સલ્લુ કાદર શેખ, **આરોપી નં.૩૪** મહંમદ મન્સુર ઉર્ફે મુન્નાવર ઉર્ફે મુન્નુ અસગર પીરભોઈ, **આરોપી નં.૪૮** ઈંટી સૈનુદ્દીન ઉર્ફે અબ્દુલસત્તાર ઉર્ફે સલીમ ઇંટી મોહંમદ, **આરોપી નં.૫૧** ડૉ. અનવર અબ્દુલગની બાગવાન, **આરોપી નં.૫૨** મોહમદ યાસીન ફરીદખાન ઉર્ફે ગુલરેજ અબ્દુલ હમીદખાન, **આરોપી નં.૫૭** ડૉ. અશદુલ્લાહ એચ.એ. ઉર્ફે અસ્લમ ઉર્ફે અસદ ઉર્ફે ફુરકાન અબુબકર એચ., **આરોપી નં.૬૪** મોહંમદ ઝહીર ઐયુબભાઈ પટેલ, **આરોપી નં.૬૫** મોહંમદ યુનુસ ઉર્ફે ઉમર ઉર્ફે ખાલીદ મોહંમદ શાબ્બીર મણીયાર, **આરોપી નં.૭૨** અબ્દુલસત્તાર પી ઉર્ફે મન્સુર અબ્દુલરજાક મુસ્લિમ, **આરોપી નં.૭૩** અફાક ઈકબાલ ઉર્ફે ઈકવાલ ઉર્ફે દાનીશ રીયાઝ ઉર્ફે સાકી નુરૂલહોદા સૈયદ અને **આરોપી નં.૭૬** મંજરઈમામ ઉર્ફે આલમ ઉર્ફે જમીન અલીઈમામનાઓને તેઓની સામે ફરમાવવામાં આવેલ તહોમતનામા મુજબના ગુનાઓ જેવા કે,

- ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ ની કલમ–૩૦૨, ૩૦૭, ૩૨૬, ૪૨૭, ૪૩૫, ૪૩૬, ૪૬૫, ૪૬૮, ૪૭૧, ૧૦૯, ૧૨૦(બી), ૩૪, ૧૨૧(એ), ૧૨૪(એ), ૧૫૩(એ)(૧)(ખ), ૨૦૧, ૨૧૨ તથા
- અનલોફુલ એકટીવીટીઝ (પ્રિવેન્શન) એકટ–૧૯૬૭ ની કલમ–૧૦, ૧૩, ૧૬(૧)(એ)(બી), ૧૮, ૧૯, ૨૦, ૨૩, ૩૮, ૩૯, ૪૦ તથા
- એક્સ્પ્લોઝીવ સબસ્ટન્સ એકટ, ૧૯૦૮ ની કલમ–૩, ૪, ૫, ૬ તથા
- ડેમેટ ટુ પબ્લિક પ્રોપર્ટી એકટ– ૧૯૮૪ ની કલમ–૩(૧)(૨), ૪ તથા
- ઈન્ફોર્મેશન ટેકનોલોજી એકટ–૨૦૦૦ ની કલમ–૬૫, ૬૬ તથા
- આર્મ્સ એકટ–૧૯૫૯ ની કલમ–૨૫(૧)(બી)(એ), ૨૭ ના શિક્ષાપાત્ર ગુનાઓ પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલા પુરાવા અપૂરતા હોય ઉપરોકત ગુનાઓમાંથી ફોજદારી કાર્યરીતિ સંહિતા –૧૯૭૩ ની

કલમ–૨૩૫(૧) હેઠળ શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) **આરોપી નં.૧૭** નવેદ નઈમુદ્દીન કાદરી, **આરોપી નં.૧૯** રઝીયુદ્દીન નાસીર ઉર્ફે રીયાઝુદ્દીન નાસીર ઉર્ફે અબ્દુલ રહેમાન ઉર્ફે મહંમદ ગોષ ઉર્ફે અબુહાજર ઉર્ફે અબ્દુલ રઝાક ઉર્ફે રશીદખાન મૌલાના નસીરુદ્દીન ઉર્ફે મહંમદ નસીરુદ્દીન, **આરોપી નં.૨૪** ઉંમર ઉર્ફે અશોક કાળાભાઈ કબીરા, **આરોપી નં.૨૫** સલીમભાઈ ઉર્ફે ઉમર જમાલભાઈ સીપાઈ, **આરોપી નં.૨૯** મહંમદ જાકીર અબ્દુલહક શેખ, **આરોપી નં.૩૩** મુબીન ઉર્ફે સલમાન ઉર્ફે સલ્લુ કાદર શેખ , **આરોપી નં.૩૪** મહંમદ મન્સુર ઉર્ફે મુન્નાવર ઉર્ફે મુન્નુ અસગર પીરભોઈ, **આરોપી નં.૪૧** સાકીબનિશાર નિશારઅહેમદ શેખ, **આરોપી નં.૪૮** ઈંટી સૈનુદ્દીન ઉર્ફે અબ્દુલસત્તાર ઉર્ફે સલીમ ઇંટી મોહંમદ, **આરોપી નં.૫૧** ડૉ. અનવર અબ્દુલગની બાગવાન, **આરોપી નં.૫૨** મોહમદ યાસીન ફરીદખાન ઉર્ફે ગુલરેજ અબ્દુલ હમીદખાન, **આરોપી નં.૫૩** મોહંમદ ઈરફાન ઉર્ફે વકીબ મોહંમદ નકીબ, **આરોપી નં.૫૪** નાસીર અહેમદ લીયાકતઅલી પટેલ, **આરોપી નં.૫૫** શકીલઅહેમદ અબ્દુલસલીમ માલી, **આરોપી નં.૫૬** નદીમ અબ્દુલ નઈમ સૈયદ, **આરોપી નં.૫૭** ડૉ. અશદુલ્લાહ એચ.એ. ઉર્ફે અસ્લમ ઉર્ફે અસદ ઉર્ફે કુરકાન અબુબકર એચ., **આરોપી નં.૫૮** મોહંમદ સમી ઉર્ફે અબ્દુલ સમી રાજ અહેમદ, **આરોપી નં.૬૧** ડૉ. એહમદબેગ ઉર્ફે મુબારક ખ્વાઝાબેગ મીરઝા, **આરોપી નં.૬૨** કામરાન ઉર્ફે ફજીલતહુસેન હાજીસાહીદ સીદ્દીકી , **આરોપી નં.૬૪** મોહંમદ ઝહીર અૈયુબભાઈ પટેલ, **આરોપી નં.૬૫** મોહંમદ યુનુસ ઉર્ફે ઉમર ઉર્ફે ખાલીદ મોહંમદ શાબ્બીર મણીયાર, **આરોપી નં.૬૭** હસીબરજા ઉર્ફે સમીમભાઈ ફીરદોસરજા મહંમદ સીદ્દીકી સૈયદ, **આરોપી નં.૬૮** મોહમદ હબીબ ઉર્ફે હબીબ ફલાહી ઉર્ફે મોહંમદ તૈયબ અબુલજૈશ શેખ, **આરોપી નં.૭૧** મોહમદ શાહીદ ઉર્ફે અબ્દુલ શાહીદ ઉર્ફે ઉસ્માન અબ્દુલહમીદ નાગોરી, **આરોપી નં.૭૨** અબ્દુલસત્તાર પી ઉર્ફે મન્સુર અબ્દુલરજાક મુસ્લિમ, **આરોપી નં.૭૩** અફાક ઈકબાલ ઉર્ફે ઈકવાલ ઉર્ફે

દાનીશ રીયાઝ ઉર્ફે સાકી નુરૂલહોદા સૈયદ, **આરોપી નં.૭૬** મંજરઈમામ ઉર્ફે આલમ ઉર્ફે જમીન અલીઈમામ અને **આરોપી નં.૭૭** સુહેબ પોટ્ટનીકલ અબ્દુલકાદર પોટ્ટનીકલનાઓએ ફોજદારી કાર્યરીતિ સંહિતા–૧૯૭૩ ની કલમ–૪૩૭(એ) હેઠળ દરેક આરોપીઓએ રૂા.૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા)ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમનો જાતમુચરકો આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) **આરોપી નં.૧૭** નવેદ નઈમુદ્દીન કાદરી, **આરોપી નં.૧૯** રઝીયુદ્દીન નાસીર ઉર્ફે રીયાઝુદ્દીન નાસીર ઉર્ફે અબ્દુલ રહેમાન ઉર્ફે મહંમદ ગોષ ઉર્ફે અબુહાજર ઉર્ફે અબ્દુલ રઝાક ઉર્ફે રશીદખાન મૌલાના નસીરૂદ્દીન ઉર્ફે મહંમદ નસીરૂદ્દીન, **આરોપી નં.૨૪** ઉંમર ઉર્ફે અશોક કાળાભાઈ કબીરા, **આરોપી નં.૨૫** સલીમભાઈ ઉર્ફે ઉમર જમાલભાઈ સીપાઈ, **આરોપી નં.૨૯** મહંમદ જાકીર અબ્દુલહક શેખ, **આરોપી નં.૩૩** મુબીન ઉર્ફે સલમાન ઉર્ફે સલ્લુ કાદર શેખ, **આરોપી નં.૩૪** મહંમદ મન્સુર ઉર્ફે મુન્નાવર ઉર્ફે મુન્નુ અસગર પીરભોઈ, **આરોપી નં.૪૧** સાકીબનિશાર નિશારઅહેમદ શેખ, **આરોપી નં.૪૮** ઈંટી સૈનુદ્દીન ઉર્ફે અબ્દુલસત્તાર ઉર્ફે સલીમ ઇંટી મોહંમદ, **આરોપી નં.૫૧** ડૉ. અનવર અબ્દુલગની બાગવાન, **આરોપી નં.૫૨** મોહમદ યાસીન ફરીદખાન ઉર્ફે ગુલરેજ અબ્દુલ હમીદખાન, **આરોપી નં.૫૩** મોહંમદ ઈરફાન ઉર્ફે વકીબ મોહંમદ નકીબ, **આરોપી નં.૫૪** નાસીર અહેમદ લીયાકતઅલી પટેલ, **આરોપી નં.૫૫** શકીલઅહેમદ અબ્દુલસલીમ માલી, **આરોપી નં.૫૬** નદીમ અબ્દુલ નઈમ સૈયદ, **આરોપી નં.૫૭** ડૉ. અશદુલ્લાહ એચ.એ. ઉર્ફે અસ્લમ ઉર્ફે અસદ ઉર્ફે કુરકાન અબુબકર એચ., **આરોપી નં.૫૮** મોહંમદ સમી ઉર્ફે અબ્દુલ સમી રાજ અહેમદ, **આરોપી નં.૬૧** ડૉ. એહમદબેગ ઉર્ફે મુબારક ખ્વાઝાબેગ મીરઝા, **આરોપી નં.૬૨** કામરાન ઉર્ફે ફજીલતહુસેન હાજીસાહીદ સીદ્દીકી, **આરોપી નં.૬૪** મોહંમદ ઝહીર અૈયુબભાઈ પટેલ, **આરોપી નં.૬૫** મોહંમદ યુનુસ ઉર્ફે ઉમર ઉર્ફે ખાલીદ મોહંમદ શાબ્બીર મણીયાર, **આરોપી નં.૬૭** હસીબરજા ઉર્ફે સમીમભાઈ ફીરદોસરજા

મહંમદ સીદ્દીકી સૈયદ, **આરોપી નં.૬૮** મોહમદ હબીબ ઉર્ફે હબીબ ફલાહી ઉર્ફે મોહંમદ તૈયબ અબુલજૈશ શેખ, **આરોપી નં.૭૧** મોહમદ શાહીદ ઉર્ફે અબ્દુલ શાહીદ ઉર્ફે ઉસ્માન અબ્દુલહમીદ નાગોરી, **આરોપી નં.૭૨** અબ્દુલસત્તાર પી ઉર્ફે મન્સુર અબ્દુલરજાક મુસ્લિમ, **આરોપી નં.૭૩** અફાક ઈકબાલ ઉર્ફે ઈકવાલ ઉર્ફે દાનીશ રીયાઝ ઉર્ફે સાકી નુરૂલહોદા સૈયદ, **આરોપી નં.૭૬** મંજરઈમામ ઉર્ફે આલમ ઉર્ફે જમીન અલીઈમામ અને **આરોપી નં.૭૭** સુહેબ પોટ્ટનીકલ અબ્દુલકાદર પોટ્ટનીકલનાઓની અન્ય કોઈ બીજા ગુનાઓના કામોમાં જયુડીશીયલ કસ્ટડીમાં ના હોય તો ફકત આ ગુનાઓમાંથી જેલ મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૬) **આરોપી નં.૧** જાહીદ ઉર્ફે જાવેદ કુતબુદ્દીન શેખ, **આરોપી નં.૨** ઈમરાન ઈબ્રાહીમ શેખ, **આરોપી નં.૩** ઈકબાલ ઉર્ફે ઈકરાર કાસમ શેખ, **આરોપી નં.૪** સમસુદ્દીન ઉર્ફે સમસુ શાહબુદ્દીન શેખ, **આરોપી નં.૫** ગ્યાસુદ્દીન ઉર્ફે ગ્યાસુ અબ્દુલસલીમ અંસારી, **આરોપી નં.૬** મોહમદ આરીફ ઉર્ફે મોહંમદ ઈકબાલ કાગઝી, **આરોપી નં.૮** યુનુસ મોહંદમભાઈ મન્સુરી, **આરોપી નં.૯** કમરૂદ્દીન ઉર્ફે રાજા ઉર્ફે અબ્દુલ્લા ચાંદમોહંમદ નાગોરી, **આરોપી નં.૧૦** આમીલ પરવાજ ઉર્ફે સીકંદર કાજી સૈફુદ્દીન શેખ, **આરોપી નં.૧૧** સીબલી ઉર્ફે સાબીત અબ્દુલ કરીમ, **આરોપી નં.૧૨** સફદરહુસેન ઉર્ફે હુસેનભાઈ ઉર્ફે ઈકબાલભાઈ જહીરૂદ્દીન ઉર્ફે જહરૂલહસન નાગોરી, **આરોપી નં.૧૩** હાફીજહુસેન ઉર્ફે અદનાન ઉર્ફે તમીમ તાજુદ્દીન, **આરોપી નં.૧૪** મોહંમદસાજીદ ઉર્ફે સલીમ ઉર્ફે સજજાદ ઉર્ફે સાદ ગુલામ ખ્વાજા મંસુરી, **આરોપી નં.૧૫** અબુબસર ઉર્ફે મુકતી ઉર્ફે અબ્દુલ રસીદ ઉર્ફે અબ્દુલ્લા અબુબકર શેખ, **આરોપી નં.૧૬** અબ્બાસ ઉંમર સમેજા, **આરોપી નં.૧૮** જાવેદઅહેમદ સદીર અહેમદ શેખ (સૈયદ), **આરોપી નં.૨૦** અતીકઉર રહેમાન ઉર્ફે અતિક અબ્દુલહકીમ ખીલજી, **આરોપી નં.૨૧** મહેંદીહસન ઉર્ફે વીકી અબ્દુલ હમીદ અખબરખાં અંસારી, **આરોપી નં.૨૨** ઈમરાન અહેમદ ઉર્ફે રાજા સીરાજઅહેમદ હાજી પઠાણ, **આરોપી નં.૨૬** મહંમદઅલી ઉર્ફે જમાલ ઉર્ફે જીયા ઉર્ફે યાસીર ઉર્ફે અબુબકર મોહરમઅલી અંસારી , **આરોપી નં.૨૭** મહમદ

ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ રાજીક ઉર્ફે મુસફ ઉર્ફે કુરકાન મહમદ ઈશાક મન્સુરી , **આરોપી નં.૨૮** અફઝલ ઉર્ફે અફસર ઉર્ફે રાજા ઉર્ફે અજીતસીંગ ઉર્ફે સંજય પાંડે ઉર્ફે ઉસ્માની મુતબીલ ઉસ્માની, **આરોપી નં.૩૦** મોહંમદસાદીક ઉર્ફે યાસીર ઉર્ફે ઈમરાન ઉર્ફે સદાકત ઉર્ફે સહાદત ઈશરારઅહેમદ શેખ રામસુલહકક શેખ, **આરોપી નં.૩૧** મહંમદ આરીફ ઉર્ફે આરીફ બદર ઉર્ફે લદન બદરૂદ્ધીન શેખ ઉર્ફે જુમ્મન શેખ, **આરોપી નં.૩૨** આરીશ ઉર્ફે હસન બસીરૂદ્ધીન શેખ, **આરોપી નં.૩૫** રફીયુદ્ધીન સરફુદ્ધીન કાપડીયા (મુસ્લિમ), **આરોપી નં.૩૬** મહંમદ આરીફ નસીમ અહેમદ મીરઝા, **આરોપી નં.૩૭** કયામુદ્ધીન ઉર્ફે મુસા ઉર્ફે અશપાક ઉર્ફે અબ્દુલ કાદીર ઉર્ફે રીઝવાન ઉર્ફે સમીર સરફુદ્ધીન કાપડીયા, **આરોપી નં.૩૮** મોહંમદસૈફ ઉર્ફે રાહુલ શર્મા ઉર્ફે કેરીસેવા સાદાબ અહેમદ શેખ , **આરોપી નં.૩૯** જીસાનઅહેમદ અહેસાનઅહેમદ શેખ, **આરોપી નં.૪૦** ઝીયાઉર રહેમાન ઉર્ફે મોન્ટુ અબ્દુલ રહેમાન મુસ્લિમ, **આરોપી નં.૪૨** મોહંમદશકીલ ઉર્ફે શકીલ યામીનખાન લુહાર, **આરોપી નં.૪૩** અનીક શફીક સૈયદ ઉર્ફે ખાલીદ, **આરોપી નં.૪૪** મોહંમદ અકબર ઈસ્માઈલ ચૌધરી ઉર્ફે સઈદ, **આરોપી નં.૪૫** ફઝલે રહેમાન ઉર્ફે સલાઉદ્ધીન ઉર્ફે રફીક મુસદ્દીકખાન દુરાની, **આરોપી નં.૪૬** મોહંમદનૌસાદ ઉર્ફે સૈયદ, સૈયદ મોહંમદઈરશાદ સૈયદ, **આરોપી નં.૪૭** અહેમદબાવા ઉર્ફે અબ્બુ અબુબકર બરેલવી, **આરોપી નં.૪૯** સરફુદ્ધીન ઉર્ફે શરીફ ઈટી સૈનુદ્ધીન ઉર્ફે અબ્દુલસત્તાર ઉર્ફે સલીમ, **આરોપી નં.૫૦** સૈફુર રહેમાન ઉર્ફે સૈફુ ઉર્ફે સૈફ અબ્દુલરહેમાન અંસારી, **આરોપી નં.૫૯** મોહંમદ અન્સારી ઉર્ફે નદવી ઉર્ફે સિદ્દીક અબ્દુલ રજાક મુસ્લિમ, **આરોપી નં.૬૦** સાદુલી ઉર્ફે હારીસ અબ્દુલકરીમ મુસ્લીમ, **આરોપી નં.૬૩** મોહંમદ તનવીર ઉર્ફે તલ્હા મોહંમદ અખ્તર પઠાણ, **આરોપી નં.૬૬** મોહમદ શફીક ઉર્ફે દાદાભાઈ ઉર્ફે ઠાકુર ઉર્ફે રફીક ઉર્ફે અલી અબ્દુલલબારી અંસારી, **આરોપી નં.૬૯** આમીન ઉર્ફે રાજા ઐયુબ નઝીર શેખ, **આરોપી નં.૭૦** મોહમદ મોબીન ઉર્ફે મુબીન ઉર્ફે ઈરફાન અબ્દુલ સકુરખાન, **આરોપી નં.૭૪** મોહમદઅબરાર ઉર્ફે મુન્ના ઉર્ફે ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ્લા ઉર્ફે ઈબ્રાહીમ બાબુખાન મણીયાર, **આરોપી નં.૭૫** મોહમ્મદ રફીક ઉર્ફે જાવિદ ઉર્ફે

આલમજેબ આફ્રીદી મસકુર અહેમદ તથા **આરોપી નં.૭૮** તૌસીફખાન ઉર્ફે અતીક સગીર અહેમદખાન પઠાણનાઓને તેઓની સામે ફરમાવવામાં આવેલ તહોમતનામા મુજબના ગુનાઓ પૈકીના,

- ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ની કલમ–૨૦૧, ૨૧૨ તથા
- અનલોકુલ એકટીવીટીઝ (પ્રિવેન્શન) એકટ–૧૯૬૭ ની કલમ–૧૯, ૪૦ તથા
- ઈન્ફોર્મેશન ટેકનોલોજી એકટ–૨૦૦૦ ની કલમ–૬૫, ૬૬ તથા
- આર્મ્સ એકટ–૧૯૫૯ની કલમ–૨૫(૧)(બી)(એ), ૨૭ ના શિક્ષાપાત્ર ગુનાઓ પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા સબળ પુરાવા રજૂ થયેલા ન હોવાથી ફોજદારી કાર્યરીતિ સંહિત–૧૯૭૩ ની કલમ–૨૩૫(૧) હેઠળ શંકાનો લાભ આપી ફકત આજ ગુનાઓમાંથી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૭) આરોપી નં.૭ મોહંમદઉસ્માન ઉર્ફે ઉસ્માન મોહંમદ અનીસ અગરબત્તીવાળાનાઓને તેઓની સામે ફરમાવવામાં આવેલ તહોમતનામા મુજબના ગુનાઓ પૈકી,

- ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ ની કલમ–૨૦૧, ૨૧૨ તથા
- અનલોકુલ એકટીવીટીઝ (પ્રિવેન્શન) એકટ–૧૯૬૭ ની કલમ–૧૯, ૪૦ તથા
- ઈન્ફોર્મેશન ટેકનોલોજી એકટ–૨૦૦૦ ની કલમ–૬૫, ૬૬ ના શિક્ષાપાત્ર ગુનાઓ પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા સબળ પુરાવા રજૂ થયેલા ન હોવાથી ફકત આ જ ગુનાઓમાંથી ફોજદારી કાર્યરીતિ સંહિતા–૧૯૭૩ ની કલમ–૨૩૫(૧) હેઠળ શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૮) **આરોપી નં.૧** જાહીદ ઉર્ફે જાવેદ કુતબુદ્દીન શેખ, **આરોપી નં.૨** ઈમરાન ઈબ્રાહીમ શેખ, **આરોપી નં.૩** ઈકબાલ ઉર્ફે ઈકરાર કાસમ શેખ, **આરોપી નં.૪** સમસુદ્દીન ઉર્ફે સમસુ શાહબુદ્દીન શેખ, **આરોપી નં.૫** ગ્યાસુદ્દીન ઉર્ફે ગ્યાસુ અબ્દુલસલીમ અંસારી, **આરોપી નં.૬** મોહમદ આરીફ ઉર્ફે મોહંમદ ઈકબાલ કાગઝી, **આરોપી નં.૭** મોહંમદઉસ્માન ઉર્ફે ઉસ્માન મોહંમદ અનીસ અગરબત્તીવાળા, **આરોપી નં.૮** યુનુસ મોહંદમભાઈ મન્સુરી, **આરોપી નં.૯** કમરૂદ્દીન ઉર્ફે રાજા ઉર્ફે અબ્દુલ્લા ચાંદમોહંમદ નાગોરી, **આરોપી નં.૧૦** આમીલ પરવાજ ઉર્ફે સીકંદર કાજી સૈફુદ્દીન શેખ, **આરોપી નં.૧૧** સીબલી ઉર્ફે સાબીત અબ્દુલ કરીમ, **આરોપી નં.૧૨** સફદરહુસેન ઉર્ફે હુસેનભાઈ ઉર્ફે ઈકબાલભાઈ જહીરૂદ્દીન ઉર્ફે જહરૂલહસન નાગોરી, **આરોપી નં.૧૩** હાફીજહુસેન ઉર્ફે અદનાન ઉર્ફે તમીમ તાજુદ્દીન, **આરોપી નં.૧૪** મોહંમદ સાજીદ ઉર્ફે સલીમ ઉર્ફે સજજાદ ઉર્ફે સાદ ગુલામ ખ્વાજા મંસુરી, **આરોપી નં.૧૫** અબુબસર ઉર્ફે મુકતી ઉર્ફે અબ્દુલ રસીદ ઉર્ફે અબ્દુલ્લા અબુબકર શેખ, **આરોપી નં.૧૬** અબ્બાસ ઉંમર સમેજા, **આરોપી નં.૧૮** જાવેદઅહેમદ સદીર અહેમદ શેખ (સૈયદ), **આરોપી નં.૨૦** અતીકઉર રહેમાન ઉર્ફે અતિક અબ્દુલહકીમ ખીલજી, **આરોપી નં.૨૧** મહેંદીહસન ઉર્ફે વીકી અબ્દુલ હમીદ અકબરખાં અંસારી, **આરોપી નં.૨૨** ઈમરાન અહેમદ ઉર્ફે રાજા સીરાજઅહેમદ હાજી પઠાણ, **આરોપી નં.૨૬** મહંમદઅલી ઉર્ફે જમાલ ઉર્ફે જીયા ઉર્ફે યાસીર ઉર્ફે અબુબકર મોહરમઅલી અંસારી, **આરોપી નં.૨૭** મહમદ ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ રાજીક ઉર્ફે મુસફ ઉર્ફે ફુરકાન મહમદ ઈશાક મન્સુરી, **આરોપી નં.૨૮** અફઝલ ઉર્ફે અફસર ઉર્ફે રાજા ઉર્ફે અજીતસીંગ ઉર્ફે સંજય પાંડે ઉર્ફે ઉસ્માની મુતબીલ ઉસ્માની, **આરોપી નં.૩૦** મોહંમદસાદીક ઉર્ફે યાસીર ઉર્ફે ઈમરાન ઉર્ફે સદાકત ઉર્ફે સહાદત ઈશરારઅહેમદ શેખ રામસુલહકક શેખ, **આરોપી નં.૩૧** મહંમદ આરીફ ઉર્ફે આરીફ બદર ઉર્ફે લદન બદરૂદ્દીન શેખ ઉર્ફે જુમ્મન શેખ, **આરોપી નં.૩૨** આરીશ ઉર્ફે હસન બસીરૂદ્દીન શેખ, **આરોપી નં.૩૫** રફીયુદ્દીન સરફુદ્દીન કાપડીયા (મુસ્લીમ), **આરોપી નં.૩૬** મહંમદ આરીફ નસીમ અહેમદ મીરઝા, **આરોપી નં.૩૭** કયામુદ્દીન ઉર્ફે મુસા ઉર્ફે અશપાક ઉર્ફે અબ્દુલ

કાદીર ઉર્ફે રીઝવાન ઉર્ફે સમીર સરફુદ્દીન કાપડીયા, **આરોપી નં.૩૮** મોહંમદસૈફ ઉર્ફે રાહુલ શર્મા ઉર્ફે કેરીસેવા સાદાબ અહેમદ શેખ,**આરોપી નં.૩૯** જીસાનઅહેમદ અહેસાનઅહેમદ શેખ, **આરોપી નં.૪૦** ઝીયાઉર રહેમાન ઉર્ફે મોન્ટુ અબ્દુલ રહેમાન મુસ્લિમ, **આરોપી નં.૪૨** મોહંમદશકીલ ઉર્ફે શકીલ યામીનખાન લુહાર, **આરોપી નં.૪૩** અનીક શફીક સૈયદ ઉર્ફે ખાલીદ, **આરોપી નં.૪૪** મોહંમદ અકબર ઈસ્માઈલ ચૌધરી ઉર્ફે સઈદ, **આરોપી નં.૪૫** ફઝલે રહેમાન ઉર્ફે સલાઉદ્દીન ઉર્ફે રફીક મુસદ્દીકખાન દુરાની, **આરોપી નં.૪૬** મોહંમદનૌસાદ ઉર્ફે સૈયદ, સૈયદ મોહંમદઈરશાદ સૈયદ, **આરોપી નં.૪૭** અહેમદબાવા ઉર્ફે અબ્બુ અબુબકર બરેલવી, **આરોપી નં.૪૯** સરફુદ્દીન ઉર્ફે શરીફ ઈંટી સૈનુદ્દીન ઉર્ફે અબ્દુલસત્તાર ઉર્ફે સલીમ, **આરોપી નં.૫૦** સૈકુર રહેમાન ઉર્ફે સૈકુ ઉર્ફે સૈફ અબ્દુલરહેમાન અંસારી, **આરોપી નં.૫૯** મોહંમદ અન્સારી ઉર્ફે નદવી ઉર્ફે સિદ્દીક અબ્દુલ રજાક મુસ્લિમ, **આરોપી નં.૬૦** સાદુલી ઉર્ફે હારીસ અબ્દુલકરીમ મુસ્લિમ, **આરોપી નં.૬૩** મોહંમદ તનવીર ઉર્ફે તલ્હા મોહંમદ અખ્તર પઠાણ, **આરોપી નં.૬૬** મોહમદ શફીક ઉર્ફે દાદાભાઈ ઉર્ફે ઠાકુર ઉર્ફે રફીક ઉર્ફે અલી અબ્દુલલબારી અંસારી, **આરોપી નં.૬૯** આમીન ઉર્ફે રાજા ઐયુબ નઝીર શેખ, **આરોપી નં.૭૦** મોહમદ મોબીન ઉર્ફે મુબીન ઉર્ફે ઈરફાન અબ્દુલ સકુરખાન, **આરોપી નં.૭૪** મોહમદઅબરાર ઉર્ફે મુન્ના ઉર્ફે ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ્લા ઉર્ફે ઈબ્રાહીમ બાબુખાન મણીયાર, **આરોપી નં.૭૫** મોહમ્મદ રફીક ઉર્ફે જાવિદ ઉર્ફે આલમજેબ આફ્રીદી મસકુર અહેમદ તથા **આરોપી નં.૭૮** તૌસીફખાન ઉર્ફે અતીક સગીર અહેમદખાન પઠાણનાઓને તેઓની સામે ફરમાવવામાં આવેલ તહોમતનામા પૈકી,

- ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ ની કલમ–૩૦૨, ૩૦૭, ૩૨૬, ૪૨૭, ૪૩૫, ૪૩૬, ૪૬૫, ૪૬૮, ૪૭૧, ૧૦૯, ૧૨૦(બી), ૩૪, ૧૨૧(એ), ૧૨૪(એ), ૧૫૩(એ)(૧)(ખ), તથા
- અનલોકુલ એકટીવીટીઝ (પ્રિવેન્શન) એકટ–૧૯૬૭ ની કલમ–૧૦, ૧૩, ૧૬(૧)(એ)(બી), ૧૮, ૨૦, ૨૩, ૩૮, ૩૯ તથા

- એક્સ્પ્લોઝીવ સબસ્ટન્સ એકટ–૧૯૦૮ ની કલમ–૩, ૪, ૫, ૬ તથા
- ડેમેજ ટુ પબ્લિક પ્રોપર્ટી એકટ–૧૯૮૪ ની કલમ–૩(૧)(૨), ૪ ના શિક્ષાપાત્ર ગુનાઓમાં તકસીરવાન ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે.

(૯) **આરોપી નં.૭** મોહંમદઉસ્માન ઉર્ફે ઉસ્માન મોહંમદ અનીસ અગરબત્તીવાળાનાઓને તેઓની ફરમાવવામાં આવેલ ગુનાઓ પૈકી,

- આર્મ્સ એકટ –૧૯૫૯ ની કલમ–૨૫(૧)(બી)(એ)ના શિક્ષાપાત્ર ગુનામાં પણ તકસીરવાન ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે.

(૧૦) ફોજદારી કાર્યરીતિ સંહિતા–૧૯૭૩ ની કલમ–૨૩૫(૨) હેઠળ આ ચુકાદાના હુકમમાં જણાવેલા ૧ થી ૯ પેરાઓ પૈકી પેરા નં.૮ અને ૯ મા જણાવ્યા મુજબ તકસીરવાન ઠરાવેલા તમામ આરોપીઓને સજા અંગે સાંભળવા અને ત્યારબાદ સજા અંગેનો આખરી હુકમ કરવો.

હુકમ આજ **તા.૦૮, માહે–ફેબ્રુઆરી, સને–૨૦૨૨** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ
તા.૦૮/૦૨/૨૦૨૨

(અંબાલાલ આર. પટેલ)
સ્પેશીયલ ડેઝીગ્નેટેડ જજ
ફોર સ્પીડી ટ્રાયલ ઓફ સીરીયલ
બોમ્બ બ્લાસ્ટ કેસીસ કોર્ટ,
સીટી સેશન્સ કોર્ટ,
ભદ્ર,અમદાવાદ શહેર.
(યુનીક આઈ.ડી. કોડ નં.જીજે૦૦૪૦૪)

(૯૨) સારાંશ તથા આખરી હુકમ

આ કામે કુલ–૭૮ આરોપીઓ સામે ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવી છે. આરોપી નં.૨૩ એૈયાઝ રજાકમીંયા સૈયદ એપ્રુવર બનેલા છે અને તેઓને સજા માફી આપવામાં આવેલી. તેઓને ફરિયાદપક્ષે સાહેદ તરીકે તપાસેલા હોય, ઈન્સાફી કાર્યવાહીના અંતે આરોપી નં.૨૩ એૈયાઝ રજાકમીંયા સૈયદનાઓની સજા માફી સંપૂર્ણ બનેલી હોય તેઓની સામે ફરમાવવામાં આવેલા તહોમતનામા મુજબના તમામ શિક્ષાપાત્ર ગુનાઓમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલો છે.

ફરિયાદપક્ષ તરફથી રજૂ થયેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓનું મૂલ્યાંકન કરતા આરોપી નં.૪૧ સાકીબનિશાર નિશારઅહેમદ શેખ, આરોપી નં.૫૩ મોહંમદ ઈરફાન ઉર્ફે વકીબ મોહંમદ નકીબ, આરોપી નં.૫૪ નાસીર અહેમદ લીયાકતઅલી પટેલ, આરોપી નં.૫૫ શકીલઅહેમદ અબ્દુલસલીમ માલી, આરોપી નં.૫૬ નદીમ અબ્દુલ નઈમ સૈયદ, આરોપી નં.૫૮ મોહંમદ સમી ઉર્ફે અબ્દુલ સમી રાજ અહેમદ, આરોપી નં.૬૧ ડૉ. એહમદબેગ ઉર્ફે મુબારક ખ્વાઝાબેગ મીરઝા, આરોપી નં.૬૨ કામરાન ઉર્ફે ફજીલતહુસેન હાજીસાહીદ સીદ્દીકી, આરોપી નં.૬૭ હસીબરજા ઉર્ફે સમીમભાઈ ફીરદોસરજા મહંમદ સીદ્દીકી સૈયદ, આરોપી નં.૬૮ મોહમદ હબીબ ઉર્ફે હબીબ ફલાહી ઉર્ફે મોહંમદ તૈયબ અબુલજૈશ શેખ, આરોપી નં.૭૧ મોહમદ શાહીદ ઉર્ફે અબ્દુલ શાહીદ ઉર્ફે ઉસ્માન અબ્દુલહમીદ નાગોરી અને આરોપી નં.૭૭ સુહેબ પોટ્ટનીકલ અબ્દુલકાદર પોટ્ટનીકલનાઓ સામે ગુનામાં સંડોવણી અંગે ફરિયાદપક્ષ દ્વારા જે પુરાવા રજૂ થયેલા છે તે પુરાવા આ પેરામાં જણાવેલ ઉપરોકત આરોપીઓને તકસીરવાર ઠરાવવા માટે પુરતા પુરાવા નથી માટે આ આરોપીઓને તેઓની સામે ફરમાવવામાં આવેલા તહોમતનામા મુજબના તમામ ગુનાઓમાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલો છે.

ફરિયાદપક્ષ તરફથી રજૂ થયેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓનું મૂલ્યાંકન કરતા આરોપી નં.૧૭ નવેદ નઈમુદ્દીન કાદરી, આરોપી નં.૧૯

રઝીયુદ્દીન નાસીર ઉર્ફે રીયાઝુદ્દીન નાસીર ઉર્ફે અબ્દુલ રહેમાન ઉર્ફે મહંમદ ગોષ ઉર્ફે અબુહાજર ઉર્ફે અબ્દુલ રઝાક ઉર્ફે રશીદખાન મૌલાના નસીરુદ્દીન ઉર્ફે મહંમદ નસીરૂદ્દીન, આરોપી નં.૨૪ ઉંમર ઉર્ફે અશોક કાળાભાઈ કબીરા, આરોપી નં.૨૫ સલીમભાઈ ઉર્ફે ઉમર જમાલભાઈ સીપાઈ, આરોપી નં.૨૯ મહંમદ જાકીર અબ્દુલહક શેખ, આરોપી નં.૩૩ મુબીન ઉર્ફે સલમાન ઉર્ફે સલ્લુ કાદર શેખ , આરોપી નં.૩૪ મહંમદ મન્સુર ઉર્ફે મુન્નાવર ઉર્ફે મુન્નુ અસગર પીરભોઈ, આરોપી નં.૪૮ ઈંટી સૈનુદ્દીન ઉર્ફે અબ્દુલસત્તાર ઉર્ફે સલીમ ઈંટી મોહંમદ, આરોપી નં.૫૧ ડૉ. અનવર અબ્દુલગની બાગવાન, આરોપી નં.૫૨ મોહમદ યાસીન ફરીદખાન ઉર્ફે ગુલરેજ અબ્દુલ હમીદખાન, આરોપી નં.૫૭ ડૉ. અશદુલ્લાહ એચ.એ. ઉર્ફે અસ્લમ ઉર્ફે અસદ ઉર્ફે કુરકાન અબુબકર એચ . આરોપી નં.૬૪ મોહંમદ ઝહીર એૈયુબભાઈ પટેલ, આરોપી નં.૬૫ મોહંમદ યુનુસ ઉર્ફે ઉમર ઉર્ફે ખાલીદ મોહંમદ શાબ્બીર મણીયાર, આરોપી નં.૭૨ અબ્દુલસત્તાર પી ઉર્ફે મન્સુર અબ્દુલરજાક મુસ્લિમ, આરોપી નં.૭૩ અફાક ઈકબાલ ઉર્ફે ઈકવાલ ઉર્ફે દાનીશ રીયાઝ ઉર્ફે સાકી નુરૂલહોદા સૈયદ અને આરોપી નં.૭૬ મંજરઈમામ ઉર્ફે આલમ ઉર્ફે જમીન અલીઈમામનાઓ સામે રજૂ થયેલા પુરાવા પુરતા નથી જે પુરાવા રજૂ થયા છે તે પુરાવા આ આરોપીઓની આ ગુનામાં સંડોવણી બાબતે શંકા ઉપજાવે તેવો છે જેથી આ આરોપીઓને તેઓની સામે ફરમાવવામાં આવેલા તહોમતનામા મુજબના તમામ ગુનાઓમાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલો છે.

ફરિયાદપક્ષ તરફથી રજૂ થયેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓનું મૂલ્યાંકન કરતા આરોપી નં.૧ થી ૧૬, ૧૮, ૨૦, ૨૧, ૨૨, ૨૬, ૨૭, ૨૮, ૩૦, ૩૧, ૩૨, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૯, ૫૦, ૫૯, ૬૦, ૬૩, ૬૬, ૬૯, ૭૦, ૭૪, ૭૫ તથા ૭૮નાઓને તેઓની સામે ફરમાવવામાં આવેલ તહોમતનામાં મુજબના ગુનાઓ પૈકી ભારતીય દંડ સંહિતાની કલમ–૨૦૧, ૨૧૨ તથા અનલોફુલ એકટીવીટીઝ (પ્રિવેન્શન) એકટ–૧૯૬૭ ની કલમ–૧૯, ૪૦ તથા ઈન્ફોર્મેશન ટેકનોલોજી એકટ–૨૦૦૦

ની કલમ–૬૫, ૬૬ મુજબના ગુનાઓમાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલો છે.

ફરિયાદપક્ષ તરફથી રજૂ થયેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓનું મૂલ્યાંકન કરતા આરોપી નં.૧ થી ૬, ૮ થી ૧૬, ૧૮, ૨૦, ૨૧, ૨૨, ૨૬, ૨૭, ૨૮, ૩૦, ૩૧, ૩૨, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૯, ૫૦, ૫૯, ૬૦, ૬૩, ૬૬, ૬૯, ૭૦, ૭૪, ૭૫ તથા ૭૮નાઓને તેઓની સામે ફરમાવવામાં આવેલ તહોમતનામાં મુજબના ગુનાઓ પૈકી આર્મ્સ એકટ–૧૯૫૯ ની કલમ–૨૫(૧)(બી),૨૭ મુજબના ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલો છે.

ફરિયાદપક્ષ તરફથી રજૂ થયેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓનું મૂલ્યાંકન કરતા **આરોપી નં.૧** જાહીદ ઉર્ફે જાવેદ કુતબુદ્દીન શેખ, **આરોપી નં.૨** ઈમરાન ઈબ્રાહીમ શેખ, **આરોપી નં.૩** ઈકબાલ ઉર્ફે ઈકરાર કાસમ શેખ, **આરોપી નં.૪** સમસુદ્દીન ઉર્ફે સમસુ શાહબુદ્દીન શેખ, **આરોપી નં.૫** ગ્યાસુદ્દીન ઉર્ફે ગ્યાસુ અબ્દુલસલીમ અંસારી, **આરોપી નં.૬** મોહમદ આરીફ ઉર્ફે મોહંમદ ઈકબાલ કાગઝી, **આરોપી નં.૭** મોહંમદઉસ્માન ઉર્ફે ઉસ્માન મોહંમદ અનીસ અગરબત્તીવાળા, **આરોપી નં.૮** યુનુસ મોહંદમભાઈ મન્સુરી, **આરોપી નં.૯** કમરુદ્દીન ઉર્ફે રાજા ઉર્ફે અબ્દુલ્લા ચાંદમોહંમદ નાગોરી, **આરોપી નં.૧૦** આમીલ પરવાજ ઉર્ફે સીકંદર કાજી સૈફુદ્દીન શેખ, **આરોપી નં.૧૧** સીબલી ઉર્ફે સાબીત અબ્દુલ કરીમ, **આરોપી નં.૧૨** સફદરહુસેન ઉર્ફે હુસેનભાઈ ઉર્ફે ઈકબાલભાઈ જહીરુદ્દીન ઉર્ફે જહરુલહસન નાગોરી, **આરોપી નં.૧૩** હાફીજહુસેન ઉર્ફે અદનાન ઉર્ફે તમીમ તાજુદ્દીન, **આરોપી નં.૧૪** મોહંમદસાજીદ ઉર્ફે સલીમ ઉર્ફે સજજાદ ઉર્ફે સાદ ગુલામ ખ્વાજા મંસુરી, **આરોપી નં.૧૫** અબુબસર ઉર્ફે મુકતી ઉર્ફે અબ્દુલ રસીદ ઉર્ફે અબ્દુલ્લા અબુબકર શેખ, **આરોપી નં.૧૬** અબ્બાસ ઉંમર સમેજા, **આરોપી નં.૧૮** જાવેદઅહેમદ સદીર અહેમદ શેખ (સૈયદ), **આરોપી નં.૨૦** અતીકઉર રહેમાન ઉર્ફે અતિક અબ્દુલહકીમ ખીલજી, **આરોપી નં.૨૧** મહેંદીહસન ઉર્ફે વીકી અબ્દુલ હમીદ અકબરખાં અંસારી, **આરોપી નં.૨૨** ઈમરાન અહેમદ ઉર્ફે

રાજા સીરાજઅહેમદ હાજી પઠાણ , **આરોપી નં.૨૬** મહંમદઅલી ઉર્ફે જમાલ ઉર્ફે જીયા ઉર્ફે યાસીર ઉર્ફે અબુબકર મોહરમઅલી અંસારી , **આરોપી નં.૨૭** મહમદ ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ રાજીક ઉર્ફે મુસફ ઉર્ફે કુરકાન મહમદ ઈશાક મન્સુરી , **આરોપી નં.૨૮** અફઝલ ઉર્ફે અફસર ઉર્ફે રાજા ઉર્ફે અજીતસીંગ ઉર્ફે સંજય પાંડે ઉર્ફે ઉસ્માની મુતલીબ ઉસ્માની , **આરોપી નં.૩૦** મોહંમદસાદીક ઉર્ફે યાસીર ઉર્ફે ઈમરાન ઉર્ફે સદાકત ઉર્ફે સહાદત ઈશરારઅહેમદ શેખ રામસુલહકક શેખ , **આરોપી નં.૩૧** મહંમદ આરીફ ઉર્ફે આરીફ બદર ઉર્ફે લદન બદરુદ્દીન શેખ ઉર્ફે જુમ્મન શેખ , **આરોપી નં.૩૨** આરીફ ઉર્ફે હસન બસીરુદ્દીન શેખ , **આરોપી નં.૩૫** રફીયુદ્દીન સરફુદ્દીન કાપડીયા (મુસ્લિમ) , **આરોપી નં.૩૬** મહંમદ આરીફ નસીમ અહેમદ મીરઝા , **આરોપી નં.૩૭** કયામુદ્દીન ઉર્ફે મુસા ઉર્ફે અશપાક ઉર્ફે અબ્દુલ કાદીર ઉર્ફે રીઝવાન ઉર્ફે સમીર સરફુદ્દીન કાપડીયા , **આરોપી નં.૩૮** મોહંમદસૈફ ઉર્ફે રાહુલ શર્મા ઉર્ફે કેરીસેવા સાદાબ અહેમદ શેખ , **આરોપી નં.૩૯** જીસાનઅહેમદ અહેસાનઅહેમદ શેખ , **આરોપી નં.૪૦** ઝીયાઉર રહેમાન ઉર્ફે મોન્ટુ અબ્દુલ રહેમાન મુસ્લિમ , **આરોપી નં.૪૨** મોહંમદશકીલ ઉર્ફે શકીલ યામીનખાન લુહાર , **આરોપી નં.૪૩** અનીક શફીક સૈયદ ઉર્ફે ખાલીદ , **આરોપી નં.૪૪** મોહંમદ અકબર ઈસ્માઈલ ચૌધરી ઉર્ફે સઈદ , **આરોપી નં.૪૫** ફઝલે રહેમાન ઉર્ફે સલાઉદ્દીન ઉર્ફે રફીક મુસદ્દીકખાન દુરાની , **આરોપી નં.૪૬** મોહંમદનૌસાદ ઉર્ફે સૈયદ , સૈયદ મોહંમદઈરશાદ સૈયદ , **આરોપી નં.૪૭** અહેમદબાવા ઉર્ફે અબ્બુ અબુબકર બરેલવી , **આરોપી નં.૪૯** સરફુદ્દીન ઉર્ફે શરીફ ઈટી સૈનુદ્દીન ઉર્ફે અબ્દુલસત્તાર ઉર્ફે સલીમ , **આરોપી નં.૫૦** સૈકુર રહેમાન ઉર્ફે સૈકુ ઉર્ફે સૈફ અબ્દુલરહેમાન અંસારી , **આરોપી નં.૫૯** મોહંમદ અન્સારી ઉર્ફે નદવી ઉર્ફે સિદ્દીક અબ્દુલ રજાક મુસ્લિમ , **આરોપી નં.૬૦** સાદુલી ઉર્ફે હારીસ અબ્દુલકરીમ મુસ્લિમ , **આરોપી નં.૬૩** મોહંમદ તનવીર ઉર્ફે તલ્હા મોહંમદ અખ્તર પઠાણ , **આરોપી નં.૬૬** મોહમદ શફીક ઉર્ફે દાદાભાઈ ઉર્ફે ઠાકુર ઉર્ફે રફીક ઉર્ફે અલી અબ્દુલબારી અંસારી , **આરોપી નં.૬૯** આમીન ઉર્ફે રાજા એયુબ નઝીર શેખ , **આરોપી નં.૭૦** મોહમદ મોબીન ઉર્ફે મુબીન ઉર્ફે ઈરફાન અબ્દુલ સકુરખાન ,

આરોપી નં.૭૪ મોહમદઅબરાર ઉર્ફે મુન્ના ઉર્ફે ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ્લા ઉર્ફે ઈબ્રાહીમ બાબુખાન મણીયાર, **આરોપી નં.૭૫** મોહમ્મદ રફીક ઉર્ફે જાવિદ ઉર્ફે આલમજેબ આફ્રીદી મસકુર અહેમદ તથા **આરોપી નં.૭૮** તૌસીફખાન ઉર્ફે અતીક સગીર અહેમદખાન પઠાણનાઓને તેઓની સામે ફરમાવવામાં આવેલ તહોમતનામા પૈકી ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ ની કલમ–૩૦૨, ૩૦૭, ૩૨૬, ૪૨૭, ૪૩૫, ૪૩૬, ૪૬૫, ૪૬૮, ૪૭૧, ૧૦૯, ૧૨૦(બી), ૩૪, ૧૨૧(એ), ૧૨૪(એ), ૧૫૩(ક)(૧)(ખ) તથા અનલોકુલ એકટીવીટીઝ (પ્રિવેન્શન) એકટ–૧૯૬૭ ની કલમ–૧૦, ૧૩, ૧૬(૧)(એ)(બી), ૧૮, ૨૦, ૨૩, ૩૮, ૩૯ તથા એક્પ્લોઝીવ સબસ્ટન્સ એકટ–૧૯૦૮ ની કલમ–૩, ૪, ૫, ૬ તથા ડેમેટ ટુ પબ્લિક પ્રોપર્ટી એકટ, ૧૯૮૪ ની કલમ–૩(૧)(૨), ૪ ના શિક્ષાપાત્ર ગુનાઓમાં તકસીરવાન ઠરાવવાનો હુકમ કરવામાં આવેલો છે.

ફરિયાદપક્ષ તરફથી રજૂ થયેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓનું મૂલ્યાંકન કરતા **આરોપી નં.૭** મોહંમદઉસ્માન ઉર્ફે ઉસ્માન મોહંમદ અનીસ અગરબત્તીવાળાનાઓને તેઓની સામે ફરમાવવામાં આવેલ તહોમતનામા મુજબના ગુનાઓ પૈકી આર્મ્સ એકટ–૧૯૫૯ ની કલમ–૨૫(૧)(બી)(એ)ના શિક્ષાપાત્ર ગુનાઓમાં તકસીરવાન ઠરાવવાનો હુકમ કરવામાં આવેલો છે.

આરોપી નં.૦૧ થી ૧૬, ૧૮, ૨૦, ૨૧, ૨૨, ૨૬,૨૭, ૨૮,૩૦, ૩૧, ૩૨, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૯, ૫૦, ૫૯, ૬૦, ૬૩, ૬૬, ૬૯, ૭૦, ૭૪, ૭૫, ૭૮નાઓને ભારતીય દંડ સંહિતા–૧૮૬૦, અનલોકુલ એકટીવીટી (પ્રિવેન્શન) એકટ–૧૯૬૭, એક્ષપ્લોજીવ સબસ્ટન્સ એકટ–૧૯૦૮, ડેમેજ ટુ પબ્લિક પ્રોપર્ટી એકટ–૧૯૮૪ મુજબના કાયદાઓની જુદી–જુદી કલમો હેઠળ આરોપીઓને તકસીરવાન ઠરાવેલા છે. તેમજ આરોપી નં.૦૭ને આ કાયદાઓ ઉપરાંત વધુમાં આર્મ્સ એકટ–૧૯૫૯ હેઠળ પણ તકસીરવાન ઠરાવેલ છે. આરોપીઓને તા.૦૮/૦૨/૨૦૨૨ના રોજ કલાક ૧૧:૦૦ વાગ્યે તકસીરવાન ઠરાવેલા છે. ત્યારબાદ આરોપીઓને સજા બાબતે સાંભળવા માટે તા.૦૯/૦૨/૨૦૨૨ ના

રોજ કલાક ૧૦:૪૫ વાગ્યે આ કેસ મુલત્વી રાખેલ. તા.૦૯/૦૨/૨૦૨૨ ના રોજ ૧૦:૪૫ વાગ્યે આરોપીઓને સજા બાબતે સાંભળવાનું શરૂ કરતા પહેલા આરોપી નં.૩૬, ૩૮, ૩૯, ૪૦, ૪૨ અને ૫૦ના વકીલશ્રી સોમનાથ વત્સનાઓએ સજા બાબતે સાંભળવા માટે ત્રણ અઠવાડીયાની મુદ્દત આપવા માટે આંક–૯૫૨૫ થી અરજી આપેલી. આ અરજી બાબતે વ.શ્રી સોમનાથ વત્સને સાંભળવામાં આવેલા અને તેમની સાથે અન્ય આરોપીઓના બીજા વ.શ્રીઓ શ્રીમતી નયનાબેન ભટ્ટ, એમ.એમ.શેખ, કે.જી.શેખ, ડી.ડી.પઠાણનાઓને પણ સાંભળવામાં આવેલાં. આ વ.શ્રીઓએ પણ વ.શ્રી સોમનાથ વત્સની અરજી અને દલીલોને સમર્થન આપેલું. ફરિયાદપક્ષ તરફથી સ્પે.પી.પી.શ્રી એચ.એમ.ધ્રુવ, એમ.આર.અમીન, સુધીર બ્રહ્મભટ્ટ તથા અમિતભાઇ પટેલનાઓએ ત્રણ અઠવાડીયાની મુદ્દત આપવા સામે વાંધો લીધેલો હતો. આરોપીઓ તરફથી મુખ્ય રજૂઆત એવી હતી કે, આરોપીઓ પૈકી ઘણા બધા આરોપીઓ બીજા રાજયના છે. ઘણા આરોપીઓને તલોજા જેલ મુંબઇ, પરપન્ના જેલ, બેંગ્લોર, સેન્ટ્રલ જેલ ભોપાલ, સેન્ટ્રલ જેલ જયપુર, તથા સેન્ટ્રલ જેલ અમદાવાદ ખાતે રાખવામાં આવેલા છે અને તેઓની મુલાકાત કરવાની બાકી છે. આરોપીઓની તબીબી સારવારના પેપર્સ તથા તેમના અભ્યાસને લગતા પેપર્સ મેળવવાના બાકી છે. જેથી આ અદાલતે તમામ જેલોના સુપરિન્ટેન્ડેન્ટશ્રીઓને મૌખિકમાં જણાવેલુ કે જે તે આરોપીઓના તબીબી સારવારના પેપર્સ તથા અભ્યાસના પેપર્સ સાબરમતી સેન્ટ્રલ જેલ, અમદાવાદ ખાતે સાંજે પાંચ વાગ્યા સુધીમાં મોકલી આપવા તેમ જણાવી તમામ જેલના સુપરિન્ટેન્ડેન્ટશ્રીઓને સાબરમતી જેલનું ઇ–મેઇલ એડ્રેસ તેમજ ફોન નંબર ઝુમ એપ્લીકેશન મારફતે તેઓને આપવામાં આવેલું. સાબરમતી સેન્ટ્રલ જેલના સુપરિન્ટેન્ડેન્ટશ્રીને આ બાબતે આંક–૯૫૨૫ વાળી અરજી હેઠળ હુકમ કરીને જાણ પણ કરવામાં આવેલી. વધુમાં તા.૦૯/૦૨/૨૦૨૨ના એક વાગ્યાથી લઇ સાંજના છ વાગ્યા સુધી તેમજ તા.૧૦/૦૨/૨૦૨૨ ના રોજ આખો દિવસ આરોપીઓના જે પણ વકીલશ્રીને આરોપીઓની મુલાકાત લેવી હોય તો આપવી

તથા એવો પણ આદેશ કરેલો કે અન્ય જેલોમાંથી આરોપીઓના તબીબી પેપર્સ તથા અભ્યાસના પેપર્સ જે આવે તે તમામ વકીલશ્રીઓને આપવા. તા.૦૯/૦૨/૨૦૨૨ ના રોજ વ.શ્રી કે.જી.શેખ તથા ડી.ડી.પઠાણનાઓએ આરોપીઓની મુલાકાત સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે લીધેલી હતી. તા.૧૦/૦૨/૨૦૨૨ ના રોજ વ.શ્રી ડી.ડી.પઠાણ, કે.જી.શેખ તથા સોમનાથ વત્સનાઓએ પણ સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે આરોપીઓની મુલાકાત લીધેલી હતી. સાબરમતી સેન્ટ્રલ જેલના સુપરિન્ટેન્ડેન્ટશ્રીને લેખિતમાં એવો પણ આદેશ કરવામાં આવેલો કે જો વ.શ્રીને અન્ય જેલોમાં રાખવામાં આવેલા આરોપીઓની સાથે મુલાકાત કરવા ઇચ્છતા હોય તો જેલના વીડિયો કોન્ફરન્સ દ્વારા અમર્યાદિત સમય સુધી મુલાકાત આપવી. પરંતુ વકીલશ્રીઓએ અન્ય જેલમાં રાખેલા આરોપીઓ સાથે વીડિયો કોન્ફરન્સ દ્વારા મુલાકાત લીધી નથી. સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલા આરોપીઓ સાથે મુલાકાત લીધેલી છે તથા આરોપીઓના મેડીકલ પેપર્સ તથા અભ્યાસના પેપર્સ વકીલશ્રીઓને આપવામાં આવેલા છે.

ત્યારબાદ તા.૧૧/૦૨/૨૦૨૨ ના રોજ સવારે ૧૦:૪૫ કલાકે એક પછી દરેક આરોપીઓને સજા, દંડ તથા વળતર બાબતે સાંભળવાની શરૂઆત કરેલી. દોષિત ઠરેલા તમામ આરોપીઓએ પોતપોતાની રજૂઆત આ અદાલતને કરેલી છે. વકીલશ્રી નયનાબેન ભટ્ટ, એમ.એમ.શેખ, ડી.ડી.પઠાણ નાઓએ પણ સજા બાબતે રજૂઆતો કરેલી છે. વકીલશ્રી કે.જી.શેખનાઓએ રજૂઆત કરેલી કે હજી તેઓને અમૂક આરોપીઓના તબીબી પેપર્સ તથા અભ્યાસના પેપર્સ સાબરમતી સેન્ટ્રલ જેલ, અમદાવાદ ખાતેથી મેળવવાના બાકી છે. વકીલશ્રી સોમનાથ વત્સે પણ રજૂઆત કરેલી કે, તેઓને પણ અમૂક આરોપીઓના મેડીકલ પેપર્સ તથા અભ્યાસના પેપર્સ મેળવવાના બાકી છે તથા જયપુર સેન્ટ્રલ જેલ ખાતે આરોપીઓની મુલાકાત પણ લેવી છે. જેથી સેન્ટ્રલ જેલ સાબરમતી ખાતે સુપરિન્ટેન્ડેન્ટશ્રીને વકીલશ્રી કે.જી.શેખ તથા સોમનાથ વત્સનાઓને તા.૧૨/૦૨/૨૦૨૨ ના રોજ જે આરોપીઓની મુલાકાત લેવી

હોય તે આરોપીઓની મુલાકાત આપવી તથા જે પેપર્સ બાકી હોય તે પણ આપવા તે અંગેનો આદેશ કરવામાં આવેલો અને ત્યારબાદ બંને વકીલશ્રીઓને તા.૧૪/૦૨/૨૦૨૨ ના રોજ સજા બાબતે સાંભળવામાં આવેલા છે આમ, દોષિત ઠરાવવામાં આવેલા તમામ આરોપીઓ તથા તેઓના વકીલશ્રીઓને સજા, દંડ તથા વળતર બાબતે તેઓને સંતોષ થાય ત્યાં સુધી પુરતી તક આપીને સાંભળવામાં આવેલા છે.

આરોપી નં.૦૧ જાહિદ કુત્બુદ્દિન શેખઃ–

આ આરોપીને જુદા–જુદા કાયદાની જુદી–જુદી કલમોમાં કેટલી સજા કરવી અને કેટલો દંડ કરવો તથા આ ગુનાઓમાં જે લોકો મૃત્યુ પામેલા છે તેઓના પરિવારજનોને તથા ઈજા પામનારાઓને કેટલુ વળતર ચુકવવુ તે બાબતે પુછતા આરોપીએ સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે આવેલા વીડિયો કોન્ફરન્સ દ્વારા ખુલ્લી અદાલતમાં બંને પક્ષકારોના વકીલશ્રીઓની હાજરીમાં ઉભા થઈને જણાવેલુ કે તેઓ મૌખિકમાં કાંઇ કહેવા માંગતા નથી પરંતુ લેખિતમાં રજૂ કરશે જે ધ્યાને લેવા વિનંતી કરેલી.

આરોપીએ જેલમાંથી સજા અને દંડ બાબતે લેખિત રજૂઆત મોકલેલી છે જે આંક–૯૫૩૩ આપીને કામમાં દાખલ કરેલ છે. તે ધ્યાને લેતા તેને ૧૨ વર્ષથી હાઈ બી.પી. છે, અસ્થમાની બીમારી છે, પિતા મૃત્યુ પામ્યા છે, અંતિમ સમયે તેમની સાથે રહી શકયો નહીં, માતા હાલમાં ૭૦ વર્ષની ઉંમરના છે તેઓને ઘણી તકલીફો છે, પત્ની, બાળક, માતાની જવાબદારી છે. પોતે માનસીક તણાવમાં છેલ્લા ૧૩ વર્ષથી જીવન જીવે છે. આવકનું કોઈ સાધન નથી. આ કેસમાં જામીન મળ્યા નથી. આ કેસમાં મારી સીધી સંડોવણી નથી. આ કૃત્ય મેં કરેલુ નથી. બોમ્બ બનાવવાની સામગ્રી ખરીદી નથી કે રેકી કરી નથી. મારી પાસેથી કોઈ એક્ષપ્લોજીવ રીકવર થયેલ નથી, કોઈ સાહેદે ઓળખી બતાવેલ નથી. ઉશ્કેરણીજનક ભાષણ કરેલુ નથી. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ ના નિવેદન વખતે કરેલી રજૂઆત ધ્યાને લેવા વિનંતી કરી છે અને જેલમાં ભોગવેલા દિવસોને સજા રૂપે ગણી લેવા વિનંતી કરી છે.પોતાની લેખિત રજૂઆત

સાથે તેને પોતાના જન્મના પ્રમાણપત્રની નકલ, જેલમાં રહીને ડૉ.બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી અમદાવાદ ખાતેથી અભ્યાસ કરી મેળવેલ સર્ટીફીકેટ ઈન ફુડ એન્ડ ન્યુટ્રીશનનું પ્રમાણપત્ર તથા ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય મુકત વિશ્વ વિદ્યાલયમાંથી ઈગ્નુ અરેબીક ભાષા ઉપર અભ્યાસ કરી મેળવેલા પ્રમાણપત્રની નકલ રજૂ કરેલી છે. આરોપીએ પોતાની બીમારી, માતાની બીમારી, બાળકોના ભણતર કે આર્થિક પરિસ્થિતિ અંગેના કોઈ કાગળો રજૂ કરેલા નથી.

આરોપી નં.૦૨ ઈમરાન ઈબ્રાહીમ શેખઃ–

આ આરોપીને જુદા–જુદા કાયદાની જુદી–જુદી કલમોમાં કેટલી સજા કરવી અને કેટલો દંડ કરવો તથા આ ગુનાઓમાં જે લોકો મૃત્યુ પામેલા છે તેઓના પરિવારજનોને તથા ઈજા પામનારાઓને કેટલુ વળતર ચુકવવુ તે બાબતે પુછતા આરોપીએ સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે આવેલા વીડિયો કોન્ફરન્સ દ્વારા ખુલ્લી અદાલતમાં બંને પક્ષકારોના વકીલશ્રીઓની હાજરીમાં ઉભા થઈને જણાવેલુ કે તેઓ મૌખિકમાં કંઈ કહેવા માંગતા નથી અને પોતાના વકીલશ્રી રજૂઆત કરશે મારે કાંઇ રજૂઆત કરવી નથી તથા અનુચિત્ત અને અસભ્ય વર્તન કરીને બેસી ગયેલ છે.

આરોપી નં.૦૩ ઈકબાલ કાસમ શેખ

આ આરોપીને જુદા–જુદા કાયદાની જુદી–જુદી કલમોમાં કેટલી સજા કરવી અને કેટલો દંડ કરવો તથા આ ગુનાઓમાં જે લોકો મૃત્યુ પામેલા છે તેઓના પરિવારજનોને તથા ઈજા પામનારાઓને કેટલુ વળતર ચુકવવુ તે બાબતે પુછતા આરોપીએ સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે આવેલા વીડિયો કોન્ફરન્સ દ્વારા ખુલ્લી અદાલતમાં બંને પક્ષકારોના વકીલશ્રીઓની હાજરીમાં ઉભા થઈને જણાવેલુ કે, હું અલ્લાહ ઉપર ભરોસો રાખુ છું, બીજા કોઇ ઉપર ભરોસો રાખતો નથી અને મારે કાંઇ કહેવુ નથી.

આરોપી નં.૦૪ સમસુદ્દીન સન ઓફ શાહબુદ્દીન શેખઃ–

આ આરોપીને જુદા–જુદા કાયદાની જુદી–જુદી કલમોમાં કેટલી સજા કરવી અને કેટલો દંડ કરવો તથા આ ગુનાઓમાં જે લોકો મૃત્યુ પામેલા છે તેઓના પરિવારજનોને તથા ઈજા પામનારાઓને કેટલુ વળતર ચુકવવુ તે બાબતે પુછતા આરોપીએ સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે આવેલા વીડિયો કોન્ફરન્સ દ્વારા ખુલ્લી અદાલતમાં બંને પક્ષકારોના વકીલશ્રીઓની હાજરીમાં ઉભા થઈને જણાવેલુ કે, આ કેસની ઈન્સાફી કાર્યવાહી પુરી થયેલી છે અને મને દોષિત ઠરાવેલ છે, સજાના પ્રમાણ બાબતે તેઓ જણાવે છે કે, મારા કુટુંબમાં મારી પત્ની, ચાર બાળકો, માતા, સાસુ, સસરા છે તેઓની જવાબદારી મારા ઉપર છે, છોકરાઓ ભણે છે અને બધા ભાડાના મકાનમાં રહે છે, મારા ઉપર કોઇ કેસ નથી, હું નિર્દોષ છું, અમદાવાદમાં બોમ્બ બ્લાસ્ટ થયા તે પહેલા પોલીસ એજન્સીએ જયારે–જયારે બોલાવ્યા ત્યારે હું પોલીસ એજન્સી પાસે ગયેલો છુ, આ કેસમાં જો હું સંડોવાયેલો હોત તો હું પોલીસ એજન્સી પાસે ગયો ન હોત, આ બધી વિગતો મેં મારા ક્રિ. પ્રો. કોડની કલમ–૩૧૩ ના વિશેષ નિવેદનમાં જણાવેલી છે, પાવાગઢ કે વાઘમોન હું ગયો નથી, મારા વિરૂધ્ધ જેલમાં ખટલો થયેલો નથી, હું શિક્ષક હતો, જેલમાં આવ્યા પછી હું ભણેલો છું, જેલમાં કોઇ સમય મેં બરબાદ કરેલો નથી, મારા વકીલશ્રી પેપર્સ રજૂ કરશે તે ધ્યાને લેવા વિનંતી છે.

આ આરોપીએ ઓછામાં ઓછી સજા કરી અથવા અંડર ગ્રાઉન્ડ કરી મુકત કરવા બાબતે લેખિતમાં રજૂઆત આંક–૯૫૩૪ થી રજૂ કરેલ છે. તેઓની લેખિત રજૂઆત મુજબ તેમના ઉપર પત્ની, ચાર બાળકો, માતા, સાસુ અને સાળીની જવાબદારી છે, ભાડાના મકાનમાં રહે છે, માતાની ઉંમર ૭૧ વર્ષની છે અને ઘણી બીમારી છે, સાસુને બ્રેસ્ટ કેન્સર થયેલુ છે, પત્નીને ગર્ભાશયમાં તકલીફ છે, પત્ની આઘાત અને ડીપ્રેશનમાં છે, મોટા દિકરાએ નીટની પરીક્ષા પાસ કરેલી છે, બીજો દિકરો પણ નીટની તૈયારી કરે છે, પોતાના અભ્યાસના પેપર્સ રજૂ કરેલ છે, પોતે શિક્ષક હતા, ડીસીપ્લીન અને અભ્યાસમાં માને છે. જેલમાં શિષ્ટથી રહેલા છે અને અભ્યાસ કર્યો છે, ગાંધી વિચાર પરીક્ષામાં ભાગ લીધેલો છે, કુરાન કંઠસ્થ કરેલ છે. આ કેસમાં મારી કોઈ ભૂમિકા નથી, કેસ

બાબતે કંઈ માહિતી નથી કે જાણતા નથી, ક્રાઈમ બ્રાન્ચના માણસો જયારે–જયારે બોલાવતા ત્યારે તે જતા હતા. પોતાની લેખિત રજૂઆત સાથે પોતાના જન્મના પ્રમાણપત્રની નકલ, અરેબીક લેંગવેજનું ઈગ્નુમાંથી પ્રમાણપત્ર મેળવેલુ તેની નકલ, બેચરલ ઓફ આર્ટસ ઈગ્નુમાંથી કરેલુ તેની નકલ, ગાંધી વિચાર પરીક્ષા સને–૨૦૧૬ થી ૨૦૨૦ સુધી પાસ કરેલી તેની નકલો, માતાના મેડીકલ પેપર્સની નકલ ૨૦૨૧ ની સાલની, પત્નીના મેડીકલ પેપર્સની નકલ ૨૦૨૧ ની સાલની, માતાના એમ.આઈ.આર. રીપોર્ટની નકલ ૨૦૨૧ ની સાલની રજૂ કરેલ છે. આ સિવાય બાળકોની વિગત, પોતાની બીમારીની વિગત, સાસુની બીમારીની વિગત, આર્થિક પરિસ્થિતિ અંગેના પુરાવા વિગેરે કાંઈ રજૂ કરેલ નથી.

આરોપી નં.૦૫ ગ્યાસુદ્દીન ઉર્ફે ગ્યાસુ સન ઓફ અબ્દુલહલીમ અન્સારી

આ આરોપીને જુદા–જુદા કાયદાની જુદી–જુદી કલમોમાં કેટલી સજા કરવી અને કેટલો દંડ કરવો તથા આ ગુનાઓમાં જે લોકો મૃત્યુ પામેલા છે તેઓના પરિવારજનોને તથા ઈજા પામનારાઓને કેટલુ વળતર ચુકવવુ તે બાબતે પુછતા આરોપીએ સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે આવેલા વીડિયો કોન્ફરન્સ દ્વારા ખુલ્લી અદાલતમાં બંને પક્ષકારોના વકીલશ્રીઓની હાજરીમાં ઉભા થઈને જણાવેલુ કે મારા વકીલશ્રી કે.જી.શેખ મારા વતી રજૂઆત કરશે અને લેખિતમાં નિવેદન આપશે તેમ જણાવે છે.

આ આરોપીએ સજા અને દંડ બાબતે લેખિતમાં રજૂઆત આંક–૯૫૩૫ થી રજૂ કરેલ છે. તેઓની લેખિત રજૂઆત મુજબ ૧૩ વર્ષ અને ૬ માસથી જેલમાં બંધ છે. પરિવારે માનસીક, શારીરિક, સામાજિક, આર્થિક યાતનાઓ ભોગવી છે. ઈગ્નુમાંથી બી.એ. કરેલુ છે, જેલમાં રહેવાથી ભાંગી પડેલ છે. ટ્રાયલ લાંબો ચાલતા ૧૦ વર્ષે મારી પત્નીએ છુટાછેડા લઈ લીધા છે, પોતે માતા–પિતાનો એકનો એક છોકરો છે. પરિવાર નાનો છે અને દુઃખી છે, પિતા પાવરલુમ ફેકટરીમાં મજૂરી કરે છે. આવકના બીજા કોઈ સાધન નથી. પિતાની ઉંમર વધી ગયેલી છે. પોતાના દાદા છે તેનો ખર્ચ ઉઠાવવો પડે છે. આ કેસમાં મારી કોઈ સંડોવણી નથી. આ કેસનો સ્ટાર વિટનેસ ઝાકીર કુરેશી ઉભો કરેલો વિટનેસ છે

અને તેને હું ઓળખતો નથી. વાઘમોન કેમ્પમાં ખોટી રીતે ફસાવેલો હતો, એન.આઈ.એ. કોર્ટે નિર્દોષ છોડી દીધો છે. જેલ પ્રશાસન સાથે જેલમાં ઝઘડાઓ થયેલા નથી. મારી સામે કોઈ ખટલો નથી. સભ્ય વ્યકિત તરીકે જેલમાં રહેલા છે. કેસમાં મારે કોઈ લેવાદેવા નથી. જે સાહેદો જુબાની આપીને ગયા છે તે વિશ્વાસુ નથી. કાનૂની કાર્યવાહી સમજી શકતો નથી માટે પોતાને છોડી મુકવા તથા ઓછી સજા અને દંડ કરવા વિનંતી કરી છે. આ સિવાય બીજી કોઈ હકીકત કે તેના સમર્થનમાં કોઈ કાગળો રજૂ કરેલા નથી.

આરોપી નં.૦૬ મોહંમદ આરીફ સન ઓફ મોહંમદ ઈકબાલ કાગઝી

આ આરોપીને જુદા-જુદા કાયદાની જુદી-જુદી કલમોમાં કેટલી સજા કરવી અને કેટલો દંડ કરવો તથા આ ગુનાઓમાં જે લોકો મૃત્યુ પામેલા છે તેઓના પરિવારજનોને તથા ઈજા પામનારાઓને કેટલુ વળતર ચુકવવુ તે બાબતે પુછતા આરોપીએ સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે આવેલા વીડિયો કોન્ફરન્સ દ્વારા ખુલ્લી અદાલતમાં બંને પક્ષકારોના વકીલશ્રીઓની હાજરીમાં ઉભા થઈને જણાવેલુ કે આ કેસની ઈન્સાફી કાર્યવાહી પુરી થયા બાદ હું દોષિત જાહેર થયેલો છુ મારા પરિવારમાં મારા વૃધ્ધ મા-બાપ છે, ત્રણ બાળકો છે તેઓનો આધાર મારી ઉપર છે, ઘરની પરિસ્થિતિ ખરાબ છે, મારા ઉપર ખટલો થયેલો નથી, મને જયારે-જયારે પેરોલ ઉપર મોકલ્યો ત્યારે મારૂ વર્તન સારૂ રહેલુ છે, આ તમામ હકીકત મેં મારા ક્રિ.પ્રો.કોડ કલમ-૩૧૩ ના વિશેષ નિવેદનમાં જણાવી છે. વધુમાં રજૂઆત મારા વકીલશ્રી કરશે અને લેખિતમાં પણ આપશે તેમ જણાવે છે.

આ આરોપીએ ઓછામાં ઓછી સજા બાબતે લેખિતમાં રજૂઆત આંક-૯૫૩૬ થી રજૂ કરેલ છે. તેઓની લેખિત રજૂઆત મુજબ ઘરની પરિસ્થિતિ પહેલાથી જ ખરાબ હતી, જેલમાં આવ્યા પછી અત્યંત ગંભીર બની ગયેલ છે, માતા-પિતા ૭૦ વર્ષથી વધુ ઉંમરના છે અને તેમને ઘણી બિમારીઓ છે, પત્ની અને બાળકો છે. પત્ની પણ ઘણી બીમાર રહે છે, બાળકોનો અભ્યાસ પડી ભાંગેલ છે, ૧૪ વર્ષનો જેલનો ગાળો એકદમ સારો છે, જેલમાં કોઈ ખટલો થયેલો નથી. ૧૪ વર્ષ જેલમાં રહીને અભ્યાસ કરેલો છે. ક્રિમીનલ પ્રોસીજર કોડની

કલમ–૩૧૩ ના નિવેદનમાં ઘણી બધી હકીકતો લખાવી છે. બોમ્બ બ્લાસ્ટના કેસમાં મારી કોઈ સંડોવણી નથી. બોમ્બ પ્લાન્ટ કર્યા નથી કે કોઈને મદદ કરી નથી. કોઈપણ સામગ્રી મેં ખરીદેલી નથી, ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે સામેથી ગયેલો છું. પોલીસે જયારે–જયારે બોલાવ્યા ત્યારે ત્યારે ગયેલો છું. એન.આઈ.એ. કોર્ટે મને નિર્દોષ મુકત કરેલ છે માટે તેમને ઓછામાં ઓછી સજા કરવા વિનંતી કરેલી છે. આ સાથે આરોપીએ ઈગ્નુમાંથી મેળવેલ ગ્રેડ કાર્ડ સ્ટેટસની નકલ, જુન–૨૦૧૨ ની ઈગ્નુની માર્કશીટની નકલ, સને–૨૦૧૧ મા અરેબીક ભાષાનો અભ્યાસ કરી ઈગ્નુમાંથી મેળવેલ પ્રમાણપત્રની નકલ રજૂ કરેલ છે. આ સિવાય તેમના માતા–પિતાની ઉંમર, બીમારી, પત્નીની બીમારી, બાળકોના અભ્યાસ, પોતાની આર્થિક પરિસ્થિતિ અંગેના કોઈ કાગળો રજૂ કરેલા નથી.

આરોપી નં.૦૭ મહંમદ ઉસ્માન સન ઓફ મોહંમદઅનીસ અગરબત્તીવાલા

આ આરોપીને જુદા–જુદા કાયદાની જુદી–જુદી કલમોમાં કેટલી સજા કરવી અને કેટલો દંડ કરવો તથા આ ગુનાઓમાં જે લોકો મૃત્યુ પામેલા છે તેઓના પરિવારજનોને તથા ઈજા પામનારાઓને કેટલુ વળતર ચુકવવુ તે બાબતે પુછતાં આરોપીએ સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે આવેલા વીડિયો કોન્ફરન્સ દ્વારા ખુલ્લી અદાલતમાં બંને પક્ષકારોના વકીલશ્રીઓની હાજરીમાં ઉભા થઈને જણાવેલુ કે, મારા વતી મારા વકીલશ્રી રજૂઆત કરશે કારણ કે સાડા તેર વર્ષથી મને આ કેસમાં ખોટી રીતે જેલમાં રાખી મુકેલો છે, ફરિયાદપક્ષે ખોટા–ખોટા પુરાવા ઉભા કરીને મને જેલમાં રાખેલો છે, આ સિવાય મારે કાંઇ કહેવુ નથી તેમ જણાવે છે.

આરોપી નં.૦૮ યુનુસ સન ઓફ મહમદ મન્સુરી

આ આરોપીને જુદા–જુદા કાયદાની જુદી–જુદી કલમોમાં કેટલી સજા કરવી અને કેટલો દંડ કરવો તથા આ ગુનાઓમાં જે લોકો મૃત્યુ પામેલા છે તેઓના પરિવારજનોને તથા ઈજા પામનારાઓને કેટલુ વળતર ચુકવવુ તે બાબતે પુછતા આરોપીએ સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે આવેલા વીડિયો કોન્ફરન્સ દ્વારા ખુલ્લી અદાલતમાં બંને પક્ષકારોના વકીલશ્રીઓની હાજરીમાં ઉભા થઈને જણાવેલુ

કે હું સાડા તેર વર્ષથી જેલમાં છું, મારી યુવાની જેલમાં નીકળી ગયેલી છે, મારા કુટુંબમાં પત્ની, બે દિકરી અને એક દિકરો છે, મારી આર્થિક પરિસ્થિતિ ખરાબ છે, છોકરાઓના ભણતર થયા નથી, મને આ કેસમાંથી છોડવામાં નહીં આવે તો પરિસ્થિતિ વધુ ખરાબ થશે, મને પાઈલ્સની તકલીફ છે, હાઇ બી.પી. છે, કિડનીમાં સ્ટોન છે, મારે માતા છે, ભાઇઓ,બહેનોમાં હું સૌથી નાનો છુ, હું એરેસ્ટ થયો ત્યારથી મારા પત્નીની તબિયત ખરાબ રહે છે, હું તથા મારા વકીલશ્રી વિશેષમાં લખીને જણાવીશુ તેમ જણાવે છે.

આ આરોપીએ લેખિતમાં રજૂઆત આંક–૯૫૩૭ થી રજૂ કરેલ છે. તેઓની લેખિત રજૂઆત મુજબ તેઓને પરિવારમાં માતા, પત્ની, એક દિકરો અને બે દિકરીઓ છે, ૧૪ વર્ષના સમય દરમ્યાન આર્થિક તથા માનસિક સ્થિતિ બહુ ખરાબ થઈ ગયેલી છે, છોકરાઓના અભ્યાસની ચિંતા છે, તેઓના લગ્નની તૈયારીઓ કરવાની છે. જેલમાં સતત ટેન્શનમાં રહે છે, પાઈલ્સની બીમારી છે, હાઈ બી.પી. રહે છે, જો છોડી મુકવામાં નહીં આવે તો પરિવાર ઉપર બહુ ખરાબ અસર પડશે. જો દંડ ફરમાવવાનો હોય તો ઓછામાં ઓછો દંડ કરવા વિનંતી કરી છે. આ સાથે આરોપીએ પોતાના મતદાર કાર્ડ તથા જન્મના પ્રમાણપત્રની નકલો, સને–૨૦૧૧ની સાલમાં ઈગ્નુમાંથી અભ્યાસ કરી અરેબીક ભાષાનું મેળવેલુ પ્રમાણપત્ર, ઈગ્નુનું સને–૨૦૧૩ની સાલનું આવેલ બી.પી.પી. પ્રોગ્રામના રીઝલ્ટની નકલ, ઈગ્નુના સને–૨૦૧૪ ની સાલમાં આવેલ બી.ડી.પી. પ્રોગ્રામના રીઝલ્ટની નકલ રજૂ કરેલ છે. આ સિવાય આરોપીએ પોતાની બીમારીના, બાળકોના અભ્યાસ તથા આર્થિક પરિસ્થિતિ અંગેના કોઈ કાગળો રજૂ કરેલા નથી.

આરોપી નં.૦૯ કમરૂદ્દીન સન ઓફ ચાંદ મહંમદ નાગોરી

આ આરોપીને જુદા–જુદા કાયદાની જુદી–જુદી કલમોમાં કેટલી સજા કરવી અને કેટલો દંડ કરવો તથા આ ગુનાઓમાં જે લોકો મૃત્યુ પામેલા છે તેઓના પરિવારજનોને તથા ઈજા પામનારાઓને કેટલુ વળતર ચુકવવુ તે બાબતે પુછતા આરોપીએ ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે આવેલા વીડિયો કોન્ફરન્સ દ્વારા

ખુલ્લી અદાલતમાં બંને પક્ષકારોના વકીલશ્રીઓની હાજરીમાં ઉભા થઈને હિન્દીમાં જણાવેલુ કે આ ગુનાઓ બન્યા તે પહેલા ૩,૪ માસ અગાઉથી જેલમાં હતા, મારી ઉપર ખોટો કેસ કરેલો છે, કેસ કેવી રીતે ચાલ્યો, કેમ ચાલ્યો તેની મને ખબર નથી, મારી ઉપર જુઠ્ઠો કેસ ચલાવેલો છે, બધા જ પુરાવા ખોટા છે, આ કેસમાં ખોટી રીતે મને સંડોવેલો છે, જેલમાં રાખીને મારી જીંદગી ખરાબ થઇ ગયેલી છે, હુ ઇસ્લામની દુઆ કરૂ છુ કે અલ્લાહ કોઇને માફ કરે નહીં આથી વિશેષ મારે કાંઇ કહેવુ નથી અને મારા વકીલશ્રી કહેશે તેમ જણાવેલ છે તથા અનુચિત્ત વર્તન કરીને બેસી ગયેલ છે. ભોપાલ જેલ અધિકારી તરફથી આરોપીના મેડીકલ પેપર્સ મોકલવામાં આવેલા છે પરંતુ આરોપીને કોઈ ગંભીર બીમારી હોય તેવુ કાંઈ નથી.

આરોપી નં.૧૦ આમીલ પરવાઝ સન ઓફ કાઝી સૈકુદ્દીન શેખ

આ આરોપીને જુદા-જુદા કાયદાની જુદી-જુદી કલમોમાં કેટલી સજા કરવી અને કેટલો દંડ કરવો તથા આ ગુનાઓમાં જે લોકો મૃત્યુ પામેલા છે તેઓના પરિવારજનોને તથા ઇજા પામનારાઓને કેટલુ વળતર ચુકવવુ તે બાબતે પુછતા આરોપીએ ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે આવેલા વીડિયો કોન્ફરન્સ દ્વારા ખુલ્લી અદાલતમાં બંને પક્ષકારોના વકીલશ્રીઓની હાજરીમાં ઉભા થઈને હિન્દીમાં જણાવેલુ કે, ભારતની સિસ્ટમ સાચી રીતે કામ કરતી નથી, આ કેસની મને કાંઇ ખબર નથી, મારી ઉપર કયો કેસ ચાલ્યો અને કયા કેસમાં સજા થઇ છે તેની મને ખબર નથી, મેં કોઇ ગુનો કર્યો જ નથી, મને અફસોસ છે કે આ તે કેવો કાયદો? આ કેસમાં સંડોવેલા ઘણા આરોપીઓના મા-બાપ ગુજરી ગયા તો છોકરાઓની દેખભાળ કોણ કરશે? ધરતી ઉપર એક દિવસ અલ્લાહનો કાનૂન લાગુ પડશે અને અલ્લાહનો કાનૂન ન્યાય આપશે, ભારતની સરકાર કે ભારત સરકારનો કાયદો ન્યાય નહીં આપે, હું ચૌદ વર્ષથી જેલમાં રહ્યો તેનો જવાબ કોણ આપશે? હું ન્યાયની ભીખ માંગતો નથી, અમારા જેવા લોકોની જીંદગીઓ સાથે ભારતનો કાયદો ખોટુ કરે છે, અલ્લાહ કોઇને માફ કરશે નહીં, કાયદાએ અમારી જીંદગી બરબાદ કરી તમારે જે સજા આપવી હોય તે આપી દો, અમારો અલ્લાહ મોટો છે, ભારતમાં એવી કોઇ જેલ નથી કે અમોને કાયમ માટે જેલમાં રાખે તેમ કહી

અનુચિત્ત વર્તન કરીને બેસી ગયેલ છે. ભોપાલ જેલ અધિકારી તરફથી આરોપીના મેડીકલ પેપર્સ મોકલવામાં આવેલા છે પરંતુ આરોપીને કોઈ ગંભીર બીમારી હોય તેવુ કાંઈ નથી.

આરોપી નં.૧૧ સીબલી ઉર્ફે સાબીત સન ઓફ અબ્દુલકરીમ મુસ્લીમ

આ આરોપીને જુદા-જુદા કાયદાની જુદી-જુદી કલમોમાં કેટલી સજા કરવી અને કેટલો દંડ કરવો તથા આ ગુનાઓમાં જે લોકો મૃત્યુ પામેલા છે તેઓના પરિવારજનોને તથા ઈજા પામનારાઓને કેટલુ વળતર ચુકવવુ તે બાબતે પુછતા આરોપીએ ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે આવેલા વીડિયો કોન્ફરન્સ દ્વારા ખુલ્લી અદાલતમાં બંને પક્ષકારોના વકીલશ્રીઓની હાજરીમાં ઉભા થઈને હિન્દીમાં જણાવેલુ કે, જે થયુ છે તે અલ્લાહે વિચારેલુ તે થયુ છે, અલ્લાહ જે કાંઈ પણ કરશે તે સારૂ કરશે, મારા માટે અલ્લાહ પુરતા છે, મને અલ્લાહ ઉપર વિશ્વાસ છે તથા અનુચિત્ત અને અસભ્ય વર્તન કરીને બેસી ગયેલ છે. ભોપાલ જેલ અધિકારી તરફથી આરોપીના મેડીકલ પેપર્સ મોકલવામાં આવેલા છે પરંતુ આરોપીને કોઈ ગંભીર બીમારી હોય તેવુ કાંઈ નથી.

આરોપી નં.૧૨ સફદરહુસેન ઉર્ફે હુસેનભઈ ઉર્ફે ઈકબાલ સન ઓફ જહરૂલહુસેન નાગોરી

આ આરોપીને જુદા-જુદા કાયદાની જુદી-જુદી કલમોમાં કેટલી સજા કરવી અને કેટલો દંડ કરવો તથા આ ગુનાઓમાં જે લોકો મૃત્યુ પામેલા છે તેઓના પરિવારજનોને તથા ઈજા પામનારાઓને કેટલુ વળતર ચુકવવુ તે બાબતે પુછતાં આરોપીએ ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે આવેલા વીડિયો કોન્ફરન્સ દ્વારા ખુલ્લી અદાલતમાં બંને પક્ષકારોના વકીલશ્રીઓની હાજરીમાં ઉભા થઈને હિન્દીમાં જણાવેલુ કે, મેં ક્રિ.પ્રો.કોડની કલમ-૩૧૩ ના વિશેષ નિવેદનમાં બાર પાના અંગ્રેજીમાં અને બાર પાના હિન્દીમાં લખીને મોકલી આપેલા છે તે ધ્યાને લેવા વિનંતી કરી બીજી હકીકતો લેખિતમાં મોકલશે અને મારા વકીલશ્રી મૌખિકમાં રજૂઆત કરશે તેમ જણાવે છે.

આ આરોપીએ લેખિતમાં રજૂઆત આંક–૯૫૨૯ થી રજૂ કરેલ છે. તેઓની લેખિત રજૂઆત મુજબ તેઓ પોતે એમ.એસ.સી.માં ૮૨ ટકા, એમ.પી.એસ.માં ૬૫ ટકા તથા આ સિવાય ઘણી બધી ડીગ્રીઓ મેળવેલી છે. હ્દય રોગ અને હાઈ બી.પી.ની બીમારી છે, હાઈપર ટેન્શન રહે છે, ન્યુરોલોજીકલ કોમ્પ્લીકેશન રહે છે, માતા–પિતા ૮૦ વર્ષની ઉંમરના છે, મોટી દિકરી બી.ડી.એસ.ના બીજા વર્ષમાં છે, નાની દિકરી એમ.બી.બી.એસ.ના પહેલા વર્ષમાં છે, દિકરો ૯ મા ધોરણમાં છે. હુબલી કોર્ટે, નરશીંહગઢ કોર્ટે, ઉજ્જૈન કોર્ટે, ઈન્દોર કોર્ટે જુદા–જુદા કેસોમાં છોડી મુકેલ છે. ગુજરાતમાં બોમ્બ બ્લાસ્ટ થયા તે વખતે પોતે જેલમાં હતા. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ ના નિવેદન સાથે લેખિત રજૂઆતો મૂકેલી છે. ખોટી રીતે પોતાને નિશાન બનાવેલો છે. પોતાના કાયદેસરના હકકોનું ઉલ્લંઘન થયેલુ છે. ગુજરાત અને મધ્યપ્રદેશના વહીવટી તંત્ર દ્વારા કાવતરૂ કરીને ખોટો સંડોવેલો છે .પોતે મેકેનીકલ એન્જીનીયર, લેકચરર અને પત્રકાર છે. બોમ્બ બ્લાસ્ટ કરવાનું કાવતરૂ કરેલુ નથી. કોઈપણ કલમમાં ૧૦ વર્ષથી વધારે સજા થઈ શકે નહીં. સાડા તેર વર્ષથી જેલમાં છું માટે સેટઓફ આપવો જોઈએ. ઈસ્લામ સાચો છે, હું ઈસ્લામમાં માનુ છું. સને–૧૯૪૭ પહેલા અંગ્રેજ હકૂમત વખતે ઘણા બધા લોકો ઉપર જુઠા કેસો કરવામાં આવેલા હતા તેવા જુઠા કેસો મારી ઉપર કરેલા છે. આ મુજબની ઘણી બધી હકીકતો પોતાના લેખિત નિવેદનમાં જણાવેલી છે. આ સિવાય લેખિત નિવેદનમાં જે હકીકતો જણાવી છે તે બાબતે કોઈ કાગળો રજૂ કરેલા નથી. ભોપાલ જેલ અધિકારી તરફથી આરોપીના મેડીકલ પેપર્સ મોકલવામાં આવેલા છે પરંતુ આરોપીને કોઈ ગંભીર બીમારી હોય તેવુ કાંઈ નથી.

આરોપી નં.૧૩ હાફીઝ હુસેન ઉર્ફે અદનાન સન ઓફ તાજુદ્દીન મુલ્લા

આ આરોપીને જુદા–જુદા કાયદાની જુદી–જુદી કલમોમાં કેટલી સજા કરવી અને કેટલો દંડ કરવો તથા આ ગુનાઓમાં જે લોકો મૃત્યુ પામેલા છે તેઓના પરિવારજનોને તથા ઈજા પામનારાઓને કેટલુ વળતર ચુકવવુ તે બાબતે પુછતાં આરોપીએ ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે આવેલા વીડિયો કોન્ફરન્સ દ્વારા

ખુલ્લી અદાલતમાં બંને પક્ષકારોના વકીલશ્રીઓની હાજરીમાં ઉભા થઈને હિન્દીમાં જણાવેલુ કે, મને કઈ કલમમાં સજા થયેલી છે તે જણાવેલુ નથી, છેલ્લા સાડા તેર વર્ષથી હું જેલમાં છું, અમદાવાદમાં જે બનાવો બનેલા તે હું જેલમાં આવ્યા બાદ બનેલા છે, મારે આ કેસ સાથે કોઇ લેવા દેવા નથી, હું મુસલમાન છુ માટે મને પોલીસે શરૂઆતથી આ ગુનામાં સંડોવેલો છે, મારી સામે કોઇ પુરાવો નથી તે બધા જ લોકો જાણે છે, સાહેદ નં.૯૮૧ નાઓએ મારી ખોટી રીતે ઓળખ કરેલી છે, હું હાલોલ કેમ્પમાં ગયેલો નથી, મને ક્રાઇમ બ્રાન્ચની ઑફિસ અમદાવાદ ખાતે લાવવામાં આવ્યો તે પહેલા હું ગુજરાતમાં આવેલો ન હતો, ચાર્જશીટના કાગળો ગુજરાતીમાં હતા માટે મેં લેવાની ના પાડેલ હતી, મને ચાર્જશીટના પેપર્સ મળેલા નથી, મેં ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ ના વિશેષ નિવેદનમાં આ બધી હકીકતો જણાવેલી છે, મને મેડીકલ સમસ્યા છે તે અંગેના પેપર્સ આંક–૯૨૫૬, ૯૨૬૮, ૯૩૦૧ અને ૯૩૫૨ થી રજૂ કરેલા છે તે ધ્યાને લેવા વિનંતી કરેલી છે. વધુમાં તેઓએ જણાવેલુ છે કે, હું સાડા તેર વર્ષથી જેલમાં છું, ઇન્દોર કેસમાં પણ મને સજા થયેલી છે માટે જો મને સજા કરવામાં આવે તો મેં કાચા કામે ભોગવેલી સજા મજરે આપવી જોઇએ અને મને મારા હોમ સ્ટેટમાં મોકલી આપવો. વધુમાં તેઓ જણાવે છે કે, આ અંગે કોઇ અરજી આપવાની હોય તો મારા વકીલશ્રી પાસે લઇ લેવી બધી સજાઓ મને એક સાથે કરવી, મારા વકીલશ્રી વધુ રજૂઆત કરશે, તમોને (કોર્ટને) સરકારી વકીલશ્રીને જણાવુ છું કે, અમારો ઇસ્લામ છે અને ફકત ઇસ્લામ જ રસ્તો બતાવશે, ઇસ્લામ સિવાય હું કોઇને માનતો નથી, વધુ હકીકતો લેખિતમાં જણાવીશ તેમ જણાવે છે.

આ આરોપીએ લેખિતમાં રજૂઆત આંક–૯૫૨૯ થી રજૂ કરેલ છે. તેઓની લેખિત રજૂઆત મુજબ તેઓ પોતે સીવિલ એન્જીનીયર છે અને પ્રતિષ્ઠિત મુસ્લિમ કુટુંબમાંથી આવે છે. અમદાવાદ સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસમાં ખોટી રીતે ફસાવવામાં આવેલો છે, પોતે નિર્દોષ છે, મારી ઉપર ખોટો કેસ છે. મારી સામેના ચાર કેસ પૈકી બે કેસમાં મને છોડી મુકવામાં આવેલો છે. તા.૨૮.૩.૨૦૦૮ થી કસ્ટડીમાં છું. અમદાવાદમાં બોમ્બ બ્લાસ્ટ મારી ધરપકડ

થયા પછી ચાર માસ બાદ થયેલા છે. હું ગુજરાતમાં કયારેય આવેલો નથી. વાઘમોન કે હાલોલ–પાવાગઢના જંગલમાં તાલીમ મેળવવા ગયેલો નથી. ફરિયાદપક્ષ દ્વારા તપાસવામાં આવેલા સાહેદોમાં મારી વિરૂધ્ધ કોઈ સાહેદ નથી. કોઈ સાક્ષીઓએ મને ઓળખેલો નથી. પોલીસે મારી ઓળખ પરેડ કરાવેલી નથી. પોતે શારીરિક સમસ્યાઓ જેવી કે ડાયાબીટીશ, હૃદય રોગ, પેશાબને લગતી જુદી–જુદી બીમારીઓથી પરેશાન છુ. સને–૨૦૦૫ મા થયેલ અકસ્માતમાં જમણા હાથ ઉપર ફ્રેકચર થયેલ હતુ. કોઈ કામ થઈ શકતુ નથી. મને બચાવની યોગ્ય તક આપવામાં આવેલ નથી, ગુજરાતી ભાષામાં થયેલ ચાર્જશીટના કાગળો મેં સ્વિકારેલા નથી. હું ગુજરાતી ભાષા જાણતો નથી. ખરાબ નેટવર્કના કારણે વીડિયો કોન્ફરન્સ વ્યવસ્થિત ચાલેલુ નથી, જેલમાં મારી વર્તણૂક ઘણી સારી છે. મને પુરો વિશ્વાસ હતો કે હું આ કેસમાંથી છુટી જઈશ પરંતુ તેમ થયેલુ નથી. જેથી શકય હોય તેટલી ઓછી સજા કરવા અને તે સજા ભેગી ભોગવવા હુકમ કરવા વિનંતી કરેલ છે તથા ભોગવેલી સજા મજરે આપી મુકત કરવા વિનંતી કરી છે. આ સિવાય લેખિત નિવેદનમાં જે હકીકતો જણાવી છે તે બાબતે કોઈ કાગળો રજૂ કરેલા નથી. ભોપાલ જેલ અધિકારી તરફથી આરોપીના મેડીકલ પેપર્સ મોકલવામાં આવેલા છે પરંતુ આરોપીને કોઈ ગંભીર બીમારી હોય તેવુ કાંઈ નથી.

આરોપી નં.૧૪ મોહંમદ સાજીદ ઉર્ફે સલીમ ઉર્ફે સજ્જાદ ઉર્ફે સાદ સન ઓફ ગુલામ ખ્વાજા મન્સુરી

આ આરોપીને જુદા–જુદા કાયદાની જુદી–જુદી કલમોમાં કેટલી સજા કરવી અને કેટલો દંડ કરવો તથા આ ગુનાઓમાં જે લોકો મૃત્યુ પામેલા છે તેઓના પરિવારજનોને તથા ઈજા પામનારાઓને કેટલુ વળતર ચુકવવુ તે બાબતે પુછતા આરોપીએ સાબરમતી સેન્ટ્રલ જેલ, અમદાવાદ ખાતેથી વીડિયો કોન્ફરન્સ દ્વારા ખુલ્લી અદાલતમાં બંને પક્ષકારોના વકીલશ્રીઓની હાજરીમાં જણાવેલુ કે, જેલમાં મારા સાડા તેર વર્ષ વીતી ગયેલા છે, અમદાવાદ શહેરમાં થયેલો બોમ્બ બ્લાસ્ટના બનાવો સાથે મારે કોઇ લેવા–દેવા નથી, મેં જે સહન

કર્યું છે તેના કરતા મારા પરિવારે વધારે સહન કર્યું છે માટે ભોગવેલી સજા મજરે આપી મને છોડી મુકવા વિનંતી કરેલી છે.

આ આરોપીએ લેખિતમાં રજૂઆત આંક–૯૫૩૮ થી રજૂ કરેલ છે. તેઓની લેખિત રજૂઆત મુજબ ૧૩ વર્ષ ૬ માસથી જેલમાં છે. કુટુંબની આર્થિક સામાજિક અને માનસિક પરિસ્થિતિ બગડી ગયેલી છે, જેલમાં હાઈપરટેન્શન, માઈગ્રેશનની બીમારી થઈ ગયેલી છે, પિતા મૃત્યુ પામ્યા છે, માતા ૭૦ વર્ષથી વધુ ઉંમરના છે, પરિવારના જીવન નિર્વાહમાં મુશ્કેલી ઉભી થયેલી છે. બોમ્બ બ્લાસ્ટને લગતા કોઈ પુરાવા મારી વિરૂધ્ધ નથી, મને સુધરવાની તક આપી ભોગવેલો સમય મજરે આપવા વિનંતી કરી છે. સાથે પોતાના મતદાર કાર્ડની નકલ, અન્નામલાઈ યુનિવર્સીટીમાંથી ડીપ્લોમા ઈન વેલ્યુ એજયુકેશનના મેળવેલ પ્રમાણપત્રની નકલ, સને–૨૦૧૨ ની સાલમાં ઈમ્યુમાંથી અરેબીક ભાષાનું મેળવેલુ પ્રમાણપત્ર, ઈન્ડિયન એકસપ્રેસમાં કોન્વોકેશન પ્રોગ્રામના સમાચાર છપાયેલા તે પેપર કટીંગની નકલ, ગાંધી વિચારધારા પરીક્ષા ઓકટોબર–૨૦૧૮ માં આપેલી તેનુ પ્રમાણપત્ર વિગેરે રજૂ કરેલા છે. માતાની બીમારી કે આર્થિક પરિસ્થિતિ અંગેના કોઈ કાગળો રજૂ કરેલા નથી.

આરોપી નં.૧૫ મુફતી અબુબસર ઉર્ફે અબ્દુલ રશીદ ઉર્ફે અબ્દુલ્લા સન ઓફ અબુબકર શેખ

આ આરોપીને જુદા–જુદા કાયદાની જુદી–જુદી કલમોમાં કેટલી સજા કરવી અને કેટલો દંડ કરવો તથા આ ગુનાઓમાં જે લોકો મૃત્યુ પામેલા છે તેઓના પરિવારજનોને તથા ઈજા પામનારાઓને કેટલુ વળતર ચુકવવુ તે બાબતે પુછતાં આરોપીએ સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે આવેલા વીડિયો કોન્ફરન્સ દ્વારા ખુલ્લી અદાલતમાં બંને પક્ષકારોના વકીલશ્રીઓની હાજરીમાં ઉભા થઈને હિન્દીમાં જણાવેલુ કે હું અલ્લાહતાલામાં માનુ છુ, ભારતના કાયદામાં, ભારતની કોર્ટોમાં કે ભારતની સરકારમાં હું માનતો નથી તેમ કહી આ આરોપી અનુચિત્ત અને અસભ્ય વર્તન કરી તેની જગ્યા ઉપર બેસી ગયેલો હતો.

આરોપી નં.૧૬ અબ્બાસ સન ઓફ ઉંમર સમેજા

આ આરોપીને જુદા–જુદા કાયદાની જુદી–જુદી કલમોમાં કેટલી સજા કરવી અને કેટલો દંડ કરવો તથા આ ગુનાઓમાં જે લોકો મૃત્યુ પામેલા છે તેઓના પરિવારજનોને તથા ઈજા પામનારાઓને કેટલુ વળતર ચુકવવુ તે બાબતે પુછતાં આરોપીએ સાબરમતિ સેન્ટ્રલ જેલ ખાતે આવેલા વીડિયો કોન્ફરન્સ દ્વારા ખુલ્લી અદાલતમાં બંને પક્ષકારોના વકીલશ્રીઓની હાજરીમાં ઉભા થઈને જણાવેલુ કે હું ભૂજનો રહેવાસી છું, ભૂજ શહેરમાં કોમ્યુનલ બનાવો બનતા નથી, ક્રિ.પ્રો. કોડની કલમ–૩૧૩ ના નિવેદનમાં જે રજૂઆત કરેલી છે તે ધ્યાને લેવી, મને સોળ દિવસ સુધી ગેરકાયદેસર કસ્ટડીમાં રાખેલ હતો, મારે બે બાળકો છે, એકની ઉંમર તેર વર્ષ અને બીજાની ઉંમર પંદર વર્ષ છે, એકવીસ વર્ષની દિકરીના લગ્ન બાકી છે, મારી પત્નીને થાઈરોઈડ તથા માઈગ્રેશન છે, મારી માતાને ૮૦ વર્ષ થયા છે, મારા ઘરમાં કોઈ કમાનાર નથી, "ઈગ્નુ" માંથી મેં એમ.એસ.સી. ફર્સ્ટ કલાસ સાથે પાસ કરેલ છે, હું એમ.બી.એ. ટોપર છુ, મેં માસ્ટર ઓફ ઈકોનોમીકસ કરેલુ છે, ડીપ્લોમાંનો કોર્ષ બે વખત કરેલો છે, સને–૨૦૦૧ ની સાલમાં ભૂજમાં ભુકંપ આવેલો ત્યારે મેં ઘણા માણસો બચાવેલા છે, મને એવોર્ડ મળેલો છે, મેડીકલ ઈમરજન્સીમાં રાત–દિવસ કામ કરેલુ છે, રેડ ક્રોસમાં પણ કામ કરેલુ છે, સને–૨૦૧૫ તથા ૨૦૧૮ માં મને હાર્ટ એટેક આવેલો છે, મને યુ.એન.મહેતા હોસ્પિટલમાં દાખલ કરેલો હતો, ડૉકટરે કહેલુ છે હાર્ટની સાઈઝ મોટી થયેલી છે, આ કેસનુ ખુબ ટેન્શન છે, આ કેસમાં મને ખોટો ફસાવેલો છે, હું તેર વર્ષથી હેરાન થયેલો છું, આર્થિક મદદ કરવાવાળુ કોઈ નથી, ઘરની પરિસ્થિત ખરાબ છે, મને કાંઈ થઈ જશે તો શું થશે? આ કેસમાં હું નિર્દોષ છુ, આપ સાહેબે કેસ ચલાવેલો છે, પુરાવાની આપ સાહેબને ખબર છે, મારી વિનંતી છે કે મેં વકીલશ્રી દ્વારા મેડીકલ પેપર્સ રજૂ કરાવેલા છે તે ધ્યાને લેવા વિનંતી છે, જેલમાં મારાથી કોઈ ભુલ થયેલી હોય તો રહેમ રાખવા વિનંતી છે, મને જે સજા આપશો તે મંજૂર છે, વધુમાં હકીકત હું લખીને આપીશ તેમ જણાવે છે.

આ આરોપીએ લેખિતમાં રજૂઆત આંક–૯૫૩૯ થી રજૂ કરેલ છે. તેઓની લેખિત રજૂઆત મુજબ પરિવારમાં ત્રણ બાળકો, પત્ની અને માતા છે.

દિકરીના લગ્ન કરવાના બાકી છે, બે છોકરાઓ છે, માતાની ઉંમર ૮૦ વર્ષની છે, આર્થિક પરિસ્થિતિ દયનીય છે, દિકરી ભણી શકેલી નથી. જેલમાં આવીને અભ્યાસ કરીને ડીગ્રીઓ મેળવેલી છે. ૨૬–જાન્યુઆરી,૨૦૦૧ ના રોજ ભૂજમાં આવેલા ભુકંપમાં ઘણી સેવાઓ આપી છે, તે અંગેના પ્રમાણપત્રો મળ્યા છે. ફેબ્રુઆરી–૨૦૧૧ મા પોતાને હાર્ટએટેક આવેલો હતો, તેના મેડીકલ પેપરો રજૂ છે. મેં કોઈ જગ્યાએ બોમ્બ પ્લાન્ટ કર્યા નથી કે સામગ્રી ખરીદી નથી, હું આ ગુનામાં નિર્દોષ છું. છેલ્લા સાડા તેર વર્ષથી જેલમાં છું. સીમી સંસ્થા કે આઈ.એમ. સાથે કોઈ લેવાદેવા નથી કે તેની સાથે જોડાયેલા નથી. વધુમાં પોતે ધરતીકંપ વખતે કરેલ કામગીરી બાબતેના પત્રની નકલ, સને–૨૦૧૧ની સાલમાં અન્નામલાઈ યુનિવર્સીટીમાંથી ડીપ્લોમા ઈન વેલ્યુ એજયુકેશન કરેલુ તેના પ્રમાણપત્રની નકલ, બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટીમાંથી ફુડ એન્ડ ન્યુટ્રીશીયનના કોર્સ કર્યાના પ્રમાણપત્રની નકલ, ઈગ્નુમાંથી ન્યુટ્રીશન એન્ડ હેલ્થ એજયુકેશનના કોર્સ કર્યાના પ્રમાણપત્રની નકલ, માસ્તર ઓફ આર્ટસનું પ્રમાણપત્રની નકલ, યુ.એન.મહેતાના મેડીકલ પેપર્સ રજૂ કરેલા છે.

આરોપી નં.૧૮ જાવેદ એહમદ સન ઓફ સગીર એહમદ શેખ

આ આરોપીને જુદા–જુદા કાયદાની જુદી–જુદી કલમોમાં કેટલી સજા કરવી અને કેટલો દંડ કરવો તથા આ ગુનાઓમાં જે લોકો મૃત્યુ પામેલા છે તેઓના પરિવારજનોને તથા ઈજા પામનારાઓને કેટલુ વળતર ચુકવવુ તે બાબતે પુછતાં આરોપીએ સાબરમતિ સેન્ટ્રલ જેલ ખાતે આવેલા વીડિયો કોન્ફરન્સ દ્વારા ખુલ્લી અદાલતમાં બંને પક્ષકારોના વકીલશ્રીઓની હાજરીમાં ઉભા થઈને જણાવેલુ કે, હું અમદાવાદનો રહેવાસી છુ, મને સમજમાં નથી આવતુ કે મેં કોઇ ગુનો કર્યો નથી અને મને આ કેસમાં કેમ ફસાવેલો છે, હાલોલ કેમ્પમાં મારૂ નામ નથી, અમદાવાદ શહેરમાં થયેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં મારી સંડોવણી નથી, પોલીસ કસ્ટડી દરમ્યાન મારી પાસેથી કોઇ રીકવરી થયેલી નથી, મારી સામે કોઇ પુરાવો નથી, મને સમજમાં નથી આવતુ કે તમે (કોર્ટ) મારી સામે રાજદ્રોહનો કેસ કેવી રીતે માન્યો? બીજા કેસોમાં મારૂ નામ કયાંય નથી, સાહેદ નં.૯૫૭ જાકીર

કુરેશીએ કુરાન વિશે જ જણાવેલુ છે તે સિવાય બીજુ કાંઇ જણાવેલુ નથી, અમે મુસ્લિમ છીએ, કુરાન અને હદીશ વાંચીએ છીએ, બે–ચાર માણસો બોલેલા કે બ્લાસ્ટ મુસલમાનોએ કર્યા છે તે સાંભળીને અમારી ઉપર ચાર્જ કરી દીધો છે, મારી નાણાકીય પરિસ્થિતિ સારી નથી, મારા પિતાને કેન્સર છે, કુટુંબમાં કમાનાર કોઇ વ્યકિત નથી, મારી સામે ખટલો થયેલો નથી, જેલમાં બધો સમય હું ભણ્યો છું, ક્રાઇમ બ્રાન્ચના અધિકારીએ જણાવેલુ કે, તારી સંડોવણી આ ગુનામાં નથી તને છોડી દઇશું પરંતુ મને છોડેલો નહીં અને ફસાવી દીધો છે, મેં કોઇ ગુનો કર્યો નથી તેમ છતાં સાડા તેર વર્ષથી જેલમાં છું, મેં જેલમાં લીધેલી ડીગ્રી કોઇ કામની ના રહી, જેલમાં કાઢેલો સમય મને મજરે આપી છોડી દેવા વિનંતી કરી છે, બાકીની વિશેષ હકીકત મારા વકીલશ્રી જણાવશે તેમ જણાવે છે.

આ આરોપીએ ઓછી સજા કરવા બાબતે લેખિતમાં રજૂઆત આંક–૯૫૪૦ થી રજૂ કરેલ છે. તેઓની લેખિત રજૂઆત મુજબ કેરાલા વાઘમોન કેમ્પમાં એન.આઈ.એ. કોર્ટે છોડી મુકેલા છે, હાલોલ કેમ્પમાં મારો કોઈ ઉલ્લેખ નથી કે મારી વિરૂધ્ધ પુરાવો નથી. બોમ્બ બ્લાસ્ટ કેસમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મારી સંડોવણી નથી, મેં કોઈ જગ્યાઓની રેકી કરી નથી. બોમ્બ બનાવવાની કોઈ સામગ્રી ખરીદી નથી. એપ્રુવરની જુબાનીમાં મારા નામનો ઉલ્લેખ નથી. એક સાહેદ ઝાકીર કુરેશી મારૂ નામ લઈને ગયેલો છે. આ સાહેદ ઝાકીર વિશ્વાસપાત્ર નથી. કુરાન વાંચવાથી કોઈ વ્યકિત આતંકવાદી બની જતો નથી. મુસ્લિમો ઉપર થતા જુલમોની ચર્ચા કરવી તે કોઈપણ રીતે બંધારણ વિરૂધ્ધ નથી. જેલમાં સાડા તેર વર્ષથી છું, અલ્સરની બીમારી છે. જેલમાં મારૂ વર્તન સારૂ છે. જેલનો બધો જ સમય અભ્યાસ કરવામાં વ્યતિત કરેલો છે, આઠ જેટલી ડીગ્રીઓ મેળવેલી છે. મારી સામે કોઈ ખટલો થયેલો નથી. ઘરની આર્થિક પરિસ્થિતિ સારી નથી. જેલમાં આવ્યા પછી કુટુંબની આર્થિક પરિસ્થિતિ ખરાબ થઈ ગઈ છે. જામીન કે પેરોલ ઉપર છુટવા માટે વકીલોને ફી આપવી પડે છે તેના પૈસા નથી, પિતાજીને કેન્સર છે તેની દવા કરાવવા પૈસા નથી. જેથી પોતાને ઓછી સજા કરવા વિનંતી છે. આરોપીએ પોતાનું મતદાર કાર્ડ, અન્નામલાઈ યુનિવર્સીટીમાંથી વેલ્યુ

એજયુકેશનની ડીગ્રી મેળવેલી, ઈગ્નુમાંથી બેચરલ ઓફ કોમર્સ સને–૨૦૧૫ ની સાલમાં કરેલુ, ઈન્ટરનેશનલ બીઝનેસ ઓપરેશન સને–૨૦૧૮ની સાલમાં કરેલુ, માસ્ટર ઓફ કોમર્સ સને –૨૦૧૯ની સાલમાં, એન્વાયર્મેન્ટ અવેરનેસનું પ્રમાણપત્ર બી.એ.ઓ.યુ.માંથી અને બાબા સાહેબ આંબેડકરના વિચારો ઉપર બી.એ.ઓ.યુ. માંથી સને–૨૦૧૯ મા મેળવેલા પ્રમાણપત્રો રજૂ કરેલા છે. પરંતુ આરોપીએ પોતાની આર્થિક પરિસ્થિતિ, પોતાની બીમારી કે પિતાની બીમારીના કોઈ કાગળો રજૂ કરેલા નથી.

આરોપી નં.૨૦ અતીકુરહેમાન ઉર્ફે અતીક સન ઓફ અબ્દુલ હકીમ મુસલમાન

આ આરોપીને જુદા–જુદા કાયદાની જુદી–જુદી કલમોમાં કેટલી સજા કરવી અને કેટલો દંડ કરવો તથા આ ગુનાઓમાં જે લોકો મૃત્યુ પામેલા છે તેઓના પરિવારજનોને તથા ઈજા પામનારાઓને કેટલુ વળતર ચુકવવુ તે બાબતે પુછતાં આરોપીએ સાબરમતિ સેન્ટ્રલ જેલ ખાતે આવેલા વીડિયો કોન્ફરન્સ દ્વારા ખુલ્લી અદાલતમાં બંને પક્ષકારોના વકીલશ્રીઓની હાજરીમાં ઉભા થઈને હિન્દીમાં જણાવેલુ કે હું લેખિતમાં રજૂ કરવા માંગુ છું અને જે કાંઇ રજૂઆત હશે તે મારા વકીલશ્રી કરશે તેમ જણાવે છે.

આ આરોપીએ સજા અને દંડ બાબતે લેખિતમાં રજૂઆત આંક–૯૫૪૧ થી રજૂ કરેલ છે. તેઓની લેખિત રજૂઆત મુજબ ૧૩ વર્ષથી જેલમાં છું, જેલમાં સારૂ વર્તન કરેલુ છે, કોઈની સાથે ઝઘડા થયેલા નથી. જેલમાં રહીને ઉચ્ચ અભ્યાસ કરેલો છે, પરિવારમાં વૃધ્ધ માતા છે તેઓને ઘણા રોગો છે. પત્ની તથા બે બાળકો છે. દિકરીનું લગ્ન કરવાનું બાકી છે, આર્થિક પરિસ્થિતિઓનો સામનો કરે છે. જેથી ઓછો દંડ અને ઓછી સજા કરવા વિનંતી કરી છે. આ આરોપીએ ગાંધી વિચાર ધારાનું પ્રમાણપત્ર, એમ.એસ.સી. વેલ્યુ એજયુકેશન અન્નામલાઈ યુનિવર્સીટીમાંથી મેળવેલુ તેનુ તથા ઉર્દૂમાં એમ.એ. મહર્ષિ દયાનંદ યુનિવર્સીટીમાંથી કરેલુ, ગાંધી વિચારધારાની પરિક્ષા આપેલી તે, માસ્ટર ઓફ આર્ટસ અંગ્રેજીમાં કોમ્યુનિકેશન સ્કીલ ડૉ. બાબા સાહેબ આંબેડકર

યુનિવર્સીટીમાંથી કરેલુ તે તથા ફુડ એન્ડ ન્યુટ્રીશીયન ઉપર બાબા સાહેબ આંબેડકર યુનિવર્સીટીમાંથી પ્રમાણપત્રો મેળવેલા તે રજૂ કરેલા છે.

આરોપી નં.૨૧ મહેંદીહસન ઉર્ફે વિક્કી સન ઓફ અબ્દુલ હબીબ અન્સારી

આ આરોપીને જુદા-જુદા કાયદાની જુદી-જુદી કલમોમાં કેટલી સજા કરવી અને કેટલો દંડ કરવો તથા આ ગુનાઓમાં જે લોકો મૃત્યુ પામેલા છે તેઓના પરિવારજનોને તથા ઈજા પામનારાઓને કેટલુ વળતર ચુકવવુ તે બાબતે પુછતાં આરોપીએ સાબરમતિ સેન્ટ્રલ જેલ ખાતે આવેલા વીડિયો કોન્ફરન્સ દ્વારા ખુલ્લી અદાલતમાં બંને પક્ષકારોના વકીલશ્રીઓની હાજરીમાં ઉભા થઈને હિન્દીમાં જણાવેલુ કે, જેલમાં મારા તેર વર્ષ પસાર થઇ ગયેલા છે, મને બીમારી લાગુ પડી ગયેલી છે, જેલમાં આવ્યા પછી મારા ઘરે ઝઘડા થયેલા છે, મારી પત્ની તલ્લાક આપીને જતી રહી છે, મારી આર્થિક સ્થિતિ ખરાબ છે, મારા પિતાજી ચાની દુકાન ચલાવે છે, સૌથી મોટો હું છું, મારા પિતાજીની સંભાળ રાખનાર કોઇ નથી, મને દોષિત ઠરાવ્યો ત્યારથી મારા પિતાજીની હાલત ખરાબ છે, મે જેલમાં તેર વર્ષ કાઢેલા છે, ભોગવેલી સજા મજરે આપી છોડી દેવામાં આવે, હું જેલમાં આવ્યો ત્યારે ધોરણ-૧૨ પાસ હતો, જેલમાં રહીને બી.એ. તથા એમ.એ.કરેલુ છે, હું સામાજિક માણસ છુ, સમાજમાં રહેવા માંગું છુ, મને કાનૂની સહાયમાંથી પઠાણ સાહેબ વકીલ તરીકે મળેલા છે, હું દંડ ભરી શકુ તેમ નથી માટે ઓછો દંડ કરવામાં આવે તો હું દંડ ભરી શકુ, વધુ હકીકતો મારા વકીલશ્રી જણાવશે તેમ જણાવે છે.

આ આરોપીએ ઓછી સજા બાબતે લેખિતમાં રજૂઆત આંક-૯૫૪૨ થી રજૂ કરેલ છે. તેઓની લેખિત રજૂઆત મુજબ અટક કરવામાં આવ્યા ત્યારે ૧૨ ધોરણ પાસ હતા અને જેલમાં રહીને બી.એ. તથા એમ.એ. કરેલુ. પત્ની સાથે સને-૨૦૧૮ના વર્ષમાં તલાક થઈ ગયેલા છે. માતા-પિતા વૃધ્ધ છે. પરિવાર અત્યંત ગરીબ છે. જેલમાં આવ્યા પછી અસ્થમાની બીમારી થઈ ગયેલી છે. મારી ઉપર અન્ય કોઈ જગ્યાએ કોઈ કેસ નથી, આ કેસ સિવાય બીજો કોઈ

કેસ નથી. આરોપીએ જેલમાં રહીને જે સારવાર કરાવેલી તેના પેપર્સ રજૂ કરેલા છે. આ પેપર્સ ઓકટોબર૨૦૨૦૧૮ અને ત્યારપછીના છે.

આરોપી નં.૨૨ ઇમરાન અહેમદ ઉર્ફે રાજા સન ઓફ સીરાજ અહેમદ હાજી પઠાણ

આ આરોપીને જુદા-જુદા કાયદાની જુદી-જુદી કલમોમાં કેટલી સજા કરવી અને કેટલો દંડ કરવો તથા આ ગુનાઓમાં જે લોકો મૃત્યુ પામેલા છે તેઓના પરિવારજનોને તથા ઈજા પામનારાઓને કેટલુ વળતર ચુકવવુ તે બાબતે પુછતાં આરોપીએ સાબરમતિ સેન્ટ્રલ જેલ ખાતે આવેલા વીડિયો કોન્ફરન્સ દ્વારા ખુલ્લી અદાલતમાં બંને પક્ષકારોના વકીલશ્રીઓની હાજરીમાં ઉભા થઈને હિન્દીમાં જણાવેલુ કે, સને-૨૦૧૨ થી મારી શારીરિક સારવાર ચાલુ છે, અમદાવાદ શહેરમાં થયેલા બોમ્બ બ્લાસ્ટના કેસો સાથે મારે કોઇ લેવા-દેવા નથી, આ કેસોમાં હું સંડોવાયેલો નથી, મને જયપુર થી અમદાવાદ ખાતે લાવી આ કેસમાં આરોપી બનાવી દીધેલ છે, મારી માતા દોઢ મહીનાથી કોમામાં છે, પિતાજીની ઉંમર ૯૦ વર્ષ છે, પરિવારની સ્થિતી સારી નથી, પિતાજી ૧૦ વર્ષથી બીમાર છે, તેઓ મારી મુલાકાતે આવેલા નથી તેમને બે વખત હાર્ટની સર્જરી કરાવી છે તેઓનો આધાર મારી ઉપર છે, આ સિવાય મારે પત્ની તથા બે બાળકો છે, ચુકાદો સાંભળ્યા પછી મારા પિતાજી બેભાન થઇ ગયેલા, મારી ઉપર બીજો કોઇ કેસ નથી, મને બી.પી. તથા એન્જાઇટીની બીમારી છે, મારા પેટમાં તકલીફ છે, સને-૨૦૦૮ થી ૨૦૨૨ સુધીમાં જેલની અંદર મારૂ વર્તન સારૂ છે , મારે કોઇ વિવાદ થયેલો નથી, જેલમાં આવ્યા ત્યારે દિકરો બે વર્ષનો હતો જે આજે મોટો થઇ ગયેલો છે અને તેને ભણાવવાનો છે તેની શાદી કરવાની છે, પંચનામા સિવાય બીજો કોઇ પુરાવો મારી સામે નથી, મારો પરિવાર ખતમ થઇ ગયેલો છે, મારા પિતાજી સાથે મને વાત કરવા દો, મને સુધરવાનો મોકો આપો, મારૂ કુટુંબ ઘણુ મોટુ છે, હું આ સિવાય લેખિતમાં નિવેદન રજૂ કરીશ તેમ જણાવે છે.

આ આરોપીએ લેખિતમાં રજૂઆત આંક-૯૫૪૩ થી રજૂ કરેલ છે. તેઓની લેખિત રજૂઆત મુજબ મને જયપુર જેલથી ટ્રાન્સફર કરીને અમદાવાદ લાવેલા હતા. જયપુર કોર્ટમાંથી હું નિર્દોષ છુટેલો છું. અમદાવાદ સીરીયલ બોમ્બ

બ્લાસ્ટમાં મારી સંડોવણી નથી. હું કોઈ ઈસ્લામિક સંગઠન સાથે જોડાયેલો નથી, માતાની ઉંમર ૭૫ વર્ષની છે અને તે ૪૫ દિવસથી તે કોમામાં છે. પિતાજીની ઉંમર ૯૦ વર્ષ છે અને તેમને હૃદયની સર્જરી કરાવેલી છે. માતા-પિતાને ૧૦ વર્ષથી મળેલો નથી. આખો પરિવાર પિતાના પેન્શન ઉપર નભે છે. પત્ની અને બાળકો પિતાજી ઉપર નિર્ભર રહે છે. પોતાને માઈગ્રેશન, બી.પી., કીડનીની બિમારીઓ છે. છેલ્લા ૭ માસથી પેટમાં અલ્સર છે. આ કેસ સિવાય મારી ઉપર બીજો કોઈ કેસ નથી. કેસની સમગ્ર કાર્યવાહી ક્રાઈમ બ્રાન્ચમાં ૧૬૪ ના નિવેદન ઉપર ચાલેલી છે. આર્થિક, માનસિક પરિસ્થિતિ ધ્યાને લઈ દયા કરવા વિનંતી કરી છે. આ આરોપીએ લેખિત રજૂઆત સાથે પોતાના સારવારના કાગળો રજૂ કરેલા છે તે સને-૨૦૧૯ અને ત્યારપછીના છે.

આરોપી નં.૨૬ મહંમદઅલી ઉર્ફે જમાલ ઉર્ફે ઝીઆ ઉર્ફે યાસર ઉર્ફે અબુબકર સન ઓફ મોહરમઅલી અન્સારી

આ આરોપીને જુદા-જુદા કાયદાની જુદી-જુદી કલમોમાં કેટલી સજા કરવી અને કેટલો દંડ કરવો તથા આ ગુનાઓમાં જે લોકો મૃત્યુ પામેલા છે તેઓના પરિવારજનોને તથા ઈજા પામનારાઓને કેટલુ વળતર ચુકવવુ તે બાબતે પુછતાં આરોપીએ સાબરમતિ સેન્ટ્રલ જેલ ખાતે આવેલા વીડિયો કોન્ફરન્સ દ્વારા ખુલ્લી અદાલતમાં બંને પક્ષકારોના વકીલશ્રીઓની હાજરીમાં ઉભા થઈને હિન્દીમાં જણાવેલુ કે હું બેકસુર છું છતાં સાડા તેર વર્ષથી જેલમાં છુ, વાઘમોન કેમ્પના કેસમાં હુ નિર્દોષ જાહેર થયેલો છું, આરોપી નં.૦૨ ના ક્રિ.પ્રો.કોડની કલમ-૧૬૪ ના નિવેદનમાં મારૂ નામ છે, આપ સાહેબ મને સજા આપવા માંગતા હોય તો આપવી અને મેં જેટલો સમય જેલમાં પસાર કર્યો છે તેટલો સમય મજરે આપી મને છોડી દેવા વિનંતી છે.

આ આરોપીએ સજા અને દંડ બાબતે લેખિતમાં રજૂઆત આંક-૯૫૪૪ થી રજૂ કરેલ છે. તેઓની લેખિત રજૂઆત મુજબ આ ચૂકાદો મારા અને મારા ઘરના સભ્યો માટે ચોંકાવનારો છે. મને સમજ પડતી નથી કે કયા પુરાવા આધારે મને સજા કરવામાં આવી. મારી વિરૂધ્ધ કોઈ સાહેદ કે પંચ નથી.

વાઘમોન કેમ્પમાં હું હાજર રહેલો નથી. વાઘમોન કેમ્પમાં હાજર રહીને કોઈને મદદ કરી હોય તેવો પુરાવો નથી. હાલોલ–પાવાગઢ કેમ્પમાં પણ હું હાજર રહેલો નથી. આરોપી નં.૨ ઈમરાન ઈબ્રાહીમ શેખના કબૂલાત નિવેદનમાં મારૂ નામ નથી. મારી વિરૂધ્ધ ફરિયાદપક્ષે કોઈ પુરાવો રજૂ કરેલો નથી. મેં કોઈ ખોટા દસ્તાવેજો ઉભા કરેલા નથી કે ખોટા દસ્તાવેજોના આધારે સીમકાર્ડ ખરીદેલા નથી. મારી આર્થિક પરિસ્થિતિ ખરાબ છે. જેલમાં કોઈ વ્યકિત સાથે મેં ઝઘડો કરેલ નથી જેથી મને ઓછામાં ઓછી સજા કરવા વિનંતી છે. આરોપીએ મેકેનીકલ એન્જીનીયરીંગમાં ડીપ્લોમાં કરેલુ તે, ઈગ્નુમાંથી અરેબીક ભાષા ઉપર મેળવેલુ પ્રમાણપત્ર, ફંકશનલ ઈંગ્લિશ ઉપર ઈગ્નુમાંથી મેળવેલ પ્રમાણપત્ર, ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઉપર ઈગ્નુમાંથી મેળવેલ પ્રમાણપત્ર તથા બેચરલ ઓફ આર્ટસ હીસ્ટ્રી ઉપર ઈગ્નુમાંથી મેળવેલુ પ્રમાણપત્ર રજૂ કરેલા છે. આરોપીએ બીમારી અંગેના કે આર્થિક પરિસ્થિતિ અંગેના કોઈ બીજા કાગળો રજૂ કરેલા નથી.

આરોપી નં.૨૭ મહમદ ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલરાજીક ઉર્ફે મુસફ ઉર્ફે કુરકાન સન ઓફ મહંમદ ઈશાક મન્સુરી

આ આરોપીને જુદા–જુદા કાયદાની જુદી–જુદી કલમોમાં કેટલી સજા કરવી અને કેટલો દંડ કરવો તથા આ ગુનાઓમાં જે લોકો મૃત્યુ પામેલા છે તેઓના પરિવારજનોને તથા ઈજા પામનારાઓને કેટલુ વળતર ચુકવવુ તે બાબતે પુછતાં આરોપીએ સાબરમતિ સેન્ટ્રલ જેલ ખાતે આવેલા વીડિયો કોન્ફરન્સ દ્વારા ખુલ્લી અદાલતમાં બંને પક્ષકારોના વકીલશ્રીઓની હાજરીમાં ઉભા થઈને જણાવેલુ કે આપ સાહેબના લેખિત હુકમથી મેં પગમાં ઓપરેશન કરાવેલુ છે, આપ સાહેબે ઓપરેશન કરાવવાનો લેખિત હુકમ કર્યો તે બદલ આપનો આભાર માનું છું, આ કેસમાં હું દોષિત જાહેર થયેલો છું, મને સજા આપતા પહેલા હું વિનંતી કરૂ છું કે મારા મા–બાપ તથા ભાઈ કે જેઓને પેરાલીસીસ થયેલો છે તેઓને મળવા દે, મારે એક દિકરો છે જે કામ કરતો નથી, પરિવારમાં હું મોટો છું, જેલમાં હું સારી રીતે રહેલો છું, મે ખોટુ વર્તન કરેલુ નથી, સજા આપતા પહેલા મને પરિવારથી મિલાવવા વિનંતી છે, આપ સાહેબ મારા પરિવારને મળશો તો હું કેટલો સીધો

સાદો છુ તેની ખબર પડશે, હું નવ ધોરણ પાસ હતો પરંતુ જેલમાં મેં એમ.એ.કરેલુ છે, હું ભણતરના પેપર્સ જમા કરાવીશ, મારી ઉપર રહેમ નજર રાખી ઓછી સજા કરવા વિનંતી છે, મને બી.પી.ની સમસ્યા છે, હું આપ સાહેબના હુકમથી મારી દિકરીના લગ્નમાં ગયેલો છુ અને સારી રીતે રહેલો છું તે બદલ આપનો આભાર માનું છું, અલ્લાહતાલા તમોને બઢતી આપે, મને આ કેસમાં પેરોલ મળવાની નથી, સોમવાર એટલે કે તા.૧૪–૨–૨૦૨૨ ના રોજ મારા દિકરાના લગ્ન છે અને મને વીડિયો કોન્ફરન્સ દ્વારા એક કલાક દિકરાના લગ્નની વિધી બતાવવામાં આવે તેવી વિનંતી કરી છે બાકીની હકીકતોમાં વકીલશ્રી ડી.ડી.પઠાણ જણાવશે તેમ જણાવે છે. આ તબક્કે જેલ સત્તાવાળાઓને તા.૧૪–૨–૨૦૨૨ ના રોજ આરોપીના દિકરાના લગ્નની વિધી વીડિયો કોન્ફરન્સ દ્વારા એક કલાક સુધી બતાવવા માટે સુચના આપેલી છે.

આ આરોપીએ ઓછી સજા બાબતે લેખિતમાં રજૂઆત આંક–૯૫૪૫ થી રજૂ કરેલ છે. તેઓની લેખિત રજૂઆત મુજબ આપ સાહેબે આટલા વર્ષોથી અમારૂ ધ્યાન રાખ્યુ, અમારી લીગલ જરૂરિયાત પર ધ્યાન આપી તેમજ શારીરિક સમસ્યા ઉપર ધ્યાન આપી મારા દાંતનું તથા ગાંઠનું ઓપરેશન કરાવેલ છે તે માટે ખાસ આભાર, હું એક ગરીબ ઘરમાંથી આવેલો છું. મા–બાપની ઉંમર થઈ ગયેલી છે અને તેઓ બીમાર રહે છે. મોટા ભાઈને હેમરેજ થઈ ગયેલુ છે અને ત્યારપછી લકવા થયેલો છે. ઘરમાં કોઈ કમાનાર વ્યકિત નથી. ૭, ૮, ૯ ફેબ્રુઆરી–૨૦૨૦ ના રોજ દિકરીના લગ્ન માટે પેરોલ આપી હતી જેથી હું ખુશ હતો. હેડકવાર્ટરના ઓફિસરો મારા વ્યવહારથી પ્રભાવિત થઈ ગયેલા હતા. નરોડા પાટીયા કેસમાં જજ સાહેબે આરોપીને મેકસીમમ પનીસમેન્ટ આપી નથી. આ કેસમાં હું કન્વીકટ થયેલો છું મને ઓછામાં ઓછી સજા કરવા વિનંતી કરી છે. સુરંગકાંડનો કેસ પેન્ડીંગ છે અને જેલમાં ખટલા એકતરફી ચાલે છે. આ આરોપીએ પોતાના મતદાર કાર્ડ, જન્મના પ્રમાણપત્ર, ઈગ્નુનું આઈ કાર્ડ, નવજીવન ટ્રસ્ટ તરફથી આપવામાં આવેલ ગાંધી વિચારધારાનું પ્રમાણપત્ર, ઈગ્નુ માંથી કોર્સ પુરો કરેલો તેનુ પ્રમાણપત્ર, બેચરલ ઓફ આર્ટસ માટેનું પ્રોવીજનલ

પ્રમાણપત્ર, બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટીમાંથી કોમ્યુનિકેશન સ્કીલ ઉપર આપવામાં આવેલ પ્રમાણપત્ર, માર્કશીટો, પત્નીનું આધાર કાર્ડ, દિકરી, દિકરાના આધાર કાર્ડ, માતાનું આધાર કાર્ડ, માતાની બીમારીના પેપર્સ, દાંતની સર્જરીના પેપર્સ, પગમાં થયેલ ગાંઠની સર્જરીના પેપર્સ વિગેરે રજૂ કરેલા છે.

આરોપી નં.૨૮ અફઝલ ઉર્ફે અફસર સન ઓફ મુત્તલીબ ઉસ્માની

આ આરોપીને જુદા-જુદા કાયદાની જુદી-જુદી કલમોમાં કેટલી સજા કરવી અને કેટલો દંડ કરવો તથા આ ગુનાઓમાં જે લોકો મૃત્યુ પામેલા છે તેઓના પરિવારજનોને તથા ઈજા પામનારાઓને કેટલુ વળતર ચુકવવુ તે બાબતે પુછતાં આરોપીએ સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે આવેલા વીડિયો કોન્ફરન્સ દ્વારા ખુલ્લી અદાલતમાં બંને પક્ષકારોના વકીલશ્રીઓની હાજરીમાં ઉભા થઈને હિન્દીમાં જણાવેલુ કે, મેં ક્રિ.પ્રો.કોડની કલમ-૩૧૩ ના વિશેષ નિવેદનમાં મારી તમામ હકીકતો જણાવેલી છે, મને મુંબઈમાં પકડીને એક મહિના સુધી રાખેલો હતો, મુંબઈના બધા કેસોમાં ડિસ્ચાર્જ થઈને છુટેલો છે, આ કેસમાં મને ખોટી રીતે સંડોવેલો છે, મારી ઉપરના જુના કેસો જુઠ્ઠા હતા, આ કેસો પણ મારી સામે જુઠ્ઠા છે તેમ છતાં ખોટી રીતે પકડેલો છે, અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચવાળા મને કબૂલાત કરાવવા માંગતા હતા પરંતુ મેં કબૂલાત કરવાની ના પાડતા આ ગુનામાં સંડોવી દીધો છે, સીમી કે ઈન્ડિયન મુજાહિદ્દીન સાથે મારે કોઇ લેવા-દેવા નથી, મુંબઇ થી ગાડી ચોર્યાના કેસમાં હું નિર્દોષ જાહેર થયેલો છુ, બધી પોલીસ ખરાબ નથી પરંતુ કેટલીક પોલીસ ખરાબ છે અને ગેંગસ્ટર સાથે સબંધો ધરાવે છે તે અંગેની સજા તેઓ ભોગવે છે, જે વ્યકિત પાસેથી મોટી રકમ મળે તેવા લોકોને તે છોડી દે છે, આ કેસમાં ખોટા સાહેદો ઉભા કરેલા છે, અદાલત સમક્ષ જે પેપર્સ રજૂ થાય તેની ઉપર અદાલત ફેસલો આપે છે, મે ભોગવેલી સજા મજરે આપી છોડી મુકવા વિનંતી છે. આ કોર્ટ મને છોડશે નહીં તો હાઇકોર્ટ તો છોડી જ દેશે મારે ત્રણ બચ્ચા છે, મને બે-ત્રણ વર્ષથી બી.પી.ની બીમારી છે, જેલમાં મને ટોર્ચર રૂમમાં રાખવામાં આવેલો છે, આ રૂમમાં કોઇપણ માણસ પાગલ થઇ જાય, આપે મારી

રજૂઆત સાંભળીને આપે જેલ સત્તાવાળાના કહેલુ જેથી હું બચ્યો છુ, આપે મને બચાવેલો છે, પોલીસવાળા મને હેરાન કરે છે, પંચને ખોટી રીતે તૈયાર કરી કોર્ટમાં રજૂ કર્યા છે, કેટલાક પોલીસવાળા ઉપર નેતા લોકોનો દબાવ રહે છે જેથી તેઓ મજબુર બનીને ખોટા લોકોને સંડોવે છે, આ બધી વિગતો ધ્યાનમાં લેવા વિનંતી છે, બીજી જેલમાં અમોને બધા સાથે મળવા દેતા હતા પરંતુ અમદાવાદની જેલમાં મળવા દેવામાં આવતા નથી, જેલના ડૉકટરો અમારી સાથે સરખી વાત કરતા નથી, જેલના ડૉકટર પટેલ સામે ઘણી ફરિયાદો છે, ડૉકટર પટેલ પોતે જ માનસિક રીતે બીમાર છે તો તે બીજાનો ઈલાજ કેવી રીતે કરશે? પોલીસ જુઠ્ઠા પંચ સાહેદો ઉભા કરે છે, જુઠ્ઠા સાક્ષી ઉભા કરે છે તેમ જણાવેલુ છે. આ આરોપીએ પોતાની સારવારના મેડીકલ પેપર્સ રજૂ કરેલા છે જે સને–૨૦૧૫ અને તે પછીના છે.

આરોપી નં.૩૦ મહંમદ સાદીક ઉર્ફે યાસીર ઉર્ફે ઈમરાન ઉર્ફે સદાકત સન ઓફ ઈસરાર અહમદ શેખ

આ આરોપીને જુદા–જુદા કાયદાની જુદી–જુદી કલમોમાં કેટલી સજા કરવી અને કેટલો દંડ કરવો તથા આ ગુનાઓમાં જે લોકો મૃત્યુ પામેલા છે તેઓના પરિવારજનોને તથા ઈજા પામનારાઓને કેટલુ વળતર ચુકવવુ તે બાબતે પુછતાં આરોપીએ મુંબઈ તલોજા સેન્ટ્રલ જેલ ખાતે આવેલા વીડિયો કોન્ફરન્સ દ્વારા ખુલ્લી અદાલતમાં બંને પક્ષકારોના વકીલશ્રીઓની હાજરીમાં ઉભા થઈને જણાવેલું છે કે, મને આ કેસમાં દોષિત ઠરાવેલો છે તો મને ઓછામાં ઓછી સજા કરવા વિનંતી છે તેમ જણાવેલુ છે.

આરોપી નં.૩૧ મહંમદ આરીફ ઉર્ફે આરીફ બદર ઉર્ફે લદન સન ઓફ બદરૂદ્દીન ઉર્ફે જુમ્મન શેખ

આ આરોપીને જુદા–જુદા કાયદાની જુદી–જુદી કલમોમાં કેટલી સજા કરવી અને કેટલો દંડ કરવો તથા આ ગુનાઓમાં જે લોકો મૃત્યુ પામેલા છે તેઓના પરિવારજનોને તથા ઈજા પામનારાઓને કેટલુ વળતર ચુકવવુ તે બાબતે પુછતાં આરોપીએ સાબરમતિ સેન્ટ્રલ જેલ ખાતે આવેલા વીડિયો કોન્ફરન્સ દ્વારા

ખુલ્લી અદાલતમાં બંને પક્ષકારોના વકીલશ્રીઓની હાજરીમાં ઉભા થઈને જણાવેલુ કે પોલીસ મને અમદાવાદ લઇ આવી તે પહેલા મેં ગુજરાત જોયેલુ ન હતુ, અહિંયા મારી ઉપર ખોટો કે સાચો આરોપ લગાવેલો છે, આ કેસ બાબતે મને કાંઇ ખબર નથી, જેલમાં રહીને હું ભણેલો છુ, ભણતરના પેપર્સ મેં મારા વકીલશ્રીને આપેલા છે, મને સુગર તથા બી.પી.ની બીમારી છે, સને–૨૦૧૯ ની સાલમાં હું બેહોશ થઇ ગયેલો હતો, જેલમાં ચૌદ સાલ થઇ ગયેલા છે, સજા બરોબર કરશો તો મારા માટે સારૂ થશે, મારા ઘરમાં પત્ની, બે દિકરા તથા એક દીકરી છે, મને સરકારમાંથી અનાજ મળે છે તેનાથી ગુજરાન ચાલે છે, કેસ બાબતે મને કાંઇ જ ખબર નથી, મારી ઉપર કયો આક્ષેપ છે તેની મને ખબર નથી, ભોગવેલી સજા બરાબર કરવા વિનંતી છે. વધુ હકીકત મારા વકીલશ્રી કહેશે અને હું લેખિતમાં પણ રજૂઆત કરીશ તેમ જણાવે છે.

આ આરોપીએ ઓછી સજા બાબતે લેખિતમાં રજૂઆત આંક–૯૫૪૬ થી રજૂ કરેલ છે. તેઓની લેખિત રજૂઆત મુજબ હું ઘણા વર્ષથી જેલમાં છું, હવે વધારે જેલમાં રહેવાથી હું સહન કરી શકીશ નહીં, બીમારીએ મને તોડી નાખેલો છે. ડાયાબીટીસ, અસ્થમા, આર્થાઈટીસ, બેક પેઈન, સાઈટીકા વિગેરે બીમારીઓ થયેલી છે. દોઢ કલાક સુધી બેહોશ રહું છું. જેલમાં મારી વિરૂધ્ધ ખટલો નથી. જેલના સમયમાં હું ભણેલો છું. સને–૨૦૦૮ ની સાલમાં મારી અટક કરી ત્યારે આઘાતથી પિતાજી અવસાન પામેલા છે. ઘરે મારી પત્ની તથા ત્રણ બાળકો છે, તેઓના લગ્ન કરવાના બાકી છે, આર્થિક પરિસ્થિતિ ખરાબ છે. ટ્રાયલ વખતે પંચોએ મને ઓળખેલો નથી. હું નિર્દોષ છું. મારી તથા પરિવારની આર્થિક સ્થિતિ ખરાબ છે જેથી ઓછી સજા અને ઓછામાં ઓછો દંડ કરવા વિનંતી કરી છે. આ આરોપીએ કોઈ કાગળો રજૂ કરેલા નથી.

આરોપી નં.૩૨ આસીફ ઉર્ફે હસન સન ઓફ બશીરૂદ્દીન શેખ

આ આરોપીને જુદા–જુદા કાયદાની જુદી–જુદી કલમોમાં કેટલી સજા કરવી અને કેટલો દંડ કરવો તથા આ ગુનાઓમાં જે લોકો મૃત્યુ પામેલા છે તેઓના પરિવારજનોને તથા ઈજા પામનારાઓને કેટલુ વળતર ચુકવવુ તે બાબતે

પુછતાં આરોપીએ સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે આવેલા વીડિયો કોન્ફરન્સ દ્વારા ખુલ્લી અદાલતમાં બંને પક્ષકારોના વકીલશ્રીઓની હાજરીમાં ઉભા થઈને હિન્દીમાં જણાવેલુ કે, મને આ કેસમાં ખોટો પકડેલો છે અને પકડીને લાવ્યા તે પહેલા હું ભણતો હતો અને જેલમાં પણ ભણ્યો છું, બહારની દુનિયામાં કોઇ કામ કરી શકયા નથી હજી મારે ઘણુ કામ કરવુ છે, મને બહાર કાઢવામાં આવે તો હું ઘણુ કામ કરી શકુ તેમ જણાવે છે.

આરોપી નં.૩૫ રફીયુદ્દીન સન ઓફ સરફુદ્દીન કાપડીયા

આ આરોપીને જુદા-જુદા કાયદાની જુદી-જુદી કલમોમાં કેટલી સજા કરવી અને કેટલો દંડ કરવો તથા આ ગુનાઓમાં જે લોકો મૃત્યુ પામેલા છે તેઓના પરિવારજનોને તથા ઈજા પામનારાઓને કેટલુ વળતર ચુકવવુ તે બાબતે પુછતાં આરોપીએ સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે આવેલા વીડિયો કોન્ફરન્સ દ્વારા ખુલ્લી અદાલતમાં બંને પક્ષકારોના વકીલશ્રીઓની હાજરીમાં ઉભા થઈને જણાવેલુ કે, અમે બે ભાઇઓ છીએ અને બંને તેર વર્ષથી જેલમાં છીએ, આ આઘાતમાં મારા પિતાજીનુ અવસાન થયેલુ છે, મારા માતાની કેન્સરની સર્જરી કરવામાં આવેલી છે તે ઉંમરલાયક છે અને તબિયત સારી રહેતી નથી, મારે પુત્ર છે અને તે ધોરણ-૮ મા ભણે છે, મારી આર્થિક સ્થિતી સારી નથી, હું બાળકોને સારી સ્કૂલમાં શિક્ષણ અપાવી શકતો નથી, મને છોડવામાં નહીં આવે તો મારા પરિવારની આર્થિક સ્થિતિ પડી ભાંગશે, ફરિયાદપક્ષ તરફથી ક્રિ.પ્રો.કોડની કલમ-૧૬૪ નુ મારૂ નિવેદન રજૂ કરેલુ છે તે સિવાય મારી સામે કોઇ બીજો પુરાવો નથી, હાલોલ કેમ્પમાં મારી બે કલાક હાજરી બતાવેલી છે હું નિર્દોષ છુ જેથી શરૂઆતથી જામીનની કોશિશ કરેલી હતી, જામીન અરજીમાં આ કેસ વહેલો પુરો કરવાનો હુકમ થયેલો હતો, આ કેસનો ચુકાદો આવશે ત્યારે હુ છુટી જઈશ તેવી મને આશા હતી, સજાના લીસ્ટમાં મારૂ નામ આવતા શરીરમાં મને જમણી બાજુ લકવો થયેલો છે, જેલવાળા મને તાત્કાલિક સારવાર માટે લઇ ગયેલા છે, હુ વ્હીલચેરમાં આવેલો છુ મારી હાલત ઘણી ખરાબ છે, મારી ઉપર કોઇ ખટલો કે

કેસ નથી, મારા પરિવારનો ખ્યાલ રાખી ઓછામાં ઓછી સજા અથવા જેલમાં ભરેલા દિવસો માન્ય રાખી મને છોડી દેવા વિનંતી છે.

આ આરોપીએ ઓછી સજા કરી અને છોડી દેવા બાબતે લેખિતમાં રજૂઆત આંક–૯૫૪૭ થી રજૂ કરેલ છે. તેઓની લેખિત રજૂઆત મુજબ ૧૩ વર્ષથી જેલમાં છું, બંન્ને ભાઈઓની અટક કર્યા પછી આઘાતમાં પિતાજી ગુજરી ગયેલા છે, માતા વૃધ્ધ છે અને કેન્સરની સર્જરી કરાવેલી છે. છોકરો નાનો છે આઠમાં ધોરણમાં ભણે છે. આર્થિક સંકળામણના કારણે માતાની સારવાર કરાવી શકયા નથી. મારૂ ૧૬૪ નુ નિવેદન રજૂ કરેલુ છે તેમાં મારી હાજરી બે કલાક હાલોલના કેમ્પમાં બતાવેલી છે, આ સિવાય મારી ઉપર કોઈ બીજો ચાર્જ નથી. ચૂકાદો આવશે ત્યારે હું નિર્દોષ છુટી જઈશ પરંતુ તેમ થયેલુ નથી અને સજાના લીસ્ટમાં નામ આવવાથી શરીરના જમણા ભાગ ઉપર પેરાલીસીસ થઈ ગયેલો છે, દરરોજ બોટલો ચઢાવવામાં આવે છે, વ્હીલ ચેર ઉપર છું, જેલમાં મારી ઉપર ખટલાઓ થયેલા નથી. મારી વર્તણૂક હંમેશા સારી રહેલી છે. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ ના નિવેદનમાં મેં તમામ હકીકતો જણાવેલી છે જેથી મને ઓછી સજા ઓછો દંડ કરી છોડી મુકવા વિનંતી કરી છે. આ આરોપીએ તેઓની સારવારના પેપર રજૂ કરેલા છે જે સને–૨૦૧૯–૨૦૨૦ ની સાલના છે.

આરોપી નં.૩૬ મહંમદઆરીફ નસીમ એહમદ મીરઝા

આ આરોપીને જુદા–જુદા કાયદાની જુદી–જુદી કલમોમાં કેટલી સજા કરવી અને કેટલો દંડ કરવો તથા આ ગુનાઓમાં જે લોકો મૃત્યુ પામેલા છે તેઓના પરિવારજનોને તથા ઈજા પામનારાઓને કેટલુ વળતર ચુકવવુ તે બાબતે પુછતાં આરોપીએ સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે આવેલા વીડિયો કોન્ફરન્સ દ્વારા ખુલ્લી અદાલતમાં બંને પક્ષકારોના વકીલશ્રીઓની હાજરીમાં ઉભા થઈને જણાવેલુ કે, આ કેસના ગુણદોષ ઉપર મારે કાંઇ કહેવુ નથી, વકીલ સાહેબોની દલીલો ઉપરથી મને એવુ હતુ કે ન્યાય થશે પરંતુ મને હવે એવુ લાગે છે કે દલીલો બરાબર કરી નથી માટે મને સજા થઇ છે, આવેલ પુરાવા ઉપરથી અદાલતે ફેંસલો કર્યો છે, પોલીસે આ કેસમાં મને ખોટો સંડોવેલો છે, પોલીસ પકડે ત્યારે ટોર્ચર કરતી હોય

છે જેથી શું કરવુ અને શું ન કરવુ? તેની સમજ પડતી નથી, પોલીસ કોરા કાગળ આપીને સહીઓ કરાવી લેતી હોય છે અને પછી જાતે લખી દે છે, અમારી સાથે ધોકાધડી થયેલી છે, આપની સામે જે પુરાવા મુકવામાં આવ્યા તેની ઉપર મને સજા થયેલી છે, પોલીસે ખોટા પુરાવા ઉભા કરેલા છે બાકીની હકીકત મારા વકીલશ્રી જણાવશે અને તેઓ લેખિતમાં રજૂ કરશે.

આ આરોપીએ ઓછી સજા બાબતે લેખિતમાં રજૂઆત આંક–૯૫૩૨ થી રજૂ કરેલ છે. તેઓની લેખિત રજૂઆત મુજબ છેલ્લા ૧૪ વર્ષથી જેલમાં છું. આપ સાહેબ સમક્ષ આવેલા તથ્યો ઉપર મને દોષિત માનવામાં આવેલ છે. આ તથ્યો ઉભા કરવામાં આવેલા છે. મને કોઈ સાહેદોએ ઓળખેલો નથી. મને ખબર નથી કે કઈ કલમો નીચે મને દોષિત જાહેર કર્યો છે. સાહેદો ઉભા કરેલા છે. બીજા કોઈ સાક્ષીઓએ પણ મને ઓળખેલો નથી. હું કયારેય ગુજરાત આવેલો નથી, ગુજરાતી ભાષા મને આવડતી નથી. માતા–પિતા વૃધ્ધ છે અને તેમને ઘણી બિમારી છે. ઘરની આર્થિક પરિસ્થિતિ સારી નથી. જે વખતે મારી અટક કરવામાં આવેલી ત્યારે હું એમ.બી.બી.એસ.માં એડમીશન મેળવવા કોચીંગ કરતો હતો, મને એરેસ્ટ કર્યો તે વખતે મારી ઉંમર ૨૧ વર્ષની હતી. યુવાની જેલમાં વિતાવેલી છે. જેલમાં હું માઈગ્રેશનનો દર્દી થઈ ગયેલો છું. મેં ભોગવેલી સજા મજરે આપીને મને મુકત કરવા વિનંતી છે.

આરોપી તરફથી વકીલશ્રી સોમનાથ વત્સનાઓએ આંક–૯૫૬૧ થી ગુનાને હળવા કરતા સંજોગો ઉપર લેખિતમાં રજૂઆત કરેલ છે તે મુજબ આરોપીને માઈગ્રેશનની તકલીફ છે અને તે માટે જેલના ડૉકટરે સારવાર આપેલી છે. આરોપીના પિતાજીની ઉંમર ૬૦ વર્ષ ઉપરાંતની છે. આરોપીના પરિવારને મદદ કરવા તેઓ સને–૨૦૧૯ ની સાલમાં સાઉદી અરેબીયાથી પરત આવેલા છે. તેઓના વિઝા પુરા થઈ ગયેલા છે, લોક ડાઉનના કારણે જઈ શકેલા નથી. આરોપીના પિતાના ભાઈ સીબલી નેશનલ કૉલેજમાં પ્રોફેસર છે અને કાકી ગવર્મેન્ટ હોસ્પિટલ, આઝમગઢ ખાતે ડૉકટર છે. ભાઈ સંજારપુર ખાતે મોબાઈલ ફોનની દુકાન ધરાવે છે. પિતાને શારીરિક તકલીફો છે, હાઈ બી.પી. રહે છે,

માતાને ડાયાબીટીસ તથા બ્લડ પ્રેસર રહે છે, આરોપીનું સ્વપ્નુ ડૉકટર બનવાનું હતુ. આરોપીએ એમ.બી.બી.એસ.માં પ્રવેશ મેળવવા માટે અભ્યાસ કરેલો. આરોપી શિક્ષકો સાથે ઘણો નજીકમાં હતો. આરોપી સાદુ જીવન જીવે છે. આરોપીને આલ્કોહોલની આદત નથી. જેલમાં આરોપી સામે શિક્ષાત્મક કાર્યવાહી થયેલી નથી. આરોપી સામે કોઈ પુરાવો નથી. આરોપીને ટ્રાન્સફર વોરન્ટથી લાવવામાં આવેલ હતો. આરોપી વિરૂધ્ધ કોઈ કબૂલાત નિવેદન નથી. એપ્રુવરના પુરાવામાં કે કોઈ આરોપીના કબૂલાત નિવેદનમાં આરોપીનું નામ નથી, આરોપી પાસેથી કોઈ રીકવરી થયેલી નથી. ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ ના નિવેદનમાં આરોપીએ બધી હકીકતો જણાવેલી છે. આ આરોપીની લેખિત રજૂઆત સાથે ઈગ્નુ માંથી પ્રોવીઝનલ સર્ટીફીકેટ મેળવેલુ તે તથા માર્કશીટોની ઝેરોક્ષ નકલો રજૂ કરેલી છે.

આરોપી નં.૩૭ કયામુદ્દીન ઉર્ફે રીઝવાન ઉર્ફે અશ્ફાક સન ઓફ સરકુદ્દીન કાપડીયાઃ–

આ આરોપીને જુદા–જુદા કાયદાની જુદી–જુદી કલમોમાં કેટલી સજા કરવી અને કેટલો દંડ કરવો તથા આ ગુનાઓમાં જે લોકો મૃત્યુ પામેલા છે તેઓના પરિવારજનોને તથા ઈજા પામનારાઓને કેટલુ વળતર ચુકવવુ તે બાબતે પુછતાં આરોપીએ સાબરમતિ સેન્ટ્રલ જેલ ખાતે આવેલા વીડિયો કોન્ફરન્સ દ્વારા ખુલ્લી અદાલતમાં બંને પક્ષકારોના વકીલશ્રીઓની હાજરીમાં ઉભા થઈને જણાવેલુ કે, આ ઘટના સને–૨૦૦૮ મા ઘટી, ઘટનામાં ક્રાઈમના ઉપરી અધિકારીઓ હતા તેમણે પોતાની ખોટી કહાની ઉભી કરી હતી અને તેમણે તે કહાની સાબિત કરવા નિર્દોષ વ્યકિતઓની ધરપકડો કરવા લાગેલા, મેં શરૂઆતથી બધા ચાર્જશીટો વાંચેલા છે, સાહેદોની જુબાનીઓ વાંચી છે, આ કેસમાં બધા આરોપીઓને ખોટા નાંખવામાં આવેલા છે, સુરતમાં ૨૯ બોમ્બ પકડાયેલા, ૨૦ બોમ્બ અમદાવાદમાં ફાટેલા, બોમ્બ બનાવવાનુ મટીરીયલ એટલે કે એક્ષપ્લોજીવ કયાંથી આવ્યુ? તે અંગે પુરાવો નથી, મારા ઉપર ગેસના બોટલોની ખરીદી કરી હતી તેવો આક્ષેપ છે પરંતુ તે ખોટો છે, મારી વિરૂધ્ધ સાહેદો ઉભા કરવામાં આવેલા છે, કેસના બીજા

સાહેદો જણાવે છે કે મેં બોટલો ખરીદેલા નથી, તમામ આરોપીઓની નિર્દોષતા ચાર્જશીટ ઉપરથી જ સાબિત થાય છે, ફરિયાદપક્ષે કુલ–૨૬ જેટલા સ્ટાર વિટનેશ બતાવેલા છે તે પૈકી ઘણા વિટનેશ હોસ્ટાઇલ જાહેર થયેલા છે તેઓ અદાલત સમક્ષ સાચી હકીકતો બતાવીને ગયેલા છે, ક્રાઇમ બ્રાન્ચવાળા ધમકી આપતા હતા કે જો તમે બોલશો નહીં તો તમોને આરોપી બનાવી દઇશુ ફરિયાદપક્ષનો કેસ પુરવાર થાય તેમ ન હતો માટે એક આરોપી ઐયાજ સૈયદને ફરિયાદપક્ષે ખોટી રીતે એપ્રુવર બનાવેલો છે, ફરિયાદપક્ષે કેટલાક સાહેદોને જાણીજોઇને તપાસેલા નથી, ૧૩ વર્ષના સમયમાં ઘણો માહોલ બદલાયેલો છે, રાજકારણીઓ ખોટા ફાયદાઓ મેળવવા કાયમ તૈયાર રહેતા હોય છે, અમદાવાદ શહેરમાં બોમ્બ પ્લાન્ટ કરવા સાયકલો વપરાયેલી તેવો કેસ છે પરંતુ સાઇકલો ખરીદ કર્યાના કોઇ પુરાવો નથી, આપની સમક્ષ જે પુરાવા આવ્યા તે પુરાવા ઉપર આપે મને દોષિત જાહેર કરેલો છે, મને ઓછામાં ઓછી સજા કરવા વિનંતી છે.

આ આરોપીએ ઓછી સજા બાબતે લેખિતમાં રજૂઆત આંક–૯૫૪૮ થી રજૂ કરેલ છે. તેઓની લેખિત રજૂઆત મુજબ ઘરમાં અમે બે ભાઈઓ છીએ અને બંન્ને ૧૩ વર્ષથી જેલમાં છીએ. આઘાતના કારણે પિતાજીનું અવસાન થયેલુ છે, માતાને કેન્સરની બીમારી હોવાથી સર્જરી કરાવેલી છે, હાલમાં પણ બીમાર રહે છે. એક પત્ની અને એક બાળકી છે તેની જવાબદારી મારી ઉપર છે. મારી નિર્દોષતા અંગેની તમામ હકીકતો સોગંદ ઉપર નામદાર કોર્ટ સમક્ષ જણાવેલી છે. મારા વકીલ સાહેબ આ બાબતે જે દલીલો કરે તે ધ્યાને લેવા વિનંતી કરી છે. આરોપીએ માતાની બીમારી અંગેના કોઈ કાગળો રજૂ કરેલા નથી.

આરોપી નં.૩૮ મહંમદ સૈફ ઉર્ફે રાહુલ સાબાદ એહમદ ઉર્ફે મિસ્ટર શેખ

આ આરોપીને જુદા–જુદા કાયદાની જુદી–જુદી કલમોમાં કેટલી સજા કરવી અને કેટલો દંડ કરવો તથા આ ગુનાઓમાં જે લોકો મૃત્યુ પામેલા છે તેઓના પરિવારજનોને તથા ઈજા પામનારાઓને કેટલુ વળતર ચુકવવુ તે બાબતે પુછતાં આરોપીએ જયપુર સેન્ટ્રલ જેલ ખાતે આવેલા વીડિયો કોન્ફરન્સ દ્વારા

ખુલ્લી અદાલતમાં બંને પક્ષકારોના વકીલશ્રીઓની હાજરીમાં ઉભા થઈને જણાવેલુ કે મારા વકીલશ્રી રજૂઆત કરશે.

આ આરોપી તરફથી વકીલશ્રી સોમનાથ વત્સનાઓએ આંક–૯૫૬૨ થી ગુનાની ગંભીરતા ઘટાડતા સંજોગો બાબતે લેખિતમાં રજૂઆત કરેલ છે તે મુજબ આરોપીએ બી.એ.ની ડીગ્રી મેળવેલી છે. ક્રિકેટમાં જિલ્લા લેવલે પસંદગી પામેલ હતો. આઈ.પી.એલ.માં પસંદગી પામત પરંતુ આ ગુનામાં ખોટી સંડોવણીને કારણે તેમ થઈ શકેલ નથી. આરોપીના પિતાજી રાજકીય અને સામાજિક કાર્યકર હતા. સમાજવાદી પાર્ટીમાં આઝમગઢ ખાતે જનરલ સેક્રેટરી હતા તેઓ રેલવે કર્મચારી મંડળમાં સભ્ય હતા. માતા–પિતા બંન્ને વૃધ્ધ છે, નાનો ભાઈ આઝમગઢ મુકામે વકીલાતની પ્રેકટીસ કરે છે, બીજા બે ભાઈઓ બિલ્ડીંગ મટીરીયલનો ધંધો કરે છે. પિતાને હાર્ટની બીમારી છે, આરોપીનું સ્વપ્નુ ભારત માટે ક્રિકેટ રમવાનું હતુ, આરોપી સામે જેલમાં કોઈ ખટલા થયેલા નથી કે આરોપીનો ગુનાહિત ઈતિહાસ નથી. આ કેસ સાંયોગિક પુરાવા ઉપરનો કેસ છે. બોમ્બ બનાવવામાં આરોપીની કોઈ સંડોવણી નથી.આરોપીની ધરપકડ ટ્રાન્સફર વોરન્ટના આધારે કરવામાં આવેલી છે. આરોપીએ તમામ હકીકત ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ ના વિશેષ નિવેદનમાં જણાવેલી છે. આ કેસમાં આરોપી સામે કોઈ પુરાવો નથી જેથી જેલમાં રહેલા ૧૪ વર્ષનો સમય મજરે આપી છોડી દેવા વિનંતી કરી છે. આરોપી તરફથી પોતાના અભ્યાસના પ્રમાણપત્રો તથા ક્રિકેટના રેકર્ડ અંગેની માહિતી રજૂ કરેલી છે.

આરોપી નં.૩૯ જીશાન એહમદ ઉર્ફે જીશાન ઈસાન એહમદ શેખ

આ આરોપીને જુદા–જુદા કાયદાની જુદી–જુદી કલમોમાં કેટલી સજા કરવી અને કેટલો દંડ કરવો તથા આ ગુનાઓમાં જે લોકો મૃત્યુ પામેલા છે તેઓના પરિવારજનોને તથા ઈજા પામનારાઓને કેટલુ વળતર ચુકવવુ તે બાબતે પુછતાં આરોપીએ સાબરમતિ સેન્ટ્રલ જેલ ખાતે આવેલા વીડિયો કોન્ફરન્સ દ્વારા ખુલ્લી અદાલતમાં બંને પક્ષકારોના વકીલશ્રીઓની હાજરીમાં ઉભા થઈને હિન્દીમાં જણાવેલુ કે, કાલે મારે વકીલશ્રી સાથે મુલાકાત થયેલી હતી, વકીલશ્રીને બધી

હકીકતો જણાવેલી છે અને તે હકીકતો આપને જણાવશે, મને એક સાક્ષી ઉપર દોષિત ઠરાવેલો છે તે ખોટુ થયેલુ છે, હું લેખિતમાં રજૂ કરીશ.

આ આરોપીએ ઓછી સજા બાબતે લેખિતમાં રજૂઆત આંક–૯૫૩૧ થી રજૂ કરેલ છે. તેઓની લેખિત રજૂઆત મુજબ પરિવારમાં માતા–પિતા અને નાનો ભાઈ છે. હું નિર્દોષ છું. પિતાજી સરકારી વિદ્યાલયમાં કોમર્સના શિક્ષક છે અને તેઓ વિદ્યાર્થીઓને મફત કોચીંગ કરાવે છે. સમાજમાં ઈજ્જતથી જીવે છે. મારા શહેરના લોકો મારા કેરેકટરને સારી રીતે જાણે છે. જેલમાં રહેવાથી હું ઈમોશનલી તુટી ગયેલો છું. દિલ્હી યુનિવર્સીટીમાંથી સ્નાતક થયેલો છું. એમ.બી.એ.ના છેલ્લા વર્ષમાં હતો ત્યારે મને એરેસ્ટ કરવામાં આવેલો છે. અમલાઈ યુનિવર્સીટીમાંથી સ્પીરીચ્યુયાલીટીમાં પી.જી. કરેલુ છે. ફરિયાદપક્ષે મારી વિરૂધ્ધ જે પંચ સાક્ષી રજૂ કર્યો છે તેને મને કોર્ટમાં ઓળખેલો નથી, નહીં ઓળખવાનું તેને કોઈ કારણ આપેલુ નથી, શંકાસ્પદ પંચના આધારે મને દોષિત માનેલ છે. મને માઈગ્રેશનની બીમારી છે. પંચનામાની હકીકત શંકાસ્પદ છે. જેલમાં મેં ૧૩ વર્ષનો સમય પસાર કરેલો છે. માતા–પિતા ઉપર ખરાબ અસર થયેલી છે. મારો સોનાનો પીરીયડ જેલમાં ગયેલો છે. હું કયારેય ગુજરાત આવેલો ન હતો. મારી આર્થિક પરિસ્થિતિ સારી નથી. વધુ હકીકત મારા વકીલ સોમનાથ વત્સ જણાવશે.

વકીલશ્રી સોમનાથ વત્સનાઓએ આંક–૯૫૬૩ થી પણ આ આરોપી સામે ગુનાના સંજોગો હળવા હોવા બાબતે લેખિત રજૂઆત કરેલ છે. તે મુજબ આરોપી પ્રતિષ્ઠિત શિક્ષક ફેમેલીમાંથી આવે છે. તેના પિતાજી ખાનગી તેમજ સરકારી સ્કૂલમાં શિક્ષક તરીકે ફરજ બજાવે છે. આરોપી ગરીબ પરિવારમાંથી આવે છે. પિતાજી ગરીબ બાળકોને મફતમાં શિક્ષણ આપે છે. ભાઈ ન્યુરોસાઈકાટીકની સમસ્યાથી પીડાય છે. આરોપીનું સારા મિત્રોનું ગ્રુપ છે. આરોપી એમ.બી.એ. કરીને સ્થાયી થવા માંગતો હતો પરંતુ તેમ થયેલુ નથી. આ કેસ સાંયોગિક પુરાવા ઉપરનો કેસ છે. આરોપી સામે ફરિયાદપક્ષ દ્વારા કોઈ પુરાવો રજૂ થયેલો નથી. આરોપી વિરૂધ્ધ કોઈ કબૂલાત નિવેદન નથી. એપ્રુવરના

પુરાવામાં આરોપીનું નામ નથી. આરોપી પાસેથી કોઈ રીકવરી કે ડીસ્કવરી થયેલી નથી. અટક કરતા પહેલા પણ આરોપી વિરૂધ્ધ કોઈ પુરાવો ન હતો. આરોપીના અભ્યાસને લગતા કાગળો એમ.એ.એચ. ઈગ્નુમાંથી, સી.એફ.ઈ. ઈગ્નુમાંથી, સી.ટી.ઈ. બી.એ.ઓ.યુ.માંથી તથા અરેબીક ભાષા ઈગ્નુમાંથી, અન્ના મલાઈ યુનિવર્સીટીમાંથી એમ.એ.સી. તથા સ્પીરીચ્યુયાલીટી કરેલ છે તેના પ્રમાણપત્રોની નકલ રજૂ કરેલ છે.

આરોપી નં.૪૦ ઝીયાઉર રહેમાન ઉર્ફે મોન્ટુ ઉર્ફે ઝીયા અબ્દુલરહેમાન તૈલી

આ આરોપીને જુદા-જુદા કાયદાની જુદી-જુદી કલમોમાં કેટલી સજા કરવી અને કેટલો દંડ કરવો તથા આ ગુનાઓમાં જે લોકો મૃત્યુ પામેલા છે તેઓના પરિવારજનોને તથા ઈજા પામનારાઓને કેટલુ વળતર ચુકવવુ તે બાબતે પુછતાં આરોપીએ સાબરમતિ સેન્ટ્રલ જેલ ખાતે આવેલા વીડિયો કોન્ફરન્સ દ્વારા ખુલ્લી અદાલતમાં બંને પક્ષકારોના વકીલશ્રીઓની હાજરીમાં ઉભા થઈને જણાવેલુ કે, મારે કાંઇ કહેવુ નથી પરંતુ મારા વકીલશ્રી કહેશે.

આરોપી તરફથી વકીલશ્રી સોમનાથ વત્સનાઓએ આંક-૯૫૬૪ થી ગુનાની ગંભીરતા ઘટાડતા સંજોગો બાબતે લેખિત રજૂઆત કરેલ છે તે મુજબ આરોપીએ જામ્યા ઈસ્લામિક દિલ્હીથી બેચરલ ઓફ આર્ટસ કરેલુ છે. ગણિત વિષયના પેપરમાં ઘણી સારી પકડ હતી અને "એ" ગ્રેડ મળેલો હતો. પ્રાથમિક શિક્ષણ સરસ્વતી શીશુ મંદિરમાંથી મેળવેલુ હતુ. આરોપીએ જુદા-જુદા પ્રોગ્રામીંગ લેંગવેજના કોર્સ કરેલા છે, તે સિવાય બીજી ઘણી બધી પ્રવૃત્તિઓ કરેલી અને પ્રથમ રેન્ક મેળવેલો છે. આરોપીને માઈગ્રેશન, માથાનો દુઃખાવો, દાંતનો દુઃખાવો થતા રહે છે. આરોપીના પિતાજી ઉત્તરપ્રદેશ રાજય સરકારમાં પી.ડબલ્યુ.ડી. વિભાગમાં સ્ટેનોગ્રાફર હતા અને સને-૨૦૧૦મા નિવૃત્ત થયેલા છે, માતા-પિતા વૃધ્ધ છે. આરોપીનું વ્યકિતત્વ શાંત છે અને પડોશીઓ સાથે સારા વ્યવહારો ધરાવે છે અને બાળકોને શિક્ષણ આપતા હતા. આરોપીનું વ્યકિતત્વ પડોશીઓમાં સારા બાળક તરીકેનું હતુ, મિત્રો અને બાળકો સાથે ક્રિકેટ રમતા હતા. આરોપીના પિતાજી કામ કરીને ઘરનું ગુજરાન ચલાવે છે. આ

કેસ સાંયોગિક પુરાવા ઉપરનો કેસ છે. આંક–૧૨૨ ના તહોમતનામા મુજબ આરોપી સામે કોઈ ચોકકસ ચાર્જ નથી. આરોપીનું કબૂલાત નિવેદન લીધુ નથી. એપ્રુવરના પુરાવામાં આરોપીનું નામ નથી. આરોપી પાસેથી કોઈ રીકવરી થયેલી નથી. તમામ હકીકત ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ના વિશેષ નિવેદનમાં જણાવેલી છે. હાઈસ્કૂલમાંથી મળેલ ચારિત્ર્યનું પ્રમાણપત્ર, અભ્યાસના પ્રમાણપત્રો અને તબીબી સારવારના કાગળો રજૂ કરેલા છે.

આરોપી નં.૪૨ મહંમદ શકીલ યામીનખાન લુહાર

આ આરોપીને જુદા–જુદા કાયદાની જુદી–જુદી કલમોમાં કેટલી સજા કરવી અને કેટલો દંડ કરવો તથા આ ગુનાઓમાં જે લોકો મૃત્યુ પામેલા છે તેઓના પરિવારજનોને તથા ઈજા પામનારાઓને કેટલુ વળતર ચુકવવુ તે બાબતે પુછતાં આરોપીએ સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે આવેલા વીડિયો કોન્ફરન્સ દ્વારા ખુલ્લી અદાલતમાં બંને પક્ષકારોના વકીલશ્રીઓની હાજરીમાં ઉભા થઈને જણાવેલુ કે, મારે આ કેસથી કોઇ લેવા–દેવા નથી, મને ઓછામાં ઓછી સજા કરવા વિનંતી છે, બાકીની હકીકત મારા વકીલશ્રી કહેશે.

આરોપીના વકીલશ્રી સોમનાથ વત્સનાઓએ આંક–૯૫૬૫ થી ગુનાને હળવા કરતા સંજોગો ઉપર લેખિતમાં રજૂઆત કરેલ છે કે, જેલમાં રહીને આરોપીને ઘણી બધી બીમારીઓ થયેલી છે, બી.પી. ઘટી જાય છે, માથાના દુઃખાવો રહે છે, માતા–પિતા ઉંમરલાયક છે. આરોપીના મોટા ભાઈએ એમ.બી.એ. કરેલુ છે અને પિતાજી સાથે ધંધો કરે છે. માતા વૃધ્ધ હોય સતત બીમાર રહે છે, બે વખત ઓપન હાર્ટ સર્જરી કરેલી છે. આરોપી હંમેશા જવાબદાર યુવાન વ્યકિત તરીકે રહેલો છે. કુટુંબ ઘણુ પ્રતિષ્ઠિત છે. લગ્ન તથા બીજા પ્રસંગોએ પડોશીઓ વિશ્વાસ મુકે છે અને પ્રસંગોમાં સારો સહકાર આપે છે. પિતાજી સખત કામ કરે છે. આ કેસ સાંયોગિક પુરાવા ઉપરનો કેસ છે. આરોપીનું કબૂલાત નિવેદન લેવામાં આવેલુ નથી. એપ્રુવરના પુરાવામાં આરોપીનું નામ નથી. આરોપી પાસેથી રીકવરી કે ડીસ્કવરી થયેલી નથી. આરોપીને ટ્રાન્સફર વોરન્ટથી અમદાવાદ લાવેલા હતા. અટક કરતા પહેલા આરોપી સામે કોઈ પુરાવો

ન હતો. આરોપીને ગુજરાતી ભાષા આવડતી નથી. વકીલશ્રીએ આરોપીના અભ્યાસના પેપર્સ તથા સારવારના પેપર્સ રજૂ કરેલા છે.

આરોપી નં.૪૩ અનીક ઉર્ફે ખાલીદ સન ઓફ શફીક સૈયદ

આ આરોપીને જુદા–જુદા કાયદાની જુદી–જુદી કલમોમાં કેટલી સજા કરવી અને કેટલો દંડ કરવો તથા આ ગુનાઓમાં જે લોકો મૃત્યુ પામેલા છે તેઓના પરિવારજનોને તથા ઈજા પામનારાઓને કેટલુ વળતર ચુકવવુ તે બાબતે પુછતાં આરોપીએ મુંબઈ તલોજા સેન્ટ્રલ જેલ ખાતે આવેલા વીડિયો કોન્ફરન્સ દ્વારા ખુલ્લી અદાલતમાં બંને પક્ષકારોના વકીલશ્રીઓની હાજરીમાં ઉભા થઈને હિન્દીમાં જણાવેલુ કે, આપની (કોર્ટ) પાસે મારે કોઇ ઉમ્મીદ નથી, મને બચાવનો મોકો મળેલો નથી, જે કહેવુ હતુ તે મેં આ કહી દીધું આટલુ બોલી આ આરોપી અનુચિત્ત અને અસભ્ય વર્તન કરીને બેસી ગયેલ છે.

આરોપી નં.૪૪ મોહંમદઅકબર ઉર્ફે સઇદ ઉર્ફે યાકુબ ઉર્ફે વિનોદ સન ઓફ ઇસ્માઇલ ચૌધરી

આ આરોપીને જુદા–જુદા કાયદાની જુદી–જુદી કલમોમાં કેટલી સજા કરવી અને કેટલો દંડ કરવો તથા આ ગુનાઓમાં જે લોકો મૃત્યુ પામેલા છે તેઓના પરિવારજનોને તથા ઈજા પામનારાઓને કેટલુ વળતર ચુકવવુ તે બાબતે પુછતાં આરોપીએ મુંબઈ તલોજા સેન્ટ્રલ જેલ ખાતે આવેલા વીડિયો કોન્ફરન્સ દ્વારા ખુલ્લી અદાલતમાં બંને પક્ષકારોના વકીલશ્રીઓની હાજરીમાં ઉભા થઈને હિન્દીમાં જણાવતા પહેલા આરોપી ઉર્દૂ ભાષામાં એક મીનીટ સુધી કાંઇ બોલેલ હતો તે પછી તેણે જણાવેલુ કે, મારો ગુનો એ છે કે હું મુસ્લિમ છું, હું અલ્લાહ ઉપર વિશ્વાસ રાખુ છુ, મને આ કેસમાં ખોટો ફસાવેલો છે, હું મુસલમાન હોવાથી ગોધરા કાંડની તેમજ બાબરી મસ્જિદની ખોટી રીસ રાખીને મને આ ગુનામાં ખોટો સંડોવેલો છે, પી.પી.(સરકારી વકીલો) તથા બીજા બધા બે વર્ષમાં મરી જશે, હિન્દુસ્તાનમાં કોઇ કાયદો જ નથી, અમારી માતાઓ અને બહેનો ઉપર હિન્દુઓ બળાત્કાર કરે છે તેઓ બચશે નહીં, અલ્લાહની કસમ છે તેઓને ખબર પડશે બીજુ

ઘણુ બધુ થશે, હાથી જેવી કલમો લગાવીને ગુનેગાર ઠરાવેલા છે આમ કહી આ આરોપી અનુચિત્ત વર્તન કરીને બેસી ગયેલ છે.

આરોપી નં.૪૫ ફઝલે રહેમાન ઉર્ફે રફીક ઉર્ફે સલાઉદ્દીન સન ઓફ મુસદ્દીકખાન દુરાનીઃ–

આ આરોપીને જુદા–જુદા કાયદાની જુદી–જુદી કલમોમાં કેટલી સજા કરવી અને કેટલો દંડ કરવો તથા આ ગુનાઓમાં જે લોકો મૃત્યુ પામેલા છે તેઓના પરિવારજનોને તથા ઈજા પામનારાઓને કેટલુ વળતર ચુકવવુ તે બાબતે પુછતાં આરોપીએ સાબરમતિ સેન્ટ્રલ જેલ ખાતે આવેલા વીડિયો કોન્ફરન્સ દ્વારા ખુલ્લી અદાલતમાં બંને પક્ષકારોના વકીલશ્રીઓની હાજરીમાં ઉભા થઈને હિન્દીમાં જણાવેલુ કે મારી ધરપકડ કર્યા પછી મને સુરત તથા અમદાવાદની ક્રાઈમ બ્રાંચની ઑફિસોમાં રાખવામાં આવેલો હતો, મને કયાંય લઈ જવામાં આવેલો નથી, પોલીસે મારી ઉપર જુઠ્ઠો કેસ નાંખેલો છે, હું નિર્દોષ છું, બાકીની હકીકતો મારા વકીલશ્રી જણાવશે.

આ આરોપીએ લેખિતમાં રજૂઆત આંક–૯૫૪૯ થી રજૂ કરેલ છે. તેઓની લેખિત રજૂઆત મુજબ હું નિર્દોષ છું, મારી ઉપર ખોટો ચાર્જ છે, હું ગરીબ પરિવારમાંથી આવુ છું અને ગામડાનો વ્યકિત છું. હું કયારેય ગુજરાત આવ્યો નથી, મને ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓ બળજબરીપૂર્વક ગુજરાત લઈ આવેલા હતા. ઘણા સાહેદોએ મને ઓળખી બતાવેલો નથી. હું સમજુ છું કે આપ સાહેબ સાહેદોની જુબાનીઓ માનવાને બંધાયેલા છો પરંતુ સાહેદોના નિવેદનો ખોટા છે. ઘણા માણસો બોમ્બ બ્લાસ્ટમાં મૃત્યુ પામેલા છે પરંતુ તેનો અર્થ એવો નથી કે નિર્દોષ માણસોને જેલમાં પુરવા. મેં ૧૪ વર્ષનો સમય જેલમાં વિતાવેલો છે તે મજરે આપી મુકત કરવા વિનંતી કરેલી છે. આરોપીએ પોતાની સારવારના કાગળો સને ૨૦૧૮–૨૦૧૯ ના રજૂ કરેલા છે.

આરોપી નં.૪૬ મોહંમદનૌશાદ સન ઓફ મોહંમદ ઇર્શાદ સૈયદ

આ આરોપીને જુદા–જુદા કાયદાની જુદી–જુદી કલમોમાં કેટલી સજા કરવી અને કેટલો દંડ કરવો તથા આ ગુનાઓમાં જે લોકો મૃત્યુ પામેલા છે

તેઓના પરિવારજનોને તથા ઈજા પામનારાઓને કેટલુ વળતર ચુકવવુ તે બાબતે પુછતાં આરોપીએ પરપ્પના સેન્ટ્રલ જેલ બેંગ્લોર ખાતે આવેલા વીડિયો કોન્ફરન્સ દ્વારા ખુલ્લી અદાલતમાં બંને પક્ષકારોના વકીલશ્રીઓની હાજરીમાં ઉભા થઈને હિન્દીમાં જણાવેલુ કે, હું કર્ણાટકનો વતની છું, મારા પિતાની ઉંમર ૭૭ વર્ષ છે, મારા માતાની ઉંમર ૬૨ વર્ષ છે, આ કેસની ચાર્જશીટ તથા પુરાવા ગુજરાતીમાં છે, મને ખબર જ નથી કે શું થયું છે, ચાર્જશીટના પેપર્સ ગુજરાતીમાં હોવાથી મે સ્વીકારેલા નથી, આ કેસની ઈન્સાફી કાર્યવાહી વીડિયો કોન્ફરન્સથી થયેલી છે, મારે વકીલશ્રી સાથે મુલાકાત થયેલી નથી, મારી વિરૂધ્ધના પુરાવાની મને ખબર નથી, ફેરટ્રાયલ થયેલો નથી, તેર વર્ષથી જેલમાં છું, મારી અડધી જીંદગી જતી રહેલી છે, મારી સામે કોઇ પુરાવા નથી કે જેથી મને સજા થાય માટે વિનંતી છે કે મને સેટ ઓફ આપવો જોઇએ, મારી વિરૂધ્ધ જેલમાં કોઇ ખટલો થયેલો નથી.

આ આરોપીએ ઓછી સજા બાબતે લેખિતમાં રજૂઆત આંક–૯૫૩૦ થી રજૂ કરેલ છે. તેઓની લેખિત રજૂઆત મુજબ આ કેસમાં મને ખોટી રીતે સંડોવેલો છે. મારે વૃધ્ધ માતા–પિતા છે. હું યુવાન છું, મારી પાસે ઘણી તકો રહેલી છે, મારી વિરૂધ્ધ જે પુરાવો નોંધવામાં આવેલો છે તે મારી ગેરહાજરીમાં નોંધાયેલો છે. ૧૩ વર્ષ સુધી કેસ ચાલેલો છે. મારી તરફેણમાં હૂકમ કરવા વિનંતી છે. મને ઓછામાં ઓછી સજા કરવા વિનંતી છે.

આરોપી નં.૪૭ એહમદબાવા ઉર્ફે અબુ સન ઓફ અબુબકર બરેલવી

આ આરોપીને જુદા–જુદા કાયદાની જુદી–જુદી કલમોમાં કેટલી સજા કરવી અને કેટલો દંડ કરવો તથા આ ગુનાઓમાં જે લોકો મૃત્યુ પામેલા છે તેઓના પરિવારજનોને તથા ઈજા પામનારાઓને કેટલુ વળતર ચુકવવુ તે બાબતે પુછતાં આરોપીએ પરપ્પના સેન્ટ્રલ જેલ બેંગ્લોર ખાતે આવેલા વીડિયો કોન્ફરન્સ દ્વારા ખુલ્લી અદાલતમાં બંને પક્ષકારોના વકીલશ્રીઓની હાજરીમાં ઉભા થઈને હિન્દીમાં જણાવેલુ કે, હું આ કેસમાં બેગુનાહ છું, મારી વિરૂધ્ધ કોઇ પુરાવો નથી, એક પંચ સાહેદ છે તેણે મને ઓળખેલો નથી, મેં ભોગવેલી સજાનો સેટ ઓફ આપી મને છોડી દેવા વિનંતી છે, બાકીની હકીકતો મારા વકીલશ્રી જણાવશે.

આ આરોપીએ લેખિતમાં રજૂઆત આંક–૯૫૩૦ થી રજૂ કરેલ છે. તેઓની લેખિત રજૂઆત મુજબ મારી સામે જે આક્ષેપો છે તે પાયાવિહોણા છે. ફકત એક સાક્ષી મારી વિરૂધ્ધ બતાવેલો છે. હું ગુજરાત કયારેય આવ્યો નથી, મને ગુજરાતી ભાષા આવડતી નથી, હું ગુજરાતી ભાષા સમજી શકતો નથી, ચાર્જશીટના પેપર્સ ગુજરાતી ભાષામાં છે. હું કાયદાથી બંધાયેલો નાગરિક છું, પરિવાર સાથે જીવન પસાર કરતો હતો. માનવતાના ધોરણે દયા રાખી ભોગવેલ સજા મજરે આપી મુકત કરવા વિનંતી કરેલ છે.

આરોપી નં.૪૯ સરફુદ્દીન ઉર્ફે સરફુ સન ઓફ ઈ.ટી.સૈનુદ્દીન ઉર્ફે અબ્દુલસત્તાર ઉર્ફે અબ્દુલસલામ ઉર્ફે સલીમ

આ આરોપીને જુદા–જુદા કાયદાની જુદી–જુદી કલમોમાં કેટલી સજા કરવી અને કેટલો દંડ કરવો તથા આ ગુનાઓમાં જે લોકો મૃત્યુ પામેલા છે તેઓના પરિવારજનોને તથા ઈજા પામનારાઓને કેટલુ વળતર ચુકવવુ તે બાબતે પુછતાં આરોપીએ પરપ્ન્ના સેન્ટ્રલ જેલ બેંગ્લોર ખાતે આવેલા વીડિયો કોન્ફરન્સ દ્વારા ખુલ્લી અદાલતમાં બંને પક્ષકારોના વકીલશ્રીઓની હાજરીમાં ઉભા થઈને હિન્દીમાં જણાવેલુ કે, અન્ય કેસનો એક આરોપી સરફરાજને હાજર રાખેલો છે, આરોપી મલીયાલમ ભાષામાં બોલશે અને તેનુ રૂપાંતર હિન્દી ભાષામાં કરી આપ સાહેબને જણાવશે તે રીતે વીડિયો કોન્ફરન્સ દ્વારા ખુલ્લી અદાલતમાં બંને પક્ષકારોના વકીલશ્રીઓની હાજરીમાં આરોપીએ જે હકીકત જણાવી તે ભાષાનુ રૂપાંતર કરી અન્ય કેસના આરોપી સરફરાઝે જેલ સત્તાવાળાની રૂબરૂમાં જણાવેલુ કે આરોપી જણાવે છે કે, આ કેસમાં પોતે નિર્દોષ છે, કેસ સાથે તેને કોઇ લેવા–દેવા નથી, પોતાના પિતાજી સિવાય કોઇની સાથે લેવા–દેવા નથી, પોતે ગુજરાતમાં કયારેય આવ્યો જ નથી, પોલીસે પકડયા પછી સૌપ્રથમ ગુજરાતમાં લાવેલા, પોતે કાવતરામાં સામેલ નથી,પોલીસે ખોટા પુરાવાથી આરોપી બનાવેલો છે, પોતે ધોરણ–૧૦ પાસ છે, મલીયાલમ સિવાય બીજી કોઇ ભાષા આવડતી નથી, તે જણાવે છે કે તેની વિરૂધ્ધ ઇલેકટ્રોનીક બાબતે આક્ષેપ છે પરંતુ આવી ઇલેક્ટ્રોનીક વસ્તુ બનાવતા આવડતુ નથી, પત્ની, બાળકો તથા

માતા–પિતા છે, આર્થિક તકલીફો છે, તે પોતે ૧૩ વર્ષથી જેલમાં છે, જેલમાં તેનુ વર્તન સારૂ છે, જેલમાં ૧૩ વર્ષથી હોવાથી સેટ ઓફ આપવા વિનંતી કરી છે બાકીની હકીકત વકીલશ્રી જણાવશે અને પોતે પણ લેખિતમાં આપશે તેવુ રૂપાંતર કરનાર અન્ય કેસના આરોપી સરફરાજ જણાવે છે.

આ આરોપીએ લેખિતમાં રજૂઆત આંક–૯૫૩ થી રજૂ કરેલ છે. તેઓની લેખિત રજૂઆત મુજબ હું આ કેસમાં નિર્દોષ છું. આ કેસ સાથે કે કેસના આરોપી સાથે મારે કોઈ લેવાદેવા નથી, ફરિયાદપક્ષે મારી વિરૂધ્ધ કોઈ પુરાવા રજૂ કરેલા નથી, કોઈ સાક્ષીએ મને ઓળખેલો નથી. હું ગુજરાત કયારેય આવેલો નથી. ૧૦ ધોરણ સુધીનો અભ્યાસ મલીયાલમ ભાષામાં કરેલો છે. કમનસીબે હું મારી નિર્દોષતા અદાલતને બતાવી શકેલો નથી. કાર્યવાહી હું સમજી શકેલો નથી. શું કાર્યવાહી થતી હતી તેની મને ખબર નથી. હું આ બનાવ માટે જવાબદાર નથી. ૧૩ વર્ષથી જેલમાં છું. ઓછી સજા કરવા વિનંતી કરી છે.

આરોપી નં.૫૦ સૈકુર રહેમાન ઉર્ફે સૈકુ ઉર્ફે સૈફ અબ્દુલ રહેમાનઃ–

આ આરોપીને જુદા–જુદા કાયદાની જુદી–જુદી કલમોમાં કેટલી સજા કરવી અને કેટલો દંડ કરવો તથા આ ગુનાઓમાં જે લોકો મૃત્યુ પામેલા છે તેઓના પરિવારજનોને તથા ઈજા પામનારાઓને કેટલુ વળતર ચુકવવુ તે બાબતે પુછતાં આરોપીએ જયપુર સેન્ટ્રલ જેલ ખાતે આવેલા વીડિયો કોન્ફરન્સ દ્વારા ખુલ્લી અદાલતમાં બંને પક્ષકારોના વકીલશ્રીઓની હાજરીમાં ઉભા થઈને હિન્દીમાં જણાવેલુ કે, મારે કાંઇ જ કહેવુ નથી તેમ કહી આ આરોપી અનુચિત્ત અને અસભ્ય વર્તન કરીને બેસી ગયેલ છે.

આરોપી તરફથી વકીલશ્રી સોમનાથ વસ્તનાઓએ આંક–૯૫૬૬ થી ગુનાને હળવા કરતા સંજોગો બાબતે લેખિત રજૂઆત કરેલ છે તે મુજબ આરોપીના પિતા ૮૩ વર્ષની ઉંમરના છે અને સીબલી નેશનલ કોલેજ આઝમગઢ ખાતેથી પ્રોફેસર તરીકે નોકરી કરી સને–૧૯૯૮ માં નિવૃત્ત થયેલા છે. આરોપીના માતા ૭૭ વર્ષના છે, ભાઈએ રીસર્ચ સાઈન્ટીસ્ટમાં પી.એચ.ડી. કરેલુ છે, મોટા ભાઈએ બાયો ટેકનોલોજીમાંથી એમ.એસ.સી. કરીને બાયોફોર્મેટીકસ ઉપર

જે.એન.યુ.માંથી પી.એચ.ડી. કરેલુ છે. આરોપીને ડ્રીન્કસ કરવાની આદત નથી. સને–૨૦૧૭ ની સાલમાં એક જ વખત જેલમાં ઠપકો આપવામાં આવ્યો હતો. આ કેસ સાંયોગિક પુરાવા ઉપરનો કેસ છે. આંક–૧૨૨ ના તહોમતનામા મુજબ કોઈ સ્પષ્ટ ચાર્જ નથી . આરોપીનું કબૂલાત નિવેદન નોંધવામાં આવેલુ નથી, એપ્રુવરના પુરાવામાં આરોપીનું નામ નથી, આરોપી પાસેથી રીકવરી કે ડીસ્કવરી થયેલી નથી. આરોપીને અટક કરતા પહેલા તેની સામે કોઈ પુરાવા ન હતા. આરોપીને ટ્રાન્સફર વોરન્ટથી લાવવામાં આવેલ હતો. ૧૪ વર્ષથી જેલમાં છે જેથી ઓછી સજા કરી મુકત કરવા વિનંતી કરી છે. આરોપી તરફથી આરોપીએ ઈગ્નુ માંથી કરેલ અભ્યાસના પેપર્સ રજૂ કરેલા છે.

આરોપી નં.૫૯ મોહંમદઅંસાર ઉર્ફે સીદ્દીક ઉર્ફે નદવી સન ઓફ અબ્દુલરઝાક મુસ્લીમઃ–

આ આરોપીને જુદા–જુદા કાયદાની જુદી–જુદી કલમોમાં કેટલી સજા કરવી અને કેટલો દંડ કરવો તથા આ ગુનાઓમાં જે લોકો મૃત્યુ પામેલા છે તેઓના પરિવારજનોને તથા ઈજા પામનારાઓને કેટલુ વળતર ચુકવવુ તે બાબતે પુછતાં આરોપીએ ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે આવેલા વીડિયો કોન્ફરન્સ દ્વારા ખુલ્લી અદાલતમાં બંને પક્ષકારોના વકીલશ્રીઓની હાજરીમાં ઉભા થઈને હિન્દીમાં જણાવેલુ કે, મારે કાંઇ જ કહેવુ નથી તેમ કહી આ આરોપી અનુચિત્ત અને અસભ્ય વર્તન કરીને બેસી ગયેલ છે. ભોપાલ જેલ અધિકારી તરફથી આરોપીના મેડીકલ પેપર્સ મોકલવામાં આવેલા છે પરંતુ આરોપીને કોઈ ગંભીર બીમારી હોય તેવુ કાંઈ નથી.

આરોપી નં.૬૦ સાદુલી ઉર્ફે હારીઝ સન ઓફ અબ્દુલકરીમ મુસ્લીમ

આ આરોપીને જુદા–જુદા કાયદાની જુદી–જુદી કલમોમાં કેટલી સજા કરવી અને કેટલો દંડ કરવો તથા આ ગુનાઓમાં જે લોકો મૃત્યુ પામેલા છે તેઓના પરિવારજનોને તથા ઈજા પામનારાઓને કેટલુ વળતર ચુકવવુ તે બાબતે પુછતાં આરોપીએ ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે આવેલા વીડિયો કોન્ફરન્સ દ્વારા ખુલ્લી અદાલતમાં બંને પક્ષકારોના વકીલશ્રીઓની હાજરીમાં ઉભા થઈને ઉર્દૂ

ભાષામાં એક મિનિટ સુધી કાંઇક બોલ્યો તે જે બોલ્યો તે હિન્દી ભાષામાં બોલવા જણાવતા તે બોલેલો નહીં પરંતુ ત્યારપછી હિન્દી ભાષામાં તેણે જણાવેલુ કે, આ દુનિયામાં અલ્લાહ સિવાય બીજુ કોઇ નથી, અલ્લાહ સિવાય બીજા કોઇનુ અસ્તિત્વ નથી, આ કેસમાં મારી વિરૂધ્ધ એક પણ સાહેદ નથી, મારી વિરૂધ્ધ સાહેદ ન હોવા છતાં મને દોષિત ઠરાવેલો છે માટે તમારામાં (કોર્ટમાં) કોઇ ઝમીર નથી, ઝમીરની કોઇ કિંમત નથી, તમારી(કોર્ટ) પાસે મારે કોઇ ઉમ્મીદ નથી, બોમ્બ બ્લાસ્ટ કરીને લોકોને મારવા તે ગુનો છે તો ફાંસી આપીને મારવા તે પણ ગુનો છે જેટલા પણ માણસો મારી વિરૂધ્ધમાં છે તે તમામને અમારો અલ્લાહ ન્યાય કરશે, મારી વિરૂધ્ધના બધા લોકોને અલ્લાહ સજા કરશે, દુનિયાના તમામ દેશો જોવે છે અમે અલ્લાહ ઉપર વિશ્વાસ રાખીએ છીએ, બેગુનાહ વ્યકિતઓને ફસાવેલા છે તેવા ચુડાસમા તથા સિંઘલને સજાઓ થયેલી છે તેઓ તમામને અલ્લાહતાલા માફ કરશે નહીં અને બધાને જોઇ લેશે, તમે બધા જોઇ લેજો તેમ જણાવી અનુચિત્ત અને અસભ્ય વર્તન કરીને બેસી ગયેલ છે. ભોપાલ જેલ અધિકારી તરફથી આરોપીના મેડીકલ પેપર્સ મોકલવામાં આવેલા છે પરંતુ આરોપીને કોઈ ગંભીર બીમારી હોય તેવુ કાંઈ નથી.

આરોપી નં.૬૩ મોહંમદ તનવીર ઉર્ફે તલ્હા સન ઓફ મોહંમદ અખ્તર પઠાણઃ–

આ આરોપીને જુદા–જુદા કાયદાની જુદી–જુદી કલમોમાં કેટલી સજા કરવી અને કેટલો દંડ કરવો તથા આ ગુનાઓમાં જે લોકો મૃત્યુ પામેલા છે તેઓના પરિવારજનોને તથા ઈજા પામનારાઓને કેટલુ વળતર ચુકવવુ તે બાબતે પુછતાં આરોપીએ સાબરમતિ સેન્ટ્રલ જેલ ખાતે આવેલા વીડિયો કોન્ફરન્સ દ્વારા ખુલ્લી અદાલતમાં બંને પક્ષકારોના વકીલશ્રીઓની હાજરીમાં ઉભા થઈને હિન્દીમાં જણાવેલુ કે, હું લખીને આપીશ, આ સિવાય મારે કાંઇ કહેવુ નથી.

આ આરોપીએ ઓછી સજા બાબતે લેખિતમાં રજૂઆત આંક–૯૫૫૦ થી રજૂ કરેલ છે. તેઓની લેખિત રજૂઆત મુજબ મને દોષિત જાહેર કરવામાં આવ્યો તે બાબતે ખૂબ જ આઘાત થયો છે. અમદાવાદના બનાવો સાથે મારે કોઈ સબંધ નથી. ટેકનીકલ ભૂલના કારણે મને નુકસાન થઈ ગયેલુ છે.

અમદાવાદ કેસમાં મારી ધરપકડ કરવામાં આવી નથી. અમદાવાદ બ્લાસ્ટ કેસની ઘટના સાથે મારે કોઈ સબંધ નથી. સુરતના કેસોમાં મને ખોટી રીતે ફસાવેલો છે. ૧૩ વર્ષ અને ૬ માસ જેલમાં વીતી ગયેલા છે તે દરમ્યાન મારી માતાનું મૃત્યુ થયેલુ છે, પિતાજી વૃધ્ધ છે અને હાર્ટના પેશન્ટ છે. સજા સાંભળી મારી પુત્રીને આઘાત આવેલો અને ખેંચ આવેલી છે. જેલમાં મેં અભ્યાસ કરેલો છે, કોઈ ગેરશિસ્ત કે ગેરકાનૂની વર્તન કરેલુ નથી જેથી ઓછામાં ઓછી સજા કરવા વિનંતી કરેલી છે. આરોપીએ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટીમાંથી ફુડ એન્ડ ન્યુટ્રીશીયન કરેલુ તેનું પ્રમાણપત્ર તથા પિતાજીના સારવારના પેપર રજૂ કરેલા છે.

આરોપી નં.૬૬ મોહંમદ સફીક ઉર્ફે દાદાભાઇ ઉર્ફે ઠાકુર ઉર્ફે રફીક ઉર્ફે અલી સન ઓફ અબ્દુલબારી અંસારીઃ–

આ આરોપીને જુદા–જુદા કાયદાની જુદી–જુદી કલમોમાં કેટલી સજા કરવી અને કેટલો દંડ કરવો તથા આ ગુનાઓમાં જે લોકો મૃત્યુ પામેલા છે તેઓના પરિવારજનોને તથા ઈજા પામનારાઓને કેટલુ વળતર ચુકવવુ તે બાબતે પુછતાં આરોપીએ સાબરમતિ સેન્ટ્રલ જેલ ખાતે આવેલા વીડિયો કોન્ફરન્સ દ્વારા ખુલ્લી અદાલતમાં બંને પક્ષકારોના વકીલશ્રીઓની હાજરીમાં ઉભા થઈને હિન્દીમાં જણાવેલુ કે, જયારે અદાલતનો ચુકાદો આવ્યો ત્યારે મને લાગેલુ કે હું નિર્દોષ જાહેર થઇ જઈશ પરંતુ મને ન્યાય મળ્યો નથી, ઇન્સાફ થયો નથી, મારી વિરૂધ્ધ પુરાવા ન હોવા છતાં તેર વર્ષ જેલમાં કાઢયા છે તેનો ન્યાય અલ્લાહ કરશે, મારા ઘરની સ્થિતિ સારી નથી, બાળકો મોટો થઇ ગયેલા છે, તેમનુ ભણતર બંધ છે, મારા નસીબમાં જે પુરાવા હતા તે ઉપર મને દોષિત ઠરાવેલો છે, હું દંડ ભરી શકુ તેમ નથી, સેટ ઓફ આપવા વિનંતી છે, વધુમાં લેખિતમાં જણાવીશ.

આ આરોપીએ ઓછી સજા અને દંડ બાબતે લેખિતમાં રજૂઆત આંક–૯૫૫૧ થી રજૂ કરેલ છે. તેઓની લેખિત રજૂઆત મુજબ પરિવારમાં પત્ની અને એક પુત્રી છે, માતા–પિતાનું અવસાન થઈ ચૂકયુ છે. ઘરમાં હું એક માત્ર કમાનાર હતો, જેલમાં આવવાથી ઘર આર્થિક રીતે ભાંગી ગયુ છે. હાલ કોઈ

આવક નથી. જેલમાં અભ્યાસ કર્યો છે. જેલમાં ખરાબ રેકર્ડ નથી. જેટલા પણ કેસો હતા તેમાં હું નિર્દોષ છુટેલો છે જેથી ભોગવેલી સજાનો સેટ ઓફ આપી મુકત કરવા વિનંતી કરેલી છે.

આરોપી નં.૬૯ આમીન ઉર્ફે રાજા સન ઓફ એૈયુબ નઝીર શેખઃ–

આ આરોપીને જુદા–જુદા કાયદાની જુદી–જુદી કલમોમાં કેટલી સજા કરવી અને કેટલો દંડ કરવો તથા આ ગુનાઓમાં જે લોકો મૃત્યુ પામેલા છે તેઓના પરિવારજનોને તથા ઈજા પામનારાઓને કેટલુ વળતર ચુકવવુ તે બાબતે પુછતાં આરોપીએ સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે આવેલા વીડિયો કોન્ફરન્સ દ્વારા ખુલ્લી અદાલતમાં બંને પક્ષકારોના વકીલશ્રીઓની હાજરીમાં ઉભા થઈને હિન્દીમાં જણાવેલુ કે, મારી ઉપર ગાડી ચોરીનો આક્ષેપ હતો તે આક્ષેપમાંથી મુંબઈ કોર્ટે છોડી મુકેલા છે, મુંબઈથી મને અમદાવાદ લઈ આવેલા છે, અમદાવાદ લઈ આવતી વખતે પોલીસે મને જણાવેલુ કે, તને છોડી દેવામાં આવશે માટે મને ઉમ્મીદ હતી કે પોલીસ મને છોડી દેશે પરંતુ છોડેલો નહીં અને આ ગુનામાં મને ફસાવી દીધો છે, મને ઓછો દંડ કરવા વિનંતી છે કે જેથી હું તે દંડ ભરી શકું બાકીની હકીકતો મારા વકીલશ્રી કહેશે તેમ જણાવેલ છે.

આ આરોપીએ ઓછી સજા અને દંડ બાબતે લેખિતમાં રજૂઆત આંક–૯૫૫૨ થી રજૂ કરેલ છે. તેઓની લેખિત રજૂઆત મુજબ પરિવારમાં વૃધ્ધ માતા છે, જેની ઉંમર ૭૦ વર્ષ છે અને ઘણી બીમારીઓ છે. પત્ની તથા બાળકો છે, ઘરની આર્થિક પરિસ્થિતિ ખરાબ છે. માનવતાના ધોરણે ઓછી સજા અને ઓછો દંડ કરવા વિનંતી છે.

આરોપી નં.૭૦ મોહંમદ મોબીન ઉર્ફે મુબીન ઉર્ફે ઈરફાન સન ઓફ અબ્દુલ સકુરખાનઃ–

આ આરોપીને જુદા–જુદા કાયદાની જુદી–જુદી કલમોમાં કેટલી સજા કરવી અને કેટલો દંડ કરવો તથા આ ગુનાઓમાં જે લોકો મૃત્યુ પામેલા છે તેઓના પરિવારજનોને તથા ઈજા પામનારાઓને કેટલુ વળતર ચુકવવુ તે બાબતે પુછતાં આરોપીએ સાબરમતિ સેન્ટ્રલ જેલ ખાતે આવેલા વીડિયો કોન્ફરન્સ દ્વારા

ખુલ્લી અદાલતમાં બંને પક્ષકારોના વકીલશ્રીઓની હાજરીમાં ઉભા થઈને હિન્દીમાં જણાવેલુ કે, મારી ઉપર ગાડી ચોરીનો આક્ષેપ હતો તે કેસમાં હું છુટી ગયેલો છુ અને ચુકાદાની નકલ મેં રજૂ કરી છે, સને–૨૦૧૧ની સાલમાં મને અમદાવાદ લાવવામાં આવેલો અને કહેલુ કે તને છોડી દઈશુ પરંતુ પોલીસે મને છોડેલો નહીં અને આ ગુનામાં નાંખી દીધેલો છે, પોલીસે મને કબૂલાત કરવા જણાવેલુ પરંતુ મેં કબૂલાત કરવાની ના પાડેલી, ડી.સી.પી.એ મને છોડી દેવાનુ જણાવેલુ પરંતુ છોડેલો નહીં અને ગુનામાં સંડોવી દીધો છે, ૧૦ વર્ષથી જેલમાં છું આ ગુનામાં મારી કોઇ ભૂમિકા નથી, પી.પી.એ (સરકારી વકીલ)રજૂ કરેલા પુરાવા મારી વિરૂધ્ધના નથી, ઓછામાં ઓછી સજા કરવા વિનંતી છે, બાકીની હકીકતો મારા વકીલશ્રી જણાવશે તેમ જણાવે છે.

આરોપી નં.૭૪ મહંમદ અબરાર ઉર્ફે મુન્ના ઉર્ફે ઈસ્માઇલ ઉર્ફે અબ્દુલ્લા ઉર્ફે ઇબ્રાહીમ સન ઓફ બાબુખાન મણીયારઃ–

આ આરોપીને જુદા–જુદા કાયદાની જુદી–જુદી કલમોમાં કેટલી સજા કરવી અને કેટલો દંડ કરવો તથા આ ગુનાઓમાં જે લોકો મૃત્યુ પામેલા છે તેઓના પરિવારજનોને તથા ઈજા પામનારાઓને કેટલુ વળતર ચુકવવુ તે બાબતે પુછતાં આરોપીએ સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે આવેલા વીડિયો કોન્ફરન્સ દ્વારા ખુલ્લી અદાલતમાં બંને પક્ષકારોના વકીલશ્રીઓની હાજરીમાં ઉભા થઈને હિન્દીમાં જણાવેલુ કે, મને આ કેસમાં ખોટો ફસાવેલો છે, અમારા વકીલશ્રી જેલમાં અમારી મુલાકાતે આવેલા હતા તેમની સાથે મારે વાત થઇ ગયેલી છે અને તેઓ રજૂઆત કરશે અને હું લેખિતમાં આપીશ.

આ આરોપીએ ઓછી સજા બાબતે લેખિતમાં રજૂઆત આંક–૯૫૫૩ થી રજૂ કરેલ છે. તેઓની લેખિત રજૂઆત મુજબ છેલ્લા ૧૦ વર્ષથી જેલમાં છું, પરિવારની આર્થિક સ્થિતિ ખરાબ છે. પિતાજીની ઉંમર ૮૦ વર્ષ અને માતાજીની ઉંમર ૭૫ વર્ષ છે, સુગર તથા હાઈ બી.પી.ની બીમારી છે. બાળકોનો અભ્યાસ થતો નથી, ભાઈ પોલીયોગ્રસ્ત છે. પુરાવા વિના મને દોષિત જાહેર કર્યો

છે. અમદાવાદના બ્લાસ્ટ સાથે મારે કોઈ લેવાદેવા નથી. મને ખોટી રીતે ફસાવેલો છે. જેલમાં વિતાવેલો સમય સેટ ઓફ આપી મુકત કરવા વિનંતી કરી છે.

આરોપી નં.૭૫ મોહંમદ રફીક ઉર્ફે જાવીદ ઉર્ફે આલમઝેબ આફ્રીદી સન ઓફ મસકુર અહેમદઃ–

આ આરોપીને જુદા–જુદા કાયદાની જુદી–જુદી કલમોમાં કેટલી સજા કરવી અને કેટલો દંડ કરવો તથા આ ગુનાઓમાં જે લોકો મૃત્યુ પામેલા છે તેઓના પરિવારજનોને તથા ઈજા પામનારાઓને કેટલુ વળતર ચુકવવુ તે બાબતે પુછતાં આરોપીએ પરપ્પના સેન્ટ્રલ જેલ બેંગ્લોર ખાતે આવેલા વીડિયો કોન્ફરન્સ દ્વારા ખુલ્લી અદાલતમાં બંને પક્ષકારોના વકીલશ્રીઓની હાજરીમાં ઉભા થઈને જણાવેલુ કે, હું હાલ બેંગ્લોર જેલમાં છું, આ કેસની મને બહુ જાણકારી નથી, આ કેસમાં મારી વિરૂધ્ધ જે પુરાવા હતા જે જોતાં મને લાગેલુ કે હું છુટી જઈશ પરંતુ તેમ બનેલુ નથી, કેટલીક વાતો મારે ક્રિ.પ્રો.કોડની કલમ– ૩૧૩ ના વિશેષ નિવેદનમાં કહેવી હતી પરંતુ હુ છુટી જઈશ તેવુ મને લાગેલુ હતુ માટે મેં તે વાતો કહેલી નહીં, અમદાવાદમાં થયેલા બોમ્બ બ્લાસ્ટ માટે હું જવાબદાર નથી, આ કેસમાં મારી સંડોવણી નથી, રજૂ થયેલા પુરાવામાં મારી વિરૂધ્ધ કોઈ પુરાવો નથી, અમદાવાદ શહેરમાં બોમ્બ મુકતા મને કોઈએ જોયેલો નથી, પોલીસે તમામ સાહેદો ઉભા કરેલા છે, કોઈ સાહેદોએ નિવેદનો આપેલા નથી, કોઈ પંચોએ મને ઓળખેલો નથી, પોલીસે પંચોને શિખવાડેલુ છે, સાયકલો ઉપર મારી ફિંગર પ્રિન્ટ નથી, રાજેશ નામના સાહેદે મારી વિરૂધ્ધ વાતો ઉભી કરેલી છે તેની વાતો ખોટી હતી તે મે વકીલોને જણાવેલી હતી પરંતુ તે વાતો વકીલોએ કોર્ટમાં કહેલી કે કેમ? તેની મને ખબર નથી, રાજેશનુ કોઈ નિવેદન નથી તે ઉભુ કરેલુ નિવેદન છે તેની જુબાની ઉપરથી કેસ સાબિત થાય નહીં, સાહેદ જાકીર ખોટો સાહેદ છે જાકીરે મને ખોટી રીતે ઓળખી બતાવેલો છે, જાકીરે ટ્રેનની ટીકિટો ખોટી ઉભી કરેલી છે, સાહેદ રીયાજે સાચી હકીકતો જણાવી છે, સાહેદ જાકીર ખોટો છે તેવુ રીયાજે જણાવેલુ છે, મારા માટે ફરી વિચાર કરો મને ખોટી રીતે ફસાવેલો છે, હું અમદાવાદમાં જુહાપુરા વિસ્તારનો રહેવાસી છુ અને આ વિસ્તારમાં દારૂ જુગારની

પ્રવૃતિઓ ચાલતી હતી તે બાબતે હું પોલીસને મદદ કરતો હતો પરંતુ દારૂ જુગારની પ્રવૃતિઓ કરનારાઓ પોલીસને પૈસા આપતા હતા માટે પોલીસ તેઓને કાંઇ કરતી નહીં અને મને ધમકાવતી હતી, પોલીસ તથા બુટલેગરોએ મને માર મારેલો હતો, મેં કોઇ બોમ્બ પ્લાન્ટ કરેલા નથી,હું ગરીબ છું, મારી માતા માનસિક બીમાર છે, મારી પિતા વૃધ્ધ છે, મારી પત્ની એકલી રહે છે, હું હાર્ટનો રોગી છું, મારા મેડીકલ પેપર્સ મે વકીલશ્રીને મોકલી આપેલા છે મારા ઉપર દયા કરી છોડી મુકવા વિનંતી છે.

આ આરોપીએ લેખિતમાં રજૂઆત આંક–૯૫૩૦ થી રજૂ કરેલ છે. તેઓની લેખિત રજૂઆત મુજબ અમદાવાદના બ્લાસ્ટમાં લોકો માર્યા ગયા છે અને ઘાયલ થયા છે તેનુ મને દુઃખ છે. તેઓને અલ્લાહ હિદાયત અને શાંતિ આપે. આ બ્લાસ્ટ કેસમાં મારી સંડોવણી નથી. મને ખોટી રીતે ફસાવવામાં આવ્યો છે. કોઈ વ્યકિતએ મને બોમ્બ મુકતા જોયો નથી. સાયકલો ખરીદતા કે મીટીંગમાં હાજર રહેતા કે ટ્રેનીંગમાં ભાગ લેતા મને કોઇએ જોયેલો નથી. પોલીસે મારી વિરૂધ્ધ પંચો ઉભા કરેલા છે. બધા પંચો પોલીસે શીખવાડેલા છે. મારી કોઈ ફીંગર પ્રિન્ટ મળી આવેલી નથી, બોમ્બ મુકવાનો આરોપ જુઠ્ઠો છે. અલ્તાફભાઈ નામના મારા કોઈ મામા નથી, કેસમાં શું ચાલે છે તેની જાણકારી નથી. સાહેદ ઝાકીરની હકીકત ખોટી છે. સાહેદ ઝાકીરને મારો ચહેરો બતાવવામાં આવેલો હતો. હું નિર્દોષ છું. ગેરકાયદેસર પ્રવૃત્તિમાં સામેલ નથી. હું જુહાપુરા વિસ્તારમાં અસામાજિક તત્ત્વો વિરૂધ્ધ પોલીસમાં ફરિયાદ કરતો હતો પરંતુ પોલીસ બુટલેગરોને મદદ કરતી હતી. પોલીસે મને કંટાળીને માર મારેલો. મારી પત્નીના પિતાજી ગુજરી ગયા છે. મારી આર્થિક પરિસ્થિતિ સારી નથી. મારી હાલત ખૂબ જ ખરાબ છે, ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ ના વિશેષ નિવેદનમાં મેં હકીકતો જણાવેલી છે તથા આંક–૯૫૫૪ થી મેડીકલ પેપર્સ વકીલશ્રીએ રજૂ કરેલા છે.

આરોપી નં.૭૮ તૌસીફખાન ઉર્ફે અતીક સન ઓફ સગીર અહેમદખાન પઠાણઃ–

આ આરોપી ગયા(બિહાર) જેલમાં છે. આ આરોપીને જુદા–જુદા કાયદાની જુદી–જુદી કલમોમાં કેટલી સજા કરવી અને કેટલો દંડ કરવો તથા આ

ગુનાઓમાં જે લોકો મૃત્યુ પામેલા છે તેઓના પરિવારજનોને તથા ઈજા પામનારાઓને કેટલુ વળતર ચુકવવુ તે બાબતે પુછતાં આ આરોપી મારે વોશ રૂમ જવુ છે જેથી હું જઇને આવુ અને પછી જણાવુ તેમ કહેતાં તેને વોશ રૂમ જવાની પરમીશન આપી અને ૧૦ મિનિટ સુધી કાર્યવાહી મુલત્વી રાખી અને ત્યારબાદ આરોપીએ ગયા (બિહાર) જેલ ખાતે આવેલા વીડિયો કોન્ફરન્સ દ્વારા ખુલ્લી અદાલતમાં બંને પક્ષકારોના વકીલશ્રીઓની હાજરીમાં ઉભા થઈને હિન્દીમાં જણાવેલુ કે, મારી માતા ઘરે એકલી છે માટે મને ઘરે મોકલવામાં આવે, મારી સાથે જેલમાં ખરાબ વર્તન કરવામાં આવે છે, હિન્દુઓ, બ્રાહ્મણોને બચાવવા માટે મુસ્લિમો ઉપર ખોટા કેસો કરવામાં આવે છે, મને મારપીટ કરવામાં આવે છે, મારી ઉપર કોમેન્ટ કરવામાં આવે છે, જેલમાં મારી સાથે ગલત થાય છે, જે લોકોને સજાઓ થયેલી છે તેઓને અલ્લાહ મદદ કરે તમામને જેલોમાં ટોર્ચર ના કરે, મારા તબીબી પેપર્સ મંગાવવામાં આવે અને મારા વકીલને સોંપવામાં આવે, મારી ઉપર ટોર્ચર થાય છે, હું અનશન ઉપર હતો, મેં ખાવા–પીવાની ફરિયાદો કરેલી છે, ખાવા–પીવા બાબતે પણ મને ટોર્ચર કરવામાં આવે છે, મને ખાવાનુ થોડુ જ આપવામાં આવે છે અને બીજા કેદીઓને ખાવાનુ વધારે આપવામાં આવે છે, મને ભણતર મુજબ કામ આપવાનુ કહેલુ હોવા છતાં ભણતર મુજબ કામ આપવામાં આવતુ નથી, આ ગુનામાં મને કેમ દોષિત ગણ્યો તે અંગે મને સમજ પડતી નથી, મને સેટ ઓફ આપી ઘરે મોકલવા વિનંતી છે, જો મને સેટ ઓફ આપી ઘરે મોકલવામાં ન આવે તો મને ભણતર મુજબ કામ આપવામાં આવે, મારી જુમ્માની નમાઝ બંધ કરવામાં આવેલી છે જે ચાલુ કરવામાં આવે (આ તબક્કે ગયા જેલના સત્તાવાળાઓને જુમ્માની નમાજ આરોપીને અદ્ધા કરવા માટે સુચના આપેલી છે) વધુમાં આરોપી જણાવે છે કે, મને મુસલમાનોની વચ્ચે રાખવામાં આવે, મને અમદાવાદ જેલ ખાતે બોલાવી લેવામાં આવે, ગયા જેલ સત્તાવાળા મને ભાગલપુર જેલમાં મોકલવાની ધમકી આપે છે, ભાગલપુર જેલમાં કેદીઓને ખૂબ જ ત્રાસ આપવામાં આવે છે મારે ત્યાં જવુ નથી, મને અન્ય કેદીઓને મળતી સગવડતા આપવામાં આવે, મને ન્યૂઝ પેપર આપવામાં આવે,

મને જેલ મેન્યુઅલ આપવામાં આવે, મને ખાલીદભાઇએ(વકીલ) ધોકો કર્યો છે, પુરાવા વિના મને દોષિત ગણ્યો છે, શું થયું તેની મને ખબર નથી અને છેલ્લે આરોપી અલ્લાહના નામે ઉર્દૂમાં એક શેર બોલેલા છે.

આ આરોપીએ ઓછી સજા બાબતે લેખિતમાં રજૂઆત આંક–૯૫૬૮ થી રજૂ કરેલ છે. તેઓની લેખિત રજૂઆત મુજબ માતા ઘર પર એકલા છે અને તે હું ઘરે જાવ તે માટે રાહ જોવે છે. હું આ ગુનામાં નિર્દોષ છું, આ ગુનો મેં કરેલો નથી, મારી વિરૂધ્ધ ફરિયાદપક્ષે ખોટા પુરાવા રજૂ કરેલા છે. મેં પોલીસને કાંઈ કહેલુ નથી, મારી વિરૂધ્ધના કબૂલાત નિવેદનો ખોટા છે. મારી આર્થિક સ્થિતિ ખરાબ છે, મને દંડ નહીં કરવા વિનંતી છે. મારો અભ્યાસનો ઈતિહાસ સારો છે. બી.ઈ. ઈલેકટ્રોનીકસ અને કોમ્યુનિકેશનનો મેં અભ્યાસ કરેલો છે. મને ગયા જેલથી અમદાવાદ જેલ પરત લાવવામાં આવે.

ઉપર મુજબની વિગતે તમામ આરોપીઓને તેઓને સંતોષ થાય ત્યાં સુધી તેઓને રજૂઆત કરવાની પુરતી તક આપવામાં આવેલી છે, કેટલાક આરોપીઓએ કાંઇ જ કહેવાની ના પાડેલી છે, કેટલાક આરોપીઓએ ઉપર મુજબની વિગતોએ રજૂઆત કરેલી છે, રજૂઆતો પુરી કર્યા પછી કેટલાક આરોપીઓ તોછડાઇથી વર્તન કરીને બેસી ગયેલા છે, આ તમામ હકીકતો અને આરોપીઓનુ વર્તન ઝુમ એપ્લીકેશનમાં રેકર્ડ થયેલુ છે, આરોપીઓએ જે કાંઇ હકીકતો જણાવી તે તમામ શબ્દે શબ્દઃ ઉપર મુજબની વિગતે નોંધવામાં આવેલી છે.

આરોપીઓ તરફથી રજૂઆતો પૂર્ણ થયા બાદ તેઓના વકીલશ્રીઓને રજૂઆતો કરવા જાણ કરવામાં આવી છે.

સૌપ્રથમ વકીલ સુ.શ્રી નયનાબેન ભટ્ટ રજૂઆત કરતા જણાવે છે કે, આરોપીઓએ પોત પોતાની વિગતો અદાલતને જણાવી છે, આ કેસ સાંયોગીક પુરાવા ઉપર આધારિત છે, છેલ્લા ૧૩ વર્ષથી આરોપીઓ જેલમાં છે તથા તેઓ ભારતીય નાગરિક છે, આરોપીઓને કોઇ કેસોમાં સજા થયેલી નથી, બધા જ આરોપીઓ યુવાન છે, ઘણી જીંદગી જીવવાની બાકી છે, ગુનો બન્યો

ત્યારે જે સંજોગો હતો તેનાથી ગેરમાર્ગે દોરવાઇ ગયેલા છે તેઓને સુધરવાની તક આપી ઓછામાં ઓછી સજા કરવી જોઇએ તેઓ ગરીબ છે માટે ઓછો દંડ કરવા માટે વિનંતી કરી છે.

વ.શ્રી એમ.એમ.શેખ રજૂઆત કરતા જણાવે છે કે, સુ.શ્રી નયનાબેન ભટ્ટનાઓએ જે રજૂઆતો કરેલી છે તે રજૂઆતને હું સમર્થન કરૂ છુ અને મારા મતે ઓછી સજા કરવા માટેના ચાર કારણો છે.

(૧) આ કેસ સાંયોગીક પુરાવા ઉપરનો કેસ છે. તપાસ કરનાર અમલદારો પણ કબૂલ કરે છે કે કેસ સાંયોગીક પુરાવા ઉપર આધારીત છે, સજા કરતી વખતે ટ્રાયલ કોર્ટે સંજોગો ધ્યાનમાં લેવા જોઇએ. સંજોગો કેટલાક નબળા પણ હોય અને કેટલાક મજબુત પણ હોય. તમામ સંજોગો અદાલતે ધ્યાનમાં લેવા પડે. જયારે સંજોગો ધ્યાનમાં લેવાના હોય ત્યારે તે સંજોગો જુદા-જુદા રસ્તે ધ્યાનમાં લેવાય, સાંયોગીક પુરાવાના મૂલ્યાંકન બાબતે કાંઇ ભૂલ થયેલ હોય તો તે સુધારવી જોઇએ માટે મૂલ્યાંકન શંકાસ્પદ છે જેથી મૃત્યુ દંડને ટાળવો જોઇએ.

(૨) ઓછી સજા કરવા માટે ચાર્જશીટના પેપર્સ તથા ચાર્જ ધ્યાને લેવા જોઇએ, તે જોતા દેખાઇ છે કે ફરિયાદપક્ષનો કેસ હેતુ ઉપર નથી, ફરિયાદ પક્ષના આક્ષેપ મુજબ ગોધરા કાંડનો બદલો લેવા આરોપીઓએ કાવતરૂ કરેલુ, ગોધરા કાંડ થવાથી ઘણા બધાને અસર થયેલી, આક્ષેપ પ્રમાણે ડીસેમ્બર-૨૦૦૭ માં વાઘમોન ખાતે તથા જાન્યુઆરી-૨૦૦૮ માં પાવાગઢ ખાતે કાવતરૂ થયેલુ તેવો કેસ છે, સને-૨૦૦૨ માં ગોધરા ખાતે ડબ્બો સળગેલો તેમાં હિન્દુ લોકો માર્યા ગયેલા તે કારણે કાવતરૂ થયેલુ તેનો બદલો લેવાનો આક્ષેપ છે પરંતુ સને-૨૦૦૨ થી ૨૦૦૭ વચ્ચે પાંચ વર્ષનો સમય થઇ ગયેલો માટે કાવતરૂ કરવાનો કોઇ પ્રશ્ન નથી, ફરિયાદપક્ષના બધા આક્ષેપો ખોટા છે, આ કેસમાં ઘણા આરોપીઓ નિર્દોષ છે છતાં સંડોવાયેલા છે, ચાર્જશીટના પેપર્સ તથા પુરાવા ધ્યાને રાખી સજા કરવા માટે વિનંતી છે.ગોધરાકાંડ તથા કોમ્યુનલ રાઇટસ સિવાય બીજા કોઇ સબળ પુરાવા કે કારણો નથી.

(૩) ફરિયાદપક્ષ તર્ફે દલીલ એવી હશે કે આ કેસ રેરેસ્ટ ઓફ રેર છે માટે મહત્તમ સજા માટે દલીલ થશે પરંતુ આ કેસ રેરેસ્ટ ઓફ રેર કેસ નથી, ઘણા ચુકાદા એવા છે કે આવા કેસો રેરેસ્ટ ઓફ ધ રેર ગણવામાં આવેલા નથી. જે પૈકી માંલેગાંવ કેસ, સમજૌતા એકસપ્રેસ કેસ, જયપુર બ્લાસ્ટ કેસ, દિલ્હી બ્લાસ્ટ કેસ રેરેસ્ટ ઓફ ધ રેર ગણવામાં આવેલા નથી, અમારા દેશમાં આવા બનાવો વારંવાર બને છે, આવા બનાવો સાદા બનાવો નથી આને ગંભીરતાથી લેવા જોઈએ, એક વખત અન્યાય થાય તો ફરી વખત અન્યાય ના થાય તે જોવુ જોઈએ, આરોપીઓને મહત્તમ સજા કરવાથી આવા ગુના અટકશે તેવુ નથી, આરોપીઓ તરફથી લેખિતમાં જે રજૂઆત કરવામાં આવે તે ધ્યાનમાં રાખી આરોપીઓને માફી આપવા વિનંતી છે, આ કેસને રેરેસ્ટ ઓફ ધ રેર ગણવાથી હેતુ સિધ્ધ થશે નહીં માટે મહત્તમ સજા નહીં કરવા માટે વિનંતી છે.

(૪) જે બધા આરોપીઓ દોષિત જાહેર થયા છે તેઓએ પોત પોતાની રજૂઆતો કરેલી છે, ઘણા આરોપીઓ યુવાન છે, ઘણા આરોપીઓ ભણેલા છે, ઘણા આરોપીઓએ ઉચ્ચ અભ્યાસ કરેલો છે, ઘણા આરોપીઓ ગાંધી વિચારધારા તથા આંબેડકર ઉપર ભણેલા છે તેથી માલુમ પડે છે કે તેઓ ક્રિમીનલ માઇન્ડવાળા નથી, આરોપીઓની વિચારધારા ગાંધી વાદી છે માટે સુધરવાની તક આપવી જોઈએ, નહીં તો તેઓને અન્યાય થયો છે તેવુ તેઓ માનશે, તેઓ એમ માનશે કે અદાલતે અન્યાય કરેલો છે, આરોપીઓ રૂલ ઓફ લો માં માને છે, બધા જ મુદ્દા ધ્યાને લેવા વિનંતી છે, બધા આરોપીઓ કુટુંબવાળા છે તે પણ ધ્યાને લેવા વિનંતી છે, મહત્તમ સજા કરવામાં આવશે તો તેઓનુ કુટુંબ ભોગ બનશે, ક્રિ.પ્રો.કોડની કલમ–૪૨૭ અને ૪૨૮ પણ ધ્યાને લેવા વિનંતી છે, આરોપીએ જેલમાં પસાર કરેલો સમય પણ ધ્યાને લેવા વિનંતી છે, આરોપીઓ ૧૩ વર્ષથી જેલમાં રહેલા છે માટે વધારે સજા ન કરવા માટે વિનંતી છે, આરોપીઓના પુનઃસ્થાપન તથા તબીબી કારણો પણ ધ્યાને લેવા વિનંતી કરી છે.

આરોપીઓ તર્ફે વિ.વ.શ્રી ડી.ડી.પઠાણ રજૂઆત કરતા જણાવે છે કે, આ કેસમાં જે આરોપીઓને દોષિત ઠરાવવામાં આવેલા છે તેઓને ન્યુનત્તમ સજા કરવી જોઇએ તે માટે ક્રિ.પ્રો.કોડની કલમ–૪૨૭ ધ્યાને લેવા વિનંતી છે, જેલમાં આરોપીઓની વર્તણૂક પણ ધ્યાને લેવા વિનંતી છે, ગઇ કાલે ફરિયાદપક્ષ તરફથી આરોપીઓ વિરૂધ્ધ પેન્ડીંગ ગુનાની વિગતો મળેલી છે તે ઉપરથી રજૂઆત છે કે અમદાવાદ સાબરમતી સેન્ટ્રલ જેલમાં આરોપીઓ દ્વારા ખોદવામાં આવેલી સુરંગ વાળો કેસ કોર્ટમાં પેન્ડીંગ છે, તેનો નિર્ણય થયેલો નથી,નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા તે કેસ ઉપર આપવામાં આવેલો સ્ટે હજુ ચાલુ છે, સુરંગના કેસનો નિર્ણય થયેલો નથી, ફરિયાદપક્ષે જણાવેલા પત્રકમાં બાકીના બધા કેસો પેન્ડીંગ છે તેનો નિર્ણયો થયેલા નથી, જે કેસો પેન્ડીંગ છે તે કેસો ઉપર આધાર રાખી આરોપીઓનો ઇતિહાસ ગુનાહિત છે તેવુ માની શકાય નહીં, આરોપીઓ ઉપર થયેલ ખટલાની વિગતો અંગે રજૂઆત કરતા જણાવે છે કે જે આરોપીઓ વિરૂધ્ધ જેલોમાં ખટલા થયેલા છે તેમની વિરૂધ્ધ એકતરફી ખટલા થયેલા છે તમામ ખટલાઓ ઉભા કરવામાં આવેલા છે, ખટલાઓ શા માટે ઉભા કર્યા છે તેની વિગતો ધ્યાનમાં લેવી જોઇએ, આરોપીઓ હક્કોની માંગણી કરે તેમજ કોર્ટના લેખિત તેમજ મૌખિક હુકમનુ પાલન કરવાનુ જેલ સત્તાવાળાને જણાવે ત્યારે ખટલાની કાર્યવાહી એકતરફી ઉભી કરવામાં આવે છે, ખટલાઓ જેલ વર્તણૂક તરીકે ના ગણાય, કાયદેસરની કોઇ વસ્તુ આપવામાં ન આવે તો જેલ સત્તાવાળાનુ વર્તન પણ ધ્યાને લેવુ જોઇએ, બધા આરોપીઓ ફેમીલી બેક ગ્રાઉન્ડવાળા છે તેવી તેમણે રજૂઆતો કરેલી છે, આરોપીઓ ઉપર આ પ્રથમ કેસ છે, તેઓને પુનઃસ્થાપનનો મોકો આપવો જોઇએ માટે આરોપીઓને ઓછામાં ઓછી સજા કરવા માટે વિનંતી છે.

તા.૧૪.૨.૨૦૨૨ ના રોજ આરોપી નં.૩૬, ૩૮, ૩૯, ૪૦, ૪૨ અને ૫૦ નાઓના વકીલશ્રી સોમનાથ વત્સ તેઓના આરોપીઓ બાબતે સજા અંગે રજૂઆત કરવાનું જણાવતા તેઓ જણાવે છે કે, ફરિયાદપક્ષ ગુનાની ગંભીરતા વધારતા સંજોગો તેમજ રેરેસ્ટ ઓફ ધ રેર (દુર્લભમાં દુર્લભ) કેસ અંગે

આરોપીઓને મહત્તમ સજા આપવા અંગે રજૂઆત કરે ત્યારબાદ ગુનાની ગંભીરતા ઘટાડતા સંજોગો અંગે હું રજૂઆત કરીશ તેવી તેમને રજૂઆત કરીને આ તબકકે કાંઈ કહેવા માંગતા નથી તેમ જણાવેલુ. જેથી અન્ય આરોપીઓના વકીલશ્રી કે.જી.શેખને તેઓના આરોપીઓ બાબતે રજૂઆત કરવાનું જણાવતા તેઓ પણ જણાવે છે કે સોમના વત્સની દલીલને તેઓ સમર્થન કરે છે માટે ફરિયાદપક્ષ તરફથી સરકારી વકીલ શ્રી એચ.એમ.ધ્રુવને આરોપીઓની સજા બાબતે રજૂઆત કરવા જણાવતા તેઓએ પોતાની રજૂઆતો કરી છે.

સરકારી વકીલશ્રી એચ.એમ.ધ્રુવ રજૂઆત કરતા જણાવે છે કે, આરોપીઓને કેટલી સજા કરવી અને કેટલો દંડ કરવો તે અદાલતે નકકી કરવાનું છે. બંન્ને પક્ષના વકીલશ્રીઓએ નકકી કરવાનું નથી. આરોપીઓ સામે ભારતીય ફોજદારી સંહિતા–૧૮૬૦ની કલમ–૩૦૨, ૧૨૦(બી) વિગેરે તથા અનલોકુલ એકટીવીટી (પ્રિવેન્શાન) એકટ–૧૯૬૭ ની કલમ–૧૦, ૧૨ વિગેરે તેમજ એક્ષપ્લોજીવ સબસ્ટન્ટ એકટ–૧૯૦૮ ની કલમ–૩, ૪ વિગેરે તેમજ ડેમેઝ ટુ પબ્લિક પ્રોપર્ટી એકટ–૧૯૮૪ ની કલમ–૩(૧), ૩(૨) વિગેરે મુજબના ગુના સાબિત થયેલા છે. ગુનાની ગંભીરતા વધારતા સંજોગો છે તે બતાવવા માટે અનલોકુલ એકટીવીટી એકટ–૧૯૬૭ ની કલમ–૧૮ ની ચર્ચા કરતા જણાવે છે કે ભારતીય દંડ સંહિતાની કલમ–૧૨૦(એ) અને ૧૨૦(બી) મુજબ થયેલ કાવતરૂ તથા અનલોકુલ એકટીવીટી એકટની કલમ–૧૮ માં કાવતરા અંગે જે જણાવવામાં આવેલ છે તે બંન્નેમાં તફાવત છે. અનલોકુલ એકટીવીટી (પ્રિવેન્શાન) એકટની કલમ–૧૮ તે આતંકવાદી કૃત્ય કરવાના કાવતરા બાબતે છે. આતંકવાદી કૃત્યનાં કાવતરામાં સામેલ થયેલ આરોપીઓને ઓછી સજા કેમ કરવી જોઈએ અને વધુમાં વધુ સજા કેમ કરવી જોઈએ તે અદાલતે ધ્યાનમાં લેવાનું છે. દોષિત ઠરેલા આરોપીઓએ આતંકવાદી કૃત્ય કરવાનું કાવતરૂ કરેલુ છે અને તેઓ આતંકવાદી સંગઠનના સભ્યો છે, તેઓ આતંકવાદી પ્રવૃત્તિઓ કરે છે. આરોપીઓએ કરેલુ કૃત્ય ઘણા સમયથી ચર્ચા વિચારણા કરીને આયોજનબધ્ધ રીતે કરેલુ કૃત્ય છે. તમામ આરોપીઓ અનલોકુલ એકટીવીટી (પ્રિવેન્શાન)

એકટની કલમ–૧૮ મુજબના કાવતરામાં સામેલ થયેલા છે માટે તમામની સામૂહિક જવાબદારી ઉભી થાય છે અને કાવતરા અંગે તમામ આરોપીઓ જવાબદાર છે.

વધુમાં સરકારી વકીલશ્રી એચ.એમ.ધ્રુવ રજૂઆત કરતા જણાવે છે કે, આ કેસ એકાદ કુટુંબના સભ્યના ખૂન પૂરતો મર્યાદિત નથી પરંતુ આ કેસ માસ કીલીંગ (સામૂહિક હત્યા) નો કેસ છે. નિર્દોષ માણસોએ જીવ ગુમાવેલા છે, નિર્દોષ માણસો ગંભીર રીતે ઘવાયેલા છે, આરોપીઓએ કોઈ એક વ્યકિતને નિશાન બનાવેલા નથી પરંતુ સમગ્ર સમાજને નિશાન બનાવેલો છે. આરોપીઓએ આતંકવાદી તાલીમો લીધેલી છે જેથી માની શકાય તેમ છે કે આ કૃત્ય આરોપીઓએ કરેલુ છે અને ફરિયાદપક્ષે પૂરતા પુરાવા રજૂ કરી સાબિત પણ કરેલુ છે. માસ કીલીંગ કરવા માટે આરોપીઓએ લાંબા સમયથી આયોજનો કરેલા છે, બોમ્બ બનાવવા માટેની સામગ્રી ખરીદેલી છે, મકાનો ભાડે રાખીને બોમ્બ બનાવેલા છે, વાહનો ખરીદેલા છે, જે જગ્યા ઉપર બોમ્બ મુકવાના છે તેની રેકી કરીને જગ્યાઓ પસંદ કરેલી છે. આરોપીઓએ જગ્યાની પસંદગી અને સમય ખૂબ જ ઉંડાણપૂર્વકની ચર્ચા વિચારણા કરીને કરેલ છે. ઈજા પામનારાઓને હોસ્પિટલમાં લાવવામાં આવે ત્યાં વધારે માણસો ભેગા થાય તે વખતે માસ કીલીંગ કરવા માટે બે હોસ્પિટલોને નિશાન બનાવી ખૂબ જ મોટી તીવ્રતાવાળા બોમ્બ બ્લાસ્ટ કરેલા અને આનાથી વધારે ગંભીર કેસ કે બનાવો બીજો કોઈ હોઈ શકે નહીં. આરોપીઓનો કોઈ દુશ્મન વ્યકિત હોય અને તેનુ ખૂન કર્યુ હોય તેવુ નથી પરંતુ નિર્દોષ વ્યકિતઓનું માસ કીલીંગ કરેલુ છે. તેઓનો હેતુ સરકારને પડકાર આપવાનો પણ હતો. સરકાર સામે તલવારથી લડાઈ કરવી તેવુ નથી પરંતુ આવા કૃત્યો કરીને સરકારને પડકાર આપવો તે સરકાર વિરૂધ્ધ કે સરકાર સામે યુધ્ધે ચઢવુ ગણી શકાય. તેઓ રજૂઆત કરતા એમ પણ જણાવે છે કે, સામાન્ય કાયદાથી આતંકવાદી કૃત્યના ગુનાનો નિર્ણય થઈ શકે નહીં. આ સબંધમાં તેમણે **કરતાર સીંઘ વિરૂધ્ધ સ્ટેટ ઓફ પંજાબ, ૧૯૯૪, સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ) પાન નં.૩૧૩૯** ના ચુકાદાના પેરા નં.૧૫૪, ૨૩૧, ૨૩૩,

૨૮૬, ૩૮૭ અને ૪૪૬ વંચાણે લીધેલા છે અને રજૂઆત કરેલ છે કે આરોપીઓનું આ કૃત્ય આતંકવાદી કૃત્ય છે, બીજા સામાન્ય ગુના અને આતંકવાદી ગુનામાં તફાવત છે. આરોપીઓએ જે કંઈ કૃત્ય કરેલુ છે તે આયોજનબધ્ધ કરેલુ છે, આ કૃત્ય પછી સમાજમાં ઘણો બધો ડર અને ભય ઉત્પન્ન થયેલ છે. આ કૃત્ય ઓર્ગેનાઈઝ ક્રાઈમ છે. આ કૃત્યમાં નિર્દોષ માણસો માર્યા ગયેલા છે, બોમ્બ બ્લાસ્ટ જાહેર જગ્યા ઉપર થયા છે અને સરકારનું ધ્યાન ખેંચી સરકારને પડકાર આપેલો છે.

વધુમાં સરકારી વકીલશ્રી એચ.એમ.ધ્રુવ, **સ્ટેટ (એન.સી.ટી. ઓફ દિલ્હી) વિરૂધ્ધ નવજોત સિધ્ધુ, ૨૦૦૫, સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ) પાના નં.૧૭૧૫** ના પેરા નં.૪ થી ૧૨ વંચાણે લઈ રજૂઆત કરે છે કે, આરોપીઓએ દેશના નિર્દોષ નાગરિકોને નિશાન બનાવેલા છે. આ ચૂકાદામાં આતંકવાદી કૃત્ય કોને કહેવાય તે જણાવવામાં આવેલુ છે. આરોપીઓને સજા બાબતે સાંભળીને તેઓની ઉપર દયા રાખવાની જરૂર નથી, કારણ કે અદાલતે આરોપીઓની પરિસ્થિતિની સાથે સાથે ભોગ બનનારની પરિસ્થિતિ અને હકકો પણ ધ્યાને લેવાના છે. ચૂકાદાના પેરા નં.૨૫૧ થી ૨૫૬ વંચાણે લઈ તેઓ દલીલ કરે છે કે કોઈ વ્યકિતએ કાવતરામાં વાસ્તવિક ભાગ લીધો ન હોય તો પણ તે કાવતરામાં સામેલ ગણાય. વાસ્તવિક ભાગ નહીં લીધેલી વ્યકિત પણ ગમે તે દુરની જગ્યા ઉપર હાજર રહીને કાવતરામાં ભાગ લીધેલો હોય તો તે કાવતરામાં સામેલ છે તેમ કહેવાય. પહેલાના વખતમાં ગુનો એકલો જોવાતો હતો પરંતુ હવે ગુનાની સાથે સાથે ગુનેગારને પણ જોવામાં આવે છે. આરોપીઓ કુટુંબવાળા છે, તેઓ ભણેલા છે અને જેલમાં રહીને વધુ ભણેલા છે તે ફકત જોવાનું નથી કારણ કે આવી જ પરિસ્થિતિ ભોગ બનનારની પણ જોવાની છે. ચૂકાદાના પેરા નં.૨૭૪, ૨૭૫ અને ૨૭૭ વંચાણે લઈ તેઓ રજૂઆત કરે છે કે આ પેરાઓમાં સ્પેશયલ કેસ કેવી રીતે ચાલ્યો, સ્પેશયલ જજ દ્વારા કેસ કેવી રીતે ચલાવવામાં આવ્યો અને આરોપીઓ જુદા-જુદા કાયદાઓમાં દોષિત ઠર્યા તે અંગેની ચર્ચાઓ અને નિરીક્ષણ નામદાર સુપ્રિમ કોર્ટે આ ચુકાદામાં કરેલુ છે.

વધુમાં **જગમોહન સીંઘ વિરૂધ્ધ સ્ટેટ ઓફ યુ.પી., ૧૯૭૩, સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ) પાના નં.૧૬૯** તથા **બચ્ચન સીંઘ વિરૂધ્ધ સ્ટેટ ઓફ પંજાબ, ૧૯૮૦, સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ) પાન નં.૫૮૦** ના ચુકાદાઓને ધ્યાને રાખી રજૂઆત કરેલ છે કે મૃત્યુ દંડની સજા બંધારણીય છે અને બંધારણીય રીતે માન્ય છે. જયારે મૃત્યુ દંડની સજા ફરમાવવામાં આવે ત્યારે ચુકાદાના પેરા નં.૪ મુજબ કારણો અદાલતે લખવા જોઈએ. આ બંન્ને કેસો આતંકવાદી કૃત્ય અંગેના ન હતા પરંતુ નામદાર સુપ્રિમ કોર્ટે આ બંન્ને કેસના ચૂકાદાઓમાં મૃત્યુ દંડની સજા બંધારણીય રીતે માન્ય છે તેમ ઠરાવેલુ છે. જેથી તે ધ્યાને લેવા વિનંતી કરી છે. આ ઉપરાંત સરકારી વકીલશ્રી એચ.એમ.ધ્રુવે, **મોહમદ જમીલુદ્દીન નાસીર વિરૂધ્ધ સ્ટેટ ઓફ વેસ્ટ બેંગાલ, (૨૦૧૪) ૩, સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ) પાના નં.૨૩૦** નો ચુકાદો પણ વંચાણે લીધેલો છે અને રજૂઆત કરેલ છે કે આરોપીઓની સંખ્યા તથા કેટલા હથિયારો હતા તે મહત્વનું નથી. આ ચુકાદાના પેરા નં.૧૬૩ થી ૧૭૩ વંચાણે લઈ રજૂઆત કરેલ છે કે આ બનાવમાં ઘણા લોકોના મૃત્યુ થયા છે, ઘણા લોકોને શારીરિક રીતે ગંભીર ઈજાઓ થયેલી છે, તેની સાથે સાથે સરકારી તેમજ ખાનગી મિલકતોને કરોડો રૂપિયાનું નુકસાન થયેલુ છે તે પણ અદાલતે ધ્યાનમાં લેવુ જોઈએ.

મનોહરન વિરૂધ્ધ સ્ટેટ બાય ઈન્સ્પેકટર ઓફ પોલીસ વેરીટી હોલ પોલીસ સ્ટેશન, કોઇંમ્બતુર, (૨૦૨૦) ૩, સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ) પાન નં.૨૦૩ ના ચુકાદાનો આધાર લઈ રજૂઆત કરેલ છે કે આ ચુકાદાની હેડ નોટમાં અદાલતે ધ્યાનમાં રાખવાના મુદ્દાઓ જણાવેલા છે. આરોપીઓએ આતંકવાદી તાલીમ લીધેલી હોય, આરોપીઓ ઘણા બધા બીજા કેસોમાં સંડોવાયેલા હોય, આતંકવાદીઓએ આવુ આતંકવાદી કૃત્ય કર્યું હોય તેનું પુનઃસ્થાપન કે પુનર્વસન કયારેય થઈ શકે નહીં. માટે આ કેસના આરોપીઓનું પુનઃસ્થાપન કે પુનર્વસન શકય નથી. કયા આરોપીને મૃત્યુ દંડની સજા આપવી અને કયા આરોપીને આજીવન કેદની સજા આપવી તે અદાલતને નકકી કરવાનું છે. સરકારી વકીલશ્રી એચ.એમ.ધ્રુવનાઓએ ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ ની કલમ–૪૫, ૪૬

વંચાણે લઈ રજૂઆત કરે છે કે લાઈફ એટલે જીવનના અંત સુધીની સજા અને ડેથ એટલે મૃત્યુ પામે ત્યાં સુધીની સજા. ઈન્સાફી કાર્યવાહી ચલાવનાર અદાલતે કોઈ આરોપીને ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ ની કલમ–૩૦૨ તથા અનલોફુલ એકટીવીટી (પ્રિવેન્શન) એકટ–૧૯૬૭ ની કલમ–૧૦ મા મૃત્યુ દંડની સજા ફરમાવે ત્યારે સજામાં ઘટાડો કરવા અંગેની સત્તા નથી, કારણ કે લાઈફ એટલે જીવનના અંત સુધીની આજીવન કેદ છે.

વધુમાં તેઓ રજૂઆત કરેલ છે કે, અદાલતે સમતોલપણુ ધ્યાનમાં રાખવાનું છે. બનાવથી સમાજમાં પડેલી અસર, ભોગ બનનારાઓની પરિસ્થિતિ પણ ધ્યાને રાખવાની છે. ફકત આરોપીઓ એકલાની જ પરિસ્થિતિ ધ્યાને રાખવાની નથી. રેરેસ્ટ ઓફ ધ રેર કેસ માટે નજરે જોનાર સાહેદો જરૂરી નથી. આ કેસમાં આરોપીઓએ કેવી રીતે અને કયાં–કયાં કાવતરૂ કર્યું, કઈ જગ્યાઓ ઉપર મીટીંગો કરી, કઈ જગ્યાઓ ઉપર આતંકવાદી કેમ્પો કર્યા, કઈ જગ્યાએથી વાહનો ખરીધા, મકાનો કયાં ભાડે રાખ્યા, મકાનોમાં બોમ્બ બનાવ્યા, જે જગ્યા ઉપર બોમ્બ મુકવાના હતા તેની રેકી કરી અને બોમ્બ મુકેલા તે તમામ હકીકતો ફરિયાદપક્ષ દ્વારા પુરવાર કરવામાં આવી છે. સાથે સાથે કેટલાક આરોપીઓએ ગુનાની કબૂલાતો કરેલી છે, ત્રાહિત વ્યકિતઓ સમક્ષ પણ કબૂલાતો કરેલી છે. એક આરોપી એપ્રુવર બનેલ છે. આરોપીઓએ બતાવેલી જગ્યાના પંચનામા કરવામાં આવ્યા તે પણ ધ્યાને લેવાય. આ તમામ હકીકતો ધ્યાને લેતા આરોપીઓને મહત્તમ સજા ફરમાવવી જોઈએ તેવી વિનંતી કરેલી છે.

યુનિયન ઓફ ઈન્ડિયા વિરૂધ્ધ વી. શ્રીહરણ (૨૦૧૬) ૨, સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ) પાન નં.૬૯૫ ના ચુકાદાના પેરા નં.૪૬, ૫૦, ૬૧, ૭૨, ૭૩ ધ્યાને લઈ રજૂઆત કરેલ છે કે, ઈન્સાફી કાર્યવાહી કરનાર અદાલત આરોપીને ફકત મૃત્યુ દંડ અથવા આજીવન કેદની સજા કરી શકે, સજા ઓછી કરવાની સત્તા નથી. આ કેસ રેરેસ્ટ ઓફ ધ રેર (દુર્લભમાં દુર્લભ) કેસ છે, માટે તમામ આરોપીઓને મહત્તમ એટલે કે મૃત્યુ દંડની સજા થવી જોઈએ અને તે ગુનાની ગંભીરતા વધારતા અને ગુનાની ગંભીરતા ઘટાડતા સંજોગો ધ્યાને લઈ

અદાલતે નકકી કરવાનું છે. કયા આરોપીને કેટલી સજા કરવી તે અદાલતે નકકી કરવાનું છે પરંતુ અમારી રજૂઆત એવી છે કે, તમામ આરોપીઓને મૃત્યુ દંડની સજા કરવામાં આવે તો ભોગ બનનારાઓને પણ ન્યાય મળ્યો તેમ ગણાશે તેવી ખાસ સરકારી વકીલશ્રીની ભારપૂર્વકની રજૂઆત છે.

સરકાર પક્ષ તરફથી અન્ય સરકારી વકીલશ્રી અમિતભાઈ પટેલ વધારામાં રજૂઆત કરતા જણાવે છે કે, શ્રી એચ.એમ.ધ્રુવનાઓએ કરેલી રજૂઆતને તેઓ સમર્થન કરે છે અને જણાવે છે કે આ ગુનામાં આરોપીઓની સંડોવણી પુરવાર થયેલી છે. આરોપીઓ સામે બીજા રાજયોના બીજા શહેરોની જુદી–જુદી અદાલતોમાં બીજા ઘણા ગુનાઓ પેન્ડીંગ છે અને ઘણા ગુનાઓમાં અમુક આરોપીઓ સામેના ચુકાદાઓ આવી ગયેલા છે તે પૈકી અમુક આરોપી નિર્દોષ જાહેર થયેલ છે અને અમુક આરોપીઓને સજાઓ થયેલી છે. આ ઉપરાંત જુદી–જુદી જેલોમાં રાખવામાં આવેલ આરોપીઓનું જેલોની અંદરનું વર્તન ધ્યાને લેવુ જોઈએ. ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન આરોપીઓનું વર્તન પણ ધ્યાને લેવુ જોઈએ. તેઓના વર્તનથી આ અદાલત સંપૂર્ણ રીતે માહિતગાર છે. વધુમાં રજૂઆત કરતા જણાવે છે કે આ બનાવમાં મૃત્યુ પામેલા વ્યકિતઓના પરિવારજનોની સ્થિતિ, ઈજા પામનારાઓની પરિસ્થિતિ પણ ધ્યાને લેવી જોઈએ. આ કેસમાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૨૭ લાગુ પડશે નહીં. આરોપીઓએ ભોગવેલી સજા મજરે આપીને તેઓને ઓછી સજા કરી આરોપીઓને છોડવાની સત્તા આ અદાલતને નથી. આ અદાલતે આરોપીઓને મહત્તમ સજા મૃત્યુ દંડ અને ઓછી સજામાં જીવે ત્યાં સુધીની આજીવન કેદ જ કરી શકે માટે અમારી માંગણી છે કે આ તમામ આરોપીઓ સામે અત્યંત ગંભીર ગુનો સાબિત થયેલો છે જેથી દરેક આરોપીને મહત્તમ સજા એટલે કે મૃત્યુ દંડની સજા કરવા વિનંતી છે તેવી તેમણે રજૂઆત કરેલી છે. સાથે સાથે તેમને દોષિત ઠરેલા આરોપીઓ સામે દેશના જુદા–જુદા શહેરોમાં આવેલી જુદી–જુદી અદાલતોમાં કેટલા કેટલા કેસો પેન્ડીંગ છે અને કેટલા કેટલા કેસોમાં ચુકાદા આવી ગયેલા છે તેની તથા જેલોમાં રાખવામાં આવ્યા ત્યારે આરોપીઓના વર્તન

બાબતે જે તે જેલ સત્તાવાળા તરફથી જેલ મેન્યુઅલ પ્રમાણે ખટલાઓ ચલાવવામાં આવેલા અને તેમાં જેલ સત્તાવાળાઓ દ્વારા કેવા શિક્ષાત્મક પગલા લેવામાં આવેલા તેની માહિતી આપતા પત્રકો આંક–૯૫૫૭ થી રજૂ કરેલા છે અને રજૂઆત કરે છે કે આરોપીઓના વર્તન બાબતે તેમજ ગુનાહિત ઈતિહાસ બાબતે ધ્યાને લેવા વિનંતી કરી છે.

આરોપી નં.૩૬, ૩૮, ૩૯, ૪૦, ૪૨ અને ૫૦ તરફે વકીલશ્રી સોમનાથ વત્સનાઓએ મૌખિકમાં રજૂઆત કરેલ છે તથા આંક–૯૫૬૭ થી લેખિત રજૂઆત કરેલ છે કે, અમુક આરોપીઓ ગુજરાતી ભાષા જાણતા નથી. ફરિયાદપક્ષ કોની સામે મૃત્યુ દંડની માંગણી કરે છે તે સ્પષ્ટ નથી. ફરિયાદપક્ષ દ્વારા આરોપીઓની પુનઃસ્થાપન કે સુધરવાની શકયતા જોયા વિના રજૂઆતો કરી છે. આરોપીઓના પુનઃસ્થાપન કે સુધરવાની શકયતા નથી તેવુ નથી. ફરિયાદપક્ષે આરોપીઓની વ્યકિતગત ભૂમિકાની રજૂઆત કરી નથી. **યાકુબ અબ્દુલ મેમણ વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર, (૨૦૧૪) ૭ સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ) પાન નં.૧** ના ચુકાદાના પેરા નં.૯૬, ૮૫૪, ૮૭૩ ની પણ ચર્ચા કરેલી છે. તેઓ વધુમાં રજૂઆત કરતા જણાવેલ છે કે, ટાડા અને પોટા ઉપર આવેલા ચુકાદાઓના મત જૂના છે. **બચ્ચન સીંઘ વિરૂધ્ધ સ્ટેટ ઓફ પંજાબ (૧૯૮૦) સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ) પાન નં.૫૮૦** ના ચુકાદાના પેરા નં.૨૦૬, ૨૦૭ ની ચર્ચા કરેલ છે અને જણાવેલ છે કે, નામદાર સુપ્રિમ કોર્ટે ઘણા ટેરર કેસોમાં પણ કરેલી છે. બચ્ચન સીંગના કેસમાં નામદાર સુપ્રિમ કોર્ટે જગમોહનના કેસની પણ ચર્ચા કરેલી છે. બચ્ચન સીંગના ચુકાદાના પેરા નં.૧૨૬, ૧૫૪, ૧૫૬, ૧૬૧, ૧૬૩, ૧૬૪ વંચાણે લીધેલા છે અને રજૂઆત કરે છે કે લાઈફ એટલે ૧૪, ૨૦, ૨૫ વર્ષ હોય શકે. **યુનિયન ઓફ ઈન્ડિયા વિરૂધ્ધ વી. શ્રીહરણ (૨૦૧૬) ૨ સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ) પાન નં.૬૯૫** ના ચૂકાદાના પેરા નં.૯૭, ૯૮, ૧૦૮, ૧૭૮ ની ચર્ચા કરતા તેઓ જણાવે છે કે લાઈફ એટલે ૧૪ વર્ષ માટે પણ અદાલત જોઈ શકે છે. ૧૪ વર્ષથી વધારે વર્ષ માટે પણ અદાલત હકીકત જોઈ શકે છે. વકીલશ્રી સોમનાથ વત્સ દ્વારા **સ્વામી**

શ્રધ્ધાનંદ ઉર્ફે મુરલી વિરૂધ્ધ સ્ટેટ ઓફ કર્ણાટકા (૨૦૦૯) ૩ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૧૧૩ ના ચુકાદાના પેરા નં.૨, ૩, ૭૬, ૯૧ અને ૯૪ ની ચર્ચા કરવામાં આવેલી છે. બચ્ચની સીંઘના કેસમાં પણ ૧૪ વર્ષ, ૨૦ વર્ષની સજા કરવા બાબતે અદાલત વિચારી શકે છે તેમ જણાવેલુ છે. યાકુબ મેમણના ચુકાદાના પેરા નં.૨૨૨૭, ૮૬૦ ધ્યાને લઈને રજૂઆત કરેલ છે કે, દરેક આરોપીની ગુનામાં ગ્રેવીટી અને ભૂમિકા પ્રથમ ધ્યાનમાં લેવી જોઈએ તેમ સ્થાપિત થયેલુ છે. અનલોફુલ એકટીવીટી એકટની કલમ–૧૫ ની પણ ચર્ચા કરેલી છે અને રજૂઆત કરે છે કે ઓછી સજા અંગે પણ કાયદામાં જોગવાઈ છે. ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬(એ) બાબતે ચર્ચા કરતા વકીલશ્રી જણાવે છે કે આ જોગવાઈ મુજબ ૨૦ વર્ષ ઉપરાંત જીવનના અંત સુધીની સજા થઈ શકે પરંતુ મારી અરજ છે કે આરોપીઓ વિરૂધ્ધની તમામ હકીકત અને પુરાવા તથા દરેક આરોપીઓની ગુનામાં ભૂમિકા ધ્યાને રાખીને ઓછામાં ઓછી સજા કરવી જોઈએ. **મોહમદ મનન વિરૂધ્ધ સ્ટેટ ઓફ બિહાર, ૨૦૨૨ સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ) પાન નં.૩૮૨** ના ચુકાદાના પેરા નં.૫૪, ૬૦, ૭૩, ૭૯, ૮૦, ૮૩, ૮૪ ધ્યાને લઈ રજૂઆત કરે છે કે ઈન્સાફી કાર્યવાહી કરનાર અદાલતે આરોપીની ભૂમિકા તથા આરોપીના વ્યકિતગત પુરાવા તથા પુરાવાની ગુણવત્તા સૌપ્રથમ ધ્યાને લેવી જોઈએ. આખરી સજાનો હૂકમ કરતા પહેલા અન્ય માહિતી પણ અદાલતે મંગાવવી જોઈએ. આ આરોપીઓને અટક કરતા પહેલા તેઓની સામે કોઈ પુરાવો ન હતો. તમામ છ આરોપીઓને ટ્રાન્સફર વોરન્ટથી લાવવામાં આવેલ હતા. જેથી તેઓને ઓછી સજા કરવા વિનંતી છે.

ચન્નુલાલા વર્મા વિરૂધ્ધ સ્ટેટ ઓફ છત્તીસગઢ (૨૦૧૯) ૧૨ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૪૩૮ ના ચુકાદાના પેરા નં.૮ થી ૧૭ ની ચર્ચા કરતા વકીલશ્રી સોમનાથ વત્સ રજૂઆત કરે છે કે, આરોપીઓ જેલમાં છે માટે તેઓના પુનઃસ્થાપન કે સુધરવા બાબતેના કોઈ કાગળો રજૂ કરી શકેલા નથી. તમામ આરોપીઓએ જેલમાં રહીને ઉચ્ચ અભ્યાસ કરેલો છે. યાકુબ મેમણના ચુકાદાના પેરા નં.૮૬૦ ધ્યાને લઈ રજૂઆત કરેલ છે કે મૃત્યુ દંડ માટે કેટલાક ખાસ કારણો

નોંધવા જોઈએ. આરોપીઓનું વ્યકિતત્વ, અભ્યાસ, સામાજિક પ્રતિષ્ઠા પણ ધ્યાને લેવી જોઈએ. આ તમામ હકીકત આરોપીઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ ના વિશેષ નિવેદનમાં જણાવેલી છે. આરોપીઓ ગુજરાતી ભાષા જાણતા નથી. આરોપી નં.૪૦ સને–૨૦૧૩ થી માનસિક રીતે બીમાર છે અને તેની સારવાર ચાલુ છે. આરોપીઓની ભૂમિકા ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૭ થી વધારે નથી તે પણ ધ્યાને લેવા વિનંતી છે. સાંયોગિક પુરાવા સાબિત થયેલા નથી. પોટા અને ટાડાના કાયદાનો દુરૂપયોગ થતો હોવાથી સરકારે પરત ખેંચેલા છે. આ તમામ છ આરોપીઓએ તાલીમોમાં ભાગ લીધેલો નથી. આરોપીઓને મહત્તમ સજા કરવામાં આવે તો ઘણી ખોટી અસર પડશે માટે મહત્તમ સજા યોગ્ય અને ન્યાયી નથી. આરોપીઓને જામીન મળેલા નથી તે પણ ધ્યાને લેવુ જોઈએ. આ કેસમાં અન્ય ૨૮ આરોપીઓને છોડી મુકવામાં આવેલા છે જેથી બીજી કોર્ટોના કેસોમાં પણ તેઓ છુટી જશે તેવુ અનુમાન આ તબકકે થઈ શકે.

વકીલશ્રી સોમનાથ વત્સનાઓ **રાજેન્દ્ર પ્રહલાદરાવ વાસનીક વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર (૨૦૧૯) ૧૨ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૪૬૦** ના ચુકાદાના પેરા નં.૩૧ થી ૪૭, ૬૫ ની ચર્ચા કરતા જણાવે છે કે આરોપીઓ સામે જે કેસો પેન્ડીંગ છે તે ધ્યાને લેવાય નહીં. જે કેસોમાં આરોપીઓને તકસીરવાન ઠરાવેલા છે તેમાં અપીલો થયેલી છે માટે અપીલ પણ કન્ટીન્યુ ટ્રાયલ ગણાય. તમામ આરોપીઓ ભણેલા છે તથા જેલમાં રહીને વધુ ભણેલા છે. તમામ આરોપીઓ કુટુંબવાળા છે, સમાજમાં રહે છે. તેઓ ગરીબ કુટુંબના છે. આરોપી નં.૩૮ ના પિતા ઉત્તર પ્રદેશમાં સમાજવાદી પાર્ટી સાથે જોડાયેલા છે, રેલવે કર્મચારી યુનિયન સાથે જોડાયેલા છે. આરોપીઓના કુટુંબીજનો સમાજ પ્રત્યે સંવેદનશીલ છે, તેઓ તમામની લાગણી છે કે આ કેસમાંથી તેઓ છુટી જશે. આરોપી નં.૫૦ ના પિતા ૮૩ વર્ષ અને માતા ૭૭ વર્ષના છે. આરોપી નં.૩૯ ના પિતાને ગયા વર્ષે યુ.પી. સરકાર તરફથી શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ મળેલો છે. આરોપી નં.૫૦ ના પિતા આસીસ્ટન્ટ પ્રોફેસર હતા અને નિવૃત્ત થયેલા છે.

આરોપી નં.૪૨ ની માતાને મેડીકલ પ્રોબ્લેમ છે, તેઓને હાર્ટ એટેક આવેલો હતો માટે તમામ આરોપીઓની ભૂમિકા જોતા તેઓને ૧૪ વર્ષની સજા કરવી જોઈએ અને જેલમાં ભોગવેલી સજા મજરે આપવા વિનંતી કરેલી છે.

આરોપીઓ તરફથી વકીલશ્રી કે.જી.શેખ રજૂઆત કરતા જણાવે છે કે, વકીલશ્રી સોમનાથ વત્સનાઓએ જે રજૂઆતો કરેલી છે તેને હું સમર્થન કરૂ છું. આ ઉપરાંત નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા અલગ–અલગ ચુકાદાઓમાં જે નિર્ણયો થયેલા છે તે પણ ધ્યાને લેવા વિનંતી છે. નિષ્ઠુર કે ક્રુર ગુનાઓ બનેલા હોવા છતાં નામદાર સુપ્રિમ કોર્ટે ઘણા કેસોમાં મૃત્યુ દંડની સજા કરેલી નથી. નામદાર સુપ્રિમ કોર્ટે કબૂલાતને નબળો પુરાવો માનેલો છે. આ કેસ કબૂલાતો ઉપર આધારિત છે. આ કેસમાં એપ્રુવરનો પુરાવો છે. પુરાવાના કાયદાની કલમ–૨૭ મુજબના પંચનામાઓ કબૂલાત સ્વરૂપના છે તે તમામ પુરાવા નબળા છે. સાંયોગિક પુરાવા ઉપર મૃત્યુ દંડ અંગે ઘણા ઓછા ચુકાદાઓ છે. આપણા દેશમાં મૃત્યુ દંડનુ ચલણ ઓછુ થતુ ગયુ છે. દેશમાં મુસ્લિમ સમાજને સુધારવાની વાતો ચાલે છે. આઝાદીના ૭૦ વર્ષ પછી આપણે નવા વાતાવરણમાં છીએ અને સુધારાવાદી વિચારસરણી અમલમાં છે. બાબરી મસ્જિદ તોડવાનું કૃત્ય ગુનાહિત કૃત્ય હતુ તેમ છતાં નામદાર સુપ્રિમ કોર્ટે સમાધાનકારી વલણ અપનાવી મસ્જિદ માટે મુસ્લિમોને બીજી જગ્યાએ જમીન આપી નવો ટ્રેન્ડ શરૂ કર્યો છે. એક પણ આરોપીઓનો એવો ઈતિહાસ નથી કે સમાજ વિરોધી પ્રવૃત્તિ કરી હોય.

વધુમાં તેઓ રજૂઆત કરતા જણાવે છે કે, મોટા મોટા કેસો જેવા કે સમજોતા એકસપ્રેસ કેસ, માલેગાંવ બ્લાસ્ટ કેસ વિગેરે કેસોમાં પણ હત્યાઓ થયેલી તેમ છતાં મૃત્યુ દંડ થયેલ નથી. જયારે આપણે સુધરવાની તક આપવા તરફ જતા હોઈએ ત્યારે દરેકને સરખી તક આપવી જોઈએ. મુસ્લિમ કોમના લોકોને અટક કરવામાં આવે છે ત્યારે અનલોકુલ એકટીવીટી એકટ લાગુ કરવામાં આવે છે. બીજા બહુમતી કોમના લોકોને અટક કરવામાં આવે ત્યારે અનલોકુલ એકટીવીટી એકટ લાગુ કરવામાં આવતો નથી. જેલની અંદર કોઈ એક આરોપીની વર્તણૂક સારી ન હોય તેથી કરીને બધા આરોપીઓની વર્તણૂક સારી નથી તેમ

કહેવાય નહીં. આરોપીઓને જેલમાં ચોકકસ જગ્યાએ રાખેલા છે માટે તેઓ પરેશાન હોય અને કોઈ ફરિયાદ કરે તો ખટલાઓ થતા હોય છે. પરંતુ તે એકતરફી હોય છે માટે આરોપીના વર્તન તરીકે ધ્યાને લેવા જોઈએ નહીં. આરોપીઓ પૈકી કોઈ આરોપીને કોઈએ બોમ્બ મુકતા જોયા હોય તેવો પુરાવો નથી. વ્યકિતગત ઈતિહાસ જોઈએ તો આરોપીઓની વર્તણૂક સારી છે. જેલમાં ઘણી બધી મર્યાદાઓ હોવા છતાં આરોપીઓએ પોતાની જાતને સુધારેલી છે. જેલોમાં અભ્યાસ કર્યો છે. આરોપીઓની ભૂમિકા ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૭ થી વધારે નથી. રજૂ થયેલ પુરાવા ધ્યાને લેતા આ કેસ રેરેસ્ટ ઓફ ધ રેર કેટેગરીમાં આવતો નથી માટે આરોપીઓને સુધરવાની તક મળવી જોઈએ.

તમામ આરોપીઓને રજૂઆત કરવાની તેઓને સંતોષ થાય ત્યાં સુધીની તક આપેલી છે. જે કાંઈ લખીને રજૂઆત કરવી હોય તો તેઓને લખીને રજૂઆત કરવાની પણ તક આપેલી છે અને તેમણે મૌખિક ઉપરાંત લેખિત પણ રજૂઆતો કરી છે જે રેકર્ડમાં સામેલ કરવામાં આવેલ છે. આરોપીઓના વકીલશ્રીઓને તેઓને સંતોષ થાય ત્યાં સુધી સાંભળવામાં આવેલા છે અને આરોપીઓ વતી જે કંઈ લેખિતમાં રજૂઆતો કરવી હોય તે કરેલી છે. આરોપીઓના અભ્યાસ અને મેડીકલ પેપર્સ પણ રજૂ કરવામાં આવેલા છે. ફરિયાદપક્ષ દ્વારા સરકારી વકીલશ્રીઓને પણ તેઓને સંતોષ થાય ત્યાં સુધી સાંભળવામાં આવેલા છે.

આમ, આરોપીઓ તરફથી કરવામાં આવેલી રજૂઆતોના મુખ્ય સારાંશ જોઈએ તો તેઓને અલ્લાહ ઉપર ભરોસો છે, દરેકના માતા–પિતા વૃધ્ધ છે, બાળકો ભણે છે, પૈસા વિના ભણાવવામાં તકલીફ પડે છે, બાળકોના લગ્ન બાકી છે, માતા–પિતાઓ બીમાર છે, કેટલાક આરોપીઓના પિતાને તથા કેટલાક આરોપીઓની માતાને કેન્સર છે, કેટલાક આરોપીઓના માતા–પિતા ગુજરી ગયેલા છે, આરોપીઓ ભણેલા છે, જેલમાં સાડા તેર વર્ષથી રહેલા છે, જેલમાં રહીને જુદા–જુદા અભ્યાસક્રમોમાં પ્રમાણપત્રો મેળવેલા છે, આરોપીઓનો ગુનાહિત ઈતિહાસ નથી તેમ તેઓ જણાવે છે. કેટલાક આરોપીઓએ જણાવેલુ છે

કે તેમની વિરૂધ્ધ જેલમાં ખટલા થયેલા નથી, દરેક આરોપીના ઘરની આર્થિક પરિસ્થિતિ ખરાબ છે, દરેક આરોપીની રજૂઆત છે કે ખોટી રીતે ગુનામાં સંડોવેલા છે અને ૧૩ વર્ષ ઉપરાંતથી જેલમાં રાખવામાં આવેલા છે. દરેક આરોપીની રજૂઆત છે કે તેઓ આ ગુનામાં સંડોવાયેલા નથી. ગુજરાત બહારના આરોપીઓની રજૂઆત છે કે તેઓ ગુજરાત કયારેય આવેલા નથી. ગુજરાતી ભાષા જાણતા નથી. ઘણા બધા આરોપીઓની રજૂઆત છે કે તેઓ જેલમાં બીમારીઓના ભોગ બનેલા છે, હાઈ બી.પી., કિડનીની તકલીફ, પાઈલ્સ વિગેરે બીમારીઓ થયેલી છે. કેટલાક આરોપીઓએ રજૂઆત કરી છે કે જેલમાં તેઓની જીંદગી બરબાદ થઈ ગયેલી છે. એક–બે આરોપીએ રજૂઆત કરેલી છે કે અલ્લાહ કોઈને માફ નહીં કરે, એક–બે આરોપીએ જણાવેલ છે કે તમારી (કોર્ટ) ઉપર વિશ્વાસ નથી, તમારૂ (કોર્ટ) નું જમીર નથી. એક આરોપીએ જણાવેલુ છે કે ભારત દેશના કાયદાને કે સરકારને કે કોર્ટને તેઓ માનતા નથી. વિશ્વમાં ઈસ્લામ જ રહેશે અને ઈસ્લામ સિવાય બીજુ કાંઈ રહેશે નહીં. એક આરોપીએ જણાવેલુ છે કે તે ન્યાયની ભીખ માંગતો નથી માટે જે સજા આપવી હોય તે આપી દો. ભારતમાં કોઈ જેલ એવી નથી કે અમોને કાયમ જેલમાં રાખે, અલ્લાહ મોટો છે. ફરિયાદપક્ષે ખોટા પુરાવા ઉભા કરેલા છે, ઈસ્લામ સિવાય અન્ય કોઈને માનતા નથી, બનાવો સાથે અમારે કોઈ લેવાદેવા નથી. ગુજરાત પોલીસ ગેંગસ્ટરો સાથે સબંધ ધરાવે છે અને અમો સાચા છીએ તેથી અમોને હેરાન કરે છે. એક આરોપીએ જણાવેલુ છે કે, અમારી સાથે ધોકાધડી થઈ છે. એક આરોપીએ જણાવેલુ છે કે હાથી જેવી કલમો લગાવી અમોને ગુનેગાર ઠરાવેલા છે તે તમામને અલ્લાહ માફ નહીં કરે. અમો મુસ્લિમ છીએ માટે અમોને ફસાવેલા છે. પી.પી. (સરકારી વકીલ) સાથે બીજા બધા બે વર્ષમાં મરી જશે. હિન્દુસ્તાનમાં કોઈ કાયદો જ નથી. અમારી મા–બહેનો ઉપર બળાત્કાર થાય છે, તેઓ બચશે નહીં.

હવે આરોપીઓને કેટલી સજા, કેટલો દંડ અને ભોગ બનનારાઓને કેટલુ વળતર ચૂકવવુ જોઈએ તે નકકી કરવા માટે બંન્ને પક્ષની હકીકતો ધ્યાને લેવી પડે. જે રીતે આરોપીઓને હકક અને અધિકાર છે તે જ રીતે આ બનાવમાં

ભોગ બનનારાઓના હકક અને અધિકારો પણ છે તે ધ્યાને લેવાના છે. આરોપીઓની રજૂઆત છે કે તેઓના માતા–પિતા વૃધ્ધ છે તો સામે પક્ષે આ બનાવોમાં કુલ–પ૬ લોકોના મૃત્યુ થયેલા છે અને કુલ–૨૪૦ ઉપરાંત લોકોને ઈજાઓ થયેલી છે. આ કુલ–પ૬ લોકો જે મરણ પામેલા છે તેઓને પણ વૃધ્ધ માતા–પિતાઓ હશે જ અને ૨૪૦ ઉપરાંત લોકોને ઈજાઓ થયેલી છે તેઓને પણ વૃધ્ધ માતા–પિતાઓ હશે જ તેમા કોઈ શંકા નથી. જે રીતે આરોપીઓના માતા–પિતા બીમારીઓથી પીડાય છે પરંતુ તે અંગેના કાગળો રજૂ કરવામાં આવેલા નથી તેમ છતાં માની લઈએ કે તેઓના માતા–પિતા બિમારીઓથી પીડાય છે તો સામે પક્ષે ગુજરી જનાર તથા ઈજા પામનાર લોકોના માતા–પિતાઓ પણ બીમારીઓથી પીડાતા હશે તેમાં કોઈ શંકા કરી શકાય નહીં. ઈજા પામનારાઓ પોતે ગંભીર ઈજા પામનારાઓ છે અને છેલ્લા તેર વર્ષથી શારીરિક પીડા, યાતનાઓ ભોગવતા હશે તેમાં પણ કોઇ શંકા નથી. કોઈના પણ માતા–પિતા વૃધ્ધ હોય તો તેઓને બીમારી હોઈ જ તે સ્વાભાવિક છે. આરોપીઓની રજૂઆત છે કે તેમના બાળકો ભણે છે, ભણાવવામાં તકલીફ પડે છે અને તેમના લગ્ન બાકી છે તો સામે પક્ષે ગુજરી જનાર તથા ઈજા પામનાર લોકોના બાળકો પણ ભણતા જ હોઈ તેમને પણ ભણાવવામાં તકલીફ પડતી હોઈ શકે છે અને તેઓના લગ્ન પણ બાકી હોઈ શકે છે. આરોપીઓની રજૂઆત છે કે તેઓ ગરીબ કુટુંબોમાંથી આવે છે અને જેલોમાં રહેવાથી તેમના કુટુંબીજનોની આર્થિક પરિસ્થિતિ ખરાબ થઈ ગયેલી છે તો સામે પક્ષે ગુજરી જનાર તથા ઈજા પામનાર લોકોના કુટુંબીજનોની આર્થિક પરિસ્થિતિ પણ ખરાબ થઈ ગયેલી જ હોય જે પ૬ વ્યકિતઓ મરણ પામેલા છે તેમાં ઘણા બધા વ્યકિતઓ કુટુંબના મોભી તરીકે હશે અને તેમના સિવાય કુટુંબમાં કમાનાર વ્યકિત કોઈ જ નહીં હોય જયારે કુટુંબનો મુખ્ય કમાનાર વ્યકિત એકાએક આવા બનાવોમાં ઈજા થતા ગુજરી જાય તો તેવા કુટુંબ ઉપર આકાશ તુટી પડે તેવી પરિસ્થિતિ પેદા થતી હોય છે. તેઓના કુટુંબમાં કમાનાર કોઈ હોતુ નથી ત્યારે તેવા કુટુંબોની પરિસ્થિતિ પણ ખરાબ થઈ ગયેલી હોય છે, જે લોકો ઈજા પામેલા છે તેઓને પણ સારવાર પાછળ ખુબ જ

ખર્ચ થયેલા હોય શકે છે અને તેના કારણે પણ તેઓની આર્થિક સ્થિતિ ખરાબ થઈ ગયેલી હોય છે. ગુજરી જનાર તથા ઈજા પામનાર લોકો પૈસાપાત્ર છે તેવુ નથી. પુરાવો ધ્યાને લઈએ તો ઘણા લોકો ગરીબ છે અને ઘણા લોકો મજૂરી કરીને જીવે છે. આરોપીઓની એવી પણ રજૂઆત છે કે જેલમાં રહ્યા પછી તેઓ જુદી–જુદી બીમારીઓનો ભોગ બનેલા છે પરંતુ તેમને ગંભીર બીમારી હોય તેવુ નથી અને તેવા કોઈ કાગળો રજૂ કરેલા નથી. ઈજા પામનાર ૨૪૦ વ્યકિતઓ પૈકી ઘણા વ્યકિતઓને એવી ઈજાઓ થયેલી છે કે તેઓને પુરી જીંદગી સુધી અપંગ પરિસ્થિતિમાં જીવવુ પડે તેવી પરિસ્થિતિ ઉભી થયેલી છે. આ કામમાં દોષિત જાહેર કરવામાં આવેલા ૪૯ આરોપીઓ અને તેમની સામાજિક, આર્થિક પરિસ્થિતિઓ જે છે તેની સામે પક્ષ જેટલા વ્યકિતઓ ગુજરી ગયા અને ૨૪૦ લોકોને ઈજા થઈ તેઓની સામાજિક અને આર્થિક પરિસ્થિતિ પણ જોવાની છે. બંન્નેની પરિસ્થિતિ ધ્યાને લઈ તો ભોગ બનનારાઓની પરિસ્થિતિ વધારે ખરાબ જણાય આવે છે. આ બનાવમાં જે વ્યકિતઓ ભોગ બનેલા છે તે તમામ નિર્દોષ વ્યકિતઓ હતા અને જયારે નિર્દોષ વ્યકિતઓ બનાવમાં ભોગ બનેલા છે ત્યારે તેઓની તરફ અદાલતે સંવેદનશીલ રહેવુ જોઈએ તેમ હું માનુ છું. આરોપીઓ તરફથી વકીલશ્રી સોમનાથ વત્સ રજૂઆત કરતા જણાવે છે કે, આરોપીઓને ઓછામાં ઓછી સજા જો નહીં કરવામાં આવે તો આરોપીઓ ઉપર તેમજ તેમના કુંટુંબીજનો ઉપર ઘણી ખોટી અસર પડશે પરંતુ મારા મત પ્રમાણે જો આરોપીઓને ઓછામાં ઓછી સજા કરવામાં આવે તો આ બનાવોમાં મૃત્યુ પામનારાઓના કુટુંબીજનો તથા ઈજા પામનારાઓ ઉપર તથા તેમના કુટુંબીજનો ઉપર પણ ખોટી અસર પડશે તેમ હું માનું છું. એક તરફ દોષિત પામેલા ૪૯ આરોપીઓ છે અને તેમના હકકો છે જયારે બીજી તરફ મરણ જનારાઓના પક્ષ પરીવારો છે અને ૨૪૦ વ્યકિતઓને ઈજાઓ થયેલી તેઓ પોતે છે તથા તેમના પરિવારજનો પણ છે અને સાથે સાથે આ બનાવોથી ડરી ગયેલો સમગ્ર સમાજ પણ છે માટે મારા સ્પષ્ટ મંતવ્ય પ્રમાણે આરોપીઓના વ્યકિતગત કે તેઓના પારીવારીક હકકો કરતા ભોગ બનનારાઓના હકકો અને સમાજના હકકોને

પ્રાથમિકતા આપવી જોઈએ. આ ઉપરાંત આરોપીઓને સજા બાબતે જયારે સાંભળવામાં આવ્યા અને તેઓએ જે કાંઈ રજૂઆતો કરી તે પણ ઉપર મુજબની વિગતે નોંધેલી છે. તે ધ્યાને લેતા આરોપીઓ પૈકી કેટલાક આરોપીઓ ધમકી આપતા હોય તે રીતેની તેમની રજૂઆતો હતી. તેથી કરીને પણ આરોપીઓ સ્વભાવે કેવા છે તે જણાય આવે છે. ફરિયાદપક્ષ તરફથી આ કામે આરોપીઓ વિરૂધ્ધ જુદા-જુદા રાજયોના જુદા-જુદા શહેરોની અદાલતોમાં જે કાંઈ કેસો પેન્ડીંગ છે તે તથા જે કેસોમાં ચુકાદાઓ આવી ગયેલા છે તે તથા આરોપીઓને જે જે જેલોમાં રાખવામાં આવેલા છે ત્યાં આરોપીઓની વર્તણૂક બાબતે જે તે જેલ સત્તાવાળાઓ તરફથી જેલ મેન્યુઅલ પ્રમાણે ખટલાઓ ચલાવવામાં આવેલા તે બાબતેનું એક પત્રક ફરિયાદપક્ષ દ્વારા આંક-૯૫૫૭ થી રજૂ કરેલુ છે. જેની વિગતો હવે પછી કોષ્ટકથી જણાવેલ છે.

આરોપીઓ જેલોમાં રહીને વધુ અભ્યાસો કરેલા છે તેથી કરીને તેઓ સુધરી જશે તેવુ નથી. ઘણા આરોપીઓની આ ગુનામાં અટક થઇ તે પહેલાથી જ ભણેલા હતાં તેમ છતાં આ ગુનામાં સંડોવાયેલા છે. આરોપીનું સારૂ વર્તન તે કારણ સજા ઓછી કરવાનું કારણ નથી. આ સંબંધમાં એક ચુકાદો ધ્યાને લઇએ તો,

અ.નં.	**ચુકાદો**	**ચુકાદામાં આરોપીના સારા વર્તન બાબતે નિર્ણીત થયેલ મુદ્દો**
૧	ઉદયકુમાર વિરૂધ્ધ સ્ટેટ ઓફ કર્ણાટક એ.આઇ.આર.-૧૯૯૮ સુપ્રિમ કોર્ટ, પાના નં.૩૩૧૭	આરોપી ઉપર ખુનનો આક્ષેપ હતો. આરોપીની રજૂઆત હતી કે, તે બેડમીન્ટનનો કોચ હતો. ઘણા છોકરા, છોકરીઓને કોચીંગ આપ્યુ છે. ટ્રોફી અને મીઠાઇ વહેંચી છે. આરોપી તેના માયાળુ વર્તન માટે જાણીતો હતો માટે ગુનો કરે તે માનવા યોગ્ય નથી. નામ.કોર્ટે ઠરાવ્યુ કે, આરોપીનું વર્તન આશ્ચર્યજનક નથી. જો ફરિયાદપક્ષનો પુરાવો યોગ્ય રીતે રજૂ થયો હોય.

ઘણા આરોપીઓએ રજૂઆત કરેલી છે કે, કેસ ચાલ્યો તેની ખબર જ નથી. પરંતુ મારા મત પ્રમાણે તે હકીકત ખોટી છે. જુદી–જુદી જેલોમાં રાખેલા આરોપીઓને વીડિયો કોન્ફરન્સ દ્વારા કનેકટ કરીને વીડિયો કોન્ફરન્સ દ્વારા કેસ ચલાવેલો છે. તમામ આરોપીઓ વતી તેમના વકીલશ્રીઓએ ફરિયાદપક્ષના તમામ સાહેદોની ઊલટતપાસો કરેલી છે. કેટલાક આરોપીઓએ લેખિતમાં અદાલતને જણાવેલુ છે કે, કેસની કાર્યવાહી તેમના વકીલ આરોપીની ગેરહાજરીમાં ચલાવશે જેથી તેઓ કેસની ઇન્સાફી કાર્યવાહી વખતે હાજર ન હતા પરંતુ વકીલશ્રીઓએ કેસ ચલાવેલો છે અને હવે જણાવે છે કે, કાર્યવાહીની ખબર નથી. આ ઉપરાંત આરોપીઓએ કરેલી લેખિત રજૂઆતો ધ્યાને લેતાં પોતાની સામે કયો સાહેદ છે, કયો પંચ છે, તેની પણ માહિતી છે. જેથી પણ એવુ કહી શકાય કે, તમામ આરોપીઓ ઇન્સાફી કાર્યવાહી કેવી રીતે થઇ, કયા સાહેદ કયારે તપાસ્યા તેનાથી માહિતગાર છે. બેંગ્લોર જેલમાં રાખેલા આરોપીઓએ જણાવેલ છે કે, તેઓ ગુજરાતી ભાષા સમજતા કે જાણતા નથી. તેમ છતાં તેમની વિરૂધ્ધ કયા સાહેદ છે તેની તેમને માહિતી છે. ગુજરાત ક્રિમીનલ મેન્યુઅલના પેરાઓની પણ તેમને માહિતી છે. ગુજરાત ક્રિમીનલ મેન્યુઅલના પેરાઓ લખીને ચુકાદાનું અંગ્રેજી ભાષાંતર કરી નકલ આપવા માટે બેંગ્લોરમાં રાખેલા આરોપીઓએ આંક–૯૫૬૦થી અરજી મોકલેલી છે જેથી સ્પષ્ટપણે કહી શકાય કે તેઓએ ઇન્સાફી કાર્યવાહી જોયેલી છે, સાંભળેલી છે અને ગુજરાતી ભાષાથી માહિતગાર છે તેમ છતાં ખોટી રજૂઆતો કરે છે. કેસની ઇન્સાફી કાર્યવાહીના છેલ્લા પાંચ વર્ષથી આ અદાલતે રોજે રોજ વીડિયોમાં જોયેલું છે કે, ઘણા આરોપીઓ વીડિયોમાં બેસતા ન હતા અને કાર્યવાહી સાંભળતા ન હતા. અંદરો અંદર વાતો કરવી, હસી–મજાક કરવી. એકબીજા સામે હાથથી ઇશારા કરવા તે રોજનો ક્રમ હતો. જે અદાલતે ધ્યાનપૂર્વક રોજે રોજ જોયેલુ છે. આરોપીનું વર્તન શરૂઆતથી અયોગ્ય અને અદાલતના શિષ્ટાચારથી વિરૂધ્ધનું રહેલુ છે. ચાર્જશીટના પેપર્સ ગુજરાતી ભાષામાં હોવાથી ઘણા આરોપીઓએ સ્વીકારેલા નથી એવી રજૂઆતો થયેલી છે. આરોપીઓ કાયદાનુ પાલન કરનાર છે. ભારતીય નાગરિક છે. ઉચ્ચ શિક્ષણ

મેળવેલુ છે. જેલમાં વધુ અભ્યાસ કરેલ છે. આવી હકીકત હોય તો આરોપીઓએ ચાર્જશીટના પેપર્સ સ્વીકારી લેવા જોઇએ. પરંતુ ચાર્જશીટના પેપર્સ સ્વીકારેલા નથી જેથી પણ તેઓનુ વર્તન કેવુ છે તે જણાઇ આવે છે. આરોપીઓએ મૌખિક તથા લેખિત જે કાંઇ રજૂઆતો કરેલી છે તે અદાલત પાસેથી દયા મેળવી ઓછી સજા અને ઓછો દંડ થાય તથા ભોગવેલી સજા મજરે આપી ગુનામાંથી છુટવા માટે આવી રજૂઆતો કરેલી છે તેમ હું સ્પષ્ટપણે માનું છું.

આ ચુકાદામાં અગાઉ ચર્ચા કર્યા મુજબ અને તકસીરવાન ઠરાવેલા આરોપી નં.૧ થી ૧૬, ૧૮, ૨૭, ૨૮, ૩૧, ૩૨, ૩૬, ૩૭, ૩૮, ૪૫, ૬૦, ૬૩, ૬૯, ૭૦, ૭૫, ૭૮ નાઓ ભારત સરકાર દ્વારા પ્રતિબંધીત આતંકવાદી સીમી સંગઠનના સક્રિય સભ્યો છે અને ભારત દેશમાં રહી ઇન્ડિયન મુજાહિદ્દિનના નામના આતંકવાદી સંગઠન દ્વારા ભારત દેશ વિરૂધ્ધ ગેરકાયદેસર અને આતંકવાદી પ્રવૃત્તિઓ કરે છે. જે ઉદ્દેશ સાથે સીમી સંગઠનની સ્થાપના થયેલી તે ઉદ્દેશ્યને આગળ ધપાવવા માટે આ આરોપીઓ જુદી–જુદી જગ્યાઓ ઉપર મીટીંગો કરતા આવેલા છે. ભારતના બંધારણની પ્રક્રિયાથી ચુંટાયેલી ભારત સરકાર તેમજ રાજય સરકારને પડકાર ફેંકવા તેમજ સરકારોને અસ્થિર કરવા માટે જુદી–જુદી જગ્યાઓ ઉપર મીટીંગો કરીને જેહાદી ભાષણો કરતા આવેલા છે. હિન્દુ–મુસ્લિમ કોમ વચ્ચે વૈમનસ્ય ઉભુ કરવાની પ્રવૃત્તિ કરતા આવેલા છે. નિર્દોષ મુસ્લિમ યુવાનોને "જેહાદ" ના નામે ભડકાવી તેમના મગજ અને વિચાર શકિત ઉપર કબજો જમાવી સીમીની ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં સામેલ થવા તૈયાર કરે છે. મીટીંગોના તેમજ આતંકવાદી તાલીમ કેમ્પોના આયોજનો કરે છે. મીટીંગો તથા આતંકવાદી તાલીમ કેમ્પોમાં હાજર રહેવા માટે અન્ય નિર્દોષ યુવાનોને ફોન કરી અથવા રૂબરૂમાં જઈ બોલાવેલ છે. મીટીંગોમાં તથા આતંકવાદી તાલીમ કેમ્પોના આયોજનો કરીને ભડકાઉ ભાષણો આપેલા છે. સીમીની પ્રવૃત્તિને મજબુત કરવા તેમજ ભારત દેશમાં ઈસ્લામિક શાશનની સ્થાપના કરવાના ઉદ્દેશ સાથે ગેરકાયદેસર અને આતંકવાદી કૃત્યો કરેલા છે. ભારત સરકાર દ્વારા સીમી સંગઠનને આતંકવાદી સંગઠન જાહેર થયેલ છે તેમ છતાં સીમી સંગઠનની દેશ

વિરૂધ્ધની તેમજ સમાજ વિરૂધ્ધની પ્રવૃત્તિઓ બંધ થયેલી નથી. સીમી સંગઠનના સભ્યો દ્વારા તથા સીમી સંગઠન સાથે જોડાયેલા વ્યકિતઓ દ્વારા ઈન્ડિયન મુજાહિદ્દિનના નામે સક્રિય પ્રવૃત્તિઓ ચાલુ રાખેલી છે. સને–૨૦૦૨ ની સાલમાં ગોધરા કાંડનો બદલો લેવાની ભાવના આ આરોપીઓના મનમાં ઉપસ્થિત થયેલી ગુજરાતમાં મુસ્લિમ વિરોધી નરેન્દ્ર મોદીની સરકાર છે તે સરકારને દુર કરવી તેવા ઈરાદા સાથે અને તેના અનુસંધાને પુખ્ત વિચારણા કરીને આ બનાવોને આયોજનબધ્ધ રીતે અંજામ આપવામાં આવેલો છે. આ આરોપીઓની ભૂમિકા શરૂઆતથી લઈને બનાવોના અંત સુધી સક્રિય રીતે રહેલી છે. જો આ આરોપીઓ સીમીના સભ્યો ન હોત અને સીમીના સભ્યો તરીકે ચાલુ રહીને સીમીના ઉદ્દેશ્યો પુરા કરવા માટે ઈન્ડિયન મુજાહિદ્દિનના નામના આતંકવાદી સંગઠનથી ગેરકાયદેસર અને આતંકવાદી પ્રવૃત્તિઓ આગળ ચલાવવામાં આવેલી ના હોત અને દેશ પ્રત્યે દેશના નાગરિકો પ્રત્યે અને દેશની સરકાર પ્રત્યે લાગણી હોત તો આ બનાવો બનત જ નહીં. આ આરોપીઓના ગેરકાયદેસરના તેમજ દેશની જનતા અને દેશની સરકાર વિરૂધ્ધના આંતકવાદી કૃત્યોથી અમદાવાદ શહેરમાં બનેલા જુદા–જુદા બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં કુલ–૫૬ નિર્દોષ લોકો મરણ ગયેલા છે તેમજ કુલ–૨૪૦ ઉપરાંત નિર્દોષ લોકોને ગંભીર પ્રકારની નાની–મોટી ઈજાઓ થયેલી છે. અબોલ પશુપશખી જેવા કે ગાય, બળદ, કુતરૂ તથા એલ.જી.હોસ્પીટલના પાર્કિંગમાં આવેલ ઝાડ ઉપર બેઠેલા કબુતરો પણ મરણ ગયેલા છે. ઘણા મહીનાઓ સુધી અમદાવાદ તથા સુરત બંને શહેરો સહિત સમગ્ર રાજય અને ભારતના નાગરિકોમાં ભય અને ડરનો માહોલ રહેલો હતો. જેથી આ આરોપીઓના આવા ગેરકાયદેસર અને આતંકી કૃત્યોને હળવાશથી લેવાય નહીં. આ આરોપીઓ મારા નમ્ર મંતવ્ય પ્રમાણે મુખ્ય કાવતરૂ કરનારાઓ છે અને આ હકીકત ફરિયાદપક્ષ દ્વારા પુરતા પુરાવા રજૂ કરીને પુરવાર પણ કરેલી છે. આરોપી નં.૩૯, ૪૦, ૪૨, ૪૪, ૪૭, ૪૯, ૫૦ નાઓએ આ મુખ્ય કાવતરૂ કરનાર આરોપીઓને બોમ્બ બનાવવામાં મદદ કરેલી છે તથા બોમ્બને પ્લાસ્ટીકની થેલીઓમાં મુકી સાઇકલો ઉપર ભરાવી જુદી–જુદી જગ્યાઓ ઉપર

મુકીને બ્લાસ્ટ કરેલા છે અને તેમ કરીને મુખ્ય કાવતરૂ કરનારાઓને સીધી અને પ્રત્યક્ષ મદદો કરેલી છે. બચાવપક્ષ તરફથી દલીલ કરવામાં આવેલી છે કે, નરેન્દ્ર મોદી તે સરકાર નથી પરંતુ મારા મત પ્રમાણે સરકાર એટલે કોઇ રોબોટ નથી, કોઇ યંત્ર નથી કે કોઇ મશીન નથી પરંતુ સરકાર એટલે ભારતના બંધારણીય પધ્ધતિથી ચુંટાયેલી વ્યકિતઓનો સમુહ કે જે રાજયનો કે દેશનો વહિવટ કરે તે સરકાર કહેવાય જેમાં દેશના રાષ્ટ્રપતિ, રાજયસભાના સભ્યો, લોકસભાના સભ્યો, વિધાનસભાના સભ્યોનો સમાવેશ થાય છે. તેઓની પ્રતિષ્ઠાને ગેરકાયદેસર હાની પહોંચાડવામાં આવે, ખોટુ કૃત્ય કરી તેઓને પડકારવામાં આવે, તેઓની ઉપર હુમલો કરવામાં આવે કે તેઓની અયોગ્ય અને અનુચિત ટીકા કરી બિભત્સ શબ્દો બોલવા તો તે સરકારને પડકાર આપેલો ગણાય. સરકાર કોઇપણ રાજકીય પક્ષની હોય તેની સાથે નિસ્બત નથી પરંતુ તે ચુંટાયેલા સભ્યોનો સમુહ હોય છે.

જયારે આરોપી નં.૨૦, ૨૧, ૨૨, ૨૬, ૩૦, ૩૫, ૪૩, ૪૬, ૫૯, ૬૬, ૭૪ નાઓ આતંકવાદી સંગઠન સીમીના સક્રિય કાર્યકર હોવાના સબળ પુરાવા રેકર્ડ ઉપર આવેલા નથી. આ આરોપીઓ આતંકવાદી તાલીમ કેમ્પોમાં વાધમોન તથા હાલોલ–પાવાગઢના જંગલોમાં હાજર રહેલા છે અને તેઓને હાજર રહેવા માટે ઉપરના પેરામાં ચર્ચા કર્યા મુજબના આરોપીઓએ આમંત્રણ આપીને કેમ્પમાં સામેલ થવા બોલાવેલા છે. જેથી આ આરોપીઓ આતંકવાદી તાલીમ કેમ્પોમાં હાજર રહેલા છે. આ આરોપીઓ આતંકવાદી તાલીમ કેન્દ્રમાં હાજર રહી તાલીમો મેળવી બીજા આરોપીઓ સાથે કાવતરામાં સામેલ રહેલા છે. કેટલાક આરોપીઓને ચોકકસ પ્રકારનું કાર્ય કરવા સામેલ કરવામાં આવેલા છે. આ આરોપીઓ મુખ્ય કાવતરૂ કરનાર આરોપીઓ સાથે અધવચ્ચે કાવતરામાં સામેલ થયેલા છે અને તેઓને સોંપવામાં આવેલી કામગીરી પુરી કરીને બનાવોને અંજામ આપવામાં મદદ કરેલી છે. આ આરોપીઓએ મુખ્ય કાવતરૂ કરનાર આરોપીઓને સીમીની ગેરકાયદેસર અને આતંકવાદી પ્રવૃત્તિ અને સીમીના ઉદ્દેશ્યને ભારત દેશમાં પૂર્ણ કરવા માટે મદદ કરેલી છે. ઉપરોકત તમામ મુખ્ય

કાવતરૂ કરનાર તથા કાવતરામાં સહકાર આપી કાવતરામાં જોડાયેલા સહકાવતરૂ કરનાર આરોપીઓ બધા જ ભેગા મળી સંયુકત રીતે કાવતરૂ કરીને પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે એકબીજાની મદદગારી કરેલી છે. આરોપીઓ તરફથી એવી રજૂઆત થયેલી છે કે તેઓની સામે કોઇ કાવતરામાં સામેલ હોવાનો કોઇ પુરાવો નથી પરંતુ રજૂ થયેલો પુરાવો ધ્યાને લેતાં આ આરોપીઓ હાલોલ–પાવાગઢ ખાતે જંગલોમાં યોજવામાં આવેલા આતંકવાદી તાલીમ કેમ્પોમાં ત્રણ દિવસ સુધી હાજર રહેલા છે અને જુદી–જુદી તાલીમો લીધેલી છે, જેહાદી ભાષણો સાંભળેલા છે માટે તેઓ કાવતરામાં સામેલ થયેલા છે માટે આ આરોપીઓ પણ અન્ય આરોપીઓની સાથે આ બનાવો માટે સરખી રીતે જવાબદાર છે.આ ચુકાદામાં ચર્ચા કર્યા મુજબના નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા લક્ષમાં લેતા કાવતરામાં સામેલ થયેલા દરેક આરોપીઓ એકબીજાના ઓળખીતા હોય તે જરૂરી નથી, દરેક આરોપી શરૂઆતથી લઈને અંત સુધી કાવતરામાં સામેલ રહયો હોય તે પણ જરૂરી નથી. બનાવોમાં દરેક આરોપીની ભૂમિકા એકસરખી હોય તે પણ જરૂરી નથી. પરંતુ તમામ આરોપીઓ એક સામાન્ય ઈરાદાથી ભેગા થઈ કોઇ ગેરકાયદેસર કૃત્ય કે કૃત્યો કરે તે પૂરતુ છે. આ તમામ આરોપીઓએ ભેગા મળી એકબીજાની મદદગારીથી આ બનાવોને અંજામ આપેલો છે.કેટલાક આરોપીઓ તરફથી સજા બાબતે એવી રજૂઆત કરેલી છે કે તેઓ કોઇને ઓળખતા નથી પરંતુ છેલ્લા પાંચ વર્ષની ઇન્સાફી કાર્યવાહી દરમિયાન આ અદાલતે જોયેલું છે અને ધ્યાને લીધેલું છે કે દિલ્લી, જયપુર, અમદાવાદ, ભોપાલ, મુંબઇ, બેંગ્લોર તથા વેયુરની જેલોમાં રાખવામાં આવેલા આરોપીઓ એકબીજાથી ખુબ જ પરિચીત છે. કેસની કાર્યવાહી જે તે દિવસોએ પૂરી થયા બાદ ઘણી વખત બચાવપક્ષના વકિલો તેમજ આરોપીઓની વિનંતીથી વિડીયો કોન્ફરન્સમાં એકબીજા સાથે કેસ બાબતે ચર્ચા કરવા આ અદાલતે પરવાનગીઓ આપેલી છે ત્યારે જોયેલું છે કે આરોપીઓ જુદા–જુદા નવ રાજ્યોના હોવા છતાં એકબીજાથી ઘણા પરિચીત છે. જેથી એવુ પણ અનુમાન થઇ શકે કે આરોપીઓ કાવતરામાં સામેલ થયેલા હતા અને તેઓનો સમાન ઈરાદો હતો. અને તે ઈરાદો પાર પાડવા

એકબીજાની મદદગારી કરેલી છે. વધુમાં કેસની ઇન્સાફી કાર્યવાહી વિડીયો કોન્ફરન્સ દ્વારા ચલાવવામાં આવેલી હતી તે વખતે સાબરમતી જેલ અમદાવાદ ખાતે રાખવામાં આવેલા પચ્ચાસ થી બાવન જેટલા આરોપીઓ હતા તે પૈકી પાંચ–સાત આરોપઓ સીવાય બાજા આરોપીઓ કાર્યવાહી જોવા અને સાંભળવા બેસતા ન હતા અને વિડીયો કોન્ફરન્સ રૂમમાંથી બહાર આવજા કરતા હતા. જ્યારે કોટલીક વખત બધા આરોપીઓ વિડીયો કોન્ફરન્સ રૂમમાં કાર્યવાહી જોવા અને સાંભળવા બેઠેલા હોય ત્યારે એકબીજા સાથે હસી મજાક કરતા હતા. તથા બીજી જેલોમાંથી વિડીયો કોન્ફરન્સ દ્વારા જોડાયેલા આરોપીઓ સાથે ઇશારાથી હસી મજાકો કરતા હતા. તે આ અદાલતે રોજે રોજ નજરે જોયેલું છે. આરોપીઓ તથા તેમના વકીલશ્રીઓ તરફથી સજા બાબતે એવી પણ રજૂઆત કરેલી છે કે આરોપીઓ સારા વ્યક્તિઓ છે અને જેલમાં તેમનું વર્તન સારૂ રહેલું છે પરંતુ જેલમાં તેઓનું વર્તન જેલ સ્ટાફ સાથે સારૂ ન હતું તે આ અદાલતે ધ્યાને લીધેલું છે.

ઉપરોકત આરોપીઓને ખૂબ જ ગંભીર ગુનાઓમાં તકસીરવાન ઠરાવવામાં આવેલા છે ત્યારે તેઓને કેટલી સજા અને કેટલો દંડ કરવો તે માટે તેઓને કાયદાની જોગવાઈ મુજબ સાંભળવા જરૂરી છે અને તેઓને સજા અંગે સાંભળવાની પુરતી તક આપ્યા બાદ સજા અંગેનો આખરી હુકમ કરવાનો છે અને તેના ભાગરૂપે તકસીરવાન ઠરાવવામાં આવેલા તમામ આરોપીઓને તથા તેમના વકીલશ્રીઓને એકપછી એક તમામને સાંભળવામાં આવેલા છે. આરોપીઓને પોતાના અભ્યાસના તથા મેડીકલ પેપર્સ રજૂ કરવાની પુરતી તક આપવામાં આવી છે અને તેમને રજૂ પણ કર્યા છે. કેટલાક આરોપીઓએ પોતાના તરફથી લેખિતમાં પણ રજૂઆત કરી છે, તેમની લેખિત રજૂઆતને રેકર્ડ ઉપર લઈ આંક આપવામાં આવેલા છે. ફરિયાદપક્ષ તરફથી સ્પેશ્યલ સરકારી વકીલશ્રીઓને પણ સાંભળવામાં આવેલા છે અને દરેકને પુરતી તક આપવામાં આવી છે. આરોપીઓ વિરૂધ્ધ સજાનો હુકમ કરતા પહેલા આરોપીઓના હક્કો અને અધિકારો ધ્યાને લેવાના છે તે જ રીતે સમાજ અને ભોગ બનનારાઓના હક્કો અને અધિકારો પણ

ધ્યાને લાવેના છે આ ઉપરાંત નામદાર સુપ્રિમ કોર્ટના જુદા–જુદા ચુકાદાઓમાં જણાવેલા સિધ્ધાંતો મુજબ ઘણી બધી બાબતો અદાલતે ધ્યાનમાં લેવી પડે. જેવી કે...

(૧) ગુનાની ગંભીરતા તથા ગુનાની પ્રકૃતિ

(૨) ગુનાની તીવ્રતા

(૩) ગુનાથી સમાજમાં પડેલી અસર

(૪) ભોગ બનનારની સ્થિતિ

(૫) ભોગ બનનારનું વ્યકિતત્વ અને પ્રતિષ્ઠા

(૬) ગુનો કરવા પાછળ આરોપીઓનો હેતુ

(૭) આરોપીઓની ઉંમર તથા ચરિત્ર

(૮) આરોપીઓની સુધરવાની આશા, પુનર્વસન

(૯) ક્ષણિક આવેશમાં ગુનો કરેલો છે કે કેમ ?

(૧૦) ગુના કરવા માટેના સમયનું આયોજન

(૧૧) આરોપીઓનો ગુનાહિત ઈતિહાસ

ઉપરોકત મુદ્દાઓની એક પછી એક વિસ્તૃત ચર્ચા કરીએ તો...

(૧) ગુનાની ગંભીરતા તથા ગુનાની પ્રકૃતિઃ– અમદાવાદ શહેરના બોમ્બ બ્લાસ્ટના કુલ–૨૪ બનાવો બનેલા તે તમામ બનાવો ખૂબ જ ગંભીર બનાવો હતાં તે અંગે કોઈ શંકા નથી. સુરત શહેરના કુલ–૨૯ બોમ્બ પ્લાન્ટેશનના બનાવો પણ ગંભીર જ ગણાય. કોઈપણ યાંત્રિક ખામીના કારણે સુરત શહેરમાં બોમ્બ બ્લાસ્ટ થયેલા નહીં, પરંતુ જો થયા હોત તો અમદાવાદ શહેરમાં જે જાનમાલને નુકસાન થયેલુ છે તેના કરતા અનેકગણુ વધારે જાન માલનું નુકસાન સુરત શહેરમાં થયુ હોત. આ ગુના મારા–મારી કે ખૂન કરવા અંગેના નથી પરંતુ આંતકવાદી કૃત્ય છે. ગુનાની પ્રકૃતિ જ એવી છે કે રસ્તે ચાલતો કોઈ પણ નિર્દોષ વ્યકિત ભોગ બની જાય. એક સાથે એક જ દિવસે અમદાવાદ શહેરમાં કુલ–૨૪ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવા માટે બોમ્બ મુકવાનું આયોજન તે જાતે જ ગંભીર છે અને આ બનાવો માસકીલીંગ (સામૂહિક હત્યા) કહી શકાય.

આરોપીઓને પોતાને જાણ હતી તેમજ પુરતુ જ્ઞાન હતુ કે આ રીતે જુદી–જુદી જગ્યાઓ ઉપર બોમ્બ મુકીને બ્લાસ્ટ કરીશું તો ઘણા બધા નિર્દોષ લોકો માર્યા જશે તથા ઘણા બધા નિર્દોષ લોકોને ગંભીર ઈજાઓ પણ થશે તથા સરકારી અને જાહેર મિલકતોને પણ નુકસાન થશે આ ઉપરાંત બોમ્બ બ્લાસ્ટ થયા અંગેના સમાચાર અમદાવાદ તથા સુરત શહેરમાં પ્રસરી જવાથી તરત જ આમ નાગરિકોમાં ભય અને ડર ઉભો થઇ જાય તે સ્વાભાવિક છે. આવા બનાવો સામે સરકાર રક્ષણ આપતી નથી કે સરકાર આવા બનાવો અટકાવવામાં નિષ્ફળ જાય છે તેવી નિરાશા જનતાના મનમાં ઉભી થાય કે જેથી કરીને સરકાર પ્રત્યે અણગમો અને નારાજગી પેદા થાય તેવો પ્રયત્ન કરેલો છે જેથી આ ગુનાની ગંભીરતા ખૂબ જ મોટી કહેવાય.

(૨) ગુનાની તીવ્રતાઃ– અમદાવાદ શહેરમાં બનેલા આ બનાવો ખૂબ જ ગંભીર હતા. સુરત શહેરના બનાવો પણ ગંભીર જ કહેવાય. અમદાવાદ શહેરમાં બનેલા બનાવોથી કુલ–૫૬ નિર્દોષ લોકો મૃત્યુ પામેલા છે. શરીરે સ્વસ્થ કોઇ વ્યકિતના એક જ સેકન્ડમાં તેના શરીરમાંથી માંસના અને હાડકાંના ટુકડા વેરવિખેર થઇને જયાં ત્યાં પડે તેવા બનાવ બનેલો હોય ત્યારે તેની તીવ્રતા કેટલી હશે તે અંગે અનુમાન કરવુ મુશ્કેલ છે અને મારા મત પ્રમાણે તીવ્રતાનું અનુમાન થઇ શકે નહીં. કુલ–૨૪૦ ઉપરાંત નિર્દોષ લોકોને સામાન્યથી લઈને ગંભીર ઈજાઓ થયેલી છે. બળદ, ગાય, કુતરૂ જેવા અબોલ પશુ–પક્ષીઓ પણ મરણ ગયેલા છે. જાહેર હોસ્પિટલો અને મિલકતોને તેમજ ખાનગી વાહનોને મોટા પાયે નુકસાન થયેલુ છે. એલ.જી. હોસ્પિટલના પાર્કીંગમાં મારૂતી કારનો ઉપયોગ કરી તેમાં ગેસના બોટલ સાથેના બોમ્બ મુકીને કરવામાં આવેલા બ્લાસ્ટથી મારૂતિ કારનું એન્જિન સહિત સમગ્ર કાર નષ્ટ પામેલી છે, લોખંડથી બનાવવામાં આવેલુ એન્જિન તુટી ગયેલુ છે, પાર્કીંગમાં પડેલા વાહનો સળગી ગયેલા છે, પાર્કીંગમાં એક લીલુ ઝાડ હતુ તે પણ સળગેલુ છે. આ લીલા ઝાડની ઉપર બેઠેલા કબુતરો પણ મરણ પામેલા હતા. પાર્કીંગની બહાર દુર મેડીકલ સ્ટોર આવેલો છે તેના શો–કેસના કાચ પણ તુટી ગયેલા છે. તે જ રીતે સિવિલ હોસ્પિટલના ટ્રોમા

સેન્ટરની બાજુમાં વેગન આર કારમાં ગેસ સીલીન્ડર સાથેના બોમ્બ મુકીને બ્લાસ્ટ કરવામાં આવેલો છે તેનાથી સ્થળ ઉપર જ સમગ્ર કાર નષ્ટ પામેલી છે, કારના એન્જિન સહિતના સમગ્ર ભાગો તુટીને દુર-દુર પડેલા છે. સ્થળ ઉપર કુલ-૩૬ વ્યકિતઓ મરણ પામેલી છે તથા કુલ-૮૦ ઉપરાંત વ્યકિતઓને ઈજાઓ થયેલી છે. માંસના લોચા તથા હાડકાના ટુકડા જ્યાં ત્યાં વેરવિખેર પડેલા હતા. ચારે બાજુ જ્યા-ત્યાં લોહી પડેલું હતું. ટ્રોમા સેન્ટરના મકાનને આશરે રૂા.૧,૮૨,૦૦,૦૦૦/- નુકસાન થયેલુ છે. સરખેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની બસમાં બનેલા બનાવમાં પણ બસના પતરા, સીટો તુટી ગયેલી અને તે બસને પણ હજારો રૂપિયાનું નુકસાન થયેલું છે. એલ.જી.હોસ્પિટલના પાર્કિંગના કમ્પાઉન્ડમાં બનેલા બનાવમાં પણ હોસ્પિટલને દિવાલને ઘણુ નુકસાન થયેલું છે. પાર્કિંગમાં પડેલા બે પૈડાના વાહનો પણ સળગી ગયેલા છે અને પાર્કિંગ શેડના પતરાઓ તુટીને દુર જઈ પડેલા છે. જેથી આ બનાવોની તીવ્રતા કેટલી હશે તે આપોઆપ જણાય આવે છે.

(૩) ગુનાથી સમાજમાં પડેલી અસરઃ- અમદાવાદ શહેરમાં બનેલા આ બોમ્બ બ્લાસ્ટના બનાવોથી તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ સમગ્ર અમદાવાદ શહેર સહિત ગુજરાત રાજયમાં ઘણી જ અફડા-તફડી સર્જાય ગયેલી હતી. નાગરિકોમાં નાસ-ભાગ થઈ ગયેલી હતી અને ઘણો જ ડર ફેલાઈ ગયેલો હોવાથી ઘણા દિવસો સુધી શહેરના નાગરિકો ડર અને ભયના માહોલ નીચે જીવેલા છે. તે જ રીતે સુરત શહેરમાં જુદી-જુદી જગ્યાઓ ઉપરથી મળી આપેલા જીવંત બોમ્બના કારણે સુરત શહેરના નાગરિકો પણ ભયના ઓથાર હેઠળ જીવેલા છે. લોકો ભીડભાડવાળી જગ્યાઓ ઉપર મહીનાઓ સુધી જતા ડરતા હતા. આ બંને શહેરના બનાવોની ઘણી વિપરીત્ત અસર સમગ્ર ગુજરાતની સાથે સાથે દેશના અન્ય ભાગોમાં પણ પડેલી છે.

(૪) ભોગ બનનારની સ્થિતિઃ- અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં કુલ-૫૬ નિર્દોષ લોકોના મૃત્યુ નિપજેલા છે તથા કુલ-૨૪૦ ઉપરાંત નિર્દોષ લોકોને શરીરે સામાન્યથી લઈને ગંભીર ઈજાઓ થયેલી છે.

રજૂ થયેલા પુરાવા ઉપરથી એવુ પણ જણાય આવે છે કે સિવિલ હોસ્પિટલમાં ટ્રોમા સેન્ટરની બાજુમાં થયેલા બોમ્બ બ્લાસ્ટના બનાવથી કુલ–૩૬ વ્યકિતઓ સ્થળ ઉપર મરણ ગયેલા. તેઓના શરીરમાંથી છુટા પડેલ માંસના લોચા જયાને ત્યાં વેરવિખેર પડેલ હતા જે હકીકત સ્થળ ઉપરના પંચનામામાં દર્શાવેલુ છે. મરણ ગયેલા તમામ વ્યકિતઓ નિર્દોષ હતાં. મરણ જનારના પરિવારોમાં કોઇક પરીવારે માતા ગુમાવી, કોઇકે પિતા ગુમાવ્યા, કોઇકે દિકરો ગુમાવ્યો તો કોઇકે ભાઇ ગુમાવ્યો, કોઇક પરીવારે મુખ્ય કમાનાર વ્યકિતને ગુમાવ્યા જેની ખોટ ગમે તેટલુ વળતર સરકાર દ્વારા ચુકવવામાં આવે અથવા આરોપીઓ પાસેથી રકમ વસુલ કરીને ચુકવવામાં આવે તો પણ તે ખોટ પુરાઇ શકે નહીં. ઘણા ઈજા પામનાર એવા છે કે આખી જિંદગી અપંગ રીતે જીવવુ પડે તેવી ભોગ બનનારાઓની પરિસ્થિતિ છે.

(૫) ભોગ બનનારનું વ્યકિતત્વ અને પ્રતિષ્ઠાઃ– અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોથી જે લોકો મરણ ગયેલા છે તેમાં ઘણા લોકો ભણેલા હતા, ઘણા લોકો અભણ હતા, ઘણા લોકો મજૂરી કામ કરતા હતા. આ ઉપરાંત સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરમાં બોમ્બ બ્લાસ્ટમાં ઈજાઓ થયેલ વ્યક્તિઓની સારવાર માટે ફરજ બજાવતા હતા તેવા ડૉકટર દંપતી પ્રેરક રમેશકુમાર શાહ તથા ડૉ. કિંજલ પ્રેરક શાહનાઓ પણ ઈજા પામનારાઓની સારવાર દરમ્યાન બોમ્બ બ્લાસ્ટ થતા મરણ ગયેલ છે. ડૉકટર દંપતીમાં ભોગ બનનાર ડૉકટર બહેન ડૉ.કિંજલ શાહ ગર્ભવતી હતા અને તેઓના શબ પરિક્ષણ વખતે ગર્ભાશયમાં ગર્ભ હતો તે હકીકત તેઓની શબ પરિક્ષણ નોટ આંક–૬૬૨ મા જણાવવામાં આવેલ છે. તે જ રીતે ઈજા પામનારાઓ પણ સમાજના જુદા–જુદા વર્ગના લોકો હતા. તમામ વ્યકિતઓ સદંતરપણે નિર્દોષ હતાં. તેઓને પણ શરીરે સામાન્યથી લઈને ગંભીર ઈજાઓ થયેલી છે. ઘણા ઈજા પામનારાઓને એવી ઈજાઓ થયેલી છે કે જીવંત પર્યંત અપંગ પરિસ્થિતિમાં જીવવુ પડે તેમ છે. આ બનાવોમાં બળદ, ગાય, કુતરૂ કે જે અબોલ પ્રાણીઓ હતા તે પણ મરણ ગયેલા છે. ઈજા પામનારાઓની સેવામાં દોડી આવેલા અમદાવાદ શહેરના

કેટલાક સેવાભાવી નાગરિકો પણ ઈજા પામનારાઓની સારવારમાં મદદ કરતા હતા. તે વખતે સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટર નજીક થયેલા બોમ્બ બ્લાસ્ટમાં તેવા સેવાભાવી માણસો પણ મરણ ગયેલા હતા. તથા ઘણા ગંભીર રીતે ઘવાયેલા હતા.

(૬) ગુનો કરવા પાછળ આરોપીઓનો હેતુઃ– ચુકાદામાં ફરિયાદપક્ષના પુરાવાના મૂલ્યાંકન ઉપરથી ચોકકસપણે એમ કહી શકાય તેમ છે કે આરોપીઓ પૈકી ચુકાદામાં જણાવ્યા મુજબ કેટલાક આરોપી નં.૧ થી ૧૬, ૧૮, ૨૭, ૨૮, ૩૧, ૩૨, ૩૬, ૩૭, ૩૮, ૪૫, ૬૦, ૬૩, ૬૯, ૭૦, ૭૫ તથા ૭૮નાઓને તેઓની સામે ફરમાવવામાં આવેલ તહોમતનામાં મુજબના ગુનાઓ પૈકી પ્રતિબંધીત આંતકવાદી સંગઠન સીમીના સક્રિય સભ્યો છે અને તેઓએ ભારત દેશમાં સીમીને પ્રતિબંધીત જાહેર કર્યા બાદ "ઈન્ડિયન મુજાહીદ્દીન" ના નામથી સીમીની પ્રવૃત્તિઓ ચાલુ રાખેલી છે. સીમીની સ્થાપના ભારતમાં ઈસ્લામીક રાષ્ટ્રની સ્થાપના કરવા માટે થયેલી. સને–૨૦૦૨ ની સાલના ગોધરા કાંડનો બદલો લેવા માટે તેમજ ગુજરાત રાજ્યની નરેન્દ્ર મોદીની સરકાર મુસ્લિમ વિરોધી સરકાર છે તેવી ખોટી માનસીકતા સાથે સરકારને પડકાર ફેંકવાનો તથા જનતામાં ગુજરાત રાજયના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી વિરૂધ્ધ તથા સરકારના મંત્રીઓ વિરૂધ્ધ, ધારાસભ્યો વિરૂધ્ધ નારાજગી ઉભી થાય અને સરકાર દુર થાય અને ભારતમાં ઈસ્લામિક શાશન સ્થાપવુ તેવો પણ આરોપીઓનો હેતુ તથા ઉદ્દેશ હતો. હિન્દુ વસ્તી વધારે હોય તેવી જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવા અને માસકીલીંગ કરવું, ગોધરા કાંડનો બદલો લેવો તથા મુસ્લિમ વિરોધી નરેન્દ્ર મોદીની સરકારને દુર કરવી તેવો પણ હેતુ હતો અને આ હેતુ પૂર્ણ કરવા માટે આ બનાવોને આરોપીઓએ આયોજન પૂર્વકનું કાવતરૂ રચીને અંજામ આપેલો છે. એક જ દિવસે ૨૪ જેટલી જગ્યાઓ ઉપર બોમ્બ મુકી અડધા કલાકમાં જ દરેક જગ્યા ઉપર વારાફરતી બોમ્બ બ્લાસ્ટ કરવા માટે એક બે વ્યકિતનું કામ નથી પરંતુ બધા જ આરોપીઓએ ભેગા મળી એકબીજાની મદદગારીથી આ કૃત્યને અંજામ આપેલો છે. અમદાવાદ શહેરના બનાવોમાં કુલ–૫૬ વ્યકિતઓ મરણ

ગયેલ છે. તે પૈકી કુલ–૫૫ વ્યક્તિઓ હિન્દુ છે, જ્યારે કુલ–૧ વ્યક્તિ મુસ્લિમ છે. આ ઉપરાંત આ બનાવોમાં કુલ–૨૪૦ વ્યક્તિઓને ઈજાઓ થયેલી છે. તે પૈકી કુલ–૨૩૧ વ્યક્તિઓ હિન્દુ છે. જ્યારે કુલ–૦૯ વ્યક્તિઓ મુસ્લિમ છે. જેની વિગત આ ચુકાદાના પેરા નં.૭૩ મા "મરણ જનાર અને ઈજા પામનાર" તે શીર્ષક હેઠળના પેરામાં જણાવેલી છે. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે જ્યાં હિન્દુ વસ્તી વધારે હોય તેવા વિસ્તારમાં આરોપીઓએ બોમ્બ બ્લાસ્ટ કરવાનું કાવતરૂ કરીને બોમ્બ બ્લાસ્ટ કરીને માસકીલીંગ કરેલુ છે અને આ માસ કીલીંગ કરવામાં આરોપી નંબર–૩૯,૪૦,૪૨,૪૪,૪૭,૪૯,૫૦ નાઓએ બોમ્બ બનાવી તથા જગ્યાઓ ઉપર બોમ્બ મૂકી મદદો કરેલી છે તે જણાઇ આવે છે. તમામ પુરાવા ધ્યાને લેતા બોમ્બ બ્લાસ્ટના તમામ બનાવો પૂર્વ અમદાવાદમાં કે જયાં હિન્દુ વસ્તી વધારે છે તેવા વિસ્તારો જેવા કે ઓઢવ,મણિનગર, બાપુનગર, નરોડા, ઈસનપુર, શાહીબાગ વિગેરે વિસ્તારોમાં કરેલા છે. જયારે ગોમતીપુર, દરિયાપુર, રખિયાલ, શાહઆલમ, જુહાપુરા જેવા વિસ્તારો વધુ મુસ્લિમ વસ્તી ધરાવતા વિસ્તારો છે અને આ વિસ્તારોમાં બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલા નથી. સરખેજ ખાતે એ.એમ.ટી.એસ. બસમાં જે બોમ્બ બ્લાસ્ટ થયેલો હતો તે બસ અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાંથી ગયેલી હતી અને તે બોમ્બ પૂર્વ વિસ્તારમાંથી મુકાયેલો હતો અને તે જ રીતે કલોલ ગ્રામ્ય વિસ્તારમાં અરવિંદ મીલના ગેટ પાસેથી જે બોમ્બ મળેલો તે બોમ્બ એ.એમ.ટી.એસ. બસમાં નરોડા ખાતેથી મુકવામાં આવેલો હતો જેથી પણ એવુ ચોકકસપણે કહી શકાય કે, આરોપીઓએ પોતાના ઈરાદા મુજબ એટલે કે હિન્દુ વસ્તી વધારે હોય તેવા વિસ્તારોમાં બોમ્બ બ્લાસ્ટ કરી માસકીલીંગ કરવુ અને તે પ્રમાણે આરોપીઓએ કરેલું છે.

(૭) આરોપીઓની ઉંમર તથા ચરિત્રઃ– આરોપીઓ વિરૂધ્ધ અદાલત સમક્ષ આવેલા ચાર્જશીટોમાં તેમજ ચહેરા નિશાન પત્રકો ધ્યાને લેતા આરોપીઓ આશરે ૨૧ વર્ષની ઉંમરથી લઈને ૪૦ વર્ષ સુધીની ઉંમરનાઓ છે. જેથી તમામ આરોપીઓ યુવાન કહેવાય. આ ઉપરાંત આરોપીઓ યુવાન હોવાથી આતંકવાદી તાલીમ લેવામાં, બોમ્બ બનાવવામાં, બોમ્બ મુકવામાં વિગેરે દરેક પ્રકારની

પ્રવૃત્તિઓ કરવા માટે સક્ષમ ગણાય. આરોપીઓ સામે ભારત દેશના જુદા–જુદા રાજયોના જુદા–જુદા શહેરોમાં આવા જ પ્રકારના ગુનાઓ પેન્ડીંગ છે અને ઘણા શહેરોમાં તેમની સામેના ગુનાઓના ચુકાદા આવી ગયેલા છે. આ હકીકત ધ્યાને લેતા આરોપીઓનું ચરિત્ર સ્પષ્ટ છે કે તેઓ ગુનાહિત પ્રવૃત્તિઓ કરતા આવેલા છે. અને ગુનાહિત પ્રવૃતિ કરવા ટેવાયેલા છે કોઈ એકાદ ગુનો કર્યો હોય કે કોઈ એકાદ ગુનામાં સામેલ થયા હોય તેવુ નથી. આ અદાલતે છેલ્લા પાંચ વર્ષની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન માનસિક રીતે નોંધ લીધેલી છે કે આ આરોપીઓને કોઈપણ પ્રકારનો પસ્તાવો કે લાગણીની ભાવના હોય તેવુ જોયેલુ નથી. આ આરોપીઓ એકાદ ગુનામાં સામેલ હોય કે એકાદ ગુનો કરેલો હોય તેવા આરોપીઓ નથી પરંતુ કાયદાના જાણકાર આરોપીઓ છે. તેઓ સંપૂર્ણ સભાન છે કે ગુનો કર્યા પછી પોલીસ તેઓને શોધીને પકડશે, પકડ્યા પછી રીમાન્ડમાં લેશે, રીમાન્ડમાં તેમજ ઈન્ટ્રોગેશનમાં(પૂછપરછ) કેવો બચાવ લેવો?, પોલીસ સમક્ષ જવાબો આપવાનું કેવી રીતે ટાળવુ, ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન કેવા પ્રકારનો બચાવ ઉભો કરીશુ તો તેઓ છટકી જશે. બીન જરૂરી અને કાયદાની જોગવાઈઓ વિરૂધ્ધ માંગણીઓ કરી, રજૂઆતો કરી તેઓને પૂર્વગ્રહ થયેલો છે. ફેર ટ્રાયલ નથી. બચાવની પૂરતી તક મળી નથી તેવા વિવિધ પાસાઓની અગાઉથી વિચારણા તથા પુરતુ આયોજન કરીને ત્યારબાદ ગુનો કરે તેવા રીઢા અને હોંશિયાર અને આતંકવાદી તાલીમો લીધેલા આરોપીઓ છે. જેથી આવા આરોપીઓ પાસેથી તપાસ કરનાર અધિકારીઓએ ગુના સંબંધી માહિતી મેળવવી ઘણી મુશ્કેલ હતી તેમ છતાં બનાવો સમયેના ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદના જોઇન્ટ પોલીસ કમિશનરશ્રી આશિષ ભાટ્ટીયા, તે વખતના ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદના ડી.સી.પી. અભય ચુડાસમાનાઓના વડપણ અને કુનેહભર્યા માર્ગદર્શનના કારણે તપાસ કરનાર અધિકારીઓ જેવા કે, મયૂર ચાવડા, આર.વી.અસારી, સુ.શ્રી ઉષા રાડા, વી. આર.ટોળીયા, રાહુલ પટેલ તથા સુરત ક્રાઇમ બ્રાન્ચના અધિકારીઓ જેવા કે, જે.એસ. ખેર, એન.વી.પરમાર, આર.આર.સરવૈયા તથા આ અધિકારીઓ સાથે મદદમાં રહેલા અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચ તથા સુરત ક્રાઇમ બ્રાન્ચના પોલીસ

અધિકારીઓએ ઘણી કુનેહપૂર્વકની તપાસ અને ઇન્ટ્રોગેશન કરીને આરોપીઓ પાસેથી ગુના સંબંધી માહિતી મેળવેલી છે અને આરોપીઓ વિરૂધ્ધ ઘણી મહેનતથી પુરાવાઓ એકત્રિત કરીને અદાલત સમક્ષ રજૂ કરેલા છે. જે તે વખતના ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદના જોઇન્ટ પોલીસ કમિશનર આશિષ ભાટ્ટીયા તથા ડી.સી.પી. અભય ચુડાસમાએ બનાવોની તપાસ માટે જુદા–જુદા અધિકારીઓની ચાર ટીમો બનાવેલી અને સતત મહેનત અને કુનેહપૂર્વકના માર્ગદર્શનના કારણે જુદા–જુદા રાજયોમાંથી ગુજરાત પોલીસે તેમના વિસ્તારમાં જઇ પોતાના જીવના જોખમે તેમજ હિંમત દાખવી બોમ્બ બ્લાસ્ટના આરોપીઓને પકડીને આરોપીઓની અટક કરેલી ત્યારે મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર વિગેરે રાજયોમાં જયારે અટક કરવા ગયા ત્યારે પોલીસ ટીમ સાથે જપાજપી અને જગડાઓ પણ થયેલા હતા તેમ છતાં સ્થાનિક પોલીસની મદદથી આરોપીઓને જે તે જગ્યાઓ ઉપરથી અટક કરી અમદાવાદ લાવી ગુના સંબંધી માહિતી કઢાવી તથા પુરાવા ભેગા કર્યા છે અન્યથા ગુજરાત પોલીસ માટે આ આરોપીઓને શોધીને અટક કરવા તે ઘણુ વિકટ અને અઘરૂ કામ હતું તેમ છતાં ઘણી મહેનત કરીને આરોપીઓને અટક કર્યા જે ખરેખર પ્રશંસનીય છે.

(૮) **આરોપીઓની સુધરવાની આશા, પુનવર્સનઃ–** આ કામે તકસીરવાન ઠરાવવામાં આવેલા આરોપીઓ સામે ઉપર ચર્ચા કર્યા પ્રમાણે ભારત દેશમાં જુદા–જુદા રાજયોમાં અને જુદા–જુદા શહેરોમાં આવા જ પ્રકારના ધણા ગુના નોંધાયેલા છે. જેથી એવુ કહી શકાય કે આરોપીઓ આવા ગુના કરવા માટે ટેવાયેલા છે માટે આ આરોપીઓ સુધરશે તેવી કોઈ આશા કે અપેક્ષા રાખી શકાય તેમ નથી. આ ઉપરાંત કેસની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન છેલ્લા પાંચ વર્ષના સમયથી આ અદાલતે પણ માનસિક નોંધ લીધેલી છે અને રોજે–રોજની ઇન્સાફી કાર્યવાહી દરમ્યાન આરોપીઓની વાણી,વર્તન નજરે જોયેલું છે તે મુજબ આ આરોપીઓ ભવિષ્યમાં સુધરશે તેવી કોઈ આશા નથી. આરોપીઓને પસ્તાવો થયો હોય તેવી કોઇ ભાવના આ અદાલતે જોયેલી નથી. કારણ કે આરોપીઓ પૈકી ૧૦(દસ) આરોપીઓને ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલા છે.

કેટલાક આરોપીઓને સાબરમતી સેન્ટ્રલ જેલ,અમદાવાદ ખાતે રાખવામાં આવેલા છે તે આરોપીઓ પૈકી કેટલાક આરોપીઓ જેલોમાં જેલ સ્ટાફ સાથે તથા તેઓની સારવાર કરનાર ડૉકટરો સાથે વારંવાર ઘર્ષણમાં આવેલા છે તથા જેલ સ્ટાફ અને સારવાર કરનાર ડૉકટરોને વારંવાર ધમકીઓ પણ આપેલી છે. તે અંગેની ઘણી વખત મૌખિક રજૂઆતો જેલ સ્ટાફ તથા ડૉક્ટરો તરફથી આ અદાલતને કરવામાં આવેલી છે અને આરોપીઓનું ધમકી આપવાનું તેમજ ઝઘડાળું વર્તન અટકાવવા માટે જ્યારે પણ આરોપીઓને શારીરિક તકલીફ હોય ત્યારે ડૉક્ટર દ્વારા તપાસવામાં આવે તે વખતે વિડીયોગ્રાફી તથા ઓડીયોગ્રાફિ કરવા સુચનાઓ આ અદાલત દ્વારા આપવામાં આવેલી હતી. જેલમાં આરોપીની સારવાર કરનાર ડૉકટરોએ સારવાર માટે જે દવાની જરૂરિયાત હોય તે દવાઓ જે તે આરોપીઓની બુકમાં લખતા હતા. આરોપીઓ ટોનિક અથવા જ્યૂસ લખવાનુ જણાવે ત્યારે ડૉક્ટર ના પાડે તો ડૉક્ટરોને ધમકીઓ આપેલી છે અને ત્યારબાદ આરોપીઓ ટોનિક, કોસ્મેટીક દવાઓ પોતાની જાતે બુકમાં લખીને જેલના મેડીકલ સ્ટોર ઉપર જઇને ટોનિક તથા કોસ્મેટીક દવાઓની માંગણી કરે અને ન મળે તો જેલ સ્ટાફને ધમકીઓ પણ આપેલી છે. આ કેસની ઇન્સાફી કાર્યવાહી ઘણી વખત સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે ઉભી કરવામાં આવેલી કોર્ટમાં પણ કરવામાં આવેલી છે. આરોપીઓને બેરેકમાંથી કોર્ટ રૂમમાં લાવવા માટે પી.આઇ કક્ષાના અધિકારી સાથે ૩૦ થી ૪૦ જેટલા પોલીસ કર્મચારીઓ તેમના જામામાં રહેતા હતા. આ પી.આઇ કક્ષાના અધિકારી તેમજ પોલીસ કર્મચારીઓનું અપમાન કરવુ, તેઓને ધમકી આપવી, બીભત્સ અને અપશબ્દો બોલવા તે નિત્ય ક્રમ હતો તેમ છતાં પી.આઇ કક્ષાના અધિકારી તેમજ પોલીસ કર્મચારીઓએ લેખિતમાં ફરીયાદ કર્યા વિના સહન કરેલું છે. અને ઇન્સાફી કાર્યવાહી અટકે નહિ તે માટે અદાલતનો સહકાર આપેલો છે. આ બધી હકીકતો આ અદાલતને પાછળથી ધ્યાન ઉપર મુકવામાં આવેલી છે. ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલા આરોપીઓ વધારે પડતા ઘર્ષણમાં આવેલા છે, જેલ સ્ટાફ સાથે મારામારીઓ પણ ઘણી વખત કરેલી છે, જેલ મેન્યુઅલ વિરૂધ્ધનુ વર્તન પણ રોજેરોજ કરતા

આવેલા છે અને તેઓની વર્તણૂક અંગેના ભોપાલ સેન્ટ્રલ જેલ ખાતેથી ઘણા પત્રો આ અદાલતમાં આવેલા છે. જે પત્રો રેકર્ડમાં સામેલ છે. ભોપાલ ખાતે રાખવામાં આવેલ દસ આરોપીઓ સને–૨૦૨૦–૨૦૨૧ ના વર્ષમાં લગભગ ત્રણ થી ચાર માસ સુધી જેલ તંત્ર સામે ભુખ હડતાળ પર ઉતરેલા હતા. જેલ તંત્ર દ્વારા તેઓના જેલની હોસ્પીટલમાં દાખલ કરવામાં આવેલા અને નાકમાં પાઇપ નાખીને પ્રવાહી ખોરાક આપવામાં આવતો હતો. રોજેરોજ તેઓની મેડીકલ તપાસ કરાવવામાં આવતી હતી અને તે અંગેના રીપોર્ટસની નકલો રોજેરોજ આ અદાલતને મોકલવામાં આવેલી છે જે રેકર્ડમાં સામેલ છે. ઉપરાંત ભોપાલ ખાતે રાખવામાં આવેલા આરોપીઓ સાબરમતી સેન્ટ્રલ જેલ, અમદાવાદ ખાતે મે–૨૦૧૭ સુધી રાખવામાં આવેલા હતા ત્યારે તમામ આરોપીઓએ ભેગા થઈ જેલમાંથી ભાગી જવા માટે અમદાવાદ જેલમાં વગર ઓઝારોએ ઘણી લાંબી સુરંગ ખોદેલી હતી અને આ સુરંગ પૂર્ણતાને આરે હતી તે દરમ્યાન જેલ સ્ટાફની સતર્કતાના કારણે તેઓ પકડાઇ ગયેલા હતા અન્યથા તમામ આરોપીઓ સુરંગમાંથી ભાગી ગયા હોત, આ બનાવની ફરિયાદ નોંધાયેલી હતી અને તે અંગેનો કેસ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, અમદાવાદ કોર્ટમાં હાલમાં પેન્ડીંગ છે. આરોપીઓનું જેલમાં આવા પ્રકારનું વર્તન હતુ તેમ છતા જેલોમાં તેઓનું વર્તન સારૂ હતુ તેવી રજૂઆતો કરેલી છે. ચુકાદામાં અગાઉ પણ ચર્ચા કરેલી છે કે આરોપીઓ જેલની અંદર આરોપી તરીકે નહીં પરંતુ તેઓ અધિકારી હોય તે રીતે વર્તતા આવેલ છે. અમદાવાદ સેન્ટ્રલ જેલ ખાતે રાખવામાં આવેલા આરોપીઓને વાંચવા માટે આપવામાં આવતા દૈનિક વર્તમાન પત્રોને વીટીને લાકડી બનાવી તેની ઉપર ચાર્જશીટના પેપરો લપેટીને પાંચ–પાંચ કિલો વજનના કસરત કરવા માટેના પંદર જેટલા ડંબલ્સ બનાવેલા હતાં તે તમામ ડંબલ્સ જેલ સુપરિન્ટેન્ડેન્ટ દ્વારા કબજે કરેલા હતા જે જેલ સીટીંગ દરમ્યાન આ અદાલતને રૂબરૂમાં બતાવવામાં આવેલા હતાં. આ ઉપરાંત છેલ્લા પાંચ વર્ષની ઇન્સાફી કાર્યવાહી દરમિયાન આ અદાલતે નિરીક્ષણ કરેલુ છે કે આરોપીઓની વાણી અને વર્તન જોતા તેઓ ક્યારેય સુધરે તેમ નથી. તે સંકોચ વિના હુ ચોક્કસ પણે કહી શકુ

તેમ છું. આરોપીઓને સજા બાબતે સાંભળવામાં આવતા હતા ત્યારે કેટલાક આરોપીઓએ અનૂચિત્ત વર્તન તેમજ તોછડાઈ ભર્યુ વર્તન કરેલુ છે . આરોપી નં.૭૪ નાઓની રજૂઆત મુજબ સરકારી વકીલ તથા બીજા બધાનું બે વર્ષમાં મોત થશે તેવી પણ રજૂઆતો કરેલી છે.

(૯) **ક્ષણિક આવેશમાં ગુનો કરેલો છે કે કેમ ? :–** ફરિયાદપક્ષના પુરાવા ધ્યાને લેતા સ્પષ્ટ છે કે સીમી આંતકવાદી સંગઠન ઉપર સને–૨૦૦૧ ની સાલથી ભારત સરકારે પ્રતિબંધ જાહેર કરેલો છે. તેમ છતાં કેટલાક આરોપીઓ સીમીની પ્રવૃત્તિ સતત આગળ ધપાવતા આવેલા છે. આ ગુનાઓ એવા ગુનાઓ નથી કે બે જુથ વચ્ચે વાતચીત દરમ્યાન આકસ્મિક બોલાચાલી થઈ હોય અને તેના પરિણામ રૂપે ગુનો બન્યો હોય. આ ગુનાઓ એવા પણ નથી કે કોઈકે ઉશ્કેરણી કરી હોય અને ઉશ્કેરણીના કારણે આરોપીઓએ ગુનો કરેલો હોય. પરંતુ ઘણા વર્ષોથી ગુનો કરવા માટે પુખ્ત વિચારણા કરીને આયોજનબધ્ધ અને ઈરાદાપૂર્વક કાવતરૂ રચીને ઘણા આરોપીઓ ભેગા થઈને તેમના દ્વારા આયોજનો કરવામાં આવેલા છે. આરોપીઓએ જે બંને શહેરોમાં જુદી–જુદી જગ્યાઓ ઉપર જે બોમ્બ મુકેલા તે બોમ્બ કોઈ ફેકટરીમાં બનતા નથી કે કોઇ દુકાનમાંથી ખરીદ કરીને લાવેલા નથી પરંતુ બોમ્બ બનાવવાનો અભ્યાસ કરીને બોમ્બમાં વપરાતી સામગ્રી ખરીદ કરીને લાવેલા છે ત્યારબાદ જુદી–જુદી જગ્યાઓ ઉપર મકાનો ભાડે રાખીને બોમ્બ બનાવેલા છે. જે જગ્યાઓ ઉપર બોમ્બ મુકવાના હતા તે જગ્યાઓની રેકી કરેલી છે. અને ત્યારબાદ જુદી–જુદી જગ્યાઓ ઉપર બોમ્બ મુકેલા છે. જેથી આ ગુનાઓ આરોપીઓએ ક્ષણિક આવેશમાં આવીને કરેલા હોય તેવુ નથી.

(૧૦) **ગુનો કરવા માટેના સમયનું આયોજનઃ–** અગાઉ ચર્ચા કરી તેમ તમામ આરોપીઓએ હિન્દુ વસ્તી વધારે હોય તેવી જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરીને માસકીલીંગ કરવુ અને ભારતના બંધારણથી ચુંટાયેલી સરકારને પડકાર આપવો ગુજરાત રાજયની નરેન્દ્ર મોદીની સરકાર મુસ્લિમ વિરોધી સરકાર છે તેવી ખોટી માન્યતા સાથે સરકારને દુર કરવાના ઈરાદા સાથે તથા માસકીલીંગ કરવાથી

સરકાર પ્રત્યે દ્વેષ અને નારાજગી ઉભી થાય અને ભારતમાં ઈસ્લામિક શાશન સ્થપાય તેવા ઉદ્દેશ્ય સાથે આ બનાવોને સુવ્યવસ્થિત રીતે પુરી સમજદારી સાથે આયોજન કરીને આ બનાવોને અંજામ આપેલો છે. વધારે લોકો મૃત્યુ પામે અને વધારે લોકોને ઈજા થાય તે માટેનું આયોજન કરવામાં આવેલુ છે. જે હકીકત નીચે મુજબના કોષ્ટકથી ફલીત થાય છે.

અ. નં.	**બનાવ તારીખ, સમય**	**વિસ્તાર**	**નજીકનું પોલીસ સ્ટેશન**	**નજીકની મોટી હોસ્પિટલ**
૧	૨૬.૭.૨૦૦૮ કલાક ૧૮.૪૦	હાટકેશ્વર સર્કલ પાસે, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ સામે, ઈલેકટ્રીક ડીપી પાસે	રામોલ	એલ.જી. હોસ્પિટલ, મણીનગર
૨	૨૬.૭.૨૦૦૮ કલાક ૧૮.૪૨	બાગે ફિરદોશ પોલીસ લાઈન વિભાગ–૨ ની સામે, મ્યુનિસિપાલિટીની કચરાપેટી	રામોલ	એલ.જી. હોસ્પિટલ, મણીનગર
૩	૨૬.૭.૨૦૦૮ કલાક ૧૮.૪૫	ન્યુ હરિ નારાણ પાર્ક કોમ્પ્લેક્ષ, જયોતિ મોબાઈલની દુકાન સામે	અમરાઈવાડી	એલ.જી. હોસ્પિટલ, મણીનગર
૪	૨૬.૭.૨૦૦૮ કલાક ૧૮.૩૦	નારોલ સર્કલ મીત્તલ ચેમ્બરની સામે રોડ ઉપર	વટવા	એલ.જી. હોસ્પિટલ, મણીનગર
૫	૨૬.૭.૨૦૦૮ કલાક ૧૮.૧૫	ગોવિંદવાડી શાકમાર્કેટ પાસે, રોડ ઉપર	ઈસનપુર	એલ.જી. હોસ્પિટલ, મણીનગર
૬	૨૬.૭.૨૦૦૮ કલાક ૧૮.૩૦	મણીનગર જવાહર ચોક શિવાની એવન્યુ સામે	મણીનગર	એલ.જી. હોસ્પિટલ, મણીનગર

૭	૨૬.૭.૨૦૦૮ કલાક ૧૮.૪૫	(૧) ઓમ પાન પાર્લર આગળ (૨) અન્નાની ચાની કીટલી પાસે	મણીનગર	એલ.જી. હોસ્પિટલ
૮	૨૬.૭.૨૦૦૮ કલાક ૧૮.૪૫	મણીનગર એ.એમ.ટી. એસ. બસ સ્ટેન્ડ પાસે	મણીનગર	એલ.જી. હોસ્પિટલ, મણીનગર
૯	૨૬.૭.૨૦૦૮ કલાક ૧૮.૧૫	નારોલ સર્કલ હનુમાનજી મંદિર પાસે	દાણીલીમડા	એલ.જી. હોસ્પિટલ, મણીનગર
૧૦	૨૬.૭.૨૦૦૮ કલાક ૧૯.૦૦	સરખેજથી અંબર ટાવર વચ્ચે	સરખેજ	એલ.જી. હોસ્પિટલ, મણીનગર
૧૧	૨૬.૭.૨૦૦૮ કલાક ૧૯.૦૦	ઓઢવ રાજેન્દ્ર પાર્ક ન્યુ કામદાર પોસ્ટ ઑફિસ સામે	ઓઢવ	એલ.જી. હોસ્પિટલ, મણીનગર
૧૨	૨૬.૭.૨૦૦૮ કલાક ૧૮.૪૫	ઓઢવ ખોડીયાર નગર ચાર રસ્તા પાસે	ઓઢવ	એલ.જી. હોસ્પિટલ, મણીનગર
૧૩	૨૬.૭.૨૦૦૮ કલાક ૧૮.૪૫	સારંગપુર દરવાજા બહાર જનતા પાન હાઉસ પાસે	કાલુપુર	સિવિલ હોસ્પિટલ
૧૪	૨૬.૭.૨૦૦૮ કલાક ૧૮.૩૦	(૧) બાપુનગર ડાયમંડ માર્કેટમાં પાનના ગલ્લા પાસે (૨) શ્રીજી આઇસ્ક્રીમ પાસે	બાપુનગર	સિવિલ હોસ્પિટલ

૧૫	૨૬.૭.૨૦૦૮ કલાક ૧૮.૩૦	ઠક્કરનગર કુળદેવી ટી–સ્ટોલ પાસે	નરોડા	સિવિલ હોસ્પિટલ
૧૬	૨૬.૭.૨૦૦૮ કલાક ૧૮.૩૦	નરોડા ભાગોળ પરમ શકિત ટી–સ્ટોલ પાસે	નરોડા	સિવિલ હોસ્પિટલ
૧૭	૨૬.૭.૨૦૦૮ કલાક ૧૯.૩૦	અરવિંદ મીલના ઝાપા પાસે	કલોલ	સિવિલ હોસ્પિટલ
૧૮	૨૬.૭.૨૦૦૮ કલાક ૧૮.૩૦	(૧) એમ. નારાયણદાસ એન્ડ દવાની દુકાન પાસે (૨) ગોખલે પાન હાઉસની આગળ (૩) મીલન કીરાણા સ્ટોર પાસે	ખાડીયા	સિવિલ હોસ્પિટલ
૧૯	૨૬.૭.૨૦૦૮ કલાક ૧૯.૩૦	સિવિલ હોસ્પિટલ ટ્રોમા સેન્ટર પાસે	શાહીબાગ	સિવિલ હોસ્પિટલ
૨૦	૨૬.૭.૨૦૦૮ કલાક ૧૯.૪૫	એલ.જી. હોસ્પિટલના કમ્પાઉન્ડ ગેટ નં.૨ પાસે	મણીનગર	એલ.જી. હોસ્પિટલ

ઉપરોકત કોષ્ટક ધ્યાને લેતા અનુક્રમ નં.૧ થી ૧૮ વાળા સમગ્ર બનાવો તા.૨૬.૭.૨૦૦૮ ના રોજ સાંજના ૧૮.૦૦ થી ૧૮.૪૫ દરમ્યાન બનેલા છે. કલાક ૧૮.૦૦ થી ૧૮.૪૫ વાગ્યાના સમયમાં આ બનાવો એક સાથે કરવાનું આયોજન ખૂબ જ સમજી વિચારીને આરોપીઓ દ્વારા કરવામાં આવેલુ છે. કારણ કે, ૧૮.૦૦ થી ૧૮.૪૫ દરમ્યાન ઉપરોકત કોષ્ટકમાં જણાવ્યા મુજબના અમદાવાદ શહેરના જુદા–જુદા સ્થળો ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવે તો આરોપીઓને પુરતુ જ્ઞાન અને જાણકારી હતી કે આ સમય દરમ્યાન બોમ્બ બ્લાસ્ટ કરીશુ તો સ્થળ ઉપર મરણ જનાર કે ઈજા પામનાર લોકોને નજીકની હોસ્પિટલોમાં જેવી કે એલ.જી. હોસ્પિટલ મણીનગર તથા સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે સારવાર માટે લઈ જવામાં આવશે. અમદાવાદ શહેરમાં બોમ્બ

બ્લાસ્ટ થયા છે અને ઘણા લોકોને ઈજાઓ થયેલી છે તેવા સમાચાર વાયુવેગે અમદાવાદ સહિત સમગ્ર રાજયમાં અને ભારતમાં ફેલાય જશે. ઈજા પામનાર લોકોને બંને હોસ્પિટલોમાં લઈ જવામાં આવશે ત્યારે બંને હોસ્પિટલોમાં ઈજા પામનાર લોકો પહોંચવાથી હોસ્પિટલોનો સમગ્ર સ્ટાફ તેઓની સારવાર માટે દોડી આવશે એટલુ જ નહીં ઈજા પામનારાઓના સગા વ્હાલાઓ પણ ત્યાં દોડી આવશે. તે જ રીતે ઈજા પામનારાઓની સારવારમાં મદદ માટે ઘણા બધા સેવાભાવી લોકો પણ ત્યાં દોડી આવશે. એટલુ જ નહીં કોને વાગ્યુ, કેટલુ વાગ્યુ, શું વાગ્યુ, કેવા બોમ્બ ફુટયા વિગેરે માહિતી મેળવવા પણ શહેરના ઘણા જ લોકો બંને હોસ્પિટલોમાં પહોંચી જશે. આ ઉપરાંત સામાજિક કાર્યકર અને હાલના ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી પ્રદીપ પરમાર તે તથા અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનના અન્ય કોર્પોરેટરો તથા તે વિસ્તારના સ્થાનિક ધારાસભ્ય પ્રદિપસિંહ જાડેજા તેમજ શહેરના અન્ય ધારાસભ્યો વિગેરે પણ હોસ્પિટલમાં પહોંચી જશે એટલું જ નહિ આવા ગંભીર બનાવ બન્યા છે તેવા સમાચાર ગુજરાત સરકારના તે વખતના કેબિનેટ મંત્રીઓ અમિતભાઇ શાહ, આનંદીબહેન પટેલ, નીતિનભાઇ પટેલ તેમજ અન્ય મંત્રીઓને મળતા તેઓ પણ હોસ્પિટલે પહોંચી જાય તેમજ તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને આ સમાચાર મળતાં તેઓ પણ દોડી આવશે તેવી આરોપીઓને પુરી ખાતરી હતી અને આ નેતાઓ હોસ્પિટલોમાં ઈજા પામનારાઓને તથા ગુજરનારાઓના પરિવારજનોને સાંત્વના આપવા દોડી આવેલા હતાં. આ સિવાય આવા સમયે ઘણા બધા રાજકીય આગેવાનો પણ ત્યાં હોય જેથી તેઓ તમામને લક્ષ્ય બનાવવા માટે તેમજ તેઓના મૃત્યુ નિપજાવવાના ઈરાદા સાથે તેમજ બંને હોસ્પિટલોમા ખૂબ જ મોટા પ્રમાણમાં લોકો ભેગા થાય અને બંને હોસ્પિટલોમાં મોટી જાનહાની થાય તે માટે આરોપીઓએ કુલ–૧૮ જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટનો સમય સાંજના ૧૮.૦૦ થી ૧૮.૪૫ નો પસંદ કરેલો છે જયારે ઈજા પામનારાઓ ઉપર જણાવ્યા મુજબના બીજા ઘણા બધા લોકો તથા મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સહિત અન્ય મંત્રીઓ અને ધારાસભ્યો હોસ્પિટલોમાં ભેગા થાય અને ત્યારપછી ત્યાં બોમ્બ બ્લાસ્ટ કરવા

અને સામૂહિક હત્યા કરવા માટેનો સમય ૧૯.૩૦ થી ૧૯.૪૫ પસંદ કરેલો છે. કુલ–૧૮ જગ્યાઓ ઉપર જે બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલા છે તે સાઇકલ ઉપર થેલીમાં બોમ્બ મુકીને બ્લાસ્ટ કરવામાં આવેલા છે જયારે બંને હોસ્પિટલોમાં ખૂબ જ મોટા પ્રમાણમાં લોકો ભેગા થાય ત્યારે વધારે જાનહાની કરવા માટે ચાર પૈડાવાળી મારૂતી ગાડીઓમાં ગેસના બોટલો સાથે બોમ્બ પ્લાન્ટ કરી ખૂબ જ મોટા અને તીવ્ર બ્લાસ્ટ કરવામાં આવેલા છે અને તેના કારણે વધારે જાનહાની થયેલી છે. આ તમામ હકીકત જોતા આરોપીઓનો ઈરાદો ખૂબ જ મોટા પ્રમાણમાં જાનહાની થાય તે માટેનો હતો તેમજ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ, ધારાસભ્ય પ્રદીપસિંહ જાડેજા, તે વખતના સામાજિક કાર્યકર પ્રદીપ પરમારનાઓના મૃત્યુ નિપજાવવાનો હતો તે સ્પષ્ટ જણાય આવે છે. આ નેતાઓ ત્યાં હાજર હતા પરંતુ સદ્ધનસીબે બચી ગયેલા હતા પરંતુ તે પૈકી સામાજિક કાર્યકર પ્રદીપ પરમાર તેમના મિત્ર સાથે ઈજા પામનાર લોકોની સેવામાં વ્યસ્ત હતા ત્યારે ટ્રોમા સેન્ટર નજીક મારૂતી વેગન આર કારમાં કરવામાં આવેલા પ્રચંડ બોમ્બ બ્લાસ્ટમાં તેઓને જમણા પગે ગંભીર ઈજા થયેલી છે અને તે અંગેનું પ્રમાણપત્ર રજૂ થયેલુ છે. આ ઉપરાંત, આરોપી નં.૨,૨૧,૨૪ નાઓએ પોતાના કબૂલાત નિવેદનોમાં માસકીલીંગ કરવુ તેવી ચર્ચાઓ તાલીમો દરમિયાન થયેલી હતી તેમ જણાવેલું છે. હિન્દુ વસ્તી વધારે હોય તેવી જગ્યાઓ ઉપર બોમ્બ બ્લાસ્ટ કરવા તેવી ચર્ચાઓ પણ તાલીમો દરમિયાન થયેલી હતી તેમ જણાવેલું છે અને તે મુજબ કૃત્ય પણ થયેલુ છે કારણ કે આ બનાવોમાં મરણ જનારાઓ કુલ–૫૪ વ્યકિતઓ હતાં. આ ૫૪ વ્યકિતઓમાંથી ફકત ૧ (એક) જ વ્યકિત મુસ્લિમ છે અને બાકીના ૫૫ (પંચાવન)વ્યકિતઓ હિન્દુ છે. ગંભીર તેમજ સાદી ઈજા પામનારાઓ કુલ–૨૪૦ છે. આ કુલ–૨૪૦ વ્યકિતઓમાંથી ફકત ૯ (નવ) વ્યકિતઓ મુસ્લિમ છે. જયારે ૨૩૨ (બસો બત્રીસ) વ્યકિતઓ હિન્દુ છે. જેથી સ્પષ્ટ બને છે કે આરોપીઓએ જયાં હિન્દુ વસ્તી વધારે હોય ત્યાં બોમ્બ બ્લાસ્ટ કરીને માસકિલીંગ કરેલુ છે. અત્યાર સુધી દેશમાં આવા બોમ્બ બ્લાસ્ટના બનાવો ઘણા બધા બનેલા છે પરંતુ માસકિલીંગ કરવાના ઈરાદે તથા થયેલા બોમ્બ

બ્લાસ્ટમાં ઈજા પામનારાઓને મૃત્યુ નિપજાવવાના ઈરાદે આરોપીઓએ અમદાવાદ શહેરની બે મોટી હોસ્પિટલોમાં મોટી સંખ્યામાં વિસ્ફોટકો ભરી ફોર વ્હીલર ગાડીઓમાં ગેસના બોટલો રાખી મોટી તીવ્રતાવાળા બોમ્બ બ્લાસ્ટ કરેલા છે અને હોસ્પિટલોમાં આવા બોમ્બ બ્લાસ્ટ અગાઉ કયારેય થયા હોય તેવુ જાણવા મળેલ નથી માટે આરોપીઓએ કરેલ કૃત્ય ખરેખર ખૂબ જ ગંભીર અને ઘાતક કહેવાય.

૭	૨૨/૦૯/૨૦	૨૬/૦૯/૨૦	એક માસ માટે કેન્ટીન સુવિધા બંધ	૨૦૦ ખોલી યાર્ડમાં અધીક્ષકશ્રીના જનરલ દૈનિક રાઉન્ડ દરમ્યાન કમિટીના તમામ અધિકારીઓની રૂબરૂમાં કસુરદારોએ ઘરની મુલાકાત બાબતે રજૂઆત કરી દર અઠવાડીએ મુલાકાત આપવા જીદ કરેલ જેથી અધીક્ષકશ્રીએ મજકુર બંને કસુરદારોને મુલાકાત લેવા બાબતેની કાર્યવાહી વિચારણા હેઠળ હોવાની સમજ આપેલ છતા બંને કસુરદાર ઉશ્કેરાઇ ગયેલ અને મોટા અવાજે બોલીને ઉગ્રભાષામાં રજૂઆત કરી દર અઠવાડીયે મુલાકાત આપવા જીદ કરી અધીક્ષકશ્રીના હુકમનું ઉલ્લઘંન કરી શાંતિથી વાત કરવા સમજ આપવા છતાં અમારી રજુઆત કેમ નથી સાંભળતા તેમ કરી જોઇ લેવાની ધમકી આપી ગેરવર્તન કરી બીનજરૂરી

				ભયનું વાતાવરણ ઉભું કરેલ.

આરોપી નં.૦૨ ઈમરાન ઈબ્રાહિમ શેખનાઓને સાબરમતિ સેન્ટ્રલ જેલ અમદાવાદ ખાતે રાખવામાં આવેલ છે અને તેઓની સામે જેલની અંદર તેમની વર્તણૂક સંબંધે જેલ ઓથોરીટી દ્વારા જે શિક્ષાત્મક પગલાં લેવામાં આવેલાં તેની વિગત નીચે મુજબ છેઃ–

અ. નં.	બનાવની તારીખ	ખટલો ચલાવ્યા તારીખ	શિક્ષાની વિગત	બનાવની ટુંકી વિગત
૧	૧૨/૧૦/૧૦	૨૪/૧૦/૧૦	તાકિદ	અધીક્ષકશ્રીની સુચના મુજબ જેલ સ્ટાફના માણસોએ જડતી તપાસ કરતા ખોલીમાંથી લોખંડની પટ્ટી નંગ–૧ તથા ઉર્દૂ ભાષામાં લખેલ ચીઠ્ઠી નંગ–૧ મળી આવેલ હોઇ. કાપણું રાખવું એ જેલ પ્રતિબંધિત હોવા છતાં પણ મજકુર ત્રણે કસુરદારે ગેરકાયેદસર મળી આવેલ.
૨	૧૯/૦૩/૧૯	૨૮/૦૩/૧૯	ત્રણ માસ મુલાકાત બંધ	૨૦૦ ખોલી યાર્ડ નં.–૨માં કપડા સ્ટોરના પાકાકેદીઓ ફોગીંગ મશીન લઇ દવાનો છંટકાવ કરવા ગયેલ જે સમયે ફરજ પરના જેલ સહાયક સાહેદ નં.૩ એ યાર્ડ નં.૨નો દરવાજો ખોલીના કસુરદાર નં.૧ તથા ૨ નો બળજબરી યાર્ડની બહાર નીકળી ગયેલ અને ફરજ પરના જેલના સહાયક રોકવા છતા મનસ્વીપણે અને યાર્ડ પાસે જતા રહેલો.

આરોપી નં.૦૩ ઈકબાલ કાસમ શેખનાઓને સાબરમતિ સેન્ટ્રલ જેલ અમદાવાદ ખાતે રાખવામાં આવેલ છે અને તેઓની સામે જેલની અંદર તેમની વર્તણૂક સંબંધે જેલ ઓથોરીટી દ્વારા જે શિક્ષાત્મક પગલાં લેવામાં આવેલાં તેની વિગત નીચે મુજબ છેઃ–

અ. નં.	બનાવની તારીખ	ખટલો ચલાવ્યા	શિક્ષાની વિગત	બનાવની ટુંકી વિગત

		તારીખ		
૧	૧૩/૦૩/૧૮	૨૭/૦૩/૧૮	એક માસ માટેની મુલાકાત સુવિધા બંધ, એક માસ માટેની કેન્ટીન સુવિધા બંધ,	૨૦૦ ખોલી સીરીયલ બોમ્બ બ્લાસ્ટના કેસના કાચા આરોપીઓનું બપોરના ૧૩:૧૦ કલાકે જેલ દવાખાનામાં ફરજમાં રહેલ ડૉ.શ્રી આલોક શર્મા સાહેબ કાચા આરોપીઓનું રૂટીન ચેકઅપ કરી O.P.D. ચલાવી રહેલ તે સમયે યાર્ડમાં બંધી થતા કાચા આરોપી કસુરદારએ ડૉ.શ્રીને બિનજરૂરી દવાઓ અને ડાયટ લખાવવા માટે દબાણ કરીને અપમાનજનક ભાષામાં બોલાચાલી કરી જોઇ લેવાની ધમકી આપી ગેરવર્તન કરેલ.

આરોપી નં.૦૪ સમસુદ્દિન શાહબુદ્દિન શેખનાઓને સાબરમતિ સેન્ટ્રલ જેલ અમદાવાદ ખાતે રાખવામાં આવેલ છે અને તેઓની સામે જેલની અંદર તેમની વર્તણૂક સંબંધે જેલ ઓથોરીટી દ્વારા જે શિક્ષાત્મક પગલાં લેવામાં આવેલાં તેની વિગત નીચે મુજબ છેઃ–

અ. નં.	બનાવની તારીખ	ખટલો ચલાવ્યા તારીખ	શિક્ષાની વિગત	બનાવની ટુંકી વિગત
૧	૦૯/૦૬/૦૯	૧૨/૦૬/૦૯	૧૫ દિવસ માટે મુલાકાત સુવિધા બંધ.	સિનીયર જેલરશ્રી મકવાણા સાહેબની જડતી દરમ્યાન મજકુર કસુરદારની જડતી દરમ્યાન તેના થેલામાંથી નીચેની વસ્તુઓ મળેલી. ૧) ગરમમસાલો પાઉચ નંગ–૨ ૨) હળદર ૧૦ગ્રામ તથા મરચું ૧૦ ગ્રામ. ૩) ઇલાયચી ૨૫ ગ્રામ તથા લવિંગ ૨૦ ગ્રામ ૪) કાજુ ૧૦ ગ્રામ તથા પિસ્તા ૧૦ ગ્રામ ૫) ચારોળી ૨૫ ગ્રામ તથા બદામ નંગ–૨૭

				૬) ટોપરાની છીણ ૫૦ ગ્રામ. ઉપરોકત વસ્તુઓ જેલ પ્રતિબંધિત વસ્તુઓ મળી આવેલી. જેથી જેલ નિયમ ભંગ કરેલો.

આરોપી નં.૦૫ ગ્યાસુદ્દિન અબ્દુલહમીદ અંસારીનાઓને સાબરમતિ સેન્ટ્રલ જેલ અમદાવાદ ખાતે રાખવામાં આવેલ છે અને તેઓની સામે જેલની અંદર તેમની વર્તણૂક સંબંધે જેલ ઓથોરીટી દ્વારા જે શિક્ષાત્મક પગલાં લેવામાં આવેલાં તેની વિગત નીચે મુજબ છેઃ–

અ. નં.	બનાવની તારીખ	ખટલો ચલાવ્યા તારીખ	શિક્ષાની વિગત	બનાવની ટુંકી વિગત
–	–	–	–	–

આરોપી નં.૦૬ મોહમદ આરીફ મોહમદઈકબાલ કાગજીનાઓને સાબરમતિ સેન્ટ્રલ જેલ અમદાવાદ ખાતે રાખવામાં આવેલ છે અને તેઓની સામે જેલની અંદર તેમની વર્તણૂક સંબંધે જેલ ઓથોરીટી દ્વારા જે શિક્ષાત્મક પગલાં લેવામાં આવેલાં તેની વિગત નીચે મુજબ છેઃ–

અ. નં.	બનાવની તારીખ	ખટલો ચલાવ્યા તારીખ	શિક્ષાની વિગત	બનાવની ટુંકી વિગત
૧	૧૦/૦૬/૦૯	૨૦/૦૬/૦૯	૧૫ દિવસ કેન્ટીન સુવિધા બંધ	સિનિયર જેલરશ્રી મકવાણા સાહેબની જડતી દરમ્યાન મજકુર કસુરદારની પાસેથી કાંડા ઘડિયાળ તથા અત્તરની બોટલ નંગ–૪ મળી આવેલ. બંને ચીજવસ્તુઓ જેલ પ્રતિબંધિત હોય જેથી જેલ નિયમ ભંગ કરેલો.
૨	૧૯/૦૧/૧૦	૨૩/૦૧/૧૦	તાકિદ	મજકુર કસુરદારની અંગ જડતી કરતા તેની પાસેથી પોસ્ટ કાર્ડ નંગ–૨ તથા નંગ–૪ અંતરદેશીય કાગળો લખેલા મળી આવેલા હતાં. જે કાગળો કસુરદારની પાસે હોઇ તેઓએ

				પોસ્ટના ડબ્બામાં નાખવાના બદલે પોતાની સાથે કોર્ટ મુદ્દતે જતા હોય ત્યાં પોતાના વકિલ મારફતે મોકલાવવા લઈ જતા પકડાઇ ગયેલ.
૩	૧૫/૧૨/૦૯	૧૬/૦૧/૧૦	એક સપ્તાહ કેન્ટીન બંધ	સિનિયર જેલરશ્રી વ્યાસ સાહેબે સ્ટાફ સાથે જડતી કરતા–કરાવતા મજકુર કસુરદારની બંધી થતી હોય તેઓની ખોલીમાંથી સ્ટીલનો કટોરો નંગ–૧ કાળો થયેલ તથા શેકેલી ડુંગળી આશરે ૫૦ ગ્રામ અનઅધિકૃત રીતે રાખેલ.

આરોપી નં.૦૭ મહમદઉસ્માન મહમદઅનીસ અગરબત્તીવાલાનાઓને સાબરમતિ સેન્ટ્રલ જેલ અમદાવાદ ખાતે રાખવામાં આવેલ છે અને તેઓની સામે જેલની અંદર તેમની વર્તણૂક સંબંધે જેલ ઓથોરીટી દ્વારા જે શિક્ષાત્મક પગલાં લેવામાં આવેલાં તેની વિગત નીચે મુજબ છેઃ–

અ. નં.	બનાવની તારીખ	ખટલો ચલાવ્યા તારીખ	શિક્ષાની વિગત	બનાવની ટુંકી વિગત
૧	૧૨/૧૦/૧૦	૨૪/૧૦/૧૦	તાકિદ	અધીક્ષકશ્રીની સુચના મુજબ જેલ સ્ટાફના માણસોએ જડતી તપાસ કરતા ખોલીમાંથી લોખંડની પટ્ટી નંગ–૧ તથા ઉર્દૂ ભાષામાં લખેલ ચીઠ્ઠી નંગ–૧ મળી આવેલ હોઇ. કાપણું રાખવું એ જેલ પ્રતિબંધિત હોવા છતાં પણ મજકુર કસુરદાર પાસેથી ગેરકાયદેસર મળી આવેલ.
૨	૦૪/૦૩/૧૧	૦૭/૦૭/૧૧	તાકિદ	વીશીનું જમવાનું આવેલ તે દરમ્યાન જમવાનું લેવા યાર્ડના ફાટક ખોલતા મજકુર કસુરદાર ફરજ પરના કર્મચારીની નજર ચુકવીને બીજા યાર્ડમાં ફરજ પરના કોઇપણ કર્મચારીને પુછ્યા વગર પોતાના મનસ્વી

				પણે ગયેલ હોય અને બપોરની બંધી દરમ્યાન પકડાઇ ગયેલ.
૩	૧૬/૦૯/૨૦	૨૬/૦૯/૨૦	૧૫ દિવસ માટે કેન્ટીન સુવિધા બંધ	બનાવના દિવસે ૧૧:૩૦ વાગ્યાની આસપાસ મુલાકાત રૂમમાં કસુરદારની મુલાકાત દરમ્યાન રૂમમાં લગાવેલ એક્રેલીક ગ્લાસ જાણી જોઇને તોડી નાંખી સરકારી મિલ્કતને નુકશાન કરેલ.

આરોપી નં.૦૮ યુનુસ મહમદભાઇ મન્સુરીનાઓને સાબરમતિ સેન્ટ્રલ જેલ અમદાવાદ ખાતે રાખવામાં આવેલ છે અને તેઓની સામે જેલની અંદર તેમની વર્તણૂક સંબંધે જેલ ઓથોરીટી દ્વારા જે શિક્ષાત્મક પગલાં લેવામાં આવેલાં તેની વિગત નીચે મુજબ છેઃ–

અ. નં.	**બનાવની તારીખ**	**ખટલો ચલાવ્યા તારીખ**	**શિક્ષાની વિગત**	**બનાવની ટુંકી વિગત**
૧	૨૬/૦૮/૧૦	૧૮/૦૯/૧૦	તાકિદ	કાચા આરોપી અરજદાર બિમાર હોઇ અને ગભરામણ થતી હોવાથી તેઓ અન્ય કસુરદારની ખોલીમાં જઇ તેઓ સુતેલ હોઇ જગાડીને બીમારીના વાત કરતા મજકુર કસુરદાર ગુસ્સે થઇ ગયેલ અને કેમ ખોલીમાં આવેલ છે તેમ કહી આ કસુરદારને વાત કરી તેઓ બંને અરજદારને ખોલીમાં બોલાવી માર મારેલ.
૨	૨૨/૦૭/૧૦	૨૮/૦૮/૧૦	તાકિદ	કેન્ટીનમાંથી દૂધ આવતા કસુરદારે પોતાના સહતહોમતદારની મુલાકાત કરવાના હેતુથી જાળીમાંથી દુધ લેવાની ના પાડી દરવાજો ખોલી દુધ લેવાનો આગ્રહ રાખી ફરજ પરના કર્મચારી સાથે રકજક કરી બોલાચાલી કરેલ અને હડતાલ કરીશું તેવી ધમકીઓ આપી જેલમાં એકસંપ થઇ જેલ ગુનો

				કરવા માટે એકબીજાને પ્રોત્સાહન આપેલ જે સંબંધે સુબેદારપેટી બોલાવી નિવેદન આપવા કહેલ તેથી તેનો ઇન્કાર કરેલ.

આરોપી નં.૦૯ કમરૂદ્દિન ચાંદમહમદ નાગોરીનાઓને સાબરમતિ સેન્ટ્રલ જેલ અમદાવાદ ખાતે રાખવામાં આવેલ છે અને તેઓની સામે જેલની અંદર તેમની વર્તણૂક સંબંધે જેલ ઓથોરીટી દ્વારા જે શિક્ષાત્મક પગલાં લેવામાં આવેલાં તેની વિગત નીચે મુજબ છેઃ–

અ. નં.	બનાવની તારીખ	ખટલો ચલાવ્યા તારીખ	શિક્ષાની વિગત	બનાવની ટુંકી વિગત
૦૧	૦૪/૦૮/૦૯	૦૫/૦૫/૦૯	તાકિદ	મજકુર કસુરદાર જેલની એન્ટ્રી દરમ્યાન જડતી કરતા થેલામાંથી નેલકટર તથા અત્તરની શીશી નંગ–૧ મળી આવેલ જે અંગેની કાર્યવાહી કરતા જેલ નિયમો ભંગ કરેલો.
૦૨	૧૪/૦૫/૧૮	૧૫/૦૫/૧૮	એક માસ માટે કેદમાં વિશેષા–ધિકારો બંધ	નામ.કોર્ટની કાર્યવાહી દરમ્યાન વિડીયો કોન્ફરન્સ કોર્ટમાં રજુ કરતી વખતે ચપ્પલ પહેરીને ન જવા માટે જણાવેલું તેમછતાં અન્ય તહોમતદારો સાથે મળીને જેલ સ્ટાફ સાથે અભદ્ર વર્તન કરેલ અને જેલમાં ભય તેમજ દબાવ બનાવવાની કોશિશ કરેલી.
૦૩	૧૫/૧૧/૧૮	૧૦/૧૨/૧૮	એક માસ માટે કેદમાં વિશેષા–ધિકારો બંધ	આરોપીને તા.૧૫/૧૧/૧૮ના રોજ વિડીયો કોન્ફરન્સ કોર્ટની કાર્યવાહી દરમ્યાન લઇ જતી વખતે માથે ટોપી પહેરેલી નહિ પરંતુ હાથમાં રાખેલી હતી જેથી જેલ સ્ટાફ દ્વારા ટોપી પહેરવા તાકિદ કરવામાં આવેલી પરંતુ તેમની સાથે ટોપી પહેરવા બાબતે ઘર્ષણ કરેલ.

આરોપી નં.૧૦ આમીલ પરવાઝ કાઝી સૈકુદ્દિન શેખનાઓને સાબરમતિ સેન્ટ્રલ જેલ અમદાવાદ ખાતે રાખવામાં આવેલ છે અને તેઓની સામે જેલની અંદર તેમની વર્તણૂક સંબંધે જેલ ઓથોરીટી દ્વારા જે શિક્ષાત્મક પગલાં લેવામાં આવેલાં તેની વિગત નીચે મુજબ છેઃ–

અ. નં.	બનાવની તારીખ	ખટલો ચલાવ્યા તારીખ	શિક્ષાની વિગત	બનાવની ટુંકી વિગત
૧	૧૪/૦૫/૧૮	૧૫/૦૫/૧૮	એક માસ માટે કેદમાં વિશેષા–ધિકારો બંધ	નામ.કોર્ટની કાર્યવાહી દરમ્યાન વિડીયો કોન્ફરન્સ કોર્ટમાં રજુ કરતી વખતે ચપ્પલ પહેરીને ન જવા માટે જણાવેલું તેમછતાં અન્ય તહોમતદારો સાથે મળીને જેલ સ્ટાફ સાથે અભદ્ર વર્તન કરેલ અને જેલમાં ભય તેમજ દબાવ બનાવવાની કોશિશ કરેલી.

આરોપી નં.૧૧ સીબલી ઉર્ફે સાબિત અબ્દુલકરીમ મુસ્લિમનાઓને સાબરમતિ સેન્ટ્રલ જેલ અમદાવાદ ખાતે રાખવામાં આવેલ છે અને તેઓની સામે જેલની અંદર તેમની વર્તણૂક સંબંધે જેલ ઓથોરીટી દ્વારા જે શિક્ષાત્મક પગલાં લેવામાં આવેલાં તેની વિગત નીચે મુજબ છેઃ–

અ. નં.	બનાવની તારીખ	ખટલો ચલાવ્યા તારીખ	શિક્ષાની વિગત	બનાવની ટુંકી વિગત
૧	૧૨/૧૦/૧૦	૨૪/૧૦/૧૦	તાકિદ	મજકુર કસુરદારની ખોલીમાંથી બંધી તથા હોય અને તેમાંથી લોખંડની પટ્ટી નંગ–૦૧ જેલ પ્રતિબંધિત હોવા છતાં ગેરકાયદેસર રાખેલ મળી આવેલ
૨	૨૬/૦૩/૧૪	૧૧/૦૮/૧૪	ત્રણ માસની મુલાકાત બંધ	અધીક્ષકશ્રીના હુકમ મુજબ અલગ અલગ ટીમ બનાવી ૨૦૦ ખોલી નં.૨ થી ખોલી નં.૨૯ કાચા આરોપી કસુરદારની જડતી કરતા ખોલીમાંથી મીઠાના ડબ્બામાં સંતાડી રાખેલ ધારદાર પટ્ટી

				સફેદ પતરાની આશરે અઢી ઇંચની નંગ–૧ તથા અનઅધિકૃત સેન્સર વગરની ડાયરી નં.૦૧ તથા કસુરદારની અંગજડતી સાહેદનાઓ ફરવા જતા જડતી કરવાનો ઇન્કાર કરી એકદમ બધાને જોઇ લેવાની ધમકી આપેલ આથી સાહેદની કાયદેસરની ફરજમાં રૂકાવટ ઉભી કરી જેલ પ્રતિબંધિત વસ્તુઓ પોતાની પાસે રાખી જેલની શિસ્ત અને સલામતી જોખમાય તેવુ વર્તન કરેલ.
૩	૧૭/૦૧/૧૫	૨૭/૦૧/૧૫	બે માસની મુલાકાત બંધ	કસુરદારના સરસામાનમાં જડતી તપાસ કરતા કસુરદારે ઓડોમોસ ટયુબમાં સંતાડી રાખેલ જેલ પ્રતિબંધિત ચલણી નાણું રૂા.૧૦૦૦ના દરની ચલણી નોટ નંગ–૧ અડધી ફાટેલી હાલતમા તથા રૂા.૧૦૦ના દરની ચલણી નોટ નંગ–૧ કુલ મળીને રૂા.૧૧૦૦નું ચલણી નાણું મળી આવેલ.
૪	૧૪/૦૫/૧૮	૧૫/૦૫/૧૮	એક માસ માટે કેદમાં વિશેષા–ધિકારો બંધ	નામ.કોર્ટની કાર્યવાહી દરમ્યાન વિડીયો કોન્ફરન્સ કોર્ટમાં રજુ કરતી વખતે ચપ્પલ પહેરીને ન જવા માટે જણાવેલું તેમછતાં અન્ય તહોમતદારો સાથે મળીને જેલ સ્ટાફ સાથે અભદ્ર વર્તન કરેલ અને જેલમાં ભય તેમજ દબાવ બનાવવાની કોશિશ કરેલી.

આરોપી નં.૧૨ સફદરહુસેન જહરૂલહુસેન નાગોરીનાઓને સાબરમતિ સેન્ટ્રલ જેલ અમદાવાદ ખાતે રાખવામાં આવેલ છે અને તેઓની સામે જેલની અંદર તેમની વર્તણૂક સંબંધે જેલ ઓથોરીટી દ્વારા જે શિક્ષાત્મક પગલાં લેવામાં આવેલાં તેની વિગત નીચે મુજબ છેઃ–

અ. નં.	બનાવની તારીખ	ખટલો ચલાવ્યા તારીખ	શિક્ષાની વિગત	બનાવની ટુંકી વિગત
૧	૧૫/૦૫/૦૯	૨૬/૦૯/૦૯	એક સપ્તાહ મુલાકાત બંધ	કેન્ટીન સર્કલ પાછળના ભાગે કસુરદારની જડતી દરમ્યાન કસુરદારનાઓએ જડતી કરવાનો ઇન્કાર કરેલ તેમજ જેમ તેમ બોલવા લાગતા કસુરદારનાઓએ ફરજના લોક રક્ષકને કહેલ અમોને સન્માન આપો તો તમને પણ સન્માન મળશે તેમ કહીને પણ બોલવા લાગેલ હોય અને ફરજમાં ખલેલ પહોંચાડી ફરજ પરના કર્મચારી સાથે અસભ્ય વર્તન કરેલ.
૨	૧૨/૧૦/૧૦	૨૪/૧૦/૧૦	તાકિદ	દવાખાનાથી ઓ.પી.ડી. આવેલ હોવાથી કેદીઓને સારવાર માટે વારાફરતીથી બોલાવેલ તે દરમ્યાન કસુરદાર યાર્ડ નં.–૪માંથી સારવાર કરાવવા આવેલ અને સારવાર કરાવી પોતે યાર્ડ નં.–૫ના ફાટકે ઉભેલા અન્ય આરોપીઓને ઇશારો કરીને બોલાવી તેઓની સાથે હાથ મિલાવી વાતો કરતા હતા તે સમયે ફરજ પરના કર્મચારીએ તેઓને પોતાની યાર્ડમાં જવા જણાવતા તેઓની સાથે અસભ્ય વર્તન કરી ગાળાગાળી કરી તું મારૂ શું બગાડીશ તેમ કહી તું અંદર યાર્ડમાં આવ તને બતાવીયે અમે કેવા છીએ તેવી ધમકી આપતા જેલની સલામતીને અસર થાય તેવી ફરજ પરના કર્મચારીઓ સાથે મનફાવે તેમ વર્તન કરી ફરજ પરના તમામ સ્ટાફને બાનમાં લઇ મજકુર કસુરદારે સ્ટાફ તથા

				કેદીઓના મનમાં બીનજરૂરી ભય ઉભો થાય તેવું વર્તન કરેલ.
૩	૧૦/૧૨/૧૧	૧૨/૦૪/૧૨	એક માસની કેન્ટીન બંધ	જડતી સ્કવોર્ડના અધિકારીશ્રીએ સ્ટાફ સાથે ખોલી નં.૫માં જડતી તપાસ કરતા કરાવતા મજકુર કસુરદારના કબજામાંથી જેલ પ્રતિબંધિત અલગ–અલગ વસ્તુઓ ભેગી કરી હાથથી બનાવેલ પાણી ગરમ કરવા માટેનું ઇલેકટ્રીક હિટર નંગ–૦૧ મળી આવેલ બાદમાં તપાસ દરમ્યાન કસુરદાર આ હિટર અવારનવાર સરકારી મિલ્કત ઇલેકટ્રીસીટીમાંથી ગેરકાયદેસર રીતે જોડાણ મેળવી પાણી ગરમ કરતા હોય કસુરદારે તેને સોંપવામાં આવેલ સરકારી મિલ્કત સાચવવામાં નિષ્કાળજી દાખવેલનું તેમજ પાણી ગરમ કરવા દરમ્યાન કરંટ લાગી શકે તેવું કરી પોતાની જાતને બીમાર પાડવામાં ઇજા કરવામાં નિમીત બને તેવુ કૃત્ય કરવા હોવાનું બહાર આવેલ.
૪	૨૨/૦૭/૧૫	૧૯/૦૯/૧૫	એક માસની મુલાકાત બંધ	કસુરદારોની મુલાકાત હોઇ જે મુલાકાતનો સમય પૂર્ણ થતા મુલાકાત વિભાગમાં ફરજ બંદોબસ્તમાં રહેલ પાકા કેદી વોર્ડર સાહેદ નં.૨એ કસુરદારોને મુલાકાત રૂમ બહાર જવા કહેવા બાબતે બોલાચાલી થયેલ.
૫	૦૭/૧૦/૧૫	૧૮/૧૧/૧૫	તાકિદ	હાઇસિકયુરીટી યાર્ડમાં બંદી થતા કાચા આરોપીઓની વિડીયો કોર્ટની મુદ્દત હોઇ કસુરદાર નં.૧,૨, તથા ૩નાઓ બંદોબસ્ત અર્થે હાઇસિકયુરીટી યાર્ડ ઓફિસમાં હાજર હતા તે દરમ્યાન કસુરદાર

				અંડાસેલમાંથી આવીને યાર્ડની ઓફિસમાં નહિં જવા તથા રજીસ્ટરો નહી અડકવા સુચના આપતા કસુરદારો એકદમ ઉશ્કેરાઇ ગયેલ અને કસુરદાર નં.૨ સામે તું તારી કરી ઉચ્ચ અધિકારીઓનું નામ બોલી અવિવેકી ભાષામાં તેથી બુમાબુમ કરી ગેરવર્તન કરી બિનજરૂરી ભયનું વાતાવરણ ઉભુ કરી જેલની શિસ્ત સલામતી જોખમાઇ તેવું કૃત્ય કરેલ.
૬	૧૪/૦૫/૧૮	૧૫/૦૫/૧૮	એક માસ માટે કેદમાં વિશેષા–ધિકારો બંધ	નામ.કોર્ટની કાર્યવાહી દરમ્યાન વિડીયો કોન્ફરન્સ કોર્ટમાં રજુ કરતી વખતે ચપ્પલ પહેરીને ન જવા માટે જણાવેલું તેમછતાં અન્ય તહોમતદારો સાથે મળીને જેલ સ્ટાફ સાથે અભદ્ર વર્તન કરેલ અને જેલમાં ભય તેમજ દબાવ બનાવવાની કોશિશ કરેલી.
૭	૦૪/૧૨/૧૮	૨૦/૦૨/૧૯	તાકિદ	આરોપીની પરીવારજનોની મુલાકાત દરમ્યાન મુલાકાત સમય પૂર્ણ થતા જેલરશ્રી દ્વારા મુલાકાત રૂમની બહાર જવા માટે જણાવેલું પરંતુ આરોપી દ્વારા મુલાકાત રૂમની બહાર જવા ના પાડેલી અને જેલ સ્ટાફ સાથે બુમાબુમ કરેલી તેમજ જેલરશ્રીવિરૂધ્ધ નામ.કોર્ટમાં રજુઆત કરશે તેમજ વર્ધી ઉતારાવી દેવા સહિતની ધમકી આપી તેમજ જેલમાં છુટ્યા પછી જોઇ લેવા સહિતની ધમકી આપેલી.
૮	૨૦/૦૨/૧૯	૦૨/૦૩/૨૦	તાકિદ	નામ.કોર્ટની કાર્યવાહી દરમ્યાન વિડીયો કોન્ફરન્સ કોર્ટમાં રજુ

				કરતી વખતે નામ.કોર્ટને ખોટી રજુઆતો કરેલી.
૯	૧૦/૦૪/૧૯	૧૬/૦૪/૧૯	એક માસ માટે કેદમાં વિશેષા–ધિકારો બંધ	આરોપીની પરીવારજનોની મુલાકાત બાદ મુલાકાત સમય પૂર્ણ થતા જેલરશ્રી દ્વારા મુલાકાત રૂમની બહાર જવા માટે જણાવેલું પરંતુ આરોપી દ્વારા મુલાકાત રૂમની બહાર જવા ના પાડેલી અને જેલ સ્ટાફ સાથે અસભ્ય વર્તન કરેલ અને ગાળા–ગાળી કરેલ.

આરોપી નં.૧૩ હાફિઝહુસેન તાજુદ્દિન મુલ્લાનાઓને સાબરમતિ સેન્ટ્રલ જેલ અમદાવાદ ખાતે રાખવામાં આવેલ છે અને તેઓની સામે જેલની અંદર તેમની વર્તણૂક સંબંધે જેલ ઓથોરીટી દ્વારા જે શિક્ષાત્મક પગલાં લેવામાં આવેલાં તેની વિગત નીચે મુજબ છેઃ–

અ. નં.	બનાવની તારીખ	ખટલો ચલાવ્યા તારીખ	શિક્ષાની વિગત	બનાવની ટુંકી વિગત
૧	૧૪/૦૫/૧૮	૧૫/૦૫/૧૮	એક માસ માટે કેદમાં વિશેષા–ધિકારો બંધ	નામ.કોર્ટની કાર્યવાહી દરમ્યાન વિડીયો કોન્ફરન્સ કોર્ટમાં રજુ કરતી વખતે ચપ્પલ પહેરીને ન જવા માટે જણાવેલું તેમછતાં અન્ય તહોમતદારો સાથે મળીને જેલ સ્ટાફ સાથે અભદ્ર વર્તન કરેલ અને જેલમાં ભય તેમજ દબાવ બનાવવાની કોશિશ કરેલી.

આરોપી નં.૧૪ મોહમદ સાજીદ ઉર્ફે સલીમ ઉર્ફે સાદ ગુલામખ્વાજા મન્સુરીનાઓને સાબરમતિ સેન્ટ્રલ જેલ અમદાવાદ ખાતે રાખવામાં આવેલ છે અને તેઓની સામે જેલની અંદર તેમની વર્તણૂક સંબંધે જેલ ઓથોરીટી દ્વારા જે શિક્ષાત્મક પગલાં લેવામાં આવેલાં તેની વિગત નીચે મુજબ છેઃ–

અ. નં.	બનાવની તારીખ	ખટલો ચલાવ્યા તારીખ	શિક્ષાની વિગત	બનાવની ટુંકી વિગત
૧	૩૧/૦૮/૧૪	૦૬/૦૯/૧૪	એક	૨૦૦ ખોલી યાર્ડ નં.૨માં ડ્યુટી

			માસની મુલાકાત બંધ	જેલરશ્રી તથા ફરજ પરના કર્મચારીઓએ અચાનક રાઉન્ડ લઇ જુદી–જુદી ખોલીઓમાં તપાસ કરતા ખોલી નં.૩૬માં બંધી થતા કસુરદાર નં.૧ કયામુદ્દિન કાપડીયા તથા ખોલી નં.૩૦ માં બંધી થતા કસુરદાર નં.૨ સાજીદ મન્સુરી એમ બંને જણા ખોલી નં.૩૬માં હાજર મળી આવેલ અને કસુરદાર નં.૧ ખોલીના બાથરૂમમાં પ્લાસ્ટીકના ડબ્બા અને સ્ટીલના ગ્લાસના ટેકા મુકી સરકારી થાળીમાં આશરે ૫૦૦ ગ્રામ જેટલા સીંગદાણા જુના પેપરો સળગાવી અગ્નિ પ્રગટાવી ખોલીમાં લટકાવેલ પડદાઓને સરસામાનમાં પણ અગ્નિની જવાળાઓ લાગે તેવું ભયજનક કૃત્ય કરી જેલની શિસ્ત સલામતી જોખમાય તેવું બેદરકારીભર્યું કૃત્ય કરેલ.

આરોપી નં.૧૫ અબુબકર અબુબશર મુફતીનાઓને સાબરમતિ સેન્ટ્રલ જેલ અમદાવાદ ખાતે રાખવામાં આવેલ છે અને તેઓની સામે જેલની અંદર તેમની વર્તણૂક સંબંધે જેલ ઓથોરીટી દ્વારા જે શિક્ષાત્મક પગલાં લેવામાં આવેલાં તેની વિગત નીચે મુજબ છે:–

અ. નં.	બનાવની તારીખ	ખટલો ચલાવ્યા તારીખ	શિક્ષાની વિગત	બનાવની ટુંકી વિગત
૧	૨૧/૦૭/૦૯	૨૫/૦૭/૦૯	તાકિદ	મજકુર કસુરદાર પાસેથી આરેબીક ગ્રામર વર્કબુક નંગ–૧ સેન્સર થપ્પા વગરની તથા કાર્બન પેપર આ ચીજવસ્તુઓ ગેરકાયદેસર રાખી પકડાઇ જઇ જેલ નિયમનો ભંગ કરેલ.

આરોપી નં.૧૬ અબ્બાસ ઉમર સમેજાનાઓને સાબરમતિ સેન્ટ્રલ જેલ અમદાવાદ

ખાતે રાખવામાં આવેલ છે અને તેઓની સામે જેલની અંદર તેમની વર્તણૂક સંબંધે જેલ ઓથોરીટી દ્વારા જે શિક્ષાત્મક પગલાં લેવામાં આવેલાં તેની વિગત નીચે મુજબ છે:–

અ. નં.	બનાવની તારીખ	ખટલો ચલાવ્યા તારીખ	શિક્ષાની વિગત	બનાવની ટુંકી વિગત
૧	૦૯/૦૬/૦૯	૧૨/૦૬/૦૯	૧૫ દિવસ કેન્ટીન સુવિધા બંધ	મજકુર કસુરદારના બિસ્તરની જડતી કરતા તેમાંથી કાંડા ઘડિયાળ પટ્ટા વગરનું નંગ–૧ તેમજ કાંડા ઘડિયાળ ડિઝીટલ નંગ–૧ મળી આવેલ. બંને ચીજવસ્તુઓ જેલ પ્રતિબંધિત હોય જેથી જેલ નિયમનો ભંગ કરેલ.
૨	૧૨/૧૦/૧૦	૨૪/૧૦/૧૦	તાકિદ	દવાખાનાથી ઓ.પી.ડી. આવેલ હોવાથી કેદીઓને સારવાર માટે વારાફરતીથી બોલાવેલ તે દરમ્યાન કસુરદાર યાર્ડ નં.–૪માંથી સારવાર કરાવવા આવેલ અને સારવાર કરાવી પોતે યાર્ડ નં.–૫ના ફાટકે ઉભેલા અન્ય આરોપીઓને ઈશારો કરીને બોલાવી તેઓની સાથે હાથ મિલાવી વાતો કરતા હતા તે સમયે ફરજ પરના કર્મચારીએ તેઓને પોતાની યાર્ડમાં જવા જણાવતા તેઓની સાથે અસભ્ય વર્તન કરી ગાળાગાળી કરી તું મારૂ શું બગાડીશ તેમ કહી તું અંદર યાર્ડમાં આવ તને બતાવીયે અમે કેવા છીએ તેવી ધમકી આપતા જેલની સલામતીને અસર થાય તેવી ફરજ પરના કર્મચારીઓ સાથે મનફાવે તેમ વર્તન કરી ફરજ પરના તમામ સ્ટાફને બાનમાં લઇ મજકુર કસુરદારે સ્ટાફ તથા કેદીઓના મનમાં બીનજરૂરી

				ભય ઉભો થાય તેવું વર્તન કરેલ.
૩	૨૭/૦૧/૧૧	૨૧/૦૨/૧૧	પંદર દિવસ કેન્ટીન બંધ	બપોરે બંધી થતા મજકુર કસુરદાર પોતાના યાર્ડમાંથી મનસ્વીપણે બહાર નીકળી છોટા ચકકર સુબેદાર પેટી આવી અન્ય બ્લાસ્ટના આરોપીઓની મુલાકાત કરવા જતા હોય તેઓની સાથે ગેરકાયદેસર મુલાકાત કરેલ અને આ દરમ્યાન ફરજ પરના G.I.S.F.ના કર્મચારીએ તેઓને રોકવાની કોશિશ કરી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી જેલ શિસ્ત અને સલામતી વિરૂધ્ધનું વર્તન કરેલ.
૪	૦૯/૧૦/૧૫	૧૮/૧૧/૧૫	એક માસ માટેની કેન્ટીન સુવિધા બંધ	જુની જેલ મુલાકાત વિભાગમાં ફરજ પરના જેલરશ્રીએ કસુરદારની મુલાકાત પૂર્ણ થઇ ગયેલ હોય મુલાકાત રૂમ બહાર નીકળવા જેલરશ્રી પી.કે. પલાટ સાહેબએ જણાવતા કસુરદારે મોટા અવાજે બુમો કેમ પાડે છે તેવું કહેલું.
૫	૨૯/૧૧/૧૮	૨૭/૦૩/૧૯ તથા ૦૮/૦૪/૧૯	બે માસ માટેની મુલાકાત બંધ	કસુરદારે દવાખાના ખાતે આવી અને ડૉકટરશ્રી જયાં ઇન્ડોરમાં વીઝીટ લઇ રહ્યા હતા ત્યાં આવીને કહેવા લાગેલ કે તમે અમને મેડીકલ ડાયટ જણાવેલ કે તમારે કોઇ ડાયટની જરૂરીયાત નથી અને તમારી જયાં સારવાર થઇ છે ત્યાંથી પણ મેડીકલ ડાયર લખી આપેલ નથી ત્યારે ડોકટરશ્રીએ કસુરદારની O.P.D. બુક જોતા તેમા પણ કસુરદારે પોતાની જાતે ડાયટ લખેલ ત્યારે કસુરદારને ડોકટરશ્રીએ ડાયટ લખી આપવાની ના પાડતા

				કસુરદાર એકદમ ઉશ્કેરાઈને ડોકટરશ્રી જોડે અસભ્ય વાત કરી જોઇ લેવાની ધમકી આપી જેલની શિસ્ત સલામતીને જાણી જોઈને ભયમાં મુકવાનો પ્રયત્ન કરેલ.
૬	૨૨/૦૯/૨૦	૨૬/૦૯/૨૦	એક માસ માટે કેન્ટીન સુવિધા બંધ	૨૦૦ ખોલી ચાર્ડમાં અધીક્ષકશ્રીના જનરલ દૈનિક રાઉન્ડ દરમ્યાન કમિટીના તમામ અધિકારીઓની રૂબરૂમાં કસુરદારોએ ઘરની મુલાકાત બાબતે રજૂઆત કરી દર અઠવાડીએ મુલાકાત આપવા જીદ કરેલ જેથી અધીક્ષકશ્રીએ મજકુર બંને કસુરદારોને મુલાકાત લેવા બાબતેની કાર્યવાહી વિચારણા હેઠળ હોવાની સમજ આપેલ છતા બંને કસુરદાર ઉશ્કેરાઇ ગયેલ અને મોટા અવાજે બોલીને ઉગ્રભાષામાં રજૂઆત કરી દર અઠવાડીયે મુલાકાત આપવા જીદ કરી અધીક્ષકશ્રીના હુકમનું ઉલ્લઘંન કરી શાંતિથી વાત કરવા સમજ આપવા છતાં અમારી રજુઆત કેમ નથી સાંભળતા તેમ કરી જોઇ લેવાની ધમકી આપી ગેરવર્તન કરી બીનજરૂરી ભયનું વાતાવરણ ઉભું કરેલ.

આરોપી નં.૧૮ જાવેદ અહેમદ સગીરઅહેમદ શેખનાઓને સાબરમતિ સેન્ટ્રલ જેલ અમદાવાદ ખાતે રાખવામાં આવેલ છે અને તેઓની સામે જેલની અંદર તેમની વર્તણૂક સંબંધે જેલ ઓથોરીટી દ્વારા જે શિક્ષાત્મક પગલાં લેવામાં આવેલાં તેની વિગત નીચે મુજબ છે:–

અ. નં.	**બનાવની તારીખ**	**ખટલો ચલાવ્યા તારીખ**	**શિક્ષાની વિગત**	**બનાવની ટુંકી વિગત**
૧	૧૨/૧૦/૧૦	૨૪/૧૦/૧૦	એક	મજકુર કસુરદારના કબજામાંથી

			સપ્તાહ માટે મુલાકાત બંધ	હાંડી બનાવવાનો સરકારી કાળો કટોરો મળી આવેલ જે વાટકાનો મજકુર અનઅધિકૃત રીતે દુધ ગરમ કરવા તથા ભોજન ગરમ કરવા ઉપયોગ કરતો તે વાટકો કબજે કરેલ હતો.

આરોપી નં.૨૦ અતીક ઉરરહેમાન ઉર્ફે અતીક અબ્દુલ હકીમ ખીલજીનાઓને સાબરમતિ સેન્ટ્રલ જેલ અમદાવાદ ખાતે રાખવામાં આવેલ છે અને તેઓની સામે જેલની અંદર તેમની વર્તણૂક સંબંધે જેલ ઓથોરીટી દ્વારા જે શિક્ષાત્મક પગલાં લેવામાં આવેલાં તેની વિગત નીચે મુજબ છેઃ–

અ. નં.	બનાવની તારીખ	ખટલો ચલાવ્યા તારીખ	શિક્ષાની વિગત	બનાવની ટુંકી વિગત
–	–	–	–	–

આરોપી નં.૨૧ મહેંદીહસન ઉર્ફે વિકકી અબ્દુલ હબીબ અંસારીનાઓને સાબરમતિ સેન્ટ્રલ જેલ અમદાવાદ ખાતે રાખવામાં આવેલ છે અને તેઓની સામે જેલની અંદર તેમની વર્તણૂક સંબંધે જેલ ઓથોરીટી દ્વારા જે શિક્ષાત્મક પગલાં લેવામાં આવેલાં તેની વિગત નીચે મુજબ છેઃ–

અ. નં.	બનાવની તારીખ	ખટલો ચલાવ્યા તારીખ	શિક્ષાની વિગત	બનાવની ટુંકી વિગત
૧	૨૨/૧૧/૧૮	૨૨/૧૧/૧૮	(૧)એક માસ માટે મુલાકાત બંધ, (૨)એક માસ માટે કેન્ટીન સુવિધા બંધ, (૩)ત્રણ માસ	સવારે જેલ ખુલ્યા બાદ હાઈસિકયુરીટી અંડાસેલમાં એક–બીજા સાથે બોલાચાલી કરેલ હતી જે બાદ રાઉન્ડમાં નાયબ અધીક્ષકશ્રીને કસુરદાર નં.૧ અફઝલ ઉસ્માની તથા કસુરદાર નં.૨ મહેંદી હસનના વિરોધની અરજી કરી અને જણાવેલ કે કસુરદાર નં.૨ મહેંદીહસન પાસે જથ્થામાં માચીસોના પેકેટો છે. હાઈસિકયુરીટીમાં અને ૨૦૦ ખોલીમાં એક જ માચીસ

			માટે કેન્ટીન સુવિધા બંધ	આપવામાં આવે છે તેવો આક્ષેપ કરેલ જેથી હાજર જડતી સ્કવોર્ડ દ્વારા કસુરદાર નં.૨ મહેંદીહસનની ખોલીની અંદર જડતી ચેકીંગ કરતા કરાવતા ચાર પેકેટ અને એક નંગ છુટ્ટુ મળી કુલ–૨૫ નંગ માચીસની પેટી મળેલ જે કસુરદાર નં.૩એ આપેલ કસુરદાર નં.૩નાજીમઅલી સોકતઅલીને કસુરદાર નં.૪ હિલાલઅહેમદ મ.યુસુફ ગનાઅએ આ માચીસનો જથ્થો આપેલ.

આરોપી નં.૨૨ ઈમરાનઅહેમદ રાજઅહેમદ હાજી પઠાણનાઓને સાબરમતિ સેન્ટ્રલ જેલ અમદાવાદ ખાતે રાખવામાં આવેલ છે અને તેઓની સામે જેલની અંદર તેમની વર્તણૂક સંબંધે જેલ ઓથોરીટી દ્વારા જે શિક્ષાત્મક પગલાં લેવામાં આવેલાં તેની વિગત નીચે મુજબ છેઃ–

અ. નં.	બનાવની તારીખ	ખટલો ચલાવ્યા તારીખ	શિક્ષાની વિગત	બનાવની ટુંકી વિગત
–	–	–	–	–

આરોપી નં.૨૬ મહમદઅલી ઉર્ફે જમાલ ઉર્ફે જીયા ઉર્ફે અબુબકર મહરમઅલી અંસારીનાઓને સાબરમતિ સેન્ટ્રલ જેલ અમદાવાદ ખાતે રાખવામાં આવેલ છે અને તેઓની સામે જેલની અંદર તેમની વર્તણૂક સંબંધે જેલ ઓથોરીટી દ્વારા જે શિક્ષાત્મક પગલાં લેવામાં આવેલાં તેની વિગત નીચે મુજબ છેઃ–

અ. નં.	બનાવની તારીખ	ખટલો ચલાવ્યા તારીખ	શિક્ષાની વિગત	બનાવની ટુંકી વિગત
–	–	–	–	–

આરોપી નં.૨૭ મહમદ ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલરાઝીક મહમદ ઈશાક મન્સુરીનાઓને સાબરમતિ સેન્ટ્રલ જેલ અમદાવાદ ખાતે રાખવામાં આવેલ છે અને તેઓની સામે જેલની અંદર તેમની વર્તણૂક સંબંધે જેલ ઓથોરીટી દ્વારા જે શિક્ષાત્મક પગલાં લેવામાં આવેલાં તેની વિગત નીચે મુજબ છેઃ–

અ.	બનાવની	ખટલો	શિક્ષાની	બનાવની ટુંકી વિગત

નં.	તારીખ	ચલાવ્યા તારીખ	વિગત	
૧	૧૦/૧૨/૧૧	૧૨/૦૪/૧૨	એક માસ કેન્ટીન સુવિધા બંધ	જડતી સ્કવોર્ડના અધિકારીશ્રીએ સ્ટાફ સાથે બેરેકમાં જડતી તપાસ કરવા કરાવતા મજકુર કસુરદારના બિસ્તર પાસેથી શંકાસ્પદ રીતે ફેંકી દીધેલ હોય તેવી હાલતમાં જેલ પ્રતિબંધિત રોકડ નાણું ભારતીય ચલણની રૂા.૫૦/–ના દરની નોટ નંગ–૦૧ મળી આવેલ

આરોપી નં.૨૮ અફજલ ઉર્ફે અફસર મુતલીબ ઉસ્માનીનાઓને સાબરમતિ સેન્ટ્રલ જેલ અમદાવાદ ખાતે રાખવામાં આવેલ છે અને તેઓની સામે જેલની અંદર તેમની વર્તણૂક સંબંધે જેલ ઓથોરીટી દ્વારા જે શિક્ષાત્મક પગલાં લેવામાં આવેલાં તેની વિગત નીચે મુજબ છેઃ–

અ. નં.	બનાવની તારીખ	ખટલો ચલાવ્યા તારીખ	શિક્ષાની વિગત	બનાવની ટુંકી વિગત
૧	૦૨/૧૧/૧૭	૨૧/૧૧/૧૭	એક માસ માટેની કેન્ટીન સુવિધા બંધ	૨૦૦ ખોલી યાર્ડ અમલદારની ઓફિસ ખાતે વિડીયો કોર્ટમાં મુદ્દત અર્થે હાજર રાખવા સારૂ કસુરદાર પાકા કેદી અફઝલ ઉસ્માનીને હાજર રાખેલ જે સમયે કાચા આરોપીઓ કસુરદાર નં.૧ મો. જાકિર તથા કસુરદાર નં.૨ નાસીર અહેમદનાઓ પણ કોર્ટમાં મુદ્દત અર્થે જવા નીકળતા તેઓની સામે જઈ કસુરદાર એકદમ ઉશ્કેરાઈ ગયેલ કસુરદારોને ગાળો બોલી બુમાબુમ કરી અપશબ્દો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપી કસુરદારો ઉપર હુમલો કરવાનો પ્રયત્ન કરેલ બીનજરૂરી ભયનું વાતાવરણ ઉભું કરેલ.

૨	૦૪/૧૦/૧૭	૨૧/૧૧/૧૭	એક માસ કેન્ટીન સુવિધા બંધ	૨૦૦ ખોલી યાર્ડ નં.૩માં બંધી થતા કસુરદાર નં.૨ મો.જાકિર શેખ તથા નં.૩ નાસીર પટેલ યાર્ડ નં.૪માં બંધી થતા કાચા આરોપી સાહેદ નં.૪ મોહમદ આરીફ કાઝીની ખબર અંતર પુછવા ગયેલ જયાં યાર્ડ નં.૪ના પગથિયા ઉપર બેઠેલ તે સમયે કસુરદાર પાકા કેદી મહમદ અફઝલ ઉસ્માનીએ કોઇ કારણસર કસુરદાર નં.૨ મહમદ જાકિર શેખ ઉપર હુમલો કરી ઉશ્કેરાઇ જઇ મોઢા ઉપર મુકકો (ફેટો)નો માર મારી બીનજરૂરી ભયનું વાતાવરણ ઉભુ કરેલ તેમજ કસુરદાર નં.૨ તથા કસુરદાર નં.૩ પોતાના યાર્ડ નં.૩માંથી કોઇને પરવાનગી લીધા વગર યાર્ડ નં.૪માં ગયેલ હોઇ જેલની શિસ્ત સલામતીનો ભંગ કરેલ.
૩	૨૨/૧૧/૧૮	૨૨/૧૧/૧૮	(૧)એક માસ માટે મુલાકાત બંધ, (૨)એક માસ માટે કેન્ટીન સુવિધા બંધ, (૩)ત્રણ માસ માટે કેન્ટીન સુવિધા બંધ	સવારે જેલ ખુલ્યા બાદ હાઇસિકયુરીટી અંડાસેલમાં એક–બીજા સાથે બોલાચાલી કરેલ હતી જે બાદ રાઉન્ડમાં નાયબ અધીક્ષકશ્રીને કસુરદાર નં.૧ અફઝલ ઉસ્માની તથા કસુરદાર નં.૨ મહેંદી હસનના વિરોધની અરજી કરી અને જણાવેલ કે કસુરદાર નં.૨ મહેંદીહસન પાસે જથ્થામાં માચીસોના પેકેટો છે. હાઇસિકયુરીટીમાં અને ૨૦૦ ખોલીમાં એક જ માચીસ આપવામાં આવે છે તેવો આક્ષેપ કરેલ જેથી હાજર જડતી સ્કવોર્ડ દ્વારા કસુરદાર નં.૨ મહેંદીહસનની ખોલીની અંદર

				જડતી ચેકીંગ કરતા કરાવતા ચાર પેકેટ અને એક નંગ છુટ્ટુ મળી કુલ–૨૫ નંગ માચીસની પેટી મળેલ જે કસુરદાર નં.૩એ આપેલ કસુરદાર નં.૩નાજીમઅલી સોકતઅલીને કસુરદાર નં.૪ હિલાલઅહેમદ મ.યુસુફ ગનાઅએ આ માચીસનો જથ્થો આપેલ.

આરોપી નં.૩૦ મહમદસાદિક ઉર્ફે ઈમરાન ઈસરાર અહેમદ શેખનાઓને સાબરમતિ સેન્ટ્રલ જેલ અમદાવાદ ખાતે રાખવામાં આવેલ છે અને તેઓની સામે જેલની અંદર તેમની વર્તણૂક સંબંધે જેલ ઓથોરીટી દ્વારા જે શિક્ષાત્મક પગલાં લેવામાં આવેલાં તેની વિગત નીચે મુજબ છેઃ–

અ. નં.	બનાવની તારીખ	ખટલો ચલાવ્યા તારીખ	શિક્ષાની વિગત	બનાવની ટુંકી વિગત
–	–	–	–	–

આરોપી નં.૩૧ મહમદઆરીફ ઉર્ફે આરીફ બદર બદરૂદ્દિન જુમ્મનશેખનાઓને સાબરમતિ સેન્ટ્રલ જેલ અમદાવાદ ખાતે રાખવામાં આવેલ છે અને તેઓની સામે જેલની અંદર તેમની વર્તણૂક સંબંધે જેલ ઓથોરીટી દ્વારા જે શિક્ષાત્મક પગલાં લેવામાં આવેલાં તેની વિગત નીચે મુજબ છેઃ–

અ. નં.	બનાવની તારીખ	ખટલો ચલાવ્યા તારીખ	શિક્ષાની વિગત	બનાવની ટુંકી વિગત
–	–	–	–	–

આરોપી નં.૩૨ આસીફ ઉર્ફે હસન બસીરૂદ્દિન શેખનાઓને સાબરમતિ સેન્ટ્રલ જેલ અમદાવાદ ખાતે રાખવામાં આવેલ છે અને તેઓની સામે જેલની અંદર તેમની વર્તણૂક સંબંધે જેલ ઓથોરીટી દ્વારા જે શિક્ષાત્મક પગલાં લેવામાં આવેલાં તેની વિગત નીચે મુજબ છેઃ–

અ. નં.	બનાવની તારીખ	ખટલો ચલાવ્યા તારીખ	શિક્ષાની વિગત	બનાવની ટુંકી વિગત
૧	૧૫/૧૨/૦૯	૧૬/૦૧/૦૯	એક	મજકુર કસુરદાર જે ખોલીમાં

			સપ્તાહ કેન્ટીન બંધ	બંધી થતા હોય તેઓની ખોલીમાંથી અન–અધિકૃત રીતે ભોજન બનાવવા માટેની સ્ટીલની કાળી થયેલ થાળી મળી આવેલ જે જેલ નિયમ ભંગનો કરેલો.
૨	૧૫/૦૫/૦૯	૨૬/૦૯/૦૯	એક સપ્તાહ મુલાકાત બંધ	કેન્ટીન સર્કલ પાછળના ભાગે કસુરદારની જડતી દરમ્યાન કસુરદારનાઓએ જડતી કરવાનો ઇન્કાર કરેલ તેમજ જેમ તેમ બોલવા લાગતા કસુરદારનાઓએ ફરજના લોક રક્ષકને કહેલ અમોને સન્માન આપો તો તમને પણ સન્માન મળશે તેમ કહીને પણ બોલવા લાગેલ હોય અને ફરજમાં ખલેલ પહોંચાડી ફરજ પરના કર્મચારી સાથે અસભ્ય વર્તન કરેલ.
૩	૧૦/૦૩/૧૧	૦૭/૦૭/૧૧	તાકિદ	૧૧:૦૦ કલાકના સુમારે મજકુર કસુરદારની મુલાકાત હોય છોટા ચકકરમાંથી S.R.P. કમાન્ડો સાથે મુલાકાત કરવા આવેલ અને મજકુર કસુરદારે U.T. શાખામાં જવાનું કહેતા ફરજ પરના કમાન્ડોએ જવાની ના પાડતા મજકુર કસુરદાર ગુસ્સે થઇ કહેવા લાગેલા કે તમો અમારા નોકર છો અમો કરીએ તેમ તમારે કરવું પડશે તેમ કહી તેઓની સાથે જીભાજોડી કરી અસભ્ય વર્તન કરેલ.

આરોપી નં.૩૫ રફિયુદ્દિન સરફુદ્દિન કાપડીયાનાઓને સાબરમતિ સેન્ટ્રલ જેલ અમદાવાદ ખાતે રાખવામાં આવેલ છે અને તેઓની સામે જેલની અંદર તેમની વર્તણૂક સંબંધે જેલ ઓથોરીટી દ્વારા જે શિક્ષાત્મક પગલાં લેવામાં આવેલાં તેની વિગત નીચે મુજબ છે:–

અ. નં.	**બનાવની તારીખ**	**ખટલો ચલાવ્યા**	**શિક્ષાની વિગત**	**બનાવની ટુંકી વિગત**

		તારીખ		
૦૧	૧૦/૦૬/૦૯	૨૦/૦૬/૦૯	૧૫ દિવસ કેન્ટીન સુવિધા બંધ	મજકુર કસુરદારના થેલામાં તપાસ કરતા નાસ્તાની ડિસ્પોઝલ નાની ડિશ નંગ–૮૦ તથા મોટી ડિશ નંગ–૨૫ બંને ચીજવસ્તુઓ જેલ પ્રતિબંધિત હોય જેથી જેલ નિયમનો ભંગ કરેલો.

આરોપી નં.૩૬ મહમદ આરીફ નસીમઅહેમદ મીરઝાનાઓને સાબરમતિ સેન્ટ્રલ જેલ અમદાવાદ ખાતે રાખવામાં આવેલ છે અને તેઓની સામે જેલની અંદર તેમની વર્તણૂક સંબંધે જેલ ઓથોરીટી દ્વારા જે શિક્ષાત્મક પગલાં લેવામાં આવેલાં તેની વિગત નીચે મુજબ છેઃ–

અ. નં.	બનાવની તારીખ	ખટલો ચલાવ્યા તારીખ	શિક્ષાની વિગત	બનાવની ટુંકી વિગત
–	–	–	–	–

આરોપી નં.૩૭ કયામુદ્દિન સરકુદ્દિન કાપડીયાનાઓને સાબરમતિ સેન્ટ્રલ જેલ અમદાવાદ ખાતે રાખવામાં આવેલ છે અને તેઓની સામે જેલની અંદર તેમની વર્તણૂક સંબંધે જેલ ઓથોરીટી દ્વારા જે શિક્ષાત્મક પગલાં લેવામાં આવેલાં તેની વિગત નીચે મુજબ છેઃ–

અ. નં.	બનાવની તારીખ	ખટલો ચલાવ્યા તારીખ	શિક્ષાની વિગત	બનાવની ટુંકી વિગત
૧	૩૧/૦૮/૧૪	૦૬/૦૯/૧૪	એક માસની મુલાકાત બંધ	૨૦૦ ખોલી યાર્ડ નં.૨માં ડ્યુટી જેલરશ્રી તથા ફરજ પરના કર્મચારીઓએ અચાનક રાઉન્ડ લઇ જુદી–જુદી ખોલીઓમાં તપાસ કરતા ખોલી નં.૩૬માં બંધી થતા કસુરદાર નં.૧ કયામુદ્દિન કાપડીયા તથા ખોલી નં.૩૦ માં બંધી થતા કસુરદાર નં.૨ સાજીદ મન્સુરી એમ બંને જણા ખોલી નં.૩૬માં હાજર મળી આવેલ અને કસુરદાર નં.૧ ખોલીના બાથરૂમમાં

				પ્લાસ્ટિકના ડબ્બા અને સ્ટીલના ગ્લાસના ટેકા મુકી સરકારી થાળીમાં આશરે ૫૦૦ ગ્રામ જેટલા સીંગદાણા જુના પેપરો સળગાવી અગ્નિ પ્રગટાવી ખોલીમાં લટકાવેલ પડદાઓને સરસામાનમાં પણ અગ્નિની જવાળાઓ લાગે તેવું ભયજનક કૃત્ય કરી જેલની શિસ્ત સલામતી જોખમાય તેવું બેદરકારીભર્યું કૃત્ય કરેલ.

આરોપી નં.૩૮ મહમદસેફ ઉર્ફે રાહુલ સાદાબઅહેમદ શેખનાઓને સાબરમતિ સેન્ટ્રલ જેલ અમદાવાદ ખાતે રાખવામાં આવેલ છે અને તેઓની સામે જેલની અંદર તેમની વર્તણૂક સંબંધે જેલ ઓથોરીટી દ્વારા જે શિક્ષાત્મક પગલાં લેવામાં આવેલાં તેની વિગત નીચે મુજબ છેઃ–

અ. નં.	બનાવની તારીખ	ખટલો ચલાવ્યા તારીખ	શિક્ષાની વિગત	બનાવની ટુંકી વિગત
–	–	–	–	–

આરોપી નં.૩૯ જીશાન અહેમદ ઉર્ફે જીશાન ઈસાન અહેમદ શેખનાઓને સાબરમતિ સેન્ટ્રલ જેલ અમદાવાદ ખાતે રાખવામાં આવેલ છે અને તેઓની સામે જેલની અંદર તેમની વર્તણૂક સંબંધે જેલ ઓથોરીટી દ્વારા જે શિક્ષાત્મક પગલાં લેવામાં આવેલાં તેની વિગત નીચે મુજબ છેઃ–

અ. નં.	બનાવની તારીખ	ખટલો ચલાવ્યા તારીખ	શિક્ષાની વિગત	બનાવની ટુંકી વિગત
૧	૧૯/૦૨/૧૦	૦૬/૦૩/૧૦	તાકિદ	સિનિયર જેલશ્રી વ્યાસ સાહેબે તથા અમોએ સ્ટાફ સાથે જડતી તપાસ કરતા કરાવતા મજકુરના કબજામાંથી સેંન્સર કર્યા વગરના જુદા–જુદા ધાર્મિક પુસ્તકો મળી આવેલ.

આરોપી નં.૪૦ જીયાઉર રહેમાન ઉર્ફે જીયા અબ્દુલ રહેમાન તેલીનાઓને સાબરમતિ સેન્ટ્રલ જેલ અમદાવાદ ખાતે રાખવામાં આવેલ છે અને તેઓની

સામે જેલની અંદર તેમની વર્તણૂક સંબંધે જેલ ઓથોરીટી દ્વારા જે શિક્ષાત્મક પગલાં લેવામાં આવેલાં તેની વિગત નીચે મુજબ છેઃ–

અ. નં.	બનાવની તારીખ	ખટલો ચલાવ્યા તારીખ	શિક્ષાની વિગત	બનાવની ટુંકી વિગત
૧	૨૯/૧૧/૧૧	૧૨/૦૪/૧૨	૧૫ દિવસ માટે મુલાકાત બંધ	બિમાર કેદીઓની સારવાર માટે દવાખાના O.P.D. આવેલ ત્યારે મજકુર કસુરદારે ફરજ પરના ડોકટરશ્રીના સાથે ડાયેટ લખવા બાબતે મોટા અવાજે બોલાચાલી કરી કોર્ટમાં ફરિયાદ કરવાની ધમકી આપી ડોકટરશ્રીની ચાલી રહેલ સરકારી કામગીરીમાં દખલ ઉભી કરી અસભ્ય વર્તન કરેલ.
૨	૩૧/૦૫/૧૧	૦૭/૦૭/૧૧	એક માસની કેન્ટીન બંધ	વિડીયો કોર્ટમાં મજકુર કસુરદાર તથા આ કાચા કામના સાહેદો મુદ્દતે આવેલા તે દરમ્યાન મજકુર કસુરદારે અગાઉના પૈસાની લેવડ–દેવડ બાબતે અરજદાર સાથે બોલાચાલી કરી જગડો કરેલ અને જગડા દરમ્યાન ઝપાઝપી કરી અરજદારને બે લાફા મારી નાક ઉપર ઈજા કરેલ.

આરોપી નં.૪૨ મહમદશકિલ યામીનખાન લુહારનાઓને સાબરમતિ સેન્ટ્રલ જેલ અમદાવાદ ખાતે રાખવામાં આવેલ છે અને તેઓની સામે જેલની અંદર તેમની વર્તણૂક સંબંધે જેલ ઓથોરીટી દ્વારા જે શિક્ષાત્મક પગલાં લેવામાં આવેલાં તેની વિગત નીચે મુજબ છેઃ–

અ. નં.	બનાવની તારીખ	ખટલો ચલાવ્યા તારીખ	શિક્ષાની વિગત	બનાવની ટુંકી વિગત
–	–	–	–	–

આરોપી નં.૪૩ અનીક ઉર્ફે ખાલીદ શફિક સૈયદનાઓને સાબરમતિ સેન્ટ્રલ જેલ અમદાવાદ ખાતે રાખવામાં આવેલ છે અને તેઓની સામે જેલની અંદર તેમની

વર્તણૂક સંબંધે જેલ ઓથોરીટી દ્વારા જે શિક્ષાત્મક પગલાં લેવામાં આવેલાં તેની વિગત નીચે મુજબ છેઃ–				
અ. નં.	**બનાવની તારીખ**	**ખટલો ચલાવ્યા તારીખ**	**શિક્ષાની વિગત**	**બનાવની ટુંકી વિગત**
–	–	–	–	–

આરોપી નં.૪૪ મોહમદ અકબર ઈસ્માઈલ ચૌધરીનાઓને સાબરમતિ સેન્ટ્રલ જેલ અમદાવાદ ખાતે રાખવામાં આવેલ છે અને તેઓની સામે જેલની અંદર તેમની વર્તણૂક સંબંધે જેલ ઓથોરીટી દ્વારા જે શિક્ષાત્મક પગલાં લેવામાં આવેલાં તેની વિગત નીચે મુજબ છેઃ–				
અ. નં.	**બનાવની તારીખ**	**ખટલો ચલાવ્યા તારીખ**	**શિક્ષાની વિગત**	**બનાવની ટુંકી વિગત**
–	–	–	–	–

આરોપી નં.૪૫ ફઝલે રહેમાન ઉર્ફે રફિક મુસદ્દિકખાન દુરાનીનાઓને સાબરમતિ સેન્ટ્રલ જેલ અમદાવાદ ખાતે રાખવામાં આવેલ છે અને તેઓની સામે જેલની અંદર તેમની વર્તણૂક સંબંધે જેલ ઓથોરીટી દ્વારા જે શિક્ષાત્મક પગલાં લેવામાં આવેલાં તેની વિગત નીચે મુજબ છેઃ–				
અ. નં.	**બનાવની તારીખ**	**ખટલો ચલાવ્યા તારીખ**	**શિક્ષાની વિગત**	**બનાવની ટુંકી વિગત**
૧	૧૫/૧૨/૦૯	૧૬/૦૧/૧૦	એક સપ્તાહ કેન્ટીન બંધ	સિનિયર જેલરશ્રી વ્યાસ સાહેબે સ્ટાફ સાથે જડતી કરતા– કરાવતા મજકુર કસુરદારની બંધી થતી હોય તેઓની ખોલીમાંથી સ્ટીલનો કટોરો નંગ–૧ કાળો થયેલ તથા શેકેલી ડુંગળી આશરે ૫૦ ગ્રામ અનઅધિકૃત રીતે રાખેલ.
૨	૨૨/૦૭/૧૦	૨૮/૦૮/૧૦	તાકિદ	કેન્ટીનમાંથી દૂધ આવતા કસુરદારે પોતાના સહતહોમતદારની મુલાકાત કરવાના હેતુથી જાળીમાંથી દુધ લેવાની ના પાડી દરવાજો ખોલી

				દુધ લેવાનો આગ્રહ રાખી ફરજ પરના કર્મચારી સાથે રકજક કરી બોલાચાલી કરેલ અને હડતાલ કરીશું તેવી ધમકીઓ આપી જેલમાં એકસંપ થઇ જેલ ગુનો કરવા માટે એકબીજાને પ્રોત્સાહન આપેલ જે સંબંધે સુબેદારપેટી બોલાવી નિવેદન આપવા કહેલ તેથી તેનો ઇન્કાર કરેલ.
૩	૦૫/૦૪/૧૯	૦૮/૦૪/૧૯	૧. ત્રણ માસ માટેની મુલાકાત સુવિધા બંધ, ૨. એક માસ માટેની મુલાકાત સુવિધા બંધ	૨૦૦ ખોલી યાર્ડ સાથે વિડીયો કોર્ટ મુદ્દત દરમ્યાન વીશીની ચા આવેલ તે સમયે કસુરદારો કોઇ કારણોસર એકબીજા સાથે બોલાચાલી કરી ઝગડો કરેલ અને ઝગડા દરમ્યાન કસુરદાર નં.૧ શકીલ માલીએ કસુરદાર નં.૨ ફઝલ દુરાનીએ મોઢાના ભાગે ફેંટો વડે મારામારી ઇઝા કરી બિનજરૂરી ભયનું વાતાવરણ ઉભુ કરેલ.

આરોપી નં.૪૬ મોહમદનૌશાદ મોહમદ ઈર્શાદ સૈયદનાઓને સાબરમતિ સેન્ટ્રલ જેલ અમદાવાદ ખાતે રાખવામાં આવેલ છે અને તેઓની સામે જેલની અંદર તેમની વર્તણૂક સંબંધે જેલ ઓથોરીટી દ્વારા જે શિક્ષાત્મક પગલાં લેવામાં આવેલાં તેની વિગત નીચે મુજબ છેઃ–

અ. નં.	બનાવની તારીખ	ખટલો ચલાવ્યા તારીખ	શિક્ષાની વિગત	બનાવની ટુંકી વિગત
૧	૧૯/૦૧/૧૦	૨૩/૦૧/૧૦	તાકિદ	મજકુર કસુરદારની અંગ જડતી કરતા તેની પાસેથી પોસ્ટ કાર્ડ નંગ–૨ તથા નંગ–૪ અંતરદેશીય કાગળો લખેલા મળી આવેલા હતાં. જે કાગળો કસુરદારની પાસે હોઇ તેઓએ પોસ્ટના ડબ્બામાં નાખવાના બદલે પોતાની સાથે કોર્ટ મુદ્દતે

				જતા હોય ત્યાં પોતાના વકિલ મારફતે મોકલાવવા લઇ જતા પકડાઇ ગયેલ.

આરોપી નં.૪૭ અહેમદબાવા અબુબકર બરેલવીનાઓને સાબરમતિ સેન્ટ્રલ જેલ અમદાવાદ ખાતે રાખવામાં આવેલ છે અને તેઓની સામે જેલની અંદર તેમની વર્તણૂક સંબંધે જેલ ઓથોરીટી દ્વારા જે શિક્ષાત્મક પગલાં લેવામાં આવેલાં તેની વિગત નીચે મુજબ છેઃ–

અ. નં.	**બનાવની તારીખ**	**ખટલો ચલાવ્યા તારીખ**	**શિક્ષાની વિગત**	**બનાવની ટુંકી વિગત**
૧	૧૫/૧૨/૦૯	૧૬/૦૧/૦૯	એક સપ્તાહ કેન્ટીન બંધ	મજકુર કસુરદાર જે ખોલીમાં બંધી થતા હોય તેઓની ખોલીમાંથી અન–અધિકૃત રીતે ભોજન બનાવવા માટેની સ્ટીલની કાળી થયેલ થાળી મળી આવેલ જે જેલ નિયમનો ભંગ કરેલો.
૨	૧૯/૦૧/૧૦	૨૩/૦૧/૧૦	તાકિદ	મજકુર કસુરદારની અંગ જડતી કરતા તેની પાસેથી પોસ્ટ કાર્ડ નંગ–૨ તથા નંગ–૪ અંતરદેશીય કાગળો લખેલા મળી આવેલા હતાં. જે કાગળો કસુરદારની પાસે હોઇ તેઓએ પોસ્ટના ડબ્બામાં નાખવાના બદલે પોતાની સાથે કોર્ટ મુદ્દતે જતા હોય ત્યાં પોતાના વકિલ મારફતે મોકલાવવા લઇ જતા પકડાઇ ગયેલ.
૩	૨૨/૦૭/૧૦	૨૮/૦૮/૧૦	તાકિદ	કેન્ટીનમાંથી દૂધ આવતા કસુરદારે પોતાના સહતહોમતદારની મુલાકાત કરવાના હેતુથી જાળીમાંથી દુધ લેવાની ના પાડી દરવાજો ખોલી દુધ લેવાનો આગ્રહ રાખી ફરજ પરના કર્મચારી સાથે રકજક કરી બોલાચાલી કરેલ અને હડતાલ

				કરીશું તેવી ધમકીઓ આપી જેલમાં એકસંપ થઇ જેલ ગુનો કરવા માટે એકબીજાને પ્રોત્સાહન આપેલ જે સંબંધે સુબેદારપેટી બોલાવી નિવેદન આપવા કહેલ તેથી તેનો ઇન્કાર કરેલ.

આરોપી નં.૪૯ સરકુદ્દિન ઉર્ફે સરકુ ઇ.ટી.સૈનુદ્દિન ઉર્ફે અબ્દુલસતાર ઉર્ફે અબ્દુલ સલીમનાઓને સાબરમતિ સેન્ટ્રલ જેલ અમદાવાદ ખાતે રાખવામાં આવેલ છે અને તેઓની સામે જેલની અંદર તેમની વર્તણૂક સંબંધે જેલ ઓથોરીટી દ્વારા જે શિક્ષાત્મક પગલાં લેવામાં આવેલાં તેની વિગત નીચે મુજબ છેઃ–

અ. નં.	બનાવની તારીખ	ખટલો ચલાવ્યા તારીખ	શિક્ષાની વિગત	બનાવની ટુંકી વિગત
૧	૧૯/૦૧/૧૦	૨૩/૦૧/૧૦	તાકિદ	મજકુર કસુરદારની અંગ જડતી કરતા તેની પાસેથી પોસ્ટ કાર્ડ નંગ–૨ તથા નંગ–૪ અંતરદેશીય કાગળો લખેલા મળી આવેલા હતાં. જે કાગળો કસુરદારની પાસે હોઇ તેઓએ પોસ્ટના ડબ્બામાં નાખવાના બદલે પોતાની સાથે કોર્ટ મુદ્દતે જતા હોય ત્યાં પોતાના વકીલ મારફતે મોકલાવવા લઇ જતા પકડાઇ ગયેલ.

આરોપી નં.૫૦ સૈકુર રહેમાન ઉર્ફે સૈકુ ઉર્ફે સૈફ અબ્દુલરહેમાનનાઓને સાબરમતિ સેન્ટ્રલ જેલ અમદાવાદ ખાતે રાખવામાં આવેલ છે અને તેઓની સામે જેલની અંદર તેમની વર્તણૂક સંબંધે જેલ ઓથોરીટી દ્વારા જે શિક્ષાત્મક પગલાં લેવામાં આવેલાં તેની વિગત નીચે મુજબ છેઃ–

અ. નં.	બનાવની તારીખ	ખટલો ચલાવ્યા તારીખ	શિક્ષાની વિગત	બનાવની ટુંકી વિગત
૧	૧૪/૦૯/૧૭	૨૧/૧૧/૧૭	તાકિદ	૨૦૦ ખોલી યાર્ડ નં.૩, ખોલી નં.૪માં બંધી થતા કાચાઆરોપી કસુરદાર નં.૩ અફઝલ

				ઉસ્માનીએ રાત્રીના કલાક ૨૧:૦૦ વાગે ફરજ પરના નાઈટ અમલદાર અધીક્ષકશ્રીને સંબંધિત એક લેખિત અરજી આપી રજૂઆત કરેલ કે યાર્ડ નં.૩ની ખોલી નં.૨૬માં બંધી થતા કાચા આરોપી કસુરદાર સૈકુર રહેમાનએ બંધીસમયે તેને સિપાઇએ બંધી કરી દિધેલ તે પછી તેની ખોલી પાસે આવી જોઇ લેવાની ધમકી આપેલ જે બાબતે યોગ્ય કાર્યવાહી કરવા જણાવેલ હોય મજકુર કસુરદારે બિનજરૂરી ભયનું વાતાવરણ ઉભુ કરેલ.

આરોપી નં.૫૯ મોહમદ અંસાર ઉર્ફે સીદીક ઉર્ફે નદવી અબ્દુલ રઝાકનાઓને સાબરમતિ સેન્ટ્રલ જેલ અમદાવાદ ખાતે રાખવામાં આવેલ છે અને તેઓની સામે જેલની અંદર તેમની વર્તણૂક સંબંધે જેલ ઓથોરીટી દ્વારા જે શિક્ષાત્મક પગલાં લેવામાં આવેલાં તેની વિગત નીચે મુજબ છેઃ–

અ. નં.	બનાવની તારીખ	ખટલો ચલાવ્યા તારીખ	શિક્ષાની વિગત	બનાવની ટુંકી વિગત
૧	૧૨/૧૦/૧૦	૨૪/૧૦/૧૦	તાકિદ	મજકુર કસુરદારની ખોલીમાંથી બંધી તથા હોય અને તેમાંથી લોખંડની પટ્ટી નંગ–૦૧ જેલ પ્રતિબંધિત હોવા છતાં ગેરકાયદેસર રાખેલ.
૨	૩૦/૦૧/૧૭	૨૧/૧૧/૧૭	તાકિદ	સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસના કાચા આરોપીઓને વિડીયો કોર્ટ અર્થે હાજર રાખવામાં આવેલ તે દરમ્યાન કલાક ૧૨:૪૦ વાગ્યાની આસપાસ કસુરદાર નં.૧ મહમદસમી બાગેવાડી, નં.૨ મહમદહબીબ શેખ તથા નં.૩ મહમદ અન્સાર અબ્દુલ રજાકનાઓ K.V.K. સેન્ટરના

				સિલાઇ મશીનમાં કંઇક શોધખોળ કરી ખાનાઓમાં તપાસ કરી રહેલ આ દરમ્યાન કસુરદાર નં.નાએ સિલાઇ મશીનમાંથી કોઇક વસ્તુ લઇ લીધેલ અને બાદમાં પોતાના થેલામાંથી કોઇક વસ્તુ કોર્ટરૂમની બારીમાં સંતાડી રહેલની શંકાસ્પદ વર્તણૂક C.C.T.V. કેમેરાના ફુટેજમાં જણાઇ આવતા જેના આધારે CCTV કેમેરા ફરજ પરના ઓપરેટર કસુરદાર નં.૧ની સુચના મુજબ કસુરદાર નં.૨એ સીટીંગ કોર્ટરૂમની બારીમાં તપાસ કરતા બારીમાંથી સિલાઇ મશીનના ઉપયોગમાં લેવાતો સળીયો ગ્રીન્હેન્ડલનો મળી આવેલ જે બાબતે CCTV ઓપરેટરએ સીનીયર જેલરશ્રી તથા ડયૂટીજેલરશ્રીને રીપોર્ટ આપતા સીનીયર જેલરશ્રીની સુચના મુજબ અધીક્ષકશ્રીના સ્પેશીયલ જડતી સ્કવોર્ડ દરજી વિભાગ પાસે કસુરદારો પોતાની વિડીયો કોર્ટ મુદ્ધત પૂર્ણ કરી યાર્ડમાં પરત જતા સમયે જડતી કરતા કસુરદાર નં.૧ પાસેથી (થેલામાંથી) લોખંડનો તાર વાળેલી હાલતમાં ડબલ્સમાં લાઇનમાં આશરે પાંચ ઇંચ લંબાઇવાળો મળી આવેલ.
૩	૧૪/૦૫/૧૮	૧૫/૦૫/૧૮	એક માસ માટે કેદમાં વિશેષા–ધિકારો	નામ.કોર્ટની કાર્યવાહી દરમ્યાન વિડીયો કોન્ફરન્સ કોર્ટમાં રજુ કરતી વખતે ચપ્પલ પહેરીને ન જવા માટે જણાવેલું તેમછતાં અન્ય તહોમતદારો સાથે મળીને જેલ સ્ટાફ સાથે અભદ્ર વર્તન

			બંધ	કરેલ અને જેલમાં ભય તેમજ દબાવ બનાવવાની કોશિશ કરેલી.
૪	૨૧/૧૧/૧૮	૨૨/૧૧/૧૮	એક માસ માટે કેદમાં વિશેષા–ધિકારો બંધ	તા.૨૧/૧૧/૧૮ના રોજ આરોપીની બેરેકમાં જડતી દરમ્યાન પવિત્ર કુરાનની જગ્યા બદલવા બદલ ફરજ પરના જેલ સ્ટાફ સાથે અભદ્ર વર્તન કરેલ તેમજ આંખો કાઢી જોઇ લેવાની ધમકી આપેલી.

આરોપી નં.૬૦ સાદુલી ઉર્ફે હારીઝ અબ્દુલકરીમ મુસ્લિમનાઓને સાબરમતિ સેન્ટ્રલ જેલ અમદાવાદ ખાતે રાખવામાં આવેલ છે અને તેઓની સામે જેલની અંદર તેમની વર્તણૂક સંબંધે જેલ ઓથોરીટી દ્વારા જે શિક્ષાત્મક પગલાં લેવામાં આવેલાં તેની વિગત નીચે મુજબ છેઃ–

અ. નં.	બનાવની તારીખ	ખટલો ચલાવ્યા તારીખ	શિક્ષાની વિગત	બનાવની ટુંકી વિગત
૧	૧૨/૧૦/૧૦	૨૪/૧૦/૧૦	તાકિદ	મજકુર કસુરદારની ખોલીમાંથી બંધી તથા હોય અને તેમાંથી લોખંડની પટ્ટી નંગ–૦૧ જેલ પ્રતિબંધિત હોવા છતાં ગેરકાયદેસર રાખેલ.
૨	૧૪/૦૫/૧૮	૧૫/૦૫/૧૮	એક માસ માટે કેદમાં વિશેષા–ધિકારો બંધ	નામ.કોર્ટની કાર્યવાહી દરમ્યાન વિડીયો કોન્ફરન્સ કોર્ટમાં રજૂ કરતી વખતે ચપ્પલ પહેરીને ન જવા માટે જણાવેલું તેમછતાં અન્ય તહોમતદારો સાથે મળીને જેલ સ્ટાફ સાથે અભદ્ર વર્તન કરેલ અને જેલમાં ભય તેમજ દબાવ બનાવવાની કોશિશ કરેલી.
૩	૧૫/૦૩/૧૯	૧૫/૦૩/૧૯	એક માસ માટે કેદમાં વિશેષા–	આરોપીને તા.૧૫/૦૩/૧૯ના રોજ નામ.કોર્ટની કાર્યવાહી પૂર્ણ થયા બાદ જેલરશ્રી આરોપીને બેરેકમાં લઇ જતા ત્યારે આરોપી બેરેકમાં અન્ય તહોમતદારો સાથે

			ધિકારો બંધ	વાતો કરવા લાગ્યા અને ફરી વિડીયો કોન્ફરન્સ રૂમ તરફ જવા લાગ્યા જેથી આરોપીને બેરેકમાં જવાનું કહેતા આરોપી ગુસ્સે ભરાયા હતા અને જેલરશ્રી પર હુમલો કરી દિધેલો અને જેલરશ્રીની વર્દીના બટન તોડી નાંખેલા અને બનીયાન પણ ફાડી નાંખેલ અને પુરા પરીવારને જોઇ લેવાની ધમકી આપેલી.

આરોપી નં.૬૩ મોહમદ તન્વીર મોહમદ અખતર પઠાણનાઓને સાબરમતિ સેન્ટ્રલ જેલ અમદાવાદ ખાતે રાખવામાં આવેલ છે અને તેઓની સામે જેલની અંદર તેમની વર્તણૂક સંબંધે જેલ ઓથોરીટી દ્વારા જે શિક્ષાત્મક પગલાં લેવામાં આવેલાં તેની વિગત નીચે મુજબ છેઃ–

અ. નં.	બનાવની તારીખ	ખટલો ચલાવ્યા તારીખ	શિક્ષાની વિગત	બનાવની ટુંકી વિગત
૧	૨૩/૦૧/૧૧	૨૧/૦૨/૧૧	૧૫ દિવસ કેન્ટીન બંધ	૧૫ઃ૩૫ના સુમારે છોટા ચકકર યાર્ડ નં.૫માં મજકુર કસુરદારો અલગ–અલગ યાર્ડની બેરેકમાં આવેલ ખોલીઓમાં બંધી થતા હોય અને કસુરદાર નં.૧ ઝહિર પટેલનાએ કસુરદાર નં.૨ મહમદ તન્વીરને પોતાની યાર્ડની દિવાલ ઉપરથી કેન્ટીન કુપનો રૂા.૨૫૦/–ની લેવડ દેવડ કરતા હોય અને અત્રેના CCTV કેમેરામાં ઝડપાઇ જતા પકડાઇ ગયેલ.
૨	૦૮/૦૫/૧૨	૨૧/૦૬/૧૨	૧૫ દિવસ મુલાકાત બંધ	સવારના ૧૧ઃ૩૦ કલાકે છોટા ચકકર યાર્ડ નં.૪ આફટરમાંથી મજકુર કસુરદાર ફરજ પરના કોઇપણ કર્મચારીને પુછયા વગર પોતાના મનસ્વીપણે અન્ય યાર્ડમાં ગયેલ બાદમાં ફરજ

				પરના કર્મચારી જોઇ જતા રંગેહાથ પકડાઇ ગયેલ.
૩	૩૦/૦૬/૧૪	૧૩/૦૮/૧૪	એક માસની મુલાકાત બંધ	જેલ બંધી સમયે ૨૦૦ ખોલી યાર્ડ નં.૪માં પવિત્ર રમજાન માસના રોજાનું કુટ વગેરેની વહેંચણી ચાલી રહેલ તે દરમ્યાન વહેંચણી કરવા બાબતે કસુરદારોએ એકબીજા સાથે બોલાચાલી તથાઝગડો કરી ઉશ્કેરાઇ જઇ મોટેથી બોલાચાલી કરી મારામારી કરેલ અને જેલની શિસ્ત સલામતી જોખમાય તેવું અશિસ્તભર્યું વર્તન કરેલ.

આરોપી નં.૬૬ મહમદસફિક અબ્દુલબારી અંસારીનાઓને સાબરમતિ સેન્ટ્રલ જેલ અમદાવાદ ખાતે રાખવામાં આવેલ છે અને તેઓની સામે જેલની અંદર તેમની વર્તણૂક સંબંધે જેલ ઓથોરીટી દ્વારા જે શિક્ષાત્મક પગલાં લેવામાં આવેલાં તેની વિગત નીચે મુજબ છેઃ–

અ. નં.	બનાવની તારીખ	ખટલો ચલાવ્યા તારીખ	શિક્ષાની વિગત	બનાવની ટુંકી વિગત
–	–	–	–	–

આરોપી નં.૬૯ અમીન ઉર્ફે રાજા ઐયુબ નઝીર શેખનાઓને સાબરમતિ સેન્ટ્રલ જેલ અમદાવાદ ખાતે રાખવામાં આવેલ છે અને તેઓની સામે જેલની અંદર તેમની વર્તણૂક સંબંધે જેલ ઓથોરીટી દ્વારા જે શિક્ષાત્મક પગલાં લેવામાં આવેલાં તેની વિગત નીચે મુજબ છેઃ–

અ. નં.	બનાવની તારીખ	ખટલો ચલાવ્યા તારીખ	શિક્ષાની વિગત	બનાવની ટુંકી વિગત
–	–	–	–	–

આરોપી નં.૭૦ મહમદ મોબીન અબ્દુલ સકુરખાનનાઓને સાબરમતિ સેન્ટ્રલ જેલ અમદાવાદ ખાતે રાખવામાં આવેલ છે અને તેઓની સામે જેલની અંદર

તેમની વર્તણૂક સંબંધે જેલ ઓથોરીટી દ્વારા જે શિક્ષાત્મક પગલાં લેવામાં આવેલાં તેની વિગત નીચે મુજબ છેઃ–

અ. નં.	બનાવની તારીખ	ખટલો ચલાવ્યા તારીખ	શિક્ષાની વિગત	બનાવની ટુંકી વિગત
૧	૨૬/૦૨/૧૮	૨૭/૦૩/૧૮	એક માસ માટેની કેન્ટીન સુવિધા બંધ	૨૦૦ ખોલી યાર્ડ બપોરના બંધી સમયે વડીકચેરીના સ્પે.જડતી સ્કવોર્ડ દ્વારા યાર્ડ નં.૧, ખોલી નં.૩૧માં બંધી થતા કાચા આરોપી કસુરદારના સરસામાનમાં જડતી તપાસ કરતા સામાનમાં સંતાડી રાખેલ બે ઇંચ લંબાઇનું સફેદ કલરનું ધારદાર પતરૂ તથા ફ્રેમ વગરનો નાનો કાચનો અરીસાનો ટુકડો મળી આવેલ.

આરોપી નં.૭૪ મહમદઅબરાર બાબુખાન મણીયારનાઓને સાબરમતિ સેન્ટ્રલ જેલ અમદાવાદ ખાતે રાખવામાં આવેલ છે અને તેઓની સામે જેલની અંદર તેમની વર્તણૂક સંબંધે જેલ ઓથોરીટી દ્વારા જે શિક્ષાત્મક પગલાં લેવામાં આવેલાં તેની વિગત નીચે મુજબ છેઃ–

અ. નં.	બનાવની તારીખ	ખટલો ચલાવ્યા તારીખ	શિક્ષાની વિગત	બનાવની ટુંકી વિગત
–	–	–	–	–

આરોપી નં.૭૫ મોહમદરફિક ઉર્ફે જાવેદ ઉર્ફે આલમજેબ આફ્રિદી સ/ઓ મસકુર અહેમદનાઓને સાબરમતિ સેન્ટ્રલ જેલ અમદાવાદ ખાતે રાખવામાં આવેલ છે અને તેઓની સામે જેલની અંદર તેમની વર્તણૂક સંબંધે જેલ ઓથોરીટી દ્વારા જે શિક્ષાત્મક પગલાં લેવામાં આવેલાં તેની વિગત નીચે મુજબ છેઃ–

અ. નં.	બનાવની તારીખ	ખટલો ચલાવ્યા તારીખ	શિક્ષાની વિગત	બનાવની ટુંકી વિગત
–	–	–	–	–

આરોપી નં.૭૮ તૌસિફ સગીરઅહેમદખાન પઠાણનાઓને સાબરમતિ સેન્ટ્રલ જેલ

અમદાવાદ ખાતે રાખવામાં આવેલ છે અને તેઓની સામે જેલની અંદર તેમની વર્તણૂક સંબંધે જેલ ઓથોરીટી દ્વારા જે શિક્ષાત્મક પગલાં લેવામાં આવેલાં તેની વિગત નીચે મુજબ છેઃ–				
અ. નં.	**બનાવની તારીખ**	**ખટલો ચલાવ્યા તારીખ**	**શિક્ષાની વિગત**	**બનાવની ટુંકી વિગત**
–	–	–	–	–

આરોપીઓ તથા તેમના વકીલશ્રીઓએ સજા બાબતે રજૂઆત કરેલ છે કે જેલોમાં આરોપીઓ વિરૂધ્ધ ગેરવર્તન અંગે ખટલા ચલાવવામાં આવેલા તેનું જે પત્રક ફરીયાદ પક્ષ દ્વારા જે રજૂ થયું છે તે પત્રકમાં બતાવેલા ખટલાની કાર્યવાહી એક તરફી થયેલી છે. પરંતુ તેઓ કઇ રીતે કહી શકે કે ખટલાની કાર્યવાહી એક તરફી છે. જેલોમાં કોઇ કેદી જો ગેરવર્તન કરે તો જેલ મેન્યુઅલ પ્રમાણે જેલ સુપ્રિન્ટેન્ડેન્ટ ખટલો ચલાવીને ઉચિત લાગે તે શિક્ષા કરતા હોય છે. જેલ સુપ્રિન્ટેન્ડેન્ટ જેવા અધિકારી ખટલો ચલાવે ત્યારે તે એકતરફી કાર્યવાહી ચલાવે છે તેમ કેહવાય નહિ વધુમાં આરોપીઓ તરફથી એવી પણ રજૂઆતો છે કે આરોપીઓના ગુનાહિત વર્તન બાબતે આ ખટલા ધ્યાને લેવા જોઇએ નહી. ફરિયાદપક્ષ તરફથી ખટલાનું જે પત્રક રજૂ થયેલું છે તે રેકર્ડ ઉપર છે અને તે ઉપરથી જેલોમાં આરોપીઓનું વર્તન કેવું હતું તે સ્પષ્ટ જણાઇ આવે છે આ ઉપરાંત આ ચુકાદામાં અગાઉ ચર્ચા કરી તેમ આ અદાલતે પણ છેલ્લા પાંચ વર્ષની ઇન્સાફી કાર્યવાહી દરમ્યાન આરોપીઓના ગેરવર્તન રોજે રોજ જોયેલા છે. અગાઉ ચર્ચા કરી તેમ આરોપી નં.૧ થી ૧૬, ૧૮, ૨૭, ૨૮, ૩૧, ૩૨, ૩૬, ૩૭, ૩૮, ૪૫, ૬૦, ૬૩, ૬૯, ૭૦, ૭૫, ૭૮ નાઓ આંતકવાદી સંગઠન તરીકે ભારત સરકાર દ્વારા પ્રતિબંધિત સંગઠન તરીકે જાહેર થયેલ સીમી સંગઠનના સક્રિય કાર્યકરો છે અને ભારતમાં "ઇન્ડિયન મુજાહિદ્દીન"ના નામે ગેરકાયદેસર અને આતંકવાદી પ્રવૃતિઓ કરે છે અને કરતા આવેલા છે અને કરે છે. જેથી તેઓના મગજમાં આ કાવતરૂ કરવાનો વિચાર આવેલો છે .આ આરોપીઓ મુખ્ય કાવતરાખોર છે. આરોપી નં.૩૯, ૪૦, ૪૨, ૪૪, ૪૭, ૪૯,

૫૦ નાઓએ ઉપરોકત સીમીના સક્રિય કાર્યકરોને આ કાવતરામાં ખૂબ જ મોટી મદદ કરેલી છે. ફરિયાદપક્ષ તરફથી એવી રજૂઆત છે કે આ આરોપીઓને જુદા–જુદા કાયદાઓમાં જણાવ્યા મુજબની મહત્તમ સજા થવી જોઈએ અને તેઓની આ દલીલ સાથે હું સંમત છું. ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ ની કલમ–૩૦૨ તથા અનલોફુલ એકટીવીટીઝ (પ્રિવેન્શન) એકટ– ૧૯૬૭ ની કલમ–૧૦ તથા ૧૬(એ) મા મહત્તમ સજા દેહાંત દંડની છે. જેથી આ આરોપીઓ મુખ્ય કાવતરાખોર હોય તથા કાવતરામાં સામેલ રહી મદદ કરનાર હોઇ તેઓને મૃત્યુ દંડની સજા કરવી યોગ્ય ગણાશે. ફરિયાદપક્ષ તરફથી પણ ખાસ સરકારી વકીલશ્રીઓ એચ.એમ.ધ્રુવ, મિતેશ અમીન, સુધીર બ્રહ્મભટ્ટ તથા અમિત પટેલ દ્વારા પણ તકસીરવાન ઠરાવેલ તમામ આરોપીઓને દેહાંત દંડની સજા ફરમાવવા રજૂઆત કરેલ છે. જ્યારે આરોપીઓ તથા તેમના વકિલશ્રીઓએ આરોપીઓને ઓછામાં ઓછી સજા તથા ઓછામાં ઓછો દંડ કરવા માટે રજૂઆતો કરેલી છે આ ઉપરાંત એવી પણ રજૂઆતો કરવામાં આવેલી છે કે કાચા કામના આરોપીઓએ ભોગવેલી સજા મજરે આપવી જોઇએ. આરોપીઓ ભણેલા છે યુવાન છે. જેથી તેઓને સુધરવાની તક મળે તે હેતુથી ભોગવેલી સજા મજરે આપી છોડી મુકવા જોઇએ પરંતુ અગાઉ ચર્ચા કરી તેમ આરોપીઓના કૃત્યથી ઘણા નિર્દોષ વ્યક્તિઓ પશુ–પંખીઓ મરણ પામેલા છે. ઘણા વ્યક્તિઓને ગંભીર ઇજાઓ થયેલી છે. સરકારી તથા ખાનગી મિલકતોને કરોડો રૂપિયાનું નુકશાન થયેલું છે. તે પણ ધ્યાને રાખવું જોઇએ તેમ હું માનું છું. અમદાવાદ, સુરત સહીત સમગ્ર ગુજરાત અને ભારતના લોકોમાં આ બનાવોથી ખૂબ જ ભય અને ડરનો માહોલ ઉભો થયેલો હતો. આ આરોપીઓએ સમાજમાં રહેલી શાંતિને અશાંતિમાં પરીવર્તિત કરેલી છે. જેથી તેઓને સમાજમાં રાખવા યોગ્ય નથી. એટલુ જ નહીં આરોપીઓ રાષ્ટ્રમાં રહી રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિઓ કરતા આવેલા છે અને કરે છે. આ આરોપીઓને દેશની અને ગુજરાત રાજયની બંધારણીય પધ્ધતિથી ચુંટાયેલી સરકાર પ્રત્યે માન–સન્માન નથી જે ઇન્સાફી કાર્યવાહી દરમ્યાન આ અદાલતે જોયેલુ છે. આ ઉપરાંત એક બે આરોપીએ સજા બાબતે રજૂઆત કરતા તેમ

જણાવેલુ છે કે અમે ભારત સરકારને, સરકારના કાયદાને કે અદાલતોને માનતા નથી અમે ફક્ત અલ્લાહમાં માનીએ છીએ. વિશ્વમાં અલ્લાહ સિવાય કોઇ રહેશે નહિ. અલ્લાહ સાચો ન્યાય કરશે. ભારતમાં એવી કોઇ જેલ નથી કે અમોને કાયમના માટે જેલમાં રાખી શકે. આવા પ્રકારની રજૂઆતો કરેલી છે. માટે રાષ્ટ્રએ કે સરકારે તેઓને જેલમાં રાખીને નિભાવવાની જરૂર પણ નથી. તેમ છતાં જો આરોપીઓને સમાજમાં રાખવામાં આવે તો માનવભક્ષી દિપડા સમાજમાં છુટા મુકવા સમાન ગણાશે અને આવા માનવભક્ષી દિપડા જેવા વ્યકિતઓ સમાજના લોકોને કે જેમાં બાળકો, યુવાન, વૃધ્ધ સ્ત્રી–પુરૂષ તેમજ નાત–જાત, જ્ઞાતિ કે સમાજને જોયા વિના સમાજમાં નિર્દોષ માણસોનું ભક્ષણ કરે. સમાજમાં અશાંતિ, ડર અને ભયનો માહોલ ઉભો કરતા રહે માટે આવા વ્યકિતઓનો પડછાયો પણ સમાજમાં રાખવો અતિ જોખમી ગણાય જેથી આ મુખ્ય કાવતરૂ કરનાર તથા કાવતરામાં સામેલ થઇ મુખ્ય કાવતરૂ કરનારાઓને મદદ કરનાર આરોપીઓને દેહાંત દંડની સજા થવી જ જોઈએ તેમ મારૂ સ્પષ્ટ મંતવ્ય છે. મૃત્યુ દંડની સજા **રેરેસ્ટ ઓફ ધ રેર** કેસમાં **(દુર્લભમા દુર્લભ કેસમાં)** જ થવી જોઈએ તેમ નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા ઘણા બધા ચુકાદામાં જણાવવામાં આવેલુ છે. "રેરેસ્ટ ઓફ ધ રેર" કેસની કાયદામાં કયાંય કોઈ વ્યાખ્યા આપવામાં આવી નથી. ફોજદારી કેસોમાં યોગ્ય સજા નકકી કરવા માટે ગુનાની પ્રકૃતિ અને ગુરૂત્વાકર્ષણ ધ્યાનમાં લઈ સજા કરવામાં આવે છે. જો અદાલત યોગ્ય સજા ના ફરમાવે તો ગુનામાં ભોગ બનનાર વ્યકિત જ નહીં પરંતુ સમગ્ર વિશાળ સમાજ પ્રત્યે અદાલતે પોતાની ફરજ નિભાવી નથી તેમ કહેવાય. ગંભીર પ્રકારના કે અતિ ગંભીર પ્રકારના ગુનાઓમાં અથવા વિશાળ સમાજ વિરૂધ્ધના ગંભીર પ્રકારના ગુનાઓમાં ગુનો કરનારાઓને યોગ્ય સજા થાય તેવી અપેક્ષા આશા સાથે સમાજની પ્રત્યેક વ્યકિત રૂદન સાથે અપેક્ષા રાખતી હોય છે અને સમાજની આશા અપેક્ષાઓ કાયદાની મર્યાદામાં રહી અદાલતે પુરી કરવી જોઈએ તેમ હું માનુ છું. આ સબંધમાં રજૂ થયેલા તથા આ અદાલતના ધ્યાનમાં છે તેવા કેટલાક ચુકાદા ધ્યાને લીધા છે.

અ.નં.	ચુકાદો	ચુકાદામાં નિર્ણીત થયેલ મુદ્દાઓ પૈકી

		રેરેસ્ટ ઓફ ધ રેર કેસ બાબતે નિર્ણીત થયેલ મુદ્દો
૧	બચ્ચન સીંઘ વિરૂધ્ધ સ્ટેટ ઓફ પંજાબ, એ.આઈ.આર. ૧૯૮૦ સુપ્રિમ કોર્ટ પાન નં.૮૯૮	પેરા–૨૦૦ મુજબ ગુનાની ગંભીરતામાં વધારો કરતા સંજોગો તથા ગુનાની ગંભીરતામાં ઘટાડો કરતા સંજોગો અદાલતે ધ્યાનમાં લેવા જોઈએ. જેવા કે (૧) આરોપીની ઉંમર (૨) આરોપી ભવિષ્યમાં ગુનો કરશે કે કેમ? તેની સંભવિતતા. (૩) આરોપીની સુધરવાની તક અને પુનઃસ્થાપનની સંભવિતતા. (૪) હકીકત અને સંજોગો ઉપરથી આરોપીએ ગુનો કર્યો છે તેવો સંતોષ થાય (૫) આરોપીએ કોઈ વ્યકિતની ધાક–ધમકી કે દબાણથી ગુનો કર્યો છે કે કેમ? (૬)આરોપી સાબીત કરે કે તેની માનસીક હાલત ઠીક ન હતી અને તેને તેવી હાલતમાં ગુનો કરેલો છે અગાઉ ચર્ચા કરી તેમ આરોપીઓએ જે ગુનાઓ કરેલા છે તે ગુનાઓ ધાક–ધમકી કે દબાણ હેઠળ કરેલા નથી. મનની સંપુર્ણ સભાન અવસ્થામાં કરેલા છે. લાંબા સમયના આયોજનો કરીને ખૂબ જ ચર્ચા વિચારણ કરીને વ્યવસ્થિત રીતે કાવતરૂ કરીને ગુનાઓ કરેલા છે. આરોપીઓ આવા

		પ્રકારના ગુનાઓ કરવા ટેવાયેલા હોય તેઓ સુધરશે તેવી કોઈ શકયતા નથી. જેથી આ કેસમાં ગુનાની ગંભીરતા ઘટાડતા કોઇ જ સંજોગો નથી તેમ હું માનું છું.
૨	ગુડા ઉર્ફે હ્રારી કેન્હ્ર વિરૂધ્ધ મધ્ય પ્રદેશ એ.આઈ.આર.–૨૦૧૪ સુપ્રિમ કોર્ટ પાન નં.૧૦૭૪	પેરા–૨૭ મુજબ સાપરાધ મનુષ્ય વધના કેસમાં આજીવન કેદની સજા આપવી તે નિયમ છે અને દેહાંત દંડની સજા આપવી તે અપવાદ છે. દેહાંત દંડની સજા માટે ઈરાદાપૂર્વક આયોજીત ગુનો, સાવધાની પૂર્વક અને નિર્દય રીતે ગુનો, ભયંકર રીતે અમાનવીય વર્તણૂક પ્રદર્શિત કરે, ગુનો દરેકના અંતર આત્માને સ્પર્શ કરે તેવો હોય, સમાજના નૈતિક મુલ્યને ખલેલ પહોંચાડે તેવો હોય તો તેના નિવારણ માટે દેહાંત દંડની સજા યોગ્ય ઠરાવેલ છે. આ ઉપરાંત નામદાર અદાલતે એમ પણ ઠરાવેલુ છે કે "રેરેસ્ટ ઓફ ધ રેર" કેસ દરેક કેસની હકીકત અને સંજોગો ઉપરથી નકકી થાય. આ કેસમાં આ ગુનાઓ ઈરાદાપૂર્વકનું આયોજન કરીને પુરી સાવધાની વર્તીને અમાનવીય રીતે કરેલા છે. આ ગુનાઓથી બંને શહેરોમાં રહેતા નાગરિકોના જ નહીં પરંતુ સમગ્ર દેશના નાગરિકોના આત્માને સ્પર્શે તેવા ગુનાઓ છે અને સમાજના નૈતિક મૂલ્યોને આ ગુનાઓથી ઘણી બધી

		ખલેલ પહોંચેલી છે. જેથી તેના નિવારણ માટે આરોપીઓને મૃત્યુદંડની સજા યોગ્ય છે તેમ હું માનું છું.
૩	માચી સીંઘ વિરૂધ્ધ પંજાબ રાજય એ.આઈ.આર.–૧૯૮૩ સુપ્રિમ કોર્ટ પાન નં.૯૫૭	આ ચુકાદાના પેરા–૩૦ માં નામદાર સુપ્રિમ કોર્ટે કુલ–૫ મુદ્દા જણાવેલા છે જેવા કે, **(૧) ગુનો કરવાની રીતઃ–** વ્યકિતને જીવતી બાળી મુકવી, શરીરના ટુકડા કરી નાખવા જેમા નિર્દયતા તથા અમાનવીય તત્વ હોય **(૨) ગુનામાં અસામાજિક તત્વઃ–** હરીજનોના ખુન અથવા દહેજ વગેરે કારણોસર સ્ત્રીને બાળી મુકવી **(૩) ગુનાનો આશયઃ–** ખાસ કરીને ભૌતિક લાભ માટે જ ખુન કરવામાં આવેલુ હોય તથા અન્ય બીજા આશય કે જે અમાનવીય તથા અત્યંત હીન પ્રકારનો હોય **(૪) ગુનાની વ્યાપકતાઃ–** એક કરતા વધારે વ્યકિતઓના ખુન કરવામાં આવે, કોઈ ચોકકસ વર્ગની નિર્દોષ વ્યકિતની હત્યા કરવામાં આવે વિગેરે **(૫) ભોગ બનનારનો દરજજોઃ–** નિર્દોષ બાળક, અરક્ષિત સ્ત્રી, બળાત્કાર બાદ ખૂન, જાહેર કે મહત્વની રાજકીય વ્યકિત વિગેરે આ કેસમાં સિવિલ હોસ્પિટલના ટ્રોમાં સેન્ટરમાં ઈજા પામનારાઓની સારવાર

		કરનાર ડૉક્ટર પ્રેરક શાહ તથા તેઓની પત્ની ડૉક્ટર કિંજલ શાહ પોતાની જાહેર ફરજ બજાવતા–બજાવતા મરણ પામેલા છે.ડૉક્ટર કિંજલ શાહ ગર્ભવતી પણ હતા.
૪	રામેશ્રયા ચક્રવર્તી વિરૂધ્ધ સ્ટેટ ઓફ એમ.પી એ.આઈ.આર.–૧૯૭૬ સુપ્રિમ કોર્ટ પાન નં.૩૯૨	પેરા–૬ મુજબ નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે પુરતી સજા માટે ગુનાની પ્રકૃતિ, ગુનો કેવા સંજોગોમાં બન્યો તે સંજોગો, આરોપીની ઉંમર તથા ચરિત્ર, વ્યકિતગત અથવા સમાજને થયેલી ઈજાઓ, આરોપીઓને સજા કરવાથી થતી અસર, આરોપીઓને સુધરવાની આશા વિગેરે પાસાઓ ધ્યાને રાખીને પુરતી સજા કરવી જોઈએ તેમ ઠરાવેલ છે.
૫	નંદેલા વેંકટ ક્રિષ્ણારાવ વિરૂધ્ધ સ્ટેટ ઓફ આંધ્રપ્રદેશ એ.આઈ.આર.–૧૯૭૮ સુપ્રિમ કોર્ટ પાન નં.૪૮૦	પેરા–૨, ૩ મુજબ **"યોગ્ય સજા કરવી"** તે અંતે તો સમાજને ગુના સામે રક્ષણ આપવુ તે છે. સાથે સાથે સજા કરતી વખતે આરોપીના પુનર્વસન અને નિવારણની જરૂરિયાત પણ અદાલતે ધ્યાને રાખવી જોઈએ તેમ આ ચુકાદામાં ઠરાવેલુ છે. આ કેસમાં અગાઉ ચર્ચા કર્યા મુજબ આ આરોપીઓ સુધરશે કે તેઓનું પુનર્વસન થશે તેવી કોઇ શક્યતા દુર–દુર સુધી પણ નથી. માટે આવા આરોપીઓથી સમાજને રક્ષણ આપવાની અદાલતની પણ ફરજ છે તેમ હું માનું છું.
૬	મુકેશ એન્ડ અધર્સ	**પેરા નં.૪૯૮–** મૃત્યુ દંડની સજા કરતી

	વિરૂધ્ધ સ્ટેટ ઓફ એન.સી.ટી. દિલ્હી એ.આઇ.આર.–૨૦૧૭, સુપ્રિમ કોર્ટ, પાના નં.૨૧૬૧ **(નિર્ભયા કેસ)**	વખતે અદાલતે ગંભીરતામાં વધારો કરતા સંજોગો અને ગંભીરતામાં હળવા કરતા સંજોગો ધ્યાને લેવા માટે અદાલતે સમતોલપણુ રાખવુ જોઇએ. ગુનો અત્યંત ઘાતકી અને ક્રુર હોય જેનાથી સમગ્ર સમાજ આઘાત અનુભવે ત્યારે અદાલતે મૃત્યુદંડની સજા કરવી જોઇએ. જો તેમ કરવામાં ન આવે તો અદાલતે સમાજ પ્રત્યે અન્યાય કર્યો છે તેમ કહેવાય. વધુમાં ઠરાવવામાં આવેલું છે કે, અદાલતે ગુનેગારના હકકોની સાથે સાથે સમાજના હકકોને પણ ધ્યાને રાખવાના છે. ભોગ બનનારને ન્યાય આપવાની અદાલતની સર્વોપરી ફરજ છે. **પેરા નં.૫૦૪–** શિક્ષાની નીતિના સિધ્ધાંતોમાં બનાવની ગંભીરતાને વધારતા સંજોગો તેમજ ગુનાની ગંભીરતાને હળવા કરતા સંજોગો વિચારણામાં લેવા જોઇએ. આરોપીને યોગ્ય સજા થાય તે માટે સમાજ રૂદન કરે છે. આરોપી યુવાન છે, ગરીબ છે તે કારણો બનાવને હળવા કરતા સંજોગો વાળા કારણો કહેવાય નહિ. આ ઉપરાંત, ગુનો કર્યા પછી પસ્તાવો થવો, આરોપીની જેલમાં સારૂ વર્તણૂક હતી, આરોપીની ઉંમર, આરોપીના ગુનાહિત ઇતિહાસની ગેરહાજરી તે પણ બનાવને હળવા કરતા સંજોગો નથી. આ સંજોગો કે કારણો "રેરેસ્ટ

		ઓફ ધ રેર" માંથી આરોપીને બહાર કાઢતા સંજોગો નથી. **પેરા નં.૫૦૫–** આરોપી કઠોર ગુનેગાર ન હોય તેવુ બની શકે પરંતુ ગુનો ક્રુરતાથી કરેલો હતો માટે અદાલતે કેસને રેરેસ્ટ ઓફ ધ રેરની કેટેગરીમાં આવે છે તેમ માનેલુ છે. **પેરા નં.૫૦૬–** આપણે સિવીલ સોસાયટીમાં રહીએ છીએ જેમાં લૉ એન્ડ ઑર્ડર સર્વોપરી છે જેથી નાગરિક રદ્ધ ના થઇ શકે તેવા માનવ અધિકારોને સ્વતંત્ર રીતે, નિર્ભય રીતે માની શકે. આ કેસમાં આરોપીઓ તરફથી આરોપીઓએ તથા તેમના વકિલશ્રીઓએ સજા બાબતે રજૂઆતો કરેલી છે કે આરોપીઓ યુવાન છે.બધા આરોપીઓની આર્થિક પરિસ્થિતિ ખરાબ છે . ગરીબ કુટુંબમાંથી આવે છે. ઘણા આરોપીઓની એવી રજૂઆત છે કે જેલમાં તેઓની વર્તણૂક સારી હતી. ઘણા આરોપીઓની એવી રજૂઆત છે કે તેમની ઉપર કોઇ અન્ય કેસો નથી. પરંતુ ફરીયાદ પક્ષ તરફથી આરોપીઓ ઉપર નોંધાયેલા અન્ય કેસો તથા જેલમાં થયેલ ખટલાઓની વિગતો દર્શાવતું પત્રક રજૂ કરેલું છે તે ધ્યાને લેતા આરોપીઓએ બીજા ઘણા કેસો જુદા–જુદા રાજ્યોની જુદી–જુદી કોર્ટોમાં પેન્ડીંગ છે.

		અને જેલોમાં ગેરવર્તણૂકના કારણે ખટલાઓ થયેલા છે. માટે આરોપીઓનો ઇતિહાસ ગુનાહિત છે તથા જેલમાં વર્તણુક સારી રહેલી નથી. એક તબક્કે માની લઇએ કે આરોપીઓ ઉપર કોઇ અન્ય કેસો થયેલા નથી કે પેન્ડીંગ નથી તેમજ જેલોમાં ગેરવર્તણૂકના કોઇ ખટલાઓ થયેલા નથી તો પણ નામદાર સુપ્રિમકોર્ટના આ ચુકાદા મુજબ આરોપી યુવાન હોય, ગરીબ હોય, ગુનો કર્યા પછી પછતાવો થયો હોય, જેલમાં તેઓની વર્તણૂક સારી હોય, આરોપીઓની ઉંમર નાની હોય, ગુનાહિત ઇતિહાસની ગેરહાજરી હોય તો પણ આ કારણો ગુનાની ગંભીરતા હળવા કરતા કારણો નથી.
૭	પપ્પુ વિ.સ્ટેટ ઓફ ઉત્તર પ્રદેશ, ક્રિમિનલ અપીલ નં.૧૦૯૭/૧૦૯૮–૨૦૧૮ તા.૦૯/૦૨/૨૦૨૨	પેરા–૪૦ મુજબ ઇન્સાફી કાર્યવાહી કરનાર અદાલતે આરોપીને સજા કરતી વખતે આરોપીના હક્કો જ ધ્યાને લેવાના નથી પરંતુ સાથે સાથે ભોગ બનનાર અને સમાજના હક્કો પણ ધ્યાને લેવાના છે. પેરા–૪૩.૧ આ કેસની હકીકત મુજબ સાત વર્ષની છોકરી ઉપર બળાત્કાર કરી તેનુ ખૂન કરવામાં આવેલું તે ચોક્કસ પણે ધૃણાસ્પદ ગુનો છે. અને તે ગુનાની ગંભીરતા વધારતા સંજોગો કહેવાય. આ ગુનો નિતિ ભ્રષ્ટ અને નૈતિક રીતે આઘાત

		પમાડે તેવો હતો. આરોપીનો કોઇ ગુનાહિત ઇતિહાસ ન હતો. તેની સામાજીક પ્રતિષ્ઠા ગરીબ તરીકે ની હતી. તેના કુટુંબમાં પત્નિ, બાળકો તથા ઉંમર લાયક પિતા હતા. આરોપીનું જેલમાં વર્તન દોષ વિનાનું હતું. આરોપી ગુનાહિત માનસિકતા વાળો ન હતો. આ બધા પરિબળો ધ્યાને લેતા આરોપીને સુધરવાની અને પુનઃવશનની શક્યતા જણાતી હતી. જેથી નામદાર સુપ્રિમ કોર્ટે આ કોસની "રેરેસ્ટ ઓફ ધ રેર" ગણવો અસલામત માનેલો હતો. જ્યારે આ કેસમાં આરોપીઓ ઉપર જે ગુનો છે તે સમગ્ર સમાજ સમગ્ર રાષ્ટ્ર વિરૂધ્ધનો છે. બનાવમાં ઘણા લોકો મૃત્યુ પામેલા છે ઘણા લોકોને ગંભીર ઇજાઓ પહોંચેલી છે. બનાવોમાં પશુ–પંખીઓ મૃત્યુ પામેલા છે. સરકારી તેમજ ખાનગી મિલકતોમાં, વાહનોનું ઘણું મોટુ નુકશાન થયેલું છે. આ બનાવોથી સમાજ અને સરકાર ખૂબજ પ્રભાવિત થયેલી. આરોપીઓની આર્થિક સ્થિતિ ખરાબ છે. તેવી તેમની રજૂઆત છે પરંતુ તે અંગે કોઇ દસ્તાવેજો રજુ કરેલા નથી. આરોપીઓને માતા–પિતા વૃધ્ધ છે તેવી પણ રજૂઆત છે પરંતુ એક બે આરોપી સિવાય તે અંગેના કોઇ પુરાવા રજુ કરેલા નથી. આરોપીઓએ

		રજૂ કરેલ બીમારીના કાગળો જોતા કોઇ આરોપીઓને કે તેમના પરીવારના સભ્યોને છેલ્લી કક્ષાની ગંભીર બિમારી હોય તેવું નથી. આગળ ઉપર ચર્ચા કરી તેમ આરોપીઓ વિરૂધ્ધ જુદા–જુદા રાજ્યોની જુદી–જુદી અદાલતોમાં બે થી લઇને ચૌદ જેટલા કેસો થયેલા છે. આરોપીઓનું જેલમાંનું વર્તન પણ આ અદાલતે રોજે રોજ જોયેલું છે. સજા અંગેની રજૂઆતો વખતે પણ તેમની વાણી તથા વર્તન જોયેલું છે. જેથી હું ચોક્કસપણે જણાવું છે આ આરોપીઓના સુધરવાની કે પુનર્વસનની કોઇ જ શક્યતા નથી.
૮	રાજેન્દ્ર પ્રહલાદ રાવ વાસનિક વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર (૨૦૧૯)૧૨ સુપ્રિમ કોર્ટ કેસીસ પાના નં.૪૬૦	સાંયોગિક પુરાવા ઉપર મૃત્યુ દંડની સજા થઇ શકે નહિ તેવો કોઇ નિયમ નથી તેમ આ ચુકાદામાં ઠરાવવામાં આવેલું છે.
૯	પુરૂષોત્તમ દશરથ બોરાટે વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર (૨૦૧૫) ૬ સુપ્રિમ કોર્ટ કેસીસ પાના નં.૬૫૨	આ ચુકાદા મુજબ આરોપી ઉપર ઘાતકી ગુનો હોય અને તેવો ગુનો ખૂબ જ ઠંડા હૃદયે ગણતરીપૂર્વક અને આયોજનપૂર્વક કરેલો હોય ત્યારે આરોપીની ઉંમર, કુટુંબની પરિસ્થિતિ સારી ના હોય તથા ગુનાહિત ઇતિહાસ ન હોય તો તેને ગુનાની ગંભીરતા હળવા કરતા સંજોગો કહેવાય નહિ. તેમ આ

		ચુકાદામાં ઠરાવેલ છે.

"રેરેસ્ટ ઓફ ધ રેર" કેસમાં આરોપીઓને દેહાંત દંડની સજા ફરમાવતા પહેલા ગુનાઓની ગંભીરતા વધારતા સંજોગો અને ગુનાઓની ગંભીરતા ઘટાડતા સંજોગો પણ ધ્યાને લેવા પડે. **<u>બચ્ચન સીંઘના</u>** <u>કેસમાં પેરા–૨૦૦</u> મુજબ...

(૧) ગુનાની ગંભીરતા વધારતા સંજોગોઃ–

- અગાઉથી આયોજન કરીને ઘાતકી રીતે ખૂન કર્યું હોય અથવા ગુનો કર્યો હોય.
- ખુનમાં અપવાદ સિવાય હલકાઈ કે નીચતાનો સમાવેશ થતો હોય.
- યુનિયન સંઘના શસ્ત્રદળના કોઈ પણ સભ્યની હત્યા, પોલીસ દળ અથવા જાહેર સેવક કાયદેસરની ફરજ ઉપર હોય તે વખતે હત્યા.
- ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩, ૩૭, ૨૯ ની ફરજ કાયદેસર રીતે હોય તે દરમ્યાન વ્યકિતની હત્યા.
- આ ઉપરાંત બચ્ચન સીંઘના કેસના પેરા–૨૦૪ મુજબ

(૨) ગુનાની ગંભીરતામાં ઘટાડો કરતા સંજોગોઃ–

- સંજોગો કે જેના કારણે ગુનો કર્યો હોય.
- ગુનેગારની ઉંમર
- ગુનો કરવા માટેનું આવર્તન
- આરોપીની સુધરવાની કે પુનવર્સનની શકયતા
- કેસના તથ્યો અને સંજોગોમાં આવી ગુનો કરવા નૈતિક રીતે ન્યાયી હોય
- દાબ–દબાણ, ધાક–ધમકી કે લાલચમાં આવીને ગુનો કરેલો હોય
- માનસીક અવસ્થા.

આ ઉપરાંત, <u>મુકેશ એન્ડ અધર્સ **(નિર્ભયા કેસ)**</u><u>ના પેરા નં.૪૮૩ મુજબ...</u>

(૧) ગુનાની ગંભીરતા વધારતા સંજોગોઃ–

- આરોપી ખૂન, બળાત્કાર, હથિયાર સાથે લૂંટ વિગેરે જેવા ઘાતકી ગુનામાં સંડોવાયેલો હોય અને તે મુજબ અગાઉનો ગુનાહિત ઈતિહાસ હોય, અગાઉ કોઇ ગુનામાં સજા થઇ હોય.
- ગુનો કર્યો હોય ત્યારે તે વખતે બીજા ગુનામાં સામેલ કે રોકાયેલો હોય.
- જાહેર જનતામાં માનસિક તનાવ પેદા કરવા જાહેર જગ્યા ઉપર હથિયાર સાથે ગુનો કર્યો હોય કે જેથી એક અથવા વધારે વ્યકિતઓના જીવને જોખમમાં મૂકેલ હોય.
- જયારે કોઇ નાણાંકીય લાભ મેળવવા કે ખંડણી મેળવવા ગુનો કર્યો હોય.
- આરોપી ભાડૂતી હત્યા કરનારો હોય.
- ભોગ બનનારને અમાનવીય વેદના કે ત્રાસ આપવા હિંસક રીતે ગુનામાં સામેલ થયેલ હોય.
- કાયદેસરની કસ્ટડીમાં હોય તેવા સમયે ગુનો કર્યો હોય.
- જયારે કોઇ વ્યકિત કાયદા મુજબ પોતાની ફરજ બજાવતી હોય, કોઇ ખાસ વર્ગના સમગ્ર કુટુંબની હત્યાનો પ્રયાસ કર્યો હોય , ભોગ બનનાર તદ્દન નિઃસહાય અથવા નિર્દોષ હોય, વિશ્વાસના સંબંધે કોઇ બાળક, સ્ત્રી, દીકરી, ભાણી વિગેરે તેના પિતા કે કાકા સાથે રહેતી હોય અને જેની ઉપર વિશ્વાસ રાખેલો હોય અને તેના દ્વારા ગુનો કરવામાં આવ્યો હોય.
- તદ્દન જઘન્ય રીતે ખૂનનો ગુનો કર્યો હોય.
- ઉશ્કેરણી કર્યા વિના ઠંડા કલેજે ખૂન કર્યું હોય.
- ન્યાયિક સભાનતા ને જ નહી પરંતુ સમગ્ર સમાજને શોક કે આઘાતમાં નાખે તે પ્રમાણે ક્રુરતાથી ગુનો કરેલો હોય.

(૨) ગુનાની ગંભીરતામાં ઘટાડો કરતા સંજોગોઃ–

- ગુનો કરવાની રીત અને સંજોગો એવા હોય જેવા કે, માનસિક અસંતુલનના કારણે, આકસ્મિક ઉશ્કેરણીના કારણે ગુનો કર્યો હોય.
- આરોપીની ઉંમર મહત્વનું પાસુ હોય.

- આરોપી ફરી ગુનો કરશે નહિ અને સુધરી જશે તેવી શકયતા અને તક હોય.
- આરોપીની સ્થિતિ જોતા તે માનસિક રીતે અસ્વસ્થ હોય તેવી અવસ્થા કે ગુનાહિત વર્તણૂક સમજવાની તેની ક્ષમતા નબળી પડતી હોય.
- સંજોગો કે જીવનના સામાન્ય માર્ગમાં આવી વર્તણૂકને શંકા બનાવે છે અને તે આવેલ પરિસ્થિતિમાં માનસિક અસંતુલનને જન્મ આપવાની અસર કરી શકે છે જેમ કે, સતત સતામણી અથવા હકીકતમાં માનવીના આવા શિખર તરફ દોરી જતી હોય છે. વર્તન કે કેસની હકીકતો અને સંજોગોમાં આરોપી માનતો હોય કે તે ગુનો કરવા માટે નૈતિક રીતે ન્યાયી છે.
- જયાં પુરાવાના મૂલ્યાંકનની યોગ્ય પ્રશંશા ઉપર અદાલતનો મત હોય કે ગુનો પૂર્વ નિર્ધારિત રીતે આચરવામાં આવેલો ન હતો અને મૃત્યુ અન્ય ગુનાના આચરણથી પરીણમ્યુ હતું અને તેના પરિણામ તરીકે પ્રાથમિક ગુના તરીકે ગણવામાં આવે તેવી શકયતા રહેલી હોય.
- જયાં નજરે જોનાર સાહેદની જુબાની ઉપર માત્ર આધાર રાખવો અસુરક્ષિત હોય.

નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા **બચ્ચનસિંઘ** તેમજ **નિર્ભયાના** કેસમાં મૃત્યુ દંડ માટે બનાવની ગંભીરતા વધારતા સંજોગો અને બનાવની ગંભીરતા ઘટાડતા સંજોગો જણાવેલા છે તે સંજોગોની તેમજ મુદ્દાઓની ઉપરોકત વિગતે ચર્ચા કરેલી છે જેથી તેનુ પુનરાવર્તન કરવુ જરૂરી નથી. ફરીયાદ પક્ષ તરફથી બનાવની ગંભીરતા વધારતા સંજોગો બાબતે રજૂઆતો કરવામાં આવેલી છે તથા રજૂઆતના સમર્થનમાં કેટલાક ચુકાદા પણ રજુ કરેલા છે. જ્યારે આરોપીઓ તરફથી બનાવની ગંભીરતા ઘટાડતા સંજોગો બાબતે રજૂઆતો કરવામાં આવેલી છે તથા રજૂઆતના સમર્થનમાં કેટલાક ચુકાદા પણ રજૂ કરેલા છે. પરંતુ આ કેસમાં મુખ્ય કાવતરૂ કરનાર તથા આતંકવાદી સંગઠન સીમીના સક્રિય કાર્યકરો છે અને ઇન્ડિયન મુજાહિદ્દિનના નામના આતંકવાદી સંગઠન બનાવી ભારતના જુદા–જુદા શહેરોમાં આંતકવાદી પ્રવૃત્તિઓ તેમજ બોમ્બ બ્લાસ્ટ કરતા આવેલા

છે. આ બોમ્બ બ્લાસ્ટ આરોપી નં.૩૯, ૪૦, ૪૨, ૪૪, ૪૭, ૪૯ અને ૫૦ નાઓના સંપૂર્ણ સહકારથી કરતા આવેલા છે જેથી આ મદદ કરનાર આરોપીઓ ઉપરાંત મુખ્ય કાવતરૂ કરનાર આરોપીઓ નં.૧ થી ૧૬, ૧૮, ૨૭, ૨૮, ૩૧, ૩૨, ૩૬, ૩૭, ૩૮, ૪૫, ૬૦, ૬૩, ૬૯, ૭૦, ૭૫, ૭૮ નાઓ સામેના તમામ પુરાવા તથા ચર્ચા લક્ષમાં લેતા ગુનાઓની ગંભીરતામાં ઘટાડો કરતા સંજોગો નહીવત છે પરંતુ ગુનાની ગંભીરતા વધારતા સંજોગો વધુ પ્રમાણમાં છે તેમ હું માનુ છું. આ આરોપીઓને કયા કાયદાની કઇ કલમો હેઠળ શા માટે દોષિત માનવામાં આવ્યા છે?, કાવતરામાં તેઓ સામેલ હતા તે શા માટે માનવામાં આવ્યુ છે?, કયા સાંયોગિક પુરાવા અને કયા સંજોગો ધ્યાને લીધા છે તે અંગેની વિતગવાર ચર્ચાઓ આ ચુકાદાની ઇન્ડેક્ષમાં જણાવ્યા મુજબના જુદા–જુદા મુદ્દાઓમાં કરેલી છે. હવે દેહાંત દંડના સબંધમાં આ અદાલતના ધ્યાનમાં છે તેવા બીજા પણ કેટલાક ચુકાદા ધ્યાને લીધેલા છે.

અ.નં.	**ચુકાદો**	**ચુકાદામાં નિર્ણીત થયેલ મુદ્દાઓ પૈકી દેહાંત દંડ બાબતે નિર્ણીત થયેલ મુદ્દો**
૧	મોદી રામ વિરૂધ્ધ સ્ટેટ ઓફ એમ.પી એ.આઈ.આર.–૧૯૭૨ સુપ્રિમ કોર્ટ પાન નં.૨૪૩૮	**"સજા નકકી "** આ વાકયનો અર્થ હંમેશા મુશ્કેલ અને જટીલ છે. દોષિત સાબિત થયેલા આરોપીઓ સખત અથવા વ્યાવસાયિક ગુનેગારો હોઈ શકે છે જે લાંબા સમયથી ગુનાની જિંદગીમાં આવ્યા હોય છે અથવા તાજેતરમાં જ ગુનામાં લાગી ગયેલા હોય છે. “ખરાબ કંપનીના પ્રભાવ હેઠળ" ગુનો કર્યો હોઈ શકે છે. સામાન્ય રીતે ભવિષ્યની અનિવાર્યતાનો સામનો કરવા તૈયાર રહેવા માટે વલણ પણ ધરાવે છે. અદાલતો દ્વારા ગુનેગારની સજાના વ્યાપક ઉદ્દેશ્યને

		ધ્યાનમાં રાખીને તમામ પ્રગતિશીલ અને સંસ્કારી સમાજોમાં ન્યાયના સાચા આદેશો એવી માંગણી કરે છે કે દોષિતને યોગ્ય અને ન્યાયી સજા નકકી કરવા માટે ઉપસ્થિત તમામ સબંધીત સંજોગો ધ્યાનમાં લેવા જોઈએ. તેમ આ ચુકાદામાં ઠરાવેલ છે.
૨	યુ.આઈ.ઓ. વિરૂધ્ધ કુલદીપ સીંઘ (૨૦૦૪)૨ સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં.૫૯૦	કોઈ પણ ગુનાની સમાજ ઉપર થતી અસર અદાલતે અવગણવી જોઈએ નહીં, લઘુત્તમ સજા કરવા માટેનો ઉદાર અભિગમ ફકત સમય પસાર થવાથી અથવા વ્યકિતની અસુવિધાના કારણે લેવાય નહિ કારણ કે તેવા ઉદાર અભિગમની સમાજમાં પ્રતિકુળ અસર થશે તેમ આ ચુકાદામાં ઠરાવેલ છે.
૩	સ્ટેટ ઓફ યુ.પી. વિરૂધ્ધ કિશન ૨૦૦૪ સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ) પાન નં.૨૦૧૩	અપુરતી સજા કરવા માટેની અયોગ્ય દયા ન્યાય કરવાની પધ્ધતિને વધારે નુકસાન કરે તેનાથી સમાજના આત્મવિશ્વાસને પ્રતિકૂળ અસર થાય માટે ગુનાની પ્રકૃતિ, ગુનો કરવાની રીત અને ગુનો કેવી રીતે કર્યો છે વિગેરે બાબતો ધ્યાને લઈ યોગ્ય સજા કરવાની અદાલતની ફરજ છે. તેમ આ ચુકાદામાં ઠરાવેલ છે.
૪	રાજેન્દ્ર પ્રસાદ વિરૂધ્ધ ઉત્તર પ્રદેશ રાજય એ.આઈ.આર.–૧૯૮૦ સુપ્રિમ કોર્ટ	દેહાંત દંડની સજા ભારતીય બંધારણના અનુચ્છેદ–૧૪ અથવા ૧૯ અથવા ૨૧ નો ધ્વંશ કરતી નથી. આ સજા યોગ્ય કાનૂની પ્રક્રિયા દ્વારા કરવામાં આવે છે તથા આ સજા જાહેર હિત માટે કરવી આવશ્યક

	પાન નં.૯૧૬	માનવામાં આવી છે અને તેથી આ સજા કરવામાં આવે છે તેમ નામદાર સુપ્રિમ કોર્ટે આ ચુકાદામાં ઠરાવેલુ છે. વધુમાં એમ પણ ઠરાવેલ છે કે સમાજ તથા રાજયનુ અસ્તિત્વ ટકાવી રાખવા માટે આરોપીને દેહાંત દંડની સજા કરવા સિવાય અદાલત પાસે અન્ય કોઈ વિકલ્પ રહેતો ન હોય ત્યારે આ સજા અદાલતે કરવી જોઈએ. આ બનાવો સમગ્ર સમાજ માટે તેમજ ભારત અને રાજય સરકારને પડકારરૂપ બનાવો છે. આરોપીઓએ આવા પ્રકારના અનેક ગુનાઓ કરેલા છે જેથી સમાજનું અને જાહેર હિતનું અસ્તિત્વ ટકાવવા અને સમગ્ર સમાજમાં શાંતિ જળવાય તે માટે આ આરોપીઓને દેહાંત દંડની સજા કરવી યોગ્ય છે. આ કેસમાં કુલ–૭૮ આરોપીઓ છે જે ભારત દેશના જુદા–જુદા નવ રાજયોના રહેવાસીઓ છે. જુદા–જુદા રાજયોમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં સંડોવાયેલા છે જે તે રાજયોની અદાલતોમાં તેઓની ઉપર આવા પ્રકારના કેસો પેન્ડીંગ છે તેમજ ઘણી અદાલતોમાં કેસો પુરા થયેલા છે અને ચુકાદા આવી ગયેલા છે તે પૈકી કેટલાક કેસોમાં આરોપીઓને તકસીરવાન ઠરાવી સજાઓ થયેલી છે અને

		કેટલાક આરોપીઓને છોડી મુકવામાં આવેલા છે. સને–૨૦૦૮ની સાલમાં અમદાવાદ તથા સુરતમાં બનેલા બનાવો બાદ કુલ–૭૮ આરોપીઓને અટક કરવામાં આવેલા છે. તમામ આરોપીઓ જયુડિશીયલ કસ્ટડીમાં છે. જુદા–જુદા શહેરોની જેલોમાં રાખવામાં આવેલા છે અને સને–૨૦૦૮ પછી ભારત દેશના કોઇપણ શહેરમાં આવા મોટાપાયે બોમ્બ બ્લાસ્ટના બનવા પામેલા નથી જે પણ એક નોંધનીય બાબત છે. માટે સમાજનું અને સરકારનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે આરોપીઓને યોગ્ય સજા થવી જોઈએ તેમ હું માનુ છું.
૫	દિના વિરૂધ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા એ.આઈ.આર.–૧૯૮૩ સુપ્રિમ કોર્ટ પાન નં.૧૬૦૨	આ સંહિતાની કલમ–૩૫૪(૫) મુજબ દોરડાથી ગળામાં ફાંસો આપીને સજાનો અમલ કરવામાં આવે છે. આ પ્રથા તથા સજા કરવાની પધ્ધતિ અમાનુષી નથી તથા માનવીય મુલ્યોને ખતમ કરનારી પણ નથી તથા તે કારણે સમાનતાનો મુળભુત અધિકાર કે વ્યકિતના સ્વાતંત્ર્યના મુળભુત બંધારણીય અધિકારીનો ભંગ થતો નથી તેમ આ ચુકાદામાં ઠરાવેલુ છે.
૬	સુંદર વિરૂધ્ધ સ્ટેટ, એ.આઈ.આર.–૨૦૧૩	મૃત્યુ દંડ માટે દરેક કેસમાં એકસમાન સિધ્ધાંત લાગુ થઈ શકે નહીં. આ બાબત હંમેશના માટે ચોકકસ કેસની ચોકકસ હકીકત અને સંજોગોને આધીન હોય છે તેમ

	સુપ્રિમ કોર્ટ પાન નં.૭૭૭	આ ચુકાદામાં ઠરાવેલ છે.
૭	શંકર વિરૂધ્ધ સ્ટેટ ઓફ તામીલનાડુ ૧૯૯૪ ક્રિ.લો.જ. પાન નં.૩૦૭૧ સુપ્રિમ કોર્ટ	ગુનાને ઘરમુળથી નાબુદ કરવો શકય ના હોય તેથી કાયદાથી અધિકૃત કરેલી હોવા છતાં દેહાંત દંડની શિક્ષા ન કરવી જોઈએ એવુ કહી શકાય નહીં. તેમ આ ચુકાદામાં ઠરાવેલ છે.
૮	રામદેવ ચૌહાણ વિરૂધ્ધ સ્ટેટ ઓફ આસામ એ.આઈ.આર.–૨૦૦૦ સુપ્રિમ કોર્ટ પાન નં.૨૬૭૯	આરોપીની યુવાન વય તે ગુનાની ગંભીરતા ઘટાડવાનું કારણ નથી. નામદાર સુપ્રિમ કોર્ટ સમક્ષના કેસમાં આરોપીએ એક કુટુંબના ચાર સભ્યોની ક્રુર રીતે હત્યા કરેલી. આરોપીએ કબૂલાત નિવેદન પણ આપેલુ તે મુજબ પૂર્વયોજના પ્રમાણે તેને કુટુંબના સભ્યોની હત્યા કરેલી હતી. નામદાર અદાલતે દેહાંત દંડની સજા માન્ય રાખેલી. આ કેસમાં પણ બનાવો ઘણા ક્રુર છે અને ઘણા બધા પૂર્વયોજીત આયોજનથી કરેલા છે.
૯	હરી ઓમ બોરડોલી ઓઈ વિરૂધ્ધ સ્ટેટ ઓફ આસામ એ.આઈ.આર.–૨૦૦૫ સુપ્રિમ કોર્ટ પાન નં.૨૦૫૯	નામદાર સુપ્રિમ કોર્ટ સમક્ષના કેસમાં બે માણસોને મકાનની બહારથી તાળુ મારીને આરોપીએ જીવતા સળગાવેલા, ત્રીજો માણસ ગમે તેમ કરીને ઘરની બહાર નીકળી ગયેલો તો તે માણસને દયાહીન રીતે પકડીને બળતામાં નાખી દીધેલો. આ

		બનાવ દિવસ દરમ્યાન બનેલો, કોઈ ઉશ્કેરાટ ન હતો કે તેઓ આ કૃત્ય કરે. આરોપીના ચહેરા ઉપર પસ્તાવાના કોઈ નિશાન ન હતા. નામદાર સુપ્રિમ કોર્ટે દેહાંત દંડની સજા યોગ્ય ગણાવેલી છે. આ કેસમાં પણ આરોપીઓએ ઉશ્કેરાટમાં આવીને કૃત્યો કરેલા નથી. તેમજ આ કૃત્યો કર્યા પછી તેઓને કોઈ પસ્તાવો પણ નથી.
૧૦	સુરજ રામ વિરૂધ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન એ.આઈ.આર.–૧૯૯૭ સુપ્રિમ કોર્ટ પાન નં.૨૯૧૪	નામદાર સુપ્રિમ કોર્ટ સમક્ષના કેસમાં આરોપીએ તેના સગા ભાઈને તથા બે સગીર વયના પુત્રોને તથા તેના કાકીને તેઓ ઉંઘમાં હતા ત્યારે મારી નાખેલા, તેની ભાભી તથા પુત્રીને મારી નાખવાનો પ્રયત્ન કરેલો. આ ખુન ઠંડા કલેજે, ગણતરીપૂર્વક કરેલુ, કોઈ ઉશ્કેરાટ ન હતો. નામદાર અદાલતે દેહાંત દંડની સજા માન્ય રાખેલી.
૧૧	દિલીપ પ્રેમ નારાયણ તિવારી વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર એ.આઈ.આર.–૨૦૧૦ સુપ્રિમ કોર્ટ પાન નં.૩૬૧	આરોપીને સજા કરતી વખતે ગુનાનું સ્વરૂપ ધ્યાને લેવાનુ નથી પરંતુ ગુનો કરવા અંગેનુ આરોપીનુ માનસ, પુર્વ ભૂમિકા , ગુનો કરવાના માનસિક સ્થિતિ વિગેરે બાબતો ધ્યાને લેવાની છે. તેમ આ ચુકાદામાં ઠરાવેલ છે.

ઉપરોકત આરોપી નં.૧ થી ૧૬, ૧૮, ૨૭, ૨૮, ૩૧, ૩૨, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૨, ૪૪, ૪૫, ૪૭, ૪૯, ૫૦, ૬૦, ૬૩, ૬૯, ૭૦,

૭૫, ૭૮ નાઓ અંગે રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકન કરતા તેમજ દેહાંત દંડ અંગે નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા આપવામાં આવેલા ઉપરોકત ચુકાદાઓ ધ્યાને લેતા મારા સ્પષ્ટ મંતવ્ય પ્રમાણે આ આરોપીઓ વિરૂધ્ધ બનાવને હળવા કરતા સંજોગો કરતા બનાવની ગંભીરતા વધારતા સંજોગો વધુ છે માટે આ કેસ "રેરેસ્ટ ઓફ ધ રેર" કક્ષામાં આવે છે તેમ હું માનુ છું અને તેથી આ આરોપીઓને દેહાંત દંડની સજા ફરમાવવામાં આવે તો તે વાજબી ગણાશે. આવા આતંકવાદી પ્રવૃતી કરનાર આરોપીઓને મૃત્યુદંડની સજા જ એકમાત્ર અને આખરી વિકલ્પ કહેવાય જેથી દેશની અને દેશના લોકોની સુરક્ષા, શાંન્તી અને સલામતી માટે આવા આરોપીઓને કાયદામાં જણાવ્યા મુજબની મહત્તમ સજા થવી જોઈએ તેમ હું માનું છું.

આ કેસના આરોપી નં.૨૦, ૨૧, ૨૨, ૨૬, ૩૦, ૩૫, ૪૩, ૪૬, ૫૯, ૬૬, ૭૪ નાઓ વિરૂધ્ધ ફરિયાદપક્ષે રજૂ કરેલ પુરાવો ધ્યાને લેતા આ આરોપીઓ મુખ્ય કાવતરૂ કરનાર આરોપીઓ સાથે સહકાવતરૂ કરનારાઓ છે. મુખ્ય કાવતરૂ કરનાર આરોપીઓ દ્વારા આ ગુનામાં જે ભૂમિકા ભજવવામાં આવેલી છે તેના કરતા આ આરોપીઓની ભૂમિકા કંઈક અંશે ઓછી છે તેમ હું માનુ છું. આ આરોપીઓ મુખ્ય કાવતરૂ કરનાર આરોપીઓ સાથે કાવતરામાં સામેલ થયેલા છે અને હાલોલ–પાવાગઢ તથા વાઘમોન (કેરાલા) ખાતેના જંગલોમાં આતંકવાદી તાલીમ કેમ્પોનું આયોજન કરેલુ અને તે કેમ્પોમાં હાજર રહી જુદી–જુદી તાલીમો મેળવેલી છે. આ આરોપીઓએ આતંકવાદી તાલીમો મેળવી તથા જેહાદી ભાષણો સાંભળ્યા તેથી પણ સ્પષ્ટ કહી શકાય કે આ આરોપીઓ પોતાની સ્વેચ્છાથી કાવતરામાં સામેલ થયેલા છે. આ આરોપીઓ મુખ્ય કાવતરૂ કરનાર આરોપીઓની જેમ શરૂઆતથી લઈને કાવતરાના અંત સુધી સતત સામેલ રહેલા નથી પરંતુ મુખ્ય આરોપીઓએ કાવતરૂ કર્યું ત્યારબાદ કાવતરામાં સામેલ થયેલા છે અને તે પૈકી આ પેરામાં જણાવેલ આરોપીઓએ અમુક ચોકકસ પ્રકારની કામગીરી કરેલી છે. જેથી મારા મત પ્રમાણે આ આરોપીઓને દેહાંત દંડની સજા કરવી યોગ્ય જણાતુ નથી. ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ ની કલમ–

૩૦૨, ૧૨૧(એ), ૧૨૪(એ) તથા અનલોકુલ એકટીવીટીઝ (પ્રિવેન્શન) એકટ–૧૯૬૭ ની કલમ–૧૦, ૧૬(૧)(એ), ૧૮, ૨૦, ૨૩ તથા એક્ષપ્લોઝીવ સબસ્ટન્સ એકટ–૧૯૦૮ મુજબના ગુનાઓ માટે સજા દેહાંત દંડ તથા આજીવન કેદની જોગવાઈ કરવામાં આવેલી છે. જેથી આ આરોપીઓ સહકાવતરાખોર હોઇ, આ આરોપીઓ માટે મૃત્યુ દંડની સજા વધારે પડતી કઠોર ગણાશે માટે આ આરોપીઓને જીવંત પર્યંત આજીવન કેદની સજા કરવામાં આવે તો ન્યાયી અને વાજબી ગણાશે તેમ હું માનુ છું. આ આરોપીઓ પણ ગંભીર પ્રકારના ગુનામાં સંડોવાયેલા છે અને ગંભીર પ્રકારના ગુના આચરવામાં મદદ કરેલી છે. આતંકવાદી તાલીમો લીધેલી છે માટે તેઓએ મેળવેલી તાલીમ પ્રમાણે કૃત્ય કરવાના નથી તેવુ માની શકાય નહીં. આ આરોપીઓને પણ જીવનના છેલ્લા શ્વાસ સુધીની આજીવન કેદની સજાથી ઓછી સજા કરવામાં આવે તો ફરીથી આવા જ પ્રકારના ગુનાઓ આ આરોપીઓ કરશે અને આવા જ પ્રકારની મદદો પણ પુનઃ કરશે તે ચોકકસપણે જણાઇ આવે છે. જેથી આ આરોપીઓને આજીવન કેદની સજા એટલે જીવનના છેલ્લા શ્વાસ સુધીની સજા થવી જોઈએ જેથી કરીને આ આરોપીઓ જીવનના છેલ્લા શ્વાસ સુધી કેદમાં રહે તો સમાજમાં શાંતિ જળવાયેલી રહેશે તેમ હું માનુ છું. બીજી નોંધપાત્ર બાબત એવી છે કે, જુલાઈ–૨૦૦૮ મા આ બનાવો બન્યા બાદ શરૂઆતમાં કુલ–૬૬ આરોપીઓને પકડવામાં આવેલા છે અને તેઓ પકડાયા પછી બીજા આરોપીઓ ૬૭ થી ૭૮ સુધીનાઓ પાછળના વર્ષોમાં પકડાયેલા છે. શરૂઆતમાં પકડાયેલા આરોપીઓ પછી સને–૨૦૨૧ ની સાલ સુધીના સમય દરમ્યાન ભારત દેશના કોઈપણ રાજયમાં કે કોઈપણ શહેરમાં આવા પ્રકારના સીરીયલ બોમ્બ બ્લાસ્ટના બનાવો બનેલા નથી તે પણ એક હકીકત છે માટે પણ આ આરોપીઓ જીવનના છેલ્લા શ્વાસ સુધી જેલમાં રહે તો સમાજમાં શાંતિનો ભંગ થશે નહીં કે સમાજમાં ડર વિના અને ભય વિના સમાજના લોકો સહેલાઈથી જીવી શકશે તેમ હું માનુ છું. આ સબંધમાં આ અદાલતના ધ્યાનમાં છે તેવો એક ચુકાદો ધ્યાને લીધો.

અ.નં.	ચુકાદો	ચુકાદામાં નિર્ણીત થયેલ મુદ્દાઓ પૈકી

		આજીવન કેદ બાબતે નિર્ણીત થયેલ મુદ્દો
૧	મહમદ અલ્ફાઝ અલી વિરૂધ્ધ સ્ટેટ ઓફ આસામ સ્પેશીયલ લીવ પીટીશન (ક્રિમીનલ) નં.૬૨૨૦/૨૦૧૮, તા.૧૪.૯.૨૦૨૧, સુપ્રિમ કોર્ટ	આ ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા નઈબ સીંઘ વિરૂધ્ધ સ્ટેટ ઓફ પંજાબ, દિલ્પેશ બાલચંદ્ર પંચાલ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, પંડીત કિશોરીલાલ વિરૂધ્ધ કિંગ એમ્પરર, ગોપાલ વિનાયક ગોડશે વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્રના ચુકાદાઓ ધ્યાને રાખીને આ ચુકાદામાં ઠરાવેલુ છે કે આજીવન સજા એટલે જીવંત પર્યંત છેલ્લા શ્વાસ સુધીની સજા

() આ કામે કુલ–૭૮ આરોપીઓ સામે ફરમાવવામાં આવેલા જુદા–જુદા તહોમતનામા હેઠળના ગુનાઓની ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવેલી છે અને કુલ–૭૮ આરોપીઓ પૈકી આરોપી નં.૧ થી ૧૬, ૧૮, ૨૦,૨૧, ૨૨, ૨૬, ૨૭, ૨૮, ૩૦,૩૧, ૩૨, ૩૫,૩૬,૩૭,૩૮,૩૯, ૪૦, ૪૨,૪૩,૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૯, ૫૦, ૫૯, ૬૦, ૬૩, ૬૬, ૬૯, ૭૦, ૭૪, ૭૫, ૭૮ નાઓને તકસીરવાન ઠરાવવામાં આવેલા છે. તેઓને સજા અને દંડ ફરમાવવાનો હુકમ કરવાનો છે. પરંતુ તે પહેલા એક અગત્યનો મુદ્દો કે જે ભોગ બનનારને ચુકવવાના વળતર અંગેનો છે તે પણ વિચારણા હેઠળ લેવાનો છે. આ કામમાં આરોપીઓના કૃત્યથી અમદાવાદ શહેરમાં બનેલા જુદા–જુદા બોમ્બ બ્લાસ્ટના બનાવોમાં કુલ–૫૬ વ્યકિતઓ મરણ ગયેલ છે તથા કુલ–૨૪૦ વ્યકિતઓને શરીરે સાદી તેમજ ગંભીર ઈજાઓ થયેલી છે. જે કુલ–૫૬ વ્યકિતઓ મરણ ગયેલ છે તેમાં કોઈ પરિવારમાંથી કોઈકનો ભાઈ છે, કોઈકના પિતા છે, કોઈકની બહેન છે, કોઈકનો દીકરો છે, કોઈકની માતા છે તેવા લોકો મરણ ગયેલ છે જે તદ્દન નિર્દોષ હતા અને તેવા મરણ ગયેલા લોકોના કારણે તે પરિવાર ઉપર જે તે વખતે ઘણી મોટી આફતો આવી પડેલી હશે. તેવુ અનુમાન સહેલાઈથી થઈ શકે તેમ છે.

એવી વ્યકિતઓ મરણ ગયેલા છે કે તેઓની ઉપર પોતાના કુટુંબની ભરણ પોષણની જવાબદારી પણ હતી. એવી વ્યકિતઓ મરણ જવાના કારણે પરિવારોને આર્થિક, સામાજિક અને નાણામાં ચુકવી ન શકાય તેવુ ઘણુ બધુ નુકસાન થયેલુ છે. ગુજરનાર વ્યકિતઓ પરત આવવાની નથી પરંતુ તેઓની ખોટ તેઓના પરિવારના સભ્યોને જીંદગીભર રહેવાની છે. આ જુદા-જુદા બનાવોમાં કુલ-૨૪૦ વ્યકિતઓને શરીરે ગંભીર તેમજ સાદી ઈજાઓ થયેલી છે. જે વ્યકિતઓને સાદી ઈજાઓ થયેલી છે તેઓને મહદઅંશે સારૂ થઈ ગયેલુ હશે પરંતુ જે વ્યકિતઓને ગંભીર ઈજાઓ થયેલી તે ઈજાઓની ખોડ તેઓને આખી જીંદગીભર રહેવાની છે અને યાતનાઓ સાથે જીવન પસાર કરવાનું છે. આ બનાવો બન્યા તે વખતે જે દહેશત તેમજ ગભરાટ ફેલાયેલો અને બનાવ વખતે જે વાતાવરણ અને મહોલ હતો તે ઈજા પામનારાઓ કયારેય ભુલી શકે તેમ નથી. આ માટે વળતરનો મુદ્દો એક અગત્યનો મુદ્દો છે અને નામદાર સુપ્રિમ કોર્ટના જુદા-જુદા ચુકાદાઓમાં માર્ગદર્શન આપેલું છે કે જયારે ગંભીર પ્રકારના ગુનામાં આરોપીને સજા અને દંડની સજા કરવાની હોય ત્યારે વળતર અંગેનો મુદ્દો દરેક અદાલતે વિચારણા હેઠળ લેવો જોઈએ. છેલ્લા પાંચ વર્ષની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન આ અદાલતે નજરે જોયેલુ છે અને ધ્યાને પણ લીધેલુ છે કે જુદી-જુદી જેલોમાં રાખવામાં આવેલા આરોપીઓને જેલોમાંથી અભ્યાસ કરવા માટે જુદા-જુદા કોર્સ કરવા માટે સરકાર દ્વારા સગવડતા પુરી પાડવામાં આવેલી છે. તેઓની તબીબી સારવાર સરકારી ખર્ચથી પૂરી પાડવામાં આવેલી છે. કોઇક આરોપીના કુટુંબમાં લગ્ન પ્રસંગ હોય કે મરણ પ્રસંગ હોય તેવા સમયે જે તે આરોપીને તેઓના ઘરે સરકારી ખર્ચ મોકલવામાં આવેલા છે. જરૂરી પુસ્તકો સરકાર દ્વારા પુરા પાડવામાં આવેલા છે. રોજે રોજ ચા-નાસ્તા તથા જમવાનુ સમયસર આપવામાં આવેલુ છે. સરકાર દ્વારા તમામ રીતે તેઓને નિભાવવામાં આવેલા છે જયારે સામે પક્ષે બનાવોમાં મૃત્યુ પામનાર વ્યકિતઓના પરિવારજનોને તથા ઈજા પામનારાઓને આવા પ્રકારની સગવડ સરકાર દ્વારા આપવામાં આવે છે કે કેમ? તે રેકર્ડ ઉપર નથી તેમજ તે અંગે કોઇ માહિતી રજૂ થયેલી નથી. જે રીતે જેલોમાં

આરોપીઓને સરકારના ખર્ચે સગવડતા આપવામાં આવે છે તેવી જ સગવડતા મારા મત પ્રમાણે રાયોટીંગ કે આતંકવાદી કૃત્યોવાળા ગુનાઓમાં રસ્તે ચાલતા સામાન્ય વ્યકિતઓ ભોગ બને છે જેમાં કોઇકનું મૃત્યુ થયેલું હોય તેવી વ્યકિતના પરિવારજનોની તથા ઇજા પામનારાઓની સાર સંભાળ રાખવા માટે સરકાર દ્વારા અલગ વિભાગ શરૂ કરવામાં આવે તો આવા પરિવારજનોને કાયદા ઉપર તેમજ સરકાર ઉપર વિશ્વાસ ટકી રહે. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૫૭ મા ભોગ બનનારને વળતર આપવા અંગેની જોગવાઇ કરવામાં આવેલી છે તે ધ્યાને લઈએ તો...

કલમ–૩૫૭ વળતર આપવાનો આદેશઃ–

(૧) જયારે કોઈ અદાલત દંડની સજા અથવા (દેહાંતદંડની સજા સહિત) કોઈ સજા કરે કે જેમાં દંડ સજાનો ભાગ હોય ત્યારે ચુકાદો આપવા સમયે એવો આદેશ કરી શકશે કે પુરો દંડ અથવા તેનો કોઈ ભાગ વસુલ થાય તેનો ઉપયોગ –

(ક) ફોજદારી કાર્યવાહીમાં થયેલો યોગ્ય ખર્ચ ચુકવવામાં,

(ખ) કોઈ વ્યકિતને ગુન્હાના કારણે થયેલા નુકસાન કે ઈજા માટે વળતર ચુકવવા માટે, જયારે અદાલતના અભિપ્રાય મુજબ આવી વ્યકિત દીવાની અદાલત દ્વારા તે મેળવી શકે તેમ હોય તેમાં,

(ગ) અન્ય વ્યકિતનું મૃત્યુ નિપજાવવાના ગુન્હા માટે અથવા આવા ગુન્હામાં મદદગારી કરવા માટે કોઈ વ્યકિતને દોષિત ઠરાવવામાં આવે ત્યારે જે વ્યકિતઓ એવા મૃત્યુથી તેમને થયેલા નુકસાન માટે સજા પામેલી વ્યકિત પાસેથી ફેટલ એકસીડન્ટસ એકટ, ૧૮૫૫ (૧૮૫૫ નો ૧૩ મો) હેઠળ નુકસાની મેળવવા હકકદાર હોય તેમને વળતર આપવામાં,

(ઘ) ચોરી, ગુન્હાહિત ઉચાપત, ગુન્હાહિત વિશ્વાસઘાત અથવા ઠગાઈ, એવું જાણવા છતાં કે માનવાને કારણ હોવા છતાં કે એ ચોરીની છે છતાં ચોરીની મિલકત અપ્રમાણિકપણે સ્વીકારવા અથવા રાખવા કે તેનો નિકાલ કરવામાં સ્વેચ્છાપુર્વક સહાય કરવાના કોઈ ગુન્હામાં કોઈ

વ્યકિતને દોષિત ઠરાવવામાં આવે ત્યારે, જો તે મિલકત તેના હકકદારને પાછી સોંપી આપવામાં આવે તો તે મિલકત શુભનિષ્ઠાપૂર્વક ખરીદનાર પાસેથી લઈ લેતા તેને થતા નુકસાન માટે વળતર તરીકે આપવામાં.

(૨) ...

(૩) જયારે કોઈ અદાલત સજા કે કે જેમાં દંડ તેનો ભાગ ન હોય અને ત્યારે ચુકાદો આપવા સમયે અદાલત આદેશમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી રકમ વળતરરૂપે ચુકવવા માટે આરોપીને આદેશ કરી શકશે કે જે માટે આરોપીને આવી સજા કરવામાં આવી હોય તે કૃત્યના કારણે જે વ્યકિતને નુકસાન કે ઈજા સહન કરવી પડી હોય.

(૪) ...

(૫) ...

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૫૭ તે ભોગ બનનારને વળતર આપવા સબંધી છે અને તેનો ઉપયોગ અદાલતોએ આદેશાત્મક રીતે કરવો જોઈએ. આ સબંધમાં નામદાર સુપ્રિમ કોર્ટના કેટલાક ચુકાદા ધ્યાને લીધા.

અ.નં.	**ચુકાદો**	**ચુકાદામાં નિર્ણીત થયેલ મુદ્દાઓ પૈકી ભોગ બનનારને વળતર ચુકવવા બાબતે નિર્ણીત થયેલ મુદ્દો**
૧	અંકુશ શિવાજી ગાયકવાડ વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર, એ.આઈ.આર. ૨૦૧૩ સુપ્રિમ કોર્ટ પાન નં.૨૪૫૪ **પેરા નં.૨૫** મુજબ એક માત્ર પાસુ જેની તપાસ કરવી જરૂરી છે તે એ છે કે શું અપિલકર્તા ભોગ બનનારના પરિવારના તરફેણમાં વળતર આપી શકે ? ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૫૭ બાબતે અદાલતે ઘણા ચુકાદામાં જણાવેલુ છે તેમ છતાં દેશની જુદી–જુદી અદાલતોએ આ મુદ્દા ઉપર ઉપેક્ષા કરી છે તેમ નિરીક્ષણ કરેલુ છે. **પેરા નં.૨૬** મુજબ નામદાર સુપ્રિમ કોર્ટે દરેક અદાલતોને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૫૭ નો ઉપયોગ ન્યાયના હેતુને પૂર્ણ કરવા	

	માર્ગદર્શન આપેલુ છે. **પેરા નં.૨૭** મુજબ વળતરની રકમ કેટલી ચુકવવી તે દરેક કેસની હકીકત અને સંજોગો, ગુનાની પ્રકૃતિ, વળતરનું વાજબીપણુ તથા આરોપીની વળતર ચુકવવાની ક્ષમતા ધ્યાને લેવી જોઈએ તેમ ઠરાવેલુ છે. **પેરા નં.૨૮** મુજબ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૫૭ હેઠળ વળતર અપાવવુ તે આનુસાંગિક નથી પરંતુ બીજી સજા સાથે સહાયક છે. દંડ અને વળતર ન્યાયી અને વાજબી હોય તે સિવાય બીજા પરિબળો પણ ધ્યાનમાં લેવાય તેમ ઠરાવેલ છે. **પેરા નં.૩૬** મુજબ માનવ અધિકાર અથવા આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદાના ભંગના કારણે આર્થિક રીતે નુકસાન થયુ હોય તેવા કેસોમાં વળતર આપવા (૧) પીડા, વેદના અને ભાવાત્મક તકલીફ સહિત શારીરિક માનસિક નુકસાન (૨) શિક્ષણ સહિતની તકો ગુમાવવી (૩) ભૌતિક નુકસાન અને કમાણીની ખોટ જેમા કમાણીની સંભાવના ગુમાવવી (૪) પ્રતિષ્ઠા અને ગૌરવને નુકસાન (૫) કાનૂની અને નિષ્ણાંતની સહાય, દવાઓ અને તબીબી સેવાઓ ધ્યાને લેવી જોઈએ. **પેરા નં.૫૦** મુજબ ફોજદારી કેસોમાં ઈન્સાફી કાર્યવાહી કરનાર દરેક અદાલતે વળતરના મુદ્દા બાબતે વિચારણા કરવી જોઈએ. તેથી સ્પષ્ટ કરવામાં આવે છે કે ભોગ બનનારને વિશ્વાસ આપી શકાય કે તે ન્યાયિક પ્રણાલીકાને ભુલી ગયા નથી. તેમ છતાં ઘણી અદાલતો આ મુદ્દાની ઉપેક્ષા કરે છે પરંતુ કલમ–૩૫૭ નો ઉદ્દેશ ભુલવો ન જોઈએ. **પેરા નં.૬૨** મુજબ કોઈપણ કેસોમાં વળતર આપવુ કે વળતર આપવાનો ઈન્કાર કરવો તે અદાલતની વિવેકબુધ્ધિની સત્તા છે પરંતુ દરેક અદાલતોએ ફોજદારી કેસોમાં વળતરના મુદ્દા બાબતે વિચારણા કરવી જોઈએ તે આદેશાત્મક ફરજ છે અને વળતર કેમ આપવુ જોઈએ અને કેમ આપવુ ન જોઈએ તેના કારણોની નોંધ કરવી જોઈએ.

૨	સુરેશ વિરૂધ્ધ સ્ટેટ ઓફ હરિયાણા એ.આઈ.આર.–૨૦૧૫ સુપ્રિમ કોર્ટ પાન નં.૫૧૮	પેરા–૧૨ મુજબ કલમ–૩૫૭ નો હેતુ એ છે કે કેસ નિર્દોષ ઉપર કે ડીસ્ચાર્જ ઉપર સમાપ્ત થયો હોય પરંતુ અદાલતને લાગે કે ભોગ બનનારના પુનઃસ્થાપન માટે કલમ–૩૫૭ હેઠળ આપેલ વળતર અપુરતુ છે તો અદાલત વધુ વળતરનો હુકમ કરી શકે તેમ ઠરાવેલુ છે. ભારતમાં ગુનાના ભોગ બનનારને વળતરના સિધ્ધાંતોને તમામ કેસોમાં આવરી લેવા માટે વિસ્તૃત સમીક્ષા કરવાની જરૂર છે. વળતર માત્ર દંડ અને જપ્ત થયેલી રકમ સુધી મર્યાદિત ન હોવુ જોઈએ. રાજયોએ પણ પોતાના ભંડોળમાંથી ભોગ બનનારને વળતર આપવાના સિધ્ધાંતને સ્વીકારવો જોઈએ તેમ ઠરાવેલ છે.
૩	હરી કિશન વિરૂધ્ધ સુખબીદર સીંગ એ.આઈ.આર.–૧૯૮૮ સુપ્રિમ કોર્ટ પાન નં.૨૧૨૭	**પેરા–૧૦** મુજબ કલમ–૩૫૭ ની પેટા કલમ–૧ આરોપીને કરવામાં આવેલ દંડમાંથી ભોગ બનનારને વળતર ચુકવવાની સત્તા આપે છે. નામદાર સુપ્રિમ કોર્ટ સમક્ષના કેસમાં પેટા કલમ–૧ સાથે સબંધિત નથી પરંતુ પેટા કલમ–૩ સાથે સબંધિત છે અને એમ ઠરાવેલ છે કે આ એક મહત્વપૂર્ણ જોગવાઈ છે પરંતુ કદાચ કલમ–૩૫૭ ના હેતુની ઉપેક્ષાના કારણે અદાલતો ભાગ્યે જ તેને લાગુ કરે છે. આરોપીને દોષિત ઠરાવવા ઉપરાંત

		આરોપીના કૃત્યથી ભોગ બનનારને થયેલ નુકસાન પેટે અમુક રકમ વળતર તરીકે ચુકવવાનો અદાલત આદેશ કરી શકે છે. વધુમાં એમ પણ ઠરાવેલ છે કે આ હુકમ આનુસાંગિક નથી પરંતુ ઉપરાંતનો હુકમ છે. આ સત્તાનો હેતુ ભોગ બનનાર માટે કાંઈક કરવાનો છે કે જેથી કરીને ભોગ બનનાર ન્યાય પ્રણાલીને ભુલી ન જાય. જેથી દરેક અદાલતે તેનો ઉપયોગ ઉદારતાથી કરવો જોઈએ તેવી ભલામણ કરવામાં આવી છે. **પેરા–૧૧** મુજબ વળતરની ચુકવણી જો કે વાજબી હોવી જોઈએ તે દરેક કેસની હકીકત અને સંજોગો ઉપર આધાર રાખે છે. કેસ અને ગુનાના સંજોગો તથા આરોપીની વળતર ચુકવવાની ક્ષમતા ઉપર વળતર નકકી કરી શકાય. વધુમાં એમ પણ ઠરાવેલ છે કે જો એક કરતા વધુ આરોપી હોય તો તેને સમાન શરતોએ સમાન વળતર ચુકવવાનો હુકમ કરી શકાય અને વળતર ચુકવવા હમાનો સમયગાળો પણ આપી શકાય અને ચુકવવાની કસુરના કારણે સજા પણ થઈ શકે તેમ ઠરાવેલ છે.
૪	માંગીલાલ વિરૂધ્ધ સ્ટેટ ઓફ મધ્ય પ્રદેશ,	**પેરા–૭** મુજબ કલમ–૩૫૭ ની પેટા કલમ–૧ એવી પરિસ્થિતિ સાથે કામ કરે છે કે જયારે કોર્ટ દંડ અથવા સજા (મૃત્યુની

	એ.આઈ.આર. ૨૦૦૪ સુપ્રિમ કોર્ટ પાન નં.૧૨૮૦	સજા સહિત) કરે છે જેમાં દંડને પણ સજાનો ભાગ બનાવે છે ત્યારે દંડનો સંપૂર્ણ ભાગ અથવા કોઈપણ ભાગ કેવી રીતે લાગુ કરવો તે અંગેનો આદેશ આપવાની અદાલતને વિવેકબુધ્ધિની સત્તા છે. પેટા કલમ–૩ એવી પરિસ્થિતિ સાથે કામ કરે છે કે જયારે દંડ કોર્ટ દ્વારા લાદવામાં આવેલી સજાનો ભાગ બનતો નથી ત્યારે તેવા કિસ્સામાં અદાલતે ચુકાદો આપતી વખતે ભોગ બનનારને વળતરના માધ્યમથી રકમ ચુકવવાનો આરોપીને આદેશ કરી શકે છે. પેટા કલમ–૧ અને ૩ વચ્ચે તફાવત એ છે કે પેટા કલમ–૧ માં દંડ કરવો તે મુળભુત અને આદેશાત્મક જરૂરિયાત છે જયારે પેટા કલમ–૩ દંડની ગેરહાજરીમાં અદાલત ભોગ બનનારને વળતરની ચુકવણી કરવાની સત્તા આપે છે.

નામદાર સુપ્રિમ કોર્ટના ઉપરોકત ચુકાદાઓ ધ્યાને લેતા આ ચુકાદામાં આગળ ઉપર ચર્ચા કર્યા પ્રમાણે અમદાવાદ શહેરના જુદા –જુદા બનાવોમાં કુલ–૫૬ વ્યકિતઓ મરણ ગયેલ છે અને કુલ–૨૪૦ વ્યકિતઓને શરીરે સાદી તેમજ ગંભીર ઈજાઓ થયેલી છે. મરણ ગયેલ વ્યકિતઓના પરિવારોને તેમજ ઈજા પામનાર વ્યકિતઓનો તેમજ સમગ્ર સમાજનો ફોજદારી ન્યાયીક વ્યવસ્થામાં વિશ્વાસ ટકી રહે તે માટે પણ તેઓને યોગ્ય અને વાજબી રકમ આરોપીઓ પાસેથી વળતર તરીકે મળી શકે તે માટે હુકમ કરવો જોઈએ તેમ

હું માનુ છું. તેમજ આ કામમાં બંને પક્ષ તરફથી રજૂ થયેલ તમામ મૌખિક અને દસ્તાવેજી પુરાવા તથા આ ચુકાદાની ઈન્ડેક્ષમાં જણાવ્યા મુજબના દરેક મુદ્દાદીઠ અને તે મુદ્દાઓ માટે રજૂ થયેલા પુરાવાઓનું વિગતવાર મૂલ્યાંકન કરતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટ, નામદાર ગુજરાત હાઈકોર્ટના વિવિધ ચુકાદાઓ અને તે ચુકાદાઓમાં નિર્ણીત થયેલા જુદા–જુદા મુદ્દાઓ ધ્યાને રાખી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

–:: આ ખ રી હુ ક મ ::–

(૧) **આરોપી નં.૧** જાહીદ ઉર્ફે જાવેદ કુતબુદ્દીન શેખ, **આરોપી નં.૨** ઈમરાન ઈબ્રાહીમ શેખ, **આરોપી નં.૩** ઈકબાલ ઉર્ફે ઈકરાર કાસમ શેખ, **આરોપી નં.૪** સમસુદ્દીન ઉર્ફે સમસુ શાહબુદ્દીન શેખ, **આરોપી નં.૫** ગ્યાસુદ્દીન ઉર્ફે ગ્યાસુ અબ્દુલસલીમ અંસારી, **આરોપી નં.૬** મોહમદ આરીફ ઉર્ફે મોહંમદ ઈકબાલ કાગઝી, **આરોપી નં.૭** મોહંમદઉસ્માન ઉર્ફે ઉસ્માન મોહંમદ અનીસ અગરબત્તીવાળા, **આરોપી નં.૮** યુનુસ મોહંદમભાઈ મન્સુરી, **આરોપી નં.૯** કમરૂદ્દીન ઉર્ફે રાજા ઉર્ફે અબ્દુલ્લા ચાંદમોહંમદ નાગોરી, **આરોપી નં.૧૦** આમીલ પરવાજ ઉર્ફે સીકંદર કાજી સૈકુદ્દીન શેખ, **આરોપી નં.૧૧** સીબલી ઉર્ફે સાબીત અબ્દુલ કરીમ, **આરોપી નં.૧૨** સફદરહુસેન ઉર્ફે હુસેનભાઈ ઉર્ફે ઈકબાલભાઈ જહીરુદ્દીન ઉર્ફે જહરુલહસન નાગોરી, **આરોપી નં.૧૩** હાફીજહુસેન ઉર્ફે અદનાન ઉર્ફે તમીમ તાજુદ્દીન, **આરોપી નં.૧૪** મોહંમદસાજીદ ઉર્ફે સલીમ ઉર્ફે સજજાદ ઉર્ફે સાદ ગુલામ ખ્વાજા મંસુરી, **આરોપી નં.૧૫** અબુબસર ઉર્ફે મુકતી ઉર્ફે અબ્દુલ રસીદ ઉર્ફે અબ્દુલ્લા અબુબકર શેખ, **આરોપી નં.૧૬** અબ્બાસ ઉંમર સમેજા, **આરોપી નં.૧૮** જાવેદઅહેમદ સદીર અહેમદ શેખ (સૈયદ), **આરોપી નં.૨૦** અતીકઉર રહેમાન ઉર્ફે અતિક અબ્દુલહકીમ ખીલજી, **આરોપી નં.૨૧** મહેંદીહસન ઉર્ફે વીકી અબ્દુલ હમીદ અકબરખાં અંસારી, **આરોપી નં.૨૨** ઈમરાન અહેમદ ઉર્ફે રાજા સીરાજઅહેમદ હાજી પઠાણ, **આરોપી નં.૨૬** મહંમદઅલી ઉર્ફે જમાલ ઉર્ફે જીયા ઉર્ફે યાસીર ઉર્ફે અબુબકર મોહરમઅલી અંસારી, **આરોપી નં.૨૭** મહમદ

ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ રાજીક ઉર્ફે મુસફ ઉર્ફે કુરકાન મહમદ ઈશાક મન્સુરી , **આરોપી નં.૨૮** અફઝલ ઉર્ફે અફસર ઉર્ફે રાજા ઉર્ફે અજીતસીંગ ઉર્ફે સંજય પાંડે ઉર્ફે ઉસ્માની મુતલીબ ઉસ્માની, **આરોપી નં.૩૦** મોહંમદસાદીક ઉર્ફે યાસીર ઉર્ફે ઈમરાન ઉર્ફે સદાકત ઉર્ફે સહાદત ઈશરારઅહેમદ શેખ રામસુલહકક શેખ, **આરોપી નં.૩૧** મહંમદ આરીફ ઉર્ફે આરીફ બદર ઉર્ફે લદન બદરુદ્દીન શેખ ઉર્ફે જુમ્મન શેખ, **આરોપી નં.૩૨** આરીફ ઉર્ફે હસન બસીરુદ્દીન શેખ, **આરોપી નં.૩૫** રફીયુદ્દીન સરફુદ્દીન કાપડીયા (મુસ્લિમ), **આરોપી નં.૩૬** મહંમદ આરીફ નસીમ અહેમદ મીરઝા, **આરોપી નં.૩૭** કયામુદ્દીન ઉર્ફે મુસા ઉર્ફે અશપાક ઉર્ફે અબ્દુલ કાદીર ઉર્ફે રીઝવાન ઉર્ફે સમીર સરફુદ્દીન કાપડીયા, **આરોપી નં.૩૮** મોહંમદસૈફ ઉર્ફે રાહુલ શર્મા ઉર્ફે કેરીસેવા સાદાબ અહેમદ શેખ , **આરોપી નં.૩૯** જીસાનઅહેમદ અહેસાનઅહેમદ શેખ, **આરોપી નં.૪૦** ઝીયાઉર રહેમાન ઉર્ફે મોન્ટુ અબ્દુલ રહેમાન મુસ્લિમ, **આરોપી નં.૪૨** મોહંમદશકીલ ઉર્ફે શકીલ યામીનખાન લુહાર, **આરોપી નં.૪૩** અનીક શફીક સૈયદ ઉર્ફે ખાલીદ, **આરોપી નં.૪૪** મોહંમદ અકબર ઈસ્માઈલ ચૌધરી ઉર્ફે સઈદ, **આરોપી નં.૪૫** ફઝલે રહેમાન ઉર્ફે સલાઉદ્દીન ઉર્ફે રફીક મુસદ્દીકખાન દુરાની, **આરોપી નં.૪૬** મોહંમદનૌસાદ ઉર્ફે સૈયદ, સૈયદ મોહંમદઈરશાદ સૈયદ, **આરોપી નં.૪૭** અહેમદબાવા ઉર્ફે અબ્બુ અબુબકર બરેલવી, **આરોપી નં.૪૯** સરફુદ્દીન ઉર્ફે શરીફ ઈટી સૈનુદ્દીન ઉર્ફે અબ્દુલસત્તાર ઉર્ફે સલીમ, **આરોપી નં.૫૦** સૈફુર રહેમાન ઉર્ફે સૈફુ ઉર્ફે સૈફ અબ્દુલરહેમાન અંસારી, **આરોપી નં.૫૯** મોહંમદ અન્સારી ઉર્ફે નદવી ઉર્ફે સિદ્દીક અબ્દુલ રજાક મુસ્લિમ, **આરોપી નં.૬૦** સાદુલી ઉર્ફે હારીસ અબ્દુલકરીમ મુસ્લિમ, **આરોપી નં.૬૩** મોહંમદ તનવીર ઉર્ફે તલ્હા મોહંમદ અખ્તર પઠાણ, **આરોપી નં.૬૬** મોહમદ શફીક ઉર્ફે દાદાભાઈ ઉર્ફે ઠાકુર ઉર્ફે રફીક ઉર્ફે અલી અબ્દુલબારી અંસારી, **આરોપી નં.૬૯** આમીન ઉર્ફે રાજા એયુબ નઝીર શેખ , **આરોપી નં.૭૦** મોહમદ મોબીન ઉર્ફે મુબીન ઉર્ફે ઈરફાન અબ્દુલ સકુરખાન , **આરોપી નં.૭૪** મોહમદઅબરાર ઉર્ફે મુન્ના ઉર્ફે ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ્લા ઉર્ફે ઈબ્રાહીમ બાબુખાન મણીયાર, **આરોપી નં.૭૫** મોહમ્મદ રફીક ઉર્ફે જાવિદ ઉર્ફે

આલમજેબ આફ્રીદી મસકુર અહેમદ તથા **આરોપી નં.૭૮** તૌસીફખાન ઉર્ફે અતીક સગીર અહેમદખાન પઠાણનાઓને ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ ની કલમ–૧૨૦(બી) મુજબના શિક્ષાપાત્ર ગુનામાં ફોજદારી કાર્યરીતિ સંહિતા–૧૯૭૩ ની કલમ–૨૩૫(૨) હેઠળ દરેક આરોપીને જીવનના છેલ્લા શ્વાસ સુધીની આજીવન કેદની સજા તેમજ દરેક આરોપીને રૂા. ૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) નો દંડ અને જો દંડ ભરવામાં કસુર કરે તો દરેક આરોપીએ બે માસની સાદી કેદની સજા ભોગવવી તેવો હુકમ કરવામાં આવે છે.

(૨) **આરોપી નં.૧** જાહીદ ઉર્ફે જાવેદ કુતબુદ્દીન શેખ, **આરોપી નં.૨** ઈમરાન ઈબ્રાહીમ શેખ, **આરોપી નં.૩** ઈકબાલ ઉર્ફે ઈકરાર કાસમ શેખ, **આરોપી નં.૪** સમસુદ્દીન ઉર્ફે સમસુ શાહબુદ્દીન શેખ, **આરોપી નં.૫** ગ્યાસુદ્દીન ઉર્ફે ગ્યાસુ અબ્દુલસલીમ અંસારી, **આરોપી નં.૬** મોહમદ આરીફ ઉર્ફે મોહંમદ ઈકબાલ કાગઝી, **આરોપી નં.૭** મોહંમદઉસ્માન ઉર્ફે ઉસ્માન મોહંમદ અનીસ અગરબત્તીવાળા, **આરોપી નં.૮** યુનુસ મોહંદમભાઈ મન્સુરી, **આરોપી નં.૯** કમરુદ્દીન ઉર્ફે રાજા ઉર્ફે અબ્દુલ્લા ચાંદમોહંમદ નાગોરી, **આરોપી નં.૧૦** આમીલ પરવાજ ઉર્ફે સીકંદર કાજી સૈકુદ્દીન શેખ, **આરોપી નં.૧૧** સીબલી ઉર્ફે સાબીત અબ્દુલ કરીમ, **આરોપી નં.૧૨** સફદરહુસેન ઉર્ફે હુસેનભાઈ ઉર્ફે ઈકબાલભાઈ જહીરુદ્દીન ઉર્ફે જહરુલહસન નાગોરી, **આરોપી નં.૧૩** હાફીજહુસેન ઉર્ફે અદનાન ઉર્ફે તમીમ તાજુદ્દીન, **આરોપી નં.૧૪** મોહંમદસાજીદ ઉર્ફે સલીમ ઉર્ફે સજજાદ ઉર્ફે સાદ ગુલામ ખ્વાજા મંસુરી, **આરોપી નં.૧૫** અબુબસર ઉર્ફે મુકતી ઉર્ફે અબ્દુલ રસીદ ઉર્ફે અબ્દુલ્લા અબુબકર શેખ, **આરોપી નં.૧૬** અબ્બાસ ઉંમર સમેજા, **આરોપી નં.૧૮** જાવેદઅહેમદ સદીર અહેમદ શેખ (સૈયદ), **આરોપી નં.૨૦** અતીકઉર રહેમાન ઉર્ફે અતિક અબ્દુલહકીમ ખીલજી, **આરોપી નં.૨૧** મહેંદીહસન ઉર્ફે વીકી અબ્દુલ હમીદ અકબરખાં અંસારી, **આરોપી નં.૨૨** ઈમરાન અહેમદ ઉર્ફે રાજા સીરાજઅહેમદ હાજી પઠાણ, **આરોપી નં.૨૬** મહંમદઅલી ઉર્ફે જમાલ ઉર્ફે જીયા ઉર્ફે યાસીર ઉર્ફે અબુબકર મોહરમઅલી અંસારી, **આરોપી નં.૨૭** મહમદ ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ રાજીક ઉર્ફે મુસફ ઉર્ફે કુરકાન મહમદ ઈશાક મન્સુરી,

આરોપી નં.૨૮ અફઝલ ઉર્ફે અફસર ઉર્ફે રાજા ઉર્ફે અજીતસીંગ ઉર્ફે સંજય પાંડે ઉર્ફે ઉસ્માની મુતલીબ ઉસ્માની, **આરોપી નં.૩૦** મોહંમદસાદીક ઉર્ફે યાસીર ઉર્ફે ઈમરાન ઉર્ફે સદાકત ઉર્ફે સહાદત ઈશરારઅહેમદ શેખ રામસુલહકક શેખ, **આરોપી નં.૩૧** મહંમદ આરીફ ઉર્ફે આરીફ બદર ઉર્ફે લદન બદરુદ્દીન શેખ ઉર્ફે જુમ્મન શેખ, **આરોપી નં.૩૨** આરીફ ઉર્ફે હસન બસીરુદ્દીન શેખ, **આરોપી નં.૩૫** રફીયુદ્દીન સરફુદ્દીન કાપડીયા (મુસ્લિમ), **આરોપી નં.૩૬** મહંમદ આરીફ નસીમ અહેમદ મીરઝા, **આરોપી નં.૩૭** કયામુદ્દીન ઉર્ફે મુસા ઉર્ફે અશપાક ઉર્ફે અબ્દુલ કાદીર ઉર્ફે રીઝવાન ઉર્ફે સમીર સરફુદ્દીન કાપડીયા, **આરોપી નં.૩૮** મોહંમદસૈફ ઉર્ફે રાહુલ શર્મા ઉર્ફે કેરીસેવા સાદાબ અહેમદ શેખ , **આરોપી નં.૩૯** જીસાનઅહેમદ અહેસાનઅહેમદ શેખ, **આરોપી નં.૪૦** ઝીયાઉર રહેમાન ઉર્ફે મોન્ટુ અબ્દુલ રહેમાન મુસ્લિમ, **આરોપી નં.૪૨** મોહંમદશકીલ ઉર્ફે શકીલ યામીનખાન લુહાર, **આરોપી નં.૪૩** અનીક શફીક સૈયદ ઉર્ફે ખાલીદ, **આરોપી નં.૪૪** મોહંમદ અકબર ઈસ્માઈલ ચૌધરી ઉર્ફે સઈદ, **આરોપી નં.૪૫** ફઝલે રહેમાન ઉર્ફે સલાઉદ્દીન ઉર્ફે રફીક મુસદ્દીકખાન દુરાની, **આરોપી નં.૪૬** મોહંમદનૌસાદ ઉર્ફે સૈયદ, સૈયદ મોહંમદઈરશાદ સૈયદ, **આરોપી નં.૪૭** અહેમદબાવા ઉર્ફે અબ્બુ અબુબકર બરેલવી, **આરોપી નં.૪૯** સરફુદ્દીન ઉર્ફે શરીફ ઈંટી સૈનુદ્દીન ઉર્ફે અબ્દુલસત્તાર ઉર્ફે સલીમ, **આરોપી નં.૫૦** સૈફુર રહેમાન ઉર્ફે સૈફુ ઉર્ફે સૈફ અબ્દુલરહેમાન અંસારી, **આરોપી નં.૫૯** મોહંમદ અન્સારી ઉર્ફે નદવી ઉર્ફે સિદ્દીક અબ્દુલ રજાક મુસ્લિમ, **આરોપી નં.૬૦** સાદુલી ઉર્ફે હારીસ અબ્દુલકરીમ મુસ્લિમ, **આરોપી નં.૬૩** મોહંમદ તનવીર ઉર્ફે તલ્હા મોહંમદ અખ્તર પઠાણ, **આરોપી નં.૬૬** મોહમદ શફીક ઉર્ફે દાદાભાઈ ઉર્ફે ઠાકુર ઉર્ફે રફીક ઉર્ફે અલી અબ્દુલબારી અંસારી, **આરોપી નં.૬૯** આમીન ઉર્ફે રાજા ઐયુબ નઝીર શેખ, **આરોપી નં.૭૦** મોહમદ મોબીન ઉર્ફે મુબીન ઉર્ફે ઈરફાન અબ્દુલ સકુરખાન, **આરોપી નં.૭૪** મોહમદઅબરાર ઉર્ફે મુન્ના ઉર્ફે ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ્લા ઉર્ફે ઈબ્રાહીમ બાબુખાન મણીયાર, **આરોપી નં.૭૫** મોહમ્મદ રફીક ઉર્ફે જાવિદ ઉર્ફે આલમજેબ આફ્રીદી મસકુર અહેમદ તથા **આરોપી નં.૭૮** તૌસીફખાન ઉર્ફે અતીક

સગીર અહેમદખાન પઠાણનાઓને ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ ની કલમ–૧૨૧(એ)મુજબના શિક્ષાપાત્ર ગુનામાં, કલમ–૩૪ તથા ૧૦૯ સાથે વાંચતા ફોજદારી કાર્યરીતિ સંહિતા–૧૯૭૩ ની કલમ–૨૩૫(૨) હેઠળ દરેક આરોપીને દસ વર્ષની સખત કેદની સજા તેમજ દરેક આરોપીને રૂા. ૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) નો દંડ અને જો દંડ ભરવામાં કસુર કરે તો દરેક આરોપીએ વધુ એક માસની સાદી કેદની સજા ભોગવવી તેવો હુકમ કરવામાં આવે છે.

(૩) **આરોપી નં.૧** જાહીદ ઉર્ફે જાવેદ કુતબુદ્દીન શેખ, **આરોપી નં.૨** ઈમરાન ઈબ્રાહીમ શેખ, **આરોપી નં.૩** ઈકબાલ ઉર્ફે ઈકરાર કાસમ શેખ, **આરોપી નં.૪** સમસુદ્દીન ઉર્ફે સમસુ શાહબુદ્દીન શેખ, **આરોપી નં.૫** ગ્યાસુદ્દીન ઉર્ફે ગ્યાસુ અબ્દુલસલીમ અંસારી, **આરોપી નં.૬** મોહમદ આરીફ ઉર્ફે મોહંમદ ઈકબાલ કાગઝી, **આરોપી નં.૭** મોહંમદઉસ્માન ઉર્ફે ઉસ્માન મોહંમદ અનીસ અગરબત્તીવાળા, **આરોપી નં.૮** યુનુસ મોહંદમભાઈ મન્સુરી, **આરોપી નં.૯** કમરુદ્દીન ઉર્ફે રાજા ઉર્ફે અબ્દુલ્લા ચાંદમોહંમદ નાગોરી, **આરોપી નં.૧૦** આમીલ પરવાજ ઉર્ફે સીકંદર કાજી સૈકુદ્દીન શેખ, **આરોપી નં.૧૧** સીબલી ઉર્ફે સાબીત અબ્દુલ કરીમ, **આરોપી નં.૧૨** સફદરહુસેન ઉર્ફે હુસેનભાઈ ઉર્ફે ઈકબાલભાઈ જહીરુદ્દીન ઉર્ફે જહરુલહસન નાગોરી, **આરોપી નં.૧૩** હાફીજહુસેન ઉર્ફે અદનાન ઉર્ફે તમીમ તાજુદ્દીન, **આરોપી નં.૧૪** મોહંમદસાજીદ ઉર્ફે સલીમ ઉર્ફે સજજાદ ઉર્ફે સાદ ગુલામ ખ્વાજા મંસુરી, **આરોપી નં.૧૫** અબુબસર ઉર્ફે મુકતી ઉર્ફે અબ્દુલ રસીદ ઉર્ફે અબ્દુલ્લા અબુબકર શેખ, **આરોપી નં.૧૬** અબ્બાસ ઉંમર સમેજા, **આરોપી નં.૧૮** જાવેદઅહેમદ સદીર અહેમદ શેખ (સૈયદ), **આરોપી નં.૨૦** અતીકઉર રહેમાન ઉર્ફે અતિક અબ્દુલહકીમ ખીલજી, **આરોપી નં.૨૧** મહેંદીહસન ઉર્ફે વીકી અબ્દુલ હમીદ અકબરખાં અંસારી, **આરોપી નં.૨૨** ઈમરાન અહેમદ ઉર્ફે રાજા સીરાજઅહેમદ હાજી પઠાણ, **આરોપી નં.૨૬** મહંમદઅલી ઉર્ફે જમાલ ઉર્ફે જીયા ઉર્ફે યાસીર ઉર્ફે અબુબકર મોહરમઅલી અંસારી, **આરોપી નં.૨૭** મહમદ ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ રાજીક ઉર્ફે મુસફ ઉર્ફે કુરકાન મહમદ ઈશાક મન્સુરી,

આરોપી નં.૨૮ અફઝલ ઉર્ફે અફસર ઉર્ફે રાજા ઉર્ફે અજીતસીંગ ઉર્ફે સંજય પાંડે ઉર્ફે ઉસ્માની મુતલીબ ઉસ્માની, **આરોપી નં.૩૦** મોહંમદસાદીક ઉર્ફે યાસીર ઉર્ફે ઈમરાન ઉર્ફે સદાકત ઉર્ફે સહાદત ઈશરારઅહેમદ શેખ રામસુલહકક શેખ, **આરોપી નં.૩૧** મહંમદ આરીફ ઉર્ફે આરીફ બદર ઉર્ફે લદન બદરુદ્દીન શેખ ઉર્ફે જુમ્મન શેખ, **આરોપી નં.૩૨** આરીફ ઉર્ફે હસન બસીરુદ્દીન શેખ, **આરોપી નં.૩૫** રફીયુદ્દીન સરફુદ્દીન કાપડીયા (મુસ્લિમ), **આરોપી નં.૩૬** મહંમદ આરીફ નસીમ અહેમદ મીરઝા, **આરોપી નં.૩૭** કયામુદ્દીન ઉર્ફે મુસા ઉર્ફે અશપાક ઉર્ફે અબ્દુલ કાદીર ઉર્ફે રીઝવાન ઉર્ફે સમીર સરફુદ્દીન કાપડીયા, **આરોપી નં.૩૮** મોહંમદસૈફ ઉર્ફે રાહુલ શર્મા ઉર્ફે કેરીસેવા સાદાબ અહેમદ શેખ , **આરોપી નં.૩૯** જીસાન અહેમદ અહેસાનઅહેમદ શેખ, **આરોપી નં.૪૦** ઝીયાઉર રહેમાન ઉર્ફે મોન્ટુ અબ્દુલ રહેમાન મુસ્લિમ, **આરોપી નં.૪૨** મોહંમદશકીલ ઉર્ફે શકીલ યામીનખાન લુહાર, **આરોપી નં.૪૩** અનીક શફીક સૈયદ ઉર્ફે ખાલીદ, **આરોપી નં.૪૪** મોહંમદ અકબર ઈસ્માઈલ ચૌધરી ઉર્ફે સઈદ, **આરોપી નં.૪૫** ફઝલે રહેમાન ઉર્ફે સલાઉદ્દીન ઉર્ફે રફીક મુસદ્દીકખાન દુરાની, **આરોપી નં.૪૬** મોહંમદનૌસાદ ઉર્ફે સૈયદ, સૈયદ મોહંમદઈરશાદ સૈયદ, **આરોપી નં.૪૭** અહેમદબાવા ઉર્ફે અબ્બુ અબુબકર બરેલવી, **આરોપી નં.૪૯** સરફુદ્દીન ઉર્ફે શરીફ ઈંટી સૈનુદ્દીન ઉર્ફે અબ્દુલસત્તાર ઉર્ફે સલીમ, **આરોપી નં.૫૦** સૈફુર રહેમાન ઉર્ફે સૈફુ ઉર્ફે સૈફ અબ્દુલરહેમાન અંસારી, **આરોપી નં.૫૯** મોહંમદ અન્સારી ઉર્ફે નદવી ઉર્ફે સિદ્દીક અબ્દુલ રજાક મુસ્લિમ, **આરોપી નં.૬૦** સાદુલી ઉર્ફે હારીસ અબ્દુલકરીમ મુસ્લિમ, **આરોપી નં.૬૩** મોહંમદ તનવીર ઉર્ફે તલ્હા મોહંમદ અખ્તર પઠાણ, **આરોપી નં.૬૬** મોહમદ શફીક ઉર્ફે દાદાભાઈ ઉર્ફે ઠાકુર ઉર્ફે રફીક ઉર્ફે અલી અબ્દુલબારી અંસારી, **આરોપી નં.૬૯** આમીન ઉર્ફે રાજા ઐયુબ નઝીર શેખ , **આરોપી નં.૭૦** મોહમદ મોબીન ઉર્ફે મુબીન ઉર્ફે ઈરફાન અબ્દુલ સકુરખાન , **આરોપી નં.૭૪** મોહમદઅબરાર ઉર્ફે મુન્ના ઉર્ફે ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ્લા ઉર્ફે ઈબ્રાહીમ બાબુખાન મણીયાર, **આરોપી નં.૭૫** મોહમ્મદ રફીક ઉર્ફે જાવિદ ઉર્ફે આલમજેબ આફ્રીદી મસકુર અહેમદ તથા **આરોપી નં.૭૮** તૌસીફખાન ઉર્ફે અતીક

સગીર અહેમદખાન પઠાણનાઓને ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ ની કલમ–૧૨૪(એ) મુજબના શિક્ષાપાત્ર ગુનામાં, કલમ–૩૪ તથા ૧૦૯ સાથે વાંચતા ફોજદારી કાર્યરીતિ સંહિતા–૧૯૭૩ ની કલમ–૨૩૫(૨) હેઠળ દરેક આરોપીને આજીવન કેદની સજા તેમજ દરેક આરોપીને રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) નો દંડ અને જો દંડ ભરવામાં કસુર કરે તો દરેક આરોપીએ વધુ બે માસની સાદી કેદની સજા ભોગવવી તેવો હુકમ કરવામાં આવે છે.

(૪) **આરોપી નં.૧** જાહીદ ઉર્ફે જાવેદ કુતબુદ્દીન શેખ, **આરોપી નં.૨** ઈમરાન ઈબ્રાહીમ શેખ, **આરોપી નં.૩** ઈકબાલ ઉર્ફે ઈકરાર કાસમ શેખ, **આરોપી નં.૪** સમસુદ્દીન ઉર્ફે સમસુ શાહબુદ્દીન શેખ, **આરોપી નં.૫** ગ્યાસુદ્દીન ઉર્ફે ગ્યાસુ અબ્દુલસલીમ અંસારી, **આરોપી નં.૬** મોહમદ આરીફ ઉર્ફે મોહંમદ ઈકબાલ કાગઝી, **આરોપી નં.૭** મોહંમદઉસ્માન ઉર્ફે ઉસ્માન મોહંમદ અનીસ અગરબત્તીવાળા, **આરોપી નં.૮** યુનુસ મોહંદમભાઈ મન્સુરી, **આરોપી નં.૯** કમરુદ્દીન ઉર્ફે રાજા ઉર્ફે અબ્દુલ્લા ચાંદમોહંમદ નાગોરી, **આરોપી નં.૧૦** આમીલ પરવાજ ઉર્ફે સીકંદર કાજી સૈફુદ્દીન શેખ, **આરોપી નં.૧૧** સીબલી ઉર્ફે સાબીત અબ્દુલ કરીમ, **આરોપી નં.૧૨** સફદરહુસેન ઉર્ફે હુસેનભાઈ ઉર્ફે ઈકબાલભાઈ જહીરુદ્દીન ઉર્ફે જહરુલહસન નાગોરી, **આરોપી નં.૧૩** હાફીજહુસેન ઉર્ફે અદનાન ઉર્ફે તમીમ તાજુદ્દીન, **આરોપી નં.૧૪** મોહંમદસાજીદ ઉર્ફે સલીમ ઉર્ફે સજજાદ ઉર્ફે સાદ ગુલામ ખ્વાજા મંસુરી, **આરોપી નં.૧૫** અબુબસર ઉર્ફે મુકતી ઉર્ફે અબ્દુલ રસીદ ઉર્ફે અબ્દુલ્લા અબુબકર શેખ, **આરોપી નં.૧૬** અબ્બાસ ઉંમર સમેજા, **આરોપી નં.૧૮** જાવેદઅહેમદ સદીર અહેમદ શેખ (સૈયદ), **આરોપી નં.૨૦** અતીકઉર રહેમાન ઉર્ફે અતિક અબ્દુલહકીમ ખીલજી, **આરોપી નં.૨૧** મહેંદીહસન ઉર્ફે વીકી અબ્દુલ હમીદ અકબરખાં અંસારી, **આરોપી નં.૨૨** ઈમરાન અહેમદ ઉર્ફે રાજા સીરાજઅહેમદ હાજી પઠાણ, **આરોપી નં.૨૬** મહંમદઅલી ઉર્ફે જમાલ ઉર્ફે જીયા ઉર્ફે યાસીર ઉર્ફે અબુબકર મોહરમઅલી અંસારી, **આરોપી નં.૨૭** મહમદ ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ રાજીક ઉર્ફે મુસફ ઉર્ફે કુરકાન મહમદ ઈશાક મન્સુરી, **આરોપી નં.૨૮** અફઝલ ઉર્ફે અફસર ઉર્ફે રાજા ઉર્ફે અજીતસીંગ ઉર્ફે સંજય પાંડે

ઉર્ફે ઉસ્માની મુતલીબ ઉસ્માની, **આરોપી નં.૩૦** મોહંમદસાદીક ઉર્ફે યાસીર ઉર્ફે ઇમરાન ઉર્ફે સદાકત ઉર્ફે સહાદત ઇશરારઅહેમદ શેખ રામસુલહકક શેખ, **આરોપી નં.૩૧** મહંમદ આરીફ ઉર્ફે આરીફ બદર ઉર્ફે લદન બદરુદ્દીન શેખ ઉર્ફે જુમ્મન શેખ, **આરોપી નં.૩૨** આરીફ ઉર્ફે હસન બસીરુદ્દીન શેખ, **આરોપી નં.૩૫** રફીયુદ્દીન સરફુદ્દીન કાપડીયા (મુસ્લિમ), **આરોપી નં.૩૬** મહંમદ આરીફ નસીમ અહેમદ મીરઝા, **આરોપી નં.૩૭** કયામુદ્દીન ઉર્ફે મુસા ઉર્ફે અશપાક ઉર્ફે અબ્દુલ કાદીર ઉર્ફે રીઝવાન ઉર્ફે સમીર સરફુદ્દીન કાપડીયા, **આરોપી નં.૩૮** મોહંમદસૈફ ઉર્ફે રાહુલ શર્મા ઉર્ફે કેરીસેવા સાદાબ અહેમદ શેખ , **આરોપી નં.૩૯** જીસાનઅહેમદ અહેસાનઅહેમદ શેખ, **આરોપી નં.૪૦** ઝીયાઉર રહેમાન ઉર્ફે મોન્ટુ અબ્દુલ રહેમાન મુસ્લિમ, **આરોપી નં.૪૨** મોહંમદશકીલ ઉર્ફે શકીલ યામીનખાન લુહાર, **આરોપી નં.૪૩** અનીક શફીક સૈયદ ઉર્ફે ખાલીદ, **આરોપી નં.૪૪** મોહંમદ અકબર ઈસ્માઈલ ચૌધરી ઉર્ફે સઈદ, **આરોપી નં.૪૫** ફઝલે રહેમાન ઉર્ફે સલાઉદ્દીન ઉર્ફે રફીક મુસદ્દીકખાન દુરાની, **આરોપી નં.૪૬** મોહંમદ નૌસાદ ઉર્ફે સૈયદ, સૈયદ મોહંમદ ઈરશાદ સૈયદ, **આરોપી નં.૪૭** અહેમદબાવા ઉર્ફે અબ્બુ અબુબકર બરેલવી, **આરોપી નં.૪૯** સરફુદ્દીન ઉર્ફે શરીફ ઈંટી સૈનુદ્દીન ઉર્ફે અબ્દુલસત્તાર ઉર્ફે સલીમ, **આરોપી નં.૫૦** સૈકુર રહેમાન ઉર્ફે સૈકુ ઉર્ફે સૈફ અબ્દુલરહેમાન અંસારી, **આરોપી નં.૫૯** મોહંમદ અન્સારી ઉર્ફે નદવી ઉર્ફે સિદ્દીક અબ્દુલ રજાક મુસ્લિમ, **આરોપી નં.૬૦** સાદુલી ઉર્ફે હારીસ અબ્દુલકરીમ મુસ્લીમ, **આરોપી નં.૬૩** મોહંમદ તનવીર ઉર્ફે તલ્હા મોહંમદ અખ્તર પઠાણ, **આરોપી નં.૬૬** મોહમદ શફીક ઉર્ફે દાદાભાઈ ઉર્ફે ઠાકુર ઉર્ફે રફીક ઉર્ફે અલી અબ્દુલબારી અંસારી, **આરોપી નં.૬૯** આમીન ઉર્ફે રાજા અૈયુબ નઝીર શેખ , **આરોપી નં.૭૦** મોહમદ મોબીન ઉર્ફે મુબીન ઉર્ફે ઈરફાન અબ્દુલ સકુરખાન , **આરોપી નં.૭૪** મોહમદ અબરાર ઉર્ફે મુન્ના ઉર્ફે ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ્લા ઉર્ફે ઈબ્રાહીમ બાબુખાન મણીયાર, **આરોપી નં.૭૫** મોહમ્મદ રફીક ઉર્ફે જાવિદ ઉર્ફે આલમજેબ આફીદી મસકુર અહેમદ તથા **આરોપી નં.૭૮** તૌસીફખાન ઉર્ફે અતીક સગીર અહેમદખાન પઠાણનાઓને ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ ની કલમ–

૧૫૩(એ) મુજબના શિક્ષાપાત્ર ગુનામાં, કલમ–૩૪ તથા ૧૦૯ સાથે વાંચતા ફોજદારી કાર્યરીતિ સંહિતા–૧૯૭૩ ની કલમ–૨૩૫(૨) હેઠળ દરેક આરોપીને ત્રણ વર્ષની સખત કેદની સજા તેમજ દરેક આરોપીને રૂા. ૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) નો દંડ અને જો દંડ ભરવામાં કસુર કરે તો દરેક આરોપીએ વધુ એક માસની સાદી કેદની સજા ભોગવવી તેવો હુકમ કરવામાં આવે છે.

(૫) **આરોપી નં.૧** જાહીદ ઉર્ફે જાવેદ કુતબુદ્દીન શેખ, **આરોપી નં.૨** ઈમરાન ઈબ્રાહીમ શેખ, **આરોપી નં.૩** ઈકબાલ ઉર્ફે ઈકરાર કાસમ શેખ, **આરોપી નં.૪** સમસુદ્દીન ઉર્ફે સમસુ શાહબુદ્દીન શેખ, **આરોપી નં.૫** ગ્યાસુદ્દીન ઉર્ફે ગ્યાસુ અબ્દુલસલીમ અંસારી, **આરોપી નં.૬** મોહમદ આરીફ ઉર્ફે મોહંમદ ઈકબાલ કાગઝી, **આરોપી નં.૭** મોહંમદઉસ્માન ઉર્ફે ઉસ્માન મોહંમદ અનીસ અગરબત્તીવાળા, **આરોપી નં.૮** યુનુસ મોહંદમભાઈ મન્સુરી, **આરોપી નં.૯** કમરુદ્દીન ઉર્ફે રાજા ઉર્ફે અબ્દુલ્લા ચાંદમોહંમદ નાગોરી, **આરોપી નં.૧૦** આમીલ પરવાજ ઉર્ફે સીકંદર કાજી સૈફુદ્દીન શેખ, **આરોપી નં.૧૧** સીબલી ઉર્ફે સાબીત અબ્દુલ કરીમ, **આરોપી નં.૧૨** સફદરહુસેન ઉર્ફે હુસેનભાઈ ઉર્ફે ઈકબાલભાઈ જહીરુદ્દીન ઉર્ફે જહરુલહસન નાગોરી, **આરોપી નં.૧૩** હાફીજહુસેન ઉર્ફે અદનાન ઉર્ફે તમીમ તાજુદ્દીન, **આરોપી નં.૧૪** મોહંમદસાજીદ ઉર્ફે સલીમ ઉર્ફે સજજાદ ઉર્ફે સાદ ગુલામ ખ્વાજા મંસુરી, **આરોપી નં.૧૫** અબુબસર ઉર્ફે મુકતી ઉર્ફે અબ્દુલ રસીદ ઉર્ફે અબ્દુલ્લા અબુબકર શેખ, **આરોપી નં.૧૬** અબ્બાસ ઉંમર સમેજા, **આરોપી નં.૧૮** જાવેદઅહેમદ સદીર અહેમદ શેખ (સૈયદ), **આરોપી નં.૨૭** મહમદ ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ રાજીક ઉર્ફે મુસફ ઉર્ફે કુરકાન મહમદ ઈશાક મન્સુરી, **આરોપી નં.૨૮** અફઝલ ઉર્ફે અફસર ઉર્ફે રાજા ઉર્ફે અજીતસીંગ ઉર્ફે સંજય પાંડે ઉર્ફે ઉસ્માની મુતલીબ ઉસ્માની, **આરોપી નં.૩૧** મહંમદ આરીફ ઉર્ફે આરીફ બદર ઉર્ફે લદન બદરુદ્દીન શેખ ઉર્ફે જુમ્મન શેખ, **આરોપી નં.૩૨** આરીફ ઉર્ફે હસન બસીરુદ્દીન શેખ, **આરોપી નં.૩૬** મહંમદ આરીફ નસીમ અહેમદ મીરઝા, **આરોપી નં.૩૭** કયામુદ્દીન ઉર્ફે મુસા ઉર્ફે અશપાક ઉર્ફે અબ્દુલ કાદીર ઉર્ફે

રીઝવાન ઉર્ફે સમીર સરકુદ્દીન કાપડીયા, **આરોપી નં.૩૮** મોહંમદસૈફ ઉર્ફે રાહુલ શર્મા ઉર્ફે કેરીસેવા સાદાબ અહેમદ શેખ,**આરોપી નં.૩૯** જીસાનઅહેમદ અહેસાન અહેમદ શેખ, **આરોપી નં.૪૦** ઝીયાઉર રહેમાન ઉર્ફે મોન્ટુ અબ્દુલ રહેમાન મુસ્લિમ, **આરોપી નં.૪૨** મોહંમદ શકીલ ઉર્ફે શકીલ યામીનખાન લુહાર, **આરોપી નં.૪૪** મોહંમદ અકબર ઈસ્માઈલ ચૌધરી ઉર્ફે સઈદ, **આરોપી નં.૪૫** ફઝલે રહેમાન ઉર્ફે સલાઉદ્દીન ઉર્ફે રફીક મુસદ્દીકખાન દુરાની, **આરોપી નં.૪૭** અહેમદ બાવા ઉર્ફે અબ્બુ અબુબકર બરેલવી, **આરોપી નં.૪૯** સરકુદ્દીન ઉર્ફે શરીફ ઈંટી સૈનુદ્દીન ઉર્ફે અબ્દુલસત્તાર ઉર્ફે સલીમ, **આરોપી નં.૫૦** સૈકુર રહેમાન ઉર્ફે સૈકુ ઉર્ફે સૈફ અબ્દુલરહેમાન અંસારી, **આરોપી નં.૬૦** સાદુલી ઉર્ફે હારીસ અબ્દુલ કરીમ મુસ્લિમ, **આરોપી નં.૬૩** મોહંમદ તનવીર ઉર્ફે તલ્હા મોહંમદ અખ્તર પઠાણ, **આરોપી નં.૬૯** આમીન ઉર્ફે રાજા ઐયુબ નઝીર શેખ, **આરોપી નં.૭૦** મોહમદ મોબીન ઉર્ફે મુબીન ઉર્ફે ઈરફાન અબ્દુલ સકુરખાન, **આરોપી નં.૭૫** મોહમ્મદ રફીક ઉર્ફે જાવિદ ઉર્ફે આલમજેબ આફીદી મસકુર અહેમદ તથા **આરોપી નં.૭૮** તૌસીફખાન ઉર્ફે અતીક સગીર અહેમદખાન પઠાણનાઓને ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ ની કલમ–૩૦૨ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં, કલમ–૩૪ તથા ૧૦૯ સાથે વાંચતા ફોજદારી કાર્યરીતિ સંહિતા–૧૯૭૩ ની કલમ–૨૩૫(૨) હેઠળ દરેક આરોપીને ગળે ફાંસો નાખી તે મૃત્યુ પામે ત્યાં સુધી લટકાવીને મૃત્યુ દંડની સજા ફરમાવવામાં આવે છે તેમજ દરેક આરોપીને રૂા.૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા) નો દંડ અને જો દંડ ભરવામાં કસુર કરે તો દરેક આરોપીએ વધુ બે માસની સાદી કેદની સજા ભોગવવી તેવો હુકમ કરવામાં આવે છે.

